Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

AKHAND ANAND 1950 G.K.V.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
c79536
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Stock Verification-2024

Stock Verification-2024

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३७१

३

अखंड ज्ञान

१६५०

सि-शी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

079536

079536

સસ્તું સાહિત્ય

એક રૂપિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પો. બો. ૫૦, અમદાવાદ.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CROWN BRAND GUARANTEED PURE

એલ્યુમિનિયમ
અને
પિત્તળનાં વાસણો

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમના વાસણો વજનમાં હલકા, જલ્દી ગરમ થાય તેવા અને કીંમતમાં કીફાયત હોય છે કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.



તમારી જરૂરિયાતો
માટે
લખો અથવા મળો :

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

કલકત્તા, મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિક તાજગીભરી અને અધિક તેજસ્વી અંગકાંતી માટે
પામોલિવ સાબુ વાપરો

પામોલિવ સૌંદર્ય યોજના દ્વારા ફક્ત ૧૪ દિવસમાં જ અંગકાંતિ અધિક રમણીય બને છે એમ પ્રયોગોથી સિદ્ધ થયું છે. પામોલિવ સૌંદર્ય યોજના અમલમાં મૂકીને જુદીજુદી વયની, વિવિધ પ્રકારની અંગકાંતિવાળી દર ત્રણ સ્ત્રીમાંથી બે સ્ત્રીએ જુદાજુદા હવામાનમાં ફક્ત ૧૪ દિવસમાં જ અધિક સુંવાળી, અધિક સ્વચ્છ અને અધિક યૌવનભરી અંગકાંતિ પ્રાપ્ત કરી છે.

તમારી અંગકાંતિને પણ અધિક રમણીય બનાવો—ફક્ત પામોલિવ સાબુ જ વાપરો. આ રહી પામોલિવને વાપરવાની રીત :



તમારા મુખને પામોલિવ સાબુ વડે ધૂઓ. ૬૦ સેકન્ડ સુધી એના ભરપૂર ગલાઈદાર ફીણ વડે ચામડી પર માલિશ કરો. પછી મુખ ધોઈ નાખો. ૧૪ દિવસ સુધી આ પ્રમાણે દિવસમાં ૩ વખત કરો. આ પ્રમાણે માલિશ કરી મુખ ધોવાથી તમારી અંગકાંતિ નવીન સ્વચ્છતા અને નવીન રમણીયતા પ્રાપ્ત કરશે.

મોટી ગોટી
૮॥ આના
સ્થાનિક વેરા સિવાય

ફક્ત ૧૪ દિવસમાંજ અધિક રમણીય અંગકાંતી!

[સીઝન તા. ૧લી ઓક્ટોબરથી શરૂ થઈ છે.]

શરીરે સુખી તો સુખી સર્વ વાતે

શારીરિક, માનસિક અને સામાજિક શાંતિ મેળવવા પધારો

- ★ વિનયી સ્ટાફ
- ★ ઉત્તમ ખોરાક
- ★ માયાળુ વર્તાવ
- ★ અપ-ટુ-ડેટ મેનેજમેન્ટ

રગ્બી હોટલ હિંદુ એનેક્ષી

રગ્બી પોઈન્ટ, માથેરાન, ફોન નં. ૪૧

પ્રો. રમણલાલ ઠક્કર

પૂનામાં પૂરબહારમાં
અમારું અમીરી સગવડ ધરાવતું **"રીટ્ઝ હોટલ"** ચાલુ છે.
ખાસ ગુજરાતીભાઈઓ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતઃકરણપૂર્વક અભિનંદન આપું છું........

રામતીર્થ યોગાશ્રમ તરફથી જનદુઃખ-નિવારણનું સુંદર અને અભ્યાસપૂર્ણ દૃષ્ટિબિંદુ કેળવીને, "રામતીર્થ બ્રાહ્મી તેલ" (સ્પેશ્યલ નં. ૧) ભારત વર્ષ સમક્ષ રજૂ કર્યું છે તે માટે યોગાશ્રમને, સંશોધકને, બનાવનારને અને વિકસાવનારને અંતઃકરણપૂર્વક અભિનંદન સમર્પું છું.

બે-ત્રણ દર્દી ભાઈબહેનોએ તાળવું તપતું રહેવાની, મગજ તેમ જ કપાળ ગરમ રહેવાની, આંખો બળવાની અને ઝીણોઝીણો તાવ હોવાની ફરિયાદ કરી હતી; તે લોકોની Examination કરીને, તાવ રોકવાની દવા, પેટ સાફ રાખવાની દવા, અને બીજાં તેલો વાપરવાનાં મોકૂફ રાખી, (રામતીર્થ યોગાશ્રમ, મુંબઈ-૪નું) 'રામતીર્થ બ્રાહ્મી તેલ' (સ્પેશ્યલ નં. ૧) વાપરવાની ભલામણ કરી હતી. એ દર્દીઓએ એકેક બાટલી વાપરી અને ઘણી જ રાહત મળી. આથી તેમના કુટુંબ પર સારી છાપ પડી છે. મારા ડૉક્ટર તેમ જ વૈદ્યબંધુઓને મારી આગ્રહભરી વિનંતિ છે, કે શિરદર્દવાળા, ચક્ષુદર્દવાળા તેમ જ બ્લડપ્રેશર હોય તેવાઓને 'રામતીર્થ બ્રાહ્મી તેલ'ની અવશ્ય ભલામણ કરવી. ડૉક્ટરો, લેખકો, કવિરાજો, નાટ્યકારો, કલાકારો, નટવર્યો, વક્તાઓ તથા માનસિક બોજો ઉઠાવનારાઓને ભાવના સાથે કહું છું કે આ તેલ અવશ્ય વાપરી જોશો.

—ડૉક્ટર ગુલાબચંદ મૂળચંદ બાવીશી (સાહિત્યરત્ન)
મેડિકલ એડવાઈઝર, જામનગર (સૌરાષ્ટ્ર)

તો દૈવી શક્તિ પ્રાપ્ત થાય

મન એક છે, બે નથી; પરંતુ તેની ગતિની દિશાઓ બે છેઃ વિષય અને ભગવાન. વળી એ દિશાઓ પણ એકબીજાથી વિપરીત છે. એક પૂર્વ છે તો બીજી પશ્ચિમ છે; તેથી જે દિશા તરફ મન વળે છે, તેની સામી દિશાથી તે દૂર જ થતું જાય છે. મન જ્યારે વિષયવૈભવ ભોગવવા તરફ પ્રેરાય છે, ત્યારે તે ભગવાનથી છેટે પડી જાય છે અને તે જ પ્રમાણે જ્યારે તે પ્રભુ તરફ પ્રેરાય છે, ત્યારે વિષય-વૈભવ જતા રહે છે. પરંતુ મન ભગવાન તરફ પ્રેરાય એ તો મહાસૌભાગ્યની વાત છે. જો તેમ થાય તો તેના જેવો ભાગ્યશાળી બીજો નથી. વિષયવૈભવ જડ હોવાથી તેના ચિંતન અને સેવનમાં પડેલું મન પણ જડ થઈ જાય છે—શક્તિહીન થઈ જાય છે; અને ભગવાન અનંત શક્તિમાન હોવાથી તેના તરફ જવાથી મનને દૈવી શક્તિ પ્રાપ્ત થાય છે અને તે ચૈતન્યથી જાગૃત થઈ જાય છે.

'શ્રી ભક્તચરિત્ર' ભા. ૧ લો : પાન ૫૨૮ : કિંમત ૨-૮-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

એ કોઈ પણ ચિત્રનો
પહેલો અને છેલ્લો
ધર્મ છે.

પરન્તુ આનંદની
સાથે સાથે જીવનને
ઊર્ધ્વગામી
બનાવે એવાં વિચાર-
તત્વને પણ જો
વણી લેવામાં આવે
તો એ ચિત્ર, સમાજ
અને રાષ્ટ્રના ઘડ-
તરમાં પણ પોતાનો
ફાળો આપી શકે.

રૂપધરોઃ—
સુરૈયા
મધુબાલા
જયરાજ
કે. એન. સિંગ
કુકુ અને
દુર્ગા ખોટે

મનન સાથે મનોરંજન
જેનો પ્રધાન મંત્ર છે. એ

સિંગાર

હલદીયા નંદા પ્રોડક્શન્સનું
સલૂણું સામાજિક ચિત્ર

દિગ્દર્શકઃ—
જે. કે. નંદા
નિર્માતાઃ—
આર. બી. હલદીયા
સંગીત—
ખુરશીદ અનવર

લીબર્ટી

દરરોજ—૩, ૬-૧૫, ૯-૩૦
એડ. બુકીંગ—૧૦ થી ૮
હિંદ ફિલ્મ એક્ષ. પ્રકાશન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગ

જ્યાં જ્યાં રૂપ છે
ત્યાં ત્યાં રંગ છે.

કળાયેલ મોરના
રંગો જે કૃતિમાં
કળા પૂરે છે: એ ચિત્ર



ચાલુ છે:

મિનરવા

હિંદનું પહેલું
સળંગ રંગીન ચિત્ર
વેસ્ટર્ન ઈંડિયા થિયેટર્સ લિ. રીલીઝ

ઉન્નતિનો માર્ગ

એ તદ્દન સત્ય જ છે કે, પ્રામાણિકતાપૂર્વકની ગરીબાઈ પણ સુખકર જ હોય છે; પણ તે લક્ષ્મીના જેવી ઉત્તમ પત્નીઓ જેઓને મળી હોય તેઓને જ. બીજાની હાલત તો શ્રીમંતાઈ હો કે ગરીબાઈ હો, પણ દુ:ખી જ રહેવાની. શુભેચ્છક તે છે, જે સાચી સલાહ આપે છે. સાચી સલાહથી પંડનો દોષ તરત જ દેખાઈ આવે છે. દોષ દેખાયા બાદ ક્ષમા માગવાથી દિલ સાફ બને છે. પશ્ચાત્તાપના અગ્નિથી તો દિલ કોમળ અને ઉમદા બને છે. અને એ સાથે સદ્‌વર્તન, કર્તવ્ય-પ્રેમ અને પ્રામાણિકપણું, એ ગુણો પણ એટલા જ જરૂરના છે. એ સિવાય શુદ્ધ ચારિત્ર્ય બંધાવું જ અસંભવિત છે. કોઈ પણ દેશની ઉન્નતિનો આધાર ત્યાંની ઊપજ, સુદૃઢ કિલ્લાઓ કે સુંદર ઇમારતો પર નથી, પણ તે તે દેશના ચારિત્ર્યવાન મનુષ્યો ઉપર જ રહેલો છે.

'સામાજિક ટૂંકી વાર્તાઓ' : ગ્રંથ બીજો : પાન ૫૧૪ : કિંમત રૂ. ૨-૯-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar



કાઠિયાવાડના સોલ એજન્ટઃ–
હિંમતલાલ હરિશંર જોશી
નવાપરા, મુ. બોટાદ.

ઓલવીન્સનું
બ્રાહ્મી આમંડ
હેર ઓઈલ
જેમાં બ્રાહ્મી અને બદામતેલ સમાએલ છે
ઑલવીન્સ લી.
મુંબઈ : ૪.

માધુર્ય

હું તો માધુર્યને પ્રાપ્ત કરવાની સાધના કરવા મંડ્યો છું. સંસારની પ્રત્યેક વસ્તુના સેવન દ્વારા મને મધુરતા જ સાંપડે એવી અવસ્થા પ્રાપ્ત કરવાના મને કોડ છે. હે માધુર્ય! તમે મારા સમસ્ત જીવનની અંદર ઓગળી એકરસ બની જાઓ. મારા સમસ્ત જીવનને મધુરમધુર બનાવી દો–માધુર્યમય કરી દો. હું મારી વાણી વડે મીઠાં વચનો જ બોલું. મારી જિહ્વાનો અગ્રભાગ મધથી ભરેલો રહે અને મારી જીભના મૂળમાં તો વળી તેના કરતાં ય વધારે મધ ભરેલું ને ભરેલું રહે. હે મધુમય પ્રભુ! માધુર્યની ખૂબી નહિ સમજનારા લોકો પોતાનું કામ કાઢી લેવા પૂરતો મધુરતાનો આશ્રય તો લે છે જ; પણ તેની પાછળ દ્વેષ ન હોવો જોઈએ. દેખાવ પૂરતી મધુરતા કરતાં તો કટુતા જ સારી. એટલે જે કંઈ થાય તે ખરા અંતઃકરણપૂર્વક–પ્રેમપૂર્વક થવું જોઈએ; અને તો જ અદ્ભુત તાકાત મેળવી શકાય.

'વૈદિક વિનય'(સચિત્ર) : પાન ૮૪૦ : કિંમત રૂા. ૩–૧૨–૦

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હોમર
પેન
વાપરો

HOMER

બનાવનાર :
મ્હાત્રે પેન
એન્ડ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝ
૧૮૨, ગિરગામ, મુંબઈ નં. ૪
બધા સ્ટેશનરને ત્યાં મળે છે.

શારીરિક ઉષ્ણતા
માટે સુપ્રસિદ્ધ
અનુભવેલો ઉપાય

શીતલ, શક્તીવર્ધક, આરોગ્યદાયક
પર્લ ફાકી
આજથીજ વાપરવા માંડો
પર્લ કંપની, રાણીબાગ, મુંબઈ ૨૭

કાઠિયાવાડમાં સ્ટોકિસ્ટર્સ :
ભારત મેડિકલ સ્ટોર્સ...વીરમગામ
શાહ મેડિકલ સ્ટોર્સ...રાજકોટ

સાચી તંદુરસ્તી બક્ષનાર
'રોહિણીચંદ્ર' છાપ હિંગ
(ખડી તથા રસ-કણી)

પાપડમાં, અથાણાંમાં, દાળ-શાકમાં, ફરસાણ વગેરેમાં વાપરો. જે ખાદ્યું પચાવી પેટના વાયુને હઠાવી જોમભરી તંદુરસ્તી બક્ષે છે. રતલી તથા અર્ધો રતલી ડબામાં મળે છે.
રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક આઈ. લીસ્ટ મંગાવો.
વરજીવનદાસ હીરજીની કું૦,
૨૪૦, વડગાદી માંડવી
તારનું સરનામું-'SANSCRIT' મુંબઈ નં. ૩
ટેલિફોન નં૦ ૨૪૭૫૪ શાખાઓ : મદ્રાસ,
અને કુમ્ભાકોનમ. (૮૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાપના : ૧૯૦૬

હેડ ઑફિસ : કલકત્તા

કોઈ પણ રાષ્ટ્રના આર્થિક જીવનમાં વીમો એ અગત્યનું અંગ મનાય છે. પ્રગતિ, બચત અને રક્ષણ માટે દરેક વ્યક્તિ માટે જીવન-વીમાની પોલીસી આજના જમાનામાં જરૂરિયાતની વસ્તુ છે.

નેશનલ ઈન્ડીઅન

આ બાબતમાં આપને આવશ્યક મદદ કરશે; તેથી કોઈ પણ એજન્ટને અગર નીચેના સરનામે તુરત જ લખો યા મળો :

નેશનલ ઈન્ડીઅન
લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લી.

મુંબઈ ઑફિસ : 'નેશનલ ઈન્ડીઅન ઈન્સ્યુરન્સ બીલ્ડિંગ,' કાલા ઘોડા.

સદ્‌ગુણની સુવાસ

જ્ઞાની માણસોનાં દિલ હમેશાં વિશાળ જ હોય છે. ગુણ કરનાર ઉપર તો સૌ ગુણ કરે; અને એમાં નવાઈ પણ શું છે? પરંતુ અવગુણ ઉપર ગુણ કરવો એમાં જ મોટાઈ છે. સૌને ક્ષમા કરવી, સૌનું કલ્યાણ ઇચ્છવું; અને આપણું ખરાબ કરનારનું પણ સારું કરવું, એ જ્ઞાનીઓ—મહાત્માઓનો—સ્વભાવ જ હોય છે. દ્વેષ-બુદ્ધિથી તો માત્ર વેર જ વધે છે. ઈર્ષારૂપી અંગારો શરીરને ધીરે ધીરે બાળી ખાખ કરે છે. એટલે મનુષ્યે તો, જેમ સુખડને ઘસીએ તેમ સુગંધ આપે, અગરબત્તીને બાળીએ તેમ સુગંધી અર્પે અને શેરડીને પીલીએ તેમ મીઠો રસ આવે છે એ રીતે પોતાના સદ્‌ગુણોની સુવાસ ફેલાવવી જોઈએ.

'સ્વર્ગનું વિમાન' : પાન ૩૭૨ : કિંમત રૂ. ૨-૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પ્રથમ બનાવનાર] ખેતીવાડીને પાણી પુરું પાડવા માટે

સ્થાપના ૧૯૧૨

સર્વોત્તમ **લોખંડી રહેંટ** વાપરો.



બે બળદથી બેથી ત્રણ કોસનું પાણી ઘણી જ સહેલાઈથી મળી રહે છે....

રહેંટથી ઘોધમાર પાણી મળે છે.

- કૂવાને થાળું બાંધવું પડતું નથી.
- ચાર બળદનું કામ બે બળદ કરે છે.
- બે મજૂરનું કામ એક સામાન્ય છોકરો કરી શકે છે.
- વારંવાર ભાંગતૂટ કે અટકી જવાપણું રહેતું નથી.
- પાણીનું કામ આટોપી લઈ બીજું કામ કરવાનો વખત મળે છે. રહેંટથી પાણીનો પ્રવાહ ચાલુ મળતો હોવાથી વધારે જમીન ક્ષીંજે છે.
- રહેંટ લેવાથી સ્વદેશી હુન્નરને ઉત્તેજન મળે છે.

સંપૂર્ણ માહિતી માટે લખો :

છોટુભાઈ ડાહ્યાભાઈ રહેંટવાળા

સર્વોત્તમ લોખંડી રહેંટ બનાવનાર

ઠે. મદનવાડ, વલસાડ (જિ. સુરત)

અવિદ્યાના નાશનો ઉપાય

જ્યાંસુધી અવિદ્યાનો નાશ કરનાર તથા મોહનું નિવારણ કરનાર આત્મવિદ્યા (બ્રહ્મવિદ્યા) ઉત્પન્ન થઈ નથી, ત્યાંસુધી અવિદ્યા દેહાભિમાની જીવોને મહાન દુઃખોરૂપી કંટકોથી ભરપૂર સંસારરૂપી પર્વત પરથી નીચે પછાડે છે. અવિદ્યાથી પર રહેલા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાથી અવિદ્યા નાશ પામે છે; જેઓ સર્વવ્યાપી ભગવાનનું સર્વત્ર દર્શન કરે છે, તેમની અવિદ્યા પોતાની મેળે જ નાશ પામે છે. હે રાઘવ! કામનાઓને અવિદ્યા કહેવામાં આવે છે. તેનો નાશ એટલે જ મોક્ષ. મનમાં વિષય સંબંધી જે જે સંકલ્પો ઉત્પન્ન થાય તેનો નાશ કરી નિઃસંકલ્પ થવાથી કામનાઓનો નાશ થાય છે; અને મોક્ષ મળે છે. રાત્રિને અંતે સૂર્યોદય થતાં આકાશમાં જેમ શ્યામતા નાશ પામે છે, તેમ વાસનાનો ક્ષય થતાં અને આત્માનો પ્રકાશ પડતાં મનની અવિદ્યારૂપી શ્યામતા દૂર થાય છે.

'લઘુયોગવાસિષ્ઠ' : પાન ૫૨૮ : કિં. ૨-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષાબંધનની ભાવના સજીવ કરતું
સર્વ વર્ગોની પ્રશંસા પામતું ચિત્ર

પ્રકાશનું
સામાજિક સર્જન

ભાઈબહેનના
હેતની કથા
રૂપેરી પડદા પર
ઉત્તર હિંદનાં
મુખ્ય શહેરોમાં
પ્રશંસા પામી
ચૂક્યું છે.

દિગ્દર્શન :
શાંતિકુમાર
સંગીત :
હુશ્નલાલ ભગતરામ
ગીતો :
સરાશર

રાખી

લેમિંગ્ટન
રોજ ૩ ખેલ :
૩, ૬-૧૫, ૯-૩૦
રવિવારે વધુ ખેલ :
૧૨ વાગે
એડ. બુકિંગ :
૧૦ થી ૧૨-૩૦
૪ થી ૫-૩૦

સીટીલાઈટ
રોજ :
૩-૩૦, ૬-૩૦, ૯-૩૦
એડ. બુકિંગ
૧૦થી૧૨-૩૦, ૪થી૬

કિસ્મત
રોજ :
૪, ૬-૪૫, ૯-૩૦
શુક્ર, શનિ, રવિ ૧ વાગે

ભૂમિકા : કામિની કૌશલ, કરણ દીવાન, ગોપ,
કુલદીપ, યશોધરા કાત્જુ અને ઉલ્લાસ.

○ એવરગ્રીન રિલીઝ ○

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિલ્ક અને આર્ટ સિલ્ક બનાવનાર

શ્રી લક્ષ્મી સિલ્ક મિલ્સ-મુંબઈ.

અમારા માલનો આગ્રહ રાખો.

● આકર્ષક
● મુલાયમ
● ટકાઉ

卐

અમારી વિશિષ્ટતાઓ

★ ઓરીએન્ટલ નં. ૫૦૧
★ ખાખી બોર્ડર સાડી નં. ૧૨૧
★ બ્રોકેડઝ નં. ૨૧૯
★ સાટીન-ચટાઈ નં. ૧૪૪
★ સાટીન-સ્ટ્રાઈપ નં. ૧૦૩૧
★ સાટીન-ચોકડા નં. ૧૫૨
★ સાટીન-સ્પોટ નં. ૨૫૮
★ સાટીન નં. ૨૦૧

તથા દરેક જાતના અને ભાતભાતના આકર્ષક સુંદર પચાસ રંગોમાં આર્ટસિલ્ક તથા સિલ્ક રંગનાર તથા ધોનાર.

અધિકાર !

અધિકાર! અધિકાર એટલે શું? એના જવાબમાં સંતો કહે છે: હું કોણ છું, આ જગતમાં મારું શું કામ છે, ઈશ્વરની સાથે મારો શું સંબંધ છે, આ જગતના જીવોની સાથે મારો શું સંબંધ છે, હું ક્યાંથી આવ્યો છું, મૃત્યુ પછી ક્યાં જવાનો છું અને દરેક કાળના મહાત્માઓ છેવટમાં છેવટની કઈ વસ્તુને શોધી રહ્યા છે–એ બધી બાબતો જાણવાની અને સમજવાની ઈચ્છા થવી તે અધિકાર! આત્માના કલ્યાણ માટે વિચારો અને ઉપાયો કરવામાં આવે તે અધિકાર, સ્વાર્થભોગ આપવામાં આવે તેનું નામ અધિકાર. આ જ અધિકારથી માનવને સાચો અને નિરાળો રાહ મળે છે.

'સ્વર્ગનો પ્રકાશ' : પાન ૩૩૧ : કિંમત રૂ. ૨–૦–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપચ્યુન એસ્યોરન્સ કું૦ લિ૦

[સ્થપાઈ-૧૯૩૦]

- જિંદગી
- આગ
- મોટર અને
- અકસ્માતના વીમાનું કામ લેવામાં આવે છે

ચાલુ કામ રૂ. ૪,૫૦,૦૦,૦૦૦

વાર્ષિક આવક રૂ. ૨૦,૦૦,૦૦૦

કુલ અસ્કયામત રૂ. ૭૫,૦૦,૦૦૦

★

એજન્સી અને બીજી માહિતી માટે લખો.

↓

નેપચ્યુન એશ્યોરન્સ કું૦ લિ૦

મુખ્ય ઑફિસઃ—નેપચ્યુન બીલ્ડિંગ, હોર્નબી રોડ, કોટ—મુંબઈ

અમદાવાદ, બ્રાન્ચઃ—પાંચકૂવા, ફુવારા સામે, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અખંડ આનંદ'ના

ગ્રાહકોને

★ આ માસિક દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

★ વાર્ષિક લવાજમ રૂ. ૬-૮ છે. બ્રહ્મદેશ માટે રૂ. ૭) પરદેશ માટે રૂ. ૧૦) છે. તે (૧) સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે. ભદ્ર, અમદાવાદ અથવા (૨) કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ–૨ એ ઠેકાણે ભરી શકાય છે.

★ વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય સાથે કરવો.**

★ લવાજમ મનીઑર્ડરથી મોકલતાં મનીઑર્ડરની કુપન પર પૂરું ઠેકાણું અને 'અખંડ આનંદ' માટે એમ સ્પષ્ટ લખવું.

★ મહિના બે મહિના માટે સરનામું બદલાવવું હોય, તો પોતાના પોસ્ટમાસ્તરને લખવું. સરનામું વખતસર નહિ બદલાવનારનો અંક જૂના સરનામે રવાના થતાં, બીજો અંક મૂલ્ય લીધા સિવાય મોકલાતો નથી.

★ પત્રવ્યવહારમાં **ગ્રાહક નંબર** અવશ્ય જણાવવો.

★ ૧લી નવેમ્બર ૧૯૪૯થી ત્રીજું વર્ષ શરૂ થઈ ગયું છે.

★ માસિક સાથે પુસ્તકો વી.પી.થી મોકલાતાં નથી.

★ નમૂનાના અંક માટે રૂ. ૧) મોકલી આપવો.

છેલ્લાં ૩૮ વર્ષથી ચાલતી ગુજરાતની સૌથી જૂની, સસ્તી ને લોકપ્રિય

વિવિધ ગ્રંથમાળા

દેશમાં રૂ. ૬ા।)] વાર્ષિક લવાજમ [પરદેશમાં રૂ. ૭)

આજે જ ગ્રાહક બનીને વરસે દિવસે ૧૬૦૦ પાનાંનું વિવિધ વિષયોનું વાચન ૬ થી ૮ પુસ્તકો દ્વારા ઘેરબેઠાં મેળવો.

*

'અખંડ આનંદ' જેવો લોકાદર પામેલી

સર્વોપયોગી સાહિત્યશ્રેણી

સંપાદક : સોપાન

આ શ્રેણીમાં અત્યાર સુધીમાં મોટા સુવાચ્ય અક્ષરોમાં ઉપયોગી ૨૫ પુસ્તકો પ્રગટ થયાં છે. ગુજરાતનાં ઘરોમાં ને પુસ્તકાલયોમાં હજારો નકલો પહોંચી ગઈ છે.

૨૫ પુસ્તકોના સેટની કિંમત:

રૂ. ૧૬-૦-૦ : ટ. ખ. રૂ. ૧-૮-૦

*

આમ સાહિત્યશ્રેણી

જ્ઞાન–ચારિત્ર્ય–વર્ધક ઉપયોગી સાહિત્યની આ નાની પુસ્તિકાઓ દ્વારા ગરીબ પણ સંસ્કારી વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે નાનીશી લાયબ્રેરી વસાવી શકે છે. જુદાજુદા વિષયોનાં ૮૪ પુસ્તકો મળે છે. તે બધાંની કિંમત :

રૂ. ૨૧-૩-૬ : ટ. ખ. ૨-૪ જુદું છે.

વધુ વિગતવાર સૂચિપત્ર માટે લખો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, પો. બૉ. નં. ૫૦, અમદાવાદ ને હાથી બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકોને

★ 'અખંડ આનંદ' ની લેખ-પસંદગીનું ધોરણ પાછલાં બે વર્ષમાં લગભગ નિશ્ચિત થઈ ચૂક્યું છે. 'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે.

★ સાહિત્યના કોઈ પણ પ્રકારને-વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ-વર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ. ધર્મ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, શિક્ષણ-શાસ્ત્ર, રાજકારણ, અર્થકારણ, સાંસારિક પ્રશ્ન, નિર્દોષ આનંદ કે જ્ઞાન આપતા પરિચયો વગેરેને સ્થાન છે.

★ 'અખંડ આનંદ' પ્રત્યે ગુજરાતના લેખકો, વિદ્વાનો, વિજ્ઞાનીઓ, કેળવણીકારો, અભ્યાસીઓ, લોકસેવકો, સાધકો અને ધર્મજ્ઞો મમતા રાખે છે અને તેથી લેખો પુષ્કળ પ્રમાણમાં આવે છે. તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક અઠવાડિયામાં આપવામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. લખાણોની પસંદગીમાં મૌલિક કૃતિને પ્રથમ સ્થાન આપવામાં આવે છે; પરંતુ સારી વસ્તુના સારા અનુવાદો પણ સ્વીકારાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

★ લખાણ પ્રસિદ્ધ થતાં જ લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે. આ બાબતમાં 'અખંડ આનંદ' ખૂબ નિયમિત છે.

★ અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે એટલે બે વર્ષના અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. લખાણના અસ્વીકારનાં અનેક કારણો હોઈ શકે છે.

★ લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂક્યાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલ-ખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

★ તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું, લખાણો મોકલવાનું, બદલાનાં પત્રો માટેનું સરનામું નીચે પ્રમાણે છે:

તંત્રી: 'અખંડ આનંદ'
ગુલબહાર, મેટ્રો પાછળ,
બેરેક રોડ, મુંબઈ-૧

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી: સોપાન
મુદ્રક ને પ્રકાશક: ત્રિભુવનદાસ લ૦ ઠક્કર
મુદ્રણ અને પ્રકાશન સ્થાન: સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ-અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	હૈયાની ગાંઠ છોડી નાખો	શ્રી	૧
૨	જગન્જૂની ચમત્કારકથા (કાવ્ય)	અધ્યા. બળવંતરાય ક. ઠાકોર	૩
૩	જીવનનું લક્ષ્ય	સ્વામીશ્રી અદ્વૈતાનંદજી	૪
૪	પ્રાર્થના, દ્વન્દ્વ અને અદ્વૈત (ગાંધીજીના બે અપ્રસિદ્ધ વાર્તાલાપો)	શ્રી ચંદ્રશંકર પ્રા. શુક્લ	૮
૫	બાપુ સાથેના પ્રસંગો	શ્રી હરિભાઉ ઉપાધ્યાય	૧૧
૬	મૃત્યુનો મહિમા	શ્રી કેદારનાથજી	૧૪
૭	યહૂદી ધર્મ	મુનિશ્રી સંતબાલજી	૧૮
૮	વશીકરણનો મંત્ર	શ્રી દેસાઈ વાલજી ગોવિંદજી	૨૨
૯	ઊંઘનું તત્ત્વજ્ઞાન	શ્રી જ્યોતીન્દ્ર દવે	૨૪
૧૦	નાટ્યાચાર્ય ભરતમુનિ (પરિચય)	પંડિતશ્રી ઓમ્કારનાથ ઠાકુર	૨૮
૧૧	પુનર્જન્મ (વાર્તા)	શ્રી પીતાંબર પટેલ એમ. એ.	૩૭
૧૨	રાષ્ટ્રમુદ્રા	અધ્યા. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ.	૪૮
૧૩	અણુસાવધ કિલ્લો (પ્રસંગચિત્ર)	શ્રી નટવર મૂ. વીમાવાળા	૫૨
૧૪	ગુરુત્વાકર્ષણ છૂટે તો ? (હળવો લેખ)	શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ એમ. એસસી. (લંડન); બાર-એટ-લો.	૫૭
૧૫	માનવતાની સુગંધ (વાર્તા)	અધ્યા. શશિન્ ઓઝા એમ. એ.	૫૯
૧૬	લોકશાહી	શ્રી રમાકાંત નટવરલાલ પરીખ એમ. એ. એલએલ. બી.	૬૩
૧૭	દર્શનોનો કાળક્રમ	શ્રી રામલાલ નવનીતલાલ	૬૮
૧૮	પ્રભુ પધાર્યા (વાર્તા)	શ્રી ભાનુકુમાર ચુ. નાયક	૭૦
૧૯	બાપુ પર બાળકનો પત્ર	શ્રી ખ્વાજા અહમદ અબ્બાસ	૭૨
૨૦	સાધુતાની પગદંડીએ (નાટિકા)	શ્રી સુરેશ ગાંધી	૮૦
૨૧	પતંજલિ ને યોગદર્શન	શ્રી શાંતિલાલ લા. જોષી એમ. એ.; એસ. ટીસી.; વિદ્યાલંકાર	૮૪
૨૨	મગજની નબળાઈ (આરોગ્ય)	ડૉ. નાથાલાલ જે. દવે	૮૮
૨૩	તસ્માદ્ યોગી ભવાર્જુન	શ્રી લલ્લુભાઈ ઉપાનકાર	૯૩
૨૪	દુઃખમુક્તિની ચાવી	શ્રી પુરુષોત્તમ પ્રેમચંદ શેઠ	૯૯
૨૫	ભીલ સંસ્કૃતિ	શ્રી રમણલાલ ધીરજલાલ શાહ	૧૦૧
૨૬	તપસ્વીની તેજધારા	શ્રી રતુભાઈ શેઠ	૧૦૭
૨૭	સેવામૂર્તિ હરિભાઈ	અધ્યા. ધીરજલાલ પરીખ એમ. એ.	૧૦૯
૨૮	વધુ અનાજ ઉગાડો	શ્રી પ્રદ્યુમ્ન દેસાઈ એમ. એસસી. (એગ્રોનોમી)	૧૧૪
૨૯	તંત્રીની ટપાલ		૧૨૨
૩૦	યુગપ્રવાહ	સોપાન	૧૨૩
૩૧	સંસ્થા-સમાચાર	કાર્યાલય	૧૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૩, અંક ૩] તંત્રી : સોપાન [જાન્યુઆરી ૧૯૫૦

હૈયાની ગાંઠ છોડી નાખો

કબૂલ કરું છું કે તમને બહુ બૂરા અનુભવો થયા હશે. કબૂલ કરું છું કે મનમાં ગાંઠ વાળતા પહેલાં તમે વિચારો કરવામાં જરી યે કચાશ નહિ રાખી હોય; છતાં યે કહું છું કે બંધુ! એ ગાંઠ છોડી નાખો. ઈશ્વરે જેને વિચારશક્તિ અને બુદ્ધિશક્તિ આપ્યાં છે તેને ગાંઠ વાળી લેવાની જરા યે જરૂર નથી.

પાછલા અનુભવોને તમે ફેંકી દો એમ હું ક્યાં કહું છું? જેણે હજારવાર તમારો વિશ્વાસઘાત કર્યો છે, તેના વિશ્વાસે ગાફેલ રહો એમ પણ મેં તમને ક્યારે કહ્યું છે? હું તો કહું છું કે એ તમારા જેવો જ માણસ છે. તમારા જેવું જ એનુ મગજ છે. તમારા જેવું જ એનું દિલ છે.

તમે એમ કહી શકશો કે જીવનમાં સદાયે તમે સ્થિર રહ્યા છો? તમારા દિલમાં ભાવના કે વાસનાનાં ભરતીઓટ શું કદી યે નથી આવ્યાં? જડ પથ્થર જેવા કે મહાન હિમાલય જેવા તમે શું સદા સ્થિર અને અચળ જ રહ્યા છો?

તો કેમ માની બેસો છો કે એનામાં ફેર પડશે જ નહિ, પડી શકશે જ નહીં? ભલેને એની ક્રૂરતા કે નીચતાના લાખો પ્રસંગો તમે જોયા હોય, છતાં યે હું તો કહું છું કે એના દિલના અમાસ જેવા અંધારામાં પણ સત્ય અને દયાના તારલા ચમકી ગયા હશે. મારી તમને વિનતિ છે કે એ તારલાના વિશ્વાસે ફરીને એના હૃદય ઉપર તમે આંખ માંડો.

એમ તો હું કહેતો જ નથી કે તમે બધું ભૂલી જાઓ, એને પરમ સંત માનીને એની સાથે વ્યવહાર કરો, એના શબ્દો અને વર્તનને સત્ય માની ચાલવા માંડો. હું તો કહું છું કે એ જે બોલે ને કહે તે ઉપર ફરીને વિચાર કરવાની છૂટ રાખો. દિલમાં ગાંઠ વાળી લીધી છે એ છોડી નવી વાત આવે ત્યારે નવી રીતે વિચારો. મારા ઉપર વિશ્વાસ હોય તો હું તમને ખાતરી આપું છું, કે તમારા અંતરનો પ્રકાશ તમને દગો નહિ દે. તમને ખાડામાં નહિ ઉતારે. એની નવી વાતમાં જો અસત્યનું ઝેર હશે તો તમે પારખી જ જશો.

જરી વિચાર કરો. તમારા પોતાના જીવન ઉપરાંત તમે તમારા કુટુંબમાં, મિત્રોમાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચિતોમાં પરિવર્તન નથી જોયાં ? તમે શું એવું સાંભળ્યું કે વાંચ્યું નથી કે અધોગતિની ખીણમાં પડેલો આદમી ધીમેધીમે ઉન્નતિના શિખર ઉપર પહોંચ્યો હોય ? તો પછી આટલો અવિશ્વાસ શાને ? સંભવ છે કે એ તો જુઠ્ઠો હોય, ખરેખર જુઠ્ઠો હોય, મરતાં લગી એ જુઠ્ઠો જ સાબિત થાય; પરંતુ તમે એને સમજવાનો પ્રયત્ન કરશો, એમાંથી સત્ય તારવવાની વૃત્તિ રાખશો તો કયું નુકસાન થશે ? એક જ ને કે તમારે સદાયે જાગ્રત રહેવું પડશે ? તમારે સદાયે તમારા મનને વિચારોના દીવાથી પ્રકાશવંતું રાખવું જોઈશે ?

એ તો સારી વાત છે ભાઈ! માનવીની વિશેષતા જ એ છે. અવિશ્વાસનાં અંધારામાં ભયભીત જીવન ગાળવા કરતાં વિશ્વાસના અજવાળામાં નીડર જીવન ગાળવાની મોજ કોઈ અનેરી છે; એ મોજ તમે લૂંટો એમ હું ઇચ્છું છું.

અને......અને કોઈક દહાડો તમારો પ્રકાશ સાચી વસ્તુ પારખી ન શકે, તમારી જાગ્રતિમાં થાકનું ઝોકું આવી જાય અને એ તમને નુકસાન પહોંચાડી દે તો શી ચિંતા છે ? તમે એમ માનો છો કે તમે અવિશ્વાસ રાખશો અને મનની ગાંઠ છોડશો જ નહિ તો તમને કોઈ ઠગી નહિ શકે ?

તો પછી શા માટે અંતરને ઉઘાડું નથી રાખતા ? શા માટે માની બેસો છો કે જેણે તમને દગો દીધો છે તે સદાકાળ દગો જ રમશે ? અને તમે એટલેથી જ ક્યાં અટકો છો ? એક માનવીના દગાનો ભોગ બન્યા પછી તો તમે અનેક પ્રત્યે અવિશ્વાસ ધરાવતા બનો છો. એક સ્થળે મૂકેલો વિશ્વાસ અને દાખવેલી ઉદારતા તમારામાં હજારગણા વિશ્વાસ અને ઉદારતાના ભાવો ન જગાડે, પરંતુ અવિશ્વાસ અને અનુદારતા તો તમારા આખા જીવનને ઝડપી લેશે.

જરા વિચાર કરો. જ્યાં હાડમાંસનાં પામર માનવીઓ વસે છે, ત્યાં વિશ્વાસ અને અવિશ્વાસ બંને છે: ઇષ્ટ અને અનિષ્ટનાં મિશ્રણનું જ આ જગત રચાયેલું જણાય છે. સેતાન અને ઈશ્વરની કલ્પના જુઠ્ઠી નથી.

આવા જગતમાં જો વિશ્વાસ, પ્રેમ, ઉદારતા અને સત્યની સ્થાપના કરવી હોય તો અંતરને કદી એક જ વિચારમાં બાંધી રાખો નહીં, એને ઉઘાડું રાખો. એમાંથી વિશ્વાસ પ્રગટશે, સત્ય પ્રગટશે. જો એને બાંધી રાખશો તો કોઈ અજાણ્યાની વાત તમને સાચી લાગશે નહિ, કોઈ અજાણ્યાનો પ્રેમ તમે સાચો માનશો નહિ, કોઈ અજાણ્યાનો વિશ્વાસ કરશો નહિ અને પરિણામે અવિશ્વાસ, વિદ્વેષ અને અસત્યને તમે વહેતાં મૂકશો.

જીવનને સફળ કરવાનો અને જગતમાં મૈત્રી સ્થાપવાનો સાચો માર્ગ મનની ગાંઠ છોડી નાખવાનો છે. એથી પ્રકાશ મળશે, વિશ્વાસ મળશે, મૈત્રી મળશે. દુશ્મન અને દગાખોર પણ એથી અજવાળું પામશે. અજાણ્યાઓ તો એની અસરથી મુક્ત રહી શકશે જ નહિ અને પરિચિતોની દુનિયા પ્રેમમય બનશે.

માટે એ ગાંઠને છોડી નાખો.

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગજ્જૂની ચમત્કારકથા

અધ્યા. બળવંતરાય ક. ઠાકોર

અન્યોક્તિ એટલે અન્યને ઉદ્દેશીને પણ જુદા જ ભાવાર્થવાળી ઉક્તિ. આમાં શાબ્દિક અર્થરૂપે લક્ષ્ય એક હોય, પણ જરાક વિચાર કર્યાથી સમન્વય બીજી વાત. રૂપકકથાઓ અને આ અન્યોક્તિઓમાં ઝાઝો તફાવત નથી. શિયાળ, બિલાડો, વાંદરો, ઊંટ, હાથી, સિંહ કે એવાં જ ઇતર પ્રાણીઓનાં પાત્રવાળી આપણી પંચતંત્રની વાર્તાઓ, કે ઈસપની પ્રાણીકથાઓ પાછળનો ઉદ્દેશ તો મનુષ્યને જ લક્ષ્ય બનાવવાનો છે. અહીં એક જગજ્જૂની ચમત્કારકથામાં પંખીની અન્યોક્તિ દ્વારા લેખકે માનવભાવો સુંદર રીતે વ્યક્ત કર્યા છે. કાવ્યની નીચે અપાયેલું એમનું પોતાનું ટિપ્પણ નિત્ય-જીવનના આપણા અનુભવને વ્યક્ત કરે છે.

શાર્દૂલવિક્રીડિત — સોનેટ

ડાળે એક ચકોર ચાતક બિજી ડાળે રહ્યા આરડે,
'રાકા, રેલ સુધા!' તણો જપ રટે છે એક ઘાંટે વડે,
બીજો આર્ત્ત પુકારિ મેહ વિનવે, 'વર્ષાદ, વર્ષી પડો!'
આષાઢી ગગને જિહાં રવિકરો વીંઝી રહ્યા કોયડો!
મધ્યાહ્નને અતિકારમી પુલકનો અંગાર હેઠે ગર્યો,
ફાલ્યા ઉચ્ચ વિશાળ પાદપ તણા મૂલે કયહીં નાંગર્યો,
પળ્માં ઝાળ વિસર્પિ, લીધ ઝડપે, દગ્ધાઈ પંખી પડ્યાં
ભોંયે, એક બિજાથિ દૂર, નવ કો ભાળે મુવાં જીવતાં!
પાકી મોસમ, વીજગાજભપકે ચોધાર વર્ષા પડી,
ખોખૂં ચાતકનૂં સજીવ થઈ ત્યાં ઊડયૂં ધરાઈ, અને
દેખી ખોખું ચકોરનૂં નજિકમાં જોવા ઉભું વાટડી.
આસોએ ખિલિ પૂર્ણિમા, નવ હતો રાહુ તણો યોગ, ને
ઊડયૂં ઊઠિ ચકોર ધ્રાઈ,–ત્યહિંએ બંને પુનઃ આરડે:
'રાકા, રેલ સુધા!' 'પયોદ પડ ને!'–જૂના સુરે આકળે!

યોગમ શાખપ્રશાખિ તરુવર તે આ સચરાચર અતટાતલ સૃષ્ટિ, વિરાટ અને અનાદ્યનંત. ચકોર, ચાતક આદિ એમાંના અતિક્ષુદ્ર અસંખ્ય જીવ, એની કને અસંખ્ય પરસ્પર વિરુદ્ધ માગણીઓ કર્યા જ કરનારા મળે નહીં તેમતેમ વધુ અકળાઈને માગનારા. સૃષ્ટિપ્રવાહ કશું ગણકારતો જ નથી અને પોતાની રીતે વહ્યે જાય છે. લૂ વર્ષે છે, અમુક સારાંમાઠાં પરિણામ ઊપજે છે, વરસાદ વર્ષે છે, વળી સારાંમાઠાં બીજાં પરિણામો પાકે છે. શરદ બેસે છે, ત્રીજી પરંપરા શરૂ થાય છે. સૌ પોતપોતાનું ભરડ્યા કરે; એ દિગ્દિગંત કોલાહલમાં વિરાટ સૃષ્ટિ, બહેરી, નિર્દય, બેઅક્કલ જેવી ગણો તેવી, પોતાના જ ચાસ પાડ્યા કરે. આવો, ન ઇતર, છે આ અનવરત નિયતિક્રમ. સમઝાય છે? તો સમઝીને સાત્ત્વિક શાંતિની હૂંફે કર્ત્તવ્યકર્મ જોઈ-જાણી તેને વળગી શકો છો. સામી બાજુ, અણસમઝે આરડ્યા કરશો, અત્રતત્ર ફાંફાં માર્યા કરશો, ગોથાં ખાયા કરશો, તેનું કશું જ નહિ વળે, અને નકામાં દુઃખીદુઃખી થઈ જશો, તેને માટે જવાબદાર પણ બીજું કોઈ નથી જ વળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનું લક્ષ્ય

સ્વામીશ્રી અદ્વૈતાનંદજી

મનુષ્યે પોતાનું જીવનધ્યેય નક્કી કરી લીધા પછી પણ વાસનાના વધતા જતા વિસ્તારને લીધે તેના અંતિમ લક્ષ્યમાં બાધા આવે છે. સર્જન અને સંહાર એ બંને આપણી બાહ્ય તેમ જ આંતરિક પ્રગતિ માટે આવશ્યક છે. ઇચ્છાએ કે અનિચ્છાએ સર્વની ગતિ 'મુક્તિ' તરફ જ હોય છે, પણ એ સાચી મુક્તિ કોને માટે છે? સંવાદની સ્થાપના જેનો ઉદ્દેશ છે, એવા જગતના સર્વ પ્રશ્નોના ઉકેલમાં મગ્ન રહેલ માનવીએ વિશ્વ પાછળ રહેલ પરિપૂર્ણ તત્ત્વની ઉપાસના કઈ રીતે કરવી જોઈએ, તેનું ઊંડાણથી અહીં વિવરણ થયું છે. ગુજરાતના ગણ્યાગાંઠ્યા આગેવાન વિદ્વાન સંન્યાસીઓમાં સાધુસંમેલનના પ્રમુખ સ્વામીશ્રી અદ્વૈતાનંદજીનું આગવું સ્થાન છે.

આપણા સર્વ પ્રકારના જ્ઞાનનું મૂળ પ્રત્યક્ષ અનુભવ છે. ઇન્દ્રિયો દ્વારા મન ઉપર સંસ્કારો પડે છે, તેથી પદાર્થોનું જ્ઞાન થાય છે. અનુમાનથી બુદ્ધિનો નિર્ણય થયા પછી પણ તેના તથ્યાતથ્યની કસોટી અનુભવ ઉપરથી જ કરવી પડે છે. સંસાર તરફ દૃષ્ટિપાત કરતાં આપણને જણાય છે કે આ જગતમાં સર્વ વસ્તુઓ પરિવર્તનશીલ છે, નાશવંત છે. બીજમાંથી છોડ, છોડમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી પાછી બીજની ઉત્પત્તિ થાય છે. સમુદ્રમાંથી જળ આકાશમાં જઈ પાછું વૃષ્ટિ દ્વારા તેમાં જ પ્રવેશ કરે છે. સાગરના તરંગો તેમાંથી ઉત્પન્ન થઈ આખરે તેમાં જ લીન થઈ જાય છે. અનેક બ્રહ્માંડો આદિ કારણમાંથી સૂક્ષ્મ-સ્થૂળ રૂપો ધારણ કરી, વળી પાછાં ઓસરતાં-ઓસરતાં મૂળ સ્વરૂપમાં જ પ્રવેશ કરે છે. આ ક્રિયા સર્વત્ર ચાલતી નજરે પડે છે અને આ અચળ નિયમનું ઉલ્લંઘન કોઈ પણ ઠેકાણે જોવામાં આવતું નથી.

આ ઉપરથી આપણને જણાય છે કે કાર્ય અને કારણ વચ્ચે ખાસ ભેદ હોતો નથી. અલ્પ સમય માટે પરિમિત થયેલા અને અન્યરૂપ ધારણ કરનારા કારણને આપણે કાર્ય કહીએ છીએ. વાસ્તવિક દૃષ્ટિએ જગતમાં કોઈ પણ દ્રવ્યનો કે શક્તિનો સદંતર વિનાશ થતો નથી; માત્ર તેમનાં નામ અને રૂપમાં સતત ફેરફાર થયા કરે છે.

આ અનુભૂતિ ઉપરથી કેટલાક એવું અનુમાન કરે છે કે આ સંસાર પરિવર્તન પામતા અણુપરમાણુઓનો સમૂહ છે. તેની પાછળ અધિષ્ઠાન તરીકે કોઈ પણ સ્થાયી તત્ત્વ નથી. જીવનના મૂળ પ્રશ્નને ઉડાવી દેવાનો પ્રયત્ન આ પ્રમાણે માનવ–ઇતિહાસમાં ઘણીવાર કરવામાં આવ્યો છે, પણ મનુષ્યબુદ્ધિમાં અદમ્ય રીતે રહેલી અમૃતત્વની ભાવનાએ આ વિચારને અંતિમ સત્ય તરીકે સ્વીકાર્યો નથી. આપણા મનનું ઘડતર જ એવું છે કે બંધન અને સ્વાધીનતા, જ્ઞાન અને અજ્ઞાન, પાપ અને પુણ્ય, સુખ અને દુઃખ, માન અને અપમાન–આ સર્વ વિરોધી દેખાતી કલ્પનાઓ સાથેસાથે જ રહે છે. આ ઉભય ધારણાઓ પૈકી જેટલા પ્રમાણમાં એકનું અસ્તિત્વ છે તેટલા જ પ્રમાણમાં બીજીનું પણ છે. આપણા પોતાના અથવા જગતના વિનાશનો વિચાર કરવા માટે આપણે તટસ્થપણે સાક્ષી તરીકે ઊભા રહેવાની જરૂર પડે છે. આ 'સ્વાધીનતા'-ની–સ્વતંત્રતાની ભાવના જ આપણા જીવન-પંથને પ્રકાશ આપે છે, આપણી પ્રત્યેક ક્રિયામાં વેગ આપે છે, ઉત્સાહ પૂરે છે. જડવાદના સિદ્ધાંતો કાર્યકારણની સાંકળમાં આપણા જીવનને કાયમ માટે બાંધી રાખવાનો ગમે તેવો પ્રયત્ન કરે, તોપણ તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને સફળતા મળતી નથી; તેનું કારણ પણ એ જ છે કે શાશ્વતપણાની અને સ્વતંત્રતાની ભાવના આપણા સ્વભાવમાં જ ઓતપ્રોત થયેલી છે અને તેને કોઈ પણ કાળે નાબૂદ કરી શકાય તેમ નથી. જગતના સ્વરૂપનો અને આપણા પોતાના સ્વરૂપનો તર્કયુક્ત ખ્યાલ બાંધવા માટે આપણે આ બંને વિચારોનો અંગીકાર કરીને જ અનુમાન ઉપર આવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જગતની શરૂઆતથી તે અદ્યતન સમય સુધી મનુષ્યોમાં અતૃપ્તિનું અસ્તિત્વ આપણને જણાયા જ કરે છે. અમુક વસ્તુની પ્રાપ્તિથી આપણને સુખ મળશે એવી માન્યતાથી તે મેળવવા માટે મનુષ્યો પ્રયત્ન કરે છે. અર્ધે માર્ગે પહોંચે છે ત્યાં તો બીજી જ વાસનાનો ફણગો મનમાં ફૂટે છે અને પ્રથમ ઇચ્છેલી વસ્તુ નિ:સત્ત્વ લાગે છે. સત્તાધીશને પોતાની પાસે જેટલી સત્તા હોય છે તેનાથી સંતોષ થતો નથી. તેમાં વૃદ્ધિ કરવાની તીવ્ર અભિલાષા તેના મનમાં રહ્યા જ કરે છે. દ્રવ્ય સંપાદન કરવાની વૃત્તિને પણ આ જ નિયમ લાગુ પડે છે. કોઈવાર આ અસંતોષની ભાવના ગુપ્ત રીતે વ્યક્તિ અને સમાજના મનમાં સંચાર કરતી માલૂમ પડે છે અને કોઈવાર વિશેષરૂપ ધારણ કરી સમાજના બંધારણમાં ઊથલપાથલ કરી મૂકે છે. આ સર્વવ્યાપી અસંતોષનું કારણ એ જ છે કે આ અશાશ્વત સંસારના પદાર્થો મનુષ્યને કાયમ માટે સંતોષ આપવા સમર્થ નથી. પદાર્થો પોતે જ વિનાશી હોવાથી નિત્યસુખ આપવા માટે અશક્તિમાન હોવા જ જોઈએ એ તો નિર્વિવાદ છે. સંસાર બંધનરૂપ હોય તો તેનાથી શ્રેષ્ઠ અધિકતાવાળી, એવી વસ્તુ હોવી જોઈએ કે જે તેના નિયમોને આધીન ન હોઈ, તેના ઉપર આધિપત્ય ભોગવતી હોય ને જે સર્વથા સંતુષ્ટ હોય. આ અનિવાર્ય વિચારપ્રક્રિયામાંથી જ પરમાત્માની હસ્તીની કલ્પનાનો ઉદય થયો છે અને તેના સ્વરૂપ વિષે નિર્ણયો કરવામાં આવ્યા છે.

આર્ય તત્ત્વજ્ઞાન પ્રમાણે પરમ તત્ત્વવિષયક સર્વ ભાવનાઓનો સત્-ચિત્-આનંદમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આનાથી આગળ માનવબુદ્ધિ જઈ શકે તેમ નથી. જ્યાંસુધી પ્રત્યેક નામરૂપાત્મક જીવંત પ્રાણી આ સચ્ચિદાનંદરૂપી અંતિમ ધ્યેય પ્રાપ્ત કરતું નથી, ત્યાંસુધી તે અસ્થિર અને અશાંત અવસ્થાને તથા આધિ અને વ્યાધિને આધીન રહે છે.

મનુષ્યનો વિકાસ આંતરિક અને બાહ્ય ક્ષેત્રોમાં રહેલાં વિરોધી તત્ત્વોનો સામનો કરવાથી જ થાય છે. વિશ્વમાં સંહાર અને સર્જન હમેશ સાથેસાથે જ રહે છે. આ ઉભય ક્રિયાઓ દ્વારા પરમાત્મા વિશ્વને ધારણ કરવાનું અને વિશ્વ દ્વારા પોતાની અતુલ શક્તિ અને શાશ્વત આનંદનો આવિર્ભાવ કરવાનું કાર્ય કરે જાય છે. નૂતન સર્જનની પ્રાથમિક અને આવશ્યક ભૂમિકા સંહાર જ છે. વ્યક્તિના ઉત્કર્ષમાં જ્યાંસુધી મનુષ્ય પોતાની હલકી પ્રકૃતિનો વિનાશ કરી, તેને જડમૂળથી ઉખેડી નાખતો નથી, ત્યાંસુધી તે પોતાના જીવનનું સાર્થક કરી શકતો નથી. બાહ્ય પ્રદેશમાં પણ આપણે જોઈએ છીએ કે જે પ્રજા અથવા જાતિ સમયાનુસાર નવીન સર્જન કરવાની તૈયારી બતાવતી નથી, પણ પરંપરાથી ચાલ્યા આવેલા આચારવિચારોને વળગી રહે છે તે ક્રમશ: તમસમાં પ્રવેશ કરે છે, સ્થિતિચુસ્ત બની જાય છે, તેમાં સડો પેસે છે, તેનો નાશ થાય છે અને તેનાં ખંડિયેરોમાંથી નૂતન પ્રજાઓ અને જાતિઓ નિર્માણ થાય છે.

આપણી આસપાસ સર્વત્ર વ્યાપી રહેલા બ્રહ્માંડનું અવલોકન કરતાં આપણને જણાય છે, કે સર્વ પ્રાણીઓ એક યા બીજી રીતે પરમાત્માના પૂજનમાં જ નિમગ્ન છે; કારણકે જ્યાંજ્યાં કોઈ પણ ક્રિયા જોવામાં આવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો ઉદ્દેશ મુક્તિ જ છે, અને એ હેતુથી પ્રેરિત સર્વ કર્મો ઈશ્વરપૂજન જ કહી શકાય. આપણે એક મર્યાદિત વ્યક્તિ નહિ પણ સર્વસ્વ છીએ. સમગ્ર પ્રકૃતિ ઉપર આપણું વર્ચસ્વ ખરી રીતે છે જ, આપણે સૌમાં છીએ અને આપણામાં સર્વ છે. આવી અનુભૂતિ(કેવળ માનસિક કલ્પના નહિ)ને જ મુક્તિનું નામ આપી શકાય.

આ પૂર્ણતાની પ્રાપ્તિ માટે જ સર્વ પ્રાણીઓ પ્રયત્ન કરી રહ્યાં છે, પણ બુદ્ધિના ઓછા વિકાસને લીધે અથવા વાસના અને આસક્તિના પ્રાબલ્યને લીધે આપણે સીધો રસ્તો લઈ શકતા નથી. કીર્તિ, ધન અને સર્વ પ્રકારના વિષયોપભોગની એષણાઓ આપણા મનને આમતેમ ઘસડી જાય છે, લક્ષ્યથી વિમુખ કરે છે. આપણે જે સ્થિતિમાં હોઈએ તેમાંથી આપણા આખરના ધ્યેય તરફ એક ડગલું આગળ લઈ જાય તે પુણ્ય અને જે પાછળ ધકેલે તે પાપ. પાપ અને પુણ્ય સાપેક્ષ છે. સંસારમાં ભિન્નભિન્ન જીવાત્માઓ પૃથક્ પૃથક્ ભૂમિકાઓ ઉપર સ્થિત થયેલા છે, તેથી સર્વને માટે એક જ નિયમ લાગુ પાડી શકાય નહિ. પ્રત્યેક કર્મ–માનસિક, વાચિક, શારીરિક–ના સંસ્કાર ચિત્ત ઉપર પડે છે અને આવા સર્વ પ્રકારના સંસ્કારોથી મનુષ્યના ચારિત્ર્યનું ઘડતર થાય છે. તેથી વ્યાપક દૃષ્ટિથી જોતાં સર્વ કર્મો તથા સુખ અને દુઃખનાં સંવેદનો પરમાત્માની ઉપાસનાનાં અંગો છે.

મુક્તિ વીર પુરુષો માટે છે. આત્મજ્ઞાન બળહીન મનુષ્યો માટે નથી. પદાર્થોમાં મમતા ઉપરાંત દેહાધ્યાસના સંપૂર્ણ ત્યાગની પણ આવશ્યક્તા અનિવાર્ય છે. દેહમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણજન્ય અહંભાવ હોય ત્યાંસુધી સ્વરૂપાનુભવનો સંભવ નથી. આપણા પિંડનું અન્વેષણ કરતાં આત્મા અને અનાત્મા, દૃષ્ટા અને દૃશ્ય, જ્ઞાતા અને જ્ઞેય, આવા બે વિભાગોનું આપણને પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. આવા વિરોધી ધર્મવાળા પદાર્થો તદ્દન નિરાળા હોવા જોઈએ. જાણનાર ને જાણવાનો પદાર્થ એક હોઈ શકે નહિ. 'હું' પદાર્થ તે 'આ' પદાર્થ હોઈ શકે નહિ એ આપણે સમજી શકીએ છીએ; તે છતાં સામાન્ય વ્યવહારમાં તો ચૈતન્યમાં જડના ધર્મોનું અને જડમાં ચૈતન્યના ધર્મોનું આરોપણ કરીને જ આપણે સર્વ ક્રિયાઓ કરીએ છીએ અને શરીર અને મનનાં સુખદુઃખો સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા ઉપર આરોપીએ છીએ. આવો અજ્ઞાનજન્ય વ્યવહાર અનાદિકાળથી ચાલ્યો આવે છે. દૃષ્ટા નિત્ય છે, ત્રિકાલાબાધિત છે તેથી તે નિરાકાર–નિર્વિકાર હોવો જ જોઈએ, પરિપૂર્ણ હોવો જ જોઈએ આવો પ્રથમ શુદ્ધ બુદ્ધિથી વિવેક કરી પછી તેનો સાક્ષાત્કાર કરવો; અને છેવટે દૃશ્યને દૃષ્ટાની અંદર સમાવી લઈ દૃષ્ટાની શક્તિ તરીકે તેને અનુભવવું, એ પરમ સાધ્ય છે. વિવેક અને સાક્ષાત્કાર વચ્ચે ઘણો ફરક છે. વિવેક કરવો તે બુદ્ધિનું કામ છે. અનુભૂતિ એ બુદ્ધિની પરની અવસ્થા છે. બુદ્ધિ લક્ષ્યનો નિર્ણય કરી આપે, તેનું સ્વરૂપ દૃઢ કરે અને તેની પ્રાપ્તિના ઉપાયો બતાવે; તેનાથી આગળ જવાની તેનામાં શક્તિ નથી. બૌદ્ધિક જ્ઞાન સ્વરૂપજ્ઞાનનું પ્રતિબિંબ છે. પ્રતિબિંબ પોતાના અલગ અસ્તિત્વનો ત્યાગ કરે તો જ બિંબની સાથે એકત્વનો આનંદ કરી શકે.

વાસ્તવિક દૃષ્ટિએ જોતાં જગતના સર્વ પ્રશ્નોનો ઉદ્દેશ સંવાદની સ્થાપના છે. જીવન પ્રથમ વિસંવાદથી શરૂ થાય છે, પણ તેની સાથે જ ઊંડાણમાં, મનુષ્યના ચિત્તની અંદર આવી પરિસ્થિતિનો સંતોષકારક ઉકેલ પણ હોવો જોઈએ એવી ભાવના પણ રહેલી હોય છે. જેમજેમ અવ્યવસ્થા અને વિષમતાનું પ્રમાણ વધતું જાય છે, તેમતેમ સુમેળ ઉપજાવવાના પુરુષપ્રયત્નોમાં પણ વેગ આવતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. જડ તત્ત્વમાંથી પ્રાણતત્ત્વનો વિકાસ અને પ્રાણતત્ત્વમાંથી મનનો વિકાસ આપણે અનુભવીએ છીએ. પ્રાણતત્ત્વ પહેલેથી જ જડ-તત્ત્વમાં અંતર્હિત રહેલું ન હોય તો આ પ્રમાણે વિકાસ શક્ય નથી. તે જ પ્રમાણે પ્રાણતત્ત્વની અંદર મન પણ પહેલેથી જ રહેલું છે. આ વિચારશ્રેણી આપણે અપનાવીએ તો, મન પણ એનાથી વધારે ઉચ્ચ પ્રકારના જ્ઞાનનું આવરણ છે, તેની અંદર પણ ઊર્ધ્વ ચેતના રહેલી છે, એવા અનુમાન તરફ આપણે કુદરતી રીતે જ દોરવાઈએ છીએ અને મનુષ્ય-જાતિમાં પ્રભુપ્રાપ્તિ માટે, અનંત શક્તિ માટે, શાશ્વત આનંદ માટે જે તીવ્ર ઇચ્છા સતત રહેલી છે તેનું સયુક્તિક કારણ આપણને મળી રહે છે.

એક અચિંત્ય પરમશક્તિ વિશ્વરૂપ બનવાનો સંકલ્પ કરીને પોતાનો આવિર્ભાવ ભિન્નભિન્ન ચઢતી શ્રેણીઓમાં કરતી રહી છે; જડમાંથી પ્રાણતત્ત્વમાં, પ્રાણમાંથી મનમાં, તેવી જ રીતે મનનો પણ સંપૂર્ણ વિકાસ સાધીને તેની અંદર રહેલી ગુપ્ત અને સુપ્ત શક્તિઓનો પણ આવિષ્કાર અવશ્ય થવાનો છે જ. પશુરૂપી જીવંત પ્રયોગશાળામાંથી મનુષ્યની ઉત્પત્તિ થઈ છે, તેવી જ રીતે મનુષ્ય-રૂપી જીવની અને વિચાર કરતી પ્રયોગશાળા-માંથી જીવન્મુક્તનો, પરમ માનવનો, દિવ્ય મનુષ્યનો ઉદય થવો જ જોઈએ એ વાત નિઃશંક છે. પશુઓમાં અને બુદ્ધિમાન મનુષ્યો-માં ફરક એટલો જ છે કે પશુયોનિ સુધી પ્રકૃતિની ઇચ્છાનુસાર ઉન્નતિ થયા કરે છે. મનુષ્યમાં વિવેકની હસ્તી હોવાથી, વિશ્વના અસ્તિત્વના પ્રયોજનનું અને કુદરતના નિય-મોનું જ્ઞાન પોતે મેળવી શકે છે અને સમાન સહકાર આપી લક્ષ્યસિદ્ધિનું કાર્ય સરળ અને ત્વરિત બનાવી શકે છે.

આ દૃશ્યમાન વિશ્વની પાછળ એક શાશ્વત પરિપૂર્ણ તત્ત્વ રહેલું છે. આ જગત તેનું જ મૂર્તસ્વરૂપ છે, આ અનુભૂતિ મેળવી, આ સ્થિતિમાં સતત નિષ્ઠા રાખી, સૂક્ષ્મ અને સ્થૂલ કરણોને વિશુદ્ધ બનાવી, આ પરમ સત્યનો વ્યક્તિગત અને સામુદાયિક જીવનમાં પ્રાદુર્ભાવ કરવો એ જ માનવજીવનનો ઉદ્દેશ છે. આ વિચાર આપણે મનમાં દૃઢ કરવો જોઈએ.

★

પત્તાંની બ્રીજ નામની રમત જાણનારાઓને હીટલરના જીવનમાં બનેલો કહેવાતો એક બનાવ જાણવો ઠીક થઈ પડશે.

હીટલરના મકાનમાં વખત પસાર કરવા માટે ચારે ય નાઝી માંધાતાઓ બ્રીજ રમી રહ્યા હતા. હીટલર, ગોરિંગ, ગોબેલ્સ અને રીબનટ્રોપ. રીબનટ્રોપ અને ગોબેલ્સ સાથી હતા.

શરૂઆત રીબનટ્રોપે કરી, કહ્યું :

'ત્રણ ચોકડી.'

'ચાર કાળી' પોતાનાં પત્તાંનો બરાબર અભ્યાસ કરીને ગોરિંગ બોલ્યો.

'પાંચ ચોકડી.' ગોબેલ્સે સાથીને ટેકો આપ્યો.

હીટલરે ત્યારે બોલ્યો : 'એક કુલ્લી !'

બાકી ત્રણેયના ઉત્તરો આવ્યા :

'પાસ !'

'પાસ !'

'પાસ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુના અપ્રસિદ્ધ વાર્તાલાપો

પ્રાર્થના, દ્વન્દ્વ અને અદ્વૈત

શ્રી ચંદ્રશંકર પ્રા. શુકલ

જાન્યુઆરીની ૩૦મી તારીખ હિંદુસ્તાન તો શું, જગત નહિ ભૂલે. સત્ય અને અહિંસાની પ્રતિષ્ઠા અર્થે આ દિવસે ભવ્ય આહુતિ અપાઈ. એ દિવસે પૂ. બાપુ અમર બન્યા. આપણે ક્ષુદ્ર ને પામર દેખાયા. બલિદાનનો એ સમય હતો પ્રાર્થનાનો. અહીં આ વાર્તાલાપ પણ પ્રાર્થના તથા દ્વન્દ્વ અને અદ્વૈતની ચર્ચા કરે છે. આજ સુધી અપ્રસિદ્ધ રહેલા પૂ. બાપુના વાર્તાલાપો શ્રી ચંદ્રશંકર શુકલ 'અખંડ આનંદ'ના વાચકો સમક્ષ રજૂ કરે છે. આપણે એ વાંચી પાવન થઈએ ને પ્રકાશ મેળવીએ.

[૧]

[તા. ૨૦-૧૦-૧૯૩૩. સ્થળ: વર્ધા. એક હરિજનસેવક જોડેનો વાર્તાલાપ. હરિજનસેવા વિષેની વાતચીત થઈ ગયા પછી તેમણે પ્રાર્થના વિષે પ્રશ્ન પૂછ્યો.]

સ૦: હું પ્રાર્થના કરવા બેસું છું, ત્યાં બીજા જ વિચારો હુમલો કરે છે, તેનું શું કરવું?

ગાંધીજી: મને તો અનુભવે એવું લાગે છે કે પ્રાર્થના વખતે બીજા વિચારો આવે છે એનો ખ્યાલ જ ન કરવો, એનું દુઃખ ન માનવું. વિચાર ન કરવાના વિચાર કરવા જતાં તેનો હુમલો વધારે જોરથી થાય છે. બીધેલો બીક દેખે છે એ પ્રમાણે અપ્રાસંગિક વિચારોનું છે. વિચારો કેમ આવે છે એની ચિંતા રાખવી એ વિચારોને વેરભાવે પૂજ્યા જેવું છે. ન જોઈતા વિચાર આવે તો જાણી લઈએ કે શત્રુ આવ્યા છે; પણ આપણે એનું આવાહન ન કરીએ. વગરનોતરેલો પરોણો ઘરમાં આવી જાય તેને આવકાર નથી મળતો, તેથી તે કોચવાઈ જાય છે, તેમ વગરબોલાવેલા વિચારો આવે તેની દરકાર ન કરવાથી તે જશે; પણ જેમ વણનોતરેલ પરોણો ઘૂસી જાય તેથી નોતરેલાને આપણે ભૂલતા નથી, તેમ નહિ ઇચ્છેલા વિચારોના હુમલાથી આપણે ઇચ્છેલી પ્રાર્થના બંધ ન કરીએ, ને પેલા હુમલાથી અકળાઈએ નહિ. જેમજેમ તેની અવગણના થતી જશે તેમતેમ તે મોળા પડતા જશે, ને પ્રાર્થના આપણું ધ્યાન વધારે ને વધારે રોકતી જશે. બીજા વિચાર આવે છે માટે પ્રાર્થના ન કરવી, એ બરાબર ત્યારે હોય જ્યારે આપણે વિચારોને બોલાવતા હોઈએ. પ્રાર્થના કરવા બેસવું ને બીજા વિચારોને બોલાવવા એ દંભ થાય. કુવિચારો સાથે માનસિક અસહકાર થવો જોઈએ.

[૨]

[તા. ૨૧-૧૦-૧૯૩૩. સ્થળ: વર્ધા. ગઈ કાલની પ્રાર્થના વિષેની ચર્ચા વખતે શ્રી. મહાવીરપ્રસાદ પોદ્દાર હાજર હતા. એના અનુસંધાનમાં તેમણે આજની ચર્ચા ઉપાડી, અને તેમને ગાંધીજી જોડે નીચેનો વાર્તાલાપ થયો.]

મહાવીરપ્રસાદ: વિચારો સારાબૂરા તો આપણે માની લીધા છે કે આ સારા ને આ બૂરા. એ આવેજાય એથી ગભરાવું શું?

ગાંધીજી: સારા ને બૂરા એ ભેદનું મહત્ત્વ નથી એમ નહિ. એ વિચારો ગમેતેમ આવે છે એમ પણ નથી. તે અમુક નિયમ અનુસાર આવે છે. એ નિયમ શો છે તે સમજાવવાની કોશિશ નીતિશાસ્ત્રે કરી છે. ગણિતશાસ્ત્રમાં કેંક કોયડા એવા હોય છે. જે છોડવા માટે કેટલાક કાલ્પનિક વ્યવહાર કરવા પડે છે. તે કોયડા છોડવામાં મદદગાર થાય છે, છતાં તે કેવળ કાલ્પનિક છે; એ સિવાય એનો બીજો ઉપયોગ નથી. તે જ પ્રમાણે માનસશાસ્ત્રીઓએ એક કલ્પના રચી દીધી છે કે જગતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધે દ્વંદ્વ કામ કરી રહ્યાં છે—એક દૈવી છે ને બીજું આસુરી. એક અંગ્રેજ લેખકે÷ એક નવલકથા લખી છે, તેમાં મોટી આધ્યાત્મિક વસ્તુ બતાવી છે. એ નવલકથાનું નામ છે: 'જેકિલ એન્ડ હાઈડ'. મિલ્ટને ઈશ્વર અને શેતાનનું દ્વંદ્વ કલ્પ્યું છે; ને જરથોસ્તે અહુર-મઝ્દ અને અહિમાનનું. એવું બધાં ધર્મ-શાસ્ત્રોમાં છે, પણ હું કહું છું કે એ દ્વંદ્વ કાલ્પનિક છે. બાકી ઈશ્વર તો એક જ છે, ને તે અનિર્વચનીય છે. વસ્તુતઃ એ એવો કોઈ ઈશ્વર છે જ નહિ, જે શેતાનની જોડે યુદ્ધ કરતો હોય. પણ ઈશ્વર શેતાનની સામે યુદ્ધ ચલાવી રહ્યો છે એવી કલ્પના આપણે કરી. મહાભારતકારે પાંડવ–કૌરવનું દ્વંદ્વ આપ્યું, ને બતાવ્યું કે કૌરવ જોડે અસહકાર કરવો જોઈએ.

મહાવીરપ્રસાદ: આપે તો કહ્યું છે કે અસહકાર કરીને ઝંઝટમાં પડીએ છીએ!

ગાંધીજી: મેં અસહકારનું શસ્ત્ર કાઢ્યું ને પછી તેને મર્યાદિત કર્યું એટલું જ. બાકી અસહકાર તો ચાલુ જ છે. એનાથી માનસિક પરિવર્તન થવા પામ્યું. પહેલાં આપણે સરકારી શાળાઓ બધી સારી માનતા હતા, હવે બધી બૂરી માનવા લાગ્યા છીએ. એનો અસહકાર આપણે પૂરો કરી નથી શકતા, તો યે આ મોટું માનસિક પરિવર્તન તો થયું જ છે. એક માણસ વ્યભિચારને ધર્મ માનતો હોય ને બીજો તેને અધર્મ માનતો હોય, એ એમાં કેટલો બધો ફેર પડે? વિકાર આપણા મનમાં અતિથિ બનીને નથી આવતા, ચોર બનીને આવે છે. ચોરને આપણે પસંદ નથી કરતા; પણ આ ખેલ સાચો હોવો જોઈએ. જે માણસ કહે છે કે 'હું આવા વિચારોને નાપસંદ કરું છું,' છતાં મનમાં તો એ વિચારો કર્યા કરે છે તેને માટે મારી આ વાત નથી. આપણે તો એમ માનવું જોઈએ કે કુવિચારરૂપી આ દુશ્મને આપણા ઘરને ઘેરો ઘાલ્યો છે; એનાથી ડરીએ કેમ? પરાસ્ત કેમ થઈએ? પણ મનથી એનો વિરોધ કરવો છોડી દઈએ તો આપણે હાર્યા. આપણો તો એવો નિશ્ચય હોવો જોઈએ કે જ્યાંસુધી થઈ શકશે ત્યાંસુધી એનો વિરોધ જ કરીશું. તુલસીદાસનું એક ભજન છે, તેમાં કુવિચારો-ને 'તસ્કર' કહ્યા છે;* એ બુલંદ વસ્તુ છે. તસ્કર ઘરમાં આવી ગયા છે, પણ માણસ એનો આદરસત્કાર કરતો જ નથી, છતાં ઘૂસી જાય છે એની પરવા નથી કરતો—આવી આપણી વૃત્તિ હોવી જોઈએ.

મહાવીરપ્રસાદ: અમુક વિચારો 'ખરાબ' છે, એવી કલ્પના તો આપણે કરી છે. માણસ હમેશાં પવિત્ર વાતાવરણમાં રહેતો હોય, તો એવા વિચાર આવે જ કેમ?

ગાંધીજી: આવો વિચાર કરનાર પણ આપણે જ છીએ. બીજી તરફથી એ પણ સાચી વાત છે કે વિચારને હઠાવનાર પણ આપણે જ છીએ. તેથી કહ્યું છે કે માણસના મનમાં દ્વંદ્વ ચાલે છે. એ યોજના કાલ્પનિક છે. સાચી નથી; છતાં કલ્પના વડે દ્વંદ્વનો સ્વીકાર કરવા-થી જ જગતમાં આપણો નભાવ થઈ શકે છે.

મહાવીરપ્રસાદ: પણ એ કલ્પનાનો અસ્વીકાર કરીએ તો?

ગાંધીજી: એનો અસ્વીકાર કરવાથી આપણો નભાવ થઈ શકતો હોય, તો એ કલ્પના વિના ચલાવીએ. હું તો મારા અનુભવની વાત કરું છું; કેવળ શાસ્ત્રની જ વાત નથી કરતો. હું તો આ કલ્પનાનો આધાર લઈને જ શાંતિ મેળવું છું. હું માનું છું કે મારા મનમાં દ્વંદ્વ છે. એક ઈશ્વરી ને બીજું આસુરી. તેમાંથી હું

÷ રૉબર્ટ લૂઈ સ્ટિવનસને. —ચં.

* કહ તુલસીદાસ સુન રામા, લૂટત તસ્કર નવ ધામા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરીને રાખીશ, આસુરી વિચારો આવે તો છે પણ હું માનું છું કે એ લૂંટારા છે. એમ માનું છું ત્યાંસુધી હું સુરક્ષિત છું. એ વિચારોને હું અન્નદાતા માનું તો હું મૂઓ પડ્યો છું.

મહાવીરપ્રસાદ: આપ દ્વંદ્વ માનો છો, ત્યારે આપ પોતે પણ પરમાત્માથી સ્વતંત્ર છો એવી કલ્પના કરો છો ને?

ગાંધીજી: જ્યાંસુધી દ્વંદ્વ ચાલે છે, ત્યાંસુધી પરમાત્મા આપણાથી ભિન્ન શક્તિ છે એમ માનવું પડે છે. એથી ઊલટું એમ માનનારા પડ્યા છે કે પરમાત્મા તે હું જ છું. એ પણ કલ્પનાની જ વાત છે. કેટલાક કહે છે કે 'અહં બ્રહ્માસ્મિ' જેને એવો અનુભવ હોય તેને હું નમસ્કાર કરું; મારો એ અનુભવ નથી.

મહાવીરપ્રસાદ: એ બે કલ્પનામાં સુરક્ષિત કઈ?

ગાંધીજી: મેં કહી તે. પેલી બીજી કલ્પનામાં ગેરસમજ આવી જવાનો સંભવ છે, આમાં નથી.

મહાવીરપ્રસાદ: મને તો પેલી બીજી કલ્પના ગમે છે.

ગાંધીજી: તો એને વળગી રહેજો. તમારામાં એવી શક્તિ આવતી જશે ને વધશે, તો તે એની મેળે દેખાઈ આવશે. કોઈ માણસની આંખમાંથી મલિનતા ચાલી જાય, તો તેની ખબર તરત પડે છે. એને માટે પરીક્ષકની જરૂર નથી પડતી. એનો પ્રભાવ આપોઆપ પડે છે.

મહાવીરપ્રસાદ: આપ કહો છો એ રસ્તો ગીતાએ માન્ય રાખ્યો છે ખરો?

ગાંધીજી: માન્ય રાખ્યો છે, એવો મારો ખ્યાલ છે. આખી ગીતાનું એક ચિત્ર બનાવીને જુએ તો આ કલ્પના મળે છે, આપણી ને કરોડોની પાસે તો આ ચીજ હોઈ શકે. અવ્યક્તની ઉપાસના દેહધારીને માટે અશક્ય જેવી છે, એમ ગીતામાં કહ્યું છે; જે સાર્વજનિક અનુભવ છે તેને તે કેમ બાતલ કરી શકે? સાર્વજનિક અનુભવ તો દ્વન્દ્વનો જ છે. પ્રત્યક્ષ જગતમાં તો દ્વન્દ્વ જ દેખાય છે. અપ્રત્યક્ષ જગતની ઝંઝટમાં પડવું તે ગીતાકારની દૃષ્ટિએ સારું નથી. આપણે ચોવીસે કલાક પ્રત્યક્ષ જગત પર નિર્ભર રહીએ છીએ. એ જગત જોડે મારે કશો સંબંધ છે જ નહિ, એમ કહેવું એ દંભ છે. હિંદુ ધર્મમાં જેટલો દંભ ઘૂસી ગયો છે તેટલો ભાગ્યે જ બીજે ક્યાંય ઘૂસ્યો હશે.

મહાવીરપ્રસાદ: હું જ બ્રહ્મ છું એમ માનવાથી અહંકાર પણ વધવાનો ભય રહે છે.

ગાંધીજી: કેટલા બધા! 'અહં બ્રહ્માસ્મિ' કહીને શંકરે બુદ્ધિચાતુર્યનો પ્રયોગ તો કરી લીધો; પણ તેઓ કેટલા નમ્ર ને જ્ઞાની પુરુષ હતા! એ વાતની ખબર એમના આ વાક્ય પરથી નથી પડતી.

મહાવીરપ્રસાદ: શંકર સિવાય પણ આ ફિલસૂફીને સ્થાન છે.

ગાંધીજી: એ વાત મારી પાસે કબૂલ કરાવ્યે કશું નહિ વળે. મારો અનુભવ તો એવો નથી.

★

એક સભામાં વક્તવ્ય પૂરું થઈ ગયા પછી એટલા બધા સવાલો પુછાયા કે વાત જ ન કરો. થાકેલ વક્તાએ અંતે પ્રશ્ન કર્યો:

'હજી કોઈને સવાલ પૂછવો છે?'

એક જુવાને આંગળી ઊંચી કરી ને પૂછ્યું:

'સાહેબ, કેટલા વાગ્યા?'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુ સાથેના પ્રસંગો

શ્રી હરિભાઉ ઉપાધ્યાય

બાપુએ રાષ્ટ્રને ચરણે ધરેલાં સેવાનાં લગભગ અર્ધી સદી જેટલાં વર્ષો દરમિયાન કેટકેટલી પ્રકૃતિના ને કેટકેટલી વિવિધતાવાળા લોકો એમના સંપર્કમાં આવ્યા હશે! એ સર્વેને પારસમણિનો સ્પર્શ લાગ્યો છે. માનવતાની માવજતની ઊંડી સમજશક્તિ અને દરિયાવ દિલની એમની મહત્તાનું સાચું માપ તો કદાચ ભાવિનો ઇતિહાસ જ કાઢી શકશે. 'वज्रादपि कठोरानि मृदुनि कुसुमादपि। વજ્રથી યે કઠોર અને કુસુમથી યે મૃદુ' એવા માનવતાના વિરલ પુષ્પની ફોરમ અહીં અપાયેલા પ્રસંગોમાં પણ મહેકતી જણાય છે. બાપુના આ શ્રાદ્ધમાસમાં, એમના જીવનપ્રસંગો પાછળનું રહસ્ય સમજીએ. શ્રી હરિભાઉ મોટા વિચારક અને પ્રતિષ્ઠિત લેખક છે.

જોધપુરના એક કાર્યકર્તા હતા. એ ઘણા સાચાબોલા, નેકદિલ અને વ્રતસંયમ પર શ્રદ્ધા રાખનાર હતા. એમને બ્રહ્મચર્યની સાધના કરવાની ઘણી જ ઉત્કંઠા હતી. પરણેલા હતા. લગ્ન થયે બેચાર વર્ષ થયાં હશે, પરંતુ એમણે બ્રહ્મચર્ય પાળીને રહેવાનો નિયમ કર્યો. તેઓ વફાદારીપૂર્વક એનું પાલન કરવાની કોશિશ પણ કરતા હતા–પરંતુ એક વાતને લીધે એ ઘણા જ દુઃખી રહેતા હતા–એમની પત્નીનો સહકાર મળ્યો નહોતો. એમને બાપુનું એક વચન યાદ હતું કે દંપતીમાંથી જો એક પણ પક્ષ ઇચ્છે, તો સામાની રાહ જોયા વિના બ્રહ્મચર્યવ્રત લઈ શકે છે. એ અનુસાર એ ચાલી રહ્યા હતા, પરંતુ એમની પત્નીની બિચારીની ઘણી જ બૂરી દશા હતી. જબરદસ્તીથી પળાવેલા આ સંયમમાં ને સંયમમાં જ એનું મન કુંઠિત થવા લાગ્યું. અંતે એ ગાંડા જેવી બની ગઈ. કદાચ હિસ્ટિરિયા પણ થઈ ગયો હશે. એનો ચહેરો જોઈને જ દયા આવતી હતી. એનો ચહેરો ઉદાસ ને આંખો શૂન્યમાં વિહ્વળતા જેવી લાગતી હતી. એ ભાઈ મોટી મુંઝવણમાં પડી ગયા. મારી પાસે સલાહ લેવા માટે આવ્યા. મેં તો સીધીસાદી રીતે વ્યવહારુ સલાહ આપી કે તમારે ગૃહસ્થી જીવન જ વ્યતીત કરવું જોઈએ. આ બ્રહ્મચર્ય તમને ફળશે નહિ. થોડુંક સમજાવ્યા પણ ખરા, પરંતુ એમને ગળે વાત ઊતરી નહિ. એટલે મેં બતાવ્યું–ઠીક બાપુજીને પૂછી લો.

આ પ્રસંગ બાદ થોડા જ દિવસોમાં બાપુ અજમેર સ્ટેશનેથી રવાના થયા. મોટેભાગે અમદાવાદ જઈ રહ્યા હતા. અજમેરથી બિયાવર સ્ટેશન સુધી એ દંપતીને બાપુ સાથે વાતચીત કરવાનો અવસર મેં અપાવ્યો. હું પણ તે વખતે હાજર જ હતો. મને મારી સલાહની યોગ્યતા પર વિશ્વાસ હતો, પણ હું ઉત્સુક હતો બાપુની સલાહ જાણવા માટે. જ્યારે મેં જોયું કે બાપુએ પણ મેં આપી'તી એવી જ સલાહ બરાબર એમને આપી છે ત્યારે મને ઘણો આનંદ થયો. પરંતુ બાપુની એક દલીલ ખૂબખૂબ સચોટ હતી, એ જ દલીલ અહીં કામ કરી ગઈ. એમણે કહ્યું:

'મને તમારું બ્રહ્મચર્ય કાચું માલૂમ પડે છે.'

પતિપત્ની બંને બોલ્યાં:

'જી નહિ. જ્યારથી એ વ્રત લીધું છે ત્યારથી બિલકુલ એનો ભંગ થયો નથી.'

બાપુએ કહ્યું:

'ભલે, પરંતુ એની અસર આ બહેનના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન પર હજી સુધી વરતાઈ નથી. સાચા બ્રહ્મચર્યનું અવશ્ય એવું પરિણામ આવવું જોઈએ કે જે કોઈ એના સંપર્કમાં આવે તેનું મન વિકારોની દિશામાંથી બિલકુલ પાછું હઠી જાય. પત્ની તો ચોવીસે કલાક તમારી સાથે રહે છે, તોપણ આકુળવ્યાકુળ થઈને એ ગૃહસ્થીજીવન વાંછે છે, એટલે તમારા બ્રહ્મચર્યમાં જરૂર કંઈક ખામી છે અને તમારે પોતાનો આગ્રહ છોડીને પત્નીને સંતોષ આપવો જોઈએ.'

પત્નીનો ચહેરો ખીલી ઊઠ્યો. એ ભાઈને પણ એવું લાગ્યું કે જાણે કોઈ મુશ્કેલીમાંથી છૂટ્યા.

બાપુ આગ્રહી તો હતા જ, પરંતુ એકાંગી નહોતા. એક વૈજ્ઞાનિકની રીતે એ પોતાના કે બીજાના પ્રયોગોને ખૂબ બારીકાઈથી જોતા હતા અને એનાં પરિણામો પરથી એની ઊંડી છણાવટ કરતા હતા. એમ કરવાથી મોટામોટા અને કેટલાક ભયંકર ગણાતા પ્રયોગોમાંથી એમને હમેશ બળ, સ્ફૂર્તિ અને પ્રગતિ મળ્યાં છે. ગાડી ક્યાં અટકી રહી છે એ એ તુરત જ માપી લેતા હતા અને અધિકારી જોઈને એવી સલાહ એને આપતા હતા.

*

સામાવાળા વિરોધીને તરત જ જીતી લેવાનો બાપુમાં અદ્‌ભુત જાદુ હતો. અજમેરના મારા એક આર્યસમાજી મિત્ર બાપુના મોટા ટીકાકાર હતા. બાપુ પ્રત્યે એમને શ્રદ્ધા તો ઓછી નહોતી, પરંતુ એમના વિચારો–ખાસ કરીને અહિંસા સંબંધી વિચારો-ને એ હાનિકારક માનતા હતા. એ ઘણા સ્પષ્ટવક્તા અને આખાબોલા હતા. હરેક વખતે કહ્યા કરતા હતા કે મહાત્માજી સાથે મારી મુલાકાત કરાવી દો તો હું એમને મોઢેમોઢ ખરેખરી સંભળાવું. હું એમને 'હા હા' તો કર્યા કરતો હતો, પણ મારા મનમાં ડર પણ હતો. સંજોગવશાત્ એક દિવસ બાપુ અજમેર થઈને ગયા અને અમે લોકો એમનાં દર્શન માટે ગયા. પેલા મિત્ર પણ આવી પહોંચ્યા. મને બાપુની સામે જ કહ્યું: 'મારો પરિચય કરાવી દો!' હવે તો મારે બાપુને કહેવું જ પડ્યું:

'બાપુ! આ મારા આર્યસમાજી મિત્ર છે. ઘણા જ નીડર છે ને તમારા વિચારોના કડક પરીક્ષક છે. આપને મળવા માટે ઘણીવાર એમણે મને કહ્યું છે.'

બાપુએ હસતાંહસતાં કહ્યું:

'હા, હા. જરૂર, એમની વાતો તો હું જરૂર સાંભળીશ.' મિત્ર ટ્રેનના ડબાની અંદર દાખલ થયા અને ઊભાઊભા જ એમણે પોતાનો વરસાદ વરસાવવો શરૂ કરી દીધો. બાપુ સાંભળી રહ્યા. એમને કશુંય વળતું કહેવાનો પ્રસંગ જ નહોતો મળ્યો, ત્યાં ગાડીએ સીટી મારી. મિત્રની વાત પણ અધૂરી રહી ગઈ. એ સ્ટેશન પર ઊતરી પડ્યા. હું બાપુની સાથે ટ્રેનમાં આગળ ગયો. મિત્રના અક્કડપણા પર મનમાં હું દુઃખી થઈ રહ્યો હતો. મારું દુઃખ મટાડવા માટે મેં અપરાધીની રીતે કહ્યું:

'બાપુ, હું જાણતો હતો કે એ આપને ખરીખોટી સંભળાવશે પ...ણ...'

વચમાં જ બાપુ, જાણે મારી શરમને છુપાવતા હોય તેમ બોલ્યા:

'પરંતુ મને તો અફસોસ છે કે વધારે વખત નહોતો, નહિ તો એમની હજી પણ વધુ વાતો હું સાંભળત, એમને પૂરો સમય આપત.'

હું તો શરમાઈ જ ગયો. બાપુને મેં કેટલા નાના માની લીધા હતા!

*

બાપુ ઘણી જ મીઠી ચીમકી આપી શકતા હતા. શીખ આપવા માટે એ નકામી નીવડતી નહોતી. સામી વ્યક્તિને જાગૃત કરવાનો એ અહિંસાત્મક પ્રકાર છે. હું આશ્રમમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો હતો. બાપુના જ આદેશથી રાજસ્થાનમાં કામ કરવા માટે આવ્યો હતો. આશ્રમ-જીવનને અનુકૂળ જ મારા જીવનને જોવાની એમની અપેક્ષા હતી. હું પણ પ્રયત્ન તો એવો જ કરતો હતો. પરંતુ એકવાર મારે થણું નીચું જોવા જેવું થયું. સહકુટુંબ હું પુષ્કર ગયો હતો. તે વખતે મારે એક જ સંતાન હતું. શકુંતલા ચારપાંચ વર્ષની હશે. મારા અજાણતાં એની માએ એને કાનનાં લટકણિયાં લાવી આપ્યાં હશે. એ દિવસોમાં એ નવેનવાં હતાં. પુષ્કરથી શકુંતલા મારી પાસે આવી અને બાપુની ગોદમાં પહોંચી ગઈ. બાપુએ લટકણિયાં પકડીને હસતાં-હસતાં કહ્યું :

'ઠીક ત્યારે, હરિભાઉની દીકરી પણ આ પહેરે છે, એમ ને ?' મને તો કાપો તો લોહી યે ન નીકળે. ત્યારે હું એમ કહું કે એની માએ મારાથી છૂપી રીતે એને લાવી આપ્યાં હતાં તો મારી મોટાઈને લીધે હું એની માને બાપુની સામે નીચી પાડું છું. મને લજ્જિત થયેલો જોઈને કદાચ બાપુ પરિસ્થિતિ પામી ગયા. શકુંતલાને એમણે પૂછ્યું :

'કેમ, માતાએ લાવી આપ્યાં છે ને ?'

શકુંતલાએ મારી તરફ જોઈને ડોકું હલાવી 'હા'નો ભાવ પ્રદર્શિત કર્યો.

બાપુ બોલ્યા :

'ઠીક, ઠીક, હજી યે તમારે આશ્રમમાં વધુ રહેવું જોઈએ.'

*

એકવાર અજમેર સ્ટેશનથી ટ્રેનમાં જતા-જતાં બાપુ મારા કેટલાક પ્રશ્નોના ઉત્તર આપી રહ્યા હતા. ઘણી જ સૂક્ષ્મતાથી મને સમજાવી રહ્યા હતા. કોઈ એક મુદ્દાનો હું વિચાર કરવા લાગ્યો. હવે ધ્યાન તો એ મુદ્દા પર ચોંટયું હતું ને બીજી બાજુ બાપુ કહ્યે જતા હતા અને હું 'હા-હા' કહ્યે જતો હતો. મારી આંખો દ્વારા બાપુએ જોઈ લીધું કે હું બીજી કોઈ દુનિયામાં છું.

તરત જ પ્રશ્ન કર્યો :

'સમજ્યા ?'

એ વખતે મારા મુખમાંથી બળપૂર્વક શબ્દ નીકળ્યો :

'હા.'

વળી હસીને એમણે પૂછ્યું : 'શું સમજ્યા ?'

હવે હું શુદ્ધિમાં આવ્યો. શું જવાબ દઉં ? સમજ્યો તો હું ધૂળ પણ નહોતો ! એમનું મુખ જોઈને હું ગભરાઈ ગયો. શરમાઈને બોલ્યો :

'બાપુ, હું તો કોઈ બીજા જ વિચારમાં પડી ગયો હતો. અમસ્તો જ 'હા હા' કર્યા કરતો હતો.'

બાપુ બોલ્યા : 'એ તો મેં જોયું, એટલે તો તમને પૂછ્યું. હું વાત કરતી વખતે સામી વ્યક્તિની આંખો અને મુખ જોયા કરું છું. જ્યારે એમ માલૂમ પડે છે કે એ આદમી સાંભળ્યું ન સાંભળ્યું કરે છે, ત્યારે કાં તો વાતચીત બંધ કરી દઉં છું અથવા તો વિષય બદલું છું.'

*

શ્રી. ક્ષેમાનંદ રાહતે મને એમનો એક પ્રસંગ કહ્યો હતો. બાપુ આગ્રા આવ્યા હતા. શ્રી. રાહત એમને મળવા ગયા. બાપુએ દક્ષિણ ભારતમાં હિંદીપ્રચારનું કાર્ય જ્યારે શરૂ કર્યું, ત્યારે જે હિંદીપ્રચારક ત્યાં પહેલ-વહેલા પહોંચ્યા હતા એમાં ભાઈશ્રી ક્ષેમાનંદ પણ હતા. એ હિંદીના અચ્છા લેખક, કવિ તથા મોટા હાસ્યકાર હતા. બાપુને એમની સાથે ત્યારથી સંબંધ હતો. એ દિવસોમાં એ મારી સાથે 'ત્યાગભૂમિ'નું સંપાદન કરી રહ્યા હતા. 'ત્યાગભૂમિ'નો 'પ્રતાપ અંક' નીક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુનો મહિમા

*

શ્રી કેદારનાથજી

જીવન અને મૃત્યુ: આત્માનું આ જગતમાં અવતરણ અને પ્રસ્થાન: એક ક્રિયા માટે આનંદ અને બીજી માટે શોક શા માટે? ભગવાનનું જ જે એક સ્વરૂપ છે, જેને નજરમાં રાખી મનુષ્ય દૈનિક કાર્યોનો હિસાબ રાખે, તો દુનિયા છોડતી વખતે માનવીને મૃત્યુમિલનનો લેશમાત્ર યે પસ્તાવો ન થાય એવું એ ગૌરવવંતું છે, મહિમાવંતું છે. તેને કોઈ પણ સ્વરૂપે ગમે તે સંજોગોમાં આવકારવા કાજે આપણે તૈયાર રહેવું જોઈએ. એક સ્વજનને ત્યાં આવેલા આવા પ્રસંગે પૂ. નાથજીએ મૃત્યુનો મહિમા બતાવ્યો છે. આ પ્રવચન પૂ. બાપુના અંતેવાસી શ્રી. કનુ ગાંધીએ નોંધી લઈ પૂ. નાથજીને વંચાવી 'અખંડ આનંદ'ના વાચકો માટે અહીં આપ્યું છે.

એવા પ્રસંગો આવે છે ત્યારે થાય છે કે હું શું કહું? કંઈ જ સૂઝતું નથી. પ્રસંગની સર્વ લોકોના મન ઉપર શી અસર થઈ હશે તેની કલ્પના તો હતી, પણ હવે વિશેષરૂપમાં જોઈ શકું છું.

હું તો ગઈ કાલે સવારે આવનાર હતો. આવીને પ્રારંભમાં જ નાથુભાઈને કહેવાનો હતો. 'જયંતી ચાલ્યો ગયો એટલા માટે તમને મળવા આવવાની ફરજ હતી.' હું તો વર્તમાનપત્રો વાંચતો નથી. કિશોરલાલભાઈનો પત્ર આવ્યો. કાંતિ મળ્યો. આટલા દિવસ હું આવી શક્યો નહિ એ માટે એમની પાસે માફી માગવાનો હતો. એ માફી માગવાની તો હવે રહી ગઈ, હવે આપની પાસે માગી રહ્યો છું. વહેલા આવવાની ફરજ હતી છતાં નહિ આવી શક્યો માટે મને દુ:ખ થાય છે.'

પ્રિયજનો, વડીલ કે પૂજ્ય વ્યક્તિ જાય છે, ત્યારે દુ:ખ સર્વને થાય છે, વિવિધ પ્રકારનાં દુ:ખ થાય છે. માનવીએ સમજવું જોઈએ કે દુ:ખ થવું સ્વાભાવિક છે. એ દુ:ખમાંથી બોધપાઠ લઈને આગળ ભવિષ્યમાં શું કરવું જોઈએ એ વિચારવાનું વિચારશીલ મનુષ્યનું કર્તવ્ય છે. એવા બીજા બનાવ માટે સાવધ રહેવું જોઈએ. દુ:ખ વિચારવંત મનુષ્યને બોધ આપે છે. જે ભજન હમણાં ગવાયું તે બોધદાયક હતું.

શું રાય ને રંક, બધા જ દુનિયા છોડી જાય છે. માનવીનું કર્તવ્ય છે કે પોતાની જિંદગી સાર્થક કરે. જે અસલ વસ્તુ કમાવાની છે તે કમાઈ લઈએ તો જીવન સાર્થક બને. એ અસલ વસ્તુ રહે તો સાર્થક થવાય. જે પ્રમાણે

જવાનો હતો. કદાચ એ માટે જ એ બાપુને મળવા માટે ગયા હશે. આગ્રામાં બાપુના નિવાસસ્થાને જ એ પણ રહ્યા હતા. બાપુને કશે જવાનું હતું. શ્રી. રાહત પણ સાથે જનાર હતા.

બાપુ આગળ ચાલવા માંડ્યા. શ્રી. રાહત પાછળ રહી ગયા. પંડિત માલવિયજીની માફક શ્રી. રાહત ગળામાં દુપટ્ટો નાખતા હતા. દુપટ્ટો શોધવામાં ને ગળે નાખવામાં વાર લાગી ગઈ. બાપુ થોભી ગયા. જઈને જ પૂછ્યું: 'કેમ, પાછળ કેમ પડી ગયા?'

'દુપટ્ટો નાખવામાં રહી ગયો!'

'દુપટ્ટાની શી જરૂર છે? જુઓ મારે તો નથી.'

'દુપટ્ટાથી શોભા વધે છે.'

'હા, પણ કિંમત ઘટી જાય છે!'

सर्वोदयमांथी

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પૈસા લઈને દુકાને જાય અને પૈસાથી યોગ્ય વસ્તુ મળે તો એને તૃપ્તિ થાય અને એને લાગે કે 'પૈસા ગયા નથી, બીજી ચીજના રૂપમાં હાજર જ છે.' તેવું જ છે જિંદગીનું. જીવનમાં મૂળ વસ્તુ મેળવી લીધા પછી તૃપ્તિ રહે છે.

સમર્થ રામદાસે કહ્યું છે કે 'આ જગત ખુદ એક ચાલતા ઘોડેસવાર જેવું છે–કામ કરો કે સૂઈ રહો. દુનિયા ચાલતી જ રહે છે. જિંદગી હમણાં છે, હમણાં ખલાસ થઈ જશે. માખી પોતાની પાંખ હલાવે એટલા સમયમાં મનુષ્ય ચાલ્યો જાય છે. જીવનમાં માનવી કશું કરે તોપણ જવાનો છે, ન કરે તોપણ જવાનો છે. આપણે ભાવિ જાણતા નથી. ભૂતકાળ જાણીએ છીએ. એમાંથી બોધપાઠ લઈએ.

જેનું જીવન જેટલું સારું, એટલું વધારે કલ્યાણકારી બનશે. જન્મ સાર્થક થશે. લાખો લોકો ચાલ્યા જાય છે. મહાત્માજી પણ ચાલ્યા ગયા. એમનું કાર્ય રહ્યું. જીવન સાર્થક કેટલું થયું તેની એ નિશાની છે. જે ખુદ પોતાને જ માટે કમાય છે ને કાર્ય કરે છે, એને મૃત્યુ વખતે કશું પ્રાપ્ત થતું નથી.

બજારમાં ગયા પછી યોગ્ય ચીજ મળે તો દુઃખ લાગતું નથી. જિંદગી જતી રહે છે તોપણ આપણી પાસે એવી ચીજ છે કે કશું જ ગયું હોય એમ લાગતું નથી.

લોકો પ્રવાસ દરમ્યાન પોટલાં બાંધીને સ્ટેશન પર બેસે છે. ગાડી આવી કે બેસી ગયા, એ રીતે જે માણસ પોતાની જિંદગીમાં વધુ પ્રાપ્ત કરે છે, તેને જતી વખતે ઉદ્વેગ કે દુઃખ થતું નથી.

મહાન સમ્રાટ સિકંદર બીમાર પડ્યો. મૃત્યુ નજીક આવ્યું. સેનાપતિ, પ્રધાન, મોટા-મોટા વૈદરાજોને બોલાવવામાં આવ્યા. પૂછ્યું:

'કોઈ મને બચાવી શકશે? લાખોનું ખર્ચ કરવા તૈયાર છું.' મૃત્યુ વધુ નજીક આવ્યું. મૃત્યુને એણે કહ્યું:

'લાખોકરોડો આપું, મને બચાવી લે!'

પણ ના, જવું જ પડ્યું. ત્યારે આખરે એણે કહ્યું:

'મારા બંને હાથ કફનની બહાર રાખજો; કારણકે મેં આટલી મોટી દુનિયા જીતી દોલત મેળવી, તોપણ ખાલી હાથે જાઉં છું. દુનિયાને એ જોવા દો! આદમી આવે છે ને જાય છે, હાથમાં કશું જ રહેતું નથી.'

દ્રવ્ય વગેરે પર ભરોસો રાખવો વ્યર્થ છે, સાથે કશું નથી આવતું. જેણે ભક્તિ, ચારિત્ર્ય અને શીલ પ્રાપ્ત કર્યાં, તે તેની પાસે જ રહેનાર છે. બહારની વસ્તુ અલગ–બહાર જ રહી જવાની છે. અંદરની વસ્તુ જ્યાં આત્મા જશે ત્યાં તેની સાથે જશે, એટલું ભાન રહેવું જોઈએ. ધ્યાનમાં રાખવું જોઈએ કે આપણી સાથે કંઈકંઈ વસ્તુ આવનાર છે.

આપણે માનીએ છીએ કે બીજાઓનો ભાર આપણે સંભાળીએ છીએ, ઉઠાવીએ છીએ, પણ એક દિન સર્વ સોંપવું જ પડશે. પંચતત્ત્વનો આ પિંડ ઉછીનો છે. ગીતાજીએ કહ્યા પ્રમાણે 'જે વસ્તુ કપાતી નથી, બળતી નથી, ભિંજાતી નથી; જે દરેક જડ વસ્તુને ચૈતન્યને પ્રેરણા આપવાવાળી છે' એની કેટલી મોટી શક્તિ હશે? અને એને ઓળખીને એની સાથોસાથ ચારિત્ર્ય અને શીલનો વધારો કરીએ તો જિંદગી કેટલી કિંમતી બની જાય છે? આ જેણે પ્રાપ્ત કર્યું તે સાર્થક નીવડ્યો–ભલે પછી એ મોટો હોય કે નાનો.

જીવનમાં શું કરવાનું છે, એનું ભાન કે ધ્યાન રહેવું જોઈએ. નહીં તો પછી જેમ કોઈ મોટી વસ્તુ બજારમાં લેવા માટે ગયા હોઈએ અને ભાન ન રહે તો બધી યે દુકાને ફરીફરીને ખાલી હાથે આવીએ અને પછી બજાર બંધ થઈ જાય એવું થાય. જો કોઈ ધ્યાન રાખીને જાય તો બધું પ્રાપ્ત કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે. નાનપણમાં જે આ વસ્તુ સમજી ગયો તેણે પ્રાપ્ત કર્યું છે–ભલે પછી જિંદગી રહે કે ન રહે.

આજે સારા યે કુટુંબને હું જોઉં છું. છોકરાંઓ સાથે વિશેષ પરિચય રહ્યો છે. કાંતિને લીધે જયંતીનો પરિચય થયો. એ નાનો હતો તોપણ ગયો–ગયો નહિ, કમાઈ ને ગયો, નામના મેળવીને ગયો. પિતાજીની ઇચ્છા પ્રમાણે ગયો. પિતાજીએ મહાત્માજીને દેશ માટે સમર્પણ કર્યો હતો. તેણે દેશ માટે–સમાજ માટે પોતાની જાત અર્પણ કરી હતી. એને હું ધન્ય સમજું છું. કાંતિએ આઝાદીના આંદોલનમાં શું શું કર્યું,–માર ખાધો વગેરે તો આપ જાણતા હશો, પરંતુ જયંતીએ તો પ્રાણાર્પણ કર્યું–સાચું દાન દીધું. એના અવસાનના સમાચાર સાંભળી નાથુભાઈએ અફસોસ નહોતો કર્યો. 'થવાનું હતું તે થઈ ગયું, દેશ ને સમાજ માટે જયંતી ગયો' એમ એ કહેતા હતા.

મારું શરીર ભોગ કે સુખ માટે નથી. પણ ગરીબો માટે છે એમ માનીને એણે એ અર્પણ કર્યું અને અર્પણને સમયે પણ કેટલો આનંદ ! આ કેટલું સુંદર કહેવાય ! માતપિતા પણ રાજી હતાં. આને તો સાચું દાન–ઉચ્ચ દાન માનવું જોઈએ. આ પ્રકારનાં દાન જગતમાં બહુ મળતાં નથી હોતાં.

મહાભારતની એક કથા છે: યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો–મોટો યજ્ઞ કર્યો, ઘણી ધામધૂમ કરી, અનેકોને ભોજન આપ્યું. શ્રીકૃષ્ણ હાજર હતા. ભોજનાદિ બધું પૂરું થઈ ગયા પછી સ્વર્ગમાં ઘંટારવ બજતો હતો. યુધિષ્ઠિરને આનંદ થયો–સાથે ગર્વ પણ.

નોળિયો આવ્યો. અર્ધું શરીર સુવર્ણનું હતું, અર્ધું સાદું હતું, યજ્ઞના પડેલા અન્નકણ પાસે એ આવ્યો. અન્નકણ શરીરે લગાડ્યા ને પછી 'અહીં તો સાચું અન્નદાન નથી થયું' એમ એણે કહ્યું. કૃષ્ણે પૂછ્યું: 'અર્ધું અંગ આવું કેમ થયું?' નોળિયાએ કહ્યું:

'દુકાળને સમયે એક બ્રાહ્મણકુટુંબ દિવસોથી ભૂખ્યું હતું. કુટુંબમાં પતિપત્ની અને એમનો એક છોકરો ને પુત્રવધૂ એમ ચાર જણ હતાં. એક દિવસ કંઈ ખાવાનું મળ્યું. તૈયાર કર્યું એટલામાં એક અતિથિ આવ્યો. એ જમાનામાં અતિથિને ભોજન જમાડ્યા વિના ભોજન કરવામાં આવતું નહોતું. પુત્ર અને પુત્રવધૂએ પ્રથમ પોતાનો હિસ્સો આપવાની ઇચ્છા બતાવી. પિતાએ કહ્યું: 'નહિ પહેલો અધિકાર મારો છે.' એણે પોતાનો હિસ્સો આપ્યો. અતિથિની ક્ષુધા શાંત થઈ નહિ. માતાએ પોતાનો હિસ્સો આપ્યો તોપણ તૃપ્તિ થઈ નહિ. અંતે પુત્રે તથા પુત્રવધૂએ પોતાનો હિસ્સો આપી દીધો. આમ સાચું દાન દીધું. રાજીખુશી થઈને અતિથિ આશીર્વાદ આપી ચાલ્યો ગયો. અન્ન ન મળવાથી અંતમાં આ કુટુંબઆખાયના પ્રાણ પણ ગયા, છતાં એમને શાંતિ હતી, મનની તૃપ્તિ હતી.'

નોળિયાએ આગળ કહ્યું: 'ત્યાં જે અન્નકણ પડેલા હતા ત્યાં હું ગયો. મને કહેવામાં આવ્યું કે અર્ધામાં સાચા દાનનો અન્નકણ જો લાગશે તો તે ભાગ પણ સુવર્ણનો થઈ જશે. આખું શરીર આમ પૂરું થઈ જશે. આકાશમાં થયેલો ઘંટારવ સાંભળીને હું આવ્યો; પણ અહીં તો અડધો ભાગ સુવર્ણનો થયો નહિ.'

યુધિષ્ઠિરનો ગર્વ ગળી ગયો. આ તો કથા છે–સાચી હોય કે ન હોય; પણ આપણે તો એનું તાત્પર્ય ગ્રહણ કરવાનું છે. સાચું દાન તો માનવધર્મ માટે સ્વાર્પણ કરવામાં છે. એમાં સંતોષ હોવો જોઈએ. દાનના અનેક પ્રકાર છે. કોઈ કીર્તિ મેળવવા માટે દાન કરે છે તો કોઈ બીજી ઇચ્છાથી. દાન આપવામાં આનંદ આવવો જોઈએ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથોસાથ મનની તૃપ્તિ પણ હોવી જોઈએ. દાનનો આ ઉમદા પ્રકાર છે.

મહાત્માજીએ અનેક આંદોલનો કર્યાં, તેમાં બંને પુત્રોએ ભાગ લીધો. આવા પુત્રોને જન્મ આપનાર પિતાને પણ ધન્ય છે. આવા પુરુષો આપણામાં બહુ ઓછા જન્મે છે. લોકો તો ખુદનો-પોતાનો સ્વાર્થ જુએ છે અને આપણે અન્ય સર્વેના ઋણી છીએ એ પ્રકારની ભાવના રાખતા નથી. એ જ કારણે દેશનું પતન થઈ રહ્યું છે. મહાત્મા ગાંધીએ શિખવાડ્યું કે આખોય દેશ આપણું કુટુંબ છે. એમણે પોતાનું કુટુંબ લુપ્ત કરી દીધું-આખા યે દેશને એમણે પોતાનું કુટુંબ માન્યું. એવું માનવાવાળાઓમાંના એક નાથુભાઈ હતા. એમનાં સંતાન મારા પુત્ર સમાન છે.

નાથુભાઈએ પોતાની જિંદગીમાં જે દ્રવ્ય કમાઈને પ્રાપ્ત કર્યું, એથી અધિક પોતે શું પ્રાપ્ત કરી શકત ? એનાથી જીવનનું શું સાર્થક થાત ? ઉદારતાથી દાન દેવામાં અને ભક્તિ, શીલ, ચારિત્ર્ય વગેરેથી મનુષ્યજીવન સાર્થક થાય છે. પ્રાણીઓનાં મરણ પછી એમની દરેક ચીજનો ઉપયોગ થાય છે, એની કિંમત અંકાય છે; પરંતુ મનુષ્ય માટે એવી વ્યવસ્થા રખાઈ નથી. અવસાન બાદ એને બાળી નાખવામાં આવે છે. માનવી કોઈ એવી ચીજ પ્રાપ્ત કરીને ન જાય તો કશાય કામનો નહિ. જો કંઈ પ્રાપ્ત કર્યું હોય તો કામ આવશે. એટલે આપણે દરેકે સમજવું જોઈએ કે આપણે અહીં કંઈક મેળવવા માટે આવ્યા છીએ.

જે સત્યવાદી છે, જે સંત છે, તે મૃત્યુથી ડરતો નથી. જેણે જિંદગી સાર્થક કરી તે જ મહાપુરુષ. સોક્રેટિસનો પ્રસંગ જુઓ, બુદ્ધનો જુઓ, ઈશુખ્રિસ્તનો જુઓ, મહાત્માજીનો જુઓ. જીવન ને મૃત્યુ સામે હતાં. બેમાંથી એમાંથી પસંદગી કરવાની હતી. એ પસંદગી માત્ર એમણે કરી નહિ, ખુદ મૃત્યુને ભેટ્યા.

દુઃખ સ્વાભાવિક છે. જે વિવેકી છે તે દુઃખમાંથી પણ કંઈક મેળવે છે, સદ્ભાવ પ્રાપ્ત કરે છે, વસ્તુ મેળવે છે. મારા સાથી--શ્રી નાથાભાઈ પારેખનું જીવન જુઓ. એમ લાગે છે કે એમણે સાર્થક કર્યું, જીવન ધન્ય કર્યું.

ત્યારે હવે આપણે વિચારવું રહ્યું કે જેમ એ માનવી હતા તેમ જ આપણે યે માનવી છીએ. આપણે પણ પ્રયત્ન કરીએ તો જીવન સાર્થક ને ધન્ય બનાવી શકીએ એમ છીએ. આપણે એક હતા. એમની જિંદગી ખલાસ થઈ ગઈ. આપણે હજી પણ છીએ. બોધ લઈને આપણે એ માર્ગે ચાલીએ. ભૂલનો માર્ગ લીધો હોય તો સુધારીએ. સુધારણા વસ્તુ એવી છે કે એનો યોગ્ય માર્ગ લાધે તો એક ક્ષણનો પણ વિલંબ લાગતો નથી. આપણે પણ એક દિવસ જવું પડશે. જેનાથી ચારિત્ર્ય અને શીલ પ્રાપ્ત થાય છે, તે દરેક વસ્તુ દ્વારા વિવેકી માનવી જ્ઞાન પ્રાપ્ત કરી લે છે,

આ લોકોના મૃત્યુએ પણ આપણને જગાડ્યા છે, જ્ઞાન દીધું છે. દુઃખ વસ્તુ એવી છે કે એમાં જેટલા લોકો વધુ તેટલું વધુ સારું; જેટલી સહાનુભૂતિ વિશેષ તેટલું વિશેષ વધુ સારું; કારણકે દુઃખ સર્વમાં વહેંચાઈ જાય છે. વ્યાપકતાથી સુખ વૃદ્ધિ પામે છે, ઘટતું નથી. વ્યાપકતાથી દુઃખ વૃદ્ધિ પામતું નથી, ઘટે છે, ઓછું થાય છે.

જે વ્યક્તિ ગઈ છે તે ભાગ્યશાળી હતી. આપણું પણ અહોભાગ્ય ગણાવું જોઈએ. કેટલા યે તાર, પત્રો આવશે, કેટલાય માણસો મળીને ચાલ્યા ગયા હશે. આ સર્વ ભાગ્યશાળીને માટે બને છે. એટલા માટે આપણું પણ સદ્ભાગ્ય ગણાવું જોઈએ.

તમે સહુ દુઃખ માનશો નહિ. એક મહિનામાં બે વ્યક્તિનું દાન! આવી વસ્તુ સાધારણ રીતે પ્રાપ્ત થતી નથી-જેનામાં કંઈક વિશેષતા હોય એને જ મળે છે. આ સહન કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યહૂદી ધર્મ

મુનિશ્રી સંતબાલજી

ધર્મ એકાંગી કદી રહ્યો નથી, રહી શકે નહિ. દુનિયામાં પ્રવર્તતા જુદાજુદા ધર્મોના ચોક્કસ દૃષ્ટિથી કરવામાં આવેલાં અભ્યાસ ને તુલના રસિક નીવડવાનાં. હિંદમાંના પ્રચલિત ધર્મો ઉપરાંત અન્ય ધર્મો વિષે પણ સમભાવથી, સમાનતા શોધવાની દૃષ્ટિથી, પરધર્મસહિષ્ણુતાથી જાણીએ તો ધર્મ-તત્ત્વોના એક મૂળ વિશે સારો પ્રકાશ પડે. સેમેટિક જાતિના ધર્મોમાં યહૂદી ધર્મ વિશેની આછી રૂપરેખા અહીં જોવા મળે છે.

અત્યાર સુધી આપણે આર્યજાતિના ધર્મો અંગે વિચાર કર્યો. હવે આપણી પૃથ્વી પરની ચાર જાતોમાંની બીજી સેમેટિક જાતિના ધર્મો અંગે વિચારીએ.

આગળ વિચારાઈ ગયેલા ધર્મો અને હવે આપણે વિચારીશું તે ધર્મોમાં એક મોટું અંતર દેખાશે. આરંભકાળમાં મનુષ્યે જે વિચારો કર્યા છે તેમાં મુખ્યત્વે સ્વર્ગની કલ્પના-જ પ્રધાનપદે છે. માનવી સ્વર્ગ પ્રાપ્ત કરવું એને જ પોતાના જીવનનું ધ્યેય માનતો. ઋગ્વેદની ઋચાઓમાં પણ આપણને આવી ઇચ્છાઓની ઝાંખી થાય છે, અને એટલે સ્વર્ગ-પ્રાપ્તિ માટે યજ્ઞોની વાતો વારંવાર આવે છે. જ્યાંસુધી માણસના દિલમાં સ્વર્ગના સુખની જ વાતો રમતી હોય ત્યાંસુધી તેના અંતરમાં ઊંચી ધર્મભાવના પ્રગટ ન થઈ શકે. તેની બુદ્ધિ તત્ત્વજ્ઞાનનાં ઊંડાં રહસ્યોને ઝડપી ન શકે. તે હમેશાં એવું જ ઇચ્છે કે અહીં બેઠાંબેઠાં બધું મળી જાય તો કેવું સારું!

આપણે આપણી સ્વર્ગની કલ્પનાઓ તપાસીશું તો આવી જ વાતોનો અનુભવ થશે; સ્વર્ગમાં એક વૃક્ષ છે—કલ્પવૃક્ષ. એની નીચે બેસી માણસ જે કાંઈ કલ્પના યા ઇચ્છા કરે તે તરત જ મળી જાય એમ કહેવાય છે; એટલે કે માણસ આ જગતમાં રહેલાં દુઃખમાંથી સુખ સર્જવા કરતાં પરલોકમાં રહેલા આવા સુખની કલ્પનામાં રચ્યોપચ્યો રહે અને એ માટે યજ્ઞ વગેરે ધાર્મિક ક્રિયાઓ કરે. સુખના વિચારની સાથે જ સંકળાયેલો બીજો વિચાર છે સુખના ઉપભોગનો સમય. ગમે તેટલી

પરમાત્મા આપણને ધૈર્ય, શાંતિ અને શક્તિ આપો.

જે વ્યક્તિઓ ગઈ છે એની સાથેનો જૂનો સંબંધ નવે સ્વરૂપે જાગૃત થાય છે. તમારો અને મારો સંબંધ એ કારણે વૃદ્ધિ પામ્યો. જિંદગી સુધી એ કાયમ રહે એવી પ્રાર્થના કરું છું. આટલું કહેવાનું મન નહોતું, હૃદયમાંથી આપોઆપ આ ઉદ્‌ગારો નીકળી પડ્યા.

થોડુંક મારે વિશે કહી લઉં. હું કોઈ પણ લગ્નપ્રસંગમાં ગયો નથી, જતો નથી. મારી શક્તિ મર્યાદિત છે. સુખદ પ્રસંગોમાં નહિ ગયો હોઉં તો વાંધો નહિ, પણ દુઃખ, અડચણ કે બીમારી વખતે બધુંય છોડીને પહેલાં જવું જોઈએ. દુઃખનો વખત આવે ત્યારે ત્યાં જવાનું માનવકર્તવ્ય બની રહે છે.

જ્યારે પણ જરૂર લાગે ત્યારે મારી સહાય લેવામાં સંકોચ ન કરશો. મને તમારો જ માનજો, એ રીતે ઉપયોગ કરશો.

ઈશ્વર શાંતિ ને ધૈર્ય આપો. બોધ લેવાની શક્તિ આપો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધનસામગ્રી હોય પણ તેને અનુકૂળ શરીર-સંપત્તિ ન હોય તો? એટલે વર્ણન આવે છે કે સ્વર્ગમાં હમેશાં યૌવન જ હોય છે. આમ માણસની કલ્પનાનાં બધાં સુખો છે; પણ છેવટે તો તે નાશ પામવાનાં જ. આ કરતાં ય વધુ અગત્યની વાત અને ધર્મનો નવો અનુભવ હવે પછીના ધર્મોમાં આવે છે.

સુખ એની જાતે મળી જાય એને ઉપભોગવામાં શો આનંદ? આપણો પણ અનુભવ છે કે જે વસ્તુ વિનાપ્રયત્ને મળે છે તે મહેનતથી મળેલી વસ્તુ જેટલી મીઠી લાગતી નથી. એટલે સુખ વસ્તુના ઉપભોગમાં નથી; પણ પુરુષાર્થ પછીના ઉપભોગમાં છે. આથી ધર્મમાં પુરુષાર્થને સ્થાન મળ્યું; અને સ્વર્ગની કલ્પનાઓનાં જાળાંમાંથી ધર્મની નવી વ્યાખ્યા આવી. આથી ઉપરની અવસ્થામાં બ્રહ્મવિજ્ઞાનના વિચારો મળે છે; જ્યાં નિરપેક્ષ સુખનું વિવરણ આવે છે. આ વિકસતી જતી વ્યાખ્યાના ક્રમની દૃષ્ટિએ આપણે યહૂદી ધર્મનો વિચાર કરીએ.

યહૂદી ધર્મ: આ ધર્મ મૂળ તો પૅલેસ્ટાઇનની આજુબાજુના પ્રદેશમાં વસનારાઓનો ધર્મ છે. ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મના મૂળમાં પણ આ ધર્મ જ છે. આ લોકોનો મુખ્ય દેવ 'યહોવાહ' છે; જેને અંગ્રેજીમાં જેહોવાહ કહે છે. આ દેવના નામ ઉપરથી આ ધર્મનું નામ યહૂદી ધર્મ પડ્યું. આપણે ત્યાં ઇંદ્રદેવની જે કલ્પના છે તે લગભગ આ દેવને મળતી છે. યહોવાહનું સ્થાન સિનાઈ પર્વત ઉપર છે. સિનનો અર્થ ચંદ્ર થાય છે એટલે ચંદ્રદેવ પણ કહેવાય છે. ઇંદ્રની જેમ આ દેવ પણ વીજળીના ઝમકારા પ્રગટાવે છે અને તે હમેશાં સૈન્યની મોખરે ચાલે છે ભાગવતમાં વાસુદેવના જીવનનો એક પ્રસંગ આ રીતનો છે: "શ્રીકૃષ્ણ જ્યારે નેસડામાં રહેતા ત્યારે તે લોકો ઇંદ્રની ઉપાસના કરતા. શ્રીકૃષ્ણે આમાં ક્રાંતિ કરી તેથી ઇંદ્રદેવ કોપ્યા અને અતિવૃષ્ટિ થઈ. લોકો પોતાનાં ઢોર લઈ ગોવર્ધન પર્વતની ગુફામાં ભરાઈ ગયા. શ્રીકૃષ્ણે ગોપાલોને કહ્યું: 'આપણે ઇંદ્રની શા માટે પૂજા કરીએ? આપણા સાચા દેવ તો આપણી ગાયો છે, આપણાં ખેતરો છે. એમની પૂજા કરો, એમની સેવા કરો.'" આમ શ્રીકૃષ્ણે એ સમાજને ઇંદ્ર-ઉપાસનાથી છોડાવ્યો—ઇંદ્રના ભયથી જે ઉપાસના થતી તેમાંથી મુક્ત કર્યો.

યહૂદી લોકોમાં એક રિવાજ એવો છે કે જ્યારે કંઈ પણ મહાન કાર્ય કરવાનું હોય કે લડાઈ કરવી હોય ત્યારે તેઓ મોખરે એક પેટી લઈને ચાલે છે. તેઓ એમ માને છે કે જેહોવાહ દેવ અણીને પ્રસંગે આ પેટીમાં આવી તેમને મદદ કરે છે. આપણે ત્યાંની ઇંદ્રની બધી કલ્પનાઓ લગભગ આને મળતી જ લાગે છે. જ્યારેજ્યારે દૈત્યોનું જોર વધી જતું ત્યારે દેવો ઇંદ્રને શરણે જતા અને ઇંદ્રરાજા યુદ્ધમાં ઊતરી દૈત્યોનો સંહાર કરતા.

મોઝીઝ અથવા મૂસા એ યહૂદી ધર્મના પહેલા આચાર્ય ગણાય છે. તેઓ એવું માને છે કે મૂસાને સાક્ષાત્કાર થયેલો અને યહૂદી પ્રજા સાથેનો યહોવાહ દેવે પહેલો કરાર સિનાઈ પર્વત ઉપર કરેલો. યહૂદી લોકો માને છે કે પરમેશ્વર સાથેનો સૌથી જૂનામાં જૂનો કરાર એમનો છે. એમના ધર્મપુસ્તકને 'જૂનો કરાર' કહેવામાં આવે છે. આ પુસ્તકમાં એક વિશિષ્ટ વાત આવે છે, કે 'આપણે જેમ પ્રભુ સાથે કરાર કર્યો છે તેમ પ્રભુ પણ કરારથી આપણી સાથે બંધાયો છે. આપણે જેમ કરારનું પાલન કરીએ છીએ 'તેમ તે પણ પાલન કરવાને બંધાયેલો છે.'

મોઝીઝ: મોઝીઝનો જન્મ ઇજિપ્તમાં થયો હતો. એના જન્મ સમયે રાજાએ એવો ઢંઢેરો પિટાવ્યો કે જેટલી છોકરીઓ જન્મે એટલીને જ જીવતી રાખવી અને છોકરાઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીમાં નાખી દેવા. મોઝીઝની માતાએ ત્રણ માસ તો એમને સંતાડી રાખ્યા. છેવટે એક દિવસ રાજાના ત્રાસથી બીને એક પેટીમાં એમને મૂકી પેટી નદીમાં તરતી મૂકી દીધી. સંજોગવશાત્ આ પેટી રાજાની દીકરીના જ હાથમાં આવી. રાજકુંવરીને બાળક ઉપર દયા આવી અને બાળક યહૂદી હોઈ એને યહૂદી છાવણીમાં મોકલી આપવા વિચાર્યું. મોઝીઝની બહેન જ એમને ત્યાં દાસી હતી. તે સમજી ગઈ કે આ પોતાનો જ ભાઈ છે; એટલે એણે મોઝીઝની માતાને જ ધાવ તરીકે રખાવી. આમ મોઝીઝ પોતાની માતાના દૂધથી જ ઊછર્યા હતા. આ પ્રસંગ આપણને કૃષ્ણના જીવનનો કંઈક ખ્યાલ આપે છે. જગતના મોટાભાગના મહાપુરુષો આવી કટોકટીમાં જ ઊછર્યા હોય છે. સમાજમાં અધર્મ જ્યારે હદ વટાવી જાય છે, ત્યારે મહાપુરુષો જન્મે છે અને સમાજમાં ફરીથી ધર્મની અને ધાર્મિક પુરુષોની પ્રતિષ્ઠા કરે છે; અથવા તો મુશ્કેલીઓ જ મહાપુરુષોને સર્જે છે અને મુશ્કેલીનો સામનો કરતાંકરતાં જ મહાન જીવન સર્જાય છે.

મોઝીઝ જેમજેમ મોટા થવા લાગ્યા તેમ-તેમ તેઓ ખૂબ વિચારમાં પડી જવા લાગ્યા. એક દિવસ સિનોઈ પર્વત ઉપર એમને યહોવાહનું દર્શન થયું અને યહોવાહે તેમને એક સુંદર પુસ્તક આપ્યું. આ પુસ્તક યહૂદી ધર્મનું મુખ્ય પુસ્તક છે.

યહૂદી ધર્મની માન્યતા : યહૂદી ધર્મ ઈશ્વરને માને છે. પ્રભુએ પહેલાં આકાશ અને પૃથ્વી બનાવ્યાં; પછી પ્રભુએ જ પાણી અને અગ્નિ બનાવ્યાં. ત્યારબાદ જીવજંતુ, પ્રાણી વગેરે પેદા કર્યાં. પછી માટીમાંથી મનુષ્યનું સર્જન કર્યું અને એનાં નસકોરા વાટે પ્રાણ પૂર્યો. આ જગતનો પહેલામાં પહેલો મનુષ્ય તે આદમ. પણ એકલા મનુષ્યથી કાંઈ સૃષ્ટિ થોડી ચાલે? એટલે તેણે જોડકાં બનાવવા માંડ્યાં. મનુષ્યની પાંસળીમાંથી તેણે સ્ત્રી બનાવી. આ સ્ત્રી તે ઇવ. આમ આદમ અને ઇવ એ જગતનાં પહેલાં સ્ત્રી-પુરુષ. તે વખતે તેઓ નગ્ન રહેતાં. એમને શરમ ન હતી. તેમને માટે બધું જ હતું. ફક્ત જંગલમાં એક વૃક્ષ હતું અને એ વૃક્ષનું ફળ ખાવાની એમને મનાઈ હતી. એક દિવસ શેતાને આવી ઇવના કાન ભંભેર્યા. અને તેમણે એ ફળ ખાધું, તે દિવસથી તેમને પરસ્પરની શરમ આવી. તેમને વરદાન મળ્યું કે કે 'જાવ, તમે તમારો રોટલો તમારા પરસેવાથી ખાજો, આગળ વધજો અને સુખી થજો!' ગીતામાં પણ આવી જ જાતનું આવે છે :

'देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।'

તમે દેવોને આપો અને દેવો તમોને આપશે.

જે દેવને આપ્યા વિના આરોગે છે તે ચોર છે. લગભગ આવી જ માન્યતા જૂના કરારની કહી શકાય. દેવનો અર્થ હું સમાજ લઉં છું. જો તમે સમાજ માટે જીવશો તો સમાજ તમારે માટે જીવશે. આવો જ જાતમહેનતનો સિદ્ધાંત ઋષભદેવે પણ સમાજને આપ્યો છે.

યહૂદી ધર્મના દસ સિદ્ધાંતો:

(૧) ઈશ્વર એક છે.

(૨) મૂર્તિપૂજાનો વિરોધ. (હજરત મહમ્મદે પાછળથી આ જ તત્ત્વને વિકસાવ્યું. યહૂદી ધર્મમાં પણ અનેક પ્રકારના દેવોને પૂજવાની મનાઈ છે. આકારોને ન પૂજો પણ ભાવને પૂજો એ દૃષ્ટિ છે.)

(૩) ઈશ્વરનું નામ ફોગટ ન લો.

(આ એક અગત્યનો સિદ્ધાંત છે. જ્યારે જરૂર પડે ત્યારે જ પ્રભુનું નામ લેવું. જો કે આ કથનમાં સ્વાર્થને સ્થાન છે. છતાં વધુ ઊંડા અર્થમાં વિચારીએ તો ઈશ્વરનું નામ જવાબદારીપૂર્વક લેવું જોઈએ એવું પણ એમાંથી ફલિત થાય છે. ઈશ્વરનું નામ લઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

079536

પણ એની આજ્ઞા જો ન માનીએ તો એ નામ લેવાનો અર્થ ન સરે.)

(૪) વિશ્રામ : યહૂદી ધર્મમાંથી નીકળેલા દરેક ધર્મમાં આવા દિવસો છે. યહૂદીઓ શનિવારને આરામનો દિવસ માને છે. ખ્રિસ્તીઓ રવિવારને અને મુસ્લિમો શુક્રવારને રજાનો દિવસ માને છે. તેનો હેતુ તો પોતાની સાથે કામ કરતા આશ્રિતોને અને પ્રાણીઓને આરામ આપવાનો છે. જગતની પ્રવૃત્તિમાંથી થોડી નિવૃત્તિ મેળવી આત્મચિંતન કરવાનો છે. આ ધર્મમાં સાત વર્ષમાં એક વર્ષ નિવૃત્તિ માટે રાખવામાં આવ્યું છે.

(૫) મુરબ્બીને માન આપો.

બાકીનાં પાંચ તો આપણાં મહાવ્રતો જ છે. પણ હિંદુ ધર્મની વ્રતોની વ્યાખ્યાની અપેક્ષાએ ખૂબ મર્યાદિત છે. જેમ અહિંસા ધર્મના તત્ત્વને સ્વીકારે છે; પણ કહેશે 'તું કારણ વિના કોઈને હણીશ નહિ.' આનું પણ કારણ છે. તે વખતનો સમાજ આટલી જ અહિંસાને પચાવી શકે તેમ હતું.

હણવાની ઇચ્છા હોય તો કારણ તો મળી જ રહે; પણ એ કારણને દૂર કરવું એમાં જ સાચી અહિંસાની સાધના રહેલી છે. ગમે તેવું અગત્યનું કારણ હોય, આપણો પોતાનો જીવ જોખમમાં હોય છતાં પણ હિંસા ન કરવી એ ઊંચો ભાવ છે. ઇશુ ખ્રિસ્તના સિદ્ધાંતો આ જાતની પૂર્તિ કરવામાં મદદગાર થાય છે.

આ બધા કરતાં એક અગત્યની વાત એ છે કે તેઓની દૃઢ માન્યતા છે કે ઈશ્વરે સૌથી પ્રથમ કરાર અમારી સાથે કર્યો છે અને એ જ સાચો છે. એ સંદેશો જગતને પહોંચાડવાનું કામ ઈશ્વરે યહૂદીઓને સોંપ્યું છે.

દરેક ધર્મમાં ઉત્સવને સ્થાન હોય છે. યહૂદી ધર્મના ત્રણ મોટા ઉત્સવો નીચે પ્રમાણે છે :

(૧) પેસેવૉર : ઘરમાં ઊજવવાનો ઉત્સવ છે.

(૨) પેન્ટીકોસ્ટ : મંદિરમાં ઉજવાય છે. મંદિરો ફૂળ વગેરેથી શણગારી એમાં શાસ્ત્રાધ્યયન થાય છે.

(૩) ટેબર્નકલ : આ સાંસ્કૃતિક ઉત્સવ છે. લોકો રાવટીઓમાં જઈને વસે છે અને ઉજાણી કરે છે.

આ ધર્મમાં પણ મહાન સંતો પેદા થયા છે અને એમણે ચાબખા મારીમારીને સમાજને જાગૃત કર્યો છે. યહોવાહ માત્ર ઇસાઈઓનો જ દેવ નથી પણ બધાનો છે એવી ભાવના જેમણે ફેલાવી, તે સંતોમાં એમોર, હોસીઆ વગેરે પ્રસિદ્ધ સંતો છે. તે સૌની ઉપદેશપ્રણાલિ જુદીજુદી હતી અને તે બધાના પ્રયત્નથી કેટલાક મહત્ત્વના સિદ્ધાંતો યહૂદી ધર્મમાં દાખલ થયા.

(૧) યહોવાહ માત્ર ઇસ્રાયેલનો જ દેવ નથી પણ સર્વ પ્રજાનો છે.

(૨) ઇસ્રાયેલ પણ આડે માર્ગે ચાલે તો તેને યહોવાહ સજા કરે છે.

(૩) ધર્મ પાળે તેનો છે. દરેકે પોતાની જવાબદારી સમજવી જોઈએ.

(૪) કર્મકાંડ કરતાં સદાચાર મહાન છે.

(૫) પ્રભુને સાચા દિલની ભક્તિ વહાલી છે. ઇશુ ખ્રિસ્તે 'સોયના નાકામાંથી ઊંટનું પસાર થવું સહેલું છે પણ ધનિકને સ્વર્ગપ્રાપ્તિ એથી દોહ્યલી છે' તેમ કહ્યું હતું. અને હજરત મહમ્મદે 'ગુલામીની પ્રથા નાબૂદ કરવા જેવું બીજું એકે ઊંચું કૃત્ય નથી' એમ કહ્યું હતું. તે ઉપરથી યહૂદી અને ઇસ્રાયેલ પ્રજા ધન અને ગુલામો રાખવાની જે પદ્ધતિ પર ચઢી ગઈ છે, ત્યાંથી પાછા વાળવા થયેલા પ્રયત્નોનો અને દુનિયા પર પથરાયેલી એ કોમની સંસ્કૃતિનો આપણને સ્પષ્ટ ખ્યાલ આવશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વશીકરણનો મંત્ર

શ્રી દેસાઇ વાલજી ગોવિંદજી

પોતાનો સ્વભાવ છોડીને સામો માણસ આપણો થઈ જાય, ને આપણું કહ્યું કરે એ વિદ્યા જાણવી, માનીએ છીએ તેટલી અઘરી નથી. સહુ કોઈ એ પ્રાપ્ત કરી શકે એમ છે. માત્ર નિશ્ચયબળ જોઈએ. એ મંત્રને આચરણમાં મૂકવાનો દૃઢ સંકલ્પ કરી આ પ્રસંગ વાંચવાથી એ મંત્ર સહેલાઈથી હાથ લાગશે.

મગધરાષ્ટ્રના એક ગામડામાં કોઇ સજ્જનને ઘેર પુત્ર અવતર્યો. એના નામકરણસંસ્કારને દિવસે એનું નામ મઘકુમાર પાડ્યું, કુમાર મોટો થયો એટલે માતાપિતાએ સમાન જાતિના સારા કુળની કન્યા વેરે એને પરણાવ્યો. મઘને ઘેર દીકરાદીકરીની આડીવાડી થઈ, અને એ એવો દાનશૂર બન્યો કે એને સૌ દાનપતિ–દાનેશ્વર કહેતા, અને એ સત્ય, અહિંસા આદિ પાંચ શીલ રાખતો.

ગામમાં ત્રીશ કુળ (ઘર) હતાં, એના પ્રધાનપુરુષો એક દિવસ ગામના મધ્યમાં ઊભા ઊભા ગામકામ કરતા હતા, ત્યાં મઘકુમાર જ્યાં ઊભો હતો ત્યાંથી ધૂળ આઘી કરીને એણે તે પ્રદેશને રમણીય બનાવ્યો, પણ એ ઠેકાણે બીજો જણ આવીને ઊભો રહ્યો. મઘકુમારે બીજું સ્થાન રમણીય કર્યું, ત્યાંયે બીજો આવી ગયો. આમ કરતાં કરતાં એણે બધાયની જગ્યા ચોખ્ખી કરી. પછી એણે તે ઠેકાણે મંડપ કરાવ્યો, અને થોડાક સમય પછી મંડપને ઠેકાણે શાળા (હોલ) ચણાવી, ત્યાં બેસવા પાટ તથા પાણી પીવાનાં માટલાં મૂકાવ્યાં.

- જતે દિવસે તે ત્રીશ જણ મઘકુમાર હારે એકત્ર થઈ ગયા. તે સૌને પણ એણે પંચશીલધારી બનાવ્યા. પછી તો સૌ સાથે મળીને પુણ્યનાં કામ કરતા વિચરવા મંડ્યા. પ્રભાતના પ્રહરમાં ઊઠે. હાથમાં વાંસલો, ફરસી, તથા મુસલ (સાંબેલું) રાખે, મોટા મારગ વચ્ચે પાણા પડ્યા હોય તેને ખસેડે, રથની ધરીને આડાં આવે એવાં ઝાડ કાઢી નાખે, વસમી ભોંયને સમી કરે, સેતુ (પૂલ) બાંધે, પુષ્કરિણી (તળાવ) ખોદે, શાળા બંધાવે, દાન દિએ, શીલ પાળે, આમ સકલગ્રામવાસી મઘકુમારનું કહ્યું કરતા થઈ ગયા.

આથી એ ગામનો ભોજક (મુખી) ચિન્તામાં પડી ગયો: 'પૂર્વે આ લોકો સુરા (દારૂ) પીતા, પ્રાણાતિપાત (હત્યા) કરતા, એટલે સુરાના વેચાણ તથા અપરાધીને કરેલા દંડમાંથી મને ઠીક ઠીક ધનનો લાભ હતો, પણ હવે તો મઘકુમાર એમને મારામારી કરતા રોકે છે, ઠીક છે, જોઉં છું કે મઘડો એને કેમ કરીને વ્રતધારી બનાવે છે?'

કોપાયમાન થયેલો ભોજક તો મગધરાજ આગળ પહોંચ્યો, ને કહ્યું:

'દેવ, ચોર બહુ વધ્યા છે તે ગામ ભાંગતા ફરે છે,' રાજા કહે:

'તો જા, એમને મારી આગળ આણ.'

ભોજક તો ત્રીશે જણને બાંધીને રાજા આગળ લઈ ગયો. રાજા અંધેરી નગરીના ગંડુ રાજા જેવો હતો; સાચાખોટાની શોધ કર્યા વિના એણે આજ્ઞા કરી:

'ચોરને હાથીપગે કરો.'

મઘ તથા એના સહચારીને રાજઘરના આંગણામાં સૂવરાવ્યા ને હાથી મગાવ્યો. મઘ એના ભાઈબંધોને કહે છે:

'તમે તમારાં વ્રત ધ્યાનમાં રાખજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાડિયો ભોજક, મૂરખ રાજા ને અપુત્ર હાથી આ સૌના ઉપર આપણા શરીર ઉપર આપણને મૈત્રીની ભાવના છે એવી જ ભાવના રાખજો.'

ભાઈબંધો કહે : 'ઠીક.'

એ સૌને છૂંદી નાખવા હાથી આણ્યો, પણ હાથી કેમે કરીને મઘ તથા એના મિત્રો આગળ જાય નહિ, ને મોટી રાડ નાખીને ભાગી જાય. એટલે મર્દન અર્થે વળી બીજો હાથી આણ્યો, એણે પણ તે જ પ્રમાણે પલાયન કર્યું. રાજાએ વિચાર કર્યો કે, 'આ લોકો આગળ કાંઇક ઓસડિયું કે જડીબુટ્ટી હશે,' ને રાજપુરુષોને જડતી લેવા કહ્યું, પણ કાંઈ નીકળ્યું નહિ. પછી રાજાને થયું કે 'આ લોકો કાંઇક મંત્ર જપતા હશે,' અને એણે પોતાના માણસોને કહ્યું, 'ચોરને પૂછો, કાંઈ મંત્ર બોલતા હોય તો.'

રાજપુરુષ પૂછે છે : 'તમારી આગળ કાંઇ મંત્ર છે કે?' મઘ કહે, 'હા, છે.'

એટલે રાજાએ એ સૌને પોતા આગળ બોલાવ્યા, ને કહ્યું, 'તમારો મંત્ર મને કહો.'

મઘ બોલ્યો : 'દેવ, અમારી આગળ બીજો કાંઇ મંત્ર નથી, અમે ત્રીશ જણ કોઇના પ્રાણ હણતા નથી, અણદીધેલું લેતા નથી, પરસ્ત્રીને માબહેન સમાન ગણિએ છિએ, ખોટું બોલતા નથી, મદ્યપાન કરતા નથી, જીવમાત્ર ઉપર મૈત્રી રાખિએ છિએ, દાન દઇએ છિએ, મહાવધ સમા કરિએ છિએ, પુષ્કરિણી ખોદિએ છિએ, શાળા કરાવિએ છિએ. આ અમારો મંત્ર, રાખડી, કવચ જે કહો તે છે.'

રાજા મઘ ઉપર પ્રસન્ન થઈ ગયો, ચાડિયા ભોજકને એનો દાસ બનાવ્યો તથા હાથી તેમ જ આખું ગામ એને આપ્યાં.*

* એકનિપાત, ૪ કુલાવકવગ્ગ, કુલાવક જાતક (૩૧) ઉપરથી

★

પોતાના જાસૂસો દ્વારા હીટલરને બાતમી મળી કે એના થોડાક પરાજય પછી પણ જર્મન પ્રજાજનો એને માને છે, પણ કેમે કર્યું એનું મન માન્યું નહિ. એટલે હિંદમાં જૂના વખતમાં થતું તેમ છૂપાવેશે હીટલર જાતે જ સિનેમાગૃહમાં ગયો. ફિલ્મની શરૂઆતમાં હવે શું આવવાનું છે તે જાણતા લોકો ઊભા થવાની તયારી કરવા લાગ્યા. તુરત જ પડદા ઉપર એક આદમી દેખાયો. એ હીટલર પોતે હતો. એકદમ પ્રેક્ષકો પોતાના પગ પર ઊભા થઈ ગયા, જમણો હાથ પડદા તરફ ધર્યો ને મોટેથી ગર્જના કરી: 'હીટલર ઝીંદાબાદ!'

આ દૃશ્યથી પાટલી પર બેઠેલો હીટલર એટલો બધો ઉમંગમાં આવી ગયો કે એ ઊભા થવાનું ભૂલી ગયો. એટલે પાછળના એક અજાણ્યા માણસે હીટલરનો ખભો હલાવી કહ્યું:

'આ બધા ડોળ અને દંભની મગજ પર શી અસર થતી હશે તે હું સમજી શકું છું, પણ મહેરબાન, ઊભા થઈ જાઓ, નહીં તો ગેસ્ટાપો (જાસૂસીખાતું) તમને પકડી જશે!'

×

નવલકથાકારે એની પત્નીને પૂછ્યું :

'જો, હું આજથી પંદર વર્ષ પહેલાંના વાતાવરણ પર રચાયેલી એક સુંદર નવલકથા લખું છું. એક પ્રકરણમાં નાયક ને નાયિકાનું મજાનું વર્ણન કરવું છે. મને કહેશો, ત્યારે સ્ત્રીઓ કેવાં કપડાં પહેરતી હતી?'

જરાક ચિડાઈને પત્ની બોલી:

'આજે હું પહેરું છું તેવાં!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંઘનું તત્ત્વજ્ઞાન

•

શ્રી જ્યોતીંદ્ર દવે

ઘડીભર કલ્પી લઈએ: શું નિદ્રા વિના માનવીને ન ચાલે? કેવળ નિદ્રામાં જ બગડતો વખત કામ કરવા માટે મળતો હોત તો માનવી કેટલી વધુ પ્રગતિ સાધી શકત? પણ કામના જેટલું જ મહત્ત્વ આરામનું યે છે, એ આપણા સૌનો રોજિંદો અનુભવ છે, છતાં આરામ લેવા માટે ઊંઘવું જ જોઈએ એમ શા માટે હશે? નિદ્રા આપણને સમજાવે છે કે આ જગત સાથેનો સંબંધ થોડા કાળ માટે પણ છોડ્યા વિના શાંતિ, સ્વસ્થતા ને સ્ફૂર્તિ મળી શકતાં નથી. નિદ્રા પાછળના આ ગૂઢ રહસ્યને સમજવા માટે જન્મથી મૃત્યુ પર્યંત જેમને નિદ્રા સાથે સંબંધ છે, તે સહુએ આ લેખ વાંચવો જ પડશે.

'હવે ઊંઘવું છે કે નહિ? બહું મોડું થઈ ગયું છે.'

'દોઢ થઈ ગયો. હજી તમે સૂતા નથી?'

'આમ ને આમ તમે ઊંઘને ઉડાડી મૂકો છો. જરા ઘડિયાળમાં જુઓ. કેટલા વાગ્યા? પછી સવારે ઉઠાશે નહિ.'

'હવે તો ચોપડી બંધ કરીને સૂઈ જાઓ. અઢી થઈ ગયા!'

'આઠ થઈ ગયા. ઊઠવું છે કે નહિ?'

'સાડા આઠ વાગી ગયા. પછી ઑફિસે જતાં મોડું થઈ જશે.'

'હજી તમે ઊઠયા નથી? ચા ટાઢી પડી જાય છે.'

'બારણે નવ થવા આવ્યા. હજી તમે ઊઠ્યા નથી? આ ચા ફરી ગરમ કરી છે તે પણ ટાઢી પડી જશે.'

રાત્રે ને સવારે સૂતાં ને જાગતાં પહેલાં શ્રીમતીને મુખેથી આ જાતનાં વચનો સાંભળવાં એ મારો લગભગ નિત્યનો કાર્યક્રમ થઈ પડ્યો છે.

કોઈક સુંદર પુસ્તક વાંચતો હોઉં તે છોડીને ઊંઘવા જવું એ મને જરા ય ગમતું નથી. અને મોડી રાતે જેમતેમ કરી નિદ્રાદેવીને પ્રસન્ન કર્યા પછી સવારે એમની સંગતિનો ત્યાગ કરવો પણ મનને રુચતો નથી. ઊંઘવું ને ઊઠવું એ બંને ક્રિયાઓ મારે આમ પરાણે કરવી પડે છે.

पुनरपि जननं पुनरपि मरणं
पुनरपि जननीजठरे शयनम् ।

એમ શ્રીશંકરાચાર્યે કહ્યું છે તેનો પ્રત્યક્ષ અનુભવ આ રોજ ને રોજ ઊંઘવું ને જાગવું, જાગવું ને ઊંઘવું એ ક્રિયા દ્વારા મળી રહે છે. આ દુનિયાના વ્યવહારથી વિમુખ બનીને જનતાના જઠરમાં નહિ પણ પલંગ પર પથારી-માં શયન કરવું ને બીજે દિવસે પાછા જાગીને વ્યવહારના કાર્યમાં લાગી જવું એ મૃત્યુ ને જન્મ સરખું છે. મૃત્યુથી આપણે આટલા બધા ડરીએ છીએ છતાં ખરી રીતે જોઈએ તો રોજ નિદ્રા દ્વારા આપણે એનો કંઈક અનુભવ કરીએ છીએ. ઊંઘમાંથી પાછા ઊઠવાના છીએ એવી આપણને ખાતરી હોય છે, પણ મૃત્યુ પછી શું થશે તે જાણી શકાતું નથી એટલે નિદ્રાને ખોળે આપણી જાતને સ્વેચ્છાથી આનંદપૂર્વક મૂકી દઈએ છીએ ને મૃત્યુનું નામ સાંભળતાં પણ કંપારી અનુભવીએ છીએ. છતાં એકવાર ઊંઘી ગયા પછી પાછા જાગીશું જ એની સોએ સો ટકા ખાતરી શી રીતે આપી શકાય? ઊંઘમાં ને ઊંઘમાં જ કંઈ થયું નથી? ઘણુંખરું સ્વપ્નાં આવવા સિવાય બીજું કશું જ થતું નથી, પણ તેથી કોઈ દહાડો પણ કંઈક અવનવું નહિ જ બને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કહી ન શકાય. એક રીતે જોઈએ તો ઊંઘવા જતાં પહેલાં માણસે બહુ સંભાળ ને સાવચેતી રાખવાની જરૂર છે. એકવાર ઊંઘ આવી ગઈ પછી આપણી કેવી સ્થિતિ થશે, કોણ આપણને શું કરશે, ક્યારે કયો અકસ્માત થશે તેની કશી ખબર આપણને પડતી નથી. નિદ્રાવસ્થા દરમિયાન આપણી સ્થિતિ લગભગ મુડદા સરખી લાચાર થઈ જાય છે. ઊંઘ એ બહુ ભયંકર વસ્તુ છે. ગમે તેવા બળવાન ને સાવધાન મનુષ્યને એ તદ્દન નિર્બળ ને બેધ્યાન, ભાન ને સાનવિનાનો બનાવી મૂકે છે. આમ છતાં નિત્યના પરિચયને લીધે નિદ્રા આપણને ભયપ્રદ લાગતી નથી. નિદ્રા એ મહાનિદ્રાનું ટૂંકું સ્વરૂપ છે, અંતિમ નિદ્રા માટેનું એ રોજનું 'રિહર્સલ' છે એમ જાણીએ તો કદાચ એ મોટી નિદ્રાનો એટલો ભય રહે નહિ. આ છોટી નિદ્રામાંથી ફરી જાગવાનું હોય છે ને મોટી નિદ્રામાંથી જાગવાનું હોતું જ નથી એમ પણ કેમ કહી શકાય? મોટી કે છોટી કોઈ પણ નિદ્રાવસ્થા પછી જાગ્રત અવસ્થા આવવી જ જોઈએ એમ મનુષ્યનો અંતરાત્મા કહે છે, તે તદ્દન ખોટું જ હશે એમ કહેવું મુશ્કેલ છે.

નિદ્રાવસ્થા દરમ્યાન ઇંદ્રિયોના વ્યાપાર બંધ થઈ જાય છે. આમ છતાં બાહ્ય જગત સાથેનો સંબંધ છેક છૂટી જતો નથી. કોઈક અદીઠ સાંકળ દ્વારા જગત સાથેનું અનુસંધાન ચાલુ રહે છે. જાગ્રત અવસ્થામાં સ્થૂલ ઇંદ્રિયો દ્વારા જે જે અનુભવો મનુષ્ય કરી શકે છે તે સર્વ અનુભવો નિદ્રાવસ્થામાં પણ એ કરી શકે છે. ફેર એટલો રહે છે કે જાગ્રત સ્થિતિમાં ઇંદ્રિય ને બાહ્ય વિષયના જોડાણ દ્વારા એ અનુભવ કરે છે. ઊંઘમાં ઇંદ્રિય ને બાહ્ય વિષય એ બેમાંથી એકેય પર પણ આધાર રાખવો પડતો નથી. જેમ અણીને વખતે, કટોકટીને પ્રસંગે ગવર્નર જનરલ બધી સત્તા પોતાના હાથમાં લઈ લે છે તેમ નિદ્રાવસ્થા દરમ્યાન મન બધી ઇંદ્રિયોની સત્તા પોતાને હસ્તક લઈ લે છે. આંખ બંધ હોય છે છતાં એ જોઈ શકે છે; કાનનો વ્યાપાર અટકી ગયો હોય છે, છતાં એ સાંભળી શકે છે; હાથપગ તદ્દન નિશ્ચેષ્ટ થઈને પડ્યા હોય છે, છતાં એ પ્રવાસ ખેડે છે ને મારામારી પણ કરી શકે છે!

નિદ્રાવસ્થામાં માણસનું મન દેહના બંધનથી મુક્ત થઈને ફરવા નીકળી પડે છે. કાળ ને દિશાનાં બંધન તે વેળા લુપ્ત થઈ જાય છે. કવિની સૃષ્ટિ જેવી જ 'नियतिकृतनियमरहिता' (કુદરતે કરેલા નિયમોથી પર એવી) કોઈ અનન્ય સૃષ્ટિ એ રહે છે. ઊંઘમાં માણસ પહાડની ટોચ પરથી ભૂસકો મારે છે ને એને વાગતું નથી, સમુદ્રના અગાધ જળમાં એ ઝંપલાવે છે ને એ ડૂબી જતો નથી, તર્યા વગર પણ એ સામે કિનારે આવીને ઊભો રહે છે.

અને સૌથી અદ્ભુત તો જાગ્રત અવસ્થામાં એ જે કદી કરી શકતો નથી તે કાર્ય અહીં કરી શકે છે, એ છે. પોતે પોતાનો દ્રષ્ટા બને છે. ચિત્રવિચિત્ર સ્વપ્નોની દુનિયામાં એ નાયક તરીકે ફરે છે, જાતજાતની લીલાઓ આદરે છે અને એ બધું કરતો એ પોતાને જોઈ શકે છે. જાણે પોતાની જાતને બહાર કાઢીને એ કોઈ નવી દુનિયામાં મૂકી દે છે અને એ નવસૃષ્ટિમાં વિહાર કરતા પોતાના શરીરને આઘે રહીને નિહાળે છે.

નિદ્રાવસ્થાનો ખરેખરો લાભ ચોર, માનસશાસ્ત્રી ને તત્ત્વવેત્તાઓએ લીધો છે. આપણે માત્ર ઊંઘીએ છીએ ત્યારે એ લોકો જાગીને ઊંઘતાઓના અભ્યાસ પરથી પોતાની સમૃદ્ધિમાં—પહેલો ધનની ને બીજા બે જ્ઞાનની સમૃદ્ધિમાં—વધારો કરે છે. લોકો જો ઊંઘતા ન હોત તો ચોર પોતાનું કાર્ય સરળતાથી કરી ન શકત. ઊંઘમાં જે સ્વપ્નમાં આવે છે તેના અભ્યાસ પરથી કોઈકે એના નવીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસશાસ્ત્રના ઘણા સિદ્ધાંતો શોધી કાઢ્યા છે. અને ભરનિદ્રા તેમજ સ્વપ્નાવસ્થાના અનુભવ પરથી વેદાંતીઓ ઉદાહરણો આપી બ્રહ્મ, જગત ને માયાનું સ્વરૂપ સમજાવે છે.

મને ઘણીવાર થાય છે કે ઊંઘ્યા વિના માણસને ન ચાલે? આપણી ત્રીજા ભાગની જિંદગી ફક્ત ઊંઘવામાં જ જાય છે. એને બદલે એટલો વખત કામ કરવા માટે મળતો હોત તો આપણે કેટલા બધા આગળ વધી શક્યા હોત? પણ જીવન ફક્ત કામ કરવા માટે નથી, આરામ કરવા માટે પણ છે. કામ ને આરામનું જોડકું એ સુખ ને દુઃખના જેવું જ અવિભાજ્ય છે. બંનેને એકબીજાથી છૂટાં કરી શકાય એમ નથી.

આખો દિવસ કામ કરીને કે બીજાઓને કામ કરતાં જોઈને, થાકી ગયેલા મનુષ્યને આરામની જરૂર પડે છે. નિદ્રા વિના એથી આરામ મળી શકતો નથી અને એ આરામ ન મળે તો શરીર કામ કરતું અટકી જાય.

નિદ્રાથી આરામ મળે છે એ સાચી વાત છે; પણ આરામ લેવા માટે ઊંઘી જ જવું શા માટે જોઈએ તે સમજાતું નથી. છેક નિરાધાર જેવા થઈને ખાટલા કે જમીન સરસા લંબાવીને પડીએ તો જ નિદ્રા-આરામ મળે એવું શા માટે હશે? ટ્રેનમાં રાતના મુસાફરી કરતી વેળા કેટલીક વાર ભીડ બહુ હોય છે, ત્યારે કોક બેઠાંબેઠાં ઊંઘ લઈ લે છે. પણ સામાન્ય રીતે એ પ્રમાણે ઊંઘ લઈ શકાતી નથી. ઊભાંઊભાં ઊંઘનાર પણ એક વ્યક્તિને મેં જોઈ છે. અમારા પાડોશીનો ઘાટી અગાસી પર ચડવા માટે ગોઠવેલી સીડીનાં ઉપલાં પગથિયાં હાથ વડે પકડી રાખીને તે નીચેના પગથિયામાં પગ નાખી ઊભોઊભો બપોરની વેળા ઊંઘ લેતો, મેં તેમ જ એ માળાના રહેવાસીઓએ ઘણી વખત જોયો હતો. પણ આવી સિદ્ધિ બહુ વિરલ મનુષ્યોને જ મળી શકે છે. આપણા જેવાઓ માટે તો લગભગ બેભાન થઈને પડ્યા હોઈએ તેવી સ્થિતિમાં શરીરને મૂક્યા વિના ઊંઘ આવી શકતી નથી.

થાકેલા અવયવોને આરામ મળે એટલું જ નિદ્રાનું પ્રયોજન નથી. આરામ તો આપણે જે અવયવને થાક લાગ્યો હોય તેની પાસે કામ ન લઈએ એટલે મળી રહે છે. પણ એટલાથી જ સ્ફૂર્તિ આવતી નથી. આંખ મીંચીને લાંબા થઈને આપણે પડી રહીએ, હાથપગ હલાવીએ નહિ અને બીજી કોઈ પણ ચેષ્ટા ન કરીએ તો શરીરને આરામ જરૂર મળી રહે. પણ એકલો આરામ પૂરતો નથી, એથી કંઈક વધારેની જરૂર પડે છે. આંખ મીંચી રાખીને આખી રાત પડી રહીએ તો આંખને આરામ મળે છે. પણ ઊંઘ ન આવી હોય તો ઉજાગરાને લીધે બીજે દહાડે આંખ લાલ થઈ જાય છે. બે-ત્રણ એવા ઉજાગરા થાય તો, હાથપગને નિષ્ક્રિય રાખીને પૂરેપૂરો આરામ આપ્યો હોય તે છતાં એ દુખવા લાગે છે અને આખું શરીર, દિવસે કામ કરવા છતાં જેટલું થાકી નથી જતું, તેટલું બિલકુલ કામ કર્યા વગર ફક્ત ઊંઘ ન આવવાને લીધે થાકી જાય છે. અને ગમે તેવો થાક લાગ્યો હોય તોપણ ઊંઘ સરસ આવી જાય તો એ બધો થાક ઊતરી જાય છે અને શરીરમાં કોઈ નવી જ સ્ફૂર્તિ આવે છે. ઊંઘમાં એવું તે શું છે કે એ તદ્દન ઢીલા થઈ ગયેલા મનુષ્યમાં નવચેતનનો સંચાર કરે છે? એ ચેતન આવે છે ક્યાંથી? માત્ર આરામને લીધે તો નહિ જ. બહારથી પણ એ મળી શકતું નથી; કારણ કે નિદ્રાવસ્થા દરમ્યાન બહારના જગત સાથેનો સંબંધ મનુષ્ય ઓછામાં ઓછો કરી નાખે છે.

કેવળ અવસ્થાંતર કરવાથી-સ્થિતિમાં ફેર કરવાથી-થોડો ઘણો આરામ મળી શકે, પણ જે અપૂર્વ સ્ફૂર્તિ નિદ્રા દ્વારા મળે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મળી શકે નહિ. એ માટે દુનિયા બદલવી પડે છે. આ જગત સાથેનો સંબંધ, ભલે થોડા કાળ માટે પણ છોડ્યા વિના શાંતિ, સ્વસ્થતા કે સ્ફૂર્તિ મળી શકતાં નથી એમ નિદ્રા આપણને સમજાવે છે. થોડો વખત આ જગતને છોડીને, વિશ્વચૈતન્ય સાથે એકરૂપ થઈને દિશા ને કાળથી પર એવી કોઈક નવી જ દુનિયામાં ગયા વિના, આ દુનિયા માટેના વ્યવહારપૂરતી શક્તિ પણ જાળવી શકાતી નથી. માંદા શરીરને હવાફેરથી તાજગી મળે છે, તેમ થાકેલા મનુષ્યને દુનિયા-ફેરથી નવચેતન સાંપડે છે. આત્માની મુક્તિ માટે સંન્યાસીઓ સંસારનાં કર્મોનો ત્યાગ કરે છે, તેમ આપણે બધાએ રોજ રાત્રે સંન્યાસી થઈને આ સંસારનાં કર્મોનો પરિ-ત્યાગ કરવો પડે છે—થોડા કલાક માટે આ દુનિયાની માયા અળગી કરવી પડે છે. આપણે નિદ્રાવસ્થા દરમ્યાન સંસારનો અંશતઃ ત્યાગ કરીને પછી ફરી સારી રીતે સંસારનાં સુખો માણવા તૈયાર થઈ શકીએ છીએ અને એમ જાણ્યે-અજાણ્યે 'तेन त्यक्तेन भुञ्जीथाः । એનો ત્યાગ કરીને ભોગવ' એ ઉપનિષદના વચનને સાર્થક કરીએ છીએ.

તન ને મનની પૂરેપૂરી સ્વસ્થતા વિના ઊંઘ આવી શકતી નથી. વધારે ખવાઈ ગયું હોય ત્યારે કે ભૂખ્યેપેટે અથવા કંઈક દુઃખ થયું હોય ત્યારે પણ સારી ઊંઘ આવી શકતી નથી. સ્વસ્થતા વિના ઊંઘ નથી મળતી ને ઊંઘ વિના સ્વસ્થતા નથી મળતી. એ સ્વસ્થ-તાનો આપણે અનુભવ કરી શકીએ છીએ પણ એ છે શું તે સમજી શકતા નથી. 'સ્વસ્થ' એટલે પોતાનામાં રહેવાપણું. કાચબો જ્યારે અંગો સંકોરીને પોતે પોતાનામાં ભરાઈ જાય છે ત્યારે એ ભયમુક્તિ અનુભવે છે. આપણે જ્યારે પોતાનામાં જતા રહીએ છીએ—'સ્વ-સ્થ' બનીએ છીએ ત્યારે જ શાંતિ અનુભવી શકીએ છીએ અને ગાઢ નિદ્રા દરમ્યાન માણસ આવી સ્વસ્થતાનો અનુભવ થોડેઘણે અંશે કરી શકે છે. માટે કેટલાકે એને બ્રાહ્મી સ્થિતિ અથવા સમાધિ સાથે સરખાવી છે.

ડાહ્યા મનુષ્યો કાવ્યશાસ્ત્ર આદિની ચર્ચા કરીને વખત પસાર કરે છે અને મૂર્ખાઓ વ્યસન, કલહ અથવા નિદ્રામાં કાળક્ષેપ કરે છે એમ એક ડાહ્યા કવિએ કહ્યું છે. કલહ ને વ્યસનનું તો કવિ જાણે પણ નિદ્રામાં કાળક્ષેપ કરવો એ મૂર્ખાનું લક્ષણ હોય તો એ જાતના મૂર્ખા બનવાનું કોને મન નહિ થાય? અને કોને ચાલી શકે એમ પણ છે?

★

ત્રણ સ્ત્રીઓ પોતાના પતિઓની સ્મરણશક્તિ ઉપર વાતો કરતી હતી. એક હતી પ્રોફેસરની પત્ની, બીજી હતી દાક્તરની ને ત્રીજી હતી ટ્રેનમાં મુસાફરી કરતા 'સેલ્સમેન'ની પત્ની.

'મને લાગે છે કે મારા પતિ જેવો ભૂલકણો તો કોઈ જ આદમી નહિ હોય.' પ્રોફેસરની પત્ની બોલી. 'પોતે વ્યાખ્યાન માટે તૈયાર કરેલી નોંધો હમેશ ઘેર ભૂલી જાય છે ને પછી કૉલેજના વિદ્યાર્થીઓ આગળ ગલ્લાંતલ્લાં કરવાં પડે છે.'

'તમે ભૂલો છો, યાદ તો મારા પતિને બિલકુલ રહેતું જ નથી.' દાક્તરની પત્નીએ કહ્યું. 'વિઝિટે જાય છે ત્યારે મારા પતિ કદીય દવાની બેગ લઈ જતા નથી; ને પછી જ્યારે કંઈ જોઈએ ત્યારે આખો રસ્તો વટાવીને પાછા આવવું પડે છે!'

ત્યારે સેલ્સમેનની પત્નીએ કહ્યું:

'તે દિવસે મારા પતિ ઘેર આવ્યા, હાથમાંની ઝોળી ધીમેથી મને આપી ને કહે: આ પડેલાં મેં તમને ક્યારેક જોયાં હોય એવું લાગે છે!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાટ્યાચાર્ય ભરતમુનિ

સંગીતમાર્તંડ
પંડિતશ્રી ઓમ્કારનાથ ઠાકુર

ભારતવર્ષના પ્રાચીન આર્યોએ તત્ત્વજ્ઞાનના દર્શનમાં તથા રસશાસ્ત્ર અને નાટ્યશાસ્ત્રના ક્ષેત્રમાં દર્શાવેલી અતલ ઊંડાણભરી મીમાંસામાં સરસાઈ ભોગવી છે. 'ભરતનાટ્યમ્' આજેય પ્રમાણભૂત ગ્રંથ રહ્યો છે. આવા નાટ્ય-મહર્ષિની જયંતી પ્રસંગે સંગીતમાર્તંડ, સંગીતપ્રભાકર, સંગીત-મહામહોદય જેવાં વિશેષણોથી શોભતા તથા સંગીતની ઉપાસના કાજે જીવન ન્યોચ્છાવર કરનાર, હિંદમાં તેમ જ હિંદ બહાર હિંદી સંગીતનો કીર્તિધ્વજ લહેરાવનાર અને જન્મે ગુજરાતી પંડિતશ્રી ઓમકારનાથજીએ આપેલું સંશોધનાત્મક પ્રવચન અહીં રજૂ કરીએ છીએ. ઉત્તમ કલાકારનું હૃદય ધરાવનાર પંડિતજીની વિદ્વત્તાનો આમાં આપણને પરિચય મળે છે. લેખ મોકલતાં તેઓ લખે છેઃ '...ના દિવાળીના વાર્ષિક અંક માટે એની માગણી થઈ. ઉપરાંત અન્ય દિવાળી અંકો માટે પણ એ પ્રવચન છાપવાની ઇચ્છા અનેક પત્રોમાં આવી; છતાં પ્રતિષ્ઠા, પ્રચાર તેમ જ વિષયની મહત્તા વિચારીને, વણમાગ્યે આપને મોકલું છું.' 'અખંડ આનંદ' પ્રત્યેની એમની આ લાગણી માટે આભાર.

'સંગીત સંસદ'ને ઉપક્રમે, સંગીત-વિભૂતિઓની જયંતી ઊજવવાની પ્રથા, ગત ચાર વર્ષથી આરંભાઈ છે. અત્યાર સુધી યોગીશ્વર યાજ્ઞવલ્કય, ભક્તશિરોમણિ હરિદાસ સ્વામી, મુક્તગંધર્વ બૈજુ બાવરા અને સંગીતાવતાર ગુરુદેવ શ્રી વિષ્ણુ દિગંબરજીની જયંતીઓ આપણે ઊજવી.

રાજ્યક્રાંતિઓના વિનાશયુગમાં જે સાહિત્ય નષ્ટ થયું, તેનાથી ઐતિહાસિક સાંકળના અંકોડા તૂટ્યા. એ કોણ સાંધે? શી રીતે સંધાય?

કેટલાયે રાજ્યો જન્મ્યાં, જીવ્યાં અને લય પામ્યાં. નવાં ઊગ્યાં અને આથમ્યાં. ઇતિહાસમાં એની આછી ટૂંકી રૂપરેખા જોવા મળે છે.

પરંતુ જેમના વડે જીવન જીવનીય બને છે, જેમના થકી ક્ષર અક્ષરસ્થાન પામે છે તથા જેમના વડે ક્ષણજીવી દીર્ઘજીવી અને મરણધર્મી અમર બને છે, એવા સ્થપતિઓ, કલાકારો, કવિઓ અને સંગીતકારોનાં ઇતિહાસ કોણ આલેખે? ક્યારે આલેખાયા છે?

સંગીત-વિભૂતિઓની જયંતી ઊજવવાની આ પ્રથા એટલા જ માટે આરંભી છે, કે જગત જેમને ભૂલી ગયું છે, તેમનું સાભાર સ્મરણ કરે. સ્થૂલ દેહ માટે જેમ ઝૂંપડી, ઘર કે મહેલની આવશ્યક્તા છે, તેમ આત્મા માટે, સાહિત્ય, સંગીત અને કળા, એ અનિવાર્ય પ્રાણ છે. એ જેમના વડે મળે છે, એમનું પુણ્યસ્મરણ કરી આપણે ઋણમુક્ત થઈએ, એટલા માટે જ આ જયંતી-અનુષ્ઠાન આરંભ્યું છે.

આજે આપણે નાટ્યાચાર્ય ભરતમુનિનું જીવનદર્શન કરીએ. મહર્ષિ ભરત ક્યારે થયા, કોણ એમનાં માતપિતા, કયા કુળમાં થયા, કયા કાળમાં થયા, નાટ્યશાસ્ત્ર ક્યારે લખાયું, એ બધા સંશોધનના વિષયો છે.

સામાન્ય રીતે બહુજનસમાજ ભગવાન રામના લઘુબંધુ ભરતને ઓળખે છે. બીજા એક ભરત જડભરતને નામે પ્રસિદ્ધ છે અને શિક્ષિત સમુદાય દુષ્યંત-શકુંતલાના પુત્ર સર્વદમન ભરતને ઓળખે છે. કેટલાક તો શકુંતલાના એ પુત્રના નામ પરથી જ, આર્યાવર્તનું નામ 'ભારતવર્ષ' પડ્યું એવું ધારે છે. પરંતુ શ્રીમદ્ ભાગવતનો નીચેનો શ્લોક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી કલ્પના આપે છે:

प्रियव्रतो नाम सुतो मनोः स्वायंभुवस्य ह
तस्याग्नीध्रस्त तो नाभिर्ऋषभस्य सुतस्ततः ।
अवतीर्ण पुत्रशतं तस्यासीद् ब्रह्मपारगम्
तेषां वै भरतो ज्येष्ठो नारायणपरायणः ।
विख्यातं वर्षमेतद्यन्नाम्ना भारतमुत्तमम् ॥

ઇત્યાદિ વચનો એવું કહી જાય છે, કે મનુવંશમાં ભરત નામનો કોઈ પ્રસિદ્ધ રાજા થઈ ગયો; અને એના નામ પરથી 'ભારત-વર્ષ' એ નામ પડ્યું. 'मनुर्भरत उच्यते ।' મત્સ્યપુરાણના એ વચનાનુસાર મનુને જ ભરત કહ્યા છે.

હિંદુસ્તાનમાં બહારથી જે સર્વપ્રથમ સૂર્યવંશી ક્ષત્રિયો આવ્યા, ઋગ્વેદ પ્રમાણે એ સહુ ભરત કહેવાતા. ઋગ્વેદના ૩જા અને ૭મા મંડળમાં ત્રિત્સુ અને સુદાસનો વારંવાર ઉલ્લેખ આવે છે. ઋગ્વેદના ૭મા મંડળમાં વસિષ્ઠઋષિના સૂક્તો આવે છે. એમાંના ઉલ્લેખ પરથી એવું લાગે છે, કે મહર્ષિ વસિષ્ઠ ભરતોના પુરોહિત હતા. અને ત્રિત્સુ એ જ ભરતકુળમાં ઉત્પન્ન થયેલા હતા. ભરતોના સુદાસ નામના રાજાને યુદ્ધમાં વસિષ્ઠે મદદ કરી હતી, એવું વર્ણન પણ વાંચવા મળે છે. એ સૂર્યવંશી ભરતોની સાથે મહર્ષિ વિશ્વામિત્રનો પણ વસિષ્ઠ જેટલો જ પ્રગાઢ સંબંધ હતો. ઋગ્વેદોક્ત મહર્ષિ વિશ્વામિત્રના સૂક્તોમાં પણ ભરતોના સંબંધમાં વિપુલ ઉલ્લેખ સાંપડે છે. એક સૂક્તમાં એવું પણ વર્ણન આવ્યું છે, કે શતદ્રુ અને વિપાશાના સંગમ પર રેલના પાણીને લીધે ભરતોને રોકાઈ જવું પડ્યું હતું; ત્યારે વિશ્વામિત્રે ભરતો માટે નદીઓની પ્રાર્થના કરી. અને એ પ્રાર્થનાને બળે, પાણી ઊતર્યાં અને ભરતો સામે પાર જઈ શક્યા. ત્રીજા સૂક્તમાં 'સુદાસરાજાને વિશ્વામિત્રે સહાય કરી', એવો ઉલ્લેખ છે. 'विश्वामित्रस्य रक्षति ब्रह्मेदं भारतं जनम् ।' આ ઋચા પણ વિચારવા જેવી છે. વિશ્વામિત્ર પ્રમાણે જ ભરતોની સાથે અથવા 'ભરત' નામના સૂર્યવંશી ક્ષત્રિયો સાથે ભરદ્વાજનો પણ સંબંધ હતો. છઠ્ઠા મંડળમાં ભરદ્વાજનાં સૂક્તો આવેલાં છે. એમાં ભરતોનું, ભારત લોકોનું, ભરતોના અગ્નિનું અને દિવોદાસ જે સુદાસના પિતા હતા, તેમનું વર્ણન આવેલું છે.

હિંદુસ્તાનના લોકો 'ભારતજન' કહેવાતા. તેનું મૂળ આ ભરતો જ હતા, એ ઋગ્વેદનાં સૂક્તોથી સાબિત થાય છે. અલબત્ત ઋગ્વેદના ભરતો અને મહાભારત યુદ્ધના ભરતો, એ ભિન્ન હતા, એવું માનવાને ઘણાં કારણો છે.

બ્રાહ્મણ ગ્રંથોમાં સામાન્ય રીતે 'ભરત' શબ્દનો અર્થ 'ક્ષત્રિય વીર' અથવા 'ઋત્વિજ બ્રાહ્મણ' થતો.

પ્રાગ્ઐતિહાસિક સાહિત્યમાં 'ભરત' નામ બહુ આગળપડતું નજરે પડે છે; અને આપણા સમગ્ર દેશને એમના જ પરાક્રમને લીધે, 'ભરતખંડ' અથવા 'ભારતવર્ષ'નું નામ મળ્યું છે. પરંતુ આ બધા ભરતોમાં આપણા આજના ઉત્સવ–નાયક નાટ્યાચાર્ય મહર્ષિ ભરત કયા? પ્રાચીનકાળ તપાસતાં ક્ષત્રિય અને બ્રાહ્મણોમાં બહુ ભેદ નથી જણાતો. બ્રાહ્મણ કર્મે ક્ષત્રિય ગણાતો, અને ક્ષત્રિય કર્મે બ્રાહ્મણ ગણાતો તેથી જ કદાચ બ્રાહ્મણ ગ્રંથોમાં, ઋત્વિજ બ્રાહ્મણ અને વીર ક્ષત્રિય, ઉભય 'ભરત'ને નામે ઓળખાતા. આપણા ભરતમુનિ બ્રાહ્મણ હતા? ક્ષત્રિય હતા? કોણ જાણે, શું હતા! પરંતુ મને લાગે છે, બ્રાહ્મણ હશે. નાટ્યવેદના ઉત્પાદક, સર્જક અને પ્રચારક બ્રાહ્મણ જ હશે ને?

જેના નામથી વાઙ્મયનાં ઘણાં પાનાં ભરાયેલાં છે, જેની કથા વેદ ને પુરાણમાં વર્ણવાયેલી છે, ઇંદ્રની એ પ્રસિદ્ધ અપ્સરા ઉર્વશીને, નૃત્યાભિનયમાં ભૂલ કરવાથી, મહર્ષિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરતે શાપ દીધો હતો, એવો ઉલ્લેખ મત્સ્યપુરાણમાં મળે છે. આટલા પરથી એટલું અનુમાન નીકળે છે, કે મહર્ષિ ભરત પણ વૈદિક કાળના કોઈ બ્રહ્મર્ષિ હશે. ઋગ્વેદમાં ઉર્વશીનું નામ ઘણે ઠેકાણે આવેલું છે; અને કેટલેક સ્થળે તો તે વ્યક્તિવાચક પણ છે. તે સિવાય પુરુરવા સાથેનો તેનો સંબંધ તથા વિચ્છેદ, એ બધી વેદોક્ત અને પુરાણોક્ત ગાથાઓથી હિંદુ પ્રજા અજ્ઞાત નથી. જો ઉર્વશીનો કાળ શોધાય, તો એને કદાચ ગુરુપદે શોભે એવા અને ઉર્વશી જેવીને નૃત્યાભિનયની ભૂલને લીધે શાપ દેનારા મહર્ષિ ભરતનો કાળ શોધવામાં અડચણ ન આવે.

અર્વાચીન દૃષ્ટિ સામાન્ય રીતે મહર્ષિ ભરતને ઈ. સ. પૂર્વે ૨૦૦ થી ઈ. સ. ૨૦૦ સુધીના ગાળામાં ક્યારેક થઈ ગયા હોવાનું ધારે છે. કીથ (Keith), હેગ (Haigh), લ્યુડર્સ (Luders) વગેરે પાશ્ચાત્ય ગ્રંથકારોએ પોતપોતાની દૃષ્ટિએ આપણા એ જૂના ગ્રંથોનો અભ્યાસ કરી પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં છે. એમની દૃષ્ટિથી જોનારા હિંદીઓ એમની માન્યતામાં તણાયા છે. અર્વાચીન અને પ્રાચીન બંને દૃષ્ટિઓ અને મંતવ્યોનો સાંગોપાંગ અભ્યાસ કરીને એના મંથનથી જે નિષ્કર્ષ નીકળે, એ જ સત્ય, એવું હું નમ્રપણે માનું છું. અન્ય સંસ્કૃતિમાં જન્મેલા, ઊછરેલા, અન્ય ભાષાભાષીઓ, સંસ્કૃતનો દીર્ઘ અભ્યાસ છતાં શબ્દોના અભ્યાસાર્થ, પ્રયોગાર્થ, સ્થાનપરત્વે સંયોગાર્થ અને એવી રીતે વાચ્યાર્થ, ધ્વન્યાર્થ, શ્લેષાર્થ વગેરે સૂક્ષ્મ અર્થ સમજવાને, સંપૂર્ણપણે શક્તિમાન નથી બની શકતા. અને તેથી જ કદાચ કીથ જેવા અભ્યાસીજને પણ તૈત્તિરીય બ્રાહ્મણમાં ઉલ્લેખાયેલા 'શૈલૂષ' જેવા 'નટ' માટેનો સર્વસામાન્ય શબ્દ 'નટ' તરીકે ન સમજતાં, 'શૈલૂષ' એટલે 'નર્તક' એવો અર્થ કર્યો છે. તેવી જ રીતે 'नटस्य भुक्तम्' એ શબ્દોનો વાસ્તવિક અર્થ ન સમજતાં કીથ 'નટવર્ગની ભૂખ' એવો અર્થ કરે છે. કીથ કહે છે: 'We find, that in the days of Mahabhasya, the Nata's hunger is as proverbial as the dancing of the peacock.'

પાણિનિના 'क्तस्य च वर्तमाने' એ સૂત્ર પર 'क्तस्य च वर्तमाने नपुंसके भाव उपसंख्यानम्,' એ વાર્તિક લખતાં, પતંજલિએ 'क्तस्य च वर्तमाने नपुंसके भाव उपसंख्यानं कर्तव्यम् । छात्रस्य हसितं, मयुरस्य नृत्तम्, नटस्य भुक्तम्, कोकिलस्य व्याहृतमिति ॥' આ પ્રમાણે લખ્યું છે. તાત્પર્ય એ છે કે ભૂતકાળ વાચક ધાતુસાધિત વિશેષણના વર્તમાનકાળ વાચક અર્થ પ્રમાણે, જો નપુંસકલિંગી ભાવવાચક નામ જેવો ઉપયોગ થયો હોય, તો તેવે વખતે ષષ્ઠી વિભક્તિનો ઉપયોગ કરવો અને એ ભાવવાચક નામના ઉદાહરણ તરીકે 'छात्रस्य हसितम्' 'नटस्य भुक्तम्' 'मयुरस्य नृत्तम्' ઇત્યાદિ પ્રકારો ઉલ્લેખવામાં આવ્યા છે. અને એ રીતે 'વિદ્યાર્થીઓનું હસવું,' 'નટોનો ઉપભોગ,' 'મોરનો નાચ,' એ જ અર્થો અહીં અભિપ્રેત છે, એ સ્પષ્ટ રીતે સમજાશે એટલે 'नटस्य भुक्तम्'નો અર્થ 'નટનો ઉપભોગ,' નહિ કે 'નટની ભૂખ.' અર્થના આવા જ અનર્થો થાય અને એ અનર્થોને સત્ય સાબિત કરવા માટે નવા અનર્થો ઉપજાવાય. આવું આપણાં ઘણાં પ્રાચીનશાસ્ત્રો માટે થતું આવ્યું છે. કાયદાથી એ રોકી શકાતું નથી એ દુઃખ છે, અને આવા પાશ્ચાત્ય લેખકોના હિંદી અનુયાયીઓ આપણા જ્ઞાન, શાસ્ત્ર અને ઇતિહાસ વિશે કેટલું અસત્ય–તિમિર ફેલાવે છે, કે જેથી સત્યને શોધવામાં, મહા પરિશ્રમ પડે છે.

ઉપલબ્ધ વૈદિક વાઙ્મયમાં 'शैलूष'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'विश्वरूप' 'वंशनर्ती', વગેરે શબ્દો પ્રાચીન નાટ્ય-સંસ્થાને ધ્વનિત કરે છે.

આપણે ત્યાં ઘણીવાર આપણા પુરોહિતો અને શુકલો યજુર્વેદના રુદ્રાધ્યાયનો અનુવાક બોલી જાય છે, ત્યારે આપણને ખ્યાલ સરખો ય નથી આવતો, કે એમાં પણ નાટ્યનાં બીજો રહેલાં છે. યજુર્વેદ માધ્યન્દિની શાખાના રુદ્રાધ્યાયના ૨૨મા મંત્રથી આરંભાતા ૩જા અનુવાકમાં આવેલા ૨૫, ૨૬ અને ૨૭મા મંત્ર-માં, 'विरूपेभ्यो विश्वरूपेभ्यश्च' એનાથી, આખી નટ સંસ્થા—નર્વાનવાં રૂપ ધારણ કરનારી એક પ્રજાનો ઉલ્લેખ થતો હોય, એવું સ્પષ્ટ દેખાય છે. એ મંત્રો આ રહ્યા:

नमो गणेभ्यो गणपतिभ्यश्च वो नमो नमो व्रातेभ्यो व्रातपतिभ्यश्च वो नमो नमो गृत्सेभ्यो गृत्सपतिभ्यश्च वो नमो नमो विरूपेभ्यो विश्वरूपेभ्यश्च वो नमः ॥ २५ ॥

नमः सेनाभ्यः सेनानिभ्यश्च वो नमो नमो रथिभ्यो अरथेभ्यश्च वो नमो नमः क्षत्तृभ्यः संग्रहीतृभ्यश्च वो नमो नमो महद्भ्यो अर्भकेभ्यश्च वो नमः ॥ २६ ॥

नमस्तक्षभ्यो रथकारेभ्यश्च वो नमो नमः कुलालेभ्यः कर्मारेभ्यश्च वो नमो नमो निषादेभ्यः पुञ्जिष्टेभ्यश्च वो नमो नमः श्वनिभ्यो मृगयुभ्यश्च वो नमः ॥ २७ ॥

ગણનું અને ગણોના અધિપતિનું રૂપ ધારણ કરનાર હે રુદ્ર! આપને નમસ્કાર. વ્રાતગણ અને વ્રાતગણના પતિ એવા રુદ્રને પ્રણામ. મેધાવિન્ અને એના અધિપતિ એવા રુદ્રને વંદન. વિશેષરૂપ, વિકૃતરૂપ, વિગતરૂપ તથા વિશ્વના અનેકવિધ સ્વરૂપ ધારણ કરનાર એવા રુદ્રને નમસ્કાર!

સેનારૂપ અને સેનાપતિરૂપ એવા રુદ્રને પ્રણામ. રથવાળા અને રથ વગરના, રથમાં બેઠેલા અને રથના અધિષ્ઠાતા તથા સારથિરૂપ એવા રુદ્રને નમસ્કાર. વિદ્યાદિ ઉત્કૃષ્ટરૂપ અને પ્રાણાદિ વડે અલ્પરૂપ એવા રુદ્રને નમસ્કાર.

શિલ્પી, રથકાર, કુંભાર, લુહાર, ભિલ વગેરેનાં રૂપ ધારણ કરનાર હે રુદ્ર! આપને પ્રણામ; તથા પુલ્કસાદિકરૂપ રુદ્રને નમસ્કાર. શ્વાનોને નમન કરનાર એવા રુદ્રને પ્રણામ; અને મૃગોની કામના કરનાર એવા શિકારીરૂપ રુદ્રને નમસ્કાર.

એ અનુવાકમાં આવેલો 'नमो विरूपेभ्यो विश्वरूपेभ्यश्च नमो'માંનો विश्वरूप શબ્દ જે સામાન્ય અર્થમાં એ અનુવાકમાં વપરાયો છે એ જોતાં 'विश्वरूप' એ શબ્દ 'નટ' ને માટે જ પ્રયુક્ત થયો હોવો જોઈએ એમ નિઃસંશય લાગે છે. रूप અને विश्वरूप એ બંને શબ્દોને વિચારતાં એને નટ અને નાટ્યની સાથે સંબંધ હોવો જ જોઈએ એમ સહજ કલ્પી શકાય છે. પોતે જે હોય એનાથી જુદું રૂપ લેવું, જુદો વેશ ભજવવો, જુદો સ્વાંગ રચવો, એ અર્થમાં જ विश्वरूप શબ્દ પ્રયુક્ત થયો છે. તેવી જ રીતે 'તૈત્તિરીય બ્રાહ્મણ'માં પણ અગાઉ જણાવેલો शैलूष શબ્દ કે જે સંપૂર્ણપણે નટ-વાચી જ છે, એનો ઉલ્લેખ મળે છે. પુરુષ-મેધની બલિવિધાનની યાદીમાં शैलूष શબ્દ આવે છે. યજુર્વેદાન્તર્ગત જે विश्वरूप નામના લોકો હતા, તે જ પાછળથી शैलूष કહેવાયા હશે. વ્યાકરણાચાર્ય પાણિનિના 'छंदोगौक्थिकयाज्ञिक बह्वृचनटाञ्ञः' એ સૂત્રથી નટ વગેરેનો કોઈ आम्नाय ગ્રંથ પણ હશે, એવું ञः પ્રત્યય-થી દેખાઈ આવે છે. ઉપરાંત 'पाराशर्यशिलालिभ्यां भिक्षुनटसूत्रयोः' આ સૂત્રથી પારાશર્ય અને શિલાલિએ લખેલાં भिक्षुसूत्र અને नटसूत्र પણ એ કાળમાં પ્રચારમાં હતાં. તે જ પ્રમાણે 'करमन्दकृशाश्वादिनिः' એ સૂત્રથી कृशाश्विन् એટલે कृशाश्वએ લખેલા नटसूत्रनो વિદ્યાર્થી એવું પ્રતિપાદન થાય. कृशाश्विन् પ્રમાણે જ पाराशरिन् અને शिलालिन् એવા શબ્દો પારાશર અને શિલાલિનાં સૂત્રોના વિદ્યાર્થીઓ માટે વપરાતા. એના પરથી એટલું નક્કી થાય છે, કે નટોનો आम्नाय ગ્રંથ તથા नटसूत्र જેવા ગ્રંથો પાણિનિ પૂર્વે વિદ્યમાન હતા.

કીથ આદિ પાશ્ચાત્ય પંડિતો નટ શબ્દનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ નિશ્ચિત અર્થ માનતા નથી; પરંતુ નટ એ સંસ્કૃતના નૃત્ નું પ્રાકૃતરૂપ માને છે. પાણિની नमति इति नटः એવું રૂપ આપે છે. અને એનો અર્થ नटः शैलूषः એવો વ્યાકરણ સંપ્રદાયમાં આપવામાં આવ્યો છે. शैलूषः એટલે 'અભિનય કરનારો નટ' એ અર્થ વૈદિકકાળથી ચાલતો આવ્યો છે, એ આપણે જોયું છે. આ બધા ઉલ્લેખોથી એટલું તો સિદ્ધ થાય છે જ, કે પાશ્ચાત્ય પંડિતોના કથન મુજબ 'ભારતીય નાટ્ય' અને 'ભરત નાટ્યશાસ્ત્ર,' બહુ પ્રાચીન નહિ, છતાં ખ્રિસ્તાબ્દની ઘણી પૂર્વે થઈ ગયા હોવા જોઈએ, એ સમજી શકાશે.

હવે એક બીજી દૃષ્ટિ. આપણી પાસે ઉપલબ્ધ વાઙ્મયમાં જૂનામાં જૂનાં નાટકો ક્યારે લખાયાં, કયા કાળમાં ભજવાયાં, એના લેખકો કોણ એ જો સંશોધાય, તો એના પરથી પણ આપણે એટલું અનુમાન તો કરી શકીશું, કે એ નાટ્યકાળ પૂર્વે, ભરતમુનિનું ઉપલબ્ધ નાટયશાસ્ત્ર સંપાદન થઈ ગયું હોવું જોઈએ. સામાન્ય રીતે પ્રાચીન નાટકોમાં તરત ધ્યાન ખેંચે એવાં 'અભિજ્ઞાન શાકુંતલ,' 'માલવિકાગ્નિમિત્ર,' 'વિક્રમોર્વશીય' વગેરે કાળિદાસનાં નાટકો તેમ 'ઉત્તરરામચરિત્ર,' 'માલતી-માધવ,' 'અજાતશત્રુ,' 'પ્રતિજ્ઞાચાણક્ય', 'સ્વપ્નવાસવદત્તા', 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ', તથા 'મૃચ્છકટિક', 'મુદ્રારાક્ષસ' વગેરે જુદાજુદા કવિઓનાં લખેલાં નાટકો અત્યારે ઉપલબ્ધ છે. તે સિવાય, 'નાટયશાસ્ત્ર'ના ભાષ્યકર્તા અભિનવગુપ્તે પોતાની 'અભિનવભારતી ટીકા'માં લખ્યું છે: 'नाटयायितस्योदाहरणं महाकविसुबन्धुनिबद्धो वासवदत्ता नाट्यपाराख्यः समस्त एव प्रयोगः तत्र हि विन्दुसारः प्रयोज्यवस्तुक उदयनचरिते सामाजिकी कृतः' અર્થાત્ મહાકવિ સુબંધુએ 'ઉદયનચરિત' નામનું નાટક રચ્યું હતું. ધ્વન્યાલોકની 'લોચન ટીકા'માં 'વત્સરાજચરિત' નામના નાટકનો પણ ઉલ્લેખ છે. કદાચ આ બંને નામ એક જ નાટકના પણ હોય.

આ બધાં નાટકોના કર્તાઓ કાળિદાસાદિ કવિઓ ક્યારે થઈ ગયા, એનો કાળનિર્ણય શોધવાને અત્યાર સુધી ઘણા પંડિતોએ મહાપ્રયાસો કર્યા છે; પરંતુ એ ક્ષેત્રના અનેક પ્રયાસો એકમતી નિર્ણય પર આવી શક્યા નથી. વિક્રમાબ્દનો આરંભ કરનાર શકારિ વિક્રમાદિત્ય, કે જે એક પ્રસિદ્ધ સમ્રાટ હશે, ત્રિખંડભૂમિનો શાસક હશે, છતાં એ વિક્રમાદિત્યનું પણ નિર્ણયાત્મક ચરિત્ર, ઐતિહાસિક રાજ્યકાળ વગેરે મતાંતરરહિતરૂપે નિર્ણી શકાયું નથી. એક ઐતિહાસિક ભૂપતિનો રાજ્યકાળ ન નિર્ણાય તો કવિઓનો નાટ્યકાળ અને એમનો જીવનકાળ ક્યાંથી શોધાય? શી રીતે શોધાય?

ઇતિહાસના અનેક ગ્રંથોનાં સેંકડો પાનાં ઉથલાવીને આનો આપણે નિર્ણય શોધવો રહ્યો.

વત્સરાજ ઉદયન સંસ્કૃત સાહિત્યની એક પ્રસિદ્ધ વ્યક્તિ છે. બાણ, કાળિદાસ, ગુણાઢ્ય, ભાસ, વિષ્ણુગુપ્ત કૌટિલ્ય તેમ જ શ્રી હર્ષ આદિ મહાન કવિઓએ એની વિશદ કીર્તિગાથા ગાઈ છે. 'સ્વપ્નનાટક'માં ઉદયનને વૈદેહીપુત્ર લખ્યો છે અને પુરાણોની રાજ્યવંશાવલિ અનુસાર વત્સરાજ ઉદયનને શતાનીકનો પુત્ર વર્ણવ્યો છે. 'મંજુ શ્રીમૂલકલ્પ'માં પણ એવો જ ઉલ્લેખ છે. તેમ 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'માં પણ એની પુષ્ટિ મળે છે. મહાભારતાનુસાર વત્સરાજ ઉદયનના પિતા શતાનીક ભારતયુદ્ધ પછીના પૌરવ કુળના દ્વિતીય શતાનીક હતા.

બૌદ્ધ ગ્રંથો જોતાં તથાગત બુદ્ધ અને ઉદયન બંને સમકાલીન લખ્યા છે. હ્યુ-એનસંગ પણ 'કૌશામ્બીના રાજા ઉદયને ભગવાન બુદ્ધની તેમના મૃત્યુ પૂર્વે, એક વિશાળ મૂર્તિ બનાવી હતી.' એવો ઉલ્લેખ કરે છે.

ઉદયન ગજવિદ્યામાં અત્યંત પ્રવીણ હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા ઉલ્લેખ મળે છે કે ઘોષવતી વીણાના વાદન વડે એ ભરત હાથીઓને મંત્રમુગ્ધ કરતા અને પકડી લેતા. એ જ ઉદયનના જીવનપ્રસંગ ઉપરથી, મહાકવિ ભાસે 'સ્વપ્ન-નાટક' લખ્યું હોવાનું પ્રસિદ્ધ છે. એના પરથી એટલું કલ્પી શકાય છે, કે મહાકવિ ભાસ ઉદયન પછી થયા હોવા જોઈએ; અથવા એમ પણ કહી શકાય, કે મહાકવિ ભાસ વત્સરાજ ઉદયનના અનુવર્તી હશે. કેટલાક મહાકવિ ભાસને મહાપદ્મ નંદના સમકાલીન ગણે છે. જો એ નંદના સમકાલીન હોય, તો કૌટિલ્ય વિષ્ણુગુપ્ત અને ભાસ પણ સમકાલીન જ ગણાય. મહાકવિ ભાસનાં અનેક નાટકો પ્રસિદ્ધ છે. એ જ ભાસ કવિના ચારુદત્તના રૂપાંતરરૂપે સમ્રાટ શૂદ્રકરચિત 'મૃચ્છકટિક' રચાયું હોય, એવું આપણે ખાતરીથી અનુમાન કરી શકીએ છીએ. અને શૂદ્રક, પ્રચલિત વિક્રમ સંવતથી ઘણે પૂર્વે આંધ્રયુગમાં થઈ ગયાના પુરાવાઓ સાંપડે છે. વિષ્ણુગુપ્ત કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં, મહાકવિ ભાસના બે શ્લોકો ઉદ્ધૃત થયેલા દેખાય છે. ભાસકૃત 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' નામના નાટકમાં એ મળી આવે છે. એના પરથી એવું પણ અનુમાન નીકળે છે, કે મહાકવિ ભાસ ચાણક્યની પૂર્વે થઈ ગયા હોવા જોઈએ. ભાસ પોતાનાં નાટકોને અંતે, જે ભરતવાક્ય લખતા, તેમાં પણ એ એવું લખતા, કે 'હિમાલય અને વિંધ્યસાગર પર્યંત અમારો રાજસિંહ એક છત્ર રાજ્ય કરો.' વત્સરાજ ઉદયન પછી અને કૌટિલ્યની પૂર્વે, ભૂમિનો એકછત્ર શાસક, એ મહાપદ્મ નંદ જ હતો. નંદને માટે પુરાણોએ પણ 'એકછત્ર શાસક' એ જ વિશેષણનો ઉપયોગ કર્યો છે. વિશાખદત્ત રચિત 'મુદ્રારાક્ષસ' નાટકમાં નંદને नवनवतिशतद्रव्यकोटीश्वर તથા 'કથા-સરિત્સાગર'માં પણ, એને નવ્વાણું કરોડનો અધિષ્ઠાતા ગણ્યો છે. 'કામન્દકીય નીતિસાર' અને અન્ય ગ્રંથોમાં નંદની વિપુલ સંપત્તિને કારણે એને 'સર્વાર્થસિદ્ધિ' કહેતા. પુરાણોમાં તો મહાપદ્મનો બીજા ભાર્ગવ પરશુરામ તરીકે ઉલ્લેખ કર્યો છે; કારણકે મહાપદ્મે પરશુરામની માફક, ઘણાં ક્ષત્રિય રાજ્યોનો નાશ કર્યો હતો; અને પાંચાલ, શૂરસેન, કલિંગ વગેરે રાજાઓનો નાશ કરીને, તે એકછત્ર અતિબલ અનુલ્લંઘિત શાસનસામ્રાટ તરીકે પ્રસિદ્ધિ પામ્યો હતો.

આ બધા ઉલ્લેખો જોતાં મહાકવિ ભાસ નંદકાળમાં થઈ ગયા હોય એવું કેટલાક અનુમાને છે. પરંતુ મહાકવિ ભાસ ઉદયનના ઉત્તરવર્તી હોવા વિશે ખાતરી થતી જાય છે. અગાઉ જણાવ્યું તેમ ભાસે લખેલું 'સ્વપ્ન-નાટક' ઉદયન સંબંધી જ છે; અને ઉદયનની કેટલીક ઘટનાઓ ઉપરથી જ એ લખાયું હોવું જોઈએ. વળી 'મૃચ્છકટિક' નાટકના કર્તા શૂદ્રકની પૂર્વે જ ભાસ કવિ થઈ ગયા હોવા જોઈએ, એમાં સંશયને સ્થાન નથી જ; કારણ શૂદ્રકનું 'મૃચ્છકટિક' એ ભાસના 'ચારુદત્ત'નું રૂપાંતર જ છે, એ વિદ્વાનોથી અજાણ્યું નથી. અને શૂદ્રક વર્તમાન વિક્રમ સંવતની ઘણી પૂર્વે આંધ્રકાળમાં થઈ ગયા હોવાના ઘણા પુરાવા લભ્ય થતા જાય છે; તદુપરાંત ભગવાન કૌટિલ્યે પોતાના અર્થશાસ્ત્રમાં જે ભાસના શ્લોકો ઉદ્ધૃત કર્યા છે, એના પરથી પણ એ અનુમાનને પુષ્ટિ મળે છે, કે ભાસ ચાણક્ય કૌટિલ્યની પૂર્વે જ થઈ ગયા હોવા જોઈએ. એ ભાસ કવિ પણ 'ભરતનાટ્ય'ના નિયમોને અનુસરતા અને તદનુસાર નાન્દી સૂત્રધારથી આરંભીને ભરતવાક્યથી પૂર્ણાહુતિ કરતા. આ રીતે વિચારતાં અને ભારતયુદ્ધ પછી પુરાણોની ગણતરી પ્રમાણે કૌંતેય અર્જુનના પૌત્ર પરીક્ષિતના જન્મથી માંડીને મહાપદ્મના અભિષેક પર્યંત ૧૫૦૦ વર્ષનો કાળ વીત્યો હોવાની ગણના, ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ પુરવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ શકી છે. એટલે આ બધાની ઘણી પૂર્વે મહર્ષિ ભરતનો કાળ મૂક્યા વગર છૂટકો નથી.

આ સિવાય બીજા કેટલાક પુરાવાઓ જોઈએ. મુનિ વરરુચિ સંવતપ્રવર્તક વિક્રમાદિત્યના પુરોહિત હતા; અને સુબંધુ સાહસાંક વિક્રમના પુરોહિત વરરુચિના ભાણેજ હતા. 'કથાસરિતસાગર' તથા 'કલ્પદ્રુકોષ'ના કથન મુજબ–

'विक्रमादित्यपर्यायो महेन्द्रादित्यसंभवः ॥ ६२ ॥
असौ विषमशीलोऽपि साहसांकः शकोत्तरः ॥ ६३ ॥

આના પરથી એવું લાગે છે કે શકારિ વિક્રમનું નામ 'હર્ષ' પણ હતું.

श्रीहर्षविक्रमनराधिपमातृगुप्त–
गर्गाष्मकुट्टनखकुट्टकबादराणाम् ।
एषां मतेन भरतस्य मतम् विगाह्य
घुष्टं मया समनुगच्छत रत्नकोशम् ॥

આના પરથી આપણે બળવાન અનુમાન કરી શકીએ કે નરાધિપ શ્રીહર્ષ વિક્રમે તથા માતૃગુપ્તે નાટ્યમહર્ષિ ભરતમુનિના નાટ્યશાસ્ત્ર ઉપર કોઈ ભાષ્યગ્રંથ કે ટીકાગ્રંથ યા બૃહત વાર્તિકગ્રંથ લખ્યો હશે. અહીં એટલું ભૂલવું ન જોઈએ કે સમુદ્રગુપ્ત વિક્રમાંક, ચંદ્રગુપ્ત વિક્રમ, સ્કંદગુપ્ત વિક્રમ–એ બધા હર્ષનામધારી નહોતા. તેથી સહજ અનુમાન થઈ શકે છે, કે શકારિ હર્ષવિક્રમ અને ઉપર્યુક્ત માતૃગુપ્ત, બંને સમકાલીન હતા. અને આ બધું વિચારતાં વિક્રમાબ્દ તથા શૂદ્રકાબ્દની વચ્ચે ૬૯૮ વર્ષનું અંતર હોવું જોઈએ એમ લાગે છે. બ્રાહ્મણ-સમ્રાટ શૂદ્રક વર્તમાન વિક્રમ સંવતની પૂર્વે થઈ ગયા; અને એમણે 'ભરતનાટ્ય' ઉપર ભાષ્યગ્રંથ રચ્યો હતો. કલ્હણ પણ વિક્રમાદિત્ય અને શૂદ્રક એ બંનેને પૃથક્ માનતો હતો.

પ્રસિદ્ધ અરબી યાત્રી અલ-બે-રૂનીના કથન મુજબ શ્રીહર્ષ અને વિક્રમાદિત્ય, એ એની વચ્ચે ૪૦૦ વર્ષનું અંતર હતું એવું ઉલ્લેખાયું છે. આ બધાનો નિષ્કર્ષ કાઢતાં:

ટૂંકાણમાં–(૧) કાશ્મીરના આનંદવર્ધન, કવિ ભવભૂતિ, નિરુક્ત વ્યાખ્યાકાર દુર્ગ, ભદંત અશ્વઘોષ, મહાકવિ ભાસ વગેરે બધાની પૂર્વે ભરતમુનિ થઈ ગયા હતા, એમાં સંશયને સ્થાન નથી. (૨) આખ્યાન, કથા–વાર્તા, નાટકો વગેરે કવિઓની એ બધી કૃતિઓ જનતા સામે આવી, તે પૂર્વે ભરત થઈ ગયા એ સિદ્ધ વાત છે. (૩) આચાર્ય અભિનવગુપ્તે 'ભરતનાટ્યશાસ્ત્ર' પર ટીકા રચી છે. (૪) તિરહુત નરેશ શ્રી નાન્યદેવે પણ ભરતમુનિના એ મહાન ગ્રંથ પર 'ભરતભાષ્ય' નામનો ગ્રંથ રચ્યો છે. (૫) સ્થાણીશ્વર મહારાજ શ્રી હર્ષવર્ધનના રાજ્યકવિ શ્રી બાણભટ્ટ પણ ભરતમુનિનું ઋણ સ્વીકારે છે. (૬) નિરુક્તકાર યાસ્ક, જે મહાભારતના કાળથી લગભગ ૩૦૦ વર્ષના અરસામાં થઈ ગયાનું મનાય છે, તે પણ ભરતમુનિનું પૂર્વાચાર્ય તરીકે સ્મરણ કરે છે. (૭) શ્રી શંકુક, શ્રી લોલ્લટ તથા શ્રી ઉદ્ભટ આદિ મહાનુભાવોએ પણ ઉક્ત શાસ્ત્રગ્રંથ પર ભાષ્યો લખ્યાં છે. (૮) શુંગ વંશના પ્રવર્તક સમ્રાટ પુષ્યમિત્રના પુરોહિત આચાર્ય પતંજલિ પોતાના વ્યાકરણ-મહાભાષ્યમાં, જે પુરાતન નાટકનો ઉલ્લેખ કરે છે, એ પુરાતન નાટકની પૂર્વે, ભરતમુનિ થઈ ગયાની સાબિતી મળે છે. (૯) મહાભારતના કર્તા, ભગવાન વેદવ્યાસ જેવા પણ, જેમના રાજ્યાભિષેકનું વર્ણન, માત્ર કાને આવેલી કથા પરથી જ જાણતા, એ પૃથ્વીના આદ્યરાજા વેનપુત્ર પૃથુએ ગાયકો, માગધ, સૂત, ભાટ તથા ચરણોને, મગધ અને આનૂપ ભૂમિ દક્ષિણામાં આપી હતી. આ ઉલ્લેખથી એવું અનુમાન નીકળે છે કે મહર્ષિ ભરતે સ્થાપેલી આ નાટ્યસંસ્થા ક્રમશઃ ધંધાદારી લોકોના હાથમાં જતાં, એની એક સ્વતંત્ર જાતિ નિર્માણ થઈ હશે; જે જાતિને મહારાજ પૃથુવૈન્યે આનૂપ ભૂમિઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણામાં આપી હશે. આના પરથી પણ એટલું ચોખ્ખું અનુમાન નીકળે છે કે મહારાજા પૃથુ-વૈન્યની પૂર્વે મહર્ષિ ભરત થઈ ગયા હશે. (૧૦) યજુર્વેદનો અનુવાક, વેદોક્ત ઇંદ્રની પ્રસિદ્ધ અપ્સરા ઉર્વશીની નૃત્યાભિનયમાં થયેલી ભૂલને લીધે, ભરત મહર્ષિએ તેને આપેલો શાપ, પૃથ્વીના આદ્ય મહારાજા પૃથુ-વૈન્યે માગધ સૂતાદિકને આપેલી દક્ષિણા, ઋગ્વેદોક્ત કથાનકોમાં આવેલી ભરતોની કથા, 'मनुर्भरत उच्यते' એ કથન, એ બધાં પ્રમાણોનો વિચાર કરતાં મહર્ષિ ભરત વૈદિક કાળના અથવા લગભગ તે જ કાળમાં થઈ ગયેલા કોઈ બ્રહ્મર્ષિ હોવા જોઈએ.

હવે ખુદ 'નાટ્યશાસ્ત્ર'માં દૃષ્ટિ નાખતાં જે પ્રત્યક્ષ ઉપલબ્ધિ થાય છે તેનો સાર પણ આપણે જોઈ જઈએ.

નાટ્યવેદની ઉત્પત્તિના સંબંધમાં મહર્ષિ ભરતમુનિ કહે છે:

श्रूयतां नाट्यवेदस्य संभवो ब्रह्मनिर्मितः ।

'હે શ્રોતાઓ! સાંભળો. નાટ્યવેદનો ઉદ્ભવ બ્રહ્માના નિર્માણ પ્રમાણે થયો છે.'

વળી કહે છે:

पूर्वं कृतयुगे विप्राः वृत्तेस्वायम्भुवेऽन्तरे ।
त्रेतायुगेऽथ सम्प्राप्ते मनोर्वैवस्वतस्य च ॥
ग्राम्यधर्मप्रवृत्ते तु कामलोभवशंगते ।
ईर्ष्या क्रोधाभिसंमूढे लोके सुखितदुःखिते ।

જ્યારે ત્રેતાયુગનો આરંભ, વૈવસ્વત મનવન્તરમાં લોકો ગ્રામ્યધર્મમાં રચ્યાપચ્યા રહેવા લાગ્યા, કામ-લોભાદિકને વશ બનીને ઈર્ષ્યા અને ક્રોધથી સંમૂઢ બનેલા લોકો દુઃખ પામવા લાગ્યા, અને જ્યારે વેદાદિક જ્ઞાન સામાન્ય જનતાને દુર્લભ પડ્યું-ત્યારે નાટ્યશાસ્ત્રના કથન મુજબ-

न वेदव्यवहारोऽयं संश्राव्यः शूद्रजातिषु ।
तस्मात् सृजापरं वेदं पञ्चमं सार्ववर्णिकम् ॥

વેદાદિ જ્ઞાન શૂદ્ર જાતિને સાંભળવા સરખુંય ન મળતું, ત્યારે તમામ વર્ણો માટેનો નવો પંચમ વેદ ભરતમુનિએ નિર્માણ કર્યો.

એટલે તમામ વર્ણોને પોતપોતાના કર્તવ્ય કર્મમાં યોજવા અને વેદનું સમ્યક્ જ્ઞાન તમામ વર્ણોને સુલભ રીતે મળે, એવો ચારે વેદોમાં-થી સાર ગ્રહીને ભરત મુનિએ 'નાટ્યવેદ' નામનો પાંચમો વેદ નિર્માણ કર્યો.

जग्राह पाठ्यमृग्वेदात् सामभ्यो गीतमेव च ।
यजुर्वेदादभिनयान् रसानाथर्वणादपि ॥

ઋગ્વેદમાંથી પાઠ, સામવેદમાંથી ગીત, યજુ-ર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી રસ ખેંચીને, નાટ્યવેદનું ભરતમુનિએ નિર્માણ કર્યું.

આ બધાં વચનો પરથી એટલું સહજ પુરવાર થાય છે, કે સામાન્ય ઇતિહાસના અતીત કાલમાં જનકલ્યાણ અને લોકશિક્ષણને અર્થે, મહર્ષિ ભરતમુનિએ બ્રહ્માની પાસેથી આ જ્ઞાન સંપાદન કરીને, અને ચારે વેદોમાંથી સાર ખેંચીને, આ નવા નાટ્યવેદ અથવા ગંધર્વવેદ અથવા પંચમ વેદનું સર્જન કર્યું હશે.

વળી મહર્ષિ ભરતે પોતાની નૂતન નાટ્યસંસ્થા માટે ભિન્નભિન્ન દેવો પાસેથી, ભિન્નભિન્ન વસ્તુઓ પ્રાપ્ત કરી હતી. એ એમના જ શબ્દોમાં આપણે જોઈએ:

प्रीतस्तु प्रथमं शक्रो दत्तवान् स्वध्वजं शुभम् ।
ब्रह्मा कमण्डलुं चैव भृंगारम् वरुणस्तथा ॥
सूर्यच्छत्रं शिवः सिद्धिं वायुर्व्यजनमेव च ।
विष्णुः सिंहासनं चैव कुबेरो मुकुटं तथा ॥
श्राव्यत्वं प्रेक्षणीयस्य ददौ देवी सरस्वती ।

અને છેલ્લે—

शेषा ये देवगंधर्वा यक्षराक्षसपन्नगाः ॥

નાટ્યસંસ્થાની સ્થાપના માટે મહર્ષિ ભરત-મુનિને સર્વપ્રથમ ઇંદ્રે પોતાનો ધ્વજ આપ્યો, બ્રહ્માએ કમણ્ડલુ આપ્યું, વરુણે ભૃંગાર, સૂર્યે છત્ર, શિવે સિદ્ધિ, વાયુએ વ્યજન, વિષ્ણુએ સિંહાસન, કુબેરે મુકુટ, દેવી સરસ્વતીએ શ્રવણની શક્તિ અને શેષ રહ્યું તે સર્વ દેવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાઓએ અર્પણ કર્યું.

આના પરથી આપણે કલ્પી શકીશું, કે ભરતમુનિનું સ્વાયત્ત વ્યક્તિત્વ કેટલું બલવત્તર હશે કે જેમને ઇંદ્ર, વરુણ, સૂર્ય, શિવ, વિષ્ણુ, કુબેર, સરસ્વતી, દેવગંધર્વ આદિ સર્વેએ પોતાની વિશેષ વસ્તુઓ, આ નૂતન વેદની પ્રતિષ્ઠાપના માટે અર્પણ કરી.

ભરતમુનિ પોતે રચેલા આ નાટ્યવેદમાં શું શું હશે એનો ઉલ્લેખ કરતાં જણાવે છે, કે—

त्रैलोक्यस्यास्य सर्वस्य नाट्यं भावानुकीर्तनम् ।
क्वचिद्धर्मः क्वचित्क्रीडा क्वचिदर्थः क्वचिच्छ्रमः ॥
क्वचिद्धास्यं क्वचिद्युद्धं क्वचित्कामः क्वचिद्वधः ।
धर्मो धर्मप्रवृत्तानां कामः कामोपसेविनाम् ॥
निग्रहो दुर्विनीतानां विनीतानां दमक्रिया ।
क्लीबानां धाष्टर्यकरणमुत्साहः शूरमानीनाम् ॥
अबुधानां विबोधश्च वैदुष्यं विदुषामपि ।
ईश्वराणां विलासश्च स्थैर्यं दुःखार्दितस्य च ॥
अर्थोपजीविनामर्थो वृत्तिरुद्विग्नचेतसाम् ।
नानाभावोपसंपन्नं नानावस्थान्तरात्मकम् ॥
लोकवृत्तानुकरणं नाट्यमेतन्मया कृतम् ।
उत्तमाधममध्यानां नराणां कर्मसंश्रयम् ॥
हितोपदेशजननं नाट्यमेतद्भविष्यति ।
एतद् रसेषु भावेषु सर्वकर्मक्रियासु च ॥
सर्वोपदेशजननं नाट्यमेतद्भविष्यति ।
दुःखार्तानां श्रमार्तानां शोकार्तानां तपस्विनाम् ॥
विश्रामजननं लोके नाट्यमेतद्भविष्यति ।
धर्म्यं यशस्यमायुष्यं हितं बुद्धिविवर्धनम् ॥
लोकोपदेशजननं नाट्यमेतद्भविष्यति ।
न तज्ज्ञानं न तच्छिल्पं न सा विद्या न सा कला ॥
न स योगो न तत्कर्म नाट्येऽस्मिन् यन्न दृश्यते ।
सर्वशास्त्राणि शिल्पानि कर्माणि विविधानि च ॥
अस्मिन्नाट्ये समेतानि तस्मादेतन्मया कृतम् ।

નાટ્ય એ ત્રણે લોકનું ભાવાનુકીર્તન છે. આ નાટ્યમાં ક્વચિત્ ધર્મ, ક્વચિત્ ક્રીડા, ક્વચિત્ અર્થ, ક્વચિત્ શ્રમ, ક્વચિત્ હાસ્ય, ક્વચિત્ યુદ્ધ, ક્વચિત્ કામ, ક્વચિત્ વધ, ધર્મપ્રવૃત્તો માટે ધર્મ, કામસેવીઓ માટે કામ, દુર્વિનીતો માટે નિગ્રહ, વિનીતો માટે દમ, ષંઢો માટે ધાષ્ટર્ય, શૂરોને માટે ઉત્સાહ, અબુધજનો માટે પ્રબોધ, જ્ઞાનીઓ માટે જ્ઞાન, ઐશ્વર્યવાળાઓ માટે વિલાસ, દુઃખિતો માટે સ્થૈર્ય, અર્થોપજીવી જીવો માટે અર્થ તથા ઉદ્વિગ્ન આત્માઓ માટે વૃત્તિ હશે. વિવિધ ભાવોથી ભરેલું, વિવિધ અવસ્થાઓવાળું અને લોકવૃત્તનું જેમાં અનુકરણ છે, એવું આ નાટ્ય મેં રચ્યું છે.

આ નાટ્ય ઉત્તમ, મધ્યમ અને અધમ નરોને કર્મનો આશ્રય આપનારું, અને મનુષ્યોને હિતનો ઉપદેશ આપનારું નીવડશે.

તમામ રસો, ભાવો અને કર્મક્રિયાઓમાં, સર્વને સર્વોપદેશ દેનારું આ નાટ્ય નીવડશે.

આ નાટ્ય દુખિતોને, શ્રમાર્તોને, શોકાર્તોને, તપસ્વીઓને અને તમામ લોકોને વિશ્રામ આપનારું બનશે.

લોકોને ઉપદેશ દેનારું આ નાટ્ય ધર્મનું, યશનું, આયુનું, હિત અને બુદ્ધિનું વર્ધન કરનારું નીવડશે.

એવું કોઈ જ્ઞાન, કોઈ શિલ્પ, કોઈ વિદ્યા, કોઈ કલા, કોઈ યોગ યા કોઈ કર્મ બાકી નથી રહ્યું, જે આ નાટ્યમાં નહિ દેખાય.

સર્વ શાસ્ત્ર, શિલ્પ, વિવિધ કર્મ વગેરે સર્વ મેં રચેલા આ નાટ્યમાં સમાયેલાં છે.

ભરતમુનિનું નાટ્યશાસ્ત્ર એટલે ત્રૈલોક્યનો સાર, સર્વસંગ્રાહ્ય સર્વવિત્ અને સર્વદેશીય એવું જનકલ્યાણાર્થે નિરુપાયેલું જ્ઞાન, જનહિતાર્થે પ્રયોગમાં ઉતારેલું દર્શન, સર્વમાનવ અને સર્વદાનવ પોતાને, પોતાની જાતને અને પોતાના અંતરને પ્રત્યક્ષરૂપે જોઈ શકે એવું ઉજ્જ્વળ દર્પણ, ભૂતકાળમાં નિર્માયેલું એ દર્પણ, આજે પણ અખંડ અને અભંગરૂપે એ વાતની પ્રતીતિ કરાવે છે, અને સત્ય સિદ્ધ કરે છે, કે આજે પણ નાટક કે સિનેમામાં જે જોવા–સાંભળવા મળે છે, એ લોકોનો, જાતિઓનો, માનવસ્વભાવનો, એના અંતરના ઉદ્રેકનો પ્રત્યક્ષ પડઘો છે, ચોખ્ખું દેખાતું પ્રતિબિંબ છે. સદીઓ પૂર્વે લખાયું હોવા છતાં એ આજે પણ એટલું જ અવનવું છે. પ્રાચીન પૂર્વાચાર્યોની એ આર્ષદૃષ્ટિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુનર્લગ્ન

શ્રી પીતાંબર પટેલ

એમ. એ.

લગ્ન ! જીવનનો અતિ પવિત્ર ને મહામૂલો પ્રસંગ. લગ્નજીવન એટલે તપોભૂમિ, પૂર્ણતા પ્રાપ્ત કરવાનું વિરલ સાધન. એ માટે સ્નેહ ને સમભાવથી અન્યોન્યને પૂરક બની રહે તેવાં દંપતીનું જીવન સુખી થાય. બેમાંથી એકનું મૃત્યુ નીપજે ત્યારે અધૂરી રહેલી સાધનાને પૂર્ણ કરવા સ્ત્રીહૃદય કેટલો ભોગ આપી શકે છે તે લેખકે અહીં દર્શાવ્યું છે.

મહેશ ઑફિસમાંથી ઘેર આવતો ત્યારે તેની નજર સૌથી પહેલાં ટેબલ પર પડતી. કંઈ ટપાલ આવી છે કે નહિ એ જોવા તેનો જીવ હમેશાં ઉત્સુક રહેતો; અને કપડાં પણ બદલ્યા વગર તે એકવાર તો ટપાલ જ વાંચી નાખતો. પણ રોજ તો ઓછી ટપાલ આવે છે? તેમાંય તેની પત્ની કલા તેની સાથે હોય ત્યારે તો અઠવાડિયામાં ભાગ્યે જ એકબે પત્રો આવતા. તો ય તેની ટેવાઈ ગયેલી આંખો આવતાં જ ટેબલ પર ફરી વળતી.

બીજે દિવસે રજા હતી એટલે તે ઑફિસમાંથી છૂટીને ખરીદી કરવા ગયો હતો, એથી રોજ કરતાં મોડું થઈ ગયું હતું. કલાને અગાઉથી કહ્યું ન હતું એટલે તે પણ ચિંતા કરતી ઘડીકમાં બારણાં આગળ, તો ઘડીકમાં ઝરૂખામાં આંટા મારતી હતી. તે આવ્યો ત્યારે સહજ રીતે જ કલાએ પ્રશ્ન કર્યો:

'કેમ મોડું થયું?'

પણ એનો જવાબ આપવાને બદલે ટેબલ પર આંખ ફેરવી તેણે સામેથી પ્રશ્ન કર્યો:

'કોઈનો કાગળ નથી?'

આપણે કરબદ્ધ અંજલિએ, કોટાનુકોટિ વાર, ક્ષણેક્ષણે અને મુહુર્મુહુઃ પ્રણમીએ તો યે એમનો ઉપકાર–એમનું ઋણ વાળી શકાય એમ નથી. શો એમનો ત્યાગ! પોતે ક્યારે થયા? કોણ માબાપ? કોના એ પુત્ર? કોના એ શિષ્ય? ગ્રંથમાં, એનો કશો ઉલ્લેખ નહિ. એ તો સર્વકાળના હોવાથી, એમને પોતાના કાળનું વિસ્મરણ થાય, એમાં શી નવાઈ? આપણે જીવનની પ્રત્યેક ક્ષણે, 'હું, હું' કરતા જીવીએ છીએ અને 'હું, હું' કરતા મરીએ છીએ. એ 'હું' અને 'હુંકાર'નો કરનાર કોઈ જીવતું નથી, જીવ્યું નથી. 'હું'ને ગળી ગયો છે, તે જ સર્વદા જીવે છે. હજારો વર્ષો વીતી ગયા છતાં આજે આપણે ભરતમુનિને સ્મરીએ છીએ; કારણકે એ અક્ષરદેહે સદૈવ અમર છે. ભરતના એ અમર આત્માને, એમણે લખેલા નાટ્યશાસ્ત્રના શાશ્વત સત્યને, વિશ્વ–વ્યાસપીઠના આપણે સહુ નટો મળીને, આજે પ્રેમાશ્રુપૂરિત અંજલિથી તર્પણ કરીએ; કૃતજ્ઞતાનાં પુષ્પોથી એમને અભિવંદીએ; સ્વર અને શબ્દ, સ્વર અને રાગ, સ્વર અને લય, સ્વર અને અભિનય, ગીત, વાદ્ય તથા નૃત્ય, એ બધા વ્યંજનોથી એમને અભિષેકીએ; અને એ રીતે સંગીતના સ્વર, લય અને અભિનયના એ આદિદેવને આજે પૂજી, વંદી, અભિષેકીને કૃતકૃત્ય થઈએ અને પ્રાર્થીએ—

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि। सर्वं ब्रह्मोपनिषदम्। माऽहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्मनिराकरोदनिराकरणमस्त्वनिराकरणं मेऽस्तु तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि सन्तु॥

॥ ॐ शान्तिः शान्तिः शान्तिः॥

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'છે ને...' કહી કલાએ ટેબલ પર પડેલા પુસ્તક નીચે દબાવેલું એક પરબીડિયું કાઢ્યું; 'બાબો લઈને ફરતો હતો એટલે સંતાડી દીધું હતું.'

અને એમ ને એમ, પહેરેલે કપડે તે કાગળ વાંચવા બેસી ગયો. કલા પતિની આ ટેવથી ટેવાઈ ગઈ હતી એટલે તેને આમાં હવે કંઈ નવાઈ લાગતી ન હતી. શરૂઆતમાં તો તેને ય મનમાં તો થઈ ગયેલું કે એવો તે કોનો કાગળ આવવાનો હશે તે આ પ્રમાણે રોજ પ્રતીક્ષા કરતા હશે? પણ થોડા મહિનાના સહવાસથી જ સમજાઈ ગયું કે આ તો તેની માત્ર ઘેલછા છે. કલા પરબીડિયું આવ્યું હોય તો ફોડીને વાંચતી નહિ. તેમ તે કોનું હશે? શું લખ્યું હશે? એવી ઉત્સુકતા પણ વધારતી નહિ. તેને ખાતરી હતી કે ગમે તે હશે, મહેશ તેનાથી કંઈ છુપાવશે નહિ. ગમે તેનો પત્ર હોય પણ વાંચીને તુરત મહેશ કલાના હાથમાં મૂકી દેતો.

આજે મહેશ કાગળ વાંચી ગંભીર વિચારમાં પડી ગયો. તે કાગળ સામે ને સામે તાકી જ રહ્યો. કલાને તેની ગંભીર મુખમુદ્રા પરથી લાગ્યું તો ખરું જ કે જરૂર કંઈક છે ખરું! કોનો કાગળ હશે? તેના મનમાં પ્રશ્ન ઊઠ્યો. પણ ટેવ પ્રમાણે તે કંઈ જ ન બોલી.

પણ મહેશ એમ ને એમ, કાગળ હાથમાં રાખી વિચારમાં ડૂબી ગયો હોય તેમ બેસી જ રહ્યો; ત્યારે તો તેનાથી બોલ્યા વગર ન રહેવાયું.

'કપડાં તો બદલી નાખો.'

'હં...હા...હા...એ તો ભૂલી જ ગયો.' પ્રયત્નપૂર્વક સ્વસ્થતા લાવી મહેશ ઊભો થયો.

કલાને મનમાં થતું હતું : મહેશ હમણાં કહેશે :

'લે વાંચને...' પણ એમ બોલ્યા વગર એ તો કપડાં બદલવા મંડ્યો.

કોનો પત્ર હશે? સ્ત્રીસુલભ જિજ્ઞાસા તેનામાં પ્રજળી ઊઠી. તેનાથી છુપાવવા જેવું એમાં તે શું હશે? અને પત્ર જોવાનું તેનું કૌતુક ઓર વધી ગયું, તેનાથી ન રહેવાયું. તેણે મહેશને પૂછ્યું પણ ખરું :

'કોનો પત્ર છે?'

'તેં નથી વાંચ્યો?...વાંચને, એમાં મને શું પૂછે છે?' કંઈ છુપાવવા જેવું ન હોય એવી સ્વાભાવિકતાથી મહેશે કહ્યું.

શિકાર પર સમડી પંજો મારે એવી ઝડપથી કલાએ પત્ર ઉપાડ્યો. તે ઊભી ને ઊભી વાંચવા લાગી. જેમ જેમ તે આગળ વાંચતી ગઈ તેમ તેય ગંભીર બનતી ગઈ. અને પત્ર વાંચી રહ્યા પછી તો મહેશની પેઠે તે ય કાગળ પકડીને સૂનમૂન ઊભી જ રહી.

બાથરૂમમાંથી આવ્યા પછી મહેશે કહ્યું:

'કાગળ વાંચ્યો ને! ન માન્યામાં આવે એવું નથી લાગતું?'

'હું ય એ જ વિચારી રહી છું. આ તે સાચું હશે! ગંગાબહેન રહીરહીને, પાંચ વર્ષ પછી પુનર્લગ્ન કરે અને તે ય ઘરડા માણસ સાથે...! ગળામાં ન ઊતરે એવી વાત છે.'

'શંકર સિવાય બીજા કોઈનો પત્ર હોત તો હું ય આને બનાવટ સમજત; પણ શંકર ગમેતેવા બિનજવાબદાર સમાચાર ન લખે.'

'પણ ગંગાબહેને રહીરહીને આમ કેમ કર્યું હશે?'

ફરીફરીને કલાએ એનો એ પ્રશ્ન કર્યા કર્યો.

આ જ પ્રશ્ન મહેશ પણ તેના મનને પૂછી રહ્યો હતો.

પાંચ વર્ષ વૈધવ્ય પાળ્યા પછી એવું તે શું થયું હશે કે ગંગાબહેને લગ્ન કર્યું? અને પચાસ ઉપરના, વૃદ્ધ જેવા છોકરાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૈયાંવાળા માણસનું ઘર માંડ્યું? ગંગાબહેને એકાએક આમ કેમ કર્યું? પુનર્લગ્ન કરવું જ હતું તો તે પોતે કોઈક લાયક યુવક શોધી આપત! તેને સહેજ ઇશારત તો કરવી હતી!

મહેશને અને કલાને આ સમાચારે ગંભીર વિચારમાં મૂકી દીધાં. જમતી વખતે પણ એ વાત. જમીને પરવાર્યા પછી પણ એ વાત. અને એકલાં બેઠાં હોય તોય મનમાં એ જ વાત સળવળ્યા કરે. એ બંનેને આ સમાચારનું આશ્ચર્ય થાય એય સ્વાભાવિક હતું. ગંગાબહેન એમના ખૂબ જ નિકટ પરિચયમાં હતાં. મહેશ તો ગંગાબહેનનો વિશ્વાસુ માણસ હતો. તેને અંધકારમાં રાખી ગંગાબહેને આવું પગલું કેમ ભર્યું હશે?

શંકરે પત્રમાં ગંગાબહેન વિશે ટકોર કરી હતી: 'તું એનાં વખાણ કર્યામાં ઊંચો આવતો ન હતો. એ કદી પુનર્લગ્ન નહિ કરે એમ છાતી ઠોકીને કહેતો હતો; પણ આખરે તો અમે કહેતા હતા એ સાચું પડ્યું ને! ઘેરઘેર માટીના ચૂલા છે અને બધાંય માનવી એક જ માટીનાં બનેલાં છે.'

મહેશનું મન પણ એ જ સૂરમાં ટીકા કરવા લાગ્યું:

'જો તમારે પુનર્લગ્ન કરવું હતું તો પછી મને એ દિવસે ના શા માટે પાડી હતી! એ વખતે તો ઘસીને ના પાડતાં હતાં કે મારે એક ભવમાં બે ભવ નથી કરવા! તો આ શું કર્યું? અમને પૂછ્યું હોત કે ઇચ્છા બતાવી હોત તો આનાથી કોઈ સારું પાત્ર ય બતાવત! આ ડોસા હારે કેટલાં વર્ષ ચૂડલો પહેરીને ફરશો! હાથે કરીને કૂવામાં પડે એને કહેવુંય શું?'

કલા બાબાને ઊંઘાડીને પોતેય ઊંઘી ગઈ. મહેશનું ચિત્ત ચગડોળે ચડ્યું હતું એટલે ઝટ ઊંઘ પણ ન આવી.

તેની નજર સામે પાંચ વર્ષ પહેલાંના દિવસો આવીને ખડા થયા. એ વખતે ગંગાબહેનના પતિ મોહનભાઈ જીવતા હતા. મહેશ એ વખતે મોહનભાઈની પડોશમાં જ રહેતો હતો. તેમની વચ્ચે ખૂબ લાંબો પરિચય પણ ન હતો. પરંતુ થોડા દિવસોની ઊઠબેસમાં બંનેને એમ જ થઈ ગયું કે આ માણસનો સંગ કરવા જેવો છે. મહેશ એક વીમા કંપનીમાં કામ કરતો હતો અને મોહનભાઈ મિલમાં સ્ટોરખાતામાં નોકરી કરતા હતા. મેટ્રિક સુધી જ ભણેલા, દેખાવમાં પણ સાદા, મોટાઈ તો મળે જ નહિ. પણ મહેશને ગમી ગઈ તેમની નિખાલસતા, તેમની પવિત્રતા અને સંસ્કારિતા. મોહનભાઈનું મન આધ્યાત્મિક ક્ષેત્રમાં ઘૂમતું હતું. જીવ, આત્મા અને પરમાત્માની ચર્ચા કરવામાં તે કદી થાકતા જ નહિ. એકલા પડે ત્યારે સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો વાંચે. અદ્વૈતવાદની ચર્ચા વાંચે. સસ્તું સાહિત્યે પ્રસિદ્ધ કરેલું બધું ધાર્મિક સાહિત્ય એ વાંચી ગયેલા. કેટલાંક પુસ્તકો તો તેમણે ઘેર વસાવેલાં પણ ખરાં.

મહેશને તો મોહનભાઈની ચર્ચામાં ઝાઝી સમજ પણ પડતી નહિ. એ એવી ચર્ચામાં પણ પડતો નહિ. અને મોહનભાઈ પણ ગમે તેના પર એમના રસની વાત લાદતા પણ નહિ. એ બંને મળે ત્યારે બીજી જ રોજબરોજનીય વાતો કરે. એમાંથી સમાજજીવનની વાત પર કે ધાર્મિક જીવનની વાત પર ક્યારે ઊતરી પડે તેનીય ખબર ન પડે. મહેશ મોહનભાઈની વાત પરથી એટલું તો કળી શક્યો કે મોહનભાઈએ માત્ર પુસ્તકો વાંચ્યાં ન હતાં પણ પચાવ્યાં પણ હતાં. એના પર મનન-ચિંતન પણ કર્યું હતું. દરેક બાબતમાં તેમને તેમનું પોતાનું પણ કંઈક કહેવાનું રહેતું. એમના વિચારોની મૌલિકતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ચમક ક્યારેક તો મહેશને પણ આંજી દેતી. એથી તો મહેશ પોતે ગ્રેજ્યુએટ હતો તોય જ્ઞાનની બાબતમાં તો મેટ્રિક થયેલા મોહનભાઈને જ ચડિયાતા માનતો.

મોહનભાઈનો સ્વભાવ નમ્ર, વિનમ્ર કહી શકાય એવો હતો. એથી તો સૌની સાથે તેમને મેળ ખાતો; અને તેમના મો પર જે સંસ્કારિતાની ઝલક પથરાયેલી રહેતી તે તેમના વ્યક્તિત્વમાં વધારો કરતી. એથી કેટલાક તેમને તેમની ઉંમરના પ્રમાણમાં વધારે માન આપતા. તેમની સાથે બેસવા આવનારા ઘણા હતા પણ તેમને મૈત્રી જેવું તો એક મહેશ સાથે જ લાગતું હતું. મોહનભાઈ જેવા મિત્ર મળ્યા એથી મહેશ પોતાની જાતને બડભાગી માનતો હતો. એમની સાથે રહ્યો એને લીધે તેનામાં પણ સંયમ, સત્યપ્રિયતા અને નિખાલસતાના ગુણો ખીલ્યા હતા. તેમનું લગ્નજીવન પણ પ્રેમાળ અને સુખમય બન્યું હતું.

એ વખતે ગંગાબહેનની ઉંમર નાની સત્તર-અઢાર વર્ષની હશે; પણ મોહનભાઈના સંસ્કારને તેમણે એવી સાહજિકતાથી ઝીલ્યા હતા કે તે તેમની છાયા જેવાં બની ગયાં હતાં. બંને વચ્ચે જેવી સંવાદિતા દેખાતી હતી, તેવી તો બીજે દંપતીજીવનમાં ભાગ્યે ય જોવા મળતી. એ ઘરમાં પગ મૂકતાં કંઈક જુદી જ છાપ પડે. ઘરની સુઘડતા, નિર્મળતા અને સાદાઈમાં રહેલી સુંદરતા એકવાર તો આવનારનું મન આકર્ષી જ લે.

ગંગાબહેન પ્રેમાળ એવાં હતાં. જોતજોતામાં તો તેમણે કલાને અને મહેશને જૂનાં, વર્ષોજૂનાં મિત્રો હોય એવાં આત્મીય બનાવી દીધાં. તે દેખાવમાં રૂપાળાં, સુંદર કહી શકાય એવાં હતાં. પણ એ રૂપ આંજી નાખે તેવું ભભકવાળું ન હતું પણ ચંદ્રિકા જેવું નિર્મળ અને શીળું હતું. તેમાં મોહનભાઈની આધ્યાત્મિકતાનો સ્પર્શ લાગતાં પવિત્રતાનું તેજ ભળ્યું હતું. એમની વાણીમાં પણ એમના સંસ્કારનું પ્રતિબિંબ પડતું. સ્વર પણ એવો મીઠો કે જાણે સાંભળ્યા જ કરીએ! એ વાત કરે ને આપણે બસ નિરંતર સાંભળ્યા જ કરીએ. સાંભળીએ તોય ન ધરાઈએ એવી તેમના કંઠની મધુરપ હતી. મહેશ ગંગાબહેનને જોઈ જ રહેતો. તેને પ્રશ્ન થતો:

'એમનામાં શું ખૂટે છે? રૂપ છે, ગુણ છે, સંસ્કાર છે, પવિત્રતાની સુગંધ છે... એક આદર્શ નારીનો કયો ગુણ એમનામાં ખૂટે છે?'

એ આદર્શ દંપતીને મહેશ મૂંગા નમસ્કાર કરતો. કલા પણ ગુણપારખુ હતી. તેની જગ્યાએ બીજી કોઈ સ્ત્રી હોત તો મહેશના મોંએ ગંગાબહેનનાં વખાણ સાંભળી ઈર્ષાની આગ સળગાવત. પણ તે ય ગંગાબહેનના ગુણો પોતાનામાં ઉતારવા પ્રયત્ન કરતી હતી. એથી તો એ ચારે જીવ એક જેવા થઈ ગયા હતા. રોજ મળે, રોજ સાથે બેસેઊઠે... રોજ વાતો કરે તોય વારંવાર મળવાનું મન થાય એવું એમનું ખેંચાણ રહેતું.

એકવાર મહેશ અને મોહનભાઈ એકલા બેઠા હતા. કલા અને ગંગાબહેન કંઈક ખરીદવા ગયાં હતાં. મોહનભાઈએ ગંભીરતાથી કહ્યું:

'મહેશભાઈ! ઘણા વખતથી એક વાત કહુંકહું થયા કરે છે; પણ તક નહોતી મળતી એટલે નહોતો કહી શકતો. પણ આજે તો કહી જ દઉં.'

મહેશ ઉત્સુકતાથી મોહનભાઈ સામે જોઈ રહ્યો.

'કંઈક વિચિત્ર લાગે એવું છે. એને ચમત્કાર કહેવો હોય તોય કહી શકાય. હું જ્યોતિષમાં ખાસ માનતો નથી, પણ આ બાબતમાં તો માનવું પડે એવું છે.' થોડીવાર અટકી પાછા મોહનભાઈ બોલ્યા: 'એવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું અપરિણીત હતો. લગ્ન ન કરવું એવી ધૂન પણ હતી. ધર્મના વિચારો મનમાં ઘોળાયા કરતા હતા. હું કોણ? ઈશ્વર ક્યાં છે? હોય તો કેમ દેખાતો નથી? ઈશ્વર હોય તો જગતમાં પાપ કેમ ચાલી શકે? જગત સત્ય છે કે મિથ્યા? આવાઆવા પ્રશ્નો મારા મનમાં થયા જ કરે. હું ધાર્મિક પુસ્તકો લાવું અને વાંચું. કેટલુંક સમજાય અને કેટલુંક ન સમજાય, એથી તો ઊલટા મારા મનના પ્રશ્નો વધતા જાય. મનનું સમાધાન ન થાય એટલે હું અકળાતો જાઉં. એથી બેચેની રહે. હું સત્યની શોધમાં નીકળ્યો હોઉં એમ જે કોઈ સાધુમહાત્મા મળે તેની પાસે દોડી જાઉં. તેમની પાસે જઈ મારા પ્રશ્નોનું સમાધાન માગું. આમ કરતાંકરતાં હું આધ્યાત્મિકતામાં ઊંડે ને ઊંડે ઊતરતો ગયો. અને એમ હું અલ્પાત્મા દેખાવા લાગ્યો. મારું જ્ઞાન પરિમિત દેખાવા લાગ્યું. એ જ ધૂનમાં હું વળગી રહ્યો.

મારા પિતાને મારી ધૂન ગમતી નહોતી. તે મને ઠપકો આપતા, વઢતા, ઝઘડતા. તેમને પૈસાની, માત્ર પૈસાની જરૂર હતી. હું આજે છું એ મિલમાં નોકરીએ રહ્યો. એવામાં મને એક સંન્યાસીનો ભેટો થયો. તેમણે વગર-પૂછે, મને જોઈને કહ્યું :

'તું સંસારથી દૂર ભાગવા માગે છે પણ તું નહિ ભાગી શકે. એક વર્ષમાં તારું લગ્ન થશે. એ લગ્નજીવન સુખી નીવડશે. પણ એ પછી ત્રણ વર્ષમાં તારો દેહ પડશે. તારું આયુષ્ય ટૂંકું છે માટે તારે જે ભાથું બાંધવું હોય તે બાંધી લેજે. તને ચેતવવા માટે જ આ કહું છું.'

અને મહેશભાઈ! એ સંન્યાસીનું કહેવું ખરું પડ્યું. એમણે તો કહેલું કે તારા ગામથી ઊગમણી દિશામાંથી, નદીકિનારાના ગામમાંથી તને કન્યા મળશે. અને એ જ પ્રમાણે એક જ વર્ષમાં મારું લગ્ન થઈ ગયું. એવા સંજોગો ઊભા થયા કે હું ના પણ ન પાડી શક્યો.

એ પછી મને થયું કે મારે સંસારની માયામાં પડીને આત્મા પર કર્મનાં પડ નથી ચડાવવાં. સંસાર માંડ્યો તોય હું તો એ જ રીતે પ્રભુના ધ્યાનમાં જ મગ્ન રહું છું. મને તો એમાંથી આનંદ મળી રહે છે. પણ ગંગાનું શું? એણે તો સંસાર માંડીને શું સુખ ભાળ્યું? એ મને ખુશ કરવા બધું કરી છૂટે છે. મારી સાથે પરોઢિયે ઊઠીને પ્રભુનું ધ્યાન ધરે છે. પણ એને એમાંથી મારા જેવો નિજાનંદ ક્યાંથી મળે? એને હું પરાણે ખેંચતો હોઉં એમ લાગે છે. એ તો એની ઉદારતા છે કે કંઈ બળાપો કરતી નથી. તે મારામાં ઓતપ્રોત બની ગઈ હોય, એમ તેનું વ્યક્તિત્વ પણ ભૂલી ગઈ છે. તે મારી છાયા બની ગઈ છે; પણ એ મને નથી ગમતું. હું જાણું છું કે મારો ને એનો માર્ગ ભિન્ન છે. એને બિચારીને ખબર પણ નથી કે હું તો સંન્યાસી સંસારી બની બેઠો છું. અને ત્રણ વર્ષમાં તો આ જિંદગીનો અંત આવવાનો છે, એટલે હું મારા માર્ગમાંથી ચ્યુત થવા માગતો નથી. મેં લગ્ન કર્યું એ ખોટું કર્યું છે એમ તો એ દિવસેય લાગતું હતું; પણ જે કર્મ કરવાનું લખ્યું હોય તે મિથ્યા થઈ શકતું નથી. એટલું સાચું કે માણસે સતત રીતે માયામાંથી બહાર નીકળવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

હવે ત્રણ વર્ષ પૂરાં થવામાં ત્રણેક મહિના બાકી છે. મને તો ખાતરી છે કે એ સંન્યાસીનું વચન મિથ્યા નહિ થાય. જરૂર મારું મોત થશે.

'એમ તો હોતું હશે?' મહેશ એકાએક બોલી ગયો.

'હું ખરું કહું છું. કોઈના ગળામાં ન ઊતરે એવી આ વાત છે. એટલે તો હું એને ચમત્કાર કહું છું ને!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમે આ વાત ગંગાબહેનને કહી છે?'

'હા, મેં ચારેક માસ પહેલાં વાત કરી હતી; પણ એ ય તમારી પેઠે હસી કાઢે છે. એ તો કહે છે, કે તમારા જેવા મહાત્માને તો કંઈ ન થાય. હું અખંડ સૌભાગ્યવતીનો આશીર્વાદ લઈને આવી છું.'

'હું પણ એમ માનું છું. તમારા જેવા સમજુ માણસ પણ એવી વાતમાં વિશ્વાસ મૂકે એ તો હસવા જેવું લાગે છે.'

'ના, એવું નથી. મને એની અનુભૂતિ થઈ ગઈ છે. જીવાત્માને તેના કર્મનો ક્ષય થાય ત્યાંસુધી સંસારમાં રહેવું પડે છે. પણ એની ચર્ચા કરવી નકામી છે. કેટલીક વાતો શ્રદ્ધાની હોય છે. તમારામાં ઈશ્વર વિશેની શ્રદ્ધા ન હોય તો હું કેમે કરી અમુક વાત તો તમારા ગળામાં ન ઉતારી શકું. પણ મારે તો તમને બીજી જ વાત કરવી છે.'

અને ગળું ખૂંખારી મોહનભાઈ બોલ્યા:

'ધારો કે ત્રણ મહિના પછી મારું મોત થાય, તો તમને એકએ કામ સોંપતો જાઉં છું. તમે મારા વિશ્વાસુ મિત્ર છો એથી જ તમને આ વાત કહું છું.'

મહેશ ભારે હૈયે વાત સાંભળી રહ્યો હતો.

'એક તો મારો બે હજારનો વીમો છે. મેં એ ગંગાના નામ પર કર્યો છે. એના પૈસા એને મળે એવી વ્યવસ્થા કરજો. તમે તો જાણો છો ને કે મારા પિતા અને ભાઈઓ પૈસાના ગુલામ છે. પૈસા ખાતર ઘરમાં ક્લેશ થાય છે. એથી તો અમે ત્રણે ભાઈઓ જુદા રહીએ છીએ ને મારા પિતા ય જુદા રહે છે. મારા મોટાભાઈ પણ તેમના કરતાં સવાયા લાલચુ છે. પાછા જબરા ખટપટી છે. ગંગાને પૈસા ન મળે એ માટે એ થાય તેટલું કરી છૂટશે. માટે એ કામ તમને સોંપું છું.' મોહનભાઈ સાચે જ આ દુનિયામાંથી જતા હોય તે રીતે કહી રહ્યા હતા.

'અને એના કરતાં ય એક બીજું મોટું કામ તમને સુપરત કરું છું. મારા મૃત્યુ પછી ગંગાનું પુનર્લગ્ન કરાવી દેજો.'

સાંભળીને મહેશને આંચકો લાગ્યો હોય તેમ થઈ ગયું.

'હું ખરું કહું છું. ગંગાએ સંસારનું કંઈ સુખ ભોગવ્યું નથી. એની ઉંમર જ હવે પરણવા જેવી થાય છે. એને આખી જિંદગીભર શાને વિધવા રાખવી? તો કોઈક યોગ્ય પાત્ર સાથે તેનું પુનર્લગ્ન કરાવી દેશો તો મારા આત્માને પરમ શાંતિ મળશે. હું મારાં ઘરવાળાંને ઓળખું છું માટે તમને આમ કહું છું. એ લોકો એને પીંખી ખાશે. તેની પાસેથી પૈસા અને દાગીના ઝૂંટવી લેશે. એને કલંકિની કહી દુનિયામાં સુખેથી જીવે એવી જગ્યા ય નહિ રહેવા દે. મારા પિતા અને ભાઈ જેવા કોઈ લોભિયા માણસો મેં જોયા નથી. એમના સ્વાર્થ ખાતર કોઈનું ગળું કાપી નાખતાં પણ વિચાર કરે તેવા નથી. માટે તો હું તમને આ વાત ભારપૂર્વક કહું છું. ગંગાને સમજાવી સારે ઠેકાણે પાડજો.'

મહેશ તો અવાક બની ગયો હતો.

'માયામાં આ રીતે જીવ લપટાવવો તે સારું નથી, પણ સંસારમાં છું ત્યાંસુધી તો શરીર પર કપડાં રહે એવી માયા તો રહેવાની જ. બાકી તો ઈશ્વરનો આધાર મોટો છે. ગંગાને એને સોંપીને જઈશ. ન સોંપું તો ય એને એની ખબર લીધા વગર ઓછો છૂટકો થવાનો છે!'

થોડીવાર બંને જણા ચૂપ રહ્યા. મોહનભાઈ કંઈક ઊંડા વિચારમાં ડૂબી ગયા હતા. મહેશ હજુ ય મોહનભાઈએ કરેલી વાતની અસર નીચે હતો. બંને જણા આગળ કંઈક વાત કરે તે પહેલાં તો ગંગાબ્હેન અને કલા આવી પહોંચ્યાં. એમના આવતાં જ ગંભીરતા ઓસરી ગઈ અને ઘર પાછું કિલ્લોલથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભરાઈ રહ્યું.

મોહનભાઈએ તેમના મોતની વાત ખૂબ જ ગંભીરતાથી કરી હતી; પણ મહેશ એ સાચી માનતો ન હતો. આવો જુવાનજોધ, નીરોગી માણસ તે વળી એમ મરી જતો હશે ! બીજું કંઈ નહિ તો ગંગાબહેનના પુણ્યપ્રતાપે પણ એ બચી જશે. અરે ગંગાબહેન સતી સાવિત્રીની પેઠે યમની પાસેથી પણ તેમના પતિને પાછા લઈ આવશે !

પોતે આ વાત સાચી માનતો ન હતો તેથી અને કલાને કહે તો ખેરાં રજનું ગજ કરી રોકકળ કરી મૂકે એ બીકે તેણે એ વાત કલાને પણ કરી ન હતી. તેમ એ પછી મોહનભાઈ સાથે એની ચર્ચા પણ થઈ ન હતી. તે પછી એ મોહનભાઈનું બારીકાઈથી અવલોકન કરી રહ્યો હતો. મોહનભાઈ સાચે જ બીજી દુનિયામાં જવાના હોય એ રીતે પૂર્વ-તૈયારીઓ કરી રહ્યા હતા. નિત્યના ક્રમ પ્રમાણે હરિઃ ૐ નો જપ કરતા. તે ઉપરાંત જે પુસ્તકો અધૂરાં હતાં તે ઝટપટ પૂરાં કરવા મંડી પડ્યા હતા.

મહેશને ઑફિસના કામે બહારગામ જવાનું થયું. એક અઠવાડિયું ત્યાં રોકાવું પડ્યું. તે આવ્યો ત્યારે કલાએ જે સમાચાર આપ્યા તે સાંભળીને તો તે ડઘાઈ જ ગયો. 'મોહનભાઈને એકાએક કંઈક થઈ ગયું છે અને હવે તો જીભ પણ ઝલાઈ ગઈ છે. કંઈ બોલાતું પણ નથી.'

મહેશ કપડાં ય બદલ્યા વગર આવ્યો હતો તેવો મોહનભાઈને ત્યાં ગયો. ગંગાબહેન માથા પર બરફનાં પોતાં મૂકી રહ્યાં હતાં. તેમને મોહનભાઈનું મોત હાથવેંતમાં દેખાતું હોય તેમ તે રડી રહ્યાં હતાં. એક અઠવાડિયામાં શું બની ગયું ! મોહનભાઈ ઓળખાય એવા ય રહ્યા ન હતા. ગંગાબહેને પણ ઝૂરીઝૂરીને આંખો ફુલાવી દીધી હતી. કંઈ ખાતાં ન હતાં એટલે મોં પણ ઊતરી ગયું હતું.

મહેશ મોહનભાઈ સામે તાકી રહ્યો. મોહનભાઈ કોઈને ઓળખતા હોય એવું ન લાગ્યું. જીભ ટૂંકી થઈ ગઈ હતી એટલે અવાજ નીકળતો ન હતો. તે કંઈક કહેતા હતા કે કહેવા માગતા હોય એમ તેમના હોઠ બબડે જતા હતા.

થોડીકવાર થઈ અને ડૉક્ટર આવ્યા. તેમણે મોહનભાઈને તપાસી જોયા. એક ઈંજેક્શન આપ્યું અને દવા લઈ જવાનું કહી ચાલતા થયા. મહેશે બહાર જઈને ડૉક્ટરને પૂછી જોયું : 'ડૉક્ટર! એકાએક આ શું થઈ ગયું છે?'

'ટાઈફોઈડ થઈ ગયો છે. કેસ ગંભીર બનતો જાય છે. ટેમ્પરેચર ઊતરે તો સારું થઈ જાય. બરફ મૂક્યા કરજો. હું હમણાં દવા તૈયાર કરી રાખું છું, તે લઈ જજો.'

તેને મોહનભાઈની વાત યાદ આવી. એ સાથે આખું શરીર કંપી ઊઠ્યું. હવે તેનું મન કુશંકાઓ કરવા માંડ્યું. હવે શેં સારું થાય? આવી નિરાશામાં તે ય ગમગીન બની ગયો.

ગંગાબહેનને આરામ કરવાનું કહી તે બરફનાં પોતાં મૂકવા બેઠો. મોહનભાઈએ આંખો ખોલી. મહેશને ઓળખવા પ્રયત્ન કરતા હોય એમ ધારીધારીને તેની સામે જોઈ રહ્યા હતા, અને મહેશને ઓળખ્યો હોય એમ તેની સામે નજર માંડી હોઠ ફફડાવવા લાગ્યા. સામે ગંગાબહેન બેઠાં હતાં. તેમની સામે નજર કરી પાછા હોઠ ફફડાવ્યા. જાણે એ કહી રહ્યા હતાઃ 'હું તો હવે જાઉં છું, પણ આની તમે દેખભાળ કરજો. અને મેં તમને કહ્યું હતું તેમ તેનું કોઈક સારા ઠેકાણે પુનર્લગ્ન કરજો.'

અને મહેશ એમની વાત કબૂલ રાખતો હોય તેમ ઈશારતથી કહેવા લાગ્યો.

'તમારી ઇચ્છા પ્રમાણે બધું કરીશ.'

મોહનભાઈની મનોકામના પૂરી થઈ હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ તેમણે સામે ભરાવેલી હરિઃૐની છબી તરફ ધ્યાન લગાવ્યું. પછી તો તેમણે બીજી કશી જ જોજથામાં લક્ષ પણ ન આપ્યું અને મોત આવ્યું ત્યાંસુધી ધ્યાનમાં જ મગ્ન હતા. જાણે પ્રભુનું દર્શન કરતા હોય એમ લીન થઈ ગયા હતા. એમનો જીવ ઊડી ગયો ત્યારે પણ તેમના મો પર ભક્તહૃદયની પ્રસન્નતા છવાઈ ગયેલી હતી.

પાછળ ગંગાબહેને માથાં કૂટ્યાં. જોયું ન જાય અને સાંભળ્યું ન જાય તેવું એ આક્રંદ કરતાં હતાં. આડોશીપાડોશી બધાં રડતાં હતાં. આવો જુવાનજોધ, સૌનો પ્રિય ભક્તજન ચાલ્યો જાય પછી કોની આંખો ભીની ન થાય!

મહેશ અને કલા પણ હૈયાફાટ રડતાં હતાં. ગંગાબહેન તો એવી રીતે માથાં પછાડતાં હતાં કે જોઈને એમ જ થાય કે આ બાઈ હમણાં જ ફાટી પડશે.

એ પછીના બનાવો પણ મોહનભાઈએ કહ્યા હતા તે પ્રમાણે જ બનવા માંડ્યા. તેમના ભાઈઓ અને પિતા આવી ચઢ્યા. મોહનભાઈના ઘરનો કબજો નાનાભાઈએ લીધો. વીમાના પૈસા લેવા માટે તેમના પિતા ધાલમેલ કરવા માંડ્યા. પણ મહેશને લીધે તેમાં તો ફાવ્યા નહિ. પણ એ પૈસા ક્યાં મૂકવા? ગંગાબહેને એ પૈસા અને ઘરેણાં તેમના કુટુંબી અને મોહનભાઈના મિત્ર ને વેપારી હતા તેમને ત્યાં મૂક્યાં.

ગંગાબહેન નાના દિયરની સાથે રહે છે. ક્યારેક પિયર જાય છે. સમય જાય છે એમ તેમના ઘરનાં બધાં ગંગાબહેનથી અતડાં થતાં જાય છે. પેલો મોહનભાઈનો મિત્ર પણ ફરી જાય છે અને ગંગાબહેનને જરૂર પ્રસંગે પણ પૈસા આપતો નથી. ઓશિયાળી જિંદગી એમને જીવવી પડે છે.

મહેશની બદલી મુંબઈ થઈ. જતાં પહેલાં તે ગંગાબહેન સામે પુનર્લગ્નની વાત કરી લેવા માગતો હતો. હવે વર્ષ પણ વીતી ગયું હતું; ગંગાબહેનને એમનાં સાસરિયાંનો પણ અનુભવ થઈ ગયો હતો. એટલે તે તટસ્થતાથી વિચાર પણ કરી શકે એમ હતાં. ગંગાબહેન ઘર મૂકીને ક્યાંય જતાં નહિ. હવે મહેશ ત્યાં જઈ શકતો નહિ. એટલે કંઈક બહાનું કાઢી કલા બોલાવી લાવી. ગંગાબહેનની દેરાણી શંકાશીલ હતી એટલે એકલાં તો કોઈની પાસે જવા દેતી નહિ. એ વખતે તે ઘરમાં નહોતી એટલે ગંગાબહેનને વાત કરવાની તક મળી.

મહેશે માંડીને બધી વાત કરી, પણ ગંગાબહેને જે જવાબ આપ્યો એ સાંભળીને તો તે ઠરી જ ગયો.

'મહેશભાઈ! મને ય એ ઠામ બેસી જવાનું કહી ગયા છે. પણ હવે મારે એક ભવમાં બે ભવ નથી કરવા. એમણે મારામાં જે ભક્તિના સંસ્કાર મૂક્યા છે એના આધારે હું જિંદગીના દા'ડા કાપી નાખીશ. તમે મારા ભલામાં રાજી રહો એવા છો. પણ કૃપા કરી આવી વાત મને તો શું પણ કોઈને ય કરશો નહિ.' એ વખતે ગંગાબહેનના મોં પર પહેલાંના જેવી ઝલક દેખાતી હતી.

'પણ તમારા સ્વાર્થી સસરા, દિયર... એ સુખશાંતિથી નહિ રહેવા દે. અને તમારી ઉંમરનો તો કંઈક વિચાર કરો? આમ ને આમ કેમ રહેવાશે?'

'મેં એ બધાનો વિચાર કર્યો છે. મહેશભાઈ, હવે એ વાત પડતી મૂકો. બીજું કંઈ કહેવાનું છે?'

મહેશ કંઈક ગુનો કર્યો હોય તેમ છોભીલો પડી ગયો.

'હવે મારે મુંબઈ રહેવાનું થશે. મારા જોગ કંઈ કામકાજ હોય તો જણાવજો. ગંગાબહેન, મને તમારો ભાઈ માનજો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળી રાતે જરૂર પડે તો ય બોલાવજો.'

મહેશ ક્ષોભમાં ને ક્ષોભમાં એકી અવાજે બોલી ગયો.

તે પછી એ મુંબઈ આવ્યો. પછીથી ગંગાબહેનને મળાયું તો નહોતું પણ ખબર તો મળી હતી કે તે હવે તેમના પિયર રહે છે. દિયરની સાથે મેળ ન ખાધો અને એ લોકોએ પેલા પૈસા ય પડાવી લીધા.

મહેશને એ સાંભળી ઘણું ય લાગી આવ્યું પણ શું કરે! ગંગાબહેને પુનર્લગ્ન કરવાની ઘસીને ના પાડી. પછી એ કઈ રીતે મદદ કરી શકે? એમની ઇચ્છા વિરુદ્ધ એ પુનર્લગ્નની વાત પણ કઈ રીતે છેડી શકે?

પથારીમાં પડેલા મહેશની સામે ભૂતકાળ આવીને પસાર થઈ ગયો. ગંગાબહેનની મુખમુદ્રા નજર સામે દેખાવા લાગી. એ જાતે હજી ય કહી રહ્યાં હતાં: 'મારે એક ભવમાં બે ભવ નથી કરવા.'

આવી મક્કમતાથી બોલતાં હતાં તે ગંગાબહેન કેમ પરણી બેઠાં?

ફરીફરીને એનો એ પ્રશ્ન મહેશના મનમાં સળવળ્યો.

ઊંઘ આવી ત્યાંસુધી મહેશને એના એ જ વિચાર આવ્યા. ગંગાબહેનને ન મળાય ત્યાંસુધી આનો ખુલાસો પણ કઈ રીતે થાય? અને હવે ગંગાબહેનને ક્યારે મળાય?

ચારેક માસ પછી ઑફિસના કામે મહેશને અમદાવાદ જવાનું થયું. ત્યારે તે શંકરને ત્યાં જ ઊતર્યો. તેની પાસેથી તેણે ગંગાબહેનનું સરનામું જાણી લીધું. ગંગાબહેન અમદાવાદમાં જ હતાં. તે શોધતો-શોધતો તેમના નવા ઘેર ગયો.

ગંગાબહેન રસોઈ કરી રહ્યાં હતાં. મહેશ તેમને ધારીધારીને જોઈ રહ્યો હતો. તેમના મોં પર આનંદ ન હતો. આંખમાં ઉત્સાહ ન હતો. ચહેરો નિસ્તેજ દેખાતો હતો. શરીર પણ ઓગળી ગયું હતું. હમણાં જ માંદગીમાંથી ઊઠ્યાં હોય એવી ફિકાશ પણ આવી ગઈ હતી. પુનર્લગ્ન કરીને ગંગાબહેન સુખી થયાં હોય એવું તો ન લાગ્યું.

અને ગંગાબહેનના પતિ! એ હીંચકા પર બેઠાબેઠા પાન બનાવી રહ્યા હતા. તેમના માથાના વાળ ધોળા થઈ ગયા હતા. તેમના મોં પરની કરચલીઓ તેમની ઉંમરની ચાડી ખાતી હતી. વારંવાર ઉધરસ અને ગળફા આવતા હતા એટલે થૂંકદાની હીંચકા નીચે જ રાખી હતી.

એમના છોકરાની વહુની ઉંમર ગંગાબહેનથી મોટી હતી અને તેના ખોળામાં છોકરો રમતાં હતાં. તો આ કાકા, આટલી ઉંમરે શીદને પરણ્યા હશે! એ તો પરણવા તૈયાર થાય પણ ગંગાબહેને શા માટે હા પાડી?

એનો ખુલાસો જાણવા તો તે આવ્યો હતો પછી શાને ગડમથલ કરવી?

ગંગાબહેને મહેશને 'આવો ભાઈ' કહી આવકાર તો આપ્યો પણ તેમાં ઉત્સાહ ન હતો. મહેશને પણ ઘડીભર તો થઈ ગયું કે તે અણગમતો મહેમાન છે. પણ તેને તો પેલું રહસ્ય જાણવું હતું એટલે અપમાન થયું હોત તો ય એકવાર તો તે ગળી જાત.

તેમના વૃદ્ધ પતિને કંઈ શંકા ન પડે એટલા માટે ગંગાબહેને વગરપૂછે જ કહી દીધું:

'આ મારા ભાઈ છે. એ મુંબઈમાં રહે છે.'

અને મોંમાં પાન ગોઠવી તમાકુમાં ચૂનો ભેળવતાભેળવતા તેમણે 'હં...' કહી કંઈક ગણતરી કરીને પૂછ્યું:

'તારા સગા ભાઈ તો...'

'આ તો મારા કુટુંબી થાય. ઘણા વખતથી મુંબઈ રહે છે.'

'તે ભાઈ આવ્યો છે તે ચાપાણી પાઈશ કે પછી...' અને ઉધરસ આવતાં બાકીના શબ્દો મોંમાંથી ન નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેશ ખુરશીમાં બેઠોબેઠો ઘરની રોનક જોઈ રહ્યો હતો. એ માળનું મોટું ઘર હતું. ઘરમાં રાચરચીલું પણ સારું હતું. ડોસા પૈસાદાર છે એમાં તો મહેશને શંકા ન રહી પણ આવડા મોટા ઘરમાં માત્ર બે જ જીવ રહે છે? ડોસાનાં છૈયાંછોકરાં કેમ દેખાતાં નથી?

મહેશના મોં પર તરી રહેલા પ્રશ્નો ગંગાબહેન ન પામી જાય એવાં મૂર્ખ ન હતાં, પણ પતિની હાજરીમાં તે કેવી રીતે વાત કરે? અને પતિને પણ કેમ કહે કે તમે બહાર જાઓ? મહેશની પણ એ જ મૂંઝવણ હતી.

મૂંગાં રહે તો ડોસા વળી કંઈની કંઈ શંકાઓ કરે એટલે ચા મૂકી ગંગાબહેન કલાના સમાચાર પૂછવા મંડ્યાં

'ત્યારે હું જરા ચકલામાં જઈ આવું.' કહી ડોસા હાથમાં થેલી લઈ બહાર નીકળ્યા.

મહેશે નિરાંતનો શ્વાસ મૂક્યો. ડોસાએ માંડ પગ ઘર બહાર મૂક્યો હશે અને મહેશે પ્રશ્ન કર્યો:

'ગંગાબહેન, કેમ આમ સાવ ડોસી જેવાં થઈ ગયાં છો?'

'ડોસા સાથે પરણી એટલે?' અને તે હસી પડ્યાં, પણ તેમના હાસ્યમાં ભારોભાર કરુણતા ભરી હતી. 'તમે એ જ પૂછવા આવ્યા છો ને?'

'તમને વાંધો હોય તો મારે કંઈ નથી પૂછવું.'

'મહેશભાઈ! તમને હું ક્યાં નથી ઓળખતી? તમે તો મારા સગાભાઈ કરતાં ય અધિક છો. તમારાથી શું છુપાવાનું હોય!'

ગંગાબહેને ચા કાઢી.

'ગંગાબહેન! આવું કરવું હતું તો આ તમારા ભાઈને તો પૂછવું હતું? હું ક્યાંય સારી...'

'મારી વાત સાંભળશો કે 'એ પહેલાં ઊભરો ઠાલવશો?' ગંગાબહેન વચ્ચેથી બોલી ઊઠ્યાં: 'મેં આ પુનર્લગ્ન રાજીખુશીથી કર્યું છે, એનો મને હર્ષ નથી તેમ તેનું દુઃખ પણ નથી. હું તો હજી ય પહેલાંના જેવી વિધવા જ છું. મેં તમને અગાઉ કહ્યું હતું તેમ તેમણે જે માર્ગ દેખાડ્યો છે એ માર્ગે આગળ વધી રહી છું. આ ભવ તો બગડ્યો પણ આવતો ભવ તો સુધારું.'

મહેશ મૂંગોમૂંગો ચા પી રહ્યો હતો.

'મહેશભાઈ! તમે ત્યાં હતા ત્યારે જ જોયું તો હતું કે મારા સસરાપક્ષના બધાય માણસો પૈસા અને ઘરેણાં પચાવી પાડવા માટે કાવાદાવા રમતા હતા. મારા દિયરને પણ હું ભારે પડી. પહેલાં તો લાલચ હતી કે પૈસા છે તે મળશે. પણ જ્યારે પેલો મારા સસરા સાથે મળી ગયો અને ઘરેણાં ને પૈસા બંને જણાએ વહેંચી લીધાં ત્યારે દિયરને હું ન ખમાણી. એ તો કહે કે મજૂરી કરો ને તમારું પેટ ભરો. હું ક્યાંસુધી નભાવું? એટલે હું મારા પિયેર ગઈ. ત્યાં પણ મારી ભાભીઓ ચણભણ કરવા માંડી: 'આમ આખી જિંદગી તે કુણ નભાવે! હજી તો જુવાની છે ક્યાંક ઠેકાણે પડી જાઓને!'

મારા બાપાને પણ એમ લાગવા માંડ્યું કે આ સાપના ભારાને ક્યાં ઘરમાં રાખવો! કાલ ઊઠીને ક્યાંક કાળું કરે તો...એના કરતાં બીજે ઠામ બેસાડવી કેવી સારી! અને તેમણે મને વગરપૂછે જે તેની સાથે વાતો ચલાવી. જ્યારે મારા કાને આ વાત આવી ત્યારે મેં સાફ સંભળાવી દીધું કે 'હું બીજે ક્યાંય જવાની નથી. તમને ભારે પડતી હોઉં તો કહી દો એટલે હું મારો રસ્તો લઈ લઉં.'

મારી બા હતી ત્યાંસુધી તો કોઈ કંઈ ન બોલ્યું. પણ એના મરી ગયા પછી તો ભાભીઓ મેંણાંટોણાં મારવા લાગી. મને બિલ્લીભગત બિલ્લીભગત કહી ગામમાં નિંદવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડી. હું એ ય ન ગણકારત, પણ મારા બાપાના મનમાં પાપ પેઠું. તેમને મને ઠેકાણે પાડીને પૈસા લેવા હતા. એટલે હું મનાવું તોય તે માને તેવા ન હતા.

આંતરા દા'ડે ને આંતરા દા'ડે કોઈ ને કોઈ મને જોવા આવે! આ બધાથી હું તંગ આવી ગઈ હતી. મારાથી ભક્તિ પણ થઈ શકતી ન હતી. મને કૂવામાં પડી આપઘાત કરવાનું મન થયું, પણ એ રાત્રે મને તમારા ભાઈ સ્વપ્નમાં દેખાણા. એમણે મને ખૂબ ઠપકો આપ્યો. 'આપઘાત કરવો એ તો કાયરતા છે. એમ કરવાથી દુ:ખનો અંત આવતો નથી. પ્રભુમાં શ્રદ્ધા હોય તે આવો વિચાર કદી ન કરે. ઈશ્વરને આશરે તારી જાત સોંપી દે. એ તને સાચો માર્ગ દેખાડશે.'

સાચું કહું છું મહેશભાઈ! તમારા ભાઈએ આ શબ્દો કહ્યા. એમનાં દર્શન કરી હું પાવન થઈ. ત્યારથી મેં આપઘાતનો વિચાર પડતો મૂકી પ્રભુભક્તિમાં લીન થવા માંડયું.

પણ લોભ કંઈ થોભે છે? મારા બાપાને પૈસા જોઈતા હતા. હું એમની સાથે રહું ત્યાં સુધી એ મને સુખે રહેવા દે એમ ન લાગ્યું અને આગળ પર ભાભીઓ પણ શેં નિરાંતે જીવવા દે! સાસરામાં તો પગ મૂકયા જેટલી ય જગ્યા ન હતી. હવે કયાં જવું?

મારે સુખ–સાહ્યબી નહોતાં જોઈતાં. મારે તો નિરાંતે ભક્તિ કરી શકું એવું સ્થળ જોઈતું હતું. એવામાં આ વાત આવી. પૈસાદાર છે. બાપાને મોમાગ્યા પૈસા આપવા તૈયાર હતા.

મારે હવે કંઈ સંસાર તો માંડવો ન હતો. સંસારનું સુખ પણ જોઈતું ન હતું. એટલે મેં હા પાડી. એમના છોકરાને છોકરાં છે. એમણે આ ઉંમરે લગ્ન કર્યું એથી એ બધાં બીજે રહેવા ચાલ્યાં ગયાં છે.

મને અહીં નિરાંત છે. હું બાકીનો સમય પ્રભુભક્તિમાં વિતાવું છું. હજુ ય મારા મનથી તો હું વિધવા જ છું. આ રીતે પ્રભુભક્તિમાં જ જીવનનો અંત આવે એમ ઇચ્છું છું. હું તેમના માર્ગે જાઉં તો ય તેમના જીવને શાંતિ મળે! એવા મહાત્માનાં પડખાં સેવ્યા પછી એક ભવમાં બે ભવ કેમ કરાય?'

ગંગાબહેનની આ વાત સાંભળ્યા પછી મહેશે એકે પ્રશ્ન ન કર્યો. ગંગાબહેનની સામે તે પહેલાંની પેઠે માનથી જોઈ રહ્યો.

'ગંગાબહેન! તમે તો અદ્ભુત છો. તમને હું ઓળખી ન શક્યો અને શુંનું શું ધારી બેઠો હતો.'

'મહેશભાઈ! એમાં તમારો વાંક નથી. આ એવું બન્યું છે કે ગમે તે વિચારમાં પડી જાય.' અને થોડીવાર રહી તે બોલ્યાં: 'એ મને સુખી જોવા માગતા હતા ને! હું પુનર્લગ્ન કરી સુખી થાઉં એવી તમને ભલામણ કરી હતી ને? હવે મેં પુનર્લગ્ન કર્યાં અને સુખી થઈ...એમનો આત્મા ય સુખી થતો હશે ને!'

શ્રદ્ધાભરી આંખે તે મોહનભાઈને જાણે જોઈ રહ્યાં હતાં. અને તેમની સામે મોહનભાઈ ઊભા હોય તેમ તેમને નમન કરવા લાગ્યાં.

અને મહેશ ગંગાબહેનને નમન કરી રહ્યો.

★

નાની છોકરીએ દાદીને પ્રશ્ન કર્યો: 'મા, મા, સુરેશ કહેતો હતો કે માણસો કરતાં સ્ત્રીઓનાં મન વધુ ચોખ્ખાં હોય છે. એનું શું કારણ હશે?'

'કારણકે તેઓ તેને વારંવાર બદલ્યા કરે છે!' જવાબ મળ્યો.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રમુદ્રા

*

અધ્યા. ભોગીલાલ જ. સાંડેસરા

ધાર્મિક ક્રિયાકાંડોમાં જેમ માનવી પ્રતીકોનો ઉપયોગ કરે છે તેમ રાષ્ટ્ર પણ પોતાનાં ધ્વજ, ગીત કે મુદ્રા માટે આકાંક્ષાસૂચક ભાવ-પ્રતીકોની વરણી કરે છે. એની પાછળ ઇતિહાસ હોય છે, પૂર્ણ થવા ઇચ્છતી ભાવના હોય છે. હિંદની રાષ્ટ્ર-મુદ્રા—અશોક સ્તંભનું સિંહશિખર—કોઈ સંકુચિત ધાર્મિક પ્રતીક નથી. એના દર્શને ભગવાન બુદ્ધ ને એના ધર્મપ્રવર્તક અશોક યાદ આવે છે; ઉત્તમકળા કારીગરીરૂપ ભૂતકાળ તાજો થાય છે; વિશ્વ-વ્યવસ્થાનું ધ્યેય રજૂ થાય છે. એવી આપણી રાષ્ટ્રમુદ્રાની ઐતિહાસિક, ધાર્મિક તથા સાંસ્કારિક માહિતી આ લેખમાં મળી આવે છે. પ્રજાસત્તાક રાષ્ટ્ર તરીકે ઉન્નતશિર રહેવાનું માન હિંદને જાન્યુઆરી માસની ૨૬મીએ મળે છે, ત્યારે રાષ્ટ્ર સાથે સંકળાયેલી આ મુદ્રા વિશે જાણવું જરૂરી થઈ પડશે. ભાષાશાસ્ત્ર ને સંશોધન જેવા કઠિન વિષયોમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરનાર અધ્યા૦ સાંડેસરા પાસે ગુજરાત મોટી આશા રાખે છે. 'અખંડ આનંદ'ના વાચકોને એમના અભ્યાસની પ્રસાદી અવારનવાર મળ્યા કરે એમ ઇચ્છીએ.

આપણા રાષ્ટ્રની મુદ્રા અથવા 'સીલ' એટલે સારનાથના અશોક સ્તંભનું સિંહશિખર. લગભગ બાવીસસો વર્ષ પર થઈ ગયેલા સમ્રાટના કલાપ્રેમ, ધર્મપ્રેમ બલકે માનવપ્રેમના પ્રતીકરૂપ આ અત્યુત્તમ શિલ્પાકૃતિને રાષ્ટ્રમુદ્રા તરીકે સ્વીકારીને આપણા રાષ્ટ્રવિધાયકોએ સાચે જ એક અતિ-યોગ્ય પગલું ભર્યું છે.

પ્રાચીનકાળમાં રાજાઓની અને રાજ્યોની મુદ્રાઓ હતી, અને રાજ્યવહીવટમાં મુદ્રા એક અતિ અગત્યની વસ્તુ હતી, પરંતુ જે અર્થ આજે આપણે 'રાષ્ટ્રમુદ્રા'નો કરીએ છીએ એ અર્થમાં આખા રાષ્ટ્રની અથવા દેશની કોઈ પ્રતીકરૂપ મુદ્રા એ કાળે હોય એમ જણાતું નથી; કેમકે 'રાષ્ટ્ર'નો આ અર્થ તો પશ્ચિમની અસરથી આપણે નવો વિકસાવેલો છે. પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં તો 'રાષ્ટ્ર' એટલે 'રાજ્ય' અને 'રાષ્ટ્રપતિ' એટલે રાજા. મહાભારતમાં અનેક સ્થળે રાજા યુધિષ્ઠિરને 'રાષ્ટ્રપતિ' કહ્યા છે અને ઋગ્વેદના 'વાગાંભૃણિસૂક્ત'માં વાગ્દેવી પોતાને 'રાષ્ટ્રી' એટલે કે રાણી તરીકે ઓળખાવે છે.

લાંબા પરદેશી રાજ્યઅમલમાંથી સ્વતંત્ર થઈને હિંદ જ્યારે સર્વ દિશાઓમાં પોતાની મુક્ત પાંખો ફફડાવી રહ્યું છે ત્યારે—જ્યારે હિંદ સદીઓ પછી પહેલી જ વાર, બહારથી નહિ લદાયેલી એવી, રાજકીય ઐકતા અનુભવી રહ્યું છે ત્યારે, એની આશા અને આકાંક્ષાઓનાં સૂચક જ રાષ્ટ્રપ્રતીકો યોજવામાં આવ્યાં છે તે વસ્તુતઃ જૂનાં હોવા છતાં એની યોજનામાં નવાં છે. એવું જ એક પ્રતીક આપણી રાષ્ટ્રમુદ્રા છે.

અશોકનું જે સિંહશિખર આપણી રાષ્ટ્ર-મુદ્રા બન્યું છે તે હિંદી સરકારના પુરાતત્ત્વ ખાતાએ બનારસ પાસેના સારનાથમાં સને ૧૯૦૫માં કરાવેલાં ખોદકામોમાં મળ્યું હતું. ભગવાન બુદ્ધના પ્રથમ ધર્મોપદેશનું સ્થાન હોવાથી સારનાથ એકવાર બૌદ્ધોનું મોટું તીર્થધામ હતું અને હવે સૈકાઓની વિસ્મૃતિ પછી ફરી પાછું એ જગતભરના બૌદ્ધો અને બુદ્ધપ્રેમીઓને આકર્ષી રહ્યું છે. આ સ્થાનમાં પૂર્વે 'મૃગદાવ' એટલે કે મૃગવન નામે એક ઉદ્યાન આવેલું હતું. એ વિષે એવી એક જાતકકથા છે કે બુદ્ધ પોતાના એક પૂર્વ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મમાં એ વનમાં હરણોના રાજા હતા. વારાણસીનો રાજા આ વનમાંથી ઘણાં હરણોનો શિકાર કરી જતો હતો તે અટકાવવા તેમણે રાજાને દરરોજ એક હરણ આપવાનું કબૂલ કર્યું. પછી એકવાર એક સગર્ભા હરણીનો વારો આવ્યો ત્યારે હરણીની સાથે તેના નિર્દોષ ગર્ભનો પણ નાશ ન થાય એ માટે બોધિસત્ત્વ પોતે રાજા પાસે જવાને તૈયાર થયા, પણ તેમનો આ આત્મભોગ જોઈને રાજાએ પોતે જ હરણોની હિંસા બંધ કરી. સારંગ અથવા હરણનું નિવાસસ્થાન હોવાથી આ જગ્યાનું નામ સારંગનાથ–સારનાથ પડ્યું હશે એવું કેટલાકનું માનવું છે. એ વનમાં ઋષિઓ તપશ્ચર્યા કરતા હોવાને કારણે તે ઋષિપત્તન–ઋષિઓનું નગર પણ કહેવાતું. બુદ્ધગયામાં બોધિ પ્રાપ્ત થયા પછી ગૌતમ બુદ્ધ પર્યટન કરતા આ મૃગદાવમાં આવ્યા. અગાઉ જે પાંચ અનુયાયીઓ તેમનાથી છૂટા પડી ગયા હતા તે અહીં એમને મળ્યા અને એમના શિષ્ય બન્યા. ભગવાન બુદ્ધે પોતાનું પહેલું ધાર્મિક પ્રવચન અહીં જ કર્યું અને એ રીતે તેમના ધર્મચક્રપ્રવર્તનનો આરંભ થયો. આ રીતે સારનાથ બૌદ્ધ ધર્મનાં પવિત્રતમ સ્થાનો પૈકીનું એક ગણાયું.

ગૌતમ બુદ્ધ પછી આશરે ત્રણસો વર્ષે થયેલા સમ્રાટ અશોકે પોતાના કલિંગવિજય પછી લોહિયાળ યુદ્ધોથી ત્રાસીને વિજયયાત્રા બંધ કરીને ધર્મયાત્રાનો પ્રારંભ કર્યો. બૌદ્ધ ધર્મની ગાઢ અસર નીચે આવેલા એ શાસકે દેશ અને પરદેશમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. પોતાના વિશાળ સામ્રાજ્યના દૂરદૂરના પ્રદેશોમાં શિલાલેખો કોતરાવીને સર્વ પ્રજાજનોને પરમતસહિષ્ણુ, દયાળુ અને પ્રામાણિક બનવા સમજાવ્યા અને એ જ આદેશ પોતાના અમલદારોને પણ આપ્યો. અશોકના આ શાસનો તેની ધર્મલિપિઓ તરીકે ઓળખાય છે.

પણ બહુજનસમાજના માનસ ઉપર ધર્મરાજ્યની દૃઢ અસર નિપજાવવા માટે અશોકે બીજો એક વધુ મૌલિક માર્ગ લીધો. એ માર્ગ તે પોતાના રાજ્યમાં, બુદ્ધના ચરણસ્પર્શથી પાવન થયેલાં સ્થળોમાં, જાણે કે તેમના ધર્મરાજ્યના પ્રતીક હોય એવા ઊંચા સ્તંભો ઊભા કરવાનો. પોતાના રાજકાળમાં અશોકે અનેક સ્તૂપો બાંધ્યા હતા; એમાંનો એક સ્તૂપ સારનાથમાં પણ હતો. પણ ધર્મલિપિ અથવા સ્તૂપ કરતાં યે બુદ્ધના ધર્મરાજ્યનું વધુ સબળ પ્રતીક તેણે સ્તંભને ગણ્યું હોય એમ જણાય છે.

અશોકની પૂર્વે પણ કોઈ પ્રકારના ધર્મસ્તંભો હિંદમાં બનતા હશે જ. યજ્ઞનો યૂપ, ઇન્દ્રમહોત્સવનો ઇન્દ્રકીલ અથવા ઇન્દ્રસ્તંભ વગેરે ધાર્મિક વિધિઓના પ્રતીકરૂપ સ્તંભો હતા; પરંતુ એ બધા તો લાકડાના બનતા હતા. એ જ કારણથી અશોકની પહેલાંના કોઈ સ્તંભ બચ્યા નથી; કદાચ અશોકે જ લાકડાના સ્તંભોને સ્થાને પથ્થરના સ્તંભો પહેલવહેલાં દાખલ કર્યા હોય. ગમે તેમ હોય, પણ એટલું તો નિશ્ચિત છે કે હિંદની સ્થાપત્યકલાના પ્રાપ્ત નમૂનાઓમાં અશોકના સ્તંભો જેમ સર્વશ્રેષ્ઠ છે તેમ સર્વપ્રથમ પણ છે.

અશોકે પોતાના રાજ્યમાં ઓછામાં ઓછાં ત્રીસ સ્થળોએ આવા સ્તંભો ઊભા કર્યા હતા એમાંના કેટલાક તો આજે પણ તદ્દન અખંડ દશામાં જળવાયેલા છે; એ પૈકી દસ સ્તંભો ઉપર એ સમયની બ્રાહ્મી લિપિમાં કોતરેલા લેખો પણ છે. એમાંનો પ્રત્યેક સ્તંભ એક જ પથ્થરમાંથી ઊભો કરવામાં આવેલો છે અને એ પૈકી સર્વથી મોટા સ્તંભનું વજન લગભગ પચાસ ટન થાય છે. આ સર્વ સ્તંભો ચુનારગઢ પાસેની એક જ ખાણમાંથી કાઢવામાં આવેલા ભૂખરા રંગના ખાસ પથ્થરમાંથી બનાવેલા છે. આ બૃહત્ સ્તંભોને ઘડ-

૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતું અને અશોકના વિશાળ સામ્રાજ્યના જુદાજુદા ભાગોમાં વહી જઈને સબળ રીતે ઊભા કરવાનું કાર્ય જે રીતે થયું છે એ બતાવે છે કે અશોકના યુગના શિલ્પીઓ અને સ્થપતિઓ જગતના કોઈ પણ પ્રદેશના અથવા કોઈ પણ સમયના કારીગરો કરતાં ઊતરતા નહોતા.

આ સર્વ સ્તંભોના શિખર ઉપર ઘણુંખરું કોઈ પ્રાણીનું શિલ્પ હોય છે; તેમ જ વિવિધ ધાર્મિક પ્રતીકો તે ઉપર કોતરેલાં હોય છે. કેટલાક વિદ્વાનો આ પ્રકારના સ્તંભોમાં ઈરાની અને ગ્રીક કલાની અસર જુએ છે. મૌર્ય રાજ્યકાળમાં પાટનગર પાટલીપુત્રમાં જ માત્ર નહિ, પરંતુ પ્રાંતિક પાટનગરોમાં યે ઈરાન વગેરે એશિયાઈ દેશોના વતની બનેલા ગ્રીકો અને ઈરાનીઓની ઠીકઠીક વસ્તી હતી. અશોકના સ્તંભો સાથે રચના અને કારીગરીની બાબતમાં સરખાવી શકાય એવા સ્તંભો ઈરાનમાંથી મળેલા છે અને મૌર્યયુગ પૂર્વેનું આવું એક પણ નોંધપાત્ર પાષાણમય ભારતીય સ્મારક મળતું નથી, એ બધી વસ્તુઓ આ માન્યતાની પોષક છે.

પણ અશોકના સ્તંભોની કદાચ સૌથી વધુ નોંધપાત્ર લાક્ષણિકતા તો એ ઉપરની અદ્ભુત પૉલિશ છે. ઉત્તમ બાંધકામ કરનારા પ્રાચીન જગતના બે દેશો ગ્રીસ અને મિસરની કલામાં બાંધકામની 'કાચ જેવી ચળકતી સપાટી'ને ખૂબ મહત્ત્વ અપાયું છે, છતાં એ મહાન દેશોનાં સ્થાપત્યસર્જનો પૈકી એકે ય, મૌર્યયુગના કારીગરોએ શિલ્પરચનામાં સાધેલી લગભગ મીનાકારી જેવી સફાઈની તોલે ભાગ્યે જ આવી શકે એમ છે. ઈસ્વીસન પૂર્વે ત્રીજા સૈકામાં પથ્થર ઉપર થયેલી આ પૉલિશ આટસો વર્ષ પછી પણ એટલી બધી આકર્ષક હતી કે પાંચમા સૈકામાં હિંદમાં આવેલો ચીની યાત્રાળુ ફાહ્યાન વર્ણવે છે કે 'એ કાચની જેમ ચળકતી હતી.' આજે બાવીસસો વર્ષ પછી પણ આ ભારતીય કૃતિઓની ચમક કંઈ બહુ ઝાંખી પડી નથી. સાધારણ કોટિના પથ્થરોમાંથી બનેલા એ સ્તંભો મુખ્યત્વે એ પૉલિશને કારણે જ સચવાઈ રહેલા છે. ઈસ્વી સન પૂર્વે પહેલી સદીથી આ કલા હિંદમાંથી લુપ્ત થઈ ગયેલી છે અને ત્યારપછીની કોઈ શિલ્પરચનામાં હજુ સુધી તે જોવામાં આવતી નથી.

સારનાથનો સ્તંભ એ અશોકના સ્તંભો પૈકી કલાદૃષ્ટિએ સર્વોત્તમ છે. અગિયારમા સૈકામાં મહમ્મૂદ ગઝનવીએ અને બારમા સૈકામાં શાહબુદ્દીન ઘોરીએ સારનાથ જીત્યું અને લૂંટ્યું, ત્યારે ત્યાંના કેટલા યે વિહારો, સ્તૂપો, મંદિરો અને મૂર્તિઓનો નાશ થયો હતો. એ સમયે આ ભવ્ય સ્તંભને પણ ખંડિત કરવામાં આવ્યો હશે એમ જણાય છે. અત્યારે એ સ્તંભ ખંડિત દશામાં તેના મૂળ સ્થાન ઉપર ઊભેલો છે. અસલ સ્તંભ આશરે ૫૫ ફીટ ઊંચો હતો. આ સ્તંભનો અગ્રભાગ—એનું સિંહશિખર એના દંડથી છૂટું પડી ગયેલું હોઈ સારનાથના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલું છે. સિંહશિખરની ઊંચાઈ પણ સાત ફીટની છે. એમાં સૌથી નીચે ઉલટાવેલી પાંખડીવાળા એક સુંદર પદ્મની આકૃતિ કોતરેલી છે. પદ્મની ઉપરના ગોળાકાર ફલક ઉપર ચાર દિશાઓમાં હાથી, વૃષભ, અશ્વ અને સિંહ—એ ચાર બળવાન પશુઓની ગતિદર્શક આકૃતિઓ છે અને તેમની વચમાં એકાંતરે ચોવીસ આરાવાળાં ચાર ધર્મચક્ર કોતરેલાં છે. એની ઉપર ચાર દિશામાં મુખ રાખીને ચાર સિંહ ઊભેલા છે. અગાઉ આ સિંહોની પણ ઉપર—સમગ્ર સ્તંભના શિરોભાગમાં લગભગ ૨॥ ફીટ વ્યાસનું એક વિશાળ ધર્મચક્ર રહેતું હતું. અત્યારે તો એના કેટલાક ટુકડા જ સચવાઈ રહેલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સ્તંભની રચનામાં ભાવપ્રતીકોનો અદ્‌ભુત કુશળતાથી ઉપયોગ કરવામાં આવેલો છે. પહેલી વસ્તુ તો એ કે સારનાથમાં બુદ્ધે કરેલા પોતાના પ્રથમ ધર્મોપદેશનું એ સ્મારક છે. શિખર ઉપરના સિંહને કેટલાક વિદ્વાનો શાક્યસિંહ તરીકે ઓળખાતા બુદ્ધના પ્રતીક-રૂપ ગણે છે. ફલક ઉપરનું ધર્મચક્ર તથા ગતિમાન પશુ–આકૃતિઓ એ ચક્રનું પ્રવર્તન ચારે દિશામાં થયું હોવાનું સૂચવે છે. આ પ્રતીકો સાથે સંયોજિત થયેલી ઉત્તમ કારીગરી પરત્વે હિંદી સરકારના પુરાતત્ત્વ ખાતાના એક વારના વડા જ્હોન માર્શલ લખે છે: 'આ આકૃતિઓ અદ્‌ભુત ચેતનભરી અને સ્વાભાવિક છે અને શિલ્પકલાની સર્વ મહાન કૃતિઓના પ્રાણરૂપ સાદાઈ અને સંયમ-થી તેની રચના થયેલી છે. સાચે જ આની તોલે આવે એવું બીજું એકે શિલ્પ હિંદે પેદા કર્યું નથી.' સુપ્રસિદ્ધ ઇતિહાસકાર અને કલાવિવેચક વિન્સેન્ટ સ્મિથ એ વિષે જણાવે છે: 'આ સુંદર કલાકૃતિ કરતાં ચઢિયાતો –અરે, એની તોલે આવે એવો પ્રાણીશિલ્પનો પ્રાચીન નમૂનો કોઈ પણ દેશમાંથી શોધી કાઢવો મુશ્કેલ પડશે, જેમાં વાસ્તવદર્શી રચના અને ભાવનાત્મક ગાંભીર્યનું આટલી સફળતા-થી સંયોજન થયું હોય અને પ્રત્યેક વિગતમાં આટલી નખશિખ કુશળતાથી જેનું આલેખન થયું હોય.'

આ ઉપરથી તો એમ જ કહેવું પ્રાપ્ત થાય કે જેમ પ્રતિભાશાળી કવિને કોઈ ધન્ય પળે અદ્‌ભુત કલ્પના સ્ફૂરે તેમ આપણા રાષ્ટ્ર-વિધાયકોને સારનાથનું સિંહશિખર આપણી રાષ્ટ્રમુદ્રા તરીકે સ્વીકારવાનો વિચાર સ્ફૂર્યો. એ ઉપરનું ચક્ર કોઈ સંકુચિત ધાર્મિક પ્રતીક નથી. વિશ્વવ્યવસ્થાની ભાવનાને ચક્રનું રૂપક આપવાની કલ્પના બુદ્ધ કરતાં યે ઘણી પ્રાચીન છે. મૂળ તો ચક્ર એ સૂર્યનું પ્રતીક હતું. વિષ્ણુ એ પ્રાચીનતર સૂર્યદેવનું રૂપાંતર છે અને તેમના હાથમાંનું સુદર્શનચક્ર પણ સૂર્યનું જ પ્રતીક હોય એ સંભવિત છે. ઋગ્વેદ-માં ત્રણ ઋતુ, બાર માસ ને ત્રણસો સાઠ દિવસના વર્ષને ત્રણ ધરી, ત્રણ પૂઠિયાં અને ત્રણસો સાઠ આરાવાળા એક ચક્રનું રૂપક આપવામાં આવ્યું છે. કાળની અનંતતાના પ્રતીકરૂપ આપણી યુગોની કલ્પના પણ એક ચક્રરૂપે જ વિકસી છે. પ્રાચીનતમ ભારતીય સંસ્કૃતિ વિકસિત સ્વરૂપમાં પ્રથમવાર જ્યાં જોવા મળે છે ત્યાં–મોહેં–જો–દડો અને હરા-પ્પાનાં હજારો વર્ષ જૂના અવશેષોમાં પણ ચક્ર અને બિંબની આકૃતિઓ છે. આમ ચક્ર એ તો ભારતીય ધર્મોનું માપ નહિ પણ ભારતીય ચિંતન-સૃષ્ટિનું એક વિશિષ્ટ પ્રતીક છે.

સારનાથના સિંહશિખરનું આપણું રાષ્ટ્ર-પ્રતીક તરીકેનું ઔચિત્ય બીજી રીતે પણ છે. પ્રાચીન ભારતીય શિલ્પકલાનો એ સર્વો-ત્તમ નમૂનો છે. સેંકડો વર્ષ પૂર્વે, વ્યાપક માનવહિતની ભાવનાથી વિજયયાત્રાને બદલે ધર્મયાત્રામાં ચિત્ત જોડનાર, સુરાજ્યપ્રવર્તક તત્ત્વજ્ઞાની સમ્રાટ અશોકે સ્થાપેલાં સ્મારકો પૈકીનું તે એક છે; અને સૌથી વધારે તો, અઢી હજાર વર્ષ પૂર્વે માનવપ્રેમની ઘોષણા કરીને, 'વેરથી વેર શમતાં નથી; પ્રેમથી જ વેર શમે છે' એમ પોકારનાર જગજ્જ્યોતિ શાક્યસિંહની ધર્મદેશનાનું એ પ્રતીક છે, જેનું પુનરાવર્તન આપણને એવા જ મહાન જગ-જ્જ્યોતિ મહાત્મા ગાંધીજીના અદ્‌ભુત જીવન અને એથી યે અદ્‌ભુત મરણમાં જોવા મળ્યું.

આમ આપણી રાષ્ટ્રમુદ્રા એ આપણા દેશ અને સંસ્કૃતિનાં સર્વોત્તમ તત્ત્વોનું સૂચન કરે છે. વ્યક્તિગત તેમ જ સામાજિક જીવનમાં એને અનુરૂપ આચરણ કરવાનું પ્રભુ આપણને સામર્થ્ય આપો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણસાવધ કિલ્લો

શ્રી નટવર મૂ. વીમાવાળા

માનસશાસ્ત્રનો ઉદ્‌ભવ જગતના ઇતિહાસમાં થયો મોડો, પણ છેલ્લા સૈકામાં એણે પશ્ચિમના દેશોમાં ઝળકતી પ્રગતિ સાધી છે. જીવનને સાચી રીતે સમજવામાં એણે આગેવાની નોંધાવી છે. બાળહઠ નિવારવાના કઠિન કાર્યમાં આ શાસ્ત્ર કેવી સરસ રીતે ઉપયોગી થઈ શકે એમ છે તે અહીં સુંદર રીતે એક પ્રસંગકથામાં ગૂંથાયું છે.

લેખક 'પ્રભાકર' તથા 'ગાંડીવ'ના તંત્રી અને ગાંડીવ સાહિત્ય મંદિરના સંચાલક છે.

'એં એં એં...મને બાપુ સાથે જવા દે ને...એં એં એં એં એં......'

'તારા બાપુ તો ક્યારના બસમાં બેસી કચેરી પહોંચી ગયા હશે. જો શ્યામુ, હવે છાનો રહી જા. કાલે તને એમની સાથે મોકલીશ, હં......' બા-લીલા બોલી.

'હં અ...અં...એ...એ...તું ખોટું બોલે છે. રોજરોજ એમ જ કહે છે, પણ બાપુ મને કોઈ દિવસ લઈ જતા નથી...એ એ એ... તું મને પટાવે છે...એં એં એં...'

લીલાએ ચાર વરસના શ્યામુને સમજાવવા ખૂબ પ્રયત્ન કર્યો, પણ શ્યામુએ તો ભેંકડો શરૂ કર્યો અને છાનો રહે જ નહિ. એણે તો જમીન પર આળોટવા માંડ્યું ને બરાડા પાડવા માંડ્યા.

થોડીવાર સુધી લીલાએ તે ચાલવા દીધું, પણ પછી તે કંટાળી. પુષ્કળ ઘરકામ હતું અને આવા બરાડાથી તેને ત્રાસ થતો હતો. તે પાછી બહાર આવી અને બોલી :

'હું તો હવે શ્યામુ, તારાથી છેક જ કંટાળી. બાપા, હવે છાનો રહે છે કે લઉં સોટી...?'

'કેમ લીલી ? સોટી કેમ લેવાની થઈ ગઈ ?' બોલતીબોલતી લીલાની સખી સુવર્ણા ત્યાં આવી પહોંચી. તે તે જ મહોલ્લામાં રહેતી હતી અને અવારનવાર આવતીજતી. લીલા કરતાં તે પાંચસાત વર્ષે મોટી હતી અને ત્રણચાર બાળકોની માતા હતી. મોટી હોવા છતાં તે સખીભાવે જ લીલા સાથે વર્તતી અને લીલાને પણ તેના તરફ માનભાવ હતો.

'અને આ શ્યામુ કેમ આટલો બધો આળોટીને બરાડી રહ્યો છે ? આ બધું છે શું ?' સુવર્ણા આવે વખતે-સાડાદસ-અગિયાર વાગે લીલાને ત્યાં કદી આવી ન હતી, આજે જ આવી. એ સમયે મધ્યમ વર્ગની સ્ત્રી ભાગ્યે જ ઘરકામમાંથી નવરી પડે કે બહાર નીકળે. ખાસ જરૂરી કામ સિવાય નીકળી ન જ શકે એટલે સુવર્ણાએ આ દૃશ્ય આજે પહેલી જ વાર જોયું.

'અરે, ઓહો, સુવર્ણાબહેન ! આવો, ભઈશાબ ! આ તો મારે રોજનું જ લાગ્યું છે. શ્યામુના બાપુ કચેરી જવા નીકળે ત્યારે રોજ એ સાથે કચેરી જવાની જિદ્દ કરે, રોજ એમને વળગી પડે, રોજ છૂટો પાડવો પડે. એને કેટલું ય સમજાવીએ છીએ કે ત્યાં ચારપાંચ કલાક બેસી રહેવું પડે, રમવાનું નહિ મળે ને ભૂખ લાગશે; પણ એની જિદ્દથી તોબા પરમેશ્વર. કોઈનું કહ્યું માનતો જ નથી. હવે કલાક સુધી એનું રડવું ચાલશે. કંઈ રસ્તો બતાવો તો મોટો પાડ, સુવર્ણાબહેન !' લીલાએ પોતાની મુઝવણ રજૂ કરી.

'એમ !' સુવર્ણા જરા વિચારમાં પડતાં અને શ્યામુ સામે જોઈ રહેતાં બોલી. 'પણ લીલીબહેન, મને લાગે છે કે એમાં તારી જ ભૂલ છે-તમારી જ ભૂલ છે.'

'મારી ભૂલ ? અમારી ભૂલ ? શી ?' લીલા વિચારમાં પડી ગઈ.

'એ તને એકદમ નહિ સમજાય. ચાલ, પહેલાં તારું કામ પતાવ. પછી નિરાંતે બેસીને કહું...' સુવર્ણાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઠીક, થોડીવાર બેસો ત્યારે. હું હમણાં આવી.' કહી લીલા રસોડા તરફ ગઈ. દરમ્યાન શ્યામુ રડતો બંધ પડ્યો હતો.

ઓરડામાં મેજ પર એક બંધૂક પડેલી હતી તે હાથમાં લઈ સુવર્ણાએ શ્યામુને પૂછ્યું : 'શ્યામુ, ઓહો, તારી પાસે તો આવી ફક્કડ બંધૂક છે. તને એ ફોડતાં આવડે છે?'

શ્યામુ બંધૂક તરફ જોઈ રહ્યો એના મનમાંથી કચેરી અને બાપુ સરકી ગયાં અને તેમનું સ્થાન તરત જ બંધૂકે અને તે ફોડવાની આવડતના ખ્યાલે લીધું. એ આવડતનું સ્વગૌરવ હુંપદ, જિદ્દ અને રડકણાપણા પર ફરી વળ્યું, અને તે બંને એ રેલમાં તણાઈ ગયાં. એ પટ દઈને ઊભો થઈ ગયો અને બોલ્યો: 'મને ફોડતાં આવડે છે...જુઓ...' એમ કહી એણે બેત્રણ ભડાકા કર્યા. 'જુઓ, જુઓ, આમ ટીકડી મૂકવાની, આમ ઘોડો દાબવાનો, એટલે આ આમ ફટ... હું હું નવી ટીકડી લઈ આવું...' કરતો એ બીજા ઓરડામાં ગયો.

થોડીવારે લીલા દીવાનખાનામાં આવી ને પૂછવા લાગી: 'શ્યામુ ક્યાં ગયો?'

'હમણાં જ બંધૂક સાથે રમતોરમતો આમતેમ ગયો છે.' સુવર્ણાએ જવાબ આપ્યો.

'સુવર્ણાબહેન, આજે તો તમે આવીને મારો ઉદ્ધાર કર્યો, છુટકારો કર્યો; નહિ તો હજુ એનો તોપમારો કલાકેક સુધી ચાલત. કહો શા કામે આવ્યાં છો?'

'અરે બહેન, મારે ત્યાં એક વાગે આજે મહેમાન આવવાના છે ને ઘરમાં ચા તદ્દન ખલાસ થઈ ગઈ છે ને અત્યારે લેવા કોણ જાય? એટલે થોડીક ચા લેવા આવી છું, પણ ઉતાવળ નથી. તું પરવારીને આપશે તો ચાલશે. દશપંદર મિનિટ આમતેમનો મને વાંધો નથી.'

'હું તો પરવાર્યા જેવી છું, પણ તમે પેલી વાત કહેતાં હતાં તે કહો. અમારી ભૂલ છે એવું તમે કહેતાં હતાં તે મને સમજાવો. ચા તો મારે ત્યાં કાલે જ આવી છે, એટલે તમને જોઈશે તેટલી આપીશ, પણ પેલી વાત મને કહીને જ જાઓ તો કૃપા.'

'તારે શ્યામુ પર સૂચનશક્તિનો પ્રયોગ કરવો જોઈએ. એ કર્યાથી જ એની હઠ છૂટી જશે. મેં એ વિષયમાં થોડું વાંચ્યું છે અને એના પ્રયોગોનાં બ્યાનો વાંચ્યાં છે, તેમ જાતે પણ પ્રયોગ કરી જોયા છે. એથી મને એ વિશે ખાતરી થઈ છે.' સુવર્ણાએ ચશ્માં ઉતારી લૂગડા વતી તેના કાચ લૂછતાં જણાવ્યું.

'સૂચનશક્તિ? તે વળી શું? મેં તો એવું કંઈ સાંભળ્યું જ નથી. તમે સમજાવો તો જ ખબર પડે.' લીલાએ અજ્ઞાન દર્શાવતાં પૂછ્યું.

'એ તો એકાદબે શબ્દોમાં સમજાવાય તેવું નથી. એની વ્યાખ્યા આપવાનું કામ તો કઠણ છે. પણ બાળકનો સ્વભાવ કેળવવા માટે એ સારામાં સારી પદ્ધતિ છે, ને એનો ઉપયોગ પણ વળી આનંદ આપનારો, રળિયામણો થઈ પડે છે.'

'પણ એમ કહ્યામાં મને શી સમજ પડે? આ શ્યામુના પર એ પ્રયોગ કેમ ને કેવી રીતે કરવો તે સમજાવોને બહેન! જેટલી સમજ પડે એટલું મારું કામ થાય. બીજી બધી વાત પછી.' લીલાએ આતુરતાથી પ્રશ્ન કર્યો.

'હું સમજાવું. બાળક હઠે ભરાય, જિદ્દ લે ત્યારે એની એ વખતની મનઃસ્થિતિનું આપણે જરા બારીકાઈથી નિરીક્ષણ કરવું જોઈએ. બાપુ બહાર જવાની તૈયારી કરે કે તરત જ શ્યામુના મનમાં એમની સાથે જવાના વિચારો જાગે છે—પ્રબળ રીતે જાગે છે. એ વખતે એ પ્રબળ ઇચ્છા એટલું જોર કરે છે કે બીજો કોઈ પણ વિચાર ત્યાં દાખલ થઈ શકતો નથી. બલકે વિચાર કરવાની એની શક્તિ જ નષ્ટ થયેલી હોય છે. આ વાત ખાસ ધ્યાનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેવાની છે.

બાકી એનાથી કંઈ અગિયારથી પાંચ વાગ્યા સુધી એના બાપુની કચેરીમાં બેસી રહી શકાય જ નહિ. કંટાળો આવે. રડવું આવે. ભૂખ પણ લાગે જ. પણ આ બધી બાબતો એના મગજમાં તે વખતે પ્રવેશી શકતી નથી. એ વખતે એના વિચારો એક જ દિશામાં વળેલા હોય છે. એના મનનો કબજો જ તેણે લીધેલો હોય છે. તે સમયે આપણે ગમે તેટલું સમજાવીએ, મનાવીએ, પટાવીએ પણ બાળકના મન પર એ શિખામણ કશી અસર કરતી નથી, કરી શકે પણ નહિ.' સુવર્ણાએ લંબાણપૂર્વક વિષય સમજાવવા માંડ્યો.

'પણ તે પ્રસંગે સૂચનશક્તિ શા કામમાં આવે? એવું કરવું શું?' લીલાએ અધીરાઈથી પ્રશ્ન કર્યો.

'તે વખતે સૂચનશક્તિ વાપરવાની જ નથી. તે વખતે એનો કશો ઉપયોગ નથી. એને સમજાવવાનો યત્ન તે વખતે કરવો તદ્દન મિથ્યા છે. કિલ્લામાં જ્યાંસુધી શત્રુનું લશ્કર સાવધ બનીને ખડી બધૂકે બેઠું હોય ત્યારે એને સર કરવાનો પ્રયત્ન ફળવાનો સંભવ ઓછો જ. ડાહ્યો સેનાપતિ એવો વિચાર પણ ન કરે, પણ શત્રુદળ અવ્યવસ્થિત, નબળું, અસાવધ અને લડવા બાબતમાં બેધ્યાન હોય ત્યારે તેના પર કરેલો હલ્લો જરૂર સફળ નીવડે, તેવું જ આમાં છે.'

'સુવર્ણાબહેન, બળ્યું, મને તો આ તમારી વાતમાં કશી સમજ પડતી નથી. કિલ્લો શું ને લશ્કર શું, સેનાપતિ કોણ, ને હલ્લો શાના પર?—એ તો બધી લડાઈની વાતો છે. બાળકની હઠ સાથે એને શી રીતે સરખાવાય? બાળક કંઈ આપણું દુશ્મન છે? આપણા સાત લાડનું મોઢું બચ્ચું હોય તેના પર વળી હુમલો શાનો?' લીલાએ અકળાતાં કહ્યું.

'એ તો બધી ભાષાનાં ઘરેણાં જેવી વાતો છે. અહીં જોવા જાય તો નથી કોઈ કિલ્લો કે નથી કોઈ શત્રુ, પણ બાપુ સાથે કચેરી જવાની જિદ્દ એ બાળકના મનરૂપી કિલ્લામાં બેઠેલા સાવધ શત્રુ સમી છે. સૂચનશક્તિ એ હોશિયાર સેનાપતિ છે. ચતુર ને હોશિયાર સેનાપતિ, શત્રુ સાવધ બેઠા હોય ત્યારે લડાઈ નથી જગાડતો. તેમ બાળક જ્યારે જિદ્દે ચડ્યું હોય, એના મનનો સંપૂર્ણ કબજો એ જિદ્દે લીધો હોય તે વખતે તેની સાથે ખટપટ ન કરતાં સૂચનશક્તિરૂપી સેનાપતિ યોગ્ય તકની રાહ જોઈ રહે છે.' સુવર્ણાએ લગભગ ભાષણ જ આપ્યું. 'શ્યામુના બાપુ કચેરીએ જવા નીકળે ત્યારે શ્યામુને સાથે જવાની ઇચ્છા પ્રબળ હોય છે પણ તે પછી થોડે વખતે એ ઇચ્છા નિર્બળ બને છે. બીજે સમયે તો એ તદ્દન નિદ્રાવસ્થામાં હોય છે, એ ઇચ્છા ઊંઘતી જ હોય છે, અને એ ઊંઘતી હોય ત્યારે જ એ ઇચ્છા વિરુદ્ધના વિચારો એના મગજમાં ભરવાનો યત્ન કરવો જોઈએ. તે વખતે જ બાળકના મન પર એની અસર થવાનો પૂરેપૂરો અવકાશ રહે છે. સાથે જવાની ઇચ્છા જાગ્રત થઈ એના મનનો કબજો લે તે પહેલાં, વેળાસર, એના પર ઊંધા જ વિચારોનાં સૂચનો કર્યે જવાં જોઈએ, અને છાપ પાડી દેવી જોઈએ. એ છાપ બરાબર પડી હોય તો સાથે જવાની જિદ્દ તો શું, પણ વિચાર સરખો યે કરે નહિ. મારા કહ્યા પ્રમાણે તું સૂચનશક્તિનો ઉપયોગ કરીશ, તો બેત્રણ દહાડામાં જ શ્યામુ બદલાઈ જશે.'

'સુવર્ણાબહેન, તમે તો બડાં હોશિયાર છો. પણ મને જરા વિગતવાર સમજાવો, અને મારે પોતે શું કરવું તેટલું જ ચોક્કસ રૂપે દસાવો, તો મોટો પાડ થશે.' લીલાએ સમજ માગી.

પછી સુવર્ણાએ એ વાત અતિ વિગતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલાને સમજાવી, અને કચેરીને કાળે નહિ પણ ઇતર વખતે શ્યામુના મન પર કચેરીએ જવાથી થતા ગેરલાભની છાપ અવારનવાર પાડ્યા કરવી એ કરામત સમજાવી. પછી તે ચા લઈને ગઈ.

*

તે જ સાંજે લીલા શ્યામુને લઈ બગીચે ફરવા ગઈ. એક બાંકડા પર બેસી એણે શ્યામુ સાથે વાતો કરવા માંડી:

'શ્યામુ, તું બહુ ડાહ્યો છોકરો છે. તું મને કેવો વહાલોવહાલો લાગે છે! તું બધાનું કહ્યું કેવું માની જાય છે! તેથી તો મેં તને પેલી આગગાડી રમવા માટે આણી આપી છે...'

'પણ મને એક ફૂટબૉલ નહિ અપાવે, બા!' શ્યામુએ વહાલથી લીલાનો હાથ ખેંચતાં કહ્યું. 'આપણી પડોશમાં પેલો સુરેશ છે ને, તેની બાએ એને કેવો સરસ ફૂટબૉલ આણી આપ્યો છે! મને તું એવો ફૂટબૉલ નહિ લાવી આપે?'

'વાહ, કેમ નહિ!' લીલાએ એને ખોળામાં લઈ બચ્ચી ભરતાં કહ્યું. 'અરે, એના કરતાં ય સરસ ફૂટબૉલ લાવી આપીશ.'

શ્યામુના મો પર આનંદઆનંદ પ્રસરી રહ્યો, પોતાના નવા ફૂટબૉલ સાથે રમી જ રહ્યો હોય એવી ઉજ્જ્વળતા તેના મો પર છવાઈ રહી.

એટલામાં લીલાએ શરૂઆત કરી: 'શ્યામુ, હું તને રોજ સાંજે અહીં ફરવા લાવું છું ને?'

'હા, બા. તું સારી છે.'

'પણ તું ક્યાં મારું કહેવું સાંભળે છે?'

'કેમ વળી? સાંભળું જ છું ને! ક્યારે નહિ સાંભળ્યું?'

'પણ હું કહું છું તે માનતો નથી ને...'

'માનું તો છું વળી. બધું જ માનું છું.' શ્યામુએ કહ્યું. 'તું કહે તે કરું, બોલ, શું કામ છે?'

'કામ તો એક છે. તે કરજે જોઉં. જો, તારા બાપુ જમીને કચેરી જાય છે ત્યારે તું રોજ રડે છે ને? હવેથી નહિ રડે એમ બોલ!'

ફૂટબૉલ મળવાનું જાણ્યાથી શ્યામુનું મન આનંદમાં હતું. તે બોલી ઊઠ્યો: 'નહિ રડું, જા. હવેથી નહિ રડું.'

'ને સાથે જવાનું પણ નહિ બોલે? સાચ્ચે?'

'સાથે જવાનું પણ નહિ કહું, સાચ્ચે.'

'જોને ભાઈ, કચેરીમાં તો બધા મોટા-મોટા માણસ હોય. તે કંઈ તારી સાથે રમે? બધા કામમાં હોય. કલમ લઈને લખતા હોય. કોઈને ફુરસદ હોય નહિ. તું ત્યાં જઈને કોની સાથે રમે? તારા બાપુ પણ કામમાં જ હોય, ખરું કેની?'

શ્યામુ જરી વિચારમાં પડી જતો ધીમો-ધીમો બોલ્યો: 'હાસ્તો વળી.'

'ત્યાં તને ખાવાનું કોણ આપે? રમકડાં ક્યાંથી લાવે?'

શ્યામુ ફરી વિચારમાં પડી જતાં બોલ્યો: 'હાસ્તો વળી.'

સુવર્ણાની ભાષામાં 'શ્યામુનું મન આ વખતે કચેરી જવાના વિચારો સંબંધી 'નિદ્રાવસ્થામાં' હતું. એ વિચારો સજાગ્રત નહોતા, ચંચળ નહોતા, એનો એના મન પર કબજો નહોતો, એટલે એ એ વિષય પર વધુ સ્વસ્થ, શાંત, નિરાંતભર્યા વિચાર કરી શકતું હતું. તેથી શ્યામુએ બરાબર ડાહ્યા જવાબો આપ્યા.

'ત્યારે તું હવે બાપુ સાથે કચેરી જવાનું માગશે?'

શ્યામુએ કહ્યું: 'પણ તું મને ફૂટબૉલ અપાવશે ને?'

'હા, તે તો અપાવીશ જ; પણ તું કચેરી જવાની વાત કરશે?'

'નહિ કરું, નહિ રડું.' શ્યામુએ કબૂલાત આપી.

'ત્યારે હું કહું તેમ બોલી જશે?'

'શું...ઉં ઉં?' તે હસતોહસતો સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ રહ્યો.

'જો, હું કહું તેમ બોલ...હું કાલે સવારે બાપુ સાથે કચેરીએ જવાની વાત નહિ કરું...'

'હું કાલે સવારે બાપુ સાથે કચેરીએ જવાની વાત નહિ કરું.'

'સાથે જવાની જિદ્દ નહિ પકડું.'

'સાથે જવાની જિદ્દ નહિ પકડું.'

'જમીને એ બહાર જશે, ત્યારે હું કહીશ, બાપુ હું તમારી સાથે નથી આવવાનો.'

'હું કહીશ કે બાપુ, હું તમારી સાથે નથી આવવાનો.'

'મને કંઈ કચેરીમાં ગમે નહિ.'

'મને કંઈ કચેરીમાં ગમે નહિ.'

'ત્યાં મને ભૂખ લાગશે.'

'ત્યાં મને ભૂખ લાગશે.'

'હું ઘેર જ રહીશ...હું બંધૂક સાથે રમીશ...હું ઘેર જ રહીશ...હું આગગાડી સાથે રમીશ...હું કચેરી નહિ આવું...હું ચિતરામણાં જોઈશ...બા મને સારીસારી વાતો કહેશે...તમે તમારે જાઓ...મારે આવવું નથી.'

લીલાએ આ વાક્યો શ્યામુ પાસે ચેનચાળા ને લટકામટકા સાથે બોલી બતાવ્યાં, ને એવા જ લટકા સાથે એની પાસે બોલાવ્યાં. બેચાર વાર બોલાવ્યાં. શ્યામુને તો એ રમત જ બની ગઈ. તેને ખૂબ ગમ્મત પડી. તેને તે યાદ પણ રહી ગયાં. ને પછી એકલો એકલો પણ એ તે વાક્યો બોલી ગયો—ઘણાંખરાં.

ત્યારપછી થોડીવાર ફર્યા બાદ બન્ને ઘેર આવ્યાં.

*

રાતના જમતાંજમતાં લીલાએ પોતાના પતિ સુખકરને કહ્યું: 'ખબર છે, કાલે આપણો શ્યામુ શું કરવાનો છે તે?'

'શું કરવાનો છે?'

'તમે કચેરી જશો, ત્યારે તમારી સાથે નહિ આવે. આગગાડી સાથે રમશે. છબીઓ જોશે, વાતો સાંભળશે......'

'હેં? ખરી વાત, શ્યામુ?'

'હા, બાપુ. હું તમારી સાથે કચેરીએ નથી આવવાનો...પણ બા, તું મને સારીસારી વાતો કહેશે ને?...' શ્યામુના મન પર બાગમાં થયેલી વાતોએ અસર જમાવી હતી.

'હાસ્તો વળી, કહીશસ્તો.'

'તો હું બાપુ સાથે નહિ જાઉં.'

*

બીજે દિવસે સવારે ઊઠ્યા પછી શ્યામુ દૂધ પીતો હતો ત્યારે લીલાએ પૂછ્યું: 'શ્યામુ, તારા બાપુ કચેરી જવા નીકળે, ત્યારે તું શું કહીશ?'

'બાપુ, હું તમારી સાથે નહિ આવું. ત્યાં કંઈ રમકડાં નથી. ત્યાં મને નહિ ગમે.' વગેરે વગેરે વાક્યો, બાગમાં શીખવ્યા મુજબના ચાળાચસકા સાથે હસતાંહસતાં શ્યામુ બોલી ગયો. બેવાર લીલાએ એ વાક્યો એની પાસે બોલાવ્યાં.

જમી રહ્યા પછી સુખકર કોટ પહેરી કચેરી જવા તૈયાર થયા. દાદર ઊતરવા માંડતાં પહેલે પગથિયે થોભી તેમણે શ્યામુને કહ્યું: 'શ્યામુ, હું જાઉં છું. તું શું કહેતો હતો?'

'મારે નથી આવવું.' કહી શ્યામુ પોતાની આગગાડીને ચાવી આપવા મંડી પડ્યો. ચાવી આપતાંઆપતાં તે બોલવા લાગ્યો: 'હું બાપુ સાથે કચેરી નહિ જાઉં. ત્યાં મને ગમે નહિ. ત્યાં કોઈ મારી સાથે રમે નહિ. ત્યાં મને ભૂખ લાગે. કોઈ ખાવાનું આપે નહિ.' વગેરે વગેરે એ બોલતો હતો, પણ એનું ચિત્ત સાવ રમતમાં હતું.

સુખકર સુખે ચાલી ગયા. સાંજે તે ક્યારે આવ્યા, તેની ખબર પણ શ્યામુને ન રહી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુત્વાકર્ષણ છૂટે તો?

શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ
એમ. એસસી. (લંડન); બાર-એટ-લૉ.

માનવકલ્પનાને ઓછાં કશાં બંધન છે? આજે સુવ્યવસ્થિત રીતે ચાલતી દેખાતી કેટલીક કુદરતી પ્રક્રિયા વિષે અશક્ય લાગતી કલ્પના કરવામાં નિર્દોષ આનંદ અને જ્ઞાન મળે છે. ગુરુત્વાકર્ષણ એટલે પોતાની ધરી તરફ સપાટીપરની સર્વ વસ્તુઓને ખેંચનારું પૃથ્વીનું બળ. પ્રથમ વિચારી લો, એ તત્ત્વ બંધ થાય તો શું થાય? પછી આ લેખ વાંચો. ઘણું નવું જાણવાનું મળશે.

જ્યારે નિશાળમાં ભણતા હોઈએ છીએ, ત્યારે પૃથ્વી ગોળ છે એ હકીકતની કલ્પના કરવી બહુ અઘરી પડે છે. તરત જ આપણને સવાલ થાય છે કે આપણે જો પૃથ્વીના ઉપરના ભાગમાં હોઈએ તો શું પૃથ્વીના નીચેના ભાગના લોકો ઊંધે માથે લટકે છે? અને ઊંધે માથે લટકતા હોય તો તેઓ પડી કેમ નથી જતા? આ સવાલનો લગભગ દરેક શિક્ષક એવો જવાબ આપે છે કે ગુરુત્વાકર્ષણને લીધે આપણે પૃથ્વી પર ચોંટી રહીએ છીએ. એક પોલા દડાના મધ્યબિંદુમાં પાણીદાર લોહચુંબક રાખ્યું હોય અને દડાની સપાટી પર લોઢાની કણીઓ જેમ દડાને ચોંટી રહે એમ આપણે પૃથ્વીને ચોંટી રહીએ છીએ. આ ઉપમા આટલે સુધી બરોબર છે; પણ એના પરથી જો એમ અનુમાન કરીએ કે લોહચુંબક પોતાની આકર્ષણશક્તિ એકાએક મૂકી દે ને દડાની નીચેની કણીઓ જમીન પર પડી જાય, તેમ પૃથ્વી જો ગુરુત્વાકર્ષણ મૂકી દે તો પૃથ્વીની નીચેના ભાગમાં વસનારા લોકો ઊંધે માથે હવામાં પડી જાય; તો તે અનુમાન બરોબર નથી.

પ્રથમ તો કોણ નક્કી કરી શકે કે કોણ બરોબર ઊભા છે ને કોણ ઊંધે માથે ઊભા છે? ઇંગ્લંડના લોકો એમ કહે કે ઑસ્ટ્રેલિયાના લોકો ઊંધે માથે ક્રિકેટ રમે છે, અને ઑસ્ટ્રેલિયાના લોકો ઇંગ્લંડના ખેલાડીઓ માટે એમ કહે તો એમાંથી ખરું કોણ? સાધારણ નકશાઓમાં ઉત્તર તે ઉપરનો ભાગ હોય છે ને દક્ષિણ હોય છે નીચેનો. પણ માત્ર સગવડને લીધે આવી રૂઢિ થઈ છે. ઇંગ્લંડના લોકો બરોબર ઊભા રહીને ક્રિકેટ રમે છે ને ઑસ્ટ્રેલિયાના ઊંધે માથે રમે છે એમ કહેવાને આપણી પાસે કશું વૈજ્ઞાનિક કારણ નથી.

આથી વધારે મહત્ત્વની એક બીજી વાત છે. જો પૃથ્વી ગુરુત્વાકર્ષણ મૂકી દે તો પૃથ્વી પરની બધી જ વસ્તુઓનું વજન શૂન્ય થઈ જાય; એટલે કે હાથી, મનુષ્ય, કીડી એ બધાનું વજન સરખું થઈ જાય—રબ્બરના ફુગ્ગાથી પણ ઓછું. પરંતુ એમ થાય તો આપણે હવામાં ઊડવા માંડીએ એમ માનવાને કશું કારણ નથી. પૃથ્વીની જેમ સમસ્ત બ્રહ્માંડમાંથી ગુરુત્વાકર્ષણની શક્તિ ચાલી જાય તો આપણને કોઈ આકર્ષનાર ન રહે અને તેથી પૃથ્વી પરથી આપણે ઊડવા માંડીએ એમ માનવાને કારણ નથી.

જો સમસ્ત વિશ્વમાંથી ગુરુત્વાકર્ષણ ચાલી જાય તો પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી બંધ થઈ જાય અને તેનાથી દૂર જવા માંડે. આશરે બે મહિનામાં તે એટલી દૂર જાય કે જેથી સૂર્યની ગરમી અડધી થઈ જાય, ચાર મહિનામાં સૂર્યની ગરમી પાંચમા ભાગની થાય અને છ મહિનામાં દસમા ભાગની થાય; એટલે અતિશય ઠંડી પૃથ્વી પર થઈ જાય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણીમાત્રનો નાશ થઈ જાય.

આ બધું થતાં તો મહિનાઓ થાય, પણ ગુરુત્વાકર્ષણ ચાલી જાય તો એની તરત અસર કેવી થાય?

આનો વિચાર કરવા એક ઓરડો ૧૦૦ ફૂટ × ૧૦૦ ફૂટ × ૨૫ ફૂટ જેટલો મોટો કલ્પીએ. તેની બહાર એક એવું બટન રાખીએ કે જે દબાવીએ તો ઓરડામાંથી ગુરુત્વાકર્ષણ ચાલી જાય, અને ઊંચું કરીએ એટલે ગુરુત્વાકર્ષણ પાછું આવે.

આ ઓરડામાં ચાલવું અશક્ય થઈ જાય; કારણકે ચાલવા માટે પગ અને જમીન વચ્ચે ઘર્ષણનું બળ જોઈએ, અને ઘર્ષણનું બળ વજન પર આધાર રાખે છે. એટલે વજન શૂન્ય થઈ જાય તો ઘર્ષણ શૂન્ય થાય એટલે ચલાય નહિ. તરતાં ન આવડતું હોય ને દરિયામાં ચાલવું જેમ અશક્ય થાય છે તેના જેવી કંઈક સ્થિતિ થાય. ઘર્ષણ ન હોવાને લીધે આવા ઓરડામાં સાઈકલ કે ગાડી ચલાવી શકાય નહિ.

વળી વજન ચાલી જવાથી કેટલીક વિસ્મય-જનક ઘટનાઓ બને. લોલકવાળી ઘડિયાળ આ ઓરડામાં લઈ જઈએ તો લોલક એક બાજુ જઈને હાલતું બંધ થઈ જાય અને ઘડિયાળ અટકી પડે.

પાણીની પિચકારીની ધારા સામાન્ય રીતે વળાંકમાં પડે છે. પણ આ ઓરડામાં જુદી જ રીતે પડશે. ઓરડાની દીવાલનાં કાણાંમાંથી એક પાણીની પિચકારી છોડી હોય તો તે સીધી લીટીમાં સામી દીવાલને અથડાશે ને તેમાંના કેટલાક છાંટા અથડાઈને પાછા એ જ કાણામાં આવે તો નવાઈ નહિ.

આ ઓરડામાં હાથી, રેલવેનું એન્જિન કે કોઈ પણ અતિશય ભારે વસ્તુ દાખલ કરી હોય તો તેનું વજન રબરના ફુગ્ગા કરતાં પણ હલકું થઈ જાય. એને જો સહેજ ઉપર વેગ આપવામાં આવે તો તે સિલિંગ સુધી પહોંચી જાય.

હવાનું દબાણ એના વજન પર આધાર રાખે છે, એટલે જો વજન શૂન્ય થઈ જાય તો દબાણ પણ શૂન્ય થઈ જાય. એટલે ગુરુત્વાકર્ષણ વિનાના ઓરડામાં કોઈ પણ જાતનો પંપ નકામો થઈ જાય. ત્યાં પેન ભરવાની નળી કે આંખમાં ટીપાં નાખવાની નળી કામ કરી શકે નહિ. ત્યાં સ્ટ્રૉમાંથી લેમોનેડ કે સોડા પી શકાય નહિ.

આવા ઓરડામાં જીવી શકાય ખરું? ખાવામાં પુષ્કળ મુશ્કેલી આવે. ખોરાક તદ્દન વજનવિનાનો થઈ જાય એટલે પેટમાં કેવી રીતે ઊતરે?

વળી શ્વાસ પણ ન લઈ શકાય. શ્વાસ લેવાની ક્રિયા આ પ્રમાણે થાય છેઃ પાંસળી વચ્ચેના કેટલાક સ્નાયુઓની હાલચાલથી છાતીનું કદ મોટું થાય છે ને તેથી છાતીમાં રહેલી હવાનું દબાણ ઓછું થાય છે. બહારની હવાનું દબાણ વધારે હોવાથી નાકવાટે બહારની હવા ફેફસાંમાં દાખલ થાય છે. હવે જો હવાનું દબાણ જ ન હોય, તો બહારની હવા અંદર કેવી રીતે આવી શકે? એટલે જો ગુરુત્વાકર્ષણ ન હોય તો શ્વાસ લીધા વિના થોડી જ ક્ષણમાં આપણું મૃત્યુ થાય. પ્રાણીમાત્રને શ્વાસ લેવો પડે છે એટલે ગુરુત્વાકર્ષણ વિના એ બધાંનું પણ મૃત્યુ જ થાય. એટલે ઉપર કહ્યો તે હાથીનો પ્રયોગ જ ન થઈ શકે!

પણ આ ગુરુત્વાકર્ષણ ક્યારે છૂટે? અને કેવી રીતે? હજી સુધી કોઈ વૈજ્ઞાનિકે ગુરુત્વાકર્ષણ છૂટવાની કલ્પના જ કરી નથી. જેનો આદિ છે તેનો અંત હોવો જોઈએ એવું પૃથ્વી વિષે કલ્પી શકાય. પૃથ્વીની ઉંમર ૧-૨ અબજ વર્ષની ગણાય છે, સૂર્યની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવતાની સુગંધ

*

અધ્યા. શશિન્ ઓઝા
એમ. એ.

માનવીના જીવનવ્યવહારમાં મુશ્કેલીઓ ઊભી થાય છે ત્યારે જાણે માનવતા પણ પરવારી જતી હોય એવું સામાન્ય રીતે દેખાય છે. વિપત્તિના સમયમાં માનવતા જીવતી હોય છે, ત્યારે તેનું તેજ અનેરું લાગે છે, પણ એ માનવતા સાવ સહજ રીતે પ્રગટે છે, ત્યારે તો ઈશ્વરનો સાક્ષાત્કાર કરતા હોઈએ એવો આનંદ આપણે અનુભવીએ છીએ. આ વાર્તા એવી માનવતાનું સહજ દર્શન અહીં કરાવે છે.

જાણે બધું સ્વપ્નમાં જ બનતું હોય એમ મને લાગ્યું હજી બે દિવસ પહેલાં જ ખાંડનો ભાવ ચૌદ આના હતો. એ પછી બપોરે રૂપિયો થયો, સાંજે સવા રૂપિયો અને રાત્રે તો પડોશી પાસેથી સાંભળ્યું કે બજારમાથી ખાંડ અદૃશ્ય થઈ ગઈ છે! કોઈ કરતાં કોઈ પણ સ્થળે ખાંડની એક કણી સુદ્ધાં દેખાતી નથી. બહુ લાગવગ અને ઓળખાણ વેપારી સાથે હોય તો વળી ત્રણ કે ચાર રૂપિયાના ભાવે તમને મળે! એ ય શેર તો નહિ જ. 'હમણાં પાશેર લઈ જાવ. પછી વળી જોયું જશે.' કહી પાશેર કે અચ્છેર જ આપણી ઉપર મહેરબાની થતી હોય એ ભાવે આપણને મળે!

વિચાર કરતોકરતો હું ઘરે આવ્યો. આવતાંવેંત જ કુસુમને પૂછ્યું, 'કેમ આપણા ઘરમાં ખાંડ તો છે ને?'

'કેમ?' આશ્ચર્ય પામી કુસુમે પૂછ્યું.

ઉંમર ૫૦૦૦ અબજ વર્ષની ગણાય છે, એટલે એ બધાંનો એક દિવસે અંત આવશે એમ માનવું સ્વાભાવિક છે. પણ તે માટે આપણે અત્યારથી ચિંતા કરવાની જરૂર નથી. એક પ્રોફેસરે પોતાના ભાષણમાં સમજાવ્યું કે અમુક કારણોસર પૃથ્વીનો અંત પાંચ અબજ વર્ષો પછી આવશે. ભાષણને અંતે એક ભાઈ ચિંતાતુર વદને ઊભા થયા ને તેણે વક્તાને પૂછ્યું: 'કેટલાં વર્ષો પછી પૃથ્વીનો નાશ થશે એમ તમે કહ્યું?' પ્રોફેસરે કહ્યું: 'પાંચ અબજ વર્ષ પછી' એ ભાઈની ચિંતા અદૃશ્ય થઈ ગઈ અને તેણે નિવૃત્તિથી કહ્યું: 'હાશ! હવે મને નિરાંત થઈ. મેં તો ધાર્યું કે તમે પચાસ લાખ વર્ષ જ કહ્યાં હતાં!' જાણે પચાસ લાખ વર્ષ એ પોતે જીવવાનો હોય તેમ! માનવજાતિનો નાશ અણુબોંબથી થાય, અથવા પૃથ્વી ઠંડી થઈ જવાથી થાય અથવા ચંદ્ર ધીમેધીમે પાસે આવીને પૃથ્વી સાથે અથડાય તેથી થાય. આ બધી કલ્પનાઓ શક્ય છે. પણ ગુરુત્વાકર્ષણ છૂટે એ કલ્પના અશક્ય છે. ગુરુત્વાકર્ષણ કુદરતનો અચલ સિદ્ધાંત છે. હમણાં આઇન્સ્ટાઇને એને જુદું સ્વરૂપ આપ્યું છે. એડિંગ્ટનના શબ્દોમાં કહીએ તો આઇન્સ્ટાઇને ગુરુત્વાકર્ષણ નામના 'ભૂત'ને ભગાડ્યો છે પણ એનો અર્થ એટલો જ છે કે એની એ હકીકત જુદા રૂપમાં મુકાઈ છે. એટલે આપણને ડરવાનું કશું કારણ નથી. જાડા અને પાતળા મનુષ્યોનું વજન એકસરખું થઈ જવાનું નથી, હાથી કે રેલવેના એન્જિનને આપણે ફુગ્ગાની માફક ઉછાળી શકવાના નથી, આપણી પાચનક્રિયા ને શ્વાસોચ્છ્વાસ અટકવાનાં નથી, અને માનવજાતિએ 'રખે ગુરુત્વાકર્ષણ છૂટશે તો?' એ જાતનો ભય રાખવાનું જરા યે કારણ નથી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમ શું? હવે ખાંડ નહિ મળે!'

'હેં?' બોલી કુસુમે રસોડામાં જઈ ડબ્બામાં હાથ નાખ્યો ને નિરાશાથી બોલી: 'ના જરાય નથી. થોડી હતી તે વીણાબહેન કેટલા દીએ બેસવા આવ્યાં હતાં તે તેમને માટે ચા કરી હતી તેમાં વપરાણી. પાછું વળી ખાંડને શું થયું? આ તો સ્વરાજ્ય આવ્યા પછી ય સુખ ન આવ્યું.'

'એમ કહે કે સ્વરાજ્ય આવ્યું તો ય આપણા વેપારીઓમાં ડહાપણ ન આવ્યું; ન્યાય, નીતિ ને પ્રામાણિકતાથી જીવતાં ન આવડ્યું.'

'પણ સરકારે ય એમને કાંઈ નથી કરતી?'

'સરકાર તો બિચારીએ ભાવ નીચા રહે ને પ્રજા હેરાન ન થાય એવી યોજના ઘડી હતી. તેમાં લક્ષ્મીના લાલચુ વેપારીઓએ સમૂળગી ખાંડ અદ્રશ્ય કરી, તેનાં કાળાબજાર શરૂ કર્યાં.'

'ઠીક, ચાલો સૌનું થશે એ આપણું થશે. જમી લ્યો હવે. ગોળની ચા ગયે વરસે પીતાં-તાં જ ને વળી!' કહી કુસુમે રસોડામાં પાટલો નાખ્યો ને કોટ ઉતારી હું જમવા બેઠો.

'મને શી ખબર' મોઢામાં કોળિયો મૂકતાંમૂકતાં મેં કહ્યું 'કે આવું થવાનું હશે? નહિ તો રસ્તામાં જ આવતો'તો ત્યારે જ બશેરેક ન લેતો આવત? બીજું તો ઠીક પણ આ અનિલ અને ઉષાને તો દૂધમાં પિવડાવવા થાત! માટે આપણે ગોળની ચા પીઅત!'

'હાય!' બાબાની ને બેબીની વાત આવતાં કુસુમ લગભગ ચીસ પાડી ઊઠી 'અરરર! હવે એમનું શું થશે? એ કોઈ વાતે ય મોળું દૂધ નહિ પીએ, એક દી મોળું દૂધ આપેલ ત્યારે બાબાએ પ્યાલાનો ઘા કર્યો હતો.'

કુસુમની એ વાત સાંભળી મને ય કમકમાં આવી ગયાં ને વાત પણ ખરી હતી. એક દિવસ ઘરમાં ખાંડ થઈ રહેલ અને બાબાને મોળું દૂધ આપ્યું એટલે બાબાએ પ્યાલાનો ઘા કરી દૂધ ઢોળી નાખ્યું અને દૂધ ઢોળાતું જોઈ મને ખીજ ચડેલ ને રીસમાં ઊભા થઈ બાબાને એક તમાચો ચોડી દીધો. અને પછી?...પછી બાબો ક્યાંય સુધી રોયા કર્યો. એના હીબકા શલ્યની જેમ મારા હૃદયમાં ખૂંચ્યા. એ કેમે કર્યો શાંત રહ્યો જ નહિ ને ઠેઠ મોડી રાતે ભૂખ્યો ને તરસ્યો જ સૂઈ ગયો. તે રાત્રે મને પણ પૂરી ઊંઘ આવી ન હતી. હું બાબાના પારણા પાસે આવ્યો. નિર્દોષ બાળક સૂઈ ગયું હતું. આંસુને લીધે વાળની એક-બે લટ ગાલ સાથે ચોંટી ગઈ હતી. આ નાનું નિર્દોષ બાળક, તેનું મન અત્યારે સ્વપ્નલોકમાં હતું કે પછી ઈશ્વર પાસે પહોંચી ધા નાખતું હશે કે તમે મને પૃથ્વી ઉપર મોકલ્યું પણ ત્યાં તો ખાંડની ચપટી માટે પણ મારી પાસે બોરબોર જેવડાં આંસુ પડાવ્યાં...

વધુવાર હું આ ભૂતકાળનું ચિત્ર જોઈ શક્યો નહિ. મેં એકદમ હાથ ધોઈ નાખ્યા ને કહ્યું: 'કુસુમ, હું હાલ જ ગામમાં જઉં છું ને કોઈને હાથેપગે લાગીને પણ શેરે'ક મળે તો લેતો આવું છું.'

'હા. ભાઈસા'બ' કુસુમે વાત્સલ્યથી ગળગળાં બનીને કહ્યું. 'બીજું બધું મારાથી ખમાશે પણ એ અનિલ ને ઉષાનું રોવું મારાથી નહિ ખમાય!'

'ખબર કાઢું. બીજું તો શું થાય? તને ખબર નથી કે આ વેપારીઓએ તો ક્યારની ય માનવતાને નેવે મૂકી દીધી છે. લાખો બાળકોનાં ક્રંદન સામે પણ કાનમાં નફાખોરીના ડૂચા ખોસી આ વેપારીઓ પોતાનાં કાળાબજાર ખેલી શકે છે.' આટલું કહી ઝોળી લઈ હું એકદમ બહાર નીકળી પડ્યો.

નવેમ્બર મહિનો હતો છતાં બપોરે તડકો પ્રખર હતો. આકાશમાંથી જાણે આગ વરસતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. હું છાંયડો શોધતોશોધતો ઉતાવળો ચાલ્યો. થોડે દૂર જ તલકચંદની દુકાન હતી. અમે બધી અનાજની ખરીદી અહીંથી જ કરતા. તેની દુકાનમાં માલનો ગંજાવર જથ્થો ખડકાયેલો હતો. હજી ગઈ કાલે રાત્રે જ તેને ત્યાં ખાંડની ગુણો ઉઘાડી–સૌને દેખાય તેમ પડી હતી

મેં એકદમ સીધી વાત ન કરતાં આડકતરી રીતે પ્રશ્ન કર્યો:

'કેમ શેઠ, ખાંડના શા વાવડ છે?'

'વાવડ શું હોય? શાંતિભાઈ, ખાંડ ખલાસ બીજું શું? સરકારે આમ ભાવ રાખવો ને તેમ ભાવ રાખવો એમ વાયડાઈ ન કરી હોત તો ખાંડને કંઈ ન થાત! આમાં તમારી દિવાળી બગડી ને હજી ખાંડનો પત્તો નથી.' જાણે જનતાથી પૃથક્ વ્યક્તિ હોય એમ તલકચંદ બોલ્યા.

'અરે! પણ મારે તો એક શેર જ જોઈએ છે, જુઓ જરા.'

'અરે, મારા શેઠ, શેર શું ચપટી યે નથી. નહિ તો તમને ના પાડું? છેવટ મારે ઘરેથી લાવીને આપું' મીઠી જીભે તલકચંદે કહ્યું.

'ઠીક ત્યારે જે જે.' કહી નિરાશાભર્યા મુખે હું આગળ ચાલ્યો. આગળ બેત્રણ દુકાને પૂછ્યું તો ય નકારમાં જ ઉત્તર મળ્યા. આગળ ઉપર તો કેટલીક દુકાન ઉપર પાટિયાં જ લગાડી દેવામાં આવેલ કે 'ખાંડ નથી.' 'ખાંડ માગવી નહિ' વગેરે.

એકેએક દુકાને 'ના'નો જવાબ સાંભળી મને લાગ્યું કે હવે કશો ઉપાય રહ્યો નથી. આખી બજારમાં ફર્યો પણ કોઈએ દાદ જ ન આપી. એટલે થયું કે હવે શાકપાંદડું લઈ ઘરે જઉં. એટલે ધીમેધીમે શાકપીઠમાંથી શાક લઈ ધીમાં પગલાં ભરતોભરતો હું ઘરે પહોંચ્યો ત્યારે પોણાસાત વાગી ગયા હતા. હમણાંનો દિવસ વહેલો આથમી જતો એટલે દીવાબત્તી થઈ ગયાં હતાં. હું દાદર ઉપર ચઢ્યો ત્યારે કુસુમ નાની બેબી ઉષાને દૂધ પાવા વ્યર્થ પ્રયત્ન કરી રહી હતી.

દાદરે મારાં પગલાંનો અવાજ સાંભળી કુસુમ હર્ષાવેશમાં બોલી ઊઠી: 'લે આ તારા ભાઈ ખાંડ લાવ્યા. મોટી શાહજાદાની દીકરી જોઈ નહિ હોય તે, મૂઈ મોળું દૂધ નથી પીતી......' પણ મને દાદરામાં ખાલી હાથે જોઈ એના શબ્દો મોઢામાં જ રહી ગયા.

'બસ? ન મળી? ખાલી હાથે આવ્યા ને, પાવ તમારી રાજકુંવરીને દૂધ હવે!'

'પણ એમાં હું શું કરું તે મારા ઉપર ખિજાય છે?' મેં પાસે આવી કુસુમને કહ્યું ને તેના હાથમાંથી શીશી લઈ રડતી ઉષાને દૂધ પાવા યત્ન કર્યો.

'ખિજાય નહિ તો શું કરે? માણસમાં કેટલી દીર્ઘદૃષ્ટિ હોય? આ સામેવાળાં કાંતાબહેનને વાતની ગંધ આવી ત્યાં ઘરમાં બોરસિયું નખાવી દીધું. એક આપણને–બ્રાહ્મણભાઈઓને કોઈ જાતની વાણિયાબુદ્ધિ નહિ.'

કુસુમની રીસ ખોટી ન હતી. અમારી પોળમાં જ કાંતાબહેન રહેતાં હતાં, તેના પતિ શેરબજારમાં લખલૂટ કમાયા હતા. પણ ક્યાં એ બંગલા–મોટરવાળા ને ક્યાં આપણે બાંધ્યા પગારે પેટ ભરનારા!

બેબીની ચીસ હજી ચાલુ જ હતી. તેની બંને આંખમાંથી ટપટપ આંસુની ધાર રેલાતી હતી. મોળા દૂધનું એક ટીપું પણ તેણે મોઢામાં જવા દીધું ન હતું.

'અને હજી અનિલ તો બાકી છે. એ તો હજી સૂતો છે, જરી સળવળ્યો ત્યાં જ મેં હીંચકો નાખી સુવાડી દીધો. એ ઊઠશે ત્યારે તો કેવાં ય તોફાન કરશે!'

'તો પછી લાવ ડબ્બો. કાંતાબહેનને ત્યાંથી પાશેર ઊછીની માગી આવું. રાત તો જશે. કાલની વાત કાલે.' ડબ્બો લઈ હું કાંતાબહેનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરે ગયો.

કાંતાબહેન મને જોઈ બહાર આવ્યાં. મેં ધીમેથી ઓશિયાળા મુખે થોડીક જ ઊછીની ખાંડ માટે માગણી કરી. એ સાંભળતાં જ કાંતાબહેને માર્મિક રીતે હસીને કહ્યું. 'અરે, તમારી બેબી એ મારી જ બેબી છે ને ! પણ અમારા ઘરમાં સુદ્દલ ખાંડ નથી. પૂછી જુઓ મા'રાજને. આજ બધાએ ગોળની ચા પીધી. નહિ તો વળી ખાંડના વસ્તારમાં શું હતું ?'

અને ખાલી ડબો લઈ હું ત્યાંથી પાછો વળ્યો.' હે પ્રભુ !' કહી રસ્તાને નાકે થાંભલાને ટેકો દઈ વિચારમાં ઊભો રહ્યો.

માનવીની પામરતા ઉપર શાપ વરસાવતા હોય તેમ આકાશમાં તારકો સળગી રહ્યા હતા. ક્યાંસુધી હું આકાશ તરફ જોઈ રહ્યો હઈશ તેનું મને ભાન ન રહ્યું, ત્યાં ઓચિંતો મારે કાને અવાજ પડ્યો:

'સા'બ, આમ અહીં ઊભા સો ?'

એ અવાજે હું ચોંકી ભાનમાં આવ્યો. સામી દૃષ્ટિ કરી તો લખમી ઊભી હતી.

'અરે !' મેં એકદમ સ્વસ્થ થવાનો પ્રયત્ન કરી કહ્યું, 'આ જોને ખાંડની મોંકાણ ! પેલી નાની બેબલી મોળું દૂધ નથી પીતી. તેથી ખાંડ લેવા નીકળ્યો, પણ કોઈ ચપટી ખાંડે ય આપે એમ નથી.'

'અરે એવું તે હોતું હોસે સેટ, બેબલીબેન સારું હું આલી દઉં નાના બચ્ચાવનું તો એવું જ હોય સેટ. લ્યો. ખમજો જરા' કહી એ વીજળીની છટાથી સરકી ગઈ.

હું તો આશ્ચર્યથી આભો જ બની ગયો.

આ લખમી અમારે ત્યાં દાતણ નાખવા આવતી. જાતની કોળણ હતી. પૈસા કંઈ ન લેતી; પણ બદલામાં ટાઢું કોરું જે હોય તે વાળુ સારુ લઈ જતી.

થોડીવારમાં તો એણે આવીને મારા હાથમાં પડીકું મૂક્યું.

મારું અંતર આભારની લાગણીથી તરબોળ બની ગયું. મેં કહ્યું: 'તારે નહિ જોઈએ ?' મને ખબર હતી કે એને ય એક ધાવણું છોકરું હતું.

'નારે સેટ, અમારા સોકરાવને હોય તોય ઠીક, ના હોય તોય ઠીક.'

મારા હૈયામાં આ નીચલા વર્ણના માણસની ઉદારતા ને દિલની દિલાવરી જોઈ હર્ષનો પાર ન રહ્યો. મેં ખીસામાં હાથ નાખી પાંચની નોટ કાઢી કહ્યું, 'લે.'

'નારે, સેટ ઈ શું ? ઈ તો હું ને બેન હમજશું. તમે ઝટ ઘેર જાવ. બેબલીબેન રોતાં હશે.' ને સિફતથી મારો હાથ પાછો ઠેલી 'દાતણ લેવા રે...' નો મીઠો હલકભર્યો અવાજ કાઢતી એ ચાલી ગઈ. હું કંઈજ બોલી શક્યો નહિ. આ માનવતાની મીઠી સુગંધથી પ્રસન્નતા અનુભવતો હું ઘર તરફ વળ્યો.

★

એક માણસને ઘડિયાળ ચોરવા માટે ન્યાયાધીશ આગળ ખડો કરવામાં આવ્યો. પૂરતા પુરાવાને અભાવે ન્યાયાધીશને તેને છોડી મૂકવો પડ્યો. પણ પેલો તો સમજે જ નહિ. જજે પોતાનો ચુકાદો ફરીથી સંભળાવતાં કહ્યું:

'પૂરતા પુરાવાના અભાવે તને છોડી મૂકવામાં આવે છે. હવે તું સ્વતંત્ર છે. તને નિર્દોષ ઠરાવવામાં આવે છે, જા.'

પણ આ માણસને વિશ્વાસ બેસતો નહોતો. એણે ચોખવટ કરી જોઈ:

'એનો અર્થ નામદાર, એવો ખરો કે હું ઘડિયાળ મારી પાસે રાખી શકું ?'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકશાહી

શ્રી રમાકાંત નટવરલાલ પરીખ
એમ. એ. એલએલ., બી.

માનવી જ્યારથી સાથે રહેવાનું શીખ્યો ત્યારથી જ એને કોઈ તંત્રવ્યવસ્થાની જરૂર પડી. આમાંથી અનુક્રમે સરજાયાં રાજાશાહી, અમીરશાહી અને લોકશાહી. પોતાના હક્ક વિશે, પોતાની રાજ્ય-વ્યવસ્થા વિશે દુનિયાના દરેક દેશમાં માનવી કદાચ આજ જેટલો ક્યારે ય જાગૃત નહોતો. ઈંગ્લેંડ, અમેરિકામાં જરા જુદી રીતે પ્રવર્તતી લોકશાહીનાં ઉત્તમ તંત્રોને આવરી લઈ આપણી બંધારણ સભાએ નૂતન હિંદના તંત્રની વ્યવસ્થા કરી છે. જાન્યુઆરીની ૨૬મીએ સ્વતંત્ર સાર્વભૌમ હિંદનું બંધારણ અમલમાં આવે છે અને હિંદ પ્રજાસત્તાક બને છે, ત્યારે લોકશાહી વિશે વિવિધ માહિતી આપતો આ લેખ ઉપયોગી ગણાશે.

કોઈપણ રાજતંત્રને ત્રણ વિભાગમાં વહેંચી શકાય : રાજાશાહી, અમીરશાહી અને લોકશાહી. જે રાજતંત્રમાં જેનું વર્ચસ્વ અને સત્તા હોય તે પ્રકારનું તે રાજતંત્ર કહેવાય. રાજાશાહીમાં રાજા સર્વોપરી હોય છે અને સઘળી સત્તા તેને હસ્તક હોય છે. એ ધારે તે કરી શકે છે અને એને કોઈ પ્રકારનાં બંધન હોતાં નથી. અમીરશાહીમાં થોડી ગણીગાંઠી વ્યક્તિઓ–જે મોટે ભાગે અમીર, ઉમરાવ કે એવા જ ધનાઢ્ય વર્ગની હોય છે તેનું વર્ચસ્વ ચાલે છે અને રાજની સત્તાનું સુકાન એના હાથમાં હોય છે. ત્રીજો પ્રકાર તે લોકશાહીનો છે; એમાં રાજ્યનું શાસન લોકોના પોતાના હાથમાં હોય છે. રાજવહીવટ લોકો પોતે ચલાવે છે. એટલે જ અબ્રાહમ લીંકને લોકશાહીની એવી વ્યાખ્યા આપી છે કે 'લોકશાહી એટલે એવું રાજતંત્ર કે જે લોકોનું હોય, લોકો માટે હોય અને લોકોના પોતાનાથી ચાલતું હોય.'

એ તો દેખીતું છે કે લોકો પોતે જાતે થઈને રાજની ધૂરા સંભાળી શકે નહિ. અસલના વખતમાં ગ્રીસ જેવા કોઈક દેશમાં લોકશાહી અસલ સ્વરૂપે જોવા મળતી હતી. ત્યાં કાયદા–કાનૂન લોકોની પોતાની ઇચ્છા મુજબ ઘડાતા હતા: તેમ જ રાજ્યની સર્વ મોટી બાબતો અને રાજ્યનીતિ સંબંધી સર્વે લોકો એકઠા મળી, જે તે નિર્ણય કરતા હતા. ત્યાં લોકો પોતાના પ્રતિનિધિઓ પસંદ કરતા નહિ, પરંતુ જાતે જ રાજ્યવહીવટ ચલાવતા હતા. પરંતુ તેમ કરવું આજના દરેક દેશમાં શક્ય નથી; કેમકે ઘણાખરા દેશો હાલ એટલા મોટા છે અને વસ્તીનું પ્રમાણ પણ એટલું મોટું છે કે ગ્રીસના લોકોની જેમ બધા એકઠા મળીને કાયદા ઘડી શકે નહિ કે રાજ્યવહીવટના અટપટા પ્રશ્નો ઉકેલી શકે નહિ. આપણા દેશનો જ દાખલો લઈએ તો સમજાશે કે આટલા મોટા દેશમાં ત્રીસ–ચાળીસ કરોડ જેટલા માનવીઓ એકત્રિત મળે ને કાયદો ઘડે એ અસંભવિત વસ્તુ છે. એટલે આજે આપણે જોઈએ છીએ કે દરેક દેશમાં, જ્યાં જ્યાં લોકશાહી પ્રવર્તે છે ત્યાં, લોકો એક અથવા બીજી પદ્ધતિ દ્વારા પોતાના પ્રતિનિધિઓ ચૂંટી કાઢે છે. એ પ્રતિનિધિઓ સમગ્ર પ્રજા માટે કાયદા ઘડે છે, રાજનીતિ નક્કી કરે છે અને રાજવહીવટ ચલાવે છે. એટલે હાલની લોકશાહી મૂળ સ્વરૂપની એટલે કે ગ્રીસનાં જેવી નથી, પરંતુ પ્રતિનિધિત્વવાળી લોકશાહી છે.

સૌથી સારામાં સારા અને ઉત્તમ રાજતંત્રના પ્રકાર તરીકે લોકશાહી સર્વમાન્ય થયેલ છે; કેમકે એમાં રાજ્યકર્તા વર્ગ અને પ્રજા વચ્ચે ઘણું જ સામ્ય–એકાત્મભાવ હોય છે. રાજસત્તા જેમના હાથમાં હોય છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોના પ્રતિનિધિઓ હોય છે. લોકોએ એમને એ સ્થાને નિયુક્ત કર્યા છે માટે તેઓ રાજતંત્ર સંભાળે છે અને નહિ કે તેઓ અમુક રાજવંશી કુટુંબમાં જન્મ્યા હોય છે અગર તો અત્યંત ધનિક છે માટે. એટલે રાજ્યકર્તા અને પ્રજા વચ્ચે ખરું જોતાં કંઈ જ ફેર રહેતો નથી. જ્યાંસુધી જનતાનો વિશ્વાસ હોય ત્યાંસુધી જ એ સત્તા રાખી શકે છે; જે ઘડીએ જનતાનો વિશ્વાસ ઊઠી જાય એ ઘડીએ એમને રાજતંત્રનું સુકાન બીજા માનવીઓને—જેમનામાં જનતાએ શ્રદ્ધા વ્યક્ત કરી છે એમને—સોંપવું પડે છે. જનતાનો વિશ્વાસ હોય ત્યાંસુધી જ અને જેનામાં વિશ્વાસ હોય તે જ વ્યક્તિ રાજતંત્ર ચલાવી શકે એને લોકશાહીનું એક મુખ્ય લક્ષણ કહી શકાય.

જુદાજુદા દેશોની લોકશાહીમાં કેટલીક ફેરફાર રહેલો હોય છે. જેમકે ઇંગ્લેંડમાં પ્રજાના પ્રતિનિધિઓની બનેલી પાર્લામેન્ટ સરકારી દરખાસ્ત ન સ્વીકારે તો કાં તો પ્રધાનમંડળને રાજીનામું આપવું પડે અગર તો જનતાનો મત જાણવા માટે પાર્લામેન્ટ બરખાસ્ત કરી, નવેસરથી ચૂંટણીઓ કરવી પડે એટલે કે પ્રજાનો જેમ મત હોય તેમ જ વર્તવું પડે. અમેરિકામાં વસ્તુસ્થિતિ જરા જુદા પ્રકારની છે. ત્યાં રાષ્ટ્રપ્રમુખ (અં. પ્રેસિડેન્ટ)—જે વહીવટી વડો છે તે ચાર વરસની ચોક્કસ મુદત માટે ચૂંટાયેલો હોય છે. તેને હોદ્દા ઉપરથી દૂર કરી શકાતો નથી. પરંતુ ત્યાં પણ લોકમત જાણવાનું એક સારું સાધન છે. અમેરિકાની ધારાસભા, જે કોંગ્રેસને નામે ઓળખાય છે, તેમાં ઉપલા સભાગૃહ(અં. સેનેટ)માં દર બે વરસે એક તૃતીયાંશ સભ્યોની ચૂંટણી થાય છે. એટલે એક વખત રાષ્ટ્રપ્રમુખ ચૂંટાય પછી તેના અમલ દરમિયાન જ્યારે જ્યારે આ ચૂંટણી થાય ત્યારે લોકમત જાણવાની પૂરેપૂરી તક સાંપડે છે.

આનો અર્થ એ કે અમેરિકામાં લોકશાહી પ્રવર્તે છે, પરંતુ ત્યાં જવાબદાર રાજતંત્ર નથી. જ્યારે ઇંગ્લેંડમાં જવાબદાર રાજતંત્ર છે, ને એ લોકશાહીનું સાચું સ્વરૂપ છે એમ કહી શકાય. આપણા નવા બંધારણમાં આ બન્ને પદ્ધતિઓનો સમન્વય કરીને એક નવી જ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. આપણા નવા બંધારણ પ્રમાણે રાષ્ટ્રપ્રમુખ પાંચ વરસની ચોક્કસ મુદત માટે ચૂંટાયેલો હશે, પરંતુ તેને આપણી મધ્યસ્થ ધારાસભાને જવાબદાર એવા પ્રધાનમંડળની સલાહ—સૂચના અનુસાર વહીવટ ચલાવવાનો રહેશે. મધ્યસ્થ ધારાસભા જનતાના પ્રતિનિધિઓની બનેલી હશે. આમ આપણે ત્યાં રાજતંત્ર જનતાને એટલે કે તેમના પ્રતિનિધિઓને જવાબદાર રહેશે.

લોકશાહીની બીજી એક નોંધપાત્ર બાબત એ છે, કે એમાં દરેક વ્યક્તિ સર્વોપરી સત્તા પ્રાપ્ત કરવા માટે અને રાજ્યતંત્રનું સુકાન સંભાળવા માટે લાયક ગણાય છે. રાજકર્તા અમુક જ કુટુંબ, કોમ, વર્ગ, ધર્મ કે જાતિમાંથી આવવા જોઈએ એવું બંધન હોતું નથી. જે મનુષ્ય પોતાની શક્તિ દાખવી શકે અને પ્રજાનો વિશ્વાસ મેળવી શકે તે રાજ્યધૂરા વહન કરવા માટે શક્તિશાળી બને છે આ જ કારણથી આપણે ઇતિહાસમાં કેટલાક દાખલાઓમાં જોઈએ છીએ, કે તદ્દન ગરીબ અને સામાન્ય કુટુંબના કે તદ્દન નાની વયના માનવીઓ પણ સર્વોચ્ચ સ્થાને આરૂઢ થાય છે. નાનો પીટ માત્ર એકવીસ વર્ષની ઉંમરે ઇંગ્લેંડનો વડોપ્રધાન બન્યો હતો અને કટોકટીભર્યા સંજોગોમાં, દેશના નાવનું સુકાન સંભાળ્યું હતું. અમેરિકાનો ઇતિહાસ તપાસીએ તોપણ ઘણાં દૃષ્ટાંત મળે તેમ છે જ્યોર્જ વૉશિંગ્ટન અને અબ્રાહમ લિંકન તદ્દન ગરીબ સ્થિતિમાંથી રાષ્ટ્રપ્રમુખનું પદ પ્રાપ્ત કરવા સમર્થ બન્યા હતા. વર્તમાન રાષ્ટ્રપ્રમુખ ટ્રુમેન પણ નાના સરખા ખેડૂત કુટુંબમાં જન્મેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એટલે લોકશાહીમાં દરેક વ્યક્તિ રાજ્ય ચલાવવા માટે અને રાજ્યધુરા સંભાળવા માટે લાયક ગણાય છે. આ વસ્તુસ્થિતિને પરિણામે દરેક વ્યક્તિને પોતાનું વ્યક્તિત્વ સંપૂર્ણ રીતે ખીલવવા માટે અને ઉચ્ચતમ કક્ષા પ્રાપ્ત કરવા માટે પૂરતી તક રહે છે અને દરેક સાચી લોકશાહીમાં એવી તક રહેવી જ જોઈએ.

લોકશાસનમાં દરેક વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ સંપૂર્ણ રીતે ખીલવી શકે એમ છે; એનું કારણ એ છે કે એને વાણી, લખાણ ને ચર્ચાની સ્વતંત્રતા હોય છે. બીજાના કાયદેસરના હક્ક કે હિત ઉપર તરાપ માર્યા સિવાય એ પોતાને ફાવે તે બોલી શકે છે, લખી શકે છે અને ચર્ચી શકે છે. એકબીજાની સાથે એકઠા મળી શકાય છે અને દરેક પ્રકારની ચર્ચા કરી શકાય છે. વાણી, લેખન કે ચર્ચાનું આ સ્વાતંત્ર્ય ન હોય ત્યાં કદી પણ લોકશાહી પ્રવર્તે છે એમ કહી શકાય નહિ. વ્યક્તિગત સ્વતંત્રતા એ તો લોકશાહીનો પ્રાણ છે; એ જો ન હોય તો પછી લોકશાહી કદી સજીવન રહી શકે નહિ. આની સાથેસાથે એટલું સમજવું જરૂરી છે કે સ્વાતંત્ર્ય એટલે સ્વચ્છંદતા નહિ. બંને વચ્ચે ઘણો ફરક છે. કોઈ પણ બાબતમાં સ્વતંત્રતા હોય તો એનો અર્થ એ કે બીજાના કાયદેસરના હક્કને–હિતને નુકસાન થવું જોઈએ નહિ. સમાજમાં દરેકના કાયદેસરના હક્ક અને હિતો જળવાવાં જોઈએ. નહિતર તો અંધાધૂંધી અને ત્રાસનું સામ્રાજ્ય સ્થપાઈ જાય. વાણીસ્વાતંત્ર્યનો અર્થ એમ નહિ કે બીજાને ગાળ દઈ શકાય અગર તો બીજાની આબરૂ હલકી પાડી શકાય. વાણીસ્વાતંત્ર્ય એટલે તમને ફાવે તે, તમને ગમે તે રીતે તમે કહી શકો છો, પણ તે એવી રીતે કે બીજા કોઈના કાયદેસરનાં હિત કે હક્કને નુકસાન થવું જોઈએ નહિ. એટલા જરૂરી અને ઇચ્છનીય અંકુશની મર્યાદામાં રહીને દરેક વ્યક્તિ પોતાનું વ્યક્તિગત સ્વાતંત્ર્ય ભોગવવા હક્કદાર છે. લોકશાહીમાં વાણીસ્વાતંત્ર્ય એક મુખ્ય અને અનિવાર્ય વસ્તુ છે. એટલે જ એક અંગ્રેજ લેખકે કહ્યું છે તેમ લોકશાહીમાં આપણે લોકશાહી વિરુદ્ધ કે સરમુખત્યારશાહીના ફાયદાઓ ચર્ચી શકીએ છીએ, જ્યારે સરમુખત્યારશાહીમાં આપણે લોકશાહી સંબંધી એક હરફ પણ ઉચ્ચારી શકતા નથી. લોકશાસન અને આપખુદ શાસન વચ્ચે આ એક મોટો તફાવત છે અને તે મૂળભૂત તફાવત છે.

સરમુખત્યારશાહીમાં કે આપખુદશાસન નીચે નાગરિક સ્વાતંત્ર્ય જેવી કોઈ વસ્તુ જ હોતી નથી. ત્યાં તો જે સરમુખત્યાર હોય પછી તે વંશપરંપરાથી ઊતરી આવેલો કોઈ રાજા હોય કે કોઈ નાના વર્ગ તરફથી પસંદ કરાયેલી વ્યક્તિ હોય–તેની ઇચ્છા એ જ કાયદો ગણાય છે અને તેથી સાધારણ વિરુદ્ધ જનારને આકરામાં આકરી શિક્ષા કરવામાં આવે છે. એવા રાજતંત્રમાં સઘળી સત્તા એક વ્યક્તિના હાથમાં કેન્દ્રિત થયેલી હોય છે. સત્તા એક જાતનું વ્યસન છે. એ વ્યસનમાં જે ફસાય તેનાથી તે જલદી મૂકી શકાતું નથી. લૉર્ડ એક્ટને કહ્યું છે તેમ દરેક પ્રકારની સત્તા સડો ઉત્પન્ન કરે છે અને નિરંકુશ સત્તા અમર્યાદિત સડો ઉત્પન્ન કરે છે; કેમકે એક વખત સત્તા ભોગવ્યા પછી તે મૂકવાનું મન થતું નથી અને સત્તાને જોરે જે થઈ શકે તે બધું જ કરવાને સત્તાશાળી પ્રેરાય છે. લોકશાહીમાં એ નભી શકે નહિ, કેમકે જ્યાં સત્તાનો દુરુપયોગ થવા માંડે એટલે તરત જ જેણે એ સત્તા બક્ષી હોય છે તે જનતા દુરુપયોગ કરનાર અધિકારીની સાન ઠેકાણે લાવી શકે છે.

એટલે લોકશાહીનો મોટામાં મોટો ગુણ એ છે કે એમાં નાગરિક સ્વાતંત્ર્ય સ્વીકારવામાં આવેલું હોય છે અને તેથી દરેક વ્યક્તિને પોતાની શક્તિઓ ખીલવવા માટે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપૂર્ણ વ્યક્તિત્વ વિકસાવવા માટે પૂરતી તક મળે છે. આ નાગરિકસ્વાતંત્ર્ય અમેરિકા જેવા દેશમાં બંધારણમાં ચોક્કસ જોગવાઈ કરીને બક્ષવામાં આવેલું હોય છે, જ્યારે ઇંગ્લેંડમાં ન્યાયની અદાલત દ્વારા વ્યક્તિગત ફેંસલાઓ દ્વારા સ્થાપિત થયું હોય છે. આપણે ત્યાં પણ નવા ઘડાતા બંધારણમાં મૂળભૂત હક્કોની જોગવાઈ કરવામાં આવેલી છે. આ મૂળભૂત હક્કો દરેક હિંદી નાગરિકને ધર્મ, જાતિ, વર્ગ કે કોમના ભેદભાવ સિવાય સરકારી નોકરીઓ માટે અને રાજકીય હોદ્દાઓ માટે સમાનતા બક્ષે છે. અસ્પૃશ્યતાની બંદી કરવામાં આવી છે. દરેકને વાણીસ્વાતંત્ર્ય અને સભાસ્વાતંત્ર્ય બક્ષવામાં આવેલું છે. આ મૂળભૂત હક્કો અમુક ખાસ અસાધારણ સંજોગો સિવાય કોઈ પણ રીતે કોઈ સત્તાથી નકારી શકાય નહિ. એટલે આપણું નવું બંધારણ પણ લોકશાહી બંધારણોની હરોળમાં મોખરે સ્થાન પ્રાપ્ત કરે એવું છે. કોઈ પણ લોકશાહીની કસોટી, નાગરિક સ્વાતંત્ર્ય કેટલે અંશે સ્વીકારવામાં આવ્યું છે અને દરેક વ્યક્તિને પોતાનું વ્યક્તિત્વ સંપૂર્ણ રીતે ખીલવવા માટે કેટલી સવડ અને તક છે એ બે વસ્તુ ઉપર આધાર રાખે છે.

લોકશાહીમાં ચૂંટણી મહત્ત્વની બિના છે; કેમકે ચૂંટણી દ્વારા જનતા પોતાની પસંદગીના પ્રતિનિધિઓને રાજ્યતંત્ર સોંપી શકે છે: તેમ જ જેમને રાજ્યવ્યવસ્થા ચલાવવાની ઇચ્છા કે શક્તિ હોય તેઓ ચૂંટણી દ્વારા જનતાની મંજૂરી મેળવી શકે છે; પરંતુ આપણે ઘણી વખત જોઈએ છીએ તેમ ચૂંટણીમાં કેટલાંક અનિષ્ટો રહેલાં છે. એક તો આજના યુગમાં, કોઈ પણ ચૂંટણી સીધીસાદી હોતી નથી. પરંતુ ગહન હોય છે. ચૂંટણીમાં પ્રચાર અને લોકસંપર્ક મુખ્ય ભાગ ભજવે છે. એને માટે અઢળક નાણાંની જરૂર પડે છે. એટલું જ નહિ પરંતુ શાસ્ત્રીય ઢબથી પ્રચાર કરવાની આવડત અને લોકસંપર્ક સાધવાની કળા હસ્તગત કરવી પડે છે. વળી કોઈ એક વ્યક્તિ અગર બેચાર વ્યક્તિઓ આ ભગીરથ કાર્ય આસાનીપૂર્વક કરી શકતી નથી. એટલે જેટલું વધુ સમૂહબળ હોય તેટલી વધુ સફળતા મળવાનો સંભવ રહે છે. આથી જ લોકશાહીમાં પક્ષીય રાજકારણ ઉદ્ભવે છે. એક વ્યવસ્થાપૂર્વક સ્થપાયેલો પક્ષ હોય તો તે ચૂંટણી વખતે ઉમેદવારોને પસંદ કરી શકે છે અને પોતાનો કાર્યક્રમ જનતા સમક્ષ રજૂ કરી શકે છે. પ્રજા પણ સમજી શકે છે કે જો અમુક પક્ષ સત્તા ઉપર આવશે તો તેણે બહાર પાડેલા કાર્યક્રમમાંથી બધી જ નહિ તો થોડીઘણી બાબતો અમલી બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. જ્યારે એક માનવી તે ગમે તેટલો પ્રતિભાશાળી હોય, તોપણ તેણે બહાર પાડેલી નીતિ અથવા કાર્યક્રમને મૂર્તિમંત સ્વરૂપ આપવામાં સફળ થઈ શકતો નથી. વળી કોઈ માનવી સ્વતંત્ર રીતે ચૂંટણીજંગ ખેડે એના કરતાં એક પક્ષ દ્વારા પ્રયાસ કરે તો તેને ઓછી મુશ્કેલીઓ નડે છે; કેમકે એ જે પક્ષ તરફથી ચૂંટણીમાં ઊભો રહે છે તે પક્ષ એને માટે પ્રચારનું કામકાજ સામુદાયિક રીતે ઉપાડી લે છે, એટલે વ્યક્તિગત પ્રચાર કરવાનો ભાગ્યે જ રહે છે.

આજની ચૂંટણીઓ એવા પ્રકારની હોય છે કે તેમાં થોડા સાધનવાળો માનવી ભાગ્યે જ ફાવી શકે. આ તો જાહેરાતનો-પ્રચારનો જમાનો છે. આ સંજોગોમાં જ્યાંસુધી વિષમ પ્રકારની આર્થિક અસમાનતા પ્રવર્તે ત્યાંસુધી સૌથી વધુ લાયક જ વ્યક્તિ ચૂંટાઈ આવે એમ કહી શકાય નહિ; કેમકે એક માનવી સર્વ રીતે લાયક હોવા છતાં જો તેનો પ્રતિસ્પર્ધી તેના કરતાં અનેકગણો વધારે સાધનસંપન્ન હોય તો ચૂંટણીમાં તે પાછો પડી જવાનો સંભવ છે. વળી પક્ષો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધન-સંપત્તિવાળા માણસોને પસંદ કરવા પ્રત્યે વલણ ધરાવે છે; કેમકે એથી પક્ષ ઉપર આર્થિક ભાર હળવો થઈ જાય છે. પક્ષને જે કંઈ પણ આર્થિક સહાય આપી ન શકે એમ હોય એવા માનવીને પસંદ કરતાં પહેલાં કોઈ પણ પક્ષ અનેક વિચાર કરશે અને ન છૂટકે તેવા માનવીને પોતાના તરફથી ઉમેદવાર તરીકે ઊભો રાખશે. ટૂંકમાં આર્થિક અસમાનતા લોકશાહીને સંપૂર્ણ સફળ થવા દેતી નથી.

જો કે લોકશાહીમાં પક્ષીય રાજકારણ સર્વસામાન્ય વસ્તુ છે, તોપણ સંપૂર્ણ રીતે સારી પદ્ધતિ છે એમ તો ન જ કહી શકાય. પક્ષીય રાજકારણમાં કેટલાંક દૂષણો આવી જાય છે. વ્યક્તિની સ્વતંત્રતા ઓછી થઈ જાય છે. એક વખત એક મનુષ્ય કોઈ પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટાયા પછી, તે પક્ષ જેમ કહે તેમ જ એને વર્તવું પડે છે. એ એનો સ્વતંત્ર વિચાર પક્ષ સમજી રજૂ કરી શકે છે, પરંતુ તે જો પક્ષને માન્ય ન હોય તો પક્ષના આદેશ અનુસાર એને કામ કરવું પડે છે. વળી પક્ષના કેટલાક મોવડીઓ સરકાર ઉપર અઘટિત લાગવગ વાપરે છે. અમેરિકામાં આ દૂષણ વધુ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે. ત્યાં જે પક્ષની સરકાર હોય તે પક્ષના મોવડીઓ એક પ્રકારની દાદાગીરી કરે છે એમ કહેવામાં આવે છે. અમેરિકામાં તો આ સંબંધી બીજાં કેટલાંક દૂષણો પણ જોવા મળે છે અને તેમાં ખાસ કરીને રાષ્ટ્રપ્રમુખને પોતાની ચૂંટણી બદલ પોતાના પક્ષના કાર્યકરોને એક અથવા બીજી રીતે પ્રસન્ન રાખવા પડે છે. એમાં કેટલીક વખત અઘટિત આચરણ અને સરસિફારસના દાખલા પણ બન્યા કરે છે. આ બધાં દૂષણો ટાળી શકાય એવાં છે; કારણકે લોકશાહીના ઘડતરમાં એ દૂષણો નથી પરંતુ તેના વહેવારમાંથી જન્મેલાં છે.

એટલે જેવી આપણી ભાવના હોય, જેવી આપણી સિદ્ધાંતપાલનની તૈયારી હોય, ન્યાય માટેની ધગશ હોય અને નિષ્પક્ષપાતી વલણ હોય તેટલી સુંદર, તેટલી સુદૃઢ અને આદર્શ લોકશાહી બની શકે. કોઈ પણ રાજતંત્રમાં લોકશાહી કેટલે અંશે રહેલી છે એનું માપ કાઢવું હોય તો વ્યક્તિત્વ પ્રદર્શિત કરવા, વિકસાવવા ને પૂર્ણતાએ લઈ જવાની તક કેટલી છે એ ઉપરથી સહેજે નીકળી શકે.

એ તો દેખીતું છે કે દરેક માનવી પોતે કાયદા ઘડી શકે નહિ, કે કાયદાનો અર્થ પોતાને ફાવે તેમ કરી શકે નહિ. જો તેમ થાય તો અવ્યવસ્થા અને અંધાધૂંધી ફેલાઈ જાય, એટલા માટે જ પ્રજા બહુમતિથી જેને પસંદ કરે તે જ લોકો કાયદા ઘડવાનું, કાયદાનો અમલ કરાવવાનું અને કાયદાનો અર્થ કરવાનું કાર્ય કરે છે.

કેટલીક વખત આપણને કાયદાનું જે નિયંત્રણ કે અંકુશ જેવું લાગે છે તે નિયંત્રણ નથી પરંતુ આપણી સ્વતંત્રતા જાળવવાનું સાધન છે. કાયદા ને કાનૂન કોઈક વખત આપણી સ્વતંત્રતા ઉપર તરાપ મારે છે એ વાત ખરી છે, પરંતુ મોટેભાગે તો કાયદા ને કાનૂન આપણું રક્ષણ કરે છે, આપણી સ્વતંત્રતા જાળવે છે, આપણને સહીસલામત બનાવે છે, એટલે કાયદાને માન આપવું એ સૌ કોઈની ફરજ છે.

અસંસ્કારી-જંગલી દશામાં ખાસ કાયદા-કાનૂન, ધારાધોરણ હોતાં નથી અને પોતાને ફાવે તેમ સૌ વર્તે છે. એમાં બળિયાના બે ભાગ જેવી પરિસ્થિતિ પ્રવર્તે એ દેખીતી વાત છે. જે સૌથી વધુ બળવાન હોય તે નબળાને દબાવી શકે છે; પરંતુ જ્યાં કાયદા મુજબ રાજ્ય ચાલતું હોય ત્યાં એ પ્રમાણે થતું નથી. જે રાષ્ટ્રમાં કાયદાને માન અપાતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શનોનો કાળક્રમ

•

શ્રી રામલાલ નવનીતલાલ

સાંખ્ય, યોગ, વૈશેષિક, ન્યાય, પૂર્વમીમાંસા ને ઉત્તરમીમાંસા અગર વેદાંત–આ છ દર્શનો છે આર્યસંસ્કૃતિ ને તત્ત્વજ્ઞાનના આકરગ્રંથો. આત્મા, પરમાત્મા અને જડચેતન તત્ત્વોની એમાંઇ હલૌકિક તથા પારલૌકિક દૃષ્ટિએ સમીક્ષા કરવામાં આવી છે. આ દર્શનોની તાત્ત્વિક ચર્ચાનો ઉત્તરોત્તર કઈ રીતે વિકાસ થતો ગયો તેની લેખકે આછી રૂપરેખા અહીં આપી છે. ભારતની ફિલસૂફીની ગહનતાનો પરિચય કરવા માટે તો માનવીને યોગ્ય જીવનદર્શન આપનારા એ સર્વ ગ્રંથો મૂળસ્વરૂપે જોવા જોઈએ. આ રૂપરેખા એ સાગરમાં ડૂબકી મારવાની પ્રેરણા આપો.

વેદના કાળક્રમાનુસાર ત્રણ વિભાગ પાડી શકાય: ૧ સંહિતા, ૨ બ્રાહ્મણ અને ૩ ઉપનિષદ.

ઉપાસના અથવા ભક્તિપ્રધાન સાહિત્ય તે સંહિતા. બ્રાહ્મણ કર્મપ્રધાન છે, ત્યારે ઉપનિષદ જ્ઞાનપ્રધાન છે.

પરમાત્મા એ જ ખરું તત્ત્વ છે એ જાણવું શી રીતે? શ્રુતિએ કહ્યું અને આપણે સાંભળ્યું (શ્રુતિ). પણ તે નજરે જોવું (દૃશ્ય) શી રીતે?

આ પ્રશ્નનો ઉત્તર આપવામાંથી આપણાં દર્શનોની ઉત્પત્તિ થઈ.

આદ્ય દર્શન તે કપિલમુનિનું સાંખ્ય દર્શન છે. સાંખ્ય કહે છે કે આપણે બ્રહ્મને જાણતા નથી, તેનું કારણ પ્રકૃતિ અને પુરુષનો અવિવેક છે. આપણે પ્રકૃતિ અને પુરુષને એટલે દેહ અને આત્માને ભેળસેળ કરી નાખીએ છીએ તેથી પરમાત્મા ઢંકાયેલો રહે છે. સાંખ્યે આ પ્રકૃતિ અને પુરુષ ઉપર જ ભાર મૂક્યો છે. પરમાત્મા વિષે કાંઈ કહ્યું નથી એટલે એ મૌન નિષેધના અર્થમાં લેવાય છે. એ નિયમને અનુસરીને પરમાત્મા નથી એવું સાંખ્ય દર્શનનું તત્ત્વ સમજાયું અને તેથી સાંખ્ય દર્શન અનીશ્વરવાદી ઠર્યું. દર્શનના તે પછીના કાળના ગ્રંથોમાં એ અનીશ્વરવાદનું સમર્થન કરવામાં આવ્યું છે, પરંતુ કદાચ કપિલમુનિનો એ આશય ન પણ હોય.

બુદ્ધ ભગવાને પણ મૂળ બ્રહ્મનો નિષેધ કર્યો નથી. એઓ વેદનું ખંડન પણ કરતા નહોતા; પરંતુ વેદાનુસારી કેટલાક આચારાદિનું ખંડન કરવાનો જ એમનો હેતુ હતો. એમનો ઉપદેશ મોક્ષ પામવાનાં સાધન

હોય ત્યાં કોઈ લખપતિ ગરીબમાં ગરીબ માનવી ઉપર ગુનો ગુજારે તો તેને કાયદા પ્રમાણે શિક્ષા થાય છે. એટલે કાયદા–કાનૂન લોકશાહીમાં લોકો ઉપર નિયંત્રણ–અંકુશ મૂકવા માટે નથી; પરંતુ જીવનવ્યવહાર સુવ્યવસ્થિત બનાવવા માટે હોય છે. એ કાયદા લોકોએ–લોકોના પ્રતિનિધિઓએ ઘડેલા હોય છે એટલે લોકોની ઇચ્છાનું પ્રતિબિંબ પાડે છે એમ કહી શકાય.

આ પ્રમાણે લોકશાહી એ જ સર્વોત્તમ રાજતંત્ર છે. એમાં દરેક માનવીને પોતાનું વ્યક્તિત્વ ખીલવવાની અને પૂર્ણ કક્ષાએ પહોંચવા માટે સારામાં સારી તક રહેલી છે. ગરીબમાં ગરીબ માનવી રાષ્ટ્રનું સુકાન સંભાળી શકે એવી જો શક્યતા કોઈ પણ રાજતંત્રમાં હોય તો તે લોકશાહીમાં જ છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચરવાનો જ હતો; પરંતુ આ સાધન માટેનો એમનો આગ્રહ સાધ્યના એટલે બ્રહ્મના નિષેધના જ અર્થમાં લેવાયો છે.

પ્રકૃતિ–પુરુષના અવિવેકથી વસ્તુસ્વરૂપ–મૂળતત્ત્વ ઢંકાયેલું રહે છે ખરું, પણત્યારે એ અવિવેક ટાળવો શી રીતે? અને વિવેક ઉપજાવવો શી રીતે? એ માટે કાંઈક સાધનની યોજના કરવી જોઈએ. આ વિચારસરણીમાંથી યોગની ઉત્પત્તિ થઈ.

પ્રકૃતિથી પુરુષને જુદો પાડવા 'યોગ' એટલે 'ચિત્તવૃત્તિનિરોધ' કરવો જોઈએ અને એ નિરોધ ઈશ્વરમાં પ્રણિધાન કરવાથી થઈ શકે; ઇત્યાદિ સાધનસરણી યોગે–યોગદર્શને બતાવી.

કપિલમુનિનું સાંખ્ય તે તાત્ત્વિક સાંખ્ય કહી શકાય ત્યારે પતંજલિના યોગને વ્યવહારુ સાંખ્ય કહી શકાય.

આપણા ગ્રંથોમાં ઉભય 'નિરીશ્વર સાંખ્ય' અને 'સેશ્વર સાંખ્ય' એ નામો એક જ દર્શનના બે ભાગરૂપે ઓળખાય છે.

પણ પ્રકૃતિ–પુરુષના વિવેકની અને તે માટે જોઈતા ચિત્તવૃત્તિનિરોધની શી જરૂર? આત્મા, પરમાત્મા એવા જ પદાર્થ ક્યાં છે?

તર્કપ્રધાન યુગની આ શંકાઓના ઉત્તરરૂપે વૈશેષિક અને ન્યાયદર્શનો ઉત્પન્ન થયાં.

આત્મા અને અનાત્માના વિશેષ ધર્મો નક્કી કરનાર દર્શન તે વૈશેષિક.

અને તે માટે જોઈતાં અનુમાનાદિ પ્રમાણોની યોગ્ય ઘટના કરનાર દર્શન તે ન્યાય છે.

આમ પૂર્વે કહેલાં સાંખ્ય અને યોગ ઉપરાંત બીજાં બે દર્શનો વૈશેષિક અને ન્યાય થયાં.

પરંતુ આ દર્શનોમાં એક ખામી ઉઘાડી હતી. એ દર્શનોમાં પ્રમાણો લૌકિક છે. લૌકિક પ્રમાણો વડે અલૌકિક પદાર્થનો નિર્ણય કરવા આ દર્શનો પ્રવૃત્ત થયાં હતાં.

'પર્વતો વહ્નિમાન્ ધૂમાત્' એ અનુમાનપદ્ધતિ ધૂમ અને અગ્નિ માટે ભલે યથાર્થ હોય, પણ આપણે જે વિષય વિચારવા બેઠા છીએ તે તો ધૂમ અને વહ્નિ કરતાં ઘણો ઊંડો છે. એમાં સામાન્ય અનુમાન પદ્ધતિ નિશ્ચય ઉપજાવી શકતી નથી.

એટલે આ રીતે વૈશેષિક અને ન્યાય દર્શનો અસંતોષકારક પ્રતીત થયાં.

મનુષ્યબુદ્ધિએ થાકીને ફરી શ્રુતિનું શરણ લીધું. પૂર્વમીમાંસાએ બ્રાહ્મણનો અને ઉત્તરમીમાંસાએ ઉપનિષદનો આશ્રય લીધો.

બ્રાહ્મણની કર્મકાંડની ભૂલ પૂર્વમીમાંસાએ બરાબર ગોઠવી.

પરંતુ એ બાળ વિચારકોને–તત્ત્વચિંતકોને મુક્તિને અનુકૂળ ન દેખાઈ.

તેઓના આત્માને બ્રહ્મજ્ઞાનની તૃષા લાગી હતી ને એ તૃષા ઉત્તરમીમાંસાએ છિપાવી.

દર્શનોની ઉત્પત્તિ આ રીતે ઘટાવી શકાય છે.*

* દ્વારકાની શારદાપીઠની ગાદી પર અધિરૂઢ થયેલા ને હાલ સમાધિસ્થ સ્વામીશ્રી શાંત્યાનંદ સરસ્વતી પીઠ વિચારક હતા. આપણાં દર્શનો કાળક્રમે કેમ ગોઠવાયાં તે વિષે એઓએ પ્રસાદીરૂપે જે વિચારો સૂચવેલા તે આ લેખમાં ટૂંકમાં જણાવ્યા છે. —લેખક

★

ભૂતપ્રેતની વાતો સાંભળી, એક જણને જરા આશ્ચર્ય થયું: 'શું ભૂત ગધેડા જેવું લાગતું હતું? હું તો માનતો નથી. તમે સ્પષ્ટ ને ચોક્કસ રીતે કહી શકો ખરા કે એ તમારો પોતાનો જ પડછાયો નહોતો?'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુ પધાર્યા

*

શ્રી ભાનુકુમાર ચુ. નાયક

માત્ર માનવી પર જ નહિ, પશુ–પક્ષી ને સમગ્ર જીવસૃષ્ટિ ઉપર પણ સમાન દૃષ્ટિ રાખી વર્તે તે સાચો ભક્ત અને જ્ઞાની એમ લગભગ દરેક ધર્મમાં કહેવાયું છે. આ સત્યને જે જીવનવ્યવહારમાં ઉતારે તેનું જીવન ધન્ય બની જાય. 'સહ નૌ ભુનક્તુ–આપણે બધા સાથે મળી ભોગવીએ' એવી ભાવનાથી સામું પાત્ર ગમે તે હોય પણ તેને જો વિશેષ જરૂર હોય તો વહાલામાં વહાલી ને મોંઘામાં મોંઘી વસ્તુનો પણ ત્યાગ કરતાં આપણે આંચકો ન અનુભવીએ તે સાચી માનવતા, તે જ સાચું જ્ઞાન અને તે જ સાચી ભક્તિની. આ વાર્તાના ધના ભગત એની પ્રતીતિ આપશે.

ગામને છેવાડે એક ખોરડું ઊભેલું છે. પડું-પડું થતી દીવાલો, માંડમાંડ સડેલ વળીઓને થોડાંક તૂટેલ નળિયાંનો ભાર ઝીલી રહી છે. ચારેકોર સાફસૂફીને અભાવે જાળાં બાઝી રહ્યાં છે. છાપરાનાં બાકોરામાંથી સૂરજનો તડકો ચંદરવા પાડતો હોય ત્યારે પરસાળમાં ધના ભગત લાકડાની વર્ષોજૂની ઘોડી પર રામાયણ વાંચતા નજરે પડતા.

મોચી ભગતની વાત ઘણી રસિક છે. લોકો કહે છે કે તેમની પાસે પહેલાં ઠીકઠીક પૂંજી હતી. ઘેર ખેતીવાડી હતી. જુવાનજોધ દીકરા હતા. ઘેર દૂઝણાં ઢોર હતાં અને નિત સવારના ઘંટીનાં મીઠાં ગાણાં અને વલોણાના ઘમકારા ગાજી રહેતાં.

કોઈ પણ મુસાફર ગામપાદરેથી તેમનો મહેમાન થયા સિવાય જઈ શકતો નહિ. તેમને હિંદુ, મુસલમાન, શીખ કે ખ્રિસ્તી જેવો ભેદ ન હતો. તેઓ સંન્યાસીબાવાને બોલાવતા, તો સાંઈબાવાને પણ સત્કારતા. તેમને ત્યાં ગુરુ નાનકના પંથના સાધુઓ યે ઊતરતા અને ક્યારેક અંગ્રેજી મિશનરીઓ આવી ચડે તો તે યે આશરો પામતા. મોચીનો ધંધો કરતાંકરતાં ભગતને ભક્તિનો નાદ લાગ્યો. તેઓ દરેક ધર્મની વાતો સાંભળતા અને સૌમાં સારું કયું તે સમજવાની કોશિશ કરતા.

એ વખત પણ ચાલ્યો ગયો. કાળના સપાટે તેમની ખેતીવાડી, દીકરા, દીકરીઓ, બધું ય ક્યાંક ઊપડી ગયું અને ભુલાઈ પણ ગયું. આજે જિંદગીની આખરી ઘડીની રાહ જોતા તે જીવી રહ્યા હતા.

*

ધનારામે એક વખત જ્યારથી કથામાં એવું સાંભળ્યું, કે 'ભક્તને મળવા માટે ભગવાન એક દિવસ જરૂર આવે છે' ત્યારથી તેમનું જીવન પલટાઈ ગયું. ઓસરીમાં બેઠા-બેઠાં ચંપલોને ટાંકા મારતાંમારતાં તેમની નજર રાહદારીઓના પગલાં પારખતી રહેતી. દરરોજ મગનભાઈ ખેડ કરવા જાય. અમીચંદ દુકાને જાય કે ગોપાલ ટપાલી કાગળો વહેંચવા જાય. એ સૌની પગરવટ એમને કોઠે થઈ ગયેલી. આખા દિવસમાં એમને જંપવારો વળતો નહિ. થોડીવાર કામ કરે, વળી બેસે. ઘડીમાં રામાયણ વાંચે, તો ઘડીમાં તેમની તૂટીફૂટી સાદડી પર આડા થાય. એમ આખો દિવસ પસાર થઈ જતો. તે આતુરતાપૂર્વક દરરોજ કોઈની રાહ જોતા. તેમની નજર ચૂકવી કોઈ પણ રાહદારીનાં પગરખાં પસાર થતાં નહિ.

*

વૈશાખનો ઘામ ધખી રહ્યો હતો. ચારે તરફ લૂ વાઈ રહી હતી. મોચી ભગત ઓસરીમાં બેઠાબેઠા સોયા વડે ચંપલમાં દોરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખી રહ્યા હતા.

એવામાં કંઈક ધૂન જાગી. જોડા સીવવાનું એક બાજુ મૂકી દીધું અને રામાયણ ઉઘાડ્યું. ભગવાન રામ વર્ષોથી રાહ જોઈ રહેલ શબરીને મળવા જઈ રહ્યા હતા તે વિગત પર જ નજર પડી. વાંચવું શરૂ કર્યું; પણ હવે તો આંખે અંધારાં આવતાં હતાં. ઘડપણને લઈને જરાજરામાં મોતી જેવાં પાણીનાં ટીપાં નીતરતાં. ઘરડું મગજ પણ કામ નહોતું કરતું. થોડીક વારમાં જ ભગત થાકી ગયા અને ત્યાં જ એમની વર્ષોની સોબતી સાદડી પર આડા પડ્યા.

ભગતને સ્વપ્નું આવ્યું. તેમાં જાણે કે તેમના ખોરડામાં ભગવાન પ્રકટ્યા, જાણે કે બધે અજવાળું ફેલાયું. ભગવાને ભગતને કહ્યું: 'તારે ખોરડે હું આવીશ, તું જાગતો રહેજે.' આટલું બોલી ભગવાન અલોપ થઈ ગયા...

...અને ભગતનું સ્વપ્નું પૂરું થયું. ઊઠતાં વેંત જ તેમને ઘણું દુઃખ થયું, કેવું મીઠું સ્વપ્નું હતું? શું ખરેખર ભગવાન આ ખોરડું પવિત્ર કરશે? એમની શ્રદ્ધા વધુ દૃઢ બની.

સાંજ નમી ન નમી ત્યાં એક બાઈ આવી. બારણે ઊભી રહીને ભગતને કહ્યું: 'પાણી પાશો કે ભગત?'

ભગતને ત્યાં એકવાર દૂધની પરબ હતી. જમાનાના પલટાએ દૂધને બદલે ચાને જગા આપી, પણ આજે તો તે ય ક્યાંથી મળે?

આજુબાજુ ચોતરફ દુષ્કાળનો ઘેરો હતો. કૂવા અને વાવ સુકાઈ ગયાં હતાં. એ પાણી-વિનાના દેશમાં લોકો 'પાણી, પાણી' કરતાં તરફડી રહ્યાં હતાં. લોકોને ખાવા ધાન નહોતું ને પીવા પાણી નહોતું. દરરોજ સવારે પાણી ભરીને જિલ્લામાંથી ખટારો આવતો, ગામ-લોકોને માથાદીઠ એક માપિયું ભરીને પાણી અપાતું. તે પછી પાછું બીજે દિવસે સવારે. એમાંથી જ આખો દિવસ ચલાવવાનું હતું. કપરો કાળ આવ્યો હતો.

ઘરડેઘડપણ આવા દહાડા જોવા ભગવાન પોતાને શા માટે જીવતો રાખતો હશે? એવું વિચારતા ધના ભગત લાકડીને ટેકે એક માપિયું પાણી રોજ લઈ આવતા. એકલો પંડે નકરું પાણી યે કેટલું પિવાય? થોડું બાકી રહે એ તરસ્યાંને પિવડાવી દેતા. ધના ભગતે પેલી બાઈનો અવાજ સાંભળીને માટલીમાં થોડુંઘણું પાણી હતું તેમાંથી તેને આપ્યું. અને પાછા મંડી પડ્યા ચંપલને ટાંકા મારવા.

પણ આજે કોણ જાણે તેમને જંપીને બેસવા ન દેવા હોય તેમ એક કૂતરું ક્યાંકથી તરફડતું આંગણામાં આવી પડ્યું અને દયામણે ચહેરે ભગત તરફ જોઈ રહ્યું. ભગતે તેને તરસ્યું જાણ્યું અને બાકીના પાણીમાંથી થોડું તેના મોઢામાં રેડ્યું. એમ કરતાં કેટલોક દહાડો વીતી ગયો.

એવે ક્યાંકથી ચીં ચીં કરતી થોડી ચકલીઓ ખોરડાની વળી પર બેઠી. આજુબાજુ ઊડી અને ફરી પાછી વળી પર બેઠી. વારેઘડીએ ચક્કર લગાવે અને પાછી વળી પર બેસે. આવું જોઈને ભગતને કંઈક સૂઝ્યું. તેમણે તેમના જોડા પલાળવાના ડબલામાં થોડું પાણી નાખી ચકલીઓ આગળ મૂક્યું. પાણી પીને ચકલીઓ ઊડી ગઈ, એવે સાંજ પડી.

તૂટેલ માટલીના ઠીકરામાં ક્યાંકથી માંગી આણેલ તેલ વડે દીવો કરીને ભગત ઝાંખે અજવાળે રામાયણ વાંચવા બેઠા પણ કેમે કર્યું મન ચોંટે નહિ, બપોરના સ્વપ્ના પર એ વિચાર કર્યા કરે. 'ભગવાન કહ્યા પ્રમાણે આવ્યા કેમ નહિ?' અને એ વિચારતા જ ભગત ઊંઘી ગયા.

*

તે રાત ભગતના જીવનની મોંઘામાં મોંઘી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુ પર બાળકનો પત્ર

ખ્વાજા અહમદ અબ્બાસ

બાપુ પર અસંખ્ય પત્રો એમના જીવન દરમિયાન લખાયા હશે, અસંખ્ય બાળકોએ તે લખ્યા હશે, પણ આ પત્રનો આંતરપ્રવાહ કોઈ જુદી જ વસ્તુ છે. હિંદુ–મુસ્લિમ ઐક્યના પ્રાણ-પ્રશ્નને કલમનવેશ શ્રી અબ્બાસે નિપુણ કલાકૌશલ્યથી વણી લીધો છે. અથેતિ રસઝર રસળતી બાનીમાં કમનીયતા છે, માનસશાસ્ત્રીય સત્ય છે, મૌલિકતા છે ને સમગ્ર ચિત્ર પાછળ બાપુની પ્રેરક આકૃતિની આભા પણ છે. અંગ્રેજી તેમ જ ઉર્દૂ સાહિત્યના લેખક ને 'કોલમિસ્ટ' શ્રી અબ્બાસની, એમની સંમતિથી પ્રગટ થતી આ કલાકૃતિ પૂ. બાપુની આ માસમાં આવતી પુણ્યતિથિ નિમિત્તે સૌ કોઈનું પ્રેરક બળ બનો.

એ સ્થળે જ્યાં જન્નત અથવા સ્વર્ગ છે ત્યાં થઈ ને અલ્લાહ અથવા ભગવાન દ્વારા જનાબ મહાત્મા ગાંધીને મળે.

બાપુ,

મારી બા કહેતી હતી કે આપ જન્નતમાં સિધાવ્યા છો અલ્લાહમિયાંની પાસે, અને ગોપાળની મા કહે છે કે આપ સ્વર્ગમાં ભગવાનને પ્યારા થઈ ગયા છો. ન જાણે કોનું કહેવું સાચું છે. માટે જ હું ઉપરના ઠેકાણા પર આપને આ પત્ર લખી રહ્યો છું; અને કદાચ સ્વર્ગ અને જન્નત એક જ જગ્યાનું નામ હોય–જેમ બનારસને કાશી અને અલ્હાબાદને પ્રયાગ કહે છે તેમ—આશા છે કે આપ જે સ્થળે હો ત્યાં આ પત્ર આપને મળી જશે.

આ પત્ર ખરું જોતાં તો હું પોતે નથી લખી રહ્યો, પરંતુ મારી પાસે લખાવાઈ રહ્યો છે.

લખાવવાવાળા આ છે: મારો નાનોભાઈ બુન્દુ (જેનું ખરું નામ બન્દેઅલી છે.), મારાથી મોટી બહેન જૈનબ, નાની સકીના, ગોપાળની નાની બહેન સીતા અને હાં, મોહન–એને તો હું ભૂલી જ ગયો હતો. વાત એમ છે કે એ સૌ ઇચ્છે તો છે કે હું આપને પત્ર લખું, પણ આ વાત દરેકે મોઢેથી નથી કહી, આંખોથી કહી છે. આમાં

અને છેવટની રાત હતી. રાતના એમના અંતરમાંથી અવાજ ઊઠ્યો. ભગત બેબાકળા બનીને સાંભળી રહ્યા. અવાજ સાંભળવો ગમે તેવો અને ચોખ્ખો હતો. કોઈએ મીઠે બોલે કહ્યું: 'ધના, તારી જીવનભરની તપશ્ચર્યા ફળી છે. હું તારા પર ખુશ થયો છું. મેં આજે તારી પરીક્ષા કરી છે. માણસ, પશુ કે પક્ષીમાં તેં કોઈ જાતનો ભેદ જાણ્યો નથી. તેં પારકી પીડા જાણી છે. તેં તારો ભાગ બીજાને આપીને ત્યાગ કરી જાણ્યો છે. તું સાચો વૈષ્ણવ છે. તેં જ્ઞાનનો ને ધર્મનો અર્થ જાણ્યો છે. હું તારે ઘેર ત્રણવાર આવ્યો. તેં માણસ, પશુ અને પક્ષીમાં રહેલા એવા મને સંતોષ્યો છે. હવે હું તારી જિંદગી સફળ કરું છું.'

બીજે દિવસે ગામલોકોએ જાણ્યું કે મોચી ભગત સ્વર્ગવાસી થયા હતા.

કોઈ કે કહ્યું: 'આખર સુધી ભગવાનને મળવા માટે ભગત તરફડતા હતા, પણ છેવટે ભગવાને દયા ન જ કીધી.'

બીજા એ જવાબ વાળ્યો: 'એ તો પુણ્યશાળી જીવ હતા. તે તો ભગવાનમાં જ લીન થઈ ગયા.'

*ટોલ્સ્ટૉયની 'વ્હેર લવ ઈઝ, ગોડ ઈઝ' નામની વાર્તાનું રૂપાંતર

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપાળ મોઢેથી કંઈ નથી કહેતો. જે કહેવાનું હોય છે તે આંખોથી જ કહે છે. એની આંખો ઘણું કહે છે, પણ એની વાત હું પછી કહીશ. અત્યારે તો આ કહેવાનું છે કે મોહનની આંખો પણ મને કહી રહી છે કે બાપુને પત્ર લખો, ને હું લખી રહ્યો છું. મહેરબાની કરીને મને માફ કરજો. કરશો ને બાપુ?

આપ તો મોટા માણસ છો. વિચારતા હશો કે આ બાળકો અને કેમ કાગળ લખી રહ્યા છે? પણ અમે સાંભળ્યું છે કે આપને બાળકો બહુ જ ગમે છે. મેં એક તસવીરમાં જોયું છે કે આપ નાના બાળકોની સાથે બેસીને હસીરમી રહ્યા છો. ગોપાળ કહે છે: એણે એકવાર આપને જુહુના સમુદ્રકિનારે બાળકોની સાથે રમતા જોયા હતા, અને મોહન જ્યારે આપની તસવીર જુએ છે ત્યારે હમેશાં દુઃખ અને ડરથી ભરેલી એની આંખો ખુશીથી ચમકવા લાગે છે અને કહે છે: 'આ બધા બાળકોના બાપુ છે. એમનાથી બીવાનું શું?' અને ખોટું ન લગાડો તો હું કહું. આપ હસતા મોઢાની તસવીરમાં બિલકુલ બાળક જેવા જ લાગો છો! એટલા નાના બાળક કે જેને હજી દાંત પણ ન ફૂટ્યા હોય! એકાદ વર્ષ નાના ને આપની માફક જ બકરીનું દૂધ પીતા ગોપાળના સૌથી નાના ભાઈના જેવા!

એટલે અમે વિચાર્યું કે આપને અમે આ પત્ર લખીએ તો આપ ખોટું નહિ લગાડો, અને એટલા જ માટે અમે આ પત્ર લખી રહ્યા છીએ.

મારું નામ અનવર છે, બધા મને અન્નુ કહે છે. અમારું અસલી ઘર પાણીપત, જિલ્લો કરનાલ છે. એ પંજાબમાં આવેલો છે. મારા પિતા નામે અકબરઅલી દિલ્હીમાં સરકારી દફતરમાં નોકર હતા. મારી ઉંમર સાડા છ વર્ષની છે. મારી બાનું નામ ફાતમા છે, પણ બધા એને ફત્તો ફત્તો કહે છે. અને એક અમારી બુઢ્ઢીમા છે, જે આપની ઉંમરની છે અને મોઢામાં દાંત પણ નથી. એટલે પાનને 'દસ્તાથી' કૂટીને ખાય છે. અમારું આ બધું કુટુંબ પાણીપતમાં રહેતું હતું, સિવાય પિતાજી જે નોકરી પર નવી દિલ્હીમાં રહેતા હતા, એક ક્વાર્ટરમાં બાબર રોડની પાસે.

મારા પિતાજી આપને સારા માનતા નહોતા. હમેશાં કહેતા હતા કે ગાંધી તો મુસલમાનોનો દુશ્મન છે. બા પણ આમ જ કહેતાં. એટલે હું પણ આપને સારા માનતો નહોતો. પણ બુઢ્ઢીમા કહેતી હતી કે ગાંધી અલ્લાહવાળો માણસ છે, તે બધાને ભાઈભાઈ સમજે છે. એમણે આપને બહુ દિવસ પહેલાં જોયા હતા. ઘણું કરીને આપ પાણીપત ખિલાફત સમિતિના કોઈ કામસર આવ્યા હતા અને સ્ત્રીઓની સભામાં ભાષણ કર્યું હતું ત્યારે જોયા હતા. ત્યારથી તે ખાદી જ પહેરે છે અને આપને દયાળુ માને છે. પણ પિતાજી કહેતા હતા કે એ બુઢ્ઢી તો બેવકૂફ છે, મોટી-મોટી વાતોને એ શું સમજે? પિતાજી તો અલીગઢ કૉલેજમાં ભણેલા છે અને રોજ વર્તમાનપત્રો વાંચે છે. એટલા માટે અમે એમની વાત જ માનતા હતા અને જ્યારે આપની વાત આવતી ત્યારે આપને ખરાબ કહેતા. મજાક પણ ઉડાવતા હતા; કેમકે આપની લંગોટી અને નગ્ન શરીર જોઈ એમને હસવું આવતું હતું!

પછી અમે સાંભળ્યું કે હિંદુસ્તાનના ભાગલા થવાના છે—જેમ મારા દાદાના મર્યા પછી એમની મિલકતનું થયું હતું તેમ. એમાંની અધી મિલકત પિતાજીને અને અધી કાકાને મળી હતી. અમે ગલીઓમાં 'પાકિસ્તાન ઝીંદાબાદ'ની ખૂબ બૂમો પાડતા હતા. મેં એક દિવસ પિતાજીને પૂછ્યું: 'પાકિસ્તાન શું છે?' એમણે કહ્યું: 'એ મુસલમાનોનો પોતાનો અલગ દેશ હશે, જ્યાં આપણે રાજ્ય કરશું.' આથી અમે બહુ ખુશ થયા, કેમકે મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાજીનાં રંગીન ચિત્રોવાળાં વર્તમાનપત્રોમાં એક રાજાની તસવીર જોઈ હતી. એણે સોનાનો તાજ અને ગળામાં મોતીઓની માળા પહેરી હતી. આથી મેં વિચાર્યું કે અમે બધા મુસલમાન રાજા બની જઈશું અને માથા પર સોનાના તાજ અને ગળામાં મોતીઓની માળા હશે.

પાણીપતમાં મુસલમાન ઘણા વધારે રહે છે અને હિંદુ થોડા છે. આથી અમે હિંદુઓની સામે અકડાઈને ચાલતા હતા અને વાણિયાઓના છોકરાઓની સામે 'પાકિસ્તાન ઝીંદાબાદ'ની જોરજોરથી બૂમો મારતા, અને જો એ કોંગ્રેસ અથવા આપતું નામ લેતા તો એને મારતા પણ હતા; પરંતુ જ્યારે પાકિસ્તાન બની ગયું ત્યારે અમે સાંભળ્યું કે પાણીપત પાકિસ્તાનમાં નથી આવ્યું, અને અહીં મુસલમાન રાજા નહિ બને. પાછું સાંભળ્યું કે આખા દેશમાં મારામારી થવા માંડી. પિતાજી જ્યારે દિલ્હીથી પાણીપત આવતા ત્યારે એ કહેતા કે હિંદુઓ મુસલમાનોને મારી રહ્યા છે; આથી હું હિંદુઓની વધારે નફરત કરવા લાગ્યો. પણ એક વાત મારી સમજમાં ન આવી કે જ્યાં મુસલમાન વધારે અને હિંદુઓ ઓછા હતા એવા પાકિસ્તાનમાં મુસલમાનોને હિંદુ કેમ મારી શકે? અને અમે મુસલમાનો તો બાદશાહોના વંશજ છીએ અને મારફાડમાં આગળ રહીએ છીએ. પંજાબ અને સરહદમાં જ્યાં મુસલમાન જ મુસલમાન રહે છે. ત્યાં અમે હિંદુઓને મારી શકતા હતા અને કદાચ માર્યા પણ હશે. પરંતુ હું તો બાળક રહ્યો, મેં કદાચ સમજવામાં ભૂલ કરી હોય અને પિતાજી ભણેલાગણેલા રહ્યા એટલે હું ચૂપ જ રહ્યો. પણ આ વાત દિલમાં ખટકતી રહી!

પછી દિલ્હીમાં મારામારી શરૂ થઈ ગઈ! પાણીપતના મુસલમાન પાકિસ્તાન ભાગવાની તૈયારી કરવા લાગ્યા; પણ મારા પિતાજી જવા તૈયાર નહોતા. વાત એમ છે કે મારા પિતાજી જરા કંજૂસ છે અને પોતાની મિલકત, ઘરબાર અને ખેતરોને છોડીને જવા નહોતા ઇચ્છતા. એમણે કહ્યું: 'આસ્તેઆસ્તે બધી ચીજોને સારા ભાવે વેચીને જઈશું.' પણ એટલામાં પાણીપતમાં પંજાબના ભાગેલા ઘણા હિંદુઓ અને શીખો આવી પહોંચ્યા. હજારો ને લાખો લોકો! એ સૌને રહેવા માટે મકાન જોઈતાં હતાં. એ બધાનાં ઘર પંજાબના મુસલમાનોએ લૂંટી લીધાં હતાં—પશ્ચિમ પંજાબના મુસલમાનોએ હં! અને એમના બાળબચ્ચાંને માર્યાં પણ હતાં. આથી આ બધા લોકો દરેક મુસલમાન પ્રત્યે નફરત કરતા હતા, એટલે પાણીપતમાં મુસલમાનોનું રહેવું મુશ્કેલ બની ગયું. કેટલાક પોલીસના હાથે માર્યા પણ ગયા. રોજ રાહ જોતા કે પાકિસ્તાનથી મોટરલોરીઓ આવશે—પણ એ ન આવી. પછી જ્યારે જોખમ વધી ગયું ત્યારે બાએ પિતાજીને દિલ્હીમાં લખ્યું—અને એ ત્યાંથી લશ્કરીલોરી લઈ આવ્યા, અને અમે થોડાથોડા સામાન સાથે એ લોરીમાં દિલ્હી ગયા.

હવે હું આપને મારી બંધૂક વિષે જણાવવા ઇચ્છું છું. આ બંધૂક બહુ સુંદર છે. ચમકતી નળી, લાકડીનો કુંદો અને ફોડો તો ફટાક અવાજ આવે છે. આ મારા પાંચમા જન્મદિવસે પિતાજીએ લાવી દીધી હતી. અને કહ્યું હતું કે અત્યારથી બંધૂકનો શોખ રાખો તો મોટા થઈને વીર સિપાહી બનશો, અને કાફરોની વિરુદ્ધ જેહાદ ઉઠાવી શકશો. મૂળ તો આ રમવાની જ બંધૂક છે, પણ એને ખભા ઉપર રાખીને હું આખી ગલીના છોકરાઓને પરેડ કરાવતો હતો. આ અમારી પાકિસ્તાની ફોજ હતી!

હં—તો જ્યારે અમે પાણીપતથી ચાલ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે ઘરનો બધો સરસામાન છોડી દેવો પડ્યો. પિતાજીનાં પુસ્તકો, બાનાં કપડાં, વાસણો, પેટીઓ અને રજાઈઓ બધું રહી ગયું. બસ, બેચાર પહેરવાનાં કપડાં સાથે લઈ શક્યા, પણ મેં આ બંધૂક છાનીમાની સાથે લઈ લીધી; કેમકે આનાથી તો હું જેમણે અમને પાણીપતથી કાઢ્યા હતા તે કાફરોનો બદલો લેવાનો હતો!

દિલ્હીમાં અમે દસબાર દિવસ એક ઓરડામાં બંધ રહ્યા, કેમકે ત્યાં મુસલમાનોને મારવામાં આવતા હતા, ત્યાં અમારાં મોઢાં ફિક્કાં પડી ગયાં. પછી અમે સાંભળ્યું કે આપ કલકત્તાથી આવ્યા છો અને મુસલમાનોને બચાવવાની કોશિશ કરી રહ્યા છો. પહેલાં તો પિતાજી કહેતા હતા કે આ પણ ગાંધીની કોઈ ચાલ હશે, પણ પાછળથી માની ગયા કે આપ ખરેખર મુસલમાનોના જીવ બચાવી રહ્યા છો. દિલ્હીમાં થોડી શાંતિ થઈ ગઈ, પણ રસ્તામાં ભરતપુરની રિયાસતમાં સાંભળ્યું કે રેલવેમાં મુસલમાનોને મારી રહ્યા છે, એટલા માટે જ્યારે પિતાજીની બદલી મુંબઈ થઈ ત્યારે અમે હવાઈજહાજ દ્વારા અહીં આવી ગયા.

મેં સાંભળ્યું છે કે આપ હવાઈજહાજમાં બેઠા જ નથી! વાહ, બાપુ! લાગે છે કે આપ ડરો છો. હું તો બિલકુલ ડર્યો નહિ. આખે રસ્તે બારીની પાસે બેઠો રહ્યો, એટલે સુધી કે બુઢ્ઢિમા પણ ન ડરી—ચાલતાંચાલતાં હવાઈજહાજમાં બેઠીબેઠી 'દસ્તાથી' પાન કૂટતી રહી. એ પણ આપની જેમ જ તદ્દન બોખી છે ને! પણ એ તો પહેલાં લખી ચૂક્યો છું.

મુંબઈમાં અમને રહેવા માટે બે ઓરડા મળી ગયા—શિવાજીપાર્કના રસ્તા પર જ્યાં ચારે તરફ હિંદુઓ અને હિંદુઓ જ રહે છે. અમે બધા પહેલાં તો બહુ જ ડર્યાં કે કોઈ મારી ન દે, પણ બુઢ્ઢીમા જરા પણ ન ડરી. એ તો બુરખો ઓઢીને સમુદ્રને કિનારે દૂર સુધી જઈ આવતી અને કહેતી હિંદુ-શીખ પણ અલ્લાહના બંદા છે. મને બુઢ્ઢીને કોણ મારે?

અમારા ઘરની પાસે સમુદ્ર છે. મેં સમુદ્રની વાતો નિશાળમાં વાંચી હતી, પણ જોયો ન હતો. એ તો બહુ મોટો નીકળ્યો, પાણીપતની નહેર અને દિલ્હીની જમનાનદી અને દસ સરોવરો અને દસ તળાવને ભેગાં કરીએ એનાથી પણ મોટો! બસ, પાણી જ પાણી છે! બુઢ્ઢીમા કહેવા લાગી, એ પાણીપત તો ખાલી જ કહેવાય છે, ખરું પાણીપત તો આ છે.

અમારા પડોશના મકાનમાં હિંદુ રહે છે. ગોપાળનાં માબાપ ને ગોપાળના કાકા, બહુ ચુસ્ત હિંદુ છે, અને સંઘવાળા સાથે પરેડ કરે છે. એમણે પોતાના ઘરનાં બાળકોને શીખવી રાખ્યું હતું કે મુસલમાન બહુ ખરાબ હોય છે, એમને મારવા જોઈએ. એટલે ગોપાળે પોતાના ઘરમાં એક હિંદુ સેના બનાવી રાખી હતી, અને લાકડાની તલવારો, એક ટીનની પિસ્તોલ અને વાંસનાં તીરકમાન લઈને તેઓ રોજ પરેડ કરતા હતા; અને બૂમો મારતા—'હિંદુ રાજ બનાવીશું, મુસલમાનોને મારી ભગાવીશું. હરહર મહાદેવ.' આવી તો બીજી ઘણી ય બૂમો હતી જે બનતા સુધી મરાઠીભાષામાં હતી. એની બરોબરી કરવા માટે મેં અમારી પાકિસ્તાની ફોજ બનાવી લીધી. ગોપાળની ફોજમાં દસથી બાર બાળકો હતા અને અમે ચાર જ હતા, પણ અમે ડરતા નહોતા. એક તો જેમ પિતાજી કહેતા હતા તેમ એક મુસલમાન ચારપાંચ હિંદુઓની બરાબર હોય છે. અને બીજું મારી પાસે બંધૂક હતી. અને એમની પાસે લાકડાની તલવારો અને તીરકમાન હતાં એટલે બરાબર સામનો કરાતો. જ્યારે એ બૂમો મારતા—'હરહર મહાદેવ.' ત્યારે અમે રાડો પાડતા—'અલ્લાહ હો અકબર.' જ્યારે એ કહેતા—'હિંદુ રાજ બનાવીશું' તો અમે કહેતા—'ખુશીથી લીધું પાકિસ્તાન, લડીને લઈશું હિંદોસ્તાં.' પિતાજી મનાઈ પણ કરતા કે ચારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુ હિંદુ રહે છે, આવી વાતો ન કરો અને બુઢ્ઢીમા પણ વઢ્યાં; પરંતુ અમે થોડા માનવાના હતા ? એક દિવસ બૂમો મારતામારતા ગોપાળ અને એની ફોજે અમારા ઘર પર હુમલો કરી દીધો. બુન્દુને પણ વાગ્યું, પણ મેં પોતાની બંધૂકથી બધાને ડરાવીને મારી ભગાડ્યા.

જ્યારે હિંદુ સેના અને પાકિસ્તાની ફોજમાં લડાઈનું ઘમસાણ મચી રહ્યું હતું, ત્યારે મેં મોહનને પહેલીવાર જોયો. એ અમારી લડાઈને એવી ફાટીફાટી આંખોથી જોઈ રહ્યો હતો, જાણે એણે આવી લડાઈ પહેલાં પણ ક્યારેક જોઈ હોય! એ બોલ્યો નહિ, પણ એની આંખોમાંથી ટપટપ આંસુ પડી રહ્યાં હતાં. ગોપાળની ફોજને ભગાડીને ખમીસ અને સુરવાલ પહેરીને ઘરની વચ્ચેની દીવાલ ઉપર બેસી છાનામાના રડી રહેલા મોહનને મેં પૂછ્યું: ‘કેમ ભાઈ, તું કોણ છે ? હિંદુ યા મુસલમાન ?’ કેમકે સુરવાલથી હું સમજ્યો કે કદાચ એ મુસલમાન હશે, પરંતુ એણે કશો ય જવાબ આપ્યો નહિ. બસ, ફાટીફાટી આંખોથી જોઈ જ રહ્યો ! એની આંખોને જોવાથી બીક જેવું લાગતું હતું. કલંદર સાહેબની દરગાહ ઉપર બાવલો ફકીર બેઠો રહે છે એવું એની આંખમાં લાગતું હતું. મેં પણ વિચાર્યું કે આ પણ બાવલો હશે અથવા કદાચ ગૂંગો હશે! પરંતુ એટલામાં ગોપાળ આવી ગયો ને કહેવા લાગ્યો: ‘આ બિચારાને કેમ મારો છો ? આ તો પંજાબથી આવ્યો છે. એનાં માબાપ ત્યાં માર્યાં ગયાં છે અને એ અહીં પોતાના સંબંધીઓને ત્યાં રહે છે.’ આ સાંભળીને મને બહુ દયા આવી અને બંધૂકની રમતમાં જીવ ન લાગ્યો. રાતના સ્વપ્નમાં મોહનની બિહામણી ફાટીફાટી આંખો નજર સામે આવતી રહી, હું બીકનો માર્યો ઊંઘમાં રોવા લાગ્યો.

એ દિવસથી મોહન ઘણીવાર દીવાલ ઉપર બેસી જતો અને અમારી રમત ફાટીફાટી આંખોથી જોઈ રહેતો, એ પોતે ન મારી સાથે રમતો ન ગોપાળની સાથે. બસ અલગ ચૂપચાપ બેઠો રહેતો અને કોણ જાણે શું ય વિચાર કરતો! કોણ જાણે એની આંખો શું કહેતી! કોણ જાણે એ આંખોએ શું જોયું હતું જેથી એ ચૂપ થઈ ગઈ હતી!

તે પછી અમે રેડિયો પર સાંભળ્યું કે આપ ઉપવાસ કરો છો અને જ્યાંસુધી દિલ્હીના હિંદુઓ મુસલમાનોને મારવું બંધ ન કરે ત્યાંસુધી આપ ખાશો નહિ. આ સાંભળીને બુઢ્ઢીમાની આંખોમાં આંસુ આવી ગયાં અને એકબે વખત ભોજન પણ ન લીધું. ત્યારે તો પિતાજી પણ કહેવા લાગ્યા કે હિંદુઓમાં સારા માણસ હોય તો તે ગાંધી જ છે. મેં બુઢ્ઢીમાની સાથે એક દિવસ દૂધ ન પીધું અને બપોરના ખાધું પણ નહિ. સાંજ થતાંથતાં તો બૂરા હાલ થઈ ગયા. અને ન રમતમાં જીવ લાગ્યો, ન ભણવામાં. બસ, આંખો સામે ભોજનની થાળીઓ આવતી રહી અને વિચારતો રહ્યો કે આપ ખાધાપીધા વિના કેમ રહી શકો છો!

જ્યારે આપના ઉપવાસને કેટલાક દિવસ થયા અને અમે સાંભળ્યું કે આખા દેશમાં બધા હિંદુ–મુસલમાન કાન પકડી રહ્યા છે કે અમે હવે નહિ લડીએ ત્યારે અમે પણ હિંદુસેના અને પાકિસ્તાની ફોજની રમત બંધ કરી દીધી. બાદ એક દિવસ સવારે જ્યારે મેં મોહનને દીવાલ ઉપર ચૂપચાપ બેઠેલો જોયો, ત્યારે હું એની પાસે ગયો, ત્યાં બીજી બાજુથી ગોપાળ આવી ગયો.

ગોપાળ કહેવા લાગ્યો : ‘અન્તુ!’

મેં કહ્યું : ‘ગોપાળ, શું વાત છે?’

તે બોલ્યો : ‘બાપુજી...’

અને બસ આટલું કહીને એ રડવા લાગ્યો.

એ દિવસે વર્તમાનપત્રમાં છપાયું હતું કે આપની તબિયત ઘણી નબળી પડી ગઈ છે બોલવું પણ મુશ્કેલ થઈ ગયું છે. આ વિચારીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું પણ રડી પડ્યો.

ગોપાળે મારી તરફ આશ્ચર્યથી જોયું અને બોલ્યો : 'તું પણ રડી રહ્યો છે?'

મેં કહ્યું : 'હા. એ મુસલમાનને માટે તો આ બધું કરી રહ્યા છે.'

ગોપાળે કહ્યું : 'આજથી હિંદુ-મુસલમાનની લડાઈની રમત બંધ.'

મેં કહ્યું : 'બિલકુલ બંધ કરી દઈશું. જ્યારે બધા કાન પકડી રહ્યા છે, ત્યારે આપણે પણ કાન પકડીએ છીએ.'

અમે બંનેએ નિશ્ચય કર્યો કે બંધૂક, પિસ્તોલ, તલવારો તોડીને સમુદ્રમાં ફેંકી દઈશું.

કોણ જાણે કેમ મારી નજર મોહન તરફ ગઈ અને આટલા દિવસોમાં પહેલી જ વાર મેં એની આંખોમાં થોડો આનંદ જોયો—મને એવું લાગ્યું કે જાણે કોઈએ જાદુ કરી દીધું ન હોય!

પિતાજી પણ બીજે દિવસે કહેવા લાગ્યા કે દિલ્હીમાં જાદુ થઈ ગયું. હિંદુ-શીખ અને મુસલમાન નેતાઓએ ગાંધીજીની સામે કાન પકડ્યા છે કે પોતે હવે કદી નહિ લડે! મુસલમાનોની મસ્જિદ એમને પાછી મળી ગઈ અને દિલ્હીની બજારોમાં મુસલમાનો ખુશીથી ફરવા લાગ્યા અને આપે ઉપવાસ તોડ્યા અને ખ્વાજા કુતુબુદ્દિનની દરગાહ પર પણ આપ ગયા.

હા—તો એક દિવસ પહેલાં તો અમારો ઇરાદો હતો કે હું મારી બંધૂક અને ગોપાળ એનાં તીરકમાન તોડી નાખે, પણ જ્યારે મેં ચમકતી બંધૂકને જોઈ ત્યારે મારો જીવ એને તોડવાનો ન ચાલ્યો. મેં વિચાર્યું: શી ખબર ગોપાળે એની પિસ્તોલ અને તીરકમાન ન પણ તોડ્યાં હોય! હું પણ બંધૂક કેમ ન રાખી લઉં! અને હું કંઈ થોડો બંધૂકનો ઉપયોગ કરી રહ્યો હતો! બસ જરૂરિયાતને માટે મેં એ રાખી મૂકી હતી.

ત્યાં ગોપાળે પણ વિચાર્યું કે અન્તુ પોતાની બંધૂક કદાચ ન તોડે તેથી હું મારી પિસ્તોલ અને તીરકમાન શા માટે ખોઈ દઉં? આપના ઉપવાસ પૂરા થઈ ગયા અને અમે વિશ્વાસનો શ્વાસ લીધો. કોણ જાણે કેમ, પછી આપની બીમારી અને નબળાઈની ખબરથી દિલ ગભરાતું હતું, જેમ પિતાજી યા બાની તબિયત ખરાબ હોય ને ગભરાય તેમ. મારું અને ગોપાળનું નહિ પણ આખા મહોલ્લાવાળાનું દિલ ગભરાતું હતું. આથી તો બધા આપને 'બાપુ'—'બાપુ' કહે છે!

પછી અમે એ સાંભળી સડક થઈ ગયા કે આપ પર બૉમ્બ ફેંકાયો. ખુદાની મહેરબાની કે આપ તદ્દન સહીસલામત રીતે બચી ગયા અને બૉમ્બ ફેંકવાવાળો પકડાઈ ગયો.

મેં ગોપાળને કહ્યું : 'ગોપાળ, આ તો ઘણું ખરાબ કહેવાય! બૂરા લોકો ગાંધીજીને મારવા ચાહે છે.'

ગોપાળે કહ્યું : 'આપણે ગાંધીજીની રક્ષા કરવી જોઈએ.'

મેં કહ્યું : 'કેવી રીતે?'

તે બોલ્યો : 'આપણે દિલ્હી જઈને ગાંધીજીને ઘરે પહેરો દઈશું.'

મેં કહ્યું : 'તું કેમ પહેરો ભરીશ? ન બંધૂક, ન તલવાર...'

તે જલદીથી બોલ્યો : 'પિસ્તોલ અને તીરકમાન તો છે.' પછી તે ચૂપ થઈ ગયો, જાણે ભૂલથી કહી ગયો હોય તેમ.

હું પણ વગરવિચાર્યે જ બોલી પડ્યો: 'પિસ્તોલની ગોળી તો બેચાર ગજ જ પહોંચે, હું તો બંધૂક લઈને પહેરો ભરીશ.'

એ મારી તરફ ઘૂરકીને કહેવા લાગ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તારી પાસે બંધૂક ક્યાંથી આવી?'

મેં પણ એમ જ જવાબ દીધો : 'જેવી રીતે તારી પાસે પિસ્તોલ અને તીરકમાન આવ્યાં, તેવી રીતે વળી!'

એ ગુસ્સે થઈ ગયો, કહેવા લાગ્યો : 'તમારા મુસલમાનોનો ભરોસો નહિ. વચન આપ્યું હતું કે બંધૂક તોડી નાખીશ.'

હું પણ ચૂપ બેસી રહું તેમ નહોતો. ચિડાઈને હું બોલ્યો : 'તો તમારા હિંદુ કાફરોનો શો વિશ્વાસ? તેં નહોતું કહ્યું, કે પિસ્તોલ ને તીરકમાન તોડી નાખીશ!'

તે બોલ્યો : 'જા, અમે તારી સાથે નથી રમતા.'

મેં કહ્યું : 'અમે ક્યાં તારા વગર રહી ગયા છીએ?' આમ કહીને હું ચાલી આવ્યો અને બંધૂક સાફ કરવા લાગ્યો. અને પછી બંધૂકમાં તેલ પૂર્યું. કોણ જાણે ક્યારે હિંદુ સેનાનો સામનો કરવો પડે!

તે વખતે ગોપાળ અને એનો ભાઈ વાંસનાં તીરો છોલીને ધારદાર કરતા હતા.

અને આ વખતે જ્યારે મોહનને દીવાલ પર બેઠેલો જોયો, ત્યારે પહેલાંના જેવાં જ એની આંખોમાં દુઃખ અને દર્દ હતાં.

કેટલા ય દિવસો વીતી ગયા. સાંજના અમે સમુદ્રને કિનારે મેળો જોઈ રહ્યા હતા કે પિતાજી કચેરીએથી દોડતા આવ્યા ને કહેવા લાગ્યા : 'ગાંધીજીનું અવસાન થઈ ગયું! કોઈ પાગલે એમને ગોળી મારી દીધી.'

પહેલાં તો કોઈને વિશ્વાસ ન આવ્યો. ભલા ગાંધીજી કેમ મરી શકે? અમે વિચાર્યું : એ પોતે તો ખુદ બૉમ્બથી પણ નથી મર્યા. પછી વિચાર આવ્યો કે એમની રક્ષા કોઈએ બરાબર ન કરી. પિસ્તોલ ચલાવનારો ત્યાં સુધી પહોંચ્યો કેમ? રાતના કોઈએ કંઈ ખાધું નહિ. અમે રેડિયો પાસે બેસીને ખબરો સાંભળતા હતા. પંડિત જવાહરલાલ નહેરુનું ભાષણ સાંભળ્યું. એટલા મોટા માણસ થઈને પણ એ રડી રહ્યા હતા. બસ બોલતા જતા હતા અને રડતા જતા હતા. આ સાંભળીને મને રોવું આવી ગયું અને ઘણીવાર સુધી હું રોતો રહ્યો. બુઢ્ઢીમા અને બા તો પહેલેથી જ રડી રહ્યાં હતાં, પિતાજીની આંખમાં પણ આંસુ હતાં.

એ રાતે મને બરાબર ઊંઘ ન આવી. બિહામણાં સ્વપ્નાં દેખાતાં રહ્યાં. ક્યારેક જોયું તો આપને કોઈ મારવા આવી રહ્યું છે અને હું ચીસો પાડું છું... 'ગાંધીજીને બચાવો! ગાંધીજીનો જીવ જોખમમાં છે!' પણ કોઈ નથી સાંભળતું. સૌથી બિહામણું સ્વપ્નું એ જોયું કે એક માણસ આપની પર ગોળી ચલાવી રહ્યો છે અને એના હાથમાં મારી બંધૂક છે. એની ગોળી આપને વાગી રહી છે અને મને લાગ્યું કે આપ એટલા માટે જ મારાથી રૂઠીને ચાલ્યા ગયા!

બીજે દિવસે હડતાળ હતી. શાળા બંધ હતી તો ય રમવાનું મન થતું નહોતું. એ દીવાલની પાસે ગયો તો જોયું, મોહન બેઠો બેઠો રડી રહ્યો છે, જોરજોરથી ચીસો પાડીને. એને જોઈને મને વધારે રોવું આવી ગયું. પછી ગોપાળ આવ્યો. એ પણ રડતો હતો.

ગોપાળ બોલ્યો : 'બાપુજી ચાલ્યા ગયા.'

મેં કહ્યું : 'હા. બુઢ્ઢીમા કહે છે અલ્લાહના પ્યારા થઈ ગયા.'

પછી ગોપાળ બોલ્યો : 'અન્નુ, મેં સ્વપ્નમાં જોયું...'

મારું દિલ ધડકી ગયું. જલદીથી બોલ્યો. 'તેં સ્વપ્નમાં જોયું કે મારી બંધૂકથી...'

ગોપાળે વાત કાપી નાખી : '...નહિ જોયું કે મારી પિસ્તોલથી બાપુને કોઈ મારી રહ્યું છે.'

મેં એને મારા સ્વપ્નની વાત કહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપાળે કહ્યું: 'બાપુ આપણા બંનેથી રૂઠીને ચાલ્યા ગયા છે!'

પછી અમે બંને મળીને રડવા લાગ્યા. મોહન પાછો જોરજોરથી રડવા લાગ્યો અને અમે એ જોઈને દંગ થઈ ગયા કે આ રોવાથી એનો અવાજ ખૂલી ગયો હતો. હવે તે બોલી શકતો હતો!

*

૧૩મી ફેબ્રુઆરી,

કાલે કેટલા ય દરિયા અને નદીઓમાં આપની ચિતાની રાખ નાખવામાં આવી. ચોપાટી પર અમે પણ અમારી આંખોથી જોયું. કેટલા ય લાખનું સરઘસ હતું. એમાં ઘણા મુસલમાનો પણ હતા. આપના મૃત્યુને તેર દિવસ થયા છે. આ દિવસોમાં અમારી સરકારે હિંદુ-મુસલમાનોને લડાવનારા અને આપને મારવા ઇચ્છનારા ઘણા બૂરા માણસો-ને પકડ્યા છે. હિંદુસ્તાન-પાકિસ્તાન બંનેમાં હિંદુ-મુસલમાન કાન પકડી રહ્યા છે કે હવે મારફાડ નહિ કરે. આપ એમને માફ કરી દો ને પાછા આવો.

હા, આજ સાંજના જ્યારે બધા માણસો સમુદ્રને કિનારેથી ચાલ્યા ગયા, ત્યારે મેં છાનામાના મારી બંધૂકને તોડીને પાણીમાં ફેંકી દીધી. જ્યાં મેં મારી બંધૂકના ટુકડા ફેંક્યા હતા ત્યાં મેં જોયું તો ગોપાળની તૂટેલી પિસ્તોલ અને તૂટેલાં તીરકમાન પણ પડ્યાં છે!

અને હવે હું ને ગોપાળ; બુન્દુ અને જૈનબ; સકીના અને સીતા બધાં ય કાન પકડી રહ્યા છીએ કે ફરીથી અંદરઅંદર નહિ લડીએ. હવે અમને માફ કરી દો ને પાછા આવો.

આપ પાછા આવશો ને બાપુ?+

+ અનુવાદક: **શ્રી કિરીટકુમાર ભીમજીયાણી**

★

કહે છે કે એક વખત મસ્તકવિ તરીકે જાણીતા બાળાશંકર ઉલ્લાસરામ કંથારિયા અને ગુજરાતી સાહિત્યના પ્રથમ ધીરવિવેચક નવલરામ લક્ષ્મીરામ પંડયાને કોઈ જાહેર ચર્ચા અંગે મતભેદ પડેલો. એ દરમિયાન બાળાશંકરનું નવું જ પ્રસિદ્ધ થયેલું એક પુસ્તક જેનાં અવલોકનો નવલરામભાઈ લખતા હતા તે શાળાપત્રમાં અભિપ્રાયાર્થે આવ્યું. કર્તાએ એ પુસ્તક પોતાની પત્નીને અર્પણ કરી નીચે સહી આમ કરી હતી. 'ત્હારો બાળ.'

નવલરામે એક મિત્રને આની ટકોર કરતાં કહ્યું:

'આ અર્પણની ઠેકડી ઉડાવી હોય તો? 'આ પુસ્તક લેખકે પોતાની માતાને અર્પણ કર્યું હોય એમ લાગે છે' એવી રીતે અવલોકનની શરૂઆત કરી હોય તો?' આસપાસ બેઠેલી બધી મંડળી હસી પડી. પણ શાણા નવલરામે તો વાતને એટલેથી જ અટકાવી.

×

પરીક્ષાના દિવસો હતા. હોસ્ટેલમાં રહેતા બે જિગરજાન મિત્રોમાંથી એકે બંનેનાં કપડાં ધોબીને આપી દીધાં.

'પેલું ત્યાં લટકાવેલું ખમીસ પણ આપી દીધું કે?'

'હા, હા, બધું જ દઈ દીધું. એ ખમીસ તો કેટલું બધું મેલું હતું?'

ખમીસ આપવાથી એકદમ ગુસ્સે થતો મિત્ર બોલ્યો:

'...અરે મૂરખ, એની બાંય પર તો રોમન સમયનો આખો ઇતિહાસ લખેલો હતો!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુતાની પગદંડીએ

શ્રી સુરેશ ગાંધી

કાંચન અને કામિનીના મોહગર્તમાં ઊંડા ને ઊંડા ખૂંપી ગયા પછી કુદરત સાનુકૂળ હોય તો જ પુનરુદ્ધાર થઈ શકે. ઈશ્વરકૃપાની એક જ ચિનગારી એવાઓને માટે પૂરતી થઈ રહે છે. અંધકાર...પછી ઓચિંતો જ ઝબકારો ને પછી પૂર્ણ પ્રકાશ! મોહની ઘોર નિદ્રામાંથી ઉત્થાન કાજે જાગેલા અંતરાત્માની આસપાસ આ એકાંકી નાટિકાના દોર વણાયા છે.

દૃશ્ય પહેલું

ધનદત્ત : અરે ગણુદાસ !

ગણુદાસ : જી શેઠજી. મને બોલાવ્યો ?

ધનદત્ત : જુઓ સાંજ પડવા આવી છે. ગણુદાસ, મંદિરોના દીપકો સળગી ઊઠ્યા છે. આપણી હવેલીના દીવા સળગાવો. બારણે ચોકીદાર બેસાડી દો, જો જો કોઈ બહારથી અંદર પ્રવેશવા ન પામે. આજકાલ ચોર-ડફેરો-નો ભારે ત્રાસ છે. રાતના અંધારાનો લાગ જોઈ તેઓ હવેલીમાં ઘૂસી જાય છે અને લૂંટ કરી નાસી જાય છે.

ગણુદાસ : હું પણ એ જ વિચાર કરું છું. શેઠજી, પણ–

ધનદત્ત : કેમ શું છે ? શું વિચારમાં પડ્યો ગણુદાસ !

ગણુદાસ : હવેલીનાં દ્વાર કેમ કરીને વાસવાં ? ઇલાચીકુમાર હજી ઘેર નથી આવ્યા.

ધનદત્ત : હેં ! ઇલાચી નથી આવ્યો ? રાત્રિના ઓળા ઊતરવા લાગ્યા અને મંદિરોમાં દીવા થયા તો ય ઇલાચી નથી આવ્યો ? ક્યાં ગયો છે એની ખબર છે, ગણુદાસ ?

ગણુદાસ : હા, અન્નદાતા, પણ કહેતાં જીભ અચકાય છે.

ધનદત્ત : કેમ કાંઈ વિપરીત બન્યું છે ?

ગણુદાસ : તમે પેઢીએ હતા એ અરસામાં એક નટમંડળીએ આવીને ચોગાનમાં નાટારંભ માંડ્યો હતો. ઇલાચીકુમાર નટલોકોનો એ ખેલ જોઈ રહ્યા હતા, નાટારંભ બંધ પડ્યો અને નટલોકો એમનો સરંજામ ઉપાડીને ચાલ્યા ગયા. ઇલાચીકુમાર પણ તેમની વાંસેવાંસે ગયા. મેં એમને પાછા વળવા ઘણું સમજાવ્યા પણ માન્યા જ નહિ.

ધનદત્ત : નટલોકોએ ક્યાં પડાવ નાખ્યો છે?

ગણુદાસ : ગામની ભાગોળે તંબૂ તાણીને એ લોકો પડ્યા છે. ઇલાચીકુમારને શોધવા હું ત્યાં ગયો હતો.

ધનદત્ત : એ ત્યાં હતો ?

ગણુદાસ : હા, અન્નદાતા. એક તંબૂની બહાર ઢાળેલા ખાટલા પર એ બેઠા હતા. સામે બેઠી હતી એક રૂપાળી નટકન્યા. એના રૂપને એ એકાગ્ર દૃષ્ટિએ પી રહ્યા હતા.

ધનદત્ત : હેં ! ઇલાવર્ધન નગરીના કુબેરપતિ ધનદત્તના પાટવીપુત્રનું આ અધઃપતન ?

ગણુદાસ : નટકન્યાના મોહક રૂપમાં સાનભાન ખોઈને, સર્વસ્વ ભૂલીને ઇલાચીકુમાર બેઠા હતા. એના મોઢા ઉપર નહોતો ભય કે નહોતી લજ્જા. જ્યારે મેં એમને એ મોહસ્વપ્નમાંથી જગાડ્યા ત્યારે માત્ર થોડું સ્મિત વેર્યું.

ધનદત્ત : પછી ? કહે, જલદી કહે, મારી અધીરાઈ વધે છે.

ગણુદાસ : મેં એમને પગે પડીને વીનવ્યા, ઘેર પાછા વળવા કહ્યું, પણ એમણે ના પાડી.

ધનદત્ત : મારો પુત્ર આટલો મોહાંધ ?

ગણુદાસ : એમણે કહ્યું કે મારું સ્થાન આ નટલોકોની વચ્ચે છે. હું અહીં જ રહીશ. નટકન્યા મલ્લિકા વિનાનું મારું જીવન સૂનું છે.

ધનદત્ત : શું ઇલાચીએ એમ કહ્યું ? મારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીર્તિમંદિરના કાંગરા આજે હું ખરતા દેખું છું. આકાશનાં અંધારાં અવની પર ઊતરતાં લાગે છે અને જાણે મારા સમગ્ર જીવનને અંધકારથી ભરી દેતાં હોય એવું લાગે છે. હાય દૈવ! આ શું થવા બેઠું છે?

ગણદાસ: વિનાશકાળે વિપરીત બુદ્ધિ!

ધનદત્ત: પણ કહે ગણદાસ, એ નટકન્યા શું એટલી બધી રૂપરમણી છે કે ઇલાચી એમાં ભાન ભૂલીને બેઠો છે?

ગણદાસ: આકાશની ચંદ્રકલાએ મલ્લિકાને રૂપનાં આભરણો આપ્યાં છે.

ધનદત્ત: આપણી નાતમાં કન્યાઓનો ક્યાં તોટો છે?

ગણદાસ: પણ ઇલાચીકુમારને મન નટકન્યા મલ્લિકા જ સર્વસુંદર છે.

ધનદત્ત: એ કોઈ રીતે પાછો ફરશે ગણદાસ? મારું ઘર, જીવન—બધું એના વગર શૂન્ય છે.

ગણદાસ: અશક્ય, મલ્લિકાએ એને મોહનાં આંજણ આંજ્યાં છે. કામાતુર એ કુમાર નટકન્યાને લીધા વગર પાછા ફરવા માગતા નથી. એના આ લગ્નજોડાણમાં એ આપની સંમતિ માગે છે, આપશો?

ધનદત્ત: કેવી અસંબદ્ધ વાતો! દેડકાને કાદવ-કીચડમાં જ રહેવું ગમે છે. નટકન્યાને પુત્રવધૂ તરીકે કેમ સ્વીકારી શકાય?

ગણદાસ: તો પુત્રને ગુમાવશો?

ધનદત્ત: જેને પોતાના કુળનું, જાતિનું કે ધર્મનું અભિમાન નથી એવા કલંકિત પુત્ર કરતાં એ ન હોય એ જ હું ઇચ્છું છું. એણે મારી આબરૂ પર પાણી ફેરવ્યું છે, ગણદાસ!

ગણદાસ: શેઠજી, આટલો બધો પ્રકોપ?

ધનદત્ત: હવેલીના દરવાજા બંધ કરો ગણદાસ, બારણે હથિયારબંધ ચોકી બેસાડી દો. કોઈ પણ પાપી કલંકિત માનવીને અંદર પ્રવેશવાનો હક્ક નથી. ખુદ ઇલાચી આવે તોપણ દ્વાર ન ખોલજો, એને કહેજો કે તારું સ્થાન અહીં નથી. એ બદામનાં નટનટીઓ જ્યાં ગામેગામ ખેલ કરી ભીખ માગીને ખાય છે, તેમની વચ્ચે રહેજે.

[ધનદત્ત ચાલ્યો જાય છે. ગણદાસ મૂઢ બની જોઈ રહે છે.]

દર્શન બીજું

[નટકન્યા મલ્લિકાએ આંજેલા મોહના કામણથી ભાન ભૂલેલો ઇલાચીકુમાર નટમંડળી સાથે ગામેગામ ફરતો, તેમની સાથે નાચતો અને ખેલ ભજવતો એક ગામમાં આવ્યો છે. નટોએ નાખેલા પડાવ સાથે એક તંબૂમાં મલ્લિકા સાથે એ બેઠો છે.]

મલ્લિકા: મારી સામે આમ રસની મીટ માંડીને શું જોઈ રહ્યા છો?

ઇલાચી: તારું રૂપ, મલ્લિકા!

મલ્લિકા: આ રૂપ જોતાં ધરાતા જ નથી?

ઇલાચી: ના.

મલ્લિકા: કારણ?

ઇલાચી: એ રૂપે મને આકર્ષણ કર્યું. આપણી વચ્ચે પ્રીતિની ગાંઠ બંધાઈ; સ્નેહના એ બંધનમાં બંધાઈને મેં મારું સર્વસ્વ છોડ્યું. ઘરબાર, માબાપ, લક્ષ્મી, હવેલીઓ, મહેલાતો—બધું જ.

મલ્લિકા: અને બીજું કાંઈ?

ઇલાચી: સંસારનું રાજ્ય તો ઠીક પણ ઇંદ્રનું ઇંદ્રાસન હોત તો એ પણ ઠોકરે મારીને તારી સાથે ચાલી નીકળ્યો હોત.

મલ્લિકા: પ્રીતિનાં આ ઘેન કોણે પાયાં હશે?

ઇલાચી: રૂપ અને યૌવને.

મલ્લિકા: કેટલીક વાર એવું થાય છે કુમાર, કે આ નટમંડળીનો સાથ છોડીને આ રખડપટ્ટી છોડી તમારી સાથે નીકળું અને જીવતરને તમારા ચરણમાં ઢોળી દઉં! પણ...

ઇલાચી: કેમ અટકી?

મલ્લિકા: બાપુજીને તમે આપેલો કોલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે આવે છે. જ્યાંસુધી એ પૂરો થાય નહિ ત્યાંસુધી આમ જ રહેવાનું—હૃદયથી નિકટ છતાં જાણે દૂરનાં દૂર.

ઇલાચી: હું પણ ઇચ્છું છું કે તારા બાપુજીને આપેલું વચન પૂરું કરી તારી સાથે લગ્નગ્રંથિથી જોડાઈ જાઉં! પણ એ કેમ બનશે?

મલ્લિકા: બનશે જ, એમ હિંમત કેમ ગુમાવો છો? બાપુના વચન પ્રમાણે તો તમે કર્યું જ છે હવે માત્ર એક જ શરત બાકી છે.

ઇલાચી: હા, મલ્લિકા, તારા બાપુએ કહ્યું કે નટની કન્યા મેળવવી એમ સહેલી નથી. તું આટલી દુર્લભ છે મલ્લિકા? એમણે કહ્યું કે નાતજાત છોડી નટ બનો અને મેં એમ કર્યું, કુટુંબકબીલો છોડી હું તમારી સાથે જોડાયો, નટવિદ્યા શીખ્યો, દોરડા પર ચડીને હાથમાં વાંસ લઈ નાચતાં શીખ્યો. હજુ કેટલોક નચવવો છે?

મલ્લિકા: એક જ શરત પૂરી કરવાની છે–તમારી નટકલાથી રાજાને રીઝવવાની. જો એ રિઝાય તો બાપુ આપણા લગ્નની સંમતિ આપે.

ઇલાચી: એ મધુર પળ માટે હું જીવી રહ્યો છું.

મલ્લિકા: હું પણ એ જ ઇચ્છું છું કુમાર. આપણો હસ્તમેળાપ થાય, લગ્નની ચોરી રચાય, સ્ત્રીઓ મંગળ ગીતો ગાય. એ સ્વપ્નને હું ઝંખું છું.

ઇલાચી: પણ પ્રીતિનાં બંધને બંધાયેલા પ્રેમીઓને લગ્નની ચોરી અને માયરાના દેખાવ શા માટે? મારું કહ્યું માનીશ મલ્લિકા?

મલ્લિકા: શું?

ઇલાચી: આ બધું છોડીને કોઈ અજાણ્યા સ્થળે ચાલ્યા જઈએ. આ નટ લોકો જોડે નાચીનાચીને હવે તો હું થાક્યો છું.

મલ્લિકા: પણ બાપુને આપેલું વચન મારે મન પવિત્ર વસ્તુ છે અને હવે ક્યાં વધારે વખત નાચવાનું છે? કાલ સવારે જ અહીંના રાજા સામે આપણે નાચવાનું છે. એ ખુશ થાય પછી આપણને લગ્ન કરતાં કોણ અટકાવવાનું છે?

ઇલાચી: એ આવતી કાલ પણ મને તો આપણી વચ્ચે અંતરાયના એક યુગ જેવડી લાગે છે.

[બીજે દિવસે ગામના રાજવી સમક્ષ નાટારંભ થાય છે. ઇલાચીકુમાર અને મલ્લિકા બાંધેલા દોરડા પર વાંસના આધારે નાચે છે. ખરેખરી કલા દેખાડે છે; પણ રાજાને ઇલાચીની કલાની કે નટની વિદ્યાની પડી નથી. એ તો રૂપસુંદરી મલ્લિકાનું યૌવન, શ્રમ તેમ જ લજ્જાથી ગૌર બનેલું એ મુખારવિંદ જોયા કરે છે. જ્યારે કુમાર દોરડા પર રમત કરતાં બાજુના એક મકાનમાં જુદું જ દૃશ્ય નિહાળે છે. ત્યારપછી ત્રીજે દિવસે]

મલ્લિકા: બાપુ બાપુ, હું તમારે પગે પડું છું. મારી વિનતિ સાંભળો.

બાપુ: એ નહિ બની શકે મલ્લિકા! તારો વિવાહ ઇલાચી સાથે નહિ થઈ શકે.

મલ્લિકા: કારણ?

બાપુ: એની શરત મુજબ એ પોતાની નટકલાથી રાજાને રીઝવી શક્યો નથી.

મલ્લિકા: રાજા પ્રસન્ન ન થાય એમાં ઇલાચીકુમારનો શો વાંક? કેટલું સુંદર એ નાચતો હતો! દેહના તો એ કટકે કટકા કરી નાખતો હતો, છતાં રાજા તો એના સામે નજર કર્યા વગર મારા રૂપ સામે જ મીટ માંડીને બેઠા હતા.

બાપુ: એમાં મને ઇલાચીનો જ પરાજય દેખાય છે. તારા રૂપ આગળ એની કલા કંઈ પણ વિસાતમાં નથી. રાજાએ એનો ચુકાદો આપ્યો છે. દુનિયાને ડોલાવે એવું આ રૂપ એવા નાચીઝ માનવીને સોંપાશે? અને તેમાંય એ તો શરતમાં હાર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલ્લિકા : પણ હું એને ચાહું છું, બાપુ! મેં એની જોડે પરણવાનું વચન આપ્યું છે.

બાપુ : એ નહિ બને મલ્લિકા, મારી સાફ ના છે.

મલ્લિકા : પણ હું એને પરણવાની ના પાડીશ તો એના દિલને આંચકો લાગશે; કદાચ એથી એનું મોત—

બાપુ : ભલે થતું, ઇલાચી કરતાં રાજા શું ખોટો છે? એ તને પટરાણી બનાવવા માગે છે. આજ સવારે જ રાજાનો માણસ આવીને મને કહી ગયો કે—

મલ્લિકા : શું?

બાપુ : રાજાએ મને રાજમહેલમાં બોલાવ્યો છે. એ તારા રૂપ ઉપર મોહિત થયા છે. તારું કિસ્મત બદલાશે મલ્લિકા. તું રાજાની રાણી થઈશ.

મલ્લિકા : એ નહિ બને બાપુ, રાજાને હું ધિક્કરું છું. ઇલાચી સાથે વરવા સરજાયેલો આ દેહ અન્યનો પડછાયો પણ નહિ લે.

બાપુ : જોઉં છું કે મારી આજ્ઞાને તું કેમ ઉથાપી શકે છે! ઇલાચી ભિખારી છે, એણે સર્વસ્વ ગુમાવ્યું છે.

[ઇલાચીકુમાર આવે છે.]

ઇલાચી : કોણે એમ કહ્યું? હજી સર્વસ્વ મારી પાસે જ છે.

બાપુ : શું છે ભિખારી? બાપનું ઘર, વાડી, માલમિલકત બધું તો ગુમાવી બેઠો છે.

ઇલાચી : કારણકે તમારી ફૂટડી કન્યાએ મને એના રૂપમાં અંધ બનાવ્યો હતો, પણ આજે મારી આંખો ઊઘડી છે. મારો આત્મા જાગ્યો છે. મને લાગે છે કે મેં બધું ગુમાવ્યું નથી. સંયમ અને ચારિત્ર્ય હજુ અખંડ છે, એ જ મારી મૂડીને આધારે અહીંથી ચાલ્યો જઈશ.

મલ્લિકા : કુમાર, મારા કુમાર. ક્યાં જશો?

ઇલાચી : જેણે મારાં ચક્ષુ ખોલી નાખ્યાં એ સાધુપ્રવર સાથે. એમણે મને દીક્ષા આપવાનું વચન આપ્યું છે.

મલ્લિકા : કેવી ઢંગવગરની વાતો કરો છો? તમે તો અમારી વચ્ચે જ છો. મુનિમહારાજને ક્યારે મળ્યા હતા?

ઇલાચી : ગઈ કાલે રાજા સમક્ષ આપણે દોરડાં પર ચડીને નાચતાં હતાં, ત્યારે મેં કેવું સુંદર દૃશ્ય જોયું! કેવો અપૂર્વ એ સમય હતો!

મલ્લિકા : શું જોયું, કુમાર?

ઇલાચી : મેં જોયું તો એક સાધુ મહારાજે ભિક્ષા લેવા ડેલીમાં પ્રવેશ કર્યો અને એક અત્યંત રૂપવાળી સ્ત્રીએ આવીને એમને ભિક્ષા આપી. કેવો અપૂર્વ સમય હતો! બન્ને યુવાન હતાં, અનુકૂળ એકાંત હતી, બાજુમાં રંભા જેવી યુવાન સ્ત્રી હતી, છતાં સાધુના નયનમાં અપાર લજ્જા અને કરુણા હતી. સંયમથી પાછા ફરતા સાધુને જોઈને મારું આત્મભાન જાગી ઊઠ્યું.

બાપુ : કેવી ગાંડી વાત કરે છે?

મલ્લિકા : તમારા હૃદયમાં શેનો આંચકો લાગ્યો, કુમાર? મને જણાવશો?

ઇલાચી : મને મારી જાત પર ઘૃણા આવી હું કેટલો પામર છું અને સાધુ કેટલા મહાન છે! એને રંભાનું રૂપ પણ ડગાવી શક્યું નહિ અને હું એક નટકન્યાને જોઈ પ્રથમ દૃષ્ટિએ જ મોહમાં પડ્યો. મને થયું કે સંયમ અને તપ એ જ જીવનનું સર્વશ્રેષ્ઠ મૂલ્ય છે; બીજું બધું વ્યર્થ છે. રૂપની લાલસા એ તો માત્ર સંમોહ છે. સંમોહના ત્યાગમાં જ મુક્તિ છે. આજે સવારે એ સાધુ મહારાજને શોધી કાઢી હું તેમના પગમાં પડ્યો અને દીક્ષા આપવા વિનતિ કરી. હું જઉં છું મલ્લિકા—સાધુતાની પગદંડીએ.

મલ્લિકા : રહે મારા કુમાર, હું પણ આવું છું. તમારા વગર એકલી રહી આ સંસારમાં હું શું કરીશ? સાધુ મહારાજને કહેજો કે મને પણ શ્વેત ચીવર ઓઢાડે! [પડદો]

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતંજલિ ને યોગદર્શન

શ્રી શાંતિલાલ લા. જોષી
એમ. એ.; એસ. ટી. સી; વિદ્યાલંકાર

હિંદુ તત્ત્વજ્ઞાનના અર્ક સમાં આપણાં ષડ્દર્શનશાસ્ત્રોમાં વ્યવહારુ, સામાન્ય જનને પણ આચરણક્ષમ યોગદર્શન છે. ભારતની વણલખી પ્રણાલી પ્રમાણે ઓછા-માં ઓછો પ્રમાણભૂત ઇતિહાસ યોગ-દર્શનના પ્રણેતા પતંજલિ માટે મળી આવે છે, એ આપણું કમભાગ્ય છે. યોગ વિષે તદ્દન આછો પરિચય ગીતામાં પ્રાપ્ત થાય છે ખરો, પણ એની સંપૂર્ણ વિગતો તો યોગદર્શન-માં જ મળી શકે છે. અનેક દંતકથાઓના ધુમ્રગોટથી ભલે મહર્ષિ પતંજલિની જીવનરેખા કદાચ વીંટળાયેલી હશે, પણ જીવનકાર્ય સમાં એમનાં મહાભાષ્ય, ચરકશાસ્ત્ર તથા યોગદર્શન તો સૂર્યતેજ સમાં પ્રકાશવંતાં જ છે. લેખકે અહીં યોગદર્શનના કર્તાના જીવનની ઉપલબ્ધ રૂપરેખા તથા યોગ વિશે સામાન્ય જ્ઞાન આપ્યું છે.

હિંદુઓ સ્થૂલ, સૂક્ષ્મ અને સૂક્ષ્મતર જગતનો વિચાર દર્શનશાસ્ત્રો દ્વારા કરે છે. દર્શન એટલે સંશય-વિપર્યયરહિત ચોખ્ખું અપરોક્ષ જ્ઞાન. કેવળ તર્કથી નિષ્પન્ન થયેલ અનુમાનો હિંદુદર્શનકારોને અધૂરાં લાગે છે. જે દર્શન ન્યાયયુક્ત, તર્કસુસંગત, શ્રુતિને અનુસરતું અને અનુભવગમ્ય હોય તે જ દર્શન અબાધિત અને સંપૂર્ણ છે. દર્શન-કારો બુદ્ધિના કાર્યપ્રદેશને મર્યાદિત ગણે છે. જે વિષયમાં બુદ્ધિ-તર્કશક્તિથી કામ લઈ શકાતું હોય ત્યાં જરૂર દર્શનશાસ્ત્ર બુદ્ધિ-તર્ક-અનુમાનાદિ પ્રમાણનો છૂટથી ઉપયોગ કરી જાણે છે; પરંતુ જ્યાં બુદ્ધિ કુંઠિત થઈ પરિવર્તન કરી પાછી ફરે છે, ત્યાં આપ્તપ્રમાણ અને શ્રદ્ધાથી કામ લેવામાં આવે છે. એટલે હિંદુદર્શનકારો શરૂઆતમાં બુદ્ધિથી જેટલું કામ લઈ શકાય તેટલું લઈને સહજજ્ઞાન-(અં. ઇન્ટયુશન)થી સત્યોને આત્મસાત્ કરે છે. એક આધુનિક સુપ્રસિદ્ધ તત્ત્વજ્ઞ કહે છે કે 'જ્યાં બુદ્ધિ કુંઠિત થાય છે ત્યાંથી સહજ જ્ઞાન શરૂ થાય છે.' શાંતિપર્વમાં ભીષ્મ યુધિષ્ઠિરને કહે છે કે 'अचिन्त्याः खलु ये भावाः न तान् तर्केण योजयेत्। ખરેખર જે વસ્તુઓ અચિંત્ય છે તેની વિચારણામાં તર્કનો વિનિયોગ ન કરવો જોઈએ.' આ રીતે આર્ય તત્ત્વજ્ઞો માત્ર તર્કને અનુસરતા નથી; પરંતુ શ્રુતિ, તર્ક અને સ્વાનુભવ-એ ત્રણેનો સુભગ સમન્વય કરીને જીવનનાં સૂક્ષ્મ તત્ત્વોનો વિચાર કરે છે.

આવા આર્યદર્શનકારોમાંના એક મહર્ષિ પતંજલિ છે. આ પતંજલિ ક્યારે થયા, ક્યાં થયા અને તેમણે કયાકયા ગ્રંથોની રચના કરી વગેરે સંપૂર્ણ માહિતી હજુ સુધી આપણને મળી નથી.

પુરાણોમાં તેમનું નામ ઘણીવાર મળી આવે છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે ઇલાવૃત્ત ખંડમાં બ્રહ્માના દ્વિતીયપરાર્ધના શ્વેતવરાહ કલ્પના વૈવસ્ત મન્વન્તરના અઠ્ઠાવીસમા દ્વાપર-યુગના અંતમાં તે જન્મ્યા હતા. પરંતુ આ માહિતી ઉપરથી તેમના સમયનો ચોક્કસ ખ્યાલ આપણને મળતો નથી. તેમના પિતાનું નામ અંગી અને માતાનું નામ ગોણિકા હતું. ગોણિકાને પુત્ર ન હતો એટલે પુત્રપ્રાપ્તિ માટે તે સૂર્યનારાયણની ઉપાસના કરતાં હતાં. નિત્ય સૂર્યભગવાનને અર્ઘ્ય આપી ભક્તિભાવ-પૂર્વક તેની પૂજા કરતાં હતાં. સૂર્યભગવાનના વરદાનથી પ્રાપ્ત થયેલ પુત્રનું નામ પતંજલિ રાખ-વામાં આવ્યું. તે બાળક જ્યારે મોટો થયો ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે માતાને કહ્યું: 'માતાજી, હું તપ કરવા જાઉં છું. જ્યારે તમે મારું સ્મરણ કરશો ત્યારે હું તમારી પાસે આવીશ.' એમ કહી તે શંકરની આરાધના કરવા ગયો. આશુતોષ શંકર પ્રસન્ન થયા અને તેને ભગવાન પાણિનિના વ્યાકરણ ઉપર મહાભાષ્ય રચવાનું સામર્થ્ય આપ્યું. આ એક પરાપૂર્વથી ચાલી આવેલી દંતકથા છે. આ ઉપરથી આપણે એટલું અનુમાન તારવી શકીએ કે પાણિનિના સૂત્રો ઉપર મહાભાષ્ય રચનાર પતંજલિ અને યોગસૂત્રના રચયિતા પતંજલિ કદાચ એક અને અભિન્ન હોય.

આ ઉપરાંત વિદ્વાનોમાં એક બીજી વાત પણ સારી રીતે પ્રસિદ્ધ છે, કે પતંજલિએ ચરક નામના વૈદકશાસ્ત્રની રચના કરી તેનો ભારતવર્ષમાં પ્રચાર કર્યો હતો. મહાભાષ્યમાં 'वातिकं पैत्तिकं श्लैष्मिकम्' વગેરે શબ્દો છે. આથી કેટલાક વિદ્વાનો એવા નિર્ણય ઉપર આવે છે કે ચરક નામના વૈદકશાસ્ત્રના રચયિતા અને મહાભાષ્યના કર્તા પતંજલિ એક હોવા જોઈએ. મહાભાષ્યમાં યોગનો ઉલ્લેખ નથી, પરંતુ એ ઉપરથી એમ ફલિત થતું નથી કે મહાભાષ્ય અને યોગસૂત્રોના પ્રણેતા જુદા હોવા જોઈએ; કારણકે મહાભાષ્યમાં યોગનો ઉલ્લેખ કરવો પ્રાસંગિક જણાયો નહિ હોય. યોગસૂત્રના ચોથા પાદના પ્રથમ સૂત્ર 'जन्मौषधिमन्त्रतपःसमाधिजाः सिद्धयः'માં ઔષધિનો ઉલ્લેખ છે. આ ઉપરથી એમ સૂચિત થાય છે કે ચરકશાસ્ત્રના કર્તા અને યોગશાસ્ત્રના પુરસ્કર્તા એક અને અભિન્ન હોવા જોઈએ.

એક બીજી લોકોક્તિ પણ આ સંબંધમાં પ્રચલિત છે. એકવાર ગોનર્દ દેશમાં મહામુનિ પાણિનિ તપશ્ચર્યા કરતા હતા. સૂર્યદેવને અર્ઘ્ય આપતી વેળા તેમની અંજલિમાંથી સર્પનું બચ્ચું નીચે પડ્યું અને તરત જ બાળકરૂપે થઈ ગયું! આથી પાણિનિ સહેજ વિસ્મિત અને ભયભીત થયા. એટલે સંભ્રમથી બાળકને 'को भवान्' ને બદલે 'कोर्भवान्।' પૂછ્યું. ચબરાક બાળકે પ્રત્યુત્તર આપ્યો: 'सर्पोऽहम्।' પાણિનિએ પૂછ્યું. 'कुत्र गतस्तव रेफः' (તારો ર્ ક્યાં ગયો?) જવાબ મળ્યો 'त्वया हृतः' (તમે હરી લીધો)! પ્રત્યુત્પન્નમતિ બાળકના આ જવાબથી પાણિનિ પ્રસન્ન થયા અને વ્યાકરણ વિષયમાં તેનું પ્રાવીણ્ય જોઈને પોતાનાં સૂત્રો ઉપર મહાભાષ્ય રચવાનું કહ્યું. આ રીતે પતંજલિને આર્ષદૃષ્ટિ સાંપડી.

ઉપરોક્ત દંતકથાઓથી નક્કી થાય છે કે ચરકશાસ્ત્રપ્રયોજક, મહાભાષ્યના રચયિતા અને સુપ્રસિદ્ધ યોગસૂત્રોના પુરસ્કર્તા એક અને અભિન્ન હોવા જોઈએ. એકમેકથી અત્યંત જુદા વિષયો જાણવાનું કેટલું અગાધ સામર્થ્ય તેમાં હશે, તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. ઉપરની બધી દંતકથાઓને જાણે કે સંકલિત કરી દેતો હોય તેવો એક અતિપ્રાચીન શ્લોક પણ સુપ્રસિદ્ધ છે:

योगेन चित्तस्य पदेन वाचं
मलं शरीरस्य च वैद्यकेन।
योऽपाकरोत्तं प्रवरं मुनीनाम्
पतञ्जलिं प्राञ्जलिरानतोऽस्मि॥

યોગસૂત્રો રચીને જેણે મનુષ્યના મનના મેલને દૂર કર્યો, વ્યાકરણશાસ્ત્રની રચના કરી મનુષ્યનું પદ સંબંધી જ્ઞાન વ્યવસ્થિત અને ચોક્કસ કર્યું અને વૈદક ઉપર ગ્રંથ રચીને જેણે શરીરના મેલને દૂર કર્યો તે મુનિશ્રેષ્ઠ પતંજલિને હું હાથ જોડી નમું છું.

ઉપરોક્ત દંતકથાઓ સિવાય પતંજલિના જીવન ઉપર પ્રકાશ પાડનાર કોઈ પણ વસ્તુ હાલમાં આપણી પાસે નથી; એટલે આ સમયે યોગીરાજ સંબંધી માત્ર આટલું જ જાણી આપણે આપણી જિજ્ઞાસા પૂરી કરવી પડશે.

યોગદર્શનની ઘણી બાબતો કઠ, શ્વેતાશ્વતર ઉપનિષદોમાં તેમ જ શ્રીમદ્ ભગવદ્-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતામાં છૂટીછૂટી વેરાયેલી નજરે પડે છે, પરંતુ કોઈ ઠેકાણે તેનું શાસ્ત્રીય ઢબે વર્ણન નજરે પડતું નથી. આથી પતંજલિએ યોગવિષયક સઘળું જ્ઞાન સાંગોપાંગ એકત્રિત કરી મુમુક્ષુઓના ઉદ્ધાર માટે ચાર પદોમાં વિભક્ત કર્યું છે. આ દર્શનને પાતંજલ યોગદર્શન કહેવામાં આવે છે.

પ્રથમ પાદમાં ઉત્તમાધિકારી માટે સમાધિનું નિરૂપણ કરવામાં આવ્યું છે માટે તે પાદને સમાધિપાદ કહે છે. બીજું પાદ મધ્યમ તથા કનિષ્ઠ અધિકારીઓ માટે છે. તેમાં ક્રિયાયોગ અને અષ્ટાંગયોગનું બહુ જ માહિતીપૂર્ણ જ્ઞાન આપવામાં આવ્યું છે. ખાસ કરીને આ પાદમાં સાધનનું વર્ણન કરવામાં આવ્યું છે એટલે તેનું નામ સાધનપાદ છે. ત્રીજા પાદમાં યોગ વિષે જિજ્ઞાસુના હૃદયમાં શ્રદ્ધા સ્થાપવા માટે સંયમશક્તિથી પ્રાપ્ત થતી અનેકાનેક વિભૂતિઓનું રસપ્રદ વર્ણન કરવામાં આવ્યું છે, તેથી તેનું નામ વિભૂતિપાદ છે. અને ચોથા પાદમાં યોગના મુખ્ય ફળ કૈવલ્યનું વર્ણન કરવામાં આવ્યું છે, તેથી તે પાદનું નામ કૈવલ્યપાદ રાખવામાં આવ્યું છે. આ તો માત્ર બધાં સૂત્રોનો અનુક્રમણિકારૂપે સાર જ આપવામાં આવ્યો છે.

યોગશાસ્ત્રનો પ્રધાન ઉદ્દેશ એ છે કે મનમાં ઉત્પન્ન થતી ચંચળ વૃત્તિઓ, રાગ, દ્વેષ, અહંતા, અભિનિવેશ વગેરે ચિત્તના વિક્ષેપોને ધારણા, ધ્યાન અને સમાધિ દ્વારા દૂર કરી મનુષ્યની અંદર રહેલ તેનું વાસ્તવિક સ્વરૂપ જાણી આત્માની અગાધ શક્તિ અને અગાધ જ્ઞાન પ્રાપ્ત કરવાં અને સ્વસ્વરૂપમાં સ્થિર રહેવું; જેથી સંસારના ઝંઝાવાતો, દ્વંદ્વો વગેરે મનની સ્થિરતાનો ભંગ ન કરે અને મનુષ્ય પોતાની જાતને સંપૂર્ણપણે ઓળખે.

‘ योगश्चित्तवृत्तिनिरोधः ’ એ પાતંજલયોગનું પ્રસિદ્ધ સૂત્ર છે. ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો તેનું નામ યોગ. આ ચિત્ત શું અને વૃત્તિઓ શું છે તે સમજવાની ખાસ જરૂર છે. આપણને આંખો છે, પરંતુ તે માત્ર આંખો કંઈ પદાર્થને જોઈ શકતી નથી. આંખો સાજી અને સારી હોય છતાં આંખ પદાર્થને જોઈ શકતી નથી. ઘણા માણસો ઊંઘતા હોય છતાં આંખ ઉઘાડી રાખે છે, પરંતુ તે વખતે કોઈ પદાર્થને જોઈ શકતા નથી. આપણા મગજની અંદર જે નેત્રેન્દ્રિય રહેલી છે, તેનો જો નાશ કરવામાં આવે તો એકલી આંખ કશું જોઈ શકતી નથી. આ નેત્રેન્દ્રિય સાથે મનનો સંયોગ પણ આવશ્યક છે. એટલે પદાર્થના દર્શન માટે ત્રણ વસ્તુઓ જરૂરી છે. તે એ કે નેત્રેન્દ્રિયનું બાહ્ય ગોલક, નેત્રેન્દ્રિય અને મન. આ રીતે ત્રણેનો સંયોગ થતાં દર્શનની ક્રિયા શરૂ થાય છે; અને બાહ્ય પદાર્થ આપણા મનમાં એક જાતની પ્રતિક્રિયા ઉત્પન્ન કરે છે.

આ પ્રતિક્રિયાને પરિણામે મનમાં વૃત્તિઓ ઉદ્‌ભવે છે. આ રીતે આપણા દૈનિક જીવનમાં આપણે ઘણી વસ્તુઓ જોઈએ છીએ, સાંભળીએ છીએ, સૂંઘીએ છીએ, અડીએ છીએ. આ બધી ક્રિયાઓની સામી પ્રતિક્રિયાઓ જન્મે છે. અને તે મનમાં એક પ્રકારની વૃત્તિઓ જન્માવે છે. આને લઈને મન શુદ્ધ રહેતું નથી. મન કેવળ ‘મન’ની અવસ્થામાં નહિ રહેતાં ‘વૃત્તિઓ’ની જ અવસ્થામાં રહે છે મન પોતે જ વૃત્તિઓનું સ્વરૂપ ધારણ કરે છે. મનની આ જાતની આદત સ્વાભાવિક છે. ઉપનિષદકાર કહે છે કે ‘पराञ्चि खानि व्यतृणत् स्वयंभूः । બ્રહ્માએ ઇંદ્રિયોને બહિર્ગામી કરી છે’ એટલે ઇંદ્રિયો સ્વાભાવિક રીતે બાહ્ય વિષયોને જ સ્વીકારે છે અને તેની પ્રતિક્રિયારૂપે મનમાં અનેક પ્રકારની વૃત્તિઓ જન્મે છે.

આ વસ્તુ આપણે એક ઉદાહરણ લઈ સમજીએ. એક શાંત, સ્વચ્છ જળવાળા જળા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શયની કલ્પના કરો. તેમાં એક નાનો એવો પથ્થર નાખો, તો પાણીમાં અનેક વર્તુળો થશે. આને લઈને જળની સપાટીની શાતિનો ભંગ થશે. અહીં પદાર્થો પથ્થરને સ્થાને છે. શાંત જળાશય વૃત્તિરહિત મનને સ્થાને છે અને જળાશયમાં ઉત્પન્ન થતાં વર્તુળો મનમાં ઉદ્ભવતી વૃત્તિઓને સ્થાને છે. ભગવાન પતંજલિ કહે છે કે જો આ વૃત્તિઓનો નિરોધ કરવામાં આવે તો યોગ પ્રાપ્ત થાય. મૂળ મનમાં કેટલી શાંતિ હોવી જોઈએ તેની કલ્પના આપણે વૃત્તિયુક્ત મનવાળા માણસો કેવી રીતે કરી શકીએ? જો આપણું મન વૃત્તિઓથી તદ્દન રહિત થાય તો તે શુદ્ધ સ્ફટિક સમાન નિર્મળ થાય છે અને તેમાં આપણા શુદ્ધ સ્વભાવનું દર્શન થાય છે. આ શુદ્ધ સ્વભાવનું દર્શન તે જ યોગ. આપણા શુદ્ધ મળરહિત સ્વત્વનું દર્શન અને ભાન તે જ યોગ છે. 'યોગ' શબ્દ 'युज्' ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયેલો છે. તેનો અર્થ 'જોડવું' થાય છે. કોનું કોની સાથે જોડાણ કરવું? આપણા સ્વત્વનું શુદ્ધ સ્વત્વ સાથેનું જોડાણ તે યોગ.

'तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्।' ત્યારે એટલે કે જ્યારે મન બધી વૃત્તિઓથી મુક્ત થાય છે ત્યારે જોનારનું સ્વસ્વરૂપમાં અવસ્થાન થાય છે. જ્યારે મન નિર્મળ, શુદ્ધ અને તરંગરહિત બને છે, ત્યારે આપણે આપણા સ્વરૂપને જોઈ શકીએ છીએ 'वृत्तिसारूप्यमितरत्र'। પરંતુ જ્યારે મન વૃત્તિરહિત થતું નથી ત્યારે તો દ્રષ્ટા વૃત્તિ સાથે તદાકાર થાય છે અને વૃત્તિઓને જ સ્વસ્વરૂપ માની બેસે છે. એટલે સુખદુઃખ, લાભહાનિ, શીતઉષ્ણ વગેરે દ્વન્દ્વોથી પર થઈ શકતો નથી.

ત્યારપછી ભગવાન પતંજલિ આ યોગ સિદ્ધ કરવા માટે સાધનમાર્ગ બતાવે છે. આ સાધનમાર્ગનો અંગીકાર દરેક જણ કરી શકે છે. તેમણે બતાવેલ માર્ગ અતિવ્યાપક અને બુદ્ધિગ્રાહ્ય છે. આ યોગશાસ્ત્રની રચના સાંખ્યશાસ્ત્રની રચના ઉપર થયેલી છે. આ સર્વ આંતરબાહ્ય જગતની ઉત્પત્તિ વિષે સાંખ્યશાસ્ત્રની કરેલી મીમાંસા અત્યંત ન્યાયયુક્ત અને વૈજ્ઞાનિક છે. કશું શ્રદ્ધા ઉપર છોડવામાં આવ્યું નથી. ભગવાન પતંજલિએ સૂચવેલા સાધનમાર્ગોમાં ક્રિયાયોગ અને અષ્ટાંગયોગ એ મુખ્ય માર્ગો છે. આ અષ્ટાંગયોગને રાજયોગ પણ કહેવામાં આવે છે. રાજયોગના પ્રધાન પુરસ્કર્તા શ્રી ભગવાન પતંજલિ છે. પતંજલિના યોગદર્શનનાં સૂત્રો ઉપરના ટીકાકારો રાજયોગને જરા ગૂઢ કરી મૂકે છે. દાખલા તરીકે, ભગવાન પતંજલિ પ્રાણાયામ વિષે ખાસ ઊંડી ચર્ચામાં નહિ ઊતરતાં માત્ર એટલું જ કહે છે કે પ્રાણનો સંયમ કરવાથી મન ચાંચલ્યરહિત થાય છે, પરંતુ ત્યારપછીના યોગાચાર્યોએ પ્રાણાયામને રાજયોગમાં મુખ્ય સ્થાન આપી દીધું છે.

આમ આપણે જાણી લઈએ કે મનનો સંયમ કરવામાં રાજયોગનું શિક્ષણ અતિમહત્ત્વનું છે. પ્રભુને પ્રાપ્ત કરવાના મુખ્ય ત્રણ માર્ગો: જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગ છે. આ ત્રણ માર્ગો પૈકી કોઈ એક માર્ગમાં વૈજ્ઞાનિક રીતે પ્રગતિ સાધનારને આ રાજયોગ અતિમહત્ત્વનો છે. એમાં બતાવેલી ક્રિયાઓનું અનુષ્ઠાન જો મનુષ્ય શરૂઆતમાં કોઈ ગુરુના ઉપદેશ અનુસાર કરે અથવા તો જો પોતે સંસ્કારી જીવ હોય તો પોતાના હૃદયમાં ઉદ્ભવતી પ્રેરણા અનુસાર કરે, તો પોતાના કેન્દ્ર તરફ પ્રવાસ કરનાર પાન્થને આ પાતંજલ યોગનું શિક્ષણ અને અનુષ્ઠાન સત્વર સિદ્ધિ આપશે તે નિઃસંદેહ છે. મનની એકાગ્રતા પ્રાપ્ત કરવામાં યોગ એ એકમાત્ર ઉપાય છે. મનુષ્યને વ્યાવહારિક તેમ જ પારમાર્થિક ક્ષેત્રમાં આ એકાગ્રતાની આવશ્યકતા રહે છે. વ્યગ્રચિત્તવાળો માણસ વ્યવહારમાં પણ નકામો ઠરે છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગજની નબળાઈ

*

ડૉ. નાથાલાલ જે. દવે

શક્તિ ને ઉંમરનું પ્રમાણ ધ્યાનમાં રાખ્યા વિના વધુ માનસિક બોજ ઉપાડવામાં આવે તો તેને પરિણામે અપૂરતી ઊંઘ, સદા શ્રમ, હાથપગમાં કળતર, વારંવાર શરતચૂક, આંખો ઊંડી જવી ને વિચારભ્રમ એવી પરંપરા ચાલે છે. શહેરની ગુજરાતી પ્રજામાં આ રોગના દરદીઓ દિનપ્રતિદિન વધતા જાય છે. એવા સંયોગોમાં મગજ સાથે જ જેને કામ પડ્યું છે તે સર્વ માટે અહીં ચર્ચાયેલો પ્રશ્ન વિચારણીય બની રહે છે.

આજના સુધરેલા જમાનામાં આ વ્યાધિના દરદીઓ વિશેષ જોવામાં આવે છે. આપણા સમાજની રહેણીકરણી તથા આહારવિહારનો થતો હીન, મિથ્યા અને અતિયોગ તેનું મુખ્ય કારણ છે. અત્યારે સંપૂર્ણ તંદુરસ્તી ભોગવતા માણસો ઘણા થોડા જ જોવામાં આવે છે. તેમને કંઈ ને કંઈ ફરિયાદ કરતા સાંભળીએ જ છીએ. તેમાં કેટલીક ફરિયાદો તો એવી વિચિત્ર હોય છે કે દરદી પોતાને શું રોગ થાય છે તે જાણી પણ શકતો નથી, તેમ જ ચોક્કસ કહી પણ શકતો નથી. તેથી કરીને વૈદ્યો તેમ જ ડૉક્ટરો તેવી અધૂરી અને અચોક્કસ હકીકતો ઉપરથી શો વ્યાધિ છે તેનો નિર્ણય કરી શકતા નથી અને પરિણામે આડીઅવળી ચિકિત્સા થાય છે અને જોઈએ તેવું સુંદર પરિણામ આવતું નથી.

આ જમાનામાં સેંકડે પોણોસો ટકા જેટલા યુવાનો દુર્બળ, નિરુત્સાહી આંખના ડોળા અંદર બેસી ગયેલા અને ગાલમાં ખાડા પડી ગયેલા હાડપિંજર જેવા જોવામાં આવે છે. તેમાંના કેટલાક તો ઊંચી કેળવણી લીધેલા અગર તો ચાલુ અભ્યાસ કરતા હોય, તેમ જ હાલના જમાનાની બેવકૂફી ભરેલી ફેશન પ્રમાણે જિંદગી ગુજારતા હોય છે. વળી કેટલાક અકાળે વૃદ્ધત્વ પામેલા, શિથિલ, પોતાનો કામધંધો પણ માંડમાંડ ચલાવતા હોય, તેમ જ વાંચવાલખવાનુ કામ પણ જેમતેમ બળાત્કારે માંડમાંડ કરતા હોય, અને વાતવાતમાં માથું ચડી આવતું હોય તેવા પણ વિશેષ જોવામાં

આધ્યાત્મિક ક્ષેત્રમાં તો અનેકશાખીય મન અતિવિક્ષેપકારક છે એટલે આ ક્ષેત્રમાં તો તેની પૂરેપૂરી આવશ્યકતા છે.

આ રાજયોગના ચાર પાદોના સમગ્ર સિદ્ધાંતોને ટૂંકમાં આવરી લેનાર પરંપરાથી ઊતરી આવેલો સંગ્રાહક શ્લોક નીચે પ્રમાણે છે :

निदानं तापानामुदितमथ तापाश्च कथिताः
सहाङ्गैरष्टाभिर्विहितमिह योगद्वयमपि ।
कृतो मुक्तेरध्वा गुणपुरुषभेदः स्फुटतरो
विविक्तं कैवल्यं परिगलिततापा चितिरसौ॥

આ ગ્રંથના પ્રથમ પાદમાં–આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક–આ ત્રિવિધ તાપનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે; અને તે દુઃખો શા કારણથી ઉદ્ભવે છે તેનું કારણ પણ સૂચવવામાં આવ્યું છે. બીજા પાદમાં સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત નામના બે પ્રકારના યોગનું, યોગનાં આઠ અંગો સહિત વર્ણન કર્યું છે. ત્રીજા પાદમાં ગુણ અને પુરુષનો વિવેક અથવા પ્રકૃતિ–પુરુષનો વિવેક કે જે મોક્ષનું સાધન છે તે મુક્તિમાર્ગ વિશેષ રીતે સ્પષ્ટ કર્યો છે: અને ચતુર્થ પાદમાં આ ચેતનશક્તિ–ઉપરોક્ત ત્રિવિધ તાપથી તદ્દન રહિત છે એમ કૈવલ્યના કથન વડે સ્પષ્ટ કરી બતાવ્યું છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. હાથ અગર પગમાં કળતર થતી હોય તો કોઈ કહેશે કે મારું લોહી બગડી ગયું છે, તો કોઈ કહેશે કે મને ધાતુની નબળાઈ છે, અગર પેશાબ કરતાં ધાતુ જાય છે: તો કોઈ કહેશે કે મને ગૃહસ્થાશ્રમ ભોગવવાની ઇચ્છા થતી નથી!

આવા આ જમાનાની આપણે હકીકતો અને ફરિયાદો સાંભળીએ છીએ ને આપણે આપણા પૂર્વજોની શારીરિક સંપત્તિ સાથે સરખામણી કરીએ છીએ તે વખતે આપણને દિલગીરી થાય છે અને શરમાવા જેવું લાગે છે. ક્યાં તેમના ગુલાબી અને હૃષ્ટપુષ્ટ ચહેરા અને ક્યાં આપણાં હાડપિંજર જેવાં ડાચાં! અત્યારે માણસો જ્યાં ત્રીસ-બત્રીસ વર્ષનાં માંડ થાય છે અને બધા દાંત પડવા માંડે છે અગર કઢાવવા પડે છે. જ્યારે આપણા વડીલો એંસીએંસી વર્ષની ઉંમરના હોય છતાં એક પણ દાંત ગયો ન હોઈ સંપૂર્ણ નીરોગી હોય છે. અત્યારે જ્યાં છોકરાં દસપંદર વરસની ઉંમરનાં થાય છે ત્યાં તો આંખે ચશ્માં આવી ગયાં હોય છે, ત્યારે આપણા વડીલો તો ઠેઠ વૃદ્ધકાલ પર્યંત પણ બધું લખીવાંચી શકતા. આ બધાનું કારણ આપણી કુટેવો, સાચા પોષણનો અભાવ, વેજિટેબલ ઘી ખાવાનું, ચોખ્ખું દૂધ મળે નહિ, दधिं न श्रूयते कर्णे घृतस्य का वार्ता? 'દહીંનું તો નામ પણ સાંભળવા મળતું નથી, ત્યાં ઘી મળવાની તો વાત જ શી કરવી?' અને તેને બદલે વધારામાં, આખો દિવસ ચાના રગડા ઢીચવા તથા સિગારેટો ફૂંક્યા કરવી; ને રાતના ખોટા ઉજાગરા, કરવાના કેટલાક તો પોતાને બહુ જ થોડી અગર મોડી ઊંઘ આવવામાં જાણે કેમ ગૌરવ લેતા હોય તેમ બીજાને ફેશનમાં કહેતા હોય છે, કે 'ભાઈ, આપણને તો બાર વાગ્યા પહેલાં ઊંઘ આવે જ નહિ!' કેમ જાણે એમ કહેવામાં કાંઈ મોટાઈ આવી જતી હોય! ખાસ કરીને મોટાં શહેરો મુંબઈ, અમદાવાદ, કલકત્તા વગેરેમાં આવા લોકો વિશેષ જોવામાં આવે છે.

આ સિવાય આ રોગમાં—મગજની નબળાઈ થવામાં હાલ કેટલીક બિનજરૂરી તેમ જ વધારેપડતી કેળવણી પણ કારણભૂત લાગે છે. છોકરાઓની કુમળી વયમાં જ તેમને એટલા બધા વિષયો ભણાવવામાં આવે છે કે તેમનું કુમળું મગજ ઊગતાં જ બહેરું થઈ જાય છે. આપણા સદ્‌ભાગ્યે આપણા દેશના નેતાઓને મોડેમોડે પણ તેનું ભાન થયું છે અને તેમાં યોગ્ય સુધારાઓ થઈ રહ્યા છે. તેમાં પણ છેલ્લો શ્રીયુત સર્વપલ્લી રાધાકૃષ્ણનનો અહેવાલ યોગ્ય પ્રકાશ પાડે છે. અંગ્રેજીમાં જેને ન્યુરેસ્થેનીઆનો રોગ કહે છે તે આ રોગ મોટાભાગે જેઓને વધારેપડતું મગજનું કામ કરવું પડતું હોય-જેવા કે વકીલો, વિદ્યાર્થીઓ, કારકુનો, ન્યાયાધીશો, મહેતાજીઓ, નામું લખનારાઓ, દલાલો વગેરેમાં વધારે પ્રમાણમાં જોવામાં આવે છે.

આ વ્યાધિમાં ઉપર જણાવ્યા પ્રમાણેનાં લક્ષણો અને ચિહ્નો થાય છે. એ ઉપરથી એની ભયંકરતા કેટલી બધી છે તેનો વાચકને સહેજે ખ્યાલ આવી જશે. અને એ ચાલુ જમાનાનો એક મુખ્ય વ્યાધિ હોઈ તે વિશે પણ કંઈ જાણવું જરૂરી છે.

હવે આપણે આ વ્યાધિ થવાનાં કારણો જોઈએ. મગજ ઉપર વધારેપડતો બોજો, તેમ જ હદ કરતાં વધારે અપાતો મગજનો શ્રમ એ મુખ્ય છે. તે સિવાય હસ્તદોષ, વીર્યનો હીન, મિથ્યા અને થતો અતિયોગ, વધારેપડતી કામવાસના, પ્રતિકૂળ સંજોગોને લીધે પરાણે પળાતું બ્રહ્મચર્ય, દુખી ગૃહસંસાર, રાતના ખોટા ઉજાગરા, ખરાબ કામોત્તેજક નવલકથાઓનું વાચન, સાચા અને સારા પોષણનો અભાવ વગેરે મુખ્ય છે. બંધકોષ તથા વારંવાર થઈ આવતું અજીર્ણ પણ આ વ્યાધિ થવામાં અમુક ભાગ ભજવે છે. હવે આપણે ન્યુરેસ્થેનીઆ વ્યાધિનાં ખાસ ચિહ્નો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વ્યાધિ લાંબો વખત રહેતાં દરદી ચીડિયો થઈ જાય છે, વાતવાતમાં ક્રોધે ભરાય છે. કોઈની સાથે સારી રીતે વાત પણ કરી શકતો નથી, વહેમી થઈ જાય છે, ખોટીખોટી મનમાં બીક પેસી જાય છે. કોઈ કોઈ વાર કહેશે કે મારા મગજમાં અમુક જાતના અવાજ થાય છે. બીજાની સાથે બેઠો હોય પણ દરદીને લાગે કે જાણે પોતે એકલો જ બેઠો છે અને જ્યારે ખરેખરો જ એકલો હોય ત્યારે તેવે વખતે તો તેને બહુ જ બીક લાગ્યા કરે છે. આ જાતના રોગોને અંગ્રેજીમાં મોનોફોલિયા (Monophobia) કહે છે. કોઈ વખત જાણે તે કેમ કોઈ જંગલમાં અટવાઈ ગયો હોય તેમ લાગ્યા કરે છે. જરા પણ ખડખડાટ કે કંઈ અવાજ થાય તો તરત ભડકી ઊઠે છે અને શરીરે પરસેવો છૂટવા માંડે છે. કોઈ કોઈ વાર કેમ જાણે તેનું આખું ઘર હાલતું હોય, અગર અમુક વસ્તુ તેના માથા ઉપર પડશે એવું તેને લાગ્યા કરે છે. કેટલાક આવા દરદી બહુ જ શરમાળ થઈ જાય છે, કોઈની સાથે ખુલ્લી વાત પણ કરી શકતા નથી. દરેક બાબતમાં વહેમી થઈ જાય છે, જોખમદારીવાળું કામ કરી શકતા નથી. કંઈ ભૂલ થઈ જશે અગર તો ભૂલ થઈ ગઈ છે એમ ખોટી રીતે માની લે છે. કેટલાકને અમુક જાતના ચાળા કરવાની ટેવ પડી જાય છે, કેટલાક એકલાએકલા બબડ્યા કરે છે, કેટલાકને શુકન–અપશુકનના વહેમ ભરાઈ જાય છે. આવાં અનેકજાતનાં માનસિક અવ્યવસ્થાનાં ચિહ્નો જણાઈ આવે છે. મતલબ કે તે મગજની વ્યવસ્થાનું સમતોલપણું ગુમાવી બેસે છે. આવા દરદીઓને રાત્રે ઊંઘ પણ નજીવી જ આવે છે.

આ વ્યાધિથી પીડાતા રોગીઓ ઘણા મૂંઝાયેલા રહે છે અને તેથી કેટલાક લેભાગુ ઊંટવૈદો તેનો ગેરલાભ ઉઠાવે છે. કેટલાક બણુગાં ફૂંકનારી એવી ખોટી જાહેર ખબરોથી લોભાઈ તેવા ખોટા ઉપચારોનો આશરો લે છે; પણ તેથી તેમાં જણાવ્યા પ્રમાણે ફાયદો થતો નથી તેમ જ પોતાનો રોગ મટશે જ નહિ, એવો વહેમ વધારે સજ્જડ થતો જાય છે અને દરદી પરેશાન થાય છે. માટે આવા મોટા ધાંધલિયાઓથી સાવચેત રહેવું અને તેમાં ન ફસાતાં કોઈ સારા વૈદ્ય અગર નિષ્ણાત ડૉક્ટરની સલાહ લઈ તે પ્રમાણે વર્તવું. પોતાના વૈદ્ય અગર ડૉક્ટર પાસે પોતાની કોઈ પણ હકીકત છુપાવવી નહિ. જે નક્કર હકીકતો હોય તે બધી જ કહેવી. એથી તેના ઉપાયો લેવામાં સરળતા થાય અને રોગ જલદી મટી શકે. કેટલાક દરદીઓ શરમના માર્યા પોતાની કુટેવો અને બીજી એવી હકીકતો છુપાવે છે તેથી ફાયદાને બદલે નુકસાન થાય છે; માટે તેવું બિલકુલ કરવું નહિ.

જો બંધકોષ રહેતો હોય તો અઠવાડિયામાં એકાદબે વખત એરંડિયું અગર ત્રિફળાની ફાકી જેવો હલકો સાધારણ જુલાબ લેતા રહેવું. ખાવાપીવામાં નિયમિત રહેવું. રાત્રે ઊંઘ આવે કે ન આવે પણ અમુક ચોક્કસ વખતે સૂઈ જ જવું, તેમ કરતાકરતાં ટેવ પડી જશે અને ઉંઘ આવી જશે. માથામાં રાત્રે તેલ (ધૂપેલ) ઘસાવવું. મન આનંદમાં રાખવું. પોતાને કંઈ વ્યાધિ છે જ નહીં, પોતે તદ્દન તંદુરસ્ત છે એમ માનવું. કેટલીક વાર દરદીઓ કંઈ ન હોવા છતાં પણ પોતાને કંઈક બીમારી છે એવું માની લે છે; માટે જેને અંગ્રેજીમાં વિલપાવર કહે છે તે પોતાનું હૃદયબળ કેળવવું ને બિલકુલ નાહિંમત થવું નહિ. પોતાને આનંદ આપે તેવા આનંદી મિત્રોનો સહવાસ રાખવો. સંગીતનો શોખ હોય તો તે પણ શીખવું અગર સાંભળવાની ટેવ પાડવી. સંગીત આવા મગજના વ્યાધિઓ મટાડવામાં અગત્યનો ભાગ ભજવે છે. પોતાનાં નાનાં બચ્ચાંઓ સાથે, પણ ગમ્મત કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની કાલીકાલી ભાષા કર્ણને બહુ પ્રિય લાગે છે અને એમાંથી આનંદ મળે છે. કંઈ પણ નુકસાન થયું હોય કે જેને લીધે મગજ ઉપર અસર થાય તેવું હોય ત્યારે રામસ્મરણ કરવું, પણ મગજનો કાબૂ ગુમાવવો નહિ. રામનામ અમૂલ્ય વસ્તુ છે અને તે ભયંકર દરદો મટાડવાનો પરમ મંત્ર છે.

હસ્તદોષ પણ આ વ્યાધિનું મુખ્ય કારણ છે. કેટલાક આની પકડમાં એવા સપડાઈ ગયા હોય છે કે તેનાથી છૂટી શકતા નથી અને પરિણામે પાયમાલ થઈ જાય છે તેમ જ ગાંડા બની જાય છે. આવા દરદીઓને ચિકિત્સકે પોતાના પ્રેમાળ વર્તનથી તેના મનનો કબજો લેવો જોઈએ. આસ્તેઆસ્તે તેમાંથી તે દૂર થાય તેવા ઉપાયો યોજવા જોઈએ અને દરદ સંપૂર્ણ મટી જશે એવું તેના મન ઉપર ઠસાવવું જોઈએ.

કામવાસના ઉત્તેજિત થાય તેવી હલકી નવલકથાઓ તથા એવાં મોટાં ચોપાનિયાં વાચવાં બંધ કરી દેવાં જોઈએ. કોઈ સારા ચરિત્રવાળા પુરુષોનો સહવાસ કરવો. મહાત્માઓનાં જીવનચરિત્રો વાંચવાં અને તેનું મનન કરવું, જેથી આપણા મનને શાંતિ મળે. ગૃહસંસારમાં મેળ ન હોય તો સ્ત્રી તેમ જ પુરુષ બંનેએ અન્યોઅન્ય અનુકૂળ થવું જોઈએ. એકબીજાએ નકામા ઝઘડામાં ન ઊતરતાં પોતાનો ગૃહસંસાર આનંદી થાય તેમ કરવું જોઈએ.

આવા દરદીઓએ સવારસાંજ ખુલ્લી હવામાં ફરવાની નિયમિત ટેવ પાડવી જોઈએ. કુદરતી સૌંદર્યથી મન ઉપર અસર થાય છે. તદુપરાંત શારીરિક કસરત પણ મળે છે. ખોરાક પાચન થાય છે અને તેથી ભૂખ પણ સારી લાગે છે.

કેટલીક વાર આવા દરદીઓનાં સગાંવહાલાંઓ પણ આ દરદ વધારવામાં મદદ કરે છે. દરદીને જોતાં જ 'અરર ભાઈ, તું તો દૂબળો પડી ગયો, મોઢું તો સાવ લેવાઈ ગયું !' સારું લગાડવા માટે આવા ખોટા શબ્દો બોલીબોલીને માણસ વધારે માંદો ન હોય તોપણ તેના મનમાં પોતે કંઈક વધારે માંદો છે તેવો વહેમ પેસી જાય છે, તે કેમે કરી નીકળતો જ નથી. તેથી આવા દરદીને સગાંવહાલાંથી તદ્દન અલગ રાખવો જોઈએ. આવા દરદીઓ પાસે તો તેને હિંમત આપનારા-'તને કંઈ દરદ છે જ નહિ, હમણાં જ મટી જશે.' એવું કહેનારા-હિંમતવાળા માણસો જ જોઈએ. ખોરાક પણ સારો પૌષ્ટિક લેવો જોઈએ. ખાસ કરી દૂધ વધારે પ્રમાણમાં લેવું જોઈએ. અને આસ્તેઆસ્તે પચતું હોય તે પ્રમાણે દૂધ વધાર્યે જવું. ધીરજ અને શ્રદ્ધાથી પાંચથી સાત શેર સુધી તો અવશ્ય પહોંચી જવું; કારણ કે 'सद्यः शुक्रकरं पयः। દૂધનું જલદી વીર્ય બને છે.'

પોતાથી બની શકે તેવા પ્રકારની કસરત કરતા રહેવું. શરીરે તેલ ચોળવું અને બને તો ચંપી કરાવવી. ચંપીથી શરીરના સ્નાયુઓ દઢ અને મજબૂત થાય છે અને લોહીનું ફરવું નિયમિત થાય છે, જેથી તે આ વ્યાધિ મટાડવામાં સારો ફાયદો આપે છે.

ઔષધોપચાર: આ વ્યાધિની દવાઓ માટે તો કોઈ સુજ્ઞ વૈદ્યરાજ તથા નિષ્ણાત ડૉક્ટર પાસે જ જવું; કારણકે એ બધી દવાઓ દરદી પોતાની જાતે બનાવી અગર લઈ શકે તેવી નથી હોતી; છતાં પણ કેટલીક ઘરગથ્થુ દવાઓ નીચે આપી છે તે યોગ્યતા પ્રમાણે લેવાથી અવશ્ય ફાયદો થશે.

અંગ્રેજી દવાઓમાં-ફોસ્ફેટ, ગ્લીસરોહોલફેટ, લેસીથીન, સ્ટ્રીકનીન, લોહ વગેરે દવાઓનાં મિશ્રણો મુખ્ય હોય છે.

દેશી દવાઓમાં—લોહભસ્મ, પ્રવાલ શિલાજિત, રૂપાનાં પાનાં, સુવર્ણ, વસંતમાલતી, પૂર્ણચંદ્રોદય, મકરધ્વજ લેવાં. યોગ્ય માત્રા તથા અનુપાન સાથે ઉપરોક્ત દવાઓ લેવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવશ્ય ફાયદો થાય છે. તે સિવાય વનસ્પતિ-જન્ય દવાઓમાં અશ્વગંધ (ઘોડાઆસન), ગોખરુ, શતાવરી, મૂસળી, રામાવળો, બ્રાહ્મી, જટામાંસી અને માલકાંકણી મુખ્ય છે. ઉપરની દવાઓવાળાં નીચેનાં ચૂર્ણો વાપરી જોવાં:

સારસ્વત ચૂર્ણ: ઉપલેટ, અશ્વગંધ, સિંધવ, અજમો, જીરું, શાહજીરું, સૂંઠ, મરી, પીપર, કાળીપાટ તથા શંખાવળી; એ દરેક ચીજ સમભાગે લેવી અને તે સર્વેની બરાબર ઘોળી વજ લેવી. પછી તે સર્વનું બારીક ચૂર્ણ કરવું અને ત્યાર બાદ તે ચૂર્ણને બ્રાહ્મીના રસમાં બની શકે તેટલા પૂટો આપવા અને તે સુકાયા બાદ વાપરવું. માત્રા બેઆનીથી પાવલાભાર. સવારસાંજ મધ તથા ઘીની સાથે લેવું. ઉપર થોડું દૂધ લેવું.

ધોળી મૂસળી, કાળી મૂસળી અને ગોખરુ દરેક પાંચ તોલા, એખરો, શતાવરી, બળદાણા અને બહુરૂપી-દરેક ત્રણત્રણ તોલા; કૌંચાનાં બીજ, મોચરસ, અક્કલકરો, નાગકેસર-દરેક બબ્બે તોલા; તજ, ઇલાયચી, તમાલપત્ર અને જાવંત્રી--દરેક એકએક તોલો લઈ, એ સર્વ દવાઓનું બારીક ચૂર્ણ કરવું અને તેની બરોબર સાકર મેળવવી. માત્રા બેઆનીથી પાવલીભાર. દૂધ સાથે સવાર-સાંજ લેવું. આ સિવાય આમળાનો મુરબ્બો, ચ્યવનપ્રાશાવલેહ, જીવન વગેરે ફાયદો કરે છે.

આવા દરદીઓની ચિકિત્સા કરતાં પહેલાં તેનો પોતાના તરફ સંપૂર્ણ વિશ્વાસ સંપાદન કરી લેવો જોઈએ અને મન પર અસર થાય તેવું જ વર્તન રાખવું જોઈએ. આને માનસિક ઉપચાર કહે છે. આથી દરદીને જલદી અને સચોટ ફાયદો થાય છે.

★

નક્કર? વાસ્તવિક? તમે કોને નક્કર અને વાસ્તવિક કહો છો? આધ્યાત્મિક શક્તિને. તેની પોતાની નક્કર વાસ્તવિકતા છે. એ શક્તિ આપણે જાણી શકીએ તેવું (દાખલા તરીકે પ્રવાહ જેવું) રૂપ લઈ શકે છે અને આપણી ઇચ્છા મુજબ ગમે તે પદાર્થ ઉપર આપણે તેને મોકલી શકીએ છીએ, તદ્દન વાસ્તવિક દેખાય એવી નક્કર રીતે.

આધ્યાત્મિક ચેતનાની અંદર સ્વાભાવિક રીતે જ રહેલી શક્તિની આ એક સિદ્ધ હકીકત છે. પરંતુ આ સિવાય બીજા પણ હરકોઈ સૂક્ષ્મ બળનો સંકલ્પપૂર્વક પ્રયોગ થઈ શકે છે. એ બળ પછી આધ્યાત્મિક હોય, મનોમય હોય યા તો પ્રાણનું પણ હોઈ શકે છે, અને જગતમાં કોઈ પણ ધારેલે સ્થળે અમુક ધારેલું પરિણામ લાવવા માટે તે વાપરી શકાય છે. જેવી રીતે અદૃશ્ય ભૌતિક શક્તિઓ (વિશ્વ-તરંગો ઇ.)નાં મોજાં હોય છે, વિદ્યુતના પ્રવાહો હોય છે; તેવી જ રીતે મનઃશક્તિનાં પણ આંદોલનો હોય છે. વિચારોના, ઊર્મિઓના-દાખલા તરીકે ક્રોધ, શોક ઇત્યાદિના પ્રવાહો પણ હોય છે. એ પ્રવાહો નીકળીને બીજાઓ પર અસર કરે છે. લોકોને એ પ્રવાહો ક્યાંથી આવે તેની ખબર નથી હોતી, પ્રવાહ જેવું કશું આવ્યું કે કેમ તેની પણ કશી ખબર નથી હોતી. લોકો એનું જે પરિણામ આવે છે તે જ માત્ર અનુભવે છે. જેનામાં સૂક્ષ્મ અથવા તો આંતર શક્તિઓ જાગૃત થઈ હોય છે તેઓ આ પ્રવાહોને આવતા, પોતાના પર હુમલો કરતા અનુભવી શકે છે. એ જ રીતે સારી કે નરસી અસરો પણ પોતાનો ફેલાવો કરી શકે છે એ ફેલાવો કશો ઇરાદો ન હોય તોપણ સ્વાભાવિક રીતે થતો રહે છે. પરંતુ આવી અસરોને ઇરાદાપૂર્વક પણ ઉત્પન્ન કરી શકાય છે. વળી કોઈ ખાસ હેતુસર આધ્યાત્મિક બળને અથવા બીજા કોઈ બળને પણ નવું ઉત્પન્ન કરી શકાય છે. વળી કોઈ બાહ્ય ક્રિયા, સંભાષણ કે બીજા કોઈ સાધનની મદદ વિના, સંકલ્પ-શક્તિનો કે વિચારોનો પણ સીધેસીધો અસરકારક પ્રયોગ કરી શકાય છે. આવો બાહ્ય સાધનોની મદદ વિનાનો પ્રયોગ મૂર્તરૂપનો ન લાગે છતાં તેની અસર તો થાય છે જ. આ વસ્તુઓ ખાલી કલ્પનાઓ, ભ્રાંતિઓ કે ધતિંગ નથી. એ સાચી ઘટનાઓ છે.

તા. ૬-૨-૧૯૪૩

—શ્રી અરવિંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तस्माद् योगी भवार्जुन

✻

શ્રી લલ્લુભાઈ ઉપાનકાર

જે ક્રિયા દ્વારા બ્રહ્મ સાથે જીવ ઉત્કૃષ્ટ સંબંધ રાખી શકે તે યોગ. યોગસાધના જેવી અતિ સૂક્ષ્મ પ્રક્રિયામાં આપણા તત્ત્વજ્ઞો બહુ ઊંડા ઊતરી શક્યા હતા. આપણાં ષડ્દર્શન શાસ્ત્રોમાં પાતંજલયોગદર્શનને સ્થાન મળ્યું છે એ બતાવે છે, કે પ્રાચીન મહાપુરુષોએ યોગનું મહત્ત્વ કેવું આંક્યું હતું. ધર્મક્ષેત્ર ગણાયેલા કુરુક્ષેત્રમાં અર્જુનને યોગી બનવાનો ઉપદેશ આપનાર શ્રીકૃષ્ણની એ ઘોષણા પાછળ 'યોગ'નો શો ધ્વનિ હતો, અને યોગના પ્રકારો તથા તેને વ્યવહારમાં કેવી રીતે મૂકી શકાય, તે વાત લેખકે અહીં સરળતાથી સમજાવી છે.

ઈસવીસન પૂર્વે ૩૧૦૦ વર્ષ પર કુરુક્ષેત્રની યુદ્ધભૂમિમાં કૌરવપાંડવના વિશાળ સૈન્ય મધ્યે મહારથી અર્જુનને ઉદ્દેશીને યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું હતું: 'तस्माद्योगी भवार्जुन' (હે ભારત! તું યોગી થા.) સામાન્ય રીતે સંસારના પ્રપંચી વ્યવહારથી દૂર અરણ્યમાં રહી તીવ્ર તપશ્ચર્યા કરનારને યોગી કહેવાનો પરિપાઠ છે, છતાં અહીં યુદ્ધના આરંભ માટે યોગી થવાનું કહ્યું, એમાં કોઈક ગૂઢ હેતુ રહેલો જણાય છે.

દ્રોણગુરુની ધનુર્વિદ્યા અને કૃષ્ણ જેવા સારથિની કુમકથી શત્રુદળને સંહારી વિજય મેળવવા સમરાંગણમાં આવેલા અર્જુનને જંગલમાં જઈને યોગ સાધવાનો આદેશ શ્રીકૃષ્ણે નથી આપેલો—એમ ગીતાના સંગ્રહકારે અંતમાં સિદ્ધ કર્યું છે.

વાસ્તવમાં અનેક પ્રશ્નોત્તર પછી મહાબાહુ અર્જુને શ્રીકૃષ્ણના ઉપદેશનું અનુપમ રહસ્ય વિનય અને વિવેકથી ગ્રહણ કર્યું, જેને પરિણામે મહાભારતના ઘોર યુદ્ધમાં તે વિજયી બન્યો, એમ ભારતની કથા સાક્ષી પૂરે છે.

તો અહીં પ્રશ્ન એ થાય છે, કે માથે ઝઝૂમતા સંકટ વચ્ચે અર્જુને કેવા પ્રકારનો યોગ સાધ્યો હતો? તેણે જે યોગ યુદ્ધભૂમિ પર રહીને સિદ્ધ કર્યો તે આપણાથી વ્યવહારમાં રહીને ન સાધી શકાય?

અનેક સૈકાઓ થયા, જગતની ઇતર પ્રજાના શબ્દકોશમાં ભારતભૂમિના પારિભાષિક શબ્દ તરીકે યોગી શબ્દ રૂઢ થયેલો છે. વિશ્વની શિક્ષિત પ્રજા દૃઢતાથી માને છે, કે યોગી એટલે હિંદુસ્તાન દેશની એક મહાન વિભૂતિ. જગતની જાહેર વ્યક્તિઓ નિઃશંક લેખે છે કે યોગી એટલે નિગૂઢ દિવ્ય શક્તિ ધરાવનાર ભારતનો એક તપસ્વી.

યોગ શબ્દ અનેક ઉન્નત માર્ગ માટે વપરાય છે. ભગવદ્‌ગીતાના અઢાર અધ્યાયને અઢાર પ્રકારના યોગો ગણવામાં આવ્યા છે. તદુપરાંત અન્ય શાસ્ત્રોમાં ચાળીસ ઉપર યોગના પ્રકારો ઉપલબ્ધ થાય છે. આમ ભિન્નભિન્ન નામ અને વિવિધ પ્રકાર હોવા છતાં એ સર્વ યોગોનું દૃષ્ટિબિંદુ એક જ છે.

યોગની વ્યાખ્યા આપવી હોય તો એમ કહેવાય કે અવનત આત્માને ઉન્નતિ સાથે સુમેળ કરાવે તેનું નામ યોગ છે.

ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિને પણ યોગ કહેવાનો રિવાજ છે. પણ માનવીની સઘળી ઇચ્છાઓ સર્વદા શ્રેયસ્કર જ નથી હોતી, જેથી ઇચ્છાનો અભાવ હોવો એ આત્મોન્નતિ માટે અતિ ઉત્તમ પ્રક્રિયા મનાય છે. તેમજ વ્યાવહારિક સાધનોની વિપુલતાથી પણ લૌકિક રીતે મનુષ્યની ઉન્નતિ થયેલી કહેવાય છે, પરંતુ ઐહિક સુખનાં સાધનોમાં લુબ્ધ થયેલા મનુષ્યને આત્મોન્નતિની ઉદાત્ત ભાવના નથી ઊપજતી, જેથી વૈરાગ્યની સ્થાપના માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઐહિક સુખનાં સાધનો દ્વારા થતી ઉન્નતિને સર્વથા ગૌણપદ અપાયેલું છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક શ્રી. મશરૂવાળાના ગુરુ શ્રી કેદારનાથજીનું એક વાક્ય છે કે 'ઉન્નતિનો માર્ગ સુખ અને સગવડતામાં થઈને પસાર થતો નથી.'

વિજ્ઞાનની અતિવિસ્મયકારક શોધોના આ નવયુગમાં માનવી ઉન્નતિને શિખરે ચઢ્યો છે, એમ આત્મશક્તિથી અજ્ઞાત જનો માને છે. પરંતુ આધ્યાત્મિક ઉન્નતિ વિના આધુનિક ઉન્નતિ એ સાચી ઉન્નતિ નથી એમ જગતના પરમતત્ત્વજ્ઞો અદ્યાપિ નીડરતાથી પડકારે છે.

સર રાધાકૃષ્ણન્ લખે છે, કે 'વિજ્ઞાને આપણને જ્ઞાનની મર્યાદા વધારી આપી, એટલા જ માટે આપણે માનીએ છીએ, કે આપણે પ્રકૃતિ પર જીત મેળવી છે; છતાં આપણી પોતાની આંતરિક પ્રકૃતિ પર આપણે હજુ વિજય મેળવી શક્યા નથી. ને એ વિજય આપણાથી જેટલો દૂર અગાઉ હતો તેટલો જ અત્યારે પણ છે.'

આ ઉપરથી જાણી શકાય છે કે ઉન્નતિ-માત્રનો અંતર્ભાવ આત્મિક ઉન્નતિમાં થઈ જાય છે, એથી જ કહેવાયું છે કે 'નિત્ય જીવનની સત્ય શોધ વિણ અન્ય શોધ સહુ ધૂળ સમાન.'

ઉત્કર્ષના સાધનોને સંગ્રહી સાધ્ય વસ્તુ માટે સતત પ્રયત્ન કરવો, એ યોગનું સાદું સ્વરૂપ છે, માનવજીવનનું એ એક અતિ મહત્ત્વનું કાર્ય કરે છે. સર્વોત્કટ આનંદની પ્રાપ્તિ એ જીવમાત્રની મહદિચ્છા હોય છે, તેની પ્રાપ્તિ માટેના પ્રત્યેક માર્ગને યોગ કહી શકાય. એનો અધિકાર કોઈ પણ વર્ણના જિજ્ઞાસુને છે એમ યોગપારંગત શ્રીસુરેશ્વરાચાર્યે સિદ્ધ કરેલું છે.

કેવળ ખા-પીને મોજમજા કરી ખૂબ ધનમાલ મેળવી લેવાં, એનાથી વિશેષ ઊંચી ભાવના જેમને નથી તેવા મનુષ્યો માટે શાસ્ત્રનું કથન બકવાદરૂપ હોય છે. પણ જેમના ચિત્તમાં પોતાને જીવનનું તત્ત્વ સમજાય, પોતે અને પોતાનો સમાજ અભ્યુદયને માર્ગે વધે એવી ઉદાત્ત ભાવના ભરેલી હોય, તેમને મહાન પુરુષોનાં અનુભવ-સૂત્રો સચોટ માર્ગદર્શક બની રહે છે.

ઇંદ્રિયગમ્ય વિષયોના સંયોગથી આનંદની પ્રાપ્તિ થાય એ યોગાનંદની અપેક્ષાએ આનંદની અતિ ક્ષુદ્ર અવસ્થા મનાય છે.

ઐહિક સુખેચ્છાથી પર નિષ્કામકર્મ, અનન્ય ભક્તિ કે અપરોક્ષ તત્ત્વજ્ઞાનના રાહે સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર કરવો એ મનુષ્યની સર્વોચ્ચ ઉન્નતિનું અંતિમ પદ છે અને તે જ યોગીને ઇપ્સિત હોય છે.

શ્રી કિશોરલાલ મશરૂવાળા કહે છે કે 'યોગ કે સમાધિ સામાન્ય મનને થતાં જ નથી એમ માનવાનું નથી. ચિત્તના એ સ્વાભાવિક ધર્મો છે અને દરેકને એનો કંઈક અનુભવ છે જ. પણ એના પ્રત્યે લક્ષ ગયું નથી. તથા એના ઉપર નિયંત્રણ મેળવ્યું નથી. આ બે ભેદ રહેલા છે.'

એ નિયંતૃત્વ મેળવવા માટે જ અનેક પ્રકારના યોગો અસ્તિત્વમાં આવેલા છે. અને તેઓનો સમાવેશ મુખ્ય ચારમાં થઈ જાય છે. (૧) હઠયોગ, (૨) લયયોગ, (૩) મંત્રયોગ અને (૪) રાજયોગ.

(૧) હઠયોગમાં પ્રાણાયામની પ્રક્રિયાથી શ્વાસોચ્છ્વાસનું નિયમન કરી મેરુદંડના અંતર્ભાગે રહેલી કુંડલિની શક્તિનું ઉત્થાન કરવાનું હોય છે. શ્રી સ્વાત્મારામ યોગીંદ્રે એનું 'હઠયોગપ્રદીપિકા'માં સવિસ્તર વર્ણન કરેલું છે.

મહાત્મા ગાંધીજી એના સંબંધે લખે છે કે 'અંતઃશૌચ વિનાના પ્રાણાયામાદિ બંધનનું એક સાધન બની મનુષ્યને મોહ-કૂપમાં વધારે ઊંડે લઈ જાય છે.' સ્વામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવેકાનંદે કહેલું છે કે 'હઠયોગ એ જ્ઞાન-પ્રાપ્તિનો માર્ગ નથી, પણ એમાંની એકાદ બે કૃતિઓ ઘણી ઉપયોગી છે.' હઠયોગનાં ષટ્કર્મો-નેતિ, ધૌતિ, નૌલિ, બસ્તિ, ત્રાટક અને કપાલભાતિ પ્રત્યક્ષ ગુરુ વિના બહુધા નુકસાન કરનારાં ગણાય છે.

(૨) લયયોગમાં વિષયોની વિસ્મૃતિ કરવાના ઉપાયોનો સમાવેશ થાય છે. એમાં પ્રાણાયામાદિ હઠયોગની ક્રિયાના ક્રમ વિના જ શાંભવી મુદ્રાના અભ્યાસથી શરીરમાં આવેલાં ષટ્ચક્રો પૈકી કોઈ એકમાં દૃષ્ટિ, પ્રાણ અને ચિત્તને બ્રહ્મભાવનામાં સ્થાપિત કરવાનાં હોય છે.

(૩) મંત્રયોગમાં 'હં' કારથી નીકળતા અને 'સ' કારથી પ્રવેશતા શ્વાસોચ્છ્વાસની ક્રિયા પર ધ્યાન આપી તેને પદ્ધતિસર ઉલટાવી 'સોહં' જાપના અભ્યાસથી મનને સ્થિર કરવાનો ઉદ્દેશ રહેલો છે; અર્થાત્ અહોનિશ ઈષ્ટદેવના જાપમાં વૃત્તિને ભક્તિભાવે તદ્રૂપ કરવાની એમાં નેમ રહેલી છે તથા નાદાનુ-સંધાનની પ્રક્રિયાનો એ યોગમાં અંતર્ભાવ ગણેલો છે.

(૪) રાજયોગમાં ચિત્તની અનાત્માકાર વૃત્તિનો નિરોધ કરવાનો આશય છે. પતંજલિ મુનિએ એનો આજીવન અનુભવ કરીને ૧૯૪ સૂત્રોમાં તેનું નિરૂપણ કરેલું છે, જે યોગદર્શનને નામે ઓળખાય છે. સઘળા યોગમાર્ગોનો આ યોગમાં બહુધા સમાવેશ થતો હોવાથી અને એના આરંભનાં બે અંગો સિવાય બીજા યોગો અપંગ બની જતા હોવાથી ષડ્દર્શનોમાં ચોથું દર્શન-શાસ્ત્ર પાતંજલયોગને ગણેલું છે. બધા યોગોનો એ નિયામક રૂપ હોવાથી એને રાજયોગનું પ્રભાવશાળી નામ અપાયેલું છે. એનાં આઠે અંગો ક્રમાનુસાર સિદ્ધ કરવાનાં હોવાથી એ અષ્ટાંગયોગના નામથી પણ સુપ્રસિદ્ધ છે. એ આઠ અંગો જાણવા જેવાં છે. તે નીચે પ્રમાણે છે:

(૧) યમ: એનાં ઓછાંવધતાં ઉપાંગો પ્રચલિત છે. પુરાણ શાસ્ત્રમાં બાર, સ્મૃતિ-શાસ્ત્રમાં દશ અને યોગદર્શનમાં પાંચ ગણેલાં છે; અર્થાત્ બાર અને દશ અંગોનો મુનિ પતં-જલિએ નીચેના પાંચમાં જ સમાવેશ કરેલો છે: (ક) અહિંસા: કોઈ પણ જીવને મન, વચન, કર્મથી દૂભવવો નહીં. (ખ) સત્ય: જે સાચું હોય તે જ બોલવું. (ગ) અસ્તેય: પારકી વસ્તુની ચોરી ન કરવી. (ઘ) બ્રહ્મચર્ય: એક પત્નીવ્રત કે એક પતિવ્રતથી ઇંદ્રિયનો નિગ્રહ કરવો. (ઙ) અપરિગ્રહ: નિર્વાહની વસ્તુનો અધિક સંગ્રહ ન કરવો. (શબ્દાર્થ: અ એટલે નહીં, અ+હિંસા=હિંસા નહિ કરવી. અ+સ્તેય=ચોરી નહિ કરવી, બ્રહ્મ+ચર્ય =બ્રહ્મની શોધ કરવી, અ+પરિગ્રહ=મફત લેવું નહિ, અધિક સંગ્રહવું નહિ. દાન પણ પરિગ્રહ ગણાય છે.)

આ પાંચ યમોનું દેશકાળ અને વસ્તુના પરિચ્છેદ એટલે અપવાદ સિવાય પાલન કરવું, કરાવવું અને સંમતિ આપવી તે સાર્વભૌમ વ્રત કહેવાય છે.

(૨) નિયમ: આ નિયમઅંગનાં પણ ઓછાં-વધતાં ઉપાંગો પ્રચલિત છે. પુરાણમાં બાર અને સ્મૃતિમાં દશ છે. તેનો યોગદર્શનમાંના પાંચમાં સમાવેશ કરેલો છે. એમાં એક ખાસ સરળતા એ છે કે આપણા બંને હાથની દશ આંગળીઓ થાય, તેના આધારે પાંચ યમ અને પાંચ નિયમની દિનરાત સહેજે સ્મૃતિ રહી શકે છે. (ક) શૌચ: શરીર અને મન બંનેને શુદ્ધ રાખવાં. (ખ) સંતોષ: નિર્વાહનાં સાધનોમાં સાધારણ પ્રયત્નોથી જે મળે તેમાં રાજી રહેવું. (ગ) તપ: ધર્મના પાલન માટે અડગતાથી કષ્ટ પડે તે સહન કરવું. (ઘ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય : આવશ્યક સત્શાસ્ત્રોનો અને સંધ્યાવંદન-પાદપૂજા આદિ નિત્યકર્મનો નિયમિતપણે અભ્યાસ કરવો. (ઙ) ઈશ્વર પ્રણિધાન : સઘળાં સત્કર્મો ઈશ્વરની પ્રીતિ અર્થે તેને જ માટે કર્યાં છે એવી ભાવના રાખી નમ્રતા ધારી અહંકારથી રહિત થવું.

(૩) આસન : પદ્માસન અથવા સિદ્ધાસન વગેરેમાંથી કોઈ પણ રીતે આસાનીથી લાંબો સમય સ્થિર, ટટાર બેસી રહેવાનો મહાવરો પાડવાથી ચળવિચળતા દૂર થાય છે. ત્રણ કલાક સુધી એક જ આસને બેસી શકાય, ત્યારે તે આસન સિદ્ધ થયેલું ગણાય છે.

(૪) પ્રાણાયામ : પ્રાણ-અપાન વાયુની ડાબા-જમણી શ્વાસોચ્છ્વાસ લેવાની ગતિને નિયમિત રીતે ચલાવવા માટે પૂરક, કુંભક અને રેચકના ક્રમથી પદ્ધતિસર અભ્યાસ કરવો. ચિત્તની સ્થિરતા માટે પ્રાણની સ્થિરતા ઉપયોગી ગણાય છે. પ્રાણવિનિમય અર્થાત્ મેસ્મેરિઝમના પ્રયોગો આ અંગની જ વિશિષ્ટ પ્રક્રિયાઓ છે.

(૫) પ્રત્યાહાર : ચિત્તની વૃત્તિઓને બહારના વિષયોમાંથી યત્નપૂર્વક હઠાવીને અંતર્મુખ કરવા માટે કોઈ એક નિર્ધારેલા આકાર રૂપમાં વાળી લાવવાનો અભ્યાસ કરવો તે.

આ પાંચે અંગો યોગનાં બાહ્યાંગ ગણાય છે; કારણકે તે અંગોના દૃઢ પાલન વિના બાકીનાં અંગો સિદ્ધ નથી થતાં અને હવે પછીનાં અંગો યોગનાં અંતરંગ અંગો ગણાય છે.

(૬) ધારણા : ચિત્તની એકાગ્રતા માટે કોઈ એક સાકાર વસ્તુ પર વૃત્તિને ચોંટાડી રાખવાના યત્નને ધારણા નામ અપાયેલું છે. અહીં ધ્યેયની પસંદગી મનની પ્રીતિનો વિષય બનાવી શકાય છે. મૂર્તિનો ઉદ્ભવ એને માટે જ થયેલો મનાય છે. બાર માત્રા એટલે દશ સેકંડ સુધી ચિત્તની વૃત્તિ, ધ્યેયની સાકાર વસ્તુ પર સ્થિર રહે ત્યારે એક ધારણા સિદ્ધ થયેલી ગણાય છે.

(૭) ધ્યાન : વૃત્તિને ઇચ્છિત વસ્તુ પર બાર ધારણા સુધી એટલે ૧૨૦ સેકંડ અથવા બે મિનિટ સુધી સ્થિર રાખી શકાય, ત્યારે ધ્યાનાવસ્થા સિદ્ધ થયેલી ગણાય છે.

અહીં સુધી અનેક સાધકો આવી શકે છે, પણ હવે પછી સાધકજનોને વિઘ્નો નડવાનો આરંભ થાય છે. એ ચાર પ્રકારનાં હોય છે. તેને યોગના અંતરાયો કહે છે. એનો સામનો કરવામાં પોણોસો ટકા જેટલા સાધકો પાછળ પડે છે, જેથી અહીંથી આગળ જતાં અટકી પડાય છે. યોગનાં વિઘ્નો: (ક) લય: એટલે ઊંઘ. તે અતિશ્રમ, ઉજાગરો અને અતિ આહારથી ઊપજે છે. (ખ) વિક્ષેપ: એટલે ચિત્તની ચંચળતા. પ્રત્યાહાર અને ધારણાના અભ્યાસથી વૃત્તિ સ્થિર થવા માંડેલી હોય પણ કોઈ પ્રબળ સંસ્કારના કારણે અગર આજુબાજુના કોલાહલને લીધે થોડીથોડી વારે ચિત્ત ચલિત થઈ જાય છે, જેથી ધારણામાંથી ધ્યાનમાં ચિત્તવૃત્તિનું સ્થાપન નથી થતું. એના ઉપાય તરીકે ઉત્સાહ અને અભ્યાસમાં દૃઢતા વધારી નીરવતાના સંજોગો ઉપજાવવા જોઈએ. (ગ) કષાય: એટલે સ્ત્રી, પુત્ર, ધન આદિ વૈભોગોમાં રાગની સ્મૃતિ. અહીં વૈરાગ્ય હોવા છતાં પૂર્વકાળમાં ભોગવેલા ભોગો યાદ આવી જાય છે, જેથી ચિત્તની ધ્યાનાવસ્થાનો ભંગ થઈ જાય છે. એના ઉપાય માટે ભોગમાં દોષદૃષ્ટિ જોવી અને તેની વિસ્મૃતિ કરવી. (ઘ) રસાસ્વાદ: એટલે ચિત્તની સ્વલ્પ સ્થિરતાથી જે આનંદ થાય છે તેમાં અલમ્ બુદ્ધિ ઊપજવી તે રસાસ્વાદ કહેવાય છે. એ સ્વલ્પાનંદમાં સંતોષ માની લેવાથી સમાધિ વિના અલૌકિક આનંદથી વંચિત રહેવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અને અલ્પાનંદ પણ સમય જતાં લુપ્ત થઈ જાય છે. તેથી એના ઉપાયરૂપે ધીરજથી અભ્યાસને આગળ વધારવા ઉત્સાહ રાખવો.

આ ચારે દોષોનો વિજય કર્યા પછી જ સંપ્રજ્ઞાત સમાધિની કક્ષામાં પ્રવેશી શકાય છે.

(૮) સમાધિ : બાર ધ્યાન એટલે ચોવીસ મિનિટ સુધી ચિત્તવૃત્તિ ધારેલી વસ્તુ પર સ્થિર રહે તેને સંપ્રજ્ઞાત સમાધિની અવસ્થા કહેવાય છે. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એટલે ધ્યાન ધરનાર પુરુષ, ધ્યાન ધરવાની વસ્તુ અને એ બંનેનું જોડાણ કરનારી વૃત્તિ–એ ત્રણની સામ્ય અવસ્થા (એટલે જુદાપણાનું ભાન નહીં રહેવું તે)ને નિર્વિકલ્પ સમાધિ કહે છે. પહેલી સંપ્રજ્ઞાત-સમાધિ તે સગુણ અવસ્થાની અને બીજી નિર્ગુણ અથવા ગુણાતીત અવસ્થાની સમાધિ કહેવાય છેઃ અને એ જ યોગનું સર્વોચ્ચ પદ છે.

આ ઉપરથી જાણી શકાય છે કે યમ અને નિયમ એ બે અંગો નીતિશિક્ષણના જ વિભાગો છે. પણ એ બંને યોગના પણ પાયારૂપ હોવાથી એના વિના યોગની સિદ્ધિ નહિ થઈ શકે. એ બંને અંગના પ્રત્યેક ઉપાંગનો આપણાં મન, વચન અને કર્મની ક્રિયામાં આવિર્ભાવ થવા પછી જ યોગના અનુપમ સામર્થ્યની પ્રત્યક્ષ પ્રતીતિ થવા માંડે છે.

પ્રાચીન અને અર્વાચીન અનેક મહાપુરુષોએ એનો ઊંડો અભ્યાસ કરી એ સંબંધી સરળ ટીકાઓ લખેલી છે, જેથી સામ્પ્રતમાં નવીન સાધકોનો માર્ગ સુગમ બનેલો છે. જેમ અજાણ્યા પ્રદેશમાં ઘણા રસ્તા ભેગા થયા હોય ત્યાં પ્રત્યેક રસ્તા પર તે ક્યાં જાય છે તે જણાવનારાં પાટિયાંથી પ્રવાસીની મૂંઝવણ ઘણે અંશે મટી જાય છે તેવી જ સરળતા અનુભવીઓની આગમ વાણીથી જિજ્ઞાસુઓને થઈ શકે છે.

સ્વામી વિવેકાનંદે એ વિષયને ઘણી જ સરળતાથી સમજાવતાં કહ્યું છે કે 'રાજયોગ, મનુષ્યજાતિને તેના ઇચ્છિત સ્થાને પહોંચાડવા માટેનો અનુભવસિદ્ધ અને શાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર કરેલો માર્ગ બતાવી દે છે.'

શ્રી નથુરામ શર્માએ ગુર્જરગિરામાં સાધારણ જનોના કલ્યાણ માટે 'યોગકૌસ્તુભ' નામની ટીકા રચેલી છે; યોગી શ્રીઅરવિંદબાબુએ 'યોગઆધાર' આદિ ટીકામાં સાધકોને સરળ માર્ગો બતાવ્યા છે.

સાધકોની યોગ્યતા યમનિયમના તીવ્ર પાલન ઉપર જ હોય છે. વિશુદ્ધ આચાર માટે બેદરકાર રહીને ઉત્તમાંગોમાં હઠથી આગળ વધનાર પોતાને જ નુકસાન કરી બેસે છે. જેથી યોગમંદિર ચણવાનો નિશ્ચય કરનારે યમનિયમરૂપ પાયાની સુદ્રઢતા માટે ખૂબ ચીવટ રાખવી પડે છે, અને એનું પાલન વ્યવહારમાં રહીને પણ થઈ શકે છે એમ કોઈ પણ મહાપુરુષના પૂર્વજીવન પરથી જોઈ શકાશે.

સર રાધાકૃષ્ણન કહે છે : 'માણસો વનમાં કે ગુફાઓમાં જાય છે તેનું કારણ એ છે કે તે સ્થળો આત્માને તેના પરિચિત વાતાવરણમાંથી ખેંચી લેવામાં મદદગાર હોય છે. આમ જગતને છોડી એકાંત સ્થળમાં ચાલ્યા જવું એ મદદગાર છે ખરું પણ તેના વિના સાધના ન જ થઈ શકે એવું નથી. નિગ્રહથી ટેવાયલા મનની એકાગ્રતામાં સામાન્ય જીવન અથવા પરિચિત વાતાવરણથી ભંગ પડતો નથી'.

વ્યવહારમાં રહેલો યોગસાધક યોગનાં પ્રારંભિક અંગોનો નિષ્કામ ભાવે અભ્યાસ કરી તેના આદર્શને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે તે દરમ્યાન સત્સંગ, વિવેક,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈરાગ્ય, શમદમાદિ નિગ્રહી બળવડે કામાદિ વિકારોનો વારંવાર સામનો કરી શકે છે. એવા અનુભવની પરંપરાને અંતે હૃદયમાં રહેલા હિતશત્રુઓ પર અંકુશ મેળવવાની ગુપ્ત શક્તિ પ્રાપ્ત કરે છે.

યોગ સાધવાની શક્તિ આપણા સહુમાં રહેલી છે પણ તે શક્તિ જગતની નાશવંત વસ્તુઓ મેળવવામાં વપરાઈ જાય છે. એથી જ સર રાધાકૃષ્ણને કહ્યું છે કે 'આ શક્તિનો વિકાસ એ મનના સામાન્ય વ્યાપારોથી નિરાળી વસ્તુ નથી પણ એ સર્વ વ્યાપારોને સર્વભાવે ઈશ્વર વિષે એકાગ્ર કરવાથી એ યોગ સધાય છે.' ગીતાજીનું અંતિમ ઉપદેશ-સૂત્ર પણ એમ જ કહે છે:

ધર્માધર્મના પ્રશ્નો સોંપ તું મુજને બધા,
શરણું રાખ તું પાર્થ! અનન્યાશ્રયથી મુજ,
હું તને સર્વ પાપોથી મુકાવીશ, નચિંત રહે.'
(ગીતાધ્વનિ ૧૮, ૬૩)

સ્ત્રી, ધન, કીર્તિ, પરિવારમાં આસક્ત પુરુષને શાસ્ત્રનાં વિધાન બહુ મહત્ત્વનાં નથી લાગતાં. તેમને વિકારો–પ્રકૃતિ–ગુણો અથવા માયા જે કહો તે, જેમ નચાવે તેમ નાચવું ગમે છે. પણ નિઃશ્રેયસ્‌ને વાંચ્છનાર પુરુષને તો ખાસ બે કર્તવ્યો અવશ્ય કરવાનાં હોય છે. તેમાં પ્રથમ છે શમદમ અથવા યમનિયમના પાલન વડે ઇંદ્રિયનિગ્રહ અને બીજું છે ચિત્ત–વૃત્તિના નિરોધ માટે સતત અભ્યાસ. એમાં પહેલા કર્તવ્ય માટે સંસાર એક દુર્ગરૂપે ઉપયોગી થાય છે. ત્રીજા અને ચોથા આશ્રમમાં આત્માનંદને અનુભવવા માટેનો ખરો સંગ્રામ ગૃહસ્થાશ્રમમાં જ કરવાનો હોય છે. એ જ સમયે નિષ્કામતાથી દૈવી સંપત્તિને સંગ્રહી આસુરી ભાવનાની સત્તામાંથી આંતર-રાજ્યને મુક્ત કરવાનાં અનેક યુદ્ધો ખેલવાનાં હોય છે. પરિણામે આ દેહમાં જ યોગી મુક્તિને માણી સ્વરાજ્ય–સ્વરૂપ આત્મસામ્રાજ્ય પામે છે.

આ મહાન હેતુને અનુલક્ષી કુરુક્ષેત્રના યુદ્ધારંભે મોહથી હતાશ બનેલા અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણે કહેલું:—

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन॥
(ગીતા ૬-૪૬)

'તપસ્વી એટલે તપશ્ચર્યાના ફલરૂપસિદ્ધિ મેળવવાની ઇચ્છાવાળા સાધકના કરતાં, યોગી એટલે વ્યવહારમાં રહીને નિષ્કામતાથી સ્વકર્તવ્ય બજાવનાર સત્પુરુષ અધિક છે; જ્ઞાની એટલે અનેક શાસ્ત્રોને જાણ્યા છતાં આત્માનુભવથી રહિત શુષ્ક જ્ઞાની કરતાં પણ તે આત્મદર્શી અધિક મનાય છે. તેમજ કર્મકાંડી એટલે સ્વર્ગ, વૈકુંઠ આદિ પરલોકનાં સુખની તમન્નાવાળા સકામી કરતાં તે નિષ્કામ કર્મયોગી અધિક છે. માટે હે અર્જુન! તું યોગી થા.'

આવો યોગી જનકલ્યાણ માટે સમાજમાં સરસો રહી પ્રાપ્ત વ્યવહારને નિભાવતાં માને છે કે: 'धन्योऽहं धन्योऽहं प्राप्तव्यं सर्वमद्य संपन्नम्।'

આજ મને મળવા યોગ્ય સઘળું મળ્યું છે, જેથી હું કૃતાર્થ છું, હું ધન્ય છું. (પંચદશી)

★

કહે છે એક વખત કૌરવપાંડવ ભેગા બેઠા હતા, ત્યારે શ્રી કૃષ્ણે પ્રશ્ન પૂછ્યો:
'આ જગતના રાજાઓમાં દુર્જન રાજા કોણ હશે?'
દુર્યોધને તુરત જવાબ દીધો:
'આ કાળમાં બધા જ રાજા દુર્જન છે.'
ત્યારે યુધિષ્ઠિરે કહ્યું:
'મને તો કોઈ રાજા દુર્જન લાગતો નથી.'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખમુક્તિની ચાવી

શ્રી પુરુષોત્તમ પ્રેમચંદ શેઠ

'સુખદુઃખ કદી ટકતાં નથી, એ સમજી લેવાનું માણસને યુગોથી કહેવામાં આવ્યું છે પણ માનવીની વિચિત્રતા તો જુઓ; એ હમેશ સુખની શોધ પાછળ જ મંડ્યો રહે છે! દુઃખને હર્ષભેર વધાવનાર વિરલાઓ કેટલા હશે? અમુકને સુખરૂપ હોય તે અન્યને દુઃખનું કારણ બને છે ને બીજાનું દુઃખ તે આપણને સુખ સમું ભાસે છે એનું શું કારણ? જગતમાં કોઈને યે પ્રશ્ન કરીએ કે 'તમે સુખી છો?' તો જવાબ નકારમાં જ મળવાનો. નાનાં-મોટાં વિધવિધ પ્રકારનાં અસંખ્ય જાતનાં દુઃખોથી મનુષ્ય પીડાય છે તેનો કોઈ ઉકેલ ખરો? લેખકે દુઃખમાંથી છૂટી શકવાની હમેશ પઠનયોગ્ય ગુરુચાવી અહીં બતાવી છે.

દુઃખની વ્યાખ્યા કરવાની કે તેને સમજાવવાની જરૂર છે ખરી? પ્રાણીમાત્રને સુખદુઃખની લાગણી સ્વાભાવિક રીતે જ થાય છે, કેમકે તે બહિર્મુખ છે, દેહસ્થ છે, ઇંદ્રિયારામ છે. જ્યાંસુધી માનવ અંતસ્થ નથી બનતો, અંતઃસુખ અને અંતરારામ નથી બનતો ત્યાંસુધી તેને સુખદુઃખના ધક્કા લાગ્યા જ કરવાના.

આવા સુખદુઃખના ધક્કા લાગવાનું કારણ આપણામાં અનાદિકાળથી ચાલી આવતી ટેવ જ છે. દુઃખને હેય માની તેની પ્રત્યે અણગમો બતાવવાની–સુખને પ્રાપ્તવ્ય માની તેને માટે સતત ઇચ્છા કર્યા કરવાની વૃત્તિમાં માનવી પડ્યો રહેશે ત્યાંસુધી તેને શાંતિ મળવાની નથી અને દુઃખની જડ પણ નિર્મૂળ થવાની નથી.

સુખદુઃખની તાત્ત્વિક સમજણ જરૂરની છે. એક વખત સુખદુઃખ શાથી થાય છે તેની પાકી સમજ મનમાં બેસી ગઈ કે પછી બીજાની દૃષ્ટિએ મહાન ગણાતાં દુઃખોની વચમાં પણ માનવી અડગ રહી શકે.

यस्मिन् स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते।

જે સ્થિતિમાં રહેનાર વ્યક્તિ મહાન ગણાતાં દુઃખોમાં પણ ચલાયમાન થતો નથી.

પ્રથમ તો સુખદુઃખની ભાવના અથવા તો તેમાં સતત રમી રહેલી વૃત્તિનું અવલંબન જ દુઃખ ઉત્પન્ન કરે છે. ભૂત જેવું કંઈ નથી, એવું જ્યાં આપણે ચોક્કસપણે માનીએ છીએ, ત્યાં બાળકનું મન ભૂત જુએ છે, તેનાથી તે બીએ છે, રડે છે અને કંપ અનુભવે છે. આ ખોટું છે, છતાં બાળકની દૃષ્ટિએ સાચું લાગે છે, કેમકે બાળકની કલ્પના દૃઢ થયેલી છે અને તેની માત્ર કલ્પના જ દુઃખ ઉત્પન્ન કરે છે.

સુખદુઃખની કલ્પનાનો સદંતર ત્યાગ એ જ કાયમ માટે દુઃખમાંથી મુક્ત થવાની ઉત્તમ ચાવી છે.

દુઃખના અસ્તિત્વની કલ્પના જ દુઃખ જન્માવે છે. દુઃખનો તાત્ત્વિક વિચાર દુઃખને નિર્મૂળ કરશે. દુઃખ કોને થાય છે! શા માટે થાય છે? ક્યારે થાય છે? આ બધાનો સહેજ ઊંડા ઊતરીને વિચાર થાય, તો જણાશે કે, દુઃખ જેવી વસ્તુ જ નથી.

અમુક વસ્તુ, પ્રાણી કે બનાવમાં મનની પ્રતિકૂળતાનો આરોપ એ દુઃખ અને તેમાં અનુકૂળતાનો આરોપ એ સુખ છે. વસ્તુતઃ કોઈ પણ પ્રાણી, પદાર્થ કે બનાવમાં સુખદુઃખ આપવાની શક્તિ નથી. જો તેમ હોય તો સર્વકાળે, સર્વ અવસ્થામાં તેમની તે શક્તિ કાયમ રહેવી જોઈએ. ઉનાળામાં બરફ સુખની લાગણી ઉત્પન્ન કરે છે, તો શિયાળામાં તે જ વસ્તુ દુઃખની સંવેદના ઉત્પન્ન કરે છે. પત્નીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુનો બનાવ નરસિંહ મહેતાને આરામ કે સુખની સંવેદના ઉત્પન્ન કરે છે, અને તેની પાસે બોલાવે છે કે 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ,' ત્યારે બીજી જગ્યાએ પત્નીવિયોગનું અસહ્ય દુઃખ પોકેપોક મૂકીને રોવડાવે છે. બનાવ એકનો એક જ છે, પરંતુ વ્યક્તિઓના મનનો તે તે બનાવ પ્રત્યે જુદોજુદો આરોપ સુખદુઃખની લાગણી જન્માવે છે. પુત્રવધૂ સાથે આખું જીવન લડલડ કરનારી સાસુનું મૃત્યુ પુત્રવધૂને શાંતિપ્રદ નીવડે છે, ત્યારે એનો એજ બનાવ તેના સસરાને પોતાની પત્ની માટે અસહ્ય વેદના ઉત્પન્ન કરે છે. માટે સુખદુઃખ વસ્તુગત નથી, પણ મન પર અવલંબિત છે. સુખદુઃખનું સતત ધ્યાન કરનારી વૃત્તિ જ દુઃખરૂપ છે.

સુખદુઃખનું અસ્તિત્વ આપણા પોતાના મને વારંવાર ઘૂંટેલું છે, તેમાં તેણે જડ ઘાલી છે. મનમાંથી આ કલ્પના સમૂળ ઊખડી જાય તો તાત્કાલિક સુખસાગર–આનંદસાગર છલકાઈ જાય છે. તે આનંદ અંતરમાં ભર્યો પડ્યો છે. તેને બહારથી લાવવાનો પ્રયત્ન કરવો પડતો નથી.

मूलं नास्ति कुतः शाखा । જેવી વાત છે. કોઈ કહે છે કે 'આ ભાઈ કે બહેન મને ખૂબ ઉપકારક કે અપકારક છે.' કેટલાક કહે છે કે 'હમણાં તો દૈવ બહુ જ સાનુકૂળ હોય એમ લાગે છે; લાભ ઉપર લાભ થયે જ જાય છે.' તો કોઈ એમ બોલે છે કે 'હમણાં દૈવની અવકૃપા થઈ હોય એમ લાગે છે. પૈસેટકે ખાલી થઈ ગયા, સ્વજનો ગયાં.' કોઈ કાળને માથે દોષારોપણ કરે છે, તો કોઈ કર્મનો જ વાંક કાઢ્યા કરે છે. કોઈ વળી પોતાના પુણ્યમાં કે સુકૃતમાં જ રાચે છે અને જ્યાં ત્યાં ધન, ધાન્ય, પશુ, પુત્ર, લાભની જ વાતો કર્યા કરી અહંને આગળ કર્યા કરે છે. આમ બધે જ્યાં જુઓ ત્યાં દરેક સ્થળે આવી વાતો, એક યા બીજી રીતે થયા જ કરતી હોય છે.

પરંતુ આ કથન તદ્દન અસત્ય છે, સાપેક્ષ છે, સ્વભાવગત નથી, આરોપ માત્ર છે. ખરું જોતાં તો આવી ભાવનાનું મૂળ પ્રેરક મન છે. આ અચળ સિદ્ધાંતનું પ્રત્યક્ષ દર્શન કરાવતો શ્રીમદ્ ભાગવતનો ઉત્તમ શ્લોક આ રહ્યો. એક ભિક્ષુ ગાય છે:

नायं जनो मे सुखदुःखहेतु-
र्न देवतात्माग्रहकर्मकालाः ।
मनः परं कारणमामनन्ति
संसारचक्रं परिवर्तयेद् यद् ॥

મારા સુખદુઃખનું કારણ કોઈ વ્યક્તિ, દેવ, હું પોતે, ગ્રહ, કર્મ કે કાળ કોઈ નથી; પરંતુ આ સંસારચક્રમાં પરિભ્રમણ કરાવનાર મન એકલું જ સુખદુઃખનું મુખ્ય કારણ છે.

વન્ધ્યાપુત્રને પરણાવવાના સમારંભો રચાય નહિ, આકાશમાંનાં પુષ્પોની માળા બનાવવાનું ગાંડપણ શોભે નહિ, મૃગજળના પાણીથી કદી તૃષાતૃપ્તિ થાય નહિ, તેમ આ દુનિયામાં રહેલાં પ્રાણીઓ, પદાર્થો કે બનાવો સુખ કે દુઃખ અર્પી શકે નહિ. માત્ર આપણા મનની ગણતરી જ સુખદુઃખના કારણરૂપ છે.

मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ।

મનસ્વી અને કાર્ય સિદ્ધ કરનાર વ્યક્તિ સુખ કે દુઃખની ગણના કરતો નથી. તે તેની પાર ગયેલો જ હોય છે.

સુખદુઃખના અનુભવની બાબતમાં મનની અમુક પ્રકારની પકડ જ કારણરૂપ છે. બાકી વસ્તુતઃ નથી સુખ કે નથી દુઃખ. સતત એક જ અવસ્થા છે, જે સુખ કે દુઃખથી પર છે.

દાગીના–ઘરેણાંમાં રહેલું સુવર્ણ ન દેખાય અને દાગીનાનું રૂપ અને નામ સ્મૃતિમાં–દૃષ્ટિમાં જડાઈ જાય તો દુઃખની પરંપરાનું મૂળ તેમાં રહેલું છે. દાગીનાનું નામરૂપ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતાંકથી સંપૂર્ણ

ભીલ સંસ્કૃતિ

શ્રી રમણુલાલ ધીરજલાલ શાહ

ગુજરાતમાં કેટલેક સ્થળે ભીલ લોકોના ઉદ્ધાર માટે આશ્રમો સ્થપાયા છે. એમના વાર્ષિક મેળાવડાઓ થાય છે, આ આશ્રમોની ખેંચને પહોંચી વળવા માટે કાર્યકર્તાઓ ઝોળી લઈને ફરે છે યે ખરા, પરંતુ સમગ્ર સમાજનું એ તરફ ખાસ ધ્યાન ખેંચાયું નથી. અતિશયોક્તિ વિના કહી શકાય કે આપણા જીવનમાંથી ઘસાતાં જતાં ધર્મ અને ઉત્સવપ્રિયતા આ પ્રજામાં ભર્યાં છે. એમનામાં પ્રવેશેલી દારુણ બદી, અજ્ઞાન ને ગરીબાઈ દૂર થાય તો ખમીરવંતી આ પ્રજાનું હીર આપોઆપ પ્રકાશી ઊઠે. આ પ્રજાનો લશ્કરમાં ઉપયોગ કરવામાં આવે તો યે સંરક્ષણના ક્ષેત્રમાં આપણને કેટલી રાહત મળે ? ભીલ સંસ્કૃતિનું સાચું દર્શન આજે તો બહુ જ જરૂરી છે.

કેળવણી : ભીલ બાળક છ–સાત વર્ષનું થાય એટલે બાપ જેને ત્યાં ચાકરી કરતો હોય અગર મા જેને ત્યાં કામ કરતી હોય, તેને ત્યાં ઢોર ચારવાને કામે લાગી જાય છે. ગોવાળિયા તરીકે દાખલ થાય છે. વીસ વર્ષ ઉપરાંતની ઉંમર થતાં પરણવા માટે ચાકર રહી રૂપિયા દોઢસો–બસો ઉપાડે છે. તે કન્યાના બાપને આપી પરણે છે. આ દોઢસો–બસો રૂપિયામાં ચાકરીનાં ચાર–પાંચ વર્ષ લખી આપે છે. ચાકરી દરમ્યાન ગેરહાજર અને ચાકર રાખનારની કુનેહ કહો કે દગાબાજી, પરંતુ વ્યાજનું વ્યાજ અને તેનું વ્યાજ ગણી કોઈક વખતે ઉપાડમાં થોડું ઘણું અનાજ અનેકગણા ભાવે આપી લેણાનો બોજ વધારે જ જાય છે અને તે છેવટ જીવનભરની ગુલામીમાં પરિણમે છે. પરણવા માટે કરેલા રૂપિયાનો ઉપાડ એટલે તો જાણે જીવનભરની કાળી ગુલામી !

આમ કેળવણીનું પ્રમાણ હજારે એકાદ ટકો અને તે પણ અક્ષરજ્ઞાન પૂરતું જ નીકળે.

નિર્દોષ માનસ : ભીલોનું માનસ બાળક જેવું નિર્દોષ છે. જેવા લાગણીથી ઉશ્કેરાઈ જાય તેવા જ સહેજમાં બધું ભૂલી પણ જાય. એને ગમે તેટલી વખત ઠગો પણ એ ઠગાતા જ રહે છે. સહેજ માનથી બોલાવો કે બધું જ વેર–ઝેર ભૂલી જાય એવી ઉમદા દિલની એ પ્રજા છે !

માંસાહારી ખોરાકને લઈને સ્વભાવ તેજ

બદલાતું જ રહે છે. સુવર્ણ એ જ એક સત્ય વસ્તુ છે. સમુદ્રના જળમાં તરંગોનું જ દર્શન થાય અને જળ દેખાય નહિ, તરંગો જળરૂપ જ છે, એ સમજાય નહિ અને તરંગોની ઉત્પત્તિ અને નાશમાં જ હર્ષશોકની પ્રતીતિ જણાય, તો માનવી શી રીતે શાંત બની શકશે ?

તેવી જ રીતે આ દુનિયાના પ્રત્યેક પદાર્થ, પ્રાણી અને બનાવની પાછળ એક અખંડ, અવિનાશી તત્ત્વ છુપાયેલું છે. તેનું દર્શન ન કરતાં પ્રત્યેક પ્રાણી, પદાર્થ કે બનાવમાં અનુકૂળતા કે પ્રતિકૂળતાનો આરોપ કરી સુખદુઃખની કલ્પનાઓ કર્યા કરીશું તો અનંતકાળે પણ સુખદુઃખની જડ નીકળવાની નથી. માટે અહર્નિશ તે અવિનાશી તત્ત્વને દૃષ્ટિ સમક્ષ રાખી સર્વ વ્યવહાર કરવાની ટેવ પાડીશું અને સુખદુઃખનો આરોપ કરવાની વૃત્તિનો ત્યાગ કરીશું તો દુઃખમુક્ત થવાની ચાવી આપણા હાથમાં જ આવીને પડશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ચીડિયો ખરો; પરંતુ બીજાને નુકસાન પહોંચાડવાની સહેજે વૃત્તિ નહિ. પેટનો ખાડો પૂરવા-ભૂલ્યાભટક્યા અનાજ-કપાસની સીમમાં ચોરી કરે છે. કોઈને પાયમાલ કરવાની દાનત જ નહિ. થોડું પણ દેવું એમને બહુ સતાવે છે. દેવાથી એ કોમ બહુ રિબાય છે. દેવાને એ મોટું દુ:ખ માને છે. શાહુકારથી બહુ જ ડરે છે.

પરણવા માટે પૈસા ઉપાડનાર ભીલ દેવા પેટે જિંદગીભરની કાળી ગુલામીમાં સબડે છે.

ભીલોનાં ગીતો અને સંસ્કૃતિ : કોઈ પણ જાતિનો ઇતિહાસ જાણવો હોય તો તેની દંતકથા, તે જાતિનું સાહિત્ય, લોકગીતો, ગરબા અને ભજનો ઉપરથી પણ જાણી શકાય છે. અત્યારે પછાત ગણાતી, જંગલી મનાતી ભીલ જાતિ તરફ નજર કરીશું તો જણાશે કે એ જાતિમાં વીરતા, સરળતા ઇત્યાદિ ગુણો છે. ઇતિહાસના પાન ઉપર ક્વચિત્ ચમકેલી આ જાતિ જણાઈ આવશે.

સંસ્કૃતના આદિકવિ વાલ્મીકિ, શ્રીરામચંદ્રજીની પરમભક્ત શબરી, અદ્વિતીય બાણાવળી એકલવ્ય-આ જાતિના શણગાર હતા, તે આપણે જોયું. મહારાણા પ્રતાપ અને છત્રપતિ શિવાજીની સાથે રહી પોતાના દેહનું બલિદાન દેતાં આ જાતિએ પાછી પાની નથી કરી. રાણી રૂપસુંદરીને વનમાં એમણે જ રક્ષણ આપ્યું. બાળકુંવર વનરાજને ઉછેરી, વનરાજને પાટણનો રાજા બનાવનારા ભીલો જ હતા.

ભીલો રાજ્યકર્તા હતા, રાજવંશી હતા. છેક ગઈ કાલ સુધી સાગબારા, વાડી, રાયસંગપુર, ઓંકારેશ્વર, (નળ) કાંઠા, ગૂંઠા, ડાંગનાં જંગલો ઇત્યાદિ સ્થળોએ ભીલોની રાજગાદીઓ મોજૂદ રહી હતી. શામળિયો સોડ ઇડરનો રાજા થઈ ગયો તે ઇતિહાસપ્રસિદ્ધ છે.

'ભાઈ તું ગરાસીઆનો બેટો રે, છોગા છલિયું વાગે;
ભાઈ તું રાજાનો બેટો રે, ફેંટે કલગીમાં ચમકે હીરો.
છોગા છલિયું વાગે...'

'રંગરસિયા રામસંગભાઈ રે, પાઘડીમાં રાખે ફૂલ રે...
ભાઈ રે ગરાસીઓ.'

આ ગીતો ભીલ સ્ત્રીઓ અત્યારે પણ લગ્નપ્રસંગે અને શુભ પ્રસંગોમાં ગાય છે:

'હાથ પ્રમાણે બંગડી હો રાજા,
ચાલોને પાવા જઈએ હો રાજા.

અને-

'ગામના વરતણીઆ તેડાવ, તેને ચોકી સુવડાવ:
રાણી મેલો માં એકલી રે.......'

ભીલો રાજ્યકર્તા હતા, રાજવંશી હતા, તેની સાબિતી આ ગીતો પૂરી પાડે છે. ભીલો સમૃદ્ધ હતા. એમને વાડી-વજીફા હતા, એવી સાબિતી પૂરી પાડતું ગીત અત્યારે પણ એ લોકો ગાય છે.

વાડીમાં જાંબુડાં પાક્યાં છે. જાંબુ ઉતારવા એક બાઈ વેઠિયો શોધવા નીકળી છે. તે વિચારે છે:

'લીલા જાંબુનો છોડ રે જાંબુ ઝોલાં મારે.
હું વેઠિયો ખોળવા નીકળી જાંબુ ઝોલાં મારે.
હું વેઠિયો કોને લઈશ રે? જાંબુ ઝોલાં મારે.'

એક ભીલ બાઈનો પતિ વહાણવટું કરી કમાઈને ઘેર આવી લાકડાંનો સુંદર મહેલ બંધાવી અંદર 'છત્રપલંગ-હીંડોળાખાટ મુકાવે છે:

પરણ્યો ગીયો પાલમે રે, ગમઃ ઘૂઘરી વાગે.
વેલે બેસી જાઉં રે પરણ્યા, „
લાંય હીંડોળા ખાટ રે, „
જતાં હીંચકો, લાખ રે, „
વળતાં હાલર ગાવ રે, „

તે વખતની સમૃદ્ધિનો ખ્યાલ આ ગીત આપે છે. તે સમૃદ્ધિ-આબાદી આજે નથી રહી. વેઠિયા ખોળવા જનારા જાતે વેઠિયા બન્યા છે. હીંડોળે બેસનારા હીંડોળાની દોરી ખેંચતા થયા છે.

ભીલ સ્ત્રીઓમાં શિયળરક્ષાની ભાવના હતી અને શિયળરક્ષા કાજે મરી ફીટવાની તાકાત હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સ્વરૂપવાન સુંદરીને જોઈ એક પાટણનો આદમી (પુરુષ) સ્ત્રી પર મોહી પડે છે અને એને ભોળવવા જાતજાતની લાલચો આપે છે; છતાં સુંદરી ભોળવાતી નથી અને જવાબ આપે છે:

પુરુષ-ચાલો મારી સાથે ચાલો રે, રોબારો.
સ્ત્રી-નહિ આવું તારી સાથે રે, રોબારો.
પુરુષ-લઈ જાઉં પાટણ શહેર રે, રોબારો.
સ્ત્રી-બળ્યું તારું પાટણ શહેર રે-રોબારો.
પુરુષ-નહિ આવે તો ઊચકી લઈ જાઉં રે-રોબારો.
સ્ત્રી-અડકે તો માથું તારું વધેરું રે-રોબારો.

પરપુરુષ અડકે-સ્પર્શે તો મરવા-મારવા જેટલી હિંમત હતી, શૌહર હતું, આત્મરક્ષા કાજે-શિયળરક્ષા કાજે 'માથું તારું વધેરુ રે-'નું બળ હતું. આ જાતની જ્યાં ભાવના હતી, ત્યાં વીરો જ પ્રગટે ને?

એક યુવાન બાગમાં ફરતાંફરતાં એક યુવતીને જોઈ મોહી પડે છે, મોહાવસ્થામાં ભાન ભૂલી તેની પાછળ દોડે છે. દોડનારની બહેન પોતાના ભાઈને પાગલ બની દોડતો જોઈ કહે છે:

'ના દોડ મારા વીર રે,
કાલે પરણાવું એના દેશમાં રે લોલ.
એ ના માને તો, એથી ચઢિયાતીને,
ગોટો મેલાવું ગુલાબનો રે લોલ.
દોડતાં આપણાં કુળ લાજે,
વીરને દોડવું ન છાજે રે લોલ.'

આમ કહી ભાઈને સમજાવે છે અને બાઈની શિયળરક્ષા કરે છે. કુળલાજને કેટલું મહત્ત્વ અપાતું અને એક સ્ત્રી બીજી સ્ત્રીનું શિયળ પોતાના જેટલું જ કીમતી માનતી અને રક્ષતી તેનું આ ઉદાહરણ છે.

ભીલોમાં વ્યંગગીતો ગવાતાં. દિવસના પરિશ્રમને લોકો હાસ્યવિનોદથી વીસરી જાય છે.

એક સંસારત્યાગી જોગી પરણે છે, ત્યારે તેની ફજેતી કેવી થાય છે તે તેની જ સ્ત્રીના શબ્દોમાં જોઈએ. સ્ત્રી કહે છે:

વેણ મૂઆ જોગીડા જોગણ કંઈ બાળે વેશ રે...ટેક
જોગીડાને કાજે મેં તો ડગલો મંગાવ્યો રે,
મેર મૂઆ જોગીડા, ગાભા ના મેલે રે. વેણ.
જોગીડાને કાજે મેં તો મહેલ બંધાવ્યો રે,
મેર મૂઆ જોગીડા ઝૂંપડી ના મેલી રે. વેણ.

એક સ્ત્રી પોતાના પતિને સવાયો આપીને વસ્તુ મંગાવે છે, પરંતુ સવાયો નહિ વાપરવાની સલાહ આપે છે અને વ્યંગમાં કહે છે:

'આજ પરણ્યા વાત કેવ સવાયાની.
સવાયાનું લૂગડું લાવજે,
પાલવ નવ ભૂલતો પરણ્યા, નખે વાપરતો સવાયો.'

આ વીર જાતિ જંગલમાં વસી, વાઘ અને સિંહ એમનાં નિત્યના સાથી બન્યાં. એક યુવાન ધણ ચારે છે. એ એક યુવતીને ચાહે છે. યુવતી એક ડુંગર ઉપર પોતાનાં પશુ ચારે છે. યુવાન યુવતી માટે કપડું લાવ્યો છે, તે યુવતીને આપવું છે; પરંતુ ડુંગર ઉપર જવાના માર્ગે વાઘ બેઠેલો છે. યુવાન કહે છે:

'મોંઘા મૂલનું લૂગડું આણ્યું, તને દેવાને,
દેવા આવું તો મારગડો રોકે, વનનો રાજા.'

યુવતી કહે છે:

'વનનો રાજા, રોજનો સાથીડો,
કાન આમળી ઝાલ, બોકડો બનાવ સાથીડાને.'

એના તે ભાર શા! યુવાન ડરે છે, ત્યારે યુવતી કહે છે:

સાથીડાથી ડરનારા, તારું મોઢું મને બતાવતો ના,
ચાલ્યો જા તારે મારગે, મારી વાટે આવતો ના.

કેટલી બહાદુર જાતિ!

એમના સમાજમાં પણ સાસુવહુના ઝઘડા થાય છે. વહુને સાસુ જમદૂત જેવી લાગે છે. આજે પણ સાસુવહુનો સંબંધ અજ્ઞાન સમાજમાં એવો જ છે. એક બાઈ પોતાના છોકરાની વહુને તેડવા જાય છે. વહુ સાસુને જોઈ ને નાસી જાય છે; પણ જ્યારે ધણી તેડવા આવે છે, ત્યારે દોડતી ઘેર આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પહેલે આણે મારી સાસુડી આવી. ફૂલવાડી.
હું તો મારજોડમારજોડ નાઠી હો લાલ. "
છેલ્લે આણે મારો પિયુજી આવ્યા. "
હું તો દોડતીદોડતી આવી હો લાલ. "

એક સાસુ પોતાના છોકરાની નવી પરણેલી વહુને પૂરું ખાવા આપતી નથી. ઘરનાં બધાં વાડીમાં કામે જાય છે, ત્યારે વહુ છાનીમાની કોઠીમાંથી ઘઉં કાઢી ઘઉં આપી ચીભડું લઈને ખાય છે. તે દિયર જુએ છે. દિયરને વિનવ્યા છતાં તે પોતાની સ્ત્રીને કહે છે. દેરાણી સાસુને, સાસુ સસરાને, સસરો પોતાના મોટા છોકરાને, છોકરો પોતાની સ્ત્રીને અને મોટી ભાભી એ સ્ત્રીના ધણીને વાત સંભાર ઉમેરી કહે છે. સ્ત્રીનો પતિ અત્યંત ક્રોધે ભરાઈ સ્ત્રીને કૂવામાં ફેંકી દે છે.

એ સ્ત્રીના ભાઈને પોતાની બહેનને કૂવામાં નાખી દીધાની જાણ થતાં તે આવી કૂવામાંથી પોતાની બહેનને કાઢી પૂછે છે:

'બેની શું શું ગુનો કીધો, કે કૂવામાં નાખ્યાં રે?'

બહેન કહે છે:

'ભાઈ, ઘઉં લાવી ચીભડું ખાધું,
મહિયેરિયું ચીભડું રે..'

આટલા નાના ગુના માટે આટલી આકરી સજા થતી. એ સ્ત્રીનો ભાઈ પોતાના બનેવીને સમજાવે છે. ધણી સમજે છે અને પોતાની સ્ત્રીને તેડી જઈ જુદો રહે છે.

સાસુને ત્યાં અને વહુને ત્યાં મહેમાન આવે છે. સાસુ મહેમાનોની સરભરા કરે છે, તેના કરતાં વહુ મહેમાનોની અનેકગણી સારી મહેમાનગીરી કરે છે. મહેમાનો સારી સરભરા થવાને કારણે વહુનાં વખાણ કરતા જાય છે. વહુનાં વખાણ સાંભળી સાસુ ક્રોધે ભરાય છે અને ક્રોધમાં હાથમાં સાંબેલું લઈને મારવા દોડે છે. વહુ પણ સાંબેલું લઈ સામી થાય છે અને સાસુનું સાંબેલું ભાંગી નાખે છે. સાસુ વહુનો ચોટલો પકડે છે, ત્યારે વહુ કાન પકડી કહે છે:

'સાસુએ ઝાલ્યો ચોટલો રે કાંટા લેરીઓ.
મેં ઝાલ્યો તેનો કાન હિયરિયા, લીંબાળી રે.
છોડોને બાઈજી ચોટલો રે, કાંટા લેરીઓ.
નહિ તો જશે તારો કાન, હિયરિયા લીંબાળી રે...'

ગીત પરથી એમ લાગે છે કે માની મદદમાં નાનો છોકરો–એ બાઈનો દિયર આવ્યો હશે અને સાસુએ વહુનો ચોટલો પકડતાં વહુએ–ભાભીએ દિયરનો કાન પકડ્યો હશે. છોકરાનો કાન બચાવવા માએ વહુનો ચોટલો છોડી દીધો હશે.

હિંદુ સંસારમાં સ્ત્રીઓને સૌથી મોટું શાલ શૌકનું સાલે છે.

એક બાઈને ત્યાં સાસુ, સસરો, દિયર, જેઠ, નણંદ વગેરે મહેમાન આવે છે. તેમને સારીસારી વાનીઓ બનાવી ખવડાવે છે. તેમના ગયા પછી શૌક આવે છે, ત્યારે છાશ, ભડકું, કાચુંપાકું ખવડાવી માંદી પાડી દવા કરે છે. એ દવા કેવી?

'આકડા ધંતુરાનું મૂળિયું મેમાન છે,
ઘસીઘસીને પાઉં રે મારી શૌક મેમાન છે.
શૌક તો મારી મરી પડી મેમાન છે,
કેમ કરી કામે જાઉં? મારી શૌક મેમાન છે.
ચૂલામાં છાણું ચાંટ્યું, મેમાન છે.
ધુમાડે આંસુ આવે, મારી શૌક મેમાન છે.
એને કાળજડે ટાઢ દેઉં મારી શૌક મેમાન છે.'

જ્યાં જોશો ત્યાં ધર્મને નામે ધતિંગ ચલાવનારા કહેવાતા વેરાગી પણ વર્તને બૈરાગી, પાખંડી માલ–મલીદા ઉડાવી ખાનારા બાવાઓ, સ્ત્રીઓને ધા–ધુપા કરી–આડે માર્ગે દોરી પાપલીલા કરે છે. આવો એક બાવો કૂવાકાંઠે ધૂણી ધખાવી પડ્યો હતો. તેણે એક બાઈને ભોળવવા પ્રયત્ન કર્યો. બાઈએ જવાબ આપ્યો:

તારી વાંસળી વાગી તનમેં રે જોગીડા.
હું શું સમજાવે મનમેં રે જોગીડા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારી તૂટી પથારીમાં કોણ સૂવે રે જોગીડા.
હું તો પલંગની પોઢનારી રે...જોગીડા.
તેં ભસમ ચોળી તનમેં રે જોગીડા.
હું તો અમ્બરને ઓઢનારી રે જોગીડા.
મારી હામે નેન કીધાં તેં રે જોગીડા.
હું તો ઊભો ચીર્યા વના ન મેલું રે જોગીડા.

બાવો ચીપિયો ઉપાડી ભાગ્યો. આવી સતીત્વની રક્ષા કરનાર બહાદુર એ સ્ત્રીઓ હોય છે.

એ જ ગામમાં એ જ બાવાનો એક શિષ્ય જે સ્વરૂપવાન અને યુવાન હતો તેને એ જ બાવાએ મોકલ્યો. એણે પણ કૂવાકાંઠે અડ્ડો જમાવ્યો. સોનાનું બેડું રૂપલા ઉઢેણી મૂકી ભીલકન્યા સખી સાથે કૂવે પાણી ભરવા જાય છે. ત્યાં યુવાન જોગી જંતર (લાકડાનું તાર બાંધેલું વાજિંત્ર) વગાડે છે. જોગીના જંતરના અવાજે સૌ મુગ્ધ બન્યાં છે. આ ભીલકન્યા પણ મોહ પામી ઊભી રહે છે. એની સાથે આવેલી સહિયર બેડું ભરી ચાલી જાય છે. ભીલકન્યાનો મોહાવેશ દૂર થતાં એ પોતાનું બેડું ચઢાવવા સહિયરને જુએ છે. તેને જતી રહેલી જોઈ જોગીને બેડું ચઢાવવા કહે છે. જોગી બેડું ચઢાવે છે. એ ઘેર આવે છે. માતા પૂછે છે. એ બહાનાં કાઢે છે.

માતા દીકરીને સાચું કહેવા કહે છે. દીકરી કહે છે:

'કૂવાને કાંઠે જોગી જંતર વગાડે જો.
જંતરની માયા મને લાગી રે–ભરથણી.'

છતાં માતાને સંતોષ નથી થતો. માતા પૂછે છે:

'સાચું બોલો દીકરી, શાને ધમકાવું જો.
જૂઠું બોલો તો, જીભડી કાપું રે–ભરથણી.
જૂઠું બોલો તો તારી સહિયરને પૂછશું.'

જવાબ આપે છે:

'માડી રે સહિયર જનમની જૂઠી રે,
જૂઠું નથી કે'તી મારી માવડી.
જૂઠું કહું તો દેવની આણ મને માવડી.
સાચું કહું છું મારી માવડી રે–ભરથણી.'

ભીલો જંગલોમાં મિલકતોવાળા હતા. રેલવે અને મોટરો જંગલોમાં દોડતી થઈ તે સાથે જ એમની મિલકતો ગઈ. મિલકત ખોતાં મહેનત–મજૂરી–ચાકરી કરી પેટ ભરતા થયા. તેમ પણ પેટ ન ભરાતાં ચોરી કરતા થયા અને ચોરીને લઈને હાજરીની વળગાડ ચોટી.

'છેક સડક બંધાવો ઊંચી,
તમે ધીરે ગાડી હાંકો રે ઓ ટોપીવાળા!
ચોથા જુગના તારા મલકના રાજા,
તારી ગાડીમાં ભરી બાજરી.
એ બાજરી એટલી હાજરી રે ઓ ટોપીવાળા!
ચોથા જુગના તારા મલકના રાજા.'

મુસલમાનોના ત્રાસથી ભીલ સ્ત્રીઓ બીબી બને છે. ફકીરો પોતાની ભ્રામક જાળમાં ફસાવે છે અને એ સ્ત્રીઓ ઉપર કેવા જુલમ ગુજારે છે, તે નીચેના ગીત પરથી સમજાશે.

'ઝાંપે દીધાં પાટિયાં, દરવાજે દીધી ખીલી રે,
ખીલી પડી ઢીલી, મને ટોપીવાળે ઘેરી રે,
કે' બીબી બન ની'તો, ઊભી મેલું ચીરી રે,
ટોપીવાળા તારા રાજમાં,
મને ઉઘાડી હાટકે મારી રે.
ટોપીવાળા તારા રાજમાં.
મોંમેં થૂંકી મને બીબી કીધી રે.'

×

ટોપીવાળા તારું નામ ના જાણું, નામ તો
મુસલમાન રે.

ખ્રિસ્તી ધર્મપ્રચારકો જંગલેજંગલે મિશનો ચલાવે છે.

આપણા સંસ્કૃતિ પામેલા સમાજે ભીલોને તરછોડ્યા. એમના નામ પાછળ પ્રત્યય લગાડ્યા. એમનાં નામને પણ બગાડ્યાં.

રેવાશંકર, શિવશંકર, ગણપતરામ, મહીપતરામ–આમાં શંકર ને રામ, બ્રાહ્મણસૂચક છે. નટવરસિંહ, ગોપાલસિંહ, સત્યસિંઘ, એ સિંહ, સિંઘ ક્ષત્રિયસૂચક છે. ચીમનલાલ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણિલાલ, કરસનદાસ, લક્ષ્મીદાસ–એ લાલ ને દાસ વૈશ્યસૂચક છે.

ત્યારે ભીલોનાં નામ પાછળ 'યો' કે 'લો' પ્રત્યય લગાડવામાં આવે છે. શિવલો, ગણપતિયો, મહિપતિયો: ગોપાળિયો, સતિયો: ચીમનિયો, મણિયો, કરસનિયો: લખિયો, રામલો, શામલો વગેરે વગેરે... એ 'યો' કે 'લો' લાગેલું નામ, એટલે ભીલ. આ નર જાતિનાં નામ થયાં, એવી જ રીતે નારિ જાતિનાં નામ:

ઉજળિયાત	રતન	ભીલ	રતની.
,,	મણી	,,	મણકી.
,,	ભૂરી	,,	ભૂરકી.
,,	સૂરજ,સૂરી	,,	શૂરકી.
,,	દેવકી,દેવબા	,,	દેવલી.
,,	રેવા	,,	રેવલી.

આમ આપણી એ જાતિનાં નામોને પ્રત્યય લગાડી નામ ઉપરથી ઓળખાતાં કર્યાં. ખ્રિસ્તીઓએ રેવલાને રેવરન્ડ અને શામલાને સ્માર્ટ બનાવ્યા. સ્ત્રીઓને રેવલીને રેવર્ડ અને શામલીને સ્માર્ટી બનાવી ગાતાં કર્યાં.

'ઈસુને શરણે આવો રે, અવસર છે છેલ્લો.
આંધળાને દેખતા કીધા, ઈસુએ,
આંધળાને દેખતા કીધા રે લોલ.
પાંચ હતી રોટલી ને બે હતી માછલી,
પાંચ હજારને જમાડ્યા રે લોલ.'

પણ પૂજ્ય ઠક્કર બાપા, પૂજ્ય રવિશંકર મહારાજ અને શ્રી. કલ્યાણજીભાઈ વિઠ્ઠલભાઈ મહેતાના ભગીરથ પ્રયાસે, તેમ જ જ્યાંજ્યાં મીશન પડ્યાં, ત્યાંત્યાં આર્યસમાજીઓએ ડેરા–તંબૂ ઠોક્યા તેને લીધે એ જાતિને હવે પોતાના પ્રાચીન ગૌરવનું ભાન થયું છે અને પાછા એ પોતાના મૂળ ધર્મમાં આવતા જાય છે અને ગાય છે:

'હિંદુ હતા ને હિંદુ છીએ, જુઓ માથે ચોટી રે,
ખ્રિસ્તી લોકોએ ભમાવી માર્યાં, વાતો તેમની ખોટી રે.'

×

પૂર્વજ અમે ક્ષત્રિય વીરોના, જન્મ્યા કૃષ્ણ ને રામ,
ભીમ, અર્જુન આદિ વીરો, જેવા બનશું તમામ.
અમે સૌ ભારતનાં સંતાન.
વીર વાલ્મીકિ, શબરી માતનાં,
વીર જાતિનાં સંતાન,
અમે સૌ ભારતનાં સંતાન.'

જે જંગલમાં વસતી કોમોનાં–આરજૂહા–હે...સરજુ–ગીતો સ્વ. ઝવેરચંદ મેઘાણી જણાવી ગયા છે, તેવાં જ ગીતો–સરજુએ આરજૂ અને ભીલોમાં ગાવામાં અતિ પ્રચલિત છે.

કોઈ મોટા મેળામાં–ચકડોળોમાં બજારોમાં એકબીજાના ગળે હાથ લપેટી આ ભીલ લોકો સરજુઓ ગાય છે. જેમ રાત્રિ જામતી જાય છે તેમ એમની સરજુઓની મીઠાશ અને હલક પણ વધતી જાય છે.

હોળીનો તહેવાર એમનો મુખ્ય તહેવાર છે. હોળી પ્રગટાવાના સમયે દારૂમાં ચકચૂર થઈ, એકબીજાના ગળામાં હાથ લપેટી સરજુઓ (એમની ભાષામાં–છેલિયા) ગાતા તેઓ આવે છે. રાત બધી બેબે–ચારચારની ટુકડીમાં સરજુઓ ગાતાં નાચે છે. સ્ત્રીપુરુષ સાથેનું એમનું સમૂહનૃત્ય કોઈ પણ અંગ્રેજી નૃત્યને ઝાંખું પાડે એવું હોય છે.

એ લોકો એક વખત જે તરફ વળે તે તરફથી એમને વાળવાની ભાગ્યે જ કોઈનામાં તાકાત હશે. સામે પૂરે અને સામી આવતી આફતે એ ખડ્ગ સમા સામા ઊભા રહે છે. એમની વાણીમાં કડવાશ કે લુચ્ચાઈ નથી. એ વફાદાર માલિક ખાતર મરી ફીટનારા છે. એમનામાં કુનેહ નથી. કામ સોંપો એ ગમે તે પરિસ્થિતિમાં પણ કરી છૂટશે. એમની જરૂરિયાત બહુ જ ઓછી–ભારતનાં વનેવન એમણે પગ તળે રગડેલાં છે. આવી છે ભીલ–જાતિની સંસ્કૃતિ!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપસ્વીની તેજધારા

શ્રી રતુભાઈ શેઠ

સૂર્યના સર્વ અંશો જેમ તેનાં કિરણમાં હોય છે, તેમ તપસ્વી પુરુષોના સર્વ અંશો તેમના જીવનમાં બનતા નાના કે મોટા સર્વ બનાવોમાં ઝિલાય છે; અને જીવનભરની તેમની ફિલસૂફી એમાં યે જોવા-જાણવા મળે છે. આખું જીવનચરિત્ર વાંચતાં જે મહત્તાની ઝાંખી ન થાય, જે પ્રકાશ ન જણાય તે ઝબકારો એવા નાનકડા પ્રસંગોમાં કેટલીક વાર આપી જાય છે.

શેખસાદી ઈરાનના મહાકવિ હતા. નાના હતા ત્યારે તેઓ તેમના પિતા સાથે એક વખત હજ કરવા ગયા. ત્યાં એવો નિયમ હતો કે દરેકે સવારમાં વહેલા ઊઠી નમાજ પઢવી.

એક વખત નિયમ પ્રમાણે પિતાપુત્ર વહેલા ઊઠ્યા. બીજા યાત્રાળુ હજુ સૂતા હતા. શેખસાદીએ તેમના પિતાને કહ્યું: 'બાપુજી, આ લોકો કેવા આળસુ છે કે નમાજ પઢવાનો સમય થયો છે છતાં હજુ સૂતા છે?'

'બેટા' પિતાએ કહ્યું: 'તું પણ સૂઈ રહ્યો હેત તો સારું થાત.'

'કેમ પિતાજી?' સાદીએ આશ્ચર્યથી પૂછ્યું.

'કારણકે આવા પવિત્ર સમયે તું પારકાની નિંદા કરવાનું પાપ તો ન કરત!'

*

પ્રભુ મહાવીરના વિરોધી ગોશાલકે તેમને મારી નાખવા તેમના પર તેજોરેષા નાખી. પ્રભુ મૃત્યુ ન પામ્યા પણ બેભાન થઈ ગયા.

લોકોને ખબર પડી. એક પછી એક સૌ આવવા લાગ્યા. બહાર કોલાહલ વધી ગયો. પ્રભુના શિષ્યે બહાર આવી કહ્યું: 'ભાઈઓ, શાંત થાઓ, પ્રભુ મૃત્યુ નથી પામ્યા, માત્ર બેભાન જ થયા છે; ધીરેધીરે શુદ્ધિમાં આવતા જાય છે.'

એટલામાં અંતર્વેદના સહન ન થવાથી સામેથી જ ગોશાલક દોડતો પાછો આવ્યો, પ્રભુ પાસે ક્ષમા માગવા.

શિષ્યો ઉચ્ચાર કરી રહ્યા હતા: 'નમો અરિહંતાણં, નમો અરિહંતાણં, પ્રભુ બચી ગયા છે!'

ગોશાલકને જોતાં જ લોકો તેને મારી નાખવા તૂટી પડ્યા.

'શાંત થાવ.' મહામહેનતે બહાર આવી પ્રભુએ લોકોને શાંત પાડ્યા.

'છોડી દો, એને મારી પાસે આવવા દો.' ઉશ્કેરાયેલું ટોળું માનતું ન હોવાથી અંતે પ્રભુ વચ્ચે પડ્યા, કહ્યું: 'પહેલાં મને મારો, પછી એને મારજો.' ટોળું શરમાઈને બાજુએ ખસી ગયું. ગોશાલક પ્રભુચરણે નમી પડ્યો.

*

સ્વામી વિવેકાનંદ અલવરમાં દીવાન રામચંદ્રને ત્યાં ઊતરેલા.

વાતચીત પરથી અલવરપતિ મંગલસિંહે કહ્યું: 'સ્વામી, મૂર્તિપૂજા પ્રત્યે મને બિલકુલ શ્રદ્ધા નથી, લાકડી અથવા ધાતુના ટુકડામાં ઈશ્વર ભરાયો છે એમ માનવું અને તેની પાછળ શક્તિ વેડફી દેવી તેને હું મૂર્ખતા માનું છું.'

તરત જ સ્વામીજીએ પોતાના એક શિષ્ય પાસે દીવાનના રૂમમાં લટકતો મંગલસિંહનો ફોટો મંગાવ્યો અને દીવાન રામચંદ્રને કહ્યું: 'આના પર થૂંકો.'

'આપ આ શું કહો છો?' દીવાને ગભરાઈને કહ્યું: 'આ તો અમારા પાલક મહારાજા છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા મહારાજા તો મારી સાથે વાતચીત કરી રહ્યા છે, સ્વામીએ કહ્યું 'તમારા હાથમાં તો કાગળનો ટુકડો છે, એમાં મહારાજા ક્યાંથી ભરાયા ?'

'એ તો મહારાજાનો ફોટો છે.'

'ત્યારે' સ્વામીજી એ કહ્યું 'મૂર્તિ એ પણ ભગવાનનું પ્રતીક છે. ભક્તજનો એને પથ્થર માનીને નહિ, પણ ભગવાન માનીને પૂજે છે, સમજ્યા ?'

મંગલસિંહને બરાબર સમજણ પડી.

*

હજરત ગોસની બાજુમાં એક વિચિત્ર પાડોશી રહેતો હતો. જ્યારેજ્યારે હજરતના ઘરમાં નમાજ પઢાતી ત્યારેત્યારે તે વાજાં અને ઢોલ વગાડતો.

એક દિવસ નમાજ પઢવાના વખતે કોલાહલ વધી ગયો. હજરતના શિષ્યોએ કહ્યું: 'સાહેબ આટલો બધો કોલાહલ આપ શા માટે ચલાવી લો છો?'

'તમે કોલાહલ સાંભળ્યો ?' હજરતે પૂછ્યું:

'જી.'

'ત્યારે તો તમારું ચિત્ત નમાજની બહાર હોવું જોઈએ.'

શિષ્યો નિરુત્તર બની ગયા.

*

શિવાજીના ગુરુ કોંડદેવે ફરમાન કાઢ્યું હતું, કે શિવાજીના બાગમાંથી માળીની રજા સિવાય કોઈએ કંઈ પણ તોડવું નહીં, પરંતુ એક દિવસ બાગમાં આમથી તેમ ફરતાં ભૂલથી ગુરુ કોંડદેવ પોતે જ થોડાંક ફળ તોડી બેઠા.

તોડ્યા પછી તરત જ તેમને પોતાનું ફરમાન યાદ આવ્યું. અને પોતાની ભૂલ માટે તરત જ પોતાનો જમણો હાથ કાપી નાખવા તૈયાર થયા. એ જ વખતે અચાનક ત્યાં આવી ચઢેલા શિવાજી મહારાજ અને માતા જીજીબાઈ તેમને પગે પડી તેમ ન કરવા વિનવવા લાગ્યાં:

'હોય, ગુરુદેવ ! એક ભૂલ તો સૌ કોઈથી થઈ જાય.'

'પણ આવી ભૂલ તે હોય ? હું જ ફરમાન કરું અને હું જ ભંગ કરું ?'

'એમાં શું થઈ ગયું? આ બાગ તમારો જ છે ને ?'

'ના, ના, એ કંઈ ન બને ?'

'તો એમ કરો, એ માટે તમારા ખમીસની અડધી બાંય કાપી નાખો.' જીજીબાઈએ કહ્યું.

અને ગુરુએ એ ભૂલની યાદગીરી તરીકે પોતાના ખમીસની જમણી બાંય જિંદગી સુધી કાપેલી જ રાખી !

*

પોતાની ઝૂંપડીના આંગણામાં બેસી અબ્રહામ દરરોજ ભૂખ્યાતરસ્યાને ખવડાવીને પછી જ ખાતા.

એક દિવસ એક ડોસો આવ્યો. અબ્રહામે તેને જમાડ્યો. ડોસાએ જમતાંજમતાં કે જમી રહ્યા પછી પણ ભગવાનનું નામ ન લીધું કે પાડ ન માન્યો. એટલે અબ્રહામે કહ્યું: 'તું તે કેવો માણસ છે, ભગવાનનો ઉપકાર પણ નથી માનતો !'

ડોસો અગ્નિપૂજક હતો, એટલે તે બોલ્યો:

'ઈશ્વર છે જ નહીં, હું આજ સો વર્ષથી તેનો ઇન્કાર કરતો આવ્યો છું.'

અબ્રહામે ગુસ્સે થઈ ડોસાને કાઢી મૂક્યો. તે જ રાત્રે તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં દેવદૂતે પુછ્યું: 'આવી ઠંડીમાં તેં પેલા ડોસાને કેમ કાઢી મૂક્યો ?'

'નાસ્તિક છે નાસ્તિક! એ પ્રભુનો ઇન્કાર કરે છે.'

'એક દિવસ પણ તારાથી સહન ન થયું?' દેવદૂતે શાંતિથી કહ્યું: 'પ્રભુ તો સો સો વર્ષથી સહન કરતો આવે છે.'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવામૂર્તિ હરિભાઈ

અધ્યા. ધીરજલાલ પરીખ
એમ. એ.

અંધારા ખૂણામાં જન્મી આસપાસના પ્રદેશને અજવાળી જનાર ને મહાન તરીકે ન ખપનાર મૂગા સેવકો–ઘરદીવડાઓના પ્રકાશનાં મૂલ્ય ઓછાં નથી. રાષ્ટ્રની ઝળહળતી દીપમાળામાં અબોલ જલતા આ અગણિત દીવાઓ મહત્ત્વની સેવા બજાવે છે. સંયોગોને અભાવે ને શરમાળ સ્વભાવને લીધે પ્રશસ્તિથી દૂર ભાગનાર એક ખાનદાન લોકસેવકની અહીં અપાતી આછી પરિચય–રેખામાંથી પણ હરિભાઈના સ્વભાવની સુવાસ તો અનુભવાય છે જ. પરિચયકાર અધ્યા. પરીખ કવિ અને કેળવણીકાર છે.

સમુદ્રના અંતરતમ પેટાળમાં છુપાયેલા રત્ન સમું અને વેરાન અરણ્યમાં વિકસી ખરી પડેલ કુસુમકળી જેવું હરિભાઈનું જીવન દુન્યવી પ્રકાશથી અદૃશ્ય અને ઇતિહાસ-નવેશોથી અસ્પૃષ્ટ રહ્યું છે. સાહિત્ય, સમાજ, રાજકારણ, સંસ્કૃતિ ઇત્યાદિ અનેક ક્ષેત્રોમાં એમનો ફાળો બહુમૂલ્ય હોવા છતાં એકેય ક્ષેત્રમાં એમની સેવાઓની નોંધ ઇતિહાસ-પ્રસિદ્ધ થઈ નથી, કે કોઈએ એમની યશગાથા ગાઈ નથી. હરિભાઈનું સમગ્ર જીવન સેવા-મંત્રના ભાષ્ય સમું હોવા છતાં–ને કદાચ તેથી જ–પ્રશસ્તિથી એ અલિપ્ત જ રહ્યું છે.

હરિભાઈનો જન્મ કપડવંજમાં સને ૧૮૮૧ના સપ્ટેમ્બરની ૪થી તારીખે થયો હતો. ઓગણીસમી સદીની છેલ્લી વીસી એ એમનો બાલ્યકાળ. એ રીતે ભારતવર્ષના અનેક રાજકીય હિતચિંતકોના એ સમોવડિયા હતા.

વિદ્યાર્થી હરિભાઈ ઓછાબોલા હતા. પૂછ્યા વિના કાંઈ ન કહેવાની એમની ટેવને લઈને એમના પિતાશ્રી દ્વારા 'સહદેવ જોષી'નું બિરુદ એમને મળ્યું હતું. હરિભાઈ જેટલા ઓછાબોલા હતા, એટલા જ સત્યપ્રિય હતા. દશબાર વર્ષની ઉંમરે એકવાર માસ્તર-ને ત્યાં લેસન કરવા જવાનું નામ લઈ, એક છોકરાની સાથે 'ભારતની કથા' સાંભળવા ગયેલા. તે સિવાય તેઓ કદી જૂઠું બોલ્યા નથી.

હરિભાઈના કૉલેજજીવન દરમિયાન એમના પિતાશ્રી નોકરી અંગે ભરૂચમાં હોઈ, અવારનવાર હરિભાઈ ભરૂચ જતા. તે કાળે હરિભાઈ લગ્નગ્રંથિથી જોડાઈ ગયા હતા.

કૉલેજમાં ઇતિહાસ અને અર્થશાસ્ત્રનો વિષય સારી રીતે ખેડ્યો હોઈ બી. એ. ની ઉપાધિ મેળવ્યા પછી હરિભાઈની વૃત્તિ વેપારી ક્ષેત્રમાં કામ કરવાની થઈ.

થોડો સમય પ્રાગજી સૂરજીની પેઢીમાં કામ કર્યા પછી સને ૧૯૦૬માં ઉમરેઠ જ્યુબિલી ઇન્સ્ટિટ્યૂટમાં હેડમાસ્તર તરીકે શરૂઆતમાં કામ કરીને બીજે જ વર્ષે વડોદરા હાઈસ્કૂલમાં ફ્રેંચ શિક્ષક તરીકે, વડોદરા રાજ્યના કેળવણી ખાતાની નોકરીમાં જોડાયા.

શ્યેન પક્ષીના જેવા નાકવાળા, ઊંચાઈમાં ઠીકઠીક, લલિત ગતિવાળા, પવનના સપાટા સાથે ઊડી જાય એવા સુકલકડી શરીરવાળા હરિભાઈ વડોદરા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓના પ્રિય 'માસ્તર સાહેબ' બન્યા. એમની રહેણી-કરણીમાં ત્યારે પણ સાદાઈ જ હતી. મૂઠીમાં માઈ જાય એવો નાજુક ફેંટો, એક સાદો લૉન્ગ કોટ, અરે, કંઈક પંચિયાને મળતું એક ધોતિયું–એ એમનો નિત્યનો પહેરવેશ હતો. આવા સાદા પોશાકમાં પણ પહેરવાની કલામય પદ્ધતિને લીધે શરીરની પ્રત્યેક હિલ-ચાલમાં સૌન્દર્યાભિમુખતાને લીધે અને મિતાક્ષરી તેમ જ સુસ્પષ્ટ મૃદુ વાણીને લીધે, એમણે ઘણાનું ધ્યાન ખેંચેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડોદરા કૉલેજમાં તાતા કુટુંબ તરફથી ફ્રેંચ પ્રોફેસરની જગા થતાં ફ્રેંચ અધ્યાપક પ્રો. શીલ્લીપી આવ્યા. ફ્રાન્સની સાચી ઓલાદના એ પ્રતિનિધિ ગણાતા પ્રોફેસર સાથે ફ્રેંચ ભાષામાં વાત કરી શકે એવા વડોદરામાં બે માણસો જ હતા. એક શ્રી. અબ્બાસ તૈયબજી (તે વખતના જજ સાહેબ) અને બીજા શ્રી. હરિભાઈ.

ફ્રેંચ સાહિત્યના વિપુલ વાંચનથી એમાંના લાક્ષણિક હાસ્યરસનો પરિચય હરિભાઈને એટલો બધો થયો હતો કે અનેક પ્રસંગોએ એમાંના મીઠી મજાકવાળા તુક્કાઓ સંબંધીઓ, મિત્રો અને શિષ્યોને અવારનવાર તેઓ સંભળાવતા. ઓછાબોલા છતાં એમની વાણીમાં 'માર્ક ટ્વેઈન' કે 'આનાતોલ ફ્રાંસ–'ને મળતો એવો સૂક્ષ્મ, ઝીણી બુદ્ધિથી ગ્રાહ્ય વિનોદ સભર ભર્યો હતો.

હરિભાઈની આંખ, ઊછરતી વિદ્યાર્થી આલમ ઉપર હેતથી મીટ માંડતી જેમણે જોઈ હશે, તેને એના અદ્‌ભુત જાદુની ખબર હશે જ. એ શાંત આંખોમાંથી ભાવિ પ્રજાના સ્રષ્ટાઓ ઉપર મૂંગા આશીર્વાદ વરસતા અને ઉજ્જ્વળ ભવિષ્યના સ્વપ્નપ્રદેશમાં વિહરનાર આર્ષદૃષ્ટિ જાગી ઊઠતી. હરિભાઈ નાનાઓ જોડે એમના જેવડા ન હોય એવી સરળ, નિષ્કપટ વર્તણૂક દાખવતા અને એમની વિચારસરણીએ ઊતરી એમની જોડે વિચાર કરવા લાગતા. આમ છતાં અત્યંત વિનયી તથા સુધારક મનાતા માસ્તર હરિભાઈ પ્રાચીન ગુરુ-શિષ્ય સંબંધની પ્રણાલીમાં માનતા ને એ પ્રણાલી પળાવવાના આગ્રહી પણ હતા. આથી શ્રીમંત ગાયકવાડ કુટુંબના કુમારો પણ વિશેષ જ્ઞાનોપાર્જન માટે હરિભાઈને ઘેર જવું પસંદ કરતા.

હરિભાઈ એટલે પ્રેમ, નમ્રતા અને સમભાવ. વિદ્યાર્થીઓ અને મિત્રોને આકર્ષતો કોઈ જાદુ એમનામાં હોય તો આ હતો.

એમ પણ કહેવાય છે કે હરિભાઈને ત્યાં આવનાર પ્રત્યેક મહેમાન પોતાનાં દુઃખોનું પોટલું, પગથિયાં ચઢતાં ઓટલા ઉપર જ મૂકીને આવતો હોય, એમ અનુભવતો. હરિભાઈને ત્યાં મહેમાનોની અવરજવર એટલી બધી જાણીતી થઈ ગઈ હતી કે, ભરૂચમાં હતા ત્યારે સ્ટેશન ઉપર કોઈ ખાદીધારી સજ્જનને આવતા જોઈ ગાડીવાળો તરત જ પૂછતો કે 'હરિભાઈ માસ્તરને ત્યાં જવું છે ને?'

હરિભાઈનું ગૃહજીવન અનેકાનેક રીતે લોકોત્તર હતું. કોઈ પણ પ્રકારે અન્યને ઉપયોગી થવાની ભાવના ઉપરાંત 'દુભાયે લોક ના જેથી લોકથી ન દુભાય જે' જેવી ગીતાભાખી ભાવના એમણે જીવનમાં મૂર્ત કરી હતી.

મહાત્મા ગાંધીજી અમદાવાદ આવીને વસ્યા ત્યારે હરિભાઈ પ્રત્યેક શનિવારે વડોદરાથી અમદાવાદ જઈ હાજરી આપતા અને સાચા ભક્તહૃદયથી ત્યાંની પ્રવૃત્તિ નિહાળતા. મહાત્માજી વિષે ઘણુંઘણું જાણવાની એમને ભૂખ લાગી. સરકારે જે પુસ્તક જપ્ત કર્યું હતું તે 'હિંદ સ્વરાજ'ની હસ્તલિખિત પ્રત મેળવી પોતાના મિત્ર શ્રી. કલ્યાણરાય જોષી સાથે સહવાચન આરંભ્યું. શ્રી જોષી આ સંબંધમાં લખે છે, કે 'ભાઈ હરિલાલ તો આ પુસ્તકના સિદ્ધાંત ઉપર આફરીન થઈ ગયા. તે દિવસથી તે છાનાછાના ગાંધીજીના ભક્ત બન્યા.' ત્યારથી હરિભાઈને ગાંધીજીના સિદ્ધાંતો પ્રત્યે અહોભાવ જાગ્યો, તે એમની તિતિક્ષાવૃત્તિ દિવસેદિવસે બળવત્તર થવા લાગી.

દરમિયાન હરિભાઈ વડોદરાથી પોતાના વતન કપડવંજમાં આવતા જતા ને પોતાના જ્ઞાન તથા સૌજન્યનો લાભ સ્વજનો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્રોને આપતા રહેતા. શાળા કરતાં પુસ્તકાલયની અસર વિશેષ વ્યાપક છે તે સત્ય એમને સમજાયું, ને તેથી ૧૯૧૬ના ઑક્ટોબરમાં નાના પાયા પર વાચનાલય તથા પુસ્તકાલયની શરૂઆત કરી. આ પછી હરિભાઈએ કપડવંજની અનેક રીતે સેવાઓ કરી છે, પરંતુ એમની સૌથી પહેલી અને કદાચ સર્વશ્રેષ્ઠ સેવા તે પુસ્તકાલયની સ્થાપના કરી એ છે.

પોતે તો નાનપણથી જ સ્વદેશપ્રેમથી તરબોળ હતા એટલે સ્વદેશી વસ્તુઓ વાપરતા, અને પોતાના વિદ્યાર્થીઓને પણ સ્વદેશી વસ્તુઓ વાપરવાની સલાહ આપતા. સ્વદેશીના પ્રચાર માટેની હરિભાઈની લગની એટલી બધી તીવ્ર હતી કે કૉલેજમાં કોઈ વિદ્યાર્થીને છ આનાનો દેશી રૂમાલ અથવા એક આનાનો દેશી સાબુ જોઈતો હોય તો પોતે ચાર માઈલનો ફેરો ખાઈને પણ એને સ્વદેશી વસ્તુ લાવી આપતા. એક વિદ્યાર્થીને એકવાર એમણે ખાદીનો તાકો ભેટ આપ્યો હતો. ખાદીધારી બનેલા એ ભાઈ જણાવે છે કે 'એ ખાદીનો તાકો જો મને હરિભાઈ તરફથી ભેટ ન મળ્યો હોત તો કદાચ મેં ખાદી ધારણ જ ન કરી હોત!'

હરિભાઈ ધીમેધીમે ગાંધીજીના ગાઢ પરિચયમાં આવ્યા. એમની સ્વદેશભક્તિ, હૃદયની સરળતા, સંપૂર્ણ ન્યાયવૃત્તિ અને કાર્યદક્ષતાથી મહાત્માજીનું ધ્યાન તેમના તરફ ખેંચાયું, ને ઘણી વખત મહાત્માજી સાથે કલાકો સુધી એકાંતમાં વાત કરવાનો લાભ હરિભાઈને મળવા લાગ્યો. પરિણામે હરિભાઈ ગાંધીજીના પ્રખર અનુયાયી બન્યા.

હરિભાઈમાં ત્યાગવૃત્તિનો વિકાસ થઈ રહ્યો હતો, એવામાં વડોદરા હાઈસ્કૂલના ફ્રેંચશિક્ષક તરીકેના એમના સ્થાનેથી વધારે પગારે ભાદરણ હાઈસ્કૂલના હેડમાસ્તર તરીકે એમની બદલીની વાત આવી. કોઈ પણ શિક્ષકે આ ગોઠવણ હર્ષ સાથે વધાવી લીધી હોત, પરંતુ હરિભાઈના પૂર્વ નિશ્ચય મુજબ નિવૃત્તિ લેવાનો ને સેવાકાર્યોમાં સંપૂર્ણપણે ઝંપલાવવાનો સમય આવી લાગ્યો હતો. પોતાની તિતિક્ષાવૃત્તિને આ તક મળતાં, નિવૃત્તિવેતનની કે બીજા કશા લાભની અપેક્ષા ન રાખતાં, સને ૧૯૨૦ના મે માસમાં વડોદરા રાજ્યના શાળાખાતામાંથી પોતાની નોકરીનું એમણે રાજીનામું આપ્યું. એમના રાજીનામાની જાણ થતાં, ત્યારના કેળવણીખાતાના વડા પ્રિન્સિપાલ શ્રી કલાર્કે હરિભાઈને બોલાવી બદલી નહિ કરતાં વડોદરામાં જ કાયમ રાખવા જણાવ્યું; પરંતુ હરિભાઈ તો નોકરી છોડી સમાજસેવા કરવાના નિશ્ચયને વળગી રહ્યા. ને તે જ દિવસે કોઈપણ જાહેર સંસ્થામાંથી આજીવિકાનું સાધન લીધા વિના, જ્યાંજ્યાં એમની સેવાની જરૂર એમને જણાય, ત્યાંત્યાં અનન્ય ભાવથી સમાજસેવા અને દેશસેવા કરવાનો એમણે સંકલ્પ કર્યો. વડોદરાની નોકરી દરમિયાન એમણે કાંઈ ધનસંચય કર્યો ન હતો, છતાં ઈશ્વર ઉપર દૃઢ વિશ્વાસ રાખી, નોકરીમાંથી છૂટા થયા પછી મરણ પર્યંત કોઈ પણ જાહેર સંસ્થામાંથી પોતાના ઉપયોગ માટે પાઈ પણ નહિ લેવાના દૃઢ સંકલ્પને વળગી રહેવાને તેઓ ભાગ્યશાળી થયા હતા.

હરિભાઈના આ ત્યાગથી કપડવંજની સંસ્થાઓને અત્યંત લાભ થયો. કપડવંજની અનેકવિધ જાહેર પ્રવૃત્તિઓના એ પ્રણેતા બન્યા. અખાડો, પુસ્તકાલય, વણાટશાળા ઉપરાંત ૧૯૨૦ના ઑક્ટોબરમાં એમની પ્રેરણાથી કપડવંજમાં 'મહાલક્ષ્મી ઉદ્યોગગૃહ' સ્થપાયું.

આવી અનેક પ્રવૃત્તિઓ શરૂ કરી છતાં હરિભાઈને મુખ્ય આકર્ષણ તો કેળવણીના ક્ષેત્રનું હતું. તે અંગે કપડવંજમાં કે ખેડા જિલ્લામાં અનુકૂળ વાતાવરણ કે અનુકૂળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજોગો ન જડતાં શિક્ષણપ્રણાલી અંગેના એમના સ્વતંત્ર તથા મૌલિક વિચારોને અમલમાં મૂકવાનું યોગ્ય સ્થળ ભરૂચ જણાયું. તેથી ભરૂચ કેળવણી મંડળના સ્વતંત્ર કામમાં તેઓ જોડાયા ને જીવન પર્યંત ત્યાં જ રહી, કેળવણી મંડળની અને ડૉ. ચંદુભાઈ, શ્રી. છોટુભાઈ પુરાણી તથા શ્રી. દિનકરરાય દેસાઈ સાથે 'ભરૂચ સેવાશ્રમ'ની સેવા બજાવી. એની સ્થાપનામાં હરિભાઈએ અગ્રભાગ લીધો હતો. 'ભરૂચ કેળવણી મંડળને આશ્રયે' મેટ્રિક ઉપરનો કૉલેજનો વર્ગ ખોલવામાં આવ્યો હતો; તે વર્ગ ચાલ્યો ત્યાં લગી હરિભાઈએ શિક્ષણનું કાર્ય બજાવ્યું હતું. 'સેવાશ્રમ'ના એ વર્ગોમાં હરિભાઈ ગુજરાતી સાહિત્યનું તેમ જ અર્થશાસ્ત્રનું અધ્યાપન કરતા.

મહાત્માજી સાથેના હરિભાઈના પ્રવાસ સંબંધી નોંધમાં સ્વ. મહાદેવભાઈએ લખ્યું છે, કે "મારા કરતાં ઉંમરે દશેક વર્ષ મોટા હતા છતાં હરિભાઈને અમારા કામમાં નાનકડામાં નાનકડું કામ ઉપાડી લેતાં કદી સંકોચ થયો નથી. તે વેળાની અમારી મુસાફરીઓની જાહોજલાલીની શી વાત? લોકોનો અથાગ પ્રેમ; ગાડી ઉપર ધાડેધાડાં આવે; અમારા ડબ્બા ખાવાના પદાર્થો અને ફૂલોથી ઊભરાય. હરિભાઈ આ બધું જોઈને હસતા, અને મૌલાના (શૌકતઅલી) સાથે ખાવાપીવામાં અને ગમ્મત–મશ્કરીમાં પણ ભળતા. પણ ઊંડેઊંડે એમને એમ થયા કરતું, કે 'આ બધાના આપણે અધિકારી છીએ? લોકો આટલો પ્રેમ વરસાવે છે, એનો આપણે કશો બદલો આપી શકીએ છીએ ખરા?"

વડોદરાની જેમ ભરૂચમાં પણ હરિભાઈનું ઘર મહેમાનોનો અખાડો હતું. હરિભાઈના ઘરનું વાતાવરણ શ્રી. બાપાલાલ વૈદ્યે નીચેના શબ્દોમાં સુંદર રીતે ચીતર્યું છે:

'ઘરમાં ઓછામાં ઓછાં ૧૦–૧૨ માણસો કાયમ માટે રહેતાં, પણ જરાકે ય ગરબડ નહિ, જરાકે ય અવ્યવસ્થા નહિ. સૌ સૌના કામમાં શાંતિપૂર્વક લાગી રહેલા. સેવાની હરીફાઈ ચાલી રહી હતી એમ કહું તો ચાલે. રસોડામાં ચંપાબહેનની મદદે કેટલાક હોય, કેટલાક હરિભાઈ પાસે બેઠેલા હોય, કેટલાક ફેરાફાંટામાં રોકાયેલા હોય; અને આ બધા વચ્ચે દેવદૂત સમાં સૌમ્યમૂર્તિ કુસુમબહેન અંતરમાં આગ અને વેદનાથી બળી રહ્યાં છતાં એકદમ શાંત અને નિર્વિકાર! સર્વની ચિંતા તેમને હોય જ. ને આ બધાની ચિંતા પથારીમાં પડ્યાપડ્યા હરિભાઈને પણ હોય જ ને! 'જયશંકર શું કરે છે, ઊંઘે છે કે કામમાં છે? મોહનભાઈ રૂએ છે કે બહાર છે? કુસુમે ખાધું કે? ચંપાનું શરીર કેમ છે?'—નાનામાં નાની બાબતો તરફ હરિભાઈનું ધ્યાન હોય જ!'

ઘરમાં ચાંચડને લઈને ઘણીવાર બધાને ઊંઘ ન આવે, ને સૌ બકબકાટ કરે, ત્યારે પણ હરિભાઈના મોંમાંથી એક પણ શબ્દ નીકળતો નહિ. એકવાર એક સ્વજને પૂછ્યું, કે 'તમને ચાંચડ નથી કરડતા શું?' હરિભાઈએ પહેરણ ઊંચું કરીને બતાવ્યું, એટલે ચાંચડ એમને પણ કરડતા હતા એ સ્પષ્ટ થયું. પછી હરિભાઈએ કહ્યું, કે 'હું જાણું છું કે, તમે બધાં બબડો છો, તોપણ ચાંચડ તમને કરડવાનું જરા પણ ઓછું કરતા નથી. પછી હું બબડીશ તો મને કરડવાનું ઓછું કરશે એમ હું શા માટે માની લઉં?' આવો જ એક પ્રસંગ શ્રી. મોહનભાઈ સાથે સાંજના ફરવા ગયા ત્યારે વીંછી કરડ્યાનો બન્યો હતો. સહેજ પણ મોં બગાડ્યા સિવાય હરિભાઈએ કહ્યું: 'મોહન, મને વીંછી કરડ્યો છે, જરા બેસીએ.' તે પછી વાર્તાલાપ તો હસતે મોઢે ચાલતો જ રહ્યો. પાસેથી માળી આવ્યો. એણે હરિભાઈના મુખ ઉપર હાસ્ય જોઈ આશ્ચર્યભાવે પૂછ્યું, 'શું તમને ખરેખર વીંછી કરડ્યો છે?' એ પ્રશ્નના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબમાં એમણે કહ્યું, કે 'ભાઈ, રડું તેથી વીંછી ઊતરી જશે? એ રડવાથી ઊતરે નહિ તો પછી રડવું-ન રડવું બધું સરખું જ છે ને!'

અનેક પ્રસંગોએ હરિભાઈએ દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ 'ની ગીતાપ્રબોધી સ્થિતપ્રજ્ઞતા દાખવી હતી. એ સ્થિતિની પરાકાષ્ટા તો એમની આખરી માંદગી પ્રસંગે, અને ખાસ કરીને અવસાન સમયે એમના અંતેવાસીઓ-સ્વજનોએ જોઈ હતી. એમના વ્યાધિનું નિદાન-દુષ્ટ પાંડુ સાથે જલંદરનું થયું ને બધા ચિંતામાં પડ્યા, ત્યારે હરિભાઈ તો લેશ પણ વ્યગ્ર થયા વગર હમેશના જેવી શાંત મુખમુદ્રા રાખી હાસ્યવિનોદ વરસાવતા રહેતા. હરિભાઈના જીવનની આશા છોડી દઈ વિમાસતા ડૉકટર દર્દનું નિદાન હરિભાઈ આગળ કહેતાં સંકોચાતા હતા, ત્યારે હરિભાઈએ હસીને કહ્યું: 'મને મરવાનો જરા યે શોક નથી મૃત્યુ મારે મન રમત છે. કેમ મરવું તે મને આવડે છે'

મૃત્યુ પછીની પસંદગી બાબત એકવાર હરિભાઈએ વિનોદમાં કહ્યું હતું, કે 'મારા મૃત્યુ પછી પરમેશ્વર મને પૂછે તો કહું કે, મારે મોક્ષ વગેરે નથી જોઈતો; પણ જ્યાં આગળ ખૂબ કાર્ય કરી શકાય ને મારું બધું સ્નેહી મંડળ તેમજ ટીકાકારની દૃષ્ટિથી જોનાર માણસો પણ હોય ત્યાં આગળ જ મને જન્મ આપજે.'

હરિભાઈની ઘણી અભિલાષાઓ અપૂર્ણ રહી છે, છતાં સાપેક્ષદૃષ્ટિએ જોતાં અલ્પ આયુષ્યમાં હરિભાઈ ઘણું કરી ગયા. સેવા અને સ્વાર્થત્યાગનો, પરમતસહિષ્ણુતા અને વ્યક્તિસ્વાતંત્ર્યનો, સમભાવ અને સહાનુભૂતિનો, ઉજ્જવળ દાંપત્ય અને વિશાળ કુટુંબભાવનો, સાદાઈ અને સુંદરતાનો, શિક્ષણ અને સાહિત્યનો, આતિથ્ય અને મૈત્રીનો અને એવા અનેક ઉદાત્ત જીવનના સંદેશોનો મહાન સંદેશ કેવળ ઉપદેશથી જ નહિ, પણ પ્રત્યક્ષ આચરણથી તેઓ આપી ગયા છે. એમણે કલ્પેલું ભવિષ્યનું કપડવંજ, 'પુસ્તકાલય,' 'મહાત્મા ગાંધી ઉદ્યાન' ઇત્યાદિ સિદ્ધિઓ દ્વારા ધીમેધીમે આકાર લેતું થયું છે. એમણે કલ્પેલ 'સેવાસંઘ' એમના અવસાન બાદ તરત જ મૂર્ત સ્વરૂપ લઈ, અનેક સેવાકાર્યોમાં વિસ્તૃત બની કપડવંજની યથાશક્તિ સેવા બજાવે છે. પોતાની અંગત દોરવણી નીચે સમાજસેવકોનું નાનકડું મંડળ ઊભું કરવાનું જીવનનું મહાન કાર્ય હરિભાઈએ બજાવ્યું. એના પ્રતીકરૂપે 'સેવાસંઘ' અને 'મહાજન લાયબ્રેરી,' 'હરિકુંજ સોસાયટી' અને 'હરિ છાત્રાલય,' હરિભાઈની સેવાભાવનાનાં અમર સ્મારકો છે. હરિભાઈનું ચિંતન, મનન અને સમગ્ર જીવન એક મહાન આત્માનું પ્રકટીકરણ હતું. એનું પ્રકટ સ્મારક હરિભાઈના શિષ્યો, સ્વજનો અને સ્નેહીઓના વિશાળ સમુદાયના અંતરમાં ચિરસ્મરણીય રહેશે.

☆

સુધારો

'અખંડ આનંદ'ના ડિસેમ્બર અંકમાં પૃષ્ઠ ૩૨ ઉપર શરતચૂકથી એક ભૂલ રહી જવા પામી છે: ત્યાં લેખની નીચેના ફકરામાં હિંદમાં નોબેલ ઇનામ મેળવનાર બે મહાન વ્યક્તિઓ તરીકે રવીન્દ્રનાથ ટાગોર અને સર ચંદ્રશેખર વેંકટ રામન વાંચવું.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધુ અનાજ ઉગાડો

શ્રી પ્રદ્યુમ્ન દેસાઈ
એમ. એસસી. (એગ્રોનોમી)

જે પ્રદેશમાં દહીં–દૂધની નદીઓ વહેતી કહેવાતી, જેનાં ખેતરો સોના–ચાંદીથી રસેલાં ગણાતાં તે હિંદને અનાજ માટે વિદેશોની મહેરબાની પર આધાર રાખવો પડે એ કેટલું શોચનીય ગણાય? હિંદના ભાગલા પડવાથી ઘઉં–ચોખાના પાકવાળા સારા વિસ્તારોનું પાકિસ્તાનને ભાગે જવું, લાખો નિરાશ્રિત ભાઈ–બહેનોનું આગમન થવાથી વસ્તીમાં થયેલ વધારો તથા થોડોક કુદરતી પ્રકોપ આ સ્થિતિ માટે જવાબદાર છે. પણ હવે હિંદ સરકારે ૧૯૫૧ની આખર સુધીમાં ખેતીની બાબતમાં બિલકુલ સ્વાવલંબી બની જવાનો અફર નિર્ધાર કર્યો છે. એટલે આ પ્રશ્ન પરત્વે સરકારે કયાં રચનાત્મક પગલાં લેવાં જોઈએ, ખેડૂતો આમપ્રજા, વિદ્યાર્થીઓ તથા જાહેર કાર્યકર્તાઓએ કઈ રીતે સહકાર આપવો જોઈએ તેનાં ઉપયોગી સૂચનો આ લેખમાં મળી રહે છે.

હિંદમાં વધારે અનાજ વાવવાની ઝુંબેશને શરૂ કર્યે આજે છ વર્ષ થવા આવ્યાં, છતાં હિંદ ખેતીપ્રધાન દેશ હોવા છતાં, ખોરાક બાબતમાં આપણે સ્વાવલંબી થઈ શક્યા નહિ. દિવસેદિવસે જે ઉત્સાહ આ મહત્ત્વના પ્રશ્ન તરફ ખેડૂતઆલમ દેખાડતી હતી તે ઓસરતો જવા લાગ્યો. બીજી પ્રજા અને ખાસ કરીને શહેરી જનતા તેમને ખાવા પડતા હલકા અનાજનો દોષ ખેડૂતની અનાજની સંગ્રહનીતિ અને સરકારી ખાતાંઓની અણઆવડત તથા ગેરવ્યવસ્થા ઉપર આરોપી આગળ વિચાર કરવા તૈયાર થઈ નહિ, ત્યારે હિંદના વડાપ્રધાનને આ પ્રશ્ન હાથમાં લેવાની ફરજ પડી. તે માટે તેમણે અનાજના મોરચાને યુદ્ધ મોરચા પછી બીજું સ્થાન આપી તે તરફ દરેક પ્રજાજનને પોતાનાથી બનતું કરી છૂટવા ઘોષણા કરી.

હિંદમાં ખેતીલાયક, બહોળો અને ફળ-દ્રુપ પ્રદેશ હોવા છતાં પોતાની જરૂરિયાતનું અનાજ તે પકવી શકતું નથી તે ખરેખર, બહારના દેશોની નજરમાં પણ હિંદ માટે શરમભરેલું છે. આ પરિણામ અહીં અનાજ ઉત્પન્ન કરવાના ઉત્સાહને અભાવે આવ્યું હોવા છતાં હિંદની જનતાને પેટપૂરતું ખાવાનું આપવા માટે આપણી સરકારને બીજા દેશોને અનાજ માટે હજુ કાલાવાલા કરવા પડે છે અને ગમે તેવું અનાજ આ દેશો આપે તે લેવાની તૈયારી બતાવવી પડે છે. પ્રજાને આ અનાજ ખાવું ફાવતું નથી તે આપણી સરકારના ધ્યાનની બહાર છે એમ નથી; પણ હિંદ પોતાનું અનાજ ઉત્પન્ન ન કરી શકે ત્યારે આ સિવાય બીજો રસ્તો કયો હોઈ શકે? એક બાજુ આપણને આપણી જરૂરિયાતના ખોરાક માટે બહારના અનાજની જરૂર છે, ત્યારે બીજા દેશોમાં આ ઉત્પાદન વધી જઈ તેમને નીચા ભાવે અનાજ આપવું પડશે, એ બીકે આ દેશો ઉત્પાદનમાં નિયમન મૂકવાની વિચારણા કરવા મંડ્યા છે. વધારામાં આપણા ઉત્સાહના અભાવે આપણા પરદેશી હુંડિયામણનો મોટેભાગે ઉપયોગ અનાજ ખરીદવામાં જ કરવો પડે છે, આથી હિંદની ઉન્નતિની બીજી યોજનાઓમાં કાપકૂપ કરવી પડે છે અથવા તેને પડતી મૂકવી પડે છે. આવી રીતે ચાલવાથી જો હિંદ સમૃદ્ધ થવા માગતું હોય તો તેને કેવી રીતે અને ક્યારે આ સમૃદ્ધિ મળશે એ એક સવાલ છે.

અનાજ વાવવાના પ્રચારથી અને છેવટે અનાજ ઉગાડવાના કાયદાથી હિંદમાં અત્યાર સુધીમાં અનાજના વાવેતરના ક્ષેત્રફળમાં વધારો કરી શકાયો છે; પણ એકરે ઉત્પન્ન તો વધવું જ જોઈએ તે લક્ષમાં ન લેવાથી છ વર્ષના સમયનો ગાળો મળ્યા છતાં આપણી અનાજની સ્થિતિ એવી ને એવી રહી. તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાકિસ્તાન છૂટું પડતાં નહેરોની ખીલવણીવાળો અને પરિણામે અનાજના વધારાવાળો પ્રદેશ હિંદને ગુમાવવો પડવાથી, અનાજની અહીંની સ્થિતિ વધારે વિષમ થઈ. એકરે ઉત્પન્નની દૃષ્ટિએ બીજા દેશોની સરખામણીમાં આપણે કેટલા પાછળ છીએ તે નીચેના આંકડા દર્શાવે છે:

એકરે ઉત્પન્ન—રતલમાં

	હિન્દ	યુનાઇટેડ કિંગ્ડમ	મિસર	અમેરિકા	ઇટાલી	સ્પેન	જાપાન
ચોખા	૮૨૫		૨૬૮૦	૩૦૦૦*	૪૨૩૦	૫૬૦૦	૪૫૦૦
મકાઈ	૮૦૦			૧૮૨૦			
ઘઉં	૬૩૦	૨૧૪૪	૧૧૮૮	૮૫૨			૧૫૦૦

હિંદમાં ઓછા ઉત્પન્નનું કારણ અનિયમિત ઋતુ, પાણીની સગવડતાનો અભાવ (પિયતની ખેતી ફક્ત બે ટકા છે), ખાતરની અછત (છાણિયું ખાતર ફક્ત ૨૫ ટકા જમીન પૂરતું જ છે), સારા બીનો અભાવ (સુધારેલા ઘઉંના બીના ૩૫ ટકા અને ચોખાના બીના ૫ ટકા છે) અને ખેડૂતની અજ્ઞાનતા અને નબળી આર્થિક સ્થિતિને આભારી છે. ઉપલા આંકડાઓમાં જાપાન ઉત્પન્નમાં આગળ આવે છે; કારણકે ત્યાં સુધારેલા બીનું વાવેતર સો એ સો ટકા થાય છે, ૫૬ ટકા જમીનને પાણી નહેરો વગેરેથી મળે છે અને જરૂરિયાતનો ૮૦ ટકા નાઇટ્રોજન કુદરતી ખાતરો પૂરો પાડે છે. આને લીધે જાપાન ૧૯૩૮થી ૧૯૪૨ના પાંચ વરસના ગાળામાં ચોખા, ઘઉં, સામાન્ય જવ અને જવની બીજી જાતો ('નેકેડ બાર્લી') અનુક્રમે ૬૦,૧૪૦, ૧૧૯ અને ૬૨ ટકાનો ઉત્પન્નમાં વધારો લાવી શક્યું.

સને ૧૯૪૧–૪૨માં જ્યારે જાપાન લડાઈમાં ઊતર્યું અને હિંદમાં ઉગાડવામાં આવતા ટૂંકા તારનું રૂ લેવા કોઈ તૈયાર ન હતું, તેમ જ લડાઈને લીધે હિંદને લડાઈ પહેલાં બીજા દેશોમાંથી મળતું અનાજ બંધ થયું, ત્યારે ટૂંકા તારના કપાસને બદલે અનાજનું વાવેતર કરવાનો પ્રયાસ હિંદે શરૂ કર્યો. લડાઈ જેમજેમ વધારે ગંભીર સ્વરૂપ પકડતી ગઈ તેમતેમ અનાજનો પ્રશ્ન વધારે વિકટ થતો ચાલ્યો. એટલે ૧૯૪૫–૪૬ની સાલમાં અનાજ ઉગાડવાનો કાયદો પસાર કરવામાં આખા હિંદમાં મુંબઈ ઇલાકાએ પહેલ કરી, અને હજુસુધી તે કાયદાનું અસ્તિત્વ છે. આ વખતે બિનખાદ્ય પાકોના ભાવો ખાદ્ય પાકોના ભાવો કરતાં ઊંચા ન જાય તે માટે રૂના મથાળાના ભાવ બાંધવામાં આવ્યા, જેને હિસાબે અનાજના પાકોનું ક્ષેત્રફળ કપાસના ક્ષેત્રફળના ભોગે ઠીક વધી શક્યું.

કપાસનું વાવેતર હજાર એકરમાં

	પ્રચાર પહેલાં		કાયદા પછી		ઘટાડો
	૧૯૩૯–૪૦	૧૯૪૦–૪૧	૧૯૪૬–૪૭	૧૯૪૭–૪૮	લગભગ
ગુજરાત	૧૦૧૧	૧૧૩૫	૪૬૧	૫૦૧	૫૦૦
મુંબઈ પ્રાંત	૨૭૨૨	૩૮૮૫	૧૩૩૭	૧૨૮૫	૧૪૦૦
અખંડ હિંદ	૨૧૫૮૦	૨૩૩૧૧	૧૪૮૬૦	૧૪૮૦૦	૮૦૦૦

* માર્ચ ૧૯૪૮ના 'ખેડૂત બંધુ'માં અમેરિકા અને જાપાનના અનુક્રમે ૫૦ અને ૭૦ બુશેલ ઉપરથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપાસના વાવેતરમાં લગભગ અર્ધોઅર્ધ કાપ આવ્યો અને આ છૂટી થયેલી જમીનમાં અનાજ અને બીજા પાકો આવ્યા. કાયદો અમલમાં આવતાં તેમાં આપેલ હદ પ્રમાણે અનાજ અને કઠોળ વાવી બાકીની જમીનમાં અનાજ કરતાં વધારે નફાકારક શિંગ, તમાકુ, શાકભાજી, લીંબુ કેળાં વગેરેનું વાવેતર થયું. આથી કાયદાથી ધાર્યું પરિણામ આવ્યું નહિ.

કાયદાથી અનાજનું ક્ષેત્રફળ વધ્યુ અને તેનું એકરે ઉત્પન્ન વધારવા માટે પણ સરકારે નીચે પ્રમાણે પ્રયત્નો કર્યા જે હજુ ચાલુ છે.

૧. ખોળ અને બીજાં મિશ્રણ ખાતરોનું સસ્તા ભાવે વેચાણ.

૨. છાણિયા ખાતરનો જથ્થો વધારવા કમ્પોસ્ટના ખાડા ખોદવામાં મદદ.

૩. મ્યુનિસિપાલિટીઓ દ્વારા મળ અને કચરામાંથી કમ્પોસ્ટ ખાતર બનાવવું.

૪. પિયતના પાકો લેવા કૂવા બાંધવામાં અને સમારવામાં મદદ.

૫. સારાં બીની વહેંચણી.

૬. ખેતી લાયક પડતર જમીનનું ખેડાણ

૭. અનાજપૂરક કંદમૂળોનું વાવેતર.

આ બધા પ્રયાસો છતાં અનાજનું એકરે ઉત્પન્ન વધ્યું નથી, તે નીચેના આંકડાઓ દેખાડે છે.

કુલ ઉત્પન્ન-હજાર ટનમાં

ગુજરાત

વર્ષ	૩૮-૩૯	૩૯-૪૦	૪૦-૪૧	૪૫-૪૬	૪૬-૪૭	૪૭-૪૮
ચોખા	૧૧૧	૩૬	૯૭	૧૯૧	૧૯૮	૧૩૭
ઘઉં	૫૦	૪૪	૫૪	૧૦૦	૫૪	૬૮
જુવાર	૧૭૪	૧૭૧	૨૧૪	૧૧૨	૧૨૨	૧૧૪
બાજરી	૮૯	૬૯	૧૨૮	૬૮	૭૯	૭૪
કુલ	૪૨૪	૩૨૦	૪૯૩	૪૭૧	૪૫૩	૩૯૩
સરાસરી	←	૪૧૨	→	←	૪૪૨	→
વાવેતર (એકરમાં)	૧૬૯૦	૧૬૪૭	૧૭૬૧	૨૦૭૫	૧૯૮૫	૧૮૨૪
સરાસરી	←	૧૬૯૯	→	←	૧૯૬૧	→
એકરે ઉત્પન્ન (રતલમાં)	૫૬૨	૪૩૫	૬૨૭	૫૦૮	૫૧૧	૪૮૪
સરાસરી		૫૪૧			૫૦૧	

મુંબઈ પ્રાંત

વર્ષ	૩૮-૩૯	૩૯-૪૦	૪૦-૪૧	૪૫-૪૬	૪૬-૪૭	૪૭-૪૮
ચોખા	૭૮૯	૬૬૮	૮૦૨	૮૨૧	૮૪૬	૭૯૭
ઘઉં	૩૩૭	૩૧૧	૩૧૯	૩૮૬	૧૧૪	૨૫૭
જુવાર	૧૩૨૦	૧૨૪૭	૧૪૧૭	૧૦૫૫	૧૧૦૨	૧૨૭૨
બાજરી	૫૦૧	૪૭૭	૫૨૨	૩૫૮	૪૨૫	૫૦૯
કુલ	૨૯૪૭	૨૭૦૩	૩૦૧૦	૨૬૨૦	૨૪૮૭	૨૮૩૫
સરાસરી	←	૨૯૦૩	→	←	૨૬૪૭	→
વાવેતર (એકરમાં)	૧૫૮૫૭	૧૫૮૪૬	૧૫૯૬૪	૧૬૯૫૭	૧૬૯૭૩	૧૬૫૫૬
સરાસરી	←	૧૫૮૮૯	→	←	૧૬૮૨૯	→
એકરે ઉત્પન્ન (રતલમાં)	૪૧૫	૩૮૨	૪૩૦	૩૪૬	૩૨૮	૩૮૦
સરાસરી	←	૪૦૯	→	←	૩૫૧	→

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાજના કાયદા પછી ઓછું ઉત્પન્ન આવવાનું કારણ પ્રતિકૂળ ઋતુ પણ છે; કારણકે ૧૯૪૬-૪૭માં ગેરુનો રોગ લાગવાથી ઘઉંનો પાક ઘણો જ ઓછો ઊતર્યો હતો, પણ આ કારણ સિવાય નીચેનાં કારણોએ પણ ઓછું ઉત્પન્ન લાવવા. સારો ભાગ ભજવ્યો હતો:

૧. ખાતરો વગેરે જે સરકારે સસ્તા ભાવે અનાજના પાક માટે આપ્યું તેનો ઉપયોગ શાકભાજી, કેળાં, તમાકુ વગેરે અનાજ સિવાયના નફાકારક પાકોમાં સારા પ્રમાણમાં થયો.

૨. છાણિયા ખાતરનો જથ્થો વધારવા માટે કમ્પોસ્ટ ખાતરના ખાડા ખોદવા સરકારે મદદ આપી. તે ખાડાઓ બીજે વરસે વૈજ્ઞાનિક રીત પ્રમાણે ન ભરાયા. આથી ખાતરમાં બમણા નાઇટ્રોજનનો જે લાભ મળવો જોઈએ તે ન મળ્યો અને આ ખાતર અનાજના પાકો સિવાયના પાકોમાં પણ આપવામાં આવ્યું.

૩. સરકાર તરફથી ખાતર મળતું હતું તે બાદ કરતાં વધારાનાં ખાતરો મળતાં ન હતાં અને જે મળતાં તે ઘણા ઊંચા ભાવે મળતાં હતાં એટલે ઘણી જમીન ખાતરવિનાની રહેવાથી ફળદ્રુપતા ઘટી.

૪. અનાજના બાંધવામાં આવેલા ભાવો ખેડૂતોને આકર્ષણરૂપ ન હતા; કારણકે લડાઈ પહેલાંના ભાવ કરતાં અનાજના ભાવ સાડાચાર ગણા મળતા હતા; જ્યારે બીજા પાકો જેવા કે તમાકુ, વરિયાળી, લીંબુ, કેળાં, શાકભાજી, આદું, જીરું વગેરેના ભાવ આઠગણા મળતા હતા. સાથે ખેડૂતની જરૂરતની વસ્તુઓ માટે ખેડૂતને આઠગણા દામ આપવા પડ્યા. આથી અનાજના ઉત્પાદનમાં ખેડૂતનું દિલ ચોંટ્યું નહિ. અને એ સ્વાભાવિક છે, કારણકે નફાકારક ધંધો. કરવા તરફ સૌ કોઈ તૈયાર હોય. આથી લેવી આપી શકાય તેટલું જ ખેડૂતે પેદા કરવા મહેનત કરી. વળી વધારાનું જે અનાજ ખેડૂત પાસે રહ્યું તેનો ઉપયોગ ઢોરોના દાણ(ખાણ)માં થયો; કારણકે ગુવાર-કપાસિયાના ભાવ અનાજના ભાવ કરતાં ઊંચા હતા!

૫. ઋતુની પ્રતિકૂળતાનો સામનો કરવા નહેરો વગેરેની સગવડતામાં ખાસ પ્રગતિ થઈ શકી નહિ. નવા કૂવા સારા પ્રમાણમાં બંધાયા પણ એન્જિન-પંપના ભાવ ઊંચા હોવાથી અને ખેડૂતોને માફક આવતી જાતો ન મળતી હોવાથી કૂવાનો પૂરેપૂરો ઉપયોગ ન થયો; કારણકે કોસથી પિયત કરવાનું મોંઘું પડતું હતું.

૬. જ્યાં ફાયદાકારક પાકો જેવા કે તમાકુ, જીરું, શાકભાજી વગેરે ઉગાડવાની સ્થિતિ ન હતી, તે પ્રદેશમાં ખેડૂતની આર્થિક સ્થિતિ નબળી પડતી ચાલી. આથી ખેડૂત ધાર્યા મુજબ ખેડ, ખાતર અને બીજી માવજત કરી શક્યો નહિ. બળતણની તાણ પડવાથી અને કપાસનું વાવેતર ઓછું થતાં કપાસની કરાંઠી પણ પૂરતી નહિ મળવાથી, છાણનો ઉપયોગ છાણાં બનાવવામાં થયો.

૭. અનાજના કાયદાને લીધે વૈજ્ઞાનિક રીતે પાકની ફેરબદલી અશક્ય નીવડી; આથી જુવાર પછી બીજે વરસે એ જ ખેતરમાં જુવાર આપતાં પાક ઘણો જ ઓછો ઊતર્યો.

૮. કપાસ ઉગાડતા-પ્રદેશ ભરૂચ જિલ્લામાં અનાજની ખેતી કેમ પરવડી શકે તેનો ચિતાર રાવજીભાઈ પટેલે ૧૯૪૭ના નવેમ્બરના 'ભરૂચ સમાચાર'માં આપ્યો છે. જે પ્રમાણે ખેડૂતની આર્થિક સ્થિતિ કેવી થવા પામી હતી, તે ગઈ સાલના ગુજરાતના દુષ્કાળે દેખાડી આપ્યું છે.

ઉપલાં કારણોને લીધે, અનાજનું ઉત્પન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધ્યું નહિ. અને ખાતરની વહેંચણીથી અને કૂવાથી પિયત થતાં વધતું ઉત્પન્ન વગેરેની જે ગણતરી સરકારે કરી તે સાચી ન પડવાથી અને વધારેપડતો વિશ્વાસ આ ઉત્પાદનની રીતો ઉપર મૂકવાથી અનાજની સ્થિતિ વધારે વિષમ બની. આ બધાં પ્રતિકૂળ કારણોનો વહેલો નિકાલ થાય અને આ વખતની અનાજ ઉત્પન્ન કરવાની ઝુંબેશ ફતેહમંદ નીવડે તે માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવાની ખાસ જરૂર છે.

સરકારે શું કરવું જોઈએ?

૧. અનાજના ઉત્પાદન માટે આખા ઇલાકામાં એક જ પ્રથા અમલમાં ન મૂકતાં દરેક જિલ્લાની ખેતીવાડીના સંજોગો પ્રમાણે રીતો શોધી દરેકની મહત્તા પ્રમાણે અમલ કરવો. દાખલા તરીકે પંચમહાલ જિલ્લામાં જ્યાં નાનાંનાનાં તળાવો ઘણાં છે ત્યાં નહેરોની સગવડતા કરી પિયતને પહેલું સ્થાન આપવું; કારણકે ત્યાંનો અજ્ઞાન ખેડૂત પાણીનો લાભ તુરત જ લેશે. ભરૂચ જિલ્લા વગેરે જ્યાં પિયતની ખેતી નથી અને શિયાળુ અનાજના પાકો લેવામાં આવે છે, ત્યાં કમ્પોસ્ટ ખાતર, લીલું ખાતર વગેરેને પ્રથમ સ્થાન આપવું. ખેડા જિલ્લામાં પિયતના પાક માટે સરકારી ખર્ચે એંજિન–પંપ મૂકવાની વ્યવસ્થા કરવી અને સૌરાષ્ટ્રમાં નાની નદીઓમાંથી પાટો બાંધવાની પ્રવૃત્તિ તુરત હાથ લેવી.

૨. કૂવા તો જમીનના ઊંડાણનું પાણી બહાર લાવવા માટે છે ને કોસ અને એંજિન પંપથી પિયતની ખેતી નહેરોનાં પાણી જેટલી સસ્તી પડતી નથી. તો લાંબા વખતની નહેરોની યોજનાઓને તુરત પૂરી કરી શકાય તેવા પ્રયત્નો કરવા; કારણકે ૧૯૪૨ પછી હજુ સુધી એક પણ મોટી નહેર બંધાઈ હોય તેવું જાણવામાં આવ્યું નથી.

૩. અનાજના કાયદાનો અમલ કરતાં પહેલાં વૈજ્ઞાનિક પાકની ફેરબદલી કેમ બની શકે, તે નક્કી કરી દરેક જિલ્લાવાર અને દરેક પ્રકારની જમીન માટેની આ વૈજ્ઞાનિક પાકની ફેરબદલીની પત્રિકાઓ છપાવી અથવા છાપાંઓમાં છપાવી દરેક ખેડૂતને પહોંચે તેવો બંદોબસ્ત કરવો.

૪. દરેક જાતની જમીનમાં અને દરેક પ્રકારના પાક માટે, સરકાર તરફથી આપવામાં આવતાં ખાતરો કેટલા પ્રમાણમાં આપવાથી કેટલું ઉત્પન્ન વધે છે તે ખેડૂત સમજી શકે તેવી રીતે પત્રિકાઓ દ્વારા અથવા વર્તમાનપત્રો દ્વારા બહાર પાડવું. આ ખાતરોથી વધતા ઉત્પાદનના આંકડા આર્થિક દૃષ્ટિએ આપવા.

૫. અનાજના પાકોના ભાવ નક્કી કરતાં અત્યારના ખેડૂતની જરૂરિયાતની વસ્તુઓની પ્રત્યક્ષ મોંઘવારી ધ્યાનમાં લેવી. અને મજૂરીના ચાલતા ઊંચા ભાવ ગણતરીમાં લઈ તેમાં ખેડૂતની આબાદીના ૧૫ ટકા ઉમેરી ભાવ નક્કી કરવા; કારણકે આબાદ ખેડૂત વિના ખેતીની કોઈ સુધારણા થઈ શકે તેમ નથી.

૬. અનાજનો દુરુપયોગ ન થાય માટે તેના ભાવો ઢોરના દાણના ભાવો જેવા કે ગુવાર, કપાસિયા વગેરેથી નીચા ન હોવા જોઈએ. નહિતર ૧૯૪૬–૪૭માં ઘઉંને ગેરુ લાગવાથી ઘઉંનો પાક ઓછો ઊતર્યો છતાં ભાલના ઘઉં બળદના ખાણમાં ગયા હતા. આ જ વખતે ખેડા જિલ્લાની બાજરી ભેંસોએ ખાધી હતી અને તુવેર બળદોએ ખાધી હતી. સુરત અને ભરૂચ જિલ્લાની જુવારનો પણ તેવો જ ઉપયોગ થયો હતો; કારણકે આ સાલ ગુવાર, તુવેર, ઘઉં, બાજરી અને જુવારના ભાવ એક બંગાળી મણના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમે રૂા. ૧૬, ૧૪, ૧૨, ૧૦ અને ૯ હતા.

૭. પાકમાં રોગ આવે તો તેનો સામનો કરવા માટે જરૂરની દવાઓ અને સાધનોનો પૂરતો જથ્થો દરેક જિલ્લા અને તાલુકામાં હોવો જોઈએ. નહિતર રોગ આવ્યા પછી જો સરકારી ખાતાંઓ દવા બનાવતી કંપનીને ઑર્ડર આપે તો દવા આવતા પહેલાં જ રોગ પાકનો પૂરતો નાશ કરશે.

૮. સરકારી ખાતાના ઑફિસરો અને ખાસ કરીને ખેતીવાડી ખાતાના અમલદારો કાગળિયામાં પડ્યા ન રહેતાં, ગામડાંઓમાં ફરી પાકની સ્થિતિ અને પ્રશ્નોનો ખ્યાલ લે અને ખેડૂતને પડતી મુશ્કેલીનો નિકાલ કરવા તુરત પગલાં લે. આમ થવાથી પાકોનું કેટલું ઉત્પન્ન આવશે તેનો સાચો ખ્યાલ આવશે.

૯. જ્યાં જ્યાં મ્યુનિસિપાલિટીઓ અને ગ્રામ પંચાયતો હોય ત્યાં તેમને દરેકે દરેક કચરાના ટુકડાનું અને મળનું કમ્પોસ્ટ ખાતર બનાવવા ફરજ પાડવી. આ ખાતરનો જથ્થો ખેડૂત સહેલાઈથી લઈ શકે તેવાં સ્થળોએ રાખવાની વ્યવસ્થા કરવાનું તેમને ફરમાવવું. તૈયાર થયેલ કમ્પોસ્ટ ખાતર કોન્ટ્રાક્ટથી અમુક બિન ખેડૂત વ્યક્તિઓને ધંધા માટે ન વેચતાં સીધું ખેડૂતને મળે તેવી વ્યવસ્થા કરવી. આથી ૧૦૦ ટકાનો કોન્ટ્રાક્ટરનો નફો બચતાં ખેડૂતને યોગ્ય ભાવે ખાતર પડશે. મુંબઈના તબેલાઓના ખાતરનો જેટલો બને તેટલો બગાડ ઓછો થઈ, સરકારની યોજના પ્રમાણે ૨૦૦ માઈલ સુધીનાં સ્ટેશનોએ આ જથ્થો તુરત ખસેડી યોગ્ય વખતે ખેડૂત મેળવી શકે તેવી વ્યવસ્થા કરવી; અને વાહનવ્યવહારના ખર્ચથી ખાતર મોંઘું ન થઈ પડે તે બાબતની કાળજી રાખવી.

આ માટે જાપાન અને ચીન આ કિંમતી ખાતરનો કેમ સંગ્રહ કરે છે તે નજર આગળ રાખવું જરૂરી છે. જો કે બન્ને દેશોમાં આપણે ઢોરના છાણને જેવી રીતે હાથ લગાડીએ છીએ, તેવી રીતે ત્યાં મનુષ્યમળનો સંગ્રહ થાય છે. આપણે ત્યાં મનુષ્યમળ તરફની સૂગને લીધે આ બન્ને દેશોનું આપણે અનુકરણ કરી શકીએ તેમ નથી; પણ મ્યુનિસિપાલિટીઓ અને ગ્રામ પંચાયતો આ કિંમતી કુદરતી ખાતરનો કમ્પોસ્ટ બનાવી સદ્ઉપયોગ કરી શકે તેમ છે. જાપાને ૧૯૪૬ની સાલમાં પોતાની જરૂરિયાતના ખાતરનાં તત્ત્વો પોતાને ત્યાં ઉત્પન્ન થતા કુદરતી ખાતરમાંથી મેળવ્યાં હતાં એટલે તે કુદરતી ખાતરોએ આ પ્રમાણે તત્ત્વોના ટકા પૂરા પાડ્યા:

	નાઇટ્રોજન	ફોસ્ફરસ	પોટાસ
ઢોરવાડિયાનું ખાતર	૪૭ ટકા	૬૬ ટકા	૬૪ ટકા
મનુષ્યમળનું ખાતર	૧૬	૮	૧૦
લીલું ખાતર	૫	૩	૬
રાખ, દરિયાઈ વનસ્પતિ, પક્ષીઓની ચરક વગેરે	૧૪	૧૫	૧૬
કુલ કુદરતી ખાતરોમાંથી	૮૨	૯૨	૯૬
બીજાં ખાતરોમાંથી	૧૮	૮	૪
કુલ	૧૦૦ ટકા	૧૦૦ ટકા	૧૦૦ ટકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે જાપાનમાં જ્યાં જમીનને ખાતર આપ્યા વિના ખેતી કરવામાં આવતી નથી ત્યાં, પાકોની જરૂરતનાં બધાં તત્ત્વો વનસ્પતિ-જન્ય ખાતરમાંથી પૂરાં પાડવામાં આવે છે. જાપાનમાં આ પ્રથા ઘણા લાંબા વખતથી અમલમાં છે; કારણકે સર નિકોલ્સેન ૧૯૦૭માં 'જાપાનની ખેતી' ઉપર લખેલા પુસ્તકમાં વર્ણવે છે, કે:

'મનુષ્યમળના ફક્ત ૨૫ ટકાનો બગાડ ત્યાં થાય છે એટલે ત્રણ વ્યક્તિ દીઠ એક એકર જમીનને ૧૬૦૦ રતલ મળનું ખાતર મળે છે. જાપાનમાં નજીવા પ્રમાણમાં માછલી અને કડોળ ખોળ–ખાતર તરીકે વપરાય છે, તે બાદ કરતાં જાપાન જમીનની ફળદ્રુપતા સાચવી શક્યું છે, તે દરેકને બારણે મળતા ખાતરને (મળના ખાતરને) આભારી છે. ત્યાં ચાલુ જમીનમાં એકરે ૨૦૦૦ રતલ ચોખાનો પાક અથવા ૨૭૦૦ રતલ ડાંગરનો પાક ઊતરે છે. એક ખેતરમાં ત્યાં ઉપરા-ઉપરી બે પાક–ચોખા (ચોમાસુ) અને ઘઉં (શિયાળુ) પાક લેવામાં આવતા હોવાથી ઘઉંનો પાક ૧૪૦ રતલ ઉમેરતાં એક વર્ષમાં એક એકર ૩૦૦૦ રતલ અનાજ આપે છે. ફિલાડેલ્ફિયામાં સારામાં સારી જમીન ૨૭૦૦ રતલ, નબળી જમીન ૧૪૦૦ રતલ અને ચાલુ જમીન ૨૩૦૦ રતલ ચોખા પકવે છે. વળી ૩૩૦૦ થી ૪૦૦૦ રતલ સુધી પાક એકરે ઊતર્યાંના દાખલા મળી આવે છે.'

આપણે આ કુદરતી ખાતરનો પૂરેપૂરો લાભ લેતા નથી તે દર્શાવવા અમદાવાદનો દાખલો લઈએ. ત્યાંની વસ્તી ૬ લાખની ગણતાં દર વ્યક્તિ દીઠ ૬૦ ગેલન ગણતાં, ૩૬૦ લાખ ગેલન મળનું ખાતર જાપાનની ગણતરી પ્રમાણે મળવું જોઈએ. તે ૧૫ હજાર એકરમાં એક ઇંચ જાડાઈનો થર પાડી શકશે. સારા યે ગુજરાતની વસ્તી ૪૧ લાખની ગણતાં તેમાંથી જાપાન ૧૪૦ હજાર એકર જમીન પૂરતું ખાતર આ મનુષ્યમળમાંથી પૂરું પાડી શકે. એટલે કુલ જમીન ૪૭ લાખ એકરના ત્રીજા ભાગની જમીનને આ મળમાંથી ખાતર મળી શકે. ડૉ. આચાર્યની ગણતરી પ્રમાણે ૬ લાખની અમદાવાદની વસ્તી ત્યાંની મ્યુનિસિપાલિટીને ૬૦ હજાર ટન કમ્પોસ્ટ આપે. એક ઘનફૂટ કંમ્પોસ્ટનું વજન ૪૦ રતલ ગણતાં ૩૩૬ હજાર ઘનફૂટ કમ્પોસ્ટ બનાવી શકાય. અમદાવાદે ગયે વરસે ૧૧૭ હજાર ઘનફૂટ કમ્પોસ્ટ બનાવ્યું. એટલે કમ્પોસ્ટ બનાવવામાં ગુજરાતનું આગળપડતું શહેર અમદાવાદ હજુ અર્ધું કરી શક્યું છે. અમદાવાદ જિલ્લાની ખેડાણ જમીન ૧૮ લાખની ગણાય છે તો અમદાવાદ શહેર જ ૬૦ હજાર ટન કમ્પોસ્ટ-માંથી દર ટને ૧૦ એકર ગણતાં ૬ લાખ જમીનને ખાતર પૂરું પાડી શકે. તેમાં ખેડૂત-ની સગવડ માટે બને તેટલી વધારે કમ્પોસ્ટ ડીપો રાખવામાં આવે, તો તેનો પૂરેપૂરો ઉપયોગ થાય. આમ પંચાયતો અને મ્યુનિસિ-પાલિટીઓ અનાજના મોરચામાં કેટલો સક્રિય ફાળો આપી શકે તેમ છે એનો પૂરેપૂરો ખ્યાલ આ જરાક લંબાણભર્યા વિવેચનથી આવી શકશે.

૧૦. ભાલનું ખાતર: આ પ્રદેશમાં પાકતા ઘઉં ઇંદોરના ઘઉંથી બીજે નંબરે આવે છે અને ત્યાં વાવેતર પણ બહોળા પ્રમાણમાં થાય છે. છતાં ત્યાં છાણિયા ખાતરનો ઉપયોગ થતો નથી. ભાલમાં ઢોરની સંખ્યા ૧૩ હજારની છે, જે દરવરસે ૫૨ હજાર ગાડી ખાતર ઓછામાં ઓછું આપે. અમદાવાદ જિલ્લામાં ઘઉંનું વાવેતર ૩ લાખ એકર હોવાથી, તેમાંથી ૨ લાખ એકર ભાલમાં ગણાતા તે ઘઉં લગભગ પોણાથી એક લાખ ગાડી કુવળ ઉત્પન્ન કરે છે. આ પ્રદેશમાં કુવળનો ઉપયોગ ઢોરના ખોરાકમાં નજીવો થતો હોવાથી ૫૦ હજાર ગાડી કમ્પોસ્ટ આમાંથી સહેલાઈથી બનાવી શકાય. સારી દુનિયામાં ભાલ એક જ એવો પ્રદેશ છે કે જ્યાં કુદરતી ખાતર (છાણિયું ખાતર)નો ઉપયોગ ત્યાંની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન સોડા ખારવાળી હોવા છતાં થતો નથી. તો સરકારે ત્યાં સંશોધનક્ષેત્ર ઉઘાડી છાણિયું ખાતર આ પાક માટે કેટલું, કેમ અને ક્યારે આપવું તે શોધી ખેડૂતોને ખાતરનો ઉપયોગ કરતા કરવા જોઈએ.

૧૧. કારખાનાંઓમાં મજૂરીના ભાવ વધતાં, ખેતીની મજૂરીના ભાવ પણ વધે તે સ્વભાવિક છે. ખાસ કરીને ખેતીમાં મજૂરોની તાણ ચોમાસુ પાકની કાપણી વખતે એટલે દિવાળી ઉપર વધારે જણાય; કારણ કે આ વખતે શિયાળુ પાકની વાવવાની ઋતુ પણ હોય છે. તો જો હવે પછી નિશાળો અને કોલેજોમાં વેકેશન પાડી દરેક વિદ્યાર્થીને અનાજના ઉત્પાદનમાં સક્રિય ભાગ આપવા પ્રેરણા અપાય, તો મજૂરીના ખર્ચમાં ખેડૂતને રાહત મળી શકે.

૧૨. સરકારી સંશોધનક્ષેત્રમાં ખાસ કરીને ખેડ, ખાતરના પ્રયોગોનાં પરિણામો ખેડૂતજનતાના કાન સુધી પહોંચ્યાં નથી તો તે પત્રિકાઓ દ્વારા અથવા સ્થાનિક છાપામાં છપાવી દરેક ખેડૂતને તેની જાણ થાય તેવી વ્યવસ્થાની જરૂર છે. નહિતર વરસોથી થતી શોધખોળ, વ્યવસ્થિત પ્રકારના અભાવે ઉપયોગમાં ન લઈ શકાય તો તો વિજ્ઞાનીઓની શક્તિ અને સરકારી નાણાંનો દુર્વ્યય ગણાય.

૧૩ ખારવાળી જમીનમાં ઉગાડી શકાય તેવા પાકો શોધવા જોઈએ, જેવા કે ખારમાં થતી ડાંગર. રશિયાએ બરફવાળી જમીનમાં આ પ્રદેશમાં થતા ઘાસ એગ્રોપાઈરમનો ઘઉંની સાથે સંકર (અં. ક્રોસિંગ) કરી દર વરસે વાવ્યા વિના ઘઉંની ફુટમાંથી પાક મળે તેવી જાત શોધી કાઢી, તો તેના પ્રમાણમાં આ પ્રશ્ન સહેલો છે.

૧૪. અન્નપૂર્ણા ખાતર : વલ્લભવિદ્યાનગરમાં ડૉ. દીક્ષિતે શોધેલ આ ચમત્કારિક ખાતર વડે બાજરીનો પાક ૪૦ ટકા વધારે અને આઠ દિવસ વહેલો ઊતર્યો તેમ જ ઋતુ વગર આ ખાતરથી ઘઉંનો સારો પાક મેળવી શકાયો; તો તે ખાતરના વૈજ્ઞાનિક પ્રયોગો સરકારે દરેક જાતની જમીન અને દરેક જાતના પાક ઉપર તુરત જ શરૂ કરી તેનાં પરિણામો ખેડૂતજનતાની જાણ માટે તુરત બહાર પાડવામાં આવે તેવો પ્રબંધ કરવાની જરૂર છે. બીના ચોથા ભાગનું આ ખાતર જોઈતું હોવાથી અને તે બે રૂપિયે રતલ પડતું હોવાથી આર્થિક દૃષ્ટિએ અને પાકમાં નાખવાનું પણ સુગમ પડશે. આવા ખાતરનું ઉત્પન્ન તુરત મોટા પાયા ઉપર વધારી તેની વહેંચણી હાથમાં લેવી જોઈએ.

૧૫. અનાજનો કાયદો અને અત્યારની લેવીપ્રથા નાબૂદ કરી તેને બદલે જમીનના જથ્થા પ્રમાણે દરેક ખેડૂતને કેટલું અનાજ આપવું પડશે તે સંબંધી ઋતુની શરૂઆત પહેલાં જણાવી દેવું. આથી તેટલું અનાજ ઉત્પન્ન કરવા ખેડૂતને યોગ્ય લાગે તેટલી જમીનમાં તે ઉગાડી પૂરતું ખાતર, ખેડ અને પાણી આપી પૂરતો પ્રયત્ન કરશે અને બાકીની જમીનમાં તે પોતાને ફાયદાકારક પાકો લઈ શકશે. ચોમાસાના પાકથી જો ખેડૂત આટલું અનાજ ન આપી શકે તો તેણે શિયાળુ અને ઉનાળુ પાક કરી પૂરું કરી આપવું પડશે. આમ થવાથી અનાજની ખેતી બહુવિધિ (અં. ઇન્ટેન્સીવ) થશે. તેમાં જો સરકારની માગણીથી વધારાનું અનાજ ખેડૂતને સીધા વાપરનારને વેચવાની છૂટ આપવામાં આવે, તો અનાજની ખેતીનો વધારાનો ખર્ચ, વાપરનારા પાસેથી વધારે મળતા ભાવમાંથી તે મેળવી શકશે.

['ક્રમશઃ']

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તંત્રીની ટપાલ

'અખંડ આનંદ'ના નવેંબર અંકમાં 'અહિંસાનો મહિમા' શિર્ષક નીચે શ્રી. દુર્ગાશંકર કે. શાસ્ત્રીની એક નોંધ આપવામાં આવી હતી. એ નોંધમાં રજૂ થયેલી વિગત બીજાં કેટલાંક પત્રોમાં પ્રસિદ્ધ થઈ હતી. આ વિશે 'હરિજન બંધુ'ના તંત્રી શ્રી. કિશોરલાલ મશરૂવાળાએ તપાસ કરી એક ખુલાસો પ્રગટ કર્યો છે. શાસ્ત્રીજી તરફથી પણ એ ખુલાસો અમને મળ્યો છે, તે અહીં પ્રસિદ્ધ કરવાનું યોગ્ય માનીએ છીએ:

નાપાયાદાર વાત

મિ. ઈ. સ્ટેન્લી જોન્સ महात्मा गांधी–ॲन अिन्टरप्रिटेशन નામના પોતાના પુસ્તકમા પાન ૧૦૧ પર લખે છે:

'નોઆખલીમાં બનેલા પ્રસંગનો અત્યાર સુધી અપ્રસિદ્ધ રહેલો અહેવાલ મને એક મોટી જગ્યા ધરાવનાર પત્રકારે આપ્યો હતો. દેખીતાં કારણોસર તે વખતે તેને આ પ્રસિદ્ધ કરવાની રજા આપવામાં આવી નહોતી. પરંતુ હવે મને એ પ્રસિદ્ધ કરવાની તેઓ રજા આપે છે. 'મહાત્મા ગાંધી તેમની શાંતિયાત્રા વખતે પગપાળા એક ગામથી બીજે ગામ જતા હતા ત્યારે તેમની આંખ સાથે આંખ મેળવવાની હિંમત ન હોવાથી ગુંડાઓ આગળથી તે ગામ છોડી ભાગી જતા હતા, જેઓ તેમની સામે આવતા તેમનો પલટો થઈ જતો અને શાંતિ જાળવવાનો ભાર પોતાને માથે ઉપાડી લેતા. તેમણે સરકાર સાથે એવી ગોઠવણ કરી હતી કે તેમની પ્રાર્થનાસભામાં કોઈની ધરપકડ કરવી નહિ. એક મુસ્લિમ આવ્યો. એના પર ગાંધીજીની કશી અસર ન થઈ. તેણે ગાંધીજીનું ગળું પકડયું અને તેમનું મોં વાદળી થઈ ગયું ત્યાંસુધી દબાવ્યુ'. પણ મહાત્મા તો એ વખતે પણ હસતા જ હતા, સામે થવાની વૃત્તિના અને અણગમાના યે અભાવની એના પર એટલી અસર થઈ કે તેણે ગાંધીજીને છોડી દીધા, પાછળથી આવીને તે મહાત્માને પગે પડયો અને પોતાની ભૂલ માટે તેણે માફી માગી. મહાત્માજીએ તો જાણે કશું બન્યું ન હોય એ રીતે પોતાનું કામ ચાલુ રાખ્યું''

આ લખાણના હિંદની કેટલીક ભાષાઓમાં અનુવાદ પણ થયા છે. મેં શ્રી સતીશબાબુ શ્રી પ્યારેલાલ, શ્રી મનુ ગાંધી, શ્રી આભા ગાંધી અને બીજાંઓ જે નોઆખલીની યાત્રામાં ગાંધીજી સાથે હતાં તેમને આ હકીકત સાચી છે કે ખોટી અથવા એને મળતી કોઈ બીના બની હતી કે કેમ તે વિષે પૂછ્યું. મનુ ગાંધી સને ૧૯૪૬ના ડિસેંબરમાં ગાંધીજી સાથે જોડાયાં ત્યારથી તે છેવટ ગાંધીજીના અવસાન સુધી તેમની સાથે રહ્યાં હતાં. તેઓ ચોક્કસપણે કહે છે કે આવો બનાવ ૧૯૪૬ના ડિસેંબરથી ૧૯૪૮ના જાન્યુઆરી સુધીમાં નોઆખલી કલકત્તા, બિહાર કે બીજે ક્યાંય બન્યો નથી. અને તેમના જોડાયા પહેલાં પણ ક્યાંય બન્યો હોય તેવું તેમણે કદી સાંભળ્યું નથી. બીજાઓએ પણ આવો બનાવ જોયો કે સાંભળ્યો નથી તેથી ઉપરની વાતને એ પત્રકારે કેવળ કલ્પનામાંથી ઉપજાવી કાઢેલી ગણવી જોઈએ અને દિલગીરીની વાત છે કે શ્રી સ્ટેન્લી જોન્સે એ સાચી માની લીધી અને પૂરતી તપાસ વિના પ્રગટ કરી. તેમનું એ પુસ્તક જગપ્રસિદ્ધ છે અને બીજી ભાષાઓમાં તેનો અનુવાદ થવાનો સંભવ છે તેથી આ ભાગ તેમણે પાયાવિનાનો હોવાથી કાઢી નાખવો ઘટે છે.

વર્ધા, ૨૦–૧૧–'૪૯ (અંગ્રેજી પરથી) કિશોરલાલ મશરૂવાળા

* * *

'અખંડ આનંદ'ના ગયા અંકમાં 'હરિજનગીતા' નામનો એક લેખ પ્રસિદ્ધ થયો છે. લેખકનો હેતુ અસ્પૃશ્યતાનિવારણનો છે; પરંતુ તેમાં કેટલા હકીકતદોષો છે એવું મિત્રો અને વિદ્વાનો તરફથી જણાવવામાં આવ્યું છે. 'અખંડ આનંદ'માં ચર્ચાપત્રોને સ્થાન નથી તેથી તે અંગે આવેલા પત્રો અમે પ્રસિદ્ધ કરતા નથી, પરંતુ પત્રલેખકોને ખાતરી આપીએ છીએ કે આવી બાબત પરત્વે ભવિષ્યમાં વિશેષ કાળજી રાખવામાં આવશે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

૨૬મી જાન્યુઆરી

બરાબર વીસ વર્ષ પહેલાં હિંદુસ્તાનના ગામડેગામડે અને શહેરેશહેરે આપણે જાહેર રીતે પૂર્ણસ્વરાજ્યની પ્રતિજ્ઞા લીધી હતી. એ પ્રતિજ્ઞામાંથી જે તાકાત પેદા થઈ તે તાકાત વડે આપણે ૧૯૩૦નો સત્યાગ્રહ-જંગ ખેલ્યો હતો. અને તે પછી તો ભિન્નભિન્ન મોરચે હિંદી પ્રજા પોતાના જન્મસિદ્ધ અધિકારો માટે લડતી જ રહી હતી. ૧૯૪૨માં 'હિંદ છોડો'નો પોકાર કરી આપણે છેલ્લી લડાઈ લડ્યા હતા. જગતના સર્વશ્રેષ્ઠ પુરુષના નેતૃત્વ નીચે આપણે વીસ વર્ષ પહેલાં જે કૂચ આરંભી હતી, તે કૂચ આવતી તારીખ ૨૬મી એ સફળ થાય છે. આમ તો ૧૯૪૭ના ઑગસ્ટની પંદરમી તારીખે આપણે સ્વતંત્ર થયા છીએ, તે દિવસથી આજની ઘડી સુધી આપણી આંતરિક અને વિદેશી રાજનીતિ સંપૂર્ણ રીતે આપણી ઇચ્છાનુસાર જ ઘડાયેલી છે. છેલ્લા અઠ્ઠાવીસ મહિનામાં આપણે જે કંઈ કર્યું છે તેના યશ-અપયશના અધિકારી આપણે પોતે જ છીએ, છતાં આ અઠ્ઠાવીસ મહિના દરમિયાન કાયદાની દૃષ્ટિએ આપણે સ્વતંત્ર સાર્વભૌમ પ્રજાસત્તાક રાજ્ય તરીકેનો નહિ પરંતુ એક સંસ્થાન તરીકેનો દરજ્જો ભોગવ્યો છે. બ્રિટિશ તાજને આપણે સર્વોચ્ચ સ્થાને સ્થાપ્યો છે. આપણા રાજ્યના વડાની નિમણૂક ઇંગ્લેંડના રાજા કરે છે; અને તેની સત્તા સર્વોપરી મનાય છે. તાજ સાથેનો આ ઔપચારિક સંબંધ આપણી સ્વતંત્રતામાં ખામી રૂપ ગણાય. આવતી તા. ૨૬મી એ આ ખામી આપણે ભૂંસી નાખવાના છીએ. તા. ૨૬મી જાન્યુઆરીએ વીસ વર્ષ પહેલાં લીધેલી પ્રતિજ્ઞા આપણે પૂર્ણ કરીએ છીએ અને સ્વતંત્ર સાર્વભૌમ પ્રજાસત્તાકનો દરજ્જો મેળવીએ છીએ. તે દિવસથી રશિયા, અમેરિકા કે બ્રિટન જેટલા જ આપણે સ્વતંત્ર બનનાર છીએ.

આપણું બંધારણ

પ્રજાસત્તાક હિંદનું બંધારણ મંજૂર થઈ ગયું છે. તા. ૨૬મીથી તે અમલમાં આવશે. આ બંધારણમાં આપણા પ્રજાજીવનનું આબેહૂબ પ્રતિબિંબ પડેલું છે. બંધારણ સર્વાંગ-સંપૂર્ણ છે એમ ભાગ્યે જ કોઈ કહી શકશે. પૂ. ગાંધીજીએ આપેલા આદર્શોનું પ્રતિબિંબ પૂર્ણપણે બંધારણમાં પડ્યું નથી તે ખરું છે, પરંતુ કોઈપણ રાજ્યનું બંધારણ પ્રજાની શક્તિ-અશક્તિનું જ પ્રતિબિંબ હોય એ જો ધ્યાનમાં રાખીએ તો આપણી પોતાની ખામી સુધારવા તરફની ચીવટ વધે. આપણું બંધારણ દુનિયાભરના બંધારણોના શ્રેષ્ઠ તત્ત્વોના અર્ક જેવું કરવા પ્રયત્ન કર્યો છે. છતાં મુખ્ય અસર ઇંગ્લેંડના રાજબંધારણની રહી છે. હિંદુસ્તાન પોતાના ઇતિહાસમાં પહેલી જ વાર પ્રજાસત્તાક રાજ્ય બને છે. આ પ્રકારના રાજ્યતંત્રનો આપણને અનુભવ નથી. છેક અશોકના કાળથી આજસુધીના આટલા મોટા વિસ્તાર ઉપરની એકતા પણ સિદ્ધ થયેલી નથી. આપણે નવા બંધારણમાં પુખ્તવયના મતાધિકારનો સ્વીકાર કર્યો છે. આ રીતે સત્તર કરોડ માણસો મતદાર બને છે. દુનિયામાં કોઈ દેશમાં કદી સત્તર કરોડ મતદારો બન્યા નથી. આપણી પ્રજાનો મોટો સમૂહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરક્ષર છે, પણ પ્રાચીન સંસ્કારનો વારસો એટલો બળવાન છે કે આપણે આ પ્રયોગમાં સફળ થઈશું એવી આશા રહે છે. આપણી પ્રજા નિરક્ષર છે, પણ તે ઊંડી સમજ અને સારા સંસ્કારો ધરાવે છે. આ બંધારણ આપણી કસોટીરૂપ બનવાનું છે.

લોકસભાનું કાર્ય

જે લોકસભાએ બંધારણ ઘડ્યું તેની રચના લગભગ ત્રણ વર્ષ પહેલાં વિચિત્ર સંયોગોમાં થઈ હતી. તે વખતે હિંદના ભાગલાની વિચારણા નહોતી, પરંતુ મુસ્લિમોને ખાસ અધિકારો, પ્રાંતોના જૂથો અને રિયાસતોનું મર્યાદિત જોડાણ એવું વિચારવામાં આવ્યું હતું. આજે એમ લાગે છે કે એ પ્રકારની રચના થઈ હોત તો હિંદ અત્યંત નિર્બળ બની જાત અને એના અનેક ભાગલા પડત. પરિસ્થિતિ બદલાતાં લોકસભાનું સ્વરૂપ પલટાયું. હિંદમાંથી અમુક પ્રદેશ કપાયો અને પાકિસ્તાન બન્યું. પરંતુ જે બાકી રહ્યું તે ઇતિહાસમાં કોઈ દિવસ નહોતું એટલું સુસંગઠિત બન્યું. આ એકતા અને સંગઠન ટકાવવા માટે આપણા બંધારણમાં મધ્યસ્થ તંત્રના હાથમાં વિશેષ સત્તાઓ મૂકવામાં આવી છે. આપણું બંધારણ સમવાયી નથી તેમ એકતંત્રી પણ નથી, છતાં દેશની એકતા કદી જોખમમાં ન મુકાય તેનું તથા પ્રાંતો અને એકમો પોતાની રીતે વિકાસ સાધી શકે તેનું પૂરું ધ્યાન રાખવામાં આવ્યું છે. બંધારણમાં અસ્પૃશ્યતાને સંપૂર્ણ ભૂંસી નાખવામાં આવી છે. વર્ષોથી વ્યાપેલું કોમી ઝેર નીચોવી નાખવામાં આવ્યું છે. અલગ મતાધિકારને હવે સ્થાન જ નથી. માનવીના મૂળભૂત હક્કોની રક્ષા માટે પૂરી ખાતરી આપવામાં આવી છે. કોઈ પ્રકારના ભેદભાવને બંધારણમાં સ્થાન નથી. બંધારણની પીઠિકામાં સમાનતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આપણે ઇચ્છીએ તે પ્રકારે બંધારણમાં ફેરફાર કરી શકીએ તેવી પણ સગવડ રાખવામાં આવી છે. કોઈ પણ બંધારણ અંતે તો જડ વસ્તુ છે. તેનો સદુપયોગ કે દુરુપયોગ કરવાનું મુખ્યત્વે આપણા જ હાથમાં છે. તા. ૨૬મીએ આ બંધારણ અમલમાં આવતાં આપણે પ્રજાસત્તાકનું ગૌરવ પ્રાપ્ત કરીએ છીએ; સાથે જ આપણી જવાબદારી વધે છે. આપણે જાણે આખા જગતને કહીએ છીએ કે અમે અમારા પગ ઉપર ઊભા રહેવાનો હવે નિશ્ચય કર્યો છે. આખી દુનિયાની દોસ્તી અમે માગીએ છીએ, પરંતુ તે માટે કોઈની તાબેદારી સ્વીકારવા અમે તૈયાર નથી. ઈશ્વરે આપેલી સ્વતંત્રતા પ્રાણના ભોગે પણ રક્ષવાનો અમારો નિર્ધાર છે. આવતી ૨૬મીએ સ્વાતંત્ર્યદિન ઉજવતાં આપણે આ વસ્તુસ્થિતિને લક્ષમાં રાખવી ઘટે છે.

પુણ્યતિથિ

તા. ૩૦મી જાન્યુઆરીએ પૂજ્ય ગાંધીજીની પુણ્યતિથિ આવે છે. પૂ ગાંધીજીની જન્મજયંતી અને પુણ્યતિથિ આપણા સૌને માટે આત્મનિરીક્ષણનું પર્વ છે. તા. ૨૬મીએ આપણે જગતનાં મહારાજ્યોની વચ્ચે જે દરજ્જો પ્રાપ્ત કરીએ છીએ તેનો યશ પૂ. ગાંધીજીને છે. એમની રાહબરી નીચે આપણે ચાલ્યા તેથી જ અહીં સુધી પહોંચી શક્યા છીએ. આપણે એમને રાષ્ટ્રપિતાનું બિરુદ આપ્યું તે યથાર્થ છે. હજારો વર્ષો સુધી એ બિરુદ કાયમ રહેવાનું છે. એટલું ખરું છે કે એમના આદર્શોથી આપણે ઘણા દૂર છીએ, પરંતુ આ વસ્તુનું આપણી પ્રજાને અને આપણા નેતાઓને ભાન છે તે સદ્ભાગ્યની નિશાની ગણાય. આપણે ક્યાં જવાનું છે તે પૂ. ગાંધીજીએ નક્કી કરી આપ્યું છે. આજે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના તમામ આગેવાન સભ્યોને ખાતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ચૂકી છે કે અણુબોમ્બથી યુદ્ધ અટકતું નથી, દૂર ઠેલાતું નથી; પણ નજીક જ આવે છે. આજે અણુશક્તિ ઉપર નિયમન મૂકવાની વિચારણા ચાલી રહી છે. આ બધા પ્રયત્નો સારા હેતુથી થાય છે, પરંતુ તેના મૂળમાં જ ખામી છે, તે જ્યાંસુધી રાષ્ટ્રોના નેતાઓના લક્ષમાં નહિ આવે ત્યાંસુધી વિશ્વશાંતિની આશા નથી. શસ્ત્રોની હરીફાઈ જ્યાંસુધી ચાલશે ત્યાંસુધી જગત ઉપરથી યુદ્ધનો ય દૂર થશે નહિ. શસ્ત્રો છોડ્યા વિના શાંતિની સાધના થવાની જ નથી. થોડા દિવસ પહેલાં આપણી લોકસભાના પ્રમુખ શ્રી રાજેન્દ્રબાબુએ કહ્યું કે દુનિયાના તમામ દેશોમાં વસતો સામાન્ય માનવી જો જાગ્રત નહિ થાય, જો પોતાના જીવનનું દૃષ્ટિબિંદુ નહિ બદલે તો દુનિયાના નેતાઓ યુદ્ધ તરફ આખા જગતને ઘસડી જશે અને સર્વનાશ અનિવાર્ય બનશે. એમણે કહ્યું કે જ્યાંસુધી ઐહિક સુખ અને ઉપભોગ એ જ માનવીનો આદર્શ છે, ત્યાંસુધી જગતમાંથી હરીફાઈ, ઈર્ષ્યા અને યુદ્ધ નાબૂદ થવાનાં નથી. પૂ બાપુની પુણ્યતિથિએ આપણે એમના વચનોનું સ્મરણ કરીએ, મનન કરીએ ને આચરણ કરીએ.

પ્રાંતોની પુનર્ઘટના

આંધ્રવાસીઓએ મદ્રાસ શહેર ઉપરનો પોતાનો દાવો છોડ્યો અને એ રીતે નહેરુ-પટ્ટાભી-પટેલ સમિતિના અહેવાલનો સ્વીકાર કર્યો, તેથી આંધ્રપ્રાંતની રચના શક્ય બની છે. કોંગ્રેસ કારોબારીએ તથા હિંદ સરકારે આ વિશે ઘટતા નિર્ણયો લઈ લીધા છે. થોડા મહિનામાં જ આપણે આંધ્રના લોકોની આકાંક્ષાઓને મૂર્તિમંત થયેલી જોઈ શકીશું.

આંધ્રની રચના થતાં કર્ણાટક અને કેરલના લોકોમાં પોતાના પ્રાંતની રચના માટેની લાગણી તીવ્ર બની છે. મલયાલમ ભાષાભાષીઓએ કેરલની રચના માટે પ્રમાણમાં મર્યાદા જાળવી પ્રયત્નો કર્યા છે, જ્યારે કાનડીભાષાભાષી કર્ણાટકીઓ વધુપડતા ઉગ્ર બની ગયા છે. થોડા દિવસ પહેલાં કર્ણાટક પ્રાંતિક સમિતિની કારોબારીએ એક ઉગ્ર ઠરાવ કરી કર્ણાટક પ્રાંતની રચનાની માગણી કરી હતી. એ ઠરાવ દ્વારા કર્ણાટકી ધારાસભ્યોને ધારાસભા છોડવાનો આદેશ અપાયો હતો. આમાં એટલું સ્વીકારવામાં આવ્યું હતું કે મધ્યસ્થ પાર્લામેન્ટરી બોર્ડની મંજૂરી મળે તો જ રાજીનામાં આપવાં. બીજી બાજુ કર્ણાટકના વેપારી મંડળે 'સત્યાગ્રહ' કરવા મોટું ફંડ એકઠું કરવા માંડ્યું છે; આને પરિણામે કર્ણાટકનું વાતાવરણ ખૂબ ડહોળાયું છે અને દેશમાં પણ તેના પડઘા પડ્યા છે. સમિતિના ઠરાવને માન આપી ઘણાખરા ધારાસભ્યોએ પોતાનાં રાજીનામાં આપી દીધાં છે. કોંગ્રેસની વરિષ્ઠ કારોબારીએ આ અંગે પોતાનો નિર્ણય આપી દીધો છે. કારોબારીના ઠરાવમાં કર્ણાટકના પગલા પ્રત્યે સખત નાપસંદગી દર્શાવવામાં આવી છે અને ફરીને જણાવવામાં આવ્યું છે કે જ્યાંસુધી નેતાસમિતિની ભલામણોમાં જણાવેલી શરતો માન્ય ન થાય ત્યાંસુધી કર્ણાટક પ્રાંતની રચના શક્ય નથી.

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે કેરલ અને કર્ણાટકનો પ્રશ્ન ત્રાવણકોર-કોચીન સંઘ તથા મહીસુરના પ્રશ્નો સાથે સંકળાયેલો છે. આ રાજ્યો પ્રાંતમાં ભળે નહિ અને રાજા કે રાજપ્રમુખ ગાદી છોડે નહિ, ત્યાંસુધી આ કોયડો ઊકલે તેમ નથી. સહુએ સાથે મળીને આ દિશામાં જ પ્રયત્ન કરવો જોઈએ. મહારાષ્ટ્રના સવાલમાં આવી કોઈ ગૂંચ નથી, પરંતુ ત્યાં મુંબઈ શહેરનો કડવો ઘૂંટડો ગળે ઉતારવો પડે એમ છે. બધા સંજોગો જોતાં એમ લાગે છે કે આંધ્ર સિવાય બીજા કોઈ પ્રાંતની રચના તરતમાં થાય એવો સંભવ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશ્મીરનો પ્રશ્ન

સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના કાશ્મીર પંચે હાથ ધોઈ નાખ્યા છે અને પોતાનો અહેવાલ સલામતિ સમિતિ સમક્ષ રજૂ કરી દીધો છે. આ અહેવાલમાં હિંદનું દૃષ્ટિબિંદુ યોગ્ય રીતે રજૂ થયું છે; પંચનું પાકિસ્તાનતરફી વલણ છાનું નથી રહેતું. કાશ્મીરમાં આક્રમણકાર કોણ છે તે વિષે પંચે મૌન રાખ્યું છે અને બીજી બધી બાબતમાં હિંદ અને પાકિસ્તાનને સમાન કક્ષામાં મૂકી દીધાં છે. હિંદે જગત સમક્ષ પોતાનો કેસ સરળ રીતે રજૂ કર્યો છે. પાકિસ્તાનના પ્રચારનો પરપોટો હિંદે ફોડી નાખ્યો છે. આ સંબંધી સર્વ હકીકતો જાહેર કરવામાં આવી છે. લોકમતની આડે માત્ર બે જ અંતરાયો બાકી રહ્યા છે.

હિંદનું દૃઢ મંતવ્ય છે કે આઝાદ કાશ્મીર દળોને નિઃશસ્ત્ર કરી વિખેરી નાખવામાં ન આવે અને ઉત્તરનો પ્રદેશ હિંદી સેનાના સંરક્ષણ નીચે ન મુકાય ત્યાંસુધી મુક્ત લોકમત લઈ શકાય જ નહિ. આ બાબત અત્યારે સલામતિસમિતિ પાસે છે અને ત્યાં સમાધાનના પ્રયાસો ચાલે છે, પરંતુ સંયોગો જોતાં બહુ આશા ઊપજતી નથી. સલામતિ સમિતિના સભ્યો બળની સમતુલા જાળવવાની દૃષ્ટિએ નહિ, પણ શુદ્ધ ન્યાયની દૃષ્ટિએ જ કાશ્મીરનો પ્રશ્ન વિચારે તો જ આ કોયડાના ઉકેલની આશા છે, અન્યથા આ મડાગાંઠ ચાલુ જ રહેશે એમ લાગે છે.

તા. ૨૨-૧૨-'૪૯

✲

બ્રિટનના રાષ્ટ્રસમૂહની પરિષદ વખતે પંડિત જવાહરલાલે રાષ્ટ્રસમૂહમાં ચાલુ રહેવાનો નિર્ણય કર્યો. આ ખબર સાંભળી ત્યારે એક વખતના ઇંગ્લૅંડના વડાપ્રધાન મિ. ચર્ચિલને એમનો ભૂતકાળ યાદ આવ્યો. સ્વાતંત્ર્યની લડત માટે જે પંડિત જવાહરલાલને બ્રિટને કેટલાં યે વર્ષો સુધી જેલમાં રાખ્યા હતા, તે જ જવાહરલાલ બ્રિટિશ રાષ્ટ્રસમૂહમાં રહી મૈત્રી કાયમ રાખવાની ખાનદાની બતાવતા હતા. ગળગળા થઈ મિ. ચર્ચિલ બોલી ઊઠ્યા:

'હું નથી માનતો કે હું આટલો બધો મહાન બની શક્યો હોત!'

×

એક વકીલની તે જ શહેરમાં ન્યાયાધીશ તરીકે નિમણૂક થઈ. ચોરી કરવા માટે પકડાયેલા એક માણસનો કેસ પહેલો આવ્યો. આ માણસ વારંવાર ચોરી કરતાં પકડાયો હતો અને દરેક વખતે આ ન્યાયાધીશ તેના વકીલ તરીકે હતા ત્યારે તેણે તેને એક કે બીજી રીતે બચાવી લીધો હતો.

'વળી પાછા તમે મુશ્કેલીમાં આવી પડ્યા?' નવા જજે કહ્યું.

'જી, હા. પણ આ વખતે તમે મારો બચાવ નહિ કરી શકો, ખરું ને?'

'હા. તમે કહેતા હો તો તમારે માટે બીજા કોઈ વકીલની ગોઠવણ કરું.'

'નહિ જી, આભાર. મારે આ વખતે વકીલ કરવો નથી. હું સાચી અને બધી જ હકીકત રજૂ કરી દેવાનો છું!'

×

એક મોટો શેઠિયો ને એનો નાનો દીકરો મોટરમાં ફરવા જતા હતા. શેઠે મજાકમાં દીકરાની ટોપી લઈને બારીમાંથી બહાર નાખી દેવાનો દેખાવ કરી સંતાડી દીધી. દીકરો રડ્યો એટલે મોઢાથી સીટી વગાડતાંવગાડતાં પેલાને ખબર ન પડે એમ ટોપી લઈ પાછી દીકરાને માથે મૂકી દીધી.

દીકરો તો તુરત જ રડતો છાનો રહી ગયો. એને થયું બાપા જે સીટી વગાડે છે તેમાં જાદુ છે ને ટોપી પાછી આવે છે. 'આ તો ઘણું જ સુંદર.' પુત્રે પિતાને કહ્યું. 'ચાલો બાપુ, ફરીથી આવો પ્રયોગ કરીએ.' એમ કહી એણે સ્વહસ્તે જ ટોપી મોટરની બહાર નાખી દીધી!

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા-સમાચાર

સ્વામી અખંડાનંદની પુણ્યતિથિ

આ સંસ્થાના આદ્ય સ્થાપક અને સંચાલક ભિક્ષુ અખંડાનંદની પુણ્યતિથિ તા. ૪-૧-૫૦ને રોજ આવે છે. તે પ્રસંગે દર વર્ષની જેમ આ વર્ષે પણ પુસ્તકો **સસ્તા મૂલ્યે આપવાની જુદીજુદી પાંચ યોજનાઓ** જાહેર થઈ છે. તેની વિગત આ પછીના પાન ૧૨૯ ઉપર આપવામાં આવી છે. તે તરફ વાચક બંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે. આશા છે કે વાચક બંધુઓ આ તકનો લાભ લઈ પોતાને ત્યાં ન હોય તે પુસ્તકો વસાવીને અને બીજાઓને વસાવી લેવાની પ્રેરણા આપીને જ્ઞાનપ્રચારના કાર્યમાં બનતો સહકાર આપશે.

વિવિધ ગ્રંથમાળા

આ માળાના ગ્રાહકોને દેશ અને કાળનું પુસ્તક (પાન ૪૯૮, મૂલ્ય ૪-૦) ડિસેમ્બર માસની આખરે મોકલી અપાયું છે. હવે પછી વનરાજ ચાવડો, આરોગ્યની કૂંચી, શામળના છપ્પા અને પ્રભુમય જીવનનું રહસ્ય એ અને બીજાં એવાં ઉપયોગી પુસ્તકોમાંથી પસંદ કરીને મોકલાશે.

'આરોગ્યની કૂંચી' કેટલાંક કારણોસર તૈયાર થયું નથી. આ માસની આખર સુધીમાં તે તૈયાર થઈ જતાં દોઢ-બે માસમાં આ માળાના ગ્રાહકોને મોકલી અપાશે.

'અખંડ આનંદ'

'અખંડ આનંદ'ના ગ્રાહક બંધુઓને વિનતિ છે, કે લવાજમ મનીઑર્ડરથી મોકલતાં અથવા રૂબરૂમાં આપતી વખતે પોતાનો જૂનો **ગ્રાહક નંબર** અવશ્ય જણાવવો. તેમ જ સરનામું બદલાવવાનું કે એવી કંઈ પણ સૂચના કરવાની હોય ત્યારે ત્યારે પણ પોતાનો **ગ્રાહક નંબર** અવશ્ય જણાવવો. ગ્રાહકોની સંખ્યા વધી ગયેલી હોવાથી ગ્રાહક નંબર સિવાયના મળતા પત્રોની સૂચનાનો અમલ કરવામાં ઢીલ થશે.

નવાં પ્રકાશનો

છેલ્લા બે માસમાં પ્રસિદ્ધ થયેલાં પ્રકાશનો

ત્રિશલાનંદન મહાવીર: લે૦ રતિલાલ મ૦ શાહ: શ્રમણ ભગવાન મહાવીરની આ કથા ઉપદેશ દ્વારા અનેકોનાં જીવન અજવાળે છે.
પાન ૧૨૮ : કિં. ૦-૬

ગોસ્વામી તુલસીદાસ: (આમશ્રેણી) તુલસી રામાયણના રચયિતાનું સદ્‌ગત ભિક્ષુ અખંડાનંદજીએ તૈયાર કરેલું આ મહાન સંત-શિરોમણિનું ચરિત્ર પ્રેરક ને બોધક છે.
પાન ૧૨૮ : કિં. ૦-૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશ અને કાળ : (ગુજરાતીમાં જ્ઞાનના પ્રમાણનું પહેલું પુસ્તક) લે૦ સ્વામી માધવતીર્થજી : વેદાંતના વિવર્તવાદ સાથે પ્રૉ. આઇન્સ્ટાઈનના સાપેક્ષવાદનું સામ્ય ધરાવતી તથા દેશ અને કાળ સંબંધી જે હકીકતો પ્રાચીન ગ્રંથોમાં જોવામાં આવતી નથી, તે સર્વનું વિસ્તૃત વર્ણન અને સમજૂતી આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે. પાન ૪૪૮ : કિં. ૪–૦ (વિવિધ ગ્રંથમાળા)

પાકશાસ્ત્ર : (સુધારેલી નવી આવૃત્તિ) લે૦ શ્રીમતી કાશીબહેન મ૦ દેસાઈ: ઉચ્ચ શિક્ષણ લેતી કન્યાઓને તથા સાધારણ અભ્યાસવાળી બહેનોને પણ વાંચવા-સમજવામાં સરળ પડે એવી સાદી ભાષામાં જુદીજુદી વાનીઓ બનાવવાની રીત, પ્રમાણ, સમજ વગેરે આ પુસ્તકમાં અપાયું છે. પાન ૨૦૦ : કિં. ૧–૮ : પાકાં પૂઠાં ૨–૦

બાળકોના આચાર : (સચિત્ર, આમશ્રેણી) લે૦ સોમાભાઈ ભાવસાર : બાળકોને સદ્વર્તન શીખવતા પાઠો. આવૃત્તિ ૨જી. પાન ૪૮ : કિં. ૦–૩

છેલ્લા ત્રણ માસનાં પ્રકાશનો

તુલસીકૃત રામાયણ : (આવૃત્તિ દસમી, બે ગ્રંથોમાં–સચિત્ર) દોહા–ચોપાઈ ગુજરાતી લિપિમાં આપ્યાં છે. મૂળ રામાયણ ઉપરાંત ક્ષેપકકથાઓ, લવકુશકાંડ, હનુમાનચાલીસા, અષ્ટક, તિથિપત્ર, શલાકા-પ્રશ્ન, માહાત્મ્ય, પારાયણવિધિ તથા બીજી પણ ઉપયોગી બાબતો અપાઈ છે. ચિત્રો ૩૪, પાકાં પૂઠાં, પાન ૧૨૧૬ : કિં. ૧૦–૦

મારો ભારત દેશ : (આવૃત્તિ ૨જી, સચિત્ર) લે. કાંતિલાલ પરીખ: ભારતવર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય. પાન ૧૨૮ : કિં. ૦–૧૦

શ્રીશાંકરભાષ્ય સહિત ભગવદ્ગીતા : અનુ૦ શ્રી વામનરાવ પ્રા. પટેલ બી. એ., એલએલ. બી. : ભગવાન શંકરાચાર્યે કરેલા ભાષ્યના સરળ ગુજરાતી અનુવાદ સાથેનો કેટલાંય વર્ષોથી અપ્રાપ્ય ગ્રંથ. પાન ૪૪૮ : કિં. ૪–૦

શામળના છપ્પા : સં. શ્રી કેશવરામ કા. શાસ્ત્રી : શામળના ઉપલબ્ધ થતા લગભગ બધા ગ્રંથોમાંથી છપ્પા ઉપરાંત બીજી ચૂંટેલી બોધક કવિતાઓનો ઉપયોગી સંગ્રહ. પાન ૧૬૦ : કિં. ૦–૧૦

CC-0. In Public Domajn. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સસ્તા મૂલ્યે પુસ્તકો—અપૂર્વ લાભ!

સદ્‌ગત ભિક્ષુ અખંડાનંદની ૮મી પુણ્યતિથિપ્રસંગે દર વરસે પુસ્તકો સસ્તા મૂલ્યે આપવાનું જાહેર કરવામાં આવે છે. તે મુજબ આ વરસે આ સૂચિમાં જણાવ્યા પ્રમાણેની, સસ્તા મૂલ્યે પુસ્તકો આપવાની પાંચ યોજનાઓ જાહેર થાય છે.

આ યોજનાઓ મુજબ તા. ૪-૧-૫૦થી તા. ૩-૨-૫૦ સુધીના એક માસ માટે પુસ્તકો સસ્તા મૂલ્યે અપાશે. તા. ૩-૨-૫૦ પછી આ યોજનાનો લાભ મળશે નહિ. એટલે જોઈતાં પુસ્તકો માટે નાણું મોકલીને ઉપલી મુદત પહેલાં નામ નોંધાવી દેવું જરૂરી છે.

યોજનાના નિયમો

(૧) તા. ૩-૨-૫૦ પછી આ યોજના મુજબ પુસ્તકો મળશે નહિ, એટલે તે પહેલાં, યોજનામાં જણાવ્યા પ્રમાણે જોઈતાં પુસ્તકોની યાદી સાથે નાણાં મોકલી, આપનું નામ વહેલી તકે નોંધાવી લેવાની આપને માટે જરૂર છે.

(૨) નોંધાયેલ ક્રમ પ્રમાણે પુસ્તકો મોકલાશે.

(૩) બહારગામના ગ્રાહકોએ અમદાવાદના કાર્યાલયમાં જ લખવું.

(૪) રેલવેનૂર મંગાવનારે ભરવાનું રહેશે.

યોજના નં. ૧

ઘરમાં વસાવવા જેવા ગ્રંથો

નીચે જણાવેલાં ૮૬ પુસ્તકોની કિંમત રૂ. ૨૧૨ા≈ થાય છે. તે આખો સેટ લેનારને માત્ર રૂ. ૧૪૦)માં અપાશે. આ સેટનાં પુસ્તકોમાંથી છૂટક પુસ્તકો ખરીદનારને પોણા મૂલ્યે અપાશે. સેલટેકસ જુદો સમજવો.

પુસ્તકનું નામ અને વિગત	પૃષ્ઠ	મૂલ્ય
મહાભારત-સંપૂર્ણ-ભાષાંતર, સાત દળદાર ગ્રંથોમાં	૫૨૦૮	૫૨-૦
સ્વામી વિવેકાનંદ-વિસ્તૃત જીવનચરિત્ર	૭૮૪	૪-૦
રામચંદ્ર દત્ત અને નાગમહાશય-વિસ્તૃત ચરિત્રો	૩૩૬	૧-૦
આદર્શ ચરિત્રસંગ્રહ-૨ જો-મહાન સંતોનાં ચરિત્રો	૬૨૪	૩-૦
આગળ ધસો-ચેતના અને ઉત્સાહપ્રેરક ગ્રંથ	૪૬૮	૩-૦
કતલખાનું-શ્રમજીવીઓનું જીવન આલેખતું પુસ્તક	૬૯૬	૩-૦
આત્માનંદ સરસ્વતી-ટૂંકું ચરિત્ર અને ઉપદેશ	૧૯૨	૧-૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુકામ્હણે-પસંદ કરેલા અભંગો મરાઠીમાં	૧૨૦	૦-૫
રાજયોગ-પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ વગેરે	૧૩૬	૦-૧૨
આત્મનિરીક્ષણ અને સંકલ્પ-લે૦ રમણલાલ વ૦ દેસાઈ: સ્વસુધારણાની પ્રેરણા આપતું પુસ્તક	૧૬૮	૧-૦
મહર્ષિ દયાનંદ-નવી આવૃત્તિ	૧૫૨	૧-૮
પાકશાસ્ત્ર-મિષ્ટાન્ન-ફરસાણ-પાકો વગેરે બનાવવાની સરળ રીતો ...	૨૬૪	૨-૮
ભારતના વીર પુરુષો-૪૦ ઐતિહાસિક વીરપુરુષોનાં ચરિત્રો ...	૩૩૬	૧-૪
આદર્શ દૃષ્ટાંતમાળા-ભા. ૧લો-ભા. ૨જો-બોધક ૮૧૯ ટૂંકાં દૃષ્ટાંતો	૯૨૮	૫-૦
પંચાંગ. સં. ૨૦૦૬નું-ગ્રહલાઘવીય	૧૧૨	૦-૯
ઉપદેશસારસંગ્રહ-મહાત્મા નિરંજનવરનો વેદ તુલ્ય બોધ	૩૮૪	૧-૮
આખ્યાનમાળા-ભાગ ૧ લો-બોધક આખ્યાનો	૭૦૮	૩-૦
સ્વામી રામતીર્થ ગ્રંથ ૧ લો-એમના સદુપદેશ, વ્યાખ્યાનો ઇત્યાદિ ...	૫૬૪	૩-૦
,, ,, ,, ૪ થો-વિસ્તૃત ચરિત્ર તથા વેદાંતના ઉપદેશો	૬૭૨	૩-૮
વિવેકાનંદ-ભાગ ૮ મો-સ્વામીશ્રીના ઉપદેશો, ભક્તિયોગ, આવૃત્તિ ૨જી	૩૮૪	૨-૦
તુકારામગાથા-ગ્રંથ ૧ લો-૨ જો-ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યપ્રેરક અભંગોનું સરળ ભાષાંતર	૧૮૪૦	૬-૦
ગુલાબસિંહ-સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીકૃત	૪૧૬	૪-૦
જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથનાં ચરિત્રો	૫૦૪	૨-૮
સંતની વાતો-ધર્મ, નીતિ વગેરેનાં દૃષ્ટાંતો	૨૬૪	૧-૮
ચૈતન્યમહાપ્રભુ-ત્રણ ગ્રંથો, વિસ્તૃત ચરિત્ર (સચિત્ર)	૧૫૯૬	૮-૦
સંત તુકારામ-મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંતનું ચરિત્ર	૬૪૮	૩-૦
સ્વામીશ્રી બ્રહ્માનંદ ને શિવાનંદનાં ચરિત્રો-	૪૨૪	૧-૬
ભક્તચરિત્ર-ભક્તમાળમાં નહિ આવેલાં ચરિત્રો	૫૨૮	૨-૮
ટૂંકી વાર્તાઓ-ગ્રંથ ૧ લો-સામાજિક નિર્દોષ ૬૬ વાતો	૫૮૮	૨-૮
,, ,, ,, ૬ ઠ્ઠો-સર્વ માટે ઉપકારક ૮૬ વાતો	૭૨૦	૨-૮
ભારતની દેવીઓ-ગ્રંથ ૧ લો-પ્રાચીન યુગની સતીઓ	૭૩૨	૩-૦
,, ,, ,, ૨ જો-મધ્યયુગના ઐતિહાસિક ચરિત્રો ...	૭૩૨	૩-૦
,, ,, ,, ૩ જો-મધ્યયુગ ને અર્વાચીન યુગનાં ચરિત્રો...	૮૦૪	૩-૦
પ્રીતમદાસની વાણી-ભજનો, ધોળ, છપ્પા, કક્કા, મહિના ઇત્યાદિ ...	૫૬૦	૪-૦
સુબોધપુષ્પવાટિકા (ગુલિસ્તાં)-મહાત્મા શેખ સાદીકૃત	૧૩૬	૦-૫
શુભસંગ્રહ ભાગ ૨ જો-દવાઓ ને જરૂરી માહિતી આપતા ૧૪૮ લેખો	૫૪૪	૩-૦
,, ભાગ ૯ મો-દવાઓ ને જરૂરી માહિતી આપતા ૧૬૫ લેખો	૭૩૬	૩-૦
સાચું સ્વર્ગ-ભક્તિ ને જ્ઞાનવિષયક સાદી વાતો	૪૯૨	૨-૦
સ્વર્ગની કૂંચી-સદ્વર્તન રાખતાં શીખવનારો બોધ	૩૭૨	૨-૦
સ્વર્ગની સીડી-મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાનાં ૧૨ પગથિયાં	૩૬૦	૨-૦
સ્વર્ગનું વિમાન-ભક્તિના મહિમાના ૩૨૫ દાખલા	૩૭૨	૨-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગના આનંદ-ભક્તિ ને તેના પ્રકારોની સમજ	૩૬૦	૨-૦
સ્વર્ગના ખજાના-ભક્તિમાર્ગ સમજાવતું પુસ્તક	૩૧૨	૨-૦
સ્વર્ગનો પ્રકાશ-જ્ઞાન અને પરમાર્થની વાતો	૩૩૬	૨-૦
સંસારમાં સ્વર્ગ-સંસારને સ્વર્ગ બનાવતું પુસ્તક	૩૪૮	૨-૦
મોહમુદ્ગર ને બીજાં દશ રત્નો-સરળ અર્થ સાથે	૧૬૮	૧-૦
શતશ્લોકી ને બીજાં ચાર રત્નો-સરળ અર્થ સાથે	૨૦૦	૦-૧૨
સ્તોત્રસંગ્રહ-ભક્તિ ને વેદાંત-સ્તોત્રો અર્થ સાથે	૨૨૦	૦-૧૦
સર્વ વેદાંત-સિદ્ધાંત-સારસંગ્રહ-ભાષાંતર સાથે	૨૨૪	૧-૪
વિવેકચૂડામણિ-સરળ અનુવાદ સાથે	૧૬૦	૦-૧૨
એકનાથી ભાગવત-એકનાથ મહારાજના વિવરણ સાથે	૬૦૦	૫-૦
મહાવાક્ય-રત્નાવલિ-૧૦૮ ઉપનિષદોના સારરૂપ સંગ્રહ, સરળ ભાષાંતર સાથે	૧૮૪	૦-૧૨
વિદુરનીતિ-સરળ અનુવાદ સાથે	૧૬૮	૧-૦
આત્મસાક્ષાત્કારની કસોટી-સ્વામી સ્વયંજ્યોતિતીર્થ	૨૦૮	૧-૪
અવધૂત ગીતા-સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ	૧૪૪	૧-૪
અષ્ટાવક્ર ગીતા-મૂળ સાથે સરળ ભાષાંતર	૭૨	૦-૮
ગીતા પુરુષાર્થબોધિની-એ ગ્રંથમાં ભાગ ૧ લો- / ,, ૨-૩ જો- { મૂળ શ્લોકો, પદચ્છેદ, અર્થ અને પંડિત સાતવલેકરજીની ટીકા સાથે }	૧૦૬૮	૧૨-૮
જ્ઞાનસત્ર ગીતા-મૂળ શ્લોકો (ગુજરાતી લિપિમાં)	૩૬૮	૧-૪
મૂળ પંચરત્ન ગીતા-માત્ર સંસ્કૃત શ્લોકો, પાઠ કરનાર માટે	૩૩૨	૦-૮
મોક્ષમાળા-શ્રીમદ્ રાજચંદ્રકૃત	૧૯૨	૧-૪
શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ ભાગ ૨ જો-રામકૃષ્ણ કથામૃતથી આગળના ભાગમાં આવતા ઉપદેશો તથા કથાપ્રસંગો	૩૧૨	૨-૦
ધમ્મપદ-બૌદ્ધ ધર્મનું ગીતા જેવું અમૂલ્ય પુસ્તક	૧૯૨	૧-૦
પંચીકરણ-મુમુક્ષુઓના આત્મબોધ માટે સર્વોત્તમ ગ્રંથ, દૃષ્ટાંતો અને યુક્તિ-અનુભવવાળી ટીકા સાથે	૨૬૪	૨-૦
પ્રભુમય જીવન-સુખી થવાના સરળ ઉપાયો	૧૯૨	૦-૧૨
પ્રભુમય જીવનનું રહસ્ય-સદુપદેશ, ભજનો ઇત્યાદિ સાથે	૧૬૮	૧-૦
વિચારસાગર-૨જી આવૃત્તિ, શ્રીનિશ્ચળદાસજીકૃત વેદાંતનો મહાન ગ્રંથ મૂળ દોહા, અર્થ તથા વિવરણ સાથે	૪૦૦	૩-૦
સૂર્યકાંત-મુમુક્ષુઓ માટે અત્યંત ઉપયોગી ગ્રંથ	૨૭૨	૨-૦
બાળસદ્બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૧૨૮	૦-૮
બાલભારત-(સચિત્ર) સંક્ષિપ્ત મહાભારત	૨૮૮	૧-૮
ઓખાહરણ-(મહાકવિશ્રી પ્રેમાનંદકૃત) મોટા અક્ષરોમાં અઘરા શબ્દોના અર્થ સાથે	૧૧૨	૦-૮
નળાખ્યાન-(મહાકવિ પ્રેમાનંદકૃત) મોટા અક્ષરોમાં	૧૩૬	૧-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભજનસંગ્રહ–જુદાજુદા સંતોનાં ૩૩૬ ભજનોનો સંગ્રહ	૨૪૦	૧-
શ્રી રમણ મહર્ષિ–સુધારાવધારા સાથેની ૨ જી આવૃત્તિ	૨૧૬	૨-
હંસ મહારાજ–વેદાંત જેવા ગહન વિષયને વિવિધ દૃષ્ટાંતો દ્વારા સરળ રીતે સમજાવતું પુસ્તક	૨૮૦	૨-
શ્રીશારદામણિદેવી–(ચરિત્ર) લે. આનંદચૈતન્ય	૧૦૪	૦-
	૩૫,૯૪૦	૨૧૨-૭

નોંધ: ઉપર પ્રમાણે છયાસી પુસ્તકોનો સેટ, જેનું છાપેલું મૂલ્ય રૂા. ૨૧૨–૭–૦ છે તે, માત્ર રૂા. ૧૪૦–૦–૦માં મળશે. સેલ-ટેક્સ સાથે રૂા. ૧૪૪–૬–૦માં રૂબરૂમાં મળશે. બહારગામથી રેલવેરસ્તે મંગાવનારે રૂા. ૧–૧૦–૦ પેકિંગ–રવાનગી સાથે રૂા. ૧૪૬–૦–૦ મોકલવા. **આ યોજનામાં છૂટક પુસ્તકો લેનારને પોણા મૂલ્યે (પચીસ ટકા વળતરથી) પણ મળશે.**

યોજના નં. ૨

આમ સાહિત્યશ્રેણી

જ્ઞાન–ચારિત્ર્ય–વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂ કિંમતથી પૂરું પાડવાના ઉદ્દેશથી, નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું છે ગરીબ પણ સંસ્કારી વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે નાની શી લાયબ્રેરી વસા શકે એવો આશય છે.

આ શ્રેણીનાં નીચે જણાવેલાં ૭૭ પુસ્તકોની કિંમત રૂા. ૧૯–૫–૬ થા છે. તે આખો સેટ લેનારને માત્ર રૂા. ૧૫–૮–૦ અપાશે. રૂબરૂમાં સેલટેક્સ સા રૂા. ૧૬–૦–૦ માં મળશે.

ધર્મ અને તત્ત્વજ્ઞાન

તૈત્તિરીય ઉપનિષદ–સરળ અર્થ સાથે	૦–૩
શ્રીવિષ્ણુસહસ્રનામ–સરળ અર્થ સાથે	૦–૪
સો મૂર્ખાઓનાં લક્ષણો–અર્થ અને સમજૂતી સાથે	૦–૩
દૃગ્–દૃશ્ય વિવેક–સરળ અનુવાદ સાથે	૦–૨
યક્ષ અને યુધિષ્ઠિર–યક્ષ અને યુધિષ્ઠિરનો સંવાદ મૂળ શ્લોકો સાથે સરળ ભાષામાં	૦–૩
દત્તાત્રેય–(અવધૂત) દત્તાત્રેયના ૨૪ ગુરુઓનું વર્ણન	૦–૩
નીતિશતક–(શ્રીભર્તૃહરિકૃત) સરળ અનુવાદ સાથે	૦
વૈરાગ્યશતક–(શ્રીભર્તૃહરિકૃત) સરળ અનુવાદ સાથે	૦
પ્રેમપન્થ (૧) ગાંધીજીના પોતાના શબ્દોમાં	૦
,, –(૨) સં૦ : શ્રી. વાલજી દેસાઈ	૦
શિવમહિમ્નઃસ્તોત્રમ્–મૂળ સાથે ભાષાંતર	૦
કંઠાભરણમ્–પ્રાર્થનામંત્રો–અર્થ સાથે	૦
તંત્રની સાધના–લે૦ આચાર્ય ક્ષિતિમોહન સેન : ...	૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતાસાર-કાકા કાલેલકર : ગીતાનું સંક્ષિપ્ત દોહન ... ૦-૪

ગીતાપોથી-ભગવદ્‌ગીતાની બાળપોથી-કર્મયોગના ૧૨૫ શ્લોકો, અર્થ તથા વિસ્તૃત સમજૂતી સાથે ૦-૬

ગીતાસંકલન-સં૦ શ્રી રમણ મહર્ષિ : બીજાં ત્રણ સંકલનો સરળ અર્થ સાથે ૦-૩

શ્રીમદ્ ભગવદ્‌ગીતા-(૧૨ ને ૧૫ અધ્યાય) અર્થ સાથે ... ૦-૩

ઉત્તરગીતા-તત્ત્વબોધનો સરળ અનુવાદ, મૂળ શ્લોકો સાથે ૦-૬

મણિરત્નમાળા-શ્રીશંકરાચાર્યકૃત : સરળ અર્થ શ્લોકો સાથે ... ૦-૧।।

પરમપુરુષાર્થ-લે૦ સ્વામી અદ્વૈતાનંદ, માનવજીવનનો ઉદ્દેશ દર્શાવતું પુસ્તક ૦-૬

આર્ય, બૌદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય-લે૦ પંડિત બહેચરદાસ દોશી ... ૦-૩

નારદનાં ભક્તિસૂત્રો-શ્લોકો, અર્થ તથા વિવેચન સાથે ૦-૩

જ્ઞાનનાં ઝરણાં-(આવૃત્તિ ત્રીજી) ૦-૩

શ્રીરામકૃષ્ણ ઉપદેશ-બોધદાયક ઉપદેશો ૦-૫

વિચારસૂર્યોદય-સ્વામી માધવતીર્થકૃત ૦-૩

ઉચ્ચ જીવન-વિદ્યાર્થીઓ માટે ઉપયોગી ૦-૩

ધ્યાન અને જ્ઞાન-લે૦ સ્વામીશ્રી માધવતીર્થજી ૦-૩

બંસીમાં ભગવાને શું ગાયું ? ૦-૩

જીવનચરિત્રો

રામાયણની રહસ્યકથા ... ૦-૧

ભક્ત જલારામ-મહાન પ્રભુભક્તના જીવનપ્રસંગો ૦-૩

ચંદ્રહાસ-ભક્ત ચંદ્રહાસની કથા સારરૂપે ૦-૩

ભક્તરાજ હનુમાન-ટૂંકું જીવનચરિત્ર ૦-૬

સતી સાવિત્રી-સત્યવાન ને સાવિત્રીની રોચક કથા ૦-૩

બાળકોના વિવેકાનંદ-લે૦ શ્રી. પ્રફુલ્લ ઠાકોર ૦-૪

ભક્ત અંબરીષ-ચરિત્ર ... ૦-૩

શ્રીરામકૃષ્ણ પરમહંસ-કિશોરો માટે ૦-૬

નાનભટ્ટ બાપા-એક આદર્શ વૈદ્ય ... ૦-૪

નાનક-ટૂંકું પ્રેરણાદાયી ચરિત્ર ... ૦-૬

સુદામાચરિત્ર-(કાવ્ય) પ્રેમાનંદકૃત ૦-૩

ભક્ત રોહીદાસ-ભાવવાહી ચરિત્ર ... ૦-૩

મેનાવતી ને ગોપીચંદ તથા ભર્તૃહરિ ને વિક્રમ-લે૦ સ્વ. કલાપી ૦-૩

જેસલ ને તોરલ તથા જાલંધર ને ગોપીચંદ-લે૦-સ્વ. કલાપી ૦-૩

શ્રીતૈલંગ સ્વામી-વિશુદ્ધાનંદ તથા પૌહારીબાબાનાં ચરિત્રો ... ૦-૪

સંતવાણી

ગીતાંજલિ-ગુરુદેવ ટાગોરની વિશ્વવિખ્યાત કૃતિ ૦-૬

સો ભજનો-ચૂંટેલાં ભજનો ... ૦-૬

દોહારત્નાવલી-અર્થ સાથે ... ૦-૩

હરિપાઠ-શ્રી જ્ઞાનદેવ રચિત ૨૮ અભંગો, સરળ ભાષાંતર સાથે ... ૦-૨

ભક્ત સૂરદાસનાં પદો-ટૂંકા જીવનચરિત્ર સાથે ... ૦-૪

ધીરા ભગતનાં પદો-સં૦ ડુંગરશી સંપટ ૦-૪

ભોજાભગતના ચાબખા-સં૦ ,, ,, ૦-૬

છોટમની વાણી-મહાત્મા છોટમનાં પસંદ કરી ચૂંટેલાં ૯૬ પદોનો સંગ્રહ ૦-૪

કબીરની સાખીઓ-ગુજરાતી અર્થ સાથે ૦-૪

વાર્તાઓ-નાટકો

બે ડોસાની જાત્રા-મ૦ ટોલ્સ્ટોયકૃત ૦-૩

દયાળુ માતા-ભાવનાસ્પર્શી વાર્તા ૦-૪

સદ્‌ગુણી પુત્રી-પ્રેરક અને બોધક વાર્તા ૦-૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદાલસા અને અલર્ક–ચરિત્ર સાથે
તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ... ૦–૫
દુષ્યંત ને શકુંતલા અને બીજી વાતો ૦–૬
ધાવણની ધાર ને બીજી વાતો–
માનવસ્વભાવ અને લાગણી
પ્રગટ કરતી ૪ વાતો ... ૦–૩
શ્રમણ નારદ ને પાંડ ઝવેરી–પદ્માવતી
દેસાઈ કૃત ૦–૩
સમ્રાટ શ્રેણિક અને દેવી નંદા–જૈન
સંસ્કૃતિઓની બે નાટિકાઓ ૦–૩
કેરીની મોસમ ને બીજી વાતો–
માનવહૃદયની સારી-નરસી
લાગણીઓ વ્યક્ત કરતી શ્રી.
શયદાની કસાયેલી કલમે લખાયેલી
૭ વાતો ૦–૫
અણોજો અને નવું રેલવે સ્ટેશન–
શ્રી. ચુનીલાલ વ૦ શાહ ... ૦–૪
એ વૃદ્ધ પુરુષ !–લેખક સોપાન ૦–૪

કાવ્યો

મનને–(આવૃત્તિ ૨જી) ૦–૩
શ્રીમંતોના સડો–(આ. બીજી) લે૦
શ્રી. ઈશ્વર ધોળકિયા : ... ૦–૪

બાળકોને ઉપયોગી

બાળકોની રીતભાત–લે૦ સોમાભાઈ
ભાવસાર : બાળકોને સદ્વર્તન
શીખવતા પાઠો ... ૦–
બાળકોનો આનંદ–બોધક પાઠો ૦–

આરોગ્ય ને વૈદક

જીવનચર્યા–દિનચર્યા, રાત્રિચર્યા,
ઋતુચર્યા વગેરે ૦–
માંદગીનાં કારણો ૦–
માંદગીમાં ઉપવાસ–આયુર્વેદ પદ્ધતિએ
માર્ગદર્શન ૦–
માંદાનો આહારવિહાર–આયુર્વેદ
પદ્ધતિએ માર્ગદર્શન ... ૦–
સોનેરી સૂચનો–લે૦ ડૉ. રસિકલાલ ૦–
ક્વાથ–ઔષધિ–સો ઉપયોગી ક્વાથો ૦–
ચૂર્ણ ઔષધિ–સો ઉપયોગી ચૂર્ણો
બનાવવાની રીત તથા ઉપયોગ ૦–
પાક–ઔષધિ–શિયાળામાં ખાવા લાયક
૮૦ પાકો ૦–
વૈદકના અકસીર ઉપાયો–
(બાલબોધોદય સટીક) ... ૦–
ખોરાકમાં ઝેર–ખોરાકમાં થતા ભેળસેળ
વિષે માહિતી ૦–

કુલ પૃષ્ઠ સંખ્યા ૫૭૦૪, રૂા. ૧૯–૫–

નોંધ : ઉપર પ્રમાણે ૭૮ પુસ્તકોનો સેટ જેનું છાપેલું મૂલ્ય રૂા. ૧૯–૫–૬ થાય છે, તે માત્ર રૂા. ૧૫–૮–૦ માં મળશે. ટપાલરસ્તે મંગાવનારે સેલટેક્સ, પોસ્ટેજ–પેકિંગ ઇત્યાદિ ખર્ચના રૂા. ૨–૧૨–૦ મળી કુલ રૂા. ૧૮–૪–૦ મોકલવા. રેલવેરસ્તે મંગાવનારે સેલટેક્સ, પેકિંગ, રવાનગી વગેરે ખર્ચના રૂા. ૧–૮–૦ મળી રૂા. ૧૭–૦–૦ મોકલવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોજના નં. ૩

સર્વોપયોગી સાહિત્યશ્રેણી

સર્વોપયોગી સાહિત્યશ્રેણી દ્વારા આજસુધીમાં ૨૩ પુસ્તકો પ્રગટ થયાં છે. આમાંથી ત્રીજા ભાગનાં પુસ્તકો થોડા સમયમાંજ નવી આવૃત્તિ પામ્યાં છે. ગુજરાતનાં ઘરો ને પુસ્તકાલયોમાં હજારો નકલો પહોંચી ગઈ છે.

આ શ્રેણીનાં નીચે જણાવેલાં ૨૩ પુસ્તકોની કિંમત રૂા. ૧૬-૦-૦ થાય છે. તે આખો સેટ એકસાથે લેનારને માત્ર રૂા. ૧૨-૮-૦માં અપાશે. સેલટેક્સ સાથે રૂા. ૧૨-૧૪-૦માં રૂબરૂમાં મળશે.

૧ પ્રકાશનાં પગલાં-(સચિત્ર) આવૃત્તિ બીજી, લે૦ શ્રી. કરસનદાસ માણેક : જગતના ભિન્નભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ ૧૨૮ ૦-૧૦

૨ રાખની ઢગલી-(સચિત્ર) આવૃત્તિ બીજી, લે૦ શ્રી. 'સૌજન્ય' : વાર્તાના સ્વરૂપમાં સંસારની સળગતી સમસ્યાઓ ૧૨૮ ૦-૧૦

૩ હાસ્યતરંગ-(સચિત્ર) લે૦ જ્યોતીન્દ્ર દવે : જીવનમાં દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષ-લેખો ૧૫૨ ૦-૧૦

૪ જીવનની કલા-લે૦ શ્રી. રવિશંકર વિ. મહેતા : જીવનની સફળતા માટેનું વ્યવહારુ માર્ગદર્શન ૧૪૦ ૦-૧૦

૫ જગતમાં જાણવા જેવું-(સચિત્ર) લે૦ શ્રી. છોટાલાલ કામદાર : જગતની અદ્દભુતતા ને ઉપયોગિતાનો સરળ પરિચય ... ૧૨૮ ૦-૧૦

૬ જીવન પરિવર્તન-(સચિત્ર) લે૦ શ્રી. સોપાન : જીવન-પલટાની એક કરુણ-મંગળ વાર્તા ૧૪૦ ૦-૧૦

૭ ઇતિહાસને અજવાળે-(સચિત્ર) લે૦ શ્રી. ઇંદ્ર વસાવડા : ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા ૧૩૬ ૦-૧૦

૮ ગામડું બોલે છે-(સચિત્ર) લે૦ શ્રી. ચૂનીલાલ મડિયા : હિંદના નમૂનારૂપ એક ગામડાનું જીવન ૧૪૪ ૦-૧૦

૯ ગૃહજીવનની કલા-(સચિત્ર) આવૃત્તિ બીજી લે૦ શ્રી. 'સમાજશાસ્ત્રી' : ઘરમાં સુખ ને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો ... ૧૨૮ ૦-૧૦

૧૦ ગૃહજીવનનાં દૃશ્યો-(સચિત્ર) શ્રી. કુમુદ શેઠ : આપણાં ગૃહ-કુટુંબનાં સાચાં શબ્દચિત્રો ૧૩૨ ૦-૧૦

૧૧ મારો ભારત દેશ-(સચિત્ર) લે૦ શ્રી. કાંતિલાલ પરીખ : ભારતવર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય ૧૩૬ ૦-૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨ આરોગ્ય સાધના–લે૦ શ્રી. ડુંગરશી ધરમશી સંપટ :		
આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન	૧૫૮	૦–૧૦
૧૩ ભગવાનનાં છોરુ–(સચિત્ર) શ્રી. પુરાતન બુચ :		
હરિજનોના જીવન–પ્રસંગોનો હૂબહૂ ચિતાર...	૧૩૬	૦–૧૦
૧૪ સાહસકથાઓ–લે૦ શ્રી. રમણીક અરાલવાળા :		
લોકકલ્યાણઅર્થે સાહસ કરનાર વીરોની કથાઓ	૧૪૪	૦–૧૦
૧૫ ગુજરાતના સેવકો–લે૦ શ્રી. ચંદ્રકાંત શાહ :		
ગુજરાતના ૪ મૂક સેવકોનાં જીવનચરિત્રો	૧૧૬	૦–૧૦
૧૬ પટલાઈના પેચ ભાગ ૧ લો–લે૦ ઈશ્વર પેટલીકર :		
સામાજિક કુરૂઢિઓ પર વેધક દૃષ્ટિપાત	૧૫૨	૦–૧૦
૧૭ પટલાઈના પેચ ભાગ ૨ જો–લે૦ ઈશ્વિર પેટલીકર :		
સામાજિક કુરૂઢિઓ પર વેધક દૃષ્ટિપાત	૧૭૬	૦–૧૦
૧૮ ગીતહોરી ને બીજાં નાટકો–લે૦ સુરેશ ગાંધી :		
તખ્તાલાયકીવાળાં પાંચ ગીત–નાટકોનો સંગ્રહ	૧૬૦	૦–૧૦
૧૯ ગ્રામરચના–(સચિત્ર) લે૦ શ્રી. રવિશંકર મહારાજ	૨૮૦	૧–૪
૨૦ કંકુ ને કન્યા–લે૦ શ્રી. ઈશ્વિર પેટલીકર	૧૯૨	૧–૪
૨૧ પરમ પૂજ્ય બાપુ–લે૦ શ્રી. સોપાન તથા શ્રી. જી. રામચંદ્રન્ ...	૧૪૪	૧–૦
૨૨ બાળકોની માવજત–લે૦ શ્રીમતી જી. કે. ઉપાધ્યાય	૯૬	૦–૧૦
૨૩ ખોળાનો ખૂંદનાર–લે૦ શ્રી. પીતાંબર પટેલ	૧૩૮	૦–૧૦
	૩૩૭૪	૧૬–૦

નોંધ: ઉપર પ્રમાણે ૨૩ પુસ્તકોનો સેટ, જેનું છાપેલું મૂલ્ય રૂા. ૧૬–૦–૦ થાય છે તે, માત્ર રૂા. ૧૨–૮–૦માં મળશે. **ટપાલરસ્તે** મંગાવનારે સેલટેક્સ, **પોસ્ટેજ**–પેકિંગ ઇત્યાદિ ખર્ચ સાથે રૂા. ૨–૪–૦ મળી રૂા. ૧૪–૧૨–૦ મોકલવા. **રેલવેરસ્તે** મંગાવનારે પેકિંગ, મુકાદમી, સેલટેક્સ વગેરેના રૂા. ૧) સાથે રૂા. ૧૩–૮–૦ મોકલવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોજના નં. ૪

આરોગ્ય અને વૈદકના ગ્રંથો

નીચેનાં ૧૭ પુસ્તકોનું છાપેલું મૂલ્ય રૂા. ૨૩–૬–૦ થાય છે. આખો સેટ લેનારને માત્ર રૂા. ૧૭–૮–૦માં અપાશે. સેલટેક્સ સાથે રૂા. ૧૮–૦–૦માં રૂબરૂ મળશે.

સુશ્રુત-આયુર્વેદ–આ ગ્રંથમાં, મનુષ્ય–શરીરના ભાગો અને હાડકાંનું જ્ઞાન, જુદાંજુદાં દરદોના નિદાનની સમજ, દરદોના ઉપચારો અને જરૂર પડે શસ્ત્રક્રિયાનો વિધિ દર્શાવ્યો છે	૧૩૭૨	૧૫–૦
ઘરઘરનો વૈદ્ય–રાજવૈદ્ય પ્રભાશંકર ગઢડાવાળા પ્રેરિત આ ગ્રંથમાં દરદો અંગેની માહીતિ, લક્ષણો અને ઉપચાર આપ્યા છે	૧૯૨	૧–૮
વૈદક સંબંધી વિચારો–ભાગ ૨ જો: ૧૨૮ ઉપયોગી લેખોનો સંગ્રહ	૪૩૨	૧–૧૨
ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો–સ્થાવર તથા જંગમ ઝેરના અકસીર ઉપાયો	૯૬	૦–૧૦
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–લે૦ મ. ગાંધીજી. શરીરરચના, હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં, પાણીના તથા માટીના ઉપચાર, ગર્ભ વેળા સ્ત્રીપુરુષનું કર્તવ્ય વગેરે	૧૨૮	૦–૧૦
ખોરાકના ગુણદોષ–લે૦ ડો. રસિકલાલ જે. પરીખ: આપણા રોજના ખોરાક માટે આયુર્વેદિક પદ્ધતિએ માર્ગદર્શન આપતું પુસ્તક ...	૧૦૦	૦–૧૦
ખોરાકમાં ઝેર–ખોરાકમાં થતી ભેળસેળ વિષે ઉપયોગી માહિતી ...	૮૦	૦–૪
માંદગીમાં ઉપવાસ–આયુર્વેદ પદ્ધતિએ માર્ગદર્શન...	૧૧૬	૦–૬
પાક-ઔષધિ–શિયાળામાં ખાવા લાયક ૮૦ પાકો	૮૦	૦–૬
વૈદકના અકસીર ઉપાયો–(બાલબોધોદય) સટીક	૧૧૨	૦–૬
જીવનચર્યા–દિનચર્યા, રાત્રિચર્યા, ઋતુચર્યા ને સદ્વર્તનના નિયમો ...	૮૦	૦–૬
સોનેરી સૂચનો–(આયુર્વેદનાં) લે. ડો. રસિકલાલ પરીખ ...	૧૧૨	૦–૬
ક્વાથ-ઔષધિ–સો ઉપયોગી ક્વાથો બનાવવાની રીત ઉપયોગ સાથે ...	૬૪	૦–૬
ચૂર્ણ-ઔષધિ–સો ચૂર્ણો બનાવવાની રીત તથા ઉપયોગ	૭૨	૦–૩
માંદાનો આહારવિહાર–આયુર્વેદ પદ્ધતિએ માર્ગદર્શન	૬૪	૦–૩
માંદગીનાં કારણો–રોગથી બચવા માટે ઉપયોગી	૯૬	૦–૬
	૩૧૯૬	૨૩–૬

નોંધ: ઉપર પ્રમાણે ૧૭ પુસ્તકોનો સેટ, જેનું છાપેલું મૂલ્ય રૂા. ૨૩–૬–૦ થાય છે તે, માત્ર રૂા. ૧૭–૮–૦માં મળશે. બહારગામથી રેલવેરસ્તે મંગાવનારે સેલટેક્સ, પેકિંગ–રવાનગી, મુકાદમી વગેરે ખર્ચના રૂા. ૧–૮–૦ વધુ ગણી રૂા. ૧૯–૦–૦ મોકલવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોજના નં. ૫ (ચારે યોજનાનાં પુસ્તકો એકસાથે)

આગળ જણાવેલી ચારે યોજનાઓનાં ૨૦૪ પુસ્તકોના સેટની કિંમત નીચે પ્રમાણે રૂા. ૨૭૧–૨–૬ થાય છે. તે એકસાથે ખરીદનારને રૂા. ૧૯૦–૦–૦માં અપાશે.

યોજના નં.	પુસ્તક સંખ્યા	છાપેલું મૂલ્ય	ઘટાડેલું મૂલ્ય
૧	૮૬	૨૧૨–૭–૦	૧૪૪–૬–૦
૨	૭૮	૧૯–૫–૬	૧૬–૦–૦
૩	૨૩	૧૬–૦–૦	૧૨–૧૪–૦
૪	૧૭	૨૩–૬–૦	૧૮–૦–૦
	૨૦૪	૨૭૧–૨–૬	૧૯૧–૪–૦

ઉપર પ્રમાણે ચારે યોજનાનાં પુસ્તકો એકસાથે લેનારને રૂા. ૧૯૧–૪–૦ ને બદલે રૂા. ૧૯૦–૦–૦માં અપાશે. ઉપરાંત પેકિંગ–રવાનગીખર્ચ રૂા. ૩–૦–૦ જેટલું થાય છે તે લેવાશે નહિ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર, સેશન્સ કોર્ટ પાસે, પો. બો. નં. ૫૦, અમદાવાદ
અને કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ–૨

દેના બેંક

DEVKARAN NANJEE BANKING CO. LTD

સ્થાપના ૧૯૩૮

હેડ ઑફિસ મુંબઈ અને ૪૭ શાખાઓ

સત્તાવાર થાપણ	રૂા. ૧,૦૦,૦૦,૦૦૦
ભરાયેલી અને પગારૂ થયેલી	,, ૫૦.૦૦.૦૦૦
રીઝર્વ ફંડ	,, ૧૬.૦૦,૦૦૦
કુલ ડીપોઝીટ ૩૧–૧૨–૪૮	,, ૯,૩૪,૫૩,૦૦૦
કુલ વર્કિંગ ફંડ્ઝ ,,	,, ૧૦,૫૮,૨૪.૮૦૦
ખાતાંઓની સંખ્યા ,,	૬૬,૧૭૨

અમારા સેફ ડીપોઝીટ વોલ્ટસમાં ખાનાંઓ ભાડેથી મળી શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરલીકર

★ નકલી માલથી સાવચેત રહો.
★ ખરી પડતા વાળ અટકાવે છે.
★ વાળ વધારે છે.
★ મગજને ઠંડક આપે છે.
★ આંખોનું તેજ વધારે છે.

રજિસ્ટર્ડ નં. ૬૫૬

બ્રાહ્મી તેલ
જે. કે. વરલીકર
જૂની હનુમાન ગલી, મુંબઈ-૨

વર્ષોથી વપરાય છે.
બધે મળે છે.

સાચી મીમાંસા

'અસ્પૃશ્યતા! એક ભાઈને, એક જ પરમ પિતાના અમૃત સંતાનને, અડકવા ના પાડવી, અડકતાં અભડાઈ જવાની વૃત્તિ રાખવી તે પ્રભુ-પિતાનું ભયંકર અપમાન કરવા બરાબર છે. કોઈ વેદ, કોઈ ધર્મગ્રંથ, મનુબાંધવનો બહિષ્કાર કરવા ના પાડે છે અને જે તેમ કરવા કહે છે તે શાસ્ત્ર જ નથી. તે ધૂર્ત-પ્રપંચ છે, માયાવી રાક્ષસની દાનવી લીલા છે, અઘોર નરકાસુરનું ઘોર નર્કતાંડવ છે! કોઈ જન્મમાત્રથી જ અસ્પૃશ્ય નથી, તેમ કોઈ જન્મમાત્રથી જ સ્પૃશ્ય નથી. સત્ય, ન્યાય, સમભાવ, પ્રેમ, પવિત્રતા, સદાચાર, એ જેમાં હોય-ગમે તે દેશની ગમે તે જાતિમાં-તે તે સ્પૃશ્ય છે; અને તેનાથી વિરુદ્ધ અનાચારયુક્ત જાતિ કોઈ પણ દેશની ઘમંડખોર કાં ન હોય-તે તે અસ્પૃશ્ય છે. જન્મ અમુક જાતિમાં થવો એનો કંઈ હિસાબ નથી; ગુણ-કર્મ અને સ્વભાવ એ જ પ્રધાન વિચારણીય છે.'

-મહર્ષિ દયાનંદ

'શુભસંગ્રહ'-ભાગ બીજો : પાન ૫૪૪ : કિંમત રૂ. ૩-૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રામ મિલ્સ લિ૦

બારીક સુતરમાંથી ફેન્સી મર્સરાઈઝડ

કાપડ

જેવાં કે:—

ધોતિયાં, સાડીઓ (પ્લેન, ડૉબી તથા જેકાર્ડ બૉર્ડર),
વૉયલ્સ (પ્લેન તથા ચેક)
જાતજાતની કલર શર્ટિંગ્સ, પૉપલીન,
મલમલ તથા લૉંગક્લૉથ વગેરે
બનાવનાર

મીલ તથા ઓફિસઃ—ફરગ્યુસન રોડ, પરેલ
મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri





નિરાધાર
છતાં
નસીબદાર

ધી ન્યુ ઈન્ડીયા, ઇન્શુરન્સમાંથી કઢાવેલી એક સધ્ધર પોલીસી આ બાળકનું આવતીકાલનું ભવિષ્ય અને સંસારમાં યોગ્યતાનું સ્થાન નક્કી કરી આપશે.

ESTABLISHED 1919

ધી ન્યુ ઇંડીયા
એશ્યુરન્સ કંપની લી.
સ્થાપના ૧૯૧૯ કોટ, મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ટ્રાવેલિંગ લેધર ગુડઝ અને ફેન્સી બૂટ, શૂઝ, ચંપલો અને મોજડી વગેરેની નવી ડીઝાઈનો માટે અમારા શોરૂમની મુલાકાત લેશો.

ગોલ્ડફીલ્ડ લેધર વર્કસ

હેડ ઑફિસ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨ ટે. નં. ૨૬૪૭૧	બ્રાંચ ગાંધી રોડ, અમદાવાદ.
બ્રાંચ ૧૭૨, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ–૩ ટે. નં. ૨૩૮૬૭	બ્રાંચ પીરભાઈ બીલ્ડીંગ સેન્ડ- હર્સ્ટ રોડ, મુંબઈ–૪ ટે. નં. ૪૨૫૭૨

કારખાનું:–કાળો કિલ્લો, ધારાવી, મુંબઈ–૧૭, ટે. નં. ૬૦૯૨૨

'બોસીમી'

એટલે સુંદર, ટકાઉ અને વિવિધ તરેહનું રેશમી કાપડ

સ્ત્રીઓ માટે

જ્યોર્જેટ,
ક્રેપ, સાટીન,
નીનોન અને
રેડિયમ.

પુરુષો માટે

સુટિંગ,
શર્ટિંગ,
રૂમાલ
વગેરે

ધી બોમ્બે સિલ્ક મિલ્સ લિ.

કાલબાદેવી રોડ, મુંબઈ–૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુતરાઉ અને રેશમી કાપડ

આધુનિક યંત્રસામગ્રીથી જથ્થાબંધ

રંગવાનું, છાપવાનું અને ધોવાનું ઔદ્યોગિક કેન્દ્ર

અને

આર્ટ સીલ્કના અગ્રગણ્ય ઉત્પાદક

ખેતાણી ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ લિ.

૧૦૬, બઝાર વોર્ડ, જૂના કુર્લા
ફોન ૮૭૦૩૯ મુંબઈ

જન્મભૂમ ચેમ્બર્સ, ફોર્ટ સ્ટ્રીટ
ફોન ૨૨૮૬૬ મુંબઈ

સૌરાષ્ટ્ર ઈજીનિયરિંગ કોર્પોરેશન લિ.

મીકેનીકલ ઈજીનિયર્સ એન્ડ મશીનરી મર્ચન્ટસ

મેન્યુફેક્ચરર્સ એન્ડ ફાઉન્ડર્સ

આર્ટ સીલ્ક મશિનરીના સ્પેશિયાલીસ્ટ

ખાસ કરીને

સાઈઝિંગ, વાઈંડીંગ, વૉરપીંગ વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીજળીની શક્તિ (પાવર) રાષ્ટ્રીય બળનો પાયો છે

વીજળીની જ્યોત ઉદ્યમ અને સૌખ્ય માટે જરૂરી છે.

૨૫ વર્ષથી જનતાની સેવા કરી રહેલી

પૂના ઈલેક્ટ્રિક સપ્લાઇ કું૦ લિ૦

●

નાસિક દેવલાલી ઈલેક્ટ્રિક સપ્લાઇ કું૦ (લિમિટેડ)

●

ભરૂચ ઈલેક્ટ્રિક સપ્લાઇ કું૦ લિ૦

●

મેનેજિંગ ડાયરેક્ટર

ગોકલચંદ દ્વારકાદાસ મોરારકા

સ્ટેન્ડર્ડ બીલ્ડિંગ, હોર્નબી રોડ, મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેલીફોન { દુકાન : ૨૨૨૨૦
ફેક્ટરી : ૪૧૬૧૮

LALLUBHAI AMICHAND
QUEEN BRAND TRADE MARK
BOMBAY. No. 2

તારનું સરનામું
"CYCLEBRAND"

એલ્યુમિનિયમ, પિત્તળ જર્મન સિલ્વર,
સ્ટેઈનલેસ સ્ટીલના દરેક ધાતુના

વાસણો

જથાબંધ તથા છૂટક અમારે ત્યાંથી
કીફાયત ભાવે મળી શકશે.

સ્ટેઈનલેસ સ્ટીલના વાસણો દેખાવમાં આકર્ષક-ટકાઉ અને ઘરની શોભામાં વધારો કરે છે. કલાઇ કરાવવાની જરૂરજ નથી પડતી

પરદેશના કોઇપણ બંદર માટે એલ્યુમિનિયમના વાસણો અમારે ત્યાંથી મળી શકશે.

લલ્લુભાઇ અમીચંદ લીમીટેડ

કંસારા ચાલ,

પોસ્ટ બોકસ નાં. ૨૧૦૦

LALLUBHAI AMICHAND
GUARANTEED PURE.
TRADE MARK
BOMBAY No. 2

મુંબઇ, નં. ૨.

કારખાનું :

ધી ડન એલ્યુમિનિયમ ફેક્ટરી.

૨૨૫-૨૨૭, તારદેવ રોડ, મુંબઇ, ૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

સસ્તું સાહિત્ય

એક રૂપિયો

પો. બો. ૫૦, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CROWN BRAND GUARANTEED PURE

CROWN BRAND GUARANTEED PURE

એલ્યુમિનિયમ
અને
પિત્તળનાં વાસણ

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમના વાસણો વજનમાં હલકા, જલ્દી ગરમ થાય તેવા અને કીંમતમાં કીફાયત હોય છે કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરિયાતો
માટે
લખો અથવા મળો :

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકોને

★ 'અખંડ આનંદ' ની લેખ-પસંદગીનું ધોરણ પાછલાં બે વર્ષમાં લગભગ નિશ્ચિત થઈ ચૂક્યું છે. 'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે.

★ સાહિત્યના કોઈ પણ પ્રકારને-વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ-વર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ. ધર્મ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, શિક્ષણ-શાસ્ત્ર, રાજકારણ, અર્થકારણ, સાંસારિક પ્રશ્ન, નિર્દોષ આનંદ કે જ્ઞાન આપતા પરિચયો વગેરેને સ્થાન છે.

★ 'અખંડ આનંદ' પ્રત્યે ગુજરાતના લેખકો, વિદ્વાનો, વિજ્ઞાનીઓ, કેળવણીકારો, અભ્યાસીઓ, લોકસેવકો, સાધકો અને ધર્મજ્ઞો મમતા રાખે છે અને તેથી લેખો પુષ્કળ પ્રમાણમાં આવે છે. તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક અઠવાડિયામાં આપવામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. લખાણોની પસંદગીમાં મૌલિક કૃતિને પ્રથમ સ્થાન આપવામાં આવે છે; પરંતુ સારી વસ્તુના સારા અનુવાદો પણ સ્વીકારાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

★ લખાણ પ્રસિદ્ધ થતાં જ લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે. આ બાબતમાં 'અખંડ આનંદ' ખૂબ નિયમિત છે.

★ અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે એટલે બે વર્ષના અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. લખાણના અસ્વીકારનાં અનેક કારણો હોઈ શકે છે.

★ લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલ-ખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

★ તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું, લખાણો મોકલવાનું, બદલાનાં પત્રો માટેનું સરનામું નીચે પ્રમાણે છે :

તંત્રી : 'અખંડ આનંદ'
ગુલબહાર, મેટ્રો પાછળ,
ધોબી તળાવ... / એરેક રોડ, મુંબઈ-૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	લાગણીનું મોજું	શ્રી	૧
૨	ભગવાન	શ્રી રવીંદ્રનાથ ટાગોર	૩
૩	દીવો (કાવ્ય)	શ્રી વેણીભાઈ પુરોહિત	૪
૪	ત્રણ વિવેક	શ્રી કિશોરલાલ મશરૂવાળા	૫
૫	સંતકવિ રવિદાસ	આચાર્યશ્રી ક્ષિતિમોહન સેન	૯
૬	ઉપવાસની સાંકળ	શ્રી ચંદ્રશંકર પ્રા. શુકલ	૧૯
૭	મોટા થવાનો કીમિયો	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૩
૮	ગજબ છે! (નાટિકા)	શ્રી ગુલાબદાસ બ્રોકર	૨૯
૯	પ્રજાસત્તાક રાજ્યો	શ્રી દેવેંદ્રરાય પુ. મજમૂદાર બી. એ.	૩૮
૧૦	આગ્રાથી કાશ્મીર (કલ્પના-પ્રવાસ)	અધ્યા. મનસુખલાલ ઝવેરી એમ. એ.	૪૪
૧૧	આયુર્વેદનું ઔષધિશાસ્ત્ર	શ્રી વલ્લભરામ વૈદ્ય આયુર્વેદાચાર્ય	૫૦
૧૨	પરમ હિતૈષી પરમાત્મા (ધર્મકથા)	શ્રી રામનારાયણ ના. પાઠક	૫૯
૧૩	શ્રદ્ધા	શ્રી જનાર્દન પ્રભાસ્કર	૬૪
૧૪	નૃત્ય	શ્રી શાંતિલાલ ઠાકર એમ. એ.	૭૨
૧૫	હિંદમાં કાપડઉદ્યોગ	અધ્યા. એમ. પી. ગાંધી એમ. એ.; એફ. આર. ઈ. એસ.; એફ. એલ. એલ. જે. પી.	૭૬
૧૬	મજૂરો માટે આદર્શ ઘર	શ્રી ગજાનન વિ. પાઠક સ્થપતિ	૮૦
૧૭	બાળકની કુતૂહલવૃત્તિ	શ્રી પુરુષોત્તમ છગનલાલ શાહ એમ. એ. બી. ટી.	૮૫
૧૮	શ્રીમંતાઈની શોધમાં (વાર્તા)	શ્રી છગનલાલ પરમાર	૮૮
૧૯	ગંગાવતરણનું રહસ્ય	શ્રી બિહારીલાલ લલ્લુભાઈ પરીખ	૯૬
૨૦	આરોગ્યસાધના (આરોગ્ય)	ડૉ. સૌભાગ્યચંદ લ. બાવીશી	૧૦૦
૨૧	મૃત્યુ સમયના ઉપચાર	વૈદ્ય ડાહ્યાભાઈ મનસુખરામ પુરોહિત	૧૦૭
૨૨	ચંદ્રનું પર્યટન	શ્રી કૃષ્ણદાસ કોટડાવાળા બી. એલ. સી.	૧૦૯
૨૩	રુદ્રમહાલય (સંશોધન)	શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવે	૧૧૪
૨૪	વધુ અનાજ ઉગાડો	શ્રી પ્રદ્યુમ્ન દેસાઈ એમ. એસસી. (એગ્રોનોમી)	૧૧૯
૨૫	યુગપ્રવાહ	શ્રી સોપાન	૧૨૩
૨૬	સંસ્થા-સમાચાર	કાર્યાલય	૧૨૭

***

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર

મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય રાયખડ-અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૩, અંક ૪] તંત્રી : સોપાન [ફેબ્રુઆરી ૧૯૫૦

લાગણીનું મોજું

તમને પોતાને અનુભવ હશે કે ક્રોધની લાગણી તો અનેકવેળા થઈ આવે છે, પરંતુ એનું પ્રગટીકરણ દરેક વખતે થતું નથી. પિતા ઉપર પુત્રને ક્રોધ આવે કે શેઠ પ્રત્યે નોકરને રોષ ઊપજે, ત્યારે પણ ઘણાખરા દાખલાઓમાં એ સમસમી બેસી રહે છે. જ્યાં ક્રોધ પ્રગટ કરવામાં વિશેષ ક્રોધના ભોગ બની જવાનો ભય છે, ત્યાં માણસ ક્રોધ ગળી જાય છે અથવા તો છાની રીતે નિંદાના રૂપમાં વ્યક્ત કરે છે. જે ક્રોધ સમજપૂર્વક દબાવાતો નથી તે અનેક વિકૃતિઓ ઊભી કરે છે. સંસારનાં ઘણાંખરાં વેરઝેર દબાયેલા ક્રોધનાં પરિણામો છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. વિપરીત સંયોગોમાં આપણા રોષ કે અન્યાયની સામે માણસ બોલી શકે નહીં તો એમ ન માની લેવું કે આપણે એના પ્રત્યાઘાતમાંથી બચી ગયા છીએ. આપણે કરેલો અન્યાય વિપરીત સંયોગોવાળા માણસની છાતીમાં સંઘરાઈ જાય છે અને સમય આવે અનેકરૂપે એ બહાર આવે છે. આવી સ્થિતિ કરતાં તો ક્રોધ પ્રગટ થઈ જાય એ વધુ સારું છે.

સબળની પાસે નિર્બળનો ક્રોધ વ્યક્ત થતો નથી પણ પોતાથી નિર્બળની પાસે તો તરત જ વ્યક્ત થઈ જાય છે એવો સૌ કોઈનો અનુભવ હશે. નાનાં બાળક ઉપર ક્રોધ ન કરનાર માતાપિતા મળવાં મુશ્કેલ છે. જ્યાં પોતાને ગરજ ન હોય ત્યાં નોકર ઉપર ક્રોધ ન કરનાર કેટલા માલિકો હશે? આપણા ઘરમાં પણ એ જ જોવા મળે છે. જેના હાથમાં અધિકાર છે તે પુત્ર હોય તો તે લાચાર પિતા ઉપર અને વહુ હોય તો એ નિરાધાર સાસુ ઉપર ક્રોધ કરી શકે છે. સબળ પાસે જેમ ક્રોધ દબાય છે તેમ નિર્બળ પાસે સહજમાં અને વધુ જોરપૂર્વક વ્યક્ત થાય છે.

આપણે સૌ ક્યાંક નાનાં છીએ અને ક્યાંક મોટાં છીએ, કોઈક સંબંધોમાં સબળ છીએ અને કોઈક સંબંધોમાં નિર્બળ છીએ. જ્યાં નિર્બળ હોઈએ ત્યાં ક્રોધ સહન કરવો પડતો હોય તો સમજપૂર્વક એ લાગણીની તીવ્રતા ઓછી કરીએ, જેથી આપણાં અંતરમાં ક્રોધ કરનાર પ્રત્યે વૈરવૃત્તિ ઘર કરી ન બેસે. એવી વૈરવૃત્તિ આપણા વિકાસને રૂંધે છે. આપણી બુદ્ધિ સ્વચ્છ રાખવા ને માણસાઈનો વિકાસ સાધવા માટે લાગણીની શુદ્ધિ અત્યંત આવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યક છે. ક્રોધની લાગણીને આપણે પુરુષાર્થમાં પલટાવી નાખીએ. ક્રોધની વરાળથી આપણાં કર્તવ્ય-કર્મોનું એંજિન વધુ જોરથી ચલાવીએ. આમ કરવું કઠન છે પણ જેને વિકાસ સાધવો છે તેને એમ કર્યા વિના છૂટકો નથી.

બીજાનો દોષ લાગતો હોય તો યે ઘડીભર ગમ ખાઈ જઈએ. સબળની સામે ભયથી દબાઈએ છીએ, એવા સંયમમાં આપણી શોભા નહીં, શરમ છે; નિર્બળની સામે ઊપજેલો ક્રોધ જો દબાવી દઈએ તો એ સંયમ છે. એવા સંયમથી આપણું બળ વધશે ને માનવતાનો ગુણ વિકાસ પામશે. એટલું યાદ રાખીએ કે આપણા ક્રોધના ભોગ બનનાર એ ક્રોધનો પડઘો પાડશે તો તરત જ આપણે સંઘર્ષમાં ઊતરવું પડશે અને પડઘો નહીં પાડે તો એના દિલમાં એ વેરના રૂપમાં સંઘરાઈ જશે. બંને રીતે આપણને નુકસાન જ છે.

આ સ્થિતિમાં સારો માર્ગ એ છે કે ક્રોધ ઊપજતાં જ એને રોકીએ અને પછી શાંત-ચિત્તે વસ્તુસ્થિતિનો વિચાર કરીએ. જેના ઉપર ક્રોધ ઊપજ્યો હોય તેને શાંત સ્વરે પૂછીએ તો ખરા કે કયા સંજોગોમાં એણે ભૂલ કરી છે? તમારા સંપર્કમાં આવતા નબળા માણસો ઉપર એકવાર આ પ્રકારે વર્તશો તો તમને ખાતરી થશે કે સામાંથી નેવું દાખલાઓમાં ભૂલ કરનારની બદદાનત કે બેદરકારી નહીં પણ લાચારી જ જવાબદાર હતી. આવા લાચાર ઉપર તમે ક્રોધ કરશો? નબળાં ને નાનાંની સંભાળ રાખવાનો આપણો સ્વભાવ નથી એટલે એના શરીર-મનની અસ્વસ્થતાની આપણને ખબર નથી પડતી. એના ઘરની ચિંતાઓ વિશે તો આપણું ઘોર અજ્ઞાન હોય છે. એનાં ભૂખ-થાક તરફ પણ ભાગ્યે જ આપણું લક્ષ જાય છે. માણસની નબળાઈઓ આપણે સમજી શકતા નથી, માટે ધીરજ રાખીએ. ક્રોધને કાબૂમાં રાખીએ ને નિર્ણય કરતાં પહેલાં પરિસ્થિતિનો પૂરો અભ્યાસ કરીએ.

ક્રોધ સર્વ સંયોગોમાં ખરાબ છે પણ નિર્બળ ઉપર સહજમાં થયેલો ક્રોધ તો ઘોર અન્યાયની સાથે વૈરવૃત્તિનો જનક બને છે. ક્રોધને લાગણીનું એક મોજું સમજવું જોઈએ. એ મોજું પસાર થઈ જવા દઈએ તો આપણી સલામતી છે. જેવું ક્રોધનું તેવું બીજી લાગણીઓનું પણ સમજવું. લાગણીનું મોજું ઊઠે ત્યારે સાવધ બની જઈએ. અંતરમાં એક ડૂબકી મારી લઈએ અને મોજું પસાર થાય એટલે ફરી પગ ઉપર ઊભા રહી પરિસ્થિતિનું અવલોકન કરીએ. લાગણીનાં મોજાંઓમાં જે તણાય છે તે કાં તો કિનારે ફેંકાઈ જાય છે ને કાં તો મધદરિયામાં ખેંચાઈ જાય છે. સંસારસાગર તરવા ઇચ્છનારે આ વિષે ખબરદાર રહેવું જોઈએ.

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન

*

શ્રી રવીંદ્રનાથ ટાગોર

આ દુનિયા પરના અનેક ધર્મો, એ ધર્મોમાં માનનારાઓની અગણિત સંખ્યા, ને એ સૌની પ્રભુ પાસે ઘડીઘડી બદલાતા તડકાછાંયડા જેવી ભિન્નભિન્ન માગણીઓ ! કેટલીક પરસ્પર વિરોધી, કેટલીક કેવળ સ્વાર્થમય ને કેટલીક અનુદાર ને અઘટિત ! માનવ-સ્વભાવના આ એક અત્યંત વિચિત્ર લક્ષણ ઉપર ગુરુદેવ ટાગોરે એક નાનકડા પ્રસંગમાં જબરો ને વેધક કટાક્ષ પૂર્યો છે. પ્રભુ પાસે પોતાની માંગ મૂકનાર દરેક ભક્તે આ પ્રસંગ વારંવાર યાદ રાખવો ઘટે.

વાઘનો ભારે ત્રાસ છે. માણસ અકળાઈ ઊઠ્યો છે. ગાય, વાછરડાં ને છેવટ માણસ સુદ્ધાં વાઘનો કોળિયો થવા લાગ્યાં છે. આખરે બધા લાઠી, ભાલા, બંદૂક લઈને બહાર નીકળી પડ્યા ને વાઘને મારી નાખ્યો. એક વાઘ ગયો, પણ બીજો એક આવ્યો. આખરે માણસે ભગવાનને પ્રાર્થના કરી:

'ભગવાન, વાઘના પંજામાંથી અમને બચાવો.'

ભગવાને કહ્યું: 'ઠીક !'

પણ એ પછી તરત જ વાઘે આવીને ભગવાનના દરબારમાં ફરિયાદ કરી:

'અમે માણસના ત્રાસથી અકળાઈ ઊઠ્યા છીએ. એક વનમાંથી બીજા વનમાં નાસતા ફરીએ છીએ, પણ શિકારી અમને કોઈ રીતે ય શાંતિથી રહેવા દેતો નથી. આ સંબંધમાં તમે કાંઈ બંદોબસ્ત કરો ને !'

ભગવાને કહ્યું: 'વારુ!'

એ જ વખતે નાથુની માએ ભગવાન આગળ નિવેદન કર્યું:

'ઠાકોરજી બાપા, મારા નાથુને એક ગોરી ગોરી ને નાજુક વહુ મળે એવું કરો. તમારા સમ ઠાકોરજી, હું તમને પાંચ પૈસાની સાકર ધરીશ.'

ભગવાને કહ્યું: 'સારું !'

હરિહર ભટ્ટાચાર્ય અદાલતમાં કેસ લડવા જતા હતા. એમણે ભગવાનને સંબોધી કહ્યું:

'આખી જિંદગી તમારી પૂજા કરી છે. ઉપવાસ કરીકરીને કાયા ગાળી નાખી છે. નાલાયક ભત્રીજાને હવે મારે બતાવી આપવું છે કે હું કોણ છું. તમે મને સહાય થાઓ.'

ભગવાને કહ્યું: 'ભલે !'

સુશીલ પરીક્ષા આપવાનો છે. એ રોજ ભગવાનને કહે છે:

'હે પરમ કૃપાળુ, મને પાસ કરાવી દો.' આજે એણે કહ્યું: 'હે ભગવાન, જો મને સ્કોલરશિપ અપાવી શકો તો હું પાંચ રૂપિયા ખરચીને મંદિરમાં પ્રસાદ વહેંચાવીશ.'

ભગવાને કહ્યું: 'સારું !'

હરેન પુરકાયસ્થ ડિસ્ટ્રિક્ટ બોર્ડનો ચેરમેન થવા ઇચ્છે છે. કાલિચરણ પુરોહિતની મારફત એણે ભગવાનને કહેવડાવી દીધું છે:

'મારે અગિયાર વોટ જોઈએ છે.'

કાલિચરણ પુરોહિતે સારી સરખી દક્ષિણા પામીને ખોટા સંસ્કૃતવાળા મંત્રના આઘાતથી ભગવાનને અકળાવી મૂક્યા. 'वोटं देहि वोटं देहि।'

ભગવાને કહ્યું: 'ઠીક ભાઈ, ઠીક !'

ખેડૂતે ખોળો ધરીને કહ્યું: 'ભગવાન, વરસાદ લાવો.'

ભગવાને કહ્યું: 'સારું !'

માંદાં બાળકની માતાએ ભગવાનને પ્રાર્થના કરી:

'ભગવાન, આ મારો એકનો એક દીકરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એને મારા ખોળામાંથી ઊચકી લેશો નહીં.'

ભગવાને કહ્યું: ' ભલે ! '

પાસેના જ ઘરનાં મંછામાસીએ આ માતાને વિશે જ ભગવાનને કહ્યું:

' ભગવાન, એ કમળામાં ખુમારી ઘણી છે. દરરોજ નવાંનવાં ઘરેણાં પહેરીને જાણે દુનિયામાં એના જેવું બીજું કોઈ છે જ નહીં એમ માનતી હતી. તમે એના છોકરાનું ગળું દૂંપી નાખ્યું તે તો સારું જ થયું છે. દયામય ! એ કમળાને સારી સરખી શિક્ષા કરજો.'

ભગવાને કહ્યું : ' ઠીક ! '

ફિલસૂફે કહ્યું : ' ભગવાન, હું તમને સમજવા ચાહું છું. '

ભગવાને કહ્યું : ' સારું ! '

ચીન દેશમાંથી ચિત્કાર ઊઠ્યો :

' જાપાનાઓના પંજામાંથી અમને બચાવો, પ્રભુ ! '

ભગવાને કહ્યું : ' સારું ! '

બંગાળનો એક તરુણ ભગવાનનાં ચરણકમળ પકડી બેઠો. એ કહે :

' કોઈ પણ સંપાદક મારો લેખ છાપતો નથી. ' પ્રવાસી 'માં મારો લેખ છપાય એવું ઇચ્છું છું. રામાનંદબાબુને જરા સહૃદય થવાનું કહો ને ! '

ભગવાને કહ્યું : ' ઠીક ! '

વચમાં સહેજ વખત મળ્યો કે તરત જ ભગવાને પાસે બેઠેલા બ્રહ્માને પૂછ્યું : ' તમારે ત્યાં થોડુંક સરસવનું તેલ તો હશે ને ? '

બ્રહ્માએ કહ્યું : ' હા, છે. એની શી જરૂર પડી ? '

ભગવાને કહ્યું, ' મારે સહેજ કામ છે. આપશો ને ? '

બ્રહ્માએ ચારે મુખથી કહ્યું: ' જરૂર, જરૂર.'

બ્રહ્માને ઘેરથી સારી જાતનું સરસવનું તેલ આવ્યું. તરત જ ભગવાને એનો નાસ લીધો ને નિદ્રાધીન થઈ ગયા. હજુ સુધી એમની ઊંઘ પૂરી થઈ નથી !

' વનફૂલ 'માંથી અનુવાદક : **અધ્યા. સુરેશ હ. જોષી**

★

દીવો

મારા ઘટમાં ઘીનો દીવો, રામ !
મારા ઘરમાં ઘીનો દીવો...જી
એજી મારા તનના અંતરપટમાં
રામ ! મારા મનના સચરાચરમાં રે...
જગમગ ઘીનો દીવો . જી

ઘટમંદરમાં...
ઘરમંદરમાં...
જગમગ ઘીનો દીવો...જી૦

ટમટમતો ડોલે છે હસમુખ,
હુ જીવુ એ અજવાળે, રામ !
હું જીવું એ અજવાળે......જી૦
ખબર નથી એ જગમગિયાને
કેવા પવને પીવા. રામ !
મારા ઘટમાં ઘીનો દીવો......જી૦

ઘટમંદરમાં...
ઘરમંદરમાં...
જગમગ ઘીનો દીવો...જી૦
આ પણ તેં પેટાવ્યો રામા !
એ પણ તેં ચેતાવ્યો રામ !
એ પણ તેં ચેતાવ્યો..........જી૦
દુનિયા અંધારાંનો દરિયો...
એ દરિયાનો મરજીવો, રામ !
એ દરિયાનો મરજીવો......જી૦
મારા ઘટમાં
રામ ! મારા ઘરમાં
ઘીનો દીવો......જી૦

વેણીભાઈ પુરોહિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ વિવેક

*

શ્રી કિશોરલાલ મશરૂવાળા

કોઈ પણ રાષ્ટ્રના ભૂતકાલીન વારસા જેવા લેખાતા ધર્મગ્રંથોના અર્થો તારવવામાં મોટામોટા વિદ્વાનો પણ પરસ્પર વિરોધી મંતવ્યો રજૂ કરે, ત્યારે અનુવાદો દ્વારા જ તે ગ્રંથનું પાન કરી શકનાર સામાન્ય માનવીએ કોનું માનવું ? ધર્મશાસ્ત્રનો મૂળ ઉદ્દેશ કયો હોય છે ને તેમાં દોષો કઈ રીતે પ્રવેશી જાય છે તે દાખલા સાથે વર્ણવીને નિજવિવેક, તજ્જ્ઞ-વિવેક તથા શાસ્ત્રવિવેકમાં લેખકે નિજવિવેકને જ આખરી કસોટીરૂપ અહીં ગણાવ્યો છે. ગુજરાતીમાં આ લેખ શ્રી રમણીકલાલ મોદી દ્વારા પ્રાપ્ત થયો છે.

પાછલા અંકનો મારો લેખ વાંચીને એક ભાઈએ પૂછ્યું છે કે જ્યારે સર્વમાન્ય ધર્મગ્રંથોના પણ અર્થોમાં મોટામોટા વિદ્વાનોમાં તીવ્ર મતભેદ રહે છે, ત્યારે સાધારણ માણસ, જે કેવળ અનુવાદ દ્વારા મૂળ ગ્રંથ વાંચી શકે છે તે, કોણ ઠીક કહે છે અને કોણ ઠીક નથી કહેતું એની કેવી રીતે તપાસ કરે અને નિર્ણય કરે ? અને પછી કેવી રીતે ધર્મગ્રંથોનો લાભ ઉઠાવે ?

ક્યારે પણ નિર્ણય કરવામાં ભૂલ ન થાય એવો બિલકુલ સરળ નિયમ બતાવવો કઠણ છે, તોપણ કંઈક તો પોતાની સમજથી અને કંઈક કેટલીક બાબતો ધ્યાનમાં રાખવાથી ધર્મગ્રંથો અને મહાપુરુષોનાં વચનોનું વાચન-મનન આપણી બુદ્ધિ સ્પષ્ટ કરવામાં અને સંસ્કાર સુધારવામાં ઘણું લાભદાયક થઈ શકે છે.

સત્પુરુષોએ કહ્યું છે કે કઠણ પ્રશ્નોમાં આપણે ત્રણ અનુભવો મેળવીને જોવું જોઈએ. જે પ્રમાણે બે મોટી સંખ્યાઓનો (ધારો કે ૬૪૮૭૯ અને ૩૯૬૫૮ નો) ગુણાકાર કરવો હોય અને તેની લઘુપદ્ધતિને આપણે ન જાણતા હોઈએ તો પહેલાં આપણે ૬૪૮૭૯×૩૯૬૫૮ નો ગુણાકાર કરીને જોઈશું. પછી ૩૯૬૫૮ ×૬૪૮૭૯ નો ગુણાકાર કરીને જોઈશું અને ત્યાર-પછી જવાબોને મેળવીશું. કદાચ જવાબને એક ગુણકથી ભાગીને તપાસીશું છતાં યે ભૂલ ન રહી જાય તેની ખાતરી કરી લેવા માટે બીજા કોઈ પાસે તે હિસાબ કરાવીશું અને છેવટે જો કોઈ પુસ્તકમાં એવા હિસાબો તૈયાર આપ્યા હોય તો તે સાથે મેળવીશું અને પછી જ પોતાને બિલકુલ નિશ્ચિત માનીશું. બીજા પાસે જ્યારે હિસાબ કરાવીએ ત્યારે કોઈ નવા શિખાઉને આપણે પ્રમાણ નહીં માનીએ પણ આપણાથી વધારે ભૂલવગરના ગણિત-શાસ્ત્રીનો આશરો લઈશું અને જેની છપાઈમાં ભૂલો ન હોય એવા પુસ્તકને જોઈશું; કારણકે આપણે જાણીએ છીએ કે આ આંકડાઓનું કામ છે અને થોડી ભૂલથી ઘણો ફરક પડી જાય છે.

એ જ પ્રમાણે જીવનના અને ધર્મઅધર્મના ઝીણા પ્રશ્નોમાં ત્રણ પ્રકારે વિવેક કરવો પડે છે. પહેલાં તો પોતાની બુદ્ધિ અને ભાવનાને જેટલી શુદ્ધ અને નિર્મળ ભૂમિકા પર લાવી શકાય તેટલી ભૂમિકા પર લાવીને વિચાર કરવો જોઈએ. વિચાર કરવામાં આપણે અનુભવની તરફ જોવું જોઈએ, કલ્પના અને તરંગો કે તર્ક અને અનુમાનોની તરફ નહીં. અને વિવેક કરવામાં યથાસંભવ આપણને શું રુચિકર અને શું અરુચિકર છે એ તરફ ન જોતાં પોતાને અને બીજાઓને માટે શું હિતકર છે અને શું અહિતકર, શું સત્ય છે અને શું અસત્ય એનો ખ્યાલ કરવો જોઈએ. એ પરથી જે પરિણામ પર આપણે આવી પહોં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીએ તે થશે નિજવિવેક.

પરંતુ સંભવ છે કે આપણી બુદ્ધિ, ભાવનાઓ, સંસાર અને જીવનનું આપણું અજ્ઞાન કે અધૂરું જ્ઞાન આપણને ભૂલ ખવડાવે અને આપણે સત્યને જૂઠું સમજીએ અને જૂઠાને સત્ય; તેથી જે પ્રમાણે પેલા મોટા ગુણાકારનો હિસાબ બીજા સારા ગણિતશાસ્ત્રી પાસે કરાવીએ છીએ તે જ પ્રમાણે આપણે પોતાના જમાનાના બીજા તજ્જ્ઞોનો અનુભવયુક્ત અભિપ્રાય જોવો જોઈએ. આપણાં પરિણામ અને એમનો અભિપ્રાય જ્યારે એક જ હોય, ત્યારે તે વાત વધારે પાકી થાય છે. આ થયો તજ્જ્ઞવિવેક.

પરંતુ આ તજ્જ્ઞવિવેક કરવો પણ સહેલો નથી, બલકે તે વધારે ગૂંચવણમાં નાખનારો પણ થઈ શકે છે; કારણકે કોને તજ્જ્ઞ કહેવા એ ઠરાવવું મુશ્કેલીભર્યું થાય છે. કેવળ તે વિષયનો જ નહીં, પણ સર્વસાધારણ રીતે જે સારો પંડિત છે, ઘણો સૂક્ષ્મ તાર્કિક છે, જેણે ઘણો પુરુષાર્થ પણ કર્યો છે, મોટાં કામો શરૂ કર્યાં છે–સંગઠિત કર્યાં છે અને સફળતાથી ચલાવ્યાં છે, જે વૃદ્ધ છે, દુનિયાનો અનુભવી છે, જેણે દેશવિદેશ જોયા છે, જે સારો ચારિત્રવાન પુરુષ પણ છે અર્થાત્ ત્યાગી છે; બ્રહ્મચારી છે, ઘણી મુશ્કેલીઓ સહન કરી શકે છે, સેવાભાવી છે, પોતાના શિષ્યો અને મિત્રો પર ઘણું વાત્સલ્ય અને પ્રેમ રાખે છે, જેણે ઘણાં જપ–તપ–યોગ કર્યાં છે, અને જેનામાં બીજા પણ અનેક સદ્‌ગુણો છે, જે જીવ–ઈશ્વર, માયા–બ્રહ્મ, સગુણ–નિર્ગુણ, આસક્તિ–અનાસક્તિ, લેપ–નિર્લેપ–સાક્ષીત્વ, જ્ઞાન–ભક્તિ–કર્મ આદિ, વેદાન્તમાં નિપુણ છે, ઘણા શિષ્યોનો સાક્ષાત્ પરબ્રહ્મ છે એવા પુરુષને તજ્જ્ઞ સમજવો એ સ્વાભાવિક છે. એવા પુરુષોનો આ બાબતમાં શો અભિપ્રાય છે એ જોવું તે તજ્જ્ઞવિવેકમાં તદ્દન યોગ્ય માનવામાં આવશે. પરંતુ એવા બે તજ્જ્ઞોનો અભિપ્રાય એકબીજાથી ઊલટો પડે છે, ત્યારે જ ગૂંચવણ પેદા થાય છે, તે વખતે શાસ્ત્રોમાંથી ત્રીજી સાબિતી મેળવવી એવો રસ્તો બતાવવામાં આવ્યો છે; અર્થાત્ પ્રાચીન મહાપુરુષો અને અનુભવીઓનું શું કહેવું છે? તેઓ શું શિખવાડે છે? પરંતુ તે પણ એક જાતનું તજ્જ્ઞ–પ્રમાણ છે. એક અર્વાચીન છે, બીજું પ્રાચીન છે. શાસ્ત્રો પણ જુદીજુદી જાતનાં હોય છે અને તેનો અર્થ કરનારા પણ જુદાજુદા હોય છે. અને ઘણીવાર તો તેમને જોઈને પણ ગૂંચવણ તો જેમની તેમ ઊભી રહે છે. ત્યારે શું કરવું? જેનાથી આપણે બે મોટા તજ્જ્ઞોને માપીએ તે કઈ વસ્તુ છે? આ પ્રમાણે તજ્જ્ઞવિવેક અને શાસ્ત્રવિવેક કરવામાં પણ નિજવિવેક કરવો પડે છે.

અહીં આપણે પ્રાણી, માનવ અને ઈશ્વર–ત્રણેમાં રહેલા પ્રત્યક્ષ ફરકને સમજવાની જરૂર ઊભી થાય છે. માણસ પ્રાણી તો છે, પરંતુ તે પ્રાણી જ નહીં, તેનાથી આગળ વધેલો છે. તે પ્રાણીસ્વભાવને બિલકુલ છોડી શકતો નથી, પરંતુ તેમાં તે મર્યાદિત પણ રહી શકતો નથી. પ્રાણીભાવથી માનવસ્વભાવ તરફ વધતા રહેવું એ વિકાસ છે. માનવભાવથી પ્રાણીભાવ તરફ વળવું એ હ્રાસ છે. બીજી બાજુથી માનવ ઈશ્વરત્વ તરફ પ્રયાણ કરવાની સદા ચેષ્ટા કરતો રહે છે, પરંતુ ક્યારે યે ઈશ્વરની પૂર્ણતા કે નિર્ગુણતા પ્રાપ્ત કરી શકતો નથી. તે ભલે પોતાની પૂર્ણતા, નિર્ગુણતા, સાક્ષીત્વ, વ્યાપકત્વ વગેરેની કલ્પનાઓ કરતો રહે, પણ જીવે છે ત્યાંસુધી તેને માનવભાવ અને પ્રાણીભાવમાં કંઈ ને કંઈ ચોંટી રહેવું પડે છે. ત્યારે માનવીના ધર્માધર્મ ઠરાવવામાં પ્રાણીસ્વભાવનું કે ઈશ્વરના તર્કસિદ્ધ નિર્ગુણભાવ અથવા પશુમાનવ–સમભાવ કે જડચેતન સમભાવનું અનુકરણ કરી શકાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવીનો ધર્મ પોતાની માનવતાની વૃદ્ધિ અને તેની પૂર્ણતા કરતા જવાનો છે; તેના પ્રાણીભાવનું સમર્થન કે તેને નિર્ગુણ કરવાનો પ્રયત્ન કરવાનો નહીં. તેને ભલે માયાવેષ્ટિત બુદ્ધિ કહો, મિથ્યાવાદી દૃષ્ટિ કહો, અજ્ઞાનદૃષ્ટિ કહો, કોઈ નીચેની ભૂમિકાની દૃષ્ટિ કહો, માનવનો ઉત્કર્ષ આ ધર્મને શોધવામાં અને પાળવામાં જ છે. નિજવિવેકનો આ આપણો એક પાયો પાકો સમજવો જોઈએ. તેમાં કલ્પનાગમ્ય ઊંચી ભૂમિકાઓ બતાવનારાઓની વાતો આપણે માટે નથી, એમ સમજીને તેને દૂરથી છોડી દેવી જોઈએ.

અજ્ઞાનથી જ્ઞાન, સ્વાર્થથી પરાર્થ, અલ્પાર્થથી પરમાર્થ, ભોગથી સંયમ, રાગદ્વેષથી વૈરાગ્ય (વીતરાગદ્વેષ), હિંસા–ક્રોધ–વેર–કઠોરતા વગેરેથી અહિંસા–ક્ષમા–મૈત્રી–મૃદુતા વગેરે, પરિગ્રહના સુખથી દાનનું સુખ, અસત્ય કે અલ્પ સત્યથી ઊંડું સત્ય, સ્થૂળ આનંદથી સૂક્ષ્મ સમાધાન, ઇન્દ્રિયોની તૃપ્તિથી હૃદયની શાંતિ તરફ પ્રગતિ કરતા રહેવામાં મનુષ્યનું મનુષ્યત્વ છે. આ સિદ્ધાંત તર્ક અને વિચાર ઘડીને બનાવેલો કૃત્રિમ સંસ્કાર નથી, પણ તેના વિકાસના ક્રમમાં બનેલો તેનો સ્વભાવ જ છે. પરંતુ સાથે જ તેને માટે ગમે તેટલા પ્રયત્નશીલ રહેવામાં આવે, તોપણ તે પ્રાણી તો રહેશે જ માટે જ્ઞાન, પરાર્થવૃત્તિ પરમાર્થબુદ્ધિ, સંયમ, વૈરાગ્ય, અહિંસા–ક્ષમા–મૈત્રી–મૃદુતા વગેરે કોમળ ભાવનાઓ, દાન-સુખ, સત્ય, સમાધાન, શાંતિની શોધ વગેરેમાં તે એટલો વહી જશે કે તેનો પ્રાણીભાવ નાશ પામશે અને સંસારમાં રહેવાને અયોગ્ય થઈ જશે એવો ડર રાખવાની જરૂર નથી.

પક્ષી કે વિમાન આકાશમાં ગમે તેટલું ઊંચું ચાલ્યું જાય, તો યે તે પૃથ્વી પર આવવાનું ભૂલી જશે કે પૃથ્વીથી દૂર ચાલ્યું જશે એ ડર જેવો નકામો છે, તે પ્રમાણે જ મનુષ્યનું મનુષ્યત્વ ઘણું વધી જવાથી તેનો પ્રાણીભાવ નાશ પામશે એ ડર ખોટો છે. પક્ષી કે વિમાનને જીવતાં કે મરીને પણ જમીન પર આવવું પડે છે, તે પ્રમાણે મનુષ્યનો પ્રાણીભાવ નાશ પામવાનો નથી. મનુષ્યમાં રહેલાં પશુભાવ અને પ્રાણીભાવ ઉત્તેજિત કરનારાં નિમિત્તો જગતમાં હમેશાં છે અને રહેશે.

ક્યારેક એવો સમય થોડા વખત માટે આવવાનો સંભવ છે કે મનુષ્યના મનુષ્યત્વનો બધી બાજુએથી વિચાર કરવામાં ન આવ્યો હોય અને કોઈ એકજ બાજુ પર જોર મૂકવામાં આવ્યું હોય અને તેથી કેટલાક દોષો પેદા થયા હોય. નામદેવની રોટી જ્યારે કૂતરો લઈ ગયો ત્યારે તે તેની પાછળ ઘીની વાટકી લઈને દોડ્યા અને કૂતરાને પોકારીને કહેવા લાગ્યા કે ઘી ચોપડ્યાવગરની રોટી ન ખા. એક બીજો ભક્ત પોતે એકાદશી કરતો અને પોતાની સાથે બળદને પણ ઉપવાસી રાખતો. આ તો ક્યારેક એકાદ વ્યક્તિની ધૂન (અં. એક્સેન્ટ્રિસિટી) હોઈ શકે છે, અથવા ક્યારેક કેવળ વિકાસની એક ભૂમિકા યે હોય છે. જો પાછલી વાત હોય તો થોડા દિવસો પછી પોતાની મેળે તે યોગ્ય માત્રા પર આવી જાય છે. થોડુંક ધ્યાન આપવાથી સુધરી શકે છે. અને વ્યવહારકુશળ મનાયેલા એવા લોકોનો જગતમાં કદી તોટો નથી કે જેઓ એમ વિચારે છે કે મનુષ્ય ઘણો સારો મનુષ્ય ન બની જાય, યોગ્ય માત્રામાં પશુપણું પણ રાખે, અક્કલ–હોશિયારી અને ધર્મબુદ્ધિથી હિંસા, યુદ્ધ, માતા–પિતા–ગુરુનો વધ કરવાની હિંમત કરે કે વામમાર્ગીનું અવલંબન વગેરે લે. એવા ઉદ્દેશથી એક ધર્મગ્રંથની રચના થઈ શકે છે.

આ બધી વસ્તુઓ તો આપણા હૃદયમાં પડી જ છે. 'ઘન વરસે વન પાંગરે,' વરસાદ આવતાં જ અનેક જાતનાં ઘાસ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીડાઓથી જંગલ પોતાની મેળે જ ભરાઈ જાય છે. તે માટે જમીનને હળથી ખેડવી પડતી નથી કે તેમાં બી વાવવું પડતું નથી. એનાં મૂળિયાં ઉખાડવા માટે હળથી ખેડવી પડે છે. અનાજ માટે બી વાવવું પડે છે અને નકામી વનસ્પતિઓ નીંદવી પડે છે. એ પ્રમાણે આપણા મનમાં રહેલા પ્રાણીભાવોનો નાશ થવાના ડરથી ધર્મશાસ્ત્રની રચના નથી થઈ શકતી. જ્યારે કોઈ ગ્રંથનો એવો અર્થ કાઢવામાં આવે છે ત્યારે માનવું જોઈએ કે કાં તો તે ધર્મગ્રંથ નથી અથવા તેને સમજવામાં ભૂલ થઈ રહી છે.

ઔરંગઝેબ મોટો ચુસ્ત કુરાનભક્ત મનાતો હતો. કહે છે કે પોતાના ખાનગી જીવનમાં ઘણી સાદાઇથી તે રહેતો હતો, ઈસ્લામના લોકોએ માનેલાં બાહ્ય ચિહ્નો–દાઢી અને રોઝા બંને બરાબર રાખતો હતો. નમાજ પણ બરાબર પઢતો હશે અને કુરાન પણ. પરંતુ પોતાના વડીલને કેદ કરીને અને પોતાના ભાઈઓ સાથે દગો કરી તેમને મારી નાખીને રાજગાદી ઝૂંટવી લેવામાં અને અનેક પ્રકારની કુટિલ નીતિ આચરવામાં તેને કશી આનાકાની થઈ ન હતી. જો એમ કહીએ કે આ બધી કુટિલતા તે કુરાનમાંથી શીખ્યો તો કુરાન ધર્મગ્રંથ નથી; પરંતુ જેમ બીજા ભલા મુસલમાનો બતાવે છે કે કુરાનમાં આવી વાતો માટે આધાર નથી અને મહંમદ પેગંબરના જીવનમાં યે નથી, તો સમજવું જોઈએ કે કુરાનને નિયમથી વાંચવા અને નમાજ, રોઝા અને દાઢી રાખવા છતાં યે ઔરંગઝેબના પોતાના પ્રાણીભાવો એટલા બળવાન રહ્યા હતા કે તે કુરાનની કેદમાં રહી શકતો ન હતો. અને કુરાનથી ડરતો હતો એટલા માટે પોતાની બુરાઈઓ માટે પણ તેનો આધાર લેવાની કોશિશ કરતો હતો.

આ વાત બીજાઓની પણ છે. જ્યારે મગધના રાજા બિંબિસારના પુત્ર અજાતશત્રુને રાજ્યલોભ થયો ત્યારે દેવદત્તે ગુરુ બનીને શિખવાડ્યું: “ જુઓ ભાઈ, દુનિયા બે દિવસની છે. જિંદગીનો કશો ભરોસો નથી. તમે પહેલાં મરશો કે બાપ એ કોણ જાણે છે? તેથી ધર્મનું વચન છે કે ‘ જે કંઈ કરો તે આજે કરી લો.’ રાજ્ય પ્રાપ્ત કરવું હોય તો આજે જ પ્રાપ્ત કરો. ” આમાં પહેલાંનાં બધાં વાક્યો ધર્મોપદેશનાં છે. પરંતુ પરિણામવાળું છેવટનું વાક્ય? શું એમ કહીશું કે આ ઉપદેશ એક ધર્મવાણી છે? પછી દેવદત્તને લાગ્યું કે બુદ્ધ દ્વારા ધર્મનો પ્રચાર ઠીક થતો નથી. તેઓ વૃદ્ધ થયા છે અને સંઘને ઠીક ચલાવી શકતા નથી. તેમની આજુબાજુ નકામા માણસો ભેગા થયા છે; તેઓ નિવૃત્ત પણ થતા નથી; માટે ધર્મની વૃદ્ધિ માટે ગુરુને મારી નાખવા જોઈએ, અને તે જાતના તેણે પ્રયત્નો કર્યા. દેવદત્તની કામના બુદ્ધના સમયમાં સફળ ન થઈ એ બીજી વાત છે. પરંતુ શું તેને ધર્માચાર કહીશું? યાદ રાખવું જોઈએ કે દેવદત્તને પણ એક ત્યાગી પુરુષ બતાવવામાં આવેલ છે.

ત્યારે, તજજ્ઞવિવેક અને શાસ્ત્રવિવેક કરવામાં પણ આપણે નિજવિવેકની મૂળ બેઠક હમેશાં ધ્યાનમાં રાખવી જોઈએ. જો ગ્રંથમાંથી માનવતાના ગુણોને જ પ્રોત્સાહન મળે એવો અર્થ આપણે કાઢી શકતા ન હોઈએ અને જો તે આપણા રાગદ્વેષ અને પશુભાવોનું જ સમર્થન કરનારો અર્થ બતાવતો હોય તો તેને આપણે ધર્મગ્રંથ તરીકે છોડી દેવો જોઈએ, ભલે પછી તે ગમે તેટલો બહુમાન્ય હોય. પણ જો તેમાંથી આપણે સારો અર્થ પણ કાઢી શકતા હોઈએ તો તેને સાચો માનીએ અને બીજા અર્થો કાઢવાવાળાઓને ખોટા સમજીએ, ભલે તેઓ ગમે તેટલા બહુમાન્ય હોય.

૧૧–૯–૪૯, વર્ધા (સપ્ટેમ્બર–હિંદી ‘ સર્વોદય ’)

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતકવિ રવિદાસ

આચાર્યશ્રી ક્ષિતિમોહન સેન

પ્રભુભક્તિ ક્યારેય ધન, યૌવન, જાતિ કે ઊંચ–નીચ ભાવ સાથે સંબંધ રાખતી નથી; ઊલટું સાચા હૃદયની ઈશ્વરપ્રીતિ તો સમાજે બાંધેલી વર્ણવ્યવસ્થામાં નીચી ગણાતી જાતિઓમાં જ વિશેષ જણાઈ છે. મોચી, ચમાર, વણકર, પિંજારા, કસાઈ, નાચી વગેરે જાતિઓએ સમાજના કોઈ પણ થરના પ્રભુભક્તોની તોલે આવી શકે એવી મહત્ત્વની ગૌરવયુક્ત ભક્તિ બતાવી છે. શી એમની નમ્રતા, દુઃખ સહન કરવાની શી અદ્‌ભુત શક્તિ અને જીવનની અનુભવશાળામાંથી ઘડાયેલું શું સરળ છતાં ગહન એમનું મૌલિક તત્ત્વજ્ઞાન! એવા એક ભક્ત રવિદાસના જીવન ને કવનનો અહીં આછો પરિચય મળે છે.

[૧]

આજે ભારતવર્ષમાં હરિજનોનો પ્રશ્ન ચર્ચાય છે. આપણે તેમના તરફ દયા રાખવી જોઈએ એમ કહેવાય છે. સંભળાય છે કે 'હરિજનો પતિત છે, તેમનો ઉદ્ધાર કરવો જોઈએ. જો આપણે દયા કરીને તેમને ઊંચા નહિ આણીએ તો તેમનું દૈન્ય એટલું બધું છે કે બીજો કોઈ આરો નથી. તેમનાં મનનું દળદર એટલું બધું છે કે તેમને તેમાંથી બચાવી ન શકાય તો તેમનું રક્ષણ થનાર નથી, માટે આપણે તેમને આપણા ધર્મનો હિસ્સો આપવો જોઈએ, આપણાં મંદિરનાં બારણાં તેમને માટે ખોલવાં જોઈએ, આપણાં શાસ્ત્રો અને સાધનામાં તેમને અધિકાર આપવો જોઈએ.' આવા અર્થની લોકોની વાતો સાંભળવા મળે છે. કેમ જાણે—આપણે તો કોઈ ઊંચા આસન પર બેઠા હોઈએ અને એ બધા અધમતાના કોઈ રસાતળમાં ડૂબી ગયા ન હોય!

આવા તુમુલ ધ્વનિની સાથે મને મારો સૂર મેળવતાં સંકોચ થાય છે. તેનું કારણ એ નથી કે હું હરિજનોને એટલા બધા હીન ધારું છું કે તેમનો ઉદ્ધાર કરવો આપણા જેવા માટે અનુચિત કે અસંભવિત છે. આપણાં મંદિરોને પણ હું એવાં મહાન સ્થાનો નથી માનતો કે જ્યાં ગયાથી હરિજનોની પેઢીઓ તરી જશે. ઊલટું, મને તો એમ જણાય છે કે હરિજનોમાં જે સાધુ અને સંત પુરુષો થઈ ગયા છે તેમનું જો આપણે યોગ્ય અનુકરણ કરી શકીએ તો આપણે ધન્ય થઈશું!

ભારતના ઉત્તર અને દક્ષિણ એમ બન્ને ભાગમાં કેટલાય સંતો અને ભક્તો નીચ કૂળમાં જન્મ્યા હતા. મધ્યયુગની ભારતીય સાધનાના મંદિરમાં તો તેઓ એકછત્ર સમ્રાટના ગૌરવે વિરાજી રહ્યા છે. તેમનું આધ્યાત્મિક ઐશ્વર્ય અપ્રતિમ હતું. એમનું આ ઐશ્વર્ય મેળવવા માટે બ્રાહ્મણોત્તમ મહાગુરુ રામાનંદે પોતાના જાતિગૌરવને તિલાંજલિ આપી હતી. અત્યારે આપણે દક્ષિણની વાત પડતી મૂકીએ. ઉત્તર ભારતના વણકર કબીર, મોચી રવિદાસ, કસાઈ સદના, જાટ ધન્ના, નાપિત સેના, ડોમ નાભાજી, પિંજારા દાદૂ, રજ્જબ વગેરે સાધકોનાં નામથી કોણ અજાણ્યું છે? આમાંના દરેક કોઈ પણ દેશના ગુરુ તરીકે વંદનીય છે; એટલે હરિજનોનો ઉદ્ધાર કરવા જેવો દંભ કરવો કે તેવું સાહસ કરવું મારે માટે શક્ય નથી!

કબીરનું નામ તો ભારતમાં સર્વત્ર સુપરિચિત છે. ભારતનો મધ્યયુગ તેમનું જ સર્જન હતું એમ આપણે સ્વાભાવિકભાવે કહી શકીએ. કહેવાતા હીન વંશમાં જન્મેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાપુરુષોની વાણી પૃથ્વીના સર્વે યુગોમાં અને દેશોમાં નવોનવો આધ્યાત્મિક પ્રકાશ પાડવાને સમર્થ છે.

[૨]

જે મહાપુરુષ રામાનંદના શિષ્ય કબીર હતા તેમના જ શિષ્ય રવિદાસ પણ હતા. કદાચ રવિદાસનું નામ કેટલાક લોકો જાણતા હશે પરંતુ તેમનો ખરો પરિચય ઘણા થોડાને જ હશે. આપણે જેને તે વખતનો ઇતિહાસ કહીએ છીએ તેવું કંઈ એ સાધુસંતોને મન હતું નહીં. એકવાર પૂર્વ બંગાળના એક બાઉલને મારું આ દુઃખ જણાવી રહ્યો હતો. મેં તેને કહ્યું: 'મોટામોટા પદરચયિતાઓ અને સાધક ગુરુઓનાં જીવનવૃત્તાંત શાથી મળતાં નથી?' તેણે તે વખતે નમશૂદ્ર જાતિના એક મહાસાધક ગંગારામની વાણી ટાંકીને મને ઉત્તર દીધો. વાણી આ હતી:

ખાલેર પૈંકે ઠેલે જખન નાઓ,
પિછેર દિકે જે ચિન્ થાકે,
તાતેઈ મેલે ભાઓ.
(જખન) ગહીન જલે પાલ તુઈલ્યા
નાઓ જાય.
પથેર જે ચિન્ કઈ વા મિલાય,
કેમને બા ભાઓ પાય?

'જ્યારે નૌકાને વહેળાના કાદવમાં લઈ જઈએ છીએ ત્યારે તેની પાછળ જે ચિહ્ન રહે છે તે પરથી તેની ભાળ મળી શકે છે; પરંતુ જ્યારે ઊંડાં પાણીમાં એ સઢ ચઢાવીને હંકારાય છે, ત્યારે તેના માર્ગનાં નિશાન ક્યાંય ચાલ્યાં જાય છે! તેનું સંધાન કેમ કરીને મળે?'

રવિદાસની સાધનાની નૌકા જો કોઈ કાદવવાળા માર્ગે ગઈ હોત તો તેમની સાધનાનાં ચિહ્ન, જેને આપણે ઇતિહાસ કહીએ છીએ તે, આપણને મળી શકત; પરંતુ જે ઊંડા જળમાં તેમની તે સાધનનૌકા સહજ સઢ ચડાવીને ગઈ હતી તેનાં કોઈ ચિહ્ન મળતાં નથી. આપણને જે ઇતિહાસ મળે છે એ તો મોટામોટા ખૂનીઓનો, મોટા-મોટા લૂંટારાઓનો! જેમણે ખરેખર માનવ-સંસ્કૃતિનું ઘડતર કર્યું હતું એવા કેટલાકનો પરિચય કહેવાતા ઇતિહાસમાં આપણને ક્યાં મળે છે?

આ કારણે કબીર, રવિદાસ જેવા મોટા સાધકોનાં વૃત્તાંત આપણને મળતાં નથી. તેમ છતાં કબીરની વાતો ઘણે ભાગે જાણીતી છે, પણ રવિદાસના અધ્યાત્મ–ઐશ્વર્યની ઘણી થોડી વાતો આપણે જાણીએ છીએ.

કબીર સ્વભાવ–સાધક હતા. જેઓ નીતિથી રહેવાવાળા કે કર્મપરાયણ હોય છે તેમને આગળ ધપવા માટે કોઈ એક સુનિશ્ચિત કર્મમાર્ગ જરૂરી જણાય છે. પરંતુ જેઓ અધ્યાત્મ ભાવના ભાવુક હોય છે, જેઓ મરમી (અં. મિસ્ટિક) હોય છે તેમને માટે કોઈ ચોક્કસ માર્ગની જરૂર જણાતી નથી હોતી. કબીર આ પ્રકારના હતા. તેમને માટે બધું જ સહજ હતું. તેથી જ્યારે કોઈને માર્ગ બતાવવાની વાત આવતી ત્યારે તેઓ મુંઝાતા. એકવાર કોઈ જિજ્ઞાસુએ કબીરની પાસે જઈને પૂછયું: 'ભગવાનની પાસે જવાનો માર્ગ કયો?' કબીરે કહ્યું: 'ભાઈ, માર્ગ એ શબ્દમાં જ દૂરત્વને માની લેવું પડે છે. શું તેમનામાં અને મારામાં આ દૂરત્વ સંભવે છે? તેઓ છે પ્રાણ, હું છું પ્રાણી. ક્યાં રહી શકે એ દૂરત્વ?'

દૂર અહે તો પંથ ભી આહી,
દૂર નહી તો પંથ ભી નાહી.

'દૂર હોય તો માર્ગ હોય, દૂર ન હોય તો માર્ગ કેવો!'

અને તેથી જ તેમણે ગાયું છે:

પાની બીચ મીન પિયાસી!
મોહીં સુન સુન આવત હાઁસી!

કહેવાય છે કે જ્યારે કોઈ તેમને સાધના-ના માર્ગની વાત પૂછતું. ત્યારે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રદ્ધાપૂર્વક સાધક રવિદાસને મળવાનું જણાવતા:

સંતનમેં રવિદાસ સંત હૈ,
પંથ-ખબર સોહી જાનૈ.

[૩]

રવિદાસ ધીરેધીરે યથાક્રમે માર્ગમાં આવતા કાંટાઓ દૂર કરીને પોતાને જવાને સ્થાને આગળ ધપતા હતા. નૈતિક માર્ગનાં ઘણાં દુઃખ-દ્વંદ્વોની તેમને ખબર હતી. માનવની સેવા અને કર્મ કરતાં તેઓ કદાપિ થાકતા નહિ. તેથી ઘણા લોકોના સાધનમાર્ગનું દુઃખ દૂર કરીને તેમને તેઓ ઉત્સાહ આપી શકતા.

રવિદાસની સાધનાની સૌથી મહત્ત્વની વાત માનવસેવા હતી. તે વખતે ઘણે ઠેકાણે સાધક સંતોનાં સંમેલન ભરાતાં. તેવે ઠેકાણે તેમ જ મોટામોટા મેળાઓમાં ઘરડાં, રોગી, અપંગ વગેરેની સેવા કરતાં તેઓ થાકતા નહીં. તેમનું હૃદય હમેશાં તરુણ રહેતું, એટલે તરુણો પર તેમનો મોટો પ્રભાવ પડતો. કેટલાક માનતા કે તેઓ યુવકોનું માથું નકામું ખાઈ રહ્યા છે, પરંતુ આ યુવકોની સાથે રહીને માનવસેવાનું જે માધુર્ય તેમણે અનુભવ્યું હતું તેનો રસાસ્વાદ આપણને તેમની અનુપમ 'સેવાની પંચપ્રણતિ' વાળી વાણીમાં મળે છે.

એકલા યુવકોમાં તો શું, રાજપૂતાનાની મહારાણીઓમાં પણ તેમની સાધનાની શક્તિનો પ્રભાવ પડ્યો હતો. કદાચ ઈતિહાસનો તાળો મેળવતાં મુશ્કેલી નડે, તેમ છતાં ભક્તોમાં આ વાત ખૂબ પ્રસિદ્ધ છે કે મીરાંબાઈ રવિદાસનાં શિષ્યા હતાં. જેમ શંકરાચાર્યની પાછળના આચાર્યો શંકરાચાર્ય કહેવાય છે, નાનક પછીના ગુરુઓ નાનક ગણાય છે, મીરાંના અનુયાયીઓ પણ પોતાને મીરાંને નામે ઓળખાવે છે, તેમ શું રવિદાસના અનુયાયીઓ પણ રવિદાસ ન હોય? વાત એમ છે કે તેમની સાધના દ્વારા નવજીવન પ્રાપ્ત થયેલું હોવાથી મીરાંએ વારંવાર ગાયું છે કે:

'રવિદાસને મેં ગુરુ તરીકે મેળવ્યા છે.'

રવિદાસને ગુરુ કર્યા પહેલાં મીરાંની સાધના જો કે સમાજમાં પ્રચલિત શાસ્ત્રસંગત ગિરધરલાલથી શરૂ થઈ હતી, તોય પાછળથી તેમણે એવા એક પુરુષની સાધના સ્વીકારી. જેઓ જાતે મોચી હતા અને જેમની સાધના શાસ્ત્રસંમત 'વ્યક્ત લિંગાચારી' નહિ પણ 'અવ્યક્ત લિંગાચારી' હતી. જો તેઓ ગિરધરલાલને ઠેઠ સુધી માનતાં હોત તો તેમણે પોતાના કુલગુરુ અને બ્રાહ્મણગુરુ વગેરેને છોડીને વ્યક્ત લિંગાચારના વિરોધી એક મોચીના ચરણમાં પોતાને અર્પણ કર્યાં ન હોત. ખાસ કરીને આ કારણને લઈને જ તેમને સાસરાનો અને પિયરનો ત્યાગ કરવો પડ્યો હશે.

ચિતોડનાં મહારાણી ઝાલી પણ રવિદાસનાં શિષ્યા હતાં. ભક્તમાલની ટીકા 'ભક્તિરસબોધિની'માં પ્રિયાદાસજી જણાવે છે:

બસત ચિતોર મૌંઝ રાણી એક ઝાલી નામ,
નામ બિન કામ આલી આસિનિ શિષ્ય ભઈ હૈ.

આ ટીકામાં પાછળથી એક વાત આવે છે, જેનો સાર એ છે કે રાણીને એક મોચીભક્તના ચરણમાં પડેલી જોઈને રાણીના સાથીદાર બ્રાહ્મણોએ જઈને આ હકીકત રાજાને જણાવી. રાજસભામાં બ્રાહ્મણોની સાથે રવિદાસને પણ બોલાવવામાં આવ્યા. હરિહર રામાનુજદાસ કૃત 'હરિભક્તિપ્રકાશિકા'માં જણાવ્યું છે કે રવિદાસે આવી પડેલી વિપત્તિમાં ગાયું હતું:

દેવાધિદેવ આયે તુમ શરણા,
કૃપા કીજિયે જાન અપને જના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવતા પ્રસન્ન થયા. ત્યારપછી એવું બન્યું કે એકવાર રાણી ઝાલીએ મોટો ઉત્સવ યોજ્યો અને તેમાં બ્રાહ્મણોને નિમંત્ર્યા. પરંતુ જેના ગુરુ મોચી હોય તેવી રાણીને ત્યાં ખાય કોણ? એટલે બ્રાહ્મણોએ પોતાનાં સીધાં માગી લીધાં અને રસોઈ કરીને જ્યારે જમવા બેઠા ત્યારે બે બ્રાહ્મણોની વચ્ચે એક રવિદાસ દેખાયા.

કરિ કૈ રસોઈ દ્વિજ ભોજન કરત બૈઠે,
દ્વૈદ્વૈ મધિ એક રૈદાસકો નિહારિયે.

આથી બ્રાહ્મણોનો ગર્વ હણાયો અને ઘણા તેમના શિષ્ય થઈ ગયા; અને રવિદાસે પણ કહેવાય છે કે એમ બતાવ્યું કે પોતાના ચામડાની નીચે ભક્તિનું સુવર્ણ–ઉપવીત પ્રકાશતું હતું.

દેખિ ભૈઈ આઁખે દીન ભાષે શિષ્ય લાખો ભયે,
સ્વર્ણકી જનેઊ કાઢયો ત્વચા કીની ન્યારિયે.

અહીં મનમાં રાખવું જરૂરી છે કે ભક્તિ, શ્રદ્ધા અને માનવતાનું આ સુવર્ણ–ઉપવીત હતું.

પ્રિયાદાસ અને હરિહર રામાનુજદાસ જણાવે છે: 'પૂર્વજન્મે રવિદાસ બ્રાહ્મણ હતા. અજાણતાં તેમણે એક વાણિયાની ભિક્ષા સ્વીકારી. મોચીના વંશમાં જન્મેલો નહીં હોવા છતાં તે ભાવે અને આચારવિચારે મોચી જેવો હતો. તેથી તે દિવસે બીજે બધેથી લાવેલો ભોગ દેવતાને માટે સ્વીકાર્ય થયો નહીં. ગુરુના શાપથી તેઓ મોચીના ઘરમાં કાશીમાં જન્મ્યા. જન્મીને માનું ધાવણ તેમણે લીધું નહીં; કારણકે બ્રાહ્મણ હોવાથી મોચીના ઘરનું કેવી રીતે લેવાય? આની ખબર પડતાં ગુરુ આવ્યા અને તેમણે રવિદાસને દૂધ પીવાની આજ્ઞા કરી. એટલે રવિદાસ માનું ધાવણ ધાવવા લાગ્યા.' આ બધી વાતો જાણીતી છે.

'મોટા થયા પછી પણ રવિદાસ સાધુ-સંતોના ભક્ત હતા. ભક્તિ અને સાધના જ તેમના જીવનનું સર્વસ્વ હતાં. તેથી પિતા તેમનો ત્યાગ કર્યો. તેઓ પોતાની સ્ત્રી સા રહીને જોડા સીવીને નિર્વાહ કરતા. એકવાર એ સાધુએ તેમની ગરીબાઈ જોઈને તેમને સ્પર્શ મણિ આપવા જણાવ્યું. રવિદાસને તે મણિ માળિયામાં મૂકી રાખવાનું કહ્યું. પછી સા જ્યારે તેર માસ પછી પાછા ફર્યા ત્યારે તેમ જોયું તો રવિદાસ એના એ જ ઘરમાં એ ધંધો કરતા હતા. કોઈવાર થોડું દ્રવ્ય મળી આવવાથી તેમણે એક ધર્મશાળા બંધા હતી. તેમાં જઈને તેઓ સાધુસંતોની સેવ ચાકરી કરતા. ત્યારપછી તેમણે એક મંદિ પણ ચણાવ્યું હતું. આ સાંભળીને બ્રાહ્મણો રાજાની પાસે ફરિયાદ નોંધાવી કે મો થઈને રવિદાસે મંદિર ચણાવ્યું છે અ તેમાં દેવની સ્થાપના કરી છે. રાજાએ રો ભરાઈને તેમને બોલાવડાવ્યા, પરંતુ તેમ જોઈને તેમના તરફ ભક્તિપૂર્ણભાવે તે જો લાગ્યા; અને રવિદાસને સન્માન સાથે વિદા દીધી.'

પ્રિયાદાસના 'ભક્તિરસબોધિની'માં વાતો આવે છે તે બધી રવિદાસ પછી આશ ત્રણસો વર્ષે લખાઈ છે. તે વખતે રવિદાસ સહજ જીવનવૃત્તાંત અનેક અતિપ્રાકૃત કથ એથી ઢંકાઈ ગયું હતું. આ આધારને મેકોલિફે તેમના શીખ ધર્મના ઇતિહાસ છઠ્ઠા ખંડમાં ભક્ત રવિદાસનું ચરિત લખ્યું

કેટલાકના મત પ્રમાણે તેઓ ઈ. ૧૪૦૦થી ૧૫૦૦ સુધીમાં હયાત હતા. પ્રિ દાસની ટીકા ઈ. સ. ૧૭૧૩માં સમા થઈ હતી.

સંવત પ્રસિદ્ધ દશ સાત સત ઉનહત્તર
ફાલ્ગુણ માસ વદી સપ્તમી બિતાયકે.

અર્થાત્ સં. ૧૭૬૯(ઈ. સ. ૧૭૧ ના ફાગણ માસની વદ સાતમેથી આ ગ્રંથ રચના શરૂ થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

રવિદાસી સંપ્રદાયના મત પ્રમાણે જે ચરિત છે તે વધુ સહજ અને સ્વાભાવિક છે. રવિદાસની પોતાની વાણીમાંથી પણ તેમના જીવનને વિષે કેટલાક આભાસ મળી આવે છે. તેમની વાણીમાં જણાય છે કે સાધનામાં પ્રવીણ હોવા છતાંય તેઓ જોડા સીવીને પોતાનો નિર્વાહ ચલાવતા હતા. આ બાબતમાં તેમનો મત કબીરના જેવો જ હતો. જ્યારે કબીર સાધુઓમાં શ્રેષ્ઠ હતા ત્યારે પણ તેઓ કપડાં વણતા. કોઈ તેમને પૂછે તો કહેતા: 'આ શરીર અને શક્તિ ભગવાનનું દાન છે. એ દ્વારા જો અન્ન ઉપાર્જન કરીએ તો તે દ્વારા ભગવાનનું અન્ન જ ખવાય છે. માત્ર ભિક્ષાનું અન્ન જ તેમનું દાન છે એ સાચી વાત નથી.' 'એવો શ્રમ કરો કે જેથી પોતે જીવો અને બીજાને પણ જિવાડો.'

કહૈં કબીર અસ ઉદ્યમ કીજે,
આપ જીએ ઔરનકો દીજે.

આ પરથી સમજી શકાય છે કે જે દૈવ-ધનનો પટારો મેળવીને તેમણે ધર્મશાળા બનાવી હતી તે તેમની શક્તિ અને પરિશ્રમ હતાં. દરરોજ તેમને મળતી પાંચ સુવર્ણ-મુદ્રાઓ એટલે તેમની પાંચ ઇન્દ્રિયો.

આથી તેઓ જોડા સીવતા અને લોકો તેમની પાસે ફાટચુંતૂટચું સંધાવવા પણ આવતા. આવી વાતો દ્વારા તેઓ પોતાની સાધનાનું રહસ્ય સમજાવતા.

ચમરટા ગાઁઠિ ન જનઈ,
લોગુ પાઠાયૈ પનહી. (ગ્રં. સા. રાગ–સોરઠ)

'ચામડાંની ગાંઠનું તત્ત્વ હું જાણતો નથી, તોય લોકો કોણ જાણે જોડા મોકલાવે છે.'

જે સ્પર્શમણિ માટે તેમણે મંદિર બનાવ્યું તે હતો ભગવાનનો પ્રેમસ્પર્શ. આ વાત તેમણે પોતે જ જણાવી છે:

લોહા કંચન હિરણ્ હોઈ કૈસે,
જઉ પારસ નહિ પરસૈ. (ગ્રં. સા. રાગ–રામકલી)

'જો લોઢાને સ્પર્શમણિનો સ્પર્શ ન થાય તો તે કેવી રીતે કાંચન થઈ શકે?'

બ્રાહ્મણોની ફરિયાદથી કાશીના રાજાએ તેમને બોલાવડાવ્યા. તેમણે મોચી થઈને મંદિરમાં દેવની પ્રતિષ્ઠા કરી હતી તે વિષે લોકોએ વાંધો ઉઠાવ્યો હતો. રાજાએ પૂછ્યું: 'આ વાત ખરી છે કે નહીં?' ત્યારે રવિદાસે કહ્યું: 'ખરી નહીં તો શું હોઈ શકે? મારું મંદિર ઊંચું અને વિશાળ છે, નીલ તેનો ગુંબજ છે. દેવતા મારા ચર્મમાંથી નિર્માયા છે, તેઓ જીવંત છે, પરમ પાર-પૂર્ણ છે.'

નીલા ગુમ્મટ ઉચ્ચ વિશાલ,
ચરમી દેવ જીવત કમાલ.

તેમણે નીલ આકાશરૂપી ગુંબજની તળે માનવ દેવતાની વાત જણાવી છે. પોતે મોચી થઈને ચામડાંના દેવતાની વાત બરાબર કહી હતી. રવિદાસ ઠેઠ સુધી માનવદેવતાના ભક્ત–સેવક હતા. તેમ છતાં તેમના આવા સહજ ઇંગિતને તેમની પાછળના લોકો બરાબર સમજી શક્યા નથી. મૅક્સ આર્થર મૅકોલિફ પણ સમજ્યા નથી. તેમણે લખ્યું છે:

'પાછળથી એમણે એક ઝૂંપડી બાંધી, સંતાડી રાખેલી વસ્તુમાંથી મૂર્તિ બનાવીને મૂકી ને એની પૂજા કરવા માંડી.'×

કેવી વિચિત્ર ભૂલ!

એક મોચીના ઘરમાં જન્મ્યા છતાં જ્યારે તેમને માનવના મહિમાની ઉપલબ્ધિ થઈ ત્યારે તેમણે ગાયું કે–

× He afterward built hut, set up in it an idol which he made from a hide and applied himself to his worship. (ભાગ ૬, પૃ. ૩૧૬–૧૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુલભ જનમુ પૂંનફલ પાઈઉ,
બિરથા જાત અબિબેકે. (ગ્રં. સા. રાગ–સોરઠ)

'પુણ્યના ફળે આ દુર્લભ માનવજન્મ મળ્યો છે. અવિવેકને લઈને તે વૃથા ચાલ્યો જાય છે.'

કયા મોહને વશ થઈને મનુષ્ય પોતાને દુઃખી, દીન અને શક્તિહીન માને છે? એ તો છે દિવ્ય, અધ્યાત્મભાવી અને કમાલ. તેની દૈન્ય અને ક્લૈબ્યની ભાવના માત્ર એક મિથ્યા દુઃસ્વપ્ન છે! તેથી તેઓ કહે છે:

નરપતિ એકુ સિંઘાસનિ સોઈયા
સુપને ભઈયા ભિખારી.
આછત રાજ બિછુરત દુઃખુ પાઈયા
સો ગતિ ભઈ હમારી. (ગ્રં. સા. રાગ–સોરઠ)

'માનવ છે એક નરપતિ. સિંહાસન પર સૂતાંસૂતાં તેણે સ્વપ્ન જોયું કે તે ભિખારી છે! રાજ્ય હોવા છતાં ય તેણે મનથી દુઃખ માની લીધું. એવી જ મારી સ્થિતિ થઈ છે.'

જ્યારે તેને પોતાનો મહિમા સમજાય છે ત્યારે વિશ્વપ્રકૃતિની પાસે જઈને તે માગણી કરે છે:

દેહુ કલાલી પૂરણ પિયાલા,
ચંદ સૂર દોઉ સનમુખ હોઈ,
પીયૈ પ્યાલા મરૈ ન કોઈ.

'હે રસદાત્રી, મારો પ્યાલો ભરી દે...જે માનવ પ્રકાશના રસનો ભરપૂર ચન્દ્ર–સૂર્યરૂપી પ્યાલો સામે રાખીને પીએ છે તે મૃત્યુને ઓળંગી જાય છે.'–

કૃત્રિમ સમાજનાં બંધનોથી જકડાયેલો માનવી પોતાનું સહજ મહત્ત્વ ભૂલી ગયો છે. તેથી રવિદાસે એવા એક સહજ ધામની અર્થાત્ આદર્શ લોકની વાત જણાવી છે, જ્યાં કોઈ મિથ્યા વાત, ભેદભાવ કે કૃત્રિમ હીનતા દ્વારા માનવ ક્ષુદ્ર બને નહિ.

બેગમપુરા સહરકો નાઉ,
દુખુ અંદોહુ નહીં તિહિ ઠાઉ.
ના તસવીસ ખિરાજુ ન માલુ,
ખઉફુ ન ખતા ન તરસુ જબાલુ.
અબ મોહિ ખૂબ બતન ગહ પાઈ,
ઊહાઁ ખૈરિ સદા મેરે ભાઈ.

× ×

કહ રવિદાસ ખલાસ ચમારા,
જો હમ–સહરી સો મિતુ હમારા.
(ગ્રં. સા. રાગ–ગૌરી)

'એ શહેરનું નામ છે બેગમપુર, જ્યાં નથી દુઃખ નથી ઉદ્વેગ. ત્યાં નથી દુર્ગતિ, નથી કરભાર, ન વૈભવનો વ્યર્થ સંચય, નથી ભય, ત્રાસ કે દા હે ભાઈ, હવે તો હું એક એવા ઠેકાણે પહોંચ્યો જ્યાં સદાય કલ્યાણ જ કલ્યાણ છે. ભક્ત ચમ રવિદાસ કહે છે કે જે માણસ આ નગરમાં વસે તે ખરેખર મારો મિત્ર છે.'

આ ગાન દ્વારા રવિદાસે, કહેવાય છે રાજકર ભરવાનો અસ્વીકાર કરીને; ધનિ અને દરિદ્રના ભેદનો લોપ કરવાની ઘોષ કરીને અને ઊંચ તેમજ નીચના બનાવ ભેદો તોડી નાખવાની સૂચના કરીને રાજ શક્તિનો ઉચ્છેદ કરવાનો સંકલ્પ કર્યો હતો કેટલાક જણે આ પ્રકારની વાત રાજાને ક પહોંચાડી હતી. આને કારણે તેમને કેટલું સહન પણ કરવું પડ્યું હતું. ગમે તેમ હ પણ આ ગાન દ્વારા આપણને રવિદાસ અંતરમાં રહેલા એક આદર્શ લોકની વાતે આભાસ મળે છે, જેને આપણે અત્યાર સામ્યવાદી ચળવળની મુખ્ય વાતની સા કંઈક અંશે સરખાવી શકીએ.

આપણે તેમની વાણીમાં જોઈએ છીએ કે તેમણે માનવમાં રહેલા દેવની, તેના મ ત્વની વિજયઘોષણા કરી છે. આથી તેમ વાણીના સ્વર્ગમાં આપણે સુધા, અપ્સ કે કિન્નરોની વાતો સાંભળતા નથી, પરં તેમાં સર્વ બંધનમુક્ત માનવસત્યની પ્રતિ જોવામાં આવે છે. આથી તેમનો તે વખત અ તરુણોની સાથે ગાઢ સંબંધ હતો રાજસ્થાનની રાજરાણીઓ પણ બધું કું સહીને તેમની સાધનાના જીવનનું મહ આંકી શકી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫]

તેમના શિષ્યો ખાસ નહોતા પણ અનુરાગી ઘણા હતા. તેમાંના એકનું નામ ઉદ્ધવદાસ હતું. ઉદ્ધવદાસના શિષ્ય વીરભાણે ઈ. સ. ૧૫૪૩માં એક સંપ્રદાય સ્થાપ્યો, જેનું નામ હતું 'સાધ સંપ્રદાય.' તે સંપ્રદાયનાં મુખ્ય સ્થાનકો પંજાબના દક્ષિણ પૂર્વ ખૂણામાં અને રાજપૂતાનાના ઉત્તરપૂર્વમાં આવેલા નારનૌલ જિલ્લાના બીજેશ્વર સ્થાનમાં હતાં. નારનૌલ, રોહતક, ભીરાણી વગેરે પ્રદેશો અનેક ભક્તસાધકોનાં સ્થાનો છે.

આ સાધસંપ્રદાયીઓ ભગવાનને 'સત્યનામ' કહીને સંબોધવાને કારણે કેટલાક તેમને 'સત્‌નામી' તરીકે પણ ઓળખાવે છે. અસલ સત્‌નામીઓ જગજીવનના શિષ્યો છે. આ વાતનો ઉલ્લેખ કરીને જ અહીં રહેવા દઈશું. આ સાધ સત્‌નામીઓ, એટલે કે જેઓ રવિદાસની ધારામાં આવે છે તેઓ એકેશ્વરવાદી છે. બહારનો આડંબર, મદ, ગાંજો, અફીણ, ભાંગ, પાન, તમાકુ વગેરેનો તેમનામાં કેવળ નિષેધ છે. તેઓ ધોળાં કપડાં અને ફેંટો ધારણ કરે છે. નકામી વાતો અને સોગંદ લેવાને તેઓ હલકટ ગણે છે. કોઈ જીવની હિંસા કરતા નથી, મૂર્તિને માનતા નથી અને કોઈની પાસે માથું નમાવતા નથી. પોતાની સાધનાની વાત કોઈની આગળ જણાવતા નથી. તેમના ધર્મગ્રંથ અથવા 'પોથી'ની વાણી 'ભાષા'માં લખાયેલી છે. સંધ્યાટાણે સ્ત્રી–પુરુષો જુલમાગૃહ અર્થાત્ ચોકી નામે ધર્મસ્થાનકે એકઠાં થઈને ઉપાસના કરે છે. એમની સાધનાનાં મુખ્ય અંગો છે ઈશ્વરમાં વિશ્વાસ, સત્યનિષ્ઠા, નમ્રતા, સરળતા, ભગવાન પર નિર્ભરતા, અહિંસા વગેરે અને પરાનંદા, લોભ, ચોરી, કટુ વાણી એ વર્જનીય ગણાય છે. એક ઉપરાંત સ્ત્રી પરણવી નહિ, ગૃહસ્થ જીવન ગુજારવું, પોતામાં ઊંચનીચ ભેદ રાખવો નહિ એ કર્તવ્ય છે. એ લોકો શુભાશુભ, નક્ષત્ર, તિથિ માનતા નથી. તેમના મુખ્ય ગ્રંથનું નામ 'નિર્વાણવાણી' છે.

એમની સાધના ખૂબ શૌર્ય અને વીરતાવાળી છે. તેમના મત પ્રમાણે માનવ એ જ મોટામાં મોટું તત્ત્વ છે. માનવમહિમાની આ વાત તેમણે તેમના આદિ ગુરુ રવિદાસની પાસેથી મેળવી છે. પાછળથી આ સંપ્રદાય નારનૌલથી બીજે પ્રસર્યો. ગંગા–જમુનાના મધ્ય પ્રદેશથી માંડીને અલ્લાહાબાદ, મિરજાપુર વગેરે સ્થળે તેમના ઘણા સાધકો જણાય છે.

તે વખતના દિવસોમાં જ્યારે સામાજિક બહિષ્કાર થતો હતો, ત્યારે મોચીના ઘરમાં જન્મ્યા છતાં રવિદાસે કેવી રીતે માનવમનનો મહિમા પ્રાપ્ત કર્યો હતો તે વિચારતાં વિસ્મય પમાય છે. અને તેમ છતાં તેમણે જીવન તો ગાળ્યું ગૃહસ્થનું, આજીવકાનું સાધન ગણ્યું પોતાનો ધંધો અને કોણ જાણે ક્યાંય ક્યારેય માનવમહિમાને આંચ આવવા દીધી નહીં!

એક બાજુથી તેમનો નિર્ભયભાવે સરળ સાચો મત અને બીજી બાજુથી મોચીના ઘરમાં જન્મ, એ બન્ને હકીકતોએ તેમનો માર્ગ કાંટાળો કરી મૂક્યો હતો એ નિર્વિવાદ વાત છે. પાછળથી જો કે કેટલાક લોકોએ બંધબેસાડ્યું કે તેઓ પૂર્વજન્મે બ્રાહ્મણ હતા અને આ જન્મમાં તેમના ચામડાની નીચે સુવર્ણનું ઉપવીત હતું, તો ય તેમણે પોતે તો સહજ સત્ય વાત જોરપૂર્વક જણાવી છે; ઊલટું તે વખતની ભ્રમમાં પડેલી સમાજબુદ્ધિને આઘાત કરવા તેમણે વારંવાર જણાવ્યું હતું:

'ભાઈ, હું છું જાતે નીચ, મારી પંક્તિ પણ છે નીચની અને મારો જન્મ પણ નીચ કુળમાં છે.'

જાતી ઓછા પાતી ઓછા
ઓછા જનમુ હમારા. (ગ્રં. સા. રાગ–આશા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી જણાવે છેઃ

નાગરજના, મેરી જાતિ ખિખિયાત ચમારમ્,

× ×

મેરી જાતિ કુટંબા ઢલા ઢોર ઢોવંતા.
નિતહિ બાનારસી આસપાસા,
(ગ્રં. સા. રાગ–મલાર)

'હે નગરજનો, મારી જાતિ ચમારની છે. મારી જાતિ, કુટુંબ સર્વે હલકાં છે. તેઓ દરરોજ કાશીની આસપાસ મરેલાં ઢોરને લઈને ફરે છે.'

કેવી સ્પષ્ટ વાત! તેમને કેટલું સહન કરવું પડયું હશે! જેટલા આઘાત થયા હશે તેટલી જોરપૂર્વક આ વાત તેમણે જણાવી હશે! તેમની જણાવવાની રીત કેવી કે આટઆટલી હીનતા હોવા છતાં ય માનવનો મહિમા કેવો મોટો છે! લોકો અશુચિ અને નીચ કોને કહે છે? તેઓ જેટલા દીન અને હીન છે તેટલી જ તેમની ભગવાનની પાસે વિશેષ ગણના છે.

પારસ જોહૈ લોહકૂં કૃપા જોહૈ દીનહીન,
હોંસઇઁ દીનહીન નહિઁ રાખુ ચરણિ નિસદિન.

'સ્પર્શમણિ ખોજે છે લોઢાને, કૃપા ખોજે છે દીનહીનને. હે પ્રભુ! મારા જેવા દીનહીન કોઈ નથી. મને તમારા ચરણમાં રાતદિવસ રાખો.'

ભગવાનની પૂજા માટે વપરાતાં બધાં જ દ્રવ્યો અશુદ્ધ હોય છે, તેમના ચરણના સ્પર્શે તે શુદ્ધ થાય છે.

દૂધુ તો બછરૈ અનહુ બિટારિઓ.
ફૂલુ ભૌંરી જલુ મીનિ બિગારિઓ.
માઈ ગોવિંદ પૂજા કહા લૈ ચરાવઉ,
આખરુ ફૂલુ અનૂહુ ન પાવઉ.
મૈલા બૈઠે હૈ ભુઈઅંગા,
બિખુ અંમૃતુ બસહિ ઈકસંગા.
(ગ્ર. સા. રાગ–ગુજરી)

'વાછરડાએ દૂધને સ્તનમાં જ અપવિત્ર કરી દીધું. ભ્રમરે ફૂલને અને માછલાએ જળને અપવિત્ર કર્યું. હે મા! ગોવિંદ માટે પૂજામાં શું લઈ જઈશ? અને કોઈ અનુપમ ફૂલ તો મળતું નથી. મલયચંદનના વૃક્ષને ભુજંગો વીંટળાઈ રહ્યા છે. વિષ અને અમૃત બન્ને એક જ સાથે રહ્યાં છે!'

[૬]

ઉપર પ્રમાણે વિષ અને અમૃતને તેમણે એકસાથે જોયાં એ રવિદાસનું દિવ્યદર્શન હતું. તેમણે જોયું કે આ જીવનમાં પણ રક્તમાંસની કામના અને દિવ્યભાવ, હીનતા અને ઉચ્ચતા એકસાથે જ રહ્યાં છે. તેમનો જન્મ થયો હતો નીચ ચમારના કુળમાં પણ તેમના અંતરમાં ચિન્મય બ્રહ્મધ્યાન હતું. જીવનમાં આપણને આ પ્રકારનો 'ચંડાલવિપ્ર' યોગ જ્યાંત્યાં જણાય છે. પ્રત્યેક માનવમાં રહેલી રક્તમાંસની કામના એ ચંડાલ છે અને ભાગવત ભાવના એ બ્રાહ્મણ છે. આવો 'વિપ્રચંડાલી' યોગ કયાં નથી? તેથી તેમણે જણાવ્યું છે કેઃ

તનુ મનુ અરપઉ પૂજ ચરાવઉ,
ગુરુ પરસાદિ નિરંજનુ પાવઉ.

'તનમન મારાં અર્પીશ પૂજાના અર્ઘ્યરૂપે અને ગુરુની કૃપાથી પામીશ નિરંજનને.'

પૂજાનાં દ્રવ્ય અશુદ્ધ હોય તોપણ ભગવત્કૃપાથી તે પવિત્ર બને છે. તેવી રીતે શરીર પણ તેમના સ્પર્શે પવિત્ર થશે.

હઉ બલિ બલિ જાઉ રમાઈયા કારણે
કારણ કરણ અબોલ. (ગ્રં. સા. રાગ–ધનાશરી)

'પ્રિયતમ માટે હું મારી જાતને વારંવાર અર્પીશ. કયે કારણે એ તો વાણીની બહારની વાત છે.'

જે પ્રેમને લઈને મનુષ્ય પોતાને સહજભાવે સમર્પે છે એ વાત મુખે કોણ ઉચ્ચારી શકે? એ તો સર્વદા રહેવાની છે 'અબોલ.'

રવિદાસે કયાંય પોતાનો ગર્વ જણાવ્યો નથી. તેમનાં કુળશીલ હીન હતાં, માત્ર પ્રિયતમના સ્પર્શથી જ તેમની જે કંઈ સાર્થકતા હતી.

તુમ ચંદન હમ ઇરંડ બાપુરે
સંગિ તુમારે બાસા.
નીચ રુખતે ઊચ ભયે હૈ
ગંધ સુગંધ નિવાસા.
(ગ્રં. સા. રાગ–આશા)

'તમે છો ચંદન, હું છું એરંડો, તો ય તમારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે મારો વાસ છે. તેથી જ નીચ વૃક્ષમાંથી ઉન્નત થયો છું, જ્યાં ગંધ અને સુગંધનો નિવાસ છે.'

દારિદુ દેખિ સભકો હસૈ ઐસી દસા હમારી,
અસ્ટદસા સિધિ કરતલૈ સભ કિપા તુમારી.
(ગ્રં. સા. રાગ–બિલાવલ)

'મારું દારિદ્ર જોઈને બધાં હસે છે એવી છે મારી દુર્દશા! તો યે અઢારે સિદ્ધિ મારા હાથમાં છે, એ છે તમારી કૃપા!'

ભગવાનના ગૌરવમાં જ તેમનું ગૌરવ તેઓ માને છે. ભગવાનની સાથેના પ્રેમમાં તેઓ અભિન્ન થઈ ગયા હતા. તેમનામાં જે બ્રહ્મમય સત્તાની જાગૃતિ થઈ હતી, ત્યાં તેઓ અને ભગવાન એક જ હતા.

તોહિ મોહિ મોહિ તોહિ અંતર કૈસા?
(ગ્રં. સા. શ્રીરાગ)

'તમારામાં ને મારામાં કે મારામાં ને તમારામાં ક્યાં અંતર છે?'

આ બ્રહ્મમય સ્થિતિ થયા પછી સંસારમાં ભય કે ચિંતાની કોને પડી હોય? તેથી રવિદાસે કોઈ મુશ્કેલીને ગણકારેલી નહિ.

કહા ભઇઓ જઉ તનુ ભઇઓ છિનુ છિનુ
પ્રેમુ જાઈ તઉ ભર પૈ તેરો જનુ.
(ગ્રં. સા. રાગ–આશા)

'આ શરીર છિન્નવિચ્છિન્ન થઈ જાય તો ય કોણ ડરે છે? જો પ્રેમ ચાલ્યો જાય તો જ તમારો જણ ડરે તેમ છે.'

આ પ્રેમમાં પોતે હોમાઈ ગયા છે, બે હવે એક થઈ ગયા છે.

જબ હમ હોતે તબ તૂ નાહિ,
અબ તૂ હી મૈં નાહી. (ગ્ર. સા. રાગ–સોરઠ)

'જ્યારે હું હતો ત્યારે તમે નહોતા. હવે તમે જ રહ્યા છો અને હું નથી.'

આ પ્રેમસાધના માટે રવિદાસે શી શી સાધના કરી હતી!

ધરૌ ધ્યાન અસ સબ લયકારી,
મન પવન સબ જાય હારી.

× ×

૨

કહ રૈદાસ નિરંજન ધ્યાઔં,
અપાર ઘર સૌં બહુરિ ન આઔં.

'ધ્યાન એવું ધરીશ કે તે સર્વલયકારી હશે, જેની પાસે મન, પવન બધાં હારી જશે. રવિદાસ કહે છે કે નિરંજનનું ધ્યાન ધરીશ અને એ અપાર ઘરથી પાછો નહિ ફરું.'

કઠોર સાધના દ્વારા પોતે સર્વ પાશમાંથી મુક્ત થઈને પછી તેમણે ભગવાનને પ્રેમના પાશમાં બાંધ્યા.

જઉ હમ બાઁધિ મોહ ફાસ હમ
પ્રેમબાઁધનિ તુમ બાઁધે,
અપને છૂટનકે જતન કરહુ
હમ છૂટે તુમ આરાધે. (ગ્રં. સા. રાગ–સોરઠ)

'જ્યારે હું મોહપાશમાં બંધાયો હતો, ત્યારે મેં તમને પ્રેમના બંધનમાં બાંધ્યા હતા. હવે હે પ્રેમમય! પોતે મુક્ત થવા માટે પ્રયત્ન કરો. હું તો તમારું આરાધન કરીને છૂટી ગયો છું.'

તેમનાં ઘણાં ગાનો આજે પણ બધા ભક્તોને કંઠે લલકારાય છે:

તુમન તોરહુ તઉ હમ નહીં તોરહિ,
તુમ સિઉ તોરિ કબન સિઉ જોરહિ.
જઉ તુમ ગિરિવર તઉ હમ મોરા,
જઉ તુમ ચંદ તઉ હમ ભયે હૈ ચકોરા.
જઉ તુમ દીવરા તઉ હમ બાતી,
જઉ તુમ તીરથ તઉ હમ જાતી.
સાચી પ્રીતિ હમ તુમ સિઉ જોરી,
તુમ સિઉ જોરિ અબર સંગિ તોરી.
જહ જહ જાઉ તહા તેરી સેવા,
તુમ સો ઠાકુર અઉરુ ન દેવા.
તુમરે ભજન કટહિ જમ ફાઁસા,
ભગતિ હેત ગાવૈ રવિદાસા.
(ગ્રં. સા. રાગ–સોરઠ)

'તમે મને ન છોડો તો હું તમને કેવી રીતે છોડું? તમને ત્યજીને કોની સાથે યુક્ત થઈ શકું? જો તમે ગિરિવર હો તો હું છું મોર, તમે ચંદ્ર હો તો હું છું ચકોર, તમે દીપશિખા હો તો હું છું બત્તી, તમે તીર્થ હો તો હું છું યાત્રી. મારી સાચી પ્રીતિ તમારામાં જોડી છે. તમારી સાથે યુક્ત થવાને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારાં બધાં બંધન તૂટી ગયાં છે. જ્યાં જાઉં છું ત્યાં તમારી જ સેવા છે. તમારા જેવા ઠાકોર અને દેવ કોણ હોઈ શકે? તમારા ભજનથી જમનો પાશ તૂટી જાય છે. તમારી પ્રેમભક્તિનાં ગાન રવિદાસ ગાય છે.'

તેમના અંતરમાં પ્રેમની જે વ્યાકુળતા હતી તે જ તેમનાં બધાં ગાનોમાં એક અપૂર્વ રસનો સંચાર કરતી જણાય છે.

પિઉ પ્રેમ સંગ કબહું નહિ પાયો,
બિથા કૈસે બિસારી.

'પ્રિયતમનો પ્રેમસંગ કદાપિ ન મળ્યો, એ વ્યથા કેવી રીતે વીસરીશ?'

કાસનિ વેદનિ આખૂઁ,
હરિ બિન જીવ ન રહૈ કસ રાખૂઁ.

× × × ×

કહ રૈદાસ અંદેસા યેહી,
બિન દરસન ક્યોઁ જિવહી સનેહી.

'કોની પાસે આ વેદના જણાવું? હરિ વિના જીવન તો ટકે નહીં, તેને કેમ કરીને રાખું? રવિદાસ કહે છે કે મુશ્કેલી એ છે કે તેમના દર્શન વિના આ પ્રેમાધીન કેવી રીતે ટકે?'

તેથી જ તેઓ પોકારે છે–

દરસન દીજૈ દરસન દીજૈ,
દીજૈ દરસન બિલબન કીજૈ.
દરસન તોરા જીવન મોરા,
બિન દરસન ક્યોઁ જીયૈ ચકોરા.

*

તુમ બિન અબ સબ ઝૂટી આસા,
સત સત ભાખૈ જન રૈદાસા.

રવિદાસે જોયું હતું કે યુગેયુગે સઘળા ભક્ત સાધકોમાં આ એક જ પ્રેમની વ્યાકુળતા જોવામાં આવે છે. પોતાના પ્રેમની વ્યાકુળતા દ્વારા તેઓ પોતાનો સર્વની સાથે સંબંધ અનુભવે છે. આ નિમિત્તે યોગેશ્વર મહાદેવની રુદ્ર તપસ્યામાં જે પ્રેમવ્યાકુળતાનું સંધાન મળે છે તે તેમણે એક અપૂર્વ વિશ્વછંદના ગીતમાં ગાયું છે.

સાઇઁ, તેરી પ્રીતસમાધિ લાગી,
દહિ અનંગ ભસમ અંગ સંતત બરાગી.
અનલ નૈન, દીસ બૈન, સમ જટાધારી,
કોટિ કલ્પ, ધ્યાન અલ્પ, મદન અંતકારી.
પરમ તત્ત ધ્યાન મત્ત, કોટિ સૂરજ માલા,
પ્રેમ મગન, નૃત્ય ગગન ઓરિ બહ્નિજવાલા.
અસ મહેસ રુદ્ર ભેસ અજહું દરસ આસા,
કૈસે સાઁઇ મિલૌ તોહિઁ ગાવૈ રૈદાસા.

'હે સ્વામી! તમારી પ્રેમસમાધિમાં યુક્ત થઈને યોગેશ્વર મહેશે અનંગને ભસ્મ કરીને અને અ ભસ્મ ચોળીને શાશ્વત વૈરાગ્ય ધારણ કર્યો છે. મદન–ભસ્મકારીની આંખોમાં અગ્નિ છે, તેમનું વ જળહળતું છે અને માથે છે જટાનો ભાર. કોટિક ધ્યાન પણ તેમની આગળ અલ્પમાત્ર છે. તેઓ પરમ તત્ત્વના ધ્યાનમાં મસ્ત છે. કોટિ સૂર્યોની મા તેમને કંઠે શોભી રહી છે, તેમનું પ્રેમનિમગ્ન નૃ નિરંતર ગગનમાં થઈ રહ્યું છે. એ નૃત્યની આસપા વહ્નિની જ્વાળાઓ ગગનપર જળી રહી છે. જેમ આવો રુદ્રવેશ છે એવા તમારા દર્શનની આશા આજે વ્યાકુળ છું. રવિદાસ ગાય છે કે હે સ્વામી! ક્યા તમારી સાથે મિલન થશે?'

દિવ્યદૃષ્ટિસંપન્ન રવિદાસે જોયું કે તેમ નિરંતર આરતી કોટિ સૂર્ય–તારામાં સચ ચર થઈ રહી છે. આ મહાન આરતી અસ દેવતાના મંદિરને યોગ્ય જ છે.

આરતી કહઁા લૌઁ જોવૈ,
દેખિ મહારતી અચંડ હોવૈ.
અનંત કંચન દીપ જવલાવૈ,
જડ વૈરાગ દૃષ્ટિ ન આવૈ.
કોટ ભાન આવત સોહાવૈ,
કુઁહ નિત આરતિ અગ્નિ પાવૈ.
અપાર અંઘેર અનંત ભાન,
નૃત્ત ચલે નિત આરતિ ગાન.
રૈદાસ આરતિ દેખૈ માહીઁ,
જનમ મરણ ભય કછુ અબ નાહીં

'ક્યાં લગી જોઈ રહું તેમની આરતી? વિ તેમની મહાન આરતી જોઈને વિસ્મય જાગે છે! ક કાંચનદીપ ઝગઝગી રહ્યા છે! જડ વૈરાગ્યની ત્યાં પહોંચી શકતી નથી. એ આરતી કરોડો સૂ ઝળહળે છે! ક્યાંથી તેમના દીવાની શિખા ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીના અપ્રસિદ્ધ વાર્તાલાપો

ઉપવાસની સાંકળ

*

શ્રી ચંદ્રશંકર પ્રા. શુકલ

હિંદુ, જૈન તથા મુસ્લિમ ધર્મોમાં ઉપવાસનું વિશિષ્ટ સ્થાન છે. છેક પરાપૂર્વથી ધર્મ સાથે ઉપવાસ સંકળાતો આવ્યો છે, પણ તે તો વ્યક્તિગત રીતે. ઉપવાસનું સામુદાયિક મહત્ત્વ કોઈએ સમજાવ્યું હોય તો તે ગાંધીજીએ. જેમ અખંડ કાંતણયજ્ઞ ચાલુ રખાય છે, સમરભૂમિપર મૃત્યુ પામતો એક વીર જેમ વિજયધ્વજ એના અનુગામીના હાથમાં સોંપતો જાય છે તેમ શુદ્ધ તપનો જનતામાં વિકાસ સાધવા માટે પદ્ધતિપૂર્વકના ઉપવાસની સાંકળ જરૂરી છે. સામુદાયિક પ્રાયશ્ચિત્ત માટે પણ આ અનોખું શસ્ત્ર છે. તા. ૧૪–૧૦–૧૯૩૩ના રોજ વર્ધા મુકામે શ્રી કિશોરલાલભાઈ, કાકાસાહેબ કાલેલકર તથા અન્ય આશ્રમવાસીઓ સાથે પૂ. બાપુએ કરેલી આ વાતચીતમાં ઉપવાસની સાંકળનું તત્ત્વજ્ઞાન ભરેલું છે.

૧૯૩૩ની શરૂઆતના મહિનાઓમાં ગાંધીજી યરવડા જેલમાંથી અસ્પૃશ્યતાનિવારણ અને હરિજનસેવાની પ્રવૃત્તિ ચલાવતા. એ કાર્યની જે પ્રગતિ થતી હતી તેનાથી એમને સંતોષ થતો નહોતો. હિંદુ લોકમાનસ આ સુધારા વિષે પૂરતું જાગૃત થયું નથી એવું એમને લાગ્યા કરતું હતું. તે માટે તેમણે ૧૯૩૩ના મેની ૮મીથી ૨૧ દિવસના ઉપવાસ કર્યા. એનો નિશ્ચય તેમણે અઠવાડિયા પહેલાં જાહેર કર્યો, ત્યારથી જ તેમને એમ લાગતું હતું કે અસ્પૃશ્યતા નાબૂદ થાય એટલી હદે હિંદુસમાજનો અંતરાત્મા જાગૃત કરવા માટે તેમનું એકલાનું અનશન–તપ પૂરતું નહીં થાય; અને બીજા અનેક શુદ્ધ માણસોના એવા તપની જરૂર પડશે, તેથી તેમને તે જ વખતે ઉપવાસની એકધારી સાંકળ રચવાનો વિચાર આવ્યો, ને તેની ચર્ચા તેમણે સાથીઓ જોડે શરૂ કરી. કલ્પના એ હતી કે એક માણસના ઉપવાસ પૂરા થાય તે જ વખતે બીજાના શરૂ થાય; બીજા પછી તે પ્રમાણે ત્રીજાના

ચેતાવતા હશે? આ મહારતીમાં જુઓ તો, અપાર અંધકાર અને અનંત ભાનુ જણાય છે. નિત્ય નૃત્ય થાય છે, ગાન ગવાય છે. રવિદાસ તો આ આરતીને અંતરમાં જુએ છે. હવે નથી જન્મ કે મરણનો રહ્યો કોઈ ભય!'

ગુરુ નાનકની પ્રખ્યાત 'ગગનમય થાલ' વાળી આરતી રવિદાસની પછીની છે અને તેમનો સમય પણ રવિદાસ પછીનો છે.

રવિદાસનું અપૂર્વ સંગીત હજુ પણ સાધુસંતોમાં જીવંત છે. દિવસોદિવસે તે લુપ્ત થતું જાય છે. એ બધી વાતો તો શી રીતે કહેવાય! અહીં માત્ર તેમનું એક ગાન આપીને આ લેખ પૂરો કરીશ. તેમના વસંત-ઉત્સવનું ગીત ગ્રંથસાહેબમાં પણ છે. એ જ ગાન મેં ભિન્નરૂપે ભક્તોને કંઠે સાંભળ્યું છે. એ ગાનની ભાવસંપત્તિ અને કવિત્વનું ઐશ્વર્ય અજબ છે!

ગાનનો અર્થ સહજભાવે સમજાય તેવો છે.

આજ વસન્ત ફૂલ ફૂલ ફૂલે વસન્ત સબ દિસ,
તજિ કૃપનાઇ સબ ડૂબો પ્રેમિ અહનિસ.
આજુ જાગુ વ્યાકુલ મન મેરે મિલહુ પ્રેમ સુહાગુ,
તરુ બન સબ ફૂલત હૈ લાગુ પ્રીતમ સંગ લાગુ.
ફીકી સૂખી આજ કછુ નાહી આજ સબરસ ઉમંગ
કાહે ઉદાસ રવિદાસ આજદિન
લાગુલાગુ પિવ સંગ.*

* 'આનંદ બજાર પત્રિકા'ના બં. સં. ૧૩૪૬ના 'શરદ અંક'માંથી.

અનુ. **શ્રી જયંતીલાલ આચાર્ય**

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ ઉપવાસની અતૂટ સાંકળ ચાલે. ૨૧ દિવસના તેમના ઉપવાસ થયા તે પછી તા. ૧લી ઑગસ્ટે તેમણે ફરી જેલવાસ સ્વીકાર્યો ને ફરી આઠ દિવસના ઉપવાસને અંતે તેમને બિનશરતે કારાવાસમાંથી છોડવામાં આવ્યા; ત્યાંસુધી સાંકળના આ પ્રશ્નની ચર્ચા થઈ શકી નહોતી પણ એ વિચાર તેમના મનમાંથી ખસ્યો નહોતો; એટલે તેઓ પૂનાથી વર્ધા ગયા. ત્યાં એ વિષે તેમણે આ ચર્ચા મુખ્ય આશ્રમવાસીઓ સાથે ઉપાડી. એ વાર્તાલાપ આગળ આપ્યો છે.

આ સાથે એટલું કહેવું જોઈએ કે તા. ૭મી નવેંબર ૧૯૩૩થી તેમની જે હરિજન-યાત્રા શરૂ થઈ તેમાં સવર્ણ હિંદુઓના ઉત્સાહનો જે જુવાળ તેમણે ઠેરઠેર જોયો તેથી તેઓ ઘણા જ રાજી થયા. હિંદુ માનસના આ અજબ પરિવર્તનનો ખરો ખ્યાલ તેમને જેલની દીવાલો પાછળ બેઠે આવી શકયો નહોતો તે આવ્યો; અને અસ્પૃશ્યતાનો ઝપાટાભેર નાશ થઈ રહ્યો છે એવી પ્રતીતિ તેમને થઈ. એ યાત્રાના ઘણા મોટાભાગમાં તેમની સાથે ફરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું હતું. એ યાત્રા દરમ્યાન કે પછી તેમણે ઉપવાસની સાંકળ વિષે કદી એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં. એ સાંકળ વડે જે જાગૃતિ આણવાની ધારણા હતી તે જાગૃતિનાં તો જનતામાં પૂર ઊલટેલાં હતાં. અસ્પૃશ્યતા-નિવારણનું આ કાર્ય છે એમ સમજીને જ ઠેરઠેર હજારો લોકો ગાંધીજીનો સંદેશો સાંભળવા આવતા ને પૈસા આપતા. ગાંધીજીનો જે વિષાદ જેલમાં હતો તે ઊડી ગયો ને તેમને પ્રતીતિ થઈ, એને હું એ ઐતિહાસિક યાત્રાનો એક વધારાનો લાભ ગણું છું. સાંકળ વિષેની આ ચર્ચા તો એટલા સારુ અગત્યની છે કે હિંદુ ધર્મની વિશુદ્ધિ ને અસ્પૃશ્યતાના નાશ વિશે તેમને કેવી તાલાવેલી હતી એનો કંઈક ખ્યાલ આ પરથી આવશે. આશ્રમવાસી મં[ડ]ળમાં મોખરે શ્રી કિશોરલાલભાઈ હતા; એટ[લે] તેમને ઉદ્દેશીને ગાંધીજીએ સંવાદની શરૂઆત કરી.

ગાંધીજી (કિશોરલાલભાઈને)**:** આજે [...] એવી સ્થિતિમાં પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ એ[મ] તમે માનો છો? ઉપવાસ પ્રાયશ્ચિત્તનો એ[ક] ઉપાય છે એમ માનો છો ને?

કિશોરલાલભાઈ: હા.

ગાંધીજી: હિંદુ ધર્મના સિદ્ધાંતો હિંદુ ધર્મના છે માટે તમે સ્વીકારો એ[મ] નથી. તમારી બુદ્ધિ સ્વીકારે તો તમે એ[...] સ્વીકાર કરો. તપશ્ચર્યાનો એક પ્રકાર ઉપવા[સ] હોઈ શકે એમ માનો છો? તમારી બુદ્ધિ [...] સ્વીકારે છે?

કિશોરલાલભાઈ: હા.

ગાંધીજી: તો સાંકળની વાત એમાં[...] ફલિત થનારી વસ્તુ છે. એને માટે કોણ લા[...] ગણાય એ સવાલ છે. જેને હરિજનસેવા ક[...] હોય, જેના મનમાં તાલાવેલી હોય પણ [...] એ સેવા કરવાનો યોગ ન મળ્યો હોય, શ[...]થી સેવા ન થઈ શકે એવું તે નબળું [...] છતાં મનમાં લાગતું હોય કે આ પાપ [...] છે તે નાબૂદ થવું જોઈએ, તો તેણે તપશ્ચ[...] ઉપવાસ કરવા કે નહીં?

કિશોરલાલભાઈ: તપસ્યાની મા[...] આધાર શક્તિ કે હોંશ પર છે. એટલે [...] તારતમ્ય રહે છે. ઉપવાસ ૨૧ દિવસ[...] હોઈ શકે એવું નથી.

ગાંધીજી: ૭ હોય કે ૨૧ હોય, ભૌતિક પદાર્થમાં તેમ આમાં પણ છે. ૭, [...] ૨૧ એમ ગમે તે સંખ્યા જુદાજુદા [...] માટે હોય તો તેમાં ખળ ન રહે, [...] સાંકળ તૂટી જાય; કેમકે એના અંકોડા [...] ન હોય; તેમ ૭, ૧૪ કે ૨૧ જે સં[...] હોય તે સહુને માટે સરખી હોય, [...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હોય ? એ નિશ્ચય તો વાતાવરણ જોઈને કરવાનો રહે; એમાં શક્તિનું માપ પણ આવી જાય. આ તો એક સાંકળ થઈ. કરવા જેવી લાગે તો આવી પચાસ સાંકળ થાય. બીજે ઠેકાણે પણ એવી અનેક સાંકળો ચાલે. તે નિરંતર ચાલે. મારા જેવો માણસ એકવાર ઉપવાસ કરીને બે મહિનામાં પાછો તૈયાર થઈ જાય. એમ કરતાં માણસો મરી જાય તેની શી પરવા છે? કોઈ ગાંડાં બને, કોઈને પક્ષાઘાત થાય, કોઈ નબળા પડી જાય, કોઈ મરી પણ જાય. કોઈ ટીકાકારે મારે વિષે કહ્યું કે 'એ ઉપવાસ કરીને મૂઢ બની જાય, એના કરતાં મરી કેમ નથી જતા?' તો હું કહું કે જો મારી એવી સ્થિતિ આવે તો જે ન્યાય પેલા વાછડાને લાગ્યો તે મને પણ લાગુ પડે. હું જો આવા ઉપવાસ કરનારને પટો આપી દઉં કે 'તમે એનાથી મરવાના નથી,' તો એ ઉપવાસ પણ લાજે. મારા ૨૧ ઉપવાસ વખતે મહેરબાબાએ મને કહેવડાવ્યું, કે 'તમે ઉપવાસ પૂરા કરી શકશો.' તો મેં કહ્યું: 'તમે શું પરમેશ્વર છો તે એવું કહી શકો?' ઉપવાસને અંતે મરવાનું નથી ને સ્વરાજ મળવાનું છે એ ખબર મળે તો માણસ દુઃખ માન્યા વિના ૪૨ ઉપવાસ પણ કરે; પણ આપણી આ સાંકળનાં પવાસમાં તો મરણનું જોખમ વહોરવાનું જ છે. અત્યારે ભયંકર વાતાવરણ છે, અનેક રોગો થાય છે ને હજારો માણસો મરે છે. એક જગાને માટે અંગ્રેજોએ ૨૯ હજાર માણસના ભોગ ચડાવ્યા, પણ આખરે યુનયન જેક ત્યાં સ્થાપ્યો. એવાએવા સાહસને સારુ આટલા ભોગ અપાય છે, તો આ પાપને માટે જેટલું પ્રાયશ્ચિત્ત કરીએ તેટલું ઓછું છે.

કિશોરલાલભાઈ: ખ્યાતિ મેળવવા માટે ઉપવાસ કરવાનો રિવાજ થઈ જાય તો એમાંથી ધાર્મિકતા ચાલી જાય.

ગાંધીજી: વસ્તુ જેટલી સારી તેટલો તેનો દુરુપયોગ થવાનો સંભવ વધારે, પણ તેથી કંઈ આપણે ધર્મની ને સત્યની કિંમત ઓછી નથી આંકવા ઇચ્છતા. આડંબર થાય, દુરુપયોગ પણ થાય. પણ બહુ દુરુપયોગ ન થાય એવી આ વસ્તુ છે. એમ બને કે કેટલાક માણસો છાનાછાના ખાય ને ઉપવાસ કરે છે એમ કહેવડાવે. આવું જેલમાં થતું હોય, પણ બહાર આપણા જેવાથી થોડું થાય છે? જેલના દાખલા હું ભૂલી જાઉં છું પણ બહારના દાખલા જોઉં છું ને! સાચા ઉપવાસ કરનારા પણ કેટલાયે તૂટી જાય છે; તેમના ભૂકા થઈ જાય છે. અમલાનું ત્રણ ઉપવાસ પછી એવું થયું; કેમકે એની પાછળ કોઈ જાતનું બળ નહોતું. મારી પાસે ઉપવાસ છોડાવવા એણે ઉપવાસ કર્યા હતા. મેં એને કહ્યું: 'તારા જેવા પચાસને મરવા દઈશ, પણ મારા ઉપવાસ તો ચાલવાના છે.' એ પર્ણકુટીમાં આવી ત્યારે મેં સરોજિનીદેવીને કહ્યું કે 'એ ભલે ઉપવાસ કરે.' એમણે કહ્યું: 'પણ એને દૂધ પાઈ શકું તો?' મેં કહ્યું: 'તો તમને ધન્યવાદ.' એ તરત જ પી ગઈ. એમ ઉપવાસ નથી થઈ શકતા. એ ભય મને ઓછામાં ઓછો છે; કેમકે આ ભારે તપસ્યા આડંબરને ખાતર ઘણાથી ન થઈ શકે. મૅક્ષ્વિનીના ઉપવાસ કરતાં જતીનના વધારે હતા. જતીનને વિષે મને માન ઘણું છે. પણ હું માનું છું કે એના ઉપવાસની પાછળ ઘોર અજ્ઞાન હતું. એને લીધે જેલમાં જે નિયમો થયા તે ભયંકર છે. સરકાર ચેતી ગઈ. તેણે અ, બ, ક વર્ગ કાઢ્યા. એણે ઘાણ કાઢ્યો છે. બાપટ ને અવારીના ઉપવાસમાં ઘોર અજ્ઞાન હતું. ઘોર અજ્ઞાનને વશ થઈ ઉપવાસ કરશે એ, ગીતામાં કહ્યું છે તેમ, તામસી કે રાજસી તપ હશે. સાંકળ શરૂ કરી શકાય તો કરવી જોઈએ. એ ઉપવાસ જેલ જનારથી ન થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેલમાં તો ન જ કરાય. બહાર રહેનારથી જ કરાય. પાત્ર મળે નહીં ત્યાંસુધી શરૂઆત ન કરીએ. ૨૧ વધારે લાગે તો ૭ કરીએ. પછી તો એમાં વ્યવહારકુશળતા ભળે છે. આ જાતના ઉપવાસ આવશ્યક છે એમ એક વાર સાબિત થવું જોઈએ. પછી બીજા એમાં ભળશે. જેને ઉપવાસની આવશ્યકતા વિશે ને પોતાની યોગ્યતા વિશે શ્રદ્ધા હશે તે ભળશે. હું જોઉં છું કે એ વસ્તુ કર્યા વિના આ કામનો પાર જ નહીં આવે. આ વિષયમાં બુદ્ધિ થોડે સુધી જ ચાલશે. માણસોનાં કઠોર હૃદય પર આઘાત બીજી રીતે ન થઈ શકે. આવું તપ થાય તો તે કરોડો માણસોને આઘાત પહોંચાડશે જ.

કિશોરલાલભાઈ: પહેલા ઉપવાસનો જેટલો આઘાત થાય છે તેટલો બીજાનો નથી થતો.

કાકાસાહેબ: માણસો પહેલાં રીઢા થશે ને પછી પીગળશે. ક્યાંસુધી રીઢા રહી શકશે?

ગાંધીજી (કિશોરલાલભાઈને): કાકાએ કહી એ વાત પણ છે. તમે કહ્યું એ બુદ્ધિનો ઉપયોગ કાકાએ કર્યો. એમાં આપણી તપસ્યા વિશેની શ્રદ્ધા મોળી દેખાય છે, નિષ્કામતા મોળી દેખાય છે. આઘાત એ તો પ્રત્યક્ષપણે આવનારું પરિણામ છે. આમાં તો અપ્રત્યક્ષપણે પરિણામ આવે. અપ્રત્યક્ષ પરિણામ પ્રત્યક્ષ કરતાં ઘણાં મોટાં હોય છે. લોકોને આઘાત પહોંચે ને તેથી કંઈ કરી નાખે, એ રાજસી પરિણામ કહેવાય. ખરી તપસ્યાથી હૃદય હાલી જાય છે. અનેક ઠેકાણે તપસ્યા ચાલતી હોય તેનાથી લોકોનાં હૃદયમાં પરિવર્તનો થયાં કરતાં હોય છે, જેનાં દેખીતાં કારણો નથી આપી શકાતાં. રૂઢ લૌકિક ભાષામાં કહીએ, તો એ પરિવર્તનો કોકના પુણ્યને લીધે થાય છે એમ કહેવાય. આપણને આ કામમાં જે કંઈ સફળતા મળી છે તે મારા નહીં પણ વડીલોના તપને લીધે, હિંદુ ધર્મના તપસ્વીઓના તપને લીધે. પ્રત્યક્ષ પારણામ થોડા પર પડે છે. કરોડોનાં હૃદય પર જે અસર થાય તેની આપણને શી ખબર પડે? કરોડોનાં હૃદય પર અહીં બેઠે સચોટ અસર પાડવાને ભારેમાં ભારે ઉપાય આપણને વડવાઓએ બતાવ્યો છે.

કાકાસાહેબ: આપે અગાઉ સાંકળ સૂચવી હતી, તે કઇ રીતે રચવી એની યોજના સૂચવી નહોતી. યોજના શા માટે જોઈએ?

ગાંધીજી: સાંકળ એક માણસ થોડી જ રચી શકે? શરૂઆત કોક તો કરે ને. યજ્ઞની શરૂઆત સામગ્રી મળે તો જ કરી શકાય. આપણે સામગ્રી તો મેળવવી જ પડશે કેમકે સાંકળ રચવી છે. ધારો કે હું યાજ્ઞિક છું ને સાંકળ રચું છું, તો હું જાહેર કરું: 'હું આ યજ્ઞ શરૂ કરું છું, એમાં સામેલ થવા જેને આવવું હોય તે આવે.' અને જણની જોડે આ વિષે વાત કરી છે. એ કા[illegible] સહેજે થશે તો નભશે.

કાકાસાહેબ: ખેડા જિલ્લામાં બન્યું એ[illegible] બને, તો સાંકળની રાહ જોવા બેસાય?

ગાંધીજી: આવા તો અનેક ઉપવાસ ચાલે. કોઈ સાંકળ ૧ દિવસની હોય, તો કો[illegible] ૫૦ દિવસની. મારા મનમાં વિચાર તો થ[illegible] જ કરે છે કે ધોળકામાં બન્યું એવી વસ્તુ કેમ કરીને પહોંચી વળાય? એક મો[illegible] અનશન–યજ્ઞ થતો હોય એને મદદ કરનારા નાનાનાના યજ્ઞ તો દેશમાં થયા જ કરે. મેં આ વિષયની શરૂઆત તો કરી દીધી છે. પરીક્ષિતલાલને લખ્યું છે કે સારા સા[illegible] માણસોને આ બનાવવાળે ઠેકાણે લઈ જા[illegible] ને ત્યાં લોકોને મનાવે. લોકો ન માને [illegible] કહેવાનું કે 'અમે પ્રાણપથારી કરીશું.'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા થવાનો કીમિયો

શ્રી જ્યોતીંદ્ર દવે

મહાન થવાનું કે ઊંચે આવવાનું તો કોને ન ગમે ? પણ માનવીનો સ્વભાવ એવો વિચિત્ર છે કે એ પોતે માત્ર મહાન થવા જ નથી ઇચ્છતો, એટલાથી એને પૂરો સંતોષ નથી થતો, એ તો ઇચ્છે છે, પોતે મહાન થાય અને પોતાને જે વસ્તુઓ પ્રાપ્ત થાય તે બીજાં કોઈને ન મળે–અને આ બીજાં તે પોતાનાં જ સગાં, વહાલાં, મિત્રો ને પરિચિતો ! દૂરદૂરના સંબંધીઓ મહત્તા પ્રાપ્ત કરે તેમાં વાંધો નહીં, મારી આસપાસના વર્તુલમાં હું જ દસ આંગળ સૌથી ઊંચો રહું–એવી મનુષ્યની ઊંડેઊંડેની ઇચ્છાનું લેખકે અહીં હૂબહૂ પૃથક્કરણ કર્યું છે.

‘ભાઈ, તમને મૂકીને ખાવા બેસી ગયો ચ’ મારો નાનો બાળક જમવા માટે મારા પહેલાં પાટલે બેસી જાય છે, ત્યારે મને સંબોધીને આ પ્રમાણે કહે છે. બાળકને ભોજનના વાતમાં જેટલો રસ પડે છે તેટલો બીજી વાતમાં ભાગ્યે જ પડે છે. એટલે જમવા બેસતી વેળા એના આનંદની મઝા વધી જાય એ તદ્દન કુદરતી છે. પણ મને મૂકીને ખાવા બેસી જવામાં એને કોઈ ઓર આનંદ આવે છે. ‘તમને મૂકીને ખાવા બેસી ગયો ચ’ એમ કહેતી વેળા એના મુખ પર વિજેતાનો ભાવ હોય છે.

નાનું બાળક આમ કરે તે સ્વાભાવિક લાગે, પણ કોઈ મોટી ઉંમરનો મનુષ્ય જમવા બેઠો હોય ને હું ત્યાં જઈ ચડું ત્યારે મને જોઈને એ કહે કે ‘તમને મૂકીને જમવા બેસી ગયો છું,’ તો એ કેવું લાગે? કોઈ પણ કેળવાયેલો ને સંસ્કારી મનુષ્ય એવે વખતે બીજાને પોતાની સાથે જમવા બેસી જવાનો આગ્રહ કરે અથવા તો ‘આપ જરા બેસો, હું જમી લઉં’ એમ કહીને આગંતુકને બીજા ઓરડામાં બેસાડી પોતે જમવાનું કાર્ય પતાવી દે. જમવા જેવી ક્ષુદ્ર વસ્તુમાં આપણે આ બાલવૃત્તિ પર કાબૂ મેળવી લીધો છે, છતાં જીવનની બીજી ઘણી બાબતોમાં આ જાતની બાલોચિત ને સહજ વૃત્તિ પર કાબૂ મેળવી શક્યા નથી.

આનંદ પ્રાપ્ત કરવા માટે દરેક મનુષ્ય મહેનત કરે છે. પોતપોતાના સ્વભાવ અનુસાર માણસ જુદીજુદી રીતે આનંદ મેળવી લે છે. દુનિયાની કે બહારની કોઈ પણ વસ્તુ પર આધાર ન રાખતાં કેવળ પોતાનામાંથી જ આનંદ મેળવી લેવો એ ઊંચામાં ઊંચા પ્રકારનો આનંદ છે એમ ફિલસૂફો ને વિચારકો કહે છે. પણ એ પ્રકારનો આનંદ કોઈકને જ મળી શકે છે.

બહુ જ વિરલ અપવાદ બાદ કરતાં મોટા-ભાગના મનુષ્યોને તો આનંદ પ્રાપ્ત કરવા માટે બહારની વસ્તુઓ પર આધાર રાખવો પડે છે. જે વસ્તુની ઇચ્છા રાખી હોય તે પ્રાપ્ત થાય ત્યારે સ્વાભાવિક રીતે સૌને આનંદ થાય છે. એ આનંદ સામાન્ય પ્રકારનો હોય છે. એમાં ક્લેશ રહેલો હોય છે ને એ ટકે છે પણ થોડો વખત. પરંતુ આપણા જેવા સામાન્ય માણસોના નસીબમાં એવા ક્ષણ-જીવી ને દુઃખમિશ્રિત આનંદનો જ અનુભવ લેવાનું લખ્યું હોય છે.

લોકોત્તર પુરુષ કોઈ પણ પ્રકારની બાહ્ય ઉપાધિ ઉપર આધાર રાખ્યા વિના પોતાના-માંથી જ આનંદ મેળવી લે છે. સામાન્ય મનુષ્યો આનંદ માટે બાહ્ય વસ્તુ પર આધાર રાખે છે; પરંતુ એ વસ્તુ સાથે એમનો યોગ થતાં, માગ્યું મળી જતાં, એમને આનંદ પ્રાપ્ત થાય છે. તે સિવાયની કોઈક ત્રીજી જ વસ્તુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર એમનો આનંદ નિર્ભર રહેતો નથી.

પરંતુ કેટલાક માણસ એવા પણ હોય છે, જેમને પોતે ઇષ્ટ માનેલી વસ્તુ પ્રાપ્ત થાય તેટલાથી જ સંતોષ થતો નથી. મોટી ઉંમર સુધી કુંવારા રહેલા એક સર્જન રોજ ભગવાનને પ્રાર્થના કરતા કે 'હે ભગવાન, તું મને ઝટપટ કન્યા મળે ને મારા આ ત્રણે પાડોશીઓની વહુઓ મરી જાય એવું કર.'

'અલ્યા, આવું તે ભગવાન પાસેથી મંગાતું હશે? તારે વહુ જોઈતી હોય તો બેશક તે માટે ઈશ્વરની પ્રાર્થના કર. પણ તારા પાડોશીઓની પત્નીઓને મારી નાખવાનું શા માટે એને કહે છે?' એમના એક મિત્રે એક વખત એમની પ્રાર્થના સાંભળીને નવાઈ પામી પ્રશ્ન કર્યો.

'હું બાયડીવાળો થાઉં તેમાં મને આનંદ તો જરૂર મળે, પણ મારા આ પાડોશીઓ બાયડીવિનાના થાય તો મારો આનંદ કંઈક ઓર વધી જાય.' એમણે જવાબ દીધો.

'તું તો ગાંડો થઈ ગયો છે ગાંડો.' એમના મિત્રે કહ્યું.

મારી સાથે હાઈસ્કૂલમાં ભણતા એક ભાઈ 'કોલેજમાં જવાનું આપણું કામ નહિ' એમ કહીને વેપારમાં પડેલા. ગઈ લડાઈ પહેલાં એ અચાનક મને મળી ગયા, ત્યારે મેં એમને 'ધંધાપાણી કેમ ચાલે છે?' એમ પૂછ્યું ત્યારે એમણે જવાબ દીધો:

'ધૂળ ને ઢેફાં. જેમતેમ દાળરોટલો કૂટી કાઢું છું. હું તો ધારતો'તો કે આ ધંધામાં બહુ સારો કસ હશે. પાંચસાત વરસમાં કંઈ નહીં તો ઘરઆંગણે એક મોટર તો આવી જ જશે એમ શરૂઆતમાં માનતો હતો, પણ બસનો ખરચો નીકળી રહે છે એટલાથી જ ગનીમત માનવી પડે છે.'

એમને મોટર વસાવવાનું બહુ જ મન હતું. ઘેર મોટર આવે એ સુખની પરાકાષ્ઠા છે એમ એ માનતા હતા. ત્યારપછી લડાઈ આવી અને એમના ધંધામાં એકદમ રસકસ ઊભરાઈ ગયા. લડાઈ પૂરી થયા પહેલાં જ એમને ઘેર, એક ઑફિસની ને એક અંગત કામ માટેની, એમ બે મોટરો પણ આવી ગઈ. મેં ધાર્યું કે હવે એમને પૂરેપૂરો સંતોષ થયો હશે.

ત્યારપછી એ મને મળ્યા ત્યારે વાતચીત દરમ્યાન મેં એમને કહ્યું: 'હવે તો તમને પૂરેપૂરો સંતોષ થઈ ગયો હશે. એકને બદલે બે મળી ગઈ.'

'બે? શું કહો છો? બેને મારે શું કરવી'તી?' એમણે કંઈક નવાઈ પામીને પૂછ્યું.

'કેમ? તમે સ્કૂલમાં હતા ત્યારથી તમને મોટર વસાવવાના કોડ હતા. હવે એકને બદલે બે મોટર ઘેર આવી ગઈ.' મેં કહ્યું.

'હા. તમે મોટરની વાત કરો છો?' એમણે કહ્યું.

'ત્યારે તમે શું સમજ્યા?' મેં પૂછ્યું.

'હું તો સમજ્યો કે તમે કન્યાની વાત કરતા હશો.' એમણે કહ્યું.

'કન્યાની? કેમ તમે પરણેલા છો ને ભાભી પણ ઈશ્વરકૃપાથી હેમખેમ ઘેર બેઠાં છે, પછી કન્યાની વાત ક્યાંથી આવી?' મેં નવાઈ પામીને પૂછ્યું.

'હું મારા ભત્રીજા માટે કન્યા શોધતો હતો. આ પરમ દહાડે જ એનું વેવિશાળ થઈ ગયું. મેં જાણ્યું કે તમે એની વાત કરતા હશો.' એમણે જવાબ દીધો.

'એ વાતની તો મને કંઈ ખબર નહોતી. હું તો મોટરની વાત કરતો'તો.' મેં કહ્યું.

'હા, મોટર તો આવી ગઈ.' એમણે જરાય ઉત્સાહ વિના કહ્યું.

'આમ ઢીલે અવાજે કેમ બોલો છો? નાનપણથી 'મોટર મોટર' કરતા હતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બબ્બે મોટર મળી. ધાર્યા કરતાં પણ બેવડી સિદ્ધિ મળી પરંતુ કંઈ ખાસ આનંદ તમને થયો હોય એમ દેખાતું નથી.' મેં કહ્યું.

'બે મોટર ઘેર આવી એ ખરું પણ કે–'

'પણ શું?' એમને અચકાતા જોઈને મેં પૂછ્યું.

'ના, ખાસ તો કંઈ નહીં. શરૂઆતમાં ઘેર મોટર આવી ત્યારે મને બહુ આનંદ થયો'તો. પણ એ પછી પેલા રમણને ત્યાં પણ મોટર આવી એટલે મારો આનંદ અડધો ઓછો થઈ ગયો.' એમણે કહ્યું.

'એ રમણ વળી કોણ છે?' મેં પૂછ્યું.

'અમારી બાજુમાં જ એની પણ દુકાન છે. ધંધાપાણીમાં મંદી હતી ત્યારે અમે સાથે બેસીને રોદણાં રડતા હતા. મારે ત્યાં પહેલી મોટર આવી ત્યારે એ બિચારો બસની વાટ જોતો હારમાં ઊભો રહ્યો હોય ને હું ત્યાંથી મોટરમાં પસાર થતો હોઉં તો એને બોલાવીને મોટરમાં બેસાડી દેતો. મને એમાં બહુ આનંદ આવતો. પણ હવે તો એને ત્યાં પણ મોટર આવી ગઈ.' એમણે કાંઈક ખિન્નતાથી કહ્યું.

'એટલે તમે એને મોટરમાં બેસાડવા પૂરતો એના પર ઉપકાર કરી શકતા હતા તે તક હવે જતી રહી તેનો તમને શોક થાય છે એમ જ ને?' મેં પૂછ્યું.

'ના, ઉપકાર–બુપકારની વાત નથી. પણ એને ત્યાં મોટર આવી તે જ મને ગમતું નથી.' એમણે જવાબ દીધો.

'તમને એ રમણ પર કંઈક ઊંડે ઊંડે દ્વેષભાવ હશે. કદાચ એણે તમારું કંઈક બગાડ્યું હશે.' મેં કહ્યું.

'ના, એવું પણ નથી. એણે મારું કંઈ પણ બગાડ્યું નથી, તેમ જ એના પર મને દ્વેષભાવ પણ નથી. પરંતુ એને ત્યાં પણ મોટર આવી પછી મારે ત્યાં મોટર આવી તેની મોટાઈ ક્યાં રહી એમ મને લાગ્યા કરે છે.' એમણે જવાબ દીધો.

આ જાતની વૃત્તિ આપણા બધામાં હોય છે. આપણે મોટેભાગે એને દબાવી રાખીએ છીએ. એ વૃત્તિને બને તેટલી નરમ બનાવી દઈએ છીએ; પરંતુ કેટલાક મનુષ્યો એ વૃત્તિનું શમન કરી શકતા નથી. પોતાનું ભલું થાય, પોતાને કોઈ ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ થાય એટલાથી જ એમને આનંદ મળી શકતો નથી. એમનો આનંદ પોતાના પૂરતો જ મર્યાદિત રહેતો નથી, પણ બીજાના ઉપર પણ એ આધાર રાખે છે. પોતાનું સારું થાય ને બીજાનું ન થાય તો જ એમને આનંદ પ્રાપ્ત થઈ શકે છે.

આપબળે ધંધો કરીને પૈસાદાર ને વગદાર બનેલા એક ગૃહસ્થનાં સગાંવહાલાંઓ ફરિયાદ કરે છે: "એ તો બહુ સારું કમાયા પણ અમે એમના ધંધામાં પડવાની સલાહ લેવા જઈએ છીએ તો એ ઘસીને ના પાડે છે. એ કહે છે: 'એ તમારું કામ નહીં.' એમને થાય છે કે રખેને કોઈ બીજો મારા જેટલો પૈસાદાર થઈ જાય. આથી એમના ધંધામાં પડતાં એ અમને અટકાવે છે." આ વાત સાચી હોય કે નહીં, પણ કદાચ એ ધંધામાં રહેલા જોખમના અનુભવ પરથી જ બીજાઓને એ ધંધામાં પડવાની એ સલાહ આપતા નહીં હોય. પણ 'હું ખૂબ પૈસાદાર થાઉં ને બીજા પૈસાદાર ન થાય' એવી ઇચ્છા અજાણ્યે ઊંડેઊંડે એમના મનમાં રહેલી હોય તો નવાઈ નહીં.

એક ખૂબીની વાત એ છે કે આ જાતની વૃત્તિ બહુધા નિકટનાઓ, સગાંસંબંધીઓ ને પડોશીઓ વચ્ચે જ સેવાતી હોય છે. બહુ દૂરની કે અપરિચિત વ્યક્તિઓ પરત્વે આ પ્રકારની વૃત્તિ થતી નથી.

હિંદુસ્તાન ને પાકિસ્તાન એ બે પાડોશી રાજ્યો છે. એટલું જ નહીં, પણ સામાજિક, રાજકીય, ઐતિહાસિક, ભૌગોલિક, સાંસ્કૃતિક એમ અનેક દૃષ્ટિએ જોતાં એક જ અંગનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જુદાંજુદાં અંગો હોય તેવાં છે. આમ છતાં આજે પાકિસ્તાનમાં એવા મનુષ્યો પણ વસે છે, જે પાકિસ્તાન આબાદ થાય તેટલાથી જ સંતોષ ન માનતાં સાથેસાથે હિંદુસ્તાન હલકું પડે એવી પણ ઇચ્છા રાખે છે.

સ્વાતંત્ર્યાદનના ઉત્સવને અંગે ત્યાંના હિંદી એલચીખાતામાં કામ કરતા કેટલાક હિંદીઓએ હિંદુસ્તાનનો વાવટો પોતાના નિવાસસ્થાને ફરકાવ્યો તે આ પ્રકારની ઇચ્છા રાખતા મનુષ્યોથી જોઈ શકાયું નહિ. એમને સંતોષવા ખાતર હિંદુસ્તાનના વાવટા ભેગો પાકિસ્તાનનો વાવટો પણ ફરકાવવામાં આવ્યો. પણ તેથી યે એમને સંતોષ ન થયો. માટી ખાતી એક નાની છોકરીને તેની માતા ધમકી આપતાં કહેતી: 'માટી ન ખા. તું માટી ખાશે તો હું તને પિપરમીટ નહિ આપું.' એ છોકરી માતાની ધમકીને જરા પણ ગણકાર્યા વિના જવાબ દેતી: 'હું માટી પણ ખાઈશ ને તું પિપરમીટ પણ આપજે.' એ જ રીતે એ બિરાદરો કહેવા લાગ્યા: 'અમારો વાવટો ફરકાવો ને તમારો કાઢી નાખો.' બંને વાવટાઓ સાથે ફરકતા રાખવામાં આવ્યા હોત, તો એ કંઈ લડી પડવાના નહોતા કે બહુ નજીક આવી ગયેલા પતંગોની પેઠે એના પેચ પણ લાગી જવાના નહોતા. આમ છતાં 'અમારો વાવટો ખરો ને તમારો નહિ' એ જ વિરોધીઓના પોકારનો મુખ્ય સૂર હતો.

આમાં ઉપર કહેલી વૃત્તિ જ કામ કરી રહી હતી. આપણે ત્યાં પણ એવા ઘણા માણસ હશે, જેના મનમાં ઊંડેઊંડે એમ થતું હશે કે હિંદુસ્તાન ખૂબ આબાદ થાય, દુનિયામાં એની કીર્તિ દહાડેદહાડે વધતી જાય, બધા દેશો પર એનો પ્રભાવ પડે અને સાથેસાથે પાકિસ્તાન તંગીમાં આવી જાય, ત્યાંના લોકો હેરાનપરેશાન થઈ જાય તો કેવું સારું! જરા વિચાર કરતાં જણાઈ આવ્યા વિના નહીં રહે કે એમ થાય તો હિંદુસ્તાનની સ્થિતિ પણ કપરી થયા વિના રહે નહીં. પડોશના પ્રદેશમાં પ્રવર્તતી અંધાધૂંધીની અસર આપણા દેશ પર પણ થયા વિના કદી રહે નહીં. આમ સમજ્યા છતાં એ પડોશના પ્રદેશનું અહિત થાય તો તેથી રાજી થનારા ઘણા માણસો આપણે ત્યાં પણ છે.

બીજાનું સારું ન ખમી શકાય એને આપણે અદેખાઈ કે ઈર્ષ્યાનું નામ આપીએ છીએ. પણ આ વૃત્તિને ઈર્ષ્યા ભાગ્યે જ કહી શકાય. ઈર્ષ્યા હમેશાં પોતાના કરતાં વધારે સારી સ્થિતિએ હોય તેની થાય છે. આપણા કરતાં વધારે સુખવૈભવ, પ્રતિષ્ઠા કે આનંદ ભોગવતો મનુષ્ય આપણા જેટલી જ નીચી કક્ષાએ ઊતરી આવે એવી ઇચ્છા સેવવી તેનું નામ ઈર્ષ્યા અથવા અદેખાઈ. પણ અહીં તો મારે ત્યાં સૂર્યોદય થાય અને તારે ત્યાં અંધકારના ઓછાયા ઊતરે, હું ઘેબરખાજાં ખાઉં ને તારે માટે એકલું દૂધ રાખવામાં આવ્યું હોય તે પણ બિલાડી પી જાય, એવા પ્રકારની વૃત્તિ સેવવામાં આવે છે.

મોટા થવાની ઇચ્છા દરેક માણસમાં રહેલી હોય છે. મારું વજન બહુ ઓછું છે. એકવાર વીમા કંપનીમાં કામ કરતા મારા એક મિત્ર મારો વીમા ઉતરાવવા એમના ડૉક્ટર પાસે લઈ ગયા. મારો વીમો ઉતારવા જે કંપની તૈયાર થાય તેનો પોતાને વીમો ઉતારવાની જરૂર છે એમ હું માનતો હતો, છતાં આ બહાને મફત ડૉક્ટરી તપાસનો લાભ મળતો હોય તો શા માટે જતો કરવો એમ ધારી હું કબૂલ થયો. ડૉક્ટરે મારી શારીરિક તપાસ કરી ને સંતોષ વ્યક્ત કર્યો. મને નવાઈ લાગી. પછી એમણે મને પૂછ્યું: 'તમારું વજન કેટલું હશે?'

'મારા વજન વિષે હું બહુ વિચાર કરતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. એ વિષે ખાસ કંઈ બોલવા જેવું હોય એમ મને લાગતું નથી.' મેં જવાબ દીધો. મારા જવાબથી એમને સંતોષ ન થયો એટલે એમણે મારું વજન લીધું. વજન દેખાડતો કાંટો પચીસેક માઈલની મુસાફરી કરી તાજો જ પાછો ફર્યો હોય ને ખૂબ થાકી ગયો હોય તેમ ધીરેધીરે જરાક સરકયો. 'બરાબર ઊભા રહો.' ડૉક્ટરે મારા ઊભા રહેવામાં કંઈક વાંધો હશે એમ ધારીને કહ્યું. હું નીચે ઊતરીને ફરી ઊભો રહ્યો. કાંટો પહેલાંની માફક જ આસ્તે-આસ્તે થોડુંક ફર્યો, ચાલ્યો. 'આ મશિનમાં કંઈક વાંધો લાગે છે' એમ કહીને એમણે મને ઊતરી જવા કહીને મશિન તપાસી જોયું. પોતાનું વજન કરી જોયું. 'બધું બરાબર છે. હવે તમે ફરી ઊભા રહો જોઉં ?' એમ કહીને એમણે મને ફરી ઊભો કર્યો. કાંટો પ્રથમની પેઠે જ ધીરેધીરે જરાક ફરી એકાદ આંકડો આગળ જઈ અટકયો.

'બસ ! આટલું જ તમારું વજન ? હોય નહિ !' ડૉક્ટરે કહ્યું.

'સાચું પૂછો તો ડૉક્ટરસાહેબ, મારું આ જ વજન છે. નથી તમારા મશિનમાં કંઈ વાંધો કે નથી મારા ઊભા રહેવાની રીતમાં વાંધો, વાંધો હોય તો તે મારા શરીરમાં રહેલી અથવા નહીં રહેલી ચરબીનો છે.' મેં કહ્યું.

'અરે ! ત્યારે તો તમારો વીમો કેમ ઉતારી શકાય ?' એમણે જરા નિરાશ થઈને કહ્યું.

'કંઈ વાંધો નહીં ડૉક્ટરસાહેબ, ન ઉતારાય તો ન ઉતારશો. ઉતારો જ એવો કંઈ ખાસ મારો આગ્રહ નથી.' મેં કહ્યું.

'તમારું વજન પહેલેથી જ ઓછું હતું ?' ડૉક્ટરે પૂછ્યું.

'હાજી, નાનપણથી જ.' મેં કહ્યું.

'વધ્યું જ નથી ?' એમણે પ્રશ્ન કર્યો.

'વધ્યું છે. જરૂર વધ્યું છે. નાનપણમાં હું માત્ર પાંચ રતલનો હતો, તે કરતાં મારું વજન વધ્યું છે. અત્યારે ઘણું જ વધારે છે.' મેં જવાબ દીધો.

ડૉક્ટરને મારો જવાબ બહુ રુચ્યો હોય એમ લાગ્યું નહીં. પણ ગમે તેવા નબળામાં નબળા માણસનું શરીર પણ એ જન્મે છે પછી મોટું થતું જાય છે ને એનું વજન વધતું જાય છે. થોડા વખત પછી એ વધતું અટકી જાય છે ને તે પછી એ ઘટવા પણ માંડે છે. પણ તે જુદી વાત છે. જન્મે એટલે તરત જ માણસ મોટો થવા માંડે છે. શરીરનો એ ધર્મ જ છે. આ મોટાઈ એકલું શરીર પ્રાપ્ત કરે તેથી માણસને સંતોષ થતો નથી. એને તો દરેક રીતે મોટા થવું હોય છે. મોટા થવાની ઇચ્છા દરેકમાં કુદરતી રીતે રહેલી હોય છે. મોટા માણસો બીજા પર સરસાઈ ભોગવતા હોય છે, અન્યો ઉપર પોતાની સત્તા ચલાવતા હોય છે એમ આપણે જોઇએ છીએ. મોટાઈ હમેશાં સાપેક્ષ હોય છે. અકબર ને બિરબલની વાતમાં આવે છે કે અકબરે એક લીટી દોરીને બિરબલને કહ્યું, કે 'તું આ લીટીને અડકયા વિના એને મોટી કરી આપ.' બિરબલે એ લીટીની નીચે બીજી નાની લીટી દોરી ને કહ્યું 'જુઓ જહાંપનાહ આપની લીટી મોટી થઈ ગઈ.' આ વાર્તા માત્ર બિરબલની ચતુરાઈ બતાવે છે એટલું જ નથી, પણ એમાં ઊંડું રહસ્ય રહેલું છે. બિરબલે અકબરની દોરેલી લીટી કરતાં નાની લીટી દોરી એ લીટીને મોટી કરી બતાવી, તેવો કીમિયો આપણે બધા કોઈ ને કોઈ રીતે કરતા હોઈએ છીએ. આપણી મોટાઈની આકાંક્ષા બીજાને નાનો બનાવીને આપણે તૃપ્ત કરીએ છીએ. બીજો પણ જો આપણા જેટલી ઉચ્ચ પદવીએ પહોંચે અથવા આપણા જેટલો જ સુખી ને સમૃદ્ધ બને તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી આપણી મોટાઈ ક્યાં રહી? બીજાના કરતાં આપણે મોટા છીએ એમ શી રીતે કહી શકાય? બીજાને ભોગે, કોઈકને નાના બનાવીને જ મોટા થઈ શકાય છે અને તેથી મોટાઈ માટેની અતૃપ્ત રહેલી વાંછના બીજાને પોતાના જેવા જ સ્થાને પહોંચતો જોઈને અકળાઈ ઊઠે છે. આથી 'તને મૂકીને હું ભોગવું, હું મોટો થાઉં ને તું નાનો થા' એમ માણસ બીજાને ઉદ્દેશીને પ્રગટ રીતે નહીં તો પોતાના મનમાં કહે છે. સરખામણી હમેશાં જે પાસે-પાસે હોય તેની જ થઈ શકે છે. એટલે આ વૃત્તિ નિકટના મનુષ્યો તરફ જ વધારે સેવાતી હોય છે. પાડોશી કરતાં પોતાના મકાનનું છાપરું ઊંચું કરાવવામાં અથવા તો પરિચિત ને સગાંસંબંધીઓના વચલા વર્ગ કરતાં પોતાની સ્ત્રી કપડાંલત્તાં 'હમેશ વધારે સારાં પહેરે' એવી કાળજી રાખવામાં આ જ વૃત્તિ પ્રધાનપણે કામ કરી રહી હોય છે. સમાનતાની બૂમો પાડવા છતાં આપણને બીજાની સમાન થવું રુચતું નથી. આપણા સિવાય બીજાઓ વચ્ચે ભલે સમાનતા રહે, આપણે તો સૌથી ઊંચા—अत्यतिष्ठद्दशांगुलम्-દસ આંગળ સૌથી ઊંચા રહીએ એમ ઇચ્છીએ છીએ.

★

ગેસ્ટાપોના સફળ એજન્ટ બનવા માટે કાન તીવ્ર જોઈએ. આવા સફળ ગેસ્ટાપોને નોર્વે મોકલવામાં આવતા હતા. ત્યાં તેઓ નોર્વેની પ્રજાની બધી ચાંપતી હિલચાલ રાખતા. એક દિવસ આવા એક ગેસ્ટાપોએ કોઈ એક અજાણ્યા સાથે વાત કરતા એક વૃદ્ધને સાંભળ્યો.

વૃદ્ધ બોલતો હતો :

'નાઝીઓની વિરુદ્ધ તમારે કહેવું હોય તે કહો, પણ વ્યક્તિગત રીતે તો હું એક નોર્વેવાસીનું કામ ન કરું, પણ દસ જર્મનોનું કરું.'

નવા આવેલા ગેસ્ટાપોને પોતે કરેલી શોધ માટે આનંદ થયો. તેને થયું કે નક્કી આ ભાઈ મારી જમાતના રાજદ્રોહી જ છે. આનંદથી એણે પેલા વૃદ્ધને અભિનંદન આપતાં પૂછ્યું :

'પણ તમે એવું કયું કામ કરો?'

'ઘોર ખોદવાનું!' જવાબ મળ્યો.

×

ભાગવત પરની ટીકાના રચયિતા એકનાથ મહારાષ્ટ્રના વિખ્યાત સંત થઈ ગયા. એમના ગુરુ જનાર્દન સ્વામી હતા. એકનાથ ગુરુને વારંવાર પૂછે:

'ઈશ્વરનો સાક્ષાત્કાર કઈ રીતે થઈ શકે?'

ગુરુ દરેક વખતે એમને ચોખ્ખો ઉત્તર આપતા નહીં.

એક વખત ગુરુનો હિસાબ રાખતા હતા, તેમાં આવેલી એક પાઈની ભૂલ શોધવાનું એકનાથને એમને કહેવામાં આવ્યું. રાત્રે આઠ વાગ્યે એ બેઠા. જમાઉધારનાં પાસાં વારંવાર ઉથલાવ્યાં. ભૂલ જડે જ નહીં. છેવટે ત્રણના ટકોરા પડ્યા. એકનાથને થયું:

'એક વખત પણ મારે ગુરુની લાગણી દુખાય એવું શા માટે કરવું? ફરજમાંથી ચલિત કેમ થવાય?'

પંદર મિનિટનો વિશ્રામ લઈને પુનઃ બેઠા. મહામહેનતે ભૂલ શોધાઈ, ત્યારે એમના ઉત્સાહનો પાર નહોતો. આનંદમાં આવી જઈ એ ગાવા લાગ્યા. પાછું જુએ છે તો ગુરુ ઊભેલા હતા. એકનાથ એમને પગે પડ્યા. ગુરુએ કહ્યું:

'વત્સ, સાક્ષાત્કાર શું છે તે હવે તું જાણી શક્યો છે. આટલી જ એકાગ્રતાથી આંતરિક દૃષ્ટિ કર. હૃદયમાં બેઠેલા સચરાચરનાં તને અચૂક દર્શન થશે.'

તે પછીથી કહેવાય છે કે એકનાથને સાચી આંતરદૃષ્ટિ પ્રાપ્ત થઈ.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગજબ છે!

*

શ્રી ગુલાબદાસ બ્રોકર

સંયુક્ત કુટુંબજીવનની મીઠાશ આજે જાણે અદૃશ્ય થતી જણાય છે. પિતાપુત્ર અને ભાઈભાઈ વચ્ચેના સંબંધોમાં અમી નથી, સુવાસ નથી. કેટલાક કિસ્સાઓમાં લોહીસંબંધે સંકળાયેલી બે વ્યક્તિઓ અન્યોન્યને દુશ્મન પેઠે નીરખે છે. જાણી જોઈને અન્યના માર્ગમાં વિટંબણા ઊભી કરાય છે. પણ એ રાહ શું સાચો છે? પેટને માટે બીજાને પાટુ મારવાની વૃત્તિ યોગ્ય છે? સંજોગોના માર્યા બેકાર બનેલ બે ભાઈઓ ને એક નોકરી—આ પરિસ્થિતિનું કલાત્મક ચિત્રણ લેખકે આ નાટિકા દ્વારા રજૂ કર્યું છે.

પાત્રો:

પન્નાલાલ: મધ્યમ વર્ગનો માણસ
ચંપા: પન્નાલાલની સ્ત્રી
મોહન: પન્નાલાલનો પુત્ર
ધનુ: પન્નાલાલનો ભાઈ

સ્થળ: કાઠિયાવાડમાં હોય છે એવું એક, ઘણા સામાન્ય સ્થિતિના માણસના ઘરનું દીવાનખાનું. ઓરડામાં રાચરચીલું એ સ્થિતિને યોગ્ય હોય છે. એ ઓરડામાં અંદરના રસોડામાં જવાના ઓરડાનું બારણું પડે છે.

સમય: સાંજના સાડા છ

[પડદો ઊપડે છે ત્યારે પન્નાલાલ હાથમાં તારનું પતાકડું લઈને આનંદમાં એ વારંવાર વાંચતો હોય છે. તેની ઉંમર પાંત્રીસેક વર્ષની છે. મોં બેસી ગયું છે. શરીર નબળું છે. સ્થિતિની સામાન્યતા સ્પષ્ટ દેખાઈ આવે છે.]

પન્નાલાલ: (અવાજમાં ઉત્સાહ અને આનંદપૂર્વક) ચાલો, જલદી ભાતુંબાતું કરવા મંડી જાવ. મારે આજે ને આજે જ જવાનું છે હોં!

[તેની પત્ની ચંપા ત્રીશેક વર્ષની, નમણી કહી શકાય એવી, પણ તવાઈ ગયેલી દેહસ્થિતિવાળી રસોડામાંથી ઉતાવળી આવે છે.]

ચંપા: (દોડી આવતાં) શેઠનો તાર આવ્યો?

પન્નાલાલ: નહીં ત્યારે? આ હમણાં તારવાળો ગ્યો ઈ ન જોયો?

ચંપા: ન જોયો ઈ જ સારું થયું. નહીં તો મારી છાતી એવી ધડકત!

પન્નાલાલ: એમાં છાતી શેની ધડકે? ખબર હતી તો ય?

ચંપા: રખેને ના આવી તો?

પન્નાલાલ: ના શેની આવે? એમ ના કહેવા કંઈ શેઠિયાઓ તારના પૈસા ખરચે?

ચંપા: મને એવી બધી શી ખબર પડે? (વહાલથી) ઈ બધું તમે હુંશિયાર માણસો જાણો. સારું થયું લો. મારી માનતા ફળી. તારમાં શું લખ્યું છે?

પન્નાલાલ: (હર્ષથી) દીવા જેવું ચોખ્ખું, છે: જોઈન સર્વિસ ઈમિડિયેટલી. લે વાંચ.

ચંપા: (હસતી-હસતી) હું તી મૂઈ શું વાંચું? મેં કંઈ કાળા અક્ષર કૂટી માર્યા છે તી ઈ વાંચું, કે તમે આમ ગોટપીટ ગોટપીટ કરી ગ્યા એમાં સમજું? ફોડ પાડીને કહો તો ખબર પડે?

પન્નાલાલ: (હસતાં) તી આંહી મને ય કયાં ઝાઝું આવડે છે? આ તો મહાવરાથી માંડ આટલું સમજાય. (સમજાવતાં) ઈ તો એમ કહે છે કે જલદી નોકરીમાં જોડાઈ જાઓ.

ચંપા: (હર્ષથી) તી જોડાઈ જ જઈશું. અહીં કોની ના છે? એની જ વાટ જોતાં બેઠાં'તાં.

પન્નાલાલ: અલી, આજ આટલો પોરસ ને સફાઈ કરે છે પણ આઠ દી પહેલાં 'વિચાર કરીએ છીએ' એવો શેઠનો કાગળ આવ્યો ત્યારે તો તારું ડાચું જોવા જેવું થઈ ગ્યું'તું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંપા : ન થાય તંયે ? કંઈ આપણો યે વાંક છે ? આ દોઢ સાલમાં બિચારા મોહનાને કેટલી ય વાર બે ટંક ખાવાનું ય...... (ગળગળી થઈ જાય છે.)

પન્નાલાલ : (વહાલથી) લે, રહેવા દે હવે, ઘેલડી, આવા સારા સમાચારને ટાણે અપશુકન ન થાય.

ચંપા : (વિષાદયુક્ત) ઈ તો હું ય જાણું છું, પણ મૂવું મન છે ના ? કેવાકેવા દા કાઢ્યા...... (ફરી ગળગળી થઈ જાય છે.)

પન્નાલાલ : ફરી ગાંડી થઈ ના ? જા, જરી મીઠું મોઢું કરાવ જોઉં.

ચંપા : (ઉત્સાહથી) રસોઈ તો બધી તૈયાર છે. જમવા બેસો એટલી જ વાર છે. હમણાં જરા લોટ શેકી નાખું એટલે શીરો તૈયાર.

પન્નાલાલ : જા તો જલદી કર જોઉં.

ચંપા : આ ચાલી.... હાં, પણ ટપ્પાવાળાને કહેવડાવ્યું ?

પન્નાલાલ : ઠીક યાદ દેવડાવ્યું. ઈ તો આનંદમાં ને આનંદમાં રહી જ જાત.

ચંપા : હું કંઈ ન ભૂલું ના પણ !

પન્નાલાલ : (હેતથી) બહુ જ ડાહી છે તું તો, ડાહ્યલી....પણ ઓલ્યો મોહનો ક્યાં ગયો ? (બૂમ પાડતાં) મોહના, ઓ મોહન, અલ્યા મોહનિયા ? (જવાબ ન આવતાં) ક્યાં મરી ગ્યો ઈ મૂરખો ? ખબર સાંભળીને રાજીરાજી થઈ જશે.

ચંપા : તમારો દીકરો છે તી રાજી તો થાય જ ના ? આંહીં શેરીમાં જ ક્યાંક રમતો હશે. (બૂમ પાડતાં) મોહન...

પન્નાલાલ : (મોટેથી) મોહન...

[ચૌદેક વર્ષનો મોહન આવે છે. એ ગમી જાય એવો તરવરતો ને સોહામણો છોકરો છે.]

મોહન : (દૂરથી દોડતો આવતો હોય તેમ) મને બોલાવ્યો બા ? (શ્વાસ લેતાં) શું કામ છે ? કેવી રમત જામી'તી !

પન્નાલાલ : રાખ હવે રમતવાળા, જા જલદી ટપ્પાવાળાને કહી આવ કે રાતના ગાડીએ જવા માટે મને બોલાવી લ્યે. ભૂલે નહીં, હોં !

મોહન : (આતુરતાથી) બાપુ, હુકમ આવી ગ્યો ?

પન્નાલાલ : આ હમણાં જ તાર આવ્યો ના ? વાંચ જોઉં, કેવુંક શીખ્યો છે તું ?

મોહન : (ધીમેધીમે અક્ષર બેસાડતાં) પન્નાલાલ દલીચંદ, મહુવા જો.... જો-ઈન સરવિસ...ઈમિ...ઈમિ...બાપુ, આ ઊકલતું નથી.

પન્નાલાલ : કંઈ નહીં ન ઊકલે તો. જા ભાઈ, જલદી ટપ્પાવાળાને કહી આવ હોં !

મોહન : આ હમણાં પહોંચું, જરા ટોપી ઘાલી લઉં.

ચંપા : ને જરા મોં પણ ધોઈ લેજે હોં, ભાઈ, કેવો રઝળીરઝળીને કાળો પડી ગ્યો છે !

મોહન : આ આવ્યો. (અંદર જાય છે.)

પન્નાલાલ : અહીં માળું આ રેલવેનું ભારી દુઃખ. રાતે બે વાગ્યે જ ઊપડે. આખી રાત ખરાબ

ચંપા : (આનંદથી) પણ જિંદગી તો સુધરી ગઈ ના ?

પન્નાલાલ : તો હું જરા બજારમાં જઈ આવું ? જોઈતી કારવતી ચીજ તો લેવી જોશે ના ?

ચંપા : હજી ય જાણે કંઈ બાકી રહી હશે, કાં ? આ ચાર દીથી તો એની ને એની જ તૈયારી કરો છો... કે હરખ નહિ માતો હોય, કાં ? જાવ, જરા આંટો મારી આવો મન થ્યું હોય તો.

પન્નાલાલ : હમણાં જ આવીશ.

ચંપા : તી જાવને તમતમારે કોણ ના કહેય છે ?

મોહન : (આવીને) બા, હું હમણાં જ ટપ્પાવાળાને કહી આવું હોં. (દોડ્યો જાય છે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંપા: માય છે એનો હરખ ક્યાંય? કેવો રાજીરાજી થઈ ગ્યો છે?

પન્નાલાલ: થાય જ ના? ઠીક, તો લાવ મારી ટોપી પણ.

ચંપા: ત્યાં હું પણ શીરો હલાવી નાખું, (એક પળ શાંતિ પછી) લો આ ટોપી. પણ... (ઓચિંતુ યાદ આવ્યું હોય તેમ, ધીમા અવાજે) જોજો, પણ ધમુભાઈને કંઈ ખબર ન પડે હોં. નહીંતર ખરાબ લાગશે.

પન્નાલાલ: (ચિંતાયુક્ત સ્વરે) હા, ઈ વાત સાચી હો. (બળતરાથી) ને ઓલ્યા મોહનિયાને કહેતાં ભૂલી ગ્યો કે ગામમાં ગોકીરો ન કરે.

ચંપા: (આશ્વાસન આપતી હોય તેમ) કંઈ ગોકીરો નહીં કરે, ઇ તો ડાહ્યો છે.

પન્નાલાલ: (એ ને એ જ ચિંતામાં) જો ધમુને ખબર પડી ના, તો મરી ગ્યા.

ચંપા: એમાં શેનાં મરી ગ્યાં? કંઈ ચોરી-લખાડી થોડી જ કરી છે?

પન્નાલાલ: (ધીમેથી) પણ તો ય.

ચંપા: એમાં તો ય શું? માણસને નોકરી મળે તો નોકરી ય ન લ્યે? એમ તી કંઈ બળજબરી ચાલતી હશે?

પન્નાલાલ: બળજબરી તો શું, પણ એને દુઃખ થશે ને ઇ છે ય મગજનો આકરો.

ચંપા: પણ એમાં આપણે શું કરીએ? (પછી હિંમત આપતાં અને મેળવતાં) ધમુભાઈને કંઈ કરતાં કંઈ ખબર નથી પડવાની, તમ-તમારે ધીરજ રાખોની. આ સાડા છ તો થઈ ગ્યા ને હમણાં થશે અંધારું ને સવાર પડશે ત્યાં તો તમે એ...લીલા લહેર કરતા ક્યાંના ક્યાં નીકળી ગ્યા હશો.

પન્નાલાલ: (આશ્વાસન મેળવતાં) હા રે હા. ઈ તો કોઈને કંઈ ખબર નથી પડવાની. મરશે. ટાણે સહુ જોઈ લેવાશે. પણ......હા, યાદ આવ્યું. આમ બહાર જવાનું કહું એના કરતાં બાંધવા-સીંધવાનું ન કરું? મારે આમે ય શું કામ છે બજારમાં?

ચંપા: તી એમ જ કરોની! મને પણ બે ઘડી તમારું મોઢું તો જોઈ લેવા મળે. પછી તો ક્યારે છેક કોણ જાણે...(અવાજ ધીમો પડી જાય છે.)

પન્નાલાલ: (હસીને ઉડાવતાં) આ મોઢામાં જોવા જેવું ય શું રહ્યું છે? તને તો મૂરખીને કંઈ શોખ કે આવડત પણ ન મળે. આવું જોવું ગમે છે?

ચંપા: રાખો રાખો હવે, સારા નથી લાગતા.

પન્નાલાલ: ઈ તો હું ય કહું છું કે હું સારો નથી લાગતો, તો બાઈને મોઢું જોવાનું મન થાય છે!

ચંપા: હવે ધીમે બોલો. હમણાં છોકરો આવી પહોંચશે, લો, આ આવ્યો. (મોહન આવે છે.)

પન્નાલાલ: આવ્યો દીકરા? કહી દીધું ના ટપ્પાવાળાને?

મોહન: હોવે બજારમાં નહોતો, તી છેક ટેસને જઈને ગોતી આવ્યો. કહી દીધું. ખરો-ખર ટેમમાં ફેર નો પડે.

ચંપા: થાક્યો નહીં, ભાઇ, આટલી વારમાં ટેસને જઈ આવ્યો તી!

મોહન: એટલામાં થાક શું લાગે...? બા, બાપુ, રસ્તામાં ધમુકાકા મળ્યા'તા.

પન્નાલાલ: } (એકીસાથે) હેં!
ચંપા: } હાય હાય!

મોહન: (વાતમાં રસ પૂરતાં) મને ઊભો પણ રાખ્યો.

પન્નાલાલ: (નિરાશાથી) બફાઇ ગ્યું નક્કી. નસીબ બે ડગલાં આગળ ને આગળ જ છે.

ચંપા: (સ્વસ્થતાથી) તને ઊભો રાખીને શું પૂછ્યું, મોહન?

મોહન: મને કહે કે 'ક્યાં જાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોરા, આવો ઉતાવળો–ઉતાવળો ?' મેં કહ્યું : 'કંઈ નહિ, અમથો ' તો કહે કે ' તો ય ?' મેં કહ્યું : ' મારા દોસ્તારની ઇંડિપેન મારા ખીસામાં રહી ગઈ છે, તી એને પાછી આપવા જાઉં છું.'

ચંપા : બીજું કંઈ ન પૂછ્યું ?

મોહન : ના, બીજું શું પૂછે ?

પન્નાલાલ : (ઉત્સુકતાથી) પણ તને આવો જવાબ આપવાનું કેમ સૂઝયું, મોહન ?

મોહન : કાં, એમાં શું સૂઝવાનું હતું ? ધમુકાકાને હમણાં કહેવાય કંઈ ?

પન્નાલાલ : શાબાશ, મોહના; તું યે હુંશિયાર નીકળ્યો.

ચંપા : (ગર્વપૂર્વક) હુંશિયાર જ હોય ના ? તમારો દીકરો થયો છે ઈ કાંઈ અમથો થયો છે ?

મોહન : બા, કંઈક બતાવું ?

ચંપા : (વહાલથી) શું છે, બેટા ?

મોહન : આ જો.

ચંપા : આ શું ? પીપરમીટ ! ક્યાંથી કાઢી ? ને માથે આ બે પૈસા ? લઈ ગ્યો'તો ઘેરથી ?

મોહન : ક્યાંથી કાઢ્યા હશે, કહે જોઉં ?

ચંપા : ક્યાંથી કાઢે, તી સાચવી રાખ્યા હશે ક્યાંક ઘરમાં; તારા બાપુને નોકરી મળી એના માનમાં ઉજાણી કરી દીકરા ?

મોહન : બાપુ, તમે કહો, ક્યાંથી કાઢ્યા હશે ?

પન્નાલાલ : મને શી ખબર પડે, ભાઈ ! મેં કંઈ તને આપ્યા નથી.

મોહન : કહું ?

ચંપા : કહે ને.

મોહન : (આનંદથી) ધમુકાકાએ એક આનો આપ્યો.

ચંપા : શા સારુ ?

મોહન : મેં કહ્યું ના કે ઇંડિપેન આપવા જાઉં છું તી મારે માથે હાથ ફેરવીને કહે : 'શાબાશ દીકરા, આવો ને આવો પ્રામાણિક રહેજે હોં. તારા બાપદાદાની આબરુ વધારજે. ને લે, આની પીપરમીટ ખાજે.' કહીને તરત એક આનો આપ્યો.

ચંપા : (પતિને) ધમુભાઈને વહાલ બહુ છે હોં મોહનિયા ઉપર.

પન્નાલાલ : એને તો બધાં ઉપર વહાલ છે. ઈ તો બિચારો આજે......

ચંપા : હ્યો ત્યારે, તમે બાપદીકરો વાતું કરો, ત્યાં હું જલદીજલદી શીરો કરી નાખું. (જાય છે.)

મોહન : હેં બાપુ, તમે યાં ક્યારે પહોંચશો ?

પન્નાલાલ : ચોથે દીએ.

મોહન : એટલું બધું ?

પન્નાલાલ : છેક બંગાલ જવું છે, કાંઈ નજીક થોડું છે ?

મોહન : રજા ઉપર પાછા ક્યારે આવવાના, બાપુ ?

પન્નાલાલ : ઈ તો કેમ કહેવાય, બેટા ! બે વરસ તો ઓછામાં ઓછાં ખરાં જ.

મોહન : એટલું બધું ?

પન્નાલાલ : ત્યારે ? નોકરી કરીને પેટ ભરવું સહેલું છે, ભાઈ ?

મોહન : બાપુ, પાછા આવશો ત્યારે મારે માટે શું લાવશો ?

પન્નાલાલ : તું કહે ઈ, મોહન. જે કહે ઈ લઈ આવીશ, બોલ. તું તો મારો ડાહ્યો દીકરો છે. તારી બાનું ધ્યાન રાખજે હોં, એને ઓછું ન આવે જરી ય. બોલ, શું લઈ આવું તારે માટે ?

મોહન : કહું ? (જરા વાર રહીને) જરા વિચાર કરી લઉં.

પન્નાલાલ : બરાબર વિચાર કરી જો. આજે મારે આનંદનો દિવસ છે. તું કહીશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું તને વચન આપીશ ને ગમે ઈ કરીને પાળીશ.

મોહન : (ઉત્સાહથી) તો બાપુ, એક સરસ બેટ મારે માટે લઈ આવજો. સરસ હોં, આલા મેચમાં રમે છે ના, એવું.

પન્નાલાલ : બેટ ને બેટનો બાપ ! તું કહીશ તેવું બેટ લઈ આવીશ હોં. તું આનંદમાં રહેજે.

મોહન : બાપુ, ચોક્કસ હોં.

પન્નાલાલ : ચોક્કસ ચોક્કસ, એમાં ફેર ન પડે.

ચંપા : (આવીને) ચાલો હવે, થાળી પીરસું છું, પછી સામાન બાંધીસીંધીને થોડી વાર સૂઈ જાઓ. રસ્તામાં પાછા ઉજાગરા તો છે જ–ગાડીમાં.

પન્નાલાલ : આટલી વારમાં તૈયાર ?

ચંપા : એમાં વાર શી લાગે ? ચાલો.

પન્નાલાલ : ચાલો. ચાલ મોહન.

[બધા રસોડામાં જાય છે. એક પળ શાંતિ. પછી ખડકીની બારી ખખડતી હોય એવો અવાજ.]

ચંપા : (ઉતાવળી બહાર આવી, ફાળ પડી હોય તેવા સાદે) કોણ ?

ધમુ : (બહારથી) ઈ તો હું, ભાભી. કાં પન્નાભાઈ, શું કરો છો ?

[મોહન તથા પન્નાલાલ પણ દીવાનખાનામાં આવી જાય છે. પન્નાલાલથી જરા ભરેલો પણ એવી જ સામાન્ય સ્થિતિનો લાગતો એનો નાનોભાઈ ધમુ પ્રવેશે છે.]

પન્નાલાલ : (પડી ગયેલા અવાજે) કોણ ધમુ ? આવની ભાઈ.

ધમુ : જમતા 'તા ને બહાર શું કરવા આવ્યા ? હું અહીં બેઠો છું. તમે જમી લો ત્યારે.

પન્નાલાલ : ઈ તો હજી થાળી પિરસાતી 'તી. એની કંઈ ઉતાવળ છે ? ચાલ તું પણ જમવા.

ધમુ : તમે જમ્યા એટલે હું તો જમ્યો જ છું મોટાભાઈ ! જમી લો તમતમારે.

ચંપા : જમી લોને હમણાં. ધમુભાઈ પણ આવશે. ચાલો ધમુભાઈ.

ધમુ : હું તો જમેલો જ છું હવે, ભાભી. કાં પન્નાભાઈ, ક્યાં જવાની તૈયારી કરી ?

પન્નાલાલ : (ઢીલા અવાજે) શેની તૈયારી ? ઈ તો ઠીક, ભાઈ.

ધમુ : (ટાઢાશથી) મને ખબર પણ ન આપી ? શેઠને કંઈક સંપેતરું તો મોકલત.

[કોઈ કંઈ બોલતું નથી. થોડી પળ પછી]

ધમુ : (એ જ ટાઢાશથી) સારું કામ કર્યું, લો તમને નોકરી મળી તેથી અમે રાજી.

પન્નાલાલ : (દુઃખી અવાજે) શું કરીએ ભાઈ ? પેટનો ખાડો પૂર્યા વિના કંઈ છૂટકો છે ?

ધમુ : હા ભાઈ, હા. એનું તો જતન કરવું જોઈએ ના ? (જરા ગરમી આવે છે અવાજમાં) પછી ભલેની ઈ ખાડો પૂરતાં સગા ભાઈનું પેટ ફોડી નાખવું પડે.

ચંપા : (જરા ઊંચે સાદે) આવા ટાઢા શીદ મારો છો, ધમુભાઈ ? બિચારાને જવા ટાણે હેરાન કરવા આવ્યા તી !

ધમુ : (ઊંચે સાદે) પણ ભાભી, એને શરમ ન આવી આ નાનાભાઈનું પેટ ફોડી નાખતાં ?

પન્નાલાલ : (બૂમ મારતો) ધીમા પડો, બે ય ધીમા પડો. (જરા ધીમો પડી) બાકી ધમુ, તને કંઈ મેં નોકરી છોડી રુઆબ કરવાનું કહ્યું નહોતું.

ધમુ : છોડે નહિ તો શું કરે ? સોના પોણોસો કર્યા ને પોણોસોના સાઠ. એ સાઠ આપવા પણ શેઠને વધુપડતા લાગ્યા. અહીં છેક કાઠિયાવાડથી ત્યાં બંગાળા સુધી કાયા ઘસી પચાસ રૂપરડીમાં નોકરી કોણ કરે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને કહે કે 'હવે પચાસમાં જ રહેજો.' મેં ના પાડી. પચાસમાં મારું પૂરું કેમ થાય? સાત વરસની નોકરી મારી. મારા જેવું માણસ એને યાં છેટ મળે પણ કોણ? મારા મનમાં કે જરૂર મહિને-બેમહિને મને બોલાવશે. મને શી ખબર કે માનો જણ્યો સગો ભાઈ જ મને દગો આપશે?

પન્નાલાલ: તી ભાઈને પેટ નહિં હોય કાં? આજ દોઢ વરસથી આમ નવરો બેઠો છું ઈ જોતો નથી? દાગીના પણ વેચાતા વેચાતા ખલાસ થવા આવ્યાં. શેઠે માણસ કમી કરવા ખાતર મને રજા આપી ત્યારે તને એમ ન થયું કે મારો પગાર જરા ઓછો કરો. પણ મારા ભાઈનો જાન લ્યો મા.

ધમુ: લ્યો, ભાઈ બોલ્યા! જરાય જશ વસે છે કે આગલી નોકરી છૂટી ગઈ ને ખાલી પડ્યા ત્યારે શેઠને કેટલાં-કેટલાં વાનાં કરીને તમને નોકરીએ રખાવ્યા 'તા! બાકી માણસ કમી કરે ત્યારે તો નવા માણસને પહેલાં છૂટા કરે એમાં હું એને કહું ય શું?

ચંપા: ઈ તો ઘણું ય, દાનત હોય તો, કહેવાય કે મારો ભાઈ છે, એને છૂટો નહીં થાય ને એને છૂટો કરવો હોય તો આ હું ય છૂટો.

પન્નાલાલ: આ તો શેઠે કહ્યું કે પન્નાલાલને છૂટો કરો ને ભાઇએ આંખમાં પાણી આણીને કહ્યું કે ભાઈ, શેઠ કામકાજ ઓછું કરે છે ને તમને છૂટા કરે છે. બસ, થઈ રહ્યું. આંખમાં પાણી આવ્યાં એટલે બધું ય આવી ગ્યું.

ચંપા: ઈ તો આંહી આ રુદિયામાં ભડકો લાગવો જોયે ભડકો, તયેં થાય.

ધમુ: (ચિડાઈને) મને કંઈ યે નહોતું લાગતું, હાઉં! મને કંઈ યે નહોતું થાતું ને આંખમાં પાણી ય અમથાં આવતાં 'તાં. (ગુસ્સાપૂર્વક) જખ મારી એટલા કાલાવાલા કરીને તમને નોકરી અપાવી ઈ, બસ?

પન્નાલાલ: એમ કોણ કહે છે? આટલો ગુસ્સો કરે છે? નોકરી અપાવી, તારો ઉપકાર, કહે તો તારે પગે પડું.

ધમુ: મોટાભાઈ, મને નાહકનો ચીડવો મા. શેઠ સાલ્લો સટ્ટે ચડી ગ્યો ને બે પૈસા કમાણો એમાં જીનમાં કામ ઓછું કરી નાખ્યું, એમાં હું શું કરું? તમારે ઘેર બેસવું પડયું એમ અંતે તો મારે ય ઈ જ વારો આવ્યો ના? મન મારું જાણે છે કેમ દહાડા જાય છે ઈ.

પન્નાલાલ: મને એનો અનુભવ નથી? પૂછ તારી ભાભીને, આ દોઢ વરસમાં પેટ ભરીને ખાધું છે કોઈ દી?

ચંપા: ખાવાની તો વાત બળી, પણ હમેશાં ને હમેશાં લોહી બાળ્યા કરે. લોહી બાળ્યે કંઈ નોકરી મળતી હશે? ટાના સુકાઈને પોતે ઠીઠું થઈ ગ્યા.

પન્નાલાલ: સુકાય નહીં તો શું થાય? છતી શક્તિએ કામધંધો ન મળે ને ઘરના દાગીના ખાવા પડે ઇ કોળિયો ગળે ઊતરે?

ધમુ: એટલે તો હું કહું છું ના કે મારો કોળિયો તમારે નો 'તો ઝૂંટવવો!

પન્નાલાલ: તારે એમ જ બોલવું હોય તો એમ જ બોલ, જા મારે જવાબ નથી દેવો.

ધમુ: ક્યાંથી જવાબ દો તમે પણ ભાઈ, મારી વાત સાવ સાચી હોય ત્યાં.

ચંપા: કપાળ તમારી વાત સાચી ધમુભાઇ.

ધમુ: ત્યારે?

પન્નાલાલ: ત્યારે શું? ક્યાં યે નોકરી ન મળતી હોય ને ઘરમાં ખાવાને ફૂટી બદામ ન હોય તો તારા વટને ખાતર માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરે ? હું ન લેત તો મારો બાપ બીજો નોકરી લઈ લેત. શેઠે ઓછા માણસોને કમી કર્યા છે ?

ચંપા : ને છે બીજે ક્યાંય નોકરી ? તમે જ બતાવો, ધમુભાઈ. તમે તો આટલા અનુભવી ને એક જ જગ્યાએ કામ કરેલા જૂના માણસ છો તો ય તમને ય ક્યાંય નોકરી મળે છે ?

ધમુ : ક્યાંથી મળે આવે ટાણે ? છે એની ય છૂટી જાય છે.

ચંપા : તો પછી આને બિચારાને દોષ દ્યો છો પણ કંઈ વિચાર કરો છો ?

ધમુ : વિચાર તો બધો થાય પણ શું થાય ? ઇ આડા ન પડ્યા હોત તો જીન ભલે શેઠ ન ચલાવે પણ એનું ધ્યાન રાખવા માણસ રાખ્યા વગર એને છૂટકો નહોતો. એની મેળે મને બોલાવત.

પન્નાલાલ : બોલાવવો હત તો તો ન બોલાવત આટલા મહિનામાં ? ઇ કંઈ આપણો વટ સાંખીને બેસી ન રહેય, ઈ શેઠિયાઓ. એને ય માણસ મળી રહે.

ધમુ : (હસીને) મળી જ રીયો ના એને માણસ ? ખાસ્સો તાર મૂકીને બોલાવ્યો.

પન્નાલાલ : કોણે કીધું તને તાર મૂકીને બોલાવ્યો ઇ ?

ધમુ : એમાં કહે તી કોણ ? આખું ગામ જાણે છે. (**કડવાશથી**) તમને એટલી પણ બુદ્ધિ ન સૂઝી કે આવડા નાના ગામમાં મને તાર આવશે ઈ વાત છાની નહીં રહે, તી ચોરની જેમ નાસી જવા તૈયારી કરી ?

પન્નાલાલ : નાસી શેના જાય ? ચોરી-બોરી થોડી કરી'તી ?

ધમુ : તો તો આમ શિયાવિયા ન થઈ જાત મને જોઈને ! પણ મેં તો બધી તપાસ કરી જોઈ. ટપ્પાવાળાને પણ પૂછી જોયું. પછી અહીં આવ્યો. હું ય કંઈ કાચો નથી. તમારો ભાઈ છું.

ચંપા : (ધીમેથી) એટલે જ આમ કસાઈ જેમ વર્તો છો ના ?

ધમુ : (**ગુસ્સાથી**) કસાઈ જેમ હું વર્ત્યો કે મારા ભાઈ ? એક તો મારી ગરદન કાપી ને પાછી સફાઈ કરો છો ?

પન્નાલાલ : ઝાઝી વાતે ગાડાં ભરાય, ધમુ. તારે શું કરવું છે ? બોલ. તકરાર જ કરવી છે ? તો કરી લે તારે મન પડે એટલી, હું એક અક્ષર નહીં બોલું.

ધમુ : મારે તકરાર કરીને શું કરવું છે ? પણ આ મારી ભાભી કેવું બોલે છે ? એને તો કંઈ કહેતા નથી.

પન્નાલાલ : ઈ પણ કંઈ નહીં બોલે, બસ ? (**પત્નીને**) તારે કંઈ જ નથી બોલવાનું હો; આપણે તકરાર નથી કરવી.

ચંપા : (**ધીમે સાદે**) મારે શા સારુ કંઈ યે બોલવું જોઈએ ? બળ્યું જીવ બળે છે તી બોલી જવાય છે. બાકી ધમુભાઈને કંઈ કહેતાં મને ય શું થતું હશે ઈ તો હું એકલી જ જાણું છું. (**ગળગળી થઈ જતાં**) કેટલો સંપ હતો આપણા ઘરમાં, ને તમને ભાઈઓને તો કેટલું બનતું ? ને આજે...(**રોઈ પડે છે.**)

પન્નાલાલ : ઇ તો એમ જ ચાલે. માણસ છે, ગુસ્સો પણ આવી જાય.

ચંપા : (**દુઃખથી**) મારી મૂઈની જીભ જ એવી છે. એવું કહેતાં ઇ ઊપડી કેમ કોણ જાણે ! બાકી આ મારે સગે હાથે રોટલા ઘડીને મારા મોહનાને જેટલા હેતથી મેં જમાડ્યો છે એટલા હેતથી મેં ધમુભાઈને ન જમાડ્યા હોય તો મને (**રોતાંરોતાં**) અંગે અંગે......

ધમુ : (**ગળગળો**) ખબરદાર છે ભાભી, વધુ કશું બોલ્યાં તો, ઘર હોય યાં એમ જ ચાલે. બાકી કંઈ થયું ઓછું થવાનું છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંપા : આજે જ મોહનાએ કહ્યું કે કાકાએ મને આનો આપ્યો ત્યારે મેં શું કહ્યું'તું ઈ પૂછી જોવ તમારા ભાઈ ને.

ધમુ : (હસવાનો પ્રયત્ન કરતો) મારે કંઈ નથી પૂછવું, બાપા ! હવે તમે શાંત રહેશો ?

ચંપા : મારા સમ છે ન પૂછો તો આ મોહનાને જ પૂછોની ? મોહન, તું જ કહે જોઉં, ભાઈ !

મોહન : મેં કહ્યું કે કાકાએ મને એક આનો આપ્યો એટલે બા બાપુને કહે કે 'ધમુભાઈ ને વહાલ બહુ છે હાં મોહનિયા ઉપર' એટલે બાપુએ કહ્યું કે એને તો બધાં ઉપર વહાલ છે ઈ તો બિચારો આજે-'

ચંપા : (વચ્ચેથી) હાંઉં ?

ધમુ : (સ્નેહપૂર્વક) પણ મેં એની ક્યાં ના પાડી ભાભી ?

(બે પળ શાંતિ છવાય છે. પછી વાતાવરણ હળવું લાગતાં-)

મોહન : તી બાપુ, શેઠ પણ આમ માણસોને નોકરીમાંથી રજા આપે છે ને પગારો ઘટાડે છે; તી ઈ પણ બિચારા ગરીબ થયા હશે ત્યારે જ ના ?

[પન્નાલાલ તથા ધમુ હસી પડે છે.]

ધમુ : (હસતાંહસતાં) ગાંડો છે કંઈ ? શેઠ તો હમણાં બે મહિના પહેલાં જ બે નવી મોટરો લીધી.

ચંપા : (આશ્ચર્યથી) પણ તમારા પગાર ન પોસાય ને મોટરના ખરચા કેમ પોસાશે ?

ધમુ : ઈ તમે એમાં ન સમજો, ભાભી. ઈ તો ભરશિયાળે પણ મિલની ગરમીમાં મજૂરના શરીરમાંથી પરસેવો વહ્યો જાય ને હજારો તાકા કાપડના ઈ પેદા કરે. ઘેરે જાય ત્યારે મજૂરને થરથરતાં અંગોને ઢાંકવા એક ચીથરું પણ ન મળે ને બીજા અમનચમન કરે.

મોહન : પણ એમ કેમ, કાકા ?

ચંપા : ઈ તો જેવાં જેનાં કરમ ભાઈ. આજે સવારે જ વ્યાખ્યાનમાં મા'રા જ શું કહેતા'તા ?

મોહન : ઈ તો ઓલા બાજુવાળા છોકરાઓ મીઠાઇયું ઉડાવતા' તા ને તું મને સૂકો રોટલો આપતી'તી ત્યારે ય તું એમ જ કહેતી'તી, બા જેવાં જેનાં કરમ !

ચંપા : તી ઈ જ સાચું છે ના ? બધા ધરમમાં ઈ જ એક વાત કહી છે.

મોહન : (હજી એનું આશ્ચર્ય ગયું નથી. ધીમેધીમે વિચારતો જતો હોય તેમ) પણ તો ય શેઠે બે નવી મોટર લીધી ઈ પોસાણી તે તમને સાઠના પચાસ ન કીધા હોત તો...

ધમુ : (અધવચ્ચેથી) ઈ તો તું મોટો થઈશ ને અમારી જેમ કમાવા નીકળીશ ત્યારે ખબર પડશે કે કેટલી વીસે સો થાય છે. શેઠિયાઓ સો રૂપિયા બીડીમાં ખરચી નાખે પણ આપણા પાંચ રૂપિયા એમને ભારે પડે. એમ વાત છે, બેટા.

પન્નાલાલ : (ઓચિંતા જ ધમુ પાસે જઈ ગંભીર અવાજે) ધમુ......

ધમુ : (આશ્ચર્યથી) શું થયું પન્નાભાઈ! કેમ આવો અવાજ......

પન્નાલાલ : (તેને પગે પડવા જતાં, ગળા સાદે) માફ કરજે, ભાઈ, તારો રોટલો મેં ઝૂંટવી લીધો છે. પણ હું ન હોત તો કો'ક બીજો ઈ લઈ લેત.

ધમુ : (તેને ઉઠાડતાં, કંપતા અવાજે) અરે, મોટાભાઈ, આ શું કરો છો ? પગે તમારે પડાય ? મને પાતક લાગે.

પન્નાલાલ : (ઊઠીને, આંસુભર્યા અવાજે) મારે જાત વેચીને તને નભાવવો જોઈએ બદલે તારા પેટમાં પાટુ મારી અનાજ કરવાનો વખત આવ્યો. હે પ્રભુ ! દુનિયા છે !

[ચંપા અને મોહન ડૂસકાં ખાય છે.]

પન્નાલાલ : (એ જ અવાજે) બાયડી-છોકરાં છે ભાઈ, એને ભૂખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરાય ? હું એકલો હોઉં તો તો દરિયો ય મને સંઘરી લ્યે.

ધમુ: (ગળગળે સાદે) એવુંએવું બોલો મા, ભાઈ. ભૂખના દુઃખે હું પણ આકરો થઈ ગયો. બાકી બીજા ખાય એના કરતાં તમે શું ખોટા છો ?

[બંને ભેટીને રૂએ છે. પળ પછી)

ધમુ: (લાગણીપૂર્વક) તમારે જવાને દિવસે આવો કજિયો કીધો તી તમે જ મને માફ કરજો. (પછી ઉત્સાહથી) ભાભી, ચાલો જલદી કરો. થાળીઓ પીરસો. અમે બંને ભાઈઓ ભેળા મળીને આજે તો જમી લઈએ, પછી કયારે ભેળા થઈશું કોણ જાણે !

ચંપા: (હર્ષથી) ચાલો ચાલો. તૈયાર જ છે.

પન્નાલાલ:
ધમુ: } (સાથે જ) ચાલો.

(ત્રણે જાય છે. મોહન એકલો રહે છે.)

મોહન: (લમણે આંગળી મૂકી–) માળું આ યે ગજબ છે. ઓલા શેઠને બે નવી મોટર પોસાય છે ને દસ રૂપિયા પગારના ભારે પડે છે. ને આ લોકો આટલું લડે, ઝઘડે છે પણ તો ય ઈ વાતનો તો જરી ય અચંબો પણ એમને નથી થતો...ઈ જ મોટો અચંબો નથી ? ગજબ છે, ગજબ છે, ગજબ છે !

(કરતોકરતો તે રસોડામાં ચાલ્યો જાય છે.)

પડદો પડે છે.×

× આ નાટિકા ભજવતાં પહેલાં લેખકની પરવાનગી લેવી જરૂરી છે.

★

મકસૂદ ચકી બાશદ અઝ કાબાઓ બુતખાના
મઅબૂદ ચકી દાનન્દ હમ મુસ્લિમો હમ હિન્દૂ

કાબા અને દેવમંદિરથી લોકો એક જ વસ્તુ ઇચ્છે છે, હિંદુ અને મુસલમાન એક જ તત્ત્વને પ્રભુ માને છે !

×

નઝદે આરિફ સફરે કાબાઓ બુતખાના ચકીસ્ત
ઝઆઁકે ઈંજા ગિલો સંગો બુતોઝુન્નાર આઁજાઅસ્ત

સત્યશોધકને કાબા અને દેવમંદિર ઉભયની યાત્રા સરખી જ છે, કેમકે અહીં માટી અને પથ્થર છે અને ત્યાં પ્રતિમા અને જનોઈ!

×

ગર મુસલમાં વ નસારા વ ગર અઝ ઝરતુશ્તીમ
હમે અઝ યક નસ્બ વ યક પિદર વ યક પુશ્તીમ

કદાચ અમે મુસલમાન વા ખ્રિસ્તી વા જરથોસ્તી ભલે હોઈએ છતાં સર્વ એક મૂળનાં, એક કૂલનાં અને એક જ પિતાનાં છીએ.

×

બુતખાના વ કાબા ખાનએ બંદગીસ્ત
નાકૂસ ઝદન તરાનએ બંદગીસ્ત
ઝુન્નારો કલીસા તસ્બીહો સલીબ
હક્કન કે હમે નિશાનયે બંદગીસ્ત

મંદિર કે મસ્જિદ એ ભક્તિનાં જ સ્થાન છે. શંખ ફૂંકવો કે સંગીતનો આલાપ કરવો એ ભક્તિનો જ અવાજ છે. જનોઈ, માળા, યહુદીનું દેવળ અને ઈશુખ્રિસ્તનો ક્રોસ–એ સર્વ ખરેખર ભક્તિનાં જ નિશાન છે.

—સંગ્રાહકઃ રતિલાલ ભાવસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्राचीन हिंदनां

પ્રજાસત્તાક રાજ્યો

*

શ્રી દેવેંદ્રરાય પુ. મજમૂદાર
બી. એ.

ભૂતકાળની કળાકારીગીરી ને બીજી સમૃદ્ધિની ગૌરવગાથા સામાન્ય જને અનેકાનેકવાર સાંભળી હશે, પણ જૂના કાળમાં ભારતમાં પ્રજાસત્તાક રાજ્યતંત્રો પણ હશે એમ બહુ ઓછા જાણતા હશે. એ સમયે પણ 'સંઘો' (રાજકીય ને ધાર્મિક સંસ્થાઓ), 'ગણો' (પ્રજાકીય ધારાસભાઓ), 'રાજ' (પ્રજાસત્તાકનો પ્રમુખ), 'વિનિચ્ચય મહામત્તો' (ન્યાયકચેરીઓ), 'વોહારિકો' (ધારાશાસ્ત્રીઓ), 'સૂત્રધારો' (હાઈકોર્ટના ન્યાયાધીશો) હતા. ત્યારે નત્તિ (દરખાસ્તો) મુકાતી, પ્રતિજ્ઞા (ઠરાવ) મુકાતી; 'છંદ'(મત)નો અધિકાર હતો, 'બહુતર' (બહુમતિ) દ્વારા સભાના ઠરાવો નક્કી થતાં; ત્યારે 'શલાકા'(મતપત્રિકા)ઓ હતી, 'ગણકચેરીઓ' (લોકસભાઓ) પણ હતી, સ્વરાજ્ય, વૈરાજ્ય, દ્વૈરાજ્ય, અરાજક વગેરે પ્રકારનાં ત્યારે યે પ્રજાસત્તાક રાજ્યોના અખતરા કરવામાં આવ્યા હતા: ગઈ તા. ૨૬મી જાન્યુઆરીથી ભારતવર્ષ પ્રજાસત્તાક જાહેર થયું છે ત્યારે, પ્રાચીન તેમજ અર્વાચીન પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ રસદાયક થઈ પડશે. લેખકે શ્રમપૂર્વક માહિતી એકઠી કરીને એની સામગ્રી અહીં પૂરી પાડી છે.

એ તો સુપ્રસિદ્ધ છે કે વેદો દુનિયાભરની સાહિત્યકૃતિઓમાં પ્રાચીનમાં પ્રાચીન છે. તેનો સમય સામાન્ય રીતે ઈ. પૂ. ૫,૦૦૦ વરસ ઉપરનો આંકવામાં આવે છે. તે સમયથી ભારતવર્ષમાં વસતી આર્યપ્રજાએ અદ્વિતીય સંસ્કૃતિ વિકસાવી હતી (જે હજી સુધી ટકી રહી છે.) એ પણ જાણીતું છે. અનેક પ્રકારનાં જ્ઞાનવિજ્ઞાન, હુન્નરકળાના ધામ સમા આવા ભારતવર્ષમાં આધુનિક જમાના જેવી અદ્યતન અને પ્રગતિશીલ સંસ્થાઓનું અસ્તિત્વ હતું એવું પૂર્વ અને પશ્ચિમના વિદ્વાન સંશોધકોએ પુરવાર પણ કર્યું છે. આ સંસ્થાઓ પૈકી રાજકીય ક્ષેત્રની પ્રજાસત્તાક રાજતંત્રની અદ્યતન સંસ્થા પ્રાચીન ભારતમાં અસ્તિત્વ ધરાવતી હતી તે પણ સિદ્ધ થયું છે. શિલાલેખો, સિક્કાઓ, તાડપત્રો, પ્રાચીન સાહિત્ય, ગ્રીકો–ચીનાઓ જેવા સુધરેલા પરદેશીઓનાં લખાણો વગેરેમાં આ બાબતના દીવા જેવા પુરાવા છે. આ પ્રજાસત્તાક રાજ્યપદ્ધત્તિ થોડાંઘણાં વર્ષો નહીં પણ ઈ. સ. પૂ. ૧,૦૦૦થી ઈ. સ. ૬૦૦સુધીના ૧,૬૦૦ વરસના એક યુગ પર્યન્ત રૂઢ શાસનપ્રણાલિ તરીકે હયાતી ભોગવતી હતી. દરેક સંસ્કૃત પ્રજાની સુધારણાનો પ્રથમ દર્શનીય પુરાવો તેની રાજ્યતંત્રની પદ્ધતિ છે, એ એક ઐતિહાસિક સત્ય છે; કારણકે તેના વગર દેશના સમગ્ર જીવનનું અસ્તિત્વ અને વિકાસ સંભવી શકે નહીં; તેથી જ પ્રાચીન ભારતના આર્યોએ રાજકારણના મહત્ત્વના વિષયોમાં મોટા પાયા ઉપરના બંધારણીય અખતરા કર્યાનું માલૂમ પડી આવે છે. આવો સૌથી મોટો અખતરો પ્રજાતંત્રની રાજ્યપદ્ધતિનો કર્યો હતો. યુરોપના દેશોમાં પણ આવી અજમાયશ બહુ સમય પછી થઈ હતી. હિંદની પ્રજાસત્તાક પદ્ધતિના મોટામાં મોટા સાક્ષી પ્રાચીન ગ્રીકો છે. સિકંદરના સમયના ડિયોડોરસ, એરન અને ત્યાર પછીના મેગેસ્થિનિસ ઇત્યાદિનાં લખાણોમાં હિંદના પ્રાચીન પ્રજાસત્તાકોની ભરપૂર નોંધ પડી છે. વેદોમાં પણ પ્રજાસત્તાક તંત્રોના અસ્તિત્વનાં બીજ છે. આશ્વલાયન ગૃહ્યસૂત્રો, ઐતરેય બ્રાહ્મણ વગેરેમાં સ્પષ્ટ ઉલ્લેખો છે. મહાભારતમાં તો તેની સારી રીતે ચર્ચા કરી છે. બુદ્ધપૂર્વેની જાતકકથાઓ, પાલિધર્મસૂત્રો, કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' વગેરેમાં તો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ણનો પણ છે. ‘ અર્થશાસ્ત્ર ’ની રચના વખતે તો પ્રજાસત્તાક રાજ્યના અખતરા પ્રાચીન બન્યા હશે; કારણકે તેમાં સદીઓજૂની પ્રજાસત્તાક સંસ્થાની ચર્ચા થયેલી લાગે છે. તેથી એ પુરવાર થાય છે, કે તે પદ્ધતિની બીજા ઘણા પુરોગામી ગ્રંથોની કૃતિઓ હોવી જોઈએ.

વેદસાહિત્યના પ્રાચીન વિભાગમાં વિશાળ પ્રતિનિધિત્વવાળી ‘ સમિતિ ’ નામની સભાઓ ભરાયાના ઉલ્લેખો છે. ‘ સમિતિ ’ની ‘ સભા ’ બની. તેના પછી ‘ વિદથ ’ બની. તેમાં વક્તા કુશળતાથી જોરદાર વક્તૃત્વ કરવાની અભિલાષા રાખતો. (**बृहद्वदेम विदथे सुवीराः**) તેમાં ન ફરે એવો સમૂહનિર્ણય (‘ **नरिष्टा** ’–**सायण**) લેવાતો. સભાનો પ્રમુખ સભાપતિ બનતો. તેમાં પિતરો (મોટેરા) બેસતા. સભાના ન્યાયાધીશના નિર્ણયથી મુક્ત થયેલી વ્યક્તિ આનંદ પામતી. ‘ **विदथ** ’ સભામાં તો ધાર્મિક ઉપરાંત મૂલ્કી અને લશ્કરી બાબતો પણ ચર્ચાતી. ‘ **परिषद्** ’માં જ્ઞાનચર્ચા થતી. આ બધામાં લોકશાહી ઢબ રહેતી. આમ છતાં વ્યાખ્યા મુજબના પ્રજાસત્તાક તંત્રનું અસ્તિત્વ વેદના પાછળના યુગથી અસ્તિત્વમાં આવવા લાગ્યું હતું. ઐતરેય બ્રાહ્મણ (ઈ. સ. પૂ. ૧૦૦૦)ના સમયથી પ્રજાસત્તાક તંત્ર સ્પષ્ટ રીતે આકાર લેવા લાગ્યું હતું. બુદ્ધપૂર્વે રચાયેલાં ‘જાતકો’માં તેના સ્પષ્ટ ઉલ્લેખો છે.

જૈન આચારાંગ સૂત્રમાં **दोरज्जाणि गणरज्जाणि**–નો ઉલ્લેખ છે; તેમાંનો **गण** શબ્દ પ્રજાસત્તાકનો પર્યાય શબ્દ છે. ‘**गण**’નો અર્થ પ્રજાકીય ધારાસભા –પાર્લામેન્ટ પણ થતો, પણ પ્રજાસત્તાક રાષ્ટ્રનું બંધારણ નામ ‘ સંઘ ’ બુદ્ધ સમયમાં જાણીતું હતું. જાતકો, પાલિ ધર્મસૂત્રો, પાણિનિ ને પતંજલિની કૃતિઓ તેમ જ મહાભારતમાં પણ આવા ‘ ગણો ’, ‘ સંઘો ’નાં વર્ણન વિપુલ પ્રમાણમાં છે. આ લોકશાહી પ્રજાસત્તાક તંત્રની રાજકીય સંસ્થાઓ ઉપરથી જ બુદ્ધે પોતાના ધાર્મિક સંઘની રચના કરી હતી. શાક્યોના ‘ પ્રજાસત્તાકમાંથી ઉદ્ભવેલા પોતાના રાજકીય વારસાનો ઉપયોગ કરી રાજકીય સંઘના ધોરણે મહાન ધાર્મિક સંઘનું બુદ્ધે લોકશાહી ધર્મચક્ર રચ્યું અને તેના પોતે બેતાજ રાજપ્રમુખ બન્યા. આ ‘સંઘ’ માં ભિખ્ખુઓને શિસ્ત પાળવી પડતી હતી, કાયદા પાળવા પડતા હતા; ચૂંટણીઓ થતી, ગુનેગારોને શિક્ષા થતી; સંઘની મિલકતનો વહીવટ થતો. આમ ‘ સંઘ ’ એક ધાર્મિક લોકશાહી બની રહ્યો; તેથી બુદ્ધધર્મની આવરદા લાંબી ચાલી.

રાજકીય પ્રજાસત્તાક તંત્રોની શાસનપ્રણાલિના ગ્રંથો ઉપલબ્ધ નહીં હોવાથી તેના ધોરણે રચાયેલા ધાર્મિક સંઘોમાં ચાલતા વહીવટ ઉપરથી આપણને રાજકીય તંત્રનો વહીવટ જાણવા મળી શકે છે.

ઉપરકથિત ‘ સંઘો ’, ‘ ગણો ’ પાણિનિ પતંજલિની વ્યાખ્યા પ્રમાણે રાજકીય એકમો હતાં. પાણિનિએ **वाहिक** (પંજાબ)નાં શસ્ત્રોપજીવી (લશ્કરી) પ્રજાસત્તાકોનો ઉલ્લેખ કર્યો છે; જેમાં ‘ છ ત્રિગર્તો,’ ‘ નવ યૌધેયો,’ ઈ. આવે છે. ‘ ક્ષુદ્રકો ’ અને ‘ માલવો ’ સહિત તેમનાં પ્રજાસત્તાક રાજ્યો, કાશ્મીર, પંજાબ, સરહદ (ગાંધાર, કાંબોજ) અને સિંધ સુધી પથરાયેલાં હતાં. આ લડાયક સંઘો સિવાય બીજાં મદ્ર, વૃજિ, રાજન્ય, અંધક–વૃષ્ણિ, ભર્ગ વ. પ્રજાસત્તાકો અર્ધ–લશ્કરી હતાં. ઈતિહાસ–પુરાણમાં અંધક વૃષ્ણિઓ રાજા વગરના કહેવાયા છે; કારણકે તેમની રાજ્યપદ્ધતિ રાજાવાદી નહોતી. આ ઉપરાંત પૂર્વભારતમાં વજ્જીઓ, લિચ્છવિઓ, શાક્યો ઇ. નાં વિશાળ અને શક્તિશાળી પ્રજાસત્તાકો ગોરખપુરથી ભાગલપુર અને મગધની ઉત્તરે હિમાલયની તળેટી સુધી ફેલાયેલાં હતાં. તેમાં ઉત્તરમાં શાક્યોની ગોરખપુર પ્રાન્તમાં કપિલવસ્તુ–રાજ્યધાની હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિચ્છવિઓની રાજ્યધાની વૈશાલી (હાલ મુજફ્ફરપુર જિલ્લાનું બશાઢ) હતી. દરભંગા જિલ્લામાં વિદેહોની રાજધાની મિથિલા હતી. આ લિચ્છવિઓ અને વિદેહોથી સંયુક્ત રાજદ્વારી પ્રજાસત્તાક સંસ્થા (अं. લીગ) 'વજ્જીઓ'ના નામથી ઓળખાતી. આ 'વજ્જીઓ'ના પ્રદેશોથી દક્ષિણમાં વિસ્તરેલાં 'મલ્લો'નાં બે પ્રજાસત્તાક રાજ્યો હતાં. કોશાંબીના 'વત્સો'નું પડોશી રાજ્ય ભર્ગોનું હતું. આ બધાંમાં વજ્જીઓ (લિચ્છવિઓ–વિદેહો) બહુ મહત્ત્વનાં હતાં. ભર્ગોનો ઉલ્લેખ મહાભારતમાં અને પાલિસાહિત્યમાં આવે છે. પશ્ચિમહિંદના 'યૌધેયો' માફક પૂર્વ હિંદનું તે પ્રધાન રાષ્ટ્ર (जनपद) હતું. પાછલા વખતમાં 'વત્સો' સાથે, સ્વત્વ રાખીને પણ ભર્ગોને ભળી જવું પડ્યું હતું.

બુદ્ધના શાકયોના પ્રજાસત્તાકની ધારાસભામાં સભ્યોની સંખ્યા ૫૦૦ની હતી. તે રાષ્ટ્રમાં એક પત્નીવ્રતનો કાયદો થયેલો હતો. ભારતની શ્રેષ્ઠતા જેમનાથી ખમાતી નથી એવા કેટલાક પશ્ચિમના વિદ્વાનો કહે છે તેમ આ બધાં રાષ્ટ્રો પછાત દેશો પેઠે જાતીય (अं ટ્રાઇબલ) નહોતાં, પણ રાજ્યની છત્રછાયા તળે આવેલાં રાજકીય એકમો હતાં. તેમાં ગમે તે બહારનો વસીને તેનો પ્રજાજન થઈ શકતો; એટલે જાતીય રાજ્યનો પ્રશ્ન જ કયાં રહ્યો ? આ વાતના અનેક પુરાવા મોજુદ પડ્યા છે.

ઉપર જણાવેલા પ્રજાસત્તાકોમાં મહત્ત્વનાં શાકયો, લિચ્છવિઓ ઇત્યાદિનો રાજ્યવહીવટ આદર્શ લોહશાહી ઢબે ચાલતો. તેમની ધારાસભા (પાર્લામેંટ) 'સંથાગાર' કહેવાતી. આમાં અનેક મહત્ત્વની દરખાસ્તો ચર્ચાયાના દાખલા છે. કોશલરાજની જીત પછી શાકયોએ દરવાજા ખુલ્લા કરવા સભાનો મત લીધો હતો. આવી સભાનો ચુંટાયેલો પ્રમુખ 'રાજ' ગ્રીકોના 'આર્કોન' અને રોમન 'કોંસલ' બરોબર હતો. બુદ્ધના પિતા શુદ્ધોદન આવ પ્રમુખ હતા. તેઓ ચૂંટાયા પૂર્વે સાધારણ શહેરી પેઠે 'શુદ્ધોદન' નામથી ઓળખાતા હતા. લિચ્છવિઓના પ્રજાસત્તાક માં ત્રણ મુખ્ય શાસકો ચૂંટાતા–રાજ (પ્રમુખ), 'ઉપરાજ' (ઉપપ્રમુખ) અને સેનાપતિ. કોઈવાર 'ભંડાગારિક' (અં ચેન્સલર ઓફ એકસચેકર) પણ ચૂંટાતો. લિચ્છવિઓની સરકાર ફરતા ત્રણ દુર્ગોથી રક્ષિત એવી વિશાળ ને સમૃદ્ધ વૈશાલીનગરીમાં કામ કરતી. સભ્યો સભામાં આવે ત્યાં શંખનાદ થતા. સભામાં રાજકીય, ખેતી વિષયક, વ્યાપારી, લશ્કરી વગેરે પ્રશ્નો ચર્ચાતા સૌને મતસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્ય હતાં રાજાવાદી ગ્રંથોએ આની વિરુદ્ધ ટીકાઓ પણ કરી છે, તે તેનો પુરાવો છે.

આ પ્રજાસત્તાકનો પ્રમુખ 'રાજ' ન્યાયનો વડો પણ ગણાતો. ઘણીવાર બહારનો પણ ન્યાયનો વડો નીમાતો. નાગરિક સ્વાતંત્ર્યનું ચુસ્ત પાલન થતું. રાજ, ઉપરાજ અને સેનાપતિની સંમતિ સિવાય કોઈને ગુનેગાર ઠરાવાતો નહીં. દફતરોમાં પ્રમુખના ચુકાદાઓ, ગુનાઓ અને શિક્ષાઓની નોંધવહી રખાતી. विनि महमाते(ન્યાયકચેરીઓ)માં ગુનાઓ, મુલ દાવાઓ વગેરેના મુકદમા ચાલતા वोहारिको—ધારાશાસ્ત્રીઓ અને ન્યાયાધીશ પાસે અપીલનાં કામ ચાલતાં. હાઈકોર્ટ 'સૂત્રધારો' કહેવાતા. છેવટની અપીલ સભ્યોની કારોબારી સમિતિ (अं. કાંઉન્સિલ) પાસે ચાલતી.

સંરક્ષણ અને વહીવટી અનુકૂળતા પ્રજાસત્તાકો ઐચ્છક જોડાણો (अं.લીગ) કરતા આવી જ લીગ ઇંગ્લેન્ડે, જર્મની સાથે ૧૯૪૦ સંધી કરતાં, ફ્રાન્સ સાથે કરવાની દરખાસ્ત કરી હતી. એવી જ રીતે સામ્રાજ્યવાદી મગધ સામે લિચ્છવિઓ અને વિદેહોએ લીગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી સામાન્ય નામ 'વજ્જીઓ' ધારણ કર્યું હતું. આવી જોડાણસંસ્થા (અં. ફેડરલ કાંઉન્સિલ)માં દરેક સભ્યને સમાન મતાધિકાર રહેતો.

સિકંદરની ચઢાઈ અને કૌટિલ્યના વખતમાં થયેલો મૌર્ય સામ્રાજ્યનો ઉદય, એમ બે જબરદસ્ત ફટકા સહન કર્યા છતાં 'વજ્જીઓ' જેવાં શક્તિશાળી પ્રજાસત્તાકો ટકી રહ્યાં હતાં એમ 'અર્થશાસ્ત્ર' ઉપરથી જણાય છે. આ પ્રજાસત્તાકો 'રાજ' (કોંસલ)વાળાં અને 'રાજ' વગરનાં હતાં, એમ સિક્કાઓ ઉપરથી જણાય છે. પહેલા વર્ગનાં લિચ્છાવકો, વજ્જીઓ વગેરે હતાં. બીજા 'રાજ' વગરનાં પશ્ચિમ હિંદનાં 'કામ્ભોજો', 'સુરાષ્ટ્રો', 'ક્ષત્રિયો' વગેરે પ્રજાસત્તાકો લડાયક હતાં. તેનો દરેક લડાયક નાગરિક યુદ્ધ ઉપરાંત ખાનગી ધંધાઓ, જેવા કે વેપાર, ઉદ્યોગ, ખેતી વગેરે કરતો. બધાં જ પ્રજાસત્તાકો મજબૂત, સમૃદ્ધ અને તાલેવંત હતાં; કારણ કે તેમણે અદ્યતન રાષ્ટ્રો પેઠે જીવનનો સાર્વત્રિક વિકાસ સાધ્યો હતો.

સિકંદર વખતના ગ્રીક તવારિખનવેશો સંખ્યાબંધ સ્વાયત્ત પ્રજાસત્તાકોનો ઉલ્લેખ કરે છે. મેગેસ્થિનિસ પણ ભારતવર્ષની રાજ્યવ્યવસ્થા પ્રજાસત્તાક અને રાજાસત્તાક એમ બે ભાગમાં વહેંચાયેલી નોંધે છે. પંજાબમાં રાવિની પૂર્વે આવેલા કાથીઅનો (કઠો)ના પ્રબળ પ્રજાસત્તાકમાં સ્ત્રીપુરુષો ઇચ્છાલગ્ન કરતાં. સૌંદર્ય એ પ્રજાનું ખાસ લક્ષણ હતું. સૌથી વધારે રૂપાળા મનુષ્યને 'રાજ' પ્રમુખ ચુંટાવાની તક વધારે મળતી, એમ ગ્રીકો નોંધે છે. સંધિ માટે આવેલા ક્ષુદ્રકો–માલવોના ૧૦૦ જેટલા પ્રતિનિધિઓનું સિકંદરે બાદશાહી સ્વાગત કર્યું હતું. તેઓ રૂપાળા, કદાવર, ઊંચા અને ગૌરવવંતા હતા. કસબી પાલવોવાળાં વસ્ત્રોમાં શોભતા, રથમાં બેસીને તેઓ જ્યારે આવ્યા ત્યારે ગ્રીકો તેમને જોઈ છક્ક થઇ ગયા હતા. આ બધાં પ્રજાસત્તાકોનાં વીરત્વ, સ્વતંત્રતાપ્રેમ, યુદ્ધકૌશલ્ય ઇત્યાદિએ ગ્રીકોની ઊંપર ઉંડી છાપ પાડી હતી. આ રાજ્યો ખૂબ માતબર હતાં. લોકો એક રસોડે જમતાં. ગુલામીની પ્રથાને તો તેઓએ નાબૂદ જ કરી હતી. લડાયક હોવા છતાં તેઓ યુદ્ધખોરીને નાપસંદ કરતા.

બીજી વિગતો સાથે ગ્રીકો આ પ્રજાસત્તાકોના રાજ્યબંધારણનું વર્ણન આપવાનું ભૂલ્યા નથી. તેઓના કહેવા મુજબ પ્રજાસત્તાકો ચૂંટણીની પ્રથા અનુસાર ધારાસભાના પ્રતિનિધિઓ ચૂંટતા. સંતાનોની માલિકી લગભગ રાજ્યની જ ગણાતી. સારા નાગરિકના ઉછેર માટે રાજ્ય કાળજી લેતું. વ્યક્તિનું જીવન રાજ્ય માટે જ હતું. રાજ્ય માટે વ્યક્તિએ ફના થઈ જવાનું હતું. રાજસભાનાં બે ગૃહ હતાં. વડેરાઓની બનેલી કારોબારી સમિતિ હતી અને બીજી સામાન્ય સભા હતી. કેટલાકમાં સામાન્ય સભા જ સર્વ કાર્યોમાં સત્તાધીશ રહે એવી પ્રથા હતી.

પ્રજાસત્તાકોના સ્વરાજ્ય, દ્વૈરાજ્ય, અરાજક વગેરે પદ્ધતિઓના અખતરાઓ વિષે ઐતરેય બ્રાહ્મણો જેવાં પ્રાચીન સાધનોમાંથી માહિતી મળી આવે છે. અરાજકોમાં નામ પ્રમાણે નામનો પણ 'રાજ' કે શાસક હતો જ નહીં. આનો અર્થ અંગ્રેજીમાં જેને એનાર્કી કહીએ છીએ તે નહોતો, પણ તે એક વિશિષ્ટ પ્રકારના બંધારણવાળું રાજ્ય જ હતું, જેમાં માત્ર કાયદો શાસક હતો.*

પ્રજાસત્તાકોની રાજસભાઓમાં કામકાજ શી રીતે ચાલતું હશે, તેની માહિતી સ્વતંત્ર સાધનોમાંથી મળી શકતી નથી. સંભવ છે, કે તેના ગ્રંથો નષ્ટ થઈ ગયા હોય. પણ તે

* મહાભારત–શાંતિપર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાસત્તાક સંઘો ઉપરથી રચાયેલા ધાર્મિક સંઘોના કામકાજ ઉપરથી તેમના કામકાજનો પણ ચોક્કસ ખ્યાલ આવી શકે એમ ઉપર કહેવાઈ ગયું જ છે; તેથી આ કામકાજની પ્રણાલિનું ઊડતું અવલોકન કરવાનું શક્ય છે.

પ્રજાસત્તાક સંઘોનું કામકાજ ઉત્તમ વ્યવસ્થાથી થતું. સભાગૃહમાં સભ્યોની બેઠકોની ગોઠવણી કરવા 'પ્રજ્ઞાપક' સંજ્ઞાવાળો ખાસ અમલદાર નીમાતો. ચૂંટાયેલા સભ્યો અધિવેશન દરમિયાન આ બેઠકો ઉપર સ્થાન લેતા. મંત્રણાની દરખાસ્ત (णति=ज्ञप्ति, अं. મોશન) એક સભ્ય મૂકતો. આ પછી ઠરાવ (પ્રતિજ્ઞા) મુકાતો. ઠરાવની તરફેણ કરનારા મૌન રહેતા. વિરુદ્ધના દલીલો સહિત ભાષણ કરતા. ઠરાવ ત્રણ વાર બોલાતો. સભામાં 'કોરમ'નો નિયમ ચુસ્તતાથી પળાતો. નિશ્ચિત સંખ્યાની હાજરી વગર ઠરાવ ગેર-કાયદે ગણાતો. 'કોરમ'ની ગણતરી કરવા ખાસ જવાબદારીવાળો અધિકારી 'गणपुरक' નીમાતો. વોટ-મત માટે 'છંદ' શબ્દ વપરાતો. છંદનો અર્થ જ 'સ્વતંત્રતા'-'સ્વતંત્ર' એવો થાય છે. મંદવાડ ઈત્યાદિ અનિવાર્ય કારણોથી ગેરહાજર રહેલા સભ્યોના મત કાળજીપૂર્વક ભેગા કરાતા. બેલટ વોટિંગ-મત પત્રિકા દ્વારા બહુમતિ નક્કી કરવાની પ્રથા હતી.

'બહુતર' (બહુમતિ માટે પર્યાય શબ્દ) પ્રમાણે ઠરાવ પસાર થતો. મતપત્રિકા-વોટિંગ ટિકિટોનું નામ 'શલાકા' હતું. 'શલાકા' એટલે લાકડાની અણીદાર જુદાજુદા રંગની વપરાતી નાનકડી સોટીઓ. 'શલાકાગ્રાહક' નામનો ચૂંટાયેલો સભ્ય મત લેતો. જાહેર રીતે યા ખાનગીમાં મતદાન થતું. 'શલાકા-ગ્રાહક' જુદાજુદા અભિપ્રાયવાળા સભ્યની જુદાજુદા રંગની શલાકાઓમાંથી લેવા મત આપનારને સૂચવતો. આ પછી ઠરાવ અફર ગણાતો. અસંબદ્ધ ભાષણો ઠપકાપાત્ર ગણાતાં.

સભાગૃહમાં પોતાની બેઠકોમાં સતત બે[…] રહી સભાના કામકાજની નોંધ લેનાર નોંધ[…] અધિકારીઓ પણ નીમાતા. 'જાતકે[…] મુજબ સામાન્ય મતગણતરીથી રાજપ્રમુ[…] વગેરે ચૂંટાતા.

આમ ઈ. પૂ. ૧૦૦૦થી ઈ. સ. ૬૦[…] સુધીના અત્યંત પ્રાચીન સમયમાં પ્રજાસત્તા[…] રાષ્ટ્રોવાળો હિંદદેશ રાજ્યબંધારણમાં કેટલે[…] પ્રગતિશીલ હશે, તેનો કંઈક ખ્યાલ આ[…] શકે છે. કાયદા અને બંધારણના પારિભાષિ[…] શબ્દો મત=છંદ, બહુતર=બહુમતિ, શલાકા[…] વોટિંગ ટિકિટ, સામાન્ય ગણછંદ=રેફરેન્[…] વગેરે બતાવે છે, કે તે સમય અગાઉ સદીઓ[…] આ રૂઢ શબ્દરચના પ્રચલિત બની હશે અ[…] પ્રજાના રાજદ્વારી ડહાપણનું ધોરણ ખૂબ ઊં[…] રહ્યું હશે.

હવે આ લોકશાહી પ્રજાસત્તાકોની ન્યાય[…] પદ્ધતિનું ઝડપી અવલોકન અસ્થાને ન[…] ગણાય. તે રાષ્ટ્રોમાં ન્યાય અને કારોબાર[…] ખાતાં અલગ હતાં. તેના રાજકુલોના ન્યાયા[…] યોમાં ૮ કુલિકો ફોજદારી ગુનાઓ તપાસ[…] તેની અપીલ ત્રણ કચેરીઓ (લોકસભાની)[…] થતી. ગણાધીશોથી આગળ ઉપરાજ અને રા[…] સુધીની અપીલો થતી. ઔદ્યોગિક મહાજ[…] (अं. ગીલ્ડ્ઝ)ને પણ મુકદ્દમાઓ ચલાવવા[…] સત્તા હતી. તેની અપીલ ગણકચેરીમાં [...] શકતી. ગ્રીક લેખકો પ્રજાસત્તાકોની ન્યાયપ[…] તિનાં ભારોભાર વખાણ કરે છે. લિચ્છવિ[…] તો મુકદ્દમાઓની નોંધવહીઓ પણ રાખ[…] તેનો પારિભાષિક શબ્દ 'સમય' છે. સ[…] એટલે પસાર થયેલો ઠરાવ.

પ્રજાસત્તાકોમાંથી કેટલાક વેપારીઓ રા[…] કીય ઊથલપાથલ દરમ્યાન દક્ષિણમાં પહોં[…] ત્યારે ત્યાંના રાજાએ ઉત્તર હિંદની રાજ્યપદ્[…] વિષે પ્રશ્ન કર્યો હતો. ત્યારે તેઓએ કહ્યું [...] 'કેટલાંક રાજ્યો રાજાવાદી છે, કેટલાંક પ્ર[…]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્તાક છે.' આ પ્રજાસત્તાકોનું નિશ્ચિત સૂચન બહુ જ મહત્ત્વનું મનાય છે. આ પ્રજાસત્તાક પદ્ધતિનો એક યુગ પર્યંતનો અમલ પ્રાચીન હિંદની અદ્યતન ઢબ જેવી અનોખી સંસ્કૃતિ પુરવાર કરે છે. આ પ્રજાસત્તાકોમાં રાજબંધારણ, કાયદો, ન્યાય, શિસ્ત, સ્વાતંત્ર્યપ્રેમ, નાણાંવહીવટ, ઉદ્યોગ, ખેતીવાડી, લશ્કરીપ્રથા, શૌર્ય, સૌંદર્યપ્રેમ, કલાપ્રેમ, જ્ઞાન, સંસ્કાર વગેરે અનેક ગુણો પૂરબહારમાં ખીલેલા હતા. આના પ્રાચીન ગ્રીકો જેવી વિચક્ષણ પ્રજાના લેખકો સાક્ષી છે.

આમ છતાં લિચ્છવિએ યૌદ્ધેયો, માલવો ઇત્યાદિ સિવાયનાં પ્રજાસત્તાકોના વિસ્તાર બહુ નાના હોવાથી અને હરીફાઈ, ઈર્ષા, કુસંપ વગેરેને લીધે આંતરિક કલહ થવાથી તેમનું અસ્તિત્વ સામ્રાજ્યો નાબૂદ કરી શક્યાં. શકો વગેરેના આક્રમણના દબાણથી પંજાબ બાજુનાં કેટલાંક સ્વતંત્રતાપ્રિય અને લડાયક પ્રજાસત્તાકોએ રાજપૂતાનાની શુષ્ક ભૂમિમાં જઈને પણ પોતાની સ્વતંત્રતા નભાવી રાખી હતી. તેવાના 'પુષ્યમિત્રો 'ના પ્રજાસત્તાકે ગુપ્તવંશનું સામ્રાજ્ય સ્થાપવામાં સંગીન મદદ કરેલી. વળી તે વંશ સાથે તેમને અથડામણ પણ થયેલી. કુમારગુપ્તને યુદ્ધમાં હણ્યો હતો. તેના પુત્ર સ્કંદગુપ્તને હાથે પરાજિત થતા પહેલાં તેને તોબાહ પોકરાવી હતી. જો સ્કંદગુપ્તે જરાક પીછેહઠ કરી હોત તો 'પુષ્યમિત્રો ' ઠેઠ પાટલિપુત્ર પહોંચી જાત. તેમ થયું હોત તો હિંદનો ઇતિહાસ જુદો જ લખાયો હોત; કારણકે હિંદ એક મહાપ્રજાસત્તાક તરીકે ફેરવાયું હોત. પણ 'જનગણમન અધિનાયક ' ભારતના ભાગ્યવિધાતાની ઇચ્છા જુદી જ હશે. યુગોથી સ્વતંત્ર રાજ્યબંધારણીય અખતરાઓ કરનાર અને કૌટિલ્ય જેવા મુત્સદ્દીઓ પેદા કરનાર હિંદ ભલે ત્યારબાદ થોડી સદીઓ સુધી પ્રગતિ કરતું અટકી ગયું અને અંધકારમાં રહી ગયું, પણ યોગ્ય દેશકાળ પ્રાપ્ત થતાં જ પાછું એક વિશાળ રાષ્ટ્રનું લોકશાહી ઢબે શાસન કરવા સમર્થ બની તેણે એક મહાપ્રજાસત્તાકનો નવો અવતાર ધારણ કર્યો અને જગતને આશ્ચર્યચકિત કર્યું. આ અત્યંત પ્રાચીન સંસ્કૃતિવાળી પીઢ પ્રજા વળી પાછી મૌલિક ઢબની 'ભેરી ઘોષ 'ને બદલે 'ધર્મઘોષ' કરનારી, જગતમાં અદ્વિતીય અને વિશ્વશાંતિની સર્જક એવી સર્વોદયી લોકશાહી સિદ્ધ કરશે એવી આશા રાખવાનો દરેક ભારતવાસીને હક્ક છે. આપણા અશોકસ્તંભના સિંહોની મુદ્રા, ચક્રનો ધ્વજ, તાજેતરનો 'સત્યમેવ જયતે 'નો રાજકીય મુદ્રાલેખ અને છેલ્લે અર્વાચીન બુદ્ધ–ગાંધીજીની સંસ્કૃતિ જેનામાં સંક્રાંત થઈ છે તેવા પંડિતજી આવા પ્રજાસત્તાકનાં સ્વપ્નનાં પ્રતીક છે. પ્રભુ એ સ્વપ્ન જલદી સિદ્ધ કરો ! ×

× 1 'Ancient Hindu Polity' by Narendranath Law 2 Hindu Polity' by Jayaswal. Kautilya's 'Artha shastra' મહાભારત (શાંતિપર્વ ઇ૦) વગેરે અભ્યાસગ્રંથોને આધારે.

★

બે મિત્રો વચ્ચે સ્ત્રી–પુરુષની જરૂરિયાતો વિષે વાતચીત થતી હતી. એકે પૂછ્યું :
'સ્ત્રી અને પુરુષની જરૂરિયાતોમાં ઘણો મોટો તફાવત હોય એમ હું માનતો નથી. તમે ?'
'છે જ. ઘણો તફાવત છે. પોતે મેળવી શકે એટલું પુરુષ મેળવવા માગે છે.'
'અને સ્ત્રી ?'
'અને સ્ત્રી ' પેલાએ જવાબ દીધો : 'પોતે ન મેળવી શકે એમ હોય તે પણ.'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કાલ્પનિક પ્રવાસ

આગ્રાથી કાશ્મીર

અધ્યા. મનસુખલાલ ઝવેરી
એમ. એ.

કોઈ પણ પ્રવાસનો ઉદ્દેશ તે સ્થળના સૃષ્ટિસૌંદર્ય ઉપરાંત ઐતિહાસિક, ભૌગોલિક તથા સાંસ્કૃતિક દર્શનનો હોય છે. પ્રવાસી જો કવિ હોય, તત્ત્વ હોય ને ઇતિહાસપ્રેમી હોય તો એના સહપ્રવાસી બનવામાં આપણને ય કોઈ ઓર આનંદ પડે છે. સુંદર ગુલાબના પુષ્પ જેવું મનોહર કાશ્મીર કાલની યુદ્ધની તોપોના બળબળતા ગોળાનું ભોગ બન્યાથી આજે તો થોડીક સુંદરતા કદાચ ખોઈ બેઠું હશે. આગ્રાથી કાશ્મીર સુધીના મોગલ બાદશાહતની જાહોજલાલીના અવશેષ સમા માર્ગનું ને હિંદના નંદનવન કાશ્મીરનું લેખકે ખૂબ જ રોચક રીતે અહીં દર્શન કરાવ્યું છે. આ પ્રવાસવર્ણનની ખાસ ખૂબી તો એની કાલ્પનિકતામાં છે.

તે વખતે હું હતો તો બાર જ વરસનો, પણ તે દિવસની વિગત મને રજેરજ યાદ છે. બપોરે દરબારમાંથી બાબા આવ્યા. હમેશાં મને જોઈને હસુંહસું થતી એમની આંખો તે દિવસે જરા વધારે હસી રહી. મારા ગાલ પર લાડની ટપલી મારી એ સીધા ગયા જનાનામાં. મને ય એટલું તો સમજાઈ ગયું હતું કે બાબા આજ આનંદમાં છે; એટલે હું ય તેમની પાછળપાછળ ગયો.

પાઘડી અમ્મીના હાથમાં મૂકતાં બાબાએ કહ્યું: 'આજ ત્રીજ થઈ, સાતમે દિવસે આપણે નીકળવાનું.'

'સાતમે દિવસે...દશેરાને દિવસે—' અમ્મી બોલી ત્યાં વચમાં જ બાબા બોલી ઊઠ્યા, 'આજે સવારે જ જહાંપનાહે મને ફરમાવ્યું કે બાલુંદખાન, કાશ્મીરની તૈયારી કરો. દશેરાને રોજ આપણે ઊપડીએ છીએ.'

મારા બાબા આલંપનાહ બાદશાહ જહાંગીરના અંગત મંત્રી હતા ને લહિયા યે હતા. એટલે જ્યાં બાદશાહ સલામત ત્યાં મારા બાબા. બાબાની સાથે અમારે ય કાશ્મીર જવાનું નક્કી થયું, ને મારું મન તો કાશ્મીરના ખ્વાબોથી જ ઊભરાઈ ગયું.

દિવસે હું અમ્મી પાસેથી કાશ્મીરની વાતો સાંભળતાં ધરાતો જ નહિ. મારું બાળક મન અખૂટ રસથી ને કુતૂહલથી કાશ્મીરની ઊંચી ને ભૂરી ગિરિમાળાઓ, ઊંડી ને હરિયાળી ખીણો, એનાં સરોવરો ને નદીઓ, એનાં ઝાડ, પાન ને ફૂલના ગાલીચાની વાતો સાંભળી રહેતું ને રાત્રે સ્વપ્નમાં શિકારામાં બેસી જેલમના જળમાં સહેલ કરવા પહોંચી જતો.

રવાના થવાની આગલી રાત્રે મેં મટકું માર્યું નહિ. ક્યારે સવાર પડે, ક્યારે તૈયાર થાઉં, ક્યારે સૌ બહાર નીકળીએ એ વિચારમાં મારી આંખો જ મળી નહિ.

ને સવારે, અનારનાં ફૂલ જેવી મારી આંખો જોતાંવેંત જ અમ્મી સાચી વાત જાણી ગઈ. મને કહે: 'તને મૂકીને તો ચાલ્યાં ન જાતને બાબા!'

દશેરાનો દિવસ એટલે સવારે હાથીઓ, ઘોડાઓની પૂજા કરવામાં આવી. ગરીબ ગુરબાંઓને ખેરાત કરવામાં આવી. અમારા ઉત્સાહનો પાર નહોતો.

અમે રવાના થયા. હાથી, ઊંટ ને ઘોડાં, ખચ્ચર ને ગધેડાં; પાલખીઓ ને ગાડાં, કતારનો છેડો જ દેખાતો નહોતો. શાહેનશાહ જહાંગીરનો રસાલો એટલે માણસોની યે કંઈ કમી શી હોય? શાહી જનાનો ને અમીર ઉમરાવો, ખાનસામા, ભિસ્તી ને બબર્ચી, બાંદીઓ ને ગુલામો, સેંકડોની સંખ્યામાં સામેલ હતાં. સાથે ઉસ્તાદો હતા ને નાચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ હતી. શાયરો હતા ને ફોજના આદમીઓ યે હતા. રસાલામાં અત્તર વહેંચનાર અત્તરિયા હતા, હલવાઈઓ ને મોદી હતા, ધોબી હતા ને દરજી હતા, હજામ ને કુંભાર હતા, મોચી ને વણકર હતા—જાણે સારું યે આગ્રા શહેર કાશ્મીર જવા ન ઊપડ્યું હોય!

સવારનો પવન ને જમનાનો કાંઠો, શાહી મહેલાતોનો દમામ ને વિશાળ રસ્તાની બંને બાજુએ ઝૂકી પડતાં ઝાડોની ઘટાઓ, વિશાળ હરિયાળાં મેદાનો ને ઊંડું ભૂરું આકાશ, રંગરંગનાં પંખીઓ ને તેમનું સૂરીલું સંગીત: સાચે જ, સ્વર્ગ આનાથી જુદા પ્રકારનું ન હોઈ શકે!

આગ્રાથી થોડે દૂર સિકંદરા પાસે અમે જરા થોભ્યા. સિકંદરામાં બાદશાહ સલામતના બાબાજાન અકબરશાહની કબર. બાદશાહ સલામતે કબર પર ફૂલ ચડાવ્યાં, દુવા ગુજારી, ગરીબગુરબાંઓને દાન આપ્યાં. અને અમે આગળ ચાલ્યા.

આખો રસ્તો ઘણો સુંદર ને મોટો હતો. રસ્તાની બન્ને બાજુએ ઘટાદાર ઝાડો ઝૂકી રહ્યાં હતાં. પાંચપાંચ છછ માઈલે મુસાફરોને ઊતરવા માટે ધર્મશાળાઓ આવતી, ને તરસ્યાંની તરસ છિપાવવા કૂવા આવતા. મારા બાબાએ કહ્યું કે આગ્રાથી છેક લાહોર સુધી આ જાતની સડક તૈયાર થઈ રહી છે.

પાંચેક કોસ ચાલ્યા પછી અમારા કાફલાએ બપોરનો મુકામ કર્યો. બધા જમ્યા. બાબા જરા આડે પડખે થયા. અમે છોકરાંઓ તો સૂઈએ જ શાનાં? બાબા જાગી ન જાય તેવી રીતે હળવે પગલે અમે બહાર નીકળી ગયાં, ને નદીના કિનારા પર પથરાયેલ અમારા કાફલામાં ઘૂમી આવ્યા. નદીનું પાણી ધીમેધીમે વહેતું હતું ને કિનારાપરનાં ઝાડ ધીમેધીમે ડોલી રહ્યાં હતાં.

ત્યાં 'પરવીઝબાબા, ચલો તો, અમ્મા બુલાતી...' કહી બાંદી મને બોલાવવા આવી. હું અમ્મા પાસે ગયો.

'આટલા તાપમાં બહાર જવાય, બેટા?' અમ્મીએ મીઠાશથી મને પૂછ્યું.

'અમે તો છાંયડામાં રમતાં'તાં, અમ્મી!' મેં કહ્યું.

'પણ જરા આરામ તો કર, બેટા! રાતઆખીનો ઉજાગરો છે; થાક લાગ્યો હશે!'

'થાક? થાક તો એ પેલો પવન લઈ ગયો, અમ્મી!'

—અને અમ્મી મારી સામે જોઈ રહી. એની આંખોમાં એ હાસ્ય હતું, જે મારી અમ્મી સિવાય બીજી કોઈ ઓરતની આંખમાં મેં જોયું નથી.

સૂર્ય નમવા લાગ્યો. કાફલામાં ફરી સળવળાટ શરૂ થયો. ડેરા ઊપડ્યા. અમે રવાના થયા. હિંદુસ્તાનનાં વિશાળ મેદાનોમાં થઈને આવતો પવન ખુશનુમા લાગતો હતો. બપોરના તાપથી બચવા માળાઓમાં ભરાઈને બેસી ગયેલાં પંખેરું ઊડવા ને ગાવા લાગ્યાં હતાં. અમારો કાફલો તાજોમાજો થઈને ચાલતો હતો.

અમે મથુરા-વૃંદાવન પહોંચ્યાં ત્યારે સાંજના રંગોની રોનક આસમાનમાં ફેલાઈ ગઈ હતી, ને પંખીઓની રંગબેરંગી પાંખ પર આથમતા સૂરજનાં કિરણો રમતાં હતાં.

કાફલાએ ત્યાં મુકામ કર્યો. રાવટીઓ નંખાઈ, તંબૂ તણાયા. જાણે કે નાનું એવું નગર જ રચાઈ ગયું. એમાં શેરીઓ હતી, ગલીકૂંચીઓ હતી; રસ્તા હતા. એમાં બજાર પણ હતી ને કાવાખાનાં યે હતાં.

મુકામ નંખાયો કે રાવટીઓની બહાર ઓરતોએ રસોઈ કરવા માટે ચૂલા સળગાવ્યા. સાઈસો ઘોડાઓને માલિસ કરવા માટે નદીકાંઠે લઈ ગયા. મહાવતો હાથીઓને નીરણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજા કરવામાં પડ્યા. બાબા હાથ–મોં ધોઈ જહાંપનાહ પાસે ગયા.

'અમ્મી, આગ્રામાં તો ઠીક પણ મુસાફરીમાં યે બાબા બાદશાહ સલામત પાસે આખો દિવસ કેમ રહે છે?' મેં પૂછ્યું.

અમ્મીએ જવાબ આપ્યો, 'બાદશાહ સલામતને કેટલું કામ રહે છે તે તું જાણે છે, બાબા? મુસાફરીમાં યે જહાંપનાહને આરામ ક્યાં છે? તારા બાબા કહેતા હતા કે આજે ઇરાનથી કોઈ એલચી આવવાનો છે. એને સૂચનાઓ આપીને અલાહાબાદ મોકલવાનો છે. દક્ખણમાં પેલો મલીકંબર છે તે તોફાન કર્યા જ કરે છે. એના સમાચાર જાસૂસે જહાંપનાહને રસ્તામાં આપ્યા, એટલે એનો બંદોબસ્ત પાછો કરવાનો...'

'તે આ બધું જહાંપનાહ કરે?' મેં પૂછ્યું.

'ત્યારે કોણ કરે? બાબા! રાજા કંઈ અમથું થવાય છે? તારા બાબા કહેતા હતા કે આપણો મુકામ અહીં છ–સાત દિવસનો છે. તેમાં કેટલા બધા માણસો જહાંપનાહને મળવા આવશે! કાબુલથી ને બંગાલથી, અમદાવાદથી ને સિંધથી બાતમીદારો આવ્યા કરે છે. એ સૌને મળવું, એમની પાસેથી વાત જાણવી, હુકમો ફરમાવવા–આ બધું કંઈ બચ્ચાંના ખેલ છે, બેટા? અને આટલું ઓછું હોય તેમ જહાંપનાહ વળી સાધુઓ, ફકીરો, મૌલવીઓ વગેરેને મળે. તેમની સાથે ચર્ચા કરે. એટલે કામ તો રહે ને?'

અને અમ્મીની વાત ખોટી નહોતી. અમે સાત રોજ મથુરા રહ્યા તે દરમ્યાન રોજ સાંજે જહાંપનાહ એક હિંદુ ગોસાઈને ત્યાં જતા. બાદશાહ સલામત જાતે ઊઠીને કોઈને ઘેર જાય એ જોઈને અમારી નવાઈનો પાર રહેતો નહિ. પણ મારા બાબા કહેતા કે 'એ જગદ્રૂપ ગોસાઈ પર બાદશાહ સલામ[...] ભારે મહેરબાની છે.'

મથુરાથી અમે દિલ્હી ગયાં. આ[...] રોજનો શિરસ્તો એવો કે સવારે રવાના [...] બપોરે મુકામ કરવો; ખાઇપરવારી, આ[...] લઈ, બપોર નમ્યે ફરી મજલ શરૂ [...] સાંજ પડચે ફરી કોઈ સરસ જગ્યાએ મુ[...] કરવો. પુરુષો કામ કરે, ઓરતો રસોઈ [...] છોકરાંઓ રમે ને ભમે.

રસ્તામાં ટેકરીઓની ધાર આવે. [...] ને નાળાં આવે. લીલાંછમ ખેતરો [...] નાનાંનાનાં ગામડાં આવે. મોટાંમોટાં શ[...] યે આવે.

અમારો કાફલો ટેકરીઓ હોય તો [...] જાય, નદીનાળાં આવે તેને તરી જાય, [...] ને મેદાનોને વટાવતો જાય, ગામડાંના [...] એને જોવા માટે ટોળે મળે. શહેરની [...] પાસમાં મુકામ હોય તો કેટલા ય [...] શહેરની બજારોમાં લટાર મારી આવે.

હમેશાં અમારું આમ ચાલતું. રોજ [...] નવું જોવા મળે એમાં દિવસો ક્યાં ઊડી [...] એની ખબર જ ન પડતી. એવામાં [...] દિવસ એવું બન્યું કે દિલ્હી પછી અ[...] કાફલાએ રાતવાસો કરવા મુકામ કર્યો.

હમેશની જેમ રાવટીઓ નંખાઈ. [...] શરૂ થઇ. હું લટાર મારવા નીકળ્યો. અ[...] થતું જતું હતું. ચૂલામાંથી નીકળતા ધુ[...] ને લીધે કશું સૂઝતું નહોતું. ધુમાડો [...] આંખોમાં ભરાયો ને આંખો બળવા [...] આંખો ચોળતો હું અમારા તંબૂ તરફ [...] લાગ્યો. ત્યાં 'ઓચિંતો મને કોઈ [...] ખીલો વાગ્યો. 'અમ્મી' કરતો કને હું [...] બાઈ ગયો. મારો ઘૂંટણ ભાગ્યો ને [...] કપડાં લોહીથી ખરડાઈ ગયાં.

અમારા તંબૂ તરફ જવા મેં ફાંફાં [...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તંબૂ શો ? ને વાત શી ? હું ભૂલો પડી ગયો. થોડીવાર તો મેં હિંમત ટકાવી રાખી; પણ અંતે મારાથી 'અમ્મી' કહીને બૂમ પડાઈ ગઈ. 'અમ્મી' સામેથી અવાજ આવ્યો. મેં ફરી બૂમ મારી. 'અમ્મી, અમ્મી, અમ્મી.' સામેથી ફરી અવાજ આવ્યો. 'અમ્મી, અમ્મી, અમ્મી...' હું ચમક્યો; મેં ફરી બૂમ મારી. 'અમ્મી ઇ ઇ ઇ.' સામેથી ફરી અવાજ આવ્યો. 'અમ્મી ઇ ઇ ઇ.' 'કોણ છે?'...હું ચિડાયો.

'કોણ છે? અમ્મી ઇ ઇ ઇ ઇ' સામેથી કોઈએ મારા ચાળા પાડ્યા. હું વધારે ચિડાયો. ક્રોધમાં ને ક્રોધમાં મારાથી રડી દેવાયું: 'એં એં એં એં' 'એં એં એં એં... હા! હા! હા! હા!'–આમ મારા ચાળા પાડીને ખડખડાટ હસતી એક છોકરી મારી પાસે આવી. 'કેમ રડે છે?' એણે મને પૂછયું.

'મારી અમ્મી...મારો તંબૂ'...મારાથી વધારે બોલાયું નહિ. 'ભૂલો પડી ગયો છે કે?' એણે પૂછયું. ત્યાં તો પાસેના તાપણાના અજવાળામાં એનું ધ્યાન મારા ઘૂંટણ પર પડયું. 'અરે! અરે! આ શું? આટલું બધું વાગ્યું ક્યાંથી? આટલું બધું? ચાલ.' એણે કહ્યું.

અને અમે તેના તંબૂમાં ગયાં. એની બાએ મારો પગ ધોયો. પાટો બાંધ્યો. મારી વેદના જરા ઓછી થઇ. 'રોશન, બેટા, હમણાં તારા બાબા આવશે એટલે પરવીઝને મૂકી આવશે. ત્યાંસુધી તમે વાતો કરો. પરવીઝને દ્રાક્ષ ને જરદાલુ આપ.'

'પરવીઝને દ્રાક્ષ અને જરદાલુ, તો મને શું?' રૂપાની રણકતી ઘંટડી જેવા સૂરે હસતાંહસતાં એણે પૂછયું.

'તું યે લેજે જરદાલુ, થયું?'

'એ તો મારા ભાગનાં, પણ ઇનામનું શું?'

'ઇનામમાં ધપ્પો. રહીશ હવે?'

અને માદીકરીના હાસ્યથી આખો તંબૂ ભરાઈ ગયો.

અમે–રોશન અને હું–ખાતાંખાતાં વાતે વળગ્યાં. મેં એને વાતવાતમાં પૂછયું:

'તેં આગ્રા જોયું છે, રોશન?'

'નહીં ત્યારે? અમે ત્યાં જ રહીએ છીએ ને?'

'આગ્રા તને ગમે છે?'

'જરા ય નહિ.'

'કેમ? આગ્રાના બગીચા, જમનાનો કિનારો, શહેરનાં બજારો...'

'એમાં તે શું જોવા જેવું છે, ધૂળ? મને તો આગ્રા દીઠે ય ગમતું નથી. આખો દિવસ તાપમાં બફાઇ મરીએ. ને શિયાળો હોય તો ટાઢમાં થીજી જઈએ. એના કરતાં તો અમારું કાબુલ સાત સારું.' એ વચમાં જ બોલી.

'પણ બાદશાહ સલામતનો મહેલ તેં જોયો છે, રોશન?'

'ના.'

'ત્યારે આગ્રા તેં જોયું જ નથી.'

'એમ કેમ, પરવીઝ?'

'નહિ ત્યારે? બાદશાહ સલામતનો મહેલ કેવો છે તે જાણ છ? મોટાંમોટાં દીવાનખાનાં...ઊંચીઊંચી અગાશી ને રૂપાળા–રૂપાળા ઝરૂખા. નાહવાના હોજમાં જમનાનું પાણી સીધેસીધું આવે...ને પાણી યે અત્તરની વાસથી મહેકમહેક થઈ રહેતું હોય...સુખડનાં બારીબારણાં...'

'સાચે જ, પરવીઝ'–રોશન નવાઈ પામતી હતી.

'ત્યારે? હીરા ને મોતી અને માણેક ને પાનાંથી જડેલી ભીંતો–સંગેમરમરની ફરસબંદી ને શિયાળામાં હૂંફ અને ઉનાળામાં ટાઢક...'

'પરવીઝ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, હું તને એની શી વાત કહું, રોશન? એની કરામત તું જુએ તો મોંમાં આંગળી નાખી જાય. એનાં ચિત્રોના રંગ પાસે આસમાનના રંગો રદ છે. ને એની કારીગરીનો જોટો દુનિયામાં યે નહિ મળે.'

રોશન આશ્ચર્યથી આંખો ફાડીને આ બધું સાંભળી રહી હતી. હું ખીલ્યો હતો. મેં આગળ ચલાવ્યું:

'બાદશાહ સલામત પાસે એવા વણકરો છે, રોશન! જેણે વણેલી એક આખી સાડી એક નાનકડી ડબ્બીમાં સમાઈ જાય. ને એક ઊભેલો હાથી આખેઆખો ઢંકાઈ જાય એટલું કાપડ માત્ર મૂઠીમાં જ સમાઈ જાય.'

'સાચી વાત, પરવીઝ?'

'જુઠી ત્યારે? તેમાં વળી હમણાં એક પરદેશી આવ્યો છે. એણે બાદશાહ સલામતને કંઈ ભેટસોગાદ ધરી છે, કંઈ ભેટસોગાદ! જરી કિનખાબનાં થાન ને બંદૂક ને ગાડી... એનું નામ ફિરંગી.'

'ફિરંગી?' રોશને પૂછ્યું.

'હા. એ દૂરદૂરના દરિયા ઊતરીને આવ્યો છે.'

'દરિયા? દરિયો કેવો હોય?'

'મેં ય જોયો નથી, પણ મારા બાબા કહેતા હતા કે દરિયામાં તો પાણી જ પાણી હોય; ને એ પાછું ખારુંખારું ઉસ જેવું હોય. એ એટલો મોટો ને ઊંડો હોય છે કે તેમાં આખી દુનિયા ગાયબ થઈ જાય.'

'બાપ રે! તેં એ ફિરંગીને જોયો છે?'

'હા એકવાર, દરબારમાં.'

'એ કેવો હોય?'

'આપણા જેવો જ. માત્ર આપણા કરતાં એનો રંગ કંઈક જુદો.'

'મેં એને જોયો નથી.'

'મારા બાબાને કહીશ; એ આપણને બતાવશે.' મેં કહ્યું.

'પણ અમે કાબુલ ચાલ્યાં ગયાં હો... તો?' એણે પૂછ્યું.

'કાબૂલ? કેમ?'

'મારા બાબા કહેતા હતા કે ઘણાં વ... થયાં ઘેર ગયાં નથી તે જઈ આવીએ.'

'કાબુલ ક્યાં આવ્યું, રોશન?'

'ડુંગરોની પેલી પાર, પરવીઝ! ... અમારી સાથે આવશે? હું મારા બાબ... કહું.'

'પણ મારી અમ્મી ને બાબા મને રજા... આપે ને?'

'આપશે, આપશે, મારી અમ્મી ત... અમ્મીને કહેશે...ને પરવીઝ! કાબૂલમાં એ... મઝા પડશે, એવી મઝા પડશે! મોટામો... બગીચા...ફૂલના ઢગલા...તડબૂચના વેલા... દ્રાક્ષના માંડવા...એક જુઓ ને બીજું ભૂલો... ને મોટામોટા ડુંગરો...આપણે એના... ચડીશું ને એની ખીણોને ખૂંદીશું, પરવી... ને રસ્તામાં યે એવી મઝા આવશે! આ... ડુંગરાઓમાં થઈને જઈશું...બરફનાં શિ... વાળા ડુંગરાઓમાં થઈને...'

'બરફનાં શિખર?'–મારી નવાઈ... પાર ન હતો. રોશન ફૂલની માફક ... ઊઠી હતી.

'હા, અમે જ્યારે અહીં આવ્યાં ... અમારા રસ્તાની બન્ને બાજુએ ઊંચી... ધારો હતી. ને દૂર...દૂર...દૂર બરફનાં શિ... હતાં. સૂરજના તેજમાં એ એવાં તો ... હુળી રહ્યાં હતાં! ને સાંજને વખતે તે... એવાં શોભી ઊઠતાં હતાં...પરવીઝ! તું ... આવ; આવશે ને?'

'મારી અમ્મી ને મારા બાબા'–

'માલી અમ્મી ને માલા બાબા'... પૂરું બોલવા દીધા જ સિવાય રોશને ચિડ... મારા ચાળા પાડ્યા. ને 'અમ્મી! આ ... જોને, અમ્મી અમ્મી કર્યા કરે છે?'...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી ફરિયાદ કરતી એની બાને કહેવા લાગી. એના બાબા આવી ગયા હતા. એ મને મારે તંબૂએ મૂકી ગયા:

ને તંબૂએ પહોંચતાં વેંત હું મારી અમ્મીના ખોળામાં લપાઈ ગયો.

પછી તો રોશનની સોબત મારે રોજની થઈ પડી. આખો દી અમે સાથે રમીએ, ફરીએ ને લડીએ. એ મને કાબુલની વાતો કર્યા કરતી હોય, હું આગ્રાની. ને એમ કરતાંકરતાં અમે લાહોર પહોંચ્યાં.

લાહોર પહોંચ્યા પછી બીજે કે ત્રીજે દિવસે સાંજે બાદશાહ સલામત શાલીમાર બાગમાં બેઠા હતા. થોડા અમીર ઉમરાવો ય હતા ને શાયરો યે હતા. ત્યાં કુર્નિશ બજાવી દરવાન ઊભો રહ્યો.

'કેમ?' મારા બાબાએ પૂછ્યું.

'એક અજબ જેવી લડકી આવી છે. જહાંપનાહની ફરમાયેશ હોય તો...'

બાદશાહ સલામતે આંખવતી હા પાડી. ને થોડીવારમાં દરવાન પાછો હાજર થયો. પણ એની સાથે આ કોણ? ખુદા! ખુદા! આ તો લડકી? કે...કે...કોઈ સાંઈ મૌલા? લડકીના મોઢા પર દાઢીમૂછ ઊગ્યાં હતાં. દરબાર આખો સ્તબ્ધ થઈ ગયો. જહાંપનાહ અને શાહાનશાહબાનુ પણ આશ્ચર્યમાં ડૂબી ગયાં. હું તો આભો જ બની ગયો—એવો આભો કે લડકી જ્યારે પાછી ગઈ ત્યારે તેની પાછળપાછળ હું ગયો.

'અરે! લડકી! જરા ખડી રહે તો!' એ અટકી: 'ક્યોં?' એણે પૂછ્યું.

'અરે! વાહ! શી ફાંકડી દાઢી ઉગાડી છે?' કહીને એની દાઢીને પસવારવા ગયો, ત્યાં તો ફડાક કરતો મારા ગાલ પર તમાચો પડ્યો. હું ગાલ પંપાળવા લાગ્યો ને લડકી ચાલી ગઈ.

તે દિવસે રોશનને મેં લડકીની વાત કરી: લપડાકની નહિ.

લાહોર છોડ્યું ને કુદરત આખી બદલાઈ જ ગઈ. વસંત બેસી રહી હતી ને કાશ્મીર દૂર નહોતું. બારામુલા ગયા ને અમે કાશ્મીરને આંગણે આવી પહોંચ્યાં. જાતજાતનાં ફૂલો ને જાતજાતની માછલીઓ, જાતજાતનાં પંખી ને જાતજાતનાં પશુઓ, એના ડુંગરો ને નદીઓ, અરીસા જેવાં સરોવરો ને ઊંડું ઘેરું આસમાન: કાશ્મીરની શોભાની તોલે કોણ આવી શકે? બારામુલામાં તો મોર ને વાંદરાનું જ જાણે કે રાજ્ય હતું. ત્યાં બેત્રણ દિવસ રોકાઈને અમે શ્રીનગર ગયા. અને ત્યાં દાલ સરોવર પર બાદશાહ સલામતનો મુકામ પડ્યો.

આમ અમારો કાફલો કાશ્મીર પહોંચ્યો. ઘર છોડ્યે કેટલા દિવસ થયા? આજે ગુરુવાર છે. દશેરાને દિવસે આગ્રા છોડ્યું ત્યારે યે ગુરુવાર હતો. પણ તે દિવસે શહરિયાર મહિનાની તેરમી તારીખ હતી. આજે ફરવરદીનની અગિયારમી. કાશ્મીર પહોંચતાં અમને બરાબર સાડાપાંચ મહિના થયા.

કાશ્મીરની હવા મારા ગાલને અડી કે એ ગુલાબીગુલાબી થઈ ગયા ને જરા ફાટી ગયા. એ જોઈ કોઈએ મારા બાબાને કહ્યું કે 'કાશ્મીરની હવા એવી જોરદાર છે કે નાસ્તા માટેની મરઘીને એનો જરા હાથ અડે તો એ યે, રકાબીમાંથી જીવતી થઈ પાંખો ફફડાવતી ઊડી જાય!'

અને બન્યું યે, સાચે તેમ જ. મને ને રોશનને ય પાંખો ફૂટી ને અમે ઊપડી જતાં દૂરદૂર દાલ સરોવરને કોઈક ખૂણે: મેં ત્યાં ઝાડોની ઘટા નીચે કલાકોના કલાકો સુધી બેસી રહી, સરોવરના જળમાં પડતું અમારું પ્રતિબિંબ જોઈ રહેતાં.*

* ઑલ ઈન્ડિયા રેડિયોના સૌજન્યથી. ૧૪–૯–૪૯

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આયુર્વેદનું ઔષધિશાસ્ત્ર

શ્રી વલ્લભરામ વૈદ્ય
આયુર્વેદાચાર્ય

ભોજનમાં લેવાતા દ્રવ્યનો સ્વાદ જાણીતા રસમાંથી એક હોય, પણ ઉદરમાં ગયા પછી તે પર ક્રિયાઓ થવાથી તેનો વિપાક–પરિણામ વિ... આવે છે. કેટલીક વખત રસ, વીર્ય અને વિ... સરખાં હોવા છતાં પણ તે દ્રવ્ય જુદું ગુણ... કરે છે. આ સર્વની ઊંડી અને ચોક્કસ શો... સેંકડો વર્ષો પૂર્વે થયેલા આપણા પ્રાચીન આ... વૈદાચાર્યોએ કરી છે. આ શાસ્ત્રની મૂળભૂત બાબતો અહીં ચર્ચવામાં આવી છે.

દ્રવ્યોના ગુણદોષ જાણવા માટે અગાઉના આચાર્યોએ રસ, વીર્ય, વિપાક અને પ્રભાવ–સાધનો નક્કી કરેલાં છે. આયુર્વેદની લગભગ ૬૦૦ ઔષધિઓનાં ગુણદોષોની પરીક્ષા ઉપરની પદ્ધતિથી કરી છે, એ જ તેનું ઔષધિશાસ્ત્ર છે. અનુમાન ઉપર રચાયેલ આ પદ્ધતિ આજની વૈજ્ઞાનિક પદ્ધતિ સાથે હજુ હરીફાઈ કરે તેવી છે. + આયુર્વેદના આ પ્રયોગો જનાવરો ઉપર કરવાની જરૂર પડતી નથી, તેથી તેમાં હિંસાનો લેશ પણ અંશ નથી.* આ પ્રયોગો સીધા માણસો ઉપર તથા ઋષિ-વૈદ્યોએ પોતાની જાત ઉપર જ કરેલા છે અને હજુ પણ તે મુજબ વધારે શોધખોળ ચાલી શકે છે. જીભને કોઈ ચીજનો સ્પર્શ થાય અને સ્વાદ ઉત્પન્ન થાય તે વખતે × મીઠો, ખાટો, ખારો, તીખો, કડવો અને તૂરો એ છ રસમાંથી જે સ્વાદ આવે તે **रस** કહેવાય છે. તેવી જ રીતે દ્રવ્ય ગરમ છે કે ઠંડું એ બધાં જ દ્રવ્યોમાં જોવાનું રહે છે. મરી અને ચિત્રક ગરમ છે. ચંદન ને ગોખરું ... છે; એ વીર્ય કહેવાય છે. મોટે ... ગરમ અને ઠંડું એ બે જાતનાં વીર્ય ... કેટલાક તેને આઠ જાતનાં કહે છે.

विपाक એટલે શરીરમાં દ્રવ્ય ગયા ... તેના ઉપરની ક્રિયા થઈને તેની સમાપ્તિ ... અને તેનું જે પરિણામ આવે તે, જેમકે ... મીઠો છે. તે શરીરમાં પચ્યા પછી તેનો ... પણ મીઠો ગણાય છે. કુલ વિપાક ... જાતના છે: મીઠો, ખાટો, અને તીખો.

મીઠા અને ખારા રસનો **विपाक** મીઠો ... છે. ખાટા રસનો **विपाक** ખાટો જ થા... તીખા, કડવા અને તૂરા રસનો **विपाक** ... થાય છે. આમ **रस**, **वीर्य** અને વિપાક... સામાન્ય વ્યાખ્યા થઈ.

હવે પ્રભાવ એટલે શું ? એ આપણે ... કોઈ પણ દ્રવ્યનાં રસ, વીર્ય ... વિપાક સરખાં હોવા છતાં જે ગુણકાર્ય ... થી (રસ, વીર્ય અને વિપાકથી) જુદું ... કરે તેને **प्रभाव**÷ કહે છે:

(૧) જેમકે ફણસ ખાટું છે ... આંબળાં પણ ખાટાં છે. આમ છતાં આ... ત્રણે દોષને મારે છે, જ્યારે ફણસ તેમ ... નથી, પણ માત્ર આમરસનો ગુણ વાયુ ... નો છે, તે જ તેમાં છે.

\+ योगमासां तु यो विद्यात् देशकालोपवादितम् ।
पुरुषं पुरुषं वीक्ष्य स ज्ञेयो भिषगुत्तमः ॥
च. सू. १–१२३

* रसो विपाके द्रव्याणां विपाकः कर्मनिष्ठया ।
वीर्यं यावदधीवासात् निवाताच्चोपलभ्यते ॥
च. सू. २६–६६

× स्वादुरम्लोऽथ लवणः कटुकस्तिक्त एव च ।
कषायश्चेति षट्कोऽयं रसानां संग्रहः स्मृतः ॥
च. सू. १–६६

÷ रसवीर्यविपाकानां समानं यत्र विद्यते ।
विशेषः कर्माणां चैव प्रभावस्तस्य स स्मृ...
च. सू. २...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) એવી જ રીતે **चित्रक*** તીખો છે અને તેનો **विपाक** પણ તીખો છે. વળી તે ગરમ એટલે **उष्णवीर्य** છે. એના જ સમાન ગુણવાળો **नेपाळो** હોવા છતાં તે પોતાના **(प्रभावजन्मगुण)**થી વિરેચન કરે છે, જ્યારે **चित्रक**માં વિરેચન કરવાનો ગુણ નથી.

(૩) ઘી અને દૂધ બન્ને મધુરરસવાળા છે ને **विपाक**માં પણ મધુર છે, તથા શીતવીર્ય છે. આમ છતાં દૂધ દીપન ગુણવાળું નથી, જ્યારે ઘી **दीपन** છે. એ પણ **प्रभाव**થી જ.

(૪) દ્રાક્ષ અને જેઠીમધ **मधुररस विपाक** અને **शीतवीर्य** છે. આમ છતાં દ્રાક્ષથી ઝાડો સાફ થઈ વિરેચન પણ થાય છે, જ્યારે જેઠીમધથી તેમ થતું નથી.

આ રીતે દ્રવ્યોના ગુણ જાણવામાં **रस, विपाक, वीर्य** અને **प्रभाव** એ ચારે વસ્તુઓ ઉત્તરોત્તર બળવાન છે. એટલે કે **रस**થી **विपाक, विपाक**થી **वीर्य** બળવાન છે અને **सहु**થી **प्रभाव** બળવાન છે. એથી કોઈ દ્રવ્ય રસમાં ખારું હોવા છતાં તેનો **विपाक** મીઠો થવાથી તે તેવાં ફળ આપે છે. વળી તે ચીજ ગરમ હોય તો તેના **उष्णवीर्य**નું ફળ આપે છે અને તેનો કોઈ હરડેની જેમ જુદો જ **प्रभाव** હોય તો તે **रस, वीर्य** અને **विपाक** ત્રણેને દૂર કરીને પોતાના **प्रभाव**નો જ ગુણ બતાવે છે.×

આમ હોવા છતાં એ બધામાં એટલું તો જોવાનું જ રહે છે કે એમાં બળવાન કોણ છે ? અર્થાત્ દ્રવ્યમાં રસનું બળ વધારે હોય તો વિપાક થતા પહેલાં જ તે પોતાનો ગુણ બતાવે છે. તેમ જ **वीर्य** અને **विपाक**નું પણ જાણવું.

પરંતુ **प्रभाव**ને કોઈ અપવાદ નથી. આમ સામાન્ય નિયમ હોવા છતાં કેટલાક આચાર્યો **विचित्र-प्रत्ययारब्ध** ÷ દ્રવ્યોના દાખલાઓ ટાંકે છે; જેમકે ઘઉં અને જવ બન્ને મીઠા રસવાળા અને શીતવીર્ય અથવા તો ગુરુવીર્ય છે, છતાં મધુર રસનું વાયુ હરવાનું કાર્ય ઘઉં કરે છે, જ્યારે જવ ઊલટો વાયુકર્તા છે.

તેવી જ રીતે માછલાં સ્વાદુ **रस**વાળાં અને ભારે હોવા છતાં **उष्णवीर्य** છે. જ્યારે દૂધ મીઠા રસવાળું અને ભારે એટલે ગુરુ ગુણવાળું છે છતાં **शीतवीर्य** છે.

આમ હોવાથી કોઈ જગ્યાએ **रस** ક્યાંક **वीर्य** તો ક્યાંક **विपाक** અથવા એ ત્રણેમાંથી એક બે અથવા ત્રણેના ગુણો સાથે પણ મળતા હોય છે, તે અનુભવે જોવાનું છે. એ રીતે જ **प्रभाव**થી દ્રવ્ય એક કામ કરે છે, છતાં રસ વગેરેની જેમ દ્રવ્ય પણ ગુણ કરતું હોય છે. પરંતુ સામાન્ય નિયમ તો આપણે અગાઉ જોઈ ગયા તેવો જ છે. મધનો રસ કષાય હોવાથી તે પિત્તનું શમન પણ કરે છે. જ્યારે તેનો વિપાક તીખો હોવાથી તે **कफ**ને પણ મારે છે. આ બધા અપવાદજનક દ્રવ્યોમાં આચાર્યોએ ઘણું વિચાર્યું છે. અને આપણે પણ દ્રવ્યના પ્રયોગો કરતાં હંમેશ અજમાવવાનું રહે જ છે; કેમકે વિજ્ઞાનનો કોઈ અંત નથી. દરરોજ નવું જ્ઞાન અનુભવથી ઉત્પન્ન થાય છે.

હવે **रस, वीर्य** અને **विपाक** વિષે જરા વધુ ઊંડી નજર નાખીએ.

આયુર્વેદશાસ્ત્ર પંચમહાભૂત ઉપરથી જ રચાયું છે, એથી છએ રસ પ્રથમ તો પંચમહાભૂતમાંથી કેવી રીતે ઉત્પન્ન થયા તે

---

* दंती रसाद्यैस्तुल्याऽपि चित्रकस्य विरेचनी ।
मधुकस्य च मृद्वीका घृतं क्षीरस्य दीपवनम् ॥
अ. हृ. सू. ९–२५

× रसौ विपाकस्तौ वीर्यं प्रभावस्तान् व्यपोहति ॥
अ. हृ. ९–२५

÷ स्वादुर्गुरुश्च गोधूमो वातजित् वातकृत्यवः ।
उष्णाः मत्स्याः पयः शीतं कटुः सिंहो न शूकरः ॥
अ. हृ. सू. ९–२८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણવું જોઈએ.

* પૃથ્વી—પાણી   પૃથ્વી—અગ્નિ
| |
મીઠો   ખાટો

પાણી—અગ્નિ   આકાશ—વાયુ
| |
ખારો   તીખો

વાયુ—અગ્નિ   પૃથ્વી—વાયુ
| |
કડવો   તૂરો

ઉપર મુજબ બબ્બે તત્ત્વોના સમ-વિષમ મિશ્રણથી છ રસો થયા છે; જેમકે પૃથ્વી અને પાણીના મિશ્રણથી મીઠો, પૃથ્વી અને અગ્નિતત્ત્વના મિશ્રણથી ખાટો વગેરે.

રસોનું દોષો ઉપર વર્ચસ્વ+

वात   **पित्त**
| |
મીઠો, ખાટો, ખારો   તૂરો, મીઠો, કડવો
વાયુને જીતે   પિત્તને જીતે

कफः
|
તૂરો, તીખો, કડવો
કફને જીતે

એ જ રીતે તીખો, કડવો અને તૂરો વાયુનો પ્રકોપ કરે છે. તીખો, ખાટો અને ખારો પિત્તનો પ્રકોપ કરે છે અને મીઠો, ખાટો તથા ખારો કફનો પ્રકોપ કરે છે.×

રસો માટેનો આ સામાન્ય નિયમ થયો, પરંતુ આમાં અપવાદો તો છે જ. જે ઔષધિઓ કે દ્રવ્યોમાં જે રસો વાતશામક હોય તોપણ તે દ્રવ્યોમાં જો **रौक्ष्य**, **लघु** **शीत** ગુણો હોય તો તે વાયુનો નાશ [કરી] શકતા નથી.

એવી જ રીતે જે રસો પિત્તશામક [હોય] છતાં તે દ્રવ્યમાં **तीक्ष्ण**, **उष्ण** અને **लघु** [ગુણો] હોય તો તે પિત્તને જીતી શકતા [નથી]. એવી જ રીતે જે દ્રવ્યમાં જે રસો [કફ] મારનાર હોય છતાં જો તે દ્રવ્યમાં **स्नि**[**ग्धता**], **गुरुता** અને **शीतलता** હોય તો તે કફને [જીતી] શકતા નથી.÷

આપણે જે ગુણોનું વર્ણન કરી [ગયા] તે તે દોષોને વધારનારા ગુણો દ્ર[વ્યોમાં] હોય તો તે દ્રવ્યોમાં રહેલા રસો તે તે [દોષોને] હરવાવાળા હોવા છતાં ગુણો તેઓને તે [કાર્ય] કરવામાં નિષ્ફળ બનાવે છે, તે ખાસ [ધ્યાનમાં] રાખવા જેવી વાત છે.

વળી ઘણાં દ્રવ્યો એવાં છે કે જે [રસમાં] પરસ્પર બરોબર હોય, છતાં ગુણમાં ભિન્ન હોય છે. તેઓને **विचित्रप्रत्ययारब्ध** જાણવાં. જેમકે—

(૧) કોઠું અને આંબળું બંને [ખાટાં] છે, છતાં કોઠું કબજિયાત કરે છે [અર્થાત્] **संग्राही** છે, જ્યારે આંબળું દસ્તને સા[ફ લાવનારું] હોવાથી **भेदी** છે.

(૨) તીખા રસવાળું દ્રવ્ય [વૃષ્ય] હોતું નથી એવો નિયમ હોવા છતાં [પીપર] અને સૂંઠ બંને **वृष्य** છે.

(૩) **कषाय** એટલે તૂરા રસવાળ[ાં દ્રવ્યો] સામાન્ય નિયમ મુજબ **स्तंभक** અને [શીત ગુણ] ધરાવે છે. આમ છતાં હરડે તૂરી [હોવા છતાં] **रेचक** તથા **उष्ण** ગુણ પણ ધરાવે છે.

આમાં **प्रभाव**નો દાખલો લાગુ [પડે] તેમ નથી. તેનાથી આમાં ફેર એટ[લો છે] **रस**, **वीर्य** અને **विपाक** એ ત્રણે જે ...

* જુઓ વાગ્ભટ્ટ अ. हृ. सू. अ. १०–१

\+ स्वाद्वम्ललवणा वायुं कषायस्वादुतिक्तकाः ।
जयन्ति पित्तं श्लेष्माणं कषायकटुतिक्तकाः ॥
च. सू. १–६६

× कट्वम्ललवणाः पित्तं स्वाद्वम्ललवणाः कफम् ।
कटुतिक्तकषायाश्च कोपयन्ति समीरणम् ॥
च. सू. अ. १ श्लो. ६६ (क्षेपक)

÷ જુઓ સુશ્રુત सू. अ. ४० श्लो. ६...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ હોય છતાં પણ ગુણમાં ફરક હોય તો તે પ્રભાવથી જ પોતાનું જુદું કાર્ય કરે છે એમ કહેવાય. આ દાખલાઓમાં માત્ર રસમાં બે દ્રવ્યો મળતાં છે, છતાં ગુણમાં પરસ્પર વિરુદ્ધ છે, તેને **विचित्रप्रत्ययारब्ध** દ્રવ્યો કહ્યાં છે.

વિપાક

રસના બળનો નાશ કરીને વિપાક પોતાનું બળ કે શક્તિ શરીરમાં બતાવે છે એમ આપણે આગળ કહી ગયા. જેમકે મધમાં મધુર રસ છે તેમ છતાં એનો **विपाक** તીખો (**कटु**) થાય છે. આથી મધુર રસનું વાયુનાશ કરવાનું કાર્ય થતું નથી; ઊલટું વાયુકોપના કારણભૂત **कटु विपाक** થાય છે. મધનો એ **प्रभाव** છે કે **मधुर** રસનું કાર્ય નહીં કરતાં તેમાં રહેલા તૂરા રસથી તે **कटु–विपाक** આપે છે એથી જ તે **कफनाशक** દ્રવ્ય મનાય છે.

છ યે રસોના ત્રણ જાતના વિપાક માન્યા છે; પણ સુશ્રુતાચાર્ય બે જ વિપાક માને છે. મધુર અને કટુ; જ્યારે ચરક અને વાગ્ભટે મધુર, અમ્લ અને કટુ એમ ત્રણ× વિપાકનો સ્વીકાર કર્યો છે. ત્યારપછીના આયુર્વેદના વ્યાખ્યાનકારો અને સંગ્રહકારોએ પણ ત્રણ વિપાક સ્વીકાર્યા છે. ચરકના વ્યાખ્યાનકાર ચક્રદત્ત જોર-પૂર્વક સુશ્રુતના બે વિપાકનું ખંડન કરે છે,÷ જ્યારે સુશ્રુત તો કહે છે કે છ એ રસના છ જુદા વિપાકો પણ બને અને તેનાં દૃષ્ટાંતો આપતાં આખરે બે વિપાક છે એમ પોતાનો મત જણાવે છે. એથી એ કાળમાં **विपाक**ની બાબતમાં ઘણાં મતમતાંતરો હતાં એ સ્પષ્ટ સમજાય છે. આમ છતાં **विपाक** ત્રણ જાતના માનવા એ વધુ અનુભવગમ્ય લાગે છે; કારણકે ખાટા પદાર્થોનો પાક ખાટો થાય છે, એમ આપણે તેની શરીર પરની અસરથી જાણી શકીએ છીએ. એટલે ત્રીજા **अम्लविपाक**ને માન્ય રાખવો જ જોઈએ. **श्रीचरकाचार्ये** એટલા માટે કહ્યું છે કે:

તૂરો, તીખો અને કડવો એ રસોનો વિપાક મોટેભાગે તીખો જ થાય છે.÷ એનો અર્થ એમ પણ ખરો કે કોઈ વખત દ્રવ્યમાં રસ બળવાન હોય ત્યારે પોતાના જેવો એટલે તૂરો અને કડવો **विपाक** પણ કરે ખરો. આ વાત આજે **प्रतिद्रव्य** માં અનુભવ કરીને કહી શકાય.

मधुर रसनो विपाक મધુર જ કહ્યો છે જ્યારે **लवण**(ખારા રસનો **विपाक** પણ મધુર જ માન્યો છે. જ્યારે **अम्ल**=(ખાટા) રસનો ખાટો જ **विपाक** માન્યો છે.

આમ રસો ને વિપાકમાં જ્યારે ફરક પડે છે, ત્યારે કડવા અને તૂરા રસનું પરિણામ તીખું જ આવે એટલે રસનો ગુણ એક બાજુ રહેતાં વિપાકનો ગુણ લાગુ પડે છે. આચાર્યોએ વિપાકના ગુણો વિચાર્યા છે.

÷ મધુર વિપાક થાય તો તે મળમૂત્ર સાફ રાખે, શરીરમાં કફ એટલે બળ વધારે અને વીર્ય પણ વધારે છે. ખાટો વિપાક થાય તો મળમૂત્ર તો સાફ રાખે જ, પણ **वीर्य** એટલે શક્તિ કે ધાતુનો નાશ કરે એટલે હ્રાસ કરે–ઘટાડે એવા અર્થમાં **नाशनः** કહ્યું છે. ઉપરાંત તે **पित्त** વધારે છે. પરંતુ જ્યારે પરિણામ તીખું એટલે **विपाक** તીખો થાય તો તે મળમૂત્ર–ની કબજિયાત કરે, તેમજ વીર્ય ઘટાડે અને વાયુ ઉત્પન્ન કરે; કેમકે મધુર વિપાક ભારે હોય છે, જ્યારે તીખો અને ખાટો વિપાક હલકો હોય છે. *

જુઓ ચરક સૂ. अ. २६. श्लो. ६१–६२

જુઓ સુશ્રુત સૂ. अ. ४० गद्य. १०

÷ कषायकटुतिक्तानां विपाकः प्रायशः कटुः ।
अम्लोऽम्लः पच्यते स्वादुर्मधुरं लवणस्तथा ॥
च. सू. अ. २६–५८

* शुक्रहा बद्धविण्मूत्रो विपाको वातलः कटुः ।
मधुरः सृष्टविण्मूत्रो विपाकः कफ शुक्रलः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક ઔષધિ કે દ્રવ્યના ગુણો જાણવામાં रस, विपाक, वीर्य, प्रभाव બધું જ વિચારવાનું રહે છે. સૂંઠ તીખી છે પણ તેનો विपाक મધુર થાય છે, એટલે તે વાયુનો નાશ કરે છે. એ એક જ વસ્તુ જોતાં ઔષધિગુણદોષ પ્રસંગે આપણે કેટલી બાજુઓ વિચારવાની છે, તે જણાઈ આવશે.

वीर्य

વીર્ય એટલે કુદરતી શક્તિ. એની વ્યાખ્યા તો આપણે પ્રથમથી જ કરી ગયા છીએ. મરી, સરસવ અને રાઇ, એ ત્રણ ચીજો પૈકી કોઇ ચીજનું ચૂર્ણ કરો અને પછી સૂંઘો—એ બધાં જ તીખાં છે; અને એમાં એક પ્રકારની ઉગ્ર ગંધ પણ છે. એ બતાવે છે કે રસમાં એ તીખાં છે, જ્યારે वीर्यમાં उष्ण છે.

પૂર્વકાળથી वीर्यના વિષયમાં પણ મતાંતરો છે જ. ઘણા આચાર્યો* વીર્યને આઠ જાતનું અને ઘણા બે જાતનું એટલે उष्ण અને शीत એમ માને છે. चरक, सुश्रुत અને वाग्भट, સરલતાની ખાતર તેમ જ વધુ અનુભવગમ્ય હોવાથી उष्ण અને शीत એમ બે જાતનાં વીર્યોનો સ્વીકાર કરે છે; પણ તે પહેલાંના આચાર્યો આઠ જાતનાં માનતા હતા એમ તેમના લખાણથી સમજાય છે; આમ છતાં સુશ્રુત આચાર્યે જે દાખલાઓ લખ્યા છે તેમાં જાણે કે આઠે જાતનાં वीर्य પણ પોતાને ઇષ્ટ હોય તેમ માનીને લખ્યાં છે. દ્રવ્યોના વીસમાંથી આઠ વીર્યને આચાર્યોએ લીધાં છે. તેમાંય જ્યારે બેથી કામ ચાલે … લાગ્યું એટલે મુખ્ય બેને સ્વીકાર્યાં … અને બીજાઓનો ઉપયોગ પણ યથાસ્… કર્યો છે. તે ઔષધિ ગુણવર્ણન વખતે જ… સુશ્રુતના વીર્ય વિષેના દાખલાઓ … મુજબ છે :

(૧) મહાપંચમૂળનો ક્વાથ ર… કડવો છે, આમ છતાં उष्णवीर्य હોવાથી તે વા… શમાવે છે. રસમાં કડવો એટલે विपाक તી… જ થાય. બન્ને વાયુકર્તા હોવા છતાં … શક્તિની ઉપરવટ થઇને वीर्य પોતાનું … સાધે છે. આપણે આગળ જોઈ ગયા … કે वीर्य રસ અને વિપાક બન્ને ઉપર … ધરાવે છે.

(૨) કળથી (कुलत्थ) રસમાં … છે .અને ડુંગળી(पलाण्डु) રસમાં તી… છતાં આ આ બન્ને ચીજો વાયુનો નાશ … છે; કારણકે તે બન્ને स्निग्धवीर्य છે. … विपाक પણ તીખો છે. આમ છતાં વા… નાશ અને દસ્તને સાફ કરે છે એ … वीर्यનો છે.

(૩) શેરડીનો રસ પોતાના शीत… વાયુનો પ્રકોપ કરે છે, નહિ તો રસમાં … હોવાથી તે વાતશામક હોવો જોઈએ.

(૪) લીંડીપીપર તીખી હોવા … मृदु અને शीतवीर्य હોવાથી पित्तને શાન્ત ક…

(૫) મૂળો स्निग्धवीर्य હોવાથી … વધારે છે. જો કે રસમાં તે તીખો છે.

(૬) કોઠું ખાટું છે અને મધ… છે. આમ છતાં બન્ને रूक्षवीर्य હોવાથી … શાંત કરે છે.

આ રીતે वीर्य વિષેના અનેક દાખ… છે, જે દ્રવ્યના વધારે પ્રયોગથી મા… ખબર પડે છે, અને પુસ્તકોમાં પણ તે … વેલા છે. છતાં તે ઉપરની પદ્ધતિથી … ખોળ કરી ફરી અનુભવથી જાણવા …

पित्तकृत् सृष्टविण्मूत्रः पाकोऽम्ल शुक्रनाशनः ॥
तेषां गुरुः स्यात् मधुरः कटुकाम्लौ अतोऽन्यथा ॥
च. सू. २६–६२

* शीतम् उष्णम् स्निग्धम् रूक्षम् विशदम् पिच्छिलम्
मृदु चेति केचित् अष्टविधम् आहुः ॥
सुश्रुत सू. अ. ४०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં કંઈ નવું હોય તે શોધી કાઢવું જોઈએ. અનુભવમાં ન આવે તે કાઢી પણ નાખવું જોઈએ. આયુર્વેદ પાસે પણ સુંદર પદ્ધતિ છે. માત્ર વૈદ્યોને મહેનત કરવી જરૂરી છે, તો વિજ્ઞાન સાથે આયુર્વેદ ચાલી શકે અને એથી યે આગળ વધી જાય તેમ છે.

પ્રભાવ

પ્રભાવ+નો સ્વીકાર કરવાની જરૂર શ્રીચરકાચાર્યને લાગી એટલે એમણે એની સરસ વ્યાખ્યા કરી છે. જ્યારે તુલ્યરસવાળાં દ્રવ્યો-ઘઉં અને જવની માફક પરસ્પર વિરુદ્ધ ગુણ કરતાં અનુભવ્યાં ત્યારે તેને विचित्रप्रत्यारब्ध દ્રવ્યો કહ્યાં. તેમજ એવાં બીજાં દ્રવ્યોના પણ દાખલાઓ આપ્યા છે કે જે તુલ્યરસવાળાં હોવા છતાં પણ ગુણમાં વિરુદ્ધ હોય;× પણ જેમ આગળ કહ્યું છે તેમ रस, वीर्य અને विपाक ત્રણે સમાન હોય છતાં ગુણમાં ઘણી ઉત્તમતા કે અધિકતા જોવામાં આવે ત્યારે તેને प्रभाव માન્યો. શ્રીવાગ્ભટ પણ ચરકના વાક્યને અક્ષરશઃ અનુસરે છે. તેના દાખલાઓ છે ફણસ અને આંબળાં-रस, वीर्य વિપાકમાં સમાન હોવા છતાં ફણસ, અમ્બરસ, वीर्य વિપાકનું કાર્ય કરે છે, જ્યારે આંબળાં ત્રણે દોષોને હરે છે, એ તેનો प्रभाव છે.

પ્રભાવના આવા દાખલાઓ તેની વ્યાખ્યા આપતી વખતે આપણે જોઈ ગયા છીએ. એ પણ કહેવાઈ ગયું છે કે रस, वीर्य અને विपाक એ ત્રણેનાં કાર્યને આવરી લઈ प्रभाव પોતાનું કાર્ય કરી જાય છે.

આયુર્વેદનું द्रव्यगुणशास्त्र આ રીતે અનુમાન ઉપર રચાયેલું હોવા છતાં તેમાં માણસ ઉપરના પ્રત્યક્ષ પ્રયોગો કરીને ચોક્કસ અનુભવ મેળવવાની ક્રિયા હોવાથી આજના વિજ્ઞાન કરતાં પણ તે વિશિષ્ટ ગુણવાળું છે. આજના વિજ્ઞાન મુજબ ઘણી યે વખત-ઉંટ, સિંહ, બકરું એ બધાને એક લાકડીએ હાંકવાનો ન્યાય દેખાય છે. જેમકે તેલ, ઘી, બન્નેને ચરબી માનીને એક ઔંસ તેલ, કે ઘી કેટલીકેટલી ગરમી આપી શકે એ રીતે જ બન્નેના ગુણદોષોનું સમાન માપ કાઢવામાં આવ્યું છે. આયુર્વેદમાં અનુભવજન્ય ગુણોનો જ સ્વીકાર હોવાથી જ્યારે ઘીને પિત્તશામક જોવામાં આવ્યું અને તેલને વાયુશામક ગુણ કરતું જોવામાં આવ્યું ત્યારે તરત જ પ્રભાવથી અને વિરુદ્ધ ગુણોના પ્રાબલ્યથી તેમ નક્કી કરવામાં આવ્યું. એવી જ રીતે મધને વિજ્ઞાનમાં તેમાં વધારે રહેલ સાકરથી કેવળ ઉષ્ણતા આપનારું ગણ્યું છે; પરંતુ આયુર્વેદમાં મધને કફદોષનાશક જણાવ્યું છે. આ રીતે પૃથક્કરણથી વસ્તુનાં તત્ત્વો આપણને પ્રત્યક્ષ જણાયાં હોય છતાં મનુષ્યના શરીરમાં ગયા પછી તે બધાનું પરિણામ કેવું આવે છે તે જોવાની પદ્ધતિ તો હજુ વિજ્ઞાનને આયુર્વેદ પાસેથી સ્વીકારવી પડશે. જ્યારે આયુર્વેદમાં प्रभाव અને विचित्रप्रत्ययारब्ध શબ્દોથી મનુષ્યના સંચા ઉપર ગયા પછીના દ્રવ્યોના ગુણદોષની કિંમત અનુભવથી સહેલાઇથી જાણી શકાય છે. તેની પદ્ધતિની આ એક વિશિષ્ટતા છે.

આયુર્વેદના નિયમો મુજબ આ રહ્યા તેલ, ઘી, અને મધના દાખલાઓ÷

\+ रसादिसाम्ये यत्कर्म विशिष्टं तत् प्रभावजम् ।
अ. हृ. ९-२५

× द्रष्टं तुल्यरसेऽप्येवं द्रव्ये द्रव्ये गुणान्तरम् ।
च. सू. अ. २६

÷ तैलसर्पिर्मधूनि वातपित्तश्लेष्मप्रशमनानि भवन्ति । तैलम्-स्नेह औष्ण्यगौरवोपपन्नत्वात् वातं जयति सततं अभ्यस्यमानम् । वातो हि रौक्ष्यशीतलाघवोपपन्नो विरुद्धगुणो भवति ।

सर्पिः-खलु एवमेवं पित्तं जयति माधुर्यात् शैत्यात् मंदवीर्यत्वात् । पित्तं हि अमधुरम् उष्णम् तीक्ष्णम् च ॥

मधु-च श्लेष्माणं जयति । रौक्ष्यात् तैक्ष्ण्यात्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીકાશ, ઉષ્ણતા અને ગુરુતા એ ગુણો તેલમાં વાયુના રૂક્ષ, શીત અને લઘુ ગુણોથી વિરુદ્ધ છે. એટલે આ ગુણના પ્રભાવથી તે વાયુને જીતે છે.

તેવી જ રીતે મધુરતા, શીતલ અને મંદ ગુણો હોવાથી ઘી પિત્તને જીતે છે; કેમકે પિત્ત એ મધુર, ઉષ્ણ અને તીક્ષ્ણ ગુણવાળું છે. એ એનો પ્રભાવ છે; કારણકે દૂધમાં અને ઘીમાં સરખા રસો અને વિપાકો હોવા છતાં ઘીના વિકૃત ગુણોનો આ પ્રભાવ સ્વીકારીને તેને **पित्तशामक** કહ્યું છે.

એવી જ રીતે કફના ચીકણા, મંદ અને ભારે ગુણોના વિકૃત ગુણો રૂક્ષ, તીક્ષ્ણ રહેલા છે. તેમજ **कषाय** રસના પ્રાબલ્યથી તે મધુર રસના પ્રાબલ્યને પણ જીતે છે. આમ વિરુદ્ધ ગુણ અને રસના **प्रभावथी** તે **कफहर** સિદ્ધ થયું છે.* આમ જ્યાં વિરુદ્ધ ગુણો કે રસો વગેરેનું વધુ પ્રાબલ્ય હોય ત્યાં જેનું પ્રાબલ્ય વધુ હોય તે અલ્પબળવાળાને જીતે જ છે. એ સામાન્ય નિયમ અહીં પણ **प्रभाव**માં લાગુ પાડી શકાય છે.

ઉપર કહ્યો તે પ્રભાવ **चिन्त्यप्रभाव** કહેવાય છે. એટલે કે તેનું કારણ આપી શકાય છે કે વિરુદ્ધ ગુણો હોવાથી આ દ્રવ્ય આ કાર્ય કરે છે, પણ કેટલીક ચીજોમાં **अचिन्त्यप्रभाव** પણ સ્વીકારવામાં આવ્યો છે; કારણકે દ્રવ્ય એ કાર્ય તો કરે છે, પણ તેનું કારણ શું તે બરાબર સમજાતું નથી. જેમકે હરડેમાં અમ્લ અને તીખો રસ પણ છે. એટલે નિયમ મુજબ તે પિત્ત અને વાયુ વધારે, પણ આમ છતાં તેમાં રહેલા બીજા રસો અને ગુણોના અધિકારથી, કે જે વિગતવાર સમજાતા નથી, હરડે વાયુ પિત્ત તથા કફ ત્રણે દોષોના વિકારોને હણે છે. એટલે ગ્રંથકારને એમ લખવું પડ્યું કે તેના **प्रभावथी** તેણે જે ગુણો બતાવ્યા તે અમે બતાવીએ છીએ.+

રસ વગેરેનું આટલું વર્ણન કર્યા પછી જુદાજુદા રસોના ગુણો અને તેનાં દ્રવ્યોના થોડા દાખલા લઈએ.

मधुररस મોટેભાગે બધાને પ્રિય અને માફક આવે છે. ધાતુઓના બળને વધારે છે, વજન વધારે છે, કંઠને સારો કરે છે, દૂધ વધારે છે, ભારે છે, ચીકણો છે, પિત્ત, વાયુ અને ઝેરને હરે છે; આયુષ્ય વધારે છે, પ્રાણશક્તિ પણ વધારે છે. તેના અતિ સેવનથી ચરબી અને કફના વિકારો, અગ્નિમંદતાના મૂત્રવિકારો (મેદ વગેરે) કંઠની ગાંઠો (કેન્સર) વગેરે ઉત્પન્ન કરે છે.

मधुररसનાં દ્રવ્યો : ઘઉં, ઘી, ગોળ, જેઠીમધ, વિદારીકંદ, અશ્વગંધા, ગોખરું, શતાવરી, દ્રાક્ષ, દૂધ વગેરે.

अम्लरस અગ્નિ તેજ કરે, હૃદયને સારો, થોડી ચીકાશવાળો રુચિકર, મળ ભેદનાર, હલકો (**लघु**) કફ અને **रक्तपित्तने** ઉત્પન્ન કરે, વાયુના અનુબંધને તોડે. તેના અતિ સેવનથી શરીરમાં શિથિલતા આવે, અંધારાં અને ચક્કર પણ આવે; ચેળ, રતવા, સોજા, વિસ્ફોટક જેવાં દરદો પણ થાય. શરીર પીળું પણ પડે, દાહ અને તાવ પણ આવે.

अम्लरसનાં દ્રવ્યો : આંબલી, લીંબુ, બિજોરું, નારંગી, આંબળાં, દાડમ, છાશ, દહીં, કાચી કેરી, કોકું વગેરે.

लवणरस વિબંધને તોડે છે. અગ્નિને તેજ કરે છે. તીક્ષ્ણ ગુણવાળો હોવાથી તે છે...

कषायत्वाच्च । श्लेष्मा हिं स्निग्धो मंदो गुरुश्च ।।
चरक विमा. २

* विरुद्धगुणभूयिष्ठे भूयसाऽल्पं हि जीयते ।।
अ. हृ. सू. ९–२४

+ प्रभावाद्दोषहन्तृत्वं सिद्धं यत् तत् प्रकाश्यते ।।
भा० प्र० निघं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ભેદન પણ કરે છે. વળી સ્નેહન અને સ્વેદન પણ કરે છે તેના અતિ સેવનથી વાતરક્ત વગેરે રક્તદોષો થાય છે. વૃદ્ધાવસ્થા લાવે છે, વાળ ધોળા કરે છે અને પ્રાણશક્તિ ઓછી થાય છે.

લવણરસનાં દ્રવ્યો: સંચળ, સિંધાલૂણ, સાદું મીઠું, સાજીખાર વગેરે.

तिक्त(કડવો)**रस** જોકે પોતે રુચિકર નથી, છતાં પણ અરુચિ, કૃમિ, વિષ, કુષ્ઠ, મૂર્છા, તાવ, દાહ, પિત્ત અને કફના વિકારોને દૂર કરે છે. શરીરમાં ભીનાશ, ચરબી અને મળમૂત્રમાં શુષ્કતા લાવે છે, એટલે તેને સૂકવે છે; કેમકે તેમાં **शोषण** ગુણ રહેલો છે. **लघु** ગુણવાળો છે. ઠંડો અને **रूक्ष** ગુણ પણ છે. દૂધ અને કંઠ બન્નેની શુદ્ધિ કરે છે.

અતિ સેવનથી ધાતુક્ષય, વાયુના રોગ વગેરે ઉત્પન્ન કરે છે.

तिक्त(કડવા)રસનાં દ્રવ્યો : પરવળ, ગળો, કડુ, કરિયાતું, લીંબડો, ઇંદ્રજવ, કડાછાલ, અતિવિષ વગેરે. (મહાપંચમૂલ) પહાડમૂલ વગેરે.

कटु (તીખો) રસ કોઢ, સોજા અને વ્રણ એટલે ગડગૂમડાં વગેરે મટાડે છે. વળી ચીકાશ–ચરબી વગેરેને તોડે છે. **शोषण** ગુણ તેમાં પણ છે. વિબંધને દૂર કરે, કફને તોડે, અન્નને પચાવે, શરીરના અન્ય માર્ગો(સ્રોતો) ખુલ્લા કરે છે. તેના અતિ સેવનથી ધાતુ અને પ્રાણ–શક્તિ નાશ પામે છે. કમ્મર, વાંસો વગેરેમાં દુખાવો થાય, મૂર્છા અને કંપ પણ થાય.

कटु(તીખા) રસનાં દ્રવ્યો: હીંગ, મરી, સૂંઠ, પીપર, પીપરીમૂળ, લસણ, તજ, વાવડિંગ, સરસવ, રાઇ વગેરે.

कषाय(તૂરો)રસ ભારે ગુણવાળો છે છતાં **पित्त** અને **कफने** પણ હણે છે. લોહી સુધારે છે. પાક કરે છે અને રૂઝ પણ લાવે છે. **शीत** ગુણવાળો પણ છે. મેદનું શોષણ કરે છે. આમનું સ્તંભન પણ કરે છે. ચામડીને ખૂબ સરસ રાખે છે. અતિ સેવનથી વિબંધ, આફરો, કબજિયાત, હૃદયનો રોગ, નબળાઈ, પુરુષાતનનો ક્ષય વગેરે થાય છે.

कषाय(તૂરા) રસનાં દ્રવ્યો: હિમજ–હરડે, બહેડાં, મધ, સરસડો,ગેરુ, કદંબ, ઉંબરો, લોદર, કાચું કોઠું, ખજૂર, કમળ વગેરે.

[પાન નં. ૫૮ પર ચાલુ]

કૉલેજમાં એક પ્રૉફેસર શિસ્તપાલનના ઘણા જ હિમાયતી હતા. એક દિવસ કૉલેજિયનોએ તેમની મશ્કરી કરવાનું વિચાર્યું. એક કૂતરાને લાવી તેના ઉપર કોટ ઓઢાડ્યો, આંખે પ્રૉફેસર પહેરતા હતા તેવાં ચશ્માં લગાડ્યાં, માથે હેટ મૂકી અને મૂછો ચીતરવા જતા હતા, એટલામાં જ પ્રૉફેસરનું આગમન થતાં બધાને જગ્યા પર બેસી જવું પડ્યું.

પ્રૉફેસર ત્વરિત ગતિએ દાખલ થયા. મામલો જોયો ને તુરત બોલી ઊઠ્યા :

'ઠીક છે છોકરાઓ, ત્યારે આખરે તમારી માનસિક શક્તિને અનુકૂળ બને એવો શિક્ષક તમે શોધી કાઢ્યો ખરો !'

×

'જયંતભાઈ યુરોપની મુસાફરીએ જઈ આવ્યા છે ખરું ને? તો તો એમની માનસિક ક્ષિતિજમાં ઘણો મોટો વિસ્તાર થયો હશે.'

'ના. મુસાફરીએ તો એમની વાતોના લંબાણમાં ગજબનો વિસ્તાર કર્યો છે.'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

દ્રવ્યોના રસ, ગુણ, વીર્ય અને વિપાક બતાવનારું કોષ્ટક



Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમ હિતૈષી પરમાત્મા

શ્રી રામનારાયણ ના. પાઠક

કડવું ઓસડ પાનાર માતાની જેમ ઈશ્વર પણ ભક્તોનાં હૃદયનું આરોગ્ય સાચવે છે. મનની નિર્બળતાથી કે ક્ષણિક અભિમાનને વશ થવાથી ભક્ત ભલે ગમે તેવી વાંછના કરે, પણ પ્રભુ તો ભક્ત કાજે જે પથ્ય ને હિતકર હોય તે જ કરે છે. ઈશ્વરના ભક્ત નારદ પણ કેવી રીતે પંથ ભૂલ્યા ને અંતે એમણે કેવી રીતે સાચો રાહ મેળવ્યો તે, માનસશાસ્ત્રના મર્મજ્ઞોને બોધપ્રદ ને ભક્તોને વધુ નમ્ર બનાવનાર તુલસીકૃત રામાયણ ઉપરથી તૈયાર થયેલું આ ઉપાખ્યાન બતાવે છે.

असिद्धार्था नैव क्वचिदपि सदेवासुरनरे
निवर्तन्ते नित्यं जगति जयिनो यस्य विशिखाः ।
स पश्यन्नीश त्वामितरसुरसाधारणमभूत्
स्मरः स्मर्तव्यात्मा नहि वशिषु पथ्यः परिभवः ॥

દેવ, દાનવ કે મનુષ્ય કોઈની ઉપર જેનાં બાણ નિષ્ફળ જતાં નથી, એવો જગદ્વિજેતા કામદેવ આપને સામાન્ય દેવતા જાણીને હરાવવા આવ્યો, તો તે સ્મૃતિનો વિષય બની ગયો. ઇંદ્રિયો ઉપર વિજય મેળવનારની ઉપર આક્રમણ કરવું એ સહેલું નથી.

ઉપર કહ્યું તેમ મહાદેવના તપમાં ભંગ કરાવવા જતાં કામદેવ ભસ્મસાત્ બની ગયો હતો. તેવી જ રીતે એકવાર નારદમુનિના તપનો ભંગ કરાવવા જતાં એ પરાજય પામ્યો હતો.

સુંદર ઝરણાને કાંઠે નારદમુનિ તપ કરતા હતા. વસંત પૂરબહારમાં ખીલી રહી હતી. આશ્રમના ઉપવનમાં કોયલ કૂજી રહી હતી. મીઠા કંઠે યુવાન ભીલ સ્ત્રીઓ ગાન કરતી હતી. નારદમુનિ ધ્યાનમાં બેઠા હતા. પદ્માસન વાળ્યું હતું. શરીર ટટ્ટાર હતું. દૃષ્ટિ નાક ઉપર ઠરી હતી. મન અને ઇંદ્રિયોને લોભાવનારી કામદેવની સેના નારદ મુનિનું ધ્યાન ચલિત ન કરી શકી. ધ્યાનમાંથી ઊઠીને નારદમુનિ પાછલે પહોરે પડોશના આશ્રમોમાં પર્યટન કરવા નીકળ્યા. આશ્રમવાસી વિદ્યાર્થીઓ, ઋષિપત્નીઓ, ઋષિકુમારો–સૌએ મુનિવરનું સ્વાગત કર્યું. આશ્રમને આંગણે વટવૃક્ષની છાયામાં સૌ બે ઘડી બેઠાં.

નારદમુનિએ ઋષિને ઉદ્દેશીને કહ્યું:

'બહુ વિચાર કરતાં મને લાગે છે કે આશ્રમવાસ સ્વીકારનારે એકાકી વસવું જોઈએ.'

'અમારો અનુભવ જુદો છે' ઋષિ બોલ્યા: 'અમને તો કુમારો અને માતા સૌ ઉપયોગી નીવડે છે. ગૌશાળા, હોમશાળા, અતિથિ-સત્કાર, સર્વકાર્યમાં તેમની સહાય ઉપયુક્ત નીવડે છે.'

'એ મોહ છે, ભ્રમ છે' નારદમુનિ જરા ઉચ્ચ સ્વરે બોલ્યા. 'એને લીધે આશ્રમના કાર્યનો વિસ્તાર વધતો હશે પણ તેજ વધતું નથી.'

'આપ તો મહામુનિ છો. આપના આદર્શથી અમે બહુ દૂર છીએ' ઋષિ હાથ જોડી બોલ્યા.

નારદે કેટલોક સમય સુધી ઇંદ્રિયદમન, મનોનિગ્રહ, બ્રહ્મચર્ય વગેરે બાબતો ઉપર પ્રવચન કર્યું. ત્યાંથી વિદાય લઈ બીજે આશ્રમે ગયા. ત્યાં પણ એ જ પ્રમાણે ચર્ચા અને પ્રવચન ચાલ્યાં. મોડી રાતે નારદમુનિ પોતાને આશ્રમે પાછા ફરતા હતા, તે વખતે રસ્તામાં ભગવાન સામા મળ્યા.

અચાનક પ્રભુનાં દર્શન થતાં નારદજી સ્તબ્ધ બન્યા, પણ સાથે લક્ષ્મીજીને જોતાં પ્રભુને પ્રણામ ન કર્યા, માત્ર ઔપચારિક રીતે કુશળ સમાચાર પૂછ્યા. ભગવાનને ભારે આશ્ચર્ય થયું. સામે મળતાં જ સ્નેહ–ગદ્ગદ બની ભક્તિભાવથી સાષ્ટાંગ નમસ્કાર કરનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તરાજ નારદ આજે આમ અક્કડ શાથી બન્યા હશે? પ્રભુ વિસ્મિત છે એટલામાં નારદ બોલ્યા:

'આ જ તો કામદેવનું સૈન્ય ચઢી આવ્યું હતું મહારાજ!'

'કોની ઉપર?'

'આપના આ સેવક ઉપર.' નારદ હસીને બોલ્યા: 'પણ જેમ મહાદેવે એને પાઠ ભણાવ્યો તેમ આજે ય બન્યું. ધ્યાનમાં બેઠો હતો ત્યાં કોયલ ટહૂકી, કુસુમની સુગંધ પસરી, અપ્સરાઓનાં નૃત્યગાન સંભળાવા લાગ્યાં.'

'હા, પછી?' ભગવાને વાતમાં રસ દેખાડ્યો.

'પછી શું? કામદેવનો બાપ આવે તો ય આપનો આ ભક્ત હારે?'

'કામદેવના બાપથી તો હારે.' ભગવાન હસીને બોલ્યા.

'તમે પૂરી વાત તો સાંભળો.'

'કહો.'

'બસ પછી આપણું તો ધ્યાન અખંડપણે ચાલ્યું. બે ઘડીને બદલે ચાર ઘડી ચાલ્યું.'

'ધન્યવાદ, તમારા જેવા જિતેંદ્રિય ભક્તોથી હું શોભું છું. વળી તમને બિચારો કામદેવ શું કરી શકે? તમારા જેવા ભક્તના સ્મરણથી મૃત્યુલોકનાં માનવીઓના મોહમદ નાશ પામે છે:

तुम्हरे सुमिरन तें मिटहि मोह मार मद मान ॥

એટલું જ નહીં પણ—

सुनु मुनि मोह होई मन ताके ।
ज्ञान विराग हृदय नहि जाके ॥
ब्रह्मचरज ब्रतरत मति धीरा ।
तुम्हरि कि करई मनोभव पीरा ॥

હે મુનિ સાંભળો, જેના હૃદયમાં જ્ઞાન અને વૈરાગ્ય ન હોય એને મોહ ઉત્પન્ન થાય છે. આપના જેવા બ્રહ્મચર્યવ્રતમાં રત રહેનાર ધૈર્યવાન મુનિવરને કામદેવ બિચારો કેમ પીડા કરી શકે?'

વિષ્ણુભગવાને આમ કહ્યું એટલે—

नारद कहेउ सहित अभिमाना ।
कृपा तुम्हार सकल भगवाना ॥

નારદજીએ અભિમાનપૂર્વક કહ્યું કે 'મહારાજ! એ બધું આપની કૃપાનું ફળ છે.'

આમ કહી પ્રણામ કરીને નારદજી બીજા આશ્રમ તરફ વળ્યા. નારદજીને તો આશ્રમે અને નગરો, જંગલ અને વસ્તી સર્વ સમાન હતું. મનુષ્યલોક, દેવલોક, અસુરલોક, સર્વ સ્થળે એમનો પ્રવેશ હતો. સર્વ સ્થળે તેઓ પરિભ્રમણ કરતા હતા. આશ્રમો અને ઉપવનો છોડીને નારદજી નગરો તરફ ભ્રમણ કરવા નીકળ્યા.

આ બાજુ ભગવાને વિચાર કર્યો કે નારદજીનું અભિમાન ઉતારવું જોઈએ. બાળકને તાવ અને આંચકી આવે ત્યારે માતાને ચિંતા થાય તેવી ચિંતા પ્રભુને પોતાના પરમ ભક્ત વિષે થવા લાગી. સદા નીરોગી અંતઃકરણવાળા નારદજીના હૃદયમાં અભિમાનનું જોર વધેલું જોઈ તેનો ઉપચાર કરવા ભક્તહિતૈષી ભગવાન તત્પર બન્યા.

*

નારદમુનિ ચાલ્યા જાય છે. 'નારાયણ, નારાયણ'નો જાપ જપતા જાય છે. મનમાં પોતાના તપનો ગર્વ ક્યાં ય માતો નથી. કે કોઈ માણસ સામો મળે તેની સામે તુચ્છકાર ભરી તીરછી નજર કરતા જાય છે.

એવામાં એકાએક તેમની નજર સામે એક વિશાળ નગરી દેખાઈ. નગરના કોટ કાંગરા દેખાયા. મોટાં મહાલયો દેખાયાં. તેમ નગરમાં દૂધિયો સાગર ઊલટ્યો હોય તેમ રાવટીઓ અને તંબૂઓ પથરાયા છે. નજીક આવ ગયા, ત્યાં તો ઢોલ, ત્રાંસાં અને શરણાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર સંભળાયા. નગરના રસ્તા સ્વચ્છ અને પહોળા હતા. રસ્તા ઉપર પાણી છંટાયાં હતાં. સ્ત્રી–પુરુષ, બાળકો, સૌ સુંદર વસ્ત્રા-ભૂષણો પહેરી ફરતાં હતાં. ઘોડા, હાથી, રથ, સુખપાલમાં શણગાર સજીને શ્રીમંતો, સરદારો, રાજ્યગુરુઓ ફરતા હતા. એ ઉપરથી નગરની સમૃદ્ધિનો ખ્યાલ આવતો હતો. યોદ્ધાઓ હથિયાર સજીને ચોરે–ચૌટે, દરવાજે–દોઢીએ ઊભા હતા. અમરાપુરી ઝાંખી પડે એવી શોભા ને સંપત્તિ નગરમાં નજરે પડતી હતી.

જોતાંવેંત નારદમુનિ આભા બની ગયા. એમણે ઇંદ્રપુરી, બ્રહ્માપુરી અને વૈકુંઠપુરી દીઠી હતી, પણ આવી શોભા જોઈ ન હતી. સામે મળતા માણસોને પૂછવાનો વિચાર થાય, પણ પૂછવાની હિંમત ચાલતી નથી. આખરે એક જણાને પૂછ્યું :

'આ કઈ નગરી ભાઈ ?'

'માયાપુરી મહારાજ.'

'આજે કાંઈ ઉત્સવ છે ?'

'રાજકુમારી માયાવતીનો સ્વયંવર થવાનો છે.'

'માયાકુંવરી ?' નારદજીથી અચકાતાં બોલી જવાયું.

'જી હા, મહારાજ. માયાકુમારી, જુઓ, આ સામે સુખપાલમાં બેસીને જાય છે.'

'કયે રસ્તેથી જશે ? મંડપમાં ક્યારે આવશે ?'

'સ્વયંવરના મંડપમાં તો પાછલે પહોરે પધારશે. સાંજનું મૂરત છે, પણ કુંવરીજી ઓઝલ નથી રાખતાં. તમે પેલી તરફ જઈને ઊભા રહો તો જોવા મળશે.'

'એમ કે ?' કહેતા નારદજી ઉતાવળા આગળ ચાર રસ્તા એકઠા થતા હતા ત્યાં જઈ પહોંચ્યા.

કુમારી માયાવતીને જોયાં તેવા જ નારદજી મુગ્ધ બની ગયા. જાણે દેહની સુધબુધ ન રહી. મનની દૃઢતા, વર્ષોનો સંયમ, જાણે એક દિવસમાં ગળી ગયાં. સ્વયંવરમાં માયાવતીને પરણું તો હું જ પરણું, એમ મનથી નક્કી કરીને સામે એક મંદિર હતું તેમાં પહોંચ્યા. મંદિરને ઓટલે આસન લગાવીને ભગવાનનું ધ્યાન ધર્યું. થોડીવાર-માં ભગવાન પ્રસન્ન થયા. 'માગો મુનિરાજ, જે માગવું હોય તે માગો.'

નારદજીએ આંખો બંધ રાખીને માગ્યું: 'મહારાજ, મને એવું રૂપ આપો કે સ્વયંવરમાં કુંવરી મને વરમાળા પહેરાવે. મારે બીજું કંઈ નથી જોઈતું. આપના જેવું રૂપ મને આપો.'

વિષ્ણુ ભગવાન બોલ્યા:

जेहि विधि होइहि परमहित नारद सुनहु तुम्हार
सोई हम करब न आन कछु बचन न मृषा हमार ।
कुपथ मां रुज व्याकुल रोगी ।
बैद न देउ सुनहु मुनि जोगी ।।
एहि विधि हित तुम्हार मैं ठयउ ।
कहि अस अंतरहित प्रभु भयऊ ।।

હે નારદ! જે રીતે તમારું કલ્યાણ થાય તેમ હું કરીશ. માંદો માણસ અધીરો થઈને મનમાન્યું ઓસડ માગે છે, પણ ખરો હિતૈષી વૈદ તે આપતો નથી; પણ જે ઔષધિથી રોગ મટી જાય તે આપે છે. તે જ પ્રમાણે તમારું પરમ હિત થશે એમ હું કરીશ.

આટલું કહીને પ્રભુ અંતર્ધાન થઈ ગયા.

ભગવાને એવી માયા રચી કે નારદનું મોં વાંદરા જેવું બની ગયું, પણ એમાં ખૂબી એવી કરી કે એ રૂપ પેલી કુંવરી સિવાય કોઈને ન દેખાય.

નારદજી તો રાજી થતાથતા સ્વયંવર-મંડપમાં આવ્યા. બપોરના બાર નહોતા વાગ્યા ત્યાં આવીને એક મોટા સિંહાસન ઉપર ઝૂકી પડ્યા. આગળ છાતી કાઢીને બેઠા. મોટામોટા રાજાઓ આવ્યા. માયા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતીના પિતા આવ્યા, પણ પોતે ઊભા ન થયા. આખો મંડપ ચિકાર ભરાઈ ગયો.

સમય થતાં ડંકા–નિશાન, ઢોલ–ત્રાંસાં, શરણાઈઓના નાદ ગાજી ઊઠ્યા અને રાજકુમારી માયાવતી સોળ શણગાર સજીને સ્વયંવર–મંડપમાં દાખલ થઈ. સાથે બે દાસીઓ બંને બાજુ ચાલી આવે છે. દરેક રાજાનાં વખાણ કરતી એક સખી આગળ ચાલે છે. નારદમુનિ ડોક લંબાવીને બેઠા છે. પોતાના જ કંઠમાં વરમાળા આરોપવાની છે એની તેમને ખાતરી હતી. સાક્ષાત્ વિષ્ણુ ભગવાનનું રૂપ ધારણ કરેલ વરને મૂકીને બીજે રાજકુમારી નહિ જ જાય એવી એમને ખાતરી હતી.

પણ ત્યાં તો રાજકુંવરી પસાર થઈ ગઈ. અને છેક છેડે બેઠેલા રાજાના ગળામાં વરમાળા પહેરાવી. નારદજી પોતે આગળની હરોળમાં પ્રથમ બેઠા હતા એટલે ચહેરો ઓળખાયો નહીં, પણ કોઈ સાધારણ રાજાને કુંવરીએ પસંદ કર્યો અને બીજા સુંદર અને મોટા રાજાઓ રહી ગયા એવી હવા ફેલાઈ ગઈ. ફરી નોબતો ગાજી અને મંડપ ઊભો થયો.

નારદજી તો રીસભર્યા સિંહાસનેથી ઊઠ્યા. રાજાઓની ભીડમાંથી માર્ગ કરતા બહાર નીકળવાના દરવાજેથી નીકળી સીધો વૈકુંઠપુરીનો ઉગમણો માર્ગ પકડ્યો.

રોસભર્યા દોડ્યા જાય છે ત્યાં એક વાવ આવી. તરસ ખૂબ લાગેલી પણ પાણી સીંચવાનું કશું સાધન ન હતું. પગથિયાં ઘણાં હતાં. ઊતરવા જેટલી ધીરજ કે શાંતિ ન હતી. એમાં ભગવાનને કરવું તે પાણીમાં ડોકાયા. નજર કરતાં તો પ્રતિબિંબ પડ્યું. અરીસામાં દેખાય એવું ચોખ્ખું રૂપ દેખાયું. અસલ વાંદરા જેવું જ મોઢું! જોતાંવેંત નારદજીને પગથી માથા સુધી રીસ ચડી ગઈ. મારું અપમાન કર્યું. વિષ્ણુએ ભગવાન થઈને મારી મશ્કરી કરી, બસ એનો બદલો લઉં. ધૂંવાંપૂવાં થતા ઊભે રસ્તે જાય ચાલ્યા.

એમાં સામેથી વિષ્ણુ ભગવાનને આવતા દીઠા. એક બાજુ લક્ષ્મીજી અને બીજી બાજુ પેલી રાજકુમારી માયાવતી ચાલી આવે છે. જોતાં તો નારદનો મિજાજ હાથ ન રહ્યો. એમનો ક્રોધ સાતમે આસમાને ચઢી ગયો. આમ તો નારદજી પ્રભુના મોટા ભક્ત હતા, પણ મનમાં ઊંડેઊંડે ક્યાંક ઈર્ષા છુપાઈ રહી હશે તે તક મળતાં બહાર નીકળી પડી. નારદ, વિષ્ણુ ભગવાનને જેમ ફાવે તેમ કહેવા લાગ્યા:

पर संपदा सकहू नहीं देखी ।
तुम्हरे ईरिषा कपट बिशेखी ॥
मथन सिंधु रुद्रहि बौरायहू ।
सुरन्ह प्रेरी विषपान करायहू ॥
असुर सुरा, विष संकरहि, आपु रमा मनि चारु ।
स्वारथ साधक कुटिल तुम्ह सदा कपट व्यवहारु ॥
परम स्वतंत्र न सिरपर कोई ।
भावइ मनहि करहु तुम्ह सोई ॥
भलेहि मंद मंदेहि भल करहू ।
विसमय हरष न हिय कछु धरहू ॥

બીજાનું સારું તમે જોઈ શકતા નથી. તમારા મનમાં ઈર્ષા અને કપટ ભર્યાં છે. કોઈની ચડતી જોઈને તમારી આંખમાં ઝેર આવે છે.

સમુદ્રમંથન વખતે તમે શંકરને ચડાવ્યા, દેવતાઓની મારફત મહાદેવને ઝેર પિવડાવ્યું. સમુદ્રમાંથી નીકળેલી ચીજોની વહેંચણી તમે મનમાની રીતે કરી. દૈત્યોને ફોસલાવી એમને મદિરા આપી, શંકરને ઝેર આપ્યું અને લક્ષ્મીજી જેવી સ્વરૂપવાન સ્ત્રી અને કૌસ્તુભમણિ પોતે રાખી લીધાં. તમે સ્વાર્થસાધુ, કુટિલ અને મહાકપટી છો. તમારો વહેવાર સદાય છળથી ભરેલો હોય છે.

તમે સ્વચ્છંદી થઈ ગયા છો. તમને કોઈ કહેનાર નથી. તમારા મનમાં જે ઠીક લાગે તે કરો છો. સારાને ખરાબ અને ખરાબને સારું કરો છો. છતાં તમારા મનમાં એથી આંચકો લાગતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उहँकि उहँकि परिचेहु सब काहू ।
अति असंक मन सदा उछाहू ।।
करम सुभासुभ तुम्हहि न बाधा ।
अबलगि तुम्हहि न काहू साधा ।।

તમે ઠગવિદ્યા કરીને આખી દુનિયાને છેતરી છે. સૌનાં મન પેટમાં પેસીને જાણી લીધાં છે અને પોતે જાણે કશું જાણતા ન હોય એમ અલિપ્ત અને આનંદમાં રહો છો. તમારે મન સારું-ખરાબ બધું સરખું જ છે. આજ સુધી તમને સીધા કરનારું કોઈ મળ્યું નથી.

भले भवन अब वायन दीन्हा ।
पावहुगे फल आपन कीन्हा ।।
वंचेहि मोहि जवनिधरि देहा ।
सो तन धरहु साप मम एहा ।।

આજ તમે સાચે ઘેર આવ્યા છો. તમને ખરો ગુરુ ભેટ્યો છે એમ જાણજો. આજ તમને તમારી કરણીનું પૂરું ફળ મળશે. જે મનુષ્યદેહથી મને છેતરીને આ કન્યાને પડાવી લીધી છે, એવું શરીર તમે પૃથ્વી ઉપર જઈને ધારણ કરો એવો મારો શાપ છે.

कपि आकृति तुम्ह कीन्ह हमारी ।
करिहहि कीस सहाय तुम्हारी ।।
मम अपकार कीन्ह तुम्ह भारी ।
नारि विरह तुम्ह होव दुखारी ।।

તમે મારું મોઢું વાંદરા જેવું બનાવી દીધું માટે તમારે હમેશાં એ મોં જોવાં પડે માટે તમારી આસપાસ સહાયક વાંદરા જ મળશે. મને સ્વયંવરમાં આ સ્વરૂપવાન સ્ત્રી મેળવવાની તીવ્ર ઇચ્છા હતી. તમે મારી એ ઇચ્છાઆડે આવ્યા અને મને માનભંગ કર્યો, તેથી તમને પણ પત્નીનો વિયોગ થશે અને સ્ત્રીની પાછળ વનવન રડતા ફરશો એવો મારો શાપ છે.

साप सीसधरि हरषि हिय
प्रभु बहु विनति कीन्ह ।
निज माया कै प्रबलता
करषि कृपानिधि लीन्हि ।।

વિષ્ણુભગવાને નારદજી સામે હાથ જોડ્યા. નમ્રતાપૂર્વક બોલ્યા કે 'મુનિરાજ! માફ કરો. તમારો શાપ હું માથે ચડાવું છું.' આ કહેતાંની સાથે જ પોતાની માયા સંકેલી લીધી.

નારદજી જુએ તો લક્ષ્મી કે પેલી રાજકન્યા કોઈ ન મળે. એકદમ નારદજીની આંખ ઊઘડી ગઈ. ભગવાનના પગ પકડી લીધા. અભિમાન ઊતરતાં મોહ ટળ્યો અને હૃદયમાં પશ્ચાત્તાપની લાગણી ઊલટી આવી. આંખોમાં આંસુ ઊભરાયાં: 'મહારાજ! ક્ષમા કરો. ભક્તની લાજ આપને હાથ હોય છે. મારી દીનજનની રક્ષા કરો.'

પ્રભુએ નારદમુનિના મસ્તક ઉપર હાથ મૂકયો અને પોતે અંતર્ધાન થયા.

*

બીજા યુગમાં ભગવાનને મનુષ્ય અવતાર લઈને પૃથ્વી ઉપર આવવું પડ્યું. પંચવટીથી પંપા સરોવર સુધી સીતાના વિયોગદુઃખથી રડતા રામ વનવન ફરતા હતા ત્યારે નારદજી સામે મળ્યા.

એ વખતે મમતાપૂર્વક નારદજીએ પ્રશ્ન પૂછ્યો: 'પ્રભુ! આપે મારું વાંદરા જેવું મુખ શા માટે બનાવેલું એ મને હજી સમજાતું નથી.' ભગવાન રામચંદ્રજીએ ઉત્તર આપ્યો: 'મુનિવર તમે જ વિચાર કરો, કોઈ અજ્ઞાન બાળક આગમાં હાથ નાખવા જાય તો મા તેમ કરવા દેશે? બાળકનો હાથ પકડી તેને ગોદમાં ઉઠાવી દૂર મૂકી દેશે. બાળક રડવા લાગશે, માને લાતો મારશે, માતાના વાળ ખેંચશે, તોપણ એ બાળકને આગમાં પડતું બચાવશે. હું પણ ભક્તોની રક્ષા માતાની પેઠે જ કરું છું. મને ખબર હતી કે તમે રીસ ચઢાવીને મારે શાપ આપશો. તમારા કલ્યાણ અર્થે એ શાપ વહોરી લઈને મેં તમને બચાવ્યા. આજે આ વિરહદુઃખમાં યે ભક્તોનું હિત કર્યાનો સંતોષ હું ભોગવી રહ્યો છું.'

નારદજીએ પ્રણામ કર્યા અને તેઓ પ્રભુનાં ગુણગાન ગાતા વિદાય થયા.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રદ્ધા

શ્રી જનાર્દન પ્રભાસ્કર

ધર્મને વિશેષતઃ લાગણી સાથે સંબંધ છે. શ્રદ્ધા સાથે સંબંધ છે. તેમ છતાં આજે આપ... નિત્ય જીવનમાં ક્યાંય શ્રદ્ધા નજરે પડે છે ખરી? એથી ઊલટું, હરકોઈ વાત ને પ્રસંગને આજે આપ... સંશય–શંકાના કાચથી નીરખતા થઈ ગયા છીએ. ... બાબતમાં બુદ્ધિપ્રાચુર્યનો ઘમંડ રાખી આપ... ફરીએ છીએ. ગમે તેટલું કરવા છતાં માન... મર્યાદાશીલ માનવી તરીકે જીવે છે, ત્યાંસુધી તો એણે શ્રદ્ધાબળ કેળવ્યા વિના ચાલવાનું નથી. શ્રદ્ધા અને સંશયના આ અતિગહન દ્વન્દ્વની લેખકે અહીં સુંદર છણાવટ કરી છે.

સંશય એ મનનો પહેલો ધર્મ છે અને શ્રદ્ધા એ મનનો બીજો ધર્મ છે. પહેલાં ફૂલ અને પછી ફળ એ જેવો વૃક્ષનો ક્રમ છે, તેવો જ પહેલાં સંશય અને પછી શ્રદ્ધા એમ મનના ધર્મનો ક્રમ છે. આ સામાન્ય નિયમની દૃષ્ટિએ જોતાં, મનમાં સંશય ઉત્પન્ન થાય એમાં કંઈ ગેરવાજબી નથી. જેમ પુષ્પ આવવું એ ફળનું પૂર્વચિહ્ન છે, તેવી જ રીતે મનમાં સંશય ઉત્પન્ન થતાં, હવે તે સંશયની નિવૃત્તિ થઈને મનમાં શ્રદ્ધા થશે, એવી આશા પ્રાપ્ત થાય છે. અને તેથી સંશય એક રીતે સારું ચિહ્ન છે. પરંતુ વ્યવહારના સંશયો એવા પ્રકારના હોય છે, કે તેમના વિષેનું જ્ઞાન અહીંનું અહીં જ મળી શકે છે. અને તેથી ઉત્પન્ન થયેલા સંશયનું સહેલાઈથી નિરસન થઈ શકે છે. એકાદ માણસને ત્યાં આપણે હજાર રૂપિયા અનામત મૂકીએ અને પછી તે માણસના પ્રામાણિક કે અપ્રામાણિકપણા વિષે સંશય ઊપજે, છતાં તેની પાસેથી તે હજાર રૂપિયા પાછા મળતાં સંશય તુરત દૂર થાય છે. જ્યાં ઘોડા અને મેદાન નજીક જ હોય છે, અને જ્યાં પ્રત્યક્ષ પ્રમાણથી જ સંશયનો નિર્ણય થાય છે, ત્યાં શ્રદ્ધાની બિલકુલ અપેક્ષા રહેતી નથી. અંધારામાં કંઈક કાળું ઊભેલું દેખાય છે અને તે ઝાડનું થડ છે કે મનુષ્ય છે એવો સંશય મનમાં ઉત્પન્ન થાય છે; પણ તેની પાસે જઈ તેને હાથ લગાવી જોતાં સંશયનું નિ... થાય છે, અને તે મનુષ્ય નથી પણ ... ખૂંટડું છે, એવું સ્પષ્ટ જ્ઞાન થાય છે. તે ... પછી તે સંશયગ્રસ્ત માણસને 'એ તો ... ખૂંટડું છે' એવું આગ્રહથી કહેવાની ... રહેતી નથી. જ્યાં પ્રત્યક્ષ પ્રમાણ છે, ... શ્રદ્ધાની મહત્તા શી? સૂર્ય ઊગે છે ... 'ભાઈ જો આ સૂર્ય ઊગે છે એવી તું ... મનમાં દૃઢ શ્રદ્ધા રાખ!' એવી શ્રદ્ધા ... કોઈની યાચના કરવી પડતી નથી.

પ્રત્યક્ષ જ્ઞાન એ જ બધા સંશયોનું ... છે. એવું જ્ઞાન દૃશ્ય જગતમાં સંભવે ... પરંતુ જ્યાં અદૃશ્ય વ્યવહારની વાત ... છે અને જ્યાં તેમને વિષે સંશય ઉત્પન્ન ... છે, ત્યાં પ્રત્યક્ષ પ્રમાણ કામ લાગતું ન હે... લીધે, દુર્ગમ પ્રદેશમાં ગાડીઓ ચાલે ... પહોળો રસ્તો ન હોવાથી બળદ ... ખચ્ચરો મારફત બોજો ઉચકાવીને ... ચલાવી લેવું પડે છે. તેમ શબ્દપ્રમાણ ... પર જ બધો આધાર રાખવો પડે છે. ... શ્રદ્ધા એ પ્રત્યક્ષ પ્રમાણની પ્રતિનિધિ છે ... કહેવામાં બાધ નથી. જ્યાં પ્રત્યક્ષ જ્ઞાન ... ન મળતી હોય ત્યાં તેની પ્રતિનિધિ ... બીજી વલ્લીથી ચલાવી લેવામાં આવે ... તેવી જ રીતે જ્યાં પ્રત્યક્ષ પ્રમાણ ... શક્ય ન હોય ત્યાં શ્રદ્ધાનો ઉપયોગ ક... ફરજ પડે છે. પરંતુ પ્રત્યક્ષ પ્રમાણથી ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવું સમાધાન થાય છે તેવું શ્રદ્ધાથી થતું નથી, એવો ઘણાનો અનુભવ છેઃ શ્રદ્ધા વિષે કેટલાકનો ચાલુ બડબડાટ હોય છે, તેનું કારણ પણ એ જ છે. પરંતુ એમાં શ્રદ્ધાનો દોષ છે. શ્રદ્ધાની નિમણુક દેખીતી રીતે જ કામચલાઉ હોય છે. આધ્યાત્મિક વિષયોમાં સંશયની નિવૃત્તિ માટે તો પ્રત્યક્ષ પ્રમાણની જ કાયમની નિમણૂક કરવી પડે છે. પરંતુ તે પ્રત્યક્ષ પ્રમાણ આપણાં ચર્મચક્ષુઓની કક્ષામાં આવી શકે એમ ન હોવાથી, મનનું કામચલાઉ સમાધાન કરી લેવા માટે આ શ્રદ્ધાથી યોજના કરવામાં આવી છે. યુક્લિડના સિદ્ધાંતશાસ્ત્રની તમામ રચના પ્રત્યક્ષ પ્રમાણપર જ કરાયેલી હોય છે, તોપણ બધી જ વાતો શરૂઆતમાં જ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ કરી બતાવાય એમ ન હોવાથી, તે વ્યાવહારિક શાસ્ત્રમાં પણ કેટલીક વાતો ધારી લેવી પડે છે. સિદ્ધાંતશાસ્ત્રમાંની આજે ધારી લીધેલી વાતો, તે જ અધ્યાત્મશાસ્ત્રમાંની શ્રદ્ધા છે. એક રીતે એમ કહી શકાય કે અધ્યાત્મશાસ્ત્ર એટલે મરણ પછીની વાતો–મરણની પહેલાં બોલવાનું શાસ્ત્ર! આવા શાસ્ત્રમાંના જે પ્રદેશમાં પ્રત્યક્ષની ગતિ નથી, તે પ્રદેશમાં લાકડીનો ટેકો લઈને ધીમેધીમે માર્ગ કાપવો જોઈએ.

અધ્યાત્મશાસ્ત્રમાં પ્રત્યક્ષ પ્રમાણને અવકાશ નથી, એવું જે ઉપર પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેનો થોડોક વધારે ખુલાસો કરવો જરૂરી છે. આપણા આત્માના દેહપતન પછીની સ્થિતિ વિષે શાસ્ત્રમાં કેટલીક વાતો કહેવામાં આવી છે, તેને માટે આપણા મનમાં સંશય ઉત્પન્ન થાય છે. 'તે ખરી છે એવું તું માન' એવું શ્રદ્ધા આપણને કહે છે. પણ તેટલાથી આપણા મનને સંતોષ થતો નથી. 'એ આવું ખરેખર છે, એવું મને પ્રત્યક્ષ દેખાવું જોઈએ.' એમ દરેક મનુષ્યનો મનોભાવ હોય છે. પરંતુ આવી બાબતોમાં પ્રત્યક્ષ જ્ઞાન અસંભવ છે. તે વાતો અહીં કોઈને પણ પ્રત્યક્ષ દેખાતી નથી. માનવી કોટિથી ઉપલી કોટિના જીવોને આ વાતો કદાચ દેખાતી હશે, પરંતુ માનવેંદ્રિયો તો અમુક એક નિયત મર્યાદા સુધીનું જ જ્ઞાન ગ્રહણ કરવા સમર્થ છે. તેની પેલી ગમનું તેને જ્ઞાન થતું નથી.

પશુપંખીના કરતાં આપણામાં ગ્રહણશક્તિ જે પ્રમાણે વધારે છે, તે જ પ્રમાણે આપણા કરતાં ઉપરની કોટમાં થયેલા જીવોમાં કદાચ આપણાથી ગ્રહણશક્તિ વધારે હશે. આવી કોટિમાંના જીવોને જે પ્રત્યક્ષ દેખાતું હશે, તે આપણને આ માનવદેહના આવરણમાં પ્રત્યક્ષ દેખાવું અશક્ય હશે. તેમને જે પ્રત્યક્ષ દેખાતું હશે, તે આપણે તેમની કોટિમાં પ્રવેશ કરીએ ત્યાંસુધી શ્રદ્ધાના બળ પર ખરું માનીને આપણી તૃષા છિપાવી લેવી જોઈએ. આ માનવદેહની અલ્પજ્ઞાન ગ્રહણશક્તિ જોઈને તેને જોડ આપવા માટે જ શ્રદ્ધાની યોજના કરવામાં આવેલી છે અને જે આ કામચલાઉ યોજના કરવામાં આવી છે, તે અત્યંત દૂરદર્શીપણું બતાવે છે.

આજે જો શ્રદ્ધાનો સ્વીકાર ન કરીએ તો આપણા જ્ઞાનની મર્યાદા તદ્દન સંકુચિત થઈ બેસે છે; અને આપણી નાનીશી આંખ જેટલું બતાવે, તેટલું જ આપણું જ્ઞાન, એવી સ્થિતિ થઈ જાય છે. જેઓ શ્રદ્ધામાં માનતા નથી, તેઓ જ્ઞાનની સંકુચિત મર્યાદામાં ગોંધાઈ જાય છે. એ તેમને એક પ્રકારનું નુકસાન જ છે. પણ આપણે જો શ્રદ્ધાની ટેકરીનો આશ્રય લઈએ, તો તરત જ આપણી જ્ઞાનદષ્ટિનું ક્ષિતિજ ખૂબ જ વિસ્તાર પામે છે! પારલૌકિક દેખાવો પ્રત્યક્ષ જોવાનો પેલો વખત આવે ત્યાંસુધી આ શ્રદ્ધાની ટેકરીપરથી તે દેખાવની થોડીઘણી રમણીયતા આપણે અનુભવીએ, એમાં જ આપણને ફાયદો છે. આ ટેકરી ઉપરથી શ્રદ્ધા આપણને જે કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવે, તે જો કેવળ ભ્રમ હોય તો વાત જુદી. પરંતુ યોગમાર્ગથી પ્રાચીન અને અર્વાચીન શાસ્ત્રકારોએ તેમ જ સત્પુરુષોએ જે વાતો પ્રત્યક્ષ દીઠી છે, તેનો, આપણામાં પ્રત્યક્ષ જોવાનું સમાર્થ્ય આવે ત્યાંસુધી શ્રદ્ધાના સાધનથી અનુભવ લેવો એમાં કશું અજુગતું નથી. સારું તરતાં આવડે ત્યાંસુધી તુંબડાં પર બેસીને તરવામાં શું અયોગ્ય છે? જ્યારે તરતાં આવડી જાય ત્યારે દેખીતી રીતે જ સહુ કોઈ તુંબડાંનો ત્યાગ કરે છે. તેવી જ રીતે પારલૌકિક પ્રત્યક્ષના અનુભવ થવા લાગે, ત્યારપછી શ્રદ્ધાનું મહત્ત્વ રહેતું નથી, પણ ત્યાંસુધી તો તે આવશ્યક છે.

જ્ઞાનના ક્ષેત્રમાં શ્રદ્ધા એ એક ગરીબાઈનું–પણ પ્રમાણિકતાનું–લક્ષણ છે. જે સર્વજ્ઞ પરમેશ્વર છે, અગર તો જેઓ તેની જ કૃપાથી સર્વજ્ઞ મહાત્માઓ થયેલા છે, અને જેનાથી તેમને બધી વાતો પ્રત્યક્ષ દેખાય છે, તેમને–જ્ઞાનના ક્ષેત્રમાંના તે ધનાઢયોને–તે લક્ષાધીશોને–તે કોટ્યાધીશોને શ્રદ્ધાની કશી પણ કિંમત નથી. જેની પાસે રોકડા પૈસા છે, તેને ઉધારીનું શું કામ છે? આંટ, ક્રેડિટ, પ્રોમિસરી નોટ ઇત્યાદિ સાધનો જેમની પાસે રોકડા પૈસા નથી, તેમને માટે છે. પારલૌકિક જ્ઞાનના રોકડા પૈસા જેમની પાસે જોઈએ તેટલા છે, તેમને શ્રદ્ધાની ઉધારીની કદી પણ જરૂર પડતી નથી. પરંતુ આપણે માનવપ્રાણી તો જ્ઞાનના આ ક્ષેત્રમાં કેવળ ભિખારી જ જન્મ્યા છીએ. આપણા જ્ઞાનધનનું ભંડોળ બહુ થોડું છે. આપણાં સત્કર્મોને પરિણામે જેમજેમ આપણી ઉત્ક્રાંતિ થતી જશે તેમતેમ આપણું જ્ઞાનધન વિપુલ થશે એમાં શંકા નથી. પરંતુ એવી પાત્રતા આપણામાં લાવવા માટે, અને ત્યાંસુધી આપણો વ્યવહાર ચલાવવા માટે શ્રદ્ધાની આંટ પર આપણી ગરીબ દુકાન ચલાવવી જોઈએ. પરમેશ્વરે મનુષ્યને ફક્ત પાંચ જ જ્ઞાનેંદ્રિયો આ[પી] છે. પરંતુ અતીન્દ્રિય જ્ઞાનાર્જનમાં સાધન[ભૂત] એવી એક છઠ્ઠી ઇંદ્રિય મનુષ્યપ્રાણી પોતા[ને] માટે નિર્માણ કરી લે છે, અને આ છઠ્ઠી ઇંદ્રિ[ય] તે શ્રદ્ધા છે. જ્યાં પાંચ ઇંદ્રિયોનું જ્ઞાન અ[ટકે] છે, ત્યાં શ્રદ્ધાથી મળનાર જ્ઞાનની શરૂઆ[ત] થાય છે.

આવા પ્રકારનું જ્ઞાનેંદ્રિયનું શ્રદ્ધા[રૂપી] છઠ્ઠું દ્વાર જેમના અંતઃકરણમાં ઊઘડ્યું [છે] તેમને આગળનો આધ્યાત્મિક માર્ગ બ[હુ] સુગમ થાય છે. મનને એકવાર શ્રદ્ધા[ની] ટેવ પડે, પછી તેને કોઈ પણ વાત સા[ધ્ય] સાધ્ય થઈ શકે છે. આ શ્રદ્ધાની યોગ્[યતા] ભગવદ્ગીતામાં એક ઠેકાણે વર્ણવેલી [છે.] 'यो यच्छ्रद्धः स एव सः' આ ચરણમાં [એમ] કહેવામાં આવ્યું છે, કે જે જેવી શ્રદ્ધા રા[ખે] તેવો તે થશે. ઈશ્વરે આપણને આપેલું [આ] મહત્ત્વનું સાધન કંઈ જેવું તેવું ન[થી.] અંધશ્રદ્ધા અહિતકારક છે, એમાં શંકા ન[થી.] પરંતુ ભગવદ્ગીતાના સત્તરમા અધ્યા[યમાં] સાત્ત્વિક, રાજસ અને તામસ, એવી જે [ત્રણ] પ્રકારની શ્રદ્ધા કહેલી છે, તે પૈકી [જે] સાત્ત્વિક શ્રદ્ધા કહી શકાય તેવા પ્રક[ારની] શ્રદ્ધાથી મનુષ્યના મન પર–અને તે[ની] તેવી ઉત્ક્રાંતિ પર–અત્યંત સારાં પરિ[ણામ] થાય છે. સામાન્ય લૌકિક વ્યવહારમાં સં[શય] થી કેવા ફાયદા થાય છે, એ વાત [...] કહેવામાં આવી છે. પરંતુ જો કે લૌ[કિક] વ્યવહારમાં એવા ફાયદા થાય તો [પણ] એકંદર રીતે સંશય એ મનની અ[...] ક્ષુદ્ર વૃત્તિ જ છે. સંશય અને શ્રદ્ધા એ [બે] મનોવૃત્તિઓની અધ્યાત્મ વ્યવહારમાં [તુલના] કરીએ, તો એવું દેખાઇ આવે છે, કે સં[શય] એ મનની અત્યંત નીચ વૃત્તિ છે અને શ્ર[દ્ધા] એ મનની અત્યંત ઉચ્ચ અને ઉદાત્ત [વૃત્તિ] છે. સંશય તો કોઈ પણ અધમ વૃ[ત્તિ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્ય કરી શકે, પરંતુ શ્રદ્ધા રાખવી એ વાત એક પણ અનુદાર અને જેણે પ્રગતિ ન કરી હોય એવાને હાથે થવી શક્ય નથી. સંશય એટલે જ્ઞાનનો અભાવ અને શ્રદ્ધા એટલે ભાવિ જ્ઞાનની અગાઉથી ખાતરી. જેવી રીતે કોઈ પણ મનુષ્ય સંશય ઉઠાવી શકે, તેવી જ રીતે કોઈ વાત પ્રત્યક્ષ જોયા પછી તેના પર વિશ્વાસ રાખવાનું કામ કોઈ પણ કરી શકે. પ્રત્યક્ષ પર વિશ્વાસ રાખવો એમાં મોટો પુરુષાર્થ નથી. એ બિલકુલ સીધી સાદી વાત છે. પરંતુ જે વાત પ્રત્યક્ષ નથી, તેને વિષે સંશય ન રાખતાં, તેને વિશે દૃઢ વિશ્વાસ રાખવો, એ માટે મનના એક પ્રકારના ધૈર્યની જરૂર પડે છે. બીકણ, ટૂંકા મનનો કે સંશયી વૃત્તિનો મનુષ્ય કોઈ પણ અપ્રત્યક્ષ અજ્ઞાત વાત પર એકદમ વિશ્વાસ રાખતો નથી. પરંતુ ધીર, ગંભીર, સાત્ત્વિક અને ઉદાત્ત મનોવૃત્તિનો માણસ સંકોચ વિના અપ્રત્યક્ષ અને અજ્ઞાત વસ્તુઓ પર પણ વિશ્વાસ રાખે છે.

આ વિશ્વાસ—આ શ્રદ્ધા—જેમનામાં કુદરતી છે, તે ખરેખર પુણ્યશાળી અને ભાગ્યશાળી છે. પરંતુ સ્વભાવતઃ જેમનું મન શ્રદ્ધાયુક્ત નથી, તેઓ પોતાના મનમાં અન્ય સાધનો દ્વારા ઉત્પન્ન કરી જ ન શકે એવું નથી. પરમેશ્વર, પુનર્જન્મ, સત્કર્મનાં સત્પરિણામ, શાસ્ત્રગ્રંથ ઇત્યાદિ વાતો પર વિશ્વાસ રાખવો તેમને માટે કઠિન નથી. ‘જેણે કદી કોઈને છેતર્યા નથી, પોતાને છેતરાવાનું જેમને વિશેષ કારણ નથી અને જેઓ સદા એક ધર્મથી અને નિયમો પ્રમાણે વર્તે છે; તેમના પર અને તેમના શબ્દો પર શ્રદ્ધા રાખવામાં શો વાંધો છે?’ આ જાતનો વિવેક કરવાથી આપણી શ્રદ્ધા આપણે વધારી શકીએ છીએ. આપણે સંશય વધારતા બેસીએ તો સંશય વધે છે; અને શ્રદ્ધા વધારીએ, તો શ્રદ્ધા વધે છે. આપણે જેવું વાવીએ તેવું ઊગે, એ સૃષ્ટિનો નિયમ જો ડગલે ને પગલે આપણને સાચો જણાઈ આવે છે, તો આપણા અંતઃકરણરૂપી ક્ષેત્રમાં સંશય અને શ્રદ્ધાની વાવણી કરવાથી શો ફાયદો? જેવી શ્રદ્ધા રાખીએ તેવું થવાનો ધર્મ જે સૃષ્ટિમાં છે; તે સૃષ્ટિમાં આપણે શ્રદ્ધાને બદલે સંશયનો આગ્રહ રાખીએ, તો કલ્પવૃક્ષના ઝાડ નીચે ઉપવાસી મરનાર ને આપણી વચ્ચે શો ફરક છે?

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥
अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ।
अप्राप्य मां निवर्तते मृत्युसंसारवर्त्मनि ॥
अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥

આ ભગવદ્-ઉક્તિમાં સંશયવૃત્તિનાં અને અશ્રદ્ધાનાં અતિ ભયંકર પરિણામો વર્ણવેલાં છે. અધ્યાત્મ વિષયક પ્રશ્નની બાબતમાં અશ્રદ્ધા રાખવાને લીધે તે પારલૌકિક ફળો તો ગુમાવે છે જ, પરંતુ ઐહિક સુખનો પણ તેથી નાશ થાય છે. ‘नायं लोकोऽस्ति न परः’, ‘निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि,’ ‘न च तत्प्रेय नो इह’ આ વચનોમાં પૃથ્વી અને સ્વર્ગ બન્ને ઠેકાણેના સુખનો નાશ થતો હોવાનો ઉલ્લેખ છે. તેથી આવાં ભયંકર પરિણામો જેમાંથી ઉત્પન્ન થાય છે, તે સંશયી વૃત્તિનો ત્યાગ કરીને શાસ્ત્રવચનો પર અને સૃષ્ટિધર્મો પર વિશ્વાસ રાખવો એ જ શ્રેયસ્કર છે.

પરંતુ સંશય છોડીને શ્રદ્ધા રાખો, એવું કોઈ અનેકવાર કહે તોપણ મનની વૃત્તિ એકદમ બદલાઈ જતી નથી. મન હમેશ ઉત્ક્રાંતિ-તત્ત્વ પર ચાલે છે. તે મન મૂળમાં જ સંશયી વૃત્તિનું હોય તો જગતમાંના સત્ય સિદ્ધાંતો વિષે મનમાં જ્યારેજ્યારે સંશય ઉત્પન્ન થાય, ત્યારેત્યારે ઉપર જણાવ્યા પ્રમાણેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારોથી તેને તરત દબાવી દેવો જોઈએ. મનને એવી ટેવ પડતાં સંશય ઉત્પન્ન થવાની ક્રિયા બંધ પડતી જશે. આટલું થાય એટલે આપણા મનમાં શ્રદ્ધાનું વાવેતર કરવા જેવું ક્ષેત્ર તૈયાર થયું એમ કહી શકાય. સંશય એ આપણા માનસક્ષેત્રમાંનાં ઝાંખરાંઓ છે તેને ઉખેડી નાખી, પાછાં કદી ન ઊગે એવી તકેદારી રાખવી જોઈએ. આટલું થયે શ્રદ્ધાનું અર્ધું કાર્ય થયું ગણાય. આધ્યાત્મિક વિષયોમાં મનુષ્યના મનમાં જે સંશય ઉત્પન્ન થાય છે, તે પૈકી કેટલાક સ્વાભાવિકપણે જ ઉદ્ભવે છે. તેને શરૂઆતમાં જ ઉખેડી નાખવા જોઈએ.

આ સ્વાભાવિક ઉત્પત્તિ સિવાય કૃત્રિમ કારણોથી પણ કેટલીક વાર મનમાં સંશય ઉત્પન્ન થાય છે. આ કૃત્રિમ કારણોમાં નાસ્તિક ગ્રન્થો અને તેમાંના મતોનું અગ્રસ્થાન છે. નાસ્તિક ગ્રન્થોમાંના મતો મનમાં પુષ્કળ વિક્ષેપ ઉત્પન્ન કરે છે; અને લડાઈમાં જેમ એકાદ કિલ્લો સુરંગથી તોડી પાડવામાં આવે છે; તેવી જ રીતે પરમેશ્વર, પરલોક, પુનર્જન્મ, પાપપુણ્ય, પરમપાવન ધર્મ, ઇત્યાદિની ઇમારત તેના વડે જમીનદોસ્ત થઈ જાય છે.

આ નાસ્તિક મતો પૂર્વપક્ષની દૃષ્ટિએ અત્યંત આદરણીય છે. ખંડનકાર્ય માટે આપણને તેની જરૂર છે. અંગમાંની શક્તિ વાપરવા માટે અને મલ્લવિદ્યાનું જ્ઞાન વધારવા માટે જેમ કોઈ કુસ્તી કરનારને પ્રતિસ્પર્ધીની જરૂર પડે છે, તેમ સિદ્ધાંત મતની દૃઢતા માટે આપણને નાસ્તિક મતનો પૂર્વપક્ષ મળે તો તેની જરૂર જ છે. પરંતુ તેની સાથે કુસ્તી કરીને તેને પાડવાની જેના અંગમાં શક્તિ નથી, તેણે તેની સાથે બાથ ભીડવી યોગ્ય ન કહેવાય. કુમળા રોપાનું જેમ તોફાની પવનથી રક્ષણ કરવું પડે છે, તેમ નાસ્તિક મતોથી આપણા કુમળા મનનું કાળજીપૂર્વક સંરક્ષણ કરવું જોઈએ. આપણે ત્યાં … નાસ્તિક ગ્રંથો કંઈ ઓછા નથી. પ… પાશ્ચાત્ય વાઙ્મયમાં તેની સંખ્યા વિશે… પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓ મોટેભાગે આધિભૌ… તત્ત્વનો જ વિચાર કરે છે. તે તત્ત્વે… પેલી ગમના અજ્ઞેય પ્રદેશમાં તેઓ ઘણે… સંચાર કરતા નથી. બરાબર તર્કશાસ્ત્ર… નિયમ પ્રમાણે જ અનુમાનો કરવામાં … તત્ત્વવેત્તાઓ ઘણા કુશળ હોય છે, તેથી … વસ્તુઓના સ્વભાવ ઉપરથી તેમણે ઉપ… વેલાં અનુમાનોથી ભરેલા લેખો પોતાની … અત્યંત રમણીય જણાય છે. પરંતુ આ… ભૌતિક વિચારોની મર્યાદાનું ઉલ્લંઘન ક… અધ્યાત્મ વિષયોના વિચારના પ્રદેશમાં સં… કરવાની તેમનામાં મહત્ત્વાકાંક્ષા ન હોવા… અથવા તેમ કરવા માટેની ઉપયોગી … વિશિષ્ટ પરિસ્થિતિ તેમને અનુકૂળ ન હોવ… અથવા જે અદૃશ્ય પ્રદેશમાં ગમન કરવ… માર્ગ સ્પષ્ટ દેખાતો નથી ત્યાં વિનાકા… ધડાધડ કરવી વ્યર્થ છે એવી તેમની સમજ… હોવાથી, ત્યાંના તત્ત્વજ્ઞાનીઓના વિ… મોટેભાગે જ્ઞેય સૃષ્ટિની હદ પર આવીને અટકી પડે છે.

આ કારણથી આપણી અધ્યાત્મ દ… તેમાં એક પ્રકારનું નાસ્તિકત્વ જ… છે. તેમના વિચારોની વિશદતા અને પ્ર… પાદનના કૌશલ્યને યોગે તેમના એ નાસ્તિ… કપણાને પણ એક પ્રકારનું મોહકત્વ … થયું છે અને તેથી તેમના આ જડવા… મનુષ્ય તુરત જ ગૂંચવાઈ જાય છે. … આવા પ્રતિષ્ઠિત કુતર્કોથી અલિપ્ત રહેવા… દરેકે પુષ્કળ ખબરદારી રાખવી જોઈએ.

પૂર્વ તરફનાં શાસ્ત્રો અને પશ્ચિમ ત… શાસ્ત્રોમાં આસમાન અને જમીન જેટલું … છે. રાસાયણિક મિશ્રણો અને પૃથક્કર… વિદ્યુતશક્તિના ધર્મ અને ઉષ્ણતાનાં પરિ…

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોહચુંબકના નિયમ અને પરમાણુની ક્રિયા, ઇત્યાદ અનેક જડ સાધનોરૂપી દીવાના પ્રકાશથી જેટલું દેખાય, તેટલું જોવાનો તેઓ પ્રયત્ન કરે છે. પરંતુ આ ભૌતિક સૃષ્ટિની પેલી પારની અતીંદ્રિય વાતો વિષેનું જ્ઞાન કરાવી આપનાર આપણા તરફનો જે યોગમાર્ગ છે તેની–તે યોગમાર્ગના સૂર્યપ્રકાશની, ત્યાંના લોકોને કલ્પના પણ નથી.

તત્ત્વજ્ઞાનની વાત બાજુએ રાખી તેમના ધર્મ તરફ જોઈએ. તેમનો ધર્મ પરમેશ્વર અને જીવમાં પુષ્કળ ભેદભાવ રાખે છે. પરંતુ આપણા તરફનો ધર્મ જીવ અને બ્રહ્મનું તાદાત્મ્ય પ્રતિપાદન કરતો હોવાથી આપણને બહુ ફાયદો થયો છે. એ ફાયદો આ પ્રમાણે છે: પરમેશ્વરના જે ગુણધર્મ છે તે જ તેની સાથે એકરૂપ થનાર જીવના પણ ગુણધર્મ છે, એવી દઢ ભાવના છે; તેથી આપણે અતીંદ્રિય જ્ઞાન પ્રાપ્ત કરી શકીશું, એવી મહત્ત્વાકાંક્ષા આપણામાં ઉપ્તન્ન થાય છે અને એને આપણા યોગશાસ્ત્રમાં પુષ્ટિ મળેલી છે.

આ ઉપરથી જણાઈ આવશે, કે પૂર્વ અને પશ્ચિમ બન્ને દેશોના લોકોની આધ્યાત્મિક શાસ્ત્રોનાં કાર્યોની મર્યાદા અને મહત્ત્વાકાંક્ષા એકમેકથી તદ્દન ભિન્નભિન્ન છે. પશ્ચિમના લોકોનાં મુખ્ય સાધનો રસાયણશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર ઇત્યાદિ છે. આર્યલોકોએ આ જડ શાસ્ત્રોનો તો યથાવકાશ ઉપયોગ કરેલો છે જ; પરંતુ તેમનું મુખ્ય સાધન તો યોગશાસ્ત્ર જ છે. પાશ્ચાત્ય લોકોના જ્ઞાનની મજલ ફક્ત જડ અને દશ્ય સૃષ્ટિની જ હોય છે, પણ આપણા તત્ત્વવેત્તાઓએ જડ અને દશ્ય સૃષ્ટિનો જેટલો ઉપયોગ કરી શકાય તેટલો કરી લઈને વધારેમાં, તેની પેલીગમની સૃષ્ટિમાંના પ્રમેયો પણ જ્ઞાનબળથી જાણી લેવાના સફળ પ્રયત્નો કર્યા છે.

જેમણે દૂરબીનનો કદી ઉપયોગ કર્યો નથી તેમને એવું કહીએ કે 'શનની ફરતા કેટલાક ઉપગ્રહો અમને પ્રત્યક્ષ દેખાય છે' ને જે રીતે તેઓ ન માને, તે જ પ્રમાણે આ યોગબળના દૂરબીનમાંથી દેખાનાર અતીન્દ્રિય વાતો–તે દૂરબીન જેમની પાસે નથી એવા જડવાદીઓને–સંભવિત નહીં લાગે.

ત્યારે આ આધ્યાત્મિક શાસ્ત્રની બાબતમાં પૂર્વ અને પશ્ચિમ વચ્ચે મુખ્ય ફરક એ છે, કે યોગશાસ્ત્રનું આ દૂરબીન પૂર્વ તરફના લોકો પાસે છે અને પશ્ચિમના લોકો પાસે નથી. તેથી હિન્દુઓના વેદાન્તશાસ્ત્રમાંના ઉચ્ચ અને અતીન્દ્રિય પ્રમેયોને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ગ્રન્થોમાં ક્યાં યે સ્થાન મળ્યું નથી. તેથી તત્ત્વજ્ઞાનના આવા ગ્રન્થોમાં આ વાત કહેવામાં આવી નથી. તેથી તે ખરી શા ઉપરથી માનવી, એવો વિક્ષેપ સાહસિક રીતે જ તે પુસ્તકોના વાચનથી મનમાં ઉત્પન્ન થાય છે. માટે એ રીતે જેમને નાસ્તિકતાનો સંગદોષ લાગ્યો છે તેમને કહેવાનું કે એવાં પુસ્તકો મનની અપ્રગલ્ભ અવસ્થામાં જેટલાં ઓછાં વંચાય તેટલાં સારાં. એ પુસ્તકોમાં માત્ર જડવાદાત્મક વાતો જ હોવાની, યોગમાર્ગજન્ય અતીંદ્રિય જ્ઞાન ન જ હોય, એવી દઢ ભાવના મનમાં રાખીને તે પુસ્તકોનું કેવળ જડવાદના અભ્યાસ માટે જ પરિશીલન કરીએ, તો તો જાણે કોઈ જાતનો વાંધો નથી. પરંતુ આપણી શ્રદ્ધાને હાનિકારક નીવડે અને સંશયને ઉત્તેજન આપે એવા તત્ત્વજ્ઞાનની ખારાખડી ઘૂંટવા બેસવામાં કશો જ ફાયદો નથી.

આ રીતે નૈસર્ગિક અને કૃત્રિમ એવા બે પ્રકારના સંશયનો નાશ કર્યા પછી, આપણા મનમાં જેનાથી શ્રદ્ધાની અભિવૃદ્ધિ થાય, એવા પ્રયત્નો આપણે કરવા જોઈએ. પરમેશ્વરનો પરમ દયાળુ સ્વભાવ લક્ષમાં આણવો અને 'આવા પરમેશ્વર પર હું શા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રદ્ધા ન રાખું ?' એવો પ્રશ્ન પોતાના જ મનને પૂછવો. આવા પ્રસંગે તમે પરમેશ્વર-પર શ્રદ્ધા ન રાખો, એવું કોઈ પણ મન કહેશે નહીં. 'પરમેશ્વરની અનંત સૃષ્ટિ, સૃષ્ટિનો અનંત વિસ્તાર, પાપપુણ્યના બિન-ચૂક આવતાં પરિણામો, આ પ્રચંડ શક્તિ-બળના એ ન્યાયીપણા પર અને નિયમિત-પણા પર હું શ્રદ્ધા ન રાખું ?' એવું આપણા મનને પૂછીએ. આવા તુલનાત્મક પ્રસંગે 'તું એ જુઠ્ઠાઓ પર વિશ્વાસ રાખીશ નહીં' એવી સલાહ કોઈ પણ મન આપશે નહીં.

આ પ્રમાણે આપણે આપણા મનને શ્રદ્ધાના પાઠ આપતા રહેવું. આપણા મન-માંની શ્રદ્ધા વધારવા માટે કેટલીક પરિ-સ્થિતિ પણ ભારે અનુકૂળ થઈ પડે છે. આપણે મોટા શ્રીમંત હોઈએ. ચેનબાજીમાં દિવસો પસાર થાય, અધિકારપ્રમત્ત થયા હોઈએ, એવે વખતે આપણી શ્રદ્ધા કદી પણ વધશે નહીં. શ્રદ્ધાની વૃદ્ધિ માટેનો અનુકૂળ સમય તો સંકટ જ છે.

આપણે વિપત્તિમાં હોઈએ, આપણા હાલહવાલ થઈ રહ્યા હોય, પાસે પૈસા ન હોય, બપોરે કોળિયો અનાજ મળવાનાં ફાંફાં હોય, છોકરાંઓ માંદાં હોય અને આપણા મિત્રો જ જ્યારે વેરીની ગરજ સારે એવા બની ગયા હોય, એવી અવસ્થામાં–જ્યારે આશાનું એક પણ કિરણ જણાતું ન હોય ત્યારે–આપણી શ્રદ્ધામાં વધારો કરી લેવાની સુંદર તક હોય છે. સારે નસીબે જેમને એ તક પ્રાપ્ત થાય તેમણે તે કદી પણ ગુમાવવી ન જોઈએ. એવે વખતે પરમેશ્વર, પરલોક, પાપપુણ્ય ઇત્યાદિ સર્વ આપણા મનની તદ્દન નજીક આવેલાં હોય છે. તેઓ પોતાના હાથ આપણા પ્રત્યે લંબાવે છે અને આપણું મન તેમના તરફ આશાની નજરે જોતું હોય છે. આવે વખતે જ તેમની સાથે આપણા સ્નેહભાવનો સમન્વય સાધી લેવો જોઈએ.

આવી રીતે એકવાર શ્રદ્ધા વધારવ[ાની] ટેવ પાડી લઈએ તો જ્યારે અનુકૂળ પ્રસ[ંગ] પ્રાપ્ત થાય ત્યારે મનનો કાંટો સંશયી [વૃત્તિ] તરફ બિલકુલ ન ઝૂકતાં તે સદોદિત શ્રદ્ધા-ની બાજુએ જ વળશે. આપણે ટેવ પાડ[ીએ] તે જ વાતો મન વારંવાર કરે છે. તેથી એકવાર સારી વાતો તરફ જ વાળી [લેવું] જોઈએ. અને એકવાર સારી ટેવ પડે તે માત્ર આ જન્મ પૂરતી જ રહે એમ ન બને, બીજે જન્મે પણ તેનો ક્રમ ચાલુ રહેશે. જેઓ પુનર્જન્મવાદી છે, તેમના પ્રમાણે મન ઉત્ક્રાંતિતત્ત્વના અનુસાર આગલા અનેક જન્મોના સંસ્કારોનો ... સાથે લઈને નવીન જન્મમાં દેહ ધારણ છે. આપણે ઘણા ય લોકો એવા જો[ઈએ] છીએ, કે શ્રદ્ધાની વાત નીકળે, તો તુરત વાત પર તેમની શ્રદ્ધા બેસી જાય છે. કદી તેનાં કારણો પૂછતા નથી. અથવા એમ કેમ થયું અને પેલું એમ કેમ વગેરે બાબતની કશી પણ ખણખોદ કરતા નથી. આનો અર્થ એવો નથી જિજ્ઞાસુએ કોઈ જાતની પૃચ્છા કરવી જ ... દરેક માણસે એકવાર તો શંકાસમાધ[ાન] દશામાંથી પસાર થવું જ પડે છે. આવી પ્રશ્નોત્તરી માટે ન થોભતાં અત્યંત શ્રદ્ધાળુ હોય છે, તે લોકો એટલું જ કહેવું પડે છે, કે તેમનાં મન જન્મમાં કોઈક વાર પણ પૂર્વજન્મમાં આ સંશયી વૃત્તિની પ્રાથમિક પરિસ્થિ[તિનો] અનુભવ લઈને આવેલાં હોવાં જોઈએ.

જેને આપણે પ્રારબ્ધ કહીએ છીએ ... બીજું કંઈ જ નથી પણ જન્માંતરે અનેક પ્રયત્નોનો જ તે સમુચ્ચય છે. જન્મમાં આપણે આપણાં પાપોથી પુણ્યથી આપણા મનને જેટલી ઉત્ક્રાંતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવી છોડી દીધું હશે, તેટલી ઉત્ક્રાંતિથી આપણે આપણા નવીન જન્મના વ્યવહારની શરૂઆત કરીએ છીએ. અગાઉ આપણે જે સંચિત કર્યું હશે, તે સર્વ આ જન્મમાં આપણને ફરીથી પ્રાપ્ત થાય છે.

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥

ગીતા, અધ્યાય ૬–૩૭

આ શ્લોકમાં અર્જુને શ્રીકૃષ્ણને જે પ્રશ્ન પૂછ્યો છે, તેનો જવાબ આપતાં શ્રીકૃષ્ણ એવું જ કહે છે, કે 'બુદ્ધિમાં જે શ્રદ્ધા એકવાર દૃઢ થઈ, તે નાશ ન પામતાં મનુષ્ય જ્યારે ફરી જન્મ લે છે તે વખતે, તેણે પૂર્વજન્મમાં જે દરજ્જા પર પોતાની બુદ્ધિને આણી રાખી હશે તે દરજ્જાની બુદ્ધિ તેને ફરીથી પ્રાપ્ત થાય છે. અને ત્યાંસુધીમાં ઉત્ક્રાંત થયેલી બુદ્ધિને તે અધિક ઉત્ક્રાંત કરવાના પ્રયત્નનો આરંભ કરે છે.'

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन ॥

ગીતા, અધ્યાય ૬–૪૩

આ શ્લોકમાં ભગવાને જે તત્ત્વ કહેલું છે, તે તત્ત્વના અનુરોધથી મનુષ્યના મનની ઉત્ક્રાંતિ જન્મોજન્મ ચાલુ જ રહેલી હોય છે. અદૃશ્ય સૃષ્ટિમાંનો આ સૂક્ષ્મ ક્રમ જો આપણે લક્ષમાં લઈએ તો સંશયી વૃત્તિનો ત્યાગ કરીને શ્રદ્ધાયુક્ત મન રાખવાની ટેવ પાડવાથી આપણે કેટલા આગળ વધી શકીએ તેની પૂરતી કલ્પના થશે. સંશયી વૃત્તિમાં ખરું સુખ નથી. 'મેં કેવી શંકા ઉઠાવી, મને જે સંશય સૂઝ્યો, તે અગાઉ કોઈને પણ સૂઝ્યો નહોતો; મારી બુદ્ધિમાં આટલી કુશાગ્રતા હોવાથી જ મને આ પ્રશ્ન ઉપસ્થિત થયો; મારા આ પૂર્વપક્ષનું કોઈ પણ સમાધાન કરી શકે એમ નથી;' એવા પ્રકારનો કદાચ બૌદ્ધિક આનંદ મનને ક્ષણ માટે થશે. પણ એવા આનંદની શી કિંમત છે? તે અહંકારમૂલક આનંદ અને તે અજ્ઞાનમૂલક ગર્વ કરતાં જેનામાં આ શંકાઓનું સમાધાન થયેલું છે, તેનો આનંદ અને ગર્વ અનેક પ્રકારે ઊંચો અને અધિક છે! આપણે અમુક શંકાઓ ઉઠાવીએ, કે આપણા જેવી જ અલ્પબુદ્ધિના લોકો તેનું સમાધાન ન કરી શકે, એનાથી આપણા મનની ક્ષુદ્રતા અને સંકુચિતતા વિના બીજું શું સિદ્ધ થઈ શકે એમ છે? આપણને કોઈ વાત ન સમજાઈ, તેથી તેમનું અસ્તિત્વ જ નથી, એવું તો કહેવાય જ નહીં! પરમેશ્વર છે; તેની ભાંગફોડ રોજ ચાલુ જ છે; સૃષ્ટિનો વ્યવહાર અવિરતપણે સર્વત્ર પ્રસરેલો છે; પાપપુણ્યનાં પરિણામ સૂક્ષ્મપણે ભોગવાઈ રહ્યાં છે; આ બધી વાતો જો નિશ્ચિત રીતે ચાલી રહેલી છે, તો તે કેવી રીતે ચાલી રહી છે એ એકાદ ક્ષુદ્ર બુદ્ધિને ન સમજાય, અથવા બીજો કોઈ તેનું સમાધાન ન કરી શકે, તેથી શું થયું? આવી સ્થિતિમાં આપણી બુદ્ધિની સંકુચિતતા લક્ષમાં આણીને તેને શ્રદ્ધાનો સહારો આપવો ઉચિત અને શ્રેયસ્કર નથી શું? આજે આપણને પરમેશ્વર દેખાતો ન હોય, તોપણ તે છે એવી શ્રદ્ધા રાખીને આપણે ચાલીએ તો આપણું મન ઉત્ક્રાંત અને ઉદાત્ત થશે. આપણે જેમજેમ ઉત્ક્રાંતિના વાતાવરણમાં ઊંચેઊંચે ચઢીશું અને અધિકાધિક પાત્રતા સંપાદન કરીશું, તેમતેમ આ ત્રિલોકની રચના પાછળ શું રહસ્ય છે, તેનું જ્ઞાન આપણને પ્રત્યક્ષ થશે. પ્રભુ પર અટલ શ્રદ્ધા રાખવાથી આવો સુવર્ણદિન જરૂર ઊગ્યા વિના રહેશે નહીં.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃત્ય

*

શ્રી શાંતિલાલ ઠાકર એમ. એ.

છેક પ્રાચીન સમયથી આદિ માનવે નૃત્યને ઓછેવધતે અંશે અપનાવ્યું તો છે જ. ગ્રીસ, તિબેટ, અરબસ્તાન, ઇજિપ્ત, ફીજી ટાપુઓ, જાવા, આફ્રિકા વગેરે દેશોમાં પ્રાચીન નૃત્યકળા આજે પણ જીવંત છે. વાણી નથી કહી શકતી તે મુખભાવની એકાદ લહર કે મુદ્રાનું નજીવું હલનચલન કહી આપે છે. નૃત્ય એ કળા છે. ધર્મ જેટલી જ સામાજિક ઉત્સવો સાથે એ કળા સંકળાયેલી છે. વિવિધ રસ–ભાવના પ્રગટીકરણનું એ અણમોલ સાધન છે. એ વિશેની માહિતીપ્રદ વિચારણા અહીં રજૂ થાય છે.

પ્રાચીન યુગથી માનવી પોતાના હૃદયના પ્રબળ ભાવોને વ્યક્ત કરવા માટે નૃત્યના અભિનયનો આશ્રય લેતો આવ્યો છે. અમુક પ્રકારની અંગભંગી દ્વારા અને મુદ્રાઓ તથા હાથ, પગ, અંગુલિ, આંખ, પાંપણો, મુખ, કમ્મર વગેરે અવયવોનાં હલનચલન દ્વારા માનવી પોતાના હૃદયના મધુર, શૃંગારમય, ભયાનક, વીર, હાસ્યજનક, કરુણ એમ અનેક ભાવો પ્રદર્શિત કરતો આવ્યો છે; અને પરિણામે નૃત્ય એક સંપૂર્ણ, જટિલ, અટપટી કલા બની ગયું છે અને શાસ્ત્ર પણ બની ગયું છે.

માનવસંસ્કૃતિની પ્રાથમિક દશામાં માનવી પોતાનો આનંદ જરાક સ્થૂલ અને ગ્રામ્ય નૃત્યપ્રકાર દ્વારા વ્યક્ત કરતો. જેમજેમ માનવસંસ્કૃતિ વિકાસ પામતી ગઈ, વધારે સૂક્ષ્મ, રસિક, ઉચ્ચ અને માર્મિક બનતી ગઈ, તેમતેમ નૃત્યના અનેક સૂક્ષ્મ, ભાવગમ્ય અને ભાવદર્શક પ્રકારો ખીલતા ગયા. હિંદમાં તેમ જ બીજા દેશોમાં નૃત્યને ધર્મ સાથે સંકલિત કરવામાં આવ્યું હતું તેમ જાણવા મળે છે. પછી ધીમેધીમે નૃત્યને અને ધર્મને જુદાં પાડવામાં આવ્યાં અને બાદશાહો, શ્રીમંત લોકો, ધનિક શેઠિયાઓ અને વેપારી-સોદાગરો પોતાની રસવૃત્તિ છિપાવવા અને કેટલીકવાર તો પોતાની હલકી જાતીયવૃત્તિ સંતોષવા માટે પણ નૃત્યાંગનાઓને આશ્રય આપવા લાગ્યા.

હિંદમાં દક્ષિણનાં મંદિરોમાં અત્યાર સુધી ચાલતી આવેલી દેવદાસીની પ્રથાનું મૂળ નૃત્ય અને ધર્મને સંકલિત કરવામાં રહેલું છે. નૃત્ય દ્વારા પ્રભુ પ્રત્યેના ભાવને પોતામાં જાગૃત કરવો, તે ભાવને અનેક રસિક, કલામય તથા આનંદની રસવર્ષા વરસાવતાં આવિષ્કારો આપવાં; અંગના મૃદુલલિત મરોડો દ્વારા સમર્પણભાવને સ્થૂલ ભૂમિકા પર પ્રગટ કરી તેનાં દર્શન દ્વારા પ્રેક્ષકોના ચિત્તમાં પણ પ્રભુ પ્રત્યે સમર્પણની ભાવના જાગે તેવી પ્રબળ અસર ઉત્પન્ન કરવી; અને આ દુર્લભ કલાને સિદ્ધ કરવા, જીવન પર્યંત તે કલાનું પરિશીલન કરવું, અભ્યાસ કરવો, અને વંશપરંપરાગત રીતે તેનો તંતુ આગળ જઈ ચલાવવો; અને તે કલામાં અધિકાધિક પ્રગતિ, સૂક્ષ્મતા અને ભાવવાહિતા પ્રાપ્ત કરવાં, અને ઉત્તરોત્તર ઉત્કર્ષ સાધવો; આ દેવદાસીની પ્રથાની પાછળ રહેલો હેતુ હશે તેમ જણાય છે.

હિંદમાં **गीतं वाद्यं च नृत्यं च त्रयं संगीत मुच्यते ।** ગીત, વાદ્ય અને નૃત્ય–આ ત્રણે મળીને સંગીત કહેવાય છે. તે ઉક્તિ અનુસાર નૃત્યની આ વ્યાપક અસર વધારે ઊંડી, અને દૃઢ બને તેટલા માટે તેની સાથે ગીત અને વાદિત્રોનો પણ ઉપયોગ કરવામાં આવતો. આને પરિણામે સ્વર, અંગભંગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલનચલન અને વાદિત્રોના સહાયક સૂરથી એક એવું ભયકારક, શાંતિપ્રેરક, નિઃસ્પંદ-જનક વાતાવરણ રચવામાં આવતું કે તેને પરિણામે ઘણાક દેવદાસીઓ નૃત્ય કરતાં-કરતાં, અને ઘણા પ્રેક્ષકો તે નૃત્ય તથા સંગીતને જોતા ને શ્રવણ કરતાંકરતાં ભાવ-સમાધિમાં આવી જતાં, અને અંતે નિર્વિકલ્પ સમાધિદશા સુધી પહોંચી જતાં. ખ્રિસ્તી દેવળોમાં ઓરકેસ્ટ્રા રાખવાનો હેતુ પણ આવો જ છે.

ગ્રીસમાં પણ નૃત્ય અને ધર્મનો સંબંધ તેની પ્રાથમિક દશામાં ઘણો ગાઢ હોય તેમ દેખાય છે. માદરાના દેવ ડાયોનિસસની અર્ચના નિમિત્તે નૃત્યોત્સવ રચવામાં આવતો. રાત્રિના નીરવ વાતાવરણમાં, ટેકરીઓના શૃંગ પર આ ઉત્સવ થતો. કરતાલ અને મૃદંગના અવાજો પર બંસરીનો ધ્વાન તરી આવતો. માણસો આનંદની કિકિયારીઓ કરતાંકરતાં નૃત્યમંડળમાં ઘૂમતાં. આને પરિણામે બધી જ ઇંદ્રિયવૃત્તિઓ બહેર મારી જતી અને એક પ્રકારના આનંદ–ઉન્માદની તીવ્ર માત્રામાં ડૂબી જતી. આ ઉન્માદની પરાકાષ્ઠામાં તેઓ પસંદ કરાયેલા બલિ-પશુ પર તૂટી પડતા અને તેના અવયવે અવયવને છિન્નભિન્ન કરી નાખતા. પછી લોહીનીગળતા તે પશુદેહમાંથી માંસના ટુકડાઓને પોતાના દાંતવતી કાચા ને કાચા કરડી ખાતા. તે પ્રસંગે જાણે તેમનામાં કંઈક 'આવેશ' થયો હોય તેવા તે ઉન્મત્ત જેવા દેખાતા. સામાન્ય જીવનની મર્યાદાઓ જાણે સરી ગઈ હોય અને તેમના ભગવાન જાણે તેમની મધ્યમાં પ્રત્યક્ષ હાજર હોય તેવો ભાવ તેઓ અનુભવતા.

ડાયોનસસની આ નૃત્યચર્યા પશુ-બલિના સમયની અને માનવસંસ્કૃતિની પ્રાથમિક અવસ્થાની યાદ અપાવે છે. હિંદમાં પણ ભૈરવીચક્ર, તાંત્રિક વિધિ પ્રમાણે કેટલાંક બીભત્સ રાસવર્તુલો અને નૃત્યમંડળોની યાદ આની સાથેસાથે આવે છે. સંસ્કૃત સાહિત્યના મધ્ય યુગમાં–બાણભટ્ટના 'કાદંબરી'માં અને દંડી કવિના 'દશકુમાર-ચરિત'માં ચોરલૂંટારાઓની ટોળીઓ કાલીના મંદિરમાં કોઈ બાળકનો ભોગ આપવા–તેનું નૈવેદ્ય ધરાવવા તેને ઊચકી જતા અને તે રાતે પોતાની લૂંટમાં મળેલી સફળતાની માનતા–બાધા પૂરી કરતા અથવા ભવિષ્યમાં લૂંટમાં મહાન સિદ્ધિ મળે તેને માટે જંગલી નૃત્ય સમેત, સુરાપાનથી મત્ત બનીને તે નરબાળકનો બલિ કરવામાં આવતો. આ જંગલી સંસ્કૃતિનો અવશેષ આ ગ્રીક નૃત્યની સાથે-સાથે એક જ હરોળમાં બેસી શકે તેમ લાગે છે!

તિગ્રેમાં એબિસિનિયન લોકોનો એક નૃત્યપ્રકાર છે. તેમાં ભાગ લેનારા માણસો એક વર્તુલ રચી, પોતાના ખભા હલાવે છે અને કોણીઓને આગળ અને પાછળ તાલ-બદ્ધ રીતે ગતિ આપી નૃત્ય કરે છે. વચ્ચેવચ્ચે નૃત્ય કરનારાઓ ભૂમિ પર બેસી પણ જાય છે. જો કે તે વખતે પણ તેમના ખભા અને કોણીઓની ગતિ તો ચાલુ જ હોય છે! પોતાનાં નીચાં છાપરાંવાળી ઝૂંપડીઓમાં બુશમેનો જ્યારે નૃત્ય કરે છે, ત્યારે તેઓ પોતાનો એક પગ સ્થિર રાખે છે અને લાકડી-ને ટેકે તેમનો બીજો પગ એક પ્રકારની જંગલી તાલબદ્ધતામાં ગતિ કરે છે! તેમનો નૃત્યપ્રકાર આ જાતનો હોય છે.

મગ્યાર જાતિના પુરુષોનો નૃત્યપ્રકાર વળી જુદો જ હોય છે. તેમાં પુરુષો નૃત્ય શરૂ કરે છે અને સ્ત્રીઓ એક બાજુએ ઊભેલી હોય છે. જ્યારે તે નૃત્ય બરાબર જામે છે ત્યારે તેના આવેગમાં–આવેશમાં તણાઈ ને દરેક સ્ત્રી પોતાનો ભાગીદાર શોધી લે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે નૃત્યમાં જોડાય છે. આરબલોકોમાં દરવિશોના (ધર્મગુરુઓના) અને મિસરમાં પણ ધર્મગુરુઓનો કંઈક ઝનૂની, ઘૂમરડી લેતો નૃત્યપ્રકાર હોય છે. ન્યૂ કેલેડોનિયામાં નૃત્ય કરનારાઓ એક જ સ્થળે ઊભા રહે છે, એક પછી બીજો–એમ પગ ઉપાડી તાલ આપે છે અને સમગ્ર શરીરને ઝુકાવીઝુકાવી નૃત્ય કરે છે, દેહને અનેક પ્રકારના મરોડ આપે છે. ફિજીના લોકો આમથી તેમ બંને બાજુએ કૂદકા લે છે, બંને હાથને પૂંઠ પર રાખે છે, અને નૃત્ય કરે છે. જાવાના લોકો નૃત્ય સમયે બહુ જ સુંદર અને મોહક રીતે હાથ અને અંગુલિઓની ગતિ કરે છે. આંદામાનના લોકો નૃત્ય કરતી વખતે એક પગપર કૂદે છે અને હાથને આગળ અને પાછળ બહુ જ બળપૂર્વક ઘુમાવે છે. વેદ્દા લોકો બંને પગથી કૂદે છે, હાથ વડે કાં તો તાલી વગાડે છે અથવા પોતાના શરીરના અમુક ભાગને જોરથી થાબડે છે; અને પોતાના લાંબા સુંદર વાળથી પોતાના મુખને ઢાંકી દેવામાં ગૌરવ માને છે.

ઝુલુઓનાં નૃત્ય મોટેભાગે યુદ્ધનાં સહકારી અંગ જેવાં વા શિકારમાં વીરતા પ્રેરે તે હેતુવાળાં હોય છે. તેમાં સ્ત્રીઓ અમુક પ્રશ્નો પૂછે છે, જેના ઉત્તર પુરુષોએ આપવાના હોય છે. નિગ્રો–હબસી લોકોનાં શોકનૃત્યો ખૂબ અસરકારક હોય છે. અમેરિકાની એક અગત્યની ટોળીનું નામ 'નહાવો ઇન્ડિયન્સ' છે. તેઓ વર્ષમાં અમુક વખતે સમિતિ ભરે છે અને નૃત્ય તેનું મુખ્ય અંગ હોય છે. તેમનામાં 'નૃત્ય' અને 'વિધિ' પર્યાય શબ્દો ગણાય છે.

ઘણાંખરાં નૃત્યોનો ઉદ્‌ગમ એવો હતો, જ્યારે તે તે ટોળીઓ જંગલમાં ભટકતી, શિકાર કરતી, 'હાય તેની વહાય' ને ન્યાયે વિરોધી ટોળીઓની સ્ત્રીઓને અને વસ્તુઓને (હાથીદાંત, શંખલાંનાં ઘરેણાં, અનેક પશુઓનાં ચર્મવસ્ત્રો, ફરસી તથા હાડકાંનાં બનાવેલાં હથિયારો, મણકાની માળાઓ વગેરે) ઉપાડી જતી સમયમાં દરિયાપારથી બીજી સંસ્કૃતિ જાતિઓ હજી તેમના દેશમાં ઊતરી ન હ

હિંદમાં ભરતનાટ્યશાસ્ત્રનો અભ્યાસ આપે છે કે નૃત્યનો વિકાસ બહુ પ્રાચીન સ માં થયો હતો અને તેના અનેક પ્રકારો શાસ્ત્રીય રીતે ગ્રથિત કરવામાં આવ્યા છે. વાન પશુપતિનાથનું પ્રલયકાળનું તાંડવ ભીષણતાનો અપ્રતિમ નમૂનો છે. પાર્વતી મહાદેવનું દિલ જીતી લેવા જાય છે, ત્યારે પુષ્પોનાં આભરણો પહેરી, 'લલિત અંગભંગીઓથી યુક્ત, મૃદુ અભિનય રમણીય મોહક નૃત્ય કરે છે, તેને 'લ કહેવામાં આવે છે. સ્વર્ગમાં ઇંદ્રસભામાં શીનું, તિલોત્તમાનું, રંભાનું, મેનકાનું અનેક અપ્સરાઓનાં નૃત્યો પુરાણપ્રસિદ્ધ

શ્રીકૃષ્ણની બંસીના મોહક ધ્વનિ સ રાસલીલા તે ગોપનૃત્યનો એક અપ્રતિમ છે, જેમાં મુક્ત પ્રણયની ઉદ્દંડતા અને ભાવની કોમળતાનું કોઈ અનેરું સં રચાય છે. 'મેરે તો ગિરિધર ગોપાલ, દુસ કોઈ' કહીને મંજિરા સાથે ગાનારી નાચનારી, ભક્ત કવયિત્રી, સિસોદ્યા ક્ષત્રીવધૂ, રાધાના પુનર્અવતાર સમી, ધરલાલની લાડિલી મીરાંનો ભક્તિપ્રવ તરતો–ઘસડાતો નૃત્યપ્રકાર કોઈ અજબ તેમાં ભગવાનના હૃદયકપાટને બળપૂર્વક ઋજુતાથી ઉઘાડવાનો કીમિયો હતો. ભગવન્નામની પતિતપાવની ગંગા વહાવી હતી, જેમાં જગાઈ અને માધાઈ દારૂડિયાઓનો પણ ઉદ્ધાર થઈ ગયો ભગવાન ચૈતન્ય જ્યારે 'હરિ' બોલ જમાવતા, મંજિરા વગાડતા અથવા ક બજાવતા, ત્યારે તે સૂરની સાથે તાલબદ્ધ લયલીન થઈ કોઈ દિવ્યમધુર નૃત્ય મંડી જતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધુનિક કાળમાં પણ શ્રી ઉદયશંકર, શ્રી રુક્મિણીદેવી, મેનકા જાણીતાં છે. કથકલી નૃત્ય, કથક નૃત્ય, ગુજરાતી રાસનૃત્ય, મહારાષ્ટ્રી પવાડા સાથેનું મર્દાનગીભર્યું નૃત્ય વગેરે બિન-ધાર્મિક, દુન્યવી ભૂમિકા પરનાં, વ્યાવહારિક નૃત્યોના પ્રકાર છે. તેમાં કેટલાક નૃત્યપ્રકારો તો તદ્દન નવીન, આધુનિક ભાવનાને વ્યક્ત કરતા પ્રકારો છે. દાખલા તરીકે યંત્રનૃત્ય, મૂડીવાદ નૃત્ય વગેરે. આમાંના કેટલાક નૃત્ય-કારોએ તો હિંદની શાન જગતમાં વધારી છે અને કલાના ક્ષેત્રમાં ગણનાપાત્ર સેવા કરી છે.

પશ્ચિમમાં પણ પાવ્લોવાથી માંડીને અનેક નૃત્યરમણીઓએ નૃત્યના અનેક મૃદુરમ્ય પ્રકારોને તે સંસ્કૃતિની ખાસિયત સાથે વિકસાવ્યા છે અને જગતની કલા–સંસ્કૃતિની સેવા કરી છે.

પણ મૂળ મુદ્દે વિચારીએ તો એમ કહી શકાય, કે ભારતના શિલ્પ પેઠે અથવા ભારતની ચિત્રકલા પેઠે, ભારતની નૃત્યકલા ધર્મતત્ત્વથી ગુંથાયેલ કોઈ પરભોમકાનાં સત્ત્વો સાથે વ્યવહારની સાંકળ સ્થાપવા મથતી, કોઈ ઉચ્ચતર ચેતનાના સ્તર પર જીવાત્માને તથા આડકતરી રીતે સર્વ સહૃદયી પ્રેક્ષકોને લઈ જવા મથતી, પ્રભુ પ્રત્યે ઝાંઝરના ઝણકાર સાથે તાલબદ્ધ પગલાં માંડતી, દિવ્ય કળા હતી. તેથી ઊલટું પશ્ચિમની બીજી કલાઓની પેઠે તેની નૃત્યકલા પણ વધારે પ્રાણમય ભૂમિકા પર વિલસતી, રંગબેરંગી ચિત્રોને ઉઠાવ આપતી, ઉલ્લાસમય, આશાની વીણાના સૂરની રમઝટ મચાવતી, આહ્લાદમય; થનગનાટવાળી, તરલ, તેજસ્વી, બાહ્યાંગ સુંદર, સપ્રમાણ અને ચર્મચક્ષુને તથા વાસના-કલેવરને તૃપ્તિની પરમ કક્ષાએ પહોંચાડનારી એક ઉત્તમ કલા હતી. એક દિવ્યલક્ષ્મી હતી, બીજી આનંદલક્ષ્મી હતી. એકના હાથમાં પરમ તત્ત્વની પૂજામાળ હતી, બીજીની આંખમાં વિલાસનાં ઘેન અને હાથના મરોડમાં આલિંગનની મારક મોહકતા હતી. પણ ઘણા કિસ્સાઓમાં પૂર્વની નૃત્યકલાનું લક્ષણ કોઈ પશ્ચિમી નૃત્યકારની અદામાં ઊતરી પડ્યું જોવાનું મળતું હતું અને કોઈક વાર પશ્ચિમની પ્રાણોલ્લાસમય નૃત્યકલાની ખાસિયતનાં દર્શન કોઈ પૂર્વના નૃત્યકારની યાદમાં, મુદ્રામાં કે અંગભંગીમાં જોવા મળતાં હતાં.

આમ નૃત્યકલાનો ઇતિહાસ માનવ-સંસ્કૃતિના વિકાસમાં બહુ અગત્યનો ફાળો નોંધાવે છે; કારણકે તેથી માનવહૃદયના ભાવો અગમ્ય રીતે પણ અચૂકપણે શિષ્ટ, સૂક્ષ્મ, સંસ્કૃત અને ઉચ્ચ બને છે. અને તે રીતે જોતાં તે હૃદયની પ્રબળ કેળવણીરૂપ બની જાય છે. નૃત્ય લલિત વ્યાયામ આપે છે, તેથી દેહસૌષ્ઠવ અને તેજસ્વી કાંતિછટા તેની સહોદરીઓ છે. તેમાં અભિનયનું પાટવ હોવાથી તે માનસશાસ્ત્રની ઔરસ પુત્રી છે, તેમાં ભાવનું–રસનું નિરૂપણ હોવાથી તે રસ-શાસ્ત્રની પરમપાવની ભાગીરથી છે. તેમાં નવ રસોની વિવિધ સેરોનું પ્રગટીકરણ હોવાથી તે કલાઓનો પ્રયાગરાજ છે, પુનત તીર્થરાજ છે. તે ગીત–વાદ્ય–નૃત્યની ત્રિવેણી છે. માનવીઉરના ભાવોને સૂક્ષ્મ, રસિક તથા ઊર્ધ્વગામી બનાવીદિવ્યતાના વ્યોમમાં લઈ જાય છે. આવી અજબ નૃત્યકલાને શાસ્ત્રરૂપે અને કલારૂપે સ્વીકારી માનવજાતિના દિવ્યીકરણ માટે અને આનંદ-શુદ્ધ આનંદની રસલહાણ કરવા માટે તેનો યથાર્થ વિનિયોગ કરવામાં આવે, તો નૃત્ય એક દિવ્ય ને અમોઘ સાધન છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદમાં કાપડઉદ્યોગ

*

અધ્યા. એમ. પી. ગાંધી

એમ. એ.; એફ. આર. ઈ. એસ; એફ. એલ. એલ. જે. પી.

ખોરાક પછીનો મહત્ત્વનો પ્રશ્ન કાપડનો છે. દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં હિંદના રહેવાસીને માથાદીઠ ઘણું જ ઓછું કાપડ પહેરવા મળી શકે છે. ભાગલાએ હિંદને પારાવાર નુકસાન કર્યું છે, તેમાં કાપડનો પ્રશ્ન યે આવી ગયો છે. રૂ પેદા કરતા ક્ષેત્રનો વધારે ભાગ પાકિસ્તાનને ફાળે જવાથી તથા હુંડિયામણના દરોની મુશ્કેલીને લીધે ભારતવર્ષે આ પ્રશ્નમાં સ્વાવલંબી બનવું જ રહ્યું. રોજ ને રોજ સાંભળીએ છીએ કે કાપડભરાવાને લીધે અમુક મિલ બંધ થઈ—હજી વધારે સાવચેત નહીં બનીએ તો આવતા થોડાક મહિનામાં કાપડઉદ્યોગ પર ગંભીર ભય તોળાઈ રહ્યો છે. વિદ્વાન લેખકે આજના આપણા આ ઉદ્યોગની અહીં તલસ્પર્શી સમીક્ષા કરી છે અને કાપડઉત્પાદન, વહેંચણી તથા તેના નિકાસ માટે યોગ્ય બંદોબસ્ત કરવાનું સરકારને સૂચન પણ કર્યું છે.

હિંદમાં કાપડઉદ્યોગનો જન્મ અને વિકાસ છેલ્લાં સો વર્ષથી છે. ચાલુ વર્ષે આ ઉદ્યોગ ગૌરવપૂર્વક પોતાની શતાબ્દી ઊજવનાર છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં રાષ્ટ્રે કેટલી સાધના મેળવી છે તેનું આ ઉદ્યોગ ઉત્તમોત્તમ દૃષ્ટાંત છે. ઔદ્યોગિક રાષ્ટ્ર તરીકે ભારતવર્ષ કેટલું શક્તિશાળી છે તેનું પણ એ પ્રતીક છે. વિકાસના પ્રારંભમાં આ ઉદ્યોગના જ્યોતિર્ધરોને ઘણીઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો; પરંતુ તેમના અવિરત પરિશ્રમ અને બલિદાનોને લીધે આ ઉદ્યોગ આજે આપણા દેશના આર્થિક તંત્રમાં ઘણું ઊંચું સ્થાન ભોગવે છે.

આ ઉદ્યોગને જ પરિણામે આજે ૭૦૦,૦૦૦ મજદૂરોને રોટી મળે છે. ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ રૂા. ઉપરની મૂડીનું એમાં રોકાણ થયેલું છે. ૧૦,૦૦,૦૦,૦૦૦ ત્રાકો અને ૨,૦૦,૦૦૦ સાળો દ્વારા ૧૬૦૦૦ લાખ રતલ તાર કાઢવામાં આવે છે અને ૪૮૦૦૦ લાખ વાર કાપડ આ ઉદ્યોગની મિલો વણે છે. દર વર્ષે રાષ્ટ્રમાં બનેલા મોટાભાગના રૂની લગભગ પચાસ લાખ ગાંસડીઓ આ ઉદ્યોગમાં વપરાય છે. આ ઉપરાંત આ ઉદ્યોગનો એક બીજો વિભાગ હાથવણાટના ઉદ્યોગનો છે. એમાં પણ લગભગ ૨૫ લાખ માણસોને કામ મળે છે અ[ને] એમાંથી વાર્ષિક સો કરોડ રૂપિયાની કિંમતનું ૧૩૦૦૦ લાખ વાર કાપડ બને છે. જ્યા[રે] મિલમાં બનતા કાપડની કિંમત આશ[રે] ૫૦૦ કરોડ રૂપિયા થાય છે.÷

આપણે બધા સારી રીતે જાણીએ છી[એ] તેમ આપણા દેશમાં આજે કાપડનું ઉત્પાદ[ન] જીવનનિર્વાહના આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમા[ણે] પ્રજાની મૂળભૂત ને યોગ્ય જરૂરિયાત કર[તાં] ઘણું જ ઓછું છે. એટલા માટે આ ઉદ્યોગ[ના] વધુ વિકાસ માટેની ઘણી મોટી શક્યતા છે. આજે હિંદુસ્તાનમાં માથા દીઠ માત્ર ૧૩ વાર કાપડ વાપરી શકાય છે. દુનિયાના આગ[ળ] વધેલા અન્ય દેશમાંની માથા દીઠ વપરા[શ] કરતાં આપણે ઘણા જ પાછળ છીએ. રાષ્ટ્રી[ય] નિયોજન સમિતિએ સૂચના કરેલી કે નજી[ી]કના ભવિષ્યમાં જ રાષ્ટ્રની અંદરનું ઉત્પાદન ધોરણ ઊંચું લાવવું જોઈએ અને જણ દી[ઠ] લગભગ ૩૦ વાર કાપડ મળી શકે એટ[લી] શક્યતા ઊભી કરવી જોઈએ. અમેરિકા[માં] કાપડની માથા દીઠ વપરાશ ૫૫ વારની [છે,] બ્રિટનમાં તે ૪૫ વારની છે, પશ્ચિમ યુરોપ[ના] દેશ[ો]...

÷ લેખકના ધી હેન્ડલૂમ વિવિંગ એન્યુઅલ ૧૯૪૯ને આધારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ૩૫ વારની છે, પૂર્વ યુરોપમાં ૨૦–૨૫ વારની છે, અને જાપાનમાં છે ૨૦ વારની. દેશની અંદરના અને આસપાસના બદલાયેલા સંજોગો જોતાં, નજીકના ભવિષ્યમાં આજના કરતાં નોંધ લેવા જેટલા વધારે કાપડના જથ્થાનું હિંદુસ્તાન ઉત્પાદન કરી શકે એવું આજની ઘડીએ તો શકય લાગતું નથી. ૧૯૪૫માં સરકારે યુદ્ધોત્તર યોજના સમિતિની નિમણૂક કરી. આ સમિતિએ હિંદમાં કાપડ-ઉદ્યોગના વિકાસ માટે એક યોજના તૈયાર કરવાની હતી. યંત્રોની આયાત કરવામાં નડેલી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ, દેશમાં લગભગ ૧૭૦૦૦ લાખ વાર કાપડનું જ વધારેનું ઉત્પાદન થઈ શકે એવું આ સમિતિનું મંતવ્ય હતું. એમ કરવા માટે ૧૦૦ લાખ ત્રાકોને બદલે ૧૨૦.૭૫ લાખ ત્રાકો યોજીને રાષ્ટ્રમાં શક્તિનો વધારો કરવાની સમિતિએ સૂચના આપી હતી.

વિકાસની આ નાની અમસ્તી યોજના પણ તાત્કાલિક તો અમલમાં આવી શકે એમ નથી; અને એનાં ઘણાં કારણો પણ છે. પહેલું તો એ કે તાજેતરમાં રાષ્ટ્રમાં ખરીદ-શક્તિ ઘટી ગઈ છે અને યુદ્ધનાં વર્ષો દરમિયાન લોકો કાપડ માટે જે 'લાવો લાવો'ની માંગ કર્યા કરતા હતા તે હાલમાં નથી. બીજું આજે આર્થિક સંકડામણ ઘણી જ ભારે છે અને યુદ્ધ પહેલાંની યંત્રસામગ્રી કરતાં લગભગ ચારથી પાંચગણા આજના ભાવોમાં નવાં યંત્રો નાખવાં એ ખર્ચાળ બની જાય. ત્રીજું હિંદુસ્તાનના ભાગલા પડવાથી, હિંદી સંઘમાં કપાસ મળતો ઘણો ઓછો થયો છે. ૧૯૪૬–૪૭નાં વર્ષો દરમિયાન અવિભાજિત હિંદમાં રૂની પેદાશનું ક્ષેત્ર ૧૫,૦૩૮,૦૦૦ એકર હતું, ત્યારે હવે તેમાંથી હિંદી સંઘને ભાગે ૧૧,૬૭૧,૦૦૦ એકર તથા પાકિસ્તાનને ફાળે ૩,૩૬૭,૦૦૦ એકર જમીનો વહેંચાઈ ગઈ છે. આ જ વર્ષોમાં અવિભાજિત હિંદમાં નહેરો-વાટે કપાસ ઉત્પન્ન કરતી લગભગ ૪,૧૦૦,૦૦૦ એકર જમીન હતી. ભાગલા થતાં જ એમાંની લગભગ તેત્રીસ લાખ એકર જમીન તો પાકિસ્તાનને ફાળે ગઈ. * બીજા શબ્દોમાં કહીએ તો ભાગલાને પરિણામે અવિભાજિત હિંદના કુલ ક્ષેત્રના ચોથા ભાગથી થોડોક ઓછો વિસ્તાર અને નહેરો દ્વારા પકવવામાં આવતા રૂ–વિસ્તારોનો ૪/૫ મો ભાગ પાકિસ્તાનને ફાળે ગયો છે. ૧૯૪૭–૪૮માં હિંદુસ્તાનની અંદર રૂનું ઉત્પાદન લગભગ ૨૬ લાખ ગાંસડીનું હતું, જ્યારે મિલના દરેક જાતના રૂની કુલ વપરાશ ૪૨ લાખ ગાંસડીની માનવામાં આવી હતી. આ વધારાનો માલ પાકિસ્તાન, ઈજિપ્ત, અમેરિકા અને અન્ય રાષ્ટ્રોમાંથી આયાત કરવો પડ્યો હતો.

૧૯૪૯ના ઑગસ્ટના અંતમાં રૂની બાર લાખ ગાંસડીઓનો અનામત જથ્થો પડી રહ્યો હતો. નજીકના મહિનાઓમાં હિંદી સરકાર આઠ લાખ ગાંસડીઓ આયાત કરવાનું ધારે છે. સામાન્ય રીતે દર વર્ષે છ લાખ ગાંસડીઓ બહારથી આપણે મંગાવીએ છીએ, તેમાં આ બે લાખ ગાંસડીનો વધારો થશે, એ બોજો નાનોસૂનો નથી. ૧૯૪૭ના વર્ષમાં ઉત્પન્ન થયેલી ૨૬ લાખ ગાંસડીઓમાંથી, નિકાસના પરવાનાઓવાળી ટૂંકા તારની બે લાખ ગાંસડીઓ બહાર જશે અને દેશમાં બીજાં કારખાનાંઓને બે લાખ ગાંસડીઓ જોઈશે એટલે આ ઉદ્યોગ માટે તો ૨૨ લાખ ગાંસડીઓ જ મળી શકશે.

વિદેશી હૂંડિયામણના દર આપણને અનુકૂળ આવે તો ડોલર વિસ્તારો સમેત જુદાં-જુદાં રાષ્ટ્રોમાંથી ભારત સરકાર આઠ લાખ ગાંસડીઓની આયાત કરશે અને આની

* લેખકના 'ધી ઈન્ડિયા કોટન ટેક્સ્ટાઈલ ઇન્ડસ્ટ્રી એન્યુઅલ(૧૯૪૯)'માંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત સરકારને લગભગ ૬૦ કરોડ રૂપિયાની ચૂકવવી પડશે. આપણે જો ૮૦૦૦ લાખ વાર કાપડ હિંદ બહાર મોકલી શકીએ તો કદાચ વિદેશી હુંડિયામણના પ્રશ્નને પહોંચી વળાય.

તેમ છતાં યે દેશની અંદર કાપડની કિંમતનો પ્રશ્ન તો આપણી પાસે રહેશે જ; કારણકે વિદેશથી આવતું રૂ હિંદી રૂ કરતાં ઘણું જ મોંઘું હોય છે. મિલ-કારખાનાંઓને કાપડ બનાવવું સસ્તું પડે તેટલા માટે કાપડના ભાવમાં વધારો કરવાની ફરજ પડશે. આજને તબક્કે તો કાપડ, ખોરાક વગેરે જીવનની જરૂરિયાતોની ચીજોના ભાવમાં બિલકુલ વધારો ન થવા દેવો એવું હિંદી સરકારનું ચોક્કસ માનવું છે. એટલે હવે પછીના મહિનાઓમાં બહારથી જે રૂનો મોટો જથ્થો આવનાર છે તેને પરિણામે ઘરાકને પડનારા મોંઘા કાપડની કિંમતની સમતુલા જાળવી રાખે એવાં યોગ્ય પગલાં સરકારે ભરવાં જ પડશે. થોડા વખતમાં રૂની આઠલાખ ગાંસડીઓની આયાત નક્કી કરવાનું સરકારથી શક્ય ન બને તો થોડાક જ મહિનામાં પરિસ્થિતિ અતિ ગંભીર સ્વરૂપ પકડશે; કારણકે મિલોમાં થયેલા કાપડના ભરાવાને લીધે તે જથ્થો ખાલી કરવો મુશ્કેલ બનશે અને પરિણામે કેટલીક મિલોને બંધ થવાનો વખત આવશે. એમ માનવામાં આવે છે કે તાજેતરમાં જ પૂર્વ આફ્રિકામાં મોકલાવાયેલું રૂ-પ્રતિનિધિ મંડળ તે દેશમાંથી લાંબા તારના રૂની લગભગ બે લાખ ગાંસડીઓ હિંદમાં આયાત કરવાની જોગવાઈ કરીને આવ્યું છે અને બાકીની ગાંસડીઓ અમેરિકા, બ્રાઝીલ વગેરે જુદાજુદા દેશોમાંથી મેળવવાની ગોઠવણો થઈ રહી છે.

હિંદે એના રૂપિયાની કિંમતમાં ઘટાડો કર્યો અને પાકિસ્તાને તેમ નથી કર્યું એટલે આ બન્ને દેશો વચ્ચે હુંડિયામણને લગતી મુશ્કેલીઓ ઊભી થઈ છે તેથી તથા પાકિસ્તાન સાથેના મિત્રતાના સંબંધો બગડતા જતા હોવાથી, એ તો સ્પષ્ટ જ છે કે પાકિસ્તાન સાથેનો રૂને લગતો વેપાર સ્થગિત થઈ જશે. એટલે આપણી જરૂરિયાતોને પહોંચી વળવા માટે પાકિસ્તાન સિવાયના દેશો સાથે આપણે ગોઠવણ કરવી પડશે અગર તો આપણા હિંદના પ્રદેશમાં કપાસનું ઉત્પન્ન વધારવું પડશે. પણ આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે પોતાના જ વિસ્તારમાંથી તો હિંદને રૂના વિષયમાં ઘણી જ મોટી અછત વેઠવી પડે તેમ છે, અને ભાગલાને લઈ રૂના આર્થિકતંત્ર પર જે માઠી અસરો થઈ છે તેને પહોંચી વળતાં થોડાંક વર્ષો નીકળી જશે. મધ્યમ અને લાંબા તારના રૂના ઉત્પાદનમાં મુશ્કેલીઓ-વૈતરાનો પાર નથી. કપાસના લાંબા પાયા પરના ઉત્પાદનમાં ખોરાકની બાબતમાં સ્વાવલંબી થવાની ઝુંબેશને લીધે કપાસના પાકને મુશ્કેલી નડશે એ તો વળી જુદી. દેશમાં મોટા પાયા ઉપર કપાસ ઉત્પન્ન કરવા માટે નિશ્ચિતરૂપે પ્રયાસો થાય છે અને એમાં ઉત્તરોત્તર વધારો કરાતો જશે. છતાં એને યે અમુક કેટલીક હદ હોય. મોટા પ્રમાણમાં ખાતર આપીને તથા નવી યોજનાને વિસ્તૃત કરીને આજના વિસ્તારમાં પાકનું પ્રમાણ થોડુંક ઊંચું લાવી શકાય, પરંતુ જરૂરી જથ્થો પૂરતા પ્રમાણમાં મળી શકતો નથી; એટલે આપણી પાસે એક જ ઉપાય રહ્યો-કપાસ પકવતા ક્ષેત્રનો વિસ્તાર કરવાનો. અત્યારે જે તાત્કાલિક જરૂર ઊભી થઈ છે તેને લક્ષમાં રાખીને યોજના સરકારનું ખાસ ધ્યાન ખેંચી રહી છે.

કપાસ મેળવવામાં આ પ્રમાણેની સ્થિતિ હોવાથી, સરકારે તાજેતરમાં જ તરીકે રાખેલા ૪૫૦૦૦ લાખ વાર કાપડનો ઉત્પન્ને પહોંચતાં-પહોંચતાં ઘણી મુશ્કેલી પડવાની. આમ થવાનું એક કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ છે. ખાસ કરીને રૂની તંગીને લીધે બંધ પડેલી કેટલીક મિલોને પરિણામે ઉત્પાદનના ક્ષેત્રમાં નુકસાન આવવાનો જે સંભવ છે તે સામે પણ આંખમીંચામણાં કરી શકાય તેમ નથી.

આ બધા ઉપરાંત આવતાં વર્ષો દરમિયાન કાપડઉદ્યોગનું મોંઘી કિંમતનું માળખું એની જાતે જ પોતાને માટે એક મોટી આડખીલીરૂપ બનવાનું છે અને એનો પ્રશ્ન નાનોસૂનો નથી. મિલઉદ્યોગની કાર્યશક્તિનાં પૂર હમણાં ઓસરતાં જણાય છે; કારણકે સસ્તી કિંમતે યંત્રોનો જોઈતો સામાન મેળવવામાં ઘણી મુશ્કેલી પડે છે. કાપડઉદ્યોગને લગતો સરસામાન યોગ્ય દરે મળે અને જોઈએ તેટલો મળે એવી સ્થિતિએ આપણે પહોંચી જઈએ, તોપણ આવી પરિસ્થિતિનો મિલઉદ્યોગ લાભ લઈ શકે કે કેમ એ એક શંકાસ્પદ બાબત છે. જરૂરી યંત્રની ફેરબદલી માટે મિલો પાસે આજે પૂરતાં નાણાંની જોગવાઈ નથી, અને આજે પ્રવર્તે છે તે પરિસ્થિતિમાં બજારોમાં રોકેલી મૂડીનો આશ્રય લેવાનો સવાલ જ ઊભો થતો નથી.

એટલે નજીકના ભવિષ્યમાં કાપડઉદ્યોગના ઉત્પાદનમાં વધારો કરવા માટેનું ભાવિ ચિત્ર બહુ સુખમય નથી. આ બધા ઉપરાંત વિદેશી કાચા રૂની મોંઘી કિંમતને ધ્યાનમાં લઈને કાપડના ભાવોમાં વધારો કરીને કાપડઉદ્યોગની જરૂરિયાતોને પહોંચી વળવું સરકાર માટે અતિ કપરું છે. આમ થશે તો અત્યારે જ જે લગભગ ગળે આવી ગયો છે તે ગ્રાહક એનો સખત પ્રતીકાર કરશે. ખુદ સરકારની પોતાની જ આર્થિક સ્થિતિ સારી નથી; તેમ છતાં પણ ગ્રાહકને સંતોષ આપવા માટે રૂની આયાતજકાત, દાણ કે વેચાણવેરો કાઢી નાખવો અથવા તો ઓછો કરવાની જરૂર જણાય ખરી. જ્યાંસુધી આ થાય નહીં ત્યાંસુધી ગ્રાહકની કાપડની ખરીદીનું પ્રમાણ ઘણું જ ઓછું હોવાનું અને પોતાના ગોડાઉનોમાં કાપડની ગાંસડીઓનો જથ્થો જમા થવાથી કેટલીક મિલો પણ બંધ પડવાની.

આપણું સદ્ભાગ્ય છે કે હિંદી સરકાર આ જાતની પરિસ્થિતિથી આજે સંપૂર્ણ વાકેફ છે. દર વર્ષે લગભગ ૪૫૦૦૦ લાખ વાર કાપડનું ઉત્પન્ન થાય તેટલું રૂ પૂરું પાડવા માટે સરકારે જરૂરી અને જલદી પગલાં ભરવાં જોઈએ. કાપડઉદ્યોગના લાગતાવળગતાઓ સાથે વાટાઘાટો કરીને કાપડનાં ઉત્પાદન, વહેંચણી અને નિકાસ માટે સરકારે એક યોગ્ય યોજના ઘડી કાઢવી જોઈએ.

★

માતાએ પોતાનાં બધાં ઘરેણાં વેચીસાટીને જગદીશચંદ્ર બોઝને ઈંગ્લૅંડ મોકલ્યા એટલા એ ગરીબ હતા. ઈંગ્લંડથી ડિગ્રીઓ સાથે હિંદ આવ્યા બાદ કલકત્તાની પ્રેસીડન્સી કૉલેજમાં ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રના અધ્યાપક તરીકે રહ્યા. આ કૉલેજમાં ત્યારે એવો નિયમ હતો કે સરખી ડિગ્રી ને લાયકાતવાળા છતાં હિંદી અધ્યાપકોને અંગ્રેજી અધ્યાપકો કરતાં બેતૃતીયાંશ જ પગાર મળી શકે. અને જગદીશચંદ્રના હિસ્સામાં તો આ બેતૃતીયાંશનું પણ અડધું જ વેતન આપવાનું નક્કી થયું! ગરીબ છતાં સ્વમાની બોઝે આનો સખત પ્રતિકાર કર્યો. વિરોધરૂપે લાગલાગટ ત્રણ વર્ષ સુધી પોતાના પગારનો ચેક પાછો કાઢતા રહ્યા. અંતે કેળવણી વિભાગે એમની નિમણૂક સ્થાયી કરી અને પાછલાં ત્રણ વર્ષની પૂરી રકમ પણ મોકલાવી આપી।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરો માટે આદર્શ ઘર

*

શ્રી ગજાનન વિ. પાઠક

સ્થપતિ

અંધકાર, ભેજ, ઘોંઘાટ ને પૂરતા હવાઉજાસ વિનાના સ્થળમાં કલાકો સુધી તનતોડ જહેમત ઉઠાવનાર મજૂરો ઘેર જાય ત્યાં પણ એવું જ વાતાવરણ હોય, તો જિંદગીનો બોજ કેટલો ભારે પડી જાય? જેમના ઉપર દેશના ઉદ્યોગધંધાનો મુખ્ય આધાર છે તેમના કાંડાંમાં જોર નહીં હોય તો દેશની ખિલવણી ક્યાંથી થઈ શકશે? અનાજ ને વસ્ત્ર જેટલો જ રહેણાકનો પ્રશ્ન મહત્ત્વનો છે. મજૂર ભાઈબહેનો માટેનાં આદર્શ ગૃહો કેવાં હોવાં જોઈએ, એમાં કઈકઈ પ્રારંભિક જરૂરતો પોષાવી જોઈએ તેનો રાષ્ટ્રહિતની દૃષ્ટિથી અહીં વિચાર કરવામાં આવ્યો છે. લેખકે સ્થપતિ તરીકેની પ્રાપ્ત કરેલી ખ્યાતિ આ વિષય પર બોલવાને તેમને અધિકારી બનાવે છે.

છેલ્લાં પચીસેક વર્ષથી એટલે કે મહાત્માજીના હિંદમાંના આગમન પછી દેશોદ્ધારમાં મજૂરોનું સ્થાન આપણા રાષ્ટ્રીય નેતાઓને સમજાવા લાગ્યું છે એમ કહેવાય.

બ્રિટિશ સરકારે પણ મજૂરીના કાયદાઓ ઘડ્યા, મજૂરોનો ઉત્કર્ષ કેમ સધાય તેનાં પગલાં લેવા માંડ્યાં. તમારે માટેના કામ કરવાના કલાકો, તમારા પગારો, તમારું શારીરિક સ્વાસ્થ્ય વગેરે માટે પગલાં લેવાયાં. તમારે માટે મિલોમાં દવાખાનાં, ભોજનાલયો અને ઘોડિયાઘરો રખાયાં. ઇંગ્લાંડમાં તો મજૂર પક્ષ એટલો બધો આગળ વધ્યો કે ત્યાં તો અત્યારે એ પક્ષ જ બહુમતિ ભોગવી રાજ ચલાવે છે. એ હિસાબે તો આપણે હજુ બહુ પાછળ છીએ. બ્રિટિશોએ હિંદુસ્તાન આપણને સોંપી દીધું ને તેઓ ચાલ્યા ગયા. આપણે સ્વતંત્ર થયા છીએ અને હવે આપણી સરકાર દેશની આબાદી માટે જે વિચારો કરી રહી છે તેમાં અત્યારે તો ખાસ અનાજનું અને યંત્રઉદ્યોગ વિકસાવી આપણું ઉત્પન્ન વધારવાનું કામ ખાસ મહત્ત્વનું સમજે છે. તેને માટે જે પગલાં લેવાઈ રહ્યાં છે તેમાં અત્યારે મજૂરોના જીવનવિકાસના કાર્યક્રમમાં તેમની કેળવણી અને સ્વાસ્થ્ય એ બે અગત્યના સ્થાને છે. સ્વાસ્થ્યની સંરક્ષા માટે જીવનની મુખ્ય જરૂરિયાતો અન્ન, વસ્ત્ર અને રહેઠાણ. રહેઠાણની બાબતમાં તમારે કેવાં ઘરો જોઈએ, કેવાં ઘરો આદર્શ કહેવાય તે વિષે વિચારીએ.

તમે જાણો છો કે શારીરિક સ્વાસ્થ્ય માટે મજૂરોને શું કે મોટા શેઠિયાઓને બધા માટે એકસરખી રીતે જ સારાં ઘરોની ઘણી જરૂર છે. આપણા અમદાવાદમાં કિલ્લાની અંદરની ગલીઓનાં પુરાણાં ઘરો જ્યારે બંધાયાં હશે, ત્યારે તે સમય માટે તે યોગ્ય જ હશે. પરંતુ શહેરની વસ્તી વધી જતાં અને આધુનિક જમાનાની આપણી જરૂરિયાતો પણ એટલી બધી વધી ગઈ છે ને જુદા પ્રકારની થઈ ગઈ છે કે આપણને આ ઘરો આપણા સ્વાસ્થ્ય માટે અનુકૂળ નથી રહ્યાં. અને પણ તમે અત્યારે જેવાં ઘરોમાં અને જે રીતે રહો છો તે તો મનુષ્યને રહેવા માટે જરા પણ લાયક નથી. માટે આપણી મ્યુનિસિપાલિટી શહેર સુધારવાના પ્રયત્નો કર્યા કરે છે. એ નવાનવા રસ્તાઓ કરે છે, સાંકડા રસ્તાઓ પહોળા કરે છે, તેણે ડામરની સડકો કરી અમદાવાદમાંથી ધૂળ કાઢી નાખી, ગટરો કરી, છતાં પણ શહેરનો ઘણો ભાગ એવો છે કે તેને સાવ તોડી પાડીને જ તે સુધારી શકાય. આ મુશ્કેલીના ... તેણે એમ કર્યો કે શહેર બહાર નવા વસવાટના વિસ્તારો કર્યા, જે 'ટાઉન પ્લૅનિંગ સ્કીમ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(નગર વિકાસ યોજના)ના નામથી ઓળખાય છે ને તે વિસ્તારો માટે બાંધકામના કાયદાઓ કર્યા. લોકોને પણ શહેર બહાર વસવાની કિંમત સમજાઈ; વસવાટ માટેનાં નવાં મકાનો આ નવા શહેરવિસ્તારમાં થવા લાગવાથી શહેરની ગીચ વસ્તી ઓછી થવા લાગી. વેપાર-ઉદ્યોગ વધવા સાથે બહારગામની વસ્તી આવવા જ લાગી અને તેમાં વળી ગઈ લડાઈ દરમિયાન અને હવે પાકિસ્તાન થવાથી નિરાશ્રિતોનો ધોધ સારા ય હિંદમાં ફેલાતાં અમદાવાદને ભાગે પણ ઘણી મોટી સંખ્યા વસાવવાની થઈ છે. આ વધતી જતી વસ્તીને સમાવવા માટે મ્યુનિસિપાલિટી શહેર બહાર ટાઉન પ્લૅનિંગ સ્કીમ વધારતી જ જાય છે. તે બધી જગામાં વસ્તી જ્યારે ફેલાઈ જશે ત્યારે એ પુરાણાં ઘરોમાં કંઈક મોકળાશ દેખાવા માંડશે ને પછી ધીમેધીમે એ રહેવા લાયક પણ થતાં જશે એમ માની શકાય.

તમારે માટેનાં ઘરો આ નવા વિસ્તારમાં હોવાં જોઈએ. એ કેવાં હોવાં જોઈએ તેનો તમને ખ્યાલ હોવો જોઈએ, જેથી તમે જ તેવાં ઘરોની માગણી કરી શકો.

પહેલું તો એ કે તમે બધા સમૂહમાં કામ કરવાવાળા છો, એટલે સ્વાભાવિક રીતે જ તમને સમૂહમાં રહેવું વધારે ફાવે; માટે તમારાં મકાનો પોળોનાં મકાનોની જેમ સાથે જોડાયેલાં 'કરોકર' થવાં જોઈએ. પોળોમાં જેમ સો દોઢસો ઘરો એકસાથે આડાંઅવળાં, આઘાંપાછાં, ઊંચાંનીચાં થયેલાં છે એમ નહિ પણ દસ કે બારબારના જથ્થામાં (અં. ગ્રૂપમાં) હોવાં જોઈએ, જેથી કરીને તમે નવરાશની વેળાએ બધા સાથે હળીમળી–ગમ્મત કરો અને એકબીજાને ભીડ વખતે કામ લાગો. છૂટાંછૂટાં નાનાંનાનાં ઘરો કે તેવાં જોડકાં ઘરો જુદાંજુદાં કમ્પાઉન્ડવાળાં તમને ન ફાવે. હું તો કહું છું કે

૬

મધ્યમવર્ગવાળાઓને પણ જુદાંજુદાં કમ્પાઉન્ડવાળાં મકાનો ન ફાવે–એ તો પૈસાદારો અને સાધનસંપન્ન લોકોને જ ફાવે. હવે આવાં ઘરોના સમૂહો તમારે કામ કરવા જવાનાં કારખાનાંઓ કે જગાઓ પર તમે સહેલાઈથી પહોંચી શકો તેવા સરિયામ રસ્તાથી બહુ દૂર ન હોવા જોઈએ. વળી તે રસ્તે તમારાં કારખાનાં પર પહોંચવા માટે વાહનોની સગવડો પણ હોવી જોઈએ. આ થઈ તમારાં ઘરો કેવી જગાએ હોવાં જોઈએ તેની વાત.

હવે આ સમૂહોમાં તમારાં ઘરો કેવાં હોવાં જોઈએ તે વિચારીએ. તમારે માટેનાં ઘરોની ત્રણ જાત (અં. ટાઈપ) કલ્પી શકાય. પહેલી જાતમાં માત્ર કુટુંબવિનાના છડેછડા જ રહે. બીજીમાં એક દંપતી અને એકાદ બાળક રહે અને ત્રીજીમાં એક દંપતી અને બેત્રણ બાળકો રહે. તે પછી તમારો કુટુંબવિસ્તાર વધે ત્યારે એમ માનવાનું કે મોટા છોકરાઓ સ્વતંત્ર કમાણી કરતા જુદા રહે ને એ રીતે ઘરમાં રહેનારાઓની સંખ્યા વધારેપડતી ન થઈ જતાં ઘરની મોકળાશ સ્વાસ્થ્યને અનુકૂળ જ રહ્યા કરે.

આ ત્રણેય જાતનાં ઘરોમાં આપણા શરીર–સ્વાસ્થ્યને જોઈતી નીચેની બધી જરૂરિયાતો હોવી જોઈએ.

પહેલી જરૂરિયાત હવાની છે. ઠંડીના વખતમાં જો તમે તમારા ઘરનાં બધાં ય બારીબારણાં બંધ કરો, તોપણ તમે ગૂંગળાઓ નહીં તેટલા પૂરતો પ્રાણવાયુ તમને મળી રહે, એવી રીતનાં 'વા-બારાં' મકાનમાં જોઈએ. અંગ્રેજીમાં એને વેંટિલેટર્સ કહે છે. આપણાં રસોડાં ઇંગ્લાંડ કે અમેરિકાની જેમ જ્યાંસુધી વીજળીથી ચાલતાં ન થાય ત્યાંસુધી ધુમાડાને જવા માટે અને બળતણ સળગાવવા માટે તેને હવા (અં. ડ્રાફ્ટ) મળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવી યોજનાવાળાં હોવાં જોઈએ. વળી આપણને પવનની જરૂર રહે છે. ઠંડા મુલકમાં પવનની જરૂર નથી રહેતી, એટલે આપણે ત્યાં બારીબારણાં એવી રીતે મુકાવાં જોઈએ કે તેમાંથી સોંસરવો પવન ફર ફર વહી શકે. તે જ પ્રમાણે ગરમીના દિવસોમાં બહાર આકાશ તળે ખુલ્લામાં સૂવાનું આપણને ખૂબ ગમે છે. તે માટે આપણા મકાનને ખુલ્લી ઓસરીઓ, અગાશીઓ કે રવેશો જોઈએ અથવા તો ઘરની આગળપાછળ આંગણું કે વાડાઓ જોઇએ; જ્યાં તમે ખુલ્લા આકાશ તળે નિર્ભયતાથી સૂઈ રહી શકો.

વળી તમે લોકો તો કારખાનાની બંધિયાર હવામાં આખો દહાડો કામ કરીને કંટાળી ગયા હો, ત્યારે તો આમ ખુલ્લી હવા અને જગાની તમારે તો ઘણી જ જરૂર ગણાય; એટલે તમારાં ઘરોના જથ્થાઓ એવી રીતે ગોઠવાવા જોઈએ કે તે બધાની વચ્ચે મોટી ખુલ્લી જગા હોવી જોઈએ. જ્યાં છોકરાંઓ રમેકરે અને તમારા દરેક ઘરને આગળપાછળ તમારે કબજે એવી જગા હોય કે જેમાં તમે કંઈ બગીચા જેવું પણ કરી શકો.

બીજી જરૂરિયાત અજવાળાની છે. સામાન્ય રીતે હિંદુસ્તાન ગરમ-સૂર્યાતપ દેશ છે એટલે ઠંડા મુલકના કરતાં આપણે ત્યાં અજવાળું નાના માપની બારીઓથી પણ મળી રહે છે. આપણે ઠંડા મુલકની ડિઝાઇનોની આંધળી નકલો કરી મોટીમોટી બારીઓ મૂકીએ છીએ તે ખોટું કરીએ છીએ. એવી બારીઓ મૂકીને તેને પછી બંધ-જ રાખવી પડે છે. ઠંડા મુલકવાળા લોકોને સૂર્યને ઘરમાં પ્રવેશ કરાવવાનો છે. આપણે સૂર્યને પ્રવેશતાં અટકાવવાનો છે ને પાછું હવા, પવન અને અજવાળું લેવું છે. આ કારણે આપણાં જૂનાં મકાનો જોશો તો તેમાં નાનાંનાનાં જાળિયાં મૂકેલાં જણાશે ને તે ઘરોમાં ઠંડક બહુ સારી રહે છે. ગરમી[...] દિવસોમાં શહેર બહારના બંગલાઓ [...] પોળનાં મકાનો સરખાવશો તો તમને [...] હકીકત તરત સમજાશે. બીજું તમને [...] વાળાં આપતી બારીઓ બારણાંની જેમ ફ[...] તળ સુધીની હોવી જોઈએ; કેમકે તમે [...] ખુરશીસોફા પર બેસનારાં નથી, [...] બારી નીચી હોય તો જ રૂમની ફરસ[...] અજવાળું પૂરતું પડે. આપણે ત્યાં [...] તળથી ૨ાા-૩ ફૂટ પર બારીઓ ઊંચી [...] ગઈ છે તે અંગ્રેજોના સમાગમ અને તે[...] જેમ આપણે ઊંચે બેસણે બેસતા [...] પછી થયું છે. આપણાં જૂનાં મકાન[...] બારીઓ ઓરડાઓની તળેથી જ મુકાતી[...]

ત્રીજી જરૂરિયાતમાં આપણે ર[...] લઈએ. રસોડામાં પણ પૂરતું અજવાળું [...] પૂરતી હવા જોઈએ. એ બાબતમાં આ[...] બહુ બેદરકાર રહ્યા છીએ. ત્યાર[...] પાણીની વ્યવસ્થા જોઈએ. હવાથી બી[...] નંબરે જરૂરી વસ્તુ પાણી છે, ને તેમાં [...] આપણા જેવા ગરમ દેશમાં તો તેની ઘ[...] અગત્ય છે. તેને માટે આપણે પાણિ[...] રાખતા જ આવ્યા છીએ. આ પાણિયા[...] અગત્ય હું ઠંડા મુલકમાં રખાતી તા[...] ભીંતસગડીઓ જેટલી જ સમજું છું. [...] સગડીઓનો ઉપયોગ ત્યાંના લોકોએ સુશો[...] કરવાને અને ઘરને શોભા આપનાર એક [...] વિભાગ (અં. ફિચર) તરીકે કર્યો છે; તેવી જ [...] આપણા પાણિયારાનું મૂલ્ય બરાબર સ[...] તેને વધારે ને વધારે વિકસાવી સુંદર [...] જોઈએ. તમારાં રહેઠાણો ને પાણીના પૂર[...] વિચાર પણ થવો જોઈએ. નળોવાળા [...] માં તમોને નળ દ્વારા પૂરતું પાણી [...] જોઈએ. નળ ન હોય ત્યાં સારા મોટા[...] ઓની સગવડ હોવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે પછીની જરૂરિયાતોમાં હું શારીરિક સ્વચ્છતા અને શૌચની સગવડોને મહત્ત્વનાં ગણું છું. તમારે માટે સારાં જાજરૂઓ જોઈએ અને નાહવા માટે બાથરૂમો પણ જોઈએ. આપણે ત્યાં બાથરૂમોનું મહત્ત્વ હજુ પણ સમજાયું નથી, એ શોચનીય છે. અત્રેની મ્યુનિસિપાલિટીના બાંધકામના કાયદાઓમાં જાજરૂ ફરજિયાત રાખ્યાં છે, પણ હરેક રહેઠાણના મકાનમાં બાથરૂમ ફરજિયાત નથી કર્યાં. બંધબારણે નાહવાની સગવડ વિના પુરુષો તો નાનું પોતિયું પહેરીને બાકીનું શરીર બરાબર સાફ કરી શકે, ત્યારે સ્ત્રીઓ તો ખુલ્લે શરીરે નાહી જ ન શકવાથી મોટે-ભાગે અસ્વચ્છ જ રહે અને પરિણામે દાદર–ખસ જેવા ચામડીના રોગો થાય છે. અરધી તંદુરસ્તી તો સ્વચ્છતા પર જ આધાર રાખે છે.

આવી રીતે હવા, અજવાળું, રસોડાં, પાણી, જાજરૂ અને બાથરૂમ; એમ પાંચ વસ્તુઓ એવી છે કે જે ગરીબ અને તવંગરને ભેદભાવ વગર સરખી રીતે જ જરૂરની છે. એમાંની કોઈ પણ વસ્તુ ન હોય કે અપૂરતી હોય તો મકાન અધૂરું જ ગણાય. આટલી વસ્તુઓ મેળવ્યા પછી વ્યક્તિઓની આર્થિક સ્થિતિ પ્રમાણે તેના પોતાના આનંદ, વૈભવ, રસિકતા, તેનો સમાજમાં જે હોદ્દો હોય તે પ્રમાણે ઘર મોટુંમોટું થતાં નાનકડા બંગલાથી અમલદારો અને રાજાઓ માટેના રાજમહેલો જેવડાં અનેક ઓરડાઓને સમાવતાં મકાનો આપણે ત્યાં વિકસ્યાં છે ને થયાં છે.

પણ તમારી સ્થિતિ અને મોભા પ્રમાણે તો હું આગળ સૂચવી ગયો તે પ્રમાણે ત્રણ પ્રકારનાં મકાનો પૂરતાં છે. પહેલા પ્રકારમાં છડેછડા આદમીઓને રહેવા માટે છૂટી ઓસરીઓ, અકેકા રૂમમાં બબ્બે જણા રહી શકે તેવડો રૂમ અને તેને લગાડેલો એક બાથરૂમ હોવો જોઈએ. તેમનાં જાજરૂઓનો બ્લોક જુદો રહી શકે. આવા દસદસ રૂમના બ્લોકો જમીન પર એવી રીતે ગોઠવાયેલા હોવા જોઈએ કે જેથી આખો સમૂહ સુંદર લાગે. તેની મધ્યમાં બગીચા જેવું પણ તેમને આપવું જોઈએ. કુટુંબવિનાના આ ભાઈઓ માટે રસોડું અને એક સંયુક્ત ભોજનાલય પણ રહેણાકના સમૂહથી સગવડ પડતી જગાએ મૂકી શકાય. આ ભોજનાલય તેઓ સહકારથી ચલાવે તો કરકસરથી જોઈતું ભોજન તેઓ મેળવી શકે.

બીજા પ્રકારનાં મકાનોમાં એક નાનાં દંપતી માટે એક (રૂમ) 'ઓરડો,' એક રસોડું અને એક બાથરૂમ હોવાં જોઈએ. તેમાં જાજરૂ પણ–દરેકને આપી શકાય અગર તો તેનો સ્વતંત્ર બ્લોક મૂકી શકાય.

ત્રીજા પ્રકારના ઘરમાં બે (રૂમ) 'ઓરડા' રસોડું ને બાથરૂમ તો હોવાં જોઈએ. તે સાથે સગવડ હોય તો જાજરૂ પણ હોય, નહીં તો તેમને માટે પણ જાજરૂનો બ્લોક અલગ રખાય.

હવે આ પ્રમાણેનાં મકાનોમાં રૂમોનાં માપ કેવડાં હોવાં જોઈએ તેનો જરા વિચાર કરીએ. આ મકાનોનો ખ્યાલ તમને હું ફૂટની ગણતરીથી આપીશ તો તમને બરાબર ખ્યાલ નહીં આવે પણ એમ સમજો કે રૂમ એવડો હોવો જોઇએ કે તમે બે પથારીઓ કરો, તમારો સામાન એક તરફ મૂકો અને ત્યાર બાદ તમારે હરવાફરવા માટે–એક રૂમમાંથી બીજામાં જવા માટે કે ઓસરીમાં જવા માટે ચાર ફૂટની તો ઓછામાં ઓછી જગા રહેવી જોઈએ. વળી તમારી પથારી અને ભીંત વચ્ચે બે ફૂટ જગા રહેવી જોઈએ. તમારી ઓસરી એટલી પહોળી હોવી જોઈએ કે તમારો ખાટલો તેમાં આડો રહી શકે ને તમે ઓસરીમાં આંટા મારી શકો. પાછી આ ઓસરી દરેકને સ્વતંત્ર મળવી જોઈએ, જેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો ઉપયોગ તમે તમારો મલાજો સાચવીને કરી શકો.

તમારો બાથરૂમ એવડો હોવો જોઈએ કે તમે તેમાં બેસીને તમારા હાથ લાંબા-પહોળા કરીને તમારું શરીર ચોળી શકો, તે ઉપરાંત તેમાં પાણીની ડોલ અને પીપ રહી શકે.

તમારું રસોડું પણ મોકળાશથી બેસીને રસોઈ કરી શકો, રસોઈનાં વાસણો, મસાલાઓ ને બીજી ચીજો ગોઠવી રાખી શકો ને પાછું તમારું કુટુંબ તેમાં જમવા બેસી શકે તેવડું હોવું જોઈએ. તમારું બળતણ તમારે તમોને મળેલા પછવાડેના વાડામાં રાખવાનું.

આ પ્રમાણે તમને એક મકાન તો મળ્યું, પણ પાછું તેને સાચવવાનું ને તેને ચોખ્ખું રાખવાનું કામ તમારું પોતાનું છે. તમે તેના માલિક ન હો અને ભાડે રહેતા હો તોપણ તેને ચોખ્ખું રાખવાની ફરજ તમારી જ છે. મકાન એ તો આપણા શરીરને રક્ષણ આપનાર એક બીજા શરીર જેવું જ છે. જો શરીર ચોખ્ખું ન રાખો તો જેમ ચેપી રોગો થાય તેમ મકાન સ્વચ્છ ન રાખો તો તેમાં જાળાંઓ થાય, ઊધઈઓ થાય, જીવાત થાય, માંકડ થાય અને એ જ તમને કરડી ખાય ને પરિણામે તમે માંદા પડો. બાથરૂમ પણ પૂરો સ્વચ્છ રાખવો, તેની નીકોમાંથી પાણી ચાલ્યાં જાય તેમ સ્વચ્છ રાખવી જોઈએ. એ નીકમાં એવી ચીજો ન જવા દેવી જોઈએ કે જે મેલાં પાણીને વહેતાં અટકાવી દે. તેમાં બિલકુલ પેસાબની વાસ ન આવે તેવી નીકો રાખો. તમારાં જાજરૂઓ પણ સ્વચ્છ રાખો. તે ન ગ… તેવી કાળજી રાખો. પૂ. મહાત્માજીની પા… ખાનાં સ્વચ્છ રાખવાની પ્રકૃતિ તદ્દન વ્યવ… છે. ઘણી જગાએ પાયખાનામાં અપશ… લખાય છે. રેલવેનાં પાયખાનાં, મ્યુનિ… પાલિટીનાં પાયખાનાં જયાં જુઓ ત્યાં મેલ… ને અપશબ્દોથી ભરેલાં હોય છે. આ તમ… તમારા મનમાં રહેલી મેલી મુરાદોનું પ્ર… બિંબ છે. તમે ખ્યાલ કરો કે જે જગા… તમે તમારું શરીર અંદરથી સ્વચ્છ ક… બેઠા છો તેને જ તમે અપશબ્દો લખીને ખ… કરો છો ! પાયખાનાં, બાથરૂમ, પેસાબખા… એ બધાં શૌચનાં સ્થાનો આપણી સભ્યત… પ્રતિબિંબ પાડે છે.

આવી રીતે આ બધાં જુદીજુદી જાત… બ્લોકોનાં મકાનો પાછાં સુંદર હોવાં જોઈ… તેમ જ તેના સમૂહની ગોઠવણી પણ સું… હોવી જોઈએ. સુંદર વસ્તુઓ આપણી ન… આગળ રહેવાથી આપણું મન બહુ પ્ર… રહે છે. આ ઉપરાંત આવા સમૂહો વ… અમેરિકા અને જાપાનની જેમ છોકરાંને… રમવાનું મેદાન, તેમને ભણવા માટેનાં … મંદિરો અને શિક્ષણસ્થાનો તથા એક નાન… લાયબ્રેરી અને રેડિયો પણ હોય તો તમ… શરીરસ્વાસ્થ્ય સચવાવા સાથે તમારો મ… સિક વિકાસ થઈ તમારી સર્વાંગી ઉન્નતિ … રહે અને પરિણામે આપણા દેશનું ઉ… વધે અને આપણો દેશ સમૃદ્ધ થાય.*

* ઑલ ઈન્ડિયા રેડિયો–અમદાવાદના સૌજન્…

★

ઈંગ્લૅંડમાં ઘણો વખત રહી તાજા જ દેશમાં પાછા ફરેલા એક ભાઈ હેરકટિંગ સલુનમાં ગ… ત્યાં પૂછવામાં આવ્યું :

'બોલો સાહેબ, દાઢી બનાવું કે વાળ કાપવા છે ?'

'અલબત્ત વાળ જ કાપવાના છે.'

'તો મહેરબાની કરી તમારી હેટ ઉપાડશો ?'

'માફ કરજો, મને ખબર નહિ કે અહીં સન્નારીઓ હશે !' ફેશનથી ટેવાયેલા ભાઈના મુખમાં… શબ્દો સરી પડ્યા !

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકની કુતૂહલવૃત્તિ

*

શ્રી પુરુષોત્તમ છગનલાલ શાહ

એમ. એ. બી. ટી.

કુતૂહલવૃત્તિ બાળકનો ઉત્કટ સ્વાભાવિક ગુણ છે. આપણને કોઈ તદ્દન અપરિચિત–નવા વાતાવરણમાં મૂક્યા હોય ત્યારે જિજ્ઞાસાના પ્રશ્નો કેવા થનગની ઊઠે છે ! પણ બાળક તો રહ્યું પરોપજીવી. માબાપ એની દરેક જિજ્ઞાસા સંતોષવા દેતાં નથી. ક્યારેક પોતાના અજ્ઞાનથી પણ તેઓ આમ કરે છે, એથી બાળકની પાંગરવા મથતી કેટલી બધી વૃત્તિઓ દબાઈ જાય છે તેનો ખ્યાલ તેમને આવી શકતો નથી. બાળકની કુતૂહલવૃત્તિનું, નવું જોવાજાણવાની એની ઇચ્છાઓનું ઊર્ધ્વીકરણ કેવી રીતે થઈ શકે તેનો આછો ચિતાર અહીં અપાયો છે.

માનસશાસ્ત્રીઓ કહે છે કે દરેક બાળકમાં કુતૂહલ ભારોભાર ભરેલું હોય છે. જેમ બાળક નાનું તેમ તેનામાં કુતૂહલ વધારે, અને આ પ્રકારના કુતૂહલને લીધે જ બાળક જિંદગીભરમાં શીખી ન શકે તેટલું બધું તેના બાળપણનાં વર્ષોમાં શીખી જાય છે. બાળકમાં રહેલ આ કુતૂહલને દરેક માબાપે તેમ જ શિક્ષકે સમજી લેવું જોઈએ. બહાર જરાક ઢોલ વાગે કે વરઘોડો જતો હોય ત્યારે બાળકનું કુતૂહલ જાગી ઊઠે છે અને તે શું છે, શાથી છે, વગેરે અનેક બાબતો જાણવા બારીએ, અટારીએ કે અગાસીએ પહોંચી જાય છે. પોલીસ કોઈને પકડીને લઈ જતો હોય, મદારી કે જાદુગર પોતાના ખેલ બતાવતો હોય, ત્યારે ટોળે વળેલાં માણસોમાં મોટાભાગનાં બાળકો જ હોય છે અને તે તેમનામાં રહેલી કુતૂહલવૃત્તિને આભારી છે.

આ કુતૂહલવૃત્તિને લીધે તેમને નવુંનવું જોવાનું ગમે છે. નવીનવી પ્રવૃત્તિ કરવાનું ગમે છે. જ્યાં ન સમજાય ત્યાં વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછે છે. તેમના પ્રશ્નો પણ કુતૂહલ-વૃત્તિથી ભરેલા હોય છે. સમજુ માબાપો આ પ્રશ્નોના ઘણા જ સંતોષકારક ખુલાસા આપે છે. બાળમાનસને ન સમજનાર માબાપો પોતાના અજ્ઞાનને છુપાવવા કે બાળક તેમાં શું સમજે, એમ માની ધમકાવીને તેને બોલતું બંધ કરી દે છે. આમ કરવાથી બાળકની ઇચ્છાઓ, અનિચ્છાઓ વગેરે અજ્ઞાત માનસમાં ખડકાય છે. પ્રશ્નો પૂછવાની તેની વૃત્તિ કુંઠિત થઈ જાય છે. તેની કુતૂહલવૃત્તિ પાછીહઠ કરે છે. આંખે જુએ ખરું, કાને સાંભળે ખરું, છતાં વિચારોનાં આંદોલન તેના મગજમાં જાગતાં નથી.

ધીરેધીરે આવું બાળક ઓછાબોલું પણ વધારે સમજનારું, જેને આપણે મીંઢું કહીએ છીએ તેવું થાય છે. માબાપોએ પોતાનાં બાળકો આ પ્રકારનાં હોય તો શા માટે છે તેનું માનસ-શાસ્ત્રીય કારણ સમજી લેવું જોઈએ.

કેટલાંક બાળકોમાં કુતૂહલ ઘણા મોટા પ્રમાણમાં હોય છે. એટલા બધા પ્રમાણમાં કે તેને લીધે તેમનામાં કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક સ્થિરતા હોતી નથી. જ્યાં જ્યાં કંઈ નવીનતા જોવા મળે, નવીન સાંભળવા મળે ત્યાં ત્યાં તેમની કુતૂહલવૃત્તિ તેમને દોરી જાય છે, તેમને રમતિયાળ બનાવી દે છે. સંયમનું ભાન રહેતું નથી, જેને લીધે માબાપો બાળકને ભાન-વગરનું, જડ ને બોથડ કહે છે. સાદી ભાષામાં કહીએ તો ઘણો રમતિયાળ કહે છે. માનસશાસ્ત્ર-ની દૃષ્ટિએ કુતૂહલના અતિરેકથી બાળક આ જાતના અસ્થિર માનસવાળું બની જાય છે. ધીમેધીમે કુતૂહલ ઓછું થતાં તેનું માનસ સ્થિર બનતું જાય છે.

આ પ્રકારનું એક બાળક મારા જોવામાં આવ્યું હતું. તેને લીધે તે જરાયે જંપીને બેસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકતું ન હતું. આ બાળકને એકડો ભણાવવાનું કામ એક શિક્ષકને સોંપવામાં આવ્યું, પણ શિક્ષક જરા જૂના જમાનાના હતા, બાલમાનસ-નો તેમને લાંબો પરિચય નહોતો એટલે બાળકને ઘણું યે કહેવામાં આવે પણ તે એકડો-બગડો ઘૂંટવા બેસતું જ નહીં. મહાપરાણે બેસાડવામાં આવતું તો રડારોળ કરી મૂકતું કે થાકતું ત્યારે લાગ જોઈ માસ્તરની ટોપી લઈને જતું રહેતું. છેવટે માસ્તર કંટાળ્યા અને ઉધમાતિઓ છોકરો નહીં જ ભણી શકે તેવો અભિપ્રાય આપી ચાલતા થયા.

આ બાળકના પિતા મારા સ્નેહી હતા. તેમણે એક વખત આ બાબત મારી આગળ રજૂ કરી. મને આ બાળકમાં તોફાનવૃત્તિ કરતાં વધારેપડતી કુતૂહલવૃત્તિ અને વધારેપડતો રમતિયાળ સ્વભાવ, બે મુખ્યત્વે જણાયાં. જો આ બન્ને વૃત્તિઓનો વિનિયોગ કરી શિક્ષણ આપવામાં આવે તો બાળક અવશ્ય ભણે એમ મને લાગ્યું. તે માટે બાળમાનસથી પરિચિત એક શિક્ષકની મેં પસંદગી કરી, અને તે વૃત્તિ પાછળ કામ કરી રહેલ બીજી વૃત્તિઓ પણ સમજાવી. શરૂઆતના પંદર દિવસ સુધી તો આ શિક્ષકે બાળકને ભણાવવાનું નામ સરખું પણ દીધું નહીં; પરંતુ બાળકને જે જે રમકડાં વધારે ગમતાં હતાં તે રમકડાં વડે રમવાનું-રમાડવાનું શરૂ કર્યું. વળી આ શિક્ષક દરરોજ કોઈ ને કોઈ નવાઈની ચીજ લેતા આવે અને તે બાળકને બતાવે ને સમજાવે. આમ કરવાથી પ્રથમ તો બાળક શિક્ષક સાથે હળીમળી ગયું એટલે નાસી જવાની, રડવાની કે ટોપી લઈને ભાગી જવાની અર્ધી મુશ્કેલી ઓછી થઈ ગઈ. ત્યારપછી પેલા કુશળ શિક્ષકે રંગબેરંગી ચાક મંગાવ્યા અને ઘરની લાદી પર રંગબેરંગી ચિતરામણ કાઢવા માંડ્યાં. બાળકને આ વસ્તુ તદ્દન નવી લાગી અને તેણે ખૂબ જ રસ લેવા માંડ્યો. બાળક ચિતરામણ કાઢે, ભૂંસી નાખે,

વળી પાછું કાઢે એમ કરતાં તેનું ચિત્ત સ્થિ
થવા લાગ્યું. આ પ્રમાણે કરવામાં શિક્ષકે લ
ભગ વીસેક દિવસ ગાળ્યા.

ત્યારપછી આ જાતનાં ચિતરામણ-લી
વગેરે સ્લેટ પર પેન વડે ચાલુ થયાં. હવે બા
ઠીકઠીક સમય સુધી બેસતું હતું. શિક્ષકમાં
વિશ્વાસ ચોંટ્યો હતો. કામમાં તેને મજા પ
હતી. હવે એકડો-બગડો ઘૂંટવાનું શિક્ષકે
કર્યું. બાળકને આ પણ નવાઈની બાબત હ
ગમેતેમ લીટા દોરવા તેના કરતાં સારા આ
ના અક્ષરો સારા લાગે એમ બાળકને લ
હોય કે ગમે તેમ પણ હવે તેનું ધ્યાન એ
બગડા તરફ દોરાયું ને તે હોંશેહોંશે શી
લાગ્યું. લગભગ એકાદ મહિનામાં તો એ
પંદર સુધી બહુ સારી રીતે લખતાં આ બા
આવડી ગયું.

બધાં બાળકો આટલી બધી હદે
તિયાળ નથી હોતાં તેમ જ બધાં મા
માટે મોટા પ્રમાણમાં દરકાર લેવી સં
નથી હોતી; પણ માબાપોને એટલું તો
કહી શકાય કે તમારાં બાળકો આ
કુતૂહલપોષક નવીનવી ચીજો મૂકતાં જ
તેમને સમજાવો, તમારાથી બની શકે તે
સ્થળો બતાવો, ચિત્રો બતાવો, સમ
જેવું હોય ત્યાં સમજાવો અને તેમણે પૂ
પ્રશ્નોના સંતોષકારક ખુલાસા કરો.
કરતાં બાળક ઘણા થોડા સમયમાં
બાબતો સમજી લેશે અને તેની સમજણ-મ
વિસ્તરતી જશે.

માબાપો ન કરી શકે તે કામ
મંદિરોને કરવાનું હોય છે. દરેક બાલમં
ઓછામાં ઓછી બે શિક્ષિકાઓ કે શિક્ષ
બાલમાનસથી પરિચિત હોવાં જ જો
ઇન્દ્રિય કેળવણીને લગતાં મોન્ટેસોરીનાં સ
હોવાં જોઈએ. બાલમંદિર જો બાળકને
જેવું લાગે તો બાલમંદિરનું ધ્યેય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય. નિશાળને બદલે ફ્રોબેલના કીન્ડરગાર્ડન-ની માફક બગીચા જેવું લાગવું જોઈએ; જ્યાં નાનાં બાળકો પુષ્પોને સ્થાને હોય અને બાલમંદિરના સંચાલકો કુશળ માળીને સ્થાને હોય. માટીનાં બનાવેલાં રંગબેરંગી પક્ષીઓ, રંગબેરંગી અને સાદાં ચિત્રો, રમતપેટીઓ, મણકાપેટીઓ વગેરે પુષ્કળ પ્રમાણમાં હોવું જોઈએ. અને બાળકો તેમનો છૂટથી ઉપયોગ કરી શકે તેવી સુંદર વ્યવસ્થા હોવી જોઈએ.

બાલમંદિરને વટાવી બાળક પ્રાથમિક શાળામાં જાય ત્યારે તો તેની કુતૂહલવૃત્તિને મહત્ત્વનું સ્થાન આપી તેને શિક્ષણ આપવું જોઈએ. તેની તે કુતૂહલવૃત્તિનો શિક્ષણ સાથે સુંદર સુમેળ સધાય તેમ કરવું જોઈએ. ચિત્રકામ, હસ્તકામ, વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, બગીચાકામ વગેરે વિષયોમાં ઘણી સરસ રીતે કુતૂહલવૃત્તિ જગાડી શકાય; બાળકોને વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછતાં કરી શકાય; પરંતુ તે માટે શિક્ષક અહોનિશ જાગૃત હોવો જોઈએ: નવાનવા નમૂના, નવાંનવાં ચિત્રો, નવીનવી પૂર્વવિચારિત બાબતો બાળકો સમક્ષ મૂકવા પ્રયત્નશીલ અને ચિંતનશીલ હોવો જોઈએ. આ રીતે શિક્ષણ આપવાથી એક તો બાળકોની સમજણ-મર્યાદા અને વિચારમર્યાદાનાં વર્તુલો વધે અને બીજી રીતે પોતે ઓછા શ્રમે કામ કરી શકે. એક વખત કુતૂહલવૃત્તિ જાગ્યા પછી ધ્યાન આપોઆપ આવે છે. ધ્યાન આવે એટલે રસ આપોઆપ આવે છે. ધ્યાન ને રસ બંને આવતાં શિક્ષણ સજીવન-જીવંત બની જાય છે.

પ્રાથમિક શાળાઓમાં પણ નાનાં પર્યટનો યોજી શકાય. આજુબાજુના બગીચા જોવા, નદીઓ જોવી, ડુંગરો ચઢવા અને ઊતરવા, ત્યાંની વનસ્પતિનું અવલોકન કરવું, પક્ષીઓને જોવાં અને તેમનાં અવાજ પારખવા, આવા કાર્ય માટે વધારે નહીં તો અઠવાડિયામાં બેત્રણ કલાક દરમિયાન શાળામાં રહી બાળક જેટલું ભણી શકે તેના કરતાં કુદરતની વચ્ચે રહી જે શીખે તેનું મૂલ્ય અનેકગણું વધારે છે. અહીં એક સૂચના જરૂરી છે કે આવાં પર્યટનોમાં સાથે રહેનાર શિક્ષક ઘણી વસ્તુઓ તરફ અંગુલીનિર્દેશ કરી શકે–સમજાવી શકે તેવો હોવો જોઈએ. જે શિક્ષકો ઘરમાંથી કદી બહાર નીકળ્યા ન હોય કે જેને કુદરતના સ્વાદની કશી ખબર ન હોય તેવા શિક્ષકો આ બાળકો સાથે જાય તો બાળકોને કશું યે નવું માર્ગદર્શન ન આપી શકે, કે બાળકોના પ્રશ્નોના ખુલાસા પણ ન કરી શકે. માત્ર પગ ઘસડતા જાય અને પગ ઘસડતા આવે અને જે કંઈ જુએ તે મગજનાં બારણાં બંધ રાખીને–તો તેથી બાળકોની કુતૂહલવૃત્તિને પોષણ ન મળે અને લીધેલો શ્રમ નકામો જાય.

કુતૂહલવૃત્તિ સંબંધમાં પ્રાથમિક શાળાના બાળકની બહુ સાવચેતી રાખવાની જરૂર છે. ઘર આગળ તેમ જ શાળામાં તેના કુતૂહલને યોગ્ય માર્ગે વાળવામાં ન આવે તો તે અવળે માર્ગે જરૂર વળે. કુતૂહલવૃત્તિ એ શક્તિનો પ્રવાહ છે; જો તેને સન્માર્ગે વાળવામાં ન આવે, હિતકારક કાર્યો તરફ યોજવામાં ન આવે તો ખરાબ માર્ગે વળ્યા સિવાય તે રહે જ નહીં. કુતૂહલ ન પોષાય તો બાળકો ગંદી ચેષ્ટાઓ જોવા તરફ વળે છે, શૃંગારિક ચિત્રો તરફ વળે છે, ગંદી વાતો તરફ અને અશ્લલ સાહિત્ય તરફ વળે છે અને આમાં ખરાબ મિત્રોની સોબત તેમને મદદરૂપ થાય છે. આ રીતે તેમની કુતૂહલવૃત્તિ ખરાબ માર્ગે વળે છે. છેતરવા માટે નવીનવી યુક્તિઓ શોધી કાઢવી, નવાનવા તુક્કા યોજવા, આ બધા ઉંબરે ચડેલી કુતૂહલવૃત્તિનાં અનિષ્ટ પરિણામો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમંતાઈની શોધમાં

*

શ્રી છગનલાલ પરમાર

સુખ અને સંપત્તિની પાછળ આજકાલ સૌ કોઈનું ધ્યાન કેંદ્રિત થયું છે. લગ્નની જ વાત છે. આપણે જાણીએ છીએ કે લક્ષ્મી ચંચળ છે ને શ્રીમંતાઈનો મોહ રાખવો નકામો છે; તોપણ સામાન્ય માતપિતા આજે સંતાનના વિવાહ સમયે આ સિવાય બીજું જોતાં જ નથી. પુત્ર-પુત્રીઓ પણ એ સંસ્કારમાં ઊછરી ધનની લાલસા કેળવે છે, પણ જ્યારે હૃદયનો સાચો પરિચય થાય છે, ત્યારે જ માનવી ધન કરતાં વધુ કિંમતી વસ્તુનાં દર્શન કરી શકે છે.

ચારુ મેટ્રિકમાં જેવી પાસ થઈ કે તરત જ અનેક ઘેરથી માગાં આવવા મંડ્યાં. માગાં તો અગાઉ પણ આવ્યાં હતાં, પણ તેના પિતાએ, 'ચારુ મેટ્રિક ન થાય ત્યાંસુધી તો હું એ વિશે વિચાર સરખો કરવાનો નથી,' એમ ચોખ્ખું કહીને એ બધાં માગાં પાછાં વાળ્યાં હતાં; પણ હવે તો તેને કશો વાંધો-વિરોધ નહીં હોય એમ માનીને વળી પાછી શરૂઆત થઈ. શરૂઆત થઈ એટલું જ નહીં, આ વખતે તો રીતસર પડાપડી થઈ અને એમ બને એમાં કશી નવાઈ નહોતી. ચારુમાં રૂપ, ગુણ, ચાલ ને ચાતુરી-બધાંનો એવો તો સરસ સુમેળ જામ્યો હતો કે તેને મેળવનાર ઘર, ભલે ને એ ગમે તેટલું શ્રીમંત, સુશિક્ષિત ને સંસ્કારી હોય તો યે, પોતાને પરમ ભાગ્યશાળી લેખે. ચારુની બા તો તેનાં વખાણ કરતાં કદી થાકતી જ નહીં. મારી દીકરી તો રાજ કુંવરી જેવી છે, એવુંએવુ તે પાડોશ પાસે જ્યારે ત્યારે કહી બેસતી અને ચા સૌંદર્યઝલક જોઈને એ બધી બાઈ આ કથન સ્વીકારવું પણ પડતું-જો કે રા ની કુંવરીઓ ખરેખર કેવી હોય છે, ભાન આ મુંબઈગરાં માણસોમાંથી ભાગ્યે કોઈને હશે!

ચારુનાં માબાપની સ્થિતિ તો મધ્યમ કહી શકાય તેવી હતી, પણ પેટ પેટ પડેલી આવી અણમોલ રત્ન જેવી દી રીને તો કોઈ અત્યંત શ્રીમંત કુટુંબમાં આપવી છે, એવો મનસૂબો સંઘરીને તે બેઠાં હતાં. અને જ્યાં જાય ત્યાં શોભી ગૌરવ અર્પે, એવી સર્વ પ્રકારની પા તો ચારુમાં હતી જ. તેની સુંદર સુ દેહલતા, નમણો હસમુખો ચહેરો,

---

તેટલા માટે બાળકની કુતૂહલવૃત્તિને પોષણ મળ્યા કરે એવું કંઈ ને કંઇ દરરોજ યોજતા રહેવું જોઈએ. ચિત્રોનો સંગ્રહ કરતાં શીખવો, ટિકિટો એકત્ર કરવાનો શોખ કેળવો, ફુરસદ મળે ત્યારે લાયબ્રેરીમાં જઈ બાલ-માસિકો વાંચવાની ટેવ પાડો. આ બધી યોજનાઓ બાળકોને કામમાં ગુંથાયેલાં રાખશે. સાથેસાથે નવુંનવું શોધવાની અને સંગ્રહવાની તેમની વૃત્તિ સદાયે જાગ્રત રાખશે તેથી તેમનાં મન અન્યત્ર જતાં અટ વાચન માટે પણ શિષ્ટ બાલભોગ્ય પુસ્ત એક યાદી તેમને આપી હોય, તેથી તે આશ્લલ સાહિત્ય કે ડિટેક્ટિવ સાહિ વાંચતાં અટકશે.

કુતૂહલવૃત્તિને યોગ્ય પોષણ મળી સુરેખ ચારિત્ર્ય ઘડી શકાય. એમ ન તો તેમાં બદીઓનાં જાળાં પથરાવાનાં વાત ચોક્કસ છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયાળુ નયનો, મધુર વિનયઝરતી વાણી, કળામય છતાં મર્યાદાશીલ વસ્ત્રપરિધાન કળા અને કર્તવ્યપરાયણતા, સરળ રહેણીકરણી; આ બધું સામાના હૈયામાં તેને વિશે આકર્ષણ જન્માવતું, એક જાતનો આદર પણ પેદા કરતું.

આવી કન્યા માટે માગાંની પડાપડી થાય તેમાં શી નવાઇ? અને માબાપ પણ પસંદગીનું ધોરણ અતિ ઊંચું બનાવે તો યે શો વાંક? માગાં તો સારેસારે ઘેરથી આવ્યા હતાં, પણ ચારુનાં માબાપનાં અતિ ઊંચા ધોરણને સંતોષે એટલું બધું ધનાઢ્ય કુટુંબ એમાં કોઈ નહોતું. અને એથી જ તો તેમણે કહેવડાવ્યું કે ચારુ મેટ્રિકમાં બહુ સારે નંબરે પાસ થઈ હોવાથી તેને કોલેજમાં બે-એક વર્ષ ભણાવવાનો અમારો વિચાર થાય છે, ત્યાંસુધી તેનામાં વેવિશાળનો વિચાર રોપવો અમને વાજબી નથી લાગતું, એટલે કોઈએ અમારી આશાએ ન રહેવું.

આ જવાબ પાછળ તેમણે એવી આશા સેવેલી કે કોલેજમાંથી અતિ શ્રીમંત કુટુંબનો કોઈ ને કોઈ લાયક મુરતિયો જરૂર મળી આવવાનો. વળી ચારુ પણ કોલેજમાં જઈને નવા જમાનાની ચમક વધુ ઝીલશે, સુધરેલા સમાજની નજર વધુ ખેંચશે. ચારુ પાછળ પોતાને થોડોક વધુ ખર્ચ ઉઠાવવો પડશે, પણ દીકરી સુખી થતી હોય તો માબાપની તો એ ફરજ છે ને? અને મોટા શ્રીમંત વેવાઈ મળતાં પોતાની યે સામાજિક પ્રતિષ્ઠા વધશે ને?

આ આશા ને લાલચથી પ્રેરાઈને જ તેમણે ચારુને કોલેજમાં મોકલી. ચારુ પણ આ બધું સમજતી. આ વાતાવરણમાં ઊછરતી હોવાથી તે પણ માબાપનાં જેવાં જ પોતાનાં ભાવિ સુખનાં સ્વપ્નમાં રાચતી અને એ સ્વપ્નની સિદ્ધિની દિશામાં જ તેને કોલેજમાં પોતાની દૃષ્ટિ દોડાવવાની હતી. તે સ્વભાવે તો ભલીભોળી હતી, પણ સ્વાર્થ ને મહત્ત્વાકાંક્ષા ચાલાક ખેલાડી બનવા કોને નથી પ્રેરતાં?

જેને જે ઝંખે છે તેનો યોગ તેને મળી જ રહે છે. પછી એ યોગનું સાફલ્ય માણસનાં પોતાનાં પ્રાવીણ્ય, પુરુષાર્થ ને પ્રારબ્ધ પર અવલંબે છે. ચારુને પણ એવો યોગ સાંપડી ગયો. પ્રાવીણ્ય તો તેનામાં હતું જ. પુરુષાર્થમાં પણ પાછી પડે એવી નહોતી. એટલે પ્રારબ્ધનો જ પ્રશ્ન રહેતો હતો.

ચારુએ કોલેજમાં જઈને શોધ કરી લીધી કે પોતાના હેતુને સંતોષે એવો એક મોટા ઉદ્યોગપતિનો નબીરો એમ. એ. માં ભણે છે, ને એલએલ. બી. ની ટર્મ પણ સાથેસાથે ભરે છે. આવો શ્રીમંત, સોહામણો ને સશક્ત જુવાન હજી સુધી કુંવારો કેમ રહી શક્યો હશે, એનું ભારે આશ્ચર્ય ચારુને થયું પણ એનું યે નિરાકરણ મળી ગયું.

પેલો જુવાન રેણુકાન્ત અભ્યાસપરાયણ ને એકાંતપ્રિય હતો. સાદાઇ ને જાતમહેનતમાં માનતો. જરા ધૂની જેવો પણ દેખાતો. પણ તે ભલે ગમે તેવો હોય, તેને ઘેર તો મોટરો દોડે છે ને? તેનાં ઘરનાં માણસો તો બધાં ફૂલફટાક થઇને ફરે છે ના? એથી વધુ શું જોઈએ?... અને ચારુએ બસ તેને જ પોતાનું નિશાન બનાવવાનો નિર્ણય કર્યો.

તેની સાથે શી રીતે પરિચય પાડવો એ વિશે ચારુ વિચારી રહી હતી, ત્યાં તેને એક મુદ્દો મળી ગયો. મુદ્દો તો કંઈ એવો મોટો નહોતો, પણ જેને કંઈ ને કંઈ બહાનું જ જોઈએ છે તેને ગમે તેવા મુદ્દાને પોતાના હેતુની ખીંટી બનાવતાં શી વાર?

એક દિવસ રેણુકાન્તે કોલેજની ચર્ચાસભામાં સરસ છટાદાર પ્રવચન આપ્યું. વિષય આધુનિક નારીને લગતો હતો. રેણુએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું: 'આજની સ્ત્રી પતંગિયા જેવી બનતી જાય છે. એ જો રંગોમાં જ રાચનારી ને અહીંતહીં સ્વૈરવિહાર કરનારી બની જશે તો પછી આર્યસંસ્કૃતિનું આવી જ બન્યું.'

ઉદાત્ત વિચારસરણી ને પ્રભાવશાળી શૈલીવાળું આ પ્રવચન કૉલેજ આખીમાં એટલી તો પ્રશંસા પામ્યું કે કેટલા યે વિદ્યાર્થીઓ ને વિદ્યાર્થિનીઓ રેણુકાન્ત સાથે મૈત્રી બાંધવા પ્રયત્ન કરવા લાગ્યાં. પણ એકલવિહારી ને અભ્યાસપરાયણ રેણુકાન્તે આવા પ્રયત્નોને જરા યે પ્રોત્સાહન ન આપ્યું.

ચારુએ પણ આવો એક પ્રયત્ન કરી જોયો. રેણુકાન્તના સાંજના ફરવાને માર્ગે તે તેને સામી મળી અને મોં પર મધુર સ્મિત મૂકીને તથા આંખમાં અનેરી ચમક પૂરીને બોલી:

'તમે તે દિવસે સભામાં ઘણું જ સરસ બોલ્યા. આવું સરસ પ્રવચન કદી સાંભળ્યું નહોતું. સાંભળીને હું તો મુગ્ધ થઈ ગઇ'તી. તમને મારાં અભિનંદન!'

પણ આવી પ્રશંસાથી છલકાઈ ઊઠે એવો છીછરો તો તે હતો જ નહીં. વિદ્યાર્થિનીઓનો સંસર્ગ સાધવા વિદ્યાર્થીઓ કંઈકંઈ યુક્તિ–પ્રયુક્તિઓ અજમાવતા હોય છે, ત્યારે આણે તો, કોઈ વિદ્યાર્થિની સામે ચાલીને આવે તો યે તેનો સંસર્ગ ટાળવો, એવું માનસ કેળવ્યું હતું. છતાં આ તદ્દન અજાણી છોકરી એકલી આવીને બેધડક વાતોએ વળગી, એથી તેને જરા આશ્ચર્ય તો થયું. પણ કેટલીક છોકરીઓની આવી પ્રગલ્ભતાનો અનુભવ પણ તેને થઈ ચૂકયો હતો. આ બધી ભણેલી છોકરીઓ તેને ખરેખર પતંગિયાં જેવી જ લાગી હતી. મોટીમોટી વાતો પણ કેવળ પોતાનાં મનની મોજ ખાતર કે પછી સભામાં પોતા વિશે આકર્ષણ ને આદર જગાવવા માટે જ કરતી ન હોય જાણે! બાકી તો ખાવુંપીવું, પહેરવુંઓઢવું ને હરવું-ફરવું એ જ તેમની લગની! અને એ લગની સંતોષી શકે એવાં ઘરવર* મેળવી લેવાં એ જ તેમની ઝંખના!

ચારુ પણ એક રીતે તો આવી જ હતી ને? રેણુ સાથે બોલવાના શબ્દો પણ ગોખીને જ આવી હતી. રેણુ કોણ જાણે કેમ આ બધું કળી ગયો ને તેથી જ તો 'તમારાં અભિનંદન બદલ આભાર' એટલું જ કહી તરત ચાલી નીકળ્યો.

ચારુ ગજબ ભોંઠી પડી. તેના ગુલાબી ઝાંય મારતા ગાલ લાલલાલ થઈ ગયા. અણિયાળી આંખોને ખૂણે એકેક આંસુ પાણીદાર મોતી જેવું બાઝી રહ્યું. આવો જુવાન તેણે કદી જોયો નહોતો. બીજા જુવાનો તો પોતાની પાસેથી પસાર થતાંથતાં કેવા તાકીતાકીને તેને નિહાળી રહેતા! ત્યારે આ તો કોઈ અનોખી જ માટીનો ઘડેલો લાગ્યો. તે વિમાસણમાં પડી ગઈ, પણ તે એ હારી જાય એવી નહોતી. પોતાની આકર્ષણ–શક્તિમાં તેને અજબ વિશ્વાસ હતો. એથી તો તેને ઊલટી વધુ ચાનક ચડી પોતાની શક્તિને કસોટીએ ચડાવવાની ને વિજયી બનાવવાની.

આઠેક દિવસ પછી વળી ચારુ રેણુને સામી મળી. બિલકુલ સાદાં વસ્ત્રો કળા પણ મર્યાદાશીલ ઢબછબથી તેણે પહેર્યાં હતાં. સામેથી ચાલ્યા આવતા રેણુ સામે તે જોઈ રહી હતી, પણ રેણુ તો બોલવાનું ટાળવા ખાતર નીચી નજર કરીને ચાલ્યો જતો હતો. પણ ચારુ તેને એમ કયાં જવા દે તેમ હતી? તે તો તેના મોંમાં આંગળી નાખીને યે બોલાવે એવી હતી. રેણુની તદ્દન નજીક આવીને પોતાના હાથમાં રાખેલું લાંબું કવર બતાવતાં બોલી:

'મેં એક લેખ લખ્યો છે. તમે તપાસી આપશો? એક માસિકમાં મોકલવો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેણુ આ વખતે સાવ તોછડો કે અતડો ન થઈ શક્યો. શું લખ્યું હશે એ જાણવાનું જરા કુતૂહલ પણ તેને થયું. વિવેક ખાતર એટલું જ કહ્યું :

'હું કંઈ એવો વિવેચક નથી કે બીજાના લેખો તપાસી શકું.'

'ભલેને વિવેચક ન રહ્યા! પણ મારાથી તો વધારે જ્ઞાની ને અનુભવી છો ને?' ચારુના અવાજમાં મીઠું, મર્માળું હાસ્ય રેલી રહ્યું.

ચારુના હાસ્યે રેણુના મોં પર પણ હાસ્ય પ્રગટાવી દીધું: 'એવો દાવો મેં ક્યારે કર્યો?'

'દાવો કરવાની જરૂર જ ન હોય, જ્યાં વસ્તુ દીવા જેવી ચોખ્ખી હોય ત્યાં...ચા... ...લો,' ચારુનો સૂરીલો અવાજ જરા લહેકે ચઢ્યો. 'બીજી વાત જવા દઈએ...આટલું કામ કરી આપશો તો મોટો ઉપકાર થશે.'

'ઉપકારનો સવાલ જ નથી,' કહીને રેણુએ કવર લેવા હાથ લંબાવ્યો ને ભાવભર્યા સ્મિત સહિત ઉમેર્યું: 'વધુપડતા માર્ગદર્શનની આશા મારા જેવા પાસેથી ન રાખતાં.'

'ભલે, બહુ સારું!' એવો જ મર્માળો લહેકો કરીને ચારુએ રેણુના લંબાયેલા હાથમાં કવર મૂકી દીધું ને મધુર હાસ્ય રેલાવતી સડસડાટ ચાલી ગઈ. રેણુ તો જોઈ જ રહ્યો તેની મર્યાદાશાલ છતાં ઠસ્સાદાર ચાલ ને વેષભૂષા. વેષભૂષા વિશે વિશિષ્ટ કલાદૃષ્ટિ નહિ ધરાવનારા રેણુને પણ થયું કે કેટલાંક શરીર કપડાંથી જ શોભે છે એ ખરું, પણ એવાં પણ કેટલાંક સુંદર, સપ્રમાણ શરીર હોય છે, જે ગમે તેવાં કપડાંને પણ શોભાવી શકે છે.

ઘેર જઈને રેણુએ જોયું તો પોતે તે દિવસે કરેલ પ્રવચનની કેટલીક દલીલોના રદિયા આપતો એ લેખ હતો. સાર એ હતો કે 'સ્ત્રીને તો પ્રભુએ પ્રેમની પ્રતિમારૂપે ઘડી છે. પ્રેમ જેટલો વ્યાપક બને તેટલી તેની વિશિષ્ટતા, સેવામાં પરિણત થાય ત્યારે જ તેની સાર્થકતા. અને સેવા તો સાદાઈ ને સમર્પણ માગી લે છે. સ્ત્રીનો જો સ્વાભાવિક વિકાસ થવા દેવામાં આવે તો તે સાદાઈ ને સમર્પણની જીવંત મૂર્તિ જ બની રહે. પણ આજનો યુવક માગે છે કે સ્ત્રી સૌંદર્યની અવનવી મોહક રંગછટાઓ ધરતી રહે...અને પુરુષને રીઝવવા સ્ત્રી આવુંઆવું કરવાને પ્રેરાય છે. એટલે આધુનિક નારીના પતંગિયા જેવા ઘડતર માટે કોઈ વિશેષ જવાબદાર, વિશેષ દોષિત હોય તો તે આધુનિક પુરુષ જ છે... પણ હવે સ્ત્રીએ પુરુષ તરફ જોઈને પોતાની જાતને ઘડવાનું છોડી દેવું જોઈએ. સ્ત્રી પોતાનું નૈસર્ગિક વ્યક્તિત્વ વિકસાવશે તો જ નવા જગતની રચના સ્નેહ ને સેવાના પાયા પર થઈ શકશે અને એમ થશે ત્યારે જ જગતમાં સ્થાયી શાંતિ સ્થપાશે, સાચું સુખ સાંપડશે.'

બીજે દિવસે રેણુ ચારુને મળ્યો ત્યારે લેખ પાછો સોંપતાં બોલ્યો :

'તમે પણ સરસ લખો છો ને શું?' અને થોડીવાર રહીને હસતાંહસતાં ઉમેર્યું: 'પોતાનો બચાવ કરતાં ને બીજા પર દોષ ઢોળતાં યે આબાદ આવડે છે! લેખ વંચાવવાનું બહાનું પણ કેવું કાઢ્યું!'

ચારુના ગૌર વદન પર હર્ષભરી લજ્જાની લાલી ઊપસી આવી, નેણ નીચાં ઢળી ગયાં, પણ એ નેણ ઊંચાં થયાં, ત્યારે એમાં વિજયોન્માદની ચમક ઝલકતી હતી. આ જોતાં જ રેણુના મોં પરનું નિર્મળ હાસ્ય એકદમ ઊડી ગયું અને ત્યાં વિષાદની રેખા ઊપસી આવી. થોડીવાર રહીને તે બોલ્યો ત્યારે તેના અવાજમાં એક જાતની કંપારી હતી :

'લખવું ને બોલવું એ એક વાત છે, આચરવું એ જુદી વાત છે...સાદાઈ ને સમર્પણની મૂર્તિ થઈ બતાવો ત્યારે ખરાં!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને 'ઠીક નમસ્તે' કહીને તે ધીમે શોકભર્યે પગલે ચાલતો થયો.

તે ભલે ચાલતો થયો પણ ચારુએ જોઈ લીધું કે પોતે તેને વિચાર કરતો, લાગણી અનુભવતો કરી મૂક્યો હતો, છતાં તે પ્રસન્ન મટીને એકાએક ખિન્ન કેમ થઈ ગયો? ચાલી કેમ નીકળ્યો?...જરા ઊંડાં ઊતરીને વિચાર કરતાં ચારુએ શોધી કાઢ્યું કે અમુક હૈયાં સીધી મીઠી નજરથી જ વીંધાય છે. અભિસારિકાની પોતે ભજવવા માંડેલી ભૂમિકામાં જરાક યોગ્ય ફેરફાર કરી લે તો નિશાન આબાદ વીંધાઈ જાય એમ લાગ્યું.

અને ખરેખર એમ જ હતું. રેણુ ચારુ વિષે વિચાર કરતો, લાગણી અનુભવતો, કલ્પનાઓ સેવતો થઈ ગયો હતો. ચારુ શા માટે મારામાં આટલો બધો રસ લઈ રહી છે? સ્ત્રીસ્વભાવનું મૂળભૂત સ્વરૂપ સમજાવવાને બહાને હૃદયનું કોઈ ગુપ્ત સંવેદન તેને પ્રેરતું હશે તો?...તો?...તો શું ખોટું છે?... ચારુ કેટલી રમણીય છે! કેવી ચબરાક છે! ...એ તો ઠીક જાણે, પણ એ કેટલી બધી ભાવનાશાળી લાગી!...તેનાં ભાવનાશીલ વચનો હૃદય કરતાં બુદ્ધિમાંથી વધુ સ્ફુરતાં હતાં એ ખરું, પણ મારા સંસર્ગથી તેનામાં વધુ સચ્ચાઈ નહીં આવે? પતંગિયા સમી મોહક ચારુ મધમાખી સમી ઉદ્યમી પણ ન બની શકે?...એવી બનવાની શક્યતા તેણે પોતે જ સ્વીકારી છે અને એવી ઇચ્છા પણ આડકતરી રીતે નથી વ્યક્ત કરી?...આ બધું બને તો પોતાનાં સ્વપ્નની સિદ્ધિ સારુ કેવી સરસ સહચારિણી મળી જાય! અભ્યાસ પૂરો થયે પોતે જે સેવાક્ષેત્રમાં જવા માગતો હતો ત્યાં સફળતા મેળવવા માટે આવી ઉત્તમ અનુકૂળ સહચારિણીની કેટલી બધી જરૂર હતી! કાર્યકર્તા ગમે તેટલો સાચો ને સમર્થ હોય તો યે એકલે હાથે કેટલુંક કરી શકે. આજનાં ઘણાખરાં રચનાત્મક સેવા... સફળ થવા માટે સ્ત્રીનો સહકાર માગી... છે અને એ સ્ત્રી જો પોતાની જ પત્ની... તો એ કાર્ય કેટલું સરળ થઈ જાય!

અને ચારુને ચકાસી જોવાનો રે... વિચાર કર્યો. પછી તો તેઓ જ્યારે ત... મળવા લાગ્યાં. ચારુની ભૂમિકા સફળ... ચાલી—એટલી હદ સુધી કે રેણુ તેની... ફરવા જવા લાગ્યો એટલું જ નહિ, ... પોતાને ઘેર પણ તેડી જતો થયો.

હવે ચારુને રેણુના સ્વભાવનો, તેના ક... વાતાવરણનો વધુ સાચો, વધુ ગાઢ પરિ... થયો. ચારુની જેમ રેણુ માટે પણ મા... ઓની પડાપડી થઈ હતી. આવું અ... વૈભવશાળી બહોળું કુટુંબ અને આવો અ... સોહામણો, સંસ્કારી, સુશિક્ષિત મુર... પછી શી મણા રહે? પણ વિચિત્ર રેણુ... આમાંથી એક પણ માગાનો સ્વીકાર કર... લહાવો તેનાં માબાપને લેવા દીધો નહીં... માટેનાં કારણો પણ તે વિચિત્ર-વિ... આપતો. દ્રવ્યોપાર્જન અને આનંદ-ઉપ... ગને જ સર્વસ્વ લેખનારાં તેનાં માબાપ... બધી વિચિત્ર વાતો પૂરી સમજી શકતાં ન... પૂરી સમજવાની જરૂર પણ નહોતાં લે... છતાં એક વાત તો બરાબર સમજી... હતાં કે રેણુ કોઈથી સમજ્યો સમજે... નથી, રોક્યો રોકાય એમ નથી. દબાણ... બેસશું તો ક્યાંક હાથથી જશે; એ તો... ભણીગણીને વ્યવહારમાં પડશે ત્યારે જ... ભવે ડાહ્યોડમરો બની જશે, સીધો દોર... આવશે. એટલે તેમણે પણ રેણુના વિ... પ્રશ્ન ન ચર્ચવાની સૌ કોઈને કડક... આપી દીધી હતી.

ત્યાં રેણુમાં આટલો બધો રસ... અને તેને પોતામાં રસ લેતો કરી... આ ખૂબસૂરત ને ખુશનુમા છોકરીને...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાં માબાપ, બંને મોટાભાઈઓ, ભાભીઓ; સૌના મનમાં આનંદઆનંદ વ્યાપી ગયો. તારુણ્ય અને લાવણ્ય સાથે વિચારશીલતા અને વિવેકમર્યાદાનો યોગ આજના જમાનામાં અતિ વિરલ થતો જાય છે, ત્યાં આ છોકરીમાં એ બધું જોતાં તેમના આનંદમાં શી કમીના રહે? આવી છોકરી પોતાના રેણુની વહુ બને તો તો જાણે દૂધમાં સાકર ભળી!

ચારુ સૌને એટલી બધી ગમી ગઈ, સૌ સાથે એટલી બધી હળીમળી ગઈ કે રેણુનાં કુટુંબીજનો તેને મોટરમાં હરવા-ફરવા અને સગાંસ્નેહીઓનાં સંમેલનોમાં પણ તેડી જવા લાગ્યાં. પરંતુ તેને ખાસ ફરવા જવાનું તો રેણુ સાથે જ થતું. અને રેણુને તો મોટરના સહેલ, સ્નેહસમારંભો, નાટકસિનેમા વગેરે રંજન-કાર્યક્રમો સામે એક જાતનો અણગમો હતો. તેને તો 'હાંડીકૂચ'જ કરવી ગમતી. સાદાઈ ને સ્વાશ્રયભર્યું જીવન જ તેને પ્રિય ને સ્વાભાવિક થઈ પડ્યું હતું. દોમદોમ સાહ્યબી ને અવનવા રંગરાગની ભોમમાંથી આ સાદાઈ ને સ્વાશ્રયનો છોડ શી રીતે ઊગી નીકળ્યો, એનું સૌને આશ્ચર્ય થતું. પણ કુદરતની ગતિ તો અકળ છે ને? અફાટ રણની મરુભૂમિ વચ્ચે યે ક્યાંક ક્યાંક હરિયાળી ભૂમિનો ટુકડો નથી ઊપસી આવતો?

એક વખત રવિવારે સાંજે રેણુ અને ચારુ ઘેરથી ફરવા જવા ઊપડ્યાં, ત્યારે રેણુની બાએ હેતના ઉમળકામાં આવી જઈ કહી દીધું:

'રેણુ, આજ તો શોફરને લઈને તમે બેય મોટરમાં ફરવા જાઓ તો?'

'કેમ બા, આજ એવો આગ્રહ કરવો પડ્યો?' રેણુએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

માતાએ વાત્સલ્યનું વહેણ વહાવ્યું: 'બેટા, તારા સારુ નહીં તો આ ચારુ સારુ પણ તારે કોઈક દિવસ તો સહેલ કરવી જોઈએ ને?'

'ચારુને મારી દોસ્તી રાખવી હશે તો મારી જેમ રહેવું પડશે.' રેણુએ જવાબ વાળ્યો ને સહેજ હસીને ઉમેર્યું: 'ચારુ તો બા, સેવા ને સાદાઈની મૂર્તિ બનવા માગે છે.'

પણ ચારુને તો રેણુની બાની જ વાત ગમી ગઈ હતી. રેણુની નજરે પોતે સહેલ-શોખીન તરીકે ઉઘાડી પડી ન જાય એવી રીતે ચારુએ જવાબ વાળ્યો:

'એ તો ખરું જ, પણ બાને સારુ લગાડવા આજે તો મોટરમાં જ જઈએ.'

'ચારુ, બીજાઓને સારું લગાડવું મને બહુ જ ગમે છે, પણ સિદ્ધાંતને ભોગે હું કોઈને સારું નથી લગાડી શકતો. જરૂર વગર માત્ર મનની મોજ ખાતર, કોઈ ચીજ હું વાપરતો નથી.' કહીને રેણુ હસી પડ્યો. પણ એ હાસ્યમાં યે એટલું ગાંભીર્ય ભર્યું હતું કે ઘડીભર તો ચારુના મોં પર ગમગીની છવાઈ ગઈ.

અને તેઓ બન્ને પગપાળાં જ ફરવા ગયાં. તે દિવસે ફરવા દરમિયાન રેણુએ ઘણીઘણી વાતો કરી. એ બધાંનો સાર હતો કે આ ગરીબ દેશને સમૃદ્ધ ને સમર્થ બનાવવો હશે તો હજારો સંસ્કારી જુવાનોએ ગરીબીનું વ્રત ધારણ કરીને દરિદ્રનારાયણની સેવામાં લાગી જવું પડશે, તો જ ગાંધીજીની કલ્પનાના રામરાજ્યની સ્થાપના થઈ શકશે.

આ બધી વાતોને અંતે રેણુએ પોતાના ભાવિ જીવન વિષેનો ધ્રુવ સંકલ્પ પણ કહી નાખ્યો:

'હું પણ પિતાનું ઘર, સંપત્તિ-બધું છોડીને દરિદ્રનારાયણની સેવામાં જ મારું આખું યે જીવન સમર્પી દેવાનો છું.'

અને તેણે ચારુ સામે એવી નજરે જોયું કે ચારુ ચમકી ઊઠી. એ નજર એવી આતુર પૃચ્છા પ્રગટ કરતી હતી કે: 'તું મારા આ સેવામય જીવનની સહચારિણી બનીશ ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઘડી પછી તો બન્નેની મુખમુદ્રા પર એવાએવા ભાવો રેલાઈ આવ્યા ને બન્ને એકબીજા સામું એવી રીતે જોઈ રહ્યાં, જાણે અગાઉ એકમેકને કદી જોયાં જ ન હોય! આંખો જ બોલી રહી હતી ને જાણે આંખો જ સાંભળી રહી હતી.

ચારુ ત્યારે ને ત્યારે કશો ચોક્કસ જવાબ ન વાળી શકી, પણ દિલમાં એક તુમુલ મંથન ઊપડી ચૂક્યું. આટલા દિવસો દરમિયાન તેનામાં રેણુ માટે વધુ ને વધુ લાગણી જાગતી જતી હતી, વધુ ને વધુ માન પેદા થતું જતું હતું; પણ આજની વાતો સાંભળીને રેણુમાં રહેલી નિર્મળતા ને નિખાલસતા, માનવતા ને મહત્તા જોઈને–ખાસ કરીને તો તેની આંખોમાં આજે તરી આવેલી કોઈ દૈવી ઝલક નિહાળીને–તે પોતાનું હૈયું હારવા લાગી, અથવા કહો કે તેના હૈયામાં પ્રેમની જ્યોત જળી ઊઠી. આવી હતી તો રેણુને જીતવા, પણ પોતે જ પૂરેપૂરી જિતાતી જતી હતી; અને પરિચય તથા પ્રેમને પંથે આટલી લાંબી મજલ કાપ્યા પછી તેનાથી હવે પાછું વળી શકાય તેમ નહોતું.

જેમજેમ વખત જતો ગયો તેમતેમ રેણુના વિચારોનો ને વ્યક્તિત્વનો વિકાસ થતો ગયો અને તેમતેમ ચારુ રેણુના રંગે વધુ ને વધુ રંગાતી ચાલી. તેની રહેણીકરણી એકદમ સાદાઈ, સ્વાશ્રય ને સાત્ત્વિકતા તરફ ઢળવા લાગી.

પરિસ્થિતિ આવું અણધાર્યું, અનિશ્ચિત રૂપ પકડતી જતી હતી એ ચારુનાં માબાપની ધ્યાન બહાર ન રહ્યું.

આ બધી વસ્તુસ્થિતિ માબાપને જણાવવાનો ચારુ થોડા દિવસથી વિચાર કર્યા કરતી હતી, પણ વાત કેમ મૂકવી એ તેને સૂઝતું નહોતું. માબાપે તેને કૉલેજમાં મોકલવા પાછળ, રેણુ સાથે સંબંધ બાંધવાની સંમતિ આપવા પાછળ જે આશા સેવી હતી, તેને બરાબર યાદ હતી. તે આશા જ... ફળે એવી સ્થિતિ હવે રહી નહોતી... સ્થિતિ માબાપને પોતે જણાવશે ત્યારે તે... દિલને કેવો પ્રચંડ આઘાત લાગશે, ... કલ્પનાથી તે ધ્રૂજી ઊઠતી. પણ તેણે ધી... ધીમે દિલને દૃઢ કર્યું અને એક દિ... એકાંત જોઈને માબાપ પાસે વાત મૂકવા ... છે, ત્યાં તો તેની બાએ જ પોતાના મ... ઘોળાઈ રહેલી આ વાત છેડી:

‘ બેટા, રેણુ તો વધુ ને વધુ ધૂની ... જાય છે. એમાં કશું વળે એમ નથી... પોતે તો બાવો બનશે, પણ બીજાંનેય ... બનાવશે. ’

જે પોતે કહેવા જતી હતી, એ જ ... બાને મોંએથી જુદી દૃષ્ટિથી, જુદી ઢબે ... થઈ. ચારુ ઘડીભર તો મૂઢ જેવી થઈ ... તેનું અંગેઅંગ કંપી ઊઠ્યું, પણ થોડી ... વારમાં તેણે સ્વસ્થતા મેળવી લીધી ને બો...

‘ એ તો મને ખબર નથી, પણ ... હોય તો યે હવે એનો કશો ઉપાય રહ્યો ન...

ચારુના શબ્દોમાંથી નીકળતાં, અર્થ... તાં યે તેના ચહેરાને આવરી રહેલા ... ભાવો જોઈને માબાપ ચમકી ઊઠ્યાં. ... બાંધેલી આશાઓની આલીશાન ઇ... એકાએક એક સામટી તૂટી પડે ને મ... જેમ બેબાકળો થઈ ચીસ પાડી ઊઠે... ચારુની બાથી બૂમ પડાઈ ગઈ:

‘ શું કહ્યું ? ’

આવી જ પરિસ્થિતિની ચારુએ અ... રાખી હતી. એટલે તે ગભરાઈ તો ન... પણ અત્યારે ને અત્યારે ચોખ્ખે... વાત કહી નાખવાનું સ્વાસ્થ્ય ગુમાવી... તે હળવેથી ઊભી થઈ અને ‘ પછી ... કરીશ ’ એમ કહીને તેની ધૂંધવાઈ... બાને અને વિષાદપૂર્ણ ચિંતનમાં ડૂબી...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપને ત્યાં ને ત્યાં મૂકી બાજુના ખંડમાં ચાલી ગઈ.

તે દિવસે તો ઘરમાં કારમી નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. જાણે કોઈ કોમવાદીઓનું પાગલ બનેલું ટોળું પરકોમના ઘર પર એકાએક હુમલો લઈ આવે, ને એ ઘરને તોડી, ફોડી, માલમિલકત લૂંટી ચાલ્યું જાય અને પછી એ ઘરમાં જેવી નિઃસ્તબ્ધતા ફેલાઈ જાય તેવી ફેલાઇ રહી. સૌ ચૂપ થઈ ગયાં.

પણ ગમે તેમ તોય ચારુ તેનાં માબાપની લાડકી ને વહાલસોઈ દીકરી હતી. મોટા શ્રીમંતઘેર પુત્રીને વરાવીને સામાજિક પ્રતિષ્ઠા કમાઈ લેવાનો પ્રબળ લોભ તેમને હતો એ ખરું, પણ પોતાના એ લોભ ખાતર પુત્રીનું હૈયું ભાંગી નાખવાની હદ સુધી જાય એટલાં અધમ નહોતાં. રાત્રિભરના કારમા મંથન પછી તેમનાં હૈયાં હળવાં પડ્યાં અને સવારે ચા પીતી વખતે ચારુની બાએ જ શાંતિથી પૂછયું:

'બેટા, તું કહેતી'તી ના કે પછી કહીશ; તે તેં શું નક્કી કર્યું ?'

'શેનું બા ?' જાણે ન સમજી હોય તેમ ચારુ બોલી. તેનો અવાજ આટલું બોલતાં યે જરા ધ્રૂજી ઊઠ્યો.

'શેનું તે ? રેણુનું.'

ચારુ ફિક્કું હસી–ભયથી ભરેલું, છતાં મોહક, કોઈ અનેરી દીપ્તિથી ઝળકી રહેલું. 'એનું શું નક્કી કરવાનું છે, બા ! એ તો નક્કી થઈ જ ગયેલું છે ને ?'

'પણ ચારુ, દીકરી, એ તો ધૂની છે. બાવો થઈ જશે એની ધૂનમાં ને ધૂનમાં, ને તને શોખ જોઈએ છે. એ આપણને કેમ પોસાશે ?'

'એ શોખ કરવાની ય મારી ધૂન જ હતી ના ?' હસીને: 'એની આ બાવા થવાની ધૂનમાં, મોજશોખ કરવાની મારી ધૂન તણાઈ ગઈ.....ને બા, આપણે સાદાઈથી જ રહ્યાં છીએ ના ? મને એની સાદાઈમાં યે વાંધો નહીં આવે.'

'પણ અમારા મનમાં તો, બેટા, તું શ્રીમંત થા, સુખી થા, એવી ઇચ્છા હતી. એટલે તો તારા બાપુને પોસાતું નહોતું તો ય આટલો ખર્ચ કરી તને......'

'બા, બાપુજી, એ તમારો ઉપકાર તો જિંદગીમાં નહીં ભૂલું ને એનો બદલો તો વાળી જ શી રીતે શકું ? તમારા પ્રતાપે આટલું ભણવા ન પામી હોત તો મને જે મળ્યું છે એની કિંમત હું શી રીતે સમજત ? એને પ્રતાપે તો આજે હું સૌથી શ્રીમંત બની ગઈ. જો તું સમજે ના બા, તો મારા જેવું કોઈ શ્રીમંત જ નથી–આ દુનિયામાં.'

બા એની સામે તાકી રહી. ચારુ તેની પાસે ગઈ. પોતાના હાથમાં બાનો હાથ લેતાં બોલી :

'મને માફ કરીશ ને, બા ? તારી આશાઓ ને સ્વપ્નો મેં આમ તોડી નાખ્યાં......પણ મારો કશો ઉપાય જ નથી રહ્યો. નહિતર કોઈ વાતે તારું મન મેં દૂભવ્યું છે ?' અને એટલું બોલતાં ચારુની આંખમાં ઝળઝળિયાં તગતગી રહ્યાં.

ત્યાં તો માતાનું વત્સલ હૈયું પણ આંખો વાટે પીગળી પડ્યું. તેણે ચારુને પોતાની સોડમાં લઈ લીધી ને પોતાનો વહાલભર્યો હાથ તેના મોં પર, માથા પર, વાંસા પર પસવારવા લાગી.

આ મૃદુ દૃશ્ય જોઈને ચારુના પિતા સ્નેહભર્યા અવાજે બોલ્યા :

'કાંઈ હરકત નહીં, બેટા ! એ તો તારી બા પણ સમજશે.......તને મોકલી હતી તો ભૌતિક સંપત્તિ મેળવવા, પણ લઈ આવી આધ્યાત્મિક સંપત્તિ. અને આ સાટું પણ ખોટમાં તો નથી જ ગયું, લાભમાં જ થયું છે.'

અને સૌ હસી પડયાં–ચારુની બા પણ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાવતરણનું રહસ્ય

શ્રી બિહારીલાલ લલ્લુભાઈ પરીખ

ગંગાનું સ્વર્ગમાંથી ઊતરી શિવજીની જટામાં ઝિલાવાનું ને ત્યાંથી પાછું પૃથ્વી પર વહી અંતે ખારા સમુદ્રને મળવાનું, એ કથાથી આજે કોણ અજાણ્યું છે? ભર્તૃહરિએ આ પ્રસંગને 'विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः—વિવેકભ્રષ્ટ થયેલાનો બધી દિશામાંથી વિનિપાત થાય છે' કહી કહેવતરૂપ બનાવ્યો છે, પણ ગંગાવતરણ સંબંધે આજની વિવેકબુદ્ધિ સહેજે પૂછે છે: 'સગરરાજાને ૬૦,૦૦૦ પુત્રો હોઈ શકે? ગંગાજીને શિવજીએ જટામાં સમાવી એ તે કેવું કહેવાય? જહ્નુરાજા ગંગાને પી ગયા એ શું શક્ય છે?' ખરી વાત તો એ છે કે આ એક રૂપક-કથા છે. લેખકે આ પ્રસંગો વ્યવહારુ અર્થો સાથે અહીં સુંદર રીતે રજૂ કર્યાં છે.

વેદના જમાનામાં ગંગાનદીનું નામ નથી. આ નદી ભગીરથરાજા લાવ્યા તેવી કથા શ્રીમદ્ ભાગવતના નવમા સ્કંધના અધ્યાય આઠ–નવમાં છે. ટૂંકમાં એ કથા નીચે પ્રમાણે છે:

'અયોધ્યાના રાજા સગરને સાઠ હજાર પુત્રો હતા. રાજા સગરે અશ્વમેધ યજ્ઞ આરંભ્યો. તેમાં ઇંદ્ર અશ્વને ચોરી ગયો. આની શોધમાં રાજાના સાઠ હજાર પુત્રોએ, પૃથ્વીને ઠેકાણે-ઠેકાણે ખણી કાઢી, અને મોટા સાગરો બનાવ્યા; છતાં પૃથ્વીમાંથી ઘોડો જડ્યો નહીં. આમ ઘોડાને શોધતાં તેઓ (બંગાળના ઉપસાગર આગળ) ગંગાસાગર આગળ (કે જ્યાં ગંગાજી સાગરને મળે છે ત્યાં) આવ્યા ને ત્યાં ઘોડાને બાંધેલો જોયો. પાસે જ કપિલમુનિ તપ કરતા બેઠા હતા. ઘોડાનો આ જ ચોર છે એમ ધારીને, સઘળા હથિયાર ઉઠાવી કપિલમુનિને મારવા દોડ્યા, પણ કપિલમુનિએ નેત્ર ખોલી તેમને બાળી મૂક્યા.

સગરરાજાને આ ખબર પડી. તેણે પોતાના પૌત્ર અંશુમાનને અશ્વ ખોળવા માટે મોકલ્યો; એણે આવી કપિલમુનિની અનેકવિધ સ્તુતિ કરી. આથી કપિલમુનિએ કહ્યું: 'આ તારા બળી ગયેલા કાકાઓને ગંગાનું જળ મળશે તો જ મુક્તિ પામશે, બીજા કશાથી તેઓને મુક્તિ મળશે નહીં.' (અ. ૮, શ્લોક ૨૯)

અંશુમાન ઘોડાને લઈને પાછો ગયો. સગરરાજા અંશુમાનને રાજ્ય સોં... વનમાં ગયા.

રાજા અંશુમાને ઘણા કાળ સુધી ગંગા... લાવવા તપ કર્યું અને તેમાં જ મરણ પા...

અંશુમાનના પુત્ર દિલીપે આ પ્ર... ચાલુ રાખ્યો, ને તે પણ તેમ કરતાં મ... પામ્યો.

દિલીપના પુત્ર ભગીરથે પણ ... તથા બાપના પ્રયત્નને ચાલુ રાખ્યો, ને ... ગંગાજી પ્રસન્ન થયાં.

ગંગાજીએ કહ્યું, કે 'મારા વેગને ... ધારણ કરનાર જોઈએ, નહીં તો ... ફાડીને પાતાળમાં જતી રહીશ.' (અ. ૯, શ્લો...)

ભગીરથે કહ્યું: 'સદાશિવ તમારા ... ધારણ કરશે.' ને તેણે સદાશિવનું આ... કર્યું.

સદાશિવે ગંગાજીના વેગને ધારણ... ને ગંગાજી શિવજીની જટામાં સમાઈ ... ભગીરથે સદાશિવની સ્તુતિ કરી, જેથી ... ગંગા... માંના થોડા વાળને આઘા કરી ... જવા દીધાં.

આગળ સારા વેગવાળા રથમાં ... જતા ભગીરથ ને પછવાડે દોડતાં ને ... પવિત્ર કરતાં ગંગાજી ચાલ્યાં આવે...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચમાં જહ્નુરાજા તપ કરતા હતા. તેમણે આવતાં ગંગાજીને એક અંજલિમાં પી લીધાં. ભગીરથે ઘણી પ્રાર્થના કરી ત્યારે જહ્નુરાજાએ પોતાની જંઘા ચીરીને ગંગાજીને જવા દીધાં.

આ ગંગાજીએ બળી ગયેલા સગરરાજાના પુત્રોને નવડાવ્યા ને ગંગાજળના સ્પર્શ માત્રથી બધા સ્વર્ગલોક પામ્યા..'

*

ઉપર મુજબની કથામાં કેટલીક શંકાઓ થાય છે:

(૧) સાઠ હજાર પુત્ર હોતા હશે?

(૨) અશ્વમેધના ઘોડાને શોધવા સાઠ હજાર વીરોએ પૃથ્વી કેમ ખોદી?

(૩) ઘોડો કંઈ પૃથ્વીના ગર્ભમાં તે સંતાડેલો હોય?

(૪) ગંગાજીને ને અશ્વને શો સંબંધ?

(૫) સદાશિવે જટામાં ગંગાજીને સમાવી દીધાં ને જટાના થોડા વાળ આઘા કરી ગંગાજીને જવા દીધાં, એ તે કેવું?

(૬) જહ્નુરાજા ગંગાજીને પી ગયા, ને જંઘા ચીરીને ગંગાજીને બહાર જવા દીધાં એ વાત માન્યામાં આવે?

ઉપર મુજબની શંકાનું સમાધાન, આ કથાને આધુનિક રૂપમાં સમજીએ તો આમાં અશ્વને વૃષ્ટિ (જળ) સમજવી અને તપને મહેનત કે પ્રયત્ન સમજવો શક્ય છે?

વેદના જમાનામાં ઉત્તરે હિમાલય અને દક્ષિણે વિંધ્યાચળ, એ બેની વચ્ચે આવેલા સંયુક્ત પ્રાંત, બિહાર ને બંગાળની જગ્યાએ સમુદ્ર હતો. કાળે કરી એ જમીન ઊંચી આવી ને હાલ છે તેવો હિંદુસ્થાન થયો.

નદીઓ સિંધુ ને સરસ્વતી હતી. અનેક નાની નદીઓ હિમાલયમાંથી નીકળી દક્ષિણ તરફ વહેતી, પણ આ નદીઓને કોઈ મોટી નદીનો આધાર ન હતો કે જે તેમના પાણીને સમુદ્ર સુધી પહોંચાડે. આથી આ નદીઓનાં વહેણ સુકાઈ જતાં હતાં. દુષ્કાળ તે જમાનામાં મોટામોટા પડતા જળ વિના જમીન વેરાન બનતી.

અયોધ્યામાં તે વખતે સગરરાજા હતા. પ્રજાને પુત્રવત્ ગણી રાજ્ય કરતા હતા. વૃષ્ટિ થાય તે માટે તેમણે અશ્વમેધ યજ્ઞ આરંભ્યો, (અશ્વ કહેતાં પાણી) પણ વૃષ્ટિને મેઘરાજાએ (ઇન્દ્રે) અટકાવી દીધી.

કુદરત આગળ બીજો શો ઉપાય ચાલે? પોતાની પ્રજા જે સાઠ હજારની હતી, તેમને સગરરાજાએ અશ્વ(પાણી)ની શોધ કરવા કહ્યું.

પાણી પૃથ્વીના ગર્ભમાં હોય છે, જાણી આ સાઠ હજાર વીરોએ પૃથ્વીને યોગ્ય સ્થળે ખોદી ને મોટાં સાગર જેવાં તળાવ બાંધ્યાં, કે જેથી કદાચ વૃષ્ટિ થાય તો આ તળાવોમાં સંગ્રહાયેલા પાણીથી નહેરો દ્વારા ખેતી થાય ને જમીન લીલી થાય.

કહે છે કે આ વીરોએ સાત સાગર જેવાં મોટાં તળાવો ખણ્યાં ને તે ખોદતાં, બાંધતાં, તેઓ ગંગાસાગર કે જ્યાં ગંગાજી સમુદ્રને મળે છે તે જગ્યાએ કપિલમુનિનો આશ્રમ હતો ત્યાં આવ્યા. ત્યાં તેમણે સમુદ્ર જોયો–પાણી જોયું–પણ તે ખારું હતું. મીઠું જળ ન મળ્યું. શું મોં લઈ પાછા જવું? એ વિચારે હતાશ થયેલા તે બધાય વીરો ત્યાં બળી મૂઆ.

આ વાતને ભાગવતનો ટેકો છે. તેમાં લખ્યું છે (અ. ૮, શ્લોક ૧૧–૧૨) કે 'જેઓની બુદ્ધિ ઇંદ્રે હરી લીધી હતી, તેવા એ સઘળા પુત્રો પોતાના શરીરમાંથી નીકળેલા અગ્નિથી ક્ષણ માત્રમાં ભસ્મ થઈ ગયા.'

તે પછીના શ્લોક ૧૪મામાં લખ્યું છે કે 'આ રાજકુમારો કપિલમુનિના ક્રોધથી મૂઆ નથી; કેમકે 'સાંખ્યજ્ઞાનના પ્રણેતા, બ્રહ્મભૂત થયેલા કપિલદેવજીને શત્રુ ને મિત્રની ભેદદૃષ્ટિ થવી શી રીતે સંભવે?' વગેરે...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપિલદેવજીએ આ હકીકત સગરરાજાને પહોંચાડી. સગરરાજાનો પૌત્ર અંશુમાન આ હકીકતથી માહીતગાર થવા ગંગાસાગર આગળ આવ્યો. ત્યાં કપિલદેવજીએ સલાહ આપી કે તારા કાકાઓ જે પ્રયત્ન કરતાં મૂઆ, તે પ્રયત્ન તું ચાલુ રાખ ને તેમાં ફળીભૂત થતાં તારા કાકાઓની સદ્‌ગતિ થશે.

આ પ્રયત્ન તે જળથી તેમના દેશને સીંચવાનો હતો તે. જળનું સ્થાન પૃથ્વીમાં છે ને પૃથ્વીને તો ખણી જોઈ, ને તેમાં નિષ્ફળતા મળી. તો હવે તમો હિમ(બરફ, જળ)નું સ્થાન હિમાલય છે, ત્યાંથી કોઈ જળપ્રવાહ (ગંગાજી) તમારા પ્રદેશમાં થઈ સમુદ્ર સુધી લાવો તો જ મરનારને શાંતિ થશે.

મુનિનું વચન માથે ચઢાવી પ્રજાવત્સલ રાજા અંશુમાને હિમાલયમાંથી વહેતા હિમપ્રવાહને (અં. ગ્લેસિયર) કોઈ અનુકૂળ રસ્તે વાળી લાવવાનો પ્રયત્ન કર્યો.

આ પ્રયત્ન કરતાંકરતાં રાજા અંશુમાન દેવલોક પામ્યા. તેમના પુત્ર દિલીપે અધૂરો રહેલો પ્રયત્ન જારી રાખ્યો ને તેમનો પણ આ કાર્ય કરતાં દેહ પડ્યો.

આમ બબ્બે પેઢીઓ જેટલો કાળ હિમાલયના હિમપ્રવાહોનું નિરીક્ષણ કરવામાં જતો રહ્યો.

રાજા દિલીપનો પુત્ર ભગીરથ રાજગાદીએ આવ્યો. બાપદાદાનાં અધૂરાં રહેલાં કાર્ય પૂરાં કરે તે જ સુપુત્ર ગણાય, એ ન્યાયે, બબ્બે પેઢીઓના અનુભવોથી માહીતગાર થયેલો રાજા કૈલાસ આગળના હિમપ્રવાહને નીચે લાવવા કટીબદ્ધ થયો.

'ભગીરથને ગંગાજી પ્રસન્ન થયાં ને દર્શન દીધાં' એમ (ભાગવત અ. ૯, શ્લોક ૩જામાં) કહ્યું છે, તે એ જ કે ભગીરથે દ્રઢ નિશ્ચય કરી લીધો કે આ જ હિમપ્રવાહ મારે લઈ જવાનો છે બીજો નહીં.

રાજાએ વિચાર કર્યો કે હિમાલ[ય]... હેઠ ગંગાસાગર સુધી પાણીનો અખંડ [...] પ્રવાહ વહે એ માટે મોટામાં મોટો [...] પ્રવાહ વળાય તો જ નદી વહેતી [...] નહીં તો અધવચમાં જ નદી બંધ થઈ [...] ને બબ્બે ત્રણત્રણ પેઢીની કરાયેલી મહે[નત] તપશ્ચર્યા નિષ્ફળ જશે.

આથી જ મોટો હિમપ્રવાહ રાજાએ [...] બાજુ વાળ્યો, પણ કૈલાસ આગળની [...]ની ઊંડી કરાડમાં આ પ્રવાહ પૂરો [...] ગયો. અર્થાત્ મહાદેવજીની જટામાં [...] ગયો. ×

રાજા ભગીરથ આથી નિરુત્સાહ ન [...] આ જળ ઊંડી કરાડમાંથી ઊભરાઈને આવશે એ ઇંતેજારીએ થોડો કાળ વિતાવે [...] ત્યાં તો ઊભરાતા પાણીનો પ્રવાહ શર[ૂ] છે; અર્થાત્ શિવજી જટામાંથી ગં[ગાજી] જવા દે છે.

વર્ષોની શોધે નિશ્ચિત કરેલા માર્[ગે] પ્રવાહને વાળવામાં આવે છે. આગળ [...] રથરાજા રથમાં બેસી પવનવેગે ચાલી [...] ને પાછળ ગંગાજી વેગભર્યાં આવી ર[હ્યાં]... રસ્તે જહ્નુરાજા મોટો બંધ બાંધી [...] હતો, કે જેથી ચોમાસાનું પાણી રોકાઈ [...] તળાવ થઈ શકે. કર્મસંજોગે ગંગાજી [...] રસ્તે આવ્યાં ને આડો બંધ બાંધેલો હ[તો] બધું પાણી ત્યાંથી પાછું ઠેલાયું, અર્થાત્ [...] રાજા ગંગાજી પી ગયા.

ભગીરથરાજાએ જહ્નુને સમજાવ્યા [...] જહ્નુરાજાએ પોતાના બાંધેલા બંધમાં[...]

× આ સ્થાન ગંગોત્રીથી ઉત્તરે છે. [...] સહિત પાણીનો મોટો પ્રવાહ એક મોટી [...] પડે છે. અને તેના ઊડતા જળકણથી આ [...] પુષ્કળ ધુમ્મસ જેવું રહે છે, અને ત્યાં [...] પડવાથી યાત્રીના મનની જેવી ભાવના [...] આકાર આ ઊડતા ધુમ્મસમાં દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરનાળું ઉઘાડી (જાંઘ ચીરી) પાણી જવા દીધું. આ જગ્યાએ ગંગાજી જાહ્નવી કહેવાય છે.

ત્યાંથી ગંગાજી આગળ ચાલ્યાં ને ગંગાસાગર આગળ સાગરને મળ્યાં. સફળ થયેલા પરિશ્રમથી પિતૃઓ સંતોષ પામ્યા ને સ્વર્ગે ગયા.

ભગીરથરાજાએ ગંગાજી લાવી આર્યાવર્તને દુષ્કાળરહિત કર્યો અને ગંગાજીના વહેણનો રસ્તો પણ એવો યોજેલો કે અનેક જાતનાં ખનીજ ને ઔષધોથી ભરેલા માર્ગમાંથી વહેતા ગંગાજળમાં કાટને મારવાનો ગુણ ને મેલને દૂર કરવાનો ગુણ થયો. ઔષધની ગરજ સારે એટલા ગુણો ગંગાજળમાં સંગ્રહાયા.

આ મહાન પ્રયત્ન ભગીરથરાજાએ કર્યો તેને અમર કરવા એટલે મોટા પ્રયત્નને 'ભગીરથ પ્રયત્ન', 'ભગીરથ કામ' કહેવામાં આવ્યું–આવે છે.

હિમાલયમાં અનેક નદીઓ ગંડકી, ગોમતી, ગોગ્રા, કુસી વગેરે ગંગાનદીને મળી સનાથ થઈ.

યમુનાનદી પણ આ જ અરસામાં વહેતી થઈ અને એ પણ રાજા દિલીપ ને તેમના પિતા અંશુમાનની વર્ષોની મહેનતનું કદાચ પરિણામ હોય, ને પરિણામ જોતાં પહેલાં તેઓ ગુજરી ગયા હોય.

પહેલાં સરસ્વતીનદી હિમાલયમાંથી નીકળી પ્રભાસપાટણ આગળ સમુદ્રને મળતી. હાલ આ નદી વહે છે પણ અધવચમાં પ્રવાહનું જોર ન હોવાથી સુકાઈ જાય છે.

હાલ હિંદસરકાર જો આ નદીના (સરસ્વતી) મૂળની તપાસ કરાવે અને કોઈ મોટો જબરો હિમપ્રવાહ નંદાદેવી શિખરમાંથી વાળી આપે, અગર તો સતલજનદીને આ નદીમાં વાળી દે તો આ નદી પહેલાંની જેમ ચાલુ થાય ને પતિયાળા, બીકાનેર, જોધપુર આગળનાં થરપારકરના–રાજપુતાનાના રણને લીલાં કરી કચ્છના રણને એક જબરું તળાવ બનાવી, આગળ વધી, કાઠિયાવાડને ચીરી પ્રભાસપાટણ (સોમનાથ પાટણ) આગળ સમુદ્રને મળે, તો હિંદની અનાજપાણીની પડતી તાણને પહોંચી વળાય.

પતિયાળાથી માંડીને છેક દક્ષિણે સોમનાથ પાટણ સુધીનો પ્રદેશ સપાટ મેદાન જેવો છે ને સમુદ્રની સપાટીથી ૬૦૦ ફૂટ જ ઊંચો છે. તેનો ઢાળ દક્ષિણનો છે અને નદીઓના પ્રવાહને એકવાર વાળ્યા કે પછી પોતાની મેળે પાણી ઢાળવાળી જગ્યાએ વહેતું થઈ જાય છે ને વહેણ પોતાની વાટ પાડી દે છે.

સુએઝની નહેર પનામા નહેર વગેરે નહેરો જમીન ખોદીને સમુદ્રને જોડી દીધેલી છે. એ પણ મહાન પ્રયત્ન જ છે.

હિંદ સરકાર હાલમાં હિમાલયના બરફનું 'સરવે' કરાવવા ઇચ્છા રાખે છે. જો આ 'સરવે' કરનાર સમિતિને સરસ્વતીનદીને ફરીથી સજીવન કરવાનું કામ સોંપાય તો એક અમર કામ–મહાન લોકોપયોગી કામ થાય.

★

એક નાની સભામાં એક વક્તા પોતાની જ વાત બધી કહેવા લાગ્યો :
'હું હારમોનિયમ વગાડી જાણું છું. સિતાર પર મારો હાથ સરસ બેઠો છે. હું નવલકથાઓ લખું છું. હું રમૂજી વાર્તાઓ કહી શકું છું. હું મોટર હાંકી શકું છું. હું બાગવાનનું પણ કામ કરું છું. એક સ્થળે હું શિક્ષક તરીકે પણ કામ કરું છું.'
એક શ્રોતા વચ્ચે બોલી ઊઠ્યો : 'રે દુર્દૈવ ! તમે કેટલા બધા છો ને સાંભળનારા કેટલા ઓછા છે !'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાનું પ્રથમ કર્તવ્ય

આરોગ્ય-સાધના

*

ડૉ. સૌભાગ્યચંદ લ. બાવીશી

એમ કહેવાય છે, કે આ દુનિયામાં એક મા[ત્ર] માતપિતા ખરીદી શકાતાં નથી, તે સિવાય બ[ધી] ચીજો માનવી મેળવી શકે છે, પણ પરંપરા[ગત] આ કહેવતમાં સુધારો થવો જરૂરી છે. કોઈની બ[ક્ષિ]સ[થી], દ્રવ્યથી, નોકરચાકરથી, વાડી ને વ[ઝીફા]થી કે આલીશાન મહેલોથી પણ આરોગ્ય પ્રાપ્ત [થઈ] શકતું નથી; અને છતાં માનવી સભાન રીતે પ્ર[યત્ન] આદરે, કૃતનિશ્ચયી બને અને પોતાના આહારવિહારમાં નિયમિત રહે ને ઇંદ્રિયોનો અયોગ, અતિયો[ગ] મિથ્યાયોગ ન કરે તો શરીરસ્વાસ્થ્ય પ્રાપ્ત કરવું એ કેટલી સહેલી વસ્તુ છે! શરીરના દરેકેદરેક અવય[વની] તંદુરસ્તી કેવી રીતે સાચવી શકાય તેની અહીં વિચારણા થઈ છે.

આ જગતમાં દરેકે દરેક મનુષ્યમાં કોઈ પણ પ્રકારની કર્તવ્યભાવના હોય છે. કોઈ ખૂબ પૈસો કમાવો અને તેનો સંગ્રહ કરવો એને પરમ કર્તવ્ય માને છે; કોઈ રૂઢિગત ધર્મપ્રણાલિકાઓ પ્રમાણે જીવન વિતાવવું એને કર્તવ્ય માને છે; કોઈ મનુષ્ય-સેવા કરવામાં, કોઈ દેશસેવા કરવામાં તો કોઈ જ્ઞાતિસેવા કરવામાં કર્તવ્ય માને છે.

આ રીતે દરેક વ્યક્તિમાં કર્તવ્યભાવના હોય છે. ભલે તેના પ્રકારો જુદાજુદા હોય; પરંતુ આ બધા પ્રકારનાં કર્તવ્યોથી સંપૂર્ણ-પણે ભિન્ન અને છતાં ય બધા મનુષ્યોએ બજાવવા જેવું એક મુખ્ય કર્તવ્ય છે; અને તે છે, તંદુરસ્તી ટકાવી રાખવાની સતત કાળજી.

આપણા કમભાગ્યે આજે આપણે પૈસાને જ મહત્ત્વ આપ્યું છે. આપણી તંદુરસ્તી ટકાવી રાખવા માટે પણ પૈસા વડે આવતી દવાઓ ઉપર જ આધાર રાખતા થયા છીએ. સેંકડે નેવું ટકા મનુષ્યોને પોતાની તંદુરસ્તીની પડી નથી અને છતાંય જો આ વાત તેમને કહેવામાં આવે તો કહેશે કે 'અમે દર વર્ષે આટલા બધા રૂપિયા ખર્ચીને 'વિટામિન્સ, લીવર'ની બનાવટો, 'કેલસિયમ' વગેરે વાપરીએ છીએ; અમે ડૉકટરોનાં બિલ ભરીએ છીએ તો તમે કેવી રીતે અમારા ઉપર આવો અયોગ્ય આક્ષેપ કરો છો?'

ખરેખર તેમની વાત પણ ખરી છે. તે[ઓ] પોતાની કમાણીમાંથી સારો ભાગ દ[વા] પાછળ ખર્ચે છે. કલાકોના કલાકો તે[ની] પાછળ બગાડે છે. પોતાના શરીરમાં ઇંજેક્[શનના] સોયો ઘોંચાવે છે; અને એ ઉપરાંત [બીજું] ઘણું કરે છે.

પરંતુ આ બધી પ્રવૃત્તિ તો માંદા [પડ્યા] પછી સાજા થવા માટેની છે; અને તે[માં] દરેકે કર્યે જ છૂટકો; કારણકે કોઈને [માંદા] રહેવું ગમતું જ નથી. એટલે આ [બધી] પ્રવૃત્તિને સાજા થવાની કાળજી કહી શ[કાય].

પરંતુ આપણે જો સાજા થવાની કાળ[જી] થતો વખતનો, પૈસાનો અને મહેનતનો [વ્યય] બચાવવો હોય અને માંદગીમાં ભો[ગવવી] પડતી પીડામાંથી બચવું હોય તો [તંદુરસ્ત] રહેવાનું જ્ઞાન મેળવવું જ જોઈએ. [અને તે] અનુસાર જીવન જીવતાં શીખવું [જોઈએ]. એકવાર જો આપણે તંદુરસ્ત રહેવાનો [નિર્ધાર] કરીએ તો ખરેખર એ કાર્ય બહુ અઘરું [નથી].

દરેક ઇંદ્રિયનો સમયોગ કેળવવો

ઇંદ્રિયના અન્ય વસ્તુઓ સાથેના સં[યોગના] ચાર પ્રકાર છે: **अयोग, अतियोग,** [मिथ्यायोग] અને **समयोग.**

અયોગ એટલે પથ્ય+ વસ્તુઓ[નો] ...

\+ પથ્ય એટલે અનુકૂળ વસ્તુ–માફક આ[વતી] વસ્તુ. અપથ્ય એટલે પ્રતિકૂળ વસ્તુ–માફક [ન આવે] એવી વસ્તુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરતું સેવન ન કરવું તે. આ પ્રમાણે જરૂરી વસ્તુઓનું પૂરતું સેવન ન કરવાથી ઇંદ્રિયોનો વિકાસ અટકી જાય છે અને પરિણામે ઇંદ્રિયો નિર્બળ બને છે.

અતિયોગ એટલે પથ્ય વસ્તુઓનું અતિ સેવન કરવું. આ પ્રમાણે કરવાથી ઇંદ્રિયોને પોતાની શક્તિ કરતાં વધારે કામ કરવું પડે છે; અને તેથી તેને ઘસારો પહોંચે છે અને છેવટે તે નિર્બળ થાય છે.

મિથ્યાયોગ એટલે અપથ્યનું સેવન. આ પ્રમાણે કરવાથી-ઇંદ્રિયો પાસે પોતાની શક્તિ બહારનાં અને અયોગ્ય કર્મો કરાવવાથી ઇંદ્રિયો વિકૃતિ પામે છે.

સમયોગ એટલે પથ્યનું સપ્રમાણ (શક્તિ-પૂર્વક) સેવન. આ પ્રમાણે ઇંદ્રિયો પાસેથી યોગ્ય કામ લેવાથી અને શક્તિની મર્યાદા સાચવવાથી ઇંદ્રિયો વિકાસ પામે છે-ધીમે-ધીમે તેમની શક્તિ વધે છે અને નીરોગી રહે છે.

ઉપર શરૂઆતમાં બતાવેલા ઇંદ્રિયોના ત્રણ પ્રકારના યોગથી ઇંદ્રિયો નિર્બળ, રોગી અને વિકૃત થાય છે, જ્યારે છેલ્લા ચોથા યોગથી ઇંદ્રિયોનો વિકાસ-બળવૃદ્ધિ અને નીરોગિતા પ્રાપ્ત થાય છે.

પાંચે ય જ્ઞાનેંદ્રિયોના અયોગ, અતિયોગ અને મિથ્યાયોગ ટૂંકમાં મૂકવા હોય તો આ પ્રમાણે આવે :

ઇંદ્રિયો	અયોગ	અતિયોગ	મિથ્યાયોગ
ચક્ષુ	આંખ બંધ કરીને બેસી રહેવું; આંખો ઉપર પાટા બાંધી રાખવા; અંધારી કોટડીમાં પુરાઈ રહેવું; બહુ વાંચ્યા કરવું અને બહાર ખુલ્લામાં જઈ દૂરની વસ્તુઓ જોવાની ટેવ ન રાખવાથી, દૂર જોવાનો અયોગ થાય-પરિણામે દૂર જોવાની શક્તિ ધીરેધીરે નાશ પામે.	આંખો થાકે છતાં ય તેને આરામ આપ્યા વિના વાંચ્યા કરવું, ગૂંથ્યા કરવું વગેરે; સિનેમા જોતી વખતે બહુ ઝડપથી ચિત્રો પસાર થતાં હોવાથી આંખોને મટમટાવવા પૂરતો પણ આરામ મળતો નથી, તેથી અતિયોગ થાય છે.	સૂર્ય સામે જોવું; બહુ જોરદાર વીજળી-દીવા સામે જોવું; બહુ તેજદાર વીજળી-દીવાના અજવાળામાં એવી રીતે વાંચવું કે જેથી તેનો પ્રકાશ ચોપડી સાથે અથડાઈને આંખોમાં પડે, જેથી દીવા સામે જોયા બરાબર મિથ્યાયોગ થાય.
કાન	જ્યાં અવાજ ન હોય તેવી જગ્યાનો બહુ સંભવ નથી, પરંતુ કોઈ માણસ પૂમડાં રાખે તો તેનાથી અવાજનો અયોગ થાય.	જ્યાં દિવસ-રાત્રિનો મોટો ભાગ અવાજ થયા કરતો હોય તેવી જગ્યામાં વસવાથી અવાજનો અતિયોગ થાય.	તોપોના અવાજ સાંભળવા; દીવાસળીથી ખોતરવું; નહાતી વખતે કાનમાં પાણી ભરાવા દેવું.
નાક	સુગંધ અને દુર્ગંધનુ અસ્તિત્વ દરેક જગ્યાએ હોય છે, માટે તેનો અયોગ સંભવે નહીં. છતાં સુગંધ અને દુર્ગંધ પારખવા પ્રત્યે બેદરકાર રહેવાથી અલ્પયોગ થાય.	દુર્ગંધ અને સુગંધના અતિ સહવાસમાં રહેવું.	અતિ ઉગ્ર વસ્તુઓ સૂંઘવી; ઝેરમિશ્રિત દવા સૂંઘવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીભ	જીભને બહુ લાંબો સમય એક જ રસવાળો ખોરાક આપવાથી બીજા રસોનો અયોગ થાય.	એક જ રસ (મધુર, અમ્લ, લવણ વગેરે) લાંબો વખત લેવાથી તેનો અતિયોગ થાય.	દાહક વસ્તુઓ ખાવી; અતિ ગરમ–અતિ ઠંડી વસ્તુઓ ખાવીપીવી.
ચામડી	ચામડી હમેશાં હવા સાથે સંબંધમાં આવવી જોઈએ. કાચનું કાપડ પહેરવાથી તેમાં છિદ્રો ન હોવાથી હવાનો અયોગ થાય; ટાઢ, તડકો અને પવનનું જરા ય સેવન ન કરવું.	તદ્દન ખુલ્લા શરીરે ફર્યા કરવું; ટાઢ, તડકો તથા હવામાં ખુલ્લા શરીરે લાંબો વખત ફર્યા કરવું.	બહુ ગરમ પાણીથી દાઝવું; બરફથી ઠરી જવું.

હવે આપણે આપણું લક્ષ્ય સમયોગ વિસ્તારથી જોઈએ. સમયોગ એટલે બરાબર યોગ્ય ઉપયોગ–એટલું જ નહીં; એ ઉપરાંત ઇંદ્રિયોને પોતાની શક્તિ સાચવવામાં અને વધારવામાં ઉપયોગી હોય તેવી વસ્તુઓનો યથાનિયમ ઉપયોગ કરવો તે. અને તે બધું પણ દરેક મનુષ્યની દરેક ઇંદ્રિયની શક્તિ અનુસાર થવું જોઈએ; એટલે ટૂંકમાં આપણે આપણી ઇંદ્રિયોને સાચી રીતે અને શક્તિ અનુસાર વાપરીએ; તેની શક્તિ સાચવી રાખવામાં મદદકર્તા વસ્તુઓનું યથાનિયમ સેવન કરીએ તો તે સમયોગ કહેવાય.

ચક્ષુ : આંખનું કામ દર્શનનું છે. એટલે આંખો વડે કુદરતે રચેલી દૂરની તેમ જ નજીકની વસ્તુઓ જોવી જોઈએ. પરંતુ તેમ કરતાં આંખ જરા પણ ખેંચાવી ન ન જોઈએ. અને જ્યારેજ્યારે થાક જેવું જણાય ત્યારેત્યારે એકાદ મિનિટ સંપૂર્ણ બંધ કરીને આરામ આપવો જોઈએ. આંખ કુદરતી રીતે જ તેની કીકી ચારેબાજુ ફરી શકે તેવી ગોઠવણુવાળી છે. તો આંખને એકી નજરે એક જ વસ્તુ ઉપર તાકી રહીને સ્થિર ન કરવી. આજુબાજુની તેમ જ ઉપર નીચેની વસ્તુઓ જોવા માટે આંખને બહુ ન ખેંચતાં સાથેસાથ ડોકીને પણ વાળવી–જેથી આંખને અતિશ્રમ પડે નહીં. ભરતાં–ગૂંથતાં આંખને ભરાતી અથવા ગુંથાતી વસ્તુ ઉપ[illegible] સ્થિર ન રાખતાં સોયની સાથેસાથે ફેરવ[illegible] તેવી જ રીતે રેંટિયો કાંતતાં આંખને ત્રાક ઉપ[illegible] સ્થિર ન કરતાં પૂણીની સાથેસાથે ફેરવ[illegible] ચાલતી વખતે જમીન આપણી સામી દિશા[illegible] ચાલી જાય છે અને વાંચતી વખતે લીટ[illegible] ઓ ડાબી બાજુએ ચાલી જાય છે તે[illegible] લાગણી–કલ્પના–રાખવાથી આંખની તંદુરસ્[illegible] વધે છે.

દૃષ્ટિ શીત–સાત્મ્ય છે એટલે કે એને ઠં[illegible] ગુણવાળી વસ્તુઓ અનુકૂળ છે અને ગ[illegible] ગુણવાળી વસ્તુઓ પ્રતિકૂળ છે. માટે તે[illegible] તંદુરસ્તી ટકાવી રાખવા માટે ઠંડા ગુણવા[illegible] વસ્તુઓ સેવવી: જેમકે ઠંડું પાણી છાંટ[illegible] આંખોને ઠંડક આપનાર લીલા રંગની વ[illegible]સ્પતિનું નિરીક્ષણ કરવું વગેરે.

કાન : કાનનું કામ સાંભળવાનું છે. ન[illegible] પણમાં કાનની શક્તિ બહુ ખીલી હોતી ન[illegible] તેથી બાળકો બહુ મોટા અવાજ સાંભળ[illegible] બીએ છે. માટે કાનને ધીરેધીરે અવાજ સાં[illegible]ળવાની ટેવ પાડવી જોઈએ. વળી દર અઠવા[illegible] કાનમાં મીઠા તેલનાં ટીપાં પાડવાં; કાર[illegible] તેના પડદાને સ્નેહન થવાથી તે મજબૂત [illegible] છે અને સાંભળવાની શક્તિ વધે છે. તે[illegible] વધારાનો મેલ છૂટો પડીને ઉપર આવી જાય[illegible]

નાક: નાકનું કામ જુદાજુદા પ્રકારની[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારખવાનું છે. સારું નાક હોય તો બધા જ પ્રકારની સુગંધો અને દુર્ગંધો પારખી શકે અને તેનું વિવરણ કરી શકે. માટે હમેશાં આપણા સંસર્ગમાં આવતી વસ્તુઓની ગંધથી આપણે પરિચિત રહેવું જોઈએ; પરંતુ તેમ કરતાં બહુ ઉગ્ર ગંધ હોય અથવા અતિ દુર્ગંધ હોય તો તેમાંથી બચવું જોઈએ.

જીભ: જીભનું કામ જુદાજુદા સ્વાદોને પારખવાનું છે. તેને અવારનવાર છયે રસો—મધુર, અમ્લ, લવણ, કટુ, તિક્ત અને કષાય—નું આસ્વાદન કરાવવું જોઈએ. અને તેના ઉપર જામતો મેલ દરરોજ સાફ કરીને સારીરીતે કોગળા કરવા જોઈએ; કારણકે તેમ કરવાથી જ્ઞાનતંતુઓનાં મુખ ખુલ્લાં રહે છે અને તેનું કાર્ય બરાબર થાય છે.

ચામડી: ચામડીનું મુખ્ય કામ સ્પર્શ પારખવાનું છે; તે ઠંડાપણું, ઊનાપણું, ખડબચડાપણું, સુંવાળાપણું, તીક્ષ્ણતા, બૂઠાપણું વગેરે સ્પર્શ માત્રથી જાણી શકે છે. ચામડીને તંદુરસ્ત રાખવા માટે હમેશાં તેલનું મર્દન અને તે પછી ચણાનો લોટ, હળદર વગેરેના મિશ્રણથી ઉદ્વર્તન કરવું જોઈએ.

આ રીતે આપણે પાંચ જ્ઞાનેંદ્રિયોના અયોગ, અતિયોગ મિથ્યાયોગ અને સમયોગ જોયા. હવે આપણા અવયવો વિષે પણ એ દૃષ્ટિએ કાંઈક વિચારીએ.

હોજરી: હોજરીનું કામ સારી રીતે ચવાઈને આવેલા ખોરાકને પચાવવા માટે પાચકરસનો સ્રાવ કરવાનું છે, અને પછી તે સ્રાવ સાથે ખોરાકને બરાબર મિશ્રિત કરીને ધીરેધીરે આગળ ધકેલવાનું છે. જો આપણે આપણી હોજરીને નિયમિત રીતે અને પ્રમાણસર ખોરાક આપીએ તો ધીમેધીમે તેની શક્તિ ખીલે અને તે વધુ ખોરાક સંગ્રહવા માટે તેમ જ પચાવવા માટે શક્તિવાન થાય.

પરંતુ જો આપણે હોજરીની માત્રા કરતાં પણ ઓછો ખોરાક લઈએ અથવા તો હોજરી સંપૂર્ણ તંદુરસ્ત હોવા છતાં ઉપવાસ કરીએ તો ધીમેધીમે હોજરીમાં થતા સ્રાવો ઘટતા જાય અને તેની સંગ્રહશક્તિ વધારવારૂપી અને સ્રાવનું પ્રમાણ વધારવારૂપી શક્તિનો વિકાસ અટકે.

એથી ઊલટી રીતે જો આપણે હોજરીની શક્તિ કરતાં વધારે પ્રમાણમાં ખોરાક લઈએ તો હોજરીમાં થતા સ્રાવો ઓછા પ્રમાણમાં ખોરાક સાથે ભળે; વળી હોજરીની મિશ્રણ કરવાની ક્રિયા પણ બરાબર ન થાય, તેથી હોજરીમાંથી ખોરાક વખતસર આગળ ન વધે અને ધીમેધીમે હોજરીને બગાડે અને તેની શક્તિ ઘટાડે, વળી જો આપણે મનુષ્યની હોજરીને પ્રતિકૂળ એવી વસ્તુઓ—વાળ, કાંટા, જવનાં ફોતરાં, ડાંગરનાં ફોતરાં, દાહક ઍસિડ, વગેરે ભૂલથી હોજરીમાં જવા દઈએ તો તેનાથી પણ હોજરીની દીવાલમાં સોજો, ચાંદી વગેરે થાય.

ગર્ભાશય: ગર્ભાશયનું મુખ્ય કામ ગર્ભ ધારણ કરવાનું છે. ગર્ભાશયનો વિકાસ પ્રથમ રજસ્રાવથી શરૂ થાય છે અને છત્રીસ રજસ્રાવ થતાં સુધી તે સારા પ્રમાણમાં વિકસે છે અને ત્યારપછી તે ગર્ભ ધારણ કરવા માટે પૂરતું શક્તિવાન થાય છે.

હવે જો તે પછી પાંચ વર્ષમાં તેને ગર્ભ ધારણ કરવાનો યોગ ન થાય તો તેનો વિકાસ અટકે છે અને ધીરેધીરે ગર્ભ ધારણ કરવાની શક્તિ પણ ઘટે છે; પરંતુ જો એ અરસામાં ગર્ભાધાન થાય તો તેની દાવાલો ખેંચાઈને તેની ધારણશક્તિ (અં. કેપેસિટી) વધે છે અને યોગ્ય સમયે ગર્ભને સલામત રીતે જન્મ આપે છે અને પોતે સંકોચાઈને પૂર્વવત્ સ્થિતિ પ્રાપ્ત કરે છે. આ ક્રિયાને અંતે ગર્ભાશય ત્રણથી પાંચ વર્ષનો આરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગે છે; પરંતુ જો તે આપવામાં ન આવે તો તે કાર્ય તો કરે જ; પરંતુ ધીમેધીમે તેની સંકોચાવાની શક્તિ ઘટે છે અને પરિણામે પેડુ વધે, ગર્ભાશય નીચું ઊતરી આવે વગેરે થાય.

હવે જો ગર્ભાશયમાં તીવ્ર ઔષધો, ગર્ભ-પાત કરાવનાર દવાઓ વગેરે દાખલ કરવામાં આવે તો તે મિથ્યાયોગ થાય અને તેનાથી ગર્ભાશયમાં ચાંદી, સોજો વગેરે થાય. આ રીતે આપણે દરેક અવયવ વિષે સમજી શકીએ.

હવે આ બધાથી, પ્રત્યેક અવયવ અને ઇંદ્રિયને સમયોગ દ્વારા ફાયદો થાય એટલે કે વિકાસ થાય, બળ વધે અને તે નીરોગી થાય; પરંતુ એટલેથી જ અટકવાનું નથી. આવા પ્રકારના સમયોગથી આપણા સમસ્ત શરીરની તંદુરસ્તીને જ આપણે વિકસાવીએ છીએ; કારણકે આપણા શરીરમાં મન નામે એક દ્રવ્ય રહેલું છે અને તેના અસ્તિત્વથી જ દરેક પ્રકારના સુખદુઃખનો અનુભવ થાય છે અને આવા સમયોગથી મન હમેશાં સુખપૂર્વકના આ બધા યોગ હોવાથી સંપૂર્ણ પ્રસન્ન રહે છે અને મનની પ્રસન્નતા એ જ આરોગ્યકર અને આયુષ્યકર વસ્તુઓમાં શ્રેષ્ઠ વસ્તુ હોવાથી સમયોગ તે તે ઇંદ્રિયોનો તેમ જ સમસ્ત શરીરનો વિકાસ કરનાર, બળ આપનાર, નીરોગી બનાવનાર અને આયુષ્ય વધારનાર છે.

યુક્તિપૂર્વક આહારવિહારની યોજના: આહારના વિષયમાં જેટલું શિક્ષણ પ્રજાને આપીએ એટલું ઓછું છે. સરકાર પણ આ દિશામાં ઠીક પ્રયત્ન કરે છે અને દરેક માણસને દરરોજ કેટલાં દૂધ, ચરબી, કઠોળ, તાજી શાકભાજી ઇત્યાદિ મળવાં જોઈએ તેની નોંધો બહાર પાડે છે. પરંતુ સરકાર ધીરે-ધીરે બીજી ઘણી વધારે ઉપયોગી દૃષ્ટિઓ સ્વીકારી તેમાં સુધારા કરશે એવી આશા રાખીએ.

બાળપણમાં દરેક બાળકને જેટલું પ[ચી] શકે તેટલું દૂધ આપવું જોઈએ. શરૂઆત[માં] તો ઈશ્વર માતાનું ધાવણ આપે છે જ; પ[રંતુ] આજની સુધરેલી માતાઓને સ્તન્યવર્ધ[ક] ખોરાકની ખબર ન હોવાથી તેમનું ધાવ[ણ] બહુ જલદીથી ઘટી જાય છે અને બાળ[કને] બહુ જલદીથી ખોરાક ઉપર ચડાવવું પડે[.] ખરું જોતાં આવા બાળકને જેમ વધુ [દૂધ] આપીએ અને જેમ ઓછો ખોરાક આપી[એ] તેમ બાળકનો વિકાસ જલદીથી થાય [અને] બાળકની તંદુરસ્તી પણ સારી રહે; કાર[ણ] કે દૂધમાં ખોરાકનાં બધાં જ તત્ત્વો [અને] પ્રજીવકો (अ. વિટામીન્સ) સમાવેલાં [છે.] બાળક પાંચ વર્ષનું થયા પછી પણ ઓછ[ામાં] ઓછું બાર વર્ષનું થાય ત્યાંસુધી દરરો[જ] એક શેર દૂધ આપવું જ જોઈએ.

બાર વર્ષની ઉંમર થયા પછી બાળકે[ના] વિભાગ છોકરાઓ અને છોકરીઓમાં પા[ડવા] જોઈએ. છોકરાંઓને દૂધ, ઘી, સાકર, [ઘ]ઉં, શાકભાજી વિશેષ પ્રમાણમાં આ[પવાં] જોઈએ. છોકરીઓને થોડો ફેરફાર જ[રૂરી] છે; કારણકે સ્ત્રીત્વના વિકાસાર્થે ઉષ્ણ[વીર્ય] ખોરાકની જરૂર પડે છે. એટલે ધીમે[ધીમે] દૂધ, ઘી, સાકરનું પ્રમાણ ઘટાડી તેની જગ્[યાએ] છાશ, દહીં, તેલ, તલ, ગોળ, વગેરે આ[પવાં] જોઈએ. અને અનાજમાં ભાત ઓછો [અને] બાજરી, કોદરી વગેરે આપવાં જોઈએ. [આ] ખોરાક સ્ત્રીઓને પોતાની તંદુરસ્તી જા[ળવી] રાખવા માટે બહુ જ ઉપયોગી છે. [ઋતુ]સ્રાવના દિવસોમાં તેલ, ગોળ, બાજરી, [અને] છાશ, દહીં વગેરે ઉષ્ણવીર્ય વસ્તુઓ લે[વાથી] માસિક ખુલાસાથી આવે છે અને તંદુ[રસ્તી] વધે છે.

ત્યારબાદ જ્યારે ગર્ભાવસ્થા હોય [ત્યારે] સ્ત્રીઓએ દૂધ-ઘી પુનઃ વધારવાં જો[ઈએ] અને ઉષ્ણવીર્ય ખોરાક ઘટાડવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણકે તે સમયે ગર્ભના પોષણાર્થે તે ખોરાક જરૂરી છે.

પ્રસૂતિ થયા બાદ દોઢ મહિનામાં સ્ત્રીઓએ પોતાની પ્રકૃતિ અને શક્તિ અનુસાર ઘી અથવા તેલ મોટા પ્રમાણમાં વાપરવું જોઈએ અને વાયુ કરનાર ખોરાક સદંતર બંધ કરવો જોઈએ.

છોકરું ધાવતું હોય તે સમયમાં પણ સ્ત્રીઓએ દૂધ-ઘી મધ્યમ પ્રમાણમાં લેવાં જરૂરી છે; પણ સાથેસાથે સ્ત્રીઓને સદાય હિતકારી તેલ, ગોળ, તલ, છાશ વગેરેનો ઉપયોગ પણ સારી રીતે કરવો જોઈએ.

પુરુષોએ હમેશ માટે દૂધ, ઘી, ભાત, ઘઉં, સાકર સારી રીતે વાપરવાં જ જોઈએ; કારણકે એ બધી વસ્તુઓ વીર્યની વૃદ્ધિ કરી પુરુષને સામર્થ્ય આપે છે.

ઘડપણમાં ફરી પાછાં પુરુષ અને સ્ત્રી એક જ કક્ષામાં આવે છે; કારણકે સ્ત્રીત્વના અવયવો પોતાની ફરજો બજાવ્યા પછી પુનઃ નિવૃત્તિ લે છે. ઘડપણમાં શરીરની નસો કડક થાય છે ને સંકોચ-વિકાસ શક્તિ ઘટે છે તેમ જ પાચનશક્તિ પણ ઓછી થતી જાય છે. માટે પાચનશક્તિ ટકી રહે તે દૃષ્ટિએ પચવામાં હલકો અને છતાંય શરીરમાં શક્તિ અને મૃદુતા વધારી શકે તેટલા ખાતર સ્નેહયુક્ત ખોરાક-રાબડી, શીરો વગેરે લેવાં જોઈએ. ઘડપણમાં દૂધ કરતાંય ઘી-તેલની વિશેષ જરૂર છે.

આ બધું વય અને જાતિની દૃષ્ટિથી જોયું. હવે પ્રકૃતિની દૃષ્ટિથી જોઈએ.

પ્રકૃતિ એટલે સ્વભાવ. શરીરની પ્રકૃતિ એટલે શરીરનો સ્વભાવ-જાતિ. જેમ એન્જિનના પ્રકાર હોય છે-પેટ્રોલથી ચાલનાર, વરાળથી ચાલનાર અને કોલગેસથી ચાલનાર, તેમ શરીરના પણ ભિન્નભિન્ન સ્વભાવ હોય છે. આ રીતે જન્મથી કેટલાક માણસો વાતપ્રધાન, કેટલાક માણસો પિત્તપ્રધાન અને કેટલાક માણસો કફપ્રધાન હોય છે; અને તેથી દરેક મનુષ્યે પોતાની પ્રકૃતિ-સ્વભાવને અનુકૂળ આહારવિહાર સેવવા જોઈએ; જેથી પોતાની તંદુરસ્તી ટકી રહે.

વાતપ્રધાન માણસોએ ઘી, તેલ, ગોળ, દૂધ, દહીં, અડદ વગેરે વિશેષ પ્રમાણમાં વાપરવાં જોઈએ, અને સારી રીતે ઊંઘવું જોઈએ. પિત્ત-પ્રધાન માણસોએ દૂધ, ઘી, સાકર, દ્રાક્ષ, ભાત, વગેરે વિશેષ પ્રમાણમાં વાપરવાં જોઈએ અને તાપથી રક્ષણ કરવું અને ચાંદનીનું સેવન કરવું જોઈએ. કફપ્રધાન માણસોએ જવ, બાજરી, મગ, મધ, ચણા, છાશ વગેરે વિશેષ પ્રમાણમાં વાપરવાં જોઈએ અને વ્યાયામ કરવો જોઈએ.

ઋતુની દૃષ્ટિએ પણ ખોરાકમાં ફેરફાર કરવા જોઈએ. આપણા પૂર્વજોએ આપણા ઘણા તહેવારો એ દૃષ્ટિએ ગોઠવ્યા છે. ખરેખર તે બદલ આપણે તેમના ઋણી છીએ. પરંતુ આપણા અજ્ઞાનથી આપણે તે પણ ગુમાવતા જઈએ છીએ.

શરદઋતુમાં પિત્તની શાંતિ અર્થે દૂધ સારા પ્રમાણમાં લેવું જોઈએ. શ્રાદ્ધપક્ષ ખરેખર શરદઋતુમાં છે. તો તે નિમિત્તે અથવા આરોગ્યની દૃષ્ટિએ સાકરવાળા દૂધનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ; અને બહુ ખાટા, તીખા ને પિત્તકર પદાર્થોનો ઉપયોગ ઓછો કરવો જોઈએ.

હેમંત અને શિશિરઋતુઓમાં પાચન-શક્તિ બહુ જ સારી થાય છે. માટે તે સમયે અડદની દાળ, ગોળ, ઘી વગેરેથી બનાવેલ મિષ્ટાન્ન સારી પેઠે વાપરવાં જોઈએ. લગ્ન-ગાળો તે ઋતુમાં જ આવે છે. શરીરને હૃષ્ટ-પુષ્ટ કરવા માટે આ ઋતુઓ જ બહુ અનુકુળ છે.

વસંતઋતુમાં વાયુનો પ્રકોપ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કફના રોગો થવાનો વિશેષ સંભવ હોય છે. એટલે હોળાષ્ટક આ અરસામાં આવે છે અને તે સમયે ધાણી, ચણા વગેરે કફને સૂકવી નાખનાર પદાર્થો ખાવાનો રિવાજ છે. છેવટે હોળિકાના દર્શન વખતે શરીર શેકાઈને રહ્યોસહ્યો કફ પણ નાસી જાય છે.

ગ્રીષ્મઋતુમાં વાયુનો પ્રકોપ થાય છે અને તેથી કેરીનો રસ, શીખંડ વગેરે બહુ અનુકૂળ આવે છે. આપણા દેશમાં ઈશ્વરે કેરી ઉત્પન્ન કરી હોવાથી આપણને બહુ અનુકૂળતા રહે છે.

વર્ષાઋતુમાં પાચનશક્તિ મંદ થઈ જાય છે અને અજીર્ણના રોગો થાય છે; માટે તે સમયે હલકો-સહેલાઈથી પચે તેવો-ખોરાક લેવો જોઈએ. આદું-લીંબુ વગેરે પાચન કરનાર વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ. અને થોડા ભૂખ્યા રહેવું જોઈએ. આ દૃષ્ટિએ એકાસણાં કરવાનો શ્રાવણમાસ વર્ષાઋતુમાં જ આવી જાય છે.

આપણે દેખાદેખીથી શરીરનો જે આહાર નથી એવી અનેક વસ્તુઓ શરીરમાં દાખલ કરીએ છીએ અને તે મિથ્યાયોગ હોવાથી તેનાથી અનેક વિકૃતિઓ પામીએ છીએ, તેનો ઉલ્લેખ ટૂંકમાં કરવો યોગ્ય થશે.

(૧) તમાકુ: તમાકુમાં કોઈ જાતના ખોરાકનાં તત્ત્વો-શરીરને પોષનાર, શરીરને ફાયદાકારક તત્ત્વો નથી-છતાં તેનો ધુમાડો પીએ છીએ. ચૂના સાથે મેળવીને મોંમાં ભરી રાખીએ છીએ. પાન સાથે ખાઈએ છીએ અને નાક વાટે સૂંઘીએ છીએ. પરિણામે દાંત પીળા પડે છે, જીભ વારંવાર આવી જાય છે, મોં દુર્ગંધ મારે છે, નાક ગંધાય છે અને લાંબા ગાળે હૃદય પણ નબળું થાય છે.

(૨) અફીણ: અફીણમાં કોઈ જાતના ખોરાકનાં તત્ત્વો નથી અને કડવું ઝેર જેવું હોવા છતાં લોકો તેને હોંશે હોંશે ખાય છે. પરિણામે સ્નાયુઓ શિથિલ થાય છે.

(૩) ચા: ચામાં કોઈ જાતના ખોરાકનાં તત્ત્વો નથી. અતિ ગરમ અને તેમાં રહેલ યુનિક નામનાં તત્ત્વોને કારણે કબજિયાત કરનાર છે અને વીર્ય પાતળું કરનાર છે.

બુદ્ધિશાળીઓએ તેના આ અવગુણો દૂર કરવા માટે તેમાં દૂધ અને ખાંડનું મિશ્રણ કર્યું છે, તોપણ એનાં દુષ્ટ તત્ત્વો પૂરેપૂરાં નાશ પામતાં નથી; કારણકે દૂધ અને પાણીનું મિશ્રણ શરીરનું ધોવાણ કરે છે. એટલે શરીરમાં કચરો હોય તો તે કાઢે અને કચરો ન હોય તો ધાતુઓને ધીરેધીરે કાઢે. દૂધ શરીરને બાંધે છે. દૂધ અને પાણીનું મિશ્રણ શરીરને તોડે છે અને રહેલ દોષને કાઢે છે. આપણે અથવા આપણાં બાળકો કાંઈ હમેશાં શરીરમાં દોષોવાળા હોતા નથી તેથી તે આપણા બાંધાને તોડે છે. એટલે જો ચા પીવામાં ન વાપરીએ પણ ખોરાકની સાથે વાપરીએ તો જ તે અનાજ સાથે પાણી મળી જવાથી શરીરને તોડવાની ક્રિયામાંથી અટકે. માટે ચા પીવો જ હોય તો સારી પેઠે ઉકાળેલો ચા ખોરાકની સાથે લેવો.

(૪) દારૂ: દારૂમાં ખોરાકનાં તત્ત્વો છે. કારણકે દારૂ શરીરને પોષક એવા મધુર રસવાળા દ્રવ્યોમાંથી બનાવવામાં આવે છે. પરંતુ એમાં મદ લાવવાની શક્તિ હોય છે. તે મર્યાદિત પ્રમાણમાં અને ગાળ્યા પછી (એટલે અંગ્રેજીમાં જેને ડિસ્ટિલ કરવું કહે છે તેમ કરીને. તેજ બનાવ્યા વિના) વાપરવામાં આવે તો શરીરને મજબૂત અને હૃષ્ટપુષ્ટ બનાવે પણ ખરો.

પરંતુ કમભાગ્યે આપણે ત્યાં પરદેશીઓએ તેને માત્ર નશા માટે ઉપયોગ કરતાં શીખવાડેલ હોવાથી તેણે આપણી પ્રજાને ઘણું જ નુકસાન કર્યું છે અને આપણને ખૂરી ટેવો પડી છે. એટલે જાહેરમાંથી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુ સમયના ઉપચાર

વૈદ્ય ડાહ્યાભાઈ મનસુખરામ પુરોહિત

રુઢિગત ખોટા ઉપચારો પાછળ ન ઘસડાતાં સાચી અહીં બતાવાયું છે.

માનવજીવનની વધારેમાં વધારે કરુણતા એ છે કે અનેકને મૃત્યુ પામતા જોવા છતાં હૃદયને ઊંડે-ઊંડેથી એ પોતાની જાતને અમર માની બેસે છે! અવશ્યંભાવિ જેવા નિશ્ચિત મૃત્યુની આસપાસ અંધ-શ્રદ્ધાયુક્ત ધર્મની સાથે કેટલેક સ્થળે અવૈજ્ઞાનિક વહેમો પણ દેખા દે છે. દર્દી કે બીમાર જીવને એથી અંત સમયની નીરવ શાંતિ મળી શકતી નથી. એવા બુદ્ધિયુક્ત ને વૈજ્ઞાનિક દૃષ્ટિ શી હોવી જોઈએ તે

હિંદુ સમાજમાં મનુષ્યના મરણ સમયે ઘરવાળા-સંબંધીઓ પરલોક સુધારવાના રિવાજ નિમિત્તે કેટલાંક કામ એવાં કરે છે કે એમાં મરનાર મનુષ્યને બહુ પીડા-દુઃખ થાય છે; તેથી નીચે લખેલી વાતો ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

(૧) કદાચ રોગી બેત્રણ મજલાવાળા મકાનમાં ઉપરના ભાગમાં હોય તો એવી હાલતમાં એને નીચે લાવવાની જરૂર ન રાખવી.

(૨) ખાટલા ઉપર સૂઈ રહેલાને એમ જ રહેવા દેવો જોઈએ.

(૩) ક્યારે પણ ખાટલા ઉપરના મરણમાં કંઈ વહેમ હોય અને નીચે ઉતારવાની આવશ્યકતા જણાય તો અનુમાનથી મૃત્યુકાલ પહેલાં બેચાર દિવસ પહેલાંથી દરદીને ખાટલાથી નીચે ઉતારી જમીન ઉપર રેતી પાથરી તેમાં પથારી કરી સુવાડવો. રેતી એવી નરમ હોવી જોઈએ કે દરદીને કંઈ નડે નહીં. બેચાર દિવસ અગર બેચાર પહોર પહેલાં વૈદને પૂછી રોગીનાં લક્ષણ જોઈ અગર મોટાં તેમ જ અનુભવી પુરુષોની સલાહથી અંદાજ કરી લેવો. ખરેખર આમ કરવાથી રોગીને નીચે ઉતારી સુવાડવામાં જે કષ્ટ થાય છે તેમાંથી એ બચી શકે. રોગીને પોતાને બે-ચાર દિવસ પહેલાંથી વધારે જણાતું હોય તો કહી દેવું જોઈએ કે મને નીચે સુવાડો. રોગી સારો થઈ જાય તો પાછો ખાટલામાં લેવામાં કોઈ અડચણ નથી અને કદાચ ધારણા પહેલાં

અને ઔષધ તરીકે જ રહે એ જરૂરી છે.

(૫) બરફ, આઈસ્ક્રીમ, ગુલ્ફી, કોલ્ડ-ડ્રિન્ક વગેરે: ઉનાળામાં ઠંડકની જરૂર બહારના વાતાવરણમાં છે, પેટમાં નહીં. પેટમાં તો શરીરમાંથી પરસેવા વાટે ગરમી બહાર નીકળી જતી હોવાથી વાયુનું જોર વધે છે. એટલે પૂરતા સ્રાવો ઉનાળામાં થતા નથી; તેમાં વળી આવાં અતિ ઠંડાં પીણાં વિશેષ સંકોચ કરીને સ્રાવોને વધુ અટકાવે છે. એટલે કે પરિણામે પાચનને વધુ બગાડે છે. દૂધિયું-સાકરનું સામાન્ય ઠંડુ પાણી ઉનાળામાં પીવા લાયક છે.

આ રીતે દરેક માણસે પોતાનું આરોગ્ય સાચવવું હોય તો આવા આરોગ્યશાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન મેળવી લેવું જોઈએ અને તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરવો જોઈએ. કારણકે આરોગ્ય એવી વસ્તુ નથી કે જે કોઈ બક્ષિસ આપી શકે. આરોગ્ય દરેક માણસે પોતાની જાતે કમાવાની વસ્તુ છે. પૈસાથી, નોકરચાકરથી, ઘોડાગાડી અને મોટરોથી, હવેલીબંગલા અને એરોપ્લેનોથી તે મળી શકે તેવી વસ્તુ નથી એટલું દરેક જણ સમજી લે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરદીનું મૃત્યુ થઈ જાય તોપણ કંઈ અડચણ આવે નહીં.

(૪) આવી અવસ્થામાં મૃત્યુ પહેલાં દરદીને સ્નાન કરાવવાની જરૂર નથી; કારણકે એથી એને વધારે કષ્ટ પડે છે. મળ વગેરે સાફ કરવો હોય તો ભીના કપડાથી ધીરેધીરે ઘસીને સાફ કરવો જોઈએ.

(૫) આવી અવસ્થામાં ગંગાજળમાં તુલસીપત્ર ઘૂંટીને આપવું. એકવાર એક તોલા જળથી વધારે ન આપવું. પાંચ–દસ મિનિટ પછી ફરીવાર એ પ્રમાણે આપી શકાય. ગંગાજળ બહુ જૂનું બેસ્વાદ ન હોવું જોઈએ; એથી જેમાં ગંધ આવી ગયેલી હોય અગર કડવાશ આવી ગઈ હોય તેવું ગંગા-જળ આપવું નહિ. ગંગાજળમાં શુદ્ધિ–અશુદ્ધિ કે સ્પર્શાસ્પર્શનું કંઈ વિધાન નથી. રોગી મોઢું બંધ કરી લે તો એને કંઈ પણ ન આપવું જોઈએ.

(૬) દરદીની પાસે બેસી ઘરના માણસોએ રડવું ન જોઈએ તેમ જ સંસારની વાતોની યાદ ન આપવી જોઈએ. માતા, સ્ત્રી, પતિ, પુત્ર, કે બીજા સ્નેહીઓએ પણ પાસે બેસી પોતાનું દુઃખ સંભળાવવું નહીં અને રડવું નહીં. એના મનને અનુકૂળ એવી હરેક પ્રકારથી કલ્યાણમયી સેવા કરવી જોઈએ.

(૭) ડોકટરી કે જેમાં અપવિત્ર પદાર્થોનો સંયોગ હોય એવી દવા ન આપવી જોઈએ.

(૮) જ્યાંસુધી ચેતન રહે ત્યાંસુધી ગીતાજીનો પાઠ અને એનો અર્થ સંભળા-વવા જોઈએ. ચેતન ન રહે તો પછી ભગવાનનું નામ સંભળાવવું એ ઉચિત છે. ગીતા વાંચનાર માણસ ન હોય તો પહેલેથી ભગવાનનું નામ સંભળાવવું.

(૯) દરદી ભગવાનના સાકાર, નિરાકાર કોઈ પણ રૂપનો પ્રેમી હોય તો સાકારવાળાને ભગવાનની છબી કે મૂર્તિ બતાવવી જોઈએ અને એના રૂપ તથા પ્રભાવનું વર્ણન સંભળા-વવું જોઈએ. નિરાકારના પ્રેમીને વિશુ[illegible] બ્રહ્મનાં શુદ્ધ, બોધસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, સત્, ચિત્, ઘન, નિત્ય, અજ, અવિના[illegible] આદિ વિશેષણોની સાથે આનંદ શબ્દ જો[illegible] તે સંભળાવવું જોઈએ.

(૧૦) કદાચ કાશી આદિ તીર્થોમાં દરદી[illegible] લઈ જવા ઇચ્છા હોય તો તે દરદીને પૂછ[illegible] એની ઇચ્છા હોય, ત્યાંસુધી જીવિત અવસ્થા[illegible] પહોંચવાની શંકા ન હોય; વૈદ્યોની સંમ[illegible] મળે અને એટલા રૂપિયા ખરચ કરવાની શ[illegible] હોય તો ત્યાં લઈ જવામાં કશો બાધ ન ગ[illegible]

(૧૧) પ્રાણ નીકળ્યા પછી ઓછા[illegible] ઓછી પંદરવીસ મિનિટ સુધી કોઈને ખ[illegible] ન આપવી. ભગવાનના નામનું કીર્તન [illegible] રહેવું કે જેથી ત્યાંનું વાયુમંડલ સા[illegible] રહે. રડવાનો હલ્લો ન કરવો; કારણકે [illegible] વખતનું રડવું મરનાર પ્રાણી માટે સારું ન[illegible]

(૧૨) ઘરવાળાં સમજવાળાં હોય [illegible] એમણે રડવું ન જોઈએ. બીજાં માણસે[illegible] પણ એમની પાસે આવી સહાનુભૂતિના શ[illegible] જ કહેવા પણ રડાવવાનો પ્રયત્ન ન ક[illegible]

(૧૩) શોકચિહ્ન બાર દિવસથી વ[illegible] ન રાખવું જોઈએ.

(૧૪) નાની ઉમ્મરનાં બાળ–બચ્ચાં[illegible] મૃત્યુનો શોક ન માનવો.

(૧૫) મરનાર માટે શોકસભા ન ક[illegible] પોતાની સાવધાનતા માટે સભા કરવી જોઈ[illegible] એ વાત યાદ રાખવી જોઈએ કે એ [illegible] એક દિવસ આપણું પણ મૃત્યુ થવાનું [illegible]

(૧૬) જીવન્મુક્ત પુરુષના મૃત્યુ [illegible] શોક ન કરવો. એમ કરવું એ [illegible] અપમાન કરવા જેવું છે.×

× 'तत्त्वचिंतामणि 'માંથી ઉદ્ધૃત

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રનું પર્યટન

*

શ્રી કૃષ્ણદાસ કોટડાવાળા

બી. એસસી.

માનવીને કોઈ એના પોતાના જ નિવાસસ્થાનમાં બંદીવાન રાખે તો તેની કેવી હાલત થાય ? આજે મનુષ્યને પોતાના પૃથ્વી-ઘરમાં ગોંધાઈ રહેવું ગમતું નથી; તે પાડોશીઓ-ચંદ્ર, મંગળ, શુક્ર, ગુરુ, શનિ વગેરે-ની પાસે જવા તલસી રહ્યો છે. પૃથ્વીરૂપી ઘર એને નાનું પડ્યું છે. આખાયે વિશ્વરૂપી જગતમાં ભ્રમણ કરવા એના અશ્વો થનગની રહ્યા છે. અપરિમિત અવકાશમાં કલાકના ૨૫૦૦૦ કે તેથી વધુ માઈલની ઝડપે વિશ્વપ્રદેશની મુસાફરીએ માનવી નીકળશે ત્યારે કેવો ધન્ય અવસર આવી પહોંચ્યો હશે ! અત્યારે જો ચંદ્રમાં પર્યટન લઈ જવું હોય તો તેની શક્યાશક્યતા વિશે ઘણી રસિક વાતો અહીં કહેવામાં આવી છે.

પૃથ્વીની પાસેની દુનિયા તો ચંદ્રની જ છે. અને તેથી પોતાની જાતની ઉત્પત્તિ થઈ ત્યારથી માનવી ચંદ્રને નીરખતો આવ્યો છે અને તેના વિષે જુદાંજુદાં અનુમાનો બાંધતો આવ્યો છે. આપણાં પુરાણોમાં ચંદ્રને દેવ તરીકે સ્થાન અપાવા સાથે ચિત્રવિચિત્ર વાતો રજૂ કરાયેલી છે. હજારો વર્ષ પહેલાં ઈરાનના ખગોળશાસ્ત્રીઓ એવું ધારતા કે ચંદ્ર એક મોટા રાક્ષસી કદના તરતા અરીસા જેવો છે અને તેમાં જે પડછાયા દેખાય છે. તે આપણા પોતાના ભૂમિખંડો તથા સમુદ્રોનાં પ્રતિબિંબો છે.

એ પછીના સૈકાઓમાં ઓસ્ટ્રેલિયાના મૂળ રહેવાસીઓ ખાતરીપૂર્વક એમ માનતા હતા કે ચંદ્રની અંદર એક મોટી બિલાડીની આંખ છે: દક્ષિણ ગોળાર્ધના સમુદ્રના દ્વીપવાસીઓ ચોક્કસ રીતે એવી માન્યતા રાખતા હતા કે ચંદ્ર ઉપર ચળકાટવાળાં ફળોથી ભરેલાં વૃક્ષો ટેકો દઈને રહેલાં હતાં. સામોન નામની પ્રજા તો વળી એવો વિચિત્ર ખ્યાલ સેવતી કે ચંદ્રમાં એક સ્ત્રી બેઠીબેઠી સતત રીતે કાપડ વણતી હતી અને તે કાપડમાંથી પાછળથી આપણી પૃથ્વી ઉપર વાદળાં બની જતાં હતાં ! આ સિવાય પણ વિવિધ પ્રજાઓ ચંદ્ર વિષે જાતજાતના ભ્રમ સેવતી હતી.

પરંતુ આજે આપણને ચંદ્ર વિષે કલ્પિત વિચારો કરવાની જરા પણ જરૂર નથી. આ ઉપગ્રહનું પૃથ્વીથી સરેરાશ અંતર ૨,૩૮,૦૦૦ માઈલનું છે; પરંતુ અમેરિકામાં આવેલી માઉન્ટ વિલ્સન ઉપરની વેધશાળાના દૂરદર્શક યંત્રમાંથી જ્યારે આપણે ચંદ્રને જોઈએ ત્યારે તે જાણે કે બસો જ માઈલ દૂર હોય એવો જણાય છે. તાજેતરમાં ૧૯૪૮માં કેલીફોર્નિયામાં પેલોમર ગિરિશૃંગ ઉપર ૨૦૦ ઇંચનું અતિશય તીવ્ર વેધક દૂરદર્શક યંત્ર તૈયાર થયું છે, જેમાંથી ચંદ્રને જોઈએ તો તે ૨૪ માઇલ જ દૂર હોય એવો જણાય છે. રેલવે ગાડી જેવા નાનાનાના પદાર્થો પણ આ દૂરદર્શક યંત્રથી દેખાય છે.

પરંતુ માનવીને માત્ર જોવાથી જ સંતોષ થતો નથી. તેને તો ત્યાં જઈને નજરોનજર, સ્પર્શોસ્પર્શ ચંદ્રલોકનો અનુભવ કરવો છે. આ હકીકતમાં જરા પણ અતિશયોક્તિ નથી. અમેરિકાના વેસ્ટિંગ હાઉસના સંશોધન-ખાતાના ડાયરેક્ટર ડૉ. જે. એ. હચેનસન જેવા સર્વોચ્ચ કક્ષાના વૈજ્ઞાનિકો એવું જણાવે છે, કે આ સિદ્ધિ અપ્રાપ્ય નથી. તેમણે તો એવું પણ કહ્યું છે કે લશ્કરી દૃષ્ટિએ ચંદ્ર ઉપર રોકેટ મોકલવાની યોજના ઘડાઈ રહી છે. આવું પહેલી વખત મોકલેલું રોકેટ કંઈ માણસોને નહીં લઈ જાય, પરંતુ માણસની બીજી દુનિયાઓને જીતવાની સદૈવ અતૃપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાંક્ષાઓ ફળીભૂત કરવા માટે તે પ્રથમ પગથિયા સમાન હશે.

રૉકેટને પૃથ્વી ઉપરથી ચંદ્ર ઉપર લઈ જવા માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે એમ છે. તેમાંની એક તો પૃથ્વીના ગુરુત્વાકર્ષણની છે. અવકાશમાં નાસી છૂટવા માગતા કોઈ પણ પદાર્થની સામે નીચે ખેંચતું પૃથ્વીનું પ્રબળ આકર્ષણ થાય છે, અને જ્યાંસુધી તે પદાર્થ કલાકના ૨૫,૦૦૦ માઈલની ગતિ મેળવતો નથી, ત્યાંસુધી તે ગુરુત્વાકર્ષણ બળની સામે થઈને નાસી શકતો નથી. પૃથ્વીની સપાટીની ઉપર લગભગ સાડા ચારસો માઈલની ઊંચાઈએ આ ગુરુત્વાકર્ષણ બળનો અંત આવે છે. આ ઊંચાઈએ હવા, પ્રકાશ કે અવાજ, કંઈ પણ નથી; ત્યાં આગળ સંપૂર્ણ અવકાશ છે. જો કોઈ રૉકેટ આ ઊંચાઈ સુધી આવી ચડે, તો તેને 'ગતિ'નો પ્રશ્ન રહેતો નથી. એ ઊંચાઈ પ્રાપ્ત કર્યા પછી ગમે તે ગતિથી રૉકેટ પૃથ્વીની બહારની આકાશી દુનિયાઓમાં જઈ શકે.

ઈ. સ. ૧૯૧૨માં એક અમેરિકન વિમાને કલાકની ૧૦૫ માઈલની ગતિ મેળવી હતી. ૩૫ વર્ષ પછી ઈ. સ. ૧૯૪૭માં કૅપ્ટન ચાર્લ્સે અવાજના કરતાં પણ વધારે ઝડપથી કલાકના ૮૩૬ માઈલની ગતિથી મુસાફરી કરી હતી. ૩૫ વર્ષના ગાળામાં જ જો ગતિમાં કલાકનો ૭૩૧ માઈલનો વધારાનો વેગ મેળવી શકાયો છે, તો હવે પછીના થોડાક વર્ષમાં જ કલાકના ૨૫,૦૦૦ માઈલની ગતિ અશક્ય નહીં બને.

દુનિયાભરના શ્રેષ્ઠ ઇજનેરો અને વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે આ ગતિ મેળવવાનો અવસર દૂર નથી. પડદા પાછળ, કલાકના ૩૫૦૦ માઈલના ગતિથી ઊડી શકે એવું 'ટર્બો-જેટ' ઉડ્ડયનકાર તૈયાર છે. 'રેમ જેટ' કલાકની ૫,૦૦૦ માઈલની ગતિવાળું અને કલાકની ૮,૫૦૦ માઈલની [illegible] વાળું રૉકેટ-વિમાન અને એ ઉપ[illegible] કલાકની ૧૦,૦૦૦ માઈલની ગતિવાળું [illegible] વાતું રૉકેટ તૈયારીમાં છે.

કલાકની ૨૫,૦૦૦ માઈલની ગતિ[illegible] વિમાનથી જરા પણ ડરવાનું નથી. ઉ[illegible] નિષ્ણાતી ઈજનેરો તો એ પણ જણ[illegible] કે આપણે કલાકના ૫૦,૦૦૦ માઈ[illegible] ગતિએ જઈએ તોપણ તેમાં ભય રાખ[illegible] નથી. આપણી પૃથ્વી પોતે જ અવક[illegible] અંદર મિનિટના એક હજાર માઈલની [illegible] સૂર્યની આસપાસ પરિક્રમણ કરી રહ[illegible] જ્યારે ગતિમાં ફેરફાર થાય ત્યારે જ [illegible]ણને ઊલટી થવાની સ્થિતિ, મૂંઝવણ, [illegible] કે એવું કંઈ પેદા થાય છે. ચગડોળ [illegible] આવે અને ગતિ એકદમ ઓછી થઈ [illegible] ત્યારે જ તેની અંદર બેઠેલાંને બેચેની [illegible] છે. તેથી આવી રાક્ષસી ગતિથી મુસ[illegible] કરતાં ધ્યાનમાં લેવાની હકીકત તો [illegible] ફેરફારની છે; મોટી ગતિથી ડરવાની પણ જરૂર નથી.

ચંદ્ર ઉપર જવાની બીજી મુ[illegible] બળતણની છે. પૃથ્વીની સપાટીથી ૬૦[illegible] લથી ૧૧૪ માઈલ અધ્ધર ઊડેલાં V-૨ [illegible] ૯૦ સેકંડથી વધારે ઊડી શક્યાં ન[illegible] કલાકના ૩,૦૦૦ માઈલની ગતિ [illegible] સમયમાં જ રાખવા માટે ટનના ટન [illegible] તણની જરૂર પડે. ચંદ્ર સુધી [illegible] ૨,૩૮,૦૦૦ માઈલની મુસાફરી માટે [illegible] લાગે. સૈદ્ધાંતિક દૃષ્ટિએ આ કોયડો [illegible] ગયો છે. બહુ જ ઓછી જગા [illegible] અત્યંત પ્રબળ હોય એવા બળતણ[illegible] મુસાફરીમાં જરૂર પડે. આજે [illegible] પાસે આવું પરમાણુ-બળતણ તૈયા[illegible] સામાન્ય રીતે એમ કહી શકાય કે [illegible] પાસેનાં વપરાશી બળતણો જે [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે તેટલા જ વપરાશી બળતણના લાખમા ભાગનું પરમાણુ-બળતણ તેટલી જ કાર્ય-શક્તિ આપી શકે.

રોકેટમાંથી નીકળતા ખૂબ જ ગરમ વાયુઓ સામે કોઈ પણ ચીજ ગરમ બનીને વાયુરૂપ બની જાય. પરંતુ તે અંગે પણ વૈજ્ઞાનિકોએ યુક્તિઓ શોધી કાઢી છે. રસ્તામાં પુષ્કળ ખરતા તારાઓનો પણ સામનો કરવો પડે.

કલાકના ૨૫,૦૦૦ માઈલની ગતિવાળું રોકેટ ઊડવા શક્તિશાળી થાય, તોપણ તેની અંદર બેઠેલા માણસો પણ ઉત્તમ પ્રકારની તંદુરસ્તી ભોગવતા હોવા જોઈએ. આવી રાક્ષસી ગતિના આંચકા ખાવા માટે તેમણે તૈયાર રહેવું જોઈએ. રોકેટ ઠંડી, ગરમી, ને હવા વગેરેથી આંતરિક રીતે રક્ષિત હોવું જોઈએ. પૃથ્વીની સપાટીની લગભગ ૩૦૦ માઈલ ઊંચે જ્યારે રોકેટ આવે ત્યારે તે પૃથ્વીની કક્ષાની સમાંતર ઊડતું બનશે. ગોળ-ગોળ ચકરાવા ખાતું એ રોકેટ સાડા ચારસો માઈલના અંતરે ગયા પછી પૃથ્વીના ગુરુત્વા-કર્ષણની તાબેદારીને હડસેલી દેશે અને ત્યાંથી પછી તે ગમે તે રીતે ઇચ્છામાં આવે તેમ મુસાફરી કરવા માટે સ્વતંત્ર બનશે. પછી તે અવકાશી વહાણ ચંદ્ર તરફ પ્રયાણ માંડશે. ચંદ્રની નજીક આવતાં રોકેટને ધીમેધીમે ચકરાવા લઈને ચંદ્ર ઉપર ઊતરવાની સલામત જગા શોધવી પડશે.

દરેક વિમાનની અંદર હવાની ગોઠવણ કરવી પડે. અમુક વિભાગ સતત રીતે પ્રાણ-વાયુ આપ્યા કરે, અને બીજો વિભાગ કાર્બન મોનોક્સાઈડ અને કાર્બન ડાયોક્સાઈડને દૂર કરવાનું કામ કરે.

ચંદ્રલોક ઉપરના પર્યટનમાં વૈજ્ઞાનિકોને ભારે રસ છે. ત્યાંના હવામાન વિષે વેધ-શાળામાંથી અવારનવાર વર્તારા બહાર પડે છે. પરંતુ વાયુશાસ્ત્રીઓ હમેશાં સાચા પડતા નથી. આજે વાયુશાસ્ત્રીઓ અનિમેષ નયનોએ ચંદ્ર સામું મીટ માંડીને જોઈ રહ્યા છે. ચંદ્ર ઉપર હવામાનનું મથક બનાવ્યું હોય, તો ત્યાંથી પણ અમુક પ્રકારની ગણતરીઓ મળી શકે. જેવી રીતે ભરતી અને ઓટ ઉપર ચંદ્રનો અંકુશ છે, તેવી જ રીતે હવામાન ઉપર પણ તેનો અંકુશ છે કે કેમ તે વાયુ-શાસ્ત્રીઓ નક્કી કરવા માગે છે. ચંદ્ર ઉપરના પર્યટનથી આ સિદ્ધિ મળી શકે.

ખગોળશાસ્ત્રીઓને મન તો આ પ્રાપ્તિ કોઈ અલૌકિક આનંદની બક્ષિશ છે. પૃથ્વીની ઉપર જે વાતાવરણ રહેલું છે, તેનાથી દૂર-દર્શક યંત્રોમાં કેટલાયે અવરોધો આવે છે. ચંદ્ર ઉપર બિલકુલ વાતાવરણ જ નથી. ખગોળશાસ્ત્રીઓ એવું માને છે કે જો તેઓ ચંદ્ર ઉપર દૂરબીનો માંડે તો તેમાંથી તેઓ વિશ્વના ઊંડાણમાં ખૂબ જ વધારે જોઈ શકે, અને બ્રહ્માંડના ભેદો ઉકેલી શકવા સમર્થ થાય. આજે મોટામાં મોટો ખગોળનો કોયડો આ છે: 'ખરે જ શું વિશ્વ ફાટતું જાય છે?' આજના આલ્બર્ટ આઇનસ્ટાઈન અને હબલ જેવા મોટા વૈજ્ઞાનિકો અને ખગોળશાસ્ત્રીઓ આ પ્રશ્નની પાછળ જ પડેલા રહ્યા છે.

ચંદ્ર ઉપરની બીજી અગત્યની શક્યતા વિવિધ ખનિજસંપત્તિની છે; ખાસ કરીને આજના પરમાણુ યુગના અદ્વિતીય અંગ જેવા યુરેનયમ વિષેની છે. જ્યારે જ્યારે આ શક્યતા વિષેની ચર્ચા થાય છે, ત્યારે ત્યારે વૈજ્ઞાનિકો હેરત પમાડે એવી રજૂઆતો ખડી કરે છે.

આપણી પૃથ્વી એક મોટો ખાડો છે; જે ખગોળશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે મોટી ગડમથલ થવાથી ઉપસ્થિત થયો હતો. આ ખાડો બીજો કોઈ નહીં, પરંતુ પેસિફિક મહાસાગરનો છે, અને તે ગડમથલ પૃથ્વી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી ચંદ્રના છૂટા પડી જવાની હતી.

જ્યોર્જ ડારવીન જેવા વૈજ્ઞાનિકો કંઈક જુદી જ માન્યતા સેવતા આવ્યા છે. કેટલાક અબજ વર્ષ પહેલાં પૃથ્વી આજના કરતાં વધારે જોરથી ફરતી હતી. આ ત્વરિત બળ તથા સૂર્યમાંનું કોઈ અસાધારણ ખેંચાણ ભેગાં થતાં પૃથ્વીમાંથી એક મોટો કકડો છૂટો પડયો. આ કકડો અવકાશમાં ફરવા લાગ્યો, અને પૃથ્વીના ગુરુત્વાકર્ષી ખેંચાણને લીધે તેની હીલચાલ બિલકુલ બંધ થઈ ત્યાંસુધી એ કકડાએ અવકાશમાં ઘૂમવાનું ચાલુ રાખ્યું. આ રીતે અવકાશના પર્યટનમાં અંત આવી ગયો, એટલે એ કકડો પૃથ્વીને લગતા કેન્દ્રને ત્યાગી અને કેન્દ્રગામી બળોને વશ થઈને તેની આસપાસ પરિક્રમણ કરવા લાગ્યો. આ પ્રમાણે જો હોય તો તો પૃથ્વીની અંદર જે જે ખનિજો હોય તે લગભગ બધાં જ ચંદ્રમાં હોવાં જોઈએ. તેથી જો આપણી પાસે ચંદ્ર ઉપર જવાય એવાં રોકેટો હોય, તો ત્યાંથી ખાનજો ખેંચી લાવી શકીએ.

આ કરતાંયે વધારે અગત્યની વાત તો વળી બીજી જ છે. લશ્કરી દૃષ્ટિએ જે રાષ્ટ્ર ચંદ્ર ઉપર અંકુશ ધરાવે છે તે રાષ્ટ્ર દુનિયા ઉપર અંકુશ મેળવે છે.

આ મંતવ્ય કોઈ વાર્તા લખનાર લેખકની તરંગી માન્યતા નથી. ચંદ્ર ઉપર જે રાજ્ય કરે તે પૃથ્વી ઉપરના શાસનકર્તાઓ કરતાં વધારે ફાયદા પ્રાપ્ત કરશે. આનું કારણ 'ગુરુત્વાકર્ષણ' છે. ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ ઘણું ઓછું—આપણા છઠ્ઠા ભાગનું જ—હોવાથી ચંદ્ર ઉપરથી પૃથ્વી ઉપર છૂટી આવવું સહેલું છે, પરંતુ પૃથ્વી ઉપરથી ચંદ્ર ઉપર જવું અઘરું છે. અહીંથી ત્યાં જવા માટેના રોકેટને કલાકના ૨૫,૦૦૦ માઇલની ગતિ જોઈએ; જ્યારે ત્યાંથી અહીં આવવા માટેનાં રોકેટને કલાકના ફક્ત ૫,૩૦૦ માઈલની જ ગતિ જોઈએ.

લશ્કરના આગળ જવા માટેના પ્રયાસે[illegible] જાણ થતાંજ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં [illegible] વખત એવું પણ ગંભીર સૂચન થયું હ[illegible] ચંદ્રની માલિકી માટે અગાઉથી ચર્ચાઓ [illegible] જોઈએ! અત્યારે તો ત્યાં જવા મા[illegible] પ્રયાસો ચાલી રહ્યા છે. પહેલો અગત્[illegible] પ્રશ્ન તો એ છે કે ધારો કે ચંદ્ર ઉપર મા[illegible] જઈ શકયો તો ત્યાં તે જીવતો રહી શ[illegible] કેમ? ત્યાં કોઈ જીવનની હયાતિ હશે ખ[illegible]

છેવટના પ્રશ્ન અંગે તો બધા જ ખ[illegible] શાસ્ત્રીઓ સંમત છે કે ચંદ્ર ઉપર અ[illegible] કોઈ પણ પ્રકારનું જીવન નથી. ચોક્કસ [illegible] લોકનો દર્શાવે છે કે આ ઉપગ્રહ ઉપર [illegible] કે વાતાવરણ નથી. તેથી 'રજની-વલ્[illegible] રોકેટો તૈયાર કરતા વૈજ્ઞાનકોએ મુખ્યત[illegible] પર્યટનકારોને જ જીવતા રાખવાના [illegible] ઉકેલવાના છે. મોટા આશ્ચર્ય પમાડે [illegible] ધાતુઓના બનેલા હવાના સંગ્રહવાળા [illegible] જીવિયા સૂટ માટે તેઓ સૂચન કરે છે. [illegible] ઉપરથી જુદાંજુદાં પડ ઓળંગતાં પણ અ[illegible] ગરમી અને અમાપ ઠંડીનો સામનો કર[illegible] છે. વૈજ્ઞાનિકો આ સામે બચાવની ખ[illegible] આપે છે કે તેમણે એ સામે રક્ષણ [illegible] એવી ગોઠવણ કરી દીધી છે.

જે કોઈને રોકેટ દ્વારા પર્યટન ક[illegible] હોય તેને વૈજ્ઞાનિકોનો સૂચવેલો સૂટ [illegible] તો વિચિત્ર લાગશે, પણ ચંદ્ર ઉપર પહોં[illegible] પછી આવો વજનદાર ૫૦૦ રતલી સૂટ [illegible] હલકો જણાશે. ખગોળભૌતિકો (અં. [illegible] ફિઝિસિસ્ટ) પ્રમાણે ચંદ્રનું ગુરુત્વાકર્ષણ [illegible] પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળ કરતાં છઠ્ઠા [illegible] જ લાગે. ત્યાંના મોટામોટા વજનદાર [illegible] કોને આપણે સ્નાયુની જરા પણ ખેંચ [illegible] ઊંચકી શકીએ. ખગોળશાસ્ત્રીઓ એવું [illegible] છે કે સાધારણ માણસ ચંદ્ર ઉપર [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂટ સુધી દડો એક હાથી ફેંકી શકે.

ચંદ્ર ઉપર માઉન્ટ એવરેસ્ટ જેવાં શિખરો કરતાં પણ વધારે ઊંચા પર્વતો રહેલા છે, અને જ્યાં ત્યાં ચંદ્રની ભૂમિમાં મોટા રાક્ષસી ખાડાઓ પડેલા છે.

અમેરિકાની વિખ્યાત કાર્નેજી સંસ્થાના નિષ્ણાતો એવા નિર્ણય ઉપર આવ્યા છે કે ચંદ્ર ઉપર જે ચકચકિત પરિવર્તનો થાય છે, તે ત્યાંના જ્વાળામુખીઓમાંથી નીકળતી 'પ્યુમાઈસ' નામની માટીને આભારી છે. ચંદ્ર ઉપર જનારને સૂર્ય તો આકાશમાં સ્થિર જ લાગશે. ચંદ્ર ઉપરનો દિવસ આપણી પૃથ્વીના દિવસ કરતાં ચૌદગણો મોટો છે. આ કારણથી ચંદ્રની ભૂમિ ઉપર બળબળતી ગરમી ચૌદ દિવસ રહે છે, અને બાકીના ચૌદ દિવસો શૂન્ય નીચે કેટલાયે અંશ નીચે માન્યામાં ન આવે એટલી ઠંડી રાતમાં જાય છે.

વિલ્સન વેધશાળાના ખગોળશાસ્ત્રીઓ એવું જણાવે છે કે ચંદ્ર ઉપર બપોરે સૂર્યને લઈને થતું ઉષ્ણતામાન ઓછામાં ઓછું ઊકળતા પાણી કરતાં ૩૮° વધારેનું રહે છે. જ્યારે સૂર્યપ્રકાશ જતો રહે છે, ત્યારે ચાંદ્રરાત શરૂ થાય છે. એ વખતે શૂન્યની નીચે ઓછામાં ઓછી ૨૦૦° ઠંડી પડે છે.

ચંદ્ર ઉપર જો આપણે જઈએ તો રેડિયોથી વાત કરવી પડે; કારણકે ચાંદ્ર-દુનિયા સંપૂર્ણ રીતે અવાજહીન છે, કારણકે અવાજનાં મોજાં લઈ જવા ત્યાં હવા જ નથી.

પૃથ્વી ઉપરથી ચંદ્રના વેરાન પ્રદેશ ઉપર નજર કરતાં સહેજે પ્રશ્ન થશે: 'ત્યાં કદાપિ વસવાટ થઈ શકશે ખરો?' એક વૈજ્ઞાનિક જણાવે છે કે ત્યાં યુરેનિયમ ધાતુ હોય તો જરૂર થઈ શકે. તે એવું માને છે કે ચંદ્ર સૂટો પહેરીને માણસ ત્યાં એક અગર વધારે પરમાણુ કારખાનાં બાંધી શકશે અને ત્યાંથી બીજી પ્રગતિઓ કરી શકશે.

કારખાનાઓમાંની ગરમીથી તેઓ ત્યાંની રેતીમાંથી મોટી કાચની આરસીઓ બનાવીને એકાદ સપાટી ઉપરના મુખ ઉપર છાપરું બનાવશે. પછી તેઓ ઠંડકિયા ઓરડાની ગોઠવણ કરશે, અને પૃથ્વીમાંથી પ્રાણવાયુ દાખલ કરશે. તે પછી તેઓ કદાચ ત્યાંથી ખનિજો કાઢશે અને તેમાંથી ઓક્સિજન, હાઈડ્રોજન અને પ્રાણવાયુ કાઢીને કૃત્રિમ વાતાવરણ બનાવશે.

એક મોટા પર્વતના છાંયડે બનાવેલા કાચના છાપરામાંથી બળબળતાં સૂર્યનાં કિરણો કદાપિ પસાર થઈ શકશે નહીં. રાત્રિ દરમિયાન થીજી નાખે એવી ઠંડીમાંથી બચવા માટે પરમાણુ કારખાનાઓમાંથી ગરમી આપવામાં આવશે. આ રીતે પૃથ્વી ઉપર રહેતા હોઈએ એમ ત્યાં રહી શકીશું.

એક વખત ચંદ્ર ઉપર પહોંચી ગયા એટલે આવું સંસ્થાન શક્ય છે. વૈજ્ઞાનિકો એવું માને છે કે પચીસ વર્ષ સુધીમાં આપણે ચંદ્રલોકની પ્રાપ્તિ કરી હશે.

વૈજ્ઞાનિકો અને ખાસ કરીને ખગોળ-વૈજ્ઞાનિકો ચંદ્રલોકની સિદ્ધિ પછી આગળ જવાનાં સ્વપ્ન સેવે છે. પહેલો હલ્લો મંગળના ગ્રહ ઉપર લઈ જવાની વિચારણા ચાલી રહી છે. ચંદ્ર ઉપર જવાની મુસાફરી ત્રણ દિવસની લાગે, પરંતુ મંગળ અથવા તો શુક્રના ગ્રહ ઉપર જતાં એક મહિનો કે તેથી પણ વધારે સમય લાગે. મંગળ ઉપર માનવીઓ વસે છે, એવું તો ઘણા ખગોળશાસ્ત્રીઓ માને છે. બહારની દુનિયાના જીવો સાથે આપણે સંપર્કમાં આવીએ, એ દિવસ ક્યારે આવશે?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુદ્રમહાલય

શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવે

પ્રાચીનકાળના સ્થાપત્યની જે થોડીઘણી કૃતિઓ ગુજરાતમાં જળવાઈ રહી છે તેમાંનો એક, લોકજીભે ચઢેલો શબ્દ વાપરીએ તો, સિદ્ધપુરનો 'રુદ્રમાળ' છે. માતૃશ્રાદ્ધ માટે માતૃતીર્થનો સિદ્ધપુરનો મહિમા જગજૂનો છે. ને એ રુદ્રમાળ! સામાન્ય માનવીને માત્ર પથ્થરની શિલાઓ તરીકે જડ લાગતો આપણો આ પ્રાચીન વારસો! એની પાછળ કેટકેટલાં યુદ્ધો, રાજવીઓની મહત્ત્વાકાંક્ષાઓ ને વિજયોત્સવો, બલિદાનો ને દંતકથાઓનો ઇતિહાસ પોતાના સંઘરી રાખીને બેઠો છે! પુરાણી સંસ્કૃતિ પ્રત્યે અભિમુખ થવા માટે એમાંથી પ્રેરણા મેળવવા માટે, આવી કૃતિઓની પ્રત્યક્ષ કે પરોક્ષ દર્શનની અવારનવાર ઇચ્છા માનવીને રહે છે. લેખકે સારીરીતે એ ઇચ્છા અહીં સંતોષી

ગુજરાતનાં પ્રાચીન કલાધામોમાં 'રુદ્રમહાલય'નું નામ સૌથી આગળ તરી આવે છે. તેનું મુખ્ય કારણ એ છે કે તેની ખ્યાતિ સમસ્ત ગુજરાત અને બહારના પ્રાંતોમાં વિસ્તાર પામી હતી. એટલું જ નહીં પણ તેનાં દર્શન કરવાં તે જીવનનું એક લક્ષ્ય ગણાતું. દૂરદૂરના પ્રાંતવાસીઓ રુદ્રમહાલયની અલૌકિક રચના-કલા જોવા માટે નિત્ય ઝંખતા હતા. આજે જેમ આગ્રાનો તાજમહાલ, આબુ ઉપરનાં દહેરાં, ઇલોરા અને અજંતાનાં ગુફા-મંદિરો જોવા માટે સંસ્કારી સમાજ ભારતભરમાંથી ત્યાં જાય છે, તેમ પાટણનું સહસ્રાલિંગ સરોવર અને સિદ્ધપુરના રુદ્રમહાલય પ્રાસાદનાં દર્શન માટે, હજારો કલાયાત્રિકો પવિત્ર શ્રીસ્થળના પુનિત તીર્થમાં પાવન થવા અને કલા-સૌન્દર્યનું પાન કરવા ત્યાં આવતા હતા. આમ રુદ્રામહાલયે ફક્ત ગુજરાતમાં જ નહીં, પણ આંતરપ્રાંતીય રીતે સારા યે હિંદમાં ઉત્તમ કીર્તિ સંપાદન કરી હતી. તેની અપૂર્વતા માટે બેત્રણ બીજાં કારણો પણ તેમાં સમાયેલાં હોવાથી, ઉત્તરોત્તર તેની પ્રશંસા વધતી જ ચાલી.

સૌથી મુખ્ય કારણ તો એ હતું કે ભારતનાં શ્રાદ્ધ-તીર્થોમાં જેમ પિતા માટે પિતૃતીર્થ ગયા ગણાય છે, તેમ માતા માટે શ્રીસ્થળ-સિદ્ધપુર એ માતૃતીર્થ મનાય છે. તેથી માતૃતીર્થમાં માતૃઋણ અદા કરવા શ્રદ્ધાળુ યાત્રિકો અહીં હજારોની સં... માં ભારતભરમાંથી આવતા હતા ... આજે પણ આવે છે. આ લોકો તીર્થયાત્રાના પુણ્યની સાથે રુદ્રમહાલયની કલાસૌરભ પોતાની સાથે લઈ જતા અને પો... પ્રાંતોમાં તે સૌરભને ફેલાવી રુદ્રમહાલયનાં પણ યશોગાન ગાતા. આ સિવાય આ ... પ્રાસાદનું સર્જન અવંતીના મહા... હરીફાઈમાં સર્જાયું હોવાથી, અહીં ... સ્થાપત્ય, કલા અને ભગવતી સર... ત્રણે સ્વરૂપે અવતારવામાં, તેના ... સિદ્ધચક્રવર્તી સિદ્ધરાજે કોઈ પણ પ્ર... ન્યૂનતા રાખી ન હતી. આવાં અનેક કા... લઈ સિદ્ધપુરનો રુદ્રમહાલય ધર્મ અને ... મહાધામ તરીકે અતિ પ્રસિદ્ધ થયો ... ગુજરાતનું તો આ મહામૂલું શિલ્પ ... પ્રદર્શિત કરતું અમર કલાધામ ગણા...

આ મહાપ્રાસાદનાં સ્થાપત્ય, ... રચના અને કલા વગેરેની સામાન્ય ઓ... કરવાનો પ્રયત્ન કરીએ.

રુદ્રમહાલયની સ્થાપના મૂળરાજે ... પ્રથમ કરી હતી એમ ભાટોની ખ્યાતિ ... કહેવામાં આવે છે. વળી મૂળરાજે, તે ... લોભથી મામાનું ખૂન કરેલું, તે ... પ્રાયશ્ચિત્ત કરવા તેણે સિદ્ધપુરમાં ઉ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

હજારો વિદ્વાન બ્રાહ્મણોને આમંત્રી ગામોનાં દાન આપ્યાં હતાં એમ પણ જણાવવામાં આવે છે. વધુમાં તે શિવનો અનન્ય ભક્ત હોવાથી તેણે રુદ્રમહાલય બંધાવી, જીવનનાં શેષ વર્ષો અહીં વિતાવ્યાં હતાં અને આ પ્રાચી-સરસ્વતીના તટ ઉપર જ પોતાના દેહનું વિસર્જન કરેલું. આ સિવાય એમ પણ કહેવામાં આવે છે, કે મૂળરાજ એક વખત ઈલોરા ગયો હતો, ત્યાંથી તેને ત્યાંના જેવું જ ભવ્ય શિવમંદિર શ્રીસ્થળમાં યોજવાની ઇચ્છા થઈ અને રુદ્રમહાલય પ્રાસાદ તેના જેવો જ બંધાવ્યો. આ બધી ભાટ-ચારણોની ખ્યાતોમાં સંગ્રહાયેલી હકીકતો છે, તે માટે કોઈ ઐતિહાસિક પુરાવાઓ, તેને પુષ્ટિ આપે તેવા મળી શકતા નથી.

ઐતિહાસિક દૃષ્ટિએ એટલું તો ચોક્કસ જ છે, કે મૂળરાજના રાજ્યકાળમાં રુદ્રમાળ વિદ્યમાન હતો; કારણકે વિ. સં ૧૦૪૩માં મૂળરાજે વઢીઆર પ્રદેશમાં આવેલ મંડળીના મૂળનાથ(મહાદેવ)ને કંબોઈ ગામ દાનમાં આપ્યું હતું, એમ તેનું દાનપત્ર જણાવે છે. તેમાં તેણે સરસ્વતીમાં સ્નાન કરી, રુદ્રમહાલય શિવને અર્ચી, આ દાન આપ્યાનું સ્પષ્ટ લખ્યું છે. આથી સંવત ૧૦૪૩ પહેલાં રુદ્રમહાલયની સ્થાપના થઈ ચૂકી હતી એમ જરૂર લાગે છે; પણ તે કોણે બંધાવ્યો, ક્યારે બંધાવ્યો તેની સ્પષ્ટતા આને આધારે થઈ શકતી નથી. એક કવિતમાં રુદ્રમહાલયની સ્થાપના માટે જણાવ્યું છે કે:

સંવત નવનવાણુંએ મૂળદેવ મહારાજ,
સંવત બાર બીલોતરે સધરે સધાર્યો કાજ.'

અર્થાત્ રુદ્રમહાલયનો પાયો મૂળરાજે સંવત ૯૯૯માં નાખ્યો. આ કથન ઉપર પણ ...ણુ વિશ્વાસ તો મૂકી શકાય તેમ નથી; કારણકે મહારાજ મૂળરાજ સંવત ૯૯૮માં ગાદી ઉપર ...વ્યા અને બીજા જ વર્ષે તેમણે આ મહાપ્રાસાદ બંધાવ્યો હોય એમ આથી ઠરે છે.

મૂળરાજે ચાવડાઓ પાસેથી રાજ લઈ લીધા પછી, તેના માટે રાજ્યની સુવ્યવસ્થા કરવાનું કાર્ય સૌથી અગત્યનું હતું; એટલે આટલા ટૂંકા ગાળામાં તેણે તે કામ શરૂ કર્યું હોય તેમ માની શકાતું નથી. તોપણ એટલું તો છે જ કે પરંપરાથી રુદ્રમહાલય મૂળરાજે બંધાવ્યાનું લોકજીભે રમી રહ્યું હોવાના કારણે તેમ જ દાનપત્રમાં પણ રુદ્રમહાલયને પૂજ્યાનો ઉલ્લેખ વિશેષ રીતે કર્યો હોવાથી તેણે ભગવાન શિવનો રુદ્રપ્રાસાદ શ્રીસ્થળમાં બંધાવ્યો હતો એમ જરૂર લાગે છે. આ બધાં કારણો વિચારતાં રુદ્રમહાલયની સ્થાપના મૂળરાજે કરી હતી અને વિ. સ. ૧૦૪૩ પહેલાં તે મંદિર તૈયાર થયું ને તેમાં ભગવાન શિવની પ્રતિષ્ઠા પણ થઈ ગઈ હતી.

રુદ્રમહાલયની સ્થાપના થયા બાદ દોઢસો વર્ષ પછી, સિદ્ધરાજના રાજ્યકાળમાં તેને બર્બરકે તોડી નાખ્યું હતું. એમ દ્વયાશ્રય કાવ્યના છઠ્ઠા શ્લોકમાં જણાવ્યું છે. બર્બરક એક જંગલી જાતિનો સરદાર હતો, તે લૂંટફાટ કરી લોકોને ખૂબ સતાવતો હતો. તે સિદ્ધપુરથી થોડે દૂર આરાસુર અને તારંગાની પર્વતમાળાઓમાં રહી ત્યાંથી સિદ્ધપુરના નગરજનોને, તેમ જ ત્યાં આવતાજતા યાત્રિકોને હેરાન કરતો હોવાથી શ્રીસ્થળના બ્રાહ્મણો તેનાથી રક્ષણ મેળવવા સિદ્ધરાજ પાસે આવી કહેવા લાગ્યા, કે 'હે રાજન, અમને રાક્ષસ જેવા ભયંકર બર્બરકથી બચાવો. તેણે શ્રીસ્થળનું રુદ્રમહાલયમંદિર તોડી નાખ્યું છે અને તીર્થને પણ નુકસાન કર્યું છે. તેટલું જ નહીં પણ ત્યાં અમારાથી કોઈ ધર્મકાર્ય થઈ શકતું નથી, માટે તેનો નાશ કરી અમારું રક્ષણ કરો.' આ હકીકત સિદ્ધરાજના સમકાલીન આચાર્ય હેમચંદ્રે દ્વયાશ્રય કાવ્યના દ્દઠ્ઠા શ્લોકમાં જણાવી છે. આથી સિદ્ધરાજના રાજ્યઅમલ દરમિયાન

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે શિવમંદિરનો નાશ કરવામાં આવ્યો હોવાનું ઇતિહાસ કહે છે. પછી તો સિદ્ધરાજે બર્બરક ઉપર ચઢાઈ કરી, તેને હરાવી વશવર્તી બનાવ્યો હતો. અને આજે બાબરા ભૂતની કેટલીયે લોકકથાઓ, સિદ્ધરાજ સાથે સંબંધ ધરાવતી સમાજમાં પ્રચલિત છે. બાબરા ભૂતે તોડેલ ભગવાન શિવના પ્રાસાદનો પણ જીર્ણોદ્ધાર, શિવના પરમભક્ત અને પોતાને પરમ માહેશ્વર તરીકે ઓળખાવનાર સિદ્ધચક્રવર્તિ, બર્બરકજિષ્ણુ, સિદ્ધરાજે કરાવ્યો હતો.

દ્વયાશ્રય કાવ્યમાં માળવાના વિજય બાદ સિદ્ધરાજે કૈતવાયન, તૈકાયન વગેરેને વાસ કરવા યોગ્ય એવા સિદ્ધપુરમાં પ્રાચી-સરસ્વતીના કાંઠા ઉપર ભગવાન શિવનો રુદ્રમહાલય પ્રાસાદ બંધાવ્યો હતો, એમ પંદરમા સર્ગના પંદરમા શ્લોકમાં જણાવ્યું છે. માળવાનો વિજય લગભગ ૧૧૯૨–૯૩માં સમાપ્ત થયો હતો અને ત્યાર બાદ એટલે સંવત ૧૧૯૪–૯૫માં રુદ્રમહાલયનો જીર્ણોદ્ધાર સિદ્ધરાજે કરાવ્યો હશે, એમ આથી માલૂમ પડે છે.

આ રુદ્રમહાલયનો જીર્ણોદ્ધાર કરવામાં તેના બે મુખ્ય આશયો હતા. એક તો સોલંકી કુળના પૂર્વજોએ બંધાવેલ આ મહાસ્થાનનો પુનરુદ્ધાર કરી સોલંકીઓ શિવના અનન્ય ભક્તો હતા તે જણાવવાનું અને બીજું અવંતિના જેવું જ રુદ્રમહાકાળનું ભવ્ય ધામ ગુજરાતમાં અવતારવાનું. સિદ્ધરાજે માળવાનો વિજય કર્યા પછી ત્યાંના મુખ્ય આદર્શોને ગુજરાતના ગૌરવમાં વૃદ્ધિ કરવા માટે અપનાવ્યા હતા. આવા આદર્શોમાં ગુજરાતને અવંતિના ભોજ-વ્યાકરણ જેવા સ્વતંત્ર વ્યાકરણની તેમ જ મહાકાલ જેવા ભવ્ય અને ભારતભરમાં પ્રશંસા મેળવે તેવા કલાધામની ખાસ જરૂરત સિદ્ધરાજને લાગી હતી. તેથી આચાર્ય હેમચંદ્ર પાસે સિદ્ધહેમ વ્યાકરણની રચના કરાવી, ગુજરાતનું સ્વતંત્ર વ્યાકરણ સર્જાવ્યું. તેવી જ રીતે રુદ્રમહાલયનો પણ જિર્ણોદ્ધાર કરતાં, તેમાં શિલ્પ, કલા, વૈવિધ્ય અને વિધાવિ[illegible] મહાસ્થાનોથી યુક્ત એક દેવનગર જેવું કલાધામ બંધાવી, પોતાના અંતરમાં [illegible] મહત્ત્વાકાંક્ષાઓને પૂર્ણ કરતાં, આત્મ[illegible] અનુભવ્યો. આ મહાપ્રાસાદ કેવો હતો, અભિધાન શાથી પડ્યું, કલાની દૃષ્ટિએ કેવું વૈવિધ્ય હતું તે હવે વિચારીએ.

આ મહાપ્રાસાદ જગતમાં રુદ્રમ[illegible] નામથી આજે પણ સુપ્રસિદ્ધ છે, પણ સાચું નામ તે જ હતું કે કેમ, તે વિચા[illegible] રહે છે. પ્રાસાદ, મંદિર, મહાલય વગેરે શિલ્પશાસ્ત્રના નિયમ પ્રમાણે બનાવેલાં મંદિરો કે રાજમહેલો માટે વપરાય છે. તે જ ધોરણે શિવના આ મહાપ્રાસાદ[illegible] મહાલય એવું નામ આપ્યું હોય તે વા[illegible] છે. દ્વયાશ્રય કાવ્યમાં પણ સિદ્ધ[illegible] સ્વતીના તીર ઉપર 'રુદ્રમહાલય' બં[illegible] જણાવી તેનું એ જ નામ હતું એમ [illegible] છે. દ્વયાશ્રયનો વૃત્તિકાર અભયતિલક[illegible] આ જ ગ્રંથના બારમા સર્ગમાં, છઠ્ઠા [illegible] વિવેચન આપતાં જણાવે છે, કે સુંદર [illegible] સ્વયંભૂ રુદ્રમહાકાલ દેવનું મંદિર, [illegible] રુદ્રમહાલયથી પ્રસિદ્ધ, તે રાક્ષસોએ નાખ્યું છે. દ્વયાશ્રય કાવ્ય ઉપર અભ[illegible] સંવત ૧૩૧૨માં અર્થાત્ આ મહાકાલ[illegible] સો વર્ષે ટીકા લખી હતી. આ માણ[illegible] પરંપરામાં પણ તેનું રુદ્રમહાલય [illegible] સાંભળ્યું હોવું જોઈએ. આથી એ[illegible] તર્ક થાય, કે અવંતિના રુદ્રમ[illegible] ગુજરાતમાં અવતારવાનું સિદ્ધરાજનું [illegible] સ્વપ્ન સિદ્ધ થતાં, તેણે રુદ્રમહાકા[illegible] અહીંના ભગવાન પિનાકપાણિ માટે [illegible] હશે, એ અનુમાન સયુક્તિક લાગે છે. [illegible] લોકમાન્ય નામ તો 'રુદ્રમહાલય' અને [illegible] 'રુદ્રમાળ' જ સમાજની જીભ ઉપર [illegible]

અવંતિના રુદ્રમહાકાલની હરીફા[illegible] ગુજરાતમાં જ તેણે રુદ્રમહાકાલને [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવતાર્યાં હતા, તે વસ્તુને પ્રમાણિત ઠરાવતાં બીજાં પણ પ્રમાણો મળે છે. અવંતિમાં મહાકાલની ધ્વજા ફરકતી હોય, ત્યારે કોઈ પણ જૈનમંદિર ઉપર ધજા ઊડતી ન હતી; તે જ નિયમ સિદ્ધરાજે ગુજરાતમાં કર્યો હતો એમ પ્રબંધચિંતામણિ, તથા પુરાતન પ્રબંધ-સંગ્રહ વગેરેમાં જૈન ગ્રંથકારોએ જણાવ્યું છે. તેટલું જ નહીં પણ આ મંદિરના પ્રતિષ્ઠા-વિધાન વખતે, બધાં જૈનમંદિરોની ધજાઓ નીચે ઉતરાવવામાં આવી હતી. પ્રબંધચિંતા-મણિકાર આ મંદિરને રુદ્રમહાકાલ પ્રાસાદ તરીકે જ ઓળખાવે છે. આ બધાં પ્રમાણો જોતાં તેનું રાજમાન્ય નામ રુદ્રમહાકાલ પણ હોય એવું જણાય છે. આ સિવાય મહાલય માટે બીજો પણ તર્ક છે. મહાલય એટલે મંદિર અને બીજા વિધાન પ્રમાણે અહીં પ્રાચી-સરસ્વતીના કિનારા ઉપર મહાલય તીર્થ હતું, તેનો સમન્વય સાધતાં આ ભવ્ય પ્રાસાદનું રુદ્રમહાલય નામ પણ, વિદ્વાનોની સૂચનાથી લોકોએ તેમ જ રાજશાસકોએ નિયત કર્યું હોય. ગમે તેમ હો પરંતુ રુદ્રમહા-લય કે રુદ્રમાળ નામ ગુજરાતમાં વધારે વિખ્યાત હતું. છતાં તેનું રાજમાન્ય નામ રુદ્ર-મહાકાલ હતું એ વસ્તુને ભૂલી શકાય તેમ નથી.

આ ભવ્ય પ્રાસાદ ગુજરાત અને બહારના પ્રાંતોમાં જ્યારે આવી મોટી પ્રસિદ્ધિ મેળવી શક્યો હતો, ત્યારે તે કેવો હશે તેની વિચારણા પણ જરૂરી તો છે જ. પરંતુ તેનું યથાસ્થિત વર્ણન આપતું કોઈ પણ પ્રાચીન અને પ્રામા-ણિક પુસ્તક હજુ સુધી પ્રાપ્ત થયું નથી. તેના વર્ણન માટે બેચાર કાવતો આજે પણ ત્યાંના બ્રાહ્મણો સંભળાવે છે. કર્નલ ટોડે પણ ઇ. સ. ૧૮૨૨માં શંકર જીવસુખરામ પાધ્યા નામના માણસ પાસેથી તે સાંભળ્યું હતું એમ ડો. બર્જેસ કહે છે. એટલે આજથી સવાસો વર્ષ પહેલાં આ સંબંધી જે કવિત સાંભળ્યું હતું તેમાં રુદ્રમહાલયનું વર્ણન કરતાં, તેમાં ૧૬૦૦ સ્તંભ, અઢાર હજાર પૂતળીઓ, ત્રીસ હજાર ધ્વજદંડ, સત્તરસો સુવર્ણ કલશ, છપ્પન લાખ હાથીઘોડા, સવાલાખ વિવિધ પ્રસંગોનાં કોરેલાં ચિત્રો, આ મહાપ્રસાદમાં હતાં એવી નોંધ આપેલી છે. એમાં કેટલીક અતિશયોક્તિ તો છે જ. છતાં તેમાં ૧૬૦૦ સ્થંભ હતાં તે વાત સત્ય લાગે છે. આ સંબંધી એક પ્રાચીન કવિત આશરે તેરમા સૈકાનું મળ્યું છે. તેમાં તેની અંદર ૧૪૪૪ સ્થર, ૧૭૦૦ સ્થંભ, ૧૮૦૦ પૂતળીઓ, ૩૦હજાર નાનામોટા ધ્વજદંડ અને ૧૭૦૦૦ હાથીઘોડાના આકારો કોતરેલા હોવાનું જણાવ્યું છે. આવું બીજું કવિત–ઉપદેશ તરંગિણીમાં પણ છે. આ કવિત ભારતીય વિદ્યાના સિંધી–સ્મૃતિ ગ્રંથમાં પુરાતત્ત્વવિદ્ શ્રી. જિનવિજયજીએ પ્રકટ કર્યું છે. આથી તેને ૧૭૦૦ સ્થંભ હતા એમ ચોક્કસ લાગે છે. આજે તો આવા સેંકડો સ્થંભો ધરાવતાં મંદિરો ગુજરાતમાં નથી; પરંતુ મારવાડમાં આવેલ રાણકપુરનું 'ધરણવિહાર' નામનું ચતુર્મુખ જૈનમંદિર ૧૪૪૪ સ્તંભો ધરાવે છે. આ મંદર સિદ્ધ-પુરના રાજવિહાર જેવું બનાવવામાં આવ્યું હતું, એમ આ મંદરના પ્રધાનદેવની પ્રતિષ્ઠા કરાવનાર, સોમસુંદરસુરીના પંડિત શિષ્ય પ્રતિષ્ઠાસોમે, સંવત ૧૫૫૪માં રચેલ 'સોમ-સૌભાગ્ય' કાવ્યમાં જણાવ્યું છે. સિદ્ધપુરના વાદિદેવસુરીના ઉપદેશથી સિદ્ધરાજે ચતુર્મુખ જૈન પ્રાસાદ કરાવ્યો હતો એમ પુરાતન પ્રબંધસંગ્રહમાં જણાવ્યું છે. દ્વયાશ્રયમાં પણ તેણે મહાવીરનો ચૈત્ય કરાવ્યાનો ઉલ્લેખ છે. આવાં રાજા–પ્રસ્થાપિત મંદિરોને રાજ-વિહારથી જ લોકો ઓળખતા હતા એ તો ચોક્કસ જણાય છે અને રાણકપુરનું મંદિર તેના જેવું જ બનાવ્યું હતું, એટલે તેમાં પણ ચૌદસો–પંદરસો સ્તંભ હશે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે રુદ્રમહાલયમાં સત્તરસો સ્તંભો હતા, એ વસ્તુ સત્ય અને ઐતિહાસિક ઠરે છે. કર્નલ ટોડ તે પાંચ મજલાવાળું અને ચતુર્મુખ-ચાર મહાદ્વારોથી યુક્ત હોવાનું અનુમાન કરે છે. પાટણના એક વિદ્વાન શિલ્પીએ તેનો કાલ્પનિક નકશો દોર્યો હતો. તેના આધારે જણાય છે, કે આ મંદિરમાં એકાદશ રુદ્રનાં મંદિરો હતાં, વળી તેની મધ્યમાં એક ગોળાકાર કુંડ પણ બનાવેલો, ગર્ભગૃહની આગળ ગૂઢ મંડપ અને ભવ્ય રંગમંડપ પણ કલાસૌષ્ઠવથી તૈયાર કરેલો હતો. તેની ચારે બાજુ મુખ્ય દ્વારો અને દ્વાર પાસે પણ સુંદર મંડપો બનાવવામાં આવ્યા હતા. આ સિવાય મંદિરની આજુબાજુ નંદીનું મંદિર તેમ જ બીજા પરિવાર દેવોના પણ મંદિર બનાવેલાં હતાં. મંદિરના પૂર્વ દ્વારે ભવ્ય કીર્તિસ્તંભ ઊભો કરેલો, ત્યાંથી નદી સુધીમાં ઊતરવાનાં પગથિયાંળા, આકર્ષક ઘાટો, જનસમાજને સ્નાન, પાન અને અવગાહન માટે બનાવ્યા હતા. રુદ્રમાળના મંદિરનો સામાન્ય ખ્યાલ આજે અખંડિત સ્વરૂપમાં વિદ્યમાન રાણકપુરના 'ધરણવિહાર' ઉપરથી આવી શકે તેમ છે. ફક્ત તેમાં સાંપ્રદાયિક દૃષ્ટિએ એકાદશ રુદ્રોનાં મંદિર, નંદિનું મંદિર વગેરે માટે પૂરતો ફેરફાર કરીએ તો રુદ્રમહાલયના ભવ્ય પ્રાસાદની યત્કિંચિત્ ઝાંખી કરી શકાય તેમ છે.

રુદ્રમાળ અને રાજવિહાર એક જ રાજેન્દ્રે સમકાલમાં બંધાવ્યા હોવાથી તેનું સ્થાપત્ય લગભગ સરખું હોઈ તેમાં કેટલાક જરૂરપડતા સાંપ્રદાયિક ફેરફારો કર્યા હશે એમ જરૂર લાગે છે. વધુમાં તેમાં ૨૫૦ સ્તંભો વધુ હતા એટલે તેના કરતાં પણ ભવ્ય, આકર્ષક અને ભગવાન શિવના ભવ્ય કૈલાસ જેવો દિવ્ય પ્રાસાદ હશે તેમાં તો શક નથી.

આ ઉપરાંત તે નદીના તટ ઉપર [illegible] હોવાથી તેની રમ્યતા અને આહ્લાદક સ્વર્ગીય વાતાવરણ સર્જાવતી હોવી [illegible] એમ તો જરૂર લાગે છે. આ મંદિરમાં [illegible] રાજે અશ્વપતિ, ગજપતિ અને નરપતિ [illegible] ઉત્તમ રાજાઓની મૂર્તિઓ કરાવી, આગળ પ્રણામ કરતી પોતાની પ્રતિમા મુકાવી હતી, અને દેશનો નાશ થાય [illegible] આ મંદિરનો કદાપિ નાશ ન થાય, ઇચ્છા વ્યક્ત કરી હતી એમ મેરુતુંગ [illegible] ચિંતામણિમાં લખે છે. આ મંદિરની [illegible] બાજુ વેદશાળાઓ, સત્રશાળાઓ, [illegible] શાળાઓ અને અનેક મંદિરો, મહાલયો બંધાવી તેની આજુબાજુનો પ્રદેશ [illegible] અલકાપુરી જેવો રમ્ય બનાવ્યો હતો; [illegible] સિદ્ધપુરનો રુદ્રમહાલય પશ્ચિમ ભા[illegible] પવિત્ર અને સર્વશ્રેષ્ઠ દૈવી કલાધામ ગણાતો હતો. તેના સંબંધી અનેક કથાઓ ચરિતાર્થ થઈ છે.

આ મંદિરનો સૌથી પ્રથમ વિનાશ [illegible] ૧૩૫૪–૫૫માં અલાઉદ્દીનના સરદાર [illegible] રૂખાને કર્યો હતો, છતાં તેનો ઘણો [illegible] ભાગ બચ્યો હતો. ત્યારપછી સં. ૧૪[illegible] અમદાવાદ વસાવનાર અહમદશાહે તેનો [illegible] નાશ કર્યો અને પરાસ્ત બનાવી પા[illegible] ભાગમાં મસ્જિદ બનાવી. આજે પણ મં[illegible] માં પેસતાં જ તેના અવશેષરૂપે [illegible] દહેરીઓ ઊભી છે અને રુદ્રમાળના [illegible] સાચવતા એકબે મંડપોના સ્તંભો [illegible] તેના ઉપરના પાટડાઓમાં તેની ઉત્કૃ[illegible] કૃતિઓની સામાન્ય ઝાંખી થાય છે. [illegible] સર્વશ્રેષ્ઠ મંદિરનો ધર્માંધ મુસ્લિમ શા[illegible] જો વિનાશ ન કર્યો હોત, તો આગ્રાના [illegible] મહાલની માફક, સારા યે ભારતવર્ષમાં [illegible] અમર કલાધામ તરીકે તે સુપ્રસિદ્ધિ પ્રા[illegible]

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતાંકથી સંપૂર્ણ

વધુ અનાજ ઉગાડો

*

શ્રી પ્રદ્યુમ્ન દેસાઈ
એમ. એસસી. (એગ્રોનોમી)

રાષ્ટ્રપર સામુદાયિક કોઈ વિપત્તિ આવે ત્યારે તેના નાનામોટા પ્રત્યેક અંગે એકતાલે, એકરાગે સંપીને કામ કરવું જોઈએ. નાણાંનો મહત્ત્વનો ભાગ અનાજ આયાત કરવામાં ભારતની સરકારને ખરચી નાખવો પડે છે. એટલે આ જ સ્થિતિ પ્રવર્તેલી રહે તો સ્વતંત્ર હિંદનું પુનર્વિધાન કે નવરચના ક્યારે ને કેવી રીતે શક્ય બને? ગરીબી કેમ ફેડી શકાય ને અજ્ઞાન કેમ દૂર કરી શકાય? સંરક્ષણની બાબત પરાવલંબી છે. પરિસ્થિતિ બદલાય નહીં ત્યાંસુધી એની પાછળ મોટો ખર્ચ થવાનો જ, પણ આજે આપણે સહુ કૃતનિશ્ચયી બનીએ તો અનાજની બાબતમાં જરૂર સ્વાવલંબી બની શકીએ. રાષ્ટ્રની ઇજ્જતના આ સવાલમાં સહુકોઈનો સહકાર પ્રાપ્ત થાય એ ઇષ્ટ છે.

૧૬. દરેક જિલ્લા અને તાલુકામાં વૈજ્ઞાનિક રીતે હવા દાખલ ન થઈ શકે તેવા અનાજના કોઠાઓ ઊભા કરવા જોઈએ. ઉંદર નુકસાન ન કરે તેવા અત્યારના કોઠાઓથી બહુ ફાયદો નહીં થાય. આથી અનાજને દર મહિને ધુમાડો આપી સારી સ્થિતિમાં સંગ્રહી શકાશે. અનાજ સડવાથી થતું નુકસાન અટકી જશે. અમેરિકા જેવા દેશોએ આવા કોઠાઓ સહકારી પદ્ધતિએ ઘણાં વર્ષો પહેલાં બાંધ્યા છે. ત્યાં અનાજ ભરવાનું વગેરે યંત્રની મદદથી થાય છે; જ્યારે હજુ હિંદમાં આવો એકે કોઠો જોવા પણ મળતો નથી.

૧૭. ગામેગામ ઉત્સાહી ખેડૂતોની અનાજ-ઉત્પાદન માટે સમિતિઓ સ્થાપવી; કારણકે એકલી શહેરીઓની કમિટિઓથી ખાસ ફાયદો નહીં થાય. આ સમિતિઓ અનાજ ઉત્પાદનમાં બેદરકાર ખેડૂતોનું ધ્યાન દોરશે. સરકાર તરફથી અપાતી મદદોનો ગેરઉપયોગ થાય છે કે નહીં તેની તપાસ રાખશે અને નૈતિક દબાણ પણ આવા ખેડૂતો ઉપર લાવશે. આ સિવાય છાણિયા ખાતરનો દુરુપયોગ, નહેરના પાણીનો બગાડ વગેરે આવી સમિતિઓ જ અટકાવી શકે.

ખેડૂતોએ શું કરવું જોઈએ?

હિંદમાં લડાઈથી આવેલ નફાખોરીથી જનતાનું નૈતિક અધઃપતન થયું છે, તેમાં ખેડૂત અપવાદરૂપ નથી. આ બધો ભૂતકાળ ભૂલી જઈ ખેડૂતે પોતાનું વિશાળ માનસ પાછું લાવી, ટૂંકા અને તુરતના લાભ જતા કરી લાંબી દૃષ્ટિએ વિચાર કરી સરકારને અનાજ-મોરચામાં સહકાર આપવો જોઈએ; કારણકે આ મોરચાનો સોએ સો ટકા આધાર આ વર્ગ ઉપર છે. આ માટે તેણે-

૧. જમીનની ફળદ્રુપતા સચવાઈ રહે તે પ્રમાણે પાકની ફેરબદલી, જોઈતું ખાતર અને ખેડ આપી સાથે પાણીનો સુમેળ યોજી બને તેટલી વધારે જમીનમાં અનાજ વાવી, તે વધારે ઉત્પન્ન કરવા પ્રયત્ન કરવો. આમ કરતાં અનાજ મોંઘું પડે અથવા બીજી મુશ્કેલીઓ આવે તો સંગઠન કરી સરકારનું ધ્યાન દોરી અનાજનો મોરચો વ્યવસ્થિત થાય તેવા પ્રયત્નો કરવા. લેવી માટે આપવું પડતું અનાજ જો તે પકવી બેસી રહેશે અથવા અનાજના કાયદાને માન આપવા ખાતર ઠરાવેલ ક્ષેત્રફળમાં અનાજ વાવી પાછો ખેતરો તરફ આંટો મારવા પણ નહીં જાય, તો દેશને એકંદરે નુકસાન જ છે. અને હિંદ એટલે ૮૦ ટકા ખેતી ઉપર નભનારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશ; એટલે ખેડૂતને જ આ નુકસાન છે. આ માટે તરત જ દરેક ગામે અનાજ-ઉત્પાદનસમિતિઓ સ્થાપી અનાજઉત્પાદનમાં બેદરકાર ખેડૂતને આ તેની વલણુ માટે નૈતિક દબાણુ લાવી યોગ્ય કરવું.

૨. સરકાર તરફથી અપાતી મદદોનો સદુપયોગ થાય છે કે નહીં તેની તપાસ રાખતા રહેવું. અનાજ માટે આપેલ ખાતર અનાજના પાકમાં નાખવા તે (ખેડૂત) નૈતિક રીતે બંધાયેલો છે.

૩. છાણિયા ખાતરનો જથ્થો કેમ વધે અને તે વધારે સત્ત્વવાળું કેમ થાય તે તરફ દરેક ખેડૂતે પ્રયત્ન કરવો. એટલે છાણાં થાપવાની પ્રથા બંધ કરી પોતાને ત્યાં ઉત્પન્ન થતા કચરાનું કમ્પોસ્ટ ખાતર બનાવી જમીનને તે પાછું આપવું. કચરો બાળી દેવો એના જેવું નુકસાન ખેડૂતને બીજું કોઈ નથી. આ ખાતરનો બગાડો અટકાવવાથી ખાતરનો જથ્થો સહેલાઇથી બમણો થઈ શકશે અને મૂત્રનો ખાતર બનાવવામાં ઉપયોગ કરવાથી તે સત્ત્વવાળું બનશે. એટલે ગુજરાતમાં ઢોરોની સંખ્યા ૨૮ લાખ ગણતાં, દરેક ઢોરનું વાર્ષિક છ ગાડી ખાતરનું ઉત્પન્ન ગણતાં, ૧૬૮ લાખ ગાડી ખાતર આ ઢોરો આપશે. અનાજ, કઠોળ વગેરેનું વાવેતર ૨૦ લાખ એકરમાં થતું હોવાથી તેમાંથી ઢોરોના ખોરાકમાંથી નીકળતો ઓગાટ, જુવાર-બાજરીના ખૂંપરા, સૂકાં પાંદડાં વગેરેમાંથી ૫ લાખ ગાડી કમ્પોસ્ટ ખાતર સહેલાઈથી બનાવી શકાશે; એટલે કુલ ૧૭૩ લાખ ગાડી ખાતર કુલ ખેડાણ જમીનના ત્રીજા ભાગને પૂરતું થઈ પડશે.

૪. પાણીના કૂવા વગેરેનો પૂરતો ઉપયોગ કરી જેમ બને તેમ વધારે પિયતના પાક ઉગાડવા પ્રયત્ન કરવો; કારણકે વગર-પિયતના ઘઉં ફક્ત એકરે ૫ બંગાળી મણ ઊતરે છે, જ્યારે પિયતના ઘઉંનો ઉતારો ૨૫ બંગાળી મણ સુધી જાય છે.

૫. સરકારી તળાવોના પાણીનો સદુપયોગ કરવો, એટલે તેમાંથી જરૂરિયાત પ્રમાણે પાણી લેવું. આથી જમીનની ભૌતિક સ્થિતિ પણ બગડશે નહીં. નહેરોના દરવાજા, પાળીઓ વગેરેમાંથી નકામું પાણી ચાલ્યું ન જાય તેની ખાસ સંભાળ રાખી યોગ્ય અધિકારીઓનું ધ્યાન, જો ભંગાણુ જો પોતાનાથી ન સમારી શકાય તેમ હોય તો દોરવું.

૬. ખેતરમાં જાતે કામ કરવામાં અથવા પોતાની સ્ત્રી, છોકરાં વગેરેને ખેતરમાં કામ કરવા દેવામાં જો ખેડૂતો નાનમ ગણતા હોય, તો આવી ખોટી મોટાઈનો હવે છોડવાનો હવે વખત આવી પહોંચ્યો છે. હિંદના હાકેમ રાજાજી જેવાને હળ પકડતાં જો શરમ ન આવે તો જે ખેડૂતો ખેતીને પોતાનો ધંધો ગણે છે; છતાં કામ કરવામાં નાનમ અનુભવે તેનાથી બેસૂરું અને અક્કલહીન માનસ કયું ગણાય? હાલ તુરત તો દેશને અનાજના કપરા સંજોગોમાંથી બચાવવા માટે ખેડૂતના કુટુંબની દરેક વ્યક્તિએ પોતાથી બની શકતું કામ કરવા મંડી પડવું જરૂરી છે. ખેતીનું કામ એવું છે કે જેમાં બાળકથી માંડીને વૃદ્ધને પોતાની શક્તિ પ્રમાણેનું કામ મળી રહે છે; માટે જો અનાજનું ઉત્પાદન વધારવું હોય તો એકલા આંદોલન, દુબળા, સાથી વગેરે ઉપર આધાર રાખી બેસી રહેવું નહીં પરવડે.

૭. શેરડીનાં કારખાનાંવાળાઓ ધારે તો આ મોરચાં પર ઘણું કામ કરી શકે તેમ છે. શેરડીનો એકરે ઉતારો કેમ વધે તેમ ઊતરે તેવી રીતો; જે રીતો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધી છે અને તેમાં ખેડ, ખાતર અને પાણીના સુમેળ મેળવી લીધો છે તે રીતો, તેમણે અનાજના ઉત્પાદન માટે શોધી, તેનો અમલ કરી બીજા ખેડૂતોને તેનું અનુકરણ કરવા સમજણ આપવી.

પ્રજાએ શું કરવું ?

ખેડૂત સિવાયની પ્રજા પણ અનાજ ઉગાડવામાં ઘણી મદદરૂપ થઈ શકે તેમ છે. આ વર્ગે અત્યાર સુધી આ તરફ પોતાનું લક્ષ આપ્યું નથી, સિવાય કે ખેડૂતોની સંગ્રહ-નીતિ, સરકારી તંત્રની અણઆવડત વગેરે ઉપર ટીકા ભરપટ્ટે કરી છે. સૌથી પહેલું તો પોતાના મકાનની આજુબાજુ જમીન હોય તો તેમાં શાકભાજી અને ખહોળી જમીન હોય તો અનાજ ઉગાડી શકાય—આ સિવાયઃ

૧. પોતાને ત્યાં જે કચરો પડતો હોય તેને એકઠો કરી મ્યુનિસપાલિટીએ રાખેલ કચરાની પેટીઓમાં નાખી આવવો. આ કચરામાં કાચના ટુકડા, ઇંટ અને પથ્થર, નળિયાં, લોઢા અને પતરાના ટુકડા ન જાય તેની ખાસ દરકાર રાખવી; કારણ-કે મ્યુનિસિપાલિટીઓને કચરામાંથી કમ્પોસ્ટ ખનાવતાં પહેલાં આ ટુકડાઓ છૂટા પાડવા માટે પુષ્કળ ખર્ચ કરવો પડે છે અને પરિણામે ઉત્પન્ન થતું ખાતર મોઘું પડે છે; તેથી તે ખેડૂતને પરવડી શકતું નથી.

૨. અનાજમાં થતો બગાડ તરત જ અટકાવવો. સરકારી કાયદાનું ઉલ્લંઘન કરી ચોરી—છૂપીથી જમણવાર વગેરે કરવાના પ્રયત્નો બંધ કરવા. ઘર—વપરાશમાં અનાજના દરેક કણનો ઉપયોગ કરવો. ખોરાક સત્ત્વવાળો રહે તે પ્રમાણે રાંધવો, એટલે કે ચોખા ઓસાવવાની પ્રથા બંધ કરવી. સરકાર તરફથી આપવામાં આવતા અનાજની જુદીજુદી વાનીઓ બનાવી સ્વાદિષ્ટ જમણ કેમ કરવું તે તરફ પ્રયત્ન કરવા અને આ વાનીઓ બીજાને શીખવવી.

૩. રજાઓના દિવસોમાં આજુબાજુનાં ગામોમાં પોતાનો ખાવાનો ખોરાક લઈ સમૂહમાં જઈ અનાજનાં ખેતરોમાંથી કચરો સાફ કરવો, ખેડૂતોને કાપણીમાં મદદ કરવી. આવી રીતે ટુકડીઓ ગામડામાં જવા માટે ગોઠવવામાં આવે તો શહેરની આજુબાજુનાં અનાજનાં ખેતરો, ખાસ કરીને ઘાસકચરાથી ભરેલાં હોય છે તે, ચોખ્ખાં થતાં ઉત્પન્ન વધશે; કારણકે શહેરોની આસપાસનાં ગામોમાં મજૂરાના ભાવો વધારે હોય છે એટલે અનાજનાં ખેતરોની ઉપલી સ્થિતિ રહેવા પામે છે. વરસાદની ઋતુમાં ઉઘાડ વખતે નીંદવા માટે અને કાપણી વખતે લણવા માટે મજૂરોની ખૂબ તાણ હોય, તો તેવે વખતે આવો વ્યવસ્થિત પ્રયત્ન અનાજના મોરચાને ઘણો જ પ્રોત્સાહન-રૂપ થશે. ઇંગ્લાંડ વગેરે પશ્ચિમના દેશોમાં શહેરી જનતા અનાજના મોરચા માટે ખેતરમાં કામ કરવા ગામડામાં ગયેલ હોવાનું જાણવામાં આવ્યું છે, પણ આપણા ખેતીપ્રધાન હિંદમાં હજુ સુધી તો આવો એક દાખલો બન્યો નથી.

૪. ગ્રામ્ય પ્રદેશમાં બિનખેડૂત પ્રજા ખાસ કરીને પાકને નીંદવાને વખતે અને લણણી વખતે ખેતરમાં કામ કરવા આજથી ૫૦ વર્ષ પહેલાં જતી હતી; તે કહેવાતી મોટપને લીધે હમણાં બંધ થયું છે. આ જૂની પ્રથાને જો પાછી સજીવન કરવામાં આવે તો દરેક ગામના મજૂરોનો પ્રશ્ન હળવો થઈ જાય.

વિદ્યાર્થીઓ શું કરી શકે ?

દેશની સ્વતંત્રતાની લડાઈઓમાં વિદ્યાર્થી આલમે આપેલ ફાળો અદ્વિતીય છે. આવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ફાળો જો આ અનાજના મોરચા ઉપર આપવા તેઓ નિશ્ચય કરે તો કામ ઘણું જ સુગમ થાય; કારણકે વિદ્યાર્થીઓને ખોટી મોટપ હોતી નથી. સઘળા સંજોગોને તેઓ જલદી અનુકૂળ થઈ જાય છે, તો કાપણી વખતે વિદ્યાર્થીઓ ગામડાંમાં જઈ શકે. માટે સરકારે આ વખતે રજાની વ્યવસ્થા કરી આપવી જોઈએ. વેકેશન સિવાયના કોલેજના અભ્યાસ સમયે પણ રજાઓમાં આજુબાજુનાં ગામડાંઓમાં તેઓ જઈ ઉપર જણાવેલ રીતે ખેડૂતોને મદદ કરી શકે તેમ છે.

જાહેર કાર્યકર્તાઓએ શું કરવું જોઈએ ?

પોતાને–સંસ્થાને ખેડૂત આલમમાં પ્રિય થવાનો જાહેર કાર્યકર્તાઓ માટે આ સારો મોકો છે. તેઓ જિલ્લા અને તાલુકા અનાજ મોરચા–સમિતિઓ સ્થાપી ખેતીમાં મદદ કરવા માટે શહેરીજનો અને વિદ્યાર્થીઓની ટુકડીઓ ગોઠવી શકે તેમ છે. આવી રીતે ગામડાંમાં કામ કરવા જવાથી જે ખેડૂત અનાજની ખેતી માટે બેદરકાર હશે તેને સમજાવી શકશે. સરકારી મદદોનો ગેરઉપ[યોગ] થતો અટકાવી શકશે અને આર્થિક અ[ને] બીજી રીતે ખેડૂતને જે મુશ્કેલીઓ હશે તે તેમને માહિતી મળવાથી આ કાર્યકર્તા[ઓ] સહેલાઈથી દૂર કરાવી શકશે; કારણકે સર[કારી] અમલદારો પોતાના ખાતા ઉપર [આવી] મુશ્કેલીઓ મૂકતાં ઘણી વખત ડરે છે. [તે] સિવાય ગામડામાં તેઓ પ્રિય થતાં [પોતાનાં] પોતાનાં બીજાં રચનાત્મક કાર્યો તેઓ સહેલ[ાઈ]થી કરી શકશે. મારા માનવા પ્રમાણે સેવા સંસ્થાએ આ પહેલ કરી દેવી જાઈએ. [મુંબઈના] હોમગાર્ડોએ આ પ્રશ્ન હાથમાં લીધો છે. બીજાએ તેનું અનુકરણ કરવાની જરૂર છે.

બિનખેડૂત પ્રજા આવી રીતે ખેત[ીમાં] મદદ કરવા જતાં તેમને ખર્ચાળ સાધનો આમાં જરૂર પડવાની નથી; કારણકે [બે] અઢી રૂપિયાનાં ખૂરપી અને દાતરડું ઉ[પર] કામ માટે પૂરતાં થઈ પડશે.

★

સુધારો

'અખંડ આનંદ'ના ગયા મહિનાના અંકમાં શ્રી ભોગીલાલ સાંડેસરાનો 'રાષ્ટ્રમુદ્રા' નામે પ્રસિદ્ધ થયેલો લેખ તા. ૧૭મી ઑક્ટોબરે સાંજે અમદાવાદ–વડોદરા રેડિયોપરથી એમણે કરેલો વા[ર્તા]વાર્તાલાપ હતો. ઑલ ઇંડિયા રેડિયોના સૌજન્યથી એ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

×

ઓ મહાનતાના માલિક !

જગતના અનેક જ્ઞાની મનુષ્યોના મુખેથી મેં સાંભળ્યું છે, કે નીચથી હંમેશ દૂર રહેવું. મારા અહંકારનું પડ ચિરાઈ જાય છે અને હું જોઉં છું કે હું જ નીચમાં નીચ છું.

હું નીચ છું, છતાં તારી દયાની નિરંતર આશા સેવું છું; કારણકે ખાતરની સડેલ રજકણોમાં ફૂલોના સુવાસિત પરાગ સર્જવા તું શક્તિમાન છે અને જ્યારે તારી કૃપા થાય છે ત્યારે ઉનાળાની અળખામણી ગરમીમાંથી પણ, ચોમાસાની આહ્લાદક અને મધુર શીતળતાનું સર્જન થાય છે.

હું તો ક્ષુદ્રથી પણ ક્ષુદ્ર છું, પરંતુ ક્ષુદ્રતાના શીશ પર મહાનતાનો મુગટ પહેરાવવા તું સમર્થ છે. એક લોઢાના નકામા તારમાં સંગીતના મિષ્ટ સૂરો તેં ગુપ્ત રીતે મૂકેલા છે, એટલે કે તુચ્છ ચીજને તારી કૃપાનો સ્પર્શ થતાં જ તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બને છે.

હું ઇચ્છું છું કે મારું શિર અહર્નિશ, તારી કૃપાપ્રાપ્તિ માટે, તારા આગળ નમો અને મારું [હૃદય] તારી આજ્ઞાને આધીન થઈ દોરાઓ.

મોહમ્મદ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

આ અંક પ્રસિદ્ધ થશે ત્યારે આપણા દેશે સ્વતંત્ર સાર્વભૌમ પ્રજાસત્તાકનો દરજ્જો પ્રાપ્ત કરી લીધો હશે. અઢી વર્ષ પહેલાં આપણે બ્રિટિશ ગુલામીમાંથી મુક્ત થયા અને એ મુક્તિ સંપૂર્ણ હતી, છતાં ઔપચારિક રીતે ગુલામીનું એક નિશાન કાયમ રહેતું હતું. આપણે 'સંસ્થાન' ગણાતા હતા. આપણા ઉપર બ્રિટિશ તાજનું વર્ચસ્ હતું. આપણા રાજ્યના વડા તાજના પ્રતિનિધિ ગણાતા હતા. આપણી સરકાર તાજને નામે કામ કરતી હતી. આ ઔપચારિકતા શા માટે રાખવી? બ્રિટનના આપણે ગુલામ હતા ત્યારે તો લાચાર હતા, હવે શા માટે આપણા મહાન અને પ્રાચીન દેશને બ્રિટન કરતાં દેખાવપૂરતો પણ નાનો ગણવો?

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ આ બાબત મહત્ત્વની છે. આપણે સંસ્થાન કે ડુમિનિયન ગણાઈએ એટલે દુનિયામાં કેટલાક એમ માને કે આપણે બ્રિટનને પૂંછડે બંધાયેલા છીએ, આપણી ને બ્રિટનની વિદેશનીતિ એક રહેશે, વિશ્વયુદ્ધ જાગશે તો આપણે બ્રિટનને પડખે ચાલ્યા જઈશું; આ વાતાવરણ સ્પષ્ટ કરવા પણ પ્રજાસત્તાકનો દરજ્જો ખૂબ ઉપયોગી થશે. હા, પ્રજાસત્તાક થવા છતાં રાષ્ટ્રસમૂહમાં આપણે રહીએ છીએ, પણ ત્યાં કાંઈ મોટુંનાનું નથી. હવે તો સ્વતંત્ર એશિયાઈ દેશોનો અવાજ બળવાન બન્યો છે. રાષ્ટ્રસમૂહનું કશું બંધારણ નથી. તેઓ મિત્રભાવે આખી દુનિયાના પ્રશ્નો ચર્ચે છે ને એકબીજાંનાં મંતવ્યોથી માહિતગાર બને છે. ભારત પ્રજાસત્તાક હોવા છતાં એમાં રહી શકતું હોય તો શા માટે ન રહે? ગુમાવવાનું તો કશું છે જ નહીં અને મેળવવામાં એક આશા છે: એ દ્વારા વિશ્વશાંતિનું કાર્ય સહેલું બને, અથડામણો કંઈક ઓછી થાય, રાષ્ટ્રસમૂહમાં રહેવાથી આપણી સ્વતંત્રતામાં કશી જ ખામી રહેતી નથી.

આપણું નવું બંધારણ અમલમાં આવી ગયું. વિરોધીઓ પણ કહે છે કે બંધારણમાં આપણા વિકાસ માટેની પૂરતી સગવડો છે. આ બંધારણ અનુસાર ચાલુ વર્ષમાં કે ૧૯૫૧ના પ્રારંભમાં સામાન્ય ચૂંટણીઓ થશે. આપણી—૨૬મી એ ઉત્સવ ઉજવનારાઓની—ત્યારે ખરી કસોટી થશે; પ્રજાસત્તાકનો અર્થ જ પ્રજાની સત્તા એટલે કે પ્રજા જેના હાથમાં રાજ્યધુરા સોંપે તેની સત્તા. આપણા દેશના પુખ્ત વયના ૧૭ કરોડ માણસો પોતાના ભાગ્યનો ત્યારે ફેંસલો નોંધાવશે. આ જવાબદારી ઓછી નથી. વિવિધ પક્ષો ને નેતાઓ પોતાના કાર્યક્રમો લઈને પ્રજા પાસે મતોની માગણી કરશે. પ્રજાએ આ વિષે આજથી જ વિચારવા માંડવું જોઈએ. સમજ્યા વિના અપાયેલા મતની પણ અસર છે. માટે પ્રથમથી સમજી લેવું જોઈએ કે કોના હાથમાં આપણી આઝાદી સલામત રહેશે ને કોણ આપણને આબાદીને માર્ગે દોરી જશે.

સ્વતંત્રતાની સાથે જ જવાબદારીનો ભાર આવે છે તે ન ભૂલીએ.

લાલ ચીન

આંતરરાષ્ટ્રીય જગતમાં ગયે મહિને આપણે એક મોટું પગલું ભર્યું. ચીનના આંતરવિગ્રહમાં સામ્યવાદી સેના વિજયી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ અને તેનું રાજ્ય સ્થપાયું. ચીનની મુખ્ય ભૂમિ પર લાલ ઝંડો લહેરાઈ ગયો. ચાંગ-કાઈ-શેકની જૂની સરકાર ફોર્મોસાના ટાપુ ઉપર નાસી ગઈ. એના હાથમાં હવે ફોર્મોસા અને હૈનાન નામના બે જ ટાપુઓ રહ્યા છે. એ હજી યે આખર સુધી લડવાની વાત કરે છે, પણ તેનો કશો અર્થ નથી. ચીન ઉપર સામ્યવાદી સરકારનું રાજ્ય સ્થપાઈ ગયું છે તે નક્કર હકીકતનો ઇનકાર કેમ થઈ શકે?

લાલ ચીનને સ્વીકૃતિ આપવામાં સોવિયેટ રશિયા અને તેના સાથીઓ મુખ્ય હતા. એ પછી બ્રહ્મદેશે સ્વીકૃતિ આપી; પરંતુ ભારતની સ્વીકૃતિએ આખી સ્થિતિ પલટી નાખી. રશિયા વગેરેની સ્વીકૃતિ સ્વાભાવિક ગણાય. બ્રહ્મદેશની સ્વીકૃતિ પોતાની આંતરિક પરિસ્થિતિને કારણે હતી, જ્યારે ભારતે તો જોઈ-વિચારી પોતાની તટસ્થ અને વાસ્તવિક વિદેશનીતિ અનુસાર સ્વીકૃતિ આપી. સામ્યવાદીઓ તરફથી ઘણી યે વાર એવા આક્ષેપો થાય છે કે ભારત અમેરિકાના જૂથમાં સામેલ થયેલું છે. આ આક્ષેપો કેટલા જૂઠા છે તેનો પુરાવો લાલ ચીનને સ્વીકૃતિ આપતાં મળી ગયેલો ગણાય. ભારત પછી પાકિસ્તાન, સિલોન, બ્રિટન અને નોર્વેએ પણ પોતાની સ્વીકૃતિ આપી દીધી છે. સૌનું ધ્યાન હવે અમેરિકા ઉપર કેંદ્રિત થયેલું છે. એ સ્વીકૃતિ આપતાં પહેલાં માઓ ત્સે તુંગની સરકાર પાસે કેટલીક ખાતરીઓ માગે છે, પણ ખાતરીઓ મળે, કે ન મળે લાલ ચીન થોડા સમયમાં જ પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લેશે એમાં શંકા નથી.

લાલ ચીનના સ્વીકારનો અર્થ સામ્યવાદનો સ્વીકાર એવો થતો નથી. એમ તો રશિયા, પોલાંડ, યુગોસ્લાવીઆ વગેરેનો સ્વીકાર થયેલો જ છે. દુનિયાના જે જે દેશોમાં સરકારો બદલાય છે તેનો સ્વીકાર થાય જ છે. ચીનની અસર તો ઘણી મોટી છે. વસ્તીવિસ્તાર અને ભૌગોલિક સ્થાનને કારણે ત્યાંનું પરિવર્તન આખા જગત ઉપર અસર ઉપજાવશે. નવી સરકાર કેટલે અંશે સોવિયેટની સાથે રહે છે તે હવે જોવાનું રહે છે. ચીન અને રશિયાની નીતિ એક જ રહે તો શું થાય તેની અગાઉ કલ્પના શા માટે કરવી? પરિસ્થિતિનાં બળો પોતાનું કામ કર્યે જાય છે. આપણે વાસ્તવિક દૃષ્ટિએ જ વિચારવું જોઈએ.

ભારતનું મિત્રરાજ્ય

ગયા મહિનામાં એશિયાના આકાશમાં એક નવા તારાનાં દર્શન થયાં. આ તારો આજ સુધી ડચ શાહીવાદના ધાબા નીચે દબાયેલો હતો અને એ ધાબું ભૂંસી નાખી સ્વતંત્ર રીતે પ્રકાશવા મથતો હતો. છેલ્લા વિશ્વયુદ્ધ પછી એશિયામાં ક્રાંતિનો જુવાળ ચડ્યો, તેમાં ઇન્ડોનેશિયાનું મોખરાનું સ્થાન હતું. અમેરિકા, બ્રિટન અને યુરોપના બીજા શાહીવાદ દેશોની મૂંગી સહાનુભૂતિથી ડચ લોકોએ ફરી ત્યાં કબજો જમાવ્યો હતો; પરંતુ ઈન્ડોનેશિયાની પ્રજાનો મિજાજ બદલાઈ ગયો હતો. બ્રિટને ભારત, પાકિસ્તાન, સિલોન અને બ્રહ્મદેશની બાબતમાં જે ડહાપણ બતાવ્યું તે ડહાપણ હોલેન્ડની સરકાર બતાવી શકી નહિં, એણે તલવારને જોરે સાત કરોડ ઈન્ડોનેશિયાના પ્રજાજનોને, જાવા-સુમાત્રાની સુંદર ધરતીને ગુલામ રાખવાનો નિશ્ચય કર્યો. આમાંથી ભડકો પેદા થયો. એ પછી ડચ શાહીવાદીઓએ ઈન્ડોનેશિયામાં ભંગાણ પડા-વવાના પણ પ્રયત્નો કર્યા; પણ એમાં સફળતા ન મળી. દુનિયાનો પ્રજામત પણ બદલાવા લાગ્યો. ભારતે આ બાબતમાં ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવ્યો. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા અને સલામતા સમિતિ જ્યારે પાણીમાં બેસી ગયાં, ત્યારે ભારતે આગેવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમગ્ર એશિયાના દેશોને પોતાને આંગણે નોતર્યા અને ઈન્ડોનેશિયાના મુક્તિઆંદોલનમાં ઉપાડી તથા સક્રિય સહાનુભૂતિ નોંધાવી. આની અસર બહુ સારી થઈ. ડચ શાહીવાદીઓનું જોર નરમ પડ્યું. સલામતી સમિતિએ પણ સારું વલણ લીધું. એમાંથી વાટાઘાટો દ્વારા ઈન્ડોનેશિયાની મુક્તિનું સ્વપ્ન સિદ્ધ થયું.

ઈન્ડોનેશિયાનું અનેક રીતે મહત્ત્વ છે. પ્રશાંત સાગરમાં એ અગત્યનું ભૌગોલિક સ્થાન ધરાવે છે સાત કરોડની વસ્તી ધરાવતો એ દેશ છે. પ્રજા મોટેભાગે મુસ્લિમ ધર્મ પાળે છે, પણ કોમવાદને ત્યાં સ્થાન નથી. પાકિસ્તાન અકળાય છે અને પ્રયત્ન પણ કરે છે કે ઈન્ડોનેશિયા પોતાને મુસ્લિમ રાષ્ટ્ર તરીકે જાહેર કરે, પરંતુ ઇન્ડોનેશિયાના નેતાએ કરાંચીમાં જ જાહેર કર્યું છે, કે તેઓ મુસ્લિમ નહીં, એશિયાઈ પ્રજા છે. ઇન્ડોનેશિયામાં ધર્મનો ઝઘડો નથી. ઇન્ડોનેશિયા ભારતનું પરમ મિત્ર છે. ભારતની અને તેની વિદેશનીતિ એકસરખી છે.

ઈન્ડોનેશિયા મુક્ત થયું તેથી તેનાં દુઃખોનો અંત આવી ગયો છે એમ નથી. આખું જગત જે આર્થિક મુસીબતો ભોગવે છે તેમાં તો તે પણ ઘેરાયેલું છે જ, પણ ત્યાં આંતરકલહની અને લોહિયાળ સામ્યવાદની ભીતિ વિશેષ છે. આપણે એવી આશા રાખીએ કે ઈન્ડોનેશિયાને કોઈ સરદાર વલ્લભભાઈ પ્રાપ્ત થાય અને આંતરિક એકતા વજ્રલેપ સમી બને.

કોલંબો-પરિષદ

રાષ્ટ્રસમૂહના દેશોના વિદેશ પ્રધાનોની પરિષદ કોલંબોમાં મળી હતી. આ પરિષદનું ધ્યાન મુખ્યત્વે એશિયાના પ્રશ્નો ઉપર કેંદ્રિત થયેલું હતું. આપણા વડાપ્રધાન પરદેશ ખાતાનું દફતર સંભાળતા હોવાથી તેઓ જાતે જ ત્યાં ગયા હતા. ભારતનું દૃષ્ટિબિંદુ એમણે સબળ અને સુંદર રીતે રજૂ કર્યું હતું. સિલોનની પ્રજાએ એમનો અદ્ભુત સત્કાર કર્યો હતો. ભારતે હંમેશાં એમ માન્યું છે કે જો એશિયાના આર્થિક પ્રશ્નો સાચી રીતે ઉકેલાય નહિ અને યુરોપ-અમેરિકાના સ્વાર્થો ત્યાંથી દૂર થાય નહીં, તો સામ્યવાદને અટકાવવાનું મુશ્કેલ છે. લાલ ચીન અંગે ભારતની નીત કેટલી વાસ્તવિક છે તેનો ખ્યાલ એમણે આપ્યો હતો.

રાષ્ટ્રસમૂહની કાર્યપદ્ધતિમાં ઠરાવો કે નિર્ણયોને ઓછો અવકાશ છે. તેઓ સાથે બેસી એકબીજાનાં મંતવ્યો સમજે છે. વિશ્વશાંતિની દૃષ્ટિએ મૂંઝવતા સવાલોની વિચારણા કરે છે. આમ જોઈએ તો કોલંબો-પરિષદ સફળ થયેલી ગણાય, પણ જ્યાંસુધી બધા દેશોની વિદેશનીતિ અને પરસ્પરના સંબંધોમાં એકવાક્યતા ન આવે ત્યાંસુધી કાયમી સફળતા માટે ઓછી આશા રહે છે. દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિ, ઓસ્ટ્રેલિયાનો અલગતાવાદ, પાકિસ્તાનની દાંડાઈ, બ્રિટનની મલાયા અંગેની નીતિ, આ બધું રાષ્ટ્રસમૂહના વિકાસ માટે અંતરાયરૂપ છે.

પાકિસ્તાન સાથેનાં ઘર્ષણો

પાકિસ્તાન સાથેનાં આપણાં ઘર્ષણો છેલ્લા મહિનામાં ઘટવાને બદલે વધ્યાં છે. કાશ્મીરનો સવાલ સલામતી સમિતિ સમક્ષ છે. પંચનો અહેવાલ એકપક્ષી પુરવાર થયો છે. એ પછી કેનેડાના પ્રતિનિધિ જનરલ મેકનોટને ભારત-પાકિસ્તાનની સંમતિ માટે એક દરખાસ્ત રજૂ કરી હતી. આ દરખાસ્તમાં સુભાશયનો ભાસ થાય એવું છે; કારણકે એમાં લશ્કરો ખસેડવાની, શસ્ત્રો હેઠાં મૂકવાની અને લોકમત લેવાની વાતો છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ દરખાસ્તોમાં મૂળભૂત દૃષ્ટિ એ છે કે ભારત અને પાકિસ્તાનને તથા કાશ્મીર રાજ્ય તથા પાકિસ્તાનના પ્યાદારૂપ કહેવાતી આઝાદ સરકારને સમાન સ્થાન આપવામાં આવેલું છે. જ્યાંસુધી આ દૃષ્ટિબિંદુ કાયમ રહે ત્યાં-સુધી સમાધાન માટે આશા જણાતી નથી. કાશ્મીરની પ્રજા અને તેના રાજા કાયદેસર પદ્ધતિએ ભારત સાથે જોડાયેલા છે. અથડામણ નિવારવા માટે ભારતે સામે ચાલીને લોકમત માટે તૈયારી બતાવી છે. બીજી બાજુ પાકિસ્તાન આક્રમણખોર છે અને આઝાદ દળો તેનું જ સર્જન છે. એમને સમાન સ્થાને મૂકવાની પાછળ રાજદ્વારી રમત છે. સલામતી સમિતિમાં બિરાજતા દેશો જ્યાં સુધી કાશ્મીરનો પ્રશ્ન આ દૃષ્ટિએ વિચારશે ત્યાં સુધી સમાધાન માટે આશા જણાતી નથી. સલામતિ સમિતિએ સર્વ પ્રથમ એ નક્કી કરવું જોઈએ કે ગુનેગાર છે કોણ?

નિર્વાસિતોની મિલકતનો ઝઘડો એમનો એમ ઊભો છે. પાકિસ્તાને જૂના કરાંચી–કરારને વળગી રહેવાની અને એ રીતે અમુક મર્યાદામાં મિલકતની ફેરબદલી અંગે જાહેરાત કરી છે; પણ એમાં પાકિસ્તાનની બૂરી દાનતનાં જ દર્શન થાય છે. ભારતમાંથી પાકિસ્તાન ગયેલા કેટલાક મુસલમાનોની મિલકતો મેળવવાની આ બાજી છે. નિર્વાસિતોની મિલકતનો ફેંસલો હવે સહકારી ધોરણે જ થઈ શકે. જગતના કોઈ પણ તટસ્થ પંચ પાસે બંને મિલકતોની કિંમત કરાવવી જોઈએ અને જે રકમ નક્કી થાય તે બંને સરકારોએ પરસ્પર ચૂકવી દેવી જોઈએ. પાકિસ્તાન આ માટે તૈયાર નથી, પણ એણે વહેલે મોડે તૈયાર થવું જ પડશે એમાં શંકા નથી. નહેરનાં પાણીનો ઝઘડો નિષ્ણાતોનો અભિપ્રાય લઈ નિવારી શકાય એમ છે, પણ તે બાબત પર પાકિસ્તાન કશી ચોખવટ કરતું નથી.

પાકિસ્તાન અને ભારત વચ્ચેનું આર્થિક યુદ્ધ ગયા મહિનામાં વધુ ઉગ્ર બન્યું છે. પાકિસ્તાને પોતાનો રૂપિયો હજી સુધી ટકાવી રાખ્યો છે, પણ તેનાં સ્વાભાવિક પરિણામો-માંથી તે બચી શક્યું નથી. પૂર્વ બંગાળના કરોડો ખેડૂતો કાચા શણના ભરાવાથી અને ભાવો તૂટી જવાથી ત્રાસમાં સપડાયા છે. ભારતને મૂંઝવવા માટે પાકિસ્તાને અગાઉ ખરીદાયેલું ભારતનું શણ રોક્યું છે, આસામમાં આવતો માલ પૂર્વ બંગાળમાં અટકાવ્યો છે અને છેલ્લે નાકાબંધી જેવું પગલું લીધું છે. ભારત સરકાર આનો યોગ્ય જવાબ આપી રહી છે એટલે એવી આશા ઊપજે છે કે પાકિસ્તાનને આ પ્રશ્નમાં દાંડાઈ ભારે પડી જવાની છે.

વિશ્વશાંતિનો આદર્શ રાખનારે તેનો અમલ ઘરઆંગણેથી અને પાડોશીઓ સાથેના સંબંધોથી કરવો જોઈએ. ભારત સરકારે આ માન્યતાથી પ્રેરાઈને પાકિસ્તાન સરકારને જણાવ્યું છે કે આપણી વચ્ચેના તમામ ઝઘડાઓનો નિકાલ શાંતિમય સાધનો દ્વારા આપણે કરીશું અને યુદ્ધનો માર્ગ કદી ગ્રહણ નહીં કરીએ એવી સંયુક્ત જાહેરાત આપણે કરવી જોઈએ. પાકિસ્તાન સરકારે પ્રથમ તો આ માગણીનો જવાબ આપ્યો જ નહીં અને આપ્યો ત્યારે એવી શરત મૂકી કે પહેલાં ઝઘડા પતાવવાની પદ્ધતિ નક્કી કરવી જોઈએ. યુદ્ધના ભય નીચે, એ તલવાર તોળાયેલી હોય ત્યારે જે વાટાઘાટો થાય તેમાં સફળતા મળે જ નહીં, એટલે પદ્ધતિ નક્કી કરવાની માગણી યુદ્ધ બંધ કરવાની જાહેરાત ન કરવા માટેનું બહાનું જ છે. આમ પાકિસ્તાન અને ભારતના સંબંધો બગડતા જ જાય છે.   તા. ૧૯-૧-૫૦

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા-સમાચાર

વિવિધ ગ્રંથમાળા

આ માળાના ચાલુ વરસના બીજા હપ્તાનું પુસ્તક 'દેશ અને કાળ' (સ્વામી માધવતીર્થજી કૃત) ગ્રાહકોને મોકલી અપાયું છે, અને હવે પછી 'વનરાજ ચાવડો,' 'પાકશાસ્ત્ર,' 'આરોગ્યની કૂંચી' ઇત્યાદિમાંથી પસંદ કરીને મોકલી અપાશે.

નવાં પ્રકાશનો

બૂકર ટી. વૉશિંગ્ટન : અનુવાદક : પ્રફુલ્લ આ. ઠાકોર એમ. એ. : અમેરિકન હબસી વીરની પ્રેરક ને બોધક આત્મકથા. પાન ૨૧૬ : કિં. ૧–૮

તુજ ચરણે : સંપાદકો : નંદલાલ ભોગીલાલ શાહ, હેમન્તકુમાર નીલકંઠ. ભાવવાહી ને હૃદયપુલકિત કરનારી પ્રાર્થના. પાન ૪૦ : કિં. ૦–૨

છેલ્લા ત્રણ માસનાં પ્રકાશનો

ત્રિશલાનંદન મહાવીર : (આમશ્રેણી) લે૦ રતિલાલ મ૦ શાહ : ઉપદેશ દ્વારા શ્રમણ ભગવાન મહાવીરની આ કથા અનેકોનાં જીવન અજવાળે છે.
પાન ૧૨૮ : કિં. ૦–૬

ગોસ્વામી તુલસીદાસ : (આમશ્રેણી) તુલસી રામાયણના રચયિતાનું સદ્‌ગત ભિક્ષુ અખંડાનંદજીએ તૈયાર કરેલું આ ચરિત્ર પ્રેરક ને બોધક છે.
પાન ૧૨૮ : કિં. ૦–૬

દેશ અને કાળ : (ગુજરાતીમાં જ્ઞાનના પ્રમાણનું પ્રથમ પુસ્તક) લે૦ સ્વામી માધવતીર્થજી : વેદાંતના વિવર્તવાદ સાથે પ્રો. આઇન્સ્ટાઈનના સાપેક્ષવાદનું સામ્ય ધરાવતી તથા દેશ અને કાળ સંબંધી જે હકીકતો પ્રાચીન ગ્રંથોમાં જોવામાં આવતી નથી, તે સર્વનાં વિસ્તૃત વર્ણન અને સમજૂતી આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે. (વિવિધ ગ્રંથમાળા)
પાન ૪૪૮ : કિં. ૪–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાકશાસ્ત્ર : (સુધારેલી નવી આવૃત્તિ) લે૦ શ્રીમતી કાશીબહેન મ૦ દેસાઈ: ઉચ્ચ શિક્ષણ લેતી કન્યાઓને તથા સાધારણ અભ્યાસવાળી બહેનોને પણ વાંચવા-સમજવામાં સરળ પડે એવી સાદી ભાષામાં જુદીજુદી વાનીઓ બનાવવાની રીત, પ્રમાણ, સમજ વગેરે આ પુસ્તકમાં અપાયાં છે. પાન ૨૦૦: કિં. ૧-૮: પાકાં પૂઠાં ૨-૦

બાળકોના આચાર : (સચિત્ર, આમશ્રેણી) લે૦ સોમાભાઈ ભાવસાર: બાળકોને સદ્વર્તન શીખવતા પાઠો. આવૃત્તિ ૨જી. પાન ૪૮ : કિં. ૦-૩

તુલસીકૃત રામાયણ : (આવૃત્તિ દસમી, બે ગ્રંથોમાં-સચિત્ર) દોહા-ચોપાઈ ગુજરાતી લિપિમાં આપ્યાં છે. મૂળ રામાયણ ઉપરાંત ક્ષેપકકથાઓ, લવકુશકાંડ, હનુમાનચાલીસા, અષ્ટક, તિથિપત્ર, શલાકા-પ્રશ્ન, માહાત્મ્ય, પારાયણવિધિ તથા બીજી પણ ઉપયોગી બાબતો અપાઈ છે. ચિત્રો ૩૪, પાકાં પૂઠાં, પાન ૧૨૧૬ : કિં. ૧૦-૦

મારો ભારત દેશ : (આવૃત્તિ ૨જી, સચિત્ર) લે. કાંતિલાલ પરીખ: ભારત-વર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય. પાન ૧૨૮ : કિં. ૦-૧૦

શ્રીશાંકર ભાષ્ય સહિત ભગવદ્ગીતા : અનુ૦ શ્રી વામનરાવ પ્રા. પટેલ બી. એ., એલએલ. બી.: ભગવાન શંકરાચાર્યે કરેલા ભાષ્યનો સરળ ગુજરાતી અનુવાદ સાથેનો કેટલાંય વર્ષોથી અપ્રાપ્ય ગ્રંથ. પાન ૪૪૮ : કિં. ૪-૦

નીચેનાં પુસ્તકો તુરતમાં છપાશે

સુખ, સામર્થ્ય ને સમૃદ્ધિ : નવી આવૃત્તિ.

વીર હનુમાન : (સચિત્ર) લે૦ સોમાભાઈ ભાવસાર.

સંત-ગુરુનો પરિચય : લે૦. સ્વામી પ્રકાશાનંદજી.

હરડે : નવી આવૃત્તિ.

સદાચાર ને સુખ : લે૦ શ્રી. સિદ્ધિમુનિકૃત.

વિશ્વામિત્ર ને હરિશ્ચંદ્ર : લે૦ રામનારાયણ ના૦ પાઠક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

એક રૂપિયો

સસ્તું સાહિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પો. બો. ૫૦, અમદાવાદ.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CROWN BRAND GUARANTEED PURE

CROWN BRAND GUARANTEED PURE

એલ્યુમિનિય
અને
પિત્તળનાં વાસ

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમના વાસણો વજનમાં હલકા, જલ્દી ગરમ થાય તેવા અને કીંમતમાં કીફાયત હોય છે કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરિયાતો
માટે
લખો અથવા મળો:

જીવનલાલ (૧૯૨૯) લિમિટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને

★ 'અખંડ આનંદ' દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

★ વાર્ષિક લવાજમ રૂા. ૬–૮ છે. બ્રહ્મદેશ માટે રૂા. ૭) અને પરદેશ માટે રૂા. ૧૦) ગ્રાહક થનારે તે અગાઉથી ભરવાનું હોય છે.

★ લવાજમ મનીઑર્ડરથી મોકલતાં મનીઑર્ડરની કુપન પર પોતાનું પૂરું નામ તથા ઠેકાણું અને 'અખંડ આનંદ' માટે એમ સ્પષ્ટ લખવું.

★ સરનામાનો ફેરફાર તરત લખી જણાવવો. મહિના–બે મહિના માટે : સરનામું બદલાવવું હોય, તો પોતાના પોસ્ટમાસ્તરને લખવું.

★ માસિક સાથે પુસ્તકો વી.પી.થી મોકલાતાં નથી.

★ વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

★ નમૂનાના અંક માટે રૂા. ૧) મોકલી આપવો.

★ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં અથવા લવાજમ મોકલતાં પોતાનો **ગ્રાહક નંબર** અવશ્ય જણાવવો.

★ ચાલુ વર્ષના પાછલા અંકો ખલાસ થયા હોવાથી માર્ચ માસથી નવા ગ્રાહકો નોંધાય છે.

★ લવાજમ (૧) સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે. ભદ્ર, **અમદાવાદ** અથવા (૨) કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨** એ ઠેકાણે ભરી ગ્રાહકો થઈ શકાય છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ભદ્ર પાસે, **અમદાવાદ અને મુંબઈ–૨**

લેખો અંગે નિયમો

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગ-કથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ–વર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર–અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. આમ છતાં સ્વીકાર પામેલો લેખ ચારેક માસની અંદર પ્રગટ થઈ જ જાય તે વિષે કાળજી રાખવામાં આવે છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લખાણ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડયું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર–અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લખાણો મોકલવાનું સરનામું આ પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'
ગુલબહાર, એરેક રોડ, મુંબઈ–૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

	વિષય	લેખક
૧	ઋતુઓના રંગપલટા	શ્રી
૨	બંદર છો દૂર છે!	શ્રી સુંદરજી ગો. બેટાઈ
૩	સ્નાનસમાપન	શ્રી રવીન્દ્રનાથ ઠાકુર
૪	કૉલેજના વિદ્યાર્થીઓને	શ્રી રવિશંકર મહારાજ
૫	ઈશ્વર, સત્ય અને ધર્મ	શ્રી ચંદ્રશંકર પ્રા. શુકલ
૬	ફુરસદના ઉદ્યોગો	શ્રી રવિશંકર મ. રાવળ
૭	સ્પષ્ટવક્તા સુખી ભવેત્?	શ્રી જ્યોતીંદ્ર દવે
૮	...દરવાજે ત્રિમૂર્તિ! (વાર્તા)	શ્રી પન્નાલાલ પટેલ
૯	વિશિષ્ટ સૂચનો	સ્વામીશ્રી શિવાનંદજી
૧૦	ગુજરાતનો મિલઉદ્યોગ	ડૉ. એ. બી. ત્રિવેદી એમ. એ. પીએચ. ડી.
૧૧	જાતિવાદનું મૂળ	પં. બહેચરદાસ દોશી
૧૨	વિરાટ અને વામન	શ્રી છોટુભાઈ સુથાર
૧૩	જોષી મહારાજ (નાટિકા)	શ્રી નિરંજન ત્રિપાઠી બી. એ.
૧૪	જગતના પ્રશ્નો (વાર્તાલાપ)	શ્રી દિલખુશ દીવાનજી
૧૫	ઋગ્વેદકાળમાં આંતરલગ્ન	ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયા એમ. એ. પીએચ. ડી.
૧૬	કવિ બનવાના ફાયદા	શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ એમ. એસસી., (લંડન) બાર-એટ-લૉ
૧૭	ઉચ્ચનીચભાવ	અધ્યા. જિતેંદ્ર જેટલી એમ. એ. ન્યાયાચાર્ય
૧૮	બિહારનાં લગ્નગીતો	અધ્યા. ચંદ્રકાંત મહેતા એમ. એ.
૧૯	ઉપનિષદની વાતો	શ્રી રતિલાલ સાં. નાયક
૨૦	વનસ્પતિમાં વિચિત્રતા	શ્રી કૃષ્ણકાંત લંગાલીઆ
૨૧	દુર્જળ ખેતી	શ્રી ઉમેદભાઈ મથુરદાસ ડામોર
૨૨	સ્વાતિબિંદુ	શ્રી મોહિનીચંદ્ર
૨૩	હિસ્ટિરિયા (આરોગ્ય)	ડૉ. નાથાલાલ જે. દવે
૨૪	જશની ઝંખના (વાર્તા)	શ્રી મોહમ્મદ માંકડ
૨૫	રમત દ્વારા બાળકેળવણી	શ્રીમતી રંભાબહેન ગાંધી
૨૬	પ્રભુ—નામસ્મરણ	શ્રી રેવાશંકર બરડવાળા
૨૭	વિચાર ચંક્રમણ	શ્રી નરહરિ ભટ્ટ
૨૮	સારી ઊંઘ લેવી છે? (આરોગ્ય)	શ્રી રમેશચંદ્ર હ. શેઠ
૨૯	અંતઃકરણ	શ્રી જુગલરાય મજમૂદાર
૩૦	સાંઈ મહંમદશાહ	શ્રી માણેકલાલ રાણા
૨૫	યુગપ્રવાહ	શ્રી સોપાન
૨૬	સંસ્થા—સમાચાર	કાર્યાલય

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ—અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૩, અંક ૫] તંત્રી : સોપાન [માર્ચ ૧૯૫૦

ઋતુઓના રંગપલટા

ઋતુઓના રંગની પેઠે જીવનમાં પણ પલટાઓ આવે જ છે. ઋતુઓ જે નિયમ પ્રમાણે બદલાય છે તે આપણે જાણીએ છીએ, ત્યારે જીવનના રંગ શી રીતે બદલાય છે તેની આપણને ખબર નથી પડતી, પણ આપણા અજ્ઞાનનો અર્થ એ નથી કે જીવનના પલટાઓ કશા યે નિયમ વિના આવે છે. આ સચરાચર સૃષ્ટિ અને આખું બ્રહ્માંડ ચોક્કસ નિયમોને વશ વર્તે છે; માનવીનું જીવન એમાં અપવાદરૂપ નથી. જીવનના આ નિયમને જાણવા ઋષિમુનિઓએ ભારે પ્રયત્નો કર્યા છે અને આપણને માર્ગદર્શન આપ્યું છે. સુખ અને દુઃખ અકસ્માત્ આવતાં નથી તેમ જતાં પણ નથી. સુખદુઃખનાં કારણો જાણવાં અને સુખદુઃખની ભાવનાથી અલિપ્ત રહેવું એ આપણા જીવનનો એક પુરુષાર્થ છે.

પણ બીજી એક અત્યંત મહત્ત્વની વાત આપણા નિત્ય જીવનમાં ધ્યાનમાં રાખવા જેવી છે. ઋતુઓના પલટા વખતે આપણે શું કરીએ છીએ? શિયાળાનો ઠંડો પવન ફુંકાતો હોય અને કાયા થરથર કંપતી હોય ત્યારે આપણે શિયાળાને વિનતિ કરીએ છીએ કે તું ચાલ્યો જા? ઉનાળાનો તાપ અસહ્ય બન્યો હોય ત્યારે તેમાંથી બચવા આપણે કયા ઉપાયો લઈએ છીએ? ચોમાસાની ઝડી વરસતી હોય ત્યારે આસમાન પાસે યાચના કરવાનો કંઈ અર્થ છે ખરો? ઋતુઓ તો નિયમ પ્રમાણે આવે છે અને પોતાનો ધર્મ બજાવે છે.

ઠંડીમાંથી બચવા આપણે ઘરમાં રહીએ ને કામળો ઓઢીએ, તાપમાંથી બચવા શીતળતા શોધીએ, વરસાદમાંથી બચવા છાપરું કે છત્રીનો ઉપયોગ કરીએ, તો ઋતુઓના જેવા જ પલટા જીવનમાં આવે ત્યારે એવા ઉપાયો કેમ ન લઈએ? ત્યારે ભાગ્યને, ઈશ્વરને કે બીજા કોઈને દોષ દેવાને બદલે કે કોઈની લાચારી કરવાને બદલે આપણા મનને જ રક્ષણ કાબૂ છે ને? તોતો શિયાળો, ઉનાળો કે ચોમાસું–ઠંડી, ગરમી કે વર્ષા ઉપર આપણો કાબૂ કેમ ન આપીએ? સુખ ઊપજે ત્યારે અનુકૂળ ઋતુની પેઠે તે શાંતિપૂર્વક ભોગવીએ અને દુઃખનું વાવાઝોડું આવે ત્યારે મનને સ્થિર રાખીએ એ જ ઉપાય ઉત્તમ નથી? બાહ્ય પરિસ્થિતિ ને સંયોગો આપણા હાથમાં નથી, પણ તેની અસર મન ઉપર થવા દેવી કે નહીં તે તો આપણા જ હાથમાં છે. સુખ અને દુઃખ અંતે તો મનનો જ એક ભાવ છે. આ મનની રક્ષા આપણે કરીએ તો ઘોર દુઃખના ઝંઝાવાતો પણ આપણને દુઃખી કરી શકે નહિ. મન ઉપર કબજો મેળવવાનું શક્ય છે, બાહ્ય પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવવાનું અશક્ય છે, તે સતત ધ્યાનમાં રાખીએ.

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંદર છો દૂર છે!

ગુજરાતનો ને કાઠિયાવાડનો ઘણો કિનારો સાગર ને નદીકાંઠાનો હોવા છતાં આપણે ત્યાં જે જીવનને સ્પર્શતી, પ્રમાણમાં ઓછી કૃતિઓ ઊતરી છે. સંસારસાગરના નાવિકને પ્રેરણા, ઉત્સાહ અને ચેતન આપતાં રચાયેલાં ગુજરાતી કાવ્યોમાં અહીં રજૂ થતું, જેમ પ્રેરતું કાવ્ય મહત્ત્વનો ઉમેરો કરે છે. ભયંકર આંધી ઊમટી હોય, વીજના કડાકા થતા હોય, અંધારી રાતે મધદરિયે તોફાનમાં વહાણ હિલોળા લેતું હોય—જીવનસાગરની આવી વિષમ પરિસ્થિતિમાં હૈયે હામ ને હિંમત હોય તે જ પોતાના દૂર દૂરના આદર્શને પહોંચવાનો પંથ કાપી શકે. આવે વખતે નાવિકનો બેલી કોણ? આતમરામ જ!

અલ્લા બેલી, અલ્લા બેલી,
જાવું જરૂર છે,
બંદર છો દૂર છે!

બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે,
બંદર છો દૂર છે!

ફંગોળે તોફાની તીખાતા વાયરા,
મુંઝાયે અંતરના હોય જે કાયરા,
તારા હૈયામાં જો સાચી સબૂર છે,
છો ને એ દૂર છે!

આકાશી નૌકાને વીજ દેતી કાટકા,
તારી નૌકાનેયે દેતી એ ઝાટકા;
મધદરિયો મસ્તીમાં છોને ચકચૂર છે,
બંદર છો દૂર છે!

આંખોના દીવા બુઝાવે આ રાતડી,
ધડકે ને થડકે જે છોટેરી છાતડી;
તારી છાતીમાં જુદેરું કો શૂર છે,
છોને એ દૂર છે!

અલ્લા બેલી, અલ્લા બેલી,
જાવું જરૂર છે;
બંદર છો દૂર છે!

બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે.
બંદર છો દૂર છે!

સુંદરજી ગો. બેટાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નાનસમાપન

રવીન્દ્રનાથ ઠાકુર

ગુરુ રામાનન્દ સ્તબ્ધ ઊભા છે,
ગંગાનાં જળમાં પૂર્વમુખે.
ત્યારે જળને થઈ ચૂક્યો છે
'સોનાની લાકડી'નો સ્પર્શ,
પ્રભાતની વાયુલહરીએ
સ્રોત થઈ ઊઠયો છે છલછલ.
રામાનન્દ મીટ માંડીને જોઈ રહ્યા છે
જાસુદીના ફૂલ જેવા સૂર્યોદયને.
મનમાં મનમાં બોલે છે :
'હે દેવ, તમારું જે કલ્યાણતમ રૂપ
તે તો મારા અન્તરે પ્રકટ થયું નહીં,
અળગું કરો તમારું આવરણ.'
સૂર્ય આવ્યો, શાલવનના માથા ઉપર
માછીઓએ નૌકાના શઢ છોડ્યા,
બગલાંની હાર ઊડી નીકળી
સોનાના આકાશને છાઈ દઈને
સામે કાંઠેની કાદવિયા જમીન ભણી.
હજુ ય સ્નાન પૂરું થયું નથી.
શિષ્યે પૂછ્યું : 'વિલમ્બ શાને, પ્રભો ?
પૂજાનો સમય વહી જાય છે.'
રામાનન્દે ઉત્તર દીધો :
'પવિત્ર થયું નથી શરીર,
ગંગા રહી ગઈ મારા હૃદયથી દૂર.'
શિષ્ય બેઠોબેઠો વિચારેઃ
આ તે શી વાત ?
સરસવના ખેતરમાં તડકો વિખેરાઈ ગયો છે.
માલણે ખોલી છે ફૂલની દૂકાન રસ્તાની બાજુએ,
ગોવાલણ ચાલી નીકળી છે,
માથે દૂધની મટકી મૂકીને.
ત્યાં ગુરુને મનમાં એકાએક,
કોણ જાણે શું થયું ?
ચાલી નીકળ્યા વનઝાઉ× ભાંગીને
સૂડાના કોલાહલ વચ્ચે થઈને.

× નદીકાંઠે થતી વનસ્પતિ. કચ્છમાં લઈને નામે ઓળખાય છે.

શિષ્યે પૂછ્યું : 'ક્યાં જશો, પ્રભો ?
એ બાજુએ તો નથી ભદ્રલોકનો વાસ.'
ગુરુ બોલ્યા: 'જાઉં છું,
સ્નાનસમાપનને પંથે.'
રેતાળ કાંઠાની એક બાજુએ ગામ.
ગલીમાં પ્રવેશ કર્યો ગુરુએ.
ત્યાં આંબલીની ઘેરી ઘટા,
એની ડાળીએ વાંદરાઓની ફૂદાફૂદ.
એ ગલી જાય છે ભાજન મોચીના ઘરે.
પશુનાં ચામડાંની દુર્ગન્ધ આવે છે દૂરથી,
આકાશમાં ચકાવા લેતું ગીધ ઊડે છે.
રોગી કૂતરું હાડકું ચાવે છે રસ્તાની બાજુએ,
શિષ્ય બોલી ઊઠયો: 'રામ, રામ.'
ભમ્મર ચઢાવીને એ ઊભો રહ્યો ગામની બહાર.
ભાજન લેટી પડ્યો ગુરુને પ્રણામ કરીને
સાવધાનતાપૂર્વક.
ગુરુએ એને છાતી સરસો ચાંપ્યો:
ભાજન ગભરાઈ ગયો:
'આ શું કર્યું, પ્રભો ?
અધમને ઘરે મલિનની ગ્લાનિ લાગી પુણ્યદેહે.'
રામાનન્દ બોલ્યા :
'હું સ્નાન કરવા ગયો તારી ગલીને ટાળીને
તેથી જ જે સૌને ધોઈને શુદ્ધ કરે,
તેની સાથે મનનો મેળ થયો નહીં.
આટલા લાંબા સમય પછી,
આજે તારા અને મારા દેહમાં થઈને
વહી નીકળી એ વિશ્વપાવનધારા.
ભગવાન સૂર્યને આજે પ્રણામ કરવા
જતાં પ્રણામ પાછા વળ્યા,
મેં કહ્યું: 'હે દેવ, તમારામાં
જે જ્યોતિ તે જ મારામાં,
તોય આજે દર્શન શાને નહીં થયાં?'
આજે હવે પામ્યો એમનાં દર્શન,
તારા લલાટે અને મારા લલાટે—
મન્દિરે હવે જવાનું રહ્યું નહીં.'

અનુ : અધ્યા. સુરેશ હ. જોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૉલેજના વિદ્યાર્થીઓને

*

શ્રી રવિશંકર મહારાજ

રાષ્ટ્રની ઇજ્જત એના યૌવનધન ઉપર મુખ્યત્વે અવલંબે છે. ચારેકોર આજે જ્યારે અંધકારમય વાતાવરણ દેખાય છે ત્યારે આશાની જ્યોત જેવા વિદ્યાર્થીઓના વિશાળ સમૂહને સાચે માર્ગે વાળવા પડશે, સાચી ફરજ તરફ એમને માર્ગદર્શન કરવું પડશે. નિસ્તેજ ને હતપ્રાણ બની રહેલાં ગામડાં આનંદથી પુનઃ પુલકિત થઈ ઊઠે એવા પ્રયત્ન માટે વિદ્યાર્થીઓએ ગ્રામજનોનો વધુ ને વધુ સંપર્ક સાધવો પડશે. મજૂરવર્ગ પાસે ધડ છે–પરિશ્રમ છે, ત્યારે ભણેલાઓ પાસે માથું છે–બુદ્ધિ છે. એ બંનેનો સમન્વય થાય તો જ ભારતની સૂરત બદલાય. રવિશંકર 'દાદા'એ આ વિષય પર ચેતનવંતી અમૃતવાણી અહીં રેલાવી છે.

આજે તો તમે વાંચો અને લખો તેમાંથી સાહિત્ય ભેગું કરવાનું રહ્યું છે, પણ જનતાનું પણ સાહિત્ય છે. એ તમને કૉલેજોમાં બેસીને નહીં સમજાય. સાહિત્ય તો ઢગલાબંધ પડ્યું છે. ક્યારેક મને એના પાઠ મળ્યા કરે છે. ઊંચા પ્રકારનું એ સાહિત્ય છે. એ સાહિત્ય ક્યાં કૉલેજોમાં જઈ ને લખાયું છે? રાધનપુરના રેતાળ પ્રદેશમાં બેસીને સ્ટીમરનો અભ્યાસ કેવી રીતે કરી શકાય? લોકો આજે સાહિત્ય પાછળ પડે છે તેને બદલે તમારી પાછળ સાહિત્ય પડવું જોઈએ. જમ્યા પછી આપણને ઓડકાર આવે છે. તે રીતનું એકઠું કર્યા કરવાથી શું વળશે? ચોપડીઓમાંથી એકઠું કરવાથી શો દા'ડો ઊઘડશે? આપણા નવજુવાનો શું એટલા જ માટે ફરશે? વાક્યરચનાની ભૂલો શોધવી, ઢગલાબંધ પુસ્તકોમાંથી મેળવીને લખવું એ શું સાહિત્ય છે?

૧૯૩૫ની સાલની વાત છે. ઉત્તર ગુજરાતમાં અનાજને માટે હું એક ઘાંચીને ઘેર ગયેલો. પૂછ્યું: 'તમે ઘાંચી છો?'

'હા.'

'તેલની દુકાન કરી છે, પણ ઘાણી કેમ ફેરવતા નથી?'

એણે કહ્યું: 'દસ–પંદર વર્ષ પહેલાં અહીં સોએક ઘાણીઓ હતી, હવે તો માત્ર પાંચ જ રહી છે. વળી ઘાણી એ તો પાપનો ધંધો છે. એમાં જીવડાં પિલાઈ જાય છે.'

'ધંધો–રોજગાર ચાલે છે?'

'ના.'

બરાબર અમદાવાદની મિલોના જેવી દશા એ ગામની થયેલી. વહેલામોડા પાંચ જણા યે પણ ધંધો છોડયો હશે. આપણા ગામડાના ધંધાઓ તૂટતા જાય. આ લોકોનું સાહિત્ય પ્રજા આગળ મૂકવું જોઈએ.

એક ગામ હું ગયેલો. ત્યાં ગાડી હતી એટલે એક મિત્રે મને પ્રેમપૂર્વક રા... સવારે બધા ભેગા થયા. એક વાત કહી:

'અમારે ત્યાં પહેલાં સો સાળો રૂની ચાલતી હતી. મુંબઈથી એક જણ મશીન લાવ્યો છે. પંદર જણ જેટલું કામ આપે છે.' અમે એ ભાઈને મળવા ગયા ત્યારે કહે: 'તમે ય લાવીને મૂકો!' વિચિત્ર જવાબ! પેલાને ન્યાતબહાર ... વામાં આવ્યો. તે દિવસોમાં ગાયકવાડી... એ ગુનો હતો. સજા થઈ. તેની અપીલ ... સમજાવટ કરવા માટે મને ખોળતા આ... ત્યારે એને મેં પૂછેલું:

'તમે આ મિલનાં ધોતિયાં લો છો, તે કેટલાનો ધંધો તૂટે છે તેનો કંઈક ... આવે છે?'

ઉત્સાહ ને અભિમાનમાં પહેલાં ... યેલાં એનાં વાક્યોની ત્યારે એને ખબર ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ગઈ છે. આજે ઉદ્યોગો તૂટવાની હદ આવી ગઈ છે. કામ કામને ધક્કો મારે છે. બહુ વખત પહેલાં ૧૯૧૫-૧૭માં એક સંન્યાસી આવ્યા. બોધ આપ્યો કે ચાર વાગે ઊઠવું જોઇએ. પણ શું કરવું તે કહેલું નહીં. હું તે પ્રમાણે ઊઠ્યો. પછી શું કરવું? લોટે જઈ આવી નાહી લીધા પછી શું કરવું? એટલે ગામમાં ફરીને ઘેર આવી પછી સૂઇ ગયો; કારણ કે કામ નહોતું. એવી જ રીતે ગામડાના લોકોને આજે કામ નથી. તેજ, શક્તિ, બળ બધું ચાલી ગયું છે. મુખ પર દીનતા દેખાય છે. તેઓ નિસ્તેજ અને ઉદ્યોગહીન થઈ ગયા છે. તેવે વખતે સાચા સાહિત્યકારો હોય તો શું લખે? હિંદુસ્તાનમાં તેજ શી રીતે લવાય? ગામડાના લોકોને કયો ધંધો આપું? ધંધો હોય તો પણ તે ધંધો કરનારની, તે ધંધાની આજે પ્રતિષ્ઠા નથી. આ ધંધો કરનારને કદાચ આવક પણ ઘણી ઓછી છે.

ગામડામાં હોટલો ઘણી સારી ચાલે છે. આખો દા'ડો એ હોટલોમાં લોકો ભરેલા અને ભરેલા જ રહેવાના. ચા ન આવી હોત તો ગામડામાં શું ખૂટી જવાનું હતું? બેઠા-બેઠા એ લોકો કહે છે: 'અલ્યા બે કોપ ભર, ત્રણ કોપ ભર, સ્પેસિયલ કોપ ભર.' ગામડાના ઉદ્યોગોને બદલે આજે આ 'બે કોપ ભર'ની સ્થિતિ આવી ગઈ છે. એક જ નાનકડા ગામમાં આજે ચાની પાંચ સાત દુકાનો કેમ થઈ ગઈ તેનું સાહિત્ય શોધો.

૧૯૨૯ ની સાલની વાત છે. ગરીબ ઠાકરડા માલિકીનું ગામ. ત્યાંની આવક વાર્ષિક ૧૦,૦૦૦ રૂપિયાની. ખાટલામાં ગંધાતી નાની ગોદડીઓ પર લોકો પડ્યા રહે. મારું સ્વાગત કરવા માટે વિદ્યાર્થીઓ જીંજરની ખાટલી લઈને મારી પાસે આવ્યા. કહે:

'મહારાજ! આ જંજરની ખાટલી લાયા છીએ. શરીર તો આમ એવું ઠંડું થઈ જાય!'

'હા થઈ જતું હશે.'

'તાવ આવે તો યે મટી જાય.'

'પણ, મને તાવ આવતો નથી.'

આ દલીલો ન ચાલી એટલે નવી શોધી કાઢી.

'અમે પીએ છીએ માટે તમે પીઓ!'

મારો મીજાજ ગયો. કહ્યું:

'તમારી આવી ખરાબ સ્થિતિ છે છતાં જીંજર પીધા કરવી છે?'

પણ મારું કહ્યું ન માન્યું. શીશી ફોડી, પછી ધીમે રહીને કહે:

'શીશીના પૈસા?'

'હું કંઈ બોલ્યો નહીં. મેં ઉલટાવીને કહ્યું: 'ઢોળી નાખો શીશી.' પણ તેમ પણ તેમણે ન કર્યું, એટલે બાટલી બીજાને આપીને કહ્યું: 'લે અલા, હવેથી લાવીશ નહીં. પી જજે.'

આ બધું આ લોકોને શીખવાડ્યું વેચનારે-દુકાનદારોએ. પોતાને ધંધો કરવો છે અને બુદ્ધિ છે એટલે એણે નવા ને નવા નુકસા કાઢ્યા કર્યા.

આ બનાવે રાત્રે મને ખૂબ વિચાર કરતો કરી મૂક્યો.

બીજે દિવસે સવારે મેં જોયું તો ભંગડીની છોકરી જીંજર લઈને જાય. મેં તપાસ કરી તો માલૂમ પડ્યું કે રોજ બાટલીઓના બે ખોખાં આવે છે. આ કોણ લાવ્યું? ભણેલાઓ. સાચા ધંધા તૂટી પડ્યા અને આ ધંધા વધ્યા. આ આવ્યું ક્યાંથી?

દુષ્કાળ વખતે નહેરો, તળાવો ખોદવા હજારો કોદાળી-પાવડા આવ્યા, પણ તેમાંની એક પણ કોદાળી કે પાવડો ગામડાનો બનાવેલો નહોતો. તેના હાથા પણ તૈયાર મળતા હતા. મુંબઈના વોરાને ત્યાંથી બધું આવ્યું હતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામડામાં મોચી છે. કોમનો જોડો જોડો સીવે છે. આ તો દુકાને ગયા ને પૈસા આપી આપણે તૈયાર જોડા ખરીદીએ પણ એ પહેરવા જતી વખતે ધંધો તૂટયો તેનું શું?

પ્રજાપતિનું નામ યથાર્થ જ છે. કુદરતની નદીઓનાં પાણી વહેતાં હશે. પણ એ પાણી ઘેર કઈ રીતે વાળવા? એટલા માટે જ કદાચ કુદરતે એને ઘડયો હશે. આજે એને ભૂખે મરવા વારો આવ્યો છે. એને બદલે આપણે ચીનાઈ માટી અને કાચનાં વાસણો વાપરતા થઈ ગયા છીએ—ન વટલાવાય કે ન અભડાવાય; કારણકે પરદેશથી આવે છે! આપણા ઘરમાંથી કોઠીઓ ને નાળો પણ જતી રહી. ભાર લઈ જવા-લાવવા માટે ગધેડાં પહેલાં હતાં તે પણ હવે તો મોટરોને લીધે ઊડી ગયાં!

સમાજ એટલે તો સરખા સ્વભાવવાળું, સરખી ગતે મળેલું ટોળું. એ સમાજમાં નોખાનોખા સહુ હોવા છતાં ખેડૂત, કઠિયારો, સુથાર, વેપારી, લુહાર, ખાવો, ઢેડ, ભંગી દરેક પોતપોતાનો ધંધો જુદો-જુદો કરે; છતાં એક બીજાના આધાર પર જીવે. એ રચનામાંથી એક ખસે કે ખાડો પડે. આજે એ ધંધાઓ છિન્નભિન્ન થઈ ગયા છે, ઘસાઈ ગયા છે. એને ભૂખ લાગે ત્યારે એ ભૂખે પડી રહે છે. ભૂખ્યો માનવી કયું કામ નથી કરતો? એની પાસે આપણાથી જવાય કેમ? રહેવાય કેમ? ભાષા અશુદ્ધ થઈ જાય!

એક મિત્રને ત્યાં જમવા ગયેલો. બીજી વખતે કંસાર મૂકવા આવ્યો ત્યારે મેં ના કહી એટલે કહે: 'આટલામાં શું ધૂળ ખાધી તમે?'

કોઈ વિદ્વાન આને અપમાન ગણી કાઢે, પણ એમાં તો નર્યો પ્રેમ નીતરતો હતો. એ ગંધાતી ગોદડી, નાના ખાટલામાં પગ ટુંકાવી ને હું સૂઈ રહું છું, ત્યારે એમનો કુટુંબી બની જાઉં છું. એ લોકો સાથે પાપછૂટી વાતો કરી શકું છું.

એક મિત્રનું કપાસિયાના તેલનું યંત્ર મેં જોયેલું. ૨૮ લાખ મણ કપાસિયા દર વર્ષે પિલાય. એની સંપૂર્ણ ક્રિયા મને બતાવી. પહેલાં તેલ કાળું નીકળતું હતું, પછી ગળાઈ-ગળાઈને શુદ્ધ થતું. યંત્ર અમેરિકાથી ખાસ બનાવડાવી મંગાવેલું. એ તો ખુશ થતો હતો. ત્યારે મેં કહ્યું: 'આટલા બધા કપાસિયાને લીધે તું ખુશ થતો હશે, પણ અમારે ત્યાં કપાસિયામાંથી ઘી નીકળે છે ઘી! એ ઘી મશિનથી નીકળતું નથી. ગાયને ને ભેંસને ખવડાવેલા કપાસિયાના દૂધનું દહીં થાય, દહીંનું માખણ થાય, માખણની છાસ ને પછી એનું ઘી બને છે!'

એ ભાઈ પોતાનું યંત્ર બતાવતા હતા ત્યારે મારો તો જીવ બળી ગયો. આ ભેંસો ને ગાય કેટલાને રોજી આપે! ત્યારે આ યંત્રથી શેરહોલ્ડરોને જરાક વધુ રોજી મળે પણ મોટાભાગના લોકોનો તો નાશ જ થઈ ગયો છે ને? આજનું ભણતર એને બચાવી શકશે?

આ આપણું સાહિત્ય! આપણો સમાજ ચેતે! જ્ઞાન એવું મેળવો કે હિંદુસ્તાનનાં લોકો કેમ જીવે છે, એમના રોજિંદા જીવનમાં સુધારો થઈ શકે એમ છે કે નહીં તેને માટે પ્રયત્ન કરો. ઝાડનાં પાન ખાઈને એ લોકો જીવે છે, પણ એ લોકો શું માણસ નથી? આજે લોકો બી. એ. અને એમ. એ. થાય છે છતાં તેમનામાં કોઈ જાતનું જ્ઞાન નથી.

ગામડાંમાં મેળા વખતે લોકો જોતાંજોતાં જાય છે, પણ બે માઈલ સુધી ગયા પછી કોઈ ભૂલો પડે તો તે ધીમેધીમે પાછો આવે છે. આગળ પહેલેથી જ સીધે રસ્તે ચડનાર થોડા જ વખતમાં નીકળી જાય છે, એ આપણે જોઈશું. શહેરો આજે જે માર્ગે જઈ રહ્યાં છે એ ભૂલેલો માર્ગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ચામડાં આપણે ત્યાંથી પરદેશ જાય છે. ત્યાંથી સારા જોડા થઈને આવે છે, એ કેટલા મોંઘા પડી જાય છે? આ ઉદ્યોગો આપણે શીખવા પડશે. ભણેલાઓએ બ્રાહ્મણ થવું પડશે. દોરડું ભાંગવાનો ઉદ્યોગ લો. નેતરાં માટે આજે વોરાને ત્યાં જવું પડે છે. અરેરે, છેક નજીવા ધંધા માટે પણ આપણે બીજા ઉપર આધાર રાખવો પડે છે! હું જેલમાં ગયો ત્યારે દોરડા વણવાનો સંચો ત્યાં હતો. એમાં કાણાં હતાં અને ગોળગોળ ફેરવવાનો હતો. જેલમાંથી શીખેલી આવી સહેલી ક્રિયા પણ કોઈ ગામડામાં લાવતું નથી. ખેડૂત કહે છે: 'ખડ્યું જીવન!' એનામાં આ નિરાશા શા માટે હોવી જોઈએ? રેંટિયા તોડીને મિલો થઈ, ઘેટાંઓના ઉદ્યોગો તૂટી ચામડાના કારખાનાં થયાં છતાં ઉદ્યોગપતિઓ 'ઉદ્યોગ ભાંગે છે' એમ કહે છે ત્યારે દુઃખ થાય છે. હાથના ઉદ્યોગો તોડીને તેઓ ઉદ્યોગપતિ થયા છે. ધંધા તૂટ્યા છે ને પેદા કરવાનું છે નહીં. ગામડામાં ક્યાંકક્યાંક તેજ પડેલું છે તેને લીધે જ કદાચ હિંદ ફરીથી બેઠું થઈ શકશે. શ્રમજીવીઓના જીવનનું સાહિત્ય શોધજો. એ રડતું નહીં હોય, માંદલું નહીં હોય, તેજસ્વી હશે. છે કોઈ ગુજરાતમાં એવું પ્રસિદ્ધ કરનાર? હિંદમાં છે એવા સાહિત્યકારો?

વિદ્યાર્થીઓ ચેતો, અમે જન્મ્યા તો ગુલામ દેશમાં અને ખબર નહોતી એટલે 'અંગ્રેજ અમર તપો' એમ કહેતા. પણ તમે તો સ્વતંત્ર રહેવાના છો. હિંદને જિવાડજો. ગઈ કાલનો નાનો છોકરો ય 'ક્વીટ ઇંડિયા' કહેતો થઈ ગયો છે. આજે તો હિંદના તમે રાહુ અને કેતુ છો. એકની પાસે ધડ છે, પરિશ્રમ છે; બીજા પાસે માથું છે, મગજ છે. બંને આજે જુદાજુદા છે. એ બંનેને એક કરવાના છે.

ભણેલા લોકોને જોઈને મને જબ્બર નિરાશા થાય છે. જ્યારે શક્તિનો સુંદર ઉપયોગ કરવાનો છે ત્યારે બધું વેચીસાટીને નકામું બનાવી દેવાય છે. સાચા જ્ઞાનને બદલે ભાષાનું ઉપલકિયું જ્ઞાન મેળવાય છે. લોકો દાક્તર ને વકીલનું ભણે છે. શાથી? ધન ઉસેડી લેવા. સમજ પડતી નથી કે સમાજ કયે માર્ગે જઈ રહ્યો છે.

બાળકની કેળવણી ગર્ભાધાનથી શરૂ થાય છે. ત્યાંથી તે અંત્યેષ્ટી સંસ્કાર સુધી એની કેળવણી જારી રહે છે. આ આખા યે સમય દરમિયાન બુનિયાદી તાલીમ મળવી જોઈએ.

હું ૪૦–૫૦ માઈલ થાક્યા વિના ચાલી શકું છું. પણ ચાલવાની કળા તો જેલમાં ગયા પછી ૬૦ વર્ષે શીખ્યો. ચાલતી વખતે પગલાં સીધાં પડવાં જોઈએ. જેલમાં ચાલવાની ક્રિયા મેં ચાલુ રાખેલી તે વખતે અમુક એક ચોક્કસ સ્થળેથી બીજે જતાં ૮૯ પગલાં થતાં હતાં. કળા શીખ્યા પછી તે પાંચ ઓછાં થયાં. કેમ બોલાય, કેમ વર્તાય, કેમ ઉઠાય, કેમ બેસાય, કેમ ખવાય એ બધાની સમજપૂર્વકની તાલીમ આપણને અપાતી નથી. એમાં સ્વચ્છતા ને પ્રામાણિકતા આવવાં જોઈએ તેનું આપણને જ્ઞાન નથી. સદાચાર, નીતિ, વ્યવહાર, અક્ષરજ્ઞાન એ સાચી કેળવણી છે.

અમદાવાદમાં કોઈ અશુદ્ધ ભાષા બોલે તો કહેવાય છે 'ભાષાનો શિરચ્છેદ ન કરો' ને પછી સામો માણસ માથું ધરીને કહે છે: 'મારો કરવો હોય તો કરો, ભાષાનો નહીં.' સહુએ આ શબ્દબ્રહ્મની ઉપાસના કરવી પડશે. એ શબ્દોને ગાળમાં ન વાપરશો, કોઈને છેતરવા માટે એનો ઉપયોગ ન કરશો. તમારા ભણતરનો શો ઉપયોગ છે તે વિચારજો. તમે રાષ્ટ્રને કેટલા ખપ આવશો? જો નહીં આવો તો જન્મવું અને મરવું બરાબર છે.

★

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી સાથેનો અગ્ર સદ્ધ વાર્તાલાપ

ઈશ્વર, સત્ય અને ધર્મ

*

શ્રી ચંદ્રશંકર પ્રા. શુકલ

આપણા જમાનામાં દુનિયાના પ્રસિદ્ધ મહા- પુરુષોમાંથી કદાચ ગાંધીજીએ જ ઈશ્વર, સત્ય અને ધર્મ પર વધારેમાં વધારે વિચારો કર્યા છે. જિજ્ઞાસુએ લખેલા પત્રના ઉત્તરમાં શું, આશ્રમ- વાસીઓને 'મંગળ પ્રભાતે' અપાતા સંદેશામાં શું, પ્રાર્થનામાં શું, નાનકડા વાર્તાલાપો કે મંડળોમાં શું—આ વિશેની પોતાની માન્યતા વધુ ને સ્પષ્ટ કરવા એ સદા તત્પર રહ્યા છે; જાણે એ વિશે કહેતાં એ ધરાતા જ નથી. અહીં નોંધાયેલા વાર્તાલાપોમાં ગાંધીજીએ સ્પષ્ટ શબ્દોમાં પોતાની માન્યતાનું પુનઃ સમર્થન કર્યું છે.

[૧]

[તા. ૬-૧૧-૧૯૩૩. સ્થળ : વર્ધા. ડૉ. કૉંજર જોડે ત્રીજો વાર્તાલાપ.]

કૉંજર : હું પાછો આવ્યો, કેમકે મારાથી રહેવાયું નહીં; હું બીજું કંઈ કરી જ શકયો નહીં. હવે ઈશ્વર અને સત્ય વિષે મને કંઈક વધારે કહો.

ગાંધીજી : સત્ય એ પરમેશ્વર છે એથી ઈતર કંઈ નહીં, એથી ઓછું પણ જરા યે નહીં.

કૉંજર : આપ સત્યની વ્યાખ્યા શી આપો છો ?

ગાંધીજી : એટલે કે ઈશ્વરની શી વ્યાખ્યા આપું છું, એમ ? અંગ્રેજીમાં જે 'ટ્રુથ' શબ્દ છે તેને વધારેમાં વધારે મળતો આવે એવો સંસ્કૃત શબ્દ છેઃ 'સત્.' સત્ એટલે હસ્તી ધરાવનાર. ઈશ્વર એકલો સત્ છે. તે એકલો જ છે; બીજું કશું ને બીજું કોઈ છે જ નહીં. એના સિવાયનું બધું ભ્રાન્તિરૂપ છે. સત્ય એટલે સત્. જગતમાં સત્ય એકલું જ હસ્તી ધરાવે છે; બીજું કશું હસ્તી ધરાવતું નથી. આ વસ્તુ સમજવી સહેલી છે. હવે સવાલ એ ઊઠે છે, કે સત્ય કોને કહેવાય ? આપણે માટે એ સાપેક્ષ શબ્દ છે. નિરપેક્ષ સત્ય તે ઈશ્વર. આપણે ઈશ્વરને વિષે જે કંઈ ખ્યાલ ધરાવીએ છીએ તે 'સત્ય'માં સમાયેલો છે. પણ આપણે માટે સાપેક્ષ સત્ય એ સુરક્ષિ[ત] સ્થળ છે. આપણને જે વેળાએ જે સત્ય દેખા[ય] તેને આપણે વળગી રહેવું જોઈએ.

કૉંજર : આપ એને વાસ્તવિક[તા] (રિયાલિટી) કહો ખરા ?

ગાંધીજી : હું એને માટે 'વાસ્તવિકતા' (રિયાલિટી) શબ્દ પણ ન વાપરું. ચો[ર] માટે ચોરી એ એની વાસ્તવિકતા છે; કેમ[કે] તે કહે છે, કે 'ચોરી કરવી ખોટી છે એ[મ] હું માનતો નથી.' એ ભલે વાસ્તવિક[તા] (રિયાલિટી) હોય, પણ એ સત્ય (ટ્રુથ) નથી. મને જે સત્ય ભાસે તેને મારે અ[નુ]- સરવું રહ્યું; કેમકે હું એના વિના જી[વી] શકું એમ નથી. તમને જે સત્ય ભાસે તમારે માટે સત્ય હોય, પણ બીજાને મા[ટે] ન હોય.

કૉંજર : સત્ય જુદાજુદા માણસો પ્રત્યે જુદું જુદું છે ?

ગાંધીજી : તર્કદૃષ્ટિએ તો નથી. સત્ય જગતમાં સર્વત્ર વ્યાપી રહેલું છે; તેથી માણસો ધીરેધીરે એકસરખી રીતે વિચાર કરતા થશે. અનાવશ્યક વસ્તુઓમાં આપણે ભિન્ન મતો ધરાવીએ છીએ; આવશ્યક, ધરમૂળ[ની] વસ્તુઓ પરત્વે આપણો એકમત છે. [અ]ને આ[પણે] જુદાજુદા પ્રવાહ ચાલતા હોય ને જુદીજુદી રીતે વિચાર કરતા હોઈએ, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સમય એવો આવશે જ્યારે સહુ એકસરખી રીતે વિચાર કરતા થશે.

કોંજર : શ્રદ્ધા જરૂરની કે આચરણ જરૂરનું ?

ગાંધીજી : માણસમાં શ્રદ્ધા કે આચરણ એમાંથી એક હોય એ જરૂરનું છે; તે શ્રદ્ધાથી શરૂઆત કરે ને એને અંતે સાક્ષાત્કાર થવા પામે, એ બનવાજોગ છે. પ્રયોગ કેવી રીતે ચલાવવો એની ખબર એને ન હોય ત્યારે તે શ્રદ્ધાથી શરૂઆત કરે છે, પણ એને માટે તેના પહેલાં થઈ ગયેલા માણસોનો અગાઉનો અનુભવ જોઈએ. તે વગર શ્રદ્ધા રાખવાનું બની શકે નહીં.

કોંજર : સત્યનું બીજું કંઈ લક્ષણ છે ખરું ?

ગાંધીજી : સત્ય એકલું આપણને ટકાવી રાખે છે. થોડા વખત સુધી તો કદાચ બીજી ઘણી વસ્તુઓ આપણને ટકાવી રાખે, પણ સત્ય એકલું જ આપણને સદાકાળ ટકાવી શકે છે.

કોંજર : એ ઉપરાંત કંઈ ?

ગાંધીજી : સત્ય નિત્ય નિરંતર આનંદ આપે છે. સંસ્કૃતમાં શબ્દો છે સત્, ચિત્, આનંદ. એ સરસ ત્રિપુટી છે. એ ત્રણ મળીને એક સમાસ થાય છે: 'સચ્ચિદાનંદ.' સત્ય તે જ્ઞાન પણ છે. તે ચૈતન્ય છે. તમારામાં જ્યારે સત્ય હોય ત્યારે તમને અંતરમાં ચેતન લાગે છે. વળી સત્ય આનંદ પણ આપે છે. એ શાશ્વત વસ્તુ છે ને તે કોઈ તમારી પાસેથી હરી શકતું નથી. તમને ભલે ફાંસીએ ચઢાવવામાં આવે કે ભલે રિબાવવામાં આવે; પણ જો તમારામાં સત્ય હશે તો તમે અંતરનો આનંદ અનુભવશો.

કોંજર : આપ ઈશ્વરને સગુણ ને સાકાર માનો છો ?

ગાંધીજી : નથી માનતો. આપણે પોતે જે અર્થમાં સગુણ ને સાકાર છીએ તે અર્થમાં હું ઈશ્વરને સગુણ ને સાકાર નથી માનતો. હું ઈશ્વરને સર્વવ્યાપી નિયમ માનું છું, પણ ઈશ્વરનું સંપૂર્ણ વર્ણન આપી શકાતું જ નથી. આપણે મનુષ્યો ઈશ્વરનું વર્ણન આપણી પોતાની ભાષામાં કરીએ છીએ. ઈશ્વર નિત્ય છે તેમ જ નિયમકર્તા પણ છે. એ બે એક છે. બૌદ્ધ દર્શનમાં ઈશ્વરને નિયમ અથવા 'ધર્મ' કહેવામાં આવ્યો છે. ઘણા કહે છે, કે બૌદ્ધદર્શન નિરીશ્વરવાદી છે. મેં પોતે એવું કદી માન્યું નથી.

કોંજર : વિજ્ઞાન (અં. સાયન્સ) પણ નિયમને માને છે, ખરું કે નહીં ?

ગાંધીજી : વિજ્ઞાન (અં. સાયન્સ) ઘણીવાર ખોટે રસ્તે જાય છે. તે આ વિશ્વનિયમને ચૈતન્ય નથી માનતું, પણ જડ–અચેતન શક્તિ માને છે. હું આ નિયમને જડ–અચેતન શકિત માનતો નથી. માણસ જ્યારે 'અંતરનાદ'ની વાત કરે છે, ત્યારે વૈજ્ઞાનિક કહે છે, કે તે 'સ્વસૂચન' (અં. ઓટો–સજેશન) છે. એ 'સ્વસૂચન' (અં. ઓટો–સજેશન) તો ખસૂસ છે; કેમકે ઈશ્વર અંતરમાં બેઠેલો છે. પણ વૈજ્ઞાનિક જ્યારે અંતરનાદને 'સ્વસૂચન' (અં. ઓટો–સજેશન) કહે છે, ત્યારે તેને એ વસ્તુ તિરસ્કારને પાત્ર ને દબાવી દેવા જેવી લાગે છે, પણ હું એને વિષે 'સ્વસૂચન' (અં. ઓટો–સજેશન) શબ્દ વાપરું છું તે મારા પોતાના અર્થમાં. આપણે જ્યારે ઉપરથી ઊતરીને વ્યાવહારિક અવસ્થા પર આવીએ છીએ, ત્યારે આપણે દ્વૈતવાળા જગતમાં ઊતરીએ છીએ. વસ્તુત: ઈશ્વરમાં દ્વૈત નથી. પણ આપણે ઊતરીને વ્યાવહારિક અવસ્થા પર આવીએ કે તરત આપણને બે શક્તિઓ મળે છે–એને ખ્રિસ્તી ધર્મે 'ગૉડ' અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શેતાન' એવાં નામ આપ્યાં છે. હિંદુ ધર્મ, જરથોસ્તી ધર્મ અને ઇસ્લામમાં એ બેને માટે બીજા શબ્દો વપરાય છે. વૈજ્ઞાનિક જયારે અંતરનાદને સ્વસૂચન (અં. ઓટો-સજેશન) કહે છે ત્યારે તે એમ કહેવા માગે છે કે એ શેતાનનો અવાજ છે; સંભવ છે, કે એ શેતાનનો અવાજ હોય. કેટલાક પ્રસંગો એવા આવે છે જયારે શેતાનનો અવાજ ઈશ્વરના અવાજ તરીકે બોલે છે. ઈશ્વરનો અવાજ દરેક માણસના હૃદયમાં નથી સંભળાતો. એ માણસના જન્મસિદ્ધ હક્કની વાત નથી. ઈશ્વરનો અવાજ સાંભળવો હોય તો તમારે તે માટેની તાલીમ લેવી જોઈએ. એને માટે કેટલાક નિયમો ઠરાવેલા છે; એનું પાલન તમે કરો, તો એનું પરિણામ અચૂક આવે.

કોંજર : આપ બુરાઈની શી વ્યાખ્યા આપો ?

ગાંધીજી : બુરાઈ એ અસ્થાને પડેલી ભલાઈ અથવા સચ્ચાઈ છે. બુરાઈને સ્વતંત્ર હસ્તી બિલકુલ નથી; તે કેવળ અસ્થાને મુકાયેલી ભલાઈ અથવા સચ્ચાઈ જ છે.

મિસ મેરી બાર : બુરાઈને પણ ઈશ્વરે બનાવી છે ?

ગાંધીજી : ઈશ્વરની રજા વિના તો કોઈ પણ વસ્તુ હસ્તી ધરાવી શકે જ નહીં. ઈશ્વર ઘણી વસ્તુઓને ઊંધી વાળીને મૂકે છે; તેને આપણે છતી કરવી પડે છે. આપણે એ ક્રિયાને સવળી ફેરવી નાખવી જોઈએ. ઈશ્વરે આપણને અંતરાત્મા આપ્યો છે, તેણે આપણને સત્કર્મ કરવાની શકિત આપી છે. હું તમારી ચીજ તમારી રજાથી લઉં, તો તે સત્કર્મ છે. એ હું તમારી રજા વિના લઉં, તો તે ચોરી થઈ; એટલે મારે એ ચીજ તેની મૂળ જગાએ પાછી મૂકી દેવી જોઈએ.

[૨]

[તા. ૧૮-૨-૧૯૩૪ સ્થળ : તિરૂપત્તુર (તામિલનાડ). આ ગામમાં આવેલા ખ્રિસ્તકુલ આશ્રમે ગાંધીજીએ આપેલી મુલાકાત દરમ્યાન ત્યાંના ખ્રિસ્તી નિવાસીઓ જોડે નીચેનો વાર્તાલાપ થયો હતો.]

સવાલ : આપે કહ્યું છે તેમ ગીતા જો અહિંસાનો ઉપદેશ આપતી હોય, તો કૃષ્ણે અર્જુનને યુદ્ધ કરીને માણસોની હત્યા કરવાનું કેમ કહ્યું ?

જવાબ : અર્જુને લડવાની ના પાડેલી તે કંઈ અહિંસાની ખાતર નહીં. તે હત્યા કરવા નહોતો માગતો તે એટલા માટે કે કૌરવો એના સ્વજનો હતા. ત્યારે કૃષ્ણે કહ્યું : 'તું એમને હણવા તો માગે છે. બધો વખત એમને મનથી તો હણી જ રહ્યો છે. હવે તારાથી યુદ્ધમાંથી નીકળી ન શકાય.' ગીતાકારે રજૂ કરેલી દલીલ સચોટ હતી ને તેનો રદિયો આપી શકાય એમ નહોતો. એ દલીલ અર્જુનને અહિંસા તરફ દોરી ગઈ. સત્યને જાણવા મથનાર માણસ તરીકે મારે કહેવું જોઈએ, કે ગીતાના પહેલા અધ્યાયે મને કદી મૂંઝવણમાં નાખ્યો નથી. મારે માટે એ ગ્રંથ લાભદાયક નીવડ્યો. મને સન્માર્ગે દોરી ગયો.

સવાલ : સર્વ ધર્મોને સાચા માનવાની વાત આપનું મન શી રીતે કબૂલ કરી શકે ?

જવાબ : એ વસ્તુ વરસો થયાં મારો ધરમૂળનો સિદ્ધાંત બની ગઈ છે. એના મૂળમાં વિચાર એ રહેલો છે કે આપણે દુનિયાના કાજી બનવા નથી માગતા. જગતમાં ધર્મો તો ચાલ્યા આવે છે ને હજુ ચાલુ રહેશે. ઈશ્વર સર્વશક્તિમાન છે. તે અનેક આકારો ને મુખમુદ્રાઓ ધારણ કરીને દેખાય છે. આપણે જો શોધ કરવા બેસીએ, તો જેટલા માણસ છે તેટલા ધર્મો આપણને જોવા મળે. સેંકડો માણસો પરમ સત્યને જાણવાનો પ્ર...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયાસ કરી રહ્યા છે. તેઓ એ સત્યનું વર્ણન પોતપોતાની ઢબે કરશે. કોઈ બે માણસ તેને એકસરખા શબ્દોથી વર્ણવશે નહીં. આ આશ્રમમાં જ કોઈ બે માણસ એ સત્યને એકસરખા શબ્દોમાં રજૂ કરશે નહીં. હું એ સત્યને જે શબ્દોમાં રજૂ કરું છું તે શબ્દોમાં બીજા માણસો એને રજૂ નહીં કરે. હું જાણું છું કે સર્વશક્તિમાન ઈશ્વર આપણા દરેકના અંતરમાં વસે છે; છતાં આપણે અપૂર્ણ વાહન છીએ. આપણે સહુ જુદાજુદા છીએ. કોઈ પણ બે શરીર સંપૂર્ણપણે એકસરખાં નથી. ઝાડનાં કોઈ પણ બે પાંદડાં સંપૂર્ણપણે એકસરખાં નથી હોતાં; તેમની વચ્ચે કંઈક ને કંઈક ભેદ અચૂક હોવાનો જ. દરેક માણસ પોતાની મતિ પ્રમાણે ઈશ્વરની ઉપાસના કરે છે. તમારો કાજી થનાર અને 'તમારા કરતાં હું સારી રીતે પ્રાર્થના કરું છું' એમ કહેનાર, હું કોણ? હું મુસ્લિમો, પારસીઓ, ખ્રિસ્તી અને યહૂદીઓનો કાજી નથી બનતો. હું સત્યનો શોધક હોઉં તો એટલી વસ્તુ મારે માટે સાવ પૂરતી છે. મને એમ કહેવાનો કશો અધિકાર નથી, કે મેં ઈશ્વરને આ રીતે જોયો એટલા માટે આખા જગતે એને એ જ રીતે જોવો જોઈએ. સર્વ ધર્મો સાચા ને સમાન છે. પણ એમ કહેવાનો અર્થ એવો નથી કે એ સહુ ધાર્મિક દૃષ્ટિએ સરખા સાચા છે અથવા તો સંપૂર્ણપણે સાચા છે. મારો ધર્મ જેમ મારે માટે સાચો છે, તેમ બીજા માણસનો ધર્મ એને માટે સાચો છે. મારાથી એના ધર્મના કાજી ન બની શકાય. આ મારી ધરમૂળની વિચારસરણી છે.

સવાલ: આપના જીવનમાં ઈસુએ શો ભાગ ભજવ્યો છે?

જવાબ: ઈસુએ મારા જીવનમાં મોટો ભાગ ભજવ્યો છે. મારી અજાણમાં કેટલો ભાગ ભજવ્યો એ હું કહી શકું એમ નથી; મારી જાણમાં કેટલો ભજવ્યો તે હું ખસૂસ જાણું છું. મેં ઈસુનું ગિરિપ્રવચન વાંચવા માંડ્યું ત્યાં મને એની ખૂબી દેખાઈ; જો કે હું એમ નથી કહી શકતો કે એ પ્રકારના વિચારો ત્યાં અજોડ છે ને એવા વિચારો બીજા ધર્મમાં નથી. પણ એની રજૂઆત અજોડ છે ખરી; ને એવી રજૂઆત બીજા કોઈ ધર્મમાં જોવા મળતી નથી. દક્ષિણ આફ્રિકામાં મિત્રોના કહેવાથી, મારે ઘણા ખ્રિસ્તી ગ્રંથો વાંચવા પડેલા. ખ્રિસ્તી ધર્મની ખૂબીઓ મેં જોઈ. મારા કેટલા યે (અંગ્રેજી) શબ્દો બાઈબલમાંથી લીધેલા હોય છે. મારી (અંગ્રેજી) વાતચીતમાં હું બાઈબલનો ઉલ્લેખ ટાળી શકતો નથી. એનો ઉલ્લેખ કર્યા વિના મારાથી (અંગ્રેજીમાં) વાત કરી જ નહીં શકાય.

સવાલ: ઈસુનું વ્યક્તિત્વ આપના જીવન પર કેવી રીતે અસર કરે છે?

જવાબ: કોઈ ખાસ અર્થમાં અસર નથી કરતું. ઈસુને હું ઈશ્વરના એકમાત્ર પુત્ર ગણતો નથી. 'પુત્ર' શબ્દનો અક્ષરાર્થ લઈએ તો એ કલ્પના મને અળખામણી લાગે છે. અર્થમાં (એટલે કે માણસ જે રીતે પુત્રને જન્મ આપે છે એ શારીરિક રીતે) ઈશ્વર કોઈ પુત્રને જન્મ આપતો નથી; અથવા તે જો જરા યે જન્મ આપતો જ હોય, તો તે કંઈ એક જ પુત્રને જન્મ આપતો નથી. આધ્યાત્મિક અર્થમાં તમે ઈશ્વરને 'જન્મદાતા' કહી શકો છો, પણ એ અર્થમાં તો આપણે બધા ઈશ્વરના પુત્રો છીએ; જો આપણે એ દાવો કરવો હોય તો. ઈસુ માનવજાતિએ જોયેલા અનેક પેગંબરોમાંના એક હતા. તેઓ અનેકમાંના એક જગદ્ગુરુ છે. હું એમને બીજા જગદ્ગુરુઓથી નિરાળું કે બીજાઓથી ઊંચું સ્થાન આપતો નથી. ઈસુ ઈશ્વરના ખાસ માનીતા હતા એમ હું માનતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિત્વ એ જીવંત સત્ય (કે વાસ્તવિકતા) છે, તે આ અર્થમાં. પણ જો ઈસુ આ અર્થમાં જીવતા હોય, તો એ અર્થમાં જગતના બીજા મહાન આત્માઓ પણ જીવતા છે. તેમનો પ્રભાવ આપણા પર પડે છે; કેમકે તેઓ હજુ જીવે છે. આમ બીજાઓથી ભિન્ન એવા કોઈ જુદા અર્થમાં ઈસુ 'જીવતા' છે એમ ન કહી શકાય.

સવાલ : આપ સામાન્ય રીતે જ્યારે કૃષ્ણની વાત કરો છો ત્યારે ઐતિહાસિક કૃષ્ણની વાત કરો છો?

જવાબ : હું ઐતિહાસિક કૃષ્ણની વાત નથી કરતો. હું કૃષ્ણને ઐતિહાસિક વ્યક્તિરૂપે નહીં, પણ સંપૂર્ણતાની મૂર્તિરૂપે ઓળખું છું. આ કલ્પનાએ હિંદુ ધર્મમાં ક્રાંતિ કરાવી છે. એનો પ્રભાવ કેવી રીતે કામ કરે છે એ હું કહી નથી શકતો, ને કોઈ એ સમજાવી શકે એમ નથી. હિંદુ ધર્મની અંતર્ગત ભાવનાએ પૂર્ણતાની મૂર્તિરૂપ કૃષ્ણની કલ્પના ખીલવેલી છે. હિંદુ ધર્મ હજુ વિકાસ પામી રહ્યો છે. વસ્તુતાએ બધા ધર્મો વિકાસ પામી રહ્યા છે. જો જરથોસ્તી ધર્મ નહીં તો હિંદુ ધર્મ જગતના સર્વ જીવતા ધર્મોમાં જૂનામાં જૂનો છે. એ સર્વ ધર્મો વિકાસની ક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે. ઈશ્વરના અવતારરૂપ કૃષ્ણે લાખો માણસોનો જીવનપલટો કરાવ્યો છે; એ દેખીતી–ઐતિહાસિક હકીકત છે. જીવનપલટો આજે પણ ચાલી રહ્યો છે. ... જ પ્રમાણે, તમે ઐતિહાસિક ઈસુને ઓળ... નથી. ઐતિહાસિક ઈસુ તો ઇતિહાસ... પાનાંમાં વસે છે. એને વિષે ગિબને ... ફેરારે પોતપોતાની જુદીજુદી તવારીખો આ... છે. એમાંથી કઈ તવારીખ મારે સાચી માન... ખ્રિસ્તીઓનાં જીવન પર ખરેખરું રા... ચલાવનાર તે ઐતિહાસિક ઈસુ નથી; ... રાજ્ય ચલાવનાર તો ખ્રિસ્તીઓની પોત... કલ્પનાના ઈસુ છે. મારા જીવન પર મ... કલ્પનાનો ઈશ્વર રાજ્ય ચલાવે છે, તમ... કલ્પનાનો ઈશ્વર નહીં. હજારો માણસ ... કલ્પનાના કૃષ્ણને નહીં પણ તેમની પોત... કલ્પનાના કૃષ્ણને માને છે. એક સમય ... આવે છે, જ્યારે આ આખી વસ્તુ બુદ્ધિ... પર બની જાય છે. કૃષ્ણે હજારો માણસે... જીવનનું પરિવર્તન કર્યું છે અને આ ... વર્તનનાં ઘણાં દૃષ્ટાંતો આપી શકાય એ... એ જ વાત માનવજાતિના બીજા ગુરુ... વિષે પણ સાચી છે.

સવાલ : અમને આપની વહેવારુ શિ...મણ શી છે?

જવાબ : મેં તમને જે વાતો કહી તે... એ શિખામણ તમે વણી લો.

★

બહારથી પોતાની નવલકથાની અધૂરી રહેલી વાતને લિફ્ટની અંદર આગળ ચલાવતાં લે... પોતાના મિત્રને કહ્યું:

'એટલે પછી મેં ચપ્પુ લીધો. અને એને મારી નાખી. હા, હું એટલું કહી દઉં કે પોલી... ખબર ન પડે એટલા માટે રૂમાલથી મારા હાથપગનાં આંગળાની બધીયે નિશાનીઓ મેં ભૂંસી નાખી...

એટલામાં ત્રીજે માળે લિફ્ટ ઊભી રહી. અને આ બંને બહાર નીકળી ગયા. આવી પરિસ્થિતિ... શું કરવું જોઈએ તેની કલ્પના લિફ્ટના એક બીજા માનવહિતમતવાદી માણસને આવી ગઈ. ... ઉપર જઈ, બીજા બે એક માણસનો સાથ લઈ લેખકને અને તેના મિત્રને એ લોકોએ પોલીસને ... કરી દીધા. અંતે સાચી વાત બહાર આવી ત્યારે માનવહિતમતવાદીના મોઢાનો તો ... થયો હશે તે; પણ લેખકે તો જાહેરમાં પોતાના લખાણની ચર્ચા નહિ કરવાના ત્યારથી સોગંદ લી...

✿

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફુરસદના ઉદ્યોગો

*

શ્રી રવિશંકર મ. રાવળ

ફુરસદની પળનો માણસ કેવી રીતે ઉપયોગ કરે છે તેના પરથી તેની સંસ્કારિતાનું માપ નીકળવું જોઈએ. સામાન્ય રીતે ખોટા આરામ, ફુરસદ ને સુખચેનમાં આપણે કેટલો બધો વખત નકામો બગાડીએ છીએ ! એ સમયમાં કોઈ ઉત્પાદક કાર્ય કર્યું હોય તો ? રજાના દિવસોમાં પતંગો ને તેની સાથે સંકળાયેલી વસ્તુઓ તૈયાર થાય, ફેંકી દેવાયેલા કાગળના ટુકડાઓમાંથી વાસણો બની શકે, ને માટીનાં કે કાગળનાં રમકડાં બનાવી શકાય; ઘરની વ્યવસ્થા ઉપરાંત સીવણ, ભરત, ગૂંથણ, કાગળોનાં તોરણો, ટેબલક્લોથ, ચાકળા બનાવવાનું, ડોલડબ્બા રંગવાનું કાર્ય : વાસણ, બિસ્તરા, ટ્રંક ને છત્રી પર નામ લખવાનું કે ચોપડીઓ બાંધવાનું કે પુસ્તકો તથા કાર્ડ વેચવાનું કાર્ય થઈ શકે. માનવી મનથી નિશ્ચય કરે તો કયું કાર્ય ન કરી શકે ? રાષ્ટ્રના આર્થિક તંત્રમાં એથી કેટલો મોટો ફાયદો થાય ? મધ્યમવર્ગના દરેક ભાઈબહેને આ લેખ વાંચી એનો અમલ કરવો જોઈએ.

જીવનનિર્વાહ મેળવવા દરેક જણને ઉદ્યોગ કરવો પડે છે એટલે એવાને માટે ફુરસદ, આરામ અથવા રાહતનો સમય મળે તે વખતે તે મનને કે તનને થાક લાગે એવું કામ કરવા અશક્ત અથવા નારાજ હોય છે. પણ કેટલાંક માણસોની જીવનપરિસ્થિતિ એવી હોય છે કે તેમને ભાગે થોડુંક જ કામ આવે છે અથવા થોડુંક જ કામ મળે છે અને તેમની પાસે સમયની ઘણી બચત રહે છે. એવાઓએ સમય નકામો જવા દે છે અને મન તથા શરીરને આળસથી બગાડે છે, એટલું જ નહીં પણ તે સમયનો મળતો લાભ પણ ગુમાવે છે. એમાં પણ બે જાતનાં માણસો છે. એક તો એઓ કે જેમની સ્થિતિ એવી ઠીક હોય કે પોતે થોડું કામ કરે અને પોતાના જીવનનિર્વાહમાં વાંધો ન આવે અને સુખચેનમાં બાકીનો વખત ગુજારે. બીજો વર્ગ એવો છે કે જેને જીવનનિર્વાહ પૂરતું કામ મળ્યું ન હોય અને વધેલા વખતમાં શું કરવું તે સૂઝે નહીં તેમ જ નિર્વાહ પૂરો કરવા ફાંફાં મારવાં પડે. આ બંને પ્રકારના માનવીઓ જો પોતપોતાથી બનતાં અને ગમતાં કામો મેળવી શકે તો દેશના અર્થતંત્રમાં મોટો ફાળો આપી શકે એટલું જ નહીં પણ પોતાની અને પોતાના કુટુંબની વધુ સારી સેવા કરી શકે અને તેથી સમાજનું વાતાવરણ વધુ સુખી અને તંદુરસ્ત બની શકે.

પૂજ્ય ગાંધીજીએ તેમના વર્ષોના અખતરા અને અનુભવથી જગતને બતાવી આપ્યું છે, કે જેમને વખત બચે છે અને કંઈક કમાવા શક્તિવાન છે તેમણે યજ્ઞરૂપે તે વખતમાં કંઈક ઉદ્યોગ કરવો જોઈએ અને તેથી સમાજના નીચા થરના લોકો તેમને આળસુ, એદીઅમીરો ન ગણતાં સમાજઉપકારક વડીલો તરીકે પિછાનશે અને પોતપોતાના ધંધાથી સંતુષ્ટ રહી શકશે; એટલું જ નહીં પણ કામ કરવાથી કે ઉદ્યમ કરવાથી જ માણસની સાચી પ્રતિષ્ઠા અને કિંમત ગણાશે. આવા હેતુથી તેમણે કોંગ્રેસ દ્વારા કાંતવાની ક્રિયાને પ્રત્યેક દેશસેવાની લાયકાતમાં અગત્યની ઠરાવી. બીજી તરફ દેશમાં હજારો લોકોનાં વસ્ત્રોનો સવાલ હતો, તેમાં પણ 'ફુરસદે 'કાંતતા રહો ' ના સૂત્રથી ઘણા ગરીબ માણસો પોતાનાં વસ્ત્રો પૂરતું સૂતરનું ઉત્પન્ન કરી શક્યા. અને ગામડાંઓમાં કે જ્યાં ખેતીની મોસમ પછી ઘણા માણસો બગાસાં ખાતાં જીવન ગુજારતાં અને બીજું વિશેષ ઉત્પાદન કરી શકતાં નહોતાં. તેમની આવક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઉત્પાદનશક્તિ વધી.

એ પછી રાષ્ટ્રીય રાજતંત્ર સ્થપાતાં પૂજ્ય ગાંધીજીએ ઉદ્યમને કેળવણીમાં પાયાનું તત્ત્વ ઠરાવ્યું અને હવે તો શાળાઓ માર-ફત પ્રત્યેક બાળકે કંઈ ને કંઈ કામ કરી જાણવાનું ફરજિયાત બન્યું છે.

છતાં ખરી વાત એ છે કે આપણા દેશમાં હજારો કે લાખો માણસોને ધંધો, પાણી કે સગવડ મળ્યા પછી મળેલા સમયમાં ગપ્પાં મારતાં કે ખાલી હાથ જોડી બેઠેલાં જોઈએ છીએ. નિશાળના વિદ્યાર્થીઓ કે ઑફિસ-કચેરીનાં માણસો, જેમને રજાના દિવસોમાં કંઈ કામ સૂઝતું નથી, તેઓને એવી જ ટેવ પડી હોય છે કે વધારે પડતું ઊંઘવું કે રમતોના ખેલમાં વખત પૂરો કરવો. યોગ્ય વખતે સવારસાંજ મેદાની રમતો કે આંગણાનો આનંદ આપતી સોગઠાં, શેતરંજ કે પાનાંની રમતોમાં થોડો વખત આપવો એ કાંઈ ખોટું નથી; પણ દિવસ કે રાતના કલાકો તેની પાછળ વાપરી નાખનારા એ સમયમાં જે ક્રિયાઓથી જ્ઞાન કે થોડું ઉપાર્જન કરી શકાય તેની તક ગુમાવે છે. એવાઓ ધારે તો ઘણાં કામોમાંથી એકાદ હાથ કરી લે અને મળેલી નવરાશ તેમાં ખિલવણી કરી લાભ કે પેદાશ પણ મેળવી શકે.

જેમનામાં ભણતરથી મળેલી બુદ્ધિ કે યંત્રજ્ઞાનનો અભાવ છે તેવા માણસો પણ ધારે તો ઘર આગળ ઘણાં કામો પર હાથ અજમાવી શકે છે. મિલોમાં કામ કરતા કેટલાક માણસો મળેલી રજા કે સમયમાં કાગળના પતંગો બનાવે છે, તેની ફીરકીઓ તેમ જ દોરાને માંજો પાવાનાં કામો કરે છે અને ઉત-રાણ આવતાં સુધીમાં કેટલો ય માલ તૈયાર કરી નાખે છે. મજૂર વર્ગના કેટલાક લોકો શહેરમાંથી ઑફિસની ટોપલીમાં ફાડી નાખેલા, બહાર ફેંકી દેવાના ટુકડા એકઠા કરી લાવી, તેને પલાળી, મસળી-ખાંડી માવો કરી મજાનાં વાસણો બનાવે છે, તેને રંગીને વેચે છે અને થોડા પૈસા ઉપજાવે છે. આવાં કામોમાં ઘરનાં માણસો પણ તેમને મદદ કરે છે.

ઘરનાં બધાં માણસો થોડીથોડી મદદ કરી શકે એવા ઉદ્યોગોમાં ઢીંગલીઓ બનાવવી, માટીનાં કે કાગળનાં રમકડાં બનાવવાં વગેરે ગણી શકાય. ઘણે ઠેકાણે નવરાં પડતાં સ્ત્રીઓ કે પુરુષો જૂના ગુણપાટના કોથળામાંથી તાણા કાઢીને, તેને રંગીને ચોકઠાં પર સુંદર ગાલીચા બનાવે છે. એ કામ ઘણું ધીરું હોય છે, પણ નાખી દેવાના વખતમાં થયેલું હોવાથી તે પોસાય છે.

આ બધા કાર્યોમાં થોડી બુદ્ધિ અને થોડી મહેનતનું કામ પડે છે. શિક્ષણ કે તાલીમ થોડા વખતમાં મેળવી શકાય છે. આપણે ત્યાં સ્ત્રીઓને ઘર-કામકાજ માટે ઘણી ફુરસદ રહેતી નથી, છતાં ઘણી ઉદ્યમી સ્ત્રીઓ વાતો કરતાં કે આરામ લેતાં ઘર માટે સુંદર ભરતકામ, ઊનનું ગૂંથણકામ અને રૂમાલો વગેરે કરે છે. આ કામથી ઘરના શણગાર વધારી શોભા અને આનંદમાં વધારો કરી શકાય અને કોઈ વધારે કામ કરી શકે તો વેચીને ખર્ચમાં ટેકો પણ મેળવી શકે. આવાં કામોમાં પ્રવીણતા મેળવતાં વાર લાગતી નથી, પણ નવીનતા લાવવાને ખાસ કળા, દૃષ્ટિ અને સમજણની જરૂર છે. જે બહેનો ચિત્રકળા શીખી હોય તે આ કામમાં નવી ભાત લાવી શકે છે અને ઘણા કલાપૂર્ણ નમૂના પ્રદર્શન યોગ્ય બનાવી શકે છે.

સીવણનો સંચો જેઓ વસાવી શકે તેઓ ફુરસદને વખતે તેના વડે ઘરનું સીલાઈકામ ઉકેલી બચાવ કરી શકે છે. સંચા રાખનારા માટે ચાલુ રોજી ઊભી કરવા જાપાનના ઉદ્યોગ-સંચાલકોએ એક સરસ પ્રથા ઊભી કરી છે, તેનો પ્રયોગ આપણા દેશમાં થઈ શકે. મિલોમાં કાપડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાકા તૈયાર થયા પછી યાંત્રિક કાતરોની મદદથી તેમાંથી દરેક માપના પોશાક જેવા કે પહેરણો, પાટલુનો, ઝભ્ભાઓ અને બીજી અનેક ચીજો માપસર જથ્થાબંધના હિસાબે કપાઈ જાય છે અને તે કાપેલાં કપડાં ગરીબ સ્ત્રીઓ ઘેર લઈ જાય છે. પછી તે પર પડેલા આંક પ્રમાણે જ સંચા પર ઘરમાં રાતદિવસ વખત મળે ત્યારે કપડાં સીવી નાખે છે અને ફરી મોટા વેપારીને આપી આવે છે. તેઓ તેનો સેંકડોના હિસાબે દર ચૂકવે છે અને પછી ઈસ્ત્રી લગાવી દુકાનો માટે સંખ્યાબંધનાં પેકેટો બનાવી વેચી નાખે છે. આ કપડાં સસ્તાં મળતાં હોવાથી ગરીબજનતા તેનો ઘણો લાભ ઉઠાવે છે. ઉદ્યોગપતિઓ ધારે તો ગરીબવર્ગ માટે આવા વિભાગીકરણથી ઘણા ઉદ્યોગ ચાલુ કરી શકે. ઘર, કુટુંબ અને પરિવારથી વિખૂટા પડ્યા વિના માણસો નિરાંતે ઘણું કામ આપી શકે છે અને દેશના આર્થિક તંત્રમાં ઘણો બચાવ અને લાભ થાય છે. રોજના ઉપયોગી ઉદ્યોગો ઉપરાંત શોખ અને આનંદ આપનારા ઉદ્યોગો પણ ઘણા છે. કાગળોનાં ફૂલ, તોરણો, ચાકળા, ટેબલક્લોથ વગેરેમાં સાદા ભણતર વાળી સ્ત્રીઓ ઘણું કરી શકે. કેળવણી પામેલી સ્ત્રીઓ શહેરોમાં ટાઈપ રાઇટર શીખીને ઘરમાં ઘણું કામ મેળવી શકે છે. કલાશાળામાં શીખેલી સ્ત્રીઓ કાપડની ડીઝાઈનો પણ કરે છે.

વિદ્યાર્થીઓ, યુવાનો અને પુરુષો માટે ફુરસદના ઉદ્યોગોનો પાર નથી. જેમને સમયની ખૂબ જ કિંમત છે તેઓ તો થોડી મિનિટો પણ કામની બનાવી શકે છે. ઘણા માણસો ઓફિસ, દુકાન કે શાળામાં બચતા વખતમાં ખાસ ધંધા શીખવાની તાલીમ લે છે. આજે દેશને મોટી જરૂર હોય તો રીપેરકામ અથવા મરામતની કળા શીખનારાઓની છે. ખરીદેલી ચીજોને સાચવી-સુધારી લાંબો વખત કામ આવે એવી રાખવી કે બનાવવી એ દરેક વસ્તુના માલિકની ફરજ છે અને તે માટે દરેક જણે થોડાં ઓજારો વાપરી જાણવાં, કે થોડું સિલાઈકામ કરવું કે થોડું રાસાયણિક કામ જાણવું અથવા યંત્રોનો ઉપયોગ અને માવજત સમજવાની ખૂબ જ જરૂર છે.

પોતાના ઘરને સાફસૂફ રાખવું, દરેક વસ્તુ કે સામાન કામ વખતે બરોબર સુસજ્જ રાખવો, કોઈ ચીજનો બગાડ થવા ન દેવો; વસ્ત્રો, ચોપડીઓ, ખોરાક, વસાણાં કે ઘરના ખૂણામાં જીવજંતુ પેસી ખરાબી ન કરે તેની ચીવટ અને જ્ઞાન ધરાવવાં એ ઘરમાં રહેતા માણસો માટે મુખ્ય ઉદ્યોગ છે. એ તરફ બેપરવાઈ રાખીને કોઈ ઘરમાં સંગીત અને ચિત્રકળા અથવા શોભા અને વસ્ત્રોની સજાવટ પાછળ ધ્યાન આપતું હોય તો તે મૂર્ખમાં ખપે છે.

આ બાબતમાં સફળતા મેળવવા, ગમે તેવી નોકરી કે વેપારધંધામાંથી વખત લઈને માણસે ઘરમાં જાગૃત અને ઉદ્યોગી બનવું જોઈએ. ચાંપો, તાળાંઓ, છત્રીઓ, મજાગરા વગેરેને તેલ કે પીંછીથી સાફ રાખવાં. ડોલ-ડબા અને લાકડાના સામાનને રંગરોગાનથી કાટ ખાતાં કે કાટ ચડતાં બચાવવાં એ ઉદ્યોગી માણસનું કર્તવ્ય છે. કેટલાક ઉદ્યોગ કમાણી આપે છે તો કેટલાક ઉદ્યોગથી કરકસર અને બચત કરી શકાય છે. વસ્તુ બગડી જાય કે ફેંકી દેવી પડે ત્યાંસુધી સંભાળ ન લેનારને નુકસાન ખમવું પડે છે. તે માટે વખત આપી સમારકામ કે સુધારો કરનાર એટલી કમાણી કર્યાનો લાભ પામે છે. રંગ-રોગાન અને પાલીસનાં કામોમાં પ્રવીણતા મેળવવી અઘરી નથી. કારીગરોના છોકરાઓ ફુરસદે તેવા જ રંગના ડબા લઈ બજારમાં અને શેરીઓમાં નીકળી પડે તો ઘણા લોકોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાની નાની ચીજો, ડબાઓ અને સામાન બજાર સુધી લઈ ગયા વિના ઘર આગળ રંગાવી નાખવાનું સહેલું અને સસ્તું પડે; તે સાથે નાના કારીગરોને રોજી પણ ઠીક મળી જાય છે. ગરીબ વિદ્યાર્થીઓ રજાના દિવસોમાં મોટા બુકસેલરો પાસેથી લોકોને ગમી જાય તેવાં પુસ્તકો વગેરે કે કાર્ડ લઈ નીકળી પડે તો સારી એવી માસિક આવક કરી શકે. ઘણા આ રીતે પોતાનો ભણવાનો ખર્ચ કાઢી શકે છે એવો અનુભવ છે.

પાકા રંગથી અક્ષરો લખવાની કળા બહુ અઘરી નથી. કોઈ પણ ધારે તો તે થોડા વખતમાં નમૂનાઓ પરથી શીખી શકે. રંગ અને પીંછી લઈ તેઓ જો નીકળી પડે તો ઘણાને મુસાફરીની ટ્રંકો ને બિસ્તરા પર અને છત્રીઓ ઉપર કે ઘરનાં વાસણો પર નામો લખાવવાની જરૂર હોય છે, તેઓ તેમને એ સગવડતા પ્રમાણે કામ અને રોજી આપી શકે.

ચોપડીઓ બાંધવાનો ઉદ્યોગ શીખી લેવો બહુ અઘરો નથી. ગરીબ વિદ્યાર્થીઓ બાઈન્ડરની દુકાને છૂટક કામ કરી શકે. ઉપરાંત મોટી લાઈબ્રેરીઓ કે ગૃહસ્થો કે જેઓ પોતાનાં પુસ્તકો બહાર મોકલવા નારાજ હોય ત્યાં તેમના સ્થાન પર તેમનાં પુસ્તકોનું સમારકામ કરી આપવા નીકળે તો જરૂર સારી ઘરાકી મળી રહે અને તે પણ કોઈ જાતના મૂડીના રોકાણ વગર. વીજળીનાં કેટલાંક મૂળ સાધનો શોધનાર ફેરાડે રાત્રે એક બાઈન્ડરની દુકાનમાં કામ કરતો હતો અને તેની પાસે બંધાવા આવતી ચોપડીઓ તે ફુરસદે વાંચી લેતો. ચિવટપૂર્વકના તેના આ અભ્યાસથી તે એક મોટો સંશોધક બની શક્યો. ભરવાડો અને રબારીઓ ઢોર ચારતાં ઊન કાંતે છે અને તેમાંથી વણાવેલા ધાબળાઓની સુંદર કિનારો બાંધે છે. તેમના પરથી ઉપરના વર્ગના ધંધાદારી અને ભણેલા માણસોએ ધડો લેવો જોઈએ કે માણસ હાથપગ નવરા પડે તે એક જાતનો નનો શાપ છે. વધારે પૈસા કે આવ જરૂર ન હોય તોપણ મન અને ક્રિ વિકાસ અને જાગૃતિ માટે તેને કોઈને કો કામમાં રોકી રાખવું જોઈએ એ માણ માટે અતિશય ઉપયોગી બાબત છે.

શહેનશાહ ઔરંગઝેબ પોતાની ફુર સુંદર ટોપીઓ બનાવતો અને કહેતો કે પ્રા ણિક ઉદ્યમ કર્યા વિના ખાધેલી રોટી હ છે. સુખ અને સગવડ પામેલા માણસો અને સંશોધનનાં કાર્યો પાછળ વખત આ જગતના અને માનવજાતના કલ્યાણ ઘણો કિંમતી ફાળો આપી શકે છે. ફુરસ પળોનો કેવીકેવી રીતે લાભ ઉઠાવવો દરેક જણ પોતાને મળતી સગવડ, અને સાધનો પ્રમાણે નક્કી કરી શકે. જગત ને વીજળીની રોશની અને ફોનોગ્રા શોધી આપનાર 'જાદુગર' એડીસન ચા ટ્રેને ખોખાં ગોઠવી, છાપી સમાચારોનું ચો નિયું ગાડી પહોંચતાં શહેરમાં વેચી નાખ આજે ઘણા ધગશવાળા દેશનેતાઓ સભ ચર્ચા વેળા કાંતણ ચાલુ રાખી પોતાનાં જેટલું સૂતર ઉત્પાદન કરી લે છે. મુંબ એક સ્થપતિ લોકલ ટ્રેનમાં સાંજ-સવા પ્રવાસ દરમિયાન નાનું પાટિયું કાઢી આલેખનો કરી નાખે છે.

વૃદ્ધાવસ્થાએ પહોંચેલા ગૃહસ્થો ઉપયોગી બાબતો ધીમા ઉદ્યોગથી સિદ્ધ શકે છે. વિજ્ઞાનના પ્રયોગો, સ્ટૅમ્પો કે સિ ઓના સંગ્રહ કે અજબ ચીજોના પાછળ નિયમિત ધ્યાન આપી કામ કર જગતને કંઈ ને કંઈ રીતે સમૃદ્ધ શકે છે.

ફુરસદનો ઉપયોગ કરવા જો ઇચ્છા હોય તો ઉદ્યોગો મેળવવામાં મુશ્કેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પષ્ટવક્તા સુખી ભવેત્?

*

શ્રી જ્યોતીંદ્ર દવે

સમાજમાં, સમય પલટાતો જાય છે તેમતેમ, મૂલ્યપરિવર્તનો થતાં રહ્યાં છે. કળા, સાહિત્ય, ધર્મ, જીવન–દરેક પ્રત્યે જોવાની જનતાની દૃષ્ટિમાં ફેરફાર થયા કરે છે. આથી ક્યારેક તો ડહાપણના સનાતન ભંડાર સમી મનાતી કેટલી યે કહેવતો તદ્દન નવા જ સ્વાંગમાં, મૂળ કરતાં સાવ ઉલટાં પરિણામવાળી આજે જણાય છે. એમાંની એક તે રૂઢિપરંપરાગત ચાલી આવેલી સંસ્કૃત ઉક્તિ स्पष्टवक्ता सुखी भवेत्। આ સલાહ પ્રમાણે ચાલનાર આજે જીવનમાં કેવા પછડાટ અનુભવે છે તેનું દૃષ્ટાંતો સહિતનું બયાન અહીં મળે છે.

જમાને-જમાને મૂલ્યો બદલાય છે. પેઢીએ પેઢીએ ફેરફાર થતા રહે છે; દાયકે દાયકે પ્રણાલિકાઓ બદલાય છે. સાહિત્ય, કલા, વિજ્ઞાન, વ્યવહાર, નીતિ આદિ દરેક વિષયમાં પૂર્વ કાળમાં જે સત્ય-રૂપ માનવામાં આવતું તે આધુનિક જમાનામાં મિથ્યા તરીકે લાગે છે. કહેવતો પણ આમાં અપવાદરૂપ નથી. અનેક મનુષ્યોના જ્ઞાનનો અર્ક કહેવતમાં સમાવવામાં આવ્યો હોય છે. બહુ જ ટુંકાણમાં ઘણું કહેવાની કલા એમાં રહેલી હોય છે અને એ બધા ઉપરાંત, જેને માટે કોઈ પુરાવાની જરૂર નથી એવા સ્વયંસિદ્ધ સત્ય તરીકે, પ્રમાણભૂત વચન તરીકે એની પ્રતિષ્ઠા લોકોમાં થઈ ગઈ હોય છે. આપણા બાપદાદાના જમાનાથી ચાલી આવતી આ કહેવત ખોટી છે, અથવા એમના જમાનામાં ભલે એ સાચી હશે, આપણા જમાના માટે તો એ ખોટી જ છે એમ કોઈ કહેવા નીકળે ત્યારે ઘણાને નવાઈ લાગે છે. પણ મને લાગે છે કે જેમ બધી બાબતોમાં સુધારણા થઈ રહી છે તેમ આપણી કહેવતોમાં પણ કરવાનો વખત આવી પહોંચ્યો છે.

પહેલાં જે વસ્તુનું બહુ ઊંચું મૂલ્ય આંકવામાં આવતું હતું તેનું આજે કંઈ પણ મૂલ્ય રહ્યું નથી. પ્રાચીનકાળમાં જેનું મૂલ્ય નહીં જેવું ગણવામાં આવતું હતું તેનું આજે બહુ ભારે મૂલ્ય આંકવામાં આવે છે. સ્ત્રી એ તો પગના જૂતા બરાબર છે, એમ જૂના જમાનાના લોકો કહેતા; એમના અભિપ્રાય મુજબ પગના જોડાની ને સ્ત્રીની–બંનેની કિંમત નજીવી જ છે. પણ આજે? આજે એ બંનેની કિંમત કેટલી વધી ગઈ છે તે દરેક જોડા પહેરનાર ને અબળાની ઓથે સજોડે રહેવા માગનાર જાણે છે. આમ વસ્તુઓના મૂલ્યાંકનમાં ફેરફાર થઈ જવાથી, તેમ જ પ્રાચીન પ્રણાલિકાઓ બદલાઈ જવાથી આપણી જૂના જમાનાની કહેવતો પણ ખોટી પડવા લાગી છે.

નથી. ફુરસદના ઉદ્યોગોમાં રસ લેતા માણસો પોતાનું એક મંડળ કરી શકે અને બીજા લોકોને પોતાના નમૂના બતાવી તેમનામાં એવી રીતે વખતનો ઉપયોગ કરવાની પ્રેરણા આપી શકે. ફુરસદના ઉદ્યોગો કરનારા પોતાનાં કામોનું વખતોવખત પ્રદર્શન પણ ભરી શકે અને એ રીતે ઘણા ઉદ્યોગોના પ્રયોગો અને પરિણામો જનતા આગળ મૂકી દેશમાં ઉદ્યોગ અને પરિશ્રમનું માહાત્મ્ય જગાડી શકે.

સંસ્કૃત વાક્ય સાચું જ ભાખે છે કે–

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी ।

'ઉદ્યોગી માણસ લક્ષ્મી પામે છે.'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દીકરી ને ગાય દોરે ત્યાં જાય.' એ એક પ્રાચીન કહેવત છે. પણ આજે રસ્તામાં યથેચ્છ રીતે સ્વૈરવિહાર કરતી ને આપણને એકાએક માર્ગ બદલવાની ફરજ પાડતી ગાયો તેમ જ માબાપને જરા ય ખબર ન પડે એ રીતે લગ્ન કરી આવીને પછી પતિ સાથે આશીર્વાદ માગતી કન્યાઓના દાખલા જોઈને એ કહેવતમાં હવે સત્ય જેવું કંઈ પણ રહ્યું નથી એમ નથી લાગતું? આ કહેવત હવે કાઢી નાખવાની થઈ છે અથવા એને રાખવી જ હોય તો એને બદલે 'દીકરી ને ગાય ફાવે ત્યાં જાય' એમ કહેવું જોઈએ.

'દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે.' એવી બીજી કહેવત જૂના સમયથી ચાલી આવે છે. અસલ જ્યારે **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** (આપણો પોતાનો ધર્મ અને ધંધો પણ કલ્યાણકારી છે, પારકો ધર્મ કે ધંધો હમેશ જોખમકારક છે) એમ બહુ ચીવટ-પૂર્વક મનાતું; ત્યારે કદાચ દરજીનો દીકરો આખી જિંદગી સુધી સીવવાનો ધંધો કર્યા કરતો હશે. પણ આજે તો દરજીનો દીકરો દરજી જ નથી રહેતો: એ ઘાંચી, મોચી, હજામ, માસ્તર, પ્રોફેસર, અમલદાર, ધારાસભા ને મ્યુનિસિપાલિટીનો સભ્ય–ફાવે તે બની શકે છે. દરજી સીવવા સિવાયના બીજા બધા ધંધા કરે છે.

હું શાળામાં ભણતો હતો ત્યારે અમારા શિક્ષક 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે ઘમઘમ'ની કહેવતનો વારંવાર ઉચ્ચાર કરતા ને એને અમલમાં મૂકવા પણ હમેશાં તત્પર રહેતા. આજે શિક્ષણશાસ્ત્રના જાણકારો કહે છે કે વિદ્યાર્થીઓને શારીરિક શિક્ષા કરવી એ કોઈ રીતે યોગ્ય નથી. શિક્ષક વિદ્યાર્થીને શિક્ષા કરે એ કોઈ રીતે ચલાવી લેવાય નહીં. કદાચ વિદ્યાર્થી શિક્ષકને શિક્ષા કરે તો પરવડે પણ શિક્ષક વિદ્યાર્થીને પ્રહાર કરે એ બિલકુલ ચાલી શકે નહીં. સો[ટી] વાગવાથી વિદ્યાર્થીના શરીરને અસર [થાય] છે પણ તેથી તેના મગજમાં એ[ટલી] વિદ્યાનો સંચાર થઈ જતો નથી. આજે [એ] કહેવત નકામી બની ગઇ છે. એને બ[દલી] કહેવું હોય તો એમ કહી શકાય કે 'સો[ટી] વાગે ચમચમ ને વિદ્યા આવે કમમાં [કમ]' સોટી વાગવાથી વિદ્યા ઓછામાં ઓછી આ[વે].

'બૂધે જારબાજરી, બૂધે નાર પાંસ[રી]' એવી પણ એક જૂની કહેવત છે. આ કહે[વત] આજના જમાનામાં ચાલી શકે [નહીં]. ખાવા માટે પણ જે સહેલાઈથી મે[ળવી] શકાતી નથી તે જાર કે બાજરી બૂધા [ખાય] એમ સસ્તી નથી પડી. અને નાર [સાથે] સાથે બૂધાનો ઉચ્ચાર પણ કેમ થઈ શ[કે?] એ કહેવત ફેરવીને એમ કહીએ તો [કદાચ] ચાલે કે 'દૂધે જારબાજરી, દૂધે નાર પાંસ[રી]' એટલે કે જારબાજરી જોડે દૂધ હોય તો ખાવાથી તબિયત ઠીક રહે અને સ્ત્રીને [સારી] રાખવી હોય તો એને ભરપટ્ટે ઘીદૂધ આ[પવું] અર્થાત્ એની બધી માગણી પૂરી પાડવી, પાણી માગે ત્યાં દૂધ આપવું.

આમ જે અનેક લોકોક્તિઓ અ[ને] કહેવતોમાં ફેરફાર કરવાનો સમય આ[વ્યો] છે તેમાંની એક ઉક્તિ તે છે: **स्पष्टवक्ता [सुखी] भवेत्**–સ્પષ્ટ રીતે બોલનારા સુખી થાય.

પ્રાચીનકાળમાં પોતાને જે કહેવું [હોય] તે સ્પષ્ટ રીતે કહી નાખનારા સુખી [થતા] હતા કે નહીં તે જાણવાનું કોઈ સાધન [નથી] છતાં આ લોકોક્તિને સાચી માનીને [એમ] ધારી લઈએ કે તે જમાનામાં સુખનો આ[ધાર] સ્પષ્ટવક્તૃત્વ પર રહેતો હતો–જો કે આટલા એક વાક્ય પરથી એમ માની [લેવું] એ તર્કશાસ્ત્રની દૃષ્ટિએ યોગ્ય નથી, [પણ] તર્કશાસ્ત્ર ઘડીભર બાજુએ મૂકીને એમ [માની] લઈએ કે એ જમાનામાં માણસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવાનો આધાર એ કેટલું સ્પષ્ટ બોલે છે તેના પર રહેતો હતો, તોપણ આપણા યુગ માટે આ સાચું છે એમ ભાગ્યે જ કહી શકાય.

'આપણે તો તડ ને ફડ કહી નાખીએ. એક ઘા ને બે કકડા. ઝાઝી લપ્પન છપ્પન નહીં. એ ગોળગોળ બોલવાનું તમને સોંપ્યું. અમે તો જે હોય તે કહી દેનારા.' આમ પોતાના સ્પષ્ટવકર્તૃત્વનો ગર્વપૂર્વક ઉલ્લેખ કરનારા મારા એક મિત્ર પરણ્યા પછી થોડા વખત પર મને મળ્યા ત્યારે હિમ પડ્યા પછી ઝાડની જેવી સ્થિતિ થઈ જાય છે તેવો એમનો દેખાવ લાગવાથી મેં પૂછ્યું:

'કેમ આમ કેમ થઈ ગયા છો ? ભાભી જમાડતાં નથી કે શું ?'

'અરે! જવા દોની વાત. પરણીને હું હેરાનહેરાન થઈ ગયો.' એમણે જવાબ દીધો.

'પણ થયું છે શું ?' મેં પૂછ્યું.

એમણે લંબાણથી ખુલાસો કર્યો તે પરથી મને જણાઈ આવ્યું કે એમના સ્પષ્ટવકર્તૃત્વને લીધે એમના દામ્પત્યજીવનની નૌકા ભર-દરિયે ડૂબી જાય એવો સંભવ ઉપસ્થિત થયો હતો. પરણ્યા પહેલાં એ જેનાં ખૂબ વખાણ કરતા હતા, જેનામાં એને એકે ખામી કે નબળાઈ જણાતી નહોતી તે જ કન્યામાં પરણ્યા પછી એમને અનેક નબળાઈઓ દેખાવા માંડી. મોટેભાગે બધા જ પરણેલા માણસોને—સ્ત્રી અને પુરુષ બંનેને આવો અનુભવ થાય છે. પણ ઘણા-ખરા મનુષ્યો આ બાબતમાં શાણા હોવાથી-એ વાત મનમાં રાખે છે. આ ભાઈ સ્પષ્ટવક્તા હોવાને લીધે એમણે તો પોતાને જે લાગે તે કહી નાખવા માંડ્યું. કોડભરી પત્નીએ રસોઈ કરી પતિદેવને પ્રસન્ન કરી નાખવાના ઈરાદાથી પૂછ્યું: 'કેમ મારી રસોઈ કેવી લાગી ?'

'સાચું કહું ?' પતિએ સામો પ્રશ્ન પૂછયો.

'હાસ્તો વળી. જે તમને લાગ્યું હોય તે કહો.'.

'કોઈ રસોઈયાએ આવી રસોઈ રાંધી હોત તો એને રજા આપત.' એમણે કહ્યું.

'એટલે ? શું મારી રસોઈ એટલી બધી ખરાબ છે ?' એમનાં પત્નીએ નિરાશ થઈને પૂછ્યું.

'હા, ખરાબ છે. ઘણી ખરાબ પણ કહી શકાય.' એમણે જવાબ દીધો. 'પણ એમાં નિરાશ થઈ જવાની જરૂર નથી. ટેવ પડશે એટલે એની મેળે આવડશે.'

એમના આ આશ્વાસન-વચનની એમની પત્નીના મન પર કંઈ અસર થઈ નહીં. પતિ પ્રત્યે એને કંઈક રોષ ચડ્યો. એક દિવસ લાડમાં ને લાડમાં એણે પૂછ્યું:

'હું પિયર જાઉં છું, ત્યારે તમને સાંભરું છું કે નહીં ?'

'હા, કોઈક વાર સાંભરે પણ ખરી.' એમણે જવાબ દીધો.

'દિવસમાં કેટલી વાર ?' પત્નીએ પૂછ્યું.

'એ કંઈ કહેવાય નહીં. કોઈક દિવસ બિલકુલ યાદ નહોતી આવતી. તો કોઈક વાર દહાડામાં બેત્રણ વાર પણ યાદ આવતી.' એમણે જવાબ દીધો.

'મારા વગર તમને ગમતું 'તું ખરું ?' પત્નીએ ફરી સવાલ કર્યો.

'હા, પહેલાં જરાક એકલું લાગ્યું. પણ પછી કામકાજ ને દોસ્તોને મળવા-મૂકવામાં વખત ક્યાં જતો તે પણ જણાતું નહીં.' એમણે જવાબ દીધો. અને માત્ર એમના સ્પષ્ટવકર્તૃત્વને પરિણામે પતિ-પત્ની વચ્ચે અંતર વધવા લાગ્યું.

કોલેજમાં મારી સાથે ભણતા મારા એક મિત્રના પુત્રના મનમાં 'કલાપીનો કેકારવ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચેક વાર વાંચી ગયા પછી કવિ થવાના કોડ જાગ્યા. આપણા કાવ્યસાહિત્યને સમૃદ્ધ કરી નાખવા ખાતર કેડ કસીને એમણે પ્રવૃત્તિ આદરી. દશેક મોટી નોટો ભરીને એમણે કાવ્યો લખી કાઢ્યાં. પોતાના પિતાની ચિઠ્ઠી લઈ એ મારી પાસે આવ્યા. ચિઠ્ઠીમાં એમણે મને પોતાના પુત્રનાં કાવ્યો વાંચી જઈ યોગ્ય સલાહસૂચના આપવા જણાવ્યું હતું. ઉપરઉપરથી થોડાંક કાવ્યો જોઈ જઈ મેં એમને કહ્યું: 'મને જે સાચું લાગે છે તે કહું ? તમારે મારી પાસેથી સ્પષ્ટ માર્ગદર્શન જોઈએ છે ?'

એણે જવાબ દીધો: 'તમને જે યોગ્ય લાગે તે સ્પષ્ટ રીતે કહો. મને ખોટું નહીં લાગે.'

'તમે કવિતા લખવાનો યત્ન છોડી દો. કંઈ નહીં તો થોડાં વર્ષ માટે તો માત્ર વાચન કરવાનું જ રાખો. પછી અભ્યાસથી કદાચ કંઈક લખી શકાય તો ના નહીં. પણ તમે જે આ લખ્યું છે તેને તો જોડકણાં પણ ન કહી શકાય.' મેં કહ્યું.

'એટલે મારે કવિતા ન લખવી એમ તમે કહેવા માગો છો ?' એણે નિરાશવદને પૂછ્યું.

'હા, એમાં તમારું ને કવિતાનું બંનેનું ભલું છે.' મેં જવાબ દીધો.

'પણ 'કેકારવ' મેં પાંચ વાર વાંચ્યો છે.' એણે કહ્યું.

'સારું કર્યું. હજી રસ પડતો હોય તો છઠ્ઠી વાર વાંચો, સાતમી વાર વાંચો, દસ-પંદર-પચીસ વાર વાંચો. તમે કાવતા વાંચો તેનો વાંધો નથી, લખો તેનો છે.' મેં કહ્યું.

આ પછી એમણે મારી વિદાય લીધી પણ મારી શિખામણની કંઈ અસર એમના પર થઈ હોય એમ લાગતું નથી. એઓ હજી કવિતા લખ્યે જાય છે. અસર માત્ર એટલી થઈ છે કે એમના પિતાને મારા પર [ખો]ટું લાગ્યું છે. મારે એના પુત્રની કવિતા [જો]વી પડે, કદાચ સુધારવી પડે માટે મેં [એ]ને કવિતા લખવાનું જ બંધ કરવાનું કહ્યું-[એવ]ી સ્વાર્થબુદ્ધિથી એમ એમને લાગ્યું છે.

ઘણા જૂના વખતના મહેતાજીને શેઠાણીએ પોતાની બહેનનું નાનું બાળક બતાવીને પૂછ્યું: 'મણિલાલ, આ છોકરો કેવો લાગે છે ?'

'નર્યો વાંદરાના બચ્ચા જેવો.' મણિલાલે જવાબ દીધો ને બીજા દિવસથી એની નોકરી ગઈ.

આવા તો અનેક દાખલા આપી શકાય. આ દુનિયામાં માણસ–માણસ વચ્ચે કડવાશ, કલહ ને કંકાસ થવાના જે અનેક બનાવ બને છે, તેમાં મુખ્યત્વે બે કારણો હોય છે: એક ગેરસમજ ને બીજું સ્પષ્ટવકતૃત્વ. મને તો કોઈકવાર એમ પણ લાગે છે કે 'સ્પષ્ટ-વક્તા સુખી ભવેત્' એ સૂત્રનો પ્રચા-રક કદાચ માનવજાતનો શત્રુ હશે, લોકોને લડાવવામાં એને આનંદ આવતો હશે!

જીવનના એકેએક ક્ષેત્રમાં, વિચાર, વાણી ને વ્યવહારના પ્રત્યેક પ્રદેશમાં મહત્ત્વ અસ્પ-ષ્ટતાનું છે–સ્પષ્ટતાનું નહીં; કારણકે સ્પષ્ટતા કુદરતવિરોધી છે. આ દુનિયામાં જે કંઈ મોટું છે તે બધું અસ્પષ્ટ છે. ભવભૂતિએ કહ્યું છે: लोकोत्तराणां हि चेतांसि को नु विज्ञातुमर्हति (મો[ટા] માણસોનાં હૃદયો કોણ સમજી શકે છે ?) મોટા માણસનાં હૃદયો સમજાય એવાં હો[તાં] નથી તો પછી એમનાં કાર્યો ને વાક્યો [પણ] સમજાય એવાં ક્યાંથી હોય ? અસ્પષ્ટ જ હો[ય].

બધા જ સમજી શકે એવું ને જેનો [એક] જ અર્થ થઈ શકે એવું બોલનાર [કોઈ] મુત્સદ્દી કદાપિ થઈ શકતો નથી. મોટા મો[ટા] રાજકીય નેતાઓની વાણી એવી સંદિગ્ધ ને અસ્પષ્ટ હોય છે કે એમાંથી જેને જે અર્થ કાઢવો હોય તે કાઢી શકાય. ઘણીવાર [તો] કંઈ અર્થ જ ન નીકળે. આ જ પ્રમાણે સર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રેષ્ઠ કવિઓની વાણી પણ બહુધા અગમ્ય ને અસ્પષ્ટ જ હોય છે. ખરું પૂછો તો કવિતા જેમ વધુ અસ્પષ્ટ તેમતેમ એ વધારે ઊંચા પ્રકારની એમ મનાય છે. આપણા ઉત્તમોત્તમ અને પવિત્ર ગ્રંથો પણ કયા ગણાય છે? જેને સમજવા મુશ્કેલ, જેના અનેક અર્થો થઈ શકે અને જેના પર ભાષ્યો ને તે ભાષ્યો પર વાર્તિક ને વાર્તિક પર ટીકા એમ લખાયા જ કરે તે આપણા મહાન ને પવિત્ર પુસ્તકો ગણાય છે.

મહત્તાની પેઠે પૂજ્યતા પણ અસ્પષ્ટતા પર અવલંબે છે. ઈશ્વરને આપણે શા માટે પૂજીએ છીએ? દયાળુ છે માટે? સર્વગુણસંપન્ન છે માટે? ભક્તાધીન છે માટે? નહીં, એ કશા ખાતર નહીં. એની કૃતિ જેવો જ એ ગહન, અગમ્ય ને અકળ છે માટે '**નેતિ નેતિ**' 'આ નહીં, આ નહીં' એવું એનું વર્ણન કરવું પડ્યું છે. એ કેવો છે તે કોઈ કહી શકતું નથી. અસ્પષ્ટમાં અસ્પષ્ટ સ્વરૂપ એનું છે માટે એ પૂજ્યતમ ગણાય છે.

સૌંદર્ય ને લાલિત્યનો આધાર પણ અસ્પષ્ટતા પર છે. સ્પષ્ટ પ્રકાશવાળા મધ્યાહ્નના સૂર્યને સુંદર ન ગણતાં, ઉષા ને સંધ્યાના આછા ને અસ્પષ્ટ તેજ પર આપણે મોહી પડીએ છીએ. રાગ ને તાલમાં ગાનારા ગવૈયાના કરતાં કોયલનો દૂરદૂરથી આવતો અસ્પષ્ટ અવાજ આપણા હૃદયમાં અનેરો ભાવ જગવે છે. વાઘ અને સિંહની સ્પષ્ટ ને ઇચ્છાસૂચક ગર્જના કરતાં સાગરનાં અસ્પષ્ટ ગર્જન વધુ આહ્લાદજનક લાગે છે ને સગી બહેનના કરતાં કોઈક દૂર વસતી કન્યા વધારે સુંદર લાગે છે તેનું કારણ પણ એ જ છે. લોકસૃષ્ટિ કરતાં કલ્પનાસૃષ્ટિ વધારે સુંદર છે; કારણકે કલ્પનાસૃષ્ટિ વધારે અસ્પષ્ટ છે.

કવિ, લેખક, વિચારક જેટલો વધારે અસ્પષ્ટ તેટલી તેનાં લખાણની કિંમત વધારે અંકાય છે. ઉપદેશક, આચાર્ય, પ્રચારક અને રાજકારણના ધુરંધરોનાં વર્તન જેટલાં જટિલ ને ન સમજાય તેવાં તેટલું તેમનું મહત્ત્વ વધુ અંકાય છે. આ શું કહે છે એમ જેનાં લખાણ વાંચીને સમજાતું નથી તે મોટો પ્રૌઢ વિચારક કે સાહિત્યકાર ગણાય છે, ને આ શું કરે છે એ જેનું વર્તન જોઈ સમજાતું નથી તે ધુરંધર રાજકીય નેતા, સંત કે યોગી ગણાય છે. આમ વિચાર ને આચારની અસ્પષ્ટતા માણસને મહત્તા અપાવે છે તો વાણીની અસ્પષ્ટતા પણ કેમ ન અપાવે? સ્પષ્ટવક્તા કદી મોટો માણસ થઈ શકતો નથી અને મોટાઈ મેળવ્યા વિના સુખ શી રીતે મળે? **ભૂમા** અર્થાત્ મોટાઈમાં જ સુખ રહેલું છે એમ શાસ્ત્રમાં કહ્યું છે.

પોતાને જે લાગે તે તડ ને ફડ કરીને સ્પષ્ટ રીતે કહી દેનાર મનુષ્ય કદાચ 'મેં કેવું સ્પષ્ટ રીતે કહી દીધું' એમ માનીને સંતોષ મેળવી શકે, પણ સુખ એ ભાગ્યે જ પ્રાપ્ત કરી શકે. વિનય, વિવેક, શિષ્ટતા આદિ સુધરેલા જમાનાનાં આવશ્યક ગણાયેલા ગુણોનું પાલન કરવું હોય તેનાથી સ્પષ્ટવક્તા થઈ શકાય જ નહીં. સામા મનુષ્યની લાગણીનો વિચાર કરનાર હમેશાં જાળવીને જ બોલે છે.

આમ દરેક રીતે જોતાં 'સ્પષ્ટવક્તા સુખી ભવેત્' એ લોકોક્તિ ખોટી ભાસે છે. આજે પણ આપણે એમ કહી શકીએ, અને સાચી રીતે કે, 'સ્પષ્ટવક્તા સુખી ભવેત્' પણ ત્યાં ઉચ્ચારણ સમાન હોવા છતાં અર્થમાં ફેર છે. અહીં 'સુખી' શબ્દ આગળનો 'અકાર' આગલા 'આ'માં ભળી ગયો છે અને સંધિ છૂટી પાડતાં એ વાક્ય 'સ્પષ્ટવક્તા અસુખી ભવેત્' એમ સમજવાનું છે એટલું યાદ રાખવું જોઈએ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...દરવાજે ત્રિમૂર્તિ!

*

શ્રી પન્નાલાલ પટેલ

હવાઉજાસવાળી પૂરતી જગ્યા, યોગ્ય સારવાર, તાત્કાલિક દવાદારૂ અને જરૂર વખતની અન્ય મદદ મળી શકે તેટલા માટે આપણે દરદીને ઘરમાં ન રાખતાં ખાનગી કે સાર્વજનિક ઇસ્પિતાલમાં લઈ જઈએ છીએ. આપણે ઇસ્પિતાલમાં લઈ જઈએ છીએ તો એક જ દરદીને, પણ ત્યાંના જે લોકોને રોજના ઘણા બીમારો પર દેખરેખ રાખવાની આવતી હોય તેમની લાગણી કેવી થઈ જતી હશે? તેમના સ્વભાવમાં કેવું પરિવર્તન આવતું હશે? ધર્માદા ખાનગી દવાખાનાના સાચા અંતરંગનો કટાક્ષમય પરિચય આ વાર્તા આપે છે.

ઉપરનું શિર્ષક જોઈને રખે માની બેસતા કે કોઈ પુરાતત્ત્વ વિષેની મહાન વાતો હશે, કે નથી ટપાલટિકિટ ઉપર આવતી ત્રિમૂર્તિની છાપ વિષય. છતાંય એટલું તો કહેવું જ પડશે કે ટપાલટિકિટની ત્રિમૂર્તિ જોઈને જ—કોણ જાણે કે કેવી રીતે ને કયા સંબંધે પણ—થોડાક વખત ઉપર મારા પરિચયમાં બલકે અનુભવમાં આવેલી પેલી ત્રણ વ્યક્તિઓ નજર સામે એકાએક ખડી થાય છે.

વળી, એ ભ્રમ પણ ભાંગી નાખું, કે એ ત્રણેમાં ન તો કોઈ પ્રકારનું—શરીરનું કે સ્વભાવનું—સૌંદર્ય હતું કે ન હતું ઉલ્લેખપાત્ર, આ જમાનાને નવાઈ પમાડે એવું અસૌંદર્ય પણ.

નોંધપાત્ર હોય તો એટલું જ હતું—

પણ તમને હું બનેલી વાત જ કહું:

બાબત એમ હતી કે મારી ગંભીર બીમારી જોઈને મારા મિત્રડૉક્ટરે મને એક ખાનગી દવાખાનામાં આગવી ઓરડી રાખીને દાખલ કર્યો.

હું તો, મારા મિત્રડૉક્ટરની સલાહ પ્રમાણે અત્યારે જાણે યોગસાધનામાં જ લીન હતો. આ આવડું મોટું દવાખાનું ધરાવનાર ડૉક્ટર કોણ છે, ક્યાંકયાં સર્ટિફિકેટ ધરાવે છે, કેટલી ફી લે છે વગેરે કંઈ જ જાણવાની મારે જરૂર ન હતી. હા, મિત્રોની વાતોમાંથી થોડુંકથોડુંક જાણ્યું હતું. બે-ત્રણ હૉસ્પિટલોમાં ઑનરરી કામ કરે છે... ચારવાર દરિયો ખેડી આવ્યા છે... દેશભક્ત છે... પણ હું તમને મારા અનુભવની જ વાત કહું.

પણ હું તમને એ પ્રસંગ જ કહું:

દવાખાનામાં દાખલ થયા પછી ખાસ્સા ચાર-છ કલાકના ગાળા પછી ડૉક્ટર તપાસ ઉપર આવ્યા. મારા મિત્રડૉક્ટર પણ સાથે જ હતા. મને ઊંઘોચતો કરીને તપાસ્યા પછી—મારી વાત તો પડતી રહી ને ચાલ્યા એ તો એમની જ વાતો કરવા. હું પડ્યો પડ્યો સાંભળતો હતો. મારા મિત્ર ઊભા ઊભા હુંકારો ભણતા હતા.

મેં જોયું તો એમની વાતોમાં આપણા આરોગ્યખાતાના પ્રધાનથી માંડીને છે ગૃહપ્રધાન સુધીના બધા જ પ્રધાનો વણાયેલા હતા. વડા પ્રધાનની મુલાકાત પણ એ વાતમાં લઈ નાખતા. આવા મોટા લોકો ને એમના કુટુંબીજનોની દવા, કેવા વિચિત્ર પ્રકારથી અને ડાબા હાથના ખેલ માફક કરી હતી એ પણ આમાં આવતું હતું.

'...ની છોકરીને ગાજર ખવરાવ્યાં ને સારી થઈ ગઈ....ને ઊઠબેસ કરાવીને જ ખાટલા માંથી બહાર કાઢ્યા.'

મને થયું: કૂવામાંથી પાણી કાઢવાના બે ઇંચનો પંપ પણ આમની વાણીના પ્રવાહ આગળ પાછો પડે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગભગ અડધા કલાક પછી–અને તેય મારા મિત્રડૉક્ટરે પગ ઉપાડ્યા પછી જ–એમણે પગ ઉપાડ્યો. મારા વિષે એમણે એક વાક્યમાં જ પતાવ્યું ને ચાલતા થયા.

મને મારા મિત્રની ટકોર પરથીજ તેમની 'મોટાઈ'નો ખ્યાલ આવ્યો: 'એ ભવિષ્યના આપણા સ્વાસ્થ્ય પ્રધાન છે.'

'ભોગ મળ્યા!' હું બોલી ઊઠ્યો.

'કેમ?' મિત્રે પૂછ્યું.

'કેમ તે શું? પ્રાંતની હોસ્પિટલોમાં દવાને બદલે પછી ગાજર જ ઘૂસવાનાં!'

'તો તો સારું.' કહેતા મારા મિત્ર કેટલાંક ઇંજેકશન અને દવાઓ સાથે બીજી સવારે આવવાનું કહીને હાસ્ય સાથે ઉમેરતા ગયા: 'અહીં તો માત્ર વાતોથી જ તમને સાજા કરવામાં આવે છે!'

–અને એવું જ લાગ્યું. બીજી સવારે ડૉક્ટર જ્યારે વિઝિટ પર આવ્યા ત્યારે હું મારા કેટલાક મિત્રો સાથે વાતો કરતો પડ્યો હતો. ઓરડીમાં દાખલ થતાંની સાથે જ ડૉક્ટરનો ચહેરો અને આંખો તંગ થઈ ગયાં: 'નહીં નહીં, નહીં! મિસ્ટર ભટ્ટ! તમારું દર્દ એવા પ્રકારનું છે, કે તમારે–જીભ જ માત્ર નહીં આંખ અને કાન પણ બંધ કરીને ચોવીસે કલાક પડ્યા રહેવાનું. એ...આમ' કહેતાં મને છતો ફરી મારા બેઉ પગ લાંબા કર્યા. એ જ પ્રમાણે પાસામાં હાથ પણ એમણે જ ગોઠવી આપ્યા. છેલ્લે ઉમેર્યું: 'જાણે મડદું!' અને પછી ચાર્ટ જોઈને ચાલતા થયા.

મારા મિત્રોમાંથી એક ચકોર ભાઈ બોલી ઊઠ્યા: 'વાયડા લાગે છે હાં કે.'

અને બીજે જ દિવસે પુરાવો મળ્યો.

મારો ચાર્ટ વગેરે જોયા પછી એક બંધ બારીને ઉઘાડતાં કહ્યું: 'હવા તો જેટલી આવે એટલી સારી. તમારો આ કોટ પણ ખૂણાને બદલે અહીં વચ્ચે રાખો.'

મારે ફરિયાદ કરવી હતી કે નોકર–નર્સ વગેરે આખા દિવસમાં માંડ એકાદ આંટો મારે છે. કોઈ કંઈ સાંભળતું જ નથી.' અને તેથી જ મેં લાગ સાધ્યો: 'હા ડૉક્ટર, પણ નોકર તો અહીં સવારમાં રૂમ સાફ કર્યા પછી ભાગ્યે જ એનું મોં દેખાડે છે.'

પણ ડૉક્ટર તો મારા ય માથાનો નીકળ્યો. 'તો શું થઈ ગયું? આપણે જાતે ખેંચી લઈએ.'

હું તો અવાક જ થઈ ગયો. કાલ અને આજ વચ્ચે મારી બીમારીમાં કશો જ ફરક ન હતો, જ્યારે ડૉક્ટરના કથનમાં તો–!

ડૉક્ટર તો આટલું કહીને ચાલતા થયા હતા; ને હોત તોય મારા આ સવાલનો જવાબ તો એ ગમે તે શબ્દોમાં, ગમે તે રીતે આપી શકત. અરે, બીજા દિવસે નર્સની ફરિયાદ કરતાં સાંભળ્યા એ જ શબ્દો એક દિવસ વહેલા સાંભળવા પડત: 'તમને બોલવાની ના તો પાડી છે, મિસ્ટર ભટ્ટ.'

અને હું–બોલવાની તો મનાઈ હતી માટે જ–મનમાંમનમાં બોલી રહ્યો: 'બીમાર ન પડ્યો હોત તો તમારા જેવી મૂર્તિ જોયા વગર જ રહી જાત!'

તો બીજી–નર્સની મૂર્તિનાં દર્શન પણ ડૉક્ટરની મૂર્તિ કરતાં કંઈ ઊતરતી અનુભૂતિના ન હતાં.

મેં, મિત્રોએ કરેલા મોસંબીના ઢગલાથી ત્રણેક લંબાવતાં કહ્યું: 'જરા રસ કાઢી દોને!'

નર્સ તો હસવા જ લાગી. મને ખુદ મારામાં જ વહેમ પડ્યો: 'હું પાગલ તો નથી થઈ ગયો?'

ત્યાં તો એની અમૃત સરખી વાણી પણ સંભળાઈ: 'કેવી વાત કરો છો? સાહેબ (ડૉક્ટર) કહે છે એ તમે નહીં સાંભળ્યું હોય!'

'ના ભાઈ.' જાણી જોઈને હું બાઘો બન્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એને તો ચૂસીને જ ખાવી.'

કહો જોઉં મારે શું કહેવું? છતાં ય મેં કહ્યું: 'વીશીના ખાવામાં મરચું આવે છે એટલે મારાથી ખણુ ખવાતું નથી. એટલે મને થયું કે બે-ત્રણ ચૂસીશ ને ત્રણેકનો રસ...'

'ના...મરચું તો ખાવું જ. સાહેબ કે' છે કે આપણા ખોરાકમાં મરચું પરગેટિવ છે. એનાથી દસ્ત સાફ આવે માટે.'

અને હું બોલી ઊઠ્યો: 'અહીં ભણુવા મળતા નવા પાઠ માટે હું તમારો ને સાહેબનો સાચે જ આભારી છું.' ને એ સાથે જ પાસું ફેરવી ગયો.

પણ ત્રીજી મૂર્તિ-પેલા રૂંઢભૂંડ નોકરે તો હદ જ કરી. મેં કહ્યું: 'અરે ભાઈ, ભાઉ, આ તું દૂધ લાવે છે પણ એમાં તો નર્યું પાણી આવે છે.'

અને ભાઉએ, એનું પોટલા જેવડું મોઢું વધારે ભારે કરતાં ને આંખો સંકોચતાં જે ખૂબીભર્યો જવાબ આપ્યો એ તો પેલા ડોક્ટર કે નર્સને ય ટપી જાય એવો હતો. બોલ્યો: 'એ જ દુઃખ છે ને? મને સાહેબ કે'છે, કે ભાઉ, તું અડધોઅડધો શેર દૂધ પીતો રે, પણ-' અને એના થોથાભર્યા મોં પર કરચલીઓ પાડી વધારે વિકૃત બનાવી ડોકું ધુણાવતાં ઉમેર્યું-'ઉં હું! આવા પાણીમાં તે શું પીએ?'

હું તો એની શોકપૂર્ણ સુરત તરફ તાકી જ રહ્યો...ક્ષણુભર તો થયું, હું પેલા ઠગોના મુલકમાં તો નથી ઊતરી પડ્યો?

પણ એ ભ્રમ તો ડોક્ટર તથા નર્સે મારી ઓરડીમાં દાખલ થઈ ભાંગી જ નાખ્યો. મારી સામે ઊભા રહી, ક્યાંક કમિટિમાં બહારગામ જતાં ડોક્ટરે નર્સને સૂચના આપી:

'આ ભાઈ જો જાય, તો રોજના સાડા-સત્તર રૂપિયા લેખે બિલ બનાવી આપી પૈ... લઈ લેજો.'

આ સાંભળતાં હું તો સાવ ઠંડો જ પ... ગયો!...(ઠંડો પડી ગયો-તાવ ઊતરી ... મારે હવે અહીં રહેવાની જરૂરે ય શી હતી?)

અને બોલવાની બંધી છતાં ય બો... નાખ્યું-પૂછી નાખ્યું: 'ખાલી ખાટલાના ... સાડાસત્તર?'

કોણુ જાણે ડોક્ટરે શો અર્થ ઘટા... પણ એમની આંખો એવી તો તંગ થઈ ... કે હમણાં કાં તો ફોન કરીને મને જેલભે... કરી દે! ડાબા-જમણી આંખો તરફ ઊભે... નર્સ-નોકર પણ કંઈ કમ તંગ ન હતાં, પણ એ લોક તો માત્ર પડઘો પાડવા પૂર... જ; સાહેબ રૂઠ્યા હતા માટે જ.

ને હું પણ આ ત્રિમૂર્તિ તરફ એટલો... તંગ બનીને જોઈ રહ્યો, તાકી રહ્યો, મીટ... મીટ માંડી રહ્યો...

સારું થયું કે ડોક્ટર પાછળ પેલી ... મૂર્તિઓ પણ ચૂપચાપ જ ચાલતી થઈ. નહીં તો મને ખાતરી હતી, કે બોલવાની બંધીનો પેલો મંત્ર અત્યારે તો જરા ય કામયાબ ન નીવડત...!

પરંતુ સાંજના જ્યારે મારા ડોક્ટરમિત્ર નીચેથી આ વાત જાણીને ઉપર આવ્યા ત્યારે એમના પડેલા મોંએ અને શબ્દોએ સાચે ... મને મૌન બનાવી દીધો! નિસાસો નાખ... એમણે ઉમેર્યું: 'હોસ્પિટલમાં (ધર્માદા દવાખાનામાં) દાખલ કરે ને સારી સગવડ મળે માટે તો કેટલીક માથાકૂટ કરીને ત... અહીં દાખલ કરાવ્યા હતા!'

હું સમજી ગયો. પેલા રોજના સાડા... સત્તર રૂપિયા કરતાં ય ડોક્ટરે, કુટલી... માથાકૂટ કરીને, એમાં લાગવગ અને ઉપકા... વગેરેની કિંમત વધારે ચૂકવી હતી...! ... આ બધું મને ધર્માદા દવાખાનામાં દાખલ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે, સારી કંઈક સગવડતા સાંપડે માટે! મારાથી બોલી જવાયું:

'બિચારા કોઈ પુણ્યશાળી માણસે કાઢેલા ધર્માદા દવાખાનાને કલુષિત કરવામાં આપણે પણ એટલો જ સાથ દઈ રહ્યા હોઈ એ એમ નથી લાગતું ડોકટર ?'

પણ ડોકટરનો જીવ અત્યારે આ ફિલસૂફીમાં ન હતો. એ તો આ બગડેલી બાજી કેમ સુધરે એના જ વિચારમાં હતા. ઊભા થતાં–'હું નર્સને સમજાવી જોઉં', જો ડોકટર આવે ત્યાં સુધી તમને ડિસચાર્જ ન કરે તો ?' બબડતા ધીમે–ખચકાતે ડગલે ચાલતા થયા.

હું તો, પોતાનો હક્ક હોય એ રીતે–અરે એથી ય ખરાબ રીતે, 'ધર્માદો વસૂલ કરતી' આ ત્રિમૂર્તિની ખૂમારીનો–અદાભર્યા જવાબોનો ખ્યાલ કરતો ને મારે બદલે ગુનેગાર બનીને જતા હોય તેમ જઈ રહેલા ડોકટરની પીઠ જોતો, માત્ર આટલું જ બબડી શક્યો:

'અરે ભગવાન! મને શી ખબર કે કોઈક ધર્માત્માએ કાઢેલા મફત દવાખાનાનો ભેદ આવો હશે...? ખરેખર! ધર્માદા દવાખાનાને, બલકે, આ જમાનાના ધર્માદા દવાખાનાને શોભે એવી જ આ ત્રિમૂર્તિ દરવાજા ઉપર બેઠી છે. ઓ ત્રિમૂર્તિ! તને નમસ્કાર હો ટૂંકા નહીં પણ ખાસ્સા નવ ગજના!'

આ સિવાય બીજું કહું પણ શું ?

★

'આવતી કાલે સવારે તને ફાંસીની સજા થશે.' કેદીને જેલ સુપરિન્ટેન્ડન્ટે કહેવા માંડયું, 'કાયદા પ્રમાણે મારી ફરજ છે કે તારી અંતિમ ઈચ્છા પૂરી કરવી. આજે તારા છેલ્લા ભોજન તરીકે તારી ઇચ્છામાં આવે તે તું માગી શકે છે. શી ઇચ્છા છે બોલ ?'

ફાંસીની સજા પામેલ કેદીએ પળવાર વિચાર કર્યો ને પછી કહ્યું:

'સાહેબ, મારે બીજું કંઈ જ ન જોઈએ. માત્ર તડબૂચ ખાવાની ઇચ્છા છે.'

'પણ ભલા માણસ, તડબૂચની મોસમ તો છ મહિના પછી આવશે ?'

'કંઈ નહીં સાહેબ, એટલા સમય થોભી જવા હું તૈયાર છું !'

✿

વાદી : સાહેબ, મારી પાસે અહીં ચાર સાક્ષીઓ ઊભા છે, મારી દુકાનમાંથી પ્રતિવાદીએ કાપડના બે તાકા ચોરી લીધા છે તેની તેઓ સાક્ષી આપી શકે એમ છે.

પ્રતિવાદી : નામદાર કોર્ટને માલૂમ થાય કે એ તાકા મેં લીધા નથી તેવી પ્રતિજ્ઞાપૂર્વક જુબાની આપનાર મારી પાસે બાર સાક્ષીઓ છે.

ન્યાયાધીશ : કેસ કાઢી નાખવામાં આવે છે. બાર માણસની સાક્ષીને ચારના કરતાં હું વધારે વજનદાર ગણું છું !

✿

એક વર્તમાનપત્ર સામાન્ય સમાચારને પણ પહેલા પાના પર મોટામોટા ટાઈપમાં ચોંકાવનારી વિગતો સાથે આપવા માટે અત્યંત પ્રખ્યાત હતું. એણે પોતાના એક વૃત્તાંતનિવેદકને ઈટાલીઅનો સાથેના ગ્રીસના ઝઘડાના સમાચાર મેળવવા માટે ગ્રીસ મોકલ્યો. થોડા દિવસ પછી ખબરપત્રીનો તાર આવ્યો:

'પરિસ્થિતિ અસહ્ય, તીવ્ર દુઃખો; અતિશયોક્તિ કરવાનું લગભગ અસંભવિત છે; છતાં શક્ય તે સર્વ પ્રયત્ન કરીશ.'

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશિષ્ટ સૂચનો

*

સ્વામીશ્રી શિવાનંદજી

સીધેસીધો બોધ આપણને ગમતો નથી સાચું, પણ અન્યથા ન મળતું માર્ગદર્શન ને નવી દિશાનો ઉઘાડ ક્યારેક એમાંથી જ પ્રાપ્ત થાય છે. ગુરુ વિના આધ્યાત્મિક જ્ઞાન તો કોઈ બુદ્ધ કે ગાંધીજી જ પ્રાપ્ત કરી શકે. સંસારમાં શ્વાસ લેતા સામાન્ય જીવને જરૂર રહે છે માર્ગસૂચનની, સાત્ત્વિક ગુણો માટે, સુખશાંતિ માટે અમુક પ્રકારનું આચરણ જરૂરી છે. સલાહસૂચન આપવા માટે યોગ્ય એવી એક વ્યક્તિએ અહીં કરાવેલું જીવનનિદર્શન જિજ્ઞાસુઓને ઘણું ઉપયોગી થઈ પડશે.

બીજાઓ સાથે ખૂબ ભળશો નહિ. અનિચ્છનીય માણસો સાથે ભળવાથી મનમાં ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે. અન્ય લોકોએ તમને પહોંચાડેલ હાનિ ઝટ ભૂલી જાઓ. વારંવાર આ સૂત્ર યાદ રાખો. 'ભૂલી જાઓ અને ક્ષમા કરો.' બીજાઓએ કરેલા અપમાન અને આપેલા ઠપકાઓને ભૂલવાની કોશિશ કરો; આથી તમારી ઇચ્છાશક્તિ મજબૂત થશે. અધ્યાત્મમાર્ગના સાધક માટે પ્રશંસા અને આદરમાન વિષ સમાન છે, ત્યારે નિંદા અને અનાદર જિજ્ઞાસુ માટે આભૂષણ અને અમૃતરૂપ છે. તમારી જરૂરિયાતોને ઓછી કરો. પ્રતિદિન બે કલાક મૌન પાળો. દરરોજ બે કલાક સુધી એકાંત ઓરડામાં રહો અને પ્રભુનામના અથવા કોઈ પણ મંત્રના જપ કરો. બીજાઓ સાથે દલીલો કરશો નહીં. નામના અને કીર્તિની ઇચ્છાનો ત્યાગ કરો. જો તમે આ પ્રમાણે છ મહિના સુધી કરશો, તો હું ખાતરીપૂર્વક કહું છું, કે તમને મનની શાંતિ અવશ્ય પ્રાપ્ત થશે. જો તમને કંઈ પણ દૈવી તત્ત્વ પ્રાપ્ત ન થાય, જો તમારો હીન સ્વભાવ અમુક અંશે ન બદલાય, તો તમે મારા શબ્દોને હસી કાઢજો, પણ પ્રથમ મારા શબ્દોને આચરણમાં મૂકી જુઓ.

વચન આપવામાં ધીમા બનો, પણ તેનું પાલન કરવામાં ઝડપ રાખો. કોઈ પણ ભોગે તમારાં વચનો પાળો. થોડાંને ચાહો પણ લાંબો વખત એ પ્રીતિ ટકાવી રાખો. એક પ્રકારના સાધનને વળગી રહો. અનિશ્ચિત ન બનો. તમારા અભ્યાસમાં સ્થિર બનો. એક જ ગુરુને, એક જ સ્થળને અને એક જ પ્રથાને વળગી રહો. યાદ રાખો અહીંથી તહીં અને તહીંથી અહીં ભટક્યા કરવાથી કશું જ પ્રાપ્ત થતું નથી. તમારે મક્કમ નિશ્ચયવાળા માનવી બનવું જ જોઈએ. કોઈ પણ વસ્તુની આગળપાછળની સંપૂર્ણ માહિતી મેળવીને તેના પર એક, બે કે ત્રણ વાર સારી રીતે વિચાર કરવો જોઈએ. જે નિશ્ચય કર્યો હોય તેને બદલવો ન જોઈએ. તેનો કોઈ પણ ભોગે અમલ કરવો જોઈએ; તેથી તમે તમારી ઇચ્છાશક્તિ અને આત્મશક્તિ ખીલવી શકશો. તમારે તમારા પોતાના આદર્શ, ધ્યેય અને સિદ્ધાંતો હોવા જોઈએ અને તેને તમારે મક્કમતાથી અને સ્થિરતાથી વળગી રહેવું જોઈએ.

જો તમે સંતોનું તથા સ્મૃતિઓ અને વેદોનાં વચનોનું સુસ્તપણે પાલન કરો તો તમે દુઃખો અને મુસીબતોમાંથી જરૂર મુક્ત થશો અને અંધકારમાં અથડાવું નહીં પડે. બીજાઓના સ્વભાવ, લાગણીઓ, ટેવો અને વિચારોને માન આપો. ઝઘડો કરો નહીં. સાધક માટે સહિષ્ણુતા એ અગત્યનો ગુણ છે. જો તમે અસહિષ્ણુ હશો તો ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

મનની શાંતિ નહીં મળે. તમારા મિત્રોને વધારશો નહીં. ખરી રીતે દુનિયામાં સાચો મિત્ર કોઈ જ નથી. લોકો પોતાના સ્વાર્થી હેતુ પૂરતા ભેગા થાય છે. તમારા હૃદયમાં રહેલો આત્મા જ તમારો સાચો મિત્ર છે. તમે તેને ભૂલી જાઓ તોપણ તે તેના હૃદયમાં તમારું ભલું ચાહતો હોય છે.

હે સાધકો ! આ ત્રણ બાબતો દરરોજ યાદ કરજો: (૧) જેમણે અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કર્યું હતું તે દત્તાત્રેય, શંકર, જ્ઞાનદેવ, રામદાસ, તુલસીદાસ અને બીજાઓને દરરોજ યાદ કરો. આથી તમને તમારી સાધનામાં મોટી પ્રેરણા અને ખૂબ ઉત્સાહ મળશે. (૨) આ દુનિયાના મૃત્યુ, રોગ, ઘડપણ, અને એવાં બીજાં દુઃખો યાદ કરો. (૩) યાદ રાખો કે આ જગત તો આકાશના વાદળી રંગ જેવો ભાસ–દેખાવ માત્ર છે. આવા વિચારો તમારામાં મહાન વૈરાગ્યનાં બીજ રોપશે. કોઈની પણ સાથે ખૂબ ભળી જશો નહીં, ખાસ કરીને સ્ત્રીઓ સાથે. ખૂબ જ પરિચયથી તિરસ્કાર જન્મે છે. તમારે માનસશાસ્ત્રનો સારી રીતે અભ્યાસ કરવો જોઈએ; ત્યારે જ તમે જુદાજુદા મગજવાળા માણસો સાથે કુનેહથી ફરી શકો અને ભળી શકો. ખૂબ જ પરિચયમાંથી મૈત્રીભંગ અને દુશ્મનાવટ પેદા થાય છે. ધાર્મિક બાબતોમાં અને નિયમોના પાલનમાં તમારે બિલકુલ ઢીલાશ ન રાખવી જોઈએ. તમારે દૈવી વિષયો પર ઠઠ્ઠામશ્કરી ન કરવી જોઈએ. તમારે ઘણા જ ગંભીર રહેવું જોઈએ. નહીં તો તમે નહીં સુધરી શકો, નહીં તો તમારી જૂનીપૂરાણી ખરાબ આદતો અને રીતો બદલી શકશો નહીં; તેમ જ તમે તમારી નાનીનાની કુટેવોરૂપ ખલીફૂચીઓમાંથી પણ બહાર નહીં નીકળી શકો. સર્વ તરફ માયાળુ વર્તન રાખો. ઇન્દ્રિયોનો વિશ્વાસ ન રાખશો.

આ બે સાધનો તમને મુક્તિ અપાવવા માટે પૂરતાં છે. **सत्यं वद ।** સત્ય બોલો. **धर्मं चर ।** ધર્મનું આચરણ કરો–સાચાં કાર્ય કરો. આ કાર્યો સાંસારિક બંધનોમાંથી મુક્તિ અપાવશે.

જાણી લેજો કે વેદોનો સાર છે ઇન્દ્રિયો પર કાબૂ. તમારી એક અગત્યની ફરજ એ છે, કે તમારી ઇન્દ્રિયોને અંકુશમાં રાખવી જોઈએ. આ મુખ્ય ફરજ છે, કુટુંબનું ભરણપોષણ કરવું એ ગૌણ ફરજ છે. તમારામાં ગુપ્ત રહેલી દિવ્યતાને પ્રકાશમાં આણવા માટે તમે જન્મ્યા છો. **सर्वभूतेषु गूढः**–તે સર્વ પ્રાણીઓમાં છુપાયેલો છે. **सर्वभूतान्तरात्मा**–તે સર્વ પ્રાણીઓનો અંતરાત્મા છે. **सर्वभूताधिवासः** અને સર્વ પ્રાણીઓમાં તે નિવાસ કરે છે.

એક આધ્યાત્મિક રોજનીશી રાખો. તમારી રોજની પ્રગતિ, રોજનો કાર્યક્રમ અને બીજી બાબતોને તેમાં નોંધી લો. વડિલો, માતપિતા, સાધુસંન્યાસીઓ વગેરેને ભાવપૂર્વક અને નિખાલસપણે માન આપો. ઈશ્વર પણ કૈવલ્ય અથવા મોક્ષ કોઈને આપી શકતો નથી. માણસે પોતે જ પુરુષાર્થ કરવો જોઈએ. પુરુષાર્થ જ ઈશ્વરનું સ્વરૂપ છે. આથી તમને અસંગ જ્ઞાન મળશે; એટલે કે તમે શરીર, મન અને ઇન્દ્રિયોથી અસંગ છો એવું જ્ઞાન તમને પ્રાપ્ત થશે.

મનની સઘળી નબળાઈઓ અને સર્વ વહેમો, મિથ્યા અને ખોટી કલ્પનાઓ, ખોટા ભય અને અનુચિત સંસ્કારોને તમારે નાબૂદ કરવા પડશે. જ્યારે તમે રસ્તામાં ચાલતા હો, ત્યારે આમતેમ ડાફોળિયાં ન મારશો. તેનાથી તમે બેધ્યાન બનશો. નાકને ટેરવે દૃષ્ટિ એકાગ્ર કરો. રોજ આવો અભ્યાસ કરો. પછી તમને ટેવ પડી જશે. તમારા પોતાના ખર્ચ પાછળ ૧૦ કે ૧૫ રૂપિયાથી વધુ ખરચશો નહીં. સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ તમારો મુદ્રા-

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખ હોવો જોઈએ. જો તમે સાચી પદ્ધતિ જાણી લો તો મનને વશ કરવું સહેલું બની જાય. તમારામાં ધ્યેય પ્રત્યે નિખાલસતા અને પ્રભુમાં શ્રદ્ધા હોવી જોઈએ. ભલે સૂર્ય પશ્ચિમમાં ઊગે, પણ તમારા નિશ્ચયમાં ફેરફાર ન થવો જોઈએ. વજ્રના ખડક જેવી અચલ અડગ શ્રદ્ધા તમારામાં હોવી જોઈએ. સાંસારિક માનસવાળા મનુષ્યોનો સંગ એક સ્ત્રીના સંગ જેટલો ખરાબ છે. સાવધ રહો.

તમને રોગ શા માટે થાય છે? એ તો તમારાં પાપોના પરિણામનો નિકાલ કરવા માટે પ્રભુએ વરસાવેલ આશીર્વાદ છે. તે તમારામાં સત્ત્વગુણ પ્રેરશે અને તે ઉપરાંત સહનશક્તિ, દયા, મનુષ્યો પ્રત્યે પ્રેમ, ભગવાનનું સ્મરણ કરવું વગેરે સદ્‌ગુણોનો તમારામાં ઉદય થાય એ માટે એ રોગે તમારામાં સ્થાન લીધું છે. આ દુનિયામાં દુઃખ જ સારામાં સારી વસ્તુ છે. તમારાં આંતરચક્ષુ ખોલો. તત્ત્વજ્ઞાન દુઃખના મૂળને પકડે છે. દુઃખ અને અજ્ઞાનનું કારણ શોધી કાઢે છે અને અજ્ઞાનનો નાશ કરી તેને ઓછું કરવા પ્રયત્ન કરે છે. દુઃખ અને સંકટથી બધા માણસો લાભ નથી ઊઠાવી શકતા. પીડા દરમ્યાન અહંકાર કંઈક પાતળો થાય છે. પોતાની મૂળ સારી અવસ્થા પ્રાપ્ત થતાં બમણા જોરથી તે ઊભો થઈ જાય છે. ફરી પાછો પડદો આવે છે. એક વિવેકી જ સારી રીતે ફાયદો ઊઠાવે છે. તે તેનાં દુઃખોને સ્મરણમાં રાખે છે.

વખત નકામો ગુમાવશો નહીં. એક મિનિટ પણ નકામી ગુમાવશો નહીં. સાધકો માટે વખત એ બહુ કિંમતી ચીજ છે. ધ્યાન ધરો. અમરતારૂપ આધ્યાત્મિક અમૃતનું પાન કરો. કોણ હુકમ કરી શકે? આજ્ઞાનું બરાબર પાલન કરી શકે તે. આજ્ઞાંકિતપણું એ ત્યાગ કરતાં ... છે. સુખી અને સંતોષી બનો. સંતોષી ... વાળો માણસ હમેશાં સુખી હોય છે. ... અને ઇન્દ્ર પણ તમારી ઈર્ષા કરશે. ... ઓને હલકા ન પાડશો. બીજાઓ ... તિરસ્કારથી ન વર્તશો. બીજાઓનાં ... કરો અને બીજાઓ આગળ તમારી ... ખુલ્લી કરો. તમારી જાતને સંતાડી દો. ... ચતુરાઈ અને આવડત બીજાઓને બતાવશો ...

નામના અને આદર માટે પરવા ... કરશો. નામના અને આદરને તણખલા ... છાણ અને ધૂળ તથા ઝેર જેવાં સમજો; કારણકે તે ખોટાં અને નકામાં છે; ત્યારે તમને શાંતિ મળશે. તમારા આશયો અને હેતુઓનું વગીકરણ કરો. એકલા ... તમારો સ્વભાવ અને તમારા મનનું પૃથક્કરણ કરો. તમારી વૃત્તિઓ પર ધ્યાન ... પ્રાર્થના કરો. તમારો સ્વભાવ અને ... ત્રુટિઓને તપાસો અને યોગ્ય ઉપાયો ... તેમને દૂર કરવા પ્રયત્ન કરો. જગત ... કોઈ વસ્તુ જ નથી એમ માનો. તેમ ... થી તમે તમારા અહંકાર અને મદનો ... કરી શકશો. હમેશાં જમીન પર બેસો. ... લગતાં કામ કરો. બીજાઓની સેવા કરો. ... ઓની ભૂલો ખુલ્લી ન પાડશો. જો કોઈ ... નિંદા કરે તો તેને ક્ષમા આપો; અને ... પર દયા રાખો, તેને માટે પ્રાર્થના કરો ... ચાહો. તમને ધિક્કારનારને આશીર્વાદ આપો ... અપમાન અને હાનિ સહન કરો ... તમારી ઇચ્છાશક્તિ પ્રબળ બનશે.

★

પુરુષાર્થને પ્રારબ્ધની છાતી પર ખડો કરનારને જ જગત સન્માને છે.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનો મિલઉદ્યોગ

*

ડૉ. એ. બી. ત્રિવેદી

બી. એ., બી. કૉમ., એમ. એ., પીએચ. ડી.

મુંબઈ ઈલાકાના કે હિંદના મિલઉદ્યોગનો નકશો બનાવવામાં આવે તો તેનો ઘણો મોટો ભાગ ગુજરાત રોકે. ગુજરાતમાં મિલઉદ્યોગનો મંગલ પ્રારંભ ઠેઠ ૧૮૫૬માં–આજથી લગભગ સો વર્ષ પહેલાં–એક યુરોપિયનને હાથે ભરૂચમાં થયો હતો. એ જેમ ઘણા નહીં જાણતા હોય તેમ અમદાવાદ ખાતેની પ્રથમ કાપડમિલ ૧૮૫૯માં એક ગુજરાતીએ–શ્રી રણછોડલાલ 'રેંટિયા'એ–સ્થાપી એ પણ ઘણા ઓછાને માલૂમ હશે. અમદાવાદ, ખેડા, ભરૂચ, સુરત, વીરમગામ, વડોદરા, ખંભાત, ભાવનગર, જામનગર એમ અનેક સ્થળોએ આજે મિલો ચાલુ છે. ગુજરાતના મિલઉદ્યોગની આસપાસ મજૂરસંગઠન અને રાષ્ટ્રીય લડતનો ઇતિહાસ પણ સંકળાયેલો છે. આવા ઉદ્યોગનો ભૂતકાળ, એની વર્તમાન પરિસ્થિતિ તથા એના વિકાસ માટે શું કરવા જેવું છે તેની વિદ્વાન લેખકે અહીં ઝાંખી કરાવી છે.

હિંદુસ્તાનમાં ગુજરાત વેપારપ્રધાન પ્રાંત ગણાય છે. કદાચ વેપારીકુનેહ હિંદના આ ભાગમાં વિશેષતઃ માલૂમ પડે છે. ગુજરાતના ઉદ્યોગોમાં કાપડની મિલોનું સ્થાન મહત્વનું છે. આ પ્રાંતમાં ઉદ્યોગોમાં રોકાયેલ સાડાત્રણ લાખ માણસોમાંથી સવાલાખ માણસો કાપડના ઉદ્યોગોમાં જ કામ કરે છે. અને આ સવાલાખમાંથી એકલાખ કરતાં વધુ માણસો કાપડની મિલમાં જ કામ કરે છે! સારા યે મુંબઈ ઇલાકાની કાપડની સાળોમાંથી ૫૦ ટકા સાળો ગુજરાતમાં છે, જ્યારે અખિલ હિંદની સાળોને ખ્યાલમાં લઈએ તો તેની ૨૫ ટકા સાળો ગુજરાતમાં છે.

હિંદના કપાસના વાવેતર માટેના પ્રાંતોમાં પણ ગુજરાતનું સ્થાન અગત્યનું છે. કેટલીક જાતોના કાપડ માટે ગુજરાત અસલના જમાનાથી મશહૂર છે. ગુજરાતમાં મિલઉદ્યોગની શરૂઆત મિ. લેન્ડને સને ૧૮૫૬-માં ભરૂચમાં એક નાની કાપડની મિલ સ્થાપીને કરી; અને આ મિલ અત્યારે 'ભરૂચ કોટન મિલ'ના નામે ઓળખાય છે. હિંદમાં મુંબઈ અને ભરૂચ ખાતે યુરોપિયનોએ પહેલવહેલી મિલો સ્થાપી છે, જ્યારે અમદાવાદ ખાતે તો કાપડની મિલની પ્રથમ સ્થાપના એક હિંદીએ કરી છે. સને ૧૮૫૯ માં રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલે અમદાવાદ સ્પીનિંગ એન્ડ વીવિંગ મિલની સ્થાપના અમદાવાદ ખાતે કરી અને ત્યાર બાદ તો આ મિલના વિકાસથી આકર્ષાઈને ધીમેધીમે આ ઉદ્યોગ અમદાવાદમાં ખૂબ જ વિકસ્યો. ગયા સૈકાના ઉત્તરાર્ધથી અત્યાર સુધીના અમદાવાદના મિલઉદ્યોગના વિકાસનો ખ્યાલ નીચેના કોઠામાંથી મળી આવે છે:

વર્ષ	મિલોની સંખ્યા	ફેરકણાની સંખ્યા	સાળોની સંખ્યા	કુલ માણસો
૧૯૧૪	૪૯	૯,૭૫,૬૧૬	૨૦,૦૬૩	૩૫,૪૧૫
૧૯૧૯	૫૧	૧૦,૬૫,૨૫૯	૨૨,૩૨૨	૩૯,૪૪૦
૧૯૨૨	૫૬	૧૧,૩૨,૯૧૮	૨૬,૦૯૪	૫૨,૫૭૧
૧૯૨૬	૬૦	૧૪,૯૮,૨૮૮	૩૦,૨૨૪	૫૫,૧૫૯
૧૯૩૨	૬૨	૧૬,૪૯,૬૮૩	૩૮,૮૧૩	૭૨,૦૮૪
૧૯૩૩	૬૨	૧૭,૩૫,૮૬૨	૪૦,૮૬૨	૭૭,૭૪૩.
૧૯૩૪	૬૨	૧૭,૫૮,૫૫૯	૪૩,૧૬૫	૭૮,૫૯૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમદાવાદના મિલઉદ્યોગના વિકાસમાં ખાસ કરીને આ કારણોએ સારો ફાળો આપ્યો છે: એક તો ૧૮૫૮ પછીની શાંતિ અને સુલેહની પ્રવર્તેલી સ્થિતિ. બીજું, ૧૮૩૩ની સાલ પછી ઇસ્ટ ઇન્ડિયા કંપની જેવી કોઈ હરીફ સંસ્થા અસ્તિત્વમાં નહોતી રહી. ત્રીજું રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો કે 'હિંદના શાંતિ સમયના ઉદ્યોગોને ઉત્તેજન આપવાની અમારી ખાસ મરજી છે' અને સૌથી વિશેષ અગત્યનું ચોથું કારણ તો એ કે રેલવે લાઈનો નખાવાથી કાપડના માલ માટે અમદાવાદની મિલોને હિંદના જુદાજુદા ભાગોની બજારો સહેજે સાધ્ય બની ગઈ.

છતાં એ ખાસ યાદ રાખવું જોઈએ, કે ઓગણીસમા સૈકાની આખર સુધી હિંદ સરકારે માંચેસ્ટરના માલની આયાતને ઉત્તેજન આપવાની નીતિ જ અખત્યાર કરેલી; આથી લાંબા તાંતણાવાળું રૂ જે હિંદના રૂમાં ભેળવવા માટે આયાત થતું હતું તે પર પાંચ ટકા આયાતજકાત નાખેલ, જેથી ઈજિપ્તનું અથવા અમેરિકાનું રૂ જે ઝીણા કાપડના ઉત્પાદન માટે જરૂરનું હતું તે હિંદની મિલો આયાત કરી શકે નહીં. આથી કરીને હિંદની મિલો વીસમીસદીના પહેલા બે દાયકાઓ સુધીમાં તેણે સાધવો જોઈતો વિકાસ સાધી શકી નહીં.

અમદાવાદમાં સને ૧૮૯૪માં ૧૨ મિલો હતી, જે વધીને સને ૧૯૦૦માં ૨૭ થઈ અને સને ૧૯૧૪માં ૪૯ થઈ. આ વિકાસનું મુખ્ય કારણ ૧૯૦૫ની સ્વદેશી ચળવળ ગણાય. આથી કાપડના ઉદ્યોગના વિકાસને ઘણું જ ઉત્તેજન મળ્યું, અને લડાઈ દરમ્યાન આ ઉદ્યોગમાં પહેલાં કોઈ વખત નહીં અનુભવેલ તેજી આવી હતી. પરંતુ વિદેશમાંથી નવી મશિનરી આવવાના અભાવે મિલોની સંખ્યા વધી શકેલી નહીં.

પહેલા વિશ્વવિગ્રહ પછી હિંદ સરકારે જાહેર પ્રજાના દબાણને વશ થઈ જાપાન... હરીફાઇથી આ ઉદ્યોગને બચાવવાના ઉ... યોજ્યા. જાપાનની હરીફાઈ થવાનાં મુ... કારણોમાં જાપાનના ચલણનો ઘટા... ભાવ, જાપાનમાં રાતપાળી અને દિના... માં બંને વખત થતું કામ, ત્યાંના કારખ... માં રાતના સ્ત્રીઓને કામ કરવા રાખ... પ્રથા, રાજ્ય તરફથી આ ઉદ્યોગને નાણાં... મદદ અને જાપાનની વહાણવટી કંપનીઓ... ઓછો દર વગેરે હતાં. હિંદ સરકારે જાપા... હરીફાઇથી હિંદના મિલઉદ્યોગને બચા... યોગ્ય પગલાં લીધાં, છતાં તેણે હિં... બજારોમાં લેંકેશાયરના મિલઉદ્યોગના... નું રક્ષણ કરવા માટે પણ તેટલી જ ... દાખવી. લેંકેશાયરના મિલઉદ્યોગનાં હિ... રક્ષા માટે તેણે ફક્ત જાપાનના કાપડ પ... જકાત નાખી, જ્યારે ટેરીફ બોર્ડે ૧૯... કલકત્તાની બજારમાં મધ્યમ જાતનું બ્રિ... કાપડ જાપાનના કાપડ જેટલે જ સસ્તે... વેચાતું હોવાનું જણાવેલ, છતાં તેની વિ... કંઈપણ પગલાં લીધાં નહોતાં. ત્યારબાદ... સરકારે હિંદ-જાપાન વેપારી કરારો... હિંદમાં કાપડની-નિકાસનો જથ્થો ... જોડે મુકરર કરી હિંદના મિલઉદ્યો... જાપાનની હરીફાઈથી રક્ષણ કર્યું. ... ૧૯૩૩માં મોદી-લીના કરારથી હિંદમાં... સ્ટરના માલની આયાત માટે 'શાહીપસં... (અં. ઈમ્પિરિયલ પ્રેફરન્સ) કાયમ ... હિંદની ધારાસભાએ આ 'શાહી-પ... ની કલમને બે વખત ઉડાડી મૂકય... ૧૯૩૯ના હિંદ-બ્રિટિશ વેપારી કરા... આ 'શાહી પસંદગી'ની કલમ કાયમ... વામાં આવી હતી.

ગુજરાતના મિલઉદ્યોગની આ... પરથી સ્થિતિનો ખ્યાલ નીચેના કોઠા ... રહે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	ફેરકણાની સંખ્યા	સાળોની સંખ્યા	કામ કરવા રોકાયેલા માણસોની સંખ્યા
અમદાવાદ શહેર	૧૯,૪૨,૨૮૬	૪૭,૧૪૭	૭૪,૨૭૯
ખેડા	૫૯,૦૨૮	૧,૧૨૮	૨,૩૧૧
ભરૂચ	૫૧,૮૨૮	૧,૧૭૪	૨,૧૪૪
સુરત			૧,૩૮૮
વીરમગામ	૪૯,૫૦૮	૧,૧૮૭	૨,૧૬૦
વડોદરા (ગુજરાતની હદ)	૩,૩૨,૧૦૦	૭,૧૧૦	૨૦,૨૦૦
ખંભાત		૩૩૨	૬૬૬
કુલ સંખ્યા	૨૪,૩૪,૭૫૦	૫૮,૦૭૮	૧,૦૩,૧૪૮

ઉપરના કોઠાથી એ પણ સાબિત થાય છે, કે સારા યે મુંબઈ ઇલાકાની કાપડની સાળોમાંથી પચાસ ટકા સાળો ગુજરાતમાં છે, જ્યારે અખિલ હિંદની કાપડ વણવાની સાળોને ખ્યાલમાં લઈએ તો તેની પચીસ ટકા સાળો ગુજરાતમાં છે. હિંદમાં કાપડની મિલોમાં કામ કરતા માણસોની સંખ્યાને ખ્યાલમાં લઈએ તોપણ તેની અંદર કુલ કામ કરતા માણસોમાંથી પચાસ ટકા માણસો મુંબઈ ઇલાકાની મિલોમાં કામ કરે છે; જ્યારે સારા યે હિંદની સરખામણીમાં પચીસ ટકા માણસો ગુજરાતની મિલોમાં કામ કરે છે. કાંતેલા સુતરને ખ્યાલમાં લઈએ તો—

સુતરવણાયેલ પૌંડમાં

અમદાવાદ શહેરમાં...	૧૯૫,૮૪૮,૬૭૬
વડોદરાની ગુજરાતની હદમાં......	
ખંભાત......	૩૩,૨૦૦,૦૦૦
	૧,૮૨૨,૫૩૩
કુલ પૌંડ	૨૩૦,૮૭૧,૨૦૯

ખેડા, ભરૂચ, સુરત અને વિરમગામના આંકડા મળ્યા નથી છતાં ઉપરના આંકડા સાબિત કરે છે, કે ઉત્પાદનની દૃષ્ટિએ સારા યે હિંદના સુતરના ઉત્પાદનનો છઠ્ઠો હિસ્સો ગુજરાતને ફાળે જાય છે.

આ ઉદ્યોગનો બીજા વિશ્વવિગ્રહની પહેલાંનો ખ્યાલ નીચેના કોઠામાંથી મળી રહે છે અને તે મુંબઈની સરખામણીમાં અમદાવાદની વધતી જતી અગત્યતાનો તેમ જ આ ઉદ્યોગનો ઝોક અમદાવાદ તરફ વળ્યો છે તેનો સહેજે ખ્યાલ આપે છે.

મિલોની સંખ્યા

	૧૯૩૧	૧૯૩૬
મુંબઈ	૭૩	૭૪
અમદાવાદ	૭૩	૮૪

ફેરકણા(અં. સ્પીન્ડલ્સ)ની સંખ્યા

મુંબઈ	૭૬,૯૭૫	૬૮,૩૪૮
અમદાવાદ	૪૦,૦૨૨	૫૦,૮૧૧

સાળોની સંખ્યા

મુંબઈ	૩,૪૨૭,૦૦૦	૨,૯૮૫,૩૫૭
અમદાવાદ	૧,૭૪૩,૫૨૩	૨,૦૪૧,૫૧૪

મુંબઈની સરાસરીમાં અમદાવાદને વધુ અગત્યતા અપાવનાર મુખ્ય કારણો આ છેઃ એક તો મુંબઈ કરતાં અમદાવાદની નજદીકમાં કાપડની ખરીદી કરનારાં અગત્યનાં કેન્દ્રસ્થાનો ઘણાં છે. આથી અમદાવાદના મિલમાલિકોને સ્થાનિક અને આસપાસનાં બજારોને માલ પૂરો પાડવામાં રેલવે અને સ્ટીમરના નૂરમાં ઘણો બચાવ થાય છે. આથી ઊલટું, મુંબઈ બંદર છે અને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદની કાપડની મુખ્ય બજારોથી અમદાવાદ કરતાં દૂર પડે છે. ગયા બે દાયકાઓમાં મહાત્મા ગાંધીજી વચ્ચે પડવાથી અમદાવાદમાં ઘણીખરી મજૂર ચળવળ ખોરંભે નખાઈ હતી અને હડતાળનો પવન ત્યાં મુંબઈ જેટલો જોરમાં ન હતો. મુંબઈ કરતાં અમદાવાદના મજૂરો ચળવળની દૃષ્ટિએ વધુ શાંત છે. આથી રાષ્ટ્રીય સંપત્તિને ખૂબ જ હાનિકર્તા હડતાળો મુંબઈ માફક અમદાવાદમાં અવારનવાર પડી નહોતી. વિશેષમાં બળતણ, સ્થાનિક કર અને પાણીનો ખર્ચ અમદાવાદની સરખામણીમાં મુંબઈમાં વધુ થાય છે.

બીજા વિશ્વવિગ્રહે આ ઉદ્યોગોમાં તેજી આણી અને કાપડની માગને ખૂબ જ વધારી દીધી. આથી હિંદની બધી જ કાપડની મિલોએ રાતપાળી અને દિવસપાળી તેમ જ બે હપ્તે (અં. ડબલ શિફ્ટ) કામકાજ લીધું અને ખૂબ જ નફો કર્યો; પરંતુ હિંદ સરકાર આ મિલોને તેમનો લડાઈ સમયનો બધો નફો ખાવા દઈ શકી નહીં; કારણકે સરકારી તિજોરીને પણ લડાઈ ખર્ચના બોજાએ સારો ઘસારો આપ્યો. આથી હિંદસરકારને કર નાખવાનાં નવાં સાધનો હાથ ધરવાં પડયાં. સરકારે (૧) મિલો ઉપર ૧લી એપ્રિલ ૧૯૪૦થી તેમના મૂળ ચોક્કસ નફા ઉપર ૫૦ ટકા વધુ નફાનો કર (અં. એક્સેસ પ્રોફિટ ટેક્સ) નાખ્યો. પરંતુ બીજા જ વર્ષથી એટલે ૧૯૪૧–૪૨થી આ પચાસ ટકાનો કર વધારીને ૬૬⅔ ટકા લેવો શરૂ કર્યો. (૨) ૧લી એપ્રિલ ૧૯૪૨થી મિલો પાસેથી મરજિયાત ડિપોઝીટ લેવાની પ્રથા શરૂ કરી, જેથી જો વધારાના નફાના કરની ૨૦ ટકા રકમ જો મિલો સરકાર પાસે જમા કરે તો દસ ટકા તેમાં સરકાર ઉમેરે.

(૩) મે ૧૯૪૩થી આ મરજિયાત અનામત રાખવાની પ્રથાને ફરજિયાત અનામતની પ્રથામાં ફેરવી નાખવામાં આવી.

(૪) છેવટે વીસ ટકા વધારાનો જ… કર, ફરજિયાત અનામત લેવાની પ્રથા, … ૧૩⅓ ટકા વધારાનો જથ્થો ગણાય તેને વ… ને ૧૯૪૪–૪૫માં નફાનો ૧૯/૬૪ મો … ફરજિયાત અનામત રકમ પેટે લેવ… કર્યો. આ પ્રથા ૩૧ માર્ચ, ૧૯૪૬ સુધી અ…માં રહી અને ત્યારબાદ તેને નાબૂદ …વામાં આવી.

હિંદ સરકારે ફરજિયાત અનામત પ્રથા (૧) ફુગાવાનાં ખરાબ તત્ત્વોને પ્રસ… રોકવામાં મદદરૂપ બનાવવા માટે તથા (… લડાઈ પછી મિલઉદ્યોગનાં હિતોનું ર… કરવા માટે દાખલ કરેલી; કારણ કે જ… હિંદ સરકાર આ રકમ મિલોને પાછી … કરે ત્યારે મિલોએ ફરજિયાત તે રકમ મિ… ઉદ્યોગની નવેસરથી પુનઃસ્થાપના માટે … વાની છે.

આ બાબતમાં એ જાણવું વધું અ… છે, કે અમદાવાદની કાપડની મિલોએ તે… અત્યારની જૂની યંત્રસામગ્રી અને યોજ… ઓને બદલી નવી દાખલ કરવા માટે અના… ફંડ તરીકે ઘણી મોટી રકમ બચાવી છે. … અંગે આ મિલો રાતદિવસ સતત … રહેલી હોવાથી તેમનાં યંત્રોને ઘણો જ … પડતો ઘસારો લાગ્યો છે. અત્યારનાં … ગયેલાં યંત્રોને બદલી નાખવા તેમ જ … મિલોનાં કેટલાંક ખાતાંઓ ચાલુ વૈ… પદ્ધતિ પર મૂકવા માટે; એટલે કે આ ઉ… ના પુનરુદ્ધાર માટે અમદાવાદની મિ… લગભગ ૪૦ કરોડ રૂપિયાની જરૂર છે. … તેમનાં અનામત ફંડો (ભંડોળો) વધા… નફાના અનામતની રકમ ખ્યાલમાં … તો અત્યારસુધીમાં લગભગ ૧૬ … રૂપિયાનું ભંડોળ અમદાવાદની મિલો… છે. વધુમાં આ મિલોની અત્યારનાં … ગયેલ યંત્રોની કુલ કિંમત ૧૪ કરોડ રૂ…

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલી અંકાય છે. આ પ્રમાણે અમદાવાદની મિલો પાસે લગભગ ૩૦ કરોડ રૂપિયાની અસક્યામત છે, જ્યારે તેમને યુદ્ધોત્તર યોજના અને પુનરુદ્ધાર માટે ૪૦ કરોડ રૂપિયાની જરૂર છે; તો જ તેઓ (અ) વિદેશી હરીફાઈ અને (બ) યુદ્ધોત્તર મંદીના વમળ વગેરેની ટક્કર ઝીલી શકે.

આ પ્રમાણે લડાઇએ આ મિલઉદ્યોગના પૂરેપૂરા પુનરુદ્ધાર માટે અને તેને ખૂબ જ સંગીન પાયા પર મૂકવા માટે ઘણી જ સારી તક ઉપસ્થિત કરી છે. મિલમાલિકોના થોડા વધુ પ્રયાસ અને આત્મભોગથી આ ઉદ્યોગનું ભાવિ ઘણું જ ઉજ્જવળ બનાવી શકાય તેમ છે;

લડાઈ બંધ થયા પછી ધીમેધીમે ઈંગ્લેંડ અને યુરોપની માગ પૂરી પાડવા અમેરિકા સમર્થ થયું છે. તેણે શાંતિ સમયની માગ માટેની ઔદ્યોગિક યોજનાને ક્યારનું યે મૂર્ત સ્વરૂપ આપી દીધું છે. વધુમાં ધીમેધીમે ઇંગ્લેંડ અને યુરોપમાં પણ ઉદ્યોગોની સ્થાપના ચાલુ થઈ છે, જ્યારે આ બાબતમાં હિંદ ખાતે જોઈતી યંત્રસામગ્રી વિદેશથી નહીં મળવાથી હજી પણ આ ઉદ્યોગને સોસવું પડે છે. ઘસાયેલ યંત્રસામગ્રી અંગે એકધારું એકજાતનું કાપડ ઉત્પન્ન કરવામાં પણ માલનો ખરાબો વિશેષ નીકળે છે. ફુગાવાને લીધે આપવી પડતી રૂની વધુ કિંમત તથા મજૂરોની રોજીને અંગે દેશી કાપડના ભાવ વિદેશી કાપડની હરોળમાં રાખવાનું પરવડે તેમ નથી, તેમ જ આ કાપડની વિદેશની માગ ઘટતી ચાલી છે. જ્યારે આપણાં આંતરિક બજારોમાં કાપડ ખરીદવાની જોઈતી ખરીદશક્તિનો જનતામાં અભાવ હોવાથી વધુપડતા ભાવોનું કાપડ જ્યાંત્યાં એકઠું થયું છે. વળી વિદેશની સ્પર્ધામાં કાપડ ખપી શકે તેવું સસ્તું બનાવવા માટે સસ્તી મજૂરી, સસ્તું રૂ વગેરે મળવાં હજી પણ મુશ્કેલ છે. આ સંક્રાંતિકાળમાં 'અતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ' જેવી આ ઉદ્યોગની દશા થઈ છે. વધતી જતી પ્રજા અને સરકારની નાણાંભીડને લીધે નવા ઉદ્યોગો સ્થાપવાની અશક્તિને અંગે વધતી જતી બેકારીના આ સમયમાં મિલો બંધ પડતી અટકે અને જનતાની હાડમારીમાં વધારો ન થાય તે જોવાની અને આ ઉદ્યોગને રક્ષણ આપવાની સરકારની પ્રથમ ફરજ છે. કાપડના ભાવમાં વધારો થાય તો ઘટતી જતી ખરીદશક્તિના આ સમયમાં જનતાને વધુ સોસવું પડે તેમ છે, જ્યારે આ ભાવે કાપડ વિદેશમાં ખપી શકે તેમ નથી. આ ઉદ્યોગે અત્યારે આપણા માટે ત્રિશંકુ જેવી સ્થિતિ ઊભી કરી છે તેમ કહીએ તો જરા પણ ખોટું નથી. આ દશામાંથી માર્ગ કાઢવા કદાચ સરકારે વાજબી અંકુશ લાવી દેશમાં કાપડ મળતું કરી વધારાના ઉત્પાદનને અત્યારે ઘટાડેલા હુંડિયામણ દ્વારા વધુમાં વધુ મદદ આપીને પણ પરદેશના બજારમાં કાપડની નિકાસ માટે પ્રયત્નો કરવા જોઈએ. ઘટાડેલ હુંડિયામણના દરથી વિદેશની બજાર હાથ કરવી, અગર તો નાણાંકીય મદદ આપીને પણ નિકાસ કરવી એ ટૂંકા સમય માટેના જ ઉપાયો ગણાય. જ્યારે છેવટે તો આ ઉદ્યોગને સંગીન પાયા પર મૂકવા માટે (૧) દેશમાં ફુગાવાને અંકુશમાં લઈ, (૨) વધુ ને વધુ જરૂરિયાતની ચીજો ઉત્પાદન કરી, (૩) જરૂરિયાતની ચીજોના ભાવ ઘટ્યા બાદ મજૂરીના દર વાજબી રીતે ઓછા કરી (૪) ઉદ્યોગના ઉત્પાદનને કિફાયત ભાવે વેચી શકાય તેવી સ્થિતિ ઉપસ્થિત કરવી એ જ સાચો માગ ગણાય.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

જાતિવાદનું મૂળ

*

પંડિત બહેચરદાસ દોશી

સમાજની રક્ષા માટે પ્રજાનાં વિવિધ અં... ભિન્નભિન્ન કાર્ય સોંપીને વર્ણાશ્રમની રચના કર... સાચે જ આપણા પ્રાચીન સમાજધુરીણોએ ડહાપ... વાપર્યું હતું. પરંતુ કાળક્રમે એ વિકૃતિએ ભયં... સ્વરૂપ લીધું અને બ્રાહ્મણોની એક પ્રકારની અહં... મીને પરિણામે જાતિવાદ ઉગ્ર બન્યો. આ બ્રાહ્... સંસ્કૃતિને પડકારતી—સૌને સમાન ગણતી ને અહિં... સાના પાયા પર રચાયેલી જૈન ને બુદ્ધ સંસ્કૃતિ પ્રત્યે તે કળા માનવીઓને આકર્ષણ થયું તે પણ આ... કારણે. પુરાણોમાંથી જાતિવાદનું મૂળ બતાવી, વેદ જેટલું જ પ્રમાણ ધરાવતા 'મજ્જિમ નિકાય' નામ... ગ્રંથના 'માધુરિય સુક્ત'માંથી વિદ્વાન લેખકે અહીં જાતિવાદની ચર્ચાનો ટૂંકો સાર આપ્યો છે. પૂ. ગાંધીજ... આગમન પછી જાતિવાદને ગંભીર ફટકો લાગ્યો. પ્રજાસત્તાક ભારતના બંધારણમાં અસ્પૃશ્યતાનો ના... પોકારાયો છે અને સમાનતાનો સ્વીકાર થયો છે; પરંતુ સમાજના વ્યવહારમાંથી ઊચનીચનો ભાવ હજી... નથી. આવો ભાવ દૂર કરવા માનવચિત્તને સ્પર્શે એવું જ્ઞાન જ ઉપયોગી છે. એ લેખને અંતે અપાએ... સંવાદમાં એવા જ્ઞાનનો આછો પ્રકાર છે. જાતિવાદને આપણે મૂળથી ઉખેડી નાખવાની જરૂર છે.

આજથી પચીસસો વરસ પહેલાંના આપણા હિંદુસ્તાનનો ઇતિહાસ સમજવો હોય, તે દેશની ખરી તસવીર નીરખવી હોય તો ઉપનિષદો, મહાભારત, બૌદ્ધ સાહિત્ય અને જૈન સાહિત્ય બરાબર સાવધપણે જોવાં જોઈએ—સમજવાં જોઈએ. આજે વર્તમાનમાં આપણા આ દેશની જે તસવીર આપણે જોઈએ છીએ તેનાં સાચાં કારણો જોવાં હોય તો આપણા લોકોએ ભૂતકાળ તરફ નજર ફેરવવી જ પડશે. વર્તમાન પરિસ્થિતિ કાંઈ એકાએક ટપકી નથી પડતી, તે તો ક્રમેક્રમે ભૂતકાળના પરિણામરૂપે જ આવેલી હોય છે. આપણો સંન્યાસમાર્ગ, આપણા ધાર્મિક વાદવિવાદો, આપણી વર્ણોનો વ્યવહાર—ન્યાતજાતો, માણસ સાથેનો આભડછેટ આ બધું આપણી ભૂતકાળની જ—પાકી ગયેલી કહો કે સડી ગયેલી કહો—પરિસ્થિતિનું પરિણામ છે.

ઘણીવાર એમ બને છે, કે જે વ્યવસ્થા જે કાળે ઉચિત હોય તે જ વ્યવસ્થા બીજે કાળે ઉચિત નથી હોતી; એટલું જ નહીં પણ હાનિકારક નીવડે છે, છતાં લોકોને જેમ ભૂત વળગે છે તેમ આપણને ભૂતકાળ ... સજજડ વળગેલો છે કે તેનાં તમામ ... આપણે એકદમ દૂર કરી શકતા જ ન... જાણીએ છીએ, કે અન્યાય કરીએ છ... અહિંસાધર્મનો પણ લોપ આપણે હાથે... છે છતાં 'आगुसे चली आती है' એ ... સૂત્રથી આપણે ભૂતકાળના વળગાડથી ... શકતા નથી.

આપણને ભૂતકાળના એવા ઘણા ... ગાડો વળગ્યા છે. તેમાંના એક 'જાતિવા... વિશે જ અહીં વિચારીએ.

જાતિવાદની ઉત્પત્તિનું મૂળ મારી ... પ્રમાણે ઋગ્વેદમાં આવેલા એક પુરુષસૂ... મંત્રમાં માલૂમ પડે છે. એ સૂક્ત જાતિ... સમર્થક નથી જ, છતાં આપણા ... સ્વચ્છંદે તે સૂક્તનો એવો દુરુપયોગ ક...

જે સૂક્તમાંથી આપણા વડવાઓએ ... માણસ વચ્ચેના આભડછેટની સમાજ...

× જનમને કારણે માણસને ઉત્તમ ... અધમ કલ્પવો એવા મતનું નામ જાતિવાદ ... ને ઘેર જેણે જન્મ ધર્યો તે ઉત્તમ અને ... ઘેર જન્મ ધર્યો તે અધમ એવા વાદ.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત ઉપજાવી કાઢી છે તે સૂક્તનો પાઠ આ પ્રમાણે છેઃ

१ सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् ।÷
(આદિ ભાગ)

२ पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भव्यम् ।

३ मुखं किमस्य किम्बाहू मूरू पादा उच्येते ?

४ ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्यः कृतः ।
ऊरू तदस्य यद् वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥

(સૂક્ત ઋગ્વેદ મંડળ ૧૦, સૂક્ત ૯૦, મંત્ર ૧૧, ૧૧-૧૨ કડી) આ મંત્રનો સીધો અર્થ આ પ્રમાણે છેઃ

૧ પુરુષ હજારમાથાવાળો છે, હજાર આંખવાળો છે, હજાર પગવાળો છે.

૨ જે હતું અને જે હોવાનું છે (તે) આ બધું પુરુષ જ છે.

૩ એનું મુખ શું છે? હાથ કોણ છે? ઊરુ-સાથળ કોણ છે? પાદા-પાંચા-પગ કોણ કહેવાય છે?

૪ એનું મુખ બ્રાહ્મણ હતો, હાથ રાજન્યને કરવામાં આવેલ છે, એનો સાથળ વૈશ્ય અને બે પગ વાટે શૂદ્ર થયેલ છે.

આ સૂક્ત એક કવિની અદ્‌ભુતવાણીમય છે અને તે જગતમાં સર્વત્ર ફેલાયેલા ચેતન-ની સ્તુતિરૂપ છે.

કવિ કહે છે, કે બ્રહ્માડમાં સર્વત્ર પસરેલો ચેતન હજાર માથાવાળો છે અને હજાર-હજાર આંખ અને પગવાળો છે. અહીં કવિએ હજારને બદલે લાખ કે કરોડ વા અબજ સંખ્યા બતાવી હોત તોપણ બરાબર ચાલત. જ્યારે કવિએ સચરાચર વ્યાપક ચેતન-ને સમસ્ત બ્રહ્માંડમય કહ્યો અને જે હતું તથા જે હોવાનું તે બધું પુરુષમય જ કહ્યું ત્યારે એવા પુરુષનું મુખ, હાથ, સાથળ અને પગ પણ કલ્પવા પડે જ એટલે કાવએ પોતે જ પ્રશ્ન કર્યો કે એનું મુખ, હાથ, સાથળ અને પગ કોણ છે? એનો જવાબ પણ કવિએ પોતાની કાવ્યભાષામાં જ આપ્યો, કે બ્રાહ્મણ મુખ છે, હાથ રાજપુત્ર-રાજન્ય-ક્ષત્રિય છે, સાથળ વૈશ્ય છે અને પગ શૂદ્ર છે.

÷ સાતવળેકરજીની આવૃત્તિ પૃ૦ ૭૦૬-૭૦૭.

સૂક્તના આવા અભેદસૂચક સ્પષ્ટ અર્થ-માંથી પણ કમનસીબે આપણા વડવાઓએ 'મુખમાંથી થયો એટલે બ્રાહ્મણ જ ઊંચો, અથવા પગમાંથી થયો એટલે શૂદ્ર જ નીચો જ.' આવો અત્યંત ભ્રષ્ટ અર્થ તારવ્યો અને આજ હજારો વરસથી આપણા વારસા પેટે આભડછેટની આ મૂડી આવી.

જગતનો વિચાર કે તમામ વસ્તુઓનો વિચાર અનેક દૃષ્ટિએ કરી શકાય છેઃ ભેદદૃષ્ટિ રાખીને પણ વસ્તુનો વિચાર થઈ શકે છે અને અભેદદૃષ્ટિ રાખીને પણ વસ્તુ તરફ જોઈ શકાય છે.

આપણા એક નાના કુટુંબમાં પાંચ સાત માણસો હોય. માતપિતા, ભાઈ, બહેન, ભાભી, ફોઈ અને માસી. આ સાતે માણસો તરફ અભેદદૃષ્ટિએ વર્તન કરી શકાય છે અને ભેદદૃષ્ટિએ પણ. કુટુંબનો વડિલ કે બીજો સ્વજન જે અંગત સ્વાર્થ વગરનો છે તે મર્યાદાભંગ ન થાય એ રીતે ખાવામાં, પીવામાં, ફરવાહરવામાં, લેવાદેવામાં અને એવા બીજા તમામ વ્યવહારોમાં તે બધાં વચ્ચે અભેદ કલ્પીને જ સમભાવે વર્તે છે. અને સાથે જ તે દરેકની મર્યાદા જુદીજુદી છે, દરેકની ખાસિયત જુદીજુદી છે અને દરેકનાં આદરસત્કાર, સ્નેહપ્રીતિના ભાવો પણ જુદાજુદા છે. એ ભેદદૃષ્ટિને પણ તે સ્વજન કે વડિલ પોતાના ધ્યાન બહાર રાખતો નથી. આ રીતે વ્યવહારમાં અભેદદૃષ્ટિ અને ભેદદૃષ્ટિ બંને સાધક છે, પણ જે માણસ કેવળ સ્વાર્થી વા સ્વચ્છંદે પ્રેરાયેલો હોય છે તે તો પોતાના જ સ્વાર્થ કે સ્વચ્છંદને પોષવા જ અભેદદૃષ્ટિનો અને ભેદદૃષ્ટિનો દુરુ-પયોગ કરે છે; અને પોતે પડે છે તથા અન્યને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પણ પાડે છે.

જે બધું આ કુટુંબનું છે તે બધું ય મારું જ છે ને એમ ખરી નહીં પણ દેખાતી અભેદદૃષ્ટિની કલ્પના કરીને પોતાનો સ્વાર્થ સાધે છે અને આ મારું છે, આ અમુકનું છે, આ તમુકનું છે એવો ભેદ કલ્પીને વૈમનસ્ય વધે એવી સ્થિતિ પણ તે આણી શકે છે.

આ રીતે માણસ પોતાની ભાવના પ્રમાણે અભેદ કે ભેદદૃષ્ટિનો ઉપયોગ કરે છે. ઉપરના સૂક્તમાં જે ચેતન પુરુષનું મહિમામય વર્ણન કરવામાં આવ્યું છે તેમાં પણ માણસ પોતાની ભાવના પ્રમાણે અભેદ વા ભેદદૃષ્ટિનો ઉપયોગ કરી ઉત્તમ અર્થ પણ લઈ શકે છે અને હલકો અર્થ પણ ઉપજાવી શકે છે.

જેનામાં સત્યની તમન્ના છે, અહિંસાની ભાવના અગ્રસ્થાન ભોગવે છે, ભાઈચારાનો ભાવ છલોછલ ભરેલો છે તે તો ઉપરના સૂક્તને અભેદ પોષક જ ગણશે અને અભેદને બાધ ન આવે એ રીતે ભેદવાળા વ્યવહારનું પણ સૂચક સમજશે.

એ એમ કહેશે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણો એક મહાકાય વિરાટ પુરુષનાં અંગ સમાન છે. શરીરનાં મુખ, હાથ, સાથળ અને પગ એ ચાર અંગોમાં જેમ આખા શરીરનું જ લોહી ધડકે છે; મુખ હાથને અવગણતું નથી, તેમ સાંથળ કે પગને અપમાનતું પણ નથી, અને તે જ રીતે હાથ કે સાથળ પગનો અનાદર કરતાં નથી. તે બધા અવયવોમાં અમુક ઊંચો અવયવ અને અમુક નીચો અવયવ એવી પણ કલ્પના નથી. એ ચારે અવયવો એકબીજાના કાર્યની અવગણના કર્યા સિવાય પોતપોતાની મર્યાદા પ્રમાણે પોતપોતાનું કામ કર્યે જ જાય છે; એટલે એ ચારે અવયવો પરસ્પર તદ્દન સમાન છે; એમાં નથી કોઈ ઉત્તમ કે નથી કો અધમ: એ જ રીતે આ વિરાટ પુરુ ચાર અવયવો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય શૂદ્ર વિશે પણ બરાબર સમજવાનું છે. નથી કોઈ ઊંચો અને નથી કોઈ ની જગતની વ્યવસ્થા માટે એ ચારે અવયવો એકબીજાની લેશ પણ અવગણના વિના પોતપોતાની મર્યાદા પ્રમાણે પ્ર ચલાવ્યે રાખવાની છે. એ દૃષ્ટિએ આ ચા વર્ણો પરસ્પર બિલકુલ સમાન છે; એ અમુક એક ઉચ્ચ વરણ છે અને અમુક નીચ વરણ છે, એવો આશય આ સૂક્ત વિષય જ નથી. આ થઈ આ સૂક્ત સમજવાની અભેદદૃષ્ટિ.

હવે જ્યારે એ જ સૂક્તને ભેદદૃ વિચારીએ તો એમ કહેવાય કે શરીરના અવયવો જુદાજુદા છે, તેમનાં નામ અને જુદાંજુદાં તથા તેમની મર્યાદાઓ પણ જુદીજુ છે, એટલે તેમને જુદાજુદા ઓળખવા જ છે–વ્યવહારની વ્યવસ્થા માટે તેમના એવાં જુદાંજુદાં કામ અને તે દ્વારા જુ જુદાં નામ પાડવામાં આવે છે; માટે દરેકને ભિન્ન સ્વરૂપે જ નિહાળવા જોઈ આ થઈ આ સૂક્તને સમજવાની ભેદદૃ

ઉપર કહેલી ભેદદૃષ્ટિમાં પણ અભે પરોવાયેલો જ છે અને અભેદદૃષ્ટિમાં વ્યવહારસાધક ભેદ છુપાયેલો છે. કેવળ જાતની વિચારધારામાં અભેદ ભેદનો છે અને ભેદ પણ અભેદનો સૂચક છે બરાબર ધ્યાનમાં આવી જાય એટલું સ્પ

પણ હવે વિચારક ઘમંડ કે સ્વા સપડાયેલ હોય વા સત્ય અને અહિં વિમુખ બનેલો હોય ત્યારે તે ઉપરના સૂ અભેદને તદ્દન અવગણીને જ વિચાર માંડે છે અને કહે છે કે ક્યાં મુખ ક્યાં પગ–મુખ તો ઉત્તમોત્તમ અને પગ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધમાધમ! આ સૂક્ત ઉપરથી તે એવું ફલિત કરવા બેસી જાય છે, કે બ્રાહ્મણ તો-જન્મેલો બ્રાહ્મણ ઉત્તમોત્તમ જ છે અને જન્મેલો શૂદ્ર અધમાધમ જ છે. તે વિચારક એ અવયવોમાં રહેલી અભિન્નતાને જોઈ જ શકતો નથી અને સત્યની જેમાં અવગણના થયેલ છે એવી પોતે કલ્પેલી કેવળ ભેદ-બુદ્ધિને પ્રધાન સ્થાન આપે છે અને એ દ્વારા તે જાતિવાદને પોષે એવો આ સૂક્તનો અર્થ કાઢવા તત્પર બને છે.

આવો મિથ્યા અર્થ ભગવાન બુદ્ધના સમયમાં એટલે આજથી પચીસસો વરસ પહેલાં પણ પ્રચલિત હતો અને મદથી છકેલા ગુરુઓએ આવો અભદ્ર અર્થ કરી પોતાના લાખો માનવબંધુઓને અધમાધમ બનાવી પોતાના જ એક પાયાના અંગ ઉપર જબરો કુહાડો ચલાવ્યો હતો.

ભગવાન બુદ્ધે આવા અભદ્ર અર્થની સામે ભારે વિનયપૂર્ણ વિરોધ જગાવ્યો છે. પોતાના વિરોધને સમજાવવા 'મજ્ઝિમનિકાય'* નામના પિટકગ્રંથમાં પાલિ ભાષામાં એમણે અનેક ચર્ચાઓ કરેલી છે, એમાંની એકનો સાર નીચે પ્રમાણે છે:

[સૂત્રમાં ભિક્ષુ મહાકાત્યાયન જવાબ આપે છે અને ખુલાસા કરે છે અને મથુરાનો રાજા અવંતિપુત્ર સવાલ કરે છે.]

એક વખતે ચિરંજીવ મહાકાત્યાયન મથુરામાં આવેલા ગુંદવનમાં વિહરતા હતા. મથુરામાં મહાકાત્યાયનની ઘણી કીર્તિ ફેલાયેલી હતી. લોકો કહેતા, કે તે પંડિત છે, મેધાવી છે, બહુશ્રુત છે, ચિત્તની વાતને પામી જઈ તેના ખુલાસા કરી શકે છે અને તેમની પ્રતિભા ભારે કલ્યાણકર છે. એટલું જ નહીં, પણ મહાકાત્યાયનની સાથે સંપર્ક કરવાથી સંપર્ક કરનારનું કલ્યાણ થાય એવા એ સંતપુરુષ છે.

મહાકાત્યાયનની આવી કીર્તિ સાંભળીને મથુરાનો રાજા અવંતિપુત્ર ઉત્તમ રથમાં બેસીને તેમના દર્શને જવા નીકળ્યો. જ્યાંસુધી રથને જવાનો મારગ હતો ત્યાંસુધી તે રથમાં ગયો અને પછી પોતે પગે ચાલીને ગયો. સંત મહાકાત્યાયન બેઠા હતા ત્યાં પહોંચી રાજાએ વિનયભાવે નમસ્કાર કર્યા, તેમના સુખસમાધિના સમાચાર પૂછ્યા અને પછી રાજાએ તેમની સાથે 'બ્રાહ્મણ' વિશેના સવાલજવાબ કર્યા:

રાજા અવંતિપુત્ર : મહર્ષિ કાત્યાયન! બ્રાહ્મણો એમ કહે છે, કે બ્રાહ્મણ જ શ્રેષ્ઠ છે, બાકીની વરણ હલકી છે—નીચ છે. બ્રાહ્મણ જ ગોરા વર્ણના છે, બાકીના વર્ણ કાળા છે. બ્રાહ્મણ જ શુદ્ધ છે અને બાકીના વર્ણ એટલે ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ત્રણે અશુદ્ધ છે—શુદ્ધ નથી હોતા. બ્રાહ્મણ જ બ્રહ્માના વારસ છે અને બીજા વર્ણ બ્રહ્માના વારસ નથી. આ વિશે આપનો અભિપ્રાય બતાવો અને જે હકીકત ખરેખરી હોય તે મને સમજાવો.

મહાકાત્યાયન : મહારાજ! જગત-

* મજ્ઝિમનિકાય નામનો બૌદ્ધધર્મનો એક મહાગ્રંથ છે. ત્રિપિટકમાં તે સુત્તપિટકમાં સમાય છે. તે મૂળ પાલિ ભાષામાં છે. તેમાં ત્રણ પંચાશક છે: પ્રથમપંચાશક, મધ્યમપંચાશક અને તૃતીયપંચાશક કે ઉપરિપંચાશક. દરેક પંચાશકમાં પાંચપાંચ વર્ગ છે. દરેક વર્ગમાં દસદસ સુત્ત છે; એટલે એક પંચાશકમાં પચાસ સૂત્ર આવે છે. ત્રણે પંચાશકમાં મળીને કુલ દોઢસો સૂત્ર થાય. અહીં માધુરીય સુત્તમાં આવેલી જાતિવાદ અંગેની ચર્ચા આપી છે. આ સુત્ત મધ્યમપંચાશકમાં આવેલ છે. મધ્યમપંચાશકમાં પાંચ વર્ગ છે, તેમાંના ચોથા રાજવગ્ગમાં આ સુત્ત પાંચમું છે. ત્રિપિટક વિશારદ શ્રી રાહુલજીએ આ ગ્રંથનો હિંદી અનુવાદ પણ કરેલો છે. તે અનુવાદમાં આ સુત્ત ૩૪૦મા પાના ઉપર છે. બ્રાહ્મણ પરંપરામાં જેટલું પ્રામાણ્ય વેદોનું તેટલું જ પ્રામાણ્ય બૌદ્ધ-પરંપરામાં આ પિટક ગ્રંથોનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં ચાર વર્ણ છે: ક્ષત્રિય,* બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્ર.

હવે તમે એમ કલ્પો કે કોઈ ક્ષત્રિય મોટો ધનકુબેર હોય, તેની પાસે અનાજ અને સોનુંચાંદી પણ અઢળક હોય અને તે ચાર વર્ણમાંના કોઈને પોતાને ત્યાં નોકર રાખવા ઇચ્છતો હોય અને નોકરીના બદલામાં તે ખૂબ ધન, અનાજ અને સોનું-ચાંદી આપતો હોય તો શું બ્રાહ્મણ એને ત્યાં નોકર નહીં રહે? ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પણ એની ચાકરી નહીં સ્વીકારે? ચાકરી તો સ્વીકારે જ પણ ધન, અનાજ અને સોનાચાંદીથી બંધાયેલો એ નોકર પોતાના શેઠની પહેલાં જ ઊઠશે અને શેઠ ઊંઘી જશે પછી જ ઊંઘી જશે. 'શેઠ સાહેબ! શું કામ છે? કામ ફરમાવો.' એ રીતે શેઠનો કિંકર બની જશે; અરે! શેઠની હાએ હા અને શેઠની નાએ ના પાડનારો અને શેઠની મનોવૃત્તિને બરાબર અનુકૂળ જ રહેશે.

જો બ્રાહ્મણની અને બીજી ત્રણે વર્ણની પણ આવી જ દશા છે તો હે રાજા! પછી એ ચારે વર્ણમાં વિશેષતા શી રહી? એ તો ચારે સરખા જ બની ગયા. આમાં બ્રાહ્મણ ઉત્તમ છે અને બીજા હીણા છે એવું ક્યાં રહ્યું?

એ જ રીતે હે મહારાજ! કોઈ ધનકુબેર બ્રાહ્મણ કોઈ બીજા બ્રાહ્મણને કે બીજા ત્રણ-માંના ગમે તે વર્ણના માણસને પોતાના ધન, ધાન્ય અને સોનાચાંદીના જોરે પોતાનો ગુલામ બનાવી શકે છે, એ જ પ્રમાણે વૈશ્ય પણ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય વા શૂદ્રને મનમાન્યો પગાર આપી અથવા અનાજ કે સોનાચાંદી-ઝવેરાત આપી પોતાનો દાસ બનાવી શકે છે; અને એ જ પ્રકારે કોઈ સ્મશાનાધિપતિ ચાંડાળની પેઠે કોઈ શૂદ્ર પણ પોતાના અગણિત ધન, અઢળક અનાજ અને અમાપ સોનાચાંદી-ઝવેરાતના જોરે બ્રાહ્મણને, ક્ષત્રિયને, વૈશ્યને અને શૂદ્રને પોતાનો મુનીમ, ખાસદાર, હમાલ કે બીજી કોઈ રીતે આજ્ઞાંકિત નોકર બનાવી શકે છે; તો પછી મહારાજ! 'એ ચારે વર્ણમાં બ્રાહ્મણ ઉત્તમ છે, બીજા હીણા છે. બ્રાહ્મણ ગોરા વર્ણનો છે, બાકીના બધા વરણ કાળા છે; બ્રાહ્મણ જ શુદ્ધ છે, બાકીના વર્ણ અશુદ્ધ છે; બ્રાહ્મણ જ બ્રહ્માનો વારસ છે, બીજી વર્ણ બ્રહ્માની વારસ નથી.' એ ક્યાં રહ્યું? આમાં તો ઉપર કહેલાં ધન, ધાન્ય અને સોનાચાંદી પાસે બધી વર્ણ સરખી જ ઊતરી. તે બધા એકસરખા ગુલામ જ રહ્યા. એમાં કોણ ઊંચો અને કોણ નીચો? કોને ઉત્તમ કહેવો અને કોને હીણો કહેવો?

અવંતિપુત્ર: મહર્ષિ! આપ કહો છો એ તદ્દન બરાબર છે. મારી મથુરાનગરીમાં પણ હાલ આવું જ બની રહેલ છે. હું જાતે ક્ષત્રિય છું, મેં મારે જ ત્યાં ધન, ધાન્ય અને સોના-ચાંદી-ઝવેરાતના બદલામાં કેટલા ય બ્રાહ્મણોને કિંકર બનાવેલા છે—નોકરીમાં રાખેલા છે. તે બ્રાહ્મણો મારું કહ્યું બરાબર કરે છે. મારે કોઈ મુહૂર્ત જોઈતું હોય તો તેઓ તરત શોધી કાઢે છે. મારી રાણીને કાંઈ સ્વપ્ન આવે તો તેઓ તેનું સારું ફળ બતાવવા મારી પાસે તેમનાં પુસ્તકો લઈને દોડી આવે છે. મારે શિકારે જવું હોય ત્યારે પણ તેઓ સાથે જ રહે છે. મારું એક પણ એવું કામ નથી જેને આ બ્રાહ્મણોનો ટેકો ન હોય. મારે બેપાંચ સ્ત્રીઓ વધારે કરવી હોય તો તે કામ બ્રાહ્મણો જ સાધી આપે છે. આ જ પ્રકારે મેં ક્ષત્રિયોને, વૈશ્યોને અને શૂદ્રોને પણ મારી નોકરીમાં રાખેલા છે અને તેઓ

---

* બુદ્ધભગવાનના સમયમાં લોકોમાં ક્ષત્રિય ઉત્તમ ગણાતો માટે ચાર વર્ણમાં અહીં ક્ષત્રિયને પ્રથમ મૂકેલ છે. જૈન ગ્રંથો પણ આવો જ મત ધરાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા મારા કિંકર છે. કદાચ હું અન્યાયને માર્ગે જતો હોઉં તોપણ તેઓ તેમાં સંમતિ આપનારા છે-ટેકો આપનારા છે. આ મારો પોતાનો જાતઅનુભવ છે. જેમ મેં મારો દાખલો આપ્યો તેમ મથુરાના તમામ શ્રીમંતોનાં ઘરોમાં બધા વર્ણના લોકો કિંકર છે અને આવી દશા આખા ભારતમાં છે.

મહાકાત્યાયન : મહારાજ ! તમે તમારો પોતાનો અનુભવ કહ્યો, આખી મથુરા તેમ જ આખા ભારતની પરિસ્થિતિ પણ કહી સંભળાવી. આવી પરિસ્થિતિમાં જ્યારે આ ચારે વર્ણના લોકો કિંકર છે ત્યારે એમાં કોણ ઉત્તમ અને કોણ હીણો એમ કહી શકાય ? હા, કદાચ એમ કહી શકાય, કે બ્રાહ્મણ પોતાના પગાર કરતાં કોઈ વધારે પૈસા ગમેતેમ કરીને પાડે છે અથવા ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર કરતાં ગમેતેમ કરીને પોતાના પગારના વધુ પૈસા પાડે છે. પણ આથી એમ તો ન જ કહી શકાય, કે બ્રાહ્મણ જ ઉત્તમ છે અને બીજા હીણા છે. વળી બીજું, મહારાજ ! ક્ષત્રિય વર્ણનો માનવી ધાડ પાડે, ચોરી કરે, દુરાચાર કરે, ખૂન કરે તો તમે એને કાંઈ સજા કરો ખરા કે કેમ ?

અવંતિપુત્ર : મહર્ષિ ! એવા ધાડપાડુ, ચોર, દુરાચારી અને ખૂન કરનાર ક્ષત્રિય વર્ણના લોકને હું કડક સજા કરું, હડમાં નાખું, હદબહાર કરું, શૂળીની કે ફાંસીની પણ સજા આપું. એ તો જેવું તેના ગુનાનું માપ-પ્રમાણ.

મહાકાત્યાયન : મહારાજ ! એ જ પ્રમાણે કોઈ બ્રાહ્મણ જે પોતાને જ બ્રહ્માનો વારસદાર કહે છે તે ખાતર પાડે, ગામ લૂંટે, વ્યભિચાર કરે, ખૂન કરે, અને તેવા ચોર, ખૂની બ્રાહ્મણને પકડીને તમારો રાજપુરુષ તમારી કચેરીમાં ન્યાય માટે ઊભો કરે તો તમે તેને શી સજા કરો ?

અવંતિપુત્ર : ક્ષત્રિયની માફક જ તેને સજા કરું મહર્ષિ ! મારે તો રાજધર્મ પાળવાનો છે અને પ્રજાનું હિત જોવાનું છે, એટલે દુષ્ટતાનો નિગ્રહ કર્યા વિના હું બીજું કશું કરું નહીં. પછી ક્ષત્રિય પોતાને આદ્ય પુરુષ ભરતનો વારસદાર કહેતો હોય કે બ્રાહ્મણ પોતાને બ્રહ્માનો વારસદાર કહેતો હોય. મારા ન્યાયનાં ત્રાજવાં પાસે તો એવી કોઈની ખોટી સિફારશ ચાલી નથી અને ચાલવાની નથી. ગુનેગારોને સીધા કરવા અને બિનગુનેગારોનું રક્ષણ કરવું એ મારો ક્ષત્રિયધર્મ છે. હે મહર્ષિ ! એ જ પ્રમાણે કોઈ વૈશ્ય કે શૂદ્રને સજા થાય. ટૂંકમાં કોઈ પણ ગુનેગાર જેનો ગુનો સાબિત થયો હોય તે મારા ન્યાયમાંથી કદી છટકી શકે જ નહીં.

મહાકાત્યાયન : મહારાજ ! તમે પોતે જ એવું આચરી બતાવો છો કે ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય કે શૂદ્ર ગમે તે વર્ણનો હોય અને ગુનેગાર સાબિત થાય તો તેને ગુના પ્રમાણે સજા થાય જ; એટલે પછી બ્રાહ્મણ જ ઉત્તમ અને બીજા હીણા એવું ક્યાં રહ્યું ? આ તો ચારે વર્ણ એકસરખા થયા. વળી બીજી વાત, મહારાજ ! ધારો કે કોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર અહિંસાધર્મી હોય, સતવાદી હોય, સદાચારી હોય, સુશીલ હોય, પ્રામાણિક અને નીતિવંત હોય તો મહારાજ ! તમે તેને શું કરો ?

અવંતિપુત્ર : મહર્ષિ ! ગમે તે વર્ણના તેવાને હું રાજા તરીકે ન્યાયની અને સદાચારની પ્રતિષ્ઠા વધારવા માટે આદર આપું, તે દરેકનું એકસરખું સન્માન કરું, તેમની દરેકની સર્વ પ્રકારે સહાયતા કરું, તેમની યશગાથા ગવરાવું.

મહાકાત્યાયન : મહારાજ ! તમારા કહેવા પ્રમાણે આવા પુરુષને તમે એકસરખું સન્માન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપો, સરખી રીતે દરેકનો સત્કાર કરો અને સરખી જ રીતે દરેકની પ્રતિષ્ઠા વધારો તો પછી આમાં એવું ક્યાં રહ્યું કે કોઈ એક જ વર્ણ ઉત્તમ? જેનામાં અહિંસા છે, સત છે, ન્યાય છે, નીતિ છે, સદાચાર છે તે ગમે તે વર્ણ હોય પણ તે તમામ માનપાત્ર છે અને જેનામાં હિંસાવૃત્તિ છે, જૂઠ છે, અન્યાય છે, અનીતિ છે, અપવિત્રતા છે તે ગમે તે વર્ણના હોય પણ તમામ સજાપાત્ર છે; એટલે વર્ણ તરીકે કોઈ ઉત્તમ છે અને બીજા હીણા છે એવું કશું જ નથી, પણ જ્યાં ગુણ છે ત્યાં આદર છે અને જ્યાં દુર્ગુણ છે ત્યાં અનાદર છે.

મહારાજ! હું તો બુદ્ધ ભગવાનનો અનુયાયી ભિક્ષુ છું, પણ હું એક ભિક્ષુ છું એટલા માત્રથી વા અમારા વેશને લીધે હું આદરપાત્ર નથી. મારામાં અહિંસા હશે, સ... હશે, સદાચાર હશે અને એવા બીજા ... ભિક્ષુમાં હોય એવા ગુણો હશે તો જ હું લો... આદરપાત્ર થવાને હક્કદાર છું; નહીં ... તમારું ન્યાયનું ત્રાજવું એ ખૂની અને ... બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રના જેવા ... કરે એવા જ મારા હાલ તમારે ... જોઈએ અને તમે એ રીતે મારી શેહમાં આ... વિના ક્ષત્રિય ધર્મને અનુસરો તો જ ... પણ 'રાજા'પદને શોભાવ્યું ગણાય.

આપણે જાણીએ છીએ કે 'गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः–' અર્થાત્ ગુણો જ સર્વત્ર પૂજાપાત્ર છે. ગુણીઓના વેશ ... વય જોવાનાં નથી, પણ તેમના ગુણો ... જોવાના હોય છે.

★

નારદજીના આખ્યાન સાથે જ સામાન્ય માતૃહૃદયના ભાગ દર્શાવતી એક લોકકથા યાદ આવે છે.

એક યુવાન કોઈ વારાંગના પાશમાં ફસાયો હતો. એની વહાલસોઈ માતાને જાણ થતાં એ એ... વારવા લાગી. યુવાન તન, મન, ધનથી વારાંગનાની પાછળ ખુવાર થતો હતો. માતાથી એ સહન થ... ન હતું. એકવાર એણે આમરણ ઉપવાસ કરી દેહત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરી. એ દિવસે પણ યુવાન વારાંગનાગૃહે ગયો. પેલી સ્ત્રી નિત્યવાં ભોજન યુવાન પાસે મંગાવતી.

યુવકે રોજના નિયમ પ્રમાણે પૂછ્યું: 'આજે તારે માટે કોનું માંસ લઈ આવું? મીઠામાં મીઠું લાવી દઉં બોલ.' એક ક્ષણવાર અચકાઈને વેશ્યા બોલી: 'મીઠામાં મીઠું' તો તારાથી નહિ લવાય; કારણ માના હૈયાનું માંસ સૌથી મીઠું હોય છે. બસ કામથી અંધ બનેલો યુવાન તરત ઘર તરફ દોડ્યો.

ઉપવાસથી કૃશ થઈ ગયેલી તપસ્વિની માતા પુત્રને સન્માર્ગે ચડાવવાની પ્રાર્થના કરતી બેઠી હતી, ત્યાં જઈને દીકરાએ છાતીમાં છરી હલાવી દીધી. માતાએ ઉંકારો સરખો ન કર્યો. 'હે રામ' કરતી ઢળી પડી. દીકરો માતાનું હૃદય કાઢી રૂમાલમાં વીંટાળી દોડતો પાછો ફર્યો. એને કશું દેખાતું નથી. હજારો માણસો નગરના માર્ગો પર ચાલ્યા જાય છે. ઊંચી હવેલીઓ ઊભી છે પણ એની દૃષ્ટિ તો કેવળ વારાંગનાનાં સુંદર લોભાવનારાં નયનો ઉપર ઠરી છે. વેગથી એ દોડ્યો જાય છે, એમાં ઠેસ લાગી અને એ નીચે પડી ગયો. બગલમાં દબાવેલા રૂમાલમાંથી માનું હૈયું બોલી ઊઠ્યું: 'ખમ્મા મારા પુત્રને.'

ધીમો, કરુણ પણ સ્પષ્ટ અવાજ યુવાનને કાને અથડાયો. અને એ જાગી ઉઠ્યો.

તરત જ એ પાછો ફર્યો. માના મૃતદેહ ઉપર માથું મૂકી પોકેપોકે રડ્યો. તે દિવસથી એ કુમાર્ગેથી પાછો વળ્યો.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરાટ અને વામન

શ્રી છોટુભાઈ સુથાર

'ગણ્યા ગણાય નહીં, વીણ્યા વિણાય નહીં' એવા તારાઓમાં આપણે ધ્રુવજીને પણ એક અવિચળ સ્થાન આપી દીધું. ક્યારેક ઈશ્વરની સ્તુતિ કરતી વખતે કહીએ છીએ: 'હે ઈશ્વર! કદાચ કોઈ વૃક્ષનાં પાન ગણી શકે, માથાના વાળ ગણી શકે, અરે કોઈ તારાઓ ગણી શકે, પણ તારા કરેલા ઉપકારો તો ગણી શકાય એવા નથી જ.' તારાની અદ્ભુત રમ્ય દુનિયા વિશે આ વિના ઝાઝું ન જાણતા સામાન્ય જનને વિજ્ઞાને સુગમતા કરી આપી છે. વૈજ્ઞાનિકોએ તારાના રંગ ને તેજની સરખામણી કરી એમનું વિવિધ પ્રકારનું કેવું ને કેવી રીતે વર્ગીકરણ કર્યું છે તથા પારિજાત, મિરા, આર્દ્રા, શૌરી વગેરે એકેએક વિરાટ તારા આગળ સૂર્ય કેવો વામન જેવો લાગે છે તેની રસિક વિગતો આ લેખમાં જાણવા મળે છે.

રાતના નિર્મળ આકાશ તરફ નજર કરશું તો અનેક પ્રકારના તારા જોવા મળશે. કેટલાક ખૂબ ચળકતા હશે તો કેટલાક સાવ ઝાંખા. કેટલાક એકલપંથી જેવા અવકાશની યાત્રા કરતા જણાશે તો કેટલાક વળી રેલના મુસાફરોની પેઠે ઠેકઠેકાણે ભિડાઈ બેઠેલા જણાશે અને એમની રંગછટા! કેટલાક તારા નીલા દેખાશે તો કેટલાક પીળા, લાલ યા સફેદ માલૂમ પડશે.

તારાઓને જોઈ ચળકતા તારા મોટા અને ઝાંખા તારા નાના એવો ખ્યાલ આવવો સ્વાભાવિક છે, પણ એ ખ્યાલ સાચો નથી. ચળકતા તારાનું ઘણું તેજ આપણી આંખમાં પ્રવેશવાના કારણે આપણે એમને મોટા કલ્પીએ છીએ. દૂરબીન વડે જોતાં આ ભ્રમ તરત નાબૂદ થાય છે. મોટામાં મોટા દૂરબીન વડે જોતાં સૂર્ય, ચંદ્ર કે ગ્રહો મોટા થયેલા જણાય છે, પણ કોઈ તારો મોટો બનેલો દેખાતો નથી. એ પ્રકાશબિંદુ જેવો જ રહે છે. મતલબકે તારાની જાડાઈ (વ્યાસ) જાણી શકાતી નથી.

તો શું બધા તારા એકસરખા જ હશે? એ બધા માત્ર પ્રકાશબિંદુઓ જ હશે?

આપણે જાણીએ છીએ, કે કોઈ વસ્તુ આપણી પાસે હોય તે કરતાં જ્યારે દૂર રહે છે ત્યારે નાની દેખાય છે. આકાશમાં ચડતી પતંગનો સૌને ખ્યાલ છે. જેમજેમ પતંગ દૂર ને દૂર જતી જાય છે, તેમતેમ એ નાની ને નાની દેખાતી જાય છે. સૂર્ય અને ચંદ્ર આપણને નાના દેખાય છે. એ પૃથ્વી પર આવેલા નથી–પૃથ્વીથી દૂર છે, માટે એ વાસ્તવમાં મોટા હોવા જોઈએ એ દેખીતી વાત છે. પણ ત્યારે તારાઓનું શું? તારા આપણી પાસે છે કે દૂર?

કોઈ બે વસ્તુ પૈકી એક પાસે છે યા દૂર એનું પારખું આમ કરી શકાય. પ્રથમ એ બંને વસ્તુઓ એક જ લીટીમાં આવે એમ એમના તરફ જુઓ. પછી સહેજ ડાબા યા જમણા ખસીને જુઓ. જે વસ્તુ આપણી પાસે હશે તે બીજી વસ્તુના મુકાબલે ઊલટી દિશામાં ખસી જતી જણાશે. ગાડીમાં મુસાફરી કરતા હોઈએ છીએ ત્યારે પાસેનાં ઝાડ કેવાં વિરુદ્ધ દિશામાં સરકી જાય છે! આકાશી પદાર્થોનું પણ આમ જ છે. સૂર્ય અને ચંદ્રનું નિરીક્ષણ કરશો તો માલૂમ પડશે, કે ચંદ્ર આકાશમાં ઝપાટાબંધ સરકતો જણાય છે, જ્યારે સૂર્ય ધીમેથી. એ બંનેના હિસાબે તારા દૂરના છે.

હવે દૂરની વસ્તુ હોય એ મોટી હોવી જોઈએ ને? દૂરબીનમાંથી તારા મોટા દેખાતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી એનો હવે એક જ અર્થ કરી શકાય, કે તારાઓ સૂર્ય, ચંદ્ર અને ગ્રહોના હિસાબે અતિઘણા દૂર છે અને તેથી જ એ મોટા થયેલા દેખાતા નથી.

પણ વિજ્ઞાનીઓ એમ હાર ખાય એવા નથી. એમણે તારાઓના વ્યાસ માપવા માટે 'ઈન્ટર ફેરોમીટર' નામનું સાધન બનાવ્યું છે. એને દૂરબીન સાથે લગાડી એના વડે પાસેના કેટલાક તારાઓના વ્યાસ મ... શકાયા છે. અમેરિકાની બીજી મોટી વેધશા... માઉન્ટ વિલ્સન વેધશાળાના ૧૦૦ ઇંચ... હૂકર દૂરબીન સાથે જોડેલું ઈન્ટર ફેરોમી... ૨૦ ફૂટ લાંબું છે અને એ વડે જે તા... ઓના વ્યાસ માપી શકાયા છે એ... સંખ્યા બહુ જ થોડી–આંગળીને વેઢે ... શકાય એટલી–બાર જેટલી જ છે.



ઈન્ટર ફેરોમીટર
(તારાઓના વ્યાસ માપે છે.)

ઇન્ટર ફેરોમીટરથી પણ કામ ન બન્યું ત્યારે ખગોળશાસ્ત્રીઓએ વળી નવી જ તરકીબો શોધી કાઢી, અનેક તારાઓનાં વ્યાસ અને કદ શોધી કાઢ્યાં છે. આવી એક રીત વર્ણપટની છે.

આકાશના તારાઓના રંગ જુદાજુદા છે. રંગમાં તફાવત હોવાનું કારણ તારાઓના ઉષ્ણતામાનનું છે, જે તારા ખૂબખૂબ ગરમ છે એમના રંગ નીલા અને જે તારા ઓછામાં ઓછા ગરમ છે એમના રંગ લાલ છે. ઉષ્ણતામાનના ચડતા અનુક્રમે તારાઓના રંગ લાલ, નારંગી, પીળો, સફેદ નીલશ્વેત અને નીલો છે. લાલ તારાનું ઉ... તામાન ૩૨૦૦° (સે.) અને નીલા ... ૧૫,૦૦૦° (સે.) હોય છે. આપણે... એક પીળો તારો છે. એનું ઉષ્ણ... ૬,૦૦૦° (સે.)નું છે.

આ પ્રમાણે રંગપટની મદદથી ... તારાઓનાં ઉષ્ણતામાન (અલબત ... બહારની સપાટીનાં જ) માપી શકા... તારાઓની તેજસ્વિતા અને એમનાં ... થી અંતર સહેલાઈથી જાણી શ... બાબતો છે; એટલે એમની અને ઉષ્ણતા... ની મદદથી તારાઓનાં કદ અને ... શોધી શકાયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદ, ઘટત્વ, રંગ, દળ, ઉષ્ણતામાન અને એવી બીજી અનેક બાબતોમાં તારા એકબીજાથી જુદા પડે છે. અનેક તારાઓનું વર્ગીકરણ કરવું હોય તો આ બધી બાબતોને સાંકળી લે એવી કોઈ પદ્ધતિ યોજવી જોઈએ. આપણે જોયું, કે તારાના રંગ અને તેજના આધારે એનાં કદ અને વ્યાસ શોધી શકાયાં છે. બરાબર એ જ રીતે બીજી બાબતો પણ મળી શકી છે, એટલે તારાના વર્ગીકરણમાં રંગ અને તેજને મહત્ત્વનું સ્થાન મળી ગયું છે.



ફોટો ઇલેક્ટ્રિક સેલ
(તારાઓનું ઉષ્ણતામાન માપે છે.)

ફોટોગ્રાફમાં તારા નાનામોટા દેખાય છે. વાદળ જેવું છે તે નિહારિકા છે.

તારાઓના રંગ પરથી ઉષ્ણતામાન જાણી શકાય છે, તારાઓના તેજના આધારે એનું કદ સમજી શકાય છે એ આપણે જોયું, પણ બધા તારા આપણાથી એકસરખા અંતરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેલા નથી તેમ જ એ બધા એકસરખા તેજસ્વી પણ નથી. બધા તારાનાં તેજ એકસરખાં હોય તો અંતરના હિસાબે એમનાં કદ જાણી શકાય અથવા બધાનાં અંતર સરખાં હોય તો તેજના આધારે પણ કદ જાણી શકાય, પણ તારાનાં તેજ અને અંતર સાવ નિરનિરાળાં છે. તેજ અને અંતરનો મેળ મેળવવા તારાઓને અમુક ચોક્કસ અંતરે (૩૨.૬ પ્રકાશવર્ષ)* રાખી જોતાં એ કેટલા તેજસ્વી દેખાય છે એનો પ્રકાશ-આંક (નિરપેક્ષ વર્ગ) શોધવામાં આવે છે. સૂર્ય પૃથ્વીથી સવાનવ કરોડ માઈલ દૂર છે. પ્રકાશની ગતિના હિસાબે આ અંતર સવાઆઠ પ્રકાશમિનિટનું ગણાય. સૂર્યને ૩૨.૬ પ્રકાશવર્ષ દૂર મૂકી જોવામાં આવે તો તે એક સામાન્ય તારા જેવો દેખાશે. આકાશમાં નરી આંખે જોતાં જે ખૂબ ચળકતા તારા દેખાય છે એ બધા પહેલા વર્ગના તારા છે અને સાવ ઝાંખા દેખાય છે તે છઠ્ઠા વર્ગના છે. સૂર્યને ૩૨.૬ પ્રકાશવર્ષ દૂર રાખી જોઈએ તો તે ચોથા અને પાંચમા વર્ગની વચ્ચેના તારા જેવો દેખાશે. આનો અર્થ એ થયો, કે આપણને ખૂબ તાપ આપતો અને ખૂબ તેજસ્વી દેખાતો સૂરજ વાસ્તવમાં એક સામાન્ય તારો જ છે.

આમ તારાઓના રંગ, તેજ વગેરેની સરખામણી પરથી માલૂમ પડ્યું છે કે આકાશના મોટાભાગના તારાઓનાં તેજ અને રંગમાં એકસરખો નિયમ પ્રવર્તે છે. તારાનું ઉષ્ણતામાન જેમ વધુ તેમ એનો રંગ લાલથી આગળ વધી પીળો અને છેવટે નીલો થતો જાય છે એમ આપણે જોઈ ગયા. વળી રંગના હિસાબે જણાયું છે કે લાલ ... તારા સૂર્ય કરતાં ૧૦૦મા યા એથી ... તેજસ્વી છે; જ્યારે નીલા તારા ૧૦૦ ... યા એથી વધુ તેજસ્વી છે.

પણ આ થઈ આકાશના મોટાભા... તારાઓની વાત. કેટલાક તારા એવા ... છે કે જેમનો રંગ લાલ હોવા છતાં ... સૂર્યથી ૧૦૦ગણા યા એથી વધુ તે... જણાયા છે. આનો અર્થ એ થયો કે ... ઉષ્ણતામાનવાળા આ તારા સૂર્યના ... જ કદવાળા હોત તો ઓછા તેજસ્વી દે... પણ વધુ તેજસ્વી દેખાય છે માટે એ... કદ સૂર્ય કરતાં મોટું હોવું જો... કદ મોટું હોય તો જ એ વધુ પ્ર... દેખાઈ શકે. આ પ્રકારના તારા કે ... કદ સૂર્ય કરતાં ઘણાંઘણાં મોટાં છે ... વિરાટ તારા કહેવામાં આવે છે; એથી ... જે તારાઓનાં તેજ સૂર્યના હિસાબે ૧... ભાગના યા એથી યે વધુ ગણાં ઓ... તેમને વામન તારા કહેવામાં આવે છે. આ... ના લગભગ ૮૦ ટકા તારા વામન વ... તારા છે. એ બધા તારાનું એક સ... નામ સમરૂપ તારા પણ છે; કારણકે એ... ઘણાખરા તારા વજનની દૃષ્ટિએ સૂર્યથી ... વધુ પાંચગણા યા ઓછામાં ઓછા ... ભાગના વજનદાર હોય છે.

વિરાટ તારા તેજસ્વી તારા છે. એ... લાલ રંગના તારા છે એવું નથી. વિરાટ... જુદાજુદા રંગના પણ છે. આકાશના ... વિરાટ તારાઓમાં બ્રહ્મહૃદય, સ્વાતિ, ... પારિજાત, મિરા અને આર્દ્રા મુખ્ય છે.

---

* સેકંડે ૧,૮૬,૦૦૦ માઈલના વેગથી ચાલતાં એક વર્ષમાં પ્રકાશ જેટલું અંતર કાપે એને પ્રકાશ-વર્ષ કહે છે. આ અંતર ૫,૮૮,૦૦,૦૦,૦૦૦૦૦ માઈલનું છે.

* ૩૨.૬ પ્રકાશવર્ષ છેટે રાખતાં ... પહેલા વર્ગના યા એથી ઓછા ચળકતા દે... એ બધા વામન તારા છે; જ્યારે અતિ ચળકતા ... તારા વિરાટ તારા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈકી પારિજાત, મિરા અને આર્દ્રા ઘણાઘણા મોટા વિરાટ તારાઓ છે. એ એટલા મોટા છે, કે એમને અતિવિરાટ તારા કહેવામાં આવે છે. આ સાથે આપેલી આકૃતિ અને નીચેના કોઠા પરથી આ અતિવિરાટ તારાઓની ભવ્યતાનો કંઈક ખ્યાલ આવી શકશે.



આતવિરાટ તારાના વ્યાસ

૧. આર્દ્રા, ૨. પારિજાત, ૩. છ બ્રહ્મમંડળ, ૪. પૃથ્વીની કક્ષા (=૧૮ કરોડ માઈલ વ્યાસ)

નામ	પૃથ્વીથી અંતર	કદ (સૂર્યના હિસાબે)	તેજાંક (સૂર્યના હિસાબે)
૧ પારિજાત	૨૫૦ પ્રકાશવર્ષ	૩૫૯,૩૭,૦૦૦	૧૯૦૦
૨. મિરા	૨૫૦ ,,	૯,૭૩,૩૬,૦૦૦	૧૮૦
૩. આર્દ્રા	૩૦૦ ,,	૩,૫૯,૩૭,૦૦૦થી ૯,૭૩,૩૬,૦૦૦	૩૬૦૦
૪. क શૌરી	૮૦૦ ,,	૫૧,૨૦,૦૦,૦૦૦	૧૯૦૦

જાણીતા તારાઓ પૈકી क શૌરીનું (શૌરી મંડળના મુખ્ય તારાનું) કદ ૫૧ કરોડ સૂર્યકદ જેવડું છે! મતલબ કે એ તારાના દ્રવ્યમાંથી સૂર્ય જેવડા (પૃથ્વી કરતાં ૧૩ લાખગણા મોટા) ગોળા બનાવવામાં આવે તો તેમની સંખ્યા ૫૧ કરોડની થાય.

પણ આ થઈ અતિવિરાટ તારાઓની વાત. એના જેવી જ મહત્તાવાળો એક ખૂબ નાનો પણ અતિ મહત્ત્વનો એવો અતિવામન તારાનો વર્ગ છે. આ વર્ગના તારા નાના હોવા છતાં ય રંગે રાતા નથી, એ બધા સફેદ રંગના છે. આનો અર્થ એ થયો, કે એ તારાઓનું સપાટીનું ઉષ્ણતામાન ખૂબ જ ઊંચું હોવું જોઈએ. વાસ્તવમાં આ ઠીંગુજીઓનું ઉષ્ણતામાન લાલ તારા કરતાં ઊંચું છે. ઊંચા ઉષ્ણતામાનવાળા આ ઠીંગુજીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્વેતવામન કહેવામાં આવે છે. અતિવિ
તારા જેમ કદની દૃષ્ટિએ આશ્ચર્ય ઉપજાવ
છે તેમ શ્વેતવામન ઘટત્વની દૃષ્ટિએ
પમાડનારા છે. પદાર્થના વજનને એના પોત
કદ વડે ભાગતાં જે આંકડો આવે છે તે
પદાર્થના ઘટત્વનો આંક છે. વિજ્ઞાનની પદ્ધ
માં પાણીના ઘટત્વને એકમ માની
પદાર્થોના ઘટત્વને એની સાથે સરખાવ
આવે છે અને આ રીતની સરખામણ
ઘટત્વને સાપેક્ષ ઘટત્વ કહેવામાં આવે



વિરાટ તારાના વ્યાસ
૧. રોહિણી, ૨. સ્વાતિ, ૩. બ્રહ્મહૃદય, ૪. સૂર્ય.



આર્દ્રા અને વ્યાધ વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારે સાપેક્ષ ઘટત્વવાળો જાણીતો તારો વ્યાધનો સાથીતારો છે. વ્યાધ આકાશનો સૌથી ચળકતો તારો છે. પહેલાં એ તારો એકલ તારો છે એવું માનવામાં આવતું હતું, પણ પાછળથી માલૂમ પડ્યું કે એ બે તારા મળીને બનેલો યુગ્મ-જોડીઓ તારો છે. વ્યાધનો આ જોડીદાર ખૂબ જ ઝાંખો નવમા વર્ગનો (વ્યાધના હિસાબે ૧૬,૦૦૦મા ભાગનો ઝાંખો) તારો છે. વ્યાધના પ્રખર તેજમાં એને સામાન્ય દૂરબીન વડે જોઈ શકાતો નથી. વ્યાધ અને એનો આ સાથીદાર એક મધ્યસ્થ કેન્દ્રની આજુબાજુ ફેરફૂદડી ફરે છે. બંને તારા વચ્ચેના અંતર અને ફેરફૂદડીના કાળના આધારે એ બંનેનું એકત્ર વજન સૂર્યવજન કરતાં ૩½ ગણું હોવાનું જણાયું છે. કેન્દ્રથી દૂરત્વના હિસાબે વ્યાધનું પોતાનું વજન સૂર્ય કરતાં ૨½ગણું અને સાથીદારનું વજન સૂર્ય જેટલું માલૂમ પડ્યું છે.

વ્યાધના સાથીદારનું વજન સૂર્ય જેટલું છે, પણ એ સૂર્ય કરતાં ૨૭,૦૦૦ ગણો નાનો (યુરેનસ ગ્રહ જેવડો) છે. આનો અર્થ એ થયો, કે કદની દૃષ્ટિએ આ તારો સૂર્ય કરતાં ૨૭,૦૦૦ ગણો ભારે છે. સૂર્યનું સાપેક્ષ ઘટત્વ દોઢ છે. આ હિસાબે વ્યાધના સાથીદારનું સાપેક્ષ ઘટત્વ ૪૦,૦૦૦ ગણું થાય છે. મતલબ કે વ્યાધના સાથીદારનું દ્રવ્ય સરખા કદના હિસાબે પાણી કરતાં ૪૦,૦૦૦ ગણું ભારે છે. ૧૦ શેર પાણી માય એવડી ડોલમાં આ વામન તારાનું દ્રવ્ય ભરવામાં આવે તો એનું વજન ૧૦,૦૦૦ મણ થશે! કેટલું ઓછું દ્રવ્ય અને છતાં ય કેટલું ભારે વજન! કદમાં વામન છતાં વજનની દૃષ્ટિએ કેવો વિરાટ તારો!

વ્યાધના સાથી તારાને પણ મહાત કરે એવા બીજા વામનજીઓ જડ્યા છે. એ પૈકીનો એક તારો કે જેની વૈજ્ઞાનિક સંજ્ઞા એ. સી+૭૦° ૮૨૪૭ છે, તે ૨૮.૦૦૦° (સે.)ના ભારે ઊંચા ઉષ્ણતામાનવાળો પ્રચંડ તેજસ્વી તારો છે. એનું કદ પૃથ્વીકદના માત્ર આઠમા ભાગનું છે, જ્યારે વજન સૂર્ય-વજનથી અઢીગણું છે. આ હિસાબે આ ઠીંગુજીનું ઘટત્વ પાણીના હિસાબે ૩૬ કરોડ ગણું છે! મતલબ કે એક ઘન ઇંચ જેટલા એ તારાના પદાર્થનું વજન ૬૨૦ ટન જેટલું થશે! મગજ અને બુદ્ધિ પણ બહેર મારી જાય એવી અજાયબ આ વાત છે ને?

પણ આ થઈ વામનજીઓની વાત. અતિવિરાટ તારા પણ અદ્દભુતતામાં ઊતરે એવા નથી. કદમાં તો એ અદ્દભુત છે જ પણ ઘટત્વમાં યે અદ્દભુત છે! આપણે જેનો ઉલ્લેખ કરી ગયા છીએ એ પારિજાત તારાની વાત લઈએ. પારિજાત વૃશ્ચિક મંડળમાં આવેલો સૂર્ય કરતાં સાડાત્રણ કરોડગણો મોટો તારો છે. આવડો મોટો આ અતિ-વિરાટ તારો વજનની બાબતમાં સાવ ક્ષુદ્ર છે. પારિજાતનું કુલ વજન સૂર્ય-વજન કરતાં માત્ર ૩૦ગણું છે. આ હિસાબે એનું ઘટત્વ સૂર્યઘટત્વના દસલાખમા ભાગનું થાય છે. મતલબ કે પારિજાત ખૂબ જ



વૃશ્ચિક રાશિ. क પારિજાત તારો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આછા દ્રવ્યનો બનેલો તારો છે. એનું દ્રવ્ય એટલું બધું આછું છે, કે આપણા વાતાવરણમાં એક ઘનફૂટ જેટલી જગામાં જેટલું વાયુદ્રવ્ય સમાયેલું છે, તેટલું વાયુદ્રવ્ય પારિજાતના ૧૫૦૦ ઘન માઈલ જેટલા વિસ્તારમાંથી માંડ મળશે. કદમાં અતિવિરાટ છતાં દ્રવ્યસંભારમાં કેવો કંગાળ તારો !

વિશ્વરચના પણ કેવી અદ્ભુત છે! એક બાજુ વિરાટ તારા એમના કદથી આપણને આંજી નાખે છે તો બીજી બાજુ વામનતારા વજનના નવા જ પાઠ શીખવે છે. કેટલાક તારા અતિ ઊંચા ઉષ્ણતામાન ધરાવે તો કેટલાક વળી અતિ નીચા. સૂર્ય બધા તારાઓમાં એક સામાન્ય તારાનું ભોગવે છે. એ સામાન્ય તારાના પણ સામાન્ય ગ્રહ–પૃથ્વી પર આપણે સામાન્ય જીવ–માણસ તરીકે જીવીએ છીએ. બીજાં પ્રાણીઓની સરખામણીમાં આ વધુ બુદ્ધિશાળી છીએ અને એ કારણે વિશ્વની આ અલૌકિકતા સમજી શકીએ છીએ એ પણ ઈશ્વરના અનુગ્રહની અદ્ભુત વાત નથી ?

★

શું આપ મહાન છો કે........?

મહાન વ્યક્તિ 'ઉચિત શું છે'– એટલું જાણે છે, જ્યારે ક્ષુદ્રવ્યક્તિ 'શાનાથી લાભ થશે' જુએ છે !

મહત્તાને 'આત્મા' સાથે પ્રેમ હોય છે જ્યારે ક્ષુદ્રતાને 'સંપત્તિ' સાથે પ્રેમ હોય છે।

મહાન વ્યક્તિ 'કઈ ભૂલથી શું નુકસાન થયું'–તેનું સ્મરણ રાખે છે, જ્યારે ક્ષુદ્ર 'કઈ અ... ક્તાથી કેટલો ફાયદો મેળવ્યો'- તે યાદ રાખે છે !

મહાન વ્યક્તિત્વમાં બીજાઓના મત પ્રત્યે ઉદારતા અને સહિષ્ણુતા હોય છે, પણ સામા મ... મળી જતી નથી; જ્યારે ક્ષુદ્ર વ્યક્તિ બીજાઓની વાતમાં ટાપસી પૂરે છે તેમ જ પૂરેપૂરો સહમત થ... પણ જણાય છે; આમ છતાં તેનામાં ઉદારતા કે સહિષ્ણુતાનું નામનિશાન નથી હોતું !

મહાન વ્યક્તિ પોતાના વિચારોમાં દઢ હોય છે પણ લડાઈખોર હોતી નથી. તે મળતાવડી છે પણ બીજાઓ સાથે મળી જઈને પક્ષ ઊભો કરતી નથી, તે પોતાને જ દોષ આપે છે, જ્યારે ક્ષુ... બીજાઓને દોષ આપે છે !

મહાન વ્યક્તિની સેવા સહેલાઈથી થઈ શકે છે પણ તેને પ્રસન્ન કરવી કઠિન હોય છે; કેમ... યોગ્ય કાર્યથી જ પ્રસન્ન થઈ શકે છે. વળી વ્યક્તિની યોગ્યતા મુજબ જ તે દરેક પાસેથી કામ લે છે.

પણ...ક્ષુદ્ર વ્યક્તિની સેવા કરવી કઠિન છે, પણ તેને ખુશ કરવાનું સહેલું હોય છે ! યોગ્યાયો... બાજુએ મૂકી તેની દુર્બળતાઓનું સમર્થન કરી તેને સહેલાઈથી ખુશ કરી શકાય છે. વળી તે માણ... પાસે કામ લેતી વખતે તેઓ કંઈ જ ભૂલ ન કરે એવું ઇચ્છતી હોય છે !

[હિંદી ઉપરથી]

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોષી મહારાજ

*

શ્રી નિરંજન ત્રિપાઠી
બી. એ.

'વૈદનાં મરે નહીં ને જોષીડાનાં રાંડે નહીં!'ની કહેવતમાં વૈદક તથા જ્યોતિષશાસ્ત્ર બંને ઉપર આપણે અવિશ્વાસ વ્યક્ત કર્યો છે, તેમ છતાં ઢગલાબંધ લોકો ભાતભાતના મુહૂર્તો ને શુભ શુકનના દિવસો કઢાવવા માટે જોષીઓ પાસે જાય છે. હમેશાં એના શબ્દો બ્રહ્મવાક્યરૂપ સાચા જ નીવડે છે? જો ન નીવડતા હોય તો? ભૂલેચૂકે અમુક દિવસે મરવાનું કહી દેવાયું હોય પણ ત્યારે એનું મૃત્યુ ન થાય તો? જે જે લોકો માટે આવા ખોટા વર્તારાઓ કહ્યા હોય તે બધા ય ભેગા મળી અમુક કોઈ દૃઢ નિશ્ચય કરી આપણા ઘરમાં આવે...તો? બચવાનો ઉપાય પ્રથમ મનથી વિચારજો ને પછી નાટિકાના જોષી મહારાજની ,તરકીબ અજમાવજો. લેખકે રોનેલ્ડ એલ્વેના એક નાટક પરથી આનું આયોજન કર્યું છે.

[પાંચથી દસ હજારની વસ્તીવાળા કોઈ એક ગામમાં જોષી મહારાજનાં મકાનનો ઓરડો. એક તરફ અંદર આવવાનું મુખ્ય બારણું છે અને બીજી તરફ ઘરની અંદર જવાનો રસ્તો છે. રંગભૂમિની બરાબર મધ્યમાં એક ઉઘાડી બારી છે. જોષી મહારાજ એક પાટ ઉપર તકિયે અઢેલીને, અને પગે ઓઢીને બેઠેલા છે. એમની આંખે દાંડીતૂટેલા તથા વારંવાર લટકી પડતાં ચશ્મા ભરાવ્યાં છે.

જોષી મહારાજની પાટની પાસે જ નીચે મીઠી રબારણ પોતાનું ભવિષ્ય જાણવા ઉત્સુકતાથી બેઠી છે. એનાથી સહેજ દૂર લગભગ બારણાં પાસે જ મથુર પગી બેઠેલો છે. જોષીની પાટ ઉપર એકબે પંચાંગ, એક સ્લેટ, બે પાસા, એક ચાક તથા ખડિયોહોલ્ડર પડેલાં છે; અને ખાસ તો ધ્યાન ખેંચે એવું ખૂબ લાંબુ ટીપણું પણ છે. ઓરડાનું વાતાવરણ સામા માણસને આંજી નાખે એવું છે. ભીંત ઉપર કુંડળી ચીતરેલો નકશો લટકાવેલો છે.

પડદો ઊપડતાં જોષી લાંબુ ટીપણું ઉખેળી મીઠીનું ભવિષ્ય જોતા જણાય છે.]

જોષી : (ટીપણામાં જોતાં) એ આ રાહુ, મંગળ ને ગુરુ...હું જો મીઠી! એમ લાગે છે કે તું ગામના કો'ક જોડે પ્રેમમાં પડી છે.

મીઠી : સાચું કીધુ મા'રાજ, તે જોઈ આલોને એ કાનો જ છે ને?

જોષી : (તિરસ્કારથી) હં, એમ કોઈનું નામ ન દેવાય.

મીઠી : ભૂલ થઈ બાપા.

જોષી : સારું હવે, સાંભળ. જો એ ઊંચો ને ઘઉંવર્ણો છે ને (વિચારતાં) ને ઉંમર... લગભગ પચીસેકની આસપાસ હશે. (મીઠી સંમતિસૂચક ડોકું હલાવે છે) અને આ ટીપણું કે'છે એમ કે એ સ્ટેશન પાસે એટલે ઊગમણી દિશામાં રે'તો હશે.

મીઠી : હું અં રબારીવાડમાં...

જોષી : સાંભળ સાંભળ; ટીપણું તે તું જુએ છે કે હું?

મીઠી : (પડેલા સાદે) તમે મા'રાજ, પણ એ છે તો કાનો જ ને?

જોષી : અને હું, એના નસીબમાં સિંહ રાશીની વહુ છે.

મીઠી : પણ હેં મા'રાજ, અમારા લગન થશે ખરાં?

જોષી : લગન? એ તો તારે નક્કી કરવાનું છે; પરણવું હોય તો કંઈ હાથ જોડી બેસી રહેવાય?

મીઠી : એમ તો નૈં બાપા, પણ કંઈ રસ્તો દેખાડોને?

જોષી : લ્યો, તારે તો બધુ જાણી જવું હોય એમ લાગે છે. એમ જોશ ભણવા, જાણવા એ કંઈ 'સહેલી વાત છે? આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટીપણું તને દેખાય છે ને, એમ મને તારું આખું ય ભવિષ્ય દેખાય છે. તારું શેનું, આખા ગામનું, બધાયનું, ને હું હમણાં કમાવા ધારું તો જોતજોતમાં લાખો રૂપિયા ભેગા કરી શકું, પણ હું એવું કરતો નથી. મારે તો અહીં ખાપીકા ગામમાં રહીને જે બેચાર જણનું કંઈ ભલું થાય એવું કરવું છે. પૈસાને શું કરવા છે? હં...પૈસા તો આજ છે ને કાલ નથી. બાકી હું તો આખા ગામનું ભવિષ્ય જાણું છું, પણ હું કહેતો નથી. જોષી તો સહદેવ જેવો કહેવાય, સમજીને? (ટીપણું મૂકી ચશ્માં ઉતારતાં) સવા બે આના આ ટીપણા પર મૂકજે, મીઠી.

મીઠી: સવા બે આના?

જોષી: સવા બે આના તો તારા, બીજાના નહીં. તું તો પડોશની દીકરી કે'વાય; અને મારા પગ જ્યારે ચાલતા ત્યારે તો હું તારે ઘેર વારતહેવારે સીધું લેવા આવતો. હવે તો આ પગ જ ખોટા પડી ગયાને.

[મીઠી ટીપણા પર પૈસા મૂકે છે.]

મીઠી: તે મા'રાજ, હવે તમારા પગને કેમ છે?

જોષી: (જરા બેફિકરાઈથી) ઠીક છે. છે એમનું એમ છે. બાકી હું તો પહેલેથી જાણતો'તો કે ચંદ્રની દશાને કારણે પગની પીડા થવાની જ હતી.

મીઠી: લ્યો બેસો ત્યારે...(ઊઠીને જાય છે.)

જોષી: અલ્યા કોણ બેઠું છે? (ચશ્માં ચડાવી) મથુર છે કે? મથુર, એ મથુરિયા! (મથુર હજી ઊંઘતો હોય છે. એટલે જોષી મોટેથી બૂમ પાડે છે.) મથુરિયા–આ...આ!

મથુર: (ઝબકીને): એ હા મા'રાજ, આ યો બાપલા. (પાસે આવી બેસે છે.)

જોષી: કેમ બરાબર ચાલે છે ને?

મથુર: કુણ જાણે? એ પૂછતો આંય આયો છું.

જોષી: તે પછી મેં ગયા બુધવારે ... હતું એમ કર્યું''તું તેં?

મથુર: હા મા'રાજ. કર્યું'તું. (લહેકાથી) જુઓને પહેલાં તો ઘરનાં ખ... વાખી દીધાં, પછે દેવતામાં મરચાં ના... ધુંવાડો કર્યો ને પછે એની આસપાસ પા... કુંડાળું કર્યું ને શગડીની મહીં તેણ અ... દાણા નાખ્યા.

જોષી: ત્રણ દાણા?

મથુર: ચમ, તમે તેણ કીધા'તાને?

જોષી: ઠીક, ઠીક પછી?

મથુર: પછે તડ્તડ્ અવાજ થ... તરત જ મેં એનું નામ બોલવા માંડ્યું.

જોષી: પછી?

મથુર: પછે એ તો કે, કે તમને તે... થયું છે શું? કરતીક એકદમ આવીને ... લઈ ગઈ.

જોષી: કુંડાળામાં પગ દીધો'તો...!

મથુર: હા મા'રાજ, મેં બ... ભાઠ્યું'તું.

જોષી: બસ, થયું ત્યારે. (આં... વેઢા ગણતાં) તું તે દા'ડે રાત્રે ચોરે ... ગયો હોત તો શું થયું હોત, ખબર છે...

મથુર: (ઉત્સુકતાથી) ના!

જોષી: તે દા'ડે ગામમાં એક ... હડકાયું થયું હતું.

મથુર: હેં?

જોષી: હા, અને તે તને કરડત ... યોગાનુયોગ હતો. (અવાજ બદલીને) ... એમાંથી તને ઝેર ચડત અને કર્ણપીડ... અર્થાત્ તું બહેરો બની જાત.

મથુર: (અજાણતાં જ કાને હાથ ... જાય છે) રામ, રામ, રામ, તમે જ ... બાપલા, અરેરે નઈ તો મારું શું થાત! ... કેટલા મૂકું મા'રાજ?

જોષી: સવા બે આના. ને હવે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૫૦]

ઘેર પીડા નહીં થાય. બૈરી તારા કાબૂમાં રે'શે.

[મથુર પૈસા મૂકે છે.]

મથુર : હા બાપજી, તમારે લીધે બચ્યો. લ્યો ત્યારે જઉં છું મા'રાજ.

[એ જાય છે. જોષી એને જતો જોઈ રહે છે, પછી મલકાતાં]

જોષી: હીરા! (જરા મોટેથી) હી…રુ!

હીરા: (પ્રવેશે છે.) કેમ શું છે? (જોષીની પાટ પાસે પહોંચી જાય છે.)

જોષી: બેટા, ખાવાને કેટલી વાર છે?

હીરા: અરે હજી તો મંદિરમાં આરતી ય નથી થઈ.

જોષી: અરે! લે આ સાડાચાર આના.

હીરા: શેના?

જોષી: જો ને! (પૈસા બતાવતાં) શેના તે આ જોષ જોવાના. પેલાં બે આવ્યાં'તાં ને?

હીરા: (નરમાશથી ઠપકો આપતાં) બાપુ, તમે ય હવે હદ કરો છો હોં!

[બોલતાંબોલતાં પાટ પર બધું ગોઠવે છે.]

જોષી: સાંભળ હવે, તારે નવી ઓઢણી લાવવી છે ને?

હીરા: પણ બાપુ! આવાં ભોળાં લોકને છેતરવાં ઠીક નથી હોં. કોણ હતાં એ બે?

જોષી: એક તો મીઠી રબારણ, આપણી પાડોશમાં રહેતી'તીને એ ને બીજો હતો મથુર પગી.

હીરા: હં. મીઠી તો જાણે દૂધમાં પાણી નાખીને પૈસા કમાય છે અને પગીને તો આવક ય સારી છે. પણ બાપુ! ભગવાન આવું જૂઠાણું નહીં સાંખે હોં!

જોષી: ભગવાન! ભગવાન તો દીન-દયાળુ છે, અનાથોનો નાથ છે. એ તો સૌને ક્ષમા આપે છે.

હીરા: પણ એનો અર્થ એવો તો નથી જ કે તે તમારા જેવાને ય માફ કરે.

જોષી: (હસતાં) જા જા, હવે ગાંડી છોકરી. આ બધાં ગામડિયાં તો બે પગે હરીફરી શકે છે. હું તો અપંગ છું. મારાથી કંઈ ઓછી એમની જેમ મજૂરી થાય છે?

હીરા : (ઓરડામાં બધું વ્યવસ્થિત કરતાં) હું ક્યાં કહું છું કે મજૂરી કરો. આ પાડોશનાં કંકુમા અપંગ છે, છતાં ય કેવાં દળણાં દળે છે?

જોષી: (ખિજાઈ ને) તે શું હું ય દળણાં દળું, છોકરી? (નરમાશથી) હું બ્રાહ્મણનો દીકરો. મારાથી એવું હલકું કામ ન થાય. આપણે તો એ સૌથી ઊંચા.

હીરા : પણ કંઈ…

જોષી : અને એટલે જ ભગવાને આપણ-ને બુદ્ધિ આપી છે. મારા પગ નથી ચાલતા એટલે મગજ ચલાવવાનું.

હીરા : હા, અને એ મગજ ચલાવવામાં પણ ખોટા પડ્યા ને?

જોષી : ખોટો પડ્યો! ક્યારે?

હીરા : પેલા માનભા ગરાસિયાની બાબતમાં.

જોષી : એ ક્યારે વળી? મેં એનો જોષ તો જોયો ય નથી.

હીરા : કેમ નથી સાંભરતું? તમે કહ્યું'તું ને કે તું મરી જઈશ.

જોષી : 'મરી જઈશ' એમ કહ્યું'તું? ક્યારે?

હીરા : શિવરાત્રિને દિવસે, શનિવારે તમે ભાંગ પીધીતી ને ત્યારે.

જોષી : (ચિંતાતુર અવાજે) ત્યારે મેં શું કહ્યું'તું?

હીરા : તમે ભાંગ પીધીતી ને પછી સાંજે દીવા બખતે બધા બેસવા આવ્યા હતા. માનભા ગરાસિયો ય હતો. તે પછી તમે ઘેનમાં ને ઘેનમાં એમની જોડે વાતો કરતાં કહેલું કે 'તું સોમવારે મરી જઈશ!' ને પછી તમે એકદમ હસી પડેલા.

જોષી : હસવાની વાત જવા દે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચેસાચ એવું કહ્યું'તું ખરું ?

હીરા : કેમ તમને યાદ નથી આવતું ?

જોષી : ના, આજે કયો વાર થયો ?

હીરા : મંગળવાર.

જોષી : હેં ?

હીરા : ને તો ય એ મરી નથી ગયો ?

જોષી : તે ક્યાંથી મરે ? મારા જોષ સાચા પાડવા એ કંઈ આપઘાત તો ન જ કરે ને ? (**આશાથી**) પણ તને ખબર ક્યાંથી પડી કે એ નથી મરી ગયો ?

હીરા : મેં એને બજારમાં દીઠો હતો.

જોષી : તો પછી તેં મને વહેલાં કેમ ન કહ્યું ?

હીરા : મારા મનમાં કે કાલ ન મર્યો તો આજ મરશે !

જોષી : મર્યાં હવે, એમ મરનારા બીજા, માનભા નહીં. પણ ઊભી રહે. અરે હા મને યાદ આવે છે...એની સાથે રૂખી ડોશી હતી ?

હીરા : હા.

જોષી : (**એક જગ્યા દર્શાવતાં**) એ અહીં બેઠેલી ?

હીરા : હા, અહીં જ.

જોષી : અને મૂળચંદ મોદી અને પશી પટલાણી ?

હીરા : હા ને બીજાં ય હતાં.

જોષી : બરોબર, હવે યાદ આવ્યું. એમની જોડે સદાશિવ ટપાલી ને મોહન ઠક્કર પણ હતાં ને ? અને સંધ્યાકાળ થઈ હતી.

હીરા : બરોબર.

જોષી : (**ધીમેધીમે જાણે બધું યાદ આવતું હોય એ રીતે**) એમ ત્યારે ? મને એ વખતે ભાંગને લીધે ઊંઘ આવતી'તી એટલે મેં એ બધાને ગભરાવવા એવું કહેલું...અને મારા કહ્યા પછી બધાં જતાં રહેલાં ને ?

હીરા : હા, બધાં ય અને માનભા તો સાવ ફિક્કોફસ થઈ ગયેલો. અને પછી ... જતાંતાં ત્યારે તમે મૂળચંદને બોલાવેલો...

જોષી : એને મેં કંઈ કહ્યું'તું ખરું ?

હીરા : ના, એ સાંભળવા ઊભો ... નહીં રહ્યો ને.

જોષી : હં...હવે બધું યાદ આ... (**આશાથી**) હીરૂ ! તને લાગે છે કે એ ... આ વાત ભૂલી ગયાં હોય ?

હીરા : તમને કોઈએ એવું કહ્યું ... તો તમે ભૂલી જાવ ખરા ?

જોષી : પણ હું ઘેનમાં હતો એ તો ... જાણતાતાને ?

હીરા : તો ય શું ? તમારો દેખાવ ... ત્યારે કેવો હતો ? લાલઘૂમ આંખો ને તૂટ... તૂટક શબ્દો. બાપ રે, હું તો એવી બીને...

[**બહાર લોકોનો અવાજ સંભળાય છે.**]

જોષી : આ શેનો અવાજ છે ?

હીરા : (**બારી તરફ જઈને જોતાં**) એ... એ તો એ બધાં છે. માનભા ગરાસિયો ... હસતોહસતો આવે છે.

જોષી : (**ગભરાઈને**) હેં ! હું શું ... ઉંહુ આ પગે ય...ઓ રે ક્યાં જઉં ? ... થશે હીરૂ બેટા ?

હીરા : બારણું વાસી દઉં, બાપુ ?

જોષી : ના ભઈ ના, બારણું ... દઈશ તો એ લોકો તોડીને પણ આવશે ...

હીરા : પણ એ લોકો ખિજાયાં ... ઊલટાના હસે છે.

જોષી : શું ? હસે છે એ લોકો ?

હીરા : હા. અને પેલો મૂળચંદ ... તાળીઓ દે છે.

જોષી : એમ ? એમણે શું ધાર્યું ... ત્યારે ?

હીરા : અને મોહન પાસે તો વાંસ... કાથી છે !

જોષી : વાંસડા ને કાથી ? શું ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે શું થશે ?
લાવ્યા હશે ? હીરા ! બેટા !
બોલશો
હીરા : (બારીએથી પાછી આવીને)
નહીં હવે એ લોકો આવ્યા.
જોષી : (સ્વસ્થ બનતાં) હું જો હીરા... આપણે તો કંઈ બન્યું નથી એમ જ વર્તવાનું છે, સમજીને !

હીરા : સારું તમારાં ચશ્માં રાખવાં છે કે કાઢી નાખવાં છે ?

જોષી : લઈ લે ને; વખતે કોઈ મારે તો નકામાં ફૂટી જાય...અને લે આ પૈસા બધું લઈ જાય તો ય એ તો બચે !

[હીરા પૈસા લઈ લે છે ત્યાં બારણું ઉઘાડી માનભા ગરાસિયો, પશી પટલાણી, મૂળચંદ મોદી, મોહન ઠક્કર અને સદાશિવ ટપાલી પ્રવેશે છે. મોહનના હાથમાં વાંસ અને કાથી છે. સદાશિવે દોણી અને છાણાં હાથમાં રાખ્યા છે. જોષી અને હીરા તેમને કુતૂહલથી જોઈ રહે છે, પણ બધા એમની દરકાર કર્યા વિના પૂર્ણ સ્વસ્થતાથી પ્રવેશે છે. સૌએ ડાઘુનો પોષાક પહેર્યો છે અને એમ જ વર્તે છે.]

મૂળચંદ : કો' ન કો' પણ માણસ બહુ વિદ્વાન.

માનભા : અરે વિદ્વાન તે કેવો ? પોતાના જોષ જોઈને પોતાનું મોત પણ એ કેવો આબાદ જાણી ગયેલો !

પશી : એ તો બિચારા તરી ગયા પણ એની છોડી હીરા બચારી નોધારી થઈ ગઈ.

મોહન : પણ પ્રભુની લીલા તો જુઓ; હજી ગયા શનિવારે તો એ આપણી સામે અહીં બેસીને વાતો કરતા હતા ને આજે ?

[હીરા અને જોષી વિસ્મયથી એકબીજા સામું જુએ છે.]

સદાશિવ : હજી તો એ વાતને બે દિવસ જ થયા ત્યાં તો !

માનભા : ખોટું તો થયું, પણ એ તો સુખી થઈ ગયો.

જોષી : (આ બધું ન સમજાયાથી) તમે બધા શું કહો છો ?

હીરા : ચૂપ, બાપુ !

મોહન : સુખી તે કેવા પાછા ? ભગવાનના દૂતો એમને સોનાના વિમાનમાં બેસાડીને સ્વર્ગમાં લઈ જતા હશે. અહાહા, શો પુણ્યશાળી આત્મા !

માનભા : પુણ્યશાળી તે કંઈ જેવા તેવા હતા ? અરે, અપ્સરાઓ મળશે એમને તો અપ્સરાઓ.

સદાશિવ : (પોતે રહી ગયો હોય એમ) ને એ એમને વીંઝણો ઢોળતી હશે ને જાતજાતનાં ગીત ગાતી હશે !

માનભા : અલ્યા સાંભળો, એ ગીતે ય અહીં સંભળાય છે. (બધાં શાંત થઈ ગીત સાંભળતા હોય એમ સ્થિર થઈ જાય છે.)

હીરા : (ગૂંચવણમાં પડતાં) આમણે આપણને જોયા નથી કે પછી એવો દેખાવ કરે છે ?

જોષી : (ન સમજાયાથી ઢીલો પડી જઈ(આ લોકો કોની વાત કરે છે ?

હીરા : કોણ જાણે ? મને લાગે છે કે કદાચ એ તમારી જ વાત કરતા હશે.

જોષી : મારી ?

હીરા : હા. એટલુંય સમજતા નથી ?

માનભા : અલ્યા આ હીરા કોની જોડે વાતો કરે છે ?

મોહન : મા'રાજના ભૂત જોડે કરતી હશે કદાચ.

જોષી : (ધીમો પડી જઈ) હીરુ, જાને જરા જઈને એમની જોડે કંઈ વાત તો કર.

હીરા : હમણાં સાંભળો ને.

પશી : હેં માનભા, મા'રાજની પાછળ કંઈ રોવા કૂટવાનું નહીં ?

મૂળચંદ : હેં, હેં, રોવાનું શેનું હોય ? પશીબહેન, એ તો મરીને સુખી થઈ ગ્યા. એમનું રોવાનું હોય ?

જોષી : હીરૂ. મને આ નથી ગમતું. તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જા ને કંઈ સમજાવ તો ખરી.

હીરા: (આગળ જઈ માનભાને) આવો માનભા બાપુ, પાણી પીશો કે?

પશી: અરેરે, બેટા હીરુ તું તો સાવ નોધારી થઈ ગઈ. **(આંખમાં પાણી લાવે છે)**

સદાશિવ: કંઈ નહીં. હું ય બ્રાહ્મણ છું ને.

હીરા: પણ આ બધું શું છે?

મૂળચંદ: ખરી છોડી ખરી. શું હિંમતવાળી છે! બાજી કોઈ હોય તો અત્યારે વીલીવીલી થઈ જાય.

હીરા: બહુ થયું હવે, મશ્કરી રહેવા દો.

મૂળચંદ: મશ્કરી? મશ્કરી શેની? મડું પડ્યું હોય ત્યાં મશ્કરી હોય બહેન?

જોષી: (એકદમ) અરે એય, હું તો કંઈ નથી મરી ગયો. આ બેઠો જીવતો ને જાગતો.

માનભા: તે દિવસે એમણે કેટલી શાંતિથી કહેલું?

હીરા: શું કહેલું?

મોહન: કેમ એમણે હાથ ઊંચો કરીને કહેલું, કે હું મંગળવારની સાંજ સુધીમાં મૃત્યુ પામીશ?

જોષી: (માનભાને ક્રોધથી દર્શાવતાં) અરે એ તો મેં આ માનભા ડોઘલા માટે કહેલું, મારે માટે નહીં.

હીરા: બસ બાપુ, તમે બોલશો તોપણ એ તમને સાંભળશે નહીં.

માનભા: અહાહા, શો એમનો અવાજ! મારા કાનમાં તો હજુ ય એના પડઘા પડે છે.

સદાશિવ: મને તો એમણે પોતાને માટે જે જોશ ભાખ્યો એ જ જિંદગીભર યાદ રહી જશે.

જોષી: (ઊંચાનીચા થઈ જતાં) અરે, પણ હું નથી મરી ગયો.

પશી: હવે તો રૂપાળી અપ્સરાઓ પાસે હશે.

જોષી: એ ડોકરી, તું શું અપ્સરા વિષે જાણે?

મૂળચંદ: હીરાબહેન, તું ગભરાઈશ નહીં. આ સદાશિવ બામણ એમને અગ્નિદાહ દેશે.

જોષી: અગ્નિદાહ? મને?

હીરા: મૂળચંદકાકા, બસ હવે બહુ થયું. મશ્કરીની ય હદ હોય છે?

સદાશિવ: મશ્કરી શેની?

મૂળચંદ: મડાને કંઈ બાબ્યા [illegible] રખાય?

માનભા: અલ્યા, નનામી બાંધી કે?

મોહન: એ બાંધીએ છીએ. કાથી પલાળો સદાશિવ.

માનભા: પશીબહેન, તમે ચોકો કરી નાખો. અરે હા, પણ છાણ નહીં હોય તો કંઈ વાંધો નહીં. એ તો પુણ્યશાળી આત્મા હતા; એટલે ચોકાની ય જરૂર નહીં.

[માનભા તથા મૂળચંદ ઊઠીને અંદર પાટ લેવા જાય છે.]

જોષી: બસ હવે. આજે બહુ ગમ્મત કરી. બેસો હવે બધા. હીરુ બેટા, ચા [illegible] જોઈએ.

માનભા: (જોષીને બરાબર તાકીને જોઈને) કંઈ બહુ ભાર હોય એમ નથી લાગતું.

મૂળચંદ: ના રે ના; અને એવું હશે તો ગામમાંથી બેચારને બોલાવી લઈશું. [illegible] ઉપાડો. અરે મોહન, સદાશિવ અહીં આવો.

[મૂળચંદ ચાદર વીંટાળવા માંડે છે.]

જોષી: (બધા ઉપાડે એ પહેલાં જ) [illegible] હીરૂ બેટા! મારું ટીપણું લાવ જોઈએ.

[બધા એકદમ ચમકી જાય છે; અને અડધી [illegible] છે. હીરા ધમાલમાં નીચે પડી ગયેલું ટીપણું ઉઠાવીને આપે છે.]

માનભા: હીરા, તું ચા મૂકતી'તી, [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરા બનાવી લાવતો–

જોષી: (હીરાનું વાક્ય પૂરું થાય છે કે તરત જ) શ્રવણ કરો, ઓ ગ્રામજનો! શ્રવણ કરો. મહાપંડિત જોષી મહારાજનો આત્મા સ્વર્ગના સુવર્ણવિમાનમાંથી બોલી રહ્યો છે તે શ્રવણ કરો. .

[બધા પાઠ આગળથી ખસી છૂટાછૂટા બેસી જાય છે. માનભા હજુ અસ્વસ્થ છે.]

માનભા: (નરમાશથી) હીરુ, તું ચા બનાવવા જાય છે કે? પશીબહેન તમે ય જાવ ને.

જોષી: (ઊંચે ને બદલાયેલા સાદે) ઓ મારી પ્રિય પુત્રી, તને આજ્ઞા છે કે તારે તારા ગૃહનાં દ્વાર બંધ કરી, એને તાળું મારી કૂંચી મૃતદેહના દક્ષિણ હસ્તમાં પ્રદાન કરવી.

[હીરા તાળું લે છે.]

મૂળચંદ: અરે તાળું શું કરવા દે છે?

માનભા: પશીબહેન, પકડોને એને.

પશી: (હીરાને પકડતાં) હીરા, બહેન મને જવા દે ને, મારે ઢોરાં પાવા જવું છે હજી તો.

માનભા: ન જવા દઈશ હીરા, બધા સાથે જવાનું છે, ને સાથે રહેવાનું છે.

મોહન: એમ કંઈ જવાય? બધું પતે પછી જ જવાય, કેમ ખરુંને મૂળચંદ મામા?

મૂળચંદ: ખરું છે. (આ વખતે હીરા તાળું મારી કૂંચી જોષીને સોંપી દે છે. અને પોતે રસોડામાં જાય છે. બધા મૂગા બની જાય છે.)

હીરા: માનભા બાપુ, બેસજો હોં, હું હમણાં ચા લાવું છું.

માનભા: બેઠો છું, પણ ઉતાવળ કરજે હોં દીકરી.

[હીરા જાય છે.]

મૂળચંદ: (વિષય બદલવા જતાં) અલ્યા સદાશિવ, કહે છે કે શહેરમાં હવે કંટ્રોલ જતું રહેવાનું છે, ખરી વાત?

સદાશિવ: હા કાકા, કહે છે તો ખરા. પછી ખરુંખોટું પ્રધાન જાણે.

જોષી: જોષી પૃથ્વી પર હતો ત્યારે તો વિદ્વાન હતો જ, પણ હવે સ્વર્ગમાં તો એના કરતાં ય વધુ વિદ્વાન બન્યો છે. પૃથ્વી પર એ જે જાણતો હતો તેનાથી એ ગ્રામજનોની યથાશક્તિ સેવા કરતો હતો, પણ હવે તો એ સૌનાં ભવિષ્ય જ નહીં પણ હૃદય પણ વાંચી શકે છે–સૌનાં હૃદયના વિચારો પણ વાંચી શકે છે; અને એ જોષીને વિચારો કહેતો અટકાવવા માટે તમે આકાશ-પાતાળ એક કરશો તો ય બની શકે એમ નથી.

[ટીપણું ઉપાડી વાંચવા માંડે છે.]

પશી: (અંદર ગયેલી હીરાને ઉદ્દેશીને) હું તને ચા કરવા લાગું કે હીરા?

સદાશિવ: હું ય આવું છું. (એ ઊઠે છે ત્યાં જોષી ફરી બોલે છે.)

જોષી: (સત્તાવાહી અવાજે) બેસો બધાય (પશી ને સદાશિવ જતા અટકી જાય છે.) સાંભળો મૂળચંદ, તમારી દુકાનમાંથી તે દહાડે ઘી અને રૂપિયા ચોરાયા હતા તે કોણ ચોરી ગયું હતું ખબર છે? એ રૂપિયા ચોરનાર મોહન હતો. એ રૂપિયાનું એણે કાપડ ખરીદેલું અને ઘી તો હજી એને ઘેર પડ્યું છે.

મોહન: (ઊઠી જતાં ક્રોધથી) સાવ જૂઠું સદંતર જૂઠું, હળાહળ જૂઠું! હું ચોર નથી.

[મૂળચંદ એનું ન માનતાં મોહન તરફ વહેમથી જુએ છે.]

સદાશિવ: આ શું કરો છો મોહનભાઈ? આપણે શું કરવા આવ્યા હતા એ ભૂલી ગયા?

મોહન: ઊંઘી ગયું એ બધું ય, પણ જો તો, મને ચોર કહે છે.

પશી: બેસો હવે, સાંભળો તો ખરા.

મોહન: સાંભળ્યા હવે. આ મૂળચંદની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ તો જુઓ?

મૂળચંદ : હું તો અમસ્તો વિચારતો'તો કે......

જોષી : અને મૂળચંદ, તમે ય કંઈ ઓછા નથી. તમે આ પશીના છોકરાને રાત્રે ચોરી કરવા નો'તો મોકલ્યો? એ બિચારી એમ માનતી'તી કે એનો છોકરો રાત્રે ખેતરે ગયો છે. અરેરે, પટેલના છોકરાને પાંપી ધંધે તમે વાળ્યો!

સદાશિવ : એનું ના માનશો, પશી બહેન.

પશી : ના શેની માનું? બહાર તો નીકળવા દે, પછી આ વાણિયાની વાત છે; સપઈને બોલાવું. શાવકાર થઈને આવા ધંધા કરે છે?

માનભા : અંરે આમ અંદરોઅંદર લડીને બીજાને હસવાનું શું કામ કરો છો?

પશી : મને પહેલેથી વે'મ હતો, કે છોકરાને કોક બગાડે છે, પણ શી ખબર કે આ શેઠ હશે!

મૂળચંદ : બસ હવે ચૂપ રહે ડોકરી. જીભડી વશ રાખ, નહીંતર જોવા જેવી થશે.

સદાશિવ : આ શું કરો છો તમે બધાં? અહીં જે કામ માટે આવ્યા છીએ એ કામ પડતું મૂકીને આમ જૂઠાણાં સારુ લડો છો?

મોહન : ના પણ સદાશિવભાઈ, આમ તો જુઓ, આ મા'રાજે કહ્યું કે મેં ઘી ચોર્યું છે એટલે આ વાણિયે માની લીધું.

મૂળચંદ : એ ગમે તેમ હોય પણ મને તારા પર તો જોષીએ કહ્યા પહેલાંનો વહેમ હતો.

માનભા : હશે હવે ભાઈ.

જોષી : (જરાક શાંતિ થતાં) પણ તમે બધા યે કરેલાં પાપ કરતાં ય મોટું પાપ તો આ માનભા ગરાસિયાનું છે. (બધા એકચિત્તે સાંભળી રહે છે.)

મોહન : (ધીમેથી) હવે કંઈક સાંભળવાનું મળશે.

માનભા : અરે આ તો જૂઠો છે, જૂઠો.

મૂળચંદ : ભલેને રહ્યો, એ શું ... એ તો જાણીએ.

માનભા : અરે આ તો આપણને ... છે. ઊઠો બધા. (કોઈ સળવળતું નથી.)

જોષી : તમે માનભા, આખા ... છેતરતાં શરમાયા પણ નહીં? તમારી ... મરી ગઈ ત્યારે તમે તમારી પાસે પૈસા ... છતાં ય હું ગરીબ છું કહી ખાપણુ ... ઉઘરાણું કર્યું! તમારા મનને જ પૂછી જુઓ ... કે તમારી પાસે ત્યારે ૯૫ રૂપિયા હ... નહીં? તમે એકને નહીં પણ આખા ... છેતર્યું છે. તમે તો મોટામાં મોટા ... ઠરો છો.

પશી : હેં પંચાણું રૂપિયા?

મોહન : (ધીમેથી) મને તો ત્યારે ... વહેમ હતો.

સદાશિવ : (ઠપકો આપતાં) વાહ રે મા... તમે ય પૂરા ગઠિયા છો. અમે પૈ-પૈસો ... તમને ગરીબ જાણીને પૈસા આપ્યા...... જૂઠાણું તે હોય?

માનભા : અરે પણ આવા જૂઠ... તમે માનો છો શું કામ? એ તો ... બનાવે છે.

મૂળચંદ : જૂઠું શેનું? હજી ગયે ... જ તમારે ત્યાં નવી ભેંશ ક્યાંથી આ... પૈસા વિના?

પશી : જા રે જા પાપિયા, ઘરમાં ... હોવા છતાં બચારી ગરાસિયણને ... વના મરવા દીધી? તારા જેવું તે ... ખરું દુનિયામાં?

માનભા : એમ છે? તમે બધા ય ... જોષકાનું માનો છો એમ? તો તો ... ચોર છો. તેં અલ્યા મોહનિયા, શેઠની ... માંથી ઘી નો'તું ચોર્યું કે?

મોહન : ના, પૂછી જો આ મૂળ... કેમ શેઠ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળચંદ : ખરું ખોટું તો કોણ જાણે ? બાકી તારા પર મને વહેમ છે.

માનભા : (તિરસ્કારથી) એમ છે તારે, સા... ચોર !

સદાશિવ : (ઉતારી પાડતો હોય એવા અવાજે) બેસો હવે માનભા, એણે તો એકની ચોરી કરી છે પણ તમે તો આખા ગામને છેતર્યું છે.

મોહન : અને શેઠ, તમે તો આ બિચારી પશીબહેનના એકના એક છોકરાને ખોટે ધંધે વાળ્યો છે એનું શું ?

મૂળચંદ : જા, જા, હવે ચોર, એની શી સાબિતી ?

મોહન : સાબિતી ? સાબિતી હું પોતે ! તેં જ મને કહેલું કે આ છોકરાને આપણે કામમાં લેવો જોઈએ.

મૂળચંદ : ચૂપ રહે જૂઠડા !

પશી : જૂઠડો શેનો ?

સદાશિવ : ખરેખાત જૂઠડો. મેં એને સગી આંખે પૈસા ને ઘી ચોરતાં જોયો છે.

મૂળચંદ : તો પછી તેં મને કહ્યું કેમ નહીં ?

મોહન : શેનો કહે, એ પોતે જ ડોશીઓના ને અભણના મનીઓર્ડરના પૈસામાંથી ચોરી કરે છે ત્યાં ?

સદાશિવ : શી ખાતરી ?

માનભા : ખાતરી શેની ? પૂછ ગામની ડોશીઓને !

મૂળચંદ : તમે તો બોલશો જ નહીં માનભા, તમે તો આખા ગામને લૂંટ્યું છે.

પશી : ખરું છે. એની પાસેથી તો પૈએ પૈ પાછી લેવી જોઈએ.

માનભા : તું તો બોલતી જ નહીં પશી. દૂધમાં પાણી નાખીને વેચે છે અને રાત્રે ખેતર ભેળે છે એ બધું ય હું જાણું છું.

પશી : જા, જા, હવે કયું તારું ખેતર ભેળ્યું ?

મૂળચંદ : એટલે શું થઈ ગયું ? હું જાણું છું એના ધંધા. એના કરતૂકે તો પેલા રબારી ટિપાય છે.

મોહન : વાત ખરી છે. દૂધમાં પાણીની તો આખા ગામની ફરિયાદ છે.

બધાય : હા, એ તો ખરું છે.

[અત્યાર સુધી રસોડામાં રહેલી હીરા બહાર આવી -]

હીરા : બાપુ ચા લાવું કે ?

મૂળચંદ : આવા ચોર પાપી જોડે હું ચા પીઉં ? અરે ચા તો શું, ઓછાયો સુદ્ધાં ન લઉં.

પશી : તે ના પીશ. જા ઘેર.

મૂળચંદ : તે આ ચાલ્યો.

જોષી : હીરુ બેટા, લે આ કૂંચી. જેને જવું હોય તેને ઓછા રોકાય છે ? બારણું ઉઘાડ. (કૂંચી આપે છે.)

માનભા : હા, હા, ઉઘાડ મારે ય જવું છે.

પશી : અરે જાય ક્યાં ? ગામઆખાના પૈસા લઈને બેઠો છે તે પાછા મૂકી દે. (પણ એ બોલી રહે એ પહેલાં માનભા જતો રહે છે.) ઊભો રે તારીની......

સદાશિવ : હા, હા, ચાલો એ પૈસા એમ એને ન પચવા દેવાય. (બંને જાય છે.)

મોહન : સાલો, ખરો નીકળ્યો આખા ગામને બનાવી ગયો ને પાછો પોતે બધાને અહીં લેતો આવ્યો.

મૂળચંદ : બસ, હવે એ તો ભલે એવો રહ્યો પણ તું ક્યાં ઓછો છે ? મારું ઘી ને મારા પૈસાનું શું ?

મોહન : રહેવા દો શેઠ. તમારા ધંધા ય ક્યાં ઓછા છે ?

મૂળચંદ : ચૂપ રહે ! ચોર.

મોહન : હવે ચોરવાળી, બહાર નીકળ બહાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળચંદ : આ નીકળ્યા (સાચવીને બહાર જતાં) તું નીકળને, મોટી ડંફાશ મારે છે તે.

મોહન : લે આ આવ્યો તું શું કરવાની છે ? (પાછળ જાય છે. એમની ટપાટપીનો અવાજ થોડીવારે શમી જાય છે. હીરા થોડી ક્ષણ તેમને જોઈ રહીને)

હીરા : (હર્ષથી) ઓ બાપુ, તમે આ શું કર્યું ?

જોષી : કંઈ નહીં બેટા, પેલાં ચા લાવ જોઈએ. ખાવાનું તો નહીં થયું હોય. (હીરુ ચા લાવે છે) સાલાં ગામડિયાં જાણે કંઈ નહીં, ને મને બનાવવા આવ્યાં'તાં !

હીરા : પણ તમે તો એમને કેટલાં ય વર્ષોથી આમ બનાવી જાવ છો ને !

જોષી : ભગવાનની લીલા છે, હીરા. [બારણાંમાંથી સદાશિવ ડરતોડરતો આવે છે.] કોણ ભાઈ સદાશિવ, આવ ભાઈ કેમ આવ્યો'તો ?

સદાશિવ : એટલું કહેવા આવ્યો છું મા'રાજ હું તો એ લોકોની જોડે ને... આવવાનો, પણ મને એ ઘસડી લાવ્યા... મારી ભૂલ થઈ છે.

જોષી : (હસી પડતાં) ઓહોહો ! ... શી મોટી વાત છે. શાસ્ત્રમાં એનો પણ ... છે. (ટીપણું ઉઘાડી) સાંભળ.

गुरुर् ब्रह्मा गुरुर् विष्णु गुरुर् देवो महे...

અર્થાત્ ગુરુ અને તેમાંય બ્રાહ્મણ હોય ... માન આપવું અને જો કંઈ દોષ થઈ ... હોય તો પ્રાયશ્ચિત્ત કરી લેવું. બોલ ... પ્રાયશ્ચિત્ત !

સદાશિવ : હા. બાપજી.

જોષી : લે મૂક સવા રૂપિયો ... હાથમાં જળ.

कायेन वाचा, मनसेंद्रियैर्वा......

(પડદો પડે છે.)

★

મધરાતે ઘરમાં પેઠેલો લૂટારુ: ખબરદાર, એક પણ ડગલું આગળ ભર્યું છે તો. હોય તે રૂપિયા અહીંઆં ધરી દો.

મકાનમાલિકઃ ભાઈ, આપણે બે અદલોબદલો કરીએ. તારા હાથમાંની પિસ્તોલ જો તું આપે તો હું તને બધા રૂપિયા આપી દઉં.

લૂટારુ: અચ્છા.

મકાનમાલિકઃ (પિસ્તોલ હાથમાં આવતાં) ચાલ, મેં આપેલા બધા રૂપિયા પાછા મૂકી દે ... યમરાજને ઘેર પહોંચતા થવું છે?

લૂટારુઃ મહેરબાન, તે પહેલાં તમારે ખાલી પિસ્તોલમાં કારતૂસ ભરવી પડશે, સમજ્યા!

●

દાંતના દાક્તરની પત્નીઃ અરે સાંભળો છો કે, પેલા મણિલાલ પાસે ઘણા વખત પહેલાંના ... બાકી છે; ઉઘરાણી કરો છો કે નહીં?

દાંતનો દાક્તર: (પડેલા અવાજે) જવા દેને એનું નામ. ગઈ કાલે બજારમાં જ મને મણિલાલ મળેલો અને મારા બનાવેલા દાંતના ચોકઠાથી જ મારા પર દાંતિયા કરવા ગયો ત્યાં ચોકઠું નીકળી ગયું !

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતના પ્રશ્નો

•

શ્રી દિલખુશ દીવાનજી

ગાંધીજીના અનુયાયીઓમાં લાખો ભારતવાસીઓ ઉપરાંત વિદેશના પણ સંકડો માનવો છે. એમાંના એક અમેરિકાવાસી શ્રી રિચર્ડ ગ્રેગ છે. 'અહિંસાની શક્તિ', 'અહિંસામાં શિસ્તની સાધના' તથા 'ખાદીનું વ્યાપક અર્થશાસ્ત્ર' નામનાં પુસ્તકોથી તથા ગાંધીજીના ચુસ્ત અનુયાયી તરીકે ભારત એમને ઓળખે છે. વિશ્વશાંતિ પરિષદ માટે હિંદ આવ્યા પછી જલાલપુર તાલુકામાં આવેલા કરાડી આશ્રમની એમણે મુલાકાત લીધેલી. તે વખતે અમેરિકાની લગ્નવ્યવસ્થા, ધર્મભાવના, કેળવણી તથા ગાંધીજીની વિચારસરણીનો અમેરિકામાં પ્રત્યાઘાત અને સામ્યવાદ વગેરે ઉપર દર્શાવેલા મનનીય વિચારો અહીં સંગ્રહાયા છે.

વિશ્વશાંતિ પરિષદ શાંતિનિકેતન તેમ જ સેવાગ્રામમાં મળી તે અંગે વિશ્વના શાંતિવાદીઓ આપણે ત્યાં પધાર્યા હતા. એ પ્રતિનિધિઓમાંથી રિચર્ડ ગ્રેગ કરાડી આવ્યા હતા અને એમના સત્સંગનો લાભ મળ્યો હતો. સવારે ૧૧ વાગે આવી રાત્રે ૭ વાગે તો એઓ ચાલ્યા ગયા હતા, છતાં એટલા ટૂંક સમયમાં એમની સાથે અમે ખૂબ વાતો કરી શક્યા. જ્યાં નઈ તાલીમનો પ્રયોગ ચાલી રહ્યો છે તે ભારતવિદ્યાલયમાં એમનું જાહેર વ્યાખ્યાન રાખેલું. રિચર્ડ ગ્રેગની આ મુલાકાત પ્રસંગે જે કંઈ અમને જાણવા મળ્યું તેની કેટલીક વિગતો અહીં આપી છે.

કેટલાંક સામયિકોમાં રિચર્ડ ગ્રેગ વિષે ઠીક વિગતો આવી છે. એઓ હિંદમાં અગાઉ બે વખત આવેલા. પહેલી વખત આવ્યા ત્યારે સાબરમતી આશ્રમમાં રહી તેમણે ખાદીનો અભ્યાસ કર્યો. ત્યારપછી તેઓ હિંદુસ્તાનનાં ખાદીકેંદ્રોનો અભ્યાસ કરવા બધે ફરેલા. એ અભ્યાસને પરિણામે ખાદી અને રેંટિયા પ્રતિ અનન્ય નિષ્ઠા એમના અંતરમાં પ્રકટી. 'ખાદીનું વ્યાપક અર્થશાસ્ત્ર' (અં. ઇકોનોમિક્સ ઓફ ખદ્દર)ના પુસ્તકમાં એમણે એમની ભક્તિ અને વિદ્વત્તા ભરેલા અભ્યાસની પ્રસાદી આપણને આપી. ત્યારપછી એ અમેરિકા ગયા અને ત્યાં લગ્નજીવન શરૂ કર્યું. વળી પાછા ૧૯૨૯–૩૦માં એઓ એમનાં પત્ની સાથે હિંદ આવેલા. દાંડીકૂચનો આરંભ થવાનો હતો તે પહેલાં જ એઓ અમેરિકા પાછા ગયા હતા. ત્યાં જઈ એમણે બાપુની અહિંસાનો ખૂબ જ સુંદર અભ્યાસ કરી એનું વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન 'અહિંસાની શક્તિ' (અં. પાવર ઓફ નોનવાયોલન્સ) નામના પુસ્તકમાં સમજાવ્યું. અહિંસાની શિસ્ત કેવી રીતે જીવનમાં કેળવવી એ વિષે પણ એમણે એક પુસ્તિકા લખી છે. 'અહિંસામાં શિસ્તની સાધના' (અં. ડિસીપ્લીન ઇન નોનવાયોલન્સ) નવજીવન સંસ્થાએ પ્રગટ કરી છે. ત્રીજીવાર એઓ આ પ્રસંગે હિંદ આવ્યા હતા.

આજે એઓ અમેરિકામાં જમૈકા પ્રદેશમાં ખેતીનું કાર્ય કરે છે. કાયદાનો અભ્યાસ કરી વકીલ થયા પછી એંજિનિયરિંગ વિદ્યાનો ખૂબ અભ્યાસ કર્યો. બાપુના ભક્ત રહ્યા, એટલે હવે ખેડૂત થઈને જીવન ગાળે છે. યંત્રમય અમેરિકામાં પણ યાંત્રિક સાધનોનો બની શકે તેટલો ઓછો ઉપયોગ કરે છે. ખેતીના વ્યવસાય સાથે થોડું કેળવણીનું કામ પણ કરે છે. અભ્યાસી લેખક તરીકેની એમની પ્રવૃત્તિ પણ ચાલુ છે. કરાડીમાં જ્યારે એઓ આવ્યા ત્યારે સંપૂર્ણ ખાદી પહેરી હતી. કફની, ધોતિયું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ જ ખાદી ટોપીમાં સજ્જ થયેલા રિચર્ડ ગ્રેગના પગમાં પણ ગામઠી જોડા હતા. અત્યંત સાદાઈ અને નમ્રતા એમના જીવનમાં વણાઈ ગયાં દેખાતાં હતાં. કરાડીમાં બાપુને ધોરણે ચાલતી ભારત વિદ્યાલય તેમ જ ગાંધીકુટીર સંસ્થાની વિધવિધ પ્રવૃત્તિઓના પરિચયથી એમને સંતોષ થયો. એમની અતિશય ટૂંકી મુલાકાતમાં અમે તો એમને અનેક પ્રશ્નો પૂછી ખૂબખૂબ મેળવી લેવાનો જ મુખ્ય કાર્યક્રમ રાખ્યો હતો. વિધવિધ વિષયો અંગે જે કંઈ એમની પાસે અમે સાંભળ્યું તેનો સાર અહીં આપવાનો પ્રયત્ન કર્યો છે :

અમેરિકાની સંસ્કૃતિ

અમેરિકા વિષે—અમારે એમના જેવા બાપુભક્ત વિષે ખૂબ જાણવું હતું, એટલે કેટલાક પ્રશ્નો તો અમેરિકાની પ્રજા અને ત્યાંની સંસ્કૃતિ વિષે હતા.

(૧) અમેરિકામાં લગ્નવ્યવસ્થામાં શારીરિક આકર્ષણ ઠીક ભાગ ભજવે છે; આથી લગ્નજીવનમાં કલેશ ઠીકઠીક પ્રમાણમાં દેખાય છે. પરિણામ એ આવે છે, કે ત્યાં છૂટાછેડા છૂટથી થતા રહે છે. પસંદગીના લગ્નનું એ અનિવાર્ય પરિણામ છે.

(૨) સરકાર હસ્તક ચાલતી બધી જ વિદ્યાપીઠો અને શાળાઓમાં સહશિક્ષણ છે. ખાનગી વિદ્યાપીઠોમાં એનું પ્રમાણ ઓછું છે. સહશિક્ષણ બધી જ રીતે નીતિનાશ કરનારું એમને નથી લાગતું.

(૩) 'કુદરતી ઉપચાર' વિષે સુંદર પુસ્તકો અમેરિકામાં લખાયાં છે, પરંતુ ડૉકટરોનાં મંડળો એને ગૂંગળાવી નાખે છે.

(૪) 'ધર્મ'નો પ્રચાર ત્યાં દેવળ-પ્રાર્થનામાં જ લગભગ સમાપ્ત થાય છે. ખ્રિસ્તીધર્મ આજે જે રીતે દુનિયામાં પ્રવર્તી રહ્યો છે તેમાં ઉદારતા ઓછી છે. બીજા ધર્મ પ્રતિ આદરભાવ ઘણો ઓછો છે; આથી રમણ મહર્ષિ કે અરવિંદ ઘોષ વિષે પ્રજાને બહુ ઓછું જ્ઞાન છે. દેવળમાં યાદ આવે છે, પણ જીવન અને સમ વ્યવહારોમાં તેનું લગભગ સંપૂર્ણ વિસ જ થતું રહે છે.

(૫) ઈશુનું રાજ્ય કેવળ રવિવારે માં કંઈક પ્રાર્થના પ્રસંગે ચાલે છે. અમેરિકામાં ઉદ્યોગપતિઓ જ રાજ્ય છે. રાજ્યતંત્રમાં પણ એમનો જ દોરી વિશેષ રહે છે. યંત્ર-સંસ્કૃતિએ મુઠ્ઠીભર તેમાં અઢળક મૂડી ખડકી દીધી છે. મૂડીનો હવે શો ઉપયોગ કરવો એ જ મોટી ચિંતા થઈ પડી છે. વધુ ઉત્પન્ન એનો ઉપયોગ થાય તો વધતી જતી ભાવો ઘટાડી દે છે, આથી પૂંજીપતિઓ ઉત્પન્ન કરી, તેનો નાશ કરી ભાવ ઊંચા છે. યંત્રઉદ્યોગનું આ ભયંકર યુદ્ધ દરમ્યાન યુદ્ધ સરંજામ ઉત્પ કરોડોની કમાણી થઈ હતી અને ઘણાને મળી હતી; આથી મૂડીપતિઓ કેવળ કારણે શસ્ત્ર-સરંજામનું ઉત્પાદન ચાલુ માગે છે. આ 'યુદ્ધની તૈયારી' લેખ પરંતુ એ પાછળ વધુ નફાની જ પરંતુ શસ્ત્ર-સરંજામનું વધુ ઉત્પન્ન રાષ્ટ્રોમાં ભય, ઈર્ષા અને અણુ યુદ્ધપોષક મલિન વાતાવરણ ચાલુ જ છે. યંત્રસંસ્કૃતિનો આ ભયાનક શ્રા

(૬) અમેરિકાની કેળવણીમાં કેળવણી છે; પરંતુ તેમાં નઈ તાલીમ નથી. ત્યાંની વિદ્યાપીઠોમાં બૌદ્ધિક સાથે ઉદ્યોગની કેળવણીમાં યંત્રો સ્થાન ઘણું મોટું છે; આથી ત્યાં પરાવલંબન છે. વિદ્યાર્થીઓની સર્જ ત્યાં ખીલતી નથી. તેઓ સંશોધન વિષયોમાં પણ વધુપડતો આધાર અને પુસ્તકો પર રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીની અહિંસા

(૧) અમેરિકાની આમજનતામાં તેમ જ વિદ્યાર્થીઓમાં બાપુની વિચારસરણી વિષે ઝાંખી ભક્તિ છે. જે સમાચારો અને માહિતી તેમને મળે છે, તેમાં સાચી હકીકત ઓછી હોય છે.

(૨) શરીરસુખાકારી અને યંત્રવાદે પ્રગટાવેલી આળસ–નિષ્ક્રિયતાથી ત્યાંના લોકો એટલા બધા ટેવાયેલા હોય છે કે પરિશ્રમ અને સાદાઈના બાપુના આગ્રહો એમને રુચિકર નીવડતા નથી. આ કારણને લીધે ત્યાં બાપૂની અહિંસા માટે વાતાવરણ બહુ અનુકૂળ નથી.

(૩) સંઘ કે સંસ્થા વિશ્વશાંતિ ન સ્થાપી શકે; કારણકે એમાં આખરે કેન્દ્રીભૂત સત્તાનું અવલંબન છે. અહિંસાનું વાતાવરણ એ રીતે ખીલે નહીં. હૃદયપરિવર્તનનું વાતાવરણ પ્રકટ થાય તો જ અહિંસા વ્યાપક બને.

(૪) આ વસ્તુ નહીં સમજાય તો દુનિયામાં ભયંકર જાદવાસ્થળી પ્રગટતી જ રહેશે. માનવ સંહારના બે વિનાશક યુદ્ધો પછી પણ ડહાપણ નહીં આવે તો વિનાશની પરંપરાઓ જ પ્રકટતી જશે. દુનિયાના વ્યવહારોમાંથી સાચો ધર્મ ખોવાઈ ગયો છે. અહિંસા માટે એની પ્રાણપ્રતિષ્ઠા થવી જોઈએ.

(૫) આ માટે ગાંધીજીએ બતાવેલો માર્ગ જ એક માત્ર સાચો માર્ગ છે. પરિશ્રમ; જાતમહેનત અને અપરિગ્રહના વધતા જતા આગ્રહોમાં જ યુગયુગનાં ભયાનક અનિષ્ટોનું સાચું નિવારણ છે. નીતિમાન જીવનની સાચી ધાર્મિકતા જીવનના એ સંસ્કારોમાં જ ખીલે છે. વિશ્વના બધા યે ધર્મોના પેગંબરો આથી જ શ્રમપ્રધાન સંસ્કૃતિના સર્જક હતા.

સામ્યવાદ

(૧) રશિયાનો સામ્યવાદ મૂડીવાદના અનિષ્ટોનું નિવારણ કરવાનો દાવો કરે છે; પરંતુ હિંસા અને યંત્રસંસ્કૃતિના વિષચક્રમાં સામ્યવાદના આદર્શો ફસાઈ પડ્યા છે. સત્તાનું કેન્દ્રીકરણ ત્યાં પ્રવર્તે છે, પછી ભલે તે સત્તા કિસાન–મજૂરોએ સ્થાપી છે એવો આભાસ પ્રવર્તે. સત્તાનો કોરડો જ્યાં વિંઝાય છે ત્યાં પ્રજાનો સ્વયંવિકાસ રુંધાય છે.

ગરીબોનાં હિત અને કલ્યાણની ઝાકઝમાળ પાછળ રુંધાતી માનવતાનાં અનિષ્ટો આખરે ભયાનક નીવડે છે. વિશ્વશાંતિ એ માર્ગે તો નથી જ. ચીનમાં પણ જો રશિયાના સામ્યવાદનું આવર્તન માત્ર હશે તો ચીનની પ્રાચીન સંસ્કૃતિનાં રહી ગયેલાં તેજ પણ ઓલવાતાં જશે. પરંતુ જો ચીનની પ્રજા સામ્યવાદના પ્રયોગમાં પોતાની ધર્મપ્રધાન સંસ્કૃતિનાં કલ્યાણકારી તત્ત્વો ભૂલી નહીં જાય તો સંભવ છે કે સામ્યવાદનાં ભયાનક તત્ત્વોનો રોગ ચીનના સામ્યવાદમાં નહીં ફેલાય.

રિચર્ડ ગ્રેગ સાથે કરાડીમાં જે વાર્તાલાપ થયો તેમાં આવા વિચારો એમણે પ્રગટ કરેલા. અમેરિકા તેમ જ ગાંધીજીના ભારતના એ અનુભવી છે; એટલે એમણે દર્શાવેલા વિચારો સમજવા જેવા છે. માનવકલ્યાણના એ મહાન ચિંતકના આ વિચારો આપણને આપણી સમશ્યાઓ સમજવામાં મદદરૂપ થઈ પડે એ જ પ્રાર્થના.

★

સ્વર્ગનાં બારણાં આગળ ઊભેલો દૂત: 'હે નવા આગંતુક આત્મા, અહીં તો અનેક વસ્તુઓ એટલા મોટા. વિશાળ પાયા પર થાય છે કે વાત જ ન પૂછો. અમારી નજરમાં હજારો વર્ષો કેવળ મિનિટ જેટલાં છે અને લાખો રૂપિયા પાઈ જેટલા છે.'

'કૃપા કરી મને એક પાઈની લોન આપશો?'

'જરૂર, એક મિનિટ થોભોને!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋગ્વેદકાળમાં આંતરલગ્ન

*

ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયા
એમ. એ. પીએચ. ડી

પૂર્વજોએ પ્રતિષ્ઠિત કરેલી વર્ણવ્યવસ્થાનું ... ચુસ્ત પાલન કરવામાં આવતું હતું, ત્યારે ... સંસ્કૃતિના મધ્યાહ્નસમયે આંતરવર્ણ લગ્ન ... એમ કોઈ કહે, તો મનમાં એ વિશે સંશય ઉપજે ... કાળે ઋગ્વેદના અમુક મંત્રોની દૃષ્ટા બનવા ... ઉચ્ચ દરજ્જો સ્ત્રીઓ ભોગવતી હતી. ઋ... મંત્રોની જ મદદથી વિદ્વાન અધ્યાપકે ... નારીની પ્રતિષ્ઠા તથા ત્યારે થતાં આંતરજ્ઞાતીય લગ્નો વિશે અહીં કહ્યું છે.

ઋગ્વેદના સમયમાં સ્ત્રીનું સ્થાન ઊંચું અને પ્રશંસનીય હતું. તેમને પુરુષના જેટલી સ્વતંત્રતા હતી. ઋગ્વેદના અમુક મંત્રોની દૃષ્ટા પણ સ્ત્રીઓ હતી. દાખલા તરીકે ઘોષા (ઋ. ૧૦. ૩૯ અને ૪૦), લોપામુદ્રા (ઋ. ૧. ૧૭૯. ૧. ૨), અપાલા (ઋ. ૮. ૯૧) સૂર્યા (ઋ. ૧૦. ૧૪૫), શચી (ઋ. ૧૦. ૧૫૯), સાર્પરાજ્ઞી (ઋ. ૧૦. ૧૮૯), વિશ્વવારા (ઋ. ૫. ૨૮. ૩) વગેરે. જુદીજુદી જ્ઞાતિઓ વચ્ચે આંતરલગ્નની પ્રથા ત્યારે પ્રચલિત હતી, એટલું જ નહીં પરંતુ લગભગ તે સામાન્ય બની ગઈ હતી અને એનો વિરોધ ઓછો થતો હતો.

સામાન્ય રીતે બાળલગ્નો આ સમયમાં શૂન્યવત્ જેવાં હતાં. કન્યા જ્યારે પુખ્ય વય પ્રાપ્ત કરતી ત્યારે તેનાં લગ્ન થતાં અથવા જ્યારે પરિપૂર્ણ સ્ત્રીકક્ષા પ્રાપ્ત કરતી ત્યારે થતાં (ઋ. ૧૦, ૮૫, ૨૧, ૨૨). વરવા આવેલા વિવિધ જનોમાંથી વરની પસંદગી કરવાની તેને સ્વતંત્રતા હતી. (ઋ. ૧૦. ૨૭ ૧૨). સ્ત્રીસુલભ ચેષ્ટાથી અને સૌન્દર્યથી તેઓ પુરુષને આકર્ષતી (ઋ. ૮. ૩૫. ૫; ૬૨. ૯) અને તરુણવર્ગમાં પ્રણયવિધિ બહોળા પ્રમાણમાં થતો (૮. ૬૨. ૯; ૯. ૫૬. ૩; ૧૦. ૩૦. ૬). આમ હોવા છતાં પણ સ્ત્રીનાં હૃદય સાલાવૃક્ષ જેવાં ચલાયમાન અને મૈત્રી કરવા અયોગ્ય દર્શાવાયાં છે (ઋ. ૧૦. ૯૫. ૧૫). ઋગ્વેદના નવમા મંડળના ... સૂક્તની ત્રણ ક્રમિક ઋચા ૧૦, ૧૧ ... ૧૨માં સ્ત્રીહૃદયની પ્રાપ્તિ કરવા ... કરાયેલી છે.

ઋગ્વેદના પાંચમા મંડળના ... સૂક્તમાં સાયણાચાર્યે પોતાના ભાષ્યમાં ... પ્રણયવાર્તા કહી છે, જે વિશદ રીતે ... પ્રમાણે છે :

પાંચમા મંડળના ઋષિ શ્યાવાશ્વ ... સમયે દર્ભના પુત્ર રથવીતિએ કરેલા ... હાજર હતા. આ યજ્ઞમાં અત્રિગોત્ર... પિતા અર્ચનાનને રાજાએ યજ્ઞના ઋ... તરીકે નિયુક્ત કર્યા હતા. રાજાની પ... સ્વરૂપવતી પુત્રી બેઠી હતી. અર્ચનાને ... શ્વનું પ્રણયવિહ્વલ હૃદય પારખી તે ... પોતાના પુત્ર માટે યાચી. રાજાએ પ... પુત્રીને પ્રણયપીડિત જોઈ અને ઋ... સાથે પરણાવવા ઉત્સુકતા દર્શાવી. ... પત્નીને પૂછ્યું: ‘ શું આને આપીશું ? ... તેણે પૂછ્યું: ‘ શું આની સાથે પા... કરાવીશું ? ’ આ પૂર્વે રાજા સિવાય ... કોઈને પુત્રી લગ્નમાં અપાઈ ન હતી, તે... માગણીનો અસ્વીકાર થયો. ઋષિપુત્રની ... તાને લીધે જ કદાચ રાણીએ વિરોધ ... કાઢ્યો હોય. ભગ્નહૃદયી શ્યાવાશ્વે યજ્ઞ... હૃદયમાં ... ઉત્પત્તિ થતાં રાજકન્યા માટે ... આ સમયે ... એક અતિ દારુણ તપ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બ્રહ્મચર્યમાં રત હતો, શાંત હતો. ભિક્ષાર્થે પર્યટન કરતાંકરતાં તરંત નામના રાજા, જેને શશીયશી નામે રાણી હતી તેની પાસે ભિક્ષા લેવા ગયો. સમીપમાં ઊભેલા પતિને રાણીએ કહ્યું: 'કોઈ ઋષિ આવ્યા છે.' રાજાએ પત્નીને કહ્યું: 'તેની પૂજા કર.' મહાસંકટવશાત્, ઉદ્વિગ્નચિત્તવાળા, આ બ્રાહ્મણ યુવકને રાણીએ નીરખ્યો. ભવ્ય લલાટ અને ઝળહળતી પ્રતિભાવાળું મુખારવિંદ જોયું. આ આગંતુકની આકર્ષક પ્રતિભાથી પ્રેરાઈ રાણીએ પોતાની પાસે તેને બોલાવ્યો, તેનું નામ પૂછ્યું અને આગમનનું રહસ્ય પૂછ્યું. રાણીના મમતા, સહૃદયતા અને માયાળુપણાથી ધૈર્ય પ્રાપ્ત કરી સ્વપ્રણયકથાનું હતાશ હૃદયે નિરૂપણ કર્યું અને કેમ અને કેવી રીતે રાજપુત્રીની માતાએ સ્વપિતા મહર્ષિ અર્ચનાનની પુત્રવધૂ માટેની યાચના તરછોડી તે પણ કહ્યું.

રાણી શશીયશીએ સહાનુભૂતિથી પ્રેરાઈ ઘોડા, ગાય, સો ઘેટાં અને ઘરેણાં આપ્યાં અને રાજા તરંત પાસે તેને લઈ ગઈ (ઋ. ૫. ૬૧. ૫.). રાજાએ શશીયશીની દાનશીલતાની યોગ્ય કદર કર્યા પછી સોનાચાંદીની યોગ્ય બક્ષિસ આપી. રાજાએ પછી પોતાના ભાઈ પુરુમિળ્હ પાસે જવા સૂચવ્યું. શ્યાવાશ્વને શશીયશી માર્ગ બતાવતી હતી. રાજારાણીના આવા ઉત્સાહપ્રેરક વર્તાવથી ઉત્સાહિત બની વારાફરતી બે લાલ ઘોડાવાળા રથમાં બેસી વિદદશ્વના પુત્ર પુરુમિળ્હ તરફ તેમણે પ્રયાણ કર્યું (ઋ. ૫. ૬૧. ૯). રાજા તરંતની જેમ વિદદશ્વના પુત્રે પણ સોનાચાંદીની બક્ષિસ આપી અને વધારેમાં સો ગાય આપી (ઋ.૫. ૬૧. ૧૦). એણે અર્ધમાર્ગમાં સમાન રૂપધારી મરુતોને જોયા. ભયભ્રાંત થઈ પ્રણામ કર્યા. ઘણાં હર્ષમાં આવી જઈ છ ઋચામાં તેણે સ્તુતિ કરી. મરુતો ઘણા ખુશ થઈ તેને ઋષિ તથા મન્ત્રદ્રષ્ટાનું બિરુદ આપ્યું. સ્વમનોરથની આટલી ઝડપી સિદ્ધિ થતી જોઈ અત્યંત આનંદ પામી જ્યારે શ્યાવાશ્વ બક્ષિસ સહિત સ્વગૃહે જવા તૈયાર થયો, ત્યારે બીજી સો ગાય પણ મળી. પછી શ્યાવાશ્વે રાત્રિદેવીની પ્રાર્થના કરી (ઋ. ૫. ૬૧. ૧૭). મરુતને સંબોધેલા મંત્રો વિષે તથા અન્ય પ્રસ્તાવ દાર્ભ્યને જણાવવાનું સૂચવ્યું કેમકે હજુ પણ શ્યાવાશ્વ રાજપુત્રીને પૂર્વવત્ ચાહી રહ્યો હતો. રાજારાણીએ શ્યાવાશ્વની અનન્ય એક રાગી અને સુદૃઢ ભક્તિથી આકર્ષાઈ માનપૂર્વક તેને પોતાના મહેલમાં બોલાવ્યો. વિવાહ સમયે રાજાએ તેને સો ઘોડા, હજાર ગાય, પુષ્કળ ધન તથા આભૂષણથી વિભૂષિત થયેલી પુત્રીને પણ આપી. પછીથી તે રાજા તપ કરવા વનમાં ગયા. આર્ષચક્ષુથી શ્યાવાશ્વે જોયું કે રથવીતિ ગોમતીનદીને તીરે રહે છે (ઋ. ૫. ૬૧. ૧૯).

ઉપરની વાર્તા આન્તરલગ્નના સમર્થન માટે પુરાવો આપે છે અને આવાં દૃષ્ટાંત ઋગ્વેદમાં મળી શકે તેમ છે. ઉપલી વાર્તામાં બ્રાહ્મણ અને ક્ષત્રિયનાં લગ્ન થયાં છે.

પુરુમિત્રની પુત્રી શુન્દ્યુ વિમદઋષિને અપાઈ હતી અને જ્યારે માર્ગમાં અન્ય પરણવા આવેલા જનોએ અવરોધ કર્યો ત્યારે અશ્વિનોએ તેને રથમાં બેસાડી પતિગૃહે પહોંચાડી હતી (ઋ. ૧૦. ૩૯ ૭). સાયણાચાર્ય પહેલા મંડળના ૧૧૬મા સૂક્તની પ્રથમ ઋચામાં આ વસ્તુ વિસ્તારથી સમજાવે છે.

ઘોષા જે લબ્ધપ્રતિષ્ઠ સ્ત્રીઋષિ હતી તે રાજપુત્રી હતી. અસાધ્ય રોગથી પીડાતી હોવાથી મધ્યમ વય થતાં પણ કોઈ તેને પરણતું ન હતું. અશ્વિનકુમારોની કૃપાદૃષ્ટિથી તે રોગરહિત થઈ અને તેણે યુવતીપદ પ્રાપ્ત કર્યું. તુરત જ ઋષિ તરીકે પ્રતિષ્ઠા મેળવી અને એક ઋષિએ તેનું પાણિગ્રહણ કર્યું (ઋ. ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ બનવાના ફાયદા

શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ

એમ. એસસી. (લંડન); બાર-એટ-લૉ

આદિકાળથી માનવી કવિતા કરતો આવ્યો છે. દુનિયાના તમામ દેશોના સાહિત્યનો પ્રારંભ પદ્યથી થયો છે. આજેય કાવ્યો થોકબંધ લખાય છે. બહુ થોડા સાહિત્યકારો એવા જોવા મળશે, જેમણે કારકિર્દીની શરૂઆત કાવ્યથી ન કરી હોય; છતાં પોતે શા માટે કવિતા કરે છે, એથી તેને શા ફાયદા છે એમ કોઈ કવિને પૂછીએ તો જે સંતોષકારક જવાબ નહીં મળે તે અહીં આપવામાં આવ્યો છે. કવિને કેટલાક અબાધિત અધિકારો આપોઆપ મળી જાય છે, તે તમે કવિ હો તો કદાચ થોડાક જાણતા હશો, ન હો તો આ લેખના વાચનથી વિગતવાર જાણી શકશો.

જ્યારે હું નાનો હતો ત્યારે મને 'કવિરાજ' કહેવડાવવાનું બહુ મન હતું. મારા મામાએ સૂચના કરી કે 'વ'ને બદલે 'પ' રાખીએ તો ચાલશે ને? આટલા નાના ફેરફારમાં શો વાંધો? એમ માનીને મેં એ સૂચના સ્વીકારી લીધી હતી અને 'કપિરાજ' કહેવડાવવામાં હું ગર્વ માનતો હતો. પછી ગુજરાતી પાઠ્યપુસ્તકમાં બાળાશંકર ઉલ્લાસરામની કવિતામાં વાંચ્યું: 'કવિરાજા થયો શી છે પછી પીડા તને કાંઈ?' ત્યારથી કવિ થવામાં ઘણા ફાયદા છે એમ મને ખાતરી થઈ:

કવિ થઈએ એટલે આપણે સત્ય... વળગી રહેવાના બંધનમાંથી મુક્ત થઈ... છીએ. આ મુક્તિને અતિશયોક્તિનું... નામ આપવામાં આવ્યું છે. દુનિયામાં કે... યે દુર્ગુણો એવા છે કે જેને સુંદર ... આપવાથી સદ્‌ગુણ જેવા લાગે છે. 'અ... તિયાપણા' ને 'અન્ન પ્રત્યેની રુચિ' ... કે 'જિદ્દીપણા' ને 'દઢતા' કહો એટલે ... કેટલા જુદાં લાગે છે! તે જ પ્રમાણે '...

---

૩૯. અને ૪૦). તેના પુત્રો સુહસ્ત અને ભૃગુ પણ ઋષિપદ પામ્યાં (ઋ. ૧. ૧૨૦. ૫.). શુક્રાચાર્યની પુત્રી દેવયાનીને રાજા યયાતિ (ઋ. ૧૦. ૬૩. ૧) પરણ્યા હતા એ વાત પ્રસિદ્ધ છે પણ ઋગ્વેદમાં તેનો ઉલ્લેખ નથી. ઋષિ અંગિરસની પુત્રી શશ્વતી રાજા આસંગની રાણી હતી (ઋ. ૮. ૧. ૩૪). ઋષિ ઉક્ષીવાનનો ઋગ્વેદમાં ઘણી વખત ઉલ્લેખ છે (ઋ. ૧. ૧૮. ૧; ૫૧. ૧૩; ૧૧૨. ૧૧; ૪. ૨૬. ૧; ૮. ૦. ૧૦; ૯. ૭૪. ૮; ૧૦. ૨૫. ૬૦; ૬૧. ૧૬ વગેરે). તે ઉશિજ નામની દાસીના વંશજનો પુત્ર છે અને તેથી ઔશિજ તરીકે ઓળખાય છે (ઋ. ૧. ૧૮. ૧.). સિંધુ દેશમાં રહેતા રાજા સ્વનયભાવ્યે તેને અદ્વિતીય બક્ષિસો અર્પી હતી. (ઋ. ૧. ૧૨૬. ૧-૪) વૃદ્ધાવસ્થામાં ... વૃચયાનું પાણિગ્રહણ કર્યું હતું (ઋ. ... ૫૧. ૧૩) અને સો વર્ષ જીવ્યા ... (ઋ. ૯. ૭૪. ૮).

ઉપરનાં આટલાં દષ્ટાંતથી એટલું ... સંદેહપણે તારવી શકીએ કે ઉપલી ... આંતરલગ્ન ઋગ્વેદના સમયમાં સા... હતા. ઋગ્વેદના સમયમાં ધન અને ... ઘમંડ હતો તેવા ઘરમાં આંતર... વિશેષ થતાં. ઉચ્ચ કુળનો યુવાન નીચ કુ... સ્ત્રી પરણી શકતો. આવાં લગ્નો સા... રીતે આવકાર ન પામતાં. પરંતુ ઉચ્ચ કુ... સ્ત્રી નીચ કુળના યુવાન સાથે કદાપિ ... ણતી નહીં અને પાછળના સમયમાં ... લગ્નોની ઝાટકણી કઢાતી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્ય'ને 'અતિશયોક્તિ' કહીએ એટલે એ 'અલંકાર' કહેવાય! એક સજ્જન કવિતા લખતા હતા અને વાર્તાલાપમાં જ્યારે એ 'સત્યથી વેગળી' હકીકત કહે ત્યારે એમના ભાઈ કહેતા હતા: 'હવે એમણે કવિ થવા માંડ્યું છે!'

ડૅફોડિલ નામના પુષ્પ પર વર્ડ્ઝવર્થે સુંદર કવિતા લખી છે. તેમાં એણે લખ્યું છે: 'એકસામટાં મેં દસહજાર ડૅફોડિલ જોયાં.' આ સંખ્યા શું એણે ગણી હતી? કોર્ટમાં સાક્ષી આપવાના સોગંદ ઉપર આ જ સંખ્યા હતી એમ એ કહી શકે?

આજકાલ માપબંધીના જમાનામાં સરકાર અનેક જાતના લાયસન્સ (પરવાના) આપે છે: અનાજના, ઘાસતેલના, પેટ્રોલના વગેરે; પણ કોઈને કાળાં બજાર કરવાનું લાયસન્સ નથી આપ્યું પણ સત્યને આલેખવામાં કાળાં બજાર કરવાનું કવિઓને લાયસન્સ મળ્યું છે. ખરેખર અંગ્રેજીમાં તો 'અતિશયોક્તિ'ને Poetic licence (પોએટિક લાઈસન્સ) કહેવામાં આવે છે!

વિજ્ઞાનવિરોધી કલ્પનાઓ કરવાની પણ કવિઓને છૂટ મળી છે. ગદ્યમાં આપણે લખીએ કે સર્પ ઉપર મણિ છે તો હોફકિન ઈન્સ્ટિટ્યૂટવાળા આપણને પૂછવા આવે કે એ સર્પ ક્યાં હોય છે અને કયા પ્રકારનો હોય છે? પણ શેક્સ્પિયર મણિવાળા પ્રાણીનો ઉલ્લેખ કરે અથવા ભર્તૃહરિ લખે કે 'મણિથી શોભતો સર્પ શું નથી એ ભયંકર?' તો કશી ધાંધલ થાય નહીં; કારણકે બધાં જ સમજી લે કે આ કવિની કલ્પના છે! મોતીનો ચારો ચરતા અથવા દૂધ ને પાણીના મિશ્રણમાંથી દૂધ પીનારા હંસનું અથવા ગળામાં કાણું હોય એવા ચાતકનું ગદ્યમાં વર્ણન હોય તો લંડનના પ્રાણીસંગ્રહસ્થાન તરફથી તે માટે શોધખોળ શરૂ થઈ જાય; પણ સંસ્કૃત શ્લોકોમાં આવા ઉલ્લેખો ઠેરઠેર નજરે પડે છે—જાણે કવિતા કરનારાઓ વિજ્ઞાનશાસ્ત્રીઓને ચેલેન્જ ન આપતા હોય: 'ભલે ને જગત છે એવું તમે જોતાં, પણ અમે તો અમારી સૃષ્ટિ રચીશું,' અને 'તો યે સર્વે ઘટિત જ થયું એમ ગણશે!'

એક દાખલો લઈએ: પ્રખ્યાત અંગ્રેજ પ્રાણીશાસ્ત્રી ડાર્વિને સોળ વર્ષના અથાગ શ્રમ પછી 'ઑરિજિન ઑફ સ્પિશિઝ' નામનો ક્રાંતિકારી ગ્રંથ રચ્યો અને એમાં તેણે એનો પ્રખ્યાત 'ઉત્ક્રાંતિનો સિદ્ધાંત' સાબિત કર્યો. પશુપક્ષીઓના રંગ અમુક જાતના હોય છે તે માટે કારણો આપ્યાં: આ પુરવાર કરવા એને કેટલી મહેનત કરવી પડી? પણ કોકિલાનો રંગ કાળો છે; તેનું કારણ આપવા પ્રેમાનંદે માત્ર પોતાની કલ્પના દોડાવી: 'એ કામિની (દમયંતી)નો કંઠ સાંભળી કોકિલા થઈ કાળી' જ્ઞાનપ્રાપ્તિનો આ કેટલો સરળ રસ્તો છે!

બીજો દાખલો લો: મોતી કેમ ઉત્પન્ન થાય છે તે માટે વિજ્ઞાનશાસ્ત્રીઓને ખૂબ શોધખોળ કરવી પડી, પણ આપણા સંસ્કૃત કવિઓ તે કેટલાયે વખતથી જાણતા હતા. સ્વાતિ નક્ષત્રમાં સૂર્ય હોય ત્યારે જે વરસાદનાં ટીપાં માછલીના પેટમાં જાય તેનાં મોતી બને છે: એમ તેમની કલ્પના હતી. ભર્તૃહરિ લખે છે, 'સ્વાતિને દિન સિંધુ મધ્ય પડી તે (પાણીનું બિંદુ) સાચું ય મોતી બને.' આવું અનેકવિધ કલ્પના-જગત કવિઓ સર્જી શકે છે.

સાહિત્યમાં વધારેમાં વધારે ઉપમાઓ પદ્યમાં જ મળે છે. ગદ્યમાં બાલિકાની મુખાકૃતિ વર્ણવતાં કોઈ લખે: 'એના નાકનાં ટેરવાંને મધ્યબિંદુ ગણીને અને ત્યાંથી દાઢી સુધીની ત્રિજ્યા ગણીને જો વર્તુલ દોરવામાં આવે તો બરોબર એની મુખાકૃતિ આવે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો આવું વર્ણન કોઈ માને પણ નહીં અને બિચારો ગદ્યલેખક હાંસીને પાત્ર બને. પણ કવિતામાં 'ચંદ્રમુખી', 'શશીમુખી' વગેરે વિશેષણો બંધબેસતાં ગણાય છે. ઉપમા આપીને કોઈ ગદ્યલેખક કંઈ સાબિત કરવા માગતો હોય તો ન્યાયશાસ્ત્રી એને તરત રોકે છે ને કહે છે: 'ઉપમાથી કશું સાબિત કરી શકાય નહીં,' પણ કવિને આવાં કશાંય બંધન હોતાં નથી.

ગદ્યમાં કોઈના શરીરનાં અંગોનું વર્ણન કરવું અઘરું પડે છે. પણ પદ્યમાં ઘણાં અંગોને—હાથ, પગ મુખ વગેરેને—કમળ સાથે સરખાવી શકાયું છે. બાળક કૃષ્ણ એમના પગનો અંગૂઠો હાથમાં લઈને મોંમાં મૂકતા હોય એ દૃશ્યનું વર્ણન ગદ્યમાં કરતાં મુશ્કેલ થાય, પણ સંસ્કૃતમાં માત્ર ચાર શબ્દોમાં તે કર્યું છે: **'करारविन्देन पदारविन्दं मुखारविन्दे विनिवेशयन्तम् ।'** આવી સુગમતા કવિ સિવાય કોને મળે?

વળી, કવિ જ્યારે કોઈના સૌંદર્યનાં વખાણ કરવા બેસે ત્યારે એ બધાં બંધનમાંથી—શક્યતાના બંધનમાંથી પણ મુક્તિ મેળવે છે. એક આધુનિક કવિ રાધાનું વર્ણન કરતાં લખે છે:

ચાંદલિયો ઘડતાંઘડતાં, બ્રહ્માએ કીધી ચોરી,
ઘડી કાઢી ગોરી એક છોરી.

અને પ્રેમાનંદ દમયંતીના વર્ણનમાં આનાથી પણ આગળ વધી જાય છે. કહે છે, કે 'દમયંતીને બનાવ્યા પછી જે કાંતિ વધી તેમાંથી ચંદ્ર બનાવ્યો!' ગદ્યમાં આવું લખ્યું હોય તો?

સાધારણ રીતે એવી પ્રથા છે કે અઘરા ને સંસ્કૃતમય શબ્દો ગદ્યમાં ન લખવા. 'પૂર્ણ પરિપક્વ પોલિકાનું પ્રદાન કરો' કહેનાર માણસ 'ભદ્રંભદ્ર'ના જેવો ગણાય છે ને તેનો ઉપહાસ થાય છે. પણ પદ્યમાં તેથી પણ ભારે શબ્દો વાપરી શકાય. જેમ કોઈ સ્ત્રી મોંઘી સાડી કે સોનું પહેરે તો તેની મશ્કરી થાય પણ લ[illegible] જતાં પહેરે તો તે પહેરવું અસ્થાને ન[illegible] ગણાતું, તેમ ભારેભારે શબ્દો પદ્યમાં અસ્થા[illegible] નથી ગણાતા. 'પુષ્પે-પુષ્પે વિટપ-વિ[illegible] નૂતનશ્રી ભરે છે' એ કાંતના શબ્દો [illegible] વાપરે તો જ શોભી શકે.

ગદ્યલેખકને ખૂબ જ સંભાળ રાખવી પડ[illegible] કે પોતે લખેલા એકે એક શબ્દનો સ્પષ્ટ [illegible] થવો જોઈએ. **'दृष्टिपूतं न्यसेत् पादम्'** ધ્યાન[illegible] રાખીને એકે એક શબ્દ તોળીને એને લ[illegible] પડે છે. પણ કવિ કંઈ ન સમજાય એવું [illegible] તો એના પદલાલિત્યમાં એની અસ્પ[illegible] ઢંકાઈ જાય છે અને કેટલીકવાર તો [illegible] અસ્પષ્ટતાથી કવિતાની ખૂબી વધે છે [illegible] ગણાય છે. ઉમર ખય્યામની 'રૂબા[illegible] વાંચનારામાંથી કેટલા પોતાના અંતઃ[illegible] પર હાથ રાખીને કહી શકે કે અમે [illegible] શબ્દે શબ્દ સમજ્યા છીએ? અને છતાં [illegible] એનું જ ભાષાંતર કરવાથી ફિટ્ઝ જેર[illegible] કવિઓમાં અગ્રસ્થાન મળ્યું છે!

સામાન્ય રીતે આપણાથી આ[illegible] વખાણ ન થાય એ નમ્રતાનો નિયમ [illegible] છે. અથાગ મહેનત પછી સર આઈ[illegible] ન્યૂટને વિજ્ઞાનનો યુગ નિર્માણ કરતી [illegible] કરી, પણ આખરે એને કહેવું પડ્યું: 'સ[illegible] મહાન સમુદ્ર પાસે કેટલાક લીસા [illegible] વીણતા બાળક જેવો હું છું.' ત[illegible] માટે પણ કહેવાયું છે કે 'અસ્તિત્વ[illegible] ધરાવતી એવી કાળી બિલાડીને અં[illegible] ઓરડામાં શોધતા આંધળા માણસ [illegible] એ છે. પણ કવિઓ પોતાનાં વખાણ [illegible] કંઠે કરી શકે છે. ભર્તૃહરિ કહે છે:

રસજ્ઞ ને સુભાગી એ કવિનો જય હો [illegible]
નથી જેની સુકીર્તિને જરા કે મૃત્યુનો [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઈબલમાં ધનના લોભને બધાંય અનિષ્ટનું મૂળ કહ્યું છે અને લખ્યું છે, કે સોયના નાકામાંથી ઊંટને પસાર થવા કરતાં ધનવાનને સ્વર્ગના દ્વારમાં દાખલ થવું વધારે અઘરું છે. ધનને કારણે સ્વર્ગમાં નહીં જવાય એ ભયથી કવિ બચી જાય છે. ઑલિવર ગોલ્ડસ્મિથે કવિતાદેવીની ઉપાસનાને પોતાની ગરીબાઈના કારણ તરીકે ગણાવી છે. જ્યારે કોઈ કવિ લખે 'अर्थमनर्थं भावय नित्यं नास्ति ततः सुखलेशः सत्यम्। ત્યારે શિયાળ પોતે પહોંચી શકતું નથી એ દ્રાક્ષને માટે 'દ્રાક્ષ ખાટી છે' એમ કહે છે, એ વાત કદાચ યાદ આવે; પણ વાસ્તવિક રીતે એમ નથી. કવિઓ પ્રામાણિક રીતે ધનપ્રાપ્તિના પ્રલોભનમાંથી મુક્તિ મેળવે છે. तृणमिव लघुलक्ष्मीर्नैव तान् संरुणद्धि। (તૃણ સમ ધન કો હી ના ગતિ તેની રોકે.)

આ બધા ફાયદા જોઈને ઘણા યે કવિ થયા છે. જે કેટલાકથી સંપૂર્ણ કાવતાઓ નથી લખાઈ તેમણે અપદ્યાગદ્ય (અં. બ્લેન્ક-વર્સ) લખીને સંતોષ માન્યો છે, પણ એ ગદ્યને પણ 'પદ્ય'નું નામ મળ્યું ત્યારે જ તે પ્રતિષ્ઠિત ગણાયું!

જે કવિ આ લખાણ વાંચશે તેને પોતે ભોગવી રહેલા ફાયદાઓનું પૃથક્કરણ થયેલું જણાશે અને જે કવિ નહીં હોય તે તે પદ પ્રાપ્ત કરવા માટે આકર્ષાશે. કોઈ એમ ન માને કે કવિ થવું અઘરું છે. અલબત્ત કવિઓ માટે નિશ્ચિત કરેલા થોડા વિષયો ઉપર કવિ થવાની મહત્ત્વાકાંક્ષા રાખનારે વિચાર કરવો જરૂરી છે પણ એવા વિષયો થોડા છે: 'કોકિલા,' 'પુષ્પ' 'ચાંદની,' 'ઉષ:કાલ', 'સંધ્યાકાલ,' 'સમુદ્રને તીરે,' 'પ્રેમ' અને બીજા થોડા વિષયો પર વિચાર કર્યો હશે તો તે પૂરતું થશે. થોડાં વિશેષણો શીખી લેવાની જરૂર છે; જેવાં કે 'દિવ્ય', 'અનેરું' 'અપ્રતિમ', 'ગાઢ' વગેરે. તે ઉપરાંત 'જ' 'ય,' 'વળી,' 'નકી,' 'રે લોલ' જેવા કેટલાક નિરુપયોગી શબ્દોનો ઉપયોગ પણ જાણવો જોઇએ. આટલી સામગ્રી સાથે થોડું પિંગળનું જ્ઞાન હોય તો પછી કવિ થવામાં કશી મુશ્કેલી નથી; અને એકવાર કવિ થયા પછી સમજાશે કે કવિ બનાવાના ફાયદા અનેક છે.

★

કોર્ટમાં પાછળની પાટલીઓ પર ગરબડ મચી રહી. ન્યાયાધીશ ઘણો જ ગુસ્સે થઈ ગયો. ટેબલ પર એણે હાથ પછાડ્યો અને શી બીના છે તે જાણવા માટે એક જણને ખાસ તે બાજુ મોકલ્યો ને તેટલો સમય કોર્ટનું કામકાજ બંધ રાખવામાં આવ્યું. તપાસ કરનારે આવીને કહ્યું, કે એ તો એક ભાઈએ પોતાનો કોટ ખુરશી ઉપર મૂકેલો હતો તે ખોવાઈ ગયો છે, એની શોધાશોધને લીધે આ ધમાલ મચી રહી છે.

જજે કહ્યું: 'જાઓ, જઈ ને એ ભાઈને કહો કે કોટ જેવી એક મામૂલી ચીજ માટે બહુ જવઉકાળો ન કરે. અહીં કોર્ટમાં તો ઘણા લોકો કેસના કેસ હારી જાય છે, પણ આટલી બધી ધમાલ કરતા નથી.'

×

ખ્રિસ્તી લોકોના સ્મશાનની આસપાસ વાડ બનાવવા માટે ફંડ એકઠું કરવા માટે આવેલા ભાઈને થોમસે ઉત્તર આપ્યો:

'એ તો પૈસાનો દુરુપયોગ જ છે,' થોમસ બોલ્યો. 'પહેલી વાત તો એ, કે એ પ્રદેશમાં અંદર દાખલ થવાની ઇંતેજારી કોઈ નહીં બતાવે અને બીજું જો અંદર સૂતેલા માણસો જમીનમાંથી બેઠા થાય તો તમે જે બનાવવા માગો છો તે લોખંડની વાડ પણ આપોઆપ પીગળી જશે!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચનીચભાવ

*

અધ્યા૦ જિતેંદ્ર જેટલી
એમ. એ.; ન્યાયાચાર્ય

પરસ્પર ભેદભાવની વ્યક્તિગત માત્રા નિંદ્ય છે તેટલી જ, બલ્કે તેથીયે વધુ આવી કોઈ સામુદાયિક લાગણી. સમાજમાં પણ અંધકારયુગની યાદ આપતા આવા દુર્ગ હોય ત્યાં મનમાં નિરાશા વ્યાપે છે ને થાય છે, સમાન ભાવે ક્યારે જોતો થશે ? જ્ઞાતિભેદ, આર્થિક અસમાનતા ને પ્રાંતીયતાને પરિણામે રહેલા ભેદોની દીવાલો ક્યારે દૂર થશે ?

દુનિયાના ઘણા યે દેશોમાં વ્યક્તિગત રૂપમાં તથા સામૂહિક રૂપમાં ઉચ્ચનીચભાવ જોવામાં આવે છે. પરંતુ વ્યક્તિગત રીતે જો કોઈ વ્યક્તિ પોતાને બીજા કરતાં ઉચ્ચ માને તથા બીજાઓને પોતાના કરતાં નીચાં માની કાંઈક તિરસ્કારની દૃષ્ટિ તેઓ તરફ દર્શાવે તો એવી વ્યક્તિને સામાન્ય રીતે લોકો અભિમાની, અહંકારી કે ગર્વિષ્ઠ એવાં વિશેષણોથી નવાજે છે. આ પ્રમાણે પોતાને બીજા કરતાં ઉચ્ચ માનવું અને બીજાને નીચા માનવા એ જાતની ભાવના કોઈ પણ દેશમાં સારા માણસનું લક્ષણ નથી ગણાતી. ઊલટાનું બધા દેશોના લોકોમાં એ ભાવનાને દુર્જનતાની જ નિશાની ગણવામાં આવે છે. આમ વ્યક્તિગત રૂપમાંના ઉચ્ચનીચભાવની ખરાબીને બધા સારી રીતે સમજે છે. તથા એ જ કારણે દૈવી અને આસુરી સંપત્તનો વિવેક સમજાવતાં ગીતાના ૧૬મા અધ્યાયમાં કહેવામાં આવ્યું છે, કે

ईश्वरोऽहमहं भोगी, सिद्धोऽहं बलवान् सुखी ॥
आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया।
यक्ष्ये दास्यामि मोदिष्ये, इत्यज्ञानविमोहिताः ॥
अनेकचित्तसंभ्रान्ताः, शोकजालसमन्विताः ।
प्रसक्ताः कामभोगेषु, पतन्ति नरकेऽशुचौ ॥

આ પ્રમાણે આવી આસુરીવૃત્તિ સેવનારાઓ નરકમાં જાય છે એમ ગીતા વાચનાર તથા સમજનાર પ્રત્યેક વ્યક્તિ સમજે છે. આમ છતાં આપણી આ સમજને સામૂહિકરૂપે રહેલ ઉચ્ચનીચ ભાવને દૂર માં આપણે કામે નથી લગાડતાં અને એવા આસુરીવૃત્તિવાળા લોકોના ભળી જઈ વધારો કરીએ છીએ એક વિચિત્રતા જ છે. ઉપર જણાવેલ ગતરૂપના ઉચ્ચનીચભાવના એટલું સહેજે સમજી શકાય છે કે ના દેશોમાં કોઈ પણ એક સમૂહ પણ આવી આસુરીભાવના રાખે સમૂહ કે વર્ગને સંસ્કૃત ન કહી શકાય કારણે જ યુરોપના, અમેરિકાના અને આફ્રિકાના તથા ઓસ્ટ્રેલિયા વગેરે જ્યાં રંગના આધારે કાળા અને ભેદ રાખવામાં આવે છે તથા તે જન્મના આધારે પણ હબસી તથા ઇતર ગોરાઓનો ભેદ રાખવામાં અને કાળા રંગના માનવીઓને તથા ઓને નીચા ગણવામાં આવે છે તે વૈજ્ઞાનિક પ્રગતિ કરી છે તથા સુધરેલા છે છતાં પણ આપણે એમને દોષ આપીએ છીએ, કે 'તમે સુધરેલા નથી જ.' સાથે જ સ્પષ્ટ સલાહ પણ આપીએ છીએ કે ' રંગભેદ કે બીજા જન્મભેદ વગેરે ભેદ રાખવામાં આવતા ઉચ્ચનીચભાવને મનમાંથી દૂર કરવામાં નહીં પ્રત્યેક વ્યક્તિને સમાન ગણવામાં નહીં ત્યાંસુધી તમને સુધરેલા કે સંસ્કૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય એમ નથી.' આ પ્રમાણે પ્રત્યેક વ્યક્તિનો કે પ્રત્યેક સમૂહનો બીજી વ્યક્તિ કે બીજા સમૂહ તરફનો સમભાવ એ જ સુસંસ્કૃત વ્યક્તિનું કે સમાજનું કે રાષ્ટ્રનું લક્ષણ છે.

પરંતુ આશ્ચર્ય તો એ છે કે ઉચ્ચનીચભાવ કાઢી નાખો સુસંસ્કૃત બનવાની સલાહ આપણે હિન્દીઓ–અને તેમાં પણ ખાસ કરીને આપણા દેશમાં બહુમતી ધરાવનારા આપણે હિન્દુઓ–બીજા દેશોને આપવા નીકળીએ છીએ, ત્યારે એ જ સુફીયાણી સલાહનો અર્થાત ઉચ્ચનીચભાવ કાઢી નાખી સુસંસ્કૃત બનવાનો અમલ આપણે કરવા માગતા નથી અને તેમ છતાં પણ દુનિયામાં સુસંસ્કૃત ગણાવા ઇચ્છીએ છીએ!

દુનિયાના સુધરેલા ગણાતા દેશોમાં રંગભેદના આધારે તથા જન્મભેદના આધારે અત્યારે પણ ઉચ્ચનીચભાવ છે. ઉપરના મૂડીવાદી વર્ચસ્વવાળા દેશોમાં થોડોએક વર્ગીય ઉચ્ચનીચભાવ પણ આર્થિક અસમાનતાને કારણે હશે છતાં આપણે ત્યાં તો એ પ્રકારના ઉચ્ચનીચભાવો કરતાં યે ચડી જાય એવા અને વધારે રૂઢ થઈ ગયેલા એવા અનેક પ્રકારના ઉચ્ચનીચભાવો છે. આપણે સહેજ ઊંડા ઊતરી તપાસીશું તો આ વાત આપણને સમજાશે.

(૧) પહેલા પ્રકારના ઉચ્ચનીચભાવમાં આપણે ત્યાં ખાસ કરીને આપણા હિંદુઓમાં જે સૌથી વધારે વ્યાપક અને રૂઢ ઉચ્ચનીચભાવ છે તે જ્ઞાતિના ભેદ ઉપર રચાયેલો ઉચ્ચનીચભાવ છે. આ ઉચ્ચનીચભાવના સમર્થનમાં સામાન્ય રીતે તે ભેદ ઈશ્વરકૃત છે એમ દર્શાવવા **चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः।** એ ગીતાની ઉક્તિને વારંવાર ટાંકવામાં આવે છે! પરંતુ ગુણ અને કર્મના આધારે આવું ચાતુર્વર્ણ્ય તો શું પણ અનેક પ્રકારના વર્ણવિભાગ દુનિયાના ઘણા યે દેશોમાં હોવા છતાં એમાં આપણે ત્યાં રૂઢ થયેલો છે એવો ઉચ્ચનીચભાવ નથી તથા એના આધારે રૂઢ એવી જ્ઞાતિસંસ્થા પણ રચાયેલી નથી. આપણે ત્યાં પણ આ ઉચ્ચનીચભાવ ચાતુર્વર્ણ્યમાં જ અટકી નથી જતો. પરંતુ ઉચ્ચનીચભાવરૂપી વટવૃક્ષની અનેક શાખાપ્રશાખાઓ છે: જેમકે આપણે ત્યાં ગુજરાતમાં જેઓ આ ઉચ્ચનીચ ભાવના અગ્રતમ પુરસ્કર્તા છે એવા બ્રાહ્મણોમાં, વધારે ઉચ્ચ ગણાતા નાગર બ્રાહ્મણોમાં વડનગરા નાગરો પોતાને સૌથી ઉચ્ચ ગણે છે. પોતાના જ જૂથમાંના વિસનગરા નાગર, પ્રશ્નોરા નાગર કે સાઠોદરા નાગર વગેરે ઇતર પ્રકારના નાગરોને પોતાનાથી નીચા માને છે. આ પ્રમાણે નાગર સમસ્ત પોતાને ઇતર બ્રાહ્મણો કરતાં ઉચ્ચ ગણે છે. આવું જ હિંદુસ્તાનના બીજા બધા પ્રકારના બ્રાહ્મણોમાં છે. આને કારણે તો કનોજના બ્રાહ્મણો માટે એક કહેવત છે કે **बारी कनोजी और तेरी चौका॥** અર્થાત્ બાર કનોજી બ્રાહ્મણ હોય તો એમને રાંધવાના ચોકા તેર જોઈએ; કારણકે પ્રત્યેક પોતપોતાને એક બીજા કરતાં ઉચ્ચ માને છે.

ગીતાની ભાષામાં કહીએ તો આ આસુરી ભાવનાને આ દેશના શિક્ષક બ્રાહ્મણો પોતાના જ વર્ણમાં રૂઢ કરીને બેસી નથી ગયા પણ આ આસુરી ભાવનાને એમણે ઇતર ત્રણે વર્ણોમાં પણ એવી મજબૂત રીતે રૂઢ કરી દીધી છે કે આજે જેને આપણે સૌથી નીચા ગણીએ છીએ તે હરિજનોમાં પણ ભંગી કરતાં ઢેડ ઉચ્ચ તથા એના કરતાં વળી બીજી જાતના હરિજનો ઉચ્ચ એવી ભાવના છે. એટલે જો જ્ઞાતિગત ભેદના આધાર ઉપર રહેલ આસુરી ભાવનાને દૂર કરવી હોય તો તેને મૂળ ચાતુર્વર્ણ્યમાંથી જ દૂર કરવી રહી; અર્થાત્ ચાતુર્વર્ણ્ય કે બીજા ગમે તે પ્રકારનો વર્ણવિભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્ય સુધરેલા દેશોમાં ચાલે છે તે મુજબ ગુણકર્માનુસાર કદાચ ચાલવા દઈએ; પરંતુ જન્મભેદના આધારે રચાયેલ ચાતુર્વર્ણ્યે જવું જોઈએ. એ જતાં એની સાથે રૂઢ થયેલા ઉચ્ચનીચભાવ પણ જશે.

જ્ઞાતિભેદને આધારે રહેલ ઉચ્ચનીચભાવ–અભાવ તો આપણામાં એટલો બધો ઓતપ્રોત થઈ ગયો છે, કે જેઓ અસ્પૃશ્યતામાં નથી માનતા એવા માણસો પણ પોતાના સંતાન જ જરાક અસ્વચ્છ જોતાં ઘણીયે વખત એમ કહેતા જોવામાં આવે છે કે ‘અલ્યા તું વાઘરો છે.’ અથવા તો ‘અલ્યા તું ભંગી છે’ વગેરે. આ ઉપરાંત ઘાંચી, મોચી વગેરે જ્ઞાતિઓનો પણ તિરસ્કાર-સૂચક વિશેષણ તરીકે પોતાને ઉચ્ચ ગણાતા માણસો પ્રયોગ કરે છે. નિરર્થક કામ કરતી કોઈ વ્યક્તિને જોઈને ઘણા લોકો ‘આ શું હજામત માંડી છે?’ એવા પ્રયોગો કરે છે. આ બધા વ્યવહારોનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ કરતાં સહેજે સમજી શકાય છે કે આપણામાં તે તે જ્ઞાતિઓ પ્રત્યે તિરસ્કાર છે તથા આપણે એમને આપણા કરતાં અસંસ્કૃત અને નીચા ગણીએ છીએ. આપણામાંના ઘણા જાણે છે કે રાજકીય કારણો ઉપરની આ ઉચ્ચનીચભાવરૂપ આસુરી ભાવનાએ પણ આ દેશમાં મુસલમાનોની તથા ખ્રિસ્તીઓની સંખ્યાનો વધારો કરવામાં ઓછો મહત્ત્વનો ભાગ નથી ભજવ્યો. પાકિસ્તાન જેવા અલગ રાષ્ટ્રની ઉત્પત્તિનાં અનેક કારણોમાં આ ઉચ્ચનીચભાવ પણ એક મહત્ત્વનું કારણ છે. આમ છતાં વ્યવહારમાંથી એ આસુરીવૃત્તિને દૂર કરવાનો પ્રયત્ન બહુ જ ઓછો જોવામાં આવે છે. ઊલટું આઝાદી આવતાં એ ભાવના વધતી ચાલી છે.

આજે પણ ઘણી હિંદુ હોટેલો, જેને આપણે નીચા ગણીએ છીએ તે[...] બહારથી પણ કોઈ પણ પ્રકારનું પા[...] પીવાનું આપતી નથી. જ્યારે મુસ્લિમ [...] તેમને ચા, પાંઉ વગેરે ઘણી ખુશીથી [...] છે. હિંદુ હોટેલોમાં કેટલી સ્વચ્છતા [...] વામાં આવે છે તે તો જેઓ ત્યાં [...] હશે તેઓને ખબર જ હશે; એટલે સ્વ[...] ની કોઈ પણ દલીલ જ આ બ[...] લાવી શકાય એમ નથી.

આ જ્ઞાતિગત ઉચ્ચનીચભાવની [...] અસર આપણે એટલે સુધી પહોંચાડી [...] જે સંપ્રદાયો ચાતુર્વર્ણ્યમાં માનતા જ [...] અને અત્યારે પણ નથી માનતા તે[...] દાયના અનુયાયીઓ પણ આજે હ[...] મંદિરપ્રવેશનો વિરોધ કરે છે અ[...] રીતે ઉચ્ચનીચભાવને પોષી રહ્યા છે. [...] જૈનોનાં પૂજાસ્થાનો. જૈનસંપ્રદાયમાં [...] ર્વર્ણ્યને સ્થાન નથી. સાથે જ હિં[...] ઉપર જણાવવામાં આવ્યો છે, એવ[...] નીચભાવનું પણ સ્થાન નથી; આમ[...] એમણે જે હરિજનોના મંદિરપ્રવેશ[...] વિરોધ ઉઠાવ્યો છે તે હિંદુઓના ઉચ્ચ[...] ભાવના છાંટા એમને ઊડયા છે એ[...] છે. બાકી જૈનો આવો ઉચ્ચનીચભાવ[...] તો તેઓ એમના તીર્થંકરોનો અને [...] દ્રોહ કરે છે એમ કહેવામાં જરાયે અતિ[...] કે અસત્ય નથી. જૈનધર્મના સિદ્ધ[...] અભ્યાસીઓ આ સારી રીતે સમજી [...]

જૈનસંપ્રદાય કરતાં પણ વધારે [...] તો સ્વામીનારાયણ સંપ્રદાયે વિરો[...] ફેલાવ્યું છે. જે જમાનામાં નીચલા ગણા[...] ને બહિષ્કૃત ગણવામાં આવતો હતો[...] ઉપલા ગણાતા વર્ગો આ નીચલા [...] તદ્દન ઉપેક્ષા કરી રહ્યા હતા, એ જ[...] નીચલા વર્ગનો ઉદ્ધાર કરવાના [...] રામાનંદના શિષ્ય સ્વામીશ્રી સહજાનં[...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી હતી. અલબત્ત તે જમાનાના વાતાવરણને અનુસરી એમણે પણ ઉચ્ચ વર્ણને તુલસીની માળાનો અધિકાર આપી તથા નીચલા વર્ગોને કાષ્ટની માળા પર્યંત જ સીમિત રાખી ઉચ્ચ-નીચભાવ રહેવા દીધો હતો; પરંતુ એમાં સમયનું બળ વધારે કારણભૂત હતું. જો સહજાનંદસ્વામી આ જમાનામાં થયા હોત તો ઉચ્ચનાચભાવને આટલું પણ સ્થાન ન આપત એ નિર્વિવાદ છે. સ્વામીનારાયણ સંપ્રદાયમાં જે વર્ગને હિંદુઓના ઇતર સંપ્ર-દાયમાં સંન્યાસ નથી આપી શકાતો તેને પણ સંન્યસ્ત આપી શકાય છે. આ કારણે કેટલાક રૂઢિચુસ્ત બ્રાહ્મણોએ એને અવૈદિક પણ ગણ્યો છે.

પરંતુ આપણે આશ્ચર્ય સાથે આજે જોઈ શકીએ છીએ કે જે નીચલા વર્ગના ઉદ્ધાર કરવાને કારણે રૂઢિચુસ્ત બ્રાહ્મણો-એ એને અવૈદિક ગણ્યો એ સ્વામી-નારાયણ સંપ્રદાયના અનુયાયીઓ નીચલો વર્ગ એમના મંદિરમાં પ્રવેશ કરે એનો વિરોધ કરી રહ્યા છે. એમના જમાનાને અનુસરીનેજ શ્રી સહજાનંદજીએ જો કાંઈક ભેદ રાખ્યો હોય તોપણ આ સંપ્રદાયની સ્થાપનાનો ઉદ્દેશ નીચલા ગણાતા વર્ગનો ખાસ ઉદ્ધાર કરવાનો હોવાથી, હવેના જમાના અનુસાર જ ઉચ્ચનીચભાવના આધારે રહેલ ભેદને અત્યારે કાઢી નાખવો જોઈએ, એ આ સંપ્રદાયના અનુયાયીઓની પહેલી ફરજ છે. પરંતુ એમ કરવાને બદલે વિરોધ કરી તેઓ કયા ધર્મનું રક્ષણ કરતા હશે તે એક દુર્ગમ્ય બાબત છે. છતાં આ પ્રવૃત્તિ પણ હિંદુસમાજમાં રહેલ ઉચ્ચનીચભાવ સાવ આસુરીભાવનાનું જ સીધું પરિણામ છે એમ કોઈ પણ સમજુ વ્યક્તિ સહેલાઈથી જાણી શકે છે.

આ તો હિંદુસમાજમાં વ્યાપક જ્ઞાતિના ભેદના આધારે ટકી રહેલ ઉચ્ચનીચભાવની વાત થઈ. પરંતુ આ ઉચ્ચનીચભાવના વટ-વૃક્ષે પણ બીજી કેટલા યે પ્રકારની વડવાઈ-ઓને જન્મ આપ્યો છે અને તે આજે નવીન વટવૃક્ષની માફક આપણી સામે છે. હવે આ જે બીજો પ્રકાર વર્ણવવામાં આવશે ત્યાં કેવળ હિંદુસમાજના નહીં પરંતુ ઇતર સમાજના અનુયાયીઓનો પણ સમાવેશ થાય છે. આ બીજો પ્રકાર તે વર્ગીય ઉચ્ચનીચ-ભાવનો છે. આ વર્ગીય ઉચ્ચનીચભાવ ઉત્પન્ન કરવામાં પહેલો પ્રકાર પણ કારણભૂત છે એ સહેજ ઊંડેથી તપાસીશું તો જણાશે.

આ બીજા પ્રકારના વર્ગીય ઉચ્ચનીચ-ભાવના ઘણા ભેદો છે, છતાં એના બે મુખ્ય પ્રકાર ગણી શકાયઃ (૧) શિક્ષણની અસમાનતા ઉપર રચાયેલો તથા (૨) આર્થિક અસમાનતા ઉપર રચાયેલો. આ બેમાંથી શરૂઆતમાં આપણે પહેલાને તપાસીએ.

આપણે ત્યાં જો કે શિક્ષિતવર્ગ ઘણો જ નાનો છે, છતાં પણ તે વર્ગ આજે જેઓ તદ્દન અશિક્ષિત છે તેમને પોતાના કરતાં નીચા માને છે. આ ઉચ્ચનીચભાવ ઘણી યે વખત શિક્ષિત સંતાનોનો પોતાના અશિક્ષિત માબાપોની કે અન્ય સંબંધીઓ કે મિત્રોની તરફ ઉપેક્ષાવૃત્તિ કે બેદરકારી સુધી જાય છે. આશ્ચર્ય તો એ છે, કે શિક્ષિતોના વધારે સંપર્કમાં આવેલા અશિક્ષિતો પણ બીજા શિક્ષિતોના સંપર્કમાં નહીં આવેલા અ-શિક્ષિત બંધુઓને પોતાનાથી નીચા માને છે. પૂ. ગાંધીજીના જીવન પર્યન્તના પ્રયાસો છતાં તથા પૂ. રવિશંકર મહારાજ જેવા અને મુનિ સંતબાલજી જેવા સંતોના તનતોડ પ્રયાસો છતાં આ પ્રકારના ઉચ્ચ-નીચભાવને કારણે આજે પણ ગામડાંના અશિક્ષિત બંધુઓ જોડે સંપર્ક કે પરિચય શિક્ષિત એવા આપણે કેળવી નથી શકતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુતઃ શિક્ષિતવર્ગમાંથી અલ્પ સંખ્યામાં જ એવા માણસો મળી શકે, કે જેમને ગામડાંમાં રહેવું ગમે. શિક્ષિત વ્યક્તિ અન્ય અશિક્ષિત ગ્રામ્યજનોની સામે અતડી પડી જાય છે. એની વિદ્યા એને ગ્રામ્યજનો સાથે ઓતપ્રોત થવાને બદલે એનામાં રહેલ ઉચ્ચનીચભાવને કારણે એને એ લોકો સાથે પરિચય કેળવતાં રોકે છે. આ પ્રમાણે શિક્ષિત માણસોના સંપર્કમાં આવેલા શહેરના મજૂરો તથા બીજા અશિક્ષિતો પણ ગામડાંમાંના પોતાના બંધુઓને મૂર્ખ તથા પોતાનાથી કાંઈક પાછળ એવા નીચા સમજે છે.

આ ઉપરાંત આ ઉચ્ચનીચભાવને કારણે ખુદ શિક્ષિતોમાં પણ અંદરોઅંદર એક વિચિત્ર પ્રકારનો ઉચ્ચનીચભાવ ઉત્પન્ન થયો છેઃ જેમકે શિક્ષિતોમાં જ સૌને શિક્ષણ આપનાર કૅાલેજના અધ્યાપક માધ્યમિક શાળાના અધ્યાપકને નીચા ગણે છે. અલબત્ત આને માટે કાંઈક અંશે આર્થિક અસમાનતા પણ કારણભૂત છે, છતાં વિદ્યાના આધારે રહેલો ઉચ્ચનીચભાવ પણ ગૌણ ભાગ નથી ભજવતો. આ પ્રમાણે બીજા શિક્ષિતવર્ગોમાં પણ પોતાનાથી ઓછું ભણેલાને કાંઈક નીચા માનવામાં આવે છે. આમ વિદ્યાને આધારે ઉત્પન્ન થયેલ વર્ગીય ઉચ્ચનીચભાવનાં મૂળ પણ ઊંડાં છે.

વર્ગીય ઉચ્ચનીચભાવના પ્રકારમાં બીજો પ્રકાર જે સર્વવ્યાપક છે તે આર્થિક અસમાનતાને કારણે ઉત્પન્ન થયેલો ઉચ્ચનીચભાવ છે. આ કેવળ કરોડાધિપતિઓમાં કે લક્ષાધિપતિઓમાં વ્યાપક છે એમ માનવાની ભૂલ આપણે ન જ કરી શકીએ. આ પ્રકારનો ઉચ્ચનીચભાવ રાખતી આસુરીભાવનાની અસર દરેક પ્રકારના ધંધામાં તથા નોકરીમાં નજરે પડે છે. અમુક હદ સુધી કમાતો વર્ગ તેનાથી ઓછું કમાનાર વર્ગને નીચો માને છે. જેમકે કરોડાધિ[પતિ]મન સામાન્ય દસબાર હજાર કમાનારને [તો] હિસાબ જ નથી. પરંતુ એ જ દસબાર [હજાર] કમાનારને સોબસો કમાનારનો પણ [કાંઈ] હિસાબ નથી. આ જ પ્રમાણે અધિકારીએ[ામાં] પણ આવા ઉચ્ચનીચભાવ વ્યાપક પ્રમા[ણમાં] જોવામાં આવે છે, જેને લીધે અનેક વર્[ગો] થયા છે. આપણા દેશની પ્રત્યેક ઑફિ[સમાં] ઑફિસર વર્ગને કારકુન વર્ગ સાથે [ની] મૈત્રી જવલ્લે જ સંભવે છે. સાધારણ[તઃ] ઑફિસરો કારકુનોને પોતાનાથી નીચા [માને] છે. જો કે ઘણી યે ઑફિસોમાં બુદ્ધિ[માન] ગણાતા અધિકારીઓની આંખનું કા[મ] કારકુનો જ કરતા હોય છે, છતાં આ[ર્થિક] અસમાનતાના આધારે ઉત્પન્ન થયેલ ઉચ્ચનીચભાવ બે વચ્ચે મૈત્રીનું [...] અપવાદરૂપ પ્રસંગો સિવાય નથી થવ[ા દેતો]. આ જ પ્રમાણે કારકુનોનો વર્ગ પટાવાળ[ાને] પોતાનાથી નીચો માને છે. આ ઉચ્ચ[નીચ]ભાવનાં અસંખ્ય ઉદાહરણો મળે તે[મ છે].

ઉપર જણાવેલ ત્રણ પ્રકારના ઉચ્ચ[નીચ]ભાવ ઉપરાંત શૈક્ષણિક તથા આર્થિક બેઉ પ્રકારની અસમાનતાના કારણે ઉ[ત્પન્ન] થયેલ એક ચોથો પ્રકાર કે જે વર્ગીય [ઉચ્ચ]નીચભાવનો જ એક ભેદ છે, તે [...] ઉચ્ચનીચભાવ છે. એનું જ બીજું [નામ] 'પ્રાંતવાદ' પણ કહી શકાય. તે પણ આ[જે દેશ]માં ધીરેધીરે ફેલાતો જાય છે. આ [...]ના ઉચ્ચનીચભાવમાં ઉપર જણાવ્યું [તેમ] વિદ્યા અને ધન બેઉ કારણભૂત છે. જે [...] વિદ્યા અને કળાના વિકાસમાં ખૂબ જ [...] સાધી છે, પરંતુ એ પ્રાંતોમાં વ્યાપાર [...]રાતી, મારવાડી કે બીજા પ્રાંતોના રહે[વાસી] વ્યાપારીઓના હાથમાં તેમની [...] કારણે હોવાને લીધે તથા એ રીતે એ [...] રહીને જ વિદ્વાનો કરતાં પણ વધુ ધન કે[...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એવા વ્યાપારીઓને ત્યાં પોતાને વિદ્વાન હોવા છતાં નોકરી કરવી પડે છે એ કારણે તે પ્રાંતમાં ઉચ્ચનીચભાવની આસુરીવૃત્તિએ પોતાનો પ્રભાવ ઠીકઠીક પ્રમાણમાં જમાવ્યો છે. એવા, વિદ્યા અને કળામાં પ્રગતિ સાધેલ પ્રાંતના રહેવાસીઓ પેલા ઇતર પ્રાંતના વ્યાપારીઓને શિક્ષણ બાબતમાં નીચા માની તિરસ્કાર દર્શાવતાં વિશેષણો વાપરે છે; જેમકે બંગાળીઓ એમના પ્રાંતમાં વ્યાપાર કરતા મારવાડી, ગુજરાતી કે દક્ષિણ હિંદુસ્તાનના રહેવાસીઓને માટે અનુક્રમે 'મેડો, ગુજુ' કે 'કિષ્કિન્ધારવાસી' (કિષ્કિન્ધાના રહેનારા અર્થાત્ વાંદરા) એવા પ્રયોગો કરે છે. એ જ પ્રમાણે મહારાષ્ટ્રના નિવાસીઓ પણ એવા વ્યાપારીઓ તરફ 'વાણીલોક,' 'શેટજી,' 'મારવાડી' વગેરે વિશેષણોના પ્રયોગો કરે છે.

આ જ પ્રમાણે બીજી તરફ ગુજરાતી તથા બીજો વ્યાપારી વર્ગ પોતે બહુ શિક્ષિત ન હોવા છતાં પોતાની વ્યાપારીકુનેહથી વધુ કમાતો હોવાથી આર્થિક અસમાનતાને કારણે ઉત્પન્ન થયેલ ઉચ્ચનીચભાવને કારણે વિદ્યામાં આગળ વધેલ પ્રાંતના રહેવાસીઓ પ્રત્યે તિરસ્કાર દર્શાવવા આવા જ પ્રયોગો કરે છે: જેમકે મહારાષ્ટ્રના નિવાસીઓ માટે ગુજરાતીઓ 'ઘાટા,' 'ચટણા,' 'મરાઠા' એવાં વિશેષણોનો ઉપયોગ કરી તથા સંયુક્ત પ્રાંતના નિવાસીઓ માટે કે ઉત્તર હિંદુસ્તાનના રહેવાસીઓ માટે 'ભૈયા' શબ્દનો પ્રયોગ તિરસ્કારદર્શી ભાવમાં કરે છે. આ પ્રમાણે પંજાબો, મદ્રાસો વગેરે પ્રયોગો પણ આ વ્યાપારી વર્ગ કરે છે. આ પ્રમાણે લગભગ દરેક પ્રાંતમાં ક્યાંક આર્થિક અસમાનતાને કારણે તો ક્યાંક અશૈક્ષણિક અસમાનતાને કારણે પોતાને ઉચ્ચ તથા બીજા પ્રાંતના રહેવાસીઓને નીચા દર્શાવે એવા શબ્દપ્રયોગો યોજવામાં આવે છે.

આવી રીતે (૧) જ્ઞાતિના આધારે ઉત્પન્ન થયેલ ઉચ્ચનીચભાવ, (૨) સમાજમાં વિદ્યાને કારણે ઉત્પન્ન થયેલ ઉચ્ચનીચભાવ તથા (૩) આર્થિક અસમાનતાને કારણે ઉત્પન્ન થયેલ ઉચ્ચનીચભાવ તથા (૪) આર્થિક તથા શૈક્ષણિક બેઉ પ્રકારની અસમાનતાને કારણે ઉત્પન્ન થયેલ પરસ્પર પ્રાન્તોના રહેવાસીઓમાં ઉત્પન્ન થયેલો ઉચ્ચનીચભાવ એમ આ ચારે પ્રકારના ઉચ્ચનીચભાવરૂપી આસુરીવૃત્તિ આપણા દેશમાં વિશેષ કરી હિંદુઓમાં વધારે વ્યાપક પ્રમાણમાં જોવામાં આવે છે.

આ ચારે પ્રકારના ઉચ્ચનીચભાવો રૂપી આસુરીવૃત્તિને દૂર કર્યા વિના, રાષ્ટ્રીય એકતાની, એક કે તેથી વધારે કોમોની કોમી એકતાની, કે અસ્પૃશ્યતા દૂર થવાની આશા આપણે રાખીએ, તો આપણી એ આશા આકાશકુસુમ જેવી જ ગણાય.

આ આસુરીવૃત્તિ સામૂહિક રીતે આપણામાંથી દૂર કરવા સ્વામી દયાનંદ તથા પૂ. ગાંધીજી જેવા મહાન પુરુષોએ તનતોડ પ્રયત્ન કર્યો છે. આપણે પણ આપણા દેશમાં આવા અનેક મહાન પુરુષો તથા સંતો થયા છે તેનું અભિમાન લઈએ છીએ; પરંતુ જે મનુષ્યસ્વભાવ પ્રત્યેક હિંદીમાં પ્રકટે તથા ઉચ્ચનીચભાવ દૂર થાય એ માટે તેમણે પોતાનું સમસ્ત જીવન આપ્યું એવા એ મહાપુરુષોનો આપણે હજી સુધી તો દ્રોહ જ કર્યો છે અને કરીએ છીએ. જો આપણે ખરેખર આપણા આવા અનેક મહાપુરુષોનું ઋણ અદા કરવા ઇચ્છતા હોઈએ, સાથે જ દુનિયાના દેશોમાં આપણા દેશને સુસંસ્કૃત ગણાવવા માગતા હોઈએ તથા આપણે પણ સુસંસ્કૃત થવા ઇચ્છતા હોઈએ તો વ્યક્તિગત તથા સામૂહિક ઉન્નતિ માટે અને દુનિયાના દેશોની સાથે એકતા સ્થાપવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિહારનાં લગ્નગીતો

*

અધ્યા. ચંદ્રકાંત મહેતા

એમ. એ.

લગ્ન જેવા હર્ષના પ્રસંગે માનવી ગીતો દ્વારા આનંદ વ્યક્ત ન કરે તો ક્યારે કરે? કોઈ પણ સ્થળનાં લગ્નગીતોમાં સનાતન યુગલના સ્થાયી ભાવો આલેખાયા હોય છે. ભલે ભાષા જુદી હોય, ભલે જાત ભલે જુદાં હોય, પણ હૃદયની ભાષા તો એક જ છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી. પરણવા જનાર વર ને કન્યા તો હરફમાત્ર યે ઉચ્ચારતાં નથી, પરંતુ તેમના અંતરમાં સંતાઈ રહેલા ભાવોને આ લગ્નગીતો દ્વારા વાચા મળે છે. અહીં રજૂ થયેલાં બિહારનાં ગીતો સાથે આપણાંય કેટલાંક ગીતો સરખાવવા જેવાં છે. અધ્યાપક ચંદ્રકાંત મહેતા બંગાળી માંથી સારા અનુવાદો કરે છે અને વિવેચક પણ છે.

બિહારમાં લગ્નની મુખ્ય વિધિઓ સર્વસાધારણ જ હોય છે એથી અને વિશેષે કરીને તો, આપણા બધા ય પ્રાંતનાં લોકગીતોમાં પ્રસંગ કરતાં, એ પ્રસંગે ઊપજતી લાગણીઓ ને ભાવોદ્રેકોને જ મહત્ત્વ અપાયું હોય છે. અને ગમે તે પ્રાંતનો પિતા હોય કે માતા હોય પણ પુત્રીને સાસરે વળાવતી વખતની એની લાગણી, પુત્રી ઉંમરલાયક થતાં એને પરણાવવાની ચિંતા, સાસરામાં પુત્રીને સાસરિયાંનો ત્રાસ—એ બધું ગીતની વસ્તુમાં સામાન્ય હોય છે અને તેથી જ ગુજરાતવાસીને બિહારનાં લગ્નગીતો કે વિરહગીતો પરાયાં નથી લાગતાં; કારણકે મોઢાની ભાષા ભલે જુદી હોય, પણ હૃદયની ભાષા તો બધે એક જ હોય છે.

બિહારમાં વિવાહનો આરંભ ત્યાંની ભાષામાં જેને 'છેંકા' કહે છે તેનાથી થાય છે. 'છેંકા' એ આશીર્વાદવિધિ છે. 'છેંકા' પછી તિલકનો વિધિ થાય છે. તિલકમાં કન્યાના પિતા વરના પિતાને ત્યાં રૂપિયા, કપડાં, ઘરેણાં, વાસણો વગેરે આપી આવે છે. ત્યાર બાદ લગ્નબંધનનો વિધિ થાય છે; તેમાં વરના પિતા કન્યાને ત્યાં આવીને વિધિસર કન્યાનું માગું સ્વીકારે છે. લગ્નબંધનના વિધિથી ધમાલ શરૂ થાય છે. તેમાં રોજ સુગંધી અને પીઠી ચોળીને સ્નાન, વડની પૂજા, વાસ, મંડપ બાંધવાની શરૂઆત, ઘડાને દરથી રંગવો, માટીનો હાથી બનાવવો, વાંસનાં ઝાડ રોપવાં વગેરે ક્રિયાઓ પૂરું થાય ત્યાંસુધી ચાલુ રહે છે.

વિવાહની વિધિમાં વર પાલખીમાં કે મોટરમાં વરઘોડો કાઢીને પરણવા જાય છે. ત્યારબાદ વરના આસનનો કન્યાના આસન સાથે સ્પર્શ કરાવવા કન્યાને સાસરે

માટે, ઉચ્ચનીચભાવ રાખી રહેલી આસુરીવૃત્તિ આપણે બની શકે એટલી વહેલામાં વહેલી તકે દૂર કરવી જ રહી. જો કે વ્યક્તિગત રૂપમાંની આ આસુરીવૃત્તિ દૂર થવી એકદમ શકય નથી, છતાં પણ સામાજિક રીતે રહેલ આ વૃત્તિને સમાજના દરેક વર્ગમાં મનુષ્યે સમભાવની દૈવી વૃત્તિને જગાડી એ ભાવનાને પોષવી અને કેળવવી જોઈએ. જ્યાંસુધી આપણે સામૂહિક રીતે એમ ન કરી શકીએ ત્યાંસુધી ઉચ્ચનીચભાવ રાખી આવી રહેલ રાખનાર દુનિયાના બીજા કોઈ પણ દેશને દોષ આપવાનો કે ઉપદેશ આપવાનો અધિકાર આપણને નથી; માટે આપણી પ્રવૃત્તિમાં ને વ્યવહારમાં પણ બની શકે એટલો પ્રયત્ન આ આસુરી ભાવનાને દૂર કરવા આપણે કરવો જ રહ્યો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવામાં આવે છે. લગ્નની વિધિ ચાલુ હોય ત્યારે કન્યાને લઈ જવા માટે વરને ગાળો આપતાં ગીતો પણ ગવાય છે.

વિવાહવિધિ વખતે ગવાતાં ગીતોમાં, ગુજરાતનાં લગ્નગીતોમાં હોય છે તેમ, સામાન્ય દંપતીની કહાણી રાધાકૃષ્ણને નામે આલેખાઈ હોય છે. નીચેના ગીતમાં પતિ બીજી વાર લગ્ન કરવા જાય છે. બીજું લગ્ન તો ત્યાં એટલાં સહજ છે, કે પહેલીવારની પત્ની એને વારી તો ન જ શકે. તેથી આંસુછલકતાં નયને એ કહે છે કે 'હું દાસી બનીને તારા લગ્નમાં આવું.'

જબે કૃષ્ણ ચલલો બિઆહન.

જ્યારે કૃષ્ણ એટલે પતિ લગ્ન કરવા ચાલ્યો ત્યારે રાધા (એની પ્રથમ પત્ની) કહે છે:

હમહુ લોન્દિની બની જૈ બે.

હું લોન્દિની–દાસી બનીને તમારી જોડે આવું.

ત્યારે વર કહે છે:

સબે તુહું લોન્દિયા બની જૈ બ,
તબે સબ આભરણ ખૂબ ધર લે.

તારે દાસી બનીને આવવું હોય તો આ તારાં આભરણ ઉતારી નાખ.

દાસી કંઈ ઘરેણાંગાઠાં પહેરે ? રાધા કબૂલ થઈ. પછી તે જાનમાં ગઈ. બગીચામાં કૃષ્ણે ઉતારો કર્યો છે ને દાસી બનેલી રાધા એને વીંજણો ઢોળે છે, પણ વીંજણો ઢોળનારી દાસીનું રૂપ ઢાંક્યું રહેતું નથી. લોકો જોઈજોઈ કહે છે: 'દાસી કેવી સુંદર છે!'

જબ કૃષ્ણ ચલલો બગીચા બીચે,
લોન્દિની બિન્દિયા ડોલા રે,
લોન્દિની હોઈ બડી સુન્દરી!

પછી તો પેલી રાધા પતિની અનેક રીતે સેવા કરે છે. એ ક્યારેક સ્વામીની પાલખી તૈયાર કરે છે, ક્યારેક એની આંખમાં કાજળ આંજે છે, ક્યારેક એના માથાનો મુગટ શણગારે છે, એ બધું જોઈને લોકો દાસીનાં ખૂબ વખાણ કરે છે:

જબ કૃષ્ણ આઇલો પોખારી બીચે,
લોન્દિની પાલખી સજ્જા રે,
લોન્દિની હોઇ બડી સુન્દરી.
જબ કૃષ્ણ આઉલો દુયારી,
લોન્દિની નયના સજાવ રે,
જબ કૃષ્ણ આઇલો માડોયા બીચે.
લોન્દિની મડવ સવજાર,
લોન્દિની હોઇ બડી સુન્દરી!

લગ્નક્રિયા પૂરી થાય છે. કન્યાને વિદાય આપવાનો અવસર આવે છે. વર કન્યાને લઈને પોતાને ઉતારે આવવા નીકળે છે; ત્યાં કઠણ હૃદય રાખીને પતિસેવા કરતી રાધાનું હૃદય હાથમાં રહેતું નથી ને એનાં આંસુઓ રોકયાં રોકાતાં નથી, ત્યારે કન્યાનાં પિયરિયાં કહે છે:

જબ કૃષ્ણ ચલલો કોહબર બૈસે;
લોન્દિની કે નયના ઝરઝર,
લોન્દિનીયા હોઇ બડી અસહરન.

આ દાસી તો બડી ઈર્ષાળુ ને અસહિષ્ણુ છે.

આ સાંભળીને પતિને પત્નીએ કરેલી સેવાનું સ્મરણ થાય છે ને પોતાની પત્નીને બધા દાસી તરીકે ઓળખે એ એનાથી સહ્યુ જતું નથી. એ પોતાની સાસુને કહે છે: 'એને એવું ન કહેશો. એ કંઈ મારી દાસી નથી. એ તો મારી પહેલીવારની પરણેતર છે એની જોડે માનથી વર્તવું જોઈએ.' પેલીનાં આંસુ જોઈને પતિનું હૃદય પણ પીગળ્યું હશે.

જતો સાસુ બોલી રે કુબોલિયા,
એ હિ હૈ નહિલે બિઆહન.

આ સાંભળી સાસુના હૃદયમાં જે માતૃત્વ રહેલું છે તે આંસુ સારતી પોતાની પુત્રીની શોક પ્રત્યે જાગી ઊઠે છે. એ સ્નેહાર્દ્ર બને છે ને ઊર્મિજન્ય વાણી ઉચ્ચારે છે:

એ તે જો જાનતુ રાધિકા પિયારા મોર આયતો,
તો ચંદનસે અંગન નિપતૂં રાધિકા પેરે પરતો.

જો મને પહેલેથી ખબર હોત કે મારી દીકરી રાધા આવે છે, તો એનાં પગલાં ચંદનમાં પડે તેથી મારું આંગણું ચંદનથી લીંપાવી રાખત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં આ લાગણી પાછળ પોતે પોતાની દીકરી આના પતિને પરણાવી એનું જીવન દુ:ખી કર્યું એવી ભાવના પણ કારણભૂત હોય એ સંભવિત છે. નહીં તો યે પોતાની પુત્રીની શોક પ્રત્યે પણ અત્યંત કોમળ લાગણી હોય એવી સ્ત્રીઓ અનેક મળવાની.

નીચેના બીજા એક ગીતમાં સ્ત્રીના જીવનમાં લગ્ન કેવાં અનિવાર્ય છે તે પિતા-પુત્રીના સંવાદ દ્વારા નિરૂપાયું છે. પુત્રીને લગ્ન જરા ય ગમતાં નથી. એ લગ્નની ખૂબ ધામધૂમ જોઈને આશ્ચર્યમુગ્ધ બની પિતાને પૂછે છે:

બાબા કાહેલો લૈલા ઇન્દર શોભા?
કાહે લૈલા માનિક દિયારા?

બાપુ! આ કોને માટે ઇન્દ્રસભા જેવી શોભા કરી છે, ને કોને માટે છે આ માણેકની ઝળહળતી રોશની?

પિતા ઉત્તર આપે છે:

તોહાર લાગી બેટી ઇન્દર શોભા,
ઉજિયા માનિક દિયારા.

આ ઇન્દ્રસભા જેવી શોભા ને આ ઊજળાં માણેકના દીવા એ બધું તારે માટે જ છે, બેટી!

કન્યાને તો પરણવું નથી. એથી એ પિતાને હાથ જોડી વિનતિ કરે છે:

બાબા હાથ જોરી ઉઠહો એ ઇન્દર શોભા,
પટકશે નિવાહો માનિક દિયારા.

આ બધી ઇન્દ્રસભા જેવી શોભાને ઉઠાવી નાખો ને આ માણેકની ઝળહળતી રોશની બુઝાવી દો.

પણ પિતા પુત્રીનું કહ્યું કરે તો પોતાનું નાક જાય. એ બધાંને પોતાનું મોઢું શી રીતે બતાવી શકે? એટલે એ નિરૂપાય બની ઉત્તર આપે છે:

કૈસે બેટી રાખું અબ તોહારી બાતીયાં,
બિહા ન હોય જબ દૂષે જાતિયાં.

તારી વાત તે શી રીતે મનાય? મારા નાતભાઈઓ મને ગુનેગાર ગણે, જો તારાં લગ્ન ન કરું તો.

પિતાપુત્રીના કોમળભાવને વ્યક્ત કરતા ત્રીજા એક ગીતમાં પિતા ઊંઘે છે, ત્યાં જમાઈ આવે છે. એ ઘરના બાગ સુધી આવી પહોંચ્યો છે, એટલે પુત્રી ... પિતાને વહેલીવહેલા જગાડે છે:

લાલ હે ફૂટકકે રાજાજી;
ઉપર માનિક દિયા બરે,
બેટી બૈસે જગાઇલો હે.
બાબા કતો નિન્દે શોયલો!
ભૈયા કતો નિન્દે શોયલો!
બાગીચામેં ઉતરલો સસુર કે પૂત.
કુછ દેવે ચાહે વાકે.

માણેકના દીવા જ્યાં બળે છે, ત્યાં આ... લાલ ફૂટકના રાજાજીને એની પુત્રી જગાડે છે: '... ક્યાંસુધી સૂશો? ભાઈ ક્યાંસુધી સૂશો! ... તો સસરાજીનો દીકરો આવી લાગ્યો છે. ... આપવું પડશે ને? ઊઠો, ઊઠો!'

પિતા જાગે છે. અહીં એ પુત્રીને પો... અળગી કરવા ઇચ્છતો નથી; એટલે ... પુત્રીને ઉત્તર આપે છે:

સોનાવા દેવું બેટી રૂપાવા દેવું;
નહિ દેબૈ બિટીયાં-ન દેબૈ,
મોર મન્દિર સૂના હોબૈ.

બેટી! એને જોઈએ તો સોનું આપું, રૂપું ... તો એને રૂપું પણ આપું; પણ મારી દીકરી તો ... નહીં જ આપી શકું. દીકરી આપું તો મા... સૂનું બની જાય.

અહીં દીકરો છે છતાં બાપને દી... સાસરે વળાવવી ગમતી નથી. છોકરી ... ઘરમાં શોભારૂપ છે, એના બદલામાં ... જોઈએ તેટલું સોનુંરૂપું આપી દેવા ... છે. આમ સોનુંરૂપું ઘરનો શણગાર ... પણ પુત્રી છે, તે અહીં અસરકારક ... દર્શાવાયું છે.

એક બીજા ગીતમાં કન્યા મોટી થઈ ... માતપિતા એને માટે યોગ્ય વરની ... શોધ કરે છે પણ વર મળતો નથી. ... પિતા ચિંતામાં પડ્યાં છે એટલે કન્યા ... પ્રગલ્ભ બનીને પોતાને કેવો વર ... છે તે પિતાને કહે છે. અનેક લોક...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બને છે તેમ અહીં પણ રામસીતાને નામે જ આ વૃત્તાંત કહેવાયું છે:

કોન બન બોલે કારી કોયલીયાં,
કોન બન બોલે મયૂર.
દરબારે બોલે રાજા જનક,
ધિયા ભૈલે બિઆહન જોગ.
બીજુબન બોલે આંબાડારે કોયલીયાં,
આપન મહેલે બોલે બાની,
ધિયા ભૈલે બિઆહન જોગ,
ચારબન ખોજલુ હે બેટી,
કિહાં ન મિલે જમાઇયા.
જાઇઓ હે રાની અયોધ્યા નગરીયાં,
વહાં હૈ સુન્દર રઘુનાથ.
સાંબર બાબા મત જનૂ બોલિહે,
સામલ હૈ રઘુનાથ.

વનમાં કોયલડી બોલવા લાગી, ક્યાંક મોરના ટહુકાર સંભળાવા લાગ્યા. રાજા જનકને (કન્યાના પિતાને) લાગ્યું કે કન્યાનું વય હવે વિવાહને યોગ્ય થયું. રાજાના ઉપવનમાં આંબાડાળે કોયલ ટહૂકવા લાગી ને આખા મહેલમાં જાણે પડઘા પાડવા લાગી કે કન્યાનું યૌવન પાંગર્યું છે, એ વિવાહને યોગ્ય થઈ છે. રાજાએ યોગ્ય વરની શોધ કરવા માંડી, પણ યોગ્ય વર જ જડતો નથી. એટલે પોતાની મૂંઝવણ એણે પોતાની બેટીને બોલાવી એની સમક્ષ વ્યક્ત કરી. એણે કહ્યું: 'બેટી! ચારે બાજુએ વરની શોધ કરી, પણ તારે લાયક કોઈ વર ન મળ્યો.' બાપે જ વાત ઉપાડી એટલે દીકરીના હૃદયમાં હિંમત આવી, ને એણે પિતાની મૂંઝવણ ટાળવા કહ્યું: 'હે પિતા! તમે અયોધ્યાનગરીમાં જાઓ, ત્યાં સુંદર રઘુનાથ છે.' આટલું કહી તરત જ એ પિતાને ચેતવી દે છે કે 'પિતા! પછી એમ ન કહેતા કે વર તો શ્યામળો છે, કારણકે રઘુનાથ તો શ્યામળા જ હોય!'

પુત્રીની પ્રગલ્ભતા આશ્ચર્ય ઉપજાવે એવી છે, પણ પિતાએ જ પુત્રી સમક્ષ જ્યાં પોતાની મૂંઝવણ રજૂ કરી ત્યાં પુત્રીને પ્રગલ્ભ થવું જ પડે ને?

એક બીજા ગીતમાં મહાદેવનો વર તરીકે ઉલ્લેખ આવે છે. વર હતો મહાદેવના જેવો. દૂરથી જોતાં જ અણગમો ઉત્પન્ન થાય એવો. દૂરથી વરને જોઈને વરનું વર્ણન કરતાં કન્યા કહે છે:

ભેંસોયા ચટલ આયે મહાદેવ વર,
વાઘછાલ પિંઘલ હે.

પાડાપર ચડીને, વાઘનું ચામડું ઓઢીને, ભસ્મ ચોળીને મહાદેવવર આવ્યા.

વરને જોતાં જ કન્યાના હૃદયમાંથી હાય નીકળી ગઈ. એને જોઈને કન્યા બળબળતા હૈયે કહે છે:

જિનિ વર ખોજલૈ બાબા, જન્મ ભિખારી;
સેહ મોરે વૈરી હે.
કોન નિરબુદ્ધિ ભરલો હુંકાર હે.

જેણે આવો જન્મથી જ ભિખારી વર મારે માટે શોધ્યો તે સાચેસાચ મારો વેરી હોવો જોઈએ. કયા મૂર્ખાએ આ વિવાહમાં સંમતિ આપી?

કન્યાની વાત સાંભળી એને આશ્વાસન આપતાં મા કહે છે, કે 'બેટી! તારે માટે તો મેં કેટકેટલાં વ્રત કર્યાં, કેટકેટલાં કષ્ટ વેઠ્યાં, કે જેથી મારી દીકરીને કંચન જેવો વર મળે.'

તોર લાગી બેટી માઘ નાહાઇલુ,
તોર લાગી કરલું એતવાર રે.
તોરે મિલે જય ગોવિન્દ હે,
જનમન દેલુ બેટી કરમ આપન,
કો વિધિ લિખલો લિલાર હે.
સોનાબા આનિયે ભીખ દેત જો બેટી,
મિલિ સૈતો રાજકુંઆર હે.
સુમહુ ઝારકે ભીખ દેલા હે બેટી,
મિલિ ગેલો જનમ ભિખારી હે.

બેટા! તને ગોવિંદ જેવો સારો વર મળે તેથી મેં મહા મહિનાની કકડતી ઠંડીમાં સ્નાન કર્યું, રવિવારનું વ્રત કર્યું, પણ બેટી! જન્મની જોડે જ તું આની સાથે લલાટે કર્મફળ લખાવી લાવી છે, એટલે શું થાય? તેં જો સુવર્ણનું દાન આપ્યું હોત તો તને રાજકુંવર મળત, પણ તેં તો સૂપડું ઝાડીને દાન આપ્યું તો તો તને ભિખારી જ વર મળે ને?

કર્મફળમાં આપણી શ્રદ્ધા આ પંક્તિઓમાં સારી રીતે વ્યક્ત થઈ છે. વર તો આવી પહોંચ્યો. કન્યાને ચોરીમાં પધરાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી કન્યાએ જ્યારે પોતાનો ઘુંઘટ જરા ખસેડીને વરનું મોઢું જોયું તો તો વર કંચન જેવો. એ કંઈ ઘરડો નહોતો. એણે વરને શોધનારને મનમાં ને મનમાં ધન્યવાદ આપ્યા :

આંચલ આડત દેખૈ દુલહિન સોનર વરકે.

તે પછી પિતાનો ચરણસ્પર્શ કરીને પિતાને કહે છે :

લહસે ચરણ છુંયે જનક હે,
બ્રાહ્મણે દેઇ રતનભાર.

જે બ્રાહ્મણે આ વરને શોધી આપ્યો તેને રત્નોનું દાન આપજો.

વર સુસજ્જિત ન હોય, પણ કૂબડો કે ઘરડો નથી, એ જાણીને કન્યાને કેટલો આનંદ થયો હશે! અહીં બહારથી પ્રથમ દર્શને અસુંદર લાગતી વસ્તુના અંતરમાં સૌંદર્ય રહેલું છે, પણ એનું દર્શન ધીરજ હોય તો જ થાય એ વક્તવ્ય છે.

પછી આવે છે કન્યાવિદાયનાં કરુણગીતો. કન્યાની વિદાયની પળના ચિત્રાત્મક કે હૃદય-દ્રાવક વર્ણનથી ગીતની શરૂઆત થાય છે :

શીરિ રે કમલ દાહ, ઊઠિયે ગેલો રે ચાંદ
સમધી વિદાય માંગે પહલિયે સાંઝ.
સાંહકર અંગન રે બહુત પરિવાર,
જામાઈ અંગને રહે ઠાઢ,
જલ દરે ધિયા સાંપર.

દિવસ પૂરો થતાંની સાથે કમળ સુકાયું. આકાશ-માં ચાંદો ઊગ્યો, વેવાઈઓ સાંજ પહેલાં જ વહુને લઈ જવા માટે ઉત્સુક બન્યા છે. વિદાય આપવા ભેગાં થયેલાં સગાંસંબંધીઓથી નાનું આંગણું ભરાઈ ગયું છે, કન્યાને જમાઈને સોંપવાનો અવસર આવી પહોંચ્યો.

પછી—

દાન દાહેજ બાબા, બહુત દેલો રે,
ધિયા સાંપરિયા સલે બૂલાયે.

જમાઈને ખૂબ પૈસાટકા આપ્યા ને કન્યાને સોંપી. પછી કન્યા પાલખીમાં બેસીને ચાલી. સાથેસાથે ઘરની ગાય આવવા લાગી. એટલે કન્યાએ પિતાને બોલાવીને કહ્યું:

'બાપાજી! આ મારી ગાયને બોલાવીને ખૂંટે બાંધો, નહીં તો એ મારો કેડો નહીં છોડે !' અહીં શાકુંતલમાં શકુંતલાની પાછળ જતી હરિણીનું દૃશ્ય આપણાં ચક્ષુ સમીપ ખડું થાય છે. પ્રસંગ સરખો છે. પછી પાલખી આગળ ચાલી.

એક કોશ જાય બેટી દુયે કોશ જાય,
ડાંડીયા ઉઘારિ ચિતારે નૈહરે પરિવાર.
સાહુરે ભાઇયા ઘર ઘરિ હે,
રોયત હય ઘર બેસી માય.
તોહાર લિખલો ભાઇઆ બાબાકે હે રાજ,
હમર લિખલો એ હે પરદેશ.

પાલખી ચાલી એક કોશ, બે કોશ, પણ વળાવવા ગયેલાં પિયેરિયાંનો પાછાં વળવાનો જીવ નથી. ભાઈ પડદો ઉઘાડે ને વારંવાર પાલખીમાં જોયા કરે. એટલે કન્યા બોલી: 'હવે ભાઈ ઘેર જાઓ. ઘેર બેઠીબેઠી મા રડે છે. ભાઈ ! તમારા નસીબમાં બાપાના રાજ્યમાં રહેવાનું લખ્યું છે, પણ નસીબમાં પરદેશ લખાવી લાવી છું.'

છોકરીના નસીબમાં તો પરદેશ હોય ને ?

એક બાજુ આમ કન્યાનું ચિત્ર છે. બીજી બાજુ કન્યાની રડતી માનું ચિત્ર. મા પૂછે છે :

કાહા તોહે છાડલો હે બિયારા આમા
ઓ મારી બેટી ! તને કોને ત્યાં લઈ ગયા !

એટલે દીકરીને વળાવવા આવેલા આડોશી પાડોશી આશ્વાસન આપે છે :

જેહ કર બાંધાલિ બાછોયા સેહ લેલે જાય,
ભાંડાસા બેઠેલ રોયે રુકમણિ માય,
કાહુ ન સુણીયે બેટી તોહે નૂપૂરઝંકાર.

પાડોશણ કહે છે : 'જેની જોડે જવાનું એ નસીબમાં લખાવી લાવેલી તેની જોડે ગઈ.' પણ એવા શબ્દોથી માતૃહૃદયને શાંતિ થાય ખરી ! એ તો રડ્યા જ કરે છે ને દીકરીને પોકારીને પૂછે છે : 'બેટા ! તારા નૂપુરનો ઝંકાર કેમ સંભળાતો નથી ? તું ક્યાં ગઈ ?'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષદની વાતો

શ્રી રતિલાલ સાં. નાયક

આત્મા, પરમાત્મા, જગત, સત્ય, ધર્મ-તત્ત્વજ્ઞાનનો એકે ય વિષય ઉપનિષદકારે વણસ્પર્શ્યો રાખ્યો નથી. આ ગૂઢ પ્રશ્નો કેટલા ઊંડાણથી, કેટલી વિગતથી ને ભારે તાત્ત્વિકતાથી ચર્ચવામાં આવ્યા છે, છતાં ક્યાં ય શુષ્કતા પ્રવેશતી નથી, ક્યાં ય આપણને કંટાળો ઉપજતો નથી, એનું કારણ ઉપનિષદકારની શૈલી છે. સંવાદમાં વાર્તાતત્ત્વ જાળવીને એણે આ વાત મૂકી છે. ઉપનિષદની વાર્તાઓ સનાતન તત્ત્વોથી રસેલી, અર્થભરપૂર અને જીવનસ્પર્શી બની રહે છે. તેમાંની થોડીક અહીં અપાઈ છે.

સૌમાં શ્રેષ્ઠ કોણ?

જીભ, આંખ, કાન, મન અને પ્રાણ વચ્ચે એક વખત ચડસાચડસી થઈ કે સૌમાં શ્રેષ્ઠ કોણ?

એક કહે હું શ્રેષ્ઠ ને બીજું કહે હું શ્રેષ્ઠ. વાતવાતમાં ઝઘડો વધી ગયો. કાન કહેવા જાય કે હું શ્રેષ્ઠ, તો જીભ આગળ આવીને બોલી ઊઠે: 'જો ખોટી રીતે શ્રેષ્ઠ થવા જઈશ તો કાનમાં આંગળી જ દબાવી દઈશ.' એટલે આંખો ડોળા કાઢીને બરાડી ઊઠે: 'ખબરદાર જીભ, જો ખોટી શ્રેષ્ઠ થવા જઈશને, તો જબાન જ ખેંચી લઈશ.' આમ નિકાલ કંઈ ન આવ્યો, એટલે પ્રાણે કહ્યું: 'આ બધો ઝઘડો રહેવા દઈ ચાલો આપણે પિતા પ્રજાપતિ પાસે જઈએ અને એમની પાસેથી જ ચુકાદો મેળવીએ.'

સૌને એ સલાહ ગમી ગઈ. સૌ પ્રજાપતિ પાસે આવ્યાં અને એમનો અભિપ્રાય માગ્યો.

એમણે મનમાં વિચાર કર્યો, કે 'જો હું કોણ શ્રેષ્ઠ છે એ એકદમ કહી દઈશ તો એની શ્રેષ્ઠતા આ લોકોને બરાબર નહીં સમજાય; માટે એવી યુક્તિ બતાવવા દે કે જેથી કોણ શ્રેષ્ઠ છે એ આપોઆપ જ સાબિત થઈ જાય.'

તેમણે કહ્યું: 'તમારામાંથી જેના ચાલ્યા જવાથી શરીર તેજવગરનું થઈ જાય અને બધું કાર્ય અટકી જાય એને જ સર્વશ્રેષ્ઠ માની લેજો.'

આ યુક્તિ સૌને ગમી ગઈ. દરેકના મનમાં એમ હતું કે મારા વિના શરીરનું કામ જરા ય નહીં ચાલે.

હોશિયારી બતાવવા જીભ જ પહેલાં આગળ આવી. આમે ય લડાઈ લડીએ છીએ ત્યારે જીભ જ પહેલાં કડવાં વેણથી શરૂઆત કરે છે ને? આગમાં ઘી હોમવાનું કામ જ જીભનું; એટલે પ્રથમ શરૂઆત કરીને જીભ શરીરમાંથી એક વર્ષ માટે છૂટી પડી ગઈ. બહાર બીજી બાજુએ વાગ્યુદ્ધ કરીકરીને કેટલાં ય પ્રમાણપત્ર લઈ મોટા ઘમંડથી તે એક વર્ષ બાદ પાછી ફરી. એના મનમાં તો એમ કે બધી ઇંદ્રિયો મારા વિના સૂની પડી હશે ને ચાતકની પેઠે મારી વાટ જોયા કરતી હશે. જઈશ એ જ ઘડીએ હર્ષથી મારો જયજયકાર કરશે. આમ મનમાં ફુલાતી જીભ પાછી તો ફરી પણ એણે કલ્પ્યું હતું એમાંનું કંઈ ન બન્યું; ઊલટું એણે જોયું, કે એની ગેરહાજરીમાં પણ બધી ઇંદ્રિયોનું કામ સરસ રીતે ચાલતું હતું. એનું અભિમાન ક્યાં ય ઓગળી ગયું. એણે ઇંદ્રિયોને પૂછયું: 'મારા વિના તમારું કામ કેવી રીતે ચાલી શકયું?'

ઇંદ્રિયોએ જવાબ આપ્યો: 'એક બોબડાનું કામ જેમ ચાલ્યા જ કરે છે એમ તારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના પણ અમારું કોઈ વિશેષ કામ રોકાયું નથી.'

જીભની તો જીભ જ સિવાઈ ગઈ. મૂગી થઈને પોતાની હાર સ્વીકારીને એ તો દૂર જઈને બેસી ગઈ.

હવે આંખોને વિચાર થયો, કે 'જીભ તો જડ છે; અમે ઓછી જ કંઈ એવી છીએ. અમારા વગર આંધળું શરીર કરી જ શું શકે?' અને એમ વિચારી એ પણ એક વર્ષ માટે શરીરથી અલગ થઈ ગઈ અને દુનિયામાં સુંદર સુંદર દેખાવો જોવામાં લાગી ગઈ. વર્ષ પૂરું થતાં જ એ પાછી ફરી અને આંખ આગળ પોતાના વિજયનાં સ્વપ્ન જોતીજોતી આંખો મલકાતી બધી ઇંદ્રિયોને પૂછવા લાગી: 'કેમ, અમારા વિના બધું સૂનું પડી ગયું ને?'

તરત ઇંદ્રિયો બોલી ઊઠી: 'જરા યે નહીં. એક આંધળાનું કોઈ કામ નથી અટકી પડતું એમ અમારું પણ કોઈ કામ નથી અટક્યું.'

સાંભળતાં જ આંખોની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. એનાં સ્વપ્ન ક્યાંય ઊડી ગયાં. પડી ગયેલ મોંએ એ બાજુએ બેસી ગઈ.

હવે કાનનો વારો આવ્યો. એ પણ શરીર છોડીને એક વર્ષ માટે બહાર નીકળી પડ્યા. દુનિયાની મધુરમધુર વાતો સાંભળવા લાગી ગયા. એક વર્ષમાં એમને કેટલા ય બહેરા માણસો ભેટી ગયા. એ બધા કાનની શક્તિ વગર પોતાનો બધો જ વ્યવહાર ચલાવતા હતા. એટલે એમને લાગ્યું, કે કદાચ શરીર પણ અમારા વિના આ બહેરાઓની પેઠે પોતાનું કામ તો કરતું જ હશે. છતાં એ જોવા તેઓ વર્ષ કરતાં વહેલા આવ્યા અને જોયું કે એમના જવાથી શરીરને કશી જ રૂકાવટ નથી થઈ એટલે ચૂપચૂપ બાજુએ બેસી ગયા.

જીભની જીભ સિવાઈ ગઈ, આંખોની આંખો પહોળી થઈ ગઈ, કાનના કાન ગયા તો ય મનને હજુ પોતાની હોશિ બતાવવી હતી; એટલે એ પણ એક માટે શરીર છોડીને પૃથ્વી ઉપર પક્ષ ઊડીને ચક્કાવા લેવા લાગ્યું. જો કે ચક્કાવાઓ લેતી વખતે અનેક નવાં જ બાળકો એને જોવા મળ્યાં. એ બધાં મનને ઓળખતાં ય નહોતાં અને તો ય વ્યવહાર સરસ રીતે ચાલતો હતો. મને સમજી લીધું, કે આ બાળકો વ્યવહારમાં સારાનરસા, કાળાગોરા, ઉચ્ચનીચ કોઈનો ભેદ નથી રાખતાં. તો અભિમાન હતું કે એ શક્તિ જ વિશેષતા હતી અને છતાં ય એ લક્ષણ બા માં ક્યાં ય દેખાતાં પણ નહીં ને બધું ચાલ્યા કરતું. રાતદિવસ તેઓ પણ ખરાં અને માબાપને સ્વર્ગીય લહાવો લેવડાવતાં પણ ખરાં. મને મનમાં આ વસ્તુનો ખૂબ વિચાર કર્યો આખરે પાકેલું ફળ ડાળી ઉપરથી પડી એમ એમનું અભિમાન છૂટી પડ્યું. પાછા ફરી મને પોતાની હાર કબૂલી

હવે પ્રાણનો વારો આવ્યો. એને કરવાની ખાસ ઇચ્છા જ નહોતી, છતાં જ્યારે પોતપોતાની શક્તિ બતાવી એણે પણ પોતાની શક્તિ બતાવવી એ હતો. જો કે એનું મન તો કોઈ વેળા ગુમાવી પણ બેસતું કે ન હું શરીરની છું, ન હું શરીરની સાંભળવાની શક્તિ હું શરીરની જોવાની શક્તિ છું, મન છું, એટલે મારા વગર જીભ, આંખ કે મન સાથેના શરીરનું પણ રોકાય; નાહક વર્ષ ભટકવાનું પરાજય જ જોવાનો. છતાં વારો એ શરીરમાંથી નીકળી પડ્યો.

આ બાજુ પ્રાણ જતાં જ બાકીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને જાણે વીજળીનો આંચકો લાગ્યો. જાણે ઇંદ્રિયોના પ્રાણુ ગૂંગળાઈ ગયા. જીભ મૂગી બની ગઈ. આંખો સફેદ થઈ ગઈ. કાન બહેરા પડી ગયા. મન બેમન થઈ ગયું. આમ આ ઇંદ્રિયોની બધી શક્તિ ચાલી ગઈ. શરીરનું તેજ ચાલ્યું ગયું. શરીરનું કામ અટકી પડ્યું. ઇંદ્રિયોનાં મગજ હવે સમજ્યાં. જીભ હવે સમજી કે એનામાં બોલવાની જે શક્તિ હતી તે પ્રાણની જ શક્તિ હતી. કાન હવે સમજ્યા કે એમનામાં રહેલી સાંભળવાની શક્તિ તે પ્રાણની જ શક્તિ હતી. આંખો હવે સમજી કે એમનામાં રહેલી જોવાની શક્તિ તે પ્રાણની જ શક્તિ હતી. મન પણ સમજી ગયું કે એનામાં પ્રાણની જ શક્તિ હતી.

પ્રાણ તો ક્યારે વર્ષ પૂરું થાય ને ક્યારે આવે? એના વિના એમની દશા શી થાય? ઇંદ્રિયો તો બેચેન બનીને ઊપડી પ્રજાપતિ પાસે, અને કહ્યું: 'પિતાજી! પ્રાણ જ અમારામાં શ્રેષ્ઠ છે એ અમે સ્વીકારીએ છીએ. પ્રાણની શક્તિ અમે ઓળખી છે. અમારો અહંકાર ક્યાં ય ઓગળી ગયો છે; માટે પ્રાણને જલદીથી પાછો બોલાવો, એના વિના અમે નહીં જીવી શકીએ.'

ખરેખર, પ્રાણ શ્રેષ્ઠ હતો; કારણકે એ નમ્ર હતો. એને એની શક્તિનો અહંકાર નહોતો. નમ્રતા હમેશાં શ્રેષ્ઠ જ છે. પોતાની જાતને ગૌણ ગણનાર જ સાચી મોટાઈ મેળવી શકે છે.

પ્રજાપતિએ આજ્ઞા કરી અને પ્રાણ પાછો આવ્યો. જીભની વાણી ખૂલી. આંખોને કીકીઓ પાછી મળી. કાનની બહેરાશ ટળી અને મન પાછું પ્રફુલ્લ બન્યું. પ્રાણના નમ્ર હૈયાએ તો આવા વિજયની કલ્પના સુદ્ધાં નહોતી કરી અને વિજય મળ્યા પછી ય એ ફુલાઈ ન ગયો. એણે તો એમાં ઇંદ્રિયોની સજ્જનતા જ જોઈ. એણે કહ્યું પણ ખરું, 'તમારી સૌની ભલી

૬

લાગણીને લઈને જ મને મોટાઈ આપી રહ્યાં છો. તમે બધાં છો અને મોટાઈ આપો છો તેથી જ હું મોટો બન્યો છું.'

શરીરનું તેજ પણ આવી ગયું અને એનું કામકાજ પણ ચાલુ થઈ ગયું.

પ્રાણ—એટલે કે શક્તિ—ઉપર જ બધાં કાર્યોનો આધાર છે. શક્તિનો જ વિજય છે. એટલે શક્તિને પ્રસન્ન કરી પ્રાપ્ત કરી લેવી જોઈએ અને અભિમાનથી અક્કડ ન થતાં નમ્રતાથી એને નિભાવતાં શીખવું જોઈએ. જ્યાં શક્તિ છે ને જ્યાં નમ્રતા છે ત્યાં સુખ, શાંતિ ને કલ્યાણ છે.

વિદ્યા શાથી મળે?

ભૃગુ વરુણીના પુત્ર હતા.

ભૃગુને બ્રહ્મ એટલે શું એ જાણવાનું મન થયું એટલે તે પોતાના પિતાની પાસે આવ્યા અને પૂછ્યું: 'પિતાજી! બ્રહ્મ એ શું છે?'

પુત્રને આટલી નાની વયમાં બ્રહ્મ વિષે જાણવાનું મન થયું છે એ જોઈ પિતા ખૂબ ખુશ થયા, પણ એમણે વિચાર કર્યો: જો હું જ એને બ્રહ્મ એટલે શું એ કહી દઈશ તો એની સમજમાં બરાબર નહીં ઊતરે માટે એ એની મેળે જ બ્રહ્મને ઓળખી લે એવો રસ્તો જ એને બતાવું અને એ માટે બ્રહ્મનું એક લક્ષણ એને આપી દઉં કે જેથી અખતરા કરીને એની મેળે જ એ બ્રહ્મનો પૂરો પરિચય મેળવે.

પિતાએ કહ્યું: 'વત્સ! હું તને બ્રહ્મનું લક્ષણ બતાવું છું એના ઉપરથી તું બ્રહ્મને ખોળી કાઢજે. આ આખું જગત જેનાથી ઉત્પન્ન થયું છે અને ઉત્પન્ન થઈને જેના આધારે ટકી રહ્યું છે અને અંતમાં જેનામાં ભળી જાય છે એ મૂળ તત્ત્વ તે બ્રહ્મ; માટે એનો તું વિચાર કર, મનન કર, શોધ કર અને પછી એને સમજી લે.'

ભૃગુ પિતાનો આજ્ઞાધારક પુત્ર હતો. પિતાનાં વચનોમાં એને શ્રદ્ધા હતી, એટલે શ્રમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સેવાથી બ્રહ્મનું જ્ઞાન મેળવવા એ તત્પર થયો. જગતનું એણે અવલોકન કરવા માંડ્યું. જાણે એ સંબંધી ઊંડા વિચારો અને ખૂબ મનન એ કરવા લાગ્યો. એક જાતનું, માનો કે એણે તપ જ કર્યા કર્યું.

આ કઠણ પરિશ્રમના પરિણામે અને ઊંડા મનનને હિસાબે એણે જોયું તો આખું જગત અન્નના આધારે ટકી રહ્યું હોય એમ એને જણાયું; કેમકે પ્રાણીમાત્રનું શરીર અન્નથી જ બન્યું હોય એમ એને જણાયું. વળી એ શરીર અન્નથી જ મોટું થતું હોય અને આખરે પણ પંચમહાભૂતોરૂપી અન્નમાં જ એ ભળી જતું હોય એમ એણે અનુભવ્યું.

એ સ્વાભાવિક જ હતું કે પ્રથમ તો જડ શરીર જ નજરમાં આવે અને શરીર અન્ન ઉપર આધાર રાખે એ તો દેખીતું છે જ. જગતમાં સર્વત્ર એ જ જોવા મળે છે કે આ શરીરને ટકાવી રાખવા માટે એક પ્રાણી બીજા પ્રાણીને ખાઈને જ જીવ્યા કરે છે. સાપ દેડકાને ખાશે ને દેડકો માખીને ખાવાનો પ્રયત્ન કરશે.

એટલે અન્ન એ જ બ્રહ્મ છે એમ ભૃગુને લાગ્યું: તોપણ પિતાજી પાસે જઈ પોતાનું જ્ઞાન સાચું છે કે નહીં એ તપાસવું તો જોઈએ જ એવા વિચારથી તે વરુણી પાસે ગયો અને કહ્યું: 'પિતાજી! અભ્યાસપૂર્વક વિચાર કરતાંકરતાં મારી સમજમાં તો એમ આવ્યું કે અન્ન જ બ્રહ્મ છે. મને બતાવો કે મારી સમજ ઠીક છે કે નહીં?'

વરુણીએ જવાબ આપ્યો: 'તપસ્યાથી બ્રહ્મ મેળવ. તપ જ બ્રહ્મ છે.'

એમણે એમ ન કહ્યું કે તારી સમજ બરાબર છે, ન એમ કહ્યું કે એ ખોટી છે. એમણે કેવળ એટલું જ કહ્યું, કે હજુ વધારે અભ્યાસ કર; તપ જ બ્રહ્મ છે.

જ્ઞાન મેળવવું, વિદ્યા મેળવવી એ એક જાતનું કઠણ તપ જ છે અને વધુ [illegible] પૂછપરછ ન કરતાં પોતાનામાં [illegible] હશે એમ માની લઈને ભૃગુ ફરી [illegible] બ્રહ્મની શોધમાં લાગી ગયો. એણે [illegible] કર્યો: 'અન્ન સિવાય કોઈને ચાલતું ન[illegible] ખરું, પણ અન્ન કરતાંય કોઈ મોટું [illegible] જોઈએ. કદાચ પ્રાણ જ અન્ન કરતાં [illegible] હશે.' અને પ્રાણ વિષે પાછો એ વધુ [illegible] લોકન અને મનનમાં પડ્યો. એણે [illegible] અન્ન તો જીવતા પ્રાણીને જ જિવા[illegible] છે, મરેલાને એ જિવાડી શકે તેમ [illegible] જગતની સૌ કોઈ ચીજના અસ્તિત્વ [illegible] પ્રાણ જ જરૂરી છે. પિતાએ બ્રહ્મની [illegible] નું જે લક્ષણ બતાવેલું તે પ્રાણને [illegible] બંધબેસતું જણાયું. એણે માની [illegible] પ્રાણ જ બ્રહ્મ છે.

કેટલાક સમય સુધી બરાબર [illegible] કરીને એ ફરી પાછો પિતા પાસે [illegible] બોલ્યો: 'પિતાજી! મેં તપસ્યા[illegible] બરાબર વિચાર કર્યો છે અને મને [illegible] કે પ્રાણ બ્રહ્મ છે તો એ બરાબર છે કે [illegible]

વરુણીએ જવાબ આપ્યો: 'ત[illegible] બ્રહ્મને સમજવાનો પ્રયત્ન કર; કેમકે [illegible] બ્રહ્મ છે.'

આ વખતે પણ વરુણીએ એ તો [illegible] કહ્યું કે એની સમજ સાચી હતી કે [illegible] ભૃગુએ તો મનથી જ માની લીધું, [illegible] મારી તારવણી અધૂરી છે, માટે જ [illegible] વધારે અભ્યાસ કરવા કહી રહ્યા છે.

ફરી પાછો ભૃગુ વિચારોના ચકડોળે [illegible] બહુ વિચાર કરતાં એને લાગ્યું, કે [illegible] અસ્તિત્વ પ્રાણ ઉપર આધાર [illegible] તોપણ એનું બધું કાર્ય તો મનના [illegible] જ રહેલું છે. હાલીચાલી શકનાર પ્રા[illegible] માં જો મન જ ન હોય તો એ જીવતા [illegible] માટીના લોંદા સમાન જ છે. મનુષ્ય[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ખૂબ સૂક્ષ્મ શક્તિ છે. મનથી જ આખા જગતની ઉત્પત્તિ થાય છે. એ એટલું સૂક્ષ્મ છે કે એની ગતિ સર્વત્ર છે અને જો એ સમજાય કે મન પ્રાણીઓને જ હોય છે તો એ પણ ખોટું છે. પ્રાણીઓની પેઠે વનસ્પતિ વગેરે સ્થાવર પદાર્થોને પણ મન હોય છે. એટલા માટે પ્રાણથી પણ મન શ્રેષ્ઠ છે. એનાથી જગત ઉત્પન્ન પણ થાય છે અને એનામાં લય પણ પામે છે. શરૂઆતમાં આત્મા એકલો હતો, પરંતુ એકલતા એને ન ફાવી. એની ઇચ્છા થઈ, કે હું એકમાંથી અનેક બનું અને પોતાની મનઃશક્તિથી એણે આખા જગતની ઉત્પત્તિ કરી.

આથી ભૃગુએ વિચાર્યું કે મન જ બ્રહ્મ છે. તે પિતાની પાસે ગયો અને જણાવ્યું: 'પિતાજી! હવે સમજાયું કે મન જ બ્રહ્મ છે. કેમ બરાબર ને?'

પિતાએ પહેલાંની પેઠે જ કહ્યું: 'વત્સ! તપસ્યાથી બ્રહ્મ મેળવ. તપ જ બ્રહ્મ છે.'

ભૃગુ ધીરજ ન ગુમાવતાં ફરી પાછો વિચારે ચડ્યો. મનના ગતિ વાયુના જેવી છે. વાયુ જેમ કોઈનો તાબેદાર નથી તેમ મન પણ કોઈનું તાબેદાર નથી; એટલે મનની આ સ્થિતિ બરાબર નથી. મનને પણ પોતાને ઠેકાણે લાવનાર એક શક્તિ છે અને તે બુદ્ધિ છે. મન ઉપર બુદ્ધિનો અંકુશ ઘણીવાર અનુભવાય છે; માટે મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે. બુદ્ધિ મન કરતાં સૂક્ષ્મ પણ વધારે છે અને બ્રહ્મનું લક્ષણ બુદ્ધિને મળતું આવે છે માટે બુદ્ધિ જ બ્રહ્મ હોવી જોઈએ.

ભૃગુએ બરાબર નિર્ણય કરીને પિતાને કહ્યું: 'પિતાજી! અભ્યાસને અંતે મને સમજાયું, કે બુદ્ધિ જ બ્રહ્મ છે તો શું એ બરાબર છે?'

પણ પિતાએ તો આટલુંજ કહ્યું: 'વત્સ! તપસ્યાથી બ્રહ્મ મેળવ. તપ જ બ્રહ્મ છે.'

બીજું કોઈ હોત તો કંટાળીને બ્રહ્મની શોધ જ મૂકી દેત, પણ ભૃગુ એવો ન હતો. નાસીપાસ થઈને પણ ફરીફરી પ્રયત્ન કરવામાં એ આનંદ માણતો હતો. એટલે ફરી પાછો એ વિચારે ચડ્યો. અન્નની જરૂરિયાત, પ્રાણનું અસ્તિત્વ, મનનું કાર્ય અને બુદ્ધિનું જ્ઞાન છે કોના માટે? વિચાર કરતાં જવાબ મળ્યો: આનંદને માટે. આનંદ એ જ પ્રાણીમાત્રનું ધ્યેય છે; એટલું જ નહીં એમનું મૂળ સ્વરૂપ પણ એ આનંદમાંથી જ ઊપજેલું છે. દરેકને 'હું છું અને રહું' એ ભાવનાથી નિર્મળ આનંદ મળે જ છે. દુઃખ દૂર કરનારી શક્તિ પણ એ જ આનંદને મળે છે. દુઃખ છતાં ય કોઈ 'હું ન રહું' એવો વિચાર તો લાવતું જ નથી. કોઈ આંતરિક શુદ્ધ આનંદ સૌને જીવવા પ્રેરી રહ્યો છે. એ આંતરિક આનંદ જ સ્થિર એટલે કે કાયમી છે અને માટે જ એ બ્રહ્મ છે. આત્મા શુદ્ધ આનંદ એટલે કે પ્રેમસ્વરૂપ છે. એ આત્માનું જેમ વધારે જ્ઞાન થતું જાય છે તેમ હૃદય પણ વધારે પ્રેમમય ને વધારે આનંદમય બનતું જાય છે. એ પ્રેમ અથવા આનંદ જ બીજાં પ્રાણીઓ સાથેની આપણી એકતા અનુભવાવે છે અને અંતે એક એવો દિવસ જીવનમાં આવે છે કે વિશ્વમય બની જગતને ચંદ્રની પેઠે પ્રેમામૃત પિવરાવાય છે. સ્વાર્થ જતો રહે છે અને બધામાં પોતાની જાત દેખાતાં શુદ્ધ આનંદ લઈ શકાય છે. જેમ પાણીમાં પાણી ભળી એકરૂપ થાય તેમ બહારનો અને અંદરનો આનંદ ત્યારે એકરૂપ બને છે. ભોગવિલાસ, મનના વિચારો કે બુદ્ધિની કલ્પનાઓમાં જ કેવળ આનંદ રહે તો ત્યાંસુધી આત્મા અને જગતનો વિરોધ જ રહે, અને વિરોધ હોય ત્યાં ઘર્ષણ આવે જ, અને ઘર્ષણથી અશાંતિ પણ જન્મે. છતાં એ બધાથી આગળ વધી જગત સાથે એક–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપ બનીએ ત્યારે તો આનંદમય-બ્રહ્મમય જ થવાય. આત્માનું શુદ્ધ આનંદમય સ્વરૂપ સમજાતાં મનુષ્યને જે આનંદ મળે છે એનું જ નામ શુદ્ધ આનંદબ્રહ્મ. એકવાર એ મળી જાય પછી બુદ્ધિ ભોગવિલાસની સામે ય ન જુએ. એ તો આ બ્રહ્મના આનંદમાં જ લીન બને. એ બુદ્ધિનું નામ જ આત્મ-નિષ્ઠ બુદ્ધિ.

ભૃગુની બુદ્ધિ દીર્ઘ તપ અને અભ્યાસ-પૂર્વકના ચિંતનને લઈ આત્મનિષ્ઠ બની ગઈ અને તેને બ્રહ્મ ઓળખાઈ ગયો.

રસ્તે જતાં ઠેકાણું આવી જાય ને માર્ગ પૂરો થઈ જાય એમ ભૃગુની શોધ પણ પૂરી થઈ ગઈ. પિતાએ હવે સંમતિ આપી દીધી કે એણે જે મેળવ્યું હતું તે બરાબર હતું.

ભૃગુ બ્રહ્મને સમજી પણ ગયો અને બ્રહ્મમય બની પણ ગયો.

શ્રમ, શ્રદ્ધા, તપ અને ધીરજથી શું સાધ્ય ન બને?

×

જનસેવા એ જ પ્રભુસેવા

જાનશ્રુતિ નામે એક મોટો દાનવીર હતો. ઠેરઠેર એણે ધર્મશાળાઓ અને સદાવ્રતો ખોલાવેલાં.

એક વખત રાતના બે હંસ તેના છાપરા ઉપર થઈને જતા હતા, ત્યારે મોભારે બેસીને વાતો કરવા લાગ્યા.

જાનશ્રુતિ જાગતો હતો. તેને તેમની વાતોમાં રસ પડ્યો. એક હંસે બીજા હંસને કહ્યું: 'તું જાણે છે કે આપણે કોના ઘરના મોભારે બેઠા છીએ? પેલા ગાડા કને રૈકવ મળ્યો હતો ને તેના જ જેવો આ પણ એક કીર્તિવાન પુરુષ છે. આની કીર્તિ આકાશ કરતાં ય અપાર છે.'

'રૈકવમાં એવું શું હતું?' બીજા હંસે પૂછ્યું.

'રૈકવ જેવો બુદ્ધિશાળી જગતમાં કે[ાઈ] નથી. એના જેવો જ્ઞાની તો ભાગ્યે જ કે[ાઈ] હશે. એના જેવાં સદ્કાર્યો એક આ જાન-શ્રુતિએ જ કર્યાં છે.' પહેલા હંસે જ[વાબ] આપ્યો.

પછી થોડીવાર રહીને બંને હંસ તો ઊ[ડી] ગયા, પણ જાનશ્રુતિને સારી રાત ઊંઘ આ[વી] નહીં. એના મનમાં થયું, કે ક્યારે સવાર [થાય] ને હું એ રૈકવને શોધી કાઢું ને એની પા[સે] જઈ વિદ્યા મેળવી હું પણ એના જેવો જ્ઞા[ની] બનું કે જેથી આવાં પંખી પણ મા[રી] કીર્તિ ગાય.

આખરે સવાર પડ્યું અને તરત જ એ[ણે] ઘરના નોકરને ગાડાવાળા રૈકવની ત[પાસ] માટે મોકલી આપ્યો.

બહુ શોધને અંતે રૈકવ મળી આ[વ્યો.] નોકરે ઘેર આવીને ભાળ આપી.

તરત જ જાનશ્રુતિ એની પાસે પહોં[ચી] ગયો. વિદ્યા શીખવા કંઈ ખાલી હાથે જવા[ય?] એટલે એણે સાથે છસો ગાયો, એક સુ[વર્ણ] હાર અને રથ એટલું લીધું.

પણ રૈકવને આ ભેટ ઓછી લાગી એ[ટલે] એણે વિદ્યા ભણાવવાની ના પાડી.

હવે શું થાય? જાનશ્રુતિને તો કોઈ [...] હિસાબે એ વિદ્યા ભણવી હતી. એણે [...] વિચાર કર્યો. વિદ્યા શીખવા એવી કઈ [...] ચીજ એ આપે કે જેથી રૈકવ પ્રસન્ન [...] છેવટે એ ચીજ એને જડી ગઈ. [...] પ્રિયમાં પ્રિય એવી પુત્રી એણે [...] આપવાનો વિચાર કર્યો.

ફરી પાછી એક હજાર ગાયો, સુવર્ણ[હાર,] રથ અને પોતાની પ્રિય પુત્રીને લઈ [...] રૈકવને વિદ્યા શીખવવા વિનતિ કરી. [...] માં રૈકવ રહેતો હતો તે ગામ પણ [...] આપવા જણાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની પ્રિયમાં પ્રિય ચીજ વિદ્યાની ખાતર સમર્પનાર જાનશ્રુતિ ઉપર રૈક્વ પ્રસન્ન થયા વિના રહી જ કેમ શકે ?

એણે તરત એને વિદ્યા શીખવી દીધી. એણે કહ્યું: 'અગ્નિ, સૂર્ય, ચંદ્ર અને પાણી એ બધાં વાયુનાં સ્વરૂપ છે અને જીભ, આંખ, કાન, મન એ બધાં પ્રાણનાં સ્વરૂપ છે. પ્રથમ ચાર જેમ વાયુમાં ભળી જાય છે એમ બાકીનાં ચાર પ્રાણમાં ભળી જાય છે. દેવોમાં વાયુ મુખ્ય છે અને ઇંદ્રિયોમાં પ્રાણ મુખ્ય છે. આને સંવર્ગ વિદ્યા કહે છે. વાયુ અને પ્રાણ એક જ છે. શરીરમાં વસેલ આત્મારૂપી પ્રાણ અને જગતમાં પ્રચલિત વાયુરૂપી ઈશ્વર એક જ છે. સૌને સરખાં માની, એમને જ ઈશ્વર માની એમની જ સેવા કરવી જોઈએ.'

અને પછી સાચી સેવા કોને કહેવાય, એ સંબંધી એણે એક ઉદાહરણ કહી બતાવ્યું. તે આ પ્રમાણે હતું:

શૌનક અને અભિપ્રતારી નામે બે ઋષિઓ હતા. તેઓ વાયુદેવના પૂજનારા હતા. એક વખતે તેઓ જમવાના ભાણા ઉપર બેસવાની તૈયારીમાં હતા, એવામાં એક બ્રહ્મચારી એમના આશ્રમના બારણે આવી ઊભો રહ્યો અને ભોજનની ભિક્ષા માગી.

ઋષિઓએ કહ્યું: 'હવે તને અહીંથી ભિક્ષા નહીં મળી શકે.'

ઋષિએ તો પોતાના જેવા જ સૌને માનવા જોઈએ ને આંગણે આવેલાને પાછો ન કાઢવો જોઈએ, એમ છતાં આ ઋષિઓએ આવો જવાબ આપ્યો એટલે બ્રહ્મચારીએ ત્યાંથી ન ખસતાં સામો પ્રશ્ન કર્યો: 'તમે કયા દેવતાને પૂજો છો?'

'વાયુદેવને.' જવાબ મળ્યો.

'તમને એ ખબર છે કે એ વાયુ સર્વ-વ્યાપી છે?'

'હા.'

'તો આ ભોજન તમે કયા દેવતાને અર્પણ કરીને જમવા બેઠા છો?' એણે આગળ પૂછ્યું.

'કયા દેવતા? તે વળી અમારા વાયુ-દેવતાને!'

'ત્યારે એ વાયુ કે જે સર્વવ્યાપી છે એ મારામાં પણ વ્યાપેલો છે ખરો કે નહીં? તો પછી મને વાયુદેવતાનું જ એક સ્વરૂપ ગણી શું તમારે ભોજન ન આપવું જોઈએ?'

ઋષિઓ તરત સમજી ગયા કે વાયુ એટલે કે ઈશ્વર બધામાં વસેલો છે અને તેથી જનસેવા એ જ વાયુ અથવા ઈશ્વરની સાચી પૂજા છે. એમણે બ્રહ્મચારીને તરત ભોજન માટે બેસાડી દીધો અને એમની આંખ ઉઘાડવા બદલ એનો આભાર માન્યો.

અતિથિનું સન્માન, ભૂખ્યાંને ભોજન, હરેક પ્રાણી પ્રત્યે આત્મભાવ અને પ્રેમ એ જ મનુષ્યનું સાચું કર્તવ્ય છે અને એમાં જ ઈશ્વરની ખરી ભક્તિ છે.

×

વિશ્વનો આધાર શો?

યાજ્ઞવલ્ક્યઋષિની આ વાત છે.

તેઓ જનકરાજાની સભામાં જ્ઞાની તરીકે બિરાજ્યા હતા. સભામાં ગાર્ગી નામે એક વિદુષી સ્ત્રી પણ હતી. દરેક જ્ઞાનીએ કંઈનું કંઈ કહ્યા પછી ગાર્ગીને એક પ્રશ્ન પૂછવાનું મન થયું એટલે ફરી બોલવા માટે સભા-પતિની આજ્ઞા લઈને એ બોલી: 'આપ સૌની આજ્ઞાથી હવે યાજ્ઞવલ્ક્યજીને બે પ્રશ્ન પૂછવા માગું છું. જો એ બંને પ્રશ્નોનો જવાબ બરાબર આપશે તો આપણામાંથી કોઈ પણ એ બ્રહ્મચારી ઋષિને જીતી નહીં શકે.'

અને પછી યાજ્ઞવલ્ક્ય સામે જોઈને એણે કહ્યું: 'એક યોદ્ધાની માફક આજે હું તમારા ઉપર આક્રમણ કરવા માગું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાજ્ઞવલ્કયે હસીને જવાબ દીધો: 'ભલે! મારામાં જ્ઞાન હશે તેટલો જવાબ આપીશ ને મુંઝાઈશ ત્યાં ખુશીથી હાર સ્વીકારીશ.'

ગાર્ગીએ પૂછયું: 'યાજ્ઞવલ્કયજી! એમ દેખાય છે કે આ વિશ્વ કોઈના આધારથી લટકી રહ્યું છે તો ખરેખર કોઈ આધાર છે કે નહીં?'

યાજ્ઞવલ્કયે કહ્યું: 'આકાશ (જેને આપણે આજે ઈશ્વર કહીએ છીએ તે) આ વિશ્વનો આધાર છે. કપડામાં જેમ તાણાવાણાના દોરા ગુંથાઈ ગયા હોય છે તેમ આ વિશ્વ આકાશ સાથે જોડાઈ ગયું છે અને એના જ આધારે ટકી રહ્યું છે.'

ગાર્ગીએ બીજો પ્રશ્ન કર્યો: 'ઠીક, આકાશથી જો આ વિશ્વ ટકી રહ્યું છે તો આકાશને ટકાવનારું કોણ છે?'

યાજ્ઞવલ્કયે કહ્યું: 'એ પણ હું તમને સમજાવીશ. આ આકાશ બ્રહ્મમાં ઓતપ્રોત છે અને એ બ્રહ્મ જ એનો આધાર છે. આ બ્રહ્મ એટલો વિશાળ છે કે એને કોઈ માપી શકતું નથી. એનું કોઈ રૂપ નથી કે કોઈ રંગ પણ નથી કે જેના યોગથી એક કણ બીજા કણથી જોડાઈ જાય એવી ભીનાશ પણ નથી. તે બધાનો આકાર છે અને છતાં એનો કોઈ સાથે સંબંધ નથી. ઇંદ્રિયો જે શક્તિથી પોતાનું બધું કાર્ય કરે છે તે શક્તિ બ્રહ્મની જ છે, પરંતુ બ્રહ્મની કોઈ ઇંદ્રિય નથી. તે એક જ કેવળ બધે વિસ્તરેલો છે.

'હે ગાર્ગી! એ બ્રહ્મના શક્તિથી જ સૂર્ય-ચંદ્રને પ્રકાશ મળે છે અને પૂર્વ કે પશ્ચિમ તરફ વહેનારી નદીઓ પ્રવાહ મેળવે છે. ટૂંકમાં કહીએ તો આખા વિશ્વના બધા દેવ, માનવ, પશુ, પંખી, વનસ્પતિ વગેરે સૌનું કામ આ બ્રહ્મતત્ત્વની શક્તિથી જ ચાલે છે. બ્રહ્મતત્ત્વની શક્તિ જુદીજુદી વહેંચાયેલી નથી અને અદૃશ્ય છે. અધિકારીઓ બધે અધિકાર ચલાવે છે પણ શક્તિ તો રાજાથી જ પ્રેરાયેલી હોય છે. નદીનું પાણી સ્થળેસ્થળે જઈને પાક પકવે છે, પણ મૂળમાં તો બધું એક જ પાણી છે. બસ એ જ વાત બ્રહ્મ સંબંધમાં પણ છે. એ બ્રહ્મની સત્તા સિવાય વિશ્વનું એક પાંદડું પણ હાલી શકતું નથી.

'હે ઋષિકન્યા! જે મનુષ્ય આ અક્ષર-બ્રહ્મનું જ્ઞાન પામીને કર્મ કરે છે એનું કર્મ જ સફળ થાય છે. જો આ જ્ઞાન મેળવ્યા વિના વર્તે તો પેલા મીઠાઈવાળા પેઠે મીઠાઈ તો બનાવશે પણ એના ભાગ્યમાં તો કેવળ સુગંધ જ આવશે ને મીઠાઈ તો બીજા જ ખાશે. કંજૂસ જેમ પોતાનું ધન વાપરી શકતો નથી તેમ આ અક્ષરબ્રહ્મનું જ્ઞાન મેળવ્યા વિના મૃત્યુને પામનારનું પણ સમજી લેવું. એવા આ અક્ષરબ્રહ્મમાં જ આકાશ ઓતપ્રોત છે.'

ગાર્ગીએ તો કલ્પના પણ નહોતી કરી કે આવા સરસ જવાબો એને મળશે. યાજ્ઞવલ્કય પોતાના હરીફ હતા અને આ વધારે જ્ઞાન બતાવવામાં વધી ગયા છતાં પણ ગાર્ગીના હૃદયમાં લેશ પણ ઈર્ષ્યા ન જન્મી. એણે હૃદયના પ્રેમપૂર્વક યાજ્ઞવલ્કયની શ્રેષ્ઠતા સ્વીકારી અને આવું સુંદર જ્ઞાન આપવા બદલ મુક્તકંઠે પ્રશંસા પણ કરી. એણે કહ્યું: 'હે સભાજનો! નમસ્કારયુક્ત ધન્યવાદ દઈને આ બ્રહ્મને જાણનાર યાજ્ઞવલ્કયજીથી હાર માની લઈએ તો એમાં આપણી મોટાઈ જ છે; કેમકે આપણામાંથી કોઈ પણ આ ઋષિને જીતી શકે તેમ નથી.'

સાચી મોટાઈ હમેશાં બીજાની મોટાઈ સ્વીકારવામાં જ રહેલી છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનસ્પતિમાં વિચિત્રતા

શ્રી કૃષ્ણકાંત લંગાલીઆ

સર જગદીશચંદ્ર બસુએ પુરવાર કર્યું કે માનવીના માફક વનસ્પતિ પણ લાગણી અનુભવે છે, એ પણ ચેતનમય છે, ત્યારે જગતના વિજ્ઞાનીઓને પણ આશ્ચર્ય થયું હતું. પરંતુ એક રીતે જોઈએ તો વનસ્પતિમાંની આ ચેતનાને હિંદુધર્મે તો છેક પ્રાગૈતિહાસિક કાળથી માન્ય કરી છે; નહીં તો વડ, તુલસી, પીપળો, દર્ભ વગેરેને આપણા જીવનમાં આટલું બધું મહત્ત્વ ક્યાંથી હોત? પ્રાણીઓને પોતાના ભક્ષણ અને રક્ષણ માટે જેમ કુદરતે અનુકૂળતા કરી આપી છે તેમ વનસ્પતિને માટે પણ રક્ષણ ને પોષણની જવાબદારી કુદરતે રાખી છે. અને આપણને જરા વિચિત્ર લાગે એવી રીતે એ દુનિયા ચાલી રહી છે. આ લેખમાં વનસ્પતિની થોડીક વિચિત્રતાઓ લેખકે આપી છે.

અદ્યતન વિજ્ઞાન જે પ્રમાણે રસાયણશાસ્ત્ર (અં. કેમિસ્ટ્રી), પદાર્થવિજ્ઞાન (અં. ફિઝીક્સ) કે પ્રાણીશાસ્ત્રમાં આગળ વધ્યું છે અને હજી પણ જે પ્રગતિ કરી રહ્યું છે તે જ પ્રમાણે આ વિજ્ઞાન વનસ્પતિશાસ્ત્રમાં પણ આગળ વધ્યું છે અને હજી પણ વધી રહ્યું છે. આ વનસ્પતિશાસ્ત્ર (અં. બોટની) વિજ્ઞાનના મહાવૃક્ષની એક શાખારૂપ છે. સામાન્ય ગ્રામ્યજનો વનસ્પતિ વિષે ઘણું જ જ્ઞાન ધરાવતા હોય છે. આનું કારણ એ હોય છે કે તે લોકો ખેતી સાથે એક યા બીજી રીતે સંકળાયેલા હોય છે. વનસ્પતિનું જ્ઞાન સંપાદન કરીને ખેતી તથા અનાજઉત્પાદન વગેરે અગત્યના પ્રશ્નો ઉકેલી શકાય છે. હિંદુસ્તાન એ ખેતીપ્રધાન દેશ ગણાય છે અને એ કારણે પણ વનસ્પતિ વિષેનું જ્ઞાન હોવું જરૂરી છે. અહીં વનસ્પતિશાસ્ત્રની કેટલીક અજાયબ વસ્તુઓનો પરિચય કરાવવાનો આશય છે.

કોઈ પણ વનસ્પતિશાસ્ત્રના અભ્યાસીને ચોક્કસ રીતે એ વસ્તુ ખ્યાલ બહાર હોતી નથી કે જે પ્રમાણે પ્રાણીજગત જીવનમય છે, તે જ પ્રમાણે વનસ્પતિજગત પણ જીવનમય છે, ચેતનમય છે. સામાન્ય માનવી આ વાત સહેલાઈથી માનવા તૈયાર થતો નથી, પરંતુ નીચે આપેલાં કેટલાંક દૃષ્ટાંતોથી એટલું જરૂર લાગશે કે વનસ્પતિમાં પણ જીવન છે, ચેતન છે.

લજામણીના છોડનો દાખલો આ બિના પુરવાર કરવા માટે ઘણો જાણીતો છે. તે છોડનો સ્પર્શ કરતાં જ તેનાં એકેએક પાંદડાં બિડાઈ જાય છે; જાણે માનવીના સ્પર્શથી તે લજાઈ મરે છે. આ સિવાય બીજાં કેટલાંક દૃષ્ટાંતો મળે છે કે જે ઉપરથી એમ જ લાગે કે આ કોઈ સાચાં નહીં પણ કલ્પિત દૃષ્ટાંતો હશે. કેટલાએક છોડવાઓ જીવજંતુ મારીને તેના ઉપર પોતાના પોષણનું કાર્ય કરે છે! આ છોડવાઓ અનેક રીતે જીવજંતુ પકડે છે અને આ રીતે પોતાનું પોષકતત્ત્વ પ્રાપ્ત કરે છે. જીવજંતુઓના નરમ અવયવો આ છોડવાઓ ચૂસી લે છે. આ પ્રકારના વનસ્પતિ ઘાડાં જંગલો સિવાય અન્ય સ્થળે જોવા મળતી નથી. જીવંત પ્રાણીઓને પોતાનો ખોરાક બનાવી જીવનારા આવા ચાર પ્રકારના છોડ છે. આવા એક છોડને પીચરનો છોડ (**Pitcher's Plant**) કહે છે. આ છોડનાં પાંદડાંનો છેક ઉપરનો ભાગ નાની લોટી જેવો હોય છે અને એના ખુલ્લા ભાગ ઉપર નીચે આકૃતિ ૧માં દર્શાવ્યા પ્રમાણે એક નાનું ઢાંકણ હોય છે. આ ઢાંકણ સુંદર, રંગબેરંગી અને વિભૂષિત હોય છે. આમ આ ઢાંકણ આકર્ષક બને છે. આ ઉપરાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આકૃતિ ૧

સામાન્ય ફૂલોની માફક આ લોટી જેવા ભાગના મુખદ્વાર આગળ મધચોંટેલાં કેટલાંક અંગ (અં. હની ગ્લેન્ડસ) રહેલાં હોય છે. આથી નાનાં ફૂદાં આદિ જીવજંતુઓ આકર્ષાય છે. આ જીવજંતુ લોટી જેવા ભાગના ખુલ્લા દ્વારથી પ્રવેશ કરે છે. અંદર ઉંદરના પાંજરામાં જે પ્રકારની રચના હોય છે એ પ્રકારની રચના આવેલી હોય છે. એની અંદર લાંબા, સુંવાળા અને અણિયાળા વાળ હોય છે. આ પ્રકારના વાળ લોટીના તળિયાના ભાગ તરફ જવામાં સગવડ કરી આપે એમ ગોઠવેલા હોય છે; પરંતુ તળિયે ગયા પછી ઉપર આવતાં અટકાવે છે. છેક તળિયે પાણી જેવું પ્રવાહી હોય છે. એકવાર અંદર પ્રવેશેલું જંતુ અંતે આ પ્રવાહીમાં પડે છે અને મરણને શરણ થાય છે. આ પ્રવાહીમાં કેટલાંક પાચક રાસાયણિક તત્ત્વો આવેલાં હોય છે; જે શિકાર બનેલા જંતુના શરીરમાંથી પોષક તત્ત્વો ચૂસી લે છે અને પરિણામે છોડને પોષણ આપે છે. સનડ્યુ (**Sundew**), વિનસની ફ્લાય ટ્રેપ (**Venus's fly trap**) અને બ્લેડરવર્ટ (**Bladderwort**) નામના ત્રણ છોડો પણ જુદીજુદી રીતે જીવજંતુ પકડે છે અને તે ઉપર પોતાનો જીવનનિર્વાહ કરે છે.

એક એવો પણ છોડ છે કે જે સ્વયં ગતિ કરી શકે છે! મન ફાવે ત્યાં ફરી શકે છે. એ વનસ્પતિને કોઈ પણ પ્રકારનાં મૂળ જ નથી. જે જમીનમાં જાય છે ત્યાંથી તે પોષણ પ્રાપ્ત કરી શકે છે.

સૂરજમુખીનું ફૂલ સૂર્યની સાથે દિશા બદલે છે એ તો સૌ કોઈ જાણે છે. લગભગ બધાં જ વૃક્ષનાં પાંદડાં રાત્રિ સમય દરમિયાન સુષુપ્ત દશા પ્રાપ્ત કરે છે.

આ સર્વ દૃષ્ટાંતો વનસ્પતિ જીવંત ચેતનમય છે, એમ પુરવાર કરે છે.

અત્રે વનસ્પતિ વિષે કેટલીક પ્રચલિત ગેરસમજૂતો છે તે સ્પષ્ટ કરવાની પણ જરૂર છે. સામાન્ય રીતે ઘણી વસ્તુઓને મૂળ નથી, પણ એ મૂળ તરીકે ગણાતી જડો છે. આદું, હળદર, બટાકા, સૂરણ, અળવી, ડુંગળી અને લસણ; આ સર્વ મૂળ નથી. વાસ્તવિક રીતે એ છોડનું થડ કે શાખા છે. આ થડ કે શાખા પોષક તત્ત્વોનો સંગ્રહ કરે છે. આથી તે ફૂલી ગયેલી મૂળિયા જેવી બને છે. ઉપરની સર્વ ક્રિયા જમીનની અંદર થતી હોવાથી આ ગેરસમજ થાય છે.

સૂરજમુખીના છોડની ટોચે દેખાતું આકર્ષક ફૂલ એ સાચે જ એક ફૂલ નથી પરંતુ બે પ્રકારનાં અનેક ફૂલોનો એક સમૂહ (**Indlorescence**) છે. તેની ગોળ ફરતી દેખાતી એકએક પાંખડી એ એકએક ફૂલ (**Ray florets**) છે. વચ્ચે ગોળ ચકરડી જેવા ભાગમાં દેખાતા મોટા તંતુઓ એકએક ફૂલ (**Wise florets**) છે. વચ્ચે ગોળ ચકરડી જેવા ભાગમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્જળ ખેતી

શ્રી ઉમેદભાઈ મથુરદાસ ડામોર

વરસાદ, પ્રકાશ, ખાતર ને કુશળ મહેનત; સફળ ખેતી માટેનાં આ ઉપયોગી અંગો છે. તેમાં વરસાદ તો છે ખેતી ને ખેડૂતનો પ્રાણ. ગુજરાતમાં એવા કેટલાક પ્રદેશો છે, જ્યાં બહુ જ થોડા ઇંચ પાણી પડતું હોય, તેવાં સ્થળોએ પાણીનો દુર્વ્યય અટકાવી વધારેમાં વધારે ઉત્પન્ન કેવી રીતે થઈ શકે તે અહીં ટૂંકમાં બતાવાયું છે.

જે પ્રદેશમાં પંદરથી વીસ જ ઇંચ વરસાદ પડવાથી થોડા સમય માટે જ પાણી મળે છે, તેવા પ્રદેશો માટે પડેલા વરસાદનું પાણી સંઘરી રાખી ઓછા વરસાદે સારી ખેતી કરવાની ક્રિયાને દુર્જળ ખેતી કહેવામાં આવે છે.

આવા વરસાદવાળા પ્રદેશો આપણા મુંબઈ ઇલાકામાં પણ છે. અહમદનગર, પૂના, સતારા

અસંખ્ય મોટા તંતુઓને સ્ત્રીકેસર, પુંકેસર, વજ્ર અને અંડાશય વગેરે ફૂલનાં અગત્યનાં અંગો હોય છે. બારીકાઈથી જોતાં આ તંતુઓ અતિ બારીક ફૂલ જેવાં જ દેખાશે. (આકૃતિ ૨)



આકૃતિ ૨

બંધાયેલા પાણી ઉપર દેખાતી લીલ તેમજ લાંબા સમય સુધી સાચવી રાખેલ રોટલી કે મુરબ્બા ઉપર બાઝી જતી સફેદ ફૂગ પણ એક પ્રકારની વનસ્પતિ છે; એ ઘણાથી અજાણ છે.

હથેળિયા થોર (આકૃતિ ૩)નો લીલો અને જાડો પાંદડા જેવો દેખાતો ભાગ એ પાંદડું નથી, પરંતુ પાંદડાં જેવું રૂપ ધારણ કરેલું થડ જ છે. તેના ઉપર રહેલા ઝીણા કાંટા જેવા ભાગ એ તેનાં પાંદડાં છે.



આકૃતિ ૩

નિર્જીવ, જડ ને મામૂલી લાગતી વનસ્પતિ-સૃષ્ટિમાં પણ કુદરતે કેવી ચેતના મૂકી છે!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને શોલાપુર જિલ્લાના પ્રદેશો એવા છે, કે ત્યાં દસથી પંદર ઇંચ જ વરસાદ પડે છે. આપણા ગુજરાતમાં પણ અમદાવાદ અને ખેડા જિલ્લામાં ઘણેખરો પ્રદેશ એ પ્રકારનો છે. જો આવા પ્રદેશોમાં ખેતી કરવી હોય તો, વરસાદના પાણીનો વ્યય થતો અટકાવવો જોઈએ. અને એ માટે પાણીનો વ્યય કેવી રીતે થાય છે તે પ્રથમ જાણી લઈએ.

(૧) જમીન ઉપરથી વહી જતું પાણી.

(૨) જમીનમાંથી વરાળરૂપે ઊડી જતું પાણી.

(૩) નીંદામણના છોડ મારફત ચુસાઈ જતું પાણી.

(૪) જમીનમાં નીચે ઊતરી જતું પાણી.

(૫) પાંદડાં મારફત ઊડી જતું પાણી.

આ ક્રિયા કેવી રીતે અટકાવી શકાય તે હવે ક્રમવાર જોઈએ.

(૧) જે વરસાદનું પાણી જમીન ઉપરથી વહી જાય છે તે જમીનની જાત તથા સ્થિતિ પર આધાર રાખે છે. જમીન પરથી પાણી વહી જવાથી ફક્ત પાણીનો જ વ્યય થતો નથી, પરંતુ તે સાથે જમીનનું ધોવાણ પણ થાય છે. એટલે જમીનમાંનાં પોષકતત્ત્વો તથા કાંપ પણ પાણી સાથે તણાઈ જાય છે. આ પ્રમાણે પાણીના વ્યય દ્વારા જમીનમાં નુકસાન વધારે થાય છે. આવાથી બચવા માટે યોગ્ય જગ્યાએ બંધ બાંધવા જોઈએ અને બની શકે તો ઊનાળામાં ઊંડી ખેડ કરી રાખી મૂકવી જોઈએ. આ ખેડ ઢાળ(જમીન)ની ઊલટી બાજુએ કરવી. દાખલા તરીકે કોઈક ખેતરનો ઢાળ ઉત્તર–દક્ષિણ છે તો તેની ખેડ પૂર્વ–પશ્ચિમની કરવી જોઈએ.

(૨) દુર્જળ પ્રદેશમાં ખેતી કરવા માટે જમીનમાંથી વરાળરૂપે જે પાણી વહી[illegible] હોય તેને અટકાવવા તરફ જેમ બને[illegible] વધુ ધ્યાન આપવાની જરૂર છે. જ્યારે[illegible] સાદ ખેંચાય ત્યારે તુલમાં વારંવાર [illegible] ખેડ કરવાથી વરાળરૂપે ઊડી જતું [illegible] ઓછું ઊડી જાય છે; કારણકે કેશ[illegible] સંબંધ ઉપલા ભાગ ઉપરથી તૂટી જ[illegible] અને તૂટેલો સંબંધ વારંવાર જળવા[illegible] વારંવાર ખેડ કરવાથી જમીનમાં ભેજ[illegible] ટકી શકે છે. દુર્જળ ખેતી કરવા માટે[illegible] કાર્ય અગત્યનું છે.

(૩) દુર્જળ ખેતી કરવામાં નીંદા[illegible] નાશ કરવો જોઈ એ; કારણકે નીંદા[illegible] છોડ પાણીનો જેટલો ઉપયોગ કરે છે[illegible] જ પાણીની ખોટ તુલને પડે છે; માટે[illegible] બને તેમ પાછલી ખેડ કર્યાં પછી [illegible] અથવા છોડની આજુબાજુ જેટલા નીં[illegible]ણના છોડ હોય તેટલા નીંદી કાઢ[illegible] ખેતર સાફ કરવું. નીંદામણને બાળી [illegible] કમ્પોસ્ટ કરવાથી તેનું ખાતર બની [illegible]

(૪) જમીનમાં ખાતરપૂંજો [illegible] પ્રમાણમાં નાખ્યો હોય, તેટલા પ્ર[illegible] સેંદ્રિય પદાર્થનો ઉમેરો કરવાથી [illegible] ધારણ કરવાની શક્તિ વધે છે.

(૫) દુર્જળ ખેતી કરવા માટે [illegible] જે તુલ કરીએ અને તે તુલ ચાસમાં [illegible] હોય તો બે છોડ વચ્ચે અંતર રાખી[illegible] છોડો ઊખેડી નાખવા; આથી ખેતરમાં [illegible] વાનું પ્રમાણ ઓછું થાય છે અને [illegible] છોડવા પાણીનો ઉપયોગ કરી લે છે.

આ પ્રમાણે દુર્જળ ખેતી કરવાથી [illegible] વરસાદના પાણીએ ખેડૂતો તુલ સારી [illegible] પકવી શકશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાતિબિંદુ

*

શ્રી મોહિનીચંદ્ર

જિંદગી સરિતા છે. સાગર પ્રતિ સરિતાની ગતિ સ્વાભાવિક છે. વ્યક્તિગત જીવન ક્ષણજીવી છે. આત્મા સરિતા પરમાત્મા સાગર છે. સરિતા સાગરમાં ી જાય એને લોકો શા માટે મૃત્યુ કહેતા ? એ તો પ્રકૃતિપુરુષનો એક મિલનોત્સવ લોકો શા માટે એ મંગલ મહોત્સવના ક પ્રસંગ ઉપર આંસુ ઢાળતા હશે ?

*

સમસ્ત જગતના અસ્તિત્વ પાછળ અવિ- ઉદ્યમ અને કર્મનો ગુપ્ત સંદેશ રહેલો તો આ પૃથ્વી ઉપરનો માનવી બે હાથ ડી બેસી રહે એ કેમ પાલવે ? પહેલા બરનો પાપી તથા ખૂની જે બીજાના જીવનું કરે છે એ નથી; પરંતુ આખા જગત-સર્જન પાછળ રહેલ અવિશ્રાંત અને ધારા કર્મ અને ઉદ્યમના સૂક્ષ્મ સંદેશાનું ા કરી આળસમાં જિંદગી પૂરી કરે છે તે છે.

*

પ્રાણનાથ ! તું સરોવર છે, મને તારું ળ બનાવ.
તું સરિતા છે, મને તારું જળબિંદુ બનાવ.
તું માળી છે, મને તારું ફૂલ બનાવ.
તું સાગર છે, મને તારું મોતી બનાવ.

*

આયુષ્ય એ પોલી વાંસળી જેવું છે. ાંથી જેવા સૂર કાઢીએ તેવા નીકળે.

*

સિદ્ધિ કોઈ વિરલને જ વરેલી હોય છે. ી પુરુષાર્થ તો સૌ કોઈ કરી શકે છે.

પુરુષાર્થ એ સાચો પારસમાણ છે, જ્યારે સિદ્ધિ સોને મઢેલી સ્ત્રી છે.

*

પ્રભાતના બાલસૂરજનાં આછાં શ્વેતરંગી કિરણો મારા જીવનક્ષેત્રમાં પ્રસરવા માંડે છે, ત્યારે મને ખબર પડે છે કે મારો ઉદય કાલ હવે શરૂ થઈ ચૂકયો છે.

*

રાત્રિ પડી અને હું ઊંઘી ગયો, સવાર પડી અને હું જાગ્યો, વેળા થઈ ને મેં કામ શરૂ કર્યું.

આ ત્રણે વખત ઈશ્વરી દરબાર—આકાશમાંથી એકનો એક જ ચૈતન્યધ્વનિ નીકળતો હતો, તેના સૂક્ષ્મ સમયયંત્રમાંથી એક જ સૂરના ટકોરા બજી રહ્યા હતા.

*

નાથ ! એ પુણ્યઘડીએ—જ્યારે આકાશમાંથી તારો પૃથ્વી પર ખરી પડે છે, ત્યારે એ મહાન તપસ્વી સંતનું જીવનતેજ ઘડીક ઝબકી પૃથ્વીમાં લીન થઈ જાય છે.

શું અમારું પાપ એ તારા મોકલેલા સંતપુરુષનાં પુણ્યતેજ કરતાં વધી પડે છે કે જેથી કરીને અમારા પાપપુંજમાં તેનું સનાતન તેજ હમેશ માટે લય પામી જાય છે?

*

પ્રકૃતિના બસૂરા સૂરની સારંગી વગાડતાં મારી અંગુલિઓ કંપે છે, પગ ધ્રૂજે છે અંતર ધડકે છે અને મારો આત્મા મ પોકારીપોકારી કહી રહ્યો છે :

'આજ મારો આત્મા નાશ પામ્યો છે, મારું અસ્તિત્વ લય પામ્યું છે.'

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિસ્ટિરિયા

*

ડૉ. નાથાલાલ જે. દવે

હિસ્ટિરિયાનો માનસિક વ્યાધિ અનેક કષ્ટ આપી રહ્યો છે. પુરુષો કરતાં સ્ત્રીઓ વિશેષ પ્રમાણમાં ભોગ બનેલી હોય છે. ઇચ્છાઓ, ચિંતા, ઘરના ઝઘડાઓ, તીવ્ર કબજિયાત, ફરજિયાત દમન: જનસમાજમાં તરીકે ઓળખાતા વ્યાધિનાં આ છે મુખ્ય આનો ભોગ બનેલ વ્યક્તિ પર ભૂત, ડાકણ વગેરે વળગ્યાં હોવાનો ભ્રમ રાખવાથી તેનો ઉપાય તો ક્યાંથી થાય, ઊલટું આ વૃત્તિ તો પરિ બેકાબૂ બનાવી દે છે. દરદીની યોગ્ય માવજત થવી જોઈએ. સહાનુભૂતિપૂર્વકની દવા થવી જોઈએ. વ્યાધિને લગતા કેટલાક મુદ્દાઓની લેખકે અહીં છણાવટ કરી છે.

આપણા આધુનિક સમાજમાં આ રોગ એટલો સામાન્ય થઈ પડયો છે, કે ગામડાંની આપણી સ્ત્રીઓ પણ આ રોગનું નામ જાણે છે; એ ઉપરથી આ રોગની વ્યાપકતાનો સહેજે ખ્યાલ આવી જાય છે. આ રોગ સ્ત્રીઓ તેમ જ પુરુષો બંનેને લાગુ પડી આવે છે, તોપણ ખાસ કરીને સ્ત્રીઓમાં આ રોગનું પ્રમાણ વધારે જોવામાં આવે છે.

હિસ્ટિરિયા એ એક માનસિક વ્યાધિ છે અને તે અમુક જ કારણોથી થાય છે એવું નથી. એનું કંઈ ચોક્કસ કારણ હજુ સુધી સમજાયું નથી, પણ અનુભવ પ્રમાણે નીચે દર્શાવેલ કારણોથી આ વ્યાધિ લાગુ પડે છે: આ વ્યાધિ સ્ત્રીઓમાં વિશેષ જોવામાં આવે છે. તેમાં ખાસ કરીને યુવાન સ્ત્રીઓ, બાળવિધવાઓ તથા મોટી ઉંમર સુધી અભ્યાસ કરનારી સ્ત્રીઓ મુખ્ય હોય છે. જેમની ઇચ્છાઓ તથા આકાંક્ષાઓ આપણા સમાજ-ની રૂઢિઓના પાપે દબાયેલી–કચડાયેલી રહેતી હોય તેવી સ્ત્રીઓ આ રોગની ભોગ વધારે બને છે. કેટલીક સ્ત્રીઓને પતિ તરફથી અગર તો સાસરિયા પક્ષ તરફથી વધારે માનસિક ત્રાસ સહન કરવો પડતો હોય, તેવી સ્ત્રીઓ તથા વંધ્યા સ્ત્રીઓને–ખાસ કરીને પુત્રની ઇચ્છાવાળી સ્ત્રીઓને આ રોગ વધારે થતો જોવામાં આવે છે. તે વિધવાઓ જેમને સમાજના રિવાજ ફરજિયાત વૈધવ્ય પાળવું પડતું હોય, બધી ઇચ્છાઓને પરાણે અંકુશમાં પડતી હોય તેવી સ્ત્રીઓને પણ વધારે જોવામાં આવે છે.

એકવાર વ્યાધિ શરૂ થયા પછી ત્તર તે વધતો જ જાય છે. ક્યારે વહાલાંઓની ઉપચાર કરવાની ખોટી એથી વ્યાધિ મટવાને બદલે વધતો અણસમજુ માણસો આને ભૂતનો ઝપટનો વળગાડ માની બેસે છે રીતે જંતરમંતર કરનારાઓ તથા વગેરેનો આશરો લે છે, જેને બિચારો હેરાનપરેશાન થઈ જાય ઇચ્છે છે કે આના કરતાં મોત આવે સારું. આપણા સમાજમાં હજુ ધાગા અને ભૂવા વગેરેમાં માનનારો તે પણ પાછા દરદીના કુટુંબના છે. ઇચ્છા–અનિચ્છાએ પણ દરદી માન આપવું પડે છે. પરિણામે દરદી લેવાય છે. આવા દાખલાઓ આપણા માં રોજના સેંકડોની સંખ્યામાં જોવામાં આવે છે. આને માટે સમાજના શિક્ષિત યુવાનવર્ગે પગલાં ખાસ જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરના અવયવોની ખેંચતાણ આ રોગનું મુખ્ય લક્ષણ છે. આપણા લોકોમાં આને ફીટ આવી' એમ કહેવાય છે. ફીટ એ અંગ્રેજી નામ છે, છતાં પણ આપણા લોકોમાં તે શબ્દ ઘણો બધો પ્રચલિત થયો છે. આ ફીટ બીજા માણસો આસપાસ હોય ત્યારે વધારે આવે છે. હાથ, પગ ને આખું શરીર ખૂબ જ તંગ થઈ જાય છે. કેટલાક દરદીઓ બૂમો પાડે છે, તો કેટલાક રડવા માંડે છે. આવે વખતે શરીરની ખેંચતાણનું એટલું તો સખત જોર હોય છે કે બીજા માણસોથી તે કાબૂમાં રાખવું મુશ્કેલ થઈ પડે છે. દેખાવમાં દરદીસ્ત્રીઓ સાવ સામાન્ય બાંધાવાળી લાગે છે, પણ જ્યારે વ્યાધિ પૂર્ણ સ્વરૂપ પકડે છે ત્યારે તાણમાં સખત જોર આવી જાય છે. કેટલાક દરદીઓને દાંત દોઢે પડી જાય છે અને મોઢું ખોલતાં જ નથી; અને તેઓ એટલા ફૂંફાડા મારે છે કે સાધારણ માણસ તો ડરી જ જાય. એવે વખતે એવો તો ભયંકર દેખાવ થઈ જાય છે, કે અજ્ઞાન માણસો તો સાચે જ આને વળગાડ જ કહે એમાં જરા યે શંકા નહીં. જ્યારે વાસ્તવિક રીતે તો આ હિસ્ટિરિયાનું દરદ જ હોય છે.

આવી ફીટ અવારનવાર આવ્યા કરે છે. કેટલાકને મહિનામાં બેત્રણ વખત નિયમિત આવી જાય છે તો કેટલાકને ઉપરાઉપરી આવે છે. તાણ આવી ગયા પછી દરદી સાવ બેહોશ થઈ જાય છે અને ખૂબ જ રડે છે; કારણકે તાણથી જે પરિશ્રમ પડ્યો હોય છે તેથી શરીરે બહુ જ કળતર થાય છે અને અંગેઅંગ દુખવા આવે છે. કેટલાક દરદીઓને તાણ આવતાં પહેલાં અગર તો પછી છાતીમાં ગોળો ચડ્યો હોય એવું ભારેભારે લાગે છે. માથામાં દુખાવો થઈ આવે છે. આ બધાં ચિહ્નો થઈ ગયા પછી દરદીને કંઈક રાહત જેવું લાગે છે. પોતાની વ્યથા જે દબાયેલી રહે છે તે આ ફીટ દ્વારા બહાર લાવે છે. જેમ આપણું કંઈ શોકથી મન વ્યગ્ર રહેતું હોય અને જેમ બીજા માણસ પાસે જ્યારે દિલ ખોલીને રડી લઈએ છીએ ત્યારે આપણને મનમાં શાંતિ વળે છે તેવો જ આ પ્રકાર છે. આપણે અમુક પ્રસંગ માટે રડી જ લેવું પડે છે. જ્યારે આવા દરદીઓને જિંદગીમાં કાયમનું દુઃખ હોય છે એટલે આ રોગરૂપે થઈ જાય છે અને જિંદગી સુધી શોષવું પડે છે.

કેટલાક દરદીઓ શરૂઆતમાં જ રડવા માંડે છે અને પછી તાણ શરૂ થાય છે અને કેટલાક તો હસે તો હસવા જ માંડે છે!

આ વ્યાધ થવાનાં અમુક સામાન્ય કારણો તો અગાઉ આપણે જોઈ ગયા છીએ; છતાં પણ આ વ્યાધિ થવામાં કેટલાંક ખાસ કારણો સહાયભૂત બને છે. જેમનું જીવન મોજ-શોખવાળું હોય અને કંઈ પણ કામકાજ વગરનું બેઠાડુ હોય તે પણ વ્યાધિ થવામાં મદદ કરે છે. કેટલીક યુવાન સ્ત્રીઓ અગર કન્યાઓ જેમને ફરજિયાત બ્રહ્મચર્ય પાળવું પડતું હોય અને તે પણ આવા જમાનામાં જ્યાં ડગલે ને પગલે શૃંગારયુક્ત વાતાવરણ છે-તેમને આ રોગ લાગુ પડે છે નાટક, સિનેમા તથા શૃંગારિક નવલકથાઓ પણ આ વ્યાધિ થવામાં અગ્રભાગ ભજવે છે. કેટલીક યુવાન સ્ત્રીઓ ફરજિયાત બ્રહ્મચર્યને પરિણામે હસ્તદોષની ખરાબ કુટેવોની ભોગ થઈ પડેલી હોય છે; અને તેથી પરિણામે પાંડુરોગ થઈ આવે છે. લોહી ફિક્કું પડી જાય છે. ભૂખ લાગતી નથી. અન્ન પાચન થતું નથી. પરિણામે શરીર સાવ નબળું પડી જાય છે. આવી સ્ત્રીદરદીઓ અત્યારે ઘણી જોવામાં આવે છે. કેટલીક સ્ત્રીદરદીઓને અટકાવ સાફ આવતો નથી અગર અનિયમિત આવતો હોય છે અથવા તો બંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે, તે લોકોને પણ આ વ્યાધિ થાય છે. તે સિવાય કબજિયાત, ચિડિયો સ્વભાવ, હસ્તદોષ, કોઈ પ્રકારની માનસિક ચિંતા, બીક, શોક, લગ્નમાં થતા કજોડા, પેટના કૃમી વગેરે હિસ્ટિરિયા થવાનાં મુખ્ય કારણો છે.

આ વ્યાધિના ઉપચાર માટે કોઈ ખાસ અનુભવી વૃદ્ધ ચિકિત્સકની સલાહ લેવી, તેમ જ ઘરના વડીલોએ પણ કોઈ પણ જાતના વહેમના વમળમાં ન પડતાં દરદીની સંપૂર્ણ હકીકતથી વાકેફ થવું. દરદીને આથથી તે ઇતિ સુધી શાંતિથી સાંભળવો. તેમાંથી ઘણું જાણવાનું મળશે. નમ્રતા અને પ્રેમથી દરદીને પહેલા વિશ્વાસમાં લેવો જરૂરી છે. જ્યાંસુધી દરદીના માનસિક ક્લેશ, શોક અગર બીક શાંત નહીં થાય ત્યાંસુધી ગમે તેવી સારી દવાઓ કરશો તો તે નકામી છે; એટલે સૌથી પ્રથમ તો દરદીને સંપૂર્ણ વિશ્વાસમાં લઈ તેની બધી હકીકત શાંતિથી સાંભળવી અને તે પ્રમાણે દરદીના વડીલોને વર્તવા સલાહસૂચના આપવી.

આપણા સમાજમાં ઘણી જગ્યાએ અવિભક્ત કુટુંબોમાં ગરીબ બિચારી વહુઓને સાસુ, નણંદ તથા જેઠાણી વગેરેનો બહુ જ ત્રાસ હોય છે. ભણેલી છોકરીઓને ગામડાનો ઓથડ પતિ અથવા તો ભણેલ છોકરાને ગામડાની અસંસ્કારી પત્ની મળવાથી થતાં કજોડાં પણ સ્ત્રીઓનો ભવ જ બગાડી નાખે છે અને ઘરના વડીલોના ત્રાસ તરફ દરદી સ્ત્રીનો પતિ બિલકુલ ધ્યાન આપતો નથી. આ જાતની સ્થિતિમાં દરદીના પતિ તેમ જ વડીલોને પોતાનું વર્તન સુધારવા સખત સૂચના આપવી જોઈએ અને માયાળુ વર્તનથી દરદીની સ્થિતિમાં ઘણો જ સુધારો થઈ જશે.

કેટલીક સ્ત્રીઓને કબજિયાત સખત હોય છે. એનું મુખ્ય કારણ કુદરતી હાજતે જવાની આળસનું પરિણામ હોય છે. તેવાંઓએ સાધારણ દસ્ત આવે તેવી દવાઓ ત્રિફળા, એરંડિયું વગેરે નિય[illegible] જોઈએ. જેમને માસિક અટકાવ સાફ ન આવતો હોય, તેમને નિ[illegible] સાફ ખુલાસાથી અટકાવ આવે તે[illegible] આપવી. જેમાંની એક નીચે પ્રમાણે ઘણી સારી છે :

એળિયો, હીરાકસી, લોહભસ્મ, લવિંગ અને હિંગ; આ ચીજો સમભાગે બારીક ચૂર્ણ કરી, કુવારના રસમાં [illegible] જેવડી ગોળીઓ બનાવવી. આમાં[illegible] ત્રણચાર ગોળીઓ આખા દિવસ[illegible] આ ગોળીઓ તૈયાર પણ મળે છે. તે[illegible] માં પીલ એલોઝ એટ ફેરી (Pil[illegible] et ferri) કહે છે. અને દેશી વૈ[illegible] દોષહરવટી કહે છે. આના સેવન[illegible] સાફ અને નિયમિત થઈ જશે. સાથે[illegible] સવ અગર તો દ્રાક્ષાસવ બે બે [illegible] તે સિવાય તાણનું જોર નરમ પડે તે[illegible] પણ આપવી જરૂરી છે; તેમાંની [illegible] સારી છે: જટામાંસી તો. ૧, ખોરાસ[illegible] વાલ ૨ અને આસંઘ તો. ૧ [illegible] ઉકાળો હમેશાં મધની સાથે [illegible] ખેંચતાણ નરમ પડે છે. અંગ્રેજ[illegible] માટે તૈયાર મળે છે, જેને ઇલી[illegible] વેલેરીએનટ કંપાઉન્ડ (Elixir Bro[illegible]erianate Compound) કહે[illegible] એક એક ચમચી દિવસમાં [illegible] લેવું. આ બધી દવાઓ શ્રદ્ધાથી [illegible] લેવાથી અવશ્ય ફાયદો થશે.

તાણ ચાલુ હોય ત્યારે એમો[illegible] સ્મેલિંગ સોલ્ટ સુંઘાડવાથી [illegible] પડે છે. કળી ચૂનો અને નવસા[illegible] સુંઘાડવામાં આવે તોપણ તાણ [illegible] છે. કેટલાક અરીઠાના પાણીનાં [illegible] નાકમાં પાડે છે. આનાથી દર[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠા થઈ જાય છે.

વંધ્યા સ્ત્રીઓની કોઈ સારા સ્ત્રીચિકિત્સક પાસે તપાસ કરાવવી. ઘણીવાર બાળક થવાથી હિસ્ટિરિયા આપોઆપ મટી જાય છે.

તાણ આવતી હોય ત્યારે ઘણા લોકો જબરજસ્તી વાપરે છે અને દરદી ઉપર ચડી બેસે છે ને તાણ બંધ કરાવવા પ્રયત્ન કરે છે. આ ખોટું છે. આમ ન કરવું જોઈએ. અલબત્ત દરદીને તાણ વખતે ક્યાંય વાગી ન જાય તેનું ધ્યાન રાખવું આવશ્યક છે.

દરદીનું શરીર સાવ ફિક્કું પડી ગયું હોય અને પાંડુરોગ જેવું થઈ ગયું હોય તો તેને શક્તિ આવે અને લોહી વધે તેવી દવાઓ આપવી: જેવી કે લોહભસ્મ, માક્ષિકભસ્મ, પ્રવાલ, કૉડલીવર ઑઈલ અગર લોટની બીજી બનાવટો આપવી.

હિસ્ટિરિયાવાળા દરદીને ખોટાં લાડ પણ ન લડાવવાં. તે પણ કેટલીકવાર અવળો ઉપચાર કરે છે. કેટલીક સ્ત્રીઓ અમુક કારણ સારુ હિસ્ટિરિયા ખોટા થયાનાં ધતિંગ કરે છે તેમના પણ યથાયોગ્ય ઉપચાર કરવા જરૂરી છે.

★

રામે લખ્યા રે સંતો નહીં મટે,
વાંકા ધોખા નહીં ધરના.
હરિએ લખ્યા રે સંતો નહીં મટે.
જોગલિયા તબ કયા ભયા ?
આખર ભટકીને મરના,
જબ લગી મનવો થિર નહીં,
તબ લગી જોગ ન ધરના. રામે લખ્યા રે૦
જોગ લીધો રાજા ગોપીચંદે,
કોઈની આશ ન કરના,
અદલ ફકીરી ઇસકી હુઈ રહી,
ઉસકી ઓર ઊગરના. રામે લખ્યા રે૦
સંસારસ્વરૂપી જેનો આતમો,
કલપીને ધન ભેગું કરના,
મગરે કોલાવી ઇસમેં બેઠના,
તો પણ નહીં છોડે મરના. રામે લખ્યા રે૦
બંદગી કરી લે સાચા સતગુરુની,
સંતોના ચરણમાં રહેના,
ગુરુને પરતાપે જેઠીરામ બોલયા,
વર તો અમર વર વરના.
રામે લખ્યા રે સંતો નહીં મટે.

×

દાદીમા: દીકરા! કોઈ પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે સામો પ્રશ્ન કરવો એ રીતભાતની વિરુદ્ધનું આચરણ ગણાય!

દીકરો: શું ખરેખર?

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જશની ઝંખના

*

શ્રી મોહમ્મદ માંકડ

મધ્યમવર્ગના કુટુંબનો નવપરિણિત વડીલ... જૂનવાણી અને નવા તંત્ર વચ્ચે મેળ ખવડાવ... સહૃદયી તનતોડ પ્રયત્નો પાછળ એની કાયા... ઘસાઈ જાય, પણ માતપિતા કે પત્ની બન્ને... કોઈને ય એ રાજી રાખી શકવાનો નહીં... મેળવવાની મૃગતૃષ્ણા પાછળ ઘસડાયેલા અને... તતોભ્રષ્ટ એક યુવાનની કથા અહીં રજૂ થાય છે...

'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી, ઈ કાંઈ ખોટી વાત નથી.' ગંગાએ પાણી પીને પાણિયારે પ્યાલો મૂકતાં કહ્યું.

'ભઈ, હું બધું જાણું સું. આખ્યું વનાનું બધું નકામું. નઈ તો–' લાકડી ઉપર તાલ દઈને ભજન ગાતો છગન દરજી, ભજન ગાવાનું મૂકી પત્ની સાથે દલીલમાં ઊતરી પડ્યો.

આ બન્ને ધણીધણિયાણી એકબીજાને માથે પછાડે તો ગોબો ન પડે એવાં હતાં. છગન સ્થાનકપુરની દરજીની નાતમાંથી પહેલ-વહેલો મુંબઈ રળવા જનાર હતો. જો કે એ વાતને આજે કેટલાં યે વર્ષો વીતી ગયાં હતાં છતાં મુંબઈ વિષે પોતે બધું જાણે છે એમ ઘણીવાર તે ગર્વથી કહેતો. એનો મોટો દાકરો રામજી મુંબઈ રળવા ગયો હતો. હમણાં જ તે દેશમાં આવ્યો હતો અને નાનો તો હજુ ગામડાની એક 'હોલ'ની નિશાળમાં ત્રીજી ગુજરાતી ફાડતો હતો. છગનના કમનસીબે જતી જિંદગીએ ઝામરવામાં એની આંખો ગઈ અને એની જિંદગીને લાકડીનો ટેકો લેવો પડ્યો. બાળપણથી જ એને સો ગળણે ગાળીને પછી જ પાણી પીવાની ટેવ હતી. અંધાપાએ એના એ અવિશ્વાસમાં અનેક-ગણો વધારો કર્યો. પોતે નથી ભાળતો એ એના મનની સૌથી મોટી અબળખા હતી.

'તમે તો કોઈ દી કોઈનું સાચું જ નો માનો.' ગંગાએ ઓસરીની કોરે જમાવ્યું.

'આખી દુનિયામાં એક તને નથી પે... કાંઈક વાત કરું કે બસ છોકરાના ... માંથી ઊભી થઈ! જાણતી તો નથી...'

'પણ કાંઈ હોય તો આપડાથી છાનું રે? તમને તો કોઈનો વશવા જ... વઉ ભલે ગમે એવી હોય પણ રામજી આપડો દીકરો...'

'હા, ઈ આપડો દીકરો આ... મોઢામાં...હવે નકામો મને બોલાવ્ય... ય મુંબઈ જોઈ સે.' છગનનો પિત્તો ... ન રહ્યો.

'પણ તો આપડે શું કરી ઈ?' ... છીંકણીની ચપટી નાકમાં ઘુસાડતાં ...

'આપડે તો બધું ય કરી ઈ. મારે... નઈ ને? નઈ તો–'

'પણ મારે તો આંખ્યું સે ને?'

'શું ધૂડ આંખ્યું સે? આંખ્યું હો... તલેતલભારની ખબર નો રાખે? તારા... તો હું આંધળો શું ભૂંડો?'

ગંગાએ બોલ્યા વિના જ છીં... ડાબલી ઉઘાડીને બીજી ચપટી ભરી.

'હું ઈ દીકરાને ને વઉને તારા... વધુ ઓળખું સું સમજી? ઈનો અવ... દે સે કે ઈ કોઈ કાળે ખાલી નો હો... તો આંખ્યું ખોઈ એટલે આખી આ... નઈ તો હમણાં ઈ રાણીસા'બની ... તપાસ–'

'વઉની બેકમાં હોય તો ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન...' ગંગાથી વચ્ચે બોલ્યા વિના રહેવાયું નહીં.

'તારા ઉપર તો મને એવી દાઝ ચડે સે! હું કઉં સું ઈ આંખ્યું ફાડીને કરતી નથી ને આડીઆડી વાતું કરે સે!'

'સું કરું?'

'સું કરું...?' છગને ક્રોધમાં મોઢું મરડ્યું. એનો આંધળો ચહેરો બિહામણો બન્યો. 'મારે તો ભગવાને લઈ લીધી, પણ તારે તો સેને? જઈને બેક ઉઘાડ ને જોઈ જોને કે તારી ડોસીએ કેટલા સંઘર્યા સે?'

ગંગાને રામજી ઉપર તો વિશ્વાસ હતો પણ 'ટૂંકી નળિયુંવાળી' શાંતાવહુને તો એ પરણીને આવી ત્યારથી જ શંકાની નજરે જોતી. જોકે એને પોતાની દેખરેખ અને સત્તા ઉપર પૂરતો ભરોસો હતો કે પોતાની રજા સિવાય કે પોતાને કહ્યા સિવાય વહુ કશું કામ કરી શકે જ નહીં. છતાં હમણાં મુંબઈ જઈને આવ્યા પછી વહુના પગમાં એને પણ કાંઈક ફેર લાગવા માંડ્યો હતો. પોતાની સત્તાના ચણતરમાં ક્યાંયે કચાશ ન હોય એ સાબિત કરવા માટે જ એ છગન સાથે દલીલ કરતી, બાકી આજકાલની વહુઆરુ ઉપર એને તો મુદ્દલ વિશ્વાસ નહોતો.

'ઈમનું કેવાનું વખતે સાચું હોય!' એણે વિચાર કર્યો. 'અને નો હોય તો ય બેક જોવામાં આપડું સું જાય સે?' તે ઊભી થઈ. શાંતા નદીએ લૂગડાં ધોવા ગઈ હોવાથી હમણાં નિરાંત હતી.

'કાં...?' છગને અવાજ ઉપરથી, તે ઊભી થઈ હતી તે જાણ્યું.

'જોઈ જોઉં. બીજું સું?'

'હા, મારું કે'વું માન. ઈ ગરાસિયાની દીકરી ખાલી નો હોય.'

ગંગા કૂંચીઓનો ઝૂડો હાથમાં લેતાંલેતાં બબડી: 'ગમે ઈમ હોય, પણ આ વખતે બેકને તાળું તો બંધ જ રાખે સે.'

'ઈમાં બૂબકો હોય ને સું કામ ઉઘાડી રાખે? હું તો કઉં સું કે રામજીડો ય હવે તો પેક થઈ ગ્યો સે.'

ગંગાએ ખડકીની સાંકળ બંધ કરી અને બેગ ઉઘાડવા રામજીના સૂવાના ઓરડાનું કમાડ ખોલ્યું.

મકાન બેઠા ઘાટનાં હતાં. ખડકી પાસેના ડેલડામાં આખો દી લાકડીના તાલે ધીમા ભજન ગાતો છગન બેઠો જ હોય. પોતે બાપદાદાના જૂના મકાન પડાવી મુંબઈની કમાણીમાંથી આ મકાન કરાવ્યા હતા, એ વાત ઘણીવાર એણે રામજીને ગર્વપૂર્વક કહી હતી. રામજી ઘરની હાલત સારી પેઠે જાણતો હતો. પિતાના અંધાપા પછી એણે નિશાળ છોડી ધંધો હાથ કર્યો. સ્થાનકપુર ખાસ મોટું નહીં એટલે નવા દરજીને પેટપૂરતું પણ ન મળે. આખરે એક ઓળખીતા કાકાની લાગવગે એણે મુંબઈ ખેડવાનું નક્કી કર્યું. કરજ વધી ગયું હોવાથી છગને પણ, આંખે અંધાપો હોવા છતાં, મુંબઈ જવાની રજા આપી.

રામજીને માતપિતા પ્રત્યે અપાર માન હતું. પોતે દસ વર્ષનો હતો અને અંબાગર મા'રાજની કથા સાંભળવા જતો ત્યારે સાંભળેલ 'શ્રવણ'ની વાતે એને માતપિતાનો અનન્ય ભક્ત બનાવી દીધો હતો. પંડે ભૂખ્યા રહીને પણ આંધળા બાપને રોટલાની ખોટ ન પડવા દેવી એવો એનો નિશ્ચય હતો. ધીમેધીમે હિંમતથી એણે કરજ ઓછું કરવા માંડ્યું, અને ત્રણચાર વર્ષમાં તો તરતા થઈ ગયા. એની વધારેપડતી મહેનત એના શરીર ઉપર મંદવાડ ખેંચી લાવી અને એક વર્ષ એણે સ્થાનકપુરમાં ગાળ્યું. એ દરમ્યાન બાપ તરફથી એને અનેક સારાંનરસાં વેણ સાંભળવા પડ્યા પણ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હશે, બાપ છે. બોલે, એનો ઓરતો ના હોય!' આમ એણે મનને મનાવ્યા કર્યું. અને પાછો માબાપને ખુશ કરવા મુંબઈ ભેગો થઈ ગયો.

લડાઈ, મોંઘવારી અને દુકાળિયાં વરસ એકસાથે જાગી ઊઠયાં. જે વર્ષે નાનો દીકરો કાનજી, બાળપોથી પસાર કરી પહેલી ગુજરાતીમાં આવ્યો તે જ વર્ષે રામજીનાં લગ્ન થયાં. રામજીની વહુ શાંતા ઘેર આવી અને થોડા દિવસે જ ઘરમાંથી શાંતિએ વિદાય લીધી. રામજીના મનમાં એક જ ઝંખના હતી: 'બાપુના મોઢેથી જશનાં બે વેણ સાંભળું તો બસ.' અને એ ઝંખના માટે એણે ખપી જવા સુધીની તૈયારી કરી રાખી હતી. પોતાની નવોઢાને એણે કદી નવી બે બંગડી પણ લાવી દીધી નહોતી, છતાં આખું ઘર જાણે એના તરફ શંકાની નજરે જોઈ રહ્યું હોય એમ એને લાગ્યા કરતું. છગન તો એના લગ્ન બાદ ઘણીવાર બોલી પણ જતો: 'આ દીકરો નો કે'વાય, આ તો દીં'ફર્યો કે'વાય!' અને—

રામજીના સાંધેસાંધા કળી પડતા. એની આંખો નિરાશામાં ક્યારેક છાનીછાની થોડું રડી લેતી. પરંતુ બીજી જ પળે તે મોટા મને કહેતો: 'માબાપ નો કે' તો બીજું કોણ કે? અને હું ઈમનું નઈ સાંભળું તો બીજું કોણ સાંભળશે?'

મુંબઈમાં ખોલીની સગવડતા હોવા છતાં માબાપને કામની અગવડતા ન રહે એ માટે એણે શાંતાને મુંબઈ ન લઈ જતાં સ્થાનકપુરમાં જ રાખી.

એક વર્ષ પછી એ પાછો આવ્યો. આવતાંવેંત જ એણે જોઈ લીધું કે ઘરમાં એનું સ્થાન બહુ જ વિચિત્ર હતું. વિજયી સમ્રાટના દરબારમાં કેદીરાજાની જે હાલત હોય છે એવી એની હાલત હતી. શાંતાને ગંગા તરફથી છાશવારે 'માર'ની મહેફીલ મ[...] પરંતુ એ ઘરરખ્ખુ બાઈ બધું જ [...] કરતી. 'કાલ સારા દી આવશે' એ [...] આશા એના પડી જતાં જીવનમિ[...] ટકાવી રાખતી.

રામજી ઘેર આવ્યો ત્યારે શાંતાએ [...] એટલું જ કહ્યું: 'આ વખતે મને મુંબઈ [...] જાવ.' અને એણે જવાબ પણ ટૂંકો જ [...] 'જોઈશું.' પણ આડોશીપાડોશી તરફથી [...] જુવાન વહુને અહીં નહીં રાખવાની, [...] શિખામણો મળી. છેવટ, જતી વખતે [...] સાથે લઈ જવાનો વિચાર એણે મા[...] સમક્ષ રજૂ કર્યો.

'લઈ જાને બાપુ. તું હારે લઈ [...] હો તો અમે પાપમાંથી છૂટી ઈ,' એને [...] મળ્યો. આજ દિવસ સુધી પત્નીને અહીં [...] જવામાં એણે માબાપ ઉપર બોજો [...] હતો એમ એ અવાજનો રણકાર કહેતો [...]

'ગામના થોડાક પૈસા ચૂકવતો [...] મુંબઈ જવા અગાઉ બે દિવસે એને [...] મળ્યો. પાસે ભાડા પૂરતા પૈસા પણ ન[...] દેશમાં આવીને બધા બાપના હાથમાં મૂકી [...] હતા. 'જાશું ત્યારે બાપુ પાસે માગી [...] એ ખ્યાલે એણે એક પાઈ પણ રાખી ન[...]

અર્ધી રાત સુધી વિચારોના ઘોડા દો[...] બેંકવાળા સામેથી વ્યાજ માંગે એવી [...] સ્થિતિ થઈ ગઈ હતી. અર્ધી રાતે એક [...] એના મનને ઠંડું પાડ્યું. શાંતાને [...] એણે વાત કરી અને તુરત જ એની [...] 'જાંજરી' લઈ એણે કોટમાં મૂકી. [...] દિવસે થોડુંઘણું કરજ હતું તે ચૂકવી [...] ભર્યે હૈયે એ મુંબઈ ગયો. પણ મા[...] મનમાં તો સંતોષને બદલે શક જ [...] ગયો. 'જોયું? આ પૈસા ક્યાંથી [...] હવે સંતાડવા શીખ્યો ખરો!' [...] ગંગાને સમજાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈની મોંઘવારીમાં બે જણાનું માંડમાંડ પૂરું થતું, એમાં પૈસા માટે દેશમાંથી કાગળ આવ્યા જ કરતા. જો કે નિયમિત મોકલાતા પૈસા તો રામજી દર મહિને રવાના કરતો જ પણ રખે એની પાસે મૂડી થઈ જાય એ બીકે છગન એક અઠવાડિયું પણ કાગળ વગર ખાલી જવા દેતો નહીં. રામજીને લાગ્યું કે આ મોંઘવારીમાં કદાચ ઘરે પૂરું નહીં થતું હોય અને થાય પણ ક્યાંથી? ત્યાં થોડું કાંઈ રળવાવાળું હતું? પોતે આખો ખાતાં અડધો ખાઈને પણ ઘેર પૈસા મોકલવા એકપગે ખડો રહેતો. જેમજેમ એના પૈસા આવતા ગયા તેમતેમ છગનની ભૂખ અને શંકા વધતાં ગયાં. 'આ વહુ ત્યાં ગઈ સે, તે બધું એના બાપના ઘર ભેળું કરશે!' ગંગાને છગન તરફથી દરરોજ એકાદવાર તો આવું સાંભળવું જ પડતું.

દસ મહિના બાદ જ્યારે રામજીએ ઘરે આવવાની તૈયારી કરી ત્યારે એના ખિસ્સામાં ફક્ત દેશના ભાડાના પૈસા પડ્યા હતા. ઘેર પિતા પૈસા માગશેં તો—?

વિચારમાં ને વિચારમાં ઘેર આવવાનું એણે બે દિવસ મોડું કર્યું. જવું કે ન જવું એ બે પ્રવાહો વચ્ચે એણે ઝોલાં ખાવાં માડ્યાં. આખરે પહેલાં અજમાવેલ ઉપાય એણે અજમાવ્યો. શાંતાની ડોકમાં લટકતો એના પિયરનો 'દોરો' એણે મુંબઈની બજારમાં વેચ્યો, અને માબાપને રાજી કરવા કાઠિયાવાડનો રસ્તો લીધો. આ વખતે એનું મોઢું પ્રમાણમાં વધારે ફિક્કું પડી ગયું હતું છતાં માબાપના એકેએક બોલને પાળ્યાનો સંતોષ એના ચહેરા ઉપર તરવરતો હતો.

ઘેર આવીને એણે પિતાના હાથમાં 'નોટુંની ખડકલી' મૂકી પણ એના બે દિવસનાં રોકાણે અને એણે આપેલ પૈસાએ એના ઉપરના વહેમમાં વધારો કર્યો.

'કાગળ તો હતો શનિવારે આવવાનો ને સોમવારે આવ્યો તે નક્કી એની સાસુને મળતો આવ્યો હશે.' છગને ગંગાને ધીરેથી વાત કરી.

'ઈ તો કાંઈ કે'તો નથી. કે'સે કે કામ આવી ગ્યું એમાં મોડું થયું.'

'કામ શેનું આવી ગ્યું હોય? થોડાં-ઘણાં વધારાનાં ઘરાણાંગાંઠા વઉને પિ'ર ભળાવતો આવેને.'

ગંગાને ગળે પણ વહુ વિષેની એ વાત ઊતરી, અને જો મોકો આવે તો વહુની ખબર લઈ નાખવાનો એણે પાકો નિશ્ચય કર્યો.

ચાર દિવસ બાદ આજે વહુની ખબર લેવા એણે વહુની બેગ ખોલી. લૂગડાનો ગાભે-ગાભો વીખી નાખ્યો, પણ એ કપડાંમાં એને એક પૈસો પણ નજરે ન ચડ્યો—ફક્ત એક રૂપાની ઝીણી બેઆની સિવાય.

'આમાં તો કાંઈ સે નંઈ!' એણે છગનને કહ્યું ડેલડું છોડી છગન પણ ઘરના ઉંબરમાં આવી ગયો હતો.

'કાંઈ......?'

'ના, આમાં તો કાંઈ નથી.'

છગનને લાગ્યું કે પોતે ખોટો પડ્યો છે. ભોઠામણમાં એનું મોઢું નરમ પડી ગયું છતાં એનું મગજ કોઈ પણ રીતે સાચા થવા મથી રહ્યું. શરમથી શ્યામ પડી ગયેલ એના ચહેરામાં વીજળી જેવી ખેત્રણ રેખાઓ ચમકી ગઈ. એણે રસ્તો ખોળી કાઢ્યો: 'તો મેં કીધું' તું ઈમ જ ઈ બધું વેવાણના ઘર-ભેળું થઈ ગ્યું.'

ગંગાને થયું કે નક્કી એમ જ હશે. પણ એનો કાંઈ ઉપાય નહોતો કે નહોતી સાબિતી. હારેલ હૈયે એણે બહાર કાઢેલ વસ્તુઓ અંદર ભરવા માંડી. વિચારમાં ડૂબી ગયેલ બન્ને-માંથી કોઈ કશું બોલતું નહોતું. ઓચિંતા ગંગાના હાથ અંદર ભરાતી વસ્તુઓ બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢી બીજીવાર ફૂંફાસવા લાગ્યા અને ધ્રૂજતાં હાથે જોયું ન જોયું ને એની જીભ મોઢા બહાર નીકળી ગઈ: ' હાય, હાય !!! '

' કાં ? ' છગનને આંખોની ખોટ સાલી રહી. ' નભ્ભાઈ, કે'તી કે જાંજરી ને દોરો તો બેકમાં સે, ને આંઈ તો નથી ઈની મા જાંજરી, કે નથી દોરો. વાલા મૂઈ–'

' હું તો પે'લેથી જ કે'તો કે ઈના બાપને ત્યાં પોંચી ગ્યું, પણ...'

' અરે, વાલા મૂઈ આ તો ઘરખોદાણ નીકળી ! '

–અને ગંગાનું આખું યે શરીર ક્રોધમાં કંપી રહ્યું. શાંતા જો આવે તો એને કાચી ને કાચી ખાઈ જવા જેટલી પશુવૃત્તિ એનામાં જાગી ઊઠી.

' હવે, તો રામજીડોય...' છગનનો ક્રોધ બહાર નીકળતો હતો પરંતુ એને એટલેથી જ અટકાવી દેતી ખડકીની સાંકળ ખખડી રહી.

' કોણ સે ? ' એનું આંધળું મોઢું ખડકી તરફ તાકી રહ્યું.

' બીજું કોણ હોય–' ગંગા તિરસ્કારમાં બોલી અને નદીએથી ધોઈને પાછી ફરેલ શાંતા ખડકી ખૂલી એટલે અંદર દાખલ થઈ.

' તારી જાંજરી ને દોરો ક્યાં સે ? ' ભીનાં કપડાં, ખાટલા ઉપર સૂકવતી શાંતાને ગંગાએ આવતાંવેંત જ ઊધડી લીધી.

શાંતાને લાગ્યું કે હવે નહીં બોલવામાં જ સાર છે. તે મૂગી રહી.

' કાં, મોઢામાંથી ફાટતી કીમ નથી ? ક્યાં મૂકી આવી, તારું નખ્ખોદ જાય...' ગંગાની જીભ છૂટી થઈ, પછી તો કેટલીયે ગાળો એ છૂટી થયેલ જીભે પીરસી. જ્યારે સહન ન થયું ત્યારે શાંતા ફક્ત એટલું જ બોલી:

'બધી તમારા દીકરાને ખબર છે. ઈમને પૂછી જોજો...મારું તો તમે સાચું નહીં

' હેં ! મારા સામે લબલબાટી ઈમ ? ' ગંગા ઊઠી. શાંતા લૂગડાં રસોડામાં ગઈ હતી.

' ગામઆખાની ઉતાર ! મારા દી સું પૂછું ? તારા કાળા કામાની ઈ ખબર...? ' અને બોલવાના બધા નિયમ ભંગ કરી જેમ આવે તેમ બાફતી એ રસોડામાં પહોંચી. શિકાર ઉપર જતી બિ જેવી એની ચાલ ભયંકર–અતિ ભ લાગતી હતી. અને એ શાંતાને ટીપી લે તે પહેલાં બહાર ગયેલ રામજી ઘરમાં પગ મૂકયો. એની પાછળ નિ છૂટેલ કાનજી હાથમાં ' દફતર ' લઈ થયો. પૂરા ઝેરથી દંશ દઈ રહેલ ના જોઈ બન્ને જણા ઘડીક તો થીજી જ

' આ તારો સગુણો આવ્યો.' જોઈ ગંગા ગર્જી ઊઠી. ' આ કાળા કરનારીએ દોરો ને જાંજરી ક્યાં એની તને ખબર છે અલ્યા ?' રસોડાના ઉંબર બહાર અને એ રાખી તે રામજી સામે તાકી. રામજી

' હા, હવે ઈ કુ'શે તો... તમે...સાચું......' શાંતાનાં ડૂસકાં સ્પષ્ટ થતી અટકાવી રહ્યાં.

' મૂગી મર. ' ગંગાએ પાછું ઉ

' પૂછોને ખોટું હોય તો...તમે...' શાંતા બોલી રહે તે પહેલાં તો એના માં પડેલ પાટુએ એને જેવડ

' તું કીમ મૂગો ઊભો રયો ? ખબર હોય તો..'

છગનને વધુ મૂગા રહેવું ન જશ માટે ઝંખી રહેલ રામજીનાં આજ સુધી સાચવી રાખેલ આંસુ ગઈ. ઘરમાં ' દફતર ' મૂકી પા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાનજીએ મોટાભાઈનાં આંસુ જોયાં અને એનાથી બોલાઈ ગયું : ' તમે કેમ રોવો છો ? એ બા-' એ ગંગા સામે તાકી રહ્યો.

છગનનો પિત્તો હાથથી ગયો. એને રામ- જીડાના આ ઢોંગ ન ગમ્યા : ' તું શું કામ રોસ ઈમાં? બાયડીના ગુલામ !'

' હવે તને નઈ ગમે તો અમે તારી રાણી સા'બને બોલાવશું ય નઈ, આ તે બે ય ઢોંગીલા નીકળ્યા. ફાવ્યું......' ગંગાએ રાગ પુરાવ્યો.

' બાયલા ! બા'રો:નીકળ મારા ઘરમાંથી, તારી ડોશી બધું ક્યાંક મૂકી આવી ત્યાં કેમ કેમ કાંઈ ફાટતો નથી ?'

' મારું તો ઘર મેદાન કર્યું ! આના કરતાં તો પેટ પાણો પડ્યો હોત તો ય બળ- તરા નો'તી.' ગંગાએ કળાપૂર્વક આંખમાં આંસુ આણ્યાં.

રામજીથી આ સહન કરવાનું અશક્ય બન્યું. જૂઠી ઝંખનાનાં મૃગજળ પાછળ દોડીને વિતાવેલ જિંદગી એની આંખો સામે આવીને ખડી થઈ. અપજશના આઘાતથી એનું મગજ ભમી ગયું અને તોફાને ચડેલ આંસુનાં પૂરે કિનારાનાં બંધનો તજી દીધાં. ટેકા માટે તલસતું એનું હૃદય વ્યર્થ ફાંફા મારી રહ્યું પરંતુ—

ગંગાને કે છગનને એની કશી પડી નહોતી. એમના ચહેરા ઉપરનો તિરસ્કાર તો વધારે ને વધારે ઘેરો બનતો ગયો અને ' પરને કાજે રે પંડે, દુઃખડામાં ડૂબજો.' એ ભજન દરરોજ ગાનાર છગનના મોઢામાંથી નીકળેલ સળગતા તિરસ્કારે રામજીને દાઝ્યા ઉપર ડામ દીધાઃ

' બાયલા હોય જ એવા...તારે મોઢું જોયા ફેર થયો હશે મડદાલ......'

★

બે મિત્રોને શરત લાગી. સામે કેળાંની મોટી લૂમ પડેલી હતી. મનુએ રજનીને કહ્યું : ' આટલાં બધાંય કેળાં તેની છાલ સાથે ખાય તો ૨૫ રૂપિયા આપું, નહીં તો તારે આપવા.'

રજની કબૂલ થયો, પણ કેળું ને તેની છાલ સાથેસાથે ખાય તો બંનેનો સ્વાદ બગડે. પાછળથી કેળાનો વચલો ગર્ભ જ રહ્યો હશે તો આશાનીથી પૂરો કરી જવાશે માની એણે પહેલાં માત્ર છાલ જ ખાવા માંડી, પણ બધાં કેળાંની છાલ ખાતાંખાતાં તો નાકે દમ આવી ગયો. પોતાની હાર એણે કબૂલી, ત્યારે મનુએ જણાવ્યું:

' મૂરખ, આમાં તને બેવડું નુકસાન. ઇનામ નહીં મળે ને હવે બાકી રહેલો કેળાંનો ગલ હું ખાવાનો ! એને બદલે પહેલાં ગલ ખાધો હોત તો ભલે શરત હારી જાત, પણ કેળાં તો મળત ને !'

×

' તમે જે લશ્કરી મોરચો ઊભો કરવાના છો તેની યોજના મને સમજાવશો ?' કમાન્ડર જનરલને એક ખબરપત્રીએ પ્રશ્ન કર્યો.

' પણ તમે એ વાત ખાનગી રાખી એમ ?'

' અલબત્ત !'

' તે જ રીતે હું પણ રાખી શકું છું !' કમાન્ડરનો જવાબ મળ્યો.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમત દ્વારા બાળકેળવણી

*

શ્રીમતી રંભાબહેન ગાંધી

બાળકો વિશેના આપણા ખ્યાલો કેટલા ... હતા તે મેડમ મોંટેસોરી, સ્વ. ગિજુભાઈ અને ... નિક કેળવણીશાસ્ત્રે આપણને બતાવી આપ્યું છે. ... પણ સંજોગોનું પ્રાણી છે, પ્રારંભનાં પાંચસાત ... એ આસપાસની દુનિયામાંથી ઘણું શીખી લે ... એના સાર્વત્રિક વિકાસ અર્થે આપણે માર્ગ મો... કરી આપવો જોઈએ. રમત દ્વારા, રમકડાં ... ચિત્રો દ્વારા અપાયેલી કેળવણી, કેવળ 'ક, ખ, ગ, ઘ'ની કેળવણી કરતાં અનેકગણી ઉત્કૃષ્ટ છે. ... પ્રમાણે જ બાળકનાં રમકડાંની પણ પસંદગી થવી જોઈએ. બાળક, રમત ને રમકડાંનો પ્રશ્ન લેખિ... અહીં ચર્ચ્યો છે.

ઘણી જગ્યાએ બાલમંદિરો ચાલે છે અને ઘણી જગ્યાએ નવાં પણ ખોલાતાં જાય છે. માતાઓ પોતાનાં બાળકોને બાલમંદિરમાં મોકલે છે, પણ સામાજિક કાર્ય કરતાંકરતાં, મેં ઘણીવાર જોયું છે, કે અમુક માતાઓને એમ થાય છે કે બાળક બાલમંદિરમાં જાય છે, આપણે ફી ભરીએ છીએ, છતાં બાળક શીખતું તો કશું જ નથી; તો પછી મોકલવાથી ફાયદો શો? બાળકને જો એકડો લખતાં આવડે કે ક–ખ–ગ વાંચતાં આવડે તો જ માને સંતોષ થાય છે, કે હા...શ. છોકરાને મોકલ્યા અને પૈસા ખર્ચ્યા એ લેખે લાગ્યા. તેમને મન બાળકોની રમતો તથા બાલમંદિરમાં બીજી યોજાતી પ્રવૃત્તિઓનું બહુ મહત્ત્વ નથી હોતું. બાળવિકાસમાં રમકડાં, રમતો, સંગીત, ચિત્રકામ, માટીકામ વગેરે શું ભાગ ભજવે છે તે જાણવું જોઈએ. ફક્ત ક, ખ, ગ, ઘ, જ અગત્યના છે એવું નથી. આ રમકડાંઓ પણ બાળજીવનમાં અગત્યનો ભાગ ભજવે છે.

નાના બાળકને રમકડે રમવું ગમે છે તે તો આપણે જાણીએ છીએ પણ રમકડાં એમનાં જીવનમાં–જીવનવિકાસમાં કેટલો ભાગ ભજવે છે તે કદાચ બહુ ઓછા જાણતા હશે, અને તેથી જ રમકડાંની પસંદગીમાં જોઈએ તેવો ખ્યાલ પણ રખાતો નથી; અર્થાત્ વિકાસની દૃષ્ટિએ ને ઉંમરની ... રમકડાં પસંદ કરતાં નથી.

રમકડાંથી બાળક રમે છે; અને ... મુખ્ય હેતુ બાળકની શારીરિક, માનસિક ... બૌદ્ધિક ખીલવણી કરવાનો હોય છે. ... રમકડાંથી બાળક સ્પર્શ દ્વારા તેની ... પાસની દુનિયાનો અનુભવ મેળવે છે. ... નાં તૈયાર રમકડાં કરતાં બાળકને ... માટી, રેતી, પાણી વગેરે સાધનોથી ... બનાવવા દેવાનું વધારે સારું છે; ... તેમાં તેની રચનાત્મક શક્તિ પણ ખીલે ...

આવાં સાધનોથી બાળકની ... શક્તિ ખીલે છે. સાથેસાથે બાળકને ... ઝાડુ, બ્રશ, કાતર વગેરે ઘણાં જ ... કારણકે મોટા જેટલું કરે છે તેટલું જ ... કરવા માગે છે અને તેની એ વૃત્તિ સં... માટે તેને માટે આવાં નાનાં કદનાં ... વસાવવાં જરૂરી બની રહે છે.

આપણે એટલું ખાસ ધ્યાનમાં ... કે બાળકને ગમે તે ઉંમરે ગમે તે ... તો ન જ આપવાં. તેની ઉંમર પ્રમાણે ... કડાંમાં ફેરફાર થવો જોઈએ. કઈ ... કેવાં રમકડાં આપવાં તેનો સાધારણ ... કરીએ.

પહેલા ત્રણ મહિનામાં બાળક ... છે અને જાગે ત્યારે પેટ ભરે છે. ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંમરે પણ તે ઇચ્છે છે કે તેની માતા તેનું ધ્યાન રાખે.

બે વર્ષના બાળકમાં નીચેની ખાસિયતો દેખાય છે:

(૧) પાંચે ઇન્દ્રિયોનો થોડોથોડો વિકાસ.

(૨) પોતાની મેળે હલનચલન.

બાળક કોઈ વસ્તુ પકડી શકે છે, ત્યારથી જ તેની સ્પર્શેન્દ્રિય ખીલવા લાગે છે. સાધારણ રીતે પાંચમે-છઠ્ઠે મહિને બાળક રમકડું પકડી શકે છે. તે કેવડું છે તે સહેજ સમજે છે, પણ તેને હજી રંગનું જ્ઞાન હોતું નથી. રંગનું જ્ઞાન પછી આવે છે.

બાળક અવાજ સમજી શકે છે તેથી સાધારણ રીતે આ ઉંમરે બાળકને ઘૂઘરા અપાય છે. બાળક આ ઉંમરે રમકડાંના અવાજ ને માના અવાજ વચ્ચેનો ભેદ પણ પારખી શકે છે ખરું.

બાળકને છ મહિનાનું થાય ત્યારથી તે બે વર્ષનું થાય ત્યાંસુધી દાંત આવે છે. એવે વખતે એવાં રમકડાં આપવાં જોઈએ, જે મોઢામાં નાખે તો હરકત નહીં. દા. ત. લાકડાંની ચૂસણી, લાકડાના લીસા ઘૂઘરા વગેરે.

લગભગ અઢી વર્ષે બાળક બાલમંદિરમાં જાય છે. અહીં તેને માટે અનેક રમકડાં હોય છે. ઘરમાં નાનપણમાં ક્યાં રમકડાં આપવાં તે જોવાય છે તેના કરતાં બાલમંદિરમાં તે વિશે વધારે ખ્યાલ રખાય છે; કારણકે બાલમંદિર તો બાળકોનુંજ મંદિર છે ને? ત્યાં તો તેમનું જ રાજ્ય છે. તેમની નાની શી દુનિયામાં તે જ સર્વોપરી છે. તેમને માટે ત્યાં યોગ્ય રમકડાં, યોગ્ય સાધનો; અને યોગ્ય કાર્ય મળતાં તેઓ સંપૂર્ણ વિકસી શકે છે.

આપણે ઉપર જોયું કે નાના બાળકને અવાજ થાય એવો ઘૂઘરો ગમે છે, તો બાલમંદિરમાં ઝીણો અને મધુરો અવાજ થાય તેવી ડબીઓ રાખવામાં આવે છે. બાળકને સ્પર્શનું ભાન તો છેજ, પણ તે વિકસાવવા માટે ડબ્બાપેટીઓ રાખવામાં આવે છે, જેથી બાળક ચોરસ, ગોળ, લંબગોળ ઇત્યાદિ વગર શીખવ્યે પણ શીખી જાય છે અને ગમ્મત સાથે જ્ઞાન મેળવે છે. મણકા પરોવવાના પણ બાળકને બહુ જ ગમે છે. આવી રમતો દ્વારા બાળક એકધ્યાન થતાં શીખે છે.

બાલમંદિરમાં સંગીત તો હોયજ અને સંગીત દ્વારા બાળક હલનચલન, તાલ, લય શીખે છે ને તેના સાધારણ હલનચલનમાં પણ જાણે કળા આવી જાય છે. દરેક બાળક સંગીતનું તો રસિયું જ હોય છે ને? જુઓને ઘોડિયામાં સૂતેલું બાળક રોતું હોય, પણ હાલરડું ગવાય તો નિરાંતે સાંભળે છે ને સંગીતની મીઠી અસરમાં ઊંઘી જાય છે તે અનુભવ કઈ માતાને નહીં થયો હોય? જો નાના બાળક પર સંગીતની એટલી અસર થાય છે તો અઢી વર્ષથી પાંચ વર્ષના બાળક પર સંગીત કેવી અસર કરતું હશે તે સહેજે સમજી શકાય છે.

ત્રીજા વર્ષે બાળકને સહેજ રંગની પરખ થાય છે, તો તે પ્રમાણે સાધનો અપાય છે. દરેક ઘરમાં એટલાં સાધનો હોવાં સંભવિત જ નથી; તેથી બાલમંદિર બાળકના જીવનમાં અનેરો ભાગ ભજવે છે તે સમજી શકાય છે. બાલમંદિરો બાળકની ઉંમર અને જરૂરિયાત પ્રમાણે જ તેની પાસે સાધનો મૂકે છે ને બાળક તેનો ઉપયોગ કરે છે. જ્યાં બરાબર ઉપયોગ ન થતો હોય ત્યાં જ શિક્ષક બાળકને, બાળકને ખટકે નહીં તેવી રીતે રોકે છે ને તેનો બરોબર ઉપયોગ કરાવવામાં મદદરૂપ બને છે.

ચોથા વર્ષે બાળકની પ્રવૃત્તિ વધારે ખીલે છે. આ ઉંમરે માટી, રેતી, પાણી વગેરે સાધનોથી પોતે જ રમકડાં બનાવે છે અને સર્જનકર્તાનો અદ્ભુત સંતોષ મેળવે છે. જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસના સ્વભાવમાં કંઈક નવું સર્જન કરવાની ને કંઈક નાશ કરવાની વૃત્તિ હોય છે તેવી જ વૃત્તિ બાળકમાં પણ હોય છે. રમકડાં બનાવીને બાળક સર્જનશક્તિ તો ખીલવે છે જ, પણ રમકડાં બનાવીને ભાંગે છે, ત્યારે તો પેલી સંહારકવૃત્તિ કામ કરે છે; પણ તે વૃત્તિને શિક્ષકો દબાવી નથી દેતા બલકે તેનું જોશ વપરાઈ જવા દે છે; કારણ-કે દબાવવાથી આ જ વૃત્તિ મોટી ઉંમરે કોઈ વાર વિકૃત સ્વરૂપમાં દેખાય છે. પરંતુ સાથે-સાથે શિક્ષક એ પણ ખાસ ધ્યાન રાખે છે, કે બાળકની શક્તિ વધારે રચનાત્મક કાર્ય તરફ જ ખીલે.

આપણે જાણીએ છીએ કે છોકરા–છોકરીઓને ઢીંગલીથી રમવું ઘણું જ ગમે છે. એની પાછળ જોઈશું તો દેખાશે કે બાળક પોતાથી નાની દુનિયા વસાવે છે. જેટલું માતા બાળકને કહેશે, ધમકાવશે કે નવરાવશે તે બધું જ બાળક તેની ઢીંગલી પર કરશે. તે ઢીંગલીને મારશે, ગુસ્સો કરશે, પાછો વહાલ કરશે, સુવાડશે, નવડાવશે બધું જ કરશે અને એવી રીતે કરશે કે જાણે માતા જ હોય. આ વૃત્તિ છોકરા કરતાં છોકરીમાં વધારે હોય છે. ઢીંગલી પાસે પોતે મોટી છે અને ફાવે તેમ તેને કરી શકે છે, તે ભાવના આમાં ભરેલી છે. બાળકને મોટાની દુનિયા ખાસ ગમતી જ નથી; કારણકે પોતે નાનું છે અને મોટા કરે છે તેટલું તે નથી કરી શકતું તે ખ્યાલ જ તેને પીડે છે ને તેથી જ આ ઢીંગલીથી ને રમકડાંની દુનિયામાં બાળક પોતાનો અહંભાવ સંતોષે છે.

મોટા જેટલું કરે તેટલું બધું જ કરવાની ઇચ્છા આ ઉંમરે બાળકમાં હોય છે. દા. ત. કપડાં ધોવાં, ઝાડુ કાઢવું, દાણો ઝાટકવો, રૂમ લૂછવા વગેરે. ઘેર તો માતા તરછોડી નાખે છે, જ્યારે આ વૃત્તિને બાલમંદિરમાં પૂરું ઉત્તેજન આપવામાં આવે છે. માટે ત્યાં નાના ઝાડુ હોય છે, નાની ડીઓ હોય છે. ત્યાં બાળક પોતાને બનાવવામાં પોતે જ મદદ કરે છે, પીરસે છે. આ કાર્યમાં બાળકો હોંશથી લાગી જાય છે કે તેમને તો કશું લાગતું જ નથી. બાળક જ્યારે જેવું કામ કરે છે ત્યારે જાણે કહે 'જુઓ, હું પણ તમારા જેવડો જ ન જાણતા કે હું નથી કરી શકતો, તમારા જેટલું જ કરી શકું છું હો!' આત્મસંતોષ બાલવિકાસમાં ઘણો જ રૂપ થઈ પડે છે.

આ ઉંમરે બાળકને રમકડાં, ઉપરાંત અક્ષરજ્ઞાન પણ આપવામાં છે. પરંતુ તે શુષ્ક રીતે તો નહીં જ. રમતાં જ બાળક 'કને કાનો કા' શીખી જાય છે. મણકા સાથે રમતાં બાળકો સો ગણતાં શીખી જાય છે. દ્વારા જ ટૂંકું, લાંબું, વધારે લાંબું, ટૂંકું ઇત્યાદિનું ભાન કરાવવામાં ચોકઠા ને મોતીના મણકા દ્વારા જ રમતાં ગણિત શીખવું પણ બાળક દે છે. આ બધા ઉપરથી દેખાય છે કડાં, છતાં બાળકનો વિકાસ તે દ્વારા સરસ રીતે સધાય છે તે આપણે શકીએ છીએ.

ચાર વર્ષ પછી બાળકને સમૂહ કંઈક ખ્યાલ આવે છે, પરંતુ હજી તેવો તો નહીં જ. પાંચ વર્ષનું દરેકને દેખાડવા આતુર હોય છે કે મેં આ કર્યું, જુઓ હું આ કરી આ ઉંમરે બાળકને વાર્તાઓ સાંભળ ગમે છે. જેમ રમતમાં, સંગીતમાં એકધ્યાન, એકચિત્ત થઈ જાય છે રીતે આ ઉંમરે વાર્તામાં પણ બાળક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકધ્યાન થાય છે. આ જ ઉંમરે કંઈક ચિત્રકળા પણ કરવા લાગે છે ને વાંચવાની વૃત્તિ પણ જાગે છે.

આપણે ઉપર જોઈ ગયા કે બાળવિકાસ-માં રમકડાં, માટી, રેતી, પાણી વગેરે કેટલો ભાગ ભજવે છે, તેમ જ બાળકની રચનાત્મક શક્તિ ખીલવવા, તેમ જ તેના માનસિક, શારીરિક અને બૌદ્ધિક વિકાસ માટે કેટકેટલાં સાધનો અને રમકડાંની જરૂર પણ છે.

બાળકને દરેક ઘરમાં આ રીતે કેળવવું સંભવિત નથી જ; કારણકે ન તો આપણે એટલાં સાધનો વસાવી શકીએ, કે ન તો બાળક પ્રતિ આખો વખત ધ્યાન પણ રાખી શકીએ. મા બાળક તરફ આખો દિવસ થોડું જ ધ્યાન આપી શકે છે? તેને પણ બીજું કામ હોય જ ને? જ્યારે શિક્ષક તો એને માટે જ છે ને એ કેળવણી આપવા માટે જ ઘડાયેલો છે. બીજું, બાલમંદિરો બાળ-વિકાસ માટે જ યોજેલાં હોઈ, ત્યાં બાળવિ-કાસ અંગે જોઈતું દરેક સાધન હોય છે ને બાળકની ઉંમર ને તેની વૃત્તિ જોઈને જ તેને તે પ્રમાણે સાધનો પૂરાં પાડવામાં આવે છે.

આ ઉપરાંત ઘરમાં બાળક એકલું રમે તો આ દરેક રમકડું મારું જ છે તેવી માલિકીની ભાવના પણ તેનામાં જાગે છે, જ્યારે બાલમંદિરમાં તો દરેક વસ્તુથી પોતે રમી શકે છે, છતાં એ વસ્તુઓ સૌની છે, એની એકલાની જ નથી તે સમજી જાય છે. પરિ-ણામે એનામાં સામાજિક ભાવના પણ ત્યાં ખીલવી શકાય છે.

બાલમંદિરમાં બાળકને માટીમાંથી રમકડાં બનાવવા દેવા માટે, ચિત્રકામ માટે પણ ખાસ ઉત્તેજન અપાય છે, જ્યારે ઘેર તો કદાચ માતા કહેશે, કે 'અરેરે લૂગડાંનો ઘાણ કાઢી નાખ્યો, બસ આખો દાડો માટી, માટી ને માટી જ. કોણ જાણે માટી ચૂંથવી કે'દી મૂકશે ને કે'દી ભણતો થશે? લે આ પાટી, લખ જોઈ એકડા.' બિચારું બાળક કમને પાટી લઈને ખૂણામાં બેસી જશે ને પરિણામે તેનામાં રહીસહી રચનાત્મક શક્તિ કે આનંદ પણ મૃત્યુ પામશે.

બાળકને કાતરકામ કરવું ઘણું જ ગમે છે. તેનો બાલમંદિરમાં ખાસ પ્રબંધ હોય છે. બાળકો ચિત્રો, ફૂલ ઇત્યાદિ કાપે છે, ચોપડી-માં ચોડે છે, જ્યારે ઘેર તો ભૂલેચૂકેય બાળકના હાથમાં કાતર આવી જાય ને બાળક તેના સ્વભાવ અનુસાર ક્યાંક કાતર ફેરવી દે, તો આવી જ બને! ટૂંકમાં ઘરનું વાતાવરણ બાળવિકાસ માટે પૂરતું અનુકૂળ નથી એમ લાગે છે અને તેથી સાબિત પણ થાય છે જ કે બાલમંદિરમાં જતા બાળકો એકડો ભલે જરા મોડો શીખે, પરંતુ તે જે કંઈ શીખે છે, સમજે છે અને તેમના હૃદય પર જે ચિત્રો અંકિત થાય છે તેની કિંમત ગોખણિયા ક, ખ, ગ, ઘ કે એકડા કરતાં તો વધારે છે જ.

બાળકને ઘણીવાર ઘરમાં તિરસ્કાર પણ ખમવો પડે છે, જ્યારે શાળામાં તો શિક્ષકનો સ્નેહ જ મેળવે છે. અને એ તો ચોક્કસ છે જ કે જે બાળકને સ્નેહ મળે છે તે સુખી હોય છે ને સુખી બાળક જ માનસિક દૃષ્ટિએ તંદુરસ્ત હોય છે. બાળકને સ્વતંત્રતા બહુ જ ગમે છે અને જે સ્વતંત્રતા બાલમંદિરમાં મળે છે તે બીજે ક્યાં મળે? જો બાળકનો વિકાસ રુંધી ન નાખવો હોય તો, બાળકની સ્વતંત્રતા કદી પણ રુંધશો નહીં.

કદાચ કોઈ એમ પણ કહે કે આગળ બાલમંદિર નહોતાં તો શું છોકરા નહોતા મોટા થતા? નહોતા ભણતા? આનો જવાબ એટલો જ છે કે આપણે આગળ નહોતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજતાં તેથી ચલાવ્યું, પણ જ્યારે માનસશાસ્ત્રનાં વિજ્ઞાને આપણી આંખો ખોલી જ છે તો શા માટે આપણે આપણા બાળકોને-ભવિષ્યના નાગરિકોને સુંદર રીતે ન કેળવવા ?

ટૂંકમાં બાળક દરેક ક્ષણે નવા અનુભવોની તપાસમાં જ રહે છે, દરેક વસ્તુને ઓળખવા માગે છે, દરેક વસ્તુ સાથે પરિચય કરવા ઈચ્છે છે. તે ચીજને ઓળખે છે ને આનંદ મેળવે છે. જેમાં આનંદ મળે તે ફરીફરી પણ કરે છે ને નવો અનુભવ મેળવતું જ જાય છે.

બાળકની અને મોટાની દુનિયા જ જુદી છે ને દુનિયા જોવાની દૃષ્ટિ પણ નીરાળી જ છે; માટે જ બાળકને બાળકની દુનિયામાં વિકસવા દેવું ને આપણા માપકયંત્રે તેના વિકાસની આંકણી ન આંકવી; કારણકે બાળક જે દૃષ્ટિએ જુએ છે તે દૃષ્ટિએ મોટા જોઈ શકતા જ નથી: દાખલા તરીકે એક લાલટેન લઈએ. લાલટેન બળતું હોય તો મોટા જોશે કે તેની દીવેટ બરાબર છે કે નહીં, જ્યારે બાળક તો ફક્ત પ્રકાશ જોઈને જ રાચશે. જો લાલટેન બુઝાઈ જશે તો મોટા તુરત તેને પ્રગટાવવાની ધમાલ કરશે, જ્યારે બાળકને પ્રકાશમાંથી અંધકારમાં કંઈ નવો જ આનંદ મળી રહેશે. આવી જ રીતે ગંદા-ઘેલાનું માપ પણ બાળકનું અને મોટાનું એક નથી. બાળકને જ્યારે માટી પ્રિય લાગે છે, માટીથી રમવું ઘણું જ ગમે છે, ત્યારે તેમાં મોટાને ગંદાપણું લાગે છે. બાળક માટીમાંથી જે મેળવે છે તે મોટા સમજી શકતાં ...

માટીનાં રમકડાં ને તેના આ... બાળકનો વિકાસ સુંદર થાય છે; ... બાળકની દુનિયા શબ્દો કરતાં આકૃ... ભરેલી હોય છે. એની વાર્તામાં પહાડ આવે તો તેની સામે શાબ્દિક આકાર સ્થિત થતો નથી; પરંતુ ચિત્રના રૂપ... પહાડ તેની આંખ સામે દેખાય છે, ... વાર્તા પણ ચિત્ર દ્વારા કે રમકડા દ્વા... બાળક સમજે છે ને મનમાં ઉતારે છે.

બાળક કલ્પનાશીલ ખૂબ જ હોય ... તેની દુનિયામાં જ વિચરતું હોય છે. ... રમકડા સાથે રમે છે ત્યારે આપણે ... રહેલી આ વૃત્તિ જોઈ પણ શકીએ છીએ.

ઉપરની વાતથી આપણે જોઈ શક... બાળકના જીવનમાં રમત, રમત ... રમકડાં, વાર્તાઓ અને સંગીત ... ભાગ ભજવે છે; અને દરેક બાલમં... અપાય છે. આશા છે, કે માતાઓ હવે ... ખ, ગ, ઘ, કે એકડાની ઉતાવળ નહીં ... અને સમજી શકશે કે રમત દ્વારા ... બાળકોનો વિકાસ બાલમંદિરમાં ... રહ્યો છે. એટલું જ નહીં પણ જો ... બાલમં-દિરની પદ્ધતિ પર જ, ઘેર પણ બાળ... માટે જોઈતો પ્રબંધ કરવામાં માતપિતા ... કરે તો બાલમંદિર અને ગૃહનું વાતા... એક જ બની જતાં બાળકની પ્રગતિ ... રીતે સાધી શકાશે તે નિર્વિવાદ વા... માતાઓ એમ કરશે ?

★

વર્તમાનપત્રના એક ખબરપત્રીને ઓચિંતા જ પૈસા મળી ગયા અને એણે પોતાના જ... મહત્ત્વાકાંક્ષા પૂરવાના નિશ્ચયથી એક અઠવાડિક ખરીદી લીધું. એ દ્વારા ગ્રામસુધારણા કરવાનો ... હતો. એના પત્રનો મુદ્રાલેખ હતો :

'અપ્રિય લાગે એવું હોય તોપણ સાચું જ કહેનાર અઠવાડિક.' પણ એના આ અવ્યવહારુ ... સ્વભાવથી જાહેરખબર આપનારાઓ સાથે ખટરાગમાં ઊતરવું પડ્યું. જાહેરખબરો ઓછી થવા ... એણે મુદ્રાલેખ બદલ્યો :

'છાપવા માટે જરૂરી હોય તેટલું સાચું કહેનાર સાપ્તાહિક'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુ-નામસ્મરણ

શ્રી રેવાશંકર બરડવાળા

'રામનામે પથ્થર તરે' કહીને આપણે પ્રભુ-નામની મહત્તા તો ગાઈ જ છે. આધુનિક યુગમાં રામનામની અલૌકિક શક્તિ પૂ. બાપુએ બતાવી આપી છે. આપણા ધર્મગ્રંથોએ પ્રભુનામસ્મરણનો મહિમા અહોભાવથી ગાયો છે. શ્રીમદ્ ભાગવતે એનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. માનવી ભલે પરમ જ્ઞાની હોય, ભલે મુક્તાત્મા–વૈરાગી હોય તથાપિ ભક્તિ વિના પ્રાપ્ત કરેલાં જ્ઞાન ને વૈરાગ્ય નિરર્થક છે એવું લાગે છે. લેખકે અહીં ભક્તિ વિશે બોધપ્રદ વાત રજૂ કરી છે.

બ્રહ્મજ્ઞાની તરીકે આપણાં શાસ્ત્રોમાં સનત્કુમારો વિખ્યાત છે. કુમારો ચાર છે અને તે બ્રહ્માના માનસપુત્રો કહેવાય છે. ખરી રીતે તો મનના જે ચાર પ્રકાર છે–મન, ચિત્ત, અંતઃકરણ અને અહંકાર; એ ચારનું ચાર સનત્કુમાર એવું નામ આપેલું છે. મન જેમ સ્થિર રહેતું નથી તેમ આ ચારે કુમારો પણ સર્વદા ફર્યા જ કરે છે એમ ભાગવતમાં જણાવ્યું છે; તે પરથી પણ એ સિદ્ધ થાય છે કે મનને જ આ સનત્કુમારોની ઉપમા આપી છે. એક દિવસ આ સનત્કુમારોને નારદજીનો ભેટો થઈ ગયો. નારદજી હાંફળા-ફાંફળા ગાંડાની જેમ દોડ્યા જતા હતા તેને સનત્કુમારોએ ઊભા રાખી પૂછ્યું: 'અરે બ્રહ્મન્! આમ ચિંતાગ્રસ્ત કેમ છો ? જે મનુષ્યનું સર્વ ધન કોઈ હરી ગયું હોય અને તેના ચિત્તની જેવી સ્થિતિ થાય તેવી તમારી ચિત્તવૃત્તિ કેમ છે? તમારા જેવા બ્રહ્મજ્ઞાનીને આ શોભતું નથી.'

નારદજી કહે છે: 'ભાઈઓ, વાત એમ છે કે મેં એક આશ્ચર્ય જોયું છે.'

સનત્કુમારોએ પૂછ્યું: 'અમને વાત તો કહો, તમે શું જોયું?'

નારદ કહે: 'ભાઈઓ, હું પૃથ્વીને સર્વોત્તમ સમજી પર્યટન માટે ગયો હતો. પૃથ્વી પર નાનાવિધ તીર્થ હોવાથી તે તીર્થભૂમિ કહેવાય છે. એટલે એ તીર્થયાત્રા માટે હું પુષ્કરરાજ, પ્રયાગ, કાશી, ગોદાવરી, હરિક્ષેત્ર, કુરુક્ષેત્ર, શ્રીરંગ, સેતુબંધ વગેરે સ્થળે ગયો; પરંતુ ક્યાંય મને મારા મનને સંતોષ થાય એવો ધર્મ દેખાયો નહીં. કલિ અને તેના મિત્ર અધર્મનું સામ્રાજ્ય સર્વત્ર દેખાયું. સત્ય, તપ, પવિત્રતા, દયાદાન વગેરે મને ક્યાંય દેખાયાં નહીં. જીવમાત્ર કેવળ પોતાનું ઉદર ભરવા માટે નાના પ્રકારના પાખંડો કરતા લાગ્યા. લોકોની બુદ્ધિ પણ મંદ થતી જાય છે અને તેમનાં ભાગ્ય પણ મંદ થતાં લાગે છે. સંતો પણ પાખંડ કરતા દેખાયા. વિરક્તો પરિગ્રહ કરતા મારા જોવામાં આવ્યા. દંપતીજીવન જેવું કે ગૃહસ્થાશ્રમ જેવું પણ મને ક્યાંય ન દેખાયું. લોકો કેવળ સ્વાર્થ, સ્વાર્થ અને સ્વાર્થમય જ બની ન કરવાનું કરતા લાગ્યા. સર્વત્ર વિક્રય, વિક્રય જ લાગ્યો. આમ ફરતોફરતો હું શ્રીકૃષ્ણ ભગવાને જ્યાં લીલા કરી હતી ત્યાં યમુના-તટે આવી ચડ્યો, તો ત્યાં વળી નવીન કૌતુક જોયું. એક સુંદર સ્ત્રી વિલાપ કરતી બેઠી હતી. તેની તહેનાતમાં બીજી સો સુંદરીઓ હતી અને એ યુવાન સૌંદર્યવતી સ્ત્રીની સન્મુખ બે વૃદ્ધો ચેતનહીન જેવા દશામાં પડ્યા હતા અને તેમનાં મસ્તક ખોળામાં લઈ પેલી યુવતી કલ્પાંત કરતી હતી એટલે મને આશ્ચર્ય થયું અને હું તેની પાસે ગયો.

મને જોતાં તે સ્ત્રી બે હાથ જોડી કરગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતી–કરગરતી કહેવા લાગી: 'હે બ્રહ્મન્, આપનાં દર્શન થયાં તેથી મારાં ધનભાગ્ય સમજું છું, પરંતુ આપ પધાર્યા છો તો કૃપા કરી મારા દુઃખના નાશનો કંઈ માર્ગ દર્શાવતા જાઓ.'

મેં પૂછ્યું: 'હે સ્ત્રી, તું કોણ છે? આ તારી આજુબાજુ જે સ્ત્રીઓનું જૂથ છે તે કોણ છે અને આ બે વૃદ્ધો કોણ છે તથા તારે શું દુઃખ છે તે કહે તો હું મારાથી બનશે તેટલું દુઃખ નિવારણ કરીશ.'

તે સ્ત્રી બોલી: 'મહારાજ, મારું નામ ભક્તિ છે. આ સ્ત્રીઓ તે સરિતાઓ છે. તે મારી સેવા માટે આવી છે. આ પડ્યા છે તે બે મારા પુત્રો જ્ઞાન અને વૈરાગ્ય છે. તેઓ કાળના યોગથી જર્જરિત થઈ ગયા છે તેથી મને જરા યે સુખ મળતું નથી. મારી વાર્તા લાંબી છે છતાં તમે તે સાંભળી મને સુખી કરો. હું પુત્રો સાથે ઘણા દહાડા થયાં દુર્બળ થઈ ગઈ છું. હું વૃંદાવનમાં આવીને હમણાં નવી જેવી ઉત્તમ સ્વરૂપવાળી તરુણ તથા સારી રીતે સ્વરૂપવાળી થઈ છું; પરંતુ મારા પુત્રો, જેઓ અહીં સૂતા છે તેઓ પરિશ્રમને લીધે દુઃખ પામે છે અને મારા પુત્રો વૃદ્ધ થઈ ગયા છે તેથી હું ખિન્ન છું. હું કયા કારણથી તરૂણ થઈ ગઈ અને મારા પુત્રો કયા કારણથી વૃદ્ધ રહ્યા? તેઓ પણ મારી માફક તરુણ કેમ ન થયા? અમે ત્રણે સાથે ફરીએ છીએ છતાં આ રીતે વિપરીતપણું શા કારણથી રહ્યું? માતા ઘરડી હોવી જોઈએ અને પુત્રો યુવાન હોવા જોઈએ, પણ અહીં તો જુદું જ થયું છે. માટે જ હું મનમાં આશ્ચર્ય પામીને શોક કરું છું. માટે હે નારદજી! આમાં શું કારણ હશે તે સમજાવો.'

તેની વાત સાંભળી મેં કહ્યું: 'હે સુંદરી, તું સાવધ થઈને સાંભળ. આ કલિયુગ ભયંકર છે. તેણે સદાચારનો, યોગમાર્ગનો, તપશ્ચર્યાનો નાશ કર્યો છે. આ યુગમાં માણસો દુઃખી થાય છે અને શઠ સુખ ભોગવે છે. આવા સમયમાં જે શાળી મનુષ્ય ધીરજ ધરે છે તેને વીર પંડિત જાણવો. હમણાં તારી સામે તથા પુત્રોની સામે કોઈ જોતું નથી. આંધળા થયેલા લોકોએ ઉપેક્ષા કરી તું ઘણી ખળભળી ગઈ છે. છતાં તું આવવાથી તરુણ તથા નવી થયેલી છે. તારા પુત્રોના કોઈ ગ્રાહક ન હોવાથી કંઈક આત્મસુખ મળવાથી નિદ્રા એમ માની શકાય છે. મનુષ્યે દરેક ભ્રમરની માફક સાર ગ્રહણ કરતાં જોઈએ. જે ફળ તપથી, યોગથી અથવા થી મળતું નથી તે ફળ, કળિયુગમાં વાનના ગુણાનુવાદથી અથવા નામ કે નામસ્મરણથી મળે છે. માટે અવગુણો ઘણા છે તે તજી દઈ તે સામું જોવું જોઈએ. પરંતુ આજે તો પાખંડ વધી ગયાં છે. કુકર્મ વધી સર્વમાંથી સારપણું નીકળી ગયું છે. દાણાના લોભથી ઘેરઘેર અને પ્રત્યેક પાસે ભાગવતની કથા કરે છે તેથી સાર પણ જતો રહ્યો છે. અત્યંત અને નિંદ્ય કામ કરનારા નાસ્તિક ભયંકર સ્વભાવવાળા લોકો તીર્થમાં તેથી તીર્થનો સાર જતો રહ્યો છે. મહાલોભ અને તૃષ્ણાથી વ્યાકુળ પણ તપશ્ચર્યા કરવા લાગ્યા છે, તેથી સાર પણ ગયો છે. મનનો વિજય થી, લોભથી, દંભથી, પાખંડનો વાથી તથા શાસ્ત્રનો અભ્યાસ નહીં ધ્યાન તથા યોગનું ફળ પણ સંપ્રદાયપૂર્વક વૈષ્ણવપણું કોઈ રહ્યું નથી. આ રીતે સ્થળેસ્થળે વસ્તુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાર જતો રહ્યો છે. માટે હે બાલે! હે ભક્તિ! તું ખેદ ન કર અને શ્રીભગવાનના નામનું સ્મરણ કર એટલે તારા દુઃખનો નાશ થશે. ભગવાનના નામસ્મરણના જેવું બીજું કોઈ સાધન નથી.'

*

ઉપલો નારદ, ભક્તિ તથા સનત્કુમારનો વાર્તાલાપ એ તો એક રૂપક છે છતાં તેની અંદર ગ્રંથકારે ઘણી વાત સમજાવી દીધી છે. તેમાં મુખ્ય મુદ્દા બે છે:

(૧) ભક્તિ જ્ઞાનવૈરાગ્યયુક્ત હોય તો જ મનને શાંતિ અને સુખ મળે છે.

(૨) આજના યુગમાં પ્રભુનામસ્મરણ એજ સંસાર તરવાનું સર્વોત્તમ સાધન છે. ધર્મપંથ કે વાડાના ડખામાં કે વેદાંતના ગંભીર વિષયમાં પડવાની શક્તિ ન હોય તેણે શુદ્ધ અંતઃકરણથી પ્રભુસ્મરણ કરવું. અને આ બન્ને વસ્તુ દીવા જેવી સ્પષ્ટ અને સચોટ નથી?

(૧) જ્ઞાન અને વૈરાગ્યવિનાની ભક્તિ એ પાંખવિનાના પંખી જેવી છે એમ તો આપણો ગુજરાતી વેદાંતી કવિ અખો પણ કહી ગયો છે:

ભક્તિરૂપી એક પંખણી રે,
જ્ઞાન-વૈરાગ્ય એને પાંખજી!

જ્ઞાન થાય એટલે વૈરાગ્ય આપોઆપ આવે જ. જ્ઞાનવિનાનો વૈરાગ્ય નકામો છે અથવા ક્ષણભંગૂર છે અને તેથી જ તેવા વૈરાગ્ય માટે સ્મશાનવૈરાગ્ય એવું નામ પડ્યું છે. એવો ક્ષણિક વૈરાગ્ય તો માણસને દિવસમાં એકાદવાર આવી જાય છે. કોઈના મરણ પછી પણ ક્ષણિક વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, પરંતુ જ્ઞાનમાર્ગથી જે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે તે જ ખરો વૈરાગ્ય છે અને એ વૈરાગ્ય પ્રાપ્ત થાય ત્યારે આ સંસાર અસાર ભાસે છે અને ભગવાનમાં દૃઢ ભક્તિ બંધાય છે. એ ભક્તિ અંતરનાં દ્વાર ખોલી નાખે છે. મીરાં-નરસિંહ એ ભક્તિનાં ઉત્તમ દૃષ્ટાંતો છે. એ ભક્તિ હૃદયને ચિરશાંતિ આપે છે અને સુખ પણ તેમાં જ છે. મીરાં-નરસિંહનાં ભક્તિપૂર્ણ પદો વાંચવાથી સમજાય છે કે જ્ઞાન અને વૈરાગ્ય કેવાં ભક્તિમાં ઓતપ્રોત હોય છે.

(૨) કલિયુગમાં પ્રભુનામકીર્તન મુખ્ય છે. જો શ્રદ્ધાપૂર્વક રામનામ ઉચ્ચારવામાં આવે તો તે યજ્ઞ કર્યા બરોબર જ છે અને તેથી જ તુલસીદાસજી કહી ગયા છે:

રામ રામ તો સબ કહે
દિલ સહ કહે ન કોય;
એકવાર દિલ સહ કહે
કોટી યજ્ઞફળ હોય.

વળી આ દૃષ્ટાંત માટે આપણે દૂર શા માટે જવું? પૂજ્ય પ્રાતઃસ્મરણીય મહાત્માજી ક્યાં ઓછું કહી ગયા છે? રામનામ-મહિમા કોણે આજના યુગમાં મહાત્માજીથી વધારે ગાયો છે? સર્વ રોગના શમન માટે રામનામનો મંત્ર મહાત્માજીએ ક્યાં નથી આપ્યો?

જો મનુષ્યથી બીજું કંઈ ન બને તો કેવળ અંતઃકરણપૂર્વક પ્રભુસ્મરણ કરે, તોપણ આ જીવનમાં સાચી શાંતિ અને સુખ માટે તે પૂરતું જ છે. એ બે વાત ઉપરોક્ત રૂપક પરથી પૂરવાર થાય છે અને તે સત્ય છે એમ આપણને એ પર વિચાર કરતાં સહેજે સમજાય તેમ છે. આજના સંતપ્ત વિશ્વને શાંતિ અને સુખ આપવા માટે પ્રભુનામસ્મરણનો પ્રચાર કરવો જરૂરી નથી?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર-ચંક્રમણ

*

શ્રી નરહરિ ભટ્ટ

માનવીને યુદ્ધ સાથે છેક આદિકાળથી … છે. દરેક સંઘર્ષ સમાજના જીવનને પલટી … છે. એમ કહી શકાય, કે પ્રગતિની કસોટી … કેટલે અંશે સ્વાતંત્ર્ય મેળવે છે તે પર નથી, … સંઘર્ષનો—યુદ્ધનો સમાધાનકારક ઉકેલ કેટલે … તે લાવી શકે છે તે પર નિર્ભર છે. જો માનવી … ઉકેલ યુદ્ધ વિના લાવવાનો રસ્તો આપણને … નહીં તો દરેક યુદ્ધ માનવજાતને પાછળ જ ધકેલતું જશે. કોઈ પણ પ્રકારનું પરિવર્તન યુદ્ધ વિના … રીતે આવી શકે તેની લેખકે અહીં સાદી વિચારણા કરી છે.

વ્યક્તિ કેટલે અંશે સ્વવિકાસ માટેની સ્વતંત્રતા મેળવે છે તેના પર સંસ્કારિતાનો આધાર છે, એવો એક સિદ્ધાંત છે. બ્રિટનના સુવિખ્યાત લેખક શ્રી હેરલ્ડ લાસ્કીએ વ્યક્તિસ્વાતંત્ર્ય અને સમાજના વિશાળ હિતમાં તે પરની મર્યાદા-પર એક મનનીય ગ્રંથ લખ્યો છે.

ઉદારમતવાદીઓની વિચારશ્રેણીનો પાયો આ સિદ્ધાંત પર રચાયેલો છે. તેમનું કહેવું છે, કે માણસે સ્વવિકાસ રૂંધતી મર્યાદાઓની સામે લડીઝઘડીને તેમાંથી મુક્તિ મેળવી વિકાસ સાધ્યો છે. પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓ, મતાધિકાર અને તે પર રચાયેલું લોકરાજ આ વ્યક્તિસ્વાતંત્ર્યના વિકાસનાં પ્રતીકો ગણાય છે.

પણ માનવસમાજના વિકાસને સમજવાની આ કસોટી અધૂરી છે. માણસ સમાજ બાંધીને રહે છે અને સમાજમાં રહેવાથી તેને લડવાનાં અને લડાઈઓ પતાવવાના પ્રસંગો પ્રાપ્ત થાય છે. એક પરિસ્થિતિમાં તેની વિરોધી પરિસ્થિતિ ઉપસ્થિત થાય અને તેના સંઘર્ષમાંથી ત્રીજી, બન્નેના સમન્વયથી પરિસ્થિતિ જન્મે; વળી તેનો વિરોધ અને સંઘર્ષ જાગે અને ઉત્તરોત્તર આવા સંઘર્ષોમાંથી માનવસમાજ પ્રગતિ કરે છે. એ માર્ક્સવાદનો સિદ્ધાંત થયો. આ સંઘર્ષ અને સમન્વય એ સમાજનું અનિવાર્ય અંગ છે પણ સંઘર્ષમાંથી સમન્વય કેવી રીતે સ… અને તેમાંથી પ્રગતિનું નિર્માણ કરવું … અગત્યની બાબત છે.

આદિ માનવીએ હિંસા દ્વારા … ઉકેલ આણ્યો, પણ જેમજેમ માનવી … કરતો ગયો તેમતેમ તેણે આ સંઘર્ષ… સમન્વય સાધવા માટે અહિંસાનાં સાધ… આશરો લેવા માંડયો. ઝઘડો અને … સમાધાનનો સમજાવટ દ્વારા નિકાલ … તેણે પ્રયત્નો કર્યા. આ માટે તેણે પ્રણાલિ… પાડી અને સંસ્થાઓ સ્થાપી.

આજે હવે માનવપ્રગતિની કસોટી … અંશે માનવી વ્યક્તિસ્વાતંત્ર્ય મેળવે … તેના પર નિર્ભર નથી રહેતી, પણ … અંશે માનવી તેના ઝઘડાનો નિકાલ લાવ… સમાધાનના સાધનનો સફળતાપૂર્વક … કરી શકે છે તેના પર રહે છે. પો… દૃષ્ટિબિંદુ પર સુદૃઢ રહેવું, સામાના દૃષ્ટિ… પ્રત્યે માન કેળવી, તેની તે પ્રત્યેની … અને પ્રામાણિકતામાં શ્રદ્ધા કેળવી તેને પો… દૃષ્ટિબિંદુ સમજાવી પરસ્પરને સમજ… પ્રયત્ન કરવો અને આ રીતે ઝઘડાનો નિ… લાવવો એ કસોટી ચોક્કસ રીતે પ્રગતિક…

આ સદીમાં બે મહાવિશ્વવિગ્રહો … ભવનાર દુનિયાની પ્રજાઓ યુદ્ધના … જવાને તૈયાર નથી. આ વૃત્તિમાંથી … વિશ્વવિગ્રહ બાદ 'પ્રજાસંઘ' અને …

.CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાથી રાષ્ટ્રસંસ્થા' જેવી વિશ્વવિગ્રહ બાદ સંસ્થાઓનો જન્મ થયો. ભાવનાની ભૂમિકા તરીકે આ એક પ્રગતિ ગણી શકાય. બે રાષ્ટ્રો–બે પ્રજાઓ પોતાના ઝઘડાનો ફેંસલો શસ્ત્રોના મુકાબલાથી ન કરતાં, તટસ્થ રાષ્ટ્રો પણ જ્યાં હોય ત્યાં ગોળ ટેબલની આસપાસ બેસીને તેનો મિત્રાચારીથી નીવેડો લાવે એ ખરેખર આવકારપાત્ર પરિણામ છે. પરંતુ આ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં પણ હજુ વધારે શસ્ત્રબળવાળા દેશોની ભાગીદારીનું વર્ચસ્વ છે અને શસ્ત્રોના પ્રચ્છન્ન ભયની છાયા હેઠળ સમાધાનની ભૂમિકા રચવામાં આવે છે.

આપણે હજુ સમાધાનની પ્રાથમિક અવસ્થામાં છીએ, પણ આપણી ગતિ એ તરફ છે. એ ભૂમિમાં હિંમત અને વિશ્વાસપૂર્વક વિચરતા આપણે હજુ કેટલાં વિશ્વયુદ્ધોનું રક્તસ્નાન કરવું પડશે એ કોઈ કહી શકે તેમ નથી; પણ આ ઉત્કૃષ્ઠ ભૂમિકા પર થયેલા પ્રયત્નોના ઇતિહાસમાંથી એક જ્વલંત ઉદાહરણ રજૂ કરવું અસ્થાને નહીં ગણાય.

આ ઉદાહરણ આદ્ય શંકરાચાર્યનું છે. કેવળ બાળપણમાં પરમ જ્ઞાન સંપાદન કરી સંસારની માયાને બાજુ પર મૂકી સંન્યાસીની કંથા અને દંડ ગ્રહણ કરી તેમણે ભારતવર્ષમાં પ્રયાણ આદરી રાજદરબારમાં ભરાયેલી ધર્મચર્ચા દ્વારા બૌદ્ધધર્મના પાછલા સમયમાં દેશમાં વ્યાપેલી અધોગતિ સામે સંગ્રામ શરૂ કર્યો. ખરું જોતાં તેમનો સંગ્રામ બજારો માટે લડતાં મૂડીવાદી શસ્ત્રસજ્જ બે પ્રજાજનો અને રાષ્ટ્રો વચ્ચેના યુદ્ધો કરતાં ય વધારે ભીષણ હતો. આ સંગ્રામ હતો બે સંસ્કૃતિ–બ્રાહ્મણ અને બૌદ્ધ–બે વિચારસરણીઓ વચ્ચેનો. હિંદના ભાગલા પડ્યા પછી આપણે આવા વિચારસરણી અને સંસ્કૃતિના સંગ્રામનો સ્વાદ ચાખી લીધો છે અને મહાયુદ્ધ કે મહારોગમાં જેટલા માનવીઓ પ્રાણ ત્યાગે નહીં તેટલા માનવીઓનો લોહીથી હિસાબ ચૂકવ્યો છે; એટલે આવા સંગ્રામની ગંભીરતા આપણે સહેજે સમજી શકીએ.

શંકરાચાર્ય કેવળ સંન્યાસીના દંડ અને પોતાની શ્રદ્ધા અને જ્ઞાનથી સજ્જ હતા; અને કોઈપણ સંસ્કૃતિ–પ્રણાલિકાને ગૌરવ આપે તેવાં આ બે આયુધોથી સજ્જ બની તેમણે બૌદ્ધમાર્ગી મહાપંડિત મંડનમિશ્ર સાથે, મંડનમિશ્રનાં વિદુષી પત્ની સરસ્વતીના મધ્યસ્થ હેઠળ એનો ફેંસલો આણ્યો. અઠવાડિયાના વિવાદમાં મંડનમિશ્રે શંકરાચાર્યના મતનો અંગીકાર કર્યો. બીજા અઠવાડિયા બાદ મધ્યસ્થ બનેલાં સરસ્વતીએ પણ એ મતનો સ્વીકાર કર્યો; અને એ પરિષદના નિર્ણયના પરિણામે, ભારતવર્ષમાંથી બૌદ્ધધર્મ સમૂળગો ભુંસાઈ ગયો, બ્રાહ્મણ ધર્મની પુનઃ સ્થાપના થઈ અને સંન્યાસી શંકરાચાર્ય પુનઃ સ્થાપિત બ્રાહ્મણ ધર્મની રક્ષા માટે ભારતની ચાર દિશામાં ચાર શિષ્યોને મૂકીને જીવનની લીલા કેવળ બત્રીસ વર્ષમાં સંકેલીને ચાલી નીકળ્યા.

કેવળ સમાધાનની ભૂમિકા પર આવો જ્વલંત વિજય નોંધાયાનું ઇતિહાસમાં બીજું કોઈ ઉદાહરણ નથી. હજુ આપણે સંસ્થાઓ રચીએ છીએ, શસ્ત્રો અને અણુબોંબની તથા હાઈડ્રોજન બોંબની ઓથ હેઠળ ગોળમેજની આસપાસ બેસીએ છીએ, શંકા અને અવિશ્વાસના ધુમ્મસમાં શેતરંજના દાવ ખેલીએ છીએ, ત્યારે એક હજાર વર્ષ પહેલાં આ પ્રશ્નનો નિવેડો એક નિઃશસ્ત્ર બ્રાહ્મણ સંન્યાસીએ સદાકાળ માટે આણ્યો હતો. આમાં શંકરાચાર્યની પ્રતિભાનો જેટલો વિજય છે તેટલો જ તે સમયના સુસંસ્કૃત અને ઉત્કૃષ્ટ સમાજનો પણ વિજય છે. અક્ષરજ્ઞાનની તકલદી કસોટીથી ત્યારના સમયના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારી ઊંઘ લેવી છે?

*

શ્રી રમેશચંદ્ર હ. શેઠ

નથી. ઊલટા ઊંઘ વિશે કેટલાક ભ્રામક ખ્યાલો ઊંઘ લેવા માટેનું યોગ્ય માર્ગદર્શન અહીં મળે છે.

'દાળ બગડી એનો દહાડો બગડ્યો.' કહેવત કરતાં વધુ યોગ્ય કહેવત તો 'ઊંઘ બગડી એનો દિવસ બગડ્યો.' રાત્રે ઊં[ઘ] ન આવી હોય ત્યારે માનવીની સ્થિતિ [બીજે] દિવસે કેવી દયાજનક થઈ જાય છે! જ્યારે ત્યારથી માનવીને જેની સાથે ગાઢ સંબંધ છે [તે] નિદ્રા—ગાઢ નિદ્રા લેવાની કળા આપણને [...] આપણામાં પ્રવર્તે છે. એનું નિરસન તથા [...]

બધી વસ્તુઓ માગી કદાચ મળી શકે, પણ ઊંઘ કદી માગી મળતી નથી એવું આપણા એક મોટા લેખકે કહ્યું છે, ને એ ઘણે અંશે સાચું છે. સો માણસોએ પાંચેક એવા નસીબદાર નીકળે, જે પથારીમાં પડ્યા પછી થોડી મિનિટોમાં જ ઘસઘસાટ ઊંઘી જઈ શકતા હોય. ખાસ કરીને મોટી ઉંમરનાં સ્ત્રી–પુરુષો અજંપાથી બહુ હેરાન થતાં હોય છે.

પ્રોફેસર નેથેનીલ ક્લીટમને અમેરિકાની શીકાગો યુનિવર્સિટીની 'સ્લીપ લેબોરેટરી' માં છેલ્લાં ૨૬ વર્ષથી ઊંઘ વિષે અભ્યાસ કર્યો છે, ને આ વિષય પરત્વે એના જેટલું જ્ઞાન દુનિયામાં અત્યારે કદાચ કોઈને નહીં હોય. એમણે યુનિવર્સિટીના સેંકડો વિદ્યાર્થીઓ પર જાતજાતના પ્રયોગો કરીને ઊંઘ વિષે ઘણું એવું સંશોધન કર્યું છે. ઊંઘ વિષે આપણી ઘણી યે જુદીજુદી માન્યતાઓ છે; પરંતુ એમાંની ઘણીખરી ખોટી ને ગેરસમજ ભરેલી છે એમ એ પ્રોફેસર ઠરાવે છે.

આપણે એવી કેટલીક માન્યતાઓ [...] એ ને પ્રોફેસર એ વિષે શું કહે છે એ [...]

૧. માણસે રાત્રે ઓછામાં ઓછી [...] કલાકની ઊંઘ લેવી જોઈએ. આ [...] ખોટું છે. પ્રોફેસરે પોતાના પ્રયોગો [...] જોયું છે, કે દરેક માણસને એનાં [...] સ્વભાવ ને તંદુરસ્તી પ્રમાણે ઊંઘ જો[ઈએ] [...] એક માણસ નવ કલાકની ઊંઘ [...] જ્યારે બીજા માટે પાંચ કલાક પૂરતા [...]

૨. રાત્રે ઊંઘમાં વારંવાર પાસાં [ફેર]વાથી ઊંઘમાં ખલેલ પડે છે ને ઘસ[ઘસાટ] ઉંઘાતું નથી. આ પણ એક ખોટી મા[ન્યતા] છે. પ્રોફેસરનો અનુભવ કહે છે, કે [...] પાસાં બદલવાથી ઊંઘમાં હરકત [...] બદલે ઊલટો ફાયદો રહે છે. [...] એમણે આ મુજબ કહ્યું છે: 'આ[ખી રાત] તમે સૂવાની સ્થિતિ બદલ્યા વગર [...] એમ સૂઈ રહો, તો સવારે ઊઠતાં [...] તમારું શરીર એકદમ અક્કડ જ[...] તમે બેચેની અનુભવશો...'

~~~

જ્ઞાનનું માપ નીકળવું મુશ્કેલ છે, પણ મંડનમિશ્રની શોધમાં નીકળેલા શંકરાચાર્યને પુરજનો નિશાની આપે કે શુકસારિકા જ્યાં વેદોચ્ચાર કરતાં હોય તે આંગણું મંડનમિત્રનું હશે. એવા સમાજની સંસ્કારિતા, પુસ્તકો અને અક્ષરજ્ઞાનના ભારણવાળા [...] સમાજ કરતાં જરૂર ઉચ્ચ પ્રકારની [...]

આપણા પ્રાચીન ઇતિહાસ પર[ની] [...] ખંખેરી આપણે શ્રદ્ધાપૂર્વક સંશોધન [...] તો આપણને ઘણું લાધશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
~~~

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ઊંઘને બે ભાગમાં વહેંચી નાખવાથી સારી ઊંઘ લઈ શકાય છે ને વચ્ચેના સમયમાં કામ પણ સારું થઈ શકે છે. ઘણા લોકો, ખાસ કરીને હાઈસ્કૂલ કે કૉલેજના વિદ્યાર્થીઓ આવી માન્યતામાં રાત્રે વહેલા આઠનવ વાગે સૂઈ જાય છે ને રાત્રે બે વાગે ઊઠી, ત્રણ કલાક વાંચી ને પાછા પાંચ વાગે સૂઈ જાય છે. પરંતુ ક્લીટમનના માનવા મુજબ આખી રાત એકસાથે સૂવાની ટેવવાળા માણસો મધ્યરાત્રિ ને વહેલી પરોઢની વચ્ચેના સમયે ઓછામાં ઓછું કામ કરી શકે છે. એને બદલે આખી રાત એકસાથે સૂઈને સવારે વહેલા ઊઠવાથી વધુ કામ થઈ શકે છે.

૪. એક દિવસે આખી રાતનો ઉજાગરો કર્યો હોય તો બીજે દિવસે દરરોજ કરતાં બમણો સમય સૂવું જોઈએ. આ પણ તદ્દન ખોટી માન્યતા છે. પ્રોફેસર ક્લીટમને ઘણા માણસોની બાબતમાં જોયું છે, કે એકસાથે ચારથી પાંચ રાતના ઉજાગરા કરીને કોઈ માણસ બાર–ચૌદ કલાકથી વધુ નથી સૂઈ શકતો. પાંચ રાત એટલે સાધારણ રીતે ચાલીસેક કલાક ઊંઘમાં ગુમાવ્યા હોય તો એકી સાથે ચાલીસ કલાક ઊંઘીને ભરી આપવા એવી માન્યતા સાવ ખોટી જ છે ને અશક્ય છે.

૫. ઘણી માતાઓ એમનાં બાળકોને સૂચના આપતી દેખાય છે, કે 'ડાબે પડખે ન સૂઓ.' આમ કહેવા પાછળ એમની એવી માન્યતા હોય છે કે ડાબે પડખે સૂવાથી હૃદયને નુકસાન પહોંચે છે. આ પણ ...ક તરંગ જ છે. રાત્રિ દરમ્યાન ડઝનેક ...ર આપણે આપણી સૂવાની સ્થિતિઓ ...દલીએ છીએ અને ગમે તે પડખે સૂઈએ ...નો વાંધો નથી.

૬. સૂતા પહેલાં કંઈ ખાવું કે પીવું ન ...ઈએ એ ખોટું છે; ખાઈને સૂવાથી ઊંઘને કંઈ હરકત નથી આવતી. પણ આ માન્યતા લોકોમાં બહુ જડ ઘાલી બેઠેલી છે. જ્યાંસુધી માત્ર ઊંઘ સાથે જ સંબંધ છે ત્યાંસુધી તો 'સૂતા પહેલાં ખાવા કે પીવામાં કંઈ હરકત નથી' એમ ભારપૂર્વક કહી શકાય એમ છે. ખાઈને સૂવાથી પાચનક્રિયામાં ફેર પડતો હશે, કફ વધીને જડતા વધતી હશે; પરંતુ ઊંઘની બાબતમાં કંઈ ફેર નથી પડતો. પછી તો ઘણે અંશે એ વાત માણસની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. કોઈને રાત્રે ચા પીવાથી મોડે સુધી ઊંઘ નથી આવતી, જ્યારે એવા પણ લોકો છે જેમને રાત્રે ઊંઘ આવે એ ખાતર ચા પીવો જ પડે છે.

આપણામાનાં ઘણાંનો–લગભગ આપણા બધાનો જ સૂવા અને ઊઠવાના સમયનો નિયમ બંધાઈ ગયેલો હોય છે. (અંગ્રેજીમાં એને 'રેગ્યુલર સાઈકલ ઑફ સ્લીપ' કહે છે) જાગ્રતાવસ્થા અને નિદ્રાવસ્થા વખતે આપણા શરીરમાં ઉષ્ણતામાનનું પ્રમાણ વધતુંઓછું હોય છે. સવારે આપણે ઊઠીએ ત્યારે એ ઉષ્ણતામાન સાવ ઓછું હોય છે ને આપણે જેમ જેમ વિચારતા ને ચિંતા કરતા થતા જઈએ છીએ તેમ એનું પ્રમાણ વધતું જાય છે. રાત્રે આખા દિવસની મહેનતથી આપણે થાકી ગયેલા હોઈએ છીએ ને તેથી ઉષ્ણતામાનનું પ્રમાણ ઘટવા લાગે છે, એકદમ નીચે પહોંચે છે. આપણે આ નિયમ પ્રમાણે જ ઊંઘ લઈએ છીએ. સાદો દાખલો લઈએ : શનિવારે સૂતી વખતે તમે વિચાર કરો કે આવતી કાલે રવિવાર છે, રજાનો દિવસ છે, વહેલા ઊઠીને ઑફિસે જવાની તૈયારી કરવાની નથી; માટે નિરાંતે 'મોડા મોડા દસ–અગિયાર વાગે ઊઠીશું.' પરંતુ દરરોજના ઊઠવાના સમય કરતાં તમે બહુ તો એકાદ કલાક વધુ સૂઈ શકશો. આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરરોજ એક જ સમયે ઊઠવાનો આપણો એવો નિયમ બંધાઈ ગયેલો હોય છે, કે તેથી બહુ મોડે સુધી નથી સૂઈ રહી શકાતું.

રાતે કોઈ ભેદભરમ ને ખૂનલૂટથી ભરપૂર સિનેમા જોઈ આવ્યા પછી પણ તમને મોડે સુધી ઊંઘ નહીં આવે; કારણકે તમારું મન ઉશ્કેરાટ અનુભવે છે ને તમારા શરીરમાં ઉષ્ણતામાનનું પ્રમાણ વધી ગયું છે. ઘણીવાર એવું પણ બને છે કે બપોરે પુસ્તક વાંચતાં-વાંચતાં તમારી આંખો ઘેરાવા લાગી હોય ત્યાં જ કોઈ વસ્તુ એકાએક યાદ આવતાં જ તમારી ઊંઘ ક્યાંય અલોપ થઈ જાય છે; કારણકે મનમાં એક પ્રકારનો જુસ્સો ને ચિંતા પેદા થાય છે ને ઉષ્ણતામાનનું પ્રમાણ વધી જાય છે. આથી આપણી ઊંઘ ઊડી જાય છે.

પ્રોફેસર ક્લીટમનને અજંપાથી હેરાન થતાં ઘણાં યે સ્ત્રી-પુરુષો તરફથી વિનતિઓ ને આગ્રહ થયા, કે એણે બધાંને લાગુ પડે એવી એકાદ ઊંઘની ચમત્કારિક દવા બનાવવી. પણ પ્રોફેસરે કહ્યું, કે એ અશક્ય છે. દરેક જણે પોતાની મેળે વિવિધ ઉપાયો અજમાવી જોવાં જોઈએ ને જે સફળ ને સચોટ લાગે એનો આશ્રય લેવો જોઈએ.

આમાં સૌથી પહેલો ને સાદો ઉપાય તો એ છે, કે થોડોથોડો પરિશ્રમ કરવો. કંઈ પણ પરિશ્રમ વગરની ને સાવ બેઠાડુ જિંદગી ગાળનારને સવામણ રૂની તળાઈમાં પણ ઊંઘ ન આવે એ દેખીતું જ છે. જ્યારે આખો દિવસ પરિશ્રમ કરીને સાંજે થાકીને લોથ થઈ જતાં શ્રમજીવીઓને ઊંઘ માટે છત્રી-પલંગ કે ગાદલાંની જરૂર પડતી નથી.

ગ્રામોફોન રેકોર્ડો કે રેડિયો સાંભળતાં ઊંઘ આવી જતી હોય તો એ અજમાવો.

ચોપડી વાંચતાંવાંચતાં ઊંઘ આવી જતી હોય તો ચોપડી વાંચો.

રાત્રે ગરમ પાણીએ નહાવાથી ઊંઘ આવી જતી હોય તો એમ કરી જુઓ; નહાવું ન હોય તો સૂતાંસૂતાં ગરમ પાણીમાં પગ બોળી રાખો.

ચા કે કોફી પીવાથી ઊંઘ આવી જતી હોય એમ હોય તો એ ટેવ પણ પાડી જુઓ.

પ્રાર્થના કરવાથી મન શાંત થતું હોય ને ઊંઘ આવતી હોય તો તેમ કરવું ઉત્તમ.

'પરંતુ ડોક્ટરની સલાહ લીધા વગર ન જ ચાલી શકે એવું હોય તો ઊંઘની દવાઓ ને ગોળીઓ ન લો.' ક્લીટમન આ પ્રમાણે ચેતવે છે. 'આ વસ્તુઓ જોખમી છે. એ થોડીવારને માટે કેફ ચડાવીને આપણને ઘેનમાં નાખી દે છે. પરંતુ અજંપાનું ખરું કારણ એથી દૂર નથી થતું.'

વર્ષોના અભ્યાસ પછી પ્રોફેસર ક્લીટમન નીચે પ્રમાણેના સાદા ને સસ્તા ઉપાયો સૂચવે છે:

૧. નિયમિત રહો. દરરોજ એક જ સમયે સૂવા ને ઊઠવાની ટેવ પાડો. આમ કરવાથી રાત દરમિયાન સારી ઊંઘ લઈ શકાશે.

૨. સૂવાના સમય પહેલાં એકદમ શાંત થઈને આનંદિત બનવાનો પ્રયત્ન કરો. ચિંતાભર્યા ને વ્યગ્રતાપૂર્ણ મને પથારીમાં પડીએ છીએ તો ઊંઘ મોડેથી આવે છે.

૩. પથારીમાં એકલા જ સૂવું સારું. બે કે ત્રણ પથારીમાં ચાર પાંચજણે સાથે સૂવું હાનિકારક છે.

૪. દરરોજ એક જ સમયે સૂવા છતાં ઊંઘ ન આવે તો સૂવાનો સમય થોડો મોડો કરી જુઓ.

તમે સંપૂર્ણ નિદ્રા લો છો કે નહીં, તે તમારે નક્કી કરી જોવું જોઈએ. સવારે ઊઠતાં તમને સ્ફૂર્તિ રહે તો સમજવું કે તમે પૂરી નિદ્રા લીધી છે; પણ થાક ને આળસ લાગે તો તમે પૂરતી ઊંઘ નથી લીધી એમ સાબિત થાય છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતઃકરણ

*

શ્રી જુગલરાય મજમૂદાર

છેક નાનામાં નાની તકરારથી માંડી જગત પર ચાલતાં મહાન યુદ્ધો થવામાં મૂળકારણભૂત જો કોઈ પણ ચીજ હોય તો તે કદાચ સામાના હૃદય-સાગરના ઊંડાણ ન માપી શકવાની માનવીની અશક્તિ જ હશે. પ્રબળ પ્રયત્ન વિના એ શક્ય નથી. સામાન્ય જનને તો, બુદ્ધિ, મન ને હૃદય–અંતઃકરણમાં કશો જ તફાવત લાગતો નથી, પણ સાચી રીતે શું એમ છે? એ માટે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞો શું કહે છે? આપણી ભારતીય સંસ્કૃતિની એ વિષયમાં શોધ કેવીક છે? સામાન્ય માનવીને લાગતી અંધકારભરી આ દુનિયામાં લેખકે પ્રકાશનાં થોડાંક આવકારદાયી કિરણો પાથર્યાં છે.

પશ્ચિમના સુપ્રસિદ્ધ તત્ત્વવેત્તા કાંટ કહે છે, કે 'મને ઈશ્વરનું મહાનપણું સમજાયું તે વ્યોમમંડળ ને તારામંડળથી આચ્છાદિત આકાશની કૃતિથી અને તેથી જ હું કંઈક નિશ્ચય ઉપર આવી શક્યો. અંતઃકરણમાંની નીતિમય વૃત્તિઓથી પણ ઇશ્વરના મહાનપણાની મને પ્રતીતિ અને ખાતરી થઈ.' આ ઉપરથી જણાય છે, કે ઈશ્વર–સૃષ્ટાથી રચાયેલી બાહ્યાકાશ–સૃષ્ટિ અને મનુષ્યના શરીરમાં સ્થિત અંતરાકાશમાં રહેલ અંતઃકરણની રચનાથી કાંટ મુગ્ધ થયેલા છે. ઈશ્વરને સર્વશક્તિશાળી તરીકે એમણે દર્શાવ્યો છે.

ત્યારે પશ્ચિમના બીજા એક તત્ત્વવેત્તા ફ્રૉઇડ કહે છે, કે 'કાંટના કહેવા પ્રમાણે આકાશ–વ્યોમાકાશમાં રહેલું તારામંડળ ઘણું જ મહાન છે, ઉચ્ચ પ્રકારનું છે, પણ અંતઃકરણ માટે તેટલી ખાતરીથી કંઈ જ કહી શકાય નહીં. હા, વધુમાં વધુ એટલે સુધી કહી શકાય કે ઈશ્વર ઉપર અંતઃકરણને ખડબચડું બનાવવાનો દોષારોપ મૂકી શકાય તેમ છે.!'

ઈશ્વરે ઘડેલી આ ચીજ–અંતઃકરણ–નું સંચાલન નીતિના ઉત્તમ માર્ગ ઉપર થાય છે, છતાં તે જ ચીજ–અંતઃકરણ–ગુલામોના નિયામકના સ્વભાવ પ્રમાણે ખરાબ ને નાતિ-વિરુદ્ધ પણ ક્યારેક કામ કરે છે. ઉપરાંત તે પોતાના સ્વભાવ પર અસર નિપજાવે છે: દાખલા તરીકે પોતાની જાત ઉપર ગુસ્સો ઊભો કરે છે; અને નીતિથી વિરુદ્ધ એવી ગુનાહિત બાબતો માટે વિષયનો મન સાથે સંબંધ થતો નથી; એટલે કે પરિણામ આવતું નથી; પરંતુ જ્યારે ચિત્તનું બળપૂર્વકનું આંદોલન હોય છે, ત્યારે જ મન ઉપર તે આંદોલનથી આકાર પડે છે. જ્યારે આકાર મન ઉપર પડે છે ત્યારે તે શું છે તે જાણવાની મનની શક્તિ હોતી નથી તેથી તુરત જ તેને બુદ્ધિની મદદ લેવી પડે છે. બુદ્ધિની મદદ વગર મન નિર્ણયાત્મક નિશ્ચય કરી શકતું નથી; પરંતુ બુદ્ધિ જે નિર્ણય કરે છે તેની છબી–છાપ મન ઉપર પડે છે. મન ઉપર છાપ જેવી પડે છે તેવો જ છૂપી સ્થિતિમાં રહેલ અહંકાર જાગૃત થઈ તેમાં જોડાઈ ક્રિયા શરૂ કરે છે; અને અહંકાર તે વિષયને, ક્રિયાને અંતઃકરણમાં શક્તિપ્રેરક ચૈતન્ય પુરુષ આગળ મૂકે છે. તેમાંથી તે વિષયમાં શક્તિ પ્રેરિત થઈ કાર્યની શરૂઆત થાય છે. અંતઃકરણ પછવાડે જે શક્તિ કામ કરે છે તે શક્તિશીલ અંતઃકરણ નિર્લેપ અને નિર્ગુણ માનીએ તો ખોટું એમ કહી શકાય; અંતઃકરણના જે ચાર વિભાગ એટલે પ્રકાર છે તેને સાકાર અને સગુણ અને ક્રિયાત્મક કહી શકાય. ચોથો પ્રકાર તે અંતઃકરણમાં જે શક્તિચૈતન્ય રહેલું છે તે છે. આને સાક્ષી-આત્મા કહે છે.

ઇન્દ્રિયોને એટલે કે પાંચ જ્ઞાનેન્દ્રિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા પાંચ કર્મેન્દ્રિયોને બાદ કરતાં ચિત્ત; એટલે કે વિષયને ઊભો કરનાર છે તેમાં, મન કે જેના ઉપર ચિત્ત વિષયને અથડાવે છે તેમાં; અને બુદ્ધિ કે જે મન ઉપર પડેલી છબી–પ્રતિમા–છાપનો નિર્ણયાત્મક નિશ્ચય કરનાર છે તેમાં, અંતઃકરણ વણથાક્યું હમેશાં વણમાગી દલાલી ને ડખલગીરી કર્યા જ કરે છે. અંતઃકરણના આવા સ્વભાવને લઈને નુકસાન થવામાં કંઈજ બાકી રહેતું નથી.

આવા અંતઃકરણના સ્વભાવને લઈને માનસિક માંદગી તથા શારીરિક માંદગીઓને પગપેસારો કરવા માટે અનુકૂળતા મળે છે અને આખર પગદંડો જમાવે છે. માનસિક માંદગીમાં થોકબંધ જુદાજુદા પ્રકારની દહેશતો–બીક ઊભી થઈ આવે છે. જુદાજુદા પ્રકારની અનેક ફિકર–ચિંતાઓનો ઉપદ્રવ થાય છે; તે એટલે સુધી, કે આ ચિંતા કાયમનું ઘર કરીને રહી પડે છે. વળી એ જુદાજુદા મનુષ્યો પ્રત્યે તથા જુદીજુદી ચીજો પ્રત્યે તિરસ્કારની લાગણી પણ ઊભી કરે છે. એટલું જ નહીં, તેમાંથી ધિક્કારની લાગણીઓ મર્યાદા બહારની વધી જાય છે. પોતાની જિંદગી સાથે એટલે કે જીવન સાથે માનવીને અંતઃકરણનું આવા પ્રકારનું ભાવનામય જીવન ગુજારવું પડે છે. આમ થવાનું કારણ આવી પરિસ્થિતિ માટેનાં બીજ, જે અંતઃકરણમાં રહેલાં હોય છે, તે જ છે.

જો કે અંતઃકરણ માટે ઉપર જણાવ્યા પ્રમાણેની પરિસ્થતિ છે, છતાં તેમાં અંતઃકરણનો એવો પણ એક પ્રકારનો ભાગ છે, જેમાં નીતિવિમુખ થવાની ઇચ્છા, સ્વભાવ કે વૃત્તિઓ હોતી નથી; અને મનુષ્ય-શરીરની અંદર તેના એક ભાગ તરીકે જ એ જોડાઈને રહે છે; અને તેની ભાવના, દોરવણી તથા ઇચ્છા તમામને અનુકૂળ થવાની હોય છે.

આવા પ્રકારના અંતઃકરણને ઉત્તમ ... પાકટ પ્રકારનું અંતઃકરણ કહે છે. ... પાકટ પ્રકારનું ગણાતું અંતઃકરણ ... કરીને દાક્તરોમાં, ચિત્રકારોમાં ને ... વર્ગમાં જણાઈ આવે છે. તેમનાં અંતઃક... માં બાલીશતાનું પ્રમાણ હોતું નથી; ... છે તો જૂજ હોય છે. વળી કેટલાક ... દારી પુરુષોમાં પણ આ પ્રકાર મળી આવે... આમ જનતાનું દુઃખ દૂર કરવાની ભાવ... પ્રેરાયેલાં ભાષણો કરનાર ગાંધીજી ... ટ્રુમેન જેવા નેતાઓનો આ પ્રસંગે જે વ... પ્રવાહ વહે છે તે સાંભળી એમ લાગે છે, ... આ અવાજ, આ વાણી તે તેમના અં... કરણમાંથી નીકળે છે; તેમ જ તે ઈશ્વરો... છે અને ઈશ્વર જ જાણે તેમના મુખમાં... બોલી રહ્યો છે.

આટલા પરથી એટલું તો ... ખ્યાલમાં આવશે જ કે પાશ્ચાત્ય તત્ત્વવે... અંતઃકરણના બે પ્રકાર માને છે: ... પાકટ કહે છે અને બીજા પ્રકારને બાલ... કહે છે. એક લેખક જણાવે છે, કે ... ઉચ્ચ એટલે પાકટ અંતઃકરણવાળા મ... જૂજ હોય છે. બાકી બાલીશન... છોકરા જેવાં હૃદયવાળા ઘણા હોય ... બાલીશ કહેવાનું કારણ એ છે, કે તેમના... નિશ્ચયાત્મકતા હોતી નથી. પરિણામનો ... વિચાર હોતો નથી, વળી તાત્કાલિક ... ણામ સારું કે ખોટું આવશે; નીતિ... કે નીતિવિરુદ્ધ આવશે તેનો સારા... વિચાર હોતો નથી તેથી તેવાઓના ... બાલીશ કહ્યાં છે; કારણકે જે રીતે નાનાં ... કાચી ઉંમરના છોકરાંમાં કાચી બુદ્ધિ હોય... તેવી જ રીતે તેમનામાં પણ હોય છે.

આવા પ્રકારના અંતઃકરણવાળા મહ... ની ગણનામાં એ લેખકે પોલ, ઓગસ્ટ... કોલવીન તથા લ્યુથરના નામ ગણ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લોકોના ઉદ્‌ગારોમાં, તેમની માન્યતામાં, તેમના અંતઃકરણમાં એવા જ વિચારો દૃઢ થયેલા હતા કે જેથી તેમના અંતઃકરણ કલુષિત કહેવાય. જેને પરિણામે તેમની માન્યતા એવી હતી કે મનુષ્યો હમેશાં નઠારા–ખરાબ જ હોય છે; પાપમય હોય છે. પાશ્ચાત્ય ધાર્મિક સંપ્રદાયોમાં આવો જ પ્રકાર હોય છે અને તેમાં મનુષ્યોને પાપપૂર્ણ એટલે કે પાપી જ માન્યાં છે. તેના દાખલામાં આ લોકો વારંવાર જણાવે છે, કે 'પ્રાયશ્ચિત્ત કર. તું કંગાળ દુઃખી જંતુ, તારી જાતને તું લાકડી લઈને શિક્ષા કર, માર, તારા ગુનાથી ભરપૂર આત્માને ચીરી નાખ અને તારા અંતઃકરણ વડે તું તેને ચીર; અને તેમ નહીં કરે તો પછી તું ઈશ્વરના દર્શન કરવાને પાત્ર નહીં રહે.' પશ્ચિમના વિદ્વાનોની અંતઃકરણ વિશેની સમજ, ઉપરની હકીકત પરથી, થોડીઘણી પણ સમજાશે.

હવે આપણે ત્યાં વિદ્વાનોએ શું કહ્યું છે તે જોઈએ. આપણી હિંદુ સંસ્કૃતિમાં પણ મનુષ્યશરીરમાં અંતઃકરણની કલ્પના કરવામાં આવી, તેની રચના સમજાવી છે. તેમ તેનું સ્થાન પણ બતાવાયું છે. આપણી વૈદિક સંસ્કૃતિ પ્રમાણે અંતઃકરણ એક નહીં પણ ચાર ભાગથી–પ્રકારથી રચાયેલું છે. તે ચાર પ્રકાર તે ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર. આ ચાર પ્રકારની કૃતિનું એકત્ર સ્વરૂપ તે જ અંતઃકરણ. તેથી તેને અંતઃકરણ ચતુષ્ટય કહે છે. આ ચાર (ચિત્ત મન, બુદ્ધિ, અહંકાર) પૈકી ચિત્ત એટલે શું તે પ્રથમ જોઈએ.

આપણે ઘણી વખત વિચારમાં એટલા બધા મગ્ન હોઈએ છીએ કે આપણી આંખ આગળ કોઈ પદાર્થ કે કોઈ ચીજ પડેલી હોય છે, ત્યારે આપણી આંખ તે પદાર્થ ઉપર જ હોય છે. પણ જાણે તે પદાર્થ જોઈ શકતા નથી; એટલે કે તે પદાર્થ આપણા મનમાં આવવો જોઈએ પણ તેમ થતું નથી. આનો અર્થ એ થયો કે જોવાતી ચીજ ઉપર આપણું ચિત્ત નથી. અને તેથી જ તેનો વિચાર આવતો નથી. સાચી રીતે જોવાનું સાધન આંખ મનાય છે પણ ચિત્તના અભાવને કારણે તે આંખથી દેખાતું નથી. એ ઉપરથી એટલું અનુમાન કરી શકાય કે જોનાર ચિત્ત છે અને બાહ્ય પદાર્થ જોવા સારુ આંખ એ તેનું સાધન–હથિયાર છે. ચિત્તનો સ્નાયુ–તંતુ જે મગજમાં છે તે જુએ છે.

બાહ્ય સૃષ્ટિમાં જેમ જોવાનું મૂળ સાધન ચિત્ત છે, તેવી જ રીતે સ્વપ્ન–અવસ્થામાં આંતર સૃષ્ટિમાં પણ જોનાર ચિત્ત જ છે. ચિત્તના જ્ઞાનતંતુ જ્યારે કામ કરે છે, ત્યારે તેનો મન સાથે સંબંધ થાય છે. મન પછવાડે પણ તેનો જ્ઞાનતંતુ હોય છે. એનું સ્થાન પણ મગજમાં હોય છે. વીજળીના પોઝિટિવ ને નેગેટિવ તારના જોડાણ જેવી આ ક્રિયા છે. ચિત્તની પ્રક્રિયા શરૂ થતાં એનાં આંદોલનો મન સાથે અથડાય છે. એ આંદોલનો ગૌણ એટલે સબળ ન હોય તો ચિત્તના વિષયને અંતઃકરણ પુરુષ આગળ રજૂ કરનાર અહંકાર અને તે વિષયમાં શક્તિ મેળવનાર બુદ્ધિ તથા અંતઃકરણ–એ ચારેની ક્રમ પ્રમાણે એકત્રિત થયેલી ક્રિયા શરૂ થાય છે. પછી તે ક્રિયા આધિભૌતિક એટલે બાહ્ય સ્થૂળ વિશ્વ માટેની હોય કે આધ્યાત્મિક આંતર સૃષ્ટિ એટલે સ્વપ્નાવસ્થામાંની હોય. તેમાં અંતઃકરણ ચતુષ્ટયના ક્રિયાત્મક કાર્યમાં ફેર પડતો નથી.

ચિત્તનું સ્વરૂપ આટલેથી પૂરું થતું નથી. ચિત્તની અંદર અહોનિશ–આંદોલનો, મોજાં અથડાયા જ કરે છે. તેમની સંખ્યાનું માપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢી શકાતું જ નથી. આ આંદોલનોને વૃત્તિઓ કહે છે. સ્થિર જળાશયમાં, એક પથરો નાખવાથી ઘણાં કુંડાળાં એક પછી એક થયાં જ કરે છે અને પાણી સ્થિર થતાં સુધી તે ચાલુ જ રહે છે. તેવી જ રીતે વૃત્તિઓની અથડામણ ચિત્ત સાથે થયા જ કરે છે. ચિત્તની સાથે જ વિચારનો સંબંધ છે. વિચાર માટે કહેવાય છે કે તે એક પ્રકારનું બળ છે. ગુરુત્વાકર્ષણની પેઠે તે ખેંચાય છે અથવા તો એનો પ્રત્યાઘાત થાય છે, તે બળ પાછું ધકેલાય છે. કુદરતની અંદર રહેલા અખૂટ અને અમાપ બળના ભંડારમાંથી, ચિત્ત તેમાંથી પોતાનામાં ખેંચે છે અને તે બળને ફરીથી પાછું ફેંકે છે. તે ક્રિયાને વિચાર કહેવામાં આવે છે.

ચિત્તનો–ચિત્તવૃત્તિઓનો સંબંધ મન સાથે સીધો છે. મનની હાલત હમેશાં ત્રણ પ્રકારમાંથી એક પ્રકારની હોય છે અથવા તો મિશ્રિત હોય છે. ત્રણ અવસ્થા પૈકી એક તમસ્ હોય છે, એટલે કે તે અવસ્થા અંધકારમય હોય છે. આવી મનની હાલત ખાસ કરીને કેવળ મૂર્ખાઓમાં તથા મોટેભાગે કેટલાંક જનાવરોમાં માલૂમ પડી આવે છે. આ અવસ્થામાં વિચાર જ ઉદ્‌ભવતા નથી, એમ કહી શકાય. મનની બીજી અવસ્થા રજસપૂર્ણ હોય છે. એ અવસ્થા કેવળ ક્રિયાત્મક એટલે માનસિક અને શારીરિક શક્તિઓ મારફત થતી હોય છે અને તેનું ધ્યેય વ્યવહારુ જગતમાં સત્તાશીલ થવાનું અને જીવનમાં મોજ અને આનંદ ભોગવવાનું હોય છે. મનની ત્રીજી અવસ્થા તે સત્ત્વમય એટલે સાત્ત્વિક પ્રકારની હોય છે. અને એ સ્થિતિ શાંતિ, સરળતા, અને આનંદસ્વરૂપની હોય છે. મનની આ સાત્ત્વિક અવસ્થામાં ... ઉપર ચિત્તવૃત્તિનાં આંદોલન બળ ... અથડાઈ શકતાં નથી. તેથી કરીને ... સાત્ત્વિક સ્થિતિ શાંત સરોવરમાં ... પાણીના જેવી હોય છે. પાણીમાં જરા ... હલનચલન હોતું નથી, તેવે વખતે તે ... પારદર્શક હોય છે, જેથી નીચેનું તળિયું ... જોઈ શકાય છે. આયનામાં જેમ પોતાનું ... મુખ દેખી શકાય છે, તેવી જ રીતે ... પાણીમાં પણ દર્પણ પેઠે પોતાનું મુખ દે... છે, નજીકના વૃક્ષ વગેરેનાં પ્રતિબિંબ પડે ... તે વૃક્ષ પાણીમાં ઊગેલાં હોય તેમ દે... છે. મનની એવી પૂર્ણ સાત્ત્વિક સ્થિતિને ... કાશ એટલે કે અંતઃકરણ કહી શ... અંતઃકરણની આ સ્થિતિ ક્રિયાત્મક ... નથી. પરંતુ જ્યારે ક્રિયાત્મક થાય છે ... રાજસિક મન દ્વારા, રાજસિક બુદ્ધિ ... અને રાજસિક ચિત્ત અને ચિત્તવૃત્તિ દ્વા... ક્રિયાત્મક રહે છે. મનની તામસી અવ... પણ નિષ્ક્રિય હોય છે; પરંતુ તે સા... ધોરણે નહીં, પણ આમાં પ્રમાદ, આ... વિચારહીનપણું વગેરે રહેલાં હોય છે.

મનને વિચારમય બનાવવું, ચિત્ત... ચિત્તવૃત્તિઓને ક્રિયાત્મક બનાવવાં એ ... છે, ઘણું સહેલું છે. પરંતુ તેમને તેમ ... ન દેવું કે જેથી મનની સ્થિતિ સા... સ્થિતિમાં રહે તે ઘણું જ કઠણ છે. ... ચડેલા ઘોડાઓને છૂટા મૂકી દેવા એ ... અને સરળ છેઃ પણ તેમને કાબૂમાં ર... તોફાન ન કરવા દેવું એ ઘણું જ કઠ... યોગશાસ્ત્રનાં એ માટેનાં સૂત્રોમાં પહે... સૂત્ર એ છે કે 'યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ' આપણે એ સૂત્રને અનુસરીશું?

★

મનની જુવાની જાળવવી હોય તો જીવનભર વિદ્યાર્થી જ હો એમ વર્તો. જે મનું શીખે છે તે જીવે છે ને વિકાસ પામે છે.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંઈ મહમદશાહ

*

શ્રી માણેકલાલ શંકરલાલ રાણા

ભક્ત હોવું ને સાથોસાથ કવિ પણ હોવું એ સદ્ભાગ્યની નિશાની છે. સુવર્ણમાં ભળેલી સુગંધનાં આવાં દૃષ્ટાંતો જગતના તમામ ધર્મના મહાત્માઓમાંથી મળે છે. આવા મહાત્માઓનો જ્યારે પણ સ્થૂળ કે સૂક્ષ્મ પરિચય થાય છે ત્યારે એક છાપ તો પડે જ છે કે ખરેખર હૃદયની વિશાળતા, માનવંતા ને માયા, મમતા, મોહ વગેરેની ક્ષણભંગૂરતા સમજવા માટે કોઈ કેળવણીની કે કોઈ મોટી પદવીની જરૂર રહેતી નથી. વ્યક્તિમાં રહેલો 'માનવી' જ જાગ્રત હોય તો બસ છે. 'સાંઈ મહમદ' આવા 'માનવી'થી વ્યાપ્ત હતા, તે રેખાચિત્ર પરથી સહેજે જણાઈ આવે છે.

મતવાલા સુરસદ મિલે, અવધૂત દીન દરવેશ;
મહંમદ જીકુ બખાનતે, મિટ ગયો કઠિન કલેશ.

મહાત્મા દીનદર્વેશનું નામ ગુજરાતમાં નહીં પરંતુ ઉત્તરે મારવાડ અને રાજસ્થાનમાં ખાસ જાણીતું છે. એ મસ્ત ફકીરનું નામ સાંભળતાં જ લોકો અધીરા બની જતા અને દર્શન માટે હૃદયમાં અનુરાગ પ્રગટ થતો; ત્યારે કેટલાક દ્વેષી–દુરીજનોનાં હૃદયમાં ગ્લાનિ ઉત્પન્ન થતી. સંતનો એ મહિમા તેમના હૃદયમાં શૂળની જેમ ખટકતો, એટલે તે મંદમતિઓને સુખે નિદ્રા પણ આવતી નહીં. કોઈ પણ પ્રકારે તેમનો મહિમા ઘટે અને સંસારમાં અવગણના થાય એવું જોવાના એ પાપીઓના કોડ હતા.

એવા અલ્પમતિઓમાં મહંમદ નામના કાજી સાહેબ હતા. સાંઈ દીનદર્વેશની ખ્યાતિ શ્રવણ કરતાં તેમના હૃદયમાં સખત આઘાત થતો અને તેમને ઢોંગી–ધુતારા કહી ઠેરઠેર નિંદા અને પ્રપંચનું પ્રાબલ્ય જમાવતા. કાજીસાહેબે તેમને વિષે ખૂબ ઊલટો પ્રચાર કર્યો.

જ્યારે એ મસ્તફકીરને કાજીના કરતૂકની ખબર પડી, ત્યારે સંતના હૃદયમાં એની પામર મનોવૃત્તિ ઉપર દયા ઊપજી અને કોઈ પણ પ્રકારે એ અભાગીનો ઉદ્ધાર કરી સભાગી બનાવવાનો સાંઈએ સંકલ્પ કરી લીધો.

એક દિવસ સદ્ગુરુ દીનદર્વેશ કેટલાક પ્રેમીજનોનાં દ્વંદ્વમાં બેસી જ્ઞાનોપદેશ આપતા નરદેહીની સાર્થકતા સાધી લેવા સમજાવતા હતા :

બંદા યહ તન આજ હૈ, કલ નહીં રહાવત પાસ;
ઝૂઠા સ્વપ્ન બિલાઈયા, હો ગયે જંગલ બાસ.
હો ગયે જંગલ બાસ, અધૂરી મનકી આશા;
મેરા બખાનત મૂઢ, અંત કોઈ રહા ન પાસા.
કહેત દીન દર્વેશ, બાવરે બંદગી કરંદા;
કલ નહીં રહાવત પાસ, આજ હૈ યહ તન બંદા.

'જે શરીરનું તમો મિથ્યા ગુમાન કરો છો, એ સુંદર કાયા કાલે માટીમાં મળી જશે. માટે શાણા થઈ હરિસ્મરણમાં લાગો કે જેથી આ નરદેહીનો અવસર સફળ થાય.'

સાંઈની એ જ્ઞાનચેતવણી સાંભળતાં જ કાજીસાહેબ સભામાં ઊભા થઈ ગયા અને મતભેદ વ્યક્ત કરવા, પોતે પણ કવિ હતા, એટલે કાવ્યમાં પ્રત્યુત્તર આપ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેરે સાંઈને યું કહ્યા, બંદા રહે ખુશરોજ;
યહ તન જોબન પાયકે, જગમેં કીયલે મોજ.
જગમેં કીયલે મોજ, સોચતે બહુ પછતૈ હો;
ખા પી રહેના ખુશ, ઈશ્ક મેદાન ઝૂકે હો.
મહંમદ કાજી મય પીજીયે, હુશ્ન બાજાર હેરા;
મત લહેજત ગુમાવ, કહત યું સાંઈયા મેરા.

દુનિયામાં જન્મ લઈ આવી રીતે ઉદાસ રહી જીવન વિતાવવાની વાતો છોડી દ્યો. મારા તો એવું કહેવું છે, કે 'દુનિયામાં આવી મોજ કરો, એના વિના તમારું જીવન અકારથ છે.'

સાંઇના સદુપદેશને હવામાં ઉડાવી દેતા કાજીએ ખોટી વાતો કરવા માંડી, સંત સમજી ગયા કે એ અજ્ઞાનીને વિશેષ સતાવવામાં સાર નહીં નાકળે. એ જ તેમણે એક માર્મિક ઘાવ કહ્યો:

કાજી મજા કર લીજીયે, રંગભર આજકી રેન;
કલ પછતાના હોયગા, કજા ખડી દુઃખ દેન.
કજા ખડી દુઃખ દેન, જહાંસે જાના હોગા;
બિલખત મૂઢ ગમાર, જબોહી નૈના રોગા.
કહત દીન દર્વેશ, આજ હે જીતકી બાજી;
રંગભર ખેલો રેન, કલ તોહે જાના કાજી.

'કાજી સાહેબ! તમે મોજની વાતો કરો છો, એ ઠીક છે અને એટલે જ હું તમને કહું છું તમે પણ આજની રાત રંગમાં ખેલી લો! કાલે તો કાળના દૂતો આવીને ગ્રહી લેશે!'

સંતની એ વાતો સાંભળતાં જ કાજીના હૃદયમાં જાણે ઘા લાગ્યો. શું કાલે સવારે મારું મરણ થશે? ભયભીત બનેલો કાજી ત્વરાથી ઊઠીને પોતાના નિવાસે ચાલ્યો ગયો.

કાળને સમીપ આવેલો જોતાં ભલભલા મહારથી અને રણબંકાઓ કંપી ઊઠે, તો બિચારો પામર માનવી તે કોણ માત્ર?

કાજીના હૃદયમાં સખત આઘાત થયો. ઘેર આવી બિછાનામાં લેટી ગયા છતાં ભય ટળ્યો નહીં. રાત્રિ થતાં જાણે કાળના દૂતો નિકટ આવ્યા હોય તેમ ભયાનક તેને ડરાવવા લાગ્યા. પ્રાતઃકાળ થતાં તો જાણે પ્રયાણની તૈયારી થઈ રહી હોય તેમ કાજી સાહેબ છેલ્લી ડચકીઓ ખાઈ રહ્યા હતા. એ જ ક્ષણે સાંઈ દીનદર્વેશે એમના ગૃહમાં પ્રવેશ કર્યો અને બિછાનામાં પોઢેલા કાજીસાહેબની પાસે બેસી ગયા.

સંતને જોતાં જ જાણે સ્વજન આવ્યા હોય તેમ વ્યાકુળ બનેલા કાજી તેમને પગે પડયા અને મૂઢ બાળકની જેમ અધીર બની ધ્રૂસકા ખાતા આક્રંદ કરી મૂક્યું. એને છાતીએ લગાવતા સંતે આશ્વાસન આપ્યું:

કાજી કુફ્ર છાંડી રહો. દુવા કરે દરવેશ;
બક્ષે ગરિબ નવાજીયા, રહમે શાહ નવેશ.
રહમે શાહ નવેશ, કસમ હે પાક ખુદાકા;
રામ રહીમ એક, લબ્જ મત બોલ જુદાકા.
કહેત દીન દર્વેશ, યેહી હે જીતકી બાજી;
છાંડી કુફ્રકી રાહ, ખડે હો જાવો કાજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૫૦

'કાજી ! તમે ખોટા માર્ગ ત્યજી જો સાચી રાહે ચાલવાના સોગંદ ખાતા હો તો ફરી એકવાર તમને આ મોતના બિછાનામાંથી બેઠા કરવાની દરવેશ આશિષ આપે !'

સંતનો એકએક શબ્દ કાજીને આજે ખુદાઈ વેણ લાગતો હતો. દીનતાથી એણે સર્વે વાતો કબૂલ કરી હતી. એટલે સાંઈએ, તેના બિછાના સમીપ બેસી એક ઘડી ઈશ્વરની આરાધના કરી તુરત જ પહેલાની જેમ કાજી સચેત બની ગયા અને સ્વસ્થ થઈ ધ્યાનમગ્ન બનેલા સંતના ચરણમાં ઢળી પડ્યા. આંખો ખોલી સાંઈએ તેમને શુભાશિષ આપ્યા :

કાજી કલ્મા કાયમ પઢો, પાક રહીમો રસૂલ;
ફાની જહાંમે રાંચકે, ઉનકો નામ ન ભૂલ.
ઉનકો નામ ન ભૂલ, વોહી હે પરવર પ્યારા;
મતલબકો સબ સાજ, પિવ બીન કોન હમારા.
કહત દીન દર્વેશ, હરદમ સાહેબ રહે રાજી;
પાક રહીમો રસુલ, કાયમ કલ્મા પઢો કાજી.

સંતના સદુપદેશને હૃદયમાં ઘૂંટી લેતા કાજીસાહેબ તેમના શિષ્ય થયા અને દીનતાથી પોતાના અપરાધોની ક્ષમા યાચી. હસતાવદને સદ્ગુરુએ એને ક્ષમા આપી અને પોતાનો બનાવી દીધો.

મોતના બિછાનેથી ઊઠ્યા પછી તો કાજીસાહેબના હૃદયમાં સચોટ લગની લાગી. સંસાર અસાર અને દુઃખમય દર્શાયો. એટલે તેનો ત્યાગ કરી ફકીરી લીધી. દરવેશ થઈ અલખ જગાવતા દિવસો વ્યતીત કરવા લાગ્યા.

સાચા સદ્ગુરુ પ્રાપ્ત થયા પછી હૃદયની મલીનતા સાચે જ નાશ પામે અને જ્ઞાન-રવિનો ઉદય થતાં અંતરમાં અજવાળાં થાય, તેમ કાજીના હૃદયમાં ચોમેર પ્રકાશ છવાઈ રહ્યા. ઈશ્વરના અનન્ય સ્વરૂપની ઓળખાણ થઈ.

રામ તૂહી રહીમા તૂહી, તૂહી શારદ તૂહી શેષ;
તૂહી બીન દુસરા કો નહીં, કહત સાધ દરવેશ.
કહત સાધ દરવેશ, મંદિર મસ્જિદમેં ખોજા;
એકાદશી વ્રત નેમ, રૂખે આદલમે રોજા.
મહંમદ સાંઈ પહિચાનીયા, નામે બહુનામા;
અવિગત અલખ સ્વરૂપ, તૂહી રહીમા તૂહી રામા.

રામ-રહીમની ભિન્નતાનો ભેદ મટી ગયો. એમણે સર્વત્ર એક જ બ્રહ્મને ભાળ્યો. સદ્ગુરુની જેમ પોતે પણ દરવેશ બની તીર્થોમાં ભ્રમણ કરતા અનેક સંત-અવધૂતોના સહવાસમાં આવ્યા.

અનુભવના અજવાળે એ ભજનિક સંતે અનેરાં પદો-ભજનોની રચના કરી. તેમની વાણી ભજનિકોમાં અત્યંત લોકપ્રિય થઈ પડી.

સદ્ગુરુએ પોતાને સમયની મહત્તા સમજાવતાં આજના અમૂલ્ય અવસરને એળે નહીં જવા દેવાનું જે સૂચન કર્યું હતું, એ સૂત્ર સાંઈના હૃદયમાં સચોટ લાગી ગયું હતું.

એ અમૂલ્ય અવસરની મહત્તા સમજાવતા સાંઈએ ઘણાં પદો લખ્યાં છે. તેમનું એક અતિ લોકપ્રિય પદ ટાંકી લઈએ :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજનો લ્હાવો લીજીયે, કાલ કોણે દીઠી રે?
તેડા આવ્યા શ્રીરામના, એના જોર ન ચાલે રે. ટેક
ડુંગર ઉપર ડુંગરી, ત્યાં નોબત વાગે રે;
કંઈ સોહાગણે ભોળવો, મ્હારા મ્હોલે ન આવે રે. ૧
સાત સાહેરાની માછલી, આવી નદીએ ન્હાવા રે;
જાળવાળાએ જાળ નાખી, દોરી ખેંચકે લીના રે. ૨
કૂવે પાણી મેં ગઈ, તૂટી મારી હીરની દોરી રે;
નૈના આંસુ પોછતા, મ્હારી ગાગર ફૂટી રે. ૩
ઢૂંઢત ઢૂંઢત મેં ફીરૂં, મેરા પિવ બતાવો રે;
પિવ બસે પિવ પાસમે, પિવ જીવ કહાવે રે. ૪
કાજી મહંમદશાહની વિનતિ, તમે સુણજો સૈંયા રે;
જબ પડે જબ બેદના, તબ દોડકે આના રે. ૫

સંતે ખૂબ વચનામૃતો રચ્યાં. જેમાં રેખતા, ઝૂલણા, કવિત, કુંડલિયા, દોહ... છંદોનો સમાવેશ થાય છે. એ દુર્લભ સંતવાણી કાળના વહન સાથે ક્યાંય વિલી... ગઈ. આજે તો કેવળ થોડાં જ વચનામૃતો ભજનિક મહાનુભાવો પાસેથી પ્રાપ્ત થાય...

એ અપ્રસિદ્ધ વચનામૃતોમાંથી થોડાંક બોધમય કાવ્યો અત્રે નોંધી લઈએ તો અ... નહીં ગણાય:

જીકુ બખાના સાંઇયા, હરદમ રહે ચકચૂર;
પલછીન ન્યારા ના રહે, હરદમ હાલ હજૂર.
હરદમ હાલ હજૂર, હરિસે રહો મંન લાગી;
બિરહા સતાવત અંગ, નૈના દરશ અનુરાગી.
મહંમદ સાંઈ તહકીક કર. ઠીક કીયા થાના;
હરદમ રહે ચકચૂર, સાંઈયા જીકુ બખાના.

×

બંદા બિલખત ક્યોં ફીરે, પામર અજહુ ચેત;
બાલમ અંખીયાં ખોલ કે, કીય લે હરિસે હેત.
કીય લે હરિસે હેત, યાર યેહી શીખ માનો;
દો દિનકા મિજમાન, અંત ચહાંસે ચલી જાનો.
મહંમદ સાંઈ સાંચી કહે, અબમત ફસેહો ફંદા;
ચાતુર અજહુ ચેત, બિલખત ફીરે ક્યોં બંદા.

×

જગ સપના દેખ કે કાહી રાચે, નાદાન તું ઈશ્કમેં ભૂલતા હૈ;
સુખ મોડ મેરા કહે ફૂલ ગયો, વિષયકી ખાટપે ઝૂલતા હૈ.
રંગ ફાની તન જોબનાકો, મિટ્ટીકા ઘાટ રહી સ્થૂલકા હૈ;
મહંમદ ફકીરને સાદ કીયા, અજહુ નહીં આંખીયા ખૂલતા હૈ.

×

પરવરકી જીકમેં લાગહી કે, ભરભરકે પ્યાલા પીજીયે જી;
નરતનકા લ્હાવા મત ચૂકો, યહાં નેક કમાઈ કીજીયે જી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છિનછિનમેં આયુ છીજત યારો, કુછ બંદગી બનાઈ લીજીયે જી;
મહંમદ ફકીર સમજાય કહે, યારો કુફ્રાકી રાહસે બીજીયે જી.

×

હક્ક ખોજે બીના હરિ કૈસે મિલે, કાયમ કુફ્રમેં રહત રાજી;
જીવ ઝબેહ કર પાક રોજા રખે, સાંઈયા ઉસીસેં નહીં રાજી.
દિલ સફાસે હરદમ યાદ કીજે, શિર ચોટ ખડો હે કાલપાજી;
વોહી રામ રહીમા નામ ન્યારા, દિલ ખોજ દેખા મહંમદ કાજી.

×

મત ભૂલ પ્રપંચમેં યાર મેરા, યહા તેરા કહોજી કોન હે જી;
માદર પિદર ફરજંદા દારા, મતલબ કે આટા લોન હે જી.
કાલ ચક્ષા જબ નાતા નહીં રખે, દેખત ખડે સબ મૌન હે જી;
મહંમદ ફકીર મંજધાર બહે, યારો આખિર આવા ગૌન હે જી.

સદ્‌ગુરુની જેમ કાજી મહંમદશાહે જીવનનો શેષકાળ હરિસ્મરણ અને લોકકલ્યાણ-માંજ વ્યતીત કર્યો. પરંતુ છેલ્લા દિવસોમાં તેમણે ક્યાં પ્રયાણ કર્યું તે કાંઈ સમજાયું નહીં.

કેટલાકોનું એવું અનુમાન છે, કે તેઓ કોઈ નિર્જન સ્થાનમાં ધ્યાનમગ્ન બનવા માટે ગયા. એ ઘટના કદાચ સત્ય જ હશે; ઉપદેશક થઈ અન્યને પ્રબોધતા પોતે કાળ વ્યતીત કર્યો. આશાભર્યા અનેકો આવતા અને દીનતાથી તેમના ચરણોમાં ઢળતા. તે સમયે પોતે પ્રભુતામાં સદ્‌ગુરુ બના સૌને સદ્‌બોધ આપતા. જ્યાંસુધી પોતે હરિસ્મરણ કરી હરિમય ન થયા ત્યાંસુધી સર્વે મિથ્યા છે.

સૈયા અબ હમ જાયગે, હરિ બીન ચહુ ન ચૈન;
પિવ બિરહા, ઝૂરત ફીરુ, બહત નાસિકા નૈન.
બહત નાસિકા નૈન, કંઠમેં કફ ભરોરી;
તુમ બિન કોન હવાલ, બાલમા પતરખો મોરી.
મહંમદ સાંઈ બનખંડમેં, બિલખત બાસ કરૈયા;
અબ યહાં રહ્યા ન જાય, જાયગે જહાં હે સૈયા.

કોઈ અગોચર સ્થાનમાં સ્થિત થઈ હરિસ્મરણમાં રાચતા સાંઇએ જીવનના અંતિમ દિવસો વ્યતીત કર્યા.

મહમદ માયા જૂઠ હૈ, સદ્‌ગુરુ દીયા સમજાઈ;
શ્યાના હુઈ મત રાચિયા, હો ગયે મહંમદ સાંઈ.

જેણે અસાર સંસારની મૃગજળ માયાનો ત્યાગ કર્યો છે, એવા સંતો સદા ય વંદનીય છે.

★

'ભગવાન તમારું ભલું કરે'ના આશીર્વાદ ભિખારીના મુખમાંથી બહાર નીકળ્યા કે ન નીકળ્યા ત્યાં જ એક લહેરી લાલાએ પનોતી જેવી વળગવા આવતી આ લપને જલદી કાઢી મૂકવા માટે એક રૂપિયો કાઢીને ભિખારી તરફ ફેંક્યો. પણ વાતવાતમાં પૂછ્યું:

'અલ્યા તું ભિખારી કેવી રીતે થયો?'

પેલાએ સાચી વાત કરી:

'ભાઈ, હું પણ તમારી માફક જ આંખ મીંચીને પૈસા વેરતો હતો!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

વિશ્વશાંતિને ભયમાં મૂકનારા બે વધુ મોટા બનાવો ગયે મહિને નોંધાયા છે: એક હાઈડ્રોજનબોંબનો અને બીજો બનાવ લાલ ચીન અને રશિયા વચ્ચેના મૈત્રીકરારોનો.

અણુબોંબ દ્વારા હીરોશીમામાં ભજવાયેલા હત્યાકાંડથી માનવજાત કંપી ઊઠી હતી. એ વખતે દુનિયાના સમજદાર લોકોએ પોકાર ઊઠાવ્યો હતો, કે અણુબોંબ ઉપર પ્રતિબંધ મૂકો, નહીં તો દુનિયા જોખમમાં મુકાઈ જશે. યુદ્ધને અંતે આ સવાલ સંયુક્ત રાષ્ટ્રસંસ્થા સમક્ષ પણ આવ્યો અને હજી યે તેની ચર્ચા થાય છે; પણ અણુબોંબ ઉપર પ્રતિબંધ મુકાયો નથી એટલું જ નહીં, અણુએ હવે વિરાટનું રૂપ ધારણ કર્યું છે! અમેરિકાએ રશિયાને ગભરાવવા અને પોતાની સ્થિતિ સુરક્ષિત કરવા વધુ ને વધુ પ્રમાણમાં ને વિશેષ સંહારક શક્તિવાળા અણુબોંબ બનાવ્યા હતા, પણ એણે જાણ્યું કે રશિયાને અણુબોંબનું રહસ્ય પ્રાપ્ત થઈ ગયું છે ને તેની પાસે પણ અણુબોંબનો જથ્થો છે!

રશિયા અને અમેરિકા બંને એકબીજા ઉપર ધ્યાન રાખે છે. સાચાખોટા અહેવાલોને આધારે પોતાની સંહારશક્તિ તેઓ વધારતા જ જાય છે. અમેરિકાના જવાબદાર રાજપુરુષોમાંથી કેટલાક એમ માને છે કે રશિયા પાસે અનર્ગળ શસ્ત્રસામગ્રી, વિમાનો, સબમરીનો વગેરે છે અને તેનું પ્રમાણ આખા યુરોપ કરતાં વધારે છે, રશિયા ધારે તો અમેરિકાના કોઈ પણ પ્રદેશ ઉપર ભયાનક બોંબવર્ષા કરી શકે એમ છે. એવી પણ માન્યતા છે, કે રાશયા પાસે અણુબોંબ જ નહીં, એથી અનેકગણી વધુ શક્તિવાળાં સાધનો [illegible] ખરી હકીકત ગમે તે હોય, રશિયા [illegible] રિકાને પડકારી રહ્યું છે એમાં શંકા જ [illegible] હાઈડ્રોજનબોંબનો જન્મ એમાંથી [illegible] અમેરિકાના પ્રમુખે હાઈડ્રોજનબોંબના ઉ[illegible] માટે સંમતિ આપીને માનવજાતને [illegible] મૂકી છે. આ બોંબ અણુબોંબ કરતાં [illegible] ગણો વિનાશક છે અને આવા થોડાક [illegible] આખી દુનિયાને સાફ કરવાની શક્તિ [illegible] છે એવો વિજ્ઞાનીઓનો મત છે.

અમેરિકા એમ મનાવે છે, કે [illegible] વિશ્વશાંતિ માટે તે કરી રહ્યું છે. જો [illegible] આવાં સાધનો ઊભાં ન કરે તો રશિયા [illegible] જગત ઉપર પોતાનું વર્ચસ્ જમાવી દે [illegible] તેને ભય છે. રશિયા પણ એવી જ [illegible] કરે છે. એ અમેરિકાને જગત માટે [illegible] ગણે છે; એ છડેચોક કહે છે કે જગત [illegible] પોતાનું આધિપત્ય સ્થાપવા માટે જ [illegible] દરેક પ્રવૃત્તિ કરી રહ્યું છે. આમ [illegible] ઉપર આક્ષેપો કરતાંકરતાં બંને [illegible] દેશો પ્રલયનાં સાધનો તૈયાર કરી [illegible] કેટલાક ભોળા માણસો એમ માને છે, [illegible] પાસે સાધન હશે તો તેનો ઉપયોગ [illegible] થાય, બંને વિનાશના ડરના માર્યાં શૂ[illegible] રહેશે. આ આશા—આ માન્યતા [illegible] આંતારક ઇચ્છાઓનો પડઘો છે, એની [illegible] અનુભવનું બળ નથી. કોઈ કાળે આ[illegible] માણસ લડાઈ કરતો અટક્યો નથી [illegible] આવા ભયથી યુદ્ધમાં વિલંબ થાય [illegible] છેવટે તો માણસ પોતાની મહત્વાકાં[illegible] પાડવા સંહારશસ્ત્રનો ઉપયોગ કર્યો [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી શકતો નથી. અણુબોંબ અને હાઈડ્રોજન-બોંબ એમ બતાવે છે, કે જો માનવી હવે અટકશે નહીં, દિશા બદલશે નહીં તો સર્વનાશ સિવાય બીજું કંઈ જ એના ભાગ્યમાં રહ્યું નથી.

પણ ઈશ્વર દયાળુ છે. આ વિશ્વનો કોઈ હેતુ હશે તો આવાં સાધનો છતાં જગત બચી જશે, તે વિકાસને પંથે આગળ ધપશે એવી શ્રદ્ધા આપણે જરૂર રાખીએ; પણ કેવળ શ્રદ્ધા રાખીને બેસી રહીએ તે તો બરાબર નથી જ. આપણે આપણી પોતાની નાનકડી દુનિયામાં વેરઝેર અને હરીફાઈનો અંત લાવવો જોઈએ. પ્રેમ અને વિશ્વાસનાં આંદોલનો આપણાં પોતાનાં વર્તનથી વિશ્વમાં ફેલાવવાં જોઈએ; કારણકે અંતે તો આજના તમામ ભયનું મૂળ મહત્ત્વાકાંક્ષા, દ્વેષ, હરીફાઈ અને અવિશ્વાસમાં જ છે.

ચીન-રશિયાના કરારો

અમેરિકાએ પોતાનો કિલ્લો મજબૂત કરવા આટલાંટિક કરારો કરી પશ્ચિમ યુરોપના દેશોનું સંગઠન સાધ્યું હતું. કરોડો ડોલરની મદદથી યુરોપીય દેશોને રશિયા સામે એણે ઊભા રાખ્યા છે. છેલ્લા બે વર્ષના બનાવો એમ કહી જાય છે, કે અમેરિકાએ યુરોપમાં ઠીક પ્રમાણમાં સફળતા મેળવી છે; પરંતુ યુરોપમાં જેટલી સફળતા મેળવી છે તે કરતાં ઘણી મોટી નિષ્ફળતા એશિયાખંડમાં અમેરિકાને પ્રાપ્ત થઈ છે. લાલ ચીનનું સર્જન તેનો મોટામાં મોટો દાખલો છે. અમેરિકા હજી લાલ ચીનનો સત્તાવાર સ્વીકાર કરતું નથી અને ચ્યાંગ-કાઇ-શેકની સરકારને જ માન્ય રાખે છે. ચ્યાંગની સરકારના કબજામાં માત્ર ફોર્મોસા અને હૈનાન ટાપુઓ છે. સમગ્ર ચીનની પાસે તેનો કશો હિસાબ જ નથી. અમેરિકા હજી યે ફોર્મોસાને મદદ કરી રહ્યું છે.

અમેરિકાની તમામ વ્યૂહરચના ઉપર લાલ ચીન અને રશિયાના મૈત્રીકરારોએ ફટકો માર્યો છે. ચીનમાં સામ્યવાદીઓ જીત્યા તે રશિયાની મદદ અને દોરવણીથી, પણ અમેરિકા-બ્રિટનના મુત્સદ્દીઓ એમ માનતા હતા કે ચીન રશિયાની નીતિને પૂર્ણપણે નહીં અનુસરે. તેઓ ત્યાંસુધી આશા રાખતા હતા કે યુદ્ધથી ભાંગેલા ચીનને બેઠું કરવા લાલ ચીનના નેતા અમેરિકા પાસે મદદ માગવા આવશે! માઓ-ત્સે-તૂંગ યુગોસ્લાવીઆના ટીટોની પેઠે રશિયા સામે બળવો પોકારશે એવી ધારણા પણ કેટલા મુત્સદ્દીઓના મનમાં હતી, પણ આ બધું ખોટું પડ્યું છે અને લાલ ચીન અને રશિયા ૩૦ વર્ષના મૈત્રીકરારોથી જોડાયાં છે.

આ કરારો પ્રમાણે રશિયા મંચુરિયાની રેલવે, પોર્ટ આર્થર, ડેરીનનું મથક જાપાન સાથે સંધિ થયા પછી અથવા ૧૯૫૨માં ચીનને સોંપશે. બાહ્ય મંગોલીઆ સ્વતંત્ર થશે. સીકિયાંગનું પણ એમ જ બનવા સંભવ છે. બેમાંથી કોઈ પણ એક દેશ ઉપર જાપાન કે તેની સાથે સીધી યા આડકતરી રીતે સંકળાયેલી સત્તા આક્રમણ કરશે તો બીજો દેશ પોતાનાં તમામ લશ્કરી સાધનોથી તેને મદદ કરશે. ચીનના વિકાસ માટે નજીવા વ્યાજ સાથે ૩૦ કરોડ ડોલરની લોન પણ રશિયા આપશે. સૌ માને છે, ને તે માન્યતા સાચી હોવા પૂરો સંભવ છે કે, આ કરારો ઉપરાંત ગુપ્ત કરારો પણ થયા હશે અને તે ચીન ઉપર રશિયાનું આધિપત્ય સ્થાપનારા હશે. ગમે તેમ હોય, યુદ્ધની અને રાજકીય દૃષ્ટિએ રશિયા અને ચીન, દુનિયાના બે મહાન દેશો એક બન્યા છે. સમગ્ર એશિયાખંડ ઉપર આ કરારોની ઘણી મોટી અસર થશે. હિંદી ચીનનું ભાવિ હવે સ્થિર નથી જ. અત્યારે વિટનામની ડૉ. હોચી-મીન્હની સરકારનો રશિયા અને ચીને સ્વીકાર કર્યો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બાઓદાઈને બ્રિટન–અમેરિકા સ્વીકારે છે. હવે ત્યાં સામ્યવાદીઓનું પૂર ખાળવાનું અતિ મુશ્કેલ બનશે. સિયામ અને બ્રહ્મદેશ પણ તેની અસરમાંથી મુક્ત રહી શકશે નહીં.

અમેરિકા આટલેથી ડરી જાય એમ નથી; કારણકે જાપાન, ફીલીપીન્સ, દક્ષિણ કોરીઆ, ફોર્મોસા અને બીજા આજે તટસ્થ દેખાતા પ્રદેશોના મથકો અને હાઈડ્રોજનબોંબ જેવાં પ્રલયંકર સાધન ઉપર તે મુસ્તાક છે.

સલામતી સમિતિ

સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની સલામતી સમિતિમાં કાશ્મીરના પ્રશ્નની ચર્ચા શરૂ થઈ છે. જનરલ મેકનોટનની દરખાસ્તો ઉપર ભારતના પ્રતિનિધિ શ્રી રાવ અને પાકિસ્તાનના પ્રતિનિધિ શ્રી ઝફરૂલ્લાએ ભાષણો કર્યાં છે. વાતાવરણ ઉપરથી એમ લાગે છે કે નજીકના ભવિષ્યમાં કાશ્મીરનો સવાલ ઉકેલાય એવો સંભવ નથી. અમેરિકા અને બ્રિટન સલામતી સમિતિમાં અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં, ભારે મોટી લાગવગ ધરાવે છે. તેઓ પાકિસ્તાનને રાજી રાખવા ઇચ્છે છે. તેઓ ન્યાયની દૃષ્ટિએ વિચારતા હોય એમ જણાતું નથી. આખું કાશ્મીર પાકિસ્તાનને ન મળે તો છેવટ ઉત્તરનો તમામ પ્રદેશ પાકિસ્તાનને અને જમ્મુ વિભાગ ભારતને મળે એવી તેમની મુરાદ જણાય છે. તેઓ સતત સીધી કે આડકતરી રીતે ભારત ઉપર દબાણ લાવી રહ્યા છે. તેઓ જાણે છે કે જો કાશ્મીર ભારતને મળે તો ત્યાં તેમની છાયા પણ રહી શકશે નહીં; પણ જો એ પાકિસ્તાનને મળે તો રશિયા, અફઘાનિસ્તાન, તિબેટ, નેપાળ વગેરેની પાસે પોતાનાં મથકો અમેરિકા સ્થાપી શકે. અમેરિકા આજે ત્રીજા વિશ્વયુદ્ધની દૃષ્ટિએ જ તમામ પ્રશ્નો વિચારે છે.

ભારત આ બાબતમાં દિવસેદિવસે વધુ મક્કમ બનતું જાય છે. કાશ્મીરનો ફેંસલો કાશ્મીરી પ્રજા જ કરે અને પાકિસ્[illegible] સીધા કે આડકતરા અંકુશ નીચેનાં [illegible] દળો કાશ્મીરની ભૂમિ ઉપરથી ખસી [illegible] તે પછી જ લોકમત લેવાય, એ બા[illegible] ભારતનો નિરધાર અટલ છે. કાશ્મીરની પ્ર[illegible] નેતા શેખ અબ્દુલ્લા પણ આ બાબતમાં દ[illegible]

પૂર્વની સરહદ આસામ

ભારતની પૂર્વ સરહદ જોખમી બની [illegible] છે. એશિયામાં સામ્યવાદ ફેલાતો જા[illegible] ત્યારે ભારતે એ બાજુની સરહદ [illegible] વિશેષ ધ્યાન આપવું જોઈએ. આસા[illegible] સવાલ તો બીજી રીતે પણ નાજુ[illegible] પાકિસ્તાનના નેતાઓની પ્રથમથી જ [illegible] ઉપર નજર છે. પૂર્વ બંગાળમાંથી [illegible] સ્થિત રીતે આસામમાં પાકિસ્તાની મુ[illegible] પ્રવેશી રહ્યા છે. આજસુધીમાં [illegible] પાંચ લાખ મુસ્લિમો ઘૂસી આવ્યાનો [illegible] છે. આ લોકો સ્થાનિક મુસ્લિમોનો [illegible] સાધે છે અને પહાડી જાતિઓમાં પ[illegible] કરે છે. પરિસ્થિતિ હજી ગંભીર બની [illegible] પણ અચાનક અથડામણ કે યુદ્ધ [illegible] નાહક મુશ્કેલીમાં મુકાવું પડે. આ [illegible] નિવારવા માટે ભારત સરકારે રીતસર [illegible] કરી આવાં અનિચ્છનીય તત્ત્વોને આસ[illegible] થી હાંકી કાઢવાનાં પગલાં લીધાં [illegible] બાબતમાં આપણે ત્યાં વધુ ભડકામણું [illegible] દોરાય છે તે યોગ્ય નથી. ભારત [illegible] સંરક્ષણ અને આંતરિક સલામતીની બ[illegible] પ્રશસ્ય જાગૃતિ બતાવે છે એમાં સંદે[illegible]

પાકિસ્તાન સાથેના સંબંધો

પાકિસ્તાન સાથેના સંબંધો દિવ[illegible] વધુ બગડતા જાય છે. પાકિસ્તાને [illegible] હુંડિયામણ ટકાવતી વખતે જે અ[illegible] રાખી હતી તે પૂરી ન થતાં તે છો[illegible] પૂર્વ પાકિસ્તાનની હાલત ઘણી ખ[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

છે. પાકિસ્તાની ખેડૂતો પાસે શણ છે, અનાજ નથી, પૈસા નથી. પ્રતિદિન સ્થિતિ ખરાબ થતી જાય છે. લોકોનો અસંતોષ માઝા મૂકે એવો ભય ઉપસ્થિત થયો છે. પાકિસ્તાનના નેતાઓએ આ અસંતોષને બીજે માર્ગે વાળવાના પ્રયાસો શરૂ કર્યા છે અને તેને પરિણામે પૂર્વ બંગાળમાં હિંદુઓ ઉપર ઘોર દમન શરૂ થયું છે. હજારો હિંદુઓ પાકિસ્તાનમાંથી હિજરત કરી રહ્યા છે. પૂર્વ પાકિસ્તાનમાં લગભગ ૧ કરોડ ૧૦ લાખ હિંદુઓ છે. જો આજની સ્થિતિ કાયમ રહે તો બંને રાજ્યો સમક્ષ વિકટ સમસ્યાઓ આવી પડે એમ છે. પૂર્વ બંગાળના દમનનો પડઘો કલકત્તામાં અને તે પછી વળતો પડઘો ઢાકામાં પડ્યો છે. ભારત સરકાર અને પશ્ચિમ બંગાળની સરકારની સાવધાનીથી કલકત્તાનો મામલો તો કાબૂમાં આવી ગયો છે, પણ ચિંતા હજી દૂર થઈ નથી. આપણે ભારતવાસીઓએ એટલું સમજી લેવાની જરૂર છે કે ભારતના કોઈ પણ ભાગમાં અશાંતિ થાય તે આપણને પોતાને જ નુકસાન કરનારી અને નિર્બળ બનાવનારી છે. પાકિસ્તાનના તમામ અન્યાયોનો જવાબ માગનારી સમર્થ સરકાર આપણી પાસે છે. આ સરકારે જૂનાગઢ અને હૈદ્રાબાદમાં જે સિદ્ધિ મેળવી છે અને કાશ્મીરમાં જે દૃઢતા દાખવી છે તે આપણે સતત લક્ષમાં રાખીએ.

કોંગ્રેસની કાયાપલટ

કોંગ્રેસમાં જે નબળાઈઓ પેઠી છે તે દૂર કરવા આપણા નેતાઓ અને સાચા કોંગ્રેસીઓ પ્રયત્નશીલ બન્યા છે તે શુભ ચિહ્ન છે. મહાસમિતિ અને કારોબારીની ચર્ચાઓ તથા ઠરાવો એમ બતાવે છે કે કોંગ્રેસ તાકાતવાન સંસ્થા છે. કોંગ્રેસનાં ત્રણ કરોડ સભ્યો નવી ચૂંટણી કરી કોંગ્રેસમાં નવો પ્રાણ પૂરશે એવી આશા જરૂર રાખી શકાય. કોંગ્રેસના બંધારણમાં જે ફેરફાર સૂચવાયો છે તેનું અર્થગૌરવ પણ સમજવા જેવું છે.

કોંગ્રેસ દ્વારા જ દેશના વહીવટ ઉપર અસર ઉપજાવી શકાશે એવું 'સક્રિય' સભ્યો ખોટા નોંધવાની નબળાઈમાંથી પણ ફલિત થાય છે. કોંગ્રેસના દેહમાં વ્યાપેલો મહારોગ સત્તાલોભ છે. એ જો દૂર કરી શકાય તો બીજા દોષો આપોઆપ કે અલ્પ પ્રયત્ને દૂર થશે. પ્રત્યેક કોંગ્રેસીએ સત્તાને સ્થાને સેવાનું વાતાવરણ ઊભું કરવામાં હિસ્સો આપવો જોઈએ. તા. ૧૯–૨–'૫૦

નવલિકાકાર, કવિ અને પ્રધાનના પુત્રો પોતપોતાના પિતાની દ્રવ્ય મેળવવાની અદ્ભુત શક્તિ વિશે ચર્ચા કરી રહ્યા હતા.

કવિપુત્રે કહ્યું:

'મારા પિતા બહારથી ઘર આવે, આમતેમ લટાર મારે અને તુરત જ રચી નાખેલી કવિતા કોઈ માસિકમાં મોકલે કે તુરત જ પાંચ રૂપિયા મેળવી શકે છે.'

'બસ એટલું જ ને? એક વાર્તાના મારા પિતા પચ્ચીસ રૂપિયા મેળવે છે.'

ત્યારે પ્રધાનપુત્ર બોલ્યો:

'એમાં શું? મારા પિતા માત્ર અડધો જ કલાક કોઈ સ્થળે ભાષણ આપવા જાય છે અને જે રૂપિયા મળે છે, તે ઊંચકી આણવા માટે બે માણસોની જરૂર પડે છે.'

×

સુધારો

'અખંડ આનંદ'ના ગયા અંકમાં પ્રસિદ્ધ થયેલ 'ભગવાન' નામની કૃતિના મૂળ લેખક રવીંદ્રનાથ ઠાકુર નથી પરંતુ 'બનફૂલ'ના તખલ્લુસથી લખતા બંગાળના પ્રસિદ્ધ નવલિકાકાર શ્રી બલાઈ આંદ મુખોપાધ્યાય છે.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા-સમાચાર

નવાં પ્રકાશનો

બૂકર ટી. વૉશિંગ્ટન : અનુવાદક : પ્રફુલ્લ પ્રા. ઠાકોર એમ. એ. : અમેરિકન હબસી વીરની પ્રેરક ને બોધક આત્મકથા. પાન ૨૧૬ : કિં. ૧-૮

વીર હનુમાન : (આમશ્રેણી) લે૦ સોમાભાઈ ભાવસાર : શ્રી રામભક્ત હનુમાનજીનું ટૂંકું અને સરળ જીવનચરિત્ર. (બાળપયોગી-સચિત્ર) પાન ૪૮ : કિં. ૦-૬

વિશ્વામિત્ર ને હરિશ્ચંદ્ર : (આમશ્રેણી) લે૦ રામનારાયણ ના૦ પાઠક : પ્રેરક જીવનપ્રસંગો. (સચિત્ર) પાન ૬૪ : કિં ૦-૮

હરડે : ત્રીજી આવૃત્તિ. પાન ૮૦ : કિં. ૦-૬

છેલ્લા ત્રણ માસનાં પ્રકાશનો

તુજ ચરણે : સંપાદકો : નંદલાલ શાહ, હેમન્તકુમાર નીલકંઠ : ભાવવાહી ને હૃદયપુલકિત કરનારી પ્રાર્થના. પાન ૪૦ : કિં. ૦-૬

ત્રિશલાનંદન મહાવીર : (આમશ્રેણી) લે૦ રતિલાલ મ૦ શાહ : શ્રમણ ભગવાન મહાવીરની જીવનકથા. પાન ૧૨૮ : કિં. ૦-૬

ગોસ્વામી તુલસીદાસ : (આમશ્રેણી) લે૦ ભિક્ષુ અખંડાનંદજી : તુલસી રામાયણની રચના કરનાર મહાકવિનું પ્રેરક ને બોધક ચરિત્ર. પાન ૧૨૮ : કિં. ૦-૬

દેશ અને કાળ : લે૦ સ્વામી માધવતીર્થજી : (ગુજરાતીમાં જ્ઞાનના પ્રમાણનું પ્રથમ પુસ્તક) વેદાંતના વિવર્તવાદ સાથે પ્રૉ. આઇન્સ્ટાઈનના સાપેક્ષવાદનું સામ્ય ધરાવતી તથા દેશ અને કાળ સંબંધી જે હકીકતો પ્રાચીન ગ્રંથોમાં જોવામાં આવતી નથી, તે સર્વનાં વિસ્તૃત વર્ણન અને સમજૂતી આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે. પાન ૪૪૮ : કિં. ૪-

શ્રીમદ્ ભગવદ્ગીતા : (**શાંકરભાષ્યના ગુજરાતી અનુવાદ સહિત**) અનુ૦ વામનરાવ પ્રા. પટેલ બી. એ., એલએલ. બી. : આ ગ્રંથમાં શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોક અને તેના અર્થ ઉપરાંત આદ્ય શંકરાચાર્યના ભાષ્યનો સરળ ગુજરાતી અનુવાદ છે. આ ગ્રંથ કેટલાંય વર્ષોથી અપ્રાપ્ય હતો તે આજે જ વસાવી લેવા ભલામણ છે. પાન ૪૪૮ : કિં. ૪-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચપાંડ ચાવાંદ

એક રૂપિયો

સસ્તું સાહિત્ય

પો. બો. ૧૦, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલ્યુમિનિયમ અને પિત્તળનાં વાસણ

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબી-પણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમના વાસણો વજનમાં હલકા, જલ્દી ગરમ થાય તેવા અને કીંમતમાં કીફાયત હોય છે. કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.





તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો:

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂા. ૬ાા છે. બ્રહ્મદેશ માટે રૂા. ૭) અને પરદેશ માટે રૂા. ૧૦) છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. છ અથવા ત્રણ માસના ગ્રાહકો નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક સમયસર ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી; અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી; અને તે સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામા આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે તો એક રૂપિયો પરત કરવામાં આવશે.

૭ ગ્રાહકોએ પોતાનું નામ-સરનામું સ્પષ્ટ લખવાં; સાથે ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું. વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે.

૯ મનીઑર્ડરની કુપન પર રૂપિયાની રકમ, રૂપિયા મોકલવાનો ઉદ્દેશ, ગ્રાહક નંબર (નવા ગ્રાહક હોય તો નવા ગ્રાહક લખવું), પૂરું સરનામું વગેરે સર્વ બાબતો સ્પષ્ટ દર્શાવવી.

૧૦ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર અમદાવાદના કાર્યાલય સાથે કરવો.

૧૧ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૨ રૂબરૂ આવી અંક લઈ જનાર, તથા એકથી વધારે અંકો રજિસ્ટરથી ય રેલવેથી મંગાવનાર માટે લવાજમમાં કંઈ ફેરફાર નથી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, અમદાવાદ ને કાલબાદેવી, મુંબઈ-૨

લેખો અંગે નિયમો

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને—વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગ-કથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ-વર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. આમ છતાં સ્વીકાર પામેલો લેખ ચારેક માસની અંદર પ્રગટ થઈ જ જાય તે વિષે કાળજી રાખવામાં આવે છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લખાણ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે: એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લખાણો મોકલવાનું સરનામું આ પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'

ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ-૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	વાણીનું અમૃત	શ્રી	
૨	સ્તવનનું સામર્થ્ય	શ્રી કેદારનાથજી	૩
૩	ચોથો વિવેક—તારતમ્ય	શ્રી કિશોરલાલ મશરૂવાળા	૫
૪	કથાસાહિત્ય	પંડિત સુખલાલજી	૭
૫	અહિંસા	શ્રી ચંદ્રશંકર પ્રા. શુક્લ	૯
૬	પોતાનો ત્રાસ	શ્રી જ્યોતીંદ્ર દવે	૧૫
૭	આવતી કાલ (દ્વિ અંકી નાટક)	અધ્યા. મનસુખલાલ ઝવેરી એમ. એ.	૨૦
૮	દત્તક પિતા (વાર્તા)	શ્રી પીતાંબર પટેલ એમ. એ.	૨૫
૯	સ્વભાવ, ટેવ ને બાળક (માનસશાસ્ત્ર)	અધ્યા. શશિન્ ઓઝા એમ. એ	૩૪
૧૦	આંખડી અમૃતભરી (વાર્તા)	શ્રી જગદીશ પરમાર	૪૦
૧૧	ઝાંઝવાનાં જળ	ડૉ. અમૃતલાલ હ. પટેલ ડી. પીએચ. ડી. ટી. એમ. એન્ડે એચ. વાય.	૫૩
૧૨	વૈરાગ્ય—કવિતા	શ્રી અનામી	૫૬
૧૩	આચાર્યશ્રી હેમચંદ્ર (જીવનરેખા)	કુ. સરોજ ન. પરીખ	૬૩
૧૪	પેટ્રોલિયમ (વિજ્ઞાન)	શ્રી ગોવિંદ એસ. મેવાડા બી. એસ. સી.	૭૦
૧૫	સંહિતા અને વિધિનિર્માણ	શ્રી પ્રબોધચંદ્ર મા. વૈદ્ય	૭૪
૧૬	ઇંદ્રિયજિત (ધર્મકથા)	શ્રી ધનશંકર હી. ત્રિપાઠી	૭૬
૧૭	રસરાજ	શ્રી છોટાલાલ કહાનદાસ પટેલ	૮૨
૧૮	મધુબિંદુ !	શ્રી તારાચંદ પોપટલાલ અડાલજા	૮૫
૧૯	શરણાગતિ	શ્રી ભોગીલાલ હિંમતલાલ શાહ	૮૮
૨૦	ગળો (આરોગ્ય)	શ્રી માધવ મો. ચૌધરી	૯૧
૨૧	ભૂત (વાર્તા)	શ્રી છગનલાલ નેસ્તી	૯૪
૨૨	ભારતીય સંસ્કૃતિ	શ્રી સુરેન્દ્ર સી. પરીખ	૯૭
૨૩	પૃથ્વી	શ્રી 'મલ્લિક'	૧૦૧
૨૪	માનસિક શક્તિ	શ્રી. ચંચળબહેન મા. પાઠક	૧૦૪
૨૫	રિક્ષાવાળો (વાર્તા)	શ્રી હરીશ નાયક	૧૦૬
૨૬	યુગપ્રવાહ	શ્રી સોપાન	૧૧૧
૨૭	લોટસ ટ્રસ્ટની સાહિત્ય-સર્જનની યોજના		૧૧૫
૨૮	સંસ્થા-સમાચાર	કાર્યાલય	૧૧૬ ૧૨૦

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ હ૦ ઠક્કર
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ—અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૩, અંક ૬] તંત્રી : સોપાન [એપ્રિલ ૧૯૫૦

વાણીનું અમૃત

સારા સંબંધો બગાડવામાં અને વેરઝેર વધારવામાં આપણી વાણીનો કેટલો મોટો હિસ્સો છે તેનો જો વિચાર કરીએ તો જીભ ઉપર તાળું મારવાનું જ મન થાય. જીવન વિષે ઊંડું ચિંતન કરનારાઓ હોઠ ઉપર તાળું તો નથી મારતા, પણ લાંબો સમય મૌન સેવે છે અને બોલે છે ત્યારે તોળીતોળીને બોલે છે તેનું આ જ કારણ છે. જીભ જેમ વેરઝેર વધારી શકે છે તેમ પ્રેમસંબંધ પણ સ્થાપી શકે છે, ને તેથી જ સંતોએ જીભ રહેવા દીધી છે. જીભ એક જ પ્રકારની પ્રવૃત્તિ કરી શકતી હોત તો જ્ઞાન પેદા થતાં જ સમજુ માણસો એને ખેંચી કાઢી મૂંગા બની જવાનું પસંદ કરત.

પણ એટલું તો ખરું છે કે જીભ દ્વારા સારા સંબંધો સ્થાપવા કરતાં સારા સંબંધો બગાડવાનું વધારે સહેલું છે. માણસના મનમાં બૂરાઈ ન હોય તો તો જીભ ઉપર આવે જ નહિ, જીભ પણ અંતે તો મનની આજ્ઞાને આધીન છે, પરંતુ સારું અને બૂરું બંને મનમાં પડ્યાં હોય, ત્યારે સહજ પ્રસંગ ઊભો થતાં બૂરું બહાર નીકળી આવે છે. માણસનાં અભિમાન, ઈર્ષા, દ્વેષ જીભ દ્વારા જ પ્રથમ માર્ગ મેળવે છે. સારું અને બૂરું સરખા જ પ્રમાણમાં મનમાં પડ્યું હોય તો યે આમ થાય છે; કારણકે જે સારું છે તે સ્વજનો સાથેના સંસર્ગમાં પ્રગટ થાય છે અને જે બૂરું છે તે ગમે તે પ્રસંગે બહાર ધસી આવતું લાગે છે. રાગ અને દ્વેષ લગભગ સાથે જ જીવે છે ને એકબીજામાંથી બળ મેળવી ઘેરા બને છે.

વાણીને અમૃતમય બનાવવી હોય તો અંતરને સ્વચ્છ કરવાની—રાગદ્વેષથી મુક્ત કરવાની પહેલી જરૂર છે. જેના દિલમાં રોષ ન હોય, ઈર્ષા ન હોય, કટુતા ન હોય એની વાણી અમૃતમય હોય છે. આવી વાણી પણ વેરઝેરથી ભરેલાંઓને જો ઉશ્કેરી શકે છે તો દ્વેષ અને કટુતાથી ભરેલા માણસોની વાણી કેટલો અનર્થ મચાવી શકે! પૂજ્ય બાપુની વાણી અમૃતમય હતી; રાગદ્વેષથી એમનું અંતર મુક્ત હતું; કટુતા કોઈ પ્રત્યે હતી જ નહિ, છતાં એમની વાણીએ—એમનાં પ્રાર્થના-પ્રવચનોએ એક નાનકડા વર્ગમાં પડેલા ઝેરને ઉમટાવી દીધું, ઝીણવટથી અને સાથોસાથ વિશાળ દૃષ્ટિથી જોઈએ તો અમૃતે જ પોતાનું કાર્ય કર્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં ઝેર છુપાઈને પડ્યું હતું ત્યાંથી તેને બહાર ખેંચી આણ્યું: પણ આપણા સ્થૂળ … માટે તો એનો બોધપાઠ એટલો જ કે રાગદ્વેષ વિના ઉચ્ચારાયેલી વાણી પણ … પ્રગટાવી દે છે તો આપણી રાગદ્વેષયુક્ત વાણી કેટલો અનર્થ મચાવતી હશે!

બહુ વ્યાપક કે ઊંડા ધોરણે ન વિચારીએ ને માત્ર દૈનિક જીવન ઉપર જ નજર નાખીએ તો યે વાણી દ્વારા શુભાશુભનો પ્રચાર કેટલો થાય છે તે આપણે સમજી શકીએ એમ છીએ. જો પૃથક્કરણ કરીએ તો જાણી શકીએ કે આપણાં મીઠાં વચનો જે 'આપણાં' છે તેમને જ સાંભળવા મળે છે ને કડવાં વચનો અનેક જગ્યાએ વરસી જઈ કડવાં … નિપજાવે છે. સત્યને ભોગે મીઠાશ લાવવાનું યોગ્ય નથી, પણ સત્ય હમેશાં કડવું જ … જોઈએ એમ પણ નથી. આપણને જે સાચું લાગે છે તે નરમાશથી પણ કહી શકાય … કહેવાનું છે તેની મુશ્કેલીઓનો ખ્યાલ કરી તેની મર્યાદા પણ નક્કી કરી શકાય.

પણ સત્ય માટે જ માણસ કડવું બોલે છે એમ નથી. એવા દાખલા બહુ ઓછા … છે. માણસ તો અમસ્થો અમસ્થો જ, કેટલીક વાર તો કશા યે સ્વાર્થ વિના પણ … વાણી ઉચ્ચારે છે, બીજાનું મન બાળે છે અથવા તેને ઉશ્કેરે છે.

અન્યને ત્રાસ આપવામાં અથવા પાછા પાડવામાં અમુક માણસોને રસ આવે … તેઓ આવા પ્રસંગે અભિમાનથી હસી શકે છે, પણ ભૂલી જાય છે કે વિના કારણે … આ દુનિયામાં એક દુશ્મનનો વધારો કરી દીધો છે! સત્ય કટુ હોય તો તેની કટુતા … સમજાતાં દૂર થઈ શકે છે, પરંતુ કેવળ મોજ કે અભિમાન ખાતર જ્યારે કટુ … ઉચ્ચારવામાં આવે છે ત્યારે તે સાંભળનારના દિલમાં ઘર કરી જાય છે ને એમાંથી … નાવટનાં ઝેરી ફળો પ્રગટે જ છે.

આપણે જો બોલતાં પહેલાં સાંભળનારના મનની હાલતનો સહેજ વિચાર … અને જીભે આવી ગયેલા શબ્દોનાં પરિણામોની લગીર પણ કલ્પના કરીએ તો આ… વાણીમાં અમૃત દાખલ થશે ને ઝેરનું પ્રમાણ ઘટવા માંડશે. આ કાર્ય અઘરું નથી … જરૂર છે માત્ર મનની જાગૃતિની. માણસ જો આ બાબતમાં નિશ્ચય કરે અને થોડાક … સજાગ રહી પ્રયત્નો કરે તો તેની અસર તરત જ જોઈ શકે. બોલતાં પહેલાં પળ… થોભી જઈ વિચાર કરવાની સૂચના સારી છે, પણ અનુભવ એવો છે કે બોલવાની … પ્રગટ્યા પછી થોભવાનું મુશ્કેલ બની જાય છે. પળવાર થોભવાથી તો મોટામાં મોટા દુ… હઠાવી દેવાની શક્તિ પ્રાપ્ત થાય છે, પણ દરેક પ્રસંગે આવી પળ માટે મનોબળ … મેળવવું એ જ મુખ્ય સવાલ છે.

આ બાબતમાં અનુભવ એમ કહે છે કે દરેક પ્રસંગે આવી જાગૃતિ કે મનોબળની જ… નથી. માણસ મોટે ભાગે ટેવથી જ વર્તે છે. ગમે તેમ બોલવાની આપણને ટેવ પડી … છે. એ ટેવ છૂટતાં સુધી જાગૃતિનો શ્રમ ઉઠાવવો પડશે, પણ પછી તો વિચારીને … ઓછામાં ઓછું અને મધુર બોલવાની ટેવ જ પડી જશે. એ પછી મનોબળની જરૂર … નહિ રહે. માત્ર એક જ દિવસ સવારથી સાંજ સુધી આ પ્રયોગ કરી જુઓ. એટલે … પોતાને જ આ વસ્તુની ખાતરી થશે.

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્તવનનું સામર્થ્ય

મનમાં ચાલતી પરસ્પર વિરોધી તત્ત્વોની ખેંચતાણ વખતે સંકલ્પબળના જોરે જ આપણને સિદ્ધિ મળી શકે અને એ સંકલ્પબળને જરૂર છે ઈશ્વરનિષ્ઠાની ને એનું સાધન છે પ્રાર્થના–સ્તવન. સંપૂર્ણ તાદાત્મ્ય, નમ્રતા તથા પ્રસન્નતાથી કરાતી પ્રાર્થના દ્વારા દૈવી ગુણોનો મનુષ્યમાં કઈ રીતે પ્રાદુર્ભાવ પામે છે તેની અહીં ઝાંખી કરાઈ છે.

શ્રી કેદારનાથજી

મનુષ્યની ઉન્નતિ માટે કોઈ પણ ધાર્મિક બાહ્ય આડંબર કે કર્મકાંડની જરૂર નથી, પણ તે માટે કેવળ અંતરની વ્યાકુળતા હોવી જરૂરી છે. જેનામાં અંતરની વ્યાકુળતા હોય તેને પોતાની ઉન્નતિનો માર્ગ મળે છે અને તેનામાં દૃઢતા અને નિગ્રહશક્તિ હોય તો તે માર્ગ પર ચાલવાનું સામર્થ્ય પણ તેને પ્રાપ્ત થાય છે. ઉન્નતિના માર્ગમાં પહેલાં જે કઠણતા લાગે છે તે પોતાના જ અયોગ્ય સંસ્કારો અને ટેવોને બદલવાની. તે સંસ્કારો અને ટેવો બદલ્યા વગર આપણે આગળ જઈ શકતા નથી. પોતાની ઇંદ્રિયોને પડેલી ટેવો દ્વારા મનને લાગેલા સંસ્કારોથી આપણે બદ્ધ છીએ, તેનો કાબૂ આપણા પર ચાલતો હોય છે.

શ્રેયાર્થી માણસે અયોગ્ય ટેવો અને સંસ્કારોમાંથી પોતાનો છુટકારો કરી લેવો જોઈએ. તે માટે પોતામાં સામર્થ્ય પેદા કરવું જોઈએ. તે સામર્થ્ય ધ્યેય વિષેની પોતાની વ્યાકુળતા અને નિગ્રહવૃત્તિથી પ્રાપ્ત થાય છે. આ પ્રયત્નમાં પોતાની જૂની અને નવી મનોવૃત્તિઓનો કેટલોક વખત ઝઘડો ચાલ્યા કરે છે. પોતાની પહેલી મનોવૃત્તિઓ લાંબા વખતના તે જ સંસ્કારોથી–ટેવોથી અને કૃતિથી પોતાનો સ્વભાવ બની ગયેલી હોય છે. નવી મનોવૃત્તિથી વિશેષતઃ પોતાના નિગ્રહથી આપણે તેમનો નાશ કરવાનો હોય છે. પડેલી અયોગ્ય વૃત્તિઓમાં ટેવને લીધે બળ આવેલું હોય છે, તો બીજી શુભ વૃત્તિઓમાં નિશ્ચયનું બળ હોય છે, પવિત્ર સંકલ્પની અને તેને લીધે નિર્માણ થયેલા આત્મવિશ્વાસની મદદ હોય છે. આવી જાતની પરસ્પર વિરોધી વૃત્તિઓની પોતાના ચિત્તમાં ચાલતી ખેંચતાણ આપણે સહન કરવી પડે છે. આપણો નિશ્ચય–આપણો સંકલ્પ દૃઢ હોય, પૂરતી નિગ્રહશક્તિ આપણામાં હોય તો આપણી શુભ વૃત્તિઓનો છેવટે વિજય થાય છે, અને આપણે પોતાના માર્ગમાં આગળ જઈએ છીએ. આપણા ચિત્તમાં ઉન્નતિની વ્યાકુળતા હોય તો આપણને અનેક વખત આવી જાતના પોતાના જ ચિત્તના ઝઘડાઓ સહન કરવા પડશે; પરંતુ તેથી ન કંટાળતાં કે કદી નિરાશ ન થતાં આપણે પોતાની ઉન્નતિના રસ્તે ચાલ્યા કરવું જોઈએ.

અંતરની ઉત્કટ ઇચ્છા આપણને આ માર્ગમાં સદૈવ સહાય કરતી રહેશે. તે ઇચ્છા અને તે સંકલ્પને આપણે કદી મંદ થવા દેવાં ન જોઈએ. વાચન, મનન, સજ્જનની સોબત, ઉચિત અને ધર્મ્ય વ્યવસાય વગેરેની મદદથી આપણે પોતાના સંકલ્પને સદૈવ જાગ્રત અને દૃઢ રાખવો જોઈએ. તે સંકલ્પના બળ પર આપણને તે માર્ગમાં સિદ્ધિ મળવાની છે. તે સંકલ્પમાં બળ આવવા માટે ઈશ્વરનિષ્ઠાની જરૂર છે. એ નિષ્ઠામાં અપાર સામર્થ્ય છે, સાધન વગર નિષ્ઠા વૃદ્ધિંગત થતી નથી. નિષ્ઠા વગર સંકલ્પમાં બળ આવતું નથી. માટે કોઈ સાધનનું આલંબન લેવું પડે છે. તે સાધન એવું હોવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ કે તે દ્વારા આપણી નિષ્ઠા દૃઢ થાય, તે આપણા સંકલ્પને એકવિધ કરે, તેમ જ તેને શુદ્ધ અને દૃઢ કરીને તેમાં તીવ્રતા ને તેજસ્વિતા લાવે. એટલું છતાં યે તે સાધન સ્વાધીન હોવું જોઈએ, તેમાં કોઈ પણ પ્રકારના ક્રિયાકાંડની કડાકૂટ ન હોવી જોઈએ. તે સાધનમાં જ એવો પ્રભાવ હોવો જોઈએ કે તેથી હૃદયમાં ભાવભક્તિનું પૂર વહેવા લાગે, હૃદય નિર્મળ થવા લાગે. તે સાધનથી ચિત્તમાં ઈશ્વરનિષ્ઠા સહેજે વૃદ્ધિંગત થતી રહે, અને તે વધતાંવધતાં આપણા શરીર-ના અણુઅણુમાં ભરાઈ જાય. આ રીતે આપણે મૂર્તિમંત નિષ્ઠારૂપ બનીએ. આ વાત જો આપણને સિદ્ધ થાય તો પોતાની ઉન્નતિ થવાને વધુ વખત નહીં લાગે; કારણકે તેને લીધે ચિત્તમાં નિર્માણ થનારા દૃઢ અને તીવ્ર શુભ સંકલ્પથી અયોગ્ય સંસ્કારોનું બળ ઝપાટાથી ક્ષીણ થતું જશે, અને થોડા જ વખતમાં તે બધા સંસ્કારો નાશ પામશે અને આપણી ઉન્નતિનો માર્ગ સુલભ અનેસરળ થશે.

આ માટે સૌથી પ્રભાવશાળી અને સ્વાધીન સાધન છે ઈશ્વર-સ્તવન. જે આપણને રુચે અને જેને લઈને આપણામાં સદ્‌ભાવો જાગ્રત થાય અને આપણા અંગમાં હળવે હળવે સંચરવા લાગે એવા પ્રકારનું સ્તવન આપણે સાધન તરીકે પસંદ કરવું જોઈએ. તે સ્તવન કે સ્તોત્ર આપણે રોજ પવિત્ર થઈને એકાંતમાં શાંત અને પ્રસન્ન વખતે-અંતર્મુખ થઈને-શાંત અને સ્થિર થઈને તેના પ્રત્યેક શબ્દનું, ભાવનું આપણા ચિત્ત પર ઊંડું પરિણામ થાય એવી રીતે, કેવળ પોતાને જ જ્ઞાત થાય એવી પદ્ધતિથી નિયમિતપણે બોલવાનું રાખવું જોઈએ. તેના દરેક શબ્દથી આપણા ચિત્ત પર શુભ, પવિત્ર ને ગંભીર લહેરો ઊઠવી જોઈએ, પ્રેમ જાગ્રત થવો જોઈએ, હૃદય સાત્ત્વિક ભાવોથી ભરાઈ જવું જોઈએ, તે ભાવો હૃદયમાં ઊંડે સુધી જઈ પહોંચવા જોઈએ. કોમલતા ને દયા, પ્રસન્નતા ને તેજસ્વિતા હૃદયમાં વ્યાપી જવી જોઈએ. સ્તવન કરતાંકરતાં આપણી નિષ્ઠા વધતી જવી જોઈએ. કોઈ પણ પ્રસંગે, કોઈ પણ કારણથી તે ભાંગી પડશે નહિ કે ચલિત થશે નહિ એવી તે અભંગ અને દૃઢ બનતી જવી જોઈએ; અને આપણે સ્તવન કરીએ તે વખતે જ આ પરિણામ આવે છે એવો અનુભવ આપણને થતો રહેવો જોઈએ. સ્તવનની શરૂઆતની આપણા ચિત્તની સ્થિતિ સ્તવનને અંતે ઉપર જણાવ્યા પ્રમાણે બદલાઈ ગયેલી આપણને અનુભવાવી જોઈએ. આ પ્રકારનું સામર્થ્ય સ્તવનની પદ્ધતિમાં આપણને નિર્માણ કરતાં આવડવું જોઈએ. સ્તવનમાં જે ઈશ્વરી ગુણોનું આપણે વર્ણન કરીએ, જે પ્રશંસા આપણે કરીએ, જે ગુણોનું સ્તોત્ર આપણે ગાઈએ તે ગુણો-તે ભાવો સ્તવન કરતાંકરતાં આપણામાં સંચરવા જોઈએ. આપણાં પ્રેમ, ભક્તિ, ભાવના ને નિષ્ઠાથી આપણે ઈશ્વરવિષયક કલ્પના સાથે-ગુણો સાથે તન્મય થઈએ-સમરસ થઈએ તો તે જ ગુણો આપણામાં પ્રકટ થયા વિના રહેશે નહીં. આવી સ્થિતિમાં દુર્બળતા, દીનતા, દુષ્ટતા ને હીનતા, જડતા ને કૃપણતા, અશુદ્ધતા ને લંપટતા, ખોટી ટેવો ને કુસંસ્કારોને આપણા હૃદયમાં સ્થાન રહેશે નહીં. આ બધાંનો સમૂળો નાશ થશે.

સ્તવનમાં આવી દિવ્ય શક્તિ છે. તેમાં આ દિવ્ય શક્તિ લાવવાનું કામ અંતરની શુદ્ધ તીવ્ર ઇચ્છા પર અવલંબેલું છે. શક્તિ તીવ્ર ઇચ્છા સ્તવનમાં શક્તિ આવશે, સ્તવનથી નિષ્ઠામાં બળ આવશે, સંકલ્પને દૃઢ અને પ્રભાવશાળી બનાવશે. આપણી તીવ્ર ઇચ્છા તે જ આપણો સંકલ્પ, તે સંકલ્પ, સ્તવન ને નિષ્ઠા બધાં એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોથો વિવેક-તારતમ્ય

*

શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા

જીવનવ્યવહારમાં આપણે અનુભવીએ છીએ કે હક્ક અને હકીકત વચ્ચે સદા ય ગજગ્રાહ ચાલ્યા કરે છે. આપણી સામાજિક તથા આર્થિક પરંપરાઓ, રાજકીય તથા આર્થિક રચનાનો વ્યવહાર, માની લીધેલા આ ભેદોને પરિણામે છે. એનો ઉકેલ લાવવા માટે તારતમ્યનો–સારાસારના વિવેકનો ઉપયોગ આપણે કરવો જોઈએ. આ અંગે તર્કશુદ્ધ અને વ્યવહારુ માર્ગદર્શન અહીં અપાયું છે. ૧૯૪૯ના નવેંબરના હિંદી 'સર્વોદય' માસિકમાંનો આ અનુવાદ શ્રી રમણીકલાલ મોદી દ્વારા પ્રાપ્ત થયો છે.

પાછલા અંકમાં ત્રણ વિવેકનો મેં ઉલ્લેખ કર્યો છે. એ ઉપરાંત જીવનમાં એક ચોથો વિવેક પણ કરવો પડે છે. અને દુનિયામાં જેટલા મતભેદો, ચર્ચાઓ કલહ વગેરે થાય છે તે ઘણુંખરું આ ચોથા વિવેકને નિમિત્તે થાય છે. હક્ક સત્યનો સિદ્ધાંત અને હકીકત–વસ્તુસ્થિતિ–વ્યવહાર એ બન્ને વચ્ચે રહેલા ફરકનો ખ્યાલ અથવા તારતમ્ય એ આ વિવેક. હક્ક અને હકીકત વચ્ચે અંતર છે એ વાત તો જરાક વિચારથી જ દરેક જણ સમજી શકે છે; પરંતુ આ અંતર કેટલું છે, એનું મહત્ત્વ કેટલું સ્વીકારવું જોઈએ અને તે કેવી રીતે દૂર કરી શકાય અથવા કયે વખતે કેટલે સુધી નિભાવી શકાય

પોષક અને પરસ્પર બળ વધારનારાં છે. તેમને એકબીજાથી જુદાં કરી શકાતાં નથી. સંકલ્પનો પ્રભાવ સ્તવન પર, સ્તવનનો નિષ્ઠા પર અને નિષ્ઠાનો પુનઃ સંકલ્પ પર; આ રીતે સામર્થ્યવૃદ્ધિનું ચક્ર ચાલે છે. બળવાન સંકલ્પનું આપણા સંપૂર્ણ જીવનપર અજાણતાં સદૈવ પરિણામ ચાલુ જ હોય છે. સ્તવનથી તેમાં ઈશ્વરી શક્તિ પ્રકટ થાય છે. આપણી બીજી શક્તિઓ કરતાં તે શક્તિની મર્યાદા ઘણી વ્યાપક છે. તે શક્તિને લીધે અશક્ય જણાતી બાબત આપણને સહેજે સધાવા લાગે છે. આપણી સંકલ્પશક્તિ એ જ આપણામાં રહેલી ખરી ઈશ્વરશક્તિ છે. જાગૃતિ, સ્વપ્ન સુષુપ્તિ–એ ત્રણે અવસ્થાઓમાં તે આપણામાં જાગ્રતપણે કાર્ય કરતી હોય છે. અંતરબાહ્ય થતી આપણી બધી ઘટનાઓમાં તે શક્તિનો સંબંધ હોઈ તેનું કાર્ય અજ્ઞાતપણે સદૈવ ચાલુ છે. આપણું મન, બુદ્ધિ, ચિત્ત, તે સાથે આપણો અહં–એ બધું સુપ્ત દશામાં ગયા પછી યે તે શક્તિ જાગ્રત હોય છે. તે જાગ્રત હોય છે તેથી જ ગાઢ નિદ્રામાં યે નક્કી કરેલે વખતે, પ્રસંગે અવેળાએ પણ તે આપણને જાગ્રત કરે છે. તે જાગ્રત ન હોય તો રોજના કરતાં જલદી સવારે ઊઠવાનો સંકલ્પ કરીને આપણે રાતે ઊંઘ્યા પછી બરાબર તે જ વખતે આપણને ગાઢ નિદ્રામાંથી કોણ જાગ્રત કરશે? એ પરથી આપણો દૃઢ સંકલ્પ અજાણતાં આપણું જીવન ઘડે છે એમાં શંકા નથી. તે સંકલ્પ વધારે ને વધારે બળવાન, તીવ્ર અને યશસ્વી કરવા માટે સ્તવનની અત્યંત આવશ્યકતા છે. આ સ્તવનમાંથી આ બધી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનો મર્મ જે સાધી શકે તે પોતાની ઉન્નતિના માર્ગે જતાંજતાં, જીવન ક્રમશઃ વિકસિત કરતાંકરતાં પોતાનું ધ્યેય પ્રાપ્ત કરી શકશે એમાં શંકા નથી.*

* 'વિવેક અને સાધના' નામથી પ્રસિદ્ધ થનારા પુસ્તકનો એક લેખ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બાબતમાં સજ્જન અને સાચા દિલના મિત્રોમાં પણ ઘણીવાર તીવ્ર મતભેદ ઊભો થાય છે અને ક્લેશનું કારણ બને છે. એટલું જ નહીં પણ આ કારણે પોતાના હૃદયમાં પણ પરસ્પર ઝઘડા ઊઠે છે, અને પાકો નિશ્ચય કરવામાં અંતરાયરૂપ બને છે. ઉદાહરણ તરીકે, બધા જીવો યા બધા મનુષ્યો સમાન છે. ઊંચ-નીચ, ધનિક-ગરીબના ભેદો ન હોવા જોઈએ. એ સિદ્ધાંત તો માનવામાં આવ્યો. પરંતુ તે અનુસાર ચાલુ સંજોગોમાં કેવી રીતે વ્યવહાર કરવામાં આવે? પગલે-પગલે ધનિક-ગરીબ, ઊંચ-નીચ, ભણેલા-અભણ વગેરે ભેદો જોઈએ છીએ. આ ભેદોને માનીને જ આખી રાજવ્યવસ્થા, ધાર્મિક અને સામાજિક રૂઢિઓ, આર્થિક રચના, ભૌતિક સગવડો વગેરેનો વ્યવહાર ચાલે છે. એના મજબૂત સંસ્કારો દરેકના ઉપર પડેલા છે. આપણા પોતાના પર પણ તેમનો પ્રભાવ છે. અર્થાત્ હક્ક એક છે, હકીકત જુદી અને ભિન્નભિન્ન પ્રકારની છે. क નાનો માણસ છે પણ વૃદ્ધ છે. ख જુવાન છે, પરંતુ મોટો અધિકારી છે અથવા ધનિક છે. ग ઘરડો છે પણ ગરીબ છે. घ વિદ્વાન છે. च સાધુ-સંન્યાસી છે. छ ગુરુ છે. ज સારા ઘરની સ્ત્રી છે. झ મજૂરવર્ગની સ્ત્રી છે. ट ધનિકનો છોકરો છે. ठ નોકરનો છે. તો વ્યવહારમાં આ બધી હકીકતોને ખ્યાલમાં રાખવી, ન રાખવી અથવા કેટલી રાખવી?

કોઈ કહેશે કે આ બધા માયાના ઝઘડા છે. માયાને છોડો એટલે આ બધા નાશ પામશે. પરંતુ આટલું સમજી લીધાથી માયા છૂટી જાય તો એ માયા ન કહેવાય, છાયા કહેવાય. ઊંટનાં અઢાર વાંકાં અંગોની પેઠે માયા ખરી રીતે આપણી સાથે ચોંટેલી છે.

ઉપર તો એક જ ઉદાહરણ આપ્યું છે. પરંતુ જીવનના દરેક ગૂંચવાયેલા સવાલ[illegible] પાછળ આ પ્રમાણે હક્ક યા સિદ્ધાંત [illegible] હકીકત યા વાસ્તવિક સ્થિતિના ફરકનો પ્ર[illegible] ઊઠે છે. કેંદ્ર મજબૂત હોય કે ક્ષેત્ર? યં[illegible]કરણ, રાષ્ટ્રીયકરણ, જમીનની માલિકી[illegible] અધિકાર, ખાનગી સંપત્તિની મર્યાદા, શહે[illegible] અને ગામડાંનું મહત્ત્વ, કાયદા દ્વારા સુધાર[illegible]નું ક્ષેત્ર અને વિચાર-પ્રચાર દ્વારા સુધાર[illegible] ક્ષેત્ર, હિંદી-હિંદુસ્તાની-અંગ્રેજી, નાગ[illegible] ઉર્દૂ-રોમનના ભાષા કે લિપિવાદ વ[illegible] કોઈ પણ પ્રશ્નને લો. એમાં જે મત[illegible] ઊભા થાય છે તે જુદીજુદી જાતની હકી[illegible] લઈને જ થાય છે. એક માણસ હકી[illegible] એક બાજુ પર ઘણું જોર આપે છે, બીજો બીજી પર, અને એમાંથી પક્ષ-[illegible] ઊભા થાય છે. બાપ-દીકરો, ભાઈ-[illegible] પતિપત્ની, મિત્રમિત્ર અને ગત ક્ષણ[illegible] અને વર્તમાન ક્ષણનો હું-એ બધાની [illegible] પણ બુદ્ધિભેદ અને ઊંચાદિલી થાય[illegible] જે માણસ આમાંથી સફળતાપૂર્વક [illegible] કાઢી શકે છે તે વ્યવહારકુશળ ક[illegible] છે. આ વ્યવહારકુશળતા કોઈવાર સિદ્ધાં[illegible] ઘણે દૂર લઈ જનારી થાય છે તો કો[illegible] નિયંત્રિત માર્ગે અને ધીરે પગલે તેની [illegible] લઈ જનારી થાય છે.

આ વિવેકની સૂઝ લગભગ જ[illegible] જ ઉત્પન્ન થતી હોય એમ જણાય[illegible] તેમાં સંસારનો વિશાળ અનુભવ, અનુ[illegible] પ્રસંગે સાવધાનતા અને ચાતુર્ય તથા [illegible]ષાર્થ જે પ્રમાણમાં હોય તેને અનુસાર [illegible] પડે છે. એ ઉપરાંત સહૃદયતા યા [illegible] વૃત્તિ અને રાગદ્વેષના પ્રમાણમાં યે તે[illegible] પડે છે. આમ મનુષ્યના વિકાસમાં [illegible] ચોથો વિવેક-તારતમ્ય દૃષ્ટિ ઘણી મહ[illegible] સંપત્તિ છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથાસાહિત્ય

પં. સુખલાલજી

વાચક કે શ્રોતાની જિજ્ઞાસાવૃત્તિમાં ઉત્તરોત્તર વધારો કરતી ધાર્મિક, સામાજિક, ઐતિહાસિક કે રાજકીય ઘટનાનું પ્રતિબિંબ ઝીલતી વાર્તાનાં મૂળ માનવસ્વભાવમાં ખૂબ ઊંડાં છે. વૈદિક કે પૌરાણિક તથા બૌદ્ધ અને જૈન એવા ત્રણ મુખ્ય પ્રવાહોમાં વહેંચાઈ જતું ભારતીય કથાસાહિત્ય એનો અનેરો દાખલો પૂરો પાડે છે. એવું દૈનિક, સાપ્તાહિક, પખવાડિક કે માસિક ભાગ્યે જ હશે જેમાં વાર્તાસાહિત્ય નહિ પિરસાતું હોય. વાર્તાકળા વિશે ઐતિહાસિક દૃષ્ટિથી આપણે ત્યાં ઠીક લખાયું છે, પણ પંડિત સુખલાલજીએ 'મત્સ્ય ગલાગલ'ના પ્રવેશકમાં આપણા એ કથા-વારસાને નવા જ દૃષ્ટિકોણથી નિહાળ્યો છે. એમણે વાર્તા, નાટક, નવલકથાને વિશાળ અર્થમાં વાર્તા તરીકે ઘટાવ્યાં છે.

મનુષ્યજાતિનાં વ્યાવર્તક કે વિશિષ્ટ લક્ષણો અનેક છે. તેમાંથી એક સરળ અને ધ્યાન ખેંચે એવું લક્ષણ તે—તેનો કથા-વાર્તાનો વારસો છે. નાનામોટા માનવસમાજની વાતો દૂર રહી, પણ એક ક્યાંક અટૂલું પડેલ કુટુંબ લઈ તે વિષે વિચાર કરીએ તો ય જણાઈ આવશે, કે કુટુંબનાં બાળકો અને વડીલો વચ્ચેનું અનુસંધાનકારી તત્ત્વ એ વાર્તાઓ છે. માતા કે દાદી, બાપ કે દાદો, નાનાં-મોટાં પોતાનાં બાળકોને વાતો ન કહે, તેમનું મન નવાનવા વિષયોમાં ન કેળવે તો એ બાળકો ભાષાવિનાના અને વિચારવિનાના પશુ જ રહે. વડીલોને પોતે જાણેલી વાતો કે હકીકતો કહ્યા વિના ચેન નથી પડતું, અને ઊછરતાં બાળકોને એ સાંભળ્યા વિના બેચેની રહે છે. આ પરસ્પરને આકર્ષનાર અને જોડનાર જિજ્ઞાસા-તત્ત્વને લીધે જ માનવજાતિએ જ્ઞાનવારસો મેળવ્યો અને કેળવ્યો છે. ઈશ્વરની વ્યાપકતા સમજવા માટે પ્રબળ શ્રદ્ધા જોઈએ; કથા કે વાર્તાની વ્યાપકતા સ્વયંસિદ્ધ છે.

જ્ઞાનની શાખાઓ અપરિમિત છે. એના વિષયો પણ તેટલા જ છે. જ્ઞાનવિનિમયનાં સાધનો પણ કાંઈ ઓછાં નથી. અને તે નવાં-નવાં શોધાતાં તેમજ ઉમેરાતાં જાય છે. એ બધામાં સરલ અને સર્વગમ્ય જ્ઞાનવિનિમયનું સાધન તે વાર્તા છે. લગભગ અઢીત્રણ વર્ષનું બાળક થાય ત્યારથી માંડી જીવનની છેલ્લી ક્ષણ સુધીની જુદીજુદી ઉંમર, સમજણ અને શક્તિની પાયરીઓમાં એકસરખી રીતે ઉપયોગી થાય, કંટાળા વિના વધારે ને વધારે જિજ્ઞાસા પોષે જાય અને જ્ઞાન લેનાર ને દેનાર બંનેને શાંતિ-સ્વસ્થતાનો અનુભવ કરાવે એવું સાધન એકમાત્ર કથા-વાર્તા છે. તેથી જ દુનિયાના આખા પટમાં વિસ્તારેલી બધી જ માનવજાતિઓમાં એવું સાહિત્ય એક અથવા બીજી રીતે ખેડાયેલું મળી આવે છે. જે સમાજ જેટલો જૂનો અને જેટલો વિશાળ તેટલું કથાસાહિત્ય વિવિધ ને વિશાળ. એની મારફત ભાષા, વિચાર અને સંસ્કાર ઘડાય છે તેમજ વિસ્તરે છે. જેમ વાયુ એ સદાગતિ છે તેમ વાર્તાસાહિત્ય એ સદાગતિ છે.

સામાજિક, આર્થિક, રાજકીય કે ધાર્મિક કોઈ પણ બનાવ કે ઘટના હોય તો તેનું પ્રતિબિંબ વાર્તા ઝીલે છે. જે ઘટના જેવી બની હોય તેનું તેવું ચિત્રણ એ ઇતિહાસ છે, પણ ઇતિહાસ સુદ્ધાં એક વાર્તા જ છે. ભૂતકાળના દૂરદૂરના સંબંધો અને દૂરદૂર દેશના સંબંધો વર્તમાન જીવનમાં કેવી રીતે કામ કરી રહ્યા છે, એના ઉપર આપણે વિચાર કરીએ તો સ્પષ્ટ સમજાશે કે આ ભૂત અને વર્તમાનની સાંકળ મોટે ભાગે કથા-વાર્તામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ છે; તેથી એની ઉપેક્ષા કોઈએ કરી નથી, કોઇથી થઈ શકી પણ નથી.

કથા-વાર્તા શ્રવ્ય તો છે જ, પણ એની લોકપ્રિયતાએ એને અનેક રીતે દૃશ્ય પણ બનાવી છે. જ્યારે ચિત્રપટ ન હતો, ત્યારે પણ 'મુંબઈ દેખો, કાશી દેખો, દેખો મથુરાકા ઘાટ' એમ કહી માથે ફલકોની પેટી લઈ ઘેરઘેર ફરનાર મંખલીપુત્રો-ચિત્રપ્રદર્શકો હતા જ. નાટક-ભવાઈ તો હજી પણ ચાલે જ છે. હજારો વર્ષ પહેલાંનાં શિલ્પ-સ્થાપત્યમાં વાર્તાઓ ઉત્કીર્ણ મળી આવે છે. એ બધું તેની લોકપ્રિયતા જ સૂચવે છે.

જ્યાં આવી લોકપ્રિયતા હોય, ત્યાં તેનો વાહક એક વિશિષ્ટ વર્ગ હોવાનો જ. વ્યાસો માત્ર કથા જ ન કરતા, કે પુરાણો જ ન સંભળાવતા; પણ તેમાંથી કેટલાક પ્રતિભાશાળી નવનવ પ્રકારે વાર્તાઓ રચતા અને તેનો પ્રચાર પણ કરતા. ચારણ, ગઢવી, અને ભાટોની કોમનું તો એ જ કામ! ભોજક, તરગાળાઓમાં પણ કેટલાક એ જ કામને વરેલા. જેઓ અગાર (ઘર) છોડી અનગાર-ભિક્ષાજીવી થયેલા તેવા અનેક પ્રકારના શ્રમણો પણ પોતાની સમગ્ર પ્રવૃત્તિ અને લોકસંગ્રહકારી વૃત્તિ કથા-વાર્તા દ્વારા પોષતા. તેમાંથી અનેક પ્રતિભાશાળી નવસર્જન કરતા, તો બીજા કથક કે કથિક તરીકે જ જીવનયાપન કરતા. તેથી જ સંસ્કૃતિના ચઢતા-ઊતરતા બધા જ સ્તરોવાળા સમાજમાં અને જુદી-જુદી ભાષા બોલનારા બધા જ વર્ગોમાં તે તે ભાષામાં ખેડાયેલું અને સચવાયેલું કથાસાહિત્ય મળી આવે છે. આપણે જ્યારે ધ્યાનપૂર્વક આ કથાસાહિત્ય વાંચીએ છીએ ત્યારે આપણી સામે જાણે આખો ભૂતકાળ વર્તમાન થતો હોય એમ ભાસે છે.

વાર્તાનો સર્જન અને પ્રચાર-પ્રવાહ તો નદીના અખંડ સ્રોતની પેઠે વહેતો જ આવ્યો છે. કોઈ અસાધારણ પ્રતિભાવાળો વાર્તાકાર જન્મે ત્યારે એ ભૂતકાળના પાયા ઉપર નવીનવી ઘટનાઓ અને કલ્પનાઓને આધારે નવો આકર્ષક વાર્તા-મહેલ ઊભો કરે છે. પછી લોકરુચિ કંઈક નવી દિશાએ વળે છે. નવી દિશાએ વળેલી લોકરુચિ નવા વાર્તાકારોને નવી રીતે લખવા પ્રેરે છે. એ નવસર્જનથી લોકરુચિ અને લોકરુચિથી પુનર્નવસર્જન ઘડાતાં જ ચાલ્યાં આવ્યાં છે; તેથી જ આપણે વાર્તાસાહિત્યની જુદીજુદી કક્ષાઓ અને ભૂમિકાઓ જોવા પામીએ છીએ. આજે તો વાર્તાકળાની એટલી બધી કદર થઈ છે, અને તે એટલી બધી વિકસી છે, કે તેનાં જ્યોર્જ બર્નાર્ડ શૉ, પર્લ બક, ગાલ્સવર્ધી, આનાતોલ ફ્રાન્સ, જેવા સર્જકોને નોબેલ પ્રાઈઝ સુદ્ધાં મળ્યું છે. જેમ પ્રાચીન કાળમાં જેમ બાણાવળી તરફ સહુની નજર જતી અને સ્વયંવરમંડપમાં કન્યા તેને પસંદ કરતી, તેમ આજે આપણાં બધાંની દૃષ્ટિ એવા કુશળ વાર્તાકાર ભણી વળે છે, અને સ્વયંવર તો આપોઆપ જ સર્જાય છે.

લગભગ છેલ્લી શતાબ્દીમાં બંગાળી, હિંદી અને મરાઠી જેવી પ્રાન્તીય ભાષાએ પાશ્ચાત્ય સંસ્કારનું પ્રતિબિંબ ઝીલતી અને આર્ય સંસ્કૃતિનો પડઘો પાડતી અનેક નવલિકાઓ અસ્તિત્વમાં આવી. ગુજરાતે પણ એ દિશામાં મંગળ પ્રયાણ કર્યું. પછી યુગ બેસી ગયો અને પછી તો અનેક લેખકો વાર્તાની રંગભૂમિ પર ઉપસ્થિત થયા. મુદ્રણ અને પ્રકાશનયુગે લખનાર-વાંચનારને એવી બધી સગવડ કરી આપી કે બે વર્ગ વચ્ચે દેશ કે કાળનું અંતર જ લુપ્ત થઈ ગયું; અને રેડિયોએ તો કાન બંધ કરીને બેઠેલા તો ય, પરાણે તેનાં દ્વાર ખોલવા માંડ્યાં. આજે વર્તમાનપત્રોમાં, માસિકોમાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પુસ્તકોમાં જ્યાં દેખો ત્યાં નાની–મોટી વાર્તાનું દર્શન થવાનું. હવે વ્યાસો કે ચારણ–ભાટો કોઈ કામપૂરતા ન રહ્યા. જેમ બીજી બાબતોમાં તેમ વાર્તા–લેખન અને વાર્તા–પ્રચારની બાબતમાં પણ જાતિબંધન લુપ્ત થયું. એ સૂચવે છે, કે વાર્તાતત્ત્વ મૂળે જ વ્યાપક છે, એ કૃત્રિમ બંધનોથી પર છે.

ભારતને પોતાનું કથાસાહિત્ય છે, અને તે જેવું તેવું નહિ–પણ અસાધારણ કોટિનું છે, કદાચ પ્રાચીનતાની દૃષ્ટિએ એ બધામાં ય બુઝર્ગ પણ હોય. ભારતે એટલા બધા દાનવીરો, રણવીરો અને ધર્મવીરો પેદા કર્યા છે, કે તેની આસપાસ ગૂંથાયેલું અને ગૂંથાતું જતું સાહિત્ય એક અજબ ખુમારી પેદા કરે છે. એમ તો ભારતીય સાહિત્યના કાંઈ ચોકા પાડી ન શકાય; ભાષા ને સંસ્કારની દૃષ્ટિએ બધી પરંપરાઓમાં ઘણું સામ્ય છે, છતાં કાંઈકકાંઈક જુદી પડતી માન્યતાઓ અને જીવનગત જુદાંજુદાં વલણોને લક્ષે ભારતીય કથાસાહિત્યને મુખ્યપણે ત્રણ પ્રવાહમાં વહેંચી શકાય: ૧. વૈદિક અને પૌરાણિક ૨. બૌદ્ધ ૩. જૈન.

વૈદિક અને પૌરાણિક ગણાતા કથાસાહિત્યમાં એક તરત નજરે ચઢે એવી કલ્પના તેને બીજા બે પ્રવાહોથી જુદું પાડે છે. એ કલ્પના તે દેવાસુર–સંગ્રામની. દેવો અને અસુરો મૂળે કોણ હતા, તેમનો સંગ્રામ ક્યારે અને કયે નિમિત્તે તેમ જ ક્યાં થયેલો–એ બધું આજે તદ્દન સ્પષ્ટ નથી; પણ એ સંગ્રામની કલ્પના ક્યારેક વાર્તામાં દાખલ થઈ. પછી તો એ કલ્પના વ્યાસો અને પૌરાણિકો માટે કામદુધા ધેનુ બની ગઈ. એ કલ્પનાની ભૂમિકા ઉપર એટલું બધું વૈદિક અને પૌરાણિક સાહિત્ય રચાયું છે, કે તે જોતાં આશ્ચર્યમાં ગરક થઈ જવાય છે. ઐતરેય અને શતપથ બ્રાહ્મણમાં દેવાસુર–સંગ્રામનો સંકેત એક રીતે છે, જ્યારે છાંદોગ્ય અને બૃહદારણ્યક જેવાં ઉપનિષદોમાં તેનો ઉપયોગ કથારૂપે તત્ત્વજ્ઞાનના વિકાસમાં થયો છે. અને મહાભારત જેવાં મહાકાવ્યો અને પુરાણોમાં તો એ કલ્પના વિના જાણે વ્યાસો આગળ જ વધી શકતા નથી. મહાદેવને ઉમા સાથે પરણાવવા હોય કે કંસ જેવાનો વધ કરાવવો હોય કે લેખકે પોતે માની લીધેલા બૌદ્ધ–જૈન જેવા નાસ્તિક અસુરોને નરકે મોકલી વૈદિક–આસ્તિક દેવોનું રાજ્ય સ્થાપવું હોય કે ભાર્ગવ જેવા વંશને અસુર કોટીમાં મૂકવો હોય તો તેને પ્રાચીન કાળથી ચાલી આવતી દેવાસુર–સંગ્રામની કલ્પના ભારે મદદગાર થાય છે. એક માત્ર દેવાસુર–સંગ્રામની કલ્પનાનો આશ્રય કરી તેને આધારે નાનાં–મોટાં કેટલાં વાર્તાઓ–આખ્યાનો ને આખ્યાયિકા રચાયાં છે, એ જો કોઈ સર્વાંગીણ શોધપૂર્વક લખે તો તે ખાતરીથી પીએચ. ડી. ની ડિગ્રી મેળવે. અને તેમાં રસ પણ જેવો તેવો નથી. દેવાસુર–સંગ્રામની કલ્પનાની સાથે જ અવતારવાદ સંકળાયેલો છે; એટલે વૈદિક કે પૌરાણિક કથાસાહિત્યમાં તે કોઈ ને કોઈ રૂપે ભાગ ભજવ્યા વિના રહેતો જ નથી.

બૌદ્ધ કથાસાહિત્ય એનાં વિશિષ્ટ લક્ષણોથી નોખું તરી આવે છે. એમાં ખાસ ધ્યાન ખેંચે એવું લક્ષણ તે બોધિસત્ત્વની પારમિતાઓ છે. બુદ્ધત્વની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરનાર ઉમેદવાર તે બોધિસત્ત્વ. બૌદ્ધ પરંપરા અવતારવાદ કે દેવ–અસુર વર્ગના વિગ્રહને આધારે વિચાર નથી કરતી. પણ તે સત–અસત વૃત્તિનાં અથવા દૈવી–આસુરી વૃત્તિનાં દ્વંદ્વને અવલંબી જડતા, પ્રમાદ, ક્રોધ જેવી આસુરી વૃત્તિઓનો પ્રજ્ઞા, પુરુષાર્થ અને ક્ષમા જેવી દૈવી વૃત્તિઓ દ્વારા પરાભવ કથાઓમાં ચિત્રિત કરે છે;

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને દર્શાવે છે, કે જે વ્યક્તિ દૈવી વૃત્તિઓના વિકાસની પરાકાષ્ઠા–પારમિતા સાધે છે તે જ બોધિસત્ત્વ; અને તે જ ક્રમે બુદ્ધત્વ પ્રાપ્ત કરે છે. અન્ય પરંપરાઓની પેઠે બૌદ્ધ પરંપરા પણ પુનર્જન્મવાદનો આશ્રય લઈ પારમિતાની સિદ્ધિ જન્મજન્માંતરના પુરુષાર્થ દ્વારા વર્ણવે છે. આ માટે બૌદ્ધ પરંપરાએ તથાગત બુદ્ધના પૂર્વજન્મોને લગતી પારમિતાની સાધના સૂચવતી સેંકડો મનોરંજક કથાઓ રચી છે, જે જાતકકથા નામથી વિશ્વવિખ્યાત છે. જાતકકથાઓ સિવાય પણ બૌદ્ધ–પાલિ વાઙ્મયમાં કથાઓ આવે છે, પણ વિશેષ ધ્યાન તો જાતકકથાઓ જ ખેંચે છે.

જૈન પરંપરાનું કથા–વાઙ્મય જેટલું પ્રાચીન છે તેટલું જ વિશાળ પણ છે. એની વિશેષતા કર્મવાદના ખુલાસાને કારણે છે. જીવનમાં જે સુખદુઃખના તડકા–છાયાનું પારવર્તનશીલ ચક્ર અનુભવાય છે, તે નથી ઈશ્વર–નિર્મિત કે નથી દેવપ્રેરિત, નથી સ્વભાવસિદ્ધ કે નથી નિયતિતંત્ર; તેનો આધાર જીવની પોતાની સદ્–અસદ્ વૃત્તિ એ જ છે. જેવી વૃત્તિ–એટલે બુદ્ધિ અને પુરુષાર્થ–તેવી જ કર્મચેતના, અને તેવી જ ફળચેતના. માણસ પોતે જેવો છે તે તેના પૂર્વ–સંચિત સંસ્કાર અને વર્તમાન સંસ્કારનું પ્રતિબિંબ છે. તે જેવો થવા માગે તેવો સ્વપુરુષાર્થથી બની શકે. આખું ભાવિ એના પોતાના જ હાથમાં છે. આ રીતે જીવનમાં ચારિત્ર્ય ને પુરુષાર્થને પૂર્ણ અવકાશ આપવાની દૃષ્ટિએ જ જૈન કથા–સાહિત્ય મુખ્યપણે લખાયેલું છે.

લોકોને મોઢેમોઢે અને ઘરેઘરે રમતું લોકકથાસાહિત્ય અજ્ઞાત કાળથી ચાલ્યું જ આવે છે, અને તેમાં નવાનવાં ઉમેરાઓ પણ થતા રહ્યા છે. એની સદા વહેતી ગંગામાંથી ઉપર દર્શાવેલી ત્રણે પરંપરાઓએ પોતપોતાની માન્યતાને પોષવા અને સંપ્રદાયને પુષ્ટ કરવા પોતપોતાને ફાવે તેવી કથાઓને લઈ તેને નવાનવા ઘાટો અને આકારો આપ્યા છે. કથા મૂળ એક જ હોય પણ તે વ્યાસોના હાથે એક રૂપ પામે, બૌદ્ધ ભિક્ષુકો અને જૈન નિર્ગ્રંથોને હાથે વળી તેથી જુદા આકાર પામી. જેઓ ઉક્ત ત્રણે પરંપરાઓના કથાસાહિત્યના તુલનાત્મક અભ્યાસી છે, તેઓથી આ વસ્તુ અછાની નથી. રામ–રાવણ, કંસ–કૃષ્ણ અને કૌરવ–પાંડવની લોકકથા પુરાણમાં એક રૂપે હોય તો જૈન પરંપરામાં તે સહેજ બીજે રૂપે હોય અને બૌદ્ધ પરંપરામાં વળી ત્રીજી જ રીતે હોય. કોઈ એક જ પરંપરાના જુદાજુદા લેખકો પણ ઘણીવાર એક જ કથાને જુદીજુદી રીતે ચીતરે છે. પુરાણમાં તો નાભિ–મરુદેવીના નંદન ઋષભદેવની કથા જૈન પરંપરાથી કાંઈક જુદી હોય એ સમજી શકાય તેવું છે, પણ જૈન પરંપરાના દિગંબર–શ્વેતાંબર જેવા બે કવિલેખકો પણ ઋષભદેવની કથા વિષે સર્વથા એકરૂપ નથી રહી શકતા. મૂળે બધા કથા–વાર્તાના લેખકો કે પ્રચારકોનો ઉદ્દેશ પોતપોતાની માન્યતાને વધારેમાં વધારે લોકપ્રિય બનાવવાનો હોય છે. એ ઉદ્દેશ તેમને તત્કાલીન અનેક તત્ત્વો–બળોને કથામાં સમાવવા પ્રેરે છે ને તેથી કથાની મૂળ માન્યતા એક હોય તોય કથાના સ્વરૂપમાં થોડો ઘણો ફેર પડી જ જાય છે. રક્ષણ માટે શિબિએ બાજથી પારેવાનું રક્ષણ કરવા પોતાનું શરીર અર્પ્યાની કથા મહાભારતના વનપર્વમાં છે. બોધિસત્ત્વે પણ પ્રાણીઓ માટે હિંસ્ર પશુને પોતાનો દેહ અર્પ્યાની વાત વ્યાઘ્રીજાતકમાં છે. સોળમા તીર્થંકર શાંતિનાથે મેઘરથ રાજાના ભવમાં પોતાના શરીરના બદલે બાજના પંજામાંથી પારેવાને બચાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પ્યાની વાત છે. સિંહના પંજામાંથી સુરભીનું રક્ષણ કરવા દિલીપના દેહાર્પણની વાત પણ કાવ્યમાં આવી છે. આ બધી વાર્તાઓમાં પાત્રો અને પ્રસંગો ભલે જુદાં હોય પણ તેમાં પ્રાણીરક્ષણની ધર્મોચિત કે ક્ષત્રિયોચિત જવાબદારી અદા કરવાનો પ્રાણ તો એક જ ધબકી રહ્યો છે. મહાભારતમાં મિથિલાના અનાસક્ત કર્મયોગી વિદેહ જનકની વાત છે. બૌદ્ધજાતકોમાં મહાજનક એક જાતક છે, તેમાં મિથિલાનરેશ તરીકે મહાજનક નામનું બોધિસત્ત્વ પાત્ર આવે છે, તે પણ અનાસક્તપણે ત્યાગની દિશામાં આગળ વધે છે. જૈન પરંપરામાં ઉત્તરાધ્યયન સૂત્રમાં નમિરાજ ઋષીશ્વરની કથા છે. તે પણ અમુક પ્રસંગે વૈરાગ્યવૃત્તિથી પ્રેરાઈ, પોતાની નગરી મિથિલાના દાહ અને બીજા ઉપદ્રવોની કશી જ ચિંતા સેવ્યા વિના, આધ્યાત્મિક સાધનાની દિશામાં આગળ વધે છે. આ જુદાજુદા દેખાતા કથા-ઉદ્‌ગમો મૂળમાં કોઈ એક જ બીજનાં પરિણામ છે, અગર તો એકનાં બીજાં સુધારેલાં અનુકરણો છે. ઉદયન વત્સરાજ જેવી ઐતિહાસિક વ્યક્તિનું આલેખન કરતી કથાઓ પણ ઉપર સૂચવેલ બ્રાહ્મણ–શ્રમણ પરંપરાઓમાં કાંઈક ને કાંઈક જુદોજુદો આકાર ધારણ કરે છે. આટલી ચર્ચા એટલું જાણવા પૂરતી કરી છે કે પ્રાચીનકાળમાં અને મધ્યકાળમાં પણ એક સામાન્ય કથાના ખોખા પરથી જુદાજુદા સંપ્રદાયવાળા અને જુદીજુદી શક્તિ ધરાવનારા લેખકો કેવી રીતે ભિન્નભિન્ન આલેખન કરતા.

આપણે ઉપર જોયું તેમ, એક સર્વસામાન્ય કથાસાહિત્યના પ્રભવસ્થાનમાંથી ઉદ્‌ભવેલી સંપ્રદાય-ભેદની છાયાવાળી કથા-ત્રિવેણી ભારતીય વાઙ્‌મયના પટ પર તો વહે જ છે, પણ એના પ્રચારની બાબતમાં ધ્યાન આપવા લાયક મહત્ત્વનો ભેદ છે. બૌદ્ધ ભિક્ષુકોને ન નડતું જાતિબંધન કે ન નડતો વિહારનો સખત પ્રતિબંધ; તેથી તેઓ ભારતની ભૂમિ ઓળંગી તે સમયમાં જાણીતી એવી સમગ્ર દુનિયાના ખૂણેખૂણે પહોંચવા મથ્યા. સાથે પોતાનું અણમોલું કથાસાહિત્ય પણ લેતા ગયા. અને પરિણામે બૌદ્ધ કથાસાહિત્ય, ખાસ કરીને જાતકસાહિત્ય, અનેક ભાષાઓમાં અનુવાદિત થયું અને ભારત બહારની જનતાનું ધ્યાન તેણે બુદ્ધભૂમિ પ્રત્યે આકર્ષ્યું. વૈદિક અને પૌરાણિક કથાસાહિત્યને એવી તક મળવા સામે મુશ્કેલી હતી. વ્યાસો ને પૌરાણિકો વાક્‌શૂર ને વાક્‌પટુ કાંઈ ઓછા નહિ, પ્રચાર ઉત્સાહ પણ જેવોતેવો નહિ, પણ તેમને નડતું મુખ્યપણે જાતિનું ચોકાબંધન. તેથી બૌદ્ધ કથાસાહિત્ય જેટલું પૌરાણિક કથાસાહિત્ય તે કાળમાં ભારત બહાર પ્રચાર ન પામ્યું એ ખરું; પણ ભારતમાં તો એ દરેક રીતે ફૂલ્યું–ફાલ્યું અને ઘરેઘરે આવકાર પામ્યું. એક તો બ્રાહ્મણ વર્ગ જ વિશાળ, બીજું તે બુદ્ધિપ્રધાન અને માત્ર બુદ્ધિજીવી, ત્રીજું એ લોક અને શાસ્ત્રમાં ગુરુસ્થાને એટલે પૌરાણિક કથાઓએ જનતામાં એવા સંસ્કાર સીંચ્યા, કે જે વૈદિક કે પૌરાણિક પરંપરાના અનુયાયી ન હોય તેના કાન ઉપર પણ પૌરાણિક કથાઓના પડઘા પડતા જ રહ્યા છે.

જૈન કથાસાહિત્યનો પ્રશ્ન સાવ નિરાળો છે. જો કે જૈન ભિક્ષુકોને યથેચ્છ વિહારમાં જાતિબંધનનું ડામણ નડે તેમ ન હતું, પણ તેમને જીવનચર્યાના ઉગ્ર નિયમો મુક્ત વિહારમાં આડે આવતા; તેથી ભારત બહાર જૈન કથાસાહિત્યના પ્રચારનો સંભવ જ લગભગ ન હતો. અલબત્ત, ભારતમાં એ પ્રચાર માટે પૂર્ણ અવકાશ હતો, છતાં એમ સિદ્ધ ન થવાનાં અનેક કારણો પૈકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્ય કારણ—જૈન ભિક્ષુકોની પોતાના ધર્મ-સ્થાન પૂરતી મર્યાદા એ જ હતું. જે જૈનો પોતાના ધર્મસ્થાનમાં જતા રહે અને કથા શ્રવણ કરે તે તો ઓછેવત્તે અંશે જૈન કથાથી પરિચિત રહેતા, પણ જેઓ એ રીતે ટેવાયેલા ન હોય તેવા જૈનો પણ જૈન કથા વિષે ભાગ્યે જ જાણતા; તેથી જૈન કથાઓ જેટલા પ્રમાણમાં ગ્રંથોમાં આલેખાયેલી છે ને સંગૃહીત છે તેટલા પ્રમાણમાં તેનું પ્રચારક્ષેત્ર વધ્યું નથી, એ નક્કર હકીકત છે. જે વસ્તુ સાર્વજનિક ક્ષેત્રમાં પ્રચારમાં આવે છે તેમાં હમેશાં લોકરુચિ પ્રમાણે અનેક આકર્ષક સુધારા-વધારા પણ થતા રહે છે. જેનો પ્રચાર નહિ અથવા ઓછો તેમાં કોઈ સારું તત્ત્વ હોય તોય તે આંખે વળગે અને કાનને પકડે એવી રીતે ઉઠાવ પામતું નથી; અને કોઈ તત્ત્વ ખટકે એવું હોય તો તે તેમાંથી દૂર થવા પામતું પણ નથી. કેટલીક જૈન કથાઓની બાબતમાં કાંઈક આવું જ બન્યું હોય તેમ મને લાગે છે. જૈન સાહિત્યમાં કેટલીક કથાઓ એવી આકર્ષક અને માનવતાના ઉત્કર્ષની દૃષ્ટિએ ઉપયોગી તત્ત્વ ધરાવતી છે કે જો તે ... લેખકની કળાના નવનવ સંસ્કાર પા... રહે તો, ક્યારે પણ વાસી ન થાય ... સદા ય પ્રજાને દીપિકાની ગરજ સારતી ...

કુશળ લેખક પોતાના અનુભવના ... વિધ પાસાઓને પૌરાણિક, ઐતિહાસિક ... કલ્પિત-અકલ્પિત મિશ્ર પાત્રોના આ... દ્વારા એવી ઉઠાવદાર કળાથી તેમ જ ... સંભૃત છટાથી રજૂ કરે કે જેથી વાંચ... સાંભળનાર વર્ગની જિજ્ઞાસા કુંઠિત ... બદલે ઉત્તરોત્તર વધતી ચાલે અને ... રસાસ્વાદ દ્વારા વાચક કે શ્રોતાને ન ... શ્રમનો અનુભવ કે ન રહે સમય વી... ભાન! વાર્તા-સામાન્યનું મારી દૃષ્ટિએ ... લક્ષણ છે, જે નાની કે મોટી બધી ન... નવલિકાઓને આવરે છે. હું પોતે તે ... લક્ષણમાં એટલું પણ ગર્ભિત રીતે સ... માની જ લઉં છું, કે લેખકની કળા ... અને શ્રોતામાં વિવેક તેમ જ સાહસ પ્ર... તેવી જ હોય. એવી કળાવિનાનાં ... છેવટે વાચક કે શ્રોતાને, ઊર્ધ્વગામી ... બનાવતાં નીચે જ પાડે છે—એ ... ભાગ્યે જ જરૂર રહે છે.

★

ઈંગ્લૅંડમાં સાચી બનેલી આ વાત છે.

૧૯૪૫ની નાતાલ પહેલાં લીવરપુલ શિપિંગ કંપનીના મેનેજરના સેક્રેટરીએ એક મેમો એના ... ઉપર મૂકયો. એમાં લખ્યું હતું: 'આપણી સંસ્થાનો દરેક નોકર આશરે ૧૪ શિલિંગ અને ... જેટલી રકમ નાતાલનાં અભિનંદન કાર્ડો લગભગ વીસ સંબંધીઓ તથા મિત્રોને મોકલવા પાછળ ... છે. આપણી કંપનીના ચાલીસ નોકરોમાંનો દરેક જણ એ રકમ બચાવે તો યુદ્ધમાં ઘવાયેલા ... આપણે ઘણી જ મદદ કરી શકીએ.'

આખી યે સંસ્થાના માણસોને આ વિચાર ખૂબ ગમી ગયો અને કુલ્લે ૨૮ પાઉન્ડ, ૬ શિ... અને ૮ પેન્સ જેટલી રકમ જમા થઈ. યુદ્ધ દરમિયાન જેમણે મા તથા બાપ બંને ગુમાવ્યાં હતાં ... ત્રણ બાળકોની બે વૃદ્ધ પુરુષો દેખરેખ રાખતા માલૂમ પડ્યા. આ રકમમાંથી એ કુટુંબને કપડાં, ... અને બીજી જરૂરિયાતની ચીજો ઉપરાંત રમકડાં તથા ગરમ પાણી માટે ગૅસની વ્યવસ્થા થઈ શકી.

બીજે વર્ષે આ ફંડમાંથી ચાર છોકરાઓને આગળ ભણવા માટે શિષ્યવૃત્તિઓ અપાઈ. આ જાતની પ્રથા પ્રતિવર્ષ ત્યાં વેગવાન બનતી જાય છે. આપણે આવું ન કરી શકીએ!

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી સાથે અપ્રસિદ્ધ વાર્તાલાપ

અહિંસા

શ્રી ચંદ્રશંકર પ્રા. શુક્લ

[ઈ. સ. ૧૯૩૩ના પાછલા ભાગમાં ગાંધીજી પૂને અને વર્ધે રહ્યા તે દરમિયાન, તેમ જ તે વરસે નવેમ્બરથી ૧૯૩૪ના જુલાઈની આખર સુધી ચાલેલી હરિજનયાત્રા દરમિયાન જે અનેક વિષયોને અંગે તેમને વાર્તાલાપો થયા તેમાં કેટલાક અહિંસા વિષે હતા. નીચે આપેલા પાંચ વાર્તાલાપોમાં અહિંસાને પાંચ જુદાંજુદાં ક્ષેત્ર પરત્વે ચર્ચી છે. પહેલા સંવાદમાં પરદેશી ચડાઈ સામે તેનો કેવો ઉપયોગ થઈ શકે તે કહ્યું છે. બીજામાં સત્યાગ્રહ અને છૂટીછવાઈ ખૂનામરકી(અં. ટેરરિઝમ)નો ભેદ બતાવ્યો છે. ત્રીજામાં ધર્મને નામે થતી પ્રાણીહિંસાનો નિષેધ છે. ચોથામાં 'ટેરરિઝમ' સામે પરદેશી સરકારે કરેલા જુલમો સામેનો પુણ્યપ્રકોપ અને સત્યાગ્રહ વિષેની અડગશ્રદ્ધા દેખાય છે. પાંચમામાં રાજકાજ સિવાયના ક્ષેત્રમાં તેમ જ મનુષ્યેતર પ્રાણીઓ પ્રત્યે અહિંસાના પ્રયોગની વાત છે. નં. ૨ વાળો સંવાદ હિંદીમાં થયેલો; બાકીના સંવાદો અંગ્રેજીમાં થયેલા છે. ચં૦]

૧: અહિંસક પ્રતિકાર

[તા. ૪-૧૧-૧૯૩૩; સ્થળ: વર્ધા. હેર બ્યુટો નામનો એક જર્મન જુવાન ગાંધીજીને વર્ધામાં મળ્યો, અને પછી હરિજનયાત્રાના પણ ઘણા ભાગમાં સાથે ફર્યો હતો. તે નાઝી વિચારનો હતો. પહેલો વર્ધામાં મળ્યો ત્યારે તેની સાથે થયેલો વાર્તાલાપ નીચે આપ્યો છે.]

બ્યુટો: ધારો કે જર્મનો હિંદ આવે, તો તે વખતે અહિંસાનો પ્રયોગ કેવી રીતે થાય?

ગાંધીજી: ધારો કે એ દરમિયાન હિંદે બ્રિટન જોડે પતાવટ કરી લીધી છે, અને બ્રિટન તથા હિંદ વચ્ચે શાંતિ સ્થપાઈ છે, તો જર્મનોની સામે બ્રિટન તથા હિંદનું અહિંસક જૂથ ઊભું થાય. તમે હિંદ શા માટે આવો?

બ્યુટો: હિંદને જીતવા માટે.

ગાંધીજી: બ્રિટને હિંદ જીત્યું ને લોકો પાસેથી કર લીધા. હિંદ અત્યારે બ્રિટિશ અમલ સામે અહિંસક રીતે લડી રહ્યું છે. રશિયા કે બીજી કોઈ પરદેશી સત્તા હિંદ આવે, તો તે લોકોનો સહકાર નહિ મેળવી શકે.

બ્યુટોએ એક બીજા પ્રયોગની વાત કરી. તેને વિષે ગાંધીજીએ કહ્યું: એ તો અહિંસામાં બિલકુલ ન ગણાય. એમાં તો લોકો નિષ્ક્રિયપણે તાબે થાય છે. તાબે થવું એ નામર્દાઈ છે; અને નામર્દાઈ એ અહિંસા નથી.

બ્યુટો: પણ અમે જર્મનોએ તો અહિંસાનો પ્રયોગ કર્યો જ હતો.

ગાંધીજી: તમે તો શસ્ત્રયુદ્ધ કર્યું અને જ્યારે હાર્યા ત્યારે નિષ્ક્રિય પ્રતિકાર (અં. પૅસિવ રેઝિસ્ટન્સ) કર્યો. એ અહિંસા નથી.

બ્યુટો: અમે હ્રાઈનલૅંડમાં ફ્રાન્સની સામે અહિંસક પ્રતિકાર કર્યો, પણ છેવટે અમારે તાબે થવું પડ્યું.

ગાંધીજી: તમારી વાત સાવ ખોટી છે. તમે અહિંસક નહોતા. અહિંસક માણસ તો કદી તાબે થાય જ નહિ. તમે કહ્યું કે તમારે તાબે થવું પડ્યું એનો અર્થ એ કે તમારો નિષ્ક્રિય પ્રતિકાર (અં. પૅસિવ રેઝિસ્ટન્સ) ખૂટી ગયો. નહિ તો એ લોકો એ પ્રદેશમાં એકેએક જર્મનને મારી નાખત; એથી ફ્રાન્સ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ઘણું નીચું જોવાનું થાત. થર્મોપોલીના ઘાટનું રક્ષણ કરતાં જે ૬૦૦ ગ્રીક સૈનિકો-એ પ્રાણ પાથર્યા તેમનો દાખલો લો. એમનો પ્રતિકાર હિંસક હતો, પણ એમાંનો એકે-એક લડવૈયો ઝૂઝીને મરી ગયો; એટલે જગતમાં વીર પુરુષો તરીકે એમની નામના થઈ ગઈ.

બ્યુરો : અમે હિંસક ન થઈએ તો અમારા તો ભૂકા ઊડી જાય.

ગાંધીજી : દુનિયા અત્યાર સુધી એ જ કરતી આવી છે. હવે મારા જેવો એક માણસ દેખા દે છે, અને માણસ વચ્ચેના સંબંધમાં જુદી રીતે કામ લેવાનો રસ્તો બતાવે છે. હિંસક માણસો એક સૈનિક જીવતો ન રહે ત્યાંસુધી ઝૂઝયાના દાખલા ઇતિહાસમાં દેખાતા નથી. તેઓ અમુક હદ સુધી મરે છે. જર્મનો અમુક હદ સુધી મર્યા, ને પછી તાબે થયા. એમ કરવામાં કશી નામોશી નહોતી. હું જેની વાત કરું છું એવો બનાવ ઇતિહાસમાં બન્યો નથી. મારી એવી અડગ શ્રદ્ધા છે કે જો આવી કોઈ જાતિ જન્મે, તો જગતની કોઈ પણ પ્રજા તેના પર બૂરી દાનતથી હાથ મૂકી ન શકે.

૨ : સત્યાગ્રહ અને ખૂનામરકી

[તા. ૧૮-૧૧-૧૯૩૩; સ્થળ : અકોલા. મહા-સભાસેવકો સાથેનો વાર્તાલાપ.]

સવાલ : વ્યક્તિગત સવિનયભંગ કઈ કઈ રીતે કરાય ?

જવાબ : પરદેશી કાપડનું ને શરાબનું પિકેટિંગ કરાય. એની સામે જો બંધનો-ઑર્ડિનન્સ ન હોય, ને તમે પિકેટિંગ કરવા માગો તો કરી શકો. આપણી આગળ બે વાત છે : એક તો રચનાત્મક કાર્ય, તે કાર્ય કરવાના જ ઇરાદાથી કરીએ; અને બીજી વાત એ કે રચનાત્મક કાર્યમાં કેટલીક વસ્તુ એવી હોય જેને માટે આપણને પકડવા પડે, તો ભલે પકડે. હું હરિજન કાર્ય કરતાં પકડાવવા માગું તો તેમ કરવાના ઘણા રસ્તા છે. એ કામને વિષે સરકારની ઉદાર નીતિ હતી અને છે તેની વાત જો કરું, તો મને પકડવો પડે. પણ હું એ વાત નહિ કહેતો, કેમકે મારે આ કામ કરતાં પકડાવું નથી. કેટલીક ચીજ એવી છે જે કરીએ તો પકડાઈએ. દાખલા તરીકે, મુંબઈમાં જઈને પરદેશી કાપડનું પિકેટિંગ કરો તો પકડે. એમ આપણે જો પકડાવું જ હોય, તો પકડાઈ તો શકીએ. હું તો કહું છું કે જ્યાં છો ત્યાં જ સવિનયભંગ કરો, ને પકડે તો સંતુષ્ટ રહો.

સવાલ : આપે ક્રાંતિવાદીઓ(અં. રેવોલ્યુ-શનરીઓ)ને ત્રણ વરસની મુદત આપેલી તે પૂરી થવા આવી છે. સત્યાગ્રહનો આખો પ્રયોગ નિષ્ફળ ગયો છે. હવે પેલાઓને છૂટ મળે કે નહિ ?

જવાબ : તમે કહો છો એવું મેં એમને નથી કહ્યું, છતાં માનો કે મેં આપેલી મુદત પૂરી થઈ ગઈ, તો એ લોકો શું કરે ? આખરે આ જ રીતે (અર્થાત્ સત્યાગ્રહની રીતે) લડવામાં હિંદુસ્તાનનું કલ્યાણ છે એવું પ્રત્યક્ષ પ્રમાણ જો એમને ન મળ્યું હોય તો મને ચાહે તે કરે. આજે જો તેઓ મારી પાસે આવે તો હું કહું કે 'બીજાં ત્રણ વરસ થોભી જુઓ.' ટેરરિસ્ટોના અત્યાચારોનો હિસાબ હું પૂરતો કરું છું. મેં એમને અગાઉ જે કહ્યું તે તો એમ કે 'તમે મને ત્રણ વરસ આપો, એટલી મુદતમાં તમારું પૂરતું પરિવર્તન થશે અને તમને જ પૂરતો પુરાવો મળશે, ને તમે સમજશો કે સત્યાગ્રહથી હિંદુસ્તાનનું કલ્યાણ થશે.' એટલું ખરું કે આજે લોકો ડરી ગયા છે. થોડા જ લોકો જેલ તથા લાઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા ઇચ્છે છે; તેથી તો થાક ચડ્યો દેખાય છે. જે ક્રાંતિવાદીને લગની લાગેલી છે તે મને કહેવા નથી આવતા કે ત્રણ વરસની મહેતલ પૂરી થઈ છે. એમને આસ્તેઆસ્તે દિલ થાય, તો હું કહું કે ‘ એ વાહિયાત વાત છે. હજુ તમે જુઓ કે સત્યાગ્રહથી કેટલો બધો ફાયદો દેશને થઈ રહ્યો છે! દેશમાં જે જાગૃતિ આવી છે તે આંખ ઉઘાડીને જુઓ. ખુનામરકીથી એવી જાગૃતિ નથી થતી, અને લોકો તારાજ થઈ જાય છે.’ આજે લોકો ડરી ગયા છે ખરા, પણ જેલમાં બેઠે મને લાગતું હતું એટલા ડરી ગયા નથી. માત્ર એમને થાક ચડ્યો છે એટલું જ. લોકોનો ડર જોવો હોય તો ચિતાગોંગમાં જઈને જુઓ. ટેરરિઝમમાં ટેરરિસ્ટો ઉપરાંત બીજાને જુલમ ભોગવવા પડે છે, ને એ લોકો ડરી જાય છે. સત્યાગ્રહમાં સત્યાગ્રહી સિવાયના લોકો પર જુલમ નથી થતો, ને તેથી તેમને ડરવાપણું નથી. આપણે જેટલી છૂટથી વાત કરીએ છીએ એટલી છૂટથી બંગાળમાં વાત નથી કરતા. ટેરરિસ્ટો વાત કરવા આવે છે, તો તેમને એકાંતમાં રાતે જ આવવું પડે છે. બીજા લોકો તો ભયભીત થઈને જ જોતા રહે છે. સત્યાગ્રહની જે શક્તિ પ્રજામાં પેદા થઈ છે તે મરવાની નથી. આજે સામુદાયિક સવિનયભંગ નથી ચાલતો, કેમ કે સત્યાગ્રહની શક્તિનો આધાર સંખ્યા પર નથી.

સવાલ : સત્યાગ્રહ સમજનારા જેલ જશે તો સ્વરાજ આવશે?

જવાબ: જરૂર આવશે—જેઓ સત્યાગ્રહને સમજે છે ને જેમનો સત્યાગ્રહ પર વિશ્વાસ છે તેઓ જો સ્વેચ્છાએ જેલ જશે તો, તેઓ તો જાણે છે કે અન્તે આનાથી સ્વરાજ મળવાનું છે. સત્યાગ્રહનો પૂરતો અનુભવ લોકોને નથી મળ્યો; તેથી આવા માણસો જો પોતાની જવાબદારી પર સત્યાગ્રહ કરે, તો લોકોને અનુભવ મળી જશે. હું તમને પ્રત્યક્ષ પ્રમાણ નથી આપી શકતો, અનુભવ-પ્રમાણ આપી શકું છું.

સવાલ : જંગલ સત્યાગ્રહ વિષે આપનો શો અભિપ્રાય છે?

જવાબ: મને જંગલ સત્યાગ્રહ પર વિશ્વાસ નથી. અણેની સાથે પણ મેં એ વિષે વાત કરી છે. જંગલ સત્યાગ્રહ કરવામાં આપણને નુકસાન છે. સર્વ પ્રકારના સત્યાગ્રહની પાછળ એવો વિશ્વાસ જોઈએ કે એ જનસમૂહ પાસે કરાવી શકાશે, પણ જંગલ સત્યાગ્રહ જનસમૂહ પાસે ન કરાવાય. મતલબ કે કરાવવો ઉચિત ન ગણાય. સત્યાગ્રહ તો એવી વસ્તુને અંગે કરાય જેનાથી કોઈને કદી નુકસાન થાય એવું ન હોય. જંગલના કાયદામાં તો આજે પણ આપણે ફેરફાર કરાવી શકીએ છીએ.

સવાલ : અણેએ કહ્યું કે બાર વરસ એ કાયદામાં ફેરફાર કરવાના પ્રયત્નો કર્યા તો યે કંઈ ન વળ્યું, તેથી જ આ સત્યાગ્રહ શરૂ કરવો છે.

જવાબ : હું જાણું છું. અમારે એ વિષે સંવાદ થયેલો.

૩ : સત્ય અને પ્રેમસ્વરૂપ ઈશ્વર

[તા. ૨–૨–૧૯૩૪ નીલગિરિ પર આવેલા કુનુર ગામનો એક હરિજનવાસ જોવા ગયેલા, ત્યાંના હરિજનો જોડે થોડીક વાતચીત થઈ તેમાં ગાંધીજીએ તેમને આ પ્રમાણે કહ્યું :]

ગાંધીજી : તમે જાણો છો કે અત્યારે આ જે હિલચાલ ચાલી રહેલી છે તે આત્મશુદ્ધિની હિલચાલ છે, જેઓ પોતાને ‘સવર્ણ હિંદુ’ કહેવડાવે છે તેમણે, હરિજનો જોડે ભાઈચારો સાધીને તથા તેમને અસ્પૃશ્ય કે નીચા ગણવાનું બંધ કરીને, આત્મશુદ્ધિ કરવાની છે. હરિજનોએ કેટલીક વસ્તુઓ કરવાની છે—બદલા કે સાટા તરીકે નહિ, પણ તેઓ હિંદુ છે એટલા માટે; તેથી તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વચ્છતાના નિયમો પાળવા જોઈએ–આંતર તેમ જ બાહ્ય સ્નાન કરવું જોઈએ; મડદાલ માંસ ખાવાનું છોડવું જોઈએ; ગોમાંસનો ત્યાગ કરવો જોઈએ; બીજા લોકો શું કરે છે યા નથી કરતા તે તરફ જોયા વિના કેફી પીણાં ને બીજા કેફી પદાર્થો તજવા જોઈએ. મેં સાંભળ્યું કે અહીં તમે કાલિને પાડાનો ભોગ ધરાવો છો. તમારે એક પળવાર પણ એમ ન માનવું જોઈએ કે પ્રાણીઓનો ભોગ ધરાવવાથી ભગવાન રીઝે છે. આ અનાચાર કરનારા સવર્ણ હિંદુઓ પણ પડ્યા છે; પણ હવે આખી દુનિયામાં એમ મનાવા લાગ્યું છે કે કોઈ પ્રાણીનું કે કોઈ પણ જીવનું બલિદાન આપવામાં ધર્મ રહેલો નથી. કાલિમાતાને કે બીજાં કોઈ પણ દેવદેવીને રીઝવવા માટે પ્રાણીઓનું બલિદાન આપવામાં પુણ્ય હોઈ શકે જ નહિ. આખરે ઈશ્વર તો એક જ છે; એને જ આપણે કાલિ, વિષ્ણુ, કૃષ્ણ, શિવ, બ્રહ્મા વગેરે જુદેજુદે નામે પૂજીએ છીએ, ઈશ્વર એક જ છે, અનેક નથી. એ વેરની મૂર્તિ નથી, પણ સત્ય અને પ્રેમની પ્રતિમા છે; તેથી હું આશા રાખું છું કે હવે પછી તમારામાં પક્ષાપક્ષી નહિ રહે; અને તમે ઈશ્વરને પ્રાણીઓનો ભોગ ધરાવવાનું બંધ કરવામાં બધા એક થશો.

૪ : ટેરરિઝમ અને અહિંસા

[તા. ૯–૨–૧૯૩૪; સ્થળ : તિરપુર. શ્રી. રાજગોપાલાચાર્ય સાથેનો વાર્તાલાપ. રાજાજી તે દિવસે સવારે જ કોઈમ્બતૂર જેલમાંથી છ માસની સજા ભોગવીને છૂટ્યા હતા અને ત્યાંથી મોટરમાં આવીને તિરપુરમાં ગાંધીજીને ભેગા થયા. આ અરસામાં સરકારે બંગાળના કેટલાક ભાગોમાં, ટેરરિઝમને દબાવી દેવાને નિમિત્તે, ઘણા જ કડક પ્રતિબંધો મૂક્યા હતા. તેના હેવાલો વાંચીને ગાંધીજી તે વેળા છેલ્લા પંદરેક દિવસથી ઘણા જ વ્યગ્ર રહેતા હતા. રાજાજી જોડે એ વિષે વાત થઈ, તેમાં ગાંધીજીએ પોતાના વિચારો દર્શાવતાં નીચે પ્રમાણે કહ્યું :]

ગાંધીજી : (બંગાળમાં સરકારે [...] હુકમો વિષે) 'આ તો આખી પ્રજાને [...] ડવાનો સીધો પ્રયાસ છે; જેથી એ [...] પોતાનો અવાજ કે માથું ઊંચું કરી ન [...] એ ટેરરિઝમની શાસ્ત્રશુદ્ધ આવૃત્તિ છે, [...] તેનો હેતુ પ્રજાના આત્માને હણવાનો છે.

'હિંદુમાં હિંસાને ધોરણે કશી [...] થતા પહેલાં એક સૈકો કે એથી ય [...] વખત વીતી જશે. વળી મારી તો એવી [...] પણ છે જ કે આપણામાં અહિંસા [...] પૂરતી સક્રિય રહેશે. મેં પૂનામાં જે [...] લીધું તેની સચ્ચાઈ વિષે મારી [...] વધારે ખાતરી થતી જાય છે–બંને રીતે [...] સવિનય ભંગ ચાલુ રાખવો જોઈએ; [...] (૨) જે માણસોને અહિંસા વિષે [...] શ્રદ્ધા હોય તેમના પૂરતો જ એ [...] ભંગ મર્યાદિત રહેવો જોઈએ. મેં [...] માણસોને જેલ જતાં વાર્યા, ને તેમને [...] 'તમે જો મારે ખાતર જતા હો, [...] તમારી શ્રદ્ધા અરધીપરધી હોય, તો [...] જ જશો, જેમને પૂરેપૂરી શ્રદ્ધા હોય, [...] જાય.' મેં જોયું કે સવિનય ભંગ [...] યિક હિલચાલ તરીકે તો હાર્યા વિના [...] વાનો નહોતો. મારા મનમાં મૂળથી [...] ઊંડે એમ લાગ્યા કરતું હતું, કે '[...] યિક હિલચાલ માટે આપણી તૈયારી [...] એ તૈયારીનો અભાવ આપણને દેખાઈ [...] તેથી આ પ્રકારનો વ્યક્તિગત સવિનય [...] કાઢ્યો. એ વ્યવહારનીતિ તરીકે નહિ [...] ધર્મશ્રદ્ધા તરીકે ચલાવવાનો હતો.'

જે માણસોને સવિનયભંગ વિષે [...] હોવા છતાં જેઓ જેલ જઈ શકતા [...] તેમને વિષે ગાંધીજીએ કહ્યું : 'પછી [...] માણસ રહ્યા જેમને સવિનય ભં[...] પાકી શ્રદ્ધા તો છે, પણ જેઓ [...] શકતા નથી, એવાની સંખ્યા [...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-ના દાખલા લો એ સહુને મનમાં ખાતરી તો છે કે રસ્તો તો આ જ ખરા છે, છતાં તેઓ આજે જેલ જઈ શકતા નથી. મારી તો દૃઢ પ્રતીતિ છે કે જ્યારે એમનો વારો આવશે ત્યારે તેઓ ફાંસીને માંચડે ચડતાં પાછી પાની નહિ કરે. આજે એમને શરીરની નિર્બળતા આડે આવે છે. જેમ સેંટ પોલે કહ્યું હતું ને કે 'આત્મા તો તત્પર છે, પણ દેહ નિર્બળ છે.' આવા પ્રામાણિક માણસોની શ્રદ્ધા ફળ્યા વિના ન જ રહે.'

૫: હિંસા વિ. અહિંસા

' [તા. ૧૦-૭-૧૯૩૪. સ્થળ : કરાંચી. એક સાથી જોડેનો વાર્તાલાપ.]

ગાંધીજીએ મન, વચન, કર્મની અહિંસાની જરૂર આ સાથીને સમજાવતાં કહ્યું: 'તમે જ્યારે ક્રોધ કરો ત્યારે એ પણ હિંસા કરી જ કહેવાય.'

અમુક એક પ્રસંગ પેલા સાથીએ વર્ણવ્યો. એ વિષે ગાંધીજીએ કહ્યું : 'પેલા માણસને શરીરે ઈજા કરવાનો તમારો ઇરાદો નહોતો; અને તમે એને ઈજા કરવાના નથી એની એને ખબર હતી. જ્યારે લોકોનાં ટોળાંને અંકુશમાં રાખવામાં આવે છે, ત્યારે લોકો જાણતા હોય છે કે કશું થવાનું નથી; એમ ન હોય તો તો રોજ મારામારી થાય.'

સાથી: મેં જોયું કે મુંબઈમાં રેલવેનાં પ્લેટફાર્મો પર ટોળાંને કાબૂમાં રાખવાનું મુશ્કેલ હતું. એવે પ્રસંગે અમારે ધમકાવીને બોલવું પડે છે. એને હિંસા ન કહી શકાય ખરું કેની?

ગાંધીજી: તમે સોટી પણ વાપરી શકો. લોકોને ખબર હોય છે કે એ સોટી કોઈને મારવા માટે નથી. એવું તો પોલીસોએ પણ કર્યું છે. તેમણે લોકોનાં ટોળાં સામે સોટીઓ વીંઝી છે. આ યાત્રામાં પોલીસોએ આપણને સહકાર આપ્યો છે; તેઓ લોકો જોડે એકાકાર થઈ ગયા છે. તેઓ 'મહાત્મા ગાંધીકી જય'ના પોકારોમાં સામેલ થયા છે; અને છૂપી રીતે પણ તેમણે હરિજન ફાળામાં પૈસા આપ્યા છે.

વાત આગળ ચાલતાં, દક્ષિણ આફ્રિકાનાં ગાંધીજીનાં મંત્રી હતાં તે મિસ સોનિયા શ્લેસીનનું નામ આવ્યું. તેમની વાત કરતાં ગાંધીજીએ કહ્યું : 'એ તો શુદ્ધ કુંદન હતી. એ જવાંમર્દ બાઈ હતી. કોઈ પણ પુરુષ કે સ્ત્રીએ મારે માટે એના કરતાં વધારે વૈતરું કર્યું નથી.'

સાથી: પરમ દિવસે એક સાપ દેખાયો, એને મેં તો મારી નાંખ્યો.

ગાંધીજી: એ હિંસા છે, છતાં એ કામને માટે હું તમને ઠપકો આપવા નથી માગતો, જેમ મ... ને એમના એવા જ કામને માટે ઠપકો નહોતો આપ્યો. એમણે આશ્રમમાં એક સાપને માર્યો. પોતે હિંસા કરે છે એની એમને ખબર હતી, પણ એમને તો પોતાની સંભાળ નીચે રહેલાં માણસોના જીવ બચાવવાના હતા. પણ એમણે સર્પના ભલા માટે સર્પને માર્યો એમ તો ન જ કહી શકાય. તેઓ એમ કહી શકયા હોત કે 'સર્પ મરે એના કરતાં તો હું મરવું પસંદ કરું.' મને એમ કહેવું ગમે ખરું. મેં કહ્યું છે કે હું તો માત્ર એટલા જ ગુણનો દાવો કરું છું કે હું મારી જાતને છેતરતો નથી. હું એમ નથી કહેતો કે હું હિંસાથી મુક્ત હતો, પણ થવાનો પ્રયત્ન કરું છું. હું હિંસાથી મુક્ત હોત, તો ગયાં પંદર વરસનો ઈતિહાસ જુદી રીતે લખાયો હોત.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો ત્રાસ

*

શ્રી જ્યોતીંદ્ર દવે

માનવીને પ્રાણી, વનચર ને જલચરનો, ખુદ માનવીનો પણ ત્રાસ હોય; પરંતુ પોતાને ખુદનો ત્રાસ માનવી ભોગવતો હશે એવું પ્રથમ વિચારે આપણા માન્યામાં આવે એમ નથી; પણ હકીકત એ જ છે. મનુષ્યને કઈ રીતે, કયા પ્રકારે અને કેટલો ત્રાસ પોતા તરફથી ભોગવવો પડે હશે એનો સંપૂર્ણ વિચાર કર્યા પછી આ લેખ વાંચવો શરૂ કરો. કેંદ્રમાં રહેલા માનવી પર વર્તુળમાં ઊભેલી અસંખ્ય વ્યક્તિઓ કેટલો ગભરાટ ત્રાસ વર્તાવે છે અને માનવીના પોતાના ત્રાસનો આંક કેટલો ઊંચે ચઢેલો હોય છે તેનો (વિગતવાર) ખ્યાલ આ લેખમાંથી મળી રહેશે.

આ દુનિયામાં જે જે વસ્તુઓ છે–પ્રાણી તેમ જ પદાર્થ–તે તે સર્વ વસ્તુંઓ પોતાને માટે જ સર્જાવવામાં આવી છે એમ માણસને લાગે છે.

यथेच्छ भोग्यं वो वनमयम् । ' આ આખું વન છે તે તારે ફાવે તેમ ઉપભોગ કરવા માટે છે' એમ ભવભૂતિના નાટકમાં એક પાત્ર બીજાને સંબોધીને કહે છે, તેમ જાણે જગન્નિયંતાએ ' **यथेच्छं भोग्यं वो जगदिदम् ।** ' આ આખું જગત છે, તું એનો ફાવે તેમ ઉપભોગ કર ' એમ કહીને માણસને પૃથ્વી પર મોકલ્યો હોય એમ એ માને છે.

દુનિયાની બધી વસ્તુ આપણે માટે જ બનાવવામાં આવી છે એમ આપણને લાગે છે, પણ એ બધી વસ્તુ હમેશાં સુખ, સગવડ કે આનંદનાં સાધનરૂપ નથી નીવડતી; કેટલીક વાર એ દુઃખ, અગવડ કે ત્રાસના કારણરૂપ પણ બને છે.

નરી આંખે દેખી ન શકાય એવાં અતિ સૂક્ષ્મ પણ બોલતાં જડબું દુઃખી જાય એવાં મોટાં નામ ધરાવતાં જુદાજુદા રોગના જંતુઓ, માંકડ, ચાંચડ, મચ્છર, માખી, ઊંદર, વાઘ, સિંહ આદિ કેવળ માણસને ત્રાસ આપવા માટે જ પેદા કરવામાં આવ્યાં હોય એમ લાગે છે. કેટલાંક પ્રાણી ને પદાર્થો કોઈક વેળા આપણાં સુખ ને સગવડ માટે સર્જાવવામાં આવ્યાં હોય એમ લાગે છે, અને તે જ પ્રાણી ને પદાર્થ બીજી વખત આપણને ત્રાસ આપવા માટે જ પેદા કરવામાં આવ્યાં છે એમ પણ લાગે છે આપણને પોતાને બેસવા મળે ત્યારે મોટર–ગાડી વગેરે બહુ સગવડ ભર્યાં લાગે છે, પણ આપણને પગે ચાલી જવાનું હોય છે ત્યારે એ જ મોટર ને ગાડી ત્રાસજનક લાગે છે. આપણો પાળેલો કૂતરો રાતે ઘરની ચોકી કરતો હોય ત્યારે આપણે નિરાંતે ઊંઘી શકીએ એટલા માટે જ એનો જન્મ થયો છે એમ આપણને લાગે છે; કેટલીકવાર મધરાતે પોતાનાં મા ને બાપ બંને એકસાથે હમણાં જ મરી ગયાં હોય એવી રીતે શેરીમાંનો કૂતરો મોટી પોક મૂકીને રડવા માંડે, અને કાણે આવેલાં સગાંવહાલાં જેવાં શેરીમાંનાં બીજાં કૂતરાં એની સાથ પુરાવા મંડી પડે ત્યારે માણસની ઊંઘમાં ખલેલ પહોંચાડવા માટે જ ઈશ્વરે કૂતરાની જાતને પેદા કરી છે એમ આપણને લાગે છે. આમ એકની એક વસ્તુ કેટલીક વાર સુખ ને શાંતિના તો કેટલીક વાર દુઃખ ને ત્રાસના કારણરૂપ થઈ પડે છે.

અંગ્રેજીમાં કહેવત છે કે એક મનુષ્યનો ખોરાક તે અન્યને માટે ઝેર સમાન છે. મુંબઈવાસીઓ માટે કહી શકાય કે એક મનુષ્ય કે કુટુંબનું ભોંયતળિયું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્ય કે કુટુંબની છત અથવા એક છાપરું. ઉપલે માળે રહેનારા મનુષ્યને પોતાના ઓરડાની જમીન ખાંડવાકૂટવા માટે, નાનાં છોકરાંઓ હોય તો દડા ને બેટને અફાળવા માટે બહુ અનુકૂળ થઈ પડે છે, પણ એ જ વસ્તુ નીચલે માળે રહેનારાને ભારે ત્રાસરૂપ થઈ પડે છે. આમ જે એકને માટે સુખ ને સગવડના સાધન સમું બને છે તે અન્યને હેરાનગતિ પહોંચાડનારું ને ત્રાસદાયક થઈ પડે છે. સામાન્ય રીતે વ્યક્તિ ને સમાજના હિતને ખાતર યોજવામાં આવેલા સંબંધો કેટલીક વાર ત્રાસજનક થઈ પડે છે. એક-બીજાના આધાર સમી વ્યક્તિઓ કોઈક વાર પરસ્પર ત્રાસના કારણરૂપ થઈ શકે છે. પતિ–પત્નીને ને પત્ની પતિને, બાળક માબાપને ને માબાપ બાળકને, ગુરુ શિષ્યને ને શિષ્ય ગુરુને, માલિક નોકરને ને નોકર માલિકને સારા પ્રમાણમાં ત્રાસ આપે છે એ સર્વના અનુભવની વાત છે.

'આ દુનિયામાં બધું જ ભયથી ભરેલું છે' એમ એક સંસ્કૃત કવિએ કહ્યું છે ત્યાં આપણે 'ભય' ને બદલે 'ત્રાસ' શબ્દ મૂકીએ તો તે વચન ખોટું નહિ પડે.

આમ આ જગતમાં મનુષ્યને ત્રાસ પહોંચાડવા માટે વિવિધ સામગ્રીની, જાતજાતનાં પ્રાણીઓ ને ભાતભાતના પદાર્થોની રચના કરવામાં આવી છે; પણ તેમાં સૌથી વધુ ત્રાસ એને કોણ આપી શકે છે? આ પ્રશ્નનો ઉત્તર જુદાજુદા મનુષ્યો પ્રત્યે જુદોજુદો હોવાનો સંભવ છે. એક મનુષ્યને એક વસ્તુ સૌથી ત્રાસદાયક લાગતી હોય તો બીજાને વળી બીજી જ લાગતી હોય, ત્રીજો કોઈક ત્રીજી વસ્તુને વધારેમાં વધારે ત્રાસજનક માનતો હોય તો ચોથો કોઈક ચોથી જ વસ્તુને ભારેમાં ભારે ત્રાસ ફેલાવનારી લેખતો હોય; પરંતુ સૌ મનુષ્યને એક સરખી રીતે સૌથી વધારેમાં વધારે ત્રાસ આપતી હોય એવી એક જ સામાન્ય વસ્તુ કઈ છે એમ કોઈ પૂછે તો એનો જવાબ જડવો મુશ્કેલ થઈ પડે.

એનો જવાબ મુશ્કેલ નથી, પણ એ જડવો મુશ્કેલ થઈ પડે એમ છે; કારણકે માણસની નજર હમેશાં બહારની વસ્તુઓ જુએ છે. ઈશ્વરની પેઠે આ જવાબ એની પાસે જ રહેલો છે. એના પોતાનામાં રહ્યો છે, પણ એ પોતાની તરફ જોતો નથી. અંતર્મુખ બનતો નથી; માટે ઈશ્વરની પેઠે આ જવાબ પણ એને ફાંફાં મારવા છતાં મળતો નથી.

બીજા બધા ત્રાસમાંથી તો માણસ છટકી શકે. આ ત્રાસમાંથી એનાથી કદાપિ છટકી શકાય એમ નથી. વનમાં રહેનારને હિંસ્ર પ્રાણીનો ત્રાસ રહે; ઘરમાં રહેનારને માંકડ, મચ્છર ને ઊંદરનો ત્રાસ નડે; પરણેલાને પુરુષ હોય તો પત્નીનો ને સ્ત્રી હોય તો પતિનો વ્યક્તિગત ને એ બન્નેને બાળકનો સમૂહગત ત્રાસ નડે. પણ એમનાથી જુદી સ્થિતિમાં રહેનારાઓને એ ત્રાસ નડતા નથી. કદાચ એમાં ત્રાસ આવી પડે તો તેનો ઉપાય પણ થઈ શકે; પરંતુ એક ત્રાસ એવો છે જેનો કશો ઉપાય નથી, એમાંથી છટકી શકાતું નથી; અને કદાચ છટકી શકાય એમ હોય તો યે માણસ છટકવા માગતો નથી. આપણે માટે નિર્માણ કરવામાં આવેલો આ મોટામાં મોટો ને અનિવાર્ય ત્રાસ તે છે–પોતાનો ત્રાસ–આપણે પોતે આપણી જાતને જેટલો ત્રાસ આપીએ છીએ તેટલો ત્રાસ બીજા કોઈની મગદૂર નથી કે આપણને આપી શકે. ગીતામાં કહ્યું છે કે आत्मैवात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः। માણસ પોતે જ પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે અને શત્રુસ્વરૂપે માણસ પોતે પોતાને જેટલો ત્રાસ આપી શકે છે તેટલો અન્ય કોઈ આપી શકતો નથી.

પણ આ પોતે–આત્મા–એટલે શું એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવું બહુ મુશ્કેલ છે. સ્થૂલદૃષ્ટિને પોતાનું શરીર એ જ એ પોતે છે એમ લાગે છે. એથી જરા વધારે ઊંડા ઊતરી વિચાર કરનાર મનને પોતારૂપ માને છે. કેટલાક બુદ્ધિ તો કેટલાક અંતઃકરણ અથવા કોઈક અગોચર આત્મતત્ત્વ–એની સાથે પોતાની જાતને એકાર્થ ગણે છે; પણ આપણે આ ઊંડા પાણીમાં ઊતર્યા વિના, શરીર, મન, બુદ્ધિ, આત્મા આ સર્વનો સંઘાત એટલે આપણે પોતે એમ અહીં માની લઈએ તો ખોટું નહિ.

આપણું શરીર એ આપણું પોતાનું છે એટલું જ નહિ, પણ એ આપણે પોતે જ છીએ એમ ઘણીવાર આપણને લાગે છે. આપણે આપણા શરીરથી જુદા છીએ એવો અનુભવ જીવતા હોઈએ ત્યાંસુધી ભાગ્યે જ થાય છે અને શરીરને છોડ્યા પછી એ અનુભવનો સાક્ષાત્કાર કરવાની સ્થિતિમાં આપણે હોતા નથી. આપણાં સર્વ કાર્યો આપણા શરીર દ્વારા જ સાધી શકાય છે. એની સાથે જેવો ને જેટલો સંબંધ આપણે રાખતા હોઈએ તેવો ને તેટલો સંબંધ દુનિયાની બીજી કોઈ વસ્તુ સાથે રાખતા નથી; અને આ આત્મ-સ્વરૂપ સમા આપણા આ શરીરનો ત્રાસ કંઈ ઓછો છે? એ વજનદાર હોય તો એનો ભાર ઊંચકતાં ઊંચકતાં આપણા પ્રાણ કંઠે આવે છે, એનો ભાર ઓછો હોય તો તે વધારવા માટે મહેનત કરતાં આપણો દમ નીકળી જાય છે. રોજ એ મેલું થાય ને રોજ એને સારું રાખવાનું, દરરોજ એને ઘસારો પહોંચે ને રોજ એને ભરપાઈ કરવાનો. એ મહેનત કરે અને થાક આપણને લાગે. એ આળસુ થઈને પડ્યું રહે ને કટાઈ જઈએ આપણે. રોજ એ ભૂખ્યું થાય, તરસ્યું થાય ને એની ક્ષુધા ને તૃષા સંતોષવા હેરાનગતિ વેઠવી પડે આપણને. આપણે એને કોઈ ખાસ મહત્ત્વનું કામ સોંપવાનું હોય ત્યારે 'મારાથી હવે કંઈ નહિ બને' એમ કહીને શ[illegible] આશ્રય શોધીએ તો આપણને ભારે [illegible] પહોંચાડે છે. ટ્રેનમાં ઊભા રહેવા [illegible] અવકાશ ન હોય ત્યારે એને લાંબા [illegible] સૂવા માટે જગા જોઈએ છે.

આ શરીરના સમગ્ર ત્રાસ ઉપરાંત [illegible] જુદાજુદા અવયવોનો પોતાનો વ્યક્તિ[illegible] ત્રાસ પણ ઓછો નથી. માણસને આટઆટલા અવયવો આપીને ઈશ્વરે એને લાચાર બ[illegible] મૂક્યો છે એમ મને લાગે છે. આંખ, [illegible] નાક, માથું, મોઢું, હાથ, પગ [illegible] જાતજાતનાં અંગોપાંગો શરીરયંત્રને [illegible] રાખવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે [illegible] સાચું, પણ એકાદ બે અવયવોથી એ [illegible] ન જ સાધી શકાત એમ મને નથી [illegible]

શરીરના પ્રત્યેક અવયવ તરફથી [illegible] પોતાના વિશિષ્ટ ત્રાસ ઉપરાંત એ [illegible] મળીને સામટો ત્રાસ પહોંચાડી [illegible] શરીરે જાણે જથાબંધ ને છૂટક એમ [illegible] પ્રકારે ત્રાસનો માલ વેચવાની નહિ, [illegible] વહેંચવાની દુકાન ખોલી હોય એમ લાગે [illegible]

આટઆટલા અવયવોનું રક્ષણ કર[illegible] કંઈ ઓછો ત્રાસ વેઠવો પડે છે? [illegible] ફેરફાર થાય, ખોરાકમાં ફેરફાર [illegible] રહેણીકરણીમાં જરા ફેરફાર થાય [illegible] નાક, કાન, પેટ આદિ જુદાજુદા [illegible] યવોનો ત્રાસ શરૂ થઈ જ જાય. 'આ [illegible] ત્રણ મણની કાયામાંથી ચણીપુર નાક [illegible] તો પછી રહ્યું શું?' એમ કહીને [illegible] ગુણગાન ગાવામાં આવ્યાં છે [illegible] આપણા અંતરની ઉષ્માને ભૂલી [illegible] ઠંડીને આવકારે છે ને શરદી ને [illegible] નિમંત્રણ આપી શરદોત્સવ ઊજવે છે [illegible] આપણા ગૌરવ ને ટેકના આધાર [illegible] નાસિકા કેવળ ત્રાસનું જ કારણ [illegible] છે અને આપણે એનું રક્ષણ કરવા [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ અને એને વિવિધ લાડ લડાવવા લાગીએ છીએ; એટલે જઠરના દિલમાં અદેખાઈની આગ ભભૂકી ઊઠે છે: 'જાણે મારી હયાતિ તો છે જ નહિ એમ તને લાગે છે તે આ ઠંડા સ્નેહની ઉષ્મા પ્રગટાવવા તું ગરમ દવાઓ હોંચ્યે જઈને મારામાં રેડયે જાય છે તે જોઈ લે હવે મારો તાપ!' એમ કહીને એ એવો દાહ પ્રસારે છે કે એના ત્રાસથી હેરાનહેરાન થઈને નાકને આપણે ભૂલી જઈએ છીએ ને જઠરદેવતાને ઠંડા પાડવા પ્રયત્ન કરીએ છીએ. 'આમ તો તું મને ટટાર રાખીને રોફથી ચાલે છે. પણ આજે તો મારા તરફ ધ્યાન આપવાની પણ તને ફુરસદ નથી, કેમ? પૃથ્વીથી હમેશ ઊંચા રહેવાનો, મારો સ્વભાવ ભૂલી જઈને તેં મને જમીન સરસું રાખી પથારીમાં સુવાડી રાખ્યું છે તો જો હવે મારો પ્રભાવ.' એમ કહીને આપણું માથું હજાર હથોડાને નિમંત્રણ આપી તેના પ્રહાર પોતાના પર ઝીલવા મંડી પડે છે, ત્યારે આપણે એટલા ત્રાસી જઈએ છીએ કે 'આ માથું થોડીવાર ધડથી છૂટું પાડી શકાતું હોત તો સારું' એમ આપણને લાગી આવે છે.

અને આપણું પેટ! એનો ત્રાસ તો અસહ્ય થઈ પડે છે. ન્યાય ને જાતિના સિદ્ધાંતોને નેવે મૂકીને એનો ખાડો પૂરવા આપણે કમાવા જવું પડે છે. પણ ભરાય છતાં એ અધૂરું ને અધૂરું જ રહે છે. જિદ્દે ચઢેલા બાળકની પેઠે એની માગણી કદી સંતોષાઈ નથી. એ સંકોચાય છે ત્યારે ત્રાસ આપે છે, વિકાસ કરે છે ત્યારે પણ ત્રાસ આપે છે. એ સંઘરાખોર બનીને પોતાને મળેલા દ્રવ્યનો જથો સંતાડી રાખે છે ત્યારે આપણે હેરાનહેરાન થઈ જઇએ છીએ ને કંજૂસ પિતાના ઉડાઉ દીકરાની પેઠે છૂટે હાથે ખર્ચ કરવા મંડી પડે છે ત્યારે પણ આપણા ત્રાસની સીમા રહેતી નથી. કલહાન્તરિતા નાયિકા પેઠે 'ઊંહું!' કરીને એ મોં ફેરવીને બેસે છે ત્યારે એને મનાવતાં આપણો દમ નીકળી જાય છે અને નવોઢા પેઠે પ્રસન્નચિત્ત બની એ લાડ કરવા લાગે છે અને એક પછી એક નવી ચીજની માગણી કરવા માંડે છે ત્યારે એનાં લાડ આપણને વસમા પડી જાય છે.

પણ મન મજબૂત હોય, તિતિક્ષાની વૃત્તિ કેળવી હોય તો શરીરના ત્રાસ વેઠવા સહેલા થઈ પડે, એ ત્રાસ ત્રાસરૂપ જ ન લાગે એમ ફિલસૂફી કહે છે. વાત સાચી છે, પણ મનને મજબૂત કરવું શી રીતે? પોતાનો કાબૂ, શેઠ તરફથી પોતાને સોંપાયા પછી કેટલીક વાર મુનીમ શેઠનો પણ શેઠ થઈ બેસે છે તેમ આપણા શરીરયંત્ર પરનો કાબૂ મનને આપણે સોંપી દઈએ છીએ; પણ એ મનડા મહારાજ માત્ર આપણા શરીર પર જ સામ્રાજ્ય ચલાવીને સંતોષ માનતા નથી, પણ એ તો ખુદ આપણો પોતાનો પણ કબજો લઈ લે છે; અને આપણા પર પોતાનો પ્રભાવ દર્શાવવા જાતજાતના, અચિંત્ય ને અકલ્પ્ય ત્રાસ ગુજારવા મંડી પડે છે. આપણે કોઈક કામને પતાવવામાં ગૂંથાઈ ગયા હોઈયે તે વેળા કોઈ આવી ચડે ત્યારે જે ખલેલ પહોંચે છે, તેનાથી કેવા ત્રાસી જઈએ છીએ એ જાણીતી વાત છે. પણ આપણી એકાગ્રતામાં સૌથી વધારે ખલેલ પહોંચાડનાર કોઈ બહારની વ્યક્તિ નથી, પણ આપણી અંદરનું આ મન જ છે. ગાડા સાથે જોડવામાં આવે તો અણનાથ્યો આખલો હાંકનાર એક દિશામાં જવા માગતો હોય ત્યારે ગાડાને જુદી જ દિશામાં લઈ જાય છે, જ્યાં જ્યાં ગાય કે રાતો રંગ દેખાય છે ત્યાં ત્યાં ઘસડી જાય છે, તેમ આપણું આ મન આપણે એક કાર્યમાં વ્યાપૃત થયા હોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ ત્યારે જુદે જ સ્થળે ભટકવા નીકળી પડે છે. હું લખવા બેસું છું ત્યારે એને ઊંઘવાની વૃત્તિ થઈ આવે છે, હું જમવા બેસું છું ત્યારે એ ઘર બાંધવા મંડી પડે છે. ઘણીવાર કેવળ વિરોધ ખાતર જ એ વિરોધ કરે છે. આપણી જેની 'ના' તેની એને 'હા' હોય છે અને આપણી જેની 'હા' હોય છે તેને માટે એની 'ના' હોય છે. વરસ દિવસ સુધી ભજિયાં–પાતરાં ખાશો નહિ એમ ડૉક્ટરે બહુ ભારપૂર્વક આપણને કહ્યું હોય છે ત્યારે 'ભજિયાં વિના હું મરી ચાલ્યો–મરી ચાલ્યો–પાતરાં વિના મારી અવગતિ થશે, હું ભૂત થઈશ, પલિત થઈશ' એમ પોકાર પાડીપાડીને એ આપણને હેરાન-પરેશાન કરી મૂકે છે. જે હોય છે તે એને જોઈતું નથી, જે મળે એમ નથી તેની ઝંખના એ છોડતું નથી. સૂકી મરુભૂમિમાં, જ્યાં તણખલું પણ ઊગી શકતું નથી ત્યાં એને વૃક્ષરાજિ ઉગાડીને ડાળેડાળે કૂદવું છે અને ચિત્તને પ્રસન્ન કરે એવી નાનકડી વાડી ઘર આંગણે જ હોય છે તેના તરફ ઢૂંકીને પણ જોતું નથી. તનના ત્રાસ તો વેઠી શકાય, પથારીમાં પડ્યાપડ્યા આરામથી એનો સામનો થઈ શકે, પણ મનના ત્રાસ તો માણસને ઉન્મત્ત બનાવી ગલીએગલીએ એને ભટકાવે છે.

અને મનથી યે વધારે શકિતશાળી એવાં આપણાં બુદ્ધિ ને અંતઃકરણને આપણી વિશિષ્ટ શકિત તરીકે ગણવામાં આવ્યાં છે. એના ત્રાસ તો વળી ઓર હોય છે. 'કાજી દૂબળે કયું' તો કે 'સારે શહરકી ફિકર' એ ન્યાયે આપણી બુદ્ધિ જગતકાજી બનીને આખી દુનિયાનો ન્યાય તોળવા નીકળી પડે છે. જે દેખાય–ન દેખાય તે બધું જ પોતાને સમજાવું જોઈએ એવો એ આગ્રહ સેવે છે. શક્તિ પંગુ જેટલી હોય છે ને એને દોડ... છે હિમાલય ઓળંગવાના. આપણા અં... કરણને તો કેટલાક દેવતા સમું માન્યું... પણ એ દેવતાસ્વરૂપ અંતઃકરણના દો... પરોણા વેઠવા જરા યે સહેલા નથી. ... કરતા પહેલાં ને કામ કર્યા પછી પણ ... ઘોંચપરોણા ચાલુ જ રહે છે. બીજો ... ઠપકો આપે તો આપણે તે વેઠી શકીએ છી... સામો જવાબ પણ આપી શકીએ, પરંતુ ... જ્યારે ઠપકા આપવા બેસે છે ત્યારે ... આપણે ત્રાસથી હેરાનહેરાન થઈએ છી... બીજો કોઈ આમ કરતો હોય તો તેનું ... આપણે ગળું દબાવી દઈએ, પણ આને ... કરી શકાય ? એ ત્રાસ તો ખમ્યે જ છૂટ...

અને આપણો આત્મા–એ તો છે કે ... હોય તો કોણ છે, કેવો છે, એની સમજ ... પડી શકતી નથી. આપણી બધી ઊર્મિ... પોતાના તરફ વાળીને કે–એની પો... ખોળમાં એ આપણી બુદ્ધિને જગતના ... કાળથી ભમાવી રહ્યો છે, છતાં હજી ... પત્તો ખાતો નથી. એ આપણા સર્વ ભ... રમણનું મધ્યબિન્દુ થઈ બેઠો છે–સર્વ ત્રા... મોટામાં મોટા કારણરૂપ થઈ પડ્યો છે... છતાં ય એ હાથ આવતો નથી.

કોણ બોલે છે ને કોણ સાંભળે ... સાંભળનાર ને બોલનાર એક જ છે ... ઉપનિષદમાં કહ્યું છે તેમ કહી શકાય કે ... ત્રાસ આપે છે ને કોણ વેઠે છે–આપ... ને વેઠનાર એક જ છે ત્યાં ? બ્રહ્મનું તત્ત્વ... તે તું જ છે–એ બ્રહ્મનું સ્વરૂપ સમજાવ... ઉપનિષદનું મહાવાક્ય છે તે ત્રાસને પણ ... પડે છે. મને ત્રાસરૂપ થનાર આ ... છે ? એ પ્રશ્નના જવાબમાં કહી ... છે. તત્त्वमसि–એ ત્રાસ તે તું જ છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતી કાલ

અધ્યા. મનસુખલાલ ઝવેરી
એમ. એ.

સ્ત્રી અને પુરુષ: અનંતકાળથી ચાલી આવેલી એમની સમસ્યાઓનો કોઈ ઉકેલ હજી સુધી માનવી આણી શક્યો નથી. ચક્રના પૈડા પર બેઠેલી માખીની જેમ સમાજમાં બંનેનું સ્થાનપરિવર્તન થયા કરે છે. પુરુષ સમોવડી થવા મથતી નારી અને સ્ત્રૈણભાવ અપનાવવાની ખ્વાયેશ રાખતો પુરુષ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી લે—ઘરની તથા બાળકોની સંભાળ પુરુષ રાખે, બહારનું સર્વ કાર્ય સ્ત્રી પતાવે એ જાતનું સમાજતંત્ર આવતી કાલે રચાઈ જાય, તો પરસ્પરનું કેવું સ્થાન હશે તેનું હળવું અને કટાક્ષમય ચિત્ર કવિએ આ નાટિકામાં દોર્યું છે. આ સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યનાં અલ્પધન નાટકોમાં એક મહત્ત્વનો ઉમેરો થશે. આ નાટક બે અંકમાં પૂરું કરવાની ધારણા છે.

પાત્રો :

વિદ્યુલ્લતા	વિમળ
મન્દ કિની	રમણભાઈ
સુહાસિની	સરોજ
નયનકિશોર	
નન્દન	
નાટકનો સર્જક	

સૂચિત :

વિધુબહેન
નયનકિશોરની પત્ની

અંક પહેલો

[પ્રવેશ ૧]

[નયનકિશોર હાથમાં ઝોળી લઈને દાખલ થાય છે. પચાસેક વર્ષની એની ઉંમર છે. એણે ધોતિયું અને કફની પહેર્યાં છે. હાથમાં સોનાની રીસ્ટ વૉચ: ડોકમાં મોતીની કંઠી: કેડ પર કંદોરો–માથાના વાળ સહેજ ઝૂલતા, રિબનવાળા, બૉબ્ડ કરાવ્યા હોય તેમ ખભા પર પડે છે. એક બારી પાસે ઊભો રહીને તે બૂમ પાડે છે.]

નયન : નન્દન ! ન...ન્દન ! ન...ન્દુ... ઊ...ઊ...!

[બારીમાંથી નન્દન ડોકાય છે. એણે બાંડિયું અને ચડ્ડી પહેર્યાં છે. વાળ બરાબર વ્યવસ્થિત રીતે ઓળેલા નથી. એની ઉંમર પણ લગભગ પચાસેકની લાગે છે. એના એક હાથમાં ફૂંકણી અને બીજા હાથમાં ...રી છે.]

નન્દન : કેમ અત્યારમાં, નીનુ ?

નયન : અત્યાર છે, ઊંઘણશી ? ચાર તો થવા આવ્યા. બજારમાં નથી આવવું ?

નન્દન : ના, મારે તો હજી વાર છે. હજી ચા પણ નથી પીધી.

નયન : કેમ ? બપોરે ઊંઘી રહ્યો'તો કે શું ? અત્યાર લગી ?

નન્દન : ઊંઘવાનું નસીબમાં હોય તો જોઈએ શું ? (બળગળો થઈ જાય છે.) સવારથી જ પગ વાળીને બેઠું છે કોણ ?

નયન : કેમ, રામી નથી આવી આજે ?

નન્દન : ના રે. એ શેઠાણીનો ત્રણ દિવસથી ક્યાં પત્તો છે ? કામવાળાં ય માળાં એવાં ફાટી ગયાં છે ! કંઈ કહીએ, તો તરત કહેશે : ભાઈ, લ્યો તમારી નોકરી ! ને ઘરમાં કોઈને કંઈ ફરિયાદ કરાય નહિ. કરીએ તો કહેશે: તારો જ વાંક હશે. તું કંઈક બોલ્યો હશે !–પણ જવાય છે, નીનુ. ઘડીક ઉપર તો આવ.

નયન : અત્યારે નહિ કોઈ બીજી વાર. મારે મોડું થશે.

નન્દન : હવે થયું મોડું. તારે ક્યાં અમારા જેવું છે ? (આંખો લૂછે છે.)

નયન : એ તો એમ જ હોય, નન્દુ ! ઘેરઘેર માટીના ચૂલા. બાકી તું ને વિધુબેન...

નન્દન : હું તને હાથ જોડું, ભાઈસાબ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પાડોશની બારી તરફ જોઈ, નાક પર આંગળી મૂકે છે.) પંદર મિનિટમાં શું મોડું થાય છે? ચા પીને જજે.

નયન : (ઘડિયાળ સામે જોઈ) પંદર તો નહિ, પણ દસ મિનિટ રોકાઉં. પણ તું નીચે આવ ને, નન્દુ ! મારે ચા નથી પીવી. હું પીને જ નીકળ્યો છું.

[નન્દન નીચે આવે છે. બન્ને જણા બારણાં પાસેના ઓટલા પર બેસે છે. નન્દન પોતાની સાથે ચોખાની થાળી લાવ્યો છે. તેમાંથી એ ચોખા વીણવા લાગે છે.]

નન્દન : તું ક્યાંક નકામું કોકનું મોત ઊભું કરીશ, ભઈલા !

નયન : કેમ ?

નન્દન : (ઉપરની પાડોશીની બારી સામે જોઈને) અમારા રમણભાઈને તું નથી ઓળખતો ? એના તો હાથમાં આવવી જોઈએ કંઈક વાત. આપણે ભોળે ભાવે કંઈક વાત કરતા હોઈએ, ને એ જઈને સળગાવે કંઈક બીજું. બાકી સાચું કહેજે, નીનુ ! આપણા માણસનું જેટલું આપણને દાઝે તેટલું કોઈ બીજાને દાઝવાનું હતું ? (ગળગળો થઈ જાય છે) આ રિબન તને સારી લાગે છે હો, નીનુ !

નયન : (મલકીને) તને ગમી ? હમણાં જ લીધી. આ કફની યે હમણાં સિવડાવી.

નન્દન : (નિસાસો નાખીને) તારા ભાગ્યનો પાર નથી, ભઈલા ! (ગળગળો થતાં) મારે તો પેલો રમણભાઈ...તું એને નથી ઓળખતો ? એની મન્દાકિની કેવી છે ? ચાડિયા જેવી ! ને બન્ને આખો દી બાઝ્યા જ કરતાં હોય, જાણે કૂતરાં ને બિલાડાં ને મરઘાં ને બતકાં ને કાગડાં ને કાબર ને ચકલી ને ચામાચીડિયાં !

નયન : સાચે જ, એ બન્ને તો ભણેલાં છે ને ?

નન્દન : ભણતરને શું કરવું છે, ભઈલા ! એનામાં માણસાઈ ક્યાં છે માણસાઈ? સ રના ઊઠે ત્યારથી શરૂ થાય ટકટકારો તે મન્દાકિની કામે જાય ત્યાંસુધી. ને પાછો થાય મન્દાકિની રાત્રે પાછી આવે ત્યારથી ચાલે અધરાત સુધી.

નયન : મન્દાકિની તો કૉલેજની પ્રિન્સિ પાલ છે, ખરું ?

નન્દન : હવે જોઈ ન હોય તો પ્રિન્સિપાલ ! આખું ગામ જાણે છે એ પ્રિન્સિ પાલ કેમ બની તે !

નયન : એ શું વળી ?

નન્દન : કંઈ નહિ, ભઈલા ! જવા એ બધી વાતો. પારકી પંચાત કરવા ક્યાં બેસીએ ? બાકી ગામ તો, જાતજાતની વાતો કરે છે.

નયન : મારા સમ. શી વાતો ? ખરો, નન્દુ !

નન્દન : હવે જવા દેને, નીનુ ! ક્યાં એની સાથે...

નયન : પણ તો ય ?

નન્દન : તો ય ને ઓ ય, ભઈલા ! કે તું ક્યાં જોવા ગયા છીએ? પણ તો કહે છે...

નયન : કે...

નન્દન : એનો મોટો ભાઈ પ્રભાકર

નયન : હા, હા, તે એનું શું ?

નન્દન : એની પેલી એજ્યુકેશન ટરીને ત્યાં...સમજ્યો કે, ભઈલા !

નયન : (ડોકું હલાવી, આંખો) એમ કે ? મને ય વહેમ તો હતો જ. હું તો પ્રભાકરને બહુ સારો માનતો હતો.

નન્દન : (નયનનો હાથ દબાવી) હતો એટલે તો પેલીને પ્રિન્સિપાલ બના નહિ તો ક્યાંક માસ્તર કે કારકુન કે

(બંને ખડખડાટ હસે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

હું...હું...કેમ બોલતો નથી, ભઈલા! હું... હું...હું...હું...(આંખમાં આંસુ આવી જાય છે.) પણ જવા દેને, ભાઈ! આપણે ક્યાં આ બધું નજરોનજર જોવા ગયા છીએ? આ તો કાનને દોષ...

નયન: હાસ્તો. લાકડું ભાંગશે લાકડાને ભારે. આપણે શું તેમાં?

નન્દન: એમ જ. આ તો બધા જાણે નાનકડા ગીગલા હોય તેમ માનીને પેલો રમણિયો ફુલાતો ફરતો હોય એટલે આપણને લાગી આવે. બાકી...

નયન: હા, નન્દુ, હા...એ તે કંઈ જ કહેવાની વાત નથી રહી. દુનિયાનું કોણ જાણે શું થવા બેઠું છે! અમારી જોડેનો પેલો સરોજ નહિ?

નન્દન: હા, પેલો ઊંચો ને ગોરો સરખો ને?

નયન: હા, પેલો ઊંચોઊંચો ઊંટ જેવો. એય તે લોકો કહે છે કે હવે પંચાવન વરસે માંડ ઘર ઝાલીને બેઠો છે. બાકી એનો ય ઉધમાત કંઈ ઓછો નહોતો.

નન્દન: (આંખો ઝીણી કરીને) ને એનો વિમળ?

નયન: (હસીને) તને ય એની ખબર છે ને શું? એ ય તે મંડ્યો છે ફાટેલા સાંઢડાની જેમ બધે રખડવા. ક્લબ ને કોન્સર્ટ...

નન્દન: મને બધી ખબર છે, ભઈલા! વિધુબહેને એક દા રાત્રે દસ વાગે એને યંગ વિમેન્સ ક્લબમાં જોયો'તો. વિધુબહેન તો કહે કે નફટની માફક એ કાંઈ હસે, કાંઈ હસે! પડખે ત્રણ ચાર–જુવાન છોકરીઓ...ને...ભાયડાની જાત પણ શરમનું નામ નહિ! પણ, જવા દે ને ભાઈ, આ તો બળતે જીવે બોલાઈ જાય; બાકી આપણે શું? ભેંશનાં શિંગડાં ભેંશને ભારે. સરોજે સમજવું જોઈએ ને?

નયન: સરોજ શું સમજવાનો હતો. એ તો હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે, ભાઈ. નાનપણથી ફટાડવામાં કાંઈ બાકી ન રાખી! મારી વિમુ દીકરી આમ, ને મારી વિમુ દીકરી તેમ. તે એમ દીકરીદીકરી કર્યે કંઈ છોકરાઓ છોકરી બનતા હશે? છોકરાંવ કોઈને દવલાં ન હોય; પણ કંઈક માણસની રીતે રહેવું જોઈએ ને!

નન્દન: નહિ વળી? અમે ય ક્યાં અમારી માને પાંચસાત વહી જતાં'તાં? છતાં એક વખત ના થઈ, પછી હા શાની થાય? મારો બાપ તો ચોખ્ખું કહેતો કે છોકરાંવને ખવડાવવો સોનાનો કોળિયો, પણ રાખવાં ખાંડાની ધાર ઉપર. એનો એક હાકોટો પડે ને અમે બધાં ચૂપચાપ મિયાંભાઈની મીંદડી બની બેસી જઈએ. એ તો એણે અમને આમ કેળવ્યા તો આજે (આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવે છે.)...કેમ બોલતો નથી, ભઈલા?

નયન: હાસ્તો. એ તો બાપમાં જોઈએ સાચી આવડત. મા બિચારી શું કરે? એ તો જનમ આપીને આઘી ખસી જાય. પછી એને ય એનો કામધંધો કે વેપાર–રોજગાર હોય કે નહિ? કમાઈ લાવવું એ માનું કામ: ઘર ચલાવવું ને છોકરાંવને ઉછેરવાં એ બાપનું કામ.

નન્દન: લાખ વાતની એક વાત કરી, મારા ભઈલા! કોઈને કહીશ મા, ભઈલા, પણ કહે છે કે રમણ ને મન્દાકિની બંને વચ્ચેના કંકાસનું મૂળ કારણ એ જ છે.

નયન: એમ કે? મને તો એમ કે રમણભાઈને નોકરી કરવા જવું છે...

નન્દન: અરે, રામરામ કરને, ભઇલા! પહેલાં ઘર તો બરાબર ચલાવે!

નયન: સાચું, સાવ સાચું, નન્દુ! ભાયડો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠીને કમ.વા નીકળી પડશે તે દી સૂરજ અવળો ઊગવાનો. પણ સરોજ તો કહેશે, મારી વિમુ-દીકરી ભણશે, ને ભણીગણીને મોટી બાલિષ્ટર થશે ! તે થઈ મોટી બાલિષ્ટર ! **(નીચલો હોઠ લંબાવીને અંગૂઠો બતાવે છે.)** ઘરઘરના ઉંબરા ભાટકે છે; ને ગામની છોકરીઓનો...પણ જવા દે, ભાઈ, આપણું શું જાય એમાં ?

નન્દન : હાસ્તો. આ તો મોટા થતાં વેઠવાનું એણે જ ને ? આપણો જીવ બળે એટલે કહેવાઈ જાય. નહિ તો સરોજ કયાં નાનો છે ? વિમુડાને તમાચો મારીને બેસાડી ન દે ઘરમાં; ભઈલા ?

નયન : એમ જ વળી.

નન્દન : નહિ ત્યારે, ભઈલા ! માણસની જાત એટલે એકવાર સિક્કો પડ્યો એ પડ્યો. આ અમે નથી ? પણ વિધુબહેનની આંખ જરા ફરી કે બસ. મજાલ નથી મારી કે કોઈ છોકરાંવની કે એના આડા ઊતરીએ. ને રમણિયો તો મૂઓ તડતડ–તડતડ બોલ્યે જ જાય–બોલ્યે જ જાય ! બાપરે ! ભાયડા માણસના મોઢામાં આવડી મોટી જીભ ! પણ આપણે શું કરીએ, ભઈલા ! મન્દાકિનીએ એને પહેલેથી ફટાવવામાં બાકી ન રાખી. કોઈને કહીશ મા, ભઈલા ! પણ કહે છે કે એનાં પ્રેમલગ્ન છે.

નયન : પ્રેમલગ્ન !

નન્દન : કાનને દોષ છે, ભઈલા ! બાકી પ્રેમ શું ને લગન શું ? રામરામ કરને ! પણ મન્દાકિની ભણેલી; એટલે એને એમ કે ભાયડાને સુધારી દઉં. તે એણે એને ખૂબ લાડ લડાવ્યાં. મારો રમુ ! મારો રમણુ ! મારો રમણિયો ! મારી રમી ! મારી રમુડી ! બાપ રે ! કાંઈ લાડ લડાવે, કાંઈ લડાવે ! મૂઆં શરમાય પણ નહિ. **(ગળગળો થઈને)** આ અમે તો પરણ્યાં ને સીધાં રસોડામાં... એ તો એવું છે, ભઈલા ! કોઈ કાંઈ નવાઈનું થોડું જ પરણે છે ? કેમ બોલતો નથી, ...

નયન : હાસ્તો. નન્દુ, એ તો ભાય... જાત. રહે તો જાતથી; ને જાય તો ... માતથી ! પણ આપણાથી શું થાય ... આપણે આપણો ધરમ સંભાળીને ... એટલે બસ. પણ, હું જઉં હવે ... **(ઘડિયાળ જોઈને)** ઓહહો ! પાંચ થઈ ...

નન્દન : પાંચ થઈ ગયા ! બાપરે ! ... સાડાપાંચે રસોઈ તૈયાર રાખવાની છે !

નયન : કેમ, એટલી બધી વહેલી !

નન્દન : એમને રાત્રે નાટકમાં જવ...

નયન : તું ય જવાનો કે ?

નન્દન : **(ગળગળો થઈને)** છોકરાંવ... ગયાં હોય ને !

નયન : વિધુબહેન–

નન્દન : **(નાકપર આંગળી મૂકી)** ... તને પગે લાગું, ભઈલા ! તને કયાં ... નથી ?

નયન : એ તો એમ જ હોય, ... કચવાઈએ નહિ. લે, બેસ ત્યારે, ભાઈ. ... જરા ઉતાવળ છે.

નન્દન : જશે ત્યારે ? રમણિયાને ... કેટલું બધું મોડું કર્યું ? મૂઓ અહીંયે ... વના ન રહ્યો. સાડાપાંચ તો હમણાં ... આવજે, નીનુ ! આ...વજે !

નયન : ટા...ટા ! ટા...ટા !

(જાય છે.)

પડદો

[પ્રવેશ ૨]

[દરિયાકિનારો. સૂર્યાસ્તના રંગો આસમા... પર ઢળતા આવે છે. ધીમાંધીમાં મો... પર રંગબેરંગી ઝાંશો પાથરતાં આવે છે. વિ... વિદ્યુત્લતા કિનારા પર બેઠાં છે. વિદ્યુ... વરસના ફાંકડો જુવાન છે. એણે ગરમ ... રેશમી બુશશર્ટ પહેર્યાં છે. હાથે ઘડિયાળ ... રંગીન મફલર : આંખોમાં સુરમો : વાળ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળી ફૂગા ફુલાવ્યા છે.

[વિદ્યુલ્લતા સોળેક વર્ષની દમામદાર છોકરી છે. એણે ગુલાબી રંગનાં પંજાબી વસ્ત્રો પહેર્યાં છે, ઢળતા સૂર્યપ્રકાશમાં એનું રૂપ ખરેખર ખીલી નીકળ્યું છે.]

વિદ્યુત: આમ નીચું જોઈને ક્યાંસુધી બેસીશ, વિમળ! (વિમળ બોલતો નથી.) રાત પડતી આવે છે. મોડું થતું આવે છે. ઘર હજી દૂર છે, ને તું આમ મૂંગોમસ થઈ ગયો છે! જરા ઊંચે તો જો!

[વિમળનું મોઢું પોતાના હાથ વડે ઊંચકે છે.]

આ...મ. કેટલો મઝાનો લાગે છે! વિમળ, તું સાચે જ સુંદર છે. મારી સામે જો. મારી આંખોમાં તારી આંખોને પરોવ.

...હા, એમ. એકવાર એક જ ઘડી. વિમળ...વિમુ...(વિમળ જમીન ખોતરવા લાગે છે.) નીચે જમીન છે ને સામે સમુદ્ર છે. એમાં તે શું ખટ્યું છે, વિમળ! દરિયામાં ભરતી-ઓટ રોજનાં થયાં! ને સૂરજ પણ ઊગે કે આથમે નહિ તો જાય ક્યાં? એમાં તે રોજ-રોજ શું જોવાનું હોય! આમ, મારી સામે જો, વિમુ, મારી સામે નજર માંડ. ...તું ખૂબ રૂપાળો છે. તું મને ખૂબ ગમે છે... ચોકલેટ, વિમુ!

[વિમુને ચોકલેટ આપવા હાથ લંબાવે છે. વિમુ નીચું જોઈને બેસી રહે છે. વિદ્યુત અર્ધો કકડો પોતાના મોઢામાં મૂકે છે.]

મોડું થાય છે, વિમુ. નથી ખાવી? ખાને! સરસ છે.

(વિમુના મોંમાં પોતાનો હાથે મૂકે છે.) કુત્તો! ખાઈ ગયો! ને પાછો બેસી ગયો ચૂપચૂપ, નીચું જોઈને! કંઇક બોલ તો ખરો... વિમળ! વિમુ! મને આજ તારી સાથે બોલવાનું એવું મન છે! મારી સામે તો જો!

[વિમળ ઊંચું જુએ છે.]

હા, એમ. તારી આંખોમાં આજે શું ભર્યું છે, વિમળ! દ્રાક્ષાસવ? કે સ્ક્વૉ-કોલા? આજે તું આમ નવોનવો કેમ લાગે છે? વિમુ!

[એનું મોં ઝાલી રાખીને]

વિમુ! એક સ્મિત! એક જ સ્મિત! બસ, એક જ...એક જ...

[વિમળ સહેજ મોં મલકાવે છે. એની ઝીણી દંતપંક્તિઓ ઝગારા મારે છે.]

માડી રે! આ જિગર હવે હાથમાં નથી રહેતું, વિમુ! વિમુડા! તું બોલે છે? કે... કે...તને...ચીટિયો ભરું? (ખડખડાટ હસે છે. વિમળ પણ હસી પડે છે.)

પેલો નિરંજનાબહેનનો ધનુ નહિ, વિમળ! એ ય એક દી આમ જ મૂંગોમંતર થઈ બેસી રહ્યો હતો. ઘણું કહ્યું, ઘણો મનાવ્યો, ઘણો સમજાવ્યો, પણ બોલે જ નહિ! પછી મેં તો એના ખભા પકડીને એને હલમલાવ્યો. કહ્યું: બોલ છ કે નાખી દઉં દરિયામાં!...ને જીભ તરત ખૂલી. કહે: મારાં કપડાં બગડશે! હા...હાં...હા...હા... (ખડખડાટ હસે છે.)...છોકરાઓની જાત! માળી શરમાયા જ કરે...પણ એક વખત જીભ ખૂલી પછી અટકે જ નહિ! જાણે નૉન સ્ટૉપ સીરિયલ કે તારની ડેમી!...બદામ, વિમુ!

[બદામ ધરે છે. વિમળ શરમાતાં-શરમાતાં એક બદામ લે છે.]

એક બદામથી પેટ ભરાશે કે? લે વધારે...આઠ, દસ, પંદર, વીસ...ચાલ, લે છે કે? એટે...ન્શન!...હા...હા...હાં... હા! (ખડખડાટ હસે છે. વિમુ થોડી વધારે બદામ લે છે ને મોંમાં મૂકે છે.)

તું ખાતો હોય છે ત્યારે કેટલો સુંદર લાગે છે, વિમુડા! તને આખો ને આખો ખાઈ જવાનું મન થઈ આવે છે...ખાઈ જઉં?

(વિમુ ચાવતોચાવતો આંખો નચાવે છે.) સૂરજ આથમી ગયો, વિમુ. કલબમાં સૌકો બ્રિજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને રમી રમતાં હશે!...થિયેટરમાં પિક્ચર જોતાં હશે...ઘેરબેઠાં હશે તે રેડિયો સાંભળતાં હશે...અત્યારે સાત થયા ને? કેવી સરસસરસ ફિલ્મી ગીતોની રેકર્ડો વાગતી હશે!...ને આપણે—આપણે—આપણો વખત... વિમુ! નથી તું બોલતો, નથી વાતો કરતો, નથી હસતો...આમ ગૂપચૂપ બેસી રહે એમાં શી મઝા આવે?...હું તને સાચું કહું છું, વિમુ! મને તું એવો ગમે છે, એવો ગમે છે!... સિગારેટ પીશે કે?

[સિગારેટ ઓફર કરે છે. વિમુ લેતો નથી. માત્ર વિદ્યુતની સામે જુએ છે.]

હું સળગાવી આપું? લે...(વિમુના મોઢામાં મૂકે છે. વિમુ ધુમાડા કાઢે છે.)...વિમુ! વિમુડા! તું કેવો મઝાનો લાગે છે! જાણે ટીપૉટનું નાળચું! (વિમુ આંખો ઢાળી દેતાં, ધુમાડા કાઢે છે.)

મને તો જરા ય મૂંગાં બેસવું ન ગમે! તને કેમ ગમે છે? મેં તો ધનુ, મનુ, કનુ, ભનુ, પીલુ, સીલુ, અબ્દુલ, ફાજલ, રામિયો, પિન્ટો, લોબો, વરતક, પાંડે...ઘણા ય છોકરાઓ જોયા...પણ તું તો, ભાઇસાબ, તોબા! માન ખાવાની યે કંઈ હદ હોય ને! આ તો પછી કાંઈ અંત જ નહિ! ચાલ, હવે છેલ્લી વાર કહું છું: તું બોલે છે કે નહિ? બોલ, નહિ તો...

વિમળ: (આંખો નચવતાં) નહિ તો?

વિદ્યુત: નહિ તો?

[વિમુના મોઢા પર સિગારેટના ધુમાડાના ગોટા ફેંકે છે. વિમુ વિદ્યુત સામે ગોટા ઉડાડ્યા કરે છે. થોડીવાર આમ સામસામા ગોટા ઉડાડી રહ્યા બાદ]

વિદ્યુત: તો શો વિચાર કર્યો?

વિમળ: શાનો?

વિદ્યુત: બોલવાનો.

વિમળ: નહિ બોલું.

વિદ્યુત: તો હું...

વિમળ: શું?

વિદ્યુત: એમ માનીશ કે તું પ્રેમમાં...

વિમળ: કેમ?

વિદ્યુત પ્રેમમાં પડ્યું હોય તે માણસ જેમ વરતે. ને...

વિમળ: (નીચું જોઈ તીરછી આંખે) ...હોય તે?

વિદ્યુત: કુદરતને જોઈને કાં તો બોલબોલ કરવા લાગે ને કાં તો સૂનમૂન થઈ જાય.

વિમળ: તે હું ક્યાં બોલબોલ કરવા લાગ્યો છું?

વિદ્યુત: પણ સૂનમૂન તો છે ને!

વિમળ: પણ કુદરતને જોઈને નહિ.

વિદ્યુત: ભલેને મને જોઈને, પણ સૂનમૂન તો ખરો ને?

[બન્ને ખડખડાટ હસી પડે છે.]

વિમળ: ચૉકલેટ ખલાસ થઈ ગઈ, વિદ્યુત!

વિદ્યુત: તે હજી સુધી પડી રહે તેની વાટ જોઈને? આપવા આવી ત્યારે તો સાહેબ બેસી રહ્યા માનમાં ને માનમાં...

વિમળ: રેસ્ટોરાંમાંથી લેતાં જઈએ.

વિદ્યુત: મોડું થશે તો સરોજ... નહિ વઢે?

વિમળ: સરોજભાઈ પણ એક... જુવાન હતા.

વિદ્યુત: તો ચાલ, લેતાં જઈએ.

વિમળ: પણ તને મન્દાકિની બહેન...

વિદ્યુત: એ હજી જુવાન નથી મળ્યાં...

[ખડખડાટ હસે છે.]

પડદો

[પ્રવેશ 3]

[વિદ્યુતનું ઘર. સવારનો વખત. મન્દાકિની ચાના ટેબલ પર બેઠી છે. રમણ ચા તૈયાર કરીને મન્દાકિનીને આપે...

મન્દાકિની: (ચમચી વડે પ્યાલામાં...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(હલાવતાં) વિદ્યુત હજી નથી ઊઠી ?

રમણ : વિદ્યુત કયે દિવસે વખતસર ઊઠે છે ?

મન્દાકિની : તબિયત બરાબર નહિ હોય.

રમણ : તબિયતને કયો વાઘ ખાઈ જવાનો હતો ?

[મન્દાકિની મૂંગીમૂંગી ચા પીવા લાગે છે. થોડીવારે]

મન્દાકિની : રાત્રે જમી હતી ખરી ?

રમણ : ના.

મન્દાકિની : કેમ ?

રમણ : બહાર ક્યાંક ખાઈ આવી હશે.

[મન્દાકિની વળી મૂંગી થઈ જાય છે. ચા પીવા લાગે છે. થોડીવાર રહીને]

મન્દાકિની : તેં એને જમવાનું પૂછ્યું હતું ખરું, રમણ ?

રમણ : બાપનો જીવ; એટલે પૂછ્યા વિના એટલા જ રહ્યા હોઈશું ?

[મન્દાકિની વળી મૂંગી થઈ જાય છે. થોડીવારે]

મન્દાકિની : તેણે શો જવાબ આપ્યો ?

રમણ : કશો નહિ.

મન્દાકિની : કશો જ નહિ ?

રમણ : ના, કશો જ નહિ. આવતાંવેંત એ સડસડાટ ચાલી ગઈ ઉપર.

મન્દાકિની : ને સૂઈ ગઈ ?

રમણ : એની મને શી ખબર ?

[મન્દાકિની પ્યાલો ખાલી કરે છે ને રમણને આપે છે. રમણ ચા બનાવી, પાછો પ્યાલો મન્દાકિનીને આપે છે.]

મન્દાકિની : (**પીતાંપીતાં**) પણ તારે તપાસ તો કરવી હતી, રમણ ?

રમણ : શાની ?

મન્દાકિની : વિદ્યુત ખાધાપીધા વિના પોતાની રૂમમાં સીધી કેમ ચાલી ગઈ તેની !

રમણ : શા માટે ?

મન્દાકિની : કેમ ? એ આપણું બાળક નથી ? એનું ધ્યાન રાખવું એ આપણી ફરજ નહિ ?

રમણ : ધ્યાન રાખવું એ ફરજ ખરી; ને ફરજ માની ને બાપની સરખે હિસ્સે. પણ લાડ લડાવવાં એને હું મારી ફરજ નથી ગણતો.

મન્દાકિની : તું કોઈ દિવસ સરખી રીતે વાત કરશે જ નહિ, રમણ ?

રમણ : મારી વાત સીધી ને સરખી રીતની જ છે, મન્દા ! હું તો માનું છું કે છોકરાંઓને જીભ અને પગ આવી જાય એટલે માબાપે એમની ચિંતા મૂકી દેવી જોઈએ. વિદ્યુતને કંઈ ફરિયાદ કરવાની હોય તો એ બોલી હોત, એને બોલતાં આવડે છે.

મન્દાકિની : (**ધીમેથી**) એ તારી વાત સાચી, રમણ ! પણ છોકરું છે ને કોઈ વાર કંઈ......

રમણ : છોકરાં ઉછેરવાં એ પુરુષનું કામ કે સ્ત્રીનું, મન્દા ?

મન્દાકિની : પણ હું એની જનેતા છું રમણ! મારાં લોહીમાંસથી એનાં લોહીમાંસ...

રમણ : તો તમારે એને ઉછેરવી'તી ને ? (**મન્દાકિની મૂંગી થઈ જાય છે. રમણ ચાના પ્યાલા-રકાબી ભેગાં કરતાંકરતાં**) પોતાને કશું કરવું નથી, કશી જવાબદારી ઉપાડવી નથી. પોતાને માત્ર લાડ લડાવવાં છે ને છોકરીને ફટાડવી છે ! બાકી તો પોતાને ભલી કૉલેજ ને ભલા કૉન્સર્ટ; ભલી ક્લબ ને ભલી યુનિવર્સિટી: આજે અહીં ભાષણ છે ને કાલે ત્યાં પાર્ટી છે; પેલે દિવસે કૉન્ફરન્સમાં જવું છે ને આઠમે દિવસે અમેરિકા ! છછ મહિનાના પોતાના પ્રોગ્રામ તૈયાર હોય ! ઘરમાં ઘડીયે પગ ટકતો નથી ને ઉપરથી પાછી દાદાગીરીનો પાર નહિ ! મેં તમને હજારવાર કહ્યું છે, મન્દાકિની, કે માણસની ધીરજને હદ હોય છે.

મન્દાકિની : (**શાંતિથી**) મારું પણ એ જ કહેવું છે, રમણ.

રમણ : તો થયું. તમે તમારું કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભાળો : મને મારું સંભાળવા દો.

મન્દાકિની : વિદ્યુત્–

રમણ : ફોડી લેશે પોતાનું પોતાની મેળે.

[રમણ ચાની ટ્રે લઈ ને અંદર ચાલ્યો જાય છે. મન્દાકિની વિચારમાં પડે છે. ઓરડામા બે-ચાર આંટા મારે છે. ઘડીક બારી પાસે જઈ ને, બંધનમાંથી મુક્તિ મેળવવાને મથતી હોય તેમ, બહાર આકાશ સામે નજર નાખે છે. ઘડીકમાં પાછી કબાટ પાસે આવે છે. કબાટ ખોલે છે. એક પુસ્તક કાઢે છે. પાનાં ખોલે છે. અંદરથી એક ચિમળાયેલું ફૂલ નીકળે છે. તેને જોતીજોતી તે ઊંડા વિચારમાં ડૂબી જાય છે. ત્યાં નીચેથી બૂમ સંભળાય છે.]

રમણ : નાવાનું પાણી તૈયાર છે.

[મન્દાકિની પેલા ચિમળાઈ ગયેલા ફૂલની ગોળી કરીને બારીમાંથી બહાર ફેંકી દે છે. ચોપડી ટેબલ પર પછાડે છે.]

પડદો

[પ્રવેશ ૪]

[વિમળનું ઘર : સવારનો સમય. સરોજ ચા બનાવતો હોય છે. ટેબલ ઉપર સુહાસિની અને વિમળ બેઠાં હોય છે સરોજ એક પ્યાલો સુહાસિનીને આપે છે. બીજો વિમળને આપે છે.]

સુહાસ : આંખો જરા લાલ કેમ લાગે છે, વિમળ !

સરોજ : (મલકીને) ભાઈ, રાત્રે જરા મોડા આવ્યો 'તો.

સુહાસ : મોડો કેમ ?

સરોજ : હશે. છોકરાં છે. થઈ જાય કોઈ દી મોડુંવહેલું.

સુહાસ : (વિમલને) કેમ મોડું થયું હતું, વિમલ ?

સરોજ : (વચમાંથી જ) વહેલું ન અવાયું એટલે !

સુહાસ : હું વિમળને પૂછું છું, સરોજ !

સરોજ : ભલે પૂછ્યા કરે, વિમળ ! તું તારે જવાબ જ ન આપતો, દીકરી ! લાવ, જરા ચા આપું.

[વિમળના પ્યાલામાં ચા રેડે છે. સુહાસ પોતાનો પ્યાલો ધરે છે. એટલે એના તરફ ચાની ટ્રે [illegible] છે. સુહાસિની પોતાને માટે ચા બનાવે છે.]

સરોજ : (વિમળને વાંસે હાથ ફેરવતાં) [illegible] દૂબળી પડી ગઈ છે, મારી દીકરી ! [illegible] પરથી સાવ નૂર જ ઊડી ગયું છે. [illegible] વ્યાધિમાંથી ઊંચે જ આવતી નથી [illegible] બળ્યું, આવું તે કંઈ હોય !

સુહાસ : (આંખ અર્ધી ઝીણી કરીને) [illegible] ભણવાનું આપણે બંધ કરાવી દઈએ.

સરોજ : થયું ? બોલ્યાં બાઈ : [illegible] કરાવી દઈએ. ભણશે નહિ તો [illegible] દીકરો ? તમારું ભઠિયારું ? આ [illegible] અવતાર તો એળે ગયો ધુમાડો ફૂંકી [illegible] દીકરાનો તો સધરવા દો. આપણે ક્યાં [illegible] પાંચ છે ? મારે તો દીકરી-દીકરો જે [illegible] આવડી એક વિમુડી જ છે ને ?

સુહાસ : ભણવાની ના મેં ક્યારે [illegible] ભલેને ભણીભણીને એનો અવતાર [illegible] આ તો તેં કહ્યુંને કે વિમુ દૂબળો [illegible] ગયો છે...

સરોજ : તે મેં ખોટું કહ્યું છે ?

સુહાસ : નહિ જ તો ! એટલે મેં [illegible] કે આપણે એને ભણવાનું મુકાવી દઈએ [illegible]

સરોજ : પછી શું કરે મારો વિમુ !

સુહાસ : ઘરકામ શીખે.

સરોજ : ઘરકામ શીખે નહિ મારો [illegible] ભોજનમનો વેરી ? મારી વિમુડી [illegible] નહિ શીખે. કામ કરવું પડે એવું [illegible] એને દઈશ જ નહિ તો ? લ્યો, બોલ્યાં [illegible] કામ શીખે, ભણવાનું મૂકી દે ! એમ [illegible] સૂઝ્યું કે દૂબળો પડી ગયો છે તો એને [illegible] આપીએ; માખણ ને મિસરી આ[illegible] આપીએ; મલાઈ ને મધ આપીએ; કેળાં, ચીકુ [illegible] નારંગી, ને મોસંબી આપીએ; ચિકનની [illegible] તાજાંતાજાં ઈંડાં આપીએ; [illegible] આપીએ, બકરીનું કલેજું આપીએ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિવર ઓઇલ આપીએ, ચીઝ ને ખીફ આપીએ.

સુહાસ : (ખડખડાટ હસતાંહસતાં) આટલું બધું ખાય તો સાજો માણસ પણ માંદો પડી જાય; તો તારો વિમુ સાજો કેમ થશે ?

સરોજ : થશે, થશે, મારો વિમુ જરૂર સાજો થશે ! તમતમારે બેઠાબેઠા જોયા કરો ને ! મારો વિમુ ભણશે; ને ભણીગણીને કોક સારે ઘરે જઈને બેસી જશે. (વિમુને) તું તારે ભણ્યે રાખ, દીકરા ! એ તો જો, ભાઈ, હુંબો મારો બાપો, દીધે રાખવું જોઈએ. ભણવું જોઈએ, ગણવું જોઈએ, મેળા—મેળાવડામાં ભાગ લેતા રહેવું જોઈએ, માણસોને મળતાહળતા રહેવું જોઈએ. એ તો એમ આગળ પડીએ તો જ કોક દહાડો કોઈક નસીબદારનું ભાગ્ય ઊઘડે ! (સુહાસને) મારા વિમુને તમે શું ધારો છો ? એ તો જ્યાં જશે ત્યાં ભાગ્ય અજવાળશે. એનાં પગલાં તો કંકુનાં છે કંકુનાં.

વિમળ : કંકુનાં એટલે કેવાં, પપ્પા ?

સરોજ : લિપસ્ટિકનો જેવો રંગ આવે છે ને, ભાઈ, એવા રંગનાં.

[સુહાસિની જરા મલકે છે. સરોજ એના સામે જુએ છે, એટલે તે ગંભીર થઈ જાય છે.]

વિમળ : તે એવાં પગલાં સારાં ગણાય ?

સરોજ : જૂનાં માણસો એમ કહે છે ખરાં, બેટા !

વિમળ : જૂનાં માણસો એટલે કોણ ?

સરોજ : (સુહાસિનીને) લ્યો, દો જવાબ. તમે કહો છો ને કે વિમળ જરા માઠો છે ? કેવા સવાલ પૂછે છે મારો હીરો ?

સુહાસ : વિમળે સવાલ તને પૂછ્યો છે, સરોજ !

સરોજ : તે હું જવાબ દઈશ. એમાં શું ? તેં શું પૂછ્યું ભાઈ?

વિમળ : મેં શું પૂછ્યું, મમ્મી ?

સુહાસ : જૂનાં માણસો એટલે કોણ ?

વિમળ : (સરોજને) હા, જૂનાં માણસો એટલે કોણ ?

સરોજ : જૂના જમાનાનાં માણસો.

વિમળ : એટલે ?

[સુહાસ સહેજ મલકે છે.]

સરોજ : આગલા જમાનામાં થયેલાં માણસો.

વિમળ : આગલો જમાનો એટલે ?

સરોજ : ઘણાંઘણાં ઘણાંઘણાં વર્ષ પહેલાંનો જમાનો.

વિમળ : એવો જમાનો કોઈ હતો ખરો ?

સરોજ : (સુહાસ સામે આંખો નચાવીને) હતોસ્તો !

વિમળ : કોણે કહ્યું ?

સરોજ : (હસતાંહસતાં) માણસોએ.

વિમળ : કોણ જોવા ગયું 'તું ?

સરોજ : જોનારાં માણસો.

વિમળ : એ જમાનો આજે નથી ?

સરોજ : ના.

વિમળ : કેમ ?

સરોજ : એ તો ગયો.

વિમળ : ક્યારે ગયો ?

સરોજ : ઘણાંઘણાં વર્ષો પહેલાં.

વિમળ : તો પછી આજે તેની વાત શી ?

સરોજ : (સુહાસને) જોયું ને, સુહાસ ! હું નહોતો કહેતો કે મારો દીકરો તો મોટો બાલિસ્ટર થાય એવો છે ? હું એને ભણાવ્યા વિના રહેવાનો જ નથી.

સુહાસ : પણ એના સવાલનો જવાબ ?

સરોજ : એ તો હું આપીશ એને નિરાંતે. (વિમળને) અત્યારે તો, ભઈલા, મારે કામ છે. તારી મમ્મીને પાછું બહાર જવું છે. પછી આપણે વાતો કરશું હોં ! દીકરા રે ! તું દીકરી જન્મ્યો હોત તો ?

પડદો

(ચાલુ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દત્તક પિતા

શ્રી પીતાંબર પટેલ

એમ. એ.

એ વખતે મારી પત્ની સુવિધા પ્રસૂતિ-ગૃહમાં હતી. હું સવારસાંજ રોજ તેની ખબર કાઢવા જતો. ત્યાં મારા જેવા બીજા અધીરિયા પતિઓ પણ આવતા હશે, પણ મારું ધ્યાન એક ડોસાએ ખેંચ્યું. તેમની ઉંમર સાઠ ઉપરની હશે, પણ તેમની તંદુરસ્તી એવી તો સુંદર હતી કે તેમની ઉંમર દેખાવા દેતી ન હતી. હું દવાખાનામાં પગ મૂકું એટલે બહાર બાંકડા પર એ બેઠેલા જ જણાય. અમને સવારે આઠ વાગ્યા પછી અંદર જવા દેતા; એથી હું રોજ આઠ વાગ્યા પહેલાં પહોંચી જતો, પણ મારા આશ્ચર્ય વચ્ચે હું એ ડોસાને મારા પહેલાં આવેલા જોતો. તે બહાર બાંકડા પર બેઠાબેઠા મરાઠી દૈનિક 'લોકમાન્ય' વાંચતા જ હોય. તેમના મોં પરની પ્રસન્નતા, નિર્મળતા તેમની સાથે પરિચય કરવા પ્રેરે એવી હતી.

હું તેમને વહેલાવહેલા આવેલા જોતો એથી મને મનમાં થતું:

'આ ડોસા કોની ખબર કરવા આવતા હશે? આ ઉંમરે તેમને ઘેર ઘોડિયું તો નહિ બંધાયું હોય! ઘરમાં મારી પેઠે એકલા હશે તે રોજ ખબર કાઢવા આવતા હશે!'

સમજો કે આ ઉંમરે પણ એ પિતા બનતા હોય તો ય મારે શું? અને તે કોને મળવા આવે છે, કોને નહિ એવા ઊંડા પાણીમાં ઊતરવાની મારે શી જરૂર? છતાં મન કેડો છોડતું ન હતું. વારંવાર મનમાં થયા કરતું કે આ ડોસા કોને મળવા આવે છે?

ભારતના ભાગલાને પરિણામે લાખો નિર્વા... માનવીઓને–નિર્વાસિતોને વેઠવી પડેલી વિટંબણાઓ હજી આપણી નજર સામે છે. અપહૃત નારીઓ પાછી મેળવવામાં પારાવાર મુશ્કેલી પડી છે, તેમ... મળી ગયા પછી પણ કૂટ સામાજિક સમસ્યાઓ ઊભી થાય છે. આ ઉકેલ શોધવાનો એક પ્રયત્ન વાર્તાકારે અહીં કર્યો છે.

પાંચ દિવસ પછી સુવિધાનો ખાટ... બીજી જગ્યાએ બદલ્યો ત્યારે થોડો ભે... ખૂલ્યો. સુવિધાની બાજુના ખાટલાવાળી બાઈ... એ ડોસા મળવા આવતા હતા, પણ તે... જોતાં તો ઊલટા મનના તરંગો વધી પડ્યા... એ બાઈની ઉંમર માંડ વીસેક વર્ષની હ... તેની ભાષા પરથી લાગતું હતું કે એ ઉ... હિંદુસ્તાનની છે અને આ ડોસા તો મ... રાષ્ટ્રી છે. એ બંને વચ્ચે કયું સગપણ હ... આ બાઈ ન તો તેમની દીકરી હોઈ શકે? ... તો તેમની સગી હોઈ શકે; અને તેમની ... સાથે વાતચીત કરવાની રીતભાત પણ ... આપતી હતી કે એની સાથે દીકરી ... સંબંધ છે, આથી તો આ વૃદ્ધમાં મને ... પડચો. એમના વ્યક્તિત્વમાંથી નીતરતી નિ... લસતા જો મેં ન જોઈ હોત તો હું એમને ... માણસ જ ધારી બેસત. એમને 'આ ... સાથે કંઈ આડો સંબંધ હોય એની ... પણ કરવી એ પણ પાપ હતું.

માનવીનું મન કેવું વિચિત્ર ... મારે અને એ ડોસાને કંઈ લેવાદેવા ન ... બોલવાચાલવાનો પણ સંબંધ ન હતો; ... મન એની એ વાતની ખણખોતર કર્યા ... હતું, ઑફિસમાં પણ એકાએક એ વાત ... આવી જાય. મેં સુવિધાને પણ પૂછી ... તે પણ એ બાબતમાં કંઈ પણ જાણ... હતી. પણ બે દિવસ પછી તેણે કહ્યું, ... તો એના પિતાજી છે. આ ડોસા એના ... છે! એમ કેવી રીતે બંધ બેસે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરી હોત તો...તો તાળો ય મળી જાત, પણ પંજાબી જેવી લાગતી બાઈના પિતા મરાઠી હોય એ વાત તો ગળામાં ઊતરતી ન હતી. સુવિધા આમે સીધીસાદી સ્ત્રી છે, તે કદી મારી પેઠે ખોટી લપ્પનછપ્પનમાં પડતી નથી. તેમાં ય મુંબઈમાં રહ્યા પછી તો 'એમાં આપણે શું!' કહી પડોશીની વાતમાં ય કદી કૌતુક દેખાડતી નથી. એ આ બાઈને શાની પૂછે કે એ મરાઠી ડોસો તેનો પિતા કેવી રીતે બની ગયો?

મેં એને કહ્યું:

'પણ તું એને પૂછી તો જો...એમાંથી જાણવા જેવું રહસ્ય નીકળશે.'

'તમે તો એવા ને એવા રહ્યા. કોઈની વાતમાં આપણે શા માટે માથું મારવું?'

'પણ આ તો શંકા આવે એવો મામલો છે...'

'એમાં આપણે શું? હું તો કોઈને કંઈ ન પૂછું.' સુવિધાએ મને ઠપકો આપી ચૂપ કરી દીધો.

એ પછી એ બાબતમાં મેં કંઈ ન પૂછયું, પણ એ ડોસાને હું ફાટી આંખે તાકી રહેતો. એ હિંદીમાં પેલી બાઈ સાથે વાત કરતા. ઘડીકમાં નાના બાળક સામે જોઈને હસે. ઘડીકમાં એ બાઈને હસાવે. પોતે તો નિરંતર બાળકની પેઠે હસતા જ હોય! આ પ્રમાણે પાએક કલાક હસીહસાવીને ચાલ્યા જાય. એ બાઈ પણ ડોસા સાથે હસે. ડોસા જાય ત્યારે તેમને હસીને વિદાય આપે. આ કેવાં પિતાપુત્રી! પુત્રીની સુવાવડ વખતે પિતા તેની ખબર પૂછવા ગાછવા આવે એવું મેં જોયું તો નથી, પણ સાંભળ્યું ય નથી. આ બાઈની મા નહિ હોય તે પિતા ખબર કાઢવા આવતા હશે? હું આ પ્રશ્નમાં જેમજેમ ઊંડો ઊતરતો જતો હતો તેમતેમ ગૂંચવાતો જતો હતો.

અને વિશેષ કૌતુક તો એ બાઈને જોયા પછી થયું. એની તંદુરસ્તી સુવાવડમાંથી ઊઠ્યા પછી ય એવી ને એવી હતી. તેના ગાલના ગુલાબની સુરખી એવી ને એવી તાજી રહી હતી. તેના મોં પર વિધાતાએ રૂપનું લીંપણ કર્યું હતું. એકવાર આંખ પડે તો ખસેડવાનું મન ન થાય તેવી તે રૂપાળી હતી. એ એટલી બધી સુંદર હતા કે એને વિશે હું સુવિધાને કંઈ પૂછું તો તે મનમાં બીજું જ ધારી બેસે, એટલે મારે પરાણે ચૂપ રહેવું પડ્યું હતું.

પણ, આખરે તેનો પરિચય થયો. ખુદ સુવિધા એ રૂપાળીબાઈને ત્યાં લઈ ગઈ અને ત્યારે મને એક મહાનુભાવનો પરિચય થયો.

સુવિધા 'એમાં આપણે શું?' કહેતી હતી ખરી, પણ આખરે તો તે સ્ત્રી હતી. તે કેવી રીતે તેનું કૌતુક શમાવી શકે? અને બંનેના ખાટલા બાજુબાજુમાં હોય પછી પરિચય ન થાય એ જ નવાઈ! પણ એ દવાખાનામાં હતી ત્યાં તેણે મને કંઈ કહેલું નહિ. સુવાવડમાંથી ઊઠ્યા પછી બેત્રણ મહિના પછી તેણે કહ્યું:

'આ રવિવારે ક્યાં જવાનું છે?'

'ક્યાં ય નહિ, કેમ પૂછવું પડ્યું?'

'મારે એક બેનપણીને ત્યાં જવું છે.' અને મારી સામે જોઈને બોલી: 'તમારે પણ સાથે આવવાનું છે.'

'એવી તે વળી કઈ બેનપણી હતી?'

'છે એક નવી...'

'નવી?'

'હા, હમણાં જ બેનપણી બનાવી છે.' અને ટીખળ કરતી હોય તે રીતે તેણે કહ્યું: 'તમે એને જોઈ પણ છે.'

'મેં જોઈ છે!' પેલી રૂપાળી બાઈની વાત હવે મનમાં દબાઈ ગઈ હતી; એટલે એ તો યાદ ન આવી. 'શું નામ?'

'મનોરમા.'

'મનોરમા...એવી તો તારી કોઈ બેન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણી નથી!'

'મેં કહ્યું નહિ કે નવી બેનપણી છે?' અને હસીને મને ચીડવવા બોલી: 'તમે તમારે રવિવારે મારી સાથે આવજોને! રૂપાળી છોકરી દેખાડીશ.'

'રૂપાળી છોકરી'...આ શબ્દો કાને પડતાં જ હું બોલી ઊઠ્યો:

'પેલી દવાખાનામાં હતી તે?'

'હા...હા...એ જ. આ રવિવારે એને ઘેર જવાનું છે. ત્યાં ગયા પછી એની બધી યે વાત કહીશ. ત્યાંસુધી તમારે એંખાબતમાં પ્રશ્નો પૂછીને મારું માથું ખાવું નહિ.'

અને મારી નવાઈ વચ્ચે સુવિધા મને દાદર લઈ ગઈ. બીજે માળે બ્લોક હતો. તેના પર નામ લખ્યું હતું: વાસુદેવ નારાયણ જોષી. મેં ઘંટડી મારી અને પેલા ડોસા દેખાયા. તેમણે અમારો પ્રેમથી સત્કાર કર્યો. ઘરમાં પગ મૂકતાં જ એમ લાગે કે સંસ્કારી વાતાવરણમાં પ્રવેશ કરીએ છીએ. એમાં સાદાઈ હતી, મન હરી લે તેવી પ્રસન્નતા હતી. ઘરની ગોઠવણીમાં, તેના રાચરચીલામાં એવું કંઇક હતું કે મન હળવું બની જાય અને શાંતિ અનુભવે. એ ડોસાના વ્યક્તિત્વમાં એવું કંઇક હતું કે થોડી જ વારમાં આપણને તેમના બનાવી દે. આપણને એ ઘર પણ પરાયું ન લાગે. આવું આભિજાત્ય પણ સાથે જ જોવા મળે છે.

વાતમાં ને વાતમાં મનોરમાની વાત નીકળી. ડોસાએ ટૂંકમાં મને તેની કથની કહી. મનોરમાએ ડોસાની વાત કરી. એ વાત હૈયામાં એવી તો કોતરાઈ ગઈ છે કે ભૂંસી ભુસાય તેમ નથી. એ વાત માંડીને તો ક્યાં કહેવા બેસું? પણ આ પિતાપુત્રીનું મિલન આ પ્રમાણે થયેલું:

વાસુદેવ જોષી તો નિવૃત્ત છે. સવારસાંજ વાંચવામાં વખત પસાર કરે છે. ખાસ કરીને તે ગીતા પરનાં જુદાંજુદાં ભાષ્યો વાંચે છે. અમે ગયા એ વખતે પણ તેમના ટેબલ પર સાતવલેકરનું ગીતાપરનું પુસ્તક પડ્યું હતું. ઘરમાં તેમની જ ઉંમરનાં તેમનાં વૃદ્ધ પત્ની છે, પણ તેમનું શરીર વધુ કૃશ દેખાય છે. તે હવે ઝાઝું હરીફરી શકતાં પણ નથી. ઘરમાં વૃદ્ધ દંપતી સિવાય કોઈ નથી. છતાં વાસુદેવદાદાના વ્યક્તિત્વથી ઘર ભર્યુંભર્યું લાગે છે. માણસના વ્યક્તિત્વની, તેના ચારિત્ર્યની અને આત્માના તેજની અસર વાતાવરણને કેવું ભરી દે છે તેની પહેલી પ્રતીતિ આ ઘરમાં જ થઈ.

વાસુદેવદાદાનો પુત્ર ગોપાલકૃષ્ણ દિલ્હીમાં ભારત સરકારની મધ્યસ્થ કચેરીમાં સારા હોદ્દા પર છે. તેનો આગ્રહ પણ છે કે વૃદ્ધાવસ્થામાં માબાપ તેની સાથે રહે તો સારું, તો તે તેમની સેવાચાકરી પણ કરી શકે; પણ વાસુદેવદાદાને મુંબઈ છોડી દિલ્હી જવું ગમતું નથી. આખી જિંદગી મુંબઈમાં કાઢ્યા પછી ક્યાં નવા વાતાવરણમાં જવું? અગાઉ બેએક મહિના ડોસાડોસી દિલ્હી રહેલાં પણ બંનેને ગમેલું નહિ. તેમાં ડોસીની તબિયત ત્યાં સારી રહેતી નહોતી, ત્યારથી તે મુંબઈ છોડીને ક્યાંય ગયાં જ નથી.

પણ છએક મહિના પહેલાં વાસુદેવદાદાને દિલ્હી જવું પડેલું. ખાસ કારણ તો ન હતું, પણ દાદાનો પૌત્ર જરા બીમાર હતો. બીજું ઘણા વખતથી ક્યાંય નીકળ્યા ન હતા, એટલે બાળકોને જોવા, તેમની સાથે રમવા અને હવાફેર કરવા તે ગયા હતા. ડોસીની તબિયત સારી ન હતી; એટલે તે પૂનામાં તેમની બહેનને ત્યાં ગયાં હતાં. દિલ્હીથી પરત આવતાં વિચિત્ર સંજોગોમાં મનોરમાનો ભેટો થઈ ગયો.

તે દિલ્હીથી ગાડીમાં બેઠા હતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી તો તેમણે મનોરમાને જોયેલી પણ નહિ. પરંતુ બેએક કલાક પછી ટિકિટચેકર આવ્યો. એમાં મનોરમા પકડાઈ ગઈ. તે દાદાની પાછળ જ બેઠી હતી. ટિકિટચેકર તડૂકવા માંડ્યો, એટલે દાદાનું એ તરફ ધ્યાન ગયું. ડબામાં બેઠેલાઓને તો તમાશો જોવા મળ્યો હોય તેમ ઊભા થઈને મનોરમાને જોઈ રહ્યા હતા. ટિકિટચેકર ભાષણ કરતો હોય તેમ બોલે જતો હતો:

'બાપની ગાડી હશે! ટિકિટ વગર ગાડીમાં બેસતાં શરમ નથી આવતી? કપડાંનો ભભકો કરવા જોઈએ છે ને ટિકિટ લેવાતી નથી! આવાં પેસેન્જરો જ કંપનીને દેવાળું કઢાવશે.'

મનોરમાની સ્થિતિ વિચિત્ર બની હતી. તે શું બોલે? અને લોકો તેની સામે ફાટી આંખે તાકી રહ્યા હતા એટલે તે મોં પણ ઊંચું કરી શકતી ન હતી.

'ચાલો પૈસા કાઢો. એમ મફત મુસાફરી નહિ થાય.' અને ટિકિટચેકરે ચોપડી કાઢી લખવા માંડ્યું.

'મારી પાસે પૈસા નથી.' મહામહેનતે મનોરમા બોલી.

'પૈસા ન હોય તો ચાલો ઊતરો નીચે.'

એકલીઅટૂલી અબળા ક્યાં જાય? વાસુદેવદાદાએ ડોકી ફેરવીને જોયું તો મનોરમા રડી રહી હતી. અસહાયતા અને મોં પરની કરુણતા જોઈ દાદા ઊભા થઈ ગયા. મનોરમાને રડતી જોઈ કેટલાક કહેવા લાગ્યા:

'જાને દો, જાને દો...માસ્તર. નિરાશ્રિત હોગા.'

કોઈ કહેવા લાગ્યા:

'બિચારી કહાં જાયેગી......અકેલી તો હૈ...'

'હમ કુછ નહિ જાનતા, બીનાટિકિટ યે મુસાફરી નહિ કર શકતી...ચલો બાઈ, પૈસા નિકાલો, નહિ તો ખડી હો જાઓ...'

અને સૌના આશ્ચર્ય વચ્ચે વાસુદેવદાદાએ કહ્યું:

'માસ્તર, એ રહા પૈસા...ઉનકો પરેશાન ક્યું કરતે હો?'

માસ્તરની, લોકોની અને મનોરમાની, સૌની નજર દાદા ઉપર પડી.

'કીધર જાના હૈ બેટી?' દાદાએ મનોરમાને પૂછ્યું.

મનોરમા શું કહે? એને ક્યાં જવું હતું તેની તેને ય ખબર ન હતી. તેના મોં પરની મૂંઝવણ પામી જઈ દાદાએ જ કહી દીધું:

'અચ્છા, બમ્બઈકી ટિકિટકા ચાર્જ કરો.'

અને ઘડી પહેલાંનું ટાખળનું વાતાવરણ પલટાઈ ગયું. ટિકિટચેકર પૈસા લઈ ચાલ્યો ગયો. દાદાએ મનોરમાને પોતાની બાજુમાં બેસાડી. એને આશ્વાસન આપ્યું. વનવગડામાં મીઠી વીરડી મળી હોય તેમ મનોરમા દાદાના માયાળુ શબ્દો સાંભળી રડી પડી—જેમ દુઃખી પુત્રી પિતા આગળ રડે તેમ.

અને વાસુદેવદાદાએ મનોરમાને હિંમત આપી શાંત કરી. વાતમાં ને વાતમાં તેની દીનદશા જાણી લીધી.

મૂળ તે રાવલપિંડીની. પિતા તો મરી ચૂક્યા હતા, પણ મોટાભાઈ અને મા હતાં. ઘરની સ્થિતિ સામાન્ય હતી. મોટાભાઈ નોકરી કરે તેમાંથી ઘર ચાલતું, પણ દેશના ભાગલા પડયા. રમખાણો થયાં. તેમાં સૌને ભાગવું પડ્યું. મનોરમા તેના ભાઈ અને મા સાથે દિલ્હી આવી. લાખો માણસો દિલ્હીમાં આવ્યાં હતાં. કોઈને રહેવા ઘર ન હતું, ખાવાનું પણ ઠેકાણું ન હતું. જ્યાં જગ્યા જોઈ ત્યાં લોકો પડયાં રહેતાં હતાં. નિરાશ્રિતોના કૅમ્પમાં પણ જગ્યા ન હતી. કિડિયારાંની પેઠે નિરાશ્રિતો ઊભરાયા હતા. દિલ્હીના રસ્તાઓ ઉપર ચાલવાની ય જગ્યા ન હતી. સૌ લાચાર હતાં. અસહાય હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલાં બધાંનું ઠેકાણું પાડવું સરકાર માટે પણ મહામુશ્કેલ હતું.

એ વખતે મનોરમા ગુલાબની છડી જેવી મનોહર હતી. જોતાં જ આંખમાં વસી જાય એવી હતી. તેના પર કેટલી ય આંખો ચકળવકળ થતી હતી અને એક જણે તેની અસહાયતાનો લાભ પણ લીધો. બધાંને આશરો આપવાના બહાને તે તેના ઘેર લઈ ગયો. થોડા દિવસ બધાંને રાખી મનોરમાના ભાઈને અને તેની બાને નિરાશ્રિત કૅમ્પમાં મોકલી દીધાં. મનોરમા પણ જવા માગતી હતી પણ તેણે કહ્યું:

'મનોરમા ભલે અહીં રહેતી. હું તમારા માટે ઘરની તપાસ કરું છું. મળશે એટલે બધી વ્યવસ્થા થઈ જશે. મનોરમાને ત્યાં કૅમ્પમાં રાખવી ઠીક નહિ. ત્યાં કોણ કેવું હોય કેવું નહિ! એ બધા વચ્ચે આમ ઉંમર-લાયક છોકરીને મૂકવી તે ઠીક નહિ. અહીં મારે ત્યાં મારાં છોકરાં સાથે રહેશે.'

જ્યાં આકાશપાતાળ એક થઈ જાય એવી દશા થઈ હોય, માથાપર દુઃખની ઝડીઓ વરસતી હોય ત્યાં માને કે ભાઈને બીજું સૂઝે ય શું? તેમને આ ભલા માણસના શબ્દોમાં વિશ્વાસ આવ્યો. ગૃહસ્થી છે, બૈરા-છોકરાંવાળો છે, હમદર્દી છે, પંજાબી–તેમની જાતવાળો છે. એ તેમના ભલા માટે તો મનોરમાનો ભાર ઉપાડે છે. તો ભલે બહેન સુખી થતી. કૅમ્પમાં હેરાન થાય તેના કરતાં અહીં રહે તે શું ખોટું છે!

અને મનોરમા મા અને ભાઈથી જુદી પડી. પેલાએ ભલાઈ દેખાડી તેની ચાલ શરૂ કરી. મનોરમાને ફસાવી. મનોરમાએ તેનું સર્વસ્વ ગુમાવ્યું. તેનું જીવતરથી ય મોંઘું શિયળ પણ ગુમાવ્યું. તે ત્યાંથી ભાગી કૅમ્પમાં ગઈ. ત્યાં ય પુરુષોએ તેનો ખોટો લાભ લાધો. તેનું રૂપ તેના દુશ્મનની ગરજ સારતું હતું. જેની નજરે પડતી તે તેનો ઘાટ ઘડ… પેંતરો રચતો. પુરુષજાતે આ રૂપાળી … દશા ખરાબ કરવામાં કંઈ બાકી ન … તે તેની માને મળી ત્યારે તો તે બેબ્બી … મા કયા ઉમળકાથી દીકરીને આવકારે!

મનોરમા માટે હવે મરવા સિવાય … કંઈ રસ્તો ન હતો. 'હું તારી સાથે … કરીશ' એમ કહેનાર પણ હાથતાળી … ચાલ્યો ગયો હતો. જે આવતા તે મીઠી … વાતો કરતા. હવે મનોરમાને પોતાની … માટે તિરસ્કાર આવ્યો હતો. તેણે … જાત પર વિશ્વાસ મૂકયો. એ ભોળપ… તિરસ્કાર છૂટયો હતો. આવી અપમાન… દશામાં જીવવું તેના કરતાં મરી જવું … સારું છે; અને મનોરમાએ આપઘાત … નક્કી કર્યું. તે કૅમ્પમાંથી ભાગી છૂટી … હતી આપઘાત કરવા અને આવી પ… સ્ટેશન પર. એ વખતે આ ગાડી ઊભી … તે કશી ય ગણતરી વગર ડબ્બામાં બેસી … ક્યાં જવું છે તેની ય ખબર ન હતી. શું … છે તેની ય ખબર ન હતી. તે ગાડીમાં … રીતે બેસી ગઈ તેની ય ખબર ન હતી. … બુદ્ધિ ચાલતી ન હતી. હૃદયને મૂર્છા આ… હતી. મરવા નીકળેલી મનોરમાને … ટિકિટચેકરે પકડી ત્યારે તેને ય થયું … શા માટે ગાડીમાં બેઠી?

એ મનોરમા દાદાની હૂંફમાં મુંબઈ …

દાદાએ કહ્યું:

'કોણ જાણે કેમ પણ એને જોતાં જ … મારી દીકરી સુશીલા યાદ આવી. તે … ગયે ત્રણ વર્ષ થયાં. પહેલી સુવાવડ… તે મરી ગયેલી. એ હોત તો આવડી જ … મને થયું પ્રભુએ સુશીલાને નવારૂપે … છે. સુશીલાની માને પણ મનોરમા ગમી … અને અમે તેને દીકરી ગણીને રાખી.'

બેજીવી બાઈને, કશી ય ઓળખાણ …

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગર દીકરા તરીકે રાખવી એ કેવી મોટી વાત હતી!

મનોરમા બાબાને ધવડાવવા બીજા ખંડમાં ગઈ એટલે દાદા બોલ્યા :

'પ્રભુની માયા અકળ છે. મનોરમા મને મળી એમાં હું તો એનો જ હાથ જોઉં છું. અમે બન્ને વૃદ્ધ થયાં છીએ. દીકરો તેનું ઘર કરીને રહ્યો છે. અમને આ ઘર છોડીને બીજે ક્યાંય જવું ગમતું ન હતું. એવામાં જ પ્રભુએ મનોરમાને મોકલી આપી. અમે એના બાબાને રમાડીશું અને મજા કરીશું. દીકરી છે તે અમારી સેવાચાકરી તો કરશે.' અને ડોસી તરફ હાથ કરીને દાદા બોલ્યા : 'મારે તો ઠીક, પણ એને તો ઘડપણમાં શાંતિ રહેશે ને! હવે દીકરી મળી છે એટલે માને શું દુઃખ?'

દાદાની વાણીનો રણકો એવો મધુર હતો કે કાનમાં ગુંજ્યા કરે. એ વાણી માનવતાથી રસેલી હતી. તેમની જીવન જોવાની નવી સૃષ્ટિમાં પણ માણસાઈ આગળ તરી આવતી હતી. તેમણે નિરાશ્રિતોની, સ્ત્રીઓની કરુણ દશાની, અપહૃતાઓની વાત કરી. એ બધામાં તેમની સ્વસ્થ દૃષ્ટિનું દર્શન થતું હતું. માણસાઈની ઇજ્જત કરવી, માનવતાને પ્રગટ કરવી એ તેમની પ્રવૃત્તિનું લક્ષ્ય હતું. તેમની સાથેની વાતચીત પરથી લાગ્યું કે તેમણે માત્ર ધર્મનાં પુસ્તકો વાંચ્યાં ન હતાં, પણ એના વિચારોનું પરિશીલન કર્યું હતું. એ વિચારો પચાવ્યા હતા અને જીવનમાં પણ ઉતાર્યા હતા.

મનોરમાની બાબતમાં તેમણે કહ્યું :

'તેની આ દશા થઈ તેમાં તેનો શો દોષ? પુરુષો સ્ત્રીઓને ભોગ્ય વસ્તુ ગણે છે તેને લીધે જ સ્ત્રીઓની આ દશા થઈ છે. બધાએ ભેગા થઈને એક કુમારીની જિંદગી રોળી નાખીને. પુરુષ જ્યાંસુધી સ્ત્રીની ઇજ્જત નહિ કરે ત્યાંસુધી સંસાર કદી ય સુખી નહિ થાય. મનોરમાની લાચાર દશાનો બધાએ લાભ લીધો... કોઈએ તેનો હાથ પકડ્યો નહિ. તેને બધાએ મોતના મોંમાં મૂકી દીધી. આ છે આપણું પૌરુષ !'

દાદાની ટીકાથી મેં નીચે જોયું. વર્ષોથી પુરુષજાતે સ્ત્રીઓની અવદશા કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. દાદા જેવા મહાનુભાવો પુરુષોનાં પાપ આ રીતે ધોઈ રહ્યા હતા. મેં અંતરથી તેમને વંદન કર્યાં.

હું મનમાં દાદાની પ્રશંસા કરી રહ્યો હતો ત્યાં મનોરમા ચા અને નાસ્તો લઈને આવી. તેનું પોતાનું ઘર હોય એવી આસાનીથી તેણે બધું કામ ઉપાડી લીધું હતું. સુવિધા તેને મળવા રસોડામાં ગઈ હતી તે ય બહાર આવી. મારા બાબાને દાદાએ ખોળામાં લીધો અને લાડ કરવા લાગ્યા. એ વખતે દાદા મને બાળક જેવા નિર્દોષ લાગ્યા. મને થયું મનોરમાનો બાબો દાદાને જરૂર બાળક બનાવી દેશે.

અમે નાસ્તો કરી ચા પીવા લાગ્યાં. દાદા બધાને હસાવતા હતા. અમે પહેલી જ વાર આ ઘરમાં પગ મૂકતા હતા, છતાં કેટલીય જૂની ઓળખાણ હોય તે રીતે દાદા વાતો કરતા હતા. અમે પણ વાતોમાં ચડ્યાં હતાં. મનોરમા જીવતરનું ઝેર ભૂલી જઈને હસતી હતી. જાણે તેણે નવો અવતાર પ્રાપ્ત કર્યો હતો. તેણે હસતાંહસતાં અમને કહ્યું :

'સામાન્ય રીતે લોકો પુત્રને દત્તક લે છે, પણ મેં તો દાદાને દત્તક પિતા બનાવ્યા છે. આમે હું નાની હતી ને મારા પિતા ગુજરી ગયા હતા. એ પિતા મને મારા કટોકટીના સમયે મળી આવ્યા અને મને નવી જિંદગી આપી !'

'એમ કહે કે આ બાબાએ આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસશાસ્ત્રની દૃષ્ટિએ

સ્વભાવ, ટેવ ને બાળક

•

અધ્યાં. શશિનૂ ઓઝા એમ. એ.

માનસશાસ્ત્ર! માનવીના મનને માપનારું, તેની અંદરની ગુપ્ત શક્તિઓ પર પ્રકાશ પાથરનારું શાસ્ત્ર. આપણે ત્યાં યોગદર્શનમાં મનુષ્યના સ્વભાવ ને મન પર ઊંડાણથી વિચારવામાં આવ્યું છે. આજના માનસશાસ્ત્રે એ બધાંને નવાં નામ આપ્યાં છે ને સંશોધન કર્યું છે. મનોવિજ્ઞાનને સ્પર્શતી લેખમાળાના આ અંતિમ હપ્તામાં આપણી ટેવો, રીતભાત, આનુવંશિક સંસ્કારો, એક જ કુટુંબમાં ઊછરેલા બે બાળકોના વિરોધાભાસી વર્તન [illegible] અને અતિશય લાડને કારણે વણસી જતાં બાળકો વિષે તથા માતાપિતાની સંતાન પ્રત્યેની સાચી [illegible] વિષે અનેક દાખલાઓ સાથે જણાવવામાં આવ્યું છે. દરેક માતપિતાએ આ લેખનું વાંચન કરવું જોઈએ.

ખાસ કરીને ઊગતી બાલવયની અંદર બાળકને જે જે સારા કે માઠા સંસ્કાર મળે છે, એ તેના ભાવિ જીવનને કુવો ઓપ આપે છે એ હવે આપણે જોઈએ. અલબત્ત, આ પ્રકારનું ઘડતર માત્ર શૈશવ-દશામાં જ થાય છે એવું નથી, આ સંસ્કાર-ઘડતર તો માનવજીવનમાં અવિરત ચાલ્યા કરે છે. પણ ઉત્તર વયની અંદર ટેવો બંધાઈ ગયાં પછી તેમાં ફેરફાર થવાનો ખણુ ઓછો અવકાશ રહે છે.

માનવસ્વભાવ સમજવાની મૂળભૂત ચાવી આ રહી. ફક્ત આપણે આ એક જ ગુરુ-ચાવી હસ્તગત કરી લીધી કે પછી પ્રત્યેક વ્યક્તિ આપણા પોતાનાથી માંડી ઇતર આબાલ-વૃદ્ધ સર્વનાં હૃદયરહસ્યો ઉઘાડવા માટે આ ચાવી આપણને મૂળ[illegible] સહાયભૂત થવાની. એ ચાવી તે આ:

પ્રત્યેક વ્યક્તિ જેથી પોતાને લાભ [illegible] આનંદ મળે, તૃપ્તિ લાધે એ દિશામાં [illegible] કરે છે. પણ આથી ગેરસમજ ન થાય માટે જરા સ્પષ્ટતા કરીને કહું કે આ '[illegible] થવા'ની વાત હું ખૂબ જ વિશાળતમ અર્થે કહું છું. લાભ થવો એટલે મઝા [illegible] આનંદ થવો, સંતોષ થવો. પછી તે [illegible] તે જાતનો હોય. લાભ કે આનંદ [illegible] માત્ર 'આર્થિક લાભ જ' એમ [illegible] વિવક્ષિત છે એમ નથી, પણ જેને સા[illegible] અર્થમાં માનસિક આનંદ આપણે [illegible] છીએ તેને અનુલક્ષીને કહેવામાં આવે [illegible]

ફરીવાર સ્પષ્ટતા કરવી હોય તો કહે[illegible]

બધાંને નવી જિંદગી આપી.' કહી દાદા મનોરમાનાં બાબાને વહાલથી બચીઓ કરવા લાગ્યા અને પોતાની પ્રશંસા ટાળવા તેમણે વાતોનું વહેણ બદલી નાખ્યું.

એ વાસુદેવદાદાને નમન કરી અમે છૂટાં પડ્યાં. મનોરમા અને સુવિધા બેનપણીઓ બની ગયાં છે એટલે દાદાને અવારનવાર મળું છું. દરેક વખતે મને પાસાદાર હીરાની પેઠે તેમની ઝળહળતી માનવતાનું એકાદ નવું પાસું જોવા મળે છે. એમને જોઉં [illegible] મનમાં થાય છે:

'આવા મહાનુભાવોની માનવતા જ દુનિયાને ટકાવી રાખે છે. સંસારમાં [illegible] છે, અનીતિ છે તો આવી માનવતા [illegible] છે. માનવજાત જીવતી રહેશે તો તે [illegible] ભદ્ર પુરુષોના પ્રેમને લીધે જ.'

અને એ દિવસથી મનોરમાની પેઠે [illegible] દાદાને દત્તક પિતા માનીએ છીએ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે જો કોઈ પણ જાતની લાગણી, માન્યતા કે વર્તનને પરિણામે વ્યક્તિને કોઈ પણ પ્રકારનો સંતોષ કે આનંદ મળે, કોઈ પણ પ્રાથમિક વૃત્તિને તૃપ્તિ મળે, તો તેનો અર્થ એ થયો કે તેથી વ્યક્તિને લાભ થયો છે. વ્યક્તિ કંઈક ખાટી ગઈ છે!

વળી એ લાભ સતત ટકે જ એમ કહેવું પણ અભિપ્રેત નથી; પણ મૂળમાં એનાથી વ્યક્તિને જ્યારે તેની ટેવો બીજ-દશામાંથી પાંગરતીપાંગરતી વિકસતી હોય ને બંધાતી આવતી હોય ત્યારે તેનાથી તેને અવશ્ય લાભ થયો હોવો જોઈએ.

જેથી આપણને લાભ થયો હોય, આપણી વૃત્તિને સંતોષ મળ્યો હોય તેને લીધે જ આપણી ટેવ, રીતભાત વગેરેનો મોટો ભાગ બંધાયો હોય છે. પણ આપણી અત્યારની બધી જ લાગણી અને ક્રિયાનો ખુલાસો કદાચ આપણે આ રીતે ન કરી શકીએ; કારણકે કેટલીકવાર આપણું વર્તન એવી જાતનું હોય છે, આપણી ટેવો ને માન્યતાઓ એવી જાતની હોય છે કે 'લાભ'નો ગમે તેટલો વિશાળ અર્થ કરીએ છતાં ભાગ્યે જ આપણને એથી કશો લાભ મળે! ત્યારે આવા વર્તન વિષે આપણે શો ખુલાસો કરી શકીએ?

આને માટે કદાચ કોઈ સહેલામાં સહેલો અને ઉત્તમમાં ઉત્તમ જવાબ એ રીતે આપે, કે 'ભાઈ, એ તો જેવો જેનો સ્વભાવ.' 'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી?' 'પ્રકૃતિમ્ યાન્તિ ભૂતાનિ' વગેરે વગેરે. પણ આપણો સ્વભાવ એવો શા માટે છે? આવા સ્વભાવ પાછળ પણ કંઈક કારણ તો હશે ને? ને જવાબમાં આપણે આપણા જૂના સિદ્ધાંત તરફ દૃષ્ટિક્ષેપ કરીએ છીએ. તે એ કે અત્યારે આપણને અમુક ટેવથી કશો લાભ ન થતો હોય, કશી તૃપ્તિ ન મળતી હોય પણ બહુ વહેલા—જ્યારે લક્ષણો ઘડાતાં હતાં, ટેવો બંધાતી હતી અને આપણું વ્યક્તિત્વ બીબામાં તૈયાર થતું હતું, ત્યારે એ ક્રિયાથી આપણને અવશ્ય લાભ થયો હોવો જ જોઈએ. અત્યારે અમુક ટેવ આપણને લાભપ્રદ ન હોય, પણ ભૂતકાળમાં '**કોઈ વખતે**' **તો** એ લાભપ્રદ નીવડી જ હશે!

ગમે તે ટેવ—અમુક રીતે વિચારવાની ને વર્તવાની પડયા પછી એની પુનરુક્તિ થયા કરે છે. પછી એ સ્વભાવનું સ્વરૂપ ધારણ કરે છે. ને એક વાર લક્ષણ બંધાઈ ગયા પછી એથી આપણને ફાયદો થાય કે ન થાય, પણ આપણે એ પ્રમાણે જ વિચારીએ અને વર્તીએ છીએ. અરે! કદાચ એથી આપણને દુઃખ કે ઉદ્વેગ થતો હોય કે ખોટ જતી હોય છતાં ય!

આમ સમાજસેવા, પ્રેમ અને નિષ્ઠા, દેશાભિમાન, સત્ય, નીતિ, સ્પષ્ટ વકતૃત્વ વગેરે નૈતિક ટેવો; મંદ કે ત્વરિતપણે કાર્ય કરવાની ટેવ, આત્મસંયમ કે સ્વચ્છંદાચાર-આ બધી જ ટેવો એ ટેવ બની એ પહેલાં આપણને લાભપ્રદ નીવડી હોવી જ જોઈએ. ને એકવાર એ દૃઢ થયા પછી અનિશ્ચિંતપણે પુનરુક્ત થયા જ કરે છે ને આમાંથી જ બાળક 'આ જાતનું બનશે' કે 'તે જાતનું બનશે' એ આપણે નક્કી કરી શકીએ છીએ.

પ્રામાણિકતા અને સત્યવાદિત્વને લઈને જો શરૂઆતમાં જ બાળકને કટુ અનુભવ થવા માંડે તો પ્રામાણિક ને સત્યવાદી સ્વભાવ ન બંધાય. જો પ્રારંભમાં એ લાભપ્રદ નીવડે ને અમુક કાળ સુધી એનું સાતત્ય જળવાય તો જ એ ટેવ સ્થિર બની વ્યક્તિના અંગત લક્ષણ તરીકે નિશ્ચિત થાય. ને પછી એ બાળક-યુવાન-માનવ-પોતાના શેષ જીવનમાં પણ પ્રામાણિક અને સત્યવક્તા રહે. ભલે પાછળથી એ ક્રિયાથી એને લાભ ન મળે તો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ, ભલે એ ટેવને લીધે એની આજીવિકાને વાંધો આવે, એનો પ્રાણ ભયમાં આવી પડે છતાંય એ ગુણ–સ્વભાવમાં પછી ભાગ્યે જ ફેર પડવાનો ! ને આવું જ અન્ય નૈતિક ને સમાજ–ઉપયોગી ટેવોનું કે સમાજ અને નીતિવિરોધી ટેવો બાબત સમજવાનું !

માબાપો અને શિક્ષકોએ ધડો લેવા જેવી આ વાત છે. આ સિદ્ધાંતનો તેઓ પણ સમજણપૂર્વક ઉપયોગ કરી બાળકોમાં ઉન્નત સંસ્કાર–ગુણો ખીલવી શકે. શુભ કર્મ શુભ ફળ આપે છે, એવી પ્રતીતિ તેઓએ બાળકોનાં અંતઃકરણમાં કરાવવી જોઈએ–એ પ્રતીતિ પછી પારિતોષિક, શાબ્દિક ઉત્તેજન કે સાબાશીના સ્વરૂપમાં પણ હોય. અને ખરાબ વર્તણૂક ને ખરાબ કામ નુકસાન કરે છે એમ પણ પ્રત્યક્ષ કરવું જોઈએ. આપણાં બાળકોમાં શુભ સંસ્કાર ને ઉચ્ચ ગુણો ખીલવવા માટે, આ એક માર્ગ છે. તેમને પ્રામાણિક, સત્યપ્રિય, બહાદુર વીર, સાહસિક, આત્મશ્રદ્ધાવાળાં, સ્વાશ્રયી, ખંતીલા અને વિચારશીલ બનાવવા માટે આ જ એક રસ્તો છે. આ રસ્તા સિવાય नान्यः पंथा विद्यते ।

*

બે બાળક : આ જુઓ પારણું. પારણામાં દેવનું આ પુષ્પ મધુરી નિદ્રા લઈ રહ્યું છે. તેના હાથની બંને મૂઠી બંધ છે. પગ ગોઠણથી સહેજ વાળ્યા છે. મુખમુદ્રા જાણે હસુંહસું થાય છે.

આપણને એમ થશે કે આ અજ્ઞાન બાળકને વળી શી વૃત્તિઓ હશે? એ વૃત્તિ પ્રગટ કરતાં એને શી રીતે આવડે? પણ આ બાળક પણ ચતુર છે. એને પણ થોડીઘણી બહુ સાદી જરૂરતો હોય છે. જેમકે ખાવાની, પીવાની તેમ જ શારીરિક સુખચેનની અને પાછળથી તેમાં કોઈ પો... પ્રત્યે ધ્યાન આપે એવી વૃત્તિ પણ ઉમેરાય...

ધીમેધીમે એ પોતાની વૃત્તિ કઈ ... સંતોષાય છે, કોણ કોણ એ વૃત્તિ સંતો... છે વગેરે વળગણો (અં. એસોસિએશન્સ) યાદ રાખે છે. ને તત્કાળ પૂરતું તો ... પોતાના કયા વર્તનથી પોતાની કઈ વૃ... સંતોષાય છે તે પણ જુએ છે; ને ... બાળક ધીમેધીમે (અલબત્ત એને પો... એ વસ્તુનું ભાન નથી) શોધી કાઢે છે ... અમુક પ્રકારના પોતાના વર્તનથી અમુ... પ્રકારનું સુખ મળે છે. તેથી જે જે વર્તન... તેને આનંદ અને તૃપ્તિ મળ્યાં હોય તે ... વર્તન ભવિષ્યમાં કરવા પ્રેરાય છે.

હવે એક વાત ખાસ યાદ રાખવા જે... છે, કે શિશુદશાના આ અનુભવો ... જીવનમાં ખૂબ જ મહત્ત્વના બની રહે... કારણ સ્પષ્ટ છે, કે આ અનુભવો જ ... સમગ્ર ભાવિ વિકાસમાર્ગનું સંચાલન કરે...

બે બાળકો વચ્ચે શરૂઆતમાં બહુ ... તફાવત આપણને ન લાગે. કદાચ એ ... સૂક્ષ્મ હોય કે બહુ સૂક્ષ્મ નિરીક્ષણને ... આપણે એ જોઈ શકીએ. પણ આ ... લાગતા અનુભવ–ભેદો વિકાસની બે ... જુદી ભૂમિકા ઉપર બંને બાળકને લઈ ... છે. એક મોટા રસ્તે જતાં, આગળ ... તેના બે ફાંટા પડતા હોય તેના જેવો ... ભેદ છે. જુદા પડવાના બિંદુ આગળ ... પ્રવાસીઓ વચ્ચે બહુ જ ઓછા ... અંતર હોય છે. કદાચ જુદા પડતા જ ... એવું પણ લાગે. માત્ર સાથે ની... પ્રવાસીઓએ જુદીજુદી દિશામાં મુખ ... વર્તન કર્યું એટલું જ લાગે. પણ ... રેખા જ બંનેને જુદેજુદે રસ્તે લાવી ... છે. જેમજેમ તેઓ આગળ વધે છે ... તેમ બંને વચ્ચેનું અંતર વધારે... ને વધા...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને વધારે...થતું જાય છે...ને વર્ષોને અંતે આપણે બોલી ઊઠીએ છીએ: 'અરે! બંને એક જ માને પેટ આળોટેલા, એક જ ઘરમાં મોટા થયેલા પણ બે ય વચ્ચે જમીન-આસમાનનો ભેદ છે...'

હવે બે બાળકો વચ્ચે સ્વભાવ, લક્ષણ, ગુણ વગેરેમાં કઈ રીતે આ પ્રકારના ભેદ ઉત્પન્ન થાય છે એ આપણે જોઈએ.

ધારો કે એક બાળક છે. એ રુએ છે કે તરત ઘરનું ગમે તે માણસ તેને ઊચકી લે છે, બચ્ચી ભરે છે, થાબડે છે, તેને લાડ લડાવે છે. બીજું બાળક રુએ છે તો કોઈ એને અડકતું નથી, કોઈ તેની સામું જોતુ નથી; એ રોયા જ કરે છે. ને આમ પહેલા બાળકના દૃષ્ટાંતમાં રોવાથી લાભ થાય છે, બીજામાં એવો કશો લાભ થતો નથી. સાવ સામાન્ય અવલોકનની વાત છે, કે પહેલું બાળક બીજા બાળક કરતાં વધારે વાતાવરણમાં રહેશે. પ્રસંગોપાત્ત રડશે, વગરકારણે પણ રડશે.

પણ આથી બીજા બાળક કરતાં પહેલું બાળક વધારે રડશે, એ વાત ઉપર બહુ ભાર મૂકવાની જરૂર નથી. ઊગમકાળના અનુભવો બાળકને તેના વિકાસની વિવિધ દિશામાં કેવી રીતે લઈ જાય છે એ વસ્તુસ્થિતિ તરફ જ ધ્યાન ખેંચાવું જરૂરી છે.

બીજું બાળક સહેજ મોટું થાય છે. ધીમે-ધીમે તેને પ્રતીતિ થવા માંડે છે કે રોવાથી પોતાનાં માતપિતા આગળ તેનું કશું શુભ પરિણામ આવતું નથી. પણ એકદમ કદાચ અજાણપણે, એ જાણી જાય છે કે માત્ર હાસ્ય, આનંદ અને કલ્લોલથી જ તેમનું ધ્યાન અને માન એ વધારે સારી રીતે પામી શકે છે.

આમ એક બાળક રુદન કરવું એ પોતાને હિતકર છે, એ હકીકત સાથે મોટું થાય છે. બીજું બાળક રુદન નહિ, પણ હાસ્ય અને કલ્લોલ પોતાને આનંદકર છે, એ હકીકત સાથે મોટું થાય છે. ને આ રીતે તેમની સમાનતાની જોડી ક્યારની ખંડિત થઈ ચૂકી છે. પંથ જુદા પડી જ ગયા છે ને બંને બાળક વિવિધ ચારિત્ર્યઘડતરને માર્ગે કૂચ કરે છે.

તેઓ હજી મોટા થાય છે.

પહેલું બાળક પોતાને જે જોઈએ છે તે-શબ્દમાં કે અલંકારમાં-રોઈને માગે છે એમાં કકળાટ અને આજીજી પણ હોય. રસ્તામાં રખડતા, પાઈપૈસા માટે કરગરતા ભિખારીઓ કોણે નહિ જોયા હોય? એ કેવા આર્ત-સ્વરે કકળાણ મચાવે છે! આ બાળક પણ એમાંનો જ એક પ્રકાર બની ઊભું રહે છે. કેવું દયાજનક! આબેહૂબ એવું એ ન બને તો એ સંકુચિત સ્વભાવનું, ચીડિયું, વાતવાતમાં પગ પછાડી પોતાનો રોષ, ચીડ ને વિરોધ પ્રગટ કરતું ને અધીરિયું તો અવશ્ય બને છે.

પણ બીજું બાળક મોટું થતાં જીવનમાં પણ પોતાને જે વસ્તુ જોઈતી હોય તે વસ્તુ તે આનંદી અને પ્રસન્નતાભરી મુખમુદ્રાથી પ્રાપ્ત કરે છે. એ જ ભૂમિકા ઉપર તે આગળ વધે છે. એ આનંદી, સદા આશાવાદી અને ગુલાબી સ્વભાવનું બને છે. હસો, અને જગત તમારી સાથે હસશે એ તેનો જીવનમંત્ર હોય છે. આમ બાળક આજ્ઞાંકિત, નમ્ર, શાંત, ઉતાવળિયું, અધીરિયું, આશાવાદી કે નિરાશાવાદી, આનંદી કે સોગિયું બને તેનો પાયો તો બાલ્યવયના અનુભવોમાં જ નંખાઈ ગયો હોય છે.

આ રીતે આપણા જ કોઈ પ્રૌઢ મુરબ્બી કે વડીલ અથવા બાળમિત્ર કે ભાઈનાં સ્વભાવલક્ષણોમાં એના બાલવયના અનુભવોએ કેવો ભાગ ભજવ્યો છે એ જો જોવા બેસીએ તો એ એક મઝાનો નિરીક્ષણનો રસદાયક વિષય થઈ પડે.

×

બાળક અને માબાપ: 'અરે જુઓ તો ખરા, આ આપણી ફઈનો લાલુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેટ્રિકમાં આવ્યો પણ હજુ બા વગર નથી ચાલતું. બા બે કલાક ગામમાં જાય ત્યાં તો એનો જીવ તાળવે આવી જાય. હવે તે કાંઈ નાનો છે? બા કાંઈ બેચાર દી ગામ હવાફેરે જાય તો ય લાભુ તો સાથે જ. કહે છે કે એને એની બા વગર એક મિનિટ પણ ન ચાલે.'

×

'આવડો મોટો થયો તો ય હજી ખમીસ હાથે પહેરતાં નથી આવડતું? જા, તારા બાપાને કહે પહેરાવશે, મારા હાથ એઠા છે.' મા પોતાના જરા મોટા થયેલ છોકરાને કહેતી હોય છે.

×

'આ બાબાને માથું તો જરા સરખું ઓળી દો. બિચારાને પરીક્ષા આપવા જવાનું છે આજ. તમને તો તમારા છોકરાની ય કાંઈ નથી પડી!'

'હવે નાનો છે પણ? કાલે પહેલી અંગ્રેજીમાં આવશે, ને હજી માથું ઓળતાં ન આવડે?'

'લે, બિચારાને એમ પાછો શું પાડો છો? આટલા છોકરાને ક્યાંથી આવડે? રોજ તો ઓળી દો છો. જુઓ એણે એની મેળે ઓળ્યું છે તો ખરું, પણ સેંથો જ સરખો નથી આવ્યો. લ્યો, લ્યો, હવે ઈ છાપું હેઠે મૂકો, હમણાં એનો ઘંટ વાગશે...'

×

આ સંવાદો ઘણીવાર આપણા સાંભળવામાં આવ્યા હોય છે, પણ બાળકની આ પ્રકારની અણઆવડત માટે તેનાં માબાપો જ કારણભૂત હોય છે.

આપણે એક ઘરનો દાખલો લઈએ. એ ઘરમાં બાળકનાં માતા અને પિતા બંને આગળપડતા વિચારવાળાં છે. સંસ્કારી ને વિદ્યાપ્રેમી છે. બાલમાનસનાં અભ્યાસી ને તેથી બાળક પોતાની મેળે પોતાની બાબત વિચાર કરે, પોતાનું કામ પોતે પોતાની મેળે પોતાના હાથ વડે જ જમે, હાથે જ લૂગડાં પહેરે ને પોતાને પડે તેવું કાર્ય આપમેળે જ શોધી લે એમ તેઓ ઈચ્છે છે. તેમને હાથે જ બધું કરવા દે છે ને તેમના કાર્યને ઉત્તેજન આપે છે. આ રીતે સ્વાવલંબી ચારિત્ર્યનાં લક્ષણો બાળકમાં બંધાય છે. સ્વાશ્રયની ભૂમિકા ઉપર તેનો મનોવિકાસ થાય છે. પરિણામે બાળક ભવિષ્યમાં પણ મુશ્કેલીઓનો સામનો કરવાની તાકાતવાળું, જવાબદારી સમજનારું ને અદા કરનારું, અને સ્વતંત્ર બુદ્ધિથી નિર્ણય કરનારું અને શ્રદ્ધાથી દીપતું બને છે.

હવે આપણે બીજા ઘરનો દાખલો લઈએ. અહીં મા કે બાપ કેળવાયેલાં નથી. બાળકનું બધું જ કામ પોતે કરી એને પરવશ બનાવી મૂકે છે. ખવડાવવું, પહેરાવવાં, રમાડવું, આનંદ કરાવવો — જ એ બાળક માટે કરે છે. તેની ખૂબ કાળજી રાખે છે. માતા અને પિતા એમ માને છે, કે પોતાને બાળક માટે અતિશય પ્રેમ છે અને પ્રેમને લઈને તેને ખૂબ જ લાડ લડાવે છે. પણ બાળકના પોતાના ભાવિજીવનનો વિચાર ખરાં હિતચિંતક માબાપોએ વિચારવો જોઈએ. બાળકના પોતાના શ્રેય ખાતર સ્વતંત્ર રીતે મુશ્કેલીઓનો સામનો કરતાં ને સ્વતંત્ર નિર્ણય કરતાં તેમને આપણે શીખવવું જોઈએ. અગર તેમને એવી તક આપવી જોઈએ. પુષ્પોને જેટલી જલવૃષ્ટિની જરૂર છે એટલી જ જરૂર સૂર્યના તડકાની પણ છે, પણ આપણે લાડરૂપી જલવૃષ્ટિ જ કરશું તો એ હાનિકર જ નીવડશે અને પરિણામે માત્ર લાડકોડમાં માણસ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્ચર્યે મોડું થયેલ બાળક યુવાન બનતાં કેવું બને છે? એ યુવાન હશે કોઈ જાતની પહેલ કરી શકે નહિ એવો, આત્મશ્રદ્ધા-વિનાનો, પરાવલંબી, કંઈક કામ માટે બીજાની મદદની રાહ જોનાર, લાજુલાડી, જવાબદારી અને કામથી દૂરદૂર ભાગતો અને કોઈ પણ જાતના ગંભીર કાર્ય માટે સદાને માટે નાલાયક! આવું બન્યા કરે તો આપણા દેશની યૌવનસંપત્તિમાં કેવી ભયાનક ઓટ આવે!

ઘણીવાર આપણે સુશિક્ષિત અને દૃઢ મનોબળવાળાં માબાપોના પુત્રોને જોતાં નિરાશ થઈએ છીએ. પિતાઓ નિશ્ચિત વિચાર અને અભિપ્રાયવાળા હોય છે, જ્યારે પુત્રો કશી જ સ્વતંત્ર વિચારશક્તિ વિનાના અને અસ્થિર ચિત્તવાળાં હોય છે. કારણ માબાપોને પોતાના નિર્ણયો અને સિદ્ધાંતો હોય છે, પણ મનો-વિજ્ઞાનનું જ્ઞાન તેમને નથી હોતું તેથી પોતાના સિદ્ધાંતો બાળક ઉપર લાદવા માંડે છે. સ્વતંત્ર રીતે નિર્ણય કરવાના બાળકના મંદ પ્રયાસોને ઘણીવાર માબાપો પોતાની પ્રબળ દલીલો અને વાગ્વૈભવથી ભાંગી નાખે છે; અને આમ તેમની સ્વતંત્ર વિચારશક્તિને હણી નાખે છે. કોઈવાર તેમની ગમેતેવી ગંભીર અને ચિંતનીય વાતને પણ હસી નાખી મજાકમાં ઉડાવી દે છે.

દૃઢ અને ઉચ્ચ વિચારવંત માબાપોનાં બાળકો પણ એમના જેવાં જ નીવડશે એવી આશાને સ્થાને કશી જ આત્મનિર્ણય-શક્તિવિનાના, બીજાના દોરવ્યા દોરાતા બાળકો આપણને મળે છે. આથી એટલું જ કહેવું પ્રાપ્ત થાય છે, કે બાળકો એકદમ પોતાના વિચાર પ્રમાણે જ અનુસરે એવું કરતાં પહેલાં બાળકોની વિચારશક્તિ કુંઠિત થઈ જાય તેની માબાપોએ ખાસ કાળજી રાખવાની જરૂર છે. ઘણીવાર માબાપો પોતાના બાળકો માટેનો કોઈ ઉચ્ચ ગ્રાહ મગજમાં રાખીને ફર્યા કરતાં હોય છે. તેઓ એમ જ માનતાં હોય છે કે પોતે સાહિત્યના શોખીન છે એટલે બાળક પણ સાહિત્યનું શોખીન હોવું જ જોઈએ. પોતે બી. એ. અને એમ. એ. માં ફર્સ્ટક્લાસ અને સેકન્ડ ક્લાસ લીધા, ઠેરઠેર ઇનામો અને સ્કોલરશીપો મેળવી, વિવિધ કલામાં નૈપુણ્ય પ્રાપ્ત કર્યું—એટલે પછી પોતાના પુત્રમાં પણ એ બધું ચારતાથી થવું જ જોઈએ. એવી કલ્પનાનાં ઇન્દ્રધનુ રચનારાં માબાપો ઘણીવાર નિરાશ પણ થાય છે. તે પછી બધા દોષનો ટોપલો પોતાના બાળકો ઉપર ઓઢાડે છે. આ માટે વીલિયમ મેકડુગલ કહે છે કે ‘ તમારા બાળકો પાસેથી વધારેપડતી આશા ન રાખો. તમારું કામ તેમનો વિકાસ કરવાનું છે, તેમના વિકાસને પોષક સર્વ શક્ય વાતાવરણ રચવાનું છે. તેમના શોખ અને રસ ઘડવાના પ્રયત્નમાં બહુ ઉતાવળે ન મંડી પડતા. ’

આ વાતના અનુસંધાનમાં એક પિતાનો દાખલો અહીં યાદ આવે છે. મેટ્રિક પાસ થયા પછી તેમણે તેના પુત્રને પુત્રની મરજી વિરુદ્ધ સાયન્સ લેવડાવ્યું. તેને મનમાં એક જ મહેચ્છા હતી કે પુત્ર ડોકટર થાય. પણ પુત્ર કલા અને સાહિત્યનો શોખીન હતો. ને પિતાની ઇચ્છાને વશ થઈ નાખુશીથી ‘ સાયન્સ ’ લીધું. ને પછી બબ્બે વર્ષ બધે કરતાં કરતાં છેવટ બી. એસસી. (મેડિકલ લાઈનમાં દાખલ થવા ઉચ્ચ ગુણ–માર્કસ–જોઈએ, એ માર્કસના અભાવે સાયન્સના ગ્રેજ્યુએટ) થવું પડ્યું. એજ રીતે એક કુટુંબમાં મોટો છોકરો આર્ટ્સ લઈ એમ. એ. થયેલ. તેણે તેના નાનાભાઈને આર્ટ્સ લેવડાવ્યું. નાનાભાઈની વૃત્તિ સાયન્સ તરફ હતી, પણ નાખુશીથી આર્ટ્સ લીધું. પરિણામે ઈન્ટરઆર્ટ્સમાં ત્રણ વર્ષ સુધી પાસ જ ન થયો. પછી ‘ સાયન્સ ’માં ફેરવ્યું. ઈન્ટર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાયન્સમાં બે વર્ષે પાસ થયો ને બી. એસ-સી. ની એક ટર્મ ભરી પડતું મૂકયું. કારણ જે વખતે તેનામાં અભ્યાસનો ખરો ઉત્સાહ અને પ્રાણ હતા એ સમય ને શક્તિ બધાં નકામે સ્થાને ખરચાયાં. ને પછી આગળ ચાલવાનો તેને ઉત્સાહ જ ન રહ્યો.

આમ ઘણીવાર માબાપો પોતાને કાટલે પોતાના પુત્રને જોખવા જતાં તેમની સમગ્ર કારકીર્દ ઉપર છીણી મારી દે છે.

*

આગળ ઉપર આપણે એકબે ઘરના દાખલા જોયા. તેમના ઘરનાં વડીલ માતપિતાના ને બાળકોના પ્રકાર જોયા. હવે એક બીજો પ્રકાર જોઈએ–ઉગ્ર દુર્વાસા જેવા ક્રોધી અને ખિજાળ માતાપિતાનો. આવાં માબાપોનાં બાળકો જાણી જાય છે કે શાંત રહેવામાં જ મઝા છે. મોઢું સંતાડવામાં જ સલામતી છે ને મોટપણે પણ તેમનામાં આ પ્રકારના વર્તનની અસર ચિરસ્થાયી નીવડે છે. ને તેથી મોટા થતાં તેઓ ગાભરા, શરમાળ, બીકણ, માંદલા બને છે. કોઈની પણ નજર તેમના પર પડે કે તેઓ શરમાઈ જાય છે. લાજુલાડી, શરમાળ, કોઈ પણ અજાણ્યા માણસ પાસે જઈ વાતચીત કરતાં ડરતા, હમેશાં લઘુતાવૃત્તિનો અંચળો ધારણ કરીને ફરતાં–આવાં બાળકો એ માતાપિતાના ઉપર દર્શાવેલા વર્તાવના પરિણામરૂપ હોય છે.

હવે ત્રીજો દાખલો લઈએ. આ બાળકોને એમ લાગે છે, કે જરા ગપાટા મારીએ, મીઠું-મીઠું બોલીએ, સૌ સાથે હળીએ મળીએ તો જ ફાયદો થાય એમ છે. તેથી તેઓ ગમે તેનું ધ્યાન પોતાના પ્રત્યે ખેંચવા પ્રયાસ કરે છે ને પોતાનાં માતાપિતા પાસે આવનારા માણસો પણ આવા છોકરાનાં તેના માબાપના દેખતાં વખાણ કરે છે: 'તમારો છોકરો તો બહુ ચાલાક, ચપળ ને હોશિયાર છે.' માબાપ પણ ફુલાઈને કહે છે: 'હા, બચુ જેવો તો છોકરો કોઈને નહિ હોય.'

ને આજ બાળક મોટું થતાં દેવું ... ખોર, ગપ્પા મારનારું ને અતિશયોક્તિ રાચનારું બને છે, એ આપણે જાણીએ છીએ.

આ તો માત્ર થોડાં સૂચનો જ ... આપણે નિત્ય વ્યવહારમાં જોઈએ ... તેનાં થોડાં પાસાંઓનું જ દર્શન કરાવવાનો પ્રયાસ હતો. બાલવયમાં બાળક ઉપર ... સારા કે માઠા સંસ્કાર આગળ ઉપર ... સમગ્ર જીવન ઉપર કેવી ચિરસ્થાયી ... કરે છે એ આપણે જોયું, પણ એ ... જિજ્ઞાસુના અંતઃકરણમાં થોડાક પ્રશ્નો ... રહે છે:

(૧) ઘણીવાર બાળકના લક્ષણ... રણમાં સાધંત સાતત્ય જળવાતું નથી. ... કે પહેલાં બે વરસ બાળક સ્વતંત્ર ... શકે છે ને એ રીતે એનું ચારિત્ર્ય ... ઘડાયું ન ઘડાયું ત્યાં પરિસ્થિતિ પલટે ... ને બાળક ઉપર નિયંત્રણો આવે ... તો શું પરિણામ આવે? અથવા ... કે શરૂઆતમાં બાળકને સ્વતંત્રતા આ... આવે ને પાછળથી એના ઉપર દાબ ... આવે, તેને હસી કાઢવામાં આવે ... સ્વાભાવિક પરિણામ આવે?

(૨) બીજા બાળકના આવવાથી ... બાળક ઉપર શી અસર થાય?

(૩) સંયુક્ત કુટુંબના બાળક ... માત્ર મા ને બાપ બે જણ જ હોય એ... ઊછરેલ બાળક એ બેના સંસ્કાર... શો ફેર પડે?

આ બધા પ્રશ્નો વિચારવા ... તેના ભૂતકાલીન વર્તનોમાં કયા વર્તન... સૌથી વધારે લાભ થયો છે, તેને ઉ... છે એ વાતમાં જ એ પ્રશ્નના ઉત્તર...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી જતા ? એકવાર એક સ્વભાવલક્ષણ બંધાઈ ગયું, પછી બાળક એ રીતે જ વર્તવા પ્રેરાય છે.

ધારો કે એક બાળક અમુક સમય ઘેર ગાળે છે. ત્યાં અમુક જાતનાં લક્ષણોને પોષણ મળે છે. અમુક કલાક શાળામાં ગાળે છે. ત્યાં વળી જુદું જ ઘડતર થાય છે. તે બાળક દ્વિવિધ લક્ષણવાળું બનશે. આવાં દૃષ્ટાંતો વિરલ નથી હોતાં. આપણે સૌ આવા સંઘર્ષમય વાતાવરણમાં જ ઊછરતા હોઈએ છીએ ને પરિણામે આપણે સુશ્લિષ્ટ અને સુસંવાદી લક્ષણો નથી ગ્રહી શકતા; ને તેથી પરસ્પર વિરોધી ને વિસંવાદી લક્ષણોના શંભુમેળા સમા આપણે બનીએ છીએ. સરળ વ્યક્તિત્વને બદલે આપણામાંના ઘણા એક બીજા સાથે ઝઘડતા લક્ષણોના સમૂહથી ભરેલા હોઈએ છીએ.

*

'આ ચીમનિયો તો સાવ પાજી છે. કીધું કામ જ કરતો નથી.'

'આ બચુ સાવ બદમાસ ને હરામખોર છે.'

'આ રમુ સાલો જૂઠો. બહુ ખરાબ છે.'

આ વાક્યો ઘણીવાર પોતાના પુત્રના સંબંધમાં મા કે બાપના મુખેથી બોલાતાં આપણે સાંભળીએ છીએ. આપણે માનીએ છીએ, કે આવાં વાક્યો બાળકો ઉપર શી અસર કરવાનાં છે ? પણ આવાં વચનો એની માઠી અસર ઉપજાવે જ છે. આ વાક્યો બાળકનાં કુમળાં હૃદય ઉપર અસર કરી પોતાનાં ઊંડાં મૂળ નાખે છે ને પોતે બદમાસ છે, તોફાની છે, ખરાબ છે, એ ખ્યાલ સાથે બાળક મોટું થાય છે. એનું આગળ ઉપર શું પરિણામ આવે છે એ ઇતર સંજોગો ઉપર આધાર રાખે છે.

આ માત્ર ધારણા કે અનુમાનનો પ્રશ્ન નથી, પણ માનસશાસ્ત્રીઓ ઘણા દોષોનું મૂળ આ વાતમાં જુએ છે ને બાળપણમાં 'તું મૂરખ છો, સાવ ઢ છો, તારામાં મીઠું જ નથી,' એવાએવા પ્રહારો સાથે ઊછરેલું બાળક મોટું થતાં આત્મશ્રદ્ધાવહોણું, પરાવલંબી, બૌદ્ધિક લઘુતાગ્રંથિવાળું બને છે ને તેનામાં આજીવન આ લક્ષણો રહે છે.

બીજી એ વસ્તુ પણ સાથોસાથ ધ્યાનમાં રાખવા જેવી છે, કે આપણે એકદમ સામે પાટલે પણ જઈ બેસવું ન જોઈએ; ને તેથી 'ઓહો, અમારા બચુ જેવો તો છોકરો કોઈને નહિ હોય. બચુ બહુ હોશિયાર ને ચાલાક છે.' એમ પુનઃ પુનઃ તેની પ્રશસ્તિ પણ કર્યા કરવી ન જોઈએ; કારણકે બધી જ વખતે બાળક સારું ને સાચું જ કામ કરે છે, એવું નથી હોતું. ઘણીવાર એ ભૂલભર્યું ને મૂર્ખાઈભર્યું કામ પણ કરે છે; તેથી એ બંને બાબતની તેને પ્રતીતિ કરાવવી જોઈએ. 'તું મૂર્ખ છે, તું ખરાબ છે.' એમ કહેવા કરતાં 'અમુક કાર્ય કરવું એ ઠીક ન ગણાય, અમુક કામ કરવું એમાં ડહાપણ નથી.' વગેરે વચનો દ્વારા બાળકને યોગ્ય માર્ગે વાળવું જોઈએ.

આ વિષયની આટલી ચર્ચા કર્યા પછી એક પ્રશ્ન લગભગ બધા જ કરે છે. તે પ્રશ્ન તે આ:

'ધારો કે એક જ ઘરમાં, એક જ મા-બાપની છત્રછાયા તળે, એક જ પ્રકારની સારસંભાળ નીચે બે બાળકો ઊછરતા હોય તો એ બંને બાળકોમાં સમાન લક્ષણોનો જ વિકાસ થશે એમ તમે કહી શકો ?'

આ પ્રશ્નના ઉત્તરમાં પ્રથમ તો એ કહી શકાય કે ઉપર જે સ્થિતિ કલ્પી છે એ લગભગ અશક્ય જ છે; કારણકે બે બાળકો એક જ પરિસ્થિતિમાં ઊછરે, એક જ જાતના જીવનસંસ્કારો પામે ને તે ય એ જ ક્રમમાં– એ વસ્તુ જ બનવી અશક્ય છે. કોઈ માબાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે બાળકને ખરેખર સરખી જ રીતે ભાગ્યે જ ઉછેરી શકે; કારણકે એક બાલઉછેરના અનુભવ પછી બીજા બાળકને ઉછેરવામાં કંઈ ને કંઈ ફેર તો પડે જ. માબાપોના સ્થિતિ-સંજોગો બદલાયા હોય, તેમની તંદુરસ્તીમાં ફેરફાર થયો હોય, પરસ્પરના સંબંધોમાં ફેર પડયો હોય, તેમની વય થઈ હોય, ને છેવટ બાળક પ્રત્યેના તેમના વર્તાવ ને સંભાળમાં ફેર પાડી દે તેવી હજારો નાનીમોટી વસ્તુઓ તેમના જીવનમાં પ્રસંગોપાત્ત બન્યા કરી હોય; ને તેથી બાળકો પ્રત્યેના વર્તાવનું સમાન ધોરણ તેઓ ભાગ્યે જ સાચવી શકે.

વળી અમુક ફેર તો સ્વયંભૂ રીતે જ પડતો આવે છે. દાખલા તરીકે એક બાળક મોટું હોય છે, જ્યારે બીજું નાનું હોય છે. એકના સંજોગોમાં મોટો ભાઈ કે બહેન હોય છે. બીજાને નાનો ભાઈ કે બહેન હોય છે; ને તેથી બંનેના જીવનાનુભવોમાં સાહજિક રીતે જ ફેર પડી જાય છે.

બીજું એ કે કોઈ પણ બે બાળકને સરખા ગોઠિયા કે સોબતી હોવા સંભવિત નથી. કદાચ હોય તો પણ તેમના એ સોબતી સાથેના સંબંધો બરાબર સરખા ભાગ્યે જ હોય. વળી જુદીજુદી વયના બે બાળકોની શારીરિક સંપત્તિ પણ બરોબર સરખી ન હોય. એટલું જ નહિ, પણ બંને બાળકના જન્મસમયના ફેરને લીધે પણ ઘણો શારીરિક તફાવત પડી જાય. જેમકે એક ઉનાળામાં જન્મ્યું હોય, બીજું શિયાળામાં. ઉપરાંત બે બાળકોની ડોકટરી તપાસની વિગત પણ ભાગ્યે જ મળતી આવે.

આ બધી બાબત પછી એક જ વસ્તુ ભારપૂર્વક કહેવાય કે સામાન્યમાંથી સામાન્ય અને નજીવામાંથી નજીવો તફાવત પણ માનવજીવનના ઉષ:કાળને વિવિધ રંગે રંગી નાખે છે ને અમુક રંગ લાગ્યા પછી આગળ ઉપર બહુ ઓછા રંગ તેને સ્પર્શી શકે. આ વાત બે જોડિયા બાળકોના સંબંધમાં પણ એટલી જ સત્ય નીવડે છે, પણ બે... ના સંબંધમાં તેઓ શારીરિક દ્રષ્ટિએ તેમનામાં કેવી સમાનતા છે તેના ઉપર ... આધાર રહે છે. તંદુરસ્તી, દેખાવ, શારીરિક સંપત્તિ વગેરે બાબતમાં જેમ વધારે સ... તેમ તેમને લગભગ સમાન વર્તાવ ને સ... સંભાળ મળવાનો વધારે સંભવ!

વળી આપણે એ વાત વીસરવી ન જોઈએ કે તફાવત માત્ર જન્મ પછી જ શરૂ થાય... વ્યક્તિનું જીવનપૃષ્ઠ કંઈ માત્ર જન્મ ... જ શરૂ થતું નથી. માતાની સગર્ભાવસ્થા... માતાને જે જાતનું પોષણ મળ્યું હોય, ... ના જન્મ પહેલાંના માતાના ચિત્રવિ... સંજોગો વગેરે બાબતો પણ મહત્ત્વનો ... ભજવી જાય છે ને બાળકના જન્મ ... એની આસપાસના સંજોગ, પારણ... માંડીને મળતા જતા જીવનાનુભવો-આ ... જ પોતાનો ભાગ ભજવવા લાગે છે.

*

આનુવંશિક સંસ્કારો: મનોવિજ્ઞાન... રસ લેનારાઓ સમક્ષ હવે એક બીજો ... આવીને ઊભો રહે છે ને તે આનુવંશિક... પરત્વેનો. જ્યાંસુધી પોતાનો પુત્ર ... શિરોમણિ નથી નીવડતો, ત્યાંસુધી ... પિતા આ વાતમાં માને છે. પણ એથી ... સિદ્ધ થતાં એ પોતાનો અભિપ્રાય બદ... અર્વાચીન માનસશાસ્ત્રીઓનું વલણ ... બાબતમાં ઘણું અભિનવ કોટિનું છે. ... જેમ્સના મતાનુસાર ૯૯ ટકા માણસો પો... સંજોગો ને અનુભવો પ્રમાણે વિચારે ... છે. જેમ્સની પછી તો માનસશાસ્ત્રીઓ... એની પ્રતીતિમાં અસંખ્ય તાજાં સંદ... કરી આ વસ્તુ સિદ્ધ કરી છે; છતાં ... બાબતમાં હજી એકમત જેવું જણાતું ન...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૫૦]

એક પક્ષ કહે છે 'વ્યક્તિની પ્રત્યેક ક્રિયા ને વિકાસ આનુવંશિક હોય છે.' બીજો પક્ષ પણ સામે જ પાટલે બેસીને કહે છે: 'માનવપ્રક્રિયાઓ સંજોગો ને પરિસ્થિતિનાં સંતાનો છે.' ખરું જોતાં આ બંને વિધાનો અર્ધસત્ય છે. વસ્તુત: પ્રો. હકસ્લી બંનેનો સમન્વય કરતાં કહે છે, કે 'કોઈ પણ માનવની લક્ષણસમૃદ્ધિ કેવળ સંજોગનું ફળ નથી હોતી, તેમ કેવળ વારસાનું ફળ નથી હોતી. આનુવંશિક બંધારણ શકયતાઓની મર્યાદા આંકે છે ને સંજોગો એમાંથી શું શું પરિણામ આવશે તેની સંભવિતતા નક્કી કરે છે.'

પ્રો. જેનિંગ્ઝ કહે છે, કે પ્રત્યેક બાળકમાં અસંખ્ય અપ્રગટ સંસ્કારો પડેલા હોય છે, પણ તેમાંથી કેટલા પ્રગટ સ્વરૂપ ધારણ કરશે એ તત્કાલીન સ્થિતિસંજોગો ઉપર મદાર રાખે છે...વધારે સ્પષ્ટતાથી કહીએ તો માબાપો જે મૂકી જાય છે તે તો રસાયણનાં પડીકાં છે ને જુદાજુદા સંજોગો નીચે જુદાં-જુદાં પરિણામો એ ઉત્પન્ન કરે છે.

કેટલાક એમ માને છે કે માત્ર શારીરિક લક્ષણો જ વારસામાં ઊતરે છે. જેમકે આંખનો રંગ, ચામડીનો રંગ, શારીરિક ખોડ, વિકૃતિઓ, વિશિષ્ટતાઓ વગેરે. જ્યારે માનસિક ગુણો કેવળ વ્યક્તિના સંજોગો ઊપર આધાર રાખે છે. કેટલીકવાર માબાપ અને બાળકોની માનસિક ગુણસંપત્તિ વચ્ચે આપણને સામ્ય જણાય છે તેનું કારણ બંને સમાન સંજોગો વચ્ચે ઊછર્યા હોય છે, એ જ હોય છે. બાકી ઉચ્ચ ગુણસંપન્ન માબાપોના બાળકો દારૂડિયા, વ્યસની ને લંપટ નીવડયા હોય એવું આપણે કયાં નથી જોતા ? આમ ઘણીવાર દીવા પાછળ અંધારું જોઈએ છીએ, તો ઘણીવાર અંધારા પાછળ ઝળહળતા તેજ:પુંજ પણ નિહાળીએ છીએ. એના ગુણ કે દોષનું આરોપણ આપણે ઐકાન્તિક સંજોગ કે ઐકાન્તિક આનુવંશિકતા ઉપર નહિ ઢોળી શકીએ.

*

કેટલીક અપનાવવા જેવી ટેવો: પ્રત્યેક માનવ સ્વભાવમાં કેટલીક સ્વાભાવિક વૃત્તિઓ હોય છે. જેમકે ખોરાકની, ઉષ્માની, પાણીની, નિદ્રાની, આનંદની વધુપડતી શક્તિને બહાર કાઢવાની વગેરે. આ સાથે કેટલીક જેને 'અંધવૃત્તિ' (અં. બ્લાઈન્ડ ઇન્સ્ટીંકટ) કહેવાય છે તેવી વૃત્તિઓ પણ હોય છે. જેમકે ચોંકી જઈએ ત્યારે સ્તબ્ધ થઈ જવું ને ભય-થી નાસી જવું; રોષવશાત્ આક્રમણ કરવું, પ્રણય-સંવનન કરવું તથા જિજ્ઞાસા, કુતૂહલ વગેરે વૃત્તિઓ બેશક સહજ છે. અથવા તેને કેળવવાની વૃત્તિ સહજ હોય છે. પરંતુ તે કેટલા અંશ સુધી વિકસશે એ વસ્તુ વ્યક્તિના ખોરાક, સંજોગ ને જીવનાનુભવ ઉપર આધાર રાખે છે.

પણ આપણે એવી વૃત્તિઓને કેવળ સહજ અથવા કેવળ જીવનાનુભવના ફળ તરીકે ન માની લઈએ. દાખલા તરીકે ભયનો દાખલો લઈએ. દરેક માણસ અમુક સ્થિતિમાં ભયભીત થવાની વૃત્તિ સહિત જન્મે છે. પણ સંજોગો એવા હોય કે બાળકને અમુક વર્ષ સુધી, પાંચ કે છ વર્ષ સુધી તેની આ ભયવૃત્તિને પોષણ ન મળ્યું હોય, તો એની આ વૃત્તિ આગળ જતાં એટલી બધી તીવ્ર કે બળવાન નહિ બને. પણ બાલવયમાંથી જ જો કોઈ અણસમજુ માતા 'જો પોલીસ આવ્યો, જો બાવો આવ્યો, લઈ જશે, જો મીની આવી, સૂઈ જા નહિ તો ખાઈ જશે.' વગેરે વચનો દ્વારા તેની ભયવૃત્તિને સતેજ રાખ્યા કરતી હશે તો બાળકના આખા સ્વભાવતંત્ર ઉપર આ ભયવૃત્તિનું સામ્રાજ્ય જામતું જશે. આ સ્વા-ભાવિક વૃત્તિને ઉત્તેજવાની વૃત્તિ પ્રત્યેકમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહજ હોય છે. પણ ખરેખર તેનો કેટલો વિકાસ થશે એ વ્યક્તિના જીવનના સ્થિતિ-સંજોગ ઉપર આધાર રાખે છે. કેટલે અંશે એ વિકસે એ ખાસ કરીને બાલવયમાં એ વૃત્તિને કેવું ને કેટલું પોષણ મળ્યું છે એ પર અવલંબે છે.

દાખલા તરીકે બાળક પહેલું એકવાર રડે છે. ને તરત એને પંપાળવામાં આવે છે. બસ જોઈ લ્યો, કુદરતનું કેવું સુખદ પરિણામ! તેથી બાળકની એ વૃત્તિ ઉત્તેજાય છે. બાળક એના સ્વભાવની પહેલી પાંખડી ખોલે છે. એને જે જોઈએ છે તે મળે છે. ને આમ સ્વાભાવિક વૃત્તિ ઉતેજાય છે. તેની પુનરુક્તિ થાય છે. ને તે ટેવનું સ્વરૂપ ધારણ કરે છે.

અને એકવાર કોઈ આદિ વૃત્તિના સંતોષના કારણરૂપે કોઈ ટેવ દૃઢ થઈ ગયા પછી એ ચાલુ જ રહે છે ને આપણું એક અંગ બની જાય છે.

જોડા પહેરતી વખતે કે ચંપલ પહેરતી વખતે તમે કયો પગ પહેલો ઉપયોગમાં લો છો? જમણો કે ડાબો? પાટલૂન કે લેંઘામાં કયો પગ પહેલો નાખો છો?

ઉપર્યુક્ત બધી જ ટેવો માણસ ઉંમર-લાયક થાય એ પહેલાં જ ઘડાઈ ગઈ હોય ને પછી અભાનતાથી આપણું શરીર એ રીતે જ વર્તે છે. અત્યારે આપણે એની વિગત વાસરી ગયા હોઈએ છીએ ને એક કાર્ય આમ પ્રસંગોપાત્ત થયા પછી એ કાર્ય ક્રમેક્રમે સાવ યાંત્રિક ને લગભગ સ્વાભાવિક જેવું બની જાય છે. અને એકવાર ટેવ પડી ગયા પછી તેને દૂર કરવું મુશ્કેલ થઈ પડે છે. છતાં નવી ને સુંદર ટેવ ન જ પડી શકે એવું કંઈ નથી. નવી ટેવ નિર્માણ મરવા માટે વીલિયમ જેમ્સ કેટલાંક ઉપયોગી સૂચનો કરે છે:

(૧) દૃઢ નિર્ણય કરો કે અમુક ટે મારે પાડવી જ છે. બીજાઓ પાસે શ્રદ્ધા ગૌરવપૂર્વક આ વાત ઉચ્ચારો.

(૨) કોઈ પણ અપવાદને વચ્ચે આ ન દેશો. અપવાદ મૂકવાથી આપણી દૃઢ શિથિલતા આવી જાય છે.

(૩) તમારા નિર્ણયાનુસાર વર્ત એકેએક ટેવ ઝડપી લો.

(૪) પ્રયત્નશીલતાને સજીવ રાખો. ન બાબતમાં પણ ક્રમ અને પદ્ધતિ અમુક વસ્તુ મુશ્કેલ છે એટલે જ એ થોડી વસ્તુ પાછળ લાગો. ને તેને પ ખરે વખતે તમે પાછા નહિ પડો. માણસ ધ્યાનની એકાગ્રતા, ઇચ્છાશ નાનીનાની વસ્તુમાં મક્કમતા કેળવે ખરી કસોટીને વખતે પણ ઉન્નતશિર રહી શકે છે.

જીવન ગુલાબોની પથારી સમું ન હોતું. તેમાં પારવિનાના કંટકો પ હોય છે. માનવને અનેક વિપત્તિનો સા કરવો પડે છે. જીવનસાગરમાં નૈયાને પછી અનેક ઉચ્ચ ગુણસમૃદ્ધિની જરૂર રહે છે. અને તે ન હોય તો આત્મશ્રદ્ધા ખોઈ બેસે છે અને બની જાય છે. તેથી પ્રારંભથી જ અમુક ઉત્કૃષ્ટ ટેવો આપણે કેળવી એ જીવનસફરમાં ભાથાની ગરજ સા આપણે અહીં એવી કેટલીક ઉત્કૃષ્ટ વિચાર કરીએ ને તેને અપનાવવા કરીએ.

મુલતવી રાખવાની ટેવનો આપણે કરવો જોઈએ. દાખલા તરીકે 'ગણિતનો સાવ નીરસ ને અઘરો છે. સંસ્કૃતમાં આવે છે. ચાલો હવે કાલ કરશું.' આ જાતની ટેવ બહુ જડ ઘાલી આપણે જોઈએ છીએ. નાનાંનાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જલદી ને ત્વરાથી પતાવી દેવાની આપણે ટેવ પાડવી જોઈએ.

બીજું આપણને સોંપવામાં આવેલ, અથવા આપણે સ્વેચ્છાથી કરતા હોઈએ, કે કરવું પડતું હોય એવું પ્રત્યેક કાર્ય આપણે તેમાં આપણું હૃદય મૂકીને, જાગૃતિ-પૂર્વક ને જેમ બને તેમ સુંદરમાં સુંદર કરવાના હેતુથી જ કરવું જોઈએ. કોઈ પણ કામ આવ્યું એટલે વેઠ ઉતારવી કે તેનો ઉલાળિયો કરવો ઉચિત નથી. જિંદગીમાં સફળ ને અસફળ માણસો વચ્ચે ઘણીવાર આ જ ફેર હોય છે. એકે આ ટેવ વિકસાવી હોય છે. એ પ્રત્યેક કાર્ય પોતાનું દિલ રેડીને, રસ લઈને અને કર્તવ્યનિષ્ઠાથી કરે છે. તેથી તેને આ કાર્યનો ભાર લાગતો નથી કે કંટાળો આવતો નથી. જ્યારે બીજો નીરસતાથી, વેઠ ઉતારે છે. ને તેના કાર્ય માટે હંમેશ બીજાના મનમાં અસંતોષ ને કચવાટ જ હોય છે.

માત્ર આ બે જ ટેવો કેળવો અને બીજી ઘણી ટેવો આપમેળે ઉમેરાશે. આ ઉપરાંત પણ કેટલીક ટેવો કેળવવા જેવી છે. જેમકે કોઈને છેહ દેવા પ્રત્યે તિરસ્કાર, કોઈનો ગેરલાભ ન લેવાની વૃત્તિ, બીજાઓ માટે આદરવૃત્તિ, આપણી ધારણા વિરુદ્ધ વસ્તુ જાય છે છતાં મિજાજ ન ગુમાવવાની ટેવ, સુશીલ સ્વભાવ, આનંદ ને રમૂજની વૃત્તિ, સમયસૂચકતા, આત્મનિર્ણય, કર્તવ્ય ને જવાબદારી પ્રત્યે ઉચ્ચ આદરવૃત્તિ, ખંત, સંકટોની વચ્ચે પણ મંડ્યા રહેવાની ટેવ, પોતાથી બનતું કરવાની ટેવ, ધ્યેયનિષ્ઠા, તટસ્થતા, અગતાનુગતિકતા વગેરે.

આ ઉપરાંત અભ્યાસની સુંદર ક્રમબદ્ધ પદ્ધતિ, વ્યવસ્થિત રહેવાની ટેવ, દીર્ઘદૃષ્ટિ, આગળ વિચાર કરવાની ને પરિણામો વિચારવાની ટેવ, પ્રત્યેક પ્રશ્નની બંને બાજુ તપાસવાની ટેવ, એકદમ નિરાકરણ પર આવતા પહેલાં સમતોલપણે પ્રશ્નનો વિચાર ને ખુલાસો કરવાની તથા તેને વિશે પૂછવાની ટેવ, નવા વિચારોને આવકારવાની ઉદારતા, હાસ્ય, કામ કરવામાં માનસિક તત્પરતા ને સ્ફૂર્તિ. વગેરે ગુણસમૃદ્ધિ વધારવા પ્રત્યેક માણસે નેકદિલ પ્રયત્ન કરવો ઘટે.

*

રુચિ અને અરુચિ : કવિ કાલિદાસે કહ્યું છે કે 'भिन्नरुचिर्हि लोकः ।'

પ્રત્યેક માનવને અમુક વિષય પરત્વે રુચિ અને અમુક વિષય પરત્વે અરુચિ હોય છે. અને આ રુચિ–અરુચિ વ્યક્તિના વર્તન ઉપર અસર કરે છે. પણ તેના કારણ માટે આપણે વ્યક્તિના ભૂતકાલીન અનુભવો તરફ જ દૃષ્ટિ દોડાવવી પડશે. આનું હું શાસ્ત્રીય અન્વેષણ કરવા નથી માગતો, પણ તેનો સિદ્ધાંત તદ્દન સરળ છે. કોઈ વ્યક્તિને અમુક વ્યક્તિ કે અમુક વસ્તુ આપેઆપ ગમવા માંડે છે. જો તે વ્યક્તિ કે વસ્તુ સાથે કોઈ સુખદ સ્મૃતિ–સહચર્ય જોડાયું હોય તો ને જો તેની સાથે દુઃખદ સ્મૃતિ જોડાયેલી હોય તો એ વસ્તુ–વ્યક્તિ પ્રત્યે તેને અણગમો અને અરુચિ થવા લાગે છે.

આપણે થોડાંક ઉદાહરણો જોઈએ. એક યુવક અને યુવતી ખૂબ જ પ્રેમમાં છે. કોઈ ધન્ય દિવસે અંતરની ઉર્મિમત્ત દશામાં બંનેનો પ્રેમ ફળ્યો, ને એ વખતે જો યુવકની પ્રિયતમાએ આસમાની રંગનું વસ્ત્ર પરિધાન કર્યું હોય. તો પ્રેમનો સાક્ષાત્કાર એ સુખદ અનુભવની સ્મૃતિ બની. ને એ પછી એ અનુભવ સાથેની બધી જ સહચારી વસ્તુઓ સુખદ સ્મૃતિ જગાડનારી બની રહે છે. ને એ આસમાની રંગ જીંદગીભર તેનો માનીતો રંગ બની જવાનો. મૂળ અનુભવ ભૂલાઈ ગયા પછી પણ આ રંગ પ્રત્યેની તેની અભિરુચિ તો શાશ્વત જ રહેવાની ! ઘણીવાર માણસે અમુક રંગવાળા મકાનમાં પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુરતમ દિવસો ગાળ્યા હોય છે. ને એ રંગ પછી તેનો પ્રિયતમ રંગ બની જાય છે. આવું જ પોતાના પ્રિય પુષ્પ, પ્રિય સંગીત કે મધુર ગીત માટે કહી શકાય.

ઘણીવાર આપણે માણસોને પોતાનાં રસરુચિ વિષે ચર્ચા કરતા સાંભળીએ છીએ. કેટલીકવાર ચર્ચામાં તેઓ ઉગ્ર પણ બની જાય છે. કાઠિયાવાડના બે માણસો મુંબઈ વિષે ચર્ચા કરવા માંડે તો તેમાં એક માણસ મુંબઈ, તેની હવા, તેના રસ્તા, તેનાં મકાન, ત્યાંના માણસો વગેરે બધાની પ્રશંસા કરે છે. જ્યારે બીજો મુંબઈની પ્રત્યેક વસ્તુને રાતોપીળો બની વખોડવા માંડે છે. પણ કોઈ મુંબઈને વખાણે કે વખોડે તેમાં દસમાંથી નવનું કારણ તેને ત્યાં સુખદ કે દુઃખદ જે અનુભવ થયો હોય છે તે જ હોય છે.

આપણામાં ઘણા આવા તર્કરહિત ગ્રહો કે પૂર્વગ્રહોથી ભરેલા હોય છે તેનું કારણ પણ આ સુખદુઃખની સ્મૃતિ કે અનુભવ જ હોય છે. ને તેથી ઘણીવાર આપણે અમુક વ્યક્તિના અનુભવ ઉપરથી આખી સમષ્ટિનું મૂલ્યાંકન કરવા બેસી જઈએ છીએ. દેશની એકાદ વ્યક્તિના અમુક પ્રકારના અનુભવથી સમગ્ર દેશને આપણે ગાળ દઈ બેસીએ છીએ. એક જ વ્યક્તિના કટુ અનુભવથી આખી દુનિયા ઉપર આપણે શાપ વરસાવવા લાગીએ છીએ. આમ આપણું સમગ્ર માનસતંત્ર ગ્રહો ને પૂર્વગ્રહોથી ભરેલું હોય છે. ને આ ગ્રહો ને પૂર્વગ્રહો પાછળ વ્યક્તિની ભૂતકાલીન સુખદુઃખની સ્મૃતિ સંગ્રહાયેલ પડી હોય છે.

આપણા પ્રાચીન ઋષિ–મુનિઓએ 'મન'ને ખૂબ જ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. કારણ

'**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो:**'

મન જ માનવનાં બંધન અને મુક્તિનું કારણ છે. અંગ્રેજીમાં પણ કહ્યું છે કે મન સ્વર્ગનું નરક બનાવે છે, અને નરકનું સ્વર્ગ બનાવે છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણે '**चंचलं हि मनः ... वायो-रिवसुदुष्करम्**' એવા આ મનનો જ નિગ્રહ કરવાનો સદુપદેશ અર્જુનને આપ્યો છે.

આધુનિક વિજ્ઞાન પણ ધીમેધીમે આ જટિલ પ્રશ્નની પાછળ મંડ્યું છે અને મનો-વિજ્ઞાનવિષયક આશ્ચર્યકારક પ્રગતિ સાધી છે એમ સાનંદ નોંધી શકાય. માનવની પ્રત્યેક પ્રક્રિયા પાછળ, તેના બહારથી દેખાતા વર્તન અને કાર્ય પાછળ પણ તેના મનની જ સુકૃતિ કે વિકૃતિ હોય છે. તેથી જો આ એક મનને જ જાણ્યું હોય તો '**एकेन ज्ञातेन सर्वं विज्ञातं भवति**' એકને જાણવાથી બધું જ જાણી શકાય એમ આધુનિક મનો-વૈજ્ઞાનિકોને પ્રતીત થયું છે.

આપણે અહીં મર્યાદિત ક્ષેત્રમર્યાદામાં મનોવિજ્ઞાનનું આછુંઆછું અવલોકન કરી લીધું. ને એ અવલોકનને પરિણામે આપણે પણ આપણા આ મનની અતુલ શક્તિને પારખી લઇએ, તેના પેટાળમાંના કિંમતી ઉચ્ચ ગુણરત્નો પ્રકાશમાં લાવીએ, ને માનસિક ઉન્નતિ સાધી સમાજમાં સંપ, સહકાર, પ્રેમ અને સંવાદિતાનું વાતાવરણ રચવામાં સહાયક બનીએ.*

---

* **સંદર્ભ ગ્રંથો:** મુખ્ય આધાર: Psychology for every Man (and Woman) by A. E. Mander

ઈતર: Character and conduct of life: by William Mc. Dougall; Psychology of Every Day life: by James Drever; Practical Psychology: by Karl S. Bernhardt; Heredity in mental traits: by Senguqta.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખડી અમૃતભરી

*

શ્રી. જગદીશ પરમાર

સંસ્કારી અને સમજુ સ્ત્રીપુરુષના લગ્નજીવનમાં પણ ક્યારેક વિસંવાદ જન્મે છે. પતિ-પત્ની બંનેની દિશા પૂર્વ-પશ્ચિમની કે ઉત્તર-દક્ષિણની જણાય છે. એક રાગે, એક તાલે જાણે જીવન ધબકતું જણાતું નથી. સીધી રીતે મૂકાયેલા કેમેરાથી ગૃહજીવનનું દૃશ્ય જ્યારે અસ્પષ્ટ કે ઝાંખું લાગે છે ત્યારે એનો દૃષ્ટિકોણ બદલવાની જરૂર રહે છે. કોણ એ બદલે છે એ મહત્ત્વનું નથી, પણ તે પછી ઝડપાયેલો ગૃહસંસારનો રંગ કેટલો પ્રેરક, મધુર અને મોહક લાગે છે તે આ વાર્તા ખૂબીથી બતાવે છે.

રાસ પૂરો થયો અને હાજર રહેલ સૌ સ્ત્રી-પુરુષો ચારુલતાના કંઠ અને હલક ઉપર આફરીન થઈ ગયા. એક તો પૂર્ણિમાની રાત, ઘટ્ટ વૃક્ષોથી ઘેરાયેલો વિશાળ બાગ, ફૂલે ફૂલ અને પાને પાનમાંથી વહી આવતી સુગંધ અને ધરાર ગાવા મન થાય એવો સંસ્કારી સમુદાય! ચારુએ તૃપ્તિ થાય ત્યાં-સુધી ગાયું. તેમાં ય 'આંખડી અમૃતભરી' વાળો રાસ પૂરો થયો ત્યારે ચારુના કંઠની જાદુભરી અસર નીચે હાજર રહેલાં સૌ એક-બીજાનાં નયનોમાં અમૃત શોધવા લાગ્યાં હતાં.

થાકેલી ચારુ પ્રશંસકો વચ્ચેથી માંડમાંડ રસ્તો કરી શકી. તેના પતિ કૈલાસનાથ પાસે આવી ત્યારે ચારુના શ્રમિત ચહેરા ઉપર આત્મસંતોષની ઝલક હતી. મળેલા બહુમાન-નું ગૌરવ પણ હતું અને કૈલાસનાથના બે મીઠા શબ્દો તેના આનંદમાં વિશેષ વધારો કરશે એ આશા હતી. ચારુએ જોયું કે કૈલાસનાથ તો કોઈ ગૃહસ્થ સાથે ગંભીર ચર્ચામાં પડ્યા હતા. ચારુનું સાન્નિધ્ય સમજવા પૂરતી જ એક નજર તેના તરફ નાખી અને વિશેષ કંઈ ઉત્સાહ બતાવ્યા વગર એ એમની ચર્ચામાં ઊંડા ઊતરી ગયા.

પતિના નિઃસ્પૃહી વર્તાવથી ચારુના પ્રશંસા-ભૂખ્યા હૃદયને આઘાત થયો. તેનું ગૌરવ ઘવાયું. તેને હવે ત્યાં ઊભું રહેવું, પતિની માત્ર છાયા બનીને, અયોગ્ય લાગ્યું.

'ત્યારે હું જાઉં? ઘર સુધીનો સંગાથ છે.' ચારુએ પૂછ્યું.

'હા, જાઓ. પણ સુધીર ક્યાં?'

સુધીર-તે બેઉનો નાનો કુમાર-નજીકમાં જ પુષ્પો એકઠાં કરી ગુલછડી બનાવતો હતો. ચારુ સુધીરને લઈ ઉતાવળમાં રોષ-ભરી ચાલી ગઈ. કૈલાસનાથની કઠોરતા એ જાણતી હતી છતાં તેનો રાસ જ્યારે સૌએ વખાણ્યો ત્યારે કૈલાસનાથ પણ ધન્ય-વાદનો-પ્રશંસાનો એકાદ શબ્દ કહેશે એ આશા ચારુના હૃદયમાં ઊંડેઊંડે હતી, એ ફળી નહીં. તેને કૈલાસનાથ સાવ ઠંડા અને શુષ્ક લાગ્યા. સ્ત્રી પોતાની કલાનું એકાદ સ્વરૂપ જનતા સમક્ષ મૂકે છે અને તેની ધારી અસર ઉપજાવવામાં નિષ્ફળ જાય છે, ત્યારે તે વધુ પ્રયત્નશીલ થવાને બદલે ઘણીવાર રોષિત બને છે. એ નબળાઈ ચારુમાં હતી. કૈલાસનાથ પ્રત્યે તેને તિરસ્કાર છૂટ્યો. આખે રસ્તે એ સુધીર સાથે એક શબ્દ પણ બોલી નહીં.

નાના સુધીરને માતાનું મૌન અસહ્ય થઈ પડ્યું. તેણે રસ્તામાં બેત્રણવાર પૂછ્યું:

'બા! તું કેમ બોલતી નથી?'

પણ ચારુ એના પોતાના રોષની અસર નીચે હતી.

કૈલાસનાથ સ્વભાવથી જ નિઃસ્પૃહી હતો. તેને તેની પોતાની સ્વતંત્ર ધૂન હતી. એ એક કામમાં ઊંડો ઊતરે પછી એ કોઈનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતો નહીં. તેનું જીવન એવી પાકી ભૂમિકા ઉપર રચાયું હતું કે ક્ષણિક આંદોલન તેને સ્પર્શી શકતું નહીં. એ બધાને એકલોઅટૂલો લાગતો. કોઈ તેની અંદર પડેલા સાચા માણસની પ્રતીતિ પામતું નહીં. ઉપરથી ઉજ્જડ અને રસહીન લાગતા તેના જીવનથી ચારુ કંટાળી હતી, થાકી હતી. તેનો સહવાસ ચારુને હવે બોજારૂપ લાગતો હતો. સહિયારા જીવનમાંથી મળવી જોઈતી હૂંફ ચારુને મળતી નહોતી. દસ વર્ષનું સંસારી જીવન જીવ્યા બાદ ચારુને ખાતરી થવા લાગી હતી કે એ પોતે પછી હમણાંહમણાં સમયસર નહીં ચેતે તો પોતાનામાં રહેલી ઉષ્મા પણ ગુમાવી બેસશે.

ઘર આવતાં માદીકરો અંદર ગયાં.

ચારુના સ્વમાની સ્વભાવને આઘાત લાગ્યો હતો. સુધીર સાથમાં ન હોત તો રોષને હળવો કરવા એ રડત પણ ખરી. તેણે મૂગામૂગા પથારી કરી અને સુધીરને સાથમાં લઈ સૂતી.

'બા!' સુધીર ભારેખમ વાતાવરણમાં ગભરાતો હતો.

ચારુએ સુધીર તરફ જોયું.

'તમે સરસ ગાયું.' સુધીરે સ્વાભાવિક રીતે વાત કરી.

તેના હૃદયમાં ઘોળાતી વાતનો પડઘો સુધીરના પ્રશ્નમાંથી ઊઠતો હતો એટલે એ જરા સ્વસ્થ થઈ અને કહ્યું :

'એમ?'

'તમે ગાતાં'તાં ત્યારે હું મારા બાપુજી પાસે બેસી સાંભળતો હતો. તમે એવું સરસ ગાયું....'

'પણ તને ગમ્યું?' કૈલાસનાથને ગમ્યું કે નહીં એ ચારુ પૂછી ન શકી.

'હા, કેમ ન ગમે? સૌને ગમે એવું મજાનું તમે ગાયું.'

સૌમાં કૈલાસનાથનો સમાવેશ હતો? ચારુ નક્કી ન કરી શકી. તેણે સ્નેહથી સુધીરને પડખામાં લીધો અને તેના શરીર ... હાથ ફેરવવા લાગી. ઘડી પહેલાંની સ્ત્રી ... બની. માના હૈયા નીચે સૂતેલા વાત્સલ્ય... ઝરણ વહેવાં લાગ્યાં. સુધીર એનું પાન ... ચારુના હૃદય સાથે જડાઈ ગયો. માદી... આ સાચા સુખનાં અમી પીતાં એમને ... સૂતાં રહ્યાં.

મોડી રાતે કૈલાસનાથ આવ્યો. ... જાગતી જોઈ તેણે કહ્યું :

'હું કાલે દુષ્કાળગ્રસ્ત ભાગમાં જ... છું. ક્યારે આવીશ તે નક્કી નથી. ત્યાં ... સ્થિતિ ભયંકર છે.'

અને એ ભયંકર પરિસ્થિતિનો ... કરતોકરતો ઊંઘી ગયો. ચારુ કંઈ બોલી ...

સવારે કૈલાસનાથ જાગ્યો ત્યારે ... ઊંઘતી હતી. નિત્યક્રમ પતાવી તેણે ... ગરમ કર્યું અને ચારુને જગાડી. મૂં... ચારુએ તેને જવાના કાર્યમાં મદદ ... દુષ્કાળની વિષમતાના ખ્યાલમાં ડૂબેલો કૈલ... નાથ જતાં જતાં પણ કંઈ રસભર્યું ... નહીં કે જેના સ્મરણે ચારુની એકલતા ... બને. કોઈ મીઠું અડપલું પણ કર્યું નહીં ... જેની યાદ એકલતામાં મીઠાશ પૂરે. ... સુધીર તરફ તેણે જરાક જોયું અ... ઝડપથી જતો રહ્યો. ચારુએ ભારે ... નીચો મૂક્યો.

દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં કૈલાસનાથ ... એટલી ઝડપે પહોંચ્યો. ત્યાંની પરિ... કલ્પી હતી તેથી પણ વિશેષ ભયંકર ... એક ટીપું પાણી આ વર્ષે ધરતીએ ... નહોતું. ભેંકાર લાગે એવી જમીન, ક્યાંય ... ખાઉંખાઉં કરતી પડી હતી. વૃક્ષો ... સમ ખાવા ય એકાદ લીલું પાન નહોતું ... નિર્મળાં જળને બદલે માત્ર કાંકરા ... લઈ નદી નિરાધાર પડી હતી. ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૈયાં કંપાવી મૂકે એવી ભયંકર ભીષણતા ગરજી રહી હતી.

એક પછી એક ગામો વટાવતો કૈલાસનાથ આગળ વધ્યો. વસ્તીવાળા પ્રદેશમાં મનુષ્ય કરતાં ગીધ, સમડી અને કાગડા વધુ હતાં. જ્યાંત્યાં, મરેલ ઢોરનાં હાડપિંજર પડ્યાં હતાં. સડેલ માંસની દુર્ગંધથી માથું ફાટી જતું હતું. અંગ ઉતરડીને ઊભા હોય તેવા સામેના ડુંગરા પિશાચ રૂપ ધરી રહ્યા હતા.

એ રાહતકેન્દ્રમાં પહોંચ્યો ત્યારે ત્યાંની સ્થિતિ વિચિત્ર હતી. દુકાળિયાનો કોઈ પાર નહોતો. ઢોર અર્ધ મરેલ હાલતમાં ક્યાંય ક્યાંયથી ખેંચાઈ ત્યાં આવ્યાં હતાં. પાણીની પૂરી સગવડ નહોતી. કૂવાનાં જળ ઊંડાં ઊતરી ગયાં હતાં. ઘાસનો સંગ્રહ પૂરતો નહોતો. અનાજ ઓછું હતું અને વધારે જથ્થો તુરતમાં આવે તેની શક્યતા નહોતી. દુકાળિયાને કામ આપવાની યોજના અધૂરી હતી. માનવ અને પશુનો પ્રવાહ અવિરત હતો. કાર્યકર્તાઓ મુઝાઈ ગયા હતા.

કૈલાસનાથે પ્રથમ તો અહીંની રજેરજ સાચી માહિતી સરકારને આપી. ઘાસ અને અનાજની તાત્કાલિક વધુ મદદ માગી, પાણી માટે યોજના ઘડી, દુકાળિયા માટે કામ નક્કી કર્યું, અને સાથીદારોમાં ઉત્સાહ રેડ્યો. પોતે હૃદય મજબૂત કર્યું અને પ્રકૃતિના કારમા કોપમાંથી જીવમાત્રને બચાવવા તેણે મરણિયો પ્રયાસ આદર્યો. રાત અને દિવસના ભેદ જોયા સિવાય કૈલાસનાથે કામ કરવા માંડ્યું. આરામની ક્ષણ વિચારી નહીં: ક્રૂરહાથ પ્રસારી સૌને ભરખી જવા તૈયાર થયેલ દુષ્કાળની ડાકિની સામે મનુષ્યયત્નની શ્રદ્ધાજ્યોત જલાવી એ કામે લાગ્યો. તેમાં એ એકરસ થયો, એકાગ્ર થયો, સ્વજાતને ભૂલી ગયો, ચારુને ભૂલી ગયો, સુધીરને ય ભૂલી ગયો.

કૈલાસનાથના જવાથી ચારુને ખાસ દુઃખ ન થયું. તેને લાગ્યું કે એ હવે પોતાના પ્રિય વિષયો–રાસ, ગરબા વગેરેમાં વધુ પ્રગતિ કરી શકશે. ચારુ ઘેર રહી કૈલાસનાથને નિયમિત પત્ર લખતી. કૈલાસનાથ ત્યાં કઈ રીતે જીવન વિતાવે છે એ જાણવાની તેના પત્રમાં ક્વચિત જ ઇચ્છા વ્યક્ત થતી. તેની પોતાની પ્રવૃત્તિના અહેવાલથી ભરપૂર કાગળ લખતી. કેટલા સમારંભોમાં તેણે હાજરી આપી, તેનો કયો કાર્યક્રમ વધુ વખણાયો, તેનાં કેટલાં ગીતોની રેકર્ડ ઊતરી અને કયા કયા સામયિકમાં તેના વિષે નોંધ થઈ એ બધું તે લખતી. અલબત, એ પોતાની ઊજળી બાજુ જ પત્રમાં લખતી. પણ એક પ્રસંગ એવો બન્યો કે તેના વિષે કેમ લખવું તેની તેને ખરેખર મૂંઝવણ થઈ.

શ્રીવિકાસગૃહના આશ્રયે યોજાયેલ સમારંભમાં તેણે પણ ગાયું હતું. હમેશની રીતે, છટાથી, મુક્તકંઠે, લાલિત્યની સરિતા વહાવીને!

સાંભળનારાઓનાં હૈયાં ડોલી ઊઠ્યાં હતાં.

'આ ગાય છે એ બહેન કોણ?' એક ખૂણામાં બેસીને સાંભળતા કોઈએ પૂછ્યું.

પૂછનાર તરફ કેટલાક આશ્ચર્ય અને તિરસ્કારથી જોઈ રહ્યા.

'તમે કઈ દુનિયામાં વસો છો?' એક વ્યંગ કર્યો.

'કેમ ભાઈ! ગુજરાતમાં રહું છું.' નવી વ્યક્તિએ નમ્રતાથી કહ્યું.

'તો ચારુલતાને ઓળખતા નથી? એનો કંઠસ્વર તો દરેક ગુજરાતીના ઘરમાં ગુંજે છે.'

'એમ!' એટલું કહી પૂછનાર ચૂપ રહ્યો.

સમારંભના અંતે ચારુલતાનાં ગીતોના એક ભક્તે ચારુને જઈને કહ્યું પણ ખરું:

'પેલા દૂર ઊભા છે તે ગૃહસ્થ જોયા? ટૂંકી પોતડી પહેરેલા અને ભિક્ષુક જેવા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુએ ત્યાં નજર કરીને વાકયને અંતે ઉમેર્યું :

'ગાનાર કોણ છે, એ મહાશયને ખબર નથી.'

ટૂંકી ધોતી પહેરેલા એ ગૃહસ્થે આ શબ્દો સાંભળ્યા અને નજીક આવ્યા. ચારુ તરફ જોઈ કહ્યું:

'બહેન! તમે સરસ ગાયું. સાંભળીને મારો બધો થાક શમી ગયો.'

ચારુ સંતોષથી જોઈ રહી.

'તમને બહેનની વધુ ઓળખાણ આપું. રવિભાઈ?' કહેતાક એક બીજા ભાઈ ત્યાં આવી ચડ્યા. 'એ કૈલાસનાથનાં પત્ની.'

ચારુને આ વધુ પરિચય જરાય ન ગમ્યો. પ્રશંસાથી ફુલાયેલું તેનું મુખ ઝાંખું પડી ગયું. ઘડી પહેલાંની ચમક ઊડી ગઈ.

'હેં?' રવિભાઈના મોંમાંથી ઉદ્ગાર સરી પડ્યો. તેણે એકદમ બન્ને હાથ ઠેઠ કપાળ સુધી ઊંચા લઈ ચારુને પ્રણામ કર્યા. રવિભાઈનો સરલ ભાવ ભક્તિમાં ફેરવાઈ ગયો.

'કૈલાસનાથનાં પત્ની? મા! ધન્ય છો!'

ચારુ અવાક્ બની જોઈ રહી. રવિભાઈ તો હજી યે કૈલાસનાથના અર્ધા અંગને નમી રહ્યા હતા.

'આપ તેમને ઓળખો છો?' ચારુએ પૂછયું. તેનું ગુમાન સરી પડતું હતું. નમ્રતા તેના ચહેરા ઉપર આવી વસી હતી.

'એ મહાભાગને કોણ નહીં ઓળખે? સાક્ષાત્ યમના મુખમાંથી માનવ અને પશુને એ રક્ષી રહ્યા છે. જીવના જોખમે, શ્રદ્ધાથી, ઠંડી તાકાતથી.'

'આપ તેમની સાથે હતા?'

'હા! પણ હું ટકી ન શક્યો. માંદો પડી હું આવતો રહ્યો.'

તે પછી ચારુ ઘેર આવી. તેના કાનમાં હજી રવિભાઈના શબ્દો સંભળાતા હતા.

એ સમજી ન શકી કે કૈલાસનાથમાં શું છે કે રાવભાઈ આટલા ભક્તિભાવ શકે છે? તેને તો કૈલાસનાથ રુક્ષ અને લાગ્યા હતા.

'બા! બા!' સુધીર નિશાળેથી આવી ચારુને બાઝી પડ્યો.

'કેમ બેટા! આવી ગયો નિશાળેથી?'

સુધીરે આજુબાજુ જોઈ કહ્યું: 'તને કહું? અમારા માસ્તર બાપુજીનાં વખાણ કરતા હતા.'

'એમ?'

'તેમણે કહ્યું, કે એ જેવી સેવા કરે છે સૌએ કરવી જોઈએ!'

'પછી?'

'પછી માસ્તરે દુકાળ માટે ફાળો મેં મારો આનો આપી દીધો.'

બપોરના નાસ્તા માટે ચારુ રોજ આનો સુધીરને આપતી. એ આનો ભૂખ્યા રહી ફાળામાં આપ્યો હતો.

છોકરો બપોરે ભૂખ્યો રહ્યો વિચાર ચારુને આવ્યો.

'મેં ઠીક કર્યું ને બા?'

'ભલે આપ્યો, પણ તું ભૂખ્યો તેનું શું?'

'મને ભૂખ નહોતી લાગી. હવે એક આનો આપીશ.' સુધીર તેની બા વહાલથી જોઈ રહ્યો હતો.

ચારુ ઊંડા મંથનમાં પડી હતી. નાથના નામોચ્ચારે રવિભાઈ મસ્તક છે. સુધીરના શિક્ષક કૈલાસનાથની અંજલિ આપે છે. નાનો સુધીર નાસ્તા માટે મળેલો આનો જતો ભૂખ્યો રહે છે. દૂર દુકાળના પ્રદેશમાં કૈલાસનાથની સુવાસ અહીં ફેલાઈ રહી સૌ એના કાર્યને વંદી રહ્યાં છે, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહકાર આપી રહ્યાં છે; ત્યારે અજવાળી અને અંધારી રાતે રાસ રમતાં શોભી ઊઠે તેવાં વસ્ત્રો તેણે હમણાં જ ખરીદ્યાં હતાં તે તેને યાદ આવ્યું. હૃદયને આંચકો લાગ્યો. એ શરમથી ધ્રૂજી ઊઠી. કૈલાસનાથ પ્રત્યે સમભાવ અને સ્નેહની લાગણી જન્મી. રોષ ઊતરી ગયો. રસહીન નિષ્ઠુર લાગતા પતિમાં તેને કૈંક વિશેષ દર્શન થયાં. આજ દિવસ સુધી પોતાના ગજથી કૈલાસનાથને માપતી ચારુને પોતાનાં માપ જુઠાં લાગ્યાં. એ અસ્વસ્થ બની ગઈ. પશ્ચાત્તાપ તેની આંખમાં જળ બની ઝળક્યો.

'બા! તું રડે છે? હું દરરોજ આનો ન આપું?'

ચારુએ ઝડપથી સુધીરને છાતી સરસો ચાંપી લીધો.

'આપજે, બેટા! જરૂર આપજે.'

આ પ્રસંગની વાત કૈલાસને કેમ લખવી એ ચારુને મોટી મૂંઝવણનો વિષય થઈ પડ્યો હતો.

એક દિવસ કૈલાસનાથ પાછો ફર્યો. એનું કાર્ય પૂરું થયું હતું. હમણાં ઢગલો થઈ ઢળી પડશે એવું ભાંગેલું શરીર લઈ કૈલાસનાથ ઘેર આવ્યો, ત્યારે અર્ધી રાત વીતી ગઈ હતી, સુધીર ઊંઘી ગયો હતો. અર્ધ-જાગ્રત અવસ્થામાં ચારુએ કૈલાસનાથને ઘરમાં લીધો. ઓળખાય નહીં તેવો કૃશ ચહેરો અને ઊંડી ઊતરી ગયેલી આંખો સામે ચારુ મીટ માંડી શકી નહીં. ઉતાવળે પથારી કરી, કૈલાસનાથ ચારુના ટેકાથી સૂતો.

'તમે તો સાવ લેવાઈ ગયા છો!' હેબતાઈ ગયેલી ચારુ વધુ ન બોલી શકી. આખી રાત એ કૈલાસનાથની પથારી પાસે બેઠી રહી. કૈલાસનાથને ઘણે વખતે શાંતિ મળી હતી એટલે એ મૂંગોમૂંગો પડ્યો રહ્યો. ચારુની નજરમાં અનેક પ્રશ્નો હતા પણ કૈલાસનાથની ઢળેલી આંખો સંપૂર્ણ આરામ માગતી હતી.

સવાર પડતાં સુધીર જાગ્યો. એ દોડતો આવી કૈલાસનાથને વળગી પડ્યો.

'બાપુજી! બાપુજી! તમે આવી ગયા?'

કૈલાસનાથ પથારીમાં બેઠો થયો. સુધીરને ખોળામાં લીધો. સુધીર તો પિતાને જોતાં ધરાતો ન હોય, બધી લાગણી એક જ વાક્યરૂપે પ્રકટતી હોય એમ ફરીફરી પૂછવા લાગ્યો.

'તમે આવી ગયા ને, બાપુજી?'

'હા દીકરા!'

'હું તમને બહુ યાદ કરતો.'

'એમ!' કૈલાસનાથે તેને છાતી સરસો લીધો અને કહ્યું.

'તોફાન કરતો નહોતો ને?'

'ના.'

'તારી બાને પજવતો નહોતો ને?'

'હેં બા! હું તને પજવતો?' સુધીરે ચારુને સીધું પૂછ્યું.

દીકરાનાં મેરુવત્ તોફાન માને હૈયે કદી વસ્યાં છે? ચારુ માત્ર સ્નેહથી હસી.

દૂધવાળીએ બૂમ પાડવાથી ચારુ ઊઠી.

'બાપુજી! અમારા માસ્તર તમને રોજ યાદ કરતા.'

'તારા માસ્તર?'

'હા. એ કહેતા કે તમે ઘણા માણસો અને ઢોરને બચાવ્યાં.'

'મેં નહીં બેટા! ઈશ્વરે.' કૈલાસનાથે સુધાર્યું.

રસોડામાં દૂધ ગરમ કરતી ચારુ પિતા-પુત્રની વાત સાંભળતી હતી. પોતાનું બધું કાર્ય ઈશ્વરચરણે સોંપી દેતા પતિનું નિરભિમાનીપણું ચારુને ગમી ગયું. તેમનું મૂલ્ય સમજાયું. તેમની સાધના જુદી લાગી. નિર્મળ સ્વાર્થની ગંધથી પર, આત્મગૌરવની લાલસારહિત. સૂર અને તાલની સાધના પાછળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુએ આજ સુધી જે અહંભાવની આરાધના કરી હતી તે સમજાયું.

'બાપુજી! તમારું શરીર તપે છે, તાવ આવ્યો છે?' સુધીરનો પ્રશ્ન સંભળાયો.

દૂધ લઈ ચારુ કૈલાસનાથ તરફ દોડી.

'શું કહ્યું સુધીર, તાવ છે?'

દૂધ બાજુમાં મૂકી ચારુએ કૈલાસનાથનો હાથ પકડી લીધો. સંકોચી લીધેલા સ્નેહનાં બંધનો ઢીલાં પડયાં હતાં. સ્નેહની ચેતનવંતી ચમક ચારુના અંગેઅંગમાં ચમકી ઊઠી હતી.

કૈલાસનાથ આ. પરિવર્તન પ્રેમથી ... રહ્યો. ચારુની આંખમાં શાંતિદાયક ... ચમકતું હતું.

'ચારુ! હું ગયો ત્યારે તેં પેલો ... રાસ ગાયો હતો?'

'આંખડી અમૃતભરી.' સુધીર ... બોલી ઊઠ્યો.

પતિએ પત્નીની આંખો તરફ ... રીતે જોઈ કહ્યું: 'એ સાચું છે.'

ચારુ શરમિંદી બની. આવી મીઠી ... તેણે તેના સહજીવનમાં કદી સાંભળી ...

★

સાબરમતી જેલની આ વાત છે.

૧૯૪૨ની લડત વખતે બ વર્ગના ઘણા રાજદ્વારી કેદીઓમાંના એ એક હતા. ક વર્ગ ... વર્ગના કેદીઓને બીજી સુખ-સગવડો ઉપરાંત સારો અને વધારે પ્રમાણમાં ખોરાક અપાતો. એમને ... ટેવ કે પોતે જમી રહે પછી વધેલુઘટેલું તહેનાતમાં રહેલા વોર્ડરને સોંપી દે.

એક દિવસ વોર્ડર બદલાયો. નવા આવેલા વોર્ડરને આ પ્રમાણે આપવામાં આવ્યું, ત્યારે ... દિવસે એ બોલ્યો નહિ, મૂગોમૂગો કામ કરી ચાલ્યો ગયો.

બેત્રણ દિવસ પછી પેલા ભાઈએ કરડાકીથી પૂછ્યું:

'કેમ અલ્યા, અહીં તને મળે છે તો યે કરડાકી રાખવી છે?'

'શું સાહેબ? શેની?' નમ્રતાથી વોર્ડરે પ્રશ્ન પૂછ્યો.

'આ ફ્રૂટ, આ કેક, બિસ્કીટ ને આ કેળાં કેમ રહેવા દે છે; નથી ભાવતાં?

'હું એને તમારા જૂઠણને લઈને શું કરું? મારા હિસ્સાનો રોટલો મને આથી વધુ વહાલો ...

'શાથી?'

'તમે આ વસ્તુઓ અમને સમાન ગણી નથી આપતા, ઉપકાર કરવા માટે આપો છો! ... તમારું કામ સારું કરીએ માટે દો છો!'

અર્થપૂર્ણ દૃષ્ટિથી જોઈ રહેતા એ બ વર્ગના કેદી તરફ જોઈને પછી ઉમેર્યું: 'તમે અમને સમાન ... હો તો આવું એઠું આપો? તમારાથી કેટલું ખવાશે અને નહિ ખવાય તેની તમને ખબર શું ન ... શકે? અમારે માટે જુદું જ કાઢી રાખી પછી જોઈએ તેટલું ન લો? માફ કરજો, સાહેબ, ... એ જૂઠણ માટે આવવાનો નથી.'

તે વોર્ડર-કેદી તો ગયો, પણ એના 'સાહેબ' માટે નવું તત્ત્વજ્ઞાન મૂકતો ગયો.

×

મધ્યમ વર્ગ મધ્યમ વર્ગની જે બૂમ ચાલી રહી છે એ મધ્યમ વર્ગ છે શું? મારી સાદી ... પ્રમાણે એની સીધી વ્યાખ્યા આ છે: જાતમહેનતને આધારે નહિ, પરંતુ રૂપિયાને આધારે ... જે પ્રયત્ન કરે એનું નામ મધ્યમવર્ગ. હાથ-પગ હલાવ્યા વિના જીવવાની વ્યવસ્થા કરે તે ... વર્ગ; પગ ગરીબાઈમાં અને મોઢું પૈસાદારને ત્યાં એનું નામ મધ્યમ વર્ગ; આવક ગરીબની ... શ્રીમંતની એનું નામ મધ્યમ વર્ગ; એક કમાય અને ઘરનાં બીજાં બધાં એના પર આધાર ... એનું નામ મધ્યમ વર્ગ!

આમ શી રીતે ચાલશે?

રવિશંકર મહારાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

આધુનિક ગૃહજીવનમાં

ઝાંઝવાનાં જળ

ડૉ. અમૃતલાલ હ. પટેલ

ડી.પીએચ; ડી. ટી. એમ. એન્ડ એચ. વાય. (ઇંગ્લેંડ)

ગૃહ તો મંદિર છે. જે ઉચ્ચ મનોભાવ મંદિરમાં પ્રવેશતા હિંદુને, મસ્જિદમાં નમાજ પઢતા મુસ્લિમને, કે દેવળમાં ઈશુસ્તવન કરતા ખ્રિસ્તીને થવો જોઈએ, હૃદયની તે જ શાંતિનાં દર્શન માનવીને પોતાના ઘરના ઉંબરમાં દાખલ થતાં થવાં જોઈએ, પણ ક્યાં છે આજે એ? ગૃહસ્થાશ્રમના પોતાના જ જીવનસાથીથી અસંતોષ શાને? શા માટે આપણાં જુવાન પતિપત્નીનાં જીવન આજે સુખી નથી? કૌટુંબિક જીવનના જળમાં ગંગા કે યમુનાની પવિત્રતા મળવી જોઈએ તેને બદલે એ ઝાંઝવાનાં જળ શાથી બની રહ્યાં છે? એ રોગ ને તેનું નિદાન લેખકે અહીં રજૂ કર્યાં છે.

સામાજિક પ્રશ્નોના અભ્યાસીઓ અત્યારે એક મોટા કોયડાની વિમાસણમાં પડી ગયા છે. આ કોયડો તે હિંદુ સમાજમાં ગૃહજીવનની દિન પર દિન થતી અવદશાનો છે. આપણા દેશમાં અત્યારે આદર્શ ગૃહજીવન જેવું કાંઈ જ દેખાતું નથી. અત્યાર સુધી આપણું ગૃહજીવન જે સ્નેહ, અને જવાબદારીનાં બંધનોથી ટકી રહ્યું હતું તે હવે ઘણી અધોગતિએ પહોંચ્યું છે. અત્યારે આપણા દેશનાં યુવક-યુવતીઓ, સિનેમા ને નાટકોની સૃષ્ટિમાં બતાવાતા અશક્ય આદર્શોની તથા આધુનિક કલબજીવન અને જાહેરખબરોમાં છપાતાં રોમાંચક ચિત્રોની અસરથી, કોઈ અશક્ય, ઝાંઝવાનાં જળ જેવું જીવન જીવવા યત્ન કરી રહ્યા છે. ઉપર જણાવેલા આકર્ષક પણ અશક્ય વાતાવરણમાં ઊછરતી યુવાન પ્રજા, કૃત્રિમ જીવન અને કૃત્રિમ સુંદરતા પાછળ ગાંડી બની છે, કહેવાતા પ્રેમના આકર્ષક પણ વિનાશકારક વાતાવરણમાં ઝંપલાઈ ગઈ છે. સિનેમા અને નાટકોની સૃષ્ટિમાં ચિતરાતા અશક્ય ગૃહજીવનની શોધ આધુનિક યુવક પોતાના ખાનગી અને સાદા ગૃહમાં કરી રહ્યો છે અને સિનેમાની સૃષ્ટિના પ્રેમનો આદર્શ પોતાના ગૃહજીવનમાં મેળવવા ફોગટનાં ફાંફાં મારી રહ્યો છે. સિનેમામાં જોયેલી, મેઈક-અપ કરેલી, મૂલ્યવાન સુંદર વસ્ત્રો પહેરેલી એ છેલ્લી ફેશન મુજબ વાળ ઓળેલી નાયિકાની સાથે જ્યારે તે પોતાની સાદી અને ઘરરખ્ખુ પત્નીની સરખામણી કરે છે ત્યારે તેને નિરાશા ઉત્પન્ન થાય છે. એ પોતાની પત્ની સિનેમાની નટી જેવા સૌન્દર્યવાળી અને હાવભાવવાળી હોય તેનાં સ્વપ્નાં સેવે છે. અત્યાર સુધી પરતંત્રતામાં સબડતા અને આર્થિક તેમ જ સામાજિક અધોગતિએ પહોંચેલા દેશની ગૃહજીવનની કઠણાઈઓ અને ફરજની ગંભીરતાનું આપણી યુવાન પ્રજાને ભાન નથી. વાસ્તવિક ગૃહજીવનના અનુભવથી તેને નિરાશા સાંપડે છે.

પરિણીત જીવનમાં તેને સિનેમામાં દેખાતાં પ્રેમ, સુંદરતા અને સુખ મળતાં નથી. આમજનતાના ગૃહજીવનમાં તો કુટુંબના અટપટા પ્રશ્નો, સંયુક્ત કુટુંબની પરતંત્રતા અને હાડમારી, કુટુંબનું પાલનપોષણ કરવાની જવાબદારી, સખત કામ અને સ્વાર્થત્યાગનું વાતાવરણ હોય છે. આવા વાતાવરણમાં જ્યારે તેને રહેવું પડે છે, ત્યારે તે ગભરાય છે, નિરાશ બને છે અને લગ્નનાં પવિત્ર બંધનો તોડી, પવિત્ર અને ભાવનામય ગૃહજીવનને ઠોકર મારી, તે બહારની દુનિયામાં સુખ શોધવા નીકળી પડે છે અને બે જાતનાં જીવન જીવે છે. મધ્યમ કુટુંબમાં રહેતી,

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારમાં વહેલી ઊઠી, જલદી સ્નાન કરી રસોઈ અને ઘરકામ કરતી, બાળબચ્ચાંને સંભાળનાર સ્રીને પોતે કહે છે તેને કામનો ત્યાગ કરી સુંદર કપડાં અને આભૂષણો પહેરવા માટે તથા મેઈક-અપ કરવા માટેનો સમય મળતો નથી, કદાચ સમય મળે તો પણ તેવા કામ કરવાને તે ટેવાયલી નથી. અને આમ કરવામાં જ જીવનનું સાર્થક્ય છે તેમ તે માનતી પણ નથી. વળી જે વાતાવરણમાં તે રહે છે ત્યાં આવી જાતનું જીવન ગાળવું તેને માટે તદ્દન અશક્ય છે. આવા સંયોગોમાં તે દરરોજ સવારે ચાના ટેબલ ઉપર પોતાના પતિને સિનેમાની નટીના જેવું દર્શન દઈ શકતી નથી.

પશ્ચિમના વાતાવરણમાં ઊછરેલી અને સિનેમાની સૃષ્ટિમાં વિચરતી કેટલીક આધુનિક યુવતીઓ પણ પોતાના ભાવિ પતિ માટે રોમાંચક અને અશક્ય સ્વપ્નાં સેવે છે. તેની દૃષ્ટિએ પતિ એટલે ટાપટીપથી વાળ ઓળેલો, બડમૂછો, અપટુડેઈટ કપડાં પહેરેલો, મોઢામાં ચાલુ સળગતી સિગારેટવાળો, ચાવીચાવીને અડધી અંગ્રેજી અને અડધી માતૃભાષા બોલનારો, મોટરમાં ટહેલનારો, બંગલામાં રહેનારો, દરરોજ કલબમાં જનારો, ત્યાં જઈ મોટી રકમથી બ્રીજ કે રમી રમનારો, ને વગર સંકોચે દારૂ પીનારો પુરુષ. હા, એટલું ખરું કે આ જાતની મનોદશા બધાં જ યુવક-યુવતીઓની નથી હોતી, પણ કેળવાયેલ ગણાતા મોટા ભાગની તો છે જ.

આપણા દેશમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેની કેળવણીની અસમાનતા પણ આપણા ગૃહજીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. વધારે ભણેલા યુવાન સાથે સંયોગવશાત્ અથવા નિરુપાયે પરણનાર ઓછું ભણેલી યુવતી પોતાના પતિને સંતોષ આપી શકતી નથી, તેમ જ પુરુષ આવી પત્નીથી સંતો[ષ] શકતો નથી.

ઝાંઝવાનાં જળ સમાન રોમાંચક [illegible] જીવન ભોગવવાની ઇચ્છા રાખનાર [illegible] જીવનમાં નિરાશા ઉત્પન્ન થાય છે, તેના [illegible] ઉદ્વેગ ઉત્પન્ન થાય છે, તેને પોતાનું [illegible] જીવન શાપ સમાન લાગે છે. તે [illegible] મનને પ્રશ્ન પૂછે છે:

'મારી પત્ની, સિનેમાની અમુક [illegible] જેવી સુંદર કેમ નથી? મેઈક-અ[પ] કરતી નથી? સાદાં કપડાં કેમ [illegible] છે? તેનામાં સિનેમાની નાયિકાના [illegible] કેમ નથી? તેની જેમ છટાથી [illegible] ચીત કરતી નથી?' આવો યુવક, ધીરજ [illegible] વિવેકશક્તિ વાપરી, આવેશને ત્યાગી વિચ[ારે] કે સિનેમાની સૃષ્ટિ તે ખરી દુનિયા છે? [illegible] વાનાં જળ સમાન છે. તો તેને સાચે [illegible] આવે. સિનેમાની સૃષ્ટિ તો જન[તાને] આકર્ષવા અને તે બહાને પૈસા કમાવા [illegible] જ રચાયેલી હોય છે. સિનેમાની [illegible] ઘેરઘેર વસતી હોય તો પછી સિને[મા] કોણ જશે? જાહેરખબર માટે [illegible] રૂપસુંદરી જો ઘેરઘેર વસતી હોય [illegible] જાહેરખબર કોણ જોશે? સિનેમામાં [illegible] વાતાં નાયક અને નાયિકા ચિત્રમાં [illegible] છે તેટલાં સુંદર હોતાં નથી. ચિત્ર[illegible] સુંદર દેખાય તેટલા ખાતર સિનેમામાં [illegible] લેનાર પાત્રોનાં મોઢાં અને શરીર ઉપર [illegible] જાતનાં કૃત્રિમ સાધનોનો ઉપયોગ [illegible] આવે છે.

સિનેમાના નાયકના જેવા પતિ મે[illegible] સ્વપ્નાં સેવતી યુવતીને એટલું [illegible] આવતો કે સિનેમાનો નાયક તે [illegible] ઘેરઘેર હસ્તી ધરાવતો ન હોય તે[illegible] છે. તેનું ખરા સંસારમાં અસ્તિત્વ [illegible] દરેક દેશનું ખરું જીવન તેના મધ્યમ [illegible] ગરીબ વર્ગમાં જ દેખાય છે, [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષાધિપતિઓના ઘરમાં નહિ. મધ્યમ વર્ગનું ઘર ચલાવનાર યુવક આખો દિવસ ઑફિસ, દુકાન કે મિલમાં કામ કરી થાકીને ઘેર આવે છે ત્યારે તેના મોં ઉપર સિનેમાના નાયકની રોમાંચકતા હોતી નથી. તે તો ઘર અને નોકરીધંધાની અનેક ઉપાધિઓમાં અટવાયેલો હોય છે. તેને અક્કડ ઈસ્ત્રીદાર કિંમતી કપડાં પહેરવાની, ટાપટીપ કરી વાળ ઓળવાની અને કાળજીપૂર્વક દરરોજ હજામત કરવાની હોંશ હોતી નથી. હોય તો તેની પાસે તેટલો સમય અને સાધનો હોતાં નથી. આવો યુવક જ્યારે સાંજે થાકીને ઘેર આવે છે ત્યારે તે પત્ની તરફથી ભાવભર્યો આવકાર માગે છે. અને પત્નીએ હોંશથી બનાવેલી ચા કે કૉફીના પ્યાલાની તે આશા રાખે છે. તેનાં વ્યવસ્થિત કપડાં અને વીખરાયેલા વાળ અને મોઢા ઉપરની મ્લાનતા જોઈને પત્નીને તેના પ્રત્યે ઘૃણા નહિ પણ પ્રેમની લાગણીઓ ઉત્પન્ન થવી જોઈએ. ઘેર આવ્યા પછી આવા મધ્યમ વર્ગના પુરુષને ઘરની પણ અનેક ઉપાધિઓ વળગેલી હોય છે. આ કારણસર આવા પુરુષને સિનેમાના નાયકના જેવું જીવન ગાળવાનું અથવા તેના જેવું વર્તન રાખવાનું ભાન પણ હોઈ શકે નહિ. પુરુષનો કપડાંનો આડંબર અને ટાપટીપ ખરો પ્રેમ અને લાગણી ઉત્પન્ન કરી શકતાં નથી. ખરા પ્રેમનો અનુભવ તો મનુષ્યનું વર્તન, મીઠી ભાષા અને તેની લાગણીમાં જ વસે છે. ગૃહજીવન એટલે સામાન્યતા, કુદરતી વર્તન, ખરો પ્રેમ, સ્વાર્થત્યાગ અને સહનશીલતા : તેમાં અશકય કલ્પનાઓ, રોમાંચ અને સ્વપ્નાંને સ્થાન નથી.

યુરોપ અને અમેરિકામાં કેટલીક સ્ત્રીઓ મોઢા ઉપરની કરચલીઓનો નાશ કરવા, મોઢા ઉપરની કુદરતી ખામીઓ દૂર કરવા અને સુંદરતા વધારવા માટે રાત્રે સૂતા અગાઉ મોઢા ઉપર અનેક જાતના મલમપટા લગાડે છે; વાળમાં ગૂંચળાં ઉત્પન્ન કરવા માટે તેમને દવાઓમાં ભીજવી કચકડા અને લોખંડના સળિયા સાથે વીટાળે છે. આવા પ્રયોગો કરનાર સ્ત્રીઓને તેમના ચહેરા પર લાગેલી ક્રીમ, રંગ અને મલમપટા તથા તેમના માથામાં ખોસાયેલા અનેક સળિયા સહિત કોઈ જુએ તો તેને માટે જરૂર ઘૃણા ઉત્પન્ન થાય.

જગતનું સર્વ સુખ પતિ અથવા પત્નીના સુંદર ચહેરામાં જ આવી જાય છે તેવી માન્યતા રાખનારાં સ્ત્રીપુરુષોના જીવનના ઇતિહાસનો અને તેમની અંતરની લાગણીને અનુભવનો કોઈ અભ્યાસ કરે તો તેને જરૂર ખબર પડે કે જીવનનું સુખ નરી સુંદરતામાં જ સમાયેલું નથી. સુખ એવી વસ્તુ નથી કે જે એક જ ચીજ પ્રાપ્ત કરવાથી મળી શકે. જગતમાં દુઃખીમાં દુઃખી જીવન ગાળનાર અને જિંદગીમાં કડવો અનુભવ ભોગવનાર કાંતો સુંદર સ્ત્રીના પતિઓ અથવા સુંદર પતિની સ્ત્રીઓ જ હોય છે તેવો સમાજશાસ્ત્રના અભ્યાસીઓનો મત છે. સુંદરતાના અભિમાને આ જગતમાં હજારો દંપતીઓનાં જીવન પાયમાલ અને દુઃખી કર્યાં છે. જે દેશોમાં છૂટાછેડા લેવાની સારી સગવડો છે ત્યાં તો સુંદરતાએ છૂટાછેડાની સંખ્યામાં ઘણો મોટો વધારો કર્યો છે, અમેરિકાની સિનેમાની નટીઓ કે જેઓ તેમની સુંદરતા માટે પ્રખ્યાત છે, તેમના અનેકવાર થયેલા છૂટાછેડા જગજાહેર છે.

જગતમાં ખરી સુંદરતા શું છે તે સમજવાનો દરેક મનુષ્યે યત્ન કરવો જોઈએ. કુદરતે બક્ષેલી ખરી સુંદરતામાં અને કૃત્રિમ ઉપાયોની મદદથી મેળવાતી અકુદરતી ને અસ્થિર સુંદરતામાં ઘણો જ તફાવત છે. મેઈક અપ કર્યા વગરના સ્ત્રી અને પુરુષના સાદા ચહેરામાં સુંદરતા પારખવાનો કોઈ યત્ન કરે તો તેને ખરી સુંદરતા શું છે તે જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાશે. વળી સૌંદર્ય સાથે સાચો પ્રેમ, લાગણી, સ્વાર્થત્યાગ, માણસાઇ, ક્ષમાવૃત્તિ અને સહનશીલતા ન હોય તો તે સૌંદર્ય ઝેર સમાન બને છે.

પણ આનો અર્થ એવો થતો નથી કે ગૃહજીવનમાં સુંદરતા, મોહકતા અને મોજ-શોખને સ્થાન નથી; પરંતુ મનુષ્યે સાદાઈમાં સુંદરતા નિહાળવાની શક્તિ કેળવવી જોઈએ. વળી ગૃહજીવનનું ખરું સુખ અને સંતોષ શાથી મળે છે તે શોધી કાઢવા યત્ન કરવો જોઈએ.

જે કુટુંબમાં પતિ–પત્નીનો અરસપરસ નિઃસ્વાર્થ પ્રેમ અને એકબીજા પ્રત્યે લાગણી, ભાવ અને માન હોય છે; જે ઘરમાં આત્મત્યાગ, સહનશીલતા અને કુટુંબવાત્સલ્ય હોય છે અને એકબીજાને ખાતર મરી ફીટવાની ભાવના હોય છે ત્યાં ખરું સૌંદર્ય, સાચું સુખ, સાચી શાંતિ અને અનુપમ સંતોષ અનુભવાય છે.

દક્ષિણ હિંદના એક વિદ્વાન લેખકે આપણા દેશના ગૃહજીવન માટે નીચેના શબ્દો ઉચ્ચાર્યા છે તે સદંતર ખરા છે:

'આપણા દેશમાં ગૃહ નથી પણ ઈંટ-ચૂનાનાં માળખાં છે. આપણા દેશમાં ગૃહિણી નથી પરંતુ ઘરનું કામ કરવાવાળી સ્ત્રીઓ છે!'×

આ તો થઈ ગૃહ અને ગૃહિણીની વાત. પણ આ દેશના પતિદેવો કેવા છે તે બાબત પણ આપણે વિચાર કરવો જોઇએ. કોઈ ખરી રીતે કેળવાયેલ અને સંસ્કારી સ્ત્રીને પૂછીએ કે આ દેશમાં પતિ કેવા છે તો તે જરૂર એવો જવાબ આપશે કે:

'અમારે પતિ નથી પણ પાલક છે!'*

× We have no homes but houses,
We have no wives but women.

* We have no husbands but masters.

તટસ્થ અને નિષ્પક્ષપાત રીતે પુ[રુષો] આ બાબત પર વિચાર કરશે તો તે[મને] જરૂર લાગશે કે હિંદી પુરુષોમાંના [ઘણા] પ્રાચીન અનાર્ય પ્રજાના પુરુષોના સ્વ[ભાવને] થોડા મળતા સ્વભાવવાળા પતિઓ છે. પોતાની માલિકીની વસ્તુ છે અને તે બાબતમાં પતિ કહે તેમ જ કરવા વર્તવા બંધાયેલી છે તે ખ્યાલ હવે પુ[રુષોએ] કાઢી નાખવો જોઈએ.

નિઃસ્વાર્થ પ્રેમ અને આત્મત્યાગ[ની] સંસ્કૃત સાહિત્યમાં એક ટૂંકી કથા દરેક દંપતીએ વિચારવા જેવી છે:

રેતીના એક વેરાન રણમાં હ[રણ] હરણીનું એક જોડું ખરા મધ્યાહ્ને દોડ કરી પાણીની શોધ કરતું હતું. મહેનતે તેમને એક જગાએ પા[ણીનું] નાનું ખાબોચિયું જડ્યું પરંતુ તેમ[ના] નસીબે તેમાં પાણી ફક્ત એક જ [જણથી] પિવાય તેટલું હતું. હરણીએ વિચાર[્યું કે] જો તે પોતે બધું પાણી પી જશે તો [તેનું] વહાલું હરણ પાણી વગર મરી જશે. [હરણે] પણ મનમાં એવું જ વિચાર્યું કે પોતે બધું પાણી પી જશે તો પોતા[ની] હરણી મરી જશે. આવા સંયોગોમાં પોતપોતાના પ્રિયજનને બચાવવા [નિશ્ચય કર્યો] લીધો. બન્નેએ પાણીમાં પોતપોતા[નાં મોઢાં] નાખ્યાં. પાણી પીવાનો દેખાવ કરવા [છતાં] બેમાંથી એકે યે પાણી પીધું નહિ. બન્ને તરસથી મરણ પામ્યાં!

આવી હોવી જોઈએ પરસ્પર[ની] ભાવના. છે આપણી પાસે?

આપણા દેશમાં અત્યારે, પતિ[ના] જીવનમાં પણ તેની જ પત્ની થવા[ની ભાવના] રાખનારી કેટલી સ્ત્રીઓ અને પત્નીના જીવનમાં પણ તેનો જ પતિ થવા[ની ભાવના] રાખનારા કેટલા પુરુષો હશે?

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિષ્કુળાનંદની

વૈરાગ્ય-કવિતા

શ્રી અનામી

ભક્તિ, જ્ઞાન ને વૈરાગ્ય-ઈશ્વરોપાસનાના આ ત્રણ રાજમાર્ગ. પ્રાચીન ગુજરાતી કવિઓમાં આ ત્રણેયની આરાધના અનુક્રમે નરસિંહમીરાં, અખો અને નિષ્કુળાનંદે કરી છે. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના'નું નિષ્કુળાનંદનું પદ, નરસિંહના 'વૈષ્ણવ જન' જેટલું જ લોકપ્રિય બની ગયું છે. ભક્તિ કરતાં જ્ઞાન ને વૈરાગ્ય દોહ્યલાં છે. આવા વૈરાગ્ય વિષેની સાચી શિખામણ આપતાં નિષ્કુળાનંદે અનેક ટુચકા કે દૃષ્ટાંતોનો પોતાના કાવ્યપ્રવાહમાં બહોળે હાથે ઉપયોગ કર્યો છે ને કવિતાને સ-રસ બનાવી છે. ઉપરાંત, આજના માનસશાસ્ત્રની દૃષ્ટિએ પણ એમની વૈરાગ્યભાવના ટકી શકે એવી છે. જગન્મિથ્યાના શ્રીમત્ શંકરાચાર્યના માયાવાદનું જાણે એમાં આબેહૂબ પ્રતિબિંબ પડે છે. મુમુક્ષુઓને આ કવિતાનો રસાસ્વાદ સન્માર્ગે વાળવા ઉપયોગી નીવડશે. લેખક એમ. એ. છે ને કૉલેજમાં અધ્યાપક છે. ગુજરાત મુખ્યત્વે તેમને કવિ તરીકે પિછાને છે.

'વૈરાગ્ય' શબ્દ ઉચ્ચારતાં વેંત જ, ભર્તૃહરિ, ગોપીચંદ, ધ્રુવ, જડભરત, શુકદેવ વગેરે નામો આપણા સ્મરણપટ પર અંકિત થાય છે. એમાં યે મધ્યકાલીન ભર્તૃહરિની વૈરાગ્ય-કવિતાનો વારસો તો સંસ્કૃત કવિતાનું આગવું આભૂષણ છે. એનો એક-એક શ્લોક એક સ્વતંત્ર, સુરેખ ને સંપૂર્ણ ઊર્મિકાવ્ય જેવો છે.

ભર્તૃહરિને બાદ કરતાં, વૈરાગ્ય-કવિતાના પ્રદેશમાં નિષ્કુળાનંદનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. નરસિંહના પુરોગામી ને સમકાલીન કવિઓએ વૈરાગ્ય ગાયો છે. વૈષ્ણવ સંપ્રદાયના ને સ્વામીનારાયણ સંપ્રદાયના અનેક ભક્ત-કવિઓએ એને અત્યલ્પ અંશે બહેલાવ્યો છે. અખો, નરહરિ, ગોપાળ, બુટિયો જેવા બીજા ઘણા જ્ઞાની વેદાન્તી કવિઓએ પણ એનું માહાત્મ્ય ગાવામાં કંઈ મણા રાખી નથી. ભક્તિવૈરાગ્યવિમુખ જીવાત્માઓને નરભેરામ જેવો ઉદ્દામ વૃત્તિવાળો કવિ તો 'હરાયા સાંઢ' જેવા કે 'કહે નરભે! ફટ ગધેડીના શિદ વણસાડ્યું ધાન રે'-એમ કહી શિષ્ટતાની સીમાનું ઉલ્લંઘન કરવાનું પણ નથી ચૂકયો. અખો વળી 'વૈરાગ્ય' જેવી સંકુલ વૃત્તિ સ્થિતિની વ્યાખ્યાબંધીથી માંડીને વૈરાગ્યના પ્રકાર, પ્રયોજન ને તેની લાઘવી તાત્ત્વિક પર્યેષણા સુધી પહોંચી જાય છે. અખાનું વૈરાગ્યદર્શન સમગ્રતાની સમર્થ છાપ નઃશંક પાડે છે, છતાં યે એ દર્શનની સમગ્ર છબિને ગેય કાવ્યો દ્વારા વધુ રંગદર્શી ને અતિ-પ્રચલિત તો કરી છે નિષ્કુળાનંદે.

અર્વાચીન માનસશાસ્ત્ર, વૈરાગ્યનું પૃથક્કરણ કરવામાં એને 'હારણવૃત્તિ' કે 'વાસ્તવિક પ્રતિકૂળ પરિસ્થિતિના અશક્ય પ્રતિકારમાંથી જન્મેલી ભાગેડુવૃત્તિ' કે એવું ઘણું બધું કહેશે. સ્થૂલદૃષ્ટિએ દુઃખનો અંત મૃત્યુ: પછી એ મૃત્યુ હોય કુદરતી કે કૃત્રિમ. વિષમ જીવનસંગ્રામમાં જીવાત્મા કાં તો 'ઉન્માદથી ચૈતન્યહીન' બને અથવા નિરાશાના અસીમ ને અતાગ સમુદ્રમાં 'મન મનાવે.' 'માથે પડી શિવાય નમઃ'-એ સૂત્ર કચવાટથી કે ઊંડી સાદી સમજથી સ્વીકારી જીવન જીવે-ભોગવે.

પણ સાચા વૈરાગ્યમાં 'બળાત્કાર' કે 'કચવાટ'ને સ્થાન જ નથી. અખો કહે છે તેમ:

'આપોપાનો થાયે ત્યાગ,
ત્યારે અખા સાચો વૈરાગ.'

આત્મતત્વમ્-આપોપું, સહ-જ કુદરતી રીતે ત્યાગ થાય તે સાચો વૈરાગ્ય. નિષ્કુળાનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એવું જ કહે છે :

(૧) ઉપરથી અભાવથી,
ટકે નહિ કદી ટેકજી.
(૨) તપાસ વિના જે ત્યાગિયું,
હોડે કરી હૈયાજોરજી.
તે કોઈ દહાડે કચવાઈને,
કંઈક ભાગશે ભૂરજી.
(૩) સાચે કારજ સર્વે સરે,
કાચે રાચે નહિ રાગજી,
નિષ્કુળાનંદ કહે નક્કી જીવ,
અણસમજુ બેફાગજી...વગેરે.

નિષ્કુળાનંદની વૈરાગ્ય-કવિતામાં આત્માનુભૂતિનો નક્કર રણકો છે. એ કેવળ શ્મશાન-વૈરાગ્ય નથી. જગતક્લેશથી થાકેલ આત્માનો એ ક્ષણિક છુટકારો નથી. કોઈ 'ભૂખડી બારશ'નો પણ એ વૈરાગ્ય નથી. કવિતા-સ્વરૂપે કહેલી પોતાના 'સાચી વાર્તા'માં એ સંતોને કહે છે :

'સંતો સાંભળો સાચી વારતા,
નથી લીધો આ ભૂખ્યે ભેખ રે.'

ત્યારે એમની સ્થાવરજંગમ જાગીર કેટલી ? એનો આછો ખ્યાલ પણ આપવાનો તે ચૂકતા નથી :

'ગાડું બળદ ગાય ને ઘોડી,
ડોબાં હતાં દશબાર રે;
પાંચ મળીને પૂછતાં સુને,
કરતો હું કારભાર રે.
અન્ન ધન ધામ ને ધરણી,
પરણી હતી ઘેર રે;
છોટાં છોટાં છોકરાં હતાં,
હતી માતાજીની મ્હેર રે.
ખાવાપીવાનું ખૂબ જડતું,
વસ્ત્રનો નહિ પાર રે;
જોઈએ તેવા જોડા જડતા,
તકે તકે તૈયાર રે.'

–આપણા જેવો એ રેશનિંગનો જમાનો કંઈ ઓછો જ હતો ! 'માયાની આવી લીલી વાડી હતી તો ભલા ! તને આ શું સૂઝયું ?' ભવિષ્યનો કોઈ અળવીતરો જિજ્ઞાસુ જીવ કે માનસશાસ્ત્રી, કદાચ આવો પ્રશ્ન પૂછશે ને 'નિષ્કુળાનંદ કહે નહીં કોઈ જોડશે મારું ગીત રે,' એવી આશંકાથી તે પોતે જ એમના વૈરાગ્યનું સાચું કારણ કહી દે છે, તે આ :

'જ્ઞાન-વૈરાગ્યે ગળે ઝાલ્યો,
કાંઈ ન ચોંટયું ચિત્ત રે.'

જ્ઞાન અને વૈરાગ્યે અથવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યે એની ગળચી પકડી અને એ 'ફરેલું મન' સંસારમાંથી ઊઠી ગયું. સંસાર તો મનનો વિસ્તાર છે. 'મન ઊભે છે સંસાર' માટે જ 'અખો કહે, ફેરવવું મન.' સંસારવાસનામાં ખૂંપેલા જીવો માટે 'મન ફેરવવાનો' વિધિ-પ્રયોગ લોઢાના ચણા ચાવવા જેવો છે. સાધનાની મસ્તીમાં પણ સાધકને લાગે કે 'ખાંડ ખાઈએ છીએ' પણ વાસ્તવમાં 'ચાવતા હોય રેત.'

જ્ઞાન એટલે 'આતમસૂઝ' અને 'સુખની સીમા જ્ઞાન'-એવું જ્ઞાન નિષ્કુળાનંદને સાચે જ થયું છે.

એમની કવિતામાંથી વૈરાગ્યસાધનાનાં ક્રમિક પગથિયાં વાચકોને જડી રહે છે. પ્રભુસાધનાનાં ત્રણ સાધન-મૂળે પદાર્થ એક, પણ આ ત્રણ નામવિભાગ-ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય કંઈ સહજ બધા જીવાત્માઓને 'ગળાં ઝાલતાં' નથી. એવા જીવો માટે સાધનાનો અમુક ક્રમ નક્કી કરે છે, જે સહજ ને કુદરતી છે.

(૧) પ્રથમ પગથિયું :

પ્રથમ વૈરાગ્ય જેને પ્રગટે,
તજે સકળ સંસાર...
રાજસાજ સુખસંપત્તિ,
મેલે માલ ભંડાર...
આસન વસન ભૂષણ સજ્યાં,
એથી ઉતારે મનજી...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-આમ પ્રથમ પગથિયે વૈરાગ્ય-પંથનો જીવડો રાજસાજ, સુખસંપત્તિ, માલભંડાર, આસન, વસન, ભૂષણ વગેરે બાહ્ય ચળકાટ-આ બધી ઉપરછલ્લી ઉપાધિઓ ત્યજે. અખો આને 'ઉપલો જંજાળ' કહે છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ કહે છે કે જેને મોટી નક્કર સાધના કરવી હોય તેણે પ્રથમ આવી નાની વાસનાઓ માણી લેવી. એ માણ્યા પછી જ પાકો વૈરાગ્ય થાય.

(૨) બીજું પગથિયું:

અંતર વૈરાગ્ય જ્યાં ઊપને,
તજી ભુવન ઇચ્છે વનજી.

પણ આ 'અંતર વૈરાગ્ય'ની ખાતરી શી? તો કહે છે:

ગામભોગ તે ગમે નહિ,
ઇચ્છે અરણમાં આસનજી,
માત તાત સુત સંબંધી,
તજે ભગિની ભાઈજી;
નારી ન ગમે દીઠે નૈણે,
તોડે સૌ શું સગાઈજી,
એટલાં તજી નર નીસરે,
વળતો લિયે વેશજી.

-બીજે પગથિયે 'અંતર વૈરાગ્ય' ઊપજવાની વાત છે. બાહ્ય ઉપાધિઓ કરતાં સંબંધોની ઉપાધિ ઘનિષ્ઠ ને દુઃખદ, એટલે જ માતતાત, ભગિનીભાઈ, સુતસંબંધી-સૌ શું સગાઈ તોડવી-એ બીજા ક્રમમાં આવે. 'સગાઈ તોડવી' એટલે સ્નેહશૂન્ય થવું એમ નહીં. એ સ્નેહઝરણ તો અભંગ વહે પણ સંબંધ-દૃષ્ટિ બદલાય એટલું જ. વૈરાગ્યપંથમાં નારીમહત્તાને ઉતારી પાડી નથી પણ 'ત્રિલોકને ઘૂંઘટમાં ઘાલનાર' એ માયાશક્તિનો વાસ્તવિક સ્વીકાર કર્યો છે; બાકી 'પાંચે ઇન્દ્રિયોને વશ કરી પછી છોગાં મેલી ફરવાની વાત' તો, વૈરાગ્યવૃત્તિમાં ભર્તૃહરિ ને નિષ્કુળાનંદની જમાતમાંનો અખો પણ કરે છે.

મતલબ કે પહેલામાં કંચનત્યાગ, બીજામાં કામિનીત્યાગ.

(૩) ત્રીજું પગથિયું: કંચનકામિની ત્યાગ પાકો થાય ત્યારપછી 'વેશ લે' ને ભલે પછી 'દેશ દૂર રહી જાય' શરીરે સુખદુઃખ સહે, દેશવિદેશ દેખે, પછી 'બેસે કોઈ થાનક જોઈ સુંદર જાગજી,' અંતે:

'નિષ્કુળાનંદ કહે એ નરનો,
વળતો ન રહે વૈરાગજી.'

અખો કહે છે તેમ 'બેડે તોડે જોડે વાળ' એવા બધા બાહ્ય વિધિવિવેક પછી, ફળ આવતાં ફૂલ ખરી પડે તેમ ખરી પડે છે ને પછી તો-

'સાધો! સહજ સમાધ ભલી' જેવી સ્થિતિ વૈરાગ્યમાં પણ થાય છે.

આ ક્રમ નક્કી કર્યો એટલો વૈરાગ્ય સરળ નથી. કવિ પોતે જ કહે છે: 'વૈરાગને વિઘન ઘણાં તાકી રહ્યાં તૈયારજી'-જેમ મૃત્યુ જીવનને તાકી બેસી રહ્યું છે તેમ વૈરાગને અનેક 'વિઘન' તાકી રહ્યાં છે.

कामिनीकायकान्तारे कुचपर्वतदुर्गमे ।
मा संचर मनःपान्थ तत्रास्ते स्मरतस्करः ॥

'હે મન-મુસાફર! કામિનીકાયારૂપી વનમાં કુચરૂપી દુર્ગમ પર્વત આવેલા છે. (જો તારું શ્રેય ઇચ્છતો હોય તો) ભલો થઈને એ વનમાંથી ન જા; કેમકે તેમાં કામરૂપી ચોરટો લપાઈને બેઠો છે.'

જે આ વાત ભર્તૃહરિએ કરી છે તે જ વાત વિવિધ રીતે નિષ્કુળાનંદ કહે છે:

(૧) પાંચ વેરી પ્રચંડ છે,
અધિક એકથી એકજી.
(૨) ખાતાંપીતાં સૂતાંજાગતાં,
વસવું વેરીને વાસજી.
(૩) વિષયને વિષ કરી જાણિયે,
રાખિયે નહિ રાગજી.
(૪) તુંને વિષય-મોદિક કેમ ભાવે રે?
થાવા હડકાયાની હોંશ કેમ આવે રે?
તારું ધન-દારા દેખી દિલ ડોલે રે,
થૈ બાવરો ને હકબક બોલે રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) તારું મન મોહ્યું દામ:વામ ધામ રે,
(૬) ભખ્યો ભોયંગ ને,
લાગે લિંબ મીઠો રે.
(૭) જગત પદારથ જીવને,
રુચે નહિ જેમ રોગજી.
(૮) ઇંદ્રિય મનની ઉપરે,
રહે શત્રુ સદાયજી,
વિકળ ન થાયે વિષયમાં,
રહે પરવતમાંયજી...વગેરે.

પર્વત જેવા શુષ્ક, અચલ ને છતાં અંતરમાં કરુણાનાં છલકાતાં જલ! 'બહાર દીસે નગ કોરડા અંદર ભર્યો જલ ઓરડા' એવી સ્થિતિ એમને અભિપ્રેત છે. પર્વતમાંથી પાર્વતીઓ ને ગિરિમાંથી જ ગિરિજાઓ વહેને!

આમ તનસુખત્યાગને એ મહત્ત્વનું ગણે છે, કેમકે કવિ દેહને 'અનરથનું આગાર' સમજે છે, એટલે બેજોખેજો, જાણીબૂઝીને એનું જતન કરવું નહીં. ઊલટું દેહદુઃખ દેખી ડઘાઈ જવું નહીં, પણ મનમાં મલકાવું. વિશ્વની વાતોથી–સાંસારિક રસથી આઠે પહોર ઉદાસીનતા કેળવવી. એ નિર્વેદ નિરાશાજન્ય નહીં પણ જ્ઞાનજન્ય હોવો જોઈએ. હરિને જાણવાની સત્ય જિજ્ઞાસામાંથી જન્મેલી એ વૃત્તિ હોવી ઘટે. મુક્તિ પામવા માટે એની ઘણી બધી આવશ્યકતા છે. સત્ય વસ્તુનું હાર્દ પામ્યા બાદ આ સ્થિતિ સહજ પ્રાપ્ત થાય છે. એ થતાં હર્ષશોક છૂટી જાય છે. અરે, જીવનનો મોહ ને મૃત્યુની બીક–ઉભય ચાલ્યાં જાય છે. આવા વૈરાગીને મન સેજ-પલંગ કે તૃણ-સાથરો, મંદર–ઝરૂખા કે તરુતળછાંય, શાલદુશાલા, ઝીણા જરકશી જામા કે કંથાગોદડી, ભાવતાં ભોજન કે ભિક્ષાનો ટુકડો, માન કે અપમાન, શીત કે ઉષ્ણ, પુરાણાં પટ, નવાં ચીર કે કંથા કૌપીન–બધું જ સમાન છે.

જ્યારે વૈરાગ્યની આવી સાત્ત્વિક સમતા-યુક્ત ખુમારી પ્રગટે ત્યારે :

'નિષ્કુળાનંદ નિઃશંક થઈ સેજે તારે સં...

એવા આત્માઓ અહોરાત્ર અં... રિપુઓ સામે યુદ્ધ મચાવે. શા માટે? ... કહે છે: 'માન મોટાઈ છે મારવા, ... ધન નારજી' માનવીના જીવનમાં '... મોટું અંધેર છે.' એને તો ટાળવું જ ... પણ ઊલટપક્ષે સાત્ત્વિક ગુણની ... પણ ખંખેરી નાખવી જોઈએ. મૃગ... બચાવનાર ભરતનો દાખલો આપી ...

'દયામાંથી દુઃખ ઊપનું,
થયો મૃગશું સનેહજી,
તેથી કરી તન ધારિયું,
રહ્યું જ્ઞાન અભંગજી.'

ગુણનું પણ અભિમાન પાડે, ... નાખે. સાચો વૈરાગી તો 'ધરમ ધીર... નહિ.' અને 'હરિઇચ્છાએ હરે... જીવના ઉદ્ધારજી'–સ્વનો ને, પરનો ... એવા સંતપારસમણિઓ જ જગતને ... ઉદ્ધારે.

હૃદયથી જગત–ભાવ ટળતાં ... વૈરાગ્ય થાય, જગતમાં જ્યાંત્યાં ... દૃષ્ટિએ પડતાં સાચી ભક્તિ સરા... તેમ જ દ્વૈતભાવ જતાં જીવને ત્રિવ... થાય. દ્વૈતભાવ જેમનામાંથી ગળી ... તેવા જોગી 'સગા સૌના સોહાયજી.' ... માં શત્રુ શોધે તો તેમને કોઈ જડે ... આત્મા જ આત્માનો શત્રુ, ને આ... આત્માનો મિત્ર. એમને કોઈનો ઉપ... કરવાનો હોય તો પોતાનામાં રહેલ... ક્રોધ ઉપર. એટલે જ જગતમાં ... તો તેમને કોઈ જડે જ નહીં, અને ...

'સ્થાવર જંગમ સ્થૂળ સૂક્ષ્મ...
ચરાચર ને જંતજી...
મન કર્મ વચને દૂભે નહિ...
દયા દિલે અનંતજી.'

સચરાચર વિશ્વનાં સ્થાવરજંગ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન વચન કે કર્મથી દૂભવે નહીં, પોતે પણ ન દુભાય–એટલી હૃદયસભર અનંત દયા-બુદ્ધિની કરુણા–દાખવતા વૈરાગીઓ દેહદર્શી ન હોય, કેમકે :

'દેહદર્શી દુઃખ ભોગવે,
કરે સુખને ઉપાયજી,
આત્મદર્શી આનંદમાં,
રહે સુખમાં સદાયજી.'

દેહદર્શીઓ તો ઓગણા જેવા સમજવા. ધાન ને વાવેતર–બંનેમાંથી એ ટળે. 'ત્યજીને ભોગવ' એ સૂત્રને તેઓ વિકૃત કરે છે. 'ઉપર ત્યાગ ને અંતર પ્યાર'–એના જેવી એમની અર્ધદગ્ધ સ્થિતિ હોય છે. સુખ પામવા માટેનાં એમનાં વલખાં–ફાંફાં અંતે દુઃખમાં પરિણમે છે. આવા દેહદર્શીઓ 'વસ્તીએ વસે છે,' સૌ સાથ આશ બાંધે છે, તુંબડાં રંગે છે, 'ગામેગામ વસ્ત્ર માગતા ફરે છે, રસરહિત ભોજનને બદલે–

'તેને રે જોઈએ તીખાં તમતમાં,
ખાવા ખીર ને ખંડજી.'

અને પ્રથમ–

'જેને રે જાગ્યા આગ લાગતી,
ગમતું નહિ સજ્યા ને ઘરજી,
તેને રે આસનથી ઉઠાડતાં,
જગાડવો મણિધરજી.'

કાચા વૈરાગ્યવાળા આવા દેહદર્શીઓને પ્રથમ જે જગ્યાએ આગ લાગતી, સે'જ ને ઘર ગમતાં નહીં તેને ઠેકાણે, તેમને તે વાસ-પ્રીતિમાંથી વાળતાં પણ જાણે મણિધરને જગાડવા જેવી ભયંકર પ્રવૃત્તિ થઈ પડે છે. વહેતું જળ નિર્મળ રહે તેમ સાધુ ચાલતો ભલો; પણ આવા દેહદર્શીઓ તો–

'પોતાનો પરિવાર પરહરી,
ચાલ્યા એકલા આપજી;
તેને રે સ્નેહ બાંધ્યો શિષ્ય શું,
લીધો પરનો સંતાપજી.'

કાચા વૈરાગ્યવાળા 'ઘરનીને ત્યજે ને રવડતીને ઉપાડી લાવે' તેના જેવી આ વાત થઈ. પોતાનો ઉદ્ધાર પોતાની જાતે જ કરવાનો છે. જેના ગળામાં શિલા હોય તે બીજાને શી રીતે પાર ઉતારે? સાચો જ્ઞાની તો ગુરુ-પણાનો માથે ભાર ન રાખે.

પણ સાચા આત્મદર્શીઓના માર્ગ 'ઉફરા' હોય છે. તેઓ તો સરવરમાં સરોજ ખીલે–હસે–ઝૂલે તેમ સદાય બ્રહ્માનંદ–સરોવર-માં વિકસે–વિલસે છે.

આવા આત્મદર્શીઓ અહોરાત્ર 'હું કોણ?' 'ક્યાંથી આવ્યો?' 'ક્યાં જઈશ?' એવું વિચારી કાળથી ઊગરવાની કળા સિદ્ધ કરે છે. આવી આત્મદર્શી દૃષ્ટિ કેળવ્યા સિવાય સાચો ત્યાગ–વૈરાગ્ય અસંભવિત. દેહદર્શીનો વૈરાગ્ય તો: 'ઉપરથી લાગે રે લજામણો, વગોણા સરખો વૈરાગજી.' એવો વૈરાગ્ય તો માયાના રંગની માફક, પરિસ્થિતિ બદલાતાં પોતાના ઢંગ બદલે. સૂરજની માફક, આત્મ-દર્શીનો વૈરાગ્ય ઊગતાં જ અંધારામાં અજવાળું કરે.

એ દેહદર્શી ને આત્મદર્શીના દ્વિવિધ વૈરાગ્યનું કવિતારૂપે ભાષ્ય, ઉભયનું કરેલું વિવેકી મૂલ્યાંકન, તેમનાં વૈરાગ્યવિષયક અનેક પ્રસિદ્ધ ભજનોમાં થયેલું છે. 'જનની જીવો રે ગોપીચંદની,' 'જંગલ વસાવ્યું રે જોગીએ,' 'અમે રે જડભરતી જોગિયા,' 'જડ રે ભરતની જાતના,' 'હું બલિહારી એ વૈરાગને,' 'જોગી જીવો રે એવા જગતમાં' 'વૈરાગને વિઘ્ન ઘણાં,' 'જેનું રે મન વન શું વર્તતું,' 'વાય વાય જો કુમતિ મતિ તારી રે, મેલી મોહનવદન જોઈ નારી રે,' 'ધિક્ ધિક્ તારો જો અવતાર રે, તેં તો ન કર્યો નરનો વિચાર રે,' 'બળોબળો કુમતિ મતિ તારી રે, તેં તો વાત કાંય ન જોઈ વિચારી રે,' 'એક મૂરખને હાથ મણિ મળી રે, જોઈ ચાખી સૂંઘી ન લાગી ગળી રે' વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection; Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંક્તિઓથી શરૂ થતાં તેમનાં કાવ્યો ખૂબ જ પ્રચલિત છે.

જેમ નરસિંહ મહેતાનું, સાચા વૈષ્ણવનાં લક્ષણો વ્યક્ત કરતું–ખાસ કરીને પૂ. ગાંધીજી-જે કાવ્યને જીવીને ચિરંજીવી બનાવેલું 'વૈષ્ણવ જન તો તેને કહીએ'–તે ઉત્તમ કાવ્ય છે; તે જ રીતે વૈરાગ્યગીતાના એકાદ અધ્યાય જેવું શ્રી નિષ્કુળાનંદનું ઉત્તમ કાવ્ય તો છે:

'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.'

એ પંક્તિનો પૂર્વાર્ધ આખું સૂત્ર બની રહે છે ને પછી તો એ સૂત્ર પર દાખલા-દલીલોનું ભાષ્ય રચાય છે. ગમે તે દેશકાળમાં ગમે તેવો ને ગમે તેનો ત્યાગ, વૈરાગ્ય વિના ન જ ટકે–કોટિ ઉપાયે પણ. અંતરતલની ઊંડી ઇચ્છા કેમે ય ત્યજાતી નથી. ઉપરનો અચ્છો વૈરાગ્યવેશ લેતાં દેશ દૂર રહી જાય છે, પણ અંદરનો મોહ દૂર થતો નથી. કામ, ક્રોધ, લોભ, મોહ સમૂળા જાય નહીં ત્યાં-સુધી એ સંગ પ્રસંગે પાંગરે છે તે જોગનો ભોગ થતાં વાર લાગતી નથી. અંતરના ઊંડા ખૂણે પડેલો ઇચ્છાનો એકાદ નાનો તણખો દાવાનળ પ્રગટાવે.

પ્રસંગ મળતાં એ ષડ્રિપુઓ કેવી રીતે પાંગરે છે? તો કહે છે:

**'ઉષ્ણરતે અવનિ વિષે,
બીજ નવ દીસે બહારજી.
ઘન વરસે, વન પાંગરે,
ઈંદ્રિવિષય આકારજી.'**

–ઉનાળાના ધખતા ધોમમાં પૃથ્વીમાં બીજ બહાર દેખાતાં નથી, પણ વર્ષાઋતુ આવતાં મોટાં વન પાંગરે છે, તેવી જ રીતે ઇંદ્રિય-વિષયો પણ મર્યા નથી હોતા; પણ બીજની માફક ગુપ્ત ને સુપ્ત અવસ્થામાં પડ્યા હોય છે, જે પ્રસંગ મળતાં વનની માફક પાંગરે છે.

પ્રથમ પંક્તિમાં યોજેલ દૃષ્ટાંતની સાર્થકતા, સચોટતા ને વિશાળતા જુઓ; ને પંક્તિના પૂર્વાર્ધમાં 'ઘન વરસે, વન પાં[ગરે]' એ કેવળ ચાર જ શબ્દોથી કલ્પનાશ[ક્તિ] વરસતાં ઘનનું ને પાંગરતા વનનું ચિત્રાત્મક દૃશ્ય ખડું કર્યું તે કેટલું સૂ[ક્ષ્મ] હૂબ, ઇંદ્રિયગમ્ય ને કલાના લાઘવ [સાથે] અંકિત છે!

એ ઇંદ્રિયવિષયનો સંયોગ કેવો [છે] તો કહે છે કે 'ચમક દેખીને લોહ [ચળે]' તેના જેવો. વિજ્ઞાનના નિયમને કવિ[તામાં] મદદે લાવ્યા પછી કવિ આગળ કહે [છે:] 'અણુભેટે રે અભાવ છે, ભેટે ભોગવશે ભો[ગ]' વિષયની પ્રબળતા ને માનવમનની નિ[ર્બળતા] યયાતિ–વૃત્તિનો સચોટ ખ્યાલ એ[ક] પંક્તિમાં એમણે આપી દીધો છે. [આજે] માનસશાસ્ત્રીઓ માનવનાં બે મનનું પૃથ[ક્કરણ] કરે છે એનો ખ્યાલ દ્વિધા જીવનનો [કવિ] પણ એક જ પંક્તિમાં આપે છે:

**'ઉપર તજે ને અંતર ભજે,
એમ ન સરે અરથજી.'**

'ઉપર ત્યાગ ને અંતર પ્યાર' [એવા] વાળા તો વર્ણાશ્રમ થકી વણસે એટ[લું જ] નહીં પણ અંતે અનર્થ સર્જે. કેવી રી[તે?]

**'ભ્રષ્ટ થયો જોગ ભોગથી,
જેમ બગડ્યું દૂધજી.
ગયું ઘૃત મહિ માંખણ થકી,
આપે થયું રે અશુદ્ધજી.'**

પળમાં જોગી ને પળમાં ભોગી, ઘ[ડીમાં] રાગી ને ઘડીમાં વિરાગી બનતા [એવા] જેવા અજ્ઞાની જીવો તો જોગભોગથી [ભ્રષ્ટ] થતાં, આપે અશુદ્ધ થયેલ–બગડેલ [દૂધ] ગયેલા દૂધ જેવા ઘી–માખણમાંથી પણ [ગયા] ધોબીનો કૂતરો નહીં ઘરનો કે ઘા[ટનો] તલમાં કોદરા ભળતાં તેની 'ન થાય [તેલ] કે ન થાય ઘાણી.' તેમાં આવા કાચા [જોગી]ગીના તો બંને સંસાર વણસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

બીજી બાજુ, સાચા વૈરાગ્યનું બહુમાન
કરવા, તેને દઢાવવા તે ગોપીચંદની માતા,
ધ્રુવની માતા, ભર્તૃહરિ વગેરેને બિરદાવે છે
ને સાંસારિક સાહ્યબીની ક્ષણભંગુરતા બતા-
વવા તે રાવણનું કુળ, સાઠહજાર સગરસુત,
નંદનું અઢળક નાણું વગેરેને સ્વપ્નાનો વ્યવ-
હાર કહે છે. ભર્તૃહરિની માફક નિષ્કુળાનંદ
પણ ટુચકા, દૃષ્ટાંત કે વાર્તાને અનુકૂળ ને
અસરકારક રીતે કાવ્યમાં વણી લે છે. રાગ
સારંગ-દીપચંદી તાલમાં ગવાયેલા વૈરાગ્ય
જેમ પ્રલંબ ગંભીર સ્વરનું સંમેલન રચે
છે, તેમ જ તેમનાં વૈરાગ્યનાં સીધાં બોધક
પદોમાં પણ એક પ્રકારનો સાત્ત્વિક ઉદ્‌બો-
ધનનો પ્રેરણાત્મક જુસ્સો છે. થોડી છૂટક
પંક્તિઓ જોઈએ તો :

(૧) તેં તો વાઘણીશું વાલપ કીધી રે.
(૨) આંબ તજીને આકફળ ખાધું રે.
(૩) સૂતા સિંહને ઉઠાડી વિખ માગ્યું રે.
(૪) તજી મહીને વલોયું જઈ વારિ રે.
(૫) કેમ ધંતૂરાનાં ડીંડાં ભૂંડાં ભાવે રે.
(૬) ભૂખ્યો ભોયંગ ને લાગે લિંબ મીઠો રે.
(૭) તેણે સત સંગ રંગ અંગ ત્યાગો રે.
કાળા કામળાને કસુંબો ન લાગ્યો રે.
(૮) રહે પથ્થર કોરો જો પાણી માંઈ રે.
જેમ જળ મળે જવાસો સુકાઈ રે.
મળી મરકટને રાજસાજ સિદ્ધિ રે.
દેખી ટોપરું ને તરત ટેકે દીધી રે.
(૯) દેખે દિનમાં અંધારું ખાંતે ઓળી રે.
એવા અંધ નર ઉલૂકની ટોળી રે.
(૧૦) મળ્યું કલ્પવૃક્ષ માગ્યો છે કુઠારો રે.
(૧૧) પડ્યું અવળું ન સૂઝે બીજું સાજ રે,
રીઝ્યા રાજપાસ માગી છે પિયાજ રે.
(૧૨) અંડ ઉદ્‌ભિજ ને સ્વેદજ જરાયું રે,
વાર અનેક તું ઊપજો મરાયું રે,
એકએકને ઉદર નર આવ્યો રે,
તું તો સરવે તણો સુત કહાવ્યો રે.
વગેરે વગેરે.

'જડભરત'ની વૈરાગ્યકથા, ભર્તૃહરિની પદ્ધતિએ જે પદમાં કહી છે તો તેની માફક જનવાર્તાઓને પણ કવિતામાં એમણે ગૂંથી છે. જનસમાજના મોટા ભાગને કથનનો આ પ્રકાર રોચક ને અસરકારક નીવડે છે. એ વાત છે આ પ્રમાણે :

'એક બાવરો બેસાર્યો વળી વહાણે રે,
માન્યું મૂરખ હું પડ્યો બંદીખાને રે.
ચઢયો ફેર ને દીઠું છે સર્વે ફરતું રે,
માન્યું મનમાં જે પાર્યો હવે મરતું રે.
થયો આકરો અભાગી લાગી લેરી રે,
ખરા ખારવા વિશેષ જાણ્યા વેરી રે.
ચડી દોલ ને દીઠું છે દુઃખદાઈ રે,
મારી ઠેક છેક પડયો પાણી માંઈ રે.'

સંસાર તે સમુદ્ર, બાવરો તે મંદમતિ જીવ, વહાણ તે સંતજનબોધ, ખારવા—સંતજનો પોતે—આવો મઝાનો યોગ સાંપડ્યો, સંસારસમુદ્રને સુખે પાર કરવાની અનુકૂળતા સાંપડી, તોપણ મૂઢ જીવ તેનો યોગ્ય લાભ ઉઠાવતો નથી અને :

'તજી સુખ પડ્યો દધિદુઃખ માંઈ રે,
એ પ્રકારમાં ન જાય કચાઈ રે.
સર્વે સુખદુઃખ વહાણનું જો સહિયે રે.
કહે નિષ્કુળાનંદ પાર થઇયે રે.'

મૂર્ખાને હાથ મણિ ચઢતાં, ચાખી—સૂંઘી ગળ્યો ન લાગતાં ફેંકી દે છે તે પદનાં દૃષ્ટાંતો પણ વિવિધ ને સચોટ છે.

અને પ્રાચીન કે મધ્યકાલીન કવિઓની પૌરાણિક અનેક ઉદાહરણ આપવાની દૃષ્ટાંત-પદ્ધતિ પણ નિષ્કુળાનંદની જોશીલી, ઓજ-ઓપયુક્ત, સરળ, પ્રાસાદિક વાણી-શૈલીમાં કેવી ધારી અસર ઉપજાવે છે!

માયાની પ્રબળતા બતાવતાં કહે છે :

'બ્રહ્મા સરખાને જેણે જો ભોળાવ્યા રે,
શિવ સરખાને જેણે જો ડોલાવ્યા રે.
જેણે એકલશૃંગીને અંધ કીધો રે,
જેણે પરાશર પકડીને લીધો રે.

આચાર્યશ્રી હેમચંદ્ર

*

કુ. સરોજ ન. પરીખ

'સિદ્ધહેમ,' 'લિંગાનુશાસન,' 'ધાતુપારા-યણ,' 'કાવ્યાનુશાસન,' 'છંદાનુશાસન,' 'અભિધાન-ચિંતામણિ,' 'નિઘંટુકોશ,' 'દેશીનામમાળા,' 'પ્રમાણમીમાંસા' અને 'યોગશાસ્ત્ર' જેવા એક-એકથી ચઢિયાતા એવા શાસ્ત્રીય ગ્રંથો; ... 'મહાદેવસ્તોત્ર' સમા પરધર્મ પર સ્તોત્ર રચનાર, કલિકાળસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રને ... શિક્ષિત ગુજરાતી નહીં પિછાનતો હોય? અગાધ બુદ્ધિમત્તા, પ્રતિભા ને ઊંડા જ્ઞાનથી વિભૂષિત ... પ્રખર પંડિતે વિક્રમની ૧૨–૧૩મી સદીમાં કેવળ ગુજરાતમાં જ નહીં, હિંદભરમાં અપૂર્વ વિદ્વતાને પ્રતાપે નામના પ્રાપ્ત કરી છે. ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરમાં એમનો હિસ્સો નાનોસૂનો નથી. એમની સર્વતોમુખી પ્રતિભાનું અહીં આછું દર્શન કરાવવામાં આવ્યું છે.

વિક્રમના ૧૨–૧૩મા સૈકામાં થયેલા હેમચંદ્રાચાર્યનો સમય ગુજરાતના રાજકીય તેમ જ સાહિત્યકીય ઇતિહાસમાં તેજસ્વી પ્રકરણો સરજી જાય છે. રાજનીતિજ્ઞતા, વ્યવહારકુશળતા અને બહુશ્રુતતાથી સંપન્ન એવી આચાર્ય હેમચંદ્રની અગાધ વિદ્વત્તા જોઈને આ એક પ્રાચીન ભારતીય સાહિત્યાચાર્યને 'જ્ઞાનનો મહાસાગર' અથવા કલિકાલસર્વજ્ઞનું બિરુદ આશ્ચર્યથી ઊભરાતી લાગણી સાથે જૈનોએ આપેલું તે ડૉ. પીટર્સન ... એક પાશ્ચાત્ય વિદ્વાને પણ સ્વીકાર્યું છે.

ધંધુકાના પાહિની (કેટલાકના મતે ચાહિ... નામ છે) અને ચાચીગ નામનાં મોઢ ... માતાપિતાને ત્યાં કાર્તિક સુદ પૂર્ણિમા, સંવત ૧૧૪૫ના દિવસે જન્મેલો ... ચાંગદેવ ૮ વર્ષની વયે પ્રસિદ્ધ જૈન ... દેવચંદ્ર પાસે ખંભાતમાં સાધુત્વની દીક્ષા લે છે. ૨૧ વર્ષની યુવાનવયે નાગોર...

> કીધું નારદ તણું તે સુખ કાળું રે,
> ઋષિ શૌભરિ તણું તે તપ ટાળ્યું રે.
> જેણે અંધ તે અસુરકૂળ કીધું રે,
> કહી અમૃત જો વિખ દીધું રે.
> જેણે રાવણ તણું કુળ ખોયું રે,
> ત્યાં તારું તે મન કેમ મોહ્યું રે!
> લીધું દુઃખને અલ્પ સુખ સાટે રે.
> કહે નિષ્કુળાનંદ તે માટે રે.'

જેમ પ્રભાતિયાં નરસિંહનાં, પ્રેમપદ મીરાંનાં, આખ્યાનો પ્રેમાનંદનાં, છપ્પા અખાના, સાંસારિક વાર્તાઓ શામળની, ગરબીઓ દયારામની, ગરબા વલ્લભભટ્ટના, કક્કો પ્રીતમનો, મહિના રત્નાના, રાસ ન્હાનાલાલના, ગૃહભાવની કવિતા બોટાદકરની, પ્રકૃતિ–કવિતા નરસિંહરાવની, ... કાવ્યો 'કાન્ત'નાં; સ્નેહકાવતા કલાપી... અર્થઘનકવિતા ઠાકોરની તે જ રીતે વૈ... કવિતા નિષ્કુળાનંદની.

સ્વામીનારાયણ સંપ્રદાયની દીક્ષા, ... બીજા કવિઓની બાબતમાં કુંટલેક ... મર્યાદા બની છે તેમ નિષ્કુળાનંદની બાબ... ખરેખર એક વિશેષતા બની રહી છે. ... સાંપ્રદાયિક મર્યાદાઓનાં કવચ ભેદી ... સમભાવ ને વેધક કલ્પનાથી, શિવ, ... ને સત્યનું ગાન ગાવામાં કવિપ્રતિભાનો ... ગણાવો જોઈએ. આજે તો, વૈરાગ્ય-... ને કુળ ત્યજી નિષ્કુળાનંદ થયેલ આ ... બંને જાણે પર્યાયવાચી શબ્દ ન હોય!

★

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

હેમચંદ્ર નામ ધારણ કરીને આચાર્યપદ પ્રાપ્ત કરે છે. ત્યારપછી અણહિલપુર પાટણના મહત્ત્વાકાંક્ષી રાજા સિદ્ધરાજ જયસિંહના મિત્ર બને છે. આચાર્ય હેમચંદ્ર અણહિલપુર પાટણમાં ક્યારે આવ્યા અને સિદ્ધરાજની મિત્રતા કેવી રીતે પ્રાપ્ત કરી તે વિષે કોઈ પણ જાતનો વિશ્વસનીય ઉલ્લેખ મળતો નથી. પરંતુ ઉદા મહેતાના પુત્ર બાહડે રાજા કુમારપાલ સાથે આચાર્ય હેમચંદ્રનો પરિચય કરાવ્યો હતો, તેવી વિગત 'કુમારપાલ-પ્રતિબોધ'માં મળે છે. તે ઉપરથી એમ અનુમાન થઈ શકે કે કદાચ અધ્યયનકાલ દરમિયાન જ ઉદા મહેતાને કારણે હેમચંદ્ર અણહિલપુરમાં આવ્યા હશે. આ મિત્રતાનો દોર આચાર્ય હેમચંદ્ર છેક મરણ પર્યંત અણહિલપુર પાટણના રાજસિંહાસન સાથે જોડાયેલો રાખે છે; આથી સમસ્ત ગુજરાતને અનેક રીતે લાભ થાય છે.

આચાર્ય હેમચંદ્રનો સમય એક રીતે કહીએ તો ગુજરાતની ભૂમિ ઉપર સિદ્ધરાજ-કુમારપાલ જેવા સોલંકી યુગના અસાધારણ તેજસ્વી રાજાઓના શાસનકાળનો હતો. ગુજરાતનું સામ્રાજ્ય આ કાળ દરમિયાન અભૂતપૂર્વ વિસ્તાર પામે છે. વિદ્યાકલા, વાણિજ્ય, મુત્સદ્દીગીરી, શિલ્પ-સ્થાપત્ય વગેરે સર્વ ક્ષેત્રોમાં ગુજરાતીઓની સાર્વત્રિક પ્રગતિ થયેલી જણાય છે. આજે પણ એ કાળનાં શિલ્પ અને સ્થાપત્ય-કલાના અવશેષો સિદ્ધપુરના રુદ્ર મહાલય તથા પાટણના સહસ્રલિંગ તળાવના અવશેષોમાં જોવા મળે છે. એની વાણિજ્ય સંબંધી જાહોજલાલીની માહિતી પણ પરદેશી મુસાફરોનાં વર્ણનોમાંથી મળે છે અને આજે પણ વેપાર-ઉદ્યોગની બાબતમાં ગુજરાતીઓએ જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તે તેના પુરાવા તરીકે જણાવી શકાય એમ છે. પરંતુ આ બધા ઉપરાંત ગુર્જર પ્રજાના સંસ્કારક્ષેત્ર ઉપર આચાર્ય હેમચંદ્રના પ્રતિભાવન્ત પ્રભાવની અસર પડવાની શરૂઆત થઈ ચૂકી હતી તે લક્ષમાં રાખવા જેવી હકીકત છે.

હેમચંદ્રાચાર્ય એક વીતરાગી જૈન સૂરિ હોવા છતાં પ્રવૃત્તિવિમુખ નહોતા રહ્યા કે એમની પ્રવૃત્તિઓ જૈન ધર્મમાં જ રમી રહેનારી નહોતી. તે તો સર્વતોમુખી રહી હતી એમ તેમની અનેકવિધ પ્રવૃત્તિઓ જોતાં જણાય છે. તેમની ધર્મભાવના પણ સંકુચિત નહોતી. તેમની દૃષ્ટિ હંમેશ સર્વધર્મ તરફ—ખાસ કરીને તે વખતે પ્રવર્તમાન શૈવધર્મ તરફ—સમભાવ-ભરેલી જ જણાય છે. તેમના આવા વ્યક્તિત્વની છાપ તે વખતના સામાજિક, રાજકીય આર્થિક અને ધાર્મિક જીવન ઉપર પડેલી જણાય તો તેમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. જોકે આ અસર મુખ્યત્વે સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્ર ઉપર અને તેમાં યે ખાસ કરીને સિદ્ધરાજ કુમારપાલના ઉપર વિશેષ કરીને પડે છે: પરિણામે સિદ્ધરાજ ભગવાન સોમનાથનો પૂજક હોવા છતાં અને રાજ્યધર્મ શૈવધર્મ હોવા છતાં જૈનધર્મ તરફ સમભાવ રાખે છે. કુમારપાલના સમયમાં તો જૈનધર્મ ખૂબ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે.

ગુજરાતીઓ પ્રકૃતિથી જ પરધર્મીને પોતાનો કરી લેવાની વૃત્તિ દાખવે છે. આચાર્ય હેમચંદ્ર સર્વ તરફ સમાન દૃષ્ટિની જે પ્રેરણા પ્રજાજીવનમાં મૂકે છે તેને લીધે એ વૃત્તિ તે સમયે વધુ પ્રબળ બને છે. પરિણામે ગુજરાતીઓનું સામાજિક જીવન પરિવર્તન પામે છે અને એ રીતે ગુજરાતીઓની વિચારભૂમિકામાં પણ ક્રાન્તિ આવે છે. પૂ. બાપુજીની સર્વધર્મસમભાવની વિચારસરણીથી શું આજના સામાજિક, રાજકીય, આર્થિક કે ધાર્મિક જીવન ઉપર અસર થયેલી નથી જણાતી? તે જ પ્રમાણે તે સમયે બનેલું. પરંતુ તે ગુજરાત પૂરતું જ મર્યાદિત હતું. અને પૂ.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીના સમયે વધુ વિસ્તૃત ફલક ઉપર એની અસર ફેલાય છે, છતાં આ સર્વ કરતાં યે એક સાહિત્યાચાર્ય હેમચંદ્રાચાર્યનું સ્થાન અનન્ય છે.

ગુજરાતમાં જ નહિ બલકે સમસ્ત ભારત-વર્ષના ઇતિહાસમાં આચાર્ય હેમચંદ્રનું સ્થાન એક સાહિત્યાચાર્ય તરીકે પણ અત્યંત ગૌરવભર્યું છે. માલવપ્રજા અને ગુર્જર પ્રજાની રાજકીય સ્પર્ધામાંથી સાહિત્યકીય સ્પર્ધા જન્મે છે. તેના પરિપાકરૂપે સિદ્ધરાજ જયસિંહની વિનતિથી હેમચંદ્ર 'સિદ્ધહેમ' નામનો વ્યાકરણનો ગ્રંથ આપણને આપે છે. ત્રણસો લહિયાઓને બેસાડીને રાજા તેની સેંકડો પ્રતો કરાવી દેશપરદેશ મોકલાવે છે. આ ગ્રંથ પૂર્ણ થયો ત્યારે રાજાએ તેને હાથીની અંબાડીમાં મૂકીને આખા યે અણહિલપુરમાં સરઘસઆકારે ફેરવીને તેનું તથા તેના રચનાર આચાર્ય હેમચંદ્રનું બહુમાન કર્યું હતું. આ ગ્રંથ આઠ અધ્યાયનો બનેલો છે. પહેલા સાત અધ્યાય સંસ્કૃતમાં અને આઠમો અધ્યાય પ્રાકૃત અથવા અપભ્રંશ ભાષામાં છે.

આ ઉપરથી એ પણ સાબિત થાય છે કે તેઓ સંસ્કૃત ભાષાને માન આપતા હશે; અને આઠમો અધ્યાય જે પ્રાકૃતમાં અથવા અપભ્રંશ ભાષામાં છે તેથી ગુજરાતી ભાષાની દૃષ્ટિએ આજે પણ એ ગ્રંથ બહુ જ ઉપયોગી પુરવાર થઈ ચૂક્યો છે; કારણકે અપભ્રંશ ભાષાને અર્વાચીન બોલીઓની માતા તરીકે ગણવામાં આવે છે અને તેનું મૂળભૂત સ્વરૂપ એમાં સાચવી રાખવામાં આવ્યું છે. તે ઉપરાંત આ જ અધ્યાયમાં અનેક સુભાષિતો પ્રાકૃત અથવા અપભ્રંશ ભાષામાં મળે છે. તેમાં કેટલાંકમાં શૃંગાર, કેટલાંકમાં વીરરસ, તો કેટલાંકમાં સ્વદેશાભિમાન નજરે પડે છે, અને કેટલાંક બોધપ્રધાન પણ છે. બીજા કેટલા ય વિષયો પર પણ આ અધ્યાયમાં સુભાષિતો સંગ્રહવામાં આવેલાં છે. અહીં એમાંનું શૃંગારરસ આલેખતું સુભાષિત જોઈશું.

ઢોલ્લા સામળુ ધણણુ ચંપા વણ્ણી,
ણાંઈ સુવણ્ણ રેહ કસવટ્ટઈ દીણ્ણી.

'(રંગે) નાયક શ્યામળ, નારી ચંપકવર્ણી, કસપટ્ટીપર સોહતી, જાણે રેખ સુવર્ણ.'

આ ગ્રંથ દ્વારા આચાર્ય હેમચંદ્રની કીર્તિની સુવાસ એક વિદ્વાન પંડિત તરીકે દૂરદૂર સુધી ફેલાઈ. આ ઉપરાંત વ્યાકરણ ગ્રંથોમાં 'લિંગાનુશાસન' 'ધાતુપારાયણ'ને ગણાવી શકાય. હેમચંદ્રાચાર્યની સર્વતોમુખી પ્રતિભા આ વ્યાકરણ ગ્રંથો લખીને જ અટકી નથી. 'કાવ્યાનુશાસન' જેવો અલંકાર છંદોની સમાલોચના કરતો 'છંદોનુશાસન' જેવો ગ્રંથ, અને એ જમાનામાં ... ગણાય અને આજે પણ આપણને ... બધી સગવડો હોવા છતાં મુશ્કેલ ... તેવો ગ્રંથ 'અભિધાનચિંતામણિ', ' ... કાર્થ સંગ્રહ,' 'નિઘંટુકોશ,' તથા ' ... નામમાલા' જેવા શબ્દકોશો તે ... છે. આ ઉપરાંત પણ 'પ્રમાણમીમાંસા' અને 'યોગશાસ્ત્ર' જેવા ગહન શાસ્ત્રીય વિષયો ઉપર પણ તેમણે લખ્યા છે. 'મહાદેવસ્તોત્ર' નામનો ... એક જૈન સૂરિ હોવા છતાં હેમચંદ્રે ... છે. 'ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર' જેવો ... આપણને કવિત્વયુક્ત ચરિત્ર પણ આ ... ઇતિહાસની દૃષ્ટિએ જેનું બહુ મૂલ્ય ... 'દ્વયાશ્રય' નામનો ગ્રંથ ચૌલુક્યોનો ... પાલ સુધીનો સિલસિલાબંધ ઇતિ... આપણને આપે છે. જો કે આ ગ્રંથમાં ... એની જે પ્રશંસા કરવામાં આવી છે તે ... આપણને ન રુચે તેવા પ્રકારની છે. ... એક સર્જક તરીકે હેમચંદ્ર આચાર્ય ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા છતાં તે વખતે પ્રચલિત એવી સમયની મર્યાદાઓને તેઓ દૂર કરી શકતા નથી.

આવા એક વિદ્વાન અને પ્રતિભાસંપન્ન આચાર્યની આસપાસ વિદ્યાપ્રેમી શિષ્યમંડળ એકઠું થાય જ. તેમના પટ્ટશિષ્યનું નામ રામચંદ્રસૂરિ હતું. એમને વિષે આજે કંઈ પણ માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ બાર-તેર નાટકો આ રામચંદ્રસૂરિનાં રચેલાં હોય એમ મનાય છે. તેમાંનું 'નલવિલાસ' એક છે. આ રામચંદ્રસૂરિએ રસને પહેલી જ વાર सुखदुःखात्मको रसः એ પ્રમાણે વર્ણવ્યો છે. તેમની દૃષ્ટિ વાસ્તવવાદી હોય એમ તેમના લખાણ ઉપરથી જણાય છે. હિંદભરમાં આ સૂરિ પણ એક વિદ્વાન તરીકે વિખ્યાત છે. બીજા શિષ્યોમાં મુખ્યત્વે કરીને ગુણચંદ્ર, મહેન્દ્રસૂરિ, વર્ધમાન ગણિ, દેવચંદ્ર, ઉદયચંદ્ર, યશચંદ્ર, બાલચંદ્ર વગેરેને ગણાવવામાં આવે છે. પરંતુ ગુજરાતી પ્રજાનું એ એક કમનસીબ છે કે આ સર્વ શિષ્યોના વિષે કોઈ પણ જાતની ચોક્કસ માહિતી આજે ઉપલબ્ધ નથી. જે કંઈ થોડીઘણી અહીંતહીં છૂટીછવાઈ વેરાયેલી પડી છે તે જોતાં એ વાત ચોક્કસ છે, કે આ બધાએ સાહિત્યમાં આપેલો ફાળો નાનોસૂનો નથી; અને હેમચંદ્રાચાર્યની અગાધ વિદ્વત્તા તેમના આ શિષ્યમંડળમાં પણ ઊતરેલી જણાય છે.

ગુજરાતની 'અસ્મિતા'ને તેજોમય કરી ગુજરાતીઓનાં મહત્તા અને ગૌરવ ઉત્પન્ન કરનાર જ્યોતિર્ધરનું કાર્ય સોલંકી યુગના તેજસ્વી સમયમાં આચાર્ય હેમચંદ્ર કરે છે. આચાર્ય હેમચંદ્ર વિના ગુજરાતી ભાષાનો ઇતિહાસ અપૂર્ણ ને અ-કિંચન લાગે છે. અદ્યાપિ પર્યંત જે પ્રેરણાનાં પાન ગુજરાતી પ્રજાએ કર્યાં છે તે આચાર્ય હેમચંદ્ર વિના કદાચ સંભવિત ન બનત. હેમચંદ્ર માનવ તરીકે તો મહાન જ હતા; પરંતુ સંસ્કારદૃષ્ટા તરીકે તો એથીયે વધુ મહાન લાગે છે, પછી ભલે તે શ્રી. મુનશી જણાવે છે તે પ્રમાણે યોગી તરીકે એટલા મહાન ન હોય. તેમણે જે સાહિત્ય સર્જ્યું, પ્રજાજીવનમાં નવજીવનની ઉષ્મા ઉત્પન્ન કરી તે ઠેઠ હમણાં સુધી ગુજરાતી પ્રજાની નસેનસમાં વહી રહી છે. પંડિત શિવદત્ત સાચું જ લખે છે:

'સંસ્કૃત સાહિત્ય ઔર વિક્રમાદિત્ય કે ઇતિહાસ મેં જો સ્થાન કાલિદાસ કા ઔર શ્રી હર્ષ કે દરબારમેં બાણભટ્ટકા હૈ, પ્રાયઃ વહી સ્થાન ઈસાકી બારહવી શતાબ્દિમેં ચૌલુક્ય વંશોદ્ભવ સુપ્રસિદ્ધ ગુર્જર નરેંદ્ર શિરોમણિ સિદ્ધરાજ જયસિંહ કે ઇતિહાસ મેં હેમચંદ્રકા હૈ.'

આ રીતે ગુજરાતને ૧૨-૧૩મા સૈકામાં એક એવી વ્યક્તિ પ્રાપ્ત થાય છે કે જેનામાં જ્ઞાન, ભક્તિ અને માનવતાનો ત્રિવેણી સંગમ થયેલો જણાય છે.

✿

વિજ્ઞાનશિક્ષકે તે વિષયમાં કાચા વીરેંદ્રને વિજ્ઞાનનો પાઠ પંદર વખત લખી લાવવાની સજા કરી હતી, પણ નોટબૂક જોતા જ એ ક્રોધે ભરાયા.

'અલ્યા વીરેંદ્ર,' વિજ્ઞાનશિક્ષકે કહ્યું, 'તને મેં વિજ્ઞાનનો પાઠ પંદર વખત લખી લાવવાનું કહ્યું હતું છતા અહીં તો તેં બાર જ વખત લખ્યો છે.'

જરાક શરમાતો પણ હસતો વીરેંદ્ર બોલ્યો:

'સાહેબ મારું વિજ્ઞાન જ કાચું છે એમ નથી, ગણિત પણ કાચું છે!'

૬

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટ્રોલિયમ

શ્રી ગોવિંદ એસ. મેવાડા

બી. એસસી.

ભૂમિના પેટાળમાંથી જે ખનીજ દ્રવ્યો આપણે મેળવ્યાં છે તેમાંનું એક છે પેટ્રોલિયમ. રોજિંદા જીવનમાં સહજ રીતે એ વાપરીએ છીએ, એમાંથી બનતી તેલની અનેક બનાવટોનો ઉપયોગ કરીએ છીએ ત્યારે એની પાછળના બોલતા ઇતિહાસ વિશે ભૂલી જઈએ છીએ. ઈ. સ. પૂર્વે બસો વર્ષથી શરૂ કરીને જે તેલની જગતને જાણ થઈ છે તેના ભુલાયેલા ભૂતકાળ અને રસિક વર્તમાનકાળની થોડીક ઝાંખી આ લેખ કરાવી જાય છે.

જૂના વખતમાં લાકડાં અને કોલસામાંથી શક્તિ ઉત્પન્ન કરવામાં આવતી હતી. અત્યારના જમાનામાં આપણે તેલ અને વાયુનો પણ બળતણ તરીકે ઉપયોગ કરી તેમાંથી શક્તિ મેળવીએ છીએ. તે એક જગ્યાએથી બીજી જગ્યાએ સહેલાઈથી નળીઓ દ્વારા મોકલી શકાય છે અને બાળવાથી રાખ કે મેશ નજીવા પ્રમાણમાં રહેતી હોવાથી તેનો ઉપયોગ ઘણો જ વધી ગયો છે. તેને શુદ્ધ કરતાં ઘણા કિંમતી પદાર્થો મળે છે.

રાસાયણિક દૃષ્ટિએ પેટ્રોલિયમ એ કાર્બન અને હાઈડ્રોજનમાંથી બનેલા સંયુક્ત પદાર્થો-(અં. હાઈડ્રોકાર્બન્સ)નું મિશ્રણ છે. તેને સળગાવવાથી તેના અણુઓમાં સંચત થયેલી શક્તિ કેટલા પ્રમાણમાં બહાર આવે છે તે ઉપરથી તેની બળતણ તરીકેની કિંમત આંકી શકાય છે. જમીનમાં રહેલી અત્યંત ગરમી અને ઉપરના દબાણથી કાર્બન અને હાઇડ્રોજનના પરમાણુઓ (અં. એટમ્સ) ચોક્કસ પ્રમાણમાં મળી પેટ્રોલિયમ અને કુદરતી વાયુ (અં. નેચરલ ગેસ) બન્યાં હશે એમ પહેલાંના વખતમાં માનવામાં આવતું હતું. પરંતુ હવે એ ચોક્કસ થયું છે કે હજારો વર્ષ પહેલાં જમીનમાં દટાયેલા દરિયાઈ છોડવાઓ તથા પ્રાણીઓનું ગરમી અને દબાણથી વિઘટન (અં. ડિકંપોઝીશન) થઈ તેમાંથી પેટ્રોલિયમ બન્યું છે. તેના કેટલાક પુરાવા નીચેનાં પ્રમાણો મળી શકે છે:

આ સજીવ સૃષ્ટિએ પોતાના પોષણ અને વૃદ્ધિ માટેના શક્તિ સૂર્યપ્રકાશમાંથી મેળવેલી; અને એ સ્પષ્ટ છે કે તેમાંથી તૈયાર થયેલું પેટ્રોલિયમ બાળીને તેમાં સૂર્યની હજારો વર્ષ પહેલાં સંઘરાઇ રહેલી શક્તિ છૂટી પાડીએ છીએ. બીજું, જ્યારે હાઈડ્રો-કાર્બન્સ પૂરેપૂરા બળે છે ત્યારે કાર્બન ડાયોક્સાઈડ અને પાણી બનાવે છે. આ બન્નેમાંથી વનસ્પતિ સૂર્યપ્રકાશમાં પોતાનો ખોરાક તૈયાર કરે છે. વળી દરિયાને તળિયે દટાઈ થયેલાં મૃત પ્રાણીઓના દેહો તથા દરિયાઈ છોડવાઓમાંથી કૃત્રિમ રીતે પ્રયોગશાળામાં પણ પેટ્રોલિયમ મેળવી શકાય છે.

ઘણાં વર્ષોથી દુનિયા પેટ્રોલિયમને જાણે છે. ઘણી જગ્યાએ પૃથ્વીની સપાટી ઉપર તે ધસી આવે છે. ઈ. સ. પૂર્વે ૨૦૦ વર્ષ પહેલાં ચીનના લોકોએ ૩૫૦૦ ફૂટ ઊંડાઈએથી પેટ્રોલિયમ મેળવેલું. બેબીલોનના લોકો પણ તેને જાણતા હતા, અને જમીનમાંથી મળી આવતા આસ્ફાલ્ટનો મકાનો અને પથ્થર જડવાના કામમાં સીમેન્ટની જેમ ઉપયોગ કરતા હતા. ઈજીપ્તના લોકો રાજાઓના મૃત દેહો સંઘરી રાખવા આસ્ફાલ્ટ વાપરતા. તેરમી સદીના મહાન મુસાફર માર્કો પોલો બાકુના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...આપે છે: અત્યારે ...કૂવાઓની માહિતી આપે છે: અત્યારે ...ાકુના પ્રદેશમાં તેલના લાખો કૂવાઓ છે. ...ાતમા સૈકામાં ન્યૂયોર્ક અને પેન્સિલવેનિયા- ...ાં તેલના કૂવા હોવાનું જાણવા મળે છે.

ઓગણીસમી સદીમાં કમ્બરલેન્ડ(અમે- ...રિકા)માં પાણી માટે ખોદકામ કરતાંકરતાં ...ગર્ભમાં પડેલા તેલના આ અગણિત ...ંડારો હાથ લાગેલા. શરૂઆતમાં તે ...અમેરિકન મેડિકલ ઑઈલ ' તરીકે વેચાતું; ...રંતુ એક વખત કમ્બરલેન્ડની એક નદીમાં ...ાવું કેટલુંક તેલ તરતું હતું તેને અચાનક ...આગ લાગતાં આખી નદીમાં આગ લાગી; ...ારબાદ તેનો બળતણ તરીકેનો ઉપયોગ ...ણવામાં આવ્યો. આ પ્રમાણે જોકે પેટ્રો- ...લિયમ ઘણાં વર્ષોથી જાણીતું હતું છતાં તેનો ...બળતણ તરીકેનો ઉપયોગ આજથી સો ...ર્ષ પહેલાં જ અસ્તિત્વમાં આવ્યો. ૧૮૫૯- ...કર્નલ ડ્રેઇકે જમીનમાં ૬૯ ફૂટ ઊંડો ...પાઈપ ઉતાર્યો કે તરત જ તેલ ઉપર ધસી ...આવ્યું. ત્યારબાદ ઘણી જગ્યાએ શોધ થઈ ...ને પુષ્કળ પ્રમાણમાં તેલના કૂવાઓ મળી ...આવ્યા. કર્નલ ડ્રેઈકના કૂવામાંથી હંમેશનું ...પીપ પ્રમાણે એક વર્ષ સુધી તેલ મળ્યું; ...ારબાદ તેનું પ્રમાણ ઘટતું ચાલ્યું. હવે તો ...બે માઈલ પણ ઊંડા તેલના કૂવાઓ ...છે. ઈ. સ. ૧૯૪૪માં ૧૬૦૦૦ ફૂટ (ત્રણ ...માઈલ) ઊંડો કૂવો ખોદવામાં આવેલો. ...અમેરિકામાં આવેલા સૌથી મોટા તેલના ...કૂવાઓ જ્યારે ૧૯૧૬માં બંધ કર્યા ત્યારે ...રોજના ૨૬૦૦૦ પીપ તેલ આપતા હતા.

આજે દુનિયાના ઘણા ભાગો (અમેરિકા, ...મેક્સિકો, આર્જેન્ટિના, પેરુ, કોલંબીઆ, ...રશિયા, રુમાનીઆ, ઈરાન, બ્રહ્મદેશ વગેરે)- ...માં તેલ નીકળે છે. ૧૯૪૪માં દુનિયામાં ...કુલ ઉત્પાદન ૨૬૨૧૭૩૪૦૦૦ પીપ ...તે પૈકી ૬૭ ટકા એકલા અમેરિકામાંથી મળી આવેલું, જ્યારે હિંદમાંથી ફક્ત ૦.૧૨ ટકા (૩૦૦૦,૦૦૦ પીપ) મળી આવેલું.

ભૂસ્તરશાસ્ત્રીઓએ શોધી કાઢ્યું છે કે જમીનમાં જ્યાં બે સખત થરોની વચ્ચે છિદ્રાળુ (ચૂનો અને રેતીના પથ્થરવાળા) થર આવેલા હોય છે, ત્યાં વરસાદનું પાણી જમીનમાં જઈ પેટ્રોલિયમ એકઠું કરે છે. આવા થરો ઊંધી પાડેલી રકાબી જેવા ઘુંમટ આકારે જમીનમાં ગોઠવાયેલા હોય છે. તેના ઉપરના ભાગમાં પેટ્રોલિયમમાં ઓગળેલા હલકા વાયુઓ ભેગા થાય છે. છેક નીચે ક્ષારવાળું તથા કેટલીક વખત ગંધકવાળું પાણી હોય છે. જ્યારે વચ્ચે પેટ્રોલિયમ હોય છે. તેથી જ્યારે કૂવો ખોદતાં પહેલાં કુદરતી વાયુ મળી આવે તો તેલ માટે થોડું ખોદાણ બાકી છે અને ક્ષારવાળું પાણી મળી આવે તો તેલ બાજુમાં રહી ગયું છે એમ અનુ- માન કરી શકાય. ભૂસ્તરશાસ્ત્રીઓ જમીનમાં સુરંગ ફોડી જમીનમાંથી પરાવર્તન પામતાં અવાજનાં આંદોલનોનો અભ્યાસ કરી તથા બીજાં કેટલાંક સાધનોનો ઉપયોગ કરી કઈ જગ્યાએ કેટલું ખોદવાથી કેટલા પ્રમાણમાં તેલ મળી આવશે એ જાણી શકે છે.

જમીનમાં છથી આઠ ઇંચના વ્યાસનો પાઈપ ઉતારવામાં આવે છે અને જ્યારે તેનો નીચેનો છેડો તેલની સપાટીમાં પહોંચી જાય છે ત્યારે ઉપર રહેલા કુદરતી વાયુના દબાણ- થી પાઈપ વાટે તેલ જમીન ઉપર આવે છે. વાયુનું દબાણ અપૂરતું હોય તો પંપની મદદથી તેલ ઉપર ખેંચી લાવવામાં આવે છે. કેટલીક વખત ફક્ત કુદરતી વાયુ જ મળી આવે છે. તેને પાઈપ દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રો તથા ઘર વપરાશ માટે નજીકના શહેરમાં પહોંચાડી ઉપયોગમાં લેવામાં આવે છે. ઘણી વખત કૂવાઓમાંથી તેલ કે વાયુ કશું જ નીકળતું નથી. તેવા કૂવાઓને ' ડસ્ટર '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(Duster) કહે છે. દર ત્રણ કૂવે એક ' ડસ્ટર ' નીકળે છે.

ઉપર જણાવ્યું તે ઉપરાંત માટીના દાણાદર રજકણોના બનેલા ખડકોમાં રજકણો વચ્ચે તેલ રહેલું હોય છે. તેને ' ઑઈલ શેલ્સ (oil Shales) ' કહે છે. દુનિયાના ઘણા ભાગોમાં તે પુષ્કળ પ્રમાણમાં આવેલાં છે. કૂવાની માફક તેમાંથી તેલ નીકળતું નથી પરંતુ ખડકોની માટીને મોટા બકપાત્રમાં ભરી તેને તપાવી તેલ મેળવી શકાય છે. આ પ્રમાણે આપણને લાગશે કે વિજ્ઞાનીઓ આવી રેતીમાંથી પણ તેલ મેળવતા થઈ ગયા છે. કોલોરેડો નદીના પ્રદેશમાં લગભગ ૧૫૦૦ ચોરસ માઈલના વિસ્તારમાં આવાં ઘણાં શેલ્સ આવેલાં છે અને એવી ગણતરી કરવામાં આવે છે કે તેના દર ચોરસ માઈલે ૨૪૦ લાખ પીપ તેલ મળી રહેશે. શેલ્સમાંથી તેલ મેળવવાની રીત બહુ ખર્ચાળ હોવાથી હાલમાં તેમાંથી બહુ ઓછા પ્રમાણમાં તેલ મેળવવામાં આવે છે; પરંતુ જ્યારે કૂવાઓના તેલનું પ્રમાણ ઓછું થશે ત્યારે શેલ્સનો ઉપયોગ વધશે. વળી તે સમય દરમિયાન વિજ્ઞાન બીજી કોઈ ઓછી ખર્ચાળ પદ્ધતિ શોધી કાઢે તે પણ બનવાજોગ છે.

પેટ્રોલિયમ ઘટ પ્રવાહી છે. ડચ ઈસ્ટ ઇન્ડિઝમાંથી નીકળતા પેટ્રોલિયમમાં ઓછા ઉત્કલન બિંદુ(અં. બોઈલિંગ પૉઈન્ટ)વાળા પ્રવાહીઓ હોવાથી તેને શુદ્ધ કર્યા વિના પણ પેટ્રોલની જગ્યાએ વાપરી શકાય. સાધારણ ઉષ્ણતામાને પેટ્રોલિયમમાં લગભગ બધી જ જાતના હાઈડ્રોકાર્બન્સ ઓછાવત્તા પ્રમાણમાં હોય છે.

પેટ્રોલિયમ ૧૮૫૯માં મળ્યું ત્યારપછી તેનો ઉપયોગ તેને નિસ્પંદ (અં. ડિસ્ટીલ) કરી તેમાંથી ઘાસતેલ મેળવવા પૂરતો મર્યાદિત હતો. ઘાસતેલ કાઢી લીધા પછી જે રહેતું તે ફેંકી દેવામાં આવતું. કેટલીક જ... નીકળતા પેટ્રોલિયમમાં ગંધક ... હોવાથી તેમાંથી મેળવેલું ઘાસતેલ બળ... સલ્ફર ડાયોકસાઈડ અને મર્કે... વાયુ નીકળતો હોવાથી તેનો વપરા... થયો. તેમાંથી ગંધક છૂટો પાડવાની બહુ જ મહેનત બાદ હર્મન ફ્રેશ(... ઑઈલ કંપનીના મુખ્ય રસાયણ... શોધી કાઢી. કેલિફોર્નિયા અને ટેક્સા... મળી આવેલા પેટ્રોલિયમમાં બહુ ... પ્રમાણમાં નાઈટ્રોજન રહેલો છે ... રહેલા કવીનોલીન, પારીડીન અને ટર્... ઈન્સને લીધે હોય છે. તે કંઈ હાનિ... વળી ઑકિસજન પણ ફીનોલ્સ, ... લ્ડેહાઈડ અને નેપ્થેલીક ઍસિડ... હોય છે. તે ઉપરાંત સીલીકા, ... કેલશ્યમ, એલ્યુમીનિયમ, ... નીકલ અને વેનેડિયમ ધાતુઓના ... ઈડ (ભસ્મ) હોય છે. વેનેડિયમ ... પેટ્રોલિયમમાંથી મેળવવામાં આવે ...

પેટ્રોલિયમ ભિન્નભિન્ન છતાં ... ઉત્કલનબિંદુઓવાળા હાઈડ્રોકાર્બન્સ... ણ હોવાથી તેને અમુક જ ઉષ્ણતા... કરવાથી ચોક્કસ પ્રમાણનો એક ... છૂટો પાડી શકાય છે. આ પ્રમાણે ... ઉષ્ણતામાને તેમાંથી લગભગ બધા ... છૂટા કરી શકાય. આ ક્રિયાને ' ... નિસ્પંદીકરણ ' કહે છે.

ક્રૂડ ઑઈલમાં રહેલાં પેટ્રો... અને ગંધકને દૂર કર્યા પછી તેને ... ઉકાળી તેની વરાળને મોટા ઊભા ' ... ટાવર 'ના નીચેના છેડાથી દાખ... આવે છે. જેમજેમ વરાળ ઊંચે ... છે તેમતેમ સ્વાભાવિક રીતે તે ... જાય છે. નીચે તેનું ઉષ્ણતામાન ... ઉપરાંત હોય છે; છેક મથાળે તે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સે. થઈ જાય છે. 'ફ્રેકશનોટિંગ ટાવર'માં ગણતરી કરેલા અમુક અંતરે ખાસ પ્રકારની છાજલીઓ ગોઠવેલી હોય છે. તેમાં અમુક ચોક્કસ ઉષ્ણતામાને ખાસ પ્રકારનો એક જ પદાર્થ વરાળમાંથી પ્રવાહીરૂપે બદલાઈ તેને જોડેલી બહારની નળી વાટે એક જુદા પાત્રમાં ભેગો થાય છે. આ પ્રમાણે ૪૦° સે. થી ૨૧૦° સે. સુધી છેક ઉપરના ભાગમાંથી પેટ્રોલ, ૧૭૫° સે. થી ૩૦૦° સે. સુધીમાં ઘાસતેલ, ૨૨૫° સે. થી ૩૭૫° સે. સુધીમાં વચ્ચેના ભાગમાંથી બળતણ માટેનું તેલ (ક્રૂડ ઑઈલ અથવા ડીઝલ ઑઈલ) અને ૩૫૦° સે. ઉપરાંત નીચેના ભાગમાંથી લુબ્રિકેટિંગ ઑઈલ, વેસેલીન અને મીણ છૂટું પડે છે. છેક તળિયેથી ડામર નીકળે છે. આ દરેકને પાછળથી શુદ્ધ કરવાનાં તો રહે છે જ.

અમુક પ્રમાણભૂત એંજિનના લઠ્ઠા (અં. પિસ્ટ)ને સારામાં સારો પ્રતિરોધ આપે તે પેટ્રોલ ઉત્તમ કહેવાય. સારા એંજિનમાં પણ હલકા પ્રતિરોધવાળું પેટ્રોલ વાપરવાથી એંજિન વધુ અવાજ કરે છે અને ઓછી કાર્યશક્તિ આપે છે. પેટ્રોલમાં (અં. ટેટ્રાઈથાઈલ લેડ) અને થોડા પ્રમાણમાં (અ. ઈથીલીન ડાયબ્રોમાઇડ) ઉમેરવાથી તે સારો પ્રતિરોધ આપે છે. પ્રતિરોધ પેટ્રોલની 'ઓકટેન રેટિંગ' સંખ્યા પરથી જાણી શકાય છે. જેમ તે સંખ્યા મોટી તેમ પેટ્રોલ સારું. મોટર માટે ઓ. રે. સંખ્યા ૮૦નું પેટ્રોલ સારું ગણાય છે. જ્યારે વિમાન માટે ૧૦૦ કે તેથી ઊંચી સંખ્યાનું સારું ગણાય છે.

નિસ્પંદ થઈને સીધું મળેલું પેટ્રોલ ૧૫ થી ૭૦ ઓ. રે. નું હોય છે. જે મોટર કે વિમાન માટે નકામું હોવાથી તેને દબાણ સાથે ૫૦૦° સે. સુધી ગરમ કરી તેની ઓ. રે. સંખ્યા વધારી શકાય છે. આ ક્રિયા દરમિયાન મોટા અણુઓ ($C_{12}H_{22}$) ભાંગી મધ્યમ આકારનાં (C_6H_{14} Hexane) બને છે. તથા બ્રાન્ચ-ચેઇનવાળા અને પૂરા નહીં ભળેલા હાઈડ્રોકાર્બન્સનું પ્રમાણ પણ વધે છે, જે સારા ઓ. રે. માટે અગત્યના છે. આ ક્રિયા દરમિયાન જો સીલીકા અથવા એલ્યુમિનાને ઉદ્દીપક (અં. કેટાલીસ્ટ) તરીકે વાપર્યું હોય તો સૌથી ઉત્તમ પેટ્રોલ મેળવી શકાય. આ ક્રિયામાં બેન્ઝીન અને ટોલ્યુઈન નામના પદાર્થો મળે છે. તે પેટ્રોલમાં રહે તો તેની ઓ. રે. સંખ્યા ઊંચી રહે છે; અથવા તેને છૂટા પાડી બીજી અગત્યની બનાવટોમાં ઉપયોગમાં લઈ શકાય છે. દાખલા તરીકે ટોલ્યુઈનમાંથી ટ્રાઈનાઈટ્રો ટોલ્યુઈન (T. N. T.) નામનો અત્યંત સ્ફોટક પદાર્થ બનાવી શકાય છે.

ઉડ્ડયનને લાયક ૧૦૦ ઓ-રે-નું પેટ્રોલ 'આલ્કીલેશન પદ્ધતિ'થી બનાવી શકાય છે. આ પદ્ધતિમાં જેના અણુઓમાં કાર્બનના પરમાણુઓ સીધી સાંકળરૂપે જોડાયેલા હોય છે તેવા હાઇડ્રોકાર્બન્સને ઉદ્દીપકની હાજરીમાં નહિ ઓગળેલા હાઇડ્રોકાર્બન્સ સાથે દબાણ નીચે ગરમ કરવામાં આવે છે એટલે ઉત્તમ ઓ-રે-વાળા હાઈડ્રોકાર્બન્સ બને છે. આવા પેટ્રોલને ઓછા ઓ-રે-વાળા પેટ્રોલ સાથે ગણતરી કરેલા પ્રમાણમાં મેળવી જુદા-જુદા ખાસ ઉપયોગો માટેનું પેટ્રોલ બનાવી શકાય છે. ઓ. રે. ઉપરાંત નીચે પ્રમાણેની બીજી કેટલીક બાબતો છે, જેના ઉપર સારું પેટ્રોલ બહુ આધાર રાખે છે:

૧. પેટ્રોલ બળવાથી ગુંદર જેવો ચીકણો પદાર્થ ન રહેવો જોઈએ, કારણકે તે યંત્રની ગરમીમાંથી બળી જઈ યંત્રના ભાગોમાં સજ્જડ ચોંટી જાય છે.

૨. યંત્રની ધાતુને કાટ ચઢાવે તેવા પદાર્થો તેમાં ન હોવા જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. તેમાં રહેલા હાઈડ્રોકાર્બન્સ નીચા ઉત્કલન બિંદુવાળા હોવા જોઈએ, જેથી સખત ઠંડીમાં પણ યંત્ર ચલાવી શકાય. તે બહુ જ ઓછા ઉત્કલન બિંદુવાળા પણ ન હોવા જોઈએ, કારણકે ગરમીમાં તે ટાંકીની અંદર વાયુરૂપે બદલાઈ જઈ પેટ્રોલ સાથે યંત્રના કાર્બુરેટરમાં જાય છે ને તેથી ઓછા પ્રમાણમાં પેટ્રોલ જતું હોવાથી યંત્ર કાંતો બંધ પડે છે અથવા તેની ગતિ ઓછી ગઈ જાય છે. આ સ્થિતિને 'વેપર લૉક' (**Vapour lock**) કહે છે.

પેટ્રોલમાંથી લગભગ ૪૫ ટકા જેટલું પેટ્રોલ છૂટું પાડી લીધા બાદ ઘાસતેલ મળે છે. તેનું પ્રમાણ પાંચ ટકા જેટલું હોય છે. ઘાસતેલ એ પેરાફીન, નેપ્થેન અને એરોમેટિક હાઈડ્રોકાર્બન્સનું મિશ્રણ છે, શુદ્ધ ઘાસતેલ રંગવિનાનું હોય છે; તેનું ઉત્કલન બિંદુ ૧૪૫°–૨૩૦° સે. વચ્ચે હોય છે. ઘાસતેલ પછી ૪૨ ટકા ક્રૂડ ઑઈલ મળે છે. ઘણાં વર્ષો સુધી તેને ફેંકી દેવામાં આવતું હતું, પરંતુ તેને યંત્રમાં ફુવારાની માફક ઉડાડી સળગાવવાની શોધ થઈ ત્યારબાદ તેનો ઉપયોગ અસ્તિત્વમાં આવ્યો. હાલમાં ડિઝલ એંજિનોમાં તે વપરાય છે.

જર્મનીમાંથી પેટ્રોલિયમ બહુ જ ઓછા પ્રમાણમાં મળી આવતું હોવાથી બર્જીઅસ (**Bergius**) નામના એક જર્મન રસાયણશાસ્ત્રીએ કૃત્રિમ (**Synthetic**) પેટ્રોલની શોધ કરી. તેમાં કોલસાના ભૂકાને થોડા ઘટ્ટ પેટ્રોલિયમ અને હાઈડ્રોજન સાથે ઉદ્દીપકની હાજરીમાં દર ચો. ઇંચે ૩૦૦૦° રતલનું દબાણ કરી ૫૦૦° સે. સુધી ગરમ કરવામાં આવે છે; તેથી હાઈડ્રોજન અને કોલસાનો કાર્બન બંને રાસાયણિક રીતે સંયોજાઈ ... ઘણી જાતના હાઈડ્રોકાર્બન્સ બનાવે છે. ... બાદ ઇંગ્લૅન્ડે પણ તે પ્રમાણે પેટ્રોલ ... શરૂ કરેલું. પરંતુ જ્યારથી ઉદ્દીપકની ... 'વૉટર ગૅસ' (કાર્બન મોનોક્સાઈડ ... હાઈડ્રોજનના મિશ્રણવાળા સળગી શકે ... વાયુ)માંથી પેટ્રોલ બનાવવાની '... ટ્રૉશ' પદ્ધતિ હયાતીમાં આવી ત્યારથી ... અસની પદ્ધતિ પડતી મુકાઈ. આ નવી ... જોકે મોંઘી પડે છે પણ તેમાં સાધારણ ... હોય તો પણ નભાવી શકાય.

ફક્ત કાર્બન (C) અને હાઈડ્રોજન ... નામનાં બે જ તત્ત્વોમાંથી અ... રસાયણો બનેલાં છે તે પણ એક ... કારક બીના છે. આનું કારણ એ છે કે ... હાઈડ્રોજન સાથે નાનામાં નાની (... મીથેઇન)થી મોટામાં મોટી (C 60 H ... સાંકળોવાળાં રસાયણો બનાવે છે. ઘણી ... આવી સાંકળોમાં શાખાઓ પણ હો... વળી કાર્બનના પરમાણુઓ ષટ્કોણ ... પણ ગોઠવાઈ જાય છે. કેટલીક વખત ... પ્રમાણમાં હાઈડ્રોજનના પરમાણુઓ ... પરમાણુઓ સાથે જોડાયેલા હોય છે. ... આ પ્રમાણે અસંખ્ય રીતે કાર્બન ... હાઈડ્રોજનના પરમાણુઓ જોડાઈ ... અને તેવી દરેક રીતે ચોક્કસ પ્રમાણ ... રસાયણ દર્શાવે છે, તેથી આવાં ... અસંખ્ય રસાયણો બની શકે તેમ છે. ... નાના લેખમાં પેટ્રોલિયમમાંથી બનતાં ... યણોનો ઉલ્લેખ કરવો અસ્થાને છે. ... થી લગભગ પાંચ લાખ જુદાંજુદાં ... મેળવવામાં આવ્યાં છે; અને ... છે કે પેટ્રોલિયમમાંથી તે કરતાં ... રસાયણો વિકસતું વિજ્ઞાન મેળવી ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંહિતા અને વિધિનિર્માણ

શ્રી પ્રબોધચંદ્ર માધવલાલ વૈદ્ય

સદીઓ પહેલાં તાડપત્રો પર લખાયેલી સંહિતાઓ એવા તે કયા વૈજ્ઞાનિક સિદ્ધાંતને અનુસરી લખાઈ હશે કે આજે ય એ તાડપત્ર એવાં ને એવાં જ રહ્યાં છે? એની રચના એવા તે કયા મહાનુભાવોએ કરી હશે કે એમાંનું વક્તવ્ય આજે—આટલાં વર્ષો પછી પણ આપણા સંબંધમાં સાચું પડે છે? કઈ વિરલ સિદ્ધિનો એ પ્રતાપ હશે કે એક નહીં અનેકોને સત્ય કહી એણે મંત્રમુગ્ધ કર્યાં છે? અને જો એ રીતે સદીઓ અગાઉ એ આચાર્યો આપણું સાચું ભવિષ્ય ભાખી ગયા હોય તો પછી વિધિના નિર્માણનો ગીતાના કર્મફળના કાનૂનનો અર્થ ક્યાં રહ્યો? આજ પર્યંત અણસ્પર્શ્યા રહેલા આ વિષય પર તત્ત્વજ્ઞોએ પ્રકાશ પાડવો જોઈએ.

આ દુનિયાની શરૂઆત થઈ ત્યારથી અમુક ચર્ચાસ્પદ મુદ્દાઓ વિષે ભારે ગજગ્રાહ ચાલ્યા કરે છે. પ્રારબ્ધ અને પુરુષાર્થ વચ્ચેનો ઝઘડો પણ કંઈક આવા જ પ્રકારનો છે. આ ઝઘડાનો અંત આવે એવાં કાંઈ ચિહ્નો અત્યારસુધી દેખાતાં નહોતાં; પરંતુ તાડપત્રનાં પાનાં ઉપર સેંકડો વર્ષો ઉપર લખાયેલા સંહિતાગ્રંથો જ્યારથી બહાર આવવા માંડ્યા છે ત્યારથી એ પરિસ્થિતિમાં ઝડપી પરિવર્તન થતું જણાયું છે.

આ સંહિતાગ્રંથો વિષે કાંઈ પણ વિચારીએ તે પહેલાં તેની સામાન્ય માહિતી જાણવી જરૂરી છે. આજથી બસો, પાંચસો કે હજાર વર્ષો ઉપર તાડપત્ર ઉપર લખાયેલા આ ગ્રંથો હિંદુસ્તાનમાં એક બે નહિ પણ લગભગ ૨૩ની સંખ્યામાં છે એમ સાંભળ્યું છે. આ ગ્રંથો જ્યોતિષ વિદ્યાને આધારે લખાયેલા હોય તેમ પ્રથમ દૃષ્ટિએ જોતાં લાગે છે. આ સંહિતાઓમાં જુદીજુદી હજારો કુંડળીઓ અને તેનાં જાતક આપેલાં છે. વ્યક્તિગત જાતક—જો કે એમાં સમૂહગત ભાવિ પણ આવી જાય છે એ વસ્તુ આગળ ઉપર સ્પષ્ટ થશે—એટલાં તો સચોટ અને સર્વગ્રાહી હોય છે કે એક વખત તેનો જેને યોગ્ય અનુભવ થયો હોય તે માણસ વિચારમાં પડી ગયા સિવાય રહે નહિ. થોડાક દાખલાઓ આપણે જોઈએ.

રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ 'સત્યસંહિતા'માં પોતાનું જાતક ૧૯૩૧ની સાલમાં ખનાવેલું, તેનો ઉલ્લેખ તેમણે પોતાની આત્મકથામાં નીચે મુજબ કર્યો છે:

'પણ ઈ. સ. ૧૯૩૧માં સત્યસંહિતા નામના પુરાણા તાડપત્રના ગ્રંથમાં મારું જાતક વાંચ્યું ત્યારે હું જન્મ્યો તેની મને નવાઈ હતી તે ચાલી ગઈ. સેંકડો વર્ષ ઉપર સત્યાચાર્યે એ વાત જાણી લીધી હતી.

सुरासुरेज्यौ यदि कोणयातौ,
धराधिपे सोमसुते धनुर्ध्ये ।
वह्निधराजे मिथुने शशांके
मंदे कुलिरे झषलग्नजातः ॥
गृहखवसुशशांके याति शाके च वर्षे
दिनकृति गजचापे पूर्णिमायां तिथौ च ।
मृगुसुतदिवसे वै मीनलग्ने प्रजातो-
बहुधन बहुभोगी न्यायादर्शी समर्थः ॥

અંગ્રેજી સરકારની માફક હું પણ કહી શકું: તોબા છે હિંદના આ બ્રાહ્મણોથી! મને જન્મવાનું સ્વાતંત્ર્ય પણ ન રહેવા દીધું! આ રીતે હું–હું નથી, પણ હું માત્ર ગણિતશાસ્ત્ર ને જ્યોતિષનો નાનો નિર્જીવ બુદ્‌બુદ છું. રામ રામ!'

'ટેકરાના મુનશીઓ'માંથી

આ થયો શ્રીયુત મુનશીનો ઉલ્લેખ. બીજા પણ પુષ્કળ દાખલાઓ છે. મારા એક સંબંધી ડૉક્ટર છે. તેઓ પહેલાં લગભગ નાસ્તિક

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા હતા અને જ્યોતિષ અને તેવી વાતોમાં બિલકુલ માનતા નહિ. તેમના કેટલાક મિત્રોના આગ્રહથી તેમણે એક સંહિતામાં પોતાનું જાતક કઢાવ્યું. પહેલે જ વાક્યે તેઓ છક થઈ ગયા. પહેલું વાક્ય આ પ્રમાણે હતું:

'આ પુરુષ તેની ૪૦ વર્ષની ઉંમરે માત્ર કુતૂહલને વશ થઈ પોતાનું જાતક જોવડાવવા આવશે. ૪૦ વર્ષ એટલા માટે કે તેનો જન્મ અમુક દેશમાં, અમુક વર્ષમાં અમુક મહિનામાં ને અમુક તિથિએ થયો છે.' આ પહેલા જ વાક્યે તેઓ દિંગ થઈ ગયા; અને પછી તો એક પછી એક તેમના જીવનની એવી વિગતો આવવા માંડી જ તેમનો નજીકનો મિત્ર કે કુટુંબી પણ જે વાત જાણતો ન હોય. મારો અંગત અનુભવ પણ એટલો જ ચમત્કારિક છે. મારા અને મારા એકબે મિત્રોના અનુભવની એક ખાસ બાબત નોંધવા જેવી છે અને તે એ છે કે તેમાં કેટલીકવાર સમષ્ટિના ભવિષ્યની વાતો પણ આવી જાય છે. દાખલા તરીકે મારા જાતકમાં એક વાક્ય નીચે પ્રમાણે છે: 'આ પુરુષ છેલ્લી વિદ્યા ભણીને આવ્યો ત્યારે દુનિયામાં મહાન ક્રાંતિકાળ હતો, ત્યારપછી દુનિયામાં મહાન યુદ્ધ થયું અને ત્યારપછીથી રાજા, યવન–મ્લેચ્છ બધામાં ક્રાંતિ થતી આવી છે.' હું છેલ્લી વિદ્યા ભણીને ૧૯૩૭માં આવ્યો, એટલે કે આ ઉલ્લેખ ૧૯૩૯ના યુદ્ધનો છે. આ જ પ્રમાણે મારા એક મિત્રના જાતકમાં ૧૯૧૪–૧૮ના યુદ્ધનો ઉલ્લેખ આવે છે.

હવે આ લખાણ અમુક સો વર્ષો પહેલાં લખાયેલું છે એ વિષે બે મત છે જ નહિ. એટલે હવે આપણે એ જોવાનું રહે છે કે એના ઉપરથી શું ફલિત થાય છે? શું એના ઉપરથી એમ નથી લાગતું કે દુનિયાના મુત્સદ્દીઓ ભલે શાંતિપરિષદો ભરે અગર ગમે તેવી યોજનાઓ ઘડે, છતાં ૧૯૧૪–૧૮નું યુદ્ધ અને ૧૯૩૯નું યુદ્ધ એ પહેલેથી નિર્મિત થયેલી વસ્તુ હતી! આ આપણે દુનિયાના સમૂહગત નિર્માણની વાત કરી, પણ વ્યક્તિગત નિર્માણનું પણ એવું જ દેખાય છે. અમુક માણસ ક્યાં જન્મ્યો છે, ક્યારે જન્મ્યો છે, કઈ જ્ઞાતિ અને ધર્મમાં જન્મ્યો છે ત્યાંથી માંડીને તેની પત્ની, છોકરાં, ધંધો અને આગળ વધીને કહું તો તેમનના વિચારો પણ આ સંહિતાનાં પાનાંઓમાં સચોટ રીતે આલેખાયેલા પડ્યા છે. આ બધી વસ્તુઓ શાના તરફ આંગળી ચીંધે છે? જો વ્યક્તિ અને સમાજનું ભાવિ નિર્મિત ન હોય તો આવું અગાઉથી લખી શકાય ખરું? સ્વ. કલાપી એક જગ્યાએ લખે છે:

જે ચાવીનું જડ રમકડું, નાચનારું જ પે... તે ચાવીને તુ જ કર લઈ, ફેરવી ના શકે...

તો પછી શું મનુષ્યજીવન, કલાપી કહે છે તેમ, ચાવીના જડ રમકડા જેવું છે? કોઈ પણ તત્ત્વજ્ઞાનના પાયામાં વિજ્ઞાન... હોવાનું જ અને એ રીતે હકીકતો ઉ... તત્ત્વજ્ઞાન રચાય છે. હવે જ્યારે એ ... કતો જ મૂળમાંથી જ ફેરી જતી લાગે ... તત્ત્વજ્ઞો માટે એ વાત વિચારવા જેવી ... જોઈએ. એક અંગ્રેજ વિદ્વાન લખે છે:

'સત્યની આગળ નાના બચ્ચાની ... બેસી જાઓ અને તમારા ગમે તેવા પૂર્વ... હોય તેને ફગાવી દો અને કુદરતનાં સત્યો ... ત્યાં લઈ જાય ત્યાં નમ્રતાથી આગળ વ...

પણ ખરેખર જો આ રીતે હો... મહાપુરુષોનાં જીવનની શું કશી જ ... નથી? માનવસમાજે જબ્બર પુરુષાર્થ ... અત્યારનાં જબરજસ્ત વિજ્ઞાનો ઊભાં ... એ શું? કે પછી માણસ જ્યારે ... રીતે વર્તતો દેખાય છે ત્યારે એ ... સ્વતંત્ર નથી હોતો? શ્રીમદ્ ભગવદ્... તરફ આપણે દૃષ્ટિ કરીશું તો એ પણ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો જ ધ્વનિ કાઢે છે એમ દેખાય છે. ત્રીજા અધ્યાયના ૨૭મા શ્લોકમાં ભગવાન કહે છે:

'अहंकारविमूढात्मा कर्ताऽहमिति मन्यते ।

અહંકારથી વિમૂઢ થયેલો એવો આત્મા આ હું કરું છું એમ માને છે.' આગળ જતાં અગિયારમા અધ્યાયમાં 'कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो ! હું કાળ છું અને લોકક્ષય કરવા પ્રવૃત્ત થયો છું.' એમ કહીને અર્જુનને નિમિત્તરૂપ બનવાનું કહે છે. निमित्तमात्रं भव सव्यसाचिन् । છેલ્લે અઢારમા અધ્યાયમાં ૬૦ અને ૬૧ બે શ્લોક નીચે પ્રમાણે છે:

स्वभावजेन कौंतेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात् करिष्यस्यवशोऽपि तत् ॥६०॥
ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन् सर्वभूतानां यंत्रारूढानि मायया ॥६१॥

શ્રીયુત કાકાસાહેબ કાલેલકર તેમના 'ગીતાસાર'માં ઉપરના બે શ્લોકોનો અર્થ નીચે પ્રમાણે કરે છે:

'ઈશ્વરની યોજનાને અનુકૂળ ન થવાનો પ્રયત્ન માણસ કરે તો યે અંતે તેનું કશું ચાલતું નથી. એનો સ્વભાવ જ એને તેનાં સ્વકર્મ તરફ ઘસડી લઈ જાય છે. માણસ જિદને લીધે કે મોહને લીધે જે કરવાની ના પાડે છે, તે સ્વભાવને કારણે લાચાર થઈને કરે જ છે. ઈશ્વર બધાંનાં હૃદયમાં વસીને લોકો પાસેથી તેમનાં કાર્યો કરાવે છે. જેમ કળસૂત્રનાં પૈડાં ઉપર બેસાડેલી મૂર્તિઓ એની મેળે ચકરચકર ફરે છે, તેવી જ રીતે માણસ સ્વભાવથી બંધાયેલો, પોતાનાં કામો મન હોય કે ન હોય (તોપણ) કરે જ છે.'

શ્રીમદ્ ભગવદ્ગીતા એ કર્મગ્રંથ કહેવાય છે અને ગીતામાં કર્મયોગ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે એમ પણ કહેવાય છે; પણ સાથે-સાથે કર્મનાં ફળોનો ત્યાગ કરવાની ગીતામાં ભલામણ કરવામાં આવી છે. હવે આ બાબતમાં આપણે નિર્માણના દૃષ્ટિકોણથી જોઈએ તો જણાશે કે કર્મ કરવા છતાં તેનાં ફળોનો ત્યાગ કરવામાં અંતર્ગત નિર્માણ તો નહિ છુપાયું હોય? કેમકે અમુક કર્મ કરવાથી અમુક પરિણામ આવશે જ એમ આપણે નિશ્ચિતપણે કહી શકતા નથી. આગલા શ્લોકમાં निबद्धः स्वेन कर्मणा । એ શબ્દો વિચારવા જેવા છે. પોતાનાં કર્મ અગર સ્વભાવથી બંધાયેલો એવો મનુષ્ય, એવો એનો અર્થ છે. કર્મથી બંધાયેલો ખરો, પણ એ કર્મ એણે સ્વતંત્ર રીતે કરેલાં કે બીજી જીવ-સૃષ્ટિઓમાં બને છે તેમ પ્રેરણા (અં. ઈન્ટયુ-ઈશન) દ્વારા થયેલાં–આ પ્રશ્ન અત્યંત મહત્ત્વનો છે; કેમકે કાર્યકારણનો નિયમ તો પ્રચલિત અને સર્વમાન્ય છે, પણ કાર્ય સ્વતંત્ર બુદ્ધિથી થયેલું છે કે પ્રેરણાનું પરિણામ છે એ મુદ્દો મહત્ત્વનો છે.

કર્મ ઉપર હિંદુદર્શનોમાં ઘણું જ લખાયું છે અને ખાસ કરીને જૈનદર્શનમાં તેના ઉપર વિગતવાર અને ખૂબ જ ઊંડાણથી તલસ્પર્શી ચર્ચા કરવામાં આવી છે. પણ જો મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર ન હોય તો એ બધા જ્ઞાનની ઉપયોગિતાની દૃષ્ટિએ કેટલી કિંમત ગણાય? ગીતામાં છેવટે ભગવાન અર્જુનને બધાનો પરિત્યાગ કરી શરણે આવવાનું કહે છે. શું એમ નથી લાગતું કે માણસ માટે માત્ર આ જ એક માર્ગ ખુલ્લો છે અને બાકીના બધા માર્ગો ઉપર તો સીલ લગાવી મૂકેલાં છે? *

---

* આ લેખનો હેતુ આ મહત્ત્વના મુદ્દા ઉપર તજજ્ઞો પોતપોતાનો અભિપ્રાય વ્યક્ત કરે અને એ વિષયને વધુ સ્પષ્ટ કરે એ જોવાનો છે. કોઈ પણ જાતનો અભિપ્રાય આપતાં પહેલાં જે સંહિતાઓના આધાર ઉપર આ લેખ લખાયો છે તેમનો પરિચય હોવો જરૂરી છે એમ હું માનું છું; કેમકે તેમાં કેટલી વિગતથી વ્યક્તિ અને સમષ્ટિનું ભાવિ આંકેલું હોય છે તેના પ્રત્યક્ષ અનુભવ વગર ખ્યાલ આવવો મુશ્કેલ છે. લે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંદ્રિયજિત

•

શ્રી ધનશંકર હી. ત્રિપાઠી

ચક્રવર્તી પદ પામવામાં ગૌરવ ગણાયું છે, પણ એથી યે વધુ ગૌરવ તો અસંખ્ય પ્રલોભનો સામે મન-હૃદયની અશુભ વૃત્તિઓ સામે ઝઝૂમી યોગીની દશા પ્રાપ્ત કરવામાં રહ્યું છે તેની કોણ ના પાડશે? પ્રાચીન કથાઓમાંથી મળી આવતા આવા અનેક દાખલાઓમાંનો એક અષ્ટાવક્રનો છે. અષ્ટાવક્રના પાંડિત્યભરપૂર અને ધીર જીવનને વાર્તાસ્વરૂપે આલેખવાનો અહીં પ્રયાસ થયો છે. શ્રી ત્રિપાઠી લેખક તરીકે સારી પેઠે જાણીતા છે.

અંગદેશની રાજધાની ચમ્પાનગરથી દસ કોષ દૂર અને વર્તમાન ભાગલપુરથી આઠ કોષ દૂર આવેલી ભાગીરથી મૈયાના પૂર્વ કિનારા ઉપર કહલગામ નામે એક નાનું શું ગામ આવેલું છે. 'ઈ. આઈ. આર.'ની 'લૂપ લાઈન'નું તે એક સ્ટેશન છે. રેલવેથી પૂર્વ દિશા તરફ એક મોટો પર્વત છે અને તેનાથી થોડેક દૂર એક નાનો પર્વત આવેલો છે.

પ્રાચીન સમયમાં એને કહોલગામ કહેવામાં આવતું. મહર્ષિ કહોલનો એ આશ્રમ હતો. મૂળ નામ પલટીને ધીમેધીમે કહલગામ નામે હાલમાં તે ઓળખાય છે.

મુનિશ્રી ઉદ્દાલકનો આશ્રમ ત્યાં આવેલો હતો. તે આશ્રમમાં રહીને કહોલમુનિ વિદ્યાધ્યયન કરતા હતા. તે તીક્ષ્ણ બુદ્ધિશાળી હતા. ગુરુકુળના તમામ નિયમોનું તે પરિપાલન કરતા, તેથી તેઓ અધ્યયનમાં ઝટ આગળ વધ્યા. જ્યારે તેમનો અધ્યયન-ક્રમ પૂરો થયો ત્યારે ઉદ્દાલકમુનિ તેમના ઉપર એટલા બધા પ્રસન્ન થઈ ગયા, કે તેમણે પોતાની પુત્રી સુજાતા સાથે તેમનું લગ્ન કર્યું. ગુરુને ત્યાં અભ્યાસ કરતાં ગુરુની કૃપા પ્રાપ્ત કરીને તેમની પુત્રીને વરવા ભાગ્યશાળી થનાર આ પ્રથમ શિષ્ય કહોલમુનિ જ હતા.

કાલક્રમે સુજાતાની કૂખે અષ્ટાવક્રનો જન્મ થયો. મહાભારતમાં લખ્યું છે કે જ્યારે તે તેમની માતાના ઉદરમાં હતા ત્યારે તેમના પિતા કહોલને અતિશય વેદાધ્યયન કરતા જોઈને ઉદરમાંથી જ તેમનાથી પ્રશ્ન કરવાની લાલચ થોભાવી શકાઈ નહિ.

'આપ કાંઈ ખૂબ જ વાંચ્યા કરો છો ને શું?'

પિતા કહોલને આથી ઘણો જ ક્રોધ ઊપજ્યો. તેમણે શાપ દીધો: 'તારાં આઠ અંગ વાંકાં થશે!'

અને જ્યારે એ જન્મ્યા ત્યારે તેમનાં આઠ અંગ પિતૃશાપથી વાંકાં હતાં, તેથી તેમનું નામ પાડવામાં આવ્યું અષ્ટાવક્ર.

એમના જન્મ અગાઉ થોડાક વર્ષ ઉપર મુનિરાજ કહોલ જનક વિદેહીના રાજયજ્ઞમાં ગયા હતા. એ પ્રસંગે રાજાના પ્રધાન આચાર્ય, જેમનું નામ બન્દી હતું તેમની સાથે ઋષિ-મુનિઓનો શાસ્ત્રાર્થ થતો હતો. બન્દી જેમની સાથેના શાસ્ત્રાર્થમાં જીતતા તેમને જળમાં ડુબાડીને વરુણલોકમાં મોકલી દેતો. આવી રીતે મુનિ કહોલની પૂર્વે કેટલાયે ઋષિમુનિઓ શાસ્ત્રાર્થમાં હાર્યા હતા તેઓની એવી જ સ્થિતિ થઈ હતી. મુનિ કહોલ પણ હારી ગયા અને તેમને વરુણલોકમાં મોકલી દેવામાં આવ્યા.

અષ્ટાવક્ર ઉદ્દાલકમુનિના આશ્રમમાં તેમના પુત્ર શ્વેતકેતુ સાથે વેદાધ્યયન કરવા લાગ્યા. એમણે પોતાના પિતાને તો ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતા એટલે ઉદ્દાલકમુનિને તે પિતા કહેતા. એક દિવસ અષ્ટાવક્રના જાણવામાં આવ્યું, કે ઉદ્દાલકમુનિ તેમના સાચા પિતા નથી. પણ તેમના પિતાનું શું થયું છે એ વિષે તેમને કાંઈ ખબર મળી નહિ.

અષ્ટાવક્રે માતા પાસે જઈ વિનતિ કરી એટલે માતાએ બધી વાત તેમને કહી. અષ્ટાવક્ર તરત જ મિથિલાનગરી જવા ઊપડ્યા. જનક વિદેહીની સભાના પ્રધાન આચાર્ય સાથે તેમણે શાસ્ત્રાર્થ કર્યો. બન્દીના કઠણ પ્રશ્નોના એમણે એવા તો સચોટ ઉત્તર દીધા, કે જનક વિદેહી પ્રસન્ન થઈ ગયા; અને તેમણે પોતાના પ્રધાન આચાર્ય બન્દીને અષ્ટાવક્રથી પરાસ્ત થયેલો જાહેર કર્યો. પરિણામ એ આવ્યું, કે બન્દીને વરુણલોકમાં જવું પડ્યું અને જે તમામ ઋષિમુનિઓને તેણે ત્યાં મોકલ્યા હતા તેઓને પાછા ભૂલોકમાં લાવવામાં આવ્યા. અષ્ટાવક્રના પિતા કહોલમુનિ પણ તેમાં હતા.

કહોલમુનિએ જ્યારે પુત્રના વિજયકાર્યની હકીકત જાણી ત્યારે પ્રસન્ન થઈને પોતે બોલ્યા :

इत्यर्थमिच्छति सुतान् जना जननकर्मणा ।
यदहं नाशकं कर्तु तत्पुत्रः कृतवान् मम ॥

ભાવાર્થ : લોકો પુત્રજન્મની વાંછના એટલા માટે રાખે છે, કે જે કાર્ય પિતાથી થઈ શકે નહિ તે પુત્ર પૂરું કરે. મારા પુત્રે એવું કાર્ય કર્યું છે.

પુત્રને પિતાએ સપ્રેમ અપનાવ્યો અને તેઓ જનકરાજાની સભામાંથી પોતાના આશ્રમમાં જવા ઊપડ્યા. માર્ગમાં ગંગા-સમંગાના સંગમમાં અષ્ટાવક્રે સ્નાન કર્યું, ત્યાં આશ્ચર્યજનક ચમત્કાર થયો. તેમની તમામ વક્રતા મટી ગઈ. પિતૃઉદ્ધાર અને પિતૃતૃપ્તિનું આ પરિણામ હતું, એમ કહીએ તોપણ ચાલે.

અષ્ટાવક્રે તેનાં તમામ અંગો સુંદર બની ગયાં હોવા છતાં પણ પોતાનું નામ બદલ્યું નહિ. હવે બ્રહ્મચર્યાશ્રમમાંથી અષ્ટાવક્રને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવવા પિતાએ વિચાર કર્યો. પુત્રને તેમણે વાત કરી અને મહર્ષિ વદાન્યની કન્યા સુયોગ્ય હોવાનું સૂચવ્યું. અષ્ટાવક્ર મહર્ષિ વદાન્યને ત્યાં ગયા અને તેમની કન્યાનું માગું કર્યું. મહર્ષિએ કહ્યું :

'તમારી સાથે મારી કન્યાના પાણિગ્રહણમાં મને કાંઈ વાંધો નથી પરંતુ તે પહેલાં તમે કુબેરને ત્યાં જઈ અપ્સરાઓનાં નૃત્ય જુઓ અને ગાન સાંભળો તે પછી ઉત્તરદિશામાં એક સ્થળે એક વૃદ્ધા રહે છે તેને ત્યાં થોડાક દિવસ રહી આવો. એ પછી હું તમારું લગ્ન કરીશ.'

આ શરતોનું ચાહે તે કારણ હોય પણ તે પ્રશ્ન કર્યા વિના પૂરી કરવી જ જોઈએ એવો નિર્ણય કરીને અષ્ટાવક્રે તદનુસાર વર્તવા કબૂલ કર્યું.

તે હિમાલય પર્વત પર જઈ ત્યાંથી કૈલાસમાં ગયા અને ભગવાન શિવની પૂજા કરીને કુબેરની અલકાનગરીમાં પહોંચ્યા. કુબેરે તેમનો સત્કાર કર્યો અને પોતાના અતિથિગૃહમાં નિવાસ આપ્યો.

કુબેરને ત્યાં નૃત્ય-ગાન વાદ્યાદિ સહિત થતાં રહ્યાં અને અષ્ટાવક્ર તે બહુ જ શાંતિપૂર્વક જોતા-સાંભળતા રહ્યા. એક સપ્તાહ વીત્યું પણ અષ્ટાવક્રના મનમાં એને લીધે લવલેશ વિકાર ઉત્પન્ન થયો નહિ. જેવા તેઓ પ્રથમ હતા તેવા જ અંતમાં પણ શાંત રહ્યા -નિર્વિકારી રહ્યા. કુબેર પોતાના હૃદયમાં પ્રસન્ન થયો.

આ યુવકને કસોટી માટે અહીં મોકલવામાં આવ્યો હતો અને તેમાં તે સફળ નીવડ્યો, એ માટે મનોગત જ તેમણે તેને ધન્યવાદ આપ્યો, પણ તેને મોઢે કંઈ કહ્યું નહિ. યક્ષરાજ કુબેરે તેને પ્રસન્નતાપૂર્વક વિદાય આપી. અષ્ટાવક્ર ત્યાંથી હેમકૂટ પર્વતની શુષ્ક ભૂમિમાં થઈને ઉત્તરદિશામાં એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમમાં ગયા. એ આશ્રમ અત્યંત રમણીય હતો. તેની વાટિકામાં અનેક સુંદર ફળફૂલનાં વૃક્ષ હતાં. ત્યાંની શોભા અવર્ણનીય હતી. સૃષ્ટિસૌંદર્ય મોહક હતું. સુગંધી ચોમેર મહેકી રહી હતી. એમાં એક મહૂલી હતી. તેનાં બંધ દ્વાર આગળ ઊભા રહીને અષ્ટાવક્રે હાંક મારી: 'અંદર કોઈ છે કે? હોય તો કૃપા કરીને બહાર આવો અને મને અતિથિને આશ્રય આપો.'

તરત જ દ્વાર ઊઘડયાં અને એમાંથી સુંદર વસ્ત્રાલંકાર–સુસજ્જ સાત સ્વરૂપવતી કન્યાઓ બહાર આવી. તે સ્મિત વેરતી, નેત્ર નચાવતી કન્યાઓએ અતિથિને આવકાર આપ્યો. અષ્ટાવક્ર તે મહૂલીમાં ગયા. તેમને સોનાના સિંહાસન ઉપર બેસાડીને સુંદરીઓએ તેમનાં પાય અર્ઘ્ય–મધુપર્કથી ધોઈ, ગંધાક્ષત, કુંકુમ, પુષ્પાદિથી તેમનું પૂજન કર્યું. એ પછી તેમણે તેમને ફલ અર્પી ભોજન કરાવ્યું અને જલપાન કરાવીને વિવિધ પ્રકારની વનસ્પતિઓથી ભરપૂર પાનનું બીડું આપ્યું. અષ્ટાવક્રે તે સર્વ ગ્રહણ કર્યું અને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી.

સંધ્યાકાળ થતાં અષ્ટાવક્રે સંધ્યોપાસના કરી. પુનઃ રાત્રિનું ભોજન કર્યા પછી જ્યારે શયનનો સમય થયો ત્યારે તેમને માટે એક પુષ્પાચ્છાદિત પલંગ તૈયાર કરીને કન્યાઓએ કહ્યું:

'આપ આના ઉપર સૂઈ જાઓ. અમે આપનાં પાદારવિંદ ચાંપીને આપને ઊંઘાડી દઈશું.'

'બહેનો!' અષ્ટાવક્રે કહ્યું. 'હું તો ભૂમિતલ ઉપર કેવળ મૃગચર્મ પાથરીને જ સૂઈશ. તમારે બીજો કોઈ શ્રમ ઉઠાવવાની જરૂર નથી. તમે જઈ શકો છો.'

કન્યાઓ ચકિત થતી વિદાય થઈ. પણ એ પછી ત્યાં એક વૃદ્ધા આવી. પ્રથમ તો તે એક બાજુએ સૂઈ રહી પણ રાત્રિ વ્યતીત થતાં તે ઊઠીને ગમેતેમ બોલવા માંડી.

અષ્ટાવક્રે તેને કહ્યું: 'માતાજી! આપ વીસરી જાઓ છો કે હું આપનો પુત્ર છું.'

તે વૃદ્ધાએ એવો તો નફટ જવાબ દીધો કે તે સાંભળીને અષ્ટાવક્રે પોતાને કાને હાથ દીધા, આંખો મીંચી દીધી અને શિવોऽहम् શિવોऽहम् એવું ભગવન્નામસ્મરણ કરવા લાગ્યા. એ પછી એનાથી દૂર જઈને ઊભા રહેલા અષ્ટાવક્રે કહ્યું:

'જે સાત કન્યાઓ મારા મનમાં વિકાર ઉત્પન્ન કરવા આવી હતી તેમને મેં 'બહેનો' કહી હતી. આપે એ જ ઉદ્દેશથી મને ... તેમ કહ્યું, પરંતુ મેં આપને 'માતાજી' કહ્યાં છે. આપ મારાં માતા છો. હું આપનો પુત્ર છું. સંસારમાં જો કોઈ પણ સૌથી વધુ ... હોય તો તે પરસ્ત્રી તરફ કુદૃષ્ટિનું જ છે. ધર્મશાસ્ત્રમાં પારંગત થઈને જે મનુષ્ય એવા પાપમાં પડે છે તેને કોટિ કોટિ ધિક્કાર છે!'

તે સ્ત્રી બોલી: 'હું આજસુધી અવિવાહિતા રહેલી છું. હું કોઈની સ્ત્રી નથી.' ... પછી એક અત્યંત રમણીય યુવતીનું સ્વરૂપ ધારણ કરીને તેણે કહ્યું:

'વસ્તુતઃ હું વૃદ્ધા નથી. હું દિવ્યાંગના છું. મને અનેરી દિવ્ય શક્તિઓ વરેલી છે. એના યોગે મને જે વરશે તે તેવી જ શક્તિઓ મેળવશે. તમે મારી સાથે લગ્ન કરીને એ શક્તિઓ મેળવો.'

અષ્ટાવક્રે તેને નમસ્કાર કરીને ... 'માતાજી! મારું વાગ્દાન મહર્ષિ વદાન્યની પુત્રી સાથે થઈ ચૂકેલું છે. એ વાગ્દત્તા સિવાયની તમામ સ્ત્રીઓને હું પરસ્ત્રી ... છું. પરસ્ત્રી શબ્દનો અર્થ હું 'परा च असौ ...' એવો કરું છું, મને ક્ષમા કરો. તમે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસરાજ

શ્રી છોટાલાલ કહાનદાસ પટેલ

શૃંગારની જેમ રોજિંદા વપરાશના પારા માટે પણ પહેલી જ વાર રસરાજ શબ્દ વાપરનારે બરાબર વસ્તુના હાર્દને પિછાણ્યું છે એમ કહેવું જોઈએ. ધાતુના મિશ્રણને છૂટું પાડવામાં, સડતા અનાજને અટકાવવામાં, થરમોમિટર ને બેરોમિટરમાં, આરસીમાં, વૈદકીય દવામાં માત્રા તરીકેના ઉપયોગમાં, હુન્નરઉદ્યોગોમાં આપણે પારા પાસે ઘણું કામ લઈએ છીએ. પણ પારાનાં ઘરેણાં બની શકે છે ને એનું અતિ સેવન હળાહળ ઝેર જેવું છે એની માહિતી ઓછાને હશે. પારાની વિશિષ્ટતાઓનો અહીં ખ્યાલ અપાયો છે.

'કાચો પારો ખાવો અન્ન,
તેવું છે ચોરીનું ધન.'

કવિ શામળે પારાના સ્વભાવનું ચીતરેલું ચિત્ર વૈદ્યકીય દૃષ્ટિએ જાણીતું છે. પારો પ્રવાહી હોવાથી સંસ્કૃતમાં એને રસ કહે છે. એના મિશ્રણથી બનેલી દવાઓ રસાયન તરીકે ઓળખાય છે. જ્યારે કાવ્યશાસ્ત્રના રસોમાં શૃંગારરસને સંસ્કૃત આલંકારિકોએ રસરાજ કહ્યો છે, ત્યારે પારો દવામાં ઘણો ઉપયોગી હોવાથી વૈદકશાસ્ત્રમાં વૈદ્યરાજોએ તેને પણ રસરાજ અને રસેશ્વર કહ્યો. એના ગુણ અને ઉપયોગ ઉપર રચાયેલા આપણા દેશી વૈદકગ્રંથો રસરાજસિંદૂર અને રસેશ્વર મહિમાને નામે મશહૂર છે.

પ્રાચીન સમયથી પારો લોકોના જાણવામાં છે. પહેલાં કિમિયાગરો એમ સમજતા હતા કે પારો પ્રવાહી રૂપું છે અને તેથી તેઓ એવી આશા રાખતા કે તેને કોઈ પણ પ્રકારે ઘન સ્થિતિમાં લાવીએ તો પારાનું રૂપું થાય. આવી લાલચથી તેઓ એ ધાતુને ગરમ કરી તેની વરાળ એકઠી કરી ઠંડી પાડતા, પણ તેથી એ ધાતુ કંઈ પોતાનું પ્રવાહીરૂપ બદલતી નહિ. હાલના કિમિયાગરો પણ પારાનું રૂપું બનાવી આપવાનું કહી ભોળા લોકોને ઠગવાની ઇચ્છા રાખે છે; પરંતુ તેઓ કોઈ પણ સુરાજ્યમાં પકડાઈને શિક્ષા પામે છે, તેથી એવા ગુના હાલમાં ક્વચિત જ બને છે. રૂપું બનાવવાની ખોટી આશાના પ્રયોગોથી પણ લાભ એ થયો કે પારાની જુદીજુદી ધાતુ સાથેની મેળવણીથી જુદાંજુદાં રૂપો ઉત્પન્ન થયાં; અને વૈદકશાસ્ત્રીઓને અજમાયેશથી માલૂમ પડ્યું કે પારાનું બીજી ધાતુઓની સાથે રસાયણ કરવાથી કેટલાક રોગોને

કહ્યું તેથી મને ઘણું દુઃખ થયું છે. હું તમારી પાસે મારી પોતાની ઇચ્છાથી આવ્યો ન હતો પણ મારા ભાવિ સસરાની આજ્ઞાથી આવ્યો હતો. જો મારો સંયમ વિચલિત થયો હોત, તો હું તેમનો ભાવિ જામાત્ર મટી ગયો હોત. એ સ્થિતિ કરતાં હું મૃત્યુ શ્રેષ્ઠ ગણું છું.'

તરત જ તે સ્ત્રી અલોપ થઈ ગઈ અને પછી સ્વર સંભળાયો :

'ધન્ય છે પુત્ર! તું માનવ-મણિ સિદ્ધ થયો છે. કઠણ પરીક્ષામાંથી તું ઉત્તીર્ણ થયો છે. તું હવેથી 'મહર્ષિ' કહેવાઈશ. હું કોઈ યુવતી નથી, વૃદ્ધા નથી પણ ઉત્તરદિશાની દેવતા છું. હું તને આશિષ આપું છું, કે તું ધર્માનુકૂલ સુખી ગૃહસ્થાશ્રમ ભોગવજે.'

આ પછી જ્યારે અષ્ટાવક્ર પાછા આવ્યા ત્યારે 'ધન્ય ઇંદ્રિયજિત!' એવાં સૌનાં અભિનંદન તેમને મળ્યાં અને મહર્ષિ વદાન્યે પોતાની કન્યા સાથે તેમનું લગ્ન કર્યું!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાબૂદ કરવાનું તે સામર્થ્ય ધરાવે છે.

આ પ્રવાહી ધાતુતત્ત્વ કુદરતમાં નર્યું જડતું નથી. કેટલીક વખતે ખાણોના પોલાણમાં ગોળીઓના રૂપમાં એ શુદ્ધરૂપે મળી આવે છે ખરો, તોપણ ઘણેભાગે તો ગંધક સાથે મળેલી સ્થિતિમાં જ તે જડે છે. આ સ્થિતિમાં તેને હિંગળોક કે પારાનો સલ્ફાઈડ કહેવામાં આવે છે. હિંગળોક રંગે લાલ હોય છે. ખનિજ તરીકે એને 'સિનેબાર' કહે છે. આ પારાની કાચી ધાતુ છે. એની બીજી જાત કાળાશ પર હોય છે, અને દેશી આયુર્વેદિક દવામાં રસસિંદૂરને નામે ઘણી વપરાય છે. હિંગળોકનો ઉપયોગ 'વરમીલિયન' નામનો લાલ રંગ બનાવવામાં થાય છે.

હિંગળોકની મુખ્ય ખાણો કેલિફોર્નિયામાં, ન્યુ આલ્માડન અને ન્યુ આઇડ્રિયામાં તેમજ સ્પેનમાં, મન્ચામાં અને ઑસ્ટ્રિયામાં આવેલા આઇડ્રિયામાં છે.

પારાની ખાણોમાં કામ કરનાર મજૂરોનો રોજ ઘણો ભારે હોય છે; કારણકે મજૂરોના શરીરમાં પારો ધીમેધીમે પ્રવેશે છે અને તેમને કંપવા થઈ હાથ, પગ, મોં ખેંચાઈ જઈ તેમનું આયુષ્ય ધીમેધીમે ટૂંકું થાય છે.

હિંગળોકના પથ્થરોને ખાણમાંથી કાઢ્યા પછી એક વાસણમાં ખૂબ ગરમ કરવાથી પારો વરાળ થઈને ઊડી જાય છે. તેને નળી વાટે બીજા વાસણમાં લઈ જઈ ઠંડો પાડવામાં છે, એટલે તે જુદો પડી પોતાનું પ્રવાહી રૂપ ધારણ કરે છે. શુદ્ધ પારો દેખાવમાં ઓપેલા રૂપા જેવો ધોળો ને ચકચકિત હોય છે. તેમાં વાસ નથી તેમજ તેના પર હવા કે પાણી કંઈજ અસર કરી શકતાં નથી; પણ જો ભેગવાળો પારો હોય તો હવામાંનો ઑક્સિજન તેની સાથે મળવાથી ધીમેધીમે તે કટાતો જાય છે. આથી કરીને ખુલ્લા મૂકેલા પારા ઉપર જો આછું પડ બાઝે તો જાણવું કે તે પારો શુદ્ધ નથી. ચોખ્ખો પારો જમીન ઉપર ઢોળાય તો તે ગોળ ગાંગડીઓનું રૂપ ધારણ કરે છે; પણ જો કોઈ ધાતુના ભેગવાળો હોય તો ઢોળાવાથી થતી ગાંગડીઓ ગોળ નહોતાં છેડેથી પાતળી થતી લંબગોળ આકારમાં હોય છે. જો તેને કાચ કે ચિનાઈ માટીના વાસણ ઉપર મૂકીએ તો તે પર આસમાની રંગનો ડાઘ પડે છે. પારો ચંચળ હોવાથી ઢોળાઈ ગયા પછી પાછો ભેગો કરવામાં બહુ અડચણ પડે છે; પણ સોની લોકો એ ઝાલવા માટે છેડેથી વાંકી વળેલી ભૂંગળી રાખે છે, તે વડે શોષી લઈ બહુ સહેલાઈથી તે ભેગો કરી શકાય છે.

અત્યાર સુધીમાં જણાયેલા પ્રવાહી પદાર્થોમાં એ સૌથી ભારે છે. એનું વિશિષ્ટ ગુરુત્વ ૧૩–૬ છે. અર્થાત્ એ સરખે કદે પાણી કરતાં એ પ્રમાણ જેટલો ભારે છે. પારો જલદ નાઈટ્રિક ઍસિડમાં ઓગળે છે પણ બીજાં ઍસિડોની એના પર અસર થતી નથી. સાધારણ ઉષ્ણતામાનથી એટલે કે આપણા દેશની ગરમ હવામાં તેમજ યુરોપખંડની ઠંડી હવામાં પણ પારો પ્રવાહીરૂપે જ રહે છે. પરંતુ ધ્રુવ પ્રદેશની નજીક એ ઘનસ્થિતિમાં આવે છે. સાધારણ રીતે એમ જણાયેલું છે કે શૂન્યથી ઓછા ૩૯ અંશ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાને તે ઘનરૂપ ધારણ કરે છે. અને ૩૫૭ અંશ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાને વરાળ થઈ ઊડી જાય છે. પારાની વરાળ ઝેરી છે, તેથી અનાજને જંતુમાં પારો ભેળવવાથી અનાજમાં જંતુ અને કિલ્લાં પડતાં નથી. જ્યારે પારો ઘન સ્થિતિમાં હોય છે, ત્યારે બીજી ધાતુઓની પેઠે એનામાં પણ ચીકાશ આવવાથી ટીપીને અને ખેંચીને તેનાં પતરાં અને તાર બનાવી શકાય છે. આખી પૃથ્વીમાં અતિશય ઠંડીવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ તરીકે રશિયાનો વર્કોયાન્સ્ક પ્રદેશ જાણીતો છે. ત્યાંના લોકોને જો શોખ હોય તો તેઓ ઘનપારાના દાગીના સુખેથી બનાવીને પહેરી શકે; પણ પોતાનો પ્રદેશ છોડી જરા દક્ષિણ તરફ રશિયામાં–પ્રમાણમાં ઓછી ઠંડી હોવાવાળા ભાગમાં–મુસાફરી કરવા નીકળે તો દાગીના અજબ રીતે ગુમ થઈ જાય, ત્યારે તેમનો આશ્ચર્યકારક ચહેરો જોવાની જોનારને સૂજ પડ્યા વિના રહે નહિ.

કેટલીક ઔષધિમાં પારાનો ઉપયોગ ખાસ થાય છે. લોખંડ સિવાય બીજી બધી ધાતુઓ સાથે પારાનું મિશ્રણ થાય છે. બીજા પદાર્થો જોડે એને મેળવવાથી રસકપૂર, રસપુષ્પ વગેરે પારાની રેચક ગોળીઓ બને છે. રસકપૂર કે પારાનાં ફૂલનો દવામાં ઉપયોગ થાય છે, પણ તે એક જાતનું હળહળતું ઝેર છે. ઑક્સિજન સાથે પારો મળ્યાથી ચોખ્ખો હિંગળોક અથવા રાતી પારદ ભસ્મ કે સીપીજન બને છે. તે દવાના કામમાં આવે છે. સીપીજનને તેલ સાથે મેળવી માથામાં નાખવાથી જૂ મરી જાય છે. આ સીપીજનને ગરમ કરવાના પ્રયોગ દ્વારા જ વૈજ્ઞાનિકોને ઑક્સિજન મળી આવ્યો હતો. પારાનું ક્લોરાઈન સાથેનું મિશ્રણ અતિશય ઝેરી હોવાથી થોડા પ્રમાણમાં પણ ખાવાથી મૃત્યુ નીપજે છે. તે સડાનો નાશ કરનાર હોવાથી શરીરમાં વાગેલી જગ્યાએ લગાડવામાં અને વાઢકાપના ઘા ધોવામાં વપરાય છે; અને તે જ પ્રમાણે દોરડાં, લાકડાં ને કેનવાસના નમૂના સાચવવાને તેના પર લગાડવાથી તે સડી જતાં નથી.

પારાનો મલમ ગડગૂમડ ઉપર બંહુ અકસીર ઇલાજ તરીકે મનાય છે. ઘણુંખરાં દરદો ઉપર–મુખ્યત્વે કરીને તો આંતરડાંમાં ગાંઠ પડવી, સોજો અને ચાંદી ઉપર પારાની ઔષધિ વપરાય છે. પણ જો તે પ્રમાણમાં વધારે લેવાય તો મોંનું નીતરવું, જીભ ઉપર સોજો, દાંતનું હાલવું, દાંતના પારાનું સૂજી આવવું, ઝાડો, ચામડીનાં દરદો, હાડકાંમાં સડો વગેરે ચિહ્નો જણાય છે. વખતે વધારે ઝેર ચડી જાય તો મરણ પણ નીપજે છે. પારાનું મારણ પણ જો અપરિપકવ હોય તો તે ખાવાથી ફૂટી નીકળે છે અને ફાયદા કરતાં ગેરફાયદો વધારે થાય છે.

દવા સિવાય યંત્રો અને હુન્નરોમાં પણ તેનો ઉપયોગ વધારે થાય છે. કલાઈ અને પારાનું મિશ્રણ કાચ પર ચડાવવાથી આરસી કે ચાટલું બને છે. એ બનાવવા માટે પ્રથમ કલાઈના વરખ જેવા પતરા ઉપર સંભાળથી પારો પીંછી વડે પાથરીને તેની ઉપર એક નરમ કાગળ પાથરે છે. પછી તેના પર કાચ મૂકી દબાણ કરી કાગળ ખેંચી લે છે એટલે વધારાનો પારો હોય છે તે બહારની હવાના પરપોટા સાથે મળી બહાર નીકળી જાય છે. પછી થોડા દિવસ કાચ ઉપર વજન રાખી મૂકે છે. એટલે કલાઈ અને પારાનું મિશ્રણ કાચની સાથે ચોંટી જઈ આરસી તૈયાર થાય છે.

સોનું અને પારાનું મિશ્રણ દાંતમાં પૂરવામાં આવે છે, જેથી દાંતનો સડો નરમ પડે છે.

બીજી ધાતુ પર સોના કે રૂપાનો ઢાળ ચડાવવો હોય ત્યારે સોના કે રૂપા સાથે પારાના મિશ્રણનું પાણી કરી તે રસવાની ધાતુને લગાડે છે એટલે પારો વહેવાથી મિશ્રણ બીજી ધાતુ ઉપર ચડી જાય છે; પછી તેને તાપમાં મૂકવાથી પારો ઊડી જઈ સોના કે રૂપાનો ઢાળ વળગી રહે છે.

પારો પ્રવાહી છે છતાં બીજી ધાતુ સાથે મળવાથી તેનો પ્રવાહી ગુણ નાશ પામે છે અને બીજી ધાતુને પણ તે નરમ બનાવી દે છે. તેના બીજી ધાતુઓ સાથેના આવા આકર્ષણના ગુણને લીધે અન્ય પદાર્થોના ભેળવાળી ધાતુનો ભેગ દૂર કરી શુદ્ધ બનાવવામાં તે ઉપયોગી છે. ભેગને દૂર કર્યા પછી ધાતુ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુબિંદુ!

*

શ્રી તારાચંદ્ર પોપટલાલ અડાલજા

ઉપરનીચે, ચારે ય દિશામાંથી અને બધી બાજુએથી માનવી ઘેરાયેલો હોય, જીવનમૃત્યુનો પ્રશ્ન હોય છતાં ય પોતાની સાચી પરિસ્થિતિનું એને ભાન ન થાય અને તદ્દન નજીવા ક્ષણજીવી લોભ માટે મહામૂલી મળતી આ જિંદગાની ફના કરવા માટે એ તૈયાર થાય એ કેવું આશ્ચર્ય ગણાય! ભૂલી બૂઝીને, સભાન સ્થિતિમાં પણ એ ક્ષણજીવી મોહ એને વિનાશ–મૃત્યુ તરફ લઈ જાય છે અને માનવી સ્વેચ્છાએ આ સર્વનાશ આવકારે છે! આ રૂપક માનવીને સાચા માર્ગનું ભાન કરાવે છે.

'આ અટવીમાં આવીને તો ઊલટા આપણે અટવાઈ ગયા! એક બાજુ ચોર-લૂંટારાનો ત્રાસ, બીજી બાજુ હિંસક પ્રાણીઓનો ભય અને જ્યાં જુઓ ત્યાં ધસમસ જતી નદીઓનો વેગવંતો જળપ્રવાહ. આમાં ઘડીભર પણ વિસામો ક્યાં મળે તેવો છે?'

યાત્રાર્થે નીકળેલા ને અવળા માર્ગે ચડેલા સંઘને આ જ વિચાર આવતો હતો. સૌને પોતાના જાનમાલની ફિકર થઈ પડી હતી. 'સબ સબકી સમાલિયો, મેં મેરી ફોડતા હું' ના ન્યાયે દરેક વ્યક્તિ પોતપોતાની સલામતી શોધી રહી હતી.

એવામાં છાતીનાં પાટિયાં બેસાડી દે એવી ભયંકર ચીસ સંભળાઈ અને સૌ કોઈએ જેને જ્યાં ફાવ્યું તે દિશામાં દોટ મૂકી, માત્ર એક અભાગી જીવ પાછળ રહી ગયો.

એણે જોયું કે એક મદોન્મત્ત હાથી પોતાની ભયંકર ત્રાડથી એ જંગલને ધમધમાવી રહ્યો છે. પર્વતમાંથી ઝરણાં ઝરે તેમ એ હાથીનો મદ ઝરે છે. આકાશના વાદળો વિદારી નાખવા માગતો હોય તેમ તે વારંવાર પોતાની સૂંઢ ઉલાળી રહ્યો છે. પૃથ્વી ખોદી નાખવા માગતો હોય તેમ તે પગ પછાડી રહ્યો છે. અને ફૂંફાડા મારતો મેઘગર્જના કરી રહ્યો છે.

એને લાગ્યું કે આ હાથીના સ્વરૂપમાં પોતાનો કાળ સાક્ષાત્ યમદૂત જ બની પહોંચ્યો છે!

સૂંઢના સિત્કાર કરતો એ હાથી એની પાછળ ધસ્યો અને એ યુવાન બેફામ બની નાસવા જતાં દડાની પેઠે પડતોઆખડતો એક કૂવા પાસે આવી લાગ્યો. કૂવાની કિનાર આગળ ઊંચું ઘાસ ઊગી ગયું હોવાથી દોડતાં દોડતાં એ કૂવામાં પડ્યો, પણ સદ્ભાગ્યે પડતાંપડતાં કૂવાકાંઠે આવેલા એક વડની વડની વડવાઈ કૂવામાં લટકતી હતી તે હાથમાં આવી ગઈ, અને દોરડાથી લટકતા ઘડાની પેઠે તે કૂવામાં ટિંગાઈ રહ્યો.

પારો મળેલો હોય, તે તપાવવાથી ઊડી જઈ ભેગવાળો ધાતુ તદ્દન શુદ્ધ થઈ જાય છે.

પારો ગરમીથી ઝટ ફૂલે છે અને ઠંડીથી સંકોચાય છે તેથી તેમ જ તે પ્રવાહી અને ભારે હોવાથી કાચને વળગી જતો નથી, હવામાં કટાતો નથી, નક્કર થતો કે ઊડી જતો નથી, તેથી બેરોમિટર અને થરમોમિટર બનાવવામાં તે વધારે ઉપયોગી છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથીનું લક્ષ એ યુવાન પર જ હતું. કૂવામાં લટકતા પોતાના શિકાર ઉપર વારં-વાર તે પોતાની સૂંઢ લંબાવવા માંડ્યો, પરંતુ સૂંઢ અને શિકાર વચ્ચે અંતર હતું, એટલે નિરાશાથી ધમપછાડા કરવા સિવાય હાથી માટે બીજો ઇલાજ નહોતો.

હાથીથી બચવા માટે કૂવામાં ઊતરી પડવાના વિચારથી યુવાને નીચે નજર કરી તો નીચે અજગર મોં ફાડીને પોતાનો કોળિયો કરી જવા તત્પર બની બેઠેલો તેની નજરે પડ્યો. કૂવાની કોઈ બખોલમાં ભરાઈ પેસવાનો વિચાર કર્યો તો બખોલોમાં પણ સર્પો તેને ડંખ દેવા માટે ફેણ પ્રસારીને બેઠેલા તેણે જોયા!

પરંતુ આટલાથી જ તેની મુસીબતનો અંત આવતો નહોતો. કરવતથી લાકડું વેરાતું હોય એવો અવાજ કાને પડતાં તેણે ઊંચે જોયું તો એક સફેદ અને એક કાળો ઉંદર વડની ડાળીને કોરી ખાતા હતા. અધૂરામાં પૂરું હતાશ બનેલો હાથી વડની એ ડાળીને સૂંઢમાં ભેરવીને જોરથી હલાવવા લાગ્યો.

'હવે તો ભોગ લાગ્યા.' એમ માનીને એ યુવાન પોતાના બંને પગની આંટી વાળીને વડવાઈને જળોની માફક વળગી રહ્યો.

પરંતુ આફત આવે ત્યારે એકલી નથી આવતી, એક પછી એક એનો શંભુમેળો જામે છે. હાથીએ ડાળી હલાવી અને એ ડાળી ઉપર જામેલા મધપૂડાને વળગેલી મધમાખો ઊડી. લોખંડી સોયા ભોંકાતા હોય એવા મધમાખોના ડંખથી એ યુવાનનું શરીર વીંધાયું. એ તોબાહ પોકારવા લાગ્યો.

એ જ ક્ષણે એના હોઠને કંઈ મધુર સ્વાદનો આભાસ થયો. ડાળી ઉપરના મધપૂડામાંથી મધનાં ટીપાં એ યુવાનના કપાળ ઉપર પડતાં હતાં અને ત્યાંથી ઢળીને તેના હોઠ આગળ આવતાં હતાં. સ્વાદલોલુપ જીભ હોઠનો સ્પર્શ કરીને મધની એ મધુરપ ચાખવા

૭

લાગી. યુવાનને એ સ્વાદમાં પરમ સુખ લાગવા માંડ્યું.

*

'અરે સ્વામી! જુઓ તો ખરા! આ તે કેવું કૌતુક!'

આકાશમાર્ગે વિહાર કરતી એક કિન્નરીએ વિદ્યાધરનું ધ્યાન ખેંચ્યું.

'સંસારની મોહજાળમાં ફસાયેલા આવા તો અનેક અવિચારી આદમી આપણી નજરે પડશે. એમની ચિંતા કરવી નકામી છે.'

'એમ ન કહો નાથ! એવા દુર્ભાગી જીવો ઉપર આપણે દયા કરવી જોઈએ. જુઓ તો ખરા—'ઉપર આભ અને નીચે ધરતી' જેવી દશાને આપણે દુઃખની પરિસીમા ગણીએ છીએ, પરંતુ આને બિચારાને તો ઉપર—નીચે—આસપાસ ક્યાં ય ઠરીઠામ થવાનું ઠેકાણું નથી. આવી વિપરીત દશામાંથી એને મુક્ત કરવાની કૃપા કરો.'

'ભલે તારી એવી જ ઇચ્છા હોય તો થોડો સમય વૃથા બગાડીએ. બાકી હું તો કહું છું કે આ દશામાંથી મુક્ત થવાની એની ઇચ્છા જ નથી.'

'અરે એવું તે હોય? આટઆટલાં સંકટોથી ઘેરાયેલા હોવા છતાં...'

'હા, છતાં ય આ મધુબિંદુનો એને જે ચટાકો લાગ્યો છે તે તજવાની એની મનોવૃત્તિ નહિ જ થાય. હજી તારા માનવામાં એ વાત ન આવતી હોય તો ચાલ ખાતરી કરી લે.'

વિદ્યાધરે પોતાનું વિમાન એ યુવાન પાસે લઈ જઈ તેને ઉદ્દેશીને કહ્યું: 'ઓ અભાગી જીવ! ચાલ પકડી લે મારો આ હાથ અને બેસી જા આ વિમાનમાં, એટલે તારાં આ બધાં સંકટો ટળી જાય અને તું દુઃખમુક્ત બને.'

યુવાન ક્ષણભર તો વિમાન તરફ—એ વિમાનમાં બેઠેલા વિદ્યાધર તરફ ટગરટગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ રહ્યો. ક્ષણભર એણે વિચાર કર્યો અને ક્ષણમાત્રમાં જ નિર્ણય કરી લીધો હોય તેમ મસ્તક ધુણાવીને તેણે ઉત્તર આપ્યો :

'તમારી વણમાગી સલાહ કે સહાનુભૂતિની મને જરૂર નથી. આ અમૃત જેવું મધુરું મીઠું મધ–એનો સ્વાદ છોડીને હું અહીંથી શા માટે આવું ? મને મધુબિંદુના સ્વાદથી વંચિત ન કરતા. તમે તમારે માર્ગે જાઓ, મને મારી મોજ ભોગવવા દો.'

'અવિચારી યુવાન ! ફરીથી કહું છું કે આ સંકટોરૂપી જાળમાંથી મુક્ત થવું હોય તો પકડી લે મારો હાથ અને આવી જા મારા વિમાનમાં.' વિદ્યાધરે પુનઃ તેને ચેતવણી આપી.

બોલવા જતાં રખેને મધુબિંદુ મોઢામાં પડવાને બદલે બીજે ઢળી પડે, એટલા થોડાક સ્વાદથી પણ પોતે વંચિત બની જાય એ વિચારથી મોંથી જવાબ આપવાને બદલે તેણે નકારમાં પોતાનું મસ્તક ધુણાવ્યું.

અને એની ઉદ્ધતાઈથી અપ્રસન્ન થયેલા વિદ્યાધરે વિમાન ઊંચે ચડાવતાં કિન્નરીને ઉદ્દેશીને કહ્યું: 'જોઈ લીધી મોહવશ માનવીની લોલુપતા ?'

'ક્ષમા કરો દેવ! મને તો એ કોઈ મૂર્ખ લાગે છે.'

'માત્ર મૂર્ખ નહિ પણ મૂર્ખશિરોમણિ. પરંતુ આ રચનાનું રહસ્ય કંઈ સમજાયું ?'

'એની મૂર્ખતા સિવાય બીજું રહસ્ય વળી શું હોય ?'

'એમાં તો ગહન રહસ્ય છે. જુઓ સાંભળો. આ અવિચારી યુવાન એટલે સં... જીવ. આ અટવા એટલે સંસાર. હાથી એ... મૃત્યુ. કૂવો એટલે મનુષ્યજન્મ. અજ... એટલે નર્ક. ચાર સર્પો એટલે કામ, ... લોભ અને મત્સર. વડની ડાળી ... માનવીનું આયુષ્ય. ધોળો અને કાળો ... તે શુકલ અને કૃષ્ણ બે પક્ષ. મધ... એટલે વ્યાધિ અને મધુબિંદુ એટલે ... સુખ. અર્થાત્ એમ જ કહોને કે મ... મનુષ્યજન્મ પામવા છતાં અને ... દિવસે દિવસે ક્ષીણ થતું જવાનું છે ... ધર્મના સિદ્ધાંતો સમજાવીને સદ્‌ગુરુએ ... વાર ઉપદેશ આપે છે, તોપણ એ તરફ ... આપતાં પામર પ્રાણીઓ આધિ, વ્યાધિ ... ઉપાધિ–અરે, મૃત્યુની પણ તમા ન ... વિષયસુખમાં રચ્યાપચ્યા રહે છે! ... જીવ એ વિષયભોગને મધુબિંદુ ... એની પાછળ પોતાનો પ્રાણ પાથરે છે ... તે એટલું સમજી શકતો નથી કે એ ... મધુબિંદુ નહિ પરંતુ ઠગારી ઇંદ્રજાળ ...

એટલું સમજી જઈને વેળાસર ... જો એ ઇંદ્રજાળમાં ન ફસાય તો જરૂર ... માંથી શિવ બની જાય!'

અને એ મૂર્ખશિરોમણિના અજ્ઞાન ... અટ્ટહાસ્ય કરતા વિદ્યાધરે પોતાના ... આકાશમાર્ગે ઉડાડી મૂક્યું.

★

દોષિત ગણી શકાય એવા એક ગુનેગારને ન્યાયાધીશે નિર્દોષ છોડી મૂક્યો, એ સાંભળીને ન... ખૂબ જ નવાઈ લાગી.

'પણ એ બની જ કેમ શકે ?' વકીલમિત્રને એણે પૂછ્યું.

'કારણ કે એ બહેરો હતો.'

'પણ તેથી શું ?' નરોત્તમને સમજ ન પડી.

'કોર્ટની પ્રથાની તને ખબર નથી' વકીલમિત્રે જવાબ દીધો–'કે કેદી ચુકાદો સાંભળે ત્યાંસુધી એને જેલમાં મોકલી શકાય નહિ!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરણાગતિ

*

શ્રી ભોગીલાલ હિંમતલાલ શાહ

કેવી અકળ આ વિશ્વની લીલા છે! પૂર્વે એક મહાન તેજબિંબ(અં. નેબ્યુલા)માંથી છૂટા પડેલા પૃથ્વી, મંગળ વગેરે ગ્રહો ને અનેક ઉપગ્રહોની માફક પરમેશ્વરના મહદ્ અંશમાંથી આપણે સૌ જીવો જુદા તો પડ્યા; પરંતુ માયાના બંધનમાં લપેટાયેલા આપણે એમને ભૂલી ગયા. હવે શો ઉપાય? આત્મ-પ્રભાવે આ કઠિન બંધન તોડવાની તો જીવની શક્તિ નથી, ત્યારે એકમાત્ર ઉપાય રહે છે, શરણાગતિનો–સંપૂર્ણ સ્વાર્પણનો.

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

गीता १८–६६

અર્થ:-સર્વ ધર્મોનો પરિત્યાગ કરી મને એકલાને જ શરણે આવ. હું તારો સર્વ પાપમાંથી મોક્ષ કરીશ. શોક કરીશ નહિ.

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥

गीता ७–१४

અર્થ:-આ મારી ગુણમયી દૈવી માયા દુરતર છે. જેઓ મારો જ આશ્રય કરે છે તેઓ આ માયા તરે છે.

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययाऽपहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥

गीता ७–१५

અર્થ:-દુષ્ટ કર્મવાળા, મૂઢ, માયાથી હરાયેલા જ્ઞાનવાળા, અને આસુર ભાવનો આશ્રય લીધેલા અધમ લોકો મારો આશ્રય કરતા નથી.

હે સચ્ચિદાનંદ પ્રભો! હું (જીવ) આપનો સનાતન અંશ છું.[1] હું જ્યારે આપનાથી છૂટો પડ્યો ત્યારે પણ આપનો અંશ હોવાથી મારામાં આનંદ કાયમ હતો. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ભગ (તેજ, ઐશ્વર્ય) આપની જેમ મારામાં પણ હતાં. મને મારા અને આપના સ્વરૂપનું જ્ઞાન હતું.

પરંતુ હે, રસેશ! રમણ અર્થે સૃષ્ટિ સર્જવાની ઇચ્છા થવાથી, એક હોવા છતાં આપ બહુ રૂપે[2] થયા. સૃષ્ટિને રમણીય બનાવવા અને પ્રતિપળે તેમાં નૂતનતા સરજાય-વિવિધતા આવે તે માટે જીવમાંથી આનંદાંશ[3] ગુપ્ત કર્યો. આનંદાંશ જતાં ભગવત્પણું ન રહ્યું. એટલે ભગ કહેતાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છયે ધર્મો લુપ્ત થયા. ઐશ્વર્ય જતાં હું દીન બન્યો. વીર્ય જતાં મારે વિવિધ દુઃખ સહન કરવાનું થયું. યશ જતાં હીનતા પ્રાપ્ત થઈ. શ્રી જતાં જન્મ-મરણાદિ દુઃખનો ભોક્તા બન્યો. જ્ઞાન જતાં દેવ વગેરેમાં અહંબુદ્ધિ અને વિપરીત જ્ઞાન થયું, તેમ જ વૈરાગ્યનો લોપ થતાં વિષયોમાં આસક્તિ થઈ. આને પરિણામે મને બંધન પ્રાપ્ત થયું, અને મારામાં બ્રહ્મભાવ મટીને જીવભાવ પ્રાપ્ત થયો. જ્ઞાન–વિદ્યાનો લોપ થવાથી પંચપર્વા અવિદ્યાએ મને ઘેરી લીધો; અને તેથી મને ૧. દેહાધ્યાસ, ૨. ઈંદ્રિયાધ્યાસ, ૩. પ્રાણાધ્યાસ, ૪. અંતઃકરણાધ્યાસ અને ૫. સ્વરૂપ–વિસ્મૃતિ થયાં. આ રીતે મારો અહંતા–મમતાત્મક સંસાર શરૂ થયો. આપના વિભૂતિસ્વરૂપ અંતર્યામી[4]એ મારા

---

૧. ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ॥ गीता १५–७

૨. एकोऽहं बहुस्याम् । श्रुतिः ।

૩ पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ । ब्रह्मसूत्रम् ।

૪. ईश्वरः सर्वभूतानां वि० गीता १८–६१

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયમાં બિરાજી યંત્રારૂઢ પૂતળા માફક મને માયા વડે નચાવ્યો. માયાને આધીન થઈ 'દોરી સર્વની એના હાથમાં ભરાવ્યું ડગલું ભરે[5]' એ પ્રમાણે અત્યાર લગી અનેક જન્મોથી સ્વરૂપને ભૂલી અજ્ઞાનરૂપી અંધકારમાં ભટકાયો, અને આપની ઇચ્છા મુજબ નાચ્યો. 'જે જેનો અંશ તે તેને ભજે.[6]' એમ આપનો અંશ હોવા છતાં આપનું ભજન ભૂલ્યો.

લોખંડી દીવાલોવાળી કોટડીમાં પૂરવામાં આવ્યો હોય તે મનુષ્ય પોતાના સાધન-બળથી તે કોટડીમાંથી નીકળવા પ્રયત્ન કરે તો તેને અત્યંત ક્લેશનો અનુભવ કરવો પડે; પરંતુ કોટડીમાં પૂરનારને દીનભાવે શરણે જઈ વિનવે તો તેને દયા આવતાં કોટડી ખોલે તો તરત જ છુટકારો થાય. જેની ઇચ્છાથી બંધન, તેના શરણથી મુક્તિ; માટે હે પ્રભો! હું તો કષ્ટમય સાધનમાર્ગ છોડી હવે આપને શરણે આવ્યો છું.

'આપ પ્રવચનથી, બહુ બુદ્ધિથી કે બહુ શ્રવણથી પ્રાપ્ત થતા નથી; પરંતુ જેનું વરણ કરો છો તેને જ પ્રાપ્ત થાઓ છો.[7]' હે દયાળુ! આપ દયા કરી મારું વરણ કરો તો જ આપને હું પ્રાપ્ત થઈ શકું. આ શરણાગતિની બુદ્ધિ મારામાં ઉત્પન્ન થઈ તેને જ હું આપનું વરણ માનું છું; કારણ કે સર્વના હૃદયમાં રહેલા અંતર્યામી દ્વારા સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મૃતિ આપ જ કરાવો છો.[8]'

દિવસે ઘરકામમાં મગ્ન અને રાત્રે નિદ્રા-વશ થતાં વ્રજવાસીઓમાં અવિદ્યા દૂર કરવાનું સામર્થ્ય ન હતું; માટે જ આપે 'અવિદ્યા રૂપ પૂતનાનો નાશ કરી'[9] સમસ્ત વ્રજ… ઓની અવિદ્યા દૂર કરી, અને … લીલાઓ દ્વારા તેમની પંચપર્વા અવિ… નાશ કરી, અન્યાશ્રય છોડાવી, તેમને … સિદ્ધ કરી, સ્વરૂપાનંદનું દાન કર્યું… અનુગ્રહ (કૃપા) આપ મારા ઉપર … કરશો? 'દેશત્યાગ, મહાનવ્યાધિ, … સાથે વિરોધ, ધનહાનિ અને અપમા… આપના અનુગ્રહનાં લક્ષણો છે,[10] તે… ક્યારે અનુભવ કરાવશો? અને … જીવનની સંસારાસક્તિ ક્યારે દૂર … જ્યાં જ્યાં અને જેમાં મારી આસક્તિ … ત્યાં ત્યાં અને તેમાંતેમાં દુઃખનો … કરાવી, હે મુરારે! તેમાંથી મને છો…

હજારો વર્ષ થયાં હું આપના… પડ્યો છું. લૌકિક અહંતા-મમતાને … મારામાંથી આપને મળવાનો તાપ… થયો છે, અને આનંદનું તિરોધાન … દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને અંતઃ… અધ્યાસને લઈને મારામાં અહંતા … છે, તેમ જ સ્વરૂપવિસ્મૃતિને લઈને … સ્વરૂપમાં મમતા કરવાને બદલે … ધન, પુત્ર, પરિવાર, આલોક, … તથા આત્મામાં મમતા બંધાઈ રહી … ઉપરનાં અહંતા-મમતા ઉત્પન્ન … દેહાદિ અને સ્ત્રી આદિને હું આપના … કમળમાં નિવેદિત કરું છું. હું તે… દાસ થઈ અભય થવા માગું છું. … હું આપને શરણે છું.

'સર્વ ધર્મોનો પરિત્યાગ … એકલાને શરણે આવ,' એ આપના … નુસાર, હે શરણાગતવત્સલ! …

---

૫. ભક્તકવિ દયારામભાઈ

૬. यो यदंशः सः तं भजेत् श्रुतिः ।

૭. नायमात्मा प्रवचनेन लभ्यः वि० श्रुतिः ।

૮. सर्वस्य चाहं वि० गीता १५-१५

૯. 'अविद्यापूतना नष्टा'। सुबोधिनी…

૧૦. देशत्यागो, महान्व्याधिर्विरोधो ब… धनहान्यपमानश्च मदनुग्रहलक्षणम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરણે આવ્યો છું. તો હે કરુણાસાગર! કરુણા કરી શરણવિરોધી સર્વ ધર્મો છોડાવી કેવળ આપને જ શરણે રાખો, અને અભય આપો, જેથી દુઃખરૂપી સંસાર સુખરૂપી થાય. 'હું હરિનો હરિ મારા નાથ'११ એ કથન મુજબ મારામાં ભગવદીય અહંતા-મમતા ક્યારે ઉત્પન્ન થશે?

હે દયાનિધે! ભવાટવીમાં અટવાતા મને કૃપા કરી શરણભાવ સ્ફુરાયમાન કરાવ્યો છે, તે પ્રમાણે વિશેષ કૃપા કરી સ્નેહ સહિત કાયાથી સેવા, વાણીથી ગુણ-ગાન અને મનથી સ્વરૂપ અને લીલાનું ભાવન-એમ ત્રિવિધ શરણ ક્યારે સિદ્ધ કરાવશો? સાધનબળથી એકે રસ્તો સૂઝતો નથી. કૃપા કરો, કરુણાનિધે! કૃપા કરો. શરણ રાખો, ગિરિધારી.

આપનું સ્વરૂપ, ગુણ અને લીલા અલૌકિક છે, જ્યારે મારી કાયા, વાણી અને મન લૌકિક છે, તો સહજ કરુણા કરી કાયા, વાણી અને મનને અલૌકિકતા પ્રાપ્ત કરાવો તો જ ત્રિવિધ શરણ સિદ્ધ થાય. આનો જીવ પાસે કોઈ ઉપાય નથી. છેવટે હે નાથ! હું આપને શરણ છું, એ સિવાય બીજું શું કરું? 'બુદ્ધિપ્રેરક'१२ એવા આપના ચરણકમળમાં નમન કરી વિરમું છું અને 'तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च। मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम्॥ गीता ८।७

અર્થાત્ તેથી સર્વ કાળમાં મારું સ્મરણ કર અને યુદ્ધ કર. મારામાં મન અને બુદ્ધિનું અર્પણ કરી તું મને જ પામીશ તેમાં સંશય નથી.

એ આપની આજ્ઞા પ્રમાણે મારો તમામ જીવનવ્યવહાર આપના સ્મરણપૂર્વક હો.

११. ભક્તકવિ દયારામભાઈ

१२. 'बुद्धिप्रेरककृष्णस्य पादपद्मं प्रसिदतु।' गायत्रीभाष्य

✻

માર્કટ્વીન નામે એક અતિ પ્રખ્યાત અમેરિકન હાસ્યકાર થઈ ગયો.

એક જણે એક વખત એને પૂછ્યું: 'ટૂંકા ભાષણ કરતાં લાંબા ભાષણની કિંમત શું વધારે નહિ?' 'જુઓ,' માર્કટ્વીને જવાબ વાળ્યો. 'આ વિષે મારો શો અભિપ્રાય છે તે તમે જાણી શકો એટલા માટે એક પ્રસંગ હું તમને કહું. એક રવિવારે હું દેવળમાં ગયો. આફ્રિકામાં મિશનરીઓને જે મુસીબતો વેઠવી પડે છે તેનું હૃદયદ્રાવક બયાન ધર્મોપદેશકે આપ્યું. પાંચ મિનિટ એ બોલ્યા ત્યારે મેં એ કાર્ય માટે પચાસ ડૉલર આપવાનો વિચાર કર્યો. દસ મિનિટ પછી, આપવાનો હતો એ રકમ ઘટાડીને મેં ૨૫ ડૉલરની કરી નાખી. વળી અડધા કલાકનું પ્રવચન અને એ રકમ પાંચ ડૉલર પર આવી ઊભી. પૂરેપૂરા કલાક સુધી એણે સમાજનોને અપીલ કરી, ત્યારે ઉઘરાણા માટે ફરતા પાત્રને મેં એમને એમ ખાલી પસાર થવા દીધું, એટલું જ નહિ પણ અંદરથી બે ડૉલર ચોરી પણ લીધા!'

×

મેનેજર: અરે, મિ. પંડ્યા! તમે આજે સવારે ઑફિસમાં મોડા આવેલા કેમ?

પંડ્યા: જી...જી...હા. ભૂલ થઈ ગઈ. જરા વધારે ઊંઘી જવાયું.

મેનેજર: અરે, તમે ઘેર પણ ઊંઘો છો શું?

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગળો

શ્રી માધવ મો. ચૌધરી

આયુર્વેદ એટલે હિંદની જ ભૂમિ પર પેદા થતી અનેક પ્રકારની વનસ્પતિથી આયુષ્ય વધારવાનું ટકાવી રાખવાનું ઉપચારશાસ્ત્ર. વિદેશી દવાઓના મોહમાં આંગણે ઊગેલી સસ્તી ઔષધિને આપણે ભૂલી ગયા છીએ એ મોટું દુર્ભાગ્ય છે. શરીરમાં પ્રવેશતી અનેક પ્રકારની વ્યાધિઓનો નાશ કરનાર કે અટકાવી રાખનાર એવી એક ઔષધિ તે ગળો છે. આ લેખમાં ગળોના અનેક ગુણો વિશે કહેવાયું છે. દરેક ઘરમાં 'ગળોસત્વ' શા માટે હોવું જોઈએ તેનો ખ્યાલ એના પરથી આવશે.

ગળો ખૂબ મહત્ત્વની ઔષધિ છે. ઘણું કરીને એ સર્વ રોગમાં કામ લાગે છે. આયુર્વેદમાં–આર્યવૈદકમાં એને મહત્ત્વનું સ્થાન આપવામાં આવેલું છે. હિંદના સર્વ ભાગોમાં એના વેલા થાય છે. એની ઉત્પત્તિ સંબંધમાં એવી એક પૌરાણિક કથા છે કે રામ–રાવણના યુદ્ધમાં અસુરોના હાથથી જે વાનરસેના મરાયેલી હતી તેને ઇન્દ્રે અમૃત-વૃષ્ટિ કરી ફરી સજીવન કરી, એ વખતે વાનરોનાં મૃત શરીર ઉપરથી અમૃતના છાંટા ઊડીને જે જે ઠેકાણે પડ્યા તે તે ઠેકાણે એ ઉત્પન્ન થઈ. આથી એનું 'અમૃતા' એવું નામ પડ્યું કહેવાય છે. એ ગમે તેમ હોય; પરંતુ તેની ઉપયોગિતા જોતાં તેને અપાયેલ અમૃતા નામ સાર્થક છે એમ આપણને લાગે છે. સંસ્કૃત-માં ઘણુંખરું એ નામથી જ ઓળખાય છે. ગુડૂચી, કુંડલી, છિન્ના, વયસ્થા, અમૃત-વલ્લરી, છિન્નોદ્‌ભવા, છિન્નરુહા, જ્વર-વિનાશિની, વત્સાદની, ચંદ્રહાસા, ચક્રલક્ષણા એવાં બીજાં પણ ગળોનાં સંસ્કૃત વિશેષ નામો છે.

ગળોના વેલા બીજાં ઝાડો ઉપર તેમ જ ખેતરોની વાડ ઉપર ચઢે છે. કેટલેક ઠેકાણે એ ખડકના આધારે પણ થાય છે. એના કુમળા વેલાની છાલ કોમળ હોય છે. એ ત્રણચાર વર્ષની થાય એટલે ખડબચડી થાય છે. કુમળા વેલાની છાલનો રંગ લીલો હોય છે. જૂની ગળોની છાલનો રંગ મેલો હોય છે અને છાલ કાઢી લઈએ તો અંદરનો રંગ લીલો હોય છે. વરસાદ આવવાનો હોય છે ત્યારે એના વેલામાંથી કુમળા અંકુર એકદમ ફૂટી નીકળે છે અને તે દરરોજ પ્રમાણમાં વધવા માંડે છે. ખેડૂતો તેને વરસાદના આગમનની નિશાની તરીકે ગણે છે. ગળોનો વેલો એકસરખો હોતો નથી. એને કાંડા જેવી એક બાજુએ ગાંઠો હોય છે. ગામડાંના કેટલાક લોકો એના વેલા લાવી કકડા કરી દૂઝણા ઢોરને ખાણ તરીકે ખવડાવે છે. ગામડાના લોકો ગળોને સહેલાઈથી મેળવી શકે છે.

લીમડા, બાવળ કે આંબા ઉપર ચઢેલી ગળો વધારે ગુણકારી મનાય છે. લીમડા ઉપરની ગળો સર્વશ્રેષ્ઠ–ઉત્તમ ગણાય છે. ઔષધિ તરીકે લીમડા ઉપરની ગળો વપરાય છે. ગળોના વેલા જેમ જૂના પાકટ હોય તેમ તે વધારે ગુણ કરે છે. ગળોના વેલાનાં મૂળ તરફનો ભાગ હાથના કાંડા જેવો જાડો થાય છે. કાચા તાંતણા જેવો વેલો દવા તરીકે ગુણ કરતો નથી. ગળો મળે ત્યાંસુધી જૂની જ ઉપયોગમાં લેવી.

ગળો કડવી, તીખી, લઘુ–હલકી, સ્વાદિષ્ટ, રસાયની–જરા તથા વ્યાધિ-નાર, મળને બાંધનાર, તૂરી, ઉષ્ણવીર્ય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારનાર, અગ્નિ પ્રદીપ્ત કરનાર તથા કમળો, કોઢ, વાતરક્ત, તાવ, પિત્ત અને કૃમિરોગનો નાશ કરનાર છે.

ગળોનો મુખ્ય ગુણ વાત, પિત્ત અને કફના દોષોને શાંત પાડવાનો શમન ગુણ છે. બીજો ખાસ ગુણ જ્વરઘ્ન છે. ગળો મૂત્રલ, રક્તપિત્તહર તેમ જ કટુ અને પૌષ્ટિક છે. દાહ, તૃષા, રક્તદોષ, વમી, વાત, ભ્રમ, પાંડુરોગ, પ્રમેહ, ત્રિદોષ, આમ, ઉધરસ, રક્તાર્શ, વાતરક્ત, ખરજ, મેદ, વિસર્પ, પિત્ત અને કફનો નાશ કરે છે.

ગળો ઘી-ગોળ વગેરે જુદીજુદી વસ્તુઓ સાથે વાપરવાથી જુદોજુદો પ્રભાવ દાખવે છે. ઘી સાથે વાપરેલી ગળો વાયુનું, ગોળ સાથે વાપરેલી ગળો બંધકોશનું, સાકર સાથે વાપરેલી ગળો પિત્તનું, મધ સાથે વાપરેલી ગળો કફનું, એરંડિયા તેલ સાથે વાપરેલી ગળો વાતરક્ત(પત્ત)નું, અને સૂંઠ સાથે વાપરેલી ગળો આમવાયુનું શમન કરે છે.

ગળોમાં છ રસો પૈકી ચાર રસ છે: કડવો, તૂરો, તીખો અને મધુર. કડવો અને તૂરો રસ પિત્તદોષને શાંત કરે છે; તીખો, કડવો અને તૂરો રસ કફદોષને મટાડે છે અને મધુર રસ વાયુનું પણ શમન કરે છે. ગળોમાં મધુર, કડવો, તૂરો અને તીખો એ ચાર રસ હોવાથી એ ત્રણે દોષનો-ત્રિદોષનો નાશ કરે છે, અને ઘણા રોગોનો નાશ કરવાનું સામર્થ્ય ધરાવે છે. ગળો ઉત્તમ રસાયન છે.

ગળોમાંથી સારરૂપ ઉત્તમ ઔષધિ 'ગળો-સત્ત્વ' કાઢવામાં આવે છે અને તે જુદાજુદા અનુપાન સાથે વાપરવાથી અનેક રોગોનો નાશ કરે છે. ગળોસત્ત્વ કાઢવાની રીત સહેલી ને સર્વ કોઈ કાઢી શકે તેવી છે. લીમડા કે આંબા ઉપરની સારી જાડી ગળો લાવી તેના ત્રણથી ચાર આંગળ જેવડા કકડા કરી પાણી વડે ધોઈ નાખવા; પછી તેને થોડાક કચરી કલાઈ કે માટીના વાસણમાં ચાર પ્રહર સુધી પલાળી રાખવા. અને ત્યાર-પછી તેને હાથ વડે ખૂબ મસળી અથવા ગોળીમાં નાખી રવૈયાથી વલોવી સર્વ કૂચા કાઢી ફેંકી દેવા; અને ગળોવાળું પાણી ગાળી લઈ જુદું રાખવું. કેટલીકવારે તેની અંદરનું સત્ત્વ નીચે ઠરવા માંડશે. સત્ત્વ તળિયે ઠરી રહે એટલે ઉપર ઉપરનું પાણી નિતારી કાઢી નાખવું. ફરીથી બીજું પાણી ઉમેરવું અને સત્ત્વ ઠરે એટલે ઉપરઉપરનું નીતર્યું પાણી કાઢી નાખવું. ફરીફરીને એમ છ સાત વાર નીતર્યું પાણી કાઢી નાખવું અને સત્ત્વને સૂર્યના તાપથી સૂકવી બાટલીમાં ભરી રાખવું એટલે એ સત્ત્વશુદ્ધ અને સફેદ થાય છે; તેમાંથી ગળોની કડવાશ નાશ પામે છે. કેટલાક કૂચા કાઢી લીધેલા પાણીને દેવતા પર ઉકાળી બાળીને ગળોનું ઘન બનાવે છે તે જીર્ણજ્વર માટે તેમ જ બાળકોના તાવ માટે ઉપયોગી છે.

ગળોસત્ત્વ લેવાનું પ્રમાણ અધો માસાથી બે માસા સુધી છે. એ ઘણા રોગો ઉપર સારો ફાયદો કરે છે. જુદાજુદા રોગ ઉપર જુદાજુદા અનુપાન સાથે અપાય. છે. પ્રમેહ ઉપર ગાયના પાશેર દૂધમાં બે માસા નાખી પાવું, અથવા ત્રિફળા અને સાકરમાં આપવું. જીર્ણજ્વર ઉપર ઘી તથા સાકર અગર મધ અને લીંડીપીપર સાથે; પાંડુરોગ ઉપર ઘી અને મધમાં અથવા દૂધ સાથે; વાયુ ઉપર ઘી સાથે; પિત્તજ્વર અને પિત્ત ઉપર સાકર સાથે; કફરોગ ઉપર મધ સાથે; રક્ત પિત્ત ઉપર એરંડિયા તેલ સાથે; આમ-વાયુ ઉપર સૂંઠ સાથે; સર્વનેત્ર રોગ ઉપર ભેંસના ઘી સાથે; ક્ષય ઉપર ઘી, સાકર અને મધ સાથે અને સર્વ રોગ ઉપર ઠંડા પાણી સાથે આપવું અને શક્તિ આવવા માટે ગાયના ધારોષ્ણ પાશેર દૂધમાં બે માસા રૂપિયા ભાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાકર સાથે આપવું.*

ગળો, આંબળા અને ગોખરું એ ત્રણે સમાન ભાગે લઈ ઘી અને સાકર મેળવી ખાવાથી ધાતુસ્થાનની ઉષ્ણતા દૂર થઈ ધાતુ-પુષ્ટિ થાય છે. તે મૂત્રમાર્ગના સર્વ દોષોનો નાશ કરે છે. વૃદ્ધાવસ્થાની નબળાઈ મટાડે છે. ધોળા વાળ કાળા કરે છે. અપાર વીર્ય-શાળી કરે છે. આ ત્રણ ચીજોના ચૂર્ણને 'રસાયનચૂર્ણ' કહે છે. ×

ગળોનું વસ્ત્રગાળ ચૂર્ણ સોભાગ; ગોળ સોળ ભાગ; મધ સોળ ભાગ અને ઘી વીસ ભાગ લઈ એકત્ર કરવું. આને 'અમૃતરસ' કહે છે. ઉંમર અને પાચનશક્તિનો વિચાર કરી અમૃતરસનું સેવન કરવાથી; પથ્ય અને પરિમિત ભોજન લેવાથી કોઈ પણ વ્યાધિ થતો નથી, તેમ જ વાળની ધોળાશ, વૃદ્ધપણું, તાવ, વિષમજવર, પ્રમેહ, વાતરક્ત અને નેત્રરોગ થતા નથી. આ ઉત્તમ રસાયન વૃદ્ધાવસ્થા દૂર કરનાર, બુદ્ધિ વધારનાર અને ત્રિદોષ નાશક હોઈ એના સેવનથી મનુષ્ય દીર્ઘજીવી બને છે. આની સરખા-ણીમાં અન્ય રસાયન તુચ્છ ગણાય છે.

ગળો જેવી સામાન્ય લાગતી ઔષધિમાં કેવા ચમત્કારી ગુણ છે અને આર્યવૈદકનું તલસ્પર્શી જ્ઞાન કેટલું પ્રભાવશાળી હોય છે તેનો એક દાખલો અહીં રજૂ કરું છું. જૂના-ગઢમાં એક દર્દીને પત્ત(લેપ્રસી)નો રોગ થયો હતો. લોહી તપાસતાં પત્તનાં જંતુઓ જણાયેલાં અને ટાંકણીઓ ઘોચતાં પણ ખબર ન પડે એટલી ચામડી બહેર મારી ગયેલી. જૂનાગઢના એક મુખ્ય વૈદકીય અમલદાર ડૉકટરના અનેક ઉપચાર અને ઘણીઘણી મહેનત બાદ પણ કંઈ ન વળવાથી દર્દીએ એક વિખ્યાત દેશી વૈદ્યનો આશરો લીધો અને તેમના બતાવ્યા મુજબ ગળો, દિવેલ અને મીઠાવિનાના ખોરાકનું નવ વર્ષ સેવન કરવાથી પત્ત સંપૂર્ણ મટી ગયું હતું.

ગળોના સ્વરસમાં મધ મેળવી પીવાથી સર્વ પ્રકારના પ્રમેહ મટે છે.

ગળોનો રસ સાકર મેળવી પીવાથી તરત પિત્ત દૂર થાય છે.

ગળો, અરડૂસી અને એરંડાના મૂળના ઉકાળામાં એરંડિયું નાખી પીવાથી વાતરક્તનો નાશ થાય છે.

ગળો અને ત્રિફળાનો ઉકાળો મધ અને પીપર નાખી નિત્ય પીવાથી સર્વ પ્રકારના નેત્રરોગનો નાશ થાય છે.

ગળોનો ઉકાળો મધ નાખી પીવાથી ત્રિદોષજન્ય ઊલટી બંધ થાય છે.

ગળો, ધાણા, કડવા લીમડાની છાલ અને રતાંદળી(રક્તચંદન)નો ઉકાળો પીવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થઈ સર્વ પ્રકારના તાવ દૂર કરે છે,

ગળો, પીપળીમૂળ અને સૂંઠ એ ત્રણેનો ઉકાળો વાત જ્વર પૂરા રૂપમાં આવ્યા પછી સાતમે દિવસે પીવાથી વાતજ્વર (વાયુના તાવનો) નાશ કરે છે.

---

* જુઓ-घृतेन वातं सगुडा विबंधं ।
पित्तं सिताढ्या मधुना कफं च ॥
वातास्रमुग्रं रुबुतैलमिश्रा ।
शुंठ्यामवातं शमयेद्गुडूची ॥
(મદનપાલનિઘંટુ શ્લોક ૪૧)

× સરખાવો-अमृतामलकी त्रिकंटकानां
हविषा शर्करया निषेवणेन ।
अजरा अमरा अपारवीर्या
अलिकेशा अदितेः सुता अभूवन् ॥
(વૈદ્યજીવનમ્ ઉ. ૪, શ્લોક ૪)

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂત

શ્રી છગનલાલ નેસ્તી

'ભૂત'ને કોઈએ જોયું નથી, સાંભળ્યું નથી, કોઈ પણ પ્રકારે એ જીવયોનિનો આપણને અનુભવ થયો નથી, છતાં આબાળવૃદ્ધ એનાથી સંપૂર્ણ વાકેફ છે! એ કેવું વિચિત્ર કહેવાય! ભૂતમાં તમે માનતા ન હો, પણ એના કોઈ સાધક તરફથી પડકાર ફેંકાય, ઘોર અંધારી કાળરાત્રીએ તમે સ્મશાનમાં જાઓ ત્યાં ભયંકર ચિચિયારી સાંભળો, પથ્થર પડે, બળતી સગડી સાથે કોઈની અવરજવર થતી જણાય...તો? ઉકેલ આ પ્રસંગચિત્રમાં મળે છે.

અમારી પાંચ-સાત લંગોટિયા ભાઈબંધોની નામચીન ટોળી હતી. ખરેખરી રખડુ ટોળી! મસ્તી-તોફાનમાં અમારો નંબર પહેલો. નદી તરી જવામાં, કોઈની સાથે ઝપાઝપી કરવામાં કે ધીંગામસ્તીમાં અમે કદી યે પાછા ન પડીએ! એકાદ બે વખત તો અમે સંપ કરીને ગામના બે-ત્રણ ગુંડાઓને એવો તો મેથીપાક ચખાડેલો કે બચ્ચાઓ ફરીથી કોઈનું નામ લેવાનું કે કોઈ અબળાની છેડતી કરવાનું ભૂલી જ ગયેલા! પણ આ બધી ખાસિયતોમાં અમારી એક વિશિષ્ટતા ખાસ તરી આવતી. અમે ભૂતપ્રેત કે ડાકણ-શાકણને બિલકુલ માનતા નહિ. કાળીચૌદશની કાળરાત્રિએ ભૂતને ભેટવા અથવા વીર વેતાલ મળે તો તેને વશ કરવા અમે ખાસ ભયંકર શ્મશાનમાં ભટકતા, છતાં અમારે સારે નસીબે કે કમનસીબે ભૂતભાઈનો કદી યે ભેટો થયો ન હતો અને જો કદાચ થયો હોત તો? જે ક્યારે ય નથી બન્યું તેનો વિચાર શા માટે કરવો?

ભલે ભૂત અમારાથી ડરીને દૂર ભાગે પણ અમે ભડવીરો ભૂતને છોડીએ એવા કયાં હતા? ગમે ત્યાંથી ગમે તે પ્રકારે અમારે ભૂતને ભેટવું હતું; અને અમારી એ ખરા દિલની તમન્ના એક વખતે વિધાતાએ પાર પાડી પણ ખરી!

વાત એમ બની કે એક ભૂવા જેવા ગણાતા ભૂતોના સાધકે અમને આહ્વાન આપ્યું, કે તમે ભૂતને માનતા નથી તો ચાલો તમને ભૂત બતાવું. અમને તો ભાવતું 'તું ને વૈદે કીધું! પડકાર અમે ઝીલ્યો અને ભૂતનાં દર્શન કરવા અધીરા બની રહ્યા.

શ્રાવણ માસની મેઘલી રાત હતી. આકાશમાં ઘનઘોર મેઘાડંબર જામ્યો હતો. બધું વાતાવરણ ગંભીર, ભયપ્રેરક અને શૂન્યતાથી સભર હતું. અમે ભૂતોના સાધકને ઘેર ગયા. એમનું ઘર જ ભૂતપ્રેતના વાસ જેવું બિહામણું, દુર્ગંધમય અને ઘૃણા ઉપજાવે એવું હતું. એ મહાશયે એમની વિશિષ્ટ રીતે અમારો સત્કાર કર્યો. ભૂતસાધનાનાં સાધનો ગર્વભેર બતાવ્યાં. થોડાંક ડાકલાં પણ વગાડ્યાં અને ભૂત કેવા કેવા રૂપે દેખા દઈને બિવડાવે છે તેનું રસભરી બાનીમાં બરાબર વર્ણન કર્યું. એ બધું સાંભળીને અમારા દિલમાં પણ ઊંડે ઊંડે કંઈક થડકાટ પેઠો. પછી ભૂતસાધકે અમને કહ્યું:

'તમે મારા આ સાગરીત સાથે જાઓ. એ તમને નદીકિનારે...શ્મશાનમાં લઈ જશે. જોજો, હિંમત રાખજો, જરા યે ગભરાશો નહિ. શ્મશાનમાં જતાં જ તમને બધા ચેનચાળા જણાશે. તમારે છાનામાના જોયા કરવું. જા, તો અલ્યા...આ લોકોને લઈ જા. સંભાળીને લઈ જજે. જો જે, આ લોકોમાંથી કોઈનો વાંકો વાળ સરખો યે થાય નહિ. જાઓ, ફત્તેહ કરો.'

આ વચનો સાંભળી અમને લાગ્યું, કે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમને ક્યાં મોકલે છે? અમારું બલિદાન તો આપવાનું નથી ને? ગમે તેમ હોય છતાં ગભરાવાની જરૂર નથી, જવું તો ખરું જ. અમે ક્યાં ડરપોક હતા?

અમે પેલા સાધકના સાગરીત સાથે ચાલ્યા. સાગરીતે પોતાની સાથે એક ગંદી કોથળીમાં કંઈક માંસ જેવું લીધું હતું. ગજવામાં એકાદ ચળકતો છરો ઘાલેલો હતો. અમે નીકળ્યા—શહેર બહાર નિર્જન જગ્યાએ ચાલવા લાગ્યા. બધે શૂન્ય અને ભયાનક હતું. રાત્રિ સૂમ...સૂમ...કરતી વીતતી હતી. તમરાંઓનો વિચિત્ર અવાજ રાત્રિનું સૂરીલું સંગીત રેલાવતો હતો. ઠેકઠેકાણે દેડકાઓના ડ્રૌઉં...ડ્રૌઉં...ના નાદ પણ તમરાંઓના સૂરોમાં નરઘાંના અવાજની માફક થાપ મારતા હતા. આકાશમાં વાદળાં માથે ઝઝૂમતાં હતાં. નિશાદેવી અંધારપિછોડીમાં ગુપચુપ લપાઈને બેઠી હતી. આવી મેઘલી રાતે એકની પાછળ એક અમે ભૂતના ભાઈ જેવા ભૂતોની ભાઈબંધી સાધવા આગળ ધપ્યે જતા હતા. મધરાતનો અમલ હતો. પવન પણ ક્યાંય લપાઈને બેસી ગયો હતો. વાતાવરણમાં બધે જાણે ભૂતના જ ભણકારા વાગી રહ્યા હતા. વચ્ચેવચ્ચે પેલો સાગરીત અમને ભૂતનાં ચમત્કાર સંબંધી કંઈ અજબ ટુચકા કહી અમારા ભયત્રસ્ત હૃદયમાં ભયનાં વર્તુલો વિશેષ વિસ્તૃત કરતો હતો. આખરે એ અમને નગરથી દૂરદૂર નિર્જન નદીતટે એક ભયંકર ગણાતી જગ્યાએ લઈ આવ્યો. એ સ્થાન તદ્દન હલકી ગણાતી વર્ણોનું ખાસ શ્મશાન ગણાતું. એ જગ્યાના નામથી જ મનમાં ભયંકર ભૂતાવળ જાગતી. લોકોમાં એવી માન્યતા હતી કે એ શ્મશાનમાં પથ્થરની છાતીવાળો માણસ પણ પાણી જેવો પોચો બની જઈ ગભરાઈને નાસી જાય! અમે મધરાતે એ જ શ્મશાનમાં ભૂતદર્શને આવી પહોંચ્યા હતા.

પેલા સાગરીતે અમને એક શીમળા[illegible] નાના ઝાડ નીચે બેસાડ્યા. આસપાસ નજર ફેંકતાં જણાયું, કે આ જગ્યા દિવસે જેટલી ભયાનક લાગતી તેના કરતાં અત્યારે મધરાતે સાક્ષાત્ ભયંકરતા શાંત બેઠી હોય એવી સ્તબ્ધ અને ઘોર લાગતી હતી. આજુબાજુની ટેકરીઓ કાળા બુરખાધારી મોટી આકૃતિઓ બેઠી હોય તેવી ભયાનક જણાતી હતી. [illegible] નદીનો પ્રચંડ જળપ્રવાહ વહેતો હતો. કવચિત્ કોઈ ચીબરીના કારમા ચિત્કાર [illegible] ગીધનાં બચ્ચાંઓનાં કરુણ આક્રંદધ્વનિ [illegible] માં સોંસરા પેસી જઈ હૈયામાં ધ્રૂજારી [illegible] કરતાં હતાં. અમે આ ભયાનકતાનું [illegible] આંખે પાન કરતા બેઠા. ખાસ વાતચીત કર[illegible] પણ મન થતું ન હતું.

આમ અડધોક કલાક વીતી ગયો. [illegible] અરસામાં કંઈજ બન્યું નહિ. પેલો મા[illegible] અમને વારંવાર કહેતો: 'જુઓ, સા[illegible] રહેજો. જરા ચેતીને રહો તો સારું. [illegible] થયો છે. હમણા જ બધું તમને નજરો[illegible] દેખાશે. હવે કઈ ઘડીએ શું થાય તે કહે[illegible] નહિ! પણ આપણે ચેતીને જ રહેવું. [illegible] ગભરાશો નહિ. હું છું એટલે મારા [illegible] મહેરબાનીથી તમારો વાંકો વાળ પણ [illegible] નથી.' અમારો ભય વધતો જતો હતો, [illegible] કંઈ દેખાતું ન હતું.

એવામાં એક ચમત્કાર બન્યા જેવું [illegible] અમે જે શીમળાના ઝાડની નીચે બેઠા [illegible] તેના પરથી એક મોટું માટીનું ઢેફું [illegible] ર...ર... અવાજ કરતું નીચે પડ્યું. [illegible] ચમક્યા. અચાનક આ શું? અમારા [illegible] રૂંવાડાં ખડાં થયાં. પેલો માણસ બોલ્યો: 'હં, હવે તૈયારી થઈ છે. ગભરાશો [illegible] કંઈ થવાનું નથી. મારી પાસે બધો સરં[illegible] તૈયાર છે. ભલેને બધાં સામટાં કેમ [illegible] આવતાં? પણ તમે જરા [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેથી ઊઠી જાઓ. એ એમનો ખાસ વાસ છે; અહીં આવો. આ બાજુ બેસો.' અમે એની ભાષા સમજી ગયા. એ જાણે ભૂતોનાં રહસ્યમંત્રનો ઉચ્ચાર કરતો હતો. અમે જગ્યા બદલી. ત્યારપછી એક પછી એક ઢેફાં પેલા શીમળાના વૃક્ષ પર પડયે જ જાય. એ ક્યાંથી આવતાં હતાં તેની અમને સમજણ પડતી ન હતી. ભયાનક નિઃસ્તબ્ધતામાં એ પાંદડાં ખખડવાનો અવાજ ભયંકર અને સૂચક લાગતો. જાણે કોઈ અદષ્ટ સત્ત્વ ઝાડ પર અદ્ધર ભૂસકો મારી નીચે પડતું હોય તેવું લાગતું હતું. પેલો સાગરીત મનમાં ને મનમાં કંઈ ગણગણતો હોય તેમ ભાસ થતો હતો. અમે સફાળા ઊઠી ધડકતે હૈયે આ જોઈ રહ્યા. એટલામાં વળી બીજો ચમત્કાર બન્યો. દૂર દૂરથી સી...સી...સી... એમ સિસકારા સંભળાવા લાગ્યા; અને એ ક્યાંથી આવે છે તે જોવા અમે આમતેમ દૃષ્ટિ દોડાવી, એટલામાં સામેની ટેકરી પર છાયાચિત્ર જેવા ઓળા જાણે ઊભા થતા હોય, બેસી જતા હોય અને નાચતા હોય એવો ભાસ થયો. અમને ચોક્કસ ખાતરી થઈ કે ભૂતાવળનું સામ્રાજ્ય વ્યાપી ગયું છે અને એ લોકો અમને ડરાવી રહ્યાં છે. આ ખાતરી થતાં જ અમારા હૃદયમાં જે થોડીઘણી હિંમત હતી તે પણ ઓસરી ગઈ. ભૂતાવળાં અહીં અમને હેરાન કરશે તો શું થશે એમ ભીતિ લાગવા માંડી. અમને થવા લાગ્યું, કે અહીં ન આવ્યા હોત તો સારું થાત! હવે અહીંથી સહીસલામત છૂટીએ તો પ્રભુનો પાડ. આ વિચારથી અમારામાંથી એક ભાઈ જે હનુમાનજીના ચુસ્ત ભક્ત હતા તે હનુમાન–ચાલીસા બોલવા મંડી પડ્યા. હું ગાયત્રીનો જાપ જપવા બેસી ગયો અને એક ભાઈ 'રામ, રામ, રામ' કરવા લાગ્યા. અમે સાંભળ્યું હતું અને વાંચ્યું પણ હતું કે ગાયત્રીમંત્રથી ને હનુમાનચાલીસાથી ભૂતયોનિ પાસે આવી શકતી નથી. અમે એ અખતરો અજમાવ્યો. પેલો સાગરીત અમને હિંમત આપતો હતો. સિસકારા વધતા જતા હતા અને ટેકરીઓ પર ઓળાઓ દેખાઈને અદૃશ્ય થઈ જતા હતા. આ જોઈ પેલા સાગરીતે કહ્યું: 'તમે ગભરાઓ છો શું કામ? આ તો પાશેરામાં પહેલી પૂણી છે. એટલું કહોને કે હું છુ એટલે એ લોકો (ભૂત) તમારી પાસે આવી શકતા નથી. નહિ તો તમને ખબર પડે કે આવી જગ્યાએ કેવી રીતે રહી શકાય છે?'

એટલામાં દૂરથી કંઈ વિચિત્ર ખડ–ખડાટ–હસવાનો અવાજ આવ્યો. શાંત વાતાવરણમાં એના ભયાનક પડઘા પડ્યા અને અમને લાગ્યું કે જાણે બધાં જ ભૂતો એકસામટાં અમને બિવડાવવા અટ્ટહાસ્ય કરી રહ્યાં છે. અમારા હાંજા જ ગગડી ગયા. અમે ભયભીત બની આંખો ફાડીને જોવા લાગ્યા. સામે જ આગના ભડકા જેવા અગ્નિનાં કુંડાળાં નાચતાં હતાં. જાણે કોઈ કાળી આકૃતિ માથે સળગતી સગડી લઈને તાંડવ કરતી હતી. એ જોઈને અમારું લોહી જાણે ઠરી જ ગયું. એક જણ તો ચિત્કાર પાડી મને બાઝી પડ્યો. 'હનુમાનચાલીસા' બોલનારની જીભ તાળવે ચોંટી ગઈ. મારા મુખમાંથી ગાયત્રીમંત્ર ગાયબ થઈ ગયો. અમે બધા એકમેકની સોડમાં લપાઈને ફાટી આંખે જોવા લાગ્યા. અમારા અંગે-અંગમાં ભયની ધ્રુજારી વછૂટી. અમને અમારા અસ્તિત્વનું પણ ભાન ન રહ્યું. આમ પાંચેક મિનિટ સુધી બધું સ્તબ્ધ બની રહ્યું.

એટલામાં પેલો અગ્નિનો ભડકો અલોપ થઈ ગયો અને એ દિશામાંથી કોઈની કારમી ચીસ સંભળાઈ. અમારો સાથી, પેલો સાગ-રીત ગભરાઈને ઊઠ્યો અને સામે એ દિશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ દોડી ગયો. અમે દિઙ્મૂઢ જેવા બનીને ઊભા હતા એટલામાં સામે જ થોડેક દૂર વાતચીતના તૂટકતૂટક શબ્દો અમારા કાને અથડાયા. અમારામાં જીવ આવ્યો. થીજેલું લોહી જાણે ફરીથી ફરવા લાગ્યું. મેં જરા ખોંખારો ખાધો. બીજા બધા પણ સાવધ થયા. અમારામાં પાછી હિંમત આવી. છેવટે અમારામાંથી એક જણે કહ્યું: 'અરે યાર! આપણે તો ખરેખરા બની ગયા. ભૂતને જોવા તો આવ્યા, પણ હિંમત હારી બેઠા. ખરેખર આપણે ડરપોક જ છીએ. ચાલો, આપણે જોઈએ તો ખરા કે સાધકનો પેલો સાગરીત ક્યાં ગૂમ થઈ ગયો? અને આ વાતચીત કોણ કરે છે? આ તો ભૂત પણ નથી અને ભૂતનો બાપ પણ નથી. આપણને બિવડાવવાનું આ ધતિંગ જ લાગે છે.'

આ સાંભળી બધા પાછા બહાદુર બની ગયા. અમે ધીમેધીમે ડગલાં ભરતાં સામેની ટેકરી તરફ જવા લાગ્યા. થોડેક જતાં અમે જોયું તો માલૂમ પડ્યું કે પેલો ભૂતનો સાધક અને સાગરીત બેઠાબેઠા કંઈક મંત્રણા કરે છે. અમે તેમને પકડ્યા. તેઓ કરગરી પડ્યા. પેલા ધૂર્ત સાધકે કબૂલ કર્યું કે અમને ભૂતડાકણનો પરચો બતાવવાને ખાતર જ તેણે આ બધું ધતિંગ કરી અમને બિવડાવેલા. અમે સ્મશાનમાં આવવા નીકળ્યા ત્યારે સાધક અમારી પાછળપાછળ આવેલો અને બધી ભૂતલીલા ભજવેલી. શીમળાના ઝાડ પર ઢેફાં પણ એણે જ ફેંકેલાં, કાળા ઓળા પણ એના જ હતા. અને ચેતેલી સગડીનો દેખાવ પણ એ ભાઈસાહેબે જ કરેલો! પણ અચાનક સગડી માથે લઈને ફરતાં એક જબરા પથ્થરની ઠોકર વાગવાથી તે ગબડી પડ્યો અને ચીસ પાડી ઊઠ્યો; તેથી કંઈક બન્યું એમ ધારી પેલો એનો સાગરીત ત્યાં દોડી ગયો. આ પ્રમાણે બધું ભૂતનાટક ભજવાયું અને અમારી ભ્રમણા ભાંગી. અમે ખરેખર ઠગાયા. ત્યારથી અમને ચોક્કસ ખાતરી થઈ કે ભૂતડાકણ જેવું કંઈ છે જ નહિ. એ માત્ર મનની ભ્રમણા જ છે. અને પાકા ઉઠાવગીરો, ભૂવા ગણાતા ભામટાઓ, મંત્રજંત્ર જાણવાની ડંફાશ હાંકનારાઓ ભોળા અને કાચા મનના માનવીઓને ભૂતડાકણને નામે ફસાવીને ખોટા હેરાન-પરેશાન કરી મૂકે છે.

★

મારું જીવન સૂર્યમુખીના પુષ્પ જેવું છે; રાત્રિએ એ સુમેટાય છે અને પ્રભાત થતાં પાછું ખીલી ઊઠે છે.

જીવનપંથમાં દરેકને અડચણોના અનેક ડુંગરો આવે છે, પણ તે ડુંગરોની ટોચ પર જઈ તેની બીજી બાજુ દૃષ્ટિપાત કરશો તો ત્યાં આશા, શ્રદ્ધા ને પ્રેમની નદી વહી રહેલી દેખાશે. આ નદીમાં સ્નાન કરવાથી ચઢવાનો થાક હળવો થાય છે અને હૃદય સાંત્વન અનુભવે છે.

પર્વત ઉપર ચઢ્યા પછી જ તળેટી કે ખીણની ભયંકરતા સમજાય છે, દુઃખના ડુંગરોમાં ભટક્યા પછી જ કરુણાની કિંમત આંકી શકાય છે.

માનવીને જન્મથી મૃત્યુના પંથ તરફ દોરી જતા ભોમિયાને લોકો 'વર્ષગાંઠ' કહે છે. ક્રૂર હોવા છતાં એ પૂજાય છે.

મારો આત્મા મારા મૃત્યુ માટે અને તેની મુક્તિ માટે ઝંખે છે, જ્યારે મારું મન લાંબા આયુષ્ય માટે ઝંખે છે. જીવનસાગરના આ બન્ને કિનારા શું સમન્વય સાધી શકશે ખરા?

મોગરાની કળી જોઈ મને મારું બાળપણ યાદ આવે છે. ખીલેલા ગુલાબનું પુષ્પ જોઈ મને મારી કુમાર અવસ્થાની યાદ તાજી થાય છે. કોઈ ભ્રમરને કુસુમોના ઝુંડ પાસે ઘૂમતો જોઈ મને મારી યુવાનીનું ભાન થાય છે. જ્યારે ધરતી ઉપર પડેલાં, કરમાયેલાં પુષ્પો જોઈ મને મારી વૃદ્ધાવસ્થાના ભય ભર્યું જીવન ભમતું ભાસે છે. દેવપૂજા કરી રહ્યા પછી નદીમાં પધરાવેલાં, તણાતાં પુષ્પો નીરખી મને મારા જીવનની છેલ્લી ઘડીઓનો અવાજ સંભળાય છે.

ગિરીશ ઈશ્વરલાલ દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય સંસ્કૃતિ

*

શ્રી સુરેન્દ્ર સી. પરીખ

જે ભારતનું સાંસ્કૃતિક દર્શન સમજવા માટે જવાહરલાલજીને 'ડિસ્કવરી ઑફ ઇંડિયા' જેવો વિદ્વત્તાપૂર્ણ ને હિંદી સંસ્કૃતિના અરીસા સમો ગ્રંથ રચવો પડ્યો, જે સંસ્કૃતિસૂર્યનાં કિરણો સમા વિવેકાનંદ, રામતીર્થ, દયાનંદ સરસ્વતી, ટાગોર, શ્રી અરવિંદ, રમણ મહર્ષિ ને ગાંધીજીએ પોતાના જીવન દ્વારા પ્રકાશ પાથર્યો, તેનો પાર આટલા નાના લઘુ લેખમાં કેમ કરી પામી શકાય? તથાપિ એ સંસ્કૃતિનો આછો ઇતિહાસ આપતાં લેખકે તેની કંઈક ઝાંખી તો કરાવી છે.

ભારતીય સંસ્કૃતિ એ તો આલમની અતિ પ્રાચીન સંસ્કૃતિ છે. તેના ભૂગર્ભમાં દુનિયાને શીખવા જેવાં ઘણાંયે તત્ત્વો પડેલાં છે. ભારતીય સંસ્કૃતિ વિશ્વમાં દીવાદાંડીરૂપ અને હિમાલય જેવી અચળ રહી છે. દુનિયાભરની સંસ્કૃતિના ઇતિહાસમાં તે અનેરી ભાત પાડે છે. ભારતીય સંસ્કૃતિ માનવસંસ્કાર પર અવલંબેલી છે. માનવતા અને આત્મસાક્ષાત્કાર એ જ છે ભારતીય સંસ્કૃતિની ખાસ વિશિષ્ટતાઓ. પ્રાચીન સાહિત્ય, સંગીત અને કળા–ત્રણે ય ભારતીય સંસ્કૃતિનાં પ્રતિબિંબો છે. ભારતમાં અનેક પરદેશીઓ વસ્યા, અનેક સંસ્કૃતિએ ભારતીય સંસ્કૃતિ ઉપર આક્રમણ કર્યું, પણ ભારતીય સંસ્કૃતિ વધારે ને વધારે સમૃદ્ધ બનતી ગઈ અને તેણે એક અજોડ સંસ્કૃતિ તરીકે આલમભરમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું.

આર્યો ભરતખંડમાં આવીને વસ્યા. પછી તેમણે વર્ણાશ્રમધર્મના સ્વરૂપમાં પોતાની સંસ્કૃતિ નિર્માણ કરી. ઋષિવર્ગ માનવજાતિનો આદર્શ ગણાયો. ઋષિત્વ, બ્રહ્મતેજ અને આત્મબળ એ જ એ સમયના આદર્શો હતા. વિદ્યા જ્ઞાન માટે તથા અન્યને દાન કરવા માટે હતી, શક્તિ નબળા અને આધારહીન માનવીઓના રક્ષણ માટે જ વપરાતી અને ધન માનવસમુદાયના ઉત્કર્ષ અર્થે જ ખર્ચાતું. સંયમ અને ઉચ્ચ આદર્શો એ પ્રાચીન આર્યોનાં જીવનતત્ત્વો હતાં. પછી હૂણ, શક અને બેક્ટ્રીઅનોએ હિંદ ઉપર હલ્લા કર્યા પણ હિંદે તેમને જીતી લીધાં. જ્યારે આવાં આક્રમણો થતાં ત્યારે હિંદી સંસ્કૃતિ સામે ટકવાનું કોઈમાં સામર્થ્ય ન હતું. તે સમયની સંસ્કૃતિનું સાચું પ્રતીક એ આપણું તે સમયનું સાહિત્ય. દુનિયામાં આપણું વૈદિક પ્રાચીન સાહિત્ય ઘણું છે. વેદ સાથે ઉચ્ચારશાસ્ત્ર, યજ્ઞવિધિશાસ્ત્ર, શબ્દસિદ્ધિશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, કાલગણનાશાસ્ત્ર અને છંદશાસ્ત્ર એવાં છ શાસ્ત્રો હતાં. આ ઉપરથી જ તે વખતના આર્યોની સંસ્કારિતા પ્રતિબિંબિત થાય છે. ઉપનિષદો, સ્મૃતિઓ, મહાભારત, રામાયણ, ગીતા અને ભાગવત વગેરે અમૂલ્ય ગ્રંથો આગળ હાલનું સાહિત્ય પણ ઝાંખું પડે છે.

ગુપ્ત રાજાઓના સમયમાં હિંદુત્વની સમન્વય શક્તિ પૂરજોશમાં ખીલી ઊઠી. વિવિધ સંસ્કૃતિ અને ધર્મોવાળા પરદેશીઓને તેણે પોતાનામાં સમાવી દીધા. હવે બૌદ્ધધર્મનો હિંદમાં ઉદય થયો પરંતુ ગુપ્ત રાજાઓએ હિંદુ ધર્મને ચેતનવંતો બનાવ્યો અને નિષ્ક્રિયતા અને જડતા દૂર કરી એટલે બૌદ્ધધર્મની અગત્ય ઓછી થઈ. હિંદુ સંસ્કૃતિને વધુ વેગ મળ્યો. આ ગાળા દરમિયાન પાણિનિ જેવા વૈયાકરણ અને ભાષાશાસ્ત્રી; ચરક, સુશ્રુત અને ધન્વંતરિ જેવા વૈદકશાસ્ત્રીઓ; અશ્વઘોષ અને નાગાર્જુન સમા કવિઓ; તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રઘુવંશ, મેઘદૂત અને ઋતુસંહારના કર્તા કવિ સમ્રાટ કાલિદાસ વગેરેએ ભારતીય સંસ્કૃતિના પાયા વધુ મજબૂત બનાવ્યા અને ઉચ્ચ આદર્શો લોકો સમક્ષ રજૂ કર્યા. લોકો પણ સાહિત્ય, સંગીત અને વૈદકમાં રસ લેતા થયા. હર્ષના સમયમાં કવિ બાણભટ્ટ અને ભવભૂતિ આગળ પડયા. જ્યોતિષશાસ્ત્રમાં આર્યો પહેલેથી જ રસ લેતા. આર્યભટ્ટ, વરાહમિહિર અને ભાસ્કરાચાર્ય યુરોપના કોઈ પણ ગણિતશાસ્ત્રીઓથી ઊતરે એવા નહોતા. ચાણક્ય એ સમયનો મહાન અર્થશાસ્ત્રી ને રાજનીતિજ્ઞ હતો. તેણે લખેલા પુસ્તકમાંથી સાચા રાજકારણનું સ્પષ્ટ સ્વરૂપ પ્રત્યક્ષ થાય છે. આ ઉપરથી તે લોકોના ઉચ્ચ સંસ્કારો અને અપૂર્વ વિદ્વત્તાનો ખ્યાલ આવી જાય છે. સર્વત્ર શાંતિ અને ભ્રાતૃભાવનો ફેલાવો કરવો એના ઉપરજ સાચી સંસ્કૃતિનું મૂલ્ય અંકાતું.

ભારતીય સંસ્કૃતિમાં આત્મપરીક્ષણ શક્તિ રહેલી છે. શંકરાચાર્યના સમય દરમ્યાન ભક્તિમાર્ગ વધુ ગાઢ થયો. વળી આર્યસંગીત એ પણ ભારતીય સંસ્કૃતિનું એક પાસું છે. ઋચાઓ સંગીતના સ્વર સાથે જ ગવાતી. રામાયણના સમયમાં સંગીતની પ્રગતિ વધી ગઈ. મહાભારતમાં સંગીતનો ઉલ્લેખ હરેક જગાએ આવે છે. ગુપ્ત રાજાઓના સમય દરમ્યાન સંગીત, વાદન, વર્તન અને હાવભાવ એ બધાંનો સમન્વય થયો. પ્રખ્યાત ચીની પ્રવાસી હ્યુ–એન–સંગે લખેલા ગ્રંથો ઉપરથી ભારતીય સંસ્કૃતિ કેટલી ઉચ્ચ કક્ષાએ હતી તેવો ખ્યાલ આવે છે. હિંદની સંસ્કૃતિ આગળ મિસર, રોમ અને ગ્રીસની સંસ્કૃતિનો કોઈ જ હિસાબ નથી. મિસરના લોકો તેમનાં 'મમ્મી'ને ઢાંકવા માટે હિંદમાંથી મલમલ લઈ જતા. મોહન–જો–ડેરો અને હરપ્પા આગળથી મળી આવેલા અવશેષો ઉપરથી ભારતીય સંસ્કૃતિનો સુવર્ણ કાળ આંખ સમક્ષ ખડો થાય છે. અજંતાની ગુફામાં રહેલી ચિત્રકળા હજુ યે અજોડ ગણાય છે. શિલ્પશાસ્ત્ર એ આર્યોની સંસ્કૃતિનું પ્રતીક છે. સારનાથ પાસે અશોકનો શિલાસ્તંભ હજુ યે મોજૂદ છે.

હિંદુ સંસ્કૃતિએ બૌદ્ધ સંસ્કૃતિ ઉપર વિજય મેળવ્યો તેનું કારણ તેનામાં રહેલી વ્યવહારુ બુદ્ધિ છે. બૌદ્ધધર્મે હિંદુધર્મ ઉપર ભારે અસર કરી હતી. હિંદુધર્મની કેટલીયે વિધિઓ બૌદ્ધધર્મની જ છે. જૈનધર્મ અને હિંદુધર્મમાં ખાસ ફેર નહોતો. જૈનધર્મે હિંદી સંસ્કૃતિ ઉપર સચોટ અસર કરી છે. જૈનધર્મ હિંદી સંસ્કૃતિમાં સમાઈ ગયો છે તે હજુ પણ પ્રત્યક્ષ જણાયા વિના રહેતું નથી.

પણ પછી ભારતીય સંસ્કૃતિને માથે કેટલીક આફત આવી. મુસલમાનોએ હિંદ ઉપર આક્રમણો કર્યાં અને પાછળથી કાયમનો વસવાટ કર્યો ત્યારે તેમણે મંદિરોનો નાશ કર્યો અને કેટલીક મૂર્તિઓનું ખંડન કર્યું. સ્ત્રીઓને ભ્રષ્ટ કરી અને સાધુ–સંતોને કનડગત કરી. હિંદુધર્મ માનતા માનવીઓને વટલાવવા માંડયા. સર્વત્ર લોહીની નદીઓ વહેતી કરી; પરંતુ હિંદે બધાં યે પરદેશી તત્ત્વોને આસાનીથી પચાવી લીધાં અને મુસ્લીમ સંસ્કૃતિનાં કેટલાંક તત્ત્વો પણ હિંદી સંસ્કૃતિ સાથે ભળી ગયાં. એ પછી અંગ્રેજી સામ્રાજ્ય આવ્યું. ભારતમાં શાંતિ સ્થપાઈ પણ લોકોને ફાસલો આપીને અને સ્વાર્થભરી લાલચ આપીને એમણે ભારતીય સંસ્કૃતિ ઉપર કારી ઘા કરવાનું છોડ્યું નહીં. ઈ. સ. ૧૮૫૭નો બળવો એ ભારતીય સંસ્કૃતિ ઉપર થયેલા એકસામટા આક્રમણનો જ પડઘો હતો. ઈ. સ. ૧૮... થી ૧૮૯૫ સુધીના કાળ દરમ્યાન હિંદે શ્રેષ્ઠ... ઓને પાછું પોતાની સંસ્કૃતિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાન થયું. ભારતીય સંસ્કૃતિનો પાયો પાશ્ચાત્ય સંસ્કૃતિ કરતાં વધારે ઉચ્ચ સિદ્ધાંતો પર રચાયેલો છે એવું લોકો સમજવા લાગ્યા. ભારતીય સંસ્કૃતિને ફરી ઉન્નત સ્થિતિએ લઈ જવા માટે ત્યાગવૃત્તિના ક્ષત્રિયો અને બ્રાહ્મણો પેદા થયા વિના સ્વાતંત્ર્ય સ્થાપના થઈ શકતી નથી, એ વાત ભારતજનોનાં દિલમાં ખૂપી ગઈ. રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ અને સ્વામી રામતીર્થ જેવાઓએ ભારતીય સંસ્કૃતિમાં ઉજ્જવળ રંગો પૂર્યા અને પરદેશમાં પણ ભારતીય સંસ્કૃતિના અજોડ આદર્શનો ડંકો બજાવ્યો. સર્વધર્મ પરિષદમાં સ્વામીશ્રી વિવેકાનંદજીએ ભારતીય સંસ્કૃતિને ઝળકાવી સર્વોપરીપણું સાબિત કરી બતાવ્યું. અને જગત આ વાત જાણી ચકિત થઈ ગયું.

કવિવર રવિબાબુએ શાંતિનિકેતનની સ્થાપના કરી પહેલાંના ગુરુકુળોની ભાવનાનું પુનરુત્થાન કર્યું અને ભારતીય સંસ્કૃતિનું પાન કરાવવા માટે જગતભરના વિદ્યાર્થીઓને આમંત્રણ આપ્યું. મહાત્મા ગાંધીએ લોકોને સાચી સંસ્કૃતિનું ભાન કરાવ્યું. સત્ય અને અહિંસાનો આદર્શ લોકો સમક્ષ મૂકી સિદ્ધ કરી બતાવ્યો. 'મનુષ્યસેવા એ પ્રભુસેવા' એમ ઉચ્ચારી હડધૂત હરિજનબંધુઓમાં આશાનું નવું કિરણ પ્રકટાવ્યું. આત્મસાક્ષાત્કાર માટે આત્મસંયમ અને આત્મવિશ્વાસ–એ બે સુંદર સૂત્રો આપ્યાં. સત્યાગ્રહી તત્ત્વજ્ઞાનમાં ભાગવતધર્મ, બૌદ્ધધર્મ તથા જૈનધર્મ એ બધાંયે તત્ત્વોનો સુંદર સમન્વય થયેલો છે. જાતે સહન કરીને અન્યના હૃદયપલટો કરવાની એમની નીતિ ખરેખર સચોટ નીવડી. મહાત્માજીએ સત્યાગ્રહરૂપે આત્મબળ સંગઠિત કરવાના તથા તેની વૃદ્ધિ કરવાના જે પ્રયોગો કર્યા, તે આત્મબળની પરંપરા ભરતખંડમાં મહાન છે. મહાત્મા ગાંધીમાં અતિ પ્રાચીન સમયના સાક્ષાત્કાર પામેલા ઋષિમુનિઓનું બ્રહ્મતેજ આવી વસ્યું હતું. તે ઉપરાંત બાપુએ પરંપરાગત પ્રાચીન આત્મબળનું સંગઠન કરી તેને રાજકીય અને સામાજિક ક્રાંતિકારક સ્વરૂપ આપ્યું. માનવસંસ્કૃતિની ઉન્નતિ વિશ્વબંધુત્વની ભાવના ઉપર અવલંબિત રહેશે એવી એમણે ઘોષણા કરી. મહાત્માજીએ સાદાઈ, સાધુત્વ અને જ્ઞાનના તેજ વડે ભારતીય સંસ્કૃતિને દેદીપ્યમાન બનાવવા મહાભારત પ્રયાસ કર્યા. માનવના અંતઃકરણમાં રહેલી ન્યાયબુદ્ધિ અને પ્રેમબુદ્ધિ અથવા સત્ય અને અહિંસાથી પરમેશ્વરનું શ્રેષ્ઠ સ્વરૂપ બીજું નથી એવી દૃઢ માન્યતા ભારતજનોમાં રમતી કરી.

સ્વતંત્ર ભારતની સંસ્કૃતિ જ્યારે સોળે કળાએ ખીલશે, ત્યારે અખિલ માનવજાતિની ભૌતિક અને આધ્યાત્મિક આકાંક્ષાઓ સંતોષવાને તે સમર્થ થશે. ભારતીય સંસ્કૃતિ માનવસંસ્કૃતિરૂપે આલમભરમાં ફેલાશે અને સર્વત્ર એનો જયજયકાર થશે. ભારતીય સંસ્કૃતિ સમસ્ત વિશ્વમાં બંધુત્વ કેળવી સ્વર્ગનું સુખ રેલાવશે, મનુષ્યમાંથી દેવ બનવાનો સરળ માર્ગ કાયમ માટે ચીંધશે અને શાંતિનો અમૂલ્ય સંદેશ આપી ધ્રુવ માફક અચળ રહેશે.

આવી ભવ્ય સંસ્કૃતિના રક્ષકો તરીકે આપણે આપણો ધર્મ બજાવીએ અને જે માર્ગ આપણા મહાપુરુષોએ ખેડયો છે તે કદી ન છોડીએ.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીનોની દૃષ્ટિએ

પૃથ્વી

*

શ્રી 'મલ્લિક'

આજની કેળવણીએ આપણને એ શીખવ્યું કે પૃથ્વી ગોળ છે, પોતાની ધરી પર એ ફર્યા કરે છે, ગુરુત્વાકર્ષણનો નિયમ એને લાગુ પડે છે અને આ વાત પશ્ચિમના અમુકઅમુક વૈજ્ઞાનિકોએ શોધી કાઢી હતી. પણ હિંદના પ્રાચીન કાળમાં ય એવા શોધો કરનારા, બહારથી સામાન્ય દેખાતી પૃથ્વી વિષે અત્યારે સાચી સિદ્ધ થયેલી કલ્પના કરનારાઓ હતા, એ આપણને માલૂમ નથી. પૃથ્વી વિષેની પ્રાચીન હિંદની શોધ વિષે જાણવાની ઇંતેજારી સ્વાભાવિક રીતે જ વધી જાય છે. આ લેખ અલ્પાંશે એને સંતોષે છે.

આપણા દેશમાં પહેલાં કોઈ ખગોળશાસ્ત્રીઓ થયા જ નથી અથવા તો તેમણે કરેલી શોધો બહુ જ અલ્પ હતી, એમ માનવાને કશું જ કારણ નથી. પરંતુ તેમનાં લખેલાં પુસ્તકો અને તેમણે કરેલી શોધો ભૂતકાળના પડ નીચે લુપ્ત થઈ છે.

પૃથ્વી ગોળ છે અને ફરે છે, એ શોધ તો હિંદુસ્તાનમાં ઘણી જ જૂની છે. —જો કે પૃથ્વી ફરે છે, તે વિષે બે મત હતા. પહેલા મતના સમર્થનમાં આર્યભટ્ટે 'બૃહદાર્યસિદ્ધાંત'માં લખ્યું છે કે પૃથ્વી જ વારંવાર ભ્રમણ કરીને ઉદય અને અસ્ત ઉત્પન્ન કરે છે. આ જ લેખકે 'આર્યસિદ્ધાંત' માં લખ્યું છે કે જેમ વહાણમાં બેઠેલો માણસ કિનારા પરનાં વૃક્ષો, પર્વતો આદિ દૂર જતાં દેખે છે તેમ પૃથ્વીની પૂર્વ તરફથી નક્ષત્રો પશ્ચિમ બાજુ તરફ સરતાં દેખાતાં લાગે છે.

ત્યારે, આર્યભટ્ટનો સિદ્ધાંત ખોટો છે, એમ માનતા બ્રહ્મગુપ્તે લખ્યું છે કે જો પૃથ્વી ફરતી હોય તો ઊંચા પદાર્થો કેમ પડી જતા નથી? લલ્લ પણ આજ મતનો હતો. તેણે પણ કહ્યું જ હતું કે પૃથ્વી ફરતી જ હોય તો પક્ષીઓ પોતાના માળા તરફ કેમ આવી શકે છે? અને જો પૃથ્વી પૂર્વ તરફ ફરતી હોય તો ઊંચે ફેંકેલું બાણ પશ્ચિમ દિશામાં પડવું જોઈએ. જો કે અત્યારે તો સહુ કોઈ કહી શકે કે આર્યભટ્ટ જ સાચો છે.

લલ્લની ભૂલ ફક્ત આમાં જ દેખાય છે. બાકી એની બીજી શોધો ઘણી મહાન અને સુંદર છે. લલ્લસિદ્ધાંતમાં લખ્યું છે કે જો પૃથ્વી સપાટ હોય તો દૂરનાં ઊંચાં વૃક્ષો મનુષ્યને નજરે કેમ નથી પડતાં? ભાસ્કરાચાર્ય પણ આ જ મતના હતા. તેમણે પણ 'સિદ્ધાંતશિરોમણિ'માં અનેક દાખલા–દલીલો આપીને સાબિત કર્યું છે કે પૃથ્વી ગોળ છે. એક જગ્યાએ તેમણે પૃથ્વી ગોળ છે એ વાત સાબિત કરતાં તેમના એક ગ્રંથમાં લખ્યું છે કે જો પૃથ્વી અરીસા જેવી સપાટ હોય તો સૂર્ય બધી જગ્યાએ એક જ સમયે શા માટે ન દેખાય? આ દલીલને આગળ લંબાવતાં 'સૂર્યસિદ્ધાંત'ના લેખકે લખ્યું છે કે 'પૃથ્વી ગોળ છે, પણ માણસના શરીરનું કદ બહુ જ નાનું હોવાથી તે પૃથ્વીને ચક્રાકારે દેખે છે.'

આ પ્રમાણે પૃથ્વી ગોળ છે ખરી, પણ તે ઉપર પર્વત, ખાડા, ટેકરા, તથા સમુદ્ર હોવાથી ઊંચીનીચી છે. પૃથ્વી ઉત્તર અને દક્ષિણ ટોચ આગળ ચપટી છે અને વચ્ચે ઊપસેલી છે. પર્વત, ખાડા, ટેકરા, વગેરે ખીણો થવાના કારણમાં વિદ્વાનો અનુમાન કરે છે, કે પૃથ્વીના પેટમાં ગંધક તથા સુરોખાર વગેરે જ્વાળાગ્રાહી પદાર્થો છે. તેમની સાથે કોઈ યોગથી ઉષ્ણતાનો સંયોગ થતાં તે વરાળરૂપ થઈ અથવા તો ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમાણુ પણ પૃથ્વીના પડોને ભેદીને તેના પેટમાંના ઉષ્ણરસ સાથે સંયોગ પામવાથી વરાળરૂપ થઈ પોતાની પ્રસરણ શક્તિ વડે પૃથ્વીના પૃષ્ઠને કંપાવીને એટલે કે ભૂકંપ કરીને જ્યાંત્યાં ભૂપૃષ્ઠને ઊંચુંનીચું કરી નાખે છે; એથી પર્વતાદિ થાય છે. કોઈ ઠેકાણે તે વરાળ સંકોચાયાથી પૃથ્વીના પૃષ્ઠને ભેદી નાખે છે, અને તોય ફૂટવા જેવો અવાજ થઈ તે વરાળ સાથે પૃથ્વીમાંનો ગરમ રસ બહાર આવે છે, જે ઠરી જતાં ગોળ પથ્થરરૂપ ટેકરા બની જાય છે. ફાટી ગયેલ ભૂપૃષ્ઠને જ્વાલામુખી કહેવામાં આવે છે. આ પ્રમાણે કાળે કરીને, ખીણો, પર્વતો વગેરે થયેલ છે. વળી પર્વત અને ઊંચી જગ્યાઓ ઉપર દર વર્ષે વરસાદ થવાથી અને નીચે વહેવાના સ્વભાવથી જલની નદીઓ બની જાય છે, અને વર્ષા પછી તે વધી જઈ સમુદ્રને મળી જાય છે. તેના પ્રવાહના આઘાત વડે તથા મનુષ્યોના નાનામોટા પ્રકારના આઘાતો વડે પૃથ્વી ખાડાવાળી થયેલી જોવામાં આવે છે. પૃથ્વી ઉત્તર તથા દક્ષિણ ટોચ આગળ ચપટી અને વચ્ચેથી ઊપસેલી થવાનું કારણ એ છે, કે જેમ કોઈ નરમ પદાર્થને ચક્કર ફેરવ્યો હોય તો તે બાજુએથી ચપટો થઈ વચ્ચેથી ઊપસી આવે છે, તેમ પૃથ્વી પણ જ્યારે નરમ હશે, ત્યારે તેને સૂર્યના આકર્ષણથી પોતાના અંગ ઉપર ફરવાની ગતિ પ્રાપ્ત થવાથી મધ્યમાં ઊપસેલી અને બાજુએથી ચપટી થઈ હશે.

ઉપરની બાબત લખનાર શ્રી. આર્યભટ્ટ એ જ ગ્રંથ 'આર્યસિદ્ધાંત'માં ગરમ ઝરા થવાનું કારણ લખે છે કે પૃથ્વીના પૃષ્ઠથી આશરે ૧૦થી ૧૫ કોશ નીચે એટલી તો ગરમી છે કે પૃથ્વીની સપાટી ઉપરની કોઈ પણ ચીજ તે ઠેકાણે ઓગળી શકે છે. માટે પૃથ્વીના ગર્ભમાં ઉષ્ણરસ છે, જે કારણથી ગંધકાદિ જ્વાલાગ્રાહી પદાર્થના સંયોગોને લીધે ભૂકંપ તથા પાણીના ઉષ્ણ ઝરા ઉત્પન્ન થયા છે, અને થયા કરે છે.

'સિદ્ધાંતશિરોમણિ'ના ગોળાધ્યાયમાં ગુરુત્વાકર્ષણ વિષે ચર્ચા કરતાં ભાસ્કરાચાર્યે લખ્યું છે કે 'ઉપર ફેંકેલ વસ્તુને પૃથ્વી પોતાની આકર્ષણ શક્તિને લીધે પોતાના તરફ ખેંચે છે.'

વળી એક જગ્યાએ આ જ લેખકે લખ્યું છે કે, નક્ષત્રપંજરનું ભ્રમણ દેખાવાથી પૃથ્વી આધારવિનાની હોય તેમ લાગે છે. જો આધારવાળી હોય તો તે વિષે શંકા લેતાં ભાસ્કરાચાર્ય લખે છે કે પૃથ્વીને ધારણ કરનાર કોઈ પદાર્થ હોય તો તે પદાર્થને ધારણ કરનાર વળી કોઈ બીજો હોવો જોઇએ અને તેને ધારણ કરનાર વળી કોઈ ત્રીજો, એમ પરંપરા બને. અને છેલ્લા પદાર્થને સ્વશક્તિએ રહેનાર કલ્પવો પડે, તો પછી પૃથ્વીને જ શા માટે સ્વશક્તિએ હવામાં રહેલી ન કલ્પવી? વળી પૃથ્વી તો ઈશ્વરની આઠ મૂર્તિઓમાંની એક મૂર્તિ છે!

જો કે આવી અનેક શોધો સાબિત કરવા જતાં ખગોળશાસ્ત્રીઓથી જુદી દલીલો થઈ હશે, પરંતુ પૃથ્વી ગોળ છે, તે ફરે છે, તેનામાં આકર્ષણ શક્તિ છે, વગેરે શોધો તે સાધનવિનાના જમાનામાં આપણા પૂર્વજોએ કેમ કરી હશે એ વાત અત્યારના સાધનવાળા જમાનાના વૈજ્ઞાનિકોને વિચારવાની રહી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિક શકિત

*

શ્રી ચંચળબહેન માણેકલાલ પાઠક

મુખ્યત્વે મનની શક્તિઓ દ્વારા આપણો સર્વ વ્યાપાર ચાલે છે. મસ્તિષ્કની અંદર કોઈ મોટી ટેલિફોન ઑફિસ જેવાં અસંખ્ય સ્નાયુઓનાં દોરડાંઓ ઉપર હકૂમત ચલાવતું મન જુદીજુદી લગભગ ચુંમાળીસ પ્રકારની અવસ્થાઓ ભોગવે છે. એ દરેકનું શું કાર્ય છે, તેના ઉપયોગથી શી પરિસ્થિતિ સર્જાય છે તે વિષે કંઈક ચમત્કારિક લખો છતાં સત્યમાં પ્રેરે એવું વિધાન લેખિકાએ અહીં કર્યું છે.

માનવ મંદિરનું સંચાલન કરનાર આત્મદેવનું–મનુષ્યમાત્રના સંસ્કાર, સંચિત અને કર્તવ્યનું ક્ષેત્ર મસ્તિષ્ક છે; કારણકે માણુસ જીવનની સઘળી હિલચાલ–પ્રવૃત્તિઓ મગજ દ્વારા કરે છે; અને જુદીજુદી પ્રવૃત્તિઓ મગજના જુદાજુદા અવયવ દ્વારા કરે છે.

મગજના અમુકઅમુક પ્રદેશો જ અમુક શક્તિના ભાવ અને તેના કર્મને ખતલાવનાર અને ગ્રહણ કરનાર છે; અને તેમ હોવું એ તદ્દન સ્વાભાવિક છે. દરેક વિચારવંત માનવી સહેજે સમજી શકશે કે સાંભળવાનું, જોવાનું, સૂંઘવાનું તેમ જ શ્વાસ–ઉશ્વાસ અને રુધિરાભિસરણનું કે પાચનક્રિયા આદિ ક્રિયાઓનું કાર્ય આખું શરીર એકત્ર થઈ એકરૂપે કદી પણ કરતું નથી એ આપણે પ્રતિદિનના પ્રત્યક્ષ અનુભવથી જાણીએ છીએ.

શરીરની અંદર સાંભળવા માટે કાન, જોવા માટે આંખ, સુગંધ મેળવવા માટે નાક, સ્વાદગ્રહણુ માટે જીભ, સ્પર્શજ્ઞાન માટે ત્વચા અને પાચનક્રિયા માટે પચનેન્દ્રિયના અલગઅલગ અવયવો: જેવા કે આમાશય, યકૃત, પ્લીહા, આન્ત્ર આદિ છે. તેમ જ રૂધિરાભિસરણ માટે હૃદય, ફેફસાં, નાડી, નસ વગેરે છે. શરીરના પ્રત્યેક અવયવની અલગઅલગ રચના, સ્થિતિ અને કાર્ય છે; તે જ પ્રમાણે માનસિક કાર્યના વિભાગાનુસાર મસ્તિષ્ક શક્તિઓના વિભાગ અને અલગઅલગ અવયવોની પણ જરૂર છે.

ઇંદ્રિયાદિ અલગઅલગ કાર્ય આખું શરીર કરતું નથી; તે જ પ્રમાણે માનસિક શક્તિઓનાં જુદાંજુદાં કાર્ય જેવાં કે વિચારવાનું, તુલના કરવાનું, યાદ રાખવાનું, પ્રતિષ્ઠા જાળવવાનું, દયા–પરોપકારનું, સ્નેહ–સદ્‌ભાવનું, ખાવાનું, ગાવાનું, ગણવાનું, રાજ્યકારણનું કે પ્રભુ પ્રત્યેના ભક્તિભાવનું વગેરે જુદાંજુદાં કાર્ય આખું મગજ કરે એ સંભવિત નથી. મનની જુદીજુદી શક્તિઓના જુદાજુદા ધર્મ, કર્મ અને ભાવો પ્રગટ કરવાને તથા ગ્રહણ કરવાને દરેકનાં જુદાંજુદાં સ્થાન મગજની અંદર છે. એ બાબત મસ્તિષ્કશાસ્ત્ર પ્રમાણે સિદ્ધ થયેલ છે. અત્યારે ઘણા જ ઓછા માનસશાસ્ત્રીઓ તેના સાચા સ્વરૂપમાં જાણતા હશે.

કેળવણીનો સંબંધ મનુષ્યના મગજ સાથે છે એનો તો સૌ કોઈ સામાન્ય રીતે સ્વીકાર કરે જ છે. એટલા માટે કેળવણીકારને માણસના મનોવ્યાપાર, માનસિક પ્રવૃત્તિઓ એટલે કે મનોવિજ્ઞાનને સમજવાની ખાસ જરૂર છે. માનસિક વૃત્તિઓને સમજી તેને અનુરૂપ શિક્ષણ આપવાની વ્યવસ્થા થશે, ત્યારે જ કેળવણી અને સાચી કેળવણીનું ધ્યેય સચવાઈ સમાજ સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ બનશે.

કેળવણીકારને અનેકનાં મગજના તે તે તરનું કાર્ય કરવાનું હોવાથી તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિક શક્તિઓ અને તેના ધર્મોનું જ્ઞાન મેળવવું અતિ આવશ્યક છે.

માનસશાસ્ત્ર પ્રમાણે મુખ્ય માનસિક શક્તિઓનાં નામ અને તેના ધર્મો નીચે જણાવ્યા છે. મગજની અંદરનાં તેનાં સ્થાન ચિત્રોમાંથી બતાવ્યાં છે.





માનસિક અવયવોનાં મુખ્ય ચુંમાળીસ સ્થાનો

૧. જિજીવિષા: પ્રાણની એષણા, લાંબું જીવવાની ઇચ્છા, જીવન કાયમ રાખવાની લાલસા, દુઃખનો પ્રતિકાર કરી શરીરનું રક્ષણ કરવું આદિ ભાવોનો આ પ્રાણૈષણા શક્તિની અંદર સમાવેશ થાય છે. આ શક્તિનું કાર્ય દુઃખ અથવા અનેક પ્રકારના રોગોની સામે થઈ પોતાની જિંદગી ટકાવી રાખવાનું છે. શરીરનું રક્ષણ કરવું તે જિજીવિષાનું–જીવન લંબાવવાની ઇચ્છાનું મહત્ત્વનું કાર્ય છે.

૨. ક્ષુધાવૃત્તિ: ખાદ્યાભિરુચિ, સુસ્વાદ, અન્નાભિલાષ, પાચનશક્તિ આદિ ક્ષુધાપ્રરક ભાવોને આ વૃત્તિ ગ્રહણ કરે છે. ક્ષુધાવૃત્તિનો સદુપયોગ શરીરને સશક્ત બનાવે છે, જ્યારે તેનો અતિયોગ સ્વાસ્થ્યને બગાડે છે.

૩. પિપાસા: જલાભિલાષ, નાહવું, ધોવું, તરવું, વહાણ હંકારવું, અનેક પ્રકારનાં પીણાં પીવાં, દુગ્ધપાન, છાશપાન, ફળ-ફૂલના રસાદિ પીવાની વૃત્તિ થવી વગેરે પ્રવાહી પદાર્થોની કોઈ પણ પ્રકારની ઇચ્છાનો ઉદ્ભવ તે આ પિપાસાવૃત્તિનું કર્તવ્ય છે. એના અતિ કે મિથ્યા ઉપયોગથી અતિ પિપાસા, મદ્યપાન, ધૂમ્રપાન, ચા, કોફી, સોડા, લેમન, શરબતોના અતિ પાન થવાથી શારીરિક, માનસિક રોગ, વ્યસન અને દુઃખો ઉત્પન્ન થાય છે.

૪. વૈશ્યવૃત્તિ: હુન્નરઉદ્યોગ, વ્યાપાર-રોજગાર, ખેતીવાડી, યોગ(પ્રાપ્તિ)ક્ષેમ, પ્રાપ્ત કરેલા પદાર્થોની સંવૃદ્ધિ, ધનૈષણા, વ્યાજવટ્ટુ, લેણદેણ, શરાફી આદિ સર્વ પ્રકારના અર્થ સંબંધી વ્યાપારોનાં સમગ્ર રૂપોનો વર્તાવ તે વૈશ્યવૃત્તિ કે વિત્તૈષણાના ધર્મને બતાવે છે; અને પ્રાણૈષણા, ક્ષુધા-પિપાસાને પોષવા તથા જીવનની બીજી જરૂરિયાતો પૂરી પાડવા તેની પ્રાપ્તિ માટે કમાવાની આવશ્યક્તા છે. પણ તે કોઈના હકને નુકસાન કર્યા સિવાય પોતાને જોઈતાં સાધન–સામગ્રી ન્યાય, નીતિસર મેળવવાં તે ધર્મયુક્ત ગણાય છે.

૫. નિગ્રહ–ગુપ્ત રાખવાની વૃત્તિ: ખહેકતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ વૃત્તિને કાબૂમાં રાખવા આ સંયમ-શક્તિની જરૂર છે. નિગ્રહના અતિયોગથી જૂઠ, છળ, કપટ, ચોરી, મનમાં કંઈ ને બતાવે કંઈ આદિ ભાવો ઉત્પન્ન થઈ અધર્મના માર્ગે વળે છે. જીવનને સમતોલ રાખવા સંયમનો ઉપયોગ યોગ્ય માર્ગે લઈ જવામાં સહાયભૂત બને છે.

૬. ઉદ્યોગ : કામ કરવાની, કાર્ય બર લાવવાની વૃત્તિ, પ્રતિકાર શક્તિ, ખાનપાનના અને બીજા જીવનને જરૂરી પદાર્થો મેળવવાની, સુરક્ષિતપણે રાખવાની અને બધી જ ક્રિયા તે ઉદ્યોગશક્તિના ધર્મને બતાવે છે.

૭. શૌર્યશક્તિ : બળ, પરાક્રમ, સાહસ, હિમ્મત, બહાદુરી, મક્કમપણે કાર્ય કરવાની શક્તિ, બચાવ, સંરક્ષણ શક્તિ, નિર્ભયતા આદિ ભાવો એ શૌર્યશક્તિનો પ્રતાપ છે.

જીવાત્માનો આ ગુણ બધા જ પ્રકારના વિરોધો સામે થઈ પોતાને અને સમાગમમાં આવનાર સર્વને સલામત રાખવાનો છે. જાતિ અને દેશનું સંરક્ષણ કરવાનો છે. આની ખામીને લીધે માન-આબરૂ ગુમાવી બીજી અસંખ્ય આપદાઓ વેઠી રહ્યા છીએ.

૮. પ્રજોત્પત્તિ-પ્રેમ : સ્નેહ, કામવાસના, સ્ત્રીત્વ, પુરુષત્વ, પ્રજનનભાવ, સ્નિગ્ધતા, સ્ત્રીપુરુષનું પરસ્પરનું સ્નેહાકર્ષણ, પ્રણયની અભિલાષા, રતિરાગ આદિ સ્ત્રીપુરુષોની યુવાવસ્થાની શરૂઆતથી ખીલતા પ્રેમભાવોની પૂર્તિ અને પુષ્ટિ કરનાર સાધનોનો આ વૃત્તિમાં સમાવેશ થાય છે. આ પ્રેમભાવનાનો નિગ્રહ-પૂર્વક ડહાપણથી ઉપયોગ કરવામાં જ ખરું મહત્ત્વ સમાયેલું છે.

૯. દામ્પત્યધર્મ : પતિવ્રત કે પત્નીવ્રત, એકાન્તિક સ્નેહ, અનન્યાકાંક્ષા, સહવાસ-પ્રિયતા, પતિપત્નીનો અવિચળ સ્નેહ-સંબંધ આદિ શબ્દો દામ્પત્યવૃત્તિના ભાવો દર્શાવે છે. જેનામાં આ વૃત્તિ સારી હોય છે તે પવિત્રપણે પોતાના દામ્પત્યધર્મને જાળવી રાખે છે. મન, વચન અને કર્મ એકજ રીતનાં રાખી પતિપત્ની બંને એક જ શરીર બની જાય છે. દૂધ-સાકર જેમ મળેલાં જ રહી જીવનની મીઠાશનો આનંદપૂર્વક આસ્વાદ લે છે. આવાં પ્રેમી યુગ્મોનો સંસાર તે સાચું સ્વર્ગ છે. પ્રેમી દંપતી એકબીજાનો વિયોગ સહી શકતાં નથી. અત્યંત વ્યાકુળ બની જાય છે.

આવા પરમ પુનિત અને મહત્ત્વના દામ્પત્ય-ગુણની જેનામાં ખામી છે તેવા મનુષ્યો દાંપત્ય-સંબંધની સત્યતા-પવિત્રતાને ખ્યાલમાં લેતા નથી ને રખડુ બની જાય છે.

૧૦. વાત્સલ્યસ્નેહ : સ્વસંતાન અને બાળક માત્ર પ્રત્યેની પ્રીતિ, લાલનપાલન-વૃત્તિ, બાળકને જન્મ આપવો, તેનું રક્ષણ અને પોષણ કરવું, બાળકને સંભાળપૂર્વક ઉછેરવું અને તેને જીવનમાં સ્વતંત્રતાથી કાર્ય કરવાને લાયક બનાવવું, અન્ય પ્રાણીઓને પાળવાની વૃત્તિ વગેરે બધા જ ધર્મોનો વાત્સલ્યસ્નેહની શક્તિમાં સમાવેશ થાય છે. સ્ત્રીઓની અંદર આ વૃત્તિ ખાસ અધિક પ્રમાણમાં ખીલેલી હોય છે; કારણકે બાળ-બચ્ચાંની સ્નેહપૂર્વક સંભાળ લેવાનું, લાલન પાલન અને પોષણ કરવાનું કાર્ય કુદરતે સ્ત્રીજાતિને સ્વાધીન કરેલ છે.

૧૧. ગૃહનિવાસેચ્છા અને સ્વદેશાનુરાગ : ઠંડી, ગરમી અને વર્ષાથી બચવા તથા અનેક પ્રકારના ભયો-આક્રમણોથી બચવા, વસ્તુ મેળવવા તથા જીવનને જરૂરી વસ્તુ સંઘરવા સુખચેનથી રહેવા ઘરરૂપ સ્થાનની મનુષ્ય તેમ જ પ્રાણી માત્રને જરૂર છે, જે જરૂરિયાત જીવાત્માના ગૃહનિવાસ-ચ્છાના ગુણથી પૂરી પડે છે. ગૃહપ્રેમ, જન્મ-ભૂમિ પ્રત્યેનું મમત્વ એ ગૃહનિવાસેચ્છાનાં લક્ષણો છે. માણસનું વિશ્રામસ્થાન તે ઘર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. મૈત્રીભાવ : સ્નેહસંબંધ, સહાય કરવાની લાગણી, સહવાસ, શાલત્વ, સમાજ, સંસ્થા કે સભાના રૂપમાં એકત્રિત થવાની અભિલાષા, સંયુક્ત થઈ કર્મ કરવાની વૃત્તિ, ઐક્ય, વૃદ્ધિ, વ્યાપાર, રોજગાર અને દુનિયાનાં સમગ્ર કાર્યાલયોનો આધાર પરસ્પર સહાય અને ઉપયોગિતાના સિદ્ધાંત ઉપર જ ટકી રહેલ છે. એકબીજાએ સાથે વસવું, સાથે મળીને કામ કરવું તે જીવાત્માનો મૈત્રીભાવનો ધર્મ છે.

૧૩. તત્પરાયણતા અથવા સ્થૈર્ય : એકાગ્રતા, કાર્ય પાછળ લાગ્યા રહેવું, હાથમાં લીધેલ કામને પૂરું જ કરવું, ગમે તેવી અડચણો કે એવા કારણોને લીધે છોડી ન દેવું, શાંત અને ગંભીર પણે નિરંતર વિચાર ચલાવે જ રાખવો, વાતચીત કે વ્યાખ્યાનમાં વિષયાન્તર ન થવું : બીજી શક્તિઓના કાર્યમાં પણ એકસરખું વલણ રખાવવા સ્થૈર્ય ગુણ પોતાનો ધર્મ બજાવે છે.

૧૪. સાવધતા : સાવચેતી, સચેતનતા, અગમચેતી, સાવધાનપણું, સંભાળ, ડહાપણ, ચોકસાઈ, બારીક તપાસ ઇત્યાદિ ભાવોને દર્શાવનાર ગુણના આચરણે માણસ પોતાના કામમાં સફળતા પ્રાપ્ત કરે છે, જ્યારે અસાવધ ને ગાફેલ માણસ અનેક અડચણોમાં મુકાય છે.

૧૫. યશાભિલાષ કે કામનાઓ : આકાંક્ષા, ઉત્કર્ષાભિલાષ, પ્રશંસા, કીર્તિ, લોકાપવાદનો ભય, આગળ વધવાની, પ્રસિદ્ધ થવાની, જ્ઞાતિ, સમાજ કે સંસ્થામાં આગળ આવવાની કે પૂજ્ય ગણાવાની આકાંક્ષા ઇત્યાદિ ઇચ્છાઓનો આ વૃત્તિમાં સમાસ થાય છે. ઉજ્જ્વલ નામને યોગ્ય બનાવવામાં આ વૃત્તિ પોતાનો સારાં ફાળો આપે છે.

ઘણાં સાર્વજનિક કાર્ય માણસ યશની અભિલાષાથી જ કરે છે અને એ રીતે પોતાના થતા પતનમાંથી બચી જાય છે.

યશની અભિલાષાની પ્રબળતાવાળા મનુષ્યોની સઘળી પ્રવૃત્તિમાં યશની આકાંક્ષા હોય છે. કોઈ પણ રીતે પોતાને સારા કહેવડાવવા માટે મંથન કરે છે. તેમાં સત્યનિષ્ઠાની ખામી હોય તો જૂઠ, છળ, પ્રપંચ કરતાં કે નિર્દોષને દોષિત ઠરાવતાં પણ ડરતા નથી. જ્યારે યશની વૃત્તિ ધાર્મિક વૃત્તિઓ સાથે મળેલી હોય ત્યારે તે સત્ય માર્ગે જ યશને ઇચ્છે છે અને તે જ ધર્મયુક્ત ગણાય છે.

૧૬. સ્વમાન અથવા અહંભાવ : આત્મવિશ્વાસ, આત્મબળ, સ્વતંત્રતા, સ્વાતંત્ર્યપ્રિયતા, આત્મરાજ્ય કે સ્વરાજ્યની ઇચ્છા, અધિકારેચ્છા અને નેતૃત્વ આદિ ભાવોનો આ સ્વમાનની લાગણીમાં સમાવેશ થાય છે.

મનુષ્યને ઉન્નત અને ઉત્કૃષ્ટ દશાએ પહોંચાડવામાં આ વૃત્તિ ખાસ જરૂરની છે. તેના વિના કોઈ પણ મહાન કાર્ય થઈ શકતું નથી. મનુષ્યસમાજમાં પોતાનું માન જાળવવા અને સ્વતંત્રતાયુક્ત સુખમય જીવન જીવવા ‘સ્વમાન’ ગુણની દરેક મનુષ્યને જરૂર છે.

૧૭. દૃઢતા અથવા ધૈર્યવૃત્તિ : સુનિશ્ચિતતા, મક્કમતા, અડગતા, ખંત, આગ્રહ આદિ ભાવો ધૈર્યવૃત્તિના ગુણ બતાવે છે. કુદરતના સર્વ પદાર્થો અડગ ધૈર્યથી પોતપોતાના નિયત કાર્ય કરે જ જાય છે.

આપણા પ્રત્યેક કાર્યને મુસીબતો સામે ટકી રહી પાર પાડવા અને ધર્મપરાયણ રહેવાને ધૈર્યની જરૂર છે. धैर्यधना हि साधवः–સાધુઓ ધીરજરૂપી ધનવાળા હોય છે.

૧૮. ભક્તિભાવ અથવા પૂજ્યવૃત્તિ : ઈશ્વરઆરાધના, પૂજા, વડીલો તેમ જ પવિત્ર વસ્તુઓ તરફ પૂજ્યભાવ, શ્રદ્ધા, પ્રભુપરાયણતા, શારીરિક કે માનસિક તપ, સંધ્યા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાસના, પ્રાણાયામ, યોગાભ્યાસ, નમ્રતા, વિનીતભાવ, માનવૃત્તિ, આભારની લાગણી, આત્મનિષ્ઠા, સત્યપરાયણુતા, ઈશ્વર પર વિશ્વાસ, કર્મફળ અને પુનર્જન્મ આદિ ભાવોનું આ ભક્તિભાવની વૃત્તિ દ્વારા ગ્રહણ કરવામાં આવે છે.

આ વૃત્તિના અતિયોગ કે મિથ્યાયોગથી જડપૂજા, ધર્માન્ધતા, મતાગ્રહ અને ધાર્મિક વહેમ વધે છે. ન્યૂનતાને લીધે નાસ્તિકતા અને નિરીશ્વરવાદી ભાવો દેખાય છે.

૧૯ અધ્યાત્મરતિ કે અધ્યાત્મયોગ : આધ્યાત્મિક વિષયો તરફ મનનું વલણ આત્મા, પરમાત્મા અને તેની દિવ્ય શક્તિઓને અનુભવવાની, જોવાની કે જાણવાની ઇચ્છા; આત્મદષ્ટિ, દિવ્યદષ્ટિ કે દૈવી વિષયો તરફની પ્રીતિ, અંતર્ધ્યાનવૃત્તિ, તાંત્રિકવિદ્યા, હીપ્નોટિઝમ, માનસવિદ્યુતના આશ્ચર્યકારક પ્રયોગો, યોગાભ્યાસ અને યોગની અદ્ભુત સિદ્ધિઓના ચમત્કારો તથા દિવ્ય આત્મશક્તિઓની શોધ અને જ્ઞાન વગેરેના બધો આધાર આ અધ્યાત્મરતિની વૃત્તિ ઉપર જ છે.

આ વૃત્તિના અતિયોગ કે મિથ્યાયોગથી અંધશ્રદ્ધા, અતિ વિશ્વાસ અને અનેક પ્રકારના વહેમોને જન્મ મળે છે. જ્યારે ન્યૂનતાને લીધે આધ્યાત્મિક વિષયો તરફ પ્રીતિ થતી નથી.

૨૦. આશા : ભાવિ શુભની અભિલાષા, ઉત્સાહ, વસ્તુસ્થિતિની ભલી બાજુ જોવી, મનુષ્યની પ્રત્યેક અવસ્થાને સુખી બનાવવા માટે આશા એ ઘણી જ અગત્યની વૃત્તિ છે. જીવાત્માના બીજા ગુણોની જે કંઈ ઇચ્છા હોય તે પૂર્ણ જ થશે એમ આશા વિશ્વાસ આપે છે. મનુષ્ય આલોક અને પરલોક સંબંધી આશાઓ બાંધે છે. આત્માનું અમરત્વ સ્વીકારે છે.

જેમ યાદશક્તિનો બધો સંબંધ ભૂતકાળના બનાવો સાથે છે તેમ આશાવૃત્તિનો સંબંધ ખાસ કરી ભવિષ્યકાળ સાથે જોડાયેલો છે. ભવિષ્યની કોઈ પણ જાતની આશાના અભાવમાં વર્તમાનકાળમાં અગાઉથી તૈયારી કરવાનું કદી પણ બની શકે જ નહિ. આપણે હમેશાં ભવિષ્યને માટે આશાવંત હોઈએ છીએ.

૨૧. આત્મનિષ્ઠા : આત્મબળ, આત્મવિશ્વાસ, સત્યનિષ્ઠા, ન્યાયપ્રિયતા, નીતિપરાયણતા, કર્તવ્યનિષ્ઠા, વચનપાલન, પ્રામાણિકતા ઇત્યાદિ હૃદયવિશુદ્ધિદર્શક ભાવોને આત્મનિષ્ઠા દ્વારા ગ્રહણ કરવામાં આવે છે.

મનુષ્યને નીતિ, ધર્મ અને સદાચારના સિદ્ધાંત પ્રમાણે ચાલવા તથા ઈશ્વરી ન્યાયયુક્ત નિયમ પ્રમાણે વર્તવા આત્મનિષ્ઠા ઘણી ઉપયોગી છે. કુદરતના નિયમાનુકૂળ જે હોય તે સત્ય અને તેથી વિરુદ્ધ તે અસત્ય એમ માનવામાં આ વૃત્તિ ખાસ કારણરૂપ છે. આત્મનિષ્ઠાની ખામીવાળા મનુષ્યો અસત્ય માર્ગે વળી જાય છે.

૨૨. દયા કે પરોપકારવૃત્તિ: અન્યની સહાનુભૂતિ, સુખદુ:ખ માટેની સમાન લાગણી, ભલાઈ, માણસાઈ, આત્મબલિદાન આપવાની વૃત્તિ, સહૃદયતા, કલ્યાણકારકવૃત્તિ વગેરે ભાવોનો આ વૃત્તિની અંદર સમાવેશ થાય છે.

માણસમાં જો દયાની લાગણી ન હોય તો દુ:ખમાં કોઈ કોઈને મદદ આપે નહિ. સંકટસમયમાં બીજાના તરફથી સહાય મળવામાં દયાદેવીનો જ પ્રતાપ છે.

૨૩ કળાકૌશલ્ય અથવા શિલ્પવૃત્તિ: શોધકબુદ્ધિ, હસ્તકૌશલ્ય, કાર્યજ્ઞતા, યાંત્રિક શક્તિ, બાંધકામ, ચિત્રકામ, સીવણ, વગેરે કળાનાં કામ છે.

પ્રાણીમાત્રના શરીરની રચના અને સૃષ્ટિમાં પરમાત્માએ પાથરેલી અપાર લીલા આ કળા–શિલ્પવૃત્તિનું જ દર્શન આપે છે. મનુષ્ય પણ પોતાને જોઈતા સાધન કળાકૌશલ્ય વડે જ બનાવે છે. (ક્રમશઃ)

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રિક્ષાવાળો

*

શ્રી હરીશ નાયક

ઘોડો, બળદ, ઊંટ કે હાથી જેવા પ્રાણી પાસે મનુષ્ય સેવા લે ત્યાંસુધી સહન થઈ શકે, સહજ પણ લાગે, પણ માનવી જ માનવીને ખેંચે ત્યારે? પેલા રિક્ષાવાળાને કોણે નહીં જોયો હોય? એના જીવનની દુનિયાના ભીતરમાં ડોકિયું કરવાની આપણને ફુરસદ મળી છે? વાર્તાના અંતમાં જણાતી વિષાદમિશ્રિત ભવ્યતા આપણો શ્વાસ પળભર થંભાવી દે એટલી પ્રબળ ચિતરાઈ છે, તે આ વાર્તાની વિશેષતા છે. આ કરુણ કથા આપણા હૃદયને સ્પર્શી જાઓ.

'રખડેલા!' મારા મિત્રો અ નેસગાંવહાલાં મારે માટે આ પ્યારભર્યા શબ્દનો કોઈ-કોઈ વાર પ્રયોગ કરી બેસે છે. હું ખોટું લગાડતો નથી. એમની સાથે હું પણ હસી પડું છું, જવા દઉં છું. મારી એક દૂરની ભાભી છે તે કહે છે:

'જે માણસને રહેવા માટે ઘર નથી, ઘરવાળી નથી, તેને રખડેલ નહિ તો બીજું શું કહેવાય?' હું એમને કંઈજ જવાબ આપતો નથી. મને વિચાર આવે છે, કે આ વિસ્તૃત દુનિયા શું સીમાઓમાં ઘેરાઈને રહેવાની જગા છે? નહિ, સીમાઓ મને બાંધી શકતી નથી. એ બધાં ઘરગથ્થુ આકર્ષણો મને ખેંચી શકતાં નથી. વિસ્તૃત જગના વિશાળ પરિઘની વચમાં જીવનની સરસતાઓને છોડીને એક કુટુંબની નાની સરખી સીમામાં બંધાઈ જઈ, સંકોચાઈને રહેવું મને તો પસંદ નથી. એવી રીતે હું તો નહિ જીવી શકું. મારા જીવનની એ પરિભાષા નથી.

મારો એક જ્યોતિષી મિત્ર છે તે કહે છે, કે મારા પગમાં શનિશ્ચર છે. હું એક સ્થાન પર ટકીને રહી જ શકતો નથી. આજ અહીં તો કાલે ત્યાં. મારા જીવનમાં ગતિ છે, પ્રગતિ છે અને એ જ તો ખરું જીવન છે!

ક્ષણભરનો પરિચય, ઘડી-બેઘડીની મુલાકાત વધારે આકર્ષણ રાખે છે. જીવન-સાથીઓ અને ચિરપરિચિતોના ચહેરા મારે માટે એક ભયનું કારણ બની જાય છે. જીવનનો કંટાળો દૂર કરવા હું તાજગી શોધું છું. જીવનને નવીનવી ધારાઓથી નવડાવવા માગું છું.

તો આ દિલ્હી છે. મારું દિલ્હી બીજાના દિલ્હી કરતાં જુદું જ છે. મારે માટે દિલ્હી એક ખાસ મહત્ત્વ રાખે છે. જ્યારેજ્યારે હું અહીં આવું છું ત્યારે મને એક ઠોકર વાગ્યા વગર નથી રહેતી. કોઈ રુઝાયલા ઘા પૂરીને લીલા થઈ જાય છે. પહેલીવાર જ્યારે દિલ્હી આવ્યો હતો ત્યારે કોરોનેશન હોટલમાં ઊતર્યો હતો. પરિચિત આત્મીય જનોથી દૂર એક અજ્ઞાત સ્થળ-જ્યાં ન હતી મને કોઈની પરવા, કે ન હતું મારી ચિંતા કરવાવાળું કોઈ. મને વધારે પ્રિય છે. અહીં જ મારા જીવનની સુખમય પળો વ્યતીત થાય છે.

ન્યુ દિલ્હી-કનૉટ સરકસ-આલીશાન ઇમારતોની હારની હાર, સડકો જાણે ધોઈ નાખી હોય તેવી સાફ સડકની એક ફૂટપાથ-પર એકલોઅટૂલો હું ચાલી રહ્યો હતો. કોઈ વિચારગ્રંથિઓ સાંધી રહ્યો હતો, જે પ્રયત્ન કરવા જતાં વધારે ને વધારે ગૂંચવાતી જતી હતી.

'બાબુજી!'

આંખો ઊંચી કરી જોયું. સામે એક રિક્ષા-વાળો ઊભો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ક્યાં જવું છે?'

'ક્યાં ય નહીં.' કહીને હું આગળ વધ્યો. રિક્ષાવાળો પણ સાથેસાથે આવવા લાગ્યો.

'ક્યાંક તો ચાલો, બાબુજી!'

'મારે ક્યાં ય નથી જવું.' એમ હું કહેવા જ જતો હતો અને એકાએક અટકી ગયો. ધ્યાનથી જોયું. ફાટેલા ખમીસમાંથી ગોરું બદન ડોકિયાં કરી રહ્યું હતું. શરીરનાં હાડકાં ગણી શકાતાં હતાં, આંખો ઊંડી પેસી ગઈ હતી, ચહેરો સુકાયલી નારંગી જેવો હતો. તે યુવાન હતો પણ તેનામાં યુવાનીનાં ચિહ્નોનો અભાવ હતો. ઉંમર પચીસેક હશે, પણ પચાસના વૃદ્ધ જેવી તેની રૂપરેખા હતી. જોતાં જ જણાઈ આવતું હતું, કે એક વખત તે ખૂબ જ સુંદર હશે! આંખોના ખૂણામાં આંસુઓ બહાર નીકળી આવવા તલપી રહ્યાં હતાં. જાણે કરુણાની પ્રતિછાયા, ને પીડાની આભા! એનો ચહેરો એક કરુણ કહાણી કહી રહ્યો હતો. મારી સહાનુભૂતિ ઊભરાઈ આવી.

'શું જોઈએ છે ભાઈ?'

'ચાલો બાબુજી, કુતુબ લઈ જાઉં?'

'ચાલ.' હું રિક્ષામાં બેઠો. તે દોડવા લાગ્યો. ઇચ્છા થઈ કંઈક પૂછું, પણ ચૂપ રહ્યો. થોડીવાર પછી એણે જ કહ્યું:

'તમે દિલ્હીના નથી લાગતા?'

'હા, હું દિલ્હીનો નથી.'

'ભગવાનની મોટી મહેરબાની, તમે દિલ્હીના નથી.'

'ભગવાનની મહેરબાની કેમ? દિલ્હી-વાળાએ તારું શું બગાડ્યું?'

રિક્ષાવાળો ઊભો રહ્યો. રિક્ષા છોડીને સડકની એક બાજુ પર બેસી પડ્યો અને હાંફવા લાગ્યો. ઉધરસ પણ આવવા માંડી. છાતીપર હાથ મૂકીને બોલ્યો: 'એક બે મિનિટ બાબુજી, જરા શ્વાસ લઈ લઉં.'

'ભાઈ, નકામો શા માટે તકલીફ વેઠે છે? પૈસા જોઈતા હોય તો લે આ.' કહીને મેં ગજવામાં હાથ નાખ્યો.

'નહિ બાબુજી નહિ, એ નહિ બને. સાંજનો વખત છે, જરા કુતુબ સુધી ફરી આવો.' કહીને તેણે પાછી રિક્ષા ઉઠાવી અને ઘોડાની જેમ દોડવા લાગ્યો. હું વિચારવા લાગ્યો 'એ કઈ રેખા છે જ્યાં માનવતા પશુતાથી છૂટી પડી જાય છે!'

રિક્ષાવાળો બોલ્યો: 'તમે પૈસાની બિલકુલ ફિકર ના કરશો. તમારી જેમ મને પણ પૈસાની કંઈ જ પડી નથી. રિક્ષાવાળા પૈસા માટે જ માણસમાંથી જાનવર બને છે, પણ જાનવર બનવા છતાં મારામાં થોડીઘણી માણસાઈ રહી ગઈ છે. બાબુજી, એમ તો અમે પણ માણસો પારખી જઈએ છીએ. પણ આજે સવારે......'

'શું થયું આજે સવારે?'

'કંઈ નહીં' એક વિચિત્ર માણસ સાથે ભેટો થઈ ગયો. સવારથી સાંજ સુધી દોડતો રહ્યો. ભાડાના પૈસા આપતી વખતે કંજૂસાઈ કરવા લાગ્યો. હું મારા લોહીની કિંમત કરતાં એક પૈસો પણ ઓછો લેવા માગતો ન હતો. એ તો બસ ગાળો જ દેવા મંડી પડ્યો. મેં પણ કહી દીધું: 'જીભ સંભાળીને વાત કરો, મિસ્ટર!' જવાબમાં તેણે બેચાર તમાચા ખેંચી કાઢ્યા. એટલો બધો એટલો માર્યો, બાબુજી, વાત ના પૂછો. આજુબાજુ ભેગા થયેલા લોકો બોલી ઊઠ્યા: 'રિક્ષાવાળા હોય છે જ બદમાશ. એ સાલાને સારી સજા મળી ગઈ! હું વિચારી રહ્યો હતો કે...'

'ભાડાના પૈસા તો આપ્યા કે નહિ?' મેં પૂછયું.

'ના બાબુજી, એક પૈસા ય ના આપ્યો. લોહીનો ઘૂંટડો પીને હું રહી ગયો. મને માટે ફિકર ન હતી, પણ શું ગરીબો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પોતાની ઇજ્જતને માટે, પોતાના સન્માનના રક્ષણ માટે કોઈ જ હથિયાર નથી? વિવશતા અને ગમ ખાઈને રહી જવા સિવાય બીજી કોઈ જ દવા નથી?...હે ભગવાન...!'

એકાએક રિક્ષાવાળાને ઠોકર લાગી. તે પડી ગયો. હું પણ રિક્ષામાંથી પડતોપડતો બચ્યો. રિક્ષાવાળો બેભાન થઈ પડયો હતો, એનો શ્વાસ ધમણની જેમ જોરથી ચાલતો હતો. મેં એને ધીરે રહીને બેઠો કર્યો. થોડી-વારે ભાનમાં આવ્યો, ત્યારે એણે કૃતજ્ઞતા પ્રગટ કરતાં મારી સામે જોયું. એકાએક એને ઉધરસ આવી; અને સાથે જ એક લોહીની ઊલટી પણ થઈ. હું જોઈને ગભરાઈ ગયો. મેં આંખો પર હાથ મૂકી દીધા: વિચારવા લાગ્યો: 'મનુષ્યની હત્યા મનુષ્યના હાથે? મનુષ્ય આટલો નિષ્ઠુર ક્યારથી બની ગયો? માનવતા માનવના પગ નીચે જ કચડાઈ રહી છે...'

આંખો ઉઘાડી જોયું–રિક્ષાવાળો મારી સામે જોઈ રહ્યો હતો. શ્વાસ મુશ્કેલીથી લેતો હતો. એની આંખના ખૂણામાંથી બે આંસુઓ ટપકી પડયાં. હું પલળી ગયો.

'બાબુજી?'

હું ન બોલી શક્યો. એણે ફરી કહ્યું.

'હું તમને કુતુબ સુધી ના લઈ જઈ શક્યો.'

'મારે કુતુબ જવું પણ ક્યાં હતું?:

'પણ........'

'પણ બણ કંઈ નહિ ઊભો રહે તને હોસ્પિટલ લઈ જવાનો બંદોબસ્ત...'

'બાબુજી! નકામી તકલીફ ઉઠાવો છો. મારી બીમારી જડ પકડી ચૂકી છે. છેલ્લી વાર તમારી સાથે ફરવાનું લખ્યું હશે. આભાર!'

'અરે, નિરાશ શા માટે થાય છે? હમણાં જ હોસ્પિટલ...'

'બાબુજી!' રિક્ષાવાળાના હોઠપર એક ફીકું હાસ્ય ફરકી રહ્યું.

'તારું નામ શું છે?'

'મારું નામ?'

'હા'

'મહંમદ...અને...'

'અને...'

'હું પંજાબ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ...'

'શું કહ્યું?'

'હા, બાબુજી! હું ગ્રેજ્યુએટ...'

'ઊ...ફ!' હું કલ્પના કરતાં કંપી ઊઠ્યો. બેકારીનો અભિશાપ આટલો ભીષણ!

'બીજું કોણ કોણ છે?'

'ઘેર એક બીબી...મીના.'

'ઘર ક્યાં છે?'

'ગલી ગુલિયાન. નં. ૧૩૦.'

'ચાલ ઊભો થા, તને લઈ જઉં...'

'એક અરજ...'

'શી...?'

'વચન આપો કે તમે એને મારી બાબતમાં કંઈ જ નહિ કહો. હું શું કરું છું તે એ હજી નથી જાણતી.'

'ઓ... હ! સમજ્યો... વારુ.'

રિક્ષાવાળો જાતે જ ખેંચીને થોડે સુધી લાવ્યો. એક પોલીસની મદદથી સવારી મંગાવી એને હોસ્પિટલ મોકલી દીધો. પછી વિચાર કર્યો હોટલમાં જાઉં, પણ સવારી લઈને ગલી ગુલિયાન તરફ ચાલ્યો. બહુ જ રખડયા પછી ગલી મળી. મકાન પણ શોધી કાઢયું. એક સરસ મકાન, અંદરથી કોઈએ પૂછયું: 'કોનું કામ છે?'

'મહંમદનું ઘર આ જ કે?'

'જી હા.'

'મીનાબહેનને મળવું છે મારે.'

'અંદર આવો.'

મેં અંદર જઈને જોયું. એક સ્વચ્છ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓરડામાં, સુશિક્ષિત અને સુસંસ્કૃત રુચિની એક ઝલક પથરાયેલી હતી. અવાજમાં નમ્રતા અને મીઠાશ જોઈને મેં બુરખામાં ઢંકાયલી સ્ત્રીની કોમળતાનું અનુમાન કરી લીધું.

‘તમારા ખાવિંદ આજે ઘેર નહિ આવી શકે... એક જરૂરી કામમાં રોકાઈ ગયા છે. લો આ ચિઠ્ઠી તમારી પર મોકલી છે.’

‘ચિઠ્ઠી સાથે મેં એક દશના નોટ પણ મૂકી દીધી.

‘ધન્યવાદ!’ એણે બુરખામાંથી હાથ કાઢી ચિઠ્ઠી લઈ લીધી અને અંદર ચાલી ગઈ. હું બેઠો. પાછી આવી તો એક કલાત્મક ડીશમાં બે પાન હતાં. મેં તેમાંનું એક પાન લીધું.

‘તો હું હવે જાઉં......’

તેણે ઝૂકીને સલામ કરી. હું મીનાની એક મીઠી સ્મૃતિ લઈને હોટલમાં આવ્યો!

બીજે દિવસે હોસ્પિટલમાં જઈને મહંમદની હાલત જોઈ. તબિયત કંઈ સારી ન હતી. ડોકટરે કહ્યું: ‘બચવાની કોઈ આશા નથી.’

મહંમદ વસ્તુસ્થિતિ સમજી ગયો. એણે દર્દભરી આંખોએ મારી તરફ જોયું.

‘મારી મીના?’

‘એની ફિકર તું ના કરીશ, મહંમદ, હું બેઠો છું ને!’

મહંમદને શાંતિ મળી. આખરે એ જ થયું. મહંમદ બચ્યો નહીં, બેચાર કલાક લોહીથી તરબતર કરીને તે ચાલ્યો ગયો. રહી ગઈ બિચારી મીના. એને કહી દીધું કે મહંમદ નોકરી કરવા કલકત્તા ગયો છે. ક્યારે આવશે એ પણ નક્કી નથી. એને વાપરવા થોડા રૂપિયા આપી દીધા. આજે કેટલા ય મહિના થયા તે એમ જ માને છે કે મહંમદ કલકત્તા નોકરી માટે ગયો છે. ક્યાંસુધી એને એ ભ્રમમાં રાખી શકીશ? હું ખુદ પણ તે જાણતો નથી.

× સૂચિત

★

એક ન્યાયાધીશ હતા. નિવૃત્ત જીવન ગાળવા માટે તે એક ગામડામાં ગયા. ગામડામાં પણ આખો દિવસ શું કરવું? અંતે એક ખેડૂત પાસેથી રાજીખુશીથી જમીન ખોદવાનું કામ લીધું. ખેડૂતે એ જોયું કે બીજા બધા નોકરો કરતાં ઘણી વધારે જમીન આ ન્યાયાધીશે ખોદી હતી. એ તો ખુશ થઈ ગયો. કહ્યું: ‘સાહેબ, કાલે આવો તો આથી પણ સરસ કામ તમને સોંપું.’

બીજે દિવસે ખેડૂતે એમને ખરાબ વેંગણમાંથી સારાં વેંગણ જુદાં પાડવાની કામગીરી સોંપી. સાંજે આવીને એ જુએ તો માત્ર એક જ વેંગણ એમણે નોખું પાડ્યું હતું. કારણ પૂછતાં જવાબ દીધો:

‘તને તો શી ખબર પડે ભાઈ, પણ આખી જિંદગી નિર્ણયો કરી કરીને મારી બુદ્ધિ એવી થઈ ગઈ છે કે હવે વૃદ્ધાવસ્થામાં સારા માઠાનો યોગ્ય નિર્ણય થઈ શકતો નથી! વેંગણનો ન્યાય તોળવા બદલે જાતમહેનતનું કામ હું વધુ સારી રીતે કરી શકીશ.’

×

દરેક રાજ્યમાં વિદેશી રાજ્યની સંસ્કૃતિના પ્રચાર અર્થે મોટી ઑફિસો હોય છે. મુંબઈમાં અમેરિકાના એવા એક કેંદ્રને ‘એડેલ્ફી’ નામે ઓળખવામાં આવે છે. ત્યાં પુસ્તક લેવા માટે, ઘેર વાંચવા લઈ જવા માટે કોઈ પણ જાતની ફી લેવામાં આવતી નથી. નથી અનામત યા ઓળખાણની જરૂર પડતી.

હમણાં જ સાંભળવા મળ્યું કે કેટલાક લોકો ખોટાં સરનામાં લખાવી પુસ્તકો પાછાં આપતા નથી. પુસ્તકની કિંમત તો જે હોય તે પણ ભારતના નવયુવાન વર્ગ માટે, એની સંસ્કૃતિ માટે વિદેશીઓ કેવો ખ્યાલ બાંધતા હશે? વિશ્વાસ એમણે મૂક્યો, તો આપણે એનો ભંગ કરતાં શરમાવું જોઈએ.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

ગયો મહિનો આપણા દેશે ભારે ચિંતામાં પસાર કર્યો છે. આ ચિંતા દૂર થઈ નથી, ક્યારે દૂર થશે તે કોઈ કહી શકે એમ નથી. હિંદના ભાગલા પડ્યા ત્યારે તો આપણું રાજતંત્ર વ્યવસ્થિત નહોતું, આપણા ભાગે આવેલા પ્રદેશમાં પણ એકતાનો અભાવ હતો. આજે સ્થિતિ જુદી છે. આપણો દેશ સંગઠિત છે, આંતરિક એકતા સિદ્ધ થઈ છે, લશ્કરી દૃષ્ટિએ પણ આપણે સારી પ્રગતિ કરી છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આપણે વિશેષ પ્રતિષ્ઠા મેળવી શક્યા છીએ, એશિયા ખંડમાં આપણું સ્થાન ઊંચું આવ્યું છે; આ બધું છે છતાં આજે પૂર્વ બંગાળે ઉપસ્થિત કરેલી સમસ્યા સામે આપણે લાચાર છીએ. પૂર્વ બંગાળના ૧ કરોડ ૨૦ લાખ હિંદુઓને ઉગારવાનો કોઈ માર્ગ આપણે શોધી શકતા નથી.

ભાગલા પડ્યા પહેલાં જે નીતિ મુસ્લિમ લીગે અખત્યાર કરી હતી તે જ નીતિ ભાગલા પછી પાકિસ્તાનના નેતાઓએ સ્વીકારી છે. આજના યુગમાં ન શોભે એવું વર્તન દાખવવામાં પાકિસ્તાનને મુદ્દલ શરમ નથી. જગતનાં સભ્ય રાષ્ટ્રોમાં પાકિસ્તાન સ્થાન તો પામ્યું છે, પણ તેનો વ્યવહાર અસભ્ય છે, ક્રૂરતાથી ભરેલો છે. પાકિસ્તાને મઝહબી રાજ્યનો આદર્શ સ્વીકાર્યો છે. એનો અર્થ એ થયો, કે જેણે ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો નથી તે કંઈક નીચો છે, કંઈક નિરાળો છે. લોકતંત્ર તો એને કહેવાય, જ્યાં સર્વને સમાન તક અને સમાન અધિકાર પ્રાપ્ત થતાં હોય. ભારતે એ આદર્શ રાખ્યો છે, ભારતના નાગરિકો વચ્ચે જેમ સ્ત્રીપુરુષનો ભેદ નથી, તેમ નાતજાત કે ધર્મનો પણ ભેદ નથી. ભારતના તમામ નાગરિકો એક જ પ્રકારના અધિકારો ધરાવે છે.

પણ પાકિસ્તાન મઝહબી રાજ્ય બનીને જ થોભ્યું નથી. ઇસ્લામના ઉચ્ચ આદર્શોને એણે તિલાંજલિ આપી છે. પાકિસ્તાનના રાજકર્તાઓ, મૂડીદારો, જમીનદારો, નવાબો ને સરદારો આમપ્રજાને તો ચૂસી જ રહ્યા છે. ઉપરાંત, પ્રજાનાં સામાન્ય સુખદુઃખ ભુલાવવા અને ઇસ્લામી સામ્રાજ્યની મહત્ત્વાકાંક્ષા પાર પાડવા એમણે હિંદુવિરોધી અને ભારતવિરોધી માનસ ઊભું કર્યું છે. નાઝીઓને ઝાંખા પાડે એવો જુઠ્ઠો અને અતિશયોક્તિથી ભરેલો પ્રચાર તેઓ રાતદિવસ કરે છે. પાકિસ્તાનના મોટા ભાગનાં અખબારો, ખાસ કરીને ત્યાંનું અગ્રણી અખબાર 'ડોન' તો અસંખ્ય ને ઉશ્કેરાટભરી અફવાઓ ફેલાવવામાં અજોડ છે. પાકિસ્તાનના જવાબદાર નેતાઓ અને સરકારી રેડિયો પણ આ બાબતમાં પોતાથી થઈ શકે તેટલું કરે છે.

ચારે બાજુ હિંદુઓ ને ભારત સામે ઝેર ફેલાવવામાં આવતું હોય ત્યાં આંતરિક શાંતિ શી રીતે જળવાય? કાશ્મિરનો સવાલ તો સળગતો ઊભો જ છે. નિર્વાસિતોની મિલકતનો પ્રશ્ન ઊકલ્યો નથી. નહેરનાં પાણીનો ઝઘડો પણ હજી પત્યો નથી. તેમાં હૂંડિયામણના ફેરફાર પછી આર્થિક યુદ્ધ ઉમેરાતાં બંને બાજુએ તંગદિલી તો ઊભી થઈ જ છે. ભારતને નુકસાન કરી લાભ મેળવવાના હેતુથી પાકિસ્તાને પોતાના રૂપિયાને ભારતની સરખા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણીમાં ઊંચો રાખ્યો, ભારત જો તેનો સ્વીકાર કરે તો આ દેશમાંથી વિનાકારણ કરોડો રૂપિયાની સમૃદ્ધિ આપોઆપ પાકિસ્તાનમાં ખેંચાઈ જાય. ભારત સરકારે જાગૃતિ અને દૃઢતા બતાવી પાકિસ્તાનની મેલી મુરાદ ધૂળમાં મેળવી છે, પણ પાકિસ્તાન તેથી નમ્યું નથી. પાકિસ્તાનની અવળી નીતિને કારણે સૌથી વિશેષ પૂર્વ બંગાળના શણ ઉગાડનારા ખેડૂતોને સહન કરવું પડ્યું છે, તેમનામાં તીવ્ર અસંતોષ પેદા થયો છે. પાકિસ્તાને આ અસંતોષ મિટાવવાના વાજબી માર્ગો લેવાને બદલે તેમનામાં કોમી ઝેર રેડ્યું છે ને તેને પરિણામે ત્યાં હેવાનિયત પેદા થઈ છે.

પૂર્વ બંગાળના અત્યાચારોની વિગતો શરૂઆતમાં તો મળતી નહોતી, પણ તે પછી હકીકતો આવવા લાગી છે. પાકિસ્તાને સાચી માહિતી ઉપર પડદો નાખવાના પ્રયાસો કર્યા છે, પણ તે વ્યર્થ ગયા છે અને જગતે જાણ્યું છે કે પૂર્વ પાકિસ્તાનમાં ખૂન, લૂંટ, આગ, અપહરણના ભયંકર તથા વિશાળ પાયા ઉપર બનાવો બન્યા છે. પાકિસ્તાનનાં અખબારો, રેડિયો અને નેતાઓ દરરોજ પાકિસ્તાનના મુસ્લિમોને કહે છે કે ભારતમાં વસતા ચાર કરોડ મુસ્લિમો ગુલામોનું જીવન જીવે છે અને ભયંકર અત્યાચારોના ભોગ બન્યા છે. કલકત્તામાં અશાંતિ થઈ અને ૨૦ મુસ્લિમો તથા ૧૧ હિંદુઓ મૃત્યુ પામ્યા તે સંબંધમાં પાકિસ્તાને ચારે બાજુએથી ચલાવ્યું કે દશ હજાર મુસ્લિમોની કતલ થઈ છે! ભારતના વડા પ્રધાને સાચું જ કહ્યું છે, કે વીસ અને દશ હજાર વચ્ચે જેટલો તફાવત છે તેટલો તફાવત સત્ય અને પાકિસ્તાનના પ્રચાર વચ્ચે છે. આવી તો અનેક વાતો પાકિસ્તાન વહેતી મૂકે છે.

પૂર્વ બંગાળમાં છેલ્લા પંદરેક દિવસથી શાંતિ લાગે છે, પણ એ શાંતિ સાચી છે એમ ભાગ્યે જ કહી શકાય. કોમી રાક્ષસોની ચાલ આ પ્રકારની જ હોય છે. પાકિસ્તાનમાં જે બન્યું છે તે ત્યાંના ઉચ્ચ અધિકારીઓની નજર સામે જ બન્યું છે અને એટલી વ્યવસ્થા પૂર્વક ખૂન, લૂંટ, આગ અને અપહરણ ચલાવ્યાં છે કે તે પૂર્વયોજીત હતાં તે બાબતમાં ભાગ્યે જ શંકાને સ્થાન રહે. ભારત સરકાર તો શાંતિ ચાહે જ છે અને તેના વડા પ્રધાન આજના યુગના શાંતિના એક ફિરસ્તા છે. એમણે પૂર્વ બંગાળના ભીષણ અત્યાચારો જાણ્યા પછી પાકિસ્તાનના વડા પ્રધાનને વિનંતિ કરી કે સાચી માહિતી માટે બંને સરકારોના પ્રતિનિધિઓનું પંચ નીમીએ, પણ પાકિસ્તાને તેનો અસ્વીકાર કર્યો. એ પછી આપણા પ્રધાને કહ્યું કે બંને બાજુના ઘવાયેલા બંગાળમાં આપણે સંયુક્ત પ્રવાસ ગોઠવીએ તો તે માગણી પણ પાકિસ્તાને ઠોકરે ઉડાવી. જો બંને વડા પ્રધાન સાથે ફર્યા હોત તો બંને દેશમાં અને બંને કોમમાં શાંતિની ભાવના પેદા થાત, પણ પાકિસ્તાનના રાજકર્તાઓનો ઇરાદો જ જુદો હોય ત્યાં શું થાય?

હવે સવાલ એ ઊભો થયો છે કે શાંતિ શું? પૂર્વ બંગાળમાં અત્યારે શાંતિ છે પણ તે સાચી શાંતિ નથી. પાકિસ્તાનના ગવર્નર જનરલ અને વડા પ્રધાન પાકિસ્તાનની પ્રજાને શાંતિનો ઉપદેશ આપે છે એમ પણ તે ઉપર વિશ્વાસ મૂકી શકાય એમ નથી. પાકિસ્તાનની પ્રજાને કહેવાની એમની પદ્ધતિ જોખમકારક છે. પણ શાંતિ માટે ... એમ માનતા જ નથી, કે પૂર્વ બંગાળમાં વિશેષ અત્યાચારો થયા છે અને ... થયેલાં છમકલાંઓ તેને જ આભારી ... ભારતનાં છમકલાંઓમાં મુસ્લિમોની ... હિંદુઓ પણ મરે છે ને ઘવાય છે તે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફત પણ દાબી દેવામાં આવે છે. તેઓના ઉપદેશનું મુખ્ય સૂત્ર હોય છે : ભારતના બનાવોથી ઉશ્કેરાશો નહિ. વેરવૃત્તિ કેળવશો નહિ. આમ આડકતરી રીતે ભારતને જ બદનામ કરવામાં આવે છે. પાકિસ્તાન સાથેના વ્યવહારમાં આપણે જોયું છે કે તેના વચનમાં વિશ્વાસ મૂકી શકાય એવું નથી. તેમનાં નિવેદનો આ દૃષ્ટિએ અર્થહીન છે.

ત્યારે કરવું શું ? ત્રણ માર્ગો સૂચવાય છેઃ ૧. રાષ્ટ્રસંસ્થામાં ફરિયાદ કરવાનો, ૨. વસ્તીની ફેરબદલીનો, ૩. યુદ્ધનો. આ ત્રણ ઉપાયોમાં વિશેષ જોર અનુક્રમે ત્રીજા અને બીજાને આપવામાં આવે છે. કાશ્મિરપ્રશ્નના અનુભવે રાષ્ટ્રસંસ્થામાં જવાનો કોઈને ઉત્સાહ નથી. બાકી રહે છે વસ્તીની ફેરબદલા અને યુદ્ધ. જો આપણે શાંતિથી વિચાર કરીએ તો આ ઉપાયોની નિરર્થકતા આપણને તરત જ સમજાઈ જાય.

વસ્તીની ફેરબદલીનો પહેલાં વિચાર કરીએ:

૧. વસ્તીની ફેરબદલી શાંતિથી થાય એ શક્ય નથી. પાકિસ્તાન એવી કબૂલાત આપે તોપણ તેના ઉપર વિશ્વાસ મૂકી શકાય નહિ.

૨. બંને બાજુએ ખૂન, લૂંટ અને અત્યાચારના બનાવો બને જ અને તેની અસર આખા દેશ ઉપર થાય.

૩. વસ્તીની ફેરબદલી પ્રદેશ કે સંખ્યા પૂરતી મર્યાદિત બનાવી શકાય નહિ.

૪. જે અહીંથી જવા ન ઇચ્છતા હોય તેમને પણ ધકેલી દેવા એ અમાનુષી કૃત્ય ગણાય.

૫. જો હિંદુ અને મુસ્લિમ એ દૃષ્ટિએ જ રાષ્ટ્રની પસંદગી થાય તો ભારતે કાશ્મિર ગુમાવ્યું જ છે એમ માની લેવું જોઈએ.

૬. પાકિસ્તાનમાં હિંદુઓ સવા કરોડ, જ્યારે ભારતમાં મુસ્લિમો ચાર કરોડ છે; એટલે જો વસ્તીની ફેરબદલીનો સિદ્ધાંત સ્વીકારાય તો પાકિસ્તાન વધુ પ્રદેશ માગે અને એની માગણીને અમેરિકા–બ્રિટનનો ટેકો મળી જ રહે.

૭. ભારતમાંથી મુસ્લિમોને કાઢવાની વાત આવે તેની અસર અન્ય લઘુમતિઓ ઉપર, ખાસ કરીને શીખ કોમ ઉપર થયા વિના રહે જ નહિ. તેઓ અવશ્ય અલગ રાજ્ય માગે. માસ્તર તારાસિંગનું જોર ઘણું વધી જાય.

૮. વસ્તીની ફેરબદલી શક્ય જ નથી, પણ જો થાય તો યે શાંતિ થઈ જશે એમ માનવું નહિ. પાકિસ્તાની મુસ્લિમોની સંખ્યા વધતાં તેમનું ઝનૂન વધે, પોતાના આર્થિક પ્રશ્નો તે ઉકેલી શકે નહિ, એટલે ઉશ્કેરાટ બીજી બાજુ ફેલાય અને ભારત તથા પાકિસ્તાનની સરહદો સદા ય સળગતી જ રહે.

૯. આ સ્થિતિમાં યુદ્ધ અનિવાર્ય બને.

હવે યુદ્ધનો વિચાર કરીએ:

૧. ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્વાંગી યુદ્ધ થાય તો પાકિસ્તાનનો નાશ થાય એમાં શંકા નથી. ભારત જેટલી પાકિસ્તાનની તાકાત નથી અને એ રાજ્ય પૂર્વ અને ઉત્તર–પશ્ચિમમાં વહેંચાયેલું છે તે પણ તેની નિર્બળતા છે.

૨. પણ યાદ રાખવું જોઈએ, કે આજના યુગમાં આવું યુદ્ધ એ દેશો પૂરતું મર્યાદિત રહે જ નહિ, એટલે એમાંથી ત્રીજા વિશ્વયુદ્ધનો દાવાનળ અવશ્ય પેદા થાય. અમેરિકા અને રશિયાનાં બળો પોતાનો ભાગ ભજવે જ.

૩. આવા વિશ્વયુદ્ધનું શું પરિણામ આવે તે કહેવાની કોઈની શક્તિ નથી, કોઈ કહે તો તે મૂર્ખ છે એમ સમજવું.

૪. યુદ્ધ થાય તો પાકસ્તાનમાં રહેલા હિંદુઓની સ્થિતિ કેવી કરુણ બની જાય તે કલ્પી શકાય એમ છે. આજના કરતાં એ સ્થિતિ હજારોગણી ભયાનક હોય એમાં શંકા જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. ભારતમાં તેનો પડઘો પડે જ. ભારત સરકારે આંતરિક શાંતિ માટે મોટી સેના ભારતમાં જ રોકવી પડે તો યે શાંતિ જળવાય કે કેમ તે તો પ્રશ્ન જ રહે.

૬. યુદ્ધમાં ગમે તે પક્ષ વિજયી થાય. લઘુમતી કોમને બચાવવા માટે યુદ્ધ ખેલાયું હોય તો તેનું નિકંદન જ નીકળી જાય.

આનો અર્થ એ થયો કે યુદ્ધથી આ પ્રશ્નનો ઉકેલ આવે નહિ. ત્યારે શું મૂંગા બનીને બેસી રહેવું? નિર્દોષ ઉપરના અત્યાચારો જોયા કરવા? આ સવાલોના જવાબ આપવાનું કઠણ છે. ભારત કે પાકિસ્તાનમાં જો સત્યાગ્રહી વીરો જાગે તો યુદ્ધ અને વસ્તીની ફેરબદલી-બંને આફતોમાંથી બચી શકાય. ભારતના હિંદુ–મુસ્લિમ વીરો પાકિસ્તાનમાં જાય અને જે આપત્તિઓ આવે તે સહન કરે. એ જ રીતે પાકિસ્તાનમાં પણ આજની સ્થિતિ સામે સત્યાગ્રહનો માર્ગ લેવાય...પણ આ માટે આજે વાતાવરણ છે? કોઈ દોરનાર છે? જનતામાં એવી ભાવના છે?

આજે તો સર્વત્ર નિરાશાનો અંધકાર છવાયેલો છે, પણ હમણાં જ એક ચિંતકે કહ્યું તેમ અંધકારમાં અટવાઈએ નહિ તો ધીમેધીમે માર્ગ દેખાઈ આવે છે. જરૂર છે ધૈર્યની અને પ્રકાશ શોધવાના પુરુષાર્થની. બધી બાજુનો વિચાર કરતાં એમ લાગે છે કે આ પ્રશ્નની બે બાજુઓ છે, બે મોરચાઓ છે : એક આંતરિક શાંતિનો અને બીજો પાકિસ્તાનમાં વસતા હિંદુઓને રક્ષણ આપવાનો. પહેલો મોરચો આપણા હાથમાં છે, ત્યાં જો આપણે સફળ થઈશું તો બીજે મોરચે લડવાનું કામ લેવાનું ઘણું સહેલું બનશે. ભારતીય પ્રજા પહેલા મોરચા ઉપર મક્કમ રહે અને પાકિસ્તાનના જંગલીપણાનું અનુકરણ ન કરે તો ભારત સરકારના હાથ મજબૂત થાય. ઉપર કહ્યું તેવી સત્યાગ્રહની ભાવના પણ કદાચ પેદા થાય. યુદ્ધ કે વસ્તીની ફેરબદલી એ ઉપાય નથી, એ તો અંધારામાં ભૂસકો જ છે.

તા. ૨૧-૩-

★

ગુજરાતને આજે જોઈએ છે સેવાવીરો

દિલ રેડી કામ કરવાવાળા સેવાભાવી અને ઉત્સાહી કાર્યકરોની જરૂર છે. જેઓ જનતા માટે 'કાંઈક' કરી છૂટવાની ધગશ અને તમન્ના રાખતા હોય તેમણે નીચેની શરતો વિચારવી.

નહિ મળે :	મળશે :	આનો સામનો કરવો પડશે :		આથી દૂર રહેવું પડશે :	
મોટપ	મહેનત	ટીકા	ઠપકો	અસત્ય	જડતા
ખુશામત	ઉજાગરા	નિંદા	નિરાશા	ખોટા ભય	દંભ
ફૂલના હાર	રપડપટ્ટી	દુઃખ	અપમાન	દુરાચરણ	ખટપટ
કોઈ જાતનો બદલો	ગરીબનાં આંસુ	ત્રાસ	નિષ્ઠુરતા	દુરાગ્રહ	મિથ્યાભિમાન

આના વિના નહિ ચાલે :

પ્રેમ	ધીરજ	કર્તવ્યશીલતા
ખંત	ઉત્સાહ	સ્વદેશાભિમાન
સેવા	સચ્ચાઈ	કાર્યદક્ષતા
સાહસ	નમ્રતા	સહૃદયતા

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોટસ ટ્રસ્ટની સાહિત્ય–સર્જનની યોજના

ગુજરાતી ભાષામાં સામાન્ય જનોને ઉપયોગી થાય તેવા ગ્રંથોનાં સર્જન અને પ્રકાશનના હેતુથી લોટસ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ એક યોજના તૈયાર કરી છે. વિવિધ વ્યવસાયમાં રોકાયેલા ગુજરાતના અભ્યાસી લેખકો આ યોજના દ્વારા ગુજરાતી પ્રજાને પોતાના અભ્યાસનાં ફળો આપી શકે એમ છે. યોજના નીચે પ્રમાણે છે:

૧ લોટસ ટ્રસ્ટ તરફથી આ યોજના માટે રૂ. ૨૫૦૦૦) આપવામાં આવ્યા છે.

૨ આ યોજના ઓછાંમાં ઓછાં સાત વર્ષ સુધી ચાલુ રાખવાની ધારણા છે.

૩ વિદ્વાન અને અભ્યાસી લેખકો દ્વારા દર વર્ષે ઓછાંમાં ઓછાં બે મૌલિક પુસ્તકો લખાવવાની આશા રાખવામાં આવી છે. પુસ્તકો ક્રાઉન સોળપેજી માપનાં લગભગ ૨૫૦ પાનાંનાં હશે.

૪ આ યોજના પાર પાડવા માટે નીચે જણાવેલા પાંચ સભ્યોની સાહિત્ય–સમિતિ નીમવામાં આવે છે:

દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી — **શ્રી. જ્યોતીન્દ્ર દવે**
શ્રી. મનુ સૂબેદાર — **શ્રી. વીરેન્દ્ર જીવણલાલ શાહ**
શ્રી. મોહનલાલ મહેતા–સોપાન [મંત્રી]

આ યોજના અંગે સર્વ પત્રવ્યવહાર નીચેના સરનામે મંત્રી સાથે કરવો:–

મોહનલાલ મહેતા
ગુલબહાર, બેરેક રોડ, **મુંબઈ–૧**

૫ આ સમિતિ ગ્રંથનો વિષય નક્કી કરી લેખકો સાથે સંપર્ક સાધશે અને યોગ્ય જણાશે તે રીતે લેખકને ગ્રંથ તૈયાર કરવા સૂચવશે.

૬ લેખક તરફથી હસ્તપ્રત મળ્યા પછી સમિતિ એ અંગે નિર્ણય કરશે અને ગ્રંથ સ્વીકાર્ય હશે તો પ્રથમથી નક્કી કર્યા પ્રમાણે અથવા સમિતિને યોગ્ય જણાશે તો નક્કી કર્યાથી પણ વિશેષ રકમ પુરસ્કાર તરીકે આપશે.

૭ પુરસ્કાર અંગે સામાન્ય રીતે પાંચસોથી ઓછા નહિ અને એક હજારથી વિશેષ નહિ, એવું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે.

૮ જે ગ્રંથ સ્વીકાર્ય થશે તે ગ્રંથની પ્રથમ આવૃત્તિના પ્રકાશનના હક્કો સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયને અર્પણ થશે. પુનર્મુદ્રણ, અનુવાદ, ફિલ્મ, નાટક વગેરે બીજા તમામ હક્કો લેખકના પોતાના જ રહેશે.

૯ સમિતિએ લેખકને નિશ્ચિત કાર્ય સોંપ્યું હશે અને લેખકે તે પૂરું કર્યું હશે, છતાં સમિતિ કોઈ કારણસર એ અસ્વીકાર્ય ગણશે, તો એના અસ્વીકાર છતાં લેખકને મહેનતાણાની નક્કી કરેલી રકમનો ત્રીજો ભાગ આપવામાં આવશે અને તેના પ્રકાશનના 'સર્વ હક્ક' લેખકના પોતાના રહેશે.

૧૫-૩-'૫૦ }

લોટસ ટ્રસ્ટ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા-સમાચાર

વિવિધ ગ્રંથમાળા

ચાલુ વર્ષે સને ૧૯૪૯-૫૦નું ૭મું પુસ્તક **'શામળના છપ્પા'** ગ્રાહકોને તા. ૨૦-૩-૫૦ના રોજ હંમેશની જેમ બૂક-પોસ્ટથી મોકલાયું છે.

છેલ્લાં ૩૮ વર્ષથી ચાલતી આ માળા દ્વારા ૧૬૦૦ પાનાંનું વાંચન ગ્રાહકોને ઘેરબેઠાં માત્ર રૂા. ૬-૮-૦માં અપાય છે. વાર્ષિક લવાજમની રકમ રૂા. ૬-૮-૦માંથી ટપાલખર્ચ અને સેલટેક્સનો સુમારે રૂા. ૧ાા બાદ કરતાં માત્ર રૂા. ૫)માં ૧૬૦૦ પાનાંનું વાંચન ગ્રાહકોને મળે છે.

સસ્તામાં સસ્તાં પુસ્તકો આપી શકાય એ માટે, સ્વામી અખંડાનંદજીએ શરૂ કરેલી આ માળા, અત્યારની સખત મોંઘવારીના સમયમાં પણ ચાલુ રહી શકી છે એમાં ઈશ્વરેચ્છા ને લોકપુણ્ય જ મુખ્યત્વે કારણભૂત છે.

પાછલાં વર્ષોમાં અપાયેલાં પુસ્તકોની યાદી અહીં નીચે આપી છે; તે ઉપરથી જણાશે કે સસ્તામાં સસ્તાં પુસ્તકો મેળવવાં હોય તેમણે આ માળાના ગ્રાહક થઈ જવું જોઈએ.

સને ૧૯૪૮-૪૯માં અપાયેલાં પુસ્તકોની યાદી

		લેખક	પૃષ્ઠ	મૂલ્ય
૧	યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય	જનાર્દન નાનાભાઈ પ્રભાસ્કર	૯૬	૦-૮
૨	સંતની વાતો	ગોપાલજી ઠક્કર	૨૬૪	૧-૮
૩	જીવનચર્યા	વિજયશંકર મુનશી	૮૦	૦-૬
૪	તન્ત્રકથા (સચિત્ર)	વાલજી ગો. દેસાઈ	૧૮૪	૧-૮
૫	તુલસી રામાયણનાં મહાવાક્યો	ગોપાલજી ઠક્કર	૧૧૨	૦-૮
૬	હંસ મહારાજ	રમણીક મહેતા	૨૮૮	૨-૮
૭	ધમ્મપદ	પં. બહેચરદાસ દોશી	૧૯૨	૧-૦
૮	ગુલાબસિંહ	મણિલાલ નભુભાઈ	૪૪૦	૪-૦
			૧૬૫૬	૧૧-૧૪

ટપાલખર્ચ સાથે રૂા. ૧૩-૫-૦ની કિંમતની ઉપરનાં પુસ્તકો માત્ર રૂા. ૬-૮-૦માં ગ્રાહકોને ઘેરબેઠાં અપાયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

એક રૂપિયો

સસ્તું સાહિત્ય

અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CROWN BRAND GUARANTEED PURE

CROWN BRAND GUARANTEED PURE

એલ્યુમિનિય અને પિત્તળનાં વાસ

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમના વાસણો વજનમાં હલકા, જલ્દી ગરમ થાય તેવા અને કીંમતમાં કીફાયત હોય છે કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો :

જીવનલાલ (૧૯૨૯) લિમિટે

કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂા. ૭ાા છે. બ્રહ્મદેશ માટે રૂા. ૮) અને પરદેશ માટે રૂા. ૧૧) છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. છ અથવા ત્રણ માસના ગ્રાહકો નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક સમયસર ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી; અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી; અને તે સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે તો એક રૂપિયો પરત કરવામાં આવશે.

૭ ગ્રાહકોએ પોતાનું નામ–સરનામું સ્પષ્ટ લખવાં; સાથે ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું. વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે.

૯ મનીઑર્ડરની કૂપન પર રૂપિયાની રકમ, રૂપિયા મોકલવાનો ઉદ્દેશ, ગ્રાહક નંબર (નવા ગ્રાહક હોય તો નવા ગ્રાહક લખવું), પૂરું સરનામું વગેરે સર્વ બાબતો સ્પષ્ટ દર્શાવવી.

૧૦ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

૧૧ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૨ રૂબરૂ આવી અંક લઈ જનાર, તથા એકથી વધારે અંકો રજિસ્ટરથી યા રેલવેથી મંગાવનાર માટે લવાજમમાં કંઈ ફેરફાર નથી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, **અમદાવાદ** ને કાલબાદેવી, **મુંબઈ–૨**

લેખો અંગે નિયમો

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગ-કથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ-વર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. આમ છતાં સ્વીકાર પામેલો લેખ ચારેક માસની અંદર પ્રગટ થઈ જ જાય તે વિષે કાળજી રાખવામાં આવે છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લખાણ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લખાણો મોકલવાનું સરનામું આ પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'

ગુલબહાર, ઓરેક રોડ, મુંબઈ–૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	નિંદારસ	શ્રી	૩
૨	શાશ્વતની ખોજ	સ્વામી આનંદ	૫
૩	એનું નામ તે રાજા	દેસાઇ વાલજી ગોવિંદજી	૯
૪	આજ મર્યું મન મારું (કાવ્ય)	શ્રી અનામી	૧૦
૫	જનતાની કેળવણી	શ્રી ઠક્કર બાપા	૧૧
૬	એકસૂત્રિત શિક્ષણયોજના	અધ્યા. ડોલરરાય ર. માંકડ	૧૬
૭	વાતચીતની કલા (હાસ્યલેખ)	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૪
૮	પુનિત સંસ્મરણો	શ્રી પુરાતન બુચ	૨૯
૯	આવતી કાલ (નાટક)	અધ્યા. મનસુખલાલ ઝવેરી એમ. એ.	૩૭
૧૦	આથો ચડેલો ખોરાક (આરોગ્ય)	શ્રી હરરાય અ. દેસાઈ બી. એ. એસ. ટી. સી.	૫૦
૧૧	તપસ્વિની રાબિયા (રેખાચિત્ર)	શ્રી રામનારાયણ ના. પાઠક	૫૫
૧૨	બગદાદી (વાર્તા)	શ્રી ચિન્મયાનંદ	૬૧
૧૩	ગ્રામગંગા મેશરી	શ્રી શિવપ્રસાદ પ્રા. શુકલ	૬૮
૧૪	ઉનાઈની યાત્રા (લોકસાહિત્ય)	શ્રી મધુભાઈ પટેલ	૭૧
૧૫	પંચાયત (વાર્તા)	સ્વ. પ્રેમચંદજી	૭૬
૧૬	સ્વરોદયજ્ઞાન (વિજ્ઞાન)	શ્રી રતિલાલ મફાભાઈ શાહ	૮૧
૧૭	ધનનો લોભ (ધર્મકથા)	શ્રી નટવરલાલ જાની	૮૬
૧૮	અધ્યાત્મવાદ	શ્રી ડાહ્યાલાલ હી. દેસાઈ બી એ. એલએલ. બી.	૮૮
૧૯	તરણાનું મૂલ્ય	શ્રી ચંદ્રકાંત આનંદપરા	૯૩
૨૦	શ્રીમદ્ ભાગવત પર દૃષ્ટિપાત	શ્રી મૂળજીભાઈ હ. શાહ	૯૭
૨૧	સસ્તો ભગવાન !	શ્રી ગોવિંદજી પુ પટેલ	૧૦૦
૨૨	માનસિક શક્તિ	ચંચળબહેન માણેકલાલ પાઠક	૧૦૩
૨૩	ગુરુપ્રસાદી	સ્વામીશ્રી પ્રકાશાનંદજી	૧૦૯
૨૪	યુગપ્રવાહ	શ્રી સોપાન	૧૧૪
૨૫	અ. આ. નું લવાજમ શા માટે વધારવું પડે છે ?	મનુ સૂબેદાર	૧૧૭
૨૬	સંસ્થા-સમાચાર	કાર્યાલય	૧૧૯

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ હ૦ ઠક્કર
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય રાયખડ—અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૩, અંક ૭] તંત્રી : સોપાન [મે ૧૯૫૦

નિંદારસ

પોતાના જીવનમાં શું કે જાહેર જીવનમાં શું, કુટુંબમાં શું કે સમાજમાં શું, અનેક વિખવાદો અને રાગદ્વેષોને જન્મ આપનાર પ્રબળ તત્ત્વ હોય તો તે નિંદા છે. માણસની સ્વાર્થલાલસા પણ નિંદાના પ્રમાણમાં રાગદ્વેષની ભરતી નથી ચડાવી શકતી. નિંદાનું જોર નજરે દેખાતું નથી, પરંતુ જે ઉખેડવાને પ્રચંડ વાવાઝોડા જેવી અથડામણ નિષ્ફળ નીવડે છે તે ઉખેડવાનું કાર્ય નિંદાના ગુપ્ત પ્રવાહથી આબાદ રીતે પાર પડી શકે છે. નિંદા છાનું અને ધીમું ઝેર છે.

બીજી બાજુ જોઈએ તો મગતરાં જેવા માનવીઓથી માંડીને ઉન્નત સ્થાન ઉપર બેઠેલા ને 'મહાપુરુષ' તરીકે ઓળખાતા માણસોને પણ આકર્ષે એવો રસ પણ આ નિંદા છે. સાહિત્યસૃષ્ટિમાં કે સ્વાદની સૃષ્ટિમાં જેટલા રસોનું વર્ણન છે તે બધા રસો નિંદારસ પાસે તુચ્છ છે. તમે વીર, શૃંગાર, કરુણ, કોઈ પણ રસથી અમુક માણસને ન આકર્ષી શકો પરંતુ તેની પાસે સહજ ભાવે કોઈની છાની વાતો જાહેર કરો કે સાંભળનાર અભિમુખ બન્યો જ છે! બીજાની વાત સાંભળવાનો રસ છોડી શકે એવી તો કોઈ વિરલ વ્યક્તિ જ આપણને મળશે.

સામાન્ય વાત અને નિંદા બંને એક જ વસ્તુ નથી, પરંતુ એ બંનેની ભેદરેખા અતિ પાતળી છે અને તે આપણા અંતરમાં જ દોરાયેલી હોય છે. આપણે જાગ્રત અને મંથનશીલ ન હોઈએ તો ઘોર નિંદા પણ આપણને 'સામાન્ય' વાત લાગે એવો સંભવ છે. આપણી પ્રકૃતિ બીજાઓની વાતમાં નિરર્થક પણ રસ લેવાની હોય અને એ દ્વારા આપણે માની લીધેલું હિત સધાતું હોય તો આપણાથી સહજ ભાવે બીજાની નિંદા થયા કરે છે. એવી નિંદા કરતાં આપણને કોઈ રોકે અથવા એવું ભાન કરાવે કે આપણે નિંદા કરીએ છીએ તો એ સાંભળીને આપણને રોષ પણ ઊપજે.

સામાન્ય તથા ખાનગી વાતચીતમાં બીજાની પ્રશંસા સાંભળવાના અને નિંદા સાંભળવાના પ્રસંગો આપણને કેટકેટલા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે એનો જો અંદાજ કાઢીશું તો સ્પષ્ટ રીતે સમજાશે કે નિંદા પાસે બિચારી પ્રશંસા તો હિમાલય પાસે રજકણના પ્રમાણમાં જ હસ્તી ધરાવે છે. આ સ્થિતિમાં દેખાતી 'સામાન્ય' વાત નિંદા હોવાનો સંભવ કેટલો વિશેષ છે? છતાં યે આપણે પરીક્ષા કરીએ. કોઈની જાણેલી કે સાંભળેલી વાત બીજાને કહેવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણુને મન થાય છે ખરું ? જો થતું હોય તો મનને પૂછીએ કે આટલી ઉત્સુકતા શા માટે? એ વાત કહીને કોનું ને કેવા પ્રકારનું હિત સાધવું છે ? મનનું પૃથક્કરણ કરતાં જણાશે કે એ વાત આપણા મનમાં જ પડી રહે તેથી કોઈને નુકસાન થવાનું નથી અને કોઈનું ભલું થતું અટકી જવાનું નથી.

આમ છતાં આપણે એ વાત કોઈ ને કોઈ પાસે પ્રગટ કર્યા સિવાય રહી શકતા નથી. મનમાં પડેલી એ વાત જ્યાંસુધી બહાર ન નીકળે ત્યાંસુધી આપણને જાણે શાંતિ થતી નથી ! આપણે જ્યારે એ વાત સાંભળી હોય, ત્યારે તેની સચ્ચાઈ વિશે આપણા મનની પ્રતીતિ ન થઈ હોય તો યે બીજાની પાસે તો એને સંપૂર્ણ સત્યના રૂપમાં જ રજૂ કરીએ છીએ અને જાણતાં-અજાણતાં એ રજૂઆતમાં ખૂટતી કડીઓ આપણી પોતાની કલ્પનાથી આપણે જોડી દઈએ છીએ. કોઈ પણ છાની વાત એકથી બીજા કાને જતાં નવો રંગ પકડે છે અને જ્યારે અનેક મુખેથી એ સમાજમાં પ્રસરે છે, ત્યારે તેનો મૂળ રંગ લગભગ નાશ પામી ગયો હોય છે; અને સમાજના માનસના પ્રતિબિંબરૂપ અતિ દોષિત રૂપ એ છાની વાતે ધારણ કરી લીધો હોય છે.

શા માટે આમ બને છે ? શા માટે માણુસ નિંદા કરવા અને સાંભળવા લલચાય છે? શા માટે નિંદાને અટકાવનારું કોઈ બળ ઊભું થતું નથી ?

નિંદા કરનાર અને સાંભળનાર એક જ પ્રકારની વૃત્તિના ગુલામ હોય છે. કોઈ કોઈ માણુસ નિંદા કરવા કરતાં સાંભળે છે વિશેષ અને પોતે કહે છે ત્યારે બહુ સંભાળીને બોલે છે. માણુસમાં નિંદાની વૃત્તિ ન હોય અને તેમાં જે પાપ માનતો હોય તે તો નિંદા કરે નહિ, તેમ સાંભળે પણ નહિ. જો સૂક્ષ્મ રીતે જોઈએ તો આ બાબતમાં કરનાર અને સાંભળનાર સરખા જ ગુનેગાર છે. અમુક દાખલામાં ઇચ્છા ન હોય છતાં કોઈની નિંદા સાંભળી લેવાની સ્થિતિમાં માણુસ મુકાઈ જાય છે, પરંતુ મોટે ભાગે તો નિંદા સાંભળનાર બોલનારને પોતાના મુખભાવથી કે અમુક શબ્દોથી ટેકો આપી ઉત્તેજે છે. આવા દાખલામાં કહેનાર કરતાં યે સાંભળનાર વધુ દુષ્ટ અને વધુ નિંદાપ્રિય હોવાનો સંભવ છે.

કોઈવાર નિંદા આપણાં પાપ આડેનો પડદો બને છે. જે ખામી આપણામાં હોય તે સતત બીજામાં બતાવ્યા જ કરીએ અને તેની સાબિતીઓ પણ આપીએ તો લોકોનું ધ્યાન બીજી બાજુ દોરવાય છે અને આપણે સલામત બની જઈએ છીએ. આ સલામતી કેટલો કાળ ટકે છે એ પ્રશ્ન જુદો છે, પણ બીજાની નિંદા કરવાનું જોર તો એમાંથી જ પેદા થાય છે.

નિંદારસમાંથી મુક્ત થવાના સ્થૂળ નિયમોમાં સૌથી અગત્યનું સ્થાન ઓછું બોલવાને આપી શકાય. મળી શકે. જો આપણે બહુ ઓછું બોલવાની ટેવ પાડીએ તો આપણાથી આપોઆપ થતી નિંદા થતી અટકી જશે. બીજા પાસેથી કોઈની નિંદા સાંભળવા મળે, ત્યારે ની ઉત્તેજન આપવાનું આપણે બંધ કરીશું તો તેનો ઉત્સાહ ઓછો થઈ જશે. જો હિંમત હોય તો નિંદકને બોલતો રોકીએ. એવી હિંમત ન હોય અથવા એમ કરવું યોગ્ય ન લાગે તો એ વિશે નિર્લેપ રહીએ ને આપણા દોષો સંભારીએ તો નિંદકનો રસ મારી જાય. વ્યક્તિ અને સમાજનું મૂળ કોરી ખાતા નિંદાના પાપમાંથી આપણે ઉગરવું જ જોઈએ.

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાશ્વતની ખોજ

લેખક:
સ્વામી આનંદ

ચોપાટી, મુંબઈ
૧૨-૧-૫૦

ભાઈશ્રી,

જે નિખાલસ ભાવે તમે તમારી જિજ્ઞાસા રજૂ કરી છે તે બદલ તમને ધન્યવાદ આપીને તમારા પ્રશ્નોના યથાશક્તિ ઉત્તર આ પત્રમાં આપવા માગું છું. તમે લખ્યું છે, 'વહેવારિક દષ્ટિએ સલાહ ન આપતાં મને મુમુક્ષુ-જિજ્ઞાસુ ગણીને જવાબ આપો તો સારું.' આ તમારી કસોટીમાં હું કેટલે દરજ્જે પાર ઊતરું એ તો નથી જાણતો, પણ હું એટલું જ કહીશ કે જેવી નિર્વ્યાજવૃત્તિથી તમે તમારા અંતરમાં ઊઠતા ભાવો પૂછ્યા છે તેવી જ નિર્વ્યાજવૃત્તિથી તેનો ઉત્તર ન આપું તો તમને ને મને પોતાને બેઉને અન્યાય કરું. બાકી તો વહેવાર અને અધ્યાત્મ એ બે વચ્ચે કશી તીખી અદાવત છે એવું મેં કદી માન્યું નથી; એટલે તેટલે દરજ્જે મારા લખાણમાં કદી ક્યાંક તમને વહેવારિક સલાહની બૂ આવે તો હું લાચાર છું. જો કે આ નીચે હું શું લખીશ તેની હજુ મને ખબર નથી.

હવે તમારા પ્રશ્નો:

(૧) જીવનની વ્યાપકતા, એકતા, આનંદ-સ્વરૂપતા માનવદેહે અનુભવી શકાય છે?

ઉ:-હા, એટલું તો ખરું કે એ અનુભવ બધાનો એક જ પ્રકારનો હમેશાં હોય એવું નથી.

(૨) જીવન દેહથી જુદું છે એવો પ્રત્યક્ષ અનુભવ લઈ શકાય છે?

ઉ:-જીવન દેહથી જુદું નથી. જીવન એ દેહ, આત્મા, મન, બુદ્ધિ, વિચારો, સંસ્કારો, સંકલ્પો, વિકારો, ઝંખનાઓ, એવી કેટલી યે સારીનરસી સામગ્રીનો સંભાર છે. એ બધી વસ્તુઓ ચિંતનથી પૃથક્કરણ કરવા પૂરતી કદાચ જુદી પાડી શકાય, પણ એથી વધુ અર્થમાં એને નોખી પાડવી મુશ્કેલ હોય છે. વિચારવંત અને ચિંતનશીલ માણસમાત્રને આવો અનુભવ થયા જ કરે છે.

આમ છતાં દેહની જ વસ્તુઓથી જીવન બધો વખત તૃપ્તિ અનુભવી નથી શકતું એવો માણસને વહેલોમોડો અનુભવ થવા માંડે છે ને તેથી તે શાશ્વતની ખોજમાં પડે છે. તે ઘડીથી તેનું નૈતિક અગર આધ્યાત્મિક જીવન શરૂ થયું ગણાય.

(૩) આ જગત તમને કેવા રૂપે દેખાય છે? તેને અનુભવનાર ચેતનનું કેંદ્રસ્થાન ક્યાં હશે? વિશાળ આકાશ પર્યંત ક્ષણમાં ફેલાઈ જતી દૃષ્ટિ એ આભાસ કે ચેતન? એ શું આંખમાંથી જ નીકળતી હશે? જગત વારે-વારે બદલાય છે?

ઉ:-જગત મને પરમેશ્વરની લીલારૂપે દેખાય છે. સુતાર લોક જોડે રહું છું એટલે એમની ભાષામાં કહું તો જગત મને સુતારની કોઢ જેવું લાગે છે. પરમેશ્વર એનો મિસ્ત્રી, કારીગર કે વિશ્વકર્મા છે. એમાં જ્યાંત્યાં નાનાં-મોટાં લાકડાં, ગંડેરી, બીમ, અછોલાં, એવુંએવું વેરણછેરણ પડ્યું છે. એમાં આવીને ઊભતાંવેંત માણસને તાલાવેલી લાગે છે કે આ બધી અવ્યવસ્થામાંથી વ્યવસ્થા ઊભી કરીને હું આનું એક સુંદર દીવાને-ખાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવી દઉં. માલિકે મારે માટે આ જ કામ નીર્મ્યું હોવું જોઈએ.

આમ વિચારીને તે પૃથ્વી ઉપર સ્વર્ગ–રામરાજ્ય આણવાનો ઉદ્યમ કરવા મંડી પડે છે. ઉદ્યમ કરતોકરતો પોતે મિસ્રી થઈને, અગર તો નિષ્ણાત, કારીગર કે કલાધર બનીને બેસી જાય છે. સત્યને અંતરમાં અનુભવનારો માણસ બકવાદ છોડી મૌનનો રસિયો બને છે ને સૌજન્ય તથા કરુણાની મૂર્તિ બનીને અનાસુરતે જનસેવા કરે છે. ભાગવતમાં આવા સંતપુરુષોનું વર્ણન આવે છેઃ—

> शान्ता महन्तो निवसन्ति सन्तो
> वसन्तवल्लोकहितं चरन्तः ।
> तीर्णाः स्वयं भीमभवार्णवं जना
> न हेतु नान्यानपि तारयन्तः ॥

સુતારની કોઢ (વર્કશૉપ) એવી ને એવી વેરણછેરણ રહે છે. ઈશ્વરનો હેતુ જ કદાચ એને એવી ને એવી–પુરુષાર્થીઓની ને આત્માર્થીઓની-કર્મભૂમિ બનેલી રાખવાનો છે; તેથી તે તેની દીવાને-ખાસ બનવા દેતો નથી એટલે જ મને લાગે છે. Kingdom of Heaven આટઆટલા કાળ વીત્યા ને આટઆટલા અવતાર, પીર, પેગમ્બર, ઓલિયા, સાધુસંત, સજ્જનો તૂટી મૂઆ પણ હજી પૃથ્વી પર આવતું નથી.

ચેતનનું કેંદ્ર માણસના અંતરમાં છે. કબીરનું એક ભજન છે:

યા ઘટ ભીતર સાત સમન્દર,
યા હી મેં નદી નારા.
યા ઘટ ભીતર કાસી દ્વારકા,
યા હી મેં ઠાકુરદ્વારા.
યા ઘટ ભીતર ચંદ્ર-સૂર હૈ,
યા હી મેં નૌ લખ તારા.
કહત કબીર સુનો ભાઈ સાધો!
યા હી મેં સત કિરતારા.

વિશાળ આકાશ પર્યંત ક્ષણમાં ફેલાઈ જતી દૃષ્ટિ એ અંતર-દૃષ્ટિ છે. જેના અંતરનાં કપાટ ઈશ્વરકૃપાથી ખૂલી જાય છે એ અં… મુખ બને છે:

રે અંતર દૃષ્ટિ કરી જોયું.
રે ડહાપણુ ઝાઝું નવ ડોળ્યું.

પછી તેને 'યા ઘટ ભીતર,' જ ભજન… વર્ણવ્યું છે તે, ને નથી વર્ણવ્યું તે બધું દે… લાગે છે. વેદના પુરુષસૂક્તમાં, નાસદીય સૂક્ત… સૃષ્ટિ આરંભની કલ્પનામાં, ગીતાના વિરાટ… દર્શનમાં ને ઉપનિષદોના 'ન તત્ર સૂર્યો ભા…' કે 'યતો વાચો નિવર્તન્તે' વગેરે વર્ણ… વિશ્વભરમાં વ્યાપેલ ચેતનતત્ત્વને હ… આંખમાથાં ને હજારો પગવાળું, સૂર્ય, … કે અગ્નિની મદદ વિના પ્રકાશતું, … સ્ફુરણાથી શ્વાસ લેતું ને અનંત લોકને… વ્યાપીને પણ દસ આંગળ બાકી રહે… એવીએવી અનેકવિધ રીતે વર્ણવ્યું… સ્વામી રામતીર્થે એવા જ ભાવો એક… ભજનમાં ઉતારીને કશી મુસાફરીની … ઉઠાવ્યા વગર ઘર બેઠે માત્ર દિલનું … ખખડાવીને જ તેનું દર્શન કરવા મુ… નોતર્યો છે:

હૈ મંદિરો–મસ્જિદ મેં બૈઠા વહી,
પર અપના તો રખતા વો ઘર હી નહીં.
મૈં દેખું હું સબ કે હૈ સર પે વહી,
પર અપના તો રખતા વો સર હી નહીં.
યે ગજબ હૈ કિ ઉસ કે ન ચશ્મ હી…
પર ઐસી કિસી કી નજર હી નહીં.
હૈ નૂર સે ઉસકે યે રોશન સભી.
પર હૈ વો કહાં યે ખબર હી નહીં.
કોઈ લાખ તરહ સે ભી મારે મુઝે.
પર મેરા તો કટતા યે સર હી નહીં.
વો મકાં હૈ મેરા તનહાઈ મેં યાં,
જહાં ચાંદો-સુરજ કા ગુજર હી નહીં.
ન તો આબો હવા ન હૈ આતિશ યાં
કોઈ મેરે સિવા તો બશર હી નહીં.
દરે-દિલ કો ખિલા … દરસન આ.
કહીં કરના તો પડતા સફર હી નહીં.

---

૧ 'એકાકીપણું' ૨ માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત ચંચળ છે. પ્રકૃતિનું નૃત્ય એમાં સર્વકાળ ચાલ્યા કરે છે. ક્ષણેક્ષણે એમાં પરિવર્તન થયા જ કરે છે, તેથી એને સંસાર, લીલા વગેરે નામો મળ્યાં. એ પ્રકૃતિ તત્ત્વ-પ્રભુની લીલા–કિરતારની કારીગરી કેવી અજબ વિવિધતાએ વિલસી રહી છે! માણસને વિસ્મયમાં ગરકાવ કરી મૂકે ને બાળકની જેમ એને નાચવા ઉત્તેજે એવું અજબ વર્ણન એક મસ્ત સાધુને મોંએથી (ચીપિયાના તાલ જોડે ગાતાં) મેં સાંભળેલું:

રંગબિરંગી ફૂલો બાદલ,
રંગ કી ઢેલી[1] કહીં નહીં.
નર-તનકો ચોલા[2] સીબ દિયા[3],
સુઈ ધાગા હાથમેં કહીં નહીં.
પતે પતે કી કતરન ન્યારી,
હાથ કતરની કહીં નહીં.
બરસે તબ ભર દે જગ જંગલ,
આકાશ મેં સાગર કહીં નહીં.
દે ભોજન કીડી કુંજર કો,
તેરા ચૂલા ભંડાગ[4] કહીં નહીં.
દિન રાત અદલમેં[5] ફરક પડે નહિ,
(તેરી) લગી કચેરી કહીં નહીં.
અખંડ મહિમા અપાર લીલા,
કિસીને ન પાયા તેરા પાર.
ધન! ધન! તેરી કારીગરી, કિરતાર!

હજુ આગળ સાંભળો:

કોઈ પૈસે પૈસે કો મોહતાજ,
કોઈ કોઠી ખોલ રહા ધનકી.
કોઈ પતિ સંગ કામિનિ કેલિ કરે,
કોઈ રો રો ખાક કરે તનકી.
કહીં પર્વત ભૂમિ નહ ટીલે[6],
કહીં છા રહી હરિયાલી વનકી.
કહીં સર્દ ઋતુ કી ઝોલ ઝડી,
કહીં ધૂપ ગરદ ગરમા ઘન[7] કી.
ચાર વેદ છહ શાસ્ત્ર પુકારે,
કિસી કામ મેં તૂ લાચાર નહીં.

સબ ઋષિમુનિ અરુ જોગી થકે,
તેરા પાયા કિસીને પાર નહીં.

કિરતારની આ અપાર કળામાં પ્રકૃતિની અનંત નૃત્ય લીલામાં, માણસ સૂર પુરાવનાર વાજું છે. પ્રકૃતિ એને વજાડનાર જંત્રી છે. જેમ વજાડે તેમ તેણે વાજવાનું છે. વાજીગાજીને પ્રકૃતિના નાચ જોડે એણે તાલ પુરાવવો રહ્યો છે. ક્ષણેક્ષણે બદલાતાં પ્રકૃતિના રંગરૂપમાં માણસે સતત અંજાયેલા રહેવું એવો ઈશ્વરી સંકેત સંસારની યોજનાના પાયામાં હોવો જોઈએ. કોઈએ સમજીને તો કોઈએ અવશ કે મૂર્છાવશ થઈને, પણ સૌએ નાચવું રહ્યું છે. સતત નાચવું, સતત મથવું, સતત જાગવું–એ એની શિસ્ત ને એની ડ્રિલ છે. આળસ, પ્રમાદ ને ઊંઘ મૃત્યુ છે.

જો સોવત હૈ સો ખોવત હૈ,
જો જાગત હૈ સો પાવત હૈ.

(૪) તમારું ને મારું ચેતન એક કે જુદાં? એક હોય તો એકતાની ગાંઠ કઈ જગ્યાએ છે? વિચાર, જ્ઞાન, સ્મૃતિનો ઉગમ ક્યાં છે ને તે ક્યાં જાય છે?

ઉ: મારું ને તમારું ચેતન એક જ છે. એમ તો જડ પણ અંતે ચેતન છે; કારણ એ ચેતનથી રહિત કે એના વિનાનું કશું છે જ નહિ:

ईशावास्यमिदं सर्वं
यत्किं च जगत्यां जगत्।

એ એકતા અંતરમાં છે. અંતર્મુખ થવાથી એને અનુભવી શકાય છે, પણ તેને સારુ અંતર સ્વચ્છ આરસી જેવું કરવું જોઈએ તો જ એમાં ચેતન આત્માનું પ્રતિબિંબ પડે. ઉપર મેલનાં પડ વળ્યાં હોય તો ન પડે. આરસી ઉપર ગૂણિયું વીંટીને મોં જોવા બેસીએ તો કશું ન દેખાય. ગૂણિયાનું પડ કાઢી નાખીએ ત્યારે જ દેખાય; તેથી અંતરશુદ્ધિ-આત્મશુદ્ધિ પ્રથમ થવી જોઈએ.

---
૧ ટીકડી ૨ જામો, ખોળિયું ૩ સીની દિયો ૪ રસોડું ૫ ન્યાય ૬ ટેકરા ૭ વાદળાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્માર્થીના તમામ પુરુષાર્થ આવી આત્મશુદ્ધિને અર્થે જ હોય.

વિચાર, જ્ઞાન, સ્મૃતિ–બધું માનવીના અંતરમાંથી જ ઊઠે છે ને અંતરમાં જ શમે છે. આત્મશુદ્ધિ જેટલે દરજ્જે થાય તેટલે દરજ્જે વિચાર, જ્ઞાન અને સ્મૃતિ બધું પરિષ્કાર એટલે સ્વચ્છ થાય ને આત્માનું પ્રતિબિંબ એમાં પડવાનું સહેલું થાય.

(૫) લાચારીથી, ઇચ્છાને વશ થઈને, જીવનાર માણસ વિષયોમાં રસ લે છે. તેની પ્રતિક્રિયા તેને વિકૃત કરે છે. વિકાર જીવનને ચૂસે છે. આ બંધ કરવું હોય તો ઈશ્વરદર્શન જરૂરી છે એ સાચું ?

ઉ: લાચારીથી, ઇચ્છાઓને વશ થઈને માનવી જીવે છે, વિષયોમાં રાચે છે, એ બધું ખરા આધ્યાત્મિક વિકાસને ક્ષીણ કરનારું છે જ. મદદરૂપ જવલ્લે જ કોઈને થતું હોય. ઈશ્વરદર્શનથી એ બધું આપોઆપ શમી જાય છે, પણ ઈશ્વરદર્શનમાં કહો કે આત્મદર્શનમાં કહો, વિષયોના એ રસો જ વધુમાં વધુ અંતરાયરૂપ હોય છે; તેથી વિષયોમાં રાચવાનું ક્ષીણ કરી જાતપરિશ્રમમાં, જનસેવામાં ને ભક્તિમાં રાચવાને ટેવાવું એ જ માનવીમનને આત્મિક વિકાસને રસ્તે ચડાવવાની કૂંચી છે.

વિષયોના રસની પ્રતિક્રિયા માણસને વિકૃત કરે છે ને વિકાર જીવનને ચૂસે છે, એનું અફર ઓસડ ખચિત ઈશ્વરદર્શન છે. પણ ઈશ્વરદર્શન કંઈ થિયેટરમાંનો સિલ્વર સ્ક્રીન (રૂપેરી પડદો) નથી. ઈશ્વર સાક્ષાત્કાર એક અનુભૂતિ છે. 'યા ઘટ ભીતર' જ તેનો સાક્ષાત્કાર જન્મજન્માન્તરને અંતે થાય છે, ને જેને તે થાય છે તેની વાણી વિરમે છે. એ અનુભવ કદી વર્ણવી શકાતો નથી, તેથી તેને અનિર્વચનીય કહ્યો છે. સાધુસંતોએ એ જ વસ્તુ વારંવાર કહી છે. ગુરુ નાનકે ગાયું:

ઐસા લો તત્ત્વ અસા લો
મૈં કેહિ બિધ કહું ?–ગંભીરા લો.

પરમ તત્ત્વ આવું છે ને તેવું છે એમ હું લોકને કઈ રીતે કહું ? એ તો પરમ ગહન છે.

આ અનુભવ હમેશાં યત્નસાધ્ય જ છે એવું પણ નથી. યત્નસાધ્ય છે ને નથી પણ. ઈશ્વરી અનુગ્રહથી ઉકરડે ઊભેલા પર હાથણી કળશ ઢોળે તેમ પણ તે થાય છે એટલે યત્નની પતરાજ ત્યાં હરહંમેશ ચાલતી નથી.

અને એ બધું છતાં જીવ એ ઈશ્વરી તત્ત્વનો તણખો છે, તેથી એનામાં આત્મસાક્ષાત્કારની ઝંખના પડેલી છે. એ ઝંખના એને જંપવા દેતી નથી ને સદાકાળ સતત પ્રયત્નશીલ રાખે છે. માણસના અંતરમાં કોઈક દુર્દમ્યપણે ઊઠતી જિજ્ઞાસા ને અજંપો અનાદિ ઝંખનાનો પડઘો હોય છે.

હવે બસ. આટલું ચિતરામણ કર્યું વહેવારિક ગણતરીએ મોકલેલું વિવેચન ગણતાં મારી અંતરગત આસ્થાનો એકરાર ગણજો.

લિ. સ્વામી આનંદ

★

સૌરાષ્ટ્રના તપસ્વી ફૂલચંદભાઈના જાહેરજીવનની શરૂઆતમાં એમનાં એક બહેનનું અવસાન થયું. એ હતા ઝાલાવાડી. ઝાલાવાડીઓમાં એવો એક રિવાજ કે મરણ પછી કાણ કરવા આવનારાઓને ઘી ભરેલા તપેલામાં રોટલીઓ બોળીબોળીને ખવડાવવાની. આખાબોલા ફૂલચંદભાઈએ તો કાણે આવનારાઓને ચોખ્ખેચોખ્ખુ જણાવી દીધું: 'બહેન મરી ગયાં હોય ત્યારે કયે મોઢે એ પિરસાય ? જોઈએ તે પ્રમાણે દરેક જણ લઈ લે.'

'મારા ઘરમાં લગ્ન નથી, માંગ્યાં કે ઘીમાં બોળીબોળીને રોટલીઓ પીરસું.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું નામ તે રાજા

લેખક :
દેસાઈ વાલજી ગોવિંદજી

વારાણસીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો ત્યારે ૮૦,૦૦૦ વાનરના પરિવાર-વાળો વાનરરાજા હિમવંત પ્રદેશમાં વસતો હતો. ત્યાં ગંગાતીરે ગિરિશિખરના જેવો ઘેરગંભીર આંબો હતો, એને દિવ્ય સુવાસવાળી ગાગર ગાગર જેવડી મધુર કેરી આવતી. આંબાની એક ડાળી ગંગાજલ ઉપર ગઈ હતી. કપિરાજા એના પરિવાર સહિત આ આંબાની કેરી ખાતો, અને 'કોક દી પાણીમાં પડેલી કેરીને લીધે આપણને ભય ઉપજશે' એમ કરીને પાણી ઉપર ગયેલી ડાળી ઉપર એક ફળ પણ રહેવા ન દેતો, પણ દૈવયોગે એક કેરી પાણીમાં પડી, અને ઉપરવાસ તથા હેઠવાસ જાળ બંધાવી વચ્ચે જળક્રીડા કરતા બ્રહ્મદત્ત રાજાની ઉપલી જાળમાં અટવાઈ ગઈ. રાજાએ પૂછ્યું, 'આ તે શું ફળ હશે?' માણસો કહે, 'દેવ, અમે નથી જાણતા, પણ વનચરને પૂછો.' એટલે કોઇ વનચરને પૂછ્યું તો કહે કેરી છે. રાજાએ એની ચીર કરી એક ચીર વનચરને ખવરાવી બીજી પોતે ખાધી, અને રાણી તથા અમાત્યને આપી. કેરીનો રસ રાજાના સકલ શરીરમાં ફરી વળ્યો, એટલે એને રસનો લોભ લાગ્યો. એણે વનચરને આંબાનું ઠેકાણું પૂછ્યું, અને નાવમાં બેસી તેણે બતાવેલ માર્ગે ઉપરવાસ ગયો તથા આંબા આગળ પહોંચ્યો. આંબાના મૂળ આગળ શયન પથરાવી એની કેરી સહિત બત્રીશ જાતનાં ભોજન અને તેત્રીશ જાતનાં શાક જમી સૂતો; સર્વ દિશામાં રખવાળ મૂકી દેતા કર્યા. રાજાના માણસ નિદ્રાધીન થયા એટલે અર્ધી રાતે કપિરાજા પરિષદ્ સાથે આવ્યો. એક શાખાથી બીજી શાખા ઉપર કૂદતા વાંદરા કેરી ખાવા મંડ્યા ત્યાં રાજા જાગ્યો, રાજપુરુષોને ઉઠાડ્યા અને ધનુર્ધારીને બોલાવીને કહ્યું, 'આ કેરી ખાનારા વાનરોને ઘેરી લ્યો. જોજો, એમાંથી એક પણ ભાગવા ન પામે.' આંબાને ઘેરીને ઊભેલા ધનુર્ધારીને જોઈ મરણભયભીત વાંદરા કપિરાજાને કહે, 'દેવ, જેવા ભાગે એવા વીંધી નાખશું' એમ કરીને આ ધનુર્ધારી ફરતા ઊભા છે. હવે કેમ કરવું?' કપિરાજા કહે 'બીઓ મા, હું તમને જીવિત-દાન દઈશ.'

આમ આશ્વાસન આપી ગંગા ઉપર ગયેલી ડાળીને છેડે જઈ ત્યાંથી કપિરાજાએ એક સો ધનુષ (૪૦૦ હાથ) જેટલે અંતરે કૂદકો માર્યો તથા સામે કાંઠે એક ઝાડ ઉપર ઊતર્યો. ત્યાંથી એક લાંબી વેલ મૂળથી ઊખેડી એનો એક છેડો ઝાડ હારે બાંધી બીજો છેડો પોતાની કેડે બાંધ્યો, ને ધડાધડ આ કાંઠે આવ્યો, પણ વેલ નાની પડી અને પોતે આંબા ઉપર પાછો પહોંચી ન શક્યો, એટલે બે હાથે આંબાની ડાળી કઠણ ઝાલી વાનરોને સાન કરી, 'મારી પીઠ ઉપર પગ દઈ વેલ ઉપર થઈને ઝટપટ ભાગો.' ૮૦,૦૦૦ વાનર આમ હેમખેમ ભાગી છૂટ્યા.

પણ એક વાંદરો કપિરાજાનો વેરી હતો. એ ઊંચી ડાળીએ ચડી વેગ ઉપજાવી કપિરાજા ઉપર તાટક્યો. તેથી કપિરાજાનું હૃદય ફાટી ગયું ને બહુ વેદના થઈ.

આ સર્વ લીલા બ્રહ્મદત્ત રાજા જાગતો જાગતો જોતો હતો; 'પોતાના જીવને જોખમે પરિવારની રક્ષા કરવાવાળા આ વાનરને મારવો નહિ પણ એની સંભાળ લેવી' આમ વિચાર કરીને એ સૂઈ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભાતે બ્રહ્મદત્તે ગંગા ઉપર અટ્ટક (પ્લૅટફૉર્મ) બંધાવી કપિરાજાને ઊતાર્યો, ગંગોદકથી ન્હવરાવ્યો, ગોળનું પાણી પાયું, સહસ્રપાક તેલ એને શરીરે ચોળી તેલચર્મ ઉપર સૂવરાવી પછી નીચે આસને બેસી આ ગાથા કહી :

'દેહનો પૂલ બાંધીને ઓલે પાર ઊતારિયા ।
તું એને શું તને એ શું થાય બોલ મહાકપિ' ॥૮૩॥

મહાકપિ બોલ્યો :

'રાજા હું પ્રભુ હું તેનો યૂથનો પરિહારક ॥૮૪॥
વધબંધતણી ચિન્તા શી પ્રજાસુખ સાધતાં'॥૮૮॥

મહાકપિને બહુ ઉપચાર કર્યા, પણ સુવાણ ન થઈ ને એણે કાળ કર્યો. એટલે બ્રહ્મદત્ત કહે, 'આ કપિરાજનું રાજાના જેવું શરીરકૃત્ય કરો.' અમાત્યોએ લાકડાંના સો ગાડાંની ચિતા કરી, ને દેન દીધા પછી કપિરાજનું શીષકપાલ (ખોપરી) રાજા આગળ લઈ આવ્યા. રાજાએ નગર આખું શણગારાવી ભાલાની અણી ઉપર સ્થાપી શીષકપાલની એક સપ્તાહ પૂજા કરાવી; પછી એના ઉપર ચૈત્ય *ચણાવ્યું.

* સત્તનિપાત, ૨. ગન્ધર્વવગ્ગ, ૨. મહાકપિ જાતક (૪૦૭) ઉપરથી.

★

આજ મર્યું મન મારું

આજ મર્યું મન મારું, માધવ!
　આજ મર્યું મન મારું;
દૂર થયું ભ્રમ-જાળું, માધવ!
　આજ મર્યું મન મારું.
દુઃખના ભાવ ટળ્યા તનમનના, સ્વપ્નાં સુખનાં ટળિયાં;
દ્વંદ્વ ઊડ્યા સુખદુઃખના, અંતર અશેષ ભાવે ભરિયાં,
　માધવ! આજ મર્યું મન મારું.
રાગદ્વેષના દરિયા સૂકયા, મેરુ તૂટ્યા મત્સરના;
અતલ ગગન તૃષ્ણાનાં તૂટ્યાં, બંધ છૂટ્યા યુગભરના,
　માધવ! આજ મર્યું મન મારું.
શોક ઓટ ત્યાં આનંદ ભરતી, નંદનવન વેરાને;
ઘોર નિશામાં પગલી ઉષાની, મૌન તૂટે મહાગાને,
　માધવ! આજ મર્યું મન મારું.
રવ વિણ ધૂમ મચી આ મ્હેલે લખ-ઓચ્છવ ચિત્ર ન્યારું;
અનહદ વાગે મૃદંગ આનંદનાં, જગતડું થયું ખારું,
　માધવ! આજ મર્યું મન મારું.
મર્યું અંધારું, થયું અજવાળું દેવનું દૈવત ભાળ્યું;
આત્મકૃપા, ઈશ્વર-કરુણા થી, જગ માયાવી બાળ્યું,
　માધવ! આજ મર્યું મન મારું.
આજ મર્યું મન મારું, માધવ!
　આજ મર્યું મન મારું;
દૂર થયું દિલ-જાળું માધવ!
　આજ મર્યું મન મારું.

અનામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનતાની કેળવણી

લેખક :
શ્રી ઠક્કર બાપા

ભારત સરકાર મોટાંમોટાં સંશોધનો માટે, વિદ્યાપીઠોની કેળવણી માટે, ધંધાદારી શિક્ષણ માટે દરવર્ષે લાખો રૂપિયા ખર્ચે છે એટલે કે શિક્ષિત સમાજને વધુ શિક્ષિત બનાવવા પ્રયાસ કરે છે, પણ પ્રાથમિક કેળવણીનું શું? જે લોકોને લખતાં-વાંચતાં નથી આવડતું તેમની દશા, સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ પણ એવી ને એવી ક્યાંસુધી રહેશે? શા માટે પ્રાથમિક કેળવણી પ્રત્યે મધ્યસ્થ સરકાર જોઈએ તેટલા પ્રમાણમાં ધ્યાન આપતી નથી? પૂ. ઠક્કર બાપાનો આ લેખ એમના અને એમના જેવા અનેક લોકસેવકોના અંતરની વેદનાનું પ્રતિબિંબ અહીં રજૂ કરે છે.

તા. ૧૫મી માર્ચના રોજ હિંદુસ્તાનની પાર્લામેંટમાં બેત્રણ મોટાં ખાતાંઓના ૧૯૫૦-૫૧ના અંદાજપત્ર સંબંધી ચર્ચા અને ઊહાપોહ થયાં. તેમાં એક મોટો વિષય કેળવણીખાતાનો હતો. પાર્લામેંટમાં ચાલતી આવી ચર્ચાઓમાં થાય છે તેમ કાપણીની ચાલીસેક દરખાસ્તો સભાસદોએ મૂકી, તે ઉપર પાંચદશ મિનિટનાં ભાષણો થયાં, અને છેવટે કેળવણીખાતાના મંત્રી મૌલાના અબ્દુલકલામ આઝાદે રદિયો આપ્યો. અંતે મત લેવાતાં કાપની આ બધી દરખાસ્તો ઊડી ગઈ અને સરકારી અંદાજપત્રમાં મૂકેલી રકમો એક રૂપિયાના વધારા કે ઘટાડા સિવાય પાસ થઈ ગઈ. આવી રીતે આશરે [illegible] કરોડ રૂપિયાનું કેળવણીનું અંદાજપત્ર એક કલાકમાં પસાર થઈ ગયું. જેમને ફાંફાં ખાંડવાં હતાં તેમણે ખાંડ્યાં, પણ સરવાળે જે હતું તેનું તે જ રહ્યું.

મારે હાલની પાર્લામેંટમાં આ બીજી વખતે અંદાજપત્રની ચર્ચા સાંભળવાની હતી, પણ આ વખતે હું કેળવણીના અંદાજપત્રના દિવસે માંદગીના કારણે હાજર રહી શકયો નહીં. મેં અંદાજપત્રનો અભ્યાસ તો પૂરેપૂરો કરી લીધો હતો અને મારે કરવા ધારેલા ભાષણને માટે આંકડા એકઠા કરી રાખ્યા હતા. પણ તેનો કાંઈ ઉપયોગ કરી શકયો નહીં, તેથી તેનો થોડો ઉપયોગ આ લેખમાં કરું છું.

બધી કાપની દરખાસ્તોનો જવાબ આપતાં કેળવણી-પ્રધાને એ ખુલ્લા દિલે કબૂલ કર્યું કે આ અંદાજપત્ર રજૂ કરતાં મને ઘણું દુઃખ થાય છે. વળી તે ભાષણની આખરે તેમણે કહ્યું, કે કેળવણીની કોઈ પણ મહત્ત્વની યોજના મોટા ફંડ સિવાય અમલમાં મૂકી શકાતી નથી અને આવું ફંડ મને મળતું નથી એ મારા માર્ગમાં મોટો અંતરાય છે. આ સંબંધી થોડી વિગતો આપવાની હું જરૂર જોઉં છું. પ્રજાની ઉન્નતિનાં ખાતાંઓ પૈસા વિના ચાલી શકતાં નથી એ તો દેખીતી વાત છે, એના પુરાવાની જરૂર ન હોય.

કેળવણીના ચાર વિભાગ કરી શકાય: (૧) ઊંચી શાસ્ત્રીય અને ખાસ હુન્નરી કેળવણી, (૨) સાધારણ કોલેજની કેળવણી, (૩) માધ્યમિક અથવા મેટ્રિક સુધીની કેળવણી અને (૪) પાયાની અથવા પ્રાથમિક કેળવણી.

આ બધી કેળવણીનું કામ કાયદાથી પ્રાંતો-(અથવા રાજ્યો)ને માથે નાખવામાં આવ્યું છે. મધ્યસ્થ સરકારને માથે એ ફરજ નથી. આમ હોવા છતાં પ્રથમ બે વર્ગની કેળવણીને માટે મધ્યસ્થ સરકાર પ્રાંતોને ઘણાં વર્ષોથી મદદ આપ્યા કરે છે અને આપ્યે જશે. ત્રીજા પ્રકારની કેળવણી માટે પણ ક્યાંકક્યાંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે છે, પણ ચોથા પ્રકાર માટે તો એક પાઈ પણ અપાતી નથી અને ન આપવાની જાણે બાધા લીધી હોય તેમ વર્તવામાં આવે છે. જે કામ જનસમાજના કલ્યાણનું છે, સેંકડે ૮૦ ટકાના કલ્યાણનું છે તે માટે કંઈ નહીં અને ઉપરના ૧૫-૨૦ ટકાના શિક્ષિત લોકોને માટે ઠીકઠીક મદદ, ફરજિયાત ન હોવા છતાં પણ અપાય છે. બનારસનું હિંદુ વિશ્વ-વિદ્યાલય, અલિગઢનું મુસ્લિમ વિશ્વવિદ્યાલય, બેંગલોરનું સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અનેક ટેક-નિકલ ઇન્સ્ટિટ્યુટો વગેરે માટે દર સાલ લાખો રૂપિયા વહેંચાય છે. કોલેજોની કેળ-વણીમાં પણ ઉદાર હાથે સરકાર દર સાલ ધન વહેંચે છે. કહેવાતી 'પબ્લીક' સ્કૂલો માટે-જેમાં શ્રીમંતોનાં બાળકો માસિક રૂ. ૧૦૦)-૧૫૦) ખર્ચીને મેટ્રિક સુધીની કેળવણી પામે છે તેને પણ લાખો રૂપિયા અપાય છે. પરંતુ પ્રાથમિક અથવા પાયાની કેળવણી માટે પછાતમાં પછાત-ઓરીસા કે રાજસ્થાન જેવા રાજ્યને કશું જ આપવામાં આવતું નથી. આનો અર્થ એ થાય છે કે શ્રીમં... મદદ કરવી અને ગરીબોને મદદ ન ક... ભણેલાને વધારે ભણાવવા અને અ... સબડતાઓને તેમાં ને તેમાં જ રહેવા દે...

અંદાજપત્રમાં સને ૧૯૫૦-૫૧ના કે... વણી ખાતાના અંદાજપત્રમાં ખર્ચવાને... રકમ બે કરોડ અને અઠાણું લાખ... મૂકવામાં આવી છે, એમ મૌલાના આ... સાહેબે કહ્યું. તે ખાતાની સામે કુલ... ચાર કરોડ છોંતેર લાખની બતાવવામાં... છે, પરંતુ તેનું કારણ તો એ છે કે... એક નાનકડાં ખાતાંઓ જેનો કેળવણી... કાંઈ સંબંધ નથી, તેનો પણ સમાવેશ ક... આવ્યો છે. આ ખાતાંઓના ખર્ચને... બાદ કરતાં ચોખ્ખી કેળવણી માટે તો ... કરોડ અને અઠાણું લાખની રકમ રા... આવી છે, એટલે કે લગભગ ત્રણ કરોડની... છે. આ રકમની થોડી પેટા રકમો... પ્રમાણે આપું છું. આની દરેક રકમ... પાંચ લાખ ઉપરની છે.

૧	સેક્રેટરીએટમાંના અમલદારો અને કારકુનો વગેરેનો પગાર	૧૯,૭૮...
૨	અમેરિકામાં કેળવવા માટે અમલદારો રાખવામાં આવ્યા છે તેનો ખર્ચ	૬.૦૧...
૩	દિલ્હીની યુનિવર્સિટી, આર્ટ્સ કોલેજો, અને સરકારી કોલેજોને મદદ	૨૦,૩૮...
૪	હરિજન, આદિવાસીઓ અને બીજી પછાત કોમોને	૧૦,૦૦...
	કોલેજની કેળવણીની સ્કોલરશીપ	૧૨,૪૨...
૫	દિલ્હી શહેરમાં પોલીટેકનિક (ઊંચા પ્રકારની હુન્નરી) શાળા	૨૨,૬૪...
૬	સાયંટીફિક મેનપાવર કમિટિની ભલામણો મુજબ	૪૫,૦૦...
૭	ઇન્જિનિયરિંગ અને ટેકનોલોજિકલ કોલેજોને મદદ	૫૨,૦૦...
૮	બેંગ્લોરના સાયન્સ ઇન્સ્ટિટ્યુટને મદદ	૭.૦૪...
૯	મદ્રાસમાં નીલગીરી ઉપર લોરેન્સ સ્કૂલ, તથા તામીલ એકેડેમી	૪,૦૦...
૧૦	વિશ્વભારતી, બોલપુર બંગાળ	૧૮,૦...
૧૧	બનારસ હિંદુ યુનિવર્સિટી	૬,૦૦...
૧૨	અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી	૫,૯...
૧૩	પંજાબમાં લોરેન્સ સ્કૂલ, રાતાપર (સીમલા પાસે)	
૧૪	યુનેસ્કો (યુનાઇટેડ નેશન એજ્યુકેશનલ શોશયલ અને કલ્ચરલ ઓરગેઝેનિશન) માટે	૧૪,૦...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫	ઈસ્ટર્ન હાયર ટેકનિકલ ઈન્સ્ટિટયુટ-કલકત્તા	૨૫,૦૦,૦૦૦
૧૬	દિલ્હી અને અજમેર, મેરવારામાં માધ્યમિક શાળાઓને મદદ	૨૪,૧૫,૦૦૦
૧૭	દિલ્હી પ્રાંતમાં કેળવણીના વિકાસ માટે	૧૭,૮૮,૦૦૦
૧૮	મોટી ઉમ્મરનાઓ માટે કેળવણીની યોજના (અં. સોસિયલ એજ્યુકેશન)	૨૫,૦૦,૦૦૦

આમાંથી કઈ રકમ આપણા પછાત વર્ગના લોકોના પ્રાથમિક શિક્ષણ માટે ઉપયોગી નીવડવાની હતી ? એમ જરૂર કહી શકાય કે સૌથી છેલ્લી ગણાવેલી એક જ પચીસ લાખરૂપયાની રકમ પ્રૌઢ અભણ લોકો માટે રાખવામાં આવી છે.

આખા દેશમાં જનસમાજનું અજ્ઞાન કેટલું બધું છે? તેને માટે એ જ આંકડા બસ થઈ પડશે ? સને ૧૯૪૧ના વસ્તીપત્રક-ની ગણતરી પ્રમાણે દરેક એકસો પુરુષોમાં ઈઠ્ઠોતેર પુરુષો પોતાની માતૃભાષામાં પણ લખીવાંચી શકતા નહોતા: અને એકસો સ્ત્રીઓની અંદર ચોરાણું સ્ત્રીઓ પોતાની માતૃભાષામાં પણ કક્કો ઘૂંટી શકતી નહોતી. આ આંકડા કેટલા શરમાવનારા છે ? જે પ્રજાના સેંકડે ૭૮ પુરુષો અને સેંકડે ૯૪ સ્ત્રીઓ ક,ખ, ગ પણ ન જાણતાં હોય તે પ્રજા શું ઊંચું મોઢું કરીને પોતાની ગણના સુધરેલી પ્રજામાં ગણાવી શકે? ૧૯૪૧ પછી આપણે કાંઈ કેળવણીના વધારામાં ધાડ મારી નાખ્યો નથી. ઘણામાં ઘણો વધારો કર્યો હોય તો ૭૮ ને બદલે ૭૦ પુરુષો અજ્ઞાન રહ્યા હશે અને ૯૪ ને બદલે ૯૦ સ્ત્રીઓ અભણ રહી હશે, પણ તેથી શું ?

જ્યાંસુધી અંગ્રેજી રાજ્ય હતું ત્યાંસુધી અંગ્રેજોને આપણે દોષ દેતા હતા. તેમને ગયાને પણ આજે અઢી વર્ષ થઈ ગયાં છતાં સ્થિતિમાં બિલકુલ સુધારો નથી. અને હાલના આગ્રહના પોતાના કહેવા પ્રમાણે હજી બે કે ત્રણ વર્ષ સુધી સુધારો થવા સંભવ નથી. એટલે કે સ્વરાજ્યપ્રાપ્તિ પછીનાં પાંચ વર્ષોમાં તો ગામડાની ભોળી જનતા માટે જ્ઞાનનો માર્ગ ખુલ્લો થવાની જરા પણ નિશાની દેખાતી નથી.

સને ૧૯૧૦ અને ૧૯૧૧ માં સ્વ. ગોપાળ-કૃષ્ણ ગોખલેએ તે વખતની હિંદની ધારા-સભામાં મફત અને ફરજિયાત કેળવણી માટે જીવતોડ મહેનત કરી હતી, અને તેમાં તેમને સફળતા મળી નહોતી. સને ૧૮૯૫માં વડોદરામાં મહારાજા સર સયાજીરાવે કાઠિયા-વાડમાં અમરેલી તાલુકાથી મફત અને ફરજિ-યાત પ્રાથમિક કેળવણીની શરૂઆત કરી હતી. ત્યારપછી તેમણે એક એક કદમ આગળ વધીને તેમના સારા યે રાજ્યમાં પ્રાથમિક કેળવણી આખી પ્રજા માટે ફરજિયાત કરી નાખી હતી. આ બધી વાતો આજના જમાનાના યુવકોને તો કયાંથી જ યાદ હોય? ત્યારપછી ૧૯૧૮માં સ્વ૦ વિઠ્ઠલભાઈ પટેલે મુંબઈ પ્રાંત માટે ફરજિ-યાત કેળવણીનો કાયદો પસાર કરાવ્યો. બીજી પ્રાંતીય સરકારોએ પણ પોતાના પ્રાંતનાં શહેરોની વસ્તી માટે ફરજિયાત કેળવણીના કાયદા ઓછેવત્તે દરજ્જે પસાર કર્યા હતા. છતાં ય કાયદાઓનો પૂરેપૂરો અમલ મુંબઈ જેવી સમૃદ્ધ સરકારે પણ મુંબઈ જેવા અગ્રગણ્ય શહેરની વસ્તી માટે હજી સુધી સોએ સો ટકા અમલમાં મૂકેલ નથી, તો પછી બીજાં શહેરોનું તો શું પૂછવું ? આવી રીતે એક પ્રકારે બધી પ્રાંતીય સરકારો-એ તેમ જ મધ્યસ્થ સરકારે હાંસી ઉડાવી છે.

ત્યારપછી ૧૯૪૪માં જે મધ્યસ્થ સર-કારના કેળવણી ખાતાના સલાહકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર જહોન સાર્જન્ટે એક મહામોટી યોજના બહાર પાડી. તેમાં ૬થી ૧૪ વર્ષનાં બાળક-બાળકીઓને મફત અને ફરજિયાત કેળવણી આપવી, તેને અમલમાં મૂકતાં ચાલીસ વર્ષો લાગશે એમ ગણતરી કરી, તે મુદતને અંતે એટલે ૧૯૮૫ને અંતે તેનો વાર્ષિક ખર્ચ રૂપિયા ચારસો કરોડ (ચાર અબજ) લાગશે એવો અંદાજ કાઢીને યોજના દેશની આગળ રજૂ કરી. ત્યારપછી ૧૯૪૭માં સ્વતંત્રતા પ્રાપ્ત થઈ. નવાનવા આવેશના જુસ્સામાં એમ કહેવાયું કે કેળવણી સાર્વજનિક કરવાને માટે ચાલીસ વર્ષ સુધી કેમ થોભી શકાય? લાવો, આપણે તો ચાલીસ વર્ષને બદલે સોળ વર્ષમાં જ આ કાર્ય આટોપી શકીએ એવી યોજના ઘડો. પણ ૧૯૪૯ના માર્ચ માસમાં તો એમ વાત બહાર આવી કે પ્રાથમિક કેળવણીના ફેલાવા માટે મૌલાના આઝાદે નવા અંદાજપત્ર માટે દશ કરોડની રકમ માગી હતી તેને અમારી સ્વતંત્ર સરકારના પ્રધાનમંડળે બહુમતે નામંજૂર કરી, એમ કહીને કે અમારી પાસે તે માટે પૈસા નથી. આટલેથી જ સંતોષ ન પામતાં, જ્યારે ૧૯૪૯ના જુલાઈ માસમાં તમામ ખર્ચમાં કાપકૂપ કરવાના હુકમો બહાર પડયા (કારણ કે આવક ઘટી ગઈ) ત્યારે કેળવણી માટે મંજૂર થયેલી જૂજ રકમ ઉપર પણ વીસ ટકાનો કાપ મુકાયો. આમ ૧૯૪૯ની સાલમાં તો દુકાળમાં અધિક માસ જેવું થયું.

૧૯૫૦-૫૧ના અંદાજપત્રના ભાષણમાં મૌલાના આઝાદે એમ પણ કહી નાખ્યું કે હજી આવતાં બેત્રણ વર્ષ સુધી કેળવણીના ફેલાવા માટે કંઈ પણ સારી રકમ મળવાની આશા રાખી શકાતી નથી, એટલે કે ભવિષ્ય પણ અંધકારમય દેખાય છે. ગરીબનાં નસીબ ગરીબ જ હોય છે તેમ જનતામાં કેળવણીના વધારા માટે ભવિષ્ય પણ જરાયે ઊજળું નથી. આમ ૧૯૧૦થી તે ૧૯૫૩ સુધીના એટલે કે ૪૨-૪૩ વર્ષો કામ માટે એમ કહી શકાય કે એળે ગયાં છે. રાષ્ટ્રનો પાંઢરપેશો ભાગ આગળ વધ્યા કરે અને પછાત વર્ગ તો ત્યાં જ રહે એથી બન્ને વચ્ચેનું અંતર વધતું જાય એ તો સહજે સમજી શકાય.

આ પ્રસંગે હિંદુસ્તાનના અર્થમંત્રી ડૉ. મથાઈને બે વેણ સંભળાવવાની ઇચ્છા થાય છે. તેઓ ઘણાં વર્ષો સરકારી નોકરીમાં રહીને પછી મૂડીવાદીઓના સહકારી બન્યા હતા; હવે તેઓ નિષ્ણાત અર્થશાસ્ત્રી કહેવાય છે અને દેશની ઉન્નતિ માટે મોટા ઉદ્યોગો અને ધનઉત્પાદન કરવાની યોજનાઓ માટે કરોડો રૂપિયા ખર્ચવાનાં સાધન એકઠાં કરી શકે છે. રાષ્ટ્રના ખર્ચે એ અનેક નવીનવી યોજનાઓ માટે અમેરિકા, સમસ્ત વિશ્વ બેંક (અં. વર્લ્ડ બેંક) પાસે વ્યાજ આપીને કરજે નાણાં મેળવી શકે તો પછી સમસ્ત જનતાની પ્રગતિને અર્થે વાર્ષિક સાડાત્રણસો કરોડના અંદાજ-માંથી (રેલવેનું અંદાજપત્ર આમાં ન ગણ્યું) ફક્ત પાંચ કે દશ કરોડ રૂપિયા પણ વાની વેતરણ તેઓ કરી શકતા નથી! હોય તો માળવે જવાય અને દિલ્હી પહોંચાય. પણ જે બાબતનો વિચાર જ હોય અને બિનજરૂરી બાબત સમજી અળગી કરવામાં આવતી હોય એવી માટે એમને પૈસા મળી શકતા નથી. દામોદર ખીણયોજના કે મહાનદીના કુંડ બંધની યોજના માટે વ્યાજે રૂ. લોન મેળવી શકાય તો કેળવણીની માટે થોડા કરોડની લોન મેળવીને શું અયોગ્ય ગણાય? નદીઓના યોજનાઓમાંથી ત્રણચાર ટકાનું છૂટશે, એવી ગણતરી કાઢી શકાય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની આ વિશેષ કેળવણી તથા ખિલવણી અને તેથી થતા દેશના અર્થલાભની પણ ગણતરી કાઢી શકાય.

આપણા અર્થમંત્રી કેરલ પ્રાંતના રહેવાસી છે. ધર્મે ખ્રિસ્તી છે. કેરલ પ્રાંતમાં પુરુષો તેમ જ સ્ત્રીઓમાં કેળવણીની પ્રગતિ ખૂબ થયેલી છે. સ્ત્રીઓને ત્યાં વારસાહક્ક મળે છે, પૈસાનો સ્વતંત્ર વહીવટ તે કરી શકે છે અને તેથી કદાચ તે પ્રાંત કેળવણીમાં આગળ વધ્યો હશે, છતાં સરખામણીના આંકડાઓ ઘણા જ ચોંકાવનારા છે, તે ઉતાર્યા વિના ચાલતું નથી. તે પ્રાંતમાં પુરુષોની કેળવણીનું પ્રમાણ સેંકડે ૬૮ ટકા છે પણ સમસ્ત હિંદુસ્તાનમાં તો તે પ્રમાણ કેવળ ૨૨ ટકાનું જ આવે છે. સ્ત્રીઓ સંબંધી આંકડા તો આથી યે વધુ ચોંકાવનારા છે. જ્યારે કેરલમાં સ્ત્રીઓ સેંકડે ૪૪ ટકા ભણેલી અને વહેવારકુશળ છે, ત્યારે સમસ્ત હિંદમાં ફક્ત સોએ ૬ ટકા જ સ્ત્રીઓ લખીવાંચી જાણે છે અને તે પણ પોતાની માતૃભાષામાં! આ આંકડા ૧૯૪૧ની વસ્તીગણતરી પત્રક ઉપરથી લીધેલા છે.

સને ૧૯૪૧ થી ૫૦ સુધીમાં, એટલે ૯ વર્ષમાં સહેજ વધારો થયો હશે, પણ તે કેટલો? પુરુષો સેંકડે ૨૨ ટકાથી વધીને ૨૫ કે ૨૬ ટકા થયા હશે તથા સ્ત્રીઓ સેંકડે ૬ ટકાથી વધીને ૯ કે ૧૦ ટકા થઈ હશે. પણ તો યે આટલા નીચા આંકડા સમસ્ત પ્રજાને શરમાવનારા નથી? અને તે શરમ ઢાંકવાને છેલ્લાં ત્રણ વર્ષમાં હિંદી સરકાર તરફથી શા પ્રયત્નો થયા છે? કશા જ નહીં, એમ નિઃશંક કહી શકાય.

હિંદમાં પછાત ગણાતી કોમોનો કાંઈ તોટો નથી. દેશનાં તથા અનેક પ્રાંતોનાં (હવે રાજ્યોનાં) કેળવણીખાતાંઓએ પછાત વર્ગોના ત્રણ મોટા વિભાગો પાડ્યા છે:

(૧) અસ્પૃશ્ય અથવા હરિજન ગણાતી કોમો.

(૨) આદિવાસી અથવા પહાડી ગણાતી કોમો.

(૩) હિંદુ તથા મુસ્લિમ સમાજમાં ઠેઠ નીચે ગણાતી અનેક જ્ઞાતિઓ. દા. ત. ગુજરાતમાં કોળી, રબારી, ભરવાડ, ધારાળા, ઠાકરડા, વાઘરી, આહીર, ભોઈ, ધોબી, દરજી, સુતાર પિંજારા-ઘાંચી વગેરે.

આ ત્રણે વિભાગોની શિક્ષણસ્થિતિ લગભગ સરખી છે. વળી આ ત્રણે વર્ગોની સંખ્યા કાંઈ નાનીસૂની નથી. ત્રણે વર્ગ મળીને કુલ વસ્તીના આશરે ૪૦ ટકા આ પછાત વર્ગોમાં સ્ત્રીપુરુષો છે. આ લોકોની કેળવણી માટે જ્યાંસુધી ખાસ પ્રયત્ન કરવામાં ન આવે ત્યાંસુધી તેઓ કદી ઊંચે આવવાનાં નહીં અને તેઓ પછાતનાં પછાત જ રહેવાનાં. આ ૪૦ ટકા વસ્તીની પ્રગતિ માટે ઉપાયો સૂચવવા નવા બંધારણમાં ૩૪૦મી કલમ મૂકવામાં આવી છે. તેનો અમલ કરીને એક કમિશન યોજાય તે પાર્લામેંટ(સંસદ)ને રિપોર્ટ આપે તે ઉપર હિંદ સરકાર અમલ કરે અને બધી પ્રાંતીય સરકારોને મદદ આપે, તેવી ગોઠવણ રાખેલી છે; પણ એ બધું થાય ક્યારે? હરિજન સિવાય બીજી પછાત કોમોને તો હજુ વાચા આવી નથી. તેમના પ્રતિનિધિઓ દિલ્હીની સંસદમાં તથા રાજ્યોની ધારાસભાઓમાં જઈને ધમપછાડા કરે અને તેમનો અવાજ સાંભળવામાં આવે તો જ કંઈક થાય. આ બધી વાતને આશરે પાંચ વર્ષ તો લાગે જ લાગે, પણ ત્યાંસુધીમાં અબોલ પ્રજાની ધા આપણી સરકાર નહીં સાંભળે?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકસૂત્રિત શિક્ષણયોજના

લેખક:
અધ્યા. ડોલરરાય ર. માંકડ

પરદેશી રાષ્ટ્રે પોતાના લાભાલાભ દૃષ્ટિ સમક્ષ રાખીને યોજેલી કેળવણીપ્રથા હાલને તબક્કે આપણને અને આપણી સંસ્કૃતિને બિલકુલ અનુરૂપ નથી એ તો સર્વ કોઈ સ્વીકારે છે. આ માટે આપણા દેશના ચિંતકોએ કેટલીક યોજનાઓ રજૂ કરી છે. અધ્યાપક માંકડ શિક્ષણશાસ્ત્રના અભ્યાસી અને ચિંતક છે. એમની આ યોજના જીવનમાં વિવિધ પાસાઓને એકરૂપે જુએ છે અને તેના વિકાસ અંગે માર્ગસૂચન કરે છે. આપણા આધ્યાત્મિક વારસો અને આજના યુગપ્રશ્નોને અનુરૂપ થાય એવું આ યોજનામાં ઘણું છે અને તેથી વિચારણીય છે.

સમાજમાં કેળવણી લેનારા વર્ગના, અત્યારે ત્રણ પ્રકારો ગણી શકાય: (૧) પ્રાથમિક કેળવણી લઈ પોતાના બાપીકા અથવા બીજા ધંધામાં પડનારા, (૨) થોડી કેળવણી લઈ કોઈ પણ વિષયમાં કે ધંધામાં મધ્યમ નિપુણતા મેળવનારા, અને (૩) કોઈ પણ વિષયમાં પારંગત કે નિષ્ણાત સંશોધક બનવાની હોંશવાળા.

આ ત્રણ પ્રકારોને લક્ષમાં રાખીને કેળવણીના ત્રણ તબક્કાઓ રચવા જોઈએ: (૧) પ્રાથમિક, (૨) માધ્યમિક અને (૩) ઉચ્ચ. પ્રાથમિક તબક્કામાં સાત વર્ષનો અભ્યાસક્રમ, માધ્યમિકમાં ચાર વર્ષનો અને ઉચ્ચમાં ચાર વર્ષનો અભ્યાસક્રમ રાખી શકાય. સાત વર્ષે વિદ્યાર્થી કેળવણી શરૂ કરે તો ચૌદ વર્ષે પ્રાથમિકનો તબક્કો પૂરો થાય, અઢાર વર્ષે માધ્યમિકનો અને બાવીશ વર્ષે ઉચ્ચનો તબક્કો પૂરો થાય.

અભ્યાસક્રમને ગોઠવવામાં આ દૃષ્ટિને ધ્યાનમાં રાખવી જોઈએ, જેથી આ ત્રણ તબક્કામાંથી દરેક તબક્કે અમુક દૃષ્ટિએ અભ્યાસક્રમનો એક પૂરો એકમ રચી શકાય.

વિદ્યાપ્રાપ્તિના મુખ્યત્વે બે હેતુ ગણી શકાય: (૧) આજીવિકાનું સાધન મેળવવું તે, (૨) આત્માના અથવા માનવતાના વિકાસનું સાધન મેળવવું તે. આ દૃષ્ટિએ હું કેળવણીનાં ચાર આવશ્યક અંગો ગણું છું: (૧) જ્ઞાનપ્રાપ્તિ, (૨) જનસેવાકાર્ય, (૩) હાથમહેનત અને (૪) આત્મવિકાસ.

જ્ઞાનની કોઈ પણ શાખાનાં, કોઈ પણ વિષયના જ્ઞાનની પ્રાપ્તિ એવી રીતે કરાવવી જોઈએ, જેથી આગળ લખ્યાં છે તેમાંથી કોઈ પણ એક તબક્કે આજીવિકા જેટલું તો વિદ્યાર્થીને મળી રહે. આજની કેળવણીમાં આ એક અંગ ઉપર જ કામ થાય છે અને તે પણ અધકચરું. પણ ખરી કેળવણીમાં દરેક તબક્કે ઉપર લખેલાં ચારે અંગોની કેળવણી ઉપર યોગ્ય ભાર મૂકાવો જોઈએ. આ ચારે અંગોની કેળવણી તે જ પૂર્ણ કેળવણી છે. એમાંથી એક પણ અંગની ઉણપ રહેવાની હોય તેટલી ઊણપ કેળવણીમાં રહેવાની. એવી દૃષ્ટિએ અમુક વિષયો ભણાવવા એટલું જ કેળવણીનું કામ નથી. એટલે અભ્યાસક્રમમાં કયા વિષયો છે તે એટલું મહત્ત્વનું નથી, પણ એ વિષયો શીખવવાની પદ્ધતિ અને એની પાછળ રહેલી દૃષ્ટિ કેવી છે તે મહત્ત્વનું છે અને એનાથી પણ વધુ મહત્ત્વનું તો ઉપર લખેલાં બીજાં અંગોની ખિલવણીથી થાય તે છે. વિષયોની પૂરવણી

માણસને આજીવિકાનાં સાધનની જરૂર છે, પણ એ મળ્યા પછી યે એનામાં માનવતાનો યોગ્ય વિકાસ થાય તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરનું છે. માનવ તરીકે માણસના બે ધર્મો છે: (૧) સમાજધર્મ અને (૨) આત્મધર્મ. બીજી રીતે કહીએ તો માણસ જેમ સામાજિક પ્રાણી છે તેમ એક વ્યક્તિ પણ છે. એટલે એક બાજુથી જેમ એણે પોતાના સમાજ સાથેના સંબંધોમાં યોગ્ય દૃષ્ટિ કેળવવી જરૂરી છે તેમ બીજી તરફથી વ્યક્તિ તરીકે પોતાના આત્માનો વિકાસ યોગ્ય રીતે થાય તે જોવું તે પણ જરૂરી છે. વિદ્યાપ્રાપ્તિ ઉપરાંત, સમાજધર્મ અને આત્મધર્મની યોગ્ય કેળવણી થાય તો જ માણસનું ચારિત્ર્ય યોગ્ય રીતે ઘડાય. એટલે ચારિત્ર્યવિકાસ માટે, હું (૧) જનસેવાકાર્ય [સમાજધર્મ], (૨) હાથમહેનત [સમાજધર્મ તેમ જ આત્મધર્મ] અને (૩) આત્મધર્મ: એમ ત્રણેને સરખી રીતે આવશ્યક ગણું છું; એટલે કેળવણીમાં આ ત્રણેને પૂરું સ્થાન મળવું જોઈએ એમ કહું છું.

આ વિચારસરણીને માન્ય રાખીએ તો એમ કહી શકાય કે વિદ્યાપ્રાપ્તિના અમુક વિષયોનો અભ્યાસક્રમ ઘડવો સહેલો છે, પણ ચારિત્ર્યવિકાસનાં ઉપર કહ્યાં અંગોનો અભ્યાસક્રમ ગોઠવવો અઘરો છે. એ અંગો તો વિદ્યાર્થીની જીવનચર્યામાં એવી રીતે ગોઠવાઈ જવાં જોઈએ, કે એને ખબર ન પડે છતાં અમુક સમયાન્તરે એનામાં જીવનનો ભદ્ર દૃષ્ટિકોણ બંધાઈ જાય. જીવનનો દૃષ્ટિકોણ ઘડવાનું કાર્ય આ ત્રણ અંગોનું છે. શિક્ષક પોતાની દિનપ્રતિદિનની જીવનચર્યાથી તેમ જ વિદ્યાર્થી પાસે એ પ્રકારની દિનચર્યા પળાવે અને, એક પ્રકારનું વાતાવરણ ઉપજાવી શકે, માટે કેળવણીની પુનર્ઘટનામાં નીચેના મુદ્દાઓ ઉપર ધ્યાન રાખવું જોઈએ:

(૧) જ્ઞાનના અમુક વિષયોનો અભ્યાસક્રમ તથા (૨) જીવનચર્યાનો ક્રમ, જેને પરિણામે જીવનને જોવાની અને જીવનની ભદ્ર દૃષ્ટિ પ્રાપ્ત થાય.

વિદ્યાપ્રાપ્તિ ઉપરાંત સમાજધર્મ અને આત્મધર્મ એમ કેળવણીનાં ત્રણ આવશ્યક અંગો આપણે ગણ્યાં છે. તાત્ત્વિક મૂલ્યની દૃષ્ટિએ વિદ્યાપ્રાપ્તિ કરતાં સમાજધર્મ અને સમાજધર્મ કરતાં આત્મધર્મને વધારે મહત્ત્વ આપવું જોઈએ. આજનાં આપણાં શહેરોમાં વિદ્યાના કોઈ પણ વિષયો શીખવી શકાય, પણ ઇષ્ટ સમાજધર્મનો કે ઇષ્ટ આત્મધર્મનો વિકાસ આજના આપણા શહેરી વાતાવરણમાં થઈ શકવાનું મને તો અત્યંત કઠિન લાગે છે. સમાજધર્મની દૃષ્ટિએ આજની શહેરી સંસ્કૃતિમાં ઉપરછલ્લો આચાર, કૃત્રિમતા, સ્વાર્થાદિ તત્ત્વો દેખાય છે તે ઇષ્ટ નથી. સાહજિકતા, પરમાર્થતા, સ્વયંભૂ વિનય-વિવેક અને હૃદયની ઉદારતા વગેરે તત્ત્વો સમાજધર્મનાં ખરાં ભૂષણો છે એમ હું સમજું છું. આને કેળવવા માટે આજના શહેરી વાતાવરણ કરતાં જુદા પ્રકારનું વાતાવરણ જોઈએ.

વળી આત્મધર્મનો ક્રમ હું આમ સમજું છું. પ્રત્યેક મનુષ્યે પોતાની જે ઇંદ્રિયો છે તેનો નિગ્રહ કરતાં શીખવું જોઈએ. આ સંદર્ભમાં હું આપણામાં ગણાવેલી અગિયારે ઇંદ્રિયોનો (મન સહિત) સમાવેશ કરું છું. ઇંદ્રિયનિગ્રહની કેળવણી તે આત્મવિકાસની કેળવણીનું મહત્ત્વનું અંગ છે. ઇંદ્રિયનિગ્રહ-થી શરૂ કરીને ઇંદ્રિયજયની સિદ્ધિ કરવી તેને હું માનવજીવનનો પરમ હેતુ સમજું છું. સંપૂર્ણ ઇંદ્રિયજય તો મહાત્માઓથી પણ માંડ શક્ય છે, પણ ઇંદ્રિયનિગ્રહથી એ માર્ગે પગલાં માંડી શકાય તોપણ ઘણું. આમ ઇંદ્રિયનિગ્રહની કેળવણીને શિક્ષણ-ક્રમમાં હું અત્યંત મહત્ત્વનું સ્થાન આપું છું. ઇંદ્રિયનિગ્રહની આ કેળવણી આપતાં વિદ્યાર્થી જડ, નીરસ અને જીવનથી પરાઙ્-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ ન બની જાય તેનું શિક્ષકે બરાબર ધ્યાન રાખવું જોઈ એ.

વિદ્યાર્થી અવસ્થામાં વિદ્યાર્થીનું મન ચંચળ હોય છે. એને સ્થિર કરવું જોઈ એ. એમાં વિવેકદૃષ્ટિ કેળવવી જોઈએ. આ હેતુની સિદ્ધિ માટે વિદ્યાસંસ્થામાં કૃત્રિમતા, સ્વાર્થપરાયણતા અને ઇંદ્રિયોત્તેજના થાય એવું વાતાવરણ ન હોવું જોઈ એ. આજનાં શહેરોમાં આવું જ વાતાવરણ હોય છે. ડગલે ને પગલે કૃત્રિમતા, સ્વાર્થ અને ઇંદ્રિયને ઉત્તેજના મળે એવાં પ્રલોભનો શહેરમાં આખો દહાડો મળ્યો કરે છે. આવાં ઉત્તેજક અને પ્રલોભક વાતાવરણમાં વિદ્યાર્થીને રાખીએ અને પછી ઇંદ્રિયનિગ્રહની વાત કરીએ એ તો એને સામે પૂર તરવાનું કહેવા જેવું છે; માટે ઇંદ્રિયનિગ્રહની જે વાત મેં ઉપર કરી છે તે જો માન્ય હોય તો એની સિદ્ધિ અર્થે વિદ્યાસંસ્થાનું સ્થાન પવિત્ર અને કલ્યાણમય વાતાવરણમાં, ઇંદ્રિયાદિની ઉત્તેજના કરતાં નગરોથી સારી પેઠે દૂર એવાં સ્થળમાં હોવું જોઈ એ. આવાં સ્થળોમાં પ્રકૃતિની રમણીયતા અને વિવિધતા હોય તે આવશ્યક છે. ઇંદ્રિયનિગ્રહાદિની કેળવણીથી જડતા ન આવી જાય તેનું ધ્યાન રાખવું હોય તો જેમ વિદ્યાર્થીની જીવનચર્યામાં સાત્ત્વિક આનંદપ્રમોદનો કાર્યક્રમ ગોઠવવો જોઈ એ તેમ વિદ્યાસંસ્થા માટે સુંદર, આનંદપ્રદ, ચિત્તને શામક, મુદાપ્રેરક અને ભદ્રરમણીય સ્થળ પસંદ કરવું જોઈ એ.

આમ પસંદ કરેલા સ્થળે જે શિક્ષણ-સંસ્થા સ્થપાય તેમાં ઉપરની દૃષ્ટિએ, (૧) પ્રાથમિકથી માંડીને ઉચ્ચ સુધીનું શિક્ષણ એક જ સંસ્થા દ્વારા અપાય, (૨) દરેક તબક્કે ઉપર કહ્યાં ચારે અંગોની કેળવણી અપાય, (૩) તેમ વળી દરેક તબક્કાના શિક્ષક બીજા તબક્કાના વિદ્યાર્થીઓ સાથે અમુક પ્રકારનો સંપર્ક રાખે–આમ શિક્ષણ તેમ જ [illegible] બન્નેની દૃષ્ટિએ આ અભ્યાસક્રમ એકસૂત્રિ[illegible] બને. અને આ શિક્ષણક્રમ પ્રમાણે [illegible] થયેલો વિદ્યાર્થી, પૂર્ણ માનવ બનવા[illegible] પ્રવાસક્રમના પ્રથમ પગથિયે પોતાના [illegible] સ્થિરતાથી અને મક્કમતાથી મૂકી શકે [illegible] બને એમ મારું માનવું છે.

શિક્ષણક્રમની આ યોજનામાં વિદ્યાર્થી[illegible] અમુક પ્રકારનો ભદ્ર દૃષ્ટિકોણ બંધાય [illegible] અત્યંત મહત્ત્વનું ગણ્યું છે; માટે સ[illegible] સમાજના આદર્શની દૃષ્ટિએ કયો દૃ[illegible] ઇષ્ટ છે તે આપણે વિચારી લેવું જો[illegible] પૂર્વની અને પશ્ચિમની જીવનદૃષ્ટિ વચ્ચે [illegible] અંતર છે. આપણે આપણા સમાજને [illegible] કયો આદર્શ સ્થાપવો છે?

મને તો એમ લાગે છે, કે શિક્ષ[illegible] દૃષ્ટિએ સમગ્ર સમાજની કેળવણીનો [illegible] કરતા હોઈ એ ત્યારે જુદાંજુદાં દૃષ્ટિ[illegible] એમાં સ્થાન હોઈ શકે, છતાં દ[illegible] પ્રધાનત્વ અમુક તત્ત્વનું રહે એમ થવું જો[illegible] આખા સમાજના, આપણી પ્રાચીન પ્ર[illegible] મુજબ આપણે ચાર ભાગ પાડી શ[illegible] (૧) ત્યાગની પ્રધાન ભાવના ઉપર [illegible] અથવા બ્રાહ્મણો, (૨) શરીરબળથી આ[illegible] વિકા મેળવનારા અથવા ક્ષત્રિયો, ([illegible] પોતાની બુદ્ધિથી વેપાર કરી આ[illegible] મેળવનારા અથવા વૈશ્યો અને (૪) [illegible] હાથમહેનતથી આજીવિકા મેળવનારા [illegible] કારીગરો. આમ સમગ્ર સમાજમાં [illegible] સંસ્કૃતિ હોય છે, બ્રાહ્મણસંસ્કૃતિ, [illegible] સંસ્કૃતિ, વૈશ્યસંસ્કૃતિ અને [illegible] સંસ્કૃતિ. અને મારે એમ કહેવું છે કે [illegible] જુદાં વિદ્યાકેન્દ્રોમાં જુદીજુદી સં[illegible] પ્રધાનત્વ હોય. સંસ્કૃતિનું આ પ્ર[illegible] કેળવણીનાં તબક્કામાં જેમજેમ ઊંચે [illegible] જઈ એ તેમતેમ વધુ સ્પષ્ટ બનતું [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. નીચેના તબક્કામાં આવા ભેદો બહુ ઓછા હોય, એટલે સંસ્કૃતિપ્રધાનત્વની આ દૃષ્ટિએ જુદાંજુદાં વિદ્યાકેન્દ્રોની વિશિષ્ટતા માધ્યમિક અને ઉચ્ચ તબક્કાઓમાં ખાસ સ્પષ્ટ થાય.

આમ વિદ્યાકેન્દ્રોમાં સંસ્કૃતિપ્રધાનત્વની દૃષ્ટિએ ભેદ રહે છતાં જીવનના દૃષ્ટિકોણની તો સળંગસૂત્રતા જ રહેવી જોઈએ. અને મને લાગે છે કે આપણા દેશમાં તેમ જ જગતભરમાં, નોખાંનોખાં વિદ્યાકેન્દ્રોને શાળા-સૂત્રિત કરનારું તત્ત્વ તે સર્વોદયની ભાવના જ હોઈ શકે. બ્રાહ્મણનું તો સમગ્ર જીવન બીજાના હિત માટે સમર્પિત કરેલું હોવું જોઈએ. ક્ષત્રિય શરીરબળથી પૈસા કમાય, પણ એનો મુખ્ય હેતુ સર્વનું હિત થાય તેમ શરીરબળ વાપરવાનો હોવો જોઈએ. એવી જ રીતે વૈશ્ય અને કારીગરે પણ સર્વ જનોનું હિત મુખ્ય ગણવું જોઈએ. આ સર્વોદયની ભાવના માટે આજીવિકાની દૃષ્ટિએ વિદ્યાર્થી ગમે તે વિદ્યાશાખાની ઉપાસના કરે, ગમે તે સંસ્કૃતિમાં પ્રધાનત્વ કેળવે, પણ દરેક તબક્કામાં અને દરેક પ્રકારમાં સર્વોદયની ભાવનાને કેન્દ્રમાં રાખીને એની આજુબાજુ ગોઠવાયેલું અનેક વિશિષ્ટતાઓવાળું શિક્ષણતંત્ર પ્રજાનું અને રાષ્ટ્રનું અવ્યય અને શાશ્વત ધન છે.

વિદ્યાર્થીએ કરેલી જ્ઞાનપ્રાપ્તિ યોગ્ય છે કે નહિ તેનો નિર્ણય કરવાને આજે વર્ષને અંતે એક પરીક્ષા લેવાય છે. આ પરીક્ષા-પદ્ધતિ વિદ્યાર્થીને અન્યાય કરનારી છે તેમ જ એનાથી સાચો નિર્ણય લઈ શકાય તેવી નથી. આવી પદ્ધતિથી વિદ્યાર્થી દિનપ્રતિદિનના શિક્ષણ તેમ જ અભ્યાસ ઉપર ધ્યાન આપતો નથી, પણ વર્ષને અંતે એકબે દિવસના કામ કરવા ઉપર ભાર મૂકતો થાય છે. આથી વિદ્યાર્થી તેમ જ સમાજ અપૂર્ણ જ્ઞાનને પૂર્ણ મૂલ્ય તરીકે સમજે છે અને પરિણામે આ પદ્ધતિ અસત્યની પોષક નીવડે છે; માટે આ પદ્ધતિ ત્યાજ્ય છે.

વિદ્યા આપવાની પદ્ધતિ એવી હોવી જોઈએ, કે રોજેરોજનું શિક્ષણ વિદ્યાર્થીએ ગ્રહણ કર્યું છે કે નહિ તેની પરીક્ષા રોજે-રોજ થતી રહે. સમયાન્તરે પુનરાવર્તનો પણ થાય. આદર્શ શિક્ષણમાં ઘરકામને અવકાશ ન હોય. વિદ્યાર્થી ઘેર અભ્યાસ કરે તો ખરો, પણ વર્ગમાં મળેલા જ્ઞાનની પૂર્તિ અને સમૃદ્ધિ માટે જ ઘેર વધુ અભ્યાસ હોઈ શકે. આમ જ્યાં અભ્યાસ થાય ત્યાં રોજેરોજ વિદ્યાર્થીનું માપ નીકળતું હોય. એની નિયમિત નોંધ રાખવી જોઈએ. તો વર્ષને અંતે એ નોંધ ઉપરથી તેમ જ શિક્ષકના સામાન્ય અભિપ્રાય ઉપરથી પરિણામ આપી શકાય. પરીક્ષા લેવી હોય તોપણ અભ્યાસ (અં. પ્રેક્ટીસ) ખાતર લેવી, એના ઉપરથી જ પરિણામ માપવા માટે નહિ.

આવી પદ્ધતિથી વિદ્યાર્થી નિયમિત બનશે, શિક્ષક તરફ આદરવૃત્તિ કેળવશે અને જીવનમાં સત્ય શું છે તે સમજવા પ્રયત્ન કરશે.

વર્ષને અંતે અથવા દરેક તબક્કાને અંતે વિદ્યાર્થીને એક પ્રમાણપત્ર અપાય, જેમાં એણે દરેક વિષયમાં પૂરી હાજરી આપી છે કે નહિ તેની વિગતો નોંધેલી હોય. વિદ્યા-પીઠે નક્કી કરેલા બધા જ વિષયોમાં નહિ પણ અમુક એક કે વધુ વિષયમાં જ કોઈ વિદ્યાર્થીને એક, બે કે ત્રણ તબક્કા સુધી ભણવું હોય તો, એને એમ કરતાં અટકાવવાને બદલે માત્ર એટલી હકીકત પૂરતું જ પ્રમાણપત્ર આપી શકાય. આવાં સ્પષ્ટ પ્રમાણ-પત્રો ઉપરથી સમાજને વિદ્યાર્થીની કયા વિષયમાં કેટલી લાયકાત છે તે જણાઈ રહે; અને મારા મતે હાલની અમુક પરીક્ષામાં પાસનાપાસનાં પ્રમાણપત્ર આપવાની પદ્ધતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં ઉપરની પદ્ધતિ અનેક દૃષ્ટિએ વધુ આવકાર્ય છે.

આજે માબાપને કેળવણીનું ખર્ચ બે પ્રકારનું કરવું પડે છે: (૧) ભણાવવાની ફી આપીને અને (૨) પોતાના ગામમાં શિક્ષણ-સંસ્થા ન હોય એટલે વિદ્યાર્થીને બહારગામ રાખવો પડે. તેથી તેના ખાવાપીવાનું ખર્ચ આપીને, બીજી રીતે કહીએ તો શિક્ષકને નભાવવાનું અને બાળકને નભાવવાનું ખર્ચ માબાપે કરવું પડે છે. (તેમાં સરકાર થોડી મદદ કરે છે ખરી) સામાન્ય રીતે પોતાના ઘરમાં બાળક રહેતો હોય તો માત્ર શિક્ષણફી આપવાનું માબાપને બહુ ભારે પડતું નથી, પણ શિક્ષણફી ઉપરાંત બાળકને પરગામ નભાવવાનું ખર્ચ ઘણું ભારે પડી જાય છે. આમ કેળવણી અત્યંત ખર્ચાળ થાય છે.

અત્યારના સંજોગોમાં શિક્ષણફી તો રાખવી જ પડે, પણ સંસ્થાની પાસે પૂરતી જમીન અથવા એકાદ કારખાનું પોતાના નભાવ માટે હોય, તો શિક્ષણખર્ચ કંઈક ઓછું થાય. કારખાનાની અથવા જમીનના ઊપજ તે સંસ્થાને માટે નભાવખર્ચ તરીકે જમા થાય. તેમ વળી જમીન હોય તો ભણનારને તેમ જ ભણાવનારને જોઈએ તેટલું અનાજ, શાકભાજી તથા દૂધઘી મળી રહે. ઢોરઉછેર, ખેતી કે કારખાનામાં વિદ્યાર્થી અમુક અંશે મદદ કરી શકે.

દરેક શિક્ષકને રહેવાને સારુ મકાન, સારો ખોરાક, કપડાંલત્તાં, બાળકોની કેળવણીનો પ્રબંધ વગેરેની સગવડ તો જોઈએ જ. તેમ જ માંદગી, અપંગાવસ્થામાં નિર્વાહની તેને ચિંતા ન રહે તે પણ આવશ્યક છે. આટલી સગવડ મળે પછી વધારે પરિગ્રહ ન રાખે એવા શિક્ષકો મેં કલ્પી છે તેવી શિક્ષણસંસ્થા માટે આવશ્યક છે.

મેં ઉપર સમજાવી છે તે એકસૂત્રિત શિક્ષણયોજનાને માન્ય રાખીએ તો આપણા વિદ્યાપીઠને લગતા વિચારમાં મહત્ત્વના ફેરફાર આપણે કરવા પડશે. એકસૂત્રિત શિક્ષણયોજનાનું એક સ્વીકૃત એ છે, કે એના પ્રમાણે પ્રાથમિકથી માંડી ઉચ્ચ સુધીના બધા જ તબક્કાઓનું શિ એક જ સંસ્થા દ્વારા આપવું જોઈએ.

આજે વિદ્યાપીઠ એટલે માત્ર ઉચ્ચ શિ આપનારી સંસ્થા એમ ગણાય છે. વિદ્યાપીઠ માત્ર પરીક્ષાઓ લેતું તેમ જ શિક્ષણ આપતું અને માન્યતાઓ વિદ્યાપીઠ હોય એમ મનાય છે. વિદ્યાપીઠના બધા જ વિદ્યાર્થીઓ અન્તે હોય કે થોડા અન્તેવાસી અને બહારના હોય એમ પણ મનાય છે. વિદ્યા ભાવનાનો વિચાર કરતાં ઉપરના પ્રશ્નો જ વિચારણા કરવામાં આવે છે. મને છે કે વિદ્યાપીઠની આ ભાવના બહુ જ ચિત છે.

આજ સુધી સેંકડો માઇલના પ્રદેશમાં માત્ર એક જ વિદ્યાપીઠ હોય વિચારથી આપણે ટેવાયેલા છીએ. માંડીને કર્ણાટક સુધીના એક બે માઈલ જેટલા લાંબા પ્રદેશ માટે અને કરોડની જનતા માટે માત્ર એક જ વિદ્યાપીઠ કામ કરતું. તેવી જ રીતે મદ્રાસ, પંજાબ વગેરેનાં વિદ્યાપીઠ બહુ વિસ્તૃત પ્રદેશોમાં કામ કરતાં કરીને આપણે ઉપરની રીતે શીખ્યા છીએ.

પણ વિદ્યાપીઠ એટલે અમુક અનુકૂળ પ્રદેશની વિદ્યાના બધા જ અને બધા જ પ્રકારોનું બધું યે તંત્ર સંસ્થા એમ કેમ ન કહી શકાય? વાતને હું જરા સ્પષ્ટ કરું.

આજે આપણા કેળવણીખાતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વૈધીભાવ છે. ઉચ્ચ શિક્ષણનો વહીવટ વિદ્યાપીઠોને હસ્તક છે અને પ્રાથમિક અને માધ્યમિક તબક્કાના શિક્ષણનો વહીવટ સરકારનિયુક્ત અધિકારીઓને હસ્તક છે. આ દ્વૈધીભાવ ઇષ્ટ નથી જ. આ પદ્ધતિ પ્રમાણે કેળવણીખાતાના વહીવટમાં પ્રત્યક્ષ કેળવણી આપવાનું કામ કરતા હોય તેમનો અવાજ તો જરા ય હોતો નથી, તેથી તેઓ (એટલે કે, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો) કેળવણીના પ્રશ્નો વિષે બેદરકાર અને ઉદાસીન બની જાય તે સ્વાભાવિક છે. એમને એમાં જીવંત રસ નથી જ રહેતો. કોઈક ઉપરથી ફરમાવે તેમ માત્ર યંત્રવત્ ભણાવી જવું એટલું જ પોતાનું કર્તવ્ય તેમને લાગે છે. ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા શિક્ષકોનું પણ ઘણે અંશે આવું છે. આ સ્થિતિ ટાળવી જરૂરી છે. એના ઉપાય તરીકે હું નીચેનું સૂચન કરું છું.

પ્રાથમિકાદિ બધા જ તબક્કાની અને પ્રકારોની કેળવણી વિદ્યાપીઠ નીચે મુકાય એટલું જ નહિ, પ્રજાના સત્ત્વસમી સંસ્કૃતિને લગતા બધા જ પ્રશ્નો પણ વિદ્યાપીઠને સોંપી દેવાય. એટલે, પ્રત્યક્ષ કેળવણી ઉપરાંત ચિત્ર, સંગીતાદિ કલાઓ, પુરાતત્ત્વ, લગ્નાદિ સંસ્કારો અને વિધિઓ, સંપ્રદાય નહિ પણ જેને પરિણામે સર્વધર્મસમભાવ કેળવાય તેવો ધર્મ, ગ્રંથાલયપ્રવૃત્તિ, સામયિક પ્રદર્શનો વગેરે પ્રશ્નોની વિચારણા તેમ જ અમલ વિદ્યાપીઠના કાર્યપ્રદેશમાં આવે. એટલે કે, આવું વિદ્યાપીઠ તે પ્રદેશપૂરતું સંસ્કારકેન્દ્ર બને અને ત્યારે જ વિદ્યાપીઠ શબ્દ અન્વર્થક બને. એના વહીવટ માટે નીચે મુજબ યોજના કરી શકાય.

આખા યે એક પ્રાંતને વહીવટી દૃષ્ટિએ અનુકૂળ આવે એવા પ્રાદેશિક એકમોમાં વહેંચી નાખવો. મને લાગે છે, કે આરંભમાં, દશ લાખની વસ્તીના પ્રદેશનો કે સ્થાનનો (દાખલા તરીકે એક જ શહેર જેમાં દશેક લાખની વસ્તી હોય, એક એકમ રચી શકાય. આ એકમના અનુકૂળ પેટા એકમો પણ પાડી શકાય. અને એ આખા યે એકમના સમગ્ર કેળવણીતંત્રનો વહીવટ તે એકમપૂરતું કામ કરતા એક વિદ્યાપીઠને સોંપી શકાય. આ વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણનું કામ પ્રત્યક્ષ કરે, એટલે આખા યે એકમ માટે ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર એક જ સ્થાને રખાય. તેમાં વાઙ્મય (આર્ટ્સ) અને વિજ્ઞાનનાં મહાવિદ્યાલયો તો આવા હરેક એકમ દીઠ હોવાં જોઈએ. ઉપરાંત બીજાં વહેવારુ જ્ઞાનનાં (વૈદકાદિક) તેમ જ વિશિષ્ટ સંશોધનનાં મહાવિદ્યાલયો, જરૂર પ્રમાણે, બે કે વધુ એકમો દીઠ એક રાખી શકાય. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે તેમ જ સંસ્કાર-સંવર્ધન માટે દરેક એકમમાં સમિતિઓ રચાય. દર દશ હજારની વસ્તીના પેટા એકમ માટે પણ આવી સમિતિઓ રચી શકાય. આવી સમિતિમાં પ્રાથમિક શિક્ષકો, માધ્યમિક શિક્ષકો, શિક્ષકેતર સમાજમાંથી યોગ્ય વ્યક્તિઓ, અમુક ટકાના પ્રમાણમાં મૂકી શકાય. અલબત્ત જુદીજુદી સમિતિઓનો કાર્યપ્રદેશ સ્પષ્ટતાથી આંકવાનો રહે.

પ્રાન્તભરનાં આવાં પ્રાદેશિક વિદ્યાપીઠોના સંચાલન માટે વિદ્યાપ્રધાન પોતે પ્રત્યક્ષ જવાબદાર રહે. વિદ્યાપ્રધાન પ્રાન્તભરનાં વિદ્યાપીઠોની વિશાળ નીતિરીતિ, પ્રાન્તનાં બધાં વિદ્યાપીઠોના પ્રતિનિધિઓની સલાહ મુજબ નક્કી કરે, અને એ નીતિરીતિના સામાન્ય પ્રદેશમાં રહીને તે વિદ્યાપીઠો પોતપોતાનાં કાર્યો કરે.

આવાં વિદ્યાપીઠનાં તંત્રચાલન માટે સરકારને ઘણું ખર્ચ ન કરવું પડે. મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પના મુજબ આવાં વિદ્યાપીઠોમાં કામ કરતા શિક્ષકોને જ ખાસ કરીને ઉચ્ચ શિક્ષણનું કામ કરતા શિક્ષકોને, પઠનપાઠન ઉપરાંત તંત્રચાલનનું ઘણુંખરું કામ સોંપી શકાય. વળી પરીક્ષાઓ તો મારા મતે રહે જ નહીં; એટલે એ ખર્ચ વિદ્યાપીઠને રહે નહી. આવાં વિદ્યાપીઠોના નભાવ માટે, પ્રાચીન પ્રણાલી મુજબ અમુક જમીન કે ગામોની ઊપજ જુદી મૂકવાનો પ્રશ્ન પણ વિચારવો ઘટે.

આવાં વિદ્યાપીઠના અંગભૂત એવા શિક્ષકોના (પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ આપતા બધા જ શિક્ષકોના) સંપૂર્ણ યોગક્ષેમની જવાબદારી સમાજ કે રાજ્ય લઈ લે. શિક્ષકો, જેને ખરો શિક્ષકધર્મ–બ્રાહ્મણધર્મ–બજાવવો હોય તેવા જ આવાં વિદ્યાપીઠોમાં હોય એ તો સ્પષ્ટ જ છે. આવાં વિદ્યાપીઠોમાં કામ કરનારા શિક્ષકો રાજકીય બાબતમાં, સીધી રીતે કશો જ ભાગ ન લે. છતાં દેશભરમાં અને જગતભરમાં પ્રવર્તમાન રાજકીય બળોનો સાંગોપાંગ અભ્યાસ તો કરે જ. વાતાવરણ ગમે તેવું રહે, આવાં વિદ્યાપીઠો તો પ્રજાનું સત્વ નભાવવાના, એટલે કે પ્રજાને તેમ જ રાજકર્મચારીઓને પણ યોગ્ય દોરવણી આપવાના પોતાના ધર્મકાર્યમાં નિર્બાધ રહી શકે તે સ્થિતિ જ ઇષ્ટ છે. આથી શિક્ષકોને પોતાના કાર્યમાં ખરો રસ જાગે. પરિણામે શિક્ષકધર્મની ભાવના તેમને સ્પષ્ટ થતી જાય; આમ બને તો આખા દેશનો સંસ્કારવારસો સતત રહે અને તેનાં આવશ્યક પુનઃસંસ્કરણ અને વિકાસ થતાં રહે. અને એટલે જ, આવાં વિદ્યાપીઠોની સ્થાપનાથી કાળે કરીને પ્રાચીન ઋષિમુનિના વખતનો, પ્રજાનાં સંસ્કૃતિ અને અધ્યાત્મની થાપણને જાળવતો, સત્ય, અહિંસા અને ત્યાગની ભાવનાને પ્રચારમાં મૂકતો અને જીવનમાં ઉતારતો અને રાજા તથા ... બન્નેને ઉદ્‌બોધતો ખરો બ્રાહ્મણવર્ગ ... એમ આશા રાખી શકાય. વિદ્યાપીઠની ... ભાવના તે આ ફલપ્રાપ્તિ જ છે ને?

સૂચિત અભ્યાસક્રમ: શિક્ષણના ત્રણ તબ... આપણે ગણ્યા છે: (૧) પ્રાથમિક, (૨) માધ્યમિક અને (૩) ઉચ્ચ. આ દરેક તબ... કેળવણીના અભ્યાસક્રમમાં નીચેની ... બાબતો જોઈએ: (क) જ્ઞાનના ... વિષયોનો અભ્યાસ, (ख) હાથમહેનત, (ग) ... જનસેવાકાર્ય (घ) આત્મવિકાસ.

પ્રાથમિક (માધ્યમ–ગુજરાતી)

આ તબક્કો સાત વરસનો છે. ... પેટાવિભાગ પાડી શકાય: (૧) પહેલાં ... વર્ષનો એક વિભાગ અને (૨) છેલ્લાં ... વર્ષનો બીજો વિભાગ. પણ આ ... વિભાગને અન્તે જ આખો તબક્કો ... થયો ગણાય.

પહેલાં ત્રણ વર્ષ [વય ૭, ૮, ૯]

क ભાષા–સાહિત્ય (ગુજરાતી), ... ઇતિહાસ, ભૂગોળ, સંગીત, ચિત્ર... સામાન્ય જ્ઞાન, વ્યાયામ. [સૂર્યનમ... રાદિ સાદી યોગ–પ્રક્રિયા].

ख કાંતણ, ઉદ્યાનરચના, વર્ગ અને ... ઓરડાની સફાઈ, પોતાપૂરતું ... હાથે કરવું (કપડાં ધોવાં, પથારી ... વાસણ માંજવાં વગેરે) રસોઈમાં થોડી ...

ग વડીલ, અતિથિ, ગુરુ અને મિત્ર ... વર્તાવ [પીરસવું, પાણી આપવું, ... આપવું–સામાન્ય આચાર, વિનય...

घ પ્રાર્થના–મંત્ર, ભજન, ધૂન.

નોંધ: ગુજરાતી સિવાય બીજા એકે વિ... પાઠ્યપુસ્તક ન હોય પણ છોકરાં... લેતાં કરવાં.

ચાર, પાંચ, છ અને સાત વર્ષ [... ૧૦, ૧૧, ૧૨, ૧૩].

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક [૧] ભાષા-સાહિત્ય [ગુજરાતી, હિંદી, સંસ્કૃત], ગણિત, ઇતિહાસ, ભૂગોળ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ [સામાન્ય], રાજતંત્ર-વ્યવહારતંત્ર [પ્રત્યક્ષ પદ્ધતિથી] વિજ્ઞાન સામાન્ય, જ્ઞાન અને વ્યાયામ. [૨] કૃષિ, સુતાર, લુહાર, દરજી, કડિયા, યંત્ર, વેપાર, શિક્ષણ, વૈદક, વાઙ્મયાદિમાંથી કોઈ પણ બે વિષયનું વિશિષ્ટ જ્ઞાન.

ખ કૃષિકામ [બે ઋતુ પૂરતું]; સુતાર, લુહાર, દરજી, કડિયાકામ તેમ જ ચર્મકામ અને પશુચિકિત્સા [એક મહિનો]; વ્યાપાર, યંત્ર, વૈદક, શિક્ષણ, કાંતણ, પિંજણ [બે મહિના]. વર્ગ અને પોતાના ઓરડાની સફાઈ પોતાપૂરતું બધું કામ હાથે કરવું. રસોઈમાં મદદ.

ગ પ્રૌઢશિક્ષણ, રોગીની પરિચર્યા, સભામાં વ્યવસ્થા વગેરે.

ઘ પ્રાર્થના, ધર્મ એટલે શું?

નોંધ: ભાષા-સાહિત્ય સિવાય પાઠ્ય-પુસ્તકો ન હોય, પણ ગ્રંથાલયનો છૂટથી ઉપયોગ કરાવવો.

ઉપરાંત તહેવારોની ઉજવણી આનંદોલ્લાસના કાર્યક્રમો ગોઠવવા.

માધ્યમિક (માધ્યમ-ગુજરાતી)

[વય ૧૪, ૧૫, ૧૬, ૧૭]

क ભાષા-સાહિત્ય (ગુજરાતી) ઉપરાંત હિંદી, અંગ્રેજી, સંસ્કૃતાદિ વાઙ્મયના, કે વિજ્ઞાનના કોઈ પણ એક (કે પારસ્પરિક સંબંધવાળા બે) વિષયનું વિશિષ્ટતર જ્ઞાન.

ख સંસ્થાના કૃષિકાર્યમાં કે કારખાનામાં મદદ, પોતાપૂરતું બધું કામ હાથે કરવું, રસોઈમાં મદદ.

ग વર્ષમાં એક મહિનો સ્વયંસેવક તરીકે કાર્ય, ઉપરાંત પ્રૌઢશિક્ષણાદિ-અનુકૂળતા મુજબ.

घ પ્રાર્થના, ધર્મચિંતન.

ઉચ્ચ [માધ્યમ-હિંદી]

[વય, ૧૮, ૧૯, ૨૦, ૨૧]

क કોઈ પણ એક વિષય કે ધંધાનું પારંગત જ્ઞાન.

ख ઉપર મુજબ.

ग ઉપર મુજબ.

घ પ્રાર્થના, ધર્મચિંતન, તત્ત્વચિંતન.

દરેક તબક્કે આનંદોલ્લાસના ક્રમો, ગ્રામજીવનમાં વ્રત, તહેવારની ઉજવણી તેમ જ પર્યટણો આદિ આવશ્યક ગણવાં જોઈએ.

☆

આજે રશિયા અને અમેરિકા વચ્ચેના સંબંધો બગડ્યા છે, પરંતુ પહેલાં જ્યારે બંને દેશો વચ્ચે ...ખૂબ મૈત્રી હતી, ત્યારે અમેરિકના આગલા પ્રમુખ રુઝવેલ્ટને મોલોટોવ રશિયા તરફથી મળવા માટે ...આવ્યા હતા. એમની પાસે એક હેંડબેગ હતી. હેંડબેગ બહારના ખંડમાં મૂકીને મોલોટોવ પ્રમુખને મળવા ...ગયા. એ દરમિયાન પ્રમુખ રુઝવેલ્ટના અંગરક્ષણ માટે ખાસ ખબરદારી રાખતા છૂપી પોલીસના માણસોએ ...બેગ તપાસી તો અંદરથી મળી આવી કાળી રોટીની 'સેંડવીચ', એક સોસેજ (આ બંને ખાદ્ય પદાર્થો ...હતા) તથા એક રિવોલ્વર!

પ્રમુખ રુઝવેલ્ટને મળવા આવનાર પાસે રિવોલ્વર! છૂપી પોલીસના આ માણસોએ પ્રમુખને વાત ...કરી, ત્યારે હસતાંહસતાં રુઝવેલ્ટ બોલ્યો:

'ઓહો, એમાં શું? મોલોટોવને દહેશત હશે કે માર્ગમાં કોઈ વ્યક્તિ પોતાના પર હુમલો કરે ...ત્યારે શું કરવું, એટલે રિવોલ્વર તો રાખે જ ને? અને દુનિયામાં ભૂખ કોને નથી લાગતી? પોતાની ...ભૂખ સંતોષવા માટે મોલોટોવને ખાવાનું રાખવું પડે કે નહિ?'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતચીતની કલા

લેખક:
શ્રી જ્યોતીંદ્ર દવે

જિંદગીમાં માણસ સૌથી વધારે કામ બોલવાનું કરે છે. મૌનના ગુણ મોટામાં મોટા વિચારકોએ ગાયા છે, પરંતુ એ લોકો પણ સામાન્ય જીવનમાં ઘણા બોલકણા હતા એમ એમના અંતેવાસીઓએ એમના વિષે કરેલા ઉલ્લેખો પરથી જણાય છે. મૌનની પ્રશસ્તિ કરવા માટે પણ એમણે વાણીનો પ્રવાહ વહેવડાવ્યો. મહાત્મા ગાંધીજી અઠવાડિયે એક દિવસ મૌન પાળતા. પરંતુ એમનાં ભાષણોના સંગ્રહ પરથી જણાઈ આવ્યા વિના રહેતું નથી, કે આપણા જેવા બોલકણા માણસો કરતાં પણ દશગણું એમને બોલવું પડ્યું છે. બીજી બધી ઇંદ્રિયો કરતાં માણસની જીભ વધારેમાં વધારે કામગરી હોય છે. મનુષ્યના જન્મકાળથી એ પોતાનું કાર્ય શરૂ કરે છે તે લગભગ મૃત્યુ સુધી ચાલુ રાખે છે. અનેક પ્રકારની અશક્તિનો ભોગ થઈ પડેલો માણસ પણ બોલવાની બાબતમાં ક્વચિત જ અશક્તિનો અનુભવ કરે છે.

આમ છતાં વાર્તાલાપની પણ કલા છે. બોલવામાં પણ સફાઈ હોવી જોઈએ એનું ભાન ઘણા ઓછાને હોય છે. લલિત અને એવી બીજી અનેક કલાઓમાં માણસે પ્રગતિ સાધી છે, પણ વિસર્જન અને સર્જન બંને પ્રકારની પ્રવૃત્તિઓ માટે આવશ્યક એવી આ બોલવાની કલામાં ઘણા ઓછા માણસોએ નિપુણતા મેળવી હોય છે.

થોડા વખત પર કાપડ વેચનાર ફેરિયો મારે ત્યાં આવ્યો હતો. એની પાસે ઊંચી જાતનું ને ઓછી કિંમતનું કાપડ હતું. મારે એ જાતના કાપડનો ખપ ન હતો. ... ખપ હોય, તોપણ એ ખરીદવા માટે ... પૈસા ખરચવા પડે એટલા પ્રમાણમાં ... જરૂરિયાત તો નહોતી જ. 'મારે ... જોઈતું' એમ મેં એને કહ્યું.

'જુઓ તો ખરા, જોવામાં શું જાય છે!' એણે કહ્યું ને ઘરનાં બધાં માટે એ... ખુલ્લો કર્યો. એ પછી જુદાજુદા ... કાપડ કાઢી અમારા હાથમાં એ... તેના ગુણનું વર્ણન કરવા માંડ્યું. એના... પથ્થર જેવાં અમારાં દિલ ધીરેધીરે ... ળવા લાગ્યાં અને એ જ્યારે બે કલાક... ગયો ત્યારે 'એક પૈસાનું પણ કાપડ ... લેવું' એમ એના આગમન કાળે કૃતનિ... બનેલ મારી કને રૂપિયા સોનું કાપડ મૂકી... ખરો માણસ! શી એની બોલવાની ... સો રૂપિયાનું કાપડ મને પધરાવીને ...

મારા એક મિત્ર છે. એમને ફારસી ... પણ આવડતું નથી, પણ દિલ્હી જતાં ... એમને એક ફારસી પુસ્તકો વેચનાર ... હતો; તેણે ફક્ત બોલવાની કલા વડે ... પાંચ મોટાંમોટાં ફારસી પુસ્તકો ... હતાં. હવે આ પુસ્તકો વાંચવા માટે ફા... અભ્યાસ કરવો કે કોઈ લાઈબ્રેરી... ભેટ તરીકે આપી દેવાં એવા તર્ક... એ મિત્ર પડ્યા છે.

હું ઈન્ટર આર્ટ્સની પરીક્ષા પાસ... બી. એ.માં ગયો, ત્યારે ઐચ્છિક વિ... ઊભી થઈ. ... લેવો તેની ગૂંચવણ ... લઉં તો ઠીક એમ કોઈ વાર થતું ... વાર સંસ્કૃત–ગુજરાતી લઉં એમ થતું ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

તરત નિર્ણય કરી શક્યો નહિ, એટલે હું મારા એક મુરબ્બીને, યુનિવર્સિટીના અભ્યાસના સારા જાણકારને મળવા ગયો. થોડીક આડીઅવળી વાત કરી, મેં મુખ્ય વિષય રજૂ કરી એમની સલાહ માગી: 'મને બન્ને લેવાનું મન થાય છે. આપની શી સલાહ છે? ફિલોસોફી લઉં કે સંસ્કૃત-ગુજરાતી?'

'હું' એમણે જવાબ દીધો.

ફરી પાછું બંને વિષયો મને કેમ ગમે છે ને બંને શીખવાની સગવડ તથા અગવડ કેવી રીતની છે તે લેવાનું પારાયણ કરી મેં એમને કહ્યું: 'અમારી કોલેજમાં ફિલોસોફી શીખવા માટે જોઈએ તેટલી સગવડ નથી, પણ એ માટે મારે બહારગામ જવું પડે એમ છે. સંસ્કૃત-ગુજરાતી માટે અહીં સારી સગવડ છે, પણ સંસ્કૃત ને ગુજરાતી બી. એ.માં ન લઉં તોપણ ચાલે એમ છે. એનું જ્ઞાન સાધારણ તો મને છે જ, પણ ફિલોસોફી લઉં તો એક નવો વિષય જ શીખવા મળે એમ છે. એટલા માટે આપની સલાહ લેવા આવ્યો છું.'

જવાબમાં એમણે પાછો 'હું' એટલો જ શબ્દોચ્ચાર કર્યો. સામાન્ય રીતે એ એકાદ વાક્ય કરતાં વધારે ભાગ્યે જ બોલે છે. એમને મળવા જનારને જ આખો વખત બોલવાનું રહે છે. એ તો ફક્ત શ્રોતા તરીકે 'હું' એટલો શબ્દોચ્ચાર કરીને જ સંતોષ માને છે. એવી એમની ખ્યાતિ મને યાદ આવી, ને પછી થોડી વધુ આડીઅવળી વાતચીત કરી મેં એમની રજા લીધી. 'ચાલો ત્યારે જાઉં હવે!'

'હું' એમણે કહ્યું. છેવટનો પ્રયત્ન કરી ઊઠતાંઊઠતાં મેં પૂછ્યું: 'ત્યારે આપને ફિલોસોફી લઉં તો ઠીક એમ લાગે છે?'

'હું.' એમનો જવાબ મળ્યો.

'કે પછી સંસ્કૃત-ગુજરાતી ઠીક રહેશે?' મેં પૂછ્યું.

'હું' એમણે કહ્યું!

એ પછી મુંબઈની ચારપાંચ કોલેજોનો અનુભવ લઈને કોલેજજીવનમાં આઠેક વર્ષ ગાળી એ સૌ બાબતમાં નિષ્ણાત બનેલા પ્રૌઢ ગૃહસ્થને હું મળ્યો. મેં વાત શરૂ કરીને તરત એમણે પૂછ્યું: 'તમારે શું લેવું ફિલોસોફી કે સંસ્કૃત-ગુજરાતી એ મને પૂછવા તમે આવ્યા છો ને?'

'હાજી,' મેં જવાબ દીધો.

'તો જુઓ. હું તમને સમજાવું, આપણા મુંબઈમાં અત્યારે નવ કોલેજો છે. એમાંથી ગમે તે પાંચ કોલેજોમાં તમે જઈ શકો એમ છે. આપણે હવે એ દરેક કોલેજમાં ફિલોસોફી તથા સંસ્કૃત-ગુજરાતી શીખવાની સગવડ કેવી રીતની છે તે જોઈએ.' એમ કહીને જુદીજુદી કોલેજો, તેમના પ્રોફેસરો અને પ્રિન્સિપાલો, ત્યાંના શિક્ષણપદ્ધતિ અને વાતાવરણ, જે શહેરોમાં એ કોલેજ આવેલી હતી ત્યાંનાં હવાપાણી, ને રહેવાની સગવડ એ બધાં ઉપર એમણે સવિસ્તર ભાષણ આપવાનું શરૂ કર્યું. પોણો કલાક રહીને એ અટક્યા પછી મને પૂછ્યું: 'ચા લેશો?'

'નાજી, હમણાં જ પીને આવ્યો છું.'

'બહુ મોડું કર્યું' એમણે કહ્યું.

'કેમ શાથી?' મેં નવાઈ પામી પૂછ્યું.

'તમે મને મળવા આવવાના હતા એ તો તમે જાણતા હતા. મારે ત્યાં તમે આવો ત્યારે તમારો સત્કાર મારે કરવો જોઈએ. આપણે ત્યાં મહેમાનોનો સત્કાર કરવા માટે ચાના પ્યાલા સિવાય બીજું કયું સાધન છે? એટલે તમે મારે ત્યાં આવો ત્યારે તમને ચા મળશે, એમ તમને પહેલેથી જ લાગવું જોઈતું હતું. તેને બદલે તમે ચા પીને આવ્યા. હવે તમારો સત્કાર મારે શી રીતે કરવો?' એમણે ખુલાસો કરતાં કહ્યું.

'પાણી આપો તો ચાલશે.' મેં જરા ક્ષોભ પામી કહ્યું.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો તે મળશે જ. પાણીથી કોઈ પાતળું થતું નથી, પણ પાણી આપ્યાથી કોઈનો સત્કાર કર્યો એમ કહેનાર ને માનનાર બંને મૂર્ખ છે. પાણી તો કોઈ ભિખારી કે કોઈ અધમ કે ગમે તેવો અજાણ્યો માગે તો તેને પણ આપણે આપીએ છીએ, પણ ચા બધાને આપતા નથી. જેના જોડે સારો સંબંધ હોય અથવા જેની જોડે સંબંધ કેળવવા ઇચ્છતા હોઈએ તેની સામે જ ચાનો પ્યાલો ધરીએ છીએ,' એમણે કહ્યું.

'તો કંઈ નહિ, હું ચા લઈશ, થોડા વખત પર જ ઘેરથી પીને નીકળ્યો છું, પણ અત્યારે બીજો કપ લઈશ તો ખાસ વાંધો નહિ આવે,' એમને રાજી કરવાના હેતુથી મેં કહ્યું.

'તો, તો બહુ જ ખોટું. તમે હમણાં જ એટલે કે પા-અર્ધા કલાક પર ચા પીને ઘેરથી નીકળ્યા છો, તો પછી ફરીથી ચા પીઓ તેમાં નુકસાન થવાનો સંભવ છે. તમે જાણો છો કે ચામાં ટેનિન એસિડ નામનો પદાર્થ આવે છે? એ ચામડાંને સાફ કરવામાં વપરાય છે. એનામાં ચામડાંને લીસાં બનાવવાનો ગુણ છે. તમે આમ વારંવાર ચા પીઓ તો તેથી તમારાં આંતરડાંમાં જે ખાંચાઓ હોય છે, તે ઘસાઈને લીસા થઈ જાય છે. ને આમ તમારી પાચનશક્તિ મંદ પડી જાય છે,' એમણે કહ્યું.

'પણ હું કાંઈ રોજ બહુ ચા પીતો નથી. આ તો કોઈક પ્રસંગે જરૂર પડે એમ કરવું પડે તો ખાસ વાંધો પણ રાખતો નથી,' મેં કહ્યું.

'તમે વચ્ચે ન બોલ્યા હોત તો હું આગળ કહેવાનો હતો. રસવૃત્તિની દૃષ્ટિએ પણ તરત ને તરત બીજીવાર ચા પીવી એ ખોટી છે. ચા આપણે પીએ છીએ તે મઝા આવે તેટલા માટે. શોખની ને વિનોદની વસ્તુઓનો વારંવાર ઉપયોગ કરવાથી તેની આનંદ આપવાની શક્તિ ઓછી થઈ જાય છે. અર્ધા કલાક પહેલાં ચા પીધી હોય અને અત્યારે ફરી હું તમને ચા આપું તો તેમાં તમને મઝા નહીં આવે. એટલે તમે જાણે મારા પર ઉપકાર કરતા હો એમ ચા પી જાઓ, ને એ રીતે હું તમને પરાણે ચા પાઉં એમાં કદાચ તમારો સત્કાર કર્યો મને લાગે; પણ તમને તો એ સત્કાર જેવું ભાગ્યે જ લાગે. એટલે તમારો સત્કાર કરવાનો મારો હેતુ માર્યો જાય.' એમ લંબાણથી વિવેચન કરતાં જણાવ્યું. થોડીવાર મૂંગા રહીને મેં કહ્યું, 'હાજી, પણ પછી મારે કરવું? ફિલોસોફી લેવી કે સંસ્કૃત-ગુજરાતી?'

'તમારા જુવાનિયાઓમાં એક મોટી નબળાઈ મેં જોઈ છે, જે તે વાતની અધીરાઈ ભારે-તમે એટલા માટે મને મળવા આવ્યા છો, મને તમે એ વાત કહી ખરી, ને એ વિષય વિષે મેં થોડું કહ્યું પણ ખરું; એ બધું હું ભૂલી ગયો હોઈશ એમ ધારી લીધું?'

'જી, મેં એ ધારી નથી લીધું આ તો—'

'કંઈ નહિ, ધારી નહિ લીધું તોપણ તમારા કહેવાનો અર્થ એ જ થાય છે. એનો કદાચ ખ્યાલ તમને ન હોય. ઠીક, હવે મૂળ વાત પર આવીએ' એમ કહી એમણે ફિલોસોફી શું છે તે પ્રવચન શરૂ કર્યું. પોણા કલાક સુધી વાગ્ધારા ચલાવીને એ જરા થાક્યા એટલે મેં કહ્યું.

'અત્યારે મારે જરા કામ છે, જવાનું છે, કહો તો કાલે મળું.'

'એમ? તમે જો આવા મહત્ત્વના વિષય પર મારી સલાહ લેવા આવવાના હતા તો પછી એ જ દિવસે બીજું કામ શા માટે રાખ્યું? હાલના જુવાનિયાઓને સમયની કાંઈ કિંમત જ નથી હોતી?' એ સમયની કિંમત વિષે લાંબું વ્યાખ્યાન આપવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પહેલાં સમય વિચારી, હું ઊભો થઈ ગયો તે જોઈ એમણે કહ્યું:

'ઠીક, ત્યારે કાલે આ જ વખતે મળજો.

હું બરાબર વિચાર કરી રાખીશ.' એમની સાથે મારે એવી ચાર મુલાકાત થઈ. એ બધીને અંતે ટાઈફોઇડનાં જંતુ પાણીમાં વધારે હોય છે કે દૂધમાં, ભીંડાનું શાક સરસ રીતે બનાવવું હોય તો તાપ એક સરખો ન રાખતાં અવારનવાર વધતોઓછો કરવો જોઈએ, કૉલેજ-હૉસ્ટેલમાં રહેવાનું રાખ્યું હોય તો વાળ આછા રાખવા કે લાંબા, એવા, અલબત્ત વહેવારુ જીવન માટે ઘણા જરૂરના કહી શકાય એવા, વિષય પરત્વે મારા જ્ઞાનમાં ઘણો વધારો થયો; પરંતુ મારે જે બાબતનું માર્ગદર્શન એમની પાસેથી જોઈતું હતું તે મારા મનનું સમાધાન થાય એવી રીતે મળી શક્યું નહિ.

સામાન્ય પ્રકારની વાતચીતમાં કોઈ પ્રસ્તુત વિષય હોતો નથી, છતાં પણ એ જાતના વાર્તાલાપમાં પણ જે મુદ્દા પર કોઈ બોલતો હોય તે મુદ્દો તદ્દન આવો રહી જાય અને વાંદરો એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદકા મારે, તેમ વાત એક વિષય પરથી બીજા, બીજા પરથી ત્રીજા, ત્રીજા પરથી ચોથા, એમ જુદાજુદા વિષયો પર ઠેકડા મારવા માંડે ત્યારે એ મનુષ્યને વાતચીતની કલાનું જરા પણ ભાન નથી એમ વિનાસંકોચે કહી શકાય.

કેટલાક મનુષ્યોએ વાતચીત માટે એક જ વિષય નક્કી કરી રાખ્યો હોય તો કોઈ પણ વિષય પર વાત કરવા માંડે ત્યારે તેમાં 'હું'નું જ પ્રાધાન્ય હોય છે. એમના વાર્તાલાપનું મધ્યબિંદુ હમેશાં 'હું' જ હોય છે. વિષયોની આવી દુનિયા એ જ ધરી પર ફરતી હોય છે. એ ગમે તેવી રસિક રીતે વાત કરી શકતા હોય, તોપણ જ્યાંત્યાં પોતાના હુંપણાને આગળ કરીને પોતાની બડાઈની સાથે જૂઠી, મોટે ભાગે બનાવટી વાતો કરીને એ સાંભળનારને કંટાળો આપે છે.

એના કરતાં પણ ચઢી જાય એવા કેટલાક હોય છે. એઓ હમેશાં એમ માનતા હોય છે કે પોતે બુદ્ધિમાન છે, પણ એટલાથી એમને સંતોષ થતો નથી. અક્કલનો જથ્થો તો દુનિયામાં અમુક પ્રમાણમાં જ હોય છે. તેમાંથી મોટા ભાગનો જથ્થો એમના મગજમાં જ આવી ગયો હોય એટલે બાકીના મનુષ્યોને ભાગે બહુ થોડા જ પ્રમાણમાં અક્કલ આવે એ દેખીતું છે. એટલે 'હું બહુ અક્કલવાળો છું અને તમારામાં અક્કલ નથી' એમ સૂચવતા હોય એ રીતે એ હમેશાં બીજા જોડે વાત કરે છે.

એકવાર એવા એક ભાઈએ લાંબો વખત મારી સાથે વાત કર્યા પછી મને કહ્યું: 'મારા બોલવામાં કંઈ ભૂલ છે? હોય તો બેલાશક કહી દો.'

'બતાવું?' મેં પૂછ્યું.

'હા, હા બેલાશક, મને જરા યે માઠું નહિ લાગે.' એમણે જવાબ દીધો.

'તમારી બે જાતની ભૂલ થાય છે.' મેં કહ્યું.

'શી?' એમણે પૂછ્યું.

'એક તો તમારી બધી વાતચીત પરથી જાણે તમે સામા મનુષ્યને એમ જ પૂછતા હો એમ લાગે છે કે છે કોઈ મારા જેવો હોશિયાર? એ એક ભૂલ. પણ એથી યે મોટી ભૂલ તમે એ કરો છો કે તમે સામા માણસને અક્કલવિનાનો માનતા હો એવી વાત કરો છો,' મેં જવાબ દીધો ત્યારપછી મારી અક્કલ માટે જે થોડોઘણો પણ અભિપ્રાય એમના મનમાં હશે તે તદ્દન ઊતરી ગયો ને વાત કરવાને તો શું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત સાંભળવાને પણ હું લાયક નથી એવો એમનો દઢ અભિપ્રાય બંધાઈ ગયો.

વાક્યેવાક્યે અમુક શબ્દો બોલવાની ટેવ ઘણાને હોય છે એ તો જાણીતી વાત છે. 'શું સમજ્યા ?' 'મેં કહ્યું,' 'ઠીક ને ?' 'શું,' 'બોલો રાજ્જા,' 'હા ભાઈ'–આવા-આવા શબ્દો દરેક વાક્યને અંતે તેમના મુખમાંથી નીકળે છે અને ખરી રીતે જોતાં તદ્દન નકામા એવા એ શબ્દો ખરેખર કામની એવી વાતોને બાજુએ હઠાવી પોતે પ્રધાન સ્થાન લે છે. એથી કેટલીક વાર સામા મનુષ્યનું અજાણતાં અપમાન પણ થઈ જાય છે, કે બોલનારે ન ધાર્યો હોય એવો અર્થ નીકળે છે, પણ તેનું એમને ભાન રહેતું નથી. એક ભાઈને થોડીથોડી વારે 'કપાળ તમારું' બોલવાની ટેવ હતી. એકવાર એ પોતાના માંદા સસરાને જોવા ગયા હતા. ખબરઅંતર પૂછ્યા પછી એમણે કહ્યું : 'દવા કરો છો ?'

'હા ડોક્ટરની દવા ચાલે છે,' સસરાજીએ જવાબ દીધો.

'ખાવાપીવામાં ચરી પાળો છો ?' એમણે પૂછ્યું.

'હાસ્તો,' સસરાએ કહ્યું.

'કપાળ તમારું' એ બોલી ઉઠ્યા!

'શું કહ્યું, શું કહ્યું ?' સસરાએ જરા નવાઈ પામી પૂછ્યું.

'કંઈ નહિ. એ તો હું અમથો મનમાં બોલ્યો,' એમણે વાત ઉડાવી. એ પછી એમણે પાણી ઉકાળીને પીવાની સલાહ આપી ને પૂછ્યું : 'તમે સમજ્યા ?' પાણી ઉકાળીને કેમ પીવું તે ?'

'હા સમજ્યો,' સસરાએ કહ્યું.

'કપાળ તમારું!' તરત એ ગૃહસ્થ બોલી ઊઠ્યા.

આવા છબરડા એમને હાથે ઘણીવાર થતા, કોઈક વાર સામો મનુષ્ય ઉશ્કેરાઈ પણ જતો.

કેટલાકને વાતચીત કરતાં અમુક જાતના ચાળા કરવાની ટેવ હોય છે. બહુ મોટી ઉંમરના ને પ્રતિષ્ઠિત એક ગૃહસ્થને થોડાં વાક્યો બોલ્યા પછી સાંભળનાર આગળ જઈને હાથ ધરીને ઊભા રહીને તાળી માગવાની ટેવ છે. મારે. એકવાર એમને કામપ્રસંગે મળવા જવું પડ્યું હતું. પાંચસાત ગૃહસ્થો નીચે જાજમ પર બેઠા હતા અને એઓ પાન ચાવતાંચાવતાં હીંચકા પર બેસીને વાત કરી રહ્યા હતા. હું એમને શા માટે મળવા ગયો હતો તે મેં એમને જણાવ્યું. એમણે મારી વાત સાંભળીને પછી પોતે બોલવા માંડ્યું. પાંચસાત વાક્યો બોલીને હીંચકા પરથી ઊઠીને મારી આગળ આવીને હાથ ધરીને ઊભા રહ્યા! મારા આગળ આમ હાથ ધરીને આ શા માટે ઊભા રહ્યા હશે તે હું સમજી શક્યો નહિ, પણ મારી બાજુએ બેઠેલા ગૃહસ્થે એમના લંબાવેલા હાથ પર તાળી આપી ત્યારે મને સમજ પડી. પછી તો વારંવાર ઊઠીને એ મારી પાસે આવતા ને હું એમને તાળી આપતો, પણ મને કોણ જાણે કેમ મારો કરતાં બહુ મોટી ઉંમરના એ પ્રતિષ્ઠિત ગૃહસ્થને વારંવાર તાળી આપતાં સંકોચ ને શરમનો અનુભવ થતો!

એક સુશિક્ષિત, પ્રતિષ્ઠિત સાહિત્યકાર બહુ જ રમૂજી બોલનાર ગણાય છે. એ આવે એટલે બસ. બધે આનંદ-આનંદ ફેલાઈ રહે છે. કોઈની મજાક કરવી, કાંઈ રમૂજનક પ્રસંગો બનાવીને કહેવા, કાંઈ નહિ તો ઘાંટાઘાંટ ને ખોટાં તોફાન કરીને પણ રંગ જમાવવો, એ કલા એમને સારા પ્રમાણમાં આવડે છે. પણ એ આવે ત્યારે બીજા ગમે તેટલા બેઠા હોય એ બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુનિત સંસ્મરણો

લેખક :
શ્રી પુરાતન બુચ

ગાંધીજી પાસે એક દિવસ, અરે એક જ કલાક રહેવાનો મળતાં ધન્ય જીવન બની જતું; એ પારસમણિનો સ્પર્શ અસરકારક નીવડતો: તો જેને બાળપણથી જ ગાંધીજીના અંતેવાસી બનવાનો લહાવો પ્રાપ્ત થયો હોય તેનું કેવડું મોટું સૌભાગ્ય ગણાય ! બાપુને સૌમાં બાળકો અત્યંત પ્રિય હતાં. પળેપળ ઉત્તમ કાર્યમાં ગાળનાર બાપુ બાળકો સાથે, આશ્રમના દુઃખી કે પીડિતો સાથે અને સમાંસ્નેહીઓ સાથે ગાળવાનો વખત કાઢતા, એ દરમિયાન સહુ કોઈને જીવનની વ્યાપક કેળવણી મળી રહેતી. આશ્રમમાં જ બાપુની છાયાતળે ઉછરેલી એક બાળાનાં સંસ્મરણોની આ લેખમાળા ત્રણ કે ચાર અંક સુધી ચાલશે. વાચકોને એમાંથી ઘણુંઘણું જાણવાનું મળશે. આ સંસ્મરણોની સાહજિકતા, ઊંડાણ, સરળતા ને સત્યશોધક તત્ત્વો આપણને આકર્ષી રહે છે.

સત્યાગ્રહ આશ્રમમાં સન ૧૯૨૨માં કેટલાક નવા કાર્યકરો આવી રહેલા હતા. મલબાર તરફના એક વ્યાપારી પોતાના કુટુંબને લઈને ગાંધીજીના આશ્રમમાં આવીને રહ્યા. તેમને એક નાની બાળા હતી. ઘરમાં નાની બાળાનું તોફાન ન પોસાયું, તેથી ગાંધીજીએ પોતે એ બાળાની સંભાળ રાખવાનું માથે લીધું.

ગાંધીજી હૃદયકુંજમાં બેસીને રેંટિયા પર સૂતર કાંતી રહેલા હતા, ત્યારે પેલી બાળા તેમની પાસે આવીને બેસી ગઈ. રેંટિયા પર કંતાઈ રહેલા સૂતર સામે જોઈને પછી કંઈક મજાકમાં બાળાએ હસીને ગાંધીજીને કહ્યું:

'બાપુજી ! રેંટિયા પર તો ડોસી હોય તે કાંતે, તમે કેમ કાંતો છો ? આમ કાંતવાનું તે તમને કેમ ગમે છે ?'

બાળાના પ્રશ્નો સાંભળીને ગાંધીજી કાંતતા-કાંતતા હસી પડ્યા ને પછી બોલ્યા:

'જો, આ રેંટિયો ડોસીનો ખરો, પણ આપણે આશ્રમમાં રહેનાર બધાંએ કાંતવાનો છે, શું સમજી ?'

'મારે પણ કાંતવું પડશે ?'

મૂંગા થઈ જવું જોઈએ. એ બોલતા હોય ત્યારે ટાપસી પૂરવા માટે પણ વચ્ચે ન બોલાય. એ એક કલાક–બે કલાક–ગમે તેટલો વખત બોલે, બીજાઓએ તો બસ સાંભળ્યાં જ કરવું જોઈએ. કદાચ બીજાઓ કંઈ વાત કરવા જાય તો તેમનું આવી બને. એ ઉશ્કેરાઈને ઊભા થઈ જાય, અથવા રિસાઈને મૂંગા બની જાય. બધા સાથે મળીને વાત કરે ને આનંદ કરે એ તો એમની હાજરીમાં કદી બને જ નહિ.

વાતચીત કરવાની પણ કલા છે. એમાં બોલનાર ને સાંભળનાર હમેશાં એક પક્ષે જ નથી રહેતા, પણ બંનેના ભાગે બોલવાનું તેમ જ સાંભળવાનું આવે છે, અને બંનેને બોલવાનો અવકાશ મળે એ રીતે વાતનો પ્રવાહ વહેતો રહેવો જોઈએ એનો ખ્યાલ ઘણા થોડાને હોય છે.

મોઢું ને જીભ છે એટલે બોલતાં તો સૌને જ આવડે એમ આપણે માનીએ છીએ, પણ ખરી રીતે જોતાં બોલવાની કલા કદાચ સૌથી અઘરી કલા છે. એમાં નિપુણતા મેળવવી બહુ જ મુશ્કેલ છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, કેમ તું યે સરસ કાંતી શકીશ.'

'પણ, હજી તો મને છ જ વરસ થયાં છે!'

'છ વરસની છોકરી તો કાંતવા ઉપરાંત ધારે તો બીજાં પણ ઘણાં કામ કરે.'

'બાપુ! બીજાં કામ તો કહેશો તે કરીશ, પણ કાંતવામાં તમને કંટાળો નથી આવતો?'

બાપું બોલ્યા: 'મને તો કાંતવામાં બહુ મજા પડે છે. જો ને, આ સૂતરના તાર કેવા સરસ છે! તેને શાળ ઉપર ચઢાવીને પછી તેમાંથી સરસ ખાદી બનાવીશું, તેમાંથી તેં પહેર્યું છે એવું ફરાક પણ બનશે.'

'મારું ફરાક આ સૂતરમાંથી બનશે?' બાળાએ સૂતરના તાર સામે જોઈને ઉત્સુકતાથી પૂછયું.

'હા, તારું ફરાક પણ બનાવશું. તું રેંટિયા પર કાંતીશ?'

'હા, બાપુજી, જરૂર કાંતું, પણ તમે મને તમારા રેંટિયા પર કાંતતાં શીખવા દો ત્યારે કાંતું ને?'

ગાંધીજીએ રેંટિયો બાળાની પાસે તરત ખસેડ્યો. મોટો બારડોલી રેંટિયો બાળા પાસે ગોઠવાયો. તેનું ચક્ર ફેરવવા માંડયું.

બાળાએ પોતાના બીજા નાનકડા હાથમાં પૂણી પકડી, પણ તેના હાથ ચક્ર ફેરવવા ને પૂણીમાંથી સૂતર ખેંચવા માટે નાના પડ્યા એટલે હસતીહસતી બાળા રેંટિયો બંધ રાખીને બોલી:

'બાપુજી! મારા તો હાથ જ પૂરા નથી પહોંચતા. લો, તમે જ કાંતો. હું તો પછી કાંતીશ. મોટી થાઉં ત્યાંસુધી તમે તમારું થોડું સૂતર મને ફરાક સિવડાવવા પૂરતું આપશો ને?'

ગાંધીજી: 'તારે બદલે કાલથી હું જમી લઉં તોપણ તને ચાલશે ને?'

વિચારમાં પડી ગયેલી બાળાએ હસીને જવાબ દીધો:

'ના, તો તો હું ભૂખી જ રહું ને?'

'તો પછી તારા ફરાક માટે હું સૂતર ...
એ શી રીતે બને?'

બાળાએ કહ્યું: 'તો પછી મારે માટે એક નાનો રેંટિયો ખાસ કરાવી આપો. પછી હું પણ તમારી માફક રોજ કાંતીશ.'

ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમના રેંટિયાના કારખાનામાં એક ખાસ નાનો રેંટિયો તૈયાર કરાવ્યો અને એ બાળાને આપ્યો. પછી કાંતવાને વખતે બાળાએ ગાંધીજીની પાસે આવીને નિયમિત કાંતવાનું શરૂ કર્યું.

એ બાળાને શાળામાં જવાની પણ ... હતી, તેથી ગાંધીજી પાસેથી રોજ નિત્ય... વાતો સાંભળીને નવું જ્ઞાન મેળવતી.

*

સત્યાગ્રહ આશ્રમમાં અવારનવાર ... મહેમાનો આવે. એક વખત એક હિંદુસ્તાની બોલનારા નવજુવાન મહેમાન આશ્રમમાં આવ્યા. પ્રાર્થના થઈ ગયા પછી ઘણાં ... એ નવા મહેમાનને જોવા તેમની પાસે પહોંચ્યાં ... મહેમાન પોતાની ઓરડી તરફ ગયા; ... બધાં બાળકો પોતપોતાના નિવાસસ્થાન ... ચાલ્યાં ગયાં; પણ પેલી બાળા તો મહેમાનનો ... હાથ પકડીને તેમની સાથે તેમની ઓરડીએ પહોંચી.

મહેમાન ઓરડીમાં પહોંચ્યા પછી પોતાના ... બિસ્તરમાં વસ્તુ સરખી કરતા હતા, ... બાળાએ તેમના ખભા પર હાથ મૂકીને હિં... ભાષામાં વાત શરૂ કરી:

'તમે બાપુજીને મળવા માટે આવ્યા છો?'

'હા, બાપુજીની સાથે મુલાકાત ... છે.' એમ કહીને હસીને એ ... મહેમાને નાની બાળાને તેડી લીધી ...

બાળાએ પૂછયું:

'તમારું નામ શું?'

મહેમાન બાળાની હિંમત ઉપર ... થઈ ગયા ને સ્મિત કરીને બોલ્યા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારું નામ જવાહરલાલ.'

'તે તમે અમારા બાપુજી પાસે શા માટે આવ્યા છો?'

જવાહરલાલે બાળાનું ફરાક સરખું કરતાંકરતાં હસીને સામો પ્રશ્ન પૂછયો :

'પણ, તારું નામ તો મને બતાવ?'

'મારું નામ તમને નહીં બતાવું.'

'કેમ નહીં બતાવે?'

'મારી બા જાણે કે હું તમને અહીં હેરાન કરું છું તો મને વઢે તેથી. પણ મારું નામ બાપુજી તમને કહેશે. પણ હવે તમે બોલો કે તમે બાપુજી પાસે કેમ આવ્યા છો?'

બાળા જવાહરલાલ સાથે વાતોમાં પડી હતી, ત્યાં ચાખડીનો અવાજ સાંભળીને બાળા બોલી ઊઠી : 'હવે બાપુજી અહીં જ આવે છે. તમારે તેમને મળવું છે ને?'

ત્યાં તો ગાંધીજી આવી પહોંચ્યા ને બાળાને જોતાં જ હસીને બોલી ઊઠ્યા :

'અરે આનંદ! તું જવાહરલાલને હેરાન કરવા માટે પણ અહીં આવી પહોંચી છે ને શું?'

ઉત્તરમાં બાળા સહેજ ગંભીર બની ગઈ. જાણે પોતે તોફાન કરતાં પકડાઈ ગઈ હોય એમ તેને લાગ્યું, પણ તરત જ જવાહરલાલે કહ્યું :

'એ તો મારી સંભાળ લેવા માટે જ મારી સાથે અહીં સુધી આવી પહોંચી છે. એ મને પરેશાન કરવાને બદલે મારા કામમાં મદદ કરવા અહીં આવી છે ખરું ને આનંદ?'

બાળા, જવાહર ને ગાંધીજી એકીસાથે હસી પડયાં.

*

ગાંધીજીએ બાળાને એકવાર કહ્યું : 'આનંદ! તું હવે વિનયમંદિરમાં ભણવા નિયમિત જઈશ?'

'તમારી પાસે ભણું છું તે શું ખોટું છે?'

'મારી પાસે ભણવામાં તારો અભ્યાસ વારંવાર અધૂરો રહે છે, માટે તું શાળામાં જઈશ?'

'હા બાપુજી, જરૂર જઈશ, પણ એક શરતે જાઉં?'

'કબૂલ, બોલ શી શરત છે?'

'મને ત્યાં નહીં ગમે તો તરત તમારી પાસે પાછી આવતી રહીશ.'

આશ્રમના વિનયમંદરમાં શિક્ષકો તરીકે શ્રી. કિશોરલાલભાઈ, શ્રી. નરહરિભાઈ, શ્રી. કાકાસાહેબ, શ્રી. છગનભાઈ જોષી એ બધાય કામ કરતા.

બાળા શાળામાં ભણવા માંડી. પછી એક દિવસે ઓચિંતી જ ગાંધીજી પાસે જઈને ઊભી રહી. બાળાને પાટીપેન સાથે પોતાની પાસે આવેલી જોઈને પૂછયું :

'કેમ શું થયું?'

'બાપુજી મને આજે છગનભાઈએ મારી. મારે વિદ્યાલયમાં નથી ભણવું. તમારી પાસે ભણીશ, પણ મારે હવે ત્યાં નથી જવું.'

'પણ તને શાથી મારી?'

'મને દાખલા ન આવડયા તેથી.'

'એટલા સારુ તે કોઈ મારતું હશે? તેં કંઈક જરૂર તોફાન કર્યું હશે.'

'ના બાપુજી, હું તોફાન કરું એવી છું જ ક્યાં?'

'એ તો હું તને ક્યાં નથી ઓળખતો?' એમ કહીને બાપુ હસી પડયા.

'ચાલ, તને હું છગનભાઈ ઉપર હમણાં તો ચિઠ્ઠી લખી આપું છું. પછી તારી ફરિયાદ વિષે તપાસ કરીને ન્યાય કરીશું.'

ગાંધીજીએ ચિઠ્ઠી લખવાનો આરંભ કર્યો ત્યાં બાળાની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તે રડતાંરડતાં બોલી :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બાપુજી! મારે હવે એમની પાસે ભણવું જ નથી...'

ગાંધીજીએ ચિઠ્ઠી લખવાનું માંડી વાળ્યું ને બાળાને તેડી લઈને તેનાં આંસુ લૂછી નાખીને કહ્યું :

'બહાદુર થઈને રડાય નહીં, ચાલ શાળામાં ન જવું હોય તો કાંઈ નહીં પણ ભણવા નહીં જાય તો પછી કરીશ શું ?'

હાજરજવાબી બાળાએ તરત હસીને જવાબ દીધો :

'બાપુજી! તમે જ મને ભણાવો. તમે લેસન આપો. હું બરોબર લખી લાવીશ.'

'હું તને ભણાવું ખરો, પણ હું તો બહુ આકરો શિક્ષક છું તેનું શું?'

'બાપુજી, મને કબૂલ છે. તમે ગમે તેટલા આકરા થશો તોપણ મને ભણતાં નહીં આવડે તો મારશો તો નહીં જ ને?'

એમ કહીને બાળા બાપુજીને ગળે વળગી પડી.

નક્કી થયા પ્રમાણે હવે બાળાએ ગાંધીજી પાસે બેસીને ભણવાનું શરૂ કરી દીધું.

ગાંધીજી પાસે બાળા પોતાની સ્લેટ ને પેન લઈને પહોંચી ગઈ.

'બાપુજી! આજે શું લખું?' બાળાએ રેંટિયા પર સૂતર કાંતી રહેલા ગાંધીજીને નિર્દોષભાવે પાસે બેસીને પૂછયું. 'બાપુજી! આજે તો કંઈક સરસ લખાવજો.'

'લે, ચાલ ત્યારે લખ. રેંટિયો, પૂણી... સૂતર...માળ...દામણું...ચમરખાં...'

ગાંધીજી શબ્દો લખાવતા ગયા તેમ તે બાળા ઝડપથી પોતાની સ્લેટમાં લખતી ગઈ.

'બસ, હવે તેં જે લખ્યું છે તે વાંચી જા જોઈએ?'

બાળાએ પોતાની સ્લેટમાં લખેલા શબ્દો એક પછી એક ધીમેથી વાંચવા માંડયા. તેમાં એક શબ્દ પોતે ઉકેલી ન શકી. તે ગાંધીજીએ કહ્યું :

'લાવ જોઈએ તારી સ્લેટ, કેવું લખ્યું છે?'

'લો બાપુજી! બધા જ શબ્દો બરાબર તો લખ્યા છે, પણ આ એક ઊકલતો જ નથી.'

ગાંધીજી સ્લેટ હાથમાં લઈ શબ્દો જોઈ બોલી ઊઠ્યા :

'આનંદ! તું તોફાન કરવામાં પહેલી હોય છે, પણ સારા અક્ષર કાઢવામાં પહેલી નથી. તારે અક્ષર ખૂબ સરસ, મોતીના દાણા જેવા લખવા જોઈએ. નાનપણમાં અક્ષર સારા લખીશ તો મોટી થઈશ ત્યારે સરસ લખી શકીશ. શું સમજી? સારા અક્ષર લખીએ એ સંસ્કારિતાની નિશાની છે. તારે હમેશાં ધીમેથી સરસ અક્ષર લખવા. ઉતાવળથી લખીને અક્ષર કદી બગાડવા નહીં.'

*

ગાંધીજી સત્યાગ્રહ આશ્રમના રસોડા તરફ જઈ રહેલા હતા, ત્યાં દૂરથી દોડી આવતી આનંદે બૂમ પાડીને કહ્યું:

'બાપુજી, ઊભા રહેજો. હું પણ તમારી સાથે આવું છું.'

ગાંધીજી પોતાની સાથે બેત્રણ મહેમાનો લઈને રસોડે જઈ રહેલા હતા તે ઊભા રહ્યા. ગાંધીજીએ હસીને પાસે આવી પહોંચેલી બાળાને કહ્યું:

'તું કેવી લુચ્ચી છે! તારે સાથે આવી બધાંને ખોટી કરે છે ને?'

'પણ બાપુજી! આજે તો સેવાનિકેતનમાં જોવા જેવું ચાલે છે એ જોવા આવીશ.'

ગાંધીજીએ પોતાની પાસેની ઘડિયાળ સામે નજર કરી ને પછી હસીને કહ્યું:

'ચાલ, ત્યાં શું બતાવે છે?'

ગાંધીજી મહેમાનો સાથે સેવાનિકેતન તરફ જવા વળ્યા ને બોલ્યા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બહુવાર તો નહીં કરે ને ?'

'ના બાપુજી, ત્યાં તો જોવા જેવું ચાલે છે.'

'પણ છે શું ?'

સેવાનિવાસ પાસે પહોંચીને બાળાએ કહ્યું:

'જુઓ તો ખરા, બધા ઘંટીએ બેસીને દળે છે! કેવા જોરજોરથી ઘંટી ફેરવે છે!'

બાળા, ગાંધીજી ને મહેમાનો ઘંટીઓ ઉપર ઘઉં દળાઈ રહેલા હતા તે જોઈ રહ્યા.

થોડીવાર પછી ગાંધીજીએ કહ્યું: 'હવે બસ, આનંદ! રસોડે જવાનો વખત થાય છે, ત્યાં જશું ને ?'

'ત્યાં જઈને શું કરવાનું છે ?' બાળાએ નિર્દોષભાવે ગાંધીજીની સાથે જવા માટે આંગળી પકડી લીધી ને પછી સાથે ચાલતાં-ચાલતાં પૂછ્યું. તેનો ઉત્તર ગાંધીજીએ આપ્યો:

'જો, આજે મારો રસોડાનો વારો છે ને મારે શાક સમારવાનું છે.'

'ને આ મહેમાનોને પણ શું શાક સમારવા સાથે લીધા છે ?' બાળાએ ચબરાકીથી પૂછેલો પ્રશ્ન સાંભળીને ગાંધીજી ને મહેમાનો યે હસી પડ્યા.

થોડીવાર ચાલ્યા પછી ફરીથી બાળાને ઘંટીનું દળણું યાદ આવ્યું તેથી બોલી ઊઠી:

'બાપુજી! આપણે હાથે દળવાને બદલે પેલી મિલની ઘંટીએ કેમ નથી દળાવતાં ? ત્યાં ન દળાવાય ?'

'ના, આપણાથી ત્યાં ન દળાવાય.'

'શાથી ન દળાવાય ?'

'કારણકે આપણે બધા યે આ આશ્રમમાં મહેનત-મજૂરીનું કામ કરીને રોટલો ખાવાનું નક્કી કર્યું છે.'

'પણ બાપુજી! કોઈ બીજા સારા કામમાં મહેનત ન થાય? આ પાણી ભરવામાં, પાયખાનાં સાફ કરવામાં ને ઘંટીએ દળવામાં મહેનત કરવાને બદલે બીજી મહેનત કરીએ તો ?'

'બીજી કઈ મહેનત ? તારી માફક વાતો કરવાની ને ?' એમ કહીને ગાંધીજી હસી પડ્યા.

'પણ, મિલની ઘંટીએ ઘઉં દળાવીએ તો ન ચાલે ?' બાળાએ ફરીથી ઉત્સુકતાથી ગાંધીજીની આંગળીઓ સાથે રમત કરતાં સામે જોઈને પૂછ્યું.

'ના, હાથે દળીએ તો એક તો કસરત થાય ને બીજું આપણા કામનો બોજો બીજાને માથે ન પડે. આપણાં કામ તો જાતે થાય એટલાં કરીએ તો સારું. તું તો હજી નાની છે, પણ મોટી થાય એટલે તું પણ દળજે. તારા પિતાજી દળે છે તેમને મદદ કરીશને ?'

'ના બાપુજી, હું તો તમારો દળવાનો વારો આવશે ત્યારે સામે બેસીને દળવા લાગીશ.'

બાળા વાત કરતાંકરતાં કંઈક વિચારમાં પડી ગઈ. ત્યાં બધાં રસોડે પહોંચ્યાં. રસોડાનાં પગથિયાં ચડતાંચડતાં બાળાએ ગાંધીજીને કહ્યું:

'બાપુજી! તમે આ શાક સમારવાનું કામ કરો તેને બદલે હું જ કરીશ. તમે આ મહેમાનો સાથેની વાત પહેલાં પતાવી લો તો ?'

'ને તું મારી વતી જમી પણ લઈશ ને?'

*

સમી સાંજનો વખત થયો હતો. ગાંધીજી પોતે નાની પૂછપીંજણ ઉપર રૂ પીંજી રહેલા હતા, ત્યાં દૂરથી કંઈક બૂમાબૂમ કરતી એ બાળા આવી પહોંચી. થોડીવાર મૂંગી થઈને તેણે બધું જોયા કર્યું. પીંજણનો પટપટ અવાજ સાંભળીને તેને આનંદ આવતો હોય તેવું તેના વદન પરની હર્ષની રેખાઓ પરથી જણાયું. પીંજણની તાંત ઉપર રૂ ચોંટી જતું જોઈને બાળા તરત બોલી ઊઠી:

'બાપુજી, આમ તે પીંજાય?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીએ પીંજવાનું ચાલુ રાખીને બાળા સામે જોઈને સામો પ્રશ્ન પૂછયો:

'ત્યારે કેમ પીંજાય?'

'આ બીજા બધા પીંજે છે ત્યારે તો તેમની તાંત ઉપર રૂ ચોંટી જતું નથી ને તમારું રૂ તો જુઓ ચોંટતું જ જાય છે.'

'તેનો ઉપાય પણ તું જાણતી હોઈશ ને?' બાપુએ હસીને પૂછયું ને તરત જ બાળા ઊભી થઈ ગઈ.

ઇશારામાં જ જાણે એ સમજી ગઈ હોય તેમ તેણે દોટ મૂકી ને ગાંધીજીના નિવાસ-સ્થાન નજીકમાં જ આવેલા એક બાવળના ઝાડની નીચી નમેલી ડાળીને સંભાળીને પકડી તેમાંથી કૂંણી બાવળની પત્તી થોડી તોડી લીધી.

દોડીને બાળા ગાંધીજી પાસે પાછી આવીને કહે:

'લો, આ પત્તી તાંત ઉપર બરોબર ઘસો તો પછી તાંત ઉપર રૂ નહિ ચોંટે ને તાંતને જરા ખેંચી લો.'

બાપુજીએ પત્તી હાથમાં લીધી ત્યારે સાંજ પડી ગઈ હતી. તેમણે બાવળની પત્તી લઈને તાંત ઉપર લગાડી તો ખરી, પણ પાસે બેઠેલી બાળાને શાંતભાવે કહ્યું:

'આનંદ, સૂર્યાસ્ત થાય ત્યારે સહુ પશુ-પંખીને આરામ લેવાનો વખત થાય છે, ખરું ને?'

'હા, કેમ બાપુજી?'

'સાંજ પડી ગયા પછી આપણે કોઈ પણ ઝાડને અડકવું ન જોઈએ. તેમનામાં પણ આપણા જેવો જ જીવ હોય છે. એટલે, સાંજે તેનાં પાંદડાં ન તોડાય. સાંજ પડી જાય તે પછી ઝાડનાં પાંદડાં તોડીએ એ સારું નથી.'

બાળા ગાંધીજીનાં વેણ સાંભળીને કંઈક ગંભીર બની ગઈ, તોપણ પછી સામે જ પથરાયેલા સાબરમતી નદીના વિશાળ પટ ઉપર થોડીવાર નજર ફેરવીને બાળાએ બાપુજીને પૂછયું:

'સાંજ પડે છે એટલે બધાં આરામ કરવા જાય છે, તો આપણે કેમ પ્રાર્થનાની ધમાલમાં પડી જઈએ છીએ?'

આ પ્રશ્ન પુછાતો હતો ત્યાં આશ્રમના ભોજનનો ઘંટ વાગ્યો એટલે બાપુએ પીં... સમેટી લીધી ને બાળાને સાથે લઈને રસો... તરફ પ્રયાણ કર્યું.

*

રસોડા તરફ જતાં જતાં બા... ગાંધીજીને પૂછયું: 'બાપુજી, તમે આ ... કયારથી કરો છો?'

'કેમ એમ પૂછે છે?'

'એટલા માટે કે તમે મને રોજ સ... ચાર વાગે ખૂબ ઊંઘમાંથી જગાડો ત્યારે કયારેક એવો વિચાર આવે કે બાપુએ આ પ્રાર્થના કરવાનું કયાંથી ... કાઢયું હશે?'

વાતો ચાલતી હતી ત્યાં રસોડા ... જઈ રહેલા અન્ય આશ્રમવાસીઓ ... ગાંધીજીની આસપાસ એકત્ર થઈને ચાલવા માંડે છે, ત્યારે ગાંધીજી ... જવાબ દે છે: 'જો, હું તારા જેવડો ... હતો ત્યારે મારાં વડીલો પ્રાર્થના ... તેમની પાસેથી હું પણ પ્રાર્થના ... શીખી ગયો છું.'

'પણ બાપુજી, ભગવાન આપણી ... સાંભળતા હશે ખરા?'

'સાંભળે તો ખરા જ, પણ ... સાચા હોઈએ તો આપણી ... ઉત્તર મળે.'

ગાંધીજીનો આ ઉત્તર સાંભળીને ... થોડીવાર ગાંધીજીનો હાથ પકડીને ... મૂંગી સાથે ચાલવા લાગી, પછી એકાએક ... બોલી ઊઠી: 'પણ, આપણે રોજ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

કરવી જ જોઈએ એમ કોણે કહ્યું ?'

'ભગવાને જ એમ કહ્યું છે. પ્રાર્થનામાં આપણે ગીતાજીના બીજા અધ્યાયના શ્લોકો બોલીએ છીએ તેમાં એ વાત આવે છે,' બાપુ બોલ્યા.

'બાપુજી, તો પછી એવી વાર્તા આજે પ્રાર્થના પછી મને કહેશો ? હું પ્રાર્થના પછી આવું ?' બાળા બોલી ઊઠી.

ગાંધીજીએ હસીને બાળાને હા પાડી ને બધાએ રસોડામાં પ્રવેશ કર્યો. રસોડામાં નિયમ હતો કે ભાણા પર બેઠા પછી ભોજન લેતી વખતે કોઈએ કંઈ જ બોલવાનું નહિ. જો કાંઈ જોઈતું હોય તો તે પણ નિયમ પ્રમાણે ચીજો બે કે ત્રણવાર પિરસાય ત્યારે તે જરૂરજોગી લઈ લેવાની. કદી કોઈથી કંઈ પણ ખાવાની ચીજ છંડાય તો નહિ જ. ને જમીને પણ થાળીની બહાર જો જરા પણ એઠવાડ પડ્યો હોય તો તે ઊઠતાં પહેલાં થાળીમાં લઈ લેવાનો ને પાણીથી અબોટ પણ દઈને જ ઊઠવાનું.

બાપુજીની બાજુમાં બેસવાનો ઇજારો રાખનારી બાળાને બાપુએ ઇશારાથી કહ્યું: 'તારી થાળીની પાસે જો તો ખરી કેટલું નીચે વેરે છે ?'

બાળા ઇશારાથી જ 'હા' પાડીને સમજ્યાની નિશાની કરતી ગઈ. તે ન વેરાય એ રીતે કોકને સરખું કરતાંકરતાં જમવા માંડી.

આશ્રમના રસોડામાં જમનારાઓ ગાંધીજી અને બાળાની સાથેની મૂક વાતચીત જોઈ સાંભળીને મનમાં આનંદ પામતા એ તેમના ચહેરા ઉપરથી જોઈ શકાતું.

બધા જમી રહે પછી સાથે જ ઉઠાય, તેથી બાળા પોતાની થાળી-વાડકો ઝટ હાથમાં લઈને ઊઠવા માટે તૈયાર થઈ ગઈ. ગાંધીજી જમી રહ્યા કે તરત એ તેઓની સાથે ઊભી થઈ ગઈ.

*

ગાંધીજી પોતાના ભોજનની તૈયારીમાં જ હતા. તેઓ પોતાના આસનેથી ઊઠીને હાથ-મોઢું ધોઈને પાછા આસન પર આવીને બેઠા. તેમની ભોજનની થાળી લાવવામાં આવી, ત્યારે બાજુમાં શાંતિથી બેસી રહેલી બાળાએ ગાંધીજીને કંઈક આશ્ચર્યથી પૂછ્યું:

'બાપુજી, તમે રોજ બકરીનું દૂધ જ કેમ પીઓ છો ?'

'તું ગાયનું દૂધ પીએ છે એમ,' બાપુએ હસીને જવાબ દીધો ને પાસે ઊભેલા અંતેવાસીઓ ખડખડાટ હસી પડ્યાં.

'ના, પણ બાપુ, હું જેમ આપણી ગૌશાળાની ગાયનું દૂધ પીઉં છું એમ તમે પણ ગાયનું દૂધ પીઓ ખરા ?'

બાળાનો પ્રશ્ન સાંભળીને ગાંધીજીએ કહ્યું: 'ના, એ રીતે હું ગાયનું દૂધ ન પીઉં એ તારી વાત ખરી છે.'

'તો પછી કહો કે તમે બકરીનું જ દૂધ કેમ પીઓ છો ?' બાળા બોલી.

'ગાયનું દૂધ પીવા માટે આપણે વાપરીએ છીએ તેથી તેના વાછડાને દૂધ નથી મળતું ને કેટલેક સ્થળે તો ગાયનું દૂધ લેવા માટે ગાય ઉપર બહુ જુલમ ગુજારવામાં આવે છે, તેથી પછી મેં ગાયનું દૂધ પીવાનું છોડ્યું,' ગાંધીજીએ ભોજન લેતાં સમજાવવા માંડ્યું.

'તો પછી બકરીનું દૂધ લેવાનું શી રીતે શરૂ કર્યું ?' બાળાએ ટોળ કરતાંકરતાં પૂછ્યું.

'દૂધ પીવાનું જ બંધ કરેલું. પછી હું માંદો પડી ગયો. ત્યારે દાક્તરો કહેવા માંડ્યા કે તમે ફરીથી દૂધ લેવા માંડો તો જ તમારું શરીર સશક્ત રહેશે. દૂધ નહિ લો તો તમારું શરીર સારૂં થશે જ નહીં,' બાપુએ કહ્યું.

'તે તમે જરા યે દૂધ નહોતા પીતા તે વખતે તમને બહુ નબળાઈ લાગતી નહોતી ?' બાળા બોલી ઊઠી.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, એટલે જ દાક્તરોએ આગ્રહ રાખ્યો કે મારે દૂધ લેવું. દૂધ ન લેતો ત્યારે પણ બદામને પલાળીને તેને વાટીને તેનું દૂધ રોજ પીતો. એથી પણ કંઈક શક્તિ રહેતી. પણ મંદવાડમાં સપડાયો ત્યારે દાક્તરોએ ખૂબ આગ્રહ કરેલો, તેને આધારે બાએ એકવાર મને કહ્યું : 'તમે દૂધ ન પીવાનો નિશ્ચય કર્યો છે તે તો ગાયભેંશના દૂધને વિષે છે. બકરીનું દૂધ પીઓ તો ?' બાના આ સૂચનથી હું વિચારમાં પડ્યો ને પછી બાના આગ્રહથી મેં બકરીના દૂધને અપવાદ તરીકે લેવા માંડ્યું. ત્યારથી બકરીનું દૂધ નિયમિત પીઉં છું. કહે, હવે તારે તારી વાત જ કર્યે રાખવી છે કે મારું કામ પણ કરવું છે?' બાપુએ સહેજ હસીને ટકોર કરી.

'બાપુજી, તમારું કામ તો પહેલું પછી મારી વાત, કહો શું કરું?' બાળા ટટ્ટાર થઈને ઊભી થઈ ગઈ.

'જા, અંદર રસોડામાંથી મારે માટે એક ચમચો લઈ આવ.'

બાપુની આજ્ઞા માથે ઉપાડવા તત્પર ઊભેલી બાળા તરત રસોડામાં ગઈ ને ... ચમચો લાવી. તે બાપુના નાના ... પાસે નીચે ચટાઇ પર મૂક્યો ને ... 'લો બાપુજી, આ તમારો ચમચો ... બીજું કાંઈ લાવી આપું?'

'પણ આ ચમચો તો મને નહિ ...'

'કેમ શો વાંધો પડી ગયો?'

'તેં એને ચટાઈ પર મૂક્યો, ... ન મુકાય. જા, ફરીથી આ ચમચો ... સ્વચ્છ કપડાથી લૂછીને પછી લઈ ...'

બાળા તરત સમજી ગઈ કે ... માટે જે ચમચાનો ઉપયોગ થવાનો ... ચટાઈ પર કદી ન મુકાય. તેથી ... ચમચો લઈને દોડી ને ધોવા માં... ત્યાં રહેરહે બાળાએ બૂમ પાડી: '... હમણાં જ ચમચાને ખરેખર સાફ ... લાવું છું. ત્યાંસુધી રાહ જોજો.' કહેતાંકહેતાં દોડીને બાળા પાછી ... પાસે આવીને અદબથી ઊભી રહી ને ... પૂછ્યું: 'બાપુ ચમચો તમારી થાળીમાં ...'

'હા, અહીં મૂક,' બાપુજીએ હસ...

★

કસ્તૂરબાનું અવસાન ૨૨ મી ફેબ્રુઆરી ૧૯૪૪ને દિને સાંજે ૭-૩૫ વાગે થયું. આખી ... રામધૂન ચાલી. બીજે દિવસે સાડાદસ વાગે દેવદાસભાઈને હાથે બાની ચિતા પ્રજ્વલિત કરાઈ ... તો એક લાકડીને ટેકે નજદીકમાં જ ઊભા રહ્યા હતા. બે કલાક સુધી એ ચિતા આગળ ... ત્યારે એમને કહેવામાં આવ્યું કે પોતે જાય, બાકીની ક્રિયા પૂરી કરીને બીજા લોકો આવશે ... બાપુ થોડા જ ઊઠે! એ બોલ્યા :

'૬૨ વર્ષ સુધી સાથે રહીને હવે છેલ્લે દિવસે મને ઉતાવળ ય શી છે? બા પણ ...'

ઘણા લોકો ચાલ્યા ગયા, ઘણા બેસી રહ્યા, પણ બાપુ તે સ્થળેથી ન જ ઊઠ્યા. ... વાગ્યે ઉપર ગયા.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક :
અધ્યા. મનસુખલાલ ઝવેરી
એમ. એ.

આવતી કાલ

માનવ મહાનદના છે બે આરા : એક પુરુષ ને બીજો આરો તે સ્ત્રી. પ્રવાહને લીધે બંને પરસ્પર સંકળાયેલાં અને છતાં સ્થાનભેદવાળાં; એકમેક સાથે સહચાર રાખતાં છતાં નિરાળાં. આજે બંનેમાંથી કોઈ પ્રકૃતિના નિયમ પ્રમાણે વર્તતું નથી. સ્ત્રી સવારથી સાંજ સુધી તરફડિયાં મારે છે, ઝાંઝવાનાં જળ પાછળ દોડે છે, શાની અકળામણ છે, હૈયે શેની વેદના છે, કઈ ઇચ્છિત વસ્તુ મેળવવી છે, તેની એને સ્પષ્ટ કલ્પના નથી. એવી જ સ્થિતિ છે પુરુષની. સ્ત્રીથી આકર્ષાઈ એ જાણ્યે-અજાણ્યે તેના જેવો થવા પ્રયત્ન કરે છે. સમાજમાં વર્ચસ્વ પુરુષનું હોય કે સ્ત્રીનું, પણ બનેના પ્રશ્નો એના એ જ રહ્યા છે. એ જ વૃત્તિઓ જોવા મળે છે ને જીવનના આ સઘળા ગુણાકાર ને ભાગાકારને અંતે શેષ રહે છે કટુતા. આ નાટક વર્તમાન યુવક–યુવતીઓનાં માનસને સ્પર્શતા પ્રશ્નો–આકર્ષણો ને અનાકર્ષણોની સુંદર અને કલાત્મક સમીક્ષા કરે છે.

અંક બીજો

[પ્રવેશ ૧]

[દરિયાકિનારો સૂર્યાસ્તનો સમય. વિમુ અને ...ુત. વિમુએ ધોતિયું ને કફની પહેર્યાં છે, વિદ્યુતે ...ગાળી ઢબની સાડી. વિદ્યુત ગંભીર ભાવ ધારણ ...રીને બેઠી છે.]

વિમળ : આમ નીચું જોઈને ક્યાંસુધી ...સીશ, વિદ્યુત? (વિદ્યુત બોલતી નથી) રાત ...ડતી આવે છે; મોડું થતું આવે છે; ઘર ...જી દૂર છે; ને તું મૂંગીમંત્ર થઈ ગઈ છે! ...રા ઊંચે તો જો! (વિદ્યુતનું મોઢું ઊંચકે છે.)

વિદ્યુત : શું ઊંચે જોઉં, વિમળ? મને ...ક વિચાર આવ્યા કરે છે.

વિમળ : વિચારનું કામ જ આવવાનું. ...ર વિચાર કર, વિદ્યુત! તું વિચાર ...તી હોય છે ત્યારે ખૂબ સુંદર લાગતી ...ય છે, ખૂબ સુંદર!

વિદ્યુત : મારો જીવ મુંઝાય છે ને તને ...ંરી સૂઝે છે, વિમળ?

વિમળ : જીવને શા માટે મુંઝાવા દેવો ...છે તારે, વિદ્યુત? ખા, પી ને મઝા ...ને! આવી રૂપાળી તું! આવો મઝાનો ...! આપણે શી ચિંતા છે? શા માટે ...ક વિચાર કરવો પડે?

વિદ્યુત : તને કંઈ વિચાર જ નથી આવતો?

વિમળ : શા માટે આવે? હું આવવા જ ન દઉં ને? મને તો એ જ નથી સમજાતું, કે તને ય વિચાર શા માટે આવવો જોઈએ?

વિદ્યુત : ખરું છે; પણ વિચાર કંઈ હું કરવા નથી બેસતી; એ તો એની મેળે આવે છે.

વિમળ : આવે તો આવવા દે, પણ તેમાં આમ સૂનમૂન જેવી કેમ થઈ જાય છે? મને ય તેનો ચેપ લગાડે છે?

વિદ્યુત : તને માત્ર તારો જ વિચાર આવે છે, વિમળ?

વિમળ : ત્યારે કોનો આવે?

વિદ્યુત : મારો.

વિમળ : તને મારો વિચાર આવે છે?

વિદ્યુત : નથી આવતો?

વિમળ : નથી જ આવતો. કોણ કોનો વિચાર કરે છે આ દુનિયામાં? અને વિચાર ન કરે તેમાં ખોટું શું છે? શા માટે કોઈએ વિચાર કરવો જોઈએ કોઈ બીજાનો? સૌ પોતપોતાનો વિચાર કરે તે જ બસ નથી?

વિદ્યુત : વિમળ!

વિમળ : હા વિદ્યુત! અને સાચું કહું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતપોતાનો યે વિચાર કરવાની શી જરૂર છે સૌને? વિચાર કરીકરીને વર્તવાથી કોણ સુખી થયું છે? સુખ માત્ર એક જ રીતે મળે: જે ઘડીએ જે જાતના સંજોગ ઊભા થાય તે ઘડીએ તે જાતનું જીવન જીવવાથી.

વિદ્યુત : તેમ છતાં મને લાગે છે, વિમળ, કે આપણે વિચાર કરીએ...

વિમળ : કરીએ તો પછી. ચાલો...

વિદ્યુત : મશ્કરી નહિ. હું ગંભીરતાથી કહું છું.

વિમળ : મશ્કરી નહિ. હું ગંભીરતાથી સાંભળું છું. કહો, શો વિચાર કરીએ?

વિદ્યુત : લગ્નનો.

વિમળ : કોનાં?

વિદ્યુત : આપણાં સ્તો!

વિમળ : કોની સાથે?

વિદ્યુત : એકબીજાની વળી!

વિમળ : આપણાં લગ્નનો વિચાર?

વિદ્યુત : હા, આપણાં લગ્નનો વિચાર.

વિમળ : શા માટે?

વિદ્યુત : મને એમ લાગે છે એટલા માટે.

વિમળ : મને નથી લાગતું. મેં તો ઇન્દુ, બિન્દુ, માધવી, પલ્લવી, શહેરાં, મહેરાં, રોશન, કિસ્મત, લ્યુસી, ફેની, મેખલ, વિભૂતિ, કેટલી ય છોકરીઓ જોઈ; પણ કોઈને લગ્નનો વિચાર આવ્યો જાણ્યો નથી.

વિદ્યુત : મને આવે છે.

વિમળ : કેમ?

વિદ્યુત : મારું હૃદય ઊંડેઊંડેથી પોકારી રહ્યું છે.

વિમળ : (ખડખડાટ હસીને) હવે જોયું તારું હૃદય! ને જોયો તેનો પોકાર! લગ્નમાં તે શું બળ્યું છે?

વિદ્યુત : કેમ?

વિમળ : લગ્ન એટલે બહારનો આચાર ને ગુલામીની સાંકળ. તું સ્ત્રી થઈને એ ધતિંગને—

વિદ્યુત : મને લાગે છે, વિમળ! કે તું મારે માટે નિર્માયો છે!

વિમળ : કેમ જાણ્યું?

વિદ્યુત : તને જોઈને મારું હૃદય ... ઊઠે છે.

વિમળ : કંઈ ગાંડી થઈ કે શું? ... કોને જોઈને નાચી ઊઠે ને કોને ... નહિ, એનું ઠેકાણું નથી. આજે મને ... તારું હૃદય નાચે, કાલ કોઈ બીજાને ... એમ તો મારું હૃદય કેટલી યે વાર ... ઊઠ્યું છે! ને એ બધીવાર હું લગ્ન ... બેઠો હોત તો અત્યાર સુધી હું ... કરતો હોત! આજે ચૉકલેટ નથી ...

[વિદ્યુત ચૉકલેટ આપે છે તે ખાતાંખાતાં]

વિમળ : હવે, મઝા આવી.

વિદ્યુત : વિમળ! આપણે બે ... સુંદર, આવાં સમર્થ, આવાં તેજસ્વી, ... બીજાંને આવાં અનુરૂપ! હું કમાઉં, ... ઘર સંભાળ: હું બહારનું સંભાળું, તું ... ની વ્યવસ્થા રાખ. હું તને સુંદર ... બાળકો આપું, તું તેને સમર્થ ને ... બનાવ. હું અને તું મળીને, ચાલ, ... સંસાર રચીએ.

વિમળ : મને આ બધાં ટાયલાંમાં ... નથી પડતી, વિદ્યુત! રચીશું સંસાર ... જ પડશે તો ક્યારેક ને કોઈક વાર. ... તો મઝા માણી લો. અત્યારે એ બધી ... શી? અત્યારમાં હજી એ ગુલામીની ... શા? ચીયર અપ, ડિયર, બી એ ...

વિદ્યુત : એ વાત તો ખરી, ... ભલે આપણે લગ્ન ન કરીએ; પણ ... સાથે ને સાથે ન રહી શકીએ? ... હોય છે ત્યારે મને એવું ગમે છે, ... છે, વિમુ! તું સાચે જ લવ્લી ... તારાથી જુદું પડવું મને ઘડીયે ગમ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સિગારેટ, વિમળ!

[વિમળ સિગારેટ લે છે. સળગાવીને વિદ્યુતના હોઠોમાં મૂકે છે. બીજી સળગાવીને પોતે પીએ છે. થોડીવાર બન્ને મૂંગાં બેસી રહે છે. દરિયામાં ભરતી આવતી હોય છે. ફીણફીણ બનીને મોજાં કિનારા પર વિખેરાઈ પડતાં હોય છે. સૂર્ય લગભગ આથમી જવા આવ્યો હોય છે. પશ્ચિમની ક્ષિતિજે રતૂંબડી રંગશોભા ખીલી નીકળી હોય છે. વિદ્યુત સિગારેટના ધુમાડાનાં વર્તુલો સામે શૂન્યમનસ્ક જેવી જોઈ રહે છે. વિમળ સિસોટી વગાડતો-વગાડતો વિદ્યુતને જોયા કરે છે.]

વિદ્યુત : (થોડીવારે) કોણ જાણે કેમ, પણ આજે મને એમ થયા કરે છે, વિમળ, કે આવે વખતે હું ઘેર પાછી આવતી હોઉં. હસતે મોઢે મારો સત્કાર કરવાને તું આંગણાંમાંજ ઊભો હો. હું ઘેર આવું. હાથમોં ધોઈ સ્વસ્થ થઉં. તું ચા બનાવી લાવે. આપણે પીતાં હોઈએ. આથમણી બારીમાંથી આવતા સૂર્યાસ્તના રંગો ફૂલદાનીનાં ફૂલને અલૌકિક ઝાંયથી રસી દેતાં હોય ને વાયુની લહરી મીઠું મીઠું અડપલું કરીને એને ડોલાવતી હોય. રેડિયોમાંથી ધીમું ધીમું સંગીત આવતું હોય ને ગલગોટા જેવાં નાનકડાં...વિદ્યુત ને વિમળના ખડખડાટ હાસ્યે આખા ઘરને જીવનથી છલકાવી દેતાં હોય!

વિમળ : (ખડખડાટ હસીને) ગાંડી થઈ, વિદ્યુત કે શું? આ કવિ બનવા ક્યારથી લાગી? મેં તો આવાં ઘર કોઈ દી જોયાં નથી! અમારે તો રાત પડયે સુહાસિની બહેન ઘેર આવે. સરોજભાઈ સામે ઘૂરકે. એમને કોઈવાર ધમકાવે, કોઈવાર લાડ લડાવે. સરોજભાઈની યે જીભ આખો દી સળવળ્યા કરતી હોય તે એને મેદાન મળે; ને બંને મંડે એકબીજાંની પેઢીઓ ખોતરવા. કોઈવાર રસોઈ થઈ જ ન હોય; તો કોઈવાર થયેલી રસોઈ પડી રહેતી હોય! ને અરે ત્યાં યે–

વિદ્યુત : (ફિક્કું હસીને) તું ક્યાં નથી જાણતો, વિમળ? મન્દાકિની બ્હેન ને રમણભાઈ પણ બીજું શું કરે છે આખો દિવસ? આખું ગામ ક્યાં નથી જાણતું કે મન્દાકિની બ્હેન કદી ઘેર હોતાં જ નથી! ને હોતાં નથી તેનું કારણ રમણભાઈ છે! એ તો બે મળ્યાં કે તરત મારી વાત શરૂ થાય; ને બીજી મિનિટે રમણભાઈની ગાળો ને ગર્જનાઓ–

વિમળ : તો પછી નકામાં ગાંડાં શાનાં કાઢવા બેઠી'તી, વિદ્યુત! આ મઝા તે એવી શી ખટકે છે કે હાથે કરીને તું બંધનો ઊભાં કરવા માગે છે? સાંજે તે માણસ ઘેર હોય તે શોભે કે ક્લબમાં? રાત્રે એકાદ સારી હોટેલમાં ડિનર, એકાદ પિક્ચર, સરસ જોલી ગુડ ટાઈમ! ડિયર ડિયર! લાઈફ 'સ રિયલી એ ફન! ને નાનાંનાનાં વિદ્યુત ને વિમળ? અનાથાશ્રમમાંથી જોઈએ ત્યારે નહિ મળે? કે આપણે એ જંજાળ ઊભી કરીએ? આ તો તું પેલા જૂના જમાનાના બોચિયાઓ જેવું બોલવા લાગી! જાણે પ્રેમમાં પડી હોય તેમ!

વિદ્યુત : છટ! નૉન્સેન્સ! પ્રેમમાં તે શું પડવા જેવું હતું! પ્રેમ જેવું છે જ શું આ દુનિયામાં?

વિમળ : ધેઅર યુ આર, ડિયર! આ તો બધાં બાયોલોજિકલ આકર્ષણો છે, વિદ્યુત!

વિદ્યુત : એ હું નથી જાણતી, વિમળ?

વિમળ : ત્યારે પેલાં ચીંથરાં શાં પાડતી'તી ડિયર?

વિદ્યુત : ચીંથરાં નહિ, વિમુ! પણ આજે તને હું જોઉં છું ને કોણ જાણે કેમ પણ મને તને મારો જ બનાવી દેવાનું મન થઈ જાય છે!

વિમળ : અરે પણ, લગ્ન કરવાની ઉતાવળ હોય તો મને હોય કે તને, મૂરખ?

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તને તારા રોટલાની ક્યાં ચિંતા છે?

વિદ્યુત : ને તો યે....

વિમળ : લે, ચાલ, ચાલ, આવી વાતોનો કશો અર્થ નથી. ક્લબમાં જઈએ. ત્યાં મઝા આવશે.

(જાય છે.)

પડદો

[પ્રવેશ ૨]

[નયનકિશોરનું ઘર. બપોરનો વખત. નન્દન હાથમાં ઝોળી લઈ ને આવે છે. નન્દને ખૂલતો પાયજામો ને ખમીસ પર જાકીટ પહેર્યાં છે. માથે રિબન, મોંમાં પાન, આંખે સુરમો.]

નન્દન : કેમ! આવું કે નીનુ?

નયન : કોણ નન્દુ? આવ, ભાઈ, આવ. આજે તો કંઈ તું ભૂલો પડ્યો!

નન્દન : આ બાજુ નીકળ્યો, તે થયું, લાવ, નીનુને મળતો આવું. ઘણા દિવસ થયાં મળ્યો નથી!

નયન : સારું થયું, ભાઈ. મારું હૈયું ઠર્યું. હું યે તને કેટલા દિવસ થયાં યાદ કરતો હતો!

નન્દન : યાદ તો હું યે તને કેટલાક દિવસ થયાં કરતો 'તો, ભઈલા! પણ (ગળગળો થઈ ને) વખત જ મૂઓ મળતો નથી!

નયન : કેમ? કામવાળી હજી નથી આવી?

નન્દન : ના રે (ઝળઝળિયાં ભરાઈ આવે છે.) કામવાળાં સાળાં મળે છે જ ક્યાં? એક આવી'તી. ત્રણ દિવસ ટકી ને ચોથે દિવસે આવી જ નહિ!

નયન : કામવાળાંની ટેવ જ એવી હોય છે, અગાઉથી કહેવા-કરવાની વાત જ નહિ! તમે રાહ જોઈ ને બેસી જ રહો. સવારે દેખાય એ બીજા!

નન્દન : હાસ્તો, પેટમાં શું દુખે છે એની વાત કરતાં હોય તો ખબર તો પડે. આ તો રાત સુધી મૂંગે મોઢે કામ કરતાં હોય ને સવારના પહોરમાં અલોપ.

નયન : તે બીજું કોઈ માણસ...

નન્દન : (ગળગળો થઈને) ક્યાં મળે નીનુ!

નયન : વિધુબહેન–

નન્દન : (આંખમાં આંસુ સાથે) હું પગે લાગું, ભઈલા. મારું ક્યાંક મોત કરીશ તું.

નયન : કેમ? અહીં કોણ છે તે શા માટે...

નન્દન : મેં તને એકવાર કહ્યું ભઈલા કે એ વાત જવા દે. તને નથી ખાપુ, કે ભીંતને ય કાન હોય ને પેલો મારો આગલા ભવનો વેરી મારી પાછળ પડ્યો છે. (આંસુ ભરાઈ આવે)

નયન : કચવાઈએ નહિ, ભાઈ! દિવસ કંઈ એક સરખા જતા નથી. ખોદે તે પડે.

નન્દન : ખરું, ભઈલા, પણ દુનિયા કેવી છે તે તું ક્યાં નથી જાણતો! ઝાઝું થોડું કરીએ છીએ તે કોના આપણા માણસ માટે આપણને લાગે હોય તો કોને પરાયાને હોય? (ગળગળો થઈ જાય છે) પણ નીનુ ભઈલા, આજ તો પોતીકાં જેવાં લાગે ને પોતાનાં હોય તે કણાની જેમ ખટકે છે. (આંખો લૂછે છે)

નયન : તેમ છતાં સતનો કાંઈ મટી ગયો છે નન્દુ! સત કાંઈ થોડું જ મોડું બહાર આવ્યા વિના રહે છે? કેમ બોલતો નથી?

નન્દન : ખરી વાત છે. એ તો અહીં જ છે. નીનુ કોઈને કહેતો પણ સાંભળ્યું છે કે રમણિયાની વિધુ ડાબળી જરા...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નયન: ચસ્કી ગઈ છે? શું કહે છે, નન્દુ?

નન્દન: કાનને દોષ છે, ભઈલા! પહેલાં કહેતી'તી: મારે પરણવું છે. હવે કહ્યા કરે છે: મારે એ જંજાળ નથી જોઈતી. બહુ રખડવા પર ચડી'તી. માબાપે ધ્યાન ન રાખ્યું. ફાવે તેમ ફરવા દીધી ને હવે પસ્તાય છે. કહે છે કે સરોજના વિમુડાએ એને કંઈક ખવડાવી દીધું છે!

નયન: સરોજનો વિમુડો ને? મેં તને નહોતું કહ્યું કે એ છોકરાનાં લખણ સારાં નથી? સરોજડો એને ફટવ્યા કરે છે. હું તને શું કહું નન્દુ, પણ કહે છે કે વિમુડો હવે એટલો તો ફાટ્યો છે કે સુહાસિનીને ય ગણકારતો નથી! ને સરોજડાને રાતે પાણી-એ રોવડાવે છે!

નન્દન: એ તો હાથનાં કર્યાં હૈયે વાગે, ભઈલા. કોઈ નિર્દોષનું ઘર ભંગાવવા નીકળે તો (ગળગળો થઈ જાય છે.) ભગવાન કેમ સાંખે? સરોજનો વિમુડો આમ વંઠ્યો, ને રમણિયાનું છતી દીકરીએ નસંતાન નીકળ્યું! કોઈને કહેતો નહિ, ભઈલા, પણ કહે છે કે વિમુડાએ વિદ્યુતને કીધું: આપણે લગન કરીએ. વિદ્યુતે ઘરમાં વાત કરી. મન્દાકિનીએ રજા આપી. કહ્યું: કર. માડી! ઘરસંસાર તારે એની સાથે ચલાવવાનો છે. એટલે તારું મન માનતું હોય તો ખુશીથી પરણ વિમુડાને. પણ રમણિયાએ ના પાડી. એણે કહ્યું: મારી દીકરી પરણીપરણીને વિમુડાને પરણે? અમારે તો અમારું ઘર શોભાવે એવું માણસ જોઈએ. ખોટી છોકરાઓની ક્યાં ખોટ છે અમારે? ભલભલા ધનેતરોનાં માગાં અમારા ગજવામાં પડયાં છે!

નયન: પડયાં યે હોય નન્દુ! વિદ્યુત છોકરી સારી છે ને એની મા મોટી પ્રિન્સિપાલ છે.

નન્દન: અરે! શું પડયાં હોય, ધૂળ ને પથ્થર! રમણિયાને તો મોટીમોટી વાતો કરવાની ટેવ છે! ને પ્રિન્સિપાલ એટલે (નયનનો હાથ દાબી, આંખો મચકાવી) તો જાણે સમજ્યા! બધું બાંધી મૂઠીમાં રાખવા જેવું છે એ તો. (ખડખડાટ હસે છે.) હા, છોકરી સારી ખરી; પણ એ ય હવે તો થઈ ગઈ ને ગાંડી? (હસે છે) હવે ભલે રમણિયો ગજવાં તપાસ્યા કરે! ને ધનેતરોનાં માગાં ફંફોળ્યા કરે! (ખડખડાટ હસતાહસતાં આંખમાં આંસુ આવી જાય છે.)

નયન: પણ આ બધાં કરતૂક વિમુડાનાં, ખરું?

નન્દન: વિમુડો શું કરતો'તો? રમણિયાને એનાં પાપ નડયાં. એણે નિર્દોષોના ઓછા નિસાસા લીધા છે? અદેખો નહિ તો!

નયન: અદેખાઈ તો સરોજમાં ય ઓછી નથી, નન્દુ! ને વિમુડાના યે કોણ જાણે શા હાલ થશે!

નન્દન: ભગવાન સૌનું ભલું કરે, ભઈલા! આપણે શું તેમાં? સૌ સૌનું કર્યું ભોગવશે. પણ, બેસ ત્યારે, નીનુ, હું જઉં.

નયન: જવાય છે હવે. એટલી બધી શી ઉતાવળ છે? સિનેમા–બિનેમામાં જવું છે કે શું?

નન્દન: (ગળગળો થઈ જઈ) અમારાં એવાં ભાગ્ય ક્યાંથી હોય, ભઈલા! આ તો છોકરાં ય પાછાં નિશાળેથી ઘેર આવશે. સૌનાં ચોટલાં ને ચાંદલાં ને મોઢાં ને માથાં કરવામાંથી જ હું ઊંચો આવતો નથી! કોઈ વાર તો (આંખમાં આંસુ) એવો કંટાળો આવે છે, નીનુ, કે મને થાય છે કે ક્યાંક ચાલ્યો જઉં. પણ–પણ જવું કોને ત્યાં? વિધુબહેનને કહીએ તો કહેશે: ક્યાં ય જવું નથી. ઘર ઝાલીને બેસી રહો. (ગળગળો થઈને) નહિ તો, ભઈલા, મને ય મન નહિ થતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય સૌની જેમ હરવાફરવાનું ?

નયન : હાસ્તો. ને તારી હજી ઉંમર પણ એવડી ક્યાં થઈ છે ? આ તો છોકરાં-વની જંજાળ આવી પડી એટલે એમ. નહિં તો તું ને વિધુબહેન તો હજી હરવાફરવા જેવડાં કહેવાઓ.

નન્દન : મારો ભઈલો !

નયન : હરવાફરવાથી મન પણ કેટલું મોકળું થાય ? અમે ગયે વરસે માથેરાન ગયાં હતાં તે કેવી મઝા આવી હતી !

નન્દન : તું તો નસીબદાર છે, ભાઈ !

નયન : ને અમે તો તે દિવસનું નક્કી કર્યું છે, નન્દુ ! કે ગમે તે થાય પણ વરસે એકવાર બહાર નીકળી જવું.

નન્દન : તેં તો પાંચે આંગળીએ પૂરાં પૂજ્યાં હશે, ભઈલા !

નયન : ને આમ પણ મન જરાક મુઝાય કે અમે તો જઈને બેસી જઈએ સિનેમામાં ...સરોજ અમારી કરડાકી કરે છે તે જાણું છું; પણ એની આંખમાં ધૂળ.

નન્દન : પાડોશી ઊઠીને કરડાકી નહિ કરે તો કોણ કરશે, ભઈલા ! અમારે પણ પેલો રમણિયો......

નયન : તને કહેવામાં વાંધો નહિ, નન્દુ. પણ તારી બહેનનો સ્વભાવ બહુ હોંશીલો. મારો જીવ જરાક ટૂંકો. પણ એ તો કહેશે કે એવો અભાગિયો જીવ ન રાખીએ. કોણ કોના નસીબનું ખાય છે એની કોને ખબર છે?

નન્દન : (આશ્ચર્યથી) નીતુ !

નયન : હા, નન્દુ ! હમણાં એક દી એણે વિમુડાને જોયો. એની કફનીનું લૂગડું એમને ગમી ગયું. મને કહે : તારે માટે ય એવું લાવીએ. મેં કહ્યું : મારે એવા ભપકા તે હોય હવે આ ઉંમરે ? એમણે કહ્યું : કેમ નહિ ? મારે મન તો તું વિમુડા જેવડો જ છે– હેં...હેં...હેં...હેં... નન્દુ, એ તો એવું એવું બોલે . કે આપણે મૂઆ શરમ... જ મરીએ ! (હસે છે.)

નન્દન : પછી લાવ્યા તમે એવું કપડું ?

નયન : કફનીનું જ નહિ, ખમીસ, પા... જામા, ઝભ્ભા, પહેરણ ને સૂરવાલનું ... ખરું.

નન્દન : ભાગ્યશાળી, ભાઈ !

નયન : ને હવે કહે છે કે તારું દાં... ચોકઠું નવું કરાવીએ. હું કહું છું : ... જરૂર છે ? છે તે ચોકઠું શું ખોટું છે ... દસ વરસથી સારું કામ આપે છે. તો ... કહે છે, ના, હવે નવી ઢબનાં ચોકઠાં ... છે. આપણે એક બનાવડાવીએ. એ ... આવે ને આપણાથી મૂઈ ના પણ કેમ પડા... આપણે કંઈ પેલા નખોદિયા સરોજ ... છીએ ? ખોટું કહેતો હોઉં તો કહેજે, ન...

નન્દન : તારાં પુણ્યનો કોઈ પાર ન... નીતુ ! અમારે તો પેલો રમણ...(આંખમાં ઝળિયાં ભરાઈ આવે છે.)

નયન : મરશે સૌ પોતપોતાનાં ... પણ તને શી વાત કહું, નન્દુ ! હમણાં ... એ સેન્ટ ને અત્તરની બાટલીઓ પ... લાવ્યાં છે. કહે છે કે માણ્યું તેણે ...

નન્દન : એ તો એ સ્તો !

નયન : પણ આ બધાંનું કારણ ... છે, નન્દુ ? તારાં બહેનનો સ્વભાવ બહુ ... સવારે હું રસોઈ કરતો હોઉં ત્યારે ... સામે એ શાકભાજી સુધારવા બેસી ...

નન્દન : એમ કે ?

નયન : ને અમારા પાડોશમાં તો ... [સાનીબહેન પોતાના ઓરડામાં ભરા... હોય, સૌભાગ્યવાન સરોજકુમાર ... તાણતાતાણતા રસોડામાં રસોઈ ... હોય ને લાડકવાઈ વિમુદીકરી ... તો અરીસા સામે બેઠીબેઠી પાન ... હોય ને ચેનચાળા કર્યા કરતી હોય !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નન્દન : એ તો એવું જ હોય ને ? પણ બેસ, નીતુ, મારે હવે જવું જ જોઈએ.

નયન : સાચે જ ? ઘણા દિવસે મળ્યો છે, ભૂંડા, ઘડીક બેસ તો ખરો !

નન્દન : હવે વળી કોઈ બીજીવાર વાત. (ઉતાવળો થતાં) અત્યારે તો–

નયન : પણ ચા મૂકું. હમણાં થઈ જશે.

નન્દન : હું પીને જ નીકળ્યો છું.

નયન : ત્યારે ?

નન્દન : ટા...ટા ! ટા...ટા !

નયન : ટા !

[નન્દન જાય છે.]

પડદો

[પ્રવેશ ૩]

[વિમળનું ઘર. સવારનો વખત. ચાના ટેબલ પર સુહાસિની, સરોજ ને વિમળ બેઠાં છે.]

સુહાસ : આંખો આટલી બધી લાલ કેમ લાગે છે, વિમળ !

સરોજ : આંખો લાલ ન હોય ? રાત્રે કેટલો મોડો આવે છે ?

સુહાસ : મોડો કેમ ?

સરોજ : મને શી ખબર ? આ રહ્યો તમારો કુંવર. એને જ સીધું પૂછો ને !

[સુહાસ ચા પીવા લાગે છે. વિમળ જરા મોઢું મલકાવીને સરોજ સામે જુએ છે.]

સરોજ : એમાં હસે છે શું ? તારી મમ્મી પૂછે છે એને જવાબ દે ને ?

વિમળ : એ મારો અંગત પ્રશ્ન છે, પપ્પા ! તમે એમાં ન સમજો.

[સરોજનું મોઢું પડી જાય છે. એ સુહાસ સામે જુએ છે. સુહાસ મૂંગીમૂંગી ચાનો ઘૂંટડો પીએ છે.]

સરોજ : તે આટલું યે પૂછવાનો અમને હક્ક નહિ વિમળ ?

વિમળ : કોઈને કોઈની અંગત બાબતમાં માથું મારવાનો હક્ક ન હોઈ શકે, પપ્પા !

સરોજ : એટલે ?

વિમળ : એટલે શું ? અમે હવે મોટાં થયાં; અને મોટાં છોકરાંઓને થોડી સ્વતંત્રતા હોવી જોઈએ.

[વિમળ અને સરોજ બન્ને સુહાસ સામે જુએ છે. સુહાસ ચા પીધે રાખે છે]

સરોજ : (સુહાસને) સાંભળો છો ને ? આ બેશરમ કેવો ફાટે મોંએ બોલ્યા કરે છે ?

[સુહાસ કશો જવાબ નથી આપતી.]

સરોજ : (વિમળને) હશે ભાઈ ! એમ બોલવામાં તારી શોભા વધતી હોય તો એમ બોલ. અમે ય અમારાં માબાપને ઓછાં લાડકાં નહોતાં. પણ અમારી જીભ તો કોઈ દી આમ ઊપડતી નહોતી !

વિમળ : એમાં મારો શો વાંક, પપ્પા ! હું ક્યાં તમારી જીભને પકડી રાખવા આવ્યો'તો ?

સરોજ : લે, લાજ લાજ હવે. આ મારી તો ઠીક, પણ તારાં મમ્મી બેઠાં છે તેની તો જરા શરમ રાખ, નફ્ફટ ! ગમે તેમ વેતરવા મંડ્યો છે તે !

વિમળ : સાચી વાત કહીએ એમાં વેતરાયું શું ? પપ્પા ! તમે રોજરોજ કહ્યા કરો છો : આમ કેમ કર્યું ને તેમ કેમ ન કર્યું ? આ શા માટે પહેર્યું ને તે શા માટે ઉતાર્યું ? આમ શા માટે ગયો ને તેમ શા માટે ન ગયો ? તે હું તમને પૂછું છું, પપ્પા ! ઉંમરલાયક છોકરાઓને કંઈ સ્વતંત્રતા હોય કે નહિ ?

સરોજ : મોટો ઉંમરલાયક ન જોયો હોય તો ! અમે તો કંઈ એવી સ્વતંત્રતા નહોતા માગતા !

વિમળ : તમે તમારી જાતને આટલી બધી આદર્શ શા માટે ગણો છો, પપ્પા ?

[ફરી બન્ને સુહાસ સામે જુએ છે. સુહાસ મૂગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઢે આ પીધા કરે છે.]

સરોજ : ભલે, તને અમે જન્મ આપ્યો ને ઉછેર્યો ને ભણાવીગણાવીને મોટો કર્યો, ભાઈ!

વિમળ : આમાંની કઈ વસ્તુ તમે મારા કહેવાથી ને મારી ખાતર કરી હતી પપ્પા?

સરોજ : માડી રે! આને જરાય લાજ આવે છે? નફ્ફટની માફક કેવો લવલવાટ કર્યા કરે છે? એની મમ્મીને ય...

વિમળ : શટ અપ, પપ્પા! મમ્મીને વાતવાતમાં વચમાં ન લાવો. પોતાનું ચાલતું અટકે એટલે ઉશ્કેરે મમ્મીને! એમ મમ્મીની સાથે હું બાઝી નહિ પડું!

સરોજ : (ત્રાડ પાડીને) તે હું તને તારી મમ્મી સામે ઉશ્કેરી રહ્યો છું, એમ ને? લે ભાઈ, તને ન ગમતું હોય તો આ હું મૂંગો બેસું. મારે શું. તું જાણે ને તારી મમ્મી જાણે! આવડો અંગૂઠા જેવડો છોકરો બડબડ બડબડ બોલી રહ્યો છે ને પોતે ટગર ટગર જોયા કરે છે! ને ઘૂંટડેઘૂંટડે ચા પીધા કરે છે! (આંસુ આવી જાય છે) મને ખબર છે. તમને માદીકરામાંથી કોઈને ય હું ગમતો નથી. તમને બેયને હું આંખના કણાની જેમ ખટકી રહ્યો છું એ ઘણું ય સમજું છું. પણ શું કરું? ક્યાં જઉં? આ ઉંમરે મને કોણ સંઘરે? ભાઈ, બાપ, મા, બહેન, કોઈ ન રહ્યું; ને પિયરની દિશા બંધ થઈ ત્યારે મારે આ દિવસ જોવાનો વારો આવ્યો ને? આવડો ટિનખબુડિયો છોકરો ગમે તેમ બોલ્યા કરે ને મમ્મી એને...

[બોલતાંબોલતાં રડી પડે છે, સુહાસ અને વિમળ એને જોયા કરે છે. થોડીવારે]

વિમળ : એમ રડવાનો કશો અર્થ નથી, પપ્પા! આડીઅવળી વાતો કર્યે શું વળશે? મૂળ વાત એ છે કે તમને છોકરું ઉછેરતાં આવડ્યું નહિ! એક તરફથી તમે લાડ લડાવી-લડાવીને મારો બેટલો વાળ્યો ને બીજી તરફ કડકાઈ ન રાખવી જોઈએ ત્યાં ક... રાખી! લાંબા ગાળાનાં પરિણામનો ... વિચાર કર્યો નહિ; ને માત્ર કામચલાઉ થીંગડાં દઈદઈને તમે ચલાવ્યે રાખ્યું! ... થીંગડિયાનીતિ ક્યાંસુધી નભે? અમે ... માટીના લોંદા જેવા તમારા હાથમાં આ... હતા. તેમાંથી તમે જેવો અમારો ઘાટ ઘ... તેવા અમે ઘડાયા! હવે તમે અકળાઈ... ભડકીને ભાગો એ કેમ ચાલે?

સરોજ : માડી રે! આ ટાબરિયો ... છોકરાં કેમ ઉછેરવાં તે શીખવવા બેઠો ... હું પંચાવન વરસનો બુઢ્ઢો તે મૂરખ ... આજકાલનો આ વિમુડો મને ડહાપણ શીખ... (રડે છે) મારા ઘરનું માણસ જ મારું ... ત્યારે મારે આ વખત જોવાનો વારો આવે ...

[ઠૂઠવો મૂકે છે ને ઊભો થાય છે.]

તમે જાણો ને તમારું કામ જાણે! ... આવો ફાટીને સાંઢડા જેવો થયો છે, ... આંખ નહિ ઊઘડે તો તમે પસ્તાશો! ... મારે શું?

[સરોજ ચાલ્યો જાય છે વિમળ સુહાસ ... હસે છે.]

સુહાસ : વિમળ!

વિમળ : પપ્પાને એવી જ ટે... મમ્મી! ખોટે ખોટું બસ દબડાવ્યા ...

સુહાસ : એ તો ઠીક વિમળ! ... તારા પપ્પાની વાત આમ શી ખોટી ...

વિમળ : ખોટી કેમ નહિ, ... અમને બસ કંઈ જ સ્વતંત્રતા ન હો...

સુહાસ : (શાંતિથી) સ્વતંત્રતા ...

વિમળ : ત્યારે અમારે ફરવા ... એમ?

સુહાસ : ફરવા જવાની ના નથી, ... પણ તું હવે મોટો થયો ને મોડી રાત ... ઘેર ન આવે તે સારું કહેવાય? ... જાત. તને હરવાફરવાની સ્વતંત્રતા ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ એ કબૂલ; પણ માબાપ તરીકે અમારી યે કંઈ ફરજ હોય ખરી કે નહિ?

વિમળ : એટલે અમારે તમે કહો તેમ ફરવાનું ?

સુહાસ : ફર, એમાં ખોટું શું છે વિમુ? માબાપના કહેવા પ્રમાણે કરીએ તો સ્વતંત્રતા હરાઈ જાય એવું તું શા માટે ધારે છે?

વિમળ : એવું હું ક્યાં કહું છું મમ્મી! પણ અમને ય કંઈ સ્વતંત્રતા તો હોવી જોઈએ ને!

સુહાસ : મૂરખ છે કે શું? વાતેય સમજતો નથી ને પોપટની માફક વગરસમજ્યે પઢ્યા કરે છેઃ સ્વતંત્રતા, સ્વતંત્રતા, સ્વતંત્રતા! તે તારી સ્વતંત્રતા એટલે શું ફાવે તેમ ફરવાની ને વર્તવાની છૂટ, એમ?

વિમળ : ના, પણ સ્વતંત્રતા એટલે અમને અમારો વિકાસ અમારી મેળે સાધવા દેવાની છૂટ.

સુહાસ : તમારો વિકાસ! તમે પાંચપંદર જુવાનડાં...

વિમળ : અમારી જુવાનીની અદેખાઈ શા માટે કરો છો, મમ્મી! હેં...હેં...હેં...હી...હી...હી...હી... (હસે છે.)

સુહાસ : (આંખ લાલ કરીને) તું તારા પપ્પાની સાથે વાત નથી કરી રહ્યો, વિમળ!

વિમળ : (મૂગો થઈ જાય છે.)

સુહાસ : તમે પાંચપંદર જુવાનિયાં ભેગાં થાઓ. મોડી રાત સુધી કલબમાં પાનાં ટીચ્યા કરો, નાચ્યા કરો કે ઢીંચ્યા કરો, કૉન્સર્ટોને બહાને ઠાઠાઠીઠી કર્યા કરો, ને છૂટા આખલાઓની માફક ફાવે ત્યાં ભમ્યા કરો. આ તમારો વિકાસ ને આ તમારી સ્વતંત્રતા!

વિમળ : ગાળ શા માટે દો છો, મમ્મી?

સુહાસ : શટ અપ! નથી ભણવું, નથી ગણવું, નથી કોઈ જવાબદારી ઉપાડવી. ને જાનવરની માફક ભટક્યા કરવું છે! મોટી સ્વતંત્રતા ન જોઈ હોય તો! આ તને કહી દીધું, વિમળ! કાલથી સાંજે સાત વાગ્યામાં ઘેર આવી જજે!

વિમળ : નહિ તો?

સુહાસ : નહિ તો? (તમાચો ચોડે છે.) લે, આ એક નહિ તો, આ બીજો નહિ તો, આ ત્રીજો નહિ તો, આ ચોથો, આ પાંચમો.

[ઉપરાઉપરી તમાચા ચોડવા માંડે છે. વિમળ ગાલ પંપાળતો બૂમાબૂમ કરે છે.]

વિમળ : એ પપ્પા...મરી ગયો...મમ્મી. ભૂલી ગયો, ભાઈસાબ...ભૂલી ગયો...મરી ગયો...એ પપ્પા...પપ્પા...

[સરોજ દોડતોદોડતો આવે છે.]

સરોજ : શું છે? શું છે? અરે! જરા વિચાર તો કરો! આટલો બધો મરાય?

[વચમાં પડે છે]

સુહાસ : (સરોજને બેચાર તમાચા ચોડી કાઢતાં) તું યે લેતો જા, હરામખોર! દીકરો દીકરો કહીને છોકરાનો આટલો વાળી નાખ્યો ને પાછો અત્યારે બચાવ કરવા આવે છે?

[સરોજ રોતોરોતો વિમળને પોતાના પડખામાં લે છે ને પંપાળે છે]

સુહાસ : તમને કોઈ કહેવાવાળું છે કે નહિ? બોલતાં નથી, એટલે તમે શું એમ સમજી ગયાં છો કે તમને ફાવે તેમ વર્તવાની છૂટ મળી ગઈ છે?

સરોજ : (રડતાંરડતાં) મને તમે ભલે માર્યો, ધણી છો; પણ વિમુડાને મારતાં તમારે વિચાર તો કરવો'તો! આટલો બધો જાનવરની માફક તે મરાય?

સુહાસ : શટ અપ! વિમુડામાં માણસનું એકેય લક્ષણ ઊગવા દીધું છે તેં? જાનવરની સાથે જાનવરની રીતે ન વરતે તો શું એને પૂજે? (વિમળને) વિમુડા!

વિમળ : (ડુસકાં ભરતોભરતો) ...હું...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુહાસ : સરખો જવાબ દેતાં નથી આવડતો? આમ આવ...આમ ઊભો રહે. ચલાવ...

[ધ્રૂજતોધ્રૂજતો સુહાસની સામે ઊભો રહે છે.]

સુહાસ : આ ઘરમાં રહેવું હોય તો અમે કહીએ તેમ કરવું પડશે, છે કબૂલ ?

[વિમળ જવાબ દેતો નથી. આડી આંખે સરોજ સામે જુએ છે. સરોજ રૂમાલથી આંખો ઢાંકી દે છે.]

સરોજ : (જરા ઊંચે સાદે) ચાલ બોલ, જવાબ દે...છે કબૂલ ?

વિમળ : (હીબકાં ભરતાંભરતાં) હા.

સુહાસ : હા નહિ. બદમાશ કહે, કે કબૂલ.

વિમળ : કબૂલ.

સુહાસ : જા ત્યારે... ચૂપચાપ બેસી જા તારા ઓરડામાં. ખબરદાર જો જરા ય અવાજ આવ્યો છે તો !

[વિમળ જાય છે.]

સુહાસ : આ બધા તારા પાપનાં ફળ, સરોજ !

સરોજ : (રડતાંરડતાં) મારા પાપનાં શાનાં ?

સુહાસ : છોકરાને તેં લાડ લડાવ્યાં ને એની જિંદગી બગાડી !

સરોજ : એમાં હું શું કરું ? છોકરાને સુધારવાની ફરજ મારા એકલાની જ છે કે તમારી યે ખરી ?

સુહાસ : (થોડીવાર વિચારમાં પડી ને) મારી યે ખરી, સરોજ ! તારી વાત સાચી છે. મારી ફરજ વધારે. મેં તો એને મારી કૂખેથી જન્મ આપ્યો છે ને ? મને એનું લાગે એટલું તને ક્યાંથી લાગે ?

સરોજ : તમને એનું વધારે લાગતું'તું તો તમારે એને ઉછેરવો'તો ને ? ઘર સાચવીને તમારે બેસવું'તું.

સુહાસ : તારી વાત સાચી લાગે છે, સરોજ ! જૂના વખતમાં એમ થતું ને લોકો સુખી હતા !

પડદો

[પ્રવેશ ૪]

[વિદ્યુતનું ઘર. માંદી વિદ્યુત પલંગ પર સૂતી છે. એની પાસે સચિંત વદને મન્દાકિની બેઠી છે. માથે હાથ ફેરવી રહી છે. રમણ પણ ગંભીર વદને વિદ્યુતને જોઈ રહ્યો છે.

પડદો ઊપડે છે ત્યારે સાંજનો અંધકાર ઘેરો બનતો હોય છે. ઓરડામાં આછો પ્રકાશ. ... પાસે ધૂપદાનીમાંથી ધૂપનાં ગૂંચળાં ઊંચે ચઢે છે.]

વિદ્યુત : ...ખરી વાત છે. એ ... શા માટે ? એ જંજાળ શા માટે ? આ ... શી ખોટી છે કે હા...હા...હા...હા...

[હસી પડે છે. રમણ અને મન્દાકિની એ... બીજાની સામે સચિંત નયને જુએ છે. ત્યાં વિદ્યુત ચમકે છે. બારી સામે જુએ છે. બારી પાસે ... ધુમાડાનાં ગૂંચળાંઓમાં ધુમ્મસથી લપેટાયેલ ... તેવી એક આકૃતિ ખડી થાય છે. એનું મોઢું ... રીતે દેખાતું નથી. ઊંચી, દૂબળી ને શામળી આકૃતિ ... સૌથી વધારે ધ્યાન ખેંચતી હોય તો તેની ... કડક, અંગારાની જાણે બનાવેલ હોય તેવી ...]

વિદ્યુત : (એની સામે તાકીને જોઈ) ... છો તમે ? શા માટે અહીં આવ્યા છો, ... ઘરમાં ?

[રમણ અને મન્દાકિની ચારે તરફ ... નિસાસો મૂકી]

રમણ : ફરી વાજું વચક્યું ... ટેમ્પરેચર કેટલું છે ?

મન્દાકિની : બહુ નથી. પણ ... ક્યારે આવશે, રમણ ?

રમણ : હમણાં આવવા જોઈએ. ... ખબર તો મોકલ્યા છે.

વિદ્યુત : શા માટે આમ તાકી ... મારા સામે જોયા કરો છો ? કોણ છો ... બોલો ! બોલો ! કોણ છો તમે ?

આકૃતિ : (દૂરદૂરથી ઘુંટાઈને આવતો ... નાટકના લેખક ... તેવા અવાજે) હું આ નાટકનો ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યુત : કોણ ? નાટકના લેખક ? આ તમને નાટક લાગે છે ? ગાંડા થયા છો ! ચાલ્યા જાઓ. અહીં તમારું શું કામ છે ?

આકૃતિ : કામ છે, એટલે જ આવ્યો છું અહીં. હું તારો સર્જક છું.

વિદ્યુત : (ખડખડાટ હસતાં) મારો સર્જક ! મારો સર્જક ! હા...હા...હા...હા...હા... મારું કોઈ સર્જક નથી. હું જ મારી સર્જક છું... મન્દાબહેન ! મન્દાબહેન !

મન્દાકિની : (મોકાશથી) આ રહી, બેટા ! શું છે, વિદ્યુત ?

વિદ્યુત : આ કહે છે કે હું તારો સર્જક છું...હા...હા...હા...હા...હા... આ બધું જાણે નાટક હોય ને હું એનું પાત્ર હોઉં... હા...હા...હા...હા... સર્જક ! મોટા સર્જક ન જોયા હોય તો !... જાઓ, ચાલ્યા જાઓ ! હું કોઈ સર્જકને ઓળખતી નથી.. જાઓ.. જાઓ છો કે નહીં ?... મન્દાબહેન ! મન્દાબહેન...(હિબકાં ભરતાં રડી પડે છે.)

મન્દાકિની : (ખેદથી) વિદ્યુત, બેટા, કંઈ નથી. સૂઈ જા, બેટા !

વિદ્યુત : (આવેશથી) એમ ડોળા શાના કાઢો છો ? મેં તમને કહ્યું નહિ કે હું તમને ઓળખતી નથી ? જાઓ, ચાલ્યા જાઓ, હું તમને નથી ઓળખતી.

આકૃતિ : પણ હું તને ઓળખું છું ને ? તું મારા ચૈતન્યનું સ્ફુરણ છો. તું બીજરૂપે મારી ચિત્તસૃષ્ટિમાં હતી ત્યારથી મેં તને પિછાની છે, અનુભવથી મેં તને પોષી છે ને કલ્પનાથી તને અનુપ્રાણિત કરી છે !

વિદ્યુત : શી વાતો કરી રહ્યા છો, આ બધી ? મેં તમને કદી જોયા નથી. હું તમને ઓળખતી નથી. મારે ને તમારે કશો જ સંબંધ નથી. તમે જાઓ...મને તમારી બીક લાગે છે...તમે મારી સામે એ રીતે ન જુઓ. તમે જાઓ...જાઓ...મન્દાબહેન ! રમણભાઈ ! મન્દાબહેન !

મન્દાકિની : (વિદ્યુતને પંપાળીને) બેટા, દીકરી, વિદ્યુત.

વિદ્યુત : તમે જાઓ...તમારી આંખો બંધ કરો...બંધ કરી દો એ આંખો...બંધ કરો છો કે નહિ ? તમે મારી સામે જુઓ છો ને મારું હૃદય વલોવાઈ જાય છે !...હું ક્યાંક ગાંડી થઈ જઈશ, તમે આમ ને આમ મારા તરફ જોયા કરશો તો !

આકૃતિ : હું તને ગાંડી મટાડવા આવ્યો છું, નારી !

વિદ્યુત : નામ લઈને બોલાવતાં નથી આવડતું ? મોટા સર્જક થયા છે ને ! હું એક સ્વતંત્ર વ્યક્તિ છું. મારે મારું સ્વકીય એવું વ્યક્તિત્વ છે. હું વિદ્યુલ્લતા મન્દાકિની દવે.

આકૃતિ : જૂઠી વાત. તું માત્ર નારી જ છો.

વિદ્યુત : એટલે ?

આકૃતિ : તું પ્રિયતમા અને માતા બનવા....

વિદ્યુત : જૂઠું...જૂઠું...તદ્દન જૂઠું... તમને એવું કોણે કહ્યું ? પ્રેમમાં હું માનતી નથી. સંતાનો જંજાળ છે.

આકૃતિ : આ તારી બૌદ્ધિક માન્યતાનો પ્રશ્ન નથી, નારી ! હૃદયની ઊંડામાં ઊંડી લાગણીથી પ્રેરિત થતા વર્તનનો પ્રશ્ન છે. વિમળને તું તારો બનાવવા શા માટે ઝંખી રહી છે ? શા માટે તેં નાની વિદ્યુતો અને નાનકડા વિમળોને ઝંખ્યાં ?

વિદ્યુત : શા માટે?...અમથાં જ...મને ગમે છે તે માટે.

આકૃતિ : તને ગમે છે એટલે તારામાં ઊંડેઊંડે રહેલા નારીભાવને એ ગમે છે એટલા માટે.

વિદ્યુત : એ હું કાંઈ ન સમજું મારે તો-

આકૃતિ : આપણે ન સમજીએ કે ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વીકારીએ એટલે પ્રકૃતિના નિયમો કંઈ કામ કરતા અટકી જાય, ગાંડી? વાતાવરણ અને શિક્ષણ કરતાં પણ સંસ્કાર વધારે બળવાન છે.

વિદ્યુત : અમને ખબર છે. પ્રકૃતિના નિયમો પ્રમાણે જ...

આકૃતિ : ના. એ પણ જૂઠી વાત છે. પશુની માફક જીવવું એટલે પ્રકૃતિના નિયમ પ્રમાણે જીવવું એમ નથી. પ્રકૃતિના નિયમ પ્રમાણે વર્તનાર માનવીના ચિત્તમાં સ્વસ્થતા ને શાંતિ હોય, સાત્ત્વિક આનંદ અને પરમ પ્રસન્નતા હોય. તમારા ચિત્તમાં એ છે? તમે તો સવારથી સાંજ સુધી ને સાંજથી સવાર સુધી તરફડિયાં મારતાં હો છો ઝાંઝવાનાં નીર પાછળ. ઘડી અધઘડીની મઝા તમે મેળવો છો; પણ સાચો ને સ્થાયી આનંદ તમે ગુમાવી બેઠાં છો.

તમને શાની અકળામણ છે એની તમને ખબર નથી. તમારે શું જોઈએ છે તે તમે જાણતાં નથી. કઈ વસ્તુ મળે તો તમે સુખી થાઓ તેની તમને કલ્પના નથી. જીવનની ગંભીરતા ને ગહનતા, લાગણીની ઔચિત્યભરી મધુરતા અને વિચારની સૂક્ષ્મતા તમે જોઈ નથી. પરમ ચૈતન્યના સૌંદર્યસ્વપ્ન જેવી પ્રકૃતિ તમારા હૃદયમાં કશાં જ સંવેદનો જગાડી શકતી નથી. ને પ્રેમ જેવો પ્રેમ પણ તમને તમારી નાનકડી જાતની બહાર છલકાઈ જવા પ્રેરતો નથી. કોઈ બીજાના સુખનો વિચાર કરવામાંથી મળતો આનંદ તમે જાણ્યો નથી.

જીવનમાં એવી એક પણ ભાવના નથી, જેને તમે પવિત્ર ગણતાં હો; એવી એક પણ વસ્તુ નથી, જેને માટે તમને તમારી જાત ન્યોછાવર કરી દેવા જેવી લાગતી હોય. જીવન એટલે તમારી દૃષ્ટિએ, કેવળ સ્થૂલ ને કેવળ ગ્રામ્ય મઝા મેળવવા માટેનાં અહોરાત્ર વલખાં. અને એટલે જ તમારા જીવનમાં તમે સત્, ચિત્, આનંદની અનુભૂતિ નથી કરી શકતાં. તમારો સંસાર એટલે વિવિધ પ્રયોગો ને અંતે, હરીફરીને એકાવધ અસારતાનો અનુભવ. તમારે ત્યાં પહેલાં પુરુષનું વર્ચસ હતું: આજે સ્ત્રીનું છે. પણ સ્ત્રીનું વર્ચસ હોય કે પુરુષનું, તમારા પ્રશ્નો એના એ રહ્યા છે. સ્ત્રીપુરુષના એના એ ઝઘડા, પાડોશ પાડોશીની એની એ અદેખાઈ ને નિંદા વૃત્તિઓની એની એ હલકાઈ અને એ બધાને પરિણામે જીવનની એની એ કટુતા!

વિદ્યુત : બસ કરો! બસ કરો! મારે કાંઈ નથી સાંભળવું! મારે કાંઈ નથી સાંભળવું!

આકૃતિ : પોતાની જાતને ઓળખવી એ અઘરું છે એ ખરું; પણ તમે એને ઓળખવાનો પ્રયત્ન પણ કર્યો છે કદીયે? અરે! એ પ્રયત્ન કરવા જેવો છે એટલું યે તમને સૂઝ્યું કે સમજાયું છે કોઈ દિવસ?

તમારી જાતથી તમે એટલાં ડરો છો! એને ભૂલવા માટે તમે રાત ને દિવસ નિરર્થક પ્રવૃત્તિની ઘટમાળમાં ઘૂમ્યા કરો છો ને છતાં પણ તમારું મન એક ઘડી પણ ક્યાંય સ્થિર રહેતું નથી.

ભમરાની ચંચલતા છે તમારામાં, પણ કમળરસમાં લીન બનીને સૂર્યાસ્ત સમયે એની દળપાંદડીમાં પુરાઈ જવાની સમાધિ તમે માણી છે ખરી?

વિદ્યુત : શટ અપ! આઈ સે, શટ અપ! આ બધું તમે શું બોલી રહ્યા છો? બધું જૂઠું છે, જૂઠું છે. તમે ચાલ્યા જાઓ! મને તમારી બીક લાગે છે! મન્દાબહેન! મન્દાબહેન!

મન્દાકિની : કંઈ નથી, બેટા વિદ્યુત! કંઈ નથી. બહેન, સૂઈ જા. (રમણને) ડોક્ટર ન આવ્યા હજી?

[રમણ હળવે પગલે બહાર જાય છે.]

વિદ્યુત : તમે જાઓ! તમારી આંખો... મારા જીવમાં કંઈની કંઈ ઊથલપાથલ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખે છે. તમે જાઓ! મને તમારી બીક લાગે છે!

આકૃતિ : એ ઊથલપાથલ તારા લાભની છે, નારી! વાસ્તવિકતા પ્રત્યે આંખ આડા કાન કરવાથી એ ટળવાની નથી. અજંપો દૂર કરવાનો ઉપાય અકળામણમાં ને અકળામણમાં આમથી તેમ અથડાયા કરવું એ નથી.

તારામાંની સનાતન નારી તને પ્રેરી રહી છે સ્થાવર થઈને ભૂમિમાં તારાં મૂળ ઊંડાં ઉતારવાને ને આકાશમાં તારી શાખાઓ ને પ્રશાખાઓ પ્રસારવાને. તેં ગોખેલાં અતિસૂત્રો તને ધકેલે છે એનાથી દૂર જવાને. તારું સનાતનત્વ તને પ્રેરે છે બીજમાંથી અંકુરિત થઈને ફળમાં બીજરૂપે વિલીન થઈ જવાને. તારું અર્વાચીનત્વ તને પ્રેરે છે તારી પુષ્પદશાને અખંડ જાળવી રાખવાને! બુદ્ધિથી તને વર્તમાનની ક્ષણ જ દેખાય છે ને છતાં ભૂત અને ભવિષ્ય સાથેના તારા અંકોડા તૂટતા નથી! તારો અજંપો જન્મ્યો છે આ સનાતનત્વ અને અને અર્વાચીનત્વ વચ્ચેના ઘર્ષણમાંથી.

પ્રકૃતિનું ઋત કોઈની યે ખાતર થંભતું નથી, ગાંડી! એનું ચક્ર ચાલે છે ધીમેધીમે, પણ ચાલે છે અવિરત રીતે ને અચૂક.

વિદ્યુત : તમે આ બધું શું કહી રહ્યા છો? મને કશી જ સમજ પડતી નથી. હું ગભરાઉં છું. તમે થોભો. મને ઘડીક શ્વાસ લેવા દો. મારા મનમાં કંઈનું કંઈ થઈ જાય છે. મને જાતજાતના વિચારો આવે છે. તમે થોભો ઘડીક.

આકૃતિ : તારામાં વિચાર જગાડવા જ હું આવ્યો હતો, માનવી! તારો માર્ગ હવે તને સહેલાઈથી મળી જશે.

[આકૃતિ અદૃશ્ય થઈ જાય છે.]

વિદ્યુત : અરે! અરે! પણ ક્યાં ચાલ્યા તમે? ક્યાં ચાલ્યા? જરા થોભો! ઊભા રહો! મારે તમારું કામ છે! મારે તમને પૂછવું છે! અરે! અરે!...ચાલ્યા ગયા!

[થાકી ગઈ હોય તેમ નિસાસો મૂકી]

મન્દાબહેન!

મન્દાકિની : બેટા!

વિદ્યુત : ચાલ્યા ગયા!

મન્દાકિની : કોણ, બેટા?

વિદ્યુત : હું નથી ઓળખતી. મને કહે, હું તારો સર્જક છું.

મન્દાકિની : સર્જક?

વિદ્યુત : હા, મને કહે, તું મારા નાટકનું પાત્ર છો. તમે એને ન જોયા?

મન્દા : ના બેટા, અહીં તો કોઈ જ આવ્યું નહોતું. તું સૂતી 'તી, ને હું તારી પાસેથી ખસી જ નથી.

વિદ્યુત : (ફિક્કું હસીને) તો પછી મને સ્વપ્નું આવ્યું હશે; પણ એની વાત ખોટી નહોતી, મન્દાબહેન! આપણે સૌ નાટકનાં પાત્રો જ છીએ ને!

મન્દાકિની : બહેન! વિદ્યુત!

વિદ્યુત : મને કહે, હું તારામાં વિચારો જગાડવા આવ્યો છું ને વિચારો જગાડી પણ ગયા. મને કંઈ કંઈ વિચારો આવે છે, મન્દાબહેન! હું અકળાઈ જઉં છું.

મન્દાકિની : હમણાં જ ડૉક્ટર આવવા જોઈએ. (અવાજ થાય છે) આવ્યા જ લાગે છે એ.

[ઉત્સુકતાથી બારણા તરફ જુએ છે. રમણ, સુહાસિની, સરોજ અને વિમળ દાખલ થાય છે. વિદ્યુતનું મોઢું પ્રફુલ્લિત થાય છે.]

વિદ્યુત : વિમળ!

[વિમળ વિદ્યુતના પલંગ પાસે જાય છે. વિદ્યુતના કપાળ પર એ હાથ મૂકે છે. વિદ્યુતની આંખો આર્દ્ર બને છે ને મોઢા પર પ્રસન્નતાની શાંતિ છવાય છે. વિમળ શરમાઈને નીચું જુએ છે. બન્ને સ્ત્રીઓ અને બન્ને પુરુષો પ્રફુલ્લવદને આ જોઈ રહે છે.]

પડદો

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથો ચડેલો ખોરાક

લેખક:
શ્રી હરરાય અમુલખરાય દેસાઈ
બી. એ., એસ. ટી. સી.

ધર્મબાધે અમુક ચીજ આપણે ખાઈ શકતાં નથી. દૂધ, ઘી, ચોખ્ખાં મળતાં નથી. મધ્યમવર્ગની તંદુરસ્તીનો આંક નીચે ને નીચે ઊતરતો જાય છે. એવા વખતે શરીરમાં લોહીનો વધારો કરનારાં તત્ત્વો ક્યાંથી મેળવવાં? આપણા ઘરમાં ઢોકળાં, ઈદડાં, પૂડા, ખમણ, ડંગેલું-હાંડવો-જે બનાવવા માટે પલાળેલા લોટને આથો આણવાની જરૂર પડે છે એવા ખોરાક લેવાથી જરૂરી તત્ત્વો મળી રહે છે. ગૃહકાર્યમાં ધ્યાન આપતી દરેક બહેને આ લેખનું ખાસ વાંચન કરવાની જરૂર છે.

ધાન્યો અને ઘી-તેલથી શરીરને ગરમી અને કામ કરવાની શક્તિ મળે, પણ મજબૂત હાડકાં અને માંસ બનાવવા સારુ તો રોજના ખોરાકમાં પ્રોટિન અથવા માંસદ તત્ત્વો કે નત્રલ તત્ત્વો અને ક્ષારો જોઈએ. તેની સાથેસાથે તે ચીજોનો ઉપયોગ શરીર કરી શકે તે સારુ જુદાંજુદાં જીવનસત્ત્વો વિટામિનો જોઈએ. આપણા લોકો ઘણે ભાગે શુદ્ધ અન્નાહારી છે, એટલે તેમને પ્રોટિનો કે માંસદ તત્ત્વો મેળવવા સારુ જુદીજુદી જાતની દાળો અને કઠોળો ઉપર આધાર રાખવો પડે, પણ તે ચીજોમાંનાં પ્રોટિનો મધ્યમ વર્ગનાં છે. ઉત્તમ વર્ગનાં પ્રોટિનો પ્રાણિજ ખોરાકમાં છે.

પ્રાણીઓનાં કલેજાં, માંસ, મચ્છી, ઇંડાં વગેરે પદાર્થો અને દૂધમાં એવાં ઉત્તમ પ્રોટિનો છે કે તે ખાવાથી શરીરનો બાંધો સુદૃઢ બને, પણ આપણે તો તે પૈકી ફક્ત દૂધ જ લઈ શકીએ. એટલે આપણી મુસીબત ઊભી થાય છે. આપણા દેશમાં ઢોર એવાં છે કે ઘણાં ઢોર છતાં એ આપણને પૂરતું દૂધ મળે એમ નથી. જ્યારે માણસ દીઠ સવા રતલ દૂધ રોજ જોઈએ, ત્યારે આપણે ત્યાં એથી પાંચમા ભાગનું દૂધ મળે એટલું દૂધ પેદા થાય છે. વળી તે દૂધ એટલું બધું મોઘું છે કે મધ્યમ અને ગરીબ વર્ગને તે વગર ચલાવી લેવું પડે છે. આમ હોવાથી આપણે અહીંના અન્નાહારીઓને અનાજોનાં મધ્યમ પ્રોટિનો પર આધાર ન છૂટકે રાખવો જ પડે એટલે આપણાં શરીર દિનપ્રતિદિન નબળાં જ પડે અને આપણાં બાળકો એટલે ભવિષ્યની પ્રજા નબળી અને નબળી બનતી જાય. તો શું આપણે અન્નાહારીઓએ માંસ, મચ્છી અને ઈંડાં ખાવાં? આ સવાલનો જવાબ હાલના વિજ્ઞાનીઓએ હમણાં આપ્યો છે.

૧૯૧૪ની સાલમાં પહેલો વિશ્વવિગ્રહ શરૂ થયો, ત્યારે શરૂઆતમાં જર્મનોએ ઘણું જોર કર્યું, પણ તેઓ ૧૯૧૬ સુધીમાં તો ચારે તરફથી ઘેરાઈ ગયા. ત્યાંના પ્રજાજનોનો મોટો ભાગ ચહાય તો લશ્કરમાં જોડાયેલો, અથવા લશ્કરી સરંજામ ઉત્પન્ન કરવામાં અને તેને યોગ્ય સ્થળે પહોંચાડવામાં રોકાયેલો હોવાથી તેમને ત્યાંની ખેતી કથળી. ખોરાકની કમી ટાળવા બહારના જે દેશો તેમના કબજામાં આવેલા ત્યાંથી અનાજ તેમ જ ઢોર તેઓ લઈ આવતા. તે ઢોરો અને પોતાને ત્યાંનાં ઘણાં ઢોરો તથા ડુક્કર વગેરે જાનવરોને તેઓ મારીને ખાઈ ગયા. આથી તેમને ત્યાં પ્રોટિનો એટલે માંસદ તત્ત્વોની ટાંચ પડવા માંડી, અને માણસોની શક્તિ ઘટવા લાગી. આ દરમ્યાન તેમના વિજ્ઞાનીઓ જાતજાતના અખતરા કર્યા જ કરતા હતા. ઉત્તમ ખોરાકની તંગીને લીધે પોતાનો દેશ હારી જાય તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ તૈયાર નહોતા. પોતાના દેશની ભવિષ્યની પ્રજા નમાલી ન બને તે તેમને જોવાનું હતું.

તેમના ખોરાકના પ્રયોગો વખતે તેમને હાથે ઈસ્ટ (Yeast) અથવા ખમીર ચઢ્યું. તેનું તેમણે પૃથક્કરણ કર્યું તો તે ઉત્તમ પ્રકારનાં માંસદ તત્ત્વ તથા વર્ગનાં બધાં જીવનસત્વોથી ભરપૂર માલૂમ પડ્યું. આ માંસદ તત્ત્વો જાનવરોનાં કલેજાં અને મચ્છીનાં માંસદ તત્ત્વ જેવાં ઉત્તમ હતાં. બધાં ખમીરો એક જાતનાં નથી હોતાં તેથી તેમણે જુદાંજુદાં ખમીરો ઉપર અખતરા કર્યા, અને જે ખમીરો જલદી વધે તેમને હાથમાં લીધાં. આ બધાં ખમીરો એક જાતના ઝીણા છોડવા છે. એટલે તે વનસ્પતિ છે. તે એટલા બધા ઝીણા છે કે નરી આંખે તો તે દેખાય જ નહિ. તેમને જોવાને સારામાં સારું સૂક્ષ્મદર્શક યંત્ર જોઈએ. એક ચોરસ ઈંચ જગ્યામાં લાખો છોડવા રહી શકે, એટલા બધા તે ઝીણા છે. તે છોડવા હવામાં પણ ઊડતા રહે છે. ચોખા, જવ વગેરે ધાન્યો, મહુડાં, દ્રાક્ષ, ખજૂર, સફરજન વગેરે મીઠાં ફૂલ અને ફળો, ગોળની રસી કે બીજી એવી શર્કરાવાળી ચીજોનો રસ કરી તેને હવામાં રાખવામાં આવે, તો તે છોડ તેમાં હવામાંથી પડે અને તે તેમાં વધે. તેમને વધવાને સારું તેમાં જોઈતો ખોરાક છે; તે ઉપરાંત તેને જોઈતો ભેજ પણ છે. આ સાથે આસપાસની હવાની ગરમી તેને મળે એટલે તે છોડવા ત્યાં ઘણા જોરથી વધે. એવા એક છોડમાંથી એક કલાકમાં હજારો છોડવા પેદા થાય. આ ખમીરો વધે ત્યારે તે રસ ઊફણવા માંડે અને તેમાં દારૂ અથવા મદ્યાર્ક પેદા થાય. આપણાં ઘરોમાં ઢોકળાં, ઈદડાં, ઈદલી, પાઉં, વડાં, જલેબી વગેરે બનાવીએ છીએ, ત્યારે તેમના ખીરામાં પણ હવામાંનાં ખમીરોના છોડવા પડે છે અને તે ખીરું પણ ઊફણે છે તે વખતે તેમાં પણ પુષ્કળ ખમીરના છોડવા વધે છે. આ ખીરું બારબાર કલાક સુધી ઊફણે તો તેમાં લાખો એવા છોડ પેદા થાય છે.

અહીંના દારૂના કારખાનામાં મહુડાનાં મીઠાં ફૂલોનો રસ ઊફણે. તે રસમાં થોડુંક જૂનું ખમીર નાખવાથી તે ઊફણવાની ક્રિયા જલદીથી ચાલે છે ને ફદફદતા રસની ઉપર કચરા જેવું તરી આવે છે, તેમાં પુષ્કળ ખમીરી છોડવા હોય છે. જ્યારે દારૂ ખનાવાય ત્યારે તે કચરાને નકામો ગણીને બહાર કાઢી નખાય છે. આ ખમીરનો સ્વાદ કડવાશ મારતો છે તેથી તે ખવાય એમ નથી. તેવું ખમીર જર્મનીના દારૂનાં કારખાનાંઓમાંથી ઘણું મળે એમ હતું. ફક્ત તેનો સ્વાદ બદલાય તો તેમાંથી ખાવા લાયક ખમીર બને એમ હતું. જર્મન વૈજ્ઞાનિકોએ તે ઉપર અખતરા કર્યા અને તેમાંથી કડવાશ કાઢી નાખી મીઠાશ મૂકી અને તેનો ઉપયોગ લશ્કરીઓના ખોરાક તરીકે કરાવ્યો; આથી તે લશ્કરીઓને માંસ, મચ્છી, ઈંડાં વગેરે પ્રાણિજ ખોરાક ઓછો મળતો; તોપણ તેમની શારીરિક શક્તિ ટકી રહી. ૧૯૧૮માં વિગ્રહ પૂરો થયો, પણ ખમીર પરના અખતરા ચાલુ રહ્યા.

હવે ખમીરમાં સુધરેલી દુનિયાએ રસ લેવા માંડ્યો. તેમાં વળી ઇંગ્લાંડ અને અમેરિકાને ખૂબ રસ પડ્યો, પણ આ બધું કામ ધીરેધીરે ચાલતું હતું. એટલામાં તો બીજો જગતવિગ્રહ શરૂ થયો, અને તેમાં ઇંગ્લાંડની સ્થિતિ થોડાક જ વખતમાં કફોડી થઈ ગઈ. તે દેશમાં દૂધની બનાવટો, ઈંડાં, માંસ વગેરે પરદેશોથી આવતાં, છેક ઑસ્ટ્રેલિયા અને અમેરિકાથી ત્યાં માંસ આવતું. પોતાના દેશમાં અનાજ પણ પૂરતું નહોતું પાકતું તેમ જ માંસાહારની વસ્તુઓ પણ કમી થતી. જર્મન સબમરીનો દરિયાઈ માર્ગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂંધીને પડી હતી. યુરોપના દેશો પૈકી તેને ખોરાકમાં મદદ કરનારા દેશો જર્મનીને કબજે ગયેલા. દરિયાઈ માર્ગ સહીસલામત ન હોવાથી તેને જોઈતો પ્રાણિજ ખોરાક ઓછો મળતો, આવા પ્રાણિજ માંસદ તત્ત્વ સિવાય ત્યાંની પ્રજા તેમ જ લશ્કરોની શક્તિ ઘટશે એવો તેને ડર લાગવા માંડ્યો. આ વખતે ત્યાંના એક દાક્તર થાઈસેન અને તેના જોડીદાર દાક્તરોએ ખમીરો ઉપર અખતરા કર્યા. તેમણે મળી અઠવાડિયાના સાતે દહાડા અને તે પણ રાત–દિવસ તે અખતરા ચાલુ રાખ્યા. આવા કટોકટીના વખતમાં જેમ બને તેમ વધારે ખમીર અને સારું ખમીર બને, તો તેમના દેશનાં લશ્કરોને જોઈતું ઉત્તમ માંસદ તત્ત્વ મળી રહે તે તેઓ જાણતા હતા. તેમને તેમાં ફત્તેહ મળી. ૭૦૦૦ રતલથી વધારે પાણી માય એવાં મોટાં પીપો તેમને બનાવડાવ્યાં, તેમાં ૩૦૦૦ રતલ ગોળ પાણીમાં ભેળવીને નાખ્યો; તે પાણીમાં તેમણે થોડોક એમોનિયા નાખ્યો અને તેમાં સવાસો રતલ ખમીરના છોડવા નાખ્યા. જે ઓરડા-માં તે પીપો ગોઠવ્યાં હતાં ત્યાં જોઈતી ગરમી મળે એવી ગોઠવણ તેમણે કરી. તે છોડને વધવા સારુ જોઈતી શર્કરા, ભેજ અને ગરમી મળવાથી તે જોરથી વધ્યા. બાર કલાક તે દ્રાવણ ઊફણ્યું એટલે તે વાસણો-ની સપાટી ઉપર મલાઈ જેવો મુલાયમ પદાર્થ તરવા માંડ્યો. આ પદાર્થને તારવી લઈ તેને સાફ કરી તેમાંથી કડવાશ કાઢી મીઠો બનાવ્યો. પછી તેને સૂકવીને તેની ટીકડીઓ બનાવી, પોતાના દેશનાં લશ્કરોને સારુ તે મોકલી. અમેરિકામાં પણ આવી ટીકડીઓ થઈ અને તેણે પણ દૂરદૂરના દેશોમાં લડતાં પોતાનાં લશ્કરોને માટે આવી ટીકડીઓ મોકલી.

આમ ચીજો ઊફણે તો આવા ઉત્તમ માંસદ તત્ત્વથી બ વર્ગનાં જીવનસત્ત્વોથી ભરપૂર કેટલું ખમીર માંસદ તત્ત્વ પેદા થાય તેનો ખ્યાલ આવવો જોઈએ. આવા એક પીપમાંનું પ્રવાહી ચોવીસ કલાક ઊફણે તો તેથી જેટલું માંસદ તત્ત્વ પેદા થાય તેટલું માંસદ તત્ત્વ મેળવવા સારુ બે વરસની ઉંમરના હૃષ્ટપુષ્ટ ચાર ગોધાઓને મારવા પડે! વળી આવા એક પીપ પર કામ કરવાથી એક વરસમાં જેટલું માંસદ તત્ત્વ પેદા થાય તેટલું માંસદતત્ત્વ પેદા કરવાને સારુ બે હજાર વીઘાંથી વધારે ભોંય જોઈએ, આવું ઉત્તમ માંસદ તત્ત્વ બનાવવા સારુ ગોળની રસી, બગડેલો કાળાશ પડતો ગોળ, માણસના ઉપયોગમાં ન આવે એવા બટાકા અને સક્કરજન વગેરે પદાર્થો વાપરી શકાય, એટલે જેને નાખી દેવા જેવો પદાર્થ ગણાય તેમાંથી આવી સારી ઉપયોગી ચીજ બને છે.

આ ખમીરમાં શું શું છે તે હવે જોઈએ. તેમાં પ્રાણિજ માંસદ તત્ત્વ જેટલું ઉત્તમ માંસદ તત્ત્વ છે, એથી તે માંસની ગરજ સારે છે. તેમાં જીવનસત્ત્વ રાઈન, વ[1] થાયેમીન અને જીવનસત્ત્વ વ[2] છે. તે જીવનસત્ત્વ વ[2] ને રિબો ફ્લેલેવિન વગેરે છે. આ જીવનસત્ત્વોના ખોરાકની ન્યૂનતાથી થતા પેલાગ્રા અને બેરી બેરી નામના રોગો થતા અટકે છે. બીજો વિશ્વવિગ્રહ પૂરો થાય તે પહેલાં દાક્તરોએ આ ખમીરની ટીકડીઓ ડાયેબિટિસ અથવા મીઠી પેશાબના દર્દીઓને, પાંડુરોગ એટલે લોહી જેમનું ઊડી ગયું હોય એવા દર્દીઓને અને લોહીના દબાણવાળા દર્દીઓને આપી જોયેલી, અને તેમનો એમ અભિપ્રાય છે કે તેમને પણ કંઈક અંશે તેથી લાભ થાય એમ છે.

તે ખમીર ઉંદરો, મરઘીઓ, ગાયો વગેરે જાનવરોને પણ આપી જોવામાં આવ્યું. એક દાક્તરે એક જ ઉંદરડીનાં એક જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દહાડે અવતરેલાં બે બચ્ચાં લીધાં, અને તેમાંના એકને સાદો ખોરાક આપ્યો અને બીજાના ખોરાકમાંથી એક ટકો ખોરાક કાઢી લઈને એક ટકો ખમીર ઉમેર્યું. બાર અઠવાડિયાને અંતે પહેલા ઉંદરનું વજન ફક્ત ૬૭ ગ્રામ એટલે છ તોલાથી સહેજ ઓછું હતું, ત્યારે બીજા ઉંદરનું વજન ૧૧૭ ગ્રામ એટલે ૧૦ તોલાથી સહેજ વધારે હતું. પછીથી બીજા પ્રયોગમાં તેમણે એક ટકાને બદલે પાંચ ટકા ખમીર મૂક્યું, તો ખમીરવાળો ખોરાક ખાનાર ઉંદરનું વજન અને ખમીરવગરનો ખોરાક ખાનાર ઉંદરના વજન વચ્ચે પહેલાં કરતાં ત્રણગણો તફાવત પડ્યો હતો !

ત્યારબાદ અમુક ટકા ખમીરવાળો ખોરાક ગાયોને અને મરઘીઓને આપ્યો. આથી ગાયોની શક્તિ અને વજન વધ્યાં; એટલું જ નહિ, પણ તેમનું દૂધ પણ ઘણું વધ્યું અને મરઘીઓ ૨૫ ટકા ઈંડાં વધારે મૂકતી થઈ. માણસોને પણ આવા ખમીરનો ભૂકો તેમના ખોરાકમાં ભેળવીને આપવામાં આવતાં તેમના શરીરનો પણ બાંધો સુધર્યો.

આ છેલ્લી વાત આપણા ગરીબ દેશને માટે ઘણી અગત્યની છે. આપણને દૂધ જેવો ઉત્તમ માંસદ તત્ત્વવાળો ખોરાક મેળવવાની મુસીબત પડે છે. તે ઘણું મોંઘું પણ છે, એથી ઘણા તે લઈ શકતા નથી. હિંદુઓ પૈકી ઘણા અન્નાહારી છે, તેથી તે પ્રાણિજ વસ્તુઓ ખાઈ શકતા નથી. આમ હોવાથી તેમને ઉત્તમ પ્રકારનાં માંસદ તત્ત્વો નથી મળતાં, પણ દાળ-કઠોળ જેવાં હલકાં માંસદ તત્ત્વોવાળા પદાર્થો જ તે વાપરે છે; આથી તેમનાં શરીર બરાબર બંધાતાં નથી. ઉત્તમ માંસદ તત્ત્વની ખોટ આવા ખમીરથી પૂરી પાડી શકાય તો કેવું સારું ?

અમેરિકાના દાક્તરો અને વિજ્ઞાનીઓ ફક્ત ખમીર પેદા કરીને બેસી ન રહ્યા; પરંતુ વનસ્પતિ ઉપર જ જીવનારાં ગાય, બકરાં, ઘેટાં, ઊંટ વગેરે પ્રાણીઓનાં શરીર કયા તત્ત્વથી મજબૂત બંધાતાં હશે અને તેમનાં શરીરમાં તેમનાં બચ્ચાને સારુ ઉત્તમ માંસદ તત્ત્વોથી ભરેલું દૂધ કયાં તત્ત્વોમાંથી બનતું હશે તેનો વિચાર તેમના મનમાં આવ્યો. તેમણે એ જનાવરોનો ખોરાક તપાસી જોયો. તેમાં કોઈ પણ ઉત્તમ પ્રોટિન કે માંસદ તત્ત્વવાળી ચીજ નહોતી. પછી તેમણે તેમના પેટમાં ગયેલો ખોરાક તપાસી જોયો. આવાં વાગોળનારાં પ્રાણીઓને ત્રણ પેટ હોય છે. તે પહેલા પેટમાં ઝડપબંધ આખોપાકો ખાધેલો ખોરાક ધકેલી દે છે. પછી તે બેસીને નિરાંતે તે ખોરાકના ગોળા મોંમાં પાછા લાવીને ચાવે છે અને તેનો લોંદો બનાવી તેને તે બીજા પેટમાં મોકલે છે. ત્યાંથી તે ખોરાક થોડો પચીને ત્રીજા પેટમાં જાય છે.

દાક્તરોએ તેમના દરેક પેટમાંથી થોડો-થોડો ખોરાક નળીઓ મૂકીને બહાર કાઢીને તેને તપાસી જોયો, તો તેમને માલૂમ પડ્યું, કે તેમના બીજા પેટમાં બરાબર ચવાઈને ગયેલો ખોરાક ત્યાં ખમીરોથી ઊફણે છે. તેમાં ખમીરો કેવી રીતે પહેલાં ગયાં હશે તે સમજી શકાયું નથી, પણ તેમાં તે ખમીરો બહુ પ્રમાણમાં પેદા થાય છે તે તેઓ જોઈ શકયા છે. આમ તે ઢોરોના ત્રીજા પેટમાં ખૂબ ખમીરવાળો ખોરાક જાય એટલે તેમને ઉત્તમ માંસદ તત્ત્વ મળી રહે છે. આ ખમીરમાં એક વિચિત્ર જીવનસત્ત્વ છે તેને તેમણે એ. પી. એફ. નામ આપ્યું છે. આ એ. પી. એફ. એટલે એનીમલ પ્રોટેન ફેક્ટર (પ્રાણિજ માંસદ તત્ત્વ વસ્તુ.) આવું જીવનસત્ત્વ જાનવરોના કલેજામાં માછલીઓના ભૂકામાં અને દૂધમાં છે.

હવે જો આવું કોઈક માંસદ તત્ત્વ અન્નાહારી હિંદુઓને મળે તો જ તેમનાં શરીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બગડતાં અટકે, એટલું જ નહિ બલકે સુધરે. હમણાં સરકારે દારૂબંધી કરી છે, એટલે દારૂનાં કારખાનાંઓમાંથી ખૂબ ખમીર મેળવીને તેમાંથી ખાવાલાયક ખમીર બનાવાય એમ નથી. પણ જો શેરડીનાં કારખાનાંમાં એકઠી થતી ગોળની રસીમાંથી બાળવાનો મદ્યાર્ક અથવા દારૂ બનાવાય, તો તે વખતે ખમીર બની રહે અને ઢગલાબંધ નકામી જતી રસી ઠેકાણે પડે. વળી દવાને સારુ અને થોડોક પીવાનો દારૂ પણ બને છે. તેમાંથી બનતું ખમીર પણ કામ લાગે.

પણ શેરડીની રસીમાંથી બાળવાનો દારૂ બનાવાય ત્યાંસુધી પ્રજાના અન્નાહારી વિભાગે પોતે કંઈ ન કરવું અને નબળા અને નબળા બનતા જવું ? તેમણે પોતે પોતાની લાચારી દેખાડી બેસી રહેવું ? માણસો પોતે પોતાના ઘરમાં લાખ્ખો ખમીરી છોડ ઉત્પન્ન કરી શકે અને તે વાપરી શકે. તેઓ પોતાની રસોઈ કરવાની હાલની રીત બદલે અને પોતાના સ્વાદ બદલે તો આ બધું થાય. ઢોકળાં, ઈદડાં, ખમણઢોકળાં, વડાં, હાંડવો અથવા ડંગેલું વગેરેમાં સાંજે તૈયાર કરેલા ખીરાને સવારમાં આથો આવે છે. આવો આથો આવે તો તેમાં ખમીર બહારથી પડે અને તે ખમીર ત્યાં ખૂબ વધે. જો એવી આથો આવેલી ચીજો રોજ ખવાય તો તેમાંના ખમીરનાં ઉત્તમ માંસદ તત્ત્વો તથા બ વર્ગનાં બધાં જીવનસત્ત્વોનો લાભ તેમના શરીરને મળે. જો કેટલીક એવી ચીજોમાં ખીરુ કરતી વખતે દહીં નાખ્યું હોય, તો તે જાતના ખમીરી છોડવા તેમાં ઊગે. બીજું સવારે બાંધેલી કણકની સાંજે ચીજો બનાવી હોય તો તેમાં પણ ખમીર પડે અને તે ખમીર ત્યાં વધે અને તેથી તેને પણ આથો આવે. પછી દરરોજ જે આથો આવેલી કણક થાય તેમાંથી થોડી રાખી લઈ તેને બીજા દિવસની [illegible] કણકમાં ભેળવે, તો તે કણકમાં ખૂબ સારો આથો આવે. આવી ખમીરી રોટલી ખાવાની ટેવ પાડવામાં આવે, તો પ્રજાને ખમીરનો લાભ મળે. જો અન્નાહારી પ્રજાને પોતાનાં અને પોતાની ભવિષ્યની પ્રજાનાં શરીર સુધારવાં હોય, તો તેમણે પોતાની ખાવાની ટેવો સુધારવાની જરૂર છે. તે રોજ સવારે બે ત્રણ ઢોકળાં, ખમણ-ઢોકળાં, હાંડવો અથવા ડંગેલું, ઇદડાં અને ઈટલી ખાય [illegible] સાંજે ખમીરી રોટલી ખાય. તેમનાથી માંસ મચ્છી, ઇંડાં અને દૂધ ન ખવાય તો [illegible] નથી, પણ આ ખમીરથી આથો આવેલી કણક કે ખીરાની ચીજો તો તે જરૂર ખાઈ [illegible]

આની વિરુદ્ધ કેટલાક ખરચ અને [illegible] ફૂટના સવાલ ઊભા કરશે. કડાફૂટ કંઈ [illegible] નથી. સાંજે કણક બંધાય છે તેને [illegible] સાંજની રસોઈની સવારે કણક બાંધીને [illegible] સાંજે ચીજો બનાવવામાં આવે. જો બે [illegible] ની રસોઈ સવારે થતી હોય તો [illegible] કણક બાંધી તેની ચીજો સવારે [illegible] એટલે ખમીરી રોટલી થઈ શકે. [illegible] વગેરે બનાવતાં માથાફૂટ ન પડે તેમ [illegible] હોય તો માણસો કુકરો વસાવે, [illegible] દાળભાત વગેરે થતું હોય તેની સાથે [illegible] બે તાસક તે ચીજની ઉતારી લે. એથી [illegible] દાળ તૈયાર થાય ત્યારે જોડેજોડે ચીજો તૈયાર થશે. આવાં કુકરોથી [illegible] કોલસા બચે છે; એટલે એક કુકરનું [illegible] વરસના કોલસાની બચતમાંથી નીકળી [illegible] ઢોકળાં, ઈદડાં વગેરે પાછળ ખરચ પણ [illegible] થાય છે. જે લોકો આ જાણ્યા છતાં [illegible] અને ખરચના વાંધા રજૂ કરે તે લોકો [illegible] સુધારવાની અને ઘરનાંને સાત્ત્વિક [illegible] આપવાની ઇચ્છા નથી એમ કહેવું [illegible]

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપસ્વિની રાબિયા

લેખક:
શ્રી રામનારાયણ ના. પાઠક

'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ,
અંસુઅન જલ સિંચ સિંચ, પ્રેમ બેલ બોઈ.'

એવી અંતરની ઊંડી રાડ કાઢનાર, ઈશ્વર-દર્શન માટે રાતદિવસ ઝૂરનાર, આત્મ-સાક્ષાત્કારની ભક્તિમય સાધનામાં સારા જગતને ભૂલી જનાર, ભક્તકવિ મીરાંબાઈની સાથે જેની સરખામણી કરી શકાય તેવી તપસ્વિની રાબિયા ઇસ્લામ ધર્મને ઉજ્જવલ કરનારમાં અગ્રસ્થાને વિરાજે છે.

*

મહાત્મા ઈબ્રાહીમ આદમની એ સમકાલીન હતી.

લગભગ બારસો વર્ષ પહેલાં બસરા શહેરના એક ગરીબ ઘરમાં રાબિયાનો જન્મ થયો હતો. તેનાં માતાપિતાનું એ ચોથું સંતાન હતું, તેથી અરબી ભાષામાં 'રાબા' એટલે 'ચોથું' એ અર્થ ઉપરથી તેમનું નામ પડ્યું હતું.

રાબિયા ઉંમરલાયક થઈ તેવામાં તેનાં માતપિતા ગુજરી ગયાં. પોતાની બહેનો સાથે રાબિયા રહેતી હતી એવામાં બસરામાં ભયંકર દુકાળ પડ્યો. લોકો જેમ ફાવ્યું તેમ શહેર મૂકીને નાસી ગયાં. રાબિયા પોતાની બહેનોથી વિખૂટી પડી ગઈ.

એ જમાનામાં ઘોડા અને બળદની માફક માણસોને વેચાતાં લેવાનો રિવાજ હતો. મારકીટમાં રોજ સવારે ઘાસચારો અને શાકભાજીનું લીલામ થાય તેમ ગુલામોનું લીલામ થતું. ગુલામ તરીકે જેમને વેચાવું હોય તે હારબંધ ઊભાં રહેતાં. રાબિયા હવે જુવાન થઈ હતી. તેજસ્વી અને ઉંમરમાં આવેલી રાબિયા એક તવંગર શેઠિયાની નજરમાં વસી ગઈ. એણે એને મોંમાગ્યા દામે ખરીદી લીધી.

એ ધનિક ઘણો ઘાતકી સ્વભાવનો હતો. રાબિયાને વહેલી સવારે હાકથી ઉઠાડતો અને ગાળથી કામ કરાવતો. ઘરકામ ઉપરાંત વાડીવજીફાનું કામ પણ એ રાબિયાને સોંપતો. ગજા ઉપરવટ કામ થતું તોપણ રાબિયા ઊંકારો કર્યા વિના કામ કર્યા કરતી. આમ છતાં કામ તો વધ્યે જ જતું. સૂર્યાસ્ત થાય, દિવસ પૂરો થાય, પણ રાબિયાનું કામ ન ખૂટે.

'કાલ સવારે કામ પૂરું નહિ કરે તો તારી વાત છે.' એકવાર આવી ધમકી સાથે એ દુષ્ટ શાહુકારે રાબિયાને ધમકાવી. બીજે દિવસે રાબિયાએ ખૂબ મહેનત કરી, હતી એટલી તાકાત અને આવડત વાપરી પણ કામ પૂરું ન થયું; એટલે આગલે દિવસે આપેલી ચેતવણી પ્રમાણે એ ક્રૂર શેઠ વકરેલા વાઘની પેઠે ઘૂરકતો રાબિયા પાસે આવ્યો અને જોરથી એનું બાવડું પકડી એક થાંભલા પાસે લઈ ગયો અને મજબૂત રીતે ત્યાં એને બાંધી દીધી.

આટલું-આટલું તનતોડ કામ કરવા છતાં પોતાનો માલિક રાજી થતો નથી, ઊલટો માર મારે છે ને બાંધે છે, એમ રાબિયાએ જોયું ત્યારે એની આંખ ઊઘડી ગઈ. 'આમાં મારું જ નહિ પણ ખુદાનું અપમાન છે.' આવો એને વિચાર આવ્યો. દુનિયાના ઘાતકી માલિકોને કદી ખુશી કરી શકાય નહિ એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને ખાતરી થઈ. શેઠ--શાહુકારોની તૃષ્ણાનો અંત નથી એમ વિચારી એ રાતોરાત નાસી છૂટી.

ગભરાયેલી હરણીની પેઠે એ મૂઠીઓ વાળીને નાઠી. એ જમાનામાં ઘર છોડીને નાસી ગયેલા ગુલામોની પાછળ માલિકોના પાણીપંથા ઘોડા છૂટતા અને ગુલામ હાથ આવે પછી એને બાંધીને કોરડાથી ફટકારતા.

રાબિયાને માલિકની બીક હતી એ કરતાં વધારે ફરી પાછી એ કારમી ગુલામીમાં વ્યર્થ જીવન વીતાવવાની ભીતિ હતી. એને અતિશય થાક લાગ્યો હતો. પગમાં જોર રહ્યું ન હતું, આંખે અંધારાં વળવા લાગ્યાં, તોપણ મનના જોરે એ દોડી જતી હતી. એકવાર ગુલામીમાંથી છૂટ્યા પછી ફરી માલિકના હાથમાં ન સપડાવાના નિર્ણયથી એ દોડી જતી હતી. એવામાં એક ખાડો આવ્યો. એમાં એ જઈ પડી. પડતાં એનો હાથ ભાંગ્યો. કારમી વેદના મૂંગે મોઢે સહી લીધી. હાથ, પગ, માથું, આખું અંગ થાકીને લોથ થયું ત્યારે જમીન પર માથું ટેકવી, એ ઘૂંટણિયે પડી અને ખુદાને બંદગી કરી: 'હે ખુદા! માબાપવિનાની, અનાથ, અપંગ એવી આ દુખિયારી રાબિયાને દુનિયા તો ભૂલી ગઈ, પણ શું તમે ય વીસરી જશો? તમારા સિવાય મારે બીજા કોઈનો આધાર નથી!'

ભક્તકવિ સૂરદાસની વાણીમાં:

અપબલ, તપબલ, ઔર બાહુબલ,
ચૌથા હૈ બલદામ,
સૂર કિશોરકૃપાસે સબબલ,
હારે કો હરિનામ!
સૂનેરી મૈને નિર્બલ કે બલરામ.

એવો આર્તનાદ સાંભળીને રાબિયાના અંતરમાંથી પડઘો પડ્યો કે 'દીકરી મારી, શોક કરીશ નહિ, દુનિયાનાં દુઃખ હસતે મોઢે વેઠવાથી જે સુખ મળે છે તેની તોલે બીજું એકે ય સુખ આવતું નથી. ખુદા તો અંતરમાં જ વસે છે અને નિરંતર તારી સાથે જ છે.'

આવી આત્મશ્રદ્ધા પ્રગટતાં રાબિયા બેઠી થઈ અને પોતાના પિતાએ બચપણમાં મોઢે કરાવેલી કુરાનની આયાતો બોલતી બોલતી શાંતિથી ત્યાં જ ઊંઘી ગઈ.

વહેલી સવારે ઊઠીને એણે ખુદાને ફરી બંદગી ગુજારી અને 'જગતમાં જ્યાં જઈશ ત્યાં સર્વસ્થળે સરખા જ માલિકો મળશે અને જૂનો શેઠ ગમે તેવો ઘાતકી હોય તોપણ એનામાં ય ખુદા વસે છે.' એમ વિચારી એ પાછી ફરી અને નિર્ભયતાથી પોતાના માલિકને ઘેર આવી કામે લાગી ગઈ.

રાબિયાની શોધમાં આકાશપાતાળ એક કરનાર અને હાથમાં આવે તો એ ભાગેડુ છોકરીને ઝાડે બાંધીને ફટકારવાના મનસૂબા ખાનાર એ ક્રૂર શેઠને ખબર પડી કે રાબિયા પોતાની મેળે જ પાછી આવી છે અને પોતાના કામમાં લાગી છે, ત્યારે એને ભારે નવાઈ લાગી. કંજૂસ માણસ સામાની ઉદારતા જોઈને હેબતાઈ જાય તેમ અવિશ્વાસુ માલિક રાબિયાના માનવતા ઉપરના અપૂર્વ વિશ્વાસને લીધે ઘડીભર અવાક બની ગયો! પછી રાબિયા કામ કરતી હતી ત્યાં જઈને જુએ તો એ શાંતિથી કામમાં મશગૂલ હતી—જાણે કશું બન્યું નથી! રાબિયાના ચહેરા ઉપરની પ્રસન્નતા જોઈને શેઠનું વજ્ર જેવું અંતઃકરણ ઊઠ્યું. 'રાતે એની સાથે વાત કરીશ' એમ વિચાર કરી એ પાછો ફર્યો.

રાતને બીજે પહોરે જ્યારે સૌ કોઈ નિદ્રામાં પડ્યાં ત્યારે મકાનમાલિક ઊઠ્યો. ગુલામોને રહેવાનાં ઝૂંપડાં તરફ ગયો. રાબિયાની ઝૂંપડી સૌથી નિરાળી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે પગલે ઝૂંપડી પાસે આવ્યો. ત્યાં જે દૃશ્ય જોયું તેથી એના અચંબાનો પાર ન રહ્યો. ઝૂંપડીની ઓથે એ ઊભો રહ્યો.

રાબિયા એકલી-એકલી પોતાની ઝૂંપડીમાં જાગે છે. ઘૂંટણિયાભેર બેઠી છે અને માથું નમાવી વારંવાર બંદગી કરે છે. રાબિયાના હોઠમાંથી ધીમે નીકળતા શબ્દોનો અવાજ શાંત નીરવ રાત્રિમાં મકાનમાલિકને કાને સંભળાયો: 'રે ખુદા! તારા હુકમ ઉઠાવવા એ જ મારી ફરજ છે, એમાં જ અમારું સાચું સુખ અને કલ્યાણ છે, પણ તારી ઇચ્છાને વશ થઈ હું એક દુન્યવી માણસની ખિદમત ઉઠાવી રહી છું. તમે મને એની ગુલામ બનાવી છે. તમે એમાંથી મને છોડાવશો ત્યારે હું તમારી દાસી બનીશ.'

અતિશય દીનભાવે, હૃદયભેદક વાણીમાં થતી પ્રાર્થના સાંભળીને માલિકના દિલમાં ઊંડી વેદના શરૂ થઈ. એણે ઝૂંપડીમાં ડોકાઈને રાબિયા સામે નજર કરી તો એના ચહેરા ઉપર દિવ્ય તેજ પસરેલું જોયું. એ જ વખતે એને ખાતરી થઈ કે રાબિયા કોઈ સાધારણ ગુલામડી નથી પણ ખુદાની ખરી ભક્ત છે. એણે બીજે દિવસે સવારમાં રાબિયાને પોતાની પાસે બોલાવી માનપૂર્વક સલામ કરી અને કહ્યું: 'તમે અત્યારથી છૂટાં છો. તમને હું ઓળખી ન શક્યો તેને માટે માફી માગું છું. હવે પછી અહીં રહેવા ઇચ્છા હોય તો આ ઘર તમારું જ છે.'

રાબિયા આ સાંભળીને ખૂબ રાજી થઈ. એણે કહ્યું: 'તમને ખુદાએ સારી મતિ આપી છે તો હવે બધા ગુલામોને છૂટા કરો. મારામાં અને તમારામાં જે ખુદા વસે છે તે જ એ બધામાં રહેલો છે.'

આવાં વચન સાંભળી એ શેઠે પોતાના તમામ ગુલામોને મુક્તિ આપી. રાબિયા પ્રભુ-ભક્તિ માટે વિશિષ્ટ સાધના કરવા ત્યાંથી મક્કા તરફ ચાલી નીકળ્યાં.

કેટલોક સમય એક જંગલમાં એકલાં રહી તેણે સાધના કરી. પછી ફરતાંફરતાં મક્કામાં આવ્યાં ત્યાં તેમને મહાત્મા ઇબ્રાહીમ આદમની મુલાકાત થઈ. રાબિયાએ આખું જીવન ખુદાને અર્પણ કર્યું હતું અને પોતે કુરાનની આજ્ઞા મુજબ જાત-મહેનતથી રોટી મેળવી બાકીનો સમય પ્રભુ-ભજનમાં અને દીનદુખિયાંની સેવામાં વીતાવતાં.

એ વખતે મક્કામાં હુસેન બસરાઈ નામના એક મહાન સંત વસતા હતા. તેઓ દર અઠવાડિયે મસ્જિદમાં પ્રવચન કરતા. રાબિયા નિયમિત રીતે તેમનો ઉપદેશ સાંભળવા જતાં. એકવાર કોઈ કારણસર રાબિયાને આવતાં વિલંબ થયો, એટલે હુસેન બસરાઈ એમની વાટ જોતા બેસી રહ્યા; આથી શ્રોતાઓને ઘણું ખરાબ લાગ્યું. એક જણ જરા તેજ મગજનો હતો તે ચિડાઈને બોલી ઊઠ્યો: 'આટલા બધા જ્ઞાની અને તપસ્વી શ્રોતાઓ તમારો ઉપદેશ સાંભળવા આવ્યા છે, તો હવે જો એક ડોશી હોય તો યે શું ને ન હોય તોયે શું?'

હુસેનસાહેબે શાંતિથી ઉત્તર આપ્યો: 'હાથીના પેટમાં સમાઈ શકે એટલો શરબત મેં તૈયાર રાખ્યો છે, સેંકડો કીડીઓ ભેગી થાય, તોપણ એટલો શરબત શી રીતે પી શકે? અને હું પાઉં પણ કેવી રીતે?'

આવો જવાબ સાંભળીને શ્રોતાજનો પોતાના મનની સંકુચિતતા સમજી શાંત થઈ ગયા. ધર્મોપદેશ કરતાં હુસેન બસરાઈ અતિ ઉત્સાહમાં આવી જતા ત્યારે રાબિયાની સામે જોઈને કહેતા: 'આ ઉત્સાહની ગરમી તમારા અંતરમાં રહેલી શ્રદ્ધાના તેજમાંથી પ્રગટ થાય છે.'

હુસેન બસરાઈ મહાન સંત હતા. તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાબિયાની ઉચ્ચ કોટિની ભક્તિભાવના ખૂબ ગમતી અને તેને લીધે તેઓ એમને બહુ માન આપતા. એકવાર હુસેનસાહેબે રાબિયાને પૂછ્યું: ' તમને કોઈ દિવસ પરણવાની ઇચ્છા થાય છે ખરી કે ? '

રાબિયાએ અત્યંત સ્વાભાવિક રીતે જવાબ આપ્યો: ' લગ્નનું મુખ્ય કારણ શારીરિક સંબંધ છે. અને આ શરીર તો મેં ખુદાને ક્યારનું અર્પણ કરી દીધું છે; એટલે એવો વિચાર મને ક્યાંથી આવે ? '

એકવાર હુસેન બસરાઈએ પૂછ્યું: ' ખુદા સાથે આટલી એકરૂપતા તમે શી રીતે પ્રાપ્ત કરી ? '

રાબિયાએ જવાબ આપ્યો: ' મારી પાસે મારું કહેવાય એવું કશું ન રહ્યું, ત્યારે ખુદાને હું ઓળખી શકી ! '

તપસ્વિની રાબિયા ખુદાની સાથે કેવાં તદ્રુપ બન્યાં હતાં તેનાં અનેક ઉદાહરણ ઇસ્લામ ધર્મના ઇતિહાસને પાને લખાયાં છે. તેમાંથી થોડાક નમૂના અહીં ઉતારીએ.

એકવાર વસંતઋતુ પૂરબહારમાં ખીલી હતી. વૃક્ષવેલીઓ નવપલ્લવિત બની તેજઃ-પુંજ પ્રસરાવી રહ્યાં હતાં. પક્ષીઓ મીઠો કલરવ કરી રહ્યા હતાં. અરબસ્તાનના શુષ્ક પ્રદેશમાં ભાગ્યે જ જોવા મળે તેવી નિસર્ગની શોભા ચોમેર પ્રસરી રહી હતી. તપસ્વિની રાબિયા પર્ણકુટિમાં બેઠાં હતાં. એ વખતે એમની એક સહચરીએ જઈને કહ્યું: ' માતાજી ! તમે ઝૂંપડીમાં શું બેઠાં છો ? જરા બહાર આવીને જુઓ તો ખરાં, કુદરત કેવી ખીલી છે ? '

રાબિયાએ સહેજ હસીને સ્વસ્થપણે જવાબ આપ્યો: ' બહાર કુદરત ખીલી હશે પણ તું જરાં અંદર આવીને તેના સરજનહારની શોભા તો નીરખ ! '

ખરેખર સૃષ્ટિ અને સ્રષ્ટા બન્નેની શોભા એકસાથે નીરખનાર ભક્તો સમસ્ત જ... માં એકસરખા સ્વભાવના અને સ્થિ... હોય છે.

કોઈ ભક્તે રાબિયાને આવીને પૂછ્યું: ' તમે ખુદાની ભક્તિ કરો છો તે શું તે... તેમને નજરે જોયા છે ? '

રાબિયાએ હસીને જવાબ આ... ' ભલા માણસ ! જોયા ન હોય તો ... ભક્તિ શી રીતે થઈ શકે ? '

અંતઃકરણમાં રહેલા કામક્રોધાદિ શત્રુ... સાથે સતત લડી રહેલા એક મુમુક્ષુ સા... એકવાર રાબિયાને પૂછ્યું: ' તમારો ... મોટો દુશ્મન તો શયતાન જ છે ને ? ... સાથે તમારું સતત યુદ્ધ ચાલતું હશે ...

રાબિયાએ ગંભીરતાથી ઉત્તર આ... ' હું તો ખુદાની બંદગીમાં રચીપચી ર... અને આખી આલમમાં સર્વત્ર ખુદાઈ પ્રે... દેખું છું, એટલે મને શયતાન સાથે ... વટ કરવાની કે લડવાની જરૂર જ પડતી ન...

તપસ્વિની રાબિયા સાવ નિરક્ષર ... તેમને વાંચતાં-લખતાં કે ઉપદેશ દેતાં ... ન હતું. છતાં તેમને અંતઃકરણમાંથી ... જે સ્ફુરણા થતી, એમના ભક્તિમય ... માંથી જે સત્યજ્ઞાનનો ઉદય થતો તે ... ભલા વિદ્વાનોને આંજી દેતો. તેમની ... સકામ ન હતી. સ્વર્ગ અને નર્ક ... તેમના ખ્યાલો ઘણા જ સ્પષ્ટ હતા ... બાબતની એમની સમજણ કોઈ પણ ... વેત્તા જેટલી જ ચોખ્ખી હતી. ઘરગથ્થુ ... તેઓ બીજાને એ સમજણ આપી શકતાં ...

એકવાર કેટલાક જણ રાબિયાને ... આવ્યા. તેમને પોતાની ઝૂંપડીને ... બેસાડી રાબિયાએ પાણી આપ્યું અને ... મૂક્યાં. પછી જ્ઞાનવાર્તા ચાલી. આગંતુ... થી એકે કહ્યું: ' માતાજી ! અમે દિવ... પાંચવાર ખુદાની બંદગી ગુજારીએ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કુરાને શરીફનો પાઠ કરીએ છીએ.'

રાબિયાએ તેને સામો સવાલ પૂછ્યો: 'ખુદાની બંદગી કરવા પાછળ તમારો હેતુ શો હોય છે તે મને કહો.'

એક જણે ધીમે રહીને કહ્યું: 'હેતુ બીજો શું? ખુદાનું નામ લીધું હોય તેને નરકનાં દુઃખ ન ભોગવવાં પડે.'

રાબિયાએ કહ્યું: 'એ કારણ બરાબર નથી.' બીજા તરફ આંગળી ચીંધી તેમણે પૂછ્યું: 'તમે?'

'હું તો ખુદાની બંદગી સ્વર્ગસુખ મેળવવા માટે જ કરું છું. મને નરકનો ડર નથી, પણ ખુદાની બંદગી કરનારને નંદનવન અને સ્વર્ગનાં મનોરમ સુખ મળે છે; માટે નમાજ પઢું છું.'

આવા જવાબો સાંભળીને રાબિયાએ સૌની સામે એક નજર કરી. સૌ રાબિયા પાસેથી ખરો જવાબ સાંભળવા આતુર જણાયા. તેઓ બોલ્યાં: 'હું નાનપણમાં એક શેઠને ઘેર ગુલામ તરીકે કામ કરતી હતી, ત્યાં બીજા ગુલામો પણ હતા. તેમાં કેટલાક માલિકના ક્રોધ અને મારની બીકથી કામ કરતા અને કેટલાક લાલચથી કરતા. હું પોતે તો હમેશાં ફરજ સમજીને કરતી. જેઓ ભય અને લાલચથી કામ કરતા તેઓ માલિકની ગેરહાજરીમાં દિલદગડાઈ કરતા. ખુદા પણ આપણો માલિક છે. એ નરકમાં નાખશે એવા ભયથી કે સ્વર્ગસુખ આપશે એવી લાલચથી તેની પ્રાર્થના કરવી ન જોઈએ. આખા જગતમાં વ્યાપી રહેલા ખુદાનું સ્મરણ કરતાં આપણા અંતરમાં પ્રેમની ભરતી આવવી જોઈએ, આપણાથી ખુદાનું સ્મરણ કર્યા વિના રહી શકાય નહિ એટલી વિહ્વળતા પ્રગટવી જોઈએ, એનું નામ સાચી ભક્તિ કહેવાય.'

સમર્થ ગુરુ રામદાસે પોતાના સુપ્રસિદ્ધ 'મનાચે શ્લોક'માં કહ્યું છે: 'દેહી દુઃખ તે સુખ માનીત જાવે'એ પ્રમાણે રાબિયા પણ દેહના રોગ કે દુઃખને સુખરૂપ ગણતાં. એકવાર એક જણ માથે પાટો બાંધીને બેઠો હતો તેને જોઈ રાબિયાએ પૂછ્યું: 'આ માથે પાટો શા માટે બાંધ્યો છે?'

પેલાએ જવાબ આપ્યો: 'મારું માથું દુખે છે.' રાબિયાએ સામો સવાલ કર્યો: 'તમને કેટલાં વરસ થયાં?'

'ત્રીસ.'

રાબિયાએ કહ્યું: 'તો પછી ત્રીસ વરસ સુધી તમને ખુદાએ નીરોગી રાખ્યા તેની કૃતજ્ઞતા બતાવવા કોઈ નિશાની તમે રાખી નહિ ને આ એક દિવસ જરાક માથું દુખ્યું એમાં દુઃખની દાંડી પીટો છો એ કંઈ સારું ન કહેવાય.'

જગતના સર્વધર્મની એક જ શિખામણ છે અને તે સૌએ સમાન રહેવાની. કરોડો માણસો સાથે અનુસંધાન કરવા માટે કરોડોના જેવું જ સાદું સરળ જીવન જીવવું જોઈએ એ કુરાનની શીખ રાબિયાએ પોતાના જીવનમાં અક્ષરશઃ ઉતારી હતી. તેમનો ખોરાક રોટી અને કોઈ વાર દાળનો હતો. તેમનો પોશાક રસ્તે ચાલતા ગરીબો જેવો હતો. તેમની ઝૂંપડી કરોડો રંકજનો જેવી જ હતી. એકવાર એક યુવાન ફકીરે રાબિયાને પૂછ્યું: 'તમે એક ઇશારો કરો તો તમારા પગ આગળ લાખો દીનારનો ઢગલો થાય તેમ છે છતાં તમે આવાં ફાટ્યાંતૂટ્યાં, સાંધેલાં ને થીંગડાંવાળાં કપડાં શા સારુ પહેરો છો?'

રાબિયાએ તેને કહ્યું: 'મારું આ શરીર ખુદાનું છે. એને જેમ રાખવું હોય તેમ રાખે, એને ઢાંકે કે ટાઢે ઠારે, મને એની પરવા નથી. શરીરની આળપંપાળ માટે કોઈ તવંગર પાસે હાથ લંબાવવો એમાં ખુદાનું અપમાન છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાબિયાની ઝૂંપડીમાં પાણીના ગોળા ઉપર માટીનો એક નાનો લોટો રહેતો અને પથારી માટે સાદડી, માથું મૂકીને સૂવા માટે ઈંટનું ઓશિકું અને રોટી ખાવા માટે હથેળી—આટલી વસ્તુઓ હતી, એ જોઈને એક જણે કહ્યું: 'આપ મને કહો તો શહેરમાં જઈને સારી પથારી, સારાં વાસણો અને ઘરવખરી લઈ આવું. એને માટે જે ખર્ચ થશે તેની આપ ચિંતા ન કરશો.' હસીને રાબિયાએ જવાબ આપ્યો: 'ભલા સાંઈ, ખુદા શું સારાં મકાનો, સારી પથારી અને સારાં કપડાંવાળાના જ સામું જુએ છે? એમ હોત તો તો બધા રાજાઓ અને શેઠ-શાહુકારો ઈશ્વરીસુખ ભોગવતા હોત. ખુદા માટે તો ગરીબ-તવંગર સરખા જ છે.'

ભલભલા સાંઈ ફકીરો રાબિયાની મુલાકાતે આવતા અને ધર્મચર્ચા કરતા. એકવાર એક જાણીતા ફકીરે આવતાંવેંત રાબિયા સાથે દુન્યવી દુઃખોની રામકહાણી શરૂ કરી. આ સાંભળી રાબિયા જરા ઉદાસ બન્યાં. ખુદાને નામે ફકીરી ધારણ કરનાર માણસ પોતાને પડતી ખાનપાન અને બીજી સાંસારિક અગવડો વર્ણવવા બેસે એ જોઈ તેમને ઘણું દુઃખ થયું. તેઓ કરુણ અવાજે બોલ્યાં, "સાંઈમૌલા સંસાર આટલો બધો વહાલો હતો તો પછી એ છોડ્યો શા માટે? દુનિયામાં રહીને દુન્યવી સુખો ભોગવવાં હતાં. તમારી નજર ખુદા તરફ વળી નથી એનું મને દુઃખ થાય છે. માફ કરજો."

રાબિયાનાં વાક્યો ફકીરને હૈયાસોંસરા ઊતરી ગયાં.

મારવાડ અને અરબસ્તાન ભૌગોલિક દૃષ્ટિએ સેંકડો માઈલ દૂર હોવા છતાં માનવહૃદયમાં રહેલી ઈશ્વરદર્શનની તાલાવેલી એકસરખી જ હોય છે એ મીરાંબાઈ અને રાબિયાબાઈના દૃષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે. મીરાંએ ભક્તિભીની વિહ્વળતામાં ગાયું:

'હરિ હું તો પ્રેમ દીવાની-દીવાની,
મેરા દરદ ન જાને કોઈ—હરિ૦'

એ જ શબ્દો રાબિયાના અંતરમાં હ… કોઈવાર તેઓ ઊંડી રાડ નાખતાં ત્યારે તેમને ભક્તો પૂછતા કે 'તમને શું થાય છે? કહો તો હકીમને બોલાવીએ!'

ત્યારે રાબિયા માથું ધુણાવીને કહે: 'મારો રોગ શરીરનો નથી. એ દરદ દિલનું છે. કોઈ વૈદ-હકીમ એનો ઇલાજ કરી શકે તેમ નથી. એની એક જ દવા છે અને તે ખુદાનો મેળાપ.'

રાબિયા રોજબરોજ ખુદાને કેવી બંદગી કરતાં હશે એ આપણને તેમની નીચેની પ્રાર્થનામાંથી જણાઈ આવે છે. ઈશ્વરસાક્ષાત્કાર માટેની તમન્નાવાળું હૃદય ખુદાને પોકાર કરતું હશે તે એમાંથી જાણવા મળે છે. રાબિયા કહે છે: 'હે ખુદા, તેં આ દુનિયામાં મારે માટે જે રાખ્યું હોય તે તું સંસારના જીવોને આપી દેજે. પરલોકમાં મારે માટે રાખ્યું હોય તે તારા ભક્તોને આપજે, મારે માટે તો તું પોતે પૂરતો છે. તારા સિવાય મને બીજાની જરૂર નથી. હે ખુદા! જો નરકના ભયથી હું તારી બંદગી કરતી હોઉં તો મને નરકનાં દુઃખો ભલે ભસ્મ કરી દે. સ્વર્ગના લોભથી તારી પૂજા કરતી હોઉં તો સ્વર્ગ મારે હરામ છે; પણ જો તારે માટે જ હું તારી ભક્તિ કરતી હોઉં તો તારા સૌંદર્યનું ઉજ્જવળ કલ્યાણકારી દર્શન થજો અને મારી એ અભિલાષા તું પૂરી કરજે.'

ઇસ્લામ ધર્મનાં સ્ત્રી-સંતોમાં તપસ્વિની રાબિયા અદ્વિતીય છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બગદાદી

લેખક :
શ્રી ચિન્મયાનંદ

નાની પણ અબૂઝ વ્યક્તિઓ કેટલીક વખત ખૂબ આકર્ષણ જન્માવે છે. સુખદુઃખ વિષેના એમના જ્ઞાનમાં વિશાળતા નહિ હોય પણ એનું ઊંડાણ અને સાહજિક રીતે વ્યવહારમાં ઉતારવાની એમની શક્તિ અદ્‌ભુત હોય છે. આ વાર્તામાં એવા એક સામાન્ય માનવીની અસામાન્યતાનો પરિચય મળી રહે છે.

કેટલાક માણસોમાં એવું કૈંક હોય છે, કે જ્યાં જાય ત્યાં સૌનું એકદમ ધ્યાન ખેંચે ને વાતોનો વિષય બની રહે. ચાર-પાંચ વર્ષથી અમારા લત્તામાં એક મોચી રહેવા આવ્યો છે. એ એવો માણસ છે. તેનો દેખાવ, રીતભાત, રહેણીકરણી, વાતચીત, બધું એવું કે એકવાર જોયું હોય તો ભૂલ્યું ભુલાય નહિ.

સવારના પહોરમાં વહેલો ઊઠે, નાહી-ધોઈ કપડાં બદલે ને પોતાને કામ પર બેસી જાય. કપડામાં તો તેનું ટૂંકડું ધોતિયું ને ખાદીનું ખમીસ. ઊંચું, પાતળું, નીરોગી શરીર ને માથે મોટી બધી તાલ. અને એ તાલ જાણે ગૌરવનું પ્રતીક હોય તેમ ખુલ્લી જ રાખે. બહારગામ જાય ત્યારે જ માથે ખાદીની ટોપી મૂકે. બાકી તો ઉઘાડે માથે જ.

તેની દુકાન અને ઘર બેય સાથે. અંદરનો ઓરડો એ ઘર, ને બહારની ઓસરી એ દુકાન. ઓસરી બારણાંવાળી, એટલે રાતે બંધ કરી શકાતી. દુકાનના આંગણામાં ગાઢ શીતળ છાયાવાળું પીપરનું ઝાડ ઊભું છે. અહીં તે રહેવા આવ્યો, એ સમયમાં જ મ્યુનિસિપાલિટીએ આ રસ્તા પર વૃક્ષારોપણની શરૂઆત કરેલી. રસ્તા પર બીજે ક્યાં ય આવું ઘટાદાર વૃક્ષ જામ્યું નથી. કારણ પૂછતાં તે કહેતો, ‘ હું ચામડાં બોળેલું પાણી પીપરને પાઉં છું. પીપરને એવું પાણી બહુ ભાવે, એટલે જ એ આટલી બધી ફાલી છે. ’ પીપરની નીચલી ડાળે બે કૂંડાં ટાંગેલા રહેતાં. એકમાં પંખીઓ માટે ચણ નખાતી, બીજામાં પાણી ભરાતું. સવાર-સાંજ મોચીનું આંગણું નાનાંનાનાં પંખી-ઓના કિલકિલાટથી ગુંજી ઊઠતું.

પીપર નીચે એક સીંદરીવાળો ખાટલો ઢાળેલો રહેતો. તેના પર કોઈ ને કોઈ માણસ મોચીની વાતો સાંભળતું બેઠું જ હોય. મોચી ભારે વાતોડિયો. મૂળ હતો તો આ બાજુનો, પણ તેના શબ્દોમાં કહીએ તો, ‘ દુનિયાઆખી ’ ફરી આવેલો. એ બધી વાતો કરવાનો તે ગજબનો શોખીન. મોટું માણસ તો કોણ નવરું હોય તે એની વાત સાંભળવા વધારે વાર બેસે ? પણ હાઈસ્કૂલના એક બે છોકરા, નિશાળ ન હોય ત્યારે તો ખાસ, ત્યાં બેઠા જ હોય-વાતો સાંભળ-તા ને ગપ્પાં મારતા. મોચી વાત પણ ભારે લડાવી લડાવીને કરે. વચ્ચેવચ્ચે હસતો જાય. પાણીની કૂંડીમાં ચામડું બોળતો હોય, છીપર પર સોયો ઘસતો હોય, ટાંકા લેતો હોય, દોરો ખેંચતો હોય, ખીલી મારતો હોય કે રાંપી વાપરતો હોય, પણ એની વાત તો ચાલુ જ. વાત સાંભળવાનો પણ એવો જ રસિયો. કોઈ જાણીતું માણસ આવ્યું કે પૂછ્યું જ છે, ‘ કાં, શું છે નવીન ? ’

*

લત્તામાં મોચી રહેવા આવ્યો છે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલ, સ્વદેશી ધર્મને અનુસરીને તેને જ સંપલની વરધી આપું, એવો વિચાર કરીને હું તેની દુકાને પહેલી જ વાર ગયો, ત્યાં તો જાણે મને સારી પેઠે ઓળખતો હોય એવા ભાવભર્યા અવાજે બોલી ઊઠ્યો :

'પધારો છબીલભાઈ, પધારો.'

'તમે મને ક્યાંથી ઓળખો ?' આશ્ચર્યથી મેં પૂછ્યું.

'હાઈસ્કૂલના છોકરાઓ અહીં બેસે છે ને, એ જ્યારે ત્યારે તમારી જ વાત કરતા હોય. તમારે માટે સૌને ખૂબ લાગણી છે, ખોટું નહિ.' અને થોડીવાર રહીને ઉમેર્યું, 'ભાઈ, એક વાત કહું ? મને શિક્ષકો સાથે સારી લેણાદેણી છે. જ્યાં જાઉં ત્યાં કોઈ શિક્ષક સાથે તો નાતો બંધાય જ. હું તો 'દુનિયાઆખી' ફર્યો છું, એટલે બહોળા અનુભવથી કહું છું કે લાયકાતમાં શિક્ષકોને કોઈ ન લગે.'

'એ તો જેવો જેનો અનુભવ,' મેં હસીને કહ્યું ને કુતૂહલ દર્શાવ્યું. 'ક્યાં ક્યાં ફર્યા છો ?'

અને જાણે 'રેકર્ડ' ઊપડી! મને જરા વખત હતો એટલે સાંભળ્યે રાખ્યું. બાળપણથી માંડીને તે અત્યારની પ્રૌઢાવસ્થા સુધીની પોતાની કથની તેણે સંક્ષેપમાં કહી નાખી.

એમાંની એક કરુણ ઘટના મારા દિલને હલાવી ગઈ. મેં હમદર્દી બતાવી. જ્ઞાનભર્યું સાંત્વન આપ્યું. તે ગળગળો થઈ ગયો. મારે માટે તેને આકર્ષણ થયું–એટલી હદ સુધી કે અમે ત્રણચાર હાઈસ્કૂલ-શિક્ષકો રોજ રાતે જમીને આઠ બજે ફરવા નીકળતા, ત્યારે તે પણ અમારી સાથે આવવા લાગ્યો.

ફરવા દરમ્યાન અનેક વાતોની ચર્ચા ચાલે. એ દરેક વાતમાં તો તે ક્યાંથી સમજે ? છતાં દરેકમાં રસપૂર્વક હોંકારો પુરાવે, અહોભાવ પ્રગટ કરે. વચ્ચે વચ્ચે પોતાની વાત માંડીને ય ઊભા હોય. તેના જુદાજુદા અનુભવ સાંભળવામાં, અને ખાસ તો વાત કરતી વખતના તેના લાક્ષણિક હાવભાવ નિહાળવામાં અમને મજા પડતી. આમ, થોડા વખતમાં અમે સૌ તેની જીવન-કથનીથી, તેની શક્તિ-અશક્તિથી સારી પેઠે પરિચિત થઈ ગયા.

ઊગતી જુવાનીમાં જ તે કોઈ [illegible] સાથે કામધંધા અંગે કરાંચી ગયેલો. ૧૯૩૧માં રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન કરાંચીમાં ભરાયું ત્યાંસુધી તે ત્યાં જ [illegible] એ અધિવેશનમાં કોણકોણ નેતા આવેલા, વાતાવરણ કેવું ગરમાગરમ થયેલું, સાંસ્થાનિક સ્વરાજ્યના ખરડા વિષે પિતા મોતીલાલજી ને જવાહરલાલજી કેવા સામસામા પક્ષે ઊભા રહ્યા હતા, ગાંધીજીએ આખરે જવાહરલાલજીને કેવા સમજાવી લીધા, ભગતસિંહને તે જ અરસામાં ફાંસી મળતાં ક્રાંતિવાદી જુવાનિયાઓ ઉશ્કેરાઈ ગયેલા, ગાંધીજી સામે કાળા વાવટા ધરેલા, પણ એ સૌને ય ગાંધીજીએ ખુલ્લા અધિવેશનમાં કેવા વશ કરી લીધા, એ બધા પ્રસંગો વિષે તે અનેરા ઉલ્લાસથી, અભિમાનથી વાતો કરે. અમુક વસ્તુ ભુલાઈ ગઈ હોય કે સમજાઈ ન હોય તે વચ્ચે [illegible] કરી દે. ગાંધીજી પર એને અનન્ય આસ્થા. વાતવાતમાં તેનું આ વાક્ય તો હોય જ હોય: 'ગાંધીજી ક્યાં ય થાવા નથી, [illegible] એમને ઘડીને તો ભગવાને ય હાથ ધોઈ નાખ્યા હશે!' કહીને ખડખડાટ હસે. ભલો ને ભાવિક માણસ!

એની નાતમાં તો તે ગાંગજી નામે ઓળખાતો. 'ગાંગજી ક્યાં?' પૂછતું. જવાબ મળતો, 'ઓલ્યો ગાંધી!' અને સૌ સમજી જતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરાંચીથી તે કંદહાર ગયેલો. વચ્ચેનાં વર્ષોમાં ઉત્તર હિંદુસ્તાન ઘૂમી આવેલો. ઠેઠ બદરીકેદારની જાત્રાએ ગયેલો. દિલ્હી, આગ્રા, લખનૌ, લાહોર વગેરે સ્થળોએ પણ ફરેલો. આ બધાં સ્થળોનાં વધારીવધારીને વર્ણન કરે. અમને કેટલીક વાર કહે, 'તમે લોકો ભણેલા ખરા, પણ હું તો દુનિયા ફરેલો. કહેવત છે ને કે 'જીવ્યા કરતાં જોયું ભલું!' દેશાટન ન કરીએ ત્યાંસુધી જિંદગી જીવ્યા ન જીવ્યા બરાબર.' અને એવી રીતે હસી પડે, જાણે અમારી દયા ન ખાતો હોય!

કંદહારમાં કોઈ 'બગદાદી શૂઝ કંપની'-માં નોકરી કરતો. ત્યાં માત્ર ચંપલ બનાવવાનું કામ તેને કરવું પડતું. અહીં 'દેશ'માં આવીનેય તે ચંપલ જ બનાવતો; પણ એવા જાતજાતના ને ભાતભાતના બનાવતો કે તેના જ ચંપલ પહેરવાની ગામમાં એક ફેશન ચાલી. ચંપલ આપે પણ વખતસર, વાયદા પ્રમાણે. અને સૌ માટે એક જ ભાવ.

એ બગદાદી કંપનીની જ્યારે ત્યારે વાતો કરતો, એટલે છોકરાઓએ તેનું નામ જ 'બગદાદી' ઠરાવી દીધું. પૂર્વજીવનના સંસ્મરણવાળા એ નામે સંબોધાવામાં તે પણ આનંદ ને અભિમાન અનુભવતો. એટલે ગામઆખું તેને બગદાદીને નામે જ બોલાવતું, એ નામે જ ઓળખતું. તેની નાતમાં, આગળ કહ્યું તેમ, ગાંગજી ગાંધીને નામે પણ ઓળખાતો.

*

એક વખત ફરવા દરમિયાન કંદહારની વાત નીકળી. બગદાદીએ કહ્યું, 'છબીલભાઈ, કંદહારમાં કમાણી ઘણી સરસ. રહેવાની ય ભારે લહેર. નહિ મચ્છર, નહિ માંકડ, નહિ કીડી! અરે, કાગડો ય નહિ! પણ ઠંડી સુતમ! એટલી ઠંડી ક્યાંય જોઈ નથી.'

ઠંડીને સંભારતાં તે કેંક લાગણી-વિવશ થઈ ગયો. થોડીવાર રહીને ઉમેર્યું, 'એટલે તો મારે દેશમાં આવતું રહેવું પડ્યું ને!'

પોતાના કુટુંબજીવનની પેલી કરુણ કથનીનો ઉલ્લેખ બગદાદી કરી રહ્યો હતો, એ હું સમજી ગયો. પણ એ વિષે કશું નહિ જાણનારા એક શિક્ષકમિત્રે આશ્ચર્ય દર્શાવ્યું, 'પણ તમારું શરીર તો કસાયેલું લાગે છે ને! એકવડિયું રહ્યું, એથી શું થયું?'

'લ્યો, તમને ખબર નથી?' બગદાદીએ સામું આશ્ચર્ય દર્શાવ્યું. ભોળો માણસ ભાવાવેશમાં આવી ગયો, ને પેલી કથની કહેવી શરૂ કરી દીધી:

'ભાઈને શું વાત કરું? બધી ઈશ્વરની માયા છે, પણ એની લીલા તો જુઓ! અટ.ણ લગ્નમાં મારે ઘેર દસ બચ્ચાં થયાં. ત્રણ બચ્ચાં કરાંચીમાં થયાં. છ કંદહારમાં, પણ એકે ય ઊગર્યું નહિ. ચારછ મહિનાનું થાય ત્યાં હાલ્યું જાય. પછી તો ભાઈ, પરદેશ પરથી મન ઊઠી ગયું. અમને બેય માણસને એમ પણ થયું, કે કંદહારમાં ઠંડી સુતમ પડે છે. એટલે છોકરાં નહિ ઊગરતાં હોય, માટે હાલો, દેશ ભેગા થઈ જઈએ. આ દુઃખનાં માર્યાં આવતાં રહ્યાં. આંહી આવ્યા કેડે એક બાળક થયું, પણ એ ય ન ઊગર્યું....ગુજરી ગયે હજી એક મહિનો નહિ થયો હોય.' બગદાદીની આંખ આંસુથી ભરાઈ આવી.

મેં હૈયારી આપી: 'તમે તો બગદાદી, ગાંધીજીના ભક્ત છો એટલે સમજતા હશો કે જન્મમરણનો હરખશોક જ્ઞાનીઓ કરતા નથી. એકબીજાના ઋણાનુબંધે સૌ ભેગા મળીએ છીએ. ઋણાનુબંધ પૂરો થયે છૂટા પડીએ છીએ. સાચી સગાઈ જીવ માત્રને એક પરમાત્મા સાથે જ.' હું તત્ત્વજ્ઞાનમાં ઊતરી ગયો, માસ્તર ખરો ને!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બગદાદી મારા શબ્દે શબ્દ ધ્યાન દઈને સાંભળતો હતો. એના અર્થને હૈયામાં ઉતારવા મથતો હતો. થોડીવારમાં જ તે સ્વસ્થ થઈ ગયો: 'હું તો ભાઈ, બધું સમજું છું. પહેલેથી જ તમ જેવા ભણેલા સાથે સંબંધ, એમાં વળી એક ખાદીધારી જુવાન કરાંચીમાં મારી પાસે આવતો. કહે કે 'ચંપલ સીવતાં શીખવો.'

'હશે કોઈ છબીલભાઈ જેવો ગાંધીઘેલડો!' એક ટીખળી શિક્ષકમિત્રે મજાક કરી.

પણ ભોળો ને ભાવિક બગદાદી એ મજાકને સારા અર્થમાં જ સમજ્યો. 'હા, એવો જ! હતો પણ શિક્ષક. વળી બ્રાહ્મણનો દીકરો. મને તો રોનક થઈ. મેં કહ્યું, 'ભલે.' બરાબર બે મહિના સવારસાંજ આવ્યો, ને ચંપલ સીવતાં આબાદ શીખી ગયો...એ મારી પાસે ગાંધીજીની ને ધર્મની ઘણીઘણી વાતો કરે. આ ત્યારથી મારામાં નવા સંસ્કાર આવી ગયા. વ્યસન બધાં છોડી દીધાં. નહિ ચા, નહિ પાન, નહિ બીડી, કોઈ જાતનું વ્યસન નહિ ને!'

થોડીવાર મૌન સેવીને વળી મૂળ વાત પર આવી ગયો: 'એટલે હું તો સમજું કે બધી ભગવાનની લીલા છે. લેણાદેવી હોય એટલી જ લેવાય, પણ ઘરમાંથી કાંઈ સમજે નહિ. આમ જુઓ તો લાખેણું માણસ. એવી હેતાળ, ચતુર ને કામઢી કે ન પૂછો વાત! પણ આ એક બાબતમાં ભારે અણસમજુ! છોકરું ગુજરી જાય એટલે રડારોળ કરી મૂકે. રાતદી કલ્પાંત કરે. હું ઘણું સમજાવું પણ મુદ્દલ સમજે નહિ!'

'માનો જીવ છે ને!' મેં કહ્યું. 'બાપના કરતાં એ વધુ કોમળ હોય, એનો જખમ વધુ દૂઝે, રુઝાતાં ય વાર લાગે.'

'ઈ સાચું હો, ભાઈ!' તેનો અવાજ વળી ગદ્‌ગદ થઈ ગયો. તે દિવસે અમે કોઈ કંઈ વધુ ન બોલી શક્યા.

પણ બીજે દિવસે મધુભાઈ, જે વિજ્ઞાન-શિક્ષક હતા તેમણે આ જ વાત ઉપાડી.

'બગદાદી, એક સલાહ આપું?'

'હા ભાઈ, બોલો ને' બગદાદીને જિજ્ઞાસાભર્યો અવાજ આવ્યો.

'તમે એક વરસ બરાબર બ્રહ્મચર્ય પાળો...'

કાપો તો લોહી ન નીકળે એવો [illegible] એનો ચહેરો થઈ ગયો. એણે કશો જવાબ વાળ્યો નહિ, પણ મધુભાઈની સલાહનો મર્મ પામી ગયો હોય તેમ તે મૂંગો રહીને ઊંડા વિચારમાં ઊતરી ગયો. મધુભાઈની વૈજ્ઞાનિક સલાહ સાંભળીને અમે જરા [illegible] પડ્યા, પણ બગદાદીને માઠું ન લાગે તે ખાતર મેં વાતનું વિષયાંતર કરી નાખ્યું.

પછી તો ફરવા દરમ્યાન બગદાદી [illegible] કરુણ કથની ભાગ્યે જ ઉખેળતો. અમે પણ એ વાત સંભારતા નહિ. ઘણો વખત [illegible] ને એમ વીતી ગયો ત્યાં બગદાદીને ઘેર [illegible] વડ આવી. આ વખતે બે સુવાવડ વચ્ચે ગાળો ઠીકઠીક લંબાયો હતો. બાળક [illegible] આગળના કરતાં વધારે નરવું હતું [illegible] પ્રભુને કરવું છે તે એ બેઅઢી વર્ષનું [illegible] ત્યાંસુધી ઊની આંચ ન આવી.

રાતે અમે ફરીને ઘેર આવીએ [illegible] બગદાદી ઘણીવાર બાળકને તેડીને લટાર [illegible] જરા લટાર મારવા નીકળતો. [illegible] ઉનાળાની રાતે હું મારા ઘરના [illegible] ઓટલા પર હવા ખાતો બેઠો હતો. [illegible] તેના દીકરાને તેડીને મારી પાસે આવી [illegible] અમે આ છોકરા વિષે જ વાતો કરવા [illegible] હતા. [illegible] છોકરો વચ્ચે કાલુંકાલું બોલતો [illegible] સાંભળીને બગદાદી તો ઓછોઓછો [illegible] જતો. પિતૃપ્રેમથી છલકાતું તેનું પ્રસન્ન [illegible] નીરખીનીરખીને જોવામાં મને કોઈ [illegible] મજા આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બગદાદી કંઈક ખાસ વાત કરવા માગતો હોય તેમ થોડીવાર મારા સામું જોઈ રહીને બોલ્યો :

'તમને છબીલભાઈ, યાદ છે, એકવાર મધુભાઈએ મને સલાહ આપી હતી તે ?' મને તો એ વાત બરાબર યાદ હતી. બગદાદીની ગેરહાજરીમાં એ વાત સંભારીને અમે ઘણીવાર હસતા. એ પર ચર્ચા પણ ચલાવતા. મેં હકારમાં માથું હલાવ્યું.

'એ ભલા, શેના શિક્ષક છે ?' તેણે પૂછ્યું.

'એ વિજ્ઞાન-શિક્ષક છે.' મેં કહ્યું.

'એમ કે ?...માળાની વાત સાચી, હો ! આજ તમને કહું છું, છબીલભાઈ ! મને પણ એ સલાહ સાચી લાગી, ગમે તેમ તો ય મારી નસોમાં પઠાણીસ્તાનનું પાણી; એટલે વરસ આખું તો ન પાળી શકયો, પણ આઠ મહિના તો બરાબર પાળી હો !' અને બગદાદી હસી પડ્યો. થોડીવાર રહીને ઉમેર્યું :

'મને તો લાગે છે, એ સલાહ પાળવાને પ્રતાપે જ આ છોકરો આટલો નરવો આવ્યો ને જીવતો રહ્યો.'

કુતૂહલમય આનંદથી હું સાંભળી રહ્યો. વિવેકથી બોલ્યો :

'સુખનો થર નીકળી આવવાનો હોય ત્યારે આવી સાચી સલાહ દેનારો કોઈ મળી આવે, ને ત્યારે જ એ પાળી શકાય.'

'હા, સાચી વાત તો નસીબની જ.' અને કંઈક સંભારતો હોય તેમ બોલ્યો, 'તમે તે દિવસે સંસ્કૃત શબ્દ વાપર્યો હતો ને-લેણાદેણી માટે ?'

નવાનવા શિષ્ટ શબ્દો યાદ રાખવાનો ને વાપરવાનો બગદાદીને શોખ હતો. અમને એમાં રમૂજ પડતી. મેં કહ્યું 'ઋણાનુબંધ.'

'હા...આ, ઋણાનુબંધ ! એ ઋણાનુબંધની જ વાત સાચી. આ છોકરા સાથે ઋણાનુબંધ નીકળ્યો. બીજું શું !'

અને થોડીક આડીઅવળી આનંદલહરી વાતચીત કરીને છોકરાને રમાડતોરમાડતો તે ચાલ્યો ગયો. તેની પીઠ પરથી યે તેની પ્રસન્ન મુખમુદ્રાની કલ્પના હું કરી શકતો હતો. એ પીઠ દેખાતી બંધ થઈ ત્યારે પણ એ કલ્પનાના આનંદમાં મારું મન રમણ કરતું રહ્યું.

ત્રણચાર દિવસ પછી હું એ જ રીતે, હવા ખાતો, ઓટલા પર બેઠો હતો, ત્યારે બગદાદી આવ્યો. મને કહે, 'છબીલભાઈ, તમારી સલાહ લેવી છે.'

'બોલો,' મેં કહ્યું.

'છોકરાનું નામ શું પાડવું ?' તેણે પૂછ્યું, ને મારા સામે આતુર નયને તાકી રહ્યો.

'શી રાશિ આવે છે ?'

'રાશિબાશિમાં હું માનતો નથી.' હાસ્ય-ની છોળો ઉછાળતો તેનો જવાબ આવ્યો.

'ત્યારે તો વાત સાવ સહેલી બની જાય છે.' અને થોડીવાર વિચાર કરીને જે સૂઝ્યું તે કહી નાખ્યું.

'તમે ગાંધીજીના ભક્ત છો. તો-એમનું જ નામ-મોહનદાસ-રાખો ને. છોકરાને બોલા-વતી વખતે બાપુજીનું સ્મરણ થાય એથી આપણું જીવન પણ પવિત્ર રહે, પ્રતાપી બને.'

'એ સાચું, પણ ગાંધીજી તો આપણા રાષ્ટ્રપિતા કહેવાય. એમનું નામ આપણાથી કેમ રખાય ?' તેણે વાંધો ઉઠાવ્યો.

તેની આ માન્યતાએ મને ચકિત કરી મૂકયો. તેનું મન રાખવા મેં બીજું નામ સૂચવ્યું, 'ત્યારે આપણા વડા પ્રધાનનું નામ રાખો-જવાહરલાલ.'

બગદાદીએ વળી વાંધો ઉઠાવ્યો : 'એવડું બધું મોટું નામ ન રખાય. અમારી નાતમાં મશ્કરી થાય. છોકરાની માને પણ બરાબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલતાં ન આવડે.'

'ત્યારે તો બગદાદી, તમે જ નામ પાડો.' મેં જરા મજાક કરી.

પણ તે વિચાર કરીને જ આવ્યો હોય તેમ લાગ્યું. તરત જ બોલી ઊઠ્યો : 'વલ્લભ નામ રાખીએ તો કેમ? અત્યારે આપણા દેશને સરદાર વલ્લભભાઈ જેવા લોખંડી પુરુષોની ખાસ જરૂર છે. એટલે એ નામ જ આપણને પ્રેરણા આપનારું બની રહેશે.'

'હા, એ સરસ.' બગદાદીની ઇચ્છાને મેં તરત જ વધાવી લીધી. તેનું મોં મરક-મરક મલકી રહ્યું હતું. પોતાના પુત્રના ભાવિ વિષે તે કેવીકેવી મહાન આશાઓ રાખી રહ્યો હશે!

અને ખરેખર બગદાદીએ છોકરાનું નામ વલ્લભ પાડ્યું. એ નામકરણવિધિના માનમાં લત્તાનાં છોકરાંઓને લહાણુ પણ વહેંચી.

બગદાદીના જીવનમાં અપૂર્વ આનંદ પુરાતો જતો હતો. જીવન તેને ધન્યધન્ય લાગતું. છોકરો પણ વધારે નરવો, હસમુખો ને રમતિયાળ થતો જતો હતો. ત્યારપછી બીજું બાળક નહોતું થયું. એટલે આ છોકરો ધણી-ધણિયાણીને પ્રાણથી યે પ્યારો થઈ પડ્યો.

અમે પણ ફરવા દરમ્યાન એકાદ વાર તો અચૂક પૂછીએ :

'કેમ બગદાદી, વલ્લભભાઈ લહેરમાં છે ને?'

હાસ્યનાં મોજાં ઉછાળતો બગદાદીનો જવાબ મળે :

'હો...,તમ જેવાને પ્રતાપે લહેરમાં છે.' અને ઘણીવાર ઉમેરે : 'ભગવાને રહીરહીને, જાતી જિંદગીએ છોકરો જિવાડ્યો. પણ બધાનું સાટું વાળી દીધું. ભલે મોડેમોડે, પણ ભક્તની ભીડ ભાંગ્યા વિના ભગવાન રહેતો નથી. ભગવાન પ્રસન્ન થઈને આપવા બેસે ત્યારે શી કમીના રહે? છોકરો રતન જેવો આપ્યો, હો! મોટો થાતાં નામ કાઢશે!'

અમે પૂછીએ ત્યારે જ વાત કરે, એવી મર્યાદા પણ નહોતી રહી. જ્યારેત્યારે વાત-વાતમાં છોકરાને સંભારે ને આનંદ પામે. અને કેમ ન પામે? વલ્લભ જ તેની આખી અવસ્થાની એક માત્ર આશા ને આનંદનું ધામ હતો ને?

પરંતુ કેટલાક માણસોના નસીબમાં અમુક સુખ નિર્માયેલું જ નથી હોતું. ઈશ્વરને ઘેર ન્યાય તો હશે જ, પણ તેની ન્યાય આપવાની પદ્ધતિ અગમ્ય ને અગતાનુગતિક છે. કયા જન્મનું ફળ માણસ કોણ જાણે ક્યારે ભોગવતો હશે?

વેકેશનમાં હું બહારગામ ગયો હતો. ત્યાં મને અણધાર્યા સમાચાર મળ્યા કે બગદાદીનો દીકરો બે દિવસના ઝેરી તાવમાં ગુજરી ગયો. મને પારાવાર શોક થયો. ગરીબ બિચારાં મોચીમોચણનો મનોરથ, આલીશાન આશા-મહેલ એકાએક કડડડભૂસ તૂટી પડ્યો! એની નીચે ચંપાઈને એમનાં હૈયાં ચૂરેચૂરા થઈ ગયાં હશે? મનમાં થયું, વિધાતા પણ કેવી આળવીતરી છે? માણસને ઘડીભર આશાના હેમહિંડોળે હીંચોળીને નિરાશાના ઊંડા ગર્તમાં ફેંકી દે છે! ત્યાંથી જ મેં બગદાદી પર ખરખરાનો, ખૂબ સાંત્વન આપતો, તત્ત્વ-જ્ઞાનથી ભરપૂર, લાંબો પત્ર લખ્યો. પ્રવાસનો કાર્યક્રમ ટુંકાવીને હું ઘેર આવ્યો કે તરત બગદાદી પાસે પહોંચ્યો.

મને જોતાંવેંત બગદાદી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. ઘરના ઉંબરમાં બેઠેલી મોચણે પણ કારમી રડારોળ કરી મૂકી. પીપળાનાં કૂંડાં પરનાં ચકલાંએ પણ ચીંચીં કરી મૂક્યું, જાણે પોતાની સમવેદના વ્યક્ત ન કરતાં હોય! મારું હૈયું ભરાઈ આવ્યું. કંઈ બોલી ન શક્યો. થોડીવારમાં હું તો સ્વસ્થ થઈ ગયો, પણ બગદાદીનું રુદન અટક્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

મને થયું, તેનું હૈયું રડવાથી જ હળવું પડશે; એટલે તેને રડવા દીધો. રડીરડીને થાકયો ત્યારે હીબકા ભરતોભરતો તે બોલ્યો :

'છબીલભાઈ, મેં એવાં શાં પાપ કર્યાં હશે કે ભગવાન બાળક આપીઆપીને પાછાં લઈ લે છે? ભગવાનને ઘેર ન્યાય જ નથી લાગતો, નહિ તો આવું હોય? જ્ઞાનની મોટીમોટી વાતો તમારા જેવા ડાહ્યા માણસોએ વણી જ કાઢી લાગે છે...મારી તો હવે કેડ ભાંગી ગઈ. મારાથી હવે નહિ જિવાય.' એટલું કહીને વળી ધ્રુસકેધ્રુસકે રડી પડયા. કેમે ય છાનો ન રહ્યો.

મેં ઘણુંઘણું સાંત્વન આપ્યું, પણ કશી અસર ન થઈ, છતાં હવે તો તેને રડતો અટકાવવો જ જોઈએ. એટલું જોરજોરથી તે રડી રહ્યો હતો કે કયાંક હૃદય બંધ થઈ જશે, એવી ભીતિ મને લાગી, પણ કઈ રીતે તેને રોકવો? સૂઝ નહોતી પડતી. એટલામાં જાણે એક કૌતુક થયું.

મોચીને આટલો પોકેપોક મૂકીને રડતો મોચણે પણ કદી નહિ જોયો હોય. તે એકાએક રડતી અટકી ગઈ. લાંબા ઘૂમટામાંથી તેનું આંસુ-ખરડાયેલ, નમણું હેતાળ મોં બહાર દેખાયું ને પતિ સામે જોઈ રહ્યું. વેદનાના અગ્નિને જાણે હૃદયમાં ભંડારી દેવા મથી રહી હોય તેમ થોડીવાર મૂક રહીને તે ધીરગંભીર અવાજે બોલી :

'તમે ભાયડા માણસ ઊઠીને આટલા બધા પોચા થઈ ગયા? તમારા જેવો ગનાની આમ સાવ હારી બેસે, ઈ ઠીક કહેવાય? છબીલભાઈ જેવા સમજાવવા આવ્યા છે તો ય સમજતા નથી! જેવી ભગવાનની મરજી! આવતે ભવ ભલું કરવાના હશે. બીજું શું?'

અજ્ઞાની ને પોચા હૈયાની ગણાતી પત્નીના આ શબ્દોએ બગદાદીને આશ્ચર્યમાં ડુબાડી દીધો. તેનું રુદન એકદમ રુંધાઈ ગયું. જાણે કૈંક વધુ સમજણ માગતો હોય તેમ તે પત્ની તરફ જોઈ રહ્યો. હું ય આ સ્ત્રીની સમયવર્તી બુદ્ધિ ને સ્વસ્થતાને પ્રશંસી રહ્યો. મને થયું, આ અભણ, અબુધ લાગતી સ્ત્રી જ બગદાદીના શૂન્ય બનતા હૃદયને પાછું સભર કરી શકશે. મારા આશ્વાસનની હવે જરૂર નથી, જરૂર એમને એકાંત આપવાની છે.

એટલે કશું બોલ્યા વિના, હળવે પગલે હું બહાર નીકળી ગયો.

*

હવે એ પળો આવી લાગી છે કે જૂના કાળમાં જેમ વાંઝિયાપણું એ દુર્ભાગ્યનું ચિહ્ન ગણાતું, તેમ હવે નિ:સંતાનને સૌભાગ્ય ચિહ્ન ગણવું જોઈએ જે સ્ત્રીપુરુષો પરણ્યા પછી પણ બ્રહ્મચર્ય પાળે તેમની પ્રતિષ્ઠા વધવી જોઈએ. કૃત્રિમ સંતતિનિયમન વાપરનારની કે એવાં સાધનોની હિમાયત કરનારની પ્રતિષ્ઠા, માન્ય લેખાતી સ્ત્રીસંસ્થાઓએ ઘટાડવી જોઈએ. મૂડીવાદના વિરોધ ઉપર આજે જેટલું જોર અપાય છે તે કરતાં સંતાનવાદના વિરોધ ઉપર વધુ જોર અપાવું જોઈએ. જેઓ અવિવાહિતપણે બ્રહ્મચર્ય પાળે છે તેમની કીર્તિ ઉપર કળશ ચઢવો જોઈએ. વિવાહિતપણે મર્યાદિત બ્રહ્મચર્ય પાળી, એક કે બે જ સંતાનોથી સંતોષ વાળે છે તેમની જાહેર કદર થવી જોઈએ. છેલ્લા યુગમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પોતાના કાળમાં વીર્યસંચય પર બ્રહ્મચર્ય પર જે ઝોક આપ્યો, રામકૃષ્ણ પરમહંસ જેવા મહાયોગીએ ગૃહસ્થપણે જે આદર્શ પૂરો પાડ્યો અને મહાત્માજીએ એ ક્ષેત્રમાં ઝુકાવીને બ્રહ્મચર્ય દ્વારા જે પૂર્ણ પ્રગતિ સાધી બતાવી તેનો ખ્યાલ ભારતીય સ્ત્રીપુરુષોને જ્વલંત રીતે આપવાની વેળા આવી લાગી છે.

સંતબાલ

×

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામગંગા મેશરી

લેખક :
શ્રી શિવપ્રસાદ પ્રા. શુક્લ

સિંધુ, ગંગા, યમુના, બ્રહ્મપુત્રા, નર્મદા વગેરે મોટીમોટી નદીઓ તો હિંદમાં છે જ, તે ઉપરાંત પણ 'ઘરદીવડાં' જેવી ગામડાંઓને ને શહેરોને થોડુંક જીવન દેનારી, માર્ગમાં સુકાઈ જનારી અનેક નદીઓ પણ ઘણી હશે, એમાંની એક ગોધરાના પાદરમાંથી વહેતી મેશરી છે. નાની નદી જેવી નિર્મળ, રસળતી અને સરળ પ્રવાહી શૈલીમાં લેખકે એક જીવંત વ્યક્તિ જાણે આપણી સમક્ષ ઊભી કરી દીધી હોય એવું આનું વાંચન જણાશે.

મારા ગામ ગોધરાને પાદર થઈને વહી જતી નદીમાતા મેશરી નાની, છીછરી ને ઉનાળામાં ક્ષીણકાય થઈ જતી હોવા છતાં મારે મન તો એ જ સર્વોત્તમ પાવનકારી નદી છે.

એ બહુ મોટા પહાડમાંથી યે નથી નીકળતી. એનું પિયર બહુ ગરીબ છે. એ ભોળી ગામડિયણ છે. એ કંઈ છેક સમુદ્ર સુધી યે જતી નથી. કાળિયા કૂવા પાસેથી નીકળી નમણી આંખે ચાલતીચાલતી એ સુંદર વળાંક લઈને ગોધરા આગળ આવી પહોંચે છે. અહીં ને તેથી યે ઉપલાણમાં નદી વચ્ચે મંચ, ગાદી ને તકિયારૂપે ગોઠવાયેલા પથ્થરો પર બેસી એણે ઘણા દિવસો સુધી વિદ્યાભ્યાસ કર્યો છે ને રમતો રમી છે. કુદરતના સુંદર ઉદ્યાનમાંથી નીકળી જરાક મોકળાશમાં પ્રવેશે ત્યાં જ એને દૂરથી શહેરનાં મકાનો દેખાય છે. થોડા વખત પહેલાંના તાલુકદારો ને રાજાઓના કુમારોના ઉડાઉ ભણતર ને ઠાઠને જોઈ હસે છે. વળી ત્યાં નળ માટે એ કૂવા ખોદવા દેતી જ નથી. ચિડાયેલી ગાય ગમે એટલા આંચળ મરડો તો યે પાસો ન મૂકે ને દૂધ ન જ આપે, તેમ એ ચિડાઈ જઈ પૂરતું પાણી ફૂટવા દેતી જ નથી!

જ્યાં પરભા નામની એક નાનકડી નદી મેશરીને મળે છે, ત્યાં મેં મારા પિતા, કાકા, દાદી, બહેનો ને અનેક સગાંસંબંધીઓને ચિતા પર ચડાવી આ ભવની છેલ્લી વિદાય આપી છે. ત્યાં સ્મશાન પાસે મેશરીને સામે આવતી જોઈ પરભા ખુશખુશ થઈ જાય છે. આ સ્થાને પહેલાં તો અમે દર વર્ષે જનોઈ પહેરવા આવતા. ઉપાકર્મ ને ઉત્સર્જન એ પવિત્ર વિધિ ત્યાં થતો. મારા કાકા મધુર સ્વરે વેદના મંત્રો ભણતા ને દેહશુદ્ધિ કરતી વખતે આખા યે ભારતવર્ષની નદીઓનું સ્મરણ કરતા. અને મેશરીનાં પાણીમાં એ બધી નદીમાતાઓને પ્રગટ કરતા. સાંજે પણ સાંજે એ તરફ ઘણીવાર ફરવા જઈએ ત્યારે પૂર્વમાંથી 'स्वराज म्हणजे काय?' લોકમાન્ય ટિળકે ઉચ્ચારેલા શબ્દો હવામાં ચાલ્યા આવી કાને અથડાયા જ કરે. આ સંસ્થા પ્રથમ ગુજરાત રાજકીય પરિષદ આ સંગમની પડોશમાં જ ભરાઈ હતી, ત્યારે કાઠિયાવાડી વેશ પહેરેલા ગાંધીજી, દક્ષિણી વેશમાં લોકમાન્ય, ફેઈઝ કેપવાળા વિઠ્ઠલભાઈ, ઝીણા વગેરેવગેરે અનેક લોકનેતાઓને આ નદીઓએ જોયેલા. ગુજરાતના રાજકારણનું પગરણ—ગાંધીજીનું હિંદમાં રાજકીય જીવન અહીંથી જ શરૂ થયેલું. પણ બિચારી કંઈ ગામડિયણને એ જમાનામાં એ બધાંની શી ગતાગમ? વળી વિઠ્ઠલ-વલ્લભે પોતાનો જંગ આ જ ગામમાં શરૂ કરેલો, એવું પણ પરભા કહે છે અને પછી એ મેશરીનાં પાણીમાં ભળી જાય છે.

પછી તો બન્ને જરા આગળ ચાલે ત્યાં ટેકરા ઉપર હરિજનવાસ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકે છે. એ તટે એક નાનકડી ઝૂંપડી આવેલી છે. ૧૯૨૦માં ગાંધીજીએ હરિજન-કાર્યની અહીંના હરિજનવાસથી જ શરૂઆત કરી. લોકોના પ્રચંડ વિરોધને હાસ્યની અમીવર્ષાથી શીતળ કરી દેતા ને અસ્પૃશ્યતા-નિવારણ દ્વારા હિંદુ ધર્મ ને સમાજમાં એક પ્રચંડ ક્રાંતિની પાવકજ્વાળા સળગાવતા ગાંધીજીને મારી બાલ્યાવસ્થામાં સ્મશાન પાસે ભંગીવાસની સભામાં ભાષણ આપતા જોઉં છું; સાથે વિઠ્ઠલભાઈ છે. એ જ કાળે ગોધરાના શુષ્ક જીવનમાં એક છાયાવૃક્ષ રોપાઈ જાય છે–મામા સાહેબ ફડકે. ૧૯૨૦થી ૧૯૫૦ સુધીનાં એ અખંડ ત્રીસ વર્ષોના ગાળામાં એક જ સ્થાને બેસી કેવળ અસ્પૃશ્યતા-નિવારણની સાધના કરતેકરતે યુવક ફડકે મેશરી ને પરભાને કિનારે બેઠાબેઠા તપોનિષ્ઠ ઋષિ જેવા વૃદ્ધકાય થઈ ગયા છે. હરિજનો-ના એ અનન્ય સેવક છે.

જમણા કિનારાના ટીંબા ઉપર આ ઝૂંપડી જોઈ ત્રીસ વર્ષનો ઇતિહાસ આંખ સામે તરવરે છે. અહીં જ ડાબે કિનારે આંખ ફરતાં મારા પિતાનું સ્મરણ થઈ આવે છે. સામેની કચેરીમાં એ નોકરી કરતા હતા, અને વર્ષો સુધી અમે ત્યાં જતા–આવતા એટલે આજે પણ સહેજે ત્યાં ખેંચાઈ જવાય છે. તે બારી પાસે જઈ 'કાકા!' એમ હાક મારવાનું મન થઈ આવે છે ને ત્યાં જ ભવ-ભૂતિના પેલા વાક્યની પ્રતીતિ થાય છે:

न खलु स उपरतो यस्य वल्लभो जनः स्मरति ।×

કોઈ નગરમાં આવતાં ગ્રામજનોને હર્ષ થાય કે બાગ જોઈશું, બગીચા જોઈશું, રૂડીરૂડી નાગરણો જોઈશું, સ્વચ્છ ને સુઘડ રસ્તા જોઈશું, અચ્છોદ કે પંપા જેવાં રમ્ય તળાવો જોઈશું, તેમ એ કલ્પનાને બળે તો એ શહેર તરફ ધસી રહી હોય છે; પણ રુગ્ણાલય ને પાઠશાળા–સિવિલ હોસ્પિટલ ને તેલંગ હાઈ-સ્કૂલ આવી એટલે નદી પૂછે છે: 'છે કંઈ આવુંઆવું આ નગરમાં? છે કંઈ જોવા જેવું?' કોણ ઉત્તર આપે? નદીની ભાષા કોણ સમજે? શાળાએ જતો કોઈ ગભરુ વિદ્યાર્થી એ વાણી કળી જાય છે ને ખિન્ન થઈ ઉત્તર આપે છે: 'ના, મા ના; અહીં તો એવું કંઈ જ નથી.' અને ગોધરાના ઘાંચી, ગોધરાની ડાકણો ને 'છે નથી' કહેનારા ગોધરાના લોટિયા વોરાની વાતો એ વિદ્યાર્થી કરે છે. તે સાંભળી નદીનો ઉત્સાહ તૂટી જાય છે. એ ગામમાં પેસતી જ નથી.

પણ ત્યાં જ નદીના પટમાં વચ્ચોવચ થઈને પાણીની બે પાતળી સેરો વહી રહી છે. ત્યાં બેઠેબેઠે હું ભૂતકાળનાં સંસ્મરણો તાજાં કરું છું. મારા ભાઈ, પાંડુરંગ વળામે, ચંદુ, છગન, નારાયણ, સતિયો, મંગુ, રુસ્તમ બધા અહીં જ રમેલા. આજ મારુ ચોપાટી હતું. એમાંથી કોઈ યોગી થયા છે, કોઈ લેખક, કોઈક ઈજનેર, કોઈ વેપારી! પાણીના વહેણ પેઠે જીવનવહેણ પણ કેવા-કેવા અકલ્પ્ય કિનારાઓએ ઘસાતુંઘસાતું ચાલ્યું જાય છે!

મહીતરાખ્ય દેશમાં ગોધરા ગામનું જૂના કાળથી મહત્ત્વનું સ્થાન હશે; પરંતુ ત્યાંનો ઇતિહાસ મળતો નથી.

इतश्च महीतराख्यदेशे गोध्रा नाम नगरम्। यत्र तत्तत्कार्येषु संग्रामे मृतानां राजपुत्राणां एकोत्तर-शतसंख्यानि स्वयंभूर्लिंगानि उद्भवन्। तत्र घूघुलो नाम मण्डलिकः।

'મહીતરાખ્ય દેશ(મેવાસ)માં ગોધરા નામનું નગર છે. ત્યાં અમુકઅમુક કારણે ધારાતીર્થે મરણ પામેલા રાજપુત્રોના એકસો એક સ્વયંભૂલિંગ ઉત્પન્ન થયેલાં છે, ત્યાં ઘૂઘુલ નામનો મંડલિક છે.'

અહીં ઉલ્લેખાયેલાં એકસો એક સ્વયંભૂ

× 'જેને કોઈ પ્રિય જન સંભારતું હોય તે ખરેખર મર્યું જ નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે તો ક્યાં ય જડતાં નથી. ગોધરા સુધી પણ મેવાસ ગણાતો એમ લાગે છે. ઘૂઘુલનાં પરાક્રમો ને પતન તો વસ્તુપાળ-તેજપાળના જીવન સાથે જોડાયેલાં છે. ઘૂઘુલે વીરધવળને કાજળની ડાબલી ને સાડી મોકલી. વીરધવળે તેજપાળને લશ્કર લઈ લડવા મોકલ્યો. ગોધરાની હદમાં સંગ્રામ થયો. ઘૂઘુલ હાર્યો, પિંજરામાં પુરાયો. સાડી પહેરવી પડી, કાજળ આંજવું પડ્યું, ચૂડીઓ ચડાવવી પડી અને બીજા સામંતો ધડો લે તે માટે તેજપાળે તેને પાંજરામાં પૂરી હાથી પર ચડાવી ગામેગામ ફેરવ્યો ને છેવટે એ લજવાઈ જીભ કચડી મરણ પામ્યો. રાજકીય દૃષ્ટિએ જેમ એ એક મંડલનું મુખ્ય મથક હતું તેમ પૂર્વે માળવા જવા માટેનું મથક પણ તે જ હતું. મરાઠાઓના સમયમાં પણ તે લશ્કરી થાણું હતું. સિંધિયાએ ૧૮૬૫માં અંગ્રેજોને સોંપી દીધું તે અરસામાં જ ભયંકર આગ લાગી ને ગામ ખાખ થઈ ગયું, અને આજે પણ કોમી વેરઝેરના અગ્નિની જ્વાળાએ એને ભરખી ખાધું છે.

ગોધરાના વાતાવરણમાં પેસતાં જ એ ગુંગળાતી હોય એમ લાગે છે; તેથી એ ગામમાં જવાનું માંડી વાળી પાદરથી જ વંકાઈ જાય છે. તેલંગ હાઈસ્કૂલ છોડ્યા પછી એને કિનારે વોરાઓની ગગનચુંબી મહોલાતો ખડી થયેલી તે જુએ છે. એ જોઈ એ મુઝાય છે. આ બધું ધન ક્યાં ક્યાંથી આણ્યું હશે! એ હવેલીઓમાં વોરીઓ બિચારી 'અ' વર્ગનું કેદખાનું જ ભોગવી રહી છે! એવામાં એની ઓઢણી પર કચરો નાખવામાં આવે છે એટલે એ ઝપાટાબંધ પગ ઉપાડે છે. ગામ બાજુએ ઓઢણું રાખી, આંખો દક્ષિણમાં જ ગોઠવવા એ પશ્ચિમ તરફ ચાલી જાય છે; અને જ્યારે ગોધરાનું એક ખોરડું સરખું યે દેખાતું બંધ થાય છે, ત્યારે પાછી એને શાતા વળે છે.

સપ્તપુત્ર આવતાં તો એ આનંદમગ્ન થઈ જાય છે. ત્યાં પોતાને કિનારે ઊગેલાં સીતાફળ, બોર, રાયણ, કંથારાં, કરમદાં, ગૂલર ને કેરીના મરવા એણે ઘણીવાર અમને આપ્યા છે. એ ગાતાં પક્ષીઓને બોલાવે છે, ગાય, ભેંસો ને બકરાંને પાણી પાય છે. પાછી એ હસતી થઈ જાય છે. સપ્તપુત્ર વટાવ્યા પછી રેલવેના પૂલ ઉપર થઈ દોડતી આગગાડીઓ એ રાતદિવસ જોયા કરે છે. ઢોર કે ઘેટાં-બકરાં ચરાવતો રાયકો કે રબારી જંગલમાં થઈને ચાલ્યા જતા રેલવેના પૂલ પરથી પસાર થતી ગાડીઓને જે ઉત્સુકતાથી જુએ, તેવી લાગણીથી ભારખાનાંથી માંડીને તે ફ્રંટિયર મેઈલ સુધીની ગાડીઓને એ જુએ છે. એને કિનારે સુંદર બગીચો બંધાઈ જાય છે; એમાં પછી તાડની ઓળો કે ... કંઈક નવી જ ભાત પાડવા માંડે છે. ... પાછી એ રમતી, કૂદતી, નાચતી, ... કિનારાઓને પાકથી લચી પડતા જોતી ... મેવાસમાં પેસે છે. એના પાણીનો ... લાભ તો છાલિયેર અને શિહોરા જ લે છે.

પોતાની પાસે જે કંઈ આપવા ... છે તે લોકોને, પશુપંખીઓને, કીડીથી કુંજર સુધીનાં પ્રાણીઓને આપી દઈ ... ફૂવાથી ચાલી આવેલી મારી ... મેશરી શિહોરા આગળ મહીમાં ... મારી દે છે.

મિરા ને એહમદીએ અમારી આ ... મેશરી નહીં પણ નવલી તરીકે ઓળખી છે. કેવું સુંદર નામ! આ નામથી એને સં... વાનું મન તો થઈ આવે છે; પણ પછી તે ... ડૂબકી મારે છે તે મારે જ છે. કશું ... કાયમ રાખવા તે ફરી ઉપર આવતી જ ...

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉનાઈની યાત્રા

લેખક :
શ્રી મધુભાઈ પટેલ

દર વર્ષે ગોકુળ-મથુરા ને વૃંદાવનની યાત્રા માટે રેલવેમાં બેસીને દૂરદૂરથી વૈષ્ણવ ભાવુકો જાય છે; જૈનો પાલિતાણા, ગિરનાર ને કેસરિયાજી જાય છે; મુસ્લિમો મક્કા ને શીખો ગુરુદ્વારા જાય છે; પણ વીસપચીસ ગાઉ દૂરના ગામડામાં આવેલા મંદિરનાં દર્શને વારતહેવારે જતા ગ્રામજનોના ઉલ્લાસ આગળ મધ્યમવર્ગનો સેંકડો માઈલનો યાત્રાપ્રવાસ જાણે કશા જ હિસાબમાં નથી. ચાલ્યા આવતા માનવસંઘોનું વિવિધતાભર્યું યાત્રાગાન ને ગરબાઓ; છૂટા મૂકેલા મધુરકંઠની હલક: નથી એમાં થાક કે કંટાળો. જનતાના એક અમોઘ આનંદસ્થાનની યાત્રાની અણખૂટ પુનિત ધારાઓ આપણને પણ સ્પર્શી જાય એટલી જીવંતતાથી અહીં ચિતરાઈ છે.

જીવનનું સમગ્ર ઘડતર ધાર્મિકતાના મૂળભૂત પાયા પર રચાયેલું છે. રોજિંદા જીવનના હરકોઈ વ્યવસાયમાં માનવીએ ધર્મનું માધ્યમ સ્વીકાર્યું છે અને તેથી જ જીવનમાં, સાહિત્યમાં કે કળામાં સર્વત્ર ધર્મ વર્ણવ્યો છે. માનવસંસારમાં ધર્મનું સ્થાન અનોખું ને અલૌકિક છે. આ ધર્મભાવનામાંથી પ્રગટ્યાં પ્રભુપ્રાર્થના, દેવદર્શન, તપસાધના ને તીર્થયાત્રા. જ્ઞાનીઓ અંતરના અંતર્યામીને ભજે છે, શ્રદ્ધાળુઓ દેવદર્શન કરે છે, સાધુઓ તપોવનમાં તપ આદરે છે અને સંસારીઓનો એક મોટો સમૂહ ધર્મના નેજા હેઠળ તીર્થમાં ટોળે વળે છે.

તીર્થ એટલે માનવસંમેલન, તીર્થ એટલે પાપ ધોવાનું પવિત્ર ધામ. શ્રમજીવી ગ્રામવાસીઓ પણ વર્ષમાં ક્યારેક પોતાની ભોળી ધર્મભાવના સંતોષવા આવી તીર્થયાત્રાઓ કરે છે. એમનાં તીર્થધામોમાં કોઈ શાંત નદીકિનારે ગંગેશ્વર મહાદેવનું મંદિર હોય; કોઈ ગામના મોટા તળાવ ખોદતાં નીકળેલાં આશાપૂરી જેવી માતાનું પ્રખ્યાત દહેરું હોય; હનુમાનજી, મહાકાળી, ખોડિયાર માતા વગેરેનાં કોઈ ઊંચીઊંચી ટેકરીઓના ટોચે ધજા ઉડાડતાં દેવસ્થાનો હોય; કુદરતના અકળ લીલા દાખવતા ઉનાઈમાંના ઊના પાણીના કૂંડ હોય કે ખલાસીઓને હેમખેમ ઘર લાવતો રત્નાકર સાગર હોય.

આ પવિત્ર જગ્યાઓએ જાત્રાએ જવાના વર્ષમાં જુદાજુદા વારતહેવારો હોય છે. ગોકુળઅષ્ટમી એટલે અશ્વિનીકુમારની જાત્રા, કાલીચૌદશ એટલે હનુમાનજીની જાત્રા, દેવદિવાળી એટલે અંઘેશ્વર મહાદેવની જાત્રા, ચૈત્રી પૂર્ણિમા એટલે ગોદાવરી, ઉનાઈ અને મહાલક્ષ્મીની જાત્રા અને સોમવતી અમાવાસ્યા એટલે દરિયાના જાત્રા.

જાત્રાના આગલા દિવસથી ચાંદની રાતે ગામેગામથી યાત્રાસંઘો પગપાળા નીકળી પડે છે. વીસપચીસ ગાઉનો પંથ પગે કાપવો એ તો એમને મન નાનીસૂની વાત. સંઘમાં સ્ત્રીપુરુષ, મોટેરાં ને બાળકો હોય છે. જુવાન સ્ત્રીઓની ખાંધે બાળકો ડોલતાંડોલતાં ચાલ્યાં જાય છે. એમની ત્યાં બાધાઆખડી કે બાબરી (કેશ) ઉતારવાની હોય છે.

ચારેકોરથી યાત્રાના કેન્દ્ર તરફ ઊલટતા ને ઊમટતા આ માનવસંઘો નિર્જનમાર્ગોને પોતાનાં યાત્રાગીતોની ગર્જનાથી જીવંત બનાવી દે છે. શાંત ચાંદની રાતમાં ઊભેલા પડખેના ઊંચા ગંભીર પહાડો આ ગીતોને જાણે ઝીલતા હોય તેવો પ્રતિઘોષ આપે છે. ચાલનારની ગતિમાં પ્રાણ ને જોર પૂરનારાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથિકના પ્રવાસ-પરિશ્રમને વિદારનારાં આ યાત્રાગીતો હોય છે:

જીવણભાઈ તો કહે રે હું તો જાતરા જાઉં,
ભોરી[1] ભમર-ઘેરી[2] !
ગંગા વહુ તો કહે રે હું તો સાથે આવું,
ભોરી ભમર-ઘેરી !
સાથે આવો તો ગોરી તડકેલાં લાગે-ભો૦
તડકેલાં લાગે સામી[3] સાથે છતરી લેશું-ભો૦
સાથે આવે તો ગોરી તરસેલી લાગે-ભો૦
તરસેલાં લાગે ગોરી દોરી-લોટો લેશું-ભો૦
સાથે આવે તો ગોરી ભૂખડી લાગે-ભો૦
ભૂખડી લાગે સામી સાથે સુખડી લેશું-ભો૦

'ભૂખડી લાગે તો સાથે સુખડી લેશું અને તરસડી લાગે તો સાથે દોરીલોટો લેશું!' ગમેતેમ કહો પણ જીવણભાઈની ભોળી ગોરી આ જાત્રાને પર્વે ઘરે બેસી ન રહે! જાત્રા કરવાની એને ઘણેરી હોંશ છે.

ગોપીની વિનતિ પર જીવણભાઈ ધ્યાન દેતા નથી એટલે યાત્રાસ્થળની શોભાનાં આકર્ષક વર્ણનો તે સ્વામીને સંભળાવે છે:

ચાલો ચાલો જશોદા કા'ન જાતરા જઈએ રે![4]
મારી ઉનાઈ માયનો સંઘ[5] જાતરા જઈએ રે!
ત્યાં ઊનાં પાણીનાં કૂંડ નાવણ કરશું રે![6]
ત્યાં વડલા સરખી છાંય, રાંધી જમશું રે!
ત્યાં સરિતા સરખાં નીર, પાણી પીશું રે!
ત્યાં આસોપાલવનાં ઝાડ, પોઢણ પોઢશું રે!
ત્યાં ઉનાઈ માયનો સંઘ, દર્શન કરશું રે![7]
ત્યાં માતાનાં મંદિર, પાયે પડશું રે!

---

૧ ભોળી ૨ ભમરથી ઘેરાયેલી ૩ સ્વામી

૪ ગોપીઓનો કા'ન જાત્રામાં પણ ખરો!

૫ યાત્રાળુઓનો સમૂહ ગામેગામથી પચાસ સો સંઘ પગે ચાલતા ને ગાતા નીકળે છે.

૬ ધરમપુર સ્ટેટના જંગલમાં આવેલું ઉનાઈ ગામ-આજે તો બીલીમોરાથી કારા આંબા સુધીની મોટરગેજની ગાડી દોડે છે; પણ તે પહેલાં યાત્રાળુઓ ત્રીસચાળીસ ગાઉ પગે ચાલીને જતા. પગે ચાલીને યાત્રા કરવાથી પુન્ય વધારે મળે એવી માન્યતા આજે પણ સેવાય છે.

૭ સુંદર વર્ણનાત્મક ગરબો.

જ્યાં વટેમાર્ગુઓને માટે કુદરતે ... સર્વવિધ સુવિધા રચી છે એવા સુંદર તીર્થ-ધામ તરફ જવા કઈ રાધાનો કઠોર ... ના પાડે?

વનની પગદંડી પર કુંજનિકુંજોને ... દેતાં 'કાન-ગોપી'ઓનાં ટોળાં જોબનવંતાં કદમ ભરતાં ને ગીતો લલકારતાં આગળ વધી રહ્યાં છે:

ફૂલ ફૂઈટું ને ચાઈલા,
જોબન-જાતરા હો મારુજી.
ફૂલડું તે કોણે ચૂંઈટું રે!
મારા ઝીણાભાઈ તો ચાઈલા,
જોબન જાતરા હો મારુજી.
ફૂલડું તો તેણે ચૂંઈટું રે.
ફૂલ ફૂઈટું ને ચાઈલા,
જોબન-જાતરા હો મારુજી.
ઝૂમણું તે કોણે વસાઈવું રે!
મારાં નંદીવહુ તો ચાઈલાં,
જોબન જાતરા હો મારુજી.
ઝુમણું તે તેણે વસાઈવું રે!!

'ફૂલ ફૂટયું ને ચાલ્યા જાતરા!' ... દેવને અર્પવાનાં ખીલતા ફૂલે સુંદર-... યાદ ન આપી હોય!

ઝીણી ઝગમગતી રાતમાં ધોળા ... પર ઓળા પાડતો સંઘ ગીતો ઝીલતો ... રહ્યો છે. કવિયણ કવી રહી છે:

ચાંદો સુરમો રે[2] ઝીણી ઝગમગે રે રાત![3]
સૌ સંઘ ચાલી ગયો રે,
માતા ઉનાઈને દરબાર!
સાસુ રૂઠશે રે,
ભોળાં નણદલ દેશે ગાળ!

---

૧ ચરણ-ગીત: ચરણ: એટલે કવિતાની ... અહીં 'चर' ચાલવું પરથી ચાલતાં, થાકેલાં ... ગતિને લય મળે એવી રચનાવાળું ઊર્મિ-... ચરણ-પગ માટે રચાયેલું ગીત તે ચરણ.

૨ આંખમાં સૂરમો આંજે છે, એવી ... શીતલતા.

૩ કાવ્યમય પંક્તિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નણદલ મોરી શું કરે રે ?
લાગી મને લાલાજીની લે'ર !
વળી કંઈ વીસર્યાં રે,
પાણીલોટો લેજો રે સંગાથ !
તરસેલી લાગશે રે,
નહિ કોઈ પાણીનો પાનાર !
વળી કંઈ વીસર્યાં રે,
મોજડી લેજો રે સંગાથ !
પગ મોરા દાઝશે રે,
નહિ કોઈ મોજડીનો દેનાર !
વળી કંઈ વીસર્યાં રે,
છતરી લેજો રે સંગાથ !
તડકેલાં લાગશે રે,
નહિ કોઈ છાંહેડો દેનાર !
વળી કંઈ વીસર્યાં રે,
આટો લેજો રે સંગાથ !
ભૂખડી લાગશે રે,
નહિ કોઈ સુખડીનો દેનાર ![1]

સાસુનો રોષ ને અદેખી નણદલની ગાળ વહોરીને પણ સરખી સાહેલી યાત્રાને પંથે નીસરી ચૂકી છે. ઉતાવળે નીસરતાં મોજડી, છત્રી, દોરીલોટો ને સુખડી–પ્રવાસનાં સાધનો સંગે લેવા વીસરી ગઈ છે; પણ તેની એને ચિંતા નથી; કેમકે માનવી તો દર્શનનાં ભૂખ્યાં !

સંઘ તે ચાઈલો સંઘ ઉલઈટો,
જઈને ઉનાઈમાં વસિયો રે,
ચાલો સખી જાતરા જઈએ !
ઉનાઈ માને પાયે તે પડીએ,
ઘી તો બવરી કેરાં હોમીએ રે !
ચાલો સખી જાતરા જઈએ !
પાયે પડી માનવી શું એક માગે,
માનવી દર્શણનાં[2] ભૂખ્યાં રે !
ચાલો સખી જાતરા જઈએ !
માતા માયને શું એક ચડશે !
માતા માયને સિંદૂર-ફૂલડાં ચઢશે રે !
ચાલો સખી જાતરા જઈએ !
પાયે પડી માનવી શું એક માગે ?
માતા સુખેરાં રાખો રે !
ચાલો સખી જાતરા જઈએ !

યાત્રાપ્રેમીઓનાં જૂજવાં ઝુંડ માર્ગમાં વિસામો ખાતાં યાત્રાના પંથ કાપી રહ્યાં છે. બહુ ચાલ્યા પણ હજી માતાના મંદિરના કળશવાવટા દેખાતા નથી. ઉનાઈ માનાં દે'રાં તે કેટલાં વેગળાં !

ઉનાઇમાનાં દે'રાં તે કેટલે[1] હજી ?
આહે[2] ને દેખીએ રે આહે ને આવે !
હણુભાઇ પૂજારા રે પૂજા કરવા જાય,
ગજરા વહુ ઠકરાણી રે દીવડો ભરવા જાય !
દીવડો ભરતી આવું રે પાયે પડતી જાઉં,
આહે ને દેખીએ રે આહે ને આવે !

માતાને દીવડો ભરી પાયે પડવાના કોડ છે, પણ 'આ દેખાય'–'આ આવ્યું' કહેતાં ક્યારના ઘરથી ઊપડેલા પગોને હવે તો અધિક થાક ચઢ્યો છે. સાતપાંચ સખીઓના પ્રોત્સાહનથી પ્રેરાઈને નીકળી ચૂકેલાં રાણી રખોમણીથી હવે એક ડગલું ય આગળ વધાતું નથી. એટલે રાણી રુદન કરી રહ્યાં છે (!):

સાતપાંચ સખીઓ ટોળે વળી,
ચાલો તે જાતરા જઇએ !
ચાલતાં ચાલતાં થાકી ગયાં રે,
રખોમણી રડવા લાગ્યાં જી રે ![3]
લાડકા દિયરિયા રથ મંગાવો રે,
તેમાં રખોમણીને બેસાડો જી રે !
ચાલતાં રે ચાલતાં તરસ્યાં થયાં રે,
રખોમણી રડવા લાગ્યાં જી રે !
લાડકા દિયરિયા લખમણ જી રે,
જળ કેથાં[4] નિપજાવો જી રે !

---

૧ 'વળી કંઈ વીસર્યાં રે' માનસ સ્વભાવનું ચિત્રચિત્રણ. યાત્રાળુએ સાથે લેવાની સામગ્રી વર્ણવતો રાસગરબો. આખાય રાસમાં સાથે 'નહિ કોઈ પાણીનો પાનાર કે છાંહેડો દેનાર.'–પતિ નથી એવો મધ્યમસૂર છે.

૨ દર્શનનાં–ભક્તિભાવનાં

૧ કેટલાં દૂર ૨ આ રહ્યું, કદાચ 'यह है' હિન્દી પરથી રૂપાંતર થયું હોય !

૩ સ્ત્રી પ્રતિની કોમળ લાગણી ૪ ક્યાંયથી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હથેળીમાં અન્ન નિપજાવ્યાં,
ને રખોમણીએ તે ખાધાં જી રે!

લોકજીવનને ઉચ્ચ આદર્શોનાં સિંચણ દેતો રામસીતાના વનવાસનો પ્રસંગ અરણ્યની વાટે પગ ભરતા આ માનવસંઘને સ્ફૂરે છે. રામ રખોમણીના (લોકસાહિત્યે સીતા રૂખોમણી બેઉ સરખાં) કેટલાં ય જોડાંઓના બંધુપ્રેમી વીર લખમણ[1] આજે સાથે આવ્યા હશે. અંગૂઠામાંથી જળ અને હથેળીમાં અન્ન નિપજાવતા એ સેવાનિષ્ઠ દિયરિયાનાં પ્રશંસાગીત અહીં ન ગવાય તો ક્યાં ગાવાં?

શ્રદ્ધાના પરિબળે સરી જતી માનવસરિતાને પછી સાગરમિલન શો–આનંદ દેતાં માતાનાં દહેરાં દૃષ્ટિએ પડે છે. એક ઝીણો દીવડો દૂરથી બળતો દેખાય છે, ત્યાં દર્શનભૂખ્યાં અને આખી રાતના પ્રવાસથી થાક્યાં યાત્રાળુ નરનારીઓ 'ઉનાઈ માતકી જે!' ના પોકારો કરી મૂકે છે. દેવલોકો એટલે દેવલોકો! માનવી કેટલાં ય કષ્ટો વેઠે તો એમનાં દર્શન થાય–એ વસ્તુનું સાચું ભાન આ અણબુધ ગણાતા યાત્રાળુઓને અત્રે થાય છે:

ધનધન ઉનાઇ માયનાં દેરાં,
કે નાગર લોધણી[2] રે લોલ!
માતા તને દીવડા ભરું જોડાજોડ,
કે નાગર લોધણી રે લોલ!
માતા તને નાળિયેર ચડાવું જોડાજોડ,
કે નાગર લોધણી રે લોલ!
માતા તને ચૂંદડી ચડાવું જોડાજોડ,
કે નાગર લોધણી રે લોલ!
માતા તને ગજરા ચડાવું જોડાજોડ,
કે નાગર લોધણી રે લોલ!

દેવને દરબારે ઉતારો કરતાં માનવીઓ આ પતિતપાવની ભૂમિ પર પગ મૂકતાં પોતાને પુણ્યશાળી માને છે. અને ઉન પાણીમાં શરીર બોળી થાક ઉતારી, પવિત્ર બની દેવનાં દર્શન કરવા નીસરે છે.

લીલાં ઝાડેસર[1]ની વાડી રે,
વાડીમાં ક્યાં દેવ આવી ઊતર્યાં!
ઊતર્યો રે મારી ઉનાઇ માયનો સંઘ રે,
દેવ તો રમે છે રે સોગઠાં!
કેડે કંટારી[2] નવ-ધાર રે,
હાથે બાજુબંધ[3] બેરખા![4]
માથે સોનાનો સરીમેખ[5] રે,
હાથે ઝમમગ દીવડા!
પગે ઝાંઝરનો ઝમકાર રે.
હાથે વેલચિયારો[6] પાલવ!
વાડીમાં વાજે ઘંટ-ઘૂઘર રે,
વાડીમાં ક્યાં દેવ આવી ઊતર્યાં!

સોગઠે રમતાં ઉનાઈ માએ શું શું પહેર્યું છે? કેડે નવધાર કટારી, હાથે બાજુબંધ બેરખા, માથે સુવર્ણ મુગટ, (શ્રીમેખ) ... ઠંતાં ઝાંઝર અને વેલચીતર્યો પાલવ, ... હાથે ઝગમગતા દીવડા ધર્યા છે. ઘંટઘૂઘરના નાદ થઈ રહ્યા છે. મોટેરાં દેવ! ... દર્શનથી અમે સુખિયાં થયાં!

પછી માતાને પગે પડી સિંદૂર ચડાવે છે ને બાધા–માનતા ઉતારે છે.[7] ... કડા પુત્રને લઈ આવેલી માડી ... બેઉ હાથ જોડાવી 'જે' કરાવે છે ને '... માલી સુખી લાખજે' ના કાલાકાલા ... બોલાવે છે. માતા માડીના પ્રતાપથી ... એટલે ... દીકરા સરખું રતન પામી છે.

---

૧ દિયરિયો લોકગીતમાં ભાભીનો લાડકો મનાયો છે. દુઃખમાં સહાય દેનાર અને ભાઈ–ભાભીની સેવા કરનાર લક્ષ્મણ જ હોય શકે.

૨ કદાવર સ્ત્રી

---

૧ ઝાડોની હાર, ૨ કટારી, ૩–૪ ... રનાં હાથનાં ઘરેણાં, ૫ મુગટ, ૬ વેલચીતર્યો ...

૭ જાત્રા કરવા આવેલાંમાંથી ઘણાંખરાં ... ને કંઈ બાધાઓ માની હોય છે. એ બાધા ... છોડે છે અને જે ટેક રાખી હોય તે ... છોડી દે છે. (બાધા–માનતા, આખડી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પુત્ર સાથે દેવી સમક્ષ ઊભતાં એને અનેરો આનંદ થાય છે. માતાને ખોળે ધરી બાળકને વેચાતો લેવાની બારબાર વરસથી લીધેલ એની બાધા આજ ઊતરે છે:

બાર બાર વરસની બાધાનો,
નમો નારાયણ રૂડા રામને!
મેં તો ફૂલડાં ચડાવી બાધા મેલી જો,
નમો નારાયણ રૂડા રામને!

પછી માતાની અગાશીએ અને ચોકમાં દર્શનાર્થીઓના અણજાણ્યા સમૂહો ભેળા મળી સરખી તાલીઓ દેતા ગરબો ખેલે છે. માતાના માહાત્મ્યના, દેવદેવીઓના ને ઋતુઓના સર્વ રાસ માતાના ચોકમાં એને રીઝવવા બુલંદ કંઠે ગવાય છે. ગરબારસિયો ને ધર્મઘેલો જનસમુદાય એમના પ્રવાસના થાકને ય ગણકારતો નથી. ઠેકડાઓના થૈ-થૈકારમાં નાચતાં એને તો શક્તિની દેવી અણખૂટ જોમ બક્ષી રહી હોય એમ લાગે છે. મંદિરનો ગોળ ઘુમ્મટ આ રાસરમણીનાં પગલાંથી ઘમઘમ ગાજી રહે છે.

ઊંડી રે ઉનાઈ માય ઘમઘમ ગાજે,
ચારને ચંદરવા મારી ઉનાઈ માયને કાજે.
ડગલાને રાટી[1] મારા ડાહ્યાભાઇને જોઈએ,
ચોળી ને ચણિયો મારી ધનીવહુને જોઇએ.

પછી માતાની માટલીનો ગરબો ગવાય છેઃ

ગામના કુંભારી વીરા વીનવું રે,
મોહન મારા હો રંગરસિયા!
માતાની માટલી લાવો રે,
મોહન મારા હો રંગરસિયા!
લાઈવો હોય તો મેલ પેલી ચોકમાં રે,
મોહન મારા હો રંગરસિયા!
રમશે સઘળા દેવો રે,
મોહન મારા હો રંગરસિયા!

1 જાડું કાપડ.

ગામના દરજીડા વીરા વીનવું રે,
મોહન મારા હો રંગરસિયા!
માતાની ચૂંદડી લાવો રે,
મોહન મારા હો રંગ રસિયા!

અને એવી જ એક દેવને ધરવાની શ્રીફળની ગરબી:

મારા વાડામાં બે નાળિયેરી બે નાળિયેરી![1]
નાળિયેરી તો ઘેરગંભીર[2] બે નાળિયેરી!
ઘે જો ઘોડો તે મારા જશુભાઇનો, બે નાળિયેરી!
તેથી સવાય[3] મારા લખુભાઇને જોઇએ! બે ના૦
પીળી સાડી તે મારી પાલીવહુને, બે નાળિયેરી!
તેથી સવાય મારી લખમા વહુને જોઇએ બે ના૦

દેવસ્થાનના બહોળા ચોગાનમાં વિશાળ મેળો ભરાય છે. દૂરદૂરના દુકાનદારો મેવા-મીઠાઈ ને રમકડાંની[4] હાટ માંડી બેસે છે. દૂરનાં સગાંસ્નેહીનાં અહીં લાંબે ગાળે મિલન થાય છે. સાસરેથી સ્વામી જોડે જાત્રાએ આવેલી બેનીને તેનો ભાઈ અને સાહેલીઓ મળે છે, મામા મળે છે ને માસી મળે છે. વિવાહિત-અવિવાહિત યુવકયુવતીઓ અહીં પરસ્પરને પ્રેમનાં પાનબીડાં ને મીઠી રેવડી ખવડાવે છે-રેશમી રૂમાલ ને બંગડી લઈ આપે છે. નાનાં બાલુડાં 'આ પેલું જોઈએ' ની હઠ ધરે છે અને વૃદ્ધ શ્રદ્ધાળુઓ તીર્થ-સલીલમાં કાયા બોળી પાવન થઈ દેવનાં દર્શન કરી જીવન ધન્ય માને છે. યાત્રાળુઓ ને દુકાનદારોના વિધવિધ અવાજો અને મંદિરમાં ગાજતા ઘંટનાદથી મેળાનું અલૌકિક ને અવર્ણનીય વાતાવરણ નાદધ્વનિથી ચારેકોર ગુંજી રહે છે.

1 'બે નાળિયેરી' જેવો ટેક લોકગીત જ ઉચ્ચારી શકે. ત્રણ તાલીમાં ઉતાવળે ગવાતું ઝેરિયું ગરબી.

2 'ઘેરગંભીર નાળિયેરી' જેવી કાવ્યકલ્પના કુદરતમાંથી મળી રહે છે. 3 સવાયો.

4 રમકડાં વેચનારા ઘણુંખરું મુસલમાનો હોય છે એ ધર્મસહિષ્ણુતાનું એક અજોડ દૃષ્ટાન્ત છે.

★

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચાયત

લેખક:
સ્વ. પ્રેમચંદજી

પટેલને કાને અલીમિયાં અને એની ડોકરીની તકરારની વાત આવી ત્યારથી જ પટેલ વિચારમાં પડી ગયા હતા. એમાં પણ એ ડોકરી પંચ બોલાવી ન્યાય માગવાની છે એ વાત સાંભળી ત્યારે તો તેમના મનમાં ફાળ જ પડી કે ક્યાંક ન્યાય કરવાનું એમને જ ન સોંપાઈ જાય! પંચમાં મોટેભાગે મુખી બનવાનું પટેલને ભાગે જ આવતું. પોતે અલીમિયાંનો દોસ્ત છે એટલે ડોકરી પોતા પર વિશ્વાસ ન રાખતાં બીજા કોઈને જ મુખી બનાવશે એવું આશ્વાસનભર્યું અનુમાન તો કર્યું, પણ છતાં ય 'જો ક્યાંક ડોકરી ગળે પડશે તો ભારે થશે' એવી બીક પણ મનમાં પૂરેપૂરી પ્રસરી ગઈ.

કોઈને થશે કે 'લે, એમાં બીવાનું શું કામ? ન્યાય એટલે ન્યાય! અને ભાઈબંધ હોય તો એનો પક્ષ ખેંચીને ભલે ન્યાય કરે, પણ એમાં ડરવું શું કામ?' પણ પટેલ જેવા ભગત માણસ ખોટો ન્યાય કરે એ બને જ નહીં અને સાચો ન્યાય તો કરી જ ક્યાંથી શકે? તેમની અને મિયાંની ભાઈબંધી કંઈ જેવીતેવી હતી? રાત પડે કે પટેલને ત્યાં તડાકા મારવા અલીભાઈ આવ્યા જ છે. સવારે ખેતરે તો કે' સાથે જ. સાંજે પાછા પણ સાથે જ ફરે. બેમાંથી એકને એકલા ખેતરે જતાં કે ખેતરેથી આવતાં ભાગ્યે જ ગામના લોકોએ જોયા હશે. બંને જ્યારે જુએ ત્યારે વાતો જ કરતા હોય. ગામનાં લોકોને ક્યારેક તો આશ્ચર્ય થતું, કે આ બન્નેની એટલી તે કેવી વાતો હશે કે, કોઈ દી ખૂટતી જ નથી! અને દોસ્તી તો ઘણી ભાળી; પણ ક્યારેક તો તકરાર થાય ને! ...અરે, બે ભાઈઓમાં પણ ફાટફૂટ પડે છે ત્યારે આ તો એક પટેલ અને બીજો મુસલમાન!

પટેલને અને મિયાંને એકબીજા મ... વિશ્વાસ પણ પૂરો. પટેલને ક્યાંક નજી... ગામતરે જવાનું થાય તો ઢૂંઢાથી ... ખેતર અલીભાઈની જ રખેવાળીએ ... જાય. અને મિયાંને ક્યાંય જવાનું થાય ... તેમની ખેતી પટેલ જ સંભાળવાના!

*

મિયાંની જમીન પટેલ જેટલી ... નહોતી જ અને આવક સારી હોવા ... સ્વભાવે ખર્ચાળ હોવાથી ખાસ બચત ... ન રહેતી. વળી ઉપરાંત એ રહ્યા ખર્ચા... નજીકના ગામમાં તેમની એક દૂરની ... માસી રહેતી હતી એને પુષ્કળ જમીન ... ખેતરો હતાં. ડોશી પાસે બીજી મિલકત ... સારી કહી શકાય.

ખર્ચાળ અલીમિયાંને સહેજમાં ... બનવાની એક યુક્તિ સૂઝી. એકવાર ... ગામ જઈ માસીને પોતાને ત્યાં તેડી ... માસીની આગતા-સ્વાગતા એવી કરી ... પૂછો વાત! રોજરોજ બિરિયાની અને ... મિષ્ટાન્ન જમાડે એટલે ઘરડી માસી તો ... આ વહાલા અલી માટે પાણીપાણી થઈ ... અને એ ઉપરાંત દરેક વાતમાં '... લાપસી 'તો પીરસવાના જ! રાતે સૂવ... મોંમાં સાકર રાખીને ન બોલતા હો... મીઠાશથી પૂછે: 'પગ દબાવી દઉં અમ...' ડોશી '...

'નહિ, નહિ બેટા!' ડોશી ... કહેતી જ રહે અને મિયાં પગ ... મંડી પડે.

ડોશી અલીભાઈનું હેત જોઈ પલ... મિયાંએ ભવિષ્યની આશાનો દીવો ... બતાવ્યો. 'જીવનભર આવી રીતે જ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મૂઆ પછી પણ ફકીરોમાં ખેરાત કરીશ.' એવુંએવું કહી ડોશીને લોભાવી નાખી. અંતે ડોશીએ બધું એના નામ પર ફેરવી નાખ્યું. મિલકત અલીમિયાંની પોતાની બની ગઈ.

થોડાક દા તો આ ગાડું ઠીકઠીક ચાલ્યું પણ ડોશી અને વહુને બન્યું કોઈ દા સાંભળ્યું છે? અલીમિયાંની પત્ની મરિયમ ધીમેધીમે ડોશીને હડધૂત કરવા લાગી. કામ સોંપી ડોશીનો પૂરેપૂરો કસ કાઢતી. અલીમિયાં પણ ડોશીને વાતવાતમાં દબડાવી નાખવા લાગ્યા. બિચારી ડોશીની સ્થિતિ તદ્દન ઓશિયાળી બની ગઈ.

પણ એકવાર જ્યારે અલીમિયાંનો આઠેક વર્ષનો છોકરો ડોશી પર થૂંક્યો, ત્યારે તો હદ આવી ગઈ; અને જોવા છતાં મરિયમ કંઈ બોલી નહિ એટલે તો ડોશીનો ગુસ્સો ઓર વધી ગયો. ગુસ્સામાં જેટલી હાથમાં આવી એટલી બધી યે ગાળો ભાંડવાનું ડોશીએ શરૂ કર્યું. ત્યારે મરિયમ પણ ક્યાં એમ ઊતરે એવી હતી? એણે એના તીણા અવાજે એથી યે વધુ ગાળો સંભળાવી દીધી. ડોશી થાકીને રડી પડી. મરિયમે છાતી કૂટવા માંડી.

અને અલીભાઈ ઘેર આવ્યા ત્યારે તો ઘરનું વાતાવરણ ખૂબ જ તંગ હતું. મરિયમે પધારીને અલીભાઈને વાત કરી. ડોશીનું કકળવું વ્યર્થ જ નીવડ્યું. સ્વાર્થનો કીડો અલીમિયાંના મગજમાં ઘર કરી ગયો હતો. ડોશીનો ઉપકાર ભુલાઈ ગયો, અને તેમણે પણ ડોશીને ખૂબ દબડાવી. ડોશીનો કકળાટ વધતો જોઈ અલીમિયાં બોલી ઊઠ્યા:

'જો ડોશી, તારે ને અમારે બનવાનું નથી. તું તારે રસ્તે ને અમે અમારે. ભલી થઈને તારે ગામ વહી જા! નકામી હેરાન કરછ?' અને અલીભાઈ હાથ પકડી ડોશીને ડેલા બહાર મૂકી આવ્યા.

અને પછી જોઈ લો ડોશીનું ભાષણ! બિચારી રોતી જાય, હાથ ઉલાળતી જાય અને ગાળોનો વરસાદ વરસાવતી જાય.

મિયાં ચિડાયા: 'હવે ટળોછ કે નહિ?'

ડોશીની લૂલી યે હવે તો મોકળી બની બોલવા મંડી: 'લે કે...અરે, હંધુય આ કાફરને દઈ દીધું ને હવે આ ઘઈડી ડોહીને કાઢી મેલે છે. તી એમ ખીવાની નથી. પંચ બોલાવી નીયાય માગીશ...હા વળી! લે...કે!' ને ડોશી રોતી-કકળતી ઘેરઘેર પંચના મુખી બનવા માટે બધાને વિનવવા લાગી, પણ ગામના માણસ આવી પારકી તકરારમાં પડવા ક્યાં નવરા હતા? બધાએ હાથ જોડ્યા.

છેવટે હતાશ ડોશી પટેલને ત્યાં આવી. પટેલની બીક ખરી પડી.

પટેલ જો મુખી બને તો તો ધરમસંકટ જેવું જ થાય ના! એમણે પણ મુખી બનવાની ના પાડી દીધી.

'તમે ય હાથ નહિ ઝાલો, પટેલ?'

'આ એકવાર કહી દીધું ને? અમારી ભાઈબંધીમાં વળી આ મુખી બનું તો નાચણામાં ખૂંદણું જ થઈ જાય ને? ઈ વાત કોઈ કાળે બને જ નહિ!...'

'તી તમે એક બુઢ્ઢીનો ન્યાય પણ નહિ કરો? ભાઈબંધીમાં આમ સાચો ન્યાય ન કરી મને મારી નાખશો? થઈ રહ્યું, પટેલ, થઈ રહ્યું! તમારો ધરમ સળગી ગ્યો, કો' ને! ઈન્સાનનું સાદું કામ પણ નહિ કરી શકો?'

'પણ...'

'પણ શું? સાચો નીયાય કરવામાં વાંધો શેનો! તમારા રામે તો નીયાય માટે સીતાને વહેતી કરેલી અને તમે...તમે આમ એક બુઢ્ઢીને એની જર-જમીન હોવા છતાં ભૂખે મરવા દેશો? લ્યાનત છે એવી દોસ્તીને!' ડોશી કકળી ઊઠી.

ડોશીના બોલ કરતાં એનો દેખાવ, એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચહેરાના ભાવો અને એ શબ્દોની આર્જવતા પિગળાવી નાખે તેવાં હતા. પટેલ વિચારમાં પડી ગયા. થોડીવારે બોલ્યાં : 'ભલે, કાલે પંચ ભેગું કરીએ. હું મુખી બનીશ.' અને પછી તેમણે ડોશીની વાત શાંત ચિત્તે સાંભળી લીધી.

અલીમિયાંએ આ જાણ્યું ત્યારે મનમાં પહેલાં તો એમને રંજ થયો કે છેવટે દોસ્તી ભૂલ્યો જ ને? પણ વળી થયું: 'ના, ના એ પટેલ સાવ એવું ન કરે. મને જ એ તો જિતાડશે મારો જ હાથ પકડશે. આખરે તો ભાઈબંધ છે ને ભાઈ!'

પણ જ્યારે પંચમાં રામા પટેલે એને પ્રશ્નો પર પ્રશ્નો પૂછવા માંડ્યા ત્યારે તો એને પટેલના એકે એક શબ્દ બળબળતા અંગારા જેવા લાગ્યા. એક એક પ્રશ્ન એને ઘણના ઘા કરતાં ય ભયંકર લાગ્યો.

અને જ્યારે પટેલે ચુકાદો આપતાં કહ્યું: 'અલીમિયાંની આવી ખોટી ચાલાકી બદલ તેમણે શરમાવું જોઈએ. તેમની છેલ્લી હાલત તો આપણે જાણીએ જ છીએ. તેમની આટલી મિલકત વધે જ ક્યાંથી? અને આ ડોશીને ય ઘરડે ઘડપણ એવું ખોટું બોલવાનું શું કામ? પંચ નક્કી કરે છે કે દર મહિને ડોશીને પચાસ રૂપિયા પંચ મારફત અલીભાઈએ મોકલવા પડશે.' ત્યારે તો અલીમિયાને થયું કે આ તે રામા પટેલ કે સેતાનનો બાપ? દોસ્તી નો'તી રાખવી તો ઘેર જાય, પણ સાવ આમ કર્યું! મારી આબરૂ પર ભાઈબંધે જ પાણી ફેરવ્યું ને? પટેલને પળમાં પીસી નાખવાની પિશાચી વૃત્તિ થઈ આવી. 'મોકો મળે વાત' એવું વિચારતા નીચે મોઢે મિયાં ઘરભેગા થયા. ભાઈબંધી ચાલુ રાખવાના પટેલના પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. મિયાં તો વાતવાતમાં ટોણાં મારી પટેલની રેવડી જ કરતા રહ્યા.

અને પછી તો પટેલ પણ 'જેવાની સાથે તેવા'નો સિદ્ધાંત ધ્યાનમાં રાખી કતરાતી આંખે મિયાં પર નજર ફેંકતા. આમ જિગરજાન ભાઈબંધોની મૈત્રી તૂટી ને ગામને કહેવાનું મળ્યું.

પ્રભુનું કરવું તે પટેલના બે બળદ એક... એક મરી ગયા. અલીમિયાંએ મોકો જોઈ વાત ફેલાવી કે 'મને અન્યાય કર્યો'તો તે જુઓ એનો બદલો...અને ડોશીને ઈ પૂરા પચ્ચાસે પચાસ થોડા જ આપતા હશે? અરે, અલ્લા અલ્લા કરો! અને ભાઈબંધનું બગાડનારના બળદ તો શું બેરાં મરે! હાહાહા...'

પટેલ આવું આવું સાંભળી સમસમી ઊઠતા. કાળી પટલાણીને તો મરિયમ પર જ શંકા આવી 'કૈંક કરી નાખ્યું' એવી માન્યતા દઢ થઈ ગઈ.

અને એકવાર તો એ વાતમાં જ ... અને પટલાણી લડી પડ્યાં. પટલાણીએ કોઈને મોટા સાદે આ કૈંક ક્યાંની ... કરી. મરિયમે એ સાંભળી. ડેલા બહાર ... ળતાં એં બરાડી: 'એ...ચુડેલ! બીજા ... આળ શેની ચડાવે છે ડાકણ!...તારા ... પાપ કર્યું'તી હવે-બળદ તો શું, તું ય ... સમજી?...'

'હું...ઈમ કે?...તને રાંડ કરું ... ગાળો આપ છ કાં?...મરે નહિ ... ભાયડો!' કહેતી પટલાણી મરિયમ ... જઈ ઢીંકે ને ઢીંકે તેને મારવા લાગી. ... યમે દાંત પીસીને પટલાણીના વાળ ... માંડ્યા. પટલાણીએ પોતાનાં કાંખી-કાં ... મરિયમનું માથું ભાંગી નાખ્યું. મામલો ... તંગ બની ગયો; અને જો નજીકનાં ... કોઈએ આ બેને છોડવ્યાં ન હોત તો ... જાણે શું ય થાત.

પટેલ બિચારા બે નવા બળદ મેળ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ખરીદી લાવ્યા. એમાંથી એક ચોરાઈ ગયો. આ વખતે તો પટેલને ય શંકા આવી પણ પટેલ એમ બોલીને બગાડે એવો ન હતો. બાકીનો બળદ હવે જોડવાનું પટેલને ગમ્યું નહિ. આ બાળદ વેચી બે નવા બળદ લાવવાનું તેણે વિચાર્યું.

પટેલે પોતાનો બળદ વેચવા કાઢ્યો છે એવું સાંભળતાં જ સમજુ શેઠ પટેલની ડેલીએ આવીને ઊભા. આખા ય ગામનો ઉતાર કહો તો આ સમજુ શેઠ! કમાવામાં તેમના જેવું ચાલક કોઈ નહિ. લડાવી મારવાનું કામ તેમના જેવું બીજા કોઈને આવડે જ નહિ ને!

પટેલનો બળદ તેમણે ખરીદી લીધો. કિંમત પાછળથી આપવાનું નક્કી કરી મદ-ફુલી માણતા સમજુ શેઠ ઘર તરફ ઊપડ્યા.

સમજુ શેઠના લોભનો પણ પાર નહિ. બિચારા બળદને પૂરો ઘાસ–ચારો પણ નીરે નહિ. પહેલાં રોજ એક કે બે ચક્કર કરતા એને બદલે હવે દહાડામાં ચારચાર વાર શહેરમાં આંટો મારવાનું શરૂ કર્યું. પટેલને ત્યાં સુખે રહેલો બળદ અહીં ત્રાસી ગયો. સુખ-માં રહેલો મનુષ્ય જેમ દુઃખથી ત્રાસે તેમ પશુ-ઓ પણ ત્રાસે એની પ્રતીતિ આ બળદને જોતાં થઈ આવે એમ હતી. બળદ સાવ અધમૂઓ થઈ ગયો.

એકવાર શહેરથી પાછા આવતી વખતે સમજુશેઠે ખૂબ માલ ભરી નાખ્યો. અર્ધે રસ્તે બળદ થાકી ગયો. સવારનો ભૂખ્યો બળદ એક ડગલું પણ વધુ ન ચાલવાની દયા પ્રેરે એવી ધમકી આપતો હોય તેમ ઊભો રહી ગયો. સમજુ શેઠે લાકડીના ગોદા મારવા માંડ્યા. બળદથી આ ન સાહી શકાયું. ત્યાં તો જોરથી એક વધુ ફટકો પડ્યો અને બળદના પગ લથડ્યા. એક્કો બેસી ગયો. શેઠનો સામાન ધૂળમાં જઈ ભળ્યો. શેઠનાં હાડકાં પણ ખોખરાં થયાં. બળદ નિશ્ચેતન ઢળી પડ્યો.

શેઠ ગામમાં આવી બીજો એક્કો લઈ જઈ બધો સામાન લાવ્યા. ગામમાં તેમણે આ વાત અનેકગણી વધારીને કહેવા માંડી. બળદ મરી ગયો એટલે ત્યાં જ બેસી રહેવું પડ્યું અને એ મોકો જોઈ ચોરો આવ્યા અને શેઠને ખૂબ લૂંટી લીધા. આ બધાનું મૂળ પટેલનો મડદાલ જેવો બળદ એ તેમની વાતનું મુખ્ય કેન્દ્ર હતું.

પટેલ તો આ ખબર મળતાં વેંત ભડક્યા. બીજે જ દિવસે શેઠને ત્યાં ગયા અને પૈસાની માગણી કરી. સમજુ શેઠે સામેથી ગુસ્સો કરતાં કહ્યું: 'પૈસા શેના વળી! તારા મરેલ ઘો જેવા બળદને લઈને તો આટલી ઈજા થઈ, કેટલો લૂંટાઈ ગયો? એ બધું તો બાજુએ રહ્યું અને ઉપરથી પૈસા માગે છે? હં હં હં... આ સમજુ શેઠ એમ કંઈ સાવ ગાલાવેલો નથી, હાં કે પટેલ?'

'તી તમે દી માં ઝાઝા ફેરા શું કામ કરતા'તા! ઝાઝું કમાઈ તાગડધિન્ના કરવા છે અને પછી પૈસા આપતાં પાંચ-સાત થાય છે?... આ તમને એકવાર કહી દીધું. નહિ તો પછી પંચે વાત પહોંચશે.' પટેલ બરાડી ઊઠ્યા.

'ભલે ને પંચે જાય. સાચા માણસને ભે કેવો?'

'ઠીક, જોશું!' કહી પટેલ ઘેર આવ્યા.

પણ સમજુ શેઠની ચાલાકીનો પાર ન હતો. તરત એ તો ગામમાં બેચાર જણાને મળ્યા અને પોતા તરફથી જ ન્યાય માટે પંચ બોલાવવા પ્રયત્ન કરવા મંડ્યા. મુખી તરીકે તેમણે અલીમિયાંને સાધી લીધા. મિયાં-ને પણ થયું આ ઠીક મોકો છે. બિચારા પટેલ પોતે પંચ બોલાવે એ પહેલાં જ મિયાંના મુખીપણા હેઠળ સમજુ શેઠના ન્યાય માટે પંચ બોલાવવામાં આવ્યું.

પટેલને ખાતરી થઈ ગઈ કે પોતે ભૂલ કરી છે. બળદ ગ્યો'તો ગ્યો પણ આ તો ઉપરથી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી સામે જ ફરિયાદ થઈ; અને એ તો બધું મૂઉં, પણ આ મિયો તો જૂનું ખોટખોટું વેર યાદ રાખી ઘાણ કાઢી નાખશે.

અલીભાઈ પંચના મુખી બન્યા. વેર લેવા તલસતી આંખો ક્રૂર હાસ્ય કરતી હતી. હૃદયમાં કોઈ સેતાની આનંદનાં મોજાં ઊછળતાં હતાં.

પટેલનું આજે આવી જ બનત. સમજુ શેઠનું ખોટું ઊભું કરેલું નુકસાન ભરવું પડત અને ફજેત થાત એ જુદા...પણ–પણ જવાબદારીના ભાને મિયાંની સાન ઠેકાણે આવી. જુમ્મેદારીનો એહસાસ–જવાબદારીની પ્રતીતિ થઈ. આવી નાનકડી વાત માટે, એક જરીક જેવા સ્વાર્થ માટે, ખોટા દ્વેષ માટે ન્યાયથી ચલિત થવું ? તેમને ભાન થયું; કે આમ મુખીની બેઠકે બેઠા પછી ખોટો ન્યાય કરવો અશક્ય છે.ખુદાનો ભય તો રાખવો જોઈ એ ને ? સાથે એ પણ સમજાયું કે પટેલે કરેલો તે દિવસનો ન્યાય ખરો જ હતો. અને આમ ખરો ન્યાય કરવાનો મોકો મળે ત્યારે આવી લુચ્ચાઈ કરવી ? અને તે ય સમજુ શેઠ જેવા ડામીસ માટે ! જવાબદારીનું ભાન મનુષ્યમાં ઘણું આત્મજ્ઞાન ઝળકાવી દે છે. અલીભાઈને પોતાના દ્વેષ માટે, પોતાની વેર લેવાની વૃત્તિ માટે અને પોતાના ખરાબ વિચારો માટે શરમ આવવા લાગી.

પંચમાં ભાગ લેવા બધા માણસો આવી ગયા, એટલે અલીભાઈએ પંચ સાથે ચર્ચા ચલાવી. પટેલને બળદ વિષે પૂછ્યું. બળદની સારી હાલત વિષે પંચ સાથે ચર્ચા કરી. સમજુ શેઠને પ્રશ્નો પર પ્રશ્નો પૂછવા માંડ્યા. શેઠને તો નવાઈજ લાગી કે આ મિયો સાવ આમ ફરી કેમ ગયો ! છેવટે પંચનો ચુકાદો આપતાં અલીમિયાં બોલ્યા: 'ગામના શેઠ હોવા છતાં એક પટેલને ખોટા હેરાન કર પંચ બોલાવ્યું છે એ તેમનો મોટો ગુ ચોર કોટવાળને દંડે એવું જ આ શેઠે છે. બધા જાણે છે, કે પટેલનો બળદ ખરીદ પછી શેઠ કેટલા વધારાના ફેરા કરત બળદની કિંમત પટેલને બે દીમાં જ આ દેવી પડશે અને આમ ખોટી બનાવટ ક પંચ બોલાવવાના ગુના માટે વીસ રૂપિયા દંડ કરવામાં આવે છે.'

સમજુ શેઠ તો ઢગલો જ થઈ ગ પટેલની ગંભીર થઈ ગયેલી આંખો આશ્ચર્ય મિત્રપ્રેમથી અને આભારથી ઊભરાઈ ગ

અલીભાઈ પંચમાંથી બહાર નીકળતાં આ બંને ભાઈબંધો એકબીજાને ભેટી પડ આંખોમાંથી વહેતો જળપ્રવાહ જમીન એક થતો હતો.

'અલીભાઈ !' પટેલથી વધુ ન બોલા

'પટેલ, જુમ્મેદારીનો એહસાસ થ મને આજે જ સમજાયું. મારી જ ભૂલ હતી.'

અને પછી તો એ મિત્રોએ પટે ઓટલે બેસી કેટલી યે વાતો કરી. એ જિગરજાન ભાઈબંધોની મૈત્રી, સુકાયેલી વસંતના આગમને જેમ પ્રફુલ્લિત બની ઊઠે, એમ લહેરી ઊઠી અને ફરી ભાઈબં માટે આ બે મિત્રો ગામમાં જાણીતા ગયા.

અને હજી યે ગામલોકો પટેલને અલીભાઈને ખેતરે સાથે જતા કે ખેતરે સાથે આવતા જોઈ એ ભાઈબંધી આશ્ચર્ય પામે છે. ×

× અનુ. લલિત પરીખ

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરોદય જ્ઞાન

લેખક :
શ્રી રતિલાલ મફાભાઈ શાહ

પશ્ચિમની દૃષ્ટિએ જોવા ટેવાયેલી આપણી આંખોને ઉપલક દૃષ્ટિએ ભારતીય ધર્મ, વનસ્પતિશાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષશાસ્ત્ર વગેરેમાં વિજ્ઞાનનો અભાવ જણાય; પણ સાચી પરિસ્થિતિ જુદી છે. સમભાવે તપાસવાથી જણાય છે કે એનાં ઊંડાણ અગાધ છે. મનુષ્યના શ્વાસોચ્છ્વાસ-સ્વરોદય જ્ઞાન-ઉપર પણ શાસ્ત્રની રચના તો કદાચ પ્રાચીન ભારતે જ કરી હશે. એનાથી ભવિષ્યકથન કહી શકાય છે, મૃત્યુસમયની ખબર પડી જાય છે, મુહૂર્તો જોવાય છે, કેટલાક રોગોના નિવારણ માટે પણ આ શાસ્ત્રને ઉપયોગમાં લઈ શકાય છે. એના અંતરંગ વિશે ચમત્કારિક છતાં વિજ્ઞાનયુક્ત કેટલીક વાતો આ લેખ કહી જાય છે.

વિજ્ઞાન અને ધર્મ ભાઈબહેનની જોડી છે. એ એકબીજાનાં વિરોધી નહિ પણ સહાયક અંગો છે યા પૂર્તિ અંગો છે. એથી ધર્મવિનાનું વિજ્ઞાન કઠોર અને પ્રસંગે ક્રૂર પણ બની જાય છે, તેમ વિજ્ઞાન-વિનાનો ધર્મ પણ બહુધા જડ અને અંધ બની જાય છે. ભારતનો અધ્યાત્મવાદ વિજ્ઞાન-નો વિરોધી નહોતો, બલકે એ વિજ્ઞાનના જ પાયા પર ખડો રહી વિકસ્યો હતો. આ જ કારણે એની પ્રગતિ પરાકાષ્ટાએ પહોંચેલી હતી; તેમ જ પાછળથી થયેલો એનો અવરોધ પણ એ બન્નેનાં જુદાં પડવાને અંગે જ ઊભો થયો હતો.

વિશ્વનાં અંતિમ રહસ્યો ઉકેલતાં જેમ 'તત્ત્વ'દ્વાર સુધી પહોંચી જવાય છે તેમ તત્ત્વશોધન કરનારને ય ભૌતિક રહસ્યોમાંથી જ પસાર થવું પડે છે. જો કે એની પ્રધાન-દૃષ્ટિ તત્ત્વશોધનની હોઈ એ એમાં અટવાઈ રહેતો નથી. ક્યારેક જીવનમાં એનો પૂરો લાભ પણ ઉઠાવે છે; કારણકે એના દ્વારા એ પ્રગતિ સાધવા ઇચ્છે છે, નહિ કે એને સાધ્ય માની એમાં પડી રહેવા.

આમ ધર્મ સાથે વિજ્ઞાનનો અન્યોન્યા-શ્રયી સંબંધ હોઈ ભારતવર્ષે જેમ આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રગતિ કરી છે તેમ વૈજ્ઞાનિક ક્ષેત્રમાં પણ પ્રગતિ સાધી છે. જંતુશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ખગોળ, ભૂગોળ, વૈદક, ગણિત, જ્યોતિષ, ન્યાય, નાટક, સાહિત્ય, શિલ્પ, કળા, ચિત્ર, રાજકારણ, યુદ્ધ, વ્યાપારાદિ ઉપરાંત પશુપક્ષીઓનાં લક્ષણ, બોલી, સ્વપ્ન, શકુન, અષ્ટાંગનિમિત્ત વગેરે જીવન સાથે સંબંધ રાખનારી વસ્તુને એણે વણસ્પર્શી રાખી નથી. છતાં ભારતવર્ષ વૈજ્ઞાનિક નહિ પણ આધ્યાત્મિક દેશ ગણાયો છે. એનું કારણ એ છે, કે એની વૈજ્ઞાનિક શોધખોળ અધ્યાત્મમુખી હતી અને એથી વિજ્ઞાન અને ધર્મ ઓતપ્રોત વણાઈ ગયા હતા. આ કારણે એમાંથી જેટલો આધ્યાત્મિક લાભ ઉઠાવી શકાતો તેટલો જ એનો વ્યાવહારિક લાભ પણ ઉઠાવી શકાતો. સંસારી અને ત્યાગી બન્ને પોતાનાં કર્તવ્ય મુજબ એનો ઉપયોગ કરી શકતા. અધ્યાત્મની પ્રગતિ માટે મનનો સંયમ કેળવવા શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા ઉપર રચાયેલી પ્રાણાયામની વિધિ અસ્તિત્વમાં આવી હતી; જે ચોખ્ખી આધ્યાત્મિક ક્રિયા હતી. છતાં એનો પણ વ્યવહારમાં ઉપયોગ કરી એમાંથી કેવી રીતે લાભહાનિ ઉઠાવી શકાય, એના નિયમો શોધી આર્ય ઋષિઓએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને ઉત્તમ વારસો આપ્યો છે. વિજ્ઞાનની બીજી શાખાઓમાં ત્યારપછી ભારે પ્રગતિ થવા છતાં ય આ વિષય તરફ હજુ કોઈનું ધ્યાન દોરાતું ન હોઈ આપણે તે સંબંધી વિચાર કરીએ.

મનુષ્ય પાણી વિના દિવસો સુધી જીવી શકે છે, અન્ન વિના પણ મહિનાઓ કાઢી શકે છે; પણ શ્વાસોશ્વાસ વિના ક્ષણભર જીવવું મુશ્કેલ થઈ પડે છે. શ્વાસોશ્વાસ એ જ જીવન છે. આ શ્વાસોચ્છવાસની ક્રિયાના શાસ્ત્રને સ્વરોદય-જ્ઞાન કહેવામાં આવે છે. યોગની દસ ભૂમિકા-માં આ પ્રથમની ભૂમિકા છે. યોગની પરિ-ભાષામાં આપણાં શરીરમાં ઘણી નાડીઓ છે. એમાં ૨૪ મુખ્ય છે; એમાં પણ નવ અને નવમાં પણ ત્રણ અતિ મહત્ત્વની છે જે ઈંગલા, પિંગલા અને સુષુમણા તરીકે પ્રસિદ્ધ છે. ભ્રૂકુટિચક્રમાંથી શ્વાસ પ્રગટ થઈ બંકનાલને રસ્તે એ નાસિમાં જઈ સ્થિર થાય છે, ત્યાંથી ફરી એ વહેતો થઈ નાકના જમણા નસકોરા દ્વારા ચાલે છે. ત્યારે તે 'પિંગલા', ડાબા નસકોરા તરફ ચાલે છે ત્યારે 'ઈંગલા' અને જયારે બન્ને નસકોરા દ્વારા ચાલે છે ત્યારે તે 'સુષુમણા' કહેવાય છે. 'ઈંગલા' ચંદ્રસ્વર અને 'પિંગલા' સૂર્યસ્વર પણ કહેવાય છે. આ ત્રણ સ્વરો પરથી આપણું સુખ-દુઃખ, જીવન-મરણ, લાભહાનિ વગેરે ભવિષ્યકથન પણ કરી શકાય છે.

સામાન્ય રીતે તંદુરસ્ત આદમીનો સ્વર લગભગ કલાકે બદલાતો રહે છે. બીમારી કે બદલાતા ભાવિને અંગે એમાં ઓછુંવત્તું થયા કરે છે; પણ સામાન્ય રીતે સ્વરો ચોક્કસ સમય પછી બદલાતા રહે છે. દરેક સ્વર પાંચ તત્ત્વોમાંથી પસાર થઈ ગતિ બદલે છે. તત્ત્વો પાંચ છે: પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. એ તત્ત્વોનાં નામ, રંગ, આકૃતિઓ, સ્થાન, ઈંદ્રિયો, ગુણ અને સ્વામી કોણકોણ છે તે નીચેના કોઠામાં બતાવવામાં આવ્યું છે:

સંખ્યા	નામ	આકૃતિ	જ્ઞાનેંદ્રિય	કર્મેંદ્રિય	ગુણ	સ્થાન	ચક્ર	રોગ	સિદ્ધિ
૧	પૃથ્વી	ચતુષ્કોણ	નાસિકા	ગુદા	ગંધ	યોનિ, ગુદાની પાસ સાંવનીમાં	મૂલાધાર	પાંડુ કમળા	પદ્માસનયુક્ત મૂળ ચક્રમાં ધ્યાન ધરવાથી રોગ મટે.
૨	જળ	અર્ધચંદ્ર	જીભ	લિંગ	રસ	લિંગના મૂળમાં	સ્વાધિષ્ઠાન	મોહાદિ વિકાર	પોતાના ચક્રમાં ધ્યાન ધરવાથી ભૂખ... મટે, સહન... પેદા થાય.
૩	અગ્નિ	ત્રિકોણ	આંખ	પગ	રૂપ	નાભિ	માણપુર ચક્ર	ક્રોધાદિ વિકાર	અપચા મટે, ... જાગે, તડકો... સહન થાય.
૪	વાયુ	ષટ્કોણ	ત્વચા	હાથ	સ્પર્શ	હૃદયપ્રદેશ	અનાહત ચક્ર	વાયુ દમ	આકાશગમન ... થાય.
૫	આકાશ	નિરાકાર	કાન	વાણી	શબ્દ	કંઠ, ગળું	વિશુદ્ધચક્ર		અણિમાદિ ... પ્રાપ્ત થાય

પૃથ્વીતત્ત્વનો રંગ પીળો છે: જળનો શ્વેત, અગ્નિનો લાલ, વાયુનો લીલો અને આકાશનો નીલો રંગ છે. એમાં પૃથ્વી અને જળનો સ્વામી ચંદ્ર છે. જયારે અગ્નિ, વાયુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશતત્ત્વનો સ્વામી સૂર્ય છે. પૃથ્વીતત્ત્વ સમયે શ્વાસ સંમુખ અને નાસિકાથી બાર આંગળ સુધી દૂર વહે છે. જલતત્ત્વ નીચેની તરફ અને નાસિકાથી સોળ આંગળ સુધી દૂર વહે છે. અગ્નિતત્ત્વ ઉપરની તરફ અને નાસિકાથી ચાર આંગળ સુધી જ ચાલે છે; જ્યારે વાયુતત્ત્વ વાંકું અને આઠ આંગળ સુધી જઈ શકે છે. આકાશતત્ત્વ નાસિકાની અંદર જ ચાલે છે, એને આકાર નથી.

પૃથ્વીતત્ત્વ ૫૦, જળતત્ત્વ ૪૦, અગ્નિતત્ત્વ ૩૦, વાયુતત્ત્વ ૨૦ અને આકાશતત્ત્વ ૧૦ પળ સુધી વહે છે. અઢી પળ એટલે એક મિનિટ, એ એવું માપ છે.

તત્ત્વની પિછાણ: પદ્માસન લગાવીને સ્થિરચિત્ત બની બન્ને હાથના અંગૂઠાથી કાને અને બન્ને હાથની મધ્યમા આંગળીઓથી નસકોરાં દબાવવાથી અને તર્જની આંગળીઓથી આંખના પડદા ઢાંકી ભ્રૂકુટિ ચક્રમાં ઊંચી નજરે (બંને ભમરો વચ્ચેની જગ્યા પર) જોવાથી કયો રંગ દેખાય છે એ જણાશે. પીળા રંગનું બિંદુ જણાય તો પૃથ્વી, સફેદથી જળ, લાલથી અગ્નિ, નીલાથી વાયુ અને ધૂમ્રવર્ણથી આકાશતત્ત્વ સમજાય છે. પૃથ્વી અને જળતત્ત્વ શ્રેષ્ઠ, અગ્નિ અને વાયુ સાધારણ અને આકાશતત્ત્વ અશુભ છે. એથી પૃથ્વી અને જળતત્ત્વ ઉત્તમ ફળ આપે છે, અગ્નિ–વાયુ સાધારણ આપે છે અને આકાશ અશુભ ફળ ઉત્પન્ન કરે છે.

ચંદ્રસ્વરમાં કરવાનાં કાર્યો: સૌમ્ય અને સ્થિર કાર્યો ચંદ્રસ્વરમાં કરવાં લાભદાયી મનાય છે; જેથી નવું મંદિર બંધાવવું, મૂર્તિની પ્રતિષ્ઠા કરવી, પ્રતિમાની અનાવરણ વિધિ કરવી. સંસ્થાનું ઉદ્‌ઘાટન કરવું, ઘર, હાટ, મહેલ, કોટ, કિલ્લો, ખાઈ, નહેર, મિલ, યંત્ર તથા કારખાનું સ્થાપવું; દાન-ધર્મ તથા દીક્ષા દેવી-લેવી; નવા ઘરમાં રહેવા જવું; ગામ–નગરમાં પ્રવેશ કરવો; વસ્ત્રાભૂષણ ધારણ કરવાં, કરાર કરવો, યોગાભ્યાસની શરૂઆત કરવી, બીમારીને કારણે દવા વાપરવી, ખેતી–બાગબગીચા સ્થાપવા; મોટા માણસોની મુલાકાતે જવું તથા સોનાચાંદીના અલંકારો ઘડાવવા વગેરે કાર્યો ચંદ્રસ્વરમાં કરવાથી લાભ થાય છે.

સૂર્યસ્વરમાં કરવાનાં કાર્યો: વિદ્યાભ્યાસ શરૂ કરવો, ધ્યાનસમાધિ લગાવવી, અરજીઓ કરવી, જવાબદારીનું કામ ઉપાડવું, ભૂતપિશાચ, મંત્રતંત્રાદિ કાર્યો કરવાં, દર્દીઓને દવા ખવડાવવી (રોગીએ તો ચંદ્રસ્વરમાં જ દવા લેવી), શસ્ત્ર-અસ્ત્રો ખરીદવાં, ભોજન લેવું, સ્નાન કરવું, સંસારસુખ ભોગવવું, નવો ચોપડો લખવો, વેપાર કરવો, લશ્કરની કૂચ તથા જલયાન વહેતું મૂકવું, નૌકાસફરે ઊપડવું, દુશ્મનની સામે જવું, ગાય, ભેંસ, ઉંટ જેવાં પ્રાણી ખરીદવાં; સટ્ટો કરવો, નદી ઊતરવી તેમ જ લેણ-દેણ કરવી વગેરે કાર્યો સૂર્યસ્વરમાં કરવાથી લાભ થાય છે. ખાસ કરીને ક્રૂર અને અસ્થિર કાર્યો સૂર્યસ્વરમાં કરવાથી તે જલદી ફળદાયી થાય છે.

સુષુમણાસ્વરમાં કરવાનાં કાર્યો: સુષુમણાસ્વરમાં કોઈ પણ કાર્ય કરવું લાભદાયક નથી. એ સ્વર સમયે શરૂ કરેલું કાર્ય કાં તો બગડી જાય છે, કાં તો નિષ્ફળ જાય છે. જેની મદદ માગવામાં આવે છે એ વ્યક્તિ મળતી નથી તેમ જ મળે છે તો મદદમાં વિઘ્ન પડે છે. એથી આ સમયમાં ઈશ્વરભજન–આત્મધ્યાન જેવા કેવળ પવિત્ર ભાવોનો વિચાર જ લાભદાયી છે.

શારીરિક–માનસિક તંદુરસ્તી બગડવાનાં કારણો: સૂર્યસ્વરમાં ભોજન કરવું, ચંદ્રસ્વરમાં ચા, દૂધ, સોડા, શરબત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિ પીણાં પીવાં; ડાબા પડખે સૂઈ રહેવું અને પવિત્ર મન રાખવું એ તંદુરસ્તીનો ઉત્તમ ઉપાય છે. જે એથી ઊલટી રીતે વર્તે છે એટલે કે સૂર્યસ્વરમાં પાણી જેવા પ્રવાહી પદાર્થો લે છે અને ચંદ્રસ્વરમાં ભોજન કરે છે, તેમ જ સંસારસુખ માણે છે એનું શરીર વ્યાધિઓનું ઘર બની જાય છે.

તિથિનું ફળ : દરેક મહિનાની વદ એકમના રોજ સૂર્યોદય સમયે જો સૂર્યસ્વર ચાલે તો ૧૫ દિવસ સુખચેન મળે; તેમ દરેક મહિનાની સુદ એકમના રોજ સૂર્યોદય સમયે જો ચંદ્રસ્વર ચાલે તો પણ ૧૫ દિવસ આનંદ-મોજમાં વીતે; એથી જો ઊલટો સ્વર ચાલે તો ફિકર-ચિંતા આવી પડે. ઉપરા ઉપરી ત્રણ પખવાડિયાં સુધી અનુકૂળ સ્વર ચાલે તો બધી જ રીતે લાભ થાય; પણ જો પ્રતિકૂળ સ્વર ચાલે તો દોસ્ત પણ દુશ્મન બની જાય; આફત-ઉપાધિઓ ભોગવવી પડે.

ચૈત્ર માસનું ખાસ ફળ: ચૈત્ર સુદ એકમના રોજ સૂર્યોદય સમયે જો ચંદ્રસ્વર ચાલે તો સુખચેન મળે, તેમાં પણ જો પૃથ્વી કે જળ તત્ત્વ હોય તો ફળ ઉત્તમ આવે. મેષ રાશિ પર જે દિવસે સૂર્ય આવે તે દિવસે ચંદ્રસ્વર ચાલે તો વર્ષભર સુખચેન પ્રાપ્ત થાય. અક્ષયતૃતીયાને દિવસે પણ જો ચંદ્રસ્વર હોય તો વર્ષ સુખકર નીવડે.

ચૈત્ર	સુદ	૧	આખા	દિવસમાં	કલાક	પણ	ચંદ્રસ્વર	ન	ચાલે	તો	ત્રણ મહિનામાં બીમારી આવે.
,,	,,	૨	,,	,,	,,	,,	,,	,,	,,	,,	પરદેશમાં જવું પડે.
,,	,,	૩	,,	,,	,,	,,	,,	,,	,,	,,	પિત્તજ્વરની બીમારી થાય.
,,	,,	૪	,,	,,	,,	,,	,,	,,	,,	,,	મૃત્યુ આવે.
,,	,,	૫	,,	,,	,,	,,	,,	,,	,,	,,	રાજ્ય તરફથી આફત આવે.
,,	,,	૬	,,	,,	,,	,,	,,	,,	,,	,,	ભાઈનું મૃત્યુ થાય.
,,	,,	૭	,,	,,	,,	,,	,,	,,	,,	,,	સ્ત્રીનું મૃત્યુ થાય.
,,	,,	૮	,,	,,	,,	,,	,,	,,	,,	,,	આવક ઘટી જાય.

ભાવિફળકથન : પ્રશ્નકર્તા ઉત્તરદાતાના પૂર્ણ સ્વરની દિશામાં બેસીને યા ઊભીને જો પ્રશ્ન મૂકે છે તો તેનું કામ સફળ થાય છે. ખાલી સ્વરની દિશામાં જો પ્રશ્ન પુછાય છે તો તે નિષ્ફળ જાય છે. ચંદ્રસ્વરની પૂર્ણ દિશા ઊંચી, ડાબી તેમ જ સન્મુખ છે; જ્યારે સૂર્યસ્વરની પૂર્ણ દિશા જમણી, પાછળની તેમ જ નીચેની જગ્યા છે.

ચંદ્રસ્વર તેમ જ સૂર્યસ્વર કલાક સુધી ચાલે છે અને એમાં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વો અનુક્રમે ચાલે છે. પૂર્ણ દિશાથી આવી જવાબ દેનારની ખાલી દિશા તરફથી જો પ્રશ્નકર્તા પ્રશ્ન મૂકે છે તો કાર્ય નિષ્ફળ જાય છે, પણ ખાલી દિશા તરફથી આવવા છતાં જો પૂર્ણદિશા તરફથી પ્રશ્ન મૂકે છે તો તે ફતેહમંદ થાય છે.

તેમાં ય ચંદ્રસ્વર વખતે જો પૃથ્વી તેમ જ જળતત્ત્વ હોય છે તો કાર્ય ફતેહ થાય છે. પણ જો અગ્નિ, વાયુ કે આકાશતત્ત્વ હોય છે, તો પૂર્ણ દિશામાંથી પુછાયેલો પ્રશ્ન પણ નિષ્ફળ જાય છે; એથી ઊલટું જો સૂર્યસ્વર ચાલતો હોય ત્યારે પૂર્ણ દિશામાંથી અગ્નિ, વાયુ કે આકાશ તત્ત્વમાં પુછાયેલો પ્રશ્ન સફળ થાય છે, જ્યારે પૃથ્વી કે જળ તત્ત્વમાં નિષ્ફળ જાય છે. આ સ્વર ઉત્તરદાતા સાથે સબંધ રાખે છે નહિ કે પ્રશ્નકર્તા સાથે એ ન ભુલાવું જોઈએ.

સ્વરદૃષ્ટિએ મુહૂર્ત : સવારમાં ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ જે બાજુનો સ્વર ચાલતો હોય તે બાજુનો પગ પ્રથમ પથારી નીચે મૂકવો; તેમ જ પહેલું પગલું પણ તે જ પગથી ભરવું. મુસાફરી, યાત્રા યા વિદેશગમન સમયે ઘરથી નીકળતાં જે બાજુનો સ્વર ચાલતો હોય એ પગ પ્રથમ ઉપાડવો; એથી બધાં જ અનિષ્ટો નષ્ટ થઈ જાય છે એવો સ્વરોદયશાસ્ત્રનો કોલ છે.

સૂર્યસ્વરનું ભવિષ્ય : ત્રણ દિવસથી દિન-રાત સૂર્યસ્વર જ ચાલે તો એક વર્ષમાં મૃત્યુ થાય; અથવા ૧૬ દિવસ સુધી એકધારો સૂર્યસ્વર ચાલે તો એક માસમાં મૃત્યુ થાય. આખો મહિનો તેમ ચાલે તો ફક્ત બે જ દિવસનો એ મહેમાન ગણાય; પણ જો ૪-૮-૧૨-૧૬ કે ૨૦ દિવસ સુધી એક-ધારો ચંદ્રસ્વર ચાલે તો લાંબી આવરદા પ્રાપ્ત થાય.

આયુષ્ય પર થતી અસર : આપણી આયુમર્યાદા માસ-મહિનાઓ પર નહિ પણ શ્વાસોશ્વાસ પર અંકાયેલી છે. યોગીઓ પ્રાણાયામ યા સમાધિ દ્વારા શ્વાસોશ્વાસની પ્રક્રિયાને બંધ કરી આજ કારણે વહેતા આયુષ્યને તેટલો સમય થંભાવી દે છે. સમાધિમાં ગાળેલો સમય એમની આયુ-મર્યાદામાંથી કપાતો નથી, આથી એમનું આયુષ્ય લાંબું જણાય છે. શ્વાસોશ્વાસ પર આયુષ્ય ખર્ચાતું હોઈ દોડધામ, ક્રોધ, અધીરાઈ, નિદ્રા તેમ જ ભોગવિલાસમાં શાસ્ત્ર-કારોએ સંયમ બતાવ્યો છે. એ કાર્યોમાં શ્વાસો-શ્વાસ ખૂબ જ વપરાતો હોઈ આયુષ્ય જલદી ખર્ચાઈ જાય છે.

દુન્યવી લાભોની પ્રાપ્તિ : જેને સ્વરોનું તથા તેના તત્ત્વોનું જ્ઞાન થયું છે એ અનેક લાભો મેળવી શકે છે. જેની સાથે કામ હોય તેને જે બાજુ આપણો શ્વાસ ચાલતો હોય તે બાજુ બેસાડી વાતચીત કરવાથી એને આપણો બનાવી શકાય છે. એની પાસેથી ધાર્યું કામ પણ લઈ શકાય છે. કોઈ સમયે આકસ્મિક આગ ફેલાઈ રહી હોય ત્યારે જે બાજુ આગ વધતી દેખાય તે બાજુ પાણીનું પાત્ર લઈ ઊભા રહેવું અને જે બાજુનો શ્વાસ ચાલતો હોય તે નસકોરેથી થોડું જળ પી પછી જળપાત્રમાંથી ૭ રતી પાણીની અંજલિ ભરી આગ પર છાંટવાથી આગ વધતી અટકી જાય છે.

રોગના ઉપાયો : તાવમાં અશુભ સ્વર ચાલતો હોય તો નસકોરામાં નરમ રૂ મૂકી શ્વાસ બંધ રાખો. આરામ થશે.

શિરદર્દ હોય તો સીધા સૂઈ જવું. બંને હાથ નીચે લંબાવી ફેલાવવા. પછી બંને હાથની કોણીઓ દોરડાથી જોરથી બંધાવો. દર્દ મટે બંધ છૂટા કરાવો.

આધાશીશી હોયએક બાજુનો હાથ (રોગ તરફનો) બંધાવો. તેમ જ પહેલે દિવસે જે બાજુનો સ્વર હતો તે આ જ પણ હોય તો તે બંધ કરો, આરામ થશે.

અજીર્ણ : સૂર્યસ્વરમાં જ ભોજન કરો. તે ભોજન બાદ ડાબા પડખે ૧૫-૨૦ મિનિટ સૂઈ જાઓ; અથવા પદ્માસને ૧૦-૧૫ મિનિટ બેસી નાભિ પર દૃષ્ટિ સ્થિર રાખો. એક સપ્તાહમાં આરામ થશે.

દાંત હાલતા કે દૂખતા હોય તો ઝાડા-પેશાબ સમયે દાંતો જોરથી દબાવી રાખો.

અન્ય દર્દ જો એકદમ ઊઠે તો જે સ્વર હોય તે બંધ કરો. જે બાજુનો સ્વર હોય તે બાજુને પડખે સૂવાથી શ્વાસ બદલાય છે.

દમ : એક મહિના સુધી ચાલતો શ્વાસ બંધ કરી બીજો શ્વાસ ચલાવો, જેમ જેમ અભ્યાસ થશે તેમતેમ દર્દ શાંત પડતું જશે.

થાક અને તડકાની ગરમી જમણી બાજુ સુવાથી શાંતિ થાય; જમ્યા બાદ કાંસકાથી માથું ઓળો. માથાના રોગ, વાયુરોગ, શ્વેત-બાલરોગ મટશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનનો લોભ

અનુવાદક :
શ્રી નટવરલાલ જાની

પ્રાચીન કાળમાં એક ગામમાં કોઈ બ્રાહ્મણ વૈદર્ભ નામનો મંત્ર જાણતો હતો. તે મંત્ર ઘણો જ કિંમતી હતો. જ્યારે નક્ષત્રનો યોગ થાય, ત્યારે તે મંત્રનો જપ કરીને આકાશ તરફ જોવાથી આકાશમાંથી સાત રત્નોનો વરસાદ પડતો હતો. તે સમયે બોધિસત્વ તે બ્રાહ્મણ પાસે વિદ્યા ભણતો હતો. એક દિવસ તે બ્રાહ્મણ બોધિસત્વને સાથે લઈને પોતાના ગામથી નીકળ્યો. બંનેએ ચેદિ રાજ્યમાં પ્રવેશ કર્યો. રસ્તામાં એક નિર્જન વનમાં ચોરોનો ભય હતો. ચોરોએ તે બ્રાહ્મણને અને બોધિસત્વને પકડચા. આ ચોરો બે માણસોને પકડતા હતા અને તેમાંથી એકને પૈસા લાવવા માટે પાછો મોકલતા હતા. આ કારણે લોકો તેમને 'પ્રેષણક' ચોરો કહેતા. તેમના પંજામાં બાપ અને દીકરો ઝડપાતા, તો તેઓ બાપને કહેતા, 'તમે અમારે માટે ધન લાવશો તો અમે તમારા પુત્રને છોડી મૂકશું.' તેવી જ રીતે મા અને દીકરીને પકડીને માને પૈસા લાવવા મોકલતા. મોટા ભાઈ અને નાના ભાઈને પકડીને મોટા ભાઈને પૈસા માટે મોકલતા. ગુરુ અને શિષ્યને પકડીને શિષ્યને મોકલતા. આ વખતે પણ તેમણે વૈદર્ભ બ્રાહ્મણને પકડી બોધિસત્વને મોકલ્યા. બોધિસત્વે આચાર્યને નમસ્કાર કરી કહ્યું: 'હું એક-બે દિવસમાં પાછો આવીશ. તમે ડરશો નહિ. તમે મારું કહેવું ધ્યાનમાં રાખજો. આજે ધન વરસાવનાર નક્ષત્રનો યોગ છે. દુઃખથી ભય પામી હતાશ બનીને પણ મંત્રનો જપ કરી ધન વરસાવશો નહિ. જો વરસાવશો, તો તમારો અને આ પાંચસો ચોરોનો પણ નાશ થશે.'

આ રીતે ગુરુને ઉપદેશ આપીને તે ધન માટે ચાલ્યા ગયા.

ચોરોએ બ્રાહ્મણને બાંધી દીધો. રાત પડી એટલે બ્રાહ્મણે વિચાર્યું:

'ધન વરસાવવાના નક્ષત્રનો યોગ તો આવી ગયો છે. આ બધું દુઃખ વેઠવાથી શો ફાયદો? મંત્રનો જપ કરી રત્નો કેમ ન વરસાવું? લ.વને ચોરોને ધન આપી આનંદથી ચાલ્યો જાઉં.'

આમ વિચાર કરી તેણે ચોરોને કહ્યું

જૂના જમાનામાં 'સ્વરોદય' જ્ઞાનનું મહત્ત્વ ઘણું હતું. મુહૂર્ત, ભવિષ્યકથન, લાભહાનિ તથા રોગના ઉપાય માટે એ ચમત્કારિક શાસ્ત્ર મનાતું. આજના નવયુગમાં એ શાસ્ત્ર ભુલાતું જાય છે. એના જાણકાર અનુભવીઓ પણ ઘટતા જાય છે. છતાં આજે પણ ક્યારેક એના અનુભવી જાણકારો મળી આવે છે. આ શાસ્ત્ર એક પ્રકારનો વહેમ નહિ પણ વિજ્ઞાન છે એમ માની જો એના તરફ લક્ષ્ય દોડાવવામાં આવે—એનો અનુભવ કરવામાં આવે તો એમાંથી અનેક રહસ્યો શોધી શકાય. સ્વરોદયશાસ્ત્ર માટે પ્રાચીન ગ્રંથોમાં વિપુલ સાહિત્ય ભર્યું પડ્યું છે. જેનું સંશોધન કરી તે પ્રકાશમાં લાવવું જોઈએ તેમ જ એના પર પ્રયોગો પણ થવા જોઈએ. એ એક પ્રકારની શાસ્ત્રીયતા સિદ્ધ થવાથી એ જો બની શકે તો માનવ-ઉપયોગી વિજ્ઞાન એનો ઉપયોગ કરી આપણે આપણા જીવનમાં એનો લાભ ઉઠાવી શકીએ અને જગતને તે આપી શકીએ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમે બધાએ અમને શા માટે પકડ્યા છે?'

તેમણે કહ્યું: 'પૈસા માટે.'

બ્રાહ્મણ બોલ્યો: 'જો તમારે પૈસાથી જ કામ હોય, તો મને આ બંધનથી તરત જ મુક્ત કરો, સ્નાન કરાવો, કોરાં વસ્ત્રો પહેરાવો, ચંદન લગાડો અને ફૂલોની માળા પહેરાવો.'

ચોરોએ તેણે કહ્યું તે પ્રમાણે બધું કર્યું. બ્રાહ્મણે નક્ષત્રયોગ જોઈને મંત્ર જપવાનું ચાલુ કરી આકાશ તરફ જોયું. તે જ સમયે આકાશમાંથી રત્નો ખરવા લાગ્યાં. ચોરોએ આ ધનને એકઠું કરી તેની પોટલી બાંધી દીધી. પોટલી ઉપાડીને તેમણે ચાલવા માંડ્યું. બ્રાહ્મણ પણ તેમની પાછળપાછળ ચાલ્યો.

રસ્તામાં એ ચોરોને બીજા પાંચસો ચોરોએ પકડ્યા. આ ચોરોએ પૂછ્યું: 'અમને શા માટે પકડો છો?'

બીજા ચોરોએ કહ્યું: 'પૈસા માટે.'

'જો તમારે પૈસાની જ જરૂર હોય, તો આ બ્રાહ્મણને પકડો. અમને પણ એણે જ ધન આપ્યું.'

આથી પેલા ચોરોએ તેમને છોડી દઈ બ્રાહ્મણને પકડ્યો અને કહ્યું: 'અમને પણ ધન આપો.'

બ્રાહ્મણે કહ્યું: 'હું તમને ધન તો આપીશ, પરંતુ ધન વરસાવનાર નક્ષત્રયોગ એક વર્ષ પછી આવશે. જો તમારે ધન જોઈતું હોય, તો ત્યાંસુધી રાહ જુઓ.'

ચોરોએ ગુસ્સે થઈને કહ્યું, 'અરે, દુષ્ટ બ્રાહ્મણ! બીજાં માટે જ્યારે જોઈએ ત્યારે ધન વરસાવે છે, અને અમને એક વરસનો વાયદો કરે છે!' એમ કહી તેમણે ધારદાર તલવાર કાઢી બ્રાહ્મણના બે ટુકડા કરી દીધા. તેને રસ્તામાં જ નાખીને તેમણે પેલા ચોરોનો પીછો પકડ્યો. તેમની સાથે લડાઈ જામી, અને બધાંને મારીને ધન પડાવી લેવામાં આવ્યું. પછી ચોરની મોટી ટોળીમાં બે તડાં થયાં, અને તેઓ અંદરઅંદર લડવા લાગ્યા. લડતાંલડતાં છેવટે બે જણા બચ્યા. આ રીતે એક હજાર માણસો માર્યા ગયાં. તે બે ચોરો ધન લઈને એક ગામને સીમાડે પહોંચ્યા, અને તેને એક ગુપ્ત સ્થાનમાં સંતાડી દીધું. તેમનામાંથી એક તલવાર લઈને રખેવાળું કરવા બેઠો અને બીજો ભાત રાંધવા માટે ચોખા લાવવા ગામમાં ગયો.

ખરેખર, લોભ જ વિનાશનું મૂળ છે! ધનને સાચવવા બેઠેલો ચોર વિચારવા લાગ્યો: 'પેલો આવશે, એટલે આ ધન બે ભાગમાં વહેંચાઈ જશે; માટે તે આવે કે તરત જ તેને હું આ તલવારથી મારી નાખીશ.' આમ વિચારી તલવાર લઈને તે સાગરીતની આવવાની રાહ જોતો બેસી રહ્યો.

બીજો પણ વિચારવા લાગ્યો, 'ધનના બે ભાગ થઈ જશે. હું તેને ભાતમાં ઝેર નાખીને ખવડાવીશ. તે મરી જશે, એટલે બધું ધન મને એકલાને મળશે.'

ભાત તૈયાર થઈ ગયો એટલે તેણે ખાઈ લીધું. વધેલા ભાતમાં ઝેર નાખી તે તેને બીજા ચોર પાસે લઈ ગયો.

તેણે ભાત ઉતારીને નીચે મૂક્યો કે તરત જ બીજાએ તલવારથી કાપીને તેના બે ટુકડા કરી દીધા, અને તેમને ગુપ્ત સ્થાનમાં ફેંકી દીધા.

પછી તે પોતે પણ પેલો ભાત ખાઈને મરણ પામ્યો. આ રીતે ધનને લીધે બધાંયનો વિનાશ થયો.

આ સમયે વારાણસીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતા હતા.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાત્મવાદ

લેખક:
શ્રી ડાહ્યાલાલ હીરાલાલ દેસાઈ
બી. એ. એલએલ. બી.

આજના જગતમાં પ્રવર્તેલા ગમે તે વાદ કે સિદ્ધાંતની પાછળ જો આધ્યાત્મિક દૃષ્ટિ નહિ હોય તો એનું સર્જન ભલે મહાન હોય પણ તે ભયંકર જ નીવડવાનું. કેવળ દુઃખ, ક્લેશ, ભય, ત્રાસ ને યુદ્ધનું જ એ નિમિત્ત બનવાનું. આ અધ્યાત્મવાદ શું છે તે ઉપર આ લેખ દ્વારા આછો પ્રકાશ ફેંકાયો છે.

સારું ય જગત આજે કોઈ અગમ્ય, અસહ્ય વેદનામાંથી પસાર થઈ રહ્યું છે. જૂની સંસ્થાઓ, જૂની પ્રણાલિકાઓ, જૂના સિદ્ધાંતો ને જૂના વાદો સામે બળવો કરી તેને તોડીફોડી છિન્નભિન્ન કરતાં બળો ગતિમાન બન્યાં છે. રાજા સામે પ્રજા, મૂડીવાદ સામે મજૂરવાદ, સામ્રાજ્યવાદ સામે સામ્યવાદ, વ્યક્તિવાદને નામે પિતા સામે પુત્ર, પતિ સામે પત્ની, શેઠ સામે નોકર, શિક્ષક સામે શિષ્ય અને જ્ઞાતિના બંધારણ સામે તેની પ્રત્યેક વ્યક્તિ બળવો જગાવી બેઠી છે. અર્વાચીન યુગની આ અનોખી વિશિષ્ટતા છે.

પણ આ બધું અંધાધૂંધી ભર્યું લાગતું વાતાવરણ અકારણ નથી. વિશ્વમાં એક તણખલું પણ નિષ્પ્રયોજન ફરકતું નથી, તો આવી યુગજૂની સંસ્થાઓ ને પ્રણાલિકાઓ સામે ઊઠતા પોકારો નિષ્પ્રયોજક ક્યાંથી હોય? અધ્યાત્મજ્ઞાનનાં ગુઢ રહસ્ય ઉકેલી શકનાર તો જાણે છે કે એક જ ચિત્તશક્તિ આખું વિશ્વયંત્ર ચલાવી રહી છે. ને તે પોતાનું નિશ્ચિત ધ્યેય સાધવા સમયેસમયે જેનો જેવો ઉપયોગ કરવો ઘટે તેનો તેવો ઉપયોગ કરી આખા વિશ્વને ઉત્ક્રાંતિને માર્ગે દોરી રહી છે. અને તેથી જ આજનો ટ્રુમેન કે સ્ટેલીન પણ એ અગમ્ય શક્તિનાં માત્ર પ્યાદાં છે. પોતાનું કાર્ય સાધવા એ શક્તિને કોઈક વખત સૌમ્ય ઉપાયો લેવા પડે છે, તો કોઈક વખત ભયંકરમાં ભયંકર ઉપાયોથી પણ જ... ગતિને વેગ આપવા નિષ્ઠુર બનવું પ... રામાયણ અને મહાભારતના હત્યાકાંડો ... સિદ્ધાંતનાં દૃષ્ટાંતો છે. એટલે જ ... વિનાશક લાગતા વાદો, સિદ્ધાંતો ને ... પણ તેમની દેખીતી રુદ્રતા પાછળ ... અગમ્ય હેતુ સાધવા બુદ્ધિપૂર્વક ... મુકાયેલ પ્રવેશમાત્ર છે, નિષ્પ્રયોજન ... ધૂંધીનું પરિણામ માત્ર નથી. સર્જન ... વિનાશ આવશ્યક છે. જીર્ણ બનેલ ઇ... તોડી પાડી જમીનદોસ્ત કર્યા પછી જ ... ઉપર નવી ઇમારત બાંધી શકાય છે; ... આજનાં વિનાશક બળો તે મૂળમાં ... આજ નિષ્પ્રાણ બનેલ સંસ્થાઓને, સિદ્ધ... તોડી પાડવા અને તે પ્રમાણે તોડી... તેના ઉપર નવી ભવ્ય ઇમારત ચણવા... ઉદ્દેશથી જ અસ્તિત્વમાં આવ્યાં છે.

પણ આ સત્ય સમજવા કુદરતને... અચળ નિયમ સમજી લેવાની જરૂર છે. ... જે સિદ્ધાંતોને આજ આપણે તો... છિન્નભિન્ન કરવા તૈયાર થયા છીએ ... ભવ્યતા સમજાશે; અને તે પ્રમાણે ... ભિન્ન કર્યા પછી તે ઉપર કેવી ઇ... ચણવાની છે તે પણ સમજાશે ... વિનાશ કરતી વખતે પણ આપણે તે ... સર્જનનાં બીજ વાવી શકીશું. તે ... વિનાશ એટલે અઘોર પાપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારા ય જગતની હયાતી તે પ્રાણીમાત્રનો વિકાસ સાધવા માટે છે, ઉત્ક્રાંતિ માટે છે, જડતામાંથી ચેતનના ફુવારા તરફની એક અદમ્ય ગતિ છે. વિજ્ઞાન સાક્ષી પૂરે છે કે જડ જગતમાંથી વનસ્પતિ યોનિનો વિકાસ થયો છે. વનસ્પતિમાંથી પ્રાણીઓનો વિકાસ થયો છે. ને પ્રાણીઓમાં પણ ઉત્તરોત્તર ક્રમપૂર્વક અંતે મનુષ્ય-યોનિની ઉત્ક્રાંતિ થઈ છે. આમ ઉત્તરોત્તર વિકાસ પામવો, જડતાના અંધકારમાંથી ચેતનના પ્રકાશ તરફ વધવું, મર્ત્ય જીવનનાંથી કોઈક અમર્ત્ય તત્ત્વ તરફ વધવું, અસત્યની ઊંડી ખાઈમાંથી સત્યના ગગનચુંબી શિખરે ચઢવું તેનું નામ અધ્યાત્મવાદ. અને આ અધ્યાત્મવાદને અમલમાં મૂકનાર બળ એટલે ઈશ્વર, ચિત્તશક્તિ, કુદરત, અલ્લા, 'ગૉડ,' અથવા આત્મા.

અધ્યાત્મજ્ઞાનનું આ રહસ્ય જાણનાર મુનિઓએ સમાજની વ્યવસ્થા કરતાં આ દૃષ્ટિને જ પ્રાધાન્ય આપ્યું હતું. સમાજવ્યવસ્થા કરતી વખતે દરેક માણસને જગતની તમામ વસ્તુઓ સરખા પ્રમાણમાં શી રીતે મળે, બધા એકાકાર શી રીતે બને, બધા સરખું સુખ શી રીતે ભોગવે તે દૃષ્ટિ ન રાખતાં બધા ઊંચે શી રીતે ચઢે, આત્મતત્ત્વ તરફ શી રીતે વળે, પશુજીવનના જડવાદમાંથી દેવજીવનના ચેતનવાદને શી રીતે અનુસરે ને એમ અનુસરતા બધા ઊંચામાં ઊંચી ભૂમિકા ઉપર એકસરખું સુખ શી રીતે ભોગવે, બધા ચરાચર વિશ્વની તમામ વસ્તુઓના સરખા હક્કદાર શી રીતે બને, બધા આત્મસ્વરૂપે એકાકાર શી રીતે બને તે જ ધ્યાનમાં રાખી ચાર વર્ણો, ચાર આશ્રમો, ચાર વર્ણાશ્રમ ધર્મો, તેમ જ પ્રજાના ધર્મો ને આખી પ્રજાના શિસ્તપાલનના નિયમો ઘડ્યા હતા.

ઉત્ક્રાંતિવાદનો નિયમ સ્વીકાર્યા પછી ...હું તો સહેજે સમજાય તેમ છે કે દરેકનો અંદરનો વિકાસ સરખો ન જ હોય. અને વિકાસ સરખો ન હોય તો તેમને માટે નિયમો પણ એક ન જ હોય, તેમ તેમને માટેનાં બંધનો ને સ્વતંત્રતાનાં માપ પણ એક ન હોય. એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના શિસ્તપાલનના નિયમો જુદાજુદા રાખવા પડ્યા અને છતાં તે નિયમો અધ્યાત્મજ્ઞાનના ઊંડા રહસ્યથી એવા અમોઘ ઘડાયા હતા કે તેનું પ્રામાણિકપણે પાલન કરનાર હંમેશ ઊંચે ને ઊંચે જ ચઢતો, પ્રભુના પ્રકાશ તરફ જ વળતો હતો. **स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ॥** પોતપોતાના નિયત કર્મમાં અભિરત રહેનાર અંતે પરમ સિદ્ધિને જ પામે છે. આપણે થોડાક દાખલા લઈ આ સત્ય સમજવા પ્રયત્ન કરીએ.

રાજા અને પ્રજા: આજની જેમ રાજાને તે કાળમાં પ્રજાનો જુમ્મેદાર, ટ્રસ્ટી કે પ્રજાનો સેવક નહોતા ગણતા. તે તો આસુરીદૃષ્ટિ છે. રાજા એટલે તો राज=પ્રકાશવું-એટલે જ્યાં પ્રજાની દૃષ્ટિ કુંઠિત બની જતી, જ્યાં અજ્ઞાન અને અવ્યવસ્થાના ગાઢ અંધકારમાં આગળ વધવાનો માર્ગ નહોતો સૂઝતો, ત્યાં પ્રકાશનાં કિરણો રેડતો, ને વ્યવસ્થાપૂર્વક પ્રજાને આગળ દોરતો વીર, દેવઃ અને તેથી જ તે પ્રજાનો સેવક નહિ પણ પિતા હતો, પૂજ્ય હતો, દેવ હતો. તે જ રીતે રાજાને મન પ્રજા એટલે પોતાના સુખનું સાધન માત્ર નહિ, પોતાની પિશાચી વૃત્તિઓને પોષનાર કેવળ જડ પદાર્થ નહીં, પણ પોતાના જ અંગમાંથી ઉત્પન્ન થયેલ પોતાનો જ આત્મા (प्र+जा પ્રકૃષ્ટપણે જન્મેલી). આમ રાજા અને પ્રજા વચ્ચે પિતા અને પુત્રનો મીઠો સંબંધ બંધાયો હતો. રાજા પ્રજાના કલ્યાણમાં જ મગ્ન રહેતો. પ્રજા રાજાના સુખે સુખી ને દુઃખે દુઃખી બનતી ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વેચ્છાથી બન્નેનો આધ્યાત્મિક વિકાસ થતો. સ્વીકારાયેલા સમર્પણથી જેણે અંદરની પશુ-વૃત્તિઓ ઉપર જય મેળવ્યો છે; ઇંદ્રિયોનાં ખંડને સમાવી જે ખરો સ્વતંત્ર બન્યો છે; માન, માયા, લોભ, મોહ કે મત્સર જેનો કશો જ પરાભવ કરી શકતો નથી તેવો ભવ્ય આત્મા એટલે બ્રાહ્મણ. આવા અ-સાધારણ સંસ્કારી આત્મામાં તિરસ્કાર કેળવાય તે માટે નહિ પણ સંસ્કારભ્રષ્ટતા ન થાય તે માટે પંક્તિભોજનના નિયમો ઘડાયા ને તેના ઉપર અનેક બંધનો નંખાયાં. શૂદ્રને ગમે તેવા આચારવિચાર કરવા-ની છૂટ અપાઈ હતી. તે ગમે ત્યાં, ગમે તેવી રીતે, ગમે તેનું જમી શકે કે ગમે તેવો વ્યવહાર કરી શકે.

આ જ રીતે મૂડીવાદ(વર્ગ—વૈશ્યો)નું હતું. આ વર્ગ લાખો, કરોડો, અબજો રૂપિયા મેળવતો, પણ તેની પાછળ તેની ભાવના સંગ્રહવૃત્તિની, પરિગ્રહની ન હતી. તેને પણ વ્યક્તિજીવન છોડી વિશ્વજીવન જીવવાનો જ આદેશ અપાયો હતો. એટલે જ પોતાના ધનનો તે પોતે માલિક ન હતો. સમાજ તેનો માલિક છે, સમાજનાં સુખ માટે જ તે વાપરી શકાય ને તેમ વાપર-વામાં જ પોતાના આત્માનું કલ્યાણ છે એ ભાવનાથી ભરેલો કરોડપતિ પોતાની મિલ-કતનો સમાજ માટે ઉપયોગ કર્યા કરતો. અને તે સાથે તે પોતાનામાં દિવ્ય ગુણો કેળવવા તત્પર રહેતો અથવા ઉપરની ભાવનાથી જીવન જીવવા મથતાં તેનામાં સહજ રીતે દિવ્ય ગુણો ઉદય પામતા. તે સત્ય અને ટેક માટે મરી ફીટતો. તે ગરીબમાં પણ નારાયણનાં દર્શન કરતો હતો અને તેથી તેમના સુખ માટેના પ્રયત્નમાં અભિ-માનને પોષણ નહોતું મળતું. લોકોની સુખ-સગવડ માટે પોતાનું સુખ જતું કરવા તે હમેશ તૈયાર રહેતો. આમ તે સમાજમાં વિશેષ પદવી મેળવી શક્યો હતો–તે જનમાં મહાજન બન્યો હતો.

અને પિતાપુત્ર કે પતિપત્નીના સંબંધમાં પણ આજ નિયમ લાગુ પડતો હતો. ઇંદ્રિયોની સ્વચ્છંદતાને નહિ પણ આત્માને સ્વતંત્રતા આપવા તરફ જ લક્ષ રાખી નિયમો ઘડાયા હતા. પતિને પ્રભુ માનતી પત્ની સમર્પણના દિવ્યપાઠથી માત્ર પોતાનું નહીં પણ સાથેસાથે પતિનું પણ કલ્યાણ સાધી શકતી. પત્નીને દેવી માનતો પતિ પણ બંનેના કલ્યાણમાં નિમિત્ત બનતો. આજે ઇંદ્રિયલોલુપ સમાજને કદાચ આ વાત ગળે નહિ ઊતરે, પણ આજના ઇંદ્રિય-લોલુપતાનાં પરિણામ જોતાં આજે નહિ તો કાલે પણ સમાજને ખાતરી થશે કે સુખ સંયમમાં જ છે, સ્વચ્છંદતામાં નથી. સંયમ એટલે સ્વેચ્છાએ સ્વીકારેલું આત્માનો વિકાસ સાધતા પોતાના કરતાં દિવ્ય તત્ત્વને પોતાની જાતનું સમર્પણ.

પણ ભૂતકાળની આ ભવ્ય ભાવના આજે નામાવશેષ બની છે. આજે બ્રાહ્મણ બ્રહ્મ વિનાનો બન્યો છે, રાજા રાજધર્મ વિનાનો, શાહુકાર મૂડીલોભી ને સમાજ ધર્મ... બન્યો છે. ભૂતકાળની ભવ્ય સંસ્થાઓ પ્રણાલિકાઓમાંથી આત્મા ઊડી ગયો છે. માત્ર શરીરનાં શબ જ રહ્યાં છે. વિચારને બદલે આચારે સમાજમાં માત્ર બદબો ફેલાવી... એટલે જ આત્માવિનાનાં એ શબોએ... વિનાશ કરવાનો જ રહ્યો અને તેથી જ... શરીરનાં એ શબોનો નાશ કરતાં... અમે સત્કારીએ છીએ, નિષેધાત્મક... પણ પ્રગતિસાધક જ છે.

પણ ભૂતકાળના ઇતિહાસની આ... પછી હવે શું? એક વાત આપણે... કે ભૂતકાળના ભવ્ય સિદ્ધાંતોમાંથી...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતો રહ્યો છે ને માત્ર આચાર જ રહ્યો છે. એટલે તેનો નાશ જ ઘટે છે. પણ તે નાશ પછીનું સર્જન કેવું હશે?

ગમે તેવો વાદ, ગમે તેવી પ્રણાલિકા ને ગમે તેવા સિદ્ધાંતની પાછળ જો અધ્યાત્મ-દૃષ્ટિ નહિ હોય, પ્રજાના ભૌતિક સુખનો નહિ પણ અધ્યાત્મ સુખનો વિચાર નહિ હોય તો તે પ્રણાલિકા ને સિદ્ધાંત જે સર્જન કરશે તે વધારે ભયંકર હશે. સમાજના સુખનું સાધન બનવાને બદલે માત્ર દુઃખ, ક્લેશ, ભય, ત્રાસ ને યુદ્ધોનું જ નિમિત્ત બનશે; કારણકે અધ્યાત્મવાદવિમુખ સિદ્ધાંતમાં દરેકને પોતાના જ સુખનો અને તે પણ બાહ્ય સુખનો—ઇંદ્રિયોના સુખનો જ વિચાર હશે અને તેવા સુખમાં તો વ્યક્તિવ્યક્તિ વચ્ચે ઘર્ષણ જ હશે. જ્યાંલગી દરેક વ્યક્તિ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખી પોતાને જ એકમ બનાવવા મથશે, ત્યાંલગી બીજી વ્યક્તિઓ તેના ઉપર આક્રમણ કર્યા જ કરશે ને લાગ મળતાં તેનો નાશ કરવાના ઉપાય શોધ્યા જ કરશે. વિશ્વશાંતિ સ્થાપવા માટે સ્થપાયેલી સંસ્થાના ભગીરથ પ્રયત્નો છતાં આજે યુરોપમાં શું પરિણામ આવ્યું છે? દરેક દેશને પોતાને જ જીવવું છે, પોતાને જ સુખી થવું છે; પોતાનું જ સાર્વભૌમત્વ ટકાવી રાખવું છે. એટલે સ્વાર્થની આ ખેંચતાણમાંથી, માત્ર રાગ, દ્વેષ ને ઇર્ષાના અગ્નિમાંથી જન્મતાં ભયંકર યુદ્ધો જ જોવાનાં રહ્યાં.

બીજે પક્ષે જડવાદમાંથી અધ્યાત્મવાદ તરફ વળતાં દૃષ્ટિ નિર્મળ બનશે. **आत्मवत् सर्वभूतेषु**નો મંત્ર આપવામાં આવશે. દ્વૈતને બદલે અદ્વૈત તરફ તેનું મુખ ફેરવવામાં આવશે. સુખી તો થવું જ છે, પણ તે સુખ અદ્વૈતમાંથી જન્મતું હશે. 'બધા મારા બાંધવો છે, મારાં જ આત્માનાં સ્વરૂપો છે.' એ ભાન જ તેને અખંડ, અનંત સુખ આપશે. બીજાના સુખમાં જ તે સુખ માનતો થશે. પોતાની પાસે પાઈ પણ નહિ હોવા છતાં બીજાની સમૃદ્ધિમાં જ પોતે પોતાને સમૃદ્ધ માનશે ને તેવા આત્મા પ્રત્યે મૂડીવાદી પણ પૂજ્ય બુદ્ધિથી જોઈ પોતાનું સર્વસ્વ તેને ચરણે ધરશે. આવા સમાજમાં તેની તમામ સંસ્થાઓનું એક જ ધ્યેય હશે, સમાજની આધ્યાત્મિક ઉન્નતિનું. અને આપણે ઉપર જોઈ ગયા તેમ આધ્યાત્મિક ઉન્નતિ એટલે પશુજીવનમાંથી મનુષ્યજીવનમાં ને તેમાંથી દેવજીવન તરફ આગળ વધવું તે—રાગદ્વેષભર્યા અંધકારમય જીવનમાંથી અદ્વૈતજીવનના પ્રકાશમાં આગળ વધવું તે; અજ્ઞાનમય જીવનના અસત્યમાંથી જ્ઞાનના સત્યમાં આગળ વધવું તે; અને મર્ત્યજીવનમાંથી અમરત્વ પ્રાપ્ત કરવું તે. આ માટે જ તમામ ક્રમો ગોઠવાશે. તેની રાજવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, આશ્રમ-વ્યવસ્થા, અર્થશાસ્ત્ર અને સાહિત્યમાં પણ આ જ એક નિયમને લક્ષમાં રાખવામાં આવશે. સત્ય તેનું ધ્યેય હશે ને તે ધ્યેય પ્રાપ્ત કરવાનો માર્ગ પ્રેમનો હશે. આમ આખી યે સમાજરચના સત્ય અને પ્રેમના પાયા ઉપર ચણાઈ હશે અને આવી સમાજરચના જ નવો યુગ શરૂ કરશે.

ત્યારે આ નવા યુગમાં આપણે શું કરીશું? આજે આપણે જે જીવીએ છીએ તે કલુષિત, કીચડભર્યું ને બિહામણું જીવન તો વહેલામાં વહેલી તકે નાશ કરવા જેવું જ છે. પણ આપણે તેનો નાશ કરવાની જરૂર નહિ રહે, તેને નાશ કરવાનાં ચક્રો કુદરતે જ ગતિમાં મૂક્યાં છે. આજ આપણે તેથી ભડકીએ છીએ, પણ એક રીતે તે ઇષ્ટ જ છે. અસત્યનો નાશ જ ઘટે. આજે આપણે જોઈશું તો આપણામાં ખરી દયા નથી, વિશ્વપ્રેમ નથી, આપણી દૃષ્ટિ મિથ્યાભિમાનની—અસત્યની બની ગઈ છે. આજે આપણે બીજા બધાની જેમ માત્ર પોતાને માટે જ જીવીએ છીએ. બધાના ભોગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે જીવવું છે ને આપણે એકલાયે જ જીવવું છે. શું વિશ્વમાં માત્ર આપણે જ છીએ ? આપણા સુખ માટે જ વિશ્વનું અસ્તિત્વ છે ?

આપણી આ વક્રદૃષ્ટિને, જડવાદને મિથ્યાભિમાનની દૃષ્ટિને જેટલી વહેલી ત્યાગીશું તેટલા જ વહેલા સુખી થઈશું. આપણે જીવવું છે, પણ બીજાના માટે : આપણે સુખી થવું છે, પણ બીજાને–આખી દુનિયાને સુખી જોઈને સુખી થવું છે. આપણે આપણા માટે કશાની જરૂર નથી; કારણકે બધું આપણું જ છે. આખા જગતમાં માત્ર આપણે જ વિલસી રહ્યા છીએ. ચરાચર વિશ્વમાં આપણો જ આત્મા રમી રહ્યો છે. પ્રત્યેક આત્માને તેના વિકાસમાં મદદ કરવામાં જ આપણું શ્રેય છે. તે વિકાસ દ્રવ્યથી થતો હોય તો દ્રવ્ય આપીને, જાત અર્પણ કરવાથી થતો હોય તો જાત અર્પણ કરીને અને આત્માનું બલિદાન આપવાથી થતો હોય તો આત્માનું બલિદાન આપીને ય આપણે આખા સમાજનો વિકાસ સાધવાનો છે. આપણે કરોડો રૂપિયા મેળવીશું પણ તે સમાજ માટે. આજે તો આપણે ધનના માલિક નથી પણ ધન આપણું માલિક બન્યું છે. હવે પછી આપણે ધનની આ ગુલામી ફેંગાવી દઈ આપણે ધનના માલિક બનીશું ને પછી તે ધન સમાજને ચરણે ધરીશું. આ સમર્પણથી કેવો દિવ્ય આનંદ પ્રાપ્ત થાય છે તે તો અનુભવ થયે જ સમજાય. વિશ્વ જીવનમાં પોતાના વ્યક્તિગત જીવનને સમર્પણ કરવાથી શો આનંદ પડે છે તે ત્યારે જ સમજાય. આપણે હવે રાગ અને દ્વેષને બદલે આત્મામાં વિશ્વપ્રેમ પ્રગટાવીએ. બધા મારા ભાઈઓ છે ને તેમને સુખી કરવા છે અને તે સુખી થાય ત્યાંલગી હું સુખની સ્પૃહા પણ નહિ કરું એવો નિશ્ચય કરી આપણો આખો વ્યવહાર તેને અનુરૂપ બનાવી દઈએ. આ જ સમાજમાં વ્યાપેલી અંધાધૂંધીનો આજ એક ઉકેલ છે.

નવા યુગના આપણે છડીદારો બનીએ. નવા યુગની ઉષાનાં આપણે જ પાન કરીએ. તો જ આપણું જીવન સાર્થક થશે.

★

અબ્રાહમ લિંકન કોઈ પણ ખોટા કેસને લેતો નહોતો. એક દિવસ એક સ્ત્રીએ પોતાના મુકદ્દમાની ફી રૂપે સો ડોલરની રકમ આપી. કેસ જોઈ ગયા પછી લિંકને કહ્યું :

'તમારો કેસ ટકી શકે તેવો નથી. આ રકમ પાછી લઈ જાઓ'

'આ તો કેસ જોવાની તમારી ફી છે.' સ્ત્રી બોલી. લિંકને જવાબ દીધો :

'નહિ, એ વાત બરાબર નથી. મારા કર્તવ્યપાલનની ફી હું લઈ શકતો નથી.'

×

એક કારખાનામાં મશીન ખોરવાઈ પડ્યું. ગામગામથી, દેશપરદેશથી કારીગરો આવ્યા, પણ કોઈથી યે સૂઝ્યું નહિ. અંતે એક કારીગર આવ્યો. યંત્ર બારીકાઈથી તપાસ્યું. રૂપિયા દશ હજાર માગ્યા. કબૂલાત થઈ. પેલાએ એક હથોડો લીધો અને મશીનને અમુક સ્થળે જઈ જોરથી અફળાવ્યો. સાથે જ ખટ્‌ખટ્ ખટ્ મશિન ચાલુ થઈ ગયું. કારખાનાના માલિકે કહ્યું :

'ભાઈ, તમારી મહેનત પ્રમાણે એક હથોડો મારવાના આ રૂપિયા તો ઘણા વધારે છે.'

પેલાએ ઉત્તર દીધો :

'શેઠ ! હથોડો મારવાનો તો મેં માત્ર એક જ રૂપિયો લીધો છે, પણ હથોડો ક્યાં મારવો હતો તેના નવહજાર નવસો ને નવ્વાણું રૂપિયા છે !'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરણાનું મૂલ્ય

લેખક :
શ્રી ચંદ્રકાન્ત આનંદપરા

'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ.' પ્રભુની ગેબી સૃષ્ટિને અનુલક્ષીને લખાયેલી કવિ પ્રીતમની આ પંક્તિઓ આજે યે સંભારવા જેવી છે; કારણકે રોજિંદા જીવનમાંના અતિ નાના કે સામાન્ય બનાવનું મહત્ત્વ આપણે ભૂલી બેઠા છીએ; એને પગલેપગલે ભવિષ્યમાં ચાલી આવનારા ને જીવન પર ગંભીર અસર મૂકી જનારા બનાવો જોઈ શકવા જેટલી દૃષ્ટિ આપણે કેળવી નથી. એક નજીવો સિગારેટનો તણખો ને આગથી ભયંકર પાયમાલી ખમવી પડે. આપણો એક નાનકડો બોલ પણ સામાને મરણતોલ ઈજા કરનારો નીવડે. વહાણનું એક નાનું અમસ્તું કાણું–બેદરકારીને અભાવે, મુસાફરો સાથેના આખા યે વહાણને દરિયાના પેટાળમાં સમાવે. જીવનમાં નજીવી દેખાતી ચીજ વસ્તુનું મૂલ્ય નજીવું નથી જ. પાઈની કિંમત પિછાનીએ તો રૂપિયો આપોઆપ જ એની પાછળ ઘસડાઈને આવવાનો. લેખકે તરણા ઓથે છુપાયેલા ડુંગરને દર્શાવવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

'તમે તે કેવા છો ? આવી નજીવી વસ્તુની તે કંઈ ગણતરી થાય ? જવા દોને પછી જોયું જશે.' આમ એક મિત્રને કહેતા સાંભળી મને થયું, કોણ જાણે કંઈ મોટી અપ્રાપ્ય વસ્તુ હાથ લાગવાની હોય કે નાની ને નજીવી વાતની આપણે જરા પણ દરકાર સેવતા નથી?

માનવીનું મન કેવું છે! એ નજીવી લાગતી વસ્તુઓની પરવા જ કરતું નથી. એ એમ માને છે કે એમાં શું ? એનું ધ્યાન પણ રાખે નહિ. પણ નિરાંતે બેસીને એ નજીવી ને નાની વસ્તુઓની દરકાર ન રાખવા માટે કેવા ભોગો આપવા પડ્યા છે એ માનવી વિચારે છે ખરો ?

જરા ચારેબાજુ નજર નાખો. બરાબર નીરખો. બસ...સૌને મોટો લાડવો મોઢામાં નાખવો છે. પણ જરા વિચારો તો ખરા કે લાડવો બનાવવા નાનીનાની વસ્તુઓની કેટલી ગણતરી કરવી પડે છે? ઘઉંના લોટથી માંડી અનેક વસ્તુઓ એમાં જોઈએ. આનો ખ્યાલ આપણે કદી નથી કરતા ને મોટો લાડવો આપણને પચશે તો નહિ, પણ એનો ખ્યાલ પણ આપણે છોડી દેવો પડશે.

રોજિંદા જીવનમાં આવા અસંખ્ય દાખલા નજરે પડે છે. બીડી પીતાં ધ્યાન ન રાખીએ તો ખમીસમાં કાણું પડે, પણ કાણાવાળું ખમીસ પહેરવું કોને ગમે ? એ શિષ્ટાચાર નહિ, એટલે આખું ખમીસ નકામું. નાનો સરખો કાપો આંગળી પર પડ્યો હોય, પણ કોણ પરવા કરે ! પણ એ કાપો જ્યારે કોહવાય ને શરીરમાં ઝેર પ્રસરે, ત્યારે સર્જન-દાક્તરની જ જરૂર પડે પછી પસ્તાઈએ. હાથખર્ચીમાં રોજ રૂપિયો ખરચતાં આપણને થાય કે એમાં શું ? પણ મહિના પછી બિલો આવતાં જાય ત્યારે ખબર પડે કે ત્રાસ રૂપિયા વડે તો ઓરડીનું ભાડું ને છાપાંનો ખર્ચ નીકળત; ને જો અર્ધોઅર્ધ બચાવ્યા હોત તો માંદગી કે અચાનક કારણ પડે ત્યારે ઉપયોગમાં આવત ! મોટા શહેરમાં રસ્તે ચાલતાં જરા જેટલી સંભાળ ન રાખીએ તો જાનના જોખમમાં તો સહેજે આવી જવાય. વાતચીત કરતી વખતે આપણે કોઈના વિષે જરા જેટલી ખોટી ટીકા કે શબ્દો બોલતાં ખ્યાલ રાખતા નથી, પણ આવી ટીકા કેટલીકવાર જિંદગીભર માટે ગેરસમજ તેમ જ દુશ્મનાવટ પ્રેરે છે. આમ રોજ કેટલી વસ્તુઓ આંખ આગળ બને છે? કોઈને એમાં નવી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નતા લાગતી જ નથી. છતાં આ સત્ય હકીકત છે એનો કોઈ ઇન્કાર કરી શકે નહિ.

અલબત્ત ચોખલિયાવૃત્તિ ન રાખીએ. બહારનું કે હોટલનું ન ખાવું એ નિયમ રાખીએ; પણ એ અલ્પ નિયમ પાળવા જેવા વેદિયા ન બનીએ કે પ્રવાસે ગયા હોઈએ ત્યારે ભૂખે રહેવું પડે. આપણે નજીવી વસ્તુઓની દરકાર રાખતાં શીખીએ એ વસ્તુ જરૂરી છે, પણ સમગ્ર ધ્યાન ત્યાં કેન્દ્રિત રાખી મહત્ત્વનાં કાર્યો વીસરી જવાનાં નથી.

નજીવી વસ્તુઓ તરફની બેદરકારી જ ખતરનાક છે. ઘણીવાર આવી નાની બેદરકારી પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ પર પણ પાણી ફેરવી દે છે ને માનવીને વિચારતો કરી દે છે. માણસ પોતે ઘણીવાર એને માટે સહન કરે છે, એ બીજાને પણ એવા કડવા અનુભવો મેળવતા જુએ છે. એ સહેજ ઊંડી દૃષ્ટિ દોડાવે તો એ ઘણું શીખી શકે.

આવી નજીવી વસ્તુઓની બેદરકારી રાખતાં કેવાં ફળ મળે છે, એની સરસ વાત યાદ આવે છે:

એક વેપારી હતો. માલ વેચી પૈસા કોથળીમાં ભરી ઘોડા પર બેસી પોતાના ગામ ભણી જવા નીકળ્યો. ઘોડાના પગની જડેલી નાળમાંથી એક ખીલી નીકળી ગઈ હતી. રસ્તામાં એ ધર્મશાળા પાસે થોભ્યો. રખેવાળે કહ્યું કે 'નાળમાં ખીલી જડાવી લો.' પેલાએ કહ્યું કે 'એમાં શું છે? મારો ઘોડો ચાલી શકશે.' આગળ ચાલતાં ઘોડાના પગમાંથી નાળ પણ નીકળી ગઈ. રસ્તામાં મળેલા કોઈ ડાહ્યા માણસે એને નાળ નખાવી લેવા કહ્યું. એણે એનું કહેવું ગણકાર્યું જ નહિ. રસ્તામાં ઘોડાના ખુલ્લા પગમાં કાંટો વાગ્યો ને એ લંગડાવા માંડ્યો. પછી તો લોહી વહેવા માંડ્યું, એટલે આગળ ચાલી પણ ન શક્યો. વેપારી તો ત્યાં જ અટકી ગયો. આગળ જવાય નહિ અને ભરજંગલમાં એકાંતમાં મળે પણ કોણ? એવામાં લૂંટારા આવ્યા, તે વેપારીનો સામાન અને ઘોડો બધું લૂંટી ગયા. વેપારી અફસોસ કરતો રહ્યો. 'અરે, મેં ઘોડાના પગની નાળની ખીલી નંખાવી હોત તો આ દશા જોવાની આવત નહિ.' કેટલી નાનકડી ખીલીએ વેપારીને પાયમાલ કરી નાખ્યો!

આપણાં પુરાણો અને શાસ્ત્રોમાં પણ આવી નજીવી બેદરકારીને લીધે આવતાં પરિણામને લગતી રસિક તેમ જ બોધદાયક વાતો કહેવાઈ છે. ભોળા શંકર ભસ્માસુરને? નજીવાં લાગતાં વરદાનો રાક્ષસોને આપી દેવોને કેવા ત્રાસમાં નાખી દીધા હતા! યુધિષ્ઠિરની નજીવી બેદરકારીએ પાંડવોને કેવા કષ્ટમાં મૂકી દીધા હતા! બિચારા બલિ રાજાને નાના વામનનું મહત્ત્વ જરા પણ ન લાગ્યું, એટલે એણે ત્રણ પગલાં ચાલે એટલી જમીન આપવા કહ્યું: પણ વામને [illegible] ત્રીજું પગલું એના માથામાં મૂકી એને ભોંય ભેગો કરી દીધો, ત્યારે જ બલિને વામન કોણ છે, એની ખબર પડી!

આપણો ઇતિહાસ તો જાણે [illegible] નજીવી ને નાની વસ્તુઓની બેદરકારીનો તવારીખ સરખો છે. જહાંગીરને સર ટોમસ રો એક સામાન્ય પરદેશી વેપારી લાગ્યો હતો એટલે એણે એની પરવા ન [illegible] પણ એ પરદેશી વેપારીને લીધે તો [illegible] બીજા પરદેશીઓ આવ્યા, ને પછી [illegible] દેશ જ પરદેશીઓએ લઈ લીધો. [illegible] નજીવી વાત-પણ એને લીધે સમસ્ત [illegible] ચારસો વર્ષનો ઇતિહાસ જુદી રીતે [illegible]

હિતોપદેશની પેલી જાણીતી વાર્તા [illegible] સિંહ પાંજરામાં પુરાયો હતો. ઉંદરે [illegible] સિંહ [illegible] છોડાવવાની વાત કરી, ત્યારે સિંહ [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસતો હતો. આટલો નાનો ઉંદર એને શું મદદ કરી શકવાનો.! નાનું મગતરું, આવડી મોટી જાળમાંથી એ મને ક્યાંથી કાઢી શકવાનો ? પણ જ્યારે ઉંદરે એના દાંત વતી જાળને ધીમેધીમે છોડી ને સિંહ છૂટો થયો, ત્યારે એ અજાયબી પામ્યો. આટલા નાના ઉંદરની આ તાકાત !

આપણે આ બધું જાણીએ છીએ. દુનિયામાંથી પણ ઘણું શીખીએ છીએ; પણ આ બેપગા પ્રાણીમાં દોષ જ એ છે કે એ જેટલું શીખે છે, તેટલું ભૂલવા માટે જ શીખે છે! કેટલાક દાખલા યાદ આવે છેઃ

મેટ્રિકમાં એક વિદ્યાર્થી હતો. સ્થિતિ સાવ સાધારણ. માંડ મેટ્રિકમાં આવ્યો હતો. એ રોજ નિશ્ચય કરે કે આજ થોડું વાંચીશ, પણ વળી વિચાર ફરે: 'એમાં શું ? કાલે એકસ.મહું વાંચીશું. આમ થોડું વાંચીને શું કરવું ?' એમ વિચારતાં એની છમાસિક પરીક્ષા આવી. એમાં એ નાપાસ થયો છતાં ન સુધર્યો. 'હવે રજા પછી બધું સાથે વાંચીશું.' વળા પાછી પહેલાંની આદત શરૂ થઈ ને યુનિવર્સિટીની પરીક્ષા આવે ત્યાંસુધી એમ ને એમ એણે અભ્યાસ ઠેલે રાખ્યો. પછી તો રાત ને દિવસ વાંચે પણ શું થાય ! અભ્યાસક્રમ ખૂબ લાંબો ને સમય ઓછો. ને એ નાપાસ થયો. તે પછી એને ભણવાનો મોકો જ ન મળ્યો. બાપડાને અભ્યાસ છોડી દેવો પડયો. આજ હજુ પણ એ કહે છે કે 'જો મેં રોજ થોડું થોડું નિયમિત વાંચ્યું હોત તો હું નાપાસ ન થાત ને આગળ વધી શકત.'

એક બીજો દાખલો : જમણવારનો પ્રસંગ હતો. પાંચ-પચીસ મહેમાનોને નોતરવામાં આવ્યા હતા. દૂધપાક-પૂરીનું જમણ હતું. જમવાનું તૈયાર થયું ને પ્રથમ પાંચ મહેમાનો જમવા બેઠા. જમીને ઊઠ્યા ને આરામ ફરવા ગયા. દસ મિનિટ પછી ખબર આવી કે મહેમાનો રામશરણ થઈ ગયા હતા. તપાસ કરતાં ખબર પડી કે દૂધપાક ભૂલમાં ઉઘાડો રહી ગયો હતો. એમાં નાની ગરોળી પડી હતી. ત્રણ-ચાર કલાક સુધી ઠંડો થવા મૂકેલ દૂધપાકમાં મરેલી ગરોળીનું ઝેર પ્રસરી ગયું ને મહેમાનોએ આ દૂધપાક ખાધો. એક નજીવી ભૂલને લીધે પાંચના જાન ગયા !

સુખી ગૃહસંસાર પણ નજીવી ગેરસમજને લીધે સળગી ઊઠે છે. મારાં એક મિત્ર-દંપતી હતાં. પતિપત્નીમાં મનમેળ સારો હતો. એક દિવસ પતિએ ઑફિસમાંથી છૂટી ઘેર જવાને બદલે ફરવા જવાનું વિચાર્યું. અજાયબીમાં એણે જોયું કે પોતાની પત્ની પણ એક પરપુરુષ સાથે ફરવા આવી છે! એને તો ખૂબ લાગી આવ્યું. કશું પણ વિચાર્યા વગર થોડીવાર આમતેમ લટારો મારી એ ઘેર ગયો. પત્ની ઘેર આવી ગઈ હતી. તે રાત્રે એ જમ્યો નહિ. પત્ની સાથે વાતવાતમાં ઝઘડવા માંડ્યો, પણ કારણ બતાવે નહિ. પત્ની તો મુઝાઈ. દિવસો સુધી એ કંકાસ ચાલુ રહ્યો. આખરે પત્ની કંટાળીઃ 'પણ તમને છે શું ? વાતવાતમાં ગુસ્સે કેમ થઈ જાવ છો ?' પતિએ કહી દીધું : 'તને મારી ગેરહાજરીમાં બીજા સાથે ફરવાનું ઠીક ગમે છે!' ને આમ કહી આખી વાત સંભળાવી. પ્રથમ તો પત્ની ખૂબ હસી. એણે કહ્યું : 'એ તો મારી બહેનપણી સુધાનો વર હતો, સુધા તે દિવસે પરાણે મને ફરવા લઈ ગઈ હતી. બાજુમાં બેઠેલા ફેરિયા પાસેથી એ કશું લેવામાં રોકાઈ હતી, એટલે હું એના વર સાથે વાતો કરતી હતી.' પછી પતિના મનનું સમાધાન થયું.

હું મારા વતનમાં ત્રીજી કે ચોથી ગુજરાતીમાં અભ્યાસ કરતો હતો. મારા છગનકાકાને ત્યાં તાર આવ્યો. નાનું ગામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાર તો વાંચે કોણુ? આખરે ચાર અંગ્રેજી ભણીને હાટે બેસતા વાણિયાના છોકરા પાસે તાર વંચાવ્યો. તારમાં લખ્યું હતું: '**Maganlal Fail.**' મગનલાલ છગનકાકાનો દીકરો હતો ને એની એક શહેરમાં કાપડની દુકાન હતી. વાણિયાના છોકરાએ અર્થ કર્યો: 'મગનલાલ ગયો.'ને છગનકાકાએ રોકકળ શરૂ કરી દીધી. 'મારા મગનિયા' કરીને એણે તો ઘેર સાદડી બેસાડી. બીજે દિવસે બીજો તાર આવ્યો: '**Coming next train–Maganlal**' (વળતી ગાડીએ આવું છું–મગનલાલ) છગનકાકાએ તાર વંચાવ્યો, ને એ તો અજાયબીમાં પડી ગયા. પછી એક ડાહ્યા માણસ આગળ એ ગયા. બધી તપાસ કરતાં ખબર પડી કે મગનલાલે વેપારમાં દેવાળું કાઢયું હતું. એની ખબર એણે છગનકાકાને કરી હતી. છગનકાકાએ કોઈ બીજા માણસને પૂછવાની દરકાર ન કરી, કે તાર વંચાવ્યો નહિ. આવી રીતે નાની ગેરસમજને લીધે છગનકાકાએ વગર મૂએલા છોકરાનું નાહી નાખ્યું હતું!

નાની ખીલી કે સ્ક્રૂએ વડે જ મોટાં મકાનો, પુલો કે સ્ટીમરો બની શકે છે. સિગારેટનો એક તણુખો કે બળતી દીવાસળી બહુ નજીવી વસ્તુ છે; પણ ઘણીવાર ભયંકર આગ એને જ આભારી હોય છે. એક મોળે બોલ પણુ સામાની લાગણીને ભયંકર આઘાત આપે છે. વહાણમાં પડેલું એક કાણું આખા વહાણને મોતના મુખમાં ધકેલી દે છે. જીવનસંગ્રામ જીતવો હોય તો નાની વસ્તુઓને પ્રથમ પરાજિત કરવી પડશે.

મહાન પુરુષોનાં જીવન તપાસો. એમણે પ્રાપ્ત કરેલી મહત્તા વિચારો. ડગલે ને પગલે એમની જીવન–કિતાબનાં પાનેપાનામાં એમણે નાની બાબતો માટે ખૂબ દરકાર સેવી છે, એ જણાઈ આવશે. મહત્તા પ્રાપ્ત કરવી સહેલી નથી. અનેક નાના વિજયો પછી જ ધાર્યું સ્થાન પ્રાપ્ત કરી શકાય છે.

નજીવી બાબતો પર ધ્યાન આપો. એનો નિકાલ લાવો. તમારી નિરીક્ષણ શક્તિનો આપોઆપ વિકાસ થશે. તમે દિવસેદિવસે સચેત ને જાગ્રત બનશો. તમારી જાત ને બન્ને પર કાબૂ આવશે. નાની વસ્તુઓની સંભાળ તમને અનોખું એવું માનસિક બળ આપશે. પ્રથમ નાના વિજયો પ્રાપ્ત કરી કાંટાઓ દૂર કરીએ. મહત્તા આપોઆપ આવશે. ધાર્યાં નિશાન પડશે. નજીવી બાબતોની ઝીણવટભરી માવજત મોટી ને ગૂંચવણભરી બાબતોને સહજ બનાવી દેશે.

★

સૌરાષ્ટ્રના એક મહાન સાધક ને સેવક શ્રી. ચમનલાલ વૈષ્ણવને માંદગીને કારણે પંચગની રહેવું થયું. એ દરમિયાન થયેલું હજાર દોઢ હજારનું ખર્ચ એમના મિત્રોએ ભોગવ્યું. ચમનભાઈએ સર્વનો પાઈએ પાઈનો હિસાબ રાખ્યો અને એટલી મોટી રકમમાં પાંચ, દસ કે પંદર રૂપિયા ભરનારને પણ પાઈએ પાઈનો હિસાબ પહોંચાડ્યો ત્યારે એકે પ્રશ્ન કર્યો: 'પણ આ તો અમે તમને અંગત રીતે આપ્યા હતા, તેનો તે હિસાબ હોય?'

સામેથી જવાબ મળ્યો:

'પણ મેં તો સમાજના એક માણસ પાસેથી પૈસા લીધા છે ને? એ લેવાનો મારો શો અધિકાર હતો? પૈસા તો પાછા આપી શકું એમ નથી, ત્યારે તેનો હિસાબ તો ચોખ્ખો આપવો જોઈએ ને?'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ ભાગવત પર દૃષ્ટિપાત

લેખક:
શ્રી મૂળજીભાઈ હ. શાહ

શ્રીકૃષ્ણનું જીવનકમળ સોળે કળાએ નિહાળવું હોય તો તે ગીતામાં નહિ, મહાભારતમાં નહિ, પણ ભાગવતમાં જ શક્ય બનવાનું. આ મહાગ્રંથનો સાર ટૂંકમાં કહેવાનું અશક્ય છે. જે ગ્રંથ પાછળ આટઆટલાં ભાષ્યો રચાયાં છે, જેણે પોતાના જન્મકાળથી અત્યાર સુધી કેટલાં યે સંતપ્ત હૈયાંઓને સાંત્વન આપ્યું છે, જેના એકેએક શબ્દ ઉપર ગ્રંથ રચી શકાય એવી શક્યતા છે તે મહાગ્રંથ ઉપર વિહંગદૃષ્ટિ નાખવી એ એક સાહસ જ કહેવાય. છતાં ય પાવકના એક તણખામાં પણ પાવકના ગુણધર્મો ક્યાં અંકિત થતા નથી? લેખકનો આ આવકારદાયક પ્રયત્ન સહુને ગમશે.

શ્રીમદ્ ભાગવત સર્વ સંદેહ દૂર કરનાર છે. ભક્તિ તથા જ્ઞાન ઉત્પન્ન કરનાર છે. ભગવાનની દશવિધ લીલાનું નિરૂપણ કરે છે. ભગવત્રૂપ છે–'પ્રભુ બાર અંગવાળા છે' એવું શ્રુતિ પ્રતિપાદન કરે છે.

શ્રીમદ્ ભાગવતના પણ બાર સ્કન્ધ એ બાર અંગ છે: બે સાથળ, બે બાહુ, બે હાથ, બે સ્તન, હૃદય, શિર તથા બે ચરણ એ બાર અંગ છે. '**द्वादशाङ्गो वै पुरुषः**'

અંગનાં નામ	**સ્કન્ધ**	**લીલા**
બે ચરણ	૧–૨	અધિકાર–જ્ઞાન
બે બાહુ	૩–૪	સર્ગ–વિસર્ગ
બે હાથ	૫–૬	સ્થાન–પોષણ
જમણો હસ્ત	૭	ઊતિ=વાસના
બે સ્તન	૮–૯	મન્વન્તર–ઈશાનુકથા
હૃદય	૧૦	નિરોધ
શિર	૧૧	મુક્તિ
વામહસ્ત	૧૨	આશ્રય

આ પ્રમાણે અર્થપૂર્વક જો દ્વાદશાંગ પુરુષને જાણીએ તો હૃદયમાં સાક્ષાત્ પ્રભુ પધારે.

આ ભાગવતમાં ત્રણ ભાષા છે: (૧) લોકભાષા, (૨) અન્યભાષા (૩) સમાધિભાષા. શ્રીવ્યાસજીએ સમાધિમાં અનુભવ કરી જે કહ્યું તે સમાધિભાષા કહેવાય છે: યોગના જ્ઞાનથી સમાધિમાં સાક્ષાત્ અનુભવ થાય છે. આવી રીતે સાક્ષાત્ અનુભવ કરી, કહેલું વ્યાખ્યાન વધારે પ્રમાણભૂત ગણાય. સમાધિમાં શ્રીવ્યાસજીએ પોતે જે અનુભવ સ્પષ્ટ દર્શાવ્યો હોય તે સમાધિભાષા છે.

(૨) અન્ય ભાષાને મતાંતર ભાષા કહે છે, જે ભાષામાં સમાધિભાષાથી વિભિન્ન અર્થ હોય તેને મતાંતર ભાષા કહેવાય છે, જ્યાં શ્રીશુકદેવજી બીજાના કહ્યાનો અનુવાદ કરે એટલે બીજાનું કહેલું કહે છે તે પરમતભાષા ઓળખવાની નિશાની છે.

(૩) લૌકિકભાષામાં લોકને અનુસરી વર્ણન આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો કે શ્રીવ્યાસજીએ સમગ્ર શ્રીમદ્ ભાગવતનો અનુભવ કર્યો હતો, તેથી સમગ્ર ભાગવતને સમાધિપણું છે, પરંતુ તે સમાધિમાં ત્રણ પ્રકારે અનુભવ કર્યો માટે ત્રણ ભાષા થઈ. લૌકિકભાષા તથા પરમતભાષા સમાધિભાષાને મદદ કરનારી છે.

શ્રીમદ્ ભાગવત સર્વ સંદેહને દૂર કરનાર છે. વેદમાં સંદેહ થાય તો તે સંદેહને ગીતાજી દૂર કરે છે. ગીતાજીમાં સંદેહ રહે તો બ્રહ્મસૂત્રનો આશ્રય લેવો. તે સંદેહ દૂર કરશે; તેમાં સંદેહ થાય તો છેવટે શ્રીમદ્ ભાગવત જરૂર તે સંદેહ દૂર કરે છે.

પામરથી પંડિત પર્યંત, કીડીથી પરમેશ્વર પર્યંત, કીરથી કેશવ પર્યંત જીવનના ત્રણ ખૂણા છે; જે ત્રિકોણયંત્ર જીવનનું ગતિચક્ર છે. પ્રત્યેક કાર્યના મૂળમાં છળ, ફળ અને સહાય રહે છે. આપણા ફળની મનમાનતી પૂર્તિ માટે અપેક્ષાથી અધિક સાધનોને એકઠાં કરવાં એ જ છળ છે. ચેતન એક સહાયક છે, આનંદ તેનું ફળ છે.

વેદવૃક્ષને બાર શાખાઓ છે: (છ શાસ્ત્ર, ચાર વિદ્યા અને લોક-પરલોક). છ શાસ્ત્રમાંથી ન્યાય, વૈશેષિક વગેરેમાં ચોવીસ અવતારોનું વર્ણન છે (સ્કન્ધ ૨-૩). યજ્ઞ, યાગ, દાન, તપ, વ્રત આદિનું વર્ણન મુખ્યત્વે કરીને સ્કંધ ૪ અને ૬માં આવે છે. વેદાન્તદર્શન એકાદશ સ્કન્ધમાં, આન્વિક્ષિકી (આત્મવિદ્યા) સ્કન્ધ છ અને સાત, શિબિ અને પ્રહ્‌લાદની કથા, ત્રયી સ્કન્ધ ૮-૯ તથા યાદવસંહાર. દશમ સ્કન્ધમાં રાજયોગ તથા સર્વનો સમન્વય અને બારમા સ્કન્ધમાં વાર્તા.

ચાર વિદ્યા:-

आन्विक्षिकी त्रयि वार्ता दंडनीतिश्च शाश्वती ।
एता विद्याश्च चतस्त्रस्तु लोकसंस्थितिहेतवे ॥
आन्विक्षिक्यान्तु विज्ञानं धर्माधर्मौ त्रयिस्थितौ ।
ऊहापोहोऽथ वार्तायां दंडनीत्यां नयानयौ ॥

લોક અને પરલોકનું વર્ણન સ્કન્ધ પાંચમામાં આવે છે.

આ વૃક્ષ શ્રીશુકદેવજીએ પ્રયત્નપૂર્વક સિંચ્યું અને આનંદમય ફળ પ્રાપ્ત કર્યું. [illegible] પ્રકારે બાર સ્કન્ધોનું આ એક વિશાળ નિગમવૃક્ષ છે, જેનું પરમ મધુર ફળ શ્રીમદ્ ભાગવત છે.

આપણા જીવનમાં જે કર્મભાગ છે [illegible] આપણો સત્‌કોણ (ખૂણો) છે. સત્‌જ [illegible] કરે છે, અસતને જડ, શૂન્ય અને અવાસ્તવ કહીને દૂર ફેંકી દેવામાં આવે છે (અર્થાત્ તેનો તિરસ્કાર કરવામાં આવે છે). સત્‌ને ઊંચી બનાવવી એ કર્મ છે. વાસુદેવ કૃષ્ણ [illegible] બીજા રૂપમાં દ્વૈપાયન કૃષ્ણ થયા, એમણે [illegible] વાસુદેવ કૃષ્ણના ત્રિકોણ જીવનને મૂર્તિમંત બનાવીને ચિત્રિત કર્યું. એમના મુખ્ય ત્રણ ગ્રન્થ છે: મહાભારત, ગીતા અને ભાગવત. ગીતા મહાભારતના અંતર્ગત હોવા છતાં પોતાની રીતનો એક નિરાળો ગ્રન્થ [illegible] ત્રણ તાપનું રસાયન છે. મહાભારતમાં [illegible] પરમેશ્વરે સદ્‌ભાવનું સાંગોપાંગ વર્ણન કર્યું [illegible]

આપણા જીવનનો બીજો ખૂણો ([illegible] ચિત્ છે, જે આપણા આત્માને ચૈતન્ય [illegible] ચૂર્ણ ખવડાવીને ક્લૈબ્યથી સવ્યસાચી [illegible] શકે છે. એક નપુંસક, નિર્બળ નિરં[illegible] જો કદાચિત્ પોતાના ડાબા હાથની [illegible] પર, અગ્નિબાણ, તથા પાશુપતાસ્ત્ર [illegible] કઠિન પ્રયોગોમાં સમર્થ થાય તો તેમાં [illegible] અધિક કયું બળદાયક રસાયન [illegible] એનો એક જ ઉત્તર હોઈ શકે, તે એ [illegible] જ્ઞાનનું ઇન્જેકશન કર્મવીરના લોહીમાં [illegible] રગમાં પ્રસરે છે. સર્વ કંઈ હોવા [illegible] સત્તા અને ચૈતન્યનું કોઈ કેન્દ્ર [illegible] જોઈએ ને? એવી તે કઈ કસોટી છે [illegible] પર આપણા નિર્દ્વંદ્વ વિજ્ઞાનરૂપી [illegible] વિશુદ્ધ કરવામાં આવે? એ કયું સંકટ [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

આપણા નિષ્કામ કર્મને પારંગત બનાવી શકે છે? કહેવું પડશે કે તે આપણા જીવનનો આનંદ કોણ છે, રાસલીલા જ નિર્દ્વંદ્વ વિજ્ઞાનની એક કસોટી છે. શ્રીકૃષ્ણ ગોપીઓના એકાન્ત પ્રણયસહવાસમાં પણ અટલ બ્રહ્મચારી હતા. शिरवेव आत्मन्यवरुद्ध सौ व्रतः ॥

(ભા. સ્કં. ૧૦–૩૩)

દૃષ્ટાંત: એકવાર રતિચોર વ્રજનાથની વિભૂતિને જોઈને રતિપતિના હૃદયમાં ક્ષોભ થયો હતો. તેણે કહ્યું: 'હે ગોપકુમાર! તમે નિર્બળ પુરુષની માફક સ્ત્રીસમાજમાં નિરંકુશ ફરો છો, તમને મહાયોદ્ધા કામદેવની ખબર નથી? જે કામના સંકલ્પમાત્રથી મહામુનિ-વૃન્દ જપ, તપ, સમાધિને ભૂલી જાય છે; કીટ-પતંગ પણ કામવેદનાથી વ્યાકુળ થાય છે. પછી તો તમે એક સાધારણ બાળક હોઈને પોતાના કુળની લાજ શા માટે છોડી દો છો?' આ સાંભળીને શ્રીકૃષ્ણે તેને કહ્યું: 'હે નિર્લજ્જ, મિથ્યાભિમાની, તું ભસ્મ (દગ્ધ) થઈને પણ સ્પર્ધા કરે છે? મારી માયાની તને ખબર નથી? તારા જેવા કરોડો કામદેવ આવે તોપણ હું વ્રતથી વિચલિત થઈ શકું તેમ નથી.' આ સાંભળીને કામદેવનો ક્રોધ વધ્યો અને તેણે રોષપૂર્વક કહ્યું: 'ચરાચર જગતમાં મારી સામે ટક્કર લેનાર કોણ છે? હે કૃષ્ણ! યા તો મારા સદુપયોગને માનીને સ્ત્રીઓથી સંયમ કરો, નહિ તો મારી સાથે યુદ્ધ કરો.' શ્રીકૃષ્ણ બોલ્યા: 'જો હું વિશ્વની કોઈ પણ જાતથી સંયમ કરું તો મારાં સમદર્શી અને વિશ્વંભર નામો પર કઠોર કલંક લાગે. સર્વસાથે પ્રેમ કરવાથી તો સર્વ-ગત કહેવાઉં છું. જો તારી યુદ્ધ કરવાની ઇચ્છા હોય તો નિ:શંકપણે સુસજ્જિત થઈને મારી સામે આવ.' શ્રીકૃષ્ણનો એવો ધીર અને નિ:શંક વીરશબ્દ સાંભળીને કામદેવ બોલ્યા: 'મારી સાથે યુદ્ધ કરવાના બે પ્રકાર છે: (૧) કિલ્લામાં, (૨) મેદાનમાં. પૂર્વકાળમાં મારી સાથે મહાદેવજીનું યુદ્ધ થયું હતું, તેમાં મહાદેવજીએ સમાધિરૂપી કિલ્લામાં બેસીને યુદ્ધ કર્યું હતું, ત્યારે હું પરાજિત થઈ ભસ્મશેષ થઈ ગયો. આટલું થયા છતાં પણ મારી પતિવ્રતા સ્ત્રીએ વિલાપ અને પ્રાર્થના કરી મારું શરીરહીન (अनंगत्व) જીવન માગ્યું. હે કૃષ્ણ! જો તમે વીર હો તો મારી સાથે મેદાનમાં યુદ્ધ કરો, જે સમયે શરદઋતુની (અંદર) ચાંદની પૂરબહારમાં ખીલી હોય, એકાન્ત દેશ હોય, સોળે શૃંગાર સજેલી સ્ત્રીઓની સાથે હાસ્યવિલાસ, વિહાર આદિ ચેષ્ટાઓ તમે કરતા હો, ત્યારે તમારું વ્રત જો દૃઢ રહે તો તમને હું વિશ્વવિજયી પોતાના પિતા માનું.' આ પ્રતિજ્ઞા પ્રમાણે શ્રીકૃષ્ણ અને કામદેવનું યુદ્ધ થયું હતું. શ્રીકૃષ્ણે પાંચ પ્રકારે લીલા કરી:

ततो रूपप्रपंचस्य पंचधा रमणं मतम् ।
आत्मना प्रथमा लीला मनसा तु ततः परा ॥
वाक्प्राणैस्तु तृतीया स्यात् इन्द्रियैस्तु ततः परा ।
शारिरी पंचमी वाच्या ततो रूप प्रतिष्ठितम् ॥

અર્થાત્ (૧) આત્મા, (૨) મન, (૩) વાણી અને પ્રાણ. (૪) ઇંદ્રિયો અને (૫) શરીરથી લીલા કરી.

તેમનાં નિષ્કામ કર્મની પરીક્ષા, દાવાગ્નિ-ભક્ષણ, કાલીયનૃત્ય તથા પૂતના વિષગ્રાસથી કરી શકાય છે. આપણને આપણી કામનાઓ જ શિર પટકીપટકીને મારે છે. વિષ હો યા સુધા, સર્પ હો યા હંસ, ફળ તો પ્રિય અપ્રિયથી જ અધિક મળવાનું છે. શ્રીકૃષ્ણને યશોદા તથા પૂતનાનું દૂધ એકસરખું હતું, તેમને અમૃત અને વિષ બંને જ સરખાં હતાં; કારણકે તે સદા आनन्दस्वरूप અને અમર છે.

અવતારની દૃષ્ટિથી આપણે તેમને પૂર્ણ-

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સસ્તો ભગવાન!

લેખક:
શ્રી ગોવિંદજી પુ. પટેલ

દુઃખમાં લગભગ દરેક માનવી ઈશ્વરને સંભારે છે, મરણપ્રસંગે દિલાસો દેવામાં, કોઈ કાર્યમાં નિષ્ફળતા મળે ત્યારે, પરીક્ષામાં પાસ થવા માટે, કશું ખોવાઈ ગયું હોય કે કોઈ કાર્યમાં સફળતા મેળવવી હોય ત્યારે ભગવાનને, દેવદેવીઓને આપણે યાદ કરીએ છીએ–પણ શી છે આ સર્વ પાછળની ભાવના? ભગવાનને આપણે ક્યા ક્યા સંજોગોમાં ને કેવી રીતે સસ્તો બનાવી દીધો છે તેનું હળવી વાણીમાં અહીં બયાન થયું છે.

એકવાર ટ્રેનમાં હું મુંબઈથી સુરત આવતો હતો. ગીરદી એટલી બધી હતી, કે જાજરૂ પાસે પણ માણસો ઊભા હતા. પાલઘરથી ગીરદી થોડી ઓછી થઈ. ટ્રેનમાં હમેશાં બને છે તેમ 'ક્યાંથી આવો છો, કયાં જવાના'ની પ્રશ્નોત્તરી ચાલતી હતી. તેમાં મારી બાજુમાં બેઠેલા બે ભાઈની વાતચીતથી મારું ધ્યાન ખેચાયું, વાત નીચે મુજબ થતી હતી:

'કયાંથી આવો છો?'

'પાલઘરથી'

'કયાં જવાના?'

'ભાવનગર.'

'અહોહો, બહુ દૂર. પાલઘર શા માટે આવવું થયું હતું?'

'અમે અહીં જ ધંધો કરીએ છીએ.'

'બહુ દૂર આવવું પડ્યું. શો ધંધો કરો છો?'

'મજૂરી કરીએ છીએ. પેટને [illegible] પરદેશ પણ જવું પડે. કંઈ છૂટકો છે? [illegible] ઠેકાણે ન મળે તો બીજે પણ રોટલો [illegible] તો ખરો ને! ભગવાને દાંત આપ્યા [illegible] કંઈ ચાવવાનું નહિ આપે?'

છેલ્લા વાક્યથી મને નવાઈ લાગી, [illegible] ઉલટાવીને પૂછતાં તે ભાઈએ એમ જ કહ્યું [illegible] ભગવાન દાંત આપે એટલે ખાવા પણ આપે [illegible] એટલે મેં તરત પૂછયું: 'તે ભાઈ દાંત [illegible] જાય ત્યારે ભગવાન શીરો પણ આપે [illegible] કે?' તે ભાઈ ચિઢાઈ ગયા. 'તમે તે [illegible] છો? ભગવાનની પણ મશ્કરી કરો છો?' [illegible] ચૂપ રહ્યો પણ મને સમજ ન પડી કે એમાં [illegible] ભગવાનની શી મશ્કરી કરી. મને તો ઊલટું [illegible] લાગ્યું કે એ ભાઈ જ ભગવાનની મશ્કરી [illegible] હતા; કારણકે દાંત આપ્યા તેથી [illegible] આપવું જ જોઈએ એવો નિયમ [illegible] માટે કોણે ઘડ્યો? એવી તો ઘણી [illegible]

પુરુષ કહી શકીએ છીએ. તેમણે આ ત્રિકોણ જીવનનું અચ્યુત વ્રત પાલન કર્યું. આ ભાવથી તે સચ્ચિદાનંદ છે. શ્રીકૃષ્ણદ્વૈપાયને ઉપર્યુક્ત બે ગ્રંથોનો પણ ઘણો જ ભાવ મેળવીને શ્રીમદ્ ભાગવત જેવા અમર ફળની રચના કરી છે—જે વૃક્ષની કલમથી યોગસૂત્ર તથા પંચરાત્રસૂત્રી, અન્યાન્ય ધર્મસંહિતાઓ તથા શેષ પુરાણોને પણ રસ [illegible] સચ્ચિદાનંદની પૂર્ણતા આપણા જીવનમાં પણ ત્યારે જ પ્રાપ્ત કરી શકાય, જ્યારે [illegible] ભાવથી કર્મ, ચિદ્ ભાવથી જ્ઞાન અને [illegible] ભાવથી ઉપાસનાને ગ્રહણ કરાય.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાને આપી છે તેથી શું આવા જ નિયમો તે માટે પણ ઘડવા જોઈએ ?

પણ વાત જ જુદી લાગે છે. આપણને વાતવાતમાં ભગવાનને દોષ દેવાની કે અમુક કાર્ય માટે તેને જવાબદાર ગણવાની આદત પડી છે. કોઈને ત્યાં મરણ થાય ત્યારે દિલાસો આપનાર વ્યક્તિ મોટે ભાગે એમ જ કહે છે કે 'ભગવાનને ગમ્યું એ ખરું.' અગર કોઈ કામમાં નિષ્ફળ જતાં એમ જ કહે છે કે 'નસીબમાં જ એમ લખ્યું હશે.' નસીબ પણ ભગવાન જ ઘડે ને! એટલે કે આવી બાબતોમાં પણ ભગવાન જ જવાબદાર ગણાય છે. આપણે આંગણે આવનાર ભિખારી પણ એવું જ કંઈક કરે છે. કોઈ ભિખારી બોલે છે: 'ભગવાનને ખાતર દયા કરો.' અગર 'ખુદા કે નામ પર એક મુઠ્ઠી ચાવલ દેદો.' દયા કરો તે પણ ભગવાનને ખાતર, નહિ કે માંગનારાના પેટને ખાતર! અગર ખુદાના નામ પર મુઠ્ઠી ચોખા કે પૈસો આપો! કેમ જાણે ખુદ ભગવાન જ એવા પ્રતિનિધિ મારફત ભીખ મંગાવતા ન હોય! કોઈ ભિખારી વળી એમ કહે છે કે 'એક મુઠ્ઠી આટો આપો.' અગર 'એક પૈસો આપો-ભગવાન તમારું ભલું કરે. તમને ખુદા ઘણું આપશે.' શા માટે ભાઈ, ભગવાન જ સીધો એ લોકોને ન આપતાં આપણને વચમાં કમિશન એજન્ટ બનાવે? પણ પેલી ટેવ કે સ્વાર્થને ખાતર ભગવાનને વચ્ચે બોલાવવો પડે તો વાંધો નહિ. અને આવું કંઈ એક જગ્યાએ નથી હોતું, ડગલે ને પગલે આપણા સ્વાર્થને ખાતર આપણે ભગવાનના નામનો ઉપયોગ કરીએ છીએ. દાખલા તરીકે કેટલીક હોટલ કે વીશી કે બીજી દુકાનો પરનાં પાટિયાં વાંચતાં શું નજરે પડે છે? 'રામભરોસે હિંદુ હોટલ' 'શ્રીકૃષ્ણનિવાસ લૉજિંગ ઍન્ડ બૉર્ડિંગ, હાઉસ,' 'વિષ્ણુભુવન હિંદુ લૉજ,' 'શંકરવિજય પ્રિન્ટિંગ પ્રેસ,' શું ખરેખર એ હોટલો કે વીશીઓ રામને ભરોસે ચાલતી હોય છે અગર એમાં ભગવાનનો વાસ હોય છે? પણ પડેલી ટેવ મુજબ ભગવાનને આગળ કરવાની વૃત્તિ! બાકી એવાં નામ આપવાથી વધુ આવક થતી હોય એ માની શકાય નહિ.

એવી જ રીતે સ્ત્રીઓ અને કેટલાક પુરુષોને પણ ભગવાનની માનતા માનવાની ટેવ હોય છે. કોઈ બીમાર હોય, ઝટ સારું ન થતું હોય અગર એવા જ કંઈ કારણ માટે તે માનતા માને છે કે 'ભગવાન જો બીમાર વ્યક્તિને ઝટ સારું કરી દે તો મંદિરમાં નાળિયેર ચઢાવી ઘીનો દીવો કરીશ.' અગર 'બીમારને ફલાણા ગામના મંદિરમાં પગે લગાડીશ,' વગેરે. અગર કોઈ કાર્યની સફળતા માટે પણ એવી જ માનતા લેવાય છે, કે 'અમુક કામમાં સફળતા મળે તો આટલા બ્રાહ્મણ જમાડીશ કે આટલું તેલ હનુમાનને ચઢાવીશ,' વગેરે. મતલબ કે આપણું અમુક કામ કે ઇચ્છા ભગવાન પૂર્ણ કરે તો આપણે બદલામાં મંદિરમાં કંઈક મૂકીએ અગર બ્રાહ્મણને મોદક ખવડાવીએ એટલે કે આ એકશરતી વેપાર થયો; કારણકે જો માગણી પૂર્ણ ન થાય તો મંદિરમાં માનેલું ચઢાવવાની કે જે કંઈ માન્યું હોય તેમ કરવાની જરૂર રહેતી નથી. જો એમ માનતા લેવાથી જ માગણી પૂર્ણ થતી હોય તો તો (કદાચ બધા જ) લોકો એમ જ માગે કે 'હે ભગવાન, મને જો લાખ રૂપિયા મળે તો હું સો બ્રાહ્મણો જમાડું અગર એક મંદિર બંધાવું.' મેળવવા કરતાં ગુમાવવાનું ઓછું એટલે સરવાળે લાભ જ થાય, તો પછી દુનિયાનું તંત્ર કેમ ચાલે? કોઈ કદાચ દલીલ કરે કે આમાં ત્યાગભાવના છે. પ્રભુપ્રીત્યર્થે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનું હોય છે, તો પછી પોતાની પ્રિય ચીજનો ત્યાગ કરવો જોઈએ. જો કે તોપણ લાભ કોને થાય? ખુદ પોતાને જ! અને છતાં એ પ્રિય ચીજનો ત્યાગ કરવામાં ય મન સાફ નથી હોતું; કારણકે આજના જમાનામાં પ્રિય ચીજ કોને કહેવી? સોપારી કે પાન ન ખાવાની કે ચા ન પીવાની માનતા લે તો શું આ ચીજો પ્રિય છે ખરી? એનાથી વધુ પ્રિય અઠવાડિયાના રેશનમાં મળતા કોલમના ચોખા કે ખંડવા ઘઉં મળે તો તે નથી? કેટલાકને તો જવ કે મકાઈ પણ પ્રિયમાં પ્રિય આજે તો હોય છે. અરે, ઘરમાં વીજળીની બત્તી ન હોય અને આગળના મહિનાનું ઘાસતેલ પણ ન મળ્યું હોય, માંડ એક કે બે પીન્ટ માસિક મળતું હોય તો તે વધુ પ્રિય નથી શું? તો પછી એ ચીજો કેમ મંદિરમાં ન ચઢાવવી?

લડાઈના જમાનામાં મને એકવાર આવો જ વિચાર આવેલો કે હું ય માનતા લઉં કે મારું અમુક કામ થશે તો હે ભગવાન તારી મૂર્તિ આગળ એક ઘાસતેલનો શીશો અને એક વાઘછાપ કે ઘોડાછાપ દીવાસળીની પેટી ચઢાવીશ! દીવાસળી એટલા માટે કે ત્યારે એક પેટી માટે પણ 'જપ તપ, સાધન સબકુછ લાગત' જેવી સ્થિતિ સૂરતમાં હતી. પણ રખેને મંદિરનો પૂજારી આરતી લઈને મને મારવા દોડે એ બીકે મેં એવી માનતા હજી લીધી નથી. કોઈને સિમેંટ અગર પતરાંની જરૂર હોય, પરમીટ માટે અરજી કરી હોય અને તે માનતા લે કે મને જો જલદી પરમીટ મળે તો હે ભગવાન તારા મંદિરમાં એક ગુણ સિમેન્ટ કે છ છ ફૂટિયું પતરું ચઢાવીશ તો કેવું લાગે? પણ આમાંય માનવીના સ્વાર્થ સિવાય શું છે? ભગવાને કામ કરવાનું અને ફળ પામે માણસ. મંદિરે ચઢાવે કે બ્રહ્મભોજન કરે તેમાંય માણસ જ ખાટે છે! તેવી જ રીતે અનાજ કે કાપડ માટે લાઈનમાં ઊભા રહેનાર કેટલાયને મેં બોલતા સાંભળ્યા છે: 'હે ભગવાન, હવે તો આ લપમાંથી છૂટીએ તો સારું.' પણ માણસની ઉત્પન્ન કરેલી લપમાંથી છૂટવા માટે એ જ ભગવાનને કહેવાનું?

આ બધાંની મતલબ એક જ કે આપણે વાતવાતમાં ભગવાનને અલ્પવિરામ કે પૂર્ણવિરામની જેમ વાપરીને કે આપણા સ્વાર્થ માટે એના નામનો ઉપયોગ કરીને કે આપણી નિષ્ફળતા માટે એને દોષિત ગણીને એને સસ્તો બનાવી મૂક્યો છે. આવી વૃત્તિથી ચેતવાની જરૂર ઊભી થઈ છે.

★

જે માનવી પોતાના હાથથી કામ કરે છે એ મજૂર છે. બુદ્ધિથી કામ કરે છે તે કારીગર છે; જે પોતાના હાથ, બુદ્ધિ અને દિલથી કામ કરે છે તે કલાકાર છે,

લુઈ નાઈઝર

જે પોતાનો ઉત્સાહ ખોઈ બેસે છે તે આ જગતમાં સહુથી નાદાર માનવી છે. માનવી પોતાની પાસેનું સર્વસ્વ ભલે ખોઈ નાખે પણ જો એ ઉત્સાહહીન થતો નથી તો આગળ ઉપર એ જરૂર સર્વસ્વ ...

એચ. ડબલ્યુ. આર્નોલ્ડ

સુધારો

'અખંડ આનંદ'ના વર્ષ ત્રીજાના અંક ૩(જાન્યુઆરી ૧૯૫૦)માં ૨૩મે પાને 'મહાવર્ષ' ને ઠેકાણે 'મહાવધ' વાંચવું.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતાંકથી સંપૂર્ણ

માનસિક શક્તિ

લેખક :
ચંચળબહેન માણેકલાલ પાઠક

૨૪. સૌંદર્યપ્રેમ: ઉચ્ચ પ્રકારની પસંદગી, ઉત્તમ ચાલ, સંસ્કારીપણું, સ્વચ્છતા, પવિત્રતા, ગૃહસ્થાઈ, વિનય, રમ્ય કલ્પનાશક્તિ, માધુર્ય, સૌંદર્યનો શોખ, કવિત્વશક્તિ, ઉચ્ચપ્રકારની નીતિ, રીતિ કે પ્રીતિ તરફ મનનું વલણ, લાવણ્ય, પુષ્પ અને અત્તર આદિ સુગંધી પદાર્થોનો શોખ વગેરે ભાવોનો સમાવેશ આ સૌંદર્યપ્રેમની અંદર થયેલો છે.

સૌંદર્ય એ વસ્તુમાત્રનો ગુણ છે. તેને અનુભવમાં લાવવા માટે આ વૃત્તિની જરૂર છે. સૃષ્ટિમાં જે કંઈ છે તે બધું જ સુંદર છે. કોઈને કંઈ તો કોઈને કંઈ સુંદર જણાય છે; અને તે તેમના ન્યૂનાધિક ગુણને લઈને છે. આખી કુદરતની શાળા સૌંદર્ય તથા ભવ્યતાનો મહાન સાગર છે.

૨૫. ઔદાર્ય અથવા મહાનુભાવવૃત્તિ: આત્માના ઔદાર્ય ગુણથી કુદરતની અનંતતા, અપારત્વ, અનાદિત્વ, મહત્ત્વ, ગાંભીર્ય, વ્યાપકતા, અપરિમિતતા, સર્વશક્તિમત્તા આદિ મહત્ત્વપૂર્ણ વિચારોનું ગ્રહણ થાય છે.

ઔદાર્યશક્તિનો ઉપયોગ કુદરતની અંદર પ્રસરી રહેલ પરમાત્માની અનંત શક્તિ અને સામર્થ્યનો, અનંત આકાશ અને કાળનો, પ્રકૃતિના અનંત સ્વરૂપનો, અસંખ્ય પ્રાણી, પદાર્થો, વનસ્પતિ આદિ કુદરતના મહાન ખજાનાના અસંખ્ય ગુણ, કર્મ ને સ્વભાવનો ભવ્ય ખ્યાલ આ શક્તિથી મનુષ્યો મેળવી અને અનુભવી શકે છે. કુદરતની અપરિમિત અને અનંત શક્તિનાં ગાંભીર્યોને સમજવાથી જીવાત્મા અલૌકિક આનંદ અનુભવે છે. આ મહાનુભાવવૃત્તિની ખામીવાળા મનુષ્યોને આત્માપરમાત્માની અદ્‌ભુત શક્તિ અને કુદરતનાં અમાપ તત્ત્વોનો કંઈ પણ ખ્યાલ આવતો નથી.

૨૬. અનુકરણશક્તિ: બીજાનું જોઈને તે પ્રમાણે કરવું, નકલ કરવી, ભજવી બતાવવું, નાટ્યકૌશલ્ય, ચાળા કરવા ઇત્યાદિ અનુકરણશક્તિનાં લક્ષણો છે.

માણસ અનુકરણશક્તિ દ્વારા કુદરત તથા બીજાઓ પાસેથી જ્ઞાન મેળવે છે. બાળકો જેવું દેખે તેવું જ કરે છે. માબાપના અને સમાગમમાં આવનારના આચાર, વિચાર અને વર્તનની નકલ કરી તેવાં બને છે. એટલા માટે માબાપોએ પોતાના ઉત્તમ ચારિત્ર્યનો નમૂનો બાળક સામે મૂકવો જોઈએ.

૨૭. હાસ્ય, વિનોદ અને ખુશમિજાજની વૃત્તિ: આનંદ, મશ્કરી, અન્યોક્તિ, કવખતના અને અયોગ્ય હોય તેવા વર્તનનો સભ્યભાષામાં પ્રતિકાર ઇત્યાદિ ભાવોને દર્શાવનાર આ વૃત્તિ છે.

દરેક સ્વાભાવિક શક્તિના વલણનો દુરુપયોગ કે અતિયોગ કરવાથી હાસ્યને પાત્ર થવાય છે. અયોગ્ય વર્તણૂક અને ભૂલભરેલા ભાવોને સુધારવામાં આ હાસ્યવૃત્તિની જરૂર છે. હસતાંહસતાં ખામી બતાવી સાચી વસ્તુસ્થિતિ પ્રાપ્ત કરાવવામાં હાસ્યવૃત્તિ અજબ કામ કરે છે.

૨૮. અવલોકનશક્તિ: પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ જોવું-જાણવું, બારીક પરીક્ષણ કરવું તે આ વૃત્તિનું ખાસ કાર્ય છે.

૨૯. આકૃતિજ્ઞાન: આ શક્તિનો ઉપયોગ કુદરતની અંદરનાં ભિન્નભિન્ન સ્વરૂપ ઓળખી કાઢવાનો છે. આકૃતિ વિના કાંઈ પણ પ્રાકૃતિક પદાર્થનું અસ્તિત્વ હોઈ શકે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુદરત અનેક સ્વરૂપો ધારણ કરતી હોવા છતાં જો મનુષ્યોની અંદર પદાર્થોનાં-પૃથક્ પૃથક્ સ્વરૂપ અને સ્થિતિને જાણવાના મૂળ સાધનરૂપ 'આકૃતિજ્ઞાન'નું અવયવ હોત નહિ તો તેની બધી રચના ફોગટ જ ગણાત. પોતાના જાતભાઈઓને દિવસમાં હજારવાર જોવા છતાં એકેવાર યાદ ન રાખી શકત; અને પરિણામે ઓળખાણ સંબંધી વ્યવહાર જ બંધ પડત. પણ આપણે પ્રત્યેક વસ્તુ તથા પ્રાણી અને મનુષ્યોને તેના મૂળ સ્વરૂપથી ઓળખી શકીએ છીએ તે આકૃતિજ્ઞાનનું જ પરિણામ છે.

૩૦. કદ અથવા પ્રમાણજ્ઞાન: આંખથી જોઈને માપ કાઢવું, કુદરતની અંદર કદ, માપ કે પ્રમાણવિનાનો કોઈ પદાર્થ નથી. જળબિંદુ અને મહાસાગર તથા રાઈ અને પર્વત વચ્ચેના અંતરનું જ્ઞાન પ્રમાણજ્ઞાન આપે છે.

૩૧. તોલ અથવા વજન: વજન કરવું, સમતોલ રાખવું, ગુરુત્વાકર્ષણ શક્તિના નિયમાધીન વર્તવું, ચાલવું, અશ્વારોહણ કે સાઈકલીંગ આદિ સમતોલપણું એ ગુરુત્વજ્ઞાનને આભારી છે.

પડી જવું, ફેર ચડવા, ચકરી આવવી વગેરે ક્રિયા આ શક્તિની નિર્બળ હાલતનું પરિણામ છે.

૩૨. રંગજ્ઞાન: પ્રાકૃતિક પદાર્થોની અંદરના અનેક પ્રકારના રંગોને અને તેના મિશ્ર ભાવોને યથાવત્ જાણવા એ આ શક્તિનું કામ છે.

૩૩. વ્યવસ્થાશક્તિ અથવા ગોઠવણ: વ્યવસ્થા, ક્રમ અને પદ્ધતિ એ કુદરતનો વિશ્વવ્યાપી સિદ્ધાંત છે. તેની છાપ કુદરતના પ્રત્યેક કાર્ય ઉપર હમેશાં લાગેલી પ્રત્યેક સ્થળે જોવામાં આવે છે. સૂર્યમંડળમાં, ભૂમંડળની સપાટી, સમુદ્રમાં પણ ઉપરોક્ત વ્યવસ્થા, ક્રમ અને પદ્ધતિપુરઃસરનું સંપૂર્ણ સામ્રાજ્ય સર્વત્ર પ્રસરી રહેલું છે.

પ્રત્યેક વસ્તુ માટે પૃથક્પૃથક્ યોગ્ય સ્થાન અને તેવા જ સ્થાનમાં તે તે પદાર્થોની દેશકાળ, સમય અને ઋતુ અનુસાર કુદરતી રીતે જ યોગ્ય ગોઠવણ કરવામાં આવેલી છે. ગ્રહ, ઉપગ્રહો પોતપોતાની નિયમિત કક્ષામાં નિયમિત રીતે જ ફરે છે. પશુ, પ્રાણી કે વૃક્ષ-વનસ્પતિ અને આપણા શરીરનો દરેક અવયવ તેના નિયત સ્થાનમાં જ સ્થિત કરવામાં આવેલા છે; અને તે દરેક પોતપોતાના ધર્મને વ્યવસ્થિત રીતે બજાવે છે. તે જ નિયમને અનુસરી મનુષ્યને પોતાનું વર્તન રાખવા પોતાની અંદરની વ્યવસ્થાશક્તિનો ઉપયોગ કરવાનો છે. ઘરમાં યોગ્ય ગોઠવણ અને જીવનનું દરેક કાર્ય વ્યવસ્થિત, નિયમિત અને પદ્ધતિસર થવાં જોઈએ.

૩૪. ગણતજ્ઞાન કે ગણનાશક્તિ: અંકજ્ઞાન, મોઢેથી ગણના, હિસાબ કરવા કે તપાસવા, નામુંઠામું આદિ અનેક પ્રકારની વસ્તુઓની ગણના કે સંખ્યા મુકરર કરવા માટે છે. સંખ્યા અને વસ્તુને સમવાય સંબંધ છે. એ સંબંધને જાણ્યા વિના મનુષ્યનું એક પણ કાર્ય આગળ ચાલી શકતું નથી. અનેક પ્રકારની વ્યવસ્થા હેવડ કરવામાં ગણિતજ્ઞાનની જરૂર પડે છે.

૩૫. સ્થળજ્ઞાન અથવા ભૂગોળ: મુસાફરી દરમ્યાનનું અવલોકન, વસ્તુસ્થિતિનું જ્ઞાન જેવાં કે મકાન, રસ્તા, જંગલ, નદી, સરોવર, વાડી વગેરે. મુસાફરી કરવાની શક્તિની પ્રીતિ, સ્થાન શોધી કાઢવાની શક્તિ, હોકાયંત્રનું જ્ઞાન, પ્રત્યેક વસ્તુની સ્થિતિ અને સ્થાન યાદ રાખવાં, શોધી કાઢવાં એ આ શક્તિનું કાર્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यस्तु संचरति देशान् यस्तु सेवेत पण्डितान् ।
तस्य विस्तरिता बुद्धिस्तैलबिन्दुरिवाम्भसि ॥

જે દેશાટન કરે છે, અથવા જે પંડિતોના સાન્નિધ્યમાં રહે છે તેની બુદ્ધિ પાણીમાંના તેલબિંદુ જેવી વિસ્તરે છે.

૩૬. ઇતિહાસશક્તિ અથવા સ્મૃતિ: જોવામાં, જાણવામાં કે સાંભળવામાં આવતા બનાવ, પ્રસંગ કે વૃત્તાંતોની સ્મૃતિ, ઇતિહાસનો શોખ, ભૂત તથા વર્તમાનકાળના ચાલતા પ્રસંગો પર ધ્યાન આપવું તે આવૃત્તિને આભારી છે.

આ શક્તિ બીજી શક્તિઓના અનુભવોને સંઘરે છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આદિને ગ્રહણ કરે છે. જીવાત્માના બધા જ ગુણો પોતાના અનુભવની એક છબી સ્મૃતિના ખંડમાં મૂકે છે; અને જરૂર પડે ત્યારે એ જ સંગ્રહસ્થાનમાંથી પાછી મેળવે છે.

મનનશકિત અને તર્કશકિત પણ સ્મૃતિશકિતના અભાવમાં સંપૂર્ણ સત્યને શોધી કાઢવા સમર્થ થતી નથી; એટલે તેનું કાર્યક્ષેત્ર ઘણું જ વિશાળ છે.

૩૭. સમયજ્ઞાન અને તાલ: કાળજ્ઞાન, સમયસૂચકતા, ઐતિહાસિક તારીખનું જ્ઞાન, સમયસમયના ફેરફાર, સંગીત અને મૃદંગના તાલ, જ્યોતિષશાસ્ત્રના અભ્યાસનો શોખ વગેરે સમયજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે.

જિંદગી અગણિત કાર્યોનો સમુદાય છે. આ કાર્યો અને બનાવો બનવા માટે અમુક સમયની તો જરૂર જ છે. બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધત્વ અને મરણ પર્યંતની દશાઓ અમુક કાલને જ સૂચવે છે. સર્વવ્યાપી અનંત કાલના એકરસ અને નિત્યકાળના મનુષ્યને લગતા વ્યવહાર માટે કરવામાં આવેલાં પળ, ઘડી, મિનિટ, કલાક, દિવસ, રાત, પક્ષ, માસ, ઋતુ, વર્ષ, યુગ, યુગાન્તર આદિ સ્થૂલ કે સૂક્ષ્મ વિભાગો જ છે. તેના વિના કોઈ પણ

૮

વ્યવહાર કે બનાવની યથાર્થ સ્મૃતિ અર્થાત્ અમુક વખતે અમુક બનાવ બન્યો એમ યાદ રહેવાનું સંભવિત નથી પણ મનુષ્યની અંદરની કાલજ્ઞાનની શક્તિએ સમયની સુવ્યવસ્થા દ્વારા પોતાના વ્યવહારને સરળ બનાવ્યો છે.

૩૮. સ્વર અથવા સંગીતશક્તિ: ગાવું, બજાવવું, ગાવાનો અથવા ગાયન સાંભળવાનો શોખ, સાંભળીને આલાપ કરવાની વૃત્તિ થવી એ સંગીતશક્તિનું કાર્ય છે.

વિવિધ પ્રકારનાં વાજિંત્રોની યોજના સંગીતશક્તિના શોખની પૂરતી માટે જ થયેલી છે. રાજકાજ અને રાજ્યારોહણ તથા લગ્નપ્રસંગ જેવા ઉત્તમ પ્રસંગોમાં ઉત્સાહ અને આનંદ પ્રેરવામાં, મહાન યુદ્ધોના પ્રસંગોમાં લડવૈયાઓને દેશ, જાતિ અને ધર્મના રક્ષણ માટે સ્વમાન, શૌર્ય અને વીરતાનાં પાણી ચઢાવવા સંગીત અને નાદશક્તિનો ઉચ્ચ પ્રકારે ઉપયોગ કરવામાં આવે છે.

મનુષ્યો પોતપોતાના ગુણ પ્રમાણે સંગીત અથવા કવિત્વશક્તિનો ઉપયોગ કરે છે. કોઈ પ્રભુભક્તિમાં, કોઈ દેશદાઝમાં, કોઈ નીતિ, રીતિ કે પ્રીતિમાં, કોઈ સામાજિક કે રાજ્યકીય વ્યવહારમાં, કોઈ શૃંગારમાં તો કોઈ હલકા પ્રકારના વિષયોમાં સંગીતનો ઉપયોગ કરે છે. જેવો જેનો સ્વભાવ તે પ્રમાણે સંગીતરસનું પાન કરે છે.

૩૯. સુભાષિત કે વક્તૃત્વશક્તિ: વાતચીત કરવાની, ધારાપ્રવાહ વહેવડાવવાની, હાવભાવ અને નેત્ર તથા મુખાદિના ફેરફારથી મનના ભાવ પ્રગટ કરવાની યોગ્યતા, જુદી-જુદી ભાષાઓ બોલવાની શક્તિ, વ્યાકરણની શુદ્ધિ, શબ્દસામર્થ્ય, શબ્દને ધારણ કરવાની શક્તિ વગેરેનો વક્તૃત્વશક્તિમાં સમાવેશ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુદરતની અંદર સર્વ વસ્તુઓ અને પ્રાણીઓ પોતાના અંતર્ગત ભાવો, આકાર, ઇંગિત, ચેષ્ટા અથવા ભાષા દ્વારા પ્રગટ કરે છે. ભાષાને લેખિત શબ્દો અને અક્ષરોનું રૂપ આપી તેનો અનેક રીતે ઉપયોગ કરવાનું આ વકતૃત્વશક્તિનું કાર્ય અતિ મહત્ત્વનું છે.

૪૦. પ્રજ્ઞા, તર્કશક્તિ અથવા મનનશક્તિ : આ વિશ્વની અંદરના નાનામોટા સમગ્ર બનાવોના અને પદાર્થોના એકબીજા સાથે કાર્યકારણાત્મક સંબંધો છે. તેને સમજવા તે આ શક્તિનું મહત્ત્વનું કાર્ય છે. **कारणाभावात् कार्याभावः ।** પ્રત્યેક કાર્યનું કારણ છે જ અને તે કારણના પ્રમાણમાં બળવાન અથવા નિર્બળ, સારું કે નરસું હોય છે. કાર્યકારણાત્મક સંબંધને લીધે જ કુદરતમાં સર્વત્ર વ્યવસ્થા જણાય છે.

સૃષ્ટિક્રમ—કુદરતના કાનૂનોને યથાર્થ રૂપમાં સમજવામાં જ મનુષ્યનું ખરું મહત્ત્વ સમાયેલું છે.

કુદરતનાં ગૂઢ રહસ્યો ઉકેલવામાં અને પ્રાકૃતિક પંચ મહાભૂતો પાસેથી વિવિધ પ્રકારનાં કામ, વિજ્ઞાન દ્વારા લેવામાં આવે છે તે મનુષ્યની અંદરની આ શોધકશક્તિ કે મનનશક્તિને લીધે છે.

જળ, સ્થળ અને અન્તરિક્ષમાં પોતાની સત્તા જમાવનાર આ પ્રજ્ઞાશક્તિ અથવા બુદ્ધિશક્તિનાં કાર્યો અજાયબી ભરેલાં છે.

૪૧. તુલના અથવા સમાલોચક શક્તિ : વિવેચના, પૃથક્કરણ, ડહાપણ, વર્ગીકરણ-શક્તિ, સમીક્ષક શક્તિ, દાખલા સહિત વર્ણન કરવાની શક્તિ, સાર તારવી કાઢવાની શક્તિ, હંસવૃત્તિ, નીરક્ષીરન્યાયથી સત્ય શોધી કાઢવાની શક્તિ, સત્યાસત્યની વિવેચક શક્તિ ઇત્યાદિ કર્તવ્યોનું ગ્રહણ આ તુલના અથવા સમાલોચક શક્તિથી કરવામાં આવે છે.

કુદરતમાં પ્રત્યેક વસ્તુનું ડહાપણપૂર્વક વર્ગીકરણ કરવામાં આવેલું છે. આ વર્ગીકરણને યથાવત્ જાણી, દરેક વિષયના સામાન્ય, વિશેષ અને સમવાય સંબંધોને અનુસરી વસ્તુસ્વરૂપનો નિર્ણય કરવો એ આ શક્તિનું મહત્ત્વપૂર્ણ કાર્ય છે.

મનુષ્ય, પશુ, પક્ષી, વનસ્પતિ, ઇ. જંતુઓ અને બીજા પ્રાકૃતિક પદાર્થોનાં ગુણ, કર્મ, સ્વભાવ અને તેના સાધર્મ્ય-વૈધર્મ્યની તુલના-સમાલોચના કરી તેના સત્ય સ્વરૂપ તથા કુદરતના સામાન્ય સિદ્ધાંતોને તારવી કાઢવા તે આ તુલના-સમાલોચક શક્તિનું મહાન કર્તવ્ય છે.

૪૨. અંતર્જ્ઞાન અથવા પ્રેરણા : આ... સ્વભાવની પરીક્ષા, મનુષ્યોના ઉદ્દેશોનું આ... ઇંગિત, ચેષ્ટા દ્વારા જ્ઞાન પ્રાપ્ત થવું.

આ શક્તિ સત્યનું ગ્રહણ સ્વાભાવિક રીતે જ કરી શકે છે. પ્રાણી, પદાર્થ અને સ્થિતિનું અંતર્ગત દર્શન પ્રેરણાશક્તિના પ્રભાવે તેના યથાર્થ રૂપમાં સહજ વિદિત થઈ જાય છે.

આકૃતિ અને રૂપ દ્વારા જેમ આપણે અક્ષરો અને શબ્દો વાંચીએ છીએ તેમ કરતાં પણ વધુ સ્પષ્ટ આખો બનાવ કે અમુક વખત પછી બનવાનો છે તે પ્રેરણા શક્તિ દ્વારા જણાઈ જાય છે. જેના દર્શનમાં કોઈ ધારણા કે કોઈ આધાર અથવા પ્રેરક પોતાના સિવાય કોઈ બીજા સાધનની જરૂર પડતી નથી.

આપણા આત્માની અંદર આ અંતર્જ્ઞાનની શક્તિ અતિ અદ્ભુત અને ચમત્કારી છે. કોઈ પણ વિષય કે 'કોઈ પણ પ્રશ્ન' ભાવિ અથવા કોઈ પણ કાર્યનું પરિણામ કેવું આવશે અને ક્યારે આવશે તે અંતર્જ્ઞાન તુરત કહી શકાય છે. અમુક કાર્યનું અમુક વખતે આવું આવશે તે દૂરમાં... વિસ્તારપૂર્વક અને ચોક્કસ શબ્દોમાં ... દે છે. પછી તે શુભ હોય કે અશુભ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય; અને તે ઘડી પછી, અમુક દિવસ પછી કે મહિના અથવા વર્ષ કે દસ વર્ષ પછી આવશે તે પણ કહી દે છે. અરે, આ ભાવિ પ્રજ્ઞાવાળાં તો પોતાના મરણની ઘડી, પળ પણ કહે છે; અને તે જ પ્રમાણે બરાબર દેહ મૂકે છે. જડ વસ્તુનું ભાવિ પણ અગાઉથી જણાવી દે છે.

આ અંતર્દષ્ટિ ઘણા જ ઓછા મનુષ્યોમાં હોય છે; એટલે એની ખામીવાળાઓને તો આ શક્તિના દૈવતનો જરા પણ ખ્યાલ આવી શકશે નહિ.

ઋષિઓ મંત્રના દ્રષ્ટા હતા તે અંતર્જ્ઞાનના પ્રતાપે જ; અને અત્યારની અવનવી શોધો કરનાર શોધકોની અંદર આ અગમ દૃષ્ટિ સારા પ્રમાણમાં ખીલેલી હશે.

આપણે વાતચીતમાં સામાન્ય રીતે પ્રેરણા શબ્દ વાપરીએ છીએ. 'મને અમુકે પ્રેરણા આપી ને મેં આ કામ કર્યું.' 'અમને આગળ વધવા તમે પ્રેરણા આપો એમ ઇચ્છીએ છીએ,' એવો પ્રયોગ ઘણીવાર કરીએ છીએ. આ જગ્યાએ પ્રેરણા એટલે બીજા તરફથી મળતાં બળપ્રેરક અને બોધપ્રદ સૂચનો. કોઈ કહે છે 'હું મારા આત્માની પ્રેરણા પ્રમાણે ચાલીશ,' તેમાં તેના આત્માનાં સ્વસૂચનો હોય છે. તેમાં વખતે પ્રેરણાશક્તિનો ફાળો હોય પણ ખરો. પરંતુ દૈવીશક્તિ પ્રેરણા અથવા અંતરજ્ઞાન એ શક્તિનાં પરાક્રમ તો અતિ અદ્‌ભુત અને આશ્ચર્યજનક છે. તેણે આપેલો અભિપ્રાય, બતાવેલું દર્શન કદી ખોટું પડે જ નહિ. હમેશાં સોએ સો ટકા તેની વાણી, સ્ફુરણાઓ સત્ય જ હોય છે. તેના કહેવા પ્રમાણે જ બને તેનું નામ પ્રેરણા.

૪૩. સૌજન્ય અથવા સ્વભાવમાધુર્ય : વિનય, વિવેક, નમ્રતા, સભ્યતા, મિલનસારપણું, સમજાવટ કે પતવણી કરવાનો સ્વભાવ અને સર્વ પ્રકારની સારી રીતભાત વગેરેનો આ સ્વભાવમાધુર્યની અંદર સમાવેશ થાય છે.

સંપીને રહેવા, સાથે મળીને ખાનપાન અને રક્ષણ કરવા, એકબીજાની સહાયથી શારીરિક અને માનસિક શક્તિઓ ખીલવવા તથા મનુષ્યસમાજનો સર્વ વ્યવહાર સરળતાથી ચલાવવા, દુનિયાનાં પ્રત્યેક કાર્યની પ્રગતિ અને સુધારણા માટે સૌજન્યશક્તિ શસ્ત્ર સમાન છે.

૪૪. આરામપ્રિયતા અને નિદ્રાવૃત્તિ : આરામ, શાંતિ, વિશ્રાંતિ, નિદ્રા આદિ શબ્દોથી દર્શાવવામાં આવતા ભાવોનું ગ્રહણ, આરામ અને અભાવપ્રત્યયાલંબન વૃત્તિ રૂપ નિદ્રાથી કરવામાં આવે છે.

આખા દિવસના અનેકવિધ કર્મના સતત પ્રવાહથી શરીર અને મગજને લાગેલા થાકને નિદ્રા અજાયબ પ્રકારની તુષ્ટિ અને પુષ્ટિ આપે છે.

નિદ્રા એક કુદરતી અદ્‌ભુત સત્તા, આકર્ષણ કે સૃષ્ટિને થોડા સમય માટે પરાધીન કરનાર ઘારણશસ્ત્ર છે. તેના વિના કોઈ પણ પ્રાણી સુખથી જીવન વ્યતીત કરી શકે તેમ નથી.

*

જીવાત્માના ઉપર જણાવેલા ગુણો અથવા માનસિક શક્તિઓનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે, તેમના ધર્મોને મર્યાદિત કક્ષામાં માર્ગ આપવામાં આવે તો માણસનું જીવન સંપૂર્ણ ધર્મમય બની જાય. પણ જો એ ગુણોનો દુરુપયોગ કરે, તેને ગમે તેમ બે-લગામ નિરંકુશ વર્તવા દે તો માણસ અધર્મી અને અધોગામી બને છે. દાખલા તરીકે–જીવનના રક્ષણપોષણ માટે જીવનની જરૂરિયાત પૂરી પાડનાર વસ્તુઓને ન્યાય અને નીતિના માર્ગે મેળવવી અને તેને સંઘરવી એ વૈશ્યવૃત્તિ અથવા ધનૈષણાનો ધર્મ છે. પણ એ જ વૈશ્યવૃત્તિનો ચોરી, લબાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બીજી ગમે તે રીતે બીજાને નુકસાન પહોંચાડીને ધન મેળવવામાં ઉપયોગ કરવામાં આવે તો તે અધર્મયુક્ત જ ગણાય છે.

સત્તાધીશો અને મૂડીવાદીઓની શોષણુ નીતિ અને કાળા બજારીઆઓનાં કાળાં કામ એનો પ્રત્યક્ષ પુરાવો છે; અને તેના મૂળમાં તેમની વૈશ્યવૃત્તિનો અતિયોગ અને દુરુપયોગ જ છે.

ખોરાક એ મનુષ્યને પોષણ આપનાર અને જીવનને ટકાવી રાખનાર અતિ જરૂરની વસ્તુ છે, પણ ક્ષુધા અથવા બુભુક્ષાવૃત્તિનો દુરુપયોગ થવાથી એક વિશેષ પ્રમાણમાં અથવા અપથ્ય ખોરાક ખાવાથી સ્વાસ્થ્ય બગડે છે.

માનસિક શક્તિઓનો અતિયોગ કે હીન-યોગ કરવો તે અધર્મનું કારણ બને છે. જ્યારે તેનો સદુપયોગ કરવો તે ધર્મ છે.

માનસિક ગુણો એકબીજાના સમાગમમાં આવી કેવા ભાવ અને વર્તનને બતાવે છે તથા સંગઠનના રૂપમાં કેવું કામ કરે છે તે બધું જાણવું જરૂરી છે. વળી મનુષ્યના મન કે આત્માની અંદર જેટલી ભિન્નભિન્ન પ્રકારની શક્તિઓ કે વૃત્તિઓ અથવા ગુણો છે તેટલા જ અલગઅલગ અવયવોની મનુષ્યના મસ્તિષ્કની અંદર રચના કરવામાં આવી છે.

મારફાડ, ચોરી, લૂંટ, વ્યભિચાર, ખૂન, મરકી એ પાશવી વૃત્તિનું કામ છે. દયા, પરોપકાર, સહાનુભૂતિ એ દૈવી શક્તિનાં કાર્ય છે. આમ દુનિયામાં જોવામાં આવતાં સારાં-નરસાં કામ, મનુષ્યકૃત દશ્યમાન થતી સઘળી કૃતિઓ અને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ, ભોગવિલાસ, આનંદ, ઉત્સવો, સુખ મેળવવા માટે દોડધામ, ધમાધમી એ બધો માનસિક ગુણોનો જ પ્રભાવ છે.

માનસિક ગુણોની સદ્ભાવના યુક્ત નિયમાધીન પ્રવૃત્તિ તે ધર્મ, અને અનિયંત્રિત નિરંકુશ વિષમ ભાવયુક્ત પ્રવૃત્તિ તે અધર્મ.

માણસના પૂર્વસંચિત પ્રમાણે વિધાતાએ એ મસ્તિષ્ક ભૂમિમાં જીવન સંચાલન કરનાર શક્તિઓનાં બીજ વાવ્યાં છે. તેને યથાશક્તિ સંસ્કારનાં જળ સિંચીને પોષણ આપી, ખીલવવાનું અને વ્યવહાર યોગ્ય રીતે વાપરવા જેટલી માનસિક શક્તિઓને સામર્થ્યવાન બનાવવાનું કામ કેળવણીનું છે.

★

એક નવ વરવધૂ પરગામ જતાં હતાં. માર્ગમાં લૂંટાયાં. અંગ ઉપર વસ્ત્રો અને પાંચ રૂપિયા સિવાય પાસે કશુંય રહ્યું નહિ. રાત્રિ જામી હતી. પંથ લાંબો હતો, વચમાં એક મકાન આવ્યું. અજાણ્યાં છતાં ઘરમાલિકને એમના પર દયા આવી. સૂવાની સુંદર સગવડ કરી આપી. સવારે તો પાછા માર્ગે પડવાનું હતું એટલે બંને વહેલાં ઊઠી ગયાં, અને રાતની મહેમાનગીરીના બદલામાં રૂપિયા પાંચની નોટ મૂકી બારણામાંથી બહાર નીકળવા ગયાં ત્યાં જ પત્નીએ જોયું.

તો ઘરનો માલિક ફાટીતૂટી, કોથળાની રજાઈ ઉપર સૂતો છે અને એની પત્ની દીવાલને અઢેલીને ઊંઘે છે!

મહેમાનનું હૃદય ભરાઈ આવ્યું. પાંચ રૂપિયાની સાથે પતિએ પોતાનો કોટ ઉતારી મૂકી દીધો અને દૂરથી આ દંપતીને નમન કરી બંને ચૂપચાપ ચાલી નીકળ્યાં!

×

ઑફિસમાં કામ કરતા એક કારકુનનો સ્વભાવ ઘણો જ ભૂલકણો હતો. એક દિવસ પરગામ ઉઘરાણીએ ગયો. તરત જ ઑફિસે તાર આવ્યો: 'દેણદારનું નામ ભૂલ્યો છું. જલદીથી લખી મોકલો.'

ઑફિસે જવાબ તુરત જ મોકલ્યો:

'દેણદારનું નામ જશવંતસિંહ અને તમારું નામ નૌતમલાલ. જલદી પાછા આવો!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુપ્રસાદી

લેખક :
સ્વામીશ્રી પ્રકાશાનંદજી

ગુરુને જ્ઞાનપિતાનું બિરુદ શાથી અપાયું હશે એમ કોઈ પૂછે તો તેના ઉત્તરમાં સ્વામીશ્રી પ્રકાશાનંદજી અને એમના ગુરુશ્રી શ્રી લલ્લુભાઈ ગોર્ધનદાસનો દાખલો આપી શકાય. શો વિપુલ જ્ઞાનભંડાર! અહીં તો થોડાંક જ રસબિંદુઓ ઝિલાયાં છે.

એક દિવસ ગુરુશ્રીએ કહ્યું : 'શ્રીમદ્ ભાગવતમાં કળિયુગવર્ણનમાં કહ્યું છે કે :

अनाढ्यतैवासाधुत्वे, साधुत्वे दंभ एव तु ।

અર્થ: નિર્ધનતા દુર્જનતા મનાશે, દંભ સજ્જનતા ગણાશે.

આ કળિયુગમાં આમ સ્થિતિ ચાલે છે. આના પર દૃષ્ટાંત છે, કે એક વખતે કેટલાક માણસો કબીર સાહેબની ખ્યાતિ સાંભળી પરદેશથી તેમનાં દર્શન કરવા કાશીમાં ગયા. કબીરજી ક્ષૌર કરાવી માથે તેલ ચોળી ઉઘાડે માથે ભાગોળે સ્નાન કરવા જતા હતા. દર્શન કરવા આવેલા માણસો ભાગોળે આવતાં કબીરજી ઉઘાડે માથે સામા મળ્યા, તેથી તેમને વહેમ પડયો કે ઉઘાડે માથે તેલ ચોળી આવનારાના અપશુકન થયા; તેથી કબીર સાહેબનાં દર્શન થશે નહિ એમ માની તેમાંનું કોઈ બોલી ઊઠયું કે 'જો એકએક ખાસડું તેના માથામાં મારીએ તો અપશુકન ટળી જાય અને સાહેબનાં દર્શન થાય;' તેથી તે સઘળા એકએક ખાસડું કબીરજીના માથામાં મારી ગામમાં આવ્યા. કબીરજી શાંતિથી સઘળું સહન કરી ગંગાજી ગયા. તે લોકો પૂછતાં-પૂછતાં કબીરજીને ઘેર જઈ પહોંચ્યા તો સાધારણ ઝૂંપડું દીઠું, તેથી મનમાં ઘણી શંકાઓ થઈ કે કબીરજીનું આવું ઝૂંપડું હોય નહિ; પરંતુ મોટો મહેલ હોવો જોઈએ. એટલામાં ઘરમાંથી તેમનાં પત્નીએ બહાર આવી બેસવાની સગવડ કરી આપી કહ્યું : 'ગંગાજી સ્નાન કરવા ગયા છે તે હમણાં આવશે, બેસો.'

પછી એ લોકોએ પૂછયું : 'કબીરસાહેબ એકલા સ્નાન કરવા ગયા છે કે સાથે કોઈને લઈને ગયા છે?' ત્યારે તેમનાં પત્નીશ્રીએ કહ્યું : 'એ તો એકલા જ ગયા છે.' પછી આ લોકોને શંકા થઈ કે આપણે સમજતા હતા, કે કબીરસાહેબની મોટીમોટી હવેલી હશે અને ઘરમાં પણ પુષ્કળ ધનદોલત હશે અને જ્યારે બહાર નીકળે ત્યારે પાંચપચાસ માણસોની સાથે પાલખી વગેરે ઠાઠમાઠથી નીકળતા હશે; પરંતુ આપણે નજરે જોઈએ છીએ તો તદ્દન ગરીબ સ્થિતિના છે એમ માલૂમ પડે છે. આવી રીતે અરસપરસ શંકા-સમાધાન કરતા હતા એટલામાં કબીરજી આવ્યા. તેમને જોઈને આવેલાના હૃદયમાં પોતે કરેલા કૃત્યનો સખત આઘાત થયો. તરત જ તેઓ બધા કબીરસાહેબના ચરણમાં પડી તે બદલ ક્ષમા માગવા લાગ્યા અને બોલ્યા: 'કબીરસાહેબનાં દર્શન કરવા જતાં થયેલા અપશુકન ટાળવા માટે અમોએ આપને ખાસડાંનો માર માર્યો.' તે સાંભળીને કબીરજી કહેવા લાગ્યા કે, 'ઘણું સારું કર્યું; એમ કરવાથી અપશુકન મટ્યાને?' આમ કહી તેમને આશ્વાસન આપીને વિદાય કર્યો.

*

ગુરુશ્રીએ કહ્યું : 'જેના અંતઃકરણમાં રાગ નથી તેને સારુંનરસું સર્વ સમાન છે.' અને પછી એ ઉપર એક વાત કહી :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદુ મહારાજ બ્રાહ્મણના બાળક હતા અને બચપણથી જ સંસારથી વિરક્ત હતા. એક ફકીર જેમને પોતે ગુરુ માન્યા હતા તેમની પાસે જઈ સમાગમ કરવાની એમને ટેવ હતી. પરણવા લાયક ઉંમર થઈ, ત્યારે તેમનાં લગ્ન વખતે તેમનો વરઘોડો જતો હતો. સ્ત્રીઓ તે વખતે ગીત ગાતી હતી તેમાં એક ગીત એવી મતલબનું હતું કે 'વર પોતે તર્યો અને કુટુંબને તાર્યું.' આવું સ્ત્રીઓનું ગીત રસ્તામાં એક બાજુ દાદુ મહારાજના ગુરુ એક ઓટલા ઉપર દોણી લઈ માત્ર લંગોટી વાળી અવધૂત દશામાં બેઠા હતા તેમણે સાંભળ્યું; અને મોટેથી બોલી ઊઠ્યા: 'અરે ડૂબવા તો જાય છે અને તરવા-તારવાનાં ગીત ગાઓ છો?' આ વાત દાદુ મહારાજને કાને પડી, એટલે ઘોડા ઉપરથી ઊતરી ગુરુ પાસે ગયા અને પાસે પડેલી દોણીમાંથી પાણી પી કહેવા લાગ્યા: 'હવે મેં ફકીરનું પાણી પીધું તેથી વટલાયો છું, માટે કન્યા બીજે પરણાવજો.' એમ કહી ગુરુ સાથે જ ગયા. પછી ગુરુને કહ્યું: 'તમારાં કપડાંનું કંઈ ઠેકાણું નથી તો મારે કેવાં કપડાં રાખવાં?' ગુરુ કહે: 'તારો વૈરાગ્ય એવો છે કે લગ્ન કરવા જતો હતો તે ને તે જ કપડે ત્યાગી થયો; તો તારાં કપડાં તીવ્ર વૈરાગ્યમાં શી વધઘટ કરી શકવાનાં છે? માટે વરરાજાનાં લૂગડાંમાં જ રહેજે.' દાદુ મહારાજે ગુરુની આજ્ઞા પ્રમાણે કપડાં તો તે જ રાખ્યાં; જો કે અન્ય સર્વ રીતે તેઓ પૂર્ણ ત્યાગી હતા. સારાંશ કે અંતરમાં વૈરાગ્ય છે તેને વધુ ઓછાં કપડાં કંઈ બાધ કરતાં નથી.

*

એક દિવસ રવિવારે સાંજે કથાના પ્રારંભમાં એક સંન્યાસી આવી બેઠા. તેઓ પૂર્ણ ત્યાગવૃત્તિમાં વિચરતા હતા. ગુરુશ્રીએ તેમને આદરસત્કાર કરી બેસાડ્યા, અને કંઈ પણ શ્રવણ કરાવવા તેમને વિનતિ કરી. સ્વામીશ્રીએ કહ્યું: 'મારી બોલી શ્રોતાઓને બરાબર સમજાશે નહિ, માટે આપ જે પ્રસંગ ઉપર વિવેચન કરો છો તે ચાલુ રાખો.' આગ્રહ કરવા છતાં તેમણે બોલવા ના પાડવાથી ગુરુશ્રીએ વિવેચન ચલાવ્યું અને તે પૂરું થયું ત્યારે શ્રોતા પૈકી બે-ત્રણ જણે આવેલા સ્વામી પાસે ચાર-પાંચ રૂપિયા ભેટ મૂક્યા. તે ઉપરથી સ્વામીશ્રી શાસ્ત્રનું પ્રમાણ આપી બોલ્યા: 'સંન્યાસીને દ્રવ્ય આપવું તે આપનાર તથા લેનાર માટે નિષેધ છે; અને સંન્યાસીની સમક્ષ દ્રવ્ય મૂકવું તે તેનું અપમાન કરવા બરાબર છે.' તે સાંભળી હસીને ગુરુશ્રીએ એક દૃષ્ટાંત આપ્યું:

એક શહેરની બહાર જંગલમાં એક મહાત્મા રહેતા હતા. ત્યાં તેમની પાસે સાંજે એક ગૃહસ્થ દર્શન કરવા આવ્યા અને જતી વખતે મહાત્માની ના છતાં એક સોનામહોર ભેટ મૂકીને ચાલ્યા ગયા. પછી સવારે મહાત્માએ પોતાના શિષ્યને કહ્યું: 'આ મહોર કોઈ ભિખારીને આપી દો.' શિષ્ય મહોર લઈ આપવા ગયો. એટલામાં એક રાજાની સવારી લશ્કર સાથે જતી તેણે જોઈ. મધ્યમાં રાજાની પાલખી હતી. પૂછવાથી માલૂમ પડ્યું કે રાજા કોઈ બીજો દેશ જીતવાની ઇચ્છાએ સવારી લઈ જાય છે. શિષ્યે જાણ્યું કે આ ભિખારી છે; તેથી પાલખી પાસે જઈ તેણે મહોર નાખી. એટલામાં સિપાઈઓએ તેને પકડી લીધો. રાજાએ પાલખી ઊભી રખાવી પૂછ્યું: 'તેં શા માટે પાલખીમાં મહોર નાખી?' શિષ્યે જવાબ આપ્યો: 'મારા ગુરુશ્રીએ કોઈ ભિખારીને સોનામહોર આપવા કહ્યું છે. તમને ભિખારી જાણી પાલખીમાં મહોર નાખી.' રાજાએ ગુસ્સે થઈને પૂછ્યું: 'કોણ તારો ગુરુ છે? ચાલ બતાવ.' અને તરત રાજા મહાત્માની પાસે આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને કહ્યું: 'મહારાજ! આવા મૂર્ખને તમે શિષ્ય કરી શા માટે રાખ્યો છે? એણે ભિખારી જાણીને મારી પાલખીમાં સોનામહોર નાખી.' મહાત્માએ કહ્યું: 'આપ ક્યાં જાઓ છો?' રાજાએ ઉત્તર આપ્યો: 'હું બીજા દેશો જીતવા જાઉં છું.' મહાત્માએ પૂછયું: 'તમારી ઊપજ કેટલી છે?' રાજાએ જવાબ આપ્યો: 'સાત કરોડ રૂપિયાની.' ત્યારે મહાત્માએ કહ્યું: 'સાત કરોડ રૂપિયાની ઊપજ છે, તોપણ તમારી તૃષ્ણા ન મટી, ત્યારે આપ ભિખારી નહિ તો બીજું શું? શાસ્ત્રમાં કહ્યું છે કે:

को वा दरिद्रो हि विशालतृष्णः ।

દરિદ્ર કોણ કહેવાય? જે ઘણી તૃષ્ણાવાળો હોય તે.

માટે મારા શિષ્યે તો સમજીને સોનામહોર પાલખીમાં નાખી છે. એ કંઈ મૂર્ખ નથી.' આ સાંભળી રાજાએ મહાત્માની પાસે માફી માગી. લશ્કરને પોતાના દેશમાં મોકલીને થોડા દિવસ મહાત્માના સમાગમમાં રહીને જ્ઞાન સંપાદન કર્યું.

*

વાસુદેવરાવ તથા હું ગુરુશ્રી સાથે બેઠકની ઓરડીમાં બેઠા હતા. વાસના સંબંધી વાત નીકળતાં મેં પૂછયું: 'વાસનાનું સ્વરૂપ શું છે?' ગુરુશ્રીએ જવાબ આપ્યો: 'કોઈ કાર્ય વારંવાર અનેક પ્રકારે કરવામાં આવ્યું હોય અને એના સંસ્કારો પડ્યા હોય, જેઓ પૂર્વાપરના વિચાર વિના પદાર્થોનું ગ્રહણ કરાવવામાં હેતુરૂપ થાય છે, તે સંસ્કારો વાસના કહેવાય. અંતઃકરણમાં વાસનારૂપી પડેલાં પ્રતિબિંબો જીવને જુદાજુદા જન્મ ધારણ કરવાનું કારણ થાય છે. દરેક કર્મની અંતઃકરણમાં છાપ પડે છે, તે જ બંધમોક્ષનું કારણ થાય છે. એ ઉપર આપણે કૅમેરાનું દૃષ્ટાંત લઈએ. કૅમેરા એ સ્થૂલ શરીર છે, લેન્સ ઇંદ્રિયો છે અને અંદર મૂકેલી પ્લેટ અંતઃકરણ છે. લેન્સ દ્વારા પદાર્થોનું પ્રતિબિંબ પ્લેટ પર પડે છે, તેમ સારાંનરસાં કર્મોનું પ્રતિબિંબ ઇંદ્રિયો દ્વારા અંતઃકરણમાં પડે છે. પ્લેટ પર પડેલાં પ્રતિબિંબો પ્લેટને ખીલવવાથી તેમનાં તેમ રહે છે અને તેના પરથી જેટલી પ્રત કાઢવી હોય તેટલી નીકળી શકે છે; તેમ વાસનારૂપ પ્રતિબિંબ જુદાજુદા જન્મ ધરવામાં કારણરૂપ છે.

વાસના બે પ્રકારની છે: શુદ્ધ વાસના તથા મલિન વાસના. જે વાસના જન્મના મૂળનો નાશ કરી બળી ગયેલ બીજની પેઠે દેહની સ્થિતિ માટે રહે છે અને જે વાસનાથી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય તે શુદ્ધ વાસના છે. બ્રહ્મના સ્વરૂપના ઢાંકણરૂપ અજ્ઞાન વડે ઘટ્ટ થયેલા આકારવાળી, ઘાટા અહંકારવાળી અને જન્મમૃત્યુ દેવાવાળી વાસના મલિન વાસના કહેવાય છે. શાસ્ત્રમાં તેના ત્રણ વિભાગ કરેલા છે: લોકવાસના, શાસ્ત્રવાસના તથા દેહવાસના. જે આચરણ ધારણ કરવાથી સર્વ લોક મારી સ્તુતિ કરે, કોઈ પણ મનુષ્ય મારી નિંદા ન કરે, સર્વ લોકોને હું ખુશ કરું, આવાં આચરણને હું ધારણ કરું એવી રીતનો જે અભિનિવેશ તે લોકવાસના કહેવાય છે. શાસ્ત્રના તાત્પર્યને ગ્રહણ ન કરતાં એટલે જ્ઞાનસંપાદન માટે યત્ન ન કરતાં શાસ્ત્રના અધ્યયનની વાસના તે શાસ્ત્રવાસના કહેવાય છે. શાસ્ત્રવાસના ત્રણ પ્રકારની છે: પાઠવાસના, અર્થવાસના તથા અનુષ્ઠાનવાસના. સ્થૂલ શરીરમાં અભિનિવેશ તે દેહવાસના કહેવાય છે. દેહવાસના ત્રણ પ્રકારની છે: દેહાત્મત્વ, ગુણાધાન અને દોષાપનયન. દેહમાં હુંપણાની બુદ્ધિ તે દેહાત્મત્વ છે. પોતાના શરીરમાં જે ગુણ ન હોય તે પ્રાપ્ત કરવો તે ગુણાધાન કહેવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ગુણાધાન શાસ્ત્રીય તથા લૌકિક એમ બે પ્રકારનું છે. શાસ્ત્રીય ગુણને પ્રાપ્ત કરવા સારુ ગંગાસ્નાન અને શાલિગ્રામના ચરણામૃતાદિકનું સેવન કરવું તે શાસ્ત્રીય ગુણાધાન છે; અને શરીરને સુકોમળ સ્પર્શવાળું કરવા માટે તૈલાભ્યંગ, શરીરને પુષ્ટ કરવા માટે પુષ્ટિકારક ઔષધિ તથા આહારનું સેવન; શરીરને સુંદર રૂપવાળું જણાવવા માટે સુંદર વસ્ત્રો તથા અલંકારોનું ધારણ, શરીરને સુગંધવાળું કરવા માટે ચંદન તથા પુષ્પમાળાનું ધારણ કરવું તે સઘળું લૌકિક ગુણાધાન કહેવાય છે. શરીરસ્થ દોષોને દૂર કરવા તે દોષાપનયન કહેવાય છે. તે પણ લૌકિક તથા શાસ્ત્રીય એમ બે પ્રકારનું છે. ઔષધોનું સેવન તથા મુખપ્રક્ષાલનાદિ કરવું તે લૌકિક દોષાપનયન કહેવાય છે. શૌચ-આચમન શાસ્ત્રીય દોષાપનયન કહેવાય છે. દેહાત્મત્વ, ગુણાધાન તથા દોષાપનયનરૂપ દેહવાસના ભ્રાંતિથી ઉત્પન્ન થાય છે. સર્વ વાસનાઓનું કારણ અવિદ્યા છે. અવિદ્યાથી દેહમાં હુંપણાની બુદ્ધિ થાય છે; દેહમાં હુંપણાની બુદ્ધિ થવાથી વિષયોની ઇચ્છા તથા બાહ્ય વિષયોપભોગરૂપ ક્રિયા થાય છે અને તેથી વાસના વધવાથી બંધન થાય છે.

*

ગામમાં પ્લેગ ચાલતો હતો અને તે વખતે તે અટકાવવા માટે નિયમો ઘડયા હતા. તેનો અમલ કરવામાં કોઈ કોઈ નોકર તરફથી રૈયતને ઘણી કનડગત થતી. તેમાંના કેટલાક કથામાં હાજર હતા. પ્રસંગ જોઈને ગુરુશ્રી એક રવિવારની સાંજે એ સંબંધી થોડુંક બોલ્યા :

'દયા એ તો માણસનું પ્રથમ ભૂષણ છે, એટલે જો આપણે દયા છોડીએ અને અન્ય તરફ ક્રૂરતા વાપરીએ, તો હિંસક પ્રાણીમાં અને આપણામાં શો ફેર? તેમને તો આપણા જેટલી બુદ્ધિ નથી. એટલો બચાવ પણ છે, આપણે બુદ્ધિમાન છીએ અને ધારીએ કે આપણાં જુલમી કામ અન્ય જાણતા નથી, પણ તેથી સજામાંથી બચાશે? અંતર્યામી પ્રભુ તો જુએ છે. જે કરે તેને તે ભોગવવાં પડે છે.' એમ કહી એક દૃષ્ટાંત કહ્યું:

'વાલ્મીકિઋષિનો બ્રાહ્મણકુળમાં જન્મ થયો હતો, પણ પારધીના સંસર્ગમાં રહ્યા, બાળપણથી બ્રાહ્મણધર્મ છોડી વનમાં રહ્યા અને ત્યાં લગ્ન કરતાં છોકરાં થયાં. તેના પોષણ માટે ભીલની માફક વટેમાર્ગુ લૂંટતા. એ રસ્તો ભયવાળો જાણી કોઈ તે રસ્તે જતું નહિ, પણ દૈવેચ્છાથી સપ્તઋષિ તે રસ્તે આવ્યાં. તેમની પાસે વાલ્મીકિએ લૂગડાં માગ્યાં અને 'નહિ આપો તો મારી નાખીશ' એમ કહ્યું. ઋષિ બોલ્યા કે 'મરણનો કે વસ્ત્ર જવાનો ભય નથી; કેમકે અમને અહંતામમતા નથી; તેથી તમે મારશો તો પણ અમે મરણ માનતા નથી; કેમકે-

मरणं प्रकृतिः शरीरिणाम् ।

મરવું એ શરીરનો સ્વભાવ છે, પણ તમે આટલા દહાડા પાપ કર્યું તેનો બોજો કોને માથે? તમે પાપ કુટુંબ માટે કરો છો; માટે કુટુંબના માણસોને જઈને પૂછો કે તે પાપના બોજાનો ભાગ લેશે?' વાલ્મીકિ કહે: 'મરવાના ભયથી તમે આ યુક્તિ કાઢો છો.' ઋષિ બોલ્યા: 'મરવાનો ભય હોત તો કરગરત નહિ? અમે તો તારા પાપના બોજાની દયા ખાતર બોલ્યા છીએ. ઘેર જઈ પૂછી આવ. અમે ઊભા રહેવાની પ્રતિજ્ઞા કરીએ છીએ.' વાલ્મીકિને પૂર્વ સંસ્કાર સ્ફૂર્યા અને વાત ગળે ઊતરી. ઘેર જઈ બધાંને પાપનો હિસ્સો લેવા પૂછ્યું, ત્યારે સ્ત્રી કહે: 'મારે તો તમારી સેવા કરવાની ફરજ છે અને તમારે મારું પોષણ કરવાની ફરજ છે. પછી ગમે તે રસ્તે કમાઈ લાવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

તેમાં પાપનો હિસ્સો હું તે શાની લઉં ?' છોકરાં કહે: 'અમારે તમારી સેવા કરવાની ફરજ છે અને તમે જન્મ આપ્યો તેથી અમને પાળવાની તમારી ફરજ છે.' આમ ઘરનાં સર્વેએ પાપ લેવાની ના પાડી, તેથી વાલ્મીકિને વૈરાગ્ય થયો. ઋષિ પાસે આવી ઉપદેશ લીધો અને તેને પ્રતાપે મહારામાયણના કર્તા આદિકવિ બન્યા.

*

હું ઋષિકેશ ગયો ત્યારે 'લઘુકૌમુદી' શીખતો હતો અને તે પૂરી થવા આવી હતી, તે જાણી સ્વામીઓએ મને 'બૃહત્‌કૌમુદી' શીખવા કહ્યું, મેં કહ્યું: 'બૃહત્‌કૌમુદી' શીખતાંશીખતાં શરીર પડી જાય તો 'બૃહત્‌કૌમુદી' જન્મમરણમાંથી બચાવશે ?' સ્વામીઓએ કહ્યું, કે 'લઘુ તદ્દન નાની છે; બૃહત્‌ નહિ તો મધ્યકૌમુદી શીખશો તો સંસ્કૃત ભાષામાં ઠીક પ્રવેશ થશે.' એમ કરી મને ઘણું સમજાવ્યું, એટલે મેં 'મધ્યકૌમુદી' શરૂ કરી. દોઢ મહિના પછી મને સખત મંદવાડ આવ્યો અને હું મરતાંમરતાં બચ્યો તેથી મનમાં આવ્યું કે પરમાત્મા તરફથી મને આ સૂચના મળી એટલે વધુ અભ્યાસ કરવાની બિલકુલ ઇચ્છા રહી નહિ.

તે સાંભળી ગુરુશ્રીએ કહ્યું: 'પરમાત્મા જે કરે છે તે સારા માટે જ કરે છે. એક વખત એક ભક્ત હતા, તેમને સમુદ્રમાર્ગે પરદેશ જવું હતું. તેઓ જવાના હતા તે દિવસે વહાણ મળસકે ઊપડવાનું હોવાથી તે દિવસે તે વહેલા ઊઠી બંદરે જવા લાગ્યા. જતાંજતાં અંધારું હોવાથી રસ્તામાં ખાડો આવતાં પડી ગયા અને તેમના એક પગે વાગ્યું; તેટલામાં મોડું થઈ જવાથી વહાણ પણ ઊપડી ગયું એટલે ભક્ત પાછા ફર્યા. રસ્તામાં લોકોએ પાછા ફરવાનું કારણ પૂછ્યું એટલે તેમણે સર્વ હકીકત કહી અને કહ્યું: 'પરમાત્મા જે કરે છે તે સારા માટે કરે છે.' લોકો આ સાંભળી હસવા લાગ્યા અને કહેવા લાગ્યા: 'પરમાત્માએ શું સારું કર્યું ? પગે વાગ્યું અને વહાણ પણ ઊપડી ગયું! ભક્ત તો મૂર્ખ છે!' પણ થોડા જ દિવસમાં ખબર આવ્યા, કે વહાણ ડૂબી ગયું! તે સાંભળી લોકો વાતો કરવા લાગ્યા, કે 'ભક્ત કહેતા હતા તે ખરું પડ્યું. ભક્ત સાચા ખરા.'×

× 'સસ્તું સાહિત્ય' તરફથી તુરતમાં પ્રગટ થનાર 'સંત–ગુરુના પરિચય'માંથી.

★

માધ્યમિક શાળાના બે વિદ્યાર્થીઓ વાતચીત કરતા હતા. પરીક્ષાનું પરિણામ હમણાં જ આવ્યું હતું. 'આ પરિણામનું કાર્ડ જોઈ કોઈ ભવિષ્ય કહી શકતું હશે ?' એકે સ્વાભાવિક પ્રશ્ન કર્યો. બીજાએ જવાબ દીધો:

'હા. મારી બા કહી શકે છે. ગઈ કાલે નિશાળનો રીપોર્ટ આવેલો જોઈ, મારા બાપુ સાંજે ઘેર આવશે ત્યારે શું પરિણામ આવશે તેનું ભવિષ્ય એણે બરાબર કહી બતાવ્યું!'

×

ચાની ઉત્પત્તિ વિશે એક દંતકથા પ્રચલિત છે.

કહે છે કે બોધીધર્મ નામે એક મહાન ઋષિ થઈ ગયા. એમણે ઘોર જંગલમાં નવનવ વર્ષ સુધી ઉજાગરા કર્યાં મોક્ષપ્રાપ્તિ માટે; પણ શરીર તે કેટલો પરિશ્રમ વેઠી શકે? અંતે છેલ્લા વર્ષમાં એમને ખૂબખૂબ ઊંઘ આવવા માંડી. કોઈ પણ પ્રકારે જાગી ન શકાયું ત્યારે પોતે બેઠા હતા તે સ્થળની પાસે ઊગેલા છોડનાં પાન ચાવવા માંડ્યા. કહે છે કે આ પાન ચાવવાથી તેમની ઊંઘ લુપ્ત થઈ ગઈ અને ઋષિ જ્ઞાન પામ્યા!

ઉપદેશ માટે એ ઋષિ હિંદમાંથી ચીન ગયા, ત્યારે ત્યાં પેલા છોડ પોતાની સાથે જ લેતા ગયા. આ છોડ ચાનો હતો અને આમ ભારતમાંથી ચા ચીનમાં ગઈ.

×

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

શ્રીરમણ મહર્ષિ

'અખંડ આનંદ'ના વાચકોને અરુણાચલના મહા તપસ્વી શ્રીરમણ મહર્ષિના જીવન અને તત્ત્વજ્ઞાનનો આછો પરિચય છે. 'અખંડ આનંદ'ના પ્રથમ અંકમાં શ્રી મનુ સૂબેદારે શ્રીરમણ મહર્ષિને મળ્યા અને એમના એક પ્રશ્નના જવાબમાં મહર્ષિએ જે દૃષ્ટાંત આપ્યું તેનો ઉલ્લેખ છે. તે પછી ૧૯૪૮ના ઑગસ્ટ અંકમાં તથા એપ્રિલ ૧૯૪૯ના અંકમાં મહર્ષિનાં વચનો અપાયાં છે. જુલાઈ ૧૯૪૯ના અંકમાં એમની જીવનરેખા અને એક ભક્તે સાંભળેલી અમૃતવાણીનો ઉલ્લેખ છે. 'અખંડ આનંદ'ના વાચકો એ અંકોનું ફરીફરી વાચન કરે અને મહર્ષિના દેહોત્સર્ગથી પ્રગટેલાં દુઃખ તથા આઘાત શમાવે.

મૃત્યુ તો અવતારોને ય છોડતું નથી એવા આપણા સંસ્કારો છે; અને આપણી નજર સામે જ મહાત્મા, સંત, જ્ઞાની, તપસ્વી, યોગી અને મહર્ષિઓને પરલોકમાં વિદાય થતાં આપણે નિહાળ્યા છે. શ્રીરમણ મહર્ષિ ભારતની આધ્યાત્મિક સંપત્તિના સ્વામી હતા. વર્તમાન યુગમાં જે સિદ્ધિઓની કલ્પના કરવી પણ દુર્લભ છે તે સિદ્ધિઓ તેમણે પ્રાપ્ત કરી હતી. 'હું'ની શોધ કરતાંકરતાં આત્માના અનંત તેજપુંજનાં એમણે દર્શન કર્યાં હતાં. અહંનો નાશ એ હતું એમના જીવનનું તત્ત્વજ્ઞાન. દેશ અને દુનિયાના મહાન વિદ્વાનો એમના સહજ જ્ઞાનથી આકર્ષાયા હતા. મહર્ષિ પરમ જ્ઞાની અને ભક્ત હતા. અપૂર્વ શક્તિઓનો દાવો એમણે કદી કર્યો નહોતો. અહંને મારી નાખ્યા પછી એ દાવો થાય પણ કેમ? એમની આસપાસ મોટું ભક્તમંડળ રચાયું હતું, આશ્રમ હતો, દેશપરદેશના હજારો યાત્રીઓ એમના દર્શનાર્થે આવતા હતા, પરંતુ તેઓ તો કમળની પેઠે જળથી અલિપ્ત જ રહેતા હતા.

આપણને સ્વાભાવિક રીતે એમ થાય કે એમના જવાથી આપણા દેશને અને દુનિયાને મોટી ખોટ પડી છે. આધ્યાત્મિક ખજાનો લૂંટાઈ ગયો હોય એવું યે લાગે; પરંતુ એમણે જ બોધેલું તત્ત્વજ્ઞાન સ્મરણમાં રાખીએ તો આવી હતાશાને સ્થાન રહેતું નથી. જે જ્યોતથી એ પ્રકાશતા હતા તે જ્યોતને બુઝાવવાનું તો યમરાજનું પણ સામર્થ્ય નથી. એ જ્યોત પરમ જ્યોતમાં ભળી ગઈ, છતાં એનાં કિરણો તો સર્વત્ર પથરાયેલાં છે જ. આપણે વિનમ્ર ભાવે પરમાત્માને પ્રાર્થના કરીએ, કે એ કિરણો ઝીલવાનું સામર્થ્ય આપે, એકાદ કિરણ વડે પણ આપણે અંતરઓરડો અજવાળવાની પ્રેરણા આપે.

લઘુમતી કરારો

ગયા મહિનાનો મોટામાં મોટો બનાવ ભારત અને પાકિસ્તાનના વડા પ્રધાનો વચ્ચે થયેલા કરારો છે. ગયા અંકમાં પૂર્વ બંગાળના પ્રશ્નની આપણે વિસ્તારથી ચર્ચા કરી હતી. યુદ્ધ કે વસ્તીની ફેરબદલીથી એ સમસ્યા ઉકેલી શકાય એમ નથી તે પણ આપણે જોયું હતું. એ ભૂમિકા સાથે દિલ્હી-મંત્રણાને પરિણામે નીપજેલા કરારોનું વાચન કરીએ તો તેની મહત્તાનો યથાર્થ ખ્યાલ આવી શકે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે કરારો તો ઘણા થયા છે, પણ આપણો અનુભવ એવો છે, કે પાકિસ્તાન ખરી દાનતથી કરારોનું પાલન કરતું નથી. આજ પહેલાં ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક કરારો માત્ર કાગળ ઉપર રહ્યા છે અથવા તો તેનું અંશતઃ પાલન થયું છે. સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊઠે કે આ કરારોનું ભાવિ પણ એવું જ તો નહિ હોય ?

પાકિસ્તાને આજ સુધી ગમે તે કર્યું હોય પણ આ કરારો તો એ પાળશે જ એમ દઢતાપૂર્વક કહી શકાય એમ નથી, છતાં એટલું તો કહીએ જ કે અત્યારના સંયોગોમાં કરારપાલનની આશા વિશેષ છે. આજ સુધીના કરારોમાં તેના અમલ માટે ખાસ વ્યવસ્થા ગોઠવાતી નહોતી, આ કરાર એ રીતે સંપૂર્ણ બન્યા છે. કરારના પાલન માટે જે પ્રકારનું તંત્ર રચવાનું નક્કી થયું છે તે તેના પાલનની આશા ઊભી કરે છે. ઉપરાંત પાકિસ્તાનના વડા પ્રધાનના ઉદ્ગારો, ત્યાંની પાર્લામેન્ટની ચર્ચા, અખબારોનાં આ જ મંતવ્યો વગેરે પણ એમ દર્શાવે છે કે ચાલુ સ્થિતિનો પાકિસ્તાનને થાક લાગ્યો છે ને તે પણ કંઈક પરિવર્તન માગે છે.

કરારની કલમો

આ કરારો પૂર્વ બંગાળ, પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરા રાજ્યને જ વિશેષ સ્પર્શે છે. ભારતના પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરા રાજ્ય કરતાં પૂર્વ બંગાળના વસ્તી વિશેષ છે અને લઘુમતીનું પ્રમાણ પણ ત્યાં વધારે છે તે આપણે લક્ષમાં રાખવાનું છે. આ કરારોનો સાર નીચે પ્રમાણે છે:

૧. બંને રાષ્ટ્રો લોકશાહી રાજતંત્રની રચના મંજૂર રાખે છે અને લઘુમતીને સમાન અધિકારની ખાતરી આપે છે.

૨. બંને બાજુના હિજરતીઓ સંપૂર્ણ સલામતી અને રક્ષણ સાથે પ્રવાસ કરી શકશે. પોતાનો સરસામાન, જરઝવેરાત અને અમુક પ્રમાણમાં રોકડ નાણું પોતાની સાથે લઈ જઈ શકશે. જકાતખાતાનો ત્રાસ નાબૂદ થશે, એકબીજા દેશના અધિકારી ત્યાં હાજર રહેશે. પોતાનું નાણું કે ઘરેણું બેંકમાં જમા કરાવી તેની બદલી તેઓ કરાવી શકશે.

૩. તેમની સ્થાવર મિલકતોનું રક્ષણ થશે. ૩૧મા ડિસેમ્બર ૧૯૫૦ સુધીમાં તેઓ પાછા ફરશે તો તેમની મિલકતો સુપ્રત કરવામાં આવશે. તે દરમિયાન અને તે પછી તેઓ મિલકતોનું વેચાણ કે ફેરબદલી કરી શકશે.

૪. બનેલા બનાવોની તપાસ થશે અને ફરી એવા બનાવો ન બને તે માટે બંને સરકારો ખબરદાર રહેશે. ગુનેગારોને યોગ્ય શિક્ષાઓ થશે. લૂંટાયેલી મિલકતો પાછી મેળવી આપવાના પ્રયાસો થશે.

૫. ધર્મપલટાઓ મંજૂર રહેશે નહિ. સ્ત્રીઓ ઉપાડી જવાના બનાવોની તપાસ થશે અને તેમની શોધ કરી પાછી સોંપવામાં આવશે.

૬. આ કરારોના પાલન માટે બધાં પ્રદેશોમાં લઘુમતી પંચની રચના થશે. આ પંચ સાથે એક પ્રધાન જોડાયેલા રહેશે. બંને દેશોના પંચો ને પ્રધાનો સંયુક્ત મંત્રણાઓ તથા પ્રયાસો કરી શકશે મતભેદનું નિરાકરણ નહિ જ થાય, તો બંને દેશોના વડા પ્રધાનોને એ પ્રશ્નો સોંપવામાં આવશે અને તેઓ છેવટનો નિકાલ લાવશે.

૭. પૂર્વ અને પશ્ચિમ બંગાળમાં લઘુમતી કોમના એક એક પ્રતિનિધિને પ્રધાનમંડળમાં લેવામાં આવશે.

પ્રગતિ માટે આવશ્યક

ભારત અને પાકિસ્તાન વચ્ચે મુખ્ય ઝઘડાઓમાં કાશ્મીર, ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના હિજરતીઓની મિલકતો, હુંડિયામણ, વ્યાપારી સંબંધો, નહેરનાં પાણી વગેરે મુખ્ય છે. આ કરારોથી એ પ્રશ્નોના ઉકેલને સીધી રીતે કશી મદદ મળતી નથી. પરંતુ કરારોનું પાલન થાય તો આ બધા સવાલોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉકેલ માટેનું વાતાવરણ ઊભું થાય છે એમાં શંકા જ નથી. આટલા દિવસમાં એ માટેની આશાઓ બળવત્તર બની હોય એમ દેખાય છે.

બે વસ્તુ આપણે સમજી લેવાની જરૂર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે જ્યાંસુધી અથડામણ થાય છે ત્યાંસુધી આપણને શાંતિ નથી અને આપણી પ્રગતિમાં બાધ આવે છે. ભારત–પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ ચાલ્યા કરે તો સત્તાલોભી મહાસત્તાઓને મેદાન મળી જાય છે. પાકિસ્તાન સાથે જો આપણે કરાર કરી લઈ શકીએ તો આપણો પ્રગતિમાર્ગ ચોખ્ખો થાય અને આપણે થોડા સમયમાં પણ બળવાન બની જઈએ. બીજું, આ કરારોનું પાલન પાકિસ્તાન ન જ કરે તો યે આપણને કશું નુકસાન નથી. આપણને સ્વતંત્ર રીતે પણ જે કરવામાં વાંધો નથી તે જ આપણે સ્વીકાર્યું છે. આ કરારો નિષ્ફળ જશે તો બીજા કોઈ પણ ઉપાયો લેવાનો આપણો અધિકાર વધશે. આ કરારથી આપણને લાભ જ છે.

સુધરતા સંબંધો

ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીરનો ઝઘડો મુખ્ય છે. છેલ્લા સમાચારો પ્રમાણે બંને પક્ષે કાશ્મીર પંચની જગ્યાએ, વિશેષ અધિકારો સાથે, એક મધ્યસ્થની નિમણૂકનો સ્વીકાર કર્યો છે. હવે બાકી મુદ્દો રહે છે સૈન્યવિસર્જનનો. જો બંને બાજુએ વિશ્વાસનું વાતાવરણ પેદા થાય તો આગ્રહો મોળા પડે અને સૈન્યવિસર્જનનું કામ સરળ થાય. આ બાબતમાં અમને પ્રથમથી એમ લાગ્યું છે, કે અમેરિકા અને બ્રિટન પોતાની રમત રમ્યા કરે છે. લઘુમતીકરારોની પેઠે આમાં પણ ભારત–પાકિસ્તાન ત્રીજા કોઈ તત્ત્વની મદદ વિના આગળ વધી શકે તો સફળતાના સંયોગો વધે જ. બંને પક્ષ એટલું તો સ્વીકારે જ છે કે કાશ્મીરની પ્રજાનો મુક્ત નિર્ણય બંનેને માન્ય રહેશે. કાશ્મીર બાબતમાં થોડી પણ પ્રગતિ થઈ છે એમ સ્પષ્ટ જોઈ શકાય છે.

નદીનાં પાણી અંગે ઘણાં સમયથી મંત્રણાઓ ચાલે છે ને આશાજનક સમાચારો આવ્યા કરે છે. હુંડિયામણ અને વેપારી સંબંધો અંગે વાટાઘાટો શરૂ થઈ છે. અમારો એવો મત છે, કે પાકિસ્તાન આ બાબતમાં હવે પૂરેપૂરું થાક્યું છે. પૂર્વ બંગાળ અને બીજા પ્રશ્નોના ઉકેલ માટેની તત્પરતા પાછળ પણ આર્થિક સમસ્યા ઉકેલવાનો ઉદ્દેશ હોવા સંભવ છે. પાકિસ્તાન સાથેના વ્યાપારી ને આર્થિક સંબંધો સુધરે તો તે ભારતના પણ લાભમાં જ છે તે આપણે લક્ષમાં રાખવાનું છે. આ દેશમાં એક એવી મનોવૃત્તિ પ્રવર્તે છે કે ભારત વધુ પડતું ઉદાર છે અને પાકિસ્તાન તેનો લાભ ઉઠાવે છે. આ માન્યતા સાચી નથી. ભારત ઉદાર છે જ, પણ પોતાનાં હિતો માટે મુદ્દલ ગાફેલ નથી. લઘુમતીકરારો અને બીજાં પગલાંઓ તે માટે પુરાવારૂપ છે.

દારૂબંધી

ગયે મહિને મુંબઈ પ્રાંતમાં સંપૂર્ણ દારૂબંધીનો અમલ શરૂ થયો તે પ્રાંતના જ નહિ, આખા દેશના ઇતિહાસમાં મહત્ત્વનો પ્રસંગ છે. હજારો–લાખો કુટુંબોને પાયમાલ કરતો અને કુટુંબજીવનમાં ઝેર રેડતો આ વ્યસન આપણી સરકારને ગમે તેટલી આવક આપતું હોય તો યે એવાં લોહી, નિઃશ્વાસ અને આંસુનાં નાણાંથી દૂર રહેવું જોઈએ. મુંબઈ સરકારે આ બાબતમાં જે હિંમતભર્યું પગલું લીધું છે તે માટે તેને અભિનંદન ઘટે છે. આપણી–પ્રજાની ફરજ છે, કે સરકારને આ મહાન પ્રતિજ્ઞા પાર પાડવામાં પૂરી સહાય આપીએ.

તા. ૧૬–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અખંડ આનંદ'નું લવાજમ શા માટે વધારવું પડે છે ?

આ સંસ્થાના સ્થાપક સદ્‌ગત ભિક્ષુ અખંડાનંદજીની તીવ્ર ઇચ્છા ગુજરાતને એક સસ્તું અને સમૃદ્ધ માસિક આપવાની હતી. એમની એ ઇચ્છાને માન આપીને, તેને લગતો ઘણો વિચાર કર્યા પછી, સંસ્થાના ટ્રસ્ટીઓએ સને ૧૯૪૭ના નવેંબરમાં શ્રી સોપાનનો સહકાર મળતાં 'અખંડ આનંદ' માસિક શરૂ કર્યું. માસિકનું કદ, કાગળો, છપાઈ, બંધામણી ને કવર વગેરેનું ચોક્કસ ધોરણ નક્કી કરીને માસિકનું વાર્ષિક લવાજમ રૂ. ૬-૮-૦નું નક્કી કર્યું હતું; ત્યારે એમ તો લાગ્યું હતું કે કામ ઘણું જોખમનું થશે.

ત્રણ વર્ષ સુધી આ કાર્યને ઘણી ખંત અને ઘણી મહેનત લઈને ટકાવ્યું છે. માસિકનું ધોરણ જાળવી શકાયું છે. આજ સુધી લવાજમ પણ એ જ રાખવામાં આવ્યું હતું.

પરંતુ હવે એ જ લવાજમ ચાલુ રાખવાનું શક્ય જણાતું નથી. 'અખંડ આનંદ' સ્થાયી પાયા પર રહે તો ગુજરાતી ભાષાના વાચકોની હમેશને માટે એક મોટી જરૂરત પૂરી પડે. માસિક શરૂ કર્યું તે વખતના કરતાં કાગળોના ભાવ વધ્યા છે, છપામણીના ખર્ચમાં પણ વધારો થયો છે. જાહેરખબરની આવક ન ગણીએ તો રૂ. ૬-૮-૦માં અપાતું આ માસિક સંસ્થાને શુમારે રૂ. ૯-૦-૦નો ખર્ચ કરાવે છે. જેમ ફેલાવો વધે છે તેમ ખાડો વધે છે અને તેની વચ્ચે રહેલો ગાળો જાહેરાતમાંથી પૂરવાના પ્રયાસો અધિક ને અધિક મુશ્કેલીઓ ઊભી કરે છે.

જ્યારે લવાજમ રૂ. ૬-૮-૦ ઠરાવ્યું હતું. ત્યારે ગ્રાહકો છથી આઠ હજાર થશે એવી ધારણા હતી. એ વખતે જાહેરખબરના એક પાનાનું ખર્ચ સંસ્થાને લગભગ રૂ. ૨૦ જેટલું આવતું હતું. આજે હવે ૧૬,૫૦૦ નકલ છપાય છે તેથી એક પાનાના કાગળ, કંપોઝ, છપાઈ વગેરેનું ખર્ચ લગભગ રૂ. ૪૫ જેટલો થવા જાય છે. ફેલાવો વધી જતાં જાહેરખબરનો ખર્ચ એટલો બધો વધે છે કે તેમાંથી રહેતી બચત ઘણી ઓછી થાય છે. જાહેરાતની બચતમાંથી અમુક ખાડો પુરાશે એવી ધારણા હતી. એ સાચી હોવા છતાં પણ માસિકમાં જાહેરખબર આપવાની ઉપયોગિતા વેપારી બંધુઓને હજી સમજાઈ નથી. ઘણી મહેનતથી ઘણી જાહેરાતો મળી છે. જાહેરખબરના ભાવો વધારવાનો નિર્ણય કર્યો છે; પરંતુ અત્યારની વધતી જતી મંદી અને ભાવવધારાથી જાહેરખબર ઘટવા સંભવ છે. માટે એ આવક ઉપર વધુ ભરોસો રાખી શકાય નહિ. આ સ્થિતિમાં મંદી આવે, જાહેરખબરની આવક ઘટે, બીજી કોઈ પણ મુશ્કેલીઓ આવે છતાં 'અખંડ આનંદ'ની પ્રગતિ જળવાઈ રહે એવી પાકી વ્યવસ્થાની જરૂર લાગતાં મે-૧૯૫૦થી લવાજમમાં એક રૂપિયાનો વધારો કરવાનું નક્કી કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર જણાવેલી પરિસ્થિતિમાં લવાજમ વધારવા સિવાય બીજા માર્ગો પણ હતા: દાખલા તરીકે દર અંકે ૨૮ કે ૩૨ પાનાં ઓછાં આપવાં અને દીપોત્સવી અંક મોટો અપાય છે તે ન આપવો. લખાણની વચ્ચે જાહેરખબરો લઈ વધુ ભાવો મેળવવા, જાહેરખ. લેવામાં કેટલીક મર્યાદાઓ રાખી છે તે છોડી દઈ વધુ જાહેરખ. લેવી, કાગળ-પૂઠાં હલકાં વાપરવાં, ગ્રાહકોની સંખ્યા ઘટાડી નાખવી અથવા અમુક મર્યાદાએ અટકી જવું. આવા માર્ગે આવક વધારી શકાત અથવા ખર્ચ ઘટાડી શકાત, પણ 'અખંડ આનંદ'ની પ્રસિદ્ધિ પાછળ જે હેતુ છે, તેને તો નુકસાન જ પહોંચત.

'અખંડ આનંદ'માં ઘણાંખરાં માસિકો કરતાં બમણું તથા કેટલાંક કરતાં ત્રણગણું વાંચન અપાય છે; અને માસિક ઉચ્ચ કોટીનું પુરવાર થયું છે. કુટુંબમાં દરેક જણને એમાંથી કંઈક ને કંઈક ગમી જાય એવું મળી રહે છે. તેનો પુરાવો એ જ છે કે કોઈ પણ માસિકનો કોઈ પણ વખત ન થયેલો એટલો ફેલાવો 'અખંડ આનંદ'નો છે.

'અખંડ આનંદ'ના ગ્રાહકોની સંખ્યા પહેલા વર્ષને અંતે ૧૧૦૯૫ હતી. બીજા વર્ષને અંતે તે ૧૪૨૯૩ હતી અને એપ્રિલ ૧૯૫૦નો આ અંક ગ્રાહકોના હાથમાં પહોંચે છે ત્યારે ગ્રાહકસંખ્યા ૧૬૫૦૦ છે. તેમાં લવાજમ આપી લેનારા ગ્રાહકોની સંખ્યા ૧૫૨૫૦ છે: ઉપરાંત છૂટક વેચાણ થાય છે અને લેખકો, જાહેરખબર આપનારાઓ, ટ્રસ્ટીઓ, સંસ્થાના સેવકો, અગ્રગણ્ય જાહેર પુરુષો, બદલાનાં પત્રો વગેરેમાં લગભગ ૫૦૦ ઉપરાંત નકલો જાય છે.

'અખંડ આનંદ' એટલું લોકપ્રિય થયું છે કે તેને કોઈ પણ રીતે નબળું પાડવું યોગ્ય ન જ ગણાય એમ અમે માન્યું છે. આવા સંજોગોમાં ઘણો વિચાર કરી ત્રણ વર્ષના અનુભવે ટ્રસ્ટીઓ એવા નિર્ણય પર આવ્યા છે કે **૧લી મેથી લવાજમ વધારીને રૂા. ૭-૮-૦ કરવું.** જૂના ગ્રાહકોને તેમનું વર્ષ પૂરું થાય ત્યાં સુધી જૂના દરે 'અખંડ આનંદ' મળશે અને હવે પછી લવાજમ મ. ઑ.થી મોકલનારે કે રૂબરૂમાં ભરનારે રૂા. ૭-૮-૦ મોકલવાના રહેશે. અને વી. પી. મંગાવનારને રજિસ્ટર-ખર્ચ સાથે ૭-૧૨-૦નું વી. પી. થશે.

લવાજમમાં આ રૂપિયા એકનો વધારો અમારે દુઃખપૂર્વક કરવો પડ્યો છે. અમને વિશ્વાસ છે કે 'અખંડ આનંદ'ના પ્રેમી વાચકો એટલો બોજો ઉઠાવી લેશે.

સંસ્થાના કાર્ય પ્રતિ પ્રજાના બધા વર્ગોની સહાનુભૂતિ છે, એટલું જ નહિ પણ અનુમતિ પણ છે. એટલે આ માસિકને અપનાવીને ચિરંજીવી અને સ્થાયી પાયા પર મૂકવાના અમારા પ્રયાસને સુજ્ઞ વાચકો પરિસ્થિતિની વિકટતા સમજી અનુમોદન આપશે એવી આશા છે.

મુંબઈ
તા. ૩૦-૪-'૫૦

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા-સમાચાર

'અખંડ આનંદ' વાંચ્યા પછી

'અખંડ આનંદ'નો આ અંક આપે વાંચ્યો. એમાંના કેટલાક લેખો અને કેટલાક લેખકો પ્રત્યે આકર્ષણ જરૂર થયું હશે. 'એનું નામ તે રાજા'ના લેખક છે શ્રી વાલજી ગોવિંદજી દેસાઇ. સંસ્કૃતમાંથી ખૂબ ચીવટપૂર્વક ગુજરાતી ભાષાંતર એ કરે છે. લખતી વખતે પોતાના વાચકની મર્યાદા ને વિશિષ્ટતાઓ એ સદા ય ધ્યાનમાં રાખે છે. એમણે **'તંત્રકથા'** નામનું એક પુસ્તક સંપાદિત કર્યું છે. આથી યે વધુ બોધક અને પ્રેરક પ્રસંગો દ્વારા આપણા સંસ્કારવારસા જેવા 'પંચતંત્ર'ની કથાઓને સરળ શૈલીમાં એમણે ગુજરાતીમાં ઉતારી છે. પુસ્તક સચિત્ર (કિં. ૧-૮-૦) તેમ જ અચિત્ર (કિં. ૧-૪-૦) પણ છે. 'સસ્તું સાહિત્ય'નું એ પ્રકાશન છે.

સંસ્થાનું એવું જ બીજું પ્રકાશન છે, **'પરમ પૂજ્ય બાપુ'** (લેખક: શ્રી સોપાન અને શ્રી જી. રામચંદ્રન્. કિંમત રૂા. ૧-૦-૦). બાપુનાં 'પુનિત સંસ્મરણો'નું શ્રી પુરાતન બુચે આ અંકમાં જે આલેખન કર્યું છે, નાનકડા પ્રસંગોમાં યે બાપુની જે મહત્તા દર્શાવી છે તે મહત્તા, તે લૌકિક છતાં અલૌકિક તત્ત્વ 'પરમ પૂજ્ય બાપુ'ને પાનેપાને છતું થાય છે. જીવનમાં પરિવર્તન લાવનારી સામગ્રી આ પુસ્તક જરૂર પૂરી પાડશે.

જન્મ બાદ બાર મહિના પછી માનવીનો ખોરાક સાથે સંબંધ બંધાય છે તે ઠેઠ મૃત્યુ સુધી સંકળાયેલો રહે છે. આજના ગુજરાતીઓના બગડતા જતા સ્વાસ્થ્ય અંગે જરાક ધ્યાન રાખીએ, જરાક દૃષ્ટિ બદલીએ, તો કેવી રીતે આપણે ઓછી કડાકૂટે શરીરનાં પોષકતત્ત્વો મેળવી શકીએ તેનું બયાન તમે આ અંકના 'આથો ચડેલો ખોરાક'માં વાંચ્યું. આ લેખે આપણા રોજિંદા વ્યવહારના ભોજન તરફ પરિવર્તન લાવવાની સમયસરની ચેતવણી આપી છે. ખોરાકની ઘણીવણી જાણવા જેવી બાબતો આપણે જાણતા નથી એની પ્રતીતિ આ લેખથી થઈ હશે. ત્યારે પ્રશ્ન થાય છે, કરવું શું? પ્રથમ તો ખોરાકના ગુણદોષ વિષે પદ્ધતિસરનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. એ માહિતી તમને આજ સંસ્થાપ્રકાશિત ડો. રસિકલાલ પરીખ કૃત **'ખોરાકના ગુણદોષ'**માંથી સારી રીતે મળી રહેશે. કિંમત પણ ઝાઝી નથી—માત્ર દસ જ આના!

'તપસ્વિની રાબિયા'ના ચરિત્રાત્મક લેખે તમને આકર્ષ્યા હોય તો મુસ્લિમ તપસ્વીઓનાં, ઓલિયાઓનાં જીવનચરિત્રો પણ તમને સંસ્થાનાં 'ભારતની દેવીઓ,' 'ભક્તચરિત્ર' અને 'ભક્તમાળ'માંથી મળી શકશે.

અને છેલ્લે એક વાત. 'ભાગવત પર દૃષ્ટિપાત' કરતાં મૂળ ભાગવત વાંચવાની સહજ ઇચ્છા તમને થઈ જ હશે. સંસ્થાના **'એકનાથી ભાગવત'**માં કુલ્લે ૬૦૦ પાન આપવામાં આવ્યાં છે, છતાં કિંમત છે માત્ર પાંચ રૂપિયા. આપણા ધર્મગ્રંથો પર મનન ને વળી મનન જેટલું કરી શકીએ તેટલું ઓછું.

નવાં પ્રકાશનો

શિક્ષાપત્રી: (આમશ્રેણી) કિશોરલાલ ઘ. મશરૂવાળાના આમુખ સાથે: સ્વામી સહજાનંદનો અમૂલ્ય ઉપદેશ ગ્રંથ.

પાન ૧૦૪ : મૂલ્ય ૦-૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ : (સર્વોપયોગી શ્રેણી પુ. નં. ૨૬–૨૭) લે૦ વિજયગુપ્ત મૌર્ય : મહાગુજરાતનાં ૧૨૫ જેટલાં સામાન્ય-અસામાન્ય પક્ષીઓનો રસભર્યો પરિચય આપતું પુસ્તક–જેમાં કેટલાંક પક્ષીઓનો સચિત્ર પરિચય અપાયો છે.
પાન ૨૭૨ : મૂલ્ય ૧-૮

મહાત્મા ટૉલસ્ટૉય : (સર્વોપયોગી શ્રેણી પુ. નં. ૨૮–૨૯) લે૦ રામનારાયણ ના. પાઠક : મહાત્મા ગાંધીજીએ જેમને પોતાના ગુરુ સ્વીકારેલા એવા મહાત્મા ટૉલસ્ટૉયનું જીવનચરિત્ર મુમુક્ષુ સમાજસેવક અને દેશસેવકને માર્ગદર્શક થઈ પડે તેવું છે.
પાન ૧૭૨ : મૂલ્ય ૧-૮

ગૃહ, ગૃહિણી અને ગૃહસ્થ : (સર્વોપયોગી શ્રેણી પુ. નં. ૩૦-૩૧) લે૦ લાલભાઈ કહાનભાઈ દેસાઈ: આ પુસ્તકમાં આપણાં ગૃહ અને કુટુમ્બ-જીવનનું અવલોકન કરી માબાપ–પતિ–પત્ની–ભાઈબહેન વગેરેમાં અરસપરસ પ્રેમની સુવાસ કેમ મહેકી રહે એની વિસ્તૃત છણાવટ સાથે વિચારણા કરવામાં આવી છે.
પાન ૨૭૨ : મૂલ્ય ૧-૮

સત્સંગમાળા : (આમશ્રેણી) લે૦ મગનલાલ હરિભાઈ વ્યાસ: ગૃહસ્થાશ્રમીએ તેમ જ દરેકે વાંચીને અમલમાં મૂકવા જેવાં ઉપયોગી ૧૦૮ સૂચનોનો સંગ્રહ
પાન ૯૬ : મૂલ્ય ૦-૬

સદાચાર ને સુખ : લે૦ ઉ. સિદ્ધિમુનિજી : ગૃહસ્થનો સામાન્ય ધર્મ દર્શાવતું તેમ જ જૈનધર્મની ઉપયોગી ૨૩ કથાઓથી ભરપૂર પુસ્તક.
પાન ૨૦૦ : મૂલ્ય ૧-૦

કુણાલ : (આમશ્રેણી 'શ્રેયસ્' પ્રકાશન નં. ૧) લે૦ છોટુભાઈ જોઈતારામ ભટ્ટ: બાળોપયોગી પુસ્તક, બાળકોને તથા પ્રૌઢોને માટે શિક્ષણ સાથે સંસ્કાર પ્રેરતું મોટા અક્ષરોમાં.
પાન ૭૨ : મૂલ્ય ૦-

પુનરાવૃત્તિ

મનુસ્મૃતિ : પંડિતશ્રી કુલ્લૂક ભટ્ટની ટીકા સાથે કદ ૫"×૭॥" પાન ૮૦૮ : મૂલ્ય ૪-
ધીરાભગતનાં પદો : (આમશ્રેણી) પાન ૮૦ : મૂલ્ય ૦-
ગીતાંજલિ : (આમશ્રેણી) સ્વ૦ રવીન્દ્રનાથ ટાગોરકૃત પાન ૯૬ : મૂલ્ય ૦-
હરડે : (આમશ્રેણી) સુધારાવધારા સાથેની છેલ્લી આવૃત્તિ પાન ૮૦ : મૂલ્ય ૦-

નીચેનાં પુસ્તકો છપાય છે:

અખાની વાણી : નવી આવૃત્તિ
પરદુઃખભંજન વિક્રમની વાતો : પ્રયોજક : કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ
બાળક : બાળકના ઘડતર માટેનું ઉપયોગી પુસ્તક
કેશવકૃતિ : લે૦ કેશવલાલ હરિરામ ભટ્ટ
મહાયોગી શ્રીઅરવિંદ : લે૦ શ્રી સુંદરમ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

એક રૂપિયો

સસ્તું સાહિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પો. બો. ૫૦, અમદાવાદ.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલ્યુમિનિયમ અને પિત્તળનાં વાસણો

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સારું પરિણામ છે.

એલ્યુમિનિયમના વાસણો વજનમાં હલકા, જલ્દી ગરમ થાય તેવા અને કીંમતમાં કીફાયત હોય છે કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો :

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂ. ૭ાા છે. બ્રહ્મદેશ માટે રૂ. ૮) અને પરદેશ માટે રૂ. ૧૧) છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. છ અથવા ત્રણ માસના ગ્રાહકો નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક સમયસર ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી; અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી; અને તે સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પોતાનું નામ–સરનામું સ્પષ્ટ લખવાં; સાથે ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું. વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે.

૯ મનીઑર્ડરની કુપન પર રૂપિયાની રકમ, રૂપિયા મોકલવાનો ઉદ્દેશ, ગ્રાહક નંબર (નવા ગ્રાહક હોય તો નવા ગ્રાહક લખવું), પૂરું સરનામું વગેરે સર્વ બાબતો સ્પષ્ટ દર્શાવવી.

૧૦ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

૧૧ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૨ રૂબરૂ આવી અંક લઈ જનાર, તથા એકથી વધારે અંકો રજિસ્ટરથી યા રેલવેથી મંગાવનાર માટે લવાજમમાં કંઈ ફેરફાર નથી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ભદ્ર, અમદાવાદ ને કાલબાદેવી, મુંબઈ–૨

લેખો અંગે નિયમો

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ-વર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. આમ છતાં સ્વીકાર પામેલો લેખ ચારેક માસની અંદર પ્રગટ થઈ જ જાય તે વિષે કાળજી રાખવામાં આવે છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લખાણ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડયું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર–અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લખાણો મોકલવાનું સરનામું આ પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'
ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ–૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	વિકાસનો અર્થ	શ્રી	૩
૨	સંસ્કૃતિ કે સભ્યતા?	શ્રી કિશોરલાલ મશરૂવાળા	૫
૩	સહિયારું જીવન	પૂજ્ય રવિશંકર મહારાજ	૬
૪	ગુજરાતની આનંદકળા	દી. બ. હીરાલાલ લલ્લુભાઈ કાજી	૧૧
૫	યુગધર્મ	સ્વામીશ્રી અદ્વૈતાનંદજી	૧૮
૬	વર્ણ અને જાતિ	શ્રી ચંદ્રશંકર પ્રા. શુક્લ	૨૩
૭	ગુંદરિયો	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૫
૮	દાદાનો વારસો (વાર્તા)	શ્રી. પ્ર. હ. મહેતા બી. એ.	૩૧
૯	વલભીપુર (સંશોધન)	અધ્યા. કેશવલાલ હિં. કામદાર એમ. એ.	૪૩
૧૦	આકડો (આરોગ્ય)	શ્રી વલ્લભરામ વૈદ્ય આયુર્વેદાચાર્ય	૫૧
૧૧	સુખપ્રાપ્તિના માર્ગો	શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ એમ. એસસી. (લંડન) બાર-એટ-લો	૫૬
૧૨	પુનિત સંસ્મરણો	શ્રી પુરાતન બુચ	૬૧
૧૩	ઊંઘનો આદર્શ	શ્રી અનંત કાણેકર	૬૬
૧૪	સત્ય મિથ્યા (વાર્તા)	શ્રી શૈલજાનંદ મુખોપાધ્યાય	૬૮
૧૫	ગૃહસંસ્કાર	શ્રી પદ્મકાંત ચુ. મહેતા બી. એ. બી. ટી., પી. ટી.	૭૬
૧૬	સાકાર નિરાકાર આરાધના	શ્રી હરિકેશ હ. ભટ્ટ	૮૦
૧૭	લોકસંપર્ક (વાર્તા)	શ્રી જગદીશ પરમાર	૮૫
૧૮	દેવપૂજાનું રહસ્ય	શ્રી કેદારનાથ રાવળ	૯૦
૧૯	જીવનપરાગ (પ્રસંગકથા)	શ્રી ભીખાલાલ ગિ. શાહ	૯૪
૨૦	શેવંતી (રૂપક)	અધ્યા. ભૂપેંદ્ર ઉપાધ્યાય એમ. એ.	૯૯
૨૧	નાળિયેરી	શ્રી માર્તંડરાય શિવભદ્ર પંડ્યા બી. એસ સી, બી. એજી.	૧૦૩
			૧૧૪
૨૨	યુગપ્રવાહ	સોપાન	૧૧૮
૨૩	સંસ્થા-સમાચાર	કાર્યાલય	

* * *

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ લ૦ ઠક્કર
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ-અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૩, અંક ૮] તંત્રી : સોપાન [જૂન ૧૯૫૦

વિકાસનો અર્થ

માણસ માત્ર આગળ વધવા, પ્રગતિ કરવા, વિકાસ સાધવા ઇચ્છે જ છે. આ બાબતમાં માણસને પ્રેરણા આપવાની જરૂર નથી. આપણે ઘણીવાર સાંભળીએ છીએ: 'આગળ ધપો' 'સ્થિર ન રહો' 'કદમ ઉઠાવો' ત્યારે ઘડીસર જોશ ચડે છે, પણ પછી મૂંઝવણ થાય છે અને શું કરવું તે સ્પષ્ટ રીતે સૂઝતું નથી.

આગળ વધવું, પ્રગતિ કરવી, વિકાસ સાધવો એ બધું જરૂરી છે, પણ કઈ દિશામાં આ બધું કરવું તે જાણવું સર્વ પ્રથમ ને સવિશેષ જરૂરી છે. માણસ સ્થિર રહી શકતો નથી, કુદરતનાં બળો પોતાનું કામ કરે જ છે, આ વિશ્વમાં તેઓ કશું જ સ્થિર રહેવા દેતાં નથી. આગળ ન વધે તે પાછળ હઠે કે બાજુએ ખસે, પણ ગતિ કર્યા વિના તો રહી શકે જ નહિ. સ્થિતિ આ પ્રકારની છે એટલે જગતભરના ઉપદેશકોએ કહ્યું છે: 'આગળ વધો!'

પણ ક્યાં? સવાલ મહત્ત્વનો છે. આપણે ક્યાંક ધસી તો રહ્યા જ છીએ, શું એ જ માર્ગે આગળ વધવું? પૈસાની પાછળ હોઈએ તો ત્યાં જ પ્રગતિ સાધવી? વિલાસમાં પડ્યા હોઈએ તો તેમાં જ વિકાસ કરવો? સમજ વિના કાળી મજૂરી કરતા હોઈએ તો શું તેમાં જ વેગ લાવવો? કોઈપણ માણસ કહેશે કે આગળ વધવાનો આ અર્થ નથી જ. છતાં ચારે બાજુ જોવા તો એ જ મળશે. માણસ ગમે ત્યાં ધસ્યે જતો અથવા તો જેટલા પ્રમાણમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં પથ્થરની પેઠે પડ્યો રહેતો જ દેખાશે.

દરેક માણસે સૌથી પહેલાં પ્રગતિ અને વિકાસની વ્યાખ્યા પોતા માટે નક્કી કરી લેવી જોઈએ. એકવાર એ વ્યાખ્યા નક્કી થઈ એટલે એ પ્રાપ્ત કરવાની ઝંખના પણ જાગશે. આ કામ અઘરું છે. સામાન્ય માણસને સમજ નથી પડતી કે ક્યાં જવું કલ્યાણકર છે, પરંતુ માણસ મોટી ફાળ નહિ ભરે ને વિચારના પ્રદેશમાં પણ ધીમે પગલે ચાલશે તો જે અતિ અઘરું છે તે ઘણું સહેલું બની જશે. બહુ દૂરનું નિશાન નક્કી કરવાની જરૂર જ નથી. જે વસ્તુ બીજાની જ નજરે જોઈ શકાય તે વસ્તુ ઉપર લક્ષ કેન્દ્રિત કરવામાં ડહાપણ નથી. જેવી હોય તેવી આપણી આંખો જ આપણને માર્ગ બતાવવાની છે એટલે મનની નજર પહોંચતી હોય તેટલું જ નિશાન રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ શાનું નિશાન? થોડા જ શબ્દોમાં કહીએ તો માનવ્યના વિકાસનું, અન્ય કોઈને દુઃખરૂપ ન થાય ને ચિરકાળ ટકી શકે તેવા આનંદનું–તેવા સુખનું. આ અઘરું લાગતું હોય તો તેનું સહેલું આ પ્રમાણે છે: 'નિશાન રાખવું વધુ ને વધુ સારા થવાનું, સજ્જન બનવાનું, બીજાને માટે કંઈક કરવાની ભાવનાનું, આપણામાં જે કંઈ સદ્‌ગુણ હોય તેના બની શકે તેટલા વિકાસનું અને દુર્ગુણ હોય તેનું જોર ઓછું કરવાનું.'

આ સમજવું અઘરું નથી, સહેજ પરિશ્રમ લઈએ તો આપણે જાણી શકીએ કે આપણામાં કયા સદ્‌ગુણોનું બળ છે ને કયા દુર્ગુણો જોર કરે છે. આ બંને આપણામાં હશે જ. આનંદ અને સુખની જે વાત કરી તે તો આમાંથી આપોઆપ પ્રગટ થશે. દીવો થાય ને જેમ પ્રકાશ ફેલાય તેમ માનવીની માનવતાનો વિકાસ થાય, તેમ ચિરંજીવ આનંદ અને સુખની પ્રાપ્તિ થાય.

આગળ ધપો, પ્રગતિ કરો, વિકાસ સાધો તેનો આ જ અર્થ છે. જે સારું છે તે વિકસાવો. માણસ માત્રમાં કંઈ ને કંઈ સારી ભાવના હોય છે. કોઈ દુર્ભાગી જન્મથી દુષ્ટ હોય ને છેવટ સુધી દુષ્ટ રહે, પરંતુ તેના અંતરની ગુહામાં પણ આત્માનો પુણ્યદીપ તો બળતો જ હોય છે. આપણા પોતાના અને બીજાના જીવનનું અવલોકન કરીશું તો જણાશે કે મૂળમાં સદ્‌ગુણો અને દુર્ગુણો બંને હતા, પરંતુ બેદરકારી અને પ્રલોભનોમાં ખેંચાવાને પરિણામે જ આપણે સાચી દિશામાં વિકાસ કરી શક્યા નથી અને જીવનજહાજ ગમે તે દિશામાં ઘસડાયું છે.

સાદો દાખલો લઈએ. કામ કરવાની–પરિશ્રમ કરવાની આપણી શક્તિ પ્રતિદિન ને પ્રતિવર્ષ વધી છે કે ઘટી છે? આરોગ્યનું શું છે? જ્ઞાન અને માહિતીની મૂડીમાં કેટલી વૃદ્ધિ થઈ? સમાજ અને દેશ માટે 'કંઈક' કરવાની ભાવના જાગેલી તે વિકસી છે કે સૂઈ ગઈ છે? નિર્દોષ આનંદ તરફનું વલણ વધ્યું છે કે ઘટ્યું છે? કોઈને અસત્ય ને દંભ આચરતા જોઈ પુણ્યપ્રકોપ જાગતો તે જાગે છે કે આપણું હૃદય રીઢું બની ગયું છે? આવા હજાર સવાલો પૂછી સાચી સ્થિતિ જાણી શકાય એમ છે.

આટલું થતાં આગળ વધવાનો માર્ગ આપણે નક્કી કરી શકીશું. કોઈ સંત, મહાત્મા, મહાકવિ, સેનાપતિ, રાજપુરુષ, મહાન કલાકાર વગેરે થવાના આદર્શો પૂરા ન પડી શકે ને માર્ગમાં મૂંઝાઈ જવાય, પણ સારા માણસ થવાનો અને એ રીતે જે ક્ષેત્રમાં આપણી શક્તિ ખીલી શકે તે ક્ષેત્રમાં થોડાંક ડગલાં આગળ જવાના આદર્શમાં તો વાંધો આવે જ નહિ. આપણી દૃષ્ટિ ને શક્તિની મર્યાદામાં આગળ વધીશું તો તે પછીનું નિશાન આપણને આપોઆપ પ્રાપ્ત થશે. પહેલું કામ પંથ નક્કી કરવાનું અને બીજું કામ ચોક્કસ દિશામાં પગ ઉપાડવાનું છે.

આટલું થશે તો કુદરત આપણને વધુ આગળ લઈ જ જશે.

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ કે સભ્યતા?

લેખક :
શ્રી કિશોરલાલ મશરૂવાળા

મારા અભિપ્રાય પ્રમાણે બે જ જાતની માનવસંસ્કૃતિઓ (અં. કલ્ચર્સ) છે. એકને હું ભદ્રસંસ્કૃતિ કહું છું અને બીજીને સંતસંસ્કૃતિ.

ભદ્રસંસ્કૃતિ વિભૂતિ અને ઐશ્વર્યપ્રધાન છે. તે દુન્યવી જ્ઞાન-વિજ્ઞાન, અધિકાર, પરાક્રમ, વૈભવ વગેરેમાં શ્રદ્ધા રાખે છે. એમાં માનનાર પોતાને અને પોતાના લોકોને બીજાઓથી ઊંચા, આગળ વધેલા, બળવાન અને બધા પર પોતાની ધાક બેસાડનાર જોવા ઇચ્છે છે. એ બધા માણસોનો એકસરખો અધિકાર સ્વીકારતી નથી. એમાં ઊંચનીચ, અધિકારી-અનધિકારી વગેરે ભેદો માટે અવકાશ છે; એ આડંબર-પ્રિય છે.

સંતસંસ્કૃતિ ગુણપ્રધાન છે. એમાં સદ્‌ગુણો પર, માનવતા પર જોર આપવામાં આવેલું છે. એની જ્ઞાનમાં શ્રદ્ધા છે, કોરી પંડિતાઈમાં નહીં; પણ જ્ઞાન કરતાં યે વધારે એનો વિશ્વાસ ઊંચા ચારિત્રમાં અને ભલાઈમાં તથા બધાની સમાનતાના સિદ્ધાન્તમાં છે. તે એશઆરામ અને સંપત્તિમાં કંઈક મર્યાદા હોવાની અને ભોગોમાં સંયમની જરૂર માને છે. એનો ઝોક ઊંચનીચભાવને તથા વિષમતાઓને મટાડવા તરફ છે. એને આડંબર પસંદ નથી.

સંસ્કૃતિની આ બે ધારાઓ શરૂથી ચાલી આવેલી છે. તે આખી દુનિયામાં છે. છતાં તે તદ્દન જુદી દિશાઓમાં એકબીજાથી અલગ વહેતી નથી. કોઈ કોઈવાર એક-બીજાની સીમાને ઓળખવી મુશ્કેલ થાય છે. પરંતુ સારા યે જગતમાં આ બે સિવાય કોઈ ત્રીજી સંસ્કૃતિ નથી.

ભારતીય સંસ્કૃતિ, પાશ્ચાત્ય સંસ્કૃતિ, ઇસ્લામ સંસ્કૃતિ એટલું જ નહીં પણ વૈદિક સંસ્કૃતિ, જૈન સંસ્કૃતિ, ગુજરાતી સંસ્કૃતિ, આંધ્ર સંસ્કૃતિ વગેરે અનેક સંસ્કૃતિઓનાં નામ આજકાલ લેવામાં આવે છે. એ સૌને સભ્યતાઓ (અં. સીવીલીઝેશન્સ) કહીએ તો કદાચ વધારે ઠીક થાય.

મારા અભિપ્રાય પ્રમાણે આ બધી સભ્યતાઓમાં કોઈ સ્થાયી તત્ત્વ નથી. દેશ, કાળ, શિક્ષણ, અભ્યાસ વગેરેને લીધે ઉત્પન્ન થયેલા આ આચાર, વિચાર અને સ્વભાવના ભેદો છે. દેશ, કાળ, શિક્ષણ વગેરેના બદલાઈ જવાથી આ સભ્યતાઓ બદલાઈ જાય છે. કોઈ કોઈ વાર એ આનુવંશિક જેવી દેખાય છે, પણ ખરેખર એ આનુવંશિક નથી. દેશ, કાળ, કેળવણી અભ્યાસ, વગેરે જ્યાંસુધી એક જેવાં રહે છે, ત્યાંસુધી તે કાયમ રહે છે અને એક દેશ કે પરિવારમાં પેઢીઓ સુધી એમનું એક જેવું રહેવું સંભવિત છે. આથી તે આનુવંશિક જેવી માલૂમ પડે છે.

આ સભ્યતાઓ કે કહેવાતી સંસ્કૃતિઓના આચાર, વિચાર અને સ્વભાવ સારા, ખરાબ અને અગુણ (ન સારા, ન ખરાબ) એમ ત્રણે પ્રકારના હોય છે. એનો કટ્ટર આગ્રહ કે ગર્વ રાખવો એ હું ઠીક સમજતો નથી. આવી જુદીજુદી સભ્યતાઓ અને વિશેષતાઓ ટકવી જ જોઈએ એવું હું નથી માનતો. એમની દરેક વિગતને આપણે વિવેકથી તટસ્થ રહીને તપાસવી જોઈએ અને માનવહિતને માટે જેટલા અંશો છોડી દેવાની જરૂર હોય તેમને હિંમતથી છોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહિયારું જીવન

લેખક :
પૂ. રવિશંકર મહારાજ

એક ગૃહસ્થ કુટુંબને ઘેર પહેલવહેલો હું ગયેલો. ઓળખાણ નીકળી. એની પત્ની ને છોકરાં સંસ્કારી હતાં. ઉત્તમ રીતે ઘરની વ્યવસ્થા ચાલતી હતી. આ ભાઈ પણ ભારે બુદ્ધિશાળી હતા. વાત કરતાંકરતાં તે ભાઈ ઊઠી ગયા ને એમનાં પત્ની બેસી રહ્યાં. એમાં છોકરી આવી ઘાસની ટોપલી લઈને. બાઈ મને કહે : 'મહારાજ, મારી આ છોકરી સાસરામાં દેવી તરીકે પૂજાય છે.'

—ને પછી માંડીને વાત કરી:

એ છોકરી નાની હતી ત્યારે વિવાહ થયેલા. છોકરાનાં માબાપ મરી ગયેલાં ને એ કાકાને ત્યાં ઊછરીને મોટો થયો. છોકરો સામાન્ય હતો. મેટ્રિકમાં એક વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ ને ચાર વર્ષ કાઢયાં. ત્યારે છોકરી તો દર વર્ષે પાસ થતી જ ગઈ. ચિત્રકામ, સંસ્કૃત, સંગીત, ઘરકામ—બધાયમાં હોશિયાર. છોકરીની બાને ચિંતા થઈ એટલે પ્રિવિયસ કે ઇંટરમાંથી છોકરીને ઉઠાડી મૂકી. માતાની ઇચ્છા એમ કે વિવાહ તોડીએ. ભલે નાતજાતનો રિવાજ તોડવો પડે. પેલા ભાઈ પણ મક્કમ વિચારના હતા. એમણે તો વિલાયત જઈને આઈ. સી. એસ. થઈ આવેલો એક છોકરો મન સાથે નક્કી પણ કરી દીધો. છોકરી મોટી થઈ હતી. આઈ. સી. એસ. થયેલા ભાઈ આ છોકરીને જોવા માટે આવ્યા. ભાઈને આ છોકરી પાસ પડી. પણ છોકરીએ વિલાયત જઈ આવેલા એ ભાઈને નાપાસ કર્યો. વિવાહ તોડવા તૈયાર થયેલાં માતાપિતાને એ છોકરીએ કહ્યું:

'તમે મારું વાગ્દાન અગાઉ દઈ દીધું છે. એકવાર તમે વચન આપી ચૂક્યાં છો. હવે તમે એ તોડીને પાપમાં ન પડશો. જે થશે તે હું નભાવી લઈશ. મારે માટે આટલું કરો. બસ હું એ જ માગું છું.'

માબાપ શો જવાબ આપે?

પછી તો લગ્ન થયાં. છોકરીનાં પગલાં એવાં કે તે પછીથી છોકરો દરેક વર્ષે પાસ થતો ગયો. ચાર વર્ષે બી. એ. થઈ ગયો. સો રૂપિયાની નોકરી મળી. બાઈ તો ખૂબ પવિત્ર જીવન ગાળે. બહાર કોઈનું મકાન બંધાતું હતું ત્યાં બૈરાંઓ બેસીને ગપાટા હાંકતાં હતાં, પણ આ તો એક મિનિટ પણ નવરી ન રહે. આપણે ત્યાં એક કમાય છે અને બીજાં બધાં ખાય છે એ કેટલા દહાડા નભે? કેવી રીતે પહોંચી વળીએ? આ બહેન તો ગપાટા મારતી એ બહેનો વચ્ચે જઈને બેસે, તેમને સીવતાં શીખવે, ઓછે ખર્ચે વિવિધતાવાળી વાનીઓ બનાવવાની કળા દેખાડે, અને આમ એ પ્રીતિમાન થઈ.

દેવા જોઈએ. આપણે બીજાઓથી અલગ ઢંગના દેખાઈ આવીએ એ મને જરૂરનું લાગતું નથી.

કોઈ વિશેષતા માનવહિત માટે જરૂરી હોય તો તો તે નિભાવવા લાયક સમજવી જોઈએ. પણ આપણું બીજાઓથી નિરાળાપણું દેખાવું એવો સિદ્ધાંત ન કરવો જોઈએ. એકથી સંતસંસ્કૃતિ આખી દુનિયામાં એક જ છે, ભદ્રસંસ્કૃતિઓમાં જ ઘણી જાતનાં રૂપરંગ અને ઝઘડા છે.*

* ('હિંદીપ્રેમી અભિનંદન' ગ્રંથમાંથી, ૧૦-૫૬ ફરી તપાસેલું)

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિ તો શરમાળ હતો, પણ બાઈને લીધે આ લોકોની ઓળખાણ ઘણી વધી. જે મિલમાં પતિ કામ કરતો હતો તેનો મેનેજર પારસી હતો. એની છોકરીને ડ્રૉઇંગની પરીક્ષા આપવાની હતી. નવા મેનેજરે પોતાની છોકરી માટે આ બહેનને ઘેર બોલાવી. મહેનત કરવાથી છોકરી ડ્રૉઇંગની પરીક્ષામાં પાસ થઈ. પારસીએ પૂછ્યું :

'શું ઇનામ આપીએ તમને ?'

'મારે કશું ય નહીં જોઈએ' છોકરીએ કહ્યું.

'પણ બહેન, મારી છોકરી પાસ થઈ એટલે મારે તમને રાજી તો કરવાં જ જોઈએ.' અને પછી ખૂબ રકઝક થઈ, ત્યારે છોકરીએ જવાબ દીધો :

'કાકા, મારા પિતાએ જ્ઞાન વેચવા માટે નથી ભણાવી. જ્ઞાન વૃદ્ધિ કરવા માટે ભણાવી હતી. મારી ફરજ છે કે મારે જ્ઞાન મફત આપવું જોઈએ.'

પારસી તો આ જવાબથી ખુશખુશ થઈ ગયો. છોકરાનો પગાર વધાર્યો. છોકરો અંગ્રેજી નામાનું કામ ઘેર લાવે તેને પણ આ બાઈ મદદ કરતી.

સ્ત્રી ક્યાં ને કેવો સ્વતંત્રતાનો હક માગે છે? એનો અધિકાર તો ઘરમાં જ છે. આજે આપણે મધ્યમ વર્ગનાં ઘરોમાં શું જોઈએ છીએ? ઘણીવાર પતિ જ્ઞાની હોય તો યે બોઘા જેવો ઊભો રહી કહે છે : 'પૈસા વાપરવા માટે આપજોને લગાર!' ત્યારે સ્ત્રી એને ધમકાવે છે :

'જરાક તો ઘરમાં બેસો! આ વખતે વધારે પૈસા વાપર્યા છે, હવે નહિ મળે જાઓ!'

અને પતિ બિચારો હાથ જોડી બેસી જાય છે!

આ છે આપણા મધ્યમવર્ગની સ્થિતિ!

પતિપત્નીનો પવિત્ર ધર્મ આપણામાંથી ભુસાતો જાય છે. ગાંધીજીએ એ ધર્મ સાચવ્યો હતો. કસ્તૂરબા રોટલી વણે તો બાપુ તે શેકવા બેસી જતા. ઘરમાં સ્ત્રીને અનેક કામ કરવાનાં હોય, છોકરું ટટ્ટી ગયું હોય છે તો સ્ત્રી પોતાની છોકરીને કહે છે, પતિને નહિ—અને પુરુષ પોતાની જગ્યાએથી ચસકતો નથી. પણ પુરુષે ય બાળઉછેરમાં માથું મારવું જ જોઈએ. ગાંધીજીએ તો એટલે સુધી કહ્યું છે કે સુવાવડનું કાર્ય પણ પુરુષે કરવું જોઈએ. બાળઉછેરનું પવિત્ર કાર્ય મેળવી લેવું, એમાં શ્રમનો ઉપયોગ કરવો જોઈએ. એક કમાય ને બીજાં ખાય એ તો હિંસા છે, હડહડતી હિંસા છે. હવે સાચા જ્ઞાન તરફ આપણે જવું જોઈએ.

આજે ગામડાંની નિશાળના માસ્તરનો પગાર દસ રૂપિયા છે. દર વર્ષે એની હરરાજી બોલાય છે. આમ કેળવણી પણ વેચાય છે. સરકાર ગામડામાં પ્રવૃત્તિઓ તો કરે છે, પણ તેનો હિસાબ કોણ રાખે? એને ક્યાંથી બોલાવવો? એટલે નિશાળનો માસ્તર ઉપયોગમાં આવે છે. પશ્ચિમની દેખાદેખીએ માણસ વધુ ને વધુ ભણતો થાય છે તેમતેમ તેનું ખર્ચ વધતું જાય છે. જેને સેવા કરવાની છે તેને તો રોટલો ને મરચું પણ બસ છે. એને બદલે આજે સેવકને પાન, બીડી અને કપડાંનો ભપકો વગેરે જોઈએ છે. એથી સેવકો મોંઘા પડે છે. રામકૃષ્ણ પરમહંસ કહે છે કે સેવક કરકસરીઓ, મજબૂત અને કુશાગ્રબુદ્ધિનો જોઈએ. કોઈ પણ દેશની ચડતીપડતીનું માપ કાઢવું હોય તો હું તો તેના સેવકોના પ્રમાણ પરથી કાઢું.

હું તો ગામડાનો માણસ છું, ગામડાંના લોકો સાથે વસું છું, પૂછવા આવે તો તેમને સલાહ-સૂચન આપું છું. આજે તો શહેરો ગામડાંથી જુદાં પડી ગયાં છે; અને જ્યારે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે રચનાત્મક કામ માટે કહેવામાં આવે છે. પણ મુંબઈને માટે રચનાત્મક કામ શું કહેવું? સવારમાં ઊઠી સ્ટવ પેટાવી ચા પીવાનું કહું? સહુ એમ માનતા કે પરરાજ્યનો બોજો જશે તો સુખી થવાશે. રાજાઓ અગાઉના સમયમાં હતા ત્યારે સારા રાજાની ઇચ્છા લોકો કરતા અને સારાની વ્યાખ્યામાં 'રામ'નું નામ લેતા. આમ રામરાજ્યની કલ્પના આવી, પણ સ્વરાજ્યની કલ્પના આપણા માટે નવી હતી. સ્વરાજ્ય શબ્દ તો વેદાંતમાં પણ લખેલો છે પણ જુદા અર્થમાં. આજે લોકો થોડુંઘણું સમજે છે, પણ આપણે ટેવાયા નથી એટલે દુઃખી થયા છીએ. બુદ્ધિજીવી વર્ગ વધારે અકળાયો છે; અર્ધદગ્ધ વર્ગને પણ મૂંઝવણ ખૂબ થાય છે. પણ પરિસ્થિતિને કેમ અનુકૂળ થવું તે કોઈ વિચારતું નથી. તિલક મહારાજ કહેતા, 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે.' લેવાનું કામ તો ગાંધીજીએ કર્યું પણ એ અનાયાસે પ્રાપ્ત થયું. ૧૯૨૦માં નાગપુર કોંગ્રેસમાં ઠરાવોના શબ્દોને પ્રજાએ જોરશોરથી વધાવ્યા; ક્રિયામાં મૂક્યા નહિ.

બાપુએ કહ્યું: 'સ્વાવલંબી બનો, તમારું કાપડ જાતે ઉત્પન્ન કરો. બ્રિટિશ સામ્રાજ્ય કપાસનાં જીંડવાં ઉપર હીંચે છે તે સમજો.' પણ ભણેલો વર્ગ એની પ્રતિષ્ઠા સમજ્યો નહિ. શિક્ષણ બદલવાની વાતો થઈ, રાષ્ટ્રિય શાળાઓ પણ સ્થપાઈ. પણ એ શાળા એટલે એમ નક્કી થયું કે સરકારી ગ્રાન્ટ ન લેવી. બહુબહુ તો બાપુનો ફોટો ટાંગવો. પણ રાષ્ટ્રને ઉપયોગી કેમ થવાય તે ભણતર ક્યાંય મળ્યું નહિ. આ ઊભરા અલ્પજીવી નીવડ્યા. અસ્પૃશ્યતા કાઢવા જતાંજતાં તે ગળે વળગી પડી. હિંદુ-મુસ્લિમ ઐક્ય કેવું સધાયું તે આપણે અનુભવ્યું, અને તે એવું કે સંસ્કારની દૃષ્ટિએ આપણે હજાર બેહજાર વર્ષ પાછા હઠી ગયા.

ગામડાની દૃષ્ટિ શહેર તરફ રહી છે: ગામડિયો શહેરનું અનુકરણ કરે છે: ગામડે જઈ ચા બનાવી પીએ છે, ખાવળે બેસી બ્રશ ઘસે છે, જૂતાં ન મળે તો એકલાં મોજાં પહેરી ફરે છે અને 'સારો' મનાવે છે. આમાં શહેરને ખોવાનું નથી, પણ એ ગામડાંનું સત્યાનાશ ગયું.

શહેરના યુવાને સહન નથી કર્યું એમ નહિ, પણ એ બધું ખંડનાત્મક રીતે હતું.

જેમ ઘર બાંધવા-માંડવા એકલા સિક્કા-રૂપિયા ન ચાલે, હજાર વસ્તુઓ જોઈએ; એમ રચનાત્મક કામમાં અનેક વસ્તુ આવે. ૯૦ ટકા રચનાત્મકમાં ૧૦ ટકા ખંડનાત્મક ચાલે, પણ આપણને શિક્ષણ મળ્યું ખંડનાત્મક; એટલે આપણે ટીકાઓ કરીએ છીએ. મૂડી વગર ટકી શકાય નહિ એમ ૯૦ ટકા બળની મૂડી આપણી પાસે રહી નથી. અત્યારે તો કંઈ હશે તો કહે સરકાર કરી આપશે. આપણે શિસ્ત સમજ્યા નહિ એનું પરિણામ આજે ભોગવીએ છીએ.

જાપાનનું યુદ્ધ શરૂ થયું અને હિન્દ ઉપર ત્રાટકી પડે તેવી શક્યતાઓ થઈ ત્યારે બાપુને ચિન્તા પેઠી. વિનોબાજીને બોલાવી કહે, 'રખેને મિલો તૂટી પડે તો લોકો માટે કાપડનું શું થશે?'

સરદારે ત્યારે કહ્યું: 'એ તો નાગા ફરશે ને કાં આપોઆપ શોધી લેશે. તમે શું કામ ચિન્તા કરો છો?' પણ બંનેનો ભય ખોટો નીવડ્યો. લૂગડાં વગર લોકો ન રહ્યા. શહેરને વધારે મળ્યું, ગામડાને બાર વાર ઉઘું. કાપડ ખબર એ 'લોકો ને ઓછું પહેરવું ચાલશે' અર્ધનગ્ન હશે-ગમે તેમ પણ એ લોકો જીવ્યા. મિલોવાળાએ લાભ લીધો અને સરકારે ફાયદો ઉઠાવ્યો, તો ય આપણે કાયદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન જ બનાવ્યું. બાપુનો સંકલ્પ તો પૂરો થયો, પણ કયામતે જેમ ભૂત પણ ઊઠે તેમ બધાં ભૂત જાગ્યાં. અસ્પૃશ્યતા, હિન્દુ-મુસ્લિમ ઝઘડા, વહીવટી ક્ષેત્રની લગામ હાથ પકડવાની વૃત્તિ વગેરે. આપણે ઓછા ભોગે વધુ પ્રાપ્ત કર્યું. સ્વરાજ્યનું ફળ પૂરા પુરુષાર્થનું નથી. મારી ભાષામાં કહું તો ઉચ્છિષ્ટ સ્વરાજ સાંપડ્યું છે. અંગ્રેજો નાઠા અને ગળે વળગેલો બોજો ફેંકતા ગયા. અને એ નાઠા તે પણ અવળચંડાઈથી. કોઈ પણ સભાને માત્ર પાંચદસ અવળચંડા છોકરા ધારે તો વિખેરી નાખે. એમ આપણા ખંડનાત્મક કામે એ હાર્યા અને નાઠા. વારંવાર બંદૂકથી શાન્તિ જાળવી શકાય નહિ. કાયદો અને વ્યવસ્થા સાચવ્યા વગર રાજ્ય થાય નહિ.

એ જવાબદારી ઉઠાવવામાં એકેએક વિચારવાની જરૂર છે. થોડાના હાથમાં વહીવટ આવે તોપણ શાન્તિથી ચલાવતા શીખીએ નહિ તો શાન્તિ મળશે કયાંથી? લોકશાસનમાં સુખ હોય, દુઃખ હોય... ઘરની રસોઈ દરેકની ઇચ્છાનુસાર થતી નથી; એમ કરવા જાય તો સહુ ભૂખ્યા રહે! તેવું જ લોકશાસનનું છે. હમણાં સુધી સરકાર (અંગ્રેજ) લૂંટતી હતી. આપણે એની પાસેથી વિદ્યા શીખ્યા એટલે આપણે ય અજમાવ્યું... લૂંટનો કોઇને પણ ખ્યાલ નથી. સૌને એમ છે કે ખર્ચ છે માટે ખર્ચ નભાવવા કમાવું જોઈએ. પણ આટલો વૈભવ શા માટે જોઈએ તે કેમ કોઈ નથી વિચારતું? રાષ્ટ્ર માટે શક્તિ, જ્ઞાન વગેરે બધું સહિયારું હોય, સહુનું ભેગું શ્રમપૂર્વકનું સમજી આચરીએ તો જ સ્વરાજ્ય ભોગવાશે; નહિતર રાજાશાહી તો હવે નથી, પણ સરમુખત્યારી આવે તો નવાઈ નહિ!

હિંદમાં આજે બે વર્ગો છે: મજૂરોનો અને ભણેલાનો. મિલમાં જાય તે મજૂર નહિ પણ આપણે પરિશ્રમ છોડી કોઈક ઉપર જીવવા માંડ્યું તે. જેમ શેઠને મુનીમ, મુનીમને ચપરાસી, ચપરાસીને ઘાટી એમ નોકરને ય વળી નોકર... અને એ બીજા વર્ગે ઊભું કરેલું છે એમ હું હિમ્મતભેર કહીશ. ખરું રાજ્ય તો મજૂરીનું... આપણે શ્રમ છોડ્યો અને દુઃખી થયા. સ્વરાજ્યમાં આ શોભે નહિ. હું ખાતરીપૂર્વક કહું છું કે આપણે શ્રમ નહિ કરીએ તો હવે પછી જીવી શકીશું નહિ. મેં જોયું છે કે ગ્રેજ્યુએટ દંપતી પોતાના બાળકને ભણાવવા માસ્તર રાખે છે! આ તે કેવી વાત! આપણી જરૂરિયાત વધી એટલે પાપ વધ્યું; એટલે પહોંચી વળવા પૈસા મેળવવા જ જોઈએ. પૈસા કાંઈ ઉત્પન્ન તો થતા નથી! ઉત્પાદન તો તે કે કળશી બાજરી વાવો અને ખળામાં ઢગલા કરો... ઝાડ વાવો અને ફળ ઉતારો... આ તો જેમ કૂવો ખોદીને ઢગલો માટીનો કર્યો તેમ કયાંઈકથી ઢસડી લાવી ભેગું કર્યું. આ લૂંટ નહિ તો બીજું શું?

આપણે સ્વરાજ્યનું સુખ નથી માણતા, કારણકે ભૂખવગરના ભોજન જેવી વાત છે. ભણેલા વર્ગે આ સમજવું જોઈશે. પરિશ્રમ કરનારો તો નિસાસા નાખતો જાય છે. કહે છે અમે તૂટી મરીએ છીએ અને આ લોકો મઝા કરે છે. પણ એ શ્રમજીવીઓ સમજ્યા વગર શ્રમ કરે છે માટે. વચલો વર્ગ એ સમજીને કરશે તો કંઈક બચાવશે. અને બચત એટલે પેદાશ. લોકો આજે સિક્કાને ધન કહે છે, સંપત્તિ કહે છે પણ એ ખોટું છે. સંપત્તિ એટલે અર્થ... જેનાથી કામના તૃપ્ત થાય તે અર્થ... રૂપિયાથી કામના તૃપ્ત થતી નથી, ઊલટી વધે છે. પૈસાદાર તો ઊલટો વધુ ગરીબ બનતો જાય છે. વધુ ખરચતો જાય છે તેમ વધુ લાલસા જાગે છે. તૃષા લાગે તો કૂવેથી પાણી ભરી લાવી તરસ મટાડવી જોઈએ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પૈસા ખર્ચી સોડાલેમન, આઇસવૉટર પીવાથી એ તૃપ્ત થતી નથી. હાથે રાંધેલું હશે તો મીઠું લાગશે પણ રસોઇયો બનાવતો હશે અને એક ચીજની ત્રૂટી હશે તો 'નહિ ચાલે' કહી દઈએ છીએ! કારણ એ પારકાના શ્રમનું છે. એટલે બાપુએ કહેલું 'પુરુષાર્થથી, શ્રમથી જ બધું જાતે ઉત્પન્ન કરો.'

વિદ્યાર્થીઓને કહીશ: તમારે શું થવું છે, કેવા થવું છે તે વિચારો. અને જીવનમાં ફેરફાર કરો. મોટેરાંને કહીશ: તમારું ધન ક્યાંથી આવે છે એ વિચારો. અમારા સંતબાલ જમવા અગાઉ પ્રાર્થના કરે છે: 'પ્રારંભે પ્રભુ તને નમીએ છીએ, પછી કૃષિકને નમીએ અમે, જેણે અન્ન પેદા કરી શરીર પોષ્યું તે સત્ત્વપોષક બનો, એમાંથી વિશ્વ સમસ્તનું, સર્વ આત્માનું શ્રેય વધો.'

કેવી ઉજ્જવળ આ ભાવના છે! વિશ્વ-વત્સલતાની આ મનોહર ભાવના સૌનાં અસહકાર અને પ્રેમ-ઔદાર્યના વિકાસ માટેની છે.

આપણે બધા યે ભેગા થઈને જીવવાનું છે. અને એ સહિયારું જીવન પ્રેમમય અહિંસા વગર કંઈ નભે નહિ; એટલે સાચું રચનાત્મક કાર્ય એ કે સહકાર, પરિશ્રમ અને પ્રેમમય અહિંસા દ્વારા આપણે સ્વરાજ્ય પચાવેલું સિદ્ધ કરી બતાવીએ. સહિયારા જીવન વિના એ શક્ય નથી.

★

એ વૃદ્ધની ઉંમર હતી ૬૬ વર્ષની. એનું વ્યક્તિત્વ પ્રતિભાશાળી હતું. થેમ્સ નદીને કિનારે આવેલી કીંગ્સ્ટનની કચેરીમાં ગુનેગારના પિંજરામાં એને ખડો કરવામાં આવ્યો હતો. ઘર ફાડવાનો ગુનો એણે પોતે કબૂલ કર્યો હતો.

ન્યાયાધીશે કહ્યું:

'આજસુધી તેં કરેલા ગુનાઓની નોંધ મારા ટેબલ ઉપર પડી છે. આટલા મારા અનુભવમાં આટલા બધા ગુના કોઈએ કર્યા નથી. જેલમાં જઈને બહાર નીકળવું ને વળી પાછું જવું એમ કરવામાં તેં જિંદગીનાં ૫૦ વર્ષ ગુજાર્યાં છે. ગુનાની નોંધ ઉપરથી હું જોઈ શકું છું કે તારી દસ વર્ષની યે ઉંમર નહોતી, ત્યારે એક નજીવા ગુના માટે તને બાલસુધારણા માટે રાખવામાં આવેલી સંસ્થામાં મોકલી દેવામાં આવ્યો હતો.'

'એથી તો હું ઘણો જ નાસીપાસ થઈ ગયો' ગુનેગારે એકરાર કરતાં વચ્ચે જ કહ્યું: 'હું સમાજદ્વેષી બન્યો. સમાજ ઉપર વેર લેવાની મૂર્ખામી મેં અખત્યાર કરી. આખી જિંદગી હું એ કરતો રહ્યો છું.' આટલું બોલતાંબોલતાંમાં તો એ વૃદ્ધની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. એ બોલ્યો: 'સાહેબ, સુધરવાની તમારી પાસે હવે તક માગવી એ તો ઘણું જ મોડું થઈ ગયું ગણાય, નહિ?'

ન્યાયમૂર્તિએ ખૂબ ઊંડો વિચાર કર્યો ને પછી કહ્યું: 'તેં અને આ કોર્ટમાં બેઠેલા સર્વ કોઈએ કદી કલ્પ્યું ન હોય એવું પગલું હું ભરવા માગું છું.'

એ ન્યાયમૂર્તિએ દેખરેખઅધિકારીને એ ગુનેગારની સોંપણી કરી. એવા પણ નિર્ણય જાહેર કર્યો કે જ્યાંસુધી આ વૃદ્ધ માણસને કોઈ નોકરી ન મળે, ત્યાંસુધી એની દેખરેખ માટે, એના રહેવા-કરવાની સગવડ માટે તથા એની પ્રાથમિક જરૂરતો પોષવા માટે અધિકારીને પાંચ પાઉન્ડ આપવા.

આ બનાવ આજથી લગભગ સાત વર્ષ પહેલાં ઈંગ્લેંડમાં બની ગયો. એ વૃદ્ધ નોકરીએ રહ્યો તે દરમિયાન ઘણો જ નિયમિત, માયાળુ અને મહેનતુ રહ્યો. ગુનો કરવાની વૃત્તિ કદી યે થઈ નહિ. થોડા જ માસ પર એનું મૃત્યુ થયું છે.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતની આનંદકળા

લેખક :
દી. બ. હીરાલાલ લલ્લુભાઈ કાજી

વ્યક્તિગત અને સામુદાયિક આનંદ માણવો એ માનવજીવનનો મહામૂલો અધિકાર છે. ગુજરાતે એ આનંદ માણ્યો છે કથાવાર્તા સાંભળીને, સંધ્યાવિહાર કરીને, રાસ ને ગરબે ઘૂમીને, નૃત્ય દ્વારા તથા નાટક અને ચલચિત્રો દ્વારા. ગઈ અડધી સદીમાં આ આનંદકળાના રંગ પલટાયા છે. વિદ્વાન લેખકે એના પર આછો દૃષ્ટિપાત અહીં કર્યો છે.

ગુજરાતમાં નિવૃત્તિના સમયમાં પ્રવર્તતી સામાજિક આનંદ-કળાકૃતિઓમાં છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન ઘણું પરિવર્તન થયું છે. ગાગરીઆ ભટો ગયા, ભવાઈઓ ગઈ, ઘરઘરના ગરબા ગયા, સ્ત્રીઓના મોટા મંદિરમાં દર્શનને બહાને થતા ગામ-ગપાટાનાં સંમેલનો ગયાં. દેવસ્થાનને બદલે વિહારસ્થાનો ઉપર સ્ત્રીપુરુષનાં સંમેલનો જામ્યાં. નાટક આવ્યાં, નિસ્તેજ થયાં. બોલતાં ચિત્રપટો ઘૂસ્યાં અને કઢંગાં દૃશ્યોથી મોઢા ઉપર આવી જતી શરમની લાલાશ ન દેખાય એવા અંધકારે આકર્ષ્યાં. ગરબા-સમૂહો આવ્યા; સ્વરમીઠાશે હાવભાવ તથા હલનચલનને સ્થાન આપ્યું; વિનામૂલ્યની મજાને બદલે ફાળ પડે એવા ફાળાઓ આવ્યા; 'ફ્રી'ને બદલે 'ફી' આવી; નૃત્ય આવ્યું; નાનીમોટી, જાડી પાતળી, કાળીગોરી, ઊંચીનીચી, સર્વ બાળાઓ ઘૂઘરા બાંધી આમતેમ ઘૂમવા લાગી. ધંધાધારીને બદલે શોખીનો નાટક કરવાનું લઈ બેઠા. નહીં ભણેલાને બદલે ભણેલાઓ કળાધરો થયા; નિવૃત્તિના આનંદ પ્રવૃત્તિનાં સાધન બની ગયા. શાળાઓ અને વિદ્યાપીઠોમાં વાર્ષિક પારિતોષક સંમેલનો પ્રસંગે રસમય ચૂંટણી-નું લાકડું ઘૂસ્યું.

આવું પરિવર્તન થયું છે—થઈ રહ્યું છે. એ પલટાતા રંગ ઉપર જૂની આંખે પણ નવી દૃષ્ટિથી કાંઈક બે બોલ લખવાનું અયોગ્ય નહીં લેખાય એમ હું માનું છું. સ્વાદ અને ગુણ અનુભવવામાં દ્વેષ તરફ આંખ-અખાડા કરવા કાંઈ ઇષ્ટ નથી.

માણભટો ગયા. એ વાત તો સત્ય છે, પરંતુ જે સમાજસેવા માણભટો કરતા તે હવે કોણ કરે છે? પ્રૌઢશિક્ષણનું માણભટો એક અગત્યનું અંગ હતા. વાંચનથી નહીં તો સાંભળવાથી જ્ઞાનપ્રાપ્તિનો એક માર્ગ હતો. રામાયણ કે મહાભારતની કથા સંભળાવતા, કાંઈકાંઈ સામાજિક પ્રશ્નોની ચર્ચા પણ થતી; અને તેથી રસમય ધર્મ, બોધ, આનંદ અને જ્ઞાન મળતાં. હવે ધર્મ-બોધને માટે પંડિતો અને શાસ્ત્રીઓ પ્રાસંગિક પ્રવચનો કરે છે, પ્રૌઢશિક્ષણ માટે પગારદાર માણસો દિવસના કામથી થાકેલા માણસોને ક, ખ, ગ શીખવે છે; અને હરિકથા અને સપ્તાહોમાં હારમોનિયમ, તબલાં ને મંજીરા સાથે ભજનો આનંદ આપે છે. ઠીક છે! કાંઈ ખોટું નથી! ઉપદેશો અને પ્રવચનો શુષ્ક ન રહે અને રસ ઉપજાવી જ્ઞાન આપે તો સારું! ભજનો મોંઘાં ન પડે તો સારું! અને પ્રૌઢશિક્ષણમાં ક, ખ, ગ શીખવવા કરતાં, ચાલુ યુગની માહિતી આપી અશિક્ષિતોનાં મગજ કેળવવાં વધુ જરૂરનું છે એ સમજાય તો સારું!

સંધ્યાકાળનો સ્ત્રીપુરુષ સમાગમ દેવ-સ્થાનને બદલે વિહારસ્થાને થવા લાગ્યો છે. સ્ત્રીનો હક્ક-સમાનતાનો દાવો સર્વ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વીકાર્ય છે, એટલે સંધ્યાસમયે ફરવા-હરવાનો તેનો હક્ક છે. મુંબઈમાં મરીન ડ્રાઈવ કે હેંગિંગ ગાર્ડન; અમદાવાદમાં એલિસબ્રિજ, ગાંધી પૂલ કે આસપાસ; સુરતમાં તાપીકિનારો કે રાંદેર જવાનો હોપપૂલ, એવા કોઈક સ્થળે દિવસના કામ-કાજથી થાકેલો પુરુષ સાંજે ફરવા જાય; તેની સાથે બપોરનો વખત મુશ્કેલીથી કાઢતી કંટાળેલી સ્ત્રી સાંજે આનંદ માટે કેમ ન જાય? પુરુષ ધોતિયું, ખમીસ કે લેંઘો-કફની પહેરી, પઠાણી ચંપલ સાથે બોડે માથે આંટો મારે અને ઑફિસમાં હેડ કલાર્ક કે ગોરાકાળા સાહેબના ઠપકા-ટપલાથી આળી થઈ ગયેલી ચામડી ઉપર શીતળ વાયુની લહેરોના ઉપચારથી કે પૂરી-પકોડીના આહારથી સ્વમાન જાગૃત કરવા મથે તે વાસ્તવિક છે. તેમ જ સ્ત્રીઓ સાફસૂફ થઈ ગુજરાતી ઢબને બદલે બંગાળી રીતથી સાડી પહેરી, માથે અંબોડામાં સોનાનો ચાક કે ફૂલનો ગજરો તો નહીં, પણ લટકતી સેરોમાં બબ્બે ચચ્ચાર આનાની વેણી લટકાવી બે ઘડી મોજ માણવા લટાર મારે તેમાં પણ ખોટું શું? સ્ત્રીઓએ સાંજે રસોડામાં ભરાઈ રહેવું કે છૈયાંછોકરાં સાચવ્યા કરવાં એ કાંઈ આ યુગમાં ચાલે? ફક્ત મનમાં કોઈક વાર એટલો જ સંદેહ ઊઠે છે કે હરીફરીને પાછાં ઘેર જાય ત્યારે જમવાનું શું થતું હશે? અડધે પેટે મંગળવાર કરતાં હશે અથવા પૂરી-પકોડી અને ભેળથી ચલાવી લેતાં હશે! કે કોઈ ક્ષુધાશાંતિગૃહમાંથી બે જણવચ્ચે એક ભાણું મંગાવી લેતાં હશે? છોકરાઓનું શું? મા કે મોટી બહેન ઘેર હોય તેને સોંપી આવવાં, અને જેણે નાની ઉંમરમાં પણ એવાં કામો કરેલાં અને જેને મોટી ઉંમરે લથડતી તબિયતને લીધે ખુલ્લી હવાની વધારે જરૂર માની શકાય, તેને ઘરમાં રહેવા દેવાં એ કાંઈ બહુ સારું લાગતું નથી. કૉલેજમાં ભણતી બાળાઓ માટે આવી પ્રથા ગૃહજીવનના પાયા નિર્બળ નહીં કરતી હોય? હશે. સૌ પોતપોતાને ફાવે તે ગોઠવણ કરતાં જ હશે; કાંઈ ભૂખ્યાં તો નહીં જ રહેતા હોયને? પચાસ વર્ષ પૂર્વે મા-સાસુના દિવસો હતા; હવે વહુ-દીકરીના દિવસ છે; તેઓ હરેફરે છે અને મા-સાસુઓ ઘર સંભાળે છે. સમય સમયની બલિહારી છે!

ગરબા તો ગુજરાતણના. ભાદરવા સુદ જાણે ગરબાની મોસમ. અને ભાદરવા સુદ ચૌદશ ગરબાચૌદશના નામથી સુરતમાં તો ઓળખાતી. દરેક મહોલ્લા કે શેરીમાં કોઈ શ્રીમંત કે શોખીન ઘરવાળાને ત્યાં ગરબાનો પ્રબંધ થતો. રસ્તામાં જ એકાદ કિટસન લાઈટ (પેટ્રોમેક્સ) ગોઠવી દઈ, આસપાસ સગાં-વહાલાં પડોશની સ્ત્રીઓ અને બાળાઓ ગોળ-ફરી વળતી અને સાદાસહેલા ગરબા ગાતી. પુરુષ વર્ગ એટલે સાદડી પાથરી કે શેતરંજી બિછાવી ગોઠવાઈ જતો. જતાઆવતા લોકો જરા આઘે ઊભા રહેતા; ઠીક લાગે તો વધારે વખત ઊભા રહેતા અને આસ-પાસને ઓટલે બેસી જતા. ગરબા ગવડાવનાર તરફથી મોડી રાત્રે, જરા સારી અને તેના સગાસ્નેહીઓ તરફથી જરા ઠીકઠીક લહાણીઓ વહેંચાતી. બધાંને આનંદ મળતો. કોઈ કોઈ વાર ખાસ ગરબા ગવડાવનારીને બોલાવવામાં આવતી અને એ બાબતની વગર દાંડી પીટયે શહેરમાં કોણ જાણે કેમ ખબર પડી જતી; અને રાત્રે દશેક વાગ્યા પછી યુવાન કે આધેડ શોખીનોની ઠઠ તે ગરબા આગળ જામતી. સુરતમાં કંસારી-ઓનો ગરબો વખણાતો. પણ રાધા નામની એક બાઈએ ગરબા ગવડાવવામાં ઘણું નામ મેળવ્યું. 'આજે રાધાના ગરબા છે' એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખબર શોખીનોમાં અજબ ઉત્સાહ પ્રેરતી.

પ્રથમ યુગમાં–

'મ્હોલે પધારો મહારાજ,
મણિધર મહોલે પધારો.'

કે 'વહેલા ઉઘાડોને દ્વાર, સુદેવંત,
વહેલા ઉઘાડો.'

કે 'હાંરે પ્યારી રાધે, જો પેલો નંદકુમાર.'

કે 'શીખ દે છે સાસુજી રે.'

કે 'ગરબે રમવાને ગોરી તીસર્યાં રે લોલ.'

કે 'રાણી વિકટોરિયાનો બાગ,
ત્યાં તો જોવાનો છે લાગ.'

કે 'સારું સારું રે સુરત શહેર, મુંબઈ અલબેલી.'

જેવા ગરબા ગવાતા. રાધાયુગમાં તેમાં ફેરફાર થયો. નાટક કંપનીઓએ ગરબાની પ્રથા શરૂ કરી. દરેક નાટકમાં એકએક ગરબો આવવાજ માંડ્યો. તે ગરબાઓ હવે ગવાવા લાગ્યા:

'પૂનમ ચાંદની પૂરી ખીલી રહી છે'

કે 'વટસાવિત્રી વ્રત આજ, પુરણ કરીએ રે.'

કે 'નટવર વસંત થૈથૈ નાચી રહ્યો'

કે 'ઊગ્યો સખી સૃષ્ટિનો શૃંગાર હાર.'

એવા ગરબા પ્રિય થયા. પણ રાધાએ કૃષ્ણને લગતા ગરબા પણ ઉત્તેજીત રાખ્યા.

'જગાવે જશોદા મૈયા, નંદના કુંવર જાગો.'

એ ગરબાના મધુર ધ્વનિ હજી યાદ આવે છે. રાધાની સાસુ ઇચ્છા વડોદરામાં ઘણી પંકાયેલી હતી. તેને પણ ખાસ સુરત બોલાવવામાં આવતી. ઇચ્છાનો ગરબો એ એક અનેરો લહાવો ગણાતો. એ પછી મહાકવિ ન્હાનાલાલના 'નાનાનાના રાસ' ચાલ્યા. વાંકાનેર નાટક કંપનીના 'જગતસિંહ'ના ગરબામાં જરાતરા ફેરફાર કરેલ–

'ઝીણા ઝરમર વરસે મેહ, ભીંજે મારી ચૂંદલડી'

અને 'ઉમાદેવડી'ના–

'રૂડી રઢિયાળી રાત, હા ચાલો ને ચતુરા
રમવા ચોકમાં.'

નું રૂપાંતર 'રૂપલા રાતલડીમાં' વગેરે પ્રિય થઈ પડ્યાં. રાધા–ઇચ્છા પછી રાધાની પુત્રી સોનાનો વારો આવ્યો. પણ તે કાંઈ ઝાઝો ટક્યો નહીં અને લગ્નમાં વિરમ્યો.

આવા ઘેરઘેર, મહોલ્લેમહોલ્લે, પોળેપોળે અને મુંબઈમાં ચાલીએચાલીએ ગવાતા ગરબાઓ નિસ્તેજ થયા–નીકળી ગયા છે. તેનું સ્થાન કન્યાશાળાઓના વ્યવસ્થિત ગરબાઓએ લીધું. શાળાઓમાં અને વિદ્યાપીઠોમાં જેમ ક્રિકેટ ઈલેવનો કેળવવામાં આવે છે તેમ કન્યાશાળાઓમાં ગરબા મંડળીઓ ગોઠવાવા માંડી અને છ માસિક કે વાર્ષિક સંમેલનોમાં વ્યવસ્થિત ગરબાઓ ગવાવા માંડ્યા. મહોલ્લાના ગરબામાં ગવડાવનારી ગવડાવે, પણ ઝીલનારીઓ બરાબર ઝીલે નહીં અને હસાહસ થઈ રહે. આ તો પહેલેથી તૈયાર કરેલા ગરબા, એ જ ગવડાવનારી અને એ જ ઝીલનારીઓ. બધી જ રીતસર કામ કરે અને રસ્તામાં નહીં પણ શાળાના હોલમાં કે ચોગાનમાં. પ્રેક્ષકો ખુશખુશ થઈ જતા, ગરબાની વાહવાહ બોલાતી. કન્યાશાળાની ગરબાપાર્ટીઓ કોઈકોઈ ગૃહસ્થોને ઘેર પણ લગ્ન–વિવાહ પ્રસંગે જવા લાગી; તેની શોભામાં વૃદ્ધિ કરતી; શાળાના ફંડમાં કાંઈ ભરતી કરાવતી; સારી લહાણી અને ચાપાણી પામતી. પહેલાં તો ગરબામાં મીઠુંમીઠું ગાવાનું, ગોળગોળ ફરવાનું અને તાળીઓથી તાલ આપવાનું હતું. પણ પછી ગાવાની સાથે હાવભાવની પ્રથા શરૂ થઈ. કોઈકોઈ વખતે તાળીને બદલે દાંડિયા લેવાતા, દોરડાં ગૂંથવાનું–ગોફ થતું અને ગરબે રમવાને બદલે, ગરબે ઘૂમવાનું શરૂ થયું. ગરબાને બદલે ગરબાનૃત્ય આવ્યું. છેલ્લાં પંદર–વીસ વર્ષોમાં અનેક સંસ્થાઓમાં ગરબાનૃત્ય એ એક વાર્ષિક કાર્યક્રમ મનાયો છે. જ્ઞાતિમંડળો, હાઉસિંગ સોસાયટીઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમંડળો, મહોલ્લા–સમાજો, ભગિનીમંદિરો વગેરે સંસ્થાઓમાં નવરાત્રિ ગરબાની મોસમ તરીકે સ્વકારાઈ અને નવરાત્રમાં અને એની આગળપાછળના દિવસોમાં ગવાયું.

'તાળીઓના તાલે, ગોરી ગરબે ઘૂમી જાય રે,
આવી પૂનમની રાત.'

પૂનમની રાત તો કોણ જાણે! વીજળિક રોશનીના જમાનામાં અમાસ પણ પૂનમ બની શકે છે; અને વળી લાલ, લીલાં, પીળાં, ભૂરાં પ્રકાશકિરણો નાખવાની ધૂનમાં બિચારા ચાંદામામા ગરબાના શબ્દ–માર્ગમાં જ દેખાવ દઈ શકે છે. હવેના ગરબામાં મીરાંબાઈના, નાટકોના, કવિઓના ગરબા અદશ્ય થયા જણાય છે. મંડળેમંડળે કવિઓ પાકે છે અને નવાનવા ગરબાના રાગ ઉપજાવાય છે. તેના શબ્દો કોઈને યાદ રહેતા નથી; મધુર રાગના ભણકારા શ્રોતાજનો ઉપર પડતા નથી; અને પ્રેક્ષકોને પણ એકસરખા પણ ચિત્રવિચિત્ર પહેરવેશ, હાવભાવ, ઘૂમાઘૂમ અને ધમાધમ; લાલ, લીલા પ્રકાશના ફેરફાર એ સઘળું વધારે આકર્ષક નીવડવાથી સંગીતનું માધુર્ય લુપ્ત થઈ ગયું છે. સમાજમાં બેત્રણ નવા સુંદર ગરબાઓ દર વર્ષે સર્જાય અને લોકપ્રિય થાય એ ભાવના જ દેખાતી નથી.

કેટલાક ગરબામાં તો ગાવાનું કામ એક ખૂણામાં હારમોનિયમ, સારંગી કે દીલરુબા-તખલાવાળાઓ સાથે બેઠેલી બે ત્રણ કોકિલ-સ્વરી બાળાઓ કરે છે અને ગરબે ઘૂમનારીઓ ગાવાનું જ માંડી વાળે છે. આપણા ગુજરાતના ગરબા સુધર્યા કે કેમ તે મને તો સમજ પડતી નથી!

સરકાર તરફથી કે કોઈ શ્રીમંત તરફથી ફોડાતી આતશબાજી જોવાથી આનંદ મળે તો ખરો, પરંતુ દિવાળીના તહેવારોમાં આપણા પોતાના અને પાડોશના છોકરાઓ લવિંગિયાની લૂમ અને છૂટાછૂટા ફટાકા ફોડે, હવાઈ ઓ છોડે, કોઠી, કોડિયાં કે લાલ-લીલી કનકતારા સળગાવે તેનો આનંદ નિરાળો જ છે. તેવી જ રીતે ગરબામાં કેળવાયેલી બાળાઓના વ્યવસ્થિત ગરબા બેત્રણ કલાક જોવા તો મીઠા તો લાગે; પરંતુ ઘરના અને આડોશપડોશના શ્રીમંડળના ગરબા ઘેર-ઘેર, મહોલ્લેમહોલ્લે ગવડાવવાનો આનંદ અનેરો જ છે. કોઈ પણ બાબતમાં કળા-કૌશલ્ય અને નિષ્ણાતપણું ઘણું સન્માનનીય છે; પરંતુ તેથી સામાન્ય જનતાના સામુદાયિક મજા–આનંદ વિસારવા કે વિદારવા ઉચિત નથી લાગતું. હાલ તો સમાજના મજા-આનંદ ગયાં; ભલે કળા વધી હોય!

કેટલાંક વર્ષો થયાં, બાળાઓના ગરબાને સ્થાને કે તે ઉપરાંત યુવક–યુવતીના મિશ્ર રાસ રમવાની પ્રથા શરૂ થઈ છે. રાસ કાંઈ અંગ્રેજી બૉલ ડેન્સ નથી, તેની માફક પારકા સ્ત્રી–પુરુષોનાં યુગલો લીસી પાટિયાની જમીન ઉપર તાલબદ્ધ સરતાં નથી. યુવક–યુવતીઓ દાંડિયે રમે, ગોળગોળ ફરે અને ગીત ગાતાં જાય.

'ગામડાની ગોરી,
તું આવ ઓરી ઓરી, રાસે રમીએ રે.'

કોઈ એક નાનો છોકરો કૃષ્ણ બની જાય; અને પગને આંટી ભેરવી બંસી મોઢે લગાડી વગાડવાનો ઢોંગ કરી, ટોળીની વચમાં એક ઓટલી ઉપર ઊભો રહે, એટલે શ્રીકૃષ્ણ–ગોપીના વૃંદાવનના રાસનો ભાસ થાય. આ રીતે થતા યુવકયુવતીઓના સમાગમ કેટલાક વડીલોને ઠીક ન લાગવાથી કેટલાક રાસોમાં બધી જ બાળાઓ હોય, પણ દેખાવ સ્ત્રી-પુરુષનો આવતો. આવા કૃત્રિમ રાસમાં શું આનંદ આવતો હશે? રાસમાં ભાઈઓ ને બહેનોની વચમાં એકાંતરે ઘૂસી પારકાની બહેનોની વચમાં શું આનંદ જઈ જાહેરમાં ધમાધમ કરવામાં શું આનંદ મળતો હશે? યુવકોને કૃષ્ણરૂપ બનવાનું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે સમજ્યા, પણ ગોપી બનવામાં બાળાઓને કે ગોપી બનવા દેવામાં તેનાં વડીલોને શી મજા મળતી હશે તે કાંઈ સમજાતું નથી. પરંતુ આ સ્ત્રી-સમાનતાના-સ્ત્રી-આઝાદીના યુગમાં કોણ બોલી શકે?

પચાસ વર્ષ પૂર્વે નૃત્યકળા ધંધાદારી બાઈઓમાં જ સમાઈ જતી. કોઈ શ્રીમંત પોતાનાં પુત્રપુત્રીના લગ્નપ્રસંગે 'નાચ-મિજલસ' કરતા અને તે માટે કોઈ જાણીતી ગાનારી, નાચનારીને બોલાવવામાં આવતી. આમંત્રિત ગૃહસ્થો આવે ત્યારે બહાર રાખેલું 'રજાક'નું કે 'મિયાં'નું બેન્ડ આવકાર આપતું અને શેઠ કે તેનાં પુત્ર-પુત્રાદિ તેમનું સ્વાગત કરી મંડપમાં તેડી જઈ આસન આપતાં. જગ્યા ઓછી અને લોકો વધારે એટલે બધા બેસી રહે અને સંગીત કે નૃત્યનો આનંદ લે તે કાંઈ બને નહીં. દસબાર મિનિટ થાય એટલે ઘરનો માણસ આવી કલગી આપે. પાનનાં વરખ-વાળાં બીડાં આપે, ગુલાબજળ છાંટે એટલે તે ગૃહસ્થો ઊઠવા માંડે અને વિદાય થાય; એમ આવજા થતી. થોડાંક ખાસ સગાં-સ્નેહીઓ અથવા ખાસ શોખીનો ચિટકાઈને બેસી રહેતા અને મોડી રાત્રે જ્યારે સંગીત અને નૃત્ય જામે ત્યારે તેનો લાભ મેળવતા. સંગીત-નિષ્ણાતોનાં ખાસ ફરમાનથી અમુક રાગ ગવાતા અને કોઈ ગાયન બહુ મીઠું લાગવાથી બહુ લોકપ્રિય થઈ જતું. એવી એક મિજલસમાં મિસ અચ્છનનું—

'બલિહારી રસિયા ગિરધારી,
સુંદરશ્યામ હો તજી અમને,
મથુરાના વાસી...અમને રે.'

—ભજન તો શહેરમાં બહુ જાણીતું થઈ પડેલું. નાચ-મિજલસ જરા બીભત્સ જણાવા લાગ્યાં અને તેને બદલે હરિકથાની અજમાયશ થઈ; પરંતુ તે આકર્ષણ તરીકે નિષ્ફળ નીવડી. હવે છેલ્લાં વીસ-પચીસ વર્ષ થયાં ગુજરાતીઓએ નૃત્યકળાને આવકારી છે. સારેસારે ઘેર, નાનીનાની બાળાઓ નાચતાં શીખે છે અને અનેક સંમેલનોના પ્રસંગે પોતાનું કળાકૌશલ્ય દાખવે છે. ઉદયશંકરથી નૃત્યકળાનો ઉદય થયો અને નૃત્યપ્રવાહ ચાલ્યો. શિવભીલડી સંવાદ કે 'મૈં તો દિલ્હી સે દુલહન લાયા રે, બાબુજી!' એવાં કંઈક નાચ-ગીતો ચાલવા લાગ્યાં. પતંગ-નૃત્ય, મહુવર નૃત્ય, એવા કંઈક જુદાજુદા અભિનય દાખવતા નાચો વખણાયા.

એનો પ્રથમ તો કઢંગો પહેરવેશ જુઓ. કોઈ દિવસ તેવો પહેરવેશ પહેરીને ઘરની બહાર ફરવા કે સગાંસ્નેહીઓને મળવા તો જવાય જ નહીં. ઘણુંખરું બાળાની સાથે નૃત્યની જમાવટ કરવા કોઈ પુરુષની જરૂરિયાત મનાય છે. પુરુષ પણ કઢંગાં કપડાં પહેરે. ઘણાખરા શિવ બની જઈ જાણે તાંડવ નૃત્ય કરવા ઇચ્છતા હોય તેમ કઢંગો—બાવા, સાધુ, ઋષિ જેવો ડ્રેસ પહેરે. નૃત્ય તાલબદ્ધ રાખવા માટે એક ખૂણામાંથી સંગીતનાં ઝરણાં છૂટ્યાં કરે. એ સંગીતમાં કોઈ રાગરાગણીની જમાવટ ન હોય; પરંતુ એક ને એક, એક બે લીટીઓ જ ફરીફરીને વાગ્યા કરે. નૃત્ય હાથ પગનાં હલનચલનથી શરૂ થઈ, પાછળથી જોશ પકડી ધમાધમ પર ચડે છે અને ઊંચા સ્વરધ્વનિએ એકદમ વિરમે છે; એટલે પ્રેક્ષક-વર્ગ મોહમુગ્ધ થઈ ગયો હોય તે હવે મોહમુક્ત થઈ તાળીઓના અવાજે પોતાની પ્રશંસા પ્રદર્શિત કરે છે. નૃત્ય સારી કળા છે, એમાં તો બે મત હોઈ શકે જ નહીં. નૃત્યકારને અંગકસરત ઘણી જ સારી મળે છે અને શરીરના દરેક ભાગ બરાબર કેળવાય છે. પ્રેક્ષકોને એક અનુપમ દૃશ્ય જોવાનો આનંદ મળે છે. ફક્ત સંદેહ ઊઠે છે એટલો, કે બધી લલિત કળાઓ સીવવાનું, ભરવાનું, સાથિયા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગોળી પૂરવાનું, ચિત્રકામ કરવાનું, ગાવાનું-સ્ત્રીઓને મોટી ઉંમરે પણ કામમાં આવે છે. નૃત્ય તો કુમારી બાળાઓ માટે જ જણાય છે. લગ્ન થયાં કે નાચવાનું બંધ. કોઈ ધણી પોતાની વહુને જાહેરમાં નૃત્ય કરવા દેતો હોય એવું ખાસ જોયું કે સાંભળ્યું નથી. તો પછી જે કળાનો લોપ લગ્ન થતાં જ થવાનો છે, જે કળા પતિને ગમતી નથી, તે કળાને પિતા શું કામ ઉત્તેજન આપતો હશે?

ગઈ સદીની આખરમાં ભવાઈ એ માલવગરની અને બીભત્સ જણાઈ; એની જગ્યા નાટકોએ લીધી. નાટક મંડળીઓ જન્મી. ગાજી-ગજાવી બોલતાં ચિત્રપટો આવતાં તે ઠંડી પડી ગઈ એટલે નાટકનો ઇતિહાસ લગભગ પચાસ વર્ષમાં જ સમાઈ જાય છે. અમદાવાદની ઉત્તરે મહેસાણા બાજુના નાયકડા, ભવૈયા, તરગાળામાં તેમ જ કાઠિયાવાડમાં નાટ્યકળા વધારે જોવામાં આવે છે. ગુજરાતની પહેલી મંડળીઓમાં 'મોરબી' અને 'વાંકાનેર' મંડળીઓ જામી. હમણાં-હમણાં 'પાલીતાણા મંડળો' પણ ચાલે છે. આ મંડળીઓ અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત વગેરે શહેરોમાં ફરતી અને મુંબઈમાં પણ દેખા દેતી. પરંતુ મુંબઈની ખાસ મંડળી તો 'મુંબઈ ગુજરાતી' અને તે 'ગેયટી થિયેટર' (હાલનું કેપિટોલ)માં કામ કરતી. અઠવાડિયાના કામકાજથી પરવારી લોકો ખેલ જોવા જઈ શકે માટે શનિવારે રાત્રે ખેલ થતા. પણ મુંબઈની પ્રજાને આવા ખેલો જોવા માટે ઉજાગરા કરવા પડે (બીજી બાબતમાં હરકત નહીં!) તે ગમ્યું નહીં, અને રવિવારે બપોરે પણ નાટકો થવા લાગ્યાં! સુરતના લોકો જરા મોજીલા, એટલે ત્યાંના રણછોડ આમલીખાઉએ પણ નાટક મંડળી કાઢેલી, તે પણ ઠીકઠીક જામી. અમદાવાદમાં એક શાળાશિક્ષક-ડાહ્યાભાઈ ધોળશાએ 'દેશી નાટક સમાજ' કાઢી. એ મંડળી ઘણી સારી ચાલી અને હજી પણ મુંબઈમાં ભાંગવાડીમાં તે ચલાવે રાખે છે. પારસીઓએ પણ ઠીક ફાળો આપ્યો. બાલીવાળા અને કાઉ-ખટાઉએ કંપનીઓ કાઢી અને ગ્રાન્ટ રોડ બાજુ 'પીલ હાઉસ' (પ્લેહાઉસ) આગળ ઉર્દૂમાં ખેલ ભજવતા. પાછળથી 'દેશી'ના બેએક ફાંટા રૂપે નકુભાઈની 'આર્યનૈતિક' અને વાડીલાલની 'લક્ષ્મીકાંત' સારી પ્રખ્યાતિ પામી. આ બધી મંડળીઓ હાલ નિસ્તેજ થઈ ગઈ છે.

શરૂઆતમાં નાટકો સસ્તાં હતાં, હવે મોંઘાં થયાં છે. ચારઆનાની પીટ કલાસ ગઈ, દોઢ રૂપિયાની ઓરચેસ્ટ્રા પાંચ રૂપિયાની થઈ ગઈ. પહેલાં બારતેર વર્ષના છોકરા સ્ત્રી-પાર્ટ લેતા અને એવું સરસ ગાતા કે હજી તેના ભણકારા કાનમાં રમે છે. હવે ઘણેભાગે મુખ્ય સ્ત્રી-પાત્રો સ્ત્રીઓ જ હોય છે, અને ચાળીશ પચાસ વર્ષની બૈરીઓ મેક-અપ-ટાપટીપ કરી વીસ વર્ષની હોય એવો દેખાવ કરવાનાં ફાંફાં મારે છે. પહેલાં રાતના સાડા નવથી તે ત્રણેક વાગ્યા સુધી નાટક ચાલે. જો કે અપવાદ રૂપે રણછોડ આમલીખાઉનો 'ગુલ-બંકાવલી' છેક સવારના સાડા છ વાગ્યા સુધી ચાલેલો મને યાદ છે. નાટક જોઈ પાછા ફર્યા, ત્યારે મહોલ્લામાં લોકો ઓટલે બેસી દાતણ કરતા હતા. જાણે અમે સવારે ફરવા જઈ આવી ઘેર પાછા આવતા હોઈએ એવો અમારે ઢોંગ કરવો પડેલો. હવેનાં નાટક એક વાગ્યે ખલાસ અને એ પણ જાણે લાંબુ લાગતું હોય તેમ દ્વિ-અંકી નાટકો પણ આવવા માંડયાં છે.

જૂના વખતનાં નાટક જેવાં હાલનાં નથી; જો કે કોઈ કોઈ ખેલો સારા હોય છે. હરિશ્ચન્દ્ર, ભરથરી, ચંદ્રહાસ તથા વીણાવેલી જનતામાં બહુ જ પ્રિય થયેલાં. કોઈ કોઈ અભિનયકારો સારા હોય છે, પણ જૂના વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના ઍક્ટરો ઘણી સારી છાપ પાડી ગયા છે. રાજાના પાર્ટમાં મૂળજી આશારામ ઓઝાએ નામ મેળવેલું અને 'ભરથરી' તરીકે બહુ જ પંકાયલા. પ્રૌઢાના પાત્રમાં જેઠિયો, માસ્તર લલ્લુ, માસ્તર ત્રિકમની વાહવાહ પોકારાતી. મીઠા મધુર કંઠે ગાનાર નાયિકા તરીકે મોરબીના ચીમનિયો અને લાલો, અને દેશીનો હિંમત બહુ જ વખણાયેલા. નાયક-નાયિકાની અપ્રતિમ જોડી તો મુંબઈ ગુજરાતીના 'બાપુડીઓ' અને 'સુંદરી'ની જ. સુપાત્ર તરીકે શનિ માસ્તરે, દુષ્ટપાત્ર તરીકે મોહનલાલાએ અને મોજિલા દારૂડિયા રાજા તરીકે અશરફખાને ઘણી પ્રસિદ્ધિ મેળવી. ભક્તિરસમાં 'નરસિંહ મહેતા' તરીકે 'વાંકાનેર'નો નાનો ત્ર્યંબક અજોડ ગણાયો. ઊર્મિક પાત્રોમાં બાલીવાળો, મૂળચંદ મામો, વિઠ્ઠલદાસ અને 'જીવેલા' (શિવલાલ) બહુ હસાવતા. અને 'દેશી'ના 'કપાતર' અને 'કાઠિયાવાડી કબૂતર'ની જોડી 'ભારી બેડાં ને હું તો નાજુકડી નાર' વખતે સારી જામતી.

હાલ નાટકમાં નથી જોશ કે દોર. પાંડુરોગથી જાણે પીડાતાં હોય તેવાં નિર્જીવ થઈ ગયેલાં લાગે છે.

હવે નાટકનું સ્થાન સિનેમાએ લીધું છે. નાટક અઠવાડિયામાં ત્રણચાર વાર જ; સિનેમા દરરોજ ત્રણ વાર. નાટક મોઘું, સિનેમા સસ્તું. નાટક લાંબુ, સિનેમા ટૂંકું નાટકનાં દૃશ્યો માત્ર ભાસ કરાવનારાં, માત્ર પડદા સાઈડિંગ ઉપર ચીતરેલા, સિનેમાનાં દૃશ્યો ભવ્ય અને ખરાં. નાટક જીવતાં-જાગતાં પાત્રોનું કામ, સિનેમા માત્ર ચિત્રોનું ધામ. નાટકના તખતા ઉપર નાયિકા આપણી સામે જ આવી ને ગાય, સિનેમામાં ગાતી દેખાય, ખરેખરી તો કોઈ બીજી જ ગાતી હોય. નાટકમાં અજવાળું, સિનેમામાં અંધારું. અંધારામાં ત્રણેક કલાક બેસીને ખેંચીખેંચીને આંખે ટગરટગર જોયા કરતો પ્રેક્ષક જરા થાકેલો, કંટાળેલો, નિસ્તેજ, જરા બાઘા જેવો બહાર નીકળે, નાટકમાં તેમ નહિ. નાટક જીવંત પાત્રોની રમત, સિનેમા છાયાચિત્રની ગમ્મત છે.

સિનેમા હાલ તો ઘર ઘાલી બેઠું છે. નાટક જોવું બહુ સારું ગણાતું નહિ. મહિને બે મહિને વડીલો નાટક જોવાની છૂટ આપતા. નાટકનું ચેટક લાગવા દેતા નહિ, પણ સિનેમા તો અઠવાડિયામાં એક બે તો જોવાં જ જોઈએ એમ માનનારાની સંખ્યા વધતી જ જાય છે. વડીલો પોતે જ એ મોહમાં તણાતા હોય તો સંતાનને વારે જ શાના? અને વારે, તોપણ આજના યુવાનો ગાંઠે શેના?

અમારી જૂની આંખે એટલું જણાય છે કે નાટક-સિનેમા ઠીક છે. જરા થોડાંથોડા ઠીક. વધારેમાં સાર નહિ. નિવૃત્તિના આનંદ સાધન ને પ્રગતિના બાધક બનવા દેવામાં શાણપણ શું? રસના ટુચકા જ હોય; કાંઈ હાંડા ભરીને પિવાય?

★

સર વૉલ્ટર રૅલેને કોકે પૂછ્યું:
'તમે આટલું બધું કામ આટલા થોડા જ વખતમાં કેવી રીતે કરી નાખો છો?'
ઉત્તર મળ્યો:
'મારે જે કંઈ કરવાનું આવે છે તે હું તે જ સમયે કરી નાખું છું!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગધર્મ

લેખક :
સ્વામીશ્રી અદ્વૈતાનંદજી

આધુનિક સમયમાં વૈજ્ઞાનિક સંશોધનથી પ્રાપ્ત થયેલા કુદરતની શક્તિઓ ઉપર-ના વર્ચસ્વને લીધે જગત અખંડ અને એકાકાર બન્યું છે. અત્યારે દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી અમુક કલાકોમાં જ જઈ શકાય છે. આર્થિક દૃષ્ટિએ સર્વ દેશો અન્યોન્યાશ્રયી થયા છે. રાજકીય ક્ષેત્રમાં પણ એક વિશ્વરાજ્યની સ્થાપનાનો વિચાર સમાજ-ના માનસમાં ઉદ્‌ભવ્યો છે, અને બે મુખ્ય વિચારશ્રેણીઓ–લોકશાહીવાદ અને સામ્યવાદ વચ્ચેના સંઘર્ષણને લીધે જોકે હજીસુધી તેને મૂર્ત સ્વરૂપ આપી શકાયું નથી; તોપણ આપણે એટલું તો ચોક્કસ કહી શકીએ એમ છીએ કે આખરે વિશ્વ માટે એક સમવાય તંત્રની સ્થાપના અનિવાર્ય બની રહી છે. ગત બે યુદ્ધોના પરિણામોમાંથી બોધપાઠ લઈને જો માનવ–માનસમાં હાલની જટિલ સમસ્યાઓનો ઉકેલ નિખાલસ વિચારવિનિ-મયથી અને શાંતિથી કરવાની ઇચ્છા પ્રબળ થશે તો બધા પ્રશ્નોનું નિરાકરણ સુલેહસંપથી થવાનો સંભવ છે, નહિ તો એક તુમુલ અથ-ડામણની પણ સંભાવના રહે છે. ગમે તે રસ્તે, છેવટે વિશ્વસંઘની રચના થશે જ અને ત્યારે જ શાંતિ સ્થપાશે એ વાત તો નિશ્ચિત છે. અને આ ભાવનાનો સર્વ પ્રજાઓના બુદ્ધિશાળી વર્ગમાં સ્વીકાર થવા માંડ્યો છે એ ભવિષ્યનું એક શુભ ચિહ્ન છે.

બાહ્ય ક્ષેત્રમાં એક થવાથી મેળવેલી શાંતિ ચિરસ્થાયી નીવડશે એવું ચોક્કસપણે કહી શકાય નહિ. બહારની પરિસ્થિતિ આંતરિક માનસનું પ્રતિબિંબ છે; તેથી, જ્યાંસુધી ભિન્નભિન્ન પ્રજાઓનાં હૃદયમાં ખરો પલટો થાય નહિ, જ્યાંસુધી ભ્રાતૃભાવ, સહિષ્ણુતા, સહકારની ભાવનાઓ દૃઢ થાય નહિ, ત્યાં-સુધી બહારની એકતાનો પાયો કાચો જ રહેવાનો; તેથી જ હાલના પ્રૌઢ ચિંતકો રાજકીય અને આર્થિક વિકાસની સાથેસાથે અંદરના ઉત્કર્ષની જરૂરિયાત ઉપર પણ ખાસ ભાર મૂકે છે.

પરિસ્થતિથી મનુષ્યનું ઘડતર થાય છે એ જડવાદનો સિદ્ધાંત છે. મનુષ્ય ચેતન-સ્વરૂપ હોવાથી પોતાની અંદરની પ્રગતિ અનુસાર સંજોગોમાં ફેરફાર કરી શકે છે. વાતાવરણને અનુકૂળ કે પ્રતિકૂળ બનાવવું એ મનુષ્યને આધીન છે, એ આધ્યાત્મિક-વાદની માન્યતા છે. મનુષ્યથી ઊતરતી કોટિ-નાં પ્રાણીઓ, જેમાં બુદ્ધિતત્ત્વનો આવિ-ર્ભાવ થયો નથી, તેઓનો વિકાસ કુદરતની ઇચ્છાનુસાર થયા કરે છે અને તેની ગતિ પણ અતિ મંદ હોય છે. પરંતુ સત્યાસત્યનો વિવેક કરવાની શક્તિ સંપાદન કર્યા પછી મનુષ્ય પોતાની ઉન્નતિ ઝડપી બનાવી શકે છે અને વાતાવરણનું પોતાની ભાવનાને અનુરૂપ સર્જન કરી શકે છે. આ સત્યની ઝાંખી થવાથી માનવસંસ્કૃતિની રચના નવીન પાયા ઉપર કરવાની આવશ્યકતા ઘણાને જણાવા લાગી છે.

પ્રત્યેક સંસ્કૃતિને ત્રણ અંગો હોય છે. ધર્મ અને તત્ત્વજ્ઞાન તેનું અંતરંગ છે. આત્મા છે. સંસ્કૃતિની જીવનદૃષ્ટિ આનાથી નક્કી થાય છે, સાહિત્ય અને કળા સંસ્કૃતિ-નાં સૂક્ષ્મ શરીર છે. સંસ્કૃતિનું લક્ષ્ય અને તેને મેળવવાનાં સાધનો જનતાના મનમાં દૃઢ કરવામાં આ અંગ ઉપકારક થાય છે. રાજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીય, આર્થિક, સામાજિક વ્યવસ્થા સંસ્કૃતિનું આ સ્થૂળ શરીર છે. આ વિભાગ પણ સર્વાંગી ખિલવણી માટે સુદઢ અને વૃદ્ધિપોષક હોવો જ જોઈએ.

માનવસંસ્કૃતિના સામાન્ય રીતે બે વિભાગો પાડી શકાય: આધ્યાત્મિક અને અને આધિભૌતિક. જગતના નામરૂપાત્મક પદાર્થોની પાછળ એક શાશ્વત, અચળ તત્ત્વ છે; તે જ તેની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ છે. સમુદ્રના તરંગોની માફક જીવ પણ પરમાત્માનો જ આવિર્ભાવ છે. આ તત્વજ્ઞાન આનંદ અને શક્તિસ્વરૂપ છે; મન, બુદ્ધિથી પર છે, દુર્જ્ઞેય છે, પણ અજ્ઞેય નથી. અનુભવગમ્ય છે. આની અનુભૂતિ કરવી એ જ મનુષ્યનું અંતિમ ધ્યેય છે. આનું અપરોક્ષ જ્ઞાન મેળવ્યા વિના પરમાનંદની પ્રાપ્તિ શક્ય નથી. બુદ્ધિનો, હૃદયનો, તપ:શક્તિનો, સાહિત્ય, કળા અને સમાજના બાહ્યાંગોનો વિકાસ આવશ્યક ખરો, પણ આ આદર્શની સિદ્ધિ માટે જ! આ પરમ સાધ્યમાં નિષ્ઠા બંધાયા બાદ વ્યક્તિગત અને સામૂહિક જીવન તેનો પ્રાદુર્ભાવ કરવાનું કારણ બને છે; આ આધ્યાત્મિક સંસ્કૃતિનો આશય છે.

આધિભૌતિક સંસ્કૃતિમાં આત્મા પરત્માને સ્થાન નથી. બુદ્ધિની પર રહેલા અનંત તત્ત્વના અસ્તિત્વનો તે સ્વીકાર કરતી નથી (નાસ્તિકવાદ) અને એવું તત્ત્વ હોય તોપણ તે અજ્ઞેય છે (અજ્ઞેયવાદ) એવી તેની માન્યતા છે. તેથી આ સંસ્કૃતિના અનુયાયીઓનું દષ્ટિબિંદુ ઐહિક ક્ષેત્રમાં જ કેન્દ્રિત થયેલું હોય છે. આ દુનિયાને સ્વર્ગ બનાવીને તેમાં જ રચ્યાપચ્યા રહેવામાં તેઓ માને છે.

અર્વાચીન સમયમાં મુદ્દાનો પ્રશ્ન એ છે કે સંસ્કૃતિનું નેતૃત્વ અર્થપરાયણ અને

૨

વાત્સવવાદીઓના હાથમાં રહેવા દેવું કે આધ્યાત્મિક અને આત્મપરાયણ માનસના હાથમાં ?

એશિયા અને યુરોપમાં, પૂર્વ અને પશ્ચિમમાં માનવજાતિના બે મોટા સમૂહો રહે છે. મનુષ્ય માત્રમાં એક પ્રકારની સમાનતા રહેલી છે. સર્વ મનુષ્યો માટે એક જ પ્રકારનું ભાવિ નિર્માણ થયેલું છે, પૂર્ણતા માટે સર્વમાં તીવ્ર ઉત્કંઠા રહેલી છે; તોપણ આપણે એટલું તો સ્વીકારવું પડશે કે આ બન્ને વિભાગો વચ્ચે ખાસ મતભેદ નહિ પણ દષ્ટિભેદ તો છે જ; સત્યની બે બાજુઓના બન્ને પરસ્પર પૂરક પ્રતિનિધિઓ છે. પૂર્વના જીવનદર્શનમાં આત્મતત્ત્વ ઉપર હમેશ વધારે ભાર મુકાયો છે. પશ્ચિમમાં બાહ્ય જીવન ઉપર દષ્ટિ વધારે પ્રમાણમાં એકાગ્ર કરવામાં આવી છે. આ ઉપરથી એમ સમજવાનું નથી કે પૂર્વ જ આધ્યાત્મિકવાદ અને ગૂઢવાદનો પ્રદેશ છે; અને પશ્ચિમ જડવાદનો. પૂર્વની પેઠે પશ્ચિમમાં પણ સંતો, ઋષિઓ, દ્રષ્ટાઓ થયા છે, અને આધ્યાત્મિક શ્રેણી સ્વીકારનારા વિચારકો પણ થયા છે, તેમ પૂર્વમાં પણ નાસ્તિકવાદીઓ, અજ્ઞેયવાદીઓ અને ભોગવિલાસી જીવનનું સમર્થન કરનારા ચિંતકો પણ થયા છે. પરંતુ બંને સમૂહોના વિચારપ્રવાહોની વિશિષ્ટતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો આપણને એટલું સ્પષ્ટ જણાઈ આવે છે કે પૂર્વનું જીવનદર્શન પ્રધાનપણે આધ્યાત્મિક અને પશ્ચિમનું આધિભૌતિક છે. અત્યારે જગતમાં જેટલા ધર્મો જીવંત છે તે સર્વનું પ્રભવસ્થાન પૂર્વ છે. સૌનો જન્મ હિંદ, ઈરાન કે પેલેસ્ટાઈનમાં થયો છે.

પશ્ચિમનું માનસ મુખ્યત્વે કરીને તર્કવાદી, નીતિપરાયણ, ગૂઢવાદને વિષે અણગમો ધરાવનારું અને વ્યવહારદક્ષી છે. પૂર્વનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસ આંતરજીવન અને ધ્યાનયોગ તરફ વધારે વળે છે. પૂર્વમાં ધર્મનો અર્થ આત્માનું અપરોક્ષ જ્ઞાન અને આત્મનિષ્ઠ જીવન થાય છે. સત્ય, શિવ, સુંદર, એવો જે પરમાત્મા સર્વત્ર વ્યાપી રહેલો છે તેની સાથે વાસ્તવિક અભેદ છે. આ અભેદનો પ્રત્યક્ષ અનુભવ કરવો એ જ સર્વ પ્રવૃત્તિઓનું લક્ષ્ય છે. તાર્કિક યુક્તિઓને આ વિષયમાં ગૌણ સ્થાન આપવામાં આવે છે. બુદ્ધિની આવશ્યકતા સત્યનું સ્વરૂપ સમજવા અને સાધનપદ્ધતિ મુકરર કરવા પૂરતી જ છે. ત્યારપછી તેને શાંત કરી સત્યનો સાક્ષાત્કાર કરવાનો છે. બ્રહ્મ અનંત છે તેથી તેની પ્રાપ્તિના માર્ગો પણ અગણિત છે. પોતાનું જીવન નિદિધ્યાસન, ધ્યાન, ઉપાસનામાં ગાળવાની તમન્ના પૂર્વના મનુષ્યોમાં વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. જેમ, સાહસ, તરવરાટવાળું જીવન તથા સક્રિય સેવાવૃત્તિ, પશ્ચિમના માનસને વધારે રુચે છે. પશ્ચિમમાં ધર્મના સામાજિક સ્વરૂપ ઉપર વધારે ધ્યાન આપવામાં આવે છે. નાગરિક તરીકે પોતાની ફરજ સારી રીતે અદા કરી શકે તેવાઓ વધારે ધર્મનિષ્ઠ ગણાય છે. મનુષ્યનું વ્યક્તિત્વ ખીલે, રાષ્ટ્રની કાર્યદક્ષતામાં વૃદ્ધિ થાય, આર્થિકદૃષ્ટિએ સર્વ સંતૃપ્ત રહે, એમાં જ જીવનસાફલ્ય રહેલું છે એમ મનાય છે. બુદ્ધિને જ ઉચ્ચતમ સ્થાન આપવાની વૃત્તિ, માનવસેવાના આદર્શો, સામાજિક સંગઠન, રાષ્ટ્રીય કાર્યશક્તિ, સતત નૂતન સર્જન કરવાની અભિલાષા—આ પશ્ચિમના જીવનદર્શનનાં ખાસ લક્ષણો છે. ગ્રીકયુગ, રોમન સામ્રાજ્યનો સમય, યુરોપની સંસ્કૃતિના પુનરુત્થાનનો સમય, અને અર્વાચીન કાળ—આ પાશ્ચાત્ય સંસ્કૃતિની અભિવૃદ્ધિનાં સીમાચિહ્નો છે. પશ્ચિમની મહાન પ્રણાલિકાઓનો પ્રવાહ આપણે આમાં રહેતો જોઈએ છીએ.

આ બંને આદર્શો એકબીજાના પૂરક છે. ઉપલક રીતે જોતાં તેમાં વિરોધ જણાય છે પણ સમ્યગ્દૃષ્ટિથી જોવામાં આવે તો તે અદૃશ્ય થઈ જાય છે. આધ્યાત્મિક અને ઐહિક વિકાસનો સહવાસ શક્ય છે એટલું જ નહિ, પણ માનવજાતિ માટે સર્વદેશીય ઉન્નતિનો આશય જ સર્વોત્તમ છે એવું અદ્યતન માનસનું મંતવ્ય છે. જેથી નિઃશ્રેયસ અભ્યુદયની પ્રાપ્તિ થાય તે જ ધર્મ, એવો અર્થશાસ્ત્રોના પ્રણેતાઓનો મત છે. ભાવિના સર્વતોમુખી જીવનદર્શનમાં આ બન્ને ભાવનાઓને અંતર્ગત કરી તેમની વચ્ચે સુમેળ સ્થાપવા તરફ જ હાલના સર્વ વિચારપ્રવાહોનો ઝોક છે.

માનવજાતિનો વિકાસ અહર્નિશ થયા જ કરે છે. વિકાસ એટલે જીવનની અંદર રહેલી ચેતનાની વ્યક્તિગત અને સામૂહિક ક્ષેત્રોની અભિવ્યક્તિ. મનુષ્ય પોતાની અંદર રહેલી ગુપ્ત ભાવનાની સિદ્ધિ માટે સતત પ્રયત્ન જાણ્યે-અજાણ્યે કર્યા જ કરે છે. માનવજાતિનો ઉત્કર્ષ વર્તુલાકાર ગતિમાં થાય છે. જેને આપણે સામાન્ય રીતે ઉન્નતિ અને અધોગતિનાં નામો આપીએ છીએ તે આ ક્રિયાનાં જ બે અંગો છે. હાલના ઐતિહાસિક યુગમાં માનવજાતિની વૃદ્ધિ યુરોપ અને એશિયાના ખંડોમાં જ કેન્દ્રિત થયેલી જોવામાં આવે છે. જ્યારે એક ખંડ અંધકારમાં ડૂબેલો જણાય છે ત્યારે બીજામાં પ્રકાશનો અને ક્રિયાશીલ જીવનનો આપણને અનુભવ થાય છે. દુનિયાના આ બે મહાન ખંડોની પ્રવૃત્તિઓમાં એક ખાસિયત સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. એશિયાનું જીવન પ્રધાનપણે અંતર્મુખી રહેલું જણાય છે અને યુરોપનું બહિર્મુખી.

આ બન્ને ભાગોમાં પરસ્પર વિચારોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે હજારો વર્ષોથી થતી આવે છે, અને આવા સમાગમથી બન્નેને લાભ થયેલો છે. સૌથી પ્રથમ પૂર્વના જ્ઞાનની અસર પાયથેગોરસ અને પ્લેટો જેવા સુપ્રસિદ્ધ પાશ્ચાત્ય તત્ત્વચિંતકો ઉપર પડી હતી. આને પરિણામે ગ્રીસ અને રોમમાં જ્વલંત બુદ્ધિપ્રધાન સંસ્કૃતિનો વિકાસ થયો. તે પછી બીજું મિલન બૌદ્ધ અને વૈષ્ણવ વિચારોનો યુરોપમાં પ્રવેશ થવાથી થયું. સૌની અસરે યુરોપમાં ખ્રિસ્તી ધર્મનું રૂપ લીધું અને આ ધર્મ યુરોપના ચિત્તને વૈરાગ્ય, ત્યાગ ને આધ્યાત્મિકતાની ભાવનાઓથી સંપૂર્ણપણે રંગી દેવાની તૈયારીમાં હતો. પણ આ ધર્મમાંથી એક નવીન સંપ્રદાય સ્થાપનાર ગ્રીકફાધરોએ અને યુરોપ ઉપર ફરી વળેલી જર્મન બર્બરતાએ આના વિશુદ્ધ સ્વરૂપને હાનિ પહોંચાડી. ઇસ્લામના અનુયાયીઓએ સ્પેન અને ભૂમધ્ય સમુદ્રના દક્ષિણ કાંઠા ઉપર ચડાઈ કરી તેને સમાગમનો ત્રીજો તબક્કો ગણી શકાય. આ આક્રમણના ફળરૂપે યુરોપમાં અર્વાચીન વિચારદષ્ટિના અને ભૌતિક વિજ્ઞાનનાં બીજ નખાયાં હતાં. હાલના સમયમાં જર્મન તત્ત્વચિંતકો દ્વારા પૂર્વની અને ખાસ કરીને હિંદની આધ્યાત્મિક ભાવનાઓના થયેલા યુરોપના પ્રવેશને આવા મિલનની ચોથી ભૂમિકા કહી શકાય. આની અસર હજી ચાલુ જ છે. બૌદ્ધ ધર્મ, થિયોસોફી, શાંકર વેદાંત, બહાઈ ધર્મ, સૂફી સંપ્રદાયનાં મંતવ્યો, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ અને વર્તમાનકાળમાં શ્રીરમણ મહર્ષિ, તથા તત્ત્વદ્રષ્ટા અને મહાન સમર્થ તત્ત્વચિંતક શ્રી અરવિંદ, આ બધાના વિચારોનો પ્રવાહ રેલાતો જ જાય છે.

પૂર્વ તથા પશ્ચિમ વિચારના તેમ જ આચારના ક્ષેત્રમાં હવે પછી એકબીજાથી અલગ રહી શકે તેમ નથી, અત્યાર સુધી જે સમાગમ થયા છે તે થોડા સમય માટે જ; પણ હવે આ મિલન સ્થાયી બન્યું છે એવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. આધુનિક સંમિશ્રણનું એક ખાસ લક્ષણ એ છે કે આમાં આપણને પ્રત્યેક સંસ્કૃતિની વિશિષ્ટતાનો અતિરેક જોવામાં આવે છે. યુરોપમાં જડવાદના પ્રભાવથી ધર્મ, તત્ત્વજ્ઞાન, ગૂઢવાદ, ચિત્તશાસ્ત્રની અવહેલના કરવામાં આવી છે અને કેવળ ભૌતિક વિકાસને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આધ્યાત્મિક અનુભવોને ચિત્તની ભ્રમણા તરીકે ગણવામાં આવે છે ને તત્ત્વજ્ઞાનને નિષ્પ્રયોજન વિચારગૂંથણી કહેવામાં આવે છે. બીજી બાજુએ પૂર્વની અંદર આધ્યાત્મિક દર્શનને જ ઉચ્ચતમ ગણીને બાહ્ય જીવનની અવગણના કરવામાં આવી છે. વ્યવહાર અને પરમાર્થ વચ્ચે અભેદ્ય દીવાલ ઊભી કરવામાં આવી છે; ચતુર્વિધ પુરુષાર્થમાંથી અર્થ અને કામને સદંતર તિલાંજલિ આપવાનો પ્રયત્ન ઘણાં સૈકાંઓથી કરવામાં આવ્યો છે. આનું પરિણામ એ આવ્યું છે કે સાધારણ જનસમાજ તમસમાં ડૂબી ગયો છે. સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ તથા હાલના જીવનસંગ્રામમાં અગ્રપદ ધારણ કરવાને જે સદ્ગુણોની આવશ્યકતા છે તે ખીલવવાની ધગશ સમાજ ખોઈ બેઠો છે. શુભ ફળ એટલું જ છે કે પૂર્વમાં આધ્યાત્મિક જ્ઞાનનો ઝરો છેક સુકાઈ ગયો નથી અને ગણ્યાગાંઠ્યા સંત મહાત્માઓ હરહમેશ સમુદાયમાંથી ઉત્પન્ન થતા આવ્યા છે.

યુરોપ અને એશિયા બન્નેના પ્રયાસો પૂરક છે, એક જ સત્યની બે બાજુઓનાં મૂર્ત પ્રતીકો છે. આ સંગમના ફળરૂપે એક નવીન અને પ્રભાવશાળી માનવજીવનનો ઉદય થશે એવાં આશાસ્પદ ચિહ્નો સ્પષ્ટ દેખાય છે. બાહ્ય જીવનમાં એકતા ઉપરાંત આંતર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઐક્ય પણ અવશ્ય સ્થપાશે એમ લાગે છે.

માનવજીવનનું લક્ષ્ય આધ્યાત્મિક ધ્યેય-ની પ્રાપ્તિ જ હોઈ શકે–પ્રકૃતિ ઉપર પૂર્ણ આધિપત્ય, સ્વરાજ્ય અને સામ્રાજ્ય–આ સત્યનો સ્વીકાર યુરોપે કરવો જ પડશે. આની અવગણના કરવાથી યુરોપ પોતાના પ્રકાશહીન જ્ઞાનભંડોળના બોજા નીચે ચગદાઈ જશે અને તેની સંસ્કૃતિનો વિનાશ થશે. યુરોપના પ્રૌઢ, અગ્રગણ્ય ચિંતકો આ વિચાર તરફ વધવા માંડ્યા છે એ પ્રોત્સાહનાત્મક લક્ષણ છે. પૂર્વમાં પણ એ સત્યનો સ્વીકાર કરવો પડશે કે નરી એકતરફી આધ્યાત્મિકતા જેમાં સમગ્ર જીવનનો સમાવેશ કરવામાં આવતો નથી, જેમાં જગત તરફ ઉદાસીનતા દાખવવામાં આવે છે; જેમાં વિચાર સ્વાતંત્ર્યને, ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં નૂતન સર્જનને, પ્રતિકૂળ પ્રણાલિકાઓ ને આચારોનો પરિત્યાગ કરવાની વૃત્તિને ઉત્તેજન અપાતું નથી, તે દૃષ્ટિ ધારણ કરનાર પ્રજામાં ઝડપથી બદલાતી પરિસ્થિતિના આઘાતોને સંતોષકારક રીતે પહોંચી વળવાની શક્તિ આવતી નથી. તેમનું મન અને શરીર નક્કર વાસ્તવિકતાઓ સાથે કામ લેવાને અસમર્થ નીવડે છે અને તે પ્રજા નિરાશા, નિષ્ક્રિયતા અને અંધકારના કૂપમાં ડૂબતી જાય છે, અને છેવટે તેનો વિનાશ થાય છે.

આ શક્યતાનો સામનો કરવા માટે માનવ-જાતિને અત્યારે યથાર્થ સમન્વયાત્મક જીવન-દર્શનની જરૂર છે. આત્મતત્ત્વના પ્રાચીન સત્યને સમાજ આગળ હાલના માનસને અનુકૂળ આવે તેવા રૂપમાં મૂકવું જોઈએ, તેમ આ આત્માના સાક્ષાત્કાર માટે યોગ્ય સાધનપદ્ધતિઓની ખિલવણી કરી તેનો પ્રચાર થવો જોઈએ, તેની સાથે બાહ્ય જીવન (રાજકીય, સામાજિક, અને આર્થિક જીવન)-ના સંપૂર્ણ ઉત્કર્ષ ઉપર પણ ખાસ ભાર મૂકવો જોઈએ. આમ કરવાથી જનસમાજના વૈયક્તિક અને સામૂહિક વિકાસને વેગ મળી-શકે, અને બાહ્યાંતર ક્ષેત્રોમાં સુમેળ સ્થાપી શકાય.

સમાજનું માનસપરિવર્તન વ્યક્તિઓ દ્વારા થાય છે; તેથી પ્રત્યેક વ્યક્તિ-જેનું લક્ષ્ય ક્ષુદ્ર નથી; પણ લોકસંગ્રહાર્થ પ્રકૃતિ દ્વારા મુક્તિનું છે તેણે આત્માનુભવનું જ લક્ષ રાખી જ્ઞાન, ભક્તિ અને કર્મના સમન્વય દ્વારા દિવ્ય જીવન પ્રાપ્ત કરવાનો સતત પ્રયત્ન કરવો જોઈએ, મન અને શરીરમાંથી સર્વ પ્રકારની અપૂર્ણતાઓ કાઢી નાખીને તેમને આત્માના જ્ઞાનનાં, આનંદનાં, શક્તિનાં કેન્દ્રો બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. આધ્યાત્મિક અને વ્યાવહારિક જીવન વચ્ચે એકરાગતા સ્થાપનાર આદર્શનો સ્વમુખે અને વિશેષ કરીને આચરણ દ્વારા પ્રચાર કરવો જોઈએ, અને એકત્વની ભાવના ઉપર રચાયેલી સમાજ રચના: જેમાં સ્પર્ધાને બદલે સહકાર-ની વૃત્તિનું અસ્તિત્વ હોય, જેમાં ઉચ્ચનીચની ભાવનાઓને સ્થાન ન હોય, જેમાં દ્રવ્યની (હાલની અક્ષમ્ય અસમાનતાને બદલે) ન્યાયી વહેંચણી હોય, જેમાં સત્તા કે ધનને નહિ પણ ચારિત્ર્યયુક્ત જ્ઞાનને પ્રથમ સ્થાન આપવાનું હોય, જેમાં સર્વને માટે ઉત્કર્ષનાં દ્વારો ખુલ્લાં હોય, તથા સર્વને માટે આમોદ-પ્રમોદનાં સાધનો હોય, એવી આદર્શ સામાજિક વ્યવસ્થાની આવશ્યકતાનો પણ સ્પષ્ટ ખ્યાલ જનતાને આપવો જોઈએ.

★

કેવડી મોટી જીવનસાધના!

અવસાનના થોડા જ સમય અગાઉ સ્વ. ડૉ. હરિપ્રસાદ દેસાઈએ સ્વજનોને કહેલું: 'મારી પાસે ધન નથી. એને બદલે વારસામાં સંસ્કાર અને ચારિત્ર્યમય જીવનનો બોધપાઠ મૂકી જાઉં છું!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીના અપ્રસિદ્ધ વાર્તાલાપ

વર્ણ અને જાતિ

નોંધનાર :

શ્રી ચંદ્રશંકર પ્રા. શુકલ

[તા. ૨-૧-૧૯૩૪. સ્થળ : કડપ્પા (આંધ્ર). હરિજનસેવકો જોડેનો વાર્તાલાપ.]

સવાલ : આજની, ઊંચનીચના ભેદવાળી, જાતિવ્યવસ્થાથી અમે અકળાયેલા છીએ. આપ એ જાતિઓને રાખવા માગો છો કે નાબૂદ કરવા માગો છો ?

ગાંધીજી : અસ્પૃશ્યતાનિવારણની હિલચાલ છેક આ પાપના મૂળ સુધી પહોંચે છે. અસ્પૃશ્યતા જશે તો આજની નાતજાતો જશે જ.

સવાલ : કેમ કરીને જશે ?

ગાંધીજી : હું અત્યારે તો અસ્પૃશ્યતાના અંતિમ રૂપ સામે, ભૂંડામાં ભૂંડા રૂપ સામે, લડી રહ્યો છું. પણ એ પાપ એક યા બીજા રૂપે આખા હિંદુ સમાજમાં વ્યાપેલું છે ને તેને કોરી રહ્યું છે. અસ્પૃશ્યતાના મૂળમાં ઊંચનીચભાવ રહેલો છે. જો આ અંતિમ રૂપ જશે તો બીજી અસ્પૃશ્યતા ગયા વિના નહિ જ રહે. જ્યાંસુધી ઊંચનીચભાવ ગયો નથી ત્યાંસુધી અસ્પૃશ્યતા ગઈ ન ગણાય.

સવાલ : ત્યારે આપ જે વર્ણનો બચાવ કરો છો તેનું શું ?

ગાંધીજી : વર્ણનો બચાવ હું જરૂર કરું છું, પણ તમારે વર્ણની મારી વ્યાખ્યા જાણવી જોઈએ. વર્ણ અને આજની જાતિઓ એની વચ્ચે આભજમીનનું અંતર છે. મારી સમજ પ્રમાણે વર્ણ એ આર્થિક નિયમ છે, અને આપણને એનું ભાન હોય કે ન હોય તોપણ એનો અમલ થયા જ કરે છે. એ નિયમને મનુષ્યજાતિ અનુસરે તો સુખી થાય. આજે એ નિયમની અવગણના થઈ રહી છે, તેથી આખા જગતમાં સમાજ છિન્નભિન્ન થઈ રહ્યો છે. વર્ણ ઊંચનીચભાવનો વિરોધી છે. વર્ણમાં ઊંચનીચભાવનો છેદ ઊડી જાય છે.

સવાલ : પણ વર્ણનો અર્થ આપ આપો છો એવો તો કોઈ આપતું નથી !

ગાંધીજી : એમ હશે, મનુષ્યના વિચારમાં વિકાસ થતો જાય તેમ શબ્દોના અર્થનો પણ વિકાસ થતો જાય છે. વર્ણવ્યવસ્થાનો સિદ્ધાંત જે વેદમંત્રમાંથી ઉદ્ભવેલો છે તે મંત્રમાં કે વર્ણ વિષેના ગીતાના શ્લોકોમાં પણ મારો અર્થ જોતાં મને મુશ્કેલી નથી આવતી. ભોજન અને વિવાહના નિયમોને વર્ણની સાથે કશો સીધો સંબંધ નથી. વર્ણનું મુખ્ય અંગ ધંધો છે.

સવાલ : તો આપ દરેક માણસને બાપનો ધંધો કરવાની ફરજ પાડશો ?

ગાંધીજી : એવો અંકુશ મારાથી કે કોઈથી ન મૂકી શકાય. વર્ણધર્મ એ કંઈ મનુષ્યકૃત નિયમ નથી કે મનુષ્યની ઇચ્છા પ્રમાણે એનો અમલ થાય કે ન થાય. મનુષ્યની સુસંસ્કૃત અવસ્થામાં એ નિયમ એને માટે સ્વભાવસિદ્ધ છે. એની તે અવગણના કરે છે તો તેને હાનિ થાય છે. એનું પાલન કરવું ન કરવું એ દરેક માણસના હાથની વાત છે. એ નિયમની શોધ હિંદુસ્તાનમાં થઈ છે; અને સૈકાંઓ સુધી ઓછાવત્તા પ્રમાણમાં નિષ્ઠાપૂર્વક અને જ્ઞાનપૂર્વક એનું પાલન થયું છે. આજે પણ સમાજનો મોટો ભાગ અજ્ઞાનમાં ને લાચારીથી એનું પાલન કરે છે. એ નિયમની નજરે બ્રાહ્મણ અને ભંગી સર્વથા સમાન છે. જે ભંગી પોતાનું નિયત કર્મ પ્રસન્ન ચિત્તે ને નિષ્ઠાપૂર્વક કરતો હોય તેના પર ભગવાન રાજી થશે; પણ કોઈ બ્રાહ્મણ ગમે તેવો વિદ્વાન હોય છતાં પોતાના ધર્મને નહિ અનુસરતો હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન એના પર નારાજ થશે. વર્ણધર્મ અનુસાર કોઈને હક નથી મળતા, કર્તવ્ય જ પ્રાપ્ત થાય છે. આ ધર્મનો સ્વીકાર ને તેનું પાલન કરવાથી જ સાચામાં સાચી લોકશાહીનો વિકાસ થઈ શકે; એટલે હું માનું છું કે વર્ણમાં તો કશો દોષ નથી. દોષ એક વર્ણને બીજા વર્ણથી ઊંચો માનવામાં રહેલો છે.

સવાલ : આપે જે વર્ણનું વર્ણન આપ્યું તેવો વર્ણ તો આપના કલ્પનામાં વસે છે. આજે સમાજમાં તો એ જ સ્થિતિ દેખાય છે કે સેંકડો જાતિઓ છે, ને દરેક જાતિ બીજી કોઈ જાતિ કરતાં ઊંચી હોવાનો દાવો કરે છે.

ગાંધીજી : દુર્ભાગ્યે એમ છે ખરું. હું તો માત્ર તમારા સવાલનો જવાબ આપું છું, ને જાતિ અને વર્ણ વચ્ચેનો ભેદ તમને સમજાવું છું. જાતિઓ મનુષ્યની કૃતિ છે; અને તે નાબૂદ થવાની છે. દિવસેદિવસે તે નાબૂદ પડતી જાય છે; મારી વ્યાખ્યાનો વર્ણ મારી કલ્પનામાં વસે છે એમ ભલે કહેવાય, એની વ્યાખ્યા કાલ્પનિક નથી. જે મન્ત્ર પર એનો આધાર છે તેમાં એ વ્યાખ્યા આપેલી છે, ને ભગવદ્ગીતામાં તે સ્પષ્ટ શબ્દોમાં આપેલી છે.

*

[તા. ૨૧-૧૧-૧૯૩૨, સ્થળ : મોરસી (વરાડ) અહીં બ્રાહ્મણ બ્રાહ્મણેતરનો ઝઘડો ભારે હતો, એટલે ગાંધીજીએ એ બીજી વાત કરી.]

ગાંધીજી : બ્રાહ્મણ બ્રાહ્મણેતર વચ્ચેનો ભેદભાવ અસ્પૃશ્યતામાંથી ઉત્પન્ન થયેલો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે ચાર વર્ણવિભાગ આપણે ત્યાં પાડ્યા છે, એનો અર્થ એવો નથી કે એક ઊંચો ને બીજો નીચો છે. ધર્મમાત્ર સેવા માટે છે, અધિકાર માટે કદી નહીં. ધર્મનો અર્થ અધિકાર નહીં પણ ફરજ છે. ફરજનો અર્થ એ છે કે એ ન કરીએ તો આ લોકમાં ને પરલોકમાં ઈશ્વર તરફથી સજા પામીશું. ધર્મની બાબતમાં અધિકારની વાત છે જ નહિ. શાસ્ત્રે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યના અધિકાર નથી બનાવ્યા, પણ ધર્મ બનાવ્યા છે. દરેક વર્ણ શી સેવા કરે એ બતાવ્યું છે. બ્રાહ્મણ એક રીતે સેવા કરે, ક્ષત્રિય બીજી રીતે કરે, પણ તેથી એક ઊંચો ને બીજો નીચો એમ કહેવું એ પાપ છે. એમાં અધિકારની વાત આવી જાય છે, પણ ધર્મનું ક્ષેત્ર તો અધિકાર બતાવવાનું નહિ પણ ફરજ બતાવવાનું છે. બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના ઝઘડાનું મૂળ પણ અસ્પૃશ્યતામાં, ઊંચનીચભાવમાં છે. તમે બંને ઉંચનીચ ભાવ ભૂલી જાઓ. એ કાઢશો તો ખબર પડશે કે કશો ભેદભાવ નથી. ધર્મમાં ભેદભાવને સ્થાન છે એમ કહેનાર ધર્મને જાણતો નથી. અસ્પૃશ્યતા એ ધર્મનું અંગ છે જ નહિ. અસ્પૃશ્યતા ભૂલી જાઓ. એનું પરિણામ એ આવે કે હરિજન ને ઇતરજન, બ્રાહ્મણ ને બ્રાહ્મણેતર; હિંદુ મુસલમાન, ખ્રિસ્તી, પારસી, યહૂદી વગેરેના ભેદ ભુલાઈ જશે. એનો અર્થ એ નથી કે મુસલમાન મુસલમાન મટી જશે અથવા હિંદુ હિંદુ મટી જશે. સૌ પોતપોતાના ધર્મ પાળવા છતાં બીજાને દુશ્મન નહીં સમજે, પણ ભાઇબહેન સમજશે ને એ રીતે વર્તશે. એ અસ્પૃશ્યતાનિવારણનો વિશાળ અર્થ છે. આપણા વેદોએ ને ઉપનિષદોએ તો બતાવ્યું છે કે ઈશ્વર એક છે, એણે સૌને પેદા કર્યા છે, તેથી સૌ સરખા છે. એક મહાન વૃક્ષની ઉપમા આપીને બતાવ્યું છે કે આપણે સૌ એનાં ડાળ-પાંદડાં છીએ, એમાં ભેદભાવ કેમ હોઈ શકે? આપણે સૌ ભાઈબહેન છીએ, એ અસ્પૃશ્યતાનાશનો ગૂઢ અર્થ છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુંદરિયો

લેખક :
શ્રી જ્યોતીંદ્ર દવે

એક સંસ્કૃત કવિએ કહ્યું છે કે સાગરમાં જેમ બે લાકડાના કટકા ભેગા થઈ જાય છે અને ભેગા થઈને તરત છૂટા પડી જાય છે તેમ આ સંસારમાં મનુષ્યો એકબીજા સાથે ભેગા થઈ જાય છે ને પાછા તરત છૂટા પડી જાય છે. તુલસીદાસે લખ્યું છે કે સંસારમાં ભાતભાતના લોકો વસે છે અને એમનો યોગ નદી ને નાવના સંજોગ જેવો હોય છે. એક ઊર્દૂ કવિ કહે છેઃ ગનિમત બૂઝ ઈસ મિલ બેઠનકો, જુદાઈકી ઘડી સર પર ખડી હય !

મિત્રો તથા પ્રિયજનો ભેગાં તો થઈ શકે છે, પણ જુદાઈની તલવાર એમના મસ્તક પર હરપળે લટકતી જ હોય છે. માણસનું મોટામાં મોટું દુઃખ આ વિરહનું–જુદા પડવાનું છે.

સંયોગ સાથે વિયોગ સંકળાયેલો જ છે અને સંયોગમાં આનંદ ને વિયોગને પારણામે શોક એ સ્વાભાવિક નિયમ છે. શરીર ઠીક ન હોય, મન ચીડિયું થઈ ગયું હોય, કોઈ જોડે લડ્યા હોઈએ કે લડવા માટે તૈયાર થઈ ગયા હોઈએ અથવા ખૂબ કામમાં હોઈએ ત્યારે કોઈ મળવા આવે તે આપણને ગમતું નથી. પણ એ તો અપવાદરૂપ ગણી શકાય. સામાન્ય નિયમ તો ઉપર જણાવ્યો તે જ છે.

પણ આમાં એક પ્રકારના મનુષ્યો અપવાદરૂપ છે, એમને આપણે મળવા માગતા નથી છતાંયે તે મળ્યા વગર રહેતા નથી. મળ્યા પછી જેમ બને તેમ એ જલદી જતા રહે એમ આપણે ઇચ્છીએ છીએ, પણ જળો જેવા એ ચોંટ્યા ત્યાંથી ખસતા નથી. આ જાતના મનુષ્યોને આપણે ગુંદરિયા તરીકે ઓળખીએ છીએ.

જેમના આવવાનો વખત નિશ્ચિત હોય છે પણ જવાનો હોતો નથી એવી ગુંદરિયાની વ્યાખ્યા એક લેખકે આપી છે. મને લાગે છે કે આ વ્યાખ્યા બરાબર નથી. કદાચ કોઈક ગુંદરિયા પહેલેથી સમય નક્કી કરીને નિશ્ચિત સમયે મળવા આવતા હશે, પણ મોટા ભાગના ગુંદરિયાઓ માટે આવવાનો કે જવાનો કોઈ સમય નિશ્ચિત હોતો નથી. આ વ્યાખ્યામાંથી 'વખત' શબ્દ કાઢી નાખીને એમ કહીએ કે જેમના આવવાનું નિશ્ચિત હોય છે, પણ જવાનું હોતું નથી તે ગુંદરિયા, તો એ વ્યાખ્યા કદાચ બંધબેસતી થાય.

એક જ વાક્યમાં ગુંદરિયા અને સમયને સાથે મૂકવા એ વદતોવ્યાઘાત જેવું છે. સમયથી એ પર હોય છે. ભગવાન શંકર કાળકૂટને પી ગયા હતા, ગુંદરિયા ખુદ કાળને પી ગયા હોય છે. 'ઋતુઋતુના ધર્મ કરે, આપણે આપણા કરીએ' એમ ભદ્રંભદ્રની પેઠે એઓ પણ માનતા હોય છે. 'સૂર્ય ઊગે છે ને આથમે છે એટલે દિવસ થાય છે ને રાત પડે છે તેમાં આપણને શી નિસબત ?' એવી કંઈક એમની વૃત્તિ હોય છે. સુધારાની ટોચે પહોંચેલા એક પતિએ લગ્ન પછી પત્નીને કહ્યું હતુંઃ 'હું મને ફાવે તેમ કરું, તેમાં તારે વચ્ચે માથું મારવું નહિ અને તારે જે કરવું હોય તે ખુશીથી કરજે. હું એમાં વચ્ચે નહિ બોલું;'–કંઈક આવો જ કરાર ગુંદરિયાએ કાળ ભગવાન સાથે કર્યો હોય છેઃ 'તું તારે રસ્તે ને હું મારે રસ્તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારી વાતમાં મારે નહિ બોલવું ને મારી વાતમાં તારે નહિ બોલવું !'

કાળની અવગણના એ બધા ગુંદરિયાઓનો સામાન્ય ગુણ છે. એવો જ બીજો સામાન્ય ગુણ તે માનાપમાન વિષેની ઉપેક્ષાવૃત્તિનો છે. આપણે કોઈને મળવા જઈએ ત્યારે, જેને મળવા જતા હોઈએ, તે ગૃહસ્થ આપણો આદરસત્કાર કરશે કે નહિ એ બહુ કામમાં તો નહિ હોય ઇત્યાદિનો વિચાર આપણે પહેલો કરીએ છીએ; અને મળવા ગયા પછી સામો મનુષ્ય આપણી હાજરીથી કંટાળી ગયો છે એમ લાગે તો તરત આપણે ત્યાંથી ઊઠી જઈએ છીએ; પણ ગુંદરિયાઓને આવો કશો વિચાર આવતો નથી. બ્રહ્મજ્ઞાની પેઠે એઓ ખરેખરા આત્માનિષ્ઠ હોય છે. સામા મનુષ્યની ફક્ત હાજરી જ એમને જોઈતી હોય છે–બીજું કંઈ નહિ. જેમને એ મળવા ગયા હોય છે તેને શી લાગણી થાય છે, તેનું વર્તન પોતાની પ્રત્યે કેવું છે, એવી કોઈ નકામી વાતનો એ વિચાર કરતા નથી. સામો મનુષ્ય કંટાળી જાય, બગાસાં ખાવા માંડે, 'મારે અત્યારે ઘણું કામ છે, મારે બીજે જવાનું છે' એવાં બહાનાં બતાવે, 'તું જલદી તૈયાર થા, સિનેમાનો વખત થવા આવ્યો' એમ શ્રીમતીને સંબોધીને મોટેથી બોલે પણ એ બધાંની અસર ગુંદરિયા પર જરા પણ થતી નથી. તપાવેલા લોખંડના કકડા પર પાણીનું ટીપું પડીને અદૃશ્ય થઈ જાય છે તેમ આવી ચેતવણીઓ ને આવાં સૂચનો એમના કાન પર પડે છે તેવાં તરત જ ઊડી જાય છે.

હું કૉલેજમાં હતો ત્યારે એ જ કૉલેજમાં ભણતા એક વિદ્યાર્થીને એકાએક મારા પ્રત્યે આકર્ષણ થયું. એ આકર્ષણ થવાનું કશું કારણ નહોતું. હું બી. એ. માં હતો, એ ભાઈનું કૉલેજમાં પહેલું વર્ષ હતું. પાછલું બધું હું ભૂલી ગયો હતો એટલે અભ્યાસની બાબતમાં હું એમને કંઈ પણ મદદ કરી શકું એમ હતું નહિ અને એવી મદદ એમને જોઈતી પણ નહોતી. અમારા શોખના વિષયો પણ ભિન્ન હતા. આમ છતાં કોણ જાણે કેમ એમનું ધ્યાન મારા તરફ ખેંચાયું. મારે ત્યાં એમણે આવવા માંડ્યું. પહેલવહેલા તો લાંબે ગાળે એ આવતા ને બેસતા પણ ઓછું. પણ પછી મુલાકાતો વધવા માંડી અને મુલાકાતો વચ્ચેનો ગાળો જેમજેમ ટૂંકો થતો ગયો તેમતેમ થોભવાનો સમય લાંબો બનતો ચાલ્યો, અંતે એમણે દરરોજ આવવા માંડ્યું. કૉલેજનો સમય પૂરો થાય એટલે સીધા એ મારે ત્યાં આવતા ને અમારો સૂવાનો સમય થાય ત્યારે માંડ પાછા ફરતા. હું અને ઘરનાં બધાં એનાથી કંટાળી ગયાં. એમને ખેરવવા માટે જાતજાતની યુક્તિઓ અમલમાં મૂકી જોઈ. એ આવતા દેખાય કે હું કોટટોપી પહેરી લઉં ને બારણા આગળ આવી ઊભો રહું. એ બારણામાં દાખલ થાય એટલે કહું: 'ઓહો ! તમે ? જરા અત્યારે મારે બહાર જવું છે. અગત્યનું કામ છે. પાછા ફરતાં કદાચ કલાક–દોઢ કલાક પણ થાય. તમારે કંઈ ખાસ કામ હતું ?'

'ના, કામ તે શું હોય? તમે જઈ આવો. હું બેઠો છું!' એ જવાબ દેતા. કંઈ પણ કામ ન હોવા છતાં હું કલાકેક બહાર રખડીને, હવે તો એ ભાઈ ગયા હશે એમ ધારી, પાછો ફરતો ને ઘરમાં દાખલ થતાં જ એમનો અવાજ સંભળાતો. 'બહુ મોડું થયું નહિ? તમારે જવું હશે.' હું એમને પૂછતો.

'ના રે! મારે કશી ઉતાવળ નથી, બેઠો છું હું નિરાંતે.' એ જવાબ દેતા. આ યુક્તિથી તો મારે જ વેઠવું પડતું. હીંચકે પડ્યાપડ્યા આરામથી કોઈ પુસ્તક વાંચવાને બદલે વગર કારણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાંટિયાની કઢી કરવા છતાં આ ઉપાધિ તો જેમની તેમ જ રહે છે એવું જોઈને આખરે મેં એ પ્રયોગ બંધ કર્યો અને એ આવે ત્યારે મૌન-વ્રત ધારણ કરી જોવાનું નક્કી કર્યું પણ એ પ્રયોગ પણ નિષ્ફળ ગયો. બે દિવસ એમ એમની સાથે એક અક્ષર પણ બોલ્યા વિના મૂંગો બેસી રહ્યો. ત્રીજે દિવસે એ આવ્યા ત્યારે મેં એમને કહ્યું: 'આ બે દિવસથી હું તમારી સાથે વાત કરી શકતો નથી ને મૂંગો રહું છું તેથી મનમાં કંઈ ન આણશો. મારા ગળાના કાકડા ફૂલ્યા છે ને અવાજ બેસી ગયો છે એટલે હું બનતા સુધી બોલવાનું બંધ રાખું છું.'

'એમ! તમે બે દિવસથી કંઈ બોલતા નથી? મને તો એનો કશો ખ્યાલ પણ ન આવ્યો. પણ કંઈ નહિ. તમારે બોલવાની જરૂર શી છે?' એમણે જવાબ દીધો.

અમારી પાડોશમાં એક વૃદ્ધ સન્નારી રહેતાં હતાં. એમને પચીસત્રીસ વર્ષથી ખરજવું થયું હતું. અનેક ઉપચારો કરવા છતાં એ મટતું નહોતું. એક દિવસ એમને ઘવડતાં જોઈને મેં પૂછયું: 'માજી! આ તમારું ખરજવું ક્યારે મટશે?'

'એ કોઈ દહાડો મટવાનું નથી. એ તો મારી જોડે ચિતામાં બળશે.' માજીએ જવાબ દીધો. મને એ ભાઈ માજીના ખરજવા જેવા જ લાગ્યા. મને થયું: આ ખરજવું પણ મારી સાથે ઠેઠ શ્મશાન સુધીનો સાથ કરશે. પણ સદ્ભાગ્યે નોકરી અંગે મારે બીજે ગામ જવાનું થયું અને સીંદબાદના ખભા પર ચડી બેઠેલા ઉરાંગઉટાંગની પેઠે કેવળ આકસ્મિક કારણને લીધે એ મારાથી દૂર થયા.

એક સુવિખ્યાત ડોકટરના પુત્રે ડોકટરી વિદ્યાની તાલીમ લઈને ઉપાધિ મેળવ્યા પછી કોઈક રોગના નિષ્ણાત તરીકે અભ્યાસ આગળ જારી રાખવાની ઇચ્છાથી પિતાને પૂછયું: 'મેં પરીક્ષા તો પાસ કરી. આગળ હવે મારે કોક રોગના નિષ્ણાત બનવું છે. તો કયા રોગની પસંદગી કરવી?'

એના પિતાએ જવાબ દીધો: 'મારી સલાહ માનતો હોય તો ચામડીના રોગનો નિષ્ણાત થા.' 'ચામડીનાં દર્દ? એ તો ગંદું કામ.' પુત્રે જરા સુગાઈને કહ્યું.

'પણ એના જેવી સહેલી ને વધારેમાં વધારે કમાણી આપનાર બીજી એકે વસ્તુ નથી. જો, ચામડીના રોગ બહુ મોટા ભાગના માણસોને થાય છે, થયા પછી એ ઘણા લાંબા વખત સુધી મટતા નથી અને એવા રોગ ભાગ્યે જ જીવલેણ નીવડે છે. એટલે ચામડીનાં દર્દોના નિષ્ણાતને ત્યાં દરદીઓની હમેશ ભીડ રહે છે. જે આવ્યા હોય છે તે ઘણા લાંબા વખત સુધી ચાલુ રહે છે અને એમાંથી ભાગ્યે જ કોઈ મરી જાય છે. એટલે ડોકટરને અપજશ મળતો નથી.' આપણા સમાજજીવનમાં ગુંદરિયા આવા ચામડીના રોગ જેવા છે. સમાજની મોટાભાગની વ્યક્તિઓને એ લાગુ પડે છે. એક-વાર પધાર્યા પછી એ જવા માટે જરાય ઉતાવળ કરતા નથી અને જે એના પાશમાં પકડાય છે તેને એ અત્યંત કંટાળો આપીને હેરાન-પરેશાન કરી મૂકે છે, પણ સમાજજીવનને એ કોઈ ગંભીર પ્રકારનું નુકસાન પહોંચાડતા નથી.

ચામડીના રોગો પેઠે ગુંદરિયાઓના પણ અનેક પ્રકાર હોય છે. પણ એના મુખ્ય પ્રકાર બે છે: એક આગંતુક એટલે કોઈક બહારના કારણને લીધે આવીને હેરાનગતી પહોંચાડે છે અને એ કારણ દૂર થતાં એનો ઉપદ્રવ ઓછો થઈ જાય છે, અથવા તો બિલકુલ ટળી જાય છે. બીજા આંતરિક કારણને લીધે બહારના કોઈ પણ કારણની અપેક્ષા રાખ્યા વિના, કુદરતની જ બક્ષિસ હોય, એમ આવી પડે છે. પહેલા ઉગ્ર રોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અં. એક્યૂટ ડિસીઝ) જેવા હોય છે. જલદ ઉપચારો કર્યાથી એનું શમન થાય છે. બીજા કષ્ટસાધ્ય કે અસાધ્ય (અં. ક્રોનિક ડિસીઝ) હોય છે. જલદ કે સૌમ્ય કોઈ પણ ઉપચારની એના પર અસર થતી નથી. એને દૂર કરવા માટે તો વાઢકાપની ક્રિયાનો આશ્રય લેવો પડે. પણ એ જોખમભર્યું પગલું લેવાની ઘણાની હિંમત ચાલતી નથી.

જિહ્વાલૌલ્ય એ ગુંદરિયાઓનું મુખ્ય પ્રેરકબળ હોય છે. જીભનો રસ–બન્ને અર્થમાં–એમના જીવનનો મુખ્યરસ હોય છે. કોઈક ખાવાનું ખોળતા હોય છે તો કોઈક બોલવા માટે અવસર ઢૂંઢતા હોય છે. પ્રથમ પ્રકારના ગુંદરિયા આપણા ચા પીવાને સમયે આવે છે અને જમવાનો વખત થાય ત્યાંસુધી બેસે છે. 'આજે અહીં જ જમી લો' એમ આપણે વિવેક કરીએ છીએ ને 'એમ! ઠીક ત્યારે, આજે અહીં જ જમી લઈશ' કહીને જમતી વેળા એ આપણને પોતાના સત્સંગનો લાભ આપે છે. જમ્યા પછી કલાક–દોઢ કલાક આડા પડે છે અને બપોરની ચાને વખતે મોં ધોઈને ચા–લક્ષ્મી ચાંલ્લો કરવા આવે તે માટે તૈયાર થઈ રહે છે.

સામાન્ય રીતે ભોજન માટે પહેલેથી નિમંત્રણ મળ્યું ન હોય તો આપણે કોઈને ત્યાં જમવા બેસી જતા નથી. બહુ નિકટનો પરિચય હોય ને જમવાને અવસરે જઈ ચડ્યા હોઈએ અથવા કોઈ ખાસ વાનગી બનાવી હોય અને એમનો બહુ આગ્રહ હોય તો કદાચ આપણે ભોજનના પાટલાને અલંકૃત કરીએ છીએ, પણ આ જાતના ગુંદરિયાને પોતાના ઉદ્દેશની સિદ્ધિ ખાતર ગાઢ કે નિકટના પરિચયની જરૂર રહેતી નથી.

થોડા વખત પર બહારગામથી છગનભાઈ નામના મારા એક પરિચિત ગૃહસ્થ મુંબઈ કામપ્રસંગે આવ્યા હતા, તે મને મળવા આવ્યા. 'કાલે તમે જમવાનું અહીં જ રાખજો;' જતી વેળા મેં એમને આગ્રહપૂર્વક કહ્યું અને મારા નિમંત્રણનો સ્વીકાર કરી બીજે દહાડે બરાબર સમયસર આવી પહોંચવાનું એમણે કબૂલ કર્યું. બીજે દિવસે રજા હોવાથી હું જરા મોડો–અથવા વધારે મોડો ઊઠ્યો. સામાન્ય રીતે હું રોજ મોડો ઊઠું છું–પણ રજાને દહાડે વધારે મોડો ઊઠું છું. 'જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ભાસ ભાસે' એવો અનુભવ નરસિંહ મહેતાને થયો હતો તેનાથી વિપરીત અનુભવ મને થયો. 'જાગીને જોઉં તો જગત દીસે અહીં, નવલ–નવલી કંઈ સકલ ભાસે' એમ મને જણાયું. જમવાને વખતે નહિ, પણ મારા ઊઠતા પહેલાં જ છગનલાલ આવી પહોંચ્યા હતા. પણ એ એકલા નહોતા. એમની સાથે કોઈક એમના મિત્ર હતા અને મિત્રની જોડે એમનાં ત્રણ સંતાનો હતાં. 'કંઈ બહુ વહેલા આવી પહોંચ્યા?' મેં પૂછ્યું.

'કંઈ કામ નહોતું. એટલે સવારમાં જ આવી ચડ્યો.' એમણે કહ્યું અને પછી પોતાના મિત્રને બતાવી કહ્યું:

'આ મારા મિત્ર–છોટુભાઈ, એ પણ બહારગામથી આવ્યા છે. આઠેક દહાડા રહેવાના છે. તમારે માટે એમને બહુ માન છે.'

'એ સાંભળી મને પણ એમને માટે માન થાય છે' મેં કહ્યું. મેં એ ગૃહસ્થને સામું ફરી નમસ્કાર કર્યા. મારા નમસ્કાર ઝીલી એમણે પોતાનાં છોકરાંઓને કહ્યું: 'જોઈ શું રહ્યા છો? પગે લાગો કાકાને, એ તમારા મુરબ્બી થાય.'

'કેમ પધાર્યા છો?' મેં એમને પૂછ્યું.

'અમથા જ, આપનાં દર્શન કરવા.' એમણે નમ્રતાથી કહ્યું. હમેશનો પ્રાતર્વિધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકુફ રાખી મેં એમની સાથે કલાક ગાળ્યો. પણ મને મળવાનું-મારાં દર્શન કરવાનું-કાર્ય સમાપ્ત થઈ ગયા પછી પણ મને છોડી જવા જેટલી હૃદયહીનતા એમનામાં દેખાઈ નહિ. આખરે રસોડામાં જઈ શ્રીમતી સાથે મસલત ચલાવી મેં બહાર આવીને એમને કહ્યું: 'છગનભાઈ તો અહીં જમવાના છે. તમે પણ અહીં જ જમવાનું રાખજો.'

છોકરાંઓ તરફ જોઈ એમણે કહ્યું: 'આજે આપણે અહીં જ જમીશું.' જમી પરવાર્યા પછી છગનભાઈને કોઈને મળવા જવું હતું, એટલે એમણે એમના મિત્રને સંબોધી કહ્યું: 'ચાલો, મારે જવાનો વખત થઈ ગયો, આવો છો ને તમે?'

'તમે જઈ આવો. હું તો અહીં જ બેઠો છું. નકામા દાદરા ચડઊતર કરવાની શી જરૂર? તમે કામ પતાવીને પાછા અહીં આવી પહોંચો.' જાણે પોતાનું જ ઘર હોય એવી રીતે એમણે કહ્યું.

'હું તો કદાચ આવું કે ન પણ આવું. મોડું થઈ જશે તો સીધો ઘેર જઈશ,' છગનભાઈએ કહ્યું.

'તેની કંઈ ફિકર નહિ,' છોટુભાઈએ જવાબ દેતાં કહ્યું. 'તમારાથી અવાય તો આવજો, નહિ તો કંઈ નહિ. મારી ચિંતા ન કરશો.' સાંજ પડી પણ છગનભાઈ આવ્યા નહિ અને છોટુભાઈએ મારે ત્યાંથી ખસવાની જરા ય ઇચ્છા દર્શાવી નહિ. બપોરની ચા ને રાતનું જમવાનું પતાવ્યા પછી એ બોલ્યા, 'હવે સૂવાની તૈયારી કરીએ.'

'પણ તમારે ઘેર નથી જવું?'

'આ પણ ઘર જ છે ને! આપણે ક્યાં પારકું છે? હવે મોડું થઈ ગયું છે. એટલે કાલે જમીકરીને જ જઈશું; કેમ છોકરાંઓ, અહીં રહીએ તો તમને કંઈ વાંધો છે?' છોકરાંઓ પણ બાપના જેવાં જ હતાં એટલે બહુ ખુશીથી રહી જવાનું એમણે કબૂલ કર્યું. બીજે દહાડે સવારે છગનભાઈ આવી પહોંચ્યા. તે વેળા છોટુભાઈ છોકરાંઓને સાબુ ચોળીને નવડાવ્યા પછી પોતે નાહવા જવાની તૈયારી કરી રહ્યા હતા, તેને જોઈને છગનભાઈએ પૂછયું: 'તમે હજી અહીં જ છો?'

'હા, અહીં રહી પડ્યો. ભાઈએ બહુ આગ્રહ કર્યો એટલે મને થયું કે આટલો બધો આગ્રહ કરે છે તો ના કેમ કહેવાય? હવે જમીકરીને જઈશું. તમે પણ જમવાનું આજ અહીં જ રાખો તો શું?'

વિવેકને ખાતર મારે પણ કહેવું પડ્યું: 'છગનભાઈ! તમે પણ જમીને જ જજો.' પણ છગનભાઈ શાણા હતા. એમણે જવાબ દીધો: 'ઘેરથી કહ્યા વગર આવ્યો છું. એ લોકો મારી વાટ જોશે.'

જમ્યા પછી પણ છોટુભાઈએ જવા માટે જરા ય ઉત્સુકતા ન બતાવી એટલે મારી પત્નીએ રસોડામાં બોલાવી મને કહ્યું: 'આ છોટુભાઈ નથી પણ ચોંટુભાઈ છે. એ ઉપાધિ આઠ દહાડા સુધી ટળે એમ લાગતું નથી; કંઈક ઉપાય કરવો પડશે.'

અમે બંનેએ મસલત ચલાવીને એક ઉપાય શોધી કાઢ્યો. જમીપરવારીને અર્ધોએક કલાક આરામ લીધા પછી એકાએક મને કંઈ યાદ આવ્યું હોય તેમ મેં મારી પત્નીને સંબોધીને કહ્યું: 'અરે! આપણે બંને ભૂલી ગયાં! આજે તો અંધેરી જવાનું છે. પછી વખત નહિ મળે.'

'અરે! હા, હું યે ભૂલી ગઈ. ચાલો હું તૈયાર થઈ જાઉં છું. તમે પણ તૈયાર થાઓ.' મારી પત્નીએ કહ્યું.

'ક્યાં જાઓ છો?' છોટુભાઈએ પૂછયું.

'અંધેરી, અમારા એક સગાને ત્યાં.' મેં કહ્યું.

'ચાલો અમે પણ આવીએ.' એમણે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ક્યાં?' નવાઈ પામીને મેં પૂછ્યું.

'તમારી જોડે.' એમણે જવાબ દીધો.

'પણ અમે તો અમારા એક સગા ઘણા માંદા છે ત્યાં જઈએ છીએ, એમનો સ્વભાવ વિચિત્ર છે. બહારના કોઈ મળવા આવે તે એમને પસંદ નથી.' મેં કહ્યું.

'પણ હું ક્યાં બહારનો છું?'

'અત્યારે તો તમે અંદરના જેવા જ લાગો છે।, પણ એમને મન તો અંદરના પણ બહારના જેવા જ હોય છે!' એમ કહીને મેં વાત પતાવી અને આખરે એમને વિદાય કર્યા. પાછળથી ખબર મળી હતી કે છગનભાઈ પોતાના કોક સગાને ત્યાં ગયા હતા, તેમની સાથે એ પણ સપરિવાર ગયા હતા, અને ત્યાં જ આઠ દહાડા ધામા નાખીને રહી પડ્યા હતા!

ગીતામાં જે ચાર પ્રકારના ભક્તો ગણાવ્યા છે—આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી ને જ્ઞાની—તેવા જ ચાર પ્રકાર પણ ગુંદરિયાના પાડી શકાય. એમાંના પહેલા ત્રણ કોઈ ને કોઈ સ્વાર્થ સાધવા ખાતર આપણને મળવા આવતા હોય છે. આર્ત પોતાનાં રોદણાં રડવા, જિજ્ઞાસુ આપણા વિષેની, આપણા કુટુંબીઓ, પાડોશીઓ ને મિત્રાદિ વિષેની હકીકતો ભેગી કરવા ને અર્થાર્થી કોઈક જાતની મદદ મેળવવા માટે આવે છે. પરંતુ જ્ઞાની પોતાના સ્વાર્થ ખાતર નહિ પણ આપણા પર ઉપકાર કરવા આવે છે. એમણે જે જ્ઞાન મેળવ્યું હોય છે તે રખેને એમના મરણ બાદ વેડફાઈ જાય એવા ભયથી એનો બધો વારસો આપણને આપી દેવાની ઉત્સુકતાથી એ આપણે ત્યાં પધારે છે અને વગર પૈસા ખરચ્યે ને વગર મહેનતે ભાગવતની સપ્તાહ બેસાડવાનું પુણ્ય આપણને પ્રાપ્ત કરાવી આપે છે. બધા જ જ્ઞાનીઓ બોલકણા હોતા નથી. **गुरोस्तु मौनं व्याख्यानम्।** મૂંગા રહીને જ ગુરુ બધું સમજાવે છે એમ બહુ ઉત્તમ પ્રકારના ગુરુ માટે કહ્યું છે તેમ, આ જ્ઞાની ગુંદરિયાઓ મૌનનું મહત્ત્વ બરાબર સમજે છે ને આપણા મગજમાં પણ બરાબર ઠસાવે છે.

આવા એક મૌનપરાયણ ગુંદરિયાનો ભેટો મને કેટલાક વખત પર થયો હતો. બેત્રણ કલાક એ બેઠા પણ તેમાં ત્રણથી વધારે વાક્ય બોલ્યા નહિ એટલે મેં કહ્યું: 'તમારે કંઈ કામ હતું? જે કહેવું હોય તે કહી નાખો.'

'ના કાલે રવિવાર છે, એટલે આજે અહીં આવ્યો; કામ કંઈ નથી.' એ બોલ્યા. બીજે અર્ધો કલાક મેં એમની સાથે વાત કર્યા કરી. એ હુંકારો ભણવા સિવાય બીજું કંઈ બોલ્યા નહિ. આખરે મેં પૂછ્યું:

'મારું કંઈ તમારે કામ હતું કે અમસ્તા જ આવ્યા છે।?'

'કાલે રવિવાર છે.' એમણે કહ્યું.

'કાલે રવિવાર છે એટલું જ કહેવા ખાતર તમે અહીં સુધી ફેરો ખાધો! હું કદાચ કાલે રવિવાર છે તે ભૂલી જઈશ એમ તમને લાગ્યું હશે.' મેં કાંઈક કટાક્ષમાં કહ્યું.

'ના, ના. એમ તો શું? પણ કાલે રવિવાર છે—'

'હા, ને પરમ દહાડે સોમવાર, પેલે દહાડે મંગળવાર ને પાંચમે દહાડે બુધવાર છે પણ તેનું છે શું?' મેં એમને અધવચ અટકાવીને કહ્યું.

'તેનું છે તો કંઈ નહિ. આરામનો દિવસ છે એટલે આજે અહીં આવ્યો.' એટલા શબ્દો સિવાય એ ગયા ત્યાંસુધી બીજું કંઈ બોલ્યા નહિ.

આ લેખ તૈયાર કરતો હતો ત્યાં જ એક ગૃહસ્થ આવી પહોંચ્યા. હું સુરત જતો હતો ત્યારે એ ટ્રેનમાં મળ્યા હતા. એટલે ઓળખાણ યાદ રાખીને એ મળવા આવ્યા. 'કાં! કેમ ચાલે છે?' એમણે પૂછ્યું.

'ગુંદરિયા પર એક લેખ આપવાનો છે, તે લખવાની તૈયારી કરું છું.' મેં કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદાનો વારસો

લેખક :
શ્રી પ્ર. હ. મહેતા બી. એ.

ગાજપુર નાનું ગામ હતું પણ ગામની અંદર જૂનાં મકાનો પર હસ્તલિખિત પાટિયાંઓ—'ગુજરાતી નિશાળ,' 'વિલેજ ડિસ્પેન્સરી,' 'સરકારી કન્યાશાળા'–વગેરે મહામુસીબતે વાંચી શકાય એમ લટકતાં જોઈ-ગામના પ્રમાણમાં તેને ઠીકઠીક સગવડ મળતી હશે એમ ખ્યાલ આવ્યા વગર રહે નહિ. ઉપરાંત એક ખંડિયેર જેવા મકાનમાં 'ગ્રામસંકટવિદારક' મંડળીની બેઠક પણ મળતી અને નિકાલ ન થઈ શકે એવા પ્રશ્નો પર ઉગ્ર ચર્ચા કરવામાં આવતી, અને ઉકેલ ન થઈ શકે એવા પ્રશ્નોને બીજી બેઠક સુધી મુલતવી રાખવામાં આવતા.

નિશાળમાં ત્રિભુવન નામે એક જ માસ્તર હતા. તેમનું પ્રામાણિકપણે એવું માનવું હતું કે પોતે સાત તો શું પણ કદાચ ચૌદ ધોરણ હોય તોપણ એકલા જ પહોંચી શકે. નિશાળનો વખત તેમના પર જ નિર્ભર રહેતો અને ક્યારેક 'દ્વિતીયાક્ષય' જેવું કંઈક કહીને છુટ્ટી કરી દેતા. પણ આથી કોઈએ એમ માની લેવાનું નથી કે તેઓ બહુ અનિયમિત હશે. છોકરાંઓ પાસેથી પોતાના ઘરનું કામ કરાવવામાં તેઓ ખૂબ નિયમિત જ નહિ, કુશળ પણ હતા!

માસ્તર કરતાં પોતે જરા ય ઊતરતા નથી પણ બે ડગલાં આગળ છે એ સાબિત કરવા ગામના દાક્તર નરોત્તમદાસ પણ આગળ આવતા. પણ આ વખતે વિદ્યાર્થીઓને સ્થાને આવતા કંપાઉન્ડર અને એકબે નોકરો. દવા બાબતમાં 'હું આપું છું એવી દવા મોટાં શહેરોમાં પણ કોઈ આપતું નથી. પણ ગામડાંનાં ભૂતને કદર જ નથી.' આ વાક્ય દરેક દવા લેવા જનારને સાંભળવું જ પડતું. કોઈ દર્દીએ પોતાના દર્દ વિષે બીજાની પાસે દવા બાબત સલાહ લીધી છે એવું કાન પર આવતાં એ દર્દીને દવાખાનામાંથી દવા મળતી નહિ, મળતી તો એકલી દવા ન મળતી–સાથે દાકતરે અનેકવિધ રીતે કરેલી હાંસી, ઠપકો, હલકી એવી ગાળ વગેરેનો બોજો પણ સાથે તેને લેતો જવો પડતો. 'તમે તો સાક્ષાત્ ભગવાન છો, દયાળુ છો, મોટા માણસ છો.' આવું કહેનારને પ્રસન્ન થઈ સારી દવા આપવામાં આવતી અને સાથે દાકતર કહેતા, કે 'ઘેર જઈ એને નાખી દેતા નહિ, દવા કિંમતી છે અને તમે ભૂત છો!'

એટલે દાકતરને ક્યારેક દવા દેવા સિવાય અને માસ્તરને ક્યારેક ભણાવવા સિવાય બીજી ખાસ કંઈ ઉપાધિ હતી નહિ. હા, દાકતર કરતાં માસ્તરને એક કામ વિશેષ હતું. વિદ્યાર્થીની સંખ્યા વધારવા માટે માબાપો પાસે તેમને આટલું કહેવું પડતું:

'મારી નિશાળમાં જે કંઈ થોડુંઘણું

'ગુંદરિયા પર? હું કહું તમને' કહીને એમણે પોતાના અનુભવનું વર્ણન શરૂ કર્યું: 'આપણને ગમે તેટલું કામ હોય પણ ગુંદરિયો ચોંટ્યો તે ઊખડે જ નહીં.' એમણે કહ્યું.

'મારે પણ અત્યારે બહુ કામ છે. આ લેખ અત્યારે જ તૈયાર કરવાનો છે.' મેં કહ્યું.

'અરે! ગુંદરિયા તો જેને ભેટ્યા હોય તે જાણે! તમે શું જાણો?' કહીને ખાસા સાડાત્રણ કલાક સુધી એમણે પ્રવચન કર્યું અને પ્રત્યક્ષ ગુંદરિયાના સાંનિધ્યનો લાભ મળ્યા પછી એમના વિષે લખવાનું મારે મોકુફ રાખવું પડ્યું.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભણીને છોકરો બહાર આવે છે તેને દુનિયાભરમાં ક્યાં ય કોઈ જાતની મુશ્કેલી નડતી નથી.'

છતાં ગામ જો ખરેખર ભાગ્યશાળી હોય તો આવા મહાનુભાવોને લઈને નહિ પણ જેનાથી આ બંને પણ ડરીને ચાલતા એવી એક વ્યક્તિથી. તે હતા શિવશંકર ત્રિપાઠી. અવિવેક, જડતા, અન્યાય વગેરેને ડારતી, દેવની દીધેલી ગામની એ બક્ષિસ હતી. શિવશંકર વૃદ્ધ હતા અને નાતજાતમાં માનતા નહિ. નેવું વરસની ઉંમરે પણ એમના શરીરની સ્ફૂર્તિ અજબ હતી. આંખની વેધકતા અને બુદ્ધિમત્તા પણ કંઈ કમ ન હતી. ગામલોકો 'દાદા' કહીને તેમનું બહુમાન કરતા અને સારેનરસે પ્રસંગે ગમે ત્યારે તેઓ દાદા પાસે દોડ્યા જતા.

માસ્તર અને દાકતરનાં કર્તવ્યો જો કે જુદાંજુદાં હતાં, પણ જ્યારથી દાદાએ એ બંનેને પોતપોતાનાં કર્તવ્યનું ચોખ્ખું ભાન કરાવવાની કોશિષ કરી, ત્યારથી દાદાની વિરુદ્ધ પ્રચાર કરવામાં બંનેનાં કર્તવ્યો એક થઈ જતાં. દાકતરને દાદા તરફ ખીજનું ચોખ્ખું એક કારણ નીચે પ્રમાણે હતું:

મોતી લુહારની મા બીમાર હતી. મોતી લાગલો જ દાદા પાસે આવ્યો. દાદાએ કહ્યું: 'તું દવાખાનેથી દાકતરને તેડી ઘેર આવ મોતી, હું તારે ઘેર જઉં છું.' થોડીવાર પછી મોતી ઘેર આવી દાદા પાસે રડી પડ્યો.

'દાદા, દાકતર આવવાની ના પાડે છે!'

'ના પાડે છે? શું કહ્યું એણે?'

મોતી બોલ્યો: 'એણે પૂછ્યું, સીધો જ મારી પાસે આવ્યો છે કે?'

'તેં શું કહ્યું?'

'મેં તમારું નામ લીધું, એટલે એણે ખિજાઈને આવવાની ચોખ્ખી ના પાડી. ઉપરથી કહ્યું: 'બીમાર તો ડોસી છે ને? જુવાન તો નથી ને? જશે તો તું ય છૂટશે અને એ ય છૂટશે.'

દાદાએ આ વખતે ઘડીભર વિચાર કર્યો, પછી કહ્યું: 'કાગળનો ટુકડો હશે ઘરમાં?'

મોતી દોડતો કાગળ અને કલમ-ખડિયો લાવ્યો. દાદાએ કંઈક બેચાર લીટી લખી અને મોતીને કહ્યું: 'આ લે, દાકતરને આપજે.'

કોણ જાણે શું ય બેચાર લીટી લખી હશે પણ મોતીના આશ્ચર્ય સાથે દાકતર તરત જ તેની સાથે ચાલી નીકળ્યા. અલબત્ત ખીજનું પ્રમાણ કંઈક વધ્યું હતું, પણ મોતીની મા તે વખતે દવાવગરની રહી નહિ.

આ બધી વાત અને ડોસાની 'તુમાખી' વિષે દાકતરે માસ્તરને કહ્યું ત્યારે તેણે કહ્યું:

'બુઢ્ઢો ભારે ખેપાની છે દાકતરસાબ, જેમ તમે એક સાધારણ કંપાઉન્ડરમાંથી દાકતર થયા છો એ વાત એ જાણે છે એમ મારું પણ શું ય નહિ જાણતો હોય! મને એક દિવસે શું કહે છે ખબર છે? કહે: 'માસ્તર, છોકરાઓ પાસેથી ઘણું કામ લીધું, હવે બેચાર અક્ષરો માંડતાં શિખવાડો.'

દાકતર બધું કામ પડતું મૂકી, આંખેથી ચશ્માં ઉતારી, માસ્તર સામું બહુ રસપૂર્વક જોઈ બોલ્યા: 'એમ? પછી?'

મેં કહ્યું: 'છોકરાંઓની જવાબદારીનું માસ્તરને પૂરેપૂરું ભાન છે, એ ભાન કરાવવાની કોઈએ ખોટી તકલીફ લેવાની નથી. હેં દાક્તર! કામ કરાવ્યું છે તે ક્યાં પારકું? ઘરનું કરાવ્યું છે? મેં તો ચોખ્ખું કહ્યું કે એ પણ એક જાતનું શિક્ષણ જ કહેવાય.

ત્યારે દાદા કહે: શિક્ષણ ખરું, પણ તમે જે અહીં આપવા બેઠા છો એ સિવાયનું. છોકરાં એ મોટા થશે ત્યારે તેમને માત્ર નાનાં છોકરાં સાફ કરવાં, ઘર સાફ કરવું, ગાદલાં ગોદડાં તડકે નાખી અને માંકડ વીણવા એ કામ નહિ હોય. એ કેમ ભૂલી જાઓ છો?

આવો બુઢ્ઢો છે સા'બ, પાજી, કહું છું કોઈથી બીતો નથી. તમે શું માનો છો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાક્તરે કહ્યું : 'હું શું કહું ? તમે જ તો બધું કહો છો. બધી વાત જાણો છો પણ કંઈ ઉપાય જાણતા નથી. આખરે માસ્તર જ ને ?'

માસ્તરે લમણે હાથ દઈ થોડીવાર પછી કહ્યું: 'બ્રાહ્મણ થઈ હલકાં વર્ણનાં છોકરાંઓને તેડે-રમાડે અને પાછો એમ ને એમ મંદિરમાં આવે એ શું નથી જાણતો ?'

'હલકી કોમનાં ?'

'હા, મુસલમાન સુદ્ધાં.'

દાક્તરે ધીમેથી માસ્તરના કાનમાં કહ્યું: 'તો નાત બોલાવી એનો જવાબ માગો–નાત બહાર મૂકો.'

'મારો વિચાર જ તમે મને કહ્યો, દાક્તર-સા'બ, પણ શિવશંકરને કહે કોણ બીજું ? કહે છે કે નાતજાતમાં તે માનતો નથી.'

'એ તો કહેવાનું !'

'હા, કહેવાનું જ વળી. ઠીક તો એમ જ થશે. ત્રિભુવન કોઈની શરમ રાખે એવો માણસ નથી.' તે પછી ઊઠતાંઊઠતાં કહ્યું: 'બેબલીની બાને તાવ ઊતરતો જ નથી. તે એમ કહ્યા કરે છે કે પોતે પીએ છે એ ચોખ્ખું ક્વિનાઈન નથી.'

'ચોખ્ખું ક્વિનાઈન નથી ? કોઈ આવે તો સામે...'

'ના–ના–સાહેબ, એમ તે હોય ? તમે તો ક્વિનાઈન જ આપો છો–આપણે એવો ક્યાં સંબંધ...'

'તો પછી ?'

'તો પછી શું ? મેં તો એને ચોખ્ખું કહ્યું: 'તું જે દવા પીએ છે એ ક્વિનાઈન નથી એવી શંકા તું કરી શકે છે, પણ દાક્તર સાહેબ ક્વિનાઈન સિવાય બીજું આપે એવી શંકા કદી કરીશ નહિ. આપણા સંબંધની એને શું ખબર ? અને ક્વિનાઈન અત્યારે બીજો કોણ આપે છે ?'

નરોત્તમદાસ બોલ્યા : 'હું તો ક્વિનાઈન જ આપું, પણ ગામલોકોને મારી કદર જ ક્યાં છે ?'

તે જ સાંજે ત્રિભુવન માસ્તરે બેચાર માણસોની વચ્ચે જ દાદાને કહ્યું : 'બ્રાહ્મણ થઈને હલકી વર્ણનાં છોકરાંઓને રમાડી એના ઘરમાં જઈ આવી, મંદિરમાં આવો છો. બીજા લોકો તો ઠીક, બ્રાહ્મણોની નાત આ વિષે વિચાર કરે છે. નાતને શું ભૂલી ગયા છો ?'

દાદાએ ગંભીર થઈ ત્રિભુવનની સામે જોયું. પછી એકદમ ખડખડાટ હસી પડ્યા. 'નાત છે એ કેમ ભૂલી શકું ત્રિભુવન ? બરાબર યાદ છે. નાતની બીક તો ત્રિભુવન, તારા કરતાં મને ઘણી છે.'

માસ્તરે આશ્ચર્યથી કહ્યું : 'તો દાદા, તમને નાત બહાર મૂકવાની કોશિશ ચાલે છે !'

દાદાએ કહ્યું : 'ખોટી વાત !'

'ખોટી વાત ? પૂછો મહાશંકર, જટા...'

દાદાએ વચ્ચે તેને રોકી કંઈક અલૌકિક હસીને બોલ્યા : 'મારે એ નાત નથી ભાઈ, મારે તો એથી ય બહુ મોટી નાત છે. એ નાતમાં બધાં માણસો–આખું ગામ આવી જાય છે. હું તો એટલી જ ફીકર રાખું છું કે એ નાતમાંથી હું છૂટો પડી ન જાઉં. હું તો માણસોને હલકાં અને ઉચ્ચ વર્ણનાં જોવા નથી બેસતો ભાઈ, હું તો માણસ તરીકે જોઉં છું.'

ત્યારપછી ત્રિભુવન માસ્તરે સામા પક્ષના મહારથીઓને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું, કે 'એને તમારી નાતબાતની પડી નથી. એની પાછળ પડો મા. એની ઊંચાઈએ તો નહિ પહોંચી શકો, પણ પડશો તો કોઈ બાવડું પકડનાર નહિ મળે.'

'બડો જાદુગર છે !' ત્રિભુવનની વાત સાંભળી દાક્તરે અને ગામલોકોએ એકી અવાજે પોતપોતાના અભિપ્રાયો જાહેર કર્યા.

દાદાના પરિવારમાં એક પુત્ર છે. નામ છે નરેંદ્ર. સારી એવી કેળવણી લઈ શહેરમાં મોટા પગારથી નોકરી કરે છે. પત્ની છે અને ચાર વરસનો વાસુ પણ છે. નરેન્દ્રની સાથેસાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો પણ કહેતા કે 'દીકરાને ત્યાં જઈ આરામથી રહો.' પણ શિવશંકર તો જવાબ દેતા: 'અમારે બન્નેને અહીં આરામ છે, હવે થોડાં વરસ માટે બીજે ક્યાં ય જવું નથી. નીલકંઠને ખોળે અમને શી ઉપાધિ છે?'

પણ થોડા દિવસ પછી દાદાને પોતાનો ઉપલો અભિપ્રાય ફેરવવો પડ્યો. એક બપોરે જ્યારે તેઓ બહારથી ઘેર આવ્યા અને રસોડામાં નજર કરી તો વૃદ્ધ પત્ની માંડમાંડ લોટ મસળી રોટલા ઘડતી હતી. રોટલો ઘડીને તાવડીમાં નાખવા જતાં રોટલો તેમાં ન પડતાં બહાર પડ્યો. દાદા સમજ્યા કે વૃદ્ધાવસ્થાને લઈને આમ થાય છે. પોતે જમીને પોતાનાં પુસ્તકો લઈ બીજા ખંડમાં ચાલ્યા ગયા. ચારેક વાગ્યે આવીને જોયું, તો ઘરમાં પત્ની સૂતી હતી અને ધીમે અવાજે પાણી માગી રહી હતી. શિવશંકરે એકદમ પાણી આપી શરીર ઉપર હાથ અડાડ્યો. શરીર ભઠ્ઠીની જેમ તપતું હતું. તાવ તો સવારથી જ આવેલો, પણ પોતે નહિ રાંધે તો વૃદ્ધ પતિને તકલીફ પડશે એમ ધારી પત્નીએ જણાવા દીધું નહોતું.

દાદાનું મોં ગંભીર થઈ ગયું. એમ ને એમ ઘણી ય વાર સુધી વિચાર કરતા ત્યાં જ બેસી રહ્યા. ઘરમાં માત્ર બે જ જણાં—એકલાં, અટૂલાં, નિઃસહાય. માંદગીનો પણ કંઈ એવો નિયમ નથી કે બંનેને સાથે ન આવે. બંનેના મંદવાડમાં શી દશા થાય? દાદાએ નરેન્દ્રને લખ્યું: 'એવું ન બને કે તમે બધાં અહીં આવીને રહો?' જવાબમાં નરેન્દ્રે ખૂબ દિલગીરી સાથે લખ્યું: 'એ વાત કેમ બની શકે? હું આટલો ભણેલ માણસ. ગામડા ગામમાં આવીને કરું યે શું?' છેવટે એમ પણ લખ્યું કે 'અમને ય તમારાથી જુદાં રહેવું ગમતું નથી પણ શું થાય? મન કઠણ રાખી અમે દિવસો પસાર કર્યે જઈએ છીએ, વગેરે વગેરે.'

કાગળ વાંચી દાદાએ નિસાસો નાખ્યો.

એકાદ માસ પછી નરેન્દ્ર પોતે માતાપિતાની ખબર કાઢવા આવ્યો. માએ કહ્યું: 'વહુને અને વાસુને ન તેડતો આવ્યો ભાઈ?'

નરેન્દ્ર કહે: 'થોડા દિવસ રહેવું એમાં ક્યાં તેડતો આવું?'

'હેં ભાઈ, તને અહીં નોકરી ન મળે?'

'કઈ નોકરી મા?'

'આ કંઈક માસ્તરગીરી કે એવી કંઈક!'

કંઈક પરિહાસપૂર્વક હસીને નરેન્દ્ર બોલ્યો: 'એવી તો સત્તરસો નોકરી મળે મા. પણ એમાં મારા ભણતરના કાંકરા થઈ જાય. આટલું ભણ્યા પછી એવી નોકરી કરવી? છી!'

અભણ માએ આશ્ચર્ય પામી કહ્યું: 'ભણતરના કાંકરા થઈ જાય? તો તો ભણતર સાવ નકામું થઈ જાય!'

'એ તો હું કહું છું મા.' નરેન્દ્ર હસીને બોલ્યો.

બીજે દિવસે જમતાંજમતાં નરેન્દ્રે વાત કાઢી: 'દાદા, ચાલો આપણે બધાં શહેરમાં રહીએ. અહીંની તકલીફમાંથી તો બચી જવાય.' પણ દાદા જમતા જ રહ્યા. કંઈ ઉત્તર દીધો નહિ.

'તો આપણે કાલ નહિ અને પરમ દિવસે જ ઊપડીએ. શું કહો છો દાદા?' આ વખતે દાદાએ જમતાં અટકીને કહ્યું: 'ના.'

'ના? ના કેમ દાદા? હા કેમ નહિ? તમને બંનેને કશી અગવડ નહિ નડે. ચોપડીઓ તો ત્યાં પણ જેવી જોઈએ એવી મળી રહેશે. મોટા શહેરમાં વિદ્વાન લોકોનો સમાગમ પણ થઈ શકશે. કશી ક્યાંય કોઈ વાતની ઉપાધિ નહિ રહે, દાદા. ઉપરાંત અમને પણ આપની સેવાનો લાભ મળશે.'

દાદાનો કોળિયો એમ ને એમ રહી ગયો. બોલ્યા: 'અહીંથી હવે બીજે ક્યાં ય મારાથી ન જવાય, ભાઈ. અગવડની વાત નથી નરેન્દ્ર, પણ તેનું કારણ તો છે આ ગામનાં ભોળાં, અબુધ ગામડિયાં. સાંજ પડ્યે તેઓ મારી પાસેથી કંઈક ને કંઈક જાણવાની ઇચ્છા રાખીને બેસે છે. કોઈને કંઈ સલાહ જોઈએ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દારવણી જોઈએ છે, દુઃખ-દર્દમાં સહાનુભૂતિના બે'ક શબ્દો જોઈએ છે. એ સિવાય મારું શિવમંદિર પણ છે. પાછલી અવસ્થામાં આવું છોડી અમને તું બીજે ક્યાં ય લઈ જવાનું કહીશ નહિ. એવું હું માનતો નથી અને તું ય એવું સમજતો નહિ કે અમુક વ્યક્તિ વિના આ ગામના લોકો આંધળાભીંત થઈ જશે; પણ એક વાત એવી છે કે એક વખત પાળ ભાંગી એટલે પછી તેનાં બેફામ પાણીને પકડીને બાંધી નહિ શકાય!'

ગૃહિણીએ રસોડામાંથી ઠપકો દેતાં કહ્યું: 'જમવું પણ નહિ, કોઈ ને જમવા ય ન દેવું!'

નરેન્દ્ર શાંત ચિત્તથી સાંભળી રહ્યો હતો. માના કહેવાથી તેણે જમવામાં ધ્યાન પરોવ્યું. દાદાએ આગળ કહ્યું: 'જમાનો જેટલો બહારથી સારો લાગે છે એટલો જ અંદરથી સડેલો છે, ભાઈ. માણસાઈ ને બદલે નીચતા અને અધમતા સિવાય બીજું કંઈ નહિ મળે. એવાં નીચ તત્ત્વો આ ગામમાં પણ આવે, ન આવે એમ નહિ.'

આ વખતે બંનેએ હાથ ધોઈ નાખ્યા. નરેન્દ્ર બોલ્યો: 'તો એમાં આપણે શું કરીએ દાદા? જે થવાનું હશે તે તો થશે જ. લાખ પ્રયત્નો પણ કામ નહિ લાગે!'

'કામ નહિ લાગે એ પહેલાં માત્ર પ્રયત્ન કરી લેવાની જ હું વાત કરું છું. કામ નહિ લાગે તો થયું, પણ પરિણામનો ગુણાકાર પહેલેથી શા માટે કરી રાખવો?'

જમ્યા પછી બીજા ઓરડામાં થોડીવાર આરામ કરવા નરેન્દ્ર પથારી પર આડો પડ્યો. આંખો મીંચી અને નિદ્રા લાવવા માટે ઘણી ય કોશિશ કરી પણ વ્યર્થ! એમ ને એમ લગભગ કલાક એક પોતે પથારીમાં પડી આખરે કંટાળીને પરસાળમાં આવ્યો. જોયું તો મા સામે અનાજનો ઢગલો કરી સમું કરી રહી છે. નરેન્દ્ર મા પાસે બેસી પડ્યો; કહ્યું: 'મા, તમે હા પાડો આવવાની!'

૩

'મારી એકલીની 'હા'થી શું વળે ભાઈ? ઉપરાંત મને પોતાને પણ ફાવવું જોઈએ ને?'

'તમે ન ફાવે, ન ફાવે, કર્યા કરો છો પણ એકવાર આવીને જુઓ તો ખરાં કે ફાવે છે કે નહિ—' પછી જરા શરમાઈને બોલ્યો: 'એણે પણ આગ્રહ કરવામાં કચાશ રાખી નથી, મા!'

'હું જાણું છું ભાઈ, વહુ તો મારી લક્ષ્મી છે. પણ નરેન, હજી ય મારા હાથ તો ચાલે છે. ત્યાં આવવાથી વૃદ્ધ બ્રાહ્મણની સેવામાંથી સુરમા મને બાકાત રાખી દેશે એ તું જાણે છે? લોક કહેશે કે ડોસી હાથપગ ચાલતા છતાં ય ધણીનું ભાણું સાચવતી ન હતી, એવે વખતે મારે જીવવું કેવી રીતે?'

જતી વખતે નિયમાનુસાર નરેન્દ્રે માતપિતાને તેમની તબિયત ખરાબર સાચવવાની અને વધારેપડતો શ્રમ ન લેવાની ખાસ વિનંતિ કરી અને એને માટે જરૂરપડતા સોગંદ પણ દેવાનું તે ભૂલ્યો નહિ.

નરેન્દ્રની વહુનું નામ હતું સુરમા. બાપને ઘેર બેચાર ચોપડી ભણેલી હતી, પણ પોતાની અતિશય નમ્રતાને લીધે અને અપૂર્વ સમજણશક્તિને લીધે તેણે પોતાનું અનોખું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. સ્વામી આવ્યા કે તરત જ પાસે જઈને પૂછ્યું: 'બા અને દાદાને તેડતા ન આવ્યા?'

નરેન્દ્રે કોટ ઉતારતાં કંઈક લાપરવાઈથી જવાબ આપ્યો: 'બન્નેને તેડી લાવવાની મારામાં તાકાત ક્યાં હતી?' કહી પોતે હસી પડ્યો.

અમુક માણસો એવાં હોય છે કે તેમનાં વર્તન, વાતચીત, ઢંગ, વિચાર વગેરે જુદે-જુદે ઠેકાણે જુદાજુદા હોય છે. આમાં એમનો કંઈ વાંક હોતો નથી. વાંક હોય છે કુદરતે દીધેલા એમના સ્વભાવનો. એટલે સ્ત્રી આગળ

...Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરેન્દ્રે માતાપિતા માટે કરેલી આ ટકોરમાં ઘણાંને પરિહાસ જેવું લાગશે, પણ ખરી રીતે એમ નથી. નરેન્દ્ર સુરમા આગળ જુદી પ્રકૃતિનો માણસ ક્યારેક બની જતો. હસતાં-હસતાં પોતે સુરમા સામે જોયું તો પોતાના આવા બુદ્ધિશાળી જવાબથી તેણે મોં પણ મલકાવ્યું નહિ, ઊલટાની ગંભીર થઈ ગઈ.

નરેન્દ્રે પાસે આવીને કહ્યું: 'શું થયું? શું વિચાર કરે છે સુરમા?' સુરમા આ વખતે મોં ફેરવી કંઈક બોલી, પણ શું બોલી તે નરેન્દ્ર બરાબર સાંભળી શક્યો નહિ.

તે આખો દિવસ સુરમા બહુ ઉદાસ રહી. તેની દરેક હિલચાલ–કામકાજ પતિ તપાસતો રહ્યો. જમવા વખતે પણ પોતે ઝટપટ એકાદ બે કોળિયા મોંમાં નાખીને ઊઠી ગઈ. મોં જોતાં નરેન્દ્ર ડરનો માર્યો કંઈ બોલી શક્યો નહિ. સાંજે ઑફિસથી આવીને જોયું તો સુરમા એમ ને એમ સૂમસામ બેઠી હતી. નરેન્દ્રે કહ્યું: 'તને થયું છે શું સુરમા?'

અન્યમનસ્ક થઈ અને પરાણે હસીને સુરમા બોલી: 'મને? મને તો કંઈ થયું નથી.' કહી ઊભી થઈ અને ચાલી જવાનું કર્યું. નરેંદ્ર બોલ્યો: 'સુરમા જતી નહિ. જરાવાર બેસ.'

સુરમા પાછી બેસી ગઈ: 'શું કહો છો?'

નરેન્દ્રે ગંભીર થઈને કહ્યું: 'તું એમ ન સમજતી સુરમા, કે મને કંઈ નહિ થતું હોય! મા અને દાદાને આવડી ઉંમરે પણ અવિરતપણે કામ કરતાં જોઈ મારા હૃદયમાં શું થયું હશે એ તને કેમ સમજાવું? મેં ય સમજાવવામાં કંઈ બાકી રાખી ન હતી; પણ જે બનવાનું નથી એ એક વખત ખબર પડી જાય પછી તેની પાછળ પડવું એમાં વ્યાવહારિકપણું નથી. લોકો તેને લાગણીવેડા અને એવું ઘણું ય કહી હાંસી ઉડાવવા મંડી જશે.'

થોડીવાર પછી બોલ્યો: 'તેઓ પોતાની મેળે આરામ નહિ લે. તેમનો સ્વભાવ જ એવો છે. બળજબરીથી કોઈ છોડાવે તો જુદી વાત. પણ કામ દુનિયામાં એક જ નથી, અગણિત છે. એકમાંથી નિવૃત્તિ મળશે તો બીજાને લેવા હાથ લંબાવશે જ.'

'પણ કામકામમાં ય ફેર હોય છે ને?'

'હા, એ ખરું!'

રાતની વેળાએ પતિપત્ની વચ્ચે નીચે પ્રમાણે વાત થઈ:

'દાદા અને બાની સેવા કરવી ગમે સુરમા?'

'ખૂબ જ.'

'નાનું ગામ. તું શહેરમાં ઊછરેલી. કામ પણ કંઈ ઓછું નહિ. તારાથી એ થઈ શકે?'

'થઈ શકે, જરૂર થઈ શકે.'

'થઈ શકે? ન થઈ શકે સુરમા. એ તો કહેવાની વાત છે. તું વિચારીને બોલતી નથી.'

'શહેરમાં ઊછરેલી સ્ત્રીઓ કંઈ કામ કરી શકે નહિ એવો તમે અભિપ્રાય તમારા મનથી બાંધો છો; અને પછી તમને પોતાને જ નહિ, અમને પણ જાણ્યેઅજાણ્યે કે કોઈ દુર્બળતાથી અન્યાય કરી બેસો છો. સ્ત્રીઓને માટે એ અપમાન છે.'

'અપમાન કેમ સુરમાદેવી? તમારી દલીલ ગળે ન ઊતરી. જરા સમજ પડે એમ કહો!'

એકાએક સુરમા શરમાઈ ગઈ. મોં લાલચોળ થઈ ગયું, પણ અંધારામાં નરેન્દ્ર તે જોઈ શક્યો નહિ. દાંત નીચે હોઠ દાબી ધીમેથી બોલી: 'તમારી સામે દલીલ કરવાની મારામાં તાકાત નથી સ્વામી, ભૂલ થઈ. તમે શું કરવાનું કહેતા હતા?'

નરેન્દ્ર વાત સાંભળી ખૂબ હસી પડ્યો પણ એ હાસ્ય ઝાઝું ટક્યું નહિ. મૂળ વાત પાછી ગંભીરપણે ચાલુ થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો તું ત્યાં જઈશ? દાદા અને બા ખૂબ જ રાજી થશે. જઈશ તું?'

સુરમાનું મોં મલકી ઊઠયું. બોલી: 'તમે કહો છો ને જવાનું? કાલે રાખો એ તો કેમ?'

નરેન્દ્ર હાંફળોફાંફળો થઈ બોલ્યો: 'સુરમા, તું વિચારીને નથી બોલતી. તને એકલીને ત્યાં ગમવા-કરવાનો વિચાર કર્યો છે?'

'ગમશે રે ગમશે. હું ત્યાં એકલી શાની? બા, દાદા, વાસુ બધાંય તો હશે!'

નરેન્દ્ર ભોંઠો પડી ગયો. 'તો શું ખરેખર તું જઈશ?'

'તમે કહેતા હો તો જઉં જ. બનતા સુધી કાલે જ!'

થોડીવાર બંને જણાં મૂગાં રહ્યાં. વાત કાઢી સુરમાએ: 'કેમ કંઈ બોલ્યા નહિ? તમારો શો મત છે?'

ઢીલો અવાજ આવ્યો: 'બહુ સારુ, ઉત્તમ-સરસ!'

બીજે દિવસે સુરમા અને વાસુ સાસુ-સસરાની સેવા કરવા રાજપુર આવી પહોંચ્યાં.

નરેન્દ્ર પાસેથી છૂટાં પડતી વખતે સુરમા રડી પડી હતી અને નરેન્દ્રના મોં સામું જોતાં એકાએક કહી બેઠી હતી: 'મારે નથી જવું. જઈએ તો ચાલો આપણે બધાં ત્યાં જઈને રહીએ. તમે પણ કંઈ ઓછા દુઃખી નહિ થાવ!'

નરેન્દ્ર બોલ્યો: 'ગાંડી થઈ છો સુરમા? આ શું તૂત? તૈયારી બધી થઈ ગઈ છે અને હવે પાછી આ શું?'

'તમે અહીં એકલા હેરાન થશો.'

'બા ને દાદાની હેરાનગતી તું જોઈશ સુરમા, તો તને પાછું અહીં આવવાનું મન નહિ થાય.'

સુરમા થોડીવારે બોલી હતી: 'ઠીક, પાછી અહીં ન આવું તો મારો વાંક તો નહિ કાઢો?'

'તારો વાંક જરાય નહિ—'

'વારુ, ત્યારે એમ જ થશે.' કહી એકદમ સ્વામીના ચરણ પર માથું નાખી નરેન્દ્રના પગને આંસુથી ભીંજવી દીધા. બહુ જ હેત-પૂર્વક નરેન્દ્રે સુરમાને બેઠી કરી અને ઘડીભર તેના સામું જોઈ રહ્યો. ઘડી પહેલાં આંખમાં છલકાતો સમુદ્ર અને વિષાદના ભાવો કોણ જાણે ક્યાં ય અદૃશ્ય થઈ ગયા છે! ઘણાં વરસે પતિના ઘેરથી પિયેર જતી સ્ત્રીના જેવા ભાવો સુરમાના મોં પર રમવા લાગ્યા.

સુરમાને મૂકી નરેન્દ્ર ઘેર આવ્યો ત્યારે તેને પણ ક્યાંય ચેન પડ્યું નહિ. સારા-ખોટા કેટલાય વિચારો મગજમાં આવતા જ રહ્યા. છેવટે પોતે એકલોએકલો બબડ્યો: 'એમ જ હોય. મને આ જગ્યા પર લાવનાર માતાપિતા માટે મારે શું કંઈ ન કરવું જોઈએ? અહીં આવ્યાં હોત તો ઘણું સારું હતું; પણ તો ય શું થઈ ગયું? સુરમા ગઈ છે, હું પણ જતોઆવતો રહીશ. એમની જિંદગીના પાછલા દિવસો જો સારા ન જાય તો એથી વધીને બીજું કોઈ દુઃખ દુનિયામાં મોટું નથી. એમને નેવું વરસે કોઈ આરામ ન આપે, સાજેમાંદે કોઈ કહેનાર ન મળે કે 'દાદા, અમે તમારી પાસે છીએ' તો એને પરિણામે શરમનો જે બોજો મારા પર આવી પડશે એથી તો હું કોઈને મારું મોં નહિ બતાવી શકું. પછી બધું ય નકામું. મારું ભણતર, આવડો મોટો પગાર, મારું પુત્રપણું અને મારું જીવતર પણ.'

સુરમા રાજપુર પહોંચ્યા પછી અઠવાડિયે નરેન્દ્રનો કાગળ દાદાને મળ્યો. સુરમા પર જુદો કાગળ હતો. બેચાર લીટીમાં લખ્યું હતું, કે 'મને તું ખોટો સમજીશ નહિ સુરમા. કર્તવ્ય જ્યારે માથે આવી પડે છે ત્યારે મોજશોખ કે સુખસગવડ કંઈ જોવા બેસાતું નથી. દૃઢ મને એ કરવું જ રહ્યું.'

વળતા જવાબમાં સુરમાએ લખ્યું: 'હવે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બાબત ચિંતા કરીને મને ચિંતામાં ન નાખો તો સારું. તમે પત્ર લખતા રહેજો. કામકાજ આડે મારાથી પત્ર ન યે લખાય. આજે આ અવસર મળ્યો છે તો મારા શરીરની કિંમત કરવા બેસું એવું મને શિક્ષણ મળ્યું નથી આટલું યાદ રાખજો.'

જે કામ માત્ર નિયંત્રણપૂર્વક થતું તે કામમાં સુરમાના આવવાથી રસ પુરાયો અને જીવ આવ્યો. સુરમા પોતે પણ કામમાં એવી તો તલ્લીન થઈ ગઈ હતી કે આત્મભાન જેવું પણ બહુ ઓછું રહ્યું. સવારમાં દાદાથી ય વહેલી ઊઠી, 'બેટા રહેવા દો–એ કામ મૂકી દો.' વગેરે સાંભળવાની ટેવ પડી ગઈ. વૃદ્ધના સ્નેહનીતરતા એકએક શબ્દથી સુરમામાં નવું જોમ ઉમેરાતું. ઘરની સફાઈ, રાંધવું અને છોડવાને પાણી પાવા સુદ્ધાંનું કામ તેણે ઉપાડી લીધું. માના હાથમાંથી કામ છોડાવી તેમને મીઠો ઠપકો આપ્યો: 'શરીર પાસેથી મા ઘણું ય કામ લીધું; હવે જરા વાસુને વાતો નહિ કહો?'

માત્ર સાસુ–સસરા જ નહિ પણ આખા ગામે એકી અવાજે કબૂલ કર્યું કે વહુએ બુઢ્ઢાંની પાછલી જિંદગી સુધારી અને ભગવાન પાસે પ્રાર્થના કરી કે જો કદી ય ઈશ્વર પોતાના ઉપર કૃપા કરવાની ઇચ્છા કરી બેસે, તો સુરમા જેવી ઘરમાં વહુ આવે, નહિતર છોકરાને વાંઢો રાખે, અગર પ્રસન્ન થવાની જ તકલીફ ન ઉઠાવે.

દેવસેવાનો સામાન તૈયાર કરવાથી માંડી ફૂલ ઉતારવા સુધીનું કામ સુરમા વહેલી કરી નાખતી. પિતા તુલ્ય સસરા હોવા છતાં અને 'તમે તો મારાં દીકરી છો બહેન!' એ ખુદ દાદાએ કહેવા છતાં ય પોતે જાણી જોઈને દાદાની આડે ઊતરતી નહિ. સસરાની માનમર્યાદા એને મન ખૂબ કિંમતી વસ્તુ હતી.

પણ દાદાને ફાવ્યું વાસુ સાથે. અને વાસુને ફાવ્યું તેના 'દાદા' સાથે. દાદા પૂજા કરતા હોય ત્યારે મંદિરના ઉંબર પર બેસી વાસુ તે કામ બહુ જ બારીકીથી જોતો. ઠાકોરજીને નવડાવવા, લૂછવા, આસન પર બેસાડવા, ચંદન કરીને શણગારવા એ જોઈજોઈને એ બધી ક્રિયાઓ એવી તો મોંએ થઈ ગઈ હતી કે હવે પછી કઈ ક્રિયાઓ આવશે અને એ કેવી રીતે કરવાની છે એ દાદાને આગળથી કહેતો. વચ્ચેવચ્ચે પ્રશ્ન પણ પૂછતો:

'દાદા, કહું?'

'હં.'

'ભગવાનને રોજ નવડાવવા પડે?'

'હાસ્તો.'

'તમે તો દાદા ઊને પાણીએ નહાવ છો, ભગવાનને ટાઢું કેમ?'

દાદા હસીને જવાબ દેતા: 'ભગવાનને યે ટાઢ વાતી હશે વાસુ?'

'કેમ ન વાય, દાદા?'

'તો એ ભગવાન ન કહેવાય.'

'દાદા કહું? ઉંદરને ગણપતિ સૂંઢથી મારતા કેમ નથી?'

'ઉંદર ગણપતિનું વાહન છે; વાહન એટલે શું એ સમજે છે વાસુ? ગાડી...'

'દાદા મારું વાહન શું?'

'હું!'

બાળક આ વખતે ખિલખિલાટ હસી પડતો અને વારેવારે પૂછીને ખાતરી કરતો કે પોતાનું વાહન ખરેખર દાદા જ છે ને? પછી પૂજાનો આખો ય વખત વાસુ પોતાને પૂજા કરવા દેવાની માગણી દાદાની હજૂરમાં કર્યા જ કરતો અને કહેતો, કે પોતાને જો એક વખત તક આપવામાં આવે તો દાદાના કામને પણ ટક્કર મારે એવું કામ પોતે કરી બતાવવામાં પાછી પાની કરશે નહિ!

દાદા કહેતા: 'તને ન આવડે ભાઈ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ન આવડે કેમ દાદા ? તમને તો આવડે છે!'

'હું તો તારાથી મોટો છું, તું નાનો છે.'

'ઠીક,' કહી બાળક એકદમ ચૂપ થઈને બેસી જતો. ઠેઠ આરતી વખતે દાદાને વાસુ સાથે ફરજિયાત સંધિ કરવી પડતી, કે વાસુએ પોતાની નજર ચુકાવીને જે મૂર્તિઓ લઈ લીધી છે તે જો પાછી સુપ્રત કરશે તો તેને આજે તો નહિ પણ આવતી કાલે જરૂર પૂજા કરવા દેવામાં આવશે.

વાસુ પણ રાજી થઈને ખિસ્સામાં નાખેલી બેચાર મૂર્તિઓનો ઉંબર પર ઢગલો કરી દેતો!

સાંજને વખતે વાસુ દાદાની આંગળી પકડીને તેમની સાથે મંદિરે જતો. દાદા જે ઓટલા પર બેસતા એ ઓટલા પાસે જ પોતે ચૂપચાપ બેસતો. આ વખતે પણ તેના બાલ મગજમાં તર્કો ન ઊઠતા એમ નહિ પણ દાદાને પૂછવાની તક ન મળતી. પરિણામે તેના પ્રશ્નો માર્યા જતા. આથી શાંતચિત્તે દાદા જ્યાંસુધી બેસે ત્યાંસુધી બેસી રહેતો. લોકોને પણ આ શાંત અને મંગલમય બાલ-સ્વરૂપ એકદમ ચિત્તમાં વસી જતું.

*

દોઢેક વરસના ટૂંકા ગાળામાં પછી જે કંઈ બન્યું તે માણસની નજરે વિધાતાનું ક્રૂર અને અસ્વાભાવિક કૃત્ય લાગે; પણ આપણે બીકના માર્યા અસ્વાભાવિક વસ્તુને સ્વાભાવિક કરી બનાવવાનું કુદરતનું જ એક કામ છે એ જાણતા હોવા છતાં એને માટે બીજાને દોષ દઈ બેસીએ છીએ. કિનારો જોઈને થનગનતી નાવને કોણ જાણે ક્યાંથી પ્રચંડ આંધી ચડીને પાછી ખેંચીને પછી ક્યાં ય સમાવી દે છે કે તેનો પત્તો ન મળે. પછી અલ્પબુદ્ધિ જીવો કહે છે કે 'જો આમ થયું હોત તો જે વસ્તુ બની તે ન બની હોત.' કોઈક જ એમ કહે છે કે 'તેમ થનારું હતું એટલે આમ થયું છે.' ટૂંકમાં દુનિયામાં કોઈ વસ્તુ આમ જ બનવી જોઈએ એ હમેશાં એમ બનવા ન યે પામે એટલે દેવની આંધીમાં સૂકાં, પીળાં ફૂલોની સાથે જીવનનું પ્રભાત જ હજુ તો ઊઘડતું હોય એવાં ય ફૂલોનો કચ્ચરઘાણ વળી જાય છે. એવી જ એક આંધીમાં ઊઘડતું અને સુવાસથી ભરપૂર પુષ્પ ઝપાટામાં આવી ગયું. તે પુષ્પ હતું સુરમા. સાસુ–સસરાને ખૂબ સુખ આપી સુખનું તેમને સારી પેઠે ભાથું બાંધી આપી તેમને રવાના કર્યા પછી-મોં પર પોતાની ફરજ બજાવ્યાના આત્મસંતોષનું નિર્મળ અને નિરભિમાની હાસ્ય લઈને એકાએક પોતે પણ તેમની પાછળ ચાલી નીકળી.

આંધી પછીના એ ભયાનક અને સૂમ-સામ વાતાવરણમાં નરેન્દ્ર નિસ્તેજ મોં લઈ, તોફાને કરેલા નુકસાનનું સરવૈયું કાઢતો એકલો બેઠો છે. વાસુ પડખેના મંદિરમાં એકલોએકલો પથ્થરની મૂર્તિઓ સાથે કોણ જાણે શું ય લમણાઝીક કરતો હતો. નરેન્દ્રનું મોં કાળું પડી ગયું હતું અને મોં પર તિતિક્ષાના ભાવ સ્પષ્ટ દેખાઈ આવતા હતા. દાદા અને માની સ્નેહમૂર્તિઓ તો નજર સમક્ષ ન હતી, છતાં ય સુરમાના વિચારોથી તેના હૃદય પર જાણે કોઈ હથોડાના ઘા મારતું હોય એમ લાગતું હતું.

સુરમાએ એક વખત કહેલા શબ્દો યાદ આવ્યા:

'ઠીક, તો પાછી હું ન આવું તો મારો વાંક તો નહિ કાઢો ને?'

પોતે કહ્યું હતું: 'ના રે તારો વાંક? જરાય નહિ!'

સુરમાએ કહ્યું હતું: 'વારુ ત્યારે એમ જ થશે.' વળી પાછું સુરમાએ એક પત્રમાં લખ્યું હતું: 'એટલું કેમે ય બની જાય કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતાપિતાની ગોદમાં જ હસતી, રમતી અને સેવા કરતી...'

આ વખતે પોતે એકદમ ઊભો થઈને લટાર મારવા લાગ્યો. એમ તો પોતે ય ઘણી વખત ઘેર આવી ગયો હતો; પણ સુરમા આમ ચાલી નીકળશે, એનો તો ક્રમે ય ખ્યાલ નહોતો આવ્યો. નરેંદ્ર બબડ્યો: 'હું મૂરખ છું!'

લટાર મારતોમારતો દાદાના નાના સરખા બગીચામાં એ આવીને ઊભો. મગજ કંઈક શાંત થયું. ઠંડી હવાથી મન કંઈક પ્રફુલ્લિત થયું અને પોતે વિચાર કર્યો, કે મારામાં કેવી નિર્બળતા છે! પ્રિયજનોનાં મૃત્યુથી ગભરાયે કેમ કામ ચાલે? મૃત્યુ મને પણ કંઈ છોડવાનું નથી તો મારે ય તો બધાંયને રસ્તે જ જવું છે ને—દાદા—મા—સુરમા. એકાએક પાછું કોણ જાણે શું ય થઈ ગયું, તે જોરથી રાડ પાડી ઊઠ્યો: 'વાસુ!'

વાસુએ દોડતા આવીને કહ્યું: 'બાપુજી.'

'કાલે આપણે જવું છે. ચાલો તૈયારી કરીએ. વાસુ, મારે ય તો નોકરી છે. છોકરો છે. આમ કામ ન ચાલે વાસુ—આમ કોઈ દિવસ ન ચાલે!'

બાળક વાસુ પિતાની આ ઉન્માદ-અવસ્થાને કંઈ સમજી શક્યો કે નહિ એ કોણ જાણે! તે માત્ર મોં ફાડીને જોઈ જ રહ્યો.

બપોરને સમયે મા બેસીને અનાજ વગેરે ઠીકાઠાક કરતી હતી, તે જગ્યાએ આરામખુરશી પર માથે હાથ દઈને બેઠો-બેઠો એકાદ ચોપડીનાં પાનાં ફેરવતો હતો. પાછળથી અચાનક અવાજ આવ્યો: 'મારી બા ક્યાં છે?'

નરેન્દ્ર ચોંકી ઊઠ્યો. પાછળ જોયું તો વાસુ કંઈક ખિજાયેલા અવાજે ફરી બોલ્યો: 'મારી બા ક્યાં છે?'

નરેન્દ્રે સામે એવા જ અવાજે કહ્યું: 'દાદા—બાપુની સેવા કરવા ગઈ છે.'

'દાદા—બાપુ ક્યાં ગયા છે?'

'દાદાને ઘેર!' કહી પોતે જૂના પુરાણા મંદિર તરફ આંગળી ચીંધી.

'દાદા ત્યાં ગયા છે? મારે જવું છે.'

નરેન્દ્ર રાડ પાડી ઊઠ્યો: 'વાસુ, ચૂપ રહે.' પછી પોતે જ કંઈક ભોંઠો પડી છોકરા-ને છાતી સરસો ચાંપી દીધો અને કેટલી ય વાર સુધી તેના માથા પર હાથ ફેરવતો રહ્યો.

સાંજને હજુ ઠીકઠીક વાર હતી. ગાયોનું ધણ પણ હજી આવ્યું ન હતું. નરેન્દ્ર અહીંની શું વ્યવસ્થા કરવી એના વિચારમાં પડ્યો હતો. કાલે ન જવાય તો પરમ દિવસે તો જવું જ જોઈએ. જેમજેમ દિવસો જતા જાય છે તેમતેમ આ જગ્યા તેને માટે અસહ્ય થતી જાય છે. શહેરમાં જઈને જીવ પરોવાય તો કંઈક શાંતિ મળે એવો દૃઢ અભિપ્રાય નરેન્દ્રનો બંધાઈ ગયો હતો. જવાની તૈયારી પણ કરવાની હતી જ. સાથે છોકરો છે. મુસાફરીમાં એને ક્યારે શી વસ્તુ જોઈશે એ બધી ગણતરી પણ કરવાની હતી. વાસુએ આવીને કહ્યું: 'બાપુજી, મંદિરે ચાલો, દાદા રોજ જતા!'

'તું એકલો જા વાસુ, કાલે આપણે જવું છે. તૈયારી તો કરવી પડશે ને?' કહી તેણે વાસુ સામે જોયું. વાસુનું મોં ખિન્ન થઈ ગયું એ નરેન્દ્રે જોયું. શરીર પર ઝભ્ભો પહેરી બોલ્યો: 'ચાલ, જઈએ.'

મંદિર કંઈ બહુ મોટું ન હતું; પણ મંદિરની પાસે જ એક મજાનો ચોક હતો. નરેન્દ્ર મંદિરમાં દાખલ થયો. તેણે આસ-પાસ નજર કરી. આ મંદિર, આજ પેલા લોકો—દાદાના પ્રિય શ્રોતાજનો, એ જ પેલો ઓટલો રહ્યો, જેના ઉપર દાદા બેસતા. એ જ હતું સંસ્કારઝરણાનું મૂળ, જ્યાંથી નાની એવી સરિતા ધીરગંભીર નાદે થોડા કાળ પહેલાં ખળભળ કરતી વહેતી હતી. જતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદાય તેમાંથી ખોબા ભરીભરી પીને સંતોષ અનુભવતો. આ જ એ મૂળ સુકાઈને રસવિનાનું થઈ ગયું છે છતાં ય માણસો પોતાનાં તરસ્યાં ગળાં લઈને હજી ય જાણે કંઈક આશામાં મોં ફાડીને બેઠાં છે.

ચોકમાં થઈને ધીમે પગલે તે ઓટલા પાસે આવ્યો. ફાટી આંખે તેણે ઓટલો, માણસો વગેરે જોયું. પછી ઓટલાને ખૂબ પ્રેમથી લૂછીને પછી આંખમાં આવેલાં થોડાં આંસુઓને કોઈ ન દેખે તેમ લૂછી, ઓટલાને એક ખૂણે તે બેસી પડ્યો.

તેને જાણે કોઈ બોલતું હોય એમ લાગ્યું. દાદાનો જ એ અવાજ: 'ના નરેન, શહેરમાં મારાથી નહિ અવાય. આ લોકો પોતાનાં દુઃખદર્દો લઈને તેનો ઉકેલ માગવા મારી પાસે દોડયાં આવે છે અને હું મોં સંતાડું ને એમને જાકારો દઉં એ મારાથી નહિ બને. ગામડાનો જુવાનવર્ગ કંઈક તાલીમ લઈને ગામ છોડી શહેરમાં જઈ વસે છે. તેમની અવેજીમાં કોઈ કે તેઃ તેમનું કામ કરવું જ પડશે. અજ્ઞાની ગ્રામજનો નહિતર ટકશે કયા આધારે?'

એકદમ તેણે ચોકમાં બેઠેલાં માણસો તરફ જોયું. દીનવદને તેઓ પોતાની તરફ શા માટે જોઈ રહ્યા છે?

ઘેર ગયો ત્યારે ભાર ઘટવાને બદલે વધ્યો. વાસુને ખવડાવીને સુવડાવી દીધો, કહ્યું: 'વહેલો સૂઈ જા. કાલે વહેલું ઊઠવું પડશે. કાલે આપણે જવું છે.' ત્યારપછી પોતે દાદાનાં પુસ્તકો ખોલીને જોવા લાગ્યો. બધાં પુસ્તકો સામાજિક અને ધાર્મિક હતાં અને દરેક પુસ્તક દાદાની આંખ નીચે ફરી ગયું હતું એની સાબિતી દાદાએ કરેલી નોંધો આપતી હતી. નરેન્દ્રે બહુ સાવચેતીથી બધાં પુસ્તકોને જતનપૂર્વક કપડામાં વીંટીને મૂકી દીધાં. શિયાળો હજી હમણાં જ બેઠો હતો. કંઈક ઠંડી પણ પડવી શરૂ થઈ હતી; છતાં ય આ વખતે એને પરસેવો વળી ગયો. ત્યાંથી ઊઠી ફાનસ લઈને પરસાળમાં આવીને ઊભો.

પરસાળની સામે મોટું ફળિયું હતું અને ફળિયાને એક ખૂણે ગાય બંધાતી. નરેન્દ્રને જોઈ ગાય બેઠી થઈ ગઈ અને તેના સામું જોઈને ભાંભરી. એ જ માની માનીતી ગાય! પાસે જઈ હાથ ફેરવતાં-ફેરવતાં બોલ્યો: 'તને તો હજી ખાવા મળ્યું નથી, ખરું ને?' કહી પાસેના ઓરડામાંથી ખડ લાવીને નાખ્યું. ગાયે ઘડીભર નરેન્દ્રની સામે ભાવવિહોણી આંખે જોયું અને પછી પોતે ખાવા લાગી ગઈ. નરેન્દ્ર તેને ઘડીભર હાથ ફેરવતો ઊભો રહ્યો.

પાસે જ આવેલા-દાદાએ વાવેલા વનસ્પતિ અને ફૂલઝાડના છોડ કેવા મોટા થઈ ગયા છે? પેલી જૂઈ, ડોલર, બારમાસી તો ફૂલથી ઝૂમાંઝૂમ છે. નરેન્દ્રના મોંમાંથી એક નિઃશ્વાસ નીકળી પડ્યો. પછી આવ્યું દાદાનું મંદિર. સુરમાના અહીં આવ્યા પછી દાદા કલાકો સુધી અહીં બેઠા રહેતા. ધીમેથી તેણે શિવમંદિરનું બારણું ખોલ્યું. ખૂણામાં બેઠેલા ઇષ્ટદેવને જોઈ એને એક નાનપણનો પ્રસંગ યાદ આવી ગયો. દાદા કંઈક કામે બહારગામ ગયેલા અને તે દિવસે સવારની નિશાળ હતી. નિશાળથી આવતાં ખબર પડી કે પૂજા કરવાનું 'ધન્ય ભાગ્ય' આજ પોતાનું છે. દેવોને ફૂલ ચડાવવા સિવાયનું બધું કામ પોતાને કંટાળાભરેલું અને નકામું લાગતું; પણ પ્રથા તો જળવાવી જ જોઈએ, એટલે ખૂણેખાંચરેથી પ્રયત્નપૂર્વક બધા દેવોને બહાર એક છાબડીમાં આણી સમાનતાના ધોરણે ભેગા કરી તેના પર પાણીની એક ગાગર રેડી દીધી. નરેંદ્ર તે વખતે બબડ્યો હતો: 'સંખ્યા પણ શું કંઈ કમ છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલાં બધાંને લૂછવા બેસું તો તો આરો ન આવે.' એટલે પોતે એમ ને એમ દેવોનાં આસનોનો સર્વ હક્ક પોતાને સ્વાધીન રાખીને પોતાની મરજી અનુસાર બેસાડી દીધા હતા. પછી ફૂલ ચડાવવાનું અને આરતીનું કામ ઝપાટાભેર અને આનંદપૂર્વક થયું. માત્ર એક ભૂલ રહી ગઈ હતી. પ્રસાદી મંદિરના ઉંબરે જ પડી રહી અને દીવો સળગાવવાનું યાદ જ નહોતું આવ્યું !

માને કહ્યું હતું : ' મા, જા, જઈને હમણાં ને હમણાં દર્શન કરી આવ. પૂજા એટલી તો સરસ થઈ છે કે જો હમણાં જવામાં નહિ આવે તો પછી તેની બધી મજા મારી જશે. '

આજે આ પ્રસંગ યાદ કરી નરેંદ્ર ખૂબ ગ્લાનિ અનુભવવા લાગ્યો. શિવની મૂર્તિ સામે નજર ગઈ. એની કલ્પના સામે શાંત, પ્રશાંત અને સૌમ્ય શિવની મુખમુદ્રા ખડી થઈ ગઈ. અરે, આ મૂર્તિમાં શો ફેરફાર થતો જાય છે ? દાદાનો જ જાણે એ ચહેરો-ભવ્ય અને ભરાવદાર. એ દાદાનું જ મોં. મોં પર શાંત રસ છલકી રહ્યો છે અને મોટી આંખો ખિડાયેલી જ છે. નરેંદ્રે આંખો ચોળી જોઈ. ફાનસવાળો હાથ ધ્રૂજી ઊઠ્યો. એ ઊભો રહી શક્યો નહિ. મંદિરના ઉંબરા ઉપર માથું નાખી દઈ બેભાન જેવી અવસ્થામાં ઢગલો થઈને પડી ગયો.

પછી કેટલો વખત વીતી ગયો એનું નરેન્દ્રને ભાન રહ્યું નહિ. અકાળે જાગેલ કોઈ પક્ષીની પાંખના ફફડાટે એ જાગી ઊઠ્યો. ફાનસ હજી ય ઝાંખુંઝાંખું બળતું હતું અને આસપાસ બધે ય ગાઢ અંધકાર છવાયેલો હતો. રાત પણ કંઈ થોડી ગઈ ન હતી. આવી અંધારી રાત : લૂખાસૂકા વાળવાળો અને લાલઘૂમ આંખોવાળો નરેન્દ્ર : દૃશ્ય બહુ ડરામણું હતું. તે મંદિરનાં બારણાં બંધ કરીને ધીમે પગલે ઘરમાં આવ્યો. કાગળનો ટુકડો ગોતીને તે વખતે તેણે પોતાના ઉપરીને એક પત્ર લખ્યો, જેમાં લખ્યું કે ' હું મારી નોકરીનું રાજીનામું આપું છું.'

ગામની ટપાલ વહેલી સવારે નીકળી જતી. પત્રને પરબીડિયામાં બીડી, અને વાસુને બરાબર ઓઢાડી નરેન્દ્ર રસ્તા પર આવ્યો.

પત્ર પેટીમાં નાખીને ઘેર આવ્યો ત્યારે જાણે અસહ્ય બોજો એકાએક દૂર થઈ ગયો. એક ઘડી પહેલાંનું વાદળાંથી ખીચોખીંચ ભરેલું આકાશ ક્ષણમાત્રમાં ચોખ્ખું થઈ જાય એમ નરેન્દ્રના મોં પરથી તમામ ઉદ્વેગ, પરિશ્રમ વગેરે ક્યાં ય અદૃશ્ય થઈ ગયાં કે એનો પત્તો જ ન મળે.

વાસુ ઊંઘમાં ઝંખતો હતોઃ 'દાદા હનુમાનજીને વઢો. જામફળીનાં કાચાં જામફળ તોડી નાખે છે. મારે નથી જવું, હું નહિ આવું બાપુજી...હું...તમે...'

નરેન્દ્ર ખૂબ હેતથી તેને માથે હાથ ફેરવી બોલ્યોઃ

'હવે જવાનું કેવું ભાઈ? અહીંનું કામ કંઈ ઓછું નથી. કેટલો વખત થયાં સંસ્કારઝરણું સુકાઈ ગયું છે તેને પાછું રસવાળું કરવું જોઈશે—નીલકંઠના શરૂઆતની કરેલી પજવણીની પણ માફી માગવી છે; અને એથી ય વધીને ગામમાં જ્ઞાનનો દીવો પણ પ્રગટાવવો છે અને એના હાથમાંથી જે લાકડી ઝુંટવાઈ ગઈ છે તે પણ પાછી અપાવવી છે. દાદાનો સુરમાના ઠપકામાંથી પણ બચવું છે. દાદાનો જ આ અમૂલ્ય વારસો છે અને હું દાદાનો દીકરો છું ને ?'

ઝાંખા ફાનસના પ્રકાશમાં નરેન્દ્રનું મોં કોઈ અનેરી દીપ્તિથી ઝળહળી ઊઠ્યું.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલભીપુર

લેખક :
અધ્યા. કેશવલાલ હિં. કામદાર
એમ. એ.

વલભીપુરનો નાશ કરાવનાર ને તે માટે વિદેશી આક્રમણનો ભોગ બનાવનાર રંકા મારવાડી રંક કાકુની વાતથી આપણે પરિચિત છીએ. વલભીપુરની સમૃદ્ધિની કથાઓ પણ આપણે સાંભળી છે. સૌરાષ્ટ્રનાં કેટલાંક નગરોની આસપાસ પ્રાચીનતાની સુગંધ ફેલાઈ રહી છે, તેમાં વલભીપુરનું આગવું સ્થાન છે. આજના નાનકડા વળાના ભૌગોલિક, ઐતિહાસિક ને સાંસ્કૃતિક સ્થાન અંગે મહત્ત્વનો ઈતિહાસ વિદ્વાન લેખકે અહીં રજૂ કર્યો છે.

પુરાતન વલભી એટલે હાલનું વળાગામ. આ ગામ સૌરાષ્ટ્રની રેલવેમાં મુસાફરી કરીએ તો વઢવાણથી ભાવનગર જતાં આવતા ધોળા જંકશનથી ઈશાન કોણમાં છ ગાઉ ગાડામાર્ગે આવે છે. રસ્તામાં ઉમરાળું ગામ આવે છે, જેને પાદર રમણીય કાળુભાર નદી વહે છે. આ ઉમરાળું ગામ હમણાં સુધી ભાવનગર રાજ્યનું વહીવટદારની કચેરીનું મુખ્ય મહાલ ગામ હતું. વળાને પાદર ઘેલો નામે નદી વહે છે. આ નદીનો પટ રેતાળ છે, એટલે તેનું પાણી એકદમ રેતીની નીચે જતું રહે છે, જેથી લોકો વીરડા કરી તેનું પાણી વાપરે છે. વળાની આસપાસનો સૌરાષ્ટ્રનો પ્રદેશ ભાલ પ્રદેશ કહેવાય છે. આ પ્રદેશની જમીન ખૂબ પોચી હોય છે, એટલે સુધી કે ચોમાસામાં પગ ખૂંચ્યો તો ઘૂંટણ સુધી ભોંયમાં ચાલ્યો જાય! ભાલનો ઘઉં કાઠો ઘઉં કહેવાય છે. ખાવામાં આ ઘઉં ઘણો સ્વાદિષ્ટ હોય છે; અને તેના કંસારમાં ઘી ખૂબ સમાઈ શકે છે. લોકગીત છે કે:

'કાઠા તે ઘઉંની રોટલી, અને ઘીગળતો કંસાર;
ભેગાં બેસી આરોગીએ, જો પૂજ્યા હોય મુરાર.'

અત્યારના વળાંગામથી પશ્ચિમે લગભગ બે ગાઉ દૂર લોલીઆણું ગામ આવેલું છે, જ્યાં દમાજીરાવ ગાયકવાડે ઈ. સ. ૧૭૩૮-માં સૈયદોનો પરાભવ કરેલો, અને જ્યાં એમણે બ્રહ્મભોજ કરાવેલો. લોલીઆણામાં અત્યારે પણ આ વિજયના સ્મારકરૂપ એક શિલાલેખ છે. લોલીઆણાની ઇમારત ૧૮૦ ફૂટ ઊંચી હતી. એ ઇમારત હજુ પણ દૂરથી દેખા દે છે.

અત્યારનું વળા નાનું ગામ છે. વલભીના પ્રાચીન અવશેષોનું ત્યાં કોઈ ખાસ સ્મારક નથી રહ્યું—એક શિવાલય છે, જેનો નન્દી (પોઠિયો) ઘણો મોટો છે. સેન્ટ ઝેવીઅર્સ કૉલેજના પ્રોફેસર ફાધર હેરાસે વળા પાસે પુરાતન અવશેષો મળશે એવી આશાએ, થોડાં વર્ષો અગાઉ કાંઈક ખોદકામ કરાવેલું, પણ તેમને કોઈ સ્મારકો ખાસ મળ્યાં નહોતાં.

વળાની બજાર વચ્ચોવચ કચેરી છે. જેની ઉપર થોડાંએક તામ્રપત્રો, કોઈ મૂર્તિઓ અને સિક્કાઓ કાચના બેઠા ઘાટનાં કબાટોમાં ગોઠવાયેલાં જોઈ શકાય છે. હું ગયો ત્યારે ચીની મુસાફર યુવાન ચ્વાંગનું વલભીપુરનું અંગ્રેજીમાં ટાઈપ કરેલું વર્ણન મેં વાંચેલું. વળાગામનાં ઘરો માટે પાયા ખોદતાં મોટી ઈંટો મળી આવે છે, જે ઈંટો વલભીપુરનો ભંગ થયો તે સમયની હોય એવું અનુમાન કદ ઉપરથી ચોક્કસપણે આપણે બાંધી શકીએ. વળાને પાદર એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તળાવ છે. એની પાળે ચોતરફ મરહૂમ ઠાકોર સાહેબે જૂના પાળિયાઓને હારબંધ ગોઠવી દીધા છે, જે કાર્ય ઘણું સ્તુત્ય અને અનુકરણીય કહેવાય. વળાથી પૂર્વે એકવારનો વડોદરા રાજ્યનો રતનપુર મહાલ આવે છે. આ પ્રદેશમાં નવેંબરની ટાઢ પોષ માસની ટાઢ જેટલી કડક હોય છે, અને તાપ ચૈત્ર માસ જેટલો તીવ્ર હોય છે. પ્રાચીન સમયમાં ખંભાતના અખાતનાં પાણી અહીંથી બહુ દૂર નહોતાં.

વલભીરાજ્યનાં લગભગ નેવું જેટલાં તામ્રપત્રો હાથ લાગ્યાં છે, અને તેમાં બેચાર સ્થળે વલભીનો વળા તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે. ઘણાંખરાં તામ્રપત્રો તળ વલભીથી આપવામાં આવ્યાં છે. એક ભરૂચથી કાઢવામાં આવ્યું છે, જ્યારે કેટલાંક ખેટકપુર એટલે ખેડાથી દેવામાં આવ્યાં છે. તામ્રપત્રોના દેનારા દૂતકોમાં રાજપુત્રોનાં નામો વંચાય છે; બે તામ્રપત્રોમાં રાજપુત્રી ભૂપા દૂતકના અધિકાર ઉપર હતી એમ કહેવામાં આવ્યું છે. કેટલાંક તામ્રપત્રો નીચે વલભીના રાજાઓના સ્વહસ્તો છે. વલભી રાજ્યનું રાજ્યચિહ્ન નંદી હતું. તામ્રપત્રો ઉપર નંદી સ્પષ્ટ દેખી શકાય છે. એક તામ્રપત્રનો નંદી બાજઠ ઉપર જમણે મુખે બેઠેલો આલેખવામાં આવ્યો છે. વલભીનાં કેટલાંક તામ્રપત્રોની લિપિ બ્રાહ્મી અને દેવનાગરી લિપિઓના યુગના વચગાળાની લિપિ છે; જેમાંથી, થોડા સમય બાદ અત્યારની દેવનાગરી અથવા બાળબોધ લિપિ ઊતરી આવી છે. એક લેખ ઘડા ઉપરનો મળ્યો છે. આ તામ્રપત્રો ફાર્બસ સભાએ શ્રીયુત ગિરજાશંકર આચાર્ય પાસે ગુજરાતીમાં સંપાદિત કરાવ્યાં છે. કોઈ નવીન તામ્રપત્રો હમણાં પ્રસિદ્ધ થયાં છે તે જુદાં.

બૌદ્ધ અને જૈન સાહિત્યમાં વલભીના ઉલ્લેખો મળી આવે છે. સંસ્કૃત સાહિત્યમાં પણ વલભીના ઉલ્લેખો ત્રણેક ઠેકાણે મળી શક્યા છે. ઈસવીસનના આઠમા સૈકાની છેવટે બૌદ્ધ ગ્રંથ 'આર્યમંજૂ શ્રીકલ્પ' લખાયેલો, જેમાં ભારતનો ઇતિહાસ અશુદ્ધ સંસ્કૃતમાં પદ્યબદ્ધ આપવામાં આવ્યો છે; તેમાં વલભીના રામવંશનું અને તેની સત્તાનું ઠીક વર્ણન મળી શકે છે. ઈસવીસનના સાતમા સૈકાની અધવચમાં ચીની મુસાફર યુવાન સ્વાંગ હિંદ આવ્યો ત્યારે તે વલભીમાં ગયો હતો; તેણે વલભીરાજ્યના બે રાજાઓનું, તેના પ્રદેશનું, અને સૌરાષ્ટ્રના તથા લાટના લોકોનું વર્ણન આપ્યું છે, જે વર્ણન ચીનીમાંથી ઇંગ્રેજીમાં મળી શકે છે. વલભા વિષે હમણાં શ્રીયુત સાંકળિયાએ 'ગુજરાતના પ્રાચીન વસ્તુવિજ્ઞાન (અં. આર્કિયૉલોજી ઑફ ગુજરાત) નામક પુસ્તકમાં વલભીનો ઉલ્લેખ કર્યો છે. મુંબઈ ગેઝેટિયર વગેરેમાં વલભી ઉપર લેખો મળે છે. હમણાં શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીએ વલભીનો અભ્યાસ કર્યો છે, અને એક ગુજરાતી સ્નાતિકા બહેને વલભી ઉપર અંગ્રેજીમાં નિબંધ લખ્યો છે. થોડાંએક વર્ષો ઉપર એક બંગાળી લેખકે વલભી વિષે થોડુંક લખેલું, છતાં આ વિષય ઉપર એકધારી હકીકત હજુ સાંપડતી નથી, અને જે હકીકતો સાંપડેલી છે તે હકીકતે બહુધા ત્યાંના પ્રદેશના અંગત પરિચય વિનાની હોવાથી, વલભી વિષે આપણને પૂરો ખ્યાલ આવી શક્યો નથી.

હર્ષરાજાના વખતમાં, ગુર્જર રાજાઓના વખતમાં અને ચાલુક્ય સમયનાં દક્ષિણ ગુજરાતનાં તામ્રપત્રોમાં વલભીના ઉલ્લેખો મળી આવે છે.

આ તમામ સાહિત્યનું એકીકરણ ક... થયું નથી, અને કાંઈ થયું છે તે જ... સમાજને મળી શક્યું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલભીનાં દાનપત્રોમાં લગભગ સોળ રાજાઓની વંશાવલિ આવે છે; તેમાં આવતાં દાનનાં ગામો બસોથી પણ વધારે થઈ જાય. દાન લેનારા બ્રાહ્મણોનાં અને બૌદ્ધવિહારોનાં નામો પણ એટલાં ખુશીથી થઈ જાય. એક દાનપત્રમાં તો કુલ ચાલીસ જેટલા બ્રાહ્મણોને એકસામટું દાન આપ્યાનો ઉલ્લેખ છે. ઘણાંખરાં ગામો સૌરાષ્ટ્રનાં એટલે કાઠિયાવાડનાં છે; કેટલાંક ગામો ગુજરાતનાં છે; એકાદ બે દાનપત્રોનાં ગામો પશ્ચિમ માળવામાં એટલે રતલામ પાસે આવેલાં છે.

કોઈ દાનપત્રોમાં સહ્યાદ્રિ અને વિન્ધ્ય પર્વતોની ભૂમિ ઉપર રાજ્ય કરતા વલભી રાજપુત્રોનું વર્ણન આવે છે. વલભી રાજાઓ બીજા રાજવંશોનાં તામ્રપત્રો પ્રમાણે શ્રીહર્ષ સામે, આરબો સામે, ચાલુક્યો સામે અને ગુર્જરો સામે લડતા માલૂમ પડે છે. બે વલભી રાજાઓ, ચોથો ધરસેન અને ત્રીજો ધ્રુવસેન પોતાને પરમભટ્ટારક, મહારાજાધિરાજ, પરમેશ્વર, ચક્રવર્તી કહેવડાવે છે. બધા રાજાઓ મૈત્રકવંશના હતા. બધા પરમ માહેશ્વર એટલે શિવભક્ત હતા. એકાદ બે રાજાઓ ભાગવત હોવાનું કહે છે, એકાદ બે ઉપાસક એટલે બૌદ્ધ તરીકે જાહેર થાય છે.

વલભી સંસ્કૃત શબ્દ છે. જે લેખકો વલભીને બદલે વલ્લભી લખે છે તે ખોટો પ્રયોગ કરે છે. સંસ્કૃત શબ્દકોશ પ્રમાણે વલભી એટલે છાપરાના લાકડાનો વળી, છાપરાની ટોચ, છાપરાના ઢાળ, છજું, વગેરે છે. વલભીનું પ્રાકૃત વલહી થયું, તેનો અપભ્રંશ વલઈ થયો; તેનું ગુજરાતી વળા થયું.

સંસ્કૃત સાહિત્યમાં વલભીના આ અર્થમાં અનેક ઉલ્લેખો આવે છે. નગરીઓનાં વર્ણનો કરતી વખતે પ્રાચીન કવિઓએ ઊંચા મહાલયોનાં રસોડાંની બહાર વળીઓમાંથી નીકળતા ધુમાડાના ગોટાઓને પારાવત–પારેવાં અથવા કપોત–કબૂતર સાથે સરખાવ્યાં છે. અને તે વળીની માળમાં બેસતાં પારેવાંનાં અને કબૂતરોનાં સુંદર વર્ણનો આપ્યાં છે. સૌરાષ્ટ્રમાં અત્યારે પણ ઘરકામમાં વપરાતા લાકડાને લોકો વળા કહે છે. લાકડું નાનું હોય તો વળી કહેવાય, લાકડું મોટું હોય તો વળો કહેવાય.

એમ હોવું શક્ય છે, કે પૂર્વે વળા પાસે મોટું બંદર હોય, ત્યાંથી દરિયામાર્ગે લાકડું ખૂબ આવતું હોય, એ લાકડાનો, વળી–વળાનો વેપાર આસપાસ ખૂબ જામેલો હોય, અને ગામને વલભી–વલભીપુર કહેવામાં આવ્યું હોય. અને પછી તો તે બની રહી અટારીઓ વાળી, છજાંથી, જાળીઓથી, માળથી, અટારીઓથી, બારીઓથી વિમાનોની સાથે હરીફાઇ કરતા, વિમાનોની સાથે તોલ થાય તેવા, મહાલયોવાળી, મેઘદૂતની અભ્રંલિહાગ્ર (અં. સ્કાય–સ્ક્રેપર્સ)પ્રાસાદોવાળી, મૈત્રકોની, સુરાષ્ટ્રાની, લાટદેશની ભારતમાં પ્રસિદ્ધિ પામેલી વલભી–વલભીનગરી:

વલભી ક્યારે વસી તેનો સમય નક્કી કરવો મુશ્કેલ છે. મૈત્રકોનાં તામ્રપત્રો ઈ. સ. ૫૦૦થી લગભગ ઈ. સ. ૭૮૯ સુધી ચાલુ છે; પણ ક્યાંય તેની સ્થાપનાનો નિર્ણય થઈ શકે તેવી વ્યાખ્યા કરવામાં આવી નથી.

જૈનપરંપરા પ્રમાણે જૈન આગમોને પુસ્તકરૂપે વલભી મુકામે આરૂઢ કરવામાં આવ્યા હતા, અને તે માટે આચાર્યશ્રી દેવર્ધિક્ષમાશ્રવણમુનિ હતા. તે આરૂઢ થવાનો સમય મહાવીરના નિર્વાણ બાદ ૯૮૦ વર્ષ, વિક્રમ સંવત ૫૧૦ અને ઈસવીસન ૪૫૪ હતો. એક બીજી જૈનપરંપરા પ્રમાણે જૈન આચાર્ય ધનેશ્વરસૂરિએ વલભીરાજ શીલાદિત્યને જૈનધર્મનો પ્રતિબોધ આપ્યો હતો, અને બૌદ્ધોને તીર્થસ્થાનોમાંથી કાઢી ત્યાં જૈનવ્યવસ્થા સ્થાપી હતી. તેનો સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈસવીસન ૪૨૧નો માનવામાં આવે છે. હમણાં એક નવીન પુરાવો મળી આવ્યો છે. વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરના જૈન પંડિત શ્રી લાલચંદ્ર ગાંધી, ઈસવીસન ૧૧૦૦ લગભગ થઈ ગયેલા ભદ્રેશ્વરસૂરિએ કરેલા માગધી કથાસંગ્રહનું સંપાદન કરી રહ્યા છે. તેમાં પ્રસિદ્ધ જૈન નૈય્યાયિક મલ્લવાદીસૂરિની કથા આવે છે કે-મલ્લવાદી, તેમના બે ભાઈઓ, યક્ષ અને અજિતયશસ્, તેમની મા દુર્લભદેવી, અને તેમના મામા જિનાનન્દસુરિ ભરૂચમાં હતા, ત્યારે જિનાનંદસૂરિનો એક બૌદ્ધ નૈયાયિકથી પરાભવ થતાં તેઓ વલભીમાં આવ્યાં, ત્યાં મામા જિનાનન્દસૂરિએ ત્રણેય ભાઈઓને આચાર્યપદ આપ્યું, અને દુર્લભદેવીએ પુસ્તકનો ભંડાર સાચવી રાખ્યો, જેમાંથી મલ્લમુનિએ ન્યાયનો અભ્યાસ કર્યો; અને તેમણે ન્યાયનો સુંદર ગ્રંથ તૈયાર કર્યો, અને પછી ભરૂચ જઈ અગાઉના બૌદ્ધ નૈયાયિકનો, સાતસાત દિવસ સુધી પૂર્વપક્ષ કરી પરાભવ કર્યો, તેથી વલભીના સંઘે બધાંને ભરૂચથી ગાજતેવાજતે વલભીનગરીમાં લાવી ભવ્ય સ્વાગત કર્યું. આ વૃત્તાંત ઈસવીસન ૩૫૮માં બન્યો હતો એવી લોકવાયકા છે.

બૌદ્ધ ઇતિહાસ-ગ્રંથ આર્યમંજુ શ્રી-કલ્પમાં એમ કહેવામાં આવ્યું છે કે દ્વારામતી-દ્વારકાના યાદવોએ વલભીમાં વાસ કર્યો અને સૌરાષ્ટ્રને સ્વતંત્ર કર્યો. ઈરાનના પાઈકુલીના લેખમાં સૌરાષ્ટ્રના મિત્રસેન રાજા વિષેનો ઈ. સ. ૨૯૪નો ઉલ્લેખ છે.

ગમેતેમ, પણ વલભી ઈસવીસનના ચોથા-પાંચમા સૈકાથી સૌરાષ્ટ્રની ગિરિનગર-ગિરનાર-જૂનાગઢથી ઊતરતી બીજી પંક્તિની નગરી બની હશે.

સાહિત્ય વિમર્શકાર દંડીએ દશકુમાર ચરિત્ર નામે સંસ્કૃત કથા લખી છે. તેનો સમય ઈસવીસનની સાતમી સદીનો ગણાય છે. તેમાં છઠ્ઠા ઉચ્છવાસમાં વલભી વિષે એક વાર્તા આવે છે; તે ટૂંકમાં નીચે પ્રમાણે છે:

સૌરાષ્ટ્રમાં વલભી નામે નગરી છે. ત્યાં એક ધનાઢ્ય નાવિકપતિ રહેતો હતો. તેનું નામ ગૃહગુપ્ત હતું. તેને બિમ્બવતી નામે પુત્રી હતી. તેનું લગ્ન મધુમતીમાં રહેતા એક ધનાઢ્ય સાર્થવાહના પુત્ર બલભદ્ર સાથે થયું. બલભદ્ર વલભીમાં રહેવા આવ્યો, પણ પ્રથમ મેળાપમાં જ વરવધૂને અણબનાવ થયો; એટલે સુધી, કે બલભદ્ર સાસરાના ઘર સામું પણ કદી ન જુએ. નગરીના લોકો બિંબવતીને મહેણું મારવા લાગ્યા, કે તે બિંબવતી નહિ, પણ નિંબવતી-કડવા લીંબડાના રસ જેવી કટુતા ધરાવતી કન્યા છે. બિંબવતીથી આવા ઉપાલંભો સહી શકાયા નહિ. તેથી તે એક પરિવ્રાજિકા-બૌદ્ધ ભિખ્ખુણી પાસે ગઈ. પરિવ્રાજિકાએ તેને આશ્વાસન આપ્યું અને ધર્મધ્યાન કરવા આદેશ દીધો. પછી બિંબવતીએ પરિવ્રાજિકાને કહ્યું: 'તમે બલભદ્રને અહીંના નિધિપતિ નામના શેઠના આવાસ પાસે ગમે તે પ્રકારે લઈ આવો. હું નિધિપતિની પુત્રી તરીકે અને મારી સહચરી કનકવતીને વેશે ત્યાં રહીશ અને બલભદ્ર ત્યાં આવશે ત્યારે ભોંયતળિયે ફૂલદડે રમતાં એવી રીતે દડો ફેંકીશ કે બલભદ્રે દડો પાછો આપવો જ પડે. આ સમયે તમારે (પરિવ્રાજિકાએ) તેને કહેવું કે ઠંડુકે-ફૂલદડે રમતી કન્યા નિધિપતિ શેઠની પુત્રી કનકવતી છે અને તે તમારી સાથે પ્રેમ-લગ્ન કરવા ઇચ્છે છે. બલભદ્ર આ સાંભળશે ત્યારે મને કનકવતી ધારી ઊપાડી જશે; ત્યારે અમે બંને લગ્ન કરીશું અને વલભી બહાર ચાલ્યાં જઈશું.' આ પ્રયોગ બરાબર સફળ થયો. બલભદ્ર અને બિંબવતી (કનકવતી) વલભીથી ખેટકપુર-ખેડા રહેવા ગયાં. ખેટકપુરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભદ્રે વેપાર કર્યો અને ઘણું દ્રવ્ય ભેગું કર્યું. એકવાર બલભદ્રે દાસીને ચિડાઈને કાઢી મૂકી; તેથી દાસીએ બધું તર્કટ ખેટક ગામની પ્રજા સમક્ષ ફોડી દીધું. ખેટક ગામના લોકો ઘણા ક્રોધે ભરાયા, અને તેમણે બંનેને ગામમાંથી ચાલ્યા જવાનું ફરમાવ્યું. એ વખતે બિંબવતીએ ખરી વસ્તુ કહી દીધી. એટલે ગ્રામ અધિપતિએ વલભી મુકામે સંદેશ મોકલ્યો. નિધિપતિ, કનકવતી, ગૃહગુપ્ત, સાર્થવાહ વગેરે ખેટકપુર આવ્યા અને ધામધૂમથી બંનેને વલભી લઈ ગયા. વલભીમાં બલભદ્ર અને બિંબવતી આદર્શ ગૃહસ્થાશ્રમ સેવતાં થયાં.

દંડીલિખિત દશકુમારચરિતના હાલના અભ્યાસીઓ એમ માને છે, કે તેનાં વર્ણનો એ વખતના રાજકારણને અવનવાં નામો દ્વારા સૂચવે છે. આપણે એટલું તો સમજી શકીએ કે વલભી, ખેટકપુર અને મધુમતી એ સમયે સમૃદ્ધ નગરો હતાં. ત્યાં કુબેરભંડારી, સાર્થવાહો (સથવારાઓ) અને નાવિકપતિઓ રહેતા હતા, તથા ત્યાં બૌદ્ધ પરિવ્રાજકો અને પરિવ્રાજિકાઓ નિવાસ કરતાં હતાં. દશકુમારચરિતની આ વાર્તામાં આવતી મધુમતી નગરી એ ભાવનગર પાસે આવેલું મહુવા સમજવાનું છે, મદુરા કે મથુરા નહિ. વલભીના એક દાનપત્રમાં મધુમતીદ્વાર એટલે મહુવા બંદરનો નિર્દેશ છે. દ્વાર એટલે પ્રાચીન સમયનું બંદર, એ આ દાનપત્રથી સિદ્ધ થાય છે.

એક રીતે રામકથાને આલેખતું તો બીજી રીતે સંસ્કૃત વ્યાકરણના જુદાજુદા પ્રયોગોનાં દૃષ્ટાંતો આપતું મહાબ્રાહ્મણ સ્વામીપુત્ર ભટ્ટીએ વલભીરાજ ધરસેનના સમયમાં ભટ્ટીકાવ્ય–રામાયણ–રાવણવધ–લખ્યું હતું. એ પોતે કહે છે, કે આ કાવ્ય પોતે ધરસેન રાજાથી રક્ષવામાં આવતી વલભીનગરીમાં લખ્યું છે. વલભી રાજવંશમાં ચાર ધરસેન રાજાઓ થઈ ગયા; કેટલાક દાનપત્રોમાં ભટ્ટી નામના બ્રાહ્મણોને દાન આપ્યાનું પણ કહેવામાં આવ્યું છે, અને એક રાજા વ્યાકરણમાં પ્રવીણ હતો એમ પણ લખવામાં આવ્યું છે. આ બનાવ સાતમી સદીનો હોવો જોઈએ.

કથાસરિતસાગરમાં વલભીના બે નિર્દેશો છે. એક જીમૂતવાહનની કથાનો; અને બીજો અંતર્વેદીના બ્રાહ્મણ વિષ્ણુગુપ્તનો. જે વિષ્ણુગુપ્ત નામે બ્રાહ્મણપુત્ર વલભીમાં અભ્યાસ કરવા જાય છે તે અંતર્વેદીનો એટલે ગંગા–જમના પ્રદેશમાં રહેતો હતો. વલભી વિદ્યાપીઠોનું સ્થળ હતું તે યુવાન સ્વાંગ પછી તુરત આપણે ત્યાં આવી ગયેલા ઈત્સિંગ નામના ચીની મુસાફરના લખાણથી પણ પુરવાર થાય છે, કારણકે ઈત્સિંગ લખે છે કે 'આખા ભારતવર્ષમાં બે મુખ્ય વિદ્યાકેન્દ્રો છે: વલભી અને નાલન્દ (ઈ. સન ૬૭૫–૬૮૫).'

વલભીવંશના રાજાઓ મૈત્રકો કહેવાતા હતા. એ મૈત્રકો વલભી–દાનપત્રોમાં પરમમાહેશ્વરો તરીકે પ્રસિદ્ધ થાય છે. મૈત્રકો પ્રથમ વ્રાત્યો હતા; કોઈવાર તેઓ સૂર્યપૂજકો હતા. કેટલાક આ મૈત્રયસેનાઓના રાજાઓને મહેરલોકોના સેનાપતિઓ સાથે સરખાવે છે, જે મહેરલોકો અત્યારે પોરબંદર આસપાસના સોરઠી પ્રદેશમાં વસે છે. મિત્રપૂજા અથવા સૂર્યપૂજા આ સમયમાં, આખા સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં પ્રચલિત હતી. અને આ સંપ્રદાય પશ્ચિમ એશિયામાં પણ તે વખતે સારી રીતે પ્રચલિત હતો. પશ્ચિમ એશિયાના ઇતિહાસવિદોના મત પ્રમાણે મિત્રપૂજા તો તે વખતે જરથુસ્તના પારસીક અને ઇસુખ્રિસ્તી સંપ્રદાયો સાથે મોટી હરીફાઈ કરતો પંથ હતો. આ મૈત્રકો ગુપ્ત રાજાઓના અમલ દરમિયાન સિપાઈઓ હતા. તેમણે ભટ્ટાર્કની આગેવાની નીચે કોઈ ચક્રવર્તીપદ સેવતી ગુપ્ત કે કુશાન સત્તા સામે બંડ કર્યું હોય અને અનુકૂળતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંપડતાં, સુરાષ્ટ્રમાં વલભી મુકામે સ્વતંત્ર સત્તા સ્થાપી હોય. વલભીનગર ગિરિનગરથી દૂર હતું, એટલે એની અનુકૂળતા વધારે હતી; તે નગર તે વખતે ભૃગુકૃચ્છથી સોમનાથ જવાના ધોરી માર્ગ ઉપર આવેલું હતું.

મૈત્રક રાજવંશ પરમ માહેશ્વર હતો; તે સાથે તે બૌદ્ધનો ઉપાસક પણ હતો. પ્રથમ મૈત્રક રાજવી ભટ્ટાર્કે વલભી પાસે જ એક બૌદ્ધવિહાર કરાવેલો. એ વિહારનું દાન તેણે શૂર નામના રાજસ્થાનીયને આપેલું હતું. વલભી પાસે એક બીજો બૌદ્ધવિહાર હતો, તે મીમ્માદેવીનો અભ્યંતરિક વિહાર કહેવાતો હતો. એનું સમર્પણ બૌદ્ધના હીનયાન પંથના ભિખ્ખુઓને થયેલું હતું. વલભી પાસે એક ત્રીજો દુદ્દારાણીનો મોટો વિહાર આવેલો હતો. એ વિહારમાં બીજા અન્તર્ગત વિહારો હતા. વલભીરાજા બીજા ધરસેનની એ બહેન થતી હતી. આ વિહાર માટે વલભીરાજાઓ ખૂબ દાનો આપતા હતા. ભાગ્યે જ કોઈ રાજા થઈ ગયો હશે, જેણે આ વિહારને દાન નહીં આપ્યું હોય. એ દાન ગામોનાં હતા અને તેના ઉત્પન્નમાંથી બુદ્ધપ્રતિમાને ધૂપ-દીપ-તૈલ-સુગન્ધ ધરવામાં આવતાં. અને જૂના વિહારોની મરામત થતી. બૌદ્ધગ્રન્થ મંજૂશ્રીકલ્પ પ્રમાણે આ રાજાઓએ વિહારોમાં પ્રતિમાઓ વસાવેલી; તેની દીવાલો ઉપર ચિત્રો કરાવેલાં, તેમાં પુસ્તકોના ભંડારો રાખવામાં આવતા હતા. દાનપત્રોમાં બુદ્ધદાસ, આર્યભિક્ષુ વગેરે બૌદ્ધ આચાર્યોનાં નામો વાંચી શકાય છે. વલભી નામક એક વિહાર હતો, જેનું નામ પક્ષસૂરવિહાર હતું. વલભી આસપાસ પુષ્પવાટિકાઓ-ફૂલવાડીઓ હતી, જેનાં દાન બ્રાહ્મણોને આપવામાં આવ્યાં હતાં. સ્થિરમતિ અને ગુણમતિ એ બે વિદ્વાન બૌદ્ધ આચાર્યોના એક ગુરુભાઈ એ અભિધાનકોશ ગ્રન્થ લખ્યો હતો. ચીની મુસાફર યુવાન સ્વાંગ અહીં આવી ગયેલો તે કહે છે કે:

'વલભી નગરીનો ઘેરાવો ૩૦ લી(લગભગ ૭ માઈલ)નો છે. વસતી ઘણી ગીચ છે. નગરમાં દેશાવરનો કીંમતી માલ ખૂબ પ્રમાણમાં આવે છે. અહીં એકસો સંઘારામો છે અને એમાં છ હજાર ભિખ્ખુઓ રહે છે. અહીં એકસો દેવમંદિરો છે. અહીંનો રાજા ધ્રુવસેન (ધ્રુવભટ્ટ) કનોજના મહારાજા શ્રીહર્ષનો જમાઈ થાય છે, તે બૌદ્ધ મત ધરાવે છે. સ્વભાવે તે ચપળ અને ઉતાવળિયો છે અને તેનામાં બહુ અક્કલ નથી. આ રાજા દર વરસે સાધુઓનો મોટો મેળો કરે છે, જ્યારે તે ખૂબ દાન આપે છે, અને દાનમાં આપેલી વસ્તુઓને તે બમણું મૂલ્ય આપી ખરીદી લે છે.

સાઠ વરસ અગાઉ અહીં શીલાદિત્ય રાજા થઈ ગયો. તે માળવામાં કામગીરી ઉપર હતો. તેણે રાજમહેલ પાસે મોટો વિહાર બંધાવેલો ત્યાં શીલાદિત્યે બુદ્ધ ભગવાનની સાત પ્રતિમાઓ સ્થાપી હતી. આ રાજાના દેશમાં હાથીઓ અને ઘોડાઓ ગાળેલું પાણી પીતા અને હિંસક જાનવરો અહિંસક વર્તન બતાવતાં હતાં. શીલાદિત્ય દર વર્ષે મોક્ષધર્મ પરિષદ ભરતો હતો.'

વલભી સમયના બૌદ્ધવિહારોના અવશેષો સૌરાષ્ટ્રમાં હજુ મોજૂદ છે, જૂનાગઢમાં ગિરનાં જંગલોમાં, સાણાના ડુંગર ઉપર, ઢાંક પાસે, ઓસમના ડુંગર ઉપર, ગોપ પાસે, ભાણવદ પાસે, નગર નજીક ગોપ પાસે, ભાણવદ પાસે, પ્રભાસ ગાંવ નજીક, તથા તળાજા પાસે અનેક અવશેષો છે, જે પ્રાચીન બૌદ્ધવિહારો હતા. એક સમયે પાસગામ પાસેનું ધિંગેશ્વર ... સાણાના ડુંગરોમાં તો પણ બૌધ સ્તૂપ છે. સાણાના ડુંગરોમાં તો ... ગુફાઓ છે. અત્યારે ત્યાં સથી વધારે ગુફાઓ છે. અત્યારે ત્યાં રબારીઓ છાણાં થાપે છે અને ક્વચિત બહારવટિયાઓ રહે છે. સાણાના ડુંગરની ટોચ ઉપરથી એક બાજુ ઊના દેલવાડા નજરે પડે છે, તો બીજી બાજુ જાફરાબાદ નો દરિયો નજીકમાં જ નજરે ચડે છે. ધારીથી ખાંભા, ખાંભાથી ઉડાણ, ઉડાણથી સાણાના ડુંગર અથવા ખાંભાથી સીધું સાણાના ડુંગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડામાર્ગે જવાય છે; ડુંગરની અડોઅડ એક નાનો વોંકળો વહે છે, જ્યાંથી જાફરાબાદની હદ શરૂ થતી હતી.

મૈત્રક રાજાઓ માનવધર્મશાસ્ત્રમાં, વ્યાકરણમાં, લોકકથામાં પ્રવીણ હતા. મંજૂશ્રીકલ્પ પ્રમાણે એક ધરસેન રાજા સો વરસથી વધુ જીવ્યો હતો! એ રાજવંશમાં બે રાજાઓ, ચોથો ધરસેન અને ત્રીજો ધ્રુવસેન દાનપત્રમાં, પોતાને પરમ માહેશ્વર પરમ ભટ્ટાર્ક, મહારાજાધિરાજ, પરમેશ્વર, ચક્રવર્તી તરીકે ઓળખાવે છે અને ઇતિહાસ તે દાવાને સાચો ઠરાવે છે. આ રાજાઓ શીલાદિત્ય, બાળાદિત્ય, ધર્માદિત્ય, ધર્મરાજ વગેરે ઉપનામો ધરાવતા હતા. આર્યમંજૂ શ્રીકલ્પ કહે છે કે તેમની પાસે જબરાં હસ્તીદળો, અશ્વદળો અને નૌકાદળો હતાં. નૌકાદળ ધરાવવાનો આ દાવો ખરો છે, કારણકે તેમણે ચાલુક્યો અને ગુર્જરો સાથે રહીને અરબોને સમુદ્ર ઉપર હંફાવવા પ્રયત્નો કરેલા. એક વલભી રાજપુત્ર ડેરભટ્ટ (દેરભટ્ટ) વિંધ્ય અને સહ્યાદ્રિ ઉપર વલભીનો ઝંડો ફેરવી આવ્યો હતો.

વલભીદાનપત્રોમાં રાજ્ય-વ્યવહાર કોશના અનેક જૂનાં પ્રયોગો મળે છે, તો કોઈ નવા પ્રયોગો પણ જડી આવે છે. એક અધિકારીને દિવિર અને દિવિરપતિ કહેવામાં આવ્યો છે; એનો અર્થ હજુ સુધી બરોબર સમજી શકાતો નથી. ગુજરાત-કાઠિયાવાડમાં જાણીતી અટક ધ્રુવ આ દાનપત્રોમાં મળી આવે છે. આ અટક અત્યારે નાગરો, વણિકો અને કાયસ્થો વાપરે છે, તે વલભી સમયથી ચાલુ હોવી જોઈએ. ગામનો મુખ્ય અધિકારી ગ્રામકૂટ-ગામનો ઉત્તમ પુરુષ કહેવાતો, જે નામ હાલારમાં હાલ ગામોટ શબ્દમાં હજુ ચાલુ છે. કોઈકોઈ ગામ વિભાગસ્થળી કહેવાતું. વનસ્થળી, રાજસ્થળી, એવા વિભાગો દાનપત્રોમાં મળી આવે છે. જામનગર પાસેનું વાણિયાનું વંથળા અને જૂનાગઢ પાસેનું નાઘોરીનું વંથળી બન્ને વિભાગસૂચક નામ હજુ ચાલુ રાખે છે અને તે બંને સ્ત્રી લિંગમાં હજુ પણ લોકવાયકામાં વપરાય છે. જેમકે નાઘોરીની વંથળી, વાણિયાની વંથળી વગેરે. ધારી પાસેનું ગિરમાં વસેલું ઝાર ગામ અત્યારે તો નાનું છે, પણ તે વલભી સમયનું વિભાગીય કેન્દ્ર હોવાનું દાનપત્રોથી સાબિત થાય છે. વઢવાણ (વર્ધમાન) ભુક્તિ એટલે મોટા વિભાગનું કેન્દ્ર હતું. એક ગોમૂત્રિકા નામનું સ્થળ આવે છે, જે અત્યારનું ગોમટા હોઈ શકે.

વલભીના ભંગની વાત દરેક ગુજરાતી બાળક જાણે છે. બારોટોએ તે પ્રસિદ્ધ કરી છે, અને રાસમાળામાં તે અપાઈ ગઈ છે. મૂળ વાત **प्रबन्धचिन्तामणि** નામક સંસ્કૃત ગ્રંથમાં છે. તે સમયના ગુજરાતમાં એટલે જોધપુર પાસે આવેલા પલ્લીગામનો એક રંક વણિક ભાઈની સાથે તકરાર થતાં વલભીમાં રહેવા ગયો, ત્યાં તે સિદ્ધરસ પ્રાપ્ત થતાં ખૂબ ધનસંચય કરી શક્યો અને તેણે વલભી બહાર મહાલયો કરાવી ત્યાં રહેવા માંડ્યું. એકવાર તેની પુત્રીની રત્નજડિત કાંસકી દેખી શીલાદિત્ય રાજાની કુંવરીને ઈર્ષ્યા થઈ, તેથી વણિક હેરાન થયો અને મ્લેચ્છ મંડળ ભાગી ગયો, જ્યાંથી મ્લેચ્છોને તે વલભી ઉપર લાવ્યો. મ્લેચ્છોએ વલભીનો નાશ કર્યો. રાજા માર્યો ગયો.

આ કથા છે, ઇતિહાસ સાથે તે વાર્તાને ઘટાવીએ તો મ્લેચ્છ મંડળ એટલે સિન્ધ દેશ, જે બાગ-એ-દાદ(બગદાદ)ના ખલીફની સલ્તનતનો એક પ્રાન્ત હતો; મ્લેચ્છ રાજા એટલે ખલીફ અલમનસૂર, અને મ્લેચ્છ સરદાર એટલે ઇબ્ન જમાલ. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયના અરબો પશ્ચિમ અને મધ્ય એશિયાના ચક્રવર્તીઓ હતા; તેમનામાં ઇસ્લામનું જયિષ્ણુસ્વભાવનું ઝનૂન હતું; અને ઈરાનનો સંસ્કાર હતો, એ અરબો રોમની પાદશાહી સાથે લડાઈઓ કરતા હતા; ભૂમધ્ય અને અરબી સમુદ્રોનું આધિપત્ય તો તેમણે સિદ્ધ કર્યું હતું. વલભી, લાટ, ગૂર્જર, અને ચાલુક્ય રાજાઓ તેમના જેટલા નૌકાબળે બળવાન નહોતા. આપણા નાવિકપતિઓ પાસે તેમના જેવું યુદ્ધકૌશલ્ય નહોતું. એટલે આપણા ગૂર્જરો, સોરઠીઓ અને ચાલુક્યો અરબોથી હાર પામ્યા—વલભીનો ભંગ થયો. તેના સંઘારામો ભાંગી પડ્યા; તેની જૈન પ્રતિમાઓને સોમનાથમાં અને શ્રીમાળમાં ખસેડવામાં આવી. તેના (વાલમ) બ્રાહ્મણો ધંધુકા ભાગી ગયા, તેનો રાજવંશ પાછો આવ્યો, પણ તેનામાં વલભીની પુનઃ-સ્થાપનાનું બળ નહોતું. કહેવાય છે કે વલભીના એક રાજવંશીએ ચિતોડ જઈ ગાદી સ્થાપી, જે વંશનાં પરાક્રમો પાસે કોઈ પણ રાજવંશનાં પરાક્રમો ઝાંખાં પડે છે.

વલભીભંગ ઈ. સ. ૭૮૯માં બનવાનું જિન પ્રભસૂરિનો 'તીર્થકલ્પ' ગ્રંથ કહે છે. પ્રબંધચિન્તામણિકાર આ વૃત્તાંતને લોકકથાનું રૂપ આપતાં જણાવે છે કે વલભીના ભંગ અગાઉ નગરદેવતા વર્ધમાનસૂરિને સ્વપ્નમાં આવીને રુદન કરવા માંડી, તેથી મુનિએ સવાલ કર્યો કે 'રુદન કેમ કરે છે, તું કોણ છે?' ત્યારે નગર દેવતાએ ઉત્તર આપ્યો કે 'હે ભગવન્, હું વલભીની નગરદેવી છું અને ભંગને જોઈ રહી છું; તમે અહીંથી ચાલ્યા જાઓ. અહીં રહેશો તો ભિક્ષામાં મળેલું દૂધ લોહી થઈ જશે, ભાગો, એવે સ્થળે જઈ રહો, જ્યાં લોહી હોય તે પણ દૂધ થઈ જાય.'

ભાંગ્યું તો ય ભરૂચ, એવું વલભી માટે આપણે કહી શકીએ નહીં, વલભી ગયું તે ગયું જ. એની પુરાણી ભૂમિકા ઉપર દસવીસ ફૂટ કાળી ધૂળ ચડી ગઈ. વલભીનો રહીશ એટલું તો અલબત્ત જાણે છે કે જે ધરતી ઉપર તે પગ મૂકી ચાલી રહ્યો છે તે ધરતી પ્રાચીન વલભીની છે, પણ તેને અથવા તો કોઈ પણ ગુજરાતીને કે સૌરાષ્ટ્રવાસીને ભાગ્યે જ ખબર છે કે એ ધરતીને ખૂંદનારાં એક હસ્તીદળો, અશ્વદળો અને પાયદળો એક વાર ગુજરાતની ધરતીને અને આખા સૌરાષ્ટ્રની ધરતીને રાજકીય, સાંસ્કારિક અને વહીવટી એકત્વનો અનુભવ કરાવી ગયાં હતાં, અને ભારતના ઇતિહાસમાં ગુજરાતે કે સૌરાષ્ટ્રે કદી નહીં અનુભવેલું ચક્રવર્તીપદ થોડાં વરસો માટે તો અપાવી રહ્યાં હતાં.

★

એક ચિત્રશાળામાં કોઈ પ્રેક્ષકે પ્રવેશ કર્યો. એને ઘણાં યે ચિત્રો બતાવવામાં આવ્યાં. એક ચિત્રમાં ચહેરો વાળથી ઢંકાયેલો બતાવવામાં આવ્યો હતો અને એ આકૃતિના પગમાં પાંખો લગાડવામાં આવી હતી. પ્રેક્ષકે પૂછ્યું:

'આ કોનું ચિત્ર છે?'

'સમયનું' ચિત્રકારે સમજાવ્યું.

'એનું મુખ કેમ ઢંકાયેલું છે?'

'કારણ એ મનુષ્યની સામે આવે છે, ત્યારે માનવી એને ઓળખી નથી શકતો.'

'એના પગમાં પાંખો કેમ છે?'

જવાબ મળ્યો:

'કારણકે એ જલદી ચાલ્યો જાય છે. અને એકવાર ગયા પછી કોઈ એને પાછો મેળવી શકતું નથી.'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક :
શ્રી વલ્લભરામ વૈદ્ય
આયુર્વેદાચાર્ય

આકડો

દર શનિવારે પરમ ભક્ત વીર હનુમાનને આકડાનાં ફૂલ શા માટે ચડતાં હશે? આ લેખનું વાચન કરતાં જણાય છે કે નૈષ્ઠિક બ્રહ્મચર્યની આદર્શ વિભૂતિના ચરણમાં શરીરરક્ષામાં ખૂબખૂબ મદદગાર નીવડે એવી વનસ્પતિ અર્પણ કરવામાં પ્રાચીન આચાર્યોએ ભારે ઔચિત્ય બતાવ્યું છે. આકડાની ભસ્મ, એનાં પાનથી થતો શેક, કાનનાં મટતાં દરદો, વ્રણ-ઘા ઉપર મલમ તરીકે એનો ઉપયોગ વગેરે વૈદરાજે રજૂ કરેલા પ્રયોગો અનુભવે સિદ્ધ થયેલા છે તે એની વિશેષતા છે. વિવિધ પ્રકારના ગુણ ને તેના પ્રયોગોની માહિતી આપી છે.

(૧) આકડો : આકડા માટે જુદીજુદી ભાષાઓમાં જુદાંજુદાં નામો મળે છે :

સંસ્કૃત—અર્ક
હિંદી—આક
મરાઠી—અકાણ્ડ, રુઈ
ગુજરાતી—આકડો

એનું વનસ્પતિશાસ્ત્રનું નામકરણ નીચે પ્રમાણે છે :

પ્રાકૃતિક વર્ગ-Natural Order.
તારાકૃતિ વર્ગ અથવા દ્રૌપદીવર્ગ-Eseb-peadia.
કુટુંબ-Genus-Calotropis.
જાતિ-Species-Procira.
નામકર્તા-R. Br.

(૨) સામાન્ય ઓળખાણ : આકડો હિંદભરમાં આડે વગડે થાય છે. તેનાં પાન વડના પાનના આકારનાં હોય છે અને તે સામસામાં આવે છે. તેનાં ફૂલ હનુમાનને ચડે છે એ પ્રસિદ્ધ છે. તેનાં ફૂલની રચના વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિથી અભ્યાસ કરનારા એને મન કુદરતની એક અદ્ભુત કૃતિ છે. આપણે ફૂલ તોડીને નજર કરીએ તો બહારની તથા અંદરની પાંચપાંચ પાંખડીઓ સ્પષ્ટ દેખાય છે. અંદરની દરેક પાંખડીમાં વાદળી રંગના સુંદર પટ્ટા છે. અંદરની પાંખડીઓમાં નજર કરો તો તારાના જેવો આકાર દેખાય છે. સ્ત્રીકેસર ને પાંચ પુંકેસરો વીંટાઈને અને જોડાઈને તે બનેલો છે. વચ્ચે જે લીલી ટપકી દેખાય છે તે સ્ત્રીકેસરનું મુખ છે, જાણે દ્રૌપદીને પાંચ પાંડવો મળ્યા હોય તેવું સુંદર દૃશ્ય! ઘડિયાળ જોવાના કાચને આંખે લગાડીને જોવાથી આ દૃશ્ય મનોહર અને સ્પષ્ટ દેખાય છે. આથી જ મેં તો આ વર્ગનું નામ તારાકૃતિ અથવા દ્રૌપદી-વર્ગ રાખેલ છે. તારાકૃતિ એ આખા યે વર્ગને ઓળખવાની ચાવી છે : પછી તે વેલ, છોડ કે મોટું ઝાડ હોય, તોપણ તારાકૃતિ જોઈને આ વર્ગનું છે એમ જ કહેવાય. તેને બબ્બે ફળો સાથે આવે છે, કેમકે સ્ત્રીકેસરમાં રહેલા ગર્ભાશયને બબ્બે ખાનાં હોય છે. આખા વર્ગમાં બધા જ છોડોને બબ્બે ફળો જ આવવાનાં. તેનું ફળ પોપટના જેવા આકારનું અને લીલું હોવાથી તેને शुकफलम् કહે છે અને તેની અંદર રૂ (કપાસ) હોવાથી તેને तूलफलम् કહે છે. રૂ તેજદાર અને સુંવાળું હોય છે. આ વર્ગનાં બધાં જ ફળોમાં રૂ તો ઓછુંવત્તું હોય છે અને તેમાં તેનાં બીજ છુપાયેલાં હોય છે.

તેની જાંબલી ફૂલવાળી અને ધોળાં ફૂલવાળી એમ બે જાતો છે. વળી દરેકની નાનો અને મોટો એમ બે જાત છે. અહીં જાંબલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂલવાળી નાની જાતિ (Procera) વિષે લખ્યું છે. પણ બધાના ગુણો સરખા જ હોય છે. ધોળા આકડા થોડા થાય છે તે હિંદમાં બનારસ બાજુ વધુ થાય છે. તેના ગુણો વધુ સારા પુસ્તકોમાં વાંચવામાં આવ્યા છે પણ અનુભવમાં તો બધા સરખા લાગ્યા છે. ધોળાં ફૂલ મોગરા જેવાં સુગંધીદાર હોય છે. ધોળો આકડો તેથી દેવપૂજામાં વપરાય છે, અને ગણપતિનું તે ખાસ વૃક્ષ ગણાય છે. એટલે સુધી કે તેની નીચે કુદરતી ગણપતિની મૂર્તિ થાય છે એમ કહેવાય છે. ધોળા આકડાના ગણપતિ બનાવી લોકો તેની ઉપાસના કરે છે.

દરિયાકિનારે આકડા ઓછા થાય છે. સમુદ્રની સપાટીથી ૩૦૦૦ ફૂટની સપાટી સુધી તે ઊગે છે.

(૩) ઔષધિમાં ઉપયોગી અંગો–ફૂલ અને પાન : આમ તો તેનાં મૂળની છાલ, પાન, ફૂલ અને તેની ડાળીઓમાં રહેલું દૂધ, એ બધાંનો દવા તરીકે ઉપયોગ થાય છે–અહીં તો માત્ર ફૂલ અને પાનના અનુભવમાં આવેલા પ્રયોગો આપ્યા છે.

(૪) ગુણકર્મ (Actions): આકડાનો રસ તીખો (कटु) છે. મતલબ કે તે સ્વાદે તીખો છે.

એમાં નીચેના ગુણો છે:

૧	સમત્વકારી	(અં. ઓલ્ટરેટિવ)	વાતહર–Vathar
૨	કફઘ્ન	(અં. એક્સપીટોરન્ટ)	
૩	સ્નિગ્ધતાનિવારક (ચીકાશ તોડનાર)	(અં. એન્ટિસ્પેસ્મોડીક)	કૃમિઘ્ન (Anthel ?)
૪	સારક	(અં. માઈલ્ડ લેકસેટીવ)	ઉષ્ણ (Irritant ?)
૫	મૂત્રલ	(અં. ડાયુરેટીક)	
૬	દીપક, પાચક	(અં. સ્ટોમેકીક)	

(૫) રોગો ઉપર અસર: ઉપરના ગુણો તેનાં બધાં જ અંગોમાં રહેલા છે–તેના મૂળની છાલ અંગ્રેજી દવા (Ipicac)–ઈપીકેકના મૂળના જેવી જ કફઘ્ન અને દીપન–પાચન કરનાર છે, ઉપરાંત–તે વાયુના દોષનો નાશ કરનાર છે. સારક એટલે મળને નીચે ખસેડે છે. જેથી દસ્ત તથા મૂત્રાદિ મળ સાફ થાય છે. તેનો રસ તીખો (कटु) છે. એથી તે કફને અને તેની ચીકાશને તોડે છે–વળી તે ગરમ (उष्ण) છે તેથી કફઘ્ન હોવા છતાં કેટલીક વખત નબળી પ્રકૃતિવાળા માણસને અથવા વધુ પ્રમાણમાં ઉપયોગ થાય તો સાજા માણસને પણ તેની ગરમ (उष्ण=Irritant) અસર જણાય છે, જે ગળામાં અને શ્વાસનળીમાં તરત જણાઈ આવે છે. તેથી તે उष्ण–कफघ्न છે અને પિત્ત પ્રકૃતિવાળા માણસને કોઈ કારણથી કફનાં દરદો–શ્વાસ અને ખાંસી–વગેરે થયાં હોય ત્યારે તેને એકલો જ તેનો પ્રયોગ માફક આવતો નથી, પણ તેની સાથે (શામક=અં. સેડેટીવ) દવા મેળવીને આપવાથી માફક આવે છે. તેનામાં સમત્વકારી ગુણ હોવાથી આવે છે. તેનામાં સમત્વકારી ગુણ હોવાથી પ્રકૃતિ ઉપર લાવી માણસને મૂળ સ્વસ્થ પ્રકૃતિ ઉપર લાવી મૂકે છે. કફઘ્ન તથા ચીકાશને તોડવાના ગુણથી તે જૂની ખાંસી અને દમને દૂર કરે છે. ક્ષયની કફજન્ય ખાંસીમાં તેના ઉષ્ણ ગુણને લઈ ચીકાશ તોડવાપૂરતો ઉપયોગી છે. પણ વધુ પ્રમાણમાં ન અપાય અને શામક અને સ્નિગ્ધ દવા કે, જેઠીમધ અને સિતોપલાદિ સાથે અપાય તો ફાયદો કરે છે. તેમાં કૃમિઘ્ન ગુણ પણ છે. અહીં કૃમિ શબ્દથી બહારના રોગોત્પાદક જંતુઓ (અં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેથોજેનીક) બેકટેરિયા, પણ ગણવાના છે. સામાન્ય રીતે કૃમિ શબ્દથી પેટના કરમ આપણે લઈએ છીએ. આયુર્વેદના વખતમાં આજની માફક કૃમિઓનું પૃથક્કરણ થયેલું નહિ હોવાથી પેટના અને બહારના અનેક રોગોત્પાદક કૃમિઓનો ઉલ્લેખ પૂર્વાચાર્યોએ કરેલો છે. આકડાના મૂળની છાલમાં પેટના કૃમિને મારવાનો ગુણ વાંચ્યો છે પણ પ્રત્યક્ષ અનુભવ્યો નથી. તેના પાનની રાખને ઘીમાં ચોપડવાથી પરુવાળાં ઘારાં (व्रण) રુઝાય છે અને ચળ તથા કુષ્ટ એટલે-ખસ, દાદર, વગેરે ચામડીનાં દરદોને પણ સારાં કરે છે. એથી બહારના રોગોત્પાદક અણુઓ (stiptococcus અને **stiphylococcus**)-નો પણ તે નાશ કરતો હશે એમ-જાણી શકાય છે. વળી આકડાના દૂધના પુટો અભ્રકની ભસ્મને આપવામાં આવે છે. તે ભસ્મ ક્ષયના દરદમાં ઉત્તમ કામ આપે છે; એથી તેના દૂધમાં ટી. બી.ના અણુઓને નાશ કરવાનો ગુણ હોવો જોઈએ. આને માટે વધુ શોધખોળ-ની જરૂર છે. વળી આકડામાં સોજાઓ વરમ દૂર કરવાનો ગુણ પણ છે. આથી તે પાંડુ અને યકૃત-(**piver**) તેમજ (**Ascitis**) જલોદર, બરોલ(**spleen**)ના સોજાઓ (ઇન્ફ્લેમેશનને) દૂર કરે છે. તે તેના ક્ષારક અને મૂત્રલ તથા ઉષ્ણ વાતહર ગુણને આભારી છે. તે વાતહર છે એટલે કે પેટના વાયુનો તે નાશ કરીને પાચનશક્તિ વધારે જ છે, પણ એ સિવાયના વાત એટલે જ્ઞાન-તંતુઓના કાર્યોમાં દોષ થઈ જ્યાં વાયુનાં ચિહ્નો-દુખાવા વગેરે જણાતા હોય તેને પણ તે મટાડે છે. આકડાના પાનનો શેક આંત-રડાંના માર્ગને સાફ કરે છે; અને તેમાં થયેલા સોજાઓને તેમ જ હોજરી અને પેડુ ઉપરના શેકથી ત્યાંના સોજાઓને પણ દૂર કરે છે અને અપાનવાયુ નીચે સારે છે. એવી જ રીતે કોઈ પણ અંગ જકડાઈ જાય ત્યાં તેના પાનનો શેક કરવાથી તરત આરામ થાય છે. આ રીતે ચહેરાના અર્દિત વાયુ (અં. ફેસિયાલપેરેલીસીસ) અને બીજા અર્ધાંગ વાયુમાં પણ તેના શેકથી અંગો છૂટાં પડી જાય છે. તેના પાનના રસનાં ગરમ ટીપાં કાનમાં નાખવાથી ઠંડી લાગવાથી થયેલો કાનનો દુખાવો મટે છે અને રસી સુકાય છે. ભાવમિશ્ર પંડિતે નીચેના એક જ શ્લોકમાં આપણે ઉપર કહી ગયા તે લગભગ સર્વ ગુણોનું વર્ણન કરેલ છે.

अर्कस्तु कटुरुष्णश्च वातहृत् दीपनः सरः ।
शोथव्रणहरः कण्डू कुष्टकृमिविनाशनः ॥

(भा. प्र. नि.)

પ્રયોગ-વિધિ નં. ૧ અર્કભસ્મ :

આકડાનાં ફૂલ શેર ૧ અને સિંધાલૂણ વાટેલું શેર ૦।। લેવાં, પછી ત્રણથી ચાર શેર સમાઈ શકે તેવી માટીની હાંડલી લઈ તેમાં પ્રથમ થોડાં ફૂલ, પછી તેના ઉપર સિંધા-લૂણ-એમ ઉપરાઉપરી થર દેવા. પછી તેના ઉપર ઢાંકણી ઢાંકીને માટી અને કપડાવતી ત્રણચાર વખત લીંપવું અને તડકે બેચાર કલાક સુકાવા મૂકવું. સુકાઈ રહ્યા બાદ ચૂલા ઉપર મૂકીને ત્રણ કલાક નીચે અગ્નિનો તાપ દેવો. અંદરથી ફટફટ એવા અવાજો થશે. તાપ અપાઈ ગયા બાદ તદ્દન ઠંડું થઈ જવા દેવું. પછી ધીમેથી ઉપરનું કપડું વગેરે ઉખેડીને અંદરથી કાળા રંગની બની ગયેલી ભસ્મ કાઢવી. તેને અંતર્ધૂમ વિધિથી કરેલી ભસ્મ કહેવાય છે. આ ભસ્મને ખરલમાં વાટીને કપડાથી ચાળીને બારીક બનાવવી અને તેનો ઉપયોગ મધ સાથે ચાટવામાં કરવો. દમ, ખાંસી, પેટની બદહજમી, લીવર તેમ જ બરોલના સોજા વગેરે ઉપર કહ્યાં તે દરદોમાં ઉપયોગ કરવો. જેથી તે મટે છે. પ્રમાણ ૩થી ૬ રતી દિવસમાં ત્રણથી ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત લેવાની છે. ૧૦થી ૧૨ વર્ષનાને ૨થી ૩ રતી તથા નાના બચ્ચાંને ાાથી ૧ રતી આપવું. બચ્ચાંઓથી કેવળ મધ સાથે ચાટી ન શકાય તો મધ અને પાણી સાથે મેળવીને પાઈ દેવું.

પ્રયોગ ૨-પાનથી શેક કરવાની રીત : આકડાનાં પીળાં પાન લેવાં. તે ન મળે તો લીલાં ચાલે. તેની સપાટ બાજુએ સરસિયું અથવા એરંડિયું કે તલનું તેલ ચોપડીને તેને અગ્નિ ઉપર ગરમ કરીને જે ભાગ ઉપર શેક કરવાનો હોય ત્યાં મૂકતા જવું. પેટ ઉપર મૂકવાનાં હોય તો ડૂંટી ખૂલ્લી રાખવી, પછી પાટો બાંધીને એ ભાગ ઉપર ગરમ પાણીની થેલી અથવા શીશો કે ગરમ ઇંટથી શેક કરવો. એકથી બે કલાક શેક બસ છે. ત્યારબાદ પાન ઠંડાં થઈ ગયેથી કાઢી લેવાં.

પ્રયોગ ૩-કાનમાં નાખવાનાં ટીપાંની રીત : એમાં પણ પીળાં પાન લેવાં. તે ન મળે તો લીલાં ચાલે. ઉપર મુજબ કોઈ પણ તેલ ચોપડી ગરમ કરવાં. પછી મૂઠીમાં ચોળીને બે હથેળી વતી દાબીને તેનો સહેવાય તેવો ગરમ રસ સીધો જ ૧૫થી ૨૦ ટીપાં સુધી કાનમાં નાખવો; અને ઉપર રૂ મૂકી દેવું. દરદીને પાંચેક મિનિટ સુવડાવી રાખવો.

પ્રયોગ ૪-વ્રણરોપણ મલમ : આકડાનાં સૂકાં પાનને બાળીને ભસ્મ કરવી. ૧ તોલો ભસ્મ અને ગાયનું ઘી તોલા રાા મેળવી ખરલમાં ઘૂંટવું. મલમ જેવું એકરસ બની જાય એટલે બાટલીમાં ભરી રાખવું. તેનાથી પરુવાળાં ઘારાં રુઝાય છે, તેમ જ ખસ, ખૂજલી અને દાદર ઉપર ફાયદો થાય છે.

પ્રતિનિધિ દવાઓ : આકડો હદભરમાં બધે થાય છે, છતાં કફઘ્ન ગુણ તરીકે તેની પ્રતિનિધિ દવાઓ, અઘેડો અને બંને ભોરિંગણી છે, તેની પણ ભસ્મ (પચાંગની) કરીને આપવાની હોય છે. અઘેડા વિષે લેખકનું સ્વતંત્ર પુસ્તક છપાયું છે તે વાંચવાથી પૂરી માહિતી મળશે.

આકડાથી મટતા વ્યાધિઓ

મટતા રોગોની સંખ્યા નીચે પ્રમાણે છે:

૧. શ્વાસ-કફજન્ય.
૨. ખાંસી અને મોટી ઉધરસ.
૩. ક્ષયની ખાંસી.
૪. સોજાઓ.
૫. બરોળ અને લીવરના સોજા.
૬. પાંડુના સોજા.
૭. કૃમિ (કેટલાક રોગોત્પાદક અણુઓ).
૮. વ્રણરોપણ.
૯. કુષ્ટ એટલે ખસ, દાદર વગેરે નાના કુષ્ટ.
૧૦. ખૂજલી.
૧૧. અર્દિત
૧૨. કાનની પીડા.
૧૩. પેટના વાયુ.
૧૪. વાતહર-વાયુના એટલે જ્ઞાનતંતુઓના Paralysis વગેરે વ્યાધિવિકારને દૂર કરે છે.

દરદ ઉપરના અનુભવો-દમ : ભસ્મનો જે પ્રયોગ અહીં આપ્યો છે તે મેં અનેક દમના દરદીઓ ઉપર અજમાવ્યો છે. હું ૧૯૨૧થી આકડાનો પ્રયોગ હું કરી રહ્યો છું અને તેમાં સફળતા મેળવી રહ્યો છું. દરદીઓને એફીડ્રીન જેવી ઝેરી દવા લેવાની ટેવ પડી ગઈ છે એવા લાંબા કાળના દમના દરદીઓ પણ આ આકડાની ભસ્મથી સાજા થયા છે અને એફીડ્રીન છોડી દીધી છે.

ક્ષયમાં કફની ખાંસી-ન્યુમોનિયા વગેરે : ક્ષયરોગ ભયંકર છે જ, પણ તેમાં જ્યારે ખાંસી થાય છે અંદર કફ થઈ ઘણી પીડાકારક હોય છે; કેમકે તેના શ્વાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાવ પણ આવી જાય છે. આવી ખાંસી ઉપર અનેક કેસોમાં આ ભસ્મ અજમાવીને સફળતા મેળવી છે. પંચગનીના મારા છેલ્લા અનુભવો પરથી મને લાગ્યું છે કે ક્ષયના કફથી થયેલી ખાંસીમાં પણ આ ભસ્મ અકસીર છે. એ રીતે કફનાં દરદો હોવાથી તે મોટી ઉધરસ, તેમ જ ન્યુમોનિયા અને બ્રોંકો ન્યુમોનિયામાં પણ આબાદ કામ કરી જાય છે. મેં આવા કેસોમાં પણ તે વાપરીને યશ મેળવ્યો છે; અને મારા સાથીઓ પણ તેવોજ યશ મેળવી રહ્યા છે. મારા સાથીઓમાં એક ક્વોલીફાઈડ ડૉક્ટર પણ છે.

બ્રોંકો ન્યુમોનિયાના એક તાજેતરના કેસમાં બધી જ પશ્ચિમી સારવાર અપાયા છતાં દરદી ખૂબ જ હેરાન હતો. અનેકવિધ ઇન્જેક્શનોથી એટલો વીંધાઈ ગયેલો કે ઇન્જેક્શન જોતાં જ ડરે, એ દરદી પણ હવે સારો થયાના સમાચાર મળ્યા છે, જેમાં મેં આ જ આકડાની ભસ્મ વાપરી છે.

લીવર અને બરોલના સોજાઓ તથા સામાન્ય સોજાઓ વગેરે: પ્રયોગ બીજા મુજબ આકડાના પાનના બંધાણુથી દરેક પ્રકારના ઉપર કહ્યા તે સોજાઓ મટે છે. પેટના દુખાવાનું કારણ આંતરડામાં સોજાઓ હોય છે, ત્યારે પણ આ બંધાણુથી તે સોજાઓ દૂર થાય છે. લીવર એકસ્ટ્રેકટના અનેક પ્રયોગોથી નહિ સારા થયેલા કેસો આ શેકના પ્રયોગથી સારા થયા છે. આ રીતે પાંડુ જેવાં ભયંકર દરદોમાં આવાં બંધાણ અને અર્ક-ભસ્મનું સેવન ખૂબ ઉપયોગી થયું છે. જો કે પાંડુરોગમાં આ સાથે બીજી જરૂરી સારવાર અવશ્ય લેવી પડે છે. અર્દિત એટલે ચહેરાના લકવાથી પીડાતા દરદીઓને બધી દવા ચોપડવાની નકામી જતાં આકડાનાં પાન તે જગ્યાએ મુકાવીને શેક કરવાથી અંગ તરત છૂટું પડી જાય છે. જલોદરના સોજાઓને આ શેક અમૃતરૂપ નીવડ્યો છે; એથી જલોદર દૂર થતું નથી પણ દરદીને રાહત તો મળે જ છે.

કૃમિઓ: રોગોત્પાદક જંતુઓને પણ આ લેખમાં દર્શાવ્યા મુજબ આકડો મારે છે. અલબત્ત, આ બાબતમાં વધુ અનુભવની જરૂર છે.

ખસ, દાદર અને ખૂજલી–પ્રયોગ નં. ૪માં બતાવ્યા મુજબનો લેપ આ બધા માટે ભારે અકસીર નીવડ્યો છે. અનેક કેસોમાં તેણે સફળતા પ્રાપ્ત કરી છે. આ લેપ અળસીના તેલમાં પણ થઈ શકે છે. ઘીને બદલે તેટલું તેલ લેવું. પરુવાળાં ઘારાંને પણ આ લેપ રુઝાવે છે.

કાનની પીડા: પ્રયોગ નં. ૩માં બતાવ્યા મુજબ તેલ તૈયાર કરીને રાખવું. તે કાનની પીડાને એકદમ મટાડે છે. ખાસ કરીને શરદીને અંગે હોય તો તરત આરામ કરે છે. વાયુથી થયેલી પીડાને મટતાં થોડા દિવસો લાગે છે અને લાંબા વખતની પીડાને પણ થોડા દિવસો લાગે છે.

પેટનો વાયુ: પેટમાં બદહજમી રહેતી હોય તેવા દરદીને અર્કભસ્મ સવારસાંજ ૧૦ ગ્રેન જેટલી આપવાથી લાંબા વખતની બદહજમી દૂર થાય છે. જો કે આ બાબતના વિશેષ અનુભવો હજુ અધૂરા છે.

વાતહર: લકવો વગેરે જ્ઞાનતંતુજન્ય વાતનાં દરદોમાં આકડો ખાવામાં કામ તો કરે છે, પણ તે વિષેના ચોક્કસ અનુભવો દરદી ઉપરથી ધ્યાન ખેંચે તેવા યશસ્વી મળ્યા નથી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખપ્રાપ્તિના માર્ગો

લેખક :
શ્રી સતીશચંદ્ર પ્રતાપરાય દેસાઈ
એમ. એસ. સી. (લંડન) બાર-એટ-લૉ

જગતમાં જન્મીને કયો માનવી સુખની શોધ પાછળ નથી મંડ્યો રહેતો? તથાપિ સાચું સુખ શું છે, શું હોઈ શકે તેનો એને કશો જ ખ્યાલ નથી હોતો. માનવીના મનમાં ઊઠતી આ સુખની વૃત્તિની ચાર ગતિ હોય શકે : સંતોષ, બુદ્ધિમાન્ય સમાધાન, ઊર્ધ્વીકરણ અને દમન. આપણી સુખની લાગણીને ઘણા જ મોટા વિશાળ દૃષ્ટિકોણથી ચકાસીને તેના સ્વરૂપવિધાન માટે વિદ્વાન લેખકે એક ઘણો જ પ્રશસ્ય પ્રયત્ન અહીં કર્યો છે. આ લેખમાળા 'અખંડ આનંદ'ના વાચકોને ઉપયોગી થશે એવો અમારો વિશ્વાસ છે.

એક રાત્રે મેં એક સ્વપ્નું જોયું. એમાં અલાઉદ્દીનના ફાનસ માટે તપ આદર્યું. તપ ફળ્યું. મને અલાઉદ્દીનના ફાનસ જેવું ફાનસ પ્રાપ્ત થયું. તે ઘસવાથી મારી કોઈ પણ ઇચ્છા હોય તે હું ફળીભૂત કરી શકું.

ફાનસ તો હાથ આવ્યું, પણ તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સૂઝ પડી નહિ.

ફાનસ ઘસ્યું. ગુલામ હાજર થયો. પણ તેને કહેવું શું? મારી પાસે પહેરવાનાં વસ્ત્રો હતાં, ખાવા માટે ભૂખ નહોતી, ટાઢતડકો લાગતાં ન હતાં, ચિત્ત શાંત હતું.

પણ ગુલામને કંઈક કામ દેખાડવું જોઈએ ને? એક વિશાળ જગ્યા પર ભવ્ય મકાન બાંધવાનો મેં હુકમ આપ્યો. એક સેકંડમાં તે તૈયાર થઈ ગયું.

પણ આટલા બધા ઓરડાઓ અને આટલી બધી જગ્યાને હું શું કરવાનો હતો? એક વિચાર આવ્યો કે એ બધું અદૃશ્ય કરી દઉં, પણ પછી એ વિચાર માંડી વાળ્યો.

થોડા વખત પછી ચિંતા થઈ, કે આ ભવ્ય મકાન આગથી બળી જશે તો શું કરીશ? આ ભયને લીધે દુઃખ થયું. પછી જાદુઈ ફાનસ યાદ આવ્યું ને ભય ચાલ્યો ગયો.

પછી મેં મનમાં વિચાર્યું કે આવા મોટા મકાનમાં મારું રક્ષણ કોણ કરશે? ફાનસ યાદ આવ્યું ને ચિંતા ટળી. પણ મને વધારે ને વધારે સ્પષ્ટ જણાવા લાગ્યું કે દુનિયામાં દુઃખના મુખ્ય કારણમાં ભય અને ચિંતા છે.

પછી કીર્તિ પ્રસારવાની ઇચ્છા થઈ. જાદુઈ ફાનસ ઘસ્યું ને ગુલામ હાજર થયો. જે જે સંસ્થાઓમાં પૈસા આપવાથી કીર્તિ વધે તે તે સંસ્થાઓમાં મારો સારામાં સારો ફાળો અપાવવો જોઈએ એમ મેં હુકમ કર્યો. તરત તેમ થઈ ગયું. બીજે જ દિવસે મારી કીર્તિ આખા જગતમાં પ્રસરી ગઈ, અને એકેએક વર્તમાનપત્રે મારી ખૂબ પ્રશંસા કરી. આથી મારો અહંભાવ સંતોષાયો ને મને માનસિક સુખ પ્રાપ્ત થયું.

ત્યારપછી દુનિયામાંના દુઃખી લોકોને મદદ કરવાની ઇચ્છા થઈ. મારી જાદુઈ શક્તિથી જે જે મદદ કરવા લાયક સ્ત્રી-પુરુષો હતાં તેમને મેં મદદ કરી. આથી મને આધ્યાત્મિક સુખ પ્રાપ્ત થયું.

આ પ્રમાણે શારીરિક, માનસિક ને આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કર્યા પછી મારે કંઈ જ કરવાનું રહ્યું નહિ. એટલીવારમાં મારી આંખ ઊઘડી ગઈ ને સ્વપ્ન ચાલ્યું ગયું.

આ કાલ્પનિક દૃષ્ટાંતથી સમજાશે કે સુખ ત્રણ પ્રકારનાં છે : શારીરિક, માનસિક ને આધ્યાત્મિક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિયાળામાં ટાઢ વાતી હોય ને કામળો ઓઢવાથી ગરમી રહે, અથવા ભૂખ લાગી હોય ત્યારે ખાવાનું મળે તે શારીરિક સુખ કહેવાય. આંખ, કાન, નાક, ત્વચા, જીભ વગેરે ઇંદ્રિયો જે સુખ આપે તે શારીરિક સુખ.

માનસિક સુખમાં પુષ્કળ પ્રકારોનો સમાવેશ થાય છે. કોઈ આપણાં વખાણ કરે તો આપણો અહંભાવ પોષાવાથી આપણને સુખ મળે છે. કોઈ પરમ પ્રિય મિત્રને ઘણે વર્ષે મળીએ ને પ્રેમની લાગણીઓ ઉદ્ભવે તે માનસિક સુખ આપે છે. પ્રેમ, જાતીય આકર્ષણ, પુત્રાદિની ઇચ્છા, સહીસલામતીપણું, ને અહંનું પોષણ એ માનસિક સુખના પ્રધાન પ્રકાર છે. મનુષ્યની મુખ્ય ઇચ્છાઓમાં ધનેષણા, લોકૈષણા ને પુત્રૈષણા ગણાય છે ને તેથી જ ઘણી ખરી લડાઈઓ જર, જોરુ કે જમીન માટે થયેલી માલૂમ પડે છે.

કોઈ સારું કામ કરવાથી આત્માને આનંદ થાય તે આધ્યાત્મિક સુખ છે. કોઈ આંધળા માણસને રસ્તો ઓળંગવામાં મદદ કરીએ, અથવા દેશના સ્વાતંત્ર્ય માટે જેલનાં દુઃખો સહન કરીએ તો તેથી આધ્યાત્મિક સુખ પ્રાપ્ત થાય છે.

માનવનું સર્જન થયું ત્યારથી અત્યારસુધી માનવજાતિએ સુખ મેળવવા પ્રયત્નો કર્યા છે. સુખ માટે અત્યારસુધી શા શા ખ્યાલો રખાયા છે તે તપાસીએ.

મહિમ્નઃસ્તોત્રમાં એના માહાત્મ્ય વિષે એક ઠેકાણે કહ્યું છે કે એનો ભક્તિપૂર્વક પાઠ કરવાથી प्रचुरतरधनायुः पुत्रवान् कीर्तिमांश्च થવાય છે. તે પરથી સુખનાં મુખ્ય અંગોમાં પુષ્કળ દ્રવ્ય, લાંબું આયુષ્ય, પુત્ર ને કીર્તિ ગણાવ્યાં છે. તે જ સ્તોત્રમાં બીજે ઠેકાણે मुच्यते सर्वपापेभ्यः शिवलोकं च गच्छति । કહ્યું છે એટલે કે એમાં આધ્યાત્મિક સુખનો સમાવેશ થાય છે.

આ જ પ્રમાણે બીજાં સ્તોત્રોમાં પણ જે મહાત્મ્ય વર્ણવ્યાં છે તે પરથી તે તે સ્તોત્રકારોના સુખની કલ્પના કેવી છે તે જણાય છે.

ગુજરાતીમાં જાણીતી કહેવત છે કે :

પહેલું સુખ તે જાતે નર્યા:
બીજું સુખ ગુણવંતી નાર;
ત્રીજું સુખ તે ઘેર દીકરા;
ચોથું સુખ ભર્યા ભંડાર.

આમાં તંદુરસ્તી, પુત્રેષણા ને ધનેષણાનો સમાવેશ થાય છે.

એક વખત એક આંધળા માણસે ખૂબ તપશ્ચર્યા કરી; અને પછી જ્યારે એને પ્રભુ પ્રસન્ન થયા ત્યારે પ્રભુએ એને માત્ર એક વરદાન માગવાનું કહ્યું. એણે માગ્યું કે 'મારી હવેલીના સાતમા માળ પર મારા છોકરાના છોકરાની વહુને સોનાના બેડામાં પાણી ભરતી જોઉં.' આમ એક વરદાનમાં લાંબું આયુષ્ય, પુત્ર, વૈભવ અને પોતાનો અંધાપો જાય એમ બધું એણે માગી લીધું.

ગીતારહસ્યમાં લોકમાન્ય તિલકે સુખ-દુઃખવિવેક પર ખૂબ લખ્યું છે, ને સુખ કોને કહેવું તે વિષે લાંબી ચર્ચા કરી છે. એક મત પ્રમાણે સુખનું માપ કાઢવા માટે એક અપૂર્ણાંક માંડી શકાય. તેમાં છેદમાં પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તે વસ્તુ અને ઉપરના આંકડામાં (અંશમાં) પ્રાપ્ત કરેલી વસ્તુ મૂકી શકાય. જેટલી ઇચ્છા હોય છે તેટલું આપણે કદી પ્રાપ્ત કરી શકતા નથી, એટલે આ અપૂર્ણાંક $\frac{\text{પ્રાપ્ત કરેલું}}{\text{પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તે}}$ હમેશ એકથી ઓછો રહેવાનો, ને તેથી મનુષ્ય કદી પણ પૂર્ણ સુખી થવાને સરજાયેલો નથી એમ અનુમાન કરવામાં આવે છે.

અંગ્રેજીમાં 'સુખનાં અંગ' નામના નિબંધના પાંચ મુદ્દાઓ એક લેખકે આ

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે આપ્યા છે: 'તંદુરસ્તી, પૈસા, સારાં સગાં સંબંધીઓ, મનપસંદ પ્રવૃત્તિઓ અને નિશ્ચિંત અંતઃકરણ.'

બીજા એક કર્તાએ લખ્યું છે કે સુખ એ એવી સ્થિતિ છે કે જેમાંથી ફેરફાર કરવા કોઈને પસંદ નથી.

અંગ્રેજ કવિ પોપ તંદુરસ્તી, મનની શાંતિ અને સંતોષને સુખનાં મુખ્ય અંગ ગણે છે. બે અંગ્રેજી કવિતાઓમાં સુખનાં લક્ષણોનું એણે સવિસ્તર વર્ણન કર્યું છે.

આ બધા ઉપરથી સુખની સામાન્ય કલ્પના શીશી છે તે સમજાશે. પરંતુ તે બધાનો સમાવેશ શારીરિક, માનસિક ને આધ્યાત્મિક સુખ વિષે શરૂઆતમાં કહ્યું છે તેમાં થાય છે.

કોઈ કહેશે કે ઠંડો પવન ઉનાળામાં સુખ આપે છે ને શિયાળામાં દુઃખ આપે છે, માટે સુખદુઃખ કોઈ બાહ્ય વસ્તુ પર આધાર રાખતાં નથી. मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः! વળી, મિલ્ટને પેરેડાઈઝ લોસ્ટમાં આ ભાવાર્થનું કહ્યું છે: મન પોતાનું સ્થાન બનાવે છે–તે સ્વર્ગને નરક કે નરકને સ્વર્ગ બનાવી શકે છે.* અને જ્હોન્સન કહે છે: આપણે જ આપણું સુખ ઉત્પન્ન કરી શકીએ છીએ કે શોધી શકીએ છીએ.×

આ બધા ઉપરથી સુખ મેળવવામાં મનનો કેટલો હિસ્સો છે તે સમજી શકાય છે. પણ તે પરથી એમ સિદ્ધ નથી થતું કે સુખપ્રાપ્તિમાં બહારના સંજોગો બિલકુલ અગત્યના નથી. એક પરિણામ લાવવા માટે અમુક વસ્તુ અગત્યની છે એમ સાબિત કરવાથી બીજી બધી વસ્તુ બીન અગત્યની છે એમ સાબિત થતું નથી.

વળી કોઈ એમ પણ દલીલ કરે કે સુખ એ મનની સ્થિતિ હોઈને કોઈ બાહ્ય સંજોગો પર આધાર રાખતું નથી; કારણકે જો તંદુરસ્તીથી સુખ મળતું હોય તો દુનિયાના મોટામોટા કુસ્તીબાજો સુખીમાં સુખી માણસો હોવા જોઈએ. જો પૈસાથી સુખ મળતું હોય તો દુનિયાના પૈસાદારમાં પૈસાદારની યાદી તે સુખીમાં સુખી માણસોની યાદી હોવી જોઈએ. કીર્તિથી સુખ મળતું હોય તો દરેક દેશના નેતાઓ સૌથી સુખી માણસો હોવા જોઈએ. જો ચિંતાના અભાવથી સુખ પ્રાપ્ત થતું હોય, તો કહ્યું છે કે 'ખર, ઘુવડ ને મૂરખ નર સુખે સૂએ નિજ વાસ' માટે તે સૌથી વધારે સુખી હોવા જોઈએ.

હવે આપણે જાણીએ છીએ કે આ બધા વધારેમાં વધારે સુખી માણસો હોવાનો સંભવ નથી. પણ તે પરથી તંદુરસ્તી, ધન, કીર્તિ કે ચિંતાનો અભાવ એ બધાં સુખનાં અંગો નથી એમ પણ સિદ્ધ થતું નથી. એક જ વિષયમાં ઉત્કૃષ્ટ થવાથી મેટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાતું નથી, તે જ પ્રમાણે એક જ બાબતમાં શ્રેષ્ઠ થવાથી સુખ પ્રાપ્ત થતું નથી. તે માટે ઘણી જુદી જુદી વસ્તુઓની જરૂર રહે છે.

સુખ શું છે તે પર વિચાર કર્યા પછી આપણે કોને સુખ માનીએ છીએ તેનું ચિત્ર આપણી સમક્ષ ખડું થાય છે. પણ આ બધી જાતનાં સુખો એક કોટિનાં નથી. આમાંથી ઉચ્ચમાં ઉચ્ચ પ્રકારનાં જે સુખ છે તે પ્રાપ્ત કરવા માટે આપણે સતત પ્રયત્ન કરવો જોઈએ.

સુખપ્રાપ્તિમાં લક્ષ્મી કેટલો ભાગ ભજવે છે તે માટે પુષ્કળ મતભેદ છે. એક બાજુ

---

* The mind is its own place, and in itself can make a heaven of hell, a hell of heaven.

× 'Our own felicity we make or find.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી કહે છે કે પૈસા એ અનિષ્ટોનું મૂળ છે ને બીજી બાજુ એવા લોકો છે કે જેમને મન નીતિ-વિદ્યા-કશાની કિંમત નથી ને अर्थोऽस्तु नः केवलम् નો જ સતત જાપ જપ્યા કરે છે.

દુનિયામાં લક્ષ્મી કેટલી લોકપ્રિય છે તેને વિષે એક વાત છે: એકવાર લક્ષ્મી ને સરસ્વતી વચ્ચે તકરાર થઈ. બંને કહે કે જનસમાજમાં હું વધારે લોકપ્રિય છું. આખરે તેમણે એવું નક્કી કર્યું કે પહેલાં એકે લોકોમાં જવું ને ખ્યાતિ મેળવવી. પછી બીજી વ્યક્તિએ જવું, ને પછી બેમાંથી કોણ વધારે લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે તે જોવું. સરસ્વતી પહેલાં ગયાં. બહુ જ સાદાં લૂગડાં ને કશી જાતનો ભપકો ન હોવાથી પ્રથમ તો માત્ર દેખાવથી કોઈને એ આકર્ષી ન શક્યાં; પણ જ્યાં એમણે વાતચીત કરવા માંડી ત્યાં લોકો એમની વિદ્વત્તાથી મુગ્ધ થઈ ગયા, અને ઠેકઠેકાણેથી એમને ઘેર આવવા માટે આમંત્રણ મળવા માંડયાં. પછી લક્ષ્મીજીનો વારો આવ્યો. એમનામાં વાક્ચાતુર્ય ન હતું તેથી એમની સાથે વાત કરવાની કોઈને મજા ન આવતી. પછી એક ઘરમાં જઈને એમણે પીવાનું પાણી માગ્યું. લક્ષ્મીજીએ પોતાની ઝોળીમાંથી સોનાનો લોટો કાઢયો ને તેમાં ભરીને પાણી પીને તે ઘરમાં ફેંકી દીધો ને કહ્યું કે એકના એક પાત્રમાં હું ફરી પાણી પીતી નથી, પણ જેણે પાણી આપ્યું હોય તેને હું તે ભેટ આપી દઉં છું. જ્યારે લોકોને ખબર પડી કે લક્ષ્મીજીને પોતાને ત્યાં નોતરવાથી સોનાનું પાત્ર ભેટ મળશે ત્યારે બધાએ એમને આમંત્રણ આપવા માંડ્યાં ને સરસ્વતી વિસરાઈ ગયાં!

વિદ્યાર્થીઓને પૂછીએ કે: 'તમે શું વધારે પસંદ કરશો, લક્ષ્મી કે વિદ્યા?' તો તેઓ ઘણુંખરું એમ જવાબ આપશે કે 'વિદ્યા વધારે પસંદ કરીએ.' પણ પછી પૂછશો કે: 'તમે વિદ્યા શા માટે પ્રાપ્ત કરો છો?' તો જવાબ આપશે: 'સારી નોકરી મળે તે માટે.' ને, 'સારી નોકરી કોને કહેવાય?' એ પ્રશ્નનો ઉત્તર મળશે: 'જેમાં વધારે પૈસા મળે તે.' એટલે 'અંતે તે હેમનું હેમ હોયે!'

દરેક વ્યક્તિને રોજના ચોવીસ કલાકનો સમય મળે છે. તેમાંથી આઠ કલાક ઊંઘના ને આઠ કલાક આરામ વગેરેમાં જાય છે તે બાદ કરીએ તો બાકીનો સમય શામાં જાય છે? વિદ્યા પ્રાપ્ત કરવામાં? સેવા કરવામાં? આધ્યાત્મિક કાર્યોમાં? વિદ્યાર્થીઓ બાદ કરતાં નવ્વાણું ટકાના લોકોનો ૯૫ ટકા ઉપરાંત કામનો વખત ધનોપાર્જનમાં જ જાય છે.

પૈસામાં પ્રચંડ શક્તિ છે એ નિર્વિવાદ છે. પૈસાથી તંદુરસ્તી વધારે સારી રહે છે. આ રેશનિંગના જમાનામાં પૈસાદાર વર્ગને ઓછામાં ઓછી તકલીફ પડી છે. સૌથી વધારે મુશ્કેલીને પ્રસંગે પણ શાકભાજી, ફળ, દૂધ, માખણ, ઘી, તેલ વગેરે પર અંકુશ હતા જ નહિ, અને પરદેશથી આવતી ઘઉંની બનેલી વસ્તુઓ પણ સારા પ્રમાણમાં મળી શકતી હતી. એટલે જેમની પાસે પૈસા હોય તે પુષ્ટિકારક ખોરાક ખાઈ શકે ને તંદુરસ્તી જાળવી શકે.

વળી પૈસાથી બુદ્ધિવિકાસમાં પણ મદદ થાય છે. ધનવાન સારામાં સારી કેળવણી પ્રાપ્ત કરી શકે છે, ઉત્તમ પુસ્તકો વાંચી શકે છે, દેશપરદેશ ફરીને પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકે છે ને પોતાની દૃષ્ટિ વિશાળ કરી શકે છે.

જીવનમાં પૈસાની એક મોટી હૂંફ છે, જેની પાસે પૈસા છે તે એક જાતની સ્વતંત્રતા ભોગવી શકે છે ને જગતને તૃણવત્ ગણી શકે છે. વળી એને ભવિષ્યની ચિંતા નથી. ગરીબ

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસોને 'મારી નોકરી જશે તો શું થશે?' અથવા 'કાલ મરી જઈશ તો મારા કુટુંબનું શું થશે?' એ ચિંતા રહે છે. તેમાંથી પૈસાદારને મુક્તિ મળે છે.

વળી સુખપ્રાપ્તિની દૃષ્ટિએ તો દરેકને પોતાને અગત્ય મળવાથી આનંદ થાય છે, અને જગતમાં તો આપણે જોઈએ છીએ કે 'લક્ષ્મી ને કીર્તિ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં છાયા જેવા મિત્રો પૂંઠે ધાય.'

જાણીતો શ્લોક છે કે:–

यस्यास्ति वित्तं स नरः कुलीनः
स पण्डितः स श्रुतिमान् गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः
सर्वे गुणाः कांचनमाश्रयन्ते ।।

ઘણા લોકોની નજરે તો લક્ષ્મી એ જ મોટો ગુણ છે ને દારિદ્રય મોટો દુર્ગુણ છે. તેથી જ કહ્યું છે ને **दारिद्रयदोषो गुणराशिनाशी।** સામાન્ય માણસ બહુ ખાય તો એને અકરાંતિયો કહેવાય, પણ પૈસાદાર બહુ ખાય તો એમ કહેવાય કે એની કેવી સરસ અન્ન પ્રત્યે રુચિ છે! ભર્તૃહરિએ એક શ્લોકમાં કહ્યું છે કે કોઈ માણસ ધનાઢ્ય હોય તે ગરીબ થાય પછી લોકોની તેના પ્રત્યેની દૃષ્ટિ કેટલી બદલાય છે! એની બુદ્ધિ એટલી જ સતેજ રહે છે, એનાં કાર્ય પણ એવાં જ, એની વાણી પણ એ જ, તોપણ એની ગરીબાઈને લીધે લોકો એની તરફ તુચ્છ દૃષ્ટિએ જુએ છે. એક વાત છે કે એક સંમેલનમાં એક લાંબી સ્ત્રી જોઈને એક માણસે પાસે બેઠેલા પોતાના મિત્રને કહ્યું: 'આ કેવી તાડ જેવી છે!' પેલાએ જવાબ આપ્યો: 'એ પહેલાં તાડ જેવી કહેવાતી હતી પણ હવે ભવ્ય દેખાવની કહેવાય છે; કારણકે એને બે લાખ રૂપિયાનો વારસો મળ્યો છે!'

ધનની શક્તિ નીચેના શ્લોકમાં વર્ણવી છે:

धनैर्निष्कुलिना कुलीना भवन्ति
धनैरापदं मानवा निस्तरन्ति ।
धनेभ्यः परो बान्धवो नास्ति लोके
धनान्यर्जयध्वम् धनान्यर्जयध्वम्॥

કેટલાક લોકો તુચ્છકારમાં કહે છે કે 'પૈસાને તો કૂતરું પણ ન સૂંઘે' તેના જવાબમાં કહી શકાય, કે 'કારણ કે એ કૂતરું છે!' પૈસાના ખણખણાટમાં કેટલું આકર્ષણ છે? 'સોનું દેખી મુનિવર ચળે.' તો પછી સામાન્ય માણસ પર તો સોનું પોતાનો કેટલો પ્રભાવ પાડી શકે?

આ બધા કથનમાં સારા પ્રમાણમાં તથ્ય છે, પણ તે પરથી એમ સિદ્ધ નથી થતું કે ધનપ્રાપ્તિ એ સુખપ્રાપ્તિનું બહુ જ મહત્ત્વનું અંગ છે. અલબત્ત, મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતો 'રોટલો, ઓટલો ને વસ્ત્ર' એ ત્રણ છે. જ્યાંસુધી એ ત્રણ પોષાય નહિ ત્યાંસુધી સુખ મળી શકે નહિ. પણ એ પોષાયા પછી લક્ષ્મી કેટલું સુખ આપે છે તે તપાસીએ.

ક્રમશઃ

પોતાની બધી જ માલમિલકત પુત્રના હાથમાં સોંપી દીધા પછી, જેને દીન અને દયાપાત્ર બનવાનો વારો આવે છે એ માનવી ખરેખર મૂર્ખ છે; કારણકે પિતાપુત્રના સ્વાભાવિક સ્નેહમાં ધન-સંપત્તિ વિખવાદ ઉત્પન્ન કર્યા વગર રહેતી નથી. પુત્ર પોતાની આજ્ઞાપાલનવૃત્તિ ભૂલી જઈને માતપિતાને ઓશિયાળો રોટલો ખવડાવે છે; તેથી હાથે કરીને આમ ઓશિયાળાં બનનાર મૂર્ખ નહિ તો બીજું શું?

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતાંકથી આગળ

પુનિત સંસ્મરણો

લેખક :
શ્રી પુરાતન બુચ

આશ્રમની સાયંપ્રાર્થનાનો ઘંટ વાગવાની બાળકો રાહ જોઈ રહેલાં હતાં, ત્યારે આશ્રમનાં બાળકો પ્રાર્થનાભૂમિ પાસે રમતાંરમતાં અંદરઅંદર વાતો કરતાંહતાં :

'આજે તો હું બાપુજી પાસે બેસીશ.'

'ના, આજે તો મારો વારો તેઓની પાસે બેસવાનો છે, એટલે હું જ બેસવાની છું.'

ત્રીજા બાળકે કહ્યું : 'મારે તો બાપુજી જ્યાં કહેશે ત્યાં જ બેસવું છે.

બાપુની ખાસ દોસ્તી હોવાનો દાવો રાખનારી પેલી બાળા કંઈક આત્મવિશ્વાસથી બોલી ઊઠી : 'હું તો બાપુજીની બરોબર સામે બેસવાની છું, જોજો તો ખરાં.'

એટલામાં તો પ્રાર્થનાનો ઘંટ વાગ્યો ને બાપુજી તેઓના ઓરડાના ઓટલા પરથી ચાખડીઓ પહેરીને પગથિયાં ઊતરતા દેખાયા. એ જોઈને પેલી બાળા બોલી ઊઠી : 'એ આવે બાપુજી, હું તેમની સામે જ બેસી જવાની છું.'

બાપુજી પ્રાર્થનાભૂમિ સુધી આવી પહોંચે તે પહેલાં તો બાળાએ સામી દોટ મૂકી ને બાપુજીનો હાથ પકડી લીધો ને બોલી : 'બાપુજી, આજે પણ હું તમારી સામે જ પ્રાર્થના કરવા બેસુંને ?'

બાપુજીએ હસીને જવાબ દીધો : 'હા, બેસજે ખરી પણ શાંતિ રાખજે.'

બીજાં બાળકો પણ બાપુજીને તરત વીંટળાઈ વળ્યાં.

પ્રાર્થનાભૂમિ ઉપર આશ્રમનાં અંતેવાસીઓ આવીને શાંતિથી બેસી ગયાં હતાં. પંડિત ખરેજી પોતાનો તંબૂરો વગાડી રહેલા હતા. આખું વાતાવરણ તદ્દન શાંત બની ગયેલું હતું.

દૂરના આકાશમાં છેલ્લાં રહી ગયેલાં પંખીઓ હજુ યે ઊડીને પોતાના માળા તરફ જઈ રહેલાં હતાં; અને ચારે તરફ સંપૂર્ણ શાંતિ છવાયેલી હતી, ત્યારે સાબરમતી નદીના વિશાળ પટના એક કિનારા પરના નાના બાવળના વૃક્ષની ઝાંખી છાયા નીચે બાપુજી શાંતભાવે બેસી ગયા.

પ્રાર્થનાનો આરંભ થવાની તૈયારી હતી, ત્યાં બાપુજીએ પોતાની સામે તથા નજીકમાં બેઠેલી બાળાઓને ધીમેથી કહ્યું : 'ચાલો શાંતિ, આંખો બંધ...ટટ્ટાર બેસી જાઓ !'

બધાં બાળકોના ચહેરા ઉપર સરલ નિર્મળ ભાવ છવાઈ ગયો. નાનાં બાળકો આંખો મીચીને ટટ્ટાર બેસી ગયાં, ત્યારે પંડિતજીએ પ્રાર્થનાનો આરંભ કર્યો.

પ્રાર્થના ચાલી તેટલો વખત બધાં બાળકો શાંત ચૂપચાપ બેસી રહ્યાં. પણ પ્રાર્થના સમાપ્ત થતાં જ બાપુજીની સાથે બધાં ઊઠ્યાં, ત્યારે પેલી બાળા પણ તેઓની સાથે ચાલવા લાગી ને બાપુજીની સાથે છેક તેઓના બેસવાના ઓટલા સુધી ગઈ અને ચાલતાંચાલતાં જ તેણે નિર્દોષભાવે પૂછ્યું:

'બાપુજી આપણી પ્રાર્થનાની તમે વાર્તા કહેવાના હતા ને ?'

'હા, પણ પછી તો તને કાકાસાહેબ વાર્તા કહેશે એમ નક્કી કરેલું ને? ભૂલી ગઈ કે શું ?'

બાળાએ તરત જ નજીકમાં ઊભેલા કાકાસાહેબનો હાથ પકડીને હસીને પૂછ્યું:

'કાકા સાહેબ, તમે મને વાર્તા કહેશો ?'

ઉત્તરમાં કાકાસાહેબે એ બાળાને

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમેશાં નવીનવી વાર્તા કહેવાનો ઇજારો રાખ્યો, તેથી બાળાના હર્ષનો પાર જ ન હતો.

*

આશ્રમના પ્રવેશદ્વાર પાસે એક મોટી આંબલીનું વૃક્ષ છે, ત્યાં પેલી બાળા એકવાર બેઠી હતી. એટલામાં એ આશ્રમમાં આવેલાં એક મહેમાન બહેન ત્યાં આવી પહોંચ્યાં. તેઓને ગુજરાતી આવડતું ન હતું, તેથી બાળાએ તેમને હિંમતથી પૂછયું :

'આપ બાપુજી કો મિલને કો આઈ હૈં ?'

નાની બાળાનો હિંદી ભાષામાં પ્રશ્ન સાંભળીને આવેલાં મહેમાન ખુશ થઈ ગયાં ને હસીને તેને તેડી લઈને બોલ્યાં :

'હાં, મૈં બાપુજી સે મુલાકાત કરને આઈ હું, તેરા નામ કયા ?'

'પહલે આપકા નામ બતાઈએ, પિછે મૈં મેરા નામ બતાઉંગી.'

'અચ્છા તો લે, મેરા નામ સ્વરૂપરાણી.'

'સ્વરૂપરાણી ?'

'હાં, કયૌં, તુજે મેરા નામ પસંદ હૈ ?'

'હાં, પસંદ તો હૈ, લેકિન આપકી પહેચાન કરાઓ ન ?'

બાળાએ નવાં મહેમાન બહેનની સાથે વાત કરતાંકરતાં તેઓની ઓળખાણ પણ પૂછવા માંડી.

મહેમાને હસીને કહ્યું : 'તુ જવાહરલાલકો પહેચાનતી હૈ કયા ?'

'હાં, હાં, જરૂર. વો એક દિન બાપુજી સે મિલને યહાં આયે થે. આપ ઉનસે કયા લગતી હૈં ?' બાળા બોલી ઊઠી.

'મૈં જવાહરલાલ કી છોટી બહેન હું.'

'અચ્છા, આપ ઉનકી બહેન હૈં ?'

આશ્ચર્યથી બાળા સ્વરૂપરાણી સામે જોતી જ રહી.

પછી ઓચિંતી જ બોલી ઊઠી : 'તો આપ બાપુજી સે કયા બાત કરને આઈ હૈં ?'

'વો તો મૈં તુઝે કયા બતાઉં ?'

એટલામાં બાપુજી ફરવા જવા માટે બહાર નીકળતા દેખાયા ને થોડી જ વારમાં રસ્તા પર આવ્યા, ત્યારે સ્વરૂપરાણી ને બાળા તેઓની પાસે પહોંચી ગયાં. બાળાને સ્વરૂપરાણી પાસે જોઈને બાપુજીએ હસીને ટકોર કરી : 'આનંદ, તું આ નવા મહેમાનને પણ પજવવા માંડી છે ના ?'

ઉત્તરમાં વિજયાલક્ષ્મી ને બાળા એક-બીજાની સામે જોઈને હસી પડ્યાં ને બાપુજીની સાથે જ ચાલવા મંડી ગયાં.

બાપુજી ફરવા માટે આગળ ચાલવા માંડ્યા તે પહેલાં તેઓએ બીજા આશ્રમવાસીઓને જરા પાછળ ચાલવા ઇશારો કર્યો ત્યાં બધા વીખરાયા.

બાપુજી, વિજયાલક્ષ્મી ને બાળા સાથે-સાથે ચાલવા માંડ્યાં.

વિજયાલક્ષ્મીને બાપુજી સાથે ખૂબ વાતો થતી રહી, તે બધી જ નિર્દોષભાવે બાળાએ બાપુનો હાથ પકડીને ચાલતાંચાલતાં સાંભળી. છેવટે છેક સાબરમતી જેલનો બગીચાનો દર-વાજો આવતાં જ બાળા બોલી :

'બાપુજી, આજે તો હું તમારા કરતાં વહેલી દરવાજા પાસે જઈને હાથ અડકાડી આવું છું, જો જો હોં કે!' એમ કહીને બાળાએ દોટ મૂકી ને દરવાજા પાસે પહોંચી ઊભી રહી.

બાપુજી તથા વિજયાલક્ષ્મી બાળાની દોડ દોડી જોઈને ઘડીક ગંભીર વાતો કરતાં છૂટ પડ્યાં ને બાપુજીએ કહ્યું : 'આજે, તું જી ગઈ ને હું હારી ગયો!'

નિયમ એવો હતો, કે ફરવા જતાં પહેલો જઈને સાબરમતી જેલના બગીચા દરવાજાને હાથ અડકાડી આવે તે જીતે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે બાળાએ કહ્યું : ' હા, બાપુજી આજે તમે હારી ગયા, તમે હારી ગયા ! ' એમ બોલતીબોલતી તે રાજી થવા માંડી.

*

બાપુજીની પાસે સ્લેટ-પેન લઈને લખવા બેઠેલી આનંદે એકાએક જ બાપુજીની સામે ગંભીરતાથી જોઈને કહ્યું : ' બાપુજી, આ દાખલો નથી આવડતો શીખવશો ? '

' તેં ગણી જોયો ? '

' હા, મેં ગણ્યો તો ખરો, પણ કંઈ સમજ પડતી નથી. '

' લાવ જોઉં ' બાપુજીએ એમ કહીને બાળાના હાથમાંથી પાટીપેન લીધાં ને દાખલો તપાસવા માંડ્યો. એટલામાં બાળાની નજર બાપુજી પાસે પડેલી એક નવી જેવી દેખાતી ચોપડી ઉપર પડી. તે જોઈને બાળાએ તરત પૂછ્યું :

' બાપુજી આ નવી ચોપડી ક્યાંથી આવી ? એમાં ચિત્રો હશે ? '

બાપુજી : ' પેલાં નવા મહેમાન બહેનને તું પજવતી હતી ને, એમણે આ ચોપડી મને આપી છે. '

' કોણ પેલાં સ્વરૂપરાણી ? '

' એમના નામની તને વળી ક્યાંથી ખબર પડી ? તું પણ આશ્રમનાં બધાં મહેમાનોની પૂરી ખબર લઈ નાખતી જણાય છે ને શું ? '

બાળા કંઈક આશ્ચર્યથી બોલી ઊઠી :

' બાપુજી, એમનું નામ છે તેવું જ રૂપ પણ છે નહિ ? એ કેટલાં બધાં રૂપાળાં લાગે છે ખરું ને ? રૂપરૂપનો તો જાણે અવતાર જ છે ! કેવા સરસ સોનેરી વાળ છે, કેવી સરસ મઝાની આંખો છે, ને હસે છે ત્યારે તેમના ગાલમાં કેવા ખાડા પડે છે, કેવા મોતીના દાણા જેવા તો એમના દાંત છે ! '

' તને એ ગમે છે ? '

' હા, બાપુજી એમનું નામ એવું કેમ પડ્યું હશે ? '

' તારું નામ આનંદી પડ્યું છે એમ જ સ્તો. પણ જો એ સ્વરૂપનાં માતાનું નામ પણ સ્વરૂપરાણી જ છે. એમનું બીજું નામ વિજયાલક્ષ્મી છે. એમને તું હવે ઓળખે છે તો ખરી ને ? '

' હા, બાપુજી એ તો પહેલાં પેલા જવાહરલાલ આવેલા તેમનાં નાનાં બહેન થાય છે એમ કહેતાં હતાં. '

વાત આગળ ચાલી એટલે બાળાએ બાપુજીના હાથમાંથી પાટીપેન લઈ લીધાં ને કહ્યું :

' બાપુજી, આ વિજયાલક્ષ્મી બહેન તે દિવસે ફરવા માટે તમારી સાથે ચાલતાં હતાં, ત્યારે તમે એમને પરણવાની ના કેમ પાડતા હતા ? '

' એ પરણે તો તને ગમે ખરાં ? '

' હાસ્તો, એમણે પરણવું તો જોઈએ જ ને ? '

' તો પછી હવે એમને હું કહીશ કે અમારી આનંદ કહે છે કે જે વર હું શોધી આપું તેને તું પરણજે. એમ કહું ને ? '

' હા, બાપુજી જરૂર એમને સમજાવજો કે એ પરણે. કેવાં મઝાનાં લાગે છે; એ લ્યો એ જ અહીં તમને મળવા આવે છે.'

*

' બાપુજી, હવે હું મોટી થઈ ગણાઉં કે નહીં ? '

' હા, મોટી તો થઈ છે, પણ હજી એટલી ડાહી નથી થઈ એનું કેમ ? ' બાપુજીએ હસીને સામો પ્રશ્ન પૂછયો.

બાપુજીના નિવાસસ્થાને રેંટિયા પર સૂતર કાંતવામાં બાપુજી મગ્ન હતા ત્યારે પેલી બાળા સાથે તેઓ વાત કરવા લાગ્યા.

' પણ બાપુજી, હું તો એક બીજી જ

...Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતના કામ માટે તમને પૂછતી હતી કે હવે હું મોટી થઈ છું કે નહિ?'

'કેવા કામ માટે પૂછે છે એ તો કહે' બાપુજીએ કહ્યું.

'મેં માને કહ્યું કે મને નદીમાં તરવા શીખવા જવા દે, તો મા મને કહે છે કે હજુ તો તું નાની છે!' બાળાએ કંઈક ફરિયાદના રૂપમાં કહ્યું ને પછી ઉમેર્યું:

'બાપુજી, તમને તરતાં આવડે છે કે નહિ?'

'હા, મને તરતાં આવડે છે ને તારે પણ તરતાં તો શીખવું જ જોઈએ.'

'પણ મા મને ના પાડે છે તેનું કેમ કરું?' બાળા બોલી.

'ઠીક ત્યારે એક કામ કર.'

'શું, બાપુજી?' ઉત્સાહથી બાળા બેઠી હતી ત્યાંથી ઊભી થઈ ગઈ.

'તું બાઈ પાસે જા, ને તેમને કહેજે કે બાપુજી મને તરવા જવાની રજા આપે તો તમે પણ રજા આપશો?'

બાળા તો ખુશ થઈ ગઈ ને તરત દોટ મૂકીને ઘર તરફ મા પાસે પહોંચી ગઈ. માને કહ્યું:

'બાઈ, એક પરવાનગી લેવા આવી છું.' ડાહીડમરી જેવી ઊભી રહેલી બાળાએ પોતાની માને કહ્યું.

'શેની પરવાનગી? નદીમાં નાહવાની જ ને?'

'હા, પણ બાપુજીએ પુછાવ્યું છે કે તેઓ રજા આપે છે, પણ તમારી મંજૂરીની પણ જરૂર છે. જાઉં?'

બાળા ઘણુંખરું માતાને પણ પજવનારી તરીકે પ્રખ્યાત હતી, તેથી હસીને માએ કહ્યું: 'ઠીક જા, પણ જો...'

પછી તો સાંભળવા રોકાય એ જ બીજાં! બાળાએ તો મૂઠી વાળીને દોટ મૂકી ને બાપુજી પાસે આવીને બોલી:

'બાપુજી, મારી બાઈએ મને નદીમાં તરવા જવાની હા પાડી છે.'

'નાહવાની કે તરવાની?' બાપુજીનો પ્રશ્ન સાંભળતાં જ બાળા વિચારમાં પડી ગઈ પછી પાછી બોલી: 'મને યાદ નથી રહ્યું. હું દોડીને પાછી આવતી રહી એટલે બાઈ શું કહેતાં હતાં એ યાદ નથી રહ્યું, પણ નાહવાનું કહેલું એમાં તરવાની છૂટ પણ આવી જ જાય ને?'

બાળાની દલીલ સાંભળીને બાપુજી હસ્યા ને પછી કહ્યું: 'બધા જાય તેમની સાથે જ જજે. એકલી ન જઈશ.'

'બાપુજી તમે પણ આજે તો તરવા ચાલોને.' બાળા બોલી.

'આજે તો મારે હજુ ઘણું કામ છે ને તારી સાથેની વાતમાંથી હું પરવારું ત્યારે તરવા આવું ને? જા આજે તો તું કોઈની સાથે જા.'

બાળા બીજા આશ્રમવાસીઓ સાથે નાહવા ગઈ. થોડું તરતાં પણ શીખી. પછી બધા સાથે કલાકો સુધી તરવાની રમત રાખી.

સાંજ પડી ને બાળાને સખત તાવ ચઢ્યો. બાપુજીએ પ્રાર્થનાનો સમય થતાં જ પોતાની બાળાને ન જોઈ એટલે તરત તપાસ કરવા કોઈને પૂછ્યું: 'આનંદ, ક્યાં છે! એ કેમ દેખાતી નથી?'

'બાપુજી, એને તો સખત તાવ ચડ્યો છે. બાઈએ ના પાડેલી, તોપણ પાણીમાં ખૂબ રમત રમી તેથી હવે પટકાઈ છે.'

પ્રાર્થના પછી બાપુજી બાળાને ઘેર પહોંચ્યા. બાળાના કપાળ ઉપર હાથ મૂક્યો તો તાવ તો ધખતો હતો.

બાળા લગભગ બેહોશ જેવી બકી રહેલી હતી: 'હું તરું છું, હું તરું છું, હું હજી બાવ, તરું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુજી કહે: 'તાવ વધારે ચઢ્યો છે એને માથે ને પેટ ઉપર માટી મૂકીએ. માથે વાળ ઓછા કરવા કાતર લાવો.'

એમ કહીને બાળાના સુંદર લાંબા વાળ બાપુજીએ કપાવી નાખ્યા. પછી બાળા સાજી થઈ, ત્યારે તેના વાળ કાપી નાખ્યા બદલ બાપુજી સાથે ખૂબ જ તકરાર કરી.

'બાપુજી, તાવ આવે ત્યારે માથે ને પેટ ઉપર તમે બધાને માટીની લોપરી કેમ મૂકો છો?' બાળાએ પૂછ્યું.

'માટી મૂકીએ તો શરીરમાં વધારાની ગરમી હોય તે બધી માટીમાં ખેંચાઈ આવે છે ને એ તાવ ઉતારવાની સૌથી સારી ને સાદી રીત છે.'

'પણ બાપુજી માટીમાં તે એવું શું હશે કે જેથી આપણો તાવ ઉતારી દેતી હશે?'

માંદી પડેલી બાળા કંઈક સાજી થઈ પછી પાછી બાપુજી પાસે આવીને ભણવા બેસવા લાગી ત્યારે તેણે આવી વાતો શરૂ કરી. 'માટીમાં એવો ગુણ છે કે તેને પલાળીને શરીર ઉપર જે કંઈ રોગ થયો હોય તેની ઉપર બાંધીએ તો રોગ મટી જાય.' બાપુજીએ બાળાને સમજાવવા માંડી.

'તો પછી બાપુજી, આ ઘણા લોકો માંદા પડે છે ત્યારે તેઓ માટીનો આવો ઉપયોગ કેમ નહિ કરતા હોય?'

'કારણ કે તું એમને આ વાત સમજાવવા જતી નથી. મોટી થા ત્યારે લોકોની સેવા કરીશ ને?'

'હા બાપુજી, હું તો હમેશાં સેવા જ કરીશ.'

'પરણવાની જ નથી?' બાપુએ સહેજ સ્મિત સહિત પૂછ્યું.

'ના, પણ એવું શું પૂછતા હશો?' બાળા શરમાઈને બોલી.

'કેમ બહાદુર બાળાએ કોઈ જ બાબતમાં શરમાવાનું ન હોય, જેમાં અસત્ય, પાપ કે જૂઠ હોય તે કરતાં શરમાવું, સારાં સેવાનાં કામ તો હોંશેહોંશે કરવા તૈયાર થવું જોઈએ. તું પણ સેવા કરવા તૈયાર થઈશ ને?'

'હા, બાપુજી એટલે તો હું પણ હમણાં અખાડે જાઉં છું.'

'કસરત કરે તેણે દૂધ ને કાચાં શાકફળ ખાવાં જોઈએ. એ તું પૂરતાં લે છે ખરી?'

'હમણાં તો હું જરા માંદી પડી પછી બાઈએ બધાંને ઘેર કહી દીધું છે કે મને કોઈ જ ખાવાનું ન આપે!' બાળાએ કહ્યું.

'ત્યારે તો તારે ઘેર નાસ્તો મળતો તે હમણાં બંધ થયો હશે ખરું ને?'

'હા બાપુજી, પણ બાઈએ કહ્યું છે કે મને તમારી પાસેથી જે કંઈ મળે તે ખાવાની છૂટ છે.'

'હવે મને ખબર પડી ગઈ!' બાપુજી બોલી ઊઠ્યા: તારે કંઈક નાસ્તો કરવાની ઇચ્છા થઈ ગઈ છે એમ કહે ને!'

'ના ના, બાપુજી એવું તો કાંઈ નહિ, પણ જો કહો તો વળી થોડો નાસ્તો કરું.' એમ કહીને બાળા ખડખડાટ હસી પડી. બાપુજીએ પોતાની પાસે પડેલી દ્રાક્ષમાંથી થોડી દ્રાક્ષ બાળાને આપી.

બાળા તથા બાપુજી સાથે મળીને દ્રાક્ષ ખાવા લાગ્યાં ત્યારે બાળાએ કહ્યું:

'હું મોટી થાઉં ત્યારે પણ મને તમારી પાસે જ રાખશો ને?'

★

Public Domain, Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંઘનો આદર્શ

લેખક :
શ્રી અનંત કાણેકર

કીર્તિ, ધન, સંતાન, સત્તા, શરીરબળ વગેરેની પ્રાપ્તિને માનવી પોતાનો જીવન-આદર્શ માને છે; પણ કેવળ નિદ્રા જ પ્રાપ્ત કરવાનો કોઈનો આદર્શ હોય ખરો? હોય તો એવા આદર્શમાં કે એને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનાર માનવીમાં કંઈક વિશિષ્ટતા કે વિચિત્રતા હોવી જોઈએ. મહારાષ્ટ્રના અગ્રગણ્ય નિબંધકાર શ્રી અનંત કાણેકરનો આ લેખ એમની લાક્ષણિકતાનો ખ્યાલ આપે છે.

અનેક માણસોને અનેક કારણસર નેપોલિયન ગમે છે. કોઈને તે અદ્વિતીય યોદ્ધા તરીકે ગમે છે તો કોઈને તે એક મહાન દેશભક્ત તરીકે પ્રિય છે. મને તે ગમે છે તે માત્ર એક જુદા જ કારણથી. નેપોલિયન વિષે એવું કહેવાય છે, કે તેને ગમે તે વખતે અને ગમે તે સ્થળે ઊંઘ આવી શકતી. તેની નિદ્રા તેને વશ હતી. યુદ્ધના મેદાનમાં શત્રુ સાથે ભયંકર સંગ્રામ ખેલાઈ રહ્યો હોય, ત્યારે પણ તે વચ્ચેવચ્ચે ઘોડાપર બેઠાંબેઠાં પાંચપંદર મિનિટ ઊંઘી લઈ તાજોમાજો થઈ શકતો. ખરેખર આ કારણસર મને એની ઈર્ષ્યા આવે છે! અને આને લીધે જ તે મને બહુ ગમે પણ છે. યોદ્ધાઓ અને વીરપુરુષો, દેશભક્તો અને વિશ્વવિજેતાઓ તો અનેક મળશે, પરંતુ આવો નિદ્રાપર વિજય મેળવનારો મહાપુરુષ ક્યાંથી મળશે?

નેપોલિયન બદલ મને શા માટે આટલું બધું માન છે એ જ્યારે મેં ગણુકાકાને જણાવ્યું, ત્યારે ક્ષણભર તો તે થંભી જ ગયા. થોડીવાર પછી ક્રોધથી દાંત વડે હોઠ કરડતા તે બોલ્યા :

'મૂરખ, તું તારા આળસને ઢાંકવા માટે એક ઐતિહાસિક વીર પુરુષની પાછળ છુપાવાનો પ્રયત્ન કરે છે કેમ? એક તો મનુષ્યનું અડધું જીવન ઊંઘને લીધે નકામું જાય છે, તેમાં તું રાતદિવસ જોયા વગર ગમે ત્યારે ઊંઘ ખેંચી કાઢી નેવું ટકા જીવન બરબાદ કરી રહ્યો છે, અને બાકી રહેલા દશ ટકામાં કંઈક ઉપયોગી અથવા સારું કાર્ય કરવાને બદલે નેપોલિયન જેવા મહાપુરુષની અનેક અનુકરણીય વાતો છોડી તેની ઊંઘનું જ દૃષ્ટાંત આગળ કરે છે? નેપોલિયન ગમે ત્યારે ઊંઘી શકતો એ તારા મતે તેની મહત્તા કેમ! આવી વાતો કરતાં તને જરા શરમ નથી આવતી?'

ગણુકાકા ભલેને ગાળોનો વરસાદ વરસાવે, પણ મને તેમની વાત ગળે નહિ ઊતરતી. ઊંઘમાં વિતાવેલું આપણું જીવન બરબાદ જાય છે એ વાત જ પહેલાં તો મને બરાબર લાગતી નથી, ઊલટું મારા મત મુજબ તો જાગૃતાવસ્થામાં જીવેલા જીવન કરતાં નિદ્રાવસ્થામાં ગાળેલું જીવન [illegible] કેટલું યે મહત્ત્વનું અને સુંદર હોય છે. [illegible] તો શું, પણ જાગૃત દશામાં જેવું જીવન [illegible] પણ શક્ય નથી તેવું જીવન નિદ્રાવસ્થામાં જીવવા મળે છે! નિદ્રાવસ્થામાં દેખા[illegible] સુંદર મધુર સ્વપ્નો તમને કદી જાગૃત દશામાં દેખાયાં છે ખરાં? પ્રત્યેક મનુષ્યના અંતઃકરણમાં ઊંડે ઊંડે કોઈ ને કોઈ એકાદ આં[illegible] ઘેલી અશક્ય છતાં પ્રિય એવી ઇચ્છા દટા[illegible] રહેલી હોય છે. જાગૃત જીવનમાં આ[illegible] ઇચ્છા પૂર્ણ થવાની વાત તો આઘી રહી[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે જો માત્ર કોઈને મોઢે પણ વ્યક્ત કરવામાં આવે તો લોકો તમને મૂરખમાં જ ખપાવે. આવી ગાંડીઘેલી ઇચ્છા સફળ થવાનો અલૌકિક આનંદ તમને માત્ર સ્વપ્નસૃષ્ટિમાં ભ્રમણ કરાવતી નિદ્રામાં જ મળી શકશે.

અન્ય લોકોની ઇચ્છા કેવી હશે એ તો કોણ જાણે, પણ સૌ કોઈ મારી ઇચ્છા સાંભળીને હસશે એની પૂર્ણ ખાતરી હોવા છતાં પણ મારી એવી જ એક ગાંડી ઇચ્છાનું ઉદાહરણ આપ્યા સિવાય મારાથી રહેવાતું નથી.

નાનપણથી જ એ ઇચ્છા મારા મનમાં ઘર કરી બેઠી છે અને આજે પણ તે ત્યાંની ત્યાં જ-જેમ ને તેમ બેઠી છે. આ ઇચ્છા પૂર્ણ થયાનો અવર્ણનીય આનંદ મેં અનેક વખત ઊંઘમાં અનુભવ્યો છે; અને એટલું જ નહિ પણ અનેક વખત તેની મીઠાશ ચાખવાની આશા પણ છે. એ સ્વપ્ન મેં ગયાં કેટલાંક વર્ષોમાં અનેકવાર જોયું છે. બીજી રીતે કહું તો એ સ્વપ્ન હું જીવ્યો છું એમ કહી શકાય. પક્ષીની માફક ઊડવું એ મારી નાનપણથી તીવ્ર ઇચ્છા છે! વિમાનમાં બેસી યંત્રનો આશરો લઈ ઊડવામાં મને ખાસ રસ નથી. પોતાના બાહુમાં અને પગમાં વિદ્યુત જેવી અદ્‌ભુત શક્તિનો સંચાર થતાં આપમેળે મન માને ત્યાં ઊડવું એ જ મારી ખરી ઇચ્છા છે!

નાનપણમાં જ્યારે અરબસ્તાનની આનંદ-રજનીની વાર્તાઓ અને હનુમાનજીનાં પરાક્રમો વાંચતો ત્યારે મારામાં અજબ ઉત્સાહ આવી જતો અને આકાશમાં ઊડવાની આશા પ્રબળ થતી. ઘરના સર્વ માણસો બહાર જતાં મેં ઘણી યે વાર બારણાં બંધ કરી સુપડાની જોડ અથવા ફાટેલી ચાદરો હાથે અને પગે બાંધી ખભા દુખવા આવે ત્યાં-સુધી આ બનાવટી પાંખો વડે ઊડવાનો પ્રયત્ન કરી જોયો છે! હાલમાં જો કે મેં તેવો પ્રયત્ન નથી કરી જોયો, છતાં મારો આ પ્રયત્ન સ્વપ્નમાં તો સંપૂર્ણ સફળ થયો છે! ક્ષિતિજ સુધી વિસ્તરેલું એક વિશાળ મેદાન મને સ્વપ્નમાં દેખાય છે. તે મેદાનમાં હું કોઈ શરતમાં દોડતો હોઉં એવી રીતે દોડવાની શરૂઆત કરું છું. દોડતાંદોડતાં મારા બન્ને પગો ધરતીથી અદ્ધર થઈ જાય છે અને પછી તો પૂછવું જ શું? કમર પાછળ હાથ રાખી જેમ ફાવે તેમ જઈએ તેટલી ઝડપે હવામાં તરતો હું સર્વત્ર ઊડું છું. હીંચકે બેસી પગના ઠેકાથી જેમ હીંચકાને ઊંચો ચડાવીએ છીએ તે જ પ્રમાણે હવામાં પણ જેટલા જોરથી પગ દાબવો હોય તેટલો દાબી હું તીવ્ર વેગથી ઊંચે ને ઊંચે ઊડયે જાઉં છું. આ સ્વપ્ન મેં અનેક વાર જોયું છે અથવા બીજી રીતે કહું તો 'જીવ્યો' છું; અને તે પણ એટલી સાચી રીતે જીવ્યો છું કે સ્વપ્નમાંથી જાગૃત થયા પછી પણ તે સ્વપ્નની મોહક ધ્રુજારીમાંથી હું કેટલીયે ક્ષણો સુધી મુક્ત થઈ શકયો નથી. અને અત્યારે એક ક્ષણ પહેલાં જે સ્વપ્નમાં સહેજમાં સિદ્ધ થઈ શકયું તે જાગૃતાવસ્થામાં કેમ ન થઈ શકે એવી ઘેલી આશા મારા મનમાં કેં ય કેટલી ય વાર ડોકિયું કરી ગઈ છે.

ઇહલોકમાં જેમનાં દર્શન આપણને કદી પણ થવાનાં નથી એવાં આપણને છોડી ગયેલાં આપણાં પ્રિયજનોની મુલાકાત ભલેને તે માત્ર ક્ષણિક જ હોય-ફક્ત એક નિદ્રાવસ્થામાં રચાતી સ્વપ્નસૃષ્ટિમાં જ થાય છે. જગતનાં દુઃખોમાંથી મુક્તિ મેળવવાનો મૃત્યુ એ જ એક માત્ર ઉપાય છે, એ અનેક લોકો કહેતા હોય છે. તેવા લોકોને હું કહીશ કે, ભાઈઓ, આવા અંતિમ ઉપાયને અમલમાં મૂકતા પહેલાં એક બીજો ઉપાય અજમાવી જુઓ. મૃત્યુના સર્વ ફાયદા જેમાં છે અને નુકસાન જેવું જેમાં કંઈ નથી એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ય-મિથ્યા

મૂ. લે. શ્રી શૈલજાનંદ મુખોપાધ્યાય
અનુ. શ્રી નટવરલાલ માળવી

શ્રી શૈલજાનંદ મુખોપાધ્યાયનું સ્થાન બંગાળી સાહિત્યમાં ગુરુદેવ ટાગોર અને શરદબાબુની જોડાજોડ ગણાય છે. અતિ સમર્થ નવલકથાઓ અને નવલિકાઓમાં એમણે બંગાળના આમવર્ગનું હૂબહૂ પ્રતિબિંબ ઝીલ્યું છે. અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલી બંગાળની સર્વશ્રેષ્ઠ નવલિકાઓમાં પણ શ્રી મુખોપાધ્યાયનું સ્થાન મોખરે હોય છે. આલેખનશક્તિના રૂપાળા નમૂના જેવી આ વાર્તાનો અનુવાદ મૂળ લેખકની પરવાનગીથી 'પ્રભાકર'ના તંત્રી અને 'ગાંડીવ સાહિત્ય મંદિર'ના સંચાલક શ્રી નટવરલાલ માળવીએ કર્યો છે.

શહેરના નવા મહોલ્લામાં ને નવા ઘરમાં વસવા આવી હું તો ભારે પંચાતીમાં આવી પડ્યો. સ્ત્રીની તબિયત ઠીક નહિ. કામ કરનારી વગર ચાલે તેમ નહોતું, ને નોકરડી મળવાનું તો ભારે દુષ્કર થઈ પડ્યું!

પરમ દિવસે એક બાઈ આવેલી. સાથમાં ત્રણેક નાનાંનાનાં બચ્ચાં. કેડ પર છોકરો હતો, મોટી બે છોડીઓ છૂટી. ખુરશી પર બેસી પૂંઠ કરીને હું એક કાગળ લખી રહ્યો હતો. અચાનક સાવ કાળી, કદરૂપી, કઢંગા ઘાટઘટમ વાળી, હાડપિંજર સમી એક નાનકડી છોકરી મારા ટેબલ પાસે આવી વાંકી વળી ઊભી રહી. બોલી:

'બાબુ કંઈ લખેછ રે! એઈ દૂલી આવ, બતાવું, આવ.'

બૂમ સાંભળી બરાબર તેનાજ જેવી બીજી છોકરી ધસી આવી: 'ક્યાં છ જોઉં?'

ફરીને મેં મારી સ્ત્રી તરફ જોયું. દેખ્યું, સામેના ઓરડામાં ભોંપર જ બેસી એ પેલી બાઈને સમજાવી રહી છે; 'ના મા, ના, તને તો બેત્રણ બચ્ચાંકચ્ચાં છે. અમારે તો કોઈ છડુંછાંટ, જંજાળવિનાનું માણસ જોઈએ.'

બાઈ કહેતી હતી: 'પણ બચ્ચાં મારાં ખૂબ ડાહ્યાંડમરાં છે મા; તેને માટે તમારે કશી ફિકર ન કરવી!'

એવે વખતે મારી ચાલ પાછળથી જરા ખેંચાતાં મોં ફેરવીને જોયું તો, જે દેખ્યું તેનાથી હું તો નખશીખ સળગી ઊઠ્યો! જોયું, તો ટેબલ પરનો ખડિયો પેલીઓએ ઉથલાવી પાડેલો, કાળી શાહી ફેલાતાં ટેબલ પરનું શ્વેત વસ્ત્ર નકામું થઈ ગયું છે, ને કોણે આ કર્યું તે પરત્વે બે બહેન વચ્ચે ટંટો શરૂ થયો છે! ખુરશી ખસેડી લઈ, અતિ ગુસ્સાના જોરમાં હું તેમને વઢવા જતો હતો એટલામાં મોટીએ તત્ક્ષણ પોતાના ગંદા ઝભલાનો છેડો શાહી પર દબાવી દીધો ને બોલી: 'ક...

એક વસ્તુ આ જગતમાં છે અને તે ઊંઘ!

ગણુકાકા અને તેમના જેવા બીજા અનેક લોકો આંખનો પલકારો પણ માર્યા વગર ભલે રાત ને દિવસ કામ કર્યા કરે, અને નામના કે મોટાઈ મેળવ્યા કરે. હું તો માત્ર જ્યાં મળે ત્યાં અને જ્યારે મળે ત્યારે ઓશીકામાં માથું ઘાલી બની શકે તેટલું ઊંઘી લેવા માગું છું! *

* અનુવાદક શ્રી વાડીલાલ પ્રા. દેસાઈ

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ બાબુ કંઈ નહિ. મેં પાડ્યું તે હું જ લૂછી નાખીશ, વઢશો નહિ વળી, હાં!'

હવે આને શું કહું? મેં મારી સ્ત્રીને બૂમ મારી કહ્યું: 'સાં...ભ...ળ!'

સ્ત્રી આવતાં જ ટેબલ દાખવી હું બોલ્યો: 'આ બાઈ કામમાં નાહ આવે. એને ચાલી જવા કહે.'

પણ બાઈ કેમે કરી જાય નહિ. કહે: 'કેમ, કામ નહિ થાય બાબુ? નાદાન બાળકે જરા અમથી શાહી ઢોળી તેથી ચિડાઈ ગયા? લાવો, હું સાબુ નાખી બરાબર ધોઈ લાવું છું, લાવો.'

છેવટે મારી સ્ત્રી નારાયણીએ જેમતેમ કરી, મહામહેનતે, તેને સમજાવી પટાવી વિદાય કરી.

તે પછી પણ બેએક જણ આવી ગયાં, પણ કોઈ ટકવા ના પામ્યું.

અમે હતાં બે જ જણાં વર અને વહુ—ન મળે છૈયાં કે ન મળે છોકરાં, તોય જે તે બે વારનાં વાસણપાણી કરવા માટે આઠદશ રૂપિયા માંગી પડે!

પછી બાઈની વાત જતી કરી મેં તરત નોકરની શોધ કરવા માંડી. એવામાં એક દહાડો સાંજે ઘેર આવી જોઉં છું, તો એક મજાની બાઈ કામ કરનારી મળી ગઈ છે, ખરચાંકરચાં નહિ, કશી જંજાળ નહિ, સવાર-સાંજ વાસણપાણી કરશે. માસિક પગાર માત્ર ચાર રૂપિયા!

મેં પૂછ્યું: 'ક્યાંથી મળી?'

નારાયણી બોલી: 'પોતે થઈને જ આવી. અત્યાર સુધી બેઠીબેઠી વાતો કરતી હતી. કાલે વહેલી સવારે આવશે.'

પણ સવાર સુધી ય વાટ જોવી ન પડી, તે વેળા રાતનાં અંધારાં ય અછવાયાં ન હતાં. મારા દરવાજા સમક્ષ જ સરકારી ગેસફાનસ પ્રકાશ પ્રસારી રહ્યું હતું. તે મુખ્ય દરવાજાનાં કડાં ખખડતાં જ મેં પૂછ્યું: 'કોણ?'

સ્ત્રીકંઠનો જવાબ આવ્યો: 'એ તો હું-મોહિની!'

નારાયણી ઊઠીને ઊભી થઈ, 'એ તો આપણી કામવાળી.' કહી ઝટપટ ચાલી જઈ તેણે દરવાજો ખોલી દીધો! બારીવાટે મેં નજર કરી તો સળગતો ઘાસલેટી ખડિયો હાથમાં લઈ, ધોળા વસ્ત્રે સજ્જ એક પાતળી, ઊંચી બાઇ ઘરમાં દાખલ થાય છે.

નારાયણીએ પૂછ્યુ: 'હજુ તો પો ફાટ્યો નથી રે, માહની, અટલી વહેલી તું કેમ આવી?'

ડોકી ધુણાવી મોહિની બોલી: 'હા, દીદીમાણ, કામ કરવા આવી. મારે તો બીજાં દશ ઘર ગણવાનાં ને હજુ, તેથી સવારે આવી પાણી ભરી જઇશ અને કપડાં ધોઈ જઇશ. અત્યારે ફકત કંઈ એઠાં વાસણ હોય તો માંજી જાઉં, કંઈ વાટવા-કૂટવાનું હોય તો વાટી જાઉં.'

બોલતીબોલતી તે રસોડા ભણી ચાલી. રસોડું ખાસ છેટે નહોતું, એટલે બધી વાત મને સંભળાતી હતી. પિંજરામાંથી ઘણું કરી નારાયણીએ વાટવાનો મસાલો લઈ બહાર કાઢી આપ્યો. કહ્યું: 'આ વાટણું અહીં નિસા પડખે મૂકયું છે, મોહિની કામકાજ પતાવી, જતી વખતે મને કહેતી જજે હોં! સમજીને? નહિ તો દરવાજો ખુલ્લો રહી જશે.'

મોહિની બોલી: 'ભલે, બહેન બા. તમે તમારે સૂઈ જાઓ.'

નારાયણી પાછી ફરી. કહેવા લાગી: 'હા...શ, ચાલો, હવે મારે વાસણ માંજવાનું ટળ્યું. બાઈ બિચારી સરસ મળી ગઈ.'

એઠાં વાસણ છૂટાં પાડતાંપાડતાં મોહિનીએ ઘણું કરી આ સાંભળ્યું. કહેવા લાગી: 'હા, દીદીમણિ, હું જેને ઘેર કામ કરું છું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બધાંય મને વખાણે છે. મારું કામ ખૂબ ચોખ્ખું ખરું ને, તેથી ગંદવાડ મને દીઠો પાલવતો નથી.'

નારાયણી તો સૂતેલી હતી, તે બોલી: 'ભલે!'

પણ મોહિની ચૂપ ન રહી. વાસણ માંજતીમાંજતી કહેવા લાગી: 'એ... પેલા ઘના મિત્તર ગલીને ડાબે હાથે ફાટકવાળું ઘર છે ને–એ પેલું, વાડામાં ચંપાનું ઝાડ છે દીદીમણિ, એ વૈદને ઘેર પણ કામ કરું છું. તે એમને ત્યાંની નાની વહુ શું કહે છે, જાણો છો ? દીદીમણિ ! કહે છે કે અમે ઘર બદલીશું, પણ મોહિનીને કદી નહિ બદલીએ.'

નારાયણી ફક્ત 'હું' બોલી મૂંગી રહી ગઈ.

મોહિનીનો વાસણ માંજવાનો અવાજ મને સંભળાતો હતો. અચબૂચ મને લાગ્યું, કે જાણે કોઈની સાથે એ વાત કરી રહી છે.

નારાયણીને મેં પૂછ્યું: 'એની સાથે કોઈ બીજું પણ આવ્યું છે કે શું ?'

નારાયણી બોલી: 'ના, ના, મેં તો એને એકલી જ દીઠી.' પછી એણે ય કાન માંડ્યા ને થોડી પળ સાંભળ્યા કેડે બોલી: 'કોની સાથે વાત કરે છ મોહિની ?'

મોહિની બોલી: 'વાત વળી કોની સાથે કરું દીદીમણિ ! અત્યારમાં ઊઠેલું ય કોણ હોય ? હું તો કહેતી'તી, મકું, કે તમારી પેણીમાં ડાઘા પડી ગયા છે, તે મૂઆ ડાઘા કેમે કર્યા જતા નથી ! જરા તેલ લગાડી રાખજો, દીદીમણિ, એટલે પછી ડાઘા પડશે જ નહિ.'

મેં કહ્યું: 'આ તારી મોહિની જરા બોલે છ વધારેપડતું.'

'લાગે છ ખરું એવું.' કહી નારાયણી હસી પડી.

મોહિનીએ પૂછ્યું: 'કેમ હસ્યાં દીદીમણિ?' પંચાતીના ભારા ! કેમ હસ્યાં તે પણ કહેવું પડશે વળી !

નારાયણી બોલી: 'ના, ના, હું કંઈ હસતી નથી. તું તારે કામ કર.'

'હું અ, હસ્યાં નહિ ? અરે વાહ, હસવાનો અવાજ મેં ચોખ્ખો સાંભળ્યો ને.'

નારાયણી ને હું–બંને હસ્યા વિના રહી ન શક્યાં.

મોહિની બોલી: 'મને તો ભાઈ, બરાબર સંભળાય છે ને ! હસતાં નથી કહ્યું એટલે કંઈ પતી ગયું ? અરે, એવું હસવા ખાતર તો એકવાર સાસરવાસામાં હું ભારે આફત-માં આવી પડેલી, દીદીમણિ ! વાત બહુ ફક્કડ છે. ઊઠીને અહીં આવો તો કહું. બાપુને નહિ કહેવાય, મને તો બળી શરમ શરમ લાગે.'

નારાયણી હસીને જ બોલી: 'કાલે સાંભળીશ, મોહિની, આજે જવા દે.'

મોહિની બોલી: 'તે કાલે મને એકવાર બરાબર યાદ કરાવજો, હં, દીદીમણિ ! મૂઉં મારું મગજ એવું ખરાબ છે ને, તે શું રહે શું, ધૂળ ?'

નારાયણી ગુપચુપ બોલી: 'તમે બરાબર કહો છો, હોં ! ને તે એક લેખે ઠીક જ થયું. વારુ, વાત કરવા જોગું માણસ મને મળ્યું.'

ભટ કરતો નિસા પાડવાનો અવાજ સંભળાયો. વાસણ માંજવાનું પતાવી હવે મસાલો વાટવા બેસતી લાગી. બેસીને બોલી: 'ઓરે મારે ! આ આવી નિસા તમે સારુ રાખી મેલી છે, દીદીમણિ ! સાવ લીસી લપાટ થઈ ગઈ છે. તે પેલા ટાંકવાવાળા છે. તો રસ્તે બૂમો પાડતા ભટકે છે. તો કોઈકને એકને બોલાવી આ નિસા તમે ટંકાવી લેજો તે પછી જોજો ને, મસાલો તમને ખાસ્સો ચંદન જેવો વાટી દઈશ. મિત્તરબાબુ-ના ઘરની દીદીમણિ કહે છે, કે મોહિની, તારી પાસેથી મને શીખવી દઈશ જેવું મસાલો વાટવાનું

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મકુ, કેમ ના શીખવી દઉં? નિસા તમે ટંકાવી રાખજો. પણ તે ન સાંભળતાં એણે શું કર્યું, જાણો છો બહેનાં! એણે તો ટાંકવાવાળા પાસે નિસા પર નામ સુદ્ધાં ટંકાવી લીધું! તમને ય ટાંકી આપશે. હા, પણું પાંચ પૈસા વધારે લેશે ખરો. એક પડખા પર બાબુનું નામ, ને એક પડખા પર તમારું નામ!'

એમ કહી પોતે કરેલી ટોળ પરત્વે પોતે જ રાજી થઈને તે હસવા લાગી.

તે પછી કંઈ મારાથી ઊંઘી ન શકાયું. નારાયણીને કહી રાખ્યું: 'મોહિનીને સવારે જ આવવાનું કહી દેજે. મારે તો કંઈ ઑફિસે નથી જવાનું કે મોડું થઈ જાય.'

પણ મોહિનીને તો વારુ, તેમાં ય વાંધો હતો; કારણકે વહેલા મળસ્કાથી કામ શરૂ ના કરે તો વાતો પણ કરવી ને કામ પણ કરવું એ એનો બેવડો વેપાર સહેજે આટોપી નહોતો શકાતો. તેમ વળી પોણી રાત્રે કામ કરવા ખાતર દરવાજો ખોલવા ઊઠવાનો સૌને જ વાંધો! મોહિનીએ તે દહાડે એ વાત ફોડ પાડીને જ કહી નાખી.

તે બોલી: 'બધા જ સરવાળે એવું જ કહે છે, બહેનબા એ કેમ હશે સૈ! તમે બધાં ય, દીદીમણિ, ઊંઘણશી છો નર્યાં!'

*

મોહિની સાંપડતાં મારી પત્નીને વાત કરવા જોગું માણસ મળ્યું એ વાત ખરી, પણ ત્યારે આફત પણ ઓછી ન ઊતરી.

પત્ની સાથે કંઈક ખાનગી વાત કરી હોય તો ય મોહિની પૂછતી: 'શી વાત ચાલતી'તી બહેનાં!'

હવે, શી વાત થતી હતી તે ય કહેવાનું બને નહિ, ને વળી વરબૈયરની વાતમાં કાન ના માંડવા એવું કહેતાંય શરમ લાગતી. નારાયણી કહે: 'એ તને નહિ સમજાય મોહિની!'

રસોડાના ઊંબરા પડખે મોહિની મૂંગી થઈને બેઠી. બેઠા પછી એક વેરો નિસાસો નાખી કહે: 'અમારે ય એવું જ હતું, હાં, બહેનબા! એ લોકો બહુ તવંગર હતા કની! મારે સળી ય ભાંગીને બે નહોતી કરવી પડતી. ચોવીસે કલાક બેસી રહેતાં, ને આમ જ ગુસપુસગુસપુસ કર્યા કરતાં. ને વાત તો અમારી કેમે કરી પૂરી ય ના થાય, દીદીમણિ! હાં! ને નણંદો કહેતી કે એટલી બધી તે શી વાત રાતદી તમે લોકો કર્યા કરો છો, હેં વહુ? ત્યારે હું કહેતી: મૂગાં રહો રે હવે મૂગાં રહો ભલા તમે બધાં ય!'

નારાયણીને આ બધું સાંભળવું ઘણું ગમતું. તે પૂછે: 'હું, પછી?'

આવો મજાનો શ્રોતા મોહિનીને જીવનભરમાં ભાગ્યે જ મળ્યો હશે કદાચ, એટલે તે તો વાસણ માંજવાનું કામ વીસરી જઈ આગળ હંકારવા લાગી: 'બાબુ જેમ તમને સરસસરસ લૂગડાં સાડી આણી આપે છે ને, દીદીમણિ, મને ય એવાં જ લૂગડાં–ચોળી મળતાં, સવારે એક પહેરું તો સાંજે વળી બીજું જ. મારાં લૂગડાં મારે કદી ધોવાં ય ન પડતાં. તમે જેમ બદલીને નાખી મૂકો છો, હું પણ તેમ જ તળાવના પાકા ઘાર પર બદલીને નાખી આવતી. ને એક દહાડો કામવાળી શું કહે છે, બહેનબા, જાણો છો? કહે છે કે એકાદ લૂગડું હું તો ચોરી જવાની, વહુ ઠાકરણ એ વાત સાંભળી. એમણે શું કર્યું? કે, કે બાઈને બોલાવી મંગાવી. પછી કહે–'હાં રે અલી બાઈ, ઘણાકે દીથી તને કંઈ બક્ષિસ મળી નથી ખરું? અચ્છા,' કહી પાકીટમાંથી એક રૂપિયો કાઢી ઝણઝણ કરતો ફેંક્યો ને કહે: 'લઈ જા!' એવુંએવું તો બધું કેટલું બનતું, બહેનબા, શું કહું તમને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારાયણી રસોઈ કરતીકરતી કહે: 'તે એ બધાનું પછી શું થયું, મોહિની ?'

'તે ત્યારે હું તમને કહું છું શું બહેન બા! નસીબ ફૂટે ત્યારે રહે શું ? મારે ય એવું થયું. આગ લાગી ને બધું બળીને ખાખ થઈ ગયું અને રહ્યુંસહ્યું બદમાશો લૂંટી ચોરી ગયા !'

મને લાગ્યું, કે નારાયણીને આ વાત પર ભરોસો ન પડ્યો. જરાક મૂંગી રહી ગયા બાદ તેણે પૂછ્યું: 'તે તેં તારી જાત–ન્યાત કંઈ કહેલી તે દી, મોહિની ? કુંભાર કે ? માટીનાં વાસણ બનાવે છે, તે કુંભાર ને ?'

મોહિની ડોકી ધુણાવતી બોલી: 'હા, દીદીમણિ, અમે અસલ કુંભાર. પણ મારા પિયરમાં કોઈ વાસણ બનાવતાં ખરા,' પણ સાસરમાં એવી બધી ખટપટ ન હતી. ને હોય પણ શાથી દીદીમણિ ? એ તો હતાં પૈસાવાળાં ! ને શું કહું તમને બહેનાં, કામવાળી વાસણ માંજતી તેમાં કેટલી થાળી, કેટલા ઘડાવાટકા તેનો કંઈ હિસાબકિતાબ પણ ના મળે ! ત્રણત્રણ કામવાળાઓ આખો દિવસ વાસણ માંજ્યા જ કરે, માંજ્યા જ કરે !'

*

મને કશાં સંતાન નહોતાં, પડખેવાળા એક નાનકડા, ત્રણચાર વરસના છૈયા પર નારાયણીને ભારે ભાવ હતો. એક દહાડો કોણ જાણે શી ય બાબતમાં એ છોકરાને કંઈક ઠપકાર્યો, તે રડતોરડતો ઘર બહાર ચાલ્યો ગયો, ને બે દીસુધી આવ્યો નહિ.

ચોથે દહાડે અચાનક તે છોકરો ઘરમાં દાખલ થતાં જ નારાયણી બોલી: 'હાં રે અલ્યા સાંતુ, ખરો નિમકહરામ છે તું ય! મૂઈ હું ! પારકા છોકરા પર તે કંઈ કોઈ વહાલ કરતું હશે ?'

મોહિની મસાલો વાટતી હતી, વેણ સાંભળતાં વેંત જ હાથમાંનો નિસાતરો નિસા પર જ થંભી ગયો ને બોલી: 'અરે બહેનબા, પારકા છૈયાને ઉછેરવાની વાત મારી આગળ કાઢશો મા. મને રૂડી રીતે ખબર છે તો. સાસુજી મરી ગયાં, નાનકડા દિયરને પેટેપીઠે કરીને મેં મોટો કર્યો. ને તે હવે મને રતીભાર યાદ પણ નથી કરતો, દીદીમણિ ?'

બોલતાંબોલતાં તેનાં નયનદ્વયમાંથી દડદડ આંસુ ટપકવા લાગ્યાં.

નારાયણી મૂગીમૂગી જ તેની બધી વાતો સાંભળ્યા કરે અને પછી મારી પાસે આવીને કહે: 'બાપ રે બાપ, આ મોહિનીની વાતો સાંભળતાં મારો તો દમ નીકળી ગયો ! કંઈ એવીએવી વાતો બધી બનાવીબનાવીને કહે છે !'

હું કહું: 'ભલેને કહેતી, એવું બધું કહ્યાથી એને કરાર વળતો હોય તો ભલે બોલ્યા કરે.'

તે કરાર તો એને, ખરે, વળતો જ હશે. નહિ તો કહે શા સારુ ?

એક દહાડો બજારમાંથી હું એક મોટું અનેનાસ લઈ આવેલો, મોહિનીએ તેને સાંભળતાં વાત શરૂ કરી. બોલી: 'આવડાં આવડાં અનેનાસ તો, દીદીમણિ, મેં કેટલાં ય લૂંટાવી દીધાં હશે. અમારી વાડીમાં ફળફૂલ પાડતા હોય, ને હું પાછલે દરવાજે ઊભી-ઊભી તે જોયાં કરું. માળી કહે: 'બામણ-પાડાના અનંત અને રાખુ ઠાકુર દેખાય છે ને પેલા બૌઠાકરણ, તે લોકો અનેનાસ માંગવા આવ્યા છે.' મેં કહ્યું: 'આપોને તે. લઈ આપોને દરેકને એકેક બબ્બે.' માળી હસીને બોલે: 'તે તમે અહીં આવીને ઊભાં રહ્યાં તો સમજો વહુ ઠાકરુણ, ત્યારથી જ હું તો ઉતાર વહેંચાઈ ગયેલો કે આજે અડધોક ખાતે જવાનો !'

*

આ પ્રમાણે જ્યારેજ્યારે એને તક મળે ત્યારે ત્યારે તે પોતાની સાહ્યબીની આવી વાતો લગાવી બેસતી. નારાયણી સાંભળતી ને મનમાં ને મનમાં હસતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોપણુ એક દિવસે તેણે મને કહેલું : 'ગમે તેમ ;માઈ છે તો ઘણી ભલી, હોં ! કોઈ દહાડો ય ચીજ-વસ્તુ ઉઠાવી જતી નથી, રવાદારગી કદી કરતી નથી. લૂગડાં ધોવા જાય ને દેખે કે પાલવ છેડે બેત્રણ પૈસા બાંધ્યા છે, તો તરત જ આવીને પાછા દઈ જ ગઈ છે ને ! ને છતાં ઘણુંખરું એના મોંમાં એક બોલ તો ખરો જ : 'કામકાજમાં બધો વખત જતો રહે છે દીદીમણિ, રસોઈ કરવા જોગી ય નવરાશ નથી રહેતી.'

પણુ તે ફક્ત કામ જ કરતી હોત તો તો કદાચ તેને ઘણો ય ગાળો મળત, પણુ વાતો કરવામાં જ એને મોડું થઈ જતું, તે છતાં બનાવીબનાવી પોતાની સાહ્યબીના ગપાટા લગાવ્યા વિના એને ચાલતું ન હતું !

તેના ગપાટાની વાતો કહેતાંકહેતાં નારાયણી કોઈ કોઈ દહાડો હસીહસીને લોથપોથ થઈ જતી. કહેતી : 'પણુ માણુસ તો ઘણું ફક્કડ મળી ગયું તો ! ને વળી કામમાં પણુ કશી ખામી આવવા નથી દેતી. છે સાવ સૂકલકડી તો ય વૈતરું સારું કરી શકે છે.'

તેના શરીર પ્રત્યે મેં કોઈ દિવસ ધ્યાનપૂર્વક જોયું ન હતું. એ દિવસે નજર કરી જોયું તો હાડચામના માળા જેવી ઘસાઈ ગયેલી કાયાવ.ળી પાતળી, ઊંચી નારી, શરીરનો રંગ કાળો; ને ફક્ત મુખભાવ જોઈને તેની ઉંમર કળવાનું કઠણુ હતું !

નારાયણી કહે : 'મેં પહેલ પરથમ જોઈ ત્યારે છેક આવી નહોતી, દિન પર દિન પેટપૂર ન ખાધાથી આવી થતી જતી લાગે છે.'

મેં કહ્યું : 'અરેરે, કાલથી ત્યારે તું એને જરા ઠીક રીતે ખાવાનું આપતી જજે, બિચારીને.'

નારાયણી કહે : 'તે એને ખાતાં શરમ આવે છે. તો ય જોઈશું. કાલથી આપતી જઈશ.'

*

પછી જાણ્યું, કે મોહિનીને ખૂબ સમજાવી, આગ્રહ કરી નારાયણીએ જમાડી ખરી. પણુ જમતાંજમતાં પોતાના સાસરવાસાની ખાણીપીણી સંબંધી જે વાતો એ કહી ગઈ, તે સાંભળી, ત્યારે હું મારું હાસ્ય કોઈ રીતે ખાળી ન શક્યો !

બીજે દિવસે રવિવાર હતો.

સવારના આઠ થઈ ગયા તો ય મોહિની ન આવી.

નવ વાગ્યા, દશ વાગ્યા તો ય નહિ !

ન છૂટકે નારાયણીને પંડે કામકાજ કરવું પડ્યું. બોલી : 'ફરતાં-ફરતાં એક વાર નજર કરી આવજો ને. કહેતી 'તી કે આ પેલી પાસે જ હિંદુસ્થાની લોકોની ચાલી છે ને કંઈ, ત્યાં રહે છે.'

મેં કહ્યું : 'અરે, ક્યાંક ગપ્પાં લગાવવા જામી પડી હશે. સાંજે ય ન આવે તો પછી વાત, તપાસ કરવાનું કરીશું.'

સાંજે ય ન આવી. ન છૂટકે મોહિનીની શોધ કરવા મારે નીકળવું પડ્યું.

ચાલીઓ તો ઘણી એક, પણુ હિન્દુસ્તાનીઓની કઈ ચાલીમાં મારે તેની તપાસ કરવી તેની ખબર નહોતી; તો ય હું તો નીકળ્યો.

બહુ ભટકવું ના પડ્યું.

સામેની જ ગલીમાં દાખલ થઈ, થોડે દૂર જતાં જ, ડાબે હાથે એ ચાલી મળી આવી. સામે જ ધોબીનું ઘર. ત્યાં બે ગધેડાં ને એક બકરું બાંધેલાં હતાં. એક ડોશીમા કપડાંનો ગાંસડો બાંધતાં હતાં. તેમને મેં પૂછ્યું : 'આટલામાં મોહિની નામનું કોઈ રહે છે ? જાણો છો માજી ?'

ડોશી મારા તરફ ઘડીભર ટગર-ટગર જોઈ રહી, પછી કશું ન બોલતાં આંગળી કરી તેણે પાસેનો દરવાજો જ બતાવ્યો. દરવાજા પાસે જતાં જ અનેક હિન્દુસ્તાની બાઈઓ સરકારી નળ પાસે ટોળે વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાંટાઘાટ કરતી માલૂમ પડી. તેમનાથી થોડેક દૂર, સામે માટીનો ઘડો મૂકીને બેઠેલી હતી અમારી મોહિની.

પાસે જઈને ઊભો રહ્યો એટલે જરા બહાવરી બની ઊભી થઈ જતાં તે બોલી :

'બાબુ!'

પણ બોલ્યા પછી તે ઊભી રહી શકી જ નહિ, એમ લાગ્યું. માથે હાથ દઈને ત્યાં જ બેસી પડી. બોલી : 'કાલ રાતથી તાવ આવ્યો છે, બાબુ. મન તો થયેલું કે લાવ, એકવાર જઈને દીદીમણિને કહી આવું, પણ માથામાં ચક્કરચક્કર આવે છે, બાબુ, ઊભાં રહેવાતું નથી. આ ઘડો એક પાણી વિના તો ચાલે એવું જ નથી, તેથી–'

મેં કહ્યું : 'હું એ ખબર કાઢવા જ આવ્યો હતો. તમારાં દીદીમણિએ મને મોકલ્યો.'

મોહિની બોલી : 'સારું હશે તો કાલે આવીશ, બાબુ.'

મેં કહ્યું : 'આવજે.'

ત્રણચાર દિવસ થયા પણ મોહિની આવી નહિ. હું પણ વધુ ખબર કાઢી શક્યો નહિ. કદાચ તેનો તાવ વધ્યો હશે. ઘરનું કામકાજ નારાયણી જાતે જ કરતી હતી. મોહિની ના આવે તેટલા દહાડા માટે બીજી એકાદ કામવાળી રાખવી કે નહિ તે મેં નારાયણીને પૂછયું. નારાયણી બોલી : 'ના રે ના, એનું જ કામ છે. આવશે ને કરશે.'

એક દહાડો મેં કહ્યું : 'બીજું બધું તો ઠીક, પણ મોહિનીની ઊટંગ વાતો કેટલા ય દી' થી તને સાંભળવા નથી મળી!'

નારાયણી ગંભીર વદને ચૂપ રહી ગઈ. ક્ષણેક પછી બોલી : 'ફરી એકવાર તપાસ કરી આવો.' મેં કહ્યું : 'એના ગપાટા વિના તને ચેન પડતું નથી લાગતું.'

નારાયણીએ તેવા જ ગંભીર ભાવે જવાબ દીધો : 'હુમ્'

'તે તને એ બધી વાતો પર ભરોસો પડે છે, નારાયણી?'

નારાયણી એ વાતનો જવાબ ન દેતાં અન્યત્ર ચાલી ગઈ. કદાચ–અબળા નારી, ઈતર એક નારીના આપવડાઈભર્યા, વિશ્વાસ ન મૂકી શકાય તેવા ઇતિહાસને, ખરેખરા દુઃખની સાચી કહાણી સમજી બેઠી હશે!

પણ હું તો સમજતો'તો,–એની વાતોમાં લગાર પણ સાચ નહોતું. કદાચ આવી બીમારીમાંથી ઊઠીને આવશે ત્યારે દીદીમણિને કહેશે : 'આવી બીમારી વખતે તો, દીદીમણિ, એક કાળે પચાસપચાસ કામવાળીઓ મારી તહેનાતમાં રહેતી, હોં!'

તે કહોને, તમે જ કહોને, આવી વાતો પર પણ વિશ્વાસ રાખવો?

પણ પેલું, વાતોમાં આવે છે ને–

સત્ય, કલ્પનાને ય વટાવી જાય છે ઘણીકવાર.

મને પણ બરાબર એવો જ અનુભવ ભાગ્યદેવીએ કરાવ્યો.

તે દહાડે સાંજે બહાર જવાનું વિચારી રહ્યો હતો, એવામાં કોઈ એક અજાણ્યો જવાનિયો આવીને દરવાજામાં ઊભો રહ્યો.

મેં પૂછયું : 'કોનું કામ છે?'

કશું ય બોલતાં પૂર્વે જવાનિયો મારા ઘરના દરવાજા પાસે જ બેસી પડ્યો. જોઈને મને લાગ્યું, કે બહુ ભટકીને અત્યંત થાકી ગયેલો હશે. થોડુંક થંભી મારા સામે નિહાળી રહેતો તે બોલ્યો : 'મકું સાહેબ, આપ કહી શકશો મને, કે મોહિની નામની કોઈ બાઈ આપના મહોલ્લામાં કોઈને ઘેર કદી કામકાજ કરતી હતી?'

'કેમ વારુ? શું છે, કહો.' 'આપ જુવાને ઊંચું જોઈ પૂછયું : 'આપ બ્રાહ્મણ છો?'

'હા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ લંબાવી મારી પદરજ લઈ તેણે માથે ચડાવી, ને કહ્યું: 'મને તમે, તમે ના કહેશો ઠાકુર, હું તો કુંભાર છું.'

અચબૂચ યાદ આવ્યું કે મોહિની પણ કહેતી હતી કે પોતે કુંભારણ હતી!

'મોહિની તારી કંઈ સગી થાય કે?'

તેણે જે કહ્યું તે સાંભળી હું તો થંભી ગયો.

મોહિની આટલા દહાડા કહ્યા કરતી હતી, તે ખોટું નહોતું. તવંગરને ઘેર તેનું લગન થયેલું એ સાચું, નોકરચાકરે વીંટળાઈને સુખસાહ્યબીમાં જીવન ગુજારેલું એમાં ય કશું ખોટું ન હતું. પણ તેના એ સુખમાં વિધાતાએ ખતરો નાખ્યો. મોહિનીને કશું કહ્યા કર્યા વિના તેનો વર બીજી કોઈક રૂપાળી વહુ જ પરણી ઘેર લઈ આવેલો. તે વાતને આજે સત્તરઅઢાર વરસ થઈ ગયેલાં. બસ, ત્યારથી મોહિની રીસ ચઢાવી, સર્વ કંઈ ત્યજી દઈને નીકળી પડી, તે કોઈ દી ફરી ત્યાં ગઈ જ નહિ! આજે, આટલે દિવસે, જે નાનકડા દિયરને તેણે ઉછેરીપાછેરી મોટો કરેલો, તે મોટો થયા પછી શોધતોશોધતો, પોતાની ભાભીને મનાવી લઈ જવા માટે આવ્યો હતો!

મેં કહ્યું: 'ચાલ, જાણ મુજબ થોડાક દહાડાથી તેને તાવ આવે છે.'

જુવાનિયાને લઈને પેલી હિન્દુસ્તાનીઓની ચાલી તરફ હું ગયો. દરવાજા પાસે થોડાક ભૈયાજીઓ બેઠાબેઠા તડાકા મારતા હતા. અમે મોહિનીની તપાસમાં આવ્યા છીએ એ સાંભળતાં જ રૌદ્રરૂપ કરી તેઓ અમને લગભગ મારવા જ ધસી આવ્યા. કહે: 'મોહિની તમારું પોતીકું માણસ, બાબુ, તે આજે આટલે દહાડે તમે તેની ખબર કાઢવા આવ્યા?'

ને તે પછી મેં સમાચાર સાંભળ્યા. તે આઘાતજનક, મર્મભેદક સમાચાર ન સાંભળ્યા હોત તો રૂડું થાત! જાણ્યું કે આગલી રાત્રે એ એકાકિની નારી પોતાની ઝૂંપડીવગી ખોલીમાં મરી જઈને લાકડું થઈ ગઈ હતી, અને આ બધા હિન્દુસ્તાની પાડોશીઓ ભલા થઈને સ્મશાને લઈ જઈ તેનાં મુઠ્ઠીભર હાડકાંની સદ્‌ગતિ કરી આવ્યા હતા!

★

જગમાં વેરી કોઈ નથી, જો મન શીતળ હોય;
આપ ટાળી અળગો રહે, તેને નમે સૌ કોય. જગમાં૦

કુવચને દુઃખ ઊપજે, મારી કાળને મીચ;
નમી ચાલે સો સંત રે, લડી મરે સો નીચ. જગમાં૦

કઠણ વચન સાધુ સહે, એને ક્યમ વ્યાપે કાળ?
વીજળી પડે સાગર મધ્યે, તેમાં કેમ ઊઠે ઝાળ? જગમાં૦

નદીકિનારે તૃણ વસે, દોધારાની બીચ;
વાંકા દુરીજન કોઈ નહીં, રાખે નમતા શું પ્રીત. જગમાં૦

લડતાથી ટળતા રહે, જડ સરખા જેમ હોય;
કહે કબીર ધરમદાસને, તેને ગાંજી ન શકે કોય. જગમાં૦

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહસંસ્કાર

લેખક :
શ્રી પદ્મકાંત ચુનીલાલ મહેતા
બી. એ. બી. ટી; પી. ટી. (ડીપ)

બાળકેળવણીમાં માતાના નોંધપાત્ર હિસ્સા માટે બે મત નથી જ. ચિત્રકાર જેમ કોરા કાગળ ઉપર ધાર્યું ચિત્ર દોરી શકે છે, તેમ તો સજીવ બાળક ઉપર કોઈ કરી શકતું નથી, પરંતુ પિતા કરતાં વધુ સમય સંતાન સાથે ગાળતી માતા ઘણા મોટા પ્રમાણમાં બાળકને ધાર્યો માનસિક ઘાટ આપી શકે છે. સ્વચ્છતા, શુદ્ધોચ્ચાર, વ્યવસ્થા, શિસ્ત, ઊઠવાબેસવામાં ને આચારમાં રીતભાત, નિયમિતતા, સાચું બોલવું વગેરે અનેકાનેક વિષયો પરત્વે–સાચા ગૃહસંસ્કાર પરત્વે માતપિતાએ કઈ દૃષ્ટિ રાખવી જોઈએ તેની આ લેખમાં ચર્ચા કરવામાં આવે છે.

આપણી પ્રચલિત ઉક્તિ પ્રમાણે, ‘ गृहिणी गृहं उच्यते ગૃહિણી ઘર કહેવાય છે.’ એમ આપણે માનીએ છીએ અને ઘણી વખત અનુભવીએ છીએ. પણ આ ગૃહિણી તે બાળકોની માતા. માતા સો શિક્ષકની ગરજ સારે છે, તે ખરે જ સાચું છે. બાળકની ખરી કેળવણી–સાચા સંસ્કાર ઘરમાંથી જ શરૂ થાય છે. આપણે લોહીના સંસ્કાર, પૂર્વસંસ્કાર, દૂધના સંસ્કાર, જાતિસંસ્કાર, માના, કાકાના સંસ્કારવગેરેવગેરે શબ્દપ્રયોગો જાણેઅજાણે કરીએ છીએ અને બાળકો કે વિદ્યાર્થીઓ માટે ઘણીવાર તેનો આધાર ટાંકીએ છીએ. ૨૮૦ દિવસ સુધી ગર્ભસંસ્કાર પાડતી માતા બાળકના ધાર્મિક, નૈતિક, સામાજિક, કૌટુંબિક, આધ્યાત્મિક, શૈક્ષણિક, આર્થિક વગેરે અનેકવિધ પૂર્વ પ્રાથમિક સંસ્કારો માટે જવાબદાર છે.

પિતા કરતાં પણ માતા પાસે બાળક વધુ રહે છે, વધુ બોલે છે, પૂછે છે, કહે છે, ખુલાસો મેળવે છે. સુજ્ઞ માતા સારા સંસ્કાર જ રેડે છે. સ્વચ્છતા, શુદ્ધોચ્ચાર, વ્યવસ્થિતપણું, બેસવું, ઊઠવું, અદબ, ગૃહચર્યા, દૈનિક નિત્ય કર્તવ્યો વગેરે બાળક માતાપિતા તરફથી શીખે છે. એક જ માતાપિતાનાં બધાં જ સંતાનોની રહેણીકરણી, આચારવિચાર, સ્વચ્છતાની દૃષ્ટિ, સૌન્દર્યભાવના, પ્રકૃતિ, વૃત્તિઓ વગેરેનું બારીકાઈથી પૃથક્કરણ કરી અવલોકન કરીશું તો આપણે પૂર્વ સંસ્કારમાં માનવું જ પડશે. બાળકના સમગ્ર જીવન ઉપર તો આની ઘણી જ સચોટ અને બળવાન અસરો હોય છે જ. પરંતુ પૂર્વ સંસ્કાર પ્રમાણે બાળકના ગૃહસંસ્કાર પણ ઉત્તમ, મધ્યમ, અગર કનિષ્ઠ પ્રકારે પ્રતિબિંબિત થાય છે.

ઠરાવેલી જગાએ જ બાળકે દિશાએ જવું, પાણી ન ઢોળવું, નાક સાફ કરવું, કપડાં સ્વચ્છ રાખવાં, રાત્રે પથારીમાં પેશાબ ન કરવો, મોટાંને સામો જવાબ ન આપવો, મોટાંને માન આપવું વગેરે પૂર્વ સંસ્કાર અને સમજ પ્રમાણે બાળકમાં આપોઆપ સમજ આવે છે કે કેળવાય છે. છતાં માતાપિતા આ બાબતમાં બાળકને યોગ્ય માર્ગદર્શક થાય છે. પિતા કરતાં માતાને બાળક વધુ સારી રીતે અનુસરે છે. બાળક માતાની પાછળ પાછળ જ જાય છે, ભાગ્યે જ એકલું રહે છે. માતા કરે તે પ્રમાણે જ બાળક કરે છે. બાળકની ભૂલ થાય તો માતા જ તેને હળવે થી સુંદર રીતે સુધરાવી શકે છે. યોગ્ય સમયે બાળકને ધીમેધીમે ઉગ્રતા બતાવ્યા સિવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવેલું બાળક ભૂલતું નથી; એટલું જ નહિ પરંતુ સચોટ રીતે ગ્રહણ કરી લે છે. સમય જતાં બાળક નિયમિત થાય છે જ.

માતા પાસે જ બાળકો સંસ્કાર પામે છે, કેળવાય છે એટલે 'મોસાળના વીસ વસા' એમ મામા, માસી, આજા-આજીના સંસ્કાર-મોસાળના સંસ્કાર બાળક ઘણા લાવે છે. ગર્ભસંસ્કારથી શરૂ કરીને જન્માંતર સુધીના સંસ્કાર માતા રેડી શકે છે. મોટા-મોટા વિદ્વાનો, ધર્માચાર્યો, શૂરવીરો વગેરેનાં જીવનો તપાસીશું તો તેમની માતાએ ઘણો સુંદર ભાગ ભજવેલો જણાશે. બાળકને પ્રથમનાં દસ વર્ષમાં પડેલી ધાર્મિક, નૈતિક, રાજકીય, આધ્યાત્મિક કે ચારિત્ર્યવિષયક કોઈ પણ પ્રકારની ઉચ્ચ સાંસ્કારિક અસરો જીવન પર્યંત રહે છે. બાળક તે ભૂલતું નથી; એટલું જ નહિ પરંતુ પિતા કરતાં માતાનું વાત્સલ્ય વિશેષ હોવાથી માતાની અસરો, ઉપદેશ, શિખામણો, ઠપકો બાળકને ઘણાં અસરકારક નીવડે છે-જણાય છે.

બાળકોમાં સામાન્ય રીતે એવી ટેવ હોય છે, કે માતાપિતાને તે કાંઈ કાર્ય કરતાં જુએ તે જ પ્રમાણે તે કરવા-અનુકરણ કરવા-અનુસરવા તત્પર થાય છે. અનુકરણવૃત્તિ એ બાળક સમુદાયનો સાહજિક સ્વભાવ છે; પરંતુ ઘણાં ચબરાક બાળકોમાં તે વૃત્તિ સતેજ હોય છે. એટલે માતાપિતાએ તે બદલ ખૂબ કાળજી રાખવી પડશે. જાણે-અજાણે બાળક તે પકડી લે છે, ને પ્રયાસ કરે છે. એટલે ઘરમાં કે વ્યવહારમાં સ્વચ્છતા, વ્યવસ્થા, નિયમિતપણું, સાચું બોલવાનું, અદબ, માનવૃત્તિ વગેરે અનેકવિધ બાબતોમાં તો પોતાનાં બાળકો ઉપર યોગ્ય સંસ્કાર પાડવા માતાપિતાએ પણ પોતાના વાણી, વર્તન, વ્યવહાર, ભાષા, વ્યવસ્થા, સ્વચ્છતા આચારવિચાર, શિસ્તની ભાવના વગેરે નમૂના-રૂપ રાખવાં પડશે-રાખવાં જોઈએ. મોટાં કરે તે પ્રમાણે જ છોકરાં કરે છે. તેમની પરિપક્વ બુદ્ધિ હોતી નથી એટલે સારાસારનો વિચાર કરે જ ક્યાંથી? અનુકરણ કરવા જાય છે અને તકલીફમાં આવી પડે છે; એટલે મોટાં અને ખાસ કરીને બાળકો ખોટું કરી ન બેસે કે ખોટું શીખી ન જાય તેની ખાસ કાળજી રાખવી પડશે. એવી બાબતો બહુ સૂક્ષ્મ રીતે અવલોકન કરીને દૂર રાખવી જોઈએ.

ઘણાં બાળકોને મોટેરાંની વાતો, હકીકતો, દલીલો ને સમાચાર ધ્યાનપૂર્વક સાંભળવાની ટેવ હોય છે, અને તે બધું બહાર મિત્રમંડળમાં કે સખી-સાહેલીઓમાં તે ચર્ચે છે, બોલે છે, કહે છે પણ. ઘણી વખત, 'ઘરમાં બોલે ડોકરાં ને બહાર બોલે છોકરાં' એ ઉક્તિ પ્રમાણે ઘરની વાતો પણ છોકરાં બહાર લઈ જાય છે. માતાપિતાની કેટલીક અણઘટતી છૂટછાટ ને લાડકોડથી મોટેરાં વાતો કરતાં હોય કે ચર્ચા કરતાં હોય, ત્યારે ઘણાં બાળકો વચમાં જ પોતાનો અપ્રસ્તુત કે અસંદિગ્ધ સૂર પુરાવે છે; આથી ઘણીવાર બાળકોને અયોગ્ય ટેવો પાડે છે. મોટેરાં વાતો કરતાં હોય કે બોલતાં હોય ત્યારે નાનાં બાળકો ન બોલી ઊઠે તે માતાપિતાએ ખાસ કાળજી રાખવી જોઈએ. અદબપૂર્વક, વિનય-વિવેકાનુસાર જ બોલે તેવી શિસ્તભાવના માતાપિતાએ બાળકોમાં કેળવવી જોઈએ.

ઘરમાં માતા કે પિતા, મોટાભાઈ કે બહેન, માસી કે મામીની પ્રશંસા મેળવવા, વાત્સલ્ય સંપાદન કરવા, વખાણ કરાવવા, ખાવાનું મળે તે હેતુથી, બાળકો ઘણી વખત સ્વખુશીથી ગૃહકાર્યો કરે છે. માતા કહે છે, 'થાળી લાવ, વાડકી લાવ, લોટો લે, સાણસી મૂકી દે, આ લે ને તે લે વગેરે' અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનાંનાનાં કાર્યો ગભરુ બાળક ઘણી વખત આનંદથી કરે છે. આવી જાતનું કાંઈ પણ, ભલે પછી તે ક્ષુલ્લક હોય, પરંતુ બાળકની શક્તિ મર્યાદાનુસાર હોય તો માતાપિતાએ અગર મોટેરાંએ તેને, કાર્ય કર્યા બદલ યોગ્ય પ્રશંસાના શબ્દોથી નવાજવું જોઈએ. બાળકથી થઈ શકે તેવાં નાનાંનાનાં ગૃહ-કાર્યો બાળક પાસેથી અવશ્ય લેવાં. આપણે જેને કાર્યકુશળતા કહીએ છીએ તેમાં આવી રીતે બહુ જ નાની ઉંમરમાં બાળક કેળવાય છે. સફળતાપૂર્વક પાર પાડેલાં નાનાં કાર્યો માટે બાળકોને પ્રશંસાના શબ્દોથી પ્રોત્સાહિત કરવાથી ભવિષ્ય માટે તેમને ઉત્તેજન મળે છે.

બાવો, હાઉ, રાક્ષસ, મંકોડાનો ઘડો, કાનખજૂરાની કોઠી, કે સાપના ઘડાની બીક આપીને રડતા બાળકને રડતું બંધ કરવાથી તે ડરપોક, બાયલું, કાંગલું ને બીકણ નીવડે છે. બાળક અંધારામાં રાત્રે એકલું જાય છે અને તમે બતાવો તે કામ કરે છે. પરંતુ જો કદાપિ તેનું કોઈ ભાંડુ કે પાડોશી કે માસી કે સ્નેહી તેને એકાદ બે વાર એમ કહે, 'અંધારામાં હાઉ આવે, અંધારામાં બીક લાગે, અંધારામાં બાવો આવે' તો જરૂર તે બાળકના મનમાં માનસિક ભય-બીક ઘર કરે છે. સમય જતાં બાળક અંધારામાં એકલું જતું જ નથી. તમે સાથે જઈને અંધારામાં બાળકને ફેરવી આવો છતાં તે બીક-ડર-ની ગૂઢ અને સચોટ અસરો તેનામાં તદ્દન અયોગ્ય ને અઘટિત સંસ્કારો જન્માવે છે. માતાપિતા કે મોટેરાંએ બાળકોને નીડર બનાવવા પ્રયાસ કરવા જોઈએ.

माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः ।
न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ॥

જે માતાપિતાએ બાળકને ભણાવ્યો નથી, કેળવ્યો નથી-સંસ્કાર રેડયા નથી તે માતા શત્રુ છે ને પિતા વેરી-દુશ્મન છે. હંસની સભામાં જેમ બગલો શોભતો નથી તેમ (વિદ્વાનોની) સભામાં તે શોભતો નથી. આ શ્લોકમાં માતાપિતાને જ શિક્ષક ગણ્યાં છે. તે જ ખરી કેળવણી-સંસ્કાર બાળકને આપે છે. શાળાનું શિક્ષણ પ્રાકૃતિક છે, બાહ્ય છે, ખરું શિક્ષણ તો બાળકને ઘરમાં જ મળે છે. લાડ લડાવવાની સાથેસાથે બાળકને સંસ્કારી બનાવવું તે બધાં જ માતાપિતાની પવિત્ર ફરજ છે. બાળકના ગૃહસંસ્કારની તેની શાળાના શિક્ષણ ઉપર અસર થાય છે. ઉપરના શ્લોકના 'पाठितः'નો બહુ વિશાળ અર્થ લેવાનો છે અને તે એ કે બાળકના ખરા શિક્ષક તો માતાપિતા જ છે. સારા ગૃહ સંસ્કાર ઉત્તમ નાગરિકત્વનો પાયો છે.

આપણા માનીતા પ્રસિદ્ધ બાળકેળવણીકાર સ્વ. ગિજુભાઈના અભિપ્રાયે અને પ્રયોગોએ સિદ્ધ કરી આપ્યું છે, કે બાળકોના પ્રશ્નો કદી અવગણવા નહિ. માતાપિતા અગર મોટાંએ તે શાંતિથી સાંભળી હળવેથી ગુસ્સો કર્યા સિવાય ખુલાસા આપવા જોઈએ. આવા પ્રશ્નોમાં બાળક પિતા કે બીજાં મોટેરાં કરતાં માતાને જ વધારે પૂછે છે. ... કુતૂહલવૃત્તિ એ એક પ્રચંડ પ્રબળ ... છે. ઘણા કેળવણીકારોને તે મૂંઝવે છે. ... વખત પ્રૌઢામાં પણ આ વૃત્તિ સતેજ હોય છે, કક્ષાનો ફેર હોય છે. બાળકોની આ ... ને જિજ્ઞાસા સતેજ થતાં ઘણી માતાઓ ... પ્રૌઢાની બુદ્ધિને પણ તે તાવે છે. બાળકોના પ્રશ્નો અનેકવાર ચિત્રવિચિત્ર હોય છે:

'હેં બા! તારા લગ્નમાં મને કેમ ... બોલાવ્યો?'

પુત્ર માતાને પૂછે છે: 'બહેન! ... દરેક ઘરમાં એક પુરુષ, એક સ્ત્રી અને ... નાનું બાળક જ હોય છે એમ કેમ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ કે બે સ્ત્રી સાથે કેમ રહેતાં નથી ?'

બેબી તેના પિતાને પૂછે છે: 'મારા હાથમાં બંગડીઓ કેવી છે, મોટાભાઈ તમે કેમ પહેરતા નથી ?'

'નાનો બાબો ક્યાંથી આવ્યો ? આપણે બીજો લાવોને! મને નાનાં છોકરાં બહુ ગમે!'

બાળમાનસની કુતૂહલવૃત્તિનું આ સાધારણ પ્રતિબિંબ છે. એટલું જ નહિ પરંતુ પ્રશ્નોના બારીકાઈથી અભ્યાસ કરતાં બાળકના ગૃહસંસ્કારની પણ તેમાં આછી પ્રતીતિ થાય છે. બાળકની આ વૃત્તિને અને નિખાલસ પ્રશ્નો કરીને ખુલાસા મેળવવાની વૃત્તિને કદી કચડવી ન જોઈએ. માતાપિતાએ આવી વૃત્તિઓને યોગ્ય રસ્તે દોરવા અને ઇષ્ટ બાબતોમાં જ જાગૃત કરવા પ્રયાસ કરવો ઘટે. આવી વૃત્તિઓ અને અનેક બાહ્ય સંસ્કારો માટે બાળકનું મિત્રમંડળ, સ્નેહીવર્ગ, પાડોશી વગેરે ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

ઘરની બહાર બાળક ક્યાં રમે છે, કેવી રીતે રમે છે, કયા મિત્રમંડળ કે સખી-સાહેલીઓમાં ફરે છે. તે ઉપર માતાએ અને ખાસ કરીને પિતાએ ખૂબ કાજી રાખવી પડશે.

જાતિસંસ્કાર કોઈ કાળે છૂપા રહી શકતા નથી એ નિર્વિવાદ છે. હલકા સંસ્કાર બાળકના મન ઉપર તરત અસર કરે છે.

બાળકુતૂહલવૃત્તિ સંતોષવા અને બાળકોના પ્રશ્નોના ગૂઢ સમાધાન અર્થે માતા-પિતાએ બાળકોને ધાર્મિક, ઐતિહાસિક, નૈતિક, નાનીનાની વાતો કરવી ફાયદાકારક જણાઈ છે. એથી બાળકોની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય છે. નવું સુંદર કાર્ય કે પદ્ધતિ અપનાવવા વૃત્તિઓ સતેજ થાય છે. સારું-નરસું, પાપપુણ્ય, પરોપકાર વગેરેવગેરે ભાવવાચક શબ્દો કરતાં દાખલા ને દૃષ્ટાંતો મળવાથી ઇષ્ટ કાર્યો ને પ્રવૃત્તિઓમાં જ બાળક સંલગ્ન થાય છે, પૂર્વસંસ્કાર જાગે છે, બાળક ઉત્સાહિત બને છે; એટલે માતા અગર પિતાએ નિવૃત્તિના સમયે કે રાત્રિએ બાળકોને નાનીનાની, ઉપદેશાત્મક વાર્તા કહેવી. બાળકો બીજાઓ સાથે રમીને અનિષ્ટ વિજાતીય સંસ્કારો ન મેળવે, અગર ન કેળવે તે બદલ માતપિતાએ ખુબ કાળજી રાખવી પડશે. પોતાના મિત્રો કે સખીઓ પાસેથી જ્ઞાનેંદ્રિયો ને કર્મેન્દ્રિયોનું અધૂરું, એકપક્ષી કે ભૂલભરેલું જ્ઞાન આપણું બાળક મેળવે તે પહેલાં માતાપિતાએ નિખાલસપણે, સરળ રીતે, સંકોચવૃત્તિ ઉત્પન્ન કર્યા સિવાય, પૂર્ણ ગંભીરતાપૂર્વક, સ્વચ્છતા જાળવવાની દૃષ્ટિથી અને તેમાં થતા રોગો વગેરેથી બચવાની પ્રબળવૃત્તિ જાગૃત કરવા નાનાં બાળકોને ગુહ્યેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોનું જરૂર પૂરતું સામાન્ય જ્ઞાન-સમજણ-આપવું આવશ્યક છે. માતાપિતા તેમ નહિ કરે તો બાળક ગમે ત્યાંથી, ગમે તેવી ગંદી મેલી ને ઘણીવાર ન ઈચ્છવા યોગ્ય હકીકતો મેળવી, ઘણીવાર તેને વેદવાક્ય માની લે છે. નાનાં બાળક-બાળિકાઓ સાથે રમે છે, તેમાંથી વિચિત્ર ઘટનાઓ બને છે; માટે સતત સોબત ઈચ્છવા યોગ્ય નથી.

બાળકેળવણીમાં પાયાના મૂળભૂત સિદ્ધાંત તરીકે ગૃહસંસ્કાર ઘણો અગત્યનો ભાગ ભજવે છે. દેશ, કાળ, સંયોગો, જાતિ, મિત્રમંડળ, પાડોશી, સ્નેહીસંબંધી વગેરે અનુસાર બાળકની પૂર્વ પ્રાથમિક કેળવણી માટે બાળકના ગૃહસંસ્કાર જ જવાબદાર છે. ને એ ગૃહસંસ્કારની જવાબદારી માતા-પિતાની જ છે; એ વાત બાળકના નૈતિક, ધાર્મિક, આધ્યાત્મિક, માનસિક કે શારીરિક શિક્ષણ માટે સમજુ માતાપિતાએ સતત લક્ષમાં રાખવી જોઈએ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાકારનિરાકારઆરાધના

લેખક:
શ્રી હરિકેશ હ. ભટ્ટ

કોઈ પરમ તત્ત્વની ઉપાસનાનો પ્રારંભ માનવીએ કર્યો, મૃત્યુમાંથી ઊગરી અમર બનવા માટે પણ કાળક્રમે આજે એ ઉપાસનામાં શું દેખાય છે ? એકને બદલે અનેક દેવદેવીઓને, તેમનાં પુત્રપુત્રીઓને, વાહનોને, ધ્વજ, ચક્ર, તિલકશંખાદિ ચિહ્નોને ને આયુધોને વિધવિધ રીતે પ્રધાન ગણ્યા. પરિણામે વિદ્વેષ, વિખવાદ, વિતંડાવાદ વધ્યાં. નિરાકારની આરાધનાનું યે મૂળ સ્વરૂપ વીસર્યા. કેવળ ફળપ્રાપ્તિ માટે આ બધું કરવામાં આજે આપણી કેવી ઉપહાસ્ય સ્થિતિ ઉત્પન્ન થઈ છે તેની માહિતી લેખકે અહીં આપી છે.

સાકાર એટલે આકારવાળું સ્વરૂપ: સાકાર આરાધના એટલે આકારવાળા સ્વરૂપની ઉપાસના, ભક્તિ, પૂજા. જડ-ચેતનાત્મક આ સૃષ્ટિમાં અસંખ્ય આકૃતિવાળાં જીવજંતુઓ (જળચર-ભૂચરખેચર), અગણિત આકૃતિવાળાં પશુપક્ષીઓ, અસંખ્ય આકૃતિવાળાં મનુષ્યો ને ઇતર જડ પદાર્થો પણ છે. આ સર્વમાં માનવીની આકૃતિ અન્ય સકળ સર્જનની અપેક્ષાએ ઉત્કૃષ્ટ ને સુંદર મનાયેલી; તોપણ ઉત્કૃષ્ટતાના ને સુંદરતાના આટલા પ્રયોજન માત્રથી જ માનવીની આકૃતિને પૂજનની પાત્રતા પ્રાપ્ત થઈ જતી નથી. આકૃતિ ઉત્કૃષ્ટ ને કમનીય હોય કિંતુ પ્રકૃતિ નિકૃષ્ટને અસહ્ય હોય એવાં પુષ્કળ ઉદાહરણ વ્યાવહારિક જીવનમાં સાંપડી આવે છે. પ્રકૃતિ જ વિશેષ તથા પૂજનની અધિકારીણી બની શકે છે.

'ગુણાઃ પૂજાસ્થાનં ગુણિષુ ન ચ લિંગં ન ચ વયઃ ।

એ સંસ્કૃત સુભાષિત સર્વને લાગુ પડે છે.

પ્રકૃતિ નિગુણાત્મક છે. જડસૃષ્ટિ તમોગુણપ્રધાન છે. જીવજંતુ-પશુપક્ષી આદિની સૃષ્ટિ તામસ- રાજસગુણ મિશ્રિત છે. માનવસૃષ્ટિ સત્ત્વ-રજ-તમગુણ મિલિત છે. નિર્મળ સત્ત્વગુણ એ પ્રકૃતિનો સર્વોચ્ચ ને પૂજનનો ભાજન ગુણ ગણાય છે. આ ન્યાયે માનવસમુદાયમાંથી પણ જવલ્લે જ કોઈ વિરલ શુદ્ધ સત્ત્વગુણસંપન્ન મહાત્માઓ પૂજનના અધિકારી બની શકે છે. વાસ્તવિકતાએ તો મનુષ્યમાં પણ શુદ્ધ સત્ત્વગુણનો આવિષ્કાર અશક્યવત્ જ લેખાય છે. આનાં કારણો પણ સ્પષ્ટ છે. આકૃતિ છે ત્યાં પ્રકૃતિ છે, ને આકૃતિ પ્રકૃતિમાં નિતાન્ત વિકૃતિનો ધર્મ વસી રહ્યો છે. વિકૃતિ વિકાસ ને વિનાશ ઉભય સરજી શકે છે; પરંતુ વિકાસ એ વિકૃતિનો આકસ્મિક યોગ છે, જ્યારે વિનાશ ધીમો, અદૃશ્ય ક્ષય અને અંતે સંપૂર્ણ લય એ તો વિકૃતિનો આવશ્યક યોગ છે.

પ્રાણી-પદાર્થ અસ્તિત્વમાં આવે છે એ અકસ્માત છે, પ્રાણી-પદાર્થ અકસ્માતના સંયોગયોગે વિકાસ પામતાં જણાય છે પણ એ વૃદ્ધિ-એ વિકાસનું અંતિમ પરિણામ ધીમા ક્ષય અને અંતમાં સંપૂર્ણ નાશમાં જ આવે છે, સર્જનસૃષ્ટિનો અચલ સનાતન નિયમ છે.

આ પ્રાકૃતિક ક્ષયને સંપૂર્ણ વિનાશ... મૃત્યુમાંથી ઊગરી-મુક્ત બની અમર જીવન મળે એટલા માટે જ ઉપાસનાના વિવિધ શોધ થઈ છે. કોની ઉપાસના કરવાથી મુક્તિ મળે ? કોને આશ્રયે જવાથી અભયતા-અમર...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તા સાંપડે ? નિર્બળ પ્રાણી બળવાનને શરણે જાય તો નિર્ભયતા ને રક્ષણ મેળવી શકે, મર્ત્ય પ્રાણી અમરને શરણે જાય તો અમરતા પ્રાપ્ત કરી શકે. પ્રકૃતિ–માયા રચિત આ નશ્વર વિશ્વમાં તો ક્યાં ય કોઈને આશ્રયે-શરણે જવાથી સુરક્ષિતતા–અભય–અમરત્વ મળી શકતાં નથી; કારણકે જગત પ્રકૃતિની લીલાભૂમિ છે ને તેમાં પ્રકૃતિ ઉલ્કાપાત ને તાંડવ ખેલી રહે છે.

પૂર્વોક્ત સત્યનો અનુભવાત્મક સાક્ષાત્કાર કરી લઈ પ્રાચીન સમયના ઋષિમુનિઓએ જગત ને પ્રકૃતિથી પણ દૂર–પર રહેલ સૂર્ય ચંદ્રગ્રહણ–અગ્નિ–વરુણાદિ ચિરંજીવ દિવ્ય તત્ત્વોની શ્રદ્ધા સહ ઉપાસના કરવાનું આરંભ્યું. સમયના વહેવા સાથે સૂર્ય–ચંદ્રાદિની ગ્રહણ ગ્રસ્તતાદિ તથા ચંદ્રના ક્ષયાદિકની સ્થિતિ જોઈ તેથી થતી જગત ને પ્રાણી જાત પર સારીમાઠી અસરનો અનુભવ થયો. વરુણદેવતાના જળપ્રલય જેવા પ્રકોપથી, વરુણદેવતાની ઉપકારક શક્તિ સંગાથે વિશેષ વિનાશક શક્તિનો પણ પરિચય થયો. દાવાનળ–વડવાનળ–જ્વાલામુખી જેવી, અગ્નિ દેવતાની ઉપકારક શક્તિ સહ વર્તમાન સંહારક–દાહક શકિતની પણ ઓળખ થઈ. પણ માનવજાતે વિશેષ દૃઢ શ્રદ્ધા સાથે સ્વીકાર્યું કે જગતના સર્જક–પાલક–સંહારક શક્તિથી પણ પર, પ્રકૃતિના ત્રણ ગુણોથી પણ પર, સૂર્યચંદ્રાદિથી પણ પર આકારવિનાની દૃષ્ટિને અગોચર હોવી જોઈએ અને એ શક્તિ–સત્તા સર્વશકિતમાન હોવી જોઈએ.

આમ નિરાકાર પરમતત્ત્વની માનવજાતે અનુભવાત્મક–સાક્ષાત્કારાત્મક સ્વીકૃતિ કરી, પરંતુ નિરાકાર તત્ત્વની આરાધના કેમ કરવી એ પ્રશ્ન મૂંઝવનારો બન્યો અને છેવટે પરમાત્મા નિરાકાર જ છે; પરંતુ તેને બુદ્ધિ ને શ્રદ્ધા વડે આકાર આપી આરાધના કરવાથી પણ તેનો સાક્ષાત્કાર થઈ મુક્તિ ને અમરતા સાંપડે છે એમ માનવજાતે અનુભવથી જોયું. આ પ્રમાણે સાકાર ઉપાસના અસ્તિત્વમાં આવી.

મૃત્યુધર્મી માનવી અપૂર્ણ છે, ચિરાયુ સૂર્યચંદ્રાદિ પણ પ્રકૃતિગત ગુણોના ક્ષોભથી પર નથી. જેમ અગ્નિ, વરુણાદિ પણ ઉપકારક ને સંહારક એવા દ્વંદ્વભાવવાળા છે એટલે એ કોઈને પણ અનુરૂપ ન થાય તેવી વિવિધ વિચિત્ર ચાર કે છ ભુજાવાળી, ત્રણ કે ચાર મસ્તકવાળી, વિવિધ વિચિત્ર વાહનોવાળી, વિવિધ વિચિત્ર આયુધોવાળી, વિવિધ વિચિત્ર કેશવેશવાળી, આભૂષણો અને અલંકારોવાળી પરમતત્ત્વની આકૃતિએ કલ્પનાબળે તેણે ઘડી કાઢી, તેની આરાધના કરવાનું આરંભ્યું. આમ સાકાર ઉપાસનામાં પરમાત્મા એક જ છે ને નિરાકાર છે એ તથ્યને મધ્યવર્તી પણ ગુપ્ત રાખી તેની આસપાસ ઉપર પ્રમાણે અનેક દેવદેવીઓની ઉપાસનાનો ઉપક્રમ થયો. સાથેસાથે દેવદેવીઓનાં નિરનિરાળાં નામ ને કામ પણ કલ્પાયાં.

સાકાર ઉપાસનામાં દેવદેવીઓને, દેવદેવીઓનાં પુત્રપુત્રીઓને, દેવદેવીઓનાં દૂતદૂતીઓને, દેવદેવીઓનાં વાહનોને, દેવદેવીઓનાં ધ્વજા–ચક્ર, તિલક–શંખાદિ ચિહ્નોને, દેવદેવીઓનાં અસ્ત્રશસ્ત્રાદિ આયુધોને પણ પૂજવામાં આવે છે. કેટલીક વેળા એક દેવ કે દેવીને ઇષ્ટ સ્થાને સ્થાપી અન્ય દેવતાઓને ગૌણ સ્થાને આરાધાય છે. કેટલીક વેળા દેવદેવીઓને દંપતીરૂપે તો કેટલીકવાર દેવદેવીઓને સપરિવાર પૂજવામાં આવે છે. કેટલીક વાર પરસ્પર વિરોધી ગુણ ધરાવતાં દેવદેવીઓને એક જ મંદિર કે સિંહાસનમાં સ્થાપી દ્વિધાવૃત્તિપૂર્વક પૂજન કરવામાં આવે છે, તો કેટલીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર બધાં દેવદેવીઓને તેમનાં પુત્રપુત્રીઓ–દાસદાસીઓ, ગણુ–વાહન, ચિહ્ન, આયુધ વગેરેને એક જ સિંહાસનમાં સ્થાપી પૂજવામાં આવે છે. કેટલાક મનુષ્યો એક કાર્યની સિદ્ધિ માટે એક દેવને ભજે છે ને અન્ય કાર્યની સિદ્ધિ માટે વળી બીજા દેવને પૂજે છે. કેટલાક મનુષ્યો ઐહિક લાભો માટે ઉપાસના કરે છે, કેટલાક મનુષ્યો વ્યક્તિગત લાભો માટે આરાધના કરે છે, તો કેટલાક મનુજો વળી અન્યના નાશ માટે પણ અર્ચના–યાચના કરે છે. એક દેવને પૂજશું તો વળી અન્ય દેવને ઓછું આવશે એમ માની કેટલાક બધા દેવોને નમતા–ભજતા રહે છે, ને માને છે કે અંતે તો બધા દેવ એકરૂપ જ છે, આમ એક દેવમાંથી અનેક દેવની ને અનેક દેવ-માંથી પુન એક દેવની ભાવના પરિણમે છે.

અમુક મનુષ્યોનો સમુદાય એક વિશિષ્ટ આકાર–પ્રકારના દેવની પૂજાનો સંપ્રદાય ચલાવે છે, તો અમુક મનુષ્યોનો સમૂહ અન્ય કોઈ એથી વિપરિત આકૃતિ–પ્રકૃતિવાળા દેવની ઉપાસનાનો પંથ પ્રવર્તાવે છે. પછી એક સંપ્રદાય બીજા પંથ કરતાં પોતાને ચડિયાતો માનવા લાગે છે. પછી એક સંપ્રદાયવાળા અન્ય પંથવાળાના દેવ–દેવી-ઓની નિંદા ને પોતપોતાનાં દેવ–દેવીઓની અતિશયોક્તિભરી સ્તુતિ કરવા પ્રેરાય છે, આમાંથી અંતે વિદ્વેષ–વૈમનસ્ય, વિવાદ, વિખવાદ, વિતંડાવાદ, ઝંડાવાદ, ને દંડાવાદ પર્યંત પરિસ્થિતિ વણુસી જાય છે. આમ સાકાર–આરાધનાનો પ્રારંભ પવિત્ર શુભ હેતુપૂર્વક થયો, પણુ તેનું વર્તમાન સ્વરૂપ અંધશ્રદ્ધા ને અંધાધૂંધીભર્યું ને ઉપાદાન-હેતુને દ્યોતક થવાને બદલે ઘાતક સમું બની ગયું.

સાકાર–આરાધનામાં મુક્તિ કરતાં ભક્તિને વિશેષ મહત્તા અપાઈ છે. સાકાર–ઉપાસનામાં દેવ–દેવીઓને નામરૂપ આપવાં પડે છે. નામરૂપ મિથ્યા છે ને નામરૂપ નાશવંત છે. શ્રીરામ–કૃષ્ણુની અવતારી આકૃતિઓ પણ વિનાશ પામી એ પુરાણુપ્રસિદ્ધ છે. સાકાર-ઉપાસના સરળ ને સહજસાધ્ય છે એ ખરું; પરંતુ ઉપર વર્ણવી તેવી તેની વર્તમાન અંધશ્રદ્ધા ને અંધાધૂંધીભરી સ્થિતિમાંથી ઊગરી જઈ શકાય તો જ.

હવે નિરાકાર–આરાધના વિશે વિચારીએ; નિરાકાર–આરાધના એટલે આકારરહિત પરમ તત્ત્વની ભક્તિ–પૂજા. આકારશૂન્ય તત્ત્વના અસ્તિત્વ માટે સંશય સેવાય એ સંભવિત છે, પરંતુ સંદેહ એ તો સ્વીકાર–અસ્વીકાર વચ્ચેની મનની સ્થિતિ છે, શંકામાં જેમ સ્વીકાર નથી તેમ તેમાં અસ્વીકાર પણ નથી. હવાને આપણે જોઈ શકતા નથી, છતાં તેના સ્પર્શથી તેની હસ્તીની આપણુને પ્રતીતિ થાય છે. આકાશને આપણે દૃષ્ટિભ્રમને લઈ શ્યામ કે નીલવર્ણવાળું વ્યવહારમાં કહીએ છીએ, પરંતુ આકાશને વર્ણ નથી તેમ આકાશનો આકાર આપણે કલ્પી શકતા નથી. તેથી આકાશના વિદ્યમાનપણાને બાધ આવતો નથી. મનમાં ઊઠતા ભાવો–તરંગોનો આકાર–પ્રકાર આપણે સર્વાંશે સમજી શકતા નથી, તેથી મનના ભાવોનું અનસ્તિત્વ પ્રતિપાદિત થતું નથી, ઊલટું આથી એ સિદ્ધ થાય છે કે આકારવાળા પદાર્થમાં સર્વ કંઈ કલ્પી શકાય છે, સર્વ કંઈ કલ્પી શકાય છે, સર્વ કંઈ સમજી શકાય છે, આકારહીન પદાર્થ માટે સર્વ કંઈ કલ્પી શકાતું નથી, સર્વ કંઈ કલ્પી શકાતું નથી, અને તેથી કરીને આકારવિનાનાં તત્ત્વોમાં ગૂઢતાનું, ગહનતાનું, અગમ્યતાનું આરોપણ થાય છે. હવા–આકાશ–ભાવ નિરાકાર હોય તો પરમતત્ત્વ નિરાકાર કેમ ન હોઈ શકે ? ભૂતપ્રેતાદિકને તો વળી હવાઈ આકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પણ હોય છે, તોપણ આપણે તેમને જોઈ શકતા નથી, ને છતાંય તેના હસ્તીનો આપણે વિશ્વાસપૂર્વક-નિશ્ચયપૂર્વક સ્વીકાર કરીએ છીએ; એટલું જ નહિ તેમની સર્વવ્યાપકતા, સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા વિષે પણ સંપૂર્ણ વિશ્વાસ ધરાવીએ છીએ, તો પછી નિરાકાર પરમતત્ત્વ સર્વવ્યાપી, સર્વજ્ઞ, સર્વશક્તિમાન હોય એ પણ શ્રદ્ધામાં બેસવું સંભવિત છે.

નિરાકાર-ઉપાસનામાં પ્રકૃતિ-માયારચિત અનેકતા ને વિવિધતામાંથી કેવળ એકને અદ્વિતીય બ્રહ્મની ભાવનાને પુષ્ટિ અપાયેલી છે અને સાકાર-ઉપાસનાનું જે અંતિમ લક્ષ્ય સ્વીકારાયેલું છે તે લક્ષ્ય નિરાકાર-આરાધનામાં તો આદિથી અંત પર્યંત પણ સળંગ રીતે જ સ્વીકારાયેલું છે. નિરાકાર-ઉપાસનામાં કેવળ એકમેવ અદ્વિતીય બ્રહ્મની કલ્પના ને આરાધના હોવાથી સાકાર-ઉપાસનામાંના ' એક દેવથી અન્ય દેવ ચડિયાતો ' એવી માન્યતાને તથા તજ્જન્ય વિદ્વેષ, નિંદા, વિખવાદ, વૈમનસ્ય વગેરેને અવકાશ જ નથી રહેતો. સાકાર-ઉપાસનામાં એકસાથે અનેક વિરુદ્ધ ધર્મ-કર્મવાળા દેવોને પૂજવાની દ્વિધા મનોવૃત્તિમાંથી પરિણમતી ચિત્તની ચંચળતાને તથા તેમાંથી પરિણમતા પૂજનવિક્ષેપને નિરાકાર-ઉપાસનામાં એક જ બ્રહ્મની આરાધના કરવાની હોઈ અવકાશ નથી, ઊલટું નિરાકાર-ઉપાસનામાં ચિત્તની એકનિષ્ઠતા, એકાગ્રતા માટે વધુ સરળતા ને સંપૂર્ણ અવકાશ રહે છે.

હવે આ બંને ઉપાસના અને તેમની ફળપ્રાપ્તિની આશા વિષે થોડુંક વિચારીએ. ફળની આસક્તિ રાખી કરાતી સાકાર કે નિરાકાર ઉપાસના ઉપાસકને લક્ષ્ય પર્યંત પહોંચવા નહિ દેતાં વચમાંથી જ વિપથ-ઉન્માર્ગ પર ખેંચી જઈ ઉપાસકને ત્રિશંકુ જેવી અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ સમી અવસ્થામાં આણી મૂકે છે.

આવા ફલેચ્છુની થતી કઢંગી ને પીડાકર સ્થિતિનો આભાસ માળીના દૃષ્ટાંતથી મળી રહે છે.

બધી જ સ્ત્રીઓ જેમ પુષ્પવતી-ફળવતી નથી બની શકતી, બધાં જ વૃક્ષો જેમ પુષ્પવાન-ફળવાન નથી થઈ શકતાં, તેમ બધાં જ કર્મ પુષ્પવાળાં ને ફળદાયક નથી સંભવી શકતાં.

માળી સમજે છે કે બીજની અંતર્ગત પ્રજનનશક્તિ, જે ભૂમિકામાં બીજારોપણ કરવાનું હોય તેની ફળદ્રૂપતા, ક્ષારહીન વિશુદ્ધ જળસિંચન, ઋતુઓનો પ્રમાણપૂર્વકનો પ્રભાવ એ સર્વના સુયોગ્ય સંયોગથી જ ફળ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયેલ ફળ નાનું કે મોટું પણ હોય, પક્વ કે અપક્વ પણ હોય, મિષ્ટ-કટુ-આમ્લ કે આમ્લમિષ્ટ પણ હોય, સૂડાઓએ ટોચેલું ઉચ્છિષ્ટ પણ હોય, ફળના અંતર્ભાગમાં જીવાત પણ હોય, ફળને બહારથી જીવાતે કોચી-કોરી ખાધેલું હોય, ફળ કોહેલું-સડી ગયેલું પણ હોય, કવચિત્ હિમપાતથી ફળ ઊપજી નાશ પણ પામતું હોય; અને ફળ પૂર્ણતઃ પકવ-મિષ્ટ હોય તો તે ખાનારની પ્રકૃતિને અનુકૂળ બને છે કે પ્રકૃતિમાં વિકૃતિ ઉપજાવનાર બને છે. ફળ પ્રકૃતિને અનુકૂળ હોય તો સકળ ફળનો ઉપભોગ થઈ શકતો નથી. થોડાંક ફળનો ઉપભોગ ઉત્પાદકને ભાગે આવે છે, થોડાંક ફળનો ઉપભોગ સૂડાદિ પક્ષીઓને હિસ્સે જાય છે, થોડાંક ફળનો ઉપભોગ અંદરની તેમ જ બહારની જીવાતને ફાળે જાય છે ને કેટલાંક ફળને સડો લાગવાથી નિષ્ફળ જ બની જાય છે. ફળથી સદાને માટે ક્ષુધા સંતોષાઈ જતી નથી. એક ફળનો આહાર કર્યા પછી અન્ય ફળની અપેક્ષા રહે છે ને એક પ્રકારના

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફળના આરોગવા પછી બીજા પ્રકારનાં ફળના ભોગ પ્રતિ વૃત્તિ વળે છે.

એક બીજમાંથી અનેક ફળ નીપજે છે. એક ફળમાં પાછાં વળી તેવાં જ બીજાં અનેક બીજો ભર્યાં હોય છે, એમ એક વૃક્ષનાં અનેક ફળોનાં અસંખ્ય બીજો થાય છે, જે વળી અન્ય અનેક ફળોને ઉત્પન્ન કરવાનાં હેતુભૂત બની રહે છે; અને એવાં ભિન્નભિન્ન પ્રકારનાં વૃક્ષોનાં ભિન્નભિન્ન ફળોની મિશ્રતા–ઘણાપણું ફળોની અનંત પરંપરા રચી રહે છે.

ફળની ઉત્પત્તિ પરત્વે અનિશ્ચિતતા છે, ને ફળના ઉપભોગ વિષયે વળી એથી ય અધિક અનિશ્ચિતતા છે. ફળ અલ્પસંખ્ય થશે તો ક્ષુધા પૂરેપૂરી તૃપ્ત નહિ થતાં હૃદય વ્યથિત રહેશે; ફળ ઘણાંબધાં થશે તો ક્ષુધાતૃપ્તિ પછી અવશિષ્ટ રહેલ ફળના અનુપભોગ કાજે હૃદયમાં વ્યથા ઉદ્ભવશે. આમ ફળનો ઉપભોગ કરતાં છતાં સાચી તૃપ્તિ નહિ સાંપડતાં પરિણામે સદા વ્યથા જ રહ્યા કરે છે.

ફળની નિષ્ફળતા ને કરુણતાને લક્ષમાં લઈ એટલા માટે જ ગીતામાં શ્રીકૃષ્ણ પરમાત્માએ ફળની કામનાનો ત્યાગ કરી પ્રભુપ્રીત્યર્થે કર્મ કરવાના અભિપ્રાય પર વારંવાર ભાર મૂકયો છે.

જન્મ–જીવન–મૃત્યુને જગતના પદાર્થો-વિષયો બધાં દુઃખનાં જ હેતુ છે એમ સંતો ને શાસ્ત્રગ્રંથો પોકારીને કહેવા છતાં ને માનવજાતના પણ સતત આ સત્ય અનુભવમાં આવવા છતાં ને સ્વર્ગમાંથી પુણ્યો ક્ષય થતાં પુનઃ મૃત્યુલોકમાં જન્મ થાય છે એ વાત જાણતાં છતાં ઐહિક કે વ્યક્તિ-સુખ માટે નિષ્ફળ યત્ન–યાચના–ઉપાસના વગેરે કરવાં એ ઉપાસનાનો ઉપહાસ કરવા સરખું છે. ઉપાસનાના વિધિની સર્વ પ્રક્રિયા શોધ થઈ ત્યારે તો મુક્તિ–અમરતા–પરમાત્મ-પ્રાપ્તિને જ હેતુભૂત બનાવાયાં છે એ દ... બહાર કદાપિ ન જ જવું જોઈએ.

★

પ્રાચીન કાળમાં પ્રતિસ્પર્ધી પંડિતો વચ્ચે સંસ્કૃતમાં ચાલતી હરીફાઈનો એક નમૂનો આ રહ્યો

ત્ર્યંબક : તું કોણ છે?

પ્રભાકર : હું જ્ઞાનઘટ છું.

ત્ર્યંબક : તું જ્ઞાનઘટ છે તો હું મુદ્ગર છું, અર્થાત્ તને ફોડી નાખીશ.

પ્રભાકર : તું મુદ્ગર છે તો હું વહ્નિ છું, તને બાળી નાખીશ.

ત્ર્યંબક : તું વહ્નિ છે તો હું મેઘ છું, તને ક્ષણમાં શમાવી દઈશ.

પ્રભાકર : તું મેઘ છે તો હું પવન છું, તને વેરવિખેર કરી નાખીશ.

ત્ર્યંબક : તું પવન છે તો હું સર્પ છું, તારું ભક્ષણ કરીશ. (સર્પ પવનનો ભક્ષક છે એમ કહેવાય છે.)

પ્રભાકર : તું સર્પ છે તો હું ગરુડ છું, તારો નાશ કરીશ.

ત્ર્યંબક : તું ગરુડ છે તો હું વિષ્ણુ છું, મારા તાબામાં તારે રહેવું પડશે.

પ્રભાકર : તું વિષ્ણુ છે તો હું મુગટ છું. (મુગટ વિષ્ણુને માથે ચઢે છે.)

ત્ર્યંબક : તું મુગટ છે તો હું કમળ છું. (મુગટ ઉપર કમળ રહે છે.)

પ્રભાકર : તું કમળ છે તો હું ભ્રમર છું. (ભ્રમર કમળમાં પેસી તેનો રસ ચૂસે છે.)

ત્ર્યંબક : તું ભ્રમર છે તો હું સૂર્ય છું. (સૂર્યોદય થતાં ચંદ્રવિકસિત કમળ બિડાઈ જાય છે ને ભ્રમર અંદર પુરાઈ જાય છે.)

પ્રભાકર : તું સૂર્ય છે તો હું રાહુ છું. (રાહુ સૂર્યને ગળી જાય છે એમ કહેવાય છે.)

ત્ર્યંબક : તું રાહુ છે તો હું દાન છું. (દાનથી ગ્રહણ છૂટે છે એમ લોકમાન્યતા છે.)

પ્રભાકર : તું દાન છે તો હું સંતોષ છું. બોલ હવે શું કહેવું છે?

ત્ર્યંબક ચૂપ થઈ ગયો.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકસંપર્ક

લેખક :
શ્રી જગદીશ પરમાર

દેવેન્દ્ર આજે આવવાનો હતો.

આંગણામાં ઊભાં રહી સુભદ્રાદેવી પુત્રની રાહ જોતાં હતાં. કોઈ ગાડું નીકળી, કોઈ મોટર નીકળી કે કોઈ રીક્ષા નીકળી તે. સુભદ્રાદેવીની આંખ ત્યાં ખેંચાઇ રહેતી.

અધીરાઈથી તેઓ આંગણામાં ફરવા લાગ્યાં. દેવેન્દ્રનાં તોફાન, તેની કાલીઘેલી વાતો–તેમના સ્મરણપટે ચડવા લાગી. આંગણામાં જ્યાંજ્યાં દેવેન્દ્ર રમ્યો હતો, ત્યાંત્યાં સુભદ્રાદેવીના પગ ફરવા માંડ્યા. દાડમડીની છાંયે દેવેન્દ્ર બેસતો એ જગ્યા જોઈ. પેલા તુલસીના ક્યારા પાસે પોતે આરતી કરતાં, ત્યારે પોતાની સાડીનો છેડો ઝાલી ઊભા રહેતા દેવેન્દ્રની બાલમૂર્તિ યાદ આવી. હવામાં ડોલતા તુલસીના છોડ, તેનાં લીલાંપીળાં પાન, મંજરીઓ–બધા ઉપર સુભદ્રાદેવીનો કંપતો વૃદ્ધ હાથ ફર્યો. આ ક્યારાને દેવેન્દ્ર રોજ પાણી પાતો એ તેમને યાદ હતું. પુત્રના નાનકડા પગની નિશાની શોધતાં હોય એમ ક્યારાની આજુબાજુ જોઈ રહ્યાં.

પચીશ વર્ષ પહેલાંની દેવેન્દ્રની બાલમૂર્તિ તેમની વૃદ્ધ આંખો સામે તરવા લાગી. માનું હૃદય ઊછળી ઊઠ્યું. દેવેન્દ્રને ઊચકી લેવા, હૈયે ચાંપવા, ખોળામાં લેવા, પાપા પગલી રમાડવા, રેશમ જેવા વાળમાં તેલ સિંચવા અને પારણે પોઢાડી હાલરડું ગાવા સુભદ્રાદેવી વિચારવમળે ચડી ગયાં.

દાડમડીની ડાળી ઉપર હાથ રાખી એ ઊભાં હતાં. તેમનું મન દેવેન્દ્રની બાલસૃષ્ટિમાં ઊંડું ઊતરી ગયું હતું.

દશ વર્ષના ગાળા પછી બાપદાદાના સૂના ઘરમાં દેવેન્દ્ર પાછો વળતો હતો. માના એકેએક અંગમાં પુત્રને મળવાની આતુરતા હતી.

ટાંગો ક્યારે આવ્યો, તેમાં બેસનાર ક્યારે આંગણામાં આવ્યો, ઝડપથી પગલાં ભરતો ક્યારે એ માનાં ચરણ સુધી પહોંચી ગયો તેનું સુભદ્રાદેવીને ભાન ન રહ્યું. બાલ દેવેન્દ્રની સૃષ્ટિને નીરખતી માના કાનમાં અમૃત રેડાયું :

'મા !'

આનંદથી એ ધ્રૂજી ઊઠ્યાં. ફરી શબ્દ સંભળાયો :

'મા !'

તેમના ચરણ ઉપર હાથ ફરતો હતો. સુભદ્રાદેવીએ નીચે જોયું. પુત્ર માને ચરણે નમી રહ્યો હતો–

તેનો દેવેન્દ્ર !

સુભદ્રાદેવી નીચે નમ્યાં. પુત્રસ્પર્શ માટે તલસતા હાથ લંબાવ્યા, હૈયું બહાર કૂદી પડ્યું, એ માંડ બોલી શક્યાં : 'બેટા ! દેવેન્દ્ર !'

'માડી !' કહી દેવેન્દ્ર ઊભો થયો. પડછંદ અને ભવ્ય ! રાંકને રતન મળે એમ મા દીકરાને ભેટી પડ્યાં.

'બેટા ! તું ?'

'હા, મા, હું દેવેન્દ્ર !'

માનું સુખ આંસુવાટે વહેવા લાગ્યું, પુત્રને ખભે માથું ઢાળી સુભદ્રાદેવી જીવનની પરમધન્ય ઘડી અનુભવી રહ્યાં. દાડમડી ડોલવા લાગી, તુલસીક્યારામાંથી સુવાસ વહી અને આંગણાની કુમાશભરી રેતી ચમકી ઊઠી. જૂના પુરાણા મકાને આ દૃશ્યને રૂડી શીતળ છાયા આપી જોયું. દૂરદૂરની ધરતી ખેડી આવેલો પુત્ર માનાં પ્રેમાશ્રુ ઝીલતો

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગદ્ગદિત થઈ ગયો. બધું ય માને ચરણે ઓછું છે એ ભાવને વ્યક્ત કરતો એ બોલ્યો :

'મા!'

વરસાદની પ્રથમ ધારને ઉજ્જડ બનેલી ધરતી હૈયું ખોલીને ઝીલે તેમ સુભદ્રાદેવી 'મા' શબ્દને ઝીલી રહ્યાં હતાં. તેમનો હાથ દેવેન્દ્રના મસ્તકે, કપાળે, આંખે, ગાલે, હોઠે, કંઠે–ફરવા લાગ્યો. છેલ્લાં દશ વર્ષમાં દેવેન્દ્રને આ હેત કયાં ય મળ્યું નહોતું. એની આંખોમાં આંસુ દેખાયાં, પળવારમાં એ ધાર બની સુભદ્રાદેવીના નબળા હાથ ઉપર પડ્યાં. હર્ષમાં બંધ થયેલી તેમની આંખો ઊઘડી. પુત્રનું પરિવર્તન મા જોઈ રહ્યાં. ચમકતી આંખો, વિશાળ કપાળ, લાંબા વાળ, પડછંદ શરીર, આજાનબાહુ દેવેન્દ્ર તેના પિતાની પ્રતિકૃતિ બની ગયો હતો.

સુભદ્રાદેવી સંતોષથી જોઈ રહ્યાં.

'બેટા! ઓળખાતો પણ નથી.' તેમણે હસીને કહ્યું.

દેવેન્દ્રે પોતા તરફ એક દૃષ્ટિ નાખી અને કહ્યું:

'એવું તે હોય, માડી! હું તો જરા ય વધ્યોઘટ્યો નથી.'

માની અનુભવી આંખ એ દલીલ કેમ માને? સુભદ્રાદેવી સ્નેહથી હસી પડ્યાં. દેવેન્દ્રનો હાથ ઝાલી તેઓ મકાનમાં ગયાં. સંસારનું બધું સુખ, બધો આનંદ આ ઘરમાં આજે સમાતો ન હોય તેમ માદીકરાને લાગ્યું.

'બેટા! જરા આરામ કર, સ્વસ્થ થા. હમણાં જમવાનું લાવું છું.'

'શું ઉતાવળ છે, મા! જરા બેસોને!' દેવેન્દ્રે કહ્યું.

'નહિ રે! તને ભૂખ લાગી હશે. હું જાણું ને! તું ભૂખ્યો કદી રહી શકતો નથી.' સુભદ્રાદેવી રસોડા તરફ ગયાં.

રસોઈ તો તૈયાર હતી. માત્ર ગરમ કરવા પૂરતી વાર હતી. તેનું વૃદ્ધ શરીર બને તેટલી ઝડપ કરવા મંડ્યું. પાછળથી કમલિનીએ ધીમે દબાતે પગલે અંદર અને બરાબર સુભદ્રાદેવીના કાન પાસે આવી પૂછ્યું:

'મા! મહેમાન આવ્યા?'

કમલિની બાજુમાં રહેતા શ્રીકાન્ત બાબુની પુત્રી હતી. સુભદ્રાદેવી કમલિનીના પ્રશ્ને હસી પડ્યાં.

'ગાંડી છો? દેવેન્દ્રને મહેમાન કહેવાય?'

'પણ આવી ગયા?'

'હા, હા, જોને અંદર બેઠા.'

'ત્યાં કોણ જાય? હું તો શરમાઉં!' ઊડતી ઓઢણી સરખી કરતી કમલિની સુભદ્રાદેવીને મદદ કરવા લાગી.

'દેવેન્દ્ર તો ઓળખાય નહિ તેવો થઈ ગયો છે. સાવ આવડો હતો.'

માની નજરમાં પુત્રનું નાનું કદ કાયમ રહેતું લાગે છે. કમલિની રસોડામાં આવી ત્યારે તેણે ચોરીછૂપીથી દેવેન્દ્ર ઉપર નજર નાખી લીધી હતી. ગોરું ઊંચું શરીર અને સ્વપ્નભરી આંખો! દેવેન્દ્રના જીવનની ઘણી વાતો તેણે સુભદ્રાદેવી પાસેથી સાંભળી હતી. આજે તેની આંખોએ દેવેન્દ્રને જોયો. તેના હૃદયમાં પ્રથમવાર કોઈ અકથ્ય ભાવ જાગ્યો. ધીમો કંપ અનુભવ્યો. રોજ કૂદાકૂદ કરતી અને વચ્ચેવચ્ચે બોલ્યા કરતી તેની ઉપર અણધાર્યો ભાર આવી પડ્યો. સ્વચ્છંદી તિયાળ આંખો સ્થિર થઈ એ તેના વિકસતા અંગ ઉપર મહાપ્રયત્ને ઢાંકી રહી. ઊડવા ટેવાયેલી ઓઢણીને એ ઢાંકી રહી હતી. દેવેન્દ્ર હાથમોં ધોઈ માને મદદ કરવા રસોડા નજીક આવ્યો.

'મા! હું મદદ કરું?' તેણે પૂછ્યું. એ આગળ આવતાં અટકી બારણામાં જ થંભી ગયો. રસોડામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવી પાસે બેઠેલી બાળાની ચમકેલી, બહાવરી બનેલી આંખોને જોઈ તેના પગ ઘડીભર થંભી પાછા વળી ગયા. સુભદ્રાદેવીએ કમલિનીનો ક્ષોભ જોયો. દેવેન્દ્રને તુરત પાછો વળી જતો પણ જોયો.

'કમલી! જોયો દેવેન્દ્ર? મેં નહોતું કહ્યું? એ બહુ શરમાળ છે. સ્ત્રીસમાજમાં એની આંખ ઊંચી થતી જ નથી. એને તો ભલાં એનાં પુસ્તકો, ભલો એનો ખંડ અને ભલી એની મા.'

કમલિનીને દેવેન્દ્રનું આ મર્યાદિત વર્તુલ ગમ્યું નહિ. પુસ્તકો, તેનો ખંડ અને મા સિવાય સંસારમાં બીજું કૈં નથી?

સુભદ્રાદેવી થાળી પીરસી દેવેન્દ્રને બોલાવવા ગયાં, એ તકનો લાભ લઈ કમલિની નાસી છૂટી.

બપોર પછી બરાબર સાડાચારે દેવેન્દ્રને લેવા મોટર આવી. ભારતીસંસદ તરફથી આજે ત્યાં સ્વાગત થવાનું હતું. વિદેશની વિદ્યાપીઠોમાં તત્ત્વજ્ઞાનના પ્રખર પ્રાધ્યાપક દેવેન્દ્રે ભારતની પ્રતિષ્ઠા વધારી હતી. ભારતીસંસદે દેવેન્દ્રનું પ્રથમ બહુમાન કરવાની તક ઝડપી લીધી હતી.

'મા! જઈશું ને? આજે એક સભા છે. વિદ્વાનોનાં ત્યાં દર્શન થશે.'

'વિદ્વાનોની મોટી વાતો હું ન સમજું. મારું ત્યાં કામ નહિ. તું જા!'

પણ દેવેન્દ્રે આગ્રહ કર્યો.

'પણ તમારો વખત કેમ જશે? અહીં, એકલાં?'

'છેલ્લાં દશ વર્ષ હું એકલી જ રહીને?' એ એકલતા કેટલી દુઃખભરી હતી તે સુભદ્રાદેવીના કંઠે કહી દીધું.

'એટલે તો કહું છું. ચાલો સાથે! તમે હશો તો મને હૂંફ રહેશે.'

સુભદ્રાદેવી ના ન કહી શક્યાં. માદીકરો સભામાં ગયાં.

જુદાજુદા વિદ્વાનોએ દેવેન્દ્રનું બહુમાન કર્યું. બુદ્ધિ, સંસ્કાર અને પ્રખર વિદ્વત્તાને કારણે દેવેન્દ્રે ભારતની મહત્તા વિદેશમાં કઈ અને કેવી રીતે વધારી છે એના અનેક પ્રસંગો શ્રોતાઓને જાણવા મળ્યા. બધા દેવેન્દ્ર તરફ આશ્ચર્ય, માન અને આદરથી જોઈ રહ્યા. સુભદ્રાદેવી અવાક બની પુત્રની પ્રશંસા સાંભળી રહ્યાં. તેમને દેવેન્દ્ર મોટો, અતિમોટો, મહાન લાગ્યો. અહીં નહિ, ત્યાં નહિ, બહુ ઊંચે સ્થાને પેલા ભવ્ય શિખર ઉપર વિરાજતો લાગ્યો. પુત્રની સિદ્ધિ જોવા એ હયાત રહ્યાં એ માટે તેમણે ઈશ્વરને મૂક વંદના કરી. માનું હૈયું નાચી ઊઠ્યું.

બીજી જ ક્ષણે શંકા જાગી. તેમણે હાથ લાંબો કર્યો. પાસે છતાં દેવેન્દ્ર તેને દૂર લાગ્યો, કોઈ ભવ્ય ઊંચા સ્થાને બેઠેલો—ઝળહળતા તેજ વચ્ચે ઘેરાયેલો. તેમનો લંબાયેલો હાથ પાછો ખોળામાં પડ્યો. ખોળો તેમને ખાલી લાગ્યો. એ અસ્વસ્થ બની ગયાં. બહાવરાં બની ચારે તરફ નજર કરવા લાગ્યાં. બધી આંખો આ વૃદ્ધ માતાને ધન્ય-ધન્ય કહી રહી હતી.

દૂર સ્ત્રીસમૂહમાં બેઠેલી કમલિનીએ સુભદ્રાદેવીની નજરને પકડી લીધી અને એ હસી પડી. નિર્દોષ અને શ્રદ્ધાભર્યું! દૂખતાને સહારો મળે અને આશા પ્રકટે એમ કમલિનીના હાસ્યે એ કૈંક સ્વસ્થ થયાં. નિરાંતનો ધીમો શ્વાસ લીધો, પણ દૃષ્ટિ કમલિની ઉપર જ સ્થિર રાખી.

થોડીવારમાં શાંત, સ્વચ્છ અને અસ્ખલિત વાગ્ધારા શરૂ થઈ. અવાજ નજીક છતાં દૂરથી આવતો હોય તેમ સુભદ્રાદેવીને લાગ્યું. શાંત વાણી ધીમેધીમે ગંભીર બનતી ગઈ. સૃષ્ટિ અને સર્જક, ઈશ્વર અને આત્મા, દ્વૈત અને અદ્વૈત જેવા વિષયો ફૂલદડે રમતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેમ વાણીપ્રવાહમાં ઊછળતા હતા.

સુભદ્રાદેવી કાન ખુલ્લા રાખી આંખો મીચી ગયાં. રમકડાંથી રમતો નાનો દેવેન્દ્ર તેમને યાદ આવ્યો. તેની કાલીઘેલી બોલી વર્ષોનાં ઊંડાણ વીંધી માને કાને અથડાઈ.

તે વખતની અને આજની વાણીમાં કેટલો તફાવત!

દેવેન્દ્ર સ્વસ્થતાથી બોલી રહ્યો હતો. વિજ્ઞાનના અંતિમ પરિણામને જે મનુષ્ય કે રાષ્ટ્ર આખરી ધ્યેય તરીકે સ્વીકારશે તેને શક્તિ મળશે, સુખ નહિ મળે, આનંદ નહિ મળે. એ મુદ્દાના સમર્થનમાં દેવેન્દ્રે જે ઊંડાણ ખેડ્યું, જે ઉડ્ડયન કર્યું તે સુભદ્રાદેવીને સમજવું મુશ્કેલ હતું. તેણે કમલિની તરફ જોયું. વ્રજમાં મુરલી બજતી હોય અને એકધ્યાને સાંભળતી હોય તેમ એ બેઠી હતી. તેની આંખો દેવેન્દ્ર તરફ જ હતી. કમલિનીની આ દશા જોઈ માની રહીસહી શ્રદ્ધા પણ ડગી ગઈ. તેની અને દેવેન્દ્રની વચ્ચે ઘણું અંતર હતું. કમલિની પણ તેને પાછો ન લાવી શકે એટલે દૂર દેવેન્દ્ર હતો.

એમને પોતાના પતિ યાદ આવ્યા, એ પ્રખર અભ્યાસી હતા, ખૂબ વાંચ્યું હતું, ખૂબ વિચાર્યું હતું. તેમના જ્ઞાનની પ્રશંસા સહુ કરતા.

તેમનો અંતકાળ નજીક આવ્યો ત્યારે તેમણે સુભદ્રાદેવીને કહ્યું હતું. નિરાશ થઈને! બહુ મોડું મોડું! જ્યારે તેમનો જીવનદીપ બુઝાઈ રહ્યો હતો ત્યારે!

'મારી સાધના વ્યર્થ ગઈ છે સુભદ્રે!'

'કેમ?'

'આખી જિંદગી મેં એકલા વિદ્વત્તાનો બોજો સહ્યો. મેં મેળવેલું. બહુ ઓછા સમજે છે, અને જે સમજે છે તેને એ બહુ ભારે લાગે છે.'

'અધિકાર વગર બીજા કેમ સમજે? તમારું જ્ઞાન તો અગાધ છે.'

'પણ...' એમના કંઠમાં દર્દ હતું, 'એ જ્ઞાન સામાન્ય જનસમૂહને ઉપયોગી થયું નથી. મેં એકલા ભાર સહ્યો. જનતાને હું આપી શક્યો નહિ.'

તાળીઓનો ગડગડાટ થયો. સુભદ્રાદેવીની વિચારમાળા અટકી. દેવેન્દ્રનું વ્યાખ્યાન પૂરું થયું હતું. તેમણે દેવેન્દ્ર તરફ જોયું. હસતો અને જ્ઞાનના તેજે ચમકતો એ માતા પાસે આવી બેસી ગયો. સુભદ્રાદેવીએ પ્રેમથી તેના સામું જોયું. અંતરની અકળામણ તેમણે ચહેરા પર દેખાવા દીધી નહિ. તેમના હૃદયમાં એ જ પ્રશ્ન ઊઠતો હતો, 'શું આને પણ તેના પિતાની જેમ આખરે નિરાશા સાંપડશે?'

સૌ બહાર નીકળ્યા ત્યારે કમલિની બારણામાં જ ઊભી. તેના આનંદને સીમા નહોતી. આશા અને અધીરાઈથી એ થનગનતી હતી. તરવરાટ એના અંગમાં સમાતો નહોતો.

નજીક આવી માત્ર સુભદ્રાદેવી સાંભળે તેમ કહ્યું:

'મા! વ્યાખ્યાન કેમ લાગ્યું?'

સુભદ્રાદેવીએ તેને પોતાની નજીક ખેંચી. જરા હસ્યાં, પણ કમલિની ચમકી. તેણે ચકોર આંખે જોયું કે તે મુક્ત હાસ્ય નહોતું. તેમના ચહેરા ઉપર ગંભીરતા હતી.

દિવસો વીતવા લાગ્યા, પણ સુભદ્રાદેવીની ગંભીરતા ઘટી નહોતી. તેમના હૈયા ઉપર કોઈ ભાર આવી પડ્યો હતો. એ અંતરમાં મૂંઝાતાં હતાં.

એક વખત કમલિની ઘેર જતી હતી ત્યારે દેવેન્દ્રે તેને જરા રોકી અને વિનયથી કહ્યું:

'તમને પૂછું? મા હમણાં ગંભીર કેમ છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમલિની નીચે જોઈ રહી. તેની જીભે પણ એ જ પ્રશ્ન હતો.

'મને ય એમ લાગે છે.'

'મારો કોઈ અપરાધ એમને હૈયે વસ્યો છે?' કમલિનીએ એકદમ ઊંચે જોઈ કહ્યું:

'ના, રે! એવું તો કશું જાણ્યું નથી.'

'તો?'

'તો...? મને કશી ખબર નથી.'

'તમે ન પૂછો?'

કમલિની મૂંઝાઈ. એ હક્ક તેને હજી ક્યાં મળ્યો હતો?

'ભલે!' કહી કમલિની ત્વરાથી બહાર ચાલી ગઈ.

તે સાંજે ધરાર આગ્રહ કરી દેવેન્દ્ર માતાને ગંગાતટ સુધી ફરવા લઈ ગયો. કમલિની પણ સાથે આવી હતી. દેવેન્દ્રે ગાડી બહુ ધીમી ચલાવી તો ય સુભદ્રાદેવીને શ્વાસ ચડી આવ્યો—થાક લાગ્યો. ગંગાના વિશાળ પટ ઉપર આવીને બેઠાં; નજીકમાં જ ભગવતી ભાગીરથીનાં જળ વહેતાં હતાં, રૂપાળાં દૂધ જેવાં! પશ્ચિમે સૂર્યદેવ ઘેર જતાંજતાં છેલ્લી નજરે ગંગાનાં દર્શન કરી લેતા હતા. ભૂખ, તરસ, તાપ, થાક સમી જાય તેવું રમણીય સ્થળ હતું, સુભદ્રાદેવીમાં નવું ચેતન આવ્યું. તેમની આંખો આ દૃશ્ય જોઈ હસી પડી.

'દેવેન્દ્ર! આ ભાગીરથી જોઈ?'

દેવેન્દ્રની નજર પણ ભાગીરથીના વહેતા જળ ઉપર જ હતી.

'એ શંકરની જટામાં માત્ર ગંગાસ્વરૂપે જ રહ્યાં હોત તો?'

દેવેન્દ્ર અને કમલિના માને બોલતાં સાંભળી રહ્યાં:

'પણ ના, એ ત્યાં ન રહ્યાં, નીચે ઊતર્યાં, ધરતી ઉપર આવ્યાં, લોકોનો સંપર્ક સાધવા! એ ગંગા પતિતપાવની બન્યાં, ઉદ્ધારક બન્યાં. માનવમાત્રની પરમ શાંતિ બની ગયાં.'

આજ સુધી માએ ક્યારે ય ઊંડાં વિચાર-રહસ્યો રજૂ કર્યાં નહોતાં પણ આજના વક્તવ્ય પાછળનું રહસ્ય દેવેન્દ્રથી અજાણ્યું ન રહ્યું!

★

સ્વ. ફૂલચંદભાઈ વિશે એક વાત છે. મોટા સત્યાગ્રહના દિવસોમાં સૈનિકો આશ્રમમાં પડી રહેતા અને ગામમાંથી નિત્યનાં નિમંત્રણો આવે ત્યાં સહુ ભોજન માટે જતા. ગામડાની ભોળી જનતા બાપડી પ્રેમપૂર્વક જાતજાતની રસોઈ કરતી. ક્યારે ક કોઈએ રાંધેલું સર્વ અન્ન ખુટાડી દેવાની બહાદુરીઓ પણ આ સૈનિકોમાં થતી.

એક વખત એક બહેનને ત્યાંથી ભરપેટ જમી આવીને સૈનિકો ભાતભાતના તડાકા લગાવતા હતા તે ફૂલચંદભાઈ સાંભળી ગયા. અંદર આવી ઠપકો આપતાં એ બોલ્યા:

'કયે મોઢે તમે આ તડાકા લગાવો છો? પોતાની ગાંઠના પૈસાનું પાણી કરીને એક બાઈ પંદર જણનું રાંધે છે તે તમે પાંચ જણા ઉડાવી જઈ નિરાંતે એની વાતો કરતાં શરમાતા નથી? તમે સૈનિક થયા ને એકવાર જેલમાં જઈ આવ્યા એટલે શું એમ માનો છો કે રાષ્ટ્રને તમે ઉજાળી દીધો અને ગમે તેવી રીતે વર્તવાનો તમને પરવાનો મળી ગયો?'

બધા જ ચૂપ થઈ ગયા. બીજા દિવસથી આશ્રમમાં જ હાથે રાંધવાની પ્રથા શરૂ થઈ.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવપૂજાનું રહસ્ય

લેખક :
શ્રી કેદારનાથ રાવળ

સવાર ને સાંજ, ઘરમાં કે દેવમંદિરે પૂજા માટે ને દર્શન માટે આપણે રોજ એકત્ર થઈએ છીએ, કેટલાં યે વર્ષોથી એમ કરતા આવ્યા છીએ–પણ ગતાનુગતિની પરંપરાને લીધે. તેત્રીસ કરોડ દેવો છે એમ કહેવાતું આવ્યું છે ને કહીએ છીએ. એ દેવો તે કયા, શા માટે આપણા પ્રાચીન ઋષિમુનિઓએ આ દેવોને જ મહત્ત્વ આપ્યું, આ દેવોની પૂજા એટલે શેની પૂજા, કોની પૂજા–ઘડીભર આ પ્રશ્નોનો શાંતચિત્તે વિચાર થાય. દેવોની સાચી પૂજા કોને કહી શકાય એની પાછળનું શું રહસ્ય છે એનો ખ્યાલ આવે. ને તે પછી આ લેખમાં બતાવેલાં દેવોના ઋણ, યજ્ઞ અને દેવપૂજા પાછળના મૂળભૂત ને વિચારપ્રેરક વૈજ્ઞાનિક સિદ્ધાંતોનું સાચું રહસ્ય વાંચીએ તો કોઈ નવા જ પ્રકાશનો અનુભવ થાય.

હિંદુઓની અનેક દેવ–દેવીઓની માન્યતા જગતભરમાં ખૂબ જાણીતી છે. ઘણાં નવ શિક્ષિતો આ સંખ્યાને ખૂબ હાસ્યાસ્પદ માને છે, પરંતુ પ્રાચીન ઋષિ-ઓએ જુદીજુદી રીતે કલ્પેલા આ દેવો વિશે તાત્ત્વિક રીતે વિચાર કરીએ, ત્યારે જ એનું ગુપ્ત રહસ્ય માલૂમ પડે છે. આ દેવ-દેવતાઓ ૩૩ (તેત્રીસ) છે. અને '**बृहदारण्यक उपनिषद**'માં તે નીચે પ્રમાણે જણાવવામાં આવ્યા છે (**एवैषामेते त्रयस्त्रिंशत्वेव देवाः**). જેમાં આઠ વસુ, અગિયાર રુદ્ર, બાર આદિત્ય; ઇંદ્ર અને યજ્ઞ મળી ૩૩ થાય છે. આઠ વસુઓમાં અનુક્રમે પૃથ્વી, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય–સ્વર્ગ, ચંદ્ર અને નક્ષત્ર છે. દશ પ્રાણ (પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નાભ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય) અને આત્મા–આ અગિયાર રુદ્રદેવતા છે. બાર આદિત્ય અનુક્રમે વૈશાખ, જેઠ, અષાડ, શ્રાવણ, ભાદ્રપદ, આશ્વિન, કાર્તિક, માગશર, પોષ, માહ, ફાગણ અને ચૈત્ર છે. ઇંદ્રદેવતા એટલે મેઘ અને યજ્ઞદેવતા તે પ્રજાપતિ છે.

આ તેત્રીસ દેવતાઓને ઓળખી તેમની સાચી પૂજા કરવી એ જ નિત્યનૈમિત્તિક કર્મ કહેવાય છે; અને આ જ કર્મ નિયમિત કરવાથી દેવઋણ અદા કરી શકાય છે. વસુ અને રુદ્રદેવતાઓની પૂજા નિત્યકર્મ અને ઇંદ્ર, આદિત્ય અને યજ્ઞદેવતાઓની પૂજા નૈમિત્તિક કર્મ કહેવાય છે.

હવે આ તેત્રીસ દેવોની કેવી રીતે રોજિંદા જીવનમાં ઉપાસના કરવી જોઈએ તે આપણે જરા વિગતવાર જોઈએ: પૃથ્વીને પવિત્ર રાખવાનો પ્રયત્ન કરતા રહેવું એટલે મકાન, આંગણું, બજાર, રસ્તો ઘાટ, અને નગરનાં બીજાં બધાં સાર્વજનિક સ્થાનોને સ્વચ્છ રાખવાં એ પૃથ્વીદેવતાની પૂજા છે.

એ જ પ્રમાણે કૂવો, તળાવ, નદી, નાળાં; પીવાનાં તેમ જ ભરવાનાં વાસણો, ગોળી વગેરેને સ્વચ્છ નિર્મળ રાખવાં કે જેથી પાણી હમેશાં કોઈપણ વખતે પવિત્ર અવસ્થામાં મળી શકે. આ જ જળદેવતાની પૂજા છે.

સૂકાં લાકડાંનું બળતણ, સુંદર દીપ-પ્રકાશ માટે સ્વચ્છ તેલનો ઉપયોગ કરવો કે જેથી હાનિકારક (રોગોત્પાદક) ઝાડનાં લાકડાં તથા તેલ વગેરેનો ધુમાડો વધારે ન ઉત્પન્ન થઈ શકે, આ અગ્નિદેવની પૂજા છે.

વાયુને શુદ્ધ રાખવા માટે ચંદન, કપૂર, ઘી, સુગંધી પદાર્થો સળગાવવા એ વાયુદેવની પૂજા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Harid…

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશ કે જે વિચારતરંગો અને ધ્વનિ, વિદ્યુત વગેરે સૂક્ષ્મ શક્તિઓને વહન કરવા માટે માધ્યમનું કામ કરે છે. (शब्दगुणकं आकाशम्) એને સુંદર વિચારતરંગો અને ધ્વનિઓથી, પ્રાર્થનાઓથી ઘંટ, શંખના રવથી ગુંજારિત કરવું, લડાઈ–ઝઘડા ન કરવા, ગાળ વગેરે કટુ વચનો ન બોલવાં. સુમધુર ગીત–નૃત્ય વગેરે કરવાં એ આકાશ-દેવતાની પૂજા છે.

દૂરદૂર હવાવાળાં મકાનો બનાવવાં અને મકાનની ચારે બાજુ ફૂલઝાડ વગેરે રોપવાં, મકાનની અંદર સુંદર ચિત્રોથી દીવાલ સુશોભિત કરવી એ 'ભૂ' દેવતાની પૂજા છે. મરેલું શરીર વાતાવરણ ખરાબ કરે તે પહેલાં યોગ્ય સ્થળે વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરવો એ 'ભૂવ' દેવતાની પૂજા છે.

પ્રાતઃકાળે તથા સંધ્યાકાળે સ્નાન કરી ભક્તિપૂર્વક પરમાત્માની ઉપાસના–પ્રાર્થના કરવી એ 'સ્વ' દેવતાની પૂજા છે.

મન, જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોને સંયમ દ્વારા બળવાન અને સ્વસ્થ બનાવવાનો પ્રયત્ન કરવો અથવા હમેશાં નિયમિત રૂપે વ્યવસ્થિત વ્યાયામ, આસન, પ્રાણાયામ દ્વારા શરીરના દરેક નાનામોટા અવયવને બળવાન બનાવવો, હમેશાં સ્નાન કરી શુદ્ધ વસ્ત્ર પહેરી, શુદ્ધ સાત્ત્વિક ભોજન કરી શરીરને મજબૂત અને ચેતનવાળું રાખવું, તથા દેવ, ઋષિ, પિતૃ, નર અને પશુ એ બધાંને ખવડાવી પછી પોતે જમવું એ રુદ્ર-દેવતાની પૂજા છે.

જે મહિનામાં જે પ્રમાણે રહેવાથી અને જે પ્રમાણેનું ખાનપાન રાખવાથી શરીર નીરોગી, બળવાળું અને સુખી રહે તે મહિનામાં તે જ પ્રમાણે રહેવું, તે જ પ્રમાણે ખાવું–પીવું કે જેથી આખું વર્ષ માંદા પડ્યા સિવાય સારી રીતે પસાર થાય. આ આદિત્ય-દેવતાઓની પૂજાનું એક અંગ છે. એ જ પ્રમાણે જે મહિનામાં જે અન્ન રોપવાથી ઘણું અનાજ ઉત્પન્ન થતું હોય તે રોપી વિધિપૂર્વક ધાન્ય ઉત્પન્ન કરવું, બધી ઋતુ-વિષયક જ્ઞાન મેળવી વિવાહ, ઋતુદર્શન વગેરે સંસ્કારોનું નિયમપૂર્વક પાલન કરવું. બ્રહ્મ-ચર્ય વગેરેનું યથાવિધિ પાલન કરવું એ જ આદિત્યદેવની પૂજા છે.

સપ્તાહ, પક્ષ, માસ અને વર્ષને છેડે તેમ જ દરેક વિશેષ દિવસે સભા, સંમેલન ઉત્સવ, યાત્રા વગેરે અવસરો પર યજ્ઞ અથવા સમૂહ-પ્રાર્થના, હવન કરવો કે જેથી ઘટતો વર-સાદ મળે એ જ મેઘદેવતા–ઇંદ્રની પૂજા છે. મેઘોદય વખતે, વર્ષા સમયે, અન્ન પકવતી વખતે, વસ્ત્ર બનાવતી વખતે, ભોજન કરવાની વેળાએ, ગર્ભાધાન સમયે, વિચારપૂર્વક પોતાના કર્તવ્યનું પાલન કરવું કે જેથી સુંદર અને બળવાન પ્રજાની વૃદ્ધિ થાય. આ જ સાચો યજ્ઞ છે, અને યજ્ઞદેવ–પ્રજા-પતિની સાચી પૂજા છે. આ જ પ્રમાણે પૂજા કરવાથી કરોડોરૂપે પ્રસરણ પામતાં એ તેત્રીસ દેવતાઓ સંતુષ્ટ થાય છે; અને મનુષ્ય માત્ર ઉપર રહેલું દેવઋણ અદા થાય છે.

જે લોકો ઉપર વર્ણવેલા દેવતાઓની ઉપાસના કરવાનું ઉપરની પદ્ધતિએ નથી સ્વીકારતા તેઓનું જીવન રોગગ્રસ્ત કે દુઃખી બને છે. એનો એ અર્થ નથી કે દેવતાઓ એની ઉપર ગુસ્સે થયા છે. દેવતાઓ તો સમદર્શી હોય છે. એમનામાં જરા યે પક્ષપાત હોતો નથી, છતાં એ તો સાદી–સરળ વાત છે કે જે જેટલી સેવાપૂજા કરે તેને તેટલું અધિક શુભ ફળ મળે છે. આ કાંઈ એમનો પક્ષપાત નથી; અને આથી દેવતાઓની સમ-દૃષ્ટિના સિદ્ધાંતમાં જરા પણ વિઘ્ન આવતું નથી. સમદર્શી એનું નામ નથી કે જે બધા-ને જ પુરસ્કાર આપે, પરંતુ દરેકને જે ફળ

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે તે તેના પુરુષાર્થ અનુસાર હોય–જેમ પરીક્ષક વધારે યોગ્યતાપૂર્ણ પ્રશ્નોના ઉત્તરોના વધારે ગુણ (માર્ક) આપે છે, વેપારી વધારે રૂપિયા આપનાર ગ્રાહકને વધારે સારી વસ્તુ મોટા પ્રમાણમાં આપે છે; એ જ પ્રમાણે અગ્નિ અધિક સુગંધી પદાર્થ કે ઘી હોમનારને અધિક આરોગ્યપ્રદ સુગંધ આપે છે. જો કે દરેક વ્યક્તિને વસ્તુઓ જુદાજુદા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, પરંતુ તે બધાને યોગ્ય હિસાબે સમભાવપૂર્વક જ વહેંચવામાં આવી છે; એમ જ કહી શકાય.

દેવતાઓને શાસ્ત્રમાં '**पूर्णकामाः**' કહ્યા છે. તેઓને વ્યક્તિહિત માટે કોઈ વસ્તુની જરૂર નથી. જે કાંઈ આપણે એ દેવતાને ઉદ્દેશીને આપીશું તે વસ્તુ અનેકઘણા લાભદાયક રૂપમાં આપણને પાછી મળે છે. જયારે આપણે અગ્નિદેવને એક બિંદુ ઘી અર્પણ કરીએ છીએ ત્યારે તેઓ એનાથી લગભગ એક ઘનફૂટ વાયુમંડળને શુદ્ધ કરનાર ધૂમ બનાવી તમને હજારગણો ફાયદો કરી આપે છે. એ જ પ્રમાણે તમે તમારા શરીરમાં રહેલા ઇંદ્રિયોના આધષ્ઠાતા દેવોને દશ આનાનું ભોજન આપો છો તો એનાથી તેઓ તમને દશ રૂપિયા પેદા કરવાની શક્તિ અને સ્ફૂર્તિ પેદા કરી આપે છે; એટલા માટે દેવતાઓને દિવ્ય સ્વભાવવાળા કહેવામાં આવે છે. તેઓ સંતોષી, નિઃસ્વાર્થી અને નિષ્કામ સેવી હોય છે. તેઓ હમેશાં આપવાનું જ જાણે છે.

જે દેવતાઓની વાત ઉપર કહી તેઓની પૂજા ન્યૂનાધિક પ્રમાણમાં દરેક વ્યક્તિ કરે છે જ; પછી તે નાસ્તિક હોય કે આસ્તિક, હિંદુસ્તાની હોય કે પાકિસ્તાની. પરંતુ જે જાતિમાં અને દેશમાં આ દેવતાનાં ઋણ તપાસી જાણ્યે–અજાણ્યે બરાબર અદા કરવામાં આવે છે તે દેશની અને સમાજની ઉન્નતિ થયા જ કરે છે. પરંતુ જે લોકો આ દેવતાઓની ઉપર લખ્યા પ્રમાણેની વિધિએ પૂજા કરતા નથી તેઓ સુખ–સંપત્તિથી વંચિત રહે છે. હવે અહીં સ્વાભાવિક પ્રશ્ન ઉત્પન્ન થશે, કે આ ઋણ (દેવું) થયું શી રીતે? અને એ શી રીતે અદા કરવું? એ જાણવા માટે આપણે વિચાર કરી લેવો જોઈએ, કે આપણી પર દેવોનું કેટલું ઋણ હોય છે અને એ ઋણ વાળવા માટે શું કરવું જોઈએ?

(૧) આપણે પૃથ્વી ઉપર ગમે તેવો કચરો નાખીએ છીએ; એઠું સડેલું અનાજ ફેંકીએ છીએ; થૂંક, ગળફાં; મળ–મૂત્રનો પણ પૃથ્વી ઉપર ત્યાગ કરીએ છીએ. આ પ્રમાણે અનેક રીતે ભૂમિને આપણે કલુષિત કરીએ છીએ. એ જ આપણી પૃથ્વીનું ઋણ છે. આ ઋણ વાળવા માટે આપણે તે તે સ્થાનોને ફરી પાછાં પવિત્ર કરવાં જોઈએ; અને ગમે ત્યાં થૂંકવાનું, મળમૂત્ર કરવાનું રોકી નક્કી કરેલાં સ્થાનો ઉપર જ કરવું જોઈએ; અને હમેશાં તે સ્થાનોને સ્વચ્છ કરવાં જોઈએ.

(૨) આપણે ઝેરી ગંદો ધુમાડો ફેલાવીને, મળ–મૂત્રની બદબૂ ફેલાવીને સડેલી ચીજોની ગંધ ફેલાવીને વાતાવરણને અશુદ્ધ બનાવીએ છીએ. એટલા માટે આપણું કર્તવ્ય એ છે, કે તે તે સ્થાનો સ્વચ્છ કરી ચંદન, ઘી અને યોગ્ય વનસ્પતિઓનો હવન કરી, તુળસી વગેરે વાયુને સ્વચ્છ કરનારા છોડો રોપી વાતાવરણને શુદ્ધ બનાવવું જોઈએ. તાત્પર્ય એ કે દેવઋણ અદા કરવાના નિયમ દ્વારા આપણે પ્રકૃતિને ઓછામાં ઓછી એવી અવસ્થામાં લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ કે જેવી અવસ્થામાં તે આપણે મેળવી હતી. આપણે જેટલું બગાડ્યું હોય તેટલું તો કોઈ પણ ભોગે દૂર કરવું જ જોઈએ. જો આપણે એમ ન કરી શકીએ તો આપણી ઉપર તે રીતે તે દેવનું ઋણ ચઢતું જ જવાનું, અને એ રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Harid...

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિત બનીશું. આપણે પોતાને જ હાથે પતિત બનીશું. બીજા શબ્દોમાં કહીએ તો એનો એ અર્થ થયો કે-સેવા કર્યા વગર અથવા બદલામાં કાંઈ પણ આપ્યા વગર આપણે જે કાંઈ લઈશું તે આપણને નીચે જ પછાડશે. ભગવાન કૃષ્ણ પણ ગીતામાં આ 'ઋણને વાળવાના કર્મને યજ્ઞ કહેતા માલૂમ પડે છે,' તેઓ કહે છે:-

(૧) યજ્ઞ દ્વારા સંતુષ્ટ થયેલા દેવલોકો તારે માટે વગર માગ્યે જ પ્રિય ભોગ આપશે.

(૨) એમના દ્વારા અપાયેલા ભોગોને જે માણસ એમને પાછા આપ્યા વગર ભોગવે છે તે જરૂર ચોર છે. એટલા માટે આપણે વિશ્વને ઉપયોગી વસ્તુઓ(પૃથ્વી, પાણી, અગ્નિ વગેરે)ને ઓછામાં ઓછા તેના મૂળ રૂપમાં લાવીને નહિ મૂકીશું, તો તે ભવિષ્યમાં એવી ક્ષીણ થઈ જશે કે આપણે એની સેવા-સહાયતાથી હમેશને માટે વંચિત રહેવું પડશે. વિશ્વની ઉપયોગી વસ્તુઓને એના પૂર્વરૂપમાં લાવવાનો શો ઉપાય છે? એ પ્રશ્ન થાય તો એના જવાબમાં નીચેના સાધારણ દાખલાઓ દ્વારા સહજ સમજાશે. જેમકે આપણે હમેશાં તુલસીનાં પાંદડાં તોડતા હોઈએ તો છોડની ત્રુટી પૂરવા માટે આપણે તેને પાણી-ખાતર વગેરે આપવું પડશે. અને કયારાને વ્યવસ્થિત રાખવો પડશે. એ જ પ્રમાણે તમે ગાય કે ભેંસનું દૂધ પીવા ચાહતા હો તો તેને હરહમેશ ભરપેટ ચારો, દાણા, પાણી વગેરે આપવું પડશે. તમે ઘોડાને ગાડીમાં જોડી ફરવા ચાહતા હો તો ઘોડાને પ્રમાણસર ખોરાક-ઘાસ, ચણો, પાણી વગેરે આપો, તેના ઉપર પ્રેમથી હાથ ફેરવો, થોડે-થોડે દિવસે તેને વધુ બળપ્રદ સારો ખોરાક ખવડાવો, આરામ આપો તો જ તમે તમારી ઇચ્છા પૂર્ણ કરી શકશો. જો તમે કૂવા-તળાવનો ઉપયોગ કરવા ચાહતા હો તો તેની યોગ્ય સમયે મરામત કરાવતા રહો, તેની ચારે તરફની ગંદકી દૂર કરતા રહો, પાણી નિર્મળ રાખવાના ઉપાયો લો. એ જ પ્રમાણે જ્યારે આપણે પ્રકૃતિની વસ્તુઓનું સન્માન કરશું તો તેઓ પણ આપણી સેવા નિરંતર કરતી રહેશે. આ જ યજ્ઞ દ્વારા આપણી અને દેવતાઓની પરસ્પરના ઉન્નતિ કરતાં-કરતાં વૃદ્ધિ પ્રાપ્ત કરી શકીશું અને આ જ સાચો યજ્ઞ અને દેવતાઓની પૂજા આપણને ઇચ્છાફળ આપનારી નીવડશે.

★

વાળજે તું વાળજે, વેગ મનનો વાળજે;
મૂળથી અભિમાન તજીને, મોહમમતાને મારજે. વાળજે૦
પ્રભાતમાં વહેલા ઊઠીને, શ્રીહરિ સંભારજે;
દેહશુદ્ધિ કરી દિલમાં, વેદમંત્ર ઉચ્ચારજે. વાળજે૦
જેમાં ન હોય પાપ જરા, એવો ધંધો ધારજે;
જૂઠું કદી બોલીશ મા, સત્ય વાત ઉચ્ચારજે. વાળજે૦
સંગ કર તો સંતજનનો, હઠીલાથી હારજે;
દાન દેજે નિર્બળ જોઈને, ઠામ જોઈ ઠારજે. વાળજે૦
આશ કરી કોઈ શરણે આવે, તેને નિત્ય ઉગારજે;
પિંગળ કહે ભાઈ, પ્રભુને ભજો, સત્ય નામ ઉદ્ધારજે. વાળજે૦
વાળજે તું વાળજે, વેગ મનનો વાળજે;
મૂળથી અભિમાન તજીને, મોહ-મમતાને મારજે. વાળજે૦

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનપરાગ

લેખક : **શ્રી ભીખાલાલ ગિરધરલાલ શાહ**

ફૂલની ફોરમની જેમ કેટલીક વ્યક્તિઓના જીવનની સુગંધ તાજગીપ્રદ અને પ્રેરક નીવડે છે. એ સુગંધ માણ્યાનો સમય ભલે ક્ષણિક હોય, પણ એના આનંદની સ્મૃતિ ચિરકાળ રહેવાની અને આપણું જીવન પ્રફુલ્લિત બનાવવામાં એનો હિસ્સો પણ રહેવાનો. અહીં અપાયેલા જીવનપ્રસંગો એવી સુગંધને વહાવનારા છે.

આગળના વખતમાં કૌશંબી નામે એક નગરી હતી. તેમાં કાશ્યપ નામે એક રાજ–વિપ્ર રહેતો હતો. તે મૃત્યુ પામ્યો એટલે તેની સ્ત્રી તથા તેનો બાળક કપિલ નિરાધાર બન્યાં. થોડા સમય બાદ કપિલની માતાએ તેને સાવર્થી નગરીમાં પોતાના પતિના મિત્ર ઇંદ્રદત્તને ત્યાં અભ્યાસ કરવા મોકલ્યો. ઇંદ્રદત્તની આર્થિક સ્થિતિ સારી નહિ, તેથી કપિલને ભણાવવાનું તો તેણે પોતાને શિર લીધું, પણ તેના જમવાની વ્યવસ્થા તે જ નગરના શેઠ શાલિભદ્રને ત્યાં કરી. આ પ્રમાણે ઘણો સમય વ્યતીત થયો.

કપિલ હવે યુવાવસ્થામાં આવ્યો હતો. યુવાનીમાં અગ્નિ જેવી શક્તિ છે. તેના ઉપર નિયંત્રણ રાખવામાં ન આવે તો ઘણા મનુષ્યો અનર્થ કરી બેસે છે. કપિલનું પણ એમ જ થયું. શેઠની દાસી કપિલા સાથે લગ્ન કરી હવે તે તેની સાથે જુદો રહેવા લાગ્યો. માતા એમ જાણે છે કે પુત્ર અભ્યાસ કરે છે.

સમય સમયનું કામ કર્યે જાય છે. થોડા વખત બાદ કપિલા ગર્ભવતી બની. કપિલને બેની રોજી મેળવવાની ચિંતા હતી, તેમાં હવે એક આત્માનો વધારો થવાનો હતો. કપિલ ચારે બાજુ નોકરી કે ધંધાની શોધ-ખોળમાં ભટકવા લાગ્યો, પણ કોઈ ધંધો કે નોકરી હાથ ન લાગ્યાં. થોડીઘણી પૂંજી હતી તે પણ થઈ રહી. હવે શું કરવું? પત્નીની પ્રસૂતિ માટે આવશ્યક દ્રવ્ય ક્યાંથી લાવવું? તે વિચારવમળમાં ગૂંચવાયો.

'પ્રાણનાથ! આપે હવે કાંઈ ધંધો શોધી કાઢવો જોઈએ! આમ ને આમ ક્યાં સુધી ચાલશે?' કપિલાએ એક દિવસ કપિલને કહ્યું.

તેણે પ્રત્યુત્તર આપ્યો: 'પ્રિયે! હું બધું જ જાણું છું. હું રાત્રિ અને દિવસ તેજ ચિંતામાં છું. પરંતુ હજુ સુધી ક્યાંય જોગ લાગ્યો નહિ. મને લાગે છે, કે આપણું દૈવ જ રૂઠયું છે.'

કપિલા બોલી: 'નાથ! આપ એવા નિરાશ ને દીન ન બનો. પુરુષાર્થ પાસે કાંઈ જ અસાધ્ય નથી. આપ એક કામ કરો. આ શહેરના રાજા પ્રાતઃકાળે જે કોઈ પહેલો આવીને તેમને આશીર્વાદ આપી જાય તેને બે માસા સોનાનું દાન કરે છે. આપ આવતી કાલે પ્રાતઃકાળે ત્યાં પહોંચી જાઓ અને આશીર્વાદ આપી સોનું લઈ આવો.'

કપિલને હવે સોનું મેળવવાની તીવ્રેચ્છામાં આખી રાત નિદ્રા પણ આવી નહિ. રાત્રિના ત્રીજા પહોરે તે ઘરની બહાર રાજમહેલ તરફ જવા નીકળી પડ્યો.

અંધારી રાત્રિ હતી, તેમાં આવા સમયે કપિલને જતો જોઈ રાજપુરુષોએ તેને ચોર ધારી પકડ્યો અને આખી રાત કોટવાલીમાં રાખ્યો. સવાર થતાં તેને રાજા પાસે હાજર કરવામાં આવ્યો. રાજાની ઊલટપાલટ તપાસમાં કપિલે નિર્દોષ ભાવે પોતાનો સર્વ વૃત્તાંત સત્યતઃ વર્ણવ્યો. રાજાને તેની દીનદશા ઉપર દયા આવી અને કહ્યું: 'હે વિપ્ર! તમારી જે ઇચ્છા હોય તે મારી પાસે માગી લો. હું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridw...

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી તમને તૃપ્ત કરીશ.'

કપિલ વિચારવા લાગ્યો: 'મારું ભાગ્ય ખૂલી ગયું. પરંતુ હવે માગવું શું?' ઘણા તર્ક-વિતર્કોને અંતે તે શીઘ્ર નિશ્ચય ન કરી શક્યો. તેણે રાજાને કહ્યું: 'રાજન્! મને જરા સમય આપો.' રાજાએ તેમ કર્યું. તે અન્ય સ્થળે જઈ વિચાર કરવા લાગ્યો.

'માગવું શું?' એ જ પ્રશ્ન વારંવાર ઉદ્ભવવા લાગ્યો. બે માસા સોનાથી તો મારી પત્નીની પ્રસૂતિનું કામ નિર્વિઘ્ને પતી જાય, પરંતુ ત્યાર બાદ તો એ જ નિર્ધનતા મારી સામે ડોકિયાં કરશે ને? ત્યારે દશ માસા માગી લેવા દે! અરે પણ તેથી મારો અર્થ ક્યાં સિદ્ધ થાય તેમ છે? શું હું તેટલાથી વ્યાપાર ખેડી શકીશ કે મકાનો બનાવી શકીશ? મારું દરિદ્રપણું મિટાડવા શું આ શુભ અવસર નથી? તો તેને વ્યર્થ કેમ ગુમાવાય? માટે રાજાનું અર્ધું રાજ્ય માગી લઉં!'

તોફાને ચડેલા ઘૂઘવતા સમુદ્રનાં પ્રચંડ મોજાંઓની માફક કપિલના તરંગોએ પણ હવે માઝા મૂકી દીધી. તેના સદ્વિચારો કે સદ્ભાવનાઓ સુરક્ષિત ન રહી શકી. તેના વિકલ્પોને વધારે વેગ મળ્યો, 'અરે જીવ! તું ભૂલે છે કેમ? અર્ધરાજ્ય મળવાથી તું સર્વસત્તાધીશ ક્યાંથી બની શકીશ? માટે માગવું તો આખુંય રાજ્ય માગી લેવું.'

કપિલની અમર્યાદિત તૃષ્ણાએ તેને પૂર્ણતઃ ઘેરી લીધો. અધઃપતન થતાંથતાં તે છેક છેલ્લા પગથિયા ઉપર ગબડી પડ્યો. ક્ષુદ્રતાની પણ સીમા આવી પહોંચી.

પરંતુ સબૂર! કોઈ શુભ પળે તે તૃષ્ણાને વેગ મળતો અટકાવવાથી તે પાછી વળી. લોભી મન કાબૂમાં આવ્યું. વિચારોનું પરિવર્તન થયું. ઘોર અંધકાર દૂર થયો, તેનું સ્થાન પરમ જ્યોતિએ સંભાળી લીધું. અહો! થોડા-એક શુભ વિચારો મનુષ્ય-જીવનમાં કેટલો બધો પલટો લાવી શકે છે અને પોતાની પાછળ શુભ અધ્યવસાયોની પરંપરાને ખેંચી લાવે છે! તે વિચારવા લાગ્યો: 'હું કેટલો પામર! કેટલો અધમ, કેટલો કૃતઘ્ની! રાજાની ઉદારતાનો બદલો હું તેને રસ્તાનો રખડતો ભિખારી બનાવવામાં આપું છું! શું મનુષ્યો દેવ બનવાને બદલે દાનવ બની જાય છે? શું શુદ્ધ બુદ્ધિ વિશ્વથી પરવારી ચૂકી છે?'

વિચારોનું પરિવર્તન વધતાંવધતાં તૃષ્ણા ઉપર સખત નિયંત્રણ આવ્યું. 'ના, મારે અર્ધું રાજ્ય પણ ન જોઈએ. હું સુખપૂર્વક રહી શકું તેટલું દ્રવ્ય પર્યાપ્ત છે. પણ તેટલુંય શા માટે? મારા ભાગ્ય ઉપર ભરોંસો શા માટે ન રાખું? ધનની તૃષ્ણાએ તો મારામાં પાશવતા આણી દીધી.'

આ પ્રમાણે શુભ અધ્યવસાયોની મંગળમય શ્રેણી ઉપર આરૂઢ થયેલા, પહેલાંના લોભી પણ અત્યારના ત્યાગી કપિલને બે માસા સોનાની આવશ્યકતા ન લાગી. આત્માના ઊર્ધ્વગમનમાં તેના લોભ અને મોહનાં સર્વ બંધનો છૂટી ગયાં, અને પરિણામે તેનામાં અપૂર્વ–અસીમ જ્ઞાનની રોશની ઝળહળી ઊઠી. હવે તે પહેલાંનો કપિલ રહ્યો ન હતો. જાણે દેવ બન્યો હતો. તેણે સર્વસ્વનો ત્યાગ કર્યો.

આ પ્રમાણે તૃષ્ણા વધારવી કે ઘટાડવી, જીવન સુધારવું કે બગાડવું તે આપણા જ હાથમાં છે, માટે જીવનનું ધ્યેય ઉચ્ચ બનાવવું જોઈએ.

*

મહારાજા શ્રેણિકને અભયકુમાર નામે પુત્ર હતો. મહારાજાએ તેને પ્રધાન બનાવ્યો હતો. જેવું ભૌતિક ઐશ્વર્ય તેણે પ્રાપ્ત કર્યું હતું તેવું જ ઉન્નત અને સમૃદ્ધ તેનું આધ્યાત્મિક જીવન હતું. ભગવાન મહાવીરનો મંગળ ઉપદેશ તેના જીવનના તાણેવાણે વણા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલો હતો.

અભયકુમાર હમેશાં પ્રાતઃસમય નિયમિત ધ્યાન, પ્રભુસ્મરણ આદિમાં અમુક વખત વ્યતીત કરતો. તેમ નિત્ય નિયમ કદી ન ચૂકતો. રાજ્યકાર્યમાં પોતાનું કર્તવ્ય બજાવવા છતાં જગતની માયા–જાળથી તેની શુદ્ધ આંતરદૃષ્ટિ વિચલિત ન બનતી.

અભયકુમારનો એક મિત્ર તેને હમેશાં કહેતો, 'રાજ્યખટપટમાં અટવાયેલો મનુષ્ય અલ્પ સમય પ્રભુસ્મરણમાં ગાળી તેમાંથી શાંતિ મેળવી શકે કે આત્મોન્નતિ સાધી શકે ખરો ?'

અભયકુમાર આનો સ્પષ્ટ પ્રત્યુત્તર આપતો: 'ગૃહસ્થાશ્રમમાં રહી ગૃહસ્થધર્મનું પાલન કરવું અનિવાર્ય છે, છતાં સાધ્ય વસ્તુ તરફ દૃષ્ટિબિંદુ સ્થિર રહે, તોપણ આત્મસિદ્ધિ સાધી શકાય છે.'

પેલા મિત્રને આ દલીલ રુચતી નહિ; તેથી તેને બોધપાઠ આપવા એક દિવસ અભયકુમારે મિત્રને કહ્યું: 'મારા ઉપરના તારા ખોટા આક્ષેપો માટે હું તને દેહાંતદંડની શિક્ષા કરું છું.' અભયકુમારની વાત સાંભળી તેનો મિત્ર તો વ્યગ્ર બની ગયો, મુખ ઉપર વિષાદની છાયા પથરાઈ, ગાત્રો શિથિલ બની ગયાં અને ગભરાટમાં બોલ્યો: 'પ્રધાનજી ! મારી ભૂલ થઈ. મેં આપની અયોગ્ય નિંદા કરી; પરંતુ તેને માટે હું પસ્તાઉં છું. મને ક્ષમા કરો.'

અભયકુમારે કહ્યું: 'મિત્ર, એક કામ કરે તો હજુ પણ તું બચી શકે એમ છે.'

'તે શું ?' જીવનની આશાથી મિત્રના મુખમાંથી એકદમ શબ્દો સરી પડયા.

'જો, આવતી કાલે તારે ઘીથી પરિપૂર્ણ વાટકાને એક થાળીમાં મૂકી, થાળી હાથમાં લઈ શહેરના મુખ્ય રસ્તાઓમાંથી પસાર થઈ શહેર બહાર જવું. પરંતુ એટલો ખ્યાલ રાખવાનો કે વાટકીમાંથી ઘીનું એક પણ બુંદ થાળીમાં ઢોળાવું ન જોઈએ. કાર્ય સફળતાપૂર્વક થયે તને મારા તરફથી અભય છે, નહિતર મૃત્યુ નિશ્ચિત છે.'

દરેક સુખની આકાંક્ષા રાખે છે અને મૃત્યુથી ભય પામે છે. અભયકુમારના મિત્રે તેની શરત મંજૂર કરી અને છુટકારાનો દમ ખેંચ્યો.

બીજે દિવસે નક્કી થયા પ્રમાણે મિત્ર ઘૃતપાત્ર થાળીમાં રાખી અભયકુમારના માણસો સાથે ઘેરથી નીકળ્યો. અત્યારે તેની સર્વ દુનિયા વાટકી અને ઘીમાં જ સમાઈ ગઈ હતી. બહારની દુનિયા સાથેનો તેનો સંપર્ક અત્યારે બધી રીતે તૂટી ગયો હતો. તે કાળજીપૂર્વક ડગલાં ભરતો હતો. એમ કરતાં તે સર્વ રસ્તા ફરી વળ્યો. ત્યારબાદ તે અભયકુમાર પાસે આવ્યો અને ઉત્સાહપૂર્વક કહેવા લાગ્યો: 'પ્રધાનજી ! રસ્તામાં ઘીનું એક ટીપું પણ પડવા દીધું નથી. હવે આપના વચન પ્રમાણે મને મુક્ત કરો.'

અભયકુમારે કહ્યું: 'સારું કર્યું, તમારા પ્રાણ બચ્યા તેથી હું પણ હર્ષ પામું છું પરંતુ તમે રસ્તામાં શું શું જોયું તે તો જરા કહો.'

'મિત્રવર્ય ! મેં કાંઈ જ જોયું નથી. મારું સમગ્ર ચિત્ત કેવળ ઘી અને પાત્રમાં કેંદ્રિત થયું હતું. મને તેની જ ચિંતા હતી. તેથી હું બહારની દુનિયાને તો તદ્દન ભૂલી ગયો હતો.'

અભયકુમાર બોલ્યો: 'બસ આજ તો મારી કાર્યશક્તિનો જવાબ. સાચો બોધ મળવો બાકી રહ્યો છે શું ?' મિત્ર ચૂપ થઈ ગયો.

*

એ જ અભયકુમારની બીજી વાત છે. એક વખત એક પ્રસંગ બન્યો. રાજ્યમંડળમાં આ ભેળા મળ્યા હતા. વાતોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતી હતી. વાતમાં વાત નીકળતાં ઉપમંત્રીએ કહ્યું: ‘આજકાલ માંસ સસ્તું થયું છે,’ બીજાએ અવાજ પુરાવ્યો, ‘બરાબર છે. ખાવાની લહેજત પણ ખૂબ આવે છે.’

અભયકુમાર ત્યાં બેઠેલો હતો. આ સાંભળી તેનું દિલ કકળી ઊઠ્યું. તેનો એ સિદ્ધાંત હતો કે ‘જીવન જેવું મને પ્રિય છે, તેવું દરેક પ્રાણીને છે તો કોઈનું જીવન નષ્ટ કરવાનો મને શો અધિકાર છે?’ તેણે કાંઈક વિચાર કરી લીધો.

બીજે દિવસે સવારમાં વહેલા ઊઠી અભયકુમાર ઉપમંત્રીને ઘેર ગયા. તેમને અચાનક આવેલા જોઈ ઉપમંત્રી આશ્ચર્ય પામ્યો અને યોગ્ય સ્વાગત કરી આવવાનું કારણ પૂછ્યું. અભયકુમારે ગંભીર અવાજે કહ્યું. ‘ગઈ કાલે રાત્રે મહારાજા શ્રેણિકને દર્દ ઊપડ્યું છે, વૈદ્યોએ આખી રાત ઉપચારો કર્યા છતાં મહારાજાને જરા પણ શાંતિ થઈ નથી. વૈદ્યે કહ્યું છે કે મહારાજાનું દર્દ દૂર કરવાનો એક જ ઉપાય છે. કોઈ જીવતા મનુષ્યની છાતીમાંથી એક તોલો માંસ કાઢીને તેમને ખવડાવવામાં આવે તો તુરત આરામ થાય.

મહારાજાએ મને આપની પાસે ખાસ મોકલ્યો છે, આપ રાજ્યના અને મહારાજના વફાદાર અને વિશ્વાસુ મંત્રી છો; તેથી હું ધારું છું કે મહારાજા માટે આપની છાતીમાંથી એક તોલો માંસ આપ સહર્ષ કાઢી આપશો. તેના બદલામાં આપને અઢળક દ્રવ્ય મળશે.’

ઉપમંત્રી તો વાત સાંભળી ઠંડો જ થઈ ગયો. પૃથ્વી પોતાના પગ નીચેથી સરકતી હોય તેમ લાગ્યું. તેણે વિચાર કરીને જવાબ આપ્યો: ‘મંત્રીજી! આપનું કહેવું સત્ય છે, હું મારો જાન દેવા તૈયાર છું, પરંતુ એક જ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે કે મારી પત્ની બીમાર રહ્યા કરે છે, તેવી સ્થિતિમાં મારાં બાળકોની મારા મૃત્યુ બાદ સંભાળ કોણ લઈ શકશે? માટે કૃપા કરી આપ આપણા અર્થમંત્રી પાસે આ માગણી કરો તો સારું; પરંતુ મહારાજાને આ વાતની જાણ ન થાય એવું કરશો.’

અભયકુમારે કહ્યું, ‘ઠીક છે. હું અર્થમંત્રી પાસે જાઉં છું.’ એમ કહી તેઓ ચાલ્યા ગયા; અને અર્થમંત્રીની પાસે પણ તે જ માગણી કરી, પરંતુ તેમણે પણ કોઈ એવું જ બહાનું આગળ ધર્યું. આ પ્રમાણે તેણે સર્વની પરીક્ષા કરી લીધી; પરંતુ કોઈ પણ મંત્રી માંસ આપવા તૈયાર થયો નહિ.

ત્યારબાદ તેમણે સર્વ મંત્રીઓને બોલાવી કહ્યું: ‘મેં તો તમારી પરીક્ષા કરી હતી. તમે સર્વ કહો છો કે માંસ સસ્તું છે તો અઢળક દ્રવ્ય આપવા છતાં તમે કોઈ એક તોલો પણ માંસ આપવા તૈયાર કેમ થયા નહિ? અથવા કહો કે અન્યનું માંસ સસ્તું છે, આપણું નહિ. જીભના જરા સ્વાદ માટે બિચારાં અનેક નિર્દોષ પશુપક્ષીનું જીવન છીનવી લેવું એ મોટામાં મોટો ગુનો છે.’ આ પ્રસંગ પછી સર્વ મંત્રીઓએ માંસાહારનો ત્યાગ કર્યો.

*

એક મહાત્મા વિહાર કરતા ચાલ્યા જતા હતા. રસ્તામાં એક નાની ઝૂંપડીમાં એક વૃદ્ધ સ્ત્રી જીર્ણ વસ્ત્રોમાં બેઠેલી હતી. તેણે મહાત્માને જોયા, અને હર્ષ પામી તેમને પોતાની ઝૂંપડીમાં પધારવા કહ્યું. મહાત્મા તેની ભક્તિથી આકર્ષાઈ ઝૂંપડીમાં ગયા.

તે સ્ત્રીએ કહ્યું: ‘મહાત્મન્! મારી પાસે આપને આપવા યોગ્ય કોઈ જ વસ્તુ નથી, હું ગરીબ છું, છતાં મારી આ ગોદડીની હું આપને ભિક્ષા આપું છું, આપ તેનો સ્વીકાર કરવાની કૃપા કરો.’

મહાત્માએ તેની કંગાલ દશા જોઈ, જરા વિચાર કરી ગોદડીનો અસ્વીકાર કર્યો. તેમણે

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

વિચાર્યું: 'આ વૃદ્ધ સ્ત્રીને ટાઢથી પોતાના શરીરનું રક્ષણ કરવા માત્ર આ એક જ ગોદડી છે, તેનો હું કેવી રીતે સ્વીકાર કરી શકું?' એટલે કહ્યું: 'બહેન! મારે ગોદડીની જરૂર નથી, અમે ત્યાગી પુરુષો જરૂરથી વધારે વસ્તુઓ રાખતા નથી.'

પેલી સ્ત્રી તો વાત સાંભળી એકદમ ગળગળી થઈ ગઈ અને તેની આંખમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. મહાત્માએ તુરત ગોદડીનો સ્વીકાર કરી લીધો.

મહાત્માએ હવે ગોદડી પોતાના શરીર ઉપર ઓઢી લીધી. આગળ જતાં એક શહેર આવ્યું. ત્યાંના રાજાને મહાત્મા પધાર્યાના સમાચાર મળતાં દર્શન કરવા આવ્યા. રાજાએ પૂછ્યું: 'મહાત્માજી! મારા જેવા રાજાના ગુરુપદે આપ બિરાજો છો છતાં આપને ઓઢવા માટે કોઈ સારી શાલ પણ નથી? આ ગોદડીની આપને કોણે ભિક્ષા આપી? પધારો મારા મહેલમાં, હું આપને ગરમ શાલ આપું!'

મહાત્માએ કહ્યું: 'રાજન્! ખરેખર શું તમે મારી સેવા કરવા જ ઇચ્છો છો?'

રાજાએ કહ્યું: 'હા મહારાજ! એથી વધારે મારું શું સદ્ભાગ્ય હોય!'

મહાત્માએ કહ્યું: 'રાજન્! અમારા જેવા ત્યાગીઓને સેવાની ઓછામાં ઓછી અપેક્ષા રહે છે, પરંતુ સાચી સેવા તો એ છે કે ત્યાગી પુરુષો જે ઉપદેશ આપે તેને તમે વર્તનમાં ઉતારો. તમારા જ રાજ્યમાં અનેક કંગાળ, દુઃખી અને દીનહીન મનુષ્યો પડેલાં છે, તેની સેવા કરો, તેમાં અમારી સેવા સમાઈ જાય છે. તમે જે ગોદડીની વાત કરો છો તે મને એક અત્યંત દરિદ્ર વિધવા સ્ત્રી તરફથી ભિક્ષામાં મળી છે. સેવા કરવી હોય તો એવા દરિદ્રો ઘણા પડ્યા છે. દ્રવ્યનો સદ્વ્યય કરો.'

મહાત્માની વાત સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો. 'શું મારા રાજ્યમાં આવા દરિદ્રો પડયા છે અને મને ખબર પણ નથી?' તુરત જ તેણે પેલી સ્ત્રીને સહાયતા પહોંચાડી અને ત્યારથી તે ખુદ અવારનવાર ગરીબોની ખૂબ સંભાળ લેવા લાગ્યો.

×

શ્રીમદ્ રાજચંદ્ર વિષે એક મુનિમહારાજના વ્યાખ્યાનમાં સાંભળ્યું હતું કે ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં જ્યારેજ્યારે તેમને વ્યાપારાદિ કામમાંથી નિવૃત્તિ મળતી ત્યારે ત્યારે તેઓ તત્ત્વચિંતનમાં લાગી જતા.

એકદા શ્રીમદ્ રાજચંદ્રે કોઈ વ્યાપારી સાથે અમુક ઝવેરાત ખરીદવાનો સોદો નક્કી કર્યો. તે વ્યાપારી બહુ શ્રીમંત ન હતો; પરંતુ એક જગ્યાએથી માલ ખરીદી બીજી જગ્યાએ વેચી દેતો અને તેમાં પોતાનો થોડો નફો મેળવી લેતો. એવું બન્યું કે તે સોદો નક્કી થયા બાદ બીજે દિવસે કોઈ કારણવશાત ભાવમાં એકદમ ઉછાળો આવ્યો.

શ્રીમદ્ને તે વાતની જાણ થતાં તેઓ એકદમ તે વ્યાપારીને ત્યાં ગયા. પેલો વ્યાપારી માલના ભાવો વધી ગયાથી ગભરાયેલો હતો. કારણ ગઈકાલનો નક્કી થયેલા સોદાનો માલ ખરીદીને આજે તેણે શ્રીમદ્ને આપવાનો હતો. તેમાં તેને મોટું નુકસાન જાય તેમ હતું.

શ્રીમદે વ્યાપારીને કહ્યું: 'માલના ભાવ ઊંચા ગયા છે, તેથી તમને મારી સાથેના સોદામાં મોટું નુકસાન જાય એમ છે; માટે હું તે સોદો રદ કરું છું.'

વ્યાપારીની આંખમાં અશ્રુ આવી ગયાં.

★

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક :
અધ્યા. ભૂપેન્દ્ર ઉપાધ્યાય
એમ. એ.

શેવંતી

'સંતોષી નર સદા સુખી' કહેવાયો છે, પરંતુ દિવ્ય અસંતોષ વિના જગતની ક્યારે ય પ્રગતિ થઈ છે ખરી? શું સારું, સામાન્ય રીતે જિવાયેલું લાંબું આયુષ્ય કે તારાની જેમ ઝબકીને થોડાક જ સમયમાં વિલીન થતું તેજસ્વી જીવન? રૂપકરૂપે યોજાયેલા આ નાટકમાં એનો ઉત્તર મળી રહે છે.

[એક રમણીય ઉદ્યાન છે, જાણે કે નાની અમથી દુનિયા. એમાં પુષ્પફૂલો છે, લત્તાઓ, વૃક્ષો અને નાનાનાના શેવંતીના છોડ છે. ચાલો. એમની દુનિયાની પણ વાતો સાંભળીએ.]

પુષ્પ : શેવંતી! ઓ શેવંતી!

શેવંતી : (અવગણતી) કેમ, શું છે?

પુષ્પ : શેવંતી! તું આજકાલ ભારે વિચારમાં હોય એમ લાગે છે. નહિ કોઈ સાથે બોલવું કે નહિ ચાલવું. અનિલની સાથે ઘડીભર મસ્તી-તોફાન કરવાનું પણ શું તને મન નથી થતું?

શેવંતી : બહેન! જીવન જ જયાં અપૂર્ણતાથી નિરસ બની ગયું હોય ત્યાં આનંદ કેવો ને તોફાન કેવાં?

પુષ્પ : કેમ એમ કહે છે? આપણા જીવનમાં એવી તે શી અપૂર્ણતા તને લાગે છે?

શેવંતી : અરે! આપણું તે કાંઈ જીવન છે? વિશાળ જગતમાં બીજી વનસ્પતિ કેવા વિસ્તારથી વાતાવરણને છાઈ દેતી પડી છે! રાહદારી મુસાફરો ઉપર ઉપકાર કરે જાય છે, પેલો બટમોગરો એની પાંખડીએ, પાંખડીએ સૌન્દર્ય રેલી રહ્યો છે! આસમાન તરફ ઊંચે ને ઊંચે વધતી નારિયેળીનું સૌભાગ્ય કોઈ આપણને થોડું મળવાનું છે? એ બધાંનાં જીવન કેવાં મહાન ને ઉન્નત? ક્યાં એ ને ક્યાં આપણે!

પુષ્પ : તું ભૂલ કરે છે શેવંતી! એ બધાંની જેમ આપણે પણ આપણું વિધિનિર્મિત કર્તવ્ય કરી જઈએ છીએ. આપણે પ્રગટાવેલી સૌરભ કાંઈ ઘડી બે ઘડીમાં વિલીન નથી થઈ જતી.

શેવંતી : બહેન, એવો સંતોષ ધારણ કરીને બેસી રહેવાનું મારા ભાગ્યમાં નહિ હોય! ને એમ બેસી રહેવામાં જીવનનો ઉલ્લાસ પણ ક્યાં? આ લઘુતાને લઈને અવતરવું, વામનસ્વરૂપ ધારણ કરી ધરતીના ખોળા ઉપર પડ્યા રહેવું, પવનમાં જરા મંદમંદ કંપવું ને પાનખર આવે એટલે વળી પાછાં વિલીન થઈ જવું! એવું એ રેઢિયાળ જીવન બહેન મને તો કોરી ખાય છે! કયે મોઢે ને ક્યાં જઈ આનંદ માણી શકાય! અપૂર્ણો માટે તો દુનિયામાં આનંદ જ નથી.

પુષ્પ : એ તો બધાં તારા મનમાં રચેલાં જાળાં છે, જાળાં. જોજે, તું જ એમાં સપડાઈ ન જાય. પૂછ આ ગુલાબને.

ગુલાબ : શેવંતીને આજે ઘણે દિવસે બોલતી સાંભળી એટલે થયું કે લાવને હું પણ વાત સાંભળું. કેમ શું છે શેવંતી?

શેવંતી : ગુલાબ! આ સૌમાં હું ભારે કમનસીબ છું. તમારી બધાંની સરખામણીમાં અમારું શેવંતીનું સ્થાન કેવું હલકું છે! પ્રકૃતિએ આ લઘુતા ને દીનતા અમારે માટે સરજી રાખ્યાં છે. બસ, માત્ર ધરતીની ગોદ ઉપર પડયાં રહેવાનું. તમે કેવાં પૂર્ણ વિકસિત બની, મોટા એવા છોડની ટોચ ઉપર ખીલીને વાતાવરણને રળિયામણું કરી મૂકો છો! તમારી માફક ભૂરા આકાશ અને તેજસ્વી સૂર્ય તરફ મારે નજર પણ નાખવાની નહિ...રે...!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલાબ: (હસીને) હા... કેવી વિચિત્ર વાત તું કરે છે! તું તો ભારે નસીબદાર છે, છતાં તારું ભાગ્ય તું સમજી શકે એમ લાગતું નથી. કોઈને નથી દીધાં એવાં રૂપ ને સૌરભ પ્રકૃતિએ તને દીધાં છે. કેવું નમણું રૂપ! આવાઆવા તારા વિચારો કાઢી નાખ ને સંતોષ ધારણ કર. યાદ રાખજે કે જેઓ નમ્ર છે તેઓ જ ઉન્નતિ પામે છે. જેઓ ઊંચે ચઢયા છે તેમને માટે પતનનો ભય પણ તેટલો જ નિશ્ચિત હોય છે.

શેવંતી: ગુલાબ! હું જે માટે ઝંખું છું તે તેં પ્રાપ્ત કરી લીધું છે, એટલે તું મને આશ્વાસન આપી શકે છે; ને એમ કરીને, તું તારી મોટાઈ મારી આગળ બતાવે છે. પણ ભાગ્યવાનોના ઉપદેશ કમનસીબો માટે સદાય દુઃખભર્યા હોય છે. સબળ નિર્બળોની વચ્ચે સલાહકાર તરીકે ઊભા હોય છે, ત્યારે એના બળની કાંઈ સીમા જ નથી રહેતી.

ગુલાબ: ઠીક છે. ઓ...આ પ્રકૃતિમાતા આવ્યાં.

બધાં સાથે: પ્રણામ! પ્રકૃતિમાતા પ્રણામ!

પ્રકૃતિ: વત્સો! શુભાશિષ. મેં તમારી વચ્ચેનો વાર્તાલાપ સાંભળ્યો છે. ને દીકરી શેવંતી, તને શું થયું છે? આજસુધી તો તેં તારી નમ્રતા ને મીઠાશ કદી ત્યજ્યાં હોય એવું મેં જોયું નથી. લોભે તારા ચિત્તમાં પ્રવેશ કરી તને ભાનભૂલી તો નથી કરી દીધી ને?

શેવંતી: ના માતાજી, એવું કાંઈ નથી. પોતાની અપૂર્ણતાને પૂર્ણ કરવાની મહેચ્છા સેવવી એ લોભ કહેવાય કે નહિ એની મને ખબર નથી. આજુબાજુ રહેલાઓનાં વિરાટ જીવન જોવાં ને પોતાના વામનજીપણામાં સંતોષ માની પડી રહેવું અત્યંત દુષ્કર લાગે છે, એટલું જ હું જાણું છું, માતાજી!

પ્રકૃતિ: પણ એ તો દરેકને પોતાની મર્યાદા રહેવાની. વિશાળકાય હાથી પક્ષીઓની માફક ગગનમાં વિહાર નહિ કરી શકે. વનરાજ સિંહ સાગરના મત્સ્યની માફક જળમાં ઊંડાણ માપવા જાય તો એનું આવી જ બન્યું જાણવું! લીમડાનાં ફૂલો શેવંતીની જેમ ભગવાનને ચરણે પોતાની સૌરભ થોડી જ મૂકી શકવાનાં છે?

શેવંતી: માતાજી, એવાં આશ્વાસન ન આપો. જગન્નિયંતા મહત્તાનું સર્જન કરે છે એમ હું નથી માની શકતી. પોતાની મર્યાદાથી પાર જવું એમાં જ સાચી મહત્તા સમાયેલી છે. ખાબોચયામાં પડેલું પાણી વરાળ બની ગગનમાં વિહાર કરે છે ને પછી વર્ષારૂપે કોઈ ખેતરમાં વરસી તેને ધનધાન્યથી સમૃદ્ધ કરી દે છે. કેવી વિવિધતાભરી મહત્તા! અમારું તો જીવન જ શુષ્ક અને નમાલું.

પ્રકૃતિ: શેવંતી, તું નહિ સમજે?

શેવંતી: માતાજી, સમજવાનું કાંઈ નથી. તમે આવ્યાં છો તો એક પ્રાર્થના જ કરી લઉં. ઓ કૃપાળુ પ્રકૃતિમાતા! બસ, એક દિવસ માટે મને ગુલાબનું પુષ્પ બનાવી દો. હું એ માટે તમને હાર્દિક પ્રાર્થના કરું છું.

પ્રકૃતિ: તું શું માગે છે એનું તને ભાન નથી. તારી અંધ મહેચ્છાની પાછળ છુપા- યેલી ભયાનક આપત્તિઓથી તું અણજાણ છે. ગુલાબ બનવાનું તને ભારે પડશે ને પછી પસ્તાવો કરવાથી કાંઈ વળવાનું નથી.

શેવંતી: પ્રકૃતિમાતા મને એક પૂર્ણ વિકસિત ગુલાબ બનાવી દો. જે થવાનું હો તે થાવ. મારી તો બસ એ જ એક ઇચ્છા છે.

પ્રકૃતિ: તથાસ્તુ!!!

*

[ને... પછી તે જ સંધ્યાકાળે ભયંકર વાવા- ઝોડું થાય છે. ઉદ્યાનની દુનિયામાં ખળભળાટ મચી જાય છે. ઝંઝાનિલ મોટાંમોટાં વૃક્ષોને જડમૂળથી ઉખેડી નાખે છે. ગુલાબ જેવાં છોડનું તો નામ- નિશાન રહેવા પામતું નથી. આમાંથી માત્ર ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...ય છે, ખૂબ જ નાનાનાના શેવંતી સમા પુષ્પ-...ડા...]

એક પુષ્પ: ગજબ થયો! ભારે ગજબ થયો!! હા! કેવું ભયાનક તોફાન!!!

બીજું પુષ્પ: ખૂબ ભયંકર! ક્રોધી આકાશે આપણા ઉદ્યાન તરફ હુમલો કર્યો... અરે! જુઓ, જુઓ, આ મોટા છોડવા કેવા જમીન ઉપર આડા પડી ગયા છે, કદાચ મૃત્યુ પણ પામ્યા હશે. કોમળ પુષ્પોની પાંદડીઓ કાદવમાં રગદોળાઈ ગઈ! ને આ મોટામોટાં વૃક્ષો ડાળીઓ હલાવતાં રોફ બતાવતાં હતાં, ડાળીઓ તૂટી પડતાં હવે એ શું કરશે? બિચારાં!...

ત્રીજું પુષ્પ: (હાસ્ય કરતાં) હા...હા ...ઝંઝાવાતે ફૂલોની ને વૃક્ષોની શી દશા કરી નાખી છે તે તો જુઓ.

પહેલું પુષ્પ: આપણે નાનાં છીએ, ધરતીમાતાની ગોદમાં રહીએ છીએ છતાં આકાશના કોપથી આપણે ઊગરી ગયાં! ભારે નસીબદાર!

બીજું પુષ્પ: અરે! આપણી લઘુતાને કારણે ઝંઝાનિલ આપણને સ્પર્શી પણ ન શક્યો.

ત્રીજું પુષ્પ: ભાઈ! નાના થવામાં જ મઝા છે...નાના રહેવામાં જ મઝા છે...

પહેલું પુષ્પ: ખરી વાત છે. જુઓને પેલી શેવંતી, ગુલાબ થવા ગઈ તે એની શી દશા થઈ છે તે! એ બિચારું ગુલાબ, કાદવમાં રગદોળાતું પડ્યું છે, જાણે કે રણક્ષેત્રમાં ઘવાઈને સૈનિક ન પડ્યો હોય!

બીજું પુષ્પ: લો...આપણાં પ્રકૃતિમાતા આવ્યાં ને!

પ્રકૃતિ: (ઉપદેશાત્મક રીતે) વહાલાં બાળકો! આ તોફાનનો ઉપદેશ પણ સમજવાનો છે. તમે સૌ આમ આવો ને લોભીની શી દશા થાય છે તે જુઓ...

બીજું પુષ્પ: કોણ માતાજી, પેલી શેવંતીને?

પ્રકૃતિ: હા, શેવંતીમાંથી ગુલાબ બનવા ગયેલી એ લોભિયણની સ્થિતિ જુઓ અને એના ઉપર વિચાર કરો...તમે નાનાં છો એથી જરાય મૂંઝાશો નહિ. આ પ્રસંગ તમારા મહદ્ ભાગ્યનું સદાય સ્મરણ બની રહો!

શેવંતી: (નિર્બળ અવાજે) એ કોણ બોલ્યું? શુષ્ક અને અશક્ત લોકો સદાય આવા ઉપદેશોના ખાબોચિયામાં જ સડયા કરવાના, તમે વામનજીઓ, મહત્ત્વાકાંક્ષીઓની મહત્તા પામી પણ ક્યાંથી શકવાના હતા? હું...

પહેલું પુષ્પ: છેલ્લા શ્વાસ ચાલે છે, તોપણ હજુ એનું અભિમાન ઓછું થયું હોય એમ લાગતું નથી.

શેવંતી: (નિર્બળ અવાજે) હા......... અભિમાન! એ અભિમાન નથી એ વાત તમારી ટૂંકી બુદ્ધિ નહિ સમજી શકે! મારી જે દશા થઈ છે તેની કૃપા કરીને દયા ન ખાશો. તમે જેને મૃત્યુ ગણતા હશો તે તો મારે મન વિજયનું સિંહાસન છે.

બીજું પુષ્પ: વિજયનું સિંહાસન? નવી વાત કહી તેં તો!

શેવંતી: તમારું એ કમનસીબ છે કે તમને એ વાત નવી લાગે છે, પણ પૂછો છો તો કહું......તમે સૌ સંતોષી અને પ્રમાદી છો......મને કદી પણ ઝંઝાવાતનો ભય લાગ્યો નથી. ગઈ કાલ સુધી હું પણ તમારી જેમ સંતોષથી, એદીની જેમ પડી હતી, પણ મારો એ સંતોષ જીવનની મઝા આડેના પડદા જેવો હતો. ભયની મારી ધરતીને બાઝી રહી હું પણ તમારી માફક જીવન ગાળી શકત ને પાનખરની વાટ જોયા કરત. આજે ભલે હું મૃત્યુમાંથી છટકી

...In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શકત, પણ પાનખરની સાથે આવતા મૃત્યુથી, થોડું છટકી શકાવાનું હતું?... તમારે માટે પણ પાનખરે આણેલું એ મરણ નિશ્ચિત જ છે એ માનજો......આજે હું પરમાનંદમાં ગુલતાન છું; કારણકે મારા મર્યાદિત જીવનની પાર જઈને વિશ્વના રહસ્યમય પ્રદેશમાં મેં પ્રવેશ કર્યો છે જે તમે નથી કરી શકયાં......રાત્રિની શાંતિમાં મેં અંતરનો સ્વર્ગીય અવાજ સાંભળ્યો, કે મહત્તર સ્થાન પ્રાપ્ત કરવામાં જ જીવનની સાર્થકતા છે, ને બસ, ત્યારે મારા આત્માએ બળવો પોકાર્યો, હૃદયમાં તીવ્ર ઇચ્છા જાગી આવી કે મારા મર્યાદિત જીવનની સપાટીથી ઉન્નત, એવું સ્થાન મારે પ્રાપ્ત કરવું. તે જ ક્ષણે મેં મારી લઘુતા સામે યુદ્ધ આદર્યું. મારી ઝંખનાનું મહાન શક્તિમાં રૂપાંતર થયું ને સ્વપ્નોની સ્વામિની કુદરતે મારી ઇચ્છા પાર પાડી...એના જાદુઈ સ્પર્શથી શેવંતી-માંથી ગુલાબના પુષ્પમાં મારું પરિવર્તન થયું......

[થોડીવાર મૌન પછી પડી ગયેલા છતાં ગૌરવભર્યાં સાદે]

ઘડીભરને માટે પણ ગૌરવભર્યા ગુલાબની મહત્તાને હું પ્રાપ્ત કરી શકી છું એ મારું મહદ્‌ભાગ્ય છે. સામ્રાજ્ઞીની છટાથી એ પળો દરમિયાન હું જીવી છું. ગુલાબનાં ચક્ષુએ મેં વિશ્વનું દર્શન કર્યું, ગુલાબના કર્ણોએ મેં ગગનની છૂપી વાતો સાંભળી. ગુલાબની પાંદડીઓ બની, મેં પ્રકાશનાં કિરણોનો સ્પર્શ કર્યો છે. તમારામાં કોઈ એવું છે ખરું, જે આમ કહી શકશે?......

પહેલું પુષ્પ : શેવંતી, શેવંતી, તું શાંતિ રાખ... જુઓ ને હવે તો એનું, બિચારીનું માથું પણ ઢળી ગયું લાગે છે....

શેવંતી : (રૂંધાતા અવાજે) બસ...હવે હું વિલીન થઈ જઈશ...મારા આત્માએ એની ઝંખનાને સંતોષી લીધી છે...જ્યાં જન્મ થયેલ એ નાનકડા ખાડામાંથી, વિશાળ જગતમાં વિસ્તાર પામીને મેં જ્ઞાન મેળવી લીધું છે......જીવનનો આ...જ...રાહ છે... એ જ એની ગતિ છે...જીવ...ન...નું આ જ રહસ્ય....છે....

પહેલું પુષ્પ : રામ! રામ! રામ! એની પાંખડીઓ ધીરેધીરે બિડાઈ રહી છે....બસ ...એના પ્રાણ હવે ઊડી ગયા....પણ રે! જુઓને એના મુખ ઉપર તો સ્મિત જણાય છે....

બીજું પુષ્પ : હા, એ તો આશા અને જીવનના હેતુની પ્રાપ્તિનું સ્મિત!

ત્રીજું પુષ્પ : હા...હા...એ તો વિજયનું સ્મિત છે!

પ્રકૃતિ : એ ખરું....પણ એ ઉપરાંત એ તો ભગવાનનું સ્મિત છે! *

* ખલિલ જિબ્રાનના એક ગદ્યખંડ ઉપરથી સૂચિત

★

કોઈની પાસે માગીભીખીને ખાતાં જેને શરમ લાગે છે તેવી જ શરમ આપણી શક્તિ છતાં પુસ્તકો
માગવામાં થવી જોઈએ. પોતાના આનંદવૈભવમાં જે પ્રજા પુસ્તકો—અને પુસ્તકાલયોનો સમાવેશ કરે છે તે
પ્રજા કોઈક દિવસ પણ જ્ઞાનની સાચી પિપાસા ધરાવનારી થઈ શકે છે. ગૃહસજાવટમાં જે સ્થાન
અરીસાનું છે તે સ્થાન પુસ્તકને મળવું જોઈએ.

×

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લેખક :

શ્રી માર્તંડરાય શિવભદ્ર પંડયા

બી. એસસી. બી. એજી.

નાળિયેરી

લગ્નોત્સવ તથા અન્ય ધાર્મિક માંગલિક પ્રસંગે વપરાતા શ્રીફળની જનેતા સંસ્કૃત ભાષામાં 'કલ્પતરુ'ની ઉપમા પામે તે કેટલું બધું સૂચક છે! નાળિયેરના એકેએક અંગ-થડ, પાંદડાં, પાનના રેસા, એનું ફળ, કાચલી પરનાં છાતરાં માનવીના ઉપયોગમાં આવે છે તથાપિ આ ઉપયોગી વૃક્ષની પૂર્ણ માહિતી કોને છે? એની જાતો, જુદાં-જુદાં જન્મસ્થાનો, એની માવજત કરવાની કળા તથા એના ઉપદ્રવી અંશો પર લેખકે ઊંડાણથી અહીં વિચાર્યું છે. ગુજરાતના સિમાડાના દરિયાકાંઠે વસતી પ્રજા તથા એના વાવેતર સાથે સંકળાયેલા સહુ કોઈને આમાંથી ઉપયોગી માર્ગદર્શન મળી રહેશે.

'કેળ, નાળિયેરી ને તાડ,
ધજા, વાવટા રૂપ એ ઝાડ!'

આઝાદ, હિંદના ધ્વજવંદનના આ સ્વતંત્ર દિવસોમાં આ ઊંચા, કુદરતી, ધજા, પતાકા, વાવટા જેવાં વૃક્ષો કેમ ભુલાય? તેમાં ય વળી શ્રીફળ જેવું પવિત્ર અને શુકનિયાફળ આપનાર તેમજ કોપરાં અને કોપરેલથી શરીર અને મનને તાજગી આપનાર કેમ જ વિસરાય?

મને યાદ છે, ઘણાં વર્ષો પર મારા એક મિત્ર ઘોડા પર પરણવા નીકળેલા. બન્ને હાથે નાળિયેર ઝાલેલું અને વરઘોડામાં ઘોડો દોરીને મિયાંભાઈ આવતા હતા. કંઈક થયું; ઘોડો જરા ભડક્યો; સહેજ કૂદ્યો; પરંતુ અપશુકનના ભયે આ મહાશયે નાળિયેર છોડ્યું નહિ; અને પરિણામે ઘોડા પરથી તેમની ઇચ્છા વિરુદ્ધ નીચે પટકાયા અને નાળિયેર પકડી રાખેલો હાથ ભાંગ્યો. વચમાં રોકાણ થયું. દાક્તરે આવી પાટો બાંધ્યો અને પાછા ઘોડે ચડ્યા. તેમને તો શ્રીફળના શુકન સાચવવા ભારે પડ્યા; નાળિયેર છોડવું પડ્યું અને તેમની માન્યતા પ્રમાણે આ અપશુકન એમને ઠેઠ સુધી નડ્યા. હાથ ભાંગ્યો અને આજે એ પતિપત્ની ગત થતાં સુધી 'કાગનું બેસવું ને તાડનું પડવું', તેમ કંઈ પ્રજા પણ પામ્યાં નહિ. 'શ્રી' મળી પણ 'ફળ' ના મળ્યું!

મતલબ કે આપણા હિંદીના–ખાસ કરીને હિંદુ તથા પારસીના–જીવનમાં આ વૃક્ષ કેટલું બધું મહત્ત્વનું સ્થાન ભોગવે છે! સંસ્કૃતમાં આ ઝાડને 'કલ્પતરુ' એટલે 'સર્વ ઈચ્છાપૂર્ણ કરનાર' વૃક્ષની ઉપમા મળી અને તેનાં ફળને શ્રીફળ કહ્યું અને દેવદેવીઓના પ્રસાદમાં તેમજ અનેક ધાર્મિક કાર્યોમાં એને અગ્રસ્થાન મળ્યું.

પુરાણમાં એવી પણ એક દંતકથા છે, કે ઋષિઓની બ્રહ્મા સાથે હરીફાઈ થઈ અને વિશ્વામિત્ર મુનિએ ભારે તપ આદર્યું અને બ્રહ્માનો ગર્વ ઉતારવા બીજી સૃષ્ટિ રચવા માંડી. તે વખતે બ્રહ્મા ગભરાઈને વિષ્ણુ પાસે ગયા અને તેમણે વિશ્વામિત્રને સમજાવી તેમનું કાર્ય આગળ ધપાવતા અટકાવ્યા. વિશ્વામિત્રે કબૂલ તો કર્યું પણ શરત કરી કે 'મારું આજસુધીનું કાર્ય નકામું ન જ જવું જોઇએ. તે હિસાબે આ બે આંખવાળાં માથાં (બે ટપકાંવાળાં છોલેલાં નાળિયેર) મેં બનાવ્યાં છે તેનું શું થાય?' 'તેને વનસ્પતિ–સૃષ્ટિમાં દાખલ કરી દેવામાં આવશે અને તે ફળ તરીકે **उच्चैरेव तरुफलं च विपुलम् ।** એવી નાળિયેરી પર લટકશે,' એવું વરદાન

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપીને તોડ કાઢ્યો ! તે વિશ્વામિત્રની બીજી સૃષ્ટિનાં માનવીનાં અપૂર્ણ માથાં તે આ નાળિયેર !

આ બધું જોતાં તે હિન્દનું ઘણું પ્રાચીન વૃક્ષ છે એમ કહી શકાય, છતાં તે મૂળ અમેરિકાથી અતિ પ્રાચીન સમયમાં એશિયા ખંડમાં આવ્યું છે એવો અમેરિકન નિષ્ણાતોનો શાસ્ત્રીય મત છે; કારણકે ત્યાં હાલ તેના વર્ગની સર્વ જાત તેમ જ તેની અનેક જંગલી જાતો મળી આવે છે. અનેક કારણોને લીધે આ મત ગ્રાહ્ય રાખવા જેવો ન હોય છતાં એ વિવાદમાં ન ઊતરતાં એટલું સ્પષ્ટ કરવું જોઈએ કે આર્યલોકો હિન્દમાં આવ્યા ત્યારે આ વૃક્ષ અહીં હતું જ અને તેનું મહત્ત્વ અને અનેક પ્રકારનો ઉપયોગ તેમને જલદી સમજાયાથી તેનો ઉપયોગ દરેક ધર્મકાર્યમાં થવા માંડ્યો. નાળિયેરને આ પ્રમાણે ધર્મકાર્યમાં, જન્મથી ખુશાલીનાં ગોળટોપરું અને છઠ્ઠીપૂજનનાં નાળિયેરથી માંડીને છેક મૃત્યુનાં ‘ શ્રીફળ લટકે ચાર ’– સુધી ક્યારે મહત્ત્વ મળ્યું તેનો સમય નક્કી કરવાનું કાર્ય પંડિતોનું છે.

વનસ્પતિશાસ્ત્રના ‘ પામેસી ’ કુદરતી વિભાગના આ વૃક્ષને ‘ કોકોસ નુસીફેરા ’ પામ કહેવામાં આવે છે, તે હિન્દી અને પેસીફીક મહાસાગરનું વતની ગણાય છે અને ઉષ્ણ કટિબંધમાં થાય છે. પરંતુ દરિયાઈ હવાથી દૂર થતું નથી. મોટી નદીઓના ભાગમાં, કેટલીક વાર દરિયાથી ૨૫૦ માઈલ દૂર થતાં જોવામાં આવે છે, પણ સાધારણ રીતે દરિયાથી ૫૦ કે ૬૦ માઈલ કરતાં વધુ અંદરના ભાગમાં થતાં નથી. તેનાં ઝાડ ૬૦થી ૯૦ ફૂટ ઊંચાં થાય છે અને થડનો ઘેરાવો નીચે જમીનના નજદીક ૩૧/૨ ફૂટનો અને મથાળે એક ફૂટ સુધીનો હોય છે. એનાં પાનની ડાળી ૧૫થી ૨૦ ફૂટ લાંબી હોય છે અને ઝાડ ૬થી ૭ વર્ષનું થતાં ફાલ આવવો શરૂ થાય છે. નાળિયેરીનાં ફૂલ જાડી પાંખડીવાળાં અને એલચીના દોડા જેવાં હોય છે. ઝાડ બરાબર ફળવા માંડે છે એટલે દર મહિને એક નવો પોટો કે ખોય આવે છે અને તેના પર પુસુંઠા નામનું જાળી જેવું ઢાંકણ હોય છે, નીકળ્યા પછી આશરે બે અઠવાડિયે તે આપોઆપ ઊઘડે છે અને અંદરથી ઝૂમખું બહાર આવે છે. તેમાં ઘણાં ફૂલ હોય છે. તેમાંનાં કેટલાંક ખરી પડે છે અને બાકીનાંનું ફલીકરણ થઈને ફળ બંધાય છે. એક વર્ષમાં ૧૦થી ૧૨ આવા ઝૂમખાં આવે છે અને સારાં ઝાડ પર ૧૫૦થી ૨૦૦ નાળિયેર આવતાં જાણ્યામાં છે.

નાળિયેરીની સાધારણ રીતે બે મુખ્ય જાત ગણાવી શકાય. ૧. મોહોની નાળિયેરી, આ જાતનાં શ્રીફળનું કોપરું જાડું અને સાકર જેવું મીઠું હોય છે અને ખાતી વખતે મોંમાં તેના કૂચા પડતા નથી; અને ૨. સાદી જાતનું કોપરું; મીઠાશવાળું હોતું નથી, અને તેની અનેક પેટા જાતિ છે. કુમળી સ્થિતિમાં કેટલાંક નાળિયેરનાં છોડાં લીલાં હોય છે, અને કેટલાંકનાં લાલ હોય છે. તેની જાતના પ્રમાણમાં તેનાં ફળનાં કદ અને આકાર પણ જુદાંજુદાં હોય છે. કેટલાંક સાફ ગોળ તો કેટલાંક લાંબાં, કેટલાંક નાનાં તો કેટલાંક મોટાં હોય છે, કેટલાંક બન્ને છેડે અણીદાર તો કેટલાંક એક બાજુ અણીવાળાં અને બીજી બાજુ બુઠ્ઠાં હોય છે. કેટલાંક ફળનું પાણી વધુ મીઠું હોય છે, તો કેટલાંકનું કોપરું મોળું હોય છે; કેટલાંકનું કોપરું જાડું તો કેટલાંકનું પાતળું હોય છે; ગરનાં રંગમાં પણ તદ્દન સફેદથી માંડી લીલાશ રંગ સુધીનાં મળી આવે છે; તેનાં છોડાં પણ (કાચલું) જાડાં-પાતળાં હોય છે. ગરનાં તેલનું (કોપરેલનું) પ્રમાણ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછુંવત્તું હોય છે. એમાંની થોડીક મુખ્ય પેટા જાતો નીચે પ્રમાણે છેઃ-

અ. લીલી નાળિયેરી–એનાં પાનની ડાળીઓ તથા ફળનો રંગ લીલો હોય છે.

આ. રાતી નાળિયેરી–એનાં ફળનો રંગ લાલ હોય છે.

ઇ. કીરમજી નાળિયેરી–એનાં કોપરાંનો તેમજ છોડાનાં રેસાનો રંગ રતૂમડો હોય છે.

ઈ. ગોળપત્ર નાળિયેરી–આ અતિ ઉત્તમ જાત છે. એનાં ફળનો આકાર સુંદર અને રંગ ઘેરો પીળો હોય છે.

ઉ. લાંબી નાળિયેરી–એનાં ફળ લાંબાં તથા તેની ધાર સ્પષ્ટ હોય છે.

ઊ. મોટી ગોળ નાળિયેરી–એનાં ઝૂમખાં મોટાં અને ગોળ હોય છે.

એ. તોલદાર નાળિયેરી–એનાં ફળ મોટાં ભારે અને જાડાં કોપરાંવાળાં હોય છે પણ સંખ્યામાં થોડાં જ થાય છે.

ઐ. ગોળાગરી નાળિયેરી–એનાં ઝૂમખાંમાં ફક્ત બે જ ફળ હોય છે અને તે કાળાશપડતા લીલા રંગનાં હોય છે.

ઓ. કાળી નાળિયેરી–એ ૨૦ ફૂટથી વધુ ઊંચી વધતી નથી. દેખાવમાં સુંદર; ફળ સોનેરી રંગનાં અને આકર્ષક હોય છે. લંકામાં બહુ થાય છે.

ઔ. ઠોટણુ નાળિયેરી–આ બટકી જાત હોઈ ૧૫ ફૂટથી ઊંચી થતી નથી.

અં. બ્રાહ્મણ નાળિયેરી–એનું પાણી ઘણું જ મીઠું હોઈ કોપરું બહુ જ પાતળું હોય છે.

આ બે જાત(ઔ. તથા અં.) સિવાય બટકી નાળિયેરી પણ આવે છે. સાધારણ રીતે બીજીને ફળતાં ૬થી ૮ વર્ષ લાગે છે, ત્યારે આ ઠીંગણી જાત ૨થી ૩ વર્ષમાં ફળે છે. 'બાણાવળી' અથવા 'ઠીંગકોકોની' જેવી કેટલીક બહુ ઠીંગણી હોય ત્યારે ફળ આવે છે. બીજી કેટલીકને ૯થી ૧૦ ફૂટની ઊંચાઈ સુધી આવતાં નથી.

આમ ઉપર પ્રમાણે નાળિયેરની અનેક પેટા જાતો તથા પ્રકાર હોવા છતાં એક બગીચામાં એક જ જાતનાં નાળિયેર મળશે એવું કહી શકાતું નથી; કારણકે તે દષ્ટિએ નાળિયેરી રોપવાની કોઈ જ ખટપટ કરતું નથી એટલે નાળિયેરીના બગીચામાં અનેક જાતનાં ફળ મળવાનો સંભવ છે. નાળિયેરીનું વાવેતર બીથી થતું હોવાથી અને તેનું આયુષ્ય લગભગ સો વર્ષ જેટલું લાંબું હોવાથી તેની જાત બહુ નથી. એ બાબત વાવેતરની નજરે બહુ મહત્ત્વની ગણાય છે.

આપણે જોયું તેમ નાળિયેરીનું વાવેતર ઉષ્ણ કટિબંધમાં બહુ જૂના વખતથી થતું આવ્યું છે. એનું મૂળસ્થાન સુમાત્રા પાસેનો કાકાસા બેટ હોવો જોઈએ; અથવા તો તે તરફના જાવા, સુમાત્રા વગેરે બેટોમાંથી ગમે તે એક બેટમાં નાળિયેરીની ઉત્પત્તિ થઈ હોવી જોઈએ, અને ત્યાંથી બીજે સ્થળે વાવેતર પ્રસર્યું હોય એવો સંભવ છે. લંકા-(સિલોન)માં પણ આમ બીજે કોઈ સ્થળેથી જ નાળિયેરી દાખલ થઈ હોવાનો સંભવ છે. તામીલ, મલાયલમ્ વગેરે દ્રાવિડી ભાષામાં નાળિયેર માટે જે શબ્દ છે તેનો અર્થ દક્ષિણ તરફનું ફળ એવો છે, એટલે સિલોન વગેરે દક્ષિણ તરફથી ત્યાં આવતું હોવું જોઈએ. ત્યાંથી જ મલબાર અને કોરોમાન્ડલ કિનારાથી ઉત્તર તરફ ગયું હોવું જોઈએ. નાળિયેરીનું વાવેતર અતિ જૂનું હોવા છતાં વેપારી દષ્ટિએ તેને માત્ર છેલ્લાં પચાસ વર્ષથી જ મહત્ત્વ પ્રાપ્ત થયું છે અને એનું વાવેતર ઉષ્ણ કટિબંધમાં થતું હોય તો પણ ફિલિપાઈન બેટમાં તે બહુ જ મોટા પ્રમાણમાં થાય છે. આખી દુનિયામાં

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેપાર માટે જેટલું કોપરું થાય છે તેનો ત્રીજો ભાગ આ ફિલિપાઇન બેટમાં થાય છે. કોપરું અને કોપરેલ (કોપરાંનું તેલ) એ બેનો ઉપયોગ જર્મની અને ફ્રાન્સના દેશોમાં પુષ્કળ થાય છે. તેની પેદાશ ડચ ઈન્ડીઝ, સ્ટેટ સેટલમેન્ટસ, ફિલિપાઈન બેટ, સિલોન, હિન્દ, ઝાંઝીબાર, મલાયા સ્ટેટસ, નિકોબાર, લખદીવ અને લાલદીવ બેટ વગેરે દેશોમાં મુખ્યત્વે કરીને થાય છે.

હિન્દમાં નાળિયેરીનું વાવેતર ત્રાવણકોર, મલબાર કિનારો, મદ્રાસનો પૂર્વ કિનારો, કારવારનો પશ્ચિમ કિનારો, કોંકણ, સૌરાષ્ટ્ર વગેરે ભાગોમાં બહુ છે. ગોદાવરીનાં મૂળ પાસેનાં નાળિયેર બહુ ઉત્તમ મનાય છે. સૌરાષ્ટ્રમાં ઘણા વખત પહેલાં ભાવનગરના મહારાજા સાહેબે મહુવા નજદીક નાળિયેરીનું મોટું વાવેતર કર્યું છે. આ સ્થળોનાં સારાં ઝાડો પર ૨૦૦ જેટલાં નાળિયેર પાકે છે.

નાળિયેરીનું વાવેતર કરવા માટે રેતાળ કાંપની ગોરાડુ અથવા કાળી જમીન તથા રાતી અને ચીકણી જમીન તેમ જ મીઠાના જમાવટ વગરના ખારની જમીન સારી ગણાય છે. પથ્થરવાળી કે નીચે નજીકમાં ખડક હોય તે અનુકૂળ આવતી નથી. નાળિયેરીને જમીન ભભરી જોઈએ છે. કાળી અથવા ચીકણી જમીનમાં પાણીનો નિતાર સારો ન હોવાથી ઝાડ સારાં થતાં નથી. કોંકણમાં નાળિયેરીનાં વાવેતરનું પ્રમાણ મોટું છે. ત્યાંનું આગર ગામ સમુદ્રકિનારાને લગતું હોવાથી ત્યાંની જમીન સારી જાતની હોય છે. પૂર્વ તરફના ભાગમાં સોપારીનાં ઝાડ રોપાય છે અને પશ્ચિમ તરફના ભાગમાં નાળિયેરી રોપાય છે. જમીન બહુ જ ભભરી હોવાથી રેંટનું પાણી છેવટ સુધી પહોંચતું નથી. આટલા માટે છો–ચૂના વગેરેની પાકી નહેર બાંધીને તેમાંથી પાણી પાવું પડે છે. દુકાળના વર્ષમાં અથવા ઉનાળામાં કૂવાનું પાણી ઓછું પડવાથી જેટલું પાણી મળે તેટલું પહેલાં સોપારીને આપી, બાકીનું નાળિયેરીને આપે છે, અથવા બિલકુલ આપતા પણ નથી.

ગોવા, કારવાડ, કુમઠા વગેર સમુદ્રકિનારા પરનાં ગામોમાં નાળિયેરનું વાવેતર બાજણામાં અને ખાડાની કાગની જમીનમાં કરવાનો રિવાજ છે. આ ખારી જમીનને સુધારીને તેમાં નાળિયેરીનું વાવેતર કર્યું એટલે તે જમીનને ગઝની જમીન કહેવામાં આવે છે. ખડકના કાંગની જમીન સુધારીને તેમાં નાળિયેરનું વાવેતર કરવાની રીત નીચે પ્રમાણે છે:

જેટલી જમીન લેવાની હોય તેટલી સમુદ્રકિનારા પાસે અથવા ખાડી પાસેની બાજુએ પથ્થરની ભીંત કે પથ્થરનો બંધ પહેલેથી બાંધી લેવાં. ભીંત અથવા બંધ ઉપર ભરતીનું પાણી આવે નહિ એટલો તે ઊંચો હોવો જોઈએ. વચ્ચેવચ્ચે બેત્રણ જગ્યાએ પાણી અંદર આવવા માટે બંધ કે ભીંતમાં કાણાં કે બાકાં મુકાવવાં. બંધની અંદરની બાજુએ આઠ–દસ ફૂટ પહોળા કયારા નીચે ખારી માટી અને ઉપર મીઠી માટી નાખીને કરવા અને ચોમાસામાં નાળિયેરી રોપવી. વચલી ખારી જમીનમાં આશરે ૩૦ ફૂટ પર ૮થી ૧૦ ફૂટ વ્યાસ નીચે અર્ધાં મીઠી માટી નાખીને ઢેફાં નાખવાં. આના પર ભરતીનું પાણી કદી પણ આવે નહિ એટલી ઊંચાઈનાં તે હોવાં જોઈએ. આના પર ચોમાસામાં નાળિયેરીના છોડ રોપવા. ટેકરાની હારમાં નીચે ભરતીનું પાણી વધ્યાં કરે છે, તેથી નાળિયેરીને કંઈ ઇજા થતી નથી. વરસાદ પડવા માંડતાં નાળિયેરી વાવી હોય તો વરસાદમાં તે જીવી શકે અને તેથી આવનારા ઉનાળામાં પાણી આપવું પડતું નથી. વાવતી વખતે છોડ એક વર્ષના હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridw...

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪થી ૫ વર્ષે ફળવા માંડે છે. પહેલે વર્ષે આશરે પાંચ કે છ નાળિયેર આવે છે. આ વખતે નાળિયેરીનાં પાંદડાં બહુ મોટાં હોવાથી થડને આધાર આપવો પડે છે. નહિ તો ઝાડ મરડાઈ જાય છે. ઝાડ જેમજેમ મોટાં થાય તેમતેમ તેના ક્યારા પણ મોટા કરવા પડે છે. તેનાં મૂળિયાં હમેશાં ભીની માટીમાં રહે અને ખારું પાણી લાગે નહિ તેમ કરવું જોઈએ. જો મૂળિયાંને ખારું પાણી લાગે તો નાળિયેર ખરી પડવા સંભવ છે.

ગોરાડુની અથવા ખારી જમીનમાં રોપેલી નાળિયેરી જલદી એટલે આશરે ૫ વર્ષે ફળવા માંડે છે અને ૨૫થી ૩૦ વર્ષ સુધી સારું ઉત્પન્ન આપે છે. પાછળથી કમી થઈ જાય છે. મીઠી જમીન બે જાતની હોય છે. તેમાં ખારું પાણી બિલકુલ આવતું નથી. ખારી જમીનમાંની નાળિયેરી કરતાં તેમાંની નાળિયેરી મોડી એટલે ૮થી ૯ વર્ષે ફળે છે. તેનું ઉત્પન્ન હમેશ સરખું આવે છે. લાલ જમીનમાંની તો તેથી પણ મોડી એટલે દસ વર્ષે ફળે છે, અને તેનું ઉત્પન્ન ભભરી જમીન કરતાં ઓછું આવે છે.

મીઠી જમીનમાં છોડ રોપવા માટે ખાડા ૩'x૩'x૩'ના માપના ખોદવા. રોપતી વખતે ખાતર આપવાનો રિવાજ નથી. છોડનાં જમીન નાળિયેર આશરે ફૂટ, સવા ફૂટ ઊંડું રહે તેવી વ્યવસ્થાથી રોપવા. પછી ખાડા એની મેળે ભરાઈ જશે. મીઠી જમીનમાં– ચોમાસામાં છોડ રોપવાનો સમય શિયાળો છે. ત્રાવણકોરમાં નાળિયેરી રોપતી વખતે થોડી રેતી અને મીઠું ખાડામાં નાખે છે; તેથી ઉધાઈ લાગતી નથી તેમ જ અંકુરને ભમરા લાગે નહિ તેથી પાનનાં માંજરાંને રાખ અને મીઠું ભેગાં કરી લગાડે છે.

જેમ ઝાડ વધારે તેમ તેનું ઉત્પન્ન વધારે એવી સર્વસામાન્ય માન્યતા હોવાથી ઝાડ ઘીચ વાવવાની માલિકની ઇચ્છા થાય છે. પરંતુ આ પદ્ધતિથી બહુ નુકસાન થાય છે; કારણકે નાળિયેરીને તડકો ને હવા પુષ્કળ મળે તો નાળિયેરી સારી ફળે છે. નાળિયેરીને ભરપૂર તડકો મળે નહિ તો તે ફળતી નથી. આટલા માટે છોડ ૨૫ ફૂટથી વધારે પાસે રોપવા નહિ; તેથી વધુ અંતર–૩૦ ફૂટ–હોય તો વધુ સારું. પવનથી નાળિયેરીનું રક્ષણ કરવા માટે બહારની બાજુએ બારેક ઝાડ (અં. વીન્ડ બ્રેક) રોપવાં. ખાસ કરીને ઊંડી, કરંજી અને ભેંડનાં ઝાડ આ કામ માટે સારાં પડે છે. ઊંડી તેમજ કરંજી-માંથી ઉપયોગી તેલ માટે બી અને પાલો મળે છે અને ભેંડનાં લાકડાંનો ભાવ સારો હોવાથી આવક મળે છે.

કોપરાં માટે નાળિયેરીનું વાવેતર કરવું હોય તો બીનું નાળિયેર મોટું જ હોવું જોઈએ એવું નથી; કારણકે નાળિયેર નાનું હોય તો પણ મોટાં નાળિયેર કરતાં કોપરું વધારે નીકળવાનો સંભવ હોય છે. તેથી જે નાળિ-યેરીને પુષ્કળ નાળિયેર આવે છે તેનું જ નાળિયેર બી માટે લેવું ઉત્તમ છે. મોટાં પરંતુ થોડાં નાળિયેર આવે તેવી નાળિયેરીનાં ફળ બી માટે લેવાં ફાયદાકારક નથી. બીનું નાળિયેર મધ્યમ વયનાં (૩૦થી ૪૦ વર્ષના) ઝાડનું લેવું. નાની નાળિયેરી કે પાકટ (ઘરડી) નાળિયેરીનાં નાળિયેર બી માટે વાપરવાં નહિ. બી માટે શ્રીફળ ઝાડ પરથી ઉતારી લેવાં; નાખી દેવાં નહિ. ઉપરથી કદાચ તેના અંકુરને ઈજા થઈ તેમાં ફાટ પડે તો તે સ્ફૂરે નહિ. આ બાબત તરફ હાલ બેકાળજી પ્રવર્તે છે તે ઠીક નથી. ત્રાવણકોર તરફ જે ફળ એપ્રિલ અને મે માસમાં તૈયાર થાય છે તે જ બી માટે વાપરે છે. ઉતાર્યા પછી કોરી હવા-વાળી જગ્યામાં મહિના સુધી નાળિયેર રાખી મૂકે છે. વાવતી વખતે તેમાંનું પાણી સુકાઈ

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયેલું હોવું જોઈએ, અને કોપરું ઘટ્ટ થયેલું હોવું જોઈએ.

ફિલિપાઈન બેટમાં નાળિયેરીનું વાવેતર બહુ મોટા પ્રમાણમાં થતું હોવાને લીધે ત્યાં મોટામોટા કયારા કરીને તેમાં નાળિયેર રોપે છે. જમીન પહેલાં અનેકવાર ખેડે છે. અંદરનાં ઘાસ, કચરો, તણ, મૂળિયાં વગેરે કાઢી નાખે છે. જમીન એક ફૂટ ઊંડી અને પહોળી કરે છે. કયારા ૬થી ૮ ફૂટ પહોળા રાખી વચ્ચે રસ્તા રાખે છે. નાળિયેર વાવતી વખતે વચ્ચે ચાર ઇંચનું અંતર રાખે છે. નાળિયેર જમીન પર આડું રાખીને તેનો અર્ધો અથવા બે તૃતીયાંશ ભાગ જમીનમાં દાટી દે છે અને ઘાસ અથવા એવો કોઈ બીજી જાતનો ચારો ઝીણો કાપીને તેના પર પાતળા થરમાં પાથરે છે. એકવાર તરત પાણી પાય છે. નાળિયેર સ્ફૂરીને પીલો બેથી અઢી ફૂટ વધે અને મૂળિયાં ૪થી ૮ ઇંચ સુધી બહાર આવે એટલે છોડ રોપવા યોગ્ય થાય છે. આથી મોટાં કરવા સલાહભરેલું નથી. છોડ નાના હોય ત્યારે અંકુરને નાળિયેરમાંથી પોષક તત્ત્વો મળી રહે છે, નુકસાન થતું નથી અને છોડ ટટ્ટાર થઈ વધવા માંડે છે. નાના છોડ રોપવામાં ખર્ચ પણ કમી આવે છે. મોટામાં ત્રાસ અને ખર્ચ બન્ને વધી જાય છે.

આપણે ત્યાં નાળિયેર તોડ્યા પછી તેને એક બે મહિના ઘરમાં રાખ્યા પછી જમીનમાં દાટી મૂકે છે, અને તે સ્ફૂર્યા પછી શિયાળામાં અથવા સાધારણ વરસાદ હોય તો ચોમાસામાં કાયમને ઠેકાણે રોપે છે. કેટલેક સ્થળે છોડ બે વર્ષના થાય ત્યાંસુધી તેને કાયમની જગ્યાએ રોપતા નથી. કારવાર તરફ નાળિયેર કૂવામાં નાખીને તેને મૂળિયાં અને અંકુર સ્ફૂર્યા પછી બહાર કાઢીને બારોબાર કાયમની જગ્યાએ રોપે છે. જાવા વગેરે બેટમાં નાળિયેર ઘરની વળી પર ટાંગી મૂકીને ત્યાં જ મૂળિયાં અને અંકુર સ્ફૂર્યાં પછી તેને કાયમની જગ્યાએ રોપી દે છે. ગોવા પ્રાંતમાં નાળિયેર જમીનમાં ઊભાં અર્ધાં દાટી દે છે.

નાળિયેરીનાં ઝાડને દરવર્ષે છાણિયું ખાતર શણ તથા દિવેલીનો ખોળ દરેક ૧૦થી ૧૫ રતલને આશરે આપવાં. સાથે માછલીનું ખાતર, હાડકાંનો ભૂકો, સુરોખાર તથા મીઠાની પણ ભલામણ કરવામાં આવે છે.

લીલું ખાતર એટલે પડવાસ પણ નાળિયેરીને બહુ ફાયદો કરે છે. ચોમાસામાં શણ, ખૂબ-ખૂબિયા કે ચોળાનું ઓરાણ કરી સપ્ટેંબરમાં દાટી દેવાથી ફાયદો થાય છે. ખૂબખૂબિયામાં શરૂઆતમાં તે જોરથી વધતાં નથી, પાંદડાં વગેરે આવે છે અને નવેમ્બર, ડિસેંબરમાં દાટવા લાયક તૈયાર થાય છે. સફેદ ઉનારવાં (કુડીંડા) પણ પડવાસ માટે વપરાય છે. તે પણ બહુ મોડાં દાટવા લાયક થાય છે. તેની ડાળી કાપી ઝાડનાં થડ પાસે દાટવાથી લાભ થાય છે. મલબારમાં વપરાતાં આ ઝાડ હલકી જમીનમાં સારાં થતાં નથી. લાલ જમીનમાં સાધારણ ઠીક થાય છે. જમીન સારી હોય તો સારાં થાય છે.

વળી નાળિયેરીના જે ભાગ નિરુપયોગી હોય તે બાળીને તેની રાખ નાળિયેરીનાં થડ પાસે નાખવાથી ફાયદો થાય છે.

સિલોનમાં નાળિયેરના બધા છોડ નાળિયેરીના થડની આસપાસ કયારા કરી મૂકે છે; એથી જમીન ઢંકાઈને તેમાંનું પાણી ઊડી જતું નથી. પછી છેવટે તે સડીને તેનું ખાતર થાય છે. આપણી તરફ પાંદડાં, થડ, ટોચ વગેરે બધું બાળવામાં આવે છે. તેટલા માટે તેની રાખ મળે તેટલી તો પાછી નાળિયેરીને આપવી જ જોઈએ. મદ્રાસ પ્રાંતમાં જે ઝાડને બિલકુલ શ્રીફળ આવતાં નથી તેની આજુબાજુ સારા કયારા કરી લાલ ડાળની શેવરીનું લીલું ખાતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાણિયું ખાતર તથા ૬થી ૭ રતલ માછલીનું ખાતર આપે છે; તેથી પહેલાં ૧૦ નાળિયેર ઝુમખાં આવતાં ન હોય તેને બીજે જ વર્ષે અનેક એટલે ૫૦ જેટલાં નાળિયેર આવે છે.

ત્રાવણકોરમાં ૧૨ વર્ષના પ્રયોગથી એવું સિદ્ધ થયું છે કે દરેક નાળિયેરીને ૧૦ રતલ ખોળ, ૨૦ રતલ રાખ, ૨ રતલ માછલી અને ૧ રતલ મીઠું એ પ્રમાણે ખાતર આપવાથી ઉત્પન્ન સારું આવે છે. પહેલાં ૪૦ શ્રીફળ આવતાં હતાં તે જ ઝાડને ઉપલાં ખાતરથી ૯૦ જેટલાં ફળ બેઠાં હતાં. જે ઝાડનાં થડ આગળ હમેશાં ભરતીનું પાણી આવતું હોય તે જમીનમાં મીઠું આપવાની જરૂર રહેતી નથી. ત્યાં ભભરી જમીન હોય તો બીજી ગાળાની માટી નાખે છે; ચીકણી હોય તો રેતી (વાળુ) લાવીને નાખે છે; ત્રાવણકોરમાં માવજતમાં બહુ કાળજી રખાય છે.

નાળિયેરી નાની હોય ત્યાંસુધી પેટાપાક કરવામાં હરકત નથી. પરંતુ બગીચો જૂનો થાય અને મરી ગયેલી નાળિયેરીની જગ્યા ભરવાની હોય તો પાક લઈ શકાતો નથી; કારણકે પ્રથમ નાળિયેરીને લીધે બધે છાંયો હોવાથી બીજો પાક લેવો ફાયદાકારક નથી. તોપણ કેળ, પપૈયાં, અનનસ વગેરે જૂજ પાકો ઉત્પન્ન કરે છે. આમલી, ફણસ, આંબા, કોફી, વગેરે ઝાડો વાવવાં નુકસાનકારક છે. બગીચાની જમીન ખેડવાનો આ તરફ રિવાજ નથી, પરંતુ ફિલિપાઈન બેટમાં નાળિયેરી બે વર્ષની થાય અને રોપા મજબૂત મૂળ નાખે એટલે વર્ષમાં બેવાર આખો બગીચો ખેડીને અને ચોકસી લેવાથી પાક ઉત્તમ થાય છે. એમ જણાય છે, કે ઝાડની પાસેની ૩ ફૂટ જમીન છોડી દેવી પડે છે; અને હળ પણ ૪ ઇંચથી ઊંડું જવા દેવામાં આવતું નથી. નાળિયેરીનાં મૂળિયાં બહુ ઊંડાં ન જતાં હોવાથી હળથી કેટલાંક તૂટી જાય એ વાત ખરી; તોપણ ૭,૦૦૦થી વધારે મૂળિયાં હોવાથી થોડાંને ઈજા થાય તોપણ હરકત નહિ. મૂળિયાંની લંબાઈ ૧૭થી ૧૮ ફૂટ હોય છે અને તે ૩થી ૪ ફૂટથી વધારે ઊંડા જતાં નથી. તે ૩ ઇંચ જાડાં હોય છે. હળથી ખેડ્યા પછી નીચેનાં મૂળિયાંને હિલચાલ અને સ્ફૂર્તિ મળે છે અને તે ઊંડાં જવા માંડે છે. પછી મૂળિયાંને ઈજા થતી નથી. ખેડવાથી જમીનમાં-નાં તત્ત્વો છૂટાં પડી તે ઊંડાં ગયેલાં મૂળિયાંને મળશે એ ખાસ ફાયદો છે. આ લાભ બીનખેડેલી જમીનનાં મૂળિયાંને મળતો નથી. જે બગીચામાં હળ ચલાવવું બની શકે તેમ હોય તેમાં તે ચલાવી જોવા ભલામણ છે.

કેટલીક જગ્યાએ આ ઝાડ પર મરી તથા નાગરવેલનાં પાનના વેલા ચડાવવામાં આવે છે તે બરાબર નથી; તેથી નુકસાન થાય છે. એના વાવેતરમાં મકાઈ, ચણા જેવા પેટાપાક લેવા પણ યોગ્ય નથી. ત્યાં સોપારીનાં ઝાડનું વાવેતર અથવા સૂરણ, હળદર, એરારૂટ વગેરેનો પેટાપાક નુકસાન વગર લઈ શકાય છે.

નાળિયેરીને અનેક ઉપદ્રવો થાય છે. તેમાંના મુખ્ય તેના ઉપાય સાથે નીચે વર્ણવ્યા છે:

૧. **ઉંદર :** નાળિયેરનો મોટો શત્રુ તે ઉંદર છે; તેથી તેને બચાવવા માટે નાળિયેરી પર પાંચ ફૂટ ઊંચાઈ પર પતરાં મારે છે. પતરાં નીચેના ભાગમાં છૂટાં અને બહારની બાજુ એ ઝૂકતાં હોય છે અને નીચલી બાજુ થોડી કાપેલી હોય છે. ઊંધી ગરણીના આકારમાં પતરું વાળીને થડને ફરતું જમીનથી પાંચ ફૂટની ઊંચાઈએ ઠોકી દીધું હોય તેવું દેખાય છે અને તેથી ઉંદરો ઝાડપર ચઢીને બગાડ કરી શકતા નથી.

૨. **ભમરો :** નાળિયેરીને બે જાતના ભમરા નુકસાન કરે છે. સડતાં લાકડામાં, ખાતરના ખાડામાં અથવા એવી કોઈ બીજી જગ્યાએ ભમરા ઇંડાં મૂકે છે. કીડાનો આકાર

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘોડાની નાળ જેવો હોય છે. તેનો રંગ સફેદ અને ડોકું કાળું હોય છે. ઈયળ અને કોશેટો એ બે સ્થિતિ વચ્ચે એક વર્ષ જેટલો સમય જાય છે. ઈયળથી બહુ નુકસાન નથી. પરંતુ તે પૂર્ણાવસ્થામાં આવે છે ત્યારે તેનાથી નુકસાન થાય છે. ભમરા નાળિયેરીનો કુમળો ભાગ ખાઈ જાય છે; તેથી પાન સારાં વધતાં નથી, અને કદાચ નાળિયેર પણ આવતાં નથી. ભમરા પર ઝેર, દવા વગેરે કશું જ લાગુ પડતું નથી.

પહેલા ઉપાય તરીકે લાકડું ફાટે કે સડવા માંડે કે તરત જ બગીચામાંથી કાઢી નાખવાથી ભમરાને તેમાં ભરાઈ રહી વધવાની જગ્યા મળતી નથી.

બીજો ઉપાય એ છે કે ૮થી ૧૦ ફૂટ લાંબાપહોળા અને ૩ ફૂટ ઊંડા ખાડા ખોદીને તે ખરાબ સડેલાં છાણુકચરાથી, સડેલું લાકડું વગેરેથી ભરી કાઢવા. ભમરી તેમાં ઈંડાં મૂકે છે અને ત્યાં જ તેની ઈયળ પણ થાય છે. બે મહિને ખાડા ઉખેડી જોવાથી ખાડાની બાજુમાં પુષ્કળ કીડા જડશે તે બધા વીણીને મારી નાખવા.

ત્રીજો ઉપાય એ છે કે નાળિયેરીનાં થડ તપાસી કાણાં દેખાય તેમાં સળિયો ખોસીને કીડા બહાર ખેંચી કાઢવા અને કાણા રેતી તથા ડામરથી પૂરી દેવાં. થડમાં કાણું પાડી ભમરો ગર કોરી ખાય છે અને કૂચા બહાર પડે છે. તે ભમરો મરી જશે અને બીજાને આશરો મળશે નહિ.

ચોથો ઉપાય તે 'ફ્લાઇંગ લીનુર' નામનું પ્રાણી છે તેને ભમરા બહુ ભાવે છે. તે ફણુસનાં પાન ખાય છે અને આ ભમરાનો મોટો શત્રુ છે. તેને ઉછેરી બગીચામાં છોડી મૂકવાં. બીજી રીતે એ નિર્દોષ હોય છે. ફિલિપાઈન બેટમાં થાય છે અને ત્યાં તેને મારીને તેનાં ચામડાંની ટોપી બનાવવામાં આવે છે.

૩. **લાલ ધનેડું :** ધનેડું લાગેલાં ઝાડનો નાશ કરવો. ઠેકઠેકાણે ઝાડના થડના કટકા કરી મૂકવા અને તેમાં માદા ઈંડાં મૂકે કે તેનો નાશ કરવો.

૪. **અફ્રંટનો સડો :** મદ્રાસ પ્રાંતમાં આ રોગ બહુ ભયંકર છે. મુંબઈ પ્રાંતમાં આ રોગ બહુ નથી. આ રોગના કારણ વિષે મતભેદ છે. આ રોગથી ક્યુબા બેટમાં ભયંકર નુકસાન થયું છે. તે જ પ્રમાણે એ જમેકા, ગિજાદાદ, મદ્રાસ, સિલોન, પોર્ટુગીઝ, આફ્રિકા વગેરે દેશોમાં બહુ છે. આ રોગનાં ચિહ્નોમાં છેક કુમળાં પાન પીળાં પડીને મરી જાય છે. પીળાં પડેલાં પાનમાં માંજરાં સહેલાઈથી ખેંચી કાઢી શકાય છે. પછી તેનાં નીચેનાં પાન પીળાં પડે છે, એમ થતું જાય છે. પાકટ પાનને આ રોગ થતો નથી. તે તેમનાં તેમ જ ઝાડ પર રહી યોગ્ય સમયે ખરી પડે છે. સડેલી જગ્યામાંથી બહુ બાસ મારે છે. એનો ખાસ કંઈ ઉપાય નથી. રોગવાળાં ઝાડ કાપીને બાળી નાખવાં કે બીજાં ઝાડને લાગે નહિ અથવા શરૂઆત હોય તો પાન તોડીને બાળી નાખવાં અને 'બોર્ગો મિશ્રણ'* નામની ઝેરી દવા છાંટવી. આવા જ બીજા એક રોગમાં પાંદડાં સફેદ થઈ ખરી પડે છે. તેવાં રોગી પાંદડાં તોડીને બાળી નાખવાં અને ૧૫થી ૨૦ દિવસે બોર્ગો મિશ્રણ છાંટવું.

મુંબઈ પ્રાંતમાં આ રોગ ફક્ત તાડ પર જ જણાય છે. નાળિયેરી પર પ્રમાણ થોડું છે પણ ક્યારે વધે તે કહેવાય નહિ.

૫. **લોહીવા :** નાળિયેરીમાંથી લોહી જેવો રાતો રસ ઝરે છે. આ ફુગિયા વનસ્પતિથી થતો રોગ સિલોન અને દક્ષિણ મલબારમાં થાય છે. પહેલાં છાલમાંથી લાલ રંગનો રસ ...

* 'બોર્ગો મિશ્રણ' બનાવવાની રીત આ તીનાં મૂળતત્ત્વે જુઓ સસ્તું સાહિત્ય દ્વારા પ્રકાશિત ભાગ ૩ અથવા 'બાગબગીચા' પાન ૨૧૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ઝરવા માંડે છે અને તેને લીધે ઝાડની એક બાજુ પહેલાં લાલ અને પછી કાળી થઈ જાય છે. આ ઠેકાણે છાલની અંદરની બાજુ લાલ થઈને સડવા માંડે છે એમ જણાશે. એ જ ભાગ પછી કાળો પડે છે. ચોમાસામાં છાલ કાળી જોવાથી લાલ રસની ધાર વહેવા માંડે છે. કોઈકવાર ઝાડની તે જ બાજુથી કોઈ જગ્યામાંથી આવો જ રસ વહેવા માંડે છે. આ કંઈ બીજો રોગ નથી, પણ મૂળનો જ રોગ ઉપર કે નીચે પ્રસરીને દેખાય છે; તેથી ઝાડની તે બાજુ ડામર લગાડ્યો હોય તેટલી કાળી પડી જાય છે. આ રસપરથી જ રોગ પારખી શકાય છે, બીજું કશું ચિહ્ન હોતું નથી. ઉપાય તરીકે આ રોગ માલૂમ પડે કે તરત જ રોગી જગ્યા કાપી નાખીને બધી છાલ બાળી નાખવી. રોગ બહુ વધી પડે તો બધાં ઝાડ કાપીને બાળી નાખવામાં લાભ છે.

૬. **મૂળખાઈ:** ફળતાં ઝાડને જ થાય છે. પાન ચિમળાઈ જઈ કાળાં પડે છે. રોગી ઝાડને અગર ભાગને કાપીને બાળી મૂકવો. જો ઊધઈ દેખાતી હોય અને તેથી આ રોગ હોય તેમ લાગે તો દિવેલીનો ખોળ, ગેમેકસીન કે ડી. ડી. ટી. થી ઊધઈનો નાશ થશે. આજુબાજુ રાફડા હોય તો ખોદાવી કાઢી ઉધઈની ઇંડાં મૂકતી રાણીને શોધી કાઢી મારી નાખવી કે નુકસાન ઓછું થઈ અટકી જશે.

૭. **ભૂરિયો રોગ:** થડમાં ચીરા પડે તેમાંથી રતાશપડતું પાણી ઝરે છે. ઝાડનો રોગી ભાગ કાપી બાળી નાખવો અને કાપેલા ઘાને સળગતા કાકડાથી ડામી નાખી ઉપર ડામર લગાડવો.

નાળિયેરી બહુ ઘીચોઘીચ વાવી હોય તો ઉત્પન્ન બહુ ઓછું આવે છે. કેટલેક ઠેકાણે દર ઝાડે ૧૦ નાળિયેર સુદ્ધાં થતાં નથી. જે ઠેકાણે નાળિયેરીની ઉત્તમ પ્રકારની માવજત કરવામાં આવે છે, ત્યાં ઉત્પન્નનું પ્રમાણ આ પ્રમાણે હોય છે: સાતમે વર્ષે ૧૫ નાળિયેર, આઠમે વર્ષે ૨૫, નવમે વર્ષે ૪૦, દસમે વર્ષે ૬૦ અને પછી ૫૦થી ૬૦ વર્ષ સુધી ઉત્પન્ન એટલું જ રહે છે. કેટલેક ઠેકાણે આથી પણ વિશેષ (૧૫૦થી ૨૦૦ સુધી) ઉત્પન્ન આવે છે. આશરે સાડાચાર નાળિયેરમાંથી સરેરાશ બે રતલ કોપરું નીકળે છે; અને ૧૦ નાળિયેરમાંથી ૧ ૩/૪ રતલ કોપરેલ નીકળે છે. ગામઠી ઘાણીમાં તેલ કાઢવાથી પુષ્કળ બગાડ થાય છે એટલે ૩૦થી ૫૦ ટકા તેલ નીકળે છે. નવી જાતનાં યંત્રની સહાયથી તેલ કાઢવાનાં કારખાનાં મલબાર–કોચીનમાં છે. કોચીનનું તેલ ઉત્તમ મનાય છે. આનું કારણ એ હોય છે કે નાળિયેર પૂર્ણ પાકટ હોય છે અને કોપરું સૂકવે છે, તેનાપર કોઈ પણ જાતનો કચરો પડવા દેતા નથી.

નાળિયેરી પર ચડવાને તેના પર માંચા કરવાનો રિવાજ છે; પરંતુ એ રીત બહુ ખરાબ છે. તેમ કરવું પડે તો અંદર પાણી રહે નહિ તે પ્રમાણે કરવા. નિસરણીની સહાયતાથી ઉપર ચઢવું સારું.

ફિલિપાઈન બેટમાં નાળિયેરીનો ઉપયોગ ખાસ કરીને કોપરું તૈયાર કરીને તેનું તેલ ગાળવામાં કરે છે. ત્યાં કોપરાંનો ભાવ તેના વજન અને રંગ પર હોય છે. તેલના પ્રમાણ પર હોતો નથી; પરંતુ આ સ્થિતિ જોઈને તેલના પ્રમાણ પર તેનો ભાવ નક્કી થાય એમ લાગે છે. નાળિયેર સારું પાકટ થયેલું હોય તો તેમાંથી તેલ સારું નીકળે છે. કુમળાં ફળોમાંથી તેટલું નીકળતું નથી. કુમળા નાળિયેરનું કોપરું સુકાયા પછી પણ તેમાં હવામાં ભેજ ચૂસી લેવાની શક્તિ રહે છે અને તેના પર ફૂગ આવે છે અને તેલ ઊડી જાય છે. આટલા માટે ઉત્તમ જાતનું કોપરું જોઈતું હોય તો ઝાડ પરથી નાળિયેર ન પાડતાં નીચે પડેલાં જ ભેગાં કરવાં સારાં

એવો અનુભવ ફિલિપાઈન બેટના લોકોને થયો છે. પરંતુ આપણા બાજુનો અનુભવ એવો છે કે નાળિયેર લગભગ પોણો ભાગ પાકયા પછી તેમાંથી તેલ વધારે નીકળે છે. વળી આ તરફના બગીચા બહુ નાના હોવાથી અને ચોરનો બહુ ભય હોવાથી નાળિયેર આપોઆપ પડે ત્યાંસુધી રહેવા દેવાં શકય નથી. કોપરાં માટે જો નાળિયેર પાડવાં જ પડે તો તે એક માસ સુધી તો કોરી જગ્યામાં ભરી જ રાખવાં.

કોપરું તડકે સૂકવવામાં આવે છે પરંતુ તેમાં પાણી સેંકડે ૯ ટકા સુધી હોય છે. ઉત્તમ કોપરામાં સેંકડે ૬ ટકાથી વધુ પાણીનો ભાગ હોવો ન જોઈએ. આટલા માટે કોપરું વરાળથી અથવા ગરમ હવાથી તપાવવામાં આવે છે. ભીનાં તાજાં નાળિયેર વરાળથી સૂકવ્યાથી ૧૫ કલાકમાં અને ગરમ હવાથી સૂકવ્યાથી ૪ કલાકમાં તૈયાર થાય છે. ધુમાડાથી સૂકવેલા કોપરામાં સેંકડે ૨૦ ટકા કરતાં પણ પાણી વધારે હોય છે; તેથી એ રીત બહુ ખરાબ ગણાય છે.

કોપરેલનો ઉપયોગ ખાવામાં તથા તળવામાં થાય છે. સિલોન, કોંકણ, મલબાર તરફ તો ઘીનું સ્થાન કોપરેલ લે છે. માથામાં નાખવાનાં તેલ, ધૂપેલ, મીણબત્તી તથા સાબુ બનાવવામાં એનો બહુ ઉપયોગ થાય છે. કૉડલીવર ઑઇલ, સિટ્રોનેલા ઑઇલ વગેરે ઔષધીય તેલોમાં ભેળવવામાં વપરાય છે. કોપરેલમાંથી એક જાતનું માખણ બનાવવામાં આવેછે, તે ગાય–ભેંસનાં માખણ તથા બીજી ચરબી કરતાં પણ સારું હોય છે; કારણકે તે બગડતું નથી અને લાંબો વખત ટકે છે તેથી તેનો ઉપયોગ પાઉં, બિસ્કીટ વગેરે કરવામાં બહુ થાય છે. ફ્રેન્ચ સરકારે આ માખણનો ઉપયોગ લશ્કર માટે કરવાની પરવાનગી આપેલી હોવાથી કોપરેલ તેમ જ તેના માખણનો ભાવ બહુ આવે છે. એના કોપરેલમાંથી હાઇડ્રોજન તથા રસાયણિક પદાર્થો અને ક્રિયાઓ વડે આજકાલ વેજીટેબલ ઘી–વનસ્પતિ માલ–તૈયાર થાય છે. હમણાં તેની સામે ઊહાપોહ થાય છે અને તેના પર પ્રતિબંધો મૂકવાની તેમ જ રંગ ભેળવી સ્પષ્ટ નામ આપવાની વિચારણા ચાલે છે. કોપરાનું દૂધ શાક, ભાજી, કઢી વગેરેમાં વપરાય છે.

તેલ કાઢી લીધા પછી જે ખોળ બાકી રહે છે તેને 'પૂનાક' કહેવામાં આવે છે. આ ખોળમાં તેલ જેટલું વધારે હોય તેટલો તે કસદાર ગણાઈ તે પરથી તેનો ભાવ ઠરાવવામાં આવે છે. કોપરાના અને ખોળના ભાવનું પ્રમાણ સાધારણ રીતે ૪:૧નું હોય છે. ખોળનો ઉપયોગ બીજાં જાનવરો માટે ન કરતાં તે બળદ અને એવાં કામ કરતાં જાનવરો માટે કરવામાં આવે છે.

નાળિયેરનાં છોડાં કાઢવામાં આવે છે. એક માણસ એક દિવસમાં એક હજાર સુધી નાળિયેરનાં છોડાં કાઢી શકે છે. આથી યંત્રની મદદથી નાળિયેર છોલવાં ફાયદાકારક નથી. દોરડાં માટે નાળયેર ઉતારવાનાં હોય તો સાધારણ રીતે કુમળાં જ ઉતારવાં પડે છે. તદ્દન કુમળાં નાળિયેર હોય તો કાથી જલદી તૂટી જાય છે. પૂરાં પાકાં થયેલાં નાળિયેરનાં છોડાં સડતાં નથી. દોરડાં કાંતવાનાં કારખાનાં સિલોન, મલબાર, લખદીવ, માલદીવ બેટ, ફીડરેટેડ, મલાયા સ્ટેટ્સમાં છે. કાથી કરવા ખરેલાં મથાળું ખાડામાં ખારા પાણીમાં સડાવવા માટે રાખી મૂકે છે. મીઠાં પાણીમાં છોડાં સારાં સડતાં નથી, અને કાથી ખરાબ થાય છે એમ કહેવાય છે. તેમાં તે છ મહિના સડ્યા પછી તે કાઢીને ખાંડે છે. કાથી તેમાંથી કાથી તૈયાર કરવામાં આવે છે. નાળિયેરીનાં સારી કે ખરાબ થવાનો આધાર

વાત પર છે. સિલોનમાં ૪૦ નાળીયેરમાંથી ૬ રતલ કાથી નીકળે છે. મદ્રાસ તરફ ૧૮ નાળિયેરમાંથી અને લખદીવ તરફ ૬૦ નાળિયેરમાંથી ૬ રતલ કાથી નીકળે છે; પરંતુ લખદીવની એક રતલ કાથીમાંથી ૨૨૦ ફૂટ લાંબું દોરડું નીકળે છે, અને મદ્રાસમાં તેટલી જ કાથીમાંથી ૧૩૨ ફૂટ લાંબું દોરડું વણાય છે. યંત્રની મદદથી જાડું દોરડું અને કાથી તૈયાર કરવાનાં કારખાનાં આપણા પ્રાંતમાં નથી. દોરડાં હાથથી જ વણીને તેનો ઉપયોગ ઘરગથ્થુ કામ માટે જ થાય છે. વેપારીઓને આનું મહત્ત્વ નથી. આઝાદ હિંદમાં એ દિશામાં પ્રગતિ થશે એવી આશા અસ્થાને નહિ જ ગણાય.

નાળિયેરીનો બીજો એક ઉપયોગ તે તેમાંથી નીકળતી 'માડી' નો છે. નાળિયેરીનાં થડ કુમળાં કાપીને તેમાંથી જે રસ નીકળે છે તેને માડી કહે છે. મુંબઈ અને મદ્રાસ પ્રાંતમાં તાડમાંથી તાડી નીકળે છે તેમ રત્નાગીરી, કારવાર વગેરે જિલ્લામાં નાળિયેરીમાંથી માડી (દારૂ, તાડી) કાઢે છે. થડ કાપ્યા પછી, વૃક્ષને ફળ બેસતાં નથી. જ્યાંજ્યાં નાળિયેરીનું વાવેતર છે ત્યાં બધે જ 'માડી' કાઢવાની પ્રથા છે. રત્નાગીરી જિલ્લામાં બ્રાહ્મણો સાધારણ રીતે પોતાની નાળિયેરી 'માડી' કાઢવા કે તછાવવા (એટલે રસ વહેતો કરવા) આપતા નથી. ભંડારી આપે છે. એક નાળિયેરમાંથી ૧.૪ લીટર્સ માડી રોજ નીકળે છે. નાળિયેરીનાં એકથી ત્રણ જ થડ કાપવામાં આવે છે; બધું કાપતા નથી. થડ-કાપીએ પછી ૪૦ દિવસ સુધી રસ વહે છે. માડી દિવસમાં ત્રણવાર કાઢે છે અને દરેક વખત નવો કાપ મૂકવાથી રસ જોરથી વહે છે. એક નાળિયેરી પરથી બીજી પર જવાને બંધ બાંધીને તેનો ઉપયોગ કરવાનો રિવાજ આ તરફ નથી; પરંતુ ફિલિપાઇન તેમ જ બીજા કેટલાક દેશોમાં છે.

ગોવા પ્રાંતમાં તાજી માડીનો ગોળ કાઢે છે, અને તે ખાવામાં વપરાય છે. સિમેંટ તથા ચૂનામાં આ ગોળ ભેળવવાથી તે ઘટ્ટ થાય છે અને તેથી તેના પર પોલીશ તથા ચળકાટ સારાં ચઢે છે.

નાળિયેરીનો જેટલો ઉપયોગ થાય છે તેટલો બીજા કોઈ પણ ઝાડનો નહિ થતો હોય એમ અતિશયોક્તિ વગર કહી શકાય. તેનાં થડ–ડાળી ગરીબ લોકોની ઇમારતના કામમાં આવે છે. થડ અને મોભ વાંસ તરીકે વપરાય છે. પાંદડાંની ટટ્ટી બનાવી છાપરું કરવામાં આવે છે. થડને બે ભાગમાં ચીરી તેમાંનો ગરભ કાઢીને પાણી જવાની પનાળ તરીકે વપરાય છે. નાની નાવડી (તરાપા) પણ બને છે. એનાં પાન વચ્ચે સળી હોય છે, તેના બુતાસ થાય છે તેમ જ સાવરણી બને છે. તેમાંથી મળતી કાથીના બેઠકના ગાદી–તકિયા વગેરે ભરાય છે; દોરડું પણ થાય છે. નાળિયેરનાં પાણી, દૂધ, તેલના અનેક ઉપયોગ આપણે જોયા. ખાવા-પીવાના કામમાં આવે છે તે ઉપરાંત નાળિયેરમાંથી હુક્કા, નાનાંનાનાં વાસણ, બટન વગેરે અનેક ચીજો બને છે.

આમ એકંદર નાળિયેરી એક એવું વૃક્ષ છે કે જે મનુષ્યને ખોરાક, વસ્ત્ર અને રહેઠાણ એ ત્રણેની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડે છે. માણસને આટલું મળે તો બીજું શું જોઈએ? એક નાળિયેરીનું વૃક્ષ આ બધું જ પૂરું પાડી ખરેખર 'કલ્પતરુ' ઠરી નામ સાર્થક કરે છે એ જ તેનું મહત્ત્વ છે અને એ જ ઈશ્વરની અગાધ લીલાનું દર્શન કરાવે છે.

★

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

ભારત અને પાકિસ્તાન વચ્ચે પૂર્વબંગાળની લઘુમતિ અંગે થયેલા કરારોનું વિવરણ ગયા અંકમાં આપણે કર્યું હતું. એ કરારોનું પાલન પાકિસ્તાન કરે તો બંને દેશોને ખૂબ લાભ થાય, પરંતુ પાકિસ્તાન ભૂતકાળની પેઠે તેનો અમલ કરવામાં બદદાનત બતાવે તો યે ભારતને તો તેથી કશું વિશેષ નુકસાન ન થાય એવો અભિપ્રાય અહીં દર્શાવવામાં આવ્યો હતો. લગભગ સવા મહિનાના અનુભવને અંતે પણ એ અભિપ્રાયમાં ફેરફાર કરવા જેવું કશું જણાયું નથી. પરિસ્થિતિ એવી હદે પહોંચી હતી કે જો લઘુમતિ–કરારો ન થયા હોત તો બંને દેશો વચ્ચે સંઘર્ષની લાગણી જોરદાર બનત અને તેમાંથી કદાચ ભડકો પણ પેદા થાત. ભારતમાં એવાં કેટલાં યે તત્ત્વો હતાં, જે યુદ્ધની ઘોષણા કરવા લાગ્યાં હતાં, પરંતુ ભારતનું સુકાન જેમના હાથમાં છે તેઓએ માનસિક સ્થિરતા કે સ્વસ્થતા ગુમાવ્યા સિવાય આ નાજુક પ્રશ્નોનો ઉકેલ શોધવાનું ચાલુ જ રાખ્યું. પરિણામે પાકિસ્તાનના વડા પ્રધાન દિલ્હી આવ્યા અને ભારત-પાકિસ્તાનના સંબંધોમાં નવો પલટો આણી શકે એવા કરારોનું સર્જન થયું.

વિરોધી પ્રચારકોને

આ સુધરેલી દુનિયામાં યુદ્ધને અંતે પણ કરારોની જરૂર પડે છે તો જ્યાં પ્રશ્ન શાંતિથી જ ઉકેલવાનો નિર્ણય હોય ત્યાં કરારો અનિવાર્ય બને એ સ્વાભાવિક છે. કરારો થતાં જ તેને દેશના મોટા વર્ગ તરફથી આવકાર મળ્યો હતો, પરંતુ જાહેર રીતે તેનો વિરોધ કરનારાઓ પણ હતા. શંકા સેવનારાઓનો સમુદાય મોટો હતો, પણ કરારોને નિષ્ફળ બનાવવા માટે એ પ્રકારનું વાતાવરણ ઊભું કરવામાં માનનારાઓ પણ ઓછા નહોતા. મધ્યસ્થ પ્રધાનમંડળમાંથી ડૉ. શ્યામપ્રસાદ મુખરજી અને શ્રી નિયોગી રાજીનામું આપવા તૈયાર થયા તે બનાવ અસામાન્ય ગણાય; અને એથી યે વધુ અસામાન્ય બનાવ શ્રી અરવિંદનો શ્રી દિલીપ કુમાર રોય ઉપરનો પત્ર ગણાય. શ્રી અરવિંદે કરારોની સફળતા વિષે શંકા વ્યક્ત કરી અને ભારત–પાકિસ્તાન વચ્ચે અથડામણ થશે જ એવી આગાહી કરી, તેને અમે એક દુર્ભાગ્ય લેખીએ છીએ. શ્રી મુખરજી અને શ્રી નિયોગીનાં રાજીનામાં અંગે પણ મથામણો ચાલી અને એકવાર એવી આશા પણ ઉદ્ભવી કે રાજીનામાંઓ પાછાં ખેંચાઈ જશે, પરંતુ તેઓ મક્કમ જ રહ્યા; એટલું જ નહિ, ડૉ. મુખરજીએ લાંબું નિવેદન પણ કર્યું. એમના નિવેદનનું વાચન સુખદ નહોતું. એમના જેવા બુદ્ધિશાળી માણસ એ નિવેદનમાં પોતાનાં પગલાંની યથાર્થતા સમજાવી શક્યા નહોતા એમ પણ દુઃખ સાથે કહેવું પડે છે. બે દેશના વડા પ્રધાનો વચ્ચે આવા નાજુક પ્રશ્ન ઉપર કરારો થાય ત્યારે દેશનાં તમામ તત્ત્વોએ તેના પાલન માટે ઉત્સાહ બતાવવો જોઈએ. કરારોમાં તો એવું કંઈ જ નહોતું કે જેનો વિરોધ થઈ શકે, વિરોધનો મુદ્દો તો પાકિસ્તાન કરારપાલન કરશે કે કેમ તે વિષે શંકાનો જ હતો. આવી સ્થિતિમાં કરારવિરોધી હવા ઊભી કરનારાઓએ દેશની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પૂર્વ બંગાળની લઘુમતિની કુસેવા કરી છે એમ કહેવું જોઈએ.

વિશ્વાસનું વાતાવરણ

ભારત અને પાકિસ્તાન વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ બંને પ્રદેશો સ્વતંત્ર થયા તે ક્ષણથી જ છે. આગળ વધીને કહીએ તો પાકિસ્તાનનું સર્જન કરનારી મુસ્લિમલીગ જે મનોદશા ધરાવતી હતી તે જ મનોદશા પાકિસ્તાનના રાજકર્તાઓની રહી હતી. આ સંયોગોમાં કરારોને સો ટકા સફળતા ન મળે તો તે આશ્ચર્યજનક ન ગણાય. પરંતુ સવા મહિનાનો અનુભવ એમ કહે છે કે અત્યાર સુધી તો બંને પક્ષે પ્રામાણિકપણે કરારોનું પાલન થઈ રહ્યું છે તેનાં શુભ પરિણામો પણ દેખાવા લાગ્યાં છે. બંને બાજુએ તોફાનો લગભગ બંધ થઈ ગયાં છે. વિશ્વાસનું વાતાવરણ પ્રસરી ગયું છે એમ ન કહી શકાય, પરંતુ વધતું જાય છે એમાં શંકા નથી. બંને બાજુની હિજરતનો પ્રવાહ પાતળો પડયો છે અને જેઓ હિજરત કરી આવ્યા છે તેમાંથી વધુ ને વધુ મોટા પ્રમાણમાં પાછા ફરવા લાગ્યા છે. બીજી બાજુ, જેઓએ શરૂઆતમાં કરારો સામે રોષ, વિરોધ કે અસંતોષ વ્યક્ત કર્યો હતો તેઓની મનોદશામાં નહિ, પણ પ્રચારમાં તો ફેર પડયો જ છે. આ કરારોનો પ્રામાણિકપણે અમલ કરવાની મનોવૃત્તિ બંને બાજુએ અત્યારે દેખાય છે.

અમેરિકામાં પ્રચાર

ભારત અને પાકિસ્તાન વચ્ચે અથડામણના બીજા મુદ્દાઓમાં પણ સમાધાનની દિશામાં ચોખ્ખી પ્રગતિ દેખાય છે. પાકિસ્તાનના વડા પ્રધાનના અમેરિકાનાં ભાષણો વાતાવરણ સુધારવાને બદલે બગાડે છે, છતાં પ્રગતિ થઈ જ છે એમ સ્વીકારવું જોઈએ. પાકિસ્તાન પ્રમાણમાં નાનું ને નબળું રાજ્ય છે, પરંતુ તેની આકાંક્ષા ભારતના બરોબરીઆ બનવાની છે એટલે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અનેક પ્રકારના પાઠ એ ભજવે છે. જનાબ લિયાકત પાકિસ્તાનમાં બોલે છે ત્યારે પોતાની લશ્કરી તાકાત દ્વારા ભારતને પડકાર આપતાં પણ તેઓ અચકાતા નથી. પરંતુ બહારની દુનિયામાં પ્રચાર કરતી વખતે ભારત તરફના આક્રમણના ભયનાં ગીતો તેઓ ગાય છે. આખું જગત જાણે એ રીતે ભારતના વડા પ્રધાને પાકિસ્તાન પાસે માગણી કરી હતી કે આપણે જાહેર નિવેદન અને કરારો દ્વારા જગતને જણાવીએ કે અમારી વચ્ચેના અથડામણના તમામ મુદ્દાઓનો નિકાલ યુદ્ધ સિવાયનાં સાધનો દ્વારા જ લાવવો છે અને કોઈ પણ સંયોગોમાં યુદ્ધનો માર્ગ લેવો નથી. જો ભારત આક્રમણ કરવા ઇચ્છતું હોય તો યુદ્ધનિષેધની ઘોષણા શા માટે કરે ? બીજું, ભારત જો ખરેખર આક્રમણ ઇચ્છતું હોત તો તેમ કરવાના અનેક પ્રસંગો તેને પ્રાપ્ત થયા જ હતા. કાશ્મીર ઉપર પાકિસ્તાનની સેનાએ આક્રમણ કર્યું ત્યારે ભારતની સેના પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાનના કોઈ પ્રદેશમાં પ્રવેશી શકત, એમ કરવાનો ભારતને નૈતિક અધિકાર પણ હતો. અત્યારે પૂર્વ બંગાળની લઘુમતિ માટે પણ ભારત એવું પગલું ભરી શકત. પરંતુ ભારત વિશ્વશાંતિ અને માનવપ્રગતિ વાંછે છે અને તેથી યુદ્ધનું કટ્ટર વિરોધી છે. પાકિસ્તાનના વડા પ્રધાન આ બધું જાણતા ન હોય એમ બનવાજોગ નથી, તેઓ અમેરિકામાં જે બોલે છે તે તો પ્રચાર છે, મુત્સદ્દીગીરી છે, અમેરિકાને ભોળવવાની ચાલ છે.

કાશ્મીરનો કોયડો

જ. લિયાકતના આવા પ્રચાર છતાં અહીં ઘર આંગણે તો સમાધાનના પ્રયાસો બળવત્તર બનતા જ જાય છે. કાશ્મીરના વિષ્ટિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર આવી પહોંચ્યા છે. બંને પક્ષ ફરીફરીને કહે છે કે લોકમતનો નિર્ણય ગમે તેવો અણગમતો હશે છતાં તેનો સ્વીકાર કરવામાં આવશે, એટલે હવે મુદ્દો રહે છે, લશ્કરો ખસેડવાનો. આજનું વાતાવરણ જો ચાલુ રહે તો આ જટિલ કોયડો ઊકલવાની આશા જણાય છે. કાશ્મીરનો ફેંસલો લોકમત સિવાય બીજી કોઈ રીતે લાવવાની વાતો પણ વહેતી થઈ છે, પરંતુ આ પ્રશ્નનો અભ્યાસ એમ સૂચવે છે કે એવા કોઈ પ્રયાસોને સફળતા મળી શકે એમ નથી. પાકિસ્તાનના કબજામાં જે પ્રદેશ છે તેમાં લશ્કરી વ્યૂહરચનાની દૃષ્ટિએ મહત્ત્વનો પ્રદેશ ઉત્તરનો છે. આ પ્રદેશ ગુમાવવા ભારત તૈયાર થાય નહિ. ભારતના કબજામાં જે પ્રદેશ છે તેમાં કાશ્મીરની ખીણ છે અને એ જ કાશ્મીરનું હૃદય છે, પાકિસ્તાન એ છોડવા માટે કદી તૈયાર ન થાય. આ અંગે એવી અફવાઓ પણ ચાલે છે કે માત્ર કાશ્મીરની ખીણના પ્રદેશનો લોકમત લેવો અને બીજા પ્રદેશો જેના કબજામાં છે તેના કબજામાં રહેવા દેવા. પરંતુ આમાંનું કંઈ જ બને એમ જણાતું નથી.

બીજા પ્રશ્નો

નહેરનાં પાણી, નિર્વાસિતોની મિલકત અને વેપારી સંબંધો એ ત્રણે ય મુદ્દાઓ અંગે સફળતાપૂર્વક વાટાઘાટો ચાલે છે. ટૂંકી મુદતના વ્યાપારી કરારોને સારો આવકાર મળ્યો છે. પાકિસ્તાન રૂપિયાનું મૂલ્ય ઘટાડે તો વ્યાપારી સંબંધો સારી રીતે ચાલુ થઈ જાય, પણ તે એમ ન કરે ને વસ્તુનો ભાવઘટાડો માન્ય રાખે તો યે વ્યવહારમાં તો એ જ પરિણામ આવે. હુંડિયામણના ફેરફાર પછી આટલા સમયમાં ભારતને જે અનુભવો થયા છે તે એમ બતાવે છે કે રૂપિયાનું હુંડિયામણ ઘટાડીને ભારતે ડહાપણભર્યું પગલું ભર્યું છે. પાકિસ્તાનનો અનુભવ એવો છે ખરો? ભારતને પાકિસ્તાન સાથેના વેપારની જરૂર છે જ. પરંતુ પાકિસ્તાનને તો ભારત સાથેના વેપાર વગર ચાલે એમ જ નથી એટલે આ બાબતમાં સમાધાન થઈ જવાની આશા બળવત્તર બનતી જાય છે. નહેરનાં પાણીનો ઝઘડો નિષ્ણાતોને સોંપાયો છે અને એવી આશા પ્રગટી છે કે બંને દેશોને માન્ય થાય એવો માર્ગ જરૂર મળી આવશે.

અંકુશો અંગે મૂંઝવણ

જીવનની આવશ્યક વસ્તુઓ ઓછી હોય અને તેની માંગ ઘણી વધારે હોય ત્યારે અંકુશો અનિવાર્ય બને છે. જ્યાં પ્રજાના તમામ વર્ગો સરકારને સહકાર આપવા તત્પર હોય ત્યાં અંકુશો હોય તો તેનો હેતુ પૂરી રીતે સરે છે અને અંકુશો ન હોય તો પ્રજા પોતાની મેળે જ અમુક પ્રમાણમાં અંકુશો સ્વીકારી લે છે. આપણા દેશમાં જેટલી વસ્તુઓ ઉપર અંકુશો છે તે બધી વસ્તુઓની એટલી બધી તંગી નથી કે આપણે સહજ રીતે ન ચલાવી લઈ શકીએ. પરંતુ આપણે ત્યાં નફાખોરીનું પ્રમાણ એટલું બધું વધારે છે કે જો વસ્તુઓ જરૂરિયાત જેટલી જ હોય તો, તેઓ સંઘરો કરી લઈ કૃત્રિમ તંગી ઊભી કરી શકે. આવી સ્થિતિમાં વસ્તુની વિપુલતા ન હોય અને કૃત્રિમ તંગી ઊભી થાય તો ગમે ત્યાંથી, ગમે ત્યારે, જોઈએ તેટલા પ્રમાણમાં માલ મગાવવાની સગવડ ન હોય, તો પ્રજાનું કલ્યાણ ઇચ્છનારી કોઈ પણ સરકાર અંકુશો દૂર કરતાં ડરે એ સ્વાભાવિક છે. અત્યારે અંકુશો સામે પ્રજાના એક વર્ગનો પોકાર ઉગ્ર બનતો જાય છે અને આપણા નેતાઓમાં પણ તે વિષે મતભેદ દેખાય છે. ત્યારે આ સવાલની શાંત અને સ્વસ્થ વિચારણા ઘણી જ આવશ્યક બની જાય છે. અંકુશોનો વિરોધ કરનારાઓ એમ માને છે કે રાજ્ય અને સંઘના પ્રધાનો આંખ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાંધીને ચાલે છે અને અમલદારો એમની સમક્ષ આંકડાઓની જે ઇંદ્રજાળ ઊભી કરે છે તેમાં તેઓ ફસાઈ જાય છે. અંકુશોથી લાંચરુશવતને જોર મળે છે એમાં શંકા જ નથી. એથી બીજાં પણ અનેક દૂષણો ફેલાય છે. લાંચખાઉ અમલદારો અંકુશો ચાલુ રાખવા જ ઇચ્છે તે પણ સમજી શકાય છે, પરંતુ પ્રધાનો વિષે જે માન્યતાઓનો પ્રચાર ચાલે છે તે અમને ગેરવાજબી લાગે છે. આપણા પ્રધાનોને ગમે તે વ્યક્તિ મળી શકે છે, પ્રધાનો સમક્ષ ગમે તે હકીકતો રજૂ થઈ શકે છે. પાર્લામેન્ટમાં તો સત્ય વસ્તુસ્થિતિ જાહેર કરવાની તમામ પ્રકારની સગવડ છે જ અને જેઓ અંકુશોનો વિરોધ કરે છે તેઓમાંના પણ આપણા મોટામાં મોટા નેતાઓ સાથે અંગત સંપર્ક પણ ધરાવે છે. આ બધાં તત્ત્વોની અસર પ્રધાનો ઉપર ન થાય અને અમલદારોની જ અસર થાય એમ માનવામાં ગંભીર ભૂલ થઈ રહી છે; આપણા માનનીય નેતાઓને એ રીતે અન્યાય થાય છે. અંકુશ-વિરોધીઓ જણાવે છે તેવા જ, અમલદારોની રાહે ચાલનારા, જો આપણા પ્રધાનો હોય તો, એમને એ સ્થાનેથી ખસેડી મૂકવાની પ્રજાની ફરજ થઈ પડે છે.

સર્વસંમત માર્ગ

અંકુશો બાબતમાં પ્રજા અને વર્તમાન-પત્રો જુદાજુદા પ્રકારના સૂરો કાઢે છે. એક વર્ગ એમ કહે છે કે ગમે તે થાય, અંકુશો કાઢી નાખો. બીજો વર્ગ કહે છે કે અંકુશો રદ થશે તો પ્રજા પાયમાલ થઈ જશે. પૂ. ગાંધીજીએ અંકુશો સામે બુલંદ અવાજ ઉઠાવ્યો હતો તે ખરું છે. પરંતુ અંકુશો ગયા પછી જે નૈતિક અંકુશ જરૂરી બને છે તેની ગાંધીજીના ગયા પછી ખોટ પડી છે તેની કોણ ના પાડી શકશે? અંકુશો દૂર કરવાની માગણીમાં વેપારીઓ મુખ્ય છે. અંકુશોથી વેપાર રૂંધાય છે તે સાચું છે, પરંતુ વેપારીઓ પ્રત્યે પ્રજાના દિલમાં અવિશ્વાસ ભરેલો છે તે તેઓ જાણે છે? જેમની પોતાની જમીન છે તેવા ખેડૂતો અંકુશો દૂર કરવા-ની માગણી કરે છે, પણ મજૂરો, મધ્યમ વર્ગના માણસો અને કરોડો ઊભડિયા ખેડૂતોને વાજબી ભાગે અનાજ અને કપડાં મળી શકે તેવી ખાતરી છે? બધી બાજુનો વિચાર કરતાં એમ લાગે છે કે અંકુશોએ ઊભું કરેલું વિષચક્ર ભેદવું હોય અને બીજી બાજુ નફા-ખોરોના પંજામાં ન સપડાવું હોય તો સર્વ વર્ગોના સહકારથી અંકુશોની ક્રમશઃ નાબૂદીનો મધ્યમ માર્ગ આપણે સ્વીકારવો પડશે. આ બાબતમાં દેશના પ્રથમ કક્ષાના નેતાઓમાં અંદરઅંદર જે મતભેદ પ્રવર્તે છે તે મૂકી દઈ સાથે બેસીને સર્વસંમત માર્ગ નક્કી કરી લેવો જોઈએ.

મધ્યસ્થ સરકાર

મધ્યસ્થ પ્રધાનમંડળની પુનર્રચના ખાસ ધ્યાન ખેંચનારી નથી, છતાં વર્તમાન ખાતાં-ઓની કામગીરી ઉપર તેની થોડીઘણી તો અસર થશે જ. નવા પ્રધાનો તરીકે શ્રી મુનશી, શ્રી મહેતાબ, શ્રી શ્રીપ્રકાશ અને શ્રી રાજાજી આવ્યા છે. એમની શક્તિઓનો દેશને પરિચય છે. એમના આવવાથી પ્રધાનમંડળમાં એક-રાગ વધશે ને જે ખાતાંઓ તેમને સોંપાશે તેમાં નવી દૃષ્ટિએ વિચારણા કરવાનો પણ પ્રયાસ થશે. પ્રધાનમંડળની પુનર્રચના કરતાં એમ સ્પષ્ટ દેખાયું છે કે સમર્થ વ્યક્તિઓની ખોટ છે અથવા તો દેશમાં જે શક્તિ પડેલી છે તેનો યથાર્થ ઉપયોગ કરવાની કળા હજી આપણે પ્રાપ્ત નથી કરી. તા. ૨૧-૫-'૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા-સમાચાર

‘અખંડ આનંદ’

ગયા માસમાં જણાવ્યા પ્રમાણે ‘અખંડ આનંદ’નું લવાજમ ૧લી મેથી રૂા. ૭-૮-૦ થયું છે. એટલે જે ગ્રાહકબંધુઓનું લવાજમ આ માસ આખરે પૂરું થતું હોય તેમણે તા. ૩૦મી સુધીમાં રૂા. ૭-૮-૦ મનીઑર્ડરથી મોકલી આપવા વિનતિ છે. જેમનું લવાજમ એ તારીખ સુધીમાં નહિ મળે તેમને અંક રૂા. ૭-૧૪-૦ના વી. પી.થી રવાના થશે.

‘વિવિધ ગ્રંથમાળા’

૪૫ વર્ષથી ભિક્ષુ અખંડાનંદે શરૂ કરેલી આ માળામાં રૂા. ૬-૮-૦ આપીને વાર્ષિક ગ્રાહક થવાથી ઘેરબેઠે ૧૬૦૦ પાનાંનાં ચૂંટેલાં પુસ્તકો મળ્યા કરે છે. ગયે વર્ષે રૂા. ૬-૮-૦માં રૂા. ૧૧-૪-૦ની કિંમતનાં પુસ્તકો મોકલાયાં હતાં. તમો ગ્રાહક ન હો તો આજે જ એક કાર્ડ લખી ગ્રાહક બનો.

ચોથા હપ્તાનું પુસ્તક ‘પાકશાસ્ત્ર’ ગયા માસમાં મોકલાયું છે. હવે છેલ્લું પુસ્તક ‘વનરાજ ચાવડો’ જુલાઈ માસના પહેલા અઠવાડિયામાં નવા વરસના લવાજમ પેટે વી. પી. થી મોકલાશે. જે ગ્રાહકોનું નવા વરસનું લવાજમ ૩૦મી જૂન સુધીમાં મળી જશે, તેમને એ પુસ્તક વી. પી.થી નહિ મોકલતાં સાદી રીતે મોકલાશે.

નવાં પ્રકાશનો

બાળક : (સર્વોપયોગી શ્રેણી નં. ૩૨) અનુ: કુસુમબહેન ચીનુભાઈ શાહ: આ પુસ્તકમાં બાળવિકાસ અને બાળમાનસ માટે જરૂરી અધ્યયન અને અનુશીલન માટે યોગ્ય માર્ગદર્શન આપવાનો બાળમાનસશાસ્ત્રીઓએ પ્રયાસ કર્યો છે. પાન ૧૭૬ : મૂલ્ય ૧-૪

પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ : (સર્વોપયોગી શ્રેણી પુ. નં. ૨૬-૨૭) લે૦ વિજયગુપ્ત મૌર્ય : મહાગુજરાતનાં ૧૨૫ જેટલાં સામાન્ય-અસામાન્ય પક્ષીઓનો રસભર્યો પરિચય આપતું પુસ્તક—જેમાં કેટલાંક પક્ષીઓનો સચિત્ર પરિચય અપાયો છે. પાન ૨૭૨ : મૂલ્ય ૧-૪

મહાત્મા ટૉલસ્ટૉય : (સર્વોપયોગી શ્રેણી પુ. નં. ૨૮-૨૯) લે૦ રામનારાયણ ના. પાઠક : મહાત્મા ગાંધીજીએ જેમને પોતાના ગુરુ સ્વીકારેલા એવા મહાત્મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Hari

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉલ્સ્ટૉયનું જીવનચરિત્ર મુમુક્ષુ સમાજસેવક અને દેશસેવકને માર્ગદર્શક થઈ પડે તેવું છે.

પાન ૧૭૨ : મૂલ્ય ૧–૪

ગૃહ, ગૃહિણી અને ગૃહસ્થ : (સર્વોપયોગી શ્રેણી પુ. નં. ૩૦–૩૧) લે૦ લાલભાઈ કહાનભાઈ દેસાઈ: આ પુસ્તકમાં આપણાં ગૃહ અને કુટુમ્બ-જીવનનું અવલોકન કરી માબાપ–પતિ–પત્ની–ભાઈબહેન વગેરેમાં અરસપરસ પ્રેમની સુવાસ કેવી રીતે મહેકી રહે એનું માર્ગદર્શન આપ્યું છે.

પાન ૨૭૨ : મૂલ્ય ૧–૪

સત્સંગમાળા : (આમશ્રેણી) સંતો, ભક્તો ને મહાત્માઓનાં ૧૦૮ બોધક વચનો સરળ ભાષામાં લેખકે પોતાની અનુભવી શૈલીમાં આપ્યાં છે.

પાન ૯૬ : મૂલ્ય ૦–૬

કુણાલ : (આમશ્રેણી 'શ્રેયસ્' પ્રકાશન નં. ૧) લે૦ છોટુભાઈ જોઈતારામ ભટ્ટ : બાળકો તથા પ્રૌઢો માટે ઉપયોગી પુસ્તક મોટા અક્ષરોમાં.

પાન ૭૨ : મૂલ્ય ૦–૮

ભીમભાઈનું પહેરણ : (આમશ્રેણી 'શ્રેયસ્' પ્રકાશન નં. ૨) લે૦ છોટુભાઈ જોઈતારામ ભટ્ટ: બાળકો તથા પ્રૌઢો માટે ઉપયોગી પુસ્તક ત્રિરંગી પાંચ ચિત્રો સાથે.

પાન ૩૨ : મૂલ્ય ૦–૪

શ્રી અરવિંદ : (આમશ્રેણી) લે૦ સુન્દરમ્: શ્રી અરવિંદનું ટૂંકું ને પ્રેરક ચરિત્ર

પાન ૭૨ : મૂલ્ય ૦–૪

શિક્ષાપત્રી : (આમશ્રેણી) સ્વામી સહજાનંદરચિત. શ્રી કિશોરલાલ મશરૂવાળાના આમુખ સાથે: અમૂલ્ય ઉપદેશ.

પાન ૧૦૪ : મૂલ્ય ૦–૬

સદાચાર અને સુખ : લે૦ ઉ. સિદ્ધિમુનિ : ગૃહસ્થજીવનના સામાન્ય ધર્મો સંબંધી માર્ગદર્શન ઉપરાંત જૈનધર્મની ઉપયોગી ૨૩ ધર્મકથાઓ આપેલી છે.

પાન ૨૦૦ : મૂલ્ય ૧–૮–૦

નીચેનાં પુસ્તકો છપાય છે :

અખાની વાણી : નવી આવૃત્તિ

પરદુઃખભંજન વિક્રમની વાર્તાઓ : પ્રયોજક કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ

ભીમનાં પરાક્રમો : ભીમસેનની રસિક વાતો : લે૦ માધવજી પટેલ

કેશવકૃતિ : પ્રાચીન ભક્ત કેશવલાલ ભટ્ટનાં પસંદ કરેલાં ભજનોનો સંગ્રહ

શિવપુરાણ : સરળ અનુવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અખંડ આનંદ' વાંચ્યા પછી

'અખંડ આનંદ'નો પ્રસ્તુત અંક તમે વાંચી ગયા. આજે તો ગુજરાતભરમાં કોઈ શિક્ષિત માનવી એવો નહિ હોય જેણે પૂજ્ય રવિશંકર મહારાજનું નામ ન સાંભળ્યું હોય, કે એમના જીવનકાર્યથી જે બિલકુલ અપરિચિત હોય. પ્રાચીન ઋષિમુનિની યાદ આપતા, ગુજરાતની સંસ્કૃતિના પ્રતિનિધિ સમા 'દાદા'એ ભલે શાળા કે કોલેજનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત ન કર્યું હોય, પણ જીવનની શાળાનું તો એમણે રજેરજ અધ્યયન કર્યું છે અને એટલે જ એમના મુખમાંથી નીકળતી વાણીનો એકએક શબ્દ અનુભવની સચ્ચાઈથી ને ઊંડી સહૃદયતાથી રસેલો હોય છે. આ અંકમાં 'સહિયારું જીવન'નો લેખ વાંચી એમના વધારે વિચારો જાણવાની, એ અમૃતવાણીનું વધુ રસપાન કરવાની કોને ઇચ્છા નહિ થાય? 'દાદા'-ની પ્રવચનશૈલી કેવી સંયમી, કેવી રમતિયાળ, અને સરળ ઉપરાંત ગાંધીજીએ નિર્દેશેલી જીવનદૃષ્ટિથી કેવી તરબોળ હોય છે, તે આ સંસ્થાની સર્વોપયોગી સાહિત્યશ્રેણીમાં પ્રસિદ્ધ થયેલા એમના **'ગ્રામરચના'** નામના પુસ્તકમાંથી જાણવા મળશે. બસોએંશી પાનાંના આ પુસ્તકની કિંમત છે માત્ર સવા રૂપિયો!

ચાલુ અંકમાંના શ્રી વલ્લભરામ વૈદ્યના 'આકડો' ઉપરના લેખનું બંધારણ ઘડાયેલું છે આયુર્વેદશાસ્ત્રની નીતિરીતિ પર. આયુષ્ય સાથે સંબંધ ધરાવતા જે શાસ્ત્રને વેદની ઉપમા અપાઈ તે આયુર્વેદ ઉપર સસ્તું સાહિત્યે ઘણા ગ્રંથો બહાર પાડ્યા છે. આજનાં કેટલાંક વૈદકશાસ્ત્રો કરતાં પ્રાચીન આ દવાપદ્ધતિમાં ઘરઆંગણાની વનસ્પતિનો ઉપયોગ કરવામાં આવતો હતો; એ પદ્ધતિ બીનખર્ચાળ હતી. આજે ય મધ્યમવર્ગને ને ગરીબ વર્ગને વિલાયતી દવાનાં બિલ મોંઘાં પડે છે, ત્યારે ઘરના સર્વની તંદુરસ્તીની માવજત કરે એવું એકાદ પુસ્તક વસાવી લીધેલું શું ખોટું? માત્ર છ રૂપિયામાં ૮૩૨ પાનાનું **'આર્યભિષક'** એટલે વનસ્પતિઓના ગુણદોષ, ઉપયોગ તેમ જ રોગો, તેનાં લક્ષણો, તેનાં કારણો તથા ઉપચારોનો મહત્ત્વનો ગ્રંથ!

શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક સુખપ્રાપ્તિ માટે વિચારવંત માનવી કેવી રીતે વર્તે છે તે 'સુખપ્રાપ્તિના માર્ગો'માં જોયું હશે. આખી જિંદગી એની પાછળ ખર્ચાઈ જવા છતાં સાચું સુખ, સાચું સામર્થ્ય અને સાચી સમૃદ્ધિ, જો યોગ્ય માર્ગદર્શન નહિ હોય તો, નહીં મળી શકે. દરેકે દરેકના જીવનમાં ઉપયોગી નીવડે ને ચેતન પ્રેરે એવું વાચન **'સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ'** (પા. ૪૮૦ કિં. રૂા. ૩-૦-૦)માંથી મળી રહેશે.

'ગૃહસંસ્કાર'નો લેખ ગૃહસ્થ ન વાંચે એવું બને જ નહિ. પણ એની સાથોસાથ **'ગૃહજીવનની કળા'** તમે ન જાણી કે સંસ્થાના તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલું પુસ્તક **'ગૃહ, ગૃહિણી અને ગૃહસ્થ'** નહિ વાંચો-વિચારો, તો એ લેખના સંસ્કાર અધૂરા રહ્યા જેવા ગણાશે. આ બે પુસ્તકોનાં શિર્ષક જ એવાં બધાં ભાવવાહી છે અને એ પુસ્તકોના અંતરંગને પ્રતિબિંબિત કરે છે કે એ વિશે ઝાઝું કહેવું યોગ્ય નથી.

છેલ્લા લેખ 'નાળિયેરી' વિશે લેખક અનુભવી છે. ખેતીવાડી વિષયક પુસ્તકો ગુજરાતી ભાષામાં ઓછાં પ્રસિદ્ધ થયાં છે, ત્યારે આ જ લેખકકૃત **'ખેતીવાડીનાં મૂળ તત્ત્વો'** (ભા. ૧ થી ૪) ગુજરાતના દરેક ખેડૂતને-ખેતી સાથે સંબંધ ધરાવતી દરેક વ્યક્તિને વાંચવા ભલામણ કરીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગીત-નૃત્યના

અખંડ આનંદ

ની અમૃતધારા
વહાવતું

૪ થું સપ્તાહ

રાજકપૂરનું જ્યુબિલી ચિત્ર

બરસાત

લાઈટ હાઉસ
[અમદાવાદ]

મુંબઈ ● ઈમ્પીરિયલ, બ્રોડવે
મુંબીક ● પેલેસ અને
વડોદરા-શારદા ● સુરત-પ્રકાશ
કોલ્હાપુર-રાજારામ અને ચિત્રમંદિર
પૂના-હિંદવિજય અને કેપીટોલ
સોલાપુર-ભાગવત તેમજ અન્ય સ્થળોએ

જયસિંહ પ્રકાશન

દેવમંદિર
માટેની
પવિત્રતા

સ્વચ્છતા અને પવિત્રતાનો સુમેળ હોય છે. આપણી સંપૂર્ણ શુદ્ધિ માટેનાં શાસ્ત્રોક્ત સ્નાનો તો તદ્દન સ્વચ્છ સાબુ વડે જ થાય. સાબુમાં કોઈપણ પદાર્થ હોઈ શકે પણ ગોદરેજ સૅન્ડલ સાબુમાં, ગોદરેજના બીજા ટૉયલેટ સાબુઓ તથા શણગારની બીજી બનાવટોની જેમ, ફક્ત શુદ્ધ ગુણકારી વનસ્પતિજન્ય તેલો અને સત્ત્વો જ વાપરવામાં આવ્યાં છે; તેઓમાં કોઈપણ નઠારી પ્રાણીની ચરબીનો અંશ પણ જોવાનો નહિ મળે. શુદ્ધ માઈસોરી સુખડના તેલથી ભરપૂર રીતે મિશ્રિત કરેલો ગોદરેજનો સૅન્ડલ સાબુ આનંદજનક, ઠંડું, સુવાળું અને ખુશબોદાર ફીણ આપે છે. ત્યારે આપણે પોતે જ મનને સવાલ પૂછી ખરો જવાબ મેળવીએ કે આપણા શરીરની પવિત્રતા માટેના સ્નાન અર્થે ગોદરેજ વેજીટેબલ સૅન્ડલ સાબુ સિવાય બીજી કોઈ પણ વસ્તુ ચાલે ખરી કે?–કારણ "શરીર એ તો દેવમંદિર છે."

Godrej Sandal

ગોદરેજ સૅન્ડલ
રજીસ્ટર્ડ (ચન્દન)

ટૉયલેટ [ન્હાવાનો] સાબુ

બીજા સૅન્ડલ સાબુઓ કરતાં ઓછી કિંમતમાં મળતો વજનમાં વધુ અને ચઢિયાતો સાબુ

ગોદરેજ સોપ્સ, લી૦
અમદાવાદ : માણેકચોક–ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને રજપુતાના માટે ઑફિસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોગન

'આ ચિત્ર ભારતના ચિત્રઉદ્યોગનું ગૌરવ વધારનારું છે અને ચિત્રરસિકોના આનંદમાં ઉમદા ઉમેરો કરે છે.'

—ટાઈમ્સ ઑફ ઈન્ડિયા

★

'રૂપેરી પડદાએ જ્ઞાનની પરબ બનવું જોઈએ. એમ સ્વીકારીએ તો એ કાર્યને 'જોગન' પ્રામાણિકપણે પાર પાડે છે.'

—ફ્રી પ્રેસ જર્નલ

★

'પ્રેરક સંવાદ અને સુંદર પાર્શ્વસંગીતથી આ ચિત્ર ઝળહળે છે.'

—ભારત

★

'અમે ઇચ્છીએ છીએ કે જનતા 'જોગન' જેવાં સુરેખ અને સુંદર બોલપટોને આવકારી બીજા સર્જકોને એ માર્ગે પ્રેરશે.'

—મુંબઈ સમાચાર

★

'મીરાંનાં ભજનોની કડીઓ એક પછી એક ચિત્રમાં જીવતી થતી લાગે છે. કવિતા મટીને એ કથા બને છે. આમ પાત્રોના જીવનમાં ભજનોને આ રીતે ઘટાવવાં, એનાથી જીવનની એક ઊંચાઈ મેળવવી એ દૃષ્ટિ અસર કરી જાય છે.'

—વંદેમાતરમ

★

'અન્ય ચિત્રો કરતાં જોગન વધારે સ્વચ્છ, બુદ્ધિગમ્ય, ગૌરવભર્યું અને હૃદયસ્પર્શી છે.'

—સન્ડે સ્ટાન્ડર્ડ

★

'જોગનમાં મેં જે જોયું તે બધું સંસ્કારભર્યું અને ઉમદા છે. અત્યાર સુધીમાં મેં જે બધાં હિંદી ચિત્રો જોયાં છે તે સૌમાં જોગન અનોખું છે.'

—ભારતજ્યોતિ

★

'નરગીસની અભિનયકલાનાં જે સુંદર તત્ત્વો આજ સુધી છુપાઈ રહ્યાં હતાં, તે આ ચિત્રની એની મુખ્ય ભૂમિકામાં જોવા મળે છે. પ્રેમી તરીકે દીલિપકુમારનો અભિનય ઉત્તમ છે.'

—ઈવ્ઝ વીકલી

★

'એનું કાવ્ય સમું સૌંદર્ય, હૃદયસ્પર્શી કરુણતા અને ઉત્તમ આદર્શ જોગનને ભવ્ય અને દિલપસંદ ચિત્ર તરીકે ઠેરવે છે.'

—ધી કરંટ

રણજિત ચિત્ર

દિગ્દર્શક :: કેદાર શર્મા

અજીત પ્રકાશન

લીબર્ટી

રોજ : ૩, ૬-૧૫ ને ૯-૩૦

બુકીંગ : ૧૦ થી ૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridw...

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

KHAND ANAND Registered No. B. 3144

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

એક રૂપિયો

સસ્તું સાહિત્ય

પો. બો. ૫૦, અમદાવાદ.

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CROWN BRAND GUARANTEED PURE

CROWN BRAND GUARANTEED PURE

એલ્યુમિનિયમ અને પિત્તળનાં વાસણ

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમના વાસણો વજનમાં હલકા, જલ્દી ગરમ થાય તેવા અને કીંમતમાં કીફાયત હોય છે કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.



તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો:

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Hari...

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂા. ૭॥ છે. બ્રહ્મદેશ માટે રૂા. ૮) અને પરદેશ માટે રૂા. ૧૧) છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. છ અથવા ત્રણ માસના ગ્રાહકો નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક સમયસર ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી; અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી; અને તે સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પોતાનું નામ-સરનામું સ્પષ્ટ લખવાં; સાથે ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું. વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે.

૯ મનીઑર્ડરની કુપન પર રૂપિયાની રકમ, રૂપિયા મોકલવાનો ઉદ્દેશ, ગ્રાહક નંબર (નવા ગ્રાહક હોય તો નવા ગ્રાહક લખવું), પૂરું સરનામું વગેરે સર્વ બાબતો સ્પષ્ટ દર્શાવવી.

૧૦ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

૧૧ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૨ રૂબરૂ આવી અંક લઈ જનાર તથા એકથી વધારે અંકો રજિસ્ટરથી યા રેલવેથી મંગાવનાર માટે લવાજમમાં કંઈ ફેરફાર નથી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, **અમદાવાદ** ને કાલબાદેવી, મુંબઈ-૨

લેખો અંગે નિયમો

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને—વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસવર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. આમ છતાં સ્વીકાર પામેલો લેખ ચારેક માસની અંદર પ્રગટ થઈ જ જાય તે વિષે કાળજી રાખવામાં આવે છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લખાણ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લખાણો મોકલવાનું સરનામું આ પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'
ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ-૧

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	પૈસો અને સુખ	શ્રી	
૨	સ્તવનશુદ્ધિ	શ્રી કેદારનાથજી	૩
૩	શ્રવણ	કવિવર રવીન્દ્રનાથ ઠાકુર	૫
૪	કુંભમેળો	સ્વામી આનંદ	૮
૫	આધ્યાત્મિક અનુભવ	શ્રી અંબાલાલ પુરાણી	૧૧
૬	નાકનું મહત્વ	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૦
૭	તૃષ્ણા	અનામી	૨૮
			૩૩
૮	જીવનસાથી (વાર્તા)	શ્રી પન્નાલાલ પટેલ	૩૪
૯	દેલવાડાનાં મંદિરો (પરિચય)	અધ્યા. ભોગીલાલ સાંડેસરા	૩૬
૧૦	પ્રશ્નોત્તર	સ્વામીશ્રી રામદાસજી	૪૧
૧૧	અજોડ શસ્ત્રવૈદ્ય (જીવનરેખા)	શ્રી વિજયગુપ્ત મૌર્ય	૪૩
૧૨	યશોદાવિરહ (સૂરદાસનાં પદો)	શ્રી પુરુષોત્તમ ભટ્ટ	૪૮
		હિંદીસાહિત્યરત્ન, રાષ્ટ્રભાષારત્ન	
૧૩	સુખપ્રાપ્તિના ઉપાયો (માનસવિજ્ઞાન)	શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ	૫૪
		એમ. એસસી. (લંડન) બાર-એટ-લો	
૧૪	જીવનસુવાસ	શ્રી જયંતીલાલ મો. શાહ એમ. એ., એલએલ. બી.	૫૯
૧૫	નિભાડો (વાર્તા)	શ્રી પીતાંબર પટેલ	૬૫
૧૬	માનસિક વ્યાધિ (આરોગ્ય)	ડૉ. નાથાલાલ જ. દવે	૭૧
૧૭	ઉપનિષદ્-કથાઓ (ધર્મકથા)	શ્રી રતિલાલ સાં. નાયક	૭૫
૧૮	પક્ષીજગત	શ્રી શંકરભાઈ સો. તડવી	૮૧
૧૯	તામ્રલિપ્તિ વિદ્યાપીઠ	શ્રી શંકરદેવ વિદ્યાલંકાર	૮૭
૨૦	હજી તો તું બાળક છે	શ્રી કેશવપ્રસાદ દેસાઈ	૯૦
		બી. એ. એલએલ. બી.	૯૨
૨૧	ભૂતઘર (નાટિકા)	શ્રી મધુસૂદન પારેખ	૯૯
૨૨	ભાવિ પ્રજાનો પિતા	શ્રીમતી કુસુમબહેન સી. તારકસ જી. એ.	૧૦૧
૨૩	તિલોત્તમા (વાર્તા)	શ્રી 'વનફૂલ'	૧૦૭
૨૪	તુલસી	વૈદ્ય ઠાકોરલાલ છ. જોશી આયુર્વેદભિષક્	૧૦૯
૨૫	હળ વિ. ટ્રેક્ટર	શ્રી વેણીશંકર મુરારજી	૧૧૩
૨૬	'સંહિતા' વિષે-	શ્રી પરિમલ એન. ભટ્ટ	૧૧૪
૨૭	યુગપ્રવાહ	સોપાન	૧૧૮
૨૮	સંસ્થા-સમાચાર	કાર્યાલય	

* * *

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ કo ઠક્કર

મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ-અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૩, અંક ૯]   તંત્રી : સોપાન   [જુલાઈ ૧૯૫૦

પૈસો અને સુખ

'પૈસો હાથનો મેલ છે' એવી એક કહેવત છે, પણ એ મેલ મેળવવા કરોડો હાથ રાત-દિવસ મહેનત કરે છે તે ભૂલવા જેવું નથી. માણસ પોતાની આજીવિકા માટે કે ભવિષ્યમાં અણધાર્યા દુઃખમાં સલામતી મેળવવા પૈસો મેળવે તે સમજી શકાય, સામાન્ય માણસ માટે એમ કરવું જરૂરી પણ ગણાય. સ્થૂળ વસ્તુ સુખ કે દુઃખ જન્માવી શકે નહિ, ચેતન ઉપર જડની અસર થાય નહિ એ સૈદ્ધાંતિક રીતે સાચું છે, પણ જેણે એટલો આધ્યાત્મિક વિકાસ સાધ્યો હોય તે જ એવો અનુભવ કરી શકે. સાધારણ માનવી તો સ્થૂળ વસ્તુનાં સુખદુઃખનો અનુભવ કરે જ છે એટલે એ રીતે એનો વિચાર કરવો જોઈએ. આ દૃષ્ટિએ વિચારતાં પૈસાની સુખ આપવાની શક્તિ કેટલા પ્રમાણમાં ગણાય?

પૈસો વિનિમયનું સાધન છે. જીવનની પ્રાથમિક જરૂરિયાતો એ દ્વારા મેળવી શકાય છે. સભ્ય ગણાતા સમાજમાં પૈસા દ્વારા અનેક બાબતોનો બદલો અપાય છે. આબરૂને ધક્કો પહોંચ્યો હોય કે અકસ્માત થયો હોય, બદલો રૂપિયા–આના–પાઈમાં અપાય છે. કારખાનાંમાં કોઈ કામદારનો હાથપગ કપાય કે તેનું મૃત્યુ થાય તો તેનો બદલો પણ પૈસાવડે આપવાનો હોય છે. અલબત્ત, બેદરકારી બદઈરાદો વગેરે અંગે બીજી શિક્ષાઓને અવકાશ છે, પણ પૈસો હમેશાં મુખ્ય સ્થાને રહે છે. પૈસાએ આવું અગત્યનું સ્થાન મેળવેલું હોવાથી તેની અવગણના કરવાનું ઘણું મુશ્કેલ છે.

નિત્ય વ્યવહારમાં પણ પૈસો અગત્યનું કામ કરી જાય છે. પોતાની પાસે નાણું છે એ ખ્યાલ માણસમાં ખુમારી પ્રગટાવે છે. એ જ રીતે પોતે ગરીબ છે એવા વિચારથી માણસ લાચારી પણ અનુભવે છે. પૈસાથી માન–પ્રતિષ્ઠા મળે છે. પૈસા નીચે દુર્ગુણો છુપાવી શકાય છે અથવા તો પૈસાના ચળકાટને કારણે બહુ ઓછા માણસો એ તરફ નજર કરે છે. સંસારનાં સુખો પૈસાવડે માણસ પ્રાપ્ત કરે છે. ભોગવિલાસનાં સાધનો પૈસા વિના શક્ય જ નથી. જરી આગળ વધીએ તો પૈસા દ્વારા સારાં કામો પણ થતાં માલૂમ પડે છે. કેટલી યે પરોપકારક પ્રવૃત્તિઓ પૈસા દ્વારા ચાલે છે. રાજકીય લડતો કે સ્વાતંત્ર્યયુદ્ધો જ નહિ, આશ્રમો પણ પૈસાથી ચાલતા દેખાય છે. સહેજે પ્રશ્ન ઊઠે કે પૈસાની આ શક્તિ તરફ ઉપેક્ષા કરી શકાય ખરું?

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારવાન માણસ કહેશે કે પૈસાની શક્તિનું જે વર્ણન આપ્યું તે સાચું છે, પણ દુનિયામાં દરેક વસ્તુની કિંમત સરખામણી ઉપરથી જ થાય છે. પૈસાને પણ એ જ રીતે જોવા જોઈએ ને સુખ આપવાની તેની મર્યાદા કેટલી તેનું માપ કાઢવું જોઈએ.

પૈસો વિનિમયનું સાધન છે, પણ સંપત્તિ નથી તે સૌથી પહેલાં સમજી લઈએ. પૈસો દરેક ચીજ ખરીદી શકે છે એમ કહેવામાં અર્ધસત્ય છે, કોઈ પણ ચીજથી જ પૈસો ખરીદી શકાય છે. પૈસા દ્વારા બદલો અપાય છે તે ખરું, પરંતુ એ બદલો હમેશાં અધૂરો જ રહે છે. કોઈ ગરીબ માણસનો હાથ કપાઈ જાય તેને પૂછો કે હજાર રૂપિયા જોઈએ છે કે હાથ? મૃત્યુ પામનારાનાં સ્વજનોને પણ આ સવાલ પૂછી જોજો. જેણે આબરૂ માટે કોઈ ઉપર કેસ માંડ્યો હોય તેને પૂછજો કે પૈસા ખાનગીમાં અપાય તો ચાલશે? આબરૂને બદલે પૈસા મળે છે તે એક પ્રકારનો દંડ છે એટલે જ થોડોક સંતોષ મળે છે, છતાં આબરૂ ગયાનું દુઃખ તો કાયમ જ રહે છે.

એવી જ રીતે પૈસાની ખુમારી ને ગરીબાઈની લાચારીનો મર્મ પણ સમજવા જેવો છે. જે સ્વેચ્છાએ ગરીબાઈ સ્વીકારે છે તે કદી લાચારી કરતો નથી, એટલું જ નહિ પણ પૈસાદારની ખુમારી ત્યાં કામમાં આવતી નથી. પૈસાથી માન અને પ્રતિષ્ઠા મળે છે, પણ તે પોલાં હોય છે. પ્રજાનું અંતર પૈસાદાર તરફ કદી ઢળતું નથી, એ તો પૈસાને તુચ્છ ગણનાર કોઈ સંન્યાસી, સંશોધક, વિજ્ઞાની, કલાકાર, શહીદ કે સેવકને જ શોધે છે ને ત્યાં શાંતિ અનુભવે છે. લોકોનો મોટો ભાગ પૈસાની પાછળ પડેલો છે એટલે જ જે પૈસાને તુચ્છ ગણે છે તે આ જગતમાં મહત્તા પ્રાપ્ત કરી જાય છે. ભોગવિલાસનાં સાધનો પૈસા વિના ન મળી શકે તે ખરું, પરંતુ એની પ્રાપ્તિને વિકાસ સમજવો કે વિનાશ? એથી સુખ વધે કે દુઃખ? એથી આનંદની માત્રા વધે કે ઘટે? શરીરનું સ્વાસ્થ્ય અને મનની પ્રસન્નતા તેથી વૃદ્ધિ પામે કે ઓછાં થાય તે વિચારવાનું રહે છે.

આમ સમગ્ર રીતે વિચારતાં એમ લાગે છે કે પૈસા જે સુખ આપે છે તે તુચ્છ પ્રકારનું છે, એટલું જ નહિ પણ એવું સુખે ય કાયમ ટકી શકે એ પ્રકારનું હોતું નથી. કોઈ ઊંચા પ્રકારના આનંદમાં રાચનારાઓ તો પૈસાની તુચ્છતા સમજે જ છે. જગતમાં જેમનાં નામો આજે ગવાય છે ને પૂજાય છે તેઓ પૈસાદાર નહોતા. સામાન્ય દુન્યવી માનવીની આંખે જોતાં પણ એમ લાગે છે કે માણસ ધારે છે તેટલું સુખ આપવા પૈસો સમર્થ નથી. જીવનની પ્રાથમિક જરૂરિયાતો ઉપરાંત માણસ જે વસાવે છે તે જેમજેમ વધતું જાય છે તેમતેમ સુખની માત્રા ઘટતી જ જાય છે. પૈસો, કીર્તિ, મોભો, સત્તાસ્થાન અંતે તો આનંદ માટે જ છે ને? તો પછી જેના દ્વારા સાત્ત્વિક ને શાશ્વત આનંદ પ્રાપ્ત થાય તેવી વસ્તુ પ્રાપ્ત કરવા કેમ ન મથીએ? પૈસા કરતાં વિશેષ આનંદ આપવાની શક્તિ તો અનેક વસ્તુઓમાં છે છતાં માણસ પૈસાની પાછળ દોડે છે એ આશ્ચર્ય જ છે ને! રોગી જેમ સાચો સ્વાદ ગુમાવી બેસે છે તેવું તો આપણું નથી થયું?

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્તવનશુદ્ધિ

લેખક :
શ્રી કેદારનાથજી

'અખંડ આનંદ'ના એપ્રિલ ૧૯૫૫ના અંકમાં પૂ. નાથજીનો એક લેખ 'સ્તવનનું સામર્થ્ય' નામે પ્રસિદ્ધ થયો હતો. આ લેખ એની પૂરવણીરૂપે બની રહેશે.

પોતાના ઇષ્ટ દેવનો કે આદર્શ તત્ત્વનો ...બધે સાક્ષાત્કાર થવો એ વાત આત્મ-વિકાસમાં ઉપયોગી છે કે આત્મવિકાસ-...ની એ પણ એક પાયરી છે એવા અર્થનું તમે પત્રમાં લખ્યું છે. પરંતુ મને તેમ લાગતું નથી; કારણકે એવી જાતની સાક્ષાત્કારી ...ભાષાને લીધે જ આપણા ધાર્મિક અને આધ્યાત્મિક ગ્રંથોમાં ભ્રમો વધવાને ઘણો અવકાશ મળ્યો છે. ભક્તિના અતિરેક સાથે તેટલા જ પ્રમાણમાં જો માણસના ચિત્તમાં ભ્રમો રહેતા હોય, તો તે ભક્તિની કલ્પના અને પ્રથા ઘણી સદોષ છે એમ નિરુપાયે કહેવું પડે છે. ત્યાગ જણાતાં જ ખ્રિસ્તનો સાક્ષાત્કાર થાય છે એમ કહેનાર ખ્રિસ્તી ...લક્ષનું ઉદાહરણ તમે પત્રમાં આપ્યું છે. પરંતુ ત્યાગ જણાતાં જ સાક્ષાત્કાર થાય છે એમ ન કહેતાં તે મહાપુરુષનું સ્મરણ થાય છે એમ કહેવું જ યોગ્ય છે. પણ એ પ્રમાણે કહેતાં ભક્તની ભાવતૃપ્તિ થતી નથી. એટલે ભક્તિ જ્યારે વિચિત્ર માર્ગ લે છે ત્યારે તેને મોહ કે ભ્રમ જ કહેવો પડે છે. આ સ્થિતિની કે આવી જાતની ભાવતૃપ્તિની વિકાસમાં જરૂર જણાતી નથી. વિકાસની કોઈ પણ ભૂમિકા ખોટી સમજણ પર આધાર રાખનારી ન હોવી જોઈએ. ભ્રમાત્મક ભક્તિમાં ...થી જ વિકાસ થતો નથી એમ નહીં. ...લક્ષની ભાવના અને આચાર જીવનનાં ...ર્તવ્યોને જેટલાં અનુસરીને હશે તેટલો તેનો વિકાસ માનવામાં આવશે. બાકીની તેની કલ્પના અને ભ્રમ તેના પોતાના અને તેણે તે કલ્પના અને ભ્રમ જે સમાજમાં ફેલાવ્યાં હોય તેના વિકાસને પ્રતિબંધક થાય છે. કોઈ સ્થિતિને વિકાસ ક્યારે કહી શકાય? યોગ્ય માર્ગે ઉન્નત થતાં થતાં જ્યારે તે સ્થિતિ ક્રમશઃ પ્રાપ્ત થયેલી હોય અને આગળના વિકાસક્રમને બાધક કે પ્રતિબંધક ન થતાં સહજપણે સહાયક થનારી હોય. અને તેને વિકાસની પાયરી પણ ત્યારે જ કહી શકાય. કોઈ પણ પાયરી કે ભૂમિકા પ્રયત્નશીલ મનુષ્યને ક્રમશઃ આગળની ભૂમિકામાં લઈ જનારી હોવી જોઈએ. આપણો વિકાસ સમજપૂર્વક ક્રમશઃ થતો નથી. એનું કારણ એ છે કે તે માટે આપણને કોઈ વ્યવસ્થિત સાધનની ખબર હોતી નથી, એટલું જ નહિ પણ વિકાસમાં યે કાંઈક ક્રમ છે અને ચિત્તને ઉત્તરોત્તર ઉચ્ચ ભૂમિકામાં લઈ જવા માટે કોઈ વ્યવસ્થિત સાધનની જરૂર છે એ વાતની આપણને હજુ ખબર નથી. ઉત્તરોત્તર ઉચ્ચ ભાવના અને ધારણાના અનુશીલન અને આધારથી, ચિંતનથી અને તન્મયતાથી માણસ ઉપરની ભૂમિકા પ્રાપ્ત કરી શકે છે. તે માટે ભાવના, ધારણા અને ચિંતનના સ્થૂળ અભ્યાસમાંથી તેને ધીરેધીરે સૂક્ષ્મ અભ્યાસમાં જવું પડે છે. તે અભ્યાસ-માં કોઈ ક્રમ, સુસંગતતા અને ચિત્તને સાધ્ય સુધી પહોંચાડનારી યોજનાની જરૂર હોય છે. તે બધાની મદદથી માણસનું ચિત્ત સ્થૂળ અનુભવમાંથી ધીરેધીરે સૂક્ષ્મ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાંથી આગળ ગાઢ અનુભવમાં તન્મય થઈ જાય છે. ત્યાંસુધી માર્ગમાં આવતી દરેક ભૂમિકાને તેણે દૃઢ કરવી પડે છે. ઉત્તરોત્તર ઉચ્ચ ભૂમિકાની ચિત્તસ્થિતિનો વિચાર કરીને પ્રાર્થના, સ્તવન, ભજન કે ભક્તિના કોઈ પણ પ્રકારમાં સુસંગતતા અને મેળ બેસાડી તેમાં વધતો જતો ક્રમ સાધવો પડે છે. તેમ ન કરતાં જેમાં કોઈ મેળ નથી, કાંઈ ક્રમ નથી એવા-ભાવ, અર્થ, ધારણા, હેતુ અને લક્ષ્ય એ દૃષ્ટિએ બધી રીતે અસંબદ્ધ અને વિસંગત-શ્લોકો આપણે પ્રાર્થના કે સ્તવન-રૂપે રોજ બોલતા રહીએ તો તેનો વિકાસની દૃષ્ટિએ કશો ઉપયોગ નથી. પ્રાર્થના કે સ્તવન બોલતાં તેના અર્થ અને ભાવ સાથે ચિત્ત ધીરેધીરે સમરસ થતું રહેવું જોઈએ. તે માટે પ્રથમ આપણે પોતાના જીવનનું સાધ્ય નિશ્ચિત કરવું જોઈએ. એ સાધ્ય માટે આપણને કઈ ભાવનાઓની, ધારણાઓની સાધન તરીકે જરૂર છે તે આપણે વિવેક-પૂર્વક ઠરાવવું જોઈએ. તે ભાવનાઓ જાગ્રત થાય, ક્રમશઃ વિકસિત થાય એવા ઉત્તરોત્તર અર્થપૂર્ણ અને ભાવપૂર્ણ શ્લોકોની-સ્તવનની સુસંગત પસંદગી આપણને કરતાં આવડવી જોઈએ. તે પસંદગી એવી હોવી જોઈએ કે તે પ્રમાણે પ્રાર્થના કરતાંકરતાં ચિત્ત સહેજે જ વધતા ક્રમે તેના અર્થ સાથે, ભાવ સાથે સમરસ થઈને છેવટે ગાઢ અનુભવમાં તલ્લીન થઈ જાય. દરરોજના આવા જ નિયમથી ચિત્તની સાત્ત્વિક ભૂમિકા દૃઢ થતી જશે. ચિત્ત હમેશાં પવિત્ર, આનંદિત અને પ્રસન્ન રહેશે. કામ, ક્રોધ અને લોભના આવર્તો સહેજે મંદ પડશે. રાગદ્વેષમાંથી ચિત્ત મુક્ત થશે. પછી આપણે સુખદુઃખને ગણકારીશું નહીં. સાત્ત્વિક કર્મનો આપણને ઉત્સાહ રહેશે. આવી રીતે: ભક્તિભાવનાથી કરેલી પ્રાર્થના દ્વારા-સ્તવન દ્વારા આપણામાં આ પ્રકારનું બળ આવે છે. આપણો વિકાસ થાય છે.

પણ જો આપણને યોગ્ય સાધન મળે નહીં; આપણા સાધ્યનો અને આપણાથી રોજ કરાતી પ્રાર્થના અને સ્તવન-એટલે તે શ્લોકોનાં અર્થ, ભાવ અને લક્ષ્યનો કોઈ મેળ ન હોય; મન ભાવમય, એકાગ્ર અને સમરસ થવા માટે જોઈતી સુસંગતિ તેમાં ન હોય, ઊલટું તે બાબતમાં વિસંગતિ જ હોય તો એવી પ્રાર્થના કે સ્તવનથી આપણું ચિત્ત ભક્તિમય અને એકનિષ્ઠ બની શકશે નહીં. જે દેવદેવતાઓ આપણે માનતા નથી, તેમના વર્ણનથી કે સ્તવનથી આપણું ચિત્ત ભાવ-મય, ઉન્નત યા વિકસિત કેવી રીતે થશે? દરેક શ્લોકમાં જુદાજુદા દેવતાઓને શરણે જવાનો ભાવ લાવીને તેમાંના કયા રૂપ સાથે આપણે એકાગ્રતા સાધીશું? કોની સાથે તન્મય થઈશું? ક્યાં એકનિષ્ઠા રાખીને તે કેવી રીતે દૃઢ કરીશું? આ બધી વિસંગતિ અને ચંચળતામાંથી આપણે કેવી રીતે અનુ-સંધાન સાધી શકીશું? માટે ભક્તિભાવના-ની અને વિકાસની દૃષ્ટિએ એવી પ્રાર્થના કે સ્તવન અને ભજનનો વિશેષ ઉપયોગ ન થતાં તેટલા વખત પૂરતી કેવળ ગંભીર શાંતિ અને કંઈક ભાવમય સ્થિતિ પેદા કરવામાં તેનો ઓછોવત્તો ઉપયોગ થાય તેટલો જ. પરંતુ આ પરિણામ પણ દરરોજના મહાવરાથી નાશ પામે છે; અને વખત જતાં તે એક પ્રકારનો ભાવશૂન્ય કર્મકાંડ બની જાય છે.

તેથી આપણી પ્રાર્થના, સ્તવન, ભજન વગેરેની કોઈ પણ પદ્ધતિમાં ભક્તિ અને ઉપા-સનાનો તેમજ વિકાસ અને એકનિષ્ઠાનો વિચાર હોવો જોઈએ. કોઈ સંત-મહાત્માનાં ભક્તિ, વૈરાગ્ય કે જ્ઞાન પર ગીતો યા શ્લોકો આપણે બોલીએ છીએ, તે વખતે આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્દેશ અને પ્રયત્ન તેમાંની ભક્તિ, વૈરાગ્ય કે જ્ઞાનની સ્થિતિ સાથે તન્મય થઈને તે પોતામાં લાવવાનો હોવો જોઈએ. સંત-મહાત્માએ જે ગીતો ગાયાં છે તે કેવળ મનોરંજન કે કેવળ તેટલા વખત પૂરતું સાત્વિક વાતાવરણ પેદા કરવા માટે ગાયાં નથી; પરંતુ ભક્તિ, વૈરાગ્ય કે જ્ઞાનની ઉત્તાન અવસ્થામાં હૃદયમાં ભાવ ન સમાતાં શબ્દરૂપે તેમના મોંમાંથી તે ગીતો આપો-આપ બહાર પડેલાં છે. તે શબ્દોના આધારે તેના અર્થ સાથે-ભાવ સાથે તન્મય થઈને તે ભાવરૂપ અવસ્થા આપણે પોતે પ્રાપ્ત કરીને જે ભૂમિકામાંથી તે મહાત્માના મોંમાં-થી એ શબ્દો નીકળ્યા છે તે ભૂમિકા આપણે સિદ્ધ કરીએ નહીં ત્યાંસુધી તેમના શ્લોકો કે ગીતોનો ખરો ઉપયોગ આપણે કરી લીધો નથી એમ થાય છે. પ્રાર્થના, સ્તવન અને ભજન એ ઉચ્ચ ભૂમિકા સિદ્ધ કરવાનાં સાધન છે. તેમાં વિલક્ષણ સામર્થ્ય છે, તે સામર્થ્ય કેવળ કલ્પના ન હોઈ જીવનમાં પ્રત્યક્ષ દેખાઈ આવનારું છે. ભક્તિ અને ઉપાસના-ની દૃષ્ટિએ આપણે સંત-મહાત્માઓની અનુ-ભવાત્મક વાણીનો ઉપયોગ કરીએ તો તેમના સદ્ગુણો આપણામાં ઊતર્યા વગર રહેશે નહીં.

પરંતુ આપણાં સ્તવન, ભજન અને પ્રાર્થનાની વિસંગત અને અસંબદ્ધ પદ્ધતિ-માંથી આમાંનું કાંઈ જ પરિણામ અનુભવાતું નથી. આપણે આંખો મીંચીને ગમે તે નિત્ય પરિપાટી પ્રમાણે ક્રમશઃ બોલીએ છીએ. તેના શબ્દોનો હૃદય સાથે અને અર્થનો જીવન સાથે તેમજ ભાવ અને લક્ષ્યનો આપણા આદર્શ સાથે સંબંધ નથી. આપણું ચિત્ત કોઈ દેવદેવી પર-તેમના ગુણો પર કેંદ્રિત થઈ શકતું નથી. આપણે તે પ્રમાણે કેંદ્રિત કરવા ઇચ્છતા યે નથી. એનું કારણ એ છે કે આપણે જે કંઈ કરીએ છીએ તે આપણા ચિત્ત પર અને જીવન પર અમુક એક વિશિષ્ટ પરિણામ લાવવા માટે યોજના-પૂર્વક કરતા નથી, પણ કેવળ પરંપરાને અનુસરીને કરીએ છીએ. આ બાબતમાં મનમાં આવતા બીજા યે વિચારો લખું છું. આપણા સમગ્ર ધાર્મિક અને આધ્યાત્મિક સંસ્કારમાં એકનિષ્ઠા નિર્માણ કરવાનો પ્રયત્ન ભાગ્યે જ કોઈ ઠેકાણે જણાઈ આવે છે. બધે અનેક દેવદેવીઓની કલ્પના અને તેમની આરાધનાના પ્રકારોની વૃદ્ધિ જ દેખાય છે. ગીતાનો દશમો અધ્યાય આ સંસ્કાર માટે કેટલો કારણભૂત છે એ પણ વિચાર મનમાં આવે છે. આપણા સર્વ જીવન પર એવી જાતના સંસ્કારોની છાપ જણાય છે. એકે-શ્વરી નિષ્ઠા આપણને રુચતી નથી અને પચતી યે નથી. દેવદેવીઓની કલ્પના વધારવા તરફ કે કોઈ પણ રીતે તેમને કાયમ રાખવા તરફ જ આપણા મનનું વલણ રહે છે. કોઈ પણ સારી કલ્પનાને કે વિશેષતાને દેવત્વ સુધી પહોંચાડ્યા વગર આપણને સમાધાન થતું નથી. તે વગર તેની યોગ્ય કદર કર્યા જેવું આપણને લાગતું નથી. બ્રાહ્મણ, માતાપિતા, ગુરુ, પતિ, ગાય, સર્પ તુલશી, વડ, પીપળો બધાં જ આપણા દેવ. એ વિષેના દેવપણાની કલ્પના ઓછી થઈ ન થઈ ત્યાં હિંદુસ્તાનને ‘ ભારત માતા, ’ ‘ હિંદ દેવી ’ કહીને તે સ્વરૂપે તેના નકશા બનવા લાગ્યા છે. દરિદ્રનારાયણ સુધી આપણી મજલ ગઈ છે. હવે સ્ત્રીઓ, બાળકો અને હરિજનો પર દેવપણાનો વારો આવવાનો સંભવ છે!

આ બધા પરથી વિચાર કરતાં લાગે છે કે આપણા સંસ્કાર અને પરંપરાને લીધે આપણું માનસ જ આ પ્રકારનું બની ગયેલું છે. ઈશ્વર વિષે જુદીજુદી કલ્પનાઓ કરીને તેની સાથે જુદીજુદી રીતોનો સંબંધ જોડી આપણે ભાવતૃપ્તિ કરી લેવાનો-મનને આનં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રવણ

લેખક :
કવિવર રવીન્દ્રનાથ ઠાકુર

સમસ્ત અવકાશને છલકાવી દેતા વિશ્વગીતના સૂરો અહર્નિશ લહેરાયા કરે છે. આ વિશ્વને માનવી મોટે ભાગે આંખથી જુએ છે, પણ એનું આંતરસૌન્દર્ય પામવા માટે અનેક દિશાએથી અનેક પ્રકારે આપણાં આંખ, કાન, સ્પર્શેન્દ્રિય ખૂલવાં જોઈએ. ચિત્રકારને આનંદ વ્યક્ત કરવા માટે કેટલાં બધાં બાહ્ય સાધનો જોઈએ! રેખાંકન સમાપ્ત થતાં એના જનક સાથે એને કશો ય સંબંધ રહેતો નથી, ત્યારે સંગીતકારને કોઈ બહારના સાધનની જરૂર પડતી નથી. સંગીતકાર ને સંગીત એકતાન–લયલીન થઈ જાય છે. વિસંવાદમાંથી સંવાદ તરફ પ્રેરી જતા આ વિશ્વસંગીતનો મહાસ્રોત પણ એના ગાયકના આંતરિક આનંદનું રૂપ લઈ ઊઠે છે. એ દિવ્ય સંગીત સાંભળવા માટે આ લેખ વાંચવો જોઈએ.

કાલ સાંજથી આ ગીત રહીરહીને મારા મનમાં ઝંકૃત થઈ ઊઠે છે:

बाजे बाजे रम्य वीणा बाजे !

હું કોઈ રીતે ય ભૂલી નથી શકતો:

बाजे बाजे रम्य वीणा बाजे !
अमल कमल माझे ज्योत्स्ना रजनी माझे;
काजल घन माझे, निशि आंधार माझे;
कुसुम सुरभि माझे वीण-रणन शुनि जे
प्रेमे प्रेमे बाजे ।

કાલે રાતે અગાસીમાં ઊભા રહીને નક્ષત્રલોક ભણી જોઈને મારા મને સમ્પૂર્ણપણે સ્વીકારી લીધું છે કે 'बाजे बाजे रम्य वीणा बाजे!' એ કવિકથા નથી, એ વાક્યાલંકાર નથી–અવકાશ અને સમયને પરિપૂર્ણ કરીને એ સંગીત અહોરાત્ર બજી ઊઠે છે.

પવનની લહરીઓ એકબીજા સાથે જ્યારે સુંદર ક્રીડા કરે ત્યારે તેમનાં એ આશ્ચર્યકારી મિલન અને સૌન્દર્યને આપણી આંખ જોઈ શકતી નથી, આપણા કાન દ્વારા જ એ લીલા ગીતરૂપે પ્રકટ થાય છે. વળી આકાશમાં જ્યારે પ્રકાશના તરંગો ધારાએધારાએ અનેક તાલે નૃત્ય કરી રહે ત્યારે તેમની એ

દિત કરવાનો ક્યારેક પ્રયત્ન કરીએ છીએ, તો ક્યારેક પોતાની કામનાઓ માટે દેવદેવીઓની જુદીજુદી કલ્પનાઓ કરીએ છીએ. ક્યારેક કોઈક વિશેષતાને દેવપદ પર લઈ જઈએ છીએ, તો ક્યારેક કર્તવ્ય અને કરુણાની ભાવનાથી આપણું મન ભરાઈ જાય છે, ત્યારે જેમને વિષે એ ભાવના લાગે છે તેમનામાં જ દેવત્વ કલ્પીએ છીએ. એટલે દેવત્વની ભાવના વગર કેવળ મનુષ્ય તરીકે તેની સેવા કરવાનું આપણને રુચતું નથી. માનવીની સેવા કરવા માટે આપણું મન તૈયાર થતું નથી. તૈયાર થાય તો યે તેમાં છેવટે દેવપણું કલ્પ્યા સિવાય તે ટકી શકતું નથી. સાક્ષાત્કારની ભાષા વગર આપણને અધ્યાત્મ કે ઈશ્વરની બાબતમાં બોલતાં આવડતું નથી. પરંતુ આપણે આ સંસ્કારમાંથી નીકળવું જોઈએ. આ સંસ્કાર આપણા ચિત્તમાં કેટલો યે ઊંડો હોય તોપણ સત્ય જ્ઞાનથી તે બધાનો સમૂળગો નાશ કરવામાં જ આપણું કલ્યાણ છે એમ સમજીને આપણે તે વિષે સદૈવ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Harid

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરતિશય સુંદર લીલાની કશી ખબર આપણા કાનને પડતી નથી, આંખને જ એ રૂપનાં દર્શન થાય છે. મહાકાશની એ લીલાનું ય જો આપણે કાનના સહૃદ્વારે સ્વાગત કરી શકતા હોત, તો વિશ્વવીણાના એ ઝંકારને આપણે ગીતરૂપે ય ઓળખી શકયા હોત.

એ પ્રકાણ્ડ વિપુલ વિશ્વગીતના સ્રોતનાં પૂર જ્યારે સમસ્ત આકાશને છલકાવી દઈને આપણાં ચિત્ત ભણી વહી આવે ત્યારે તેને એક જ માર્ગે થઈને આપણામાં પ્રવેશ કરાવી શકાતો નથી, એને માટે અનેક દ્વારો ખોલી નાખવાં પડે છે–આંખ દ્વારા, કાન દ્વારા, સ્પર્શેન્દ્રિય દ્વારા, અનેક દિશાએથી એને અનેક પ્રકારે આપણે પામીએ છીએ. એ એકતાન મહાસંગીતને આપણે જોઈ એ છીએ, સાંભળીએ છીએ, સૂંઘીએ છીએ, ચાખીએ છીએ.

આ વિશ્વને મોટે ભાગે આપણે આંખથી જ જોઈ એ છીએ, કાનથી સાંભળતા નથી, છતાં કેટલા ય વખતથી અનેક કવિઓ આ વિશ્વને ગીત તરીકે જ ઓળખતા આવ્યા છે. ગ્રીસના ચિંતકોએ આકાશમાંના જ્યોતિષ્કમંડળની ગતિને નક્ષત્રલોકના ગીતરૂપે જ વર્ણવી છે. કવિઓએ વિશ્વભુવનના રૂપવિન્યાસને ચિત્રકળાની સાથે બહુ સરખાવ્યો નથી એનું એક કારણ એ કે વિશ્વમાં સદા એક પ્રકારની ગતિનું ચાંચલ્ય રહ્યું છે. પણ એ જ એકમાત્ર કારણ નથી, એની પાછળ બીજું એક ગભીરતર કારણ રહ્યું છે.

જે ચિત્ર આંકે તેને પટની જરૂર પડે, પીંછીની જરૂર પડે, રંગની જરૂર પડે–એને બાહ્ય સામગ્રીનો ખપ ઘણો. એ બધું ભેગું કર્યા પછી ય એ જ્યારે આંકવું શરૂ કરે ત્યારે ય એની આરંભની રેખામાં આખા ચિત્રનો આનંદ દેખી શકાતો નથી. અનેક રેખા, અનેક રંગની મેળવણી કર્યા પછી જ પરિણામનો કંઈક આભાસ આપણને થાય છે. ત્યારપછી–ચિત્રકાર ચાલ્યો જાય પછી ય એ ચિત્ર સ્થિર થઈને ઊભું રહે છે–ચિત્રકારની સાથે પછી એનો કશો આગવો સંબંધ રહેતો નથી.

પણ જે ગીત ગાય તેના ગીતની બધી જ સામગ્રી તેના અંતરમાં–જેનો આનંદ, સૂર પણ તેનો જ, ભાવ પણ તેનો જ–એમાં કશું ય બહારનું હોતું નથી. હૃદય જાણે બિલકુલ મોકળા ભાવે પોતાને પ્રકટ કરે છે, એને કશા ઉપકરણનું વ્યવધાન નડતું નથી. આથી જ ગીતને પણ એક પ્રકારની સંપૂર્ણતાની અપેક્ષા હોય છે છતાં એનો પ્રત્યેક અસંપૂર્ણ સૂર હૃદયને પ્રકટ કરી શકે છે. હૃદયના આ પ્રકારના આવિષ્કારમાં ઉપકરણનું સહેજસરખું ય વ્યવધાન હોતું નથી એમ નહિ,–એમાં રહેલું કથાવસ્તુ જ એક વ્યવધાન, કારણકે વિચારીને જ એવો અર્થ સમજવો પડે–ગીતમાં એ અર્થને સમજવાની ખાસ આવશ્યકતા હોતી નથી. એમાં કશો અર્થ ન હોય, તો યે કેવળ સૂર જ જે કહેવાનું હોય તેને અનિર્વચનીય બનાવીને કહી દે છે. ત્યારપછી અહીં ગીતની સાથે ગાયકનો એક ક્ષણનો પણ વિચ્છેદ હોતો નથી–ગીતને મૂકીને ગાયક ચાલ્યો જાય, તો ગીત પણ તેની પાછળપાછળ જ ચાલ્યું જાય. ગાયકના પ્રાણની સાથે, શક્તિની સાથે, આનંદની સાથે ગીતનો સૂર સદાને માટે બિલકુલ ઓતપ્રોત થઈ જઈને પ્રકટ થાય છે. જ્યાં ગીત ત્યાં જ ગાયક, એમાં કશો વ્યત્યય સંભવે નહિ.

આ વિશ્વસંગીત પણ એના ગાયકથી એક ક્ષણ પણ વિખૂટું હોતું નથી. એ એનાં બાહ્ય ઉપકરણોથી ઘડાયેલું હોતું નથી. એના ગાયકનું ચિત્ત એના નિઃશ્વાસે એના જ આનંદનું રૂપ ધરીને પ્રકટ થઈ ઊઠે છે. એ ગીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપૂર્ણરૂપે ગાયકના અંતરમાં રહ્યું હોય છે, ને એ ક્રમશઃ અભિવ્યક્ત થઈ રહ્યું હોય છે, છતાં એનો પ્રત્યેક સૂર એ સંપૂર્ણ ગીતનો જ આવિર્ભાવ હોય છે–એક સૂર બીજા સૂર સાથે આનંદે સંયુક્ત થઈને વહેતો જાય છે. આ વિશ્વગીતમાં કશો વચનગમ્ય અર્થ નહિ પામીએ તો ય આપણા ચિત્ત સમક્ષની એની અભિવ્યક્તિમાં કશો અંતરાય આવતો નથી. એ એક ચિત્તની બીજા ચિત્ત આગળ થતી ખુલ્લેખુલ્લી અભિવ્યક્તિ છે.

આથી જ તો ગાયત્રીમંત્રમાં એ વિશ્વ-સવિતાનો ભર્ગ, એનું તેજ, એની શક્તિ–ભૂર્ભુવઃ સ્વઃમાં થઈને ઉચ્છ્વસિત થઈ ઊઠતી સાંભળીએ છીએ. એની એ શક્તિ જ ધીરૂપે આપણા અંતરમાં વિસ્તરી જાય છે. સૂર પછી સૂર, સૂર પછી સૂર ઊછળતા જાય છે ને આપણા અંતરને ભરી દે છે.

કાલે કૃષ્ણ એકાદશીની રાત્રિના એકાંતમાં નિબિડ અંધકારને પૂર્ણ કરી દઈને એ વીણાવાદક એની રમ્ય વીણા બજાવી રહ્યો હતો; એ ઝંકારથી અનન્ત આકાશનો સમસ્ત નક્ષત્રલોક ઝંકૃત થઈ ઊઠીને અપૂર્વ નિઃશબ્દ સંગીત સાથે ગૂંથાઈ ગયો હતો. ત્યારપછી જ્યારે સૂવા ગયો ત્યારે આ વાતને મનમાં રાખીને જ સૂતો, જે હું જ્યારે નિદ્રામાં અચેતન થઈ જઈશ ત્યારે ય એ જાગ્રત વીણાવાદકની નિશીથની વીણા બંધ થવાની નથી—ત્યારે ય એના જે ઝંકારના તાલે નક્ષત્રમંડળનું નૃત્ય ચાલી રહ્યું હોય છે તે જ તાલેતાલે મારી નિદ્રાનિભૃત દેહનાટ્યશાળામાં પ્રાણનું નૃત્ય ચાલ્યા જ કરશે, મારાં હૃદયનું નૃત્ય થંભવાનું નથી, સર્વાંગે રક્ત નાચી ઊઠશે ને લક્ષલક્ષ જીવકોષ મારા સમસ્ત શરીરમાં એ જ્યોતિષ્ક-સભાવા સંગીત છન્દે સ્પન્દિત થઈ રહેશે.

'बाजे बाजे रम्य वीणा बाजे।' આ વેળા આપણા ઉસ્તાદે આપણા હાથમાં ય એકએક નાની શી વીણા મૂકી દીધી છે. આપણે ય એમની સાથે સૂર મેળવીને વગાડતાં શીખીએ એવી એમની ઇચ્છા છે. એમની સભામાં એમની સાથે જ બેસીને આપણે એમને થોડોથોડો સાથ આપીએ એવું તેઓ સ્નેહપૂર્વક ઇચ્છે છે. જીવનની વીણા નાની હોય પણ એના પર એમણે કેટલા તારો બાંધ્યા હોય છે! બધા તારને સૂર મેળવીને બાંધવા એ નાનીસૂની વાત થોડી જ છે! એકનો સૂર મળે તો વળી બીજાનો નહિ મળે, મન તૈયાર થાય તો શરીર પાછું પડે–એક દિવસ મેળ જામે તો વળી એક દિવસ ફરી બધું બસૂરું બની જાય! પણ તેથી કાંઈ પ્રયત્ન છોડી દીધે કશું વળે નહિ. એક દિવસ એમને મુખે એકવાર તો સાંભળવું જ છે: 'શાબાશ પુત્ર, શાબાશ!' આ જીવન-ની વીણા એક દિવસ એમના ય ચરણ આગળ ઝંકૃત થઈને એની બધી રાગિણીને બજાવી દેશે. અત્યારે તો કેવળ આટલી જ વાત મનમાં રાખવાની છે કે બધા તારને સારી પેઠે સખત કરીને બાંધી દેવા જરૂરી છે સહેજ ઢીલા પડી જતાં સંગીત બસૂરું બની જશે. એમને જેમ સખત કરીને બાંધવા જરૂરી છે તેમ મુક્ત રાખવા એ પણ જરૂરી છે એના ઉપર કશો ભાર આવી પડે તો એ વાગે નહિ. જો નિર્મળ સૂરની ઇચ્છા રાખતા હો તો એના પર ધૂળનો થર બાઝવા દેશો નહિ–નહિ, એના પર કાટ ચઢવા દેશો નહિ. પ્રતિદિન એમના ચરણે બેસીને પ્રાર્થના કરજો–હે મારા ગુરુ! તમે અમને વિસંવાદમાંથી સંવાદમાં લઈ જાઓ.×

× અનુવાદક: સુરેશ હ. જોશી

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Harid...

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંભમેળો

લેખક :
સ્વામી આનંદ

હરદ્વારનો કુંભમેળો એક ગંજાવર મામલો હતો. એમ તો હું કેટલી યે વાર હરદ્વાર ગયો-આવ્યો છું ને આણીગમના લોક તો બાળક મોસાળ દોડે તેમ વલોણાવારે દોડીને હરદ્વાર જતા-આવતા હોય છે. કુદરતી સૌંદર્યના સહેલાણીને પણ હરદ્વારનું ખેંચાણ જેવુંતેવું નથી હોતું. ખભે કૅમેરા લટકાવેલા આધુનિક સહેલાણીઓ હરદ્વાર-હૃષીકેશ ને લછમનઝૂલાના રસ્તાઓ પર બારે માસ ને બધી મોસમ રવડતા હોય છે.

પણ આ વખતે જુદું જ જોયું. હરદ્વાર જાણે માઈલોના માઈલો સુધી પથરાયેલી જાત્રાળુઓની છાવણી. રસ્તાઓ જાણે સવારના નવ વાગ્યાનું ભૂલેશ્વર. હૈયે હૈયું દબાય ને કાન પડ્યું સંભળાય નહિ. રાત નહિ ને દિવસ નહિ. ચોવીસે કલાક શોરબકોર ને વાહનોની ધમણાસમણ. આ વખતે કુંભપર્વનો સૌથી મોટો દિવસ હતો ૧૩મી એપ્રિલ. એ દિવસને થોડા દિવસ બાકી રહ્યા ત્યારથી જાત્રાળુઓની ભીડ એટલી વધી કે પ્રથમ હરદ્વાર સ્ટેશનથી માંડીને 'હરકી પૈડી' સુધી ને પછી છેક બાગરોડીને કમલદાસ ક્ષેત્ર સુધી ૩-૪ માઈલ લંબાઈમાં તમામ વાહનવહેવાર બંધ કરી દેવામાં આવેલો, કારણ હરદ્વાર શહેર શિવાલિક ડુંગરાની લાઈનની અડોઅડ વહેતી ગંગાને કાંઠે પાઘડીપને આવેલું છે ને ઊભી લંબાઈએ હરકી પૈડી સુધી પહોંચવાનો એક જ રસ્તો માંડ ૨૦ ફૂટ પહોળો છે.

એમ તો સામે પાર ગંગાના પદમાં વિખરાઈને વહેતા બેચાર પાંચ ગંગાપ્રવાહો વચ્ચે આવેલા વિશાળ કુદરતી ટાપુઓ વચ્ચે જાત્રાળુઓ માટે મસ મોટા કૅમ્પો સરકારે નાખ્યા હતા ને ગંગાના પ્રવાહો પર મોટે ખરચે પંદર જેટલા કાચા કામચલાઉ પુલો પણ બાંધ્યા હતા. પણ જ્યાં ત્યાંથી પણ હરકી પૈડી પર આવવા માગનારને પગે ચાલીને જ આવવું પડતું. અશક્ત, બુઢ્ઢાં અને સ્ત્રી બાળકો (આમની મેળામાં 'મૅજોરિટી' હતી)-ની કમબખ્તી હતી. કનખલથી માંડીને સપ્ત-સરોવર કે તેથી પણ આગળ સુધી મળીને ગંગાતટે પડેલા મેળાના વિસ્તારની કુલ દક્ષિણ-ઉત્તર લંબાઈ દસ માઈલ જેટલી કે તેથી યે વધુ થવા જતી હતી ને માયાપુર, કનખલ, જવાલાપુર-બધાં હરદ્વારનાં પડોસી પરાં એકાકાર થઈ જઈને 'ગ્રેટર' હરદ્વાર બની ગયું હતું.

સ્ટેશનેથી ઊતરતાંજ ટાંગાસ્ટેન્ડ આગળ કનખલ જવાનો રસ્તો દક્ષિણ તરફ ફંટાય છે ને હરકી પૈડી તરફ જતો બજારનો રસ્તો સીધો ઉત્તર ભણી આગળ જાય છે. અહીં એક નવો ફુવારો ચણ્યો છે. વચ્ચોવચ મૃત્યુંજયની જટાધારી ચતુર્ભુજ શિવમૂર્તિ ઉપલા બેઉ હાથમાં જટા ભણી ઢળતા લોટા છે ને તેમાંથી સતત પાણીની ધાર જટા પર થઈને અંગ-પર ઢોળાયા કરે ને આ અભિષેકમાં પસાર થતા જાત્રાળુઓનાં ટોળાં ફુવારા ફરતે ટોળે વળીને ભક્તિભાવે હાથવતી ભર્યા ફુવારાનાં પાણીની છાલકો મૃત્યુંજય મૂર્તિ ઉપર મારી-મારીને સાથ પુરાવીને જાત્રાનું પહેલું પુણ્ય કમાય! મને થયું **This is after the genius of the race.**

આનો બીજો પુરાવો પણ લાગલો જ મળ્યો. લાઉડસ્પીકરો પર સતત સૂચનાઓ જાત્રાળુટોળાંઓના લાભાર્થે અપાયે જતી. 'સજજનો, દાહિને ચલો, (જમણી બાજુ ચાલો) અપની દાહિની ઓર ચલિયેં', દાહિની ઓર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાહિની ઓર. યાત્રીઓંસે પ્રાર્થના કી જાતી હૈ કિ સબ કોઈ અપનીઅપની દાહની ઓર ચલેં–દાયેં ચલે, દાયેં ચલે બાંયે (ડાબે) નહિ જી.' મને થયું ટ્રાફિક કંટ્રોલવાળાઓને આ નવું ઠીક સૂઝ્યું. રામ મારી જોડે હતા. કહે, 'ભાઈ જમણે ચાલવાનું જ હિંદુના લોહીમાં રહ્યું છે. ડાબું તો એને મન નિષિદ્ધ જ છે. ડાબી બાજુ ચાલવાનો સંસ્કાર પરદેશી રાજકર્તાઓએ શહેરવાસીઓ પર પાડેલો. દેહાતી ગામડિયા તો આજે ય સડકો પર જમણે જ ગાડાં હાંકે છે. The Indian instinct is always on the right, never to the left. This means we have come to our own. Don't you see ! વળી કહે, એ તો અંગ્રેજોનું ઘાલેલું તૂત હતું. યુરોપમાં પણ ફ્રાન્સ Sets the style. and in Paris all traffic moves on the right ! પારીસમાં બધો ટ્રાફિક જમણે જ ચાલે છે.'

×

પર્વને દિવસે (૧૩મી એપ્રિલ, રાષ્ટ્રીય-સપ્તાહનો દિવસ પણ ટીપણાની કરામતે આ જ હતો). હરકી પૈડી ઉપર ગંગા ન નવાય તો જાત્રા કેમ ફળે ? પણ એ લાખોની ભીડમાં પૈડીપર ને ગંગાનાં જળ સુધી પહોંચવું કેવી રીતે ? વિચાર કર્યો, ટોળાં જામે તે અગાઉ વહેલી સવારે ત્રણેક વાગે પહોંચી જવું. મિત્ર કહે: 'આપણી 'સંસ્કૃતિ' મુજબ તો સૂર્યોદય સાથે દિવસ શરૂ થયો ગણાય. રાતના 'ઝીરો અવર' પછી નહિ!' મેં કહ્યું 'I have no sentiment about it.' ૧૨–૩૦ વાગે ઊઠીને ચાલી પડચો. પણ રસ્તા પર જોઉં તો બપોર જેવી જ ભીડ ! મહાકષ્ટે ૨–૩૦ વાગે અઢી માઈલ પહોંચ્યો. નાહ્યો તો ખરો પણ નસીબ સિકંદર ને આ અનુભવો લખવાનું સરજિત હશે એટલે જ ચગદાઈ ચૂંદાઈને હરિની પાયરી પર કપાળમોક્ષ પામતો બચ્યો. ઘાટના બિરલા ટાવરમાં ૨–૪૦ વાગ્યા હતા, ત્યારે બ્રહ્મકુંડ (હર કી પાયરી) પર બે લાખ માણસ હતું !

આ બ્રહ્મકુંડ (હરકી પૈડી. પૈડી એટલે પાયરીઓ. અહીં સડક રસ્તાથી ગંગાના પ્રવાહ સુધી પચાસેક જેટલાં પગથિયાંનો દૂકો સાંકડો ઘાટ છે ને પ્રવાહ વચ્ચે એક કોરાણે ગંગામૈયાનું મંદિર છે.) જોડે આપણી હિંદુ-જાતિના અગ્રજ ગોર બાપાઓએ વેદથી માંડીને પુરાણો સુધીની તમામ કથાઓ સાંકળી દીધી છે. ને એ રીતે એનું માહાત્મ્ય સર્વોપરી કરી મેલીને કોટાનકોટિ હિંદુઓ માટે મોક્ષમાર્ગ સરળ કરી આપ્યો છે. કહે છે કે પ્રાચીન કાળમાં દેવ–દાનવોએ સમુદ્ર વલોવીને માંહ્યથી રત્નો કાઢયાં તેમાં અમૃતનો ઘડો (કુંભ) પણ નીકળ્યો. અસુરો દેવોના મોટા ભાઈ હતા. તે મુરબ્બીપણું ચલાવીને બધું અમૃત ગટગટાવી જશે ને પોતાને હિસ્સે કશું નહિ રહેવા દે એ ધાસ્તીએ દેવો મૂંઝાયા. તેમને નિર્ભય કરવા ઇંદ્રપુત્ર ઘડો તફડાવીને નાઠો તે નાશક, ઉજ્જન, પ્રયાગ એમ ત્રણ ઠેકાણે શ્વાસ ખાવા થોભીને હરદ્વાર પહોંચી હરના ચરણ આગળ ને ગંગાજીની ગોદમાં લપાયો. ચારે જગાએ થોભ્યો ત્યારે ભારે ઘડો ખભેથી ઉતારી ભોંયે મેલ્યો હશે ને લેતાં–મૂકતાં થોડો છલકાઈને અમૃત પણ જરાતરા ઢોળાયું હશે કે છાંટા પડ્યા હશે. તેથી આ ચારે સ્થાનો પવિત્ર ઠર્યાં. તેમાં યે વળી હરદ્વાર ટર્મિનસ થયું એટલે તેનું માહાત્મ્ય સૌથી વધુ થયું. નાઠેલા ઇંદ્રપુત્રની પાછળ અસુરો પડ્યા. તેમને રોકવા દેવો–અસુરો વચ્ચે યુદ્ધ થયું. આ સંગ્રામ બાર દિવસ ચાલ્યો. દેવોનો દિવસ એટલે આપણા મર્ત્યલોકના માનવી-'નું વરસ. એટલે એ સંગ્રામની યાદ જીવતી રાખવા દર બારબાર વરસે ઉપલાં ચારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Harid

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારે સ્થળોએ મેળા ભરવાને ગોરબાપાઓને સાંપડીને હિંદુજાતિએ પાવન થવું એવો આદેશ આ તીરથના ગોરો(આ તરફ તેમને 'પૂંડા' કહે છે)એ પોતાની જજમાન હિંદુજાતિને આપ્યો.

*

આ સમુદ્રમંથન ને દેવાસુરસંગ્રામ ક્યાં થયાં હશે તે તો હું નથી જાણતો. કેટલાક માને છે કે તે કન્યાકુમારીને આંગણે થયું હશે; પણ ગોરબાપાઓને મોઢેથી સાંભળ્યા પછીની પ્રેરણા પછી મને તો એમ જ લાગે છે કે એ અમારા રહેઠાણ–ચોપાટી ફૂલચંદ નિવાસ-સામેના બેકબેના દરિયામાં જ થયું હોવું જોઈએ! હજી યે આજે પણ કોલાબા ને મલબાર પોંઈટ વચ્ચેનો દરિયો ખાસ્સી વલોણાની ગોળી જેવો છે એ એનું પ્રમાણ છે. વળી અમૃતકુંભ લઈને નાઠેલા ઇંદ્રપુત્રની પહેલી દોટે નાશક આવ્યું એ પણ એનો ધરખમ પુરાવો મનાવો જોઈએ!

મેળાના દિવસોમાં વાટે ને ઘાટે અસંખ્ય યાત્રાળુઓ વચ્ચે વૃદ્ધ માતા કે પિતાને માંચીની ઝોળીમાં બેસાડી જાત્રા કરાવવા લાવનારા શ્રવણભક્તો જોવા મળતા તેમ ખભે કેમેરા ભેરવેલા સહેલાણીઓ ને લિપસ્ટીક લગાડેલી સન્નારીઓ પણ જોવામાં આવતી. ગંગાના વિશાળ અડધો માઈલ લાંબા મુખ્ય ઘાટ પર સેંકડો હજામો લાઈનબંધ બેસી આખો દિવસ પોતાનો 'રોજગાર' ધમધોકાર ચલાવતા નજરે પડતા. બેત્રણ લાખ જેટલા મારા ભિક્ષુભાઈઓ (સાધુઓ) દેશને ખૂણેખૂણેથી ને ઉત્તરાખંડના પહાડો તેમ જ બરફપ્રધાન શીત પ્રદેશોમાંથી ઊતરી પડ્યા હતા. જ્યાં જુઓ ત્યાં દર ત્રણચાર જાત્રાળુ વચ્ચે એક નાગું, એકાદ જટાધારી કે ખાખચોળેલ 'कौपिनवन्तः खलु भाग्यवन्तः।' જોવામાં આવે જ! ૧૦૧ના આંકડા જેવાં લાલસફેદ તિલકતાણેલ વૈષ્ણવ વૈરાગીઓનો પણ પાર નહોતો. કાષાયવસ્ત્રીધારી સંન્યાસિનીઓ અને વૈરાગણો પણ ક્યાંકક્યાંક જોવામાં આવતી.

મહાપર્વને દિવસે આ સંન્યાસી વૈરાગીઓનાં દળો માટે હરકી પૈડી પર ગંગાસ્નાનના કલાકો અને 'પ્રાયોરિટી' મુકરર થયેલાં હતાં. બપોરના બેથી સાંજના ૭ સુધીનો સમય તેમને સારુ 'રીઝર્વ' હતો. તમામ જાત્રાળુઓ માટે બ્રહ્મકુંડ અને મુખ્ય ગંગાઘાટ તેટલો સમય બંધ રહ્યાં. સંન્યાસીઓ, વૈરાગીઓ અને અખાડાવાળાઓ વચ્ચે આ પર્વને ટાંકણે હરકી પૈડી પર પહેલું સ્નાન કોણ કરે એ બાબત અગાઉ કૈંક વેળા મારામારીઓ થતી, તેથી કશોક 'ઑર્ડર ઑફ મેરિટ' શોધીને સત્તાવાળાઓએ એમની વચ્ચે પ્રાયોરિટીના નંબર ઠરાવી આપ્યા. આમ છતાં હજુ આજે પણ આ શિવજીની જાન–(ભૂતાવળ)ને કાબૂમાં રાખીને, તેમની માઈલો દૂર પડેલી છાવણીઓની સરઘસોના આકારમાં ગામ બહાર ગંગાપારના રસ્તાઓ પર થઈને એકબીજા જોડે રસ્તે પણ ભેટો થવા દીધા વગર હેમખેમ લઈ જઈને પાછી ઠેકાણે પહોંચાડવી, એ સત્તાવાળાઓને સારુ આખા મેળાનું સૌથી મોટામાં મોટું માથાદુખણું હોય છે.

'શિવજીની જાન' જેવાં આ સાધુસરઘસો કુંભમેળાનું એક વડું આકર્ષણ હોય છે. આવી બપોરે એંશી ટકા જાત્રાળુઓ આ સરઘસો પસાર થતાં જોવા મુકરર રસ્તાઓની બેઉ બાજુ માઈલો સુધી પડેલા. ગંગાજીના બંધો પર ને રસ્તાઓની કોરાણે ઢોળ–ટેકરાઓ ઉપર લાઈનબંધ જૂથેજૂથે બેસી કે ઊભાં રહે છે. અકેક સરઘસ પસાર થાય તેવાં જ અસંખ્ય શ્રદ્ધાળુ સ્ત્રીપુરુષો રસ્તાપર ધસી જઈને ચાલેલાંઓનો પડેલાં પગલાંઓની ચરણરજ મૂઠીચપટી લઈલઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખો ને કપાળે લગાડે તેમ જ ઓટીમાં ભરી લેવા કે છેડે બાંધી લેવા હુંસાતુંસી કરે !

આ સરઘસોમાં પણ તરેહવાર નમૂના જોવા મળે છે. ઘોડે ચડીને ડંકાનિશાન બજાવતા બાવાઓ, ચાંદીએ મઢેલી ને રેશમની લાંબી પતાકાવાળી અસંખ્ય છડીઓ ઊંચકીને ચાલનારા સાધુઓ, સાધુસંપ્રદાયો અને અખાડાના હાથીઓની અંબાડીઓ પર બેઠેલા છત્રચમ્મરધારી મહંતો, શંકરાચાર્યો, મંડલેશ્વરો, દસનામી સંન્યાસીઓ, વૈભવથી આંજતા 'ઉદાસી'ઓ, રાખચોળેલ જટાધારી ખાખીઓ અને સાવ દિગંબર નાગાઓ. આ જટાધારી તેમજ મૂંડા નાગાઓ પલટનની અદાથી બબ્બેની હારમાં ચાલે. આવા નાગા હજારથી વધુ તો મેં ગણેલા. કેટલાક શંકરાચાર્યોમાં તો ખરે બપોરે તેમનું સરઘસ નીકળે, ત્યારે મશાલો સળગાવીને ભક્તજનો અગાડી ચાલે એવો રિવાજ હોય છે. મનમાં થયું: આ તે માણસ કે ઘુવડ ?

ચાળીસ વરસ પર આવા નાગાઓનાં અલમસ્ત અડીખમ લોખંડી શરીર મેં જોયેલાં. આજે રડયાખડયા સિવાય એવા કોઈ મેં ન જોયા. આ સરઘસોમાં નાગાઓનાં શરીર ભિક્ષાના અન્નથી ચિમળાયેલાં, ભાંગ, ગાંજા, સુલફા જેવાં વ્યસનોથી ખવાયેલાં ને કેટલાકનાં તો રોગિયલ પણ લાગ્યાં. ગમેતેમ પણ આ નાગાઓને અને સાધુ-સરઘસોને જોઈને મારું મન કોળ્યું નહિ. કોઈ અકથ્ય ગમગીની જાણે અંતરપર છવાઈ ગઈ. મોડી સાંજે ઉતારે આવ્યો ત્યારે પહેલી જ વાર મારું માથું દુખતું હતું.

આ અખાડાવાળા મહંતો અને સંપ્રદાયસંચાલકો મોટીમોટી સ્થાવર-જંગમ મિલકતો ધરાવનારા, કોરટકાયદા, વડી અદાલતો ને કજિયા-દલાલીમાં ઉમ્મરો વિતાવનારા અને થોડાંક પરંપરાગત ધર્મકૃત્યો અને વિધિઓ ચાલુ રાખવા ઉપરાંત બીજી બધી બાબતોમાં મોટે ભાગે પ્રતિગામી અને સાવ સંસારી માનસવાળા હોય છે. આતિથ્ય, અન્નક્ષેત્રો, ભંડારા (અવસરે કરવામાં આવતી સાધુઓની જમણવારો), પાણીની પરબો, કયાંક કવચિત સનાતની ઢબની પાઠશાળાઓ એવીએવી થોડીક પ્રવૃત્તિઓ કરે છે. બાકી એમનાં જીવન મોટેભાગે આળસ, વ્યસન, રાગદ્વેષ અને ઘણીવાર દુરાચારમાં વીતતાં હોય છે. આધ્યાત્મિક સમજણ કે સાધના જેવું ભાગ્યે જ કશું તેમનામાં જોવામાં આવે. થોડાંક પરંપરાગત ધર્મવચનો, નીતિવચનો, દોહા, ચોપાઈ એવુંએવું ભક્તજનો તેમજ સેવકો સમક્ષ પ્રસંગ આવ્યે તેઓ બોલી શકે છે. ધાર્મિક પરિભાષામાં બોલવાચાલવાને અજાણ્યા જોડે ઉપરટપકેના વિવેકથી વર્તવા તેઓ ટેવાયેલા હોય છે. એ ઉપરાંત આધ્યાત્મિક કે ધાર્મિક સંસ્કાર એમનામાં નહિવત્ હોય છે.

તેમનામાંનો કંઈક વધુ બુદ્ધિશાળી ને કર્તૃત્વસંપન્ન વર્ગ જમાનાના ફેરફારોને સમજે છે. સમાજમાં સાધુઓ તેમજ તેમની સંસ્થાઓ પ્રત્યે વધતી જતી અનાસ્થાને ઓળખે છે ને પોતાને તથા પોતાની પ્રવૃત્તિઓને જનતા આગળ વધુ આવકારદાયક બનાવવા મથે છે. આ(આવી પ્રવૃત્તિઓમાં ઉદાહરણ અખાડાના એક મોટા મહંત તરફથી કનખલ રસ્તે નહેર નજીક ખોલવામાં આવેલું ઉત્તર હિંદની તમામ ભાષાઓ તેમ જ અંગ્રેજીનાં ૨૦૦,૩૦૦ દેશીપરદેશી દૈનિકો, સાપ્તાહિકો, માસિકો, સચિત્ર માસિકો ઇત્યાદિ વાળું એક ગંજાવર મફત વાંચનાલય સૌ કોઈનું ધ્યાન ખેંચતું હતું.) કુંભમેળાને અવસરે ચોમેરથી આવેલા લાખો સાધુઓ માટે આવા મહંતોએ અન્નક્ષેત્રો ઊભી કરી, અસંખ્ય છાવણીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ઊતર્યાં હતાં. ને સાધુઓમાં અરસપરસ જિદા સમાગમ, વ્યાખ્યાનો, કથનશ્રવણ ઇત્યાદિની વ્યવસ્થાઓ કરી હતી. નાનાંમોટાં મળીને ૩૬૮ અન્નક્ષેત્રો મેળાની અગાઉ કેટલાક દિવસથી માંડીને મેળા પછી અઠવાડિયા સુધી ચાલ્યાં. રોજ બપોરના સાધુસમાગમના મેળા થાય. વ્યાખ્યાનો–ભજનકીર્તનો ચાલે. સાધુસંગઠનની પરિષદો પણ મળે! જાત્રાળુ જનતા પણ એમાં ભાગ લે. સંપ્રદાયના ઉપદેશકો પોતપોતાના પ્રચાર આવા શ્રોતા-સમુદાયો સમક્ષ કરે, ધર્મચર્ચાઓ પણ થાય. સાધુસુધારણા, પાકિસ્તાન, નિરાશ્રિતો, (આ દરેક શરણાર્થીઓ કહે છે) 'સેક્યુલર' સ્ટેટ, પટેલ-જવાહરની ધર્મ તેમજ સાધુ–આલમ પ્રત્યેની વલણ, આઝાદ હિંદની હિંદુધર્મ પ્રત્યેની નીતિ, 'સેક્યુલર' સ્ટેટની વ્યાખ્યા ઉપર વિવાદ, એવુંએવું પણ સાધુઓમાં ખૂબ ચર્ચાય. પ્રતિગામી માનસવાળા જવા-હરને નાસ્તિક ને સાવ 'મુસલમાન' જેવા રૂપમાં રજૂ કરે ને આઝાદ હિંદમાં હવે સનાતન ધર્મ તો 'ખાતમો (અંત)' થવાનો એવા વિલાપના સૂર કાઢે, તો કોઈ વળી પટેલને હિંદુધર્મના આધારસ્તંભ તરીકે રજૂ કરે.

હિંદુ કોડ બિલ ઉપર ઊહાપોહ ને તેનો જોરવિરોધ પ્રચારવા કરપાત્રીજી ને બીજા [illegible] કુંભમાં ઊતરી પડ્યા હતા. સાધુઓમાં આવા લોકનું 'કેન્વાસિંગ' ચાલતું. એક વૈષ્ણવ અગ્રણીએ સાધુમંડળોમાં ફેલાવ્યું કે 'પટેલે પબ્લિકમાં પ્રતિજ્ઞા કરી છે કે ટોપીને (અંગ્રેજને) તો મેં કાઢી, હવે તિલક તથા ચૂંખડી(વૈષ્ણવો અને સાધુ-સંન્યાસીઓ)ને કાઢ્યા વિના હું રહેવાનો નથી,' બે ગુજરાતી સાધુઓએ એમનો પ્રતિવાદ કર્યો ને પટેલે ક્યાં અને કોની સમક્ષ આવું કહ્યું તે સાબિત કરવા ચેલેન્જ આપી. પટેલને કાગળ લખી પુછાવ્યું ને જૂઠાણું

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પકડાવી દીધું. પેલા વૈષ્ણવ સંપ્રદાયશિરોમણિકી 'કલઈ ખુલ ગઈ!' ભાઈ સાહેબ પોલ થઈ ગયા. આવેલા તો હરદ્વારમાં કેન્વાસિંગ કરવા, પણ ચતુર નહિ તેથી ગોથું ખાધું ને કુંભપર્વ પૂરું થવા અગાઉ જ ભાગવું પડ્યું!

સાધુદુનિયામાં એટલું તો ભાન ઘણે ઠેકાણે આવવા લાગ્યું છે, કે સુધર્યા વગર ને આજની સ્થિતિ સુધાર્યા વગર એમના 'ગરાસ (અં. પ્રિવિલેજીસ)' નભશે નહિ ને તેમણે 'સંગઠિત' થઈ ને બગડયે જતી બાજી સુધારવી જ રહી છે. આમ સાધુઓમાં પણ 'સંગઠન'વૃત્તિ આવવા લાગી છે.

આ બધી 'બજારબણગાં' જેવી સાધુ-જમાતોથી સાવ નોખી તરી આવતી બીજી પણ એક સાધુ–દુનિયા હતી. હરદ્વારને છેક ઉત્તર છેડે ૫–૭ માઈલ દૂર સપ્ત સરો-વરની પણ પેલી પાર નોખનોખી પડીને વહેતી ગંગાજીની ધારાઓ વચ્ચે આવેલી બેરડીઓનાં વન અને ઘીચ ઝાડીઓ વચ્ચે હજાર જેટલા સાધુઓ પડયા હતા. એ વિરક્તો હતા. જન-સંપર્કનો તેમને ચાહ નહિ. 'अरतिर्जनसंसदि'ને ગીતામાં આવાઓનું એક લક્ષણ કહ્યું છે. આસ-પાસ આવેલાં નજીકનાં અન્નક્ષેત્રોવાળા એમને ત્યાં અન્ન પહોંચાડતા. કેટલાક એવાં ક્ષેત્રો સુધી ભિક્ષાએ પણ જતાં; પરંતુ એ કશાની ઘણાઓને તમા નહોતી. રાતદિવસ વહેતી ગંગાનાં દર્શન થયા કરે એમ તેઓ આ ઝાડીઓમાં ને ગંગાતટની ભેખડો પર કે રેતમાં આસપાસ ઊગેલા ઘાસફૂસની ૪–૫ ફૂટ લાંબી–પહોળી મઢૂલીઓ બાંધી વસતા હતા. ઘણી મઢૂલીઓ એટલી ટૂંકી કે ટૂંટિયાં વાળીને માંડ માણસ માંહ્ય સૂઈ શકે. એમની મિલકતમાં એક કમંડલ કે તુંબીપાત્ર, એક દર્ભાસન ને એક સ્પેર લંગોટી-નું વેંત પહોળું ને હાથ સવાહાથ લાંબું ભગવું ચીંદરડું હોય. ઘણા તો વળી ઘાસનું

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ આસન કે પથારી કરી બેઠા કે સૂતા હોય. કમંડલ કે તુંબીની જગાએ પણ નાળિયેરની કાચલી! કેટલાક વળી મઢૂલી પણ બાંધવાની ‘ વળગણ ’માં ન પડનારા. બદરીવૃક્ષ (કાંટાળી બોરડી) તળે વેંત જગા સાફ કરી લઈ તેની જ તળે પદ્માસન વાળી બેઠા હોય ને રાતદિવસ ચોવીસે કલાક ત્યાં જ ગાળે. બીજા વળી ગંગા-કાંઠાની રેતાળ ભેખડમાં ગુફા જેવો ૫–૭ ચોરસ ફૂટનો ખાડો ખણી તેમાં જ ધ્યાનસ્થ બેસી રહે. બીજા કેટલાક તેટલું પણ ન કરતાં ખુલ્લી રેતમાં દિવસ ને રાત પડી રહે! ભિક્ષાએ જાય ન જાય, કોઈ લાવે તો ખાય ન ખાય.

અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ,
દાસ કબીરા યૂં કહે, સબ કા દાતા રામ.

Look at the lilies in the field,
They toil not, neither do they spin.

સાવ આકાશવૃત્તિથી રહેનારા કેવળ નિરિચ્છ આ વિરક્તોમાં અજબ પ્રકારની શાંતિ અને આત્મતૃપ્તિ મેં જોઈ. તેમના ચહેરા અને ભાવ મૂઢનાં નહોતાં. કેટલાક બોલીએ તો જવાબ આપે. કેટલાક તેટલું કરવા પણ નાખુશ દેખાય. ઘણા વયોવૃદ્ધ, વિદ્વાન અને ઘણાખરા કેવળ આત્માર્થી. બોલે ત્યારે ‘ વેણુ રે વેણુ હો સ્વાતફૂલડાં ઝરે જી!’ શ્રોતાને અમૃત પીતાં ધરવ ન થાય છતાં બીજો પ્રશ્ન પૂછીને એ બોલનારની અને એની આસપાસની શાંતિનો ભંગ કરવા જીવ ન ચાલે. હું તો કેવળ દર્શનનું અહોભાગ્ય માણવા આ દૂરદૂરની ઝાડીઓમાં એકથી વધુ વેળા ગયો ને ફર્યો.

આ સંતો ને વિરક્તો કુંભમેળામાં પોતાના ત્યાગ–વૈરાગ્યનું પ્રદર્શન કરવા કે એવા કશા ભૌતિક હેતુથી નથી આવતા, પણ બાર જેટલાં વરસને ગાળે એકબીજાનાં દર્શન, પરિચય ને સમાગમ કરવા અથવા કહો કે એવા દર્શનસમાગમનું વાતાવરણ inhale કરવા આવતા હોય છે.

એમાંના એક અતિ માનવંતા વિદ્વાન અને ચિંતનપરાયણ મહાનુભાવને ચંદ્ર[illegible] ની રાત્રે ગંગાતટે ઝાડીઓ વચ્ચે આવેલી એક વિશાળ ઘાસકુટિમાં આસપાસના આત્માર્થી સંન્યાસીઓના એક મોટા શ્રોતૃ-વૃંદ સમક્ષ ઉપદેશ આપતા મેં સાંભળ્યા. અંધારી કુટિમાં ભીંસાભીંસ બેઠેલા બસો જેટલા સાધુઓ સમક્ષ સામે વહેતી ગંગાના નીરવ પ્રવાહ જેવો તેમનો ધીરગંભીર, અસ્ખલિત વાણીપ્રવાહ ચાલી રહ્યો હતો. ટાંકણી પડે તો સંભળાય એવી શાંતિ હતી ને આખું વાતાવરણ કોઈ અજબ શ્રદ્ધા-ભક્તિથી લદબદ હતું. ગાંધીજીને મહાસમિ-તિની બેઠકોમાં કે એવા અતિમહત્ત્વના અવસરો પર બોલતા સાંભળવા બેઠેલા શ્રોતૃસમુદાય મેં અનેક વેળા નિહાળ્યા છે. આ નીરવ રાત્રિએ ત્યાગી આત્માર્થીઓના શ્રોતૃવૃંદને અપાઈ રહેલો ઉપદેશ અમુક દૃષ્ટિએ એને આંટે એવો હતો. એ ચાંદની રાતના વિરક્ત ઉપદેશનું દૃશ્ય મારા સ્મૃતિ-પટ પર સદાને માટે કોરાઈ ગયું.

આ ઝાડીઓની મુલાકાતો દરમ્યાન એક બે પ્રસંગે મેં આ શાંતમૂર્તિ વિરક્તોને કંઈક પૂછવાની હિંમત કરેલી. તેમની અમીદૃષ્ટિએ મને ઉત્તેજયો. ‘ આ દેશ હવે આઝાદ થયો. પણ પ્રજાના કષ્ટનો પાર નથી. આપે આજના ભારતવર્ષનું ભાવિ કેવું દેખાય છે?’

‘ સબ કુશલ હૈ, સબ ઠીક હો જાયગા’ જવાબ મળ્યો. બીજા એક મહાનુભાવને મેં પૂછ્યું, ‘ પ્રભુ, અમે લોક કર્મવાદી. કર્મને મોક્ષની સીડી માનીને ચાલનારા, પણ કર્મને માર્ગમાં વિક્ષેપ વધ્યે જાય છે એવો અનુભવ થતો હોય છે. નિરાંતજીવે કર્મમાર્ગ આ[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તાનો શો ઉપાય ?'

'આત્મશુદ્ધિ. સબસે પહલે અપનેકો શુદ્ધ-યહ ગંગાજી કે જલ સમાન નિર્મળ-કરો, ફિર કોઈ બાધા ચિત્તકો ઉપદ્રવ ન કરેગી. એષણા (આકાંક્ષા) માત્ર કા પરિ-ત્યાગ કરના ચાહિયે-પરમારથ કી ભી. જરૂરતે ભલે હી હો. એષણા અભિનિવેશ હમારે નહિ. દૂસરે કી ભલાઈ કરને વાલે હમ તુમ કૌન હૈ ? ગંગા કે એક કંકરકો ઈધરસે ઉધર કરને કા હમેં ઇખ્ત્યાર નહિ. એક ભગવાન નારાયણ હી સબકા કર્તા ધર્તા હૈ! ઔર યહ ખ્યાલ કરો કિ જિસ વૃક્ષકી જડમેં આગ ધધક રહી હૈ ઉસકી શાખેં ઔર પત્તે હરિયાલે કૈસે હો સકતે હૈં ? ઇચ્છા, આકાંક્ષા, મહેચ્છા, યહી આગ હૈ. સબ કુછ કો નારાયણ કે ચરણોં મેં સમર્પણ કરો. વહી સબ કુછ કરનેવાલા ઔર મિટાનેવાલા હૈ. સબકા નિયંતા વહી હૈ. હમ તુમ કૌન હૈ ?'

મને યાદ આવ્યું: And the very hair on thy head are numbered.

આપણો કર્મવાદ ને કર્મના આગ્રહો, પારમાર્થિક કર્મ અને સેવાના આપણા આદર્શ ને આગ્રહો કેમ જાણે આ માણસ આગળ વેંતિયાં ને છીછરાં લાગ્યાં.

વળતે દહાડે સાંજે એક સાધુસેવામાં રોકાયેલી પંજાબી માતા જોડે પૂરી, બુંદીના લાડુ એવી ખાવાની સામગ્રીનો કરંડિયો લઈને એ જ ઝાડીઓમાં હું વહેંચવા ગયો. કેટલાકે લીધાં. ઘણાએ ન લીધાં. એક વૃદ્ધ સાધુને મેં લેવા આગ્રહ કર્યો. જવાબ મળ્યો: 'સુબહ ભિક્ષા લીથી, રાત કો કુછ ખાનેકા અભ્યાસ નહિ. શરીર ભી જીર્ણ હુઆ. હજમ નહિ હોતા.' મેં કહ્યું 'અહીં કુટિયામાં રાખી મૂકો. સવારે ખાજો.' એમણે મને રોકયો: 'નાના, ક્ષમા કીજિયે, સુબહકી ફિકર ભગવાન કરતા હૈ, કલકી કો જાને ?'

મિત્રોએ ઊંચી કોટિના સાધુઓની અંગત હાજતો તપાસીને તેમને પગરખાં, છત્રી, કંબલ, વસ્ત્ર, ફાનસ, ટોર્ચ એવીએવી ચીજો વહેંચવા મને થોડુંક નાણું મોકલી આપ્યું હતું. જાતે તેમજ રામકૃષ્ણ મિશનના ને ઉત્તર કાશીના કેટલાક ઓળખીતા સાધુઓ મારફત મેં આવી વસ્તુઓ કેટલાક વયોવૃદ્ધ, માંદા તેમજ હાજતવાળા સાધુઓની તપાસ મેળવીને વહેંચી. આ વિરક્તોના વાસવાળી ઝાડીઓમાં પણ હું વહેંચવા ગયેલો, પણ ૩–૪ સિવાય બીજાઓએ ન લીધી.

*

પાકિસ્તાનમાં સમાયેલા કોઈ શહેર નજીકના એક નામાંકિત સાધુ સપ્તસરોવર-વાળા વિસ્તારમાં આવી રહ્યા હતા. તેમને ત્યાં મારા પરિચિત બેત્રણ સાધુઓ હતા. તેમનાં દર્શને જતાં મને એમનો સમાગમ થયો. બહુ પ્રેમથી ને આગ્રહથી તેમણે મને ફરીવાર ૨–૩ દિવસ માટે એમને ત્યાં જઈને રહેવા નોતર્યો. બેએક દિવસ રહીને હું ગયો. બે મોટાં કેળવાયેલ પંજાબી કુટુંબની મા-દીકરી જણાતી બે બહેનો ને એકબે બંગાળી બહેનો ત્યાં હતી. મા દીકરી (વિદાયવેળાએ જ મને ખબર પડી કે તેઓ માદીકરી નહિ પણ બે મિત્રકુટુંબની બહેનો હતી.) આશ્રમ-ની જગ્યાનું લંગર (રસોડું) ચલાવે ને સાધુઓની છાવણીઓમાં ફરી રોજ ૧૦–૧૫ સાધુઓને ભિક્ષાર્થે બોલાવે. દીકરી બી. એ. થયેલી ને નાજુક બાંધાની હતી, પણ 'તંદુરકી રોટી' ખડકલા બંધ શેકે. (પંજાબમાં ખુલ્લા મોંવાળા ને ગળા લગી ભોંયમાં દાટેલા ઠીકરાના માટલામાં તળિયે દેવતા રાખી તપેલા માટલાને પેટે છાણાં ચોડે તેમ ઘઉંના રોટલા ચોટાડીને શેકવાનો રિવાજ છે. આ 'તંદુરકી રોટી' બહુ મીઠી લાગે છે.) નિત નવાં પંજાબી પકવાન્ન બનાવે ને અપૂર્વ ભક્તિથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુઓને આગ્રહ કરીકરીને જમાડે. દીકરીના પિતા કોઈ વડા જડજ કે એવું કંઈક હતા ને માતાના દીકરાઓ મોટમોટા સોદાગર કે નોકરિયાત હતા. પણ બેઉ જોડે એકે નોકર-ચાકર નહોતો. પોતાનું નાહવુંધોવું તમામ કામ જાતે કરે ને સાધુઓની સેવા–સગવડો સવારથી સાંજ સુધી જુએ–જાળવે. માતા બપોરે થોડીક નવરાશ મળે ત્યારે સૌ જોડે સ્વામીજી પાસે બેસી ઉપદેશ શ્રવણ કરે. પોતે પણ ગુરુમુખીમાં ગુરુનાનકના 'શબદ' વગેરેનો 'સુંદર ગુટકો' વાંચે ને મારા જેવાને એના અર્થ સમજાવે. વિદાયવેળાએ હું માદીકરીનો આભાર માનવા ગયો, ત્યારે સહેજે મારાથી બોલાઈ જવાયું: 'આપે રોજ બહુ મીઠી 'તંદુરકી રોટી' ખવડાવી તેનો સ્વાદ તો મારી દાઢમાં રહી જશે.' માતાએ ઘરગથ્થુ પંજાબીમાં જવાબ આપ્યો તે તો ન ટાંકી શકું, પણ તેનો અર્થ આમ હતો: 'રાંધેલા અન્નની ને જીવતા માણસની તારીફ ન કરીએ. ક્યારે કોહવાય તેનું ઠેકાણું નહિ!'

*

પ્રાંતેપ્રાંતમાંથી અસંખ્ય ભાવિકો અને સેવકો સાધુસેવાને ઇરાદે કુંભમાં આવેલા. દિલ્હી, પંજાબ, ઉત્તર પ્રદેશ, ગુજરાત વગેરે તરફનાં શેઠ–શાહુકાર કુટુંબો પણ આવેલાં. તેઓ સાધુ(અને તેમની પાછળ મુફતખોર–મફતખાઉ તથા ભિખારાંનાં ટોળાં પણ હોય)ઓ માટે અન્નક્ષેત્રો ખોલીને સેવા કરતાં. રાંધેલું અન્ન દાળ, રોટી, શાક એવુંએવું ક્યાંક પેટપૂર, ક્યાંક ઓછાવત્તા પ્રમાણમાં ઊંચે બેસણેથી સાધુ–અભ્યાગતોના 'ક્યુ'ઓને વહેંચાતું. રોજના હજાર રૂપિયાનો ખરચ કરનારા દાનીઓનાં અન્નક્ષેત્રો પણ હતાં. આવાં પંજાબી, ગુજરાતી, હિંદુસ્તાની કુટુંબોની બાઈઓ–બહેનો સાધુઓ ભિક્ષા લઈને ત્યાંના ત્યાં ઊભા કે બેસીને ખાઈ લે તેમના હાથ ધોવડાવવા ને તેમના દડિયા, પાતળાં ઉઠાવવા ભક્તિભાવે કલાકો સુધી હાથમાં ગંગાજળ ભરેલા કરવા લઈ ઊભી રહેતી ને જૂઠી પાતળો ઉઠાવતી મેં જોઈ ને એમની ભાવભક્તિને મારા અંતરે ફરીફરીને વંદના કરી.

આવા એક અન્નક્ષેત્ર આગળ થઈને એકવાર હું ગંગાસ્નાન કરી વળતાં પસાર થતો હતો. એકબે સાધુ–અભ્યાગતોને, મળેલી ભિક્ષાનું અન્ન ખાઈ એઠા દડિયા જ્યાંના ત્યાં ફેંકી ચાલી જતા મેં જોયા. સામે જ ક્ષેત્રવાળા દાની કુટુંબના નોકર જેવો એક ભાઈ ઊભો હતો. દૂર અજીઠા દડિયા ફેંકવાની મુકરર કરેલી જગા હતી ને ત્યાં તેવા દડિયાનો ગંજ પડ્યો હતો. મેં પેલા ભાઈને હળવે રહી કહ્યું: 'આ લોકોને આમ જ્યાંત્યાં બધે દડિયા ફેંકીને ચાલી જવા દેવા ન જોઈએ. તેમને કહેવું જોઈએ કે પેલી દડિયા ફેંકવાની જગા મુકરર કરેલી છે ત્યાં નાખો.' બાજુમાં જ જરા છેટે ઊભેલી એક પીઢ બહેન આગળ આવી મને કહે, 'મહાત્માજી, હમ લોગ ઉઠા લેતે હૈં. મહાત્માઓંકો ઐસા કહના અચ્છા નહિ. ઈસસે દેને વાલેકા પુન્ન (પુણ્ય) મેં ઘટી હોગી. જિસકા ઉસીકો ભરના હૈ. પાપપુન્ન મેં સાઝેદારી (મઝિયારું) નહિ ચલતી.'

મેં વિનયપૂર્વક એ માતા જોડે દલીલ કરી: 'આપે કહ્યું તે તો હું સમજ્યો. પણ આવી જગાએ ને આવે અવસરે શિસ્તનો ખ્યાલ પણ સૌએ સમજવો જોઈએ, અને સમજાવવો પણ જોઈએ. ભલે અદબ–વિવેકથી ને માનપૂર્વક, પણ કહેવું તો જોઈએ.'

એક 'મહાત્મા' દૂર ઊભો મારી દલીલ સાંભળી રહ્યો હતો. તેણે મને ઇશારત કરી નજીક બોલાવ્યો. કહે 'કે સી? (શું હતું?). તુસી કાહે વાસ્તે ઔરાં કા કાઝી બનદા સી? તુસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...ી તો સાધુ સા દીખતા સી. ફિર કયોં ઈસ ...મેં પડતા સી ? તુઝે બેટી દી શાદી ...ડ થાડી કરના સી ? અરે મેરે રાજા, ...ને છેતર (अन्नक्षेत्र) મેં જાનાં હો, ચલા ...ા દો દો રોટી માંગ લા; ડૅંટ કર ખા લે, ...ર મૌજાં કર. કરના ના ધરના. લેના ના ...ા. કયું મુફતમેં દુનિયાં દા કાઝી બન કર ...ફિરતા સી ? (આ પંજાબીમાં વ્યાકરણની ...ો હોય તે બધી મારી છે. યાદ રહ્યું તેવું ...ખ્યું છે.)

આનું નામ મુફતખોર. ખાસો નમૂનો હતો. જો કે એને પણ 'છેતરમેં જા કર' 'દોદો રોટી' એકઠી કરવાનો 'ઝમેલો' (ખટ-પટ) કરવો જ પડતો હશે. પણ ભૂલ્યો, ...રાય 'દોદો રોટી' માગી લાવી તે પર ગુજારો કરનારું નહોતું. એ તો 'મૌજાં કરનાં દે વાસ્તે' જલેબી, મીઠાઈ એવું-એવું વહેંચાતું હોય એવાં જ 'છેતર' ...તનવાં શોધનારો હતો એ દેખીતું હતું.

ઉપલા અનુભવની સામે કેમ જાણે ...રણુ તોળવા (Counter balance) ...ન હોય તેમ બીજે દિવસે એ જ જગાએ ...સ્નાન કરવા હું ગયો ત્યારે બે સાધુ ...વાડ નજીક જ કાંઠાના ગોળ પથરામાં ...સી ભિક્ષાનું આણેલું અન્ન ખાતા હતા—...ઈ રહેવા આવ્યા હતા. નજીક જ હું ...હાતો હતો. એકે બીજાને પૂછયું: 'બીજું ...વારે લઈ આવું ?' પેલો કહે, 'ના ઘણું ...થું.' પછી જાણે આત્મગત બોલતો હોય ...મ કહે, 'સંસાર જલપ્રવાહ જેવો છે. આ ...ગાનાં જળ દોડી રહ્યાં છે તેમ દોડી રહ્યો ...ે. નાહ્યા એટલું પુણ્ય પણ ખાધું તેટલું ...ણ્ય નહિ. નહાયે મળ ધોવાય ને ખાધેલું ...ે નરક થાય; માટે વધુ ન ખાવું. ...જનમાં ભંગ પડે.'

પછી આ મહાત્માએ ઊઠીને જે પથરા પર ચોળીને ભિક્ષાનું અન્ન ખાધું હતું તેને ખોબેખોબે ગંગાજળ આણી ઘસીને ધોઈ નાખ્યો. 'अन्नपूर्णा सुखी भवेत्' કહી ગંગાજી-ને અને સૂર્યનારાયણને પ્રણામ કર્યા ને સાથી જોડે ચાલતો થયો !

મને આગલા દિવસનો મુફતખોર યાદ આવ્યો ! મનોમન બેઉની સરખામણી કર્યા વગર ન રહેવાયું, ને પેલાં જંદાગુલણ ઉપર નફરત થઈ! પણ તરત જ આગલે દિવસે ઝાડીના એક ઉદાસી સાધુને મોંએથી ગુરુ નાનકની પેંતીસ અખરી (પાંત્રીસ અક્ષરી કક્કો) સાંભળેલી, તેની લીટીઓ યાદ આવી:

ઈશ જીવ મેં ભેદ ન જાનો,
સાધ ચોર સબ બ્રહ્મ પિછાનો;
બાસદેવ બિન અવર ન કોઉ,
નાનક સોહમ્ આતમ સોઉ.

કહેવાય છે કે શ્રીરામકૃષ્ણ પરમહંસ સોનું ને માટી બે હાથમાં લઈ એકબીજાનો અદલોબદલો એટલે સુધી કરતા કે અંતે કયું સોનું ને કઈ માટી એ ભૂલી જતા. તેમ સાધ (સાધુ) અને ચોરને મિત્રભાવે પ્રેમ-ભાવે કે આત્મભાવે એકસરખા જોવાનો સંસ્કાર મનને એટલે સુધી પાડવો કે બેઉનો મુખવટો એક જ દેખાય ને કયો ચહેરો સાધુ-નો ને કયો ચોરનો એ પિછાનવું અશક્ય બની જાય ! આમ સાધુ અને ચોરને એક જ બ્રહ્મરૂપે ને આત્મરૂપે પિછાનનારા અને માણસ, પશુ, જીવ, કીટ અને પ્રાણીમાત્રમાં વાસુદેવ વિના અવર કોઈને ન જોનારા એવા આત્મજ્ઞાની સ્થિતપ્રજ્ઞ સંતો જ પોતાના તપ અને પુણ્યબળે ધરિત્રીને તેના પરના તમામ પાપભાર છતાં ટકાવી રહ્યા છે ! એમની અનુભૂતિ માણસ માત્ર-જીવ માત્ર પ્રત્યે સમભાવ ને સહિષ્ણુતાથી પરિપ્લુત છે. જીવ માત્રની સગવડ સાચવવાને તેમાંના કોઈને પોતા તરફથી કશો ઉપદ્રવ ન પહોંચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધ્યાત્મિક અનુભવ

લેખક :
શ્રી અંબાલાલ પુરાણી

પ્રિય ભાઈ,

તમે જણાવી તેવી વિચારસરણી ઘણા લોકોની હોય છે. આ પત્રમાં એ મોટા અને ગહન વિષય ઉપર કેટલાક મુદ્દાઓ, દલીલો અને દૃષ્ટિબિંદુ માત્ર રજૂ કરું છું. ભાઈની બુદ્ધિ વિષે મને માન છે, પણ એ યાદ રાખવાનું છે કે આ પ્રશ્ન સામાન્ય બુદ્ધિનો નથી; અને કેવળ બુદ્ધિવડે જ એને સમજવો હોય તોપણ ઉપનિષદ કહે છે તેમ **सूक्ष्मया अग्रया**–સૂક્ષ્મ અને વિષયમાં પ્રવેશી શકે એવી બુદ્ધિ હોવી જોઈએ, સ્થૂળ બુદ્ધિ એમાં કામ ન લાગે.

આ ઉપરથી કદાચ તમને એમ લાગશે કે હું આ આખા પ્રશ્નમાં ગૂઢતા, અગમ્યતા અને ચમત્કારનું સૂચન કરવા માગું છું તો તે બરાબર નથી. હકીકત એ છે, કે છેક વેદના સમયથી, ઉપનિષદ અને ત્યારપછીના યુગોમાં સદા ય આત્મજ્ઞાન યાને બ્રહ્મજ્ઞાન ગુરુગમ્ય મનાયું છે. એટલે કે વ્યાકરણ, કાવ્ય, ગણિત, ઇતિહાસ વગેરે વિષયો જે કોઈ પ્રયત્ન કરે તે થોડેઘણે અંશે શીખી શકે તેવા છે; પરંતુ આધ્યાત્મિક જ્ઞાન એટલે વેદાંતનાં પુસ્તકોનો અભ્યાસ નહિ; પરંતુ એની અનુભૂતિ યાને સાક્ષાત્કાર સૌ કોઈ માટે નથી. એને માટેનો અધિકાર બુદ્ધિમાન હોવા કરતાં જુદા પ્રકારનો આવશ્યક ગણાયો છે. ખરું છે કે સાચી જિજ્ઞાસા વગર પણ બ્રહ્મજ્ઞાનનાં થોથાંઓ વાંચીને પોપટની પેઠે વેદાંતનાં સૂત્રો મહાવાકયો તથા દલીલો ઉચ્ચારનારા ઓછા નથી. પણ એનો સહેલો ઉપાય એ છે કે એવું સાચી જિજ્ઞાસાવગરનું વેદાંતના કે કોઈ પણ યોગશાસ્ત્રના ગ્રંથોનું વાંચન અને અભ્યાસ 'બ્રહ્મજ્ઞાન' નથી; પરંતુ વેદાંતનો અભ્યાસ છે. બુદ્ધિ કદાચ સંતોષાય પણ મુક્તિ મળે નહિ.

આધ્યાત્મિક જ્ઞાન માટે સાચી અંતરની જિજ્ઞાસા અને અભીપ્સા આવશ્યક છે. સૌ માણસોમાં એવી તીવ્ર અને જીવંત જિજ્ઞાસા

એવી કાળજીથી જીવનારા છતાં કરુણાથી ગળી–પીગળીને બ્રહ્મરૂપ–આત્મરૂપ એવા હર કોઈને અનાસુરતે હાથ દેવા ને ઉધારવા વસંતના વાયુની જેમ વિચરે છે. એમની નજર આગળ સાધુ ને ચોર જેવો વિવેક નથી. એમના પ્રેમ–અમીરસને પાત્રની મર્યાદા નથી. સચરાચર સૃષ્ટિ તમામ એક અવિચ્છિન્ન એકરસ–આત્મભાવથી તરબોળ છે. ખરેખર આવા સંતપુરુષોની અનુભૂતિ આગળ માનવીમાનવી વચ્ચે દેશ, જાતિ કે સમાજની વાડાબંધી ખ્યાલ વામણા અને લગભગ અસભ્ય (Vulgar) લાગે.

*

આ બધા અનુભવો કીમતી હતા. મને થયું, મારી કુંભયાત્રા આ સંતોનાં દર્શનથી ને સમાગમથી કૃતાર્થ થઈ. દિવસો સુધી મને આનું ઘેન રહ્યું. મન નવરું પડે ને ગણગણવા માંડે 'સાધ ચોર સબ બ્રહ્મ પછાનો,' 'બાસુદેવ બિન અવર ન કોઉ.'

તુલસી યા સંસાર મેં, સબસોં મિલિયો ધાય,
કા જાને કિસરૂપસેં, નારાયણ મિલ જાય!

કોસાંબી ૬-૫-૫૦

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોતી નથી. એથી કરીને આધ્યાત્મિક જ્ઞાન કોઈને માટે નથી. આમ મર્યાદિત થવાને પરિણામે સાધના કરનારાઓની સંખ્યા ઓછી રહી હશે, એને લઈને કદાચ નાનાં કુંડાળાં થયાં હશે, વહેમો અને કેટલીક વાર આત્મવંચના અને સમજપૂર્વકની છેતરપીંડી પણ થઈ હશે. પણ સાથેસાથે સાધનાની વિશિષ્ટ પદ્ધતિઓ પણ પ્રચારમાં આવેલી જણાશે. જ્યારે યુરોપમાં ભૌતિક વિદ્યાઓની પ્રગતિનો આરંભ થયો ત્યારે અવલોકન, પ્રયોગ, અનુમાન, તર્ક વગેરેનો આશ્રય લઈને માનવની બુદ્ધિએ આ જગતના સ્થૂળ સ્વરૂપના સત્યનો નિર્ણય કરવાની શરૂઆત કરી. ત્યારપછી જીવનનાં સર્વે ક્ષેત્રોના એટલે કે અનુભવના સઘળા પ્રકારોનો અભ્યાસ કરવામાં પણ એ જ પદ્ધતિની અસર થવા લાગી. ધર્મ, આધ્યાત્મિકતા, અગમ્યવાદ વગેરે સઘળી વસ્તુઓને ધોઈ નાંખવાના પ્રયત્નો પણ આ નવી દૃષ્ટિએ કર્યા. એને પરિણામે એક મોટો લાભ એ થયો, કે જીવનમાં એ ક્ષેત્રોમાં એટલે કે ધર્મમાં, સાધનામાં, તત્ત્વજ્ઞાનમાં ઘણી સાફસૂફી થઈ ગઈ. શ્રી અરવિંદ પણ આ હકીકતને નાસ્તિક-વાદે કરેલી ધર્મની અને આધ્યાત્મિકતાની એક મોટી સેવા ગણે છે. આમ જડવાદે એક માત્ર અચિત્-તત્ત્વને જ વાસ્તવિક તરીકે સ્વીકારીને વિશ્વની સમજૂતી એના વડે આપવા પ્રયત્ન કર્યો, તેની સાથેસાથે ચિત્ તત્ત્વનો ઇન્કાર કરીને અનેક વહેમનાં જાળાંઓને એણે દૂર કરી નાંખ્યાં.

તર્કપ્રધાન બુદ્ધિવાદની, ધર્મની કે આધ્યાત્મિકતાની સેવા એટલેથી અટકે છે. એનાથી આગળ જઈને જ્યારે જીવનની માનસિક ક્રિયાઓની સમજૂતી એણે જડ તત્ત્વવડે આપવા પ્રયત્ન કર્યો ત્યારે તે અપર્યાપ્ત જ નીવડ્યો; એટલું જ નહિ અચિત્ યાને જડ પોતે શી વસ્તુ છે તેની જ સમજૂતી ભૌતિકશાસ્ત્રના નિષ્ણાતો આપી શક્યા નહિ! એટલે પછી જીવન, મન, ચેતન, આત્મા વગેરેની સમજૂતી આપવાનો તો પ્રશ્ન જ ક્યાંથી થાય?

હવે આ જમાનામાં આધ્યાત્મિક જીવનની કોઈ પણ પ્રકારની શક્યતા જો સ્થાપિત કરવી હોય તો અત્યારે સર્વમાન્ય થઈ રહેલી તર્કશક્તિ અને બુદ્ધિનો આશ્રય લઈને જ થઈ શકે તેમ છે. આ વાત શ્રી અરવિંદ જેટલી સારી રીતે સમજે છે તેટલી બીજું કોઈ ભાગ્યે સમજતું હશે. આ કારણથી જ એમના કર્તવ્યને યથાર્થપણે રજૂ કરનાર શિરોમણિ ગ્રંથ 'લાઈફ ડીવાઈન' એમણે શ્રદ્ધાળુ ધાર્મિક માનસ માટે, કે સાધના કરનાર અભીપ્સુ માટે નહિ, પરંતુ બુદ્ધિવડે આધ્યાત્મિકતાનું સત્ય સમજવા માટે પ્રયત્ન કરનાર આધુનિક માનસ માટે લખ્યો છે.

હવે તમે રજૂ કરેલા પ્રશ્ન વિષે:–

૧. અવતારની કે દિવ્ય પુરુષની બાબતમાં મુખ્ય મુદ્દો એ નથી કે અમુક માણસ કે વ્યક્તિ ઈશ્વર છે કે નહિ; કારણકે એક દૃષ્ટિએ બધામાં જ ઈશ્વર રહેલો છે. પ્રશ્ન એ છે કે માણસ અત્યારે છે તેવો ને તેવો જ સનાતન કાળ સુધી રહેવાને સરજાયેલો છે કે એની ક્રમિક ઊર્ધ્વગતિ થઈ શકે તેમ છે? જરૂર, માણસ અત્યારે અપૂર્ણ છે; પરંતુ એ અપૂર્ણતા સદાને માટે એને કપાળે લખાયેલી છે કે એમાંથી એનો ઉદ્ધાર છે? એ પ્રશ્ન મુખ્ય છે. એને બીજી રીતે મૂકવો હોય તો આમ પણ મૂકી શકાય: અત્યારે માનવ બુદ્ધિવાળું પ્રાણી છે, એનું ઊંચામાં ઊંચું કરણ બુદ્ધિ છે, જે સત્યને તેના અખંડ અને સમગ્ર સ્વરૂપમાં ગ્રહણ કરવાને અસમર્થ છે; બુદ્ધિ સત્યનું ગ્રહણ અપૂર્ણપણે કરી શકે તેમ છે. એ બુદ્ધિએ માનવ માટે જુદા-જુદા આદર્શો સેવ્યા છે, ભાવનાઓ રાખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, નીતિનાં ધોરણો રચ્યાં છે. બુદ્ધિએ જે મૂલ્યો ઉપજાવ્યાં છે તે બધાં આખરી છે કે અંતરાવસ્થામાં છે? એટલે કે અત્યારની સ્થિતિમાં એ બધાં આવશ્યક ખરાં, પણ આખરે તો ઉલ્લંઘવાનાં કે કેમ? સાચી પૂર્ણતા એટલે પૂર્ણજ્ઞાન, પૂર્ણશક્તિ, પૂર્ણ આનંદવાળી સ્થિતિ પ્રાપ્ત કરવી શકય છે કે અત્યારની અપૂર્ણતા જ માનવની આખરી સ્થિતિ છે?

એવા લોકો અને સમાજો પણ હોઈ શકે છે, જેઓ સાચેસાચ માને છે કે માણસ હમણાં છે તેવો જ, એટલે કે અપૂર્ણ, અજ્ઞાન, દુઃખી–સદાને માટે રહેવાનો છે. વળી આપણે એ પણ સમજી શકીશું કે એ માન્યતા જ વ્યક્તિને અને સમાજને તેની અત્યારની અપૂર્ણતા સાથે સફળતાપૂર્વક બાંધી રાખશે; કારણકે પોતે હમણાં છે ત્યાંથી બીજે કશે જવાય એમ છે જ નહિ એમ માનનાર ગતિ કરશે જ નહિ એ દેખીતું છે.

પરંતુ જો આપણે એમ માનતા હોઈએ કે માણસ માટે સાચી પ્રગતિ શકય છે તો પછી તમારા પ્રશ્નનો ઉત્તર આપી શકાય છે; કારણકે પછાના પ્રશ્નોમાં એ પૂર્ણતાની અવસ્થા કેવી હોઈ શકે અને તેને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય એ વિચારવાનું રહે છે. માણસના મનથી, એની બુદ્ધિથી, એના સર્વે આદર્શોથી ઉપરની એવી કોઈ વાસ્તવિકતા હોય તો તેની પ્રાપ્તિ કેટલે સુધી અને કેવી રીતે શકય છે એનો વિચાર આપણે કરવાનો રહે છે.

ખરું જોતાં, આ પ્રશ્નનો જવાબ આપણા દેશમાં–અને અન્ય દેશોમાં પણ–પ્રચલિત એવી પ્રયોગસિદ્ધ સાધનાપ્રણાલિઓ આપે છે. આજે પણ જે કોઈને એ સાધનાપ્રણાલિઓને વ્યવહારની એટલે કે પ્રયોગની કસોટીએ ચડાવવી હોય તે ચડાવી શકે છે. આવી પ્રયોગાત્મક કસોટી કરનારાઓમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ અદ્યતન ઉદાહરણ પૂરું પાડે છે. એટલે આટલું તો ફલિત થાય છે જ કે મનથી ઉપર ચેતનાની અવસ્થાઓ હયાતિમાં છે અને તેમની પ્રાપ્તિ પણ શકય છે. આટલું તો કેવળ બુદ્ધિની દલીલો વડે સામાન્ય સિદ્ધાંત તરીકે આપણે સ્વીકારી શકીએ.

આગળનો મુદ્દો વિચારવાનો રહે છે તે એ કે જો એ વસ્તુ–મનથી ઉપરની–સત્ય છે તો એને પ્રાપ્ત કરનારાઓ એને આટલાં જુદાંજુદાં રૂપોમાં જુદી અને કેટલીક વાર તો પરસ્પર વિરોધી ભાષા અને વિચારણામાં કેમ રજૂ કરે છે? મનસાતીત સત્યની અનુભૂતિ જુદાજુદા રૂપમાં અહીં આપણી બુદ્ધિની ભાષામાં રજૂ થાય છે તે ઉપર ભાઈએ જે દલીલ કરી કે 'શ્રીકૃષ્ણ વગેરે મહાપુરુષોમાંના કોઈનેય મહાસત્યની જાણ થયેલી નહિ' એ તો મને આશ્ચર્યજનક લાગે છે.

પોતાને થયેલો કોઈ અનુભવ જ્યારે માણસ બીજાઓને કહેવા કે સમજાવવા માગે છે ત્યારે સામાન્ય રીતે વિચારનો તથા ભાષાનો આશ્રય લે છે. બીજા માણસો પણ એ અનુભવ પોતાના અંતરમાં થતો હોવાથી ભાષા, વિચાર વગેરે નિશાનીઓ વડે તેને સમજી શકે છે. ભૌતિક શોધખોળમાં પણ કાંઈક આના જેવું જ બને છે. જો કે સામાન્ય રીતે એ વિદ્યા ઘણી ચોકસાઈવાળી ગણાય છે; જુદેજુદે સમયે ભૌતિક વિદ્યામાં વીજળી, લોહચુંબક, તેજ, ગરમી વગેરેના ખ્યાલો જુદાજુદા હતા, પણ તેથી કોઈ એમ નહીં કહેતું કે શોધખોળ કરનારાઓ વીજળી વિષે કાંઈ જ જાણતા નથી. મિસ મેયો હિંદ વિષે એક પ્રકારનું પુસ્તક લખે, બીજો કોઈ મુસાફર બીજા પ્રકારનું લખે, તે પરથી એમ કેવી રીતે કહી શકાય કે એમાંના કોઈએ હિંદ જોયો જ નથી, અથવા હિંદ જેવો કોઈ દેશ જ નથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Harid...

સત્ય વિષે, વાસ્તવિકતા વિષે, ઈશ્વર વિષે જુદીજુદી વાતો, જુદાંજુદાં વર્ણનો અને વ્યાખ્યાઓ કેમ કરીને ઉપસ્થિત થાય છે તેનાં કારણો ઉપનિષદથી શરૂ કરીને અખા ભગત સુધી અપાયાં છે. न तत्र मनो गच्छति, न वाक्‌-એ વાસ્તવિકતાનો અનુભવ જયાં થાય છે તે ભૂમિકામાં 'મનની ગતિ નથી, વાણી ત્યાં જઈ શકતી નથી' એવું એ સત્ય છે. અને છતાં એ મનથી અતીત અને વાણીથી અનિર્વચનીય એવી એ વસ્તુને મનુષ્ય કાંઈક અંશે સમજી શકે, જાણી શકે તેટલા માટે એને મનથી અને વાણીથી વર્ણવવી પડે છે. 'મૂગે સાકર ખાધી રે'–એમાં પણ એ જ સત્ય ઉચ્ચારાયું છે. અને ધ્યાનમાં રાખો કે 'સાકર' જેવી કોઈ નક્કર વસ્તુ 'છે' અને તે એ વાક્ય બોલનારે 'ખાધી છે'–એ વિષે શંકા નથી. એની મુશ્કેલી પોતાને થયેલો અનુભવ બીજાને કેવી રીતે સમજાવવો એમાં રહેલી છે. આમ સત્ય કે ઈશ્વર નથી એમ સમજવાનું નથી, અને એનો અનુભવ થઈ શકે તેમ નથી એમ પણ નથી.

આમ હોવાથી એ સત્યને અનુભવનારા દ્રષ્ટાઓ ઘણુંખરું તો તર્કનો–બુદ્ધિનો આશ્રય લેતા નથી. એવા લોકોની વાણી બંગાળના બાઉલ લોકોની વાણી પેઠે અગમ્ય-વાદીની, મર્મવાદીની વાણી બને છે. એ વાણીનું રૂપ જ એવું હોય છે કે શ્રોતાનું મન એનો કેવળ બૌદ્ધિક અર્થ લઈ શકે નહિ. એ વાણી વિરોધાભાસની તો કોઈ વાર રહસ્યની વાણી હોય છે. 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ.' અથવા તો 'તેર હાથનું ચીભડું ને તેર હાથનું બી'– तदेजति, तन्नैजति, तद्दूरे तद्वन्तिके વગેરે ઉચ્ચારો અનુભવની વાણીના છે.

પરંતુ દલીલ એ થઈ શકે કે એ વિષય ઉપર જુદાજુદા વિચારો રજૂ થતા હોવાથી માણસની બુદ્ધિને તેમાંથી કોઈના ઉપર એકદમ ભરોસો બેસે નહિ એ સ્વાભાવિક છે. આ દલીલમાં કાંઈ સત્ય રહેલું છે. પરંતુ આધ્યાત્મિકવાદીનો ઉત્તર એ હશે કે એવો ભરોસો બધા માણસોની બુદ્ધિને બેસશે એવી આશા એ વાણી ઉચ્ચારનાર કોઈ રાખતો નથી. એ વાણી કોઈ અધિકારી જન માટે હોય છે, બધા માટે નહિ. પરંતુ આજના માનસની દૃષ્ટિએ વિચારતાં આપણે જોવાનું એ છે કે એ વાણીમાં બુદ્ધિને સમજાય એવું સામંજસ્ય કે એકવાકયતા ભલે ન હોય; કારણકે પરમ સત્ય પોતે જ એવું હોય કે જેને એવી એકવાકયતા કે સામંજસ્ય પ્રગટ જ ન કરી શકે; પરંતુ બુદ્ધિના કરતાં કોઈ જુદા જ પ્રકારની સંવાદિતા એનામાં હોય તો ?–પરંતુ એ આધ્યાત્મિક સત્યના અનુભવને લઈને વ્યક્તિના જીવનમાં આપણે જોઈ શકીએ એવાં પરિણામો આવે છે કે નહિ ?

એનો ઉત્તર એ છે, કે એવા જ્ઞાનને પરિણામે આપણે જોઈ શકીએ એવાં પરિણામો આવે છે. શ્રીકૃષ્ણ વગેરેનાં ચરિત્રો કેટલે અંશે ઐતિહાસિક ગણાય એ વિષે મતભેદને સ્થાન હોવાથી એવાં ઉદાહરણો આપણે દૂર રાખીશું; તોપણ વર્તમાનમાંથી જ રામકૃષ્ણ પરમહંસનો દાખલો જુઓ. એક નિરક્ષર વ્યક્તિના જીવનમાં એ મનસાતીત સત્યના અનુભવને લઈને આમૂલ પરિવર્તન થયેલું આપણને જણાય છે. આ પરિવર્તન એટલું તો સ્પષ્ટ છે, કે નાસ્તિકને પણ એકવાર તો એ માન્યા વિના ચાલે નહિ, જ્ઞાનનો જે પ્રકાશ, જે ગ્રહણશક્તિ તથા બીજાઓમાં પરિવર્તન લાવવાની જે શક્તિ રામકૃષ્ણમાં પ્રગટ થઈ છે તે એક નિરક્ષર બંગાળી ગામડિયા પૂજારીની શક્તિઓથી એટલી બધી તો જુદી પડે છે કે એ વિષે બેમત હોવાનો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભવ નથી. આ ઉપરથી એટલું તો નિર્વિવાદ સિદ્ધ થાય છે કે જેનો વિષે જુદાંજુદાં વર્ણન કરવામાં આવે છે તે સત્યનો અનુભવ જીવનના ઉપર ઘણી જ સચોટ અસર કરે છે. એટલે 'મહાનમાં મહાન વાસ્તવિકતા બૌદ્ધિક ધોરણોને અનુસરીને જ હોવી જોઈએ. એ માન્યતા વિચારણીય થઈ પડે છે. પરમ સત્ય બુદ્ધિથી પર છે એનો અર્થ તે બુદ્ધિનું વિરોધી જ હોવું જોઈએ એવો નથી. તો સાથેસાથે એ પણ ખરું છે, કે એ સત્ય બુદ્ધિનું ગુલામ પણ નથી.

કોઈ પણ વ્યક્તિની દિવ્યતા વિષે વિચાર કરતાં પહેલાં આપણે આવા આર્યદર્શનના કેન્દ્રવર્તી સિદ્ધાંતને સમજવો અને સ્વીકારવો જરૂરી છે. ખરું જોતાં એ તત્ત્વ કેવળ હિંદની જ નહિ પરંતુ બીજા દેશોની સંસ્કૃતિમાં પણ સ્વીકારાયેલો જણાશે. सर्वं खलु इदं ब्रह्म। તથા ईशावास्यमिदं सर्वम्। વગેરે સૂત્રો દિવ્ય વસ્તુ સર્વ વ્યાપક છે એમ દર્શાવે છે. જ્યારે એનાથી આગળ જઈને शृण्वन्तु विश्वे अमृतस्य पुत्राः। એવું સંબોધન ઉપાનષદના દૃષ્ટાએ કર્યું ત્યારે દિવ્યતા એ માનવજાતિનો જન્મસિદ્ધ હક્ક છે એમ તેમણે જાહેર કર્યું. આપણાં દર્શનોએ માનવને કેવળ ક્ષુદ્ર, નીચ, પાપી, અજ્ઞાની જંતુ કહ્યા કર્યો નથી, એમણે માનવને 'અમૃતનો પુત્ર' ગણ્યો છે.

એ જ વિચારને ગીતામાંથી બે પ્રકારે ટેકો મળતો જણાય છે: એક તો, 'ईश्वरस्सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति।' એમ કહીને પ્રત્યેક વ્યક્તિમાં પ્રભુનો વાસ છે એમ તે જણાવે છે, તથા એનો એ વિચાર वासुदेवः सर्वम्। કહીને પણ તે વ્યક્ત કરે છે. દિવ્યમાં એક વ્યાપક તત્ત્વરૂપે–બ્રહ્મરૂપે સર્વમાં સમાનભાવે રહેલું છે એટલું જ નહિ; પરંતુ 'વાસુદેવ' રૂપે પ્રત્યેક વ્યક્તિમાં દિવ્યતાનું વિશિષ્ટ રૂપ પણ હોય છે એમ ગીતા કહે છે. પ્રત્યેકમાં વસતું એ દિવ્ય સ્વરૂપ અજ્ઞાન પ્રકૃતિની પાછળ રહીને વ્યકિતના જીવનનું સંચાલન કરે છે.

બીજું તત્ત્વ જે ગીતા ભારપૂર્વક રજૂ કરે છે તે વિભૂતિ અને અવતારનું અસ્તિત્વ છે. વિભૂતિના જુદાજુદા પ્રકારો ગણાવીને ગીતા આપણને સમજાવે છે કે માનવ કેવળ દિવ્યતા તરફ આરોહણ કરવાને પ્રેરાય છે એટલું જ નથી પરંતુ દિવ્યતા પણ માનવતામાં પાર્થિવ તત્ત્વમાં પણ પ્રગટ કરવાને પ્રયત્ન કરે છે. આમ દિવ્યતાનું અવરોહણ, અવતરણ પણ થાય છે. આમ ગીતા આપણને સમજાવે છે કે 'દિવ્યતા'ને માપવાનું ધોરણ માનવનું ધોરણ નથી. પ્રભુની દિવ્યતા માનવ જેમનો સ્વીકાર કરે તેવાં જ મૂલ્યોમાં, તેવા જ પદાર્થોમાં પ્રગટ થવાને બંધાયેલી નથી. એને તો એક વૃક્ષ પીપળો, એક નદી–ગંગા, એક પર્વત હિમાલય, ક્ષુદ્રમાં ક્ષુદ્ર નિર્જીવ વસ્તુ પણ પૂરતી થઈ પડે છે. દિવ્યતાની અભિવ્યકિત જડથી માંડીને ચેતન સુધી સઘળે થઈ શકે છે. ત્યારે પ્રશ્ન થશે કે 'વિભૂતિ'–વિશેષણ ભૂતિની કસોટી કઈ? માનવતા કરતાં વધારે પ્રમાણમાં સચેતનતા હોવી એ તો એની કસોટી છે નહિ, જ્યારે ગૂંચવણમાં નાખનારી વસ્તુ તો એ છે કે કેટલીક વિભૂતિને પોતે દિવ્ય છે, પોતાનામાં દિવ્યતાનો અંશ છે, એવું ભાન પણ નથી હોતું! જ્યારે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'पाण्डवानां अर्जुनोऽहम्', 'પાંડવોમાં હું અર્જુન છું' ત્યારે અર્જુન પોતે આશ્ચર્યચકિત થયો હશે! એટલે ગમે તેવા બાહ્ય દેખાવની પાછળ રહીને અજ્ઞાનપણે કાર્ય કરતી દિવ્યતા તે વસ્તુને કે વ્યકિતને 'વિભૂતિ' ગણાવાની અધિકારી બનાવે છે. આધુનિક જમાનામાં મહાત્મા ગાંધીને અહિંસાની વિભૂતિ તરીકે ગણી શકીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Hari...

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવતારતત્ત્વનો સ્વીકાર હિંદની સંસ્કૃતિ-
ની અનોખી વિશિષ્ટતા છે એમ મને લાગે
છે. એને લઈને મૂર્ખાઈભરેલા વહેમો પોષાયા
હશે, પરાધીનવૃત્તિ વધી હશે, પણ એની
પાછળની વસ્તુ માનવની ઉન્નતિ માટે મને
ઉપયોગી લાગે છે. એને લઈને કોઈવાર દિવ્યતા
હાસ્યાસ્પદ બની હશે, પણ તેથી એનો સદંતર
ઈન્કાર કે સિદ્ધાંત તરીકે એનો અસ્વીકાર
મને આવશ્યક લાગતો નથી. માણસ પશુ
છે એમ વારંવાર ઠોકીઠોકીને કહીને આપણે
એની પાશવતાને તો પુષ્ટ નથી કરતા એ તો
કોણ જાણે? પરંતુ દૂર, સુદૂર કોઈ અપ્રાપ્ય
ગણાતા ઊર્ધ્વલોકમાં વસતો પ્રભુ જે આપણા
હૃદયમાં વસે છે એ આપણી ક્ષુદ્ર, પામર
પૃથ્વી ઉપર પણ પોતે પ્રગટ થાય છે એમ
જાણવું-એ માન્યતા શા માટે હિતકારક ન
ગણાય? ઘણી યે અવિદ્યાની પ્રવૃત્તિને વાસ્તવિક
માનીને માનવ એમાં અટવાયા કરે છે, ત્યારે
પ્રભુને સમીપ લાવનાર મનોદશા શો ગેરલાભ
કરવાની હતી?

અવતારવાદના સિદ્ધાંતો વધારે વિશદપણે
રજૂ કરવાની અને તેમને સારી રીતે સમજ-
વાની જરૂર છે એ હું સ્વીકારું છું. એને માટે
આપણે પ્રથમ તો 'ઈશ્વરત્વ', 'દિવ્યતા'
વગેરેના વિચારોને સ્પષ્ટ કરવા પડશે. દિવ્યતા,
ઈશ્વરત્વ વગેરે વિષેની આપણી કલ્પના,
આપણી સમજણ અને જ્ઞાન તથા ક્વચિત્ થતો
અનુભવ મુખ્યત્વે કરીને તો માનસિક જ
હોય છે. આપણું મન તર્ક, અનુમાન વગેરે-
ની મદદથી એ વિચારો પ્રાપ્ત કરે છે. દા. ત.
આપણો દિવ્યતાનો ખ્યાલ ઘણો જ વિચિત્ર
હોય છે. સર્વ મર્યાદાઓને વટાવવાની શક્તિ,
સર્વ પ્રચલિત નિયમોનો ભંગ કરવાનું સામ-
ર્થ્ય, કર્તું અકર્તું, અન્યથા કર્તુમ્ એવી
કોઈ વ્યક્તિની કે ચેતનાની કલ્પના આપણું
મન કરે છે. પણ દિવ્યતા–સાચી દિવ્યતા

કેવળ માનસિક વસ્તુ નથી એ બાબત આપણી
ધ્યાન બહાર રહી જાય છે. દિવ્યતામાં અઢ-
ળક શાંતિ, અતૂટ સમતા, નિશ્ચલ નારવતા,
સર્વવ્યાપિતા, અનંતતા, જ્યોતિર્મયતા, પ્રસ-
ન્નતા, આનંદ વગેરે તત્ત્વો પણ હોય છે એ
સામાન્ય મનની કલ્પના બહાર રહી જાય
છે. કોઈ એમ કહે કે શાંતિ, સમતા વગેરે
તો વિશુદ્ધ થયેલી માનસિક ચેતનાની સંપ-
ત્તિઓ છે. તો એ વ્યક્તિને આધ્યાત્મિક
અનુભૂતિનું જ્ઞાન નથી એમ જાણવું; કારણકે
દિવ્યતાની સંપત્તિઓની અસર મન ઉપર,
પ્રાણ ઉપર તેમજ દેહ ઉપર પણ પડે છે,
અને મન પોતાની ભૂમિકા ઉપર પોતાની
રીતે એ વસ્તુઓનો અનુભવ પણ મેળવી
શકે છે, પરંતુ એ તત્ત્વો મનમાં ઉદ્ભવતાં
નથી, અને મનમાં મર્યાદિત હોતાં નથી.

કેટલાક વિચારકો એમ કહેતા જણાય
છે કે વિભૂતિ, અવતાર વગેરે તો પુરાણો-
નો પ્રચાર થયા પછી લૌકિક માનસમાં
આગળપડતાં થયાં. અસલ આર્ય સંસ્કાર-
માં ઉપનિષદ જેવા ગ્રંથોમાં એનો ઉલ્લેખ
નથી પણ એ એક અર્ધ-સત્ય છે; કારણકે
ઉપનિષદમાં અવતારનો સ્પષ્ટ ઉલ્લેખ નથી,
છતાં કઠોપનિષદમાં દેવોની સમક્ષ વિચિત્ર
યક્ષરૂપે પ્રભુ પ્રગટ થાય છે; અને માનવ-
જીવનમાં દિવ્યતા પ્રગટ થાય ત્યારે કેવું રૂપ
ધારણ કરે એ વિષે ઉપનિષદોમાં સ્પષ્ટ
સૂચનો છે અને એ રીતે આવિર્ભાવ ઉપ-
નિષદો સ્વીકારે છે. તૈત્તિરીય કહે છે—

एतं ह वाव न तपति किमहं साधु नाकरवम्–
किमहं पापमकरवम । બ્રહ્મજ્ઞાનીને 'મેં કયું
સાધુ કર્મ કર્યું નથી, કયું પાપકર્મ મેં
કર્યું છે એવો સંતાપ થતો નથી.' અર્થાત્
મનનાં ઉપજાવેલાં અને માનસિક જીવનની
હદ પર્યંત અતિ ઉપયોગી મૂલ્યોને તે વટાવી
જાય છે, એનાં કર્મો કોઈ અસલ ચેતનાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂમમાંથી ઉદ્‌ભવે છે. જ્યાં સારા અને નરસાના મનનાં ધોરણો લાગુ પડી શકતાં નથી. અને છતાં એ કર્મો કાંઈ પરમદિવ્ય સંવાદમાંથી, કાંઈ અપાર્થિવ શક્તિના આંદોલનમાંથી, જ્ઞાનની કોઈ અલૌકિક જ્યોતિમાંથી જન્મતાં હોય છે.

ચેતનાની દિવ્યતામાંથી ઉદ્‌ભવતાં કર્મોનાં બાહ્ય સ્વરૂપો કેવાં જુદાંજુદાં હોઈ શકે છે તેનો ખ્યાલ મહાભારત અને ભાગવત ઉપરથી આપણને કાંઈક અંશે આવી શકે તેમ છે. મહાભારતના મહાન યુદ્ધના પ્રસંગમાં શ્રીકૃષ્ણ નેતા થવાનું સર્વનું આકર્ષણ કરે એવા પ્રકારનું કોઈ કામ પસંદ કરતા નથી, પરંતુ અર્જુનના સારથિનું કામ પસંદગી પામે છે. જરાસંધ લડવાનું કહેણ મોકલે છે, ત્યારે તેનો પડકાર ઝીલવાને બદલે ભીમ મારફત એનો વિનાશ કરવામાં આવે છે. કાળયવન સાથે દ્વંદ્વયુદ્ધમાં ઊતરીને નાસતાં શ્રીકૃષ્ણને જરા પણ ક્ષોભ થતો નથી કે શરમ આવતી નથી! નિદ્રાવશ મુચુકુન્દની જાગ્રત દૃષ્ટિના અગ્નિવડે કાળયવનને ભસ્મ કરાવતાં એમને નીતિ નડતી નથી. તો રાજસૂય યજ્ઞમાં યુગના અગ્રણી પુરુષ તરીકે અંજલિ લેતાં નમ્રતાપૂર્વક પોતાની અયોગ્યતા જાહેર કરવાનો ઉપચાર તે કરતા નથી. શિશુપાળની ગાળો તે શાંતિ અને સમતાપૂર્વક સાંભળી રહે છે; પણ છેવટે 'જા, તને ક્ષમા આપું છું' એવી ઉદારતા કે દયા આચરતા આપણે તેમને જોતા નથી. વળી ગુસ્સે થયેલા ભૃગુમહર્ષિની લાત છાતીમાં વાગતાં તેઓ ઋષિના પગને તો વાગ્યું નથી એવો પ્રશ્ન કરીને પોતે નમ્રતા આચરીને ઋષિના ગર્વનું ખંડન કરે છે: જેને એમ કહેવું હોય કે શ્રીકૃષ્ણમાં કોઈ પ્રકારની દિવ્યતા કે દિવ્ય ચેતના હતી જ નહિ તો તેને માટે આ વિચારો નકામા જ ગણાય; કારણકે શ્રીકૃષ્ણનું જીવન દિવ્ય ચેતનાનો આવિર્ભાવ કરનાર-અવતાર-તરીકે આપણી સંસ્કૃતિમાં અંકાયું છે. એમાં પુરુષોત્તમતાનું ચિત્ર છે. દિવ્ય કર્મોનાં સ્વરૂપો કેટલાં જૂજવાં હોઈ શકે તે આપણે આ ટૂંકી નોંધ પરથી જોઈ શકીશું.

દિવ્ય કર્મના બાહ્ય સ્વરૂપની કોઈ પણ નિશાની કે લક્ષણ આપવું મુશ્કેલ છે. એનું કારણ એ છે કે અવતારના કર્મનું ધોરણ કોઈ વિચાર, આદર્શ, જાતિ કે એવી માનસિક વસ્તુ હોતી નથી, એનાં કર્મો દિવ્ય ચેતના જ નિયત કરે છે. હા, એનાં કર્મમાં 'અહં'નો સંતોષ, કામના, વાસના કે મહત્ત્વાકાંક્ષા વગેરેમાંનું કોઈ પ્રેરક બળ તરીકે નહિ હોય એમ આપણે ખાતરીપૂર્વક માની શકીએ, અને માગી પણ શકીએ. ગીતામાં તો શ્રીકૃષ્ણ વિષેનાં બે સ્પષ્ટ વિધાનો એવાં છે કે એનો પરિહાર થઈ શકે તેમ નથી. એક, વિશ્વરૂપ તરીકે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, જેમાં સમગ્ર વિશ્વની પ્રવૃત્તિઓનું પોતે સંચાલન કરે છે એ સત્ય અર્જુનને પ્રત્યક્ષ થાય છે; બીજું, પરાત્પર પુરુષોત્તમ સ્વરૂપ. જે પોતાના કૃષ્ણ તરીકેના માનવવ્યક્તિત્વ સાથેની એકતા અર્જુનને બતાવીને તેને કહે છે, 'ક્ષરથી હું પર છું, અક્ષરથી પણ હું પર છું, હું પોતે પુરુષોત્તમ છું' અને આગળ 'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज-સર્વ ધર્મોનો ત્યાગ કરીને મારા એકલાને શરણે આવ.' વિશ્વરૂપતા અને પરાત્પરતા બંને શ્રીકૃષ્ણના દિવ્ય વ્યક્તિત્વના તબક્કાઓ ગણો કે ભૂમિકા ગણો. ગીતાનું આ સ્પષ્ટ વિધાન અને વિભૂતિયોગ વિશેના ચાર અધ્યાયો જ્યારે વિચારીએ છીએ-જેમાં 'जन्म कर्म च मे दिव्यम् મારાં જન્મ અને કર્મ દિવ્ય છે' એવી વિશદ કોઈ પણ સંદેહ, શંકા કે દ્વિઅર્થને સ્થાન આપી જ ન શકે એવી ઉક્તિઓ જોઈએ છીએ-ત્યારે ગીતાકારને મન માનવજીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Harid

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુતાના આવિર્ભાવનું ક્ષેત્ર છે એટલું તો સ્પષ્ટ થાય છે.

'મનુષ્ય ગમે તેવો મોટો હોય તોપણ એની શક્તિને મર્યાદા હોય છે.' એ એક સામાન્ય માન્યતા તરીકે સ્વીકારી શકાય એમ છે. પરંતુ આપણો તો પ્રશ્ન અહીં એ છે: 'મનુષ્ય જ ન હોય તો?' જેમ 'मनुष्यरूपेण मृगाश्चरन्ति-માનવના રૂપમાં ફરતાં જાનવર હોય છે.' એમ કવિએ કહ્યું છે અને એ પણ સાચું છે, તેમ मनुष्यरूपेण देवाश्चरन्ति-માનવના રૂપમાં દેવતાઓ શા માટે ન હોઈ શકે? આપણે મનની, પ્રાણની અને દેહની મર્યાદાઓમાં પુરાયેલા છીએ એટલે આપણને હમેશાં એમ જ લાગે છે કે, સર્વ પ્રકારની મર્યાદાઓ ફરજિયાત હોવી જોઈએ; પરંતુ સ્વેચ્છાપૂર્વક રાજીખુશીથી મર્યાદાઓનો સ્વીકાર થઈ શકે છે એવો ખ્યાલ પણ ઘણાંને આવતો નથી. ઉપનિષદમાં જુદાં-જુદાં રૂપોનો બધે સ્વીકાર કર્યો તેની પ્રક્રિયા આપતાં આ પ્રમાણે કહ્યું છે:

सोऽकामयत-सच्च तच्च अभवत्-બ્રહ્મે પોતાની મર્યાદાઓનો સ્વીકાર કર્યો, અનંતે દિવ્ય ચેતનાની મર્યાદા સ્વીકારી અને પોતાની અનંતતાને ઢાંકીને તેણે સાંતતા સ્વીકારી 'આ' અને 'તે' રૂપે પોતે પ્રગટ થયો. જીવનમાં પણ દરેક પ્રાણી કે દરેક વ્યક્તિ પોતાની સઘળી શક્તિ પ્રત્યેક ક્ષણે પ્રગટ કરે છે જ એવું નથી હોતું; એટલે દિવ્ય ચેતના મર્યાદાઓનો સ્વીકાર કરી તેમાં પોતાનો આવિર્ભાવ કરે તેથી તેના દિવ્યતામાં ઘટાડો થતો નથી યા તો દિવ્યતાનો લોપ થતો નથી. કર્મની દિવ્યતાનો આપણા મનનો ખ્યાલ ઘણો અપૂર્ણ હોય છે; એટલે જ એકેક કણમાં પણ પોતાની શાશ્વતીને પ્રગટ કરનાર સચ્ચિદાનંદના અટપટી પ્રક્રિયાને મન સમજી શકતું નથી. અંગ્રેજ કવિ બ્લેક પણ આ જ વસ્તુ પોતાના કાવ્યમાં કહેવા માગે છે:

'To see a World in a grain of Sand,
And a Heaven in a wild flower,
Hold Infinity in the palm of your hand,
And Eternity in an hour.'×

જીવનનો જો કોઈ અર્થ હોય, પાર્થિવ જીવનની કોઈ સાર્થકતા હોય-એટલે કે જીવન કેવળ મિથ્યા, માયા, વંધ્યાપુત્રની કે સસલાના શિંગડા જેવી અસત કે બનાવટી વસ્તુ ન હોય તો માનવતામાંથી પ્રભુતા પ્રત્યે, અવિદ્યામાંથી વિદ્યા પ્રત્યે અને આખરે પ્રભુતામાં અને [illegible]માં માનવચેતનાનું આરોહણ થાય, એવી પદ્ધતિનું રૂપાંતર થાય એ જ સાર્થકતા માનવ માટે સંભવે છે, એ જ ઇષ્ટ હોય એમ લાગે છે. માનવ ઇતિહાસના આરંભથી તેના અંતરમાં સક્રિય રહેલી ઈશ્વર માટેની અભીપ્સા પણ એની યાત્રાના એ જ ઉદ્દેશની આગાહી આપે છે. એટલે જીવનનું મૂલ્ય જીવન તરીકે નથી, જીવનનું મૂલ્ય તેમાં માનસિક, નૈતિક, પરોપકારી કે કલ્યાણકારી આદર્શો વડે જ માપવાનું નથી. જીવનનું અંતિમ મૂલ્ય તેની ઉત્તમોત્તમ ચરિતાર્થતા કે પ્રભુતાને કેટલે અંશે પ્રાપ્ત કરી શકે છે અને પ્રગટાવી શકે છે તેના ઉપર રહેલું છે.

× **ભાવાર્થ:** રેતીના એક નાનકડા કણમાં આખાયે જગતનાં દર્શન કરવાં,
વનવગડામાં ઊગેલા એક પુષ્પમાં સ્વર્ગનાં દર્શન કરવાં,
તમારી પોતાની હથેળીમાં અનંતતાને ઝીલવી,
અને અનંતતાને એક કલાક જેટલા નાનકડા સમયમાં ઝડપી લેવી.

★

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાકનું મહત્ત્વ

લેખક :
શ્રી જ્યોતીંદ્ર દવે

અમારા એક મિત્રના લગ્નપ્રસંગે અમે જાનમાં ગયા હતા. લડાઈ પૂર્વેનો સમય હતો અને જે મિત્રનાં લગ્ન હતાં તે ખાનદાન દેસાઈ કુટુંબના નબીરા હતા. એટલે જાનમાં ઘણા માણસો હતા. વરપક્ષ તરફથી આવેલા જાનૈયાઓને જે કંઈ જોઈતુંકરતું હોય તે બધું કન્યાના પિતા તરફથી પહોંચાડવું જોઈએ, એવા એ જ્ઞાતિના સામાન્ય નિયમનું જ્ઞાન ન હોવાથી સવારે ઊઠ્યા પછી થોડીવાર ચાની વાટ જોઈ અમે કેટલાક મુંબઈવાસી મિત્રો બહાર હોટલમાં જઈને ચા પી આવ્યા. વરના પિતાને આ વાતની ખબર પડી ને એ એકદમ ગુસ્સે થઈ ગયા: 'બસ થઈ રહ્યું! મારું નાક કપાઈ ગયું. વેવાઈને ત્યાંથી ચા ન આવી ને તમારે તમારે ખર્ચે બહાર ચા પી આવવી પડી! હું હવે વરઘોડામાં નાહ આવું ને જમવા પણ નહિ આવું.' એમણે જાહેર કર્યું. કન્યાના પિતાએ જાતે આવીને એમને સમજાવ્યા. અમે પણ કહ્યું: 'અમને ખબર નહોતી, નહિ તો બહાર ચા ન પી આવત. અમારી ભૂલ થઈ છે. વેવાઈનો એમાં વાંક નથી.' પણ એમનો પુણ્યપ્રકોપ શાંત ન પડ્યો.

'ચા વહેલી કેમ મોકલાવી નહિ? હવે શું થાય? શું મોઢું લઈને હું વરઘોડામાં આવું? તમારે સૌને જમવા જવું હોય તો જજો. મારાથી નહિ અવાય. મારું તો નાક કપાઈ ગયું.' એમણે કહ્યું.

'પણ કાકા, તમારું નાક તો સલામત છે. બીજો કોઈ ભૂલ કરે ને આપણું નાક કપાઈ જાય એમ કંઈ બને?' મેં એમનું સમાધાન કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'અરે! તમે જુવાનિયાઓ શું સમજો? નાક રાખતાં આજે આવડે છે જ કોને? નહિ તો મારો પોતાનો દીકરો એ પણ એટલું ન સમજે કે જાનમાં આવેલાઓને બહાર ચા પીવા જવા ન દેવાય? આજે નાકની કિંમત કોઈને રહી જ નથી. મારાં વિધવા કાકીએ એની દીકરી કોઈ જોડે નાસી ગઈ ત્યારે કૂવામાં પડીને આપઘાત કર્યો હતો! નાક કપાઈ ગયા પછી જીવતર શા કામનું? અને પેલો પરાગ કંથડ એની બહેનની દીકરી મુસલમાનને પરણી ગઈ તોપણ કેવો પાઘડી પહેરીને ફરે છે! હા, લાલને બદલે કાળી પાઘડી પહેરે છે પણ તેથી શું વળ્યું? એકવાર નાક કપાઈ ગયું પછી કંઈ ફરી આવે છે?' એમણે નાકની ફિલસૂફી સમજાવતાં કહ્યું.

જીવનના વ્યવહારમાં આપણે નાકને મહત્ત્વ આપ્યું છે. એક લેખકે પણ લખ્યું છે કે 'સાડાત્રણ મણની કાયામાંથી ચણીપુર નાક ગયું તો પછી બાકી શું રહ્યું?' નાક શબ્દ એ આબરૂ, કીર્તિ, પ્રતિષ્ઠાનો સમાનાર્થી બન્યો છે. કાઠિયાવાડના બહારવટિયા વીસા માંજરિયાએ લોકોના નાક વિરુદ્ધ જેહાદ જગાવી. જે મળે તેનાં નાક કાપી લેવાની પ્રવૃત્તિ શરૂ કરી હતી, ત્યારે મને થયું હતું: આ તે કેવો માણસ! શત્રુનો સંહાર કરવો હોય તો એનું ડોકું કાપી નાખવું જોઈએ, એને અપંગ બનાવવો હોય તો એના હાથ-પગ કાપી લેવા જોઈએ અથવા જો એને છેક લાચાર બનાવી મૂકવો હોય, તો એની આંખ ફોડી નાખવી જોઈએ. પણ માત્ર નાક કાપવાથી શું વળે? મુખ બેડોળ થાય એટલું જ. બાકી નાક કપાઈ ગયા પછી આમ છતાં માણસ નિરાંતે જીવી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Harid...

૧૯૫૦]

બહારવટિયાએ પણ શરીરનાં બીજાં અંગો કરતાં નાકને જ વધુ મહત્ત્વ આપ્યું હતું.

નાકને આમ આપણે ઘણું મહત્ત્વ આપ્યું છે, છતાં વાસ્તવિક રીતે જોતાં વ્યવહારમાં નાકનું કશું મહત્ત્વ રાખ્યું નથી. વાસ ને શ્વાસ લેવાનું કાર્ય નાસિકા કરે છે, પણ નાક વડે પદાર્થોને પારખવાની શક્તિ આપણે ગુમાવી છે. પશુઓના કરતાં પ્રમાણમાં આપણી નાકની શક્તિ બહુ ઓછી છે. કીડી જેવું ક્ષુદ્ર જંતુ દૂરદૂરથી પણ ખાદ્ય પદાર્થની વાસ પામી શકે છે. ને આપણે પાસે પડેલી વસ્તુની પણ ગંધ પારખી શકતા નથી.

એકવાર ઘરમાં ઊંદર બહુ વધી પડ્યા હતા ત્યારે તેમને દૂર કરવા માટે ઊંદર મારવા માટે આવતી દવાને ખાદ્ય પદાર્થમાં ભેળવી તેની નાનકડી ગોળી બનાવી, અમે ઊંદરના નિવાસસ્થાન ને વિહારસ્થાનની નજીક મૂકી હતી. શરૂઆતમાં એ ગોળી ખાઈને થોડાક ઊંદર સ્વધામ પહોંચી ગયા. પણ પછી એની કંઈ અસર થઈ નહિ. ગોળી સૂંઘીસૂંઘીને ઊંદરો એનાથી દૂર જતા રહેવા માંડ્યા. કપડાં, ફર્નિચર, ધૂપેલ આદિ અખાદ્ય પદાર્થો પણ ખાઈ જનારા ઊંદરો આ ખાદ્ય પદાર્થમાં અને તે પણ ઊંદરોને અતિ પ્રિય એવા ખાદ્યમાં ભેળવેલી ગોળીને ફક્ત સૂંઘીને જ પાછા ફરતા. એકવાર રમતાંરમતાં મારા નાના બાળકની નજરે એવી એક ગોળી પડી. એણે ગોળી ઉઠાવીને મોંમાં મૂકવા પ્રયત્ન કર્યો. અચાનક મારી નજર એના તરફ જતાં દોડીને એના હાથમાંથી ગોળી ઝૂંટવી લઈને મેં દૂર ફેંકી દીધી અને પછી ઊંદર તો મરવાના હશે ત્યારે મરશે પણ તે પહેલાં આ છોકરો ગોળી ખાઇને મરી જશે; એવા ભયથી ઘરમાં જ્યાંજ્યાં એવી ગોળીઓ હતી ત્યાંત્યાં બધેથી ખસેડી લઈને ગટરમાં પધરાવી દીધી અને એ જગા ખૂબ પાણી વડે ધોઈને સાફ કરી નાખી. આ પરથી એક વસ્તુ મને પ્રતીત થઈ. જનાવર કરતાં માણસમાં ઘણી વધારે બુદ્ધિ છે એમ આપણે કહીએ છીએ પણ ખાદ્યાખાદ્યનો વિવેક કરવામાં માણસના બાળકો કરતાં જનાવરનાં બચ્ચાં વધારે હોંશિયાર હોય એમ દેખાય છે. ન ખાવાની વસ્તુ ખાઈને કોઈ જનાવરનું બચ્ચું મરી ગયું હોય એવા દાખલા ભાગ્યે જ બને છે. એને ઝેરી વસ્તુ ખવડાવવી હોય ત્યારે આપણે કોઇક ખાદ્ય પદાર્થ સાથે વસ્તુનું મિશ્રણ કરીને એને છેતરવું પડે છે. એમ ને એમ પોતાની મેળે કોઈ પણ જનાવરનું બચ્ચું અખાદ્યનું ભક્ષણ ભાગ્યે જ કરે છે. અને આપણા બાળકો? ઘૂંટણિયાં તાણતા આવડે એટલે ઓરડામાં જે કંઇ પડયું હોય તેની પાસે જઈને હાથમાં લઈને તરત મોંમાં જ મૂકવા પ્રયત્ન કરે છે. એને મન દુનિયાની બધી જ વસ્તુ ખાવા માટે સરજાઈ છે. 'જો જો! આ બેબી કંઈ ખાઈ ન જાય' એવી ચેતવણી દરેક બાળક માટે ઘરનાં સૌને મળતી જ રહે છે. આપણાં બાળકો કોઈ પણ વસ્તુ ખાવાલાયક છે કે નહિ તે નક્કી કરવા માટે પહેલાં એને સૂંઘી જોતા નથી. પરંતુ જનાવરનાં બચ્ચાં આગળ કોઈ પણ વસ્તુ ધરીશું તો પ્રથમ એ જ એને સૂંઘી જોશે ને પછી નાસિકાએ આપેલા નિર્ણય મુજબ એ ખાવી કે ન ખાવી તે નક્કી કરશે. અને નાસિકાએ આપેલો આ નિર્ણય ભાગ્યે જ ખોટો નીવડે છે.

દરેક માણસના હાથની ને આંગળીની રેખાઓ ભિન્ન હોય છે. તે જ પ્રમાણે પ્રત્યેક મનુષ્યની ગંધ પણ બીજાઓ કરતાં જુદી જ હોય છે. આપણે એ પારખી શકતા નથી, પણ કૂતરાઓ સહેલાઈથી જુદાજુદા માણસ-

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની વિશિષ્ટ પ્રકારની ગંધ પારખી શકે છે. આપણે કોઈક સારો મનુષ્ય મૃત્યુ પામે ત્યારે કહીએ છીએ કે એ પોતે તો ગયો પણ પોતાની સુવાસ પાછળ મૂકી ગયો છે તે લાક્ષણિક અર્થમાં જ નહિ, પણ શબ્દશઃ સાચું છે. દરેક મનુષ્ય પોતાની વાસ પાછળ મૂકી જાય છે. અણગમતા માણસ માટે આપણે કહીએ છીએ કે 'મને એની ગંધ ગમતી નથી,' પણ ગંધ પરથી આપણે માણસોના ગુણાવગુણ નક્કી કરી શકતા નથી.

પત્નીની પસંદગી કરતી વખતે એનાં કુલશીલ ને રૂપ ઉપરાંત એની ગંધ પ્રત્યે પણ ધ્યાન આપવું એમ એ વિષયના કેટલાક પ્રાચીન નિષ્ણાતોએ કહ્યું છે. પદ્મિની, હસ્તિની, ચિત્રિની ને શંખિની એ ચાર પ્રકારની સ્ત્રીઓની ગંધ નિરાળી હોય છે. પદ્મિનીના શરીરમાંથી કમળ- ના ફૂલ જેવી સુગંધ આવે છે. મળી શકે એમ હોય તો જેના શરીરમાંથી પદ્મ જેવી સુવાસ આવતી હોય તેવી જ ગુણ, શીલ ને રૂપવતી કન્યાને પસંદ કરવી. અસલ જ્યારે રોગનું નિદાન કરવા માટેનાં આટઆટલાં સાધનો શોધાયાં નહોતાં ત્યારે વૈદ્યો રોગીને હકીકત પૂછીને તથા એની નાડી પકડીને રોગનું નિદાન કરતા. પણ એક વૈદ્યરાજ રોગીને કંઈ પણ પૂછ્યા વિના તેમ જ એની નાડીનો સ્પર્શ પણ કર્યા સિવાય એ પાસે આવીને બેસે એટલે થોડી વાર સુધી પોતાનાં નસકોરાં વાટે જોરથી દસબાર વાર શ્વાસ લઈને એના રોગનું સચોટ નિદાન કરતા. રોગનું નિદાન એ રોગીની નાડ દ્વારા નહિ પણ પોતાના નાક દ્વારા કરતા. 'રોગીના શરીરમાંથી આવતી ગંધ પરથી એને કયો રોગ થયો છે તે મને તરત જ સમજાઈ જાય છે' એમ એ કહેતા. પરંતુ આજે આપણે પત્નીની પસંદગી કરવાના વિષયમાં કે રોગોનું નિદાન કરવાની બાબતમાં જો આપણી નાસિકા પર જ આધાર રાખીએ તો બહુ મોટી ભૂલ કરી બેસીએ એવો સંભવ છે.

કદાચ છેક પ્રાચીનકાળમાં આપણી નાસિકામાં આવી અનેકાનેક વસ્તુઓને પારખવાની તીવ્ર શક્તિ હશે. પણ આપણે જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ આપણી ઇન્દ્રિયોની શક્તિ ઓછી થતી ગઈ છે. પશુઓની સરખામણીમાં આપણી આંખની અવલોકનશક્તિ, પગની દોડવાની શક્તિ, દાંત ને નખની ઈજા પહોંચાડવાની શક્તિ, કાનની સાંભળવાની શક્તિ અને નાસિકાની વાસ પારખવાની શક્તિ બહુ જ મંદ છે એમ વિનાસંકોચે કહી શકાય. બીજી શક્તિઓ આપણે મેળવતા ગયા તેમ આ કુદરતે આપેલી શક્તિ ઓછી થતી ગઈ. જે અંગનો ઉપયોગ ઓછો કરવામાં આવે છે અથવા તો બિલકુલ કરવામાં આવતો નથી તે અંગની શક્તિ ઉત્તરોત્તર ઓછી થતી જાય છે અને અંતે તે અંગ આખું વિલુપ્ત થઈ જાય છે. મનુષ્ય માનવની કોટિએ પહોંચ્યો તે પહેલાં એને પૂંછડી હતી, પણ એનો વપરાશ એણે ઓછો કરી દીધો એટલે એ ધીરેધીરે પ્રાણહીન બનીને ખરી પડી. હજી તેની નહિ જેટલી નિશાની રહી ગઈ છે એમ ઉત્ક્રાંતિવાદના અભ્યાસીઓ કહે છે. આ ખરું છે કે નહિ તે કોણ જાણે પણ નાકનો ઉપયોગ આપણે આદિ કાળમાં કરતા તેટલો હવે નથી કરતા અને તેથી તેની શક્તિ ઘણી ઓછી થઈ ગઈ છે એમાં સંદેહ રાખવાનું કારણ નથી.

કલાઓના બે વિભાગ પાડવામાં આવ્યા છેઃ લલિત ને ઉપયોગી, તેમ આપણા અંગોના જો વિભાગ પાડીએ તો નાકને લલિત વિભાગમાં સ્થાન આપવું જોઈએ. અલબત્ત નાક એ ઉપયોગી અવયવ છે. વાસ લેવાનું ને શ્વાસોચ્છવાસનું કાર્ય એ વડે થાય છે. પરંતુ તે માટે આવા જુદાજુદા ઘાટના નાકોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Harid...

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર નથી. માત્ર નાનકડું કાણું હોય તો-પણ ચાલે. નાકનું ખરું કામ તો મુખમંડલ પર સૌ કરતાં આગળ તરી આવીને એની શોભા વધારવાનું છે. કેટલા ય સુંદર ચહેરા માત્ર નાક નાનકડું ને ચીબું હોવાને કારણે શોભાવિહીન બની જાય છે તે આપણા સૌના અનુભવની વાત છે. મોં, આંખ, હોઠ, દાંત વગેરે માટે જુદીજુદી ઉપમાઓ શોધીને તેનાં ગુણગાન કરનારા આપણા પ્રાચીન કવિઓને નાકની સરખામણી કરવા માટે પોપટની ચાંચ ને તેલની ધાર સિવાય બીજા કોઈ ઉપમાન જડતાં નથી, પણ હોઠ ને દાંત કરતાં, ને કેટલીકવાર આંખ કરતાં ય વધારે શોભા નાક મુખને અર્પે છે એ હકીકત છે.

શોભા ઉપરાંત નાક મનુષ્યના વ્યક્તિત્વને વિશિષ્ટતા અર્પે છે. અમુક જાતિ અથવા કોમના લોકોનાં નાક અમુક પ્રકારનાં જ હોય છે. કેટલાકનાં નાક લાંબા ને અણીવાળા દાતરડાની ધારમાંથી તૈયાર કરેલાં હોય એવાં હોય છે. ત્યારે કેટલાકનાં નાક, એના પરથી રોલર ફરી ગઈ હોય એવાં ચપટાં ને ચીબાં હોય છે. કોકનાં નાક નાના સરખા પેંડામાં બદામ ઊભી ખોસી હોય તેવાં નાનકડાં ને ચહેરા પર એકદમ આગળ તરી આવી-ને ધ્યાન ખેંચે એવાં હોય છે. તો કોકનાં મોટા પેંડામાં નાની સરખી ચારોળી ખોસી દીધી હોય તેમ મોટા ને ભરાવદાર ચહેરાની વચ્ચે એવાં સંકોરાઈને બેસી ગયાં હોય છે કે એને જોવા માટે આંખને તાણવી પડે!

શ્વાસ ને વાસ લેવાનું કાર્ય કુદરતી રીતે નાક દ્વારા થયું જાય છે એ ઉપરાંત એનો કોઈ ખાસ ઉપયોગ આપણે કરતા નથી એમ ઉપર કહ્યું પણ તેમાં એક અપવાદ છે. કાઠિયાવાડના એક નાનકડા ગામનો વતની, વીસો માંજરિયો જીવતો હતો ત્યાં-સુધી પોતાને ગામ જતા નહોતાં. વતનમાં રહેતાં સગાંવહાલાંને ત્યાં લગ્નાદિના પ્રસંગો આવે ને એમને ખૂબ આગ્રહ કરવામાં આવે તોપણ કોઈ ને કોઈ બહાનું કાઢી એ ત્યાં જવાનું ટાળતા. વીસાના પકડાયાના ને મૃત્યુના સમાચાર આવ્યા ને એ સમાચાર સાચા છે તેની ખાતરી થઈ એટલે તરત એ પોતાને વતન ગયા. કોઈકે પૂછ્યું: 'કાકા! અત્યાર સુધી દેશમાં કેમ આવતા નહોતા? વીસાની બહુ બીક લાગતી હતી?'

ત્યારે એમણે જવાબ દીધો: 'હા ભાઈ! વીસાની બીકે જ હું નહોતો આવતો.'

'નાક કપાય તેનાથી એટલા બધા ડરો છો શું? થોડા દહાડાનો ખાટલો થાય, બાકી એમાં કંઈ જાનનું જોખમ નહિ.' એમને પ્રશ્ન પૂછનારને કહ્યું.

'ભાઈ! મને નાક જાય તેનું બહુ દુઃખ નથી. પણ વીસો મારું નાક કાપી જાય તો હું આંધળો થઈ જાઉં તેની ફિકર રહેતી.' એમણે જવાબ દીધો.

'નાક કપાવાથી તે વળી કોઈ આંધળું થતું હશે? કાકા! અમે બધાં તો આંખથી જોઈએ છીએ. તમો શું નાકથી જુઓ છો?'

'ભલા માણસ! તમને એમાં સમજ નહિ પડે.'

'હું પણ જોઉં છું તો તમારી માફક આંખથી જ,' એમણે જવાબ વાળ્યો. '

ત્યારે? નાક કપાતાં આંધળા થઈ જવાની બીક કેમ લાગે છે?' પેલા ભાઈએ પૂછ્યું.

'ચશ્માં વિના મને બિલકુલ દેખાતું નથી ને નાકની દાંડી પર ચશ્માં રાખું છું તે નાક કપાઈ જાય તો ચશ્માં પહેરું શી રીતે? એટલે નાક જાય તો છતી આંખે ને છતે ચશ્મે મને અંધાપો જ આવે ને?' એમણે જવાબ દીધો.

કુદરતે ન ધાર્યો હોય એવો નાકનો ઉપ-યોગ આમ આપણે ચશ્માં પહેરવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીએ છીએ, જેનો ઉપયોગ કરવામાં ન આવે તે અંગ ઘસાઈને છેવટે વિલુપ્ત થાય છે અને નાકનો ઉપયોગ આપણે જોઈએ તેટલો કરતા નથી તેથી એ અંગ પણ લાંબે ગાળે લુપ્ત થઈ જશે એવી ભીતિ, નાકનો આ નવીન ઉપયોગ આપણે શોધી કાઢયો છે એટલે હવે રાખવા માટે કારણ નથી.

એ ઉપરાંત નાકનો બીજો ઉપયોગ પણ છે. પણ તે આપણે કરતા નથી, પરંતુ જંતુઓ કરે છે. શરદીના ને બીજા કેટલાક રોગોનાં જંતુઓ સૌથી પ્રથમ નાકવાટે જ આપણા શરીરમાં દાખલ થાય છે. હવામાં જરા ફેરફાર થતાં કે પંખા નીચે બેસવાનો પ્રસંગ આવતાં મને તરત જ શરદી થઈ જાય છે અને ' હવામાં ફેરફાર થયો છે, તું પંખા નીચે બેઠો છે ' એવી ખબર મને મારું નાક આપે છે. શરૂઆતમાં પાંચપંદર ને કોઈક વાર તો ત્રીસચાલીસ જેટલી છીંક આવે છે, પછી નાકની અંદર કોઈ ગલીપચી કરતું હોય એવું લાગે છે, અંદર સળવળાટ થવા માંડે છે અને પછી આ નાસિકા નથી પણ મરુભૂમિ છે એમ જાહેર કરતું એ તદ્દન કોરું ને સૂકું પડી જાય છે. થોડીવાર રહીને એક નસકોરાને દયા આવે છે એટલે મારી સ્થિતિ જોઈને એ રડવા માંડે છે, પણ ' આ મૂર્ખ માનવી જાણી જોઈને પંખા હેઠળ બેઠો તેના પર દયા શી ? ' એમ કહેતું હોય તેમ બીજું નસકોરું શુષ્કભાવથી પડેલા નસકોરા સામું જોઈ રહે છે. એકાદ દિવસ પછી એની મનોદશામાં પરિવર્તન થાય છે. મારું દુઃખ જોઈ એ પણ દ્રવવા માંડે છે. આમ બંને નસકોરા એકીસાથે શરદનો કે શરદીનો રસોત્સવ ઊજવવા મંડી પડે છે. એ પછી જેણે પહેલાં દ્રવવા માંડયું હતું તે નસકોરાના મનમાં વૈરાગ્યભાવના ઉત્પન્ન થાય છે અને રસવૃત્તિને દાબી દઈને એ હૈયું કઠિન કરીને શુષ્કતાને સંઘરે છે. એટલે એ કોરું બને છે. જે પહેલાં કોરું હતું તે નસકોરું રસનિષ્પત્તિનું કાર્ય ચાલુ રાખે છે. પણ પછી તો તેને પણ પહેલાં-નો ચેપ લાગે છે અને બંને સંસાર પ્રત્યેની આસક્તિ અળગી કરી નૈષ્કર્મ્યવાદનો આશ્રય લઈ નિષ્ઠુર ને નિર્જલ બને છે. આ જોઈને નાકની અંદર બંને નસકોરાની વચ્ચે રહેલા હાડકાને અભિમાન આવે છે: ' ઓહો! આ મારા સાથીઓ કેવાં જ્ઞાનવાનની ઉત્તમો-ત્તમ કોટિએ પહોંચ્યા ! ' અને અભિમાન-ને લીધે એ ફૂલાઈને ફાળકો બને છે. પરિણામે હું પરાણે મહામુનિની દશાએ પહોંચું છું. બાહ્ય જગતનો સંપર્ક તોડીને યોગી આત્મરત બને છે તેમ બંને નસકોરાં બંધ થઈ જવાથી ને વચ્ચેનું હાડકું ફૂલી જવાને લીધે બહાર-ની હવા અંદર જઈ શકતી નથી. પરંતુ યોગીની દશા પામ્યા પછી ત્યાં ટકી રહેવા જેટલું ભાગ્ય મારા જેવા પામર મનુષ્યનું હોઈ શી રીતે શકે ? ઉપવાસ પર ઊતરવા-નું જાહેર કરી ભૂખનું દુઃખ ન ખમી શકાયા-થી કેટલાક જેમ બપોરે બધાના દેખતાં ઉપવાસ કરે છે ને રાતે છાનામાના કોઈ ન જુએ તેમ પેંડા ને જલેબી જેવા સાદા ને સાત્ત્વિક ખોરાકનો આહાર કરી લે છે, તેમ નાસિકા વાટેનો બાહ્ય જગત સાથેનો સંબંધ કપાઈ ગયા છતાં હું મોં ઉઘાડું રાખી એ સંબંધ ફરી ચાલુ કરી યોગીના પદથી ચ્યુત થઈને નીચે પડું છું !

આમ શરદીની અને શરદીને લીધે થતા ઘણાખરા રોગોની શરૂઆત નાક દ્વારા જ થાય છે; અને એવી શરૂઆત થતાં જ આપણે ઉપચાર કરી તેને આગળ વધતા અટકાવીએ છીએ. એ રીતે રોગને શરીરમાં દાખલ કરવાનું ને તે પછી આગળ વધતા અટકાવવાનું એવું વિવિધ કાર્ય નાક વડે સધાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Harid

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે જાય તેનું મૂલ્ય વધુ અંકાય છે એ ન્યાયે નાકનું વ્યાવહારિક કે સ્થૂળ દૃષ્ટિએ મૂલ્ય ઘટી જતાં આપણે લાક્ષણિક અર્થમાં તેનું મૂલ્ય ઘણું વધારી દીધું છે. માથું જાય તો કંઈ નહીં, પણ નાક ન જવા દેવું જોઈએ. દેવું કરીને પણ બાપના મૃત્યુ પાછળ બ્રાહ્મણ ન જમાડીએ તો સાત પેઢીનું નાક કપાઈ જાય એમ અસલ મનાતું. અત્યારે બ્રાહ્મણને જમાડવામાં કંઈ પણ પુણ્ય થાય છે એમ કોઈ માનતું નથી, પણ ગજા ઉપરાંત મહેનત કે ખર્ચ કરીને નાક સાચવવા માટેના પ્રસંગો આજના જમાનામાં અસલના કરતાં ઓછા આવતા નથી. સમાજમાં રહેનાર આપણા જેવા મનુષ્યો માટે બે જ મહત્ત્વના પ્રશ્નો છે: પેટ પૂરવાના પ્રશ્નો ને નાકના પ્રશ્નો. વ્યક્તિગત રીતે આપણને પેટ સાથે વિશેષ સંબંધ છે. એને ખાતર કંઈ કંઈ કરવું પડે છે. જેને અધર્મ લેખતા હોઈએ તે પણ કરી છૂટવું પડે છે. અને 'આ પાપી પેટ ખાતર કરવું પડે છે' એમ કહીને મનનું સમાધાન કરવા પ્રયત્ન કરીએ છીએ. સામાજિક દૃષ્ટિએ નાક ને નાક રાખવા ખાતર ગજા ઉપરાંત શક્તિ ખરચીને, હોઈએ તેથી વધારે સારા ને નીતિમાન દેખાવાનો પ્રયત્ન કરવો પડે છે. પેટને ખાતર હલકાં કામ કરીએ છીએ, તેનો બદલો નાકને ખાતર ભારે કામ કરીને વાળીએ છીએ!

ખરી રીતે જોતાં આપણા વ્યક્તિગત અને સામાજિક બધા જ પ્રશ્નો–સમાજ તેમ જ વ્યક્તિની તંદુરસ્ત અને અસ્વસ્થ બંને પ્રકારની સ્થિતિમાં–અધમ અથવા સ્થૂળ દૃષ્ટિએ પેટના ને ઊર્ધ્વ અથવા સૂક્ષ્મ દૃષ્ટિએ નાકના જ છે. બધા જ પ્રશ્નોનો અંતર્ભાવ એ બંને પ્રકારના પ્રશ્નોમાં થઈ જાય છે.

★

–તૃષ્ણા !

તૃષ્ણા ! મુક્ત કરો મનને !
ક્ષણક્ષણ ભ્રમવે તું અમને,
તૃષ્ણા ! મુક્ત કરો મનને
પાઈ જગતને માદકમદિરા મત્ત કર્યું રગરગમાં,
છાંડી વિવેક, વિસારી સમતા, પ્રવૃત્તિઘેન શું દગમાં !–તૃષ્ણા ! ૦
ગ્રીષ્મમહીં તેં વસંત બતાવી, કણમાં નગ, જળ સ્થળમાં !
અતલ નિરાશારણમાં દાખ્યા આશામહેલ ગગનમાં,–તૃષ્ણા ! ૦
શિરપર કાળફણિધર ફૂંફવે, જગ–મધ તોય ચખાડ્યાં,
રાગ–શેગમાં જીવ રગદોળી, રડતાં તેં રવડાવ્યાં !–તૃષ્ણા ! ૦
હીંચકે હીંચીને ખાટલે એલીને ભવમાં શાં નાટક ભજવ્યાં !
પંડ પડચે પળતી, છળતી શઠ ! માયાવી એલે લજવ્યાં,–તૃષ્ણા ! ૦
દૂર સમીપ ક્ષિતિજ સમોવડ દ્રગોનાં દંગલ મચવ્યાં,
વેશ્યા ! તારા રાગનશામાં નફ્ફટ અમને નચવ્યાં,–તૃષ્ણા ! ૦
મુક્ત કરો મનને, તૃષ્ણા !
મુક્ત કરો મનને !
પલપલ નચવે આ જગને,
તૃષ્ણા ! મુક્ત કરો મનને !

અનામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનસાથી

લેખક :
શ્રી પન્નાલાલ પટેલ

તંબોળી તાલુકાના મોટી ડીગ્રી ધરાવતા નવા ફોજદારને આજની ટપાલમાં બે રજિસ્ટર્ડ કવર મળ્યાં. એક કવર કોઈ બાઈના તરફથી હતું, બીજાનો મોકલનાર પુરુષ હતો. જુવાન ફોજદારે સ્વાભાવિક જ પેલું સ્ત્રી તરફથી આવેલું કવર ફોડયું. અંદરથી બે પાનાં ભરેલી એક અરજી નીકળી. જેમાં ચોખ્ખા અક્ષરથી લખે હતું :

મહેરબાન પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ
સાહેબની સેવામાં
જિલ્લા......

મારફત : તંબોળી તાલુકાના ફોજદાર
સાહેબ

વિ. વિ. સાથે આપને અરજ કરનાર હું અ ગામના રહેવાસી 'બ. ક.'ની પત્ની છું. અરજ કરવાની બાબત એમ છે કે મારું પિયર અહીંથી ત્રણસો ગાઉ ઉપર 'ફલાણા' જિલ્લામાં 'ड' ગામ છે. બાપીકામાં સાઠ વરસની વિધવા મા અને મારાથી નાની એવી એક જુવાન બહેન એમ બે જ છે.

હવે બાબત એમ છે, કે આપની આગળ છાનું રાખવાથી લાભ નથી એમ વિચારીને આપને સાચેસાચું જણાવું છું કે આજથી લગભગ અગિયારેક વરસપર ઉપર જણાવેલ મારા પતિ મારી બાને રૂપિયા છહજાર આપીને મને પરણી લાવ્યા છે. એમની ઉમ્મર એ વખતે પિસ્તાલીસે'કની તો હશે જ. જ્યારે મારી ઉમ્મર માંડ સત્તરની હતી. અમે બે અગિયાર વરસ ભેગાં રહ્યાં, પણ શરીર ભલે મળ્યાં બાકી અમારાં મન તો હજુ ય નથી મળ્યાં, ને કેમ કરીને મળે સાહેબ ? આપ જ વિચાર કરો કે જે બાઈને ધણિયાણી કરીને રાખી એના ઉપર જરા સરખો પણ ભરોસો નહિ એ કેમ પાલવે ? એક રસોડાને, બીજું સૂવાના ઓરડાને-આ બેને જ તાળું નહિ બાકી બધે જ ઠેકાણે તાળાં. અરે સાહેબ! કાછિયાને ત્યાંથી શાક લાવવાનું તે ય ઉધાર લાવવાનું. ત્યારે આનો અરથ તો એમ જ ને કે હું શાકના પૈસામાંથી બે પૈસા કાઢી ખાઉં ? કાછિયાનો વિશ્વાસ ખરો, પણ ધણિયાણીનો વિશ્વાસ નહિ !

પણ એ બધાં રોદણાં હું આપ સાહેબ આગળ કયાં ગાવા બેસું ! મારું તકદીર મારી પાસે; પણ આપ સાહેબને અરજ તો એમ કરવાની છે કે મહિના પછી મારી નાની બહેનનું લગન છે. મારી બા કાગળ ઉપર કાગળ લખીને મને તેડાવે છે; પરંતુ મારા પતિ મને જવા દેતા નથી. હું એમને બહુબહુ વીનવું છું કે પે'લી અને છેલ્લી મને આ એક જ વખત જવા દો; પણ તો ય એ, 'ના'થી 'હા' ઉપર નથી આવતા. બિચારાં મારાં આડોશીપાડોશી મારો વિશ્વાસ કરે છે-મારી શાખ ભરે છે-અરે એક ડોસા તો, 'પાછી નહિ આવે તો હું જાતે જઈને આણી આપીશ.' આમ જમાનત પણ આપે છે છતાં ય હું ફૂટા તકદીરની છું કે 'એ' હા નથી ભણતા !

એટલે હવે આપ સાહેબને તો એમ અરજ કરવાના કે આપ મને રજા અપાવે ને હું, મોડામાં મોડી બે માસમાં પાછી નહિ આવી જાઉં તો રાજ મને પોલીસ મારફત પકડી મંગાવીને ય મારા પતિને સોંપશે. મારા પતિને આપ એવી ખાતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપો તો જ મને કંઈક મારી બા-બ્હેનનાં મોં જોવા મળે !

સાહેબ ! આપને વધારે તો કંઈ નથી કહેતી, પણ રાજ મારાં માબાપ છે ને હું દીકરી છું એમ કરીને મને આટલી રજા ને લાડ એટલું જ અપાવશો તો હું આપને જનમભર દુઆ દઈશ. બાકીનું દુઃખ તો હું આટલાં વરસથી વેઠતી આવી છું ને વળી વેઠી લઈશ. ધણિયાણી હોવાનો આજે જ આપની આગળ દાવો કર્યો છે. બાકી દા'ડે રસોયણ છું ને રાતે-વધુ કાંઈ જ લખતી નથી. વરસાદની પેઠે આપના હુકમની વાટ જોઈ રહી છું.

આપની દીકરી

इ

અરજી પૂરી કરતાં જુવાન ફોજદારથી પણ એક ભારે શ્વાસ લેવાઈ ગયો....યંત્રવત્ પેઠે બીજો પત્ર ફોડ્યો, તો અંદરથી પેલી બાઈના પતિ 'व. क.' ની અરજી નીકળી ને તે પણ પહેલી અરજીની પૂર્તિરૂપે જાણે.

એણે પણ ફોજદારની મારફત સુપરિન્ટે-ન્ડેન્ટને ઉદ્દેશ્યા હતા. લખ્યું હતું :

'મારી પત્નીએ આપ મહેરબાન સાહેબ-ને ગઈ કાલે એક રજિસ્ટર અરજી લખાવીને મોકલાવી છે. મને એની વાતની બધી ખબર પડી છે, તો આપ દયાળુ સાહેબને એ વિષે જણાવવાનું કે-

હું એ બાઈને અગિયારેક વરસ પર પરણી લાવ્યો એ વાત તો જાણે સાચી છે, પણ એને હું કોઈ જાતનું દુઃખ પાડતો નથી. મેં એને કોઈ દિવસ મારીઝૂડી હોય તો રાજ મારાં પાડોશીને પૂછીને તપાસ કરાવે. પણ વાત એમ છે સાહેબ કે એણે જ જાતે કબૂલ કર્યું છે એમ રૂપિયા સાત હજાર ખરચીને એને પરણી લાવ્યો છું. એ બાઈ કંઈ આપણા રાજની કે અમારા ગોળની નથી. ને એટલે સાહેબ આપ તો સમજી શકશો, આવી બાઈને ભરોસે માલ-મિલકત કેમ કરીને સોંપાય ? કાલ ઊઠીને ચોરી થાય તો આપ જ કહેવા ઊઠો કે એવી બાઈનો વિશ્વાસ કર્યો તો ભોગવો હવે. આમ છે મહેરબાન સાહેબ ! ને બીજી વાત એમ કે એને જવા દઉં ને પાછી ન આવે તો ? આપ જ વિચાર કરો કે રૂપિયા ખાઈને દીકરી વેચે એવાં લોકનો શો ભરોસો ? હાં, એકાદ બે છોકરાં થયાં હોત તો વળી જુદી વાત હતી. છોકરાંને અહીં રાખત એટલે ઘણી ય પાછી આવત ને આવત તો ય-અરે એક જ છોકરો હોત સાહેબ તો ! એટલાનું મોઢું જોઈને મન મનાવી લેત. પણ સાહેબ આ તો ખાલી ખૂંટે બધી વાતો છે-અત્યાર લગી તો ખોટનો જ ધંધો છે.

માટે આ બધી સાચી વાત જાણીને આપ મહેરબાન હવે આવા બૈરાંને વાદે ભરમાશો નહિ એવી આશા છે. વધુ કાંઈ અરજ કરતો નથી. આપ જ વિચાર કરો: એ બાઈ જો આબરૂદારની દીકરી હોત તો સરકારી અમલદાર આગળ પોતાના ઘરની વાત ઉઘાડી કરત ખરી ? માટે આટલા ઉપરથી જ આપ સમજી લેજો. એ જ અરજ.

લિ.

આપનો વફાદાર

व. क.

પણ આ અરજી વાંચીને ફોજદારે ન તો નિશ્વાસ નાખ્યો કે ન ભારે શ્વાસ લીધો. કંઈક તિરસ્કાર ભર્યું હાસ્ય કરતાં એ બેઉ અરજીઓ બાજુમાં બેઠેલા વડા મુનશીની ગાદી ઉપર નાખતાં એટલું જ બોલ્યા : 'લો વાંચો, આ જીવનસાથીની કથની !'

વડો મુનશી હસ્યો પણ ફોજદારનું માન સાચવવા રૂપે જ. એક પછી એક અરજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેલવાડાનાં મંદિરો

લેખક :
અધ્યા. ભોગીલાલ સાંડેસરા

ગુજરાતની ઉત્તર સરહદે આવેલો આબુનો પહાડ એક પુરાતન તીર્થધામ છે. પુરાણોમાં તેને હિમાલયના પુત્ર તરીકે વર્ણવેલો છે. પૂર્વે વસિષ્ઠઋષિનો આશ્રમ એ સ્થાન પર હતો. પૌરાણિક આખ્યાયિકા પ્રમાણે વસિષ્ઠઋષિની ગાય નંદિની એકવાર ચરવા ગઈ હતી, તે એક મોટા કોતરમાં પડી ગઈ હોવાથી રાત્રે પાછી આવી નહિ; આથી ઋષિએ સરસ્વતીનું ધ્યાન ધર્યું, એટલે સરસ્વતીએ કોતર પાણીથી ભરી દીધું, અને નંદિની તરીને બહાર આવી. બીજે દિવસે ઋષિએ એ કોતર પૂરી દેવા માટે હિમાલયને પ્રાર્થના કરી. હિમાલયે પોતાના પુત્ર નંદિવર્ધનને અર્બુદ નામના નાગની પીઠ ઉપર બેસાડીને મોકલ્યો અને તેણે એ કોતર પૂરી દીધું. અર્બુદ નાગના નામ ઉપરથી એ પર્વત પણ અર્બુદ અથવા આબુ તરીકે ઓળખાયો. આ આખ્યાયિકા સૂચવે છે તે પ્રમાણે, આ પર્વત નાગલોકોનું પ્રાચીન નિવાસસ્થાન લાગે છે. જનમેજયના સર્પસત્રમાંથી બચવા માટે નાગલોકોએ અર્બુદની એક ગુફામાં આશ્રય લીધો હતો એમ પણ પુરાણકાર કહે છે.

આબુના પ્રાચીન રાજકર્તા પરમાર વંશની ઉત્પત્તિ વસિષ્ઠઋષિના હોમકુંડમાંથી થઈ હોવાની વાત એ વંશ સાથે સંબંધ ધરાવતા, આબુ ઉપરના શિલાલેખોમાં નોંધેલી છે. પરદેશી લડાયક પ્રજાઓને ઋષિઓએ હિંદુ ધર્મમાં દાખલ કરી ક્ષત્રિય તરીકે સ્થાન આપ્યું એટલું જ તારતમ્ય આ કથામાંથી નીકળે છે. આબુ ઉપરનું અચલેશ્વરનું મંદિર એ પરમાર રાજાઓના વંશપરંપરાગત કુલદેવનું સ્થાનક છે, અને તેમનું શુદ્ધિસત્ર પણ એ સ્થાનમાં જ ઉજવાયું હોય એવો પૂરો સંભવ છે.

પૌરાણિક પરંપરા સાથે સંબંધ ધરાવતાં અનેક નાનાંમોટાં તીર્થધામો આબુનાં શિખરો ઉપર અને એની ઘાટીઓમાં આવેલાં છે. પરંતુ મધ્યકાલથી આબુ જૈનોનું પણ એક મહાતીર્થ બન્યું છે. આબુ ઉપર જૈન મંદિરોના સમુદાય બે સ્થળે છે—એક અચલગઢ ઉપર અને બીજો દેલવાડામાં.

દેલવાડાનો મંદિરસમુદાય સમુદ્રની

ઉઘાડી ને મુંબઈથી પૂના વચ્ચે દોડતી 'ડેક્કન કવીન'ની ઝડપે પેલી લીટીઓ ઉપર નજર દોડાવી લીધી. ફોજદાર સામે જોઈ વળી એક હાસ્યનો ઠપકો કર્યો. ને ફોજદારના તાકીદના હુકમ પ્રમાણે અરજીઓના ખૂણા ઉપર 'વાસ્તે મુનાસીબ હુકમ' લખી, ફોજદારનો શેરો લઈ રવાનગી કારકુનને સોંપતાં કહ્યું : 'બેઉ નથી કરીને એક જ રવાનગી નંબર નાખજો' અને આમ આ જીવનસાથીઓની બેઉ અરજીઓ પણ સાથી જ બની, એ જ દિવસની ટપાલમાં વડી ઑફિસ ઉપર રવાના થઈ ગઈ.

કહેવાની જરૂર નથી કે અરજ કરનાર પેલાં બે જીવનસાથી કરતાં ય ફોજદાર જવાબ માટે વધારે અધીરો હતો : 'જોઈએ તો ખરા, અગિયાર વરસનાં—અરે જનમભરનાં આ જીવનસાથી માટે કુવોક હુકમ આવે છે.'... અને આમ એ, અમાનુષી એવા આ માનુષી લગ્નજીવન ઉપર સો'ચી રહ્યો—વિચારી રહ્યો!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

…ળપાટીથી આશરે ૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલો છે. 'દેલવાડા' શબ્દ સંસ્કૃત 'દેવકુલપાટક' ઉપરથી બન્યો છે. 'દેવકુલપાટક' એટલે મંદિરોનું નગર. શત્રુંજય અને ગિરનારનાં તીર્થોની જેમ દેલવાડામાં પણ મંદિરોનું અને તેની અંદરની દેવકુલિકા અર્થાત્ દહેરીઓનું એક નગર વસેલું છે.

દેલવાડામાં પાંચ પ્રાચીન જૈનમંદિરો છે. પાટણના ચૌલુક્ય રાજા ભીમદેવના મંત્રી વિમળશાહે સં. ૧૦૮૮માં બંધાવેલું આદિનાથનું મંદિર એમાં કાલાનુક્રમે સૌથી પહેલું છે. વિમલશાહનું મંદિર વિમલવસતિ તરીકે ઓળખાય છે. ત્યારપછી ધોળકાના વાઘેલા રાજા વીરધવલના મંત્રીઓ વસ્તુપાલ અને તેજપાલે સં. ૧૨૮૭માં બંધાવેલું નેમિનાથનું મંદિર આવે છે. યુવાન વયમાં મરણ પામેલા, વસ્તુપાલના મોટાભાઈ લુણિગના કલ્યાણાર્થે એ બાંધેલું હોવાથી લૂણવસતિ તરીકે ઓળખાય છે. ત્રીજું મંદિર ગુર્જર જ્ઞાતિના ભીમાશાહે બંધાવેલું આદિનાથનું મંદિર છે. ભીમાશાહનું મંદિર ક્યારે બંધાયું એનો નિશ્ચિત સમય મળતો નથી, પરંતુ વિક્રમની પંદરમી શતાબ્દીમાં થયેલા આચાર્ય સોમસુંદરસૂરિ પોતાના સમયમાં એનો જીર્ણોદ્ધાર ચાલતો હોવાનું લખે છે, એટલે ત્યાર પહેલાં એકાદ-બે સૈકા પહેલાં એ બંધાયું હશે એમ કહી શકાય. ભીમાશાહના મંદિરમાં પ્રથમ તીર્થંકર આદિનાથની આઠ ફૂટ ઊંચી ૧૦૮ મણ પિત્તળની, પંચતીર્થીના શિલ્પસમૃદ્ધ પરિકરવાળી મૂર્તિ છે. ભારતનાં જૈનમંદિરોમાં આટલી વિશાળ ધાતુમય મૂર્તિ બીજે ક્યાંય જોવામાં આવતી નથી, એથી એ મંદિર પિત્તલહર (અર્થાત્ પિત્તલગૃહ) તરીકે ઓળખાય છે. ચોથું મંદિર ચૌમુખજીનું છે. જેના ગર્ભગૃહમાં ચારે દિશામાં ચાર મૂર્તિઓ હોય એવા મંદિરને ચતુર્મુખ અથવા ચૌમુખ કહેવામાં આવે છે. આ મંદિર ક્યારે અને કોણે બંધાવ્યું એ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી. એક એવી દંતકથા ચાલે છે કે વિમલવસતિ અને લૂણવસતિ બંધાવતાં વધેલા પથ્થરોમાંથી કારીગરોએ પોતાના તરફથી આ મંદિર બાંધ્યું. પરંતુ એ માની શકાય એવું નથી; કેમકે વિમલવસતિ અને લૂણવસતિના સમયમાં પણ ૨૦૦ વર્ષનું અંતર છે. પિત્તલહરના દરવાજા ઉપરના સં. ૧૪૮૯ના એક શિલાલેખ પ્રમાણે, એ સમયે દેલવાડામાં માત્ર ત્રણ જૈન મંદિરો—એટલે કે વિમલવસતિ, લૂણવસતિ અને પિત્તલહર એ ત્રણ હતાં. આથી ચૌમુખજીનું મંદિર એ પછી બંધાયું હોવું જોઈએ. અપવાદરૂપ થોડીક મૂર્તિઓ સિવાય આ મંદિરના ત્રણે માળમાંના મૂળનાયક વગેરે ઘણીખરી મૂર્તિઓ ઓસવાલ સંઘવી, મંડલિક અને તેના કુટુંબીઓએ સં. ૧૫૧૫ અથવા તે આસપાસમાં કરાવી છે, એમ એની ઉપરના શિલાલેખોમાંથી જણાય છે. મંદિર પણ સં. ૧૫૧૫માં મંડલિકે બંધાવ્યું હશે એમ અનુમાન થાય છે. ચૌમુખજીના મંદિરમાંની ઘણીખરી મૂર્તિઓ ખરતર ગચ્છના શ્રાવકોએ કરાવી છે અને તેમની પ્રતિષ્ઠા ખરતર ગચ્છના આચાર્યોએ કરી છે; તેથી એ ખરતરવસતિ તરીકે પણ પ્રસિદ્ધ છે. પાંચમું મંદિર મહાવીર સ્વામીનું છે. શ્વેતાંબરોનાં આ પાંચ મંદિરો જે કમ્પાઉન્ડમાં આવેલાં છે તેની સામે એક ટેકરા ઉપર દિગંબર જૈનોનું મંદિર છે, જે એમાંના જૂની ગુજરાતી ભાષામાંના શિલાલેખ ઉપરથી સં. ૧૪૯૪માં બંધાયું હોવાનું જણાય છે.

પરંતુ ભારતની અમર સ્થાપત્યકૃતિઓમાં દેલવાડાનાં મંદિરોનું જે અજોડ સ્થાન છે, તે તો વિમલશાહની વિમલવસતિ અને વસ્તુપાલ-તેજપાલની લૂણવસતિને આભારી છે. વિમલશાહના પૂર્વજો ગુજરાતનું પ્રાચીન પાટનગર

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમાલ અથવા ભિન્નમાલ, જે અત્યારે મારવાડમાં ગણાય છે, ત્યાંના વતની પોરવાડ વણિક હતા. શ્રીમાલના પતનકાલમાં તેઓ ઉત્તર ગુજરાતમાં ચાણસ્મા પાસેના ગાંભૂ ગામમાં જઈને વસ્યા હતા. વનરાજ ચાવડાએ સં. ૮૦૨માં પાટણ વસાવ્યું, ત્યારે વિમલશાહના એક પૂર્વજ નીના શેઠને તેણે પાટણમાં લઈ જઈને વસાવ્યા હતા, અને ત્યારથી એના વંશમાં ગુર્જરેશ્વરોનું મંત્રીપદ ચાલતું આવ્યું હતું. વિમલશાહનો પિતા વીર, મૂળરાજ સોલંકીનો મંત્રી હતો. વિમલનો મોટોભાઈ નેઢ ભીમદેવ પહેલાનો મહામંત્રી હતો. વિમલ પોતે ભીમદેવનો સેનાપતિ હતો અને અનેક યુદ્ધોમાં વિજય મેળવીને તેણે ભીમદેવની પ્રીતિ સંપાદન કરી હતી.

આબુના પરમાર રાજાઓ, જેમની રાજધાની આબુની તળેટીમાં આવેલ ચંદ્રાવતીમાં હતી તેઓ પાટણના ચૌલુક્ય સમ્રાટના માંડલિકો હતા. એ સમયનો ચંદ્રાવતીનો રાજા ધંધુક પાટણપતિ ભીમદેવના આધિપત્યનો અસ્વીકાર કરવા લાગ્યો, આથી તેને વશ કરવા માટે ભીમદેવે વિમલને સૈન્ય સાથે મોકલ્યો. વિમલને આવતો સાંભળીને ધંધુક ત્યાંથી નાસી ગયો અને ધારાનગરીનો રાજા ભોજ જે એ સમયે ચીતોડમાં હતો તેના આશ્રયે જઈને રહ્યો. ભીમદેવે ચંદ્રાવતીનો અને આબુના રાજ્યનો વહીવટ કરવા માટે દંડનાયક તરીકે વિમલની નિમણૂક કરી. પાછળથી વિમલે સામનીતિનો પ્રયોગ કરી ધંધુકને યુક્તિપૂર્વક ચંદ્રાવતીમાં પાછો બોલાવ્યો અને ભીમદેવ સાથે તેની સંધિ કરાવી દીધી.

આ પછી વિમલે પોતાની ઉત્તરાવસ્થા ચંદ્રાવતીમાં તેમજ આબુ ઉપરના અચલગઢમાં ગાળી. એકવાર ધર્મઘોષસૂરિ નામે આચાર્યે ચંદ્રાવતીમાં ચાતુર્માસ કર્યો. તેમના ઉપદેશથી વિમલે આબુ ઉપર તીર્થ માટે જગા પસંદ કરી. તે જગા બ્રાહ્મણોને મોટી રકમ આપી ખરીદ કરીને ત્યાં આદિનાથનું મંદિર, તેની આસપાસની જગતીની દહેરીઓ, જે સામાન્ય રીતે 'ભમતી' નામથી ઓળખાય છે તે, તથા પોરવાડોની કુલદેવી અંબિકાનું મંદિર બાંધ્યું. આ આખો મંદિરસમૂહ વિમલવસતિના નામથી ઓળખાયો.

વિમલવસતિ બંધાયા બાદ એક સો કરતાં વધુ વર્ષ પછી, વિમલના જ વંશમાં થયેલા સિદ્ધરાજ અને કુમારપાલના મંત્રી પૃથ્વીપાલ અને તેમનાં બીજાં સગાંસંબંધીઓએ વિમલવસતિની કેટલીક દહેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો, અને મંદિરની સામે એક હસ્તિશાલા કરાવીને તેમાં પોતાના નામાંકિત પૂર્વજોની ઘોડેસવાર તેમજ હાથી ઉપર બેઠેલી મૂર્તિઓ સ્થાપન કરી. વિમલશાહની મહાકાય ઘોડેસવારમૂર્તિ એ હસ્તિશાલામાં આજે પણ વિદ્યમાન છે.

વિમલવસતિ બંધાયા બાદ લગભગ પોણાત્રણસો વર્ષ પછી સં. ૧૩૬૦માં અલાઉદ્દીન ખિલજીના સૈન્યે ગુજરાત ઉપર આક્રમણ કર્યું ત્યારે એનો મૂર્તિભંજક ઉત્સાહ વિમલવસતિ ઉપર પણ ફરી વળ્યો. એણે મંદિરનો ગભારો, ગૂઢ મંડપ, અંદરની ઘણી મૂર્તિઓ તથા હસ્તિશાલાના કેટલાક ભાગનો નાશ કરી નાખ્યો, આથી એનો ફરીવારનો જીર્ણોદ્ધાર સં. ૧૩૭૮માં માંડવ્યપુરના વતની વીજડ, લાલિગ વગેરે પિતરાઈ ભાઈઓએ કરાવ્યો.

વસ્તુપાલ-તેજપાલના મંદિર લૂણવસતિનો પણ રસિક ઇતિહાસ છે. જૂના પ્રબંધોમાં વર્ણવ્યા પ્રમાણે વસ્તુપાલ અને તેજપાલ એકવાર તેમના કુટુંબ સાથે સૌરાષ્ટ્રમાં આવેલાં જૈન તીર્થોની યાત્રાએ જતા હતા. એ સમયે તેઓ પોતાની પાસેનું ધન હડાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામ પાસે દાટવા માટે ગયા. ત્યાં વળી જમીન ખોદતાં બીજું પુષ્કળ ધન નીકળ્યું. વસ્તુપાલના કુટુંબમાં તેજપાલની વિદુષી પત્ની અનુપમાનું ખૂબ માન હતું. વસ્તુપાલે અનુપમાને પૂછ્યું, કે 'આ ધનનું શું કરવું?' અનુપમાએ ઉત્તર આપ્યો: 'એને પર્વતના શિખર ઉપર સ્થાપિત કરવું જોઈએ, જેથી એ જેમ આપણે હાથ આવી પડ્યું, તેમ કોઈને હાથ ન જાય.' આ ઉપરથી વસ્તુપાલ-તેજપાલે એ ધનનો વ્યય આબુ અને ગિરનાર ઉપર અદ્ભુત કારીગરીવાળાં મંદિરો બંધાવવામાં કર્યો.

પ્રબંધોમાં સચવાયેલી આ દંતકથા જેવી વાતમાં વાસ્તવિકતા કેટલી હશે એ કહેવું મુશ્કેલ છે, પરંતુ અનુપમાની સલાહ તાત્ત્વિક અર્થમાં સાચી પુરવાર થઈ છે; કેમકે વસ્તુપાલે બાંધેલાં અને સમરાવેલાં સેંકડો જૈન, શૈવ અને વૈષ્ણવ દેવાલયો, મસ્જિદો, ઔષધાલયો, ધર્મશાળાઓ, વાવો, સરોવરો, કૂવાઓ, પ્રપાઓ અને તેમનાં પોતાનાં અનેક કુટુંબીઓનાં મહાલયોમાંથી આબુ અને ગિરનાર ઉપરનાં મંદિરો સિવાય બીજું કંઈજ બચ્યું નથી.

લૂણવસતિના બાંધકામ ઉપર પણ અનુપમાની જાતિદેખરેખ હતી. તેની જ સૂચનાથી કારીગરો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પર્વત ઉપરની સખત ઠંડીમાંથી બચવા માટે દરેક કારીગરની આગળ એક સઘડી મૂકવામાં આવી હતી. કામ ઝડપથી પૂરું થાય એ માટે દરેક કારીગરને તેના શિલ્પકામથી પડેલા આરસના ભૂકા જેટલી ચાંદી વેતનરૂપે અપાતી એવું પણ પ્રબંધોમાં નોંધેલું છે. મંદિરમાં મૂળ નાયક તરીકે પ્રતિષ્ઠિત કરાવવામાં આવેલી નેમિનાથની મૂર્તિ ખાસ ખંભાતમાં તૈયાર કરાવવામાં આવી હતી. લૂણવસતિમાં વસ્તુપાલે પોતાના પૂર્વજોની, પત્ની સહિત પોતાની, પોતાના ભાઈઓ તથા તેમની પત્નીઓની મૂર્તિઓ મુકાવી, જે સર્વ આજસુધી અખંડ છે.

લૂણવસતિના ગર્ભગૃહ અને ગૂઢમંડપનો ભંગ વિમલવસતિની સાથે થયો હતો અને તેનો જીર્ણોદ્ધાર પણ સં. ૧૩૭૮માં વિમલવસતિની સાથે, વેથડ નામે એક મોટો વેપારી સંઘ લઈને આવ્યો હતો તેણે કરાવ્યો હતો.

વિમલવસતિ અને લૂણવસતિના બાંધકામમાં કરોડોનો ખર્ચ થયો હોવાનું જૈન-પરંપરા નોંધે છે તે અતિશયોક્તિભર્યું લાગતું નથી. બન્ને મંદિરો ઊંચી જાતનાં સફેદ આરસનાં બાંધેલાં છે. એ પ્રકારનો આરસ આબુની આસપાસ પચીસેક માઈલની અંદર મળતો નથી. એટલે દૂરના પ્રદેશોમાંથી એ પથ્થર લાવીને આટલી ઊંચાઈએ ચડાવવામાં, પર્વત ઉપરની ઠંડીમાં બહારથી સ્થપતિઓ, શિલ્પીઓ અને કારીગરો બોલાવીને વર્ષો સુધી કામ ચાલુ રાખવામાં, જેની એક-એક પૂતળી તૈયાર કરવામાં દિવસો અને મહિના નીકળી જાય એવાં અદ્વિતીય શિલ્પોથી સમસ્ત મંદિરને મઢી લેવામાં, તથા આખા યે ગુજરાત અને રાજસ્થાનના સુપ્રસિદ્ધ પુરુષોએ જેમાં હાજરી આપી હતી એવા મોટા પ્રતિષ્ઠામહોત્સવો યોજવામાં એ સમયની સોંઘવારી ધ્યાનમાં રાખીએ, તોપણ ધનનો અપાર વ્યય થયો હશે.

આબુ ઉપરનાં આ મંદિરો બેઠા ઘાટનાં, નીચાં શિખરવાળાં છે અને બહારથી એટલાં સાદાં છે કે એની અંદર આટલી કલા-સમૃદ્ધિ ભરેલી હશે એની કલ્પના પણ ત્યાં પ્રથમવાર પ્રવેશ કરનારને આવી ન શકે. આબુમાં ધરતીકંપના ઉપદ્રવને કારણે મંદિરોની બાંધણી નીચી રાખી હોવાનું અનુમાન થાય છે. મહાદેવનો નંદી એક શિંગડા ઉપર આબુને ધારણ કરે છે અને જ્યારે

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાક લાગે ત્યારે બીજા શિંગડા ઉપર લઈ લે છે, એ પ્રચલિત દંતકથા આબુ ઉપરના ભૂકંપોની સૂચક છે.

વિમલવસતિ અને લૂણવસતિ એ મંદિરોના જીર્ણોદ્ધૃત થયેલા ગર્ભગૃહ અને ગૂંઢમંડપ સિવાયના બધા જ ભાગો–એના અદ્ભુત કોતરણીવાળા ઘૂમટો, અનેક દેવકુલિકાવાળી ભમતીઓ અને એની છત, તોરણો અને સ્તંભો, ગોખલાઓ અને શાલભંજિકાઓ, વિમલશાહ અને વસ્તુપાલની તથા એમના પૂર્વજોની મૂર્તિઓ–એ બધું મંદિરોના સ્થાપનાકાળે હતું તેમ મોજૂદ છે. ભારતની શિલ્પ અને સ્થાપત્યની કલાએ ગુજરાતમાં પ્રાપ્ત કરેલી સર્વોચ્ચ સિદ્ધિના બે ઉત્કૃષ્ટ નમૂના અહીં, લગભગ મૂળ સ્થિતિમાં દર વર્ષે હજારો યાત્રીઓને આકર્ષતા વિદ્યમાન છે. પરમ શૃંગારિકથી પરમ ધાર્મિક સુધીની જીવનની સર્વ પ્રવૃત્તિઓનું–સારી યે લોકલીલાનું જેમાં પાષાણની આકૃતિઓમાં નિરૂપણ કરેલું હોય છે એવી, ભારતનાં પ્રાચીન મંદિરો જેવી દૃશ્ય કલાકૃતિઓની સમૃદ્ધિનું વર્ણન શબ્દો દ્વારા કરવાનું મુશ્કેલ છે. દર્શન કરીને જ અનુભવાય એવી, એ પાષાણમય કાવ્યના કવિની વિલક્ષણ સૃષ્ટિનું વર્ણન કરવાને શબ્દો અસમર્થ જ નીવડે. છત, સ્તંભો, બારસાખો, ધાર્મિક કથાપ્રસંગો આલેખતાં શિલ્પોની હારમાળાઓ અને ગોખલાઓનાં સૂક્ષ્મ કોતરણીવાળાં અલંકરણો કેવળ અદ્ભુત છે. શિલ્પીઓએ પોતાની કલાના વાહન તરીકે આરસનો જે વિનિયોગ દેલવાડાનાં મંદિરોમાં કર્યો છે તે ભારતમાં અદ્વિતીય છે અને કેટલીયે રચનાઓ તો ખરેખર સૌંદર્યના કોઈ સ્વપ્ન જેવી છે. લૂણવસતિના ઘૂમટની રચના વિષે કર્નલ ટૉડ લખે છે કે 'એનું વર્ણન કરતાં કલમ હારી જાય છે અને ગમે તેવા કુશળ ચિત્રકારની પીંછીને પણ એનું આલેખન કરતાં બેહદ શ્રમ પડે છે.' એ તો સ્પષ્ટ રીતે કહે છે કે ગૉથિક સ્થાપત્યની સૌથી અલંકૃત પરંપરાનો કોઈ પણ નમૂનો એની બરાબરી કરી શકે એમ નથી. 'એ ઘૂમટની વચ્ચે લટકતું આરસનું ઝુમ્મર અર્ધા ખીલેલા કમળના ફૂલ જેવું દેખાય છે, જેની પાંખડીઓ એટલી બારીક, એટલી પારદર્શક અને એવી ઘાટીલી છે કે તે જોઈને દૃષ્ટિ સ્તબ્ધ થઈ જાય છે.' પણ આ મંદિરોનાં શિલ્પોમાં માત્ર નિર્જીવ વસ્તુઓનું આલેખન નથી. એમાં સંસાર–વ્યવહારનાં, ગૃહજીવનનાં, ધાર્મિક અને પૌરાણિક ઇતિહાસનાં, વેપાર અને વહાણવટાનાં તથા સંગ્રામોનાં ચિત્રણ છે. ભારતમાં અન્ય કેટલેક સ્થળે આવેલાં પ્રાચીન મંદિરોથી ઊલટું જ, વિમલવસતિ અને લૂણવસતિનું લગભગ પ્રત્યેક પ્રસંગશિલ્પ ઓળખી શકાયું છે, અને એનું ધ્યાનથી દર્શન કરનારને મધ્યકાલીન ભારતના રીતરિવાજો, પહેરવેશ, ઉત્સવો, આનંદવિનોદ વગેરે વિષે તેમ જ જૈન ધાર્મિક કથાપ્રસંગો અને ઇતિહાસ વિષે, ટૂંકમાં સમગ્ર સંસ્કારિતા વિષે, જાણે કે પ્રત્યક્ષ શિક્ષણની પદ્ધતિએ, ખૂબ જાણવાનું મળે છે અને એ રીતે યાત્રાનું સાફલ્ય થાય છે.

આબુનાં મંદિરોમાં આરસને વાણી પ્રાપ્ત થઈ છે. ઐશ્વર્ય સાથે સરસ્વતીસેવાના આદર્શો ચરિતાર્થ કરનાર ગુજરાતના વીર મંત્રીઓના ઉચ્ચ ધર્મપ્રેમ અને કલાપ્રેમના પ્રતીકરૂપ એ મંદિરો પ્રત્યેક માનવી માટે દર્શનીય છે.×

તા. ૨૪–૨–૫૦ની સાંજે અમદાવાદ રેડિયો સ્ટેશનેથી કરેલો વાયુવાર્તાલાપ–અખિલ ભારત રેડિયોના સૌજન્યથી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લેખક :

સ્વામીશ્રી રામદાસજી

પ્રશ્નોત્તર

દક્ષિણ ભારતમાં કાન્હનગઢ નામે સ્ટેશનથી થોડેક દૂર આવેલ 'આનંદ આશ્રમ'ના અધિષ્ઠાતા સ્વામીશ્રી રામદાસ પવિત્ર સંતપુરુષ છે. ઢેડ, ચમાર, ભંગીઓની વચમાં કે મુસ્લિમ બહેનોના હાથનું ભોજન લેતાં એમને ક્ષોભ થતો નથી. નિર્જન જંગલોમાં ગુફાવાસ દરમિયાન ભયંકર સાપ ચાલ્યા જાય કે પગે વીંટળાઈ જાય, તોપણ આ સ્થિતપ્રજ્ઞ મહાપુરુષ સ્વસ્થચિત્ત, ધ્યાનસ્થ અને નિર્લેપ રહી શકે છે. એમનો 'ઈશ્વરની શોધમાં(અં. ઈન ક્વેસ્ટ ઑફ ગૉડ)' નામક સ્વહસ્તે લખેલો ગ્રંથ વાંચવાથી આપણી ઘણી જિજ્ઞાસા સંતોષાય છે. આવા એક સિદ્ધપુરુષની અમૃતવાણી આ પ્રશ્નોત્તરમાં મળે છે. આની નોંધ શ્રી નરહરપ્રસાદ જોષીપુરા બી. એ. (ઑનર્સ) એસ. ટી. સી. એ લીધી છે.

પ્રશ્ન: બ્રહ્મદર્શી પુરુષનાં લક્ષણો કયાં કયાં હોઈ શકે?

ઉત્તર: જેને સાક્ષાત્કાર થયો હોય તેનામાં કેટલાંક બાહ્ય લક્ષણો એની પ્રતીતિરૂપે દેખાય છે. અમુક આંતરિક લક્ષણો હોય છે, જે અનુભવગમ્ય હોઈને અનિર્વચનીય હોય છે. પરંતુ અમુક લક્ષણો ઉપરથી કહી શકાય કે આ પુરુષને સાક્ષાત્કાર થયો છે. એવા પુરુષને મૃત્યુનો ભય હોતો નથી. દેહાધ્યાસ તૂટી ગયો હોવાથી એવો પુરુષ આત્માના અમરત્વમાં પ્રતિષ્ઠિત થયો હોય છે. રાગદ્વેષ ઇત્યાદિથી પર થયેલ હોઈને એ પુરુષ નિત્યાનંદમાં મસ્ત રહે છે. શોક, દુઃખ ઇત્યાદિ કોઈ પણ દેહના ધર્મો એને દૂષિત કરતા નથી. એનું હૃદય ફૂલ જેવું કોમળ હોય છે. એના દિવ્ય પ્રેમ તરફ હજારો લોકો આકર્ષાય છે.

પ્રશ્ન: આપને સાક્ષાત્કાર થયો છે એમ કહેવાય છે એ વાત સાચી?

ઉત્તર: હા, સગુણ સ્વરૂપે મને શ્રીકૃષ્ણ, ભગવાન બુદ્ધ અને ભગવાન ઈશુનાં સાક્ષાત્ દર્શન થયાં છે. ઈશ્વરને આપણે જે જે સ્વરૂપે ભજીએ તે તે સ્વરૂપે એ દર્શન આપે છે. ભક્ત જે સ્વરૂપમાં ઇચ્છે એ સ્વરૂપમાં એને સાક્ષાત્કાર થાય છે. મેં રમણ મહર્ષિનાં દર્શન કર્યાં પછી મને નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થયો છે. બ્રહ્માંડનાં જડ–જીવ તમામ તત્ત્વોમાં નિરંજન નિરાકાર સચ્ચિદાનંદ એક અને અદ્વિતીય એવા પરબ્રહ્મ પરમાત્માનાં મને પ્રત્યક્ષ દર્શન થયાં છે.

પ્રશ્ન: આપણા સંસારમાં અનેક દુઃખો દેખાય છે એ માટેનો કોઈ ઉપાય બતાવશો?

ઉત્તર: સંસારનાં તમામ દુઃખો–આધિ, વ્યાધિ ને ઉપાધિ માટે એક માત્ર રામબાણ ઔષધ રામનામ છે. ત્રિવિધ તાપથી તપતા તમારા જેવા સંસારી જનો જ્યારે આવે છે ત્યારે હું એ જ વાત કરું છું. રામનામ લ્યો. રામધૂનમાં મસ્ત થઈ જાવ. એનાં ગુણ–કીર્તન કરો. એને ખોળે તમારી જાતને મૂકી દો. સંપૂર્ણ સમર્પણ ભાવથી તમારી તમામ ઉપાધિ એને સોંપી દો. અને તમે જોશો કે રામનામ સમી કોઈ સંજીવની નથી, કોઈ તરણોપાય નથી, કોઈ પરમ આશ્વાસન નથી. નિષ્કામભાવે પ્રભુ–ભજન કરવાથી ચિત્ત શુદ્ધ થાય છે અને એવા પવિત્ર હૃદયમાં પરમાત્માનો આવિર્ભાવ થયા વિના રહેતો નથી. કેવળ રામનામને આશ્રયે જ પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન થાય છે.

આ રામનામને જીવનનો એકમાત્ર આધાર બનાવીને દરેક વ્યક્તિ આ ઉચ્ચ પદ અવશ્ય પ્રાપ્ત કરી શકે છે. પરંતુ આ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ પ્રાપ્ત કરવા માટે હૃદયમાં અતીવ ઉત્કંઠા જોઈએ, તીવ્ર તાલાવેલી લાગવી જોઈએ. અખંડ અવિચ્છિન્ન તૈલ-ધારાવત્ નામસ્મરણ થવું જોઈએ.

'अनन्याश्चिंतयन्तो माम्' અને

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥

તથા

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥

તેમજ

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥

ઇત્યાદિ ગીતાનાં વચનોમાં અપ્રતિમ અનન્ય શ્રદ્ધા રાખીને તે મુજબ સાધકે આચરવું જોઈએ.

પ્રશ્ન: પરંતુ ગુરુવર્ય, અમો રામ-નામ લેવા પ્રયાસ તો કરીએ છીએ; પરંતુ અમારું ચિત્ત એમાં ચોંટતું નથી. સંસારના અનેક વિષયોમાં અમારું મન ભમ્યા કરે છે, તો ચિત્તનિરોધનો કોઈ ઉપાય બતાવો.

ઉત્તર: પ્રથમ મુખથી રામનામ જપ ચાલુ રાખો. સત્સંગ વધારો. અભ્યાસ અને વૈરાગ્ય વધારવા સતત મથો.

ચિત્તનિરોધનો સહેલામાં સહેલો ને શ્રેષ્ઠ ઉપાય નામસ્મરણ છે. જપ કરતાં જે સ્વર ઊઠે એમાં ધ્યાન રાખવાથી એકાગ્રતા સધાય છે. ચિત્ત એકાગ્ર થાય એટલે ભગવાનના ગુણોનું ચિંતન કરવું. આ પ્રમાણે જપ કરતાં અને ધ્યાન કરતાંકરતાં મનની ચંચળતા દૂર થાય છે, અને એ મન આનંદ-મય એવા અનંત આત્મામાં ડૂબી જાય છે. ભગવાનને મેળવવાની તાલાવેલી જ્યાંસુધી નથી લાગી ત્યાંસુધી એનું સતત સ્મરણ શક્ય નથી. આવી તાલાવેલી એ જ ભક્તિ. આ તાલાવેલી એવી લાગવી જોઈએ કે ભગવાનને છોડી કોઈ અનિત્ય પદાર્થ પર મન ચોંટતાં જ હૃદયમાં શૂળ પેદા થાય. વળી કર્મો પણ એવાં કરવાં જોઈએ જેથી ચિત્ત શુદ્ધ થાય; અર્થાત્ નિષ્કામ કર્મ કરવાં જોઈએ. શુદ્ધ ચિત્ત એટલે કામ, ક્રોધ અને લોભથી રહિત એવું ચિત્ત. આવા શુદ્ધ ચિત્તમાં જ ભગવાનનો આવિર્ભાવ થાય છે. એકાગ્ર ચિત્ત એ પણ શુદ્ધ જ છે. વળી એટલું ભૂલશો નહિ કે જે ભગવાનને તમે શોધો છો તે તમારા અંતરમાં જ છે.

એટલે આ જપ કોઈ ઐહિક કામનાથી નહિ, પરંતુ મોક્ષ અને શાંતિ પ્રાપ્ત કરવાના હેતુથી નિષ્કામભાવે જપાવો જોઈએ, તો જ ચિત્તને સાચી શાંતિ ઉપલબ્ધ થાય છે.

આ સકળ સૃષ્ટિ પ્રભુની મહા લીલારૂપ છે. એમાં રહેલાં સુખ-દુઃખ, હર્ષ-શોક, લાભ-હાનિ, ઇષ્ટ-અનિષ્ટ, પાપ-પુણ્ય ઇત્યાદિ દ્વંદ્વો એ પણ એ અલૌકિક નટરાજની અદ્ભુત લીલામાત્ર છે, અને સંપૂર્ણ દાસ્ય-ભાવે એમને શરણે જવાથી આવાં કોઈ દ્વંદ્વો બાધા કરતાં નથી. એમની દૈવી માયા 'दुरत्यया'-અનિર્વચનીયા છે એટલે ઈશ્વર કોઈ પાસે પાપ કરાવે છે અને કોઈ પાસે પુણ્ય કરાવે છે. કોઈને સુખી કરે છે અને કોઈને દુઃખી કરે છે માટે એ પક્ષપાતી છે એવી શંકા કરવી ન જોઈએ. ઈશ્વર જે કંઈ કરે છે તે કલ્યાણ માટે જ કરે છે. આપનારો પણ એ છે અને લેનારો પણ એ જ છે. પ્રાણીમાત્રમાં એ વિચરી રહ્યો છે અને સૌસૌનાં કર્મ પ્રમાણે વ્યવસ્થા કરનારો પણ એ જ છે; તેમ છતાં ઈશ્વર-કૃપાથી, સંતકૃપાથી કોટિ-કોટિ પાપો ક્ષણ-માત્રમાં ધોવાઈ જાય છે એ પણ એટલું જ સત્ય છે.

પ્રશ્ન: પરંતુ સ્વામીજી, આવી સાધના માટે સંસારત્યાગ આવશ્યક ખરો કે નહિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લેખક :
શ્રી વિજયગુપ્ત મૌર્ય

અજોડ શસ્ત્રવૈદ્ય

ભૌતિક સાધનસંપત્તિની સગવડને પરિણામે પશ્ચિમના વૈજ્ઞાનિકો સંશોધનના ક્ષેત્રમાં ઘણા જ આગળ છે. પ્રાચીન કાળના હિંદના ગૌરવની વાતો બાજુ પર મૂકી આજની સ્થિતિનો ખ્યાલ કરીએ તો રસાયણશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર વગેરે વિજ્ઞાનની શાખાપ્રશાખામાં પશ્ચિમ ઘણું જ આગળ છે. એમના સંશોધકોમાં કાર્ય પાછળ ફના થઈ જવાની કેટલી તીવ્ર તમન્ના હોય છે, તેનો દાખલો મહાન શસ્ત્રવૈદ્ય, શરીરશાસ્ત્રી, પ્રકૃતિવિદ જ્ઞાનપિપાસુ જોન હંટરે ખેડેલાં સંશોધન માટેનાં સાહસો પુરવાર કરી આપે છે. અહીં આ વિદ્વાન વિશે ઘણી જ રસિક માહિતી અપાઈ છે.

ગઈ લડાઈમાં લંડનની વિશ્વવિખ્યાત 'રોયલ કોલેજ ઑફ સર્જન્સ'ના અમૂલ્ય સંગ્રહસ્થાન પર જર્મન વિમાનોમાંથી બૉમ્બ પડ્યો ત્યારે તેમાં વેરણછેરણ થઈ ગયેલા નમૂનાઓમાં જોન હંટરના સંગ્રહના ૧૩,૬૦૦ અજોડ નમૂનાઓ પણ હતા: અને એમાં આઠ ફૂટ ને ચાર ઇંચ ઊંચા એક વિરાટ માનવીનું અમૂલ્ય હાડપિંજર પણ હતું. જોન હંટરનો સંગ્રહ બ્રિટિશ સરકારે પંદર હજાર પાઉન્ડના ખર્ચે ખરીદી લઈને રોયલ કોલેજ ઑફ સર્જન્સને ભેટ આપ્યો હતો. બૉમ્બના ધડાકા સાથે સંગ્રહસ્થાન ઊડી જવાથી જે આગ લાગી તેને સંગ્રહના સ્પીરીટમાં રાખેલા હજારો નમૂનાને લીધે ઉત્તેજન મળ્યું હતું. થોડાક જ નમૂના આ વિનાશક આગમાંથી બચી શક્યા.

આ બનાવે પોણાબસો વર્ષ પહેલાંના રોમાંચક ઇતિહાસની સ્મૃતિ તાજી કરી છે. જોન હંટરે એ હાડપિંજર કેવી રીતે મેળવ્યું તે કથા હેરતભરી છે. જેનું એ હાડપિંજર

ઉત્તર : ખરી વસ્તુ એ બાહ્ય ત્યાગ નહિ; પરંતુ આંતરત્યાગ છે. ખરા હૃદયથી જો રાગ-દ્વેષ છૂટી જાય, કામ-ક્રોધથી પર થવાય, આસક્તિથી મુક્ત બનાય તો પછી સાધક ભગવાં વસ્ત્ર પહેરે કે ન પહેરે, મુંડન કરાવે કે ન કરાવે એ બધું જ સરખું છે; અને જો આસક્તિ છૂટી ન હોય તો ભગવાં વસ્ત્ર કંઈ જ સહાય કરી શકતાં નથી, નિરર્થક છે. એટલે સંસારમાં રહીને નિષ્કામ ભાવે, સેવા-ભાવે, અહંકારરહિત થઈને, મમત્વ ત્યાગીને, નિરભિમાનપણે કર્મો કરતાંકરતાં સાધના અવશ્ય થઈ શકે છે.

મહાત્મા ગાંધીજીએ સંસારમાં રહીને, દરિદ્રનારાયણની સેવાને જ ખરી પ્રભુસેવા ગણીને ઈશ્વરનાં બાળકોની જે અનન્યનિષ્ઠાથી સેવા કરી, એથી તેઓ અવશ્ય મોક્ષના અધિકારી બન્યા છે. બલ્કે તેઓ સ્વયં ઈશ્વરના અવતારરૂપ જ હતા. એટલે નિષ્કામ-ભાવે માનવજાતની સેવા કરવાથી જગતનાં દ્વંદ્વો એમના ચિત્તને દૂષિત કરી શક્યાં નહિ. વળી ઈશ્વરે એમને બ્રિટિશ સરકાર દ્વારા જેલમાં મોકલીને કોઈકોઈ વખત આવશ્યક એવા એકાંતવાસની પણ સગવડ કરી આપી હતી; માટે નિષ્કામભાવે ને માયામમતા ત્યાગી-ને સંસારનું સર્વ કાર્ય કરો, તો ત્યાગની જરૂર નહિ રહે.

★

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું એ માણસ જીવતો હતો, ત્યારે જ હંટરે તેની પાસે ચોક્કસ માગણી કરી હતી કે એના મૃત્યુ પછી હાડપિંજર હંટરને મળવું જોઈએ. એ માણસ પણ એટલો જ મક્કમ હતો કે કોઈ પણ ભોગે પોતાનું હાડપિંજર હંટરની પ્રયોગશાળામાં ન જવું જોઈએ! અને વાત એટલેથી નથી અટકતી. હંટરે એ હાડપિંજર મેળવવાની કૃતનિશ્ચયી યોજના ઘડી રાખી હતી, ત્યારે પેલા માણસે પોતાનું હાડપિંજર કોઈના હાથમાં ન આવે તેવી એટલી જ કૃતનિશ્ચયી યોજના ઘડી રાખી હતી!

પહેલાં જોન હંટર વિશે જરા જાણી લઈએ.

જોન હંટરનો જન્મ લેનાર્કશાયરમાં ઈ. સ. ૧૭૨૮માં થયો હતો. એ દાક્તર બન્યો, શસ્ત્રવૈદ્ય થયો અને પ્રકૃતિવિજ્ઞાતા તરીકે એણે વિરલ સ્થાન પ્રાપ્ત કર્યું. સેઇન્ટ જ્યોર્જની ઇસ્પિતાલના સર્જનથી માંડીને તે રાજા જ્યોર્જ ત્રીજાનો તે ખાસ સર્જન બન્યો, અને ઇસ્પિતાલોનો સર્જન જનરલ પણ થયો. એણે શસ્ત્રવિદ્યા(અં. સર્જરી)માં જે સંશોધન કર્યું છે તે અદ્ભુત છે. માત્ર માનવશરીર જ નહિ, વિવિધ પશુઓ, પક્ષીઓ, માછલીઓ, સર્પો વગેરે વિવિધ પ્રાણીઓનાં શરીરનું શસ્ત્રો વડે તેણે પૃથક્કરણ કરીને જે જ્ઞાન સંપાદન કર્યું તેનો વારસો તેણે આપણને તેના અમૂલ્ય ગ્રંથો અને નમૂના દ્વારા આપ્યો છે. એણે એકઠા કરેલા નમૂના હેરત પમાડે એવા હતા. પોતાની પ્રયોગશાળા માટે પાળેલાં પ્રાણીઓથી માંડીને હિંસક પ્રાણીઓ સુધીનો જીવતો સંગ્રહ એણે રાખ્યો હતો. સરકારી સંગ્રહસ્થાનમાં કે કોઈ સરકસમાં કોઈ-કોઈ પ્રાણી મરી જાય તો તેનું મડદું હંટર જ ખરીદી લેતો અને તેનું વિશ્લેષણ કરવા એણે તાંબાનું એક મોટું યંત્ર રાખ્યું હતું. શરીરશાસ્ત્ર, શસ્ત્રક્રિયાવિદ્યા અને પ્રાણીશાસ્ત્ર વિષે આજે આપણે જે જ્ઞાન ધરાવીએ છીએ એ માટે આપણે હંટરનો ઋણસ્વીકાર કરવો જોઈએ.

સંશોધન કરીને જ્ઞાન મેળવવા માટે હંટર ગાંડો બની જતો. એમાં કોઈને અવરોધ આવે તો તે ઉશ્કેરાઈ જતો. એક વખત એક દાક્તરે તેને કોઈ ચીજ વેચાતી આપવા ના પાડી, ત્યારે તે એટલો બધો અધીરો થઈને ઉશ્કેરાઈ ગયો ને બોલી ઊઠ્યો, કે 'યાદ રાખજો, જો મને તમે ક્યાંક અંધારામાં મળ્યા તો હું તમારું ખૂન કરીને પણ એ વસ્તુ મેળવીશ.'

એક વખત ચાર્લ્સ બર્ન નામના લાંબા તાડ જેવા એક આયરીશ માણસ પર તેની નજર પડી. પાછળથી એ માણસે પોતાનું નામ ઓ'બ્રાયન રાખ્યું હતું. ઇંગ્લેંડમાં એ યુગ ઉત્ક્રાંતિનો હતો. વિદ્વાનો સંશોધનમાં પ્રવૃત્ત રહેતા. ઘણા શસ્ત્રવૈદ્યોને આ માણસની ઊંચાઈનું કારણ જાણવા એ મરી જાય ત્યારે તેના શરીરનું વિશ્લેષણ કરવાની જિજ્ઞાસા જાગી હતી. પરંતુ ઓ'બ્રાયન પોતાના મૃત્યુ પછી પોતાના શબની એવી દુર્દશા થવા દેવા નહોતો માગતો. તેનો જન્મ ઈ. સ. ૧૭૬૧માં થયો હતો અને ૧૮ વર્ષની વયે તેની ઊંચાઈ આઠ ફીટની થઈ ગઈ! તે પછી તે બીજા ચાર ઇંચ વધ્યો. પોતાની ઊંચાઈનું પ્રદર્શન ભરી તે પૈસા કમાતો. એ વખતે હંટર લીસેસ્ટર સ્કેવરમાં પોતાનું સંગ્રહસ્થાન બાંધતો હતો. એણે ઓ'બ્રાયનને જોયો કે તરત જ પોતાના નોકર હોવિસનને એ લાંબા માણસ પર નજર રાખવાનું કામ સોંપ્યું. ઓ'બ્રાયન જાણતો હતો, કે લંડનના શસ્ત્રવૈદ્યોની નજર તેના ઉપર-તેના હાડપિંજર ઉપર છે, પરંતુ તેણે તો બધાને ધુતકારી કાઢ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridw

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ'બ્રાયનને થોડી જ કંઈ ખબર હતી કે તેનું મૃત્યુ ક્યારે થશે! અને જોન હંટર પણ થોડું જ જાણતો હતો કે પહેલાં પોતે મરશે કે ઓ'બ્રાયન! પણ વિજ્ઞાન પાછળ ઘેલા બનેલા હંટરને આવી ફિલસૂફી વિષે વિચાર કરવાનો વખત ન હતો. એને તો એક જ ઝંખના હતી: જે માણસ રસ્તાના ઊંચા દીવામાં સિગારેટ સળગાવતો જાય છે એવા તાડ જેવા ઊંચા અને છતાં સુંદર અને સુડોળ શરીરવાળા ઓ'બ્રાયનની કાયામાં એવું તે શું છે કે જેથી તે આટલો બધો ઊંચો વધી ગયો તે શોધી કાઢવું; પરંતુ આ સંશોધન તો તે મરી જાય ત્યારે તેના શબના વિશ્લેષણ દ્વારા જ થઈ શકે. આ રહસ્યનો ઉકેલ શોધવા બીજા શસ્ત્રવૈદ્યો પણ આતુર હતા અને ઓ'બ્રાયનના મનમાં તેમની આતુરતા ચિંતા ઉપજાવતી હતી. કોઈ તેનું ખૂન કરી નાખે એવો ભય કદાચ તેને નહિ હોય, પરંતુ મૃત્યુ પછી પોતાના મૃતદેહની દુર્દશા થાય તેની સામે તો તેનો પ્રખર વિરોધ હતો.

આ રસિક રસાકસીની વાત અખબારો સુધી પહોંચી. એક વર્તમાનપત્રે લખ્યું, કે 'શસ્ત્રવૈદ્યોની આખી જમાત, જેમ શિકારીઓ ભાલા લઈને શિકારની પાછળ પડે તેમ ઓ'બ્રાયનની પાછળ પડી છે!'

ઓ'બ્રાયને લાંબો વિચાર કરીને પોતાના મૃત્યુ બાદ પોતાના દફનની એક યોજના ઘડી કાઢી. પોતાના દફન માટે તેણે કેટલાક આયરિશ લોકોને નીમ્યા અને દફનની પેટી બનાવનાર એક સુથારને પોતાના શબ માટે પેટી બનાવવાનું કામ પણ જીવતાંજીવતાં સોંપી રાખ્યું હતું. આ જોગવાઈ માટે તેણે સારી રકમ પણ અનામત મૂકી, જેથી તેની યોજના તેના મૃત્યુ પછી ચીવટપૂર્વક પાર પાડવામાં આવે. એ યોજના એવી હતી, કે તેના મૃત્યુ બાદ તેના શબને મજબૂત પેટીના કફનમાં પૂરીને પેલા આયરિશો દૂરદૂર ઊંડા દરિયામાં ડુબાવી આવે કે જેથી કોઈ લોકો જાળ કે મીંદડી નાખીને પણ એના શબની પેટીને બહાર કાઢી શકે નહિ! જમીનમાં શબ દાટવામાં આવે તો પેલા શિકારી જેવા શસ્ત્રવૈદ્યો શોધી કાઢીને ખોદી કાઢી જાય એટલે ઓ'બ્રાયને પોતાના માટે દરિયાઈ કબ્રસ્તાન પસંદ કર્યું!

આ રોમાંચક નાટકનો છેલ્લો અંક તરત આવી લાગ્યો. એક દિવસ ઓ'બ્રાયને ખૂબ દારૂ ઢીંચ્યો હતો, તે અરસામાં તેની પાસે સાતસો પાઉન્ડ હતા તે ચોરાઈ ગયા. આથી તેને ખૂબ ક્રોધ ચઢ્યો અને ક્રોધના આવેગમાં ને આવેગમાં દારૂની અસર નીચે ૨૨ વર્ષની નાની વયે તા. ૧૬મી જૂન ૧૭૮૩ના રોજ તેનું કરુણ મૃત્યુ નીપજ્યું.

હવે કટોકટીનો પ્રસંગ આવ્યો. ઓ'બ્રાયનના આયરિશો પેલા સુથારને સાથે લઈ શબને દરિયાઈ કબરમાં દફનાવવા નીકળ્યા. સાડા આઠ ફૂટ લાંબી દફનની મજબૂત પેટીમાં શબને પધરાવવામાં આવ્યું. રસ્તો લાંબો હતો, દરિયો દૂર હતો, કેટલાક દિવસની મુસાફરી હતી. ગરમીના દિવસો હતા અને આટલા બોજા અને પ્રવાસના પરિશ્રમથી ડાઘુઓ પરેશાન થતા હતા; પરંતુ તેઓ ઓ'બ્રાયનની છેલ્લી ઇચ્છા બર લાવવા કૃતનિશ્ચયી હતા. રસ્તામાં મુસાફરખાનાં આવતાં ત્યાં તેઓ વિશ્રાંતિ લેતા. એક ઠેકાણે એવું મુસાફરખાનું આવ્યું કે તેના સાંકડા દરવાજામાં દફનની પેટી દાખલ ન થઈ શકી. પેલા સુથારે કહ્યું, કે 'પાસેના ખડાવાડના મકાનમાં પેટી રાખીએ અને તેને તાળું દઈએ.' સૌએ એ સૂચના સ્વીકારી લીધી. આખરે મજલ પૂરી થઈ. બ્રિટનના પ્રખ્યાત આયરિશ રાક્ષસ ઓ'બ્રાયનના

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબની પેટી ૧૨૦ ફૂટ ઊંડા પાણીમાં ડુબાવી દેવામાં આવી. અખબારોએ તેની નોંધ લીધી અને સાથે એ પણ લખ્યું, કે 'શિકારીઓ એટલા ઊંડા પાણીમાંથી પણ શબને બહાર કાઢવા કૃતનિશ્ચયી છે અને એટલે ઊંડે ડૂબકી મારી શકાય એવાં સાધન તૈયાર કરે છે!'

એ શિકારીઓ અને શસ્ત્રવૈદ્યોના પ્રયાસ વ્યર્થ હતા. જોન હંટર પાસે તો એ મગતરાં-જ હતા ને? ઓ'બ્રાયનનું શબ તેની દરિયાઈ કબરમાં ગયું જ ન હતું? ગયાં હતાં કેવળ કફનની પેટી અને પથરા!

જોન હંટરે કફનની પેટી બનાવનાર સુથારને ફોડી રાખ્યો હતો. ઓ'બ્રાયન કરતાં તેની પાસે વધુ નાણું હતું, વધુ લાગવગ હતી, વધુ મક્કમ નિશ્ચય હતો. જ્યારે પેલા ખડાવાડના મકાનમાં કફનની પેટી રાખવામાં આવી ત્યારે સુથારના માણસો તેમાં સંતાયેલા હતા. ત્યાંના મુસાફરખાનાના દરવાજામાં કફનની પેટી દાખલ ન થઈ શકે એવા માપની જ પેટી સુથારે બનાવી હશે, જેથી પેલા ખડાવાડના મકાનમાં પેટી રાખવી પડે અને ત્યાં સુથારના માણસો સંતાયેલા રહે! આ માણસોએ ઓ'બ્રાયનના શબને કાઢી લઈ તેમાં એટલા જ વજનના પથરા મૂકી દીધા! સુથારે ત્યાંથી શબને જોન હંટરના સંગ્રહસ્થાનમાં પહોંચાડી દીધું! હંટરે તેનું વિશ્લેષણ કરીને પોતાની જ્ઞાનજિજ્ઞાસા છિપાવી અને હાડપિંજરને સરખું ગોઠવીને બાંધી લીધું.

રોયલ કોલેજ ઑફ સર્જન્સના સંગ્રહસ્થાનમાં આજે પણ એ રાક્ષસી હાડપિંજર ઊભું છે. જોન હંટરની જ્ઞાન-જિજ્ઞાસાનું એ સ્મારક છે. મનુષ્યો અને વિવિધ પ્રાણીઓના દેહનું વિશ્લેષણ કરીને જોન હંટરે જે સંશોધન કર્યું અને જ્ઞાન મેળવ્યું તેનાં અનેક પુસ્તકો હંટર લખી ગયો છે.

હિંદુસ્તાનની જેમ ઇંગ્લેંડમાં પણ શરીર પર શસ્ત્રક્રિયા કરવાની વિદ્યા મધ્યયુગમાં તબીબો પાસેથી વાળંદ પાસે ચાલી ગઈ હતી. અભણ અને અણઘડ માણસોના હાથમાં એ વિદ્યા હાંસીપાત્ર બની ગઈ. જોન હંટરે એ વિદ્યા પાછી તબીબોના હાથમાં મૂકી. તેણે જુદીજુદી પાંચસો જાતનાં પ્રાણીઓનાં શરીરનું શસ્ત્રક્રિયાવડે વિશ્લેષણ કરીને સમગ્ર સજીવ સૃષ્ટિની શરીરરચના તપાસી હતી! મનુષ્યના કેટલાં શરીર પર શસ્ત્રક્રિયા કરી હશે તેની તો ગણતરી જ થઈ શકતી નથી! તેના સમકાલીનો લખે છે કે 'હંટર ક્યારે ઊંઘતો અને આરામ લેતો હશે તેનું અમને આશ્ચર્ય થયા કરતું; કારણકે મધરાતે પણ અમે તેને અભ્યાસમાં લીન જોતા અને મળસકે પાંચ વાગે પણ અમે તેને અભ્યાસમાં તલ્લીન જોતા! સવારે છ વાગે તો તે શસ્ત્રક્રિયામાં પ્રવૃત્ત બની જતો.'

હંટરે પોતાના સંશોધનકાર્યના પરિણામે જે લખ્યું છે તેનું સાચે જ ગાડું ભરાય. આમાંથી જેટલું સાહિત્ય જળવાયું તેટલું પ્રગટ થયું છે. શસ્ત્રક્રિયા કરવામાં હંટરનાં બે ધ્યેય હતાં: દર્દીને ઓછામાં ઓછું દુઃખ થાય અને ઓછામાં ઓછી વાઢકાપ કરવી પડે. તેણે શસ્ત્રક્રિયામાં જે નવીન રીતો દાખલ કરી છે તેથી અનેક માણસો યાતનામાંથી, ખોડખાંપણમાંથી અને મૃત્યુમાંથી પણ ઊગરી ગયા છે. માનવસમાજ હંટરનો અત્યંત ઋણી છે.

જોન હંટર તેના જમાનાનો સૌથી મહાન શસ્ત્રવૈદ્ય હતો. કોઈ માન એવું ન હતું કે જે તેને ન મળ્યું હોય, કોઈ ઉપાધિ એવી ન હતી કે જે તેને ન મળી હોય. તદ્વિદોની સંસ્થાઓ હંટરને માનનીય સભ્યપદ આપવામાં પોતાને માન મળ્યું સમજતી. તેના કાળમાં તે યુરોપમાં ખ્યાતનામા વિદ્વાન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર તબીબ અને શસ્ત્રવૈદ્ય તરીકે જ નહિ પણ પ્રાણીશાસ્ત્રી તરીકે પણ હંટરે ખૂબ જ ખ્યાતિ મેળવી છે. પ્રયોગો માટે તે પોતાના સંગ્રહસ્થાનમાં જે પ્રાણીઓ રાખતો તેમાં દીપડાથી માંડીને મધમાખીઓ સુધી-નો સમાવેશ થઈ જાય છે. એક વખત તેને એક વિકરાળ ગોધા સાથે દ્વંદ્વયુદ્ધ કરવું પડ્યું હતું અને બીજી વખત તેનાં કૂતરાં ઉપર તૂટી પડેલા બે દીપડાને પગ પકડીને તેણે પાછા ખેંચી પાંજરામાં પૂરી દીધાં હતા!

હંટર બેઠા બાંધાનો, બળવાન અને સ્ફૂર્તિવાળો માણસ હતો. તેણે લશ્કરમાં પણ નોકરી કરી હતી અને યુદ્ધમાં વિવિધ શસ્ત્રોવડે થયેલા જખમો કેમ રુઝાવવા અને તેમના પર કેમ શસ્ત્રક્રિયા કરવી તેને વિષે ખૂબ સંશોધન કર્યું હતું. તેનો જન્મ ઈ. સ. ૧૭૨૮માં થયો હતો અને ઇ. સ. ૧૭૯૩માં ૬૫ વર્ષની વયે એનું અવસાન થયું. તેણે પોતાના વસિયતનામામાં લખ્યું હતું: 'મારો સંગ્રહ બ્રિટિશ સરકારને વેચાતો આપવો.'

બ્રિટનના વડા પ્રધાન પિટને જ્યારે આ વિષે કહેવામાં આવ્યું ત્યારે એ યુદ્ધખોર મુત્સદ્દી બોલી ઊઠયો: 'શું? આવો સંગ્રહ ખરીદું? મારી પાસે તોપખાના માટે દારૂ ખરીદવા પણ પૂરતું નાણું નથી!' તેણે ઉદારતા બતાવીને હંટરની વિધવાને બે વર્ષ માટે જિવાઈ બાંધી આપી!

છેવટે લૅાર્ડ ઑકલૅન્ડની સમજાવટથી બ્રિટિશ સરકારે ૧૭૯૬માં પાર્લામેન્ટ પાસે ખરડો રજૂ કરીને તેની મંજૂરી માગી. પાર્લામેન્ટે છેક ૧૭૯૯માં પંદર હજાર પાઉન્ડ મંજૂર કર્યા અને બ્રિટિશ સરકારે હંટરનો અમૂલ્ય સંગ્રહ ખરીદી લઈને શસ્ત્રવૈદ્યોના મંડળને રાષ્ટ્રના ઉપયોગ માટે ભેટ આપ્યો. ઈ. સ. ૧૮૦૦માં આ મંડળ રૅાયલ કૅાલેજ ઑફ સર્જન્સના નામે ફરી ગયું. આમ કોઈ પણ દેશને ગૌરવ આપે એવો અમૂલ્ય સંગ્રહ બ્રિટિશ રાષ્ટ્રની માલિકીનો બની ગયો અને ગયા વિગ્રહમાં જર્મનોના બૅામ્બમારામાંથી જે કંઈ બચ્યું તેને બ્રિટને જતનપૂર્વક જાળવી રાખેલ છે.

★

હિંદની મુસાફરી કરનાર અમેરિકાનો એક મોટો વેપારી હિંદને ઠપકો આપે છે: 'તમારે ત્યાં ઘણા તહેવારો અને રજાઓ આપવામાં આવે છે, તેથી માલ પેદા કરવામાં તે અડચણ-રૂપ થાય છે. દુનિયામાં આવું કોઈ સ્થળ નથી.

નીચે પ્રમાણેના આંકડા તપાસો.

રવિવાર	૫૨
શનિવાર (અડધા)	૨૬
હક રજા	૩૩
માંદગીની રજા	૨૦
અકસ્માતની રજા	૧૫
સરકારી તહેવારો	૨૦
	૧૬૬

એટલે ફક્ત ૧૯૯ દિવસ કામ તે કરે છે. હવે તો ખ્રિસ્તીઓનું રાજ્ય નથી તો શા માટે રવિવાર પાળવામાં આવે છે? આવા આળસુ દિવસો પછી તમો જીવનધોરણ શી રીતે ઊંચે લાવી શકવાના?'

ઉત્પાદકોએ આ શોધ વિચારવા જેવી ખરી!

×

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂરદાસનાં પદો

યશોદાવિરહ

લેખક :
શ્રી પુરુષોત્તમ ભટ્ટ
હિંદી સાહિત્યરત્ન, રાષ્ટ્રભાષારત્ન

ઘોર અંધારછાયી ભેંકારતી રાતે સાચી મા છોડી અપર માતાના લાલ બનનાર શ્રીકૃષ્ણનું આખુંય બાળપણ યશોદાજીને ત્યાં વીત્યું. એ સમયનાં એમનાં બાળક્રીડાઓ ને વિવિધ પ્રકારની લીલાઓની સ્મૃતિ શ્રીકૃષ્ણ જતાં યશોદાજીને કેવી ડંખી હશે? એ હૃદયની આર્દ્રતા, તીવ્રતા, સંવેદના તો બીજી યશોદા જ આપી શકે. તેમ છતાં હિંદીના વિખ્યાત ભક્તકવિ સૂરદાસે જાણે યશોદાના હૈયાના સુકોમળ ભાવો પોતાની વાણીમાં આબેહૂબ ઉતાર્યા છે. પુત્રવત્સલ સનાતન માતાનો એમાં જે રણકો સંભળાય છે એનો અહીં આછો પરિચય કરાવવામાં આવ્યો છે.

પ્રત્યેક દેશના સાહિત્યમાં વિરહનું અદ્વિતીય સ્થાન છે. રસશાસ્ત્ર પ્રમાણે તો વિરહ એ શૃંગારનો એક ભાગ છે. રસરાજ શૃંગારની શોભા વિરહથી જ છે. સ્વાભાવિક રીતે વિરહનું વર્ણન પ્રિય-પ્રિયતમા વચ્ચે વિશેષ વ્યક્ત થયું છે. પરંતુ વાત્સલ્યની માફક સાત્ત્વિક વિરહને સુંદર રૂપે, અનોખી રીતે વ્યક્ત કર્યો સૂરદાસે. તુલસીએ રામ-વનવાસ પ્રસંગે યોજેલા વિરહ કરતાં સૂરે આમાં માતાના હાર્દને વધુ તીવ્ર ને લાક્ષણિક રીતે વ્યક્ત કર્યું છે. કઈ માતાને પોતાના બાળકની ખોટ નથી સાલતી? લાગણીનું આંતરજીવનમાં અનોખું સ્થાન છે. આપણને જે ભાવોનો તીવ્ર અનુભવ સામાન્યતયા બાહ્ય જગતમાંથી નથી મળતો, તેનો અનુભવ કવિઓ સાહિત્ય દ્વારા આપણા અંતરમાંની અનુભૂતિને જાગૃત કરી કરાવે છે. પ્રેરક સાહિત્ય તેને જ કહેવાય જે અંતરની સુષુપ્ત લાગણીઓને જાગૃત કરે, મનની અનુભૂતિની શક્તિ વધારે ને જીવનને જોતાં ને સમજતાં શીખવે. દુઃખ એ સામાન્ય ભાવ છે. પ્રત્યેકને તેની અસર અનુભૂતિની શક્તિ અનુસાર થાય. શક્તિ તીવ્ર હોવાથી કવિનું હૃદય બીજાના અંતરના દર્દ પ્રમાણે જ સંવેદના અનુભવે ને તેથી જ તેની રચનામાં સ્વાભાવિકતા ને તીવ્રતા, વેદના, ઊર્મિ—બધું જ રમ્ય રીતે વ્યક્ત થાય છે. આપણે બીજાને દુઃખી થતા જોઈએ તો આપણને દુઃખ જરૂર થાય, પણ અંતરાત્મા જાગે નહિ. પણ દુઃખનું કારણ, તેની મર્યાદા, અસર, તીવ્રતા—બધું જ જાણવા મળે તો તો આપણે રામ જાગી ઊઠે જ ને આપણે પણ તેના પ્રત્યે અનુકંપા ધરાવતા થઈ જઈએ. કવિઓએ વિરહ વ્યક્ત કરીને ઊર્મિઓને એકલી બહેલા-વવાની જ વૃત્તિ ન રાખી. આપણામાં તેને સમજવાની શક્તિ પ્રેરી તેને સાહિત્ય રૂપે અમર કરી ગયા.

સૂરદાસની બહુમુખી પ્રતિભા રાધા-કૃષ્ણના અભિસાર ને વિરહ સુધી જ ન... તેમાં તો યશોદાના હૃદયદ્રાવી વિરહનું ... અદ્ભુત સ્થાન છે. કૃષ્ણ ને બળરામ કંસના તેડાવ્યા મથુરા જાય છે. નંદબાબા તેમને મૂકવા જાય છે. યશોદા ધારે ... કે નંદ પાછા આવતાં બાળકોને ... આવશે, પણ નંદને એકલા જ પાછા આવતા જોતાં મનમાં ધ્રાસકો પડે છે. પણ મન... એમ કલ્પના કરે છે, કે કદાચ રમતિયાળ ... એટલે પાછળ આવતા હશે. પરંતુ જ્યારે ... કોઈને ય આવતા જોતી નથી ત્યારે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૫૦]

અત્યાર સુધી ધરેલી ધીરજ એકદમ લાગણી-ના પૂરમાં તણાઈ જાય છે ને મનની સ્વસ્થતા ચાલી જાય છે. હૈયું હાથમાં રહેતું નથી એટલે-

जसोदा कान्ह कै बूझै ।
छूटि न गई तिहारी चारौं, कैसे मारग सूझै ॥
इह तनु जरो जात बिन देखे, अब तुम दीनों फूँक ।
यह छतियाँ मेरे कुँवर कान्ह बिनु फटि न गई द्वै टूक ॥
धिक तुम, धिग ये चरन अहो पति, अध बोलत उठि धाये ।
सूर, स्याम-बिछुरन की हम पै देन बधाई आये ॥

અર્થ: યશોદાએ કૃષ્ણ–બળરામને ન જોતાં જ પ્રશ્ન કર્યો, ક્યાં ગયો મારો કનૈયો ? તમને એકલા રસ્તો કઈ રીતે સૂઝ્યો ? તમારાં જ્ઞાન ને ચર્મચક્ષુ (चारौं) અંધ ન થઈ ગયાં ? એક તો શરીર તેને વિના મારે બળતું જ હતું તેમાં તમે ફૂંક મારી. અરેરે ! આ કઠોર છાતી કૃષ્ણ વિના ફાટી કેમ ન પડી ? ધિક્કાર છે તમને ને તમારા પગને, જે પૂરીપૂરી વાત કર્યા વિના પાછા સૂરદાસના શ્યામવિરહની વધાઈ ખાવા આવ્યા.

સામાન્ય રીતે કોઈ પણ આર્ય સ્ત્રી પોતાના પતિને કઠોર વચન કહેતાં ખચકાય, પરંતુ ભાવાવેશ કોઈની મર્યાદા ન રાખે એ પણ સ્વાભાવિક છે. સૂરદાસે યશોદાની આ ધૃષ્ટતા બતાવીને ખરેખર માતૃહૃદયની વિહ્વળતા દુઃખ જ તીવ્ર બનાવી દીધી છે. બાળકને જરા પણ સૂનું ન મૂકનારી માતા બાળક નહિ આવે એવી કૂડી વાણી સાંભળે તો તેનું હૈયું ફાટી જ પડે ને ! માતાના ચિંતાતુર મનમાં નંદની અપશુકનિયાળ વાણી બળતામાં ઘી હોમે છે ને વિરહનો ભારેલો અગ્નિ અતિ તીવ્ર બની માતૃહૃદયની સ્થિતિ કરુણ કરી મૂકે છે. નંદ તો કહીને ચાલ્યા ગયા, પણ યશોદાનું હૃદય ? પ્રત્યેક કાર્યનો સાથી કૃષ્ણ માતાને કેમ યાદ ન આવે ? શી રીતે ભુલાય એ મનમોહન કૃષ્ણ ? સ્મૃતિ વધુ દુઃખદાયી બને જ્યારે પ્રિયમાત્રને ગમતી વસ્તુ તેની ગેરહાજરીમાં આપણી સમક્ષ આવે. યશોદાનું પણ તેમજ થાય છે. કૃષ્ણને ખાવા લાયક માખણ જોતાં જ—

जदपि मन समुझावत लोग ।
सूल होत नवनीत देखिकै मोहन के मुख जोग ॥
निसि बासर छतियाँ लै लाऊँ बालक लीला गाऊँ ।
वैसे भाग बहुरि फिर ह्वै हैं कान्हैं गोद खिलाऊँ ॥
प्रात–समय उठि माखन–रोटी को बिन माँगे दै है ।
को मेरे बालक कुँवर कान्हको छन–छन आगो लै है ॥
कहियो जाय पथिक, घर आवैं राम–स्याम दोउ भैया ।
सूर, स्याम कत होत दुखारी जिनकैं मो सी मैया ॥

અર્થ: લોકો તો મનને જેમ તેમ કરીને સમજાવે છે, પણ મને તો કૃષ્ણને ખાવાલાયક માખણ જોઈને દુઃખ થાય છે. એવો દિવસ ક્યારે આવે કે હું રાતદિવસ તેને છાતીએ લગાડું ને બાળલીલા ગાઉં, વળી ગોદમાંય રમાડું. અરે ! સવારમાં તેને ઊઠતાં વેંત જ માખણરોટી જોઈએ છે તે કોણ વગર-માગ્યે આપશે ? (તે તો એવો હઠીલો છે કે માગશે જ નહિ.) વળી મારા કુંવરકનૈયાની વારંવાર કોણ સંભાળ લેશે (તે તો બહાર જતો રહે તેવો છે.)? હે પથિક, મથુરા જઈને કહેજો કે બંને ભાઈઓ ઘેર આવે, મારા જેવી મા બેઠી છે ને શા માટે દુઃખ ભોગવે ?

માતૃહૃદયની ઉત્કૃષ્ટ લાગણીઓનું પ્રતિબિંબ છે ને આ પદમાં ? મા વિના બાળકની ટેવોને પોષે કોણ ? કૃષ્ણના પ્રિય માખણને જોતાં યાદ આવે છે કે કૃષ્ણ કેવો આડો થઈ ને માખણ માગતો ! હવે આ કોને ખવડાવું ? આ સાંભળતાં કેટલું દુઃખ થાય છે માના કોમળ હૃદયને ? તેને ટિકાવીને માખણ આપતી તે પ્રસંગની સ્મૃતિ તાજી થતાં જ ફરી તેને રમાડવાની વૃત્તિ થઈ આવતાં મન ઝાલ્યું રહેતું નથી. હઠીલો કૃષ્ણ ઊઠતાં-વેંત માખણ ખાતો (માગ્યા વગર છાનોમાનો), પણ ત્યાં થોડું જ તેનાથી આવું થવાનું છે ? બિચારો શરમાઈને ગૂંચવાઈ જતો હશે. તે તો પાછો બહુ નટખટ છે, તેની

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ વારંવાર સંભાળ લેશે ? छन-छन आगो लैह ॥ કેટલી આતુરતા છે ! માનું હૃદય કેટલું સરળ છે ! તેને લાગે છે કે કૃષ્ણ નકામા ત્યાં પડી રહ્યા છે. માનો દૂત મેઘદૂતની વિરહિણી જેવો કે પ્રિયપ્રવાસની રાધાના પવનદૂત જેવો નથી. તેનો દૂત અવારનવાર જતો પથિક છે. તે પ્રત્યેક પથિક સાથે સંદેશો કહેવડાવે છે એ ઓછી મનોવેગની તીવ્રતા નથી ! બાળકોને ઘેર બોલાવવાની ઘણી તીવ્ર ઉત્કંઠા છે, પરંતુ જવાબમાં હમણાં કૃષ્ણ ઘેર નહિ આવે એમ સાંભળતાં હૈયાને મહાકષ્ટે સાચવી રાખે છે; પણ અધીરાઈ ઓછી નથી થતી. દેવકીને સંદેશો કહેડાવે છે. પ્રત્યેક માતા પોતાના બાળકને વિદેશ મોકલતાં (બીજાને હાથ સોંપતાં) જે દુઃખ અનુભવે છે તેનો અહીં તાદૃશ ને મનોવૈજ્ઞાનિક ચિતાર આપ્યો છે. યશોદા કહેવડાવે છે કે 'તેની ખરી માતા તો તું છે. મેં તો ફક્ત તેને ઉછેરીને મોટો કર્યો છે. પણ મારા જેટલી તેની ટેવોથી તું વાકેફ નથી, જો કે થોડી ઘણી છે, પણ મારાથી કેટલીક ટેવો કહેવાઈ જાય છે:'

संदेसो देवकीसों कहियौ
हैं तौ धाय तिहारे सुतकी, मया करति नित रहियौ ॥
जदपि टेव जानत तुम उनकी, तऊ मोहिं करि आवै ।
प्रातहिं उठत तुम्हारे कान्हहिं माखन-रोटी भावै ॥
तेल उबटनो अरु तातो जल देखत हीं भाजि जाते ।
जोइ-जोइ माँगत सोइ-सोइ देती क्रम-क्रम करिकै न्हाते ॥
सूर, पथिक सुनि मोहिं रैनदिन बढ्यो रहत उर सोच ।
मेरी अलक लडै तो मोहन ह्वै है करत संकोच ॥

અર્થ: દેવકીને સંદેશો કહેજો 'હું તો તારા પુત્રની ધાવ છું એટલે મારા પર હમેશાં કૃપાદૃષ્ટિ રાખજો. જો કે તું તેની ટેવોથી વાકેફ છે (કારણકે તું તેની જન્મદાત્રી છે) છતાં ય કેટલીક ખાસ ટેવો કહ્યા સિવાય રહેવાતું નથી. તારા કૃષ્ણને સવારમાં ઊઠતાં-વેંત માખણરોટી ખાવાનું ગમે છે. પણ તે તેલ, ચંદનલેપ ને ગરમ પાણી જોતાં જ નાસી જાય છે. તેને નવડાવવા માટે તે જે માગે તે આપી ધીરેધીરે ફોસલાવીને નવડાવવો પડે છે. હે પથિક સાંભળો, મને હમેશાં એ જ વાતનો સંતાપ રહ્યા કરે છે; મારો લાડિલો મોહન ત્યાં સંકોચનો માર્યો ચોક્કસ સૂમ થઈને બેસી રહેતો હશે-તેને પરાયું લાગતું હશે.

માતાની ભાવુકતા બાળકની દિનચર્યા સંભાળીને વધુ કરુણતા ધારણ કરે છે. યશોદાને લાગે છે, કે કૃષ્ણને ત્યાં પરાયું લાગતું હશે. તે ઓછા દેવકીને માતા માનવાનો હતો ? તેથી તે દેવકીને ભલામણ કરે છે કે કૃષ્ણને પરાયું ન લાગે. તે માટે તે તેની ખાસિયતો કહી સંભળાવે છે. પ્રત્યેક માતાને પોતાના બાળકની ખાસિયતો પર ભાર દેવાનું ખાસ મન હોય છે જ. કૃષ્ણની સામાન્યતા જરા ય ભુલાય તેવી નથી, કારણ તેઓ પણ સામાન્ય બાળકની માફક જ ગરમ પાણી, તેલ વગેરેથી ડરતા ફરે છે. ક્યા બાળકને વાળ હોળવા મનાવવું નથી પડતું ! માતૃહૃદય એવું કૂણું હોય છે, કે તેમાં સામાન્ય ઘટના પણ ભારે મહત્ત્વ મૂકી જાય છે. કૃષ્ણ, યશોદાને માતા માને છે એ યાદ આવતાં જ તે કૃષ્ણના દિલના ભાવ સુધી પહોંચી જાય છે, કે કૃષ્ણને ત્યાં પરાયું લાગતું હશે. કેટલી સ્વાભાવિક કલ્પના છે ! કૃષ્ણવિરહનું સાચું દુઃખ તો 'मया करति नित रहियौ' અને 'तिहारे सुतकी' તેમજ 'तुम्हारे कान्हहिं' પરથી જ સ્પષ્ટ થાય છે. હું તો તારા પુત્રની ધાવ છું. મારાથી થોડો જ તારા જેવો વાત્સલ્યપ્રેમ રાખી શકાવાનો હતો ? એવી ઉક્તિ દ્વારા મનની ઉત્કટ વેદના ને પરોક્ષ રીતે રજૂ કરે છે. આપણી પાસેથી કોઈ વસ્તુ ખેંચી લેવામાં આવે અને આપણે તે પાછી મેળવવા અસહાય હોઈએ છતાં ય ઘોલ મારી ને મોં લાલ રાખવું પડે, ને હું લીધી એમ માનવું પડે. માતૃહૃદયની કરુણતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે આ પંક્તિઓમાં ભારોભાર ભરી દીધી છે. માતાને બાળકની યાદ આવ્યા જ કરે છે. માનવનો સ્વભાવ જ એવો છે કે તે પોતાની અસહાય સ્થિતિ માટે લાંબો વિચાર કરે તો તેને પોતાનો વાંક જ દેખાય યા કલ્પી છે. યશોદા પણ પોતાની કૃષ્ણદર્શનની અસહાયતા માટે એવી જ રીતે પોતાના વાંક શોધવા સ્મૃતિભંડાર શોધી વળે છે. મા બાળકને શીલ, સંસ્કાર ને વિનય આપે છે. એટલે કદિક શુભ આશયથી શિક્ષા ય કરવી પડે. કૃષ્ણને સજા કર્યાનો પ્રસંગ યાદ કરાવીને સૂરે યશોદાના દિલની લાગણીઓનો અમાપ સમુદ્ર ઊભરાવ્યો છે. કૃષ્ણ ચોરી કરતાં પકડાયેલા ત્યારે યશોદાએ મારેલા, પરાણે ગાયો ચરાવવા મોકલેલા, તેને એવા અનેક પ્રસંગોની યાદ આવે છે એટલે તો એમ જ થાય છે કે ચોક્કસ મારો લાડલો કૃષ્ણ મારાથી રિસાઈ ગયો છે. બિચારી ભોળી માતા!

मेरो कान्ह कमल दल लोचन ।
अबकी बेर बहुरि फिरि आवहु, कहा लगे जिय सोचन ॥
यह लालसा होति हिय मेरे, बैठी देखति रै हौं ।
गाइ-चरावन कान्ह कुँवरसों भूलि न कबहूँ कै हौं ॥
करत अन्याय न कबहूँ बरजिहौं, अरु माखनकी चोरी ।
अपने जियत नैन भरी देखौं हरि-हलधरकी जोरी ॥
एक बेर ह्वै जाहु यहाँ लौं, मेरें ललन कन्हैया ।
चारि दिवसहीं पहुनइ कीजौ, तलपति तेरी मैया ॥

અર્થ: મારા કમળનયન કૃષ્ણ! હવેની વેળા બહુ ફેરા જાઓ. શા માટે મનમાં ઓછું લાવો છો? મારા મનમાં એમ થાય છે કે બસ તમને બેસીને જોયા જ કરું (નજર આગળથી કદી દૂર ન કરું). હવે હું તને ભૂલથી ય કદી ગાય ચરાવવા જવાનું નહિ કહું કે અન્યાય કરતો કે માખણની ચોરી કરતો રોકીશ નહિ. મારા જીવતાં હરિહળધરની જોડીને મન ભરીને જોઉં એવી ઇચ્છા થાય છે. તો મારા લાલ! એકવાર અહીં સુધી આવી જાવ. તમારી મા તમારાં દર્શન માટે તલસે છે (તો એમ માનીને પણ આવો). ભલે ચાર દિવસ મહેમાન બન્યા'તા!

અહીં માતા પોતાના ઉપર દોષ વહોરી લે છે. માતૃહૃદયની આર્દ્રતાનું શિષ્ટ અને સ્પષ્ટ પ્રતિબિંબ અહીં મળે છે. તારે જે કરવું હોય તે કરજે, પણ મારા મોં આગળ રહીશ એટલે બસ. હું તને જરા ય લડીશ નહિ. આ બધાં પ્રાયશ્ચિત્તસૂચક વાક્યોની ભાવુકતા હૃદયની વ્યાકુળતા બતાવે છે. માના મનમાં ભયંકર મંથન ચાલે છે. શું કરે બિચારી! છેવટે થાકે છે. વિધિથી કોણ નથી હાર્યું? તો એમ ડૂબતાં તરણું પકડવા યત્ન કરે છે કે હમેશાં ન રહો તો કંઈ નહિ પણ થોડો વખત તો આવી જાવ-જાણે મહેમાન બન્યા'તા. માતૃહૃદયની આતુરતાની પરાકાષ્ઠા બતાવી છેને સૂરે! પોતાના બાળકને પરાયું બનતું કઈ માતા જોઈ શકે? યશોદાને એ દુઃખ આકરું પડે જ ને? વિરહાવસ્થામાં સ્મૃતિજનિત દુઃખ સ્વનિંદા પ્રેરે છે, એનું ઉત્તમ ઉદાહરણ સૂરે રજૂ કર્યું છે. હૃદયની તીવ્રતા, ઉત્કંઠા, કોમળતા, કરુણતા અને વાત્સલ્યના ભાવોમાં સૂરની બરાબરી કોઈ જ કરી શકે તેમ નથી. માનું દુઃખ ઘેરું થતું જાય છે. દર્શનની લાલસા મનની બળતરાને વધુ ગતિ આપે છે. ને તેને એના એ જ વિચારો વધુ ને વધુ ગૂંચવે છે. શ્યામ રિસાયો ન હોય તો આવું ન કરે એ માન્યતા દૃઢ થતી જાય છે, તેથી તો–

कहियौ स्यामसों समुझाइ ।
वह नातो नहीं मानत मोहन मनों तुम्हारी धाइ ॥
एक बार, माखनके काजें राख्यौं मैं अटकाइ ।
वाको बिलगु मानो जिनि मोहन, लागति मोहि बलाइ ॥
बारहि बार यहै लव लागी, गहे पथिक के पाँइ ।
सूरदास, या जननींकौ जिय राखौ बदन दिखाइ ॥

અર્થ: હે પથિક! કનૈયાને સમજાવીને કહેજો. હું તારી ધાવ છું એવો સંબંધ તું નથી માનતો (તે જાણું છું). પરંતુ એકવાર માખણ ખાતાં મેં તને અટકાવ્યો હતો, તેનું હે મોહન જરા ય ખોટું ન લગાડશો.

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારંવાર આવું કહીને પથિકના પગ પકડીને વીનવે છે કે તમારી માને એકવાર દર્શન દઈને તેનું મન રાખો.

રિસાયેલા કૃષ્ણની કલ્પના કરીને મા પોતાના મનને વિહ્વળ બનાવી દે છે. માને તો બસ 'लागी लगन पदपावन की' કૃષ્ણદર્શન સિવાય બીજું કંઈ જોઈતું જ નથી. કલ્પના જરા ય બેહૂદી નથી. કૃષ્ણનું રિસાવું એ કલ્પના જ માના દિલને વીંધી નાખે છે. એ દુઃખની મારી પશ્ચાત્તાપની લાગણીથી પથિકના પગ પકડે છે—ફક્ત એટલા જ માટે કે પાથક કૃષ્ણને સંદેશો કહે ને વીનવે. ભાવુકતા ભરી દીધી છે આ પદમાં નહિ? મનોવિજ્ઞાન અનુસાર એક વિચાર બીજાનો પ્રેરક છે. માતાને ઘરમાં-ની વસ્તુઓ જોતાં જ વિચાર આવે છે કે કાનકુંવર હોય તો શું આ બધું આવું પડી રહ્યું હોય? પ્રત્યેક વિચાર, કલ્પના કે દૃશ્ય વિરહની માત્રામાં ઉમેરો કરે છે. સૂરે માતાના મનના સૂનાપણાને તેમજ લાગણીના પૂરને નીચેના પદમાં વિશિષ્ટ રીતે વ્યક્ત કર્યું છે:

मेरे कुँवर कान्ह बिन सब कुछ वैसोइ धर्यौ रहै ।
को उठि प्रात होत लै माखन को कर नेत गहै ॥
सूने भवन जशोदासुतके गुनगुनि सूल सह ।
दिन उठि घेरत हीं घर ग्वारिनि उरहन कोउ न कहै ॥
जो या ब्रज में हो आनँद सो मुनि मनसहुँ न गहै ।
सूरदास, स्वामी बिनु गोकुल कौडी हूँ न लहै ॥

અર્થ: મારા કુંવરકનૈયા વિના બધું એમનું એમ પડી રહ્યું છે. તેના વિના સવાર થતાવેંત ઊઠીને કોણ હવે રોજ માખણ માટે નેતરાં લેશે? કૃષ્ણનું ભવન તેના વિના સૂનુંસૂનું લાગે છે. જેમ ગુણ યાદ આવે છે તેમ વધુ દુઃખ થાય છે. તે હતો ત્યારે તો રોજ દિવસ ઊગતા ગોવાળણો ઘરને ઘેરી વળતી. હવે તો કોઈ મહેણાં મારવા ય નથી આવતું. ને તેની હાજરી-માં જે આનંદ વ્રજમાં થતો તેવો તો મુનિઓને ય ન મળતો. હવે તેના વિના ગોકુળની કોડી ય કિંમત ન રહી.

વિરહતપ્ત માનું હૃદય કૃષ્ણના ક્રીડાભવનને સૂનું જોતાં વધુ દુઃખી થાય છે. સ્મૃતિમાંથી કૃષ્ણ ને તેની ક્રીડા જરા ય ખસતી નથી. રોજ કૃષ્ણ ગોવાળણોને ઘેર જઈ તોફાન કરી આવતો, કોઈનાં વાછરડાં છોડી મૂકતો, તો કોઈની માખણની દોણી ફોડી નાખતો. તે બદલ ગોપીઓ યશોદાને 'महरि तु बडी कृपन है माई' કહેતી ને મેણાં મારતી. હવે તો તેમાંથી કોઈ દેખાતું નથી. પ્રતિદિન થતી ક્રિયામાં જ્યારે વિક્ષેપ પડે છે, ત્યારે જ તેનું મહત્ત્વ સમજાય છે. પ્રત્યેક દૈનિક કાર્ય પર કૃષ્ણનો ઉપસંહાર રહેતો. તે ન રહેતાં કેટલું બધું લાગી આવે? કૃષ્ણના ગુણ યાદ આવતાં માનસિક દુઃખની માત્રા પરાકાષ્ઠાએ પહોંચે છે. પછી ગોકુળની કિંમત કોડી કરતાં વધારે શી રીતે હોય? મુનિઓને દુર્લભ આનંદનો સર્જક અને અત્યારના હૃદયવિદારક વિરહનો ય સર્જક કૃષ્ણ જ છે. તેની યાદમાં મા સ્વત્વ ભૂલી જાય છે. તેને મન બાળકનાં પરાક્રમ મહત્ત્વનાં નથી. તેને તો તેનું દર્શન જ મુખ્ય આવશ્યક છે. એટલામાં તેનું મન દેવકીની ને પોતાની પરિસ્થતિ વિચારે છે. દૃશ્ય તફાવત તેમની આર્થિક સ્થિતિમાં લાગે છે. એટલે તે અતિ નમ્ર થઈ કહે છે:

जो पै राखति हौ पहिचानि
तौ बारेक मेरे मोहनेकौ मुख देहु दिखाई आनि॥
तुम रानी वसुदेवगिरहिनी हम अहीर ब्रजबासी।
पठै देहु मेरे लाल लडै तौं, वारौं ऐसी हाँसी॥
भली करी कंसादिक मारे, अवसर-काज कियो।
अब इन गैयनि कौन चरावै भरि-भरि लेत हियो।
खान-पान परिधान राज-सुख केतोउ लाड लडावै।
तदपि सूर मेरो अति बालक माखनहीं सचु पावै।

અર્થ: જો પરથી ઓળખાણ રાખો છો તે બાળક મોહનને મુખ દેખાડવા આવવા દેજો. તમે તો વસુદેવનાં ગૃહરાણી છો અને અમે તો વ્રજનાં આહીર છીએ. આવી મશ્કરી કૃપા કરી છોડી દો ને મારા લાડલાને મોકલી દો તો સારું. તેણે કંસ વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

માર્યા તે તો સમયાનુરૂપ થયું; પણ અહીં આ ગાયોને કોણ ચરાવશે એ વિચારે હૈયું ભરાઈ જાય છે. તમે કૃષ્ણને ખાવાપીવાને પહેરવાઓઢવામાં રાજા જેવું સુખ આપો કે ગમે તેટલાં લાડ લડાવો પણ મારા બાળકને તો માખણ ખાધે જ શાંતિ વળવાની.

આ પદમાં વિરહ જરા શમ્યો છે. દુઃખની ઘેરાશ ને નિરાશાનું મોજું અસર કરી જાય છે. કેટલા ય સંદેશા મોકલવા છતાં કૃષ્ણ ન આવવાથી મન ઉદાસીન છતાં ય આશાવાદી રહ્યું છે. પોતાની અસહાયતાનો ડંખ તો ચાલુ જ છે. એટલે તો 'તમે વસુદેવ-રાણી અને અમે આહીર' એવાં વચન યશોદા કાઢે છે; છતાં ય પૂર્ણ નિરાશા નથી સાંપડી. મિલનની આશા બાકી છે. એટલે તો પૂર્ણ નિર્દોષ ભાવે તે કહે છે કે હવે આવી મશ્કરી છોડી દો ને મારા બાળકોને મોકલી દો. તેને મન જેટલી કિંમત ગાયો ચારવાની છે તેટલી કંસને મારવાની નથી. ગાયોને કોણ ચરાવશે? બિચારી નિરાધાર થઈ જશે. એનાથી વધુ દુઃખ થાય છે. કેટલો લાક્ષણિક પ્રશ્ન છે! યશોદાની નિર્દોષતા ને પ્રસંગ અજ્ઞાન સંવેદન જગાવે છે. છેવટે યશોદા હારે છે. વિરહનું દુઃખ સહન નથી થતું. એટલામાં નંદબાબા આવે છે. એટલે આખો ય મનનો ઉકળાટ તેમના પર કાઢે છે ને કહે છે 'હું તો આ ચાલી મારા લાડલા પાસે.'

नंद ब्रजलीजे ठोंक बजाय। કહી જવાની એષણા વ્યક્ત કરે છે. સાત્ત્વિક વિરહનાં આ પદોમાં સૂરની પ્રતિભા માના ભાવોમાં ખૂબ જ રમ્ય અને સંવેદનાપૂર્ણ રીતે વ્યક્ત થઈ છે. યશોદાની સાથે આપણે પણ આ જુગલ-જોડીનાં દર્શન કરવા આતુર થઈ જઈએ છીએ ને! હૃદયમાંથી યશોદા માટે આશ્વાસનનો સૂર નીકળી જ આવે છે. હરિઔધજી રચિત પ્રિયપ્રવાસમાં યશોદાનું ચરિત્ર વધુ તાર્કિક છે. તે ખૂબ વલોપાત કરે છે, પણ સૂરની યશોદા મનમાં જ વિરહાગ્નિથી બળ્યા કરે છે. સૂરની યશોદાના હૃદયની સરળતા પ્રિયપ્રવાસની યશોદામાં નથી. સૂરની યશોદા—

प्रियपति वह मेरा प्राणप्यारा कहां है ?
मुज जलनिधि-डुबीका वह सहारा कहां है ?
लरव मुख जिसका मैं आज लौं जी सकी हूं ?
वह हृदय हमारा, नेत्र-तारा कहाँ है ?

એવું નથી કહેતી. પરંતુ તે તો બિચારી નિઃસહાય છે માટે જ આપણને વધુ અસર કરે છે. સૂરની યશોદામાં તર્ક યા તો સેવાની ભાવના નથી. એ તો ભોળી ને સરળહૃદયા માતા છે. એટલે સૂરનાં પદોમાં એક ખાસ પ્રકારની ભાવુકતા ને સરળતા નજરે પડે છે. પ્રિયપ્રવાસની યશોદા કૃષ્ણના દેખાવ ને રૂપને વધુ મહત્ત્વ આપે છે; જ્યારે સૂરની યશોદા તેનાં કાર્ય જ જુએ છે. સૂર જેટલી પ્રતિભાથી સાત્ત્વિક વિરહ ભાગ્યે જ કોઈ બતાવી શક્યું હશે. એટલે તો સૂરે છેવટે ગાયું છે કે सबसे ऊंची प्रेम-सगाई !

★

એક ગુજરાતી ભાઈ છે. એમણે નામ આપવાની ના પાડી છે એટલે એ છૂપું જ રાખ્યું છે. માથા પર પડતી ટાલનું નિવારણ કરી શકાય એવી એક દવા એમણે શોધી કાઢી છે. આ દવાથી માથે વાળ ઊગે છે. અમેરિકાની એક કંપનીએ એમને લખ્યુ:

'તમારી દવા અકસીર છે. અમને એ પેટંટ વેચો. એના બદલામાં અમુક હજાર ડોલર તમને આપીએ. અને એ દવા 'અમેરિકાની બનાવટ' છે એવું લેબલ પર લખવાની છૂટ આપો.'

આ જમાનામાં મળતા આ દ્રવ્યને લાત મારી એ ગુજરાતીએ જણાવ્યું: 'એના પર માર્કો તો 'ઇંડિયા મેઈડ'નો જ આવવો જોઈએ. તે સિવાય ગમે તેટલા ડોલર મને મળતા હોય તોપણ તે સ્વીકારવા હું તૈયાર નથી!'

×

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખપ્રાપ્તિના ઉપાયો

લેખક:
શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ
એમ. એસ. સી. (લંડન) બાર-એટ-લૉ

અર્થશાસ્ત્રમાં Law of Diminishing Returns–ઘટતા જતા સંતોષનો કાયદો–જાણીતો છે. માણસ ભૂખ્યો હોય એને પહેલાં રોટલાથી જેટલી ભૂખ સંતોષાય તેના કરતાં બીજા રોટલાથી ઓછી સંતોષાય, ત્રીજાથી તેથી પણ ઓછી. જે માણસને ઘર જ ન હોય તેને એક ઓરડાનું ઘર મળે તો અમુક સંતોષ મળે; તે એક ઓરડાના બે ઓરડા થાય તો બીજો ઓરડો મળવાથી જે સંતોષ થાય તે પહેલા કરતાં ઓછો હોય. આ પ્રમાણે વધારે ને વધારે ઓરડા મળતા જાય તો દરેક ઓરડો મળવાથી જે સંતોષ થાય તે આગલો ઓરડો મળવાથી સંતોષ થયો હોય તેના કરતાં ઓછો હોય.

આ જ કાયદો ધનપ્રાપ્તિને કેવી રીતે લાગુ પાડી શકાય તે તપાસીએ. માનો કે એક માણસની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવા એને મહિને બસો રૂપિયાની જરૂર છે. જ્યાંસુધી તેને આ રકમ ન મળે ત્યાંસુધી તે મેળવવા એને સતત પ્રયત્ન કરવાની જરૂર છે, અને દુનિયામાં–અને ખાસ કરીને હિંદુસ્તાનમાં–ઘણાખરા લોકોને આજીવિકાનાં સાધન મેળવવામાં પોતાનો લગભગ બધો સમય ગાળવો પડે છે. પણ જેમની આર્થિક સ્થિતિ આના કરતાં સારી છે, તેમણે લક્ષ્મીની શેહમાં તણાઈ જવાની જરૂર નથી.

અર્થશાસ્ત્રમાં મનુષ્યની ઉપભોગની વસ્તુઓના ત્રણ ભાગ પાડ્યા છે: જરૂરિયાતો (Necessities), સગવડો (Comforts) ને મોજશોખની વસ્તુઓ (luxuries). એક માણસની જરૂરિયાત તે બીજા માણસની સગવડ કે મોજશોખની વસ્તુ હોઈ શકે. દાખલા તરીકે મોટરકાર સામાન્ય માણસ માટે મોજશોખની વસ્તુ ગણાય પણ દાક્તર માટે–ખાસ કરીને વ્યવસાયી દાક્તર માટે–તે જરૂરિયાત જ હોઈ શકે.

ધનનો ઉપયોગ પ્રથમ જરૂરિયાત માટે, પછી સગવડ માટે અને પછી મોજશોખ માટે થાય છે. જે સુખ જરૂરિયાત સંતોષવાથી મળે છે તેથી ઓછું સુખ સગવડ મેળવવાથી થાય છે અને મોજશોખથી તેથી પણ ઓછું સુખ મળે છે.

આ હકીકત જો સાચી હોય તો લક્ષાધિપતિને કરોડાધિપતિ થવાની ધગશ આટલી બધી કેમ હોય છે? ને કરોડાધિપતિને વધારે ને વધારે કરોડ એકઠા કરવાની મહત્ત્વાકાંક્ષા કેમ હોય છે?

પ્રખ્યાત અંગ્રેજ ફિલસૂફ જહોન રસ્કિન 'કાર્ય' અને 'રમતગમત' એ બે વચ્ચેનો ભેદ દર્શાવતાં કહે છે કે 'રમતગમત એ એક એવી પ્રવૃત્તિ છે કે જે આપણે આપણે ને આનંદ આપવા કરીએ છીએ, એમાં કોઈ જાતનું ધ્યેય હોતું નથી; 'કાર્ય' એવી પ્રવૃત્તિ છે કે જે કરવી જ જોઈએ, અને એ કરવામાં ચોક્કસ ધ્યેય હોય છે.'

આ તફાવત બતાવ્યા પછી રસ્કિન કહે છે: 'અંગ્રેજોની મોટામાં મોટી રમત પૈસા મેળવવાની છે. એમાં બધાને ખૂબ રસ પડે છે, અને એ રમતી વખતે ફૂટબોલ કે બીજી કોઈ પણ જોખમવાળી રમત કરતાં વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લોકોને તેમાં પાડી નાખીએ છીએ, અને તે સદંતર અહેતુક છે. ને જે એ રમતમાં ભાગ લે છે તે શા માટે ભાગ લે છે તેની એમને જરા યે ખબર નથી. કોઈ ધનવાન માણસને જઈને પૂછો કે એ પૈસાનું એને શું કરવું છે તો એ જવાબ આપશે કે એને કંઈ જ ખબર નથી. માત્ર મેળવવા ખાતર એ પૈસા મેળવે છે. 'તમે મેળવેલા ધનનો શો ઉપયોગ કરશો?' એમ તમે પૂછશો તો એ કહેશે, 'હું વધારે મેળવવા પ્રયત્ન કરીશ.' જેમ ક્રિકેટમાં ખેલાડીઓ માત્ર વધારે રન કરવાનો પ્રયત્ન કરે છે, આ રનનો ઉપયોગ કશો જ નથી, માત્ર બીજા કરે તેથી વધારે રન કરવા એ જ ઉદ્દેશ છે. આ પ્રમાણે વિચાર કરશો તો તમને જણાશે કે આ મોટું લંડન શહેર કાર્યમાં પ્રવૃત્ત નથી, પણ રમતમાં છે. એ દુઃખથી ભરેલી ને આકરી રમત છે, પણ એને માટે રમત સિવાય બીજો એકે ય શબ્દ વાપરી શકાય નહિ.'

જહોન રસ્કિનને મન આ આખું જગત રમતમાં જ પોતાનો સમય ગાળે છે.

ખૂબ હીરાથી શણગારેલા એક ચીનના ધનવાન માણસને એક સાધુએ પ્રણામ કરીને કહ્યું: 'તમારાં રત્નો માટે આભાર માનું છું.' પૈસાદાર માણસે પહેલાં તો એના તરફ લક્ષ ન આપ્યું પણ જ્યારે સાધુએ ફરીફરીને એ જ પ્રમાણે કહ્યું, ત્યારે પેલા ધનપતિએ પોતાના માણસને પૂછ્યું: 'આ માણસ આમ શા માટે કહે છે? મેં તો એને કોઈ રત્નો ભેટ આપ્યાં નથી.' સાધુએ જવાબ આપ્યો, 'તમે મને રત્નો ભેટ આપ્યાં નથી એ વાત સાચી છે; પણ તે તમે જોવા દો છો તે માટે તમારો આભાર માનું છું. જોવા ઉપરાંત તમે પણ એનો ખાસ વધારે ઉપયોગ કરી શકો એમ નથી; અને વધારામાં, તમારે તો એની સંભાળ રાખવાની પણ તકલીફ લેવાની છે, જ્યારે તેમાંથી હું મુક્ત છું!'

આ દૃષ્ટાંતથી પૈસા કમાવાની વૃત્તિ પાછળનું માનસ સમજાય છે. પૈસા કમાવાથી મનુષ્ય પોતાની અહંતા સંતોષે છે. નહિ તો, દેખાવમાં સુંદર–અતિ સુંદર, પણ ખોટાં મોતીની માળા પહેરવાથી સાચાં મોતીની માળા પહેર્યા જેટલો આનંદ કેમ થતો નથી?

વળી જ્યારે આપણને કહેવામાં આવે છે કે દુનિયાના નવ્વાણું ટકાના લોકોનો ૯૫ ટકા ઉપરાંત કામનો વખત ધનોપાર્જનમાં જ જાય છે ત્યારે એ હકીકત પણ પૂરેપૂરી સાચી લાગતી નથી. દરેક જણ એમ માને છે કે એ સમાજની સેવા કરે છે. જેમ અન્ન આપણને જોઈએ છે ને તે ખાવું આપણને ગમે છે, પણ ખાનપાનને ખાતર આપણી જિંદગી છે એમ આપણે માનતા નથી; તે જ પ્રમાણે પૈસા જરૂરી છે, પણ જીવનનું ધ્યેય સેવા છે; નહિ કે વિત્તોપાર્જન એમ આપણે સમજવું જોઈએ. દાક્તરને એની ફી મળે તે ગમે છે, પણ તેનું ધ્યેય તો દરદીની તબિયત સુધારવાનું છે અને નહિ કે ફી મેળવવાનું. પોતાની ફી મળે પણ દરદી મરી જાય તેના કરતાં પોતાની ફી ન મળે પણ દરદી સાજો થાય એમ દાક્તરની ઇચ્છા વધારે હોય છે.

દુનિયાનાં મહાન કાર્યો પૈસાની લાલચે થયાં છે? બુદ્ધ કે ઇશુ ખ્રિસ્ત ઉપદેશ આપતા હતા તે પૈસા માટે? ગાંધીજીએ આપણને સ્વરાજ્ય અપાવ્યું તે પોતાના લાભ માટે?

જ્યારે મિલ્ટને 'પેરેડાઈઝ લોસ્ટ' નામનું એનું પ્રખ્યાત પુસ્તક લખ્યું કે જેથી શેક્સપિયરથી બીજે નંબરે અંગ્રેજી સાહિત્યમાં એનું સ્થાન ગણાય છે, ત્યારે એની પ્રશંસા થઈ નહોતી; એટલું જ નહિ, પણ તે બહાર પાડવામાં પણ મુશ્કેલી આવેલી. ઘણી મહેનત કરીને ગોલ્ડસ્મિથે 'ટ્રાવેલર'

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને 'ડેઝર્ટેડ વિલેજ' લખ્યાં, પણ તેમાંથી એને બહુ જ થોડા પૈસા મળ્યા હતા. કવિતા-દેવીને સંબોધીને એ કહે છે કે, 'હું પહેલાં ગરીબ હતો, અને તેં મને હમેશ ગરીબ રાખ્યો છે.' પ્રખ્યાત અંગ્રેજી ગદ્યલેખક જહૉન્સનને એનો પ્રથમ શબ્દકોશ છપાવતાં કેટલી મુશ્કેલી પડી હતી?

આપણે ત્યાં તો પહેલેથી જ મનાતું આવ્યું છે, કે શ્રી ને સરસ્વતી 'નિસર્ગભિન્ના' છે. કવિ નર્મદાશંકરે કલમને ખોળે પોતાનું માથું મૂક્યું; પછી એમને ઠીકઠીક ગરીબાઈ સહન કરવી પડી હતી.

સર આઈઝેક ન્યૂટને ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત ચંદ્રને લાગુ પાડવાની શોધ કરી તે માટે એને કેટલા પૈસા મળ્યા હતા? એની આ મહાન શોધ શોધાયા પછી વીસ વરસ સુધી તો તે બહાર પણ પડી ન હતી!

પણ કોઈ કહેશે કે આ તો મોટા માણસો-ની વાત થઈ. દૈનિક જીવનમાં સામાન્ય રીતે પૈસાને જ માટે લોકો કામ કરે છે એ ખોટું છે? દૈનિક જીવનમાં પણ, જ્યારે નાના બાળકને માટે મા ઉજાગરા કરે છે અથવા 'ભીનામાં સૂઈને સૂકામાં સુવાડે છે' કે એવા નાનાનાના પ્રકારના અનેક ત્યાગ કરે છે, ત્યારે તેમાં સેવાનો જ અંશ રહેલો છે. આવી ગુપ્ત સેવાઓ દુનિયામાં પુષ્કળ નજરે પડે છે.

આ બધા ઉપરથી સ્પષ્ટ જણાય છે, કે પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવા જેટલો પૈસો સુખ મેળવવા માટે આવશ્યક છે. તે ઉપરાંત સગવડ ને મોજશોખ માટે થોડો વધારે હોય ત્યાંસુધી તે સુખમાં ઉમેરો કરે છે. પણ બાકીનો બધો પૈસો માત્ર મનુષ્યની અહંતાને જ પોષે છે અને તે સાચા સુખમાં વધારો કરતો નથી.

જ્યારે મનુષ્યની વૃત્તિ સંતોષાય ત્યારે તેને સુખ મળે છે; પણ આપણા માનસની રચના જ એવી છે, કે બધી વૃત્તિઓ સંતોષી શકાય નહિ; કારણકે કેટલીક તો પરસ્પર વિરોધી છે. સામાન્ય રીતે માબાપની ઇચ્છા હોય કે પોતાનો છોકરો નિશાળમાં ઊંચે નંબરે પાસ થાય. પછી કોઈ બીજા છોકરાને સારી રીતે ક્રિકેટ રમતો જુએ તો તરત મનમાં વિચાર આવે કે મારો છોકરો આવી ક્રિકેટ રમે તો કેવું સારું! હવે કેટલાક અપવાદો બાદ કરતાં, સારું ભણનારા છોકરાઓ સારું રમનારા નથી હોતા, તોપણ માબાપને આવી પરસ્પર વિરોધી ઇચ્છાઓ હોય છે. વળી ઘણાં માબાપોની ઇચ્છા હોય છે કે પોતાના બાળકમાં આજ્ઞાપાલન ને શિસ્તપાલન હોય, પણ તે સાથે જો છોકરો બહુ શાંત બેસી રહે તો પોતે જ ફરિયાદ કરે કે છોકરો નમાલો છે.

આપણામાં આવી વિરોધી વૃત્તિઓ ઘણી હોય છે. આપણને મૌનની શાંતિનો આનંદ માણવો છે અને તે સાથે વાર્તાલાપના ઉત્સાહ-નો આનંદ પણ મેળવવો છે. ન્યાયશાસ્ત્રમાં વદતોવ્યાઘાતનો દાખલો છે કે 'અપવાદ વિનાનો એકે નિયમ નથી' એમ કહેવાની સાથે જ અપવાદવિનાનો એક નિયમ કહેવાયો! 'હું હમેશ જૂઠું બોલું છું' બોલનાર વ્યક્તિ તે વખતે સાચું બોલીને પોતાના વાક્ય-નો વિરોધ કરે છે! તે જ પ્રમાણે જ્યારે મનની એક વૃત્તિ સંતોષાય છે ત્યારે આપ-ણને તેનાથી વિરોધી વૃત્તિ સંતોષવાની પણ ઇચ્છા હોય છે. પ્રખ્યાત અમેરિકન માનસ-શાસ્ત્રી વિલિયમ જેમ્સ કહે છે: 'ઘણીવાર એવા પ્રસંગો આવે છે કે ઘણા આદર્શોની ત્યાગ કરીને મનુષ્યને એક આદર્શને વળગી રહેવું પડે છે. જો શક્ય હોય તો એને સુંદર દેખાવના તેમ જ હૃષ્ટપુષ્ટ થવાની ઇચ્છા હોય છે, અને સાથેસાથે સારો પોષાક પહેરનાર, કુસ્તીબાજ અને કરોડાધિપતિ થવાની પણ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છા હોય છે. તે ઉપરાંત રમૂજી, પ્રખ્યાત સ્ત્રીઓમાં આકર્ષક બને એવો તત્ત્વજ્ઞાની, દાની, રાજનીતિજ્ઞ, યુદ્ધકુશળ અને સંત આ બધું એકસાથે થવાની ઇચ્છા છે. પણ આ તદ્દન અશક્ય છે. કરોડાધિપતિનું જીવન સંતના જીવનથી ઊલટું છે; તત્ત્વજ્ઞાનીનું વ્યક્તિત્વ સ્ત્રીઓને મોહ પમાડનાર પુરુષના વ્યક્તિત્વનું વિરોધી છે. જીવનની શરૂઆતમાં આ બધી વૃત્તિઓ હોય છે, પણ પછી એક વૃત્તિ પોષીને બીજી બધી વૃત્તિઓનું દમન કરવું પડે છે.'

આ ઉપરથી સિદ્ધ થાય છે, કે મનુષ્ય સંપૂર્ણ સુખી થઈ શકે નહિ. સુખપ્રાપ્તિ માટે વૃત્તિઓનો સંતોષ થવો જોઈએ અથવા તેનું કોઈક રીતે નિરાકરણ થવું જોઈએ.

માનસશાસ્ત્રીઓએ વૃત્તિઓના નિરાકરણ માટે ચાર રસ્તાઓ શોધ્યા છે: (૧) સંતોષ (અં. સેટીસફેકશન), (૨) બુદ્ધિપૂર્વક સમાધાન (અં. રેશનાલાઇઝેશન), (૩) ઊર્ધ્વીકરણ (અં. સબ્લીમેશન) અને (૪) દમન (અં. રીપ્રેશન). આ રસ્તાઓને વધારે વિગતથી તપાસીએ.

એક ઉદાહરણ લઈએ: એક બાળક માબાપ સાથે બજારમાં ફરતું હોય, ત્યારે તેને ટીકડી લેવાનું મન થાય. જો તેને ટીકડી અપાવવામાં આવે તો તેની ખાવાની વૃત્તિ સંતોષાય. આ પહેલો રસ્તો સંતોષનો. ટીકડી અપાવવાને બદલે પિતા બાળકને સમજાવે કે ટીકડીથી શરીરને કંઈ જ સત્ત્વ મળતું નથી. એને બદલે ઘેર જઈને મગજ ખાધો હોય તો વધારે સારું, ને બાળક સમજી જાય તો વૃત્તિનું બુદ્ધિપૂર્વક સમાધાન થયું ગણાય. અથવા પિતા એમ સમજાવે, કે આપણે તો ઘણીવાર ટીકડી લઈએ છીએ, પણ ગરીબ બાળકોને તે મળતી નથી, માટે આપણે લઈને એમને આપીએ તો કેવું સારું! અને બાળક આ પ્રમાણે ગરીબ બાળકોમાં ટીકડી વહેંચી દે તો વૃત્તિનું ઊર્ધ્વીકરણ થયું કહેવાય. આ બધું કરવાને બદલે પિતા બાળકને ટીકડી લેવી નથી એમ જ કહી દે તો બાળકની વૃત્તિઓનું કોઈ રીતે સમાધાન થતું નથી. વૃત્તિ તો રહે છે જ અને તેનો સંતોષ, સમાધાન કે ઊર્ધ્વીકરણ ન થાય તો તે અસંતુષ્ટ અને દબાયેલી રહે છે. આને માનસશાસ્ત્રીઓ દમન કહે છે. જેમ કમાન દાબી રાખવાથી તે વધારે જોસ કરે છે તેમ દમન થવાથી વૃત્તિઓ વધારે સતેજ થાય છે. કેટલીક વાર જે બાળકને ઘેર ખૂબ અંકુશમાં રાખવામાં આવે છે તે બહાર જાય ત્યારે વધારે મસ્તીખોર માલૂમ પડે છે.

હવે પ્રશ્ન થશે, કે આ ચાર રસ્તામાંથી કયો પસંદ કરવા જેવો છે? આધ્યાત્મિક દૃષ્ટિએ ઊર્ધ્વીકરણ એ ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે. જેનામાં ધન એકઠું કરવાની વૃત્તિ સબળ હોય તે પોતાને માટે ધન એકઠું કરવાને બદલે સારી સંસ્થાઓ માટે એકઠું કરે તો તેમાં આત્માની ઉન્નતિ જ છે. કોઈને બાળકોમાં બહુ રસ હોય તો તે માત્ર પોતાના બાળકોમાં તલ્લીન થઈ જવાને બદલે બાળાશ્રમના સંચાલક બને તે જરૂર વધારે ઇચ્છનીય છે. આત્મકલ્યાણ માટે ઊર્ધ્વીકરણ એ ઉત્તમોત્તમ માર્ગ છે.

પણ આ આધ્યાત્મિક દૃષ્ટિ બાજુએ મૂકીએ તો કયો માર્ગ સારો છે તે વિચારીએ.

એ તો દેખીતું છે કે ખરાબ વૃત્તિઓ માટે પહેલો માર્ગ–સંતોષ–બિલકુલ ઇચ્છનીય નથી. ચોરી કરવાની કે છેતરવાની વૃત્તિ થાય ત્યારે તેને સંતોષવી તે આધ્યાત્મિક, નૈતિક તેમ જ વ્યાવહારિક દૃષ્ટિએ વખોડી કાઢવા લાયક છે.

પણ એવી ઘણી વૃત્તિઓ હોય છે, કે જેમને નૈતિક કે અ–નૈતિક ન ગણી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજીમાં આને માટે 'એ મોરલ' શબ્દ છે, જેને આપણે તટસ્થ વૃત્તિઓ કહી શકીએ. દાખલા તરીકે સિનેમા જોવાનું મન થયું. પરીક્ષા પાસે આવી હોય અથવા અગત્યનું કામ હોય તેનો ભોગ આપીને સિનેમા જોવો તે અ-નૈતિક કહેવાય; પણ સમય પૂરતો હોય, તે સમય કે પૈસા ખચાવીને તેનો વધારે સારા કામમાં ઉપયોગ કરવાની ઇચ્છા થાય તેટલી આત્મોન્નતિ ન થઈ હોય, તો સિનેમા જોવામાં કશું ખોટું નથી. આવે વખતે વૃત્તિ પોષવાથી સુખ પ્રાપ્ત થાય છે.

વૃત્તિ સંતોષવાને અવકાશ ન હોય તો તેનું બુદ્ધિથી સમાધાન કરવું જોઈએ. સિનેમા જોવાની ઇચ્છા હોય પણ પૂરતા પૈસા પાસે ન હોય તો એમ વિચારવું કે ખાવાપીવામાં પૈસા વાપરવાની વધારે જરૂર છે, માટે આ રસ્તે પૈસા વાપરવા જોઈએ નહિ. મીઠી પેશાબના દર્દીને દાક્તરે ખાંડ ખાવાની ના કહી હોય ને તેને ખાવાનું મન થાય તો તેણે વિચારવું જોઈએ કે ખાંડ ખાવાથી આનંદ મળશે તેના કરતાં તંદુરસ્તી બગડશે તો ઘણી વધારે હાનિ થશે; માટે ખાંડ ન ખાવી. આવી રીતે બુદ્ધિથી સમાધાન ઘણી બાબતોમાં થઈ શકે છે.

જ્યારે વૃત્તિ સંતોષાય નહિ અને બુદ્ધિ-પૂર્વક તેનું સમાધાન ન થયું હોય, અને તેનું ઊર્ધ્વીકરણ ન થયું હોય ત્યારે તે વૃત્તિનું દમન થાય છે. દુનિયામાં પુષ્કળ દુઃખો આ દમનને લીધે ઊભાં થાય છે. કોઈ માણસને પૈસા કમાવાની તીવ્ર વૃત્તિ હોય અને તે સારે રસ્તે કમાઈ શકે એમ ન હોય ત્યારે તે ખોટો રસ્તો લેવા પ્રેરાય છે. વળી દમનની અસર એવી થાય છે કે જે વૃત્તિ દબાવી રાખી હોય તે વધારે બળવાન થાય છે. રબરના દડાને જમીન પર અફાળીએ તો તે કૂદે છે, તથા વિજ્ઞાનમાં કાયદો છે કે દરેક ક્રિયાને પ્રતિક્રિયા હોય છે, તે પ્રમાણે જે વૃત્તિને દબાવીએ તે વધારે પ્રબળ બને છે. આ ઉપરથી હિંદુ સમાજની ફરજિયાત વૈધવ્યની પ્રથા કેટલી દુઃખદાયક થઈ શકે તે સમજી શકાશે.

અત્યાર સુધીમાં આપણે જોઈ ગયા કે આધ્યાત્મિક દૃષ્ટિએ વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ ઉત્તમોત્તમ છે. તે ન બની શકે એમ હોય અને વૃત્તિ સંતોષવી અનુચિત ન હોય તો તેને સંતોષવી તે ઉત્તમ છે. જો તે સંતોષી શકાય એમ ન હોય તો તેનું બુદ્ધિપૂર્વક સમાધાન કરવું. આ બધા માર્ગો દમન કરતાં સારા છે. દમન થવાથી વૃત્તિ વધારે પ્રબળ બને છે ને તેથી કેટલીક વાર મનુષ્યને અવળે માર્ગે લઈ જાય છે.

ત્યારે આપણા ધર્મમાં ઇંદ્રિયદમન પર ભાર મુકાયો છે તે ખોટો છે? ના, એમ નથી; કારણકે આપણા ઇંદ્રિયદમનના ખ્યાલમાં ઊર્ધ્વીકરણ, બુદ્ધિપૂર્વક સમાધાન ને દમન એ ત્રણેયના ખ્યાલો છે. જ્યારે ધર્મ આપણને બ્રહ્મચર્ય પાળવાનું કહે છે ને આપણી શક્તિનો ઉપયોગ ઉચ્ચ કાર્યમાં કરવાનું કહે છે, ત્યારે તે માર્ગ ઊર્ધ્વીકરણનો છે; ભોગો ભોગવવાથી તૃપ્તિ નહિ થાય માટે સંતોષ કેળવવો જોઈએ એમ કહે છે, ત્યારે તે બુદ્ધિપૂર્વક સમાધાન શીખવે છે; અને જ્યારે માત્ર દેહકષ્ટ કરવાનું કહે છે, ત્યારે તેમાં દમનનો ભાવ છે. આપણે માનીએ છીએ, કે આપણે સમજણપૂર્વક દમન કરીએ છીએ, પણ આપણે અંદરની વૃત્તિઓનું જરા યે સમાધાન ન થયું હોવાથી તે બળવો કરે છે, અને આ ક્લેશને પરિણામે દુઃખ થાય છે; માટે જ્યારેજ્યારે ઇંદ્રિયોને ઇંદ્રિયદમન કરવાનું આવે ત્યારેત્યારે ઇંદ્રિયોને બુદ્ધિપૂર્વક વાળવાનો પ્રયત્ન કરવો જોઈએ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનસુવાસ

લેખક :
શ્રી જયંતીલાલ મો. શાહ
એમ. એ.; એલએલ. બી.

બધાં નહિ, પણ કેટલાંક જીવન સાચે જ કસ્તૂરી જેવાં હોય છે. વર્ષો સુધી એની મહેક આવ્યા જ કરે, યુગોયુગ સુધી પ્રજા એમાંથી પ્રેરણા મેળવ્યા જ કરે. મહાન ફિલસૂફો, ધર્માચાર્યો, યોગીઓ ને સામાન્ય માનવી વચ્ચે આ જ છે મોટો તફાવત. સમયની રેતીમાં પગલાં પાડી આપણે ચાલ્યા જઈશું, પાછળનો પ્રવાસી કે મહાકાળની નાની અમસ્તી લહેરકી એ પદચિહ્નોને અસ્તવ્યસ્ત કરી દેશે, ત્યારે આ મહાન વ્યક્તિઓએ ઊભા કરેલા સીમાસ્તંભોમાંથી બહાર પડતો પ્રકાશ અનેક અનુગામી યાત્રીઓને પંથ પ્રેરી રહેશે. જીવન-મરણ, સત્ય-અસત્ય, શુભ-અશુભ, વિદ્યા-અવિદ્યા જેવા ગહન પ્રશ્નોને વણી લેતા આ ત્રણ પ્રસંગોની સુવાસ પણ એમ પરાર્થે પ્રસરી રહો.

તર્કશાસ્ત્રના નિયમોનું કડક રીતે પાલન કરવાનું ન હોય તો ગીતાકારના શબ્દોને સહેજ ફેરવીને કહી શકાય કે જ્યારેજ્યારે કોઈ અવતારી પુરુષ જન્મ ધારણ કરે છે ત્યારેત્યારે તેના કારણ રૂપે ધર્મનો ક્ષય અને અધર્મની વૃદ્ધિ થયાં હોય છે. પશ્ચિમની દુનિયાને સંસ્કૃતિનાં ધાવણ પાનાર ગ્રીસ દેશમાં જ્યારે સોક્રેટીસનો ઉદ્ભવ થયો ત્યારે ત્યાં લગભગ આવી જ સ્થિતિ પ્રવર્તતી હતી. 'સુંદર આત્મા' એ જેમની કેળવણીનો પરમ આદર્શ મનાયો છે એવા ગ્રીસવાસીઓનાં જીવનમાં બુદ્ધિનો વ્યભિચાર, નીતિની ભ્રષ્ટતા અને કર્મનું સ્વચ્છંદીપણું સારા પ્રમાણમાં પેસી ગયાં હતાં. અધૂરામાં પૂરું તેવખતે ત્યાં ડહાપણવાદી(અં. સોફિસ્ટ)-ઓનો એક એવો વર્ગ અસ્તિત્વમાં આવ્યો કે જે વાક્છળ, શબ્દજાળ, અને ધૂર્તવેડાનો આશ્રય લઈને લોકોને દલીલપૂર્વક સાબિત કરી આપવા લાગ્યો કે સત્ય-અસત્ય, નીતિ-અનીતિ-અને શુભ-અશુભ વચ્ચે કોઈ પણ જાતનો તફાવત નથી. આથી લોકોની રહી-સહી ઉદાત્ત ભાવના પણ લુપ્ત થતી ચાલી અને તેઓ સમાજનાં સાત્ત્વિક બંધનોને પાળવામાં શરમ અને તેને તોડવામાં ગૌરવ અનુભવવા લાગ્યા. ડહાપણવાદીઓ તો જોતજોતામાં વંટોળિયાની માફક ગ્રીસ દેશ ઉપર ફરી વળ્યા, અને પૈસાના બદલામાં લોકોને પણ પોતાના જેવા ડાહ્યા બનાવવા લાગ્યા. લોકોને પણ તેમની પ્રત્યે આકર્ષણ થાય એ સ્વાભાવિક હતું: કોઈને પ્રખર ધારાશાસ્ત્રી થઈને અદાલતમાં નામના મેળવવાના કોડ હતા, કોઈને મહાન ધારાસભ્ય બનીને સભાઓ ગજાવવાની અધીરાઈ હતી, અને કોઈને સફળ ગૃહસ્થી થઈને સુખપૂર્વક પોતાનો સંસાર ચલાવવાની અભિલાષા હતી. આથી થોડા જ સમયમાં શિષ્યો મધમાખોની જેમ ઊભરાવા લાગ્યા, અને જાણે કોઈ કિમિયાગરે જાદુ કર્યું હોય તેમ ચોરે અને ચૌટે, કોર્ટમાં અને કચેરીમાં, ઘરમાં અને ઘર બહાર બુદ્ધિની સાઠમારી-ઓનાં દૃશ્યો નજરે પડવા લાગ્યાં.

ગ્રીસમાં આ રીતે અલ્પ સમય માટે બૌદ્ધિક ચેતન લાવી મૂકનાર એ ડહાપણ-વાદીઓનો કોઈ નેતા કે નાયક નહોતો; પરંતુ પ્રોટેગોરાસ નામનો ડહાપણવાદી તેનાં બુદ્ધિચાતુર્ય, તર્કશક્તિ અને વાદકુશળતાને લીધે તે વર્ગનો સર્વશ્રેષ્ઠ પ્રતિનિધિ ગણાય છે. 'મનુષ્ય બધી વસ્તુનું માપ છે' એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂત્રને તત્ત્વજ્ઞાનની દુનિયામાં વહેતું મૂકીને આ પુરુષે આમજનતાની નીતિ અને ધર્મની અધકચરી ઇમારતના પાયા હચમચાવી મૂક્યા. જગત માટે અનેક રીતે દીવાદાંડીની ગરજ સારનાર અને ડહાપણવાદીઓનો પ્રખર પ્રતિકાર કરનારા સૉક્રેટિસ સિવાય બીજા કોઈથી ય પ્રૉટેગૉરાસ વાદમાં હારે તેમ નહોતો; અને ડહાપણવાદીઓની અસર એટલી વ્યાપક બનતી જતી હતી કે એ મહાન તત્ત્વવેત્તા જન્મ્યો ન હોત તો ગ્રીસનો ઇતિહાસ કોઈ જુદી રીતે જ લખાયો હોત.

એકવાર યુએપ્લસ નામનો એક યુવક પ્રૉટેગૉરાસનો શિષ્ય થવા તેની પાસે આવ્યો. ગણતરીબાજ વેપારીની માફક સામાની ગરજ જોઈને સોદો કરનાર પ્રૉટેગૉરાસે એવી શરત મૂકી કે યુએપ્લસ તેને નક્કી કરેલી ફીની અર્ધી રકમ અભ્યાસની શરૂઆતમાં જ આપે, અને બાકીની અર્ધી રકમ યુએપ્લસ વકીલાત શરૂ કરે ત્યારે કોર્ટમાં પહેલો જ કેસ જીતે તો અને ત્યારે આપે. યુએપ્લસે શરત માન્ય રાખી, અને અભ્યાસ સંતોષ-કારક રીતે પૂરો થયો. પરંતુ પ્રૉટેગૉરાસને તેની લેણી રકમ નહિ આપવાની ખોરી દાનતવાળો યુએપ્લસ વકીલાત શરૂ કરવામાં ઢીલ કરવા લાગ્યો. આથી પોતાનું લેણું વસૂલ કરવા પ્રૉટેગૉરાસે તેના ઉપર દાવો માંડ્યો.

પ્રૉટેગૉરાસ જેવા મહારથીને તેના જેવા જ બીજા એક શઠ સામે વાગ્યુદ્ધમાં ઊતરેલો જોવાનો લહાવો ગ્રીસવાસીઓને વારંવાર મળે તેમ નહોતું; આથી લોકો સારી સંખ્યામાં અદાલતમાં હાજર રહ્યા. ન્યાયાધીશે શરૂ-આતમાં પ્રૉટેગૉરાસને પૂછ્યું :

'પ્રૉટેગૉરાસ, તમારે કંઈ કહેવાનું છે ?'

પ્રૉટેગૉરાસ બોલ્યો : 'નામદાર કોર્ટને મારે એટલું જ જણાવવાનું છે કે યુએપ્લસ આ કેસ હારે કે જીતે, તોપણ તેણે મારી લેણી રકમ મને આપવી જોઈએ.'

'કેમ એમ ?'

'કારણ જો તે હારે તો આપ આ દાવાની રૂએ મારું લેણું સાચું ઠરાવીને સ્વાભાવિક રીતે જ તેને મારી લેણી રકમ આપવાનો હુકમ કરો અને જો તે જીતે તો અમારા કરાર મુજબ તેણે આ પહેલો જ કેસ જીત્યો ગણાય અને તેથી સદરહુ કરાર મુજબ તેણે મને મારી રકમ આપવી જોઈએ.'

પછી યુએપ્લસ તરફ ફરીને ન્યાયાધીશે તેને પૂછ્યું : 'યુએપ્લસ, તમારે કંઈ જવાબ આપવાનો છે ?'

તર્કશાસ્ત્રના અભ્યાસીઓને પરિચિત એવી વિષમ પરિસ્થિતિનો આબાદ રીતે સામનો કરતો યુએપ્લસ બોલ્યો :

'નામદાર કોર્ટને મારો એટલો જ જવાબ છે કે હું હારું કે જીતું, તોપણ મારે પ્રૉટે-ગૉરાસને કંઈ આપવાનું રહેતું નથી.'

'કારણ ?'

'કારણ એમ કે જો હું હારું તો અમારા કરાર મુજબ હું આ પહેલો જ કેસ હાર્યો ગણાઉં, અને તેથી સદરહુ કરાર મુજબ મારે પ્રૉટેગૉરાસને કંઈ આપવાનું રહે નહિ; અને જો હું જીતું તો આપ આ દાવાની રૂએ પ્રૉટેગૉરાસનું લેણું સ્વાભાવિક રીતે જ ખોટું ઠરાવો અને તેથી મારે તેને કંઈ આપવાનું રહે નહિ.'

માથાભારે પ્રતિવાદીની આ દલીલ સાંભળતાં શ્રોતાજનોએ પ્રશંસાના ઉદ્ગાર કાઢ્યા. ન્યાયાધીશને જરા રમૂજ પડી અને વાદી પ્રૉટેગૉરાસને સચોટ ખાતરી થઈ કે તેણે આપેલું શિક્ષણ એળે ગયું નહોતું!

*

એક બાળક સંન્યાસની દીક્ષા લેવા ગોવિંદાચાર્ય પાસે આવીને ઊભો. ગુરુએ પૂછ્યું:

'તું કોણ છે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

બાળકે જવાબ આપ્યો :

'હું જળ નથી, તેજ નથી, વાયુ નથી, આકાશ નથી કે પૃથ્વી નથી, હું તો કેવળ શિવ છું, શિવ છું.'

પાછળથી જગદ્‌ગુરુ તરીકે જાણીતા થનાર એ બાળક હિંદના આદ્યગુરુ ભગવાન શંકરાચાર્ય હતા. પૂર્વના દેશોમાં તત્ત્વજ્ઞાન જેવી વસ્તુ નહિ જોવાને ટેવાયેલા પશ્ચિમના લેખકોને તેમનામાં તત્ત્વજ્ઞાનના ઝબકારા માલૂમ પડે છે અને મતભિન્નતા માટે પંકાયેલા હિંદીઓ તેમને એકીઅવાજે પોતાના દેશના સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞાની ગણે છે. શુકદેવનું જ્ઞાન, ભીષ્મનું બ્રહ્મચર્ય, બુદ્ધનો સંન્યાસ અને કૃષ્ણની કાર્યશક્તિ જાણે તેમના જીવનમાં એકબીજાનાં પૂરક બની રહ્યાં હતાં. બીજા મનુષ્યો સામાન્ય રીતે જે ઉંમરે પોતાની કારકિર્દીની શરૂઆત કરે તે બત્રીસ વર્ષની ઉંમર દરમિયાન ધર્મ, જ્ઞાન, અને સંસ્કૃતિના ક્ષેત્રમાં અજોડ ફાળો આપી તેમણે પોતાનું જીવનકાર્ય પૂરું કર્યું. હાર જેવી વસ્તુ જેમણે જાણી નહોતી, પાર્થિવ વસ્તુ જેમને આકર્ષી શકી નહોતી અને કોઈ મુશ્કેલીએ જેમને મહાત કર્યા નહોતા, એવા એ પરમજ્ઞાની સાચા સંન્યાસી અને મહાન કર્મયોગીએ ભારતવર્ષનું ભ્રમણ કરીને તમામ વિરોધી મતોનું ખંડન કર્યું. ઉપનિષદમાં રહેલા અદ્વૈતવેદાંતને બુદ્ધિવાદના પાયા ઉપર મૂક્યો, હિંદની એકતાના પ્રતીક સમા ચાર આશ્રમો દેશની ચારે ય દિશાએ સ્થાપ્યા અને મૃતઃપ્રાય થયેલા હિંદુધર્મને સજીવન કર્યો.

તત્ત્વચિંતન માટે આવશ્યક એવા બુદ્ધિની કુશાગ્રતા, પૂર્વગ્રહનો અભાવ અને તર્કની નીડરતા એ ત્રણ ગુણો પૈકી છેલ્લા બેનો શુદ્ધ તત્ત્વવેત્તાઓમાં પણ ઓછેવત્તે અંશે અભાવ જોવામાં આવે છે; અને તેથી જ યુરોપના કદાચ બે જ તત્ત્વવેત્તાઓ—સ્પીનોઝા અને બ્રેડલી તત્ત્વજ્ઞાનમાં શંકરાચાર્યની બરોબરી કરી શકે તેમ છે. આ વિચારકો કહે છે કે જ્યારે આપણે વિશ્વની કોઈ પણ વસ્તુ ઉપર ઊંડેથી વિચાર કરીએ છીએ ત્યારે આપણને સમજાય છે કે તે વસ્તુ કોઈ ને કોઈ રીતે અપૂર્ણ અને દોષયુક્ત છે; એટલું જ નહિ પરંતુ તે અપૂર્ણ વસ્તુ પોતાથી પર એવી કોઈ પૂર્ણ વસ્તુનો નિર્દેશ કરતી હોય અને પોતાનો સ્વભાવ ત્યજીને તે પૂર્ણ વસ્તુમાં પોતે વિલીન થઈ જતી હોય એમ પણ આપણને લાગે છે. આ જ પૂર્ણ વસ્તુ છે સ્પીનોઝાનો પદાર્થ, બ્રેડલીનું અસીમ તત્ત્વ અને શંકરાચાર્યનું બ્રહ્મ. મહાભારતના લેખક જેમ કરોડો ગ્રંથોનો સાર એક અર્ધા શ્લોકમાં કહી જાય છે તેમ આ ત્રણે ય તત્ત્વવેત્તાઓ પોતપોતાની શૈલીમાં તત્ત્વજ્ઞાનનો ટૂંકસાર આપતાં કહે છે: 'બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે.'

'પરંતુ તમારા બ્રહ્મે આ મિથ્યા જગતને ઉત્પન્ન શા માટે કર્યું ?' કોઈ વિરોધી શંકા ઉપસ્થિત કરે એ સ્વાભાવિક છે. તેના મનનું સમાધાન કરતાં આચાર્ય કહે છે :

'જગતને કોઈએ ઉત્પન્ન કર્યું જ નથી.'

'તો પછી તે આવ્યું ક્યાંથી ?'

'જગત તો અનાદિ છે.'

'પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ તો બ્રહ્મ જગતનું કારણ ખરું ને ?'

'ખરું પૂછો તો બ્રહ્મ કોઈનું ય કારણ નથી.'

'કેમ એમ ?'

'કારણ પારમાર્થિક દૃષ્ટિએ બ્રહ્મ સિવાય બીજું કંઈ છે જ નહિ.'

'તો શું પારમાર્થિક દૃષ્ટિ પ્રાપ્ત થાય, ત્યારે આ જગત ખરેખર નાશ પામે છે ?'

'ના, માખણને ગરમી લાગવાથી તે જેમ પીગળીને નાશ પામે છે, તેવી રીતે આ જગત નાશ પામતું નથી; પરંતુ રજ્જુનું જ્ઞાન થતાં

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ સર્પની ભ્રાન્તિ દૂર થાય છે તેમ જ્ઞાનીને જગત બ્રહ્મસ્વરૂપ લાગવાં માંડે છે અને તેથી તેને માટે જગત રહેતું નથી.'

'પરંતુ અમને તો એવું કંઈ લાગતું નથી!'

'એ તો તમારી બુદ્ધિહીન વાતચીત ઉપરથી સ્પષ્ટ રીતે જણાઈ આવે છે!'

'પરંતુ અમને એવી પારમાર્થિક દૃષ્ટિ પ્રાપ્ત થઈ નથી એમાં અમારો શો વાંક?'

'એમાં તમારો વાંક નથી. ભેદદષ્ટિનું કારણ તો અવિદ્યા છે.'

'એ અવિદ્યા શેમાં છે?'

'જેમાં દેખાતી હોય તેમાં.'

'અવિદ્યા શેમાં દેખાય છે?'

'અવિદ્યા શેમાં દેખાય છે?' એ પ્રશ્નનો જવાબ મળવાથી તમને શો લાભ થશે?'

'તેથી અવિદ્યા શેમાં છે એનું જ્ઞાન થવાથી તેનો નાશ કરી શકાશે.'

'એ તો જેનામાં અવિદ્યા હશે તે પોતે જ તેનો નાશ કરી નાખશે.'

'પરંતુ અવિદ્યા તો મારામાં જ છે.'

'ત્યારે તો અવિદ્યા શેમાં છે એ વાત તમે સારી રીતે જાણો છો!'

'તો ભગવન્, એ અવિદ્યાનો નાશ કેવી રીતે થાય તે મને કૃપા કરીને જણાવો.'

'અવિદ્યાનો નાશ કેવળ વિદ્યાથી થઈ શકે છે.'

'એ વિદ્યા કેવી રીતે પ્રાપ્ત થાય?'

'સંસારી જીવો ઉપર અનહદ પરોપકાર કરનારી ભગવતી શ્રુતિએ એ માટે સુવર્ણ માર્ગ બતાવ્યો છે. 'તત્ત્વમસિ' જેવા મહાવાક્યનું સતત શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું.'

સેંકડો વર્ષોથી કઠિન તપશ્ચર્યા કરતા મુમુક્ષુ સાધકોનાં ચિત્રો જુદાજુદા જિજ્ઞાસુની નજર સમક્ષ ખડાં થાય છે, અને તેને સ્પીનોઝાના! શબ્દોમાં સમજાય છે કે મહાન વસ્તુઓ જેટલી દુર્લભ છે તેટલી જ તે દુષ્-સાધ્ય પણ છે.

*

જગતનાં નરરત્નોની મહત્તાનો ખ્યાલ આપવા કેટલીક વાર કહેવાય છે કે માનવ-જાતને તેમણે આપેલા આંચકા પાસે ધરતી-કંપના આંચકા કંઈ જ હિસાબમાં નથી. હીરાકલીટ્સ નામના તત્ત્વવેત્તાએ ગ્રીસવાસી-ઓને આવા આંચકાનો પહેલો અનુભવ કરાવ્યો. પરંપરાથી ચાલી આવતી માન્યતા-ની વિરુદ્ધ જઈને તેણે બુદ્ધની માફક કહ્યું કે નાનામાં નાના પરમાણુથી મોટામાં મોટા બ્રહ્માંડ સુધી દરેક વસ્તુ ઉત્પન્ન થતાંની સાથે જ નાશ પામે છે, અને તેની જગ્યાએ બીજી કોઈ ક્ષણજીવી વસ્તુ ઉત્પન્ન થઈ જાય છે. ઐતિહાસિક દૃષ્ટાંત આપતાં તે કહે છે કે 'તમે એક જ નદીમાં બેવાર ડૂબકી મારી શકો નહિ, કારણકે તેમાં નવું પાણી સતત આવ્યા જ કરે છે.' આજ પ્રમાણે જગતની કોઈ પણ વસ્તુ સ્થિર કે પરિવર્તનરહિત નથી. ટૂંકમાં કહીએ તો, બોલતાંબોલતાં ખુદ હીરાકલીટ્સ પોતે અને તેને સાંભળતાં આપણે પણ પ્રતિક્ષણ બદલાયા કરીએ છીએ. લોકોને આ ગૂઢ રહસ્ય પૂરેપૂરું સમજાય તે પહેલાં પર્મેનાઈડીસ અને તેના શિષ્ય ઝીનો નામના તત્ત્વવેત્તા તરફથી આવો બીજો આંચકો દુનિયાએ અનુભવ્યો. હીરા-કલીટ્સને જવાબ આપતાં તેમણે કહ્યું કે 'સત્ય વસ્તુ તો સ્થિર તથા નિશ્ચળ છે, અને આપણને જે ગતિ તથા પરિવર્તન દેખાય છે એ તો આભાસ માત્ર છે.' પોતાના સિદ્ધાંતના સમર્થનમાં લોકોની તર્કશક્તિને પડકાર આપતું ઉદાહરણ આપતાં ઝીનો કહે છે:

'ધારો કે ગ્રીસનો સૌથી વધુ ઝડપી દોડનાર એકિલીસ અને એક કાચબો દોડની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

હરીફાઈમાં ઊતરે છે. હવે જો કાચબાને દોડવાની શરૂઆત કરવા દેવામાં આવે તો પછીથી એકિલીસ તેને કોઈ પણ સમયે પકડી શકશે નહિ; કારણ પોતાના અને કાચબા વચ્ચે જે અંતર છે તે પૂરેપૂરું કાપતાં પહેલાં એકિલીસે તેનું અડધું અંતર કાપવું પડશે. પરંતુ તે અડધું અંતર કાપતા પહેલાં તેણે તે અડધાનું પણ અડધું અંતર કાપવું પડશે. આ રીતે તેણે દર વખતે શરૂઆતમાં અડધાનું અડધું અંતર કાપવાનું રહેશે; અને તે દરમિયાન કાચબો થોડુંક તો આગળ ગયો હોય જ. આથી અંતર ઉત્તરોત્તર ઘટતું જવા છતાં સાવ મટી નહિ જાય.'

આવી કુશાગ્ર તર્કશક્તિવાળા અને અતિ દેખાવડા એવા આ તત્ત્વવેત્તા ઝીનો તરફ લોકો માનની નજરે જુએ એ સ્વાભાવિક છે. પરંતુ લોકોથી દૂર રહીને કેવળ ચિંતન જ કર્યા કરવું એ ઝીનોના સ્વભાવની વિરુદ્ધ હતું. વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કોમળ હૃદયવાળો આ તત્ત્વવેત્તા લોકો પ્રત્યે સહાનુભૂતિ રાખતો, તેમનાં સુખદુઃખમાં ભાગ લેતો, અને અન્યાય સામે આખર સુધી ઝઝૂમતો.

ઈલિયાના દુષ્ટ શાસક નીઅર્કસથી તેની પ્રજા ત્રાસી ઊઠી હતી. આ જુલમી શાસનનો કોઈ રીતે અંત આવશે નહિ એમ લાગવાથી ઝીનો અને તેના મિત્રોએ નીઅર્કસને મારી નાખવાની યોજના ઘડી. પરંતુ દૈવયોગે કાવતરું નિષ્ફળ ગયું, ઝીનો પકડાયો અને તેને નીઅર્કસ સમક્ષ લાવવામાં આવ્યો.

આવા જ કોઈ જ્ઞાનથી પ્રેરાયેલો અને આનંદથી આકર્ષાયેલો ઝીનો રાજસત્તાનો ખાતમો કરવા બેડીઓ ધારણ કરીને નીઅર્કસની સમક્ષ ખડો થયો.

'ઝીનો, તારા એકિલીસ અને કાચબાના હવાઈ કિલ્લામાંથી બહાર નીકળીને આવું ગાંડપણ કરવાની ધૂન તને ક્યાંથી આવી?'

'નીઅર્કસ, સામાન્ય માનવીઓની બનેલી આ દુનિયામાં જ્યારે તારા જેવો કોઈ નરાધમ પોતાની માનવતા વીસરીને પશુથી ય અધમ બને છે, ત્યારે સૌમ્ય તત્ત્વવેત્તાનો પુણ્યપ્રકોપ પણ પ્રજળી ઊઠે છે; પરંતુ તારી જાડી બુદ્ધિ તથા પાષાણ હૃદય હવાઈ કિલ્લાઓ બાંધનાર એ શિલ્પીઓને અથવા તેમની કલાને ક્યાંથી સમજી શકે?'

'રાજા પ્રત્યે આવું તોછડાઈભરેલું વર્તન!'

'નીઅર્કસ, ઝીનો પોતાના રાજા માટે પ્રાણ સુદ્ધાં આપવા તૈયાર છે; પરંતુ તું પ્રજારક્ષક મટીને પ્રજાભક્ષક બન્યો તેથી તેં રાજા તરીકેના તારા સર્વ અધિકાર અને સત્તા ગૂમાવ્યાં છે. આવા સંજોગોમાં તો તને અહીંથી વિદાય આપવી એ જ સમજુ માણસ માટે એક માત્ર કર્તવ્ય થઈ પડે છે.'

'ઝીનો, રાજહત્યાનું કાવતરું કરવાનો ભયંકર ગુનો તો તારે માથે ઊભો છે. તેના માટે દિલગીર થવાને બદલે તું ઊલટું મારું ખૂન કરવાની બીજાને ભરદરબારમાં ઉશ્કેરણી કરી રહ્યો છે?'

'નીઅર્કસ, હું દિલગીર છું કે તારો બંદી હોવાથી હું આથી વધારે કંઈ કરી શકતો નથી.'

'એમ? આનું પરિણામ સારું નહિ આવે.'

'હે નીઅર્કસ, ન્યાય માટે ઝઝૂમનાર પુરુષ મોતથી ડરતો નથી. તેને તો ખાતરી હોય છે કે આ વિશ્વમાં કોઈથીય તેનું અહિત થઈ શકે તેમ નથી, માટે મને મારી ચિંતા નથી. મને તો ફક્ત એક જ ચિંતા થાય છે.'

'શી?'

'કે મારા સાથીઓ અમોએ ઉપાડેલું આ પુનિત કાર્ય સિદ્ધ કરવામાં ક્યારે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સફળ થશે.'

'કોણ છે એ તારા સાથીઓ ?'

'આ રંક અને રિબાયેલી પ્રજાના સાચા પ્રતિનિધિઓ.'

'ઝીનો, તારે સજામાંથી બચવું હોય તો ડાહ્યો થઈને તારા સાથીઓનાં નામ વિના-વિલંબે મને જણાવી દે.'

'હે નીઅર્કસ, તું આ વચનો ગંભીર-તાથી કે મજાકમાં બોલી રહ્યો છે એ હું કહી શકતો નથી, પરંતુ હું તને પૂર્ણ ગંભીરતાથી કહું છું કે સૂર્ય પૂર્વનો પશ્ચિમમાં ઊગે, આભ પૃથ્વી ઉપર તૂટી પડે, કે સમુદ્ર પોતાની મર્યાદા ઉલ્લંઘે તોપણ ઝીનો તેના પ્યારા સાથીઓનાં નામ પ્રકટ કરશે નહિ.'

'તો હવે તું જોઈ લે.' નીઅર્કસનું ત્રીજું લોચન ખૂલ્યું અને તે સાથે જ ઝીનો ઉપર અમાનુષી અત્યાચારો ગુજરવા શરૂ થઈ ગયા.

પરંતુ જેમ વર્ષાની ધારા કોઈ ખડકના તપેલા દિલને ટાઢક આપવાનું જ કામ કરે છે તેમ આ અસહ્ય યાતનાઓ સહીને ઝીનોએ ફક્ત આત્મતૃપ્તિ જ અનુભવી.

'ઝીનો,' સાથીઓનાં નામ મેળવવા કટિબદ્ધ થયેલો નીઅર્કસ બોલ્યો, 'જો તું હજુ પણ સીધી રીતે નહિ માને તો મનુષ્યે નહિ સાંભળેલી કે નહિ કલ્પેલી એવી સખતાઈ વાપરીને પણ હું તારી આ જીભ પાસેથી તે નામો કઢાવીશ.'

'હે નીઅર્કસ, મારી આ જીભ તારી સત્તાને આધીન થાય તેના કરતાં તો તે આત્મહત્યા કરે એ ઝીનોને વધુ પસંદ છે.' મિત્રોના જાન, પોતાનું વચન અને તત્ત્વ-વેત્તાઓની ઇજ્જત કંઈ પણ આંચ ન પામે એ માટે પોતાનું સર્વસ્વ કુરબાન કરવા તત્પર એવા ઝીનોએ જવાબ આપ્યો, અને આ માર્મિક વચનોના પડઘા પૂરેપૂરા શમે એ પહેલાં તો તેની લોહી નીંગળતી જીભ નીઅર્કસ ઉપર આવીને પડી.

તત્ત્વવેત્તાને તમ્મર આવ્યાં, અને ત્યારથી તેની વાણી સંભળાતી બંધ થઈ; પરંતુ આજેય તેનું જીવન અને તેના વિચારો અનેકને પ્રેરણા આપી રહ્યાં છે.

અહીં કદાચ એક પ્રશ્ન થાય કે શા માટે ઝીનો જેવા પુરુષો પોતે માનેલા કોઈ ઉચ્ચ આદર્શ માટે ભયંકર યાતનાઓ સહન કરવા તૈયાર થતા હશે? આ પ્રશ્નનો જવાબ ટૂંકમાં બે રીતે આપી શકાય: એક કારણની દૃષ્ટિએ અને બીજો પરિણામની દૃષ્ટિએ. પહેલી રીતે જવાબ આપતાં શંકરાચાર્ય જેવા અદ્વૈતવાદીઓ કહે છે કે 'જ્ઞાનમાં કોઈ એવી શક્તિ રહેલી છે કે જેમ પ્રકાશ થતાં અંધકારનો નાશ થાય છે અને જાગૃત અવસ્થા પ્રાપ્ત થતાં સ્વપ્નનો અંત આવે છે તેમ જ્ઞાનનો ઉદય થતાં મનુષ્ય આપોઆપ અને સ્વાભાવિક રીતે જ શુભ પ્રવૃત્તિ તરફ પ્રેરાય છે.'

શુભ વસ્તુનું સાચા અને તાત્ત્વિક અર્થમાં જ્ઞાન હોવું અને અશુભ વસ્તુ પસંદ કરવી એ માનસશાસ્ત્રની દૃષ્ટિએ અશક્ય છે. જ્યારે કોઈ મનુષ્ય દુષ્ટ કાર્ય કરતો માલૂમ પડે છે ત્યારે પણ તે પોતાની અજ્ઞાન અવસ્થામાં તે દુષ્ટ વસ્તુને સારી અને હિતકર માનતો હોય છે; અને તેથી જેમજેમ તેનામાં જ્ઞાનનો ઉત્તરોત્તર વિકાસ થતો જાય છે, તેમતેમ તે વધુ ને વધુ શુભ કર્મો કરવા પ્રવૃત્ત થાય છે. આ જ વસ્તુનો વિચાર કરતાં સૉક્રેટીસને સમજાય છે કે જ્ઞાન એ જ સદ્ગુણ છે. સ્પીનોઝા લખે છે કે ઈશ્વરને જાણવો એ સર્વશ્રેષ્ઠ સદ્ગુણ છે; અને ગીતા કહે છે કે આ દુનિયાંમાં જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ બીજી કોઈ નથી.

ઉપરના પ્રશ્નનો બીજી રીતે જવાબ એપિકટેટ્સ જેવા સ્ટોઈક તત્ત્વવેત્તા પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિભાડો

લેખક :
પીતાંબર પટેલ

જાણે થાકીને લોથપોથ થઈ ગયા હોય તેમ છગનભાના પગ ઊપડ્યા ઊપડતા ન હતા. એમની ઉંમર તો સાઠ ઉપર થઈ હતી, પણ શરીર વજ્ર જેવું હતું. ચાલવામાં તો જુવાનિયાઓને પણ પાછળ પાડી દે. કામ કરવામાંય કદી થાકે નહિ. આ ઉંમરે પણ તેમનો જુસ્સો, તેમનો ઉત્સાહ જુવાન જેવો હતો. મોં પર જ્યારે જુઓ ત્યારે આશાની દીપ્તિ સોહી રહી હોય. પોતાના કાર્ય માટે એવી તો અપૂર્વ શ્રદ્ધા હતી કે તે કદીય નિરાશ થતા નહિ. એ છગનભા સ્ટેશનની સામે, અરે, એક ખેતરવા દૂર આવેલા આશ્રમ સુધી પહોંચતાંપહોંચતાં થાકી ગયા.

તેમના મોં પર નહોતી પેલી શ્રદ્ધાની ઝલક કે નહોતી આંખમાં આશાની ચમક. નીચે મોં ઢાળી તે તેમની ઓરડીમાં આવી જોડા કાઢી ખાટલામાં ઢગલો થઈને પડ્યા. તેમનું કામકાજ કરનાર બેચર નોકર પણ એકબે વાર આવીને પૂછી ગયો.

'ભા, પાણી લાવું...ભા નાહવા માટે ગરમ પાણી મૂકું?' પણ છગનભાએ ટૂંકો જ જવાબ આપ્યો, 'ના.'

આમે તે એક ટંક જમતા. રાતના તો દૂધ પી લેતા. આ રાતના તો તેમણે દૂધ પણ ન પીધું. બેચર દૂધ લઈને ફરીવાર આવ્યો, ત્યારે તો તેમણે ચિડાઈને કહી દીધું:

'મેં ન કીધું કે મારે દૂધ નથી પીવું? શું કરવા આગળ ધર્યા કરો છો?'

કદી ય ઊંચે સાદે ન બોલનાર, કદી ય આવી રીતે ન ચિડાઈ જનાર આજે આમ કેમ બોલે છે! બેચરને પણ નવાઈ લાગી. તે મનમાં ખખડતો ચાલ્યો ગયો.

'કુણ જાણે ભાને શું થયું છે?'

આ પ્રશ્ન ખુદ છગનભા તેમના દિલને પૂછી રહ્યા હતા.

'મને શું થઈ ગયું છે? મનમાં આવી

મળે છે:

એકવાર એક યુવકે એપિકટેટ્સને જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું: 'એપિકટેટ્સ, સત્ય આચરણ કરવાથી શો ફાયદો થાય છે?' પ્રાચીન તત્ત્વવેત્તાઓને વરેલી સંવાદશૈલીમાં જવાબ આપતાં એપિકટેટ્સે કહ્યું: 'ભાઈ, હું તને તારા પ્રશ્નનો જવાબ આપું તે પહેલાં તું મને તારું નામ જણાવીશ?' પેલા યુવકે નિખાલસપણે જવાબ આપ્યો: 'મારું નામ એન્ટની છે.' એપિકટેટ્સે તરત જ સામો પ્રશ્ન કર્યો: 'એન્ટની, તેં મને તારું સાચું નામ જણાવ્યું એથી તને શું મળ્યું?' 'તમને મારું સાચું નામ જણાવ્યાનો સંતોષ.' એપિકટેટ્સ તરફ વિસ્મિત નજરે જોતાં યુવકે જવાબ આપ્યો. તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં પગલી માંડતા તે યુવક તરફ વહાલ દર્શાવતો મહાન તત્ત્વવેત્તા બોલ્યો: 'એન્ટની, સત્ય આચરણ કરવામાં આપણને આ જ પ્રમાણે માનસિક સંતોષ થાય છે કે આપણે સત્ય આચરણ કર્યું છે. આનાથી આપણને જે પરમ આનંદ મળે છે તેની પાસે જગતનાં બીજા સુખો ક્ષુલ્લક અને ફિક્કાં લાગે છે.'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરાશા શાને ભરાઈ ગઈ છે ?'

એ પ્રશ્નના જવાબમાં તેમની સામે પંદર વર્ષ પહેલાંનો સમય ખડો થયો. એ વખતે અહીં ખેતરો હતાં. આજે જ્યાં ત્રણસો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, ત્યાં ચકલાં ઊડતાં હતાં. છગનભાની નજર સમક્ષ ભૂતકાળ સજીવન થઈ ઊભો રહ્યો.

તે સંસાર છોડી કાયાનું કલ્યાણ કરવા સંન્યાસી થવા માટે ઝંખતા હતા. તેમને થતું હતું કે મારાથી થાય તે તો હું કરી છૂટ્યો છું. છોકરાઓ તેમનું સંભાળી શકે તેવા છે. હવે ક્યાં સુધી સંસારની માયામાં પડ્યા રહેવું? સંસારનો તાંતણો તોડી નાખી પ્રભુ-ભક્તિમાં લીન થઈ જવા માટે અંદરનો જીવ તલપાપડ થઈ રહ્યો હતો. હવે મનમાં કોઈ પ્રકારની આસક્તિ રહી ન હતી. હવે મન પણ ધરાઈ ગયું હતું. દિલમાં એક જ એષણા હતી કે ગૃહસ્થાશ્રમને તો શોભાવ્યો. મારું કર્તવ્ય બરાબર પાર પડ્યું. હવે સંન્યાસાશ્રમમાં પ્રવેશ કરવો જોઈએ. જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં પ્રભુમય જીવન ગાળવું જોઈએ. સંન્યાસી બની જાય તો પછી કદી સંસારની માયામાં પડવાનો ભય ન રહે. ઘરથી દૂર, કુટુંબથી દૂર, સંસારથી દૂર કોઈ સંતની છાયા તળે બેસીને 'હું'ની પિછાન કરવી હતી.

અને એક દિવસે તે એક સંન્યાસી પાસે પહોંચી ગયા. તેમણે તેમની સંન્યાસી થવાની ઇચ્છા બતાવી.

'પણ તમારે શા માટે સંન્યાસી થવું છે?'

'મારે પ્રભુમય જીવન ગાળવું છે.'

'પણ તેને માટે સંન્યાસી બનવાની જરૂર નથી. એ તો તમે સંસારમાં રહીને પણ પ્રભુમય જીવન ગાળી શકો છો.'

'મારે બધો જ સમય પ્રભુભક્તિમાં ગાળવો છે.'

'તે ગાળી શકો છો. કંઈ માળા ફેરવવાથી કે તંબૂરો લઈને બેસી જવાથી જ પ્રભુ-ભક્તિ થાય છે એવું ઓછું છે? પ્રભુને ગમે તેવું કામ કરો તો પ્રભુ તમારા પર ખુશ રહેશે.'

'પણ મને એમ થાય છે કે સંસારમાં રહીશ તો પાછો માયામાં પડીશ. પ્રભુને પણ વીસરી જઈશ. મારે આત્મા, પરમાત્મા અને આ સૃષ્ટિનું રહસ્ય જાણવું છે. હું કોણ છું તેનો ભેદ પામવો છે.'

'તેને માટે ય સંન્યાસી થવાની જરૂર નથી. સંસારની માયા વળગી પડશે એવો તમને ભય રહેતો હશે, તો તમે સંન્યાસી થયા પછી પણ શાંતિ નહિ પામી શકો. ભગવાં પહેરવાથીજ સંન્યાસી થવાતું નથી.'

'તો શું કરું? મારે તો પ્રભુનાં દર્શન કરવાં છે!'

'આ બધી સૃષ્ટિમાં સચરાચર વિલસી રહ્યો છે. આ બધું પ્રભુનું રૂપ નથી તો કોનું છે? જે દિવસે તમારામાંથી માયા, મોહ, ક્રોધ અને આસક્તિ ચાલ્યાં જશે, એ વખતે તમને દરેક વસ્તુમાં પ્રભુ વસેલો દેખાશે. એ દિવસે તમારા વર્તનમાં, તમારી વાણીમાં અને તમારા વિચારમાં પણ પરિવર્તન થશે. અને તમને આપોઆપ 'હું'નું રહસ્ય મળી જશે.'

'પણ આજે હું ઘરમાં બેસીને પ્રભુભક્તિ કરું એના કરતાં આપ જેવાના સત્સંગથી કાયાનું કલ્યાણ કરું તો શું ખોટું? એટલા માટે જ હું સંસારમાં પડવા માગતો નથી.'

'હું પણ તમને ક્યાં સંસારમાં પડવાનું કહું છું? તમારી સંન્યાસી થવાની તૈયારી છે. તો હવે તમે ઘર, કુટુંબ અને સંસાર છોડચો જ છે ને!'

'હા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો એ હમેશને માટે છોડી દો. તમારે પ્રભુનાં દર્શન કરવાં હોય તો હું બીજો રસ્તો બતાવું.'

'કયો?'

'જે રસ્તે ગાંધીજી જઈ રહ્યા છે એ રસ્તે જાઓ. એ ગરીબોની, પતિતોની, દરિદ્રોની સેવા કરે છે અને તેમને દરિદ્રનારાયણનાં દર્શન થાય છે. એ પ્રભુનું કામ કરે છે એથી બીજા કરતાં તે પ્રભુની વધુમાં વધુ નજીક છે. એમનું જીવન એ પ્રભુમય જીવન છે. એ પ્રભુનું કામ કરે છે એટલે એ જ સાચા પ્રભુભક્ત છે. તમે એવું કામ કરો.'

'પણ હું અલ્પાત્મા...મારી તાકાત શું? હું તો અભણ માણસ રહ્યો. ક્યાં ગાંધીજી અને ક્યાં હું?'

'તમે હમણાં 'હું'ની વાત કરતા હતા ને? એ 'હું' બધામાં સરખો છે. બધામાં તાકાત પણ સરખી હોય છે. કોઈ એને [illegible] છે. કોઈ એને કામે લગાડે છે. તમે પ્રભુના કાર્યમાં તમારી બધી શક્તિ રેડી દ્યો. પછી જુઓ તમે શું કરી શકો છો?'

'હું કયું કાર્ય ઉપાડું એમ આપ કહો છો?'

'કામના તો ઢગલા પડ્યા છે. તમે જે લોકો વચ્ચેથી આવો છો તેમનું કામ કરો. એ લોકો અભણ છે. તેમને જ્ઞાન આપો. જ્ઞાનનો પ્રકાશ ફેલાવી લોકોને દેખતા કરો. જ્ઞાનનો પ્રકાશ ફેલાશે એટલે અજ્ઞાનતામાંથી [illegible] થયેલાં અનિષ્ટો એની મેળે દૂર થશે. અજ્ઞાનતાને લીધે લોકો પશુ જેવું જીવન જીવી રહ્યા છે. તેમનામાં સૂતેલી માણસાઈને જગાડો. તેમનામાં રહેલા પ્રભુનું તેમને ભાન કરાવો. એ કામ કરતાંકરતાં જ તમને દરિદ્રનારાયણનાં દર્શન થશે. એ જ તમને મદદ કરશે અને એ જ તમને પ્રેરણા આપશે.'

સંન્યાસી થવા નીકળેલા સંતની વાણી સાંભળી રહ્યા હતા. કદી ય ન વિચારી હોય એવી વાત તે સાંભળી રહ્યા હતા. તેમણે દિલમાં નવો જ પ્રકાશ ફેલાતો અનુભવ્યો. પેલા સંત બોલી રહ્યા હતા:

'આજે લોકોની સેવા કરે એવા સંન્યાસીઓની જરૂર છે. તમને એવા સંન્યાસીની દીક્ષા આપું છું. સેવા એ દોહ્યલું કામ છે. એ માર્ગ કાંટાળો છે. તમે જેની સેવા કરશો એ લોકો પણ તમારી સામે થશે. તમે જેનું ભલું કરવા જશો એ લોકો તમને મારવા આવશે. પણ એ કામને ખંતથી, પ્રભુના કામ તરીકે વળગી રહેશો તો તમને પરમ સંતોષ મળશે. તમે ચિત્તથી પરમ શાંતિ અનુભવશો. એ કામ કરતાંકરતાં જ તમારા આત્માનો વિકાસ થશે અને એ પરમાત્માના વિરાટ સ્વરૂપ સાથે ભળી જશે. પ્રભુને પામવાનો આ સાચો માર્ગ છે.'

સંતના આશીર્વાદ લઈને છગનલાલ ઊભા થયા. તેમણે નવા પ્રકારના સંન્યાસી થવાનું નક્કી કર્યું. તેમને થયું કે આ બાજુ છોકરાઓને ભણવાની નિશાળ નથી. ગુજરાતી ભણીને છોકરાં રખડે છે. કોઈ ખેતીના કામમાં જોતરાઈ જાય છે, કોઈ મહેનત-મજૂરી કરીને પેટ ભરે છે. એમને જો આગળ ભણવાની તક આપવામાં આવે તો તેમનું જીવન સુધરે. દુનિયાનો ખ્યાલ આવે. ભણે તો ગામની બહાર પણ નીકળે; અને તેમણે એ પ્રદેશમાં એક વિદ્યાલય શરૂ કરવાનો નિર્ણય કર્યો. પણ ગામડાંઓમાંથી ભણવા આવનારા છોકરાઓ રહે ક્યાં? એને માટે આશ્રમ ખોલવાનું પણ નક્કી કર્યું.

અને આ કામ કરવું જ છે. આ પ્રભુનું કાર્ય છે. આમાં પ્રભુની મદદ છે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિચળ શ્રદ્ધાથી તેમણે એ કામનો આરંભ કર્યો. ગામેગામ ફરીને ફંડ એકઠું કર્યું. રૂપિયેરૂપિયો જ નહિ, પણ પાઈપૈસો લઈને આશ્રમના પાયા નંખાયા. વર્ષો જતાં ગયાં એમએમ મકાનનો વિસ્તાર વધતો ગયો. ભણવા આવનારાઓની સંખ્યા વધતી ગઈ. સો વિદ્યાર્થીઓ રહી શકે એવો આશ્રમ થયો. ત્રણસો વિદ્યાર્થીઓ ભણી શકે તેવું વિદ્યાલય થયું. આશ્રમ અને વિદ્યાલયના સંચાલન માટે આજીવન સેવકો પણ મળ્યા; અને નાનકડા બીમાંથી વડનું વૃક્ષ થાય તેમ એક જ વ્યક્તિના પુરુષાર્થમાંથી મોટી સંસ્થા ઊભી થઈ.

સંસ્થા શરૂ થઈ ત્યારથી છગનલાલ છગનલાલ મટી છગનભા થયા. અને વિદ્યાર્થીઓ જ નહિ, લોકો પણ તેમને ‘ભા’ ના ટૂંકા નામથી સંબોધવા મંડયા. તેમણે આ સંસ્થા ઊભી કરી, તેની પાછળ નહોતો જોયો તાપ કે તડકો, નહોતી જોઈ સવાર કે સાંજ. ખરા તાપમાં એક ગામથી બીજે ગામ રખડ્યા હતા. કયારેક લોકો વિરોધ કરતા. કયારેક લોકો અપમાન કરતા. પેલા સંન્યાસી કહી ગયા હતા તેમ જેનું ભલું કરવા માગતા હતા તે જ તેમનો સામનો કરતા હતા. ભા લોકોને ખોટા ખર્ચા ન કરવાનું સમજાવતા, બારમાં ન કરવાનું કહેતા. લોકોને એ વાત ન ગમતી ને બારમું અટકાવવા જતાં ભાને માર પણ પડેલો. તેમણે પંદર વર્ષમાં જે તડકીછાંયડી જોઈ હતી તેનાં દશ્યો ચલચિત્રની પેઠે તેમની નજર આગળથી પસાર થઈ ગયાં.

પણ તેમને કંઈક કર્યાનો પરમ સંતોષ હતો. સંસ્થામાંથી ભણીને નીકળેલા વિદ્યાર્થીઓ સુવાસ ફેલાવતા હતા. ગામેગામ સંસ્થાની સુવાસ પહોંચી ગઈ હતી. જ્ઞાનનો દીવડો આ રીતે ગામેગામ પહોંચી જશે એવી છગનભાને શ્રદ્ધા હતી; એથી તો તેમને થાક નહોતો લાગતો-નિરાશા નહોતી થતી.

પણ આજે તેમણે નજરોનજર એવું દશ્ય જોયું કે તેમના પગ ભાંગી ગયા. તે વિચારમાં પડી ગયા કે આ તે હું સેવા કરું છું કે કુસેવા ?

વાત એમ બની હતી કે સંસ્થાના કામે તેમને કોર્ટમાં જવું પડ્યું હતું. વિદ્યાર્થીઓની સંખ્યા તો વધતી જતી હતી. તેમને રહેવા માટે પૂરતી ઓરડીઓ નહોતી; એટલે સિમેન્ટની પરમીટ કઢાવવા માટે તે કચેરીમાં ગયા હતા. કૂવા કરાવવા માટે ખેડૂતો સીમેન્ટની પરમીટ માટે આવ્યા હતા. કારકુન ભારે ખંધો હતો. તે દસની નોટ ગજવામાં મૂકે ને પરમીટ પર સાહેબની સહી લઈ આવે. છગનભાનો વારો આવ્યો. પેલાએ હાથ લાંબો કર્યો. છગનભાએ તેને ઓળખ્યો. એ તો તેમની સંસ્થાનો વિદ્યાર્થી. ત્રણ વર્ષ પહેલાં તો તે ભણીને નીકળ્યો છે. એમની સંસ્થામાં ભણેલો વિદ્યાર્થી આ રીતે લૂંટ ચલાવે છે ! તેને શરમિંદો પાડવા માટે તેમણે તેના હાથમાં દસની નોટ મૂકી અને તેમના આશ્ચર્ય વચ્ચે પેલાએ નોટ ગજવામાં મૂકી દીધી. તે જઈને સાહેબની સહી પણ કરાવી આવ્યો. છગનભાથી ન રહેવાયું: તે બોલ્યા :

‘ શંકર મને ઓળખ્યો ?’

‘ કોણ ભા..., તમને ન ઓળખું એવું તે બને ?’

‘ મને લાગે છે કે તું મને ભૂલી ગયો છું.’

‘ એવું તે હોય ભા... તમને કોણ ન ઓળખે ?’

‘ મારા વિદ્યાર્થીઓ જ મને ભૂલી ગયા...’

એટલું બોલી તે બહાર નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

બસ એ પછી તેમનું મોં પડી ગયું. તેમના પગ ભારેખમ થઈ ગયા. તેમને એક જ વિચાર આવ્યા કર્યો: 'હું તે છોકરાંને ભણાવીને સુધારું છું કે બગાડું છું? આ રીતે હું લોકોની સુસેવા કરું છું કે કુસેવા?'

તેમની આગળ ઘણીવાર ફરિયાદ આવતી કે તમારા ભણાવેલા છોકરાઓ અમને લૂંટે છે. ખેડૂતના છોકરાઓ કારકુનો થાય છે ત્યારે બમણી લૂંટ કરે છે. જે વિદ્યાર્થીઓ સંસ્થામાં ભણ્યા તેની કંઈ જ અસર ન થઈ! તેમનામાં સેવાના, પ્રમાણિકતાના, સાદાઈના, સદાચારના ગુણો કેમ ન ખીલ્યા? જરૂર, એ મારી જ ખામી હશે. અહીં જે જ્ઞાન આપવામાં આવે છે તેની ખામી હશે. નહિ તો સાતસાત વર્ષ સુધી જે વિદ્યાર્થીઓ અહીં રહી અભ્યાસ કરે તેમનામાં રહેલી 'માણસાઈ' કેમ ન જાગે? તેમનામાં રહેલા 'પ્રભુ'નું તેમને કેમ ભાન ન થાય? છેવટે મારા પરિશ્રમનું આજ ફળ!

બેચરે જઈને વિદ્યાલયના આચાર્ય પોપટભાઈને વાત કરી હશે કે ભા ગમગીન છે. એટલે તે દોડતા આવ્યા, તેમને જોઈને ભા બોલ્યા:

'હું તમને બોલાવવાનો જ હતો. સારું થયું કે તમે આવ્યા.'

'શું કામ હતું?'

'તમે છોકરાઓને કેવું શિક્ષણ આપો છો?'

આ પ્રશ્નનો ભાવાર્થ ન સમજવાથી પોપટભાઈ ચૂપ રહ્યા. પણ ભા કંઈ ચૂપ રહે?

'આપણા વિદ્યાર્થીઓ જો લાંચ લેતા હોય, ખેડૂતોને લૂંટતા હોય, તો આ વિદ્યાલય ચલાવવાનો શો અર્થ છે?'

'વિદ્યાર્થીઓ લાંચ લે છે?'

'હા, જે વિદ્યાર્થીઓ અહીંથી ભણીને સરકારી નોકરીમાં ગયા છે તે લોકોને લૂંટે છે. મારી પાસેથી પણ દસ રૂપિયા લીધા.'

'શું કહો છો? ભા તમારી પાસેથી પણ લાંચ લીધી?'

'હા, એનું તો મને દુઃખ છે. શંકરને હું ભણવા પકડી લાવેલો. તેના ગામમાં કોઈ ભણવામાં સમજતું ન હતું. તેનો બાપ પણ ના...ના પાડતો હતો. તેની સ્થિતિ ખરાબ હતી. તે મફતમાં રાખેલો. એ શંકર ભણીને કારકુન થયો ને આ સંસ્થાની સિમેંટની પરમીટ માટે દસ રૂપિયા લેતાં અચકાયો પણ નહિ!'

આ સાંભળીને પોપટભાઈ પણ ઠરી ગયા. તેમને દુઃખ થયું. આ સંસ્થાનો આવો ફાલ?

'આપણી સંસ્થામાંથી જો આવા જ વિદ્યાર્થીઓ પાકતા હોય તો આપણે સંસ્થા બંધ કરી દઈએ. હું તો માનું છું કે આપણામાં જ કંઈક ખામી હોવી જોઈએ, નહિ તો આવો ફાલ કેમ નીકળે?'

'ભા, પેલા દિવસે તમે જ દૃષ્ટાંત આપ્યું હતું તે વીસરી ગયા?'

'કયું દૃષ્ટાંત!'

'કુંભારના નિભાડાનું! કુંભાર નિભાડામાં એકસરખાં કાચાં વાસણ ગોઠવે છે, પણ જ્યારે નિભાડામાં પકવેલાં વાસણ જુએ છે તો કોઈમાં ગોબા પડેલા હોય છે, કોઈમાં ડાઘ પડેલા હોય છે, કોઈ નંદવાઈ ગયેલાં હોય છે અને કેટલાંક એવાં ને એવાં સુંદર વાસણ નીકળે છે. આવી સંસ્થાઓનું પણ એમ જ છે. અહીંથી નીકળતો ફાલ એકસરખો તો ક્યાંથી નીકળે?'

'હા, મનનું સમાધાન કરવા માટે તો ઘણાંય આશ્વાસનો છે, પણ મને તો આ દરદે બેચેન બનાવી દીધો છે.'

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

'ભા, ગાંધીજી તો સંત પુરુષ છે. તો ય તેમના આશ્રમમાં એ સંતનું મન દુખાય તેવા પ્રસંગો નથી બનતા ?'

'પોપટભાઈ! એવાં દૃષ્ટાંતો શોધવાનો શો અર્થ છે? મારા મનમાં બેસી ગયું છે, કે મારા કામમાં કોઈ અશુદ્ધિ હોય તો જ આવું બને. હું એમાં શંકરનો નહિ, મારો દોષ જોઉં છું.'

ભા કંઈ ભયંકર નિર્ણય ન કરે એ માટે પોપટભાઈ ચૂપ બેસી રહ્યા. થોડીવાર રહી ભા પાછા બોલ્યા :

'પોપટભાઈ! મને થાય છે કે હું થોડા દિવસ બહાર ચાલ્યો જાઉં. ગુરુજી હરદ્વારમાં છે એવા સમાચાર મળ્યા છે. તેમની પાસે જઈ આવું એવી ઇચ્છા જાગી છે. એ વગર મારી આ બેચેની દૂર નહિ થાય.'

જ્યારે આ સમાચાર સંસ્થાના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ જાણ્યા, ત્યારે સૌને પારાવાર દુઃખ થયું. કેટલાકને તો એવો ભય પણ પેઠો કે કદાચ ભા હવે પાછા નહિ આવે, તો આ સંસ્થાનું શું? હજી તો આ સંસ્થાને ઘણાં કામ કરવાનાં છે!

કેટલાક વિદ્યાર્થીઓ ભા પાસે પહોંચી ગયા અને તેમને પગે પડ્યા.

'ભા! અમને છોડીને ચાલ્યા જશો? પછી આ સંસ્થાનું શું?'

'તમે બધા છો ને! મારા જેવો અભણ માણસ જો આટલું કરી શકે તો તમે તો ભણેલા છો. એક સંસ્થાને નહિ નભાવી શકો?'

વિદ્યાર્થીઓ રડવા જેવા થઈ ગયા. એમને જોઈ છગનભાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

'તમને છોડીને હું ક્યાં ય જઈ શકું એમ લાગે છે? હું તો થોડા દિવસ માટે બહાર જાઉં છું.' અને સહેજ હસીને બોલ્યા: 'નિભાડામાંથી સારાં વાસણ નીકળે એનો કિમિયો લેવા જાઉં છું.'

અને છગનભાએ 'સુસેવા કરું છું કે કુસેવા?'નો ભેદ પામવા માટે હરદ્વાર તરફ પ્રયાણ કર્યું.

એ વખતે આશ્રમના વિદ્યાર્થીઓ અને કાર્યકરો જ નહિ આશ્રમ પણ રડી રહ્યો હતો.

★

યુદ્ધભરતીના દિવસોમાં સશક્ત માણસોની ઈંગ્લૅંડમાં તરત જ ભરતી થઈ જતી. આવા એકની બબ્બે વર્ષ સુધી ભરતી ન થવાથી પડોશીને આશ્ચર્ય થયું. એણે પૂછ્યું :

'તમે આવા સશક્ત છતાં ભરતીમાં કેમ જોડાયા નથી?

'એ વિતક તો હું એકલો જ જાણું છું.' પેલાએ જણાવ્યું. 'દરેક છ છ મહિને ભરતીના માણસોની પસંદગી કરનાર અધિકારી મને બોલાવે છે. દરેક વખતે પરીક્ષકોની સામે હું ઊભો રહું છું, ત્યારે આ વખતે તો હું નિષ્ફળ નહીં જ નીવડું એમ લાગ્યા કરે છે. સફળ થવા માટે હું એટલો બધો ચોક્કસ હોઉં છું કે દરેક વખતે એ પરીક્ષક સાથે હું પાસ થઈશ જ એ માટેની દોઢસો પાઉન્ડની શરત મારું છું! અને પરીક્ષક મને પાસ કરતો નથી!'

'ઓહ! હવે સમજાયું. પાઉન્ડની જ અસર છે એમ ને?'

×

સુધારો

'અખંડ આનંદ'ના જૂન ૧૯૫૦ના અંકમાં 'જીવનપરાગ' નામના લેખના લેખક ભીખાલાલ ગિરધરલાલ શાહ નહીં પણ ભીખાલાલ ગિરધરલાલ શેઠ છે એમ વાંચવું.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિક વ્યાધિ

લેખક :
ડૉ. નાથાલાલ જ. દવે

આજના જમાનામા સેંકડે ૫૦ ટકા દરદીઓ માનસિક વ્યાધિથી પીડાતા જોવામાં આવે છે. આ વ્યાધિ કંઈ એક ખાસ રોગ નથી તેમજ તે કોઈ જાતના જંતુ- (અં. બેક્ટેરિયા)થી અગર બીજા કોઈ ખાસ કારણથી થતો નથી. પણ તેનું ખાસ કારણ છે આપણી જિંદગી જીવવાની અનઆવડત. સારી રીતે જિંદગી જીવવામાં ત્રણ વસ્તુની મુખ્ય આવશ્યક્તા છે: (૧) દરેક વસ્તુની અગર કાર્યની ચોકસાઈપૂર્વક કાળજી અગર સંભાળ રાખવી, (૨) મુશ્કેલીઓ દૂર કરવા-ની તાકાત અગર કુશળતા અને (૩) દુઃખનો સામનો કરવાની શક્તિ. આ ત્રણ–સંભાળ, મુશ્કેલીઓ અને દુઃખો માનસિક વ્યાધિમાં અગત્યનો ભાગ ભજવે છે.

આપણે હવે પહેલી વસ્તુ–કાળજી અગર સંભાળ લઈએ. એવા કેટલા યે માણસો છે જેમના જીવનમાં કોઈ પણ એવો પ્રસંગ આવ્યો ન હોય કે જેમાં તેમને કાળજી રાખવાની જરૂર પડી હોય; મતલબ કે દરેક કાર્ય સહેલાઈથી પતી જતું હોય છે; વગર મહેનતે અગર તો વગર સંભાળ રાખ્યે કાર્યો થતાં હોય તેવાઓને જ્યારે કોઈ પણ કાર્યમાં મહેનત કરવી પડે છે અગર કોઈ પણ જાતની સંભાળ રાખવાની જવાબદારી આવી પડે છે, ત્યારે તેમના મગજ ઉપર એક મોટો બોજો પડ્યો હોય તેમ તેમને લાગે છે અને મન બેચેન રહે છે અને તેને લીધે મગજના જ્ઞાનતંતુઓ પર અસર થાય છે અને તેનો અંજામ માનસિક વ્યાધિમાં પરિણમે છે.

બીજી વાત: મુશ્કેલીઓની દરેક કાર્યમાં થોડીઘણી મુશ્કેલીઓ તો હોય જ છે. જેઓ શારીરિક તેમજ માનસિક બેઉ રીતે અશક્ત હોય છે તેઓને દરેક કાર્યમાં મુશ્કેલી જ દેખાય છે અને તેને લીધે મગજ ઉપર અસર થાય છે અને મગજના જ્ઞાનતંતુઓ ઉશ્કેરાય છે.

ત્રીજી સ્થિતિ છે દુઃખની. આ સ્થિતિ-વાળા માણસો ઘણા જોવામાં આવે છે. કોઈને પૈસાનું દુખ, કોઈને વ્યાવહારિક દુઃખ, કોઈને પોતાની પ્રજા તરફનું દુઃખ તો કોઈને સ્ત્રી તરફનું દુઃખ. આવાં અનેક જાતનાં દુઃખ સંસારમાં હોય છે. અને જેઓનું મનોબળ (અં. વીલપાવર) અગર તો આત્મબળ નબળું હોય તેઓને આવાં દુઃખની અસર મગજ ઉપર બહુ થાય છે અને તેથી કરીને જ્ઞાનતંતુ ઉપર ખરાબ અસર થાય છે, જેને લીધે આ વ્યાધ લાગુ પડે છે.

હવે આ બધું મગજ ઉપર કેવી રીતે અસર કરે છે તે તપાસીએ. દરેક વખતે આપણા મગજમાં અમુક જાતની લાગણી ઉત્પન્ન થાય છે; તેમાંની કેટલીક આપણને અનુકૂળ નથી હોતી. આ લાગણી આપણા મગજના જ્ઞાનતંતુઓને ઉશ્કેરે છે. દાખલા તરીકે તમે એક લાકડી હાથમાં ઢીલી રીતે પકડો ત્યાંસુધી તમને કંઈ નહિ લાગે, પણ જ્યારે તમે લાકડીને મજબૂત રીતે પકડશો ત્યારે તે તમારા હાથને ઇજા કરશે, હાથ લાલ-ચોળ થઈ જશે. આ રીતે લાકડી મજબૂત પકડવામાં હાથને જે દબાણ થાય છે તેથી હથેળી દુખવા માંડે છે; તેવી જ રીતે જે વસ્તુથી મગજના જ્ઞાનતંતુઓ ઉપર દબાણ થાય તેથી તે ઉશ્કેરાય અને વ્યાધિનાં ચિહ્નો જણાય છે. તે ચિહ્નો એવાં સખત હોય છે કે સાચે જ તમને કંઈ વ્યાધ થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેમ જ લાગે છે, પણ વાસ્તવિક રીતે જોતાં તે ખાલી માનસિક વ્યાધિ-ભ્રમણા હોય છે, ખરો વ્યાધિ હોતો જ નથી.

લાગણીઓનું આ દબાણ શરીરના કયા-કયા ભાગો ઉપર અસર કરે છે તે જોઈએ. એક તો પહેલી અસર શ્વાસનળી ઉપર થાય છે, ત્યાં આગળની હોજરી ઉપર અસર થાય છે અને પછી આંતરડા ઉપર. એક માણસને એવું દરદ થતું હતું જાણે કે કેમ હોજરીમાં ચાંદું પડ્યું હોય. કારણ એ હતું કે એને રોજ ઘરમાં પત્ની સાથે કંકાસ થતો હતો, વેપારમાં નુકસાન હતું અને છોકરો અક્કરમી પાક્યો હતો, તે બધાનું દુઃખ હતું; તેની અસરને લીધે મગજના જ્ઞાનતંતુઓ ઉશ્કેરાયેલા રહેતા અને તેની અસરને લીધે તેને પેટના ભાગ ઉપર દરદ થયા કરતું. જ્યારે-જ્યારે તે બહારગામ જતો અને ઘરના વાતાવરણથી દૂર જતો, ત્યારે તે દરદ બિલકુલ શાંત રહેતું. વાસ્તવિક રીતે તેને કંઈ ચાંદું હતું જ નહિ, તે તો ફક્ત માનસિક જ હતું. અને જ્યારે તેને ડૉક્ટરે યથાવિધિ સમજાવ્યું અને તેને સંપૂર્ણ ખ્યાલ આપ્યો ત્યારે તે દરદ આપોઆપ મટી ગયું.

આવી જ રીતે કેટલાકને પોતાના આંતરડાંની પૂછડી વધતી હોય એવું જેને અંગ્રેજીમાં એપેન્ડીસાઈટીસનું દરદ થયું કહે છે તેવું લાગ્યા કરે છે અને તે જગ્યાએ દુખાવા જેવું થયા કરે છે. તે સિવાય આપણા શરીરમાં ઊર્મિલતાની અસર થાય તેવા કેટલાક ભાગો છે, જેવા કે શરીરની રક્તવાહિની શિરાઓ તથા સ્નાયુઓ. કેટલાક માણસો કાયમનું માથું દુખવાની ફરિયાદ કરે છે, કારણકે તેઓના મગજના સ્નાયુઓનો ભાગ અમુક જાતની લાગણીઓને લીધે ઉશ્કેરાયેલો જ રહેતો હોય છે. આવા વ્યાધિમાં તમે બીજા કોઈ પણ દવાના ઇલાજ કરો તે સાવ નકામા જ જવાના; પણ જે લાગણી- ઓથી મગજના જ્ઞાનતંતુઓ ઉશ્કેરાયેલા રહે છે તે લાગણી દૂર કરો ત્યારે જ માથું દુખતું મટે છે.

આવું જ હિસ્ટિરિયાના વ્યાધિમાં પણ હોય છે અને અમુક અંશે વાઈમાં પણ હોય છે. એક દરદીને પોતાનો એકનો એક દીકરો ગુજરી જવાથી તેના મગજ ઉપર શોકને સખત આંચકો લાગ્યો અને તેમાંથી તેને વાઈનું દરદ લાગુ પડ્યું હતું. આવા તો કેટલા- યે દાખલા જોવામાં આવે છે.

આપણને કેટલીક વસ્તુઓ મેળવવાની પ્રબળ ઇચ્છા હોય પણ તે મેળવવામાં અમુક જાતની મુશ્કેલીઓ નડતી હોય તેથી પણ અમુક જાતની લાગણીથી મગજ ઉશ્કેરાયેલું રહે છે. દાખલા તરીકે પ્રજોત્પત્તિની ઇચ્છા- વાળી સ્ત્રીઓને હિસ્ટિરિયા લાગુ પડે છે અને જ્યારે તે સ્ત્રીને પ્રજા થાય છે ત્યારે તે હિસ્ટિ- રિયા આપોઆપ મટી જાય છે.

આ તો આપણા શરીરના અંદરના રોગોની વાત થઈ, પણ કેટલાક ચામડીના વ્યાધિઓ પણ માનસિક વ્યાધિથી થાય છે.

ઉપર જણાવેલાં ત્રણ કારણો પૈકી એકાદ કારણથી શરીરમાંની રક્તવાહિનીઓ ઉપર અસર થાય છે અને તેને લીધે ચામડીનાં દરદો જેવાં કે ચળ આવવી; ચામડીના અમુક ભાગમાં રુક્ષતા આવવી, વગેરે થાય છે. આને અંગ્રેજીમાં ન્યુરો ડરમેટાઈટીઝ કહે છે. આનાં કારણોમાં મુખ્યત્વે ચિંતા અને અમુક વ્યક્તિ અગર તો વસ્તુ તરફનો કંટાળો હોય છે. આથી રક્તવાહિની ઉપર અસર થવાથી તેમાંથી ચામડીનાં અંદરનાં પડ દ્વારા અમુક જાતનો પ્રવાહી જેને સીરમ કહે છે તે ચામડી સુધી આવી જાય છે અને ઉપર જણાવ્યા પ્રમાણે દરદરૂપે બહાર પડે છે.

અમુક જાતની લાગણીની અસર હૃદય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ખૂબ થાય છે. કેટલીકવાર હૃદયનો દુખાવો થઈ આવે છે અને કોઈવાર એવી સખત અસર હૃદય ઉપર થાય છે કે તેથી હૃદય બંધ પણ થઈ જાય છે. હવે આ કેવી રીતે થાય છે તે આપણે તપાસીએ. દાખલા તરીકે અમુક માણસને એવી બીક લાગે છે તેથી હાર્ટ બંધ થાય છે. જેનું મનોબળ, નબળું હોય તેને બીક અસર કરે છે. દાખલા તરીકે અમુક જણને એમ કહેવામાં આવે કે તને અમુક જાતનો ન મટી શકે એવો ભયંકર વ્યાધિ છે અગર તો કોઈ જોશી એમ કહે કે અમુક દિવસે તારું મૃત્યુ છે, તો આમાં જેનું મનોબળ વધારે મજબૂત હશે તેને કંઈ નહિ થાય, પણ જેનું મનોબળ નબળું હશે તેને તુરત અસર કરશે અને તેનું વિપરીત પરિણામ આવશે.

કેટલાક માણસો બહુ ક્રોધી હોય છે. તેઓ પણ આ વ્યાધિના વધારે ભોગ બને છે. કેટલાંક માણસો ક્રોધમાં ને ક્રોધમાં મરણ પામેલાં આપણે સાંભળ્યાં છે. ન્યુયોર્કમાં એક વખત મોટા વિદ્વાનોની સભા હતી અને ચર્ચા દરમ્યાન એક વિદ્વાન બીજાની ચર્ચાનો વિરોધ કરતાં ક્રોધે ભરાયો અને ત્યાં જ તેનું મૃત્યુ થયું. ક્રોધની અસરથી હૃદયની રક્તવાહિની શિરાઓ ઉપર દબાણ થયું અને તેથી તેનું હૃદય બંધ પડ્યું. કેટલીક વખત ક્રોધી માણસો ન કરવાનું કરી બેસે છે તેનું કારણ પણ મગજના સ્નાયુનું ઉશ્કેરાટપણું જ હોય છે.

આવા ઘણી જાતના માનસિક વ્યાધિઓ છે. જેનું ખરું નિદાન કર્યા વગર બીજા ઉપચાર સાવ નકામા નીવડે છે; માટે આવા દરદીઓનું ખરું કારણ જાણવાથી તેનો સાચો યોગ્ય ઉપચાર થઈ શકે છે, તે પણ કોઈ જાતની દવા વગર સારી સમજાવટ અને શિખામણથી. મનનો વહેમ દૂર કરવાથી દરદી તદ્દન સારો થઈ જાય છે. આવા દરદીઓ માટે નીચેના મુદ્દાઓ ખાસ જાણવા જેવા છે:

(૧) તમારું મનોબળ મજબૂત બનાવો. આખો દિવસ મનમાં વિચારો કર્યા ન કરો. જે વાતાવરણથી તમારા મન ઉપર ખરાબ અસર થતી હોય તેવા વાતાવરણથી દૂર રહો અને તમારી ચિંતાઓ બધી ભૂલી જવાય તેવા વાતાવરણમાં રહો.

(૨) તમારી પસંદગીનું કોઈ પણ કામ કરો અગર તો કામને યોગ્ય થતાં શીખો. કામમાં મન પરોવો, જેથી તમારા મગજને ઉશ્કેરે એવા વિચારો ન આવે.

(૩) દરેક માણસ સાથે હળતાંમળતાં શીખો. કોઈની પ્રત્યે અદેખાઈ, હરીફાઈ કે દ્વેષ ન રાખો; આથી તમારા મગજના જ્ઞાનતંતુઓ ઉપર ખરાબ અસર થાય છે; માટે દરેક માણસ સાથે હળીમળી રહો, કોઈના તરફ અણગમો ન રાખો. કેટલાક આવા દરદીઓને માણસો ગમતાં જ નથી અને એકલા પડયા રહે છે, તેથી મનમાં અનેક જાતના ખરાબ વિચારો આવે છે, પરિણામે તેઓ રોગગ્રસ્ત થાય છે.

(૪) કોઈ પણ ખોટી મહત્ત્વાકાંક્ષા ન રાખો, જે વસ્તુ તમને મળવાની નથી તેની ઇચ્છા ન રાખો. હોય તેમાં જ સંતોષ માનો, અગર જે વસ્તુને તમે યોગ્ય હો તેની જ આશા રાખો. ખોટી આશા કરવાથી તમારાં મન તથા શરીરને અયોગ્ય નુકસાન થશે. પરિણામે કદાચ તમો ખોટી આશામાં ફળીભૂત થશો તોપણ તમને તમારી મૂળ યોગ્યતામાં જ આનંદ આવશે અને પેલું કૃત્રિમ લાગશે. દાખલા તરીકે એક દારૂના વેપારીને અત્તરનો વેપાર કરવાની ઇચ્છા થઈ, તેણે તે કર્યો પણ ખરો; પણ જે મઝા તેને દારૂના વેપારમાં અને એની ગંધમાં આવતી હતી તે આ અત્તરના વેપારમાં ન આવી અને પાછો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો તેમાં જ આવી ગયો, ત્યારે જ તેને ચેન પડચું.

(૫) દુઃખનો સામનો કરતાં શીખો, સહન કરવાની શક્તિ કેળવો, માણસ માત્રને દુઃખ તો આવે છે જ. તે વખતે મગજનું સમતોલપણું ન ગુમાવતાં મક્કમ બનો, નહિ તો ખરાબ થઈ જશો. દાખલા તરીકે વેપારમાં નુકસાન થાય, જુવાન એકનો એક દીકરો ગુજરી જાય, અર્ધી ઉંમરે પત્ની મરી જાય, આવા બીજા અનેક દુઃખદ પ્રસંગો વખતે મગજને શાંત રાખી તેના ઉપર કાબૂ રાખો, અને આવી પડેલા દુઃખને સહન કરો.

(૬) મનને હમેશાં આનંદમાં રાખો. સારા સદ્‌ગુણી માણસોની સોબત રાખો જેથી કરીને આપણા મનમાં હિંમત રહે અને મન આનંદમાં રહે.

તમારી સામે ક્યારે ય પણ ગંભીર પ્રશ્ન અગર જવાબદારી ઊભી થાય ને એનો નિકાલ કરવાનું ન સૂઝતું હોય તેવા વખતે નિશ્ચયાત્મક વલણ લેતાં શીખો. જ્યારેજ્યારે આવા પ્રશ્નો ઊભા થાય ત્યારેત્યારે તેનો રસ્તો 'હા' કે 'ના'માં કરી નાખવો; તેનો લાંબો વિચાર કર્યા કરવો નહિ. કેટલીક વાર એવા વિચારમાં ગોથાં ખાવાથી મગજ બહેર મારી જાય છે, માટે આવા વખતે નિશ્ચયાત્મક વલણ લેતાં શીખો.

કોઈ પણ મુશ્કેલી, અડચણ, દુઃખ વગેરેથી દૂર ભાગો નહિ, પણ તેનો સામનો કરતાં શીખો. આજે નહિ તો કાલે, વહેલું મોડું દુઃખ આવવાનું તો છે જ તો પછી શા માટે તેનાથી દૂર ભાગવું? જેમ તેનો સામનો કરતાં વહેલા શીખશો તેમ તમને એનો ભય દૂર થશે. એના જેવો બીજો સુખી થવાનો માર્ગ એકે નથી. પોતાના મનને સંબોધીને મુનિશ્રી વસિષ્ઠ કહે છે કે:

शीघ्रमुत्तिष्ठ भद्रं ते नियतं कार्यमाचर।
न कालमतिवर्तन्ते महान्तः स्वेषु कर्मसु॥

અર્થ: જલદી ઊઠ! તારું કલ્યાણ હો! નિશ્ચિત કરેલા કાર્યમાં પ્રવૃત થા! મહાજનો પોતાનાં કર્તવ્ય-કર્મોમાં વખત વીતવા દેતા નથી.

આ પ્રમાણે જ્યારે કોઈ કાર્ય કરવામાં મનમાં ઉત્સાહ તથા નિશ્ચય જાગૃત થાય છે ત્યારે ગમે તેવાં મોટાં વિઘ્નો પણ તુરતાતુરત દૂર થાય છે અને કાર્યમાં તથા મનમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

★

શ્રાવસ્તીમાં દુકાળ પડ્યો ત્યારે ભગવાન બુદ્ધે પોતાના અનુયાયીઓને પૂછ્યું: 'તમારામાંથી કોણ પોતાને શિરે આ ભૂખ્યાંઓને ભોજન આપવાનું માથે લે છે?'

રત્નાકર શાહુકારે શિરધુણાવી કહ્યું: 'આ દુષ્કાળપીડિતો માટેની વ્યવસ્થા કરવા માટે તો મારી સંપત્તિ કરતાં યે વધુ દ્રવ્ય જોઈએ.'

રાજ્યના સેનાપતિએ ક :

'એ લોકો માટે ઊલટથી હું પ્રાણાર્પણ કરું, પણ મારા ઘરમાં એટલું ધન નથી.'

અસંખ્ય વીઘાં જમીનોનો માલક ધર્મપાળ નિઃશ્વાસ નાખતો બોલ્યો:

'અનાવૃષ્ટિને લીધે મારી ખેતી સુકાઈ ગઈ છે. રાજ્યનો કર કેવી રીતે ચૂકવવો એ જ મને સૂઝતું નથી.'

બધા બોલી રહ્યા બાદ એક ભિખારીની છોકરી સુપ્રિયા ઊઠી, સર્વને વંદન કરીને સંકોચ સાથે બોલી:

'હું આપીશ ભૂખ્યાંઓને ભોજન.' સર્વે લોકો ચકિત થઈને બોલી ઊઠ્યા:

'કેવી રીતે? પ્રતિજ્ઞાપાલનનું આ કર્તવ્ય તું કેવી રીતે બજાવી શકીશ?'

'બધાથી હું ગરીબ છું એ જ મારી શક્તિ છે. મારો ભંડાર અને મારી સંપત્તિ તમારામાંના દરેકના ઘરમાં છે.' સુપ્રિયા બોલી.

રવીન્દ્રનાથ ઠાકુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષદ-કથાઓ

રજૂ કરનાર :
શ્રી રતિલાલ સાં. નાયક

(૧)

આત્મવિદ્યા

શ્વેતકેતુ આરુણિનો પુત્ર હતો.

તે બાર વર્ષનો થયો એટલે પિતાએ તેને પાસે બોલાવી ગુરુ પાસે જઈ વિદ્યા ભણી આવવા સલાહ આપી.

તે મૂળથી જ સ્વમાની હતો એટલે જે વાત જાતે સમજીને કરવી જોઈતી હતી તે પિતાએ સૂચવી એથી એને જરા લાગી આવ્યું, પણ પછી તરત જ એ વિદ્યાભ્યાસ માટે ઊપડી ગયો.

બ્રહ્મચર્ય, ગુરુસેવા, ઉદ્યમ અને વિનયથી બાર વર્ષ સુધી બધાં શાસ્ત્ર ભણીને પોતાની ચોવીસ વર્ષની વયે તે ઘેર પાછો ફર્યો.

પણ એક તો પિતાની ટકોરથી એને જવું પડેલું એ હજુ ય એના મનમાં હતું ને એમાં વળી ગુરુએ એને વિદ્યાનું સારું પ્રમાણપત્ર આપ્યું હતું તેનો એને ગર્વ હતો; એટલે ઘેર આવીને ય એ પિતા પાસે ન ગયો. પિતાથી છેટો ને છેટો જ રહેવા લાગ્યો.

પિતા સમજી ગયા કે પુત્રને વિદ્યાનું અભિમાન થયું છે; અને આભમાન એટલે તો સર્વનાશ. એમણે પુત્રને યોગ્ય રસ્તે વાળવાનો મનસુબો કર્યો અને પોતે તેની પાસે ગયા અને પ્રેમથી પૂછયું : 'વત્સ શ્વેતકેતુ! ગુરુના આશ્રમમાંથી તો તું આવ્યો પણ મારે એ જાણવું છે કે ગુરુએ તને એ વિદ્યા શીખવી કે જે જાણવાથી આખા સંસારનું જ્ઞાન થઈ જાય છે, જેનાથી ન સાંભળેલું સાંભળેલું થઈ જાય છે, ન વિચારેલું વિચારેલું થઈ જાય છે, અને અજ્ઞાન બધું જ્ઞાન થઈ જાય છે?'

શ્વેતકેતુએ ઘણું ય માથું ખંજવાળ્યું પણ એને ગુરુએ એવી કોઈ વિદ્યા શીખવી હોય એમ યાદ ન આવ્યું. સૂર્યનું કિરણ પડતાં અંધકાર બધો ઓગળી જાય એમ ખૂબ ભણ્યાનું એનું અભિમાન ઓસરી ગયું. પિતાના વારસામાં મળેલો નમ્રતાનો ગુણ ફરી પાછો એનામાં આવી ગયો. એ વિદ્યા જાણવાની જિજ્ઞાસા એનામાં જાગી ઊઠી; એટલે નમ્રતાથી એણે પિતાને પ્રશ્ન કર્યો : 'પિતાજી! કૃપા કરી મને બતાવો કે જેને જાણવાથી સારા જગતનું જ્ઞાન થઈ જાય એવી તે ચીજ શું છે? અને તેને સમજાવનારું શાસ્ત્ર કયું છે?'

પિતાએ સમજાવ્યું : 'વત્સ! માટીને તો તું જાણે છે ને? એમાંથી અનેક વાસણો અને રમકડાં થાય છે. પરંતુ એકને આપણે ઘડો કહીએ છીએ, બીજાને માટલું અને ત્રીજાને ચંબુ. બીજી માટીનાં રમકડાંનું પણ એમ જ છે. એકને આપણે હાથી કહીએ છીએ, બીજાને ઘોડો, ત્રીજાને રાજા અને ચોથાને રાણી, પણ પોતાનું અલગઅલગ નામ અને પોતાનું અલગઅલગ મોં હોવા છતાં ય એ બધાં એક જ માટીમાંથી બન્યાં હોય છે. માટી આ બધી વસ્તુઓનું કારણ છે, અને આ બધી ચીજો એનું કાર્ય છે. માટીના આ કાર્યને આપણી ભાષામાં ભલે જુદાજુદા નામથી બોલીએ, તોપણ એ બધાનું કારણ માટીથી જુદી કોઈ વસ્તુ તો નથી જ. એ પણ સાચું છે કે આપણા વ્યવહારને લઈને આપણે એનાં જુદાંજુદાં નામ રાખ્યાં છે. એમ કર્યા સિવાયે આપણું કામ નથી ચાલતું; પરંતુ માત્ર એટલા જ માટે એમ તો ન જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ જાય કે વાસણ અને માટી જુદાં છે. તત્ત્વનો વિચાર કરતાં કાર્ય કારણથી જુદું પડી શકે જ નહિ એ સિદ્ધાંત છે અને તે સત્ય છે. જો આ સિદ્ધાંતની તારે પરીક્ષા કરવી હોય તો જેને તું હાથી, ઘોડો, રાજા, કે રાણી કહે છે એ બધાં રમકડાંને લાવીને પાણીમાં નાંખી દે; અને પછી જો કે શું તમાશો થાય છે ? રાજા અને રાણીની જગ્યાએ તને રગડો અથવા માટી જ મળશે. વત્સ ! એ સારી રીતે યાદ રાખ કે જે વિવેકી હોય છે તે વ્યવહાર માટે એક જ વસ્તુને અનેક આકાર અને નામ આપે છતાં ય એ વાત તો કદી ય નથી ભૂલતા કે એ તરેહતરેહનાં રૂપ અને નામવાળી વસ્તુઓ મૂળમાં તો એક જ વસ્તુમાંથી તૈયાર થઈ છે અને એનાથી તત્ત્વની રીતે તો જુદી નથી, પણ એક જ છે. તારી ચપળ બુદ્ધિને એ તો સમજાઈ જવું જોઈએ કે જે વાત માટી અને માટીની વસ્તુઓ માટે સત્ય છે એ જ વાત લોઢું, ત્રાંબુ, પિત્તળ, સોનું, ચાંદી વગેરે ધાતુઓ અને એમાંથી બનતી ચીજોની બાબતમાં પણ સત્ય જ છે. એટલા માટે જ્યારે એ જ્ઞાન થયું કે માટીમાંથી બનેલી ચીજો માટીથી ભિન્ન નથી, તો એ પણ સાબીત થયું કે માટીનું જ્ઞાન થતાં જ માટીમાંથી બનેલી ચીજોનું પણ જ્ઞાન થઈ જાય. એ રીતે માટી જ સત્ય છે અને એમાંથી નીપજેલી અન્ય ચીજો એનો વિકાર એટલે કે બદલાયેલું રૂપ છે.'

પિતાનું આ બોલવું સાંભળીને શ્વેતકેતુ બોલ્યો: 'પિતાજી ! તમે જે જ્ઞાન આપ્યું તે મારા ગુરુ જાણતા નહિ હોય, નહિતર મને શીખવ્યા વિના ન રહેત; માટે હવે તો આપ જ આ તત્ત્વજ્ઞાન મને બરાબર શીખવી દો.'

પુત્રની ઉત્સુકતા વધેલી જોઈ પિતાએ વધારે ઉત્સાહથી કહ્યું:

'પુત્ર ! મેં તને હમણાં જ બતાવ્યું કે માટી અથવા બીજી ધાતુઓમાંથી અનેકરૂપ અને નામવાળી ચીજો કેવી રીતે બને છે ? જેમ માટીમાંથી અનેક ચીજો અને સોનામાંથી અનેક દાગીના બને છે, એ જ રીતે સંસારના આ નામરૂપવાળા પદાર્થો જ જગત છે. એક જ ભાવરૂપ સત્-તત્ત્વમાંથી એ બન્યા છે. આ રંગબેરંગી દુનિયાનું મૂળ કારણ એક જ છે; અને આ જગત તે એક મૂળ કારણનું કાર્ય છે.'

શ્વેતકેતુએ પૂછ્યું: 'પિતાજી ! મને એ સમજાવો કે જો શરૂઆતમાં એક જ અદ્વિતીય, એકાત્મક અને ભાવરૂપ ચીજ હતી તો તેનાથી દુનિયામાં દેખાતી અસંખ્ય ચીજો શી રીતે બની ?'

આરુણિએ જવાબ આપ્યો: 'વત્સ ! મૂળમાં તો આ એક જ તત્ત્વ છે; પરંતુ એને એકલાપણામાં ન ગમ્યું એટલે એણે પોતાના તત્ત્વમાંથી આ દુનિયા બનાવી. માટીમાંથી જેમ વાસણ બને છે એમ જ એ એક સત્-તત્ત્વમાંથી આ આખા જગતની રચના થઈ. આ ચીજોનાં નામ જુદાંજુદાં હોવા છતાં પણ એ બધીમાં એ તત્ત્વનો જ અંશ છે, એનાથી જુદી નથી. બધા ખનિજ પદાર્થો, વનસ્પતિ, પશુપક્ષી અને મનુષ્ય સૌ કોઈ એ એક જ તત્ત્વમાંથી બન્યાં છે. પરંતુ અજ્ઞાની આ રહસ્ય નથી જાણતા. જે સત્-તત્ત્વરૂપ આત્મામાંથી આ જગત ઉત્પન્ન થયું છે તે ખૂબ જ સૂક્ષ્મ એટલે કે અવ્યક્ત છે. જેવી રીતે માટી સત્ય અને માટીનું વાસણ એનો વિકાર છે—બદલાયેલું રૂપ માત્ર છે; એ જ રીતે આ સત્સ્વરૂપ આત્મા સત્ય છે; અને આ જગત એનો વિકાર એટલે કે બદલાયેલું રૂપ માત્ર છે. જેમ માટીની આકૃતિઓ નાશ પામવા છતાં ય માટી નાશ નથી પામતી તેમ જ જગતનો નાશ થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

નાશ છતાં ય આ સત્‌સ્વરૂપ આત્મા કદી નાશ નથી પામતો અને તેથી હે શ્વેતકેતુ ! તું પણ આત્મસ્વરૂપ જ છે.'

શ્વેતકેતુએ પૂછયું: 'પિતાજી! તમે કહ્યું કે આ સત્-તત્ત્વ પરમાણુથી યે સૂક્ષ્મ નરી આંખે ન દેખાય તેવું છે. તો એ મારી સમજમાં નથી આવતું કે જો પરમાણુથી પણ સૂક્ષ્મ છે અને નરી આંખે અદૃશ્ય છે તો એનાથી આકાશનો આ મોટો ઘુમ્મટ, આપણા માથા ઉપર રહેનારા હિમાલય જેવા પ્રચંડ પર્વતો અને જંગી વૃક્ષો કેવી રીતે બન્યાં? અને વળી એ પદાર્થ દેખી પણ ન શકાય એ કેવું? આપની ભાષામાં કહું તો કાર્ય દેખાય છે, પણ કારણ અદૃશ્ય છે એ માનવું શી રીતે? એ જરા અજબ લાગે છે. મારી બુદ્ધિ એમાં શ્રદ્ધા મૂકી શકતી નથી, તો મને ગુસ્સો ન કરતાં એ સ્પષ્ટ સમજાવો.'

પુત્ર વધારે ને વધારે રસથી પોતે દીધેલો ઉપદેશ સાંભળી રહ્યો છે એ જોતાં જ આરુણિનું હૃદય આનંદથી નાચી ઊઠયું અને તેમણે કહ્યું: 'વત્સ! પેલા વડનું એક ફળ લઈ આવ.'

શ્વેતકેતુ વડનું ફળ લઈ આવ્યો, 'લો પિતાજી! એને શું કરું?'

'પિતાએ કહ્યું: 'એને તોડ.'

'તોડ્યું.' પુત્રે કહ્યું.

'એમાં તને શું દેખાય છે?'

'પરમાણુ જેવડાં નાનાંનાનાં બીજ દેખાય છે.'

'હવે એ બીજમાંથી એક બીજ લે અને એને તોડ.'

'એમ કર્યું.'

'હવે તને એમાં શું દેખાય છે?'

'પિતાજી! એમાં તો કશું જ નથી દેખાતું.'

'બેટા! જે ખૂબ જ સૂક્ષ્મ પદાર્થ તને નથી દેખાતો એ જ સૂક્ષ્મ અંશમાંથી એ પ્રચંડ વડનું ઝાડ ઉત્પન્ન થયું છે; એ જ રીતે સત્-સ્વરૂપ આત્મામાંથી આ જગત ઉત્પન્ન થયું છે. તું પણ એ સત્-સ્વરૂપ આત્મા જ છે. આ સત્-સ્વરૂપ આત્મા જ સર્વત્ર છે. જો કાર્ય દેખાતું હોય અથવા એનો અનુભવ થતો હોય તો એના કારણનું અસ્તિત્વ પણ આપણે સ્વીકારવું જ પડે; કેમકે કારણ વિના કાર્ય થતું જ નથી એ સિદ્ધાંત છે. ફૂલ આંખથી દેખાય છે અને સુગંધ આંખથી દેખાતી નથી એટલા માટે શું સુગંધ નથી એમ કહી શકાય? એ જ રીતે આ સત્-સ્વરૂપ આત્માનું પણ છે.'

શ્વેતકેતુને હવે એ તો સમજાઈ ગયું કે આંખોથી ન દેખાતો હોય તોપણ આત્મા છે તો ખરો જ, પણ એને એ ન સમજાયું કે આ એકલો આત્મા સર્વત્ર કેવી રીતે ફેલાયો. એણે એના પિતાને પૂછયું: 'પિતાજી! આ સત્-સ્વરૂપ આત્મા ખૂબ સૂક્ષ્મ હોવાના કારણે મારી આંખોને દેખાતો નથી, તોપણ એ મારી બુદ્ધિમાં નથી ઊતરતું કે એ સર્વત્ર કેવી રીતે છે? માટે એ મને સમજાવો.'

આરુણિ બોલ્યા: 'પુત્ર! એ પણ તને સમજાવીશ. એક પ્યાલું પાણી લઈ આવ અને એમાં મીઠાની એક મોટી કાંકરી નાંખ. પછી કાલે સવારે એ પાણી લઈને મારી પાસે આવજે, ત્યારે હું તારા પ્રશ્નનો ખુલાસો કરીશ.'

શ્વેતકેતુને એ ન સમજાયું કે સત્-સ્વરૂપ આત્માનું સર્વત્ર ફેલાવું અને મીઠાની કાંકરી નાખેલ પાણીનો શો સંબંધ હશે, તોપણ પિતાએ કહ્યા પ્રમાણે પ્યાલું પાણી લઈને એમાં મીઠાની કાંકરી નાખી દીધી અને રાતના સૂઈ ગયો.

બીજે દિવસે સવારે સંધ્યાપૂજા પતાવીને તત્ત્વજ્ઞાનનો જિજ્ઞાસુ બનેલો શ્વેતકેતુ પેલું મીઠાની કાંકરીવાળું પાણી લઈને પિતાની

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે પહોંચી ગયો અને બોલ્યો: ‘ પિતાજી! તમે કહ્યું હતું તેમ મીઠાની કાંકરી નાખીને આ પાણી લાવ્યો છું. તમે એના વડે જ એ બતાવવાના છો કે આત્મા કેવી રીતે સર્વત્ર ફેલાયેલો છે?’

એ સાંભળીને આરુણિ બોલ્યા: ‘ રાતે તેં જે મીઠાની કાંકરી પાણીમાં નાંખી હતી તે બહાર કાઢીને મને આપ.’

શ્વેતકેતુએ પ્યાલામાં આંગળી નાખીને ચારે ખૂણે શોધી પણ એ મીઠાની કાંકરી ન મળી. પ્યાલામાં પાણી સિવાય કંઈ જ નહોતું. શ્વેતકેતુ આશ્ચર્યથી પોતાના પિતાના મોં સામે જોઈ રહ્યો. એ જોઈને એના પિતા બોલ્યા: ‘ પ્યાલાને તળિયેથી એક ચમચો પાણી લઈને પી જો.’

શ્વેતકેતુએ એ પ્રમાણે પાણી પીધું એટલે એના પિતાએ પૂછયું: ‘ કેવું લાગ્યું?’

શ્વેતકેતુએ જવાબ આપ્યો: ‘ ખારું.’

આરુણિ ફરી બોલ્યા: ‘ હવે વચ્ચેથી એક ચમચો પાણી ભરીને પી જો.’

શ્વેતકેતુએ તેમ કર્યું એટલે એમણે પૂછયું, ‘ કેવું લાગ્યું?’

‘ ખારું.’ એણે જવાબ આપ્યો.

‘ તો હવે ઉપરથી એક ચમચો ભરીને પી જો.’

શ્વેતકેતુએ તેમ કર્યું એટલે ફરીથી એ બોલ્યા, ‘ કેવું લાગ્યું?’

‘ આ પણ ખારું લાગ્યું, પિતાજી!’

‘ઠીક, તો વત્સ! તને એમાંથી મીઠાની કાંકરી ન મળી કે આંખથી ન દેખાઈ, તો પણ એમાં મીઠું છે કે નહિ?’

‘ છે, પિતાજી!’

‘ એ તું કેવી રીતે કહી શકે છે?’

‘ પાણીના ખારા સ્વાદ ઉપરથી.’

‘ વત્સ! તેં નીચેનું, વચ્ચેનું અને ઉપરનું પાણી લીધું; એ ત્રણે જગ્યાનું પાણી તને ખારું લાગ્યું એનાથી તેં શું પરિણામ તારવ્યું?’

‘ પરિણામ તો મેં એ તારવ્યું કે આ પાણીમાં મીઠું છે. આમાં એક ટીપું પણ એવું નથી જેમાં મીઠું ન હોય.’

‘ શાબાશ, પુત્ર! જેવી રીતે એ મીઠાની કાંકરી તને દેખાતી નથી તોપણ ન દેખાય એવા સૂક્ષ્મ રૂપમાં એ પાણીમાં સર્વત્ર ફેલાયેલી છે, એ જ રીતે સત્-સ્વરૂપ સૂક્ષ્મ આત્મા પણ જગતનું મૂળ કારણ છે અને તે સર્વત્ર ફેલાયેલો છે. હવે તને એ કહેવાની તો જરૂર નથી જ રહેતી કે એ સત્-સ્વરૂપ આત્મા પણ તું જ છે.’

શ્વેતકેતુની સમજણમાં આવી ગયું કે સત્-સ્વરૂપ, સૂક્ષ્મ અને નરી આંખે ન દેખાનાર આત્મા જ જગતનું મૂળ કારણ છે અને તે સર્વત્ર ફેલાયેલો છે. પરંતુ જેમ સૂર્યોદયની સાથે જ અંધકાર ટળી જાય છે એમ આત્મજ્ઞાન થતાં જ સ્વાર્થ નાશ પામે છે. શ્વેતકેતુના મનમાં પ્રશ્ન ઊઠ્યો કે ‘ આત્માનું આ સત્ સ્વરૂપ લોકો કેવી રીતે સમજશે? આરુણિ જેવા બ્રહ્મને જાણનારા, પ્રેમાળ અને પોતાના પુત્રના હિત માટે હમેશાં પ્રયત્ન કરનારા પિતા મને તો મળ્યા છે એ મારું સદ્‌ભાગ્ય છે, પણ બધાંને ઓછું જ કંઈ એવું ભાગ્ય મળતું હશે જેથી આવું જ્ઞાન તેઓ પામી શકે?’

એટલે એણે પિતાને પૂછયું: ‘પિતાજી! આપે મને શાસ્ત્રનો ઉપદેશ આપીને આ આત્મવિદ્યા શીખવી, પરંતુ આ જગતના અન્ય જીવોને એનું જ્ઞાન કેવી રીતે થશે?’

આરુણિએ જવાબ આપ્યો: ‘વત્સ! કલ્પના કર કે કોઈ ગાંધાર દેશનો રહેવાસી હોય અને એની આંખે પાટા બાંધીને બંગાળના એક ગીચ વનમાં છોડી મૂકવામાં આવે, અને પછી એના આંખના પાટા છોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...વામાં આવે, તો હવે એ માણસ તો આ નવા દેશથી અજાણ છે અને તેને પોતાના મૂળ દેશમાં જવું છે, તો ત્યારે તે શું કરશે?'

શ્વેતકેતુ બોલ્યો: 'જો પહેલો માણસ એને જંગલમાં ભેટી જશે એને પોતાના મૂળ દેશનો રસ્તો પૂછશે, અને મને વિશ્વાસ છે કે જો એ હોશિયાર અને પ્રસંગ ઓળખી કામ કરનારો હશે તો લોકોને પૂછતોપૂછતો પોતાને દેશ પહોંચી શકશે.'

આરુણિએ કહ્યું: 'વત્સ! તદ્દન બરાબર જવાબ આપ્યો. એ જ વાત આત્મજ્ઞાનની પણ છે. અજ્ઞાનના ગીચ જંગલમાં ભટકતો મનુષ્ય સત્પાત્ર અને સદ્‌ગુરુની સહાયથી આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લેશે અને હું પણ આત્મા છું એમ અનુભવ કરીને પોતાનું જીવન સફળ બનાવશે?'

ત્યારે આપણે પણ જ્યારે હૃદયથી દુર્બળ થઈએ ત્યારે આરુણિએ શ્વેતકેતુને કહ્યું હતું તે વાક્ય શા માટે આપણી જાતને ન કહીએ કે 'એ સત્-સ્વરૂપ આત્મા તું જ છે?'

(૨)

એ સાચું બોલ્યું

સત્યકામ નામે એક છોકરો હતો.

એ મોટી ઉંમરનો થયો છતાં એની બા હજુ એને જનોઈ આપતાં નહોતાં કે ગુરુને ઘેર ભણવા મોકલતાં નહોતાં.

એના સાથીદારો પણ ઉંમર થતી ગઈ તેમતેમ જનોઈ ધારણ કરતા ગયા ને ગુરુને ઘેર વિદ્યા ભણવા જતા ગયા. હવે તો તે એકલો પડ્યો. કોની જોડે ફરવું? કોની જોડે રમવું?

વળી બાળપણ ક્યાં સુધી એણે ગાળવું? ભણ્યા વિના ચાલે ખરું? ઉંમર થઈ તો એને અનુરૂપ ફરજ પણ બજાવવી જ જોઈએ ને?

સત્યકામ નાનપણથી જ સમજુ હતો. આજુબાજુ સૌ એને ડાહ્યા શાંત છોકરા તરીકે ઓળખતું. એ સાચકલો ને માયાળુ હતો એટલે સૌ કોઈ એને પ્યાર કરતું.

વિચાર થયો કે પોતે પણ ભણવું જોઈએ એટલે એ તો ગયો માતા પાસે અને બોલ્યો: 'બા! બા! તું મને હજુ જનોઈ કેમ નથી આપતી? ગુરુને ઘેર કેમ નથી મોકલતી? મારાથી જુદા પડાય ને દુઃખી થવાય માટે મને મારા ધર્મમાંથી ચળાવે છે?'

એની માતાનું નામ જાબાલા હતું. જાબાલા આ પ્રશ્નો સાંભળતાં જ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.

થોડીવારે એ રડીને શાંત રહી એટલે સત્યકામે ગરીબડા બની જઈ કહ્યું: 'બા! મને માફ કર. મેં નાહકનું તારું દિલ દુઃખી કર્યું. આ તો તું જ જે ધર્મ મને નાનપણથી શીખવી રહી છે એનું હું તને ભાન કરાવતો હતો. છતાં તને દુઃખ થતું હશે તો ફરી કોઈવાર તને આ વાત નહિ કરું.'

કહીને જવા માટે એણે પીઠ ફેરવી, પણ ત્યાં તો તરત જ જાબાલાએ એનો હાથ ઝાલી એને નીચે બેસાડ્યો અને એના માથે વહાલથી હાથ ફેરવી એ બોલી: 'વત્સ! હું રડી તેથી તું માઠું ન લગાડીશ. મને પણ લાગે તો છે જ કે તને જનોઈ આપી ગુરુને ઘેર વિદ્યાભ્યાસ કરવા મોકલવો જોઈએ, પણ પુત્ર! ગુરુ તને પહેલો જ પ્રશ્ન એ પૂછશે કે તારું ગોત્ર કયું? અને ત્યારે તું શું જવાબ દઈશ?' એ થોડીવાર થોભી.

'કેમ, બા! તું કહીશ તે ગોત્ર હું કહી

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દઈશ.' સત્યકામે ઉત્સાહથી જવાબ આપ્યો.

'હા વત્સ! પણ તારું ગોત્ર જ નથી.' અને ફરીથી જાબાલાના મોં ઉપર દુઃખની છાયા દેખાઈ. એક ઊંડો નિસાસો એણે નાખ્યો.

'બા! શું મારું ગોત્ર જ નથી? ત્યારે હું જન્મ્યો કેવી રીતે?'

જાબાલા શું જવાબ આપે? પણ તરત જ એને વિચાર થયો કે મેં એને નાનપણથી સત્ય અને નીતિનો માર્ગ બતાવ્યા કર્યો છે ને હવે શું મારે એનાથી સત્ય છુપાવવું? ના, ના, મારો અપરાધ ભલે છતો થાય પણ સત્યને તો હું નહિ જ ગૂંગળાવું.

એણે કહી દીધું: 'વત્સ! સત્ય મહાન છે અને તેથી હું તને આજે જણાવું છું કે મારી યુવાનીમાં અનેક ઋષિઓના સંસર્ગમાં આવવાથી તારો જન્મ થયો છે એટલે તારું કોઈ નક્કી ગોત્ર નથી. છતાં તું આજથી જ ગુરુને ત્યાં જા અને ગોત્ર પૂછે તો મારા આ અપરાધની વાત કરી કહેજે કે હું જાબાલાનો પુત્ર હોઈ જાબાલા મારું ગોત્ર છે.'

સત્યકામ એની માતાને એટલી બધી ચાહતો અને માતાએ એનામાં પ્રેમથી સરસ સંસ્કાર સીંચ્યા હતા, તેથી એ આ જાણીને જરાય ગુસ્સે ન થયો. માતાને પગે લાગી આશીર્વાદ લઈ એ ગુરુના આશ્રમ ભણી ચાલી નીકળ્યો.

એણે મનમાં નક્કી કર્યું હતું કે ગુરુને મારા સત્યથી ને વિનયથી હું પ્રસન્ન કરીશ ને મક્કમ મનોરથના બળે વિદ્યા તો ગમે તેમ કરીને ય મેળવીશ.

ગૌતમઋષિના આશ્રમમાં આવી એ ગુરુને પગે પડ્યો ને બોલ્યો: 'ભગવાન! હું આપની પાસે વિદ્યાધ્યયન માટે બ્રહ્મચારી બનીને રહીશ. હું આપને શરણે આવ્યો છું.'

ગુરુએ તરત જ પ્રશ્ન કર્યો: 'તારું ગોત્ર?'

વગર અચકાયે એણે સત્ય જવાબ દઈ દીધો: 'ભગવાન! મારી બા એની યુવાનીમાં અનેક ઋષિઓના સંસર્ગમાં આવી અને એમાંથી મારો જન્મ થયો, એટલે મારું ગોત્ર તો કોઈ નથી, પણ મારી બાનું નામ જાબાલા છે અને એણે કહ્યું છે કે મારું નામ હવેથી સત્યકામ જાબાલ છે.'

ગૌતમઋષિ એની સત્યપ્રિયતા અને નીડરતાથી ખુશ થયા. એમણે એનામાં રહેલી વિદ્યાની સાચી ધગશ જોઈ લીધી; અને પ્રેમથી એમણે જવાબ આપ્યો: 'વત્સ! સત્ય જ બોલીને તેં તારું સત્યકામ નામ શોભાવ્યું છે. જો તું ઊંચ વર્ણનો ન હોત તો આવું નીડર સત્ય તારા મોંમાંથી ન નીકળત. તું સત્યથી ન ડગ્યો માટે હું પ્રસન્ન છું. જા, યજ્ઞ માટે સમિધ લઈ આવ. હું તને જનોઈ આપીશ; અને પછી તને અહીં રાખી વિદ્યા પણ ભણાવીશ.'

આમ સત્યના બળે એ ગુરુને રીઝવી પણ શક્યો અને વિદ્યા મેળવી પણ શક્યો. નિયમિતતા, સહનશીલતા, ગુરુભક્તિ, ઉદ્યમ અને સતત અભ્યાસથી વિદ્યા મેળવી એ ઘેર પાછો ફર્યો અને યોગ્ય પત્ની મેળવી સુખી પણ થયો. શીખેલી વિદ્યા એણે વધારી અને અનેક બ્રહ્મચારીઓને એણે એ શીખવી. એણે જીવ્યો ત્યાંસુધી સત્ય અને ધર્મ છોડ્યાં.

સત્ય આચરનારનું જીવન સત્યકામની પેઠે સદા સુખમાં જ પસાર થાય છે અને આખરે કલ્યાણ પણ પમાય છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક :

શ્રી શંકરભાઈ સો. તડવી

પક્ષીજગત

ગુજરાતમાં નજરે પડતાં પક્ષીઓની નાનીમોટી મળી દોઢસો જાતો છે એમ કોઈને કહીએ તો તેના મુખ પર આશ્ચર્ય ને પ્રશ્નાર્થનાં ચિહ્નો જ જોવા મળવાનાં. કોયલ, પોપટ મેના, બપૈયો, અને પારેવડાંનું છેક પ્રાચીન સમયથી સાહિત્યક્ષેત્રમાં સન્માન થયું છે. કોયલ ને બપૈયા વિના કવિતાનો પ્રદેશ કેવો શુષ્ક થઈ જાત! શ્રાદ્ધની ક્રિયામાં કાગવાસ વખતે કાક ઋષિને આમંત્રણ અપાય છે, હજારો માઈલનું સ્થળાંતર કરીને કેટલાંક પક્ષીઓ ગુજરાતને આંગણે પધારે છે ખરાં, યુદ્ધક્ષેત્રોમાં પોપટ–પારેવાંએ સંદેશવાહકો બની માનવીની અજબ સેવા કરી છે ખરી, પણ બોલતી, ગાતી ને કિલ્લોલતી આ કુદરત પ્રત્યે માનવી સાવ ઉદાસીન રહ્યો છે. જે દેખાવે ને આકારે મનોરમ અને આનંદપ્રેરક છે તેવાં પક્ષીઓ વિષેનો આ લેખ આપણું દૃષ્ટિકોણ બદલશે.

કુદરતે રચેલી સજીવ સૃષ્ટિમાં માનવસમુદાય, પ્રાણીજગત, પક્ષીજગત અને વનસ્પતિવૃંદનો સમાવેશ થાય છે. વનસ્પતિને ઘણા નિર્જીવ ગણે છે, પણ તે ભૂલ છે; કારણકે વનસ્પતિ પણ આપણી પેઠે જ ખોરાક લે છે. પાણી, પ્રકાશ અને ખોરાકથી તેની વૃદ્ધિ થાય છે. તેની નિરનિરાળી કુટુંબરચના અને વંશવર્ધન તથા તેનો નાશ પણ છે.

માનવજીવનમાં પ્રાણીઓનો, વનસ્પતિનો અને પક્ષીઓનો પણ યોગ્ય ફાળો રહેલો છે. વળી પક્ષીઓ આપણા માનવી જીવન સાથે નિકટનો સંબંધ ધરાવે છે. આમ છતાં યે પ્રાણીસૃષ્ટિ, પક્ષીની દુનિયા અને વનસ્પતિસામ્રાજ્ય વિષે આપણું અજ્ઞાન ખરેખર શરમાવનારું છે.

અહીં એકલા પક્ષીજગતનો જ વિચાર કરીશું.

આપણા ગુજરાતમાં વસતાં અને ગુજરાતનાં મહેમાન બનતાં પક્ષીમિત્રોની સંખ્યા પક્ષીવિશારદો દોઢસો જેટલી ગણાવે છે. ઘણાંને આશ્ચર્ય થશે કે અમે તો કંઈ એટલાં બધાં પક્ષીઓ જોતાં નથી. આપણા જીવનમાં એવી ટેવ પડી ગઈ છે, કે આપણને આંખ ઉઘાડી રાખીને જગતમાં શું ચાલે છે એ જોવાની જરૂર જણાતી નથી; અને આપણામાંના ઘણા મોટા ભાગને તે આવડતું પણ નથી. 'આપ્યું વાણિયે અને ખાધું પ્રાણીએ' જેમ આપણે જીવન જીવીએ છીએ.

આપણાં એ દોઢસો પક્ષી ભેરુબંધો આપણી નિકટમાં વસે છે. આપણે આંગણે રમી–ભમી જાય છે. ઘરની ટોચે, વાડાની વાડે, આંગણાના લીમડાની ડાળે કે રેલવેના તારનાં દોરડાં પર બેસી દિવસ ઊગ્યે કેટલાં યે પક્ષીઓ પોતાનું સૂરીલું સંગીત વહેતું મૂકે છે; પણ આપણા ધમાલિયા જીવનમાંથી થોડોક વખત બચાવી તેમનાં ગીતો સાંભળવાની અને તેમના સુંદર ભભકભર્યા રંગો નિહાળવાની આપણને કશી યે પડી નથી.

પક્ષીઓ કોઈને દેખીતો લાભ કરતાં ન જણાય, તો યે બે ઘડી તેમનાં રૂપરંગ જોવાથી અને તેમનાં ગીતો સાંભળવાથી જીવનનો થાક ઊતરે છે અને નીરસ જીવનમાં આનંદ છલકાય છે. વળી રોજરોજના અવલોકનથી જણાશે કે કુદરતી સૃષ્ટિ કેટલી ગૂઢ અને ચમત્કારિક છે! તીડની ઈયળ બને અને

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇયળની ભમરી બને છે, એ જાણીને કેટલી નવાઈ લાગે છે!

આમ કેવળ આનંદ માટે પણ આપણે પક્ષીજગતનો પરિચય જાણી લેવો જોઈએ; કેમકે માનવજીવનમાં પક્ષીઓ નિત્ય સાથીઓ તરીકે વણાઈ ચૂકેલાં છે. આપણા સાહિત્યમાં પણ પંખીડાંનો ઉલ્લેખ છે: દાખલા તરીકે શાકુંતલ નાટક, મેઘદૂત, મુનશીની તથા રાયચુરાની નવલકથાઓમાં. કેટલા યે સ્થળોએ ઈરાની બુલબુલ, ભાતીગર મોરલાં, કાળી કોયલડી, માનીતી મેના, નિર્દોષ પારેવાં, પ્રેમપિયાસી બપૈયો વગેરેને પોતાની કાવ્યરચનામાં વણી લઈ કાવઓ ને લેખકોએ તેમનાં ગીત ગાયાં છે. ખરેખર પક્ષીઓ એ માનવીનો આનંદ છે.

આપણા ગુજરાતીઓ પેઠે પંખીઓમાં પણ જુદાજુદા વર્ણો છે. કેટલાંક શુદ્ધ શાકાહારી છે, ત્યારે કેટલાં માંસ વિના જમે જ નહિ એવાં પણ છે. કેટલાંક ડરપોક અને નમ્ર છે અને કેટલાં યે બહાદુર અને કજિયાખોર છે.

પક્ષીનિરીક્ષણ: પંખીડાંનો પરિચય પામવા માટે પક્ષીનિરીક્ષણ આવશ્યક છે. હાલમાં પક્ષીનિરીક્ષણની નીચેની પદ્ધતિઓ પ્રચલિત છે:

(૧) શિકાર: પક્ષીઓનો શિકાર કરી, તેના દરેક અંગનો વિચાર-અભ્યાસ કરી પરિચય પ્રાપ્ત કરવો.

(૨) પક્ષીઘરો: સંગ્રહસ્થાનોમાં પક્ષીઘરો તૈયાર કરવાં, તેમના ઉપર જુદાજુદા પ્રયોગો કરી, તેમનાં નિત્ય અવલોકનો પરથી તેમની ખાસિયતો વગેરે જાણી લઈ તેમને વિષે જાતમાહિતી મેળવી.

(૩) પર્યટન: વનભોજન કે ઉજાણી જેવા પ્રસંગે નજરે પડતાં પક્ષીઓનો પરિચય પ્રાપ્ત કરવો. આ પ્રસંગે નોંધપોથીઓ રાખી તેમની ટેવો, દેખાવ અને રહેણીકરણીની નોંધ લેવી.

(૪) પરબડી: ગામની વચમાં પક્ષીઓને દાણા નાખવા માટે જે પક્ષીઘર બનાવવામાં આવે છે તેને પરબડી કહે છે. પરંતુ આમાં મુખ્યત્વે કાગડા, કાબરો અને કબૂતરો જ વધારે આવશે. એટલે ખાસ કરીને વૃક્ષોમાં છુપાઈ રહેતા પક્ષાબિરાદરોનાં દર્શન પરબડીમાં થશે નહિ.

(૫) મોટાં વૃક્ષોની ડાળે મોટાં કૂંડાં ટાંગવાં. કૂંડાંમાં પાણી અને દાણા નાખવા. ઉનાળામાં બપોરે ઘણાં પક્ષીઓ ત્યાં મળે છે. આ વખતે અવલોકનથી તેમની હકીકત નોંધી લેવી.

આમ્રઘટામાં કુંજતાં પંખીને બંદૂકને ધડાકે લોહીલુહાણ કરી તેના મૃતદેહને અવલોકી પરિચય પામવાની રીત આવકારદાયી નથી. તે રીત હિંસાત્મક અને જંગલી છે.

પક્ષી અને વનસ્પતિ: ઘણાં પક્ષીઓ એકલી વનસ્પતિ ઉપર જ જીવે છે. મરઘાં, કબૂતરો અને થોડાંક જળચર પક્ષીઓ બાદ કરતાં બધાં જ પક્ષીઓ વૃક્ષો પર રહેનારાં છે. વનસ્પતિનાં ફળ, ફૂલ અને બી એ એમનો મુખ્ય ખોરાક છે.

પક્ષી-નામકરણવિધિ: પક્ષીઓના અભ્યાસમાં તેમનાં નામકરણનો વિધિ ખાસ અગત્યનો છે; કારણકે એક જ પ્રદેશમાં એકનાં એક પક્ષીનાં ઘણાં નામ હોય છે. આવે વખતે પક્ષીવિશારદોએ કંઈક નીચેના મુદ્દાઓને લક્ષમાં રાખી પક્ષીઓનાં નામ પાડનારી ફોઈબાનો નાટ્યપાઠ ભજવવાનો રહે છે:

(૧) પક્ષીનાં રંગ, રૂપ અને લક્ષણને અનૂરૂપ હોય.

(૨) આખા પ્રદેશમાં તેનું સામાન્ય નામ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) સંસ્કૃત ઉપરથી રૂઢ થયેલું હોય.
(૪) અંગ્રેજી ઉપરથી ગુજરાતી અર્થમાં રૂઢ થઈ શકે એવું નામ.

પક્ષીકુટુંબો : હવે આપણે પક્ષીઓને ઓળખવા માટે તેમનાં કુટુંબોનો પરિચય કરી લઈએ. રૂપ, રંગ અને ખાસિયતમાં મળતાં આવતાં પક્ષીઓને એક કુટુંબમાં મૂક્યાં છે.

(૧) ચકલી અને તેનાં કુટુંબી : ચકલી, ઘોંસચકલી, ચંડૂલ, સુઘરી, અને શિયાળામાં આવતી બીજી બે જાતની ચકલીઓ.

(૨) દરજીડો : દરજીડો, પોદિયું, બડવો અને ચરો.

(૩) કાબર : કાબર, સીમાળીકાબર, મેનાકાબર, વૈયાં અને ચાસ.

(૪) આંબાશાખ : આંબાશાખ, એની જાતનાં અજાણ્યાં બે કાળા રંગનાં પક્ષીઓ.

(૫) બુલબુલ : બુલબુલ, ઢોલી, દાણોકોશી.

(૬) ભારદ્વાજ : ભારદ્વાજ (બે જાત), કુકુક અને હુડહુડ.

(૭) નીલકંઠ : નીલકંઠ, બીજી જાત, નાનો નીલકંઠ અને કલકલિયો.

(૮) અબાબીલ : અબાબીલ, છીપાં, ઘમાચીડિયાં, વાગોળ.

(૯) ઘુવડ : ઘુવડ અને ચીબરી.

(૧૦) હોલાં : હોલી, લાલ હોલી, ઢોલ હોલી, કોદરવી હોલી.

(૧૧) કબૂતર : કબૂતર અને હળિયેલ.

(૧૨) કાગડો : કાગડો, કાળો કાગડો.

(૧૩) કોયલ : કોયલ, બપૈયો, મોતીડો.

(૧૪) હૂકો : હૂકો, ખેરખટ્ટો.

(૧૫) દેવચકલી : દેવચકલી, દૈયડ અને ...થરો. (એક પક્ષી)

(૧૬) ખંજન : ખંજન, કાળો દિવાળી-...ડો, ચકલો.

(૧૭) સમડી : સમડી, ધોળી સમડી, જલસમડી, બાજ, કાંચીડિયું.

(૧૮) ગીધ : ગીધ, બગધી, મોરિંગી અને ગરુડ.

(૧૯) તેતર : તેતર, ખરતેતર, પાકોળી.

(૨૦) લાવરી : લાવરી, બીજી જાત, ચકવો.

(૨૧) બતક : બતક, જળકૂકડી, જંગલી બતક, હંસ, રાજહંસ.

(૨૨) બગલાં : બગલાં, ગાયબગલાં, ઢેડી, સફેદ બગલાં.

(૨૩) મોર : મોર, અને ઢેલ.

(૨૪) મરઘાં : મરઘાં, જંગલી મરઘાં અને જળકૂકડાં.

(૨૫) સારસ : સારસ, કુંજડાં અને શાહમૃગ (સારસની જાતનાં બીજાં પાંચ જાતનાં જળચર પક્ષીઓ).

(૨૬) પોપટ : પોપટ, સારિકા, મેના અને હીલા.

(૨૭) લેલાં : લેલાં, ભેંસલેલાં અને લેલાંની બીજી જાત.

(૨૮) ફૂલચકલી : ફૂલચકલી–નર, માદા.

(૨૯) ટિટોડી : ટિટોડી, ટિટોડી જેવાં નાનાંમોટાં બે જાતનાં પક્ષીઓ.

(૩૦) પાણી લાવરી : પાણી લાવરી (બે જાત), પાણીની પદ્દી, ગલ.

ઉપલી યાદી જોતાં કુલ ૧૦૮ પક્ષીઓ થયાં. કેટલાંકનાં 'ખાસ નામ' આવડતાં ન હોવાના કારણે યાદી પૂરી આપી શકાઈ નથી.

પક્ષીઓના વર્ગો : પક્ષીઓના જુદાજુદા વર્ગો પણ પક્ષીનિરીક્ષણમાં ખાસ ઉપયોગી નીવડે છે. નીચે કેટલાક વર્ગો આપ્યા છે.

ક. વસવાટ પ્રમાણે : (૧) ઝાડપર બેસનારાં : ચકલી, બુલબુલ, મેના, સારિકા, ચાસ, ભારદ્વાજ, ચંડૂલ, સુઘરી, કાગડો વગેરે.

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ઝાડપર ચઢનારાં : પોપટ, કોયલ, કાકાકૌઆ.

(૩) જમીન પર દોડનારાં : શાહમૃગ.

(૪) જમીન ખોતરનારાં : મરઘાં, જંગલી મરઘાં, મોર અને તેતર.

(૫) પાણીમાં ચાલનારાં : બગલાં, સારસ.

(૬) પાણીમાં તરનારાં : પાણી લાવરી, જંગલી બતક, હંસ, રાજહંસ.

ખ. રહેઠાણ પ્રમાણે : (૧) ઘરની દીવાલો અને ઘરમાં રહેનારાં : ચકલી, કાબર, કબૂતર, પોપટ, હોલાં.

(૨) ખંડિયેરો અને અંધારામાં વસનારાં : ઘુવડ, ચીબરી, છીપાં, ચામાચિડિયાં અને અબાબીલ (જો કે તે દિવસે ભેખડો, ઝાડની ડાળી વગેરે ઉપર બેસે છે.)

(૩) ટેકરીઓ, પર્વતમાળા અને પર્વતની અંદર રહેનારાં : બાજ, ભેરી, ગીધ, જંગલી મેના, જંગલી કૂકડા, લેલાં, ચાસ, હળિયેલ.

(૪) બાગ અને ફળીમાં રહેનારાં : દૈયડ, થરથરા, ગીધ, સમળી, કાગડો, કાબર, દિવાળીઘોડો, કાળોકોશી, દેવચકલી, ફૂલ–ચકલી.

(૫) પાણી પાસે રહેનારાં, તળાવ, ઝરણાં, નદી અને દરિયાકાંઠે વસનારાં : સુઘરી, બતક, જળકૂકડી, સુખાખ, કાજિયાં, પાણીની પટ્ટી, જલસમડી, કાળો દિવાળીઘોડો.

(૬) ખેતર અને સીમશેઢાનાં વાસી : તેતર, ચંડૂલ, ભોંયચકલી, નાનો નીલકંઠ, ટીટોડી, બટેર, (ખરતેતર), સીમાળી કાબર, મેનાકાબર વગેરે.

ગ. માળા પ્રમાણે : (૧) ઘરમાં માળા બાંધનાર : ચકલી, કાબર, કબૂતર.

(૨) માનવીની સહાયથી માળા બાંધનાર : મરઘાં અને પાળેલી બતકો.

(૩) જમીન ઉપર માળા બાંધનાર : દેવચકલી, હોલાં, લાવરી, તેતર, ચકોર, ભોંયચકલી, ખરતેતર, ટિટોડી અને ચંડૂલ.

(૪) ઝાડવાં, ભીંત કે વાડો ઉપર માળા બાંધનારાં : ફૂલચકલી, લેલાં, હોલાં, કાળોકોશી, બુલબુલ, દરજીડો.

(૫) વૃક્ષો ઉપર કરાંઠી કે લાકડાંના માળા બાંધનારાં : કાગડો, સમડી, ગીધ, બાજ અને ગરુડ.

(૬) ઝાડની બખોલો કે ઝાડ કોરી માળા બાંધનાર : ભારદ્વાજ, મેના, કાબર, પોપટ, હીલા અને ટુકટુક. આમાંનાં કેટલાંક પક્ષીઓ તૈયાર બાકોરાંનો ઉપયોગ માળા તરીકે કરે છે.

(૭) ગોળાકાર માળા બાંધનાર : કાળો-કોશી, લેલાં, બુલબુલ, દેવચકલી અને આંબાશાખ.

(૮) પાણીમાં માળા બાંધનાર : સારસ.

(૯) પાણી પાસે માળા બાંધનાર : ટિટોડી અને સુઘરી.

(૧૦) સુંદર સુંવાળા અને સરસ માળા બાંધનાર : ફૂલચકલી, ચકલી, બુલબુલ, સુઘરી અને કાળોકોશી.

(૧૧) બીજાના માળાનો ઉપયોગ કરનાર : કોયલ, બપૈયા અને મોતીડો.

(૧૨) જમીનમાં દર ખોદી માળા બનાવનાર : નાનો નીલકંઠ, પોપટ.

શરીરના કદ અને રંગ પ્રમાણે : (૧) નાના શરીરવાળાં : દેવચકલી, ભોંયચકલી, ફૂલચકલી, બુલબુલ, લેલાં, દિવાળીઘોડો, ચકલી અને દરજીડો.

(૨) કાબર જેવડાં પક્ષી : કાબર, મેના, ભારદ્વાજ, હુડહુડ, મોટા લેલાં, આંબાશાખ, સીમાળી કાબર, આંબાશાખ અને વૈયાં.

(૩) કાગડા જેવડાં પક્ષી : કાગડો, હૂકો, કોયલ અને બપૈયો.

(૪) સુંદર રાગથી ગાનારાં : બુલબુલ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...ડ, કોયલ, બપૈયો અને મોર.

(૫) શિકારી પક્ષીઓ : સમડી, ગીધ, ગરુડ, બાજ, મોરિંગી, કાંચીડિયું અને શકરોબાજ.

(૬) સુંદર પીછાંવાળાં પક્ષીઓ : મોર, નીલકંઠ, નાનો નીલકંઠ, હુડહુડ, ટુકટુક, આંબાશાખ, હંસ, રાજહંસ, ભારદ્વાજ અને ચાસ.

(૭) દેશાંતર કરનારાં પક્ષીઓ : ખંજન (દિવાળીઘોડો), કાજિયાં, કૂંજડાં, કોયલ, મોતીડો અને બપૈયો.

આ ઉપરાંત સ્થળચર, જળચર, વનચર અને આકાશમાં ઊડનારાં પક્ષીઓ વગેરેનું વર્ગીકરણ થઈ શકે. આ પ્રમાણે વર્ગીકરણો અને પક્ષીઓનાં કુટુંબ જાણ્યાથી પક્ષીઓનો થોડોઘણો ખ્યાલ આપણને આવે છે અને પક્ષીઓને ઓળખવાનું સુગમ પડે છે.

પક્ષીઓનો જીવનક્રમ નીચે મુજબ છે:

(૧) ખોરાક: ફળ, ફૂલ, બી અને અનાજ જીવડાં, ઈંડાં અને માંસ.

(૨) રહેઠાણ: સ્થળચર, જળચર અને વનચર એવા ભાગ પડી શકે.

(૩) સંતતિઉછેર : કોયલ, બપૈયો અને મોતીડા સિવાયનાં બીજાં બધાં પક્ષીઓ માળા બાંધે છે અને બચ્ચાંને ઉછેરે છે. ચકલાં, કૂકડા, અબાલીલ, કાબર, તેતર સિવાય માદા એકલી જ બચ્ચાંને ઉછેરે છે.

(૪) શરીરનાં અંગો : માથું, ધડ, પાંખ, પીછાં, પક્ષીની પાંખનાં હાડપિંજર માનવીના હાથના હાડપિંજરને મળતાં આવે છે.

(૫) ગીત : ઘણાં પક્ષીઓ ગાતાં નથી. પક્ષીઓ જે બોલી બોલે છે તેને પંખીઓનાં ગીત કહે છે.

(૬) પક્ષીયુદ્ધો : ચકલીઓ, કાબર, કૂકડાં, કાગડા–એમનામાં ખૂબ લડાઈ થાય છે. એક વખતે મેં ચકલાં, કાગડા અને કાબરોની વૃંદલડાઈ જોઈ હતી.

(૭) શિકારપદ્ધતિ : ગીધ, બાજ અને સમડી જેવાં પક્ષીઓને શિકાર માટે આકાશમાં ભમ્યા કરવું પડે છે. નાનાં પક્ષીઓ અહીં-તહીંથી દાણા, ઈયળો અને જીવજંતુથી પેટ ભરે છે. કલકલિયો માછલાં ખાય છે. નાનો નીલકંઠ અને કાળોકોશી ઝાડની એકાદ ડાળે બેસી રહે છે અને પતંગિયું કે તીડ જોતાં જ ચક્કર લગાવી શિકારને ઝડપી લે છે અને પછી પછાડીપછાડીને ખાય છે.

(૮) કુટુંબભાવના : ચકલાં, કાગડા, બગલા, કબૂતર, નાનો નીલકંઠ, કાબર, એ પક્ષીઓ ટોળામાં રહે છે. બીજાં પક્ષીઓ નર–માદાનાં જોડકામાં હોય છે.

(૯) ઉડ્ડયન : કાગડા કલાકના ૩૦ માઈલની ઝડપે ઊડે છે. કબૂતરો અને કાબરના ઉડ્ડયનનો વેગ વધારે હોય છે. તેતર, લાવરી વગેરે ઊડવા કરતાં દોડીને સંતાઈ જવામાં કાબેલ હોય છે. પાકોળી ઊલટી દિશામાં ઊડીને થોડેક દૂર બેસે છે. તે છેતર-વાની કળામાં પાવરધી હોય છે.

(૧૦) દુશ્મનો : સાપ, સમડી, કાગડો, ખિસકોલી અને માંસાહારી માણસો નાનાં પક્ષીઓનાં ઇંડાં અને બચ્ચાંનો નાશ કરે છે.

(૧૧) શિકાર : કબૂતર, જંગલી બતક, તેતર, લાવરી, હોલાં, ઢૂંકો અને હળિયેલનો શિકાર લોકો કરે છે. ગામડાંમાં મોરના શિકારને વખોડી કાઢવામાં આવે છે.

(૧૨) રૂપરંગ : પક્ષીઓનાં રૂપરંગ તેમનાં રહેઠાણ પ્રમાણે હોય છે. લીલાં વૃક્ષોમાં રહેનાર પોપટ લીલા રંગના હોય છે; અને સૂકી જગ્યામાં સંતાઈ જનારાં લાવરી, તેતર વગેરેનો રંગ સૂકા ઘાસ જેવો હોય છે.

પક્ષીઓની વસતિ વધારવા માટે તેના શિકારની પ્રથા બંધ થવી જોઈએ. પક્ષીઓની સૃષ્ટિ ઉપરથી આપણે ઘણો બોધ લેવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ખુલખુલ પક્ષીઓના દુશ્મનોની ભાળ રાખે છે અને કાગડા, કૂતરાં કે બિલાડી નજરે પડે કે ખુમરાણ મચાવી મૂકે છે. દુશ્મનને પક્ષીઓ સંયુક્ત મોરચો માંડી મારીને ભગાડી મૂકે છે. કાળોકોશી શિકારી પક્ષીઓથી નાના પક્ષીઓનું રક્ષણ કરે છે; માટે તે પક્ષીઓનો કોટવાળ કહેવાય છે અને ખુલખુલ પક્ષીઓનું ભંગી ગણાય છે. ચકલી જેવાં પક્ષીઓ ખેતીમાં સારી મદદ કરે છે. કારણકે તે કપાસ વગેરે ઉપર પડતી પચરંગી ઇયળોનો નાશ કરે છે. પક્ષીઓમાં વતનપ્રેમ હોય છે. વસંત-ઋતુ વખતે આપણા દેશનાં મહેમાન બનતાં પક્ષીઓ જોવા મળતાં નથી.

(૧૩) ગર્ભકાળ: મુખ્યત્વે પક્ષીઓને વસંતઋતુમાં સુંદર પીછાં આવે છે. ગર્ભકાળે ઘણાં પક્ષીઓનાં રૂપરંગ ફરી જાય છે; અને ત્યારથી તેઓ માળા બાંધી ઈંડાં મૂકવાની શરૂઆત કરે છે. કેટલાંક પક્ષીઓ શ્રાવણ ઊતરતાં સુધી ઈંડાં મૂકે છે અને બચ્ચાંને ઉછેરે છે.

લોકજીવન અને પંખીઓ: આપણા લોકજીવનમાં અને લોકગીતોમાં પંખીઓનું અનેરું સ્થાન છે.

કબૂતરો, પારેવાં અને કૂંજડી સંદેશ-વાહકો ગણાયાં છે. દૃષ્ટાંત:

ક. પારેવડાં જાજો વીરાના દેશમાં
એટલું કહેજો સંદેશમાં.
ખ. કૂંજલડી રે સંદેશો અમારો.

સગાંસંબંધી અને વહાલમનાં આગ-મનની ખબર લાવનાર કાગડો કલ્પાયો છે. હજી આપણા આંગણે કાગડો આવીને બોલે કે કોઈનું કોઈ બોલી ઊઠશે: 'આજે કોઈ જરૂર આવશે!'

ચકલી વગેરે ધૂળમાં નાહતાં હોય તે વરસાદ વહેલો આવશે એમ લોકો કહે છે.

કાળો કાગડો કળકળે કે દેવચકલી બોલે તે અશુભ મનાય છે. મોભે હોલી ઘૂઘવે તે પણ સારું મનાતું નથી. પોપટડો પિયરનો ગણાય છે. સાસુના જુલમથી કંટાળેલી મધ્યમ-વર્ગની વહુઓ પોતાનો સંદેશો પંખીડા મારફત જ મોકલે છે:

'પાળે બેઠું એ પંખીડું!
મારે મૈયરિયે સંભળાવો જીરે.'

અને મોર

'પિયરનો પાડોશી મોર કેમ મારિયો!
સાસરીનો સંગાથી મોર કેમ મારિયો!
મારે ને મોરલાને છેટાં પડયાં!'

વિરહિણી સ્ત્રી બપૈયાના બોલેબોલે રાતે ઝબકીને જાગે છે:

'બપૈયો પિયુ-પિયુ તલસે,
વા'લા, મારા હું મરું તરસે!'

પંખીઓ વિષેનાં લોકગીતો વિસ્તારભયે છોડી દેવામાં આવ્યાં છે. સોરઠા-દુહા સાહિત્યમાં પણ પંખીઓને લગતા ઘણા દુહા છે. આમ પક્ષીઓ માનવજીવન સાથે અત્યંત ઓતપ્રોત બન્યાં છે.

★

એક વકીલે અસીલનો કેસ જીતી આપ્યો હતો છતાં અસીલ વકીલની ફીના પૈસા આપતો નહોતો એટલે વકીલ ગયો ન્યાયાધીશ પાસે ને ફરિયાદ કરી.

'તમે તમારી ફી માટે અસીલને લેખિત અરજી કરી જણાવ્યું છે?' ન્યાયાધીશે પ્રશ્ન કર્યો.

'હાજી,' વકીલે જવાબ દીધો.

'પછી શું કહ્યું અસીલે?'

'એણે મને જહન્નમની ખાડીમાં જવાનું કહ્યું.'

'પછી તમે શું કર્યું?' ન્યાયાધીશે પૂછ્યું.

'નામદાર, સીધો જ અહીં કોર્ટમાં આવ્યો!' વકીલે જવાબ આપ્યો.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તામ્રલિપ્તિ વિદ્યાપીઠ

લેખક : શ્રી શંકરદેવ વિદ્યાલંકાર

પ્રાચીન ભારતની જ્ઞાનોપાસનાનું જ્વલંત પ્રતીક સુલભ વાહનવ્યવહાર વિનાના તે સમયની વિદ્યાપીઠોમાં જોવા મળે છે. આજે તો પૂરતા સંશોધન તથા ઈતિહાસને અભાવે, નાલંદા તથા તક્ષશિલાનાં જ નામો આપણને જડી આવે છે. ખૂણેખૂણે ચાલતા ગુરુના આશ્રમો ઉપરાંત દશે દિશામાંથી જ્ઞાનોપાર્જન અર્થે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભેગા મળી શિક્ષણ મેળવે તેવાં કેંદ્રોમાં એક તામ્રલિપ્તિ પણ હતું. એની માહિતી ઘણા જ થોડાને હશે. આ વિશે જાણવા જેવી સારી એવી માહિતી એકત્ર કરીને લેખકે અહીં આપી છે.

બંગાળાના મેદિનીપુર જિલ્લામાં રૂપનારાયણ નદીના મુખ નજીક જ્યાં હાલ તામલક કસબો વસેલો છે, ત્યાં જ પ્રાચીન કાળમાં તામ્રલિપ્તિ નગર હતું. પ્રાચીન હિંદમાં એ નગર વ્યાપાર-વાણિજ્ય, વિદ્યા-સંસ્કૃતિ, અને બૌદ્ધધર્મનું મહાન કેન્દ્ર-સ્થાન હતું. ભારતનું પૂર્વ સમુદ્રતટનું એ બંદર હતું. દૂર પૂર્વથી અને બૃહદ હિંદથી આવનારાં બધાં વહાણો ત્યાં જ લાંગરતાં. ફાહિયાને અહીંથી જ એક વ્યાપારી વહાણ પર સિંહલ-દેશ માટે પ્રસ્થાન કર્યું હતું. તેનું વહાણ ચૌદ દિવસે સિંહલ (લંકા) પહોંચ્યું હતું. હિંદના દક્ષિણ-પશ્ચિમ કિનારા પર જે સ્થાન ભૃગુકચ્છ (ભરૂચ)નું હતું તે જ સ્થાન પૂર્વમાં તામ્રલિપ્તિનું હતું.

હિંદનાં પ્રાચીન વિદ્યાકેન્દ્રો અને સંસ્કૃતિધામોના વર્ણનમાં પુરાવિદોએ તામ્રલિપ્તિ પર ખાસ પ્રકાશ નાખ્યો નથી—એ આશ્ચર્યજનક બીના છે. ખરું જોતાં એનું કારણ એ જ છે કે બૌદ્ધ ભિક્ષુઓએ તે વિદ્યાપીઠનો વ્યવસ્થિત હેવાલ રાખ્યો નથી. આપણે કેવળ થોડાં ચીની-યાત્રીઓનાં ભ્રમણ-વૃત્તાન્તો પરથી આ શિક્ષણ-કેન્દ્રના મહત્ત્વપૂર્ણ કાર્ય વિષે થોડો પરિચય મળે છે. તે મુસાફરોનાં નામ આ પ્રમાણે છે :

૧. ફાહિયાન, ૨. હ્યુન સાંગ, ૩. ઈત્સિંગ, ૪. મહાયાન-પ્રદીપ, ૫. હોથૈ લ્યૂન, ૬. તા-ઓ-લિન અને ૭. હયૂ-એન-કોઈ.

તામ્રલિપ્તિમાં જે વિદ્યાપીઠ હતું તેનું સ્થાન કોઈ રીતે નાલંદાથી ઊતરતું નહોતું. દૂરદૂરના અનેક વિદ્યાર્થીઓ અહીં શિક્ષણ માટે આવતા. અહીં અનેક વિદ્યાઓનું અને શાસ્ત્રોનું શિક્ષણ અપાતું. એનું સંચાલન અને પોષણ દાનથી થતું. વિદ્યાપીઠ અને વિહારના સંચાલન માટે ઘણાં ગામ દાનમાં મળ્યાં હતાં. એ ગામમાં થતી ઊપજ અને આવક વડે વિદ્યાપીઠ અને વિહારની દરેક જાતની આવશ્યકતા પૂરી પાડવામાં આવતી.

આપણે તામ્રલિપ્તિની નિશ્ચિત તિથિ વિષે કંઈ કહી શકીએ એમ નથી. તે છતાં એટલું જરૂર કહી શકાય કે તે નાલંદા મહાવિહાર કરતાં પ્રાચીન હતું. જ્યારે ફાહિયાને નાલન્દા જોયું, ત્યારે તે કેવળ એક નાનું ગામડું હતું. ત્યાં વિદ્યાપીઠની કોઈ નિશાની નહોતી, પણ તામ્રલિપ્તિ તે સમય દરમ્યાન સમૃદ્ધ થઈ ચૂકયું હતું. ફાહિયાન લખે છે, કે તામ્રલિપ્તિમાં વિદ્યાપીઠ સાથે સંબંધ ધરાવતા ચોવીસ વિહાર હતા. ફાહિયાને બે વર્ષ સુધી અહીં અભ્યાસ કર્યો હતો. તે સૂત્રગ્રન્થોની નકલો ઉતારતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મૂર્તિકળા શીખતા. તે સમયે ત્યાં લગભગ બે હજાર ભિક્ષુઓ નિવાસ કરતા હતા. આમ આ વિદ્યાપીઠનો સ્થાપના-કાળ ચોથી સદીની મધ્યનો કહી શકાય.

ચીની યાત્રી હ્યુનસાંગના સમયમાં પણ આ વિદ્યાપીઠ ઘણી સારી સ્થિતિમાં હતી. તે સમયે લગભગ ત્યાં દસ વિહાર હતા, જેમાં એક હજાર ભિક્ષુઓ નિવાસ કરતા હતા. હ્યુનસાંગ લખે છે: 'આ નગર એક ખાડીમાં વસેલું છે. જગ્યા નીચી અને ભેજ-વાળી છે. ખેતી સરસ થાય છે. ફળ-ફૂલ પુષ્કળ પ્રમાણમાં થાય છે. અહીંના નિવાસી-ઓ સાહસિક છે. તેઓ બૌદ્ધધર્મ અને અન્ય સંપ્રદાયોમાં માને છે.'

યાત્રી ઈત્સિંગના ભ્રમણ-વૃત્તાન્તમાંથી આપણને તામ્રલિપ્તિ વિષે વિશદ અને મનોરંજક બાતમી મળે છે. ઈત્સિંગ (ઈ. પૂ. ૬૭૩) તામ્રલિપ્તિ આવ્યો હતો. એ વિદ્યાપીઠ દાનથી નભતું હતું. જમીન ખેડૂતોને આપવામાં આવતી. તેઓ ઊપજનો બેતૃતીયાંશ પોતાની પાસે રાખી શેષભાગ વિદ્યાપીઠને આપતા. યાત્રી પોતે જણાવે છે કે 'જ્યારે હું પહેલી વાર વિદ્યાપીઠમાં આવ્યો ત્યારે થોડા ખેડૂતો શાકભાજી લઈ ખુલ્લા ચોગાનમાં ઊભેલા જોયા. એમણે તેના ત્રણ ભાગ કર્યા છે. મને એનો કંઈ મર્મ સમજાયો નહિ. મેં આદરણીય આચાર્ય મહાયાન-પ્રદીપ(તા-શાન-તાંગ)ને આનો અભિપ્રાય પૂછયો. એમણે કહ્યું કે તથાગતનું અનુશાસન છે કે 'ભિક્ષુઓ પોતાનો બધો સમય ધર્મચિંતન-માં જ ગાળે. એમણે ખેતી નહિ કરવી જોઈએ. તેઓ ઊપજનો વાજબી ભાગ માત્ર લઈ શકે છે. આમ તેઓ પવિત્ર જીવન ગાળે અને સાંસારિક કર્મોથી અલિપ્ત રહે.'

લગભગ બધા જ બૌદ્ધવિહારોની એ પરંપરા હતી કે તે નવદીક્ષિતોને શિક્ષણ આપતા. તેઓ વિદેશોથી આવેલા વિદ્યાર્થીઓ-ને પણ વિદ્યા શિખવાડતા. ઈત્સિંગે તામ્રલિપ્તિ વિદ્યાપીઠમાં ब्रह्मभाषा (સંસ્કૃત) અને શબ્દ-વિદ્યા (વ્યાકરણ)નું અધ્યયન કર્યું હતું. નાલંદા જતાં પૂર્વે જ ઈત્સિંગે સંસ્કૃતમાં નિપુણતા સાધી લીધી હતી.

બીજા પણ અનેક ચીની જ્ઞાન-યાત્રીઓ અને ભિક્ષુઓ તામ્રલિપ્તિમાં વિવિધ વિદ્યાઓ-ના અધ્યયન માટે આવતા હતા. સદ્ભાગ્યે એ સહુના વૃત્તાંતો ઈત્સિંગના 'ભિક્ષુઓનાં સંસ્મરણો' નામે પુસ્તકમાં મળે છે. એનો અનુવાદ ફ્રેંચ શેવીનીએ કર્યો છે.

ભિક્ષુ મહાયાન-પ્રદીપ હ્યુનસાંગનો શિષ્ય હતો. એનું ચીની નામ તા-ચાંગ-તાંગ હતું. તે લંકા અને દક્ષિણ-ભારતનું ભ્રમણ કરતો-કરતો તામ્રલિપ્તિ આવ્યો હતો. અહીં તે ઈત્સિંગને મળ્યો હતો. એણે તામ્રલિપ્તિ વિદ્યાપીઠમાં તેર વરસ અધ્યયન કર્યું હતું. તેણે સંસ્કૃત ભાષા પર સારો કાબૂ મેળવ્યો હતો. ત્યારબાદ તે ઈત્સિંગ સાથે નાલંદા અને બીજાં તીર્થસ્થાનોમાં ગયો હતો. તે ચીન પાછો ફરી શકયો નહિ. કુશીનગરમાં તે અવસાન પામ્યો.

કોરિયાનો એક ભિક્ષુ હોથે-લ્યૂત પણ તામ્રલિપ્તિમાં અભ્યાસ કરતો હતો. એનું સંસ્કૃત નામ પ્રજ્ઞાવર્મન હતું. તે લખે છે: 'તામ્રલિપ્તિ પૂર્વનું પ્રવેશદ્વાર છે.'

તા-ઓ-લિન નામે એક ચીની વિદ્યાર્થી વિદેશી વહાણમાં ચીનથી તામ્રલિપ્તિ ભણવા આવ્યો હતો. એનું સંસ્કૃત નામ શીલપ્રભ હતું. એ કાયદા-પંડિત હતો અને સંસ્કૃતનો અભ્યાસ કરતો હતો.

ચીનથી એક બીજો વિદ્યાર્થી હુ-એ કોઈ શ્રીભોજ (સુમાત્રા) થઈને તામ્રલિપ્તિ આવ્યો હતો. તેણે એક વરસ સુધી વિદ્યાપીઠ-માં શબ્દશાસ્ત્રનું અધ્યયન કર્યું, એ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિપ્તિમાં ભિક્ષુ મહાયાન-પ્રદીપને મળ્યો હતો. એ તામ્રલિપ્તિથી ઘણાં પવિત્ર પુસ્તકો લઈ ચીન પાછો ફર્યો હતો.

આમ આપણે જોઈએ છીએ કે તામ્રલિપ્તિ બૌદ્ધ-સંસ્કૃતિ-પ્રધાન આકર્ષક શિક્ષણ-કેંદ્ર હતું. લોકો તામ્રલિપ્તિમાં અભ્યાસ કરી નાલંદામાં દાખલ થવાના અધિકારી બનતા. બૌદ્ધ-ધર્મ અને બૌદ્ધ-સંસ્કૃતિનું ધામ હોવા છતાં અહીં સંસ્કૃતને અને વ્યાકરણને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું હતું.

વિહારનો શાસન-પ્રબંધ ભિક્ષુઓની સમિતિને હસ્તક હતો. સમિતિની આજ્ઞા ઉલ્લંઘનારને મઠની બહાર મૂકવામાં આવતા. મઠમાં સ્વચ્છતા પર વિશેષ ધ્યાન આપવામાં આવતું. ઈત્સિંગ લખે છે કે 'વિહારનો અધ્યક્ષ હમેશ કૂવાના પાણીની પરીક્ષા કરતો અને પાણીમાં કોઈ જાતની ખરાબી જણાય તો તેને ગાળીને ઉપયોગ કરવામાં આવતો.'

આવા ઉત્તમ શિક્ષણ-કેંદ્રનો હ્રાસ અને વિનાશ કેવી રીતે થયો તે આપણે જાણતા નથી. સંભવ છે કે બૌદ્ધધર્મના પ્રભાવના ઓટ સાથે તેનો હ્રાસ થયો હોય, અથવા નાલંદા અને વિક્રમશિલા જેમ મુસલમાની આક્રમણનાં ભોગ બન્યાં એ જ હાલત તામ્રલિપ્તિની પણ થઈ હોય. ઘણા સમયથી તામલુક શહેર સમુદ્રથી ૩૦ માઈલ દૂર થઈ ગયું છે. ખાડીમાં માટી અને રેતી ભરાઈ જવાથી વહાણોનું આવાગમન ઓછું થઈ ગયું છે. તેનાં પ્રાચીન મહત્ત્વ અને વર્ચસ્વનો લોપ કદાચ એ કારણને લીધે પણ થયો હોય; કેમકે ઘણાં સ્થાનોની મહત્તા એની ભૌગોલિક સ્થિતિને આભારી હોય છે. ગમે તે હોય પણ એટલું તો નિર્વિવાદ છે કે જૂના જમાનાની પ્રાચીન વિદ્યાપીઠોમાં તામ્રલિપ્તિનું નામ ચમક્યું અને ખૂબ ચમક્યું, તેમ જ તે વિદેશી વિદ્યાર્થીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

★

આધુનિક સંસ્કૃતિના શિખરની ટોચ જેવા ગણાતા લંડનના આ સામાચાર તદ્દન સાચા છે:

બ્રિટિશ રાષ્ટ્રીય બાળદત્તક સંઘની કારોબારી સમિતિના એક સભ્ય શ્રીમતી ગીલ્બર્ટ લોજે ગઈ તા. ૩૦મી મેને દિવસે જણાવ્યું હતું, કે લંડનમાં કોઈ પણ જગ્યાએથી કોઈ પણ માણસ ૮૦ સ્ટર્લિંગ આપીને એક બાળકની તથા ૧૨૦ સ્ટર્લિંગ આપીને એક બાળાની ખરીદી કરી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું, કે આવ બાળકોનું વેચાણ લંડનશહેરની હોટલોમાં, 'બારો'માં કે શહેરના ખૂણાઓમાં થઈ રહ્યું છે. એમના જણાવ્યા પ્રમાણે કેટલાંક બાળકો લડાઈ દરમિયાન અનાથ બન્યાં હતાં. બીજાંઓ ગરીબ ઘરોમાંથી ત્યજી દેવાયાં હતાં, જ્યારે કેટલાક દાખલાઓ એવા પણ છે કે જેમાં માતપિતાને બાળકોની જરૂર ન હોવાથી તેમણે તે ત્યજી દીધાં હતાં!

×

'અરે છોટુભાઈ!' જૂના કૉલેજ-મિત્રને રસ્તા પરથી પસાર થતાં જોઈ નવનીતે બૂમ પાડી, ઉત્સુકતા રાખી પૂછ્યું: 'ક્યાં ગૂમ થઈ ગયા'તા આટલો બધો વખત?'

'હું તો ધંધામાં પડી ગયો હતો!' મિત્રે પોતાનો ઇતિહાસ કહેતાં જણાવ્યું: 'મને એક ભાગીદાર મળી ગયા હતા, ભારે હોશિયાર. અમે સાથે મળી એક જનરલ સ્ટોર કાઢેલો. મારા આગ્રહથી પિતાએ પૈસા આપેલા.' 'વાહ, સરસ. ત્યારે તો આ 'જનરલ સ્ટોર'માં તમને અનુભવ સારો મળ્યો હશે. હં...પણ પછી થયું શું?' મિત્રે જવાબ દીધો: 'એક વર્ષ પછી અમે છૂટા પડયા, હોશિયાર ભાગીદારે પૈસા લીધા અને મેં અનુભવ!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજી તો તું બાળક છે

પ્રયોજક :
શ્રી કેશવપ્રસાદ દેસાઈ
બી. એ. એલએલ. બી.

શિક્ષક, પત્રકાર, વેપારી કે કારકુન-સમાજનો આપણો કેળવાયેલો ગણાતો વર્ગ મોટેભાગે તો પોતાના ઘરમાં બાળકની ઉપેક્ષા જ કરે છે. એના કોઈ કાર્ય માટે પ્રોત્સાહન કે પ્રેરણાને બદલે સારા ય દિવસ દરમિયાન મુખ્યત્વે નર્યો ઠપકો જ અપાય છે. સંતાન પ્રત્યેના દિવસભરના કઠોર વલણને લીધે પશ્ચાત્તાપથી સળગતા એક પિતાની તાદૃશ તસવીર અહીં ચિતરાઈ છે. બાળક બાળક જ છે. એ સત્યને કેંદ્રમાં રાખી આપણાં બાળકો પ્રત્યેનું વર્તન આપણે સુધારીએ તો કેવું સારું !

બેટા ! બિલ્લીપગે આજ તારા ખંડમાં હું આવ્યો છું. ખંડ અંધારો છે. તું ઊંઘે છે. પાસાભેર સૂતો છે. એક હાથ તારા માથા નીચે છે. તારા મુખ ઉપર નરી નિર્દોષતા છે. પશ્ચાત્તાપનો માર્યો હું અહીં આવ્યો છું. થોડીવાર ઉપર જ મારું છાપું મારા હાથમાંથી સરી પડ્યું અને મારી સૂધ-બૂધ ઠેકાણે આવી. તારી માતા તો હજી નીચેના ખંડમાં નોકરોને જમાડે છે. મારા પશ્ચાત્તાપની વાતની કોઈને પણ ખબર નથી.

આખા દિવસનાં મારાં કાર્યો અત્યારે મારી નજરે ચઢી આવ્યાં છે. સવારે તું દાતણ કરતાંકરતાં કાંઈક રમતે ચઢ્યો ત્યારે મેં તને બરોબર દાંત ઘસવાનું કહ્યું. દૂધ પીને તું થોડું કાળીના કુરકુરિયા માટે લઈ જતો હતો તે વખતે મેં તને ધમકાવીને વાંચવા બેસવાનું કહ્યું. જમતી વખતે તું મને જાત-જાતના સવાલો પૂછતો હતો, ત્યારે મેં તને ચાવીને ખાવાનું કહ્યું. કપડાં પહેરીને તું નિશાળે જવા તૈયાર થયો ત્યારે મેં તને બરોબર મોં લૂછવાનું કહ્યું. આપણે સાથે ઘરમાંથી નીકળ્યા. લોકલ પકડવા હું ચાલ્યો અને તું નિશાળ તરફ વળ્યો. તેં કહ્યું: 'પિતાજી ! નમસ્તે !' તેનો ઉત્તર આપ્યા વિના જ મેં કહ્યું: 'ટટાર ચાલ નહિ તો ખૂંધો થઈ જઈશ !'

સાંજે વળી પાછું આ સૌ બનાવેલું પુનરાવર્તન થયું. હું લોકલમાંથી ઘેર આવતો હતો, ત્યારે મેં તને બાજુની ગલીમાં તારા ભાઈબંધો સાથે લખોટિયો રમતો જોયો. ભોંયમાં ઢીંચણ મૂકીને, નીચું જોઈને આંગળીએ લખોટી રાખીને, તું એકચિત્તે તાકી રહ્યો હતો. તેં લખોટી અદલ મારી અને આનંદનો પોકાર કરતો હતો, તે જ સમયે મેં તારો હાથ ઝાલ્યો, અને તને ઘેર આવવા હુકમ કર્યો. તારા વિજયની ક્ષણે તારા મિત્રો આગળ મેં તને હલકો પાડ્યો. ભોંયમાં ઢીંચણ મૂકીને લેંઘો મેલો કરવા માટે તથા ફાડવા માટે મેં તને ધમકાવ્યો, અને કહ્યું, 'લખોટિયોને બદલે સાબુ ખરીદીને તારે હવે લેંઘા હાથે ધોવા પડશે.' તારા બાળગોઠિયાઓની હાજરીમાં જ મેં તને આ બધું કહ્યું. હું તારો જ પિતા આવું કહેતાં શરમાયો પણ નહિ !

રાત્રે વાળુ કર્યા પછી હું છાપું વાંચતો બેઠો હતો. મારા ખંડને બારણે તું હળવે પગે આવ્યો. તારી આંખ ઠપકાભરી હતી. તેમાં ભય પણ હતો. સાંજનો બનાવ હજી તારા મનમાં તાજો હતો. છાપામાંથી ઊંચું કરી મેં પૂછ્યું: 'કુમ, શું જોઈએ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

…વી અત્યારે ?' તું કાંઈજ બોલ્યો નહિ. તારા મોં ઉપર આછું હાસ્ય પથરાઈ ગયું. તું દોડતો આવીને મારે ગળે વળગી પડ્યો. મારા વચન કે વર્તનમાં પ્રેમ હોય કે નહિ પણ તું તો પ્રેમથી મને ભેટ્યો અને દડબડદડબડ દાદરો ચઢીને તારી ઓરડીમાં જઈને સૂતો.

તારા પ્રેમભર્યા આલિંગને અને નિર્દોષ વર્તને મને જાગ્રત કર્યો. છાપું મારા હાથમાંથી સરી પડ્યું અને હું વિચારમાં ગરકાવ થઈ ગયો. ટેવ, કેવળ દોષ જોવાની જ ટેવ, મારી આગળ કેવી આંધી પાથરે છે! તું મને જીવથી વહાલો છે, પણ મેં તને વહાલનો એક પણ શબ્દ કહ્યો નથી. ફક્ત ઠપકો, અને ઠપકો જ આપ્યા કર્યો છે. તારી ઉંમરનો વિચાર કર્યા વિના, મારું પોતાનું બચપણ સંભાર્યા વિના, મેં તારામાં પૂર્ણતાની આશા રાખી. મેં મારા અત્યારના ગજથી તને માપવા માંડ્યો. આ મારી જ ભૂલથી મને હમેશાં તારામાં દોષ જ દેખાયા.

પણ તું તો ગુણોથી ભરેલો છે, પ્રેમથી પૂર્ણ છે. આખો દિવસ ઠપકો સાંભળ્યા પછી પણ તેં નથી બતાવ્યો ગુસ્સો કે નથી મારાથી રિસાયો. સૂવા જતાં પહેલાં તું તો ઊલટો પ્રેમથી આવીને મને ભેટે છે અને મારા સૂકા હૃદયમાં રસ રેલાવે છે, મારી બુદ્ધિ ઉપર આવેલું આવરણ ખસેડે છે; તેથી જ હું અત્યારે તારા ખંડમાં આવ્યો છું, તારી મૂંગી માફી માગવા. મારો આ પશ્ચાત્તાપ કેટલો તીવ્ર છે, તે તો હું જ જાણું છું, ભાઈ!

તને થયેલા અન્યાયનો આ કાંઈ યોગ્ય બદલો નથી, પણ મારા મનની સ્થિતિ તું કેવી રીતે સમજે? તારી જાગૃતાવસ્થામાં જો હું તને આ બધું કહું તો તું કાંઈ સમજવાનો નથી. પરંતુ આવતી કાલથી જ મારું વર્તન બદલાશે એ મારો નિશ્ચય છે. હું ખરેખર તારો મિત્ર અને સાથી થવા યત્ન કરીશ. તારા નિર્દોષ હાસ્ય સાથે મારું હાસ્ય ભેળવીશ. તારી નાદાનપણ નિર્દોષ રમતોમાં હું ભાગ લેવા યત્ન કરીશ. તારી લખોટિયો, તારા ભમરડા અને તારા પતંગોમાં હું રસ લઈશ. મારા મનમાં કઠોર ઠપકાના બોલ આવશે તો હું મારી જીભ દાંતથી કચરીશ અને એ શબ્દો બહાર નહિ આવવા દઉં. એવે વખતે હું એક જ વાત યાદ રાખીશ-હજી તો તું બાળક છે.

અત્યાર સુધી ભાન ભૂલીને એમ જ હું સમજતો હતો કે તને પૂર્ણ બનાવું, પણ હું ભૂલ્યો કે હજી હમણાં સુધી તો તું તારી માતાનો ખોળો ખૂંદતો હતો. અત્યારે ઊંઘમાં તને જોઈને કોઈ પણ કહે કે 'હજી તો તું બાળક છે-મધુરો બાળક છે.'

★

થોર્ટન વિન્થ્રોપ નામનો રંગભૂમિનો એક અતિ પ્રખ્યાત નટ થઈ ગયો. નિવૃત્ત થયા પછી એણે માન્યું કે લોકો એને સાવ ભૂલી ગયા હશે.

એક દિવસ એ એક ઘોડાગાડીમાં બેઠો. એને લાગ્યું કે ઘોડાગાડીવાળો એને ઓળખતો જણાતો નથી. એટલે એણે ઘોડાગાડીવાળા આગળ વાત કાઢી:

'તેં કોઈ દિવસ થોર્ટન વિન્થ્રોપનું નામ સાંભળેલું કે?'

'જી, હા.' ઘોડાગાડીવાળાએ ઉત્તર આપ્યો.

'બહુ વિચિત્ર માણસ નહિ?'

'હા એ ખરેખર વિચિત્ર છે!'

'ને જરા દેખાવડો પણ ખરો કેમ?'

'જી, હા અને શું એ પોતે જ આ વાત જાણતા નથી?' જવાબ મળ્યો.

×

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂતઘર

લેખક:
શ્રી મધુસૂદન પારેખ

બાળપણમાં માતપિતા કે સગાંસંબંધી તરફથી અજાણતાં યે બતાવાયેલી બીકથી ને આસપાસના બાળમિત્રો તરફથી સાંભળેલી તરેહતરેહની વાતોથી ભૂત-પલિત વિષેના ખ્યાલો કોના મનમાં નહિ પડ્યા હોય? મોટેરાંઓ 'ના, ના' કહેતાં જાય છતાં ય ભૂતનો સંચાર થવાનો અણસાર થતાં ભયભીત થઈ ઊઠે છે, એ શરમાવે એવી પણ સત્ય હકીકત છે. ભૂતપ્રેતની સૃષ્ટિ છે જ નહિ એમ વૈજ્ઞાનિકો ને બુદ્ધિવાદીઓ જણાવે છે, ત્યારે આ બીક પાછળનું રહસ્ય શું? આ એકાંકી નાટિકામાં હળવી રીતે આ પ્રશ્ન ગૂંથી લેવાયો છે.

[પડદો ઊઘડે છે, ત્યારે ઘરમાં ફક્ત કુંભ-ઘડો અને થોડાં ફૂલ તથા નાળિયેર પડેલાં હોય છે. તરત જ એક પુરુષ અને એક સ્ત્રી-હિંમતલાલ અને કંચનગૌરી પ્રવેશે છે.]

હિંમતલાલ : હવે આ ઘર તો પસંદ પડ્યું ને? પણ તો હેરાનહેરાન થઈ ગયા.

કંચન : મૂઓ ઘરધણી આડું ખાઈને વાંસે લાગ્યો'તો. હવે ભરજે બાચકા તારા ઘરને!

હિંમતલાલ : પણ...ચુન્નુ...મુન્નુ કયાં ગયા?

કંચન : રખડતા હશે આટલામાં કયાંક. એમને ય કાંઈક ધંધો જોઈએ ને?

[ચુન્નુ-મુન્નુ પ્રવેશે છે.]

ચુન્નુ : બા, ભૂખ લાગી છે.

મુન્નુ : મારે ખાવું છે!

કંચન : ખાઓ મને, હજી ઘરનાં તો ઠેકાણાં પડ્યાં નથી ને તમને ખાઉંખાઉં સૂઝે છે!

હિંમતલાલ : હું રેંકડીમાં બાકીનો સામાન લેતો આવું. તમે બધું ગોઠવતા થાઓ.

કંચન : હા, તમે ઝટ સામાન લઈ આવો. હું કંસાર રાંધી નાખું. ચુન્નુ-મુન્નુને ભૂખ લાગી છે. જુઓ તમે બહારના રૂમમાં બધો સામાન ગોઠવો હોં. હું ઝટઝટ રાંધી નાખું છું.

[હિંમતલાલ જાય છે. બીજી બાજુથી પડોશની સ્ત્રી-મેનાબહેન પ્રવેશે છે.]

મેના : કેમ બહેન! તમે અહીં રહેવા આવ્યાં કે? ચાલો સારું થયું. પણ બહેન, દુનિયામાં બીજે કયાં ય ઘર ના જડ્યું તે અહીં ભૂતઘરમાં રહેવા આવવું પડ્યું?

કંચન : (**એકદમ ચમકીને**) ઓય મા! ભૂતઘર! કોણ એવું કહે છે?

મેના : તમે જાતે જ અનુભવ કરજો ને! આખું ગામ જાણે છે. આ ઘરમાં ઠરીઠામ કોઈ ટકતું જ નથી ને? જો કોઈ સદ્ભાગ્યે એક રાત કાઢે છે તે બીજે દહાડે બિસ્ત્રા બાંધીને ચાલવા માંડે છે.

કંચન : ઓય મા! હવે શું કરીએ? એમને તો કશી ખબરે નથી? છોકરાંઓનું શું થશે? હાય રામ! આમાં કયાં ફસાયાં! મૂઓ એ ઘરધણી.

મેના : હશે હવે. તમે તમારા વરને વાત તો કરજો. હું તો પડોશમાં રહું છું તે મારી ફરજ બજાવી. તમારું નામ શું?

કંચન : મારું નામ કંચન, પણ હવે જઈએ અહીંથી છૂટવાનો ઉપાય શો? હવે જઈએ કયાં?

મેના : તમને ઘરધણીએ ખરેખરાં ફસાવ્યાં. ચાલો તમે બહુ ભલાં માણસ લાગો છો. કાંઈ કામકાજ હોય તો કહેવડાવજો. આવજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું પડોશમાં જ રહું છું. મારું નામ મેના.

[જાય છે. ચુન્નુ-મુન્નુ બંને માથે પોટલાં, લોટા ને થાળી વગેરે પરચુરણ સામાન લઈને પ્રવેશે છે.]

ચુન્નુ : બા, આ સામાન ક્યાં મૂકીએ ?

કંચન : મૂક મારા માથા ઉપર, (ચિડાઈને) ક્યારના જીવ ખાઈ ગયા !

મુન્નુ : બા, શું થયું? કેમ આટલી ચિડાઈ છે ?

કંચન : (નરમાશથી) કાંઈ નહિ હોં, તમે તમારે રમો જાઓ.

[હિંમતલાલ પ્રવેશે છે.]

હિંમતલાલ : બધો સામાન આવી ગયો છે. હવે તો કકડીને ભૂખ લાગી છે. હજી રસોઈનાં કેમ કાંઈ ઠેકાણાં નથી ?

કંચન : તમને તો અત્યારે ખાવાનું સૂઝે છે! તમે કોના ઘરમાં રહેવા આવ્યા છો તે ખબર છે ?

હિંમતલાલ : ગોકળભાઈના ઘરમાં, કેમ કાંઈ થયું ?

કંચન : અરે ! આ તો ભૂતઘર છે. હમણાં જ પડોશમાંથી મેનાબહેન કહી ગયાં. અહીં તો કોઈથી રહેવાતું જ નથી.

હિંમતલાલ : હેં ! સાચી વાત ? હવે શું થશે ?

કંચન : તમે કાંઈ તપાસ કર્યા વગર જ ઘર રાખી લીધું તે ભોગવો તમે, ઘરધણીએ આ ભૂતઘર તમને બઝાડ્યું.

ચુન્નુ : હેં બા ! આ ઘરમાં ભૂત રહે છે ?

મુન્નુ : ત્યારે તો રમવાની મઝા પડશે.

હિંમતલાલ : ચૂપ હરામખોરો, જાઓ, બહાર રમો.

[મેનાગૌરીના પતિ પોપટલાલ પ્રવેશે છે.]

પોપટલાલ : જય જય મહેરબાન ! શું ચાલે છે ?

હિંમતલાલ : આવો, આવો તમે તો...

પોપટલાલ : હું તમારી પડોશમાં જ રહું છું. મારું નામ પોપટલાલ. હમણાં જ મારાં ઘરવાળાં અહીં આવી ગયાં ને. મેં જ મોકલ્યાં હતાં. પડોશી તરીકે આપણે તો ફરજ બજાવી: બીજું શું !

હિંમતલાલ : આ બધી ખરી વાત છે ?

પોપટલાલ : (ધીમેથી) અરે મેં મારી સગી આંખે ભૂત જોયું છે. રોજ રાતે ઓસરી-માં આંટા મારે છે. ઘર રાખતાં પહેલાં કોઈને પૂછીએ તો ખરા, ભલા આદમી.

હિંમતલાલ : આ તો ખરેખરા ફસાયા. હવે અબઘડી બીજું ઘર પણ ક્યાં મળે ?

પોપટલાલ : તમે તો ભાઈ બહુ મોટું સાહસ ખેડ્યું છે. આ બિચારાં નાનાં છોકરાં ભૂતને જોઈને જ છળી મરશે.

કંચન : વોય મા ! તમે અત્યારે ને અત્યારે બીજું ઘર શોધી કાઢો. ભલે રસ્તા પર પડી રહીશું પણ આ ઘરમાં નથી રહેવું.

મુન્નુ : બા તું નકામી બીએ છે. અમને તો કાંઈ બીક નથી લાગતી, કેમ મુન્ના ?

મુન્નુ : તારી પાસે કાતર છે? આપણે ભૂતની ચોટલી કાપી લઈશું.

હિંમતલાલ : હરામખોરો, માનતા નથી કે ? જાઓ વાંચવા બેસો.

પોપટલાલ : સંભાળીને કામ લેજો. બીજું શું ? આ તો ભૂત સાથે બાથ ભીડવાની છે. ચાલો આવજો.

[જાય છે.]

કંચન : ઓ બાપ ! આમાં ક્યાં ફસાયાં? હવે શું થશે ?

હિંમતલાલ : અરે તું શું ગભરાય છે? હું હમણાં જ ઘરધણીને બોલાવી લાવું છું.

[સામેથી જ ઘરધણી ગોકળભાઈ આવે છે.]

ગોકળભાઈ : કેમ છો ? ઘર તો બરાબર ગોઠવાઈ ગયું ને ? કાંઈ તકલીફ......

હિંમતલાલ : અરે શું મારા મહેરબાન, એક તો આવું ભૂતઘર અમને બઝાડ્યું ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછી મશ્કરી સૂઝે છે?

ગોકળભાઈ: હેં! ભૂતઘર? શી વાત કરો છો તમે?

હિંમતલાલ: અમારે કાંઈ આંખ–કાન નથી? તમે પહેલેથી કીધું પણ નહિ. હવે અત્યારે કયાં જઈએ? બીજું ઘર પણ કયાં શોધીએ?

ગોકળભાઈ: અરે મહેરબાન, તમને કોઈએ ભૂતનો વહેમ વળગાડી દીધો છે. તમે આટલું બધું ભણેલાગણેલા છતાં હજી ભૂતમાં માનો છો? ભૂતની વાતોથી ગભરાવ છો?

હિંમતલાલ: હું તો કાંઈ ભૂતપલીતમાં માનતો નથી. આપણે તો ઘણું ય સમજીએ કે ભૂત જેવી વસ્તુ આ દુનિયામાં છે જ નહિ, પણ આ બૈરાંછોકરાં બી મરે ને!

કંચન: અમે તો જાણે ઠીક, પણ છોકરાં છળી મરે ને!

ચુન્નુ: બા ભૂત કેવું હોય?

મુન્નુ: એની ચોટલી કેટલી લાંબી હોય?

ગોકળભાઈ: અરે ભૂતને તો ચોટલી જ ના હોય, ભૂત હોય તો ચોટલી હોય ને?

ચુન્નુ: અમારા માસ્તર તો એમ કહેતા હતા કે ભૂતની ચોટલી પકડીએ તો ભૂત તરત વશ થઈ જાય.

હિંમતલાલ: કહ્યું તારા માસ્તરે, જાઓ બહાર રમો.

ગોકળભાઈ: ત્યારે મેં શું કહ્યું? તમારે ગભરાવાની જરા યે જરૂર નથી. આવું સરસ ઘર તમને ભાડે મળ્યું એ પડોશીની આંખમાં ખૂંચ્યું. બાકી પાંચહજાર પાઘડીના આપો તો ય આવું ઘર તમને કયાં મળવાનું હતું? મેં તો પાઘડી પણ લીધી નથી.

ચુન્નુ: બાપુ, પાઘડી પાંચહજાર રૂપિયાની આવે?

ગોકળભાઈ: અરે દશહજારની ય આવે. એ તો જેવી પાઘડી. તમે મોટા થશો એટલે બધું ય શીખશો. કેમ મહેરબાન, ત્યારે મેં કહ્યું તે સાંભળ્યું ને? અહીં તો ભૂતે ય નથી ને ભૂતનો બાપે ય નથી. તમે જરા ય ગભરાશો નહિ; અને છતાં જો તમને ડર જેવું લાગતું હોય તો મારા બે ભૈયાને મોકલી આપીશ. બોલો, હવે પછી છે કાંઈ?

હિંમતલાલ: અરે એમ તો કોઈથી ગભરાઈએ તેવા નથી. બાબરા ભૂતને ય પહોંચી વળીએ, પણ બૈરાં બી મરે ને? પાછા વળી બે કુરકુરિયા જેવા છોકરા! એમનો તો વિચાર કરવો પડે ને?...સારું ...તમે તમારા બે ભૈયાને મોકલી આપજો. બે ઘડી વાતોમાં વખત જાય, બાકી ભૈયા શું કરવાના હતા? આવજો ત્યારે...ભૈયાને મોકલજો.

[ગોકળભાઈ જાય છે.]

હિંમતલાલ: બસ, હવે તો બીક નથી ને? બે ભૈયા આવશે પછી શી ચિંતા?

કંચન: અરે એમ કહીને ઘરધણી તમને ભોળવી ગયા. તમે તો સાવ ભોળા બ્રહ્મા જેવા રહ્યા. ભૈયા ભૂતને શું કરવાના હતા? ભૂતને જોઈને જ કયાંક ભાગી જશે.

ચુન્નુ: બાપુ, ભૂત કયાં રહેતું હશે?

હિંમતલાલ: શ...શ...શ...શી, રાત પડી ભૂતનું નામ ના દઈએ. ભૂત તો હોય જ નહિ હોં; અને ભૂત દેખાય તો હનુમાન-ચાલીસા બોલવા એટલે ભૂત નાસી જાય.

મુન્નુ: હું તો ભૂતની ચોટલી જ પકડું.

હિંમતલાલ: (ચિડાઈને) પકડને તારા બાપની ચોટલી! એકવાર કહ્યું કે ભૂતને ચોટલી ના હોય, તો ય રાત પડી ભૂતનું નામ લે છો! જાઓ સૂઈ જાઓ હવે.

કંચન: આજે તો હવે તમે લૉજમાં જમી આવો. મને તો ભૂખ નથી. ચુન્નુમુન્નુને નાસ્તો કરાવી દીધો છે. હું સામાન જોઈ લઉં. જો ચુન્નુ તમે હવે સૂઈ જાઓ હોં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં તો ભૂતે ય નથી ને ડાકણે ય નથી.

[હિંમતલાલ ને કંચન જાય છે. ચુન્નુમુન્નુ બહારથી ખાટલો ઉપાડી લાવે છે.]

ચુન્નુ : અબે મુન્ના, રાતે ભૂત આવે તો મઝા પડે નહિ?

મુન્નુ : મેં તો લાકડી ને કાતર બન્ને રાખ્યાં છે. ભૂતનો ટાંટિયો જ તોડી નાખું. તું એટલામાં ચોટલી કાપી લેજે.

ચુન્નુ : પછી તો બસ, ભૂત આપણુને વશ થઈ જાય. પણ ભૂતને ચોટલી હોય? બાપા તો ના પાડે છે.

મુન્નુ : બાપુ ભૂતથી બહુ બીએ છે.

ચુન્નુ : એમ તો બાય બીએ છે.

મુન્નુ : આપણે બે જણ આખી દુનિયામાં બહાદુર છીએ!

હિંમતલાલ : (બાજુમાંથી) એ બહાદુરના બેટાઓ, બારણે અગિયાર વાગ્યા તો ય સૂતા નથી હજી! ઊંઘી જાવ હવે.

[બંને ચોરસો ઓઢી લે છે.]

કંચન : હવે સૂવાનું કેમ કરીશું? તમારે માટે ખાટલો નાખું?

હિંમતલાલ : તમે તમારે સૂઈ જાવ, હું આરામખુરશી ઉપર પડી રહીશ.

[રામો ખાટલો લાવી નાખે છે.]

કંચન : તમને ખુરશીમાં સુવાનું ફાવશે?

હિંમતલાલ : અરે બધું ય ફાવશે. તમે તમારે સૂઈ જાઓ.

કંચન : રાતે કાંઈ બીક જેવું હોય તો જગાડજો, ગભરાશો નહિ.

હિંમતલાલ: અરે, એમ શેના ગભરાઈએ? તું તારે ગભરાયા વગર સૂઈ જા. હું બાર હાથવાળો બેઠો છું.

[કંચન સૂઈ જાય છે.]

હિંમતલાલ : (આંટા મારતા) હજી ભૈયા કેમ ન આવ્યા? આજે તો રાત કેવી અંધારી લાગે છે! આજે બેચેની કેમ જણાય છે? લાવ જરા ચોપડી વાંચું.

[ચોપડી વાંચે છે, પણ મઝા પડતી નથી એટલે મૂકી દે છે.]

હરામખોરો, હજી ન આવ્યા, ઘરધણીએ લુચ્ચો નીકળ્યો, ભોળવી ગયો; અને અહીં તો બધાં નિરાંતે ઊંઘે છે.

[બહાર સહેજ ખખડાટ થાય છે.]

હિંમતલાલ : (એકદમ ગભરાઈને) આ શેનો ખખડાટ થયો? અડધી રાતે કોણ હશે?

[ફરી ખખડાટ થાય છે. હિંમતલાલ કંચનના ખાટલે પહોંચી જાય છે.]

હિંમતલાલ : અરે જરા ઊઠો તો, અરે સાંભળો છો?

કંચન : (જાગીને) કેમ શું છે? ઊંઘ નથી આવતી?

હિંમતલાલ : ના રે ના, હમણાં જ ઊંઘી ઊઠ્યો. કેમ કાંઈ બીક તો નથી લાગતી ને? હું જાગું છું હો, પાણીબાણી જોઈએ છે?

કંચન : ના, તમે હવે સૂઈ જાઓ. નહિતર પાછું શરીર બગડશે.

[કંચન પાછી સૂઈ જાય છે.]

હિંમતલાલ : લો છે કાંઈ ચિંતા? પાછાં સૂઈ ગયાં. આમ તે કાંઈ ઘર સચવાતાં હશે? છોકરા ય નસકોરાં બોલાવવા મંડ્યા. ભૂતની ચોટલી પકડવી હતી મારા બેટાઓને. ભૂતને જોઈને કાછડી યે છૂટી જાય, પણ હજી ભૈયા કેમ ના દેખાયા? રાત કેવી ભયંકર લાગે છે? આજે પરસેવો ય બહુ વળે છે આવી ઠંડીમાં પણ. અંધારી રાત, પાછું ભૂત, રેરે, પ્રભુ, આજની રાત નીકળે તો હનુમાનજીને એક નારિયેળ વધેરું! આજે ઊંઘ પણ વેરણ થઈ છે. આપણું તો જાણે ઠીક. આ જંજાળની ચિંતા ઓછી છે? લાવ ભૈયાની તપાસ તો કરું.

[બેટરી લઈને બારણાં પાસે આવે છે. બહારથી અવાજ આવે છે: 'હમ આતે હૈં, હમ આતે હૈ.' હિંમતલાલ એકદમ દોડે છે. ધ્રુજી ઊઠે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેટરી પડી જાય છે. કંચનના ખાટલા પાછળ ભરાઈ જાય છે.]

હિંમતલાલ : એ બાપ આવ્યું! એ આવ્યું!

કંચન : (ઝબકીને) કેમ ? (ઝબકીને) શું થયું ? કેમ આટલા ગભરાઈ ગયા છો ? શું આવ્યું ?

હિંમતલાલ : (સ્વસ્થ થઈને) કાંઈ નહિ, કાંઈ નહિ. આ તો વરસાદનું ઝાપટું આવ્યું. મને જરી ગરમી બહુ લાગે છે તે નાહવાનો વિચાર...કાંઈ નહિ. તમે તમારે સૂઈ જાઓ. ગભરાશો નહિ. હું જાગતો બેઠો છું.

કંચન : આવી ઠંડીમાં તમને નાહવાનું સૂઝે છે ? હવે સૂઈ જાઓ, બાર વાગ્યા.

હિંમતલાલ : બાર તો ક્યારના ય વાગી ગયા, હજી ભૈયા કેમ ના આવ્યા ?

કંચન : મૂઆ ના આવ્યા તો. તમે તમારે સૂઈ જાઓને !

[કંચન પાછી સૂઈ જાય છે.]

હિંમતલાલ : હમણાં જ હાર્ટફેલ થઈ જાત. આવી ભયંકર બૂમ ભૂત સિવાય બીજું કોણ પાડે ?

[બે ભૈયા 'હમ આતે હૈ' ની બૂમ પાડતા આવે છે].

પહેલો ભૈયો : ક્યું શેઠ, અભીતક જાગતે હો ?

હિંમતલાલ : અરે ભૈયાજી, તમે ય શું ભૂતની જેમ બૂમો પાડતા આવો છો ? મારી ઊંઘ બગાડી. નિરાંતે સૂવા ય દેતા નથી ?

બીજો ભૈયો : શેઠ સા'બ, તુમ સો જાઓ, હમ ચોકી કરેંગે.

[પહેલો ભૈયો જતો રહે છે.]

હિંમતલાલ : હેં ભૈયાજી, આ ભૂતની વાત શી છે? કહે છે કે આ ઘરમાં ભૂત છે.

બીજો ભૈયો : શેઠ, તુમ મત ગભરાઓ. મેં ભૂતકો ગોલી મારુંગા. તુમ આરામસે સો જાઓ.

હિંમતલાલ : શાબાશ ભૈયાજી, તુમ બડે બહાદુર હો, મેં ભી ભૂતસે ડરનેવાલા નહિ હૂં, લેકિન એ બૈરાં ઓર લડકા હૈ ને ઈસ લીયે મેં કહેતા હૂં...અરે પણ દૂસરા ભૈયાજી કહાં ચલા ગયા ?

બીજો ભૈયો : વો તો તુમાકુ લેને ગયા હૈ, તુમ ઠેરો. મેં ઉસકી તલાસ કરતા હૂં.

હિંમતલાલ : નહિ, નહિ ભૈયાજી. તુમ મત જાઓ. વો તો આ જાયેગા.

બીજો ભૈયો : અરે શેઠ તુમ ડરો મત, મેં અભી આયા, તુમ આરામસે સો જાઓ.

હિંમતલાલ : અરે ભૈયાજી, હમ ડરને-વાલે નહિ. મેં તો તુમારે લીયે કહતા હૂં. મેં તો બાબરા ભૂતસે ભી નહિ ડરતા. તુમ જલદી વાપસ આના હોં ભૈયાજી.

[ભૈયાજી જાય છે.]

હિંમતલાલ : ભૈયાજી તમાકુને બહાને છટકી ગયા. એમને ય જીવ વહાલો હોય ને! ભૂતની સામે કોણ બાથ ભીડે? આજે ઊંઘ પણ નથી આવતી. આ છોકરાંની ચિંતા ઓછી છે? લાવ જરા સૂઈ તો જઉં.

[આરામખુરશી પર ટાંટિયા લાંબા કરીને સૂએ છે. થોડીવાર પછી]

લાવ પાકીટ મૂકીને સૂઈ જાઉં. (પાકીટ મૂકે છે.) હે ભગવાન હવે તારાં રખવાળાં છે મારા નાથ !

જય હનુમાન,
શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારિ,
હે નાથ નારાયણ વાસુદેવ.

[**સૂઈ જાય છે. થોડી જ વારમાં અંધકાર ફેલાય છે. લાંબો ઝભ્ભો પહેરેલું ભૂત પ્રવેશે છે. ચારે બાજુ જોતું ધીમેધીમે આગળ વધે છે. હિંમતલાલની છાતી ઉપર ચડી ખિસ્સાં તપાસે છે. પછી ટબલ ઉપરથી પાકીટ ઉપાડી છોકરાં તરફ જાય છે.**]

હિંમતલાલ : (ચીસ પાડીને) ઓ બાપ રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી નાખ્યા, ભૂત, ભૂત! કોઈ બચાવો, કોઈ બચાવો!

ચુન્નુ: [એકદમ કૂદીને ભૂતનો ટાંટિયો પકડે છે. ભૂત છટકવા પ્રયત્ન કરે છે. ચુન્નુ ટાંટિયા પર એક લાકડી જોરથી લગાવી દે છે. ભૂતનો જોડો નીકળી જાય છે ને ભૂત નાસી જાય છે.]

કંચન: વોય મા, કેવું ભયંકર ભૂત! આ ઘરમાં હવે એક ઘડી નથી રહેવું. તમે ઘરધણીને બોલાવો. હમણાં છોકરાંને મારી નાખત.

ચુન્નુ: સાલુ ભૂત છટકી ગયું!

હિંમતલાલ: શું કપાળ છટકી ગયું? મરતાં બચ્યાં. ભગવાનનો પાડ. જોયું ને? કેવું કાળુંકાળું ભૂત હતું? તમે બિસ્ત્રા બાંધો, હાય બાપ, મરતાં બચ્યાં, મારા ઉપર ચડી બેઠું ને મારા ખિસ્સા તપાસતું હતું.

ચુન્નુ: ભૂત તે વળી ખિસ્સાં તપાસતું હશે?

હિંમતલાલ: ખિસ્સાં ન તપાસે તો માથામાંથી જૂ વીણે? કાંઈ અક્કલ નથી!

કંચન: હવે તમે જલદી ઘરધણીને બોલાવો ને? ગમે ત્યાં ઘર શોધી કાઢો, અહીં એક ઘડીય હવે રહેવું નથી.

ચુન્નુ: પણ ભૂતનો જોડો તો અહીં રહી ગયો.

કંચન: હાય બાપ, જોડો રહી ગયો? ગજબ થયો! હવે જરૂર પાછું ભૂત જોડો લેવા આવવાનું! હવે તમે ઘરધણીને બોલાવો ને? ક્યારના શું ફાંફાં મારો છો?

ચુન્નુ: આ જોડાનું હવે શું કરીશું?

[જોડો હાથમાં ઝાલે છે.]

હિંમતલાલ: નાખી દે, નાખી દે, એ તો ભૂતનો જોડો છે. આટલામાં જ ફરતું હશે.

કંચન: હાય બાપ, કેવા અપશુકન થયા? જોડો કાલે નદીમાં નંખાવી દેજો. તમે ઘરધણીને બૂમ પાડો.

હિંમતલાલ: ગોકળભાઈ, અરે ઓ... ગોકળભાઈ... અરે ગો... કળભાઈ!

ગોકળભાઈ: (દોડતા આવીને) શું છે? શું છે? તમે ય ભલા આદમી, આમ અડધી રાતે શી બૂમાબૂમ કરો છો?

હિંમતલાલ: અરે મરી ગયા મહેરબાન! તમારે શું અમને મારી નાખવાં છે? એમ વિચાર હોય તો એમ કહી દો. તમે સમજો છો શું?

ગોકળભાઈ: પણ થયું શું ભલા આદમી? એ તો કહો.

હિંમતલાલ: થાય શું? આ તમારા ભૂતની મોંકાણ. જુઓ ને આ ઘરવાળા કેવા ગભરાઈ ગયા છે? હમણાં જ હિસ્ટિરિયા આવશે. હવે આ ઘરમાં નહિ રહેવાય. જાન બચી લાખો પાયા!

ગોકળભાઈ: પણ ભૂત આવ્યું ક્યાંથી? ભૈયા ક્યાં મરી ગયા?

હિંમતલાલ: અરે મહેરબાન, ભૂતને તે કાંઈ રસ્તો શોધવો પડતો હશે? તમારા ભૈયા ય ક્યાં ય ભાગી ગયા! એ જાણી જોઈને ભૂતનો કોળિયો થાય એવા મૂર્ખા છે? અમે એવા મૂર્ખા કે આ ઘર રાખ્યું!

ચુન્નુ: આ ભૂતનો જોડો રહી ગયો!

હિંમતલાલ: વળી જોડો હાથમાં ઝાલ્યો? નાખી દે, નહિતર પાછું વળગશે. એકવાર તો માંડ બચ્યા.

ગોકળભાઈ: (જોડો જોઈને) હેં? (આશ્ચર્યથી) આ ભૂતનો જોડો છે?

હિંમતલાલ: ત્યારે શું તમારો છે? જાણે અમે તો જૂઠું જ બોલતા હઈશું. માંડમાંડ બચ્યા એ તો કહેતા નથી?

ગોકળભાઈ: તમે જરા ઠંડા પડો. તમારું ભૂત પકડાઈ ગયું. શાબાશ છોકરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ, તમે ભૂતનો જોડો કાઢી લીધો તે બહુ સારું કર્યું.

ચુન્નુ : અરે મેં તો એક એવી લાકડી લગાવી કે ભૂત જાય ભાગ્યું.

હિંમતલાલ : નાદાન છે નાદાન. એવું કોઈ દહાડો ના કરવું. આજે તો બચી ગયા. ભૈરવનાથની કૃપા. બીજુ શું ?

ગોકળભાઈ : હું હમણાં જ તમારા ભૂતને પકડી લાવું છું. એક નહિ, બે ભૂત છે.

[જાય છે.]

હિમતલાલ : હેં ? બે ભૂત છે ? ઓ ભગવાન તેં જ જાન બચાવી !

કંચન : બેમાંથી એક ચૂડેલ જ હશે. ચૂડેલ વળગી હોત તો સાત જન્મારે ય ના છૂટત. તમે સામાન બાંધો. ભલે જંગલમાં જઈશું પણ આ ભૂતઘરમાં હવે નથી રહેવું.

ગોકળભાઈ : (બે ભૈયા સાથે પ્રવેશીને) બોલો બદમાશો, કોના ઘરમાં પેઠા હતા ?

હિંમતલાલ : અરે પણ આ તો ભૈયાજી છે. પેલા ભાગી ગયા હતા એ.

ગોકળભાઈ: એ બે જ ભૂત બનીને આવ્યા હતા !

હિંમતલાલ : હેં ભૈયાજી...ભૂત ?

ચુન્નુ : બા આમાં ચૂડેલ કઈ ?

ગોકળભાઈ: આ જોડો ભૈયાજીનો છે. હું બરાબર ઓળખું ને ? એ ઉપરથી તો મેં એમને પકડી પાડ્યા.

હિંમતલાલ : લુચ્ચા બદમાશો, પોલીસને ના સોંપું તો મારું નામ નહિ. ભૂત બનીને મને બિવડાવવા આવ્યા હતા, મારી સામે આવવું હતું ને ? એક એકને ખબર પાડી દેત. આ હિંમતલાલને હિંમત વિનાના સમજો છો ?

પહેલો ભૈયો : સા'બ માફ કરો. મેરા કસૂર નહિ હૈ. વો ભૈયાને મુજે ભેજા થા. મેં તો ના પાડતા થા.

બીજો ભૈયો : અબ કયા મેરા નામ દેતે હો ? તુમ તો અબ હરિશ્ચંદર બન ગયે. યે સબ તુમારા કસૂર હૈ, તુમ જોડા છોડકર ચલા આયા.

પહેલો ભૈયો : અરે મેં જોડા ન છોડું તો કયા કરું ? એ લડકે લોક બડે જાલીમ નીકલે : ઉન્હોને મુજે એસી લકડી લગાઈ કે મેરી તો ટાંગ તૂટ ગઈ.

બીજો ભૈયો : તો અબ જાઓ જેલમેં !

પહેલો ભૈયો : સા'બ ઈતની બાર જાને દો, મેરા બીબી–બચ્ચા ભૂખે મર જાયગા...

બીજો ભૈયો : ભોગ તુમારા. અબ રોને લગા.

ગોકળભાઈ : તમને બન્નેને જેલમાં બેસાડું. તમે જ દર વખતે ભૂત બનતા હશો, ખરું ને ? ભાડવાતોને નસાડનાર પણ તમે જ કે ! મારું કેટલું ભાડું ખોવડાવ્યું ?

બન્ને : સા'બ માફ કરો.

ગોકળભાઈ : આ છોકરાઓએ ઠીક તમારી ચોટલી પકડી પાડી. શાબાશ છોકરાઓ ! તમને હું ઇનામ આપીશ હોં.

ચુન્નુ : બાપુ, ભૂતને ચોટલી હોય !

હિંમતલાલ : ચૂપ રહે હમણાં.

[બન્ને ભૈયા પગ પાસે બેસી પડે છે ને પગે માથું ઢાળી દે છે.]

ચુન્નુ–મુન્નુ : (ભૈયાજીને માથે હાથ ફેરવીને) બા, બાપુ તમે કહેતા હતા તે વાત સાચી. આ બેમાંથી એકકે ય ભૂતને ચોટલી નથી !

[પડદો પડે છે]

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવિ પ્રજાનો પિતા

લેખક :
શ્રીમતી કુસુમબહેન સી. તારકસ
બી. એ.

બાળક પ્રત્યે આપણો દૃષ્ટિકોણ ગઈ કાલ કરતાં બદલાયો છે. આજે આપણે માનતા થયા છીએ કે બાળકને ભણાવવાનું નથી, ભણવા દેવાનું છે, એનામાં સુપ્ત પડેલી શક્તિઓને કમળની પાંદડીની માફક સર્વે દિશામાં ખીલવવાની છે. બાળક પ્રવૃત્તિશીલ, ક્રિયાશીલ અને વિકાસશીલ તત્ત્વ છે, તેનો ખ્યાલ આ લેખ આપે છે.

જેમ ચંદ્ર અને તારા વિનાનું આકાશ ગાઢ અંધકાર ફેલાવે છે તેમ બાળક વિનાનો સંસાર અંધકારમય ભાસે છે. માનવજાતિનું અસ્તિત્વ બાળક વિના સૂનકાર બને છે. મહાન અંગ્રેજ કવિ વડર્સવર્થે કહ્યું છે કે :-

'Child is the father of man.'

'બાળક માનવીનો પિતા છે.'

આટલું જાણ્યા પછી બાળકોના ભાવિ જીવનના ઘડતર માટે વડીલો અજાણ અને અણઘડ રહે એ એક દયાજનક વાત છે. અત્યારે કેળવણીના ક્ષેત્રમાં જે નવા વિચારો પ્રચલિત થયા છે તે મનુષ્યની સ્વાધીનતાને આભારી છે. જતાં તે જ સ્વતંત્ર મનુષ્ય સમય સ્વાશ્રયી બને છે. આપણું સામાજિક વાતાવરણ બંધનોથી એટલું ભરપૂર છે, કે આપણે સ્વાધીનતાનો અર્થ પૂર્ણપણે સમજી શકતા નથી. આપણી મનોવૃત્તિ જ પરાધીન બની ગઈ છે. શ્રીમંતો કામ કરાવવામાં જ ગૌરવ માને છે; અને વિના મજૂરીએ પ્રતિષ્ઠા જાળવવામાં મહત્તા માને છે. આથી તેઓ અને તેમનાં બાળકો સંપૂર્ણ પરાધીન બની જાય છે. આવા વડીલોનું વર્તન બાળકો ઉપર અસર કરે છે; અને પરિણામે બાળકના સ્વાભાવિક વિકાસમાં વડીલો જ નડતરરૂપ બને છે. બાળકનું હિત ચાહતા હો તો તેનાં કામ તેને જાતે જ કરી લેવા દો; અને પરાધીનતાની બેડીમાંથી છૂટવા દો. બીજાના શ્રમ પર જીવનાર હમેશાં જડ અને મંદ બુદ્ધિવાળા બને છે. તેના સ્નાયુઓ કાટ ખાધેલા લોખંડની માફક બિનઉપયોગી બની જાય છે—નિષ્ક્રિય બની શક્તિ ગુમાવતા જાય છે.

બાળક સ્વભાવે મૌલિક છે તેથી પારકાની પ્રેરણાથી પ્રવૃત્તિ કરવી તેને ગમતી નથી. સહેતુક પ્રવૃત્તિ પ્રાપ્ત થતાં બાળકની અસ્વસ્થતા મટી જાય છે. પરિણામે તે વ્યવસ્થાપ્રિય બની જાય છે. લાદેલી પ્રવૃત્તિ બાળકના સ્વાભાવિક વિકાસમાં નડતરરૂપ બને છે અને તેથી તેનામાં વિકૃતિ આવી જાય છે. પોતાને ગમતી પ્રવૃત્તિ કરવામાં એને શ્રમ લાગતો નથી; કારણકે એના મતને અનુકૂળ એવા નિશ્ચિત કાર્યમાં એને આરામ રહેલો છે. પરંતુ ઉપર જણાવેલા ગુણો શિક્ષક અથવા વડીલે પોતાના વર્તનથી બાળકના જીવનમાં ઉતારવાના છે. શિષ્ટતા, સ્વસ્થતા કે વ્યવસ્થા માટે દબાણ કે બળજબરી કરવી એ બાળક ઉપર ખોટા ઉપાયો અજમાવવા જેવું છે. પ્રવૃત્તિના પુનરાવર્તનથી બાળક એકાગ્રતા પ્રાપ્ત કરે છે, ત્યારે ઉપરનાં લક્ષણો સ્વાભાવિક પ્રગટ થાય છે; અને બાળક આત્મવિજયનું કુદરતી ગૌરવ પ્રાપ્ત કરે છે. દુર્ગમ પ્રદેશ ઓળંગવાની તેનામાં શક્તિ આવે છે. એટલી સ્વતંત્રતા આપનાર શિક્ષક તથા વડીલ તરફ એને માન અને આદર થાય છે.

આ જ રીતે બાળકમાં નિયમન કુદરતી જન્મે છે. નિયમનના પાયા ઉપર આપણા સમાજની ઇમારત ચણાયેલી છે. આજ સુધી સચવાઈ રહેલી સંસ્કૃતિ નિયમનને જ આભારી છે. બાળક ઉપર અંકુશ મૂકી આપણે તેની અસ્વસ્થતા વધારીએ છીએ

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેને અનિયમિત બનાવીએ છીએ. મૉન્ટેસોરી પદ્ધતિને પ્રચારમાં લાવનાર મેડમ મૉન્ટેસોરીએ એટલા માટે જ બાળકોની સ્વતંત્રતા પર ખાસ ભાર મૂકયો છે. એમણે કહ્યું છે, કે બાળકને ભણાવવાનું નથી, ભણવા દેવાનું છે. વિચારો દ્વારા આપણું જ્ઞાન તેનામાં ઠાલવવાનું નથી, પણ તેની મૌલિકતાને સતેજ બનાવવાની છે. કામ કરી આપી લાડઘેલું બનાવવાનું નથી, પરંતુ સ્વતંત્ર રીતે કાર્ય કરવા દઈ શારીરિક તેમજ માનસિક રીતે શુદ્ધ અને મજબૂત બનાવવાનું છે. સ્વતંત્રતા આપી કમળની પાંખડી માફક તેના વ્યક્તિત્વને પૂરેપૂરું ખીલવવાનું છે. આવી સ્વાધીનતાને માર્ગે પ્રવૃત્તિરત બનતું બાળક પોતાના ભાવિ જીવનને કૃતકૃત્ય બનાવે છે.

સ્વતંત્રતાની સિદ્ધિ પ્રાપ્ત કરી બાળક પોતાની જાતને સાચા સ્વરૂપમાં પ્રગટ કરી શકે છે. ઇનામરૂપી લાલચ કે શિક્ષારૂપી ધમકીની તેને જરૂરિયાત રહેતી નથી. શિક્ષા અને ઈનામ કૃત્રિમ, વિચિત્ર અને હાનિકારક વસ્તુ છે. સ્વાતંત્ર્યને પરિણામે સંયમ શીખેલો મનુષ્ય હરહમેશ એવા સાચા ઈનામની સ્પૃહા રાખે છે કે જે તેને કદી યે હલકો ન પાડે કે કદી યે નિરાશ ન કરે.

ધમકી અને મારની વર્ષાથી પ્રવર્તતી પ્રણાલિકા આજે પચીસ ટકા પણ રહી નથી; અને એટલી પણ ન જ રહેવી જોઈએ. આટલું વડીલ તેમ જ આદર્શ શાળાના શિક્ષક કબૂલી લેશે.

આપણે માનીએ છીએ કે કેળવણીની શરૂઆત સાતમા વર્ષથી થવી જોઇએ, પરંતુ બાળકને સર્વાંગ-સંપૂર્ણ વિકસાવી ઉચ્ચ કક્ષાએ મૂકવું હોય તો તેને જન્મથી જ યોગ્ય વાતાવરણ આપવાની જરૂર છે. તે ઉપરાંત સમજણું થતાં બાળગૃહ–બાલમંદિરમાં પ્રાથમિક ઇંદ્રિયવિકાસ માટે મૂકવું આવશ્યક છે. આજે કંઈક અંશે આવાં બાળગૃહો પ્રચારમાં આવ્યાં છે. ડો. મેડમ મૉન્ટેસોરીએ પોતાના અનુભવ અને સૂક્ષ્મ નિરીક્ષણને અંતે પોતાનાં સાધનો બનાવ્યાં છે. એમનો કેળવણીનો ખ્યાલ સમજવો મુશ્કેલ છે; કારણકે તે ગહન અને જટિલ છે. મોટા ભાગના વડીલો મૉન્ટેસોરી સાધનોને રમકડાંરૂપે અને બાલમંદિરોની એક રમાડવાની સંસ્થારૂપે ગણના કરે છે. કેટલાક વડીલો તો ત્રણચાર કલાક એવા ગૃહમાં બાળકો પૂરાઈ આવે તો તેમનો ભાર કંઈક ઓછો થાય એમ માને છે. પરંતુ એ સર્વની માન્યતા ખોટી છે. વડીલોએ પોતાનું દૃષ્ટિબિંદુ ફેરવવાની જરૂર છે.

જેમ એક પવિત્ર મંદિર ધૂપદીપની સોરમથી મનુષ્યના રોમેરોમને પમરાવી બે ઘડી તન્મય બનાવે છે, તેમ એક આદર્શ બાલમંદિર તેના સુંદર અને પવિત્ર વાતાવરણથી બાળકના દિલને બહેલાવી બાળગૃહમાં તન્મય બનાવે છે. જીવનના આરે પહોંચેલાંને જેટલી દેવમંદિરની આવશ્યક્તા લાગે છે તેટલી બલકે તેથી યે વિશેષ જીવનના પહેલે પગથિયે ઊભેલાં બાળકોને બાળગૃહમાં મૂકવાની આવશ્યક્તા છે. વૃદ્ધ વયે જેમ મનુષ્ય આત્માનો વિકાસ સાધવા પ્રયત્ન કરે છે તેમ કુમળી વયે બાળકના માનસનો વિકાસ સુંદર અને સરળ રીતે થાય એ વધુ ઇચ્છવા યોગ્ય છે.

બાળગૃહોનો આટલો બહોળો પ્રચાર હોવા છતાં હજુ યે બાળમંદિરોની અછત દેખાય છે અને પરિણામે ઘણાં બાળકોને બાલમંદિરોનો લાભ મળતો નથી. આવી સંસ્થાઓ ઠેરઠેર ખોલવાની જરૂર છે. આપણી ભાવિપ્રજાનું હિત ઇચ્છતા હોઈએ તો જરૂર એવાં ક્ષેત્રો ઉઘાડી, સહકાર આપી પુષ્પ સમા બાળકોને ખીલવવાનો બનતો પ્રયત્ન કરવો જોઈએ. આપણે ભૂલવું ન જોઈએ કે બાળક એક પ્રવૃત્તિશીલ, ક્રિયાશીલ, વિકાસશીલ તત્ત્વ તથા મહાન વૈજ્ઞાનિક ને સર્જક છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિલોત્તમા

મૂળ લેખક : 'વનફૂલ'
અનુ : શ્રી ટોપણ દયાળજી ઘેલાણી

સર્વના જીવનમાં વચ્ચેવચ્ચે એવા એકાદ નાટકીય પ્રસંગ આવીને ઊભા રહે છે કે જ્યારે, બધી ગણતરી, બધું આયોજન, બધા ય પ્રબંધ એકાએક નિમિષ માત્રમાં પલટાઈ જાય. ઉત્તર તરફ વહી જતી નદીનો સ્રોત એકાએક દક્ષિણ તરફ વહેતો થઈ જાય, આકાશને અડકતો ઊંચો પર્વત અકસ્માત્ ગંભીર ઊંડી ખીણમાં ફેરવાઈ જાય, સાધારણ મનુષ્યના જીવનમાં જ આ બધું થાય છે-થયા કરે છે. આને માટે રામ કે રાવણને ઉત્પન્ન થવાની જરૂર રહેતી નથી.

નકુલ નંદી સાધારણ મધ્યમ સ્થિતિનો માણસ. એનો પુત્ર ગોકુલ, તે પણ કાંઈ અસાધારણ નહોતો. બીજા પાંચ જણાની પેઠે તે પણ બી. એ. પાસ થઈ અહીંતહીં અડ્ડો જમાવી, ગંજીફાબાજી ખેલી, શોખનાં થિયેટર અને અભિનયો કરી, રાજનીતિ અથવા સાહિત્ય સંબંધી મગજમારી કરી અથવા તો એક જ વાતમાં કહીએ તો અનેક ફિતૂર કરી દિવસો ગુજારતો હતો. સાધારણ પાંચ જણાની સગાઈની વાતો જેમ આવે તેમ ગોકુલની પણ આવવા લાગી. સગાઈની બજારમાં ગોકુલ હતો સુપાત્ર મુરતિયો. શહેરમાં એક ત્રણ માળનો માળો, બાપનો કરિયાણાનો ધીકતો થોકબંધ વેપાર, મોસાળમાં એની જે મિલકત વગેરે હતાં, તે તરફ જોતાં ગોકુલને કોઈ કાસે ઉદરપૂર્તિ માટે નોકરી ઉપર આધાર રાખવાની કે નોકરી કરવા જવાની જરૂર પડે તેમ નહોતું. ભગવાને તેને જે આપ્યું હતું, તેમાં તે પોતાનું આખું ય જીવન શોખના અવેતની થિયેટરમાં 'રઝિયા બેગમ'-ની ભૂમિકામાં ઊતરી નાટ્યકળાની ઉન્નતિનાં કાર્ય-વિધાનને તે આગળ ધપાવી શકે તેમ હતું.

સગાઈનાં માંગાં આવતાં રહ્યાં. પિતા નકુલ નંદી હોશિયાર અને ગણતીબાજ માણસ. જન્મોત્રી, કુંડલી, ખાનદાન કુળ, કન્યાનું રૂપ, દાયજાનું પરિમાણ-એ બધાનો સરખી રીતે વિચાર કરી નંદી મહાશયે જે કન્યાને પસંદ કરી તેનું ટૂંકું નામ હતું તિલુ, પૂરું નામ તિલોત્તમા. નંદી મહાશય હતા જૂનવાણી વિચારના માણસ, તેથી કન્યાને જોવાને પોતાના પુત્રને ન મોકલતાં પોતે જ કન્યાને જોવાને ગયા હતા ને પસંદ કરી આવ્યા હતા. નામ સાંભળીને ગોકુલ મુગ્ધ થઈ ગયો. તેણે મનમાં ને મનમાં પોતાની પ્રેયસીના રૂપની જે કલ્પના કરી-જે ચિત્ર ખડું કર્યું તેની પાસે પુરાણની-કાવ્યની તિલોત્તમા કોઈ હિસાબમાં જ નહોતી!

*

પણ શુભ દૃષ્ટિ* વખતે તે એકદમ ગભરાઈ ગયો. તિલોત્તમા છે ખરી! તલ જેવી જ આછીપાતળી કાળી અને ગોળમટોળ ઝીણી આંખો, ભયયુક્ત શંકિત દૃષ્ટિ, હુલુ-ધ્વનિ, શંખધ્વનિ, કોલાહલ ધ્વનિ, ભોજન-ધ્વનિ વગેરે જાતજાતના ધ્વનિઓ વચ્ચે તેને આની જ સાથે લગ્ન કરવું પડ્યું. બીજો ઉપાય નહોતો પણ તે ગભરાઈ તો ગયો જ.

પિતા નકુલ નંદી પણ ગભરાઈ ગયા. તેમણે વેવાઈને જેવા સાદા, સીધા ને સરળ

*** બંગાળમાં લગ્ન વખતે વરકન્યાને પરણતી વખતે સામસામાં બેસાડી માથે કપડું ઓઢાડી બંનેને સામસામું જોવડાવે છે, તેને શુભ દૃષ્ટિ કહે છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાર્યા હતા, તેવા તેઓ કોઈ કાળે પણ સાદા, સીધા ને સરળ નહોતા એમ તેને જણાયું. હોશિયારીથી હાથ જોડતો જાય, હં-હં-હં-હં કરીને કાલો બનતો જાય ને પોતાનું કામ કાઢતો જાય, છતાં યે પોતે આપેલું એક પણ વચન તેણે પાળ્યું નહિ. દાયજામાં-પહેરામણીમાં જે રોકડ રકમ દેવાની કબૂલી હતી, તેમાં પાંચસો રૂપિયા ઓછા આપ્યા. કહ્યું કે હાલમાં પૂરી રકમની જોગવાઈ કરી શકાઈ નથી, બાકી રહેલી રકમ પાછળથી ભરી આપશે. ચીજ-વસ્તુ જે બધી આવી તે એકદમ રમકડાં જેવી, સેલાંનો રંગ કાચો ને ઊડી જાય તેવો હતો. કાંડાઘડિયાળ હતું જ નહિ-કહ્યું કે કલકત્તેથી ઑર્ડર આપી મંગાવ્યું છે, પણ હજુ સુધી આવી પહોંચ્યું નથી. વીંટી સોનાની હતી કે નહિ તે પ્રભુ જાણે-પ્રથમ નજરે જોતાં તો પિત્તળની જ જણાતી હતી. પોતે ત્યારે એકદમ આવા ગપ્પીબાજ ધપ્પાબાજ સાથે જ સંબંધ બાંધી બેઠા કે શું ? સગપણ વખતે તો જેજે તેણે માગ્યું હતું તે સઘળું વેવાઈએ રાજી થઈને હાથ જોડતાંજોડતાં કબૂલ કર્યું હતું. પોતે જરૂર કંઈક વધુપડતું માંગ્યું હતું ખરું, પણ રૂપિયા વધુ ન આપે તો આવી કાળી, દૂબળી, બેડોળ ચહેરાવાળી ને જાડી છોકરીને પુત્રવધૂ તરીકે પસંદ પણ કોણ અને શા સારુ કરે ભલા ? આવો અતિ વિનયી, નમીનમીને નમસ્કાર કરતો માણસ આવું વર્તન કરશે એવી તેમણે શું આશા રાખી હતી ? ઘેર પણ તેમને કોઈ દિવસે ન સાંભળેલાં એવાં વચનો એમની સ્ત્રી તરફથી સાંભળવાં પડ્યાં. ગોકુલની મા તો છડેચોક બધાંયને એમ જ કહેવા લાગી કે 'ગોકુલના બાપની ડાગળી ચસકી ગઈ છે, નહિ તો વળી કોઈ જાણી જોઈને પોતાના દીકરા માટે આવી છોકરી વહુ તરીકે લાવે ખરું ? છિ:, છિ:, છિ:, છિ: !' નકુલ ખોટું બોલીને બચાવ કરવા લાગ્યો: 'હું જોવા ગયો હતો ત્યારે આ કન્યા મને નહોતી દેખાડી, મને બીજી જ દેખાડી હતી, મેં જે છોકરી જોઈ હતી તે તો રૂપરૂપનો અંબાર, માથાના વાળ મોટા ને વળી રેશમ જેવા કૂણા, આંખ, મોઢું, નાક નમણાં, સુંદર સોહામણા ગાલ, પરવાળાં જેવાં હોઠ. ચોર ચોર-ઠગારો-લૂંટારો, ગપ્પીબાજ, ધોખાબાજ, લુચ્ચો ! હું મારા દીકરાને બીજી પરણાવીશ.' સર્વેએ તેની આ વાતમાં સહાનુભૂતિ બતાવી તે એટલે સુધી કે ગોકુલે પણ તેમ કહ્યું.

*

તિલોત્તમા સાથે વાતચીત થઈ તો વળી એનામાં એક ગુણ ગોકુલ જોયા સિવાય રહી શક્યો નહિ. તિલુ બહુ જ ભલી, સાદી ને સરળ છોકરી. વેંગણનાં ડીટિયાં ઉખેડી લેતાં તે જગ્યાએ જેમ આછો લાલ કે જાંબુડો રંગ ભરેલો જણાય તેમ સરળતા જાણે તેના આખાયે મોં ઉપર ચોપડી દીધેલી હતી. તે શરમાળ પણ ઘણી હતી. ઘણીવાર સમજાવી, પટાવી, મનાવી ત્યારે તો તે માંડમાંડ બોલી. તેની વાતો કરવાની ઢબથી ગોકુળ તો છક્ક જ બની ગયો. તેના પિતાને અહીં બધા મળીને આટલી ગાળો ભાંડતા હતા, તે બાબતમાં તેને કાંઈ યે દુ:ખ લાગતું નહોતું, જાણે એકદમ બેપરવા ! સવારે સૂર્ય ઊગે અથવા વર્ષાકાળે વૃષ્ટિ થાય તેમાં કાંઈ નવાઈ જેવું જેમ ન હોય તેમ આમાં પણ તેને કાંઈ નવાઈ જેવું લાગ્યું નહિ. હિંદુવિવાહમાં, લગ્નમાં, સંબંધમાં આવું સચરાચર થતું જ હોય છે, એમાં નવાઈ પામવા જેવું કે દુ:ખ લગાડવા જેવું કશું જ ન હોય. નકુલ નંદીએ પોતાની બાબતમાં જે ખોટું કહ્યું હતું કે 'તે તેમને દેખાડવામાં આવી નહોતી,' તે વાતનો તે ધારત તો સામો વાદ કરી શકત, પણ તેણે તેમ કર્યું નહિ. તેણે સંકોચપૂર્વક મૌન જ સેવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ગોકુલને પતિ તરીકે મેળવી તે કૃતાર્થ થઈ હતી, પછી નકામો વાદવિવાદ કરવાની શી જરૂર હતી? ક્ષણેક્ષણે તે અનુભવ કરતી હતી કે પોતે ગોકુલને યોગ્ય નહોતી, પોતે અન-ધિકારિણી હતી, છતાં યે પોતાના ભાગ્યને જોરે તેણે સુખસ્વર્ગમાં પ્રવેશ કર્યો હતો. કજિયા, ફતવા ને ક્લેશ કરીને આ આનંદ-પુરીમાંથી નીકળી બહાર જવાનું તેને મન થતું નહોતું.

ગોકુલે કહ્યું: 'મા અને બાપુ કહે છે કે તેઓ મને બીજી પરણાવશે.'

તિલુ ચૂપ રહી.

'કેમ કાંઈ બોલતી નથી?'

'સારું છે, હિંદુઓના ઘરમાં આવું બને જ છે.'

'તેથી તને કાંઈ દુઃખ નહિ થાય?'

'મને? ના રે!'

જરાવાર ચૂપ રહી વળી પાછી તે બોલી: 'દુઃખ થાય, તોપણ તમને જો તેથી સુખ મળતું હોય તો હું એ દુઃખ સહી લઈશ.'

ગોકુલને લાગ્યું કે આ રીસભરી, અભિ-માનભરી વાત છે, તે કાંઈ બોલ્યો નહિ.

*

લગભગ વર્ષ વીતી ગયું.

તિલુના મોહમાંથી મુક્ત થવાને એક વરસનો સમય ઘણો કહેવાય. તે ન જાણે લખવું-વાંચવું, ન જાણે ગાવું-બજાવવું, કે ન જાણે કંઈ હાવભાવ. નહોતું રૂપ, નહોતા કાંઈ ગુણ. ગુણોમાં એક જ ગુણ હતો અને તે એ કે પોતે ગધેડાની માફક મહેનત કરી શકતી. સો-બસો વાસણનો ઢગલો માંજી નાખે, કપડાંનો મોટો ડુંગર જેવડો ઢગલો ધોઈ નાખે. આંખને ઈશારે પણ નારાજી નહિ, સાસુ એને રસોડા-માં તો પગ જ મૂકવા ન દે. તે બહારનું બધું કામ કરતી ને તેમાં તો આખો દિવસ ડૂબેલી રહેતી. આકાશમાં ચંદ્રનો ઉદય થયો કે નહિ, બકુલના ઝાડ ઉપર બપૈયો બોલ્યો કે નહિ, આ બધી વસ્તુઓની ખબર રાખવાનું તેના માટે અશક્ય હતું.

નાટ્યકલાકાર કવિ-પ્રકૃતિવાળો ગોકુલ તો ઠરી જ ગયો. શું કરવું આનું? આખરે તેણે બધી આશા મૂકી દીધી. એકાદ દાસી-ચાકરડી જેવી પત્ની સાથે સ્નેહ ક્યાં સુધી કરી શકાય ભલા!

પિતા પંડે વેવાઈના વર્તનથી તેના તરફ ભયંકર નારાજ હતા, પણ બીજી પરણાવ-વાની વાત તેણે પાછી કોઈ દિવસ ઉપાડી નહિ. ગોકુલ પોતે પોતાની મેળે આ વાતનો ઉચ્ચાર કરે એ વાત પણ બની શકે તેમ નહોતી. દરમ્યાન વિધાતાએ પોતે જ એના સામું જોયું ને સંજોગ મેળવી આપ્યો.

*

'ચંદ્રગુપ્ત' ખેલનો અભિનય થવાનો હતો. સેલ્યુકસ અને એન્ટીગોનસનો પાઠ ભજવવાવાળા માણસો તો તેને મળી ગયા; પણ તેમને પહેરવાનો પોશાક ગામડાગામમાં મળવો મુશ્કેલ હતો. ગ્રીક પોશાક લેવાને ગોકુલ કલકત્તે જતો હતો. સ્ટેશને ટિકિટ લેવા જતાં તેણે જોયું કે એક વિધવા પ્રૌઢ વયની સ્ત્રી ટિકિટબારી પાસે ભીડમાં સપડાઈ દુઃખ પામતી હતી. પોતાના હાથમાંની ગાંઠડી અને પહેરેલાં કપડાં સંભાળી તે કોઈ રીતે ટિકિટ કઢાવી શકતી નહોતી. ચોતરફથી લોકો ધક્કા-મુક્કી કરી તેને પાછળની પાછળ રાખી દેતા હતા. ગોકુલે તેને મદદ કરી. ટિકિટ લઈ આપી. તે પણ કલકત્તે જતી હતી. તેની સાથે કોઈ મુરબ્બી પુરુષ નહોતો, તેથી ગોકુલને એ ભાર પણ ઉપાડવો પડ્યો. તે ગોકુલવાળા ડબ્બામાં જ ચડી. ગોકુલે પોતે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગવડ વેઠીને તેને સુખ–સગવડ કરી આપ્યાં તે એટલે સુધી કે એકાદ ઉતારુ સાથે ઝઘડો કરીને પણ તેણે તે બાઈ માટે સૂવાની સગવડ પણ કરી આપી.

પ્રૌઢા મુગ્ધ થઈ ગઈ.

ડબ્બો ધીમેધીમે ખાલી થતો ગયો. પ્રૌઢાએ પોતાની પોટલીમાંથી પાન બહાર કાઢી એક ગોકુલને આપ્યું ને પોતે પણ એક લીધું. તે પછી એક ચકચકિત રૂપાની ડાબલીમાંથી થોડોક જરદો પણ કાઢયો. ગોકુલે તે લીધો નહિ, તેને ટેવ નહોતી. પ્રૌઢાએ હસતે મોઢે પોતાના મોઢામાં થોડોક જરદો પૂરી કહ્યું: ' મારું કરમ જ્યારે ફૂટી ગયું (વિધવા થઈ) ત્યારે પછી એકએક કરીને બધું ય છોડવું પડ્યું, પણ આટલું આ પાન–તમાકુનું વ્યસન હજુ પણ છોડી શકાયું નથી દીકરા.'

હોઠમાં હસી તેણે બારીમાંથી થૂંકની પિચકારી બહાર નાખી. વાતચીત શરૂ થઈ ગઈ.

ઘણીઘણી વાતો થઈ, થયા જ કરી. એ વાતચીતના પ્રસંગમાં પ્રૌઢાએ ગોકુલની અને તેના આખા કુટુંબની જન્મોત્રી અને નાડી–નક્ષત્ર બધાં વાંચી લીધાં–જાણી લીધાં. ગોકુલે પણ પેટ ખોલીને બધી વાત કહી દીધી. કાંઈ પણ છુપાવ્યું નહિ, છુપાવી શકયો નહિ. ને તેમ કરવાનું કાંઈ કારણ પણ તેને જણાયું નહિ. એટલે કે ગોકુલ મુગ્ધ બની ગયો. બધું ય સાંભળી કરીને પ્રૌઢા બોલી, ' તમે કહો છો કે તમે બીજી કરશો તો પછી તમે કોઈ કન્યા જોઈ–જાચી રાખી છે કે નહિ ?'

' ના, હજુ તો તેવું કાંઈ કર્યું નથી.'

બીજું એક બીડું પાનનું તથા એક ચપટી જરદો મોઢામાં મૂકી તે પ્રૌઢા બોલી: ' જુઓ ભાઈ, ત્યારે હવે હું તમને મારી બધી વાત પેટ ખોલી કહું. મારે એક દીકરી છે. એ દીકરી જન્મ્યા પછી જ મારું કપાળ ફૂટયું (વિધવા થઈ). હું એક મનગમતા સારા મૂરતિયાની શોધમાં છું. તમારે અમારે તો લગ્ન સંબંધ થાય તેવું છે. આપણે સ્વજાતિ છીએ. તમે મને બધી રીતે પસંદ છો, ને મારી દીકરી પણ રૂડી–રૂપાળી છે, વખોડવા જેવું કાંઈ નથી. જો તમારી મરજી હોય, તો–'

ગોકુલે આમ ધાર્યું નહોતું. શું કહેવું તે તે નક્કી કરી શકયો નહિ.

' તમે પહેલાં ઉષાને જુઓ તો ખરા. તમને જો પસંદ પડે તો પછી–'

અચકાતોઅચકાતો ગોકુલ બોલ્યો: ' મારી એક સ્ત્રી હયાત છે, તે વાત જાણ્યા પછી તમારી દીકરી કદાચ એ વાતમાં વાંધો ઉઠાવે.'

' મારી વાત ઉપર ઉષા કાંઈ વાત કરી શકે જ નહિ તે એવી છોકરી નથી. તેને લખવું–વાંચવું, ગાવું–બજાવવું બધું ય શીખવ્યું છે, છતાં આજકાલની છોકરીઓ જેટલી છૂટ મેં આપી તેને નાફરમાન ને બેઅદબ થવા દીધી નથી. ને એક સ્ત્રી હયાત હોય તેથી પણ શું થયું! ને વળી તમે જ્યારે બીજી પરણવા નીકળ્યા જ છો, તો તમે તે સ્ત્રીને માવતરે મૂકી દેશો એ જરૂર નક્કી કર્યું હશે જ. કેમ ઠીક છે કે નહિ ?'

' હા તે તો ચોક્કસ વળી.'

' ત્યારે પછી તે સ્ત્રી હોય તોપણ શું ને ન હોય તોપણ શું–હેં–ખરું ને ? શું કહો છો તમે ?'

ઉષા, ઉષા નહોતી, તે જાણે હતી મધ્યાહ્ન દ્વિપ્રહર !

પ્રખર રૌદ્ર–કિરણની પ્રદીપ્ત સુવર્ણકાંતિ તેના આખા યે અંગમાં ઝળહળું થઈ રહી હતી. આંખમાં, ચહેરામાં, ભાવભંગીમાં, હાલવામાં, ચાલવામાં, બોલવામાં, હાસ્યમાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કટાક્ષમાં વીજળી ચમકતી હતી. સિતારમાં આવા ગૌડ-સારંગનો આલાપ ગોકુલે કયારે ય સાંભળ્યો નહોતો. હાસ્યને પડદેપડદે આવી મોહક ચંચળતા તેની કલ્પનાની બહારની વાત હતી. અસાધારણ!

ગોકુલ ભાન ભૂલ્યો.

*

આ વાત બન્યા પછી એકાદ માસમાં બધું ઠીકઠાક થઈ ગયું. ઉષાને લઈને ઉષાની મા આવી ગોકુલને ગામડે. ગોકુલના ઘરની નજીકમાં જ એક ઘર ભાડે રાખીને રહી ને ગોકુલનાં માતાપિતા સાથે વાતચીત પણ શરૂ કરી દીધી. ઉષાને જોઈને ગોકુલની મા ફક્ત મુગ્ધ નહિ, પણ ભાનભૂલી બની ગઈ. ગોકુલનો પિતા ભાનભૂલો બન્યો. પહેરામણી-ના રૂપિયાનો આંકડો જોઈને ઉષા સાથે તેનો પુત્ર લગ્ન કરે તો રોકડા રૂપિયા દશ હજાર, સૂંડલો ભરીને ઘરેણાં-અલંકાર અને એક નાની સરખી જમીનદારી ઘરમાં આવતી હતી. હા-ઉષાની માના નામ ઉપર એકાદ કલંક જરૂર હતું-ને તેને લીધે જ તેની પુત્રીનાં સગપણ-લગ્ન થતાં નહોતાં-અથવા થતાં નથી એ વાત જાણ્યા પછી પણ નકુલ નંદી જરા પણ વિચલિત થયા નહિં. તેમણે એ વસ્તુની ઉપેક્ષા કરી, એટલું જ નહિ પણ ઘરમાંના બીજા કોઈ માણસને કાને પણ તે વાત પડવા દીધી નહિ, રખેને સગપણ-લગ્નની વાત તૂટી જાય! જુવાનીમાં આવું પદસ્ખલન એક-બે વાર બધાયનું થાય તે માટે આટલી બધી મગજમારી કરવાની કંઈ જ જરૂર ન હોય-આ તેમની યુક્તિ અને એ જ આશ્વાસન. ઉષાએ એક જ શરત કરી અને તે શરત પણ ગોકુલે, ગોકુલની માએ, ને ગોકુલના પિતાએ-સર્વેએ રાજી થઈને કબૂલ રાખી. લગ્ન પછી તરત જ તિલોત્તમા-ને આજન્મ તેને પિયર મોકલી દેવી.

*

મધ્યરાત્રિ!

નિદ્રાવિનાની આંખે ગોકુલ એકલો પથારીમાં જાગતો પડ્યો હતો-કાલ સવારે જ ઉષાની મા તેને શ્રીફળ આપશે ને સગ-પણ પાકાં થશે. કયાં છે તિલોત્તમા? તે હજુ સુધી આવી નથી ને! આટલું બધું બની ગયું છતાં તિલોત્તમા તો મોઢામાંથી હરફ સરખો પણ કાઢતી નથી! તેને એક-વાર પૂછવું તો જરૂર જોઈએ. ગોકુલ પથારીમાં પાસાં ઘસવા લાગ્યો. બધું જ કામકાજ પતાવી તિલોત્તમા મોડી રાતે સૂવા આવે ત્યારે ગોકુલ સૂઈ ગયો હોય ને વહેલી સવારના તો પાછી ઊઠીને ચાલી જાય ત્યારે ગોકુલ સૂતેલો જ હોય. તેને મળી નિરાંતે વાતચીત કરવાનું અશક્ય બન્યું હતું. છેલ્લા ૨૦-૨૫ દિવસમાં તેને એકવાર પણ એકાંતમાં મળાયું નહોતું, ને આ બીજી કરવાની બાબતમાં તેની સાથે કાંઈ વાતચીત સુદ્ધાં યે થઈ નહોતી. તેને એકવાર પૂછવું તો જોઈએ જ. વળી આજ ગોકુલ સૂઈ ન જતાં વાટ જોવા લાગ્યો, છતાં મોડી રાતે તેને ઊંઘ આવી જ ગઈ.

એકાએક ગોકુલની ઊંઘ ઊડી ગઈ. તેણે જોયું કે તિલોત્તમા ધીમેધીમે અવાજ ન થાય તેમ ઊઠીને જતી હતી. મળસકું થઈ ગયું હતું.

'અરે સાંભળ, સાંભળ...'

'શું છે?'

'આજે મને શ્રીફળ આપવાનું છે, સગપણની સાકર ચવડાવે છે, તને ખબર છે ને?'

'ખબર છે.'

'તે એમાં તને કાંઈ વાંધો નથી ને?'

'ના-'

'લગ્ન પછી તરત જ તને તારે પિયર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલી દેવાનું એ લોકો કહે છે–એ વાત તે સાંભળી છે ને ?'

'સાંભળી છે તે ભલે જઈશ. તમે જો દયા કરીને કોઈ કોઈવાર ત્યાં આવતા–જતા રહેશો તો તે મારે મન ઘણુંય છે. લ્યો ત્યારે હવે હું જાઉં, મારે ઘણું ય કામ કરવાનું પડ્યું છે.'

તે ચાલી ગઈ!

ગોકુલ થોડીવાર સૂનમૂન પડ્યો રહ્યો, પછી તે ઊઠીને બેઠો થયો, અને પથારીમાંથી ઊઠીને બારી પાસે જઈ ઊભો રહ્યો. તેણે જોયું તો ફળિયામાં તિલોત્તમા રાખના ઢગલા-પર બેઠીબેઠી કુટીબંધ વાસણો માંજી રહી હતી!

*

શ્રીફળ અને સગપણનો સામાન લઈ ઉષાની મા આવી. સાજસરંજામ અને ભભકાનો પાર નહિ. એક મોટી મસ ફૂલની માળા પણ સાથે લાવી હતી. મંદમંદ હસતીહસતી તે બોલી: 'ઉષાએ આખી રાત જાગીને પોતાને હાથે આ માળા ગૂંથી છે.'

ગોકુલ નાહીધોઈને આવ્યો. શેતરંજી ઉપર પાટલો ને આસન નાખવામાં આવ્યાં. માળા પહેરીને જેવો ગોકુલ આસન ઉપર બેસવા જાય છે, તેટલામાં તેની મા બોલી: 'શંખ કોણ વગાડશે× ? મારા હોઠની વચ્ચે વચ્ચ ચીરો પડ્યો છે. અરે ઓ વહુ દીકરા ક્યાં ગઈ તું ? જરા આ શંખ વગાડને.'

શંખ હાથમાં લઈને શરમાતીશરમાતી તિલોત્તમા આવીને ઊભી બારણાં પાસે.

શંખ વાગતાં જ ગોકુલના આખા ય શરીરમાં પગના નખથી તે માથાના વાળ સુધી જાણે એક ઝીણી કંપારી વીજળીવેગે વહી ગઈ. આકસ્મિક વજ્રપાતથી જાણે બધું ચૂરેચૂરા થઈ ગયું.

'મને માફ કરજો!'

બંને હાથોવડે માળા તોડી વીંખી નાખી તે ઉતાવળો ઉપર ચાલ્યો ગયો!

× બંગાળમાં સગપણ, લગ્ન, સીમંત વગેરે માંગલિક પ્રસંગે શંખ વગાડવામાં આવે છે ને તે વગાડવાનું મોટે ભાગે સ્ત્રીઓને જ ફાળે જાય છે.

—અનુવાદક

★

કોન્ડે નામના ગામના રાજકુમારની એક વાત છે.

એના નાના પુત્રની દ્રવ્ય વાપરવાની કસોટી કરવા માટે એણે એક યુક્તિ રચી. પુત્રને પચાસ લુઈસ ડોર (ત્યાંનું નાણું) આપીને એ પેરિસથી બહાર ગયો, જ્યારે એ પાછો આવ્યો ત્યારે પુત્રે ઉત્સાહમાં આવી જઈ પિતાને કહ્યું:

'બાપુ, આ રહ્યા લો તમે આપેલા પૈસા. એમાંથી રજમાત્ર મેં વાપર્યું નથી!'

કોઈ પણ પ્રકારનો જવાબ આપ્યા વિના રાજકુમાર પુત્રને એક બારી આગળ લઈ ગયો અને બારીમાંથી બહાર શેરીમાં પૈસા નાખી દીધા અને પછી કહ્યું:

'હે વત્સ, તારી પાસેના દ્રવ્યને દાનમાં દેવાનો ગુણ તેં ન કેળવ્યો હોય, અગર તો એને સારી રીતે વાપરવાનું તું ન શીખ્યો હોય, તો આજે મેં જેમ કર્યું તેમ તું કરજે. એથી છેવટે ગરીબ માણસ તો તારા પૈસાનો ઉપયોગ કરી જ શકશે!'

×

'તમે પણ ઉઠમણે આવ્યા છો ?'

'કેમ ન આવું ? મરનાર પાસે હું રૂપિયા ત્રણ હજાર માગતો હતો!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુલસી

લેખક :
વૈદ્ય ઠાકોરલાલ છ. જોશી
આયુર્વેદભિષક્

'ધનધન ગંગાબાઈની વાળી, સવા વાલ થયા વનમાળી'માં ગવાયેલી ગંગાબાઈનો જાણીતો તુલસીપત્રનો પ્રસંગ, તુલસીવિવાહ, વૃન્દા(તુલસી)વનમાં શ્રીકૃષ્ણ ને રાધાના રાસરમણ વગેરેમાં તુલસીના ધાર્મિક મહત્ત્વ ઉપરાંત આરોગ્યની દૃષ્ટિએ પણ એની અગત્ય ઓછી નથી. માયકાંગલા ને હાડપિંજર સમાં શરીરોને પુષ્ટ કરવા માટે ને ભિન્નભિન્ન રોગો ઉપર આ ઘરગથ્થુ ને મફત છતાં ગુણકારી દવાનો ઉપયોગ દરેક સમજુ માણસે કરવો જોઈએ.

તુલસી આપણા દેશમાં થાય છે અને આપણા લોકો સારી રીતે તુલસીને ઓળખે છે. તુલસી એ અલૌકિક વસ્તુ છે. તુલસીના વનને વૃન્દાવન તરીકે ઓળખે છે. તુલસીની બે જાત થાય છે. તુલસીને માંજરો આવે છે તેમાંથી તુલસીનાં બી નીકળે છે. તુલસી પૂજનીય વસ્તુ છે. તુલસી દવાના ઉપયોગમાં પણ ઘણી આવે છે. કાળી અને ધોળી એવી બે તુલસી છે, તેમાં કાળી તુલસી અધિક ગુણવાળી હોય છે.

તુલસીના છોડમાં અધિક ગુણો હોવાથી આપણા પૂર્વના ઋષિવર્યોએ દીર્ઘદૃષ્ટિ વાપરી સર્વે લોકોને ઘેર તુલસીના છોડ જોઈએ એવી યોજના કરી રાખેલી છે. તુલસી આંગણામાં વાવવાથી આરોગ્ય રહે છે અને ઝેરી જંતુઓ આવતાં નથી તેમજ હવા પણ સ્વચ્છ અને નીરોગી રહે છે. એવા અપૂર્વ ગુણ ઉપરથી તુલસીના પાન દેવને ચડાવવાં, તેની પૂજા કરવી, પ્રદક્ષિણા કરવી વગેરે આપણા ધર્મમાં જણાવ્યું છે.

તુલસીના છોડ જેવી અપૂર્વ ને ગુણકારી અનેક વનસ્પતિ આપણા સુખ માટે આપણા દેશમાં નિર્માણ થયેલી છે. એ બીજા દેશો કરતાં આપણી ઉપર પરમાત્માની વધારે કૃપા છે. તુલસી જેવી અનેક રોગહારક અને પૌષ્ટિક વસ્તુ મોટા જથ્થામાં અને ફોગટ મળવા છતાં લોકો ચા કેમ પીતા હશે તે સમજાતું નથી.

આપણા પ્રાચીન આચાર્યોએ તુલસીના છોડને પૂજવા યોગ્ય કેમ માન્યો હશે? પ્રત્યેક હિંદુને ઘેર અને બાગબગીચામાં તે ઉગાડવાની આજ્ઞા શા માટે કરી હશે? તુલસી એ ઘણી જ પરોપકારી વસ્તુ છે એટલે જ આપણા આચાર્યોએ એને ઘણું જ મહત્ત્વ આપ્યું છે.

ધોળી અને કાળી તુલસીના ગુણદોષ :
તીખી, ગરમ, તૂરી, અગ્નિદીપક તથા કાસ, શ્વાસ, ઊલટી, દુર્ગંધ, કોઢ, ભૂતબાધા, જ્વર તેમજ હેડકીનો નાશ કરે છે.

(૧) તુલસીનો ઉપયોગ–કાળી તુલસીના રસમાં મરી નાખી પીવાથી વિષમજ્વર મટે છે.

(૨) દાદર ઉપર–રાતી માટી અને તુલસીનાં પાંદડાં વાટી ચોપડવાથી આરામ થાય છે.

(૩) ત્રિદોષજન્ય ઊલટી ઉપર–તુલસીના રસમાં એલચીનું ચૂર્ણ નાખી પીવાથી મટે છે.

(૪) રક્તાતિસાર પર–તુલસીનાં બી રાત્રે પલાળી રાખી સવારે ચોળીને પીવાથી મટે છે.

(૫) કાળી તુલસીનો રસ અને ભાંગરાનો રસ કાનમાં મૂકવાથી પાકેલો કાન મટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬) ધનુર્વાત ઉપર–કાળી તુલસી, લીલું લસણ ને ડુંગળીનો રસ એકત્ર કરી ૩ માસા પાવો. તે ઉપરાંત એનો રસ આખા શરીરે ચોળવો.

(૭) વાતશોષ ઉપર–તુલસીના રસમાં મરીની ભૂકી ને ઘી નાખી પાવું.

(૮) વ્યંઢત્વ ઉપર–બજારુ દવાઓની ખોટી અને મોટી જાહેરાતોથી ન ફસાતાં તુલસીની માંજરોમાં રહેલાં બી લાવીને તેમાં જોઈતો ગોળ મેળવીને ચણીબોર જેવડી ગોળી કરીને સવારસાંજ ગાયના દૂધ સાથે એકેક ગોળી ધીરજ રાખી ચાર માસ સુધી લેવાય, તો ગમે તેવો નિરાશ થયેલો પુરુષ ફરી પાછો સશક્ત અને સુખી જીવન ગાળવાલાયક બની શકે છે. તેનાથી ધાતુ વધે છે, નસોમાં તાકાત આવે છે, પાચનશક્તિ પણ સારી બને છે.

(૯) તુલસીની ચા બનાવવાની રીત–અર્ધો શેર પાણીમાં એક તોલો તુલસીનાં પાંદડાં નાખી ખૂબ ઉકાળી પછી તેમાં તેટલું જ દૂધ અને પ્રમાણસર સાકર નાખી, બે એલચીના કણનું ચૂર્ણ કરી નાખી તે ચા પીવાથી મોંમાં સ્વાદ આપે છે તેમજ અનેક રોગ મટે છે, માટે દરેકે આવી ચા દરરોજ પીવી જોઈએ.

યુરોપના ગ્રીસદેશમાં તુલસી માટે ખૂબ શ્રદ્ધા છે. તેઓ તુલસીની યાદગીરી માટે વરસમાં એક તુલસીદિન ઊજવે છે; જ્યારે આપણા દેશમાં તુલસીની કંઈ કિંમત નથી અને તેના ગુણ પ્રમાણે ઉપયોગ પણ થતો નથી. આપણા લોકો કૂંડામાં બીજા ઘણા છોડો વાવે છે પણ તુલસી જેવી વસ્તુ વાવતા નથી; એ આપણા માટે શરમજનક વાત છે. માટે હવે તુલસીના થોડાઘણા ગુણ જાણી દરેકે તેનો ઉપયોગ કરવો જોઈએ અને પોતાના આંગણામાં તો વાવવી જોઈએ.

★

એક વખત ત્રણ ચોરને એક કોર્ટમાં ખડા કરવામાં આવ્યા. ત્રણે યે જુદીજુદી ચોરીઓ કરી હતી, પરંતુ અકસ્માતથી જ એક જ ન્યાયાધીશ સમક્ષ એક જ દિવસે તેઓને ઊભા કરવામાં આવ્યા હતા.

‘તારી સમક્ષ ઘોડો ચોરવાનો આરોપ છે.’ પહેલા આરોપીને ઉદ્દેશી ન્યાયાધીશે કહ્યું, ‘શું કહેવાનું છે આ વિશે તારે?’

‘નામદાર મેં ઘોડો ચોર્યો જ નથી, એ ઘોડો તો જ્યારનો ટટ્ટુ હતો ત્યારનો મારી પાસે છે.’

બીજા સામે ફરીને ન્યાયાધીશે કહ્યું: ‘તારી સામે ગાય ચોરવાનો આરોપ છે.’

‘નામદાર મેં ગાય ચોરી નથી. જ્યારની એ વાછરડી હતી, ત્યારની હું તેને પાળતો આવ્યો છું.’ બીજાએ કહ્યું.

ત્રીજાને થયું કે બીજા બે ચોરોની માફક જ પોતાને પણ પોતાનો બચાવ કરવાનો હશે. એણે જણાવ્યું.

‘જી, નામદાર એ લૉરી ગાડારૂપે હતી ત્યારથી જ મારી પાસે છે!’

કોર્ટમાં હસાહસ થઈ રહી!

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હળ વિ. ટ્રેક્ટર

લેખક :
શ્રી વેણીશંકર મુરારજી

યુરોપ-અમેરિકાની પ્રગતિથી અંજાયેલો બહુ મોટો વર્ગ હળને બદલે અત્યારે ટ્રેક્ટર વાપરવાનું યોગ્ય ગણવા લાગ્યો છે. આઝાદી પછી આ પ્રકારના ઝોકમાં ખૂબ વેગ આવ્યો જણાયો છે. પૂરપાટ દોડયે જતા આ માન્યતાના અશ્વોને, લગામ ખેંચી અનુભવી લેખકે જાણે અહીં પડકાર કર્યો છે. ઢાલની બીજી બાજુ એમણે રજૂ કરી છે સ્વસ્થતાથી, ગંભીરતાથી ને ચેતવણીરૂપે. અનુભવીઓ આ ઉપર વિશેષ પ્રકાશ પાડી શકે.

ખેતી માટે ખેડૂતે હળ વાપરવું મૂકી દઈ ટ્રેક્ટરનો ઉપયોગ કરવો જોઈએ એવું ચારેકોરથી આજે આપણા કાને સંભળાય છે. પરંતુ બળદથી ખેંચાતા હળને બદલે ટ્રેક્ટરના ઉપયોગથી સમસ્ત રાષ્ટ્રજીવન ઉપર નુકસાનકારક ફેરફાર થાય છે. એના પરિણામના પ્રત્યાઘાત આપણા સમગ્ર જીવનને સ્પર્શે છે એ વાત હાલને તબક્કે જાણી લેવી જરૂરી છે.

શું હળ જૂનવાણી છે માટે એને છોડી દેવું? હજારો વર્ષોથી એક જ સ્થિતિમાં હળ વપરાતું આવ્યું છે, માટે કોઈ પરિવર્તન લાવવા માટે જ ટ્રેક્ટર વાપરવું એ દલીલ વજૂદવગરની છે. જેમ હજારો વર્ષથી આપણે દેશી ઢબથી અમુક જ ખોરાક ખાતા આવ્યા છીએ, છતાં નવીનતાને ખાતર કે પરિવર્તન દેખાડવા માટેજ આપણે અમેરિકન પદ્ધતિ અખત્યાર કરવી યોગ્ય નથી તેમ લાકડાનું હળ લાકડાનું છે ને બે હજાર વર્ષથી વપરાય છે માટે જ ટ્રેક્ટરને અપનાવીએ એ વિચારસરણી બરાબર નથી. વસ્તુને અપનાવવી કે ત્યજી દેવી તે, જૂનવાણીપણા કે નવીનપણા કરતાં તેના ગુણદોષ ઉપર જ આધાર રાખે છે-રાખવો જોઈએ.

ઠંડા પાણી માટે આપણે માટીનું મટકું પહેલેથી વાપરીએ છીએ, છતાં હજી સુધી એમાં આપણે કશો જ ફેરફાર કર્યો નથી. એટલે કોઈ એમ કહે કે એ ભૂલ સુધારી લઈ માટીના એ મટકાને તિલાંજલિ આપી કાચના કૂજામાં પાણી ભરી બરફથી ઠંડું કરવું તો કેવું વિચિત્ર લાગે! આ બાબતમાં સામાન્ય માનવીને રેફ્રીજેટર ન પોષાય તો સહકારી ધોરણે પણ તે વસાવવાં એમ કોઈ દલીલ કરે તો તે કયાંથી આપણે ગળે ઊતરે? બે હજાર વર્ષના જૂના હળને તિલાંજલિ દેતાં પહેલાં પાંચહજાર વર્ષ જૂના પાણીના મટકાને પણ તિલાંજલિ જરૂર આપવી જ જોઈએ!

ટ્રેક્ટરના સમર્થકોનો એવો દાવો છે, કે એનાથી જમીન ખેડવાથી પાક વધારે ઊતરે છે. કેટલું અજ્ઞાન! પાક સારો ઊતરવાનો આધાર ટ્રેક્ટર ઉપર નહિ પણ જમીનની જાત ઉપર, હવાપાણીનાં સાધન અને સારા ખાતર ઉપર છે. હા, જમીન સારી રીતે ખેડાયેલી હોવી જોઈએ અને બળદથી તે સારી રીતે ખેડી શકાય છે જ.

હિંદમાં દર એકરે ૯૮ રતલ, અમેરિકામાં ૨૦૦ રતલ અને ઈજીપ્તમાં ૪૫૦ રતલ રૂનો પાક ઊતરે છે. આમાં જૂનવાણી હળના વપરાશને અંગે હિંદમાં ઓછો પાક ઊતરે છે અને અમેરિકામાં તેનાથી બમણો ઊતરે છે એમ ટ્રેક્ટરના હિમાયતીઓ કહે છે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ ભૂલી જાય છે, કે અમેરિકા ટ્રેકટર વાપરવા છતાં પણ ઈજીપ્ત કરતાં અડધાથી યે ઓછો પાક મેળવે છે; કારણકે પાકનો આધાર જમીનની જાત, આબોહવા, પાણીનું સાધન અને સારું ખાતર જ હોઈ શકે.

આપણા દેશમાં પૂરું અનાજ નથી અને લાખો લોકો અન્ન વિના ટળવળે છે એ સાચું છે, પણ તે વાંક જૂનવાણી હળનો નથી. આપણામાં કાંઈક એવી ખામી આવી છે જેને પરિણામે આમ બન્યું છે. આપણે એ યાદ રાખવું જોઈએ, કે આ જ જૂનવાણી હળની મદદવડે ભારતવર્ષે હજારો વર્ષો સુધી પેટભર ઉમદા પ્રકારનું અનાજ ખાધું છે, દુનિયાને ખવડાવ્યું છે, અને વધારાના પાકનો ભવિષ્ય માટે સંગ્રહ કરી દુષ્કાળોનો સફળ સામનો કર્યો છે. ટ્રેકટરના ઉપયોગથી શરૂઆતમાં પાક વધારે ઊતરે છે એ વાત સાચી છે, પરંતુ થોડા સમયમાં જ આપણું સ્વર્ગીય સ્વપ્ન ઊડી જાય છે—જમીનનો કસ તૂટી જાય છે અને અનાજની જાત એકદમ હલકી કોટીની થઈ જાય છે. આજે અમેરિકામાં પણ આ જાતના ભયની બૂમ ઉગ્ર થવા લાગી છે.

ટ્રેકટર અને વૈજ્ઞાનિક ખાતરની મદદ વડે સ્વર્ગ ઊભું કરવાનાં સોનેરી સ્વપ્નાં સેવીએ તે પહેલાં આપણે નક્કર હકીકતનો વિચાર કરી લઈએ. વૈજ્ઞાનિક ખેતીના ફળરૂપ, ઘઉં, જવ અને લાલ જુવાર મુંબઈવાસીઓ માટે રોજનાં થઈ પડ્યાં છે. એ અનાજ એ પ્રદેશમાંથી આવે છે કે જ્યાં વૈજ્ઞાનિક ખેતી એની ઉન્નતિની ટોચ પર પહોંચી છે, અને છતાં મુંબઈના શહેરીઓ આજે આ વૈજ્ઞાનિક પેદાશથી તોબાહ પોકારી જૂનવાણી હળથી પેદા થયેલા અનાજ માટે તલસે છે. જે અનાજ ત્યાં પેદા થયું છે તે જ અહીં આવ્યું છે, હિંદ માટે ખાસ હલકી જાતનું ઉગાડવામાં નથી આવ્યું. આપણે જોયું છે, કે તેમાં નથી મીઠાશ, કે નથી પૂરું સત્ત્વ. ઘઉંમાંથી ત્રીસથી ચાળીસ ટકાનું ખાવાના ઉપયોગમાં ન લઈ શકાય તેવું થૂલું નીકળી જાય છે, અને બે મહિના ઘરમાં રાખો ત્યાં તો તે તદ્દન સડી જાય છે. વૈદકિય દૃષ્ટિએ તેમાં બીજી શું ખામી હશે અને શું નુકસાનકારક તત્ત્વો હશે તે તો આપણે હજી જાણતા નથી. પરંતુ પાંચ વર્ષ સુધી ચાલુ આ વૈજ્ઞાનિક ખોરાકનો વપરાશે લોકોની શારીરિક શક્તિને ક્ષીણ કરી નાખી છે એ વાતમાં સહુ કોઈ સહમત થશે જ. જ્યારે આપણા જૂનવાણી હળવડે પેદા થયેલું અનાજ વધારે મીઠાશવાળું, વધારે સત્ત્વવાળું અને વર્ષો સુધી બગડ્યા વગર રહી શકે તેવું પુરવાર થયેલું છે.

ભારતવર્ષે ટ્રેકટર અપનાવવું જ હોય તો શું પરિવર્તન થાય છે તે જોઈએ. એકલા મુંબઈ પ્રાંતનો જ દાખલો લઈએ તો આપણા પ્રાંતની જમીન ખેડવા માટે પચાસ લાખ બળદોની ઓછામાં ઓછી જરૂર છે. પરંતુ આપણી પાસે તેત્રીસ લાખ જ બળદો છે એટલે આપણને સત્તરલાખ બળદની ખોટ છે; અને થોડા લાખ બળદો વાહનવહેવારમાં રોકાઈ જઈ ખેતી માટેના બળદની ખોટમાં થોડો વધારો કરે છે, આ છે આપણા ઓછા ઉત્પાદનનું રહસ્ય. બળદોના અભાવે જમીન અણખેડાયેલી કે ઓછી ખેડાયેલી રહે છે અને ખાતરની ઉગ્ર તંગી રહે છે. પરિણામે પાક ઓછો ઊતરે છે. કોઈ દલીલ કરશે, કે તો પછી બળદોની જે ખોટ છે તે ખોટ પૂરી કરવા પૂરતો તો ટ્રેકટરનો ઉપયોગ કરો, પણ ના, એ રસ્તો ખરેખર નથી. એક કિલ્લાના બચાવ માટે પૂરતા માણસો ન હોય તો ખૂટતા માણસોની જગ્યા પાંચમી કતારિયાઓ વડે ન પુરાય! ટ્રેકટર આપણી વચ્ચે પાંચમી કતારિયાની ગરજ સારશે. બળદોની ખોટ પૂરવાના બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

રહ્યા છે અને એ ખોટને આપણે જલદીથી પૂરી કરવાની સ્થિતિમાં છીએ. બળદોના હળને સ્થાને જ્યારે આપણે સંપૂર્ણપણે ટ્રેક્ટરને સ્થાન આપીએ ત્યારે સહુથી પહેલાં અત્યારે જે તેત્રીસ લાખ બળદો આપણી પાસે મોજૂદ છે તેમનો પ્રશ્ન ઊભો થશે. આ બળદોને આપણે જિંદગી પર્યંત મફત ખવડાવીશું કે મારી નાખીશું? પહેલું પગલું [illegible] નથી; એટલે આપણે બીજું પગલું અમલમાં મૂકવાના અને એ આપણા ધર્મના સિદ્ધાંતોનું ખૂન કરવા બરોબર હશે. એ રીતે આપણે આપણી સંસ્કૃતિને ભયમાં મૂકીશું. 'વસુધૈવ કુટુમ્બકમ્'' એ આપણી હજારો વર્ષોની જૂની ભાવનાનું આપણે ખૂન કરીશું. શું આ કહેવત હજારો વર્ષ જૂની છે માટે તજી દેવી હોય તો તે કરતાં આપણને કોઈ રોકશે નહિ!

બીજો પ્રશ્ન ઊભો થાય છે ખાતરનો. ચાલીસ લાખ બળદ આપણને રોજ પાંચ કરોડ પાઉન્ડ પુષ્ટ ખાતર મફત પૂરું પાડે છે. જે વરસદહાડે ૧૮૦ અબજ પાઉન્ડ થઈ જાય છે. દર વરસે ૧૮૦ અબજ પાઉન્ડ મફત ખાતર ગુમાવીને આપણે ખેતીનો કઈ રીતે ઉદ્ધાર કરીશું એ વિચારવા જેવું છે. વળી આ શ્રેષ્ઠ ખાતર પોતાની મેળે જ ખેતરેખેતર વિકેન્દ્રિત થઈ વહેંચાઈ જાય છે અને દેશના વાહનવહેવાર ઉપર તેનો જરા પણ બોજો પડતો નથી.

બળદોને મારી નાખીને ટ્રેક્ટરોને અપનાવીએ તો આપણે વૈજ્ઞાનિક ખાતર ઉપર વિશેષ આધાર રાખવો પડશે. એક તો એ જાતનું ખાતર નબળું ગણાય છે; અને તે ઉત્પન્ન કરવા આપણે કેટલાં નવાં કારખાનાં ઊભાં કરવાં પડશે, કેટલી મૂડી રોકવી પડશે, અને જે માણસોને આપણે વધુ ઉપયોગી કાર્યો માટે ફાજલ પાડી શક્યા હોત તેમને વૈજ્ઞાનિક ખાતર ઉત્પન્ન કરવા રોકી રાખવા પડશે.

કરોડોની મૂડી રોકી રાખવી પડશે. તેની યંત્ર-સામગ્રી માટે અમેરિકા કે બ્રિટન પાસે ભીખ માગવી પડશે અને આપણી ગરજનો તેઓ સારો લાભ ઉઠાવશે. વળી કારખાનાંઓમાંથી ખેતરેખેતરે આ વૈજ્ઞાનિક ખાતરની વહેંચણી માટે આપણા વાહનવહેવાર ઉપર પણ કેટલો બોજો વધશે? બળદના હળને બદલે ટ્રેક્ટરો સ્થાપવા હોય તો કેટલા લાખ ટ્રેક્ટરો આપણને જોઈશે તેનો પણ વિચાર કરવો જ રહ્યો. તે માટે અમેરિકાની કદમબોસી કરવી જ રહી. શા માટે આ પરિવર્તનશીલ ટ્રેક્ટરવાદીઓની ધૂન પોષવા ખાતર જ આપણે આપણા અબજો રૂપિયા અમેરિકાને ચરણે ધરી દેવા? અને તે સાથે જ આપણાં ગામડાંમાં હળ બનાવતા આપણા લાખો લુહારો અને સુથારોને કાયમને માટે બેકાર બનાવી પાયમાલ કરી દેવા? કદાચ એવી પણ દલીલ કરવામાં આવે, કે ટ્રેક્ટરો આપણે આપણા દેશમાં જ બનાવશું અને એ રીતે આપણે એક નવો ઉદ્યોગ શરૂ કરશું. આ સ્વપ્નું બહુ સુંદર છે; પરંતુ એ ઉદ્યોગ માટેનાં યંત્રો માટે પણ આપણે તો ઇંગ્લેંડ-અમેરિકાને આશ્રયે જ જવું રહ્યું. વળી જે કામ પાંચદસ શેર વજનના લોખંડના ટુકડા (હળ)થી થઈ શકે છે તે કામ માટે ટનના હિસાબે લોખંડ શા માટે વાપરી નાખવું? ટ્રેક્ટર નાની મોટર જેવડું બનાવીએ તોપણ એક ટ્રેક્ટરમાં ટનના હિસાબે લોખંડ જોઈશે જ. લોખંડની ભારે ખેંચ આપણે જ્યારે ભોગવી રહ્યા છીએ ત્યારે લોખંડનો આવી જાતનો દુરુપયોગ કરીને આપણે આપણી રાષ્ટ્રીય સંપત્તિનો વ્યય કરવા સિવાય બીજું કશું જ કરવાના નથી.

ટ્રેક્ટરના હિમાયતીઓને જો હળ વિરુદ્ધ તે જૂનવાણી છે તે સિવાય બીજું કશું કહેવાનું નથી તો ટ્રેક્ટરની તરફેણમાં પણ ખાસ કશું

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાનું નથી; સિવાય કે તે ઝડપથી કામ આપે છે. આ ઝડપથી કશો ફાયદો હોવાનું તેઓ જણાવતા નથી, જ્યારે તેના નુકસાનકારક પ્રત્યાઘાતો તો આપણે ઉપર જોઈ ગયા છીએ. કેટલાક ટ્રેક્ટરવાદીઓ જણાવે છે કે ' સૈકાઓથી ખેતીમાં સબડતા ખેડૂતને આ રીતે ખેતી કરવાથી બીજી પ્રવૃત્તિમાં રસ લેવાનો અને આરામનો સમય મળશે. ' આવી દલીલ કરતી વખતે એમના ખ્યાલ બહાર રહી જાય છે કે હિંદના ખેડૂતોને વર્ષમાં છ મહિના તો આરામ જ હોય છે !

ખેતીની પ્રવૃતિ એટલે સારા જગતને જિવાડવાની પ્રવૃત્તિ. ખેડૂત ખેતી કરે છે અને જગતને જિવાડે છે એમાંથી એને બીજી કઈ પ્રવૃત્તિમાં લઈ જવો છે ? વળી તેનું સારુંય જીવન કુદરત સાથે ઓતપ્રોત થઈ ગયેલું છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત તેના રોજના સાથીદારો છે. વનવગડાની ભયંકરતા અને અંધકારના સૌંદર્યને તે જીવનભર અનુભવે છે; વનસ્પતિ, પશુપક્ષી તેના પ્રિય સંગાથીઓ છે, એટલું જ નહિ પ્રિય સ્વજનો છે; આમાંથી તેને ખેંચીને શું સિનેમાગૃહોમાં અને કલબોની જિંદગીમાં તેને આપણે ધકેલી દેવો છે ?

વળી ટ્રેક્ટરને અપનાવ્યા પછી એક નવો જ પ્રશ્ન ઊભો થશે, તે ચલાવવા માટે પેટ્રોલનો. પેટ્રોલ મેળવવા માટે આપણે બ્રહ્મદેશ, ઈરાન, રશિયા કે અમેરિકાને આંગણે ટહેલ નાખવી પડશે. આજે બળદ આપણી જીવનદોરી છે, પણ પછી તેલ આપણી જીવનદોરી હશે. આ રીતે આપણે આપણા હાથે જ આપણી જીવનદોરી પરદેશીઓના હાથમાં સોંપી દઈશું; અથવા તો આપણી દાઢ ઈરાન અને બ્રહ્મદેશના તેલપ્રદેશો તરફ વળશે અને પારણામે આપણે ક્યાં ફેંકાઈ જઈશું તે વિચાર કરવા જેવું છે. પૂ. મહાત્મા ગાંધીજીના રામરાજ્ય કે સ્વરાજ કરતાં એ કોઈ જુદી જ વસ્તુ હશે !

બળદોથી ખેંચાતું હળ સંપૂર્ણ રીતે આપણી આર્થિક અને સામાજિક વ્યવસ્થાને અનુરૂપ છે; જ્યારે ટ્રેક્ટર-યંત્રવાદ આપણી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું તેમ જ સંસ્કૃતિનું દુશ્મન છે. આપણે આજે જે સ્થિતિમાં મુકાઈ ગયા છીએ તે માટે જૂનવાણી હળ નહિ પણ આપણે પોતે જ જવાબદાર છીએ, એ વહેલી તકે સમજી લઈએ. જે ભૂલોને અંગે આપણે ખાડામાં પડ્યા છીએ તે માટે જૂનવાણી હળને દોષ આપવા કરતાં આપણી ભૂલ સુધારી હળને પૂરતા સહાયરૂપ થઈ પડીએ તો આ જૂનવાણી હળ જ આપણને ખાડામાંથી બહાર ખેંચી લાવશે.

હળ અને ટ્રેક્ટરની ચર્ચા કરનારા આપણે તો બધા સામાન્ય મનુષ્યો છીએ; પરંતુ અર્વાચીન જગતમાં વૈજ્ઞાનિકોમાં વિરાટ એવા પ્રો. આઈન્સ્ટાઈને થોડા જ વખત ઉપર ડૉ. સી. વી. રામન ઉપર સંદેશો મોકલ્યો છે કે ' હિંદની પ્રજાને કહેશો કે જીવવું હોય તો અને જગતને જીવનને પંથે લઈ જવું હોય તો ટ્રેક્ટરને અપનાવવાનો વિચાર છોડી દેશો અને તમારા જૂનવાણી હળને વળગી રહેશો. '

વિરાટને અનુસરવું કે વામનને તે હિંદની પ્રજાએ નક્કી કરવાનું છે. પ્રો. આઈન્સ્ટાઈન વિરાટ છે. પૂ. મહાત્માજી એથી યે વિરાટ હતા. એમણે પણ કદી ટ્રેક્ટરને ઉત્તેજન આપ્યું જ નથી. જે ચીજ આપણી હજારો વર્ષો જૂની સંસ્કૃતિને અને ધર્મસિદ્ધાંતોને ભયમાં મૂકતી હોય તેને અપનાવવાનો વિચાર જ કેમ હોય ?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

'સંહિતા' વિશે-

તંત્રી: 'અખંડ આનંદ'

'અખંડ આનંદ'ના એપ્રિલ માસના અંકમાં શ્રી. પ્રબોધચંદ્ર માધવલાલ વૈદ્યનો 'સંહિતા અને વિધિનિર્માણ' નામનો લેખ વાંચ્યો. તેમાં જણાવ્યા મુજબ શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ પોતાની આત્મકથામાં સત્યસંહિતામાંથી પોતાના વિષે જે ઉલ્લેખ કર્યો છે, બરોબર તેજ મુજબનો ઉલ્લેખ પૂ. મહાત્માજીએ પણ કર્યો હતો. જુઓ મહાદેવભાઈની ડાયરી પુસ્તક પહેલું પાન નં. ૧૨. એ નીચે પ્રમાણે છે:

દરમ્યાન વલ્લભભાઈ કહે: 'અમારે તમને 'સત્યસંહિતા' બતાવવી જોઈએ. 'ગુજરાત'માં મુનશીએ છાપી છે અને અમને મોકલી છે. એ કાઢવામાં આવી. હું વાંચી ગયો.'

બાપુ કહે: 'ઘણાં ધતિંગ બનાવવામાં આવે છે, એવું એ હોઈ શકે. ત્રણસેં વર્ષ જૂની હોય નહિ અને હમણાં જ રચવામાં આવી હોય.'

પછી વલ્લભભાઈ કહે: 'એ તાડપત્ર ઉપર છે. એકસો પચીસ પુસ્તકો છે. એ લખવા બેસે તોપણ માણસ એટલું કે'દિવસે લખી શકે?'

બાપુ કહે: 'મારા જન્મની, માબાપની, વગેરે પૂર્વઇતિહાસની વાતો તો આશ્ચર્ય પમાડે એવી છે.' મેં કટકેકટકે શ્લોકો વાંચવા માગ્યા. બા વિષે શ્લોકો આવ્યા, ત્યારે બાપુ કહે: 'એ અક્ષરશઃ સાચું છે.'

भार्यका भविता साध्वी रूपशीलगुणान्विता । पतिव्रता महाभागा छायेवानुगता सदा ।
जातकष्टे कष्टभाक् च जातसौख्ये सुखान्विता । ब्राह्मे विवाहसिद्धिश्च त्रयोदशकवत्सरे ॥

પણ આના કરતાં યે વધારે સાચું એમને પોતાને વિષે આ કેવું છે!

मातृतुल्यः परस्त्रीकः एकपत्नीव्रतं चरेत् ।

વલ્લભભાઈને તો એમાં વિશ્વાસ હોય એમ જણાયું. બાપુએ કહ્યું: 'એ વસ્તુ સાચી પ્રમાણપાત્ર હોય તો આશ્ચર્યજનક છે.'

एकषष्टौ तदा वर्षे विरोधश्च महान् भवेत् ।
द्विषष्टौ वत्सरे काले किंचित् शमनमादिशेत् ॥
किंचित् स्वातन्त्र्यतादेश्यमस्वास्थ्यं च भवेन्तरः ।
विदेशगमने चैव पंचषष्टिकपूर्वके ॥
श्वेतःप्रभु सार्वभौमस्तस्य दर्शनमादिशेत् ।
तन्मूलात्कार्यसिद्धिर्जातकस्य भविष्यति ।
पश्चात्स्वदेशवासी च आश्रमे वासवान् भवेत् ॥
ज्ञानमार्गप्रवृत्तिश्च जातकस्य भविष्यति ।
सप्तति वत्सरे पूर्वे योगसिद्धिश्च जायते ॥

આ શ્લોક ભાવિ ઉપર ખૂબ પ્રકાશ પાડનારા છે. એમ વલ્લભભાઈને લાગ્યું. મેં કહ્યું: 'એમાં રેનાલ્ડ સાથેની જે મુલાકાતની વાત છે તે ગયે વર્ષે થઈ ગયેલી મુલાકાતની વાત નથી, પણ ભાવિ મુલાકાતની વાત હોવી જોઈએ. ગમે તેમ હોય આમાંથી ગમ્મત તો ઠીક મેળવી.'

એટલે 'સંહિતા અને વિધિનિર્માણ'ના લેખને આથી પુષ્ટિ મળે છે તથા એને વધારે મોટો આધાર મળે છે.

પરિમલ એન. ભટ્ટ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

એશિયા અને અમેરિકા

આંતરરાષ્ટ્રિય ક્ષેત્ર પરિસ્થિતિમાં ખાસ ફેર પડ્યો નથી. રશિયા પોતાની નીતિરીતિ પ્રમાણે જ વર્તે છે. અમેરિકાને હમણાંહમણાં ભાન થયું છે કે એશિયા તરફ દુર્લક્ષ કરવાથી રશિયાનું જોર ખૂબ વધી જશે. ચીન રશિયાની પાંખમાં ચાલ્યું ગયું ને એશિયાના બીજા દેશોમાં પણ સામ્યવાદીઓ ગણનાપાત્ર તાકાત એકઠી કરી શક્યા તે પછી જાગેલું આ ભાન 'ઘણું મોડું' સાબિત થશે એમ લાગે છે. અમેરિકાએ સામ્યવાદી ચીનનો હજી સ્વીકાર નથી કર્યો, એ તો ફોર્મોસાના ટાપુમાં પડેલી ચ્યાંગ-કાઈ-શેકની સરકારને જ ચીનની સત્તાવાર સરકાર માને છે! આ અવાસ્તવિકતા ક્યાં સુધી ચાલશે? અમેરિકાના આ વલણને બીજા દેશોનો ટેકો નથી. છતાં એ શક્તિશાળી છે એટલે કોઈ ઉગ્ર રૂપે વિરોધ કરી શકતું નથી. ચીનના પ્રશ્ન ઉપર સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં રશિયાએ વિરોધી વલણ અખત્યાર કર્યું છે અને જ્યાં ચ્યાંગના પ્રતિનિધિની હાજરી હોય ત્યાંથી રશિયા અને તેનાં સાથીદાર રાજ્યોના પ્રતિનિધિઓ ઊઠી જાય છે. આ સ્થિતિમાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની તાકાત ઉપર ફટકો પડ્યો છે. એશિયાને સામ્યવાદના પંજામાં જતું બચાવવું જોઈએ એમાં શંકા જ નથી. સામ્યવાદનું અત્યારનું સ્વરૂપ ભયંકર છે. માનવીની મૂળભૂત સ્વતંત્રતા એ ખૂંચવી લે છે. કોઈ પણ વસ્તુ સિદ્ધ કરવા એ હિંસાનો આશ્રય શોધે છે. રશિયાનો સામ્યવાદ બીજા દેશોમાં ફેલાય છે, ત્યારે તો એ સામ્રાજ્યવાદ બની જાય છે. આ સ્થિતિમાં એશિયાના નાના ને નબળા દેશોને જરૂર બચાવવા જોઈએ. અમેરિકા જેવા સમર્થ રાષ્ટ્રે તેને મદદ પણ કરવી જોઈએ, પરંતુ એ મદદ ઉચ્ચ હેતુ માટે—માનવીની સ્વતંત્રતા માટે હોવી જોઈએ. અમેરિકા તો પોતાને ટેકો આપે તેવાઓને જ મદદ આપવા પ્રેરાય છે. એશિયાઈ પ્રજાને ગુલામીમાં રાખનાર બ્રિટન, ફ્રાંસ, પોર્ટુગાલ કે ડચને તેનો ટેકો મળે છે. પ્રજાના જેઓ સાચા નેતા છે તેને બદલે બીજાઓને તે મદદ કરે છે. હિંદી ચીન તેનું ઉદાહરણ છે. ત્યાં બાઓદાઈની સરકારને પ્રજાનો ટેકો નથી. એ સરકાર ફ્રાંસની મોરલી ઉપર નાચે છે. છતાં અમેરિકા તો એને જ બળ આપે છે. ઈન્ડોનેશિયાએ પ્રચંડ વિદ્રોહ ન કર્યો હોત તો અમેરિકાની મદદથી ડચ શાહીવાદ હજી ત્યાં જીવતો હોત. અમેરિકાની આ પ્રકારની મદદ એશિયાઈ પ્રજાને સામ્યવાદની સામે ઊભી કરી શકશે નહિ.

સામ્યવાદનું ઉદ્‌ભવસ્થાન કયું છે તેનો વિચાર કરી લેવો જોઈએ. વ્યક્તિઓને સત્તાલોભ કારણભૂત છે, પરંતુ ભૂમિકા તો પૂરી પાડે છે ગરીબી, અજ્ઞાન અને અપમાનભરી જિંદગી. એશિયાની આમપ્રજા જો દુઃખી હશે તો સામ્યવાદ તરફ આકર્ષાશે જ એમાં શંકા નથી. સામ્યવાદ સુખ ભલે ન આપી શકે, પણ મૂડીવાદ પ્રત્યે ઘોર ધિક્કાર તો પ્રગટાવી જ શકે છે. અમેરિકા આજે દુનિયામાં સૌથી સમૃદ્ધ દેશ છે. ઉત્પાદનમાં એ સૌથી આગળ છે. જીવન માટે અત્યંત આવશ્યક ચીજો એના હાથમાં છે. એ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

...દેશોનું જીવનધોરણ ઊંચું લાવવામાં ખૂબ મદદ આપી શકે, પરંતુ એ જાતનો સીધો માર્ગ એને પસંદ નથી. એશિયાને અનાજ અને બીજી વસ્તુઓ જો વિપુલ પ્રમાણમાં આપે તો તેની તાકાત અને હિંમત અનેક પ્રમાણમાં વધે; પરંતુ અમેરિકા તો વિશેષ લક્ષ લશ્કરી શક્તિ ઉપર જ રોકે છે અને તેથી તેની મદદ સામ્યવાદના પૂરને ખાળવામાં કેટલે અંશે મદદરૂપ થાય છે તે જોવાનું રહે છે.

લઘુમતી-કરારો

ભારત અને પાકિસ્તાન વચ્ચે લઘુમતી અંગે કરારો થયા પછી બંને બાજુએ ગયેલા પ્રવાસીઓનાં અને નેતાઓનાં નિવેદનો એવી અસર ઉપજાવે છે કે લઘુમતી-કરાર પછી પરિસ્થિતિમાં ગણનાપાત્ર સુધારો થયો છે, છતાં પૂર્વ બંગાળની લઘુમતીના દિલમાં ભય અને અવિશ્વાસની લાગણી હજી દૂર થઈ નથી. કેટલાક કહે છે કે, પૂરતો વિશ્વાસ પેદા થયો નથી અને હજી યે નિર્વાસિતો આવે છે તેથી આ કરાર નિષ્ફળ ગયા ગણાય. સામી બાજુએ એવી દલીલ થાય છે કે આવનારાઓનું પ્રમાણ ઘટે છે ને પાછા જનારાઓનું વધે છે તે એમ દર્શાવે છે કે ક્રમેક્રમે સુધારો થઈ રહ્યો છે.

એક મુદ્દો લક્ષમાં લેવાનો છે. પૂર્વ બંગાળની હિંદુ કોમના પ્રતિનિધિઓ આ કરારને ઘણા જ મહત્ત્વના લેખે છે. તેઓની ફરિયાદો છે; પણ કોઈ એમ નથી કહેતું કે કરારો નિષ્ફળ ગયા છે ને તે ફેંકી દેવા જોઈએ. શ્રીમતી સેનગુપ્તાએ તો બહુ સુંદર રીતે પરિસ્થિતિની સમીક્ષા કરતાં એમ પણ કહ્યું છે કે હિંદુઓએ પોતાના અધિકારો સ્થાપિત કરવા જોઈએ. અમને એમ લાગ્યું જ છે કે પૂર્વ બંગાળના સવા કરોડ હિંદુઓ સાવ લાચાર દશા અનુભવે તે તો શોભાસ્પદ નથી જ. ભારત એમને મદદ કરી રહ્યું છે, પણ એ મદદ ન હોય તો પણ તેઓએ પોતાના અધિકારોની રક્ષા માટે મથવું જોઈએ. દૂરબેઠા સલાહ આપવાનું સહેલું છે એવી ટીકા થઈ શકે, પરંતુ એ સત્ય વિસરાવું ન જોઈએ કે મૂળભૂત અધિકારો માગ્યા મળતા નથી, લડીને લેવા પડે છે.

વડા પ્રધાનનો પ્રવાસ

ભારતના વડા પ્રધાન અને પ્યારા નેતા પંડિત જવાહરલાલની પ્રજાસત્તાક ઇંડોનેશિયાની મુલાકાત બંને દેશો વચ્ચેની મૈત્રીની ગાંઠને મજબૂત બનાવશે એટલું જ નહિ, પરંતુ સમગ્ર એશિયા ખંડ ઉપર પણ તેની અસર પડશે. ઇંડોનેશિયાના પ્રમુખ અને બીજા નેતાઓના ઉદ્‌ગારોમાં લાગણીનાં ઝરણાં વહ્યાં છે. મુત્સદ્દીગીરીનો અંશ પણ જોવા મળતો નથી. તેઓએ સ્પષ્ટ રીતે કહ્યું કે ઇંડોનેશિયાની વિદેશનીતિ ભારતને અનુસરનારી હશે. ભારત જગતમાંથી યુદ્ધ, શોષણ, આધિપત્ય, રંગભેદનો નાશ વાંછે છે અને તે માટે મથે છે. ઇંડોનેશિયાને આ બાબતોનો અનુભવ તાજો છે. ડચ શાહીવાદની એડી નીચે વરસો સુધી એ કચડાયું છે. બીજા વિશ્વયુદ્ધનું એક મેદાન એ બની ચૂક્યું છે. શોષણ અને રંગભેદનો એને પૂરતો અનુભવ છે. આજે એની નવજાત આઝાદીનું રક્ષણ કરવા એ ખડે પગે તૈયાર છે. મહાસત્તાઓની વિદેશનીતિ સિદ્ધાંતો નહિ, પણ પોતાની સગવડો ઉપર રચાયેલી છે. તે પણ ઇંડોનેશિયાના નેતાઓ જાણે છે. આ સ્થિતિમાં ભારતની વિદેશનીતિ તરફ તેઓ આકર્ષાય એ સ્વાભાવિક છે. વિશેષમાં ભારત ઘણી મોટી હિંદુ બહુમતી ધરાવે છે, છતાં બિનસાંપ્રદાયિક રાજ્ય છે, તેમ ઇંડોનેશિયા પણ વિશાળ મુસ્લિમ વસતિ ધરાવતો હોવા છતાં શુદ્ધ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લોકશાહી ને બિનસાંપ્રદાયિક રાજ્યનો આદર્શ સેવે છે. બે દેશો વચ્ચેનું સામ્ય મૈત્રીને મજબૂત બનાવનારું છે.

મલાયા અને બ્રહ્મદેશમાં પણ વડા પ્રધાનને પ્રેમ અને માન મળ્યાં છે. એમણે સર્વ સ્થળે એશિયાના આજના પ્રશ્નોની ચર્ચા કરી સફળ માર્ગદર્શન આપ્યું છે.

હૈદરાબાદનું નવું પગલું

હૈદરાબાદમાં સંપૂર્ણ પ્રજાકીય સરકારની રચના નથી થઈ, પણ એ દિશામાં મહત્ત્વનું પગલું ભરાયું છે.

પ્રજાનાં દુઃખો દૂર કરવા અને આકાંક્ષાઓ પૂરી કરવામાં નવું પ્રધાનમંડળ સફળ થશે તો હૈદરાબાદ કોંગ્રેસનો જયજયકાર બોલાશે અને જો નિષ્ફળતા સાંપડશે તો તેનું આજનું સ્થાન પણ એ ગુમાવી બેસે એવો ભય ઊભો જ છે.

કોંગ્રેસમાં આંતરિક વિખવાદો છતાં આ પ્રધાનમંડળને સૌની સંમતિ મળી છે તે શુભ ચિહ્ન છે. એ સંમતિની પાછળ સહકાર અનિવાર્ય છે, તે સૌએ સમજી લેવાની જરૂર છે. જે વ્યક્તિઓ પ્રધાનો તરીકે બિરાજે છે તે વ્યક્તિઓની જવાબદારી ઘણી મહાન છે. તેઓ સર્વસત્તાધીશ નથી, પરંતુ એ યાદ રાખવાનું છે કે સૌનો હેતુ તો હૈદરાબાદના રાજતંત્રને સુસ્થિર, કાર્યક્ષમ અને વિકાસશીલ બનાવી વહેલી તકે સંપૂર્ણ પ્રજાકીય બનાવવાનો છે.

સરદારશ્રીએ નવા પ્રધાનમંડળને સંદેશો મોકલતાં જે આશાઓ રાખી છે તે પ્રધાનો પૂરી કરીને યશ મેળવે એવી આપણે પ્રાર્થના કરીએ.

દક્ષિણ આફ્રિકા

દક્ષિણ આફ્રિકાના હિંદીઓ ઉપર કાયદે અને બેકાયદે જે દમન ગુજરે છે, તેથી ભારતની સરકાર અત્યંત ચિંતાતુર છે. હિંદ જ્યારે ગુલામ હતું ત્યારે પણ એ દમન સામે ત્યારના સંયોગો પ્રમાણે ઝૂઝતું હતું. બ્રિટિશ સત્તા ખસી ગયા પછી સ્વાભાવિક રીતે દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વિશેષ આશાવાન બને, પરંતુ દક્ષિણ આફ્રિકા સામેના મોરચામાં પાકિસ્તાને ભારતને અને દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓ—જેમાં પાકિસ્તાનીઓનો પણ સમાવેશ થાય છે—ને દગો દીધો એટલે દક્ષિણ આફ્રિકાની સરકાર પોતાની નીતિમાં વધુ મક્કમ બની. જૂથ-વિસ્તારને લગતો ખરડો કાયદો બનતાં હિંદીઓનાં દુઃખોમાં વૃદ્ધિ જ થવાની છે. સલામતી સમિતિના ઠરાવ અનુસાર ત્રણે ય દેશો વચ્ચે મંત્રણાઓ ચાલી અને ઘણી મથામણ પછી ત્રણે ય દેશોના પ્રતિનિધિઓ ગોળમેજી પરિષદ ભરવાના મુદ્દા ઉપર સંમત થયા.

હવે આવી સ્થિતિમાં ગોળમેજીનો શો અર્થ છે? દક્ષિણ આફ્રિકાના પ્રધાન ત્યાંની ધારાસભામાં કહે છે કે આ ખરડામાં ભારત કે પાકિસ્તાન ન જાણતાં હોય એવું કશું નથી અને આ બાબત અમારી આંતરિક બાબત છે, એટલે તેમાં માથું મારવાનો કે તે અંગે નારાજ થવાનો કોઈને અધિકાર નથી! જો આ જ સ્થિતિ છે તો ગોળમેજી પરિષદની શી જરૂર છે? ત્યાં શાની ચર્ચા કરવાની છે? હિંદીઓ અંગે ગમે તેવા ધારા પસાર કરવાની અને ગમે તેવું વર્તન ચલાવવાની દક્ષિણ આફ્રિકાની સરકારને સત્તા જ હોય તો સલામતી સમિતિના ઠરાવને તેણે ફેંકી દેવો જોઈએ. સલામતી સમિતિએ મૂળભૂત માનવ અધિકારોને લગતા બંધારણના શબ્દો ભૂંસી નાખવા જોઈએ. દક્ષિણ આફ્રિકાની આ નીતિરીતિને કારણે ભારત સરકાર સૂચિત ગોળમેજીને અર્થહીન સમજી તેમાં જોડાવાનો ઇનકાર કરે છે તે તદ્દન વાજબી છે.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશ્મીરની સ્થિતિ

સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના વિષ્ટિકાર સર ઓવન ડીકસન ભારત અને પાકિસ્તાન સાથે પ્રાથમિક ચર્ચા કરી કાશ્મીર ગયા છે. આ લખાય છે ત્યાંસુધીમાં એમણે શેખ અબ્દુલ્લાની હકૂમત નીચેનો પ્રદેશ અને 'આઝાદ કાશ્મીર સરકાર'નો પ્રદેશ જોઈ લીધો છે. હવે તેઓ ઉત્તરનો પ્રદેશ જોવા જશે. જગત જાણે છે, કે કાશ્મીરમાં પાકિસ્તાનના કબજાનો પ્રદેશ રહસ્યભૂમિ બની ગયો છે, ત્યારે શેખસાહેબની સરકારના વહીવટ નીચેનો વિસ્તાર પૂર્ણ સ્વતંત્રતા ભોગવે છે. ભારત-પાકિસ્તાન અને દુનિયાભરના પ્રવાસીઓ કશી રોકટોક વિના એ પ્રદેશમાં ફરી શકે છે, ને જનતાનાં દિલ વાંચી શકે છે, આવી સ્થિતિ જ્યાંસુધી પકિસ્તાનના કબજા નીચેના પ્રદેશની ન થાય ત્યાંસુધી મુક્ત લોકમત લઈ શકાય નહિ એ નિર્વિવાદ છે.

કાશ્મીરના પ્રશ્નના ઉકેલમાં વિલંબ થાય છે તે ભારતને મંજૂર નથી. ભારત ઉપર તેનો મહાન બોજો છે. કાશ્મીરની પ્રજાના હૃદયની વેદના તો પારાવાર હશે. ભારત જલદી ઉકેલ માગે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે ભારત સિદ્ધાંત વેચવા કે કરેલું ધૂળમાં મેળવવા કદી તૈયાર થશે. કાશ્મીરની પ્રજા કોને લોકમત આપશે તે વિષે અનુમાનો દોરવાનો અર્થ નથી. કાશ્મીરની પ્રજા જેમ ઇચ્છશે તેમ થશે અને ભારત તે મંજૂર રાખશે. અમને તો વિશ્વાસ છે કે કાશ્મીરની પ્રજાનો ફેંસલો એમનાં પોતાનાં સુખ, સમૃદ્ધિ અને સલામતી માટે ભારતની તરફેણમાં જ હશે.

સર ઓવને ભગીરથ કાર્ય ઉપાડ્યું છે. ભારત, પાકિસ્તાન અને સલામતી સમિતિમાં બિરાજતાં અન્ય રાજ્યોએ એમના ઉપર વિશ્વાસ મૂકયો છે. તેઓ કહે છે કે પોતે આશાઓથી ભરપૂર છે. અમે કહીએ છીએ કે તમારી આશા ફળો...પણ તેનો આધાર તમે સત્ય શોધી શકો છો કે નહિ તે ઉપર જ છે. કાશ્મીરના પ્રશ્નમાં ભારત અને પાકિસ્તાનને સમાન સ્થાન આપીને જ આગળ વધવાનો પ્રયાસ થશે તો સફળતા માટે આશા નથી.

સ્વ૦ સાને ગુરુજી

પ્રકૃતિએ સંત તથા પ્રવૃત્તિથી સદાસર્વદા પરદુઃખભંજન પાંડુરંગ સદાશિવ સાને—સાને ગુરુજીના મુંબઈ ખાતેના અચાનક અને દુઃખદ અવસાનથી મહારાષ્ટ્રે જ નહિ, સમસ્ત ભારતે માનવતાનો એક સન્નિષ્ઠ ઉપાસક ગુમાવ્યો છે. 'અખંડ આનંદ'ના વાચકો એમની મધુરમિષ્ટ પ્રસાદીથી પરિચિત છે. એકાવન વર્ષની ઉપરના આ તપસ્વી ને સહૃદયી પુરુષે લોકસેવા કરતાંકરતાં રાજકારણ ને સાહિત્યની ઉપાસના કરી. ઘણી મોટી સંખ્યામાં ગ્રંથો લખ્યા, પણ સહુથી વધુ પ્રેરક ને ઊંચું સ્થાન તો એમણે જમાવ્યું મહારાષ્ટ્રની યુવક જનતા ઉપર. જીવનની પ્રત્યેક પળ સંતપ્તોને દુઃખમુક્ત કરવામાં જ એમણે ખર્ચી. એથી જીવન ધન્ય બન્યું, મૃત્યુ ધન્ય બન્યું. એ પુણ્યાત્માને ચરણે આપણી વંદના હો! તા. ૨૨-૬-'૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા-સમાચાર

પોણા મૂલ્યે પુસ્તકો

ચાલુ સાલે આવેલા પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે સંસ્થાનાં કેટલાંક ધાર્મિક પુસ્તકો પોણા મૂલ્યે આપવાની યોજના જાહેર થઈ છે. તેની વિગત આ પછીના પાન ૧૨૬ ઉપર આપી છે, તે તરફ 'અખંડ આનંદ'ના વાચકબંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે. આ યોજના મુજબ પુસ્તકો તા. ૧૫મી જૂનથી પોણા મૂલ્યે અપાય છે તે તા. ૩૧મી જુલાઈ સુધી ચાલુ રહેશે. આ ઉત્તમ પુસ્તકો વસાવી લેવાની આ તકનો લાભ લેવા વિનાત છે.

'વિવિધ ગ્રંથમાળા'

૩૮ વર્ષથી ભિક્ષુ અખંડાનંદે શરૂ કરેલી આ માળામાં રૂા. ૬-૮-૦ આપીને વાર્ષિક ગ્રાહક થવાથી ઘેરબેઠે ૧૬૦૦ પાનાંનાં વિવિધ વિષયનાં પુસ્તકો અપાય છે. સને ૧૯૪૯-૫૦ના વરસમાં રૂા. ૬-૮-૦માં ટપાલખર્ચ સાથે રૂા. ૧૩ાનાં નીચેનાં પુસ્તકો ગ્રાહકોને મોકલાયાં છે:

ચાલુ વર્ષમાં અપાયેલાં પુસ્તકો

નામ	લેખક	પૃષ્ઠ	મૂલ્ય	ટ. ખ.
૧ પંચાંગ સં. ૨૦૦૬નું :	શ્રી. હિંમતરામ મહાશંકર જાની	૧૨૦	૦-૯	૦-૨
૨ કહેવતો :	શ્રી. શાંતિલાલ ઠાકર એમ. એ.	૧૫૬	૧-૪	૦-૨
૩ ગીતાંજલિ :	અનુવાદક સ્વ૦ કાન્ત	૯૬	૦-૬	૦-૧
૪ પરમપૂજ્ય બાપુ :	સોપાન તથા જી. રામચંદ્રન્	૧૪૪	૧-૦	૦-૨
૫ પ્રેમપંથ (ભાગ ૨જો) :	સં. વાલજી દેસાઈ	૧૦૪	૦-૪	૦-૧
૬ દેશ અને કાળ :	સ્વામી માધવતીર્થ	૪૧૬	૪-૦	૦-૪
૭ શામળના છપ્પા :	અધ્યા. કેશવરામ કા. શાસ્ત્રી	૧૬૦	૦-૧૦	૦-૨
૮ પાકશાસ્ત્ર :	શ્રીમતી કાશીબહેન દેસાઈ	૧૮૪	૧-૮	૦-૨
૯ વનરાજ ચાવડો :	સ્વ૦ મહીપતરામ રૂપરામ	૩૨૦	૨-૮	૦-૪
		૧૭૦૦	૧૨-૧	૧-૪

સને ૧૯૪૯-૫૦ના વરસનું છેલ્લું પુસ્તક 'વનરાજ ચાવડો' જેમનું લવાજમ મળી ગયું છે તેમને બૂકપોસ્ટથી તા. ૫-૭-૫૦ સુધીમાં મોકલી અપાશે અને જેમનું લવાજમ મળ્યું નથી તેમને તા. ૬ઠ્ઠી જુલાઈથી નવા વરસના લવાજમ માટે વી. પી. એ પુસ્તક મોકલાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ માળામાં ગ્રાહક તરીકે દાખલ થવા ઇચ્છનારે પોતાનું લવાજમ મનીઑર્ડરથી મોકલી આપવું. કોઈ પણ માસમાં ગ્રાહક થવા છતાં વર્ષ દરમિયાનનાં સર્વ પુસ્તકો મોકલી અપાશે.

આ માળાના ગ્રાહક બનીને સસ્તાં પુસ્તકોનો લાભ મેળવો.

નવાં પ્રકાશનો

અંતર નિરીક્ષણ : લેખક નં૦ પોરબંદર (ના. મહારાણા કૃત)
પાન ૨૦૮ : મૂલ્ય ૧–૦

કેશવકૃતિ : (આમશ્રેણી) કેશવરામ હરિરામ ભટ્ટ કૃત : ચૂંટેલાં ૪૮ ભજનોનો સંગ્રહ
પાન ૬૪ : મૂલ્ય ૦–૪

મદન-મોહના : (આમશ્રેણી) : લેખક : કેશવપ્રસાદ છો. દેસાઈ : કવિ શામળભટ્ટની આનંદ સાથે ઉપદેશ આપતી વાર્તા
પાન ૫૬ : મૂલ્ય ૦–૪

રવિ, ભાણ અને મોરાર સાહેબની વાણી : (આમશ્રેણી) સંપાદક : નાનાલાલ પ્રાણજીવન વ્યાસ : આ પુસ્તિકામાં પ્રચલિત અને ગ્રંથસ્થ ભજનોમાંથી ૧૨૧ ભજનો અઘરા શબ્દોના અર્થ સાથે અપાયાં છે. પાન ૮૮ : મૂલ્ય ૦–૪

બાળક : (સર્વોપયોગી શ્રેણી નં. ૩૨) અનુ : કુસુમબહેન ચીનુભાઈ શાહ : આ પુસ્તકમાં બાળવિકાસ અને બાળમાનસ માટે ખૂબ જ જરૂરી એવા વિવિધ દૃષ્ટિકોણ દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવાનો બાળમાનસશાસ્ત્રીઓએ સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
પાન ૧૭૬ : મૂલ્ય ૧–૪

કુણાલ : (આમશ્રેણી 'શ્રેયસ્' પ્રકાશન નં. ૧) લે૦ છોટુભાઈ જોઈતારામ ભટ્ટ : બાળકો તથા પ્રૌઢો માટે ઉપયોગી : મોટા અક્ષરોમાં.
પાન ૭૨ : મૂલ્ય ૦–૮

ભીમભાઈનું પહેરણ : (આમશ્રેણી 'શ્રેયસ્' પ્રકાશન નં. ૨) લે૦ છોટુભાઈ જોઈતારામ ભટ્ટ : બાળકો તથા પ્રૌઢો માટે ઉપયોગી પુસ્તક : પાંચ ત્રિરંગી ચિત્રો સાથે.
પાન ૩૨ : મૂલ્ય ૦–૪

સૌથી પહેલા દાદાજી : (આમશ્રેણી 'શ્રેયસ્' પ્રકાશન નં. ૩) લે૦ છોટુભાઈ જોઈતારામ ભટ્ટ : બાળકો તથા પ્રૌઢો માટે ઉપયોગી સચિત્ર પુસ્તક
પાન ૭૦ : મૂલ્ય ૦–૬

પુનરાવૃત્તિઓ

શ્રીમદ્ ભગવદ્ગીતા : (મોટા અક્ષરોમાં) મૂળ શ્લોકો તથા સરળ અને સ્પષ્ટ અનુવાદ સાથે.
પાન ૨૫૬ : મૂલ્ય ૦–૧૨

શ્રીમદ્ ભગવદ્ગીતા : (ગુટકો) મૂળ શ્લોકો તથા સરળ અર્થ સાથે.
પાન ૩૫૬ : મૂલ્ય ૦–૮

અખાની વાણી : અઘરા શબ્દોના અર્થ સાથે. પાન ૪૯૬ : મૂલ્ય ૩–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અખંડ આનંદ વાંચ્યા' પછી

'અખંડ આનંદ'ના જુલાઈ અંકની તમારી સંસ્કારયાત્રા પૂરી થઈ. આ વાર દરમિયાન કેટલાં યે એવાં તીર્થસ્થળો, જળાશયો, વૃક્ષચ્છાયા ઘટાદાર વિશ્રાંતિસ્થાને આવ્યાં હશે, જેની સ્મૃતિ લાંબા કાળ સુધી અંકાયેલી રહેશે. આવી જ બીજી વાર આરંભવાની હોય તો કેવું સારું—એમ પણ મનમાં થયું હશે.

'શ્રવણ'માં વિશ્વસંગીતનો જે નિર્મળ આનંદ તમે અનુભવ્યો હશે તેવા જ સતત વિસ્તરેલા સંગીતની આરાધના કાવવર રવીન્દ્રનાથ ઠાકુરે કરી છે 'ગીતાંજલિ'માં. ગુજરાતી ભાષામાં ગીતાંજલિનાં અનેક ભાષાંતરો થયાં છે, તેમાં સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ-કાંતનો આ અનુવાદ ગણનાપાત્ર ઉમેરો કરે છે. સંસ્થા-પ્રકાશિત આ પુસ્તક તમને કેવળ છ જ આનામાં મળી શકશે.

આધુનિક દક્ષિણ ભારતની ત્રણ વંદ્ય વિભૂતિઓમાંની એક સ્વામી રામદાસ સાહેબે 'પ્રશ્નોત્તર'વાંચ્યા પછી એ જ ઉચ્ચ કોટિમાં બિરાજતા અન્ય ભારતીય સંતો કે ધર્મ-પુરુષનાં જીવનવિષયક મંતવ્યો, વિશ્વની ગૂઢ સમસ્યાઓનો સ્વકીય દૃષ્ટિએ ઉકેલ શો, અજ્ઞાન-અંધકારને દૂર કરતી પ્રેરક વાતો જાણવા, વાંચવા, વિચારવા માટે સસ્તું સાહિત્ય દ્વારા પ્રકાશિત **'હંસ મહારાજ,' 'મહર્ષિ દયાનંદ,' 'શ્રી રમણ મહર્ષિ',** 'રામકૃષ્ણ **પરમહંસ,' 'સ્વામી રામતીર્થ,' 'ચૈતન્ય મહાપ્રભુ,' 'જ્ઞાનેશ્વર મહારાજ,'** 'સંત **તુકારામ,' 'સ્વામી આત્માનંદ સરસ્વતી,' 'સ્વામીશ્રી બ્રહ્માનંદ ને શિવાનંદ'** તથા **'ભિક્ષુ અખંડાનંદ'** વગેરેનાં જીવનચરિત્રોનું વાચન કરવું જોઈએ. આ ગ્રંથોએ હજારો લોકોની જીવનદિશા પલટાવી નાખી છે, પ્રત્યેક પગલે નડતી તમારી આધ્યાત્મિક મૂશ્કેલીઓનો ઉકેલ આ જીવનચરિત્રોમાં કદાચ મળી યે રહે. શ્રી અંબાલાલ પુરાણીએ 'આધ્યાત્મિક અનુભવ'માં માનવીના ચેતનતત્ત્વના વિકાસની જે વાતો કહી છે તે વિકાસ કેટલે સુધી કરી શકાય તેમ છે એની વિગતો ઉપલા ચરિત્ર-ગ્રંથોમાંથી અચૂક મળી રહેશે.

'પક્ષીજગત'માં પણ ફરી આવ્યા હશો નહિ? આપણા મિત્ર તરીકે બની રહે તેવાં, છતાં પોતાની વિશિષ્ટ રીતે નિરાળી આ દુનિયાનું ચાલુ અંકમાં કેવળ દૂર રહીને જ દર્શન કરાવેલું છે. વધારે નજદીકથી વધુ માહિતી ને વધુ પરિચય મેળવવાની ઇચ્છા થાય તો તાજેતરમાં જ 'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'ને ઉપક્રમે પ્રસિદ્ધ થયેલ શ્રી વિજયગુપ્ત મૌર્યનું સચિત્ર પુસ્તક **'પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ'** જોવું. પ્રકૃતિની ગોદમાં વસતી આ સૌ કેટલી મનોહર, કેટલી કુતૂહલભરી અને કેટલી ચકચકિત કરનારી છે તે તો એના ઉપરનું પુસ્તક જોયા પછી જ કહી શકાય.

ચાલુ અંકના 'માનસિક વ્યાધિ'નો લેખ જેમ મનના આરોગ્યની ચાવી આપી જાય છે તેમ 'તુલસી' તનના આરોગ્યનો ઉકેલ બતાવે છે. આરોગ્ય ઉપર આયુર્વેદની દૃષ્ટિએ પુરસ્કારતાં ઘણાં યે પુસ્તકો સંસ્થાએ પ્રસિદ્ધ કર્યાં છે. ગમે તે દિવસે, ઑફિસના ગમે તે સમયે તમે 'સસ્તું'ની ઑફિસે જાઓ કે કોઈ પણ ગ્રંથવિક્રેતાને ત્યાં જાઓ ને આ ગ્રંથો માગો.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્ર પુરુષોત્તમ માસમાં નીચેના ધાર્મિક ગ્રંથો

પોણી કિંમતે મળશે

ધર્મના ઉત્તમ ગ્રંથો ઘરમાં વસાવવા એ આપણા દેશનો એક જૂનો અને જાળવી રાખવા જેવો રિવાજ છે; અને એથી આ પવિત્ર પુરુષોત્તમ માસ પ્રસંગે સંસ્થા તરફથી નીચેનાં ધાર્મિક પુસ્તકો પોણી કિંમતે આપવાનું જાહેર કરવામાં આવે છે.

મહાભારત-૭ ગ્રંથોમાં સંપૂર્ણ ભાષાંતર ...	૫૨-૦
પુરુષાર્થબોધિની ગીતા-એ ગ્રંથોમાં પં. સાતવલેકરજી	૧૨-૮
એકનાથી ભાગવત	૫-૦
શાંકર ભાષ્ય સહિત ગીતા ...	૪-૦
ચૈતન્ય મહાપ્રભુ-(સચિત્ર) વિસ્તૃત ચરિત્ર ત્રણ ગ્રંથોમાં	૮-૦
એકાદશ ઉપનિષદ	૩-૦
સો ઉપનિષદો	૫-૦
બૃહદારણ્યક ઉપનિષદ ...	૨-૦
ગુલાબસિંહ	૪-૦
તુકારામ ગાથા-એ ગ્રંથોમાં ...	૬-૦
સંત તુકારામ (ચરિત્ર) ...	૩-૦
આખ્યાનમાળા-એ ગ્રંથોમાં ...	૬-૦
આદર્શ ચરિત્રસંગ્રહ-ભાગ ૨જો	૩-૦
વિચારસાગર	૩-૦
પ્રીતમદાસની વાણી	૩-૦
સ્વામી રામતીર્થ-ગ્રંથ ૧લો ...	૩-૦
,, ,, વિસ્તૃત (ચરિત્ર) ...	૩-૮
ભારતની દેવીઓ-ત્રણ ગ્રંથોમાં ...	૯-૦
ભિક્ષુ અખંડાનંદ (ચરિત્ર) ...	૩-૦
આદર્શ દૃષ્ટાંતમાળા-એ ગ્રંથોમાં	૫-૦
શુભસંગ્રહ-ભાગ ૨ જો ...	૩-૦
,, ,, ભાગ ૯ મો ...	૩-૦
સામાજિક ટૂંકી વાર્તાઓ-ભા. ૧લો	૨-૮
,, ,, ભાગ ૨જો	૨-૮
,, ,, -ભાગ ૬ઠ્ઠો	૨-૮
પંચીકરણ-વેદાંતનો ગ્રંથ ...	૨-૦
શ્રી રમણ મહર્ષિ (ચરિત્ર) ...	૨-૦
સ્વામી વિવેકાનંદ-ભાગ ૮મો ...	૨-૦
શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ-ભાગ ૨જો	૨-૦
સૂર્યકાંત	૨-૦
સાચું સ્વર્ગ-સ્વ૦ પઢિયારકૃત ...	૨-૦
સ્વર્ગની કૂંચી ,, ...	૨-૦
સ્વર્ગની સીડી ,, ...	૨-૦
સ્વર્ગનું વિમાન ,, ...	૨-૦
સ્વર્ગનો આનંદ ,, ...	૨-૦
સ્વર્ગનો ખજાનો ,, ...	૨-૦
સ્વર્ગનો પ્રકાશ ,, ...	૨-૦
સ્વામી આત્માનંદ સરસ્વતી (ચરિત્ર)	૧-૮
ઉપદેશસારસંગ્રહ	૧-૮
બાલભારત	૧-૮
મહર્ષિ દયાનંદ (ચરિત્ર) ...	૧-૮
શ્રીરામચંદ્ર દત્ત અને નાગ મહાશય	૧-૦
બ્રહ્માનંદ ને શિવાનંદનાં ચરિત્રો	૧-૬
અવધૂતગીતા	૧-૪
આત્મસાક્ષાત્કારની કસોટી ...	૧-૪
જ્ઞાનસત્રગીતા (ગુજરાતી) ...	૧-૪
મોક્ષમાળા	૧-૪
સર્વ વેદાંત-સિદ્ધાંત સારસંગ્રહ ...	૧-૪
ભિક્ષુ અખંડાનંદજીના પત્રો ...	૧-૪
નળાખ્યાન	૧-૦
પ્રભુમય જીવનનું રહસ્ય ...	૧-૦
ભજનસંગ્રહ (૩૩૬ ભજનો) ...	૧-૦
મોહમુદ્‌ગર (બીજાં દશરત્નો સાથે)	૧-૦
વિદુરનીતિ	૧-૦

નોંધ: ઉપરનાં ૬૮ પુસ્તકોની કુલ છાપેલી કિંમત એકંદરે રૂ. ૨૦૧-૬-૦ થાય છે; પણ **તે સેલટેક્સ સાથે માત્ર રૂ. ૧૫૩-૮-૦માં રૂબરૂમાં મળશે.** બહારગામથી રેલવે રસ્તે મંગાવનારે રૂ. ૧-૮-૦ પેકિંગ-રવાનગી ખર્ચનો ઉમેરી કુલ રૂ. ૧૫૫-૦-૦ મોકલવા. રેલવેનૂર મંગાવનારે ભરવાનું રહેશે. ઉપરનાં પુસ્તકો છૂટક મંગાવનારને પણ **પોણી કિંમતે અપાશે.**

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } પો. ઑ. નં. ૫૦, **અમદાવાદ**
કાલબાદેવી રોડ, **મુંબઈ-૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી
યુનાઈટેડ કોમર્શિયલ બેંક લિ.

કલકત્તા.

THE UNITED COMMERCIAL BANK LIMITED

મૂડી (સત્તાવાર)	...	...	રૂા. ૮ કરોડ
,, (ઉઘરાવેલી)	...	...	રૂા. ૪ કરોડ
ભરી દીધેલી મૂડી	...	...	રૂા. ૨ કરોડ
અનામત ફંડ ...	....	....	રૂા. ૫૨૬ લાખ

★

ડાયરેકટરોની બોર્ડ:

શ્રી. ઘનશ્યામદાસ બિરલા (પ્રમુખ)

શ્રી. ઈશ્વરીપ્રસાદ ગોએન્કા (ઉપપ્રમુખ)

શ્રી. રમણલાલ જી. સરૈયા (ઉપપ્રમુખ)

,, અનંતચર્ણ લૉ
,, બૈજનાથ જાલન
,, ગોવિંદલાલ બાન્ગૂર
,, પી. ડી. હિંમતસિંગકા
,, રામેશ્વરલાલ નોપાણી

,, મહાદેવ એલ. દહાણૂકર
,, મદનમોહન આર. રૂઇયા
,, મોહનલાલ એલ. શાહ
,, મોતીલાલ તાપુરિયા
,, નવીનચંદ્ર મફતલાલ

મેનેજર: **શ્રી. બી. ટી. ઠાકુર**

હિંદ, બર્મા, પાકિસ્તાન અને મલાયાનાં બધાં અગત્યનાં નગરો અને શહેરોમાં આ બેંકની શાખાઓ છે તથા દુનિયાભરમાં એજન્સીની સગવડો સાથે પોતાની સારામાં સારી સેવાઓ આપવા માટે બેંક પૂરેપૂરી અદ્યતન સામગ્રીથી સુસજ્જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

એક રૂપિયો

સસ્તું સાહિત્ય

પો. બો. ૫૦, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CROWN BRAND GUARANTEED PURE

CROWN BRAND GUARANTEED PURE

એલ્યુમિનિયમ અને પિત્તળનાં વાસણો

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમના વાસણો વજનમાં હલકા, જલ્દી ગરમ થાય તેવા અને કીંમતમાં કીફાયત હોય છે કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.



તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો:

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂ. ૭ાા છે. બ્રહ્મદેશ માટે રૂ. ૮) અને પરદેશ માટે રૂ. ૧૧) છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. છ અથવા ત્રણ માસના ગ્રાહકો નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક સમયસર ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી; અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી; અને તે સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પોતાનું નામ-સરનામું સ્પષ્ટ લખવાં; સાથે ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું. વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે.

૯ મનીઑર્ડરની કુપન પર રૂપિયાની રકમ, રૂપિયા મોકલવાનો ઉદ્દેશ, ગ્રાહક નંબર (નવા ગ્રાહક હોય તો નવા ગ્રાહક લખવું), પૂરું સરનામું વગેરે સર્વ બાબતો સ્પષ્ટ દર્શાવવી.

૧૦ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

૧૧ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૨ રૂબરૂ આવી અંક લઈ જનાર તથા એકથી વધારે અંકો રજિસ્ટરથી યા રેલવેથી મંગાવનાર માટે લવાજમમાં કંઈ ફેરફાર નથી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, અમદાવાદ ને કાલબાદેવી, મુંબઈ-૨

લેખો અંગે નિયમો

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને-વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગ-કથા; રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ-વર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. આમ છતાં સ્વીકાર પામેલો લેખ છએક માસની અંદર પ્રગટ થઈ જ જાય તે વિષે કાળજી રાખવામાં આવે છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લખાણ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લખાણો મોકલવાનું સરનામું આ પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'

ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ-૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	કર્મ અને ફળ	શ્રી	૩
૨	સાચાં શકન	શ્રી દેસાઇ વાલજી ગોવિન્દજી	૫
૩	રાગદ્વેષ, કલ્પના અને ભાવના	શ્રી કિશોરલાલ મશરૂવાળા	૬
૪	પરિષદની પુરાણી પ્રથા	શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી	૯
૫	મોટાનો એકરાર (કટાક્ષલેખ)	શ્રી જ્યોતીંદ્ર દવે	૧૭
૬	કોણે રે તોડ્યો?	શ્રી રવીન્દ્ર ઠાકોર	૨૨
૭	સૌ. સુમતિ (પરિચય)	શ્રી. વિદ્યાબહેન ર. નીલકંઠ	૨૩
૮	મહાભિનિષ્ક્રમણ (નાટિકા)	અધ્યા. પ્રેમશંકર હ. ભટ્ટ એમ. એ.	૨૭
૯	ઇતિહાસ દર્શન	ડૉ. જ્યેન્દ્રરાય ભ. દૂરકાળ એમ. એ. ડી. ઓ. સી. વિદ્યાવારિધિ, સાહિત્યરત્નાકર	૩૦
૧૦	બૂટપૉલિશવાળો (વાર્તા)	શ્રી ઈશ્વર પેટલીકર	૩૩
૧૧	કવિ દલપતરામનાં પ્રા. વિનોદકાવ્યો	અધ્યા. તનસુખ ભટ્ટ એમ. એ.	૪૧
૧૨	એ સાથી એકલવાયાનો (વાર્તા)	ડૉ. પ્રસન્ન ન. વકીલ એમ. એ. પી. એચ. ડી.	૪૬
૧૩	સતની ખેતી	શ્રી પુરુષોત્તમ હ. પટેલ	૫૦
૧૪	પુનિત સંસ્મરણો	શ્રી પુરાતન બુચ	૫૧
૧૫	ઊંઘ	શ્રી પદ્મકાંત ર. શાહ	૫૪
૧૬	ચા વિષે વિચાર	શ્રી બિહારીલાલ લલ્લુભાઈ પરીખ બી. એ.	૫૮
૧૭	પાકટ બુદ્ધિ	શ્રી જમનાદાસ લાદીવાળા	૬૧
૧૮	નવી કાકી (રેખાચિત્ર)	શ્રી ભગવત રામચંદ્ર ભટ્ટ એમ. એ.	૬૬
૧૯	ચારિત્ર્યનું ઘડતર	શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ એમ. એસ. સી. બાર-એટ-લૉ	૭૦
૨૦	છીંક (હળવો લેખ)	શ્રી શાંતિલાલ પરીખ બી. એ.	૭૪
૨૧	ગાંરશીલ્ડ	શ્રી રમેશચંદ્ર હ. શેઠ	૭૮
૨૨	મહાત્મા કોન્ફ્યુશિયસ (જીવનચરિત્ર)	શ્રી મનસુખલાલ મો. પોટા બી. એ.	૭૯
૨૩	પથભ્રાન્ત પથિક	શ્રી નલિન છો. પંડ્યા	૮૫
૨૪	મધમાખીનો ઉદ્યોગ	શ્રી જ્યેન્દ્ર ડી. પંડ્યા	૮૬
૨૫	માનસિક વ્યાધિના ઉપાયો (આરોગ્ય)	શ્રી કાંતિલાલ તિજોરીવાળા	૯૩
૨૬	અખૂટ શ્રદ્ધા! (લોકકથા)	શ્રી જયંત તુરખિયા	૯૭
૨૭	ચેતતા રહેજો	શ્રી ચંદ્રકાંત મ. ગજ્જર	૧૦૬
૨૮	નાનકડો શહીદ	શ્રી હરીશ નાયક	૧૧૦
૨૯	યુગપ્રવાહ	સોપાન	૧૧૪
૩૦	સંસ્થા-સમાચાર	કાર્યાલય	૧૧૮

* * *

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ કo ઠક્કર
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૩, અંક ૧૦] તંત્રી : સોપાન [ઑગસ્ટ ૧૯૫૦

કર્મ અને ફળ

ફળની ઇચ્છા માણસ રાખે કે ન રાખે, પણ દરેક સારા કે માઠા કર્મનું ફળ મળે જ છે. બધું નિયમાનુસાર ચાલી રહ્યું છે એવી છાપ તો સૃષ્ટિનું અવલોકન કરતાં જ મન ઉપર પડે છે. કર્મ કરીએ અને ફળ ન મળે એમ બને જ શી રીતે? જો બધું નિયમાનુસાર ચાલતું હોય તો ફળ મળવું જ જોઈએ.

તો પછી ફળની ઇચ્છા ન રાખવાનો ઉપદેશ કેમ અપાયો હશે અને પુરુષાર્થ કરવા છતાં માણસ સફળ ન થાય એવા દાખલાઓ કેમ બનતા હશે? બી વાવીએ છતાં વરસાદ ન પડે તો અંકુર ફૂટે નહિ. પુરુષાર્થનું પાણી સીંચી અંકુર પ્રગટાવીએ, પણ ઋતુ અનુકૂળ ન હોય તો છોડ ઊગે નહિ. રક્ષણ આપી છોડ પેદા કરીએ, પણ મૂળમાં જીવાત લાગે તો બધું સડી જાય. જીવાત ન થવા દઈએ ને થાય તો તેનો ઉપાય લઈએ તો ફળ પેદા થાય...પણ હિમ પડે તો બધું ભસ્મ થઈ જાય, વાવાઝોડું આવે તો બધું ઊખડીને ફેંકાઈ જાય. કર્મ કર્યું પણ ફળ ક્યાં? માણસના મનમાં સહેજે આવા પ્રશ્નો ઊઠે છે.

આ જગતમાં આપણે એકલા જ વસતા નથી, બીજા કરોડો માણસો વસે છે. આ વિશ્વમાં માત્ર આપણી આ પૃથ્વી જ નથી, બીજા અનેક ગ્રહો–ઉપગ્રહો છે. પૃથ્વી ઉપર પણ માત્ર મનુષ્ય-પ્રાણી જ નથી, મનુષ્ય કરતાં અનંતગણી બીજી જીવસૃષ્ટિ છે જ. આ બધું જો લક્ષમાં લઈએ તો સહેજે સમજી શકાય કે દુનિયામાં એક સાથે અનેક પ્રકારના પ્રવાહો વહેતા હશે, અનેક પ્રકારના વિચારો અથડાતા હશે અને પુરુષાર્થોના સંઘર્ષો પણ થતા હશે. આપણે કંઈ કર્યું હોય તો તે આપણા લક્ષમાં રહે છે, પણ બીજાં તત્ત્વોએ શું કંઈક કર્યું હશે તે ધ્યાનમાં આવતું નથી. પુરુષાર્થનું ફળ ન મળે એટલે માની લઈએ કે બધું ધૂળમાં ગયું તો તે ભૂલ છે. કોઈ મહેનત ધૂળમાં મળતી જ નથી. નિષ્ફળ જઈએ ત્યારે એમ માનવું જોઈએ કે આપણા કરતાં કોઈ મોટી તાકાત આપણી વિરુદ્ધ કામ કરી રહી છે.

આમ છતાં, માનવું નહિ કે પુરુષાર્થનું કશું ફળ જ આવ્યું નથી. ફળ તો આવે જ છે પણ આપણી ધારણા કે આશા કરતાં ઓછું. ખાડામાં ટોપલો ભરી માટી નાખીએ ને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન પુરાય તો કશું થયું જ નથી એમ ન કહી શકાય; એ ખાડો થોડોક તો પુરાયો જ છે. જો આ સમજીએ તો વધુ પુરુષાર્થ કરવાની પ્રેરણા જાગે, પણ તત્કાળ ફળની જ અપેક્ષા રાખીએ તો હતાશા મળે. માટે કહ્યું છે કે ફળની અપેક્ષા ન રાખો, કર્મ કરો. જેણે આવો ઉપદેશ આપ્યો તેણે જ નથી કહ્યું, કે ભક્તોના યોગક્ષેમની ચિંતા હું-ઈશ્વર-કરું છું? આનો અર્થ એ કે ફળની ઇચ્છા ન રાખવી પણ એ મળશે જ એવી શ્રદ્ધા તો રાખવી. જેનામાં ઇચ્છા ન હોય અને શ્રદ્ધા યે ન હોય તે પુરુષાર્થ કરી ન શકે. એના મનમાં એવી શક્તિ પેદા જ ન થાય.

માનવી જ્યારે તત્કાળ ફળની અપેક્ષા રાખે છે, ત્યારે તેના પુરુષાર્થનું જોર ઓછું થાય છે; કારણકે એનું ધ્યાન ફળ ઉપર રહે છે. થોડીથોડી વારે એ પરિણામ જોવા લલચાય છે. કુદરતનાં ખજાને તેની વિરુદ્ધ દેખે છે તો એ મૂંઝાઈ જાય છે ને પુરુષાર્થ છોડી દે છે. જે મંડ્યો જ રહે છે તે અંતે જીતે છે. આ જગતમાં એવા હજાર દાખલાઓ છે, જેમાં પારવિનાની નિષ્ફળતાઓ પછી જ્વલંત સફળતા મળી હોય. જેઓ પોતાના કામને અધવચ્ચે છોડી દે છે તેમનું બધું નકામું જાય છે એમ પણ માનવું નહિ; નકામું કશું જતું નથી. તેને ઓછું ફળ મળે છે. કેટલીકવાર તે એટલું ઓછું હોય છે કે જે આંખે ચડતું જ નથી. દિવસો પછી કે વર્ષો પછી એ ફરીને એ જ ક્ષેત્રમાં પુરુષાર્થ કરે છે, ત્યારે અગાઉ કરેલી મહેનત તેને કામમાં આવે છે. જેટલું એ ચાલી ગયો હોય તેટલું ફરીને ચાલવું પડતું નથી. આ બતાવે છે કે મહેનત વૃથા જતી જ નથી.

ત્યારે કર્મ શું છે? નસીબ શું છે? એ છે પાછલા પુરુષાર્થોનો સંચય. નસીબ આપોઆપ પ્રગટતું નથી. પાછલાં કર્મોનો જ એ સરવાળો છે. આપણે પૂર્વજન્મમાં માનનારા છીએ, તેનો અર્થ એ કે જીવન અખંડ છે. આપણે જેટલાં ડગલાં ચાલીશું તેટલો પંથ ઓછો થશે. પ્રગતિ સાધવી હશે તો બેસી રહેવાશે નહિ, તેમ દરેક ડગલે ફળની-પરિણામની અપેક્ષા પણ રખાશે નહિ. પરિણામનો આધાર બીજાં અનેક તત્ત્વો ઉપર છે. આપણે તે બધું જાણી શકતા નથી એટલે આપણા કામમાં-આપણા પુરુષાર્થમાં કચાશ ન રહે તેનું ધ્યાન આપીએ અને બીજું ઈશ્વર ઉપર છોડી દઈએ એમાં ડહાપણ છે.

ફળની ઇચ્છા રાખ્યા વિના કર્મ કરવાનો અર્થ એ જ કે એવી ઇચ્છા રાખવાની જરૂર નથી. દીવો કરો અને અંધારું ભેદાય નહિ એમ બનવું જેમ અશક્ય છે તેમ કર્મ કરો ફળ ન મળે તેમ બનવું પણ અસંભવિત છે. કર્મ-પુરુષાર્થ એ દીપક છે. એ પ્રગટે એટલે પરિણામનો પ્રકાશ ફેલાયા વિના રહે જ નહિ, માટે ક્ષુદ્ર ઇચ્છા છોડી ચિત્તમાં નિત્ય શ્રદ્ધા ધારણ કરીએ.

શ્રદ્ધા વિના પુરુષાર્થ કરવાની પ્રેરણા પ્રગટતી જ નથી. જે શ્રદ્ધા આધારહીન હોય તે મોટે ભાગે આંધળી હોય છે. અહીં તો આપણે જોયું કે શ્રદ્ધાને આધાર છે. કર્મનું ફળ મળે જ એવી ખાતરી તે અહીં શ્રદ્ધા. આવી શ્રદ્ધા સાથે આગળ ધપીએ. માણસ કર્મ કર્યા વિના રહી જ શકતો નથી અને ફળની ઇચ્છા રાખે કે ન રાખે તો યે જે થવાનું છે તે થાય છે તો એવી ઇચ્છાથી દૂર રહી શા માટે હળવા મને શ્રમ ન કરીએ?

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચાં શકન

લેખક :
શ્રી દેસાઇ વાલજી ગોવિન્દજી

એક દિવસ વારાણસીના સન્થાગાર(ચોરા)માં મહાજન ભેળું થયું હતું ત્યાં શકનની વાત નીકળી. એક જણ કહે, 'વહેલા ઊઠીને કોઇ આખે શરીરે ધોળો બળદ, સગર્ભા સ્ત્રી, પૂરો ભરેલો ઘડો, નવું ...ડિયો, ગાયનું ઘી, નવું નકોર વસ્ત્ર કે ખીર દેખે તો સરસ શકન થયાં કહેવાય.' બીજો કહે, 'એમ નથી, પણ પૂર્ણ (ભરપૂર), વૃદ્ધ (વધેલો), વર્ધમાન (વધતો), ખાઓ, પીઓ—આવા શબ્દ સાંભળે તો સરસ શકન કહેવાય.' ત્રીજો કહે, 'એમ નહિ, પણ સવારમાં ઊઠીને પૃથ્વી, લીલું ઘાસ, તાજું છાણ, સ્વચ્છ ડગલો, સોનુંરૂપું, કે ભોજન,—એમાંથી કોઇ વસ્તુને માણસ અડે તો સરસ શકન કહેવાય.'

આમાં સાચું શું તેનો નિર્ણય થઈ શકયો નહિ, એટલે રાજાના ઉદ્યાન(બાગ)માં ઋષિઓ રહેતા હતા ત્યાં સૌ ગયા, ને પ્રશ્ન કર્યો. ઋષિ કહે, 'અમે આ વિષે કાંઇ કહી નથી શકતા, પણ અમારા આચાર્ય રક્ષિત ... મહાજ્ઞાની છે ને હિમવંતમાં રહે છે ... કહી શકે.' એટલે એક ઋષિને હિમાલયમાં ગુરુને પૂછવા મોકલ્યો તો ગુરુદેવ બોલ્યા: 'દેવ, પિતૃ અને સર્પ સહિત પ્રાણિમાત્ર ઉપર માણસ મિત્રભાવ રાખે તો તે સરસ શકન કહેવાય (૧૩૦).

'માણસ કૂણુ તથા નમ્ર મન રાખે, કોઇ કાંઇ દુષ્ટ વચન બોલી જાય તો ખમી લ્યે, સામું પ્રતિકૂળ ન બોલે તો સરસ શકન કહેવાય (૧૩૧).

'માણસ સજ્જનનો સમાગમ કરે, મીઠાં વચન બોલે, મિત્રોને દૂભવે નહિ પણ એને પોતાના ધનનો ભાગ આપે [સંવિભાગી ધનેન] તો સરસ શકન કહેવાય (૧૩૩).

'માણસનાં ઘરમાં પ્રજાવતી, શીલવતી, કુલીન, પતિવ્રતા સ્ત્રી હોય તે સરસ શકન કહેવાય (૧૩૪).

'રાજા યશસ્વી, શુદ્ધ ચિત્તવાળો ને પરાક્રમી હોય તે સરસ શકન કહેવાય (૧૩૫).

'માણસ ધર્મ ઉપર શ્રદ્ધા રાખે અને પ્રસન્નમુખે અન્ન, જળ આદિનું દાન કરે તે સરસ શકન કહેવાય (૧૩૬).

'જ્ઞાની ને સદાચારી ઋષિઓ આર્યધર્મનો ઉપદેશ કરે તે સરસ શકન કહેવાય (૧૩૭).

'બીજાં શકનમાત્રમાં કાંઇ સત્ય નથી' (૧૩૮).

×નહિ મંગલે કિંચન અત્થિ [અસ્તિ] સચ્ચમ્ ।

× દસનિપાત (૧૫) મહામંગલજાતક (૪૫૩) ઉપરથી.

★

રાજા સોલોમનનું નામ તો ઘણું પ્રખ્યાત છે. એક વેળા એને દેવદૂતે કહ્યું :'તારે જે જોઈએ તે માગી લે.' 'હે દેવદૂત ! સેંકડો, હજારો ને લાખો પ્રજાજનો વચ્ચે રાજા તરીકે હું માત્ર એકલો–અટૂલો જ છું. આ સહુને સમજી શકું એવું હૃદય મને આપો.' સોલોમને ન તો માગ્યાં કીર્તિ, વૈભવ કે ન માગ્યો ... યુદ્ધમાં વિજય મળે એવું પણ એણે ન માગ્યું. એણે તો માગ્યું કેવળ હૃદય–બીજાને બરાબર સમજી શકે, અને સાચો ન્યાય તોળી શકે એવું રાજાનું કર્તવ્ય બજાવતું હૃદય. ત્યારથી આપણે ત્યાં 'સોલોમનનું ડહાપણ'ની કહેવત પ્રચલિત થઈ.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાગદ્વેષ, કલ્પના અને ભાવના

લેખક : શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા

જીવનવ્યવહારની ઘટનાઓને માનવી કેવળ બુદ્ધિથી, ભાવનાથી કે આ બંનેના સંમિશ્રણથી નિહાળે છે. મનના આ દૃષ્ટિકોણનું ઘણીવાર આપણે સૂક્ષ્મતાથી પૃથક્કરણ નથી કર્યું હોતું. પોતાના ઉપર 'બુદ્ધિવાદી'પણાના મુકાતા આરોપનો શ્રી કિશોરલાલભાઈએ અંતર્લક્ષી બની વિચાર કર્યો છે અને દાખલાઓ આપી અનેક પ્રકારની ભાવનાઓ અહીં જણાવી છે તથા રાગદ્વેષ અને કલ્પના સાથેના તેના સંબંધની ચર્ચા કરી છે. આ લેખ શ્રી કિશોરલાલભાઈની અનુમતિથી અહીં પ્રગટ થાય છે.

'તમે બુદ્ધિવાદી છો, અમે લોકો ભાવનાપ્રધાન છીએ. બુદ્ધિથી અમે તમારી વાતને તોડી શકતા નથી તેથી માની લેવી પડે છે. પરંતુ અમારી ભાવના એને મંજૂર કરતી નથી અને અમે અમારી જ વાત પર દૃઢ રહેવાનું પસંદ કરીએ છીએ.' આવો આક્ષેપ કેટલાયે મિત્રોએ મારા પર વારંવાર કર્યો છે.

એના પર મેં કેટલીયે વાર વિચાર કર્યો છે અને હું આશ્ચર્યચકિત પણ થયો છું. જેટલે અંશે મેં મારું પોતાનું નિરીક્ષણ કર્યું છે ત્યાંસુધી મારા અભિપ્રાય પ્રમાણે મારા પર ભાવનાઓની ઘણી તીવ્ર અસર થાય છે અને તેથી દરેક કામ, વાણી અને લેખોમાં યે મારામાં અભિનિવેશ આવી જાય છે. મારો તો એવો ખ્યાલ છે કે કોઈ પણ માણસ ભાવનાશૂન્ય હોઈ શકતો નથી.

પરંતુ ભાવનાઓ બે પ્રકારની હોય છે: રાગદ્વેષથી ભરેલી અને શુદ્ધ (એટલે વિવેકપૂર્વક સત્ય અને અહિંસાનિષ્ઠ). આ ઉપરાંત ભાવનાનો એક બીજો પણ અર્થ થાય છે—કલ્પના.

કના દીકરાએ ભયંકર અપરાધ કર્યો છે. શું કરીએ? જ્ઞાનીને એણે પૂછ્યું. તેનો ત્યાગ કરવો જોઈએ એમ તેમણે કહ્યું. બુદ્ધિને આ વાત ગળે ઊતરી; પરંતુ તે પોતાનો છોકરો છે, પેટના દીકરાનો કેવી રીતે ત્યાગ કરાય? છેવટે માણસ છે, ભૂલ કરી બેઠો, એટલાથી તેનો ત્યાગ કરવો એ કઠોરતા કહેવાય એમ હૃદય કહેવા લાગે છે. તે જ્ઞાનીને કહે છે: 'આપની વાત બુદ્ધિને ગળે ઊતરે છે, એનો જવાબ નથી. પરંતુ હું ભાવનાપ્રધાન છું તેથી તેનો ત્યાગ કરી શકતો નથી.' અહીં જે ભાવના બતાવાઈ છે તે રાગ છે.

ખના છોકરાએ પણ કેટલીક અનુચિત વાતો કરી છે. બાપને ઘણું દુઃખ થયું છે. તે છોકરાનું મોં જોવા નથી ઈચ્છતો. જ્ઞાનીએ પૂછ્યું, તો તેઓ તેને ક્ષમા કરવાનું કહે છે. બાપને ઘણો ગુસ્સો છે. તે છોકરાએ કુળને કલંક લગાડ્યું છે એ વાતને તે સહન કરી શકતો નથી. જ્ઞાનીની વાત તેને માન્ય થતી નથી. તેના હૃદયમાં ક્રોધ ભરેલો છે અને એને ભાવના—પોતાના કુળ પ્રત્યે રાગ—સમજવામાં આવે છે.

ગને બાપુ પર ભક્તિ છે. તેણે બાપુનું ચિત્ર ઘરમાં રાખેલું છે. તે તેની પૂજા કરે છે. નૈવેદ્ય ધરાવે છે તેને સ્વપ્નો આવ્યાં છે કે બાપુએ મને આ કહ્યું, તે બતાવ્યું, અમુક આજ્ઞા કરી વગેરે વગેરે. તેણે પૈસે એક યંત્ર પણ તૈયાર કર્યું છે. તેમાં બાપુને બોલાવે છે અને પ્રશ્ન પૂછીને જે ઉત્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને બાપુનો માને છે. એક જ્ઞાની માણસ- તે આ બધા ચમત્કારો બતાવે છે. તેને 'કલ્પનાસૃષ્ટિનો વૈભવ છે' એમ છે. ખુલાસો સાંભળીને ग નિરુત્તર થાય પણ કલ્પનામાં રમમાણ રહેવાની વાતને છોડી શકતો નથી. પોતાની ભાવનાનું સમર્થન કરી શકે તેવી જ દલીલોની શોધ કર્યા કરે છે. તે જ્ઞાનીને કહે છે: 'આપ પ્રધાન છો, હું ભાવનામાં માનું છું. માં મારી ભાવના છે, હું તેને છોડવા ઈચ્છતો.' અહીં ભાવનાનો અર્થ કલ્પ- વિલાસ યા વિકલ્પવૃત્તિ છે.

ઘ અને ચ રસ્તે ચાલ્યા જાય છે. શિયાળો એક મોટું પહેરણ પહેર્યું છે. ખાવાનો ડબ્બો પણ છે. તેને રસ્તામાં રાત કાઢવાની છે. ત્યાં તેને એક માણસ છે તે બે દિવસનો ભૂખ્યો છે અને તેના શરીર પર કંઈ કપડું નથી. ઘ તેને પોતાનું પહેરણ અને ખાવાનું આપી દે છે. ચ તેને કરે છે, અને કહે છે, કે 'પછી તું શું ?' ઘ કહે છે, કે 'હું શું કરીશ એ તો ઠીક છે, પણ હું ભાવનાવશ પસંદ કરીશ. મારી ચિંતા ઈશ્વરને .' અહીં તે ગરીબ પ્રત્યે રાગ નથી, નથી, કલ્પનાવશતા નથી. પ્રત્યક્ષમાં પ્રેમની વૃત્તિ છે.

છ એક ઘરડી હિંદુ–બ્રાહ્મણ સ્ત્રી છે. મુસલમાનનું હુલ્લડ શરૂ થયું છે. એક માન ગભરાતો આવે છે. 'મા, મને . મારી પાછળ હુલ્લડખોરો છે.' તે કોણ છ જાણતી પણ નથી તોપણ તે તેને માં લઈ લે છે અને દેવમંદિરમાં સંતાડે હુલ્લડખોરો તેને જોઈ લે છે. પોતાના આપવાને તેઓ તે વૃદ્ધાને કહે છે ધમકાવે છે: તે માનતી નથી. તેનું ઘર તે લોકો ધમકી આપે છે છતાં યે તે માનતી નથી. લોકો ખળજખરીથી તેના ઘરમાં ઘૂસી જાય છે અને મુસલમાનને શોધે છે. જે ઓરડામાં તેને સંતાડ્યો છે તેનાં બારણાંમાં તે ડોશી ઊભી રહે છે અને લોકોને અંદર જવા માટે રોકે છે. બ્રાહ્મણી થઈ એક મુસલમાનને દેવમંદિરમાં પેસાડ- વાનો ભ્રષ્ટાચાર કરવાથી લોકો ઉત્તેજિત થઈ જાય છે અને તેને ગાળો દે છે; તોપણ બ્રાહ્મણી જરા યે ચસકતી નથી. ગુસ્સામાં આવીને લોકો તેના પર તૂટી પડે છે અને મારી નાખે છે. અહીં 'છ'માં શૌર્ય, અન્યાયપ્રતિકાર, શરણાગત પ્રત્યેનો ધર્મ વગેરે કેટલીયે ભાવનાઓનું ઉત્કટ દર્શન છે. અહીં સ્વાર્થ નથી, કલ્પનાશીલતા પણ નથી, શરણાગત પ્રત્યે કોઈ વ્યક્તિગત રાગ નથી, હુલ્લડખોરો પ્રત્યે કોઈ વ્યક્તિગત દ્વેષ નથી. પરંતુ ખરાબ પ્રત્યે દ્વેષ છે અને ન્યાયનો આગ્રહ છે.

આ પ્રમાણે ભાવનાઓના અનેક પ્રકાર છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં કહ્યું છે:

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ।।
नास्तिबुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ।।

અહીં સ્થિતપ્રજ્ઞતાની પ્રાપ્તિ કે યુક્ત થવા માટે રાગદ્વેષથી મુક્ત થવાની આવ- શ્યકતા બતાવી છે અને એ પણ બતાવ્યું છે કે જે યુક્ત નથી તેને ભાવના નથી, અર્થાત્ રાગદ્વેષ અને ભાવનામાં વિરોધ બતાવ્યો છે. અયુક્તમાં રાગદ્વેષ છે, ભાવના નથી. યુક્તમાં ભાવના છે, રાગદ્વેષ નથી. એનું તાત્પર્ય એ છે કે 'ભાવના' શબ્દના સાચા અર્થમાં એ ગુણોનો સમાવેશ થાય છે કે જે રાગદ્વેષની સ્થિતિની પેલે પારના છે અથવા તેમાંથી મુક્ત થયા પછી વધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો જ્યારે મને એમ કહેવામાં આવે છે કે હું બુદ્ધિપ્રધાન છું અને ભાવનાદુર્બલ છું, ત્યારે તેની મતલબ એ હોઈ શકે છે કે હું રાગદ્વેષપ્રધાન છું. જો રાગદ્વેષપ્રધાન છું તો અયુક્ત પે હોઈ શકું છું. અને અયુક્તમાં બુદ્ધિ હોતી નથી એ પણ એ જ શ્લોકમાં કહ્યું છે. એટલે આક્ષેપનો અર્થ એ થાય છે કે હું બુદ્ધિમાન નથી. ભાવનાવાન નથી, કેવળ રાગદ્વેષયુક્ત તાર્કિક છું.

જો મારે વિષે એવો જ અભિપ્રાય હોય તો તે ખોટો છે એમ હું પોતે તો કેવી રીતે કહું ? પણ મારે માટે તે એક વિચાર કરવાની વાત બને છે.

બીજી બાજુથી જો હું કોરો રાગદ્વેષયુક્ત તાર્કિક નથી તો હું ભાવનાવાન નથી એમ કહેવામાં કંઈક ભૂલ હોવી જોઈએ; અને મારી કોઈ વાત પર પોતાની બુદ્ધિ અને ભાવનાના વિરોધની આશંકા પેદા થાય તો જેને આપણે પોતે ભાવના સમજીએ છીએ તે, ભાવના જ છે કે પોતાનો કોઈ રાગદ્વેષ યા કલ્પનારસ છે તેની શોધ કરવી જોઇએ. મારા અભિપ્રાય પ્રમાણે માણસ માત્રમાં રાગદ્વેષ કે ભાવના એ બેમાંથી એકનું અસ્તિત્વ હોવું જ જોઈએ અને રાગદ્વેષ અને ભાવનાનો સંબંધ એકબીજાથી ઊલટો છે. એટલે કે રાગદ્વેષ ઘટ્યા પછી જ ભાવના વધી શકે છે.

આ બેથી ત્રીજી વસ્તુ છે કલ્પના. તેને પણ ભાવના કહે છે. શું ‘न चायुक्तस्य भावना’નો અર્થ જે અયુક્ત છે તેનામાં કલ્પનાશક્તિ નથી એવો તો નથી ? મારા અભિપ્રાય પ્રમાણે એવો અર્થ હોવા સંભવ નથી; કારણકે કલ્પનાનો અર્થ એક વસ્તુમાં જે ધર્મો પ્રત્યક્ષ દેખાતાં નથી તેમનું તેમાં આરોપણ; જેમકે મૂર્તિમાં દેવપણાનું, ગાય-માં માતાનું, ઝંડામાં રાષ્ટ્રનું વગેરે. અભ્યાસના કાળમાં એવી જાતની ભાવના દૃઢ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો છે, પણ અયુક્તમાં કલ્પનાથી ભાવના કરવાની શક્તિ નથી હોતી એમ શું કહી શકાય છે? અને શું યુક્ત દશામાં આવી ભાવનાઓમાં રુચિ રહે છે? શું એમ પણ કહી શકાય છે કે જેને કલ્પના નથી તેને શાંતિ નથી? અને કલ્પનાશક્તિ શાંતિ માટે અનિવાર્ય છે? કલ્પનામાં રસ–આનંદ–હર્ષ નિર્માણ કરવાની શક્તિ તો જરૂર છે; આશ્વાસન આપવાની પણ શક્તિ છે. પરંતુ આનંદ અને આશ્વાસનને શું શાંતિ કહી શકીએ કે ?

આ પ્રશ્નો પર કોઈ પ્રકાશ નાખશે તો હું આભારી થઈશ. મારી કલ્પનાશક્તિ ઘણી મંદ છે એ હું કબૂલ કરું છું.×

× હિંદી ‘સર્વોદય’ મે ૧૯૫૦માંથી.

★

‘તમે તો નકામા ગભરાવ છો કાંતિલાલ, તમને કંઈ જ થયું નથી. તમે જાણો તો છો કે મોટા ભાગનું દર્દ ચિંતામાંથી જન્મે છે. તમારે આવો કોઈ પ્રશ્ન હોય, વેપારધંધાની કે કોઈ સામાજિક કાર્યની ચિંતા હોય તો સારા માનસશાસ્ત્રીને બતલાવો, તુરત જ આરામ થઈ જશે. હું... જુઓને તમારા જેવો જ એક કેસ મારી પાસે થોડાક દિવસ પર આવ્યો હતો. એ ભાઈને થોડાક જ દિવસમાં લોનના રૂપિયા દસ હજાર ભરવાના હતા, પૈસા ક્યાંથી મેળવવા તેની ચિંતામાં એ રહ્યા કરતા; ને માનસિક દૃષ્ટિએ બિલકુલ ખલાસ થઈ ગયો.’

‘તે તમે એને સાજો કર્યો ?’ દર્દીએ સ્વસ્થ થતાં દાક્તરને પૂછ્યું :

‘અલબત્ત.’ દાક્તરે જવાબ આપ્યો, ‘મેં એને ભારપૂર્વક જણાવ્યું કે લોનના કાગળિયાની ચિંતામાં ખલાસ કરી નાખવા જેવું આ જીવન નથી. ને ત્યારપછી એ સાજો સારો થઈ ગયો. આજે તો એ બિલકુલ ચિંતામુક્ત છે.’

‘અરે, ડૉક્ટર !’ દર્દી ગણગણ્યો. ‘એ દશહજાર રૂપિયા એણે મને જ આપવાના હતા !’

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિષદની પુરાણી પ્રથા

લેખક :
શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી

આપણા દેશમાં આજે અનેકાનેક વિષયો પર પરિષદો અને સંમેલનો ભરવાનું એટલું સુલભ થઈ ગયું છે કે તેનું મૂળ જોવાનું સામાન્ય રીતે સૂઝે નહિ અને અસર એવી રહે કે આ પ્રથા પશ્ચિમમાંથી આપણે લીધી હશે. પ્રાચીન ભારતવર્ષમાં-ઉપનિષદ-કાળમાં યે પરિષદો ભરાતી હશે એનો ખ્યાલ ઘણાને ન યે આવે. પુરાતન પરિષદોનું મૂળ, તેના વિવિધ પ્રકારો અને તેના ઐતિહાસિક ક્રમનું સંશોધન આ લેખમાં રજૂ થાય છે.

કવિ કાન્તે ખરું જ કહ્યું છે કે:
'પરિષદો છે પુરાણી પ્રથા આપણી'
આ પુરાણી પ્રથાના પુરાણાસ્વરૂપ વિષે તથા તેમાં કાળક્રમે થયેલાં રૂપાન્તરો વિષે સંસ્કૃત સાહિત્યમાંથી તથા પરંપરાથી જે અલ્પ માહિતી મળે છે, તેનો સાર અહીં આપ્યો છે.

પરિષદ શબ્દને સ્થાયી સંસ્થાના અર્થમાં હાલમાં આપણે રૂઢ કર્યો છે પણ જૂના કાળમાં એનો સ્થાયી સંસ્થા અર્થ રૂઢ નહોતો.

સભા અર્થનો વાચક સમિતિ શબ્દ પ્રાચીનતમ આર્યસાહિત્ય–ઋગ્વેદમાં મળે છે. દા.ત. 'રાજાઓ જેમ સમિતિમાં એકઠા મળે છે' (ઋ. ૧૦-૯૭). એ તથા એ જાતના બીજા વૈદિક ઉલ્લેખો જોતાં ઋગ્વેદકાળમાં રાજાઓ એટલે કે ક્ષત્રિયોની–ક્ષત્રિય મુખ્ય પુરુષોની સભાઓ મળતી એમ દેખાય છે. આ ઋગ્વેદીય સમિતિના કામકાજની પદ્ધતિ વિષે અથવા એના હાથમાં કેટલી સત્તા હતી એ વિષે આપણે ખાસ કાંઈ જાણતા નથી; પણ બ્રાહ્મણકાલીન વિદ્યાવૃદ્ધિ અર્થે મળતી સમિતિઓ કે પરિષદો વિષે આપણને ઠીકઠીક માહિતી મળે છે.

બ્રાહ્મણકાળમાં પણ ઋગ્વેદકાલીન રાજકીય સમિતિઓ તો ચાલુ રહેલી જ હતી; કારણકે પછીના બૌદ્ધકાળમાં કેટલાંક મહાજનસત્તાક રાજ્યો હતાં અને તેમાં રાજ્યકારણનો વિચાર કરવા માટે વૃદ્ધ રાજકારણી પુરુષો સમિતિઓમાં એકઠા થતા એ ઇતિહાસપ્રસિદ્ધ છે; પણ અહીં એ સમિતિઓનું પ્રયોજન નથી. બ્રાહ્મણકાળમાં આ સિવાય મોટા યજ્ઞો વખતે જે ઋત્વિજો તથા બીજા બ્રાહ્મણો એક સ્થળે એકઠા થતા તેઓની યે પરિષદો મળતી. બૃહદારણ્યક ઉપનિષદમાં આવી એક પરિષદનું સરસ વર્ણન છે. તેમાં કહ્યું છે, કે "વિદેહના રાજા જનકે ઘણી દક્ષિણા જેમાં આપવાની હતી એવો યજ્ઞ એકવાર કર્યો હતો. આ પ્રસંગે કુરુ અને પંચાલ દેશના બ્રાહ્મણો એકઠા થયા હતા. ત્યારે રાજા જનકને એકઠા થયેલા આ બ્રાહ્મણોમાં સૌથી વધારે જ્ઞાની બ્રાહ્મણ કોણ છે એ જાણવાની ઇચ્છા થઈ; એટલે તેણે એક હજાર ગાયોને (સભાસ્થાન આગળ) ઊભી રાખી. આ દરેક ગાયના શિંગડા સાથે સોનાની દસદસ ખરીઓ બાંધેલી હતી. પછી તેણે બધા બ્રાહ્મણોને કહ્યું, કે 'પૂજ્ય બ્રાહ્મણો! તમારામાંથી જે કોઈ બ્રહ્મિષ્ઠ (શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની) હોય તે આ ગાયોને લઈ જાય.' કોઈ બ્રાહ્મણ ગાયો લેવા આગળ ન આવ્યો; ત્યારે યાજ્ઞવલ્કયે પોતાના શિષ્યને કહ્યું, કે 'ભાઈ સામશ્રવા! આ ગાયોને લઈ જા.' અને તે ગાયોને દોરી ગયો. આ જોઈને તે બધા બ્રાહ્મણોને ક્રોધ ચડ્યો. એ બધામાંથી રાજા જનકને હમેશાં યજ્ઞ કરાવનાર અશ્વલ હતા, તેણે યાજ્ઞવલ્કયને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછયું: 'યાજ્ઞવલ્કય ! તું શું, અમારા બધામાં, બ્રહ્મિષ્ઠ છે?' તેણે જવાબ આપ્યો: 'અમે બ્રહ્મિષ્ઠને નમસ્કાર કરીએ છીએ. અમે તો ગાયો લેવાની ઇચ્છાવાળા છીએ."

યાજ્ઞવલ્કયના ઉપલા ઉપહાસ જેવા ઉત્તરથી બ્રાહ્મણોને વધારે ક્રોધ ચડ્યો હશે, એટલે અશ્વલ આદિ એકઠા થયેલા બ્રાહ્મણોએ યાજ્ઞવલ્કયના જ્ઞાનની પરીક્ષા કરવા માટે તેને ઔપનિષદવિદ્યા સંબંધી પ્રશ્નો પૂછવા માંડ્યા. આ એકઠા થયેલા બ્રાહ્મણોમાં ગાર્ગી વાચક્નવી નામની બ્રહ્મવાદિની સ્ત્રી પણ હતી. તેણે પણ પ્રશ્નો પૂછયા છે. એક પછી એક પ્રશ્ન પૂછનારને યાજ્ઞવલ્કય ઉત્તર આપે છે, જેથી તે પૂછનાર સંતુષ્ટ થઈને બેસી જાય છે અને બીજો બ્રાહ્મણ પ્રશ્ન પૂછવા ઊભો થાય છે. આવું વિદેહના આ પ્રાચીનતમ વિદ્વત્સંમેલનનું વર્ણન છે. રાજા જનક તો આરંભના શબ્દો પછી શ્રોતા જ રહ્યા લાગે છે. બધો સંવાદ યાજ્ઞવલ્કય અને અશ્વલાદિ બ્રાહ્મણો વચ્ચે જ ચાલે છે અને છેવટે યાજ્ઞવલ્કયે બધાને પૂછેલા એક પ્રશ્નનો કોઈ ઉત્તર આપવાની હિંમત કરતું નથી એટલે આધ્યાત્મિક રહસ્યબોધક થોડા શ્લોકો વડે યાજ્ઞવલ્કય ઉપસંહાર કરે છે.

વિદેહના જનકની આ પ્રાચીન સમિતિમાં વિદ્યાનું ઉચ્ચ વાતાવરણ છે. આધ્યાત્મિક જિજ્ઞાસાને સંતોષવા માટે જ બધો સંવાદ થયો છે. અધ્યાત્મ વિદ્યાની દ્રષ્ટિથી એ ઉપનિષદના બીજા ભાગો અને આ ભાગ વચ્ચે કશો તફાવત નથી; પણ સમિતિમાં એકઠા મળેલા બ્રાહ્મણોના વર્તનનું વાતાવરણ નિર્મળ નથી. આરંભમાં જ બ્રાહ્મણો ક્રોધ કરે છે, પછીથી એક સભાસદને ઔપનિષદ પુરુષના અજ્ઞાન માટે 'તારું માથું પડી જશે' એ રીતે યાજ્ઞવલ્કય શાપ આપે છે.

ઔપનિષદ પછીના સમયમાં, ઉપર જેનું વર્ણન કર્યું તે પ્રકારની, સભા-સમિતિએ મળવાનું સર્વદા ચાલુ રહ્યું છે. પાછલા કાળની સભાઓમાં વિદ્યાનું પ્રમાણ ઘટ્યું છે અને વર્તનની મલિનતાનું પ્રમાણ વધ્યું છે પણ એ ઇતિહાસ ઉપર દૃષ્ટિ કર્યા પહેલાં ઉપનિષત્કાલીન તથા તત્પશ્ચાત્કાલીન પણ ઉભયથા વિશુદ્ધ સમિતિનું દર્શન કરી લઈએ.

છાંદોગ્ય ઉપનિષદમાં આખ્યાયિકા છે કે "આરૂણેય શ્વેતકેતુ પંચાલોની સમિતિમાં ગયો હતો. ત્યાં તેને પ્રવાહણ જૈવલિએ પૂછયું: 'કુમાર! તને પિતાએ શિક્ષણ આપ્યું છે?' કુમારે જવાબ આપ્યો: 'હા;' એટલે પ્રવાહણે તેને પ્રશ્નો પૂછયા, જેની પોતાને ખબર ન હોવાથી એ પાછો પોતાને ઘેર જાય છે અને પિતાને કહે છે, કે 'તમે મને ભણાવ્યા વગર, તને ભણાવી દીધું એવું કેમ કહ્યું? રાજન્યબન્ધુ (પ્રવાહણ જૈવલિ)એ મને પાંચ પ્રશ્નો પૂછયા, જેમાંથી એકેયની મને ખબર નહોતી.' ત્યારે પિતાએ કહ્યું: 'હું એ જાણતો હોઉં તો તને કેમ ન કહું?' પછી તે પોતે જ પ્રવાહણ જૈવલિને ઘેર જાય છે અને તેની પાસેથી પંચાગ્નિ વિદ્યા શીખે છે." (છાં. ઉ. ૫, ૩)

આ વિદ્યાગ્રહણના પ્રસંગમાં ભાગ લેનાર કોઈના ચિત્તમાં કશી કલુષિતતા નથી.

છાં. ઉ.માં જ એક બીજી આખ્યાયિકા એવી છે કે 'શિલક શાલાવત્ય, ચૈકિતાયન દાલ્ભ્ય અને પ્રવાહણ જૈવલિ, એ ત્રણેય ઉદ્ગીથ વિદ્યામાં કુશળ હતા. તેઓએ કહ્યું કે 'ચાલો, આપણે ઉદ્ગીથ વિષે કથા કરીએ.' પછી તેઓ બેઠા અને ચર્ચા કરી. (છાં. ઉ. ૧-૮) એ જ ઉપનિષદમાં ત્રીજી આખ્યાયિકા એવી છે કે પ્રાચીનશાલ ઔપમન્યવ, સત્યયજ્ઞ પૌલુષી, ઇન્દ્રદ્યુમ્ન ભાલ્લવેય, જનશાર્કરાક્ષ્ય અને બુડિલ આશ્વતરાશ્વિ; એ મહાશાલ મહા શ્રોત્રિય (મોટા મકાનમાં રહેનારા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણો ભેગા મળીને વિચાર કરવા લાગ્યા; કે 'કોણ આત્મા છે? અને બ્રહ્મ શું છે?' પછી 'હમણાં ઉદ્દાલક આરૂણિ આ વૈશ્વાનર આત્માનો અભ્યાસ કરે છે માટે ચાલો એની પાસે જઈએ.' એમ વિચારી એ બધા ઉદ્દાલક પાસે જાય છે. તેને વિચાર થાય છે કે 'આ મોટા શ્રોત્રિયો છે, કદાચ પોતે બધો ખુલાસો ન કરી શકે માટે એણે પોતાની પાસે આવેલા બધાને કહ્યું, કે 'ચાલો, આપણે અશ્વપતિ કૈકય, જે એ જ વિદ્યાનો અભ્યાસ કરે છે તેની પાસે જઈએ.' અને પછી બધા સમિધ હાથમાં લઈને અશ્વપતિ પાસે જાય છે અને અશ્વપતિ પહેલાં દરેકને 'તમે કયા આત્માની ઉપાસના કરો છો?' એ પૂછે છે અને પછી પોતે જે વિશેષ જાણે છે તે કહે છે. (છાં. ઉ. ૫-૧૧-૧૨ વગેરે)

ઉપર જેનો સાર ઉતાર્યો છે એ ઔપનિષદ સમિતિઓમાં વિદ્યાવૃદ્ધિના ઉદ્દેશથી એકઠા મળીને વિદ્વાનો વિચાર કરે છે અને કોઈની વિશેષજ્ઞ તરીકે ખ્યાતિ હોય તો તેની પાસે વિશેષ જ્ઞાન મેળવવા બધા સાથે પણ જાય છે. અહીં એક જ ઐતિહાસિક હકીકત ઉપર ધ્યાન ખેંચવાનું છે કે ઔપનિષદ વિદ્યાવૃદ્ધિના આ પ્રયત્નોમાં વિશેષજ્ઞના જ્ઞાનાધિક્યનો સ્વીકાર છે પણ એની ખાસ વિદ્યા પૂરતો; પરિણામે ધાર્મિકની નહિ પણ વિદ્યાના ઉપાસકની બુદ્ધિનું જ વર્ચસ્વ ઉપનિષત્કાળમાં દેખાય છે.

આ પછીના કાળની પણ જરા જુદા પ્રકારની, તાત્ત્વિક ચર્ચા અર્થે નહિ પણ ધાર્મિક નિર્ણય કરવા માટે મળેલી પરિષદોનું જે વર્ણન બૌદ્ધ ગ્રંથોમાં મળે છે તેની જરા ઝાંખી કરી લઈએ.

બૌદ્ધશ્રુત પરંપરા પ્રમાણે ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી તરતમાંજ કાશ્યપ, આનંદ અને ઉપાલિની હાજરીમાં રાજગૃહમાં બુદ્ધવચનોનો વિચાર કરવા માટે એક પરિષદ મળી હતી. પછી ૧૧૮ વર્ષ પછી વૈશાલીમાં દશ મિથ્યાવાદોનો વિચાર અને ત્યાગ કરવા માટે બીજી બૌદ્ધ પરિષદ મળી હતી. અને મૌર્ય ચક્રવર્તી અશોકના વખતમાં એક આવી જ પરિષદ પાટલીપુત્રમાં મળી હોવાની દંતકથા છે. પછી કનિષ્કના કાળમાં બૌદ્ધ સંપ્રદાયમાં પ્રચલિત પરસ્પર વિરુદ્ધવાદોની ચર્ચા કરીને પ્રમાણભૂત પાઠ નક્કી કરવા માટે કાશ્મીરમાં એક પરિષદ મળી હતી. આ પરિષદમાં હીનયાનના સર્વાસ્તિવાદના પાંચસો જેટલા અનુયાયીઓ મુખ્યત્વે એકઠા થયા હતા. આ પરિષદના પ્રમુખપદે વસુમિત્ર હતા અને કવિ અશ્વઘોષ પણ તેમાં હાજર હતા. આ પરિષદની ચર્ચાને પરિણામે મહાવિભાષા નામે બૌદ્ધ ગ્રંથ લખાયો હતો, જે ચીની ભાષામાં ઉપલબ્ધ છે.×

આ બૌદ્ધ ધાર્મિક પરિષદોથી જુદી જાતની ઔપનિષદ પ્રકારની ઉપનિષત્કાળ પછીના સમયની અને ઉભયથા વિશુદ્ધ વાતાવરણવાળી વિદ્યાસમિતિઓનું વૈદક સાહિત્યમાં જળવાઈ રહેલું વર્ણન હવે જોઈએ. આયુર્વેદના પ્રાચીનતમ ગ્રંથ ચરકસંહિતાના પણ જૂના થરમાં નીચેની કથા મળે છે.

ચરક સૂ. અ. ૨૬નો આરંભ આ પ્રમાણે છે: 'આત્રેય ભદ્રકાપ્ય, શાકુનીય, મૌદ્ગલ્ય પૂર્ણાક્ષ, કૌશિક હિરણ્યાક્ષ, કુમારશિરા ભરદ્વાજ, બુદ્ધિશાળીઓમાં ઉત્તમ એવા રાજા વાર્યોવિદ, વિદેહના રાજા નિમિ, મહાબુદ્ધિશાળી બડિશ અને બાલ્હીક દેશના વૈદ્યોમાં શ્રેષ્ઠ એવા બાલ્હીકના કાંકાયન એટલા વિદ્યામાં અને વયમાં વૃદ્ધ તથા જેનું ચિત્ત પોતાને વશ છે એવા મહર્ષિઓ રમણીય

× આ બૌદ્ધ પરિષદોની સવિસ્તર ચર્ચા વીન્સેન્ટ સ્મિથે જ, રૉ. એ. સો. ૧૯૦૧ પૃ. ૧૪૨-૫૮માં કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૈત્રરથ વનમાં વિહાર કરવાની ઇચ્છાથી એકઠા થયા હતા. ત્યાં (સભામાં) બેઠેલા તે રસાદિ અર્થોના જ્ઞાનીઓ વચ્ચે નીચે પ્રમાણે રસ અને આહારના જ્ઞાન સંબંધી અર્થભરપૂર કથા (ચર્ચા) થઈ.'

આ ચર્ચાની પછીની વિગતમાં વૈદ્યેતર વાંચનારને રસ આવવાનો સંભવ નથી; પણ એ જ ગ્રંથમાંથી બીજી એક આવી જ સમિતિનું વર્ણન હવે જોઈએ.

ચરક સૂ. અ. ૨૫માં આયુર્વેદાચાર્ય મહર્ષિઓની સમિતિનું જરા જુદી રીતે વર્ણન છે. એમાં જે મહર્ષિઓ સમિતિમાં એકઠા મળ્યા હતા, તેઓનાં નામો આરંભમાં નથી આપ્યાં પણ પ્રત્યેક મહર્ષિ બોલવા ઊભા થાય છે ત્યારે એમનું નામ આપ્યું છે. સમિતિના વર્ણનની શરૂઆત નીચે પ્રમાણે કરી છે. 'જૂના કાળમાં જેને (વસ્તુઓનાં ગુણકર્મોનું) પ્રત્યક્ષ જ્ઞાન છે એવા ભગવાન પુનર્વસુ પાસે (અર્થાત્ એમના સભાપતિપદ નીચે) એકઠા મળેલા મહર્ષિઓ વચ્ચે આત્મા, મન, ઇંદ્રિયો અને તેના વિષયોના સમુદાયરૂપ માણસ તથા તેને થતા રોગો અને એની ઉત્પત્તિ સંબંધી નીચેની કથા (ચર્ચા) થઈ.'

આ સભામાં પહેલાં કાશીપતિ વામક ઋષિઓની સમિતિ આગળ જઈને તથા અભિવાદન કરીને એક ગૂઢ પ્રશ્ન પૂછે છે. એટલે પુનર્વસુ બધા ઋષિઓને કહે છે કે 'તમે બધા અમિત જ્ઞાનવિજ્ઞાનથી જેના સંશયો છિન્ન થઈ ગયા છે, એવા છો તો કાશીરાજની શંકાને દૂર કરો.'

પછી મૌદ્‌ગલ્ય પારીક્ષિ, શરલોમા, હિરણ્યાક્ષ, કુશિક, કૌશિક, ભદ્રકાપ્ય, ભરદ્વાજ, કાંકાયન અને ભિક્ષુ આત્રેય એટલા ઋષિઓ પોતપોતાનો મત આપે છે અને બધા મતો સાંભળ્યા પછી વિવાદ કરતા ઋષિઓને પુનર્વસુ ઉપસંહાર કરતાં કહે છે કે 'ગમે તે એક જ પક્ષને પકડી બેસવાથી તત્ત્વ પ્રાપ્ત થતું નથી. એક અમુક વાદ (અં. થીયરી) નો કે તેના વિરુદ્ધ વાદનો એ જ સત્ય છે એવો નિશ્ચય કરી લેવાથી (શોધને) સત્ય પાસે પહોંચાતું નથી; પણ ઘાણી જેવી ગતિ થાય છે. માટે વાદની અથડામણ છોડી દઈને અધ્યાત્મચિંતન કરો; કારણકે તમોગુણનો પડદો દૂર થયા વગર જાણવા યોગ્ય વસ્તુમાં જ્ઞાનની પ્રવૃત્તિ જ થતી નથી.'

પુનર્વસુનો અંતિમ ઉપદેશ તો સનાતન સત્ય છે. ચરકમાં વર્ણવેલી આ સમિતિઓ આધુનિક વૈજ્ઞાનિક પરિષદની નાનીનાની સમિતિ (અં. કમિટી) ઓની સભાઓ જેવી લાગે છે.

છાંદોગ્ય ઉપનિષદ તથા ઉપલા ચરકના વર્ણનમાંથી અને એના આગલાપાછલા ભાગમાંથી એટલું સ્પષ્ટ તરી આવે છે કે આ પ્રાચીન સમિતિઓનું વાતાવરણ રાગદ્વેષરહિત વિશુદ્ધ છે. ચર્ચા અથવા કથા વિદ્યાવૃદ્ધિ અર્થે જ થાય છે, પ્રશ્નો કે ઉત્તરોમાંથી સ્પર્ધા કે વિજિગીષાની નહિ પણ જિજ્ઞાસાની સુગંધ આવે છે.

ઉપનિષત્કાળથી ગઈ કાલ સુધી સભાઓ-સમિતિઓ પરિષદોની પરંપરા આ દેશમાં ચાલુ રહી છે, પણ ચરકોક્ત ઉપલી સમિતિઓ પછીના સમયમાં સભા-સમિતિઓના વાતાવરણમાં ભારે પરિવર્તન થઈ ગયું છે. ચરકસંહિતામાંથી મળતા પ્રકાશની મદદથી જ પરિષદોની પરંપરાનો પછીનો ઇતિહાસ અવલોકીએ.

ચરકસંહિતામાં એક સ્થળે (વિ. અ. ૮) સંભાષાવિધિ (ચર્ચાપદ્ધતિ) નું વર્ણન છે. તેમાં કહ્યું છે કે 'વૈદ્યે વૈદ્ય સાથે સંભાષા (ચર્ચા) કરવી. તદ્વિદ્યસંભાષા (તે તે વિષયના નિષ્ણાત સાથેની ચર્ચા) જ્ઞાનમાં મનોયોગ કરનારી તેમ જ સ્પર્ધા ઉત્પન્ન કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારી છે. વળી તદ્વિદ્યસંભાષા પાંડિત્ય વધારે છે, બોલવાની શક્તિ આપે છે, યશ આપે છે, પહેલાં મેળવેલી વિદ્યામાં કાંઈ સંદેહ હોય તો તે દૂર કરે છે. જેને સંદેહ ન હોય તેના પણ નિશ્ચયને દૃઢ કરે છે. તથા કોઈ વાર પહેલાં ન સાંભળેલી વિદ્યા જાણવા મળી જાય છે.' તદ્વિદ્યસંભાષાની આવી પ્રશંસા કર્યા પછી કહે છે કે 'તદ્વિદ્યસંભાષા બે જાતની છે. (૧) સંધાય સંભાષા અને (૨) વિગૃહ્ય સંભાષા.' ન્યાયસૂત્રમાં પણ આ વિષયની ચર્ચા છે જ. ખરી રીતે આ ન્યાયશાસ્ત્રનો જ વિષય છે. ન્યાયસૂત્રમાં પણ આ બે પ્રકાર કહેલા જ છે. પહેલાને ન્યાયશાસ્ત્ર 'તદ્વિદ્ય સાથે સંવાદ' (ચરકના સંભાષા શબ્દને બદલે ન્યાયશાસ્ત્રમાં સંવાદ કે વાદ શબ્દ વાપર્યો છે) કહેલ છે. વળી આવો સંવાદ શિષ્ય, ગુરુ અને બ્રહ્મચારી જેવા અસૂયારહિત, અક્રોધી તથા ક્લેશ સહન કરી શકે એવા માણસો સાથે કરવો એમ ચરકસંહિતા તથા ન્યાયશાસ્ત્ર ભલામણ કરે છે. ટૂંકમાં તદ્વિદ્ય સાથે જ્ઞાન મેળવવાની ઇચ્છાથી જે ચર્ચા કરવામાં આવે તેનું નામ સંધાય સંભાષા કે સંવાદ. ઉપનિષદોમાંની પહેલી સિવાયની તથા ચરકની સમિતિઓ તે સંધાય સંવાદ માટે મળેલી પરિષદોના દાખલા છે.

આ સંધાય સંભાષાથી ઊલટી તે વિગૃહ્ય સંભાષા એટલે વિરોધી ભાવથી કરેલી ચર્ચા, જેના ન્યાયશાસ્ત્રમાં જલ્પ અને વિતણ્ડા એવા બે ભેદ પાડ્યા છે. તેમાં સામા પક્ષ ઉપર વિજય મેળવવાની ઇચ્છાથી પ્રવૃત્તિ થાય છે. વળી ચરકસંહિતામાં કહ્યું છે તેમ આવી વિગૃહ્ય સંભાષાઓ કાંઈ બે વાદ કરનારાઓ એકલા બેસીને કરતા નહિ પણ પરિષદોમાં આવા વાદો થતા. પરિષદોના જ્ઞાનયુક્ત અને મૂઢવિરોધી અને ઉદાસીન વગેરે અનેક પ્રકારો ચરકે વર્ણવ્યા છે. આ વિગતોમાં ઊતરવાની આપણને જરૂર નથી. પણ એ વચનોના કાળથી ગઈ કાલ સુધી જે પરિષદો આ દેશમાં ચાલુ મળતી રહી છે તેનું હવે નમૂનાના દાખલાઓ વડે ઐતિહાસિક અવલોકન કરીએ.

બૃહદારણ્યક ઉપનિષદમાંથી વિદેહના રાજા જનકની જે સભાનું વર્ણન ઉપર ઉતાર્યું છે તે પરંપરાની, રાજાએ યજ્ઞ પ્રસંગે તથા પાછલા કાળમાં કોઈ રાજાએ નવા દેવસ્થાનની સ્થાપના પ્રસંગે અથવા પોતાના રાજ્યારોહણના કે જન્મદિવસના ઉત્સવ પ્રસંગે બોલાવેલી પંડિતોની સભાઓ બૃહદારણ્યક ઉપનિષદના કાળથી એટલે કે ઈ. સ. પૂર્વે આઠમા શતકથી અથવા ચરકસંહિતાના ઉપલાં કથનોના કાળથી એટલે ઈ. સ. પહેલા શતકથી આ દેશમાં ભરાતી આવી છે. આ દેશના નાના કે મોટા બધા રાજાઓએ વારંવાર આવી પંડિતોની સભાઓ ભરીને બેસવાનો એક કરતાં વધારે વાર આનંદ લીધો હશે. જેમ મલ્લકુસ્તી જોવી, કુક્કુટયુદ્ધ જોવાં, હાથીઓની સાઠમારી જોવી, નૃત્ય, સંગીત અને નાટકનો આસ્વાદ લેવો તેમ સભામાં પંડિતોનો વાગ્વિલાસ સાંભળવો એ જૂના રાજાઓની એક મોજ હતી. આ રાજાશ્રિત પંડિતસભાના બે મુખ્ય પ્રકાર હતા: એક કાવ્યવિનોદ માટે મળેલી સભાનો પ્રકાર અને બીજો શાસ્ત્રાર્થ માટે મળેલી સભાનો પ્રકાર.

કાવ્યવિનોદ માટે મળેલી સભામાં એકઠા થયેલા કવિઓ કોઈવાર પોતપોતાની નવી રચનાઓ—ખાસ તો રાજાની વિવિધભંગીથી સ્તુતિ કરતી, કથનશૈલીના ચમત્કારમાં રાચતી પદ્યરચનાઓ સંભળાવતા; તો કોઈવાર સમસ્યાપૂર્તિની હરીફાઈમાં શીઘ્ર પદ્યરચનાશક્તિનો પરિચય આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાના ચિત્તને આનંદ આપતા તથા એ કવિઓ પોતે પણ એ વ્યાયામનો હર્ષ અનુભવતા હશે.

આ પ્રકારની કવિસભાઓનું વર્ણન બલ્લાલકૃત ભોજપ્રબંધમાં તથા મેરુતુંગ, રત્નમંદિરગણિ વગેરેના ભોજપ્રબંધોમાં મળે છે. વળી રાજશેખરસૂરિના ચતુર્વિંશતિ પ્રબંધમાં ગુજરાતના રાજા વીશલદેવ(ઈ. સ. ૧૨૨૪ થી ૧૨૬૨)ની રાજસભામાં વામન, સોમાદિત્ય, કમલાદિત્ય વગેરે જુદાજુદા કવિઓએ આપેલી ૧૦૮ સમસ્યાઓ અમરચન્દ્ર કવિએ પૂરી કરી હોવાનું વર્ણન છે. રાજાઓ તરફથી કવિઓને દાનો મળતાં એ કહેવાની જરૂર નથી.

આજે કવિઓની સભાઓનો ઉપર ઉલ્લેખ કર્યો છે તે સંસ્કૃત ભાષામાં કાવ્યવિનોદ કરનારી સભાઓના દાખલા છે; અને સંસ્કૃત ભાષા લોકની સામાન્ય ભાષા મટી ગઈ તે પછી રાજાઓ અને રાજપૂત સરદારો, શેઠિયાઓ વગેરે રાજસભામાં બેસનારાઓ સંસ્કૃત ન સમજતા હોવા છતાં સંસ્કૃત પંડિતો સંસ્કૃતમાં કાવ્યવિનોદ કરતા તથા શાસ્ત્રચર્ચા પણ કરતા, એ આશ્ચર્યકારક લાગે પણ સાચી હકીકત છે. પણ હિંદી આદિ દેશીભાષાઓમાં સાહિત્ય ખેડાવા માંડ્યા પછી રાજસભાઓમાં ઘણીવાર–ખાસ કરીને હિંદી કવિઓનો હિંદીમાં કાવ્યવિનોદ ચાલતો હોવાના ઘણા દાખલા મળે છે–વિશેષ કરીને રાજપૂતાનાના ઇતિહાસમાં. વળી મહાન મોગલ શહેનશાહ અકબરની રાજસભાની અનેક ધર્મોને લગતી ધાર્મિક ચર્ચાઓ ઇતિહાસપ્રસિદ્ધ છે. એ તો મોટે ભાગે ઉર્દૂમાં ચાલતી હશે.

રાજાના આશ્રય વગર પણ સહજ રીતે થોડા પંડિતો ક્યાંય એકઠા થઈ જાય તો પણ તેઓની વચ્ચે કાવ્યવિનોદ કે શાસ્ત્રચર્ચા ચાલે એ જૂની પેઢીઓના પંડિતોની સામાન્ય પ્રથા હતી; પણ રાજાશ્રિત સભાનું ગૌરવ જુદું જ હોય એ સ્વાભાવિક છે. એમાં પંડિતોને પોતાની શક્તિ બતાવવાનો આગ્રહ વધારે રહે એ કુદરતી છે. કાવ્યચર્ચા માટે મળેલી સંસ્કૃત પંડિતોની રાજાશ્રિત સભાના દાખલા ઉપર જોયા. હવે શાસ્ત્રચર્ચા માટે મળતી રાજાશ્રિત સભાનો દાખલો જોઈએ. આ પ્રકારની એક ઐતિહાસિક સભાનું સરસ વર્ણન મુદ્રિત કુમુદચન્દ્ર પ્રકરણ નામના જૈનકવિ યશશ્ચન્દ્રે લખેલા નાટકમાં મળે છે. ગુજરાતના સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહની સભામાં સં. ૧૧૮૧માં થયેલા જે વાદનું વર્ણન આ નાટકમાં કરવામાં આવ્યું છે તે ઐતિહાસિક હકીકત લાગે છે. સિદ્ધરાજના અધ્યક્ષપદે તેની રાજસભામાં જૈનધર્મની શ્વેતામ્બર અને દિગમ્બર નામની બે મુખ્ય શાખાઓના બે પ્રતિનિધિઓ વચ્ચે પ્રચંડ વાદ થયો હતો. તેમાં શ્વેતાંબર શાખાના પ્રતિનિધિ દેવસૂરિ હતા અને દિગંબર શાખાના પ્રતિનિધિ કર્ણાટકના દિગંબરાચાર્ય કુમુદચંદ્ર હતા. આ વાદમાં કુમુદચંદ્ર હારી ગયા એવું વર્ણન છે. અલબત્ત, લેખક શ્વેતાંબરાનુયાયી છે, પણ ગુજરાતમાં એ વખતથી શ્વેતાંબરનો જ પ્રચાર રહ્યો છે એ હકીકત છે. આ રાજસભામાં બીજા સભ્યો પણ હતા અને સિદ્ધરાજની સભામાં વ્યાકરણ, ન્યાય, કાવ્ય વગેરેના વિદ્વાનો હતા એમ એ નાટકમાં જ કહ્યું છે. પણ રાજા પોતે જ વાદમાં વધારે ભાગ લે છે; બાકી મુખ્ય વાદીપ્રતિવાદી વચ્ચેના વાદમાં ઉચ્ચ શાસ્ત્રીયતા નથી અને ક્ષુદ્ર આક્ષેપો છે. એ કદાચ નાટકના લેખકની સામાન્ય લોકને રાજી કરવાની વૃત્તિનું પરિણામ હશે.

રાજાશ્રિત નહિ એવી પણ બીજી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૫૦]

ઉપરના વર્ણનને મળતી શાસ્ત્રાર્થ માટે મળેલી એક સમિતિનું વર્ણન શંકરદિગ્વિજયમાં મળે છે. ચૌદમા શતકમાં લખાયેલા આ ગ્રંથમાં શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે થયેલા વાદનું ખૂબ મનોરંજક વર્ણન કરેલું છે. આ વાદ મંડનમિશ્રના ઘરમાં થાય છે. વાદ સમયે શંકરના શિષ્યો તેમ જ મંડનમિશ્રના શિષ્યો હાજર હશે, પણ વાદ તો શંકર અને મંડનમિશ્ર વચ્ચે જ થાય છે; અને બે ય વાદીઓ મંડનમિશ્રની પત્ની ભારતી(સરસ્વતી)ને મધ્યસ્થ તરીકે સ્થાપે છે. આ પ્રખ્યાત વાદના આરંભમાં બે સમર્થ વિદ્વાનો વચ્ચે જે ક્ષુદ્ર શબ્દચ્છલ યુક્ત ટપાટપી થાય છે તે એકેયને શોભાસ્પદ નથી; પછી સિદ્ધાંતવિષયક શાસ્ત્રાર્થ થાય છે, જેમાં શંકરનો વિજય થયો હોવાનો ભારતી નિર્ણય આપે છે, જેને પરિણામે પહેલા થયેલા ઠરાવ પ્રમાણે મંડનમિશ્ર શંકરના શિષ્ય થાય છે.

શંકરાચાર્ય પછી લગભગ છસો વર્ષે લખાયેલા આ શંકરદિગ્વિજય કાવ્યના ઉપલા વર્ણનમાં કદાચ ઐતિહાસિક તથ્ય શંકર અને મંડનમિશ્રની સમકાલીનતા સિવાય કશું જ નહિ હોય. એ કાવ્યમાં વર્ણવેલા બીજા પ્રસંગોમાં પણ યોગસિદ્ધિઓના ચમત્કારનું જ તત્ત્વ ઘણું છે, જ્યારે ઐતિહાસિક તત્ત્વ નહિ જેવું છે. દિગ્વિજયકાર શાંકરમતાનુયાયી હોઈને શંકરાચાર્યનો વિજય વર્ણવે એ સ્વાભાવિક છે.

શંકરદિગ્વિજયમાં વર્ણવેલા વાદો ભલે કલ્પિત હોય, પણ સંપ્રદાયસ્થાપક આચાર્યો પોતપોતાના ધર્મનો પ્રચાર કરવા અર્થે દેશમાં જેને અનુયાયીઓએ દિગ્વજય તરીકે વર્ણવેલી છે તેવી યાત્રાઓ કરતા અને એ પ્રસંગે વાદો પણ થતા એ ઐતિહાસિક હકીકત છે. વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય વલ્લભાચાર્યના દિગ્વિજયની તથા વિજયનગરની રાજસભામાં થયેલા શાસ્ત્રાર્થમાં આચાર્યે મેળવેલા વિજયનું તથા તે પછી ત્યાંના રાજાએ વલ્લભાચાર્યને તુલાદાન આપી અથવા કનકાભિષેક કરી સત્કાર કર્યો હોવાનું વલ્લભાચાર્યના ચરિત્રલેખકોએ વર્ણન કર્યું છે.× આ દિગ્વિજયની તથા તેના એક કાર્યક્રમ તરીકે વિવિધ સ્થળે વાદસભાઓની યોજનાઓની પ્રથા શંકરાચાર્ય પહેલાંની તો ચોક્કસ ખબર નથી પણ તે પછીથી આર્યસમાજના સ્થાપક દયાનંદ સરસ્વતીના જીવનકાળ પર્યંત ચાલુ રહી છે.

વાદસભાઓ આચાર્યોમાં મર્યાદિત હશે એવું ઉપર બે આચાર્યોના શાસ્ત્રાર્થોની સભાઓનો દાખલો આપ્યો છે તેથી ન માનવું. પંડિતોની સભાઓ આ દેશમાં સ્થળેસ્થળે મળ્યા કરે અને તેમાં વ્યાકરણ, ન્યાય જેવા વિદ્યાવિષયક કે ધર્મ વિષયને લગતાં શાસ્ત્રાર્થો ચાલે એ સેંકડો વર્ષથી ચાલતી સામાન્ય પ્રથા હતી. આર્યસમાજના પંડિતો અને સનાતની પંડિતો વચ્ચે આવા શાસ્ત્રાર્થોની વાતો હું નાનો હતો ત્યારે ઘણીવાર સાંભળતો, જો કે એવા શાસ્ત્રાર્થ માટે મળેલી કોઈ સભામાં ગયો નથી. ભિન્નભિન્ન સંપ્રદાયના અનુયાયી સનાતની પંડિતો વચ્ચે પણ શાસ્ત્રાર્થો ચાલ્યા કરતા અને આવા શાસ્ત્રાર્થ પ્રસંગે પંડિતોની વાણી ઉચ્ચ શાસ્ત્રાર્થની ભૂમિકામાંથી હલકી ગાળાગાળીમાં ઊતરી પડે અને કોઈવાર મારામારી પણ થઈ જાય એમાં ખાસ નવાઈ નહોતી. ટૂંકમાં ચરકની આ વિગૃહ્યસંભાષા પરિષદોમાંથી સંભાષા ઊડી જઈ વિગ્રહ જ બાકી રહેતો.

× **વલ્લભાચાર્યના કૃષ્ણનગરમાં થયેલા શાસ્ત્રાર્થની વિશેષ ચર્ચા માટે જુઓ મારો વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ (૧૯૩૯) પૃ. ૨૫૧.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ધાર્મિકથી જુદી જાતની પંડિતોની માત્ર વ્યાકરણ કે ન્યાયના કોઈક કૂટ પ્રશ્નની ચર્ચા કરનારી પરિષદો જ્યારે મળતી ત્યારે તેમાં મુખ્ય તો વિજયેચ્છાની પ્રેરકતા રહેતી. પ્રત્યેક પંડિત પોતાનું પાંડિત્ય દર્શાવવા ઈચ્છતો, છતાં કોઈવાર સામા પાસેથી કાંઈ શીખી લેવાની જિજ્ઞાસા પણ કેટલાક પંડિતો-માં જાગતી હોવાના દાખલા સાંભળ્યા છે. જો કે મોટે ભાગે તો વિતંડામાં અને કવચિત્ ગાળાગાળીમાં ઊતરી જવાની વૃત્તિને પંડિતો રોકી શકતા નહિ. મારા પિતાશ્રીએ આવી પંડિતસભાઓ જોયેલી અને પોતે ભાગ પણ લીધેલો, પણ એમના એક ગુરુને કાશીમાં શાસ્ત્રાર્થ કરતાં વિરોધી પંડિતે છરો મારી દીધેલો તે દિવસથી એમણે શાસ્ત્રાર્થ કરવાનું જ છોડી દીધું હતું; એમ મારા પિતાશ્રી પાસેથી સાંભળ્યું હતું.

પ્રાચીન ઔપનિષદકાળથી ગઈ કાલ સુધી આ દેશમાં જે ભિન્નભિન્ન પ્રકારની સમિતિઓ અને પરિષદો ભરાતી રહી છે તેનું ઐતિહાસિક ક્રમમાં સંક્ષેપમાં દિગ્દર્શન કર્યું. બ્રિટિશો આ દેશમાં આવ્યા પછી સાહિત્ય-પરિષદો, પ્રાચ્યપરિષદો, વિજ્ઞાનપરિષદો વગેરે પ્રાચીનથી ભિન્ન પ્રકારની પરિષદો આ દેશમાં ભરાતી રહી છે તેનો વિચાર અહીં અપ્રસ્તુત છે, પણ જૂની પરિષદોની વિજય-તૃષ્ણાનો અને એ માટેનાં વાગ્યુદ્ધોનો અર્વાચીન પરિષદોએ વારસો નથી સ્વીકાર્યો એ ખુશી થવા જેવું છે. વળી પંડિતોનો પરસ્પર સમાગમ, મનોરંજન અને કાંઈક વિદ્યાવૃદ્ધિ એ અર્વાચીન પરિષદોનાં શુભ લક્ષણો છે. ભવિષ્યમાં અધિકાધિક વિદ્યાવૃદ્ધિ સમિતિઓ પરિષદો દ્વારા થયા કરો એ જ ઈશ્વર પાસે પ્રાર્થના.

★

સ્ટીફન ઝ્વીગ નામે એક અત્યંત પ્રતિભાશાળી લેખક થઈ ગયો. રોમા રોલાં અને મેકસીમ ગોર્કીની કક્ષામાં એની ગણના થાય છે. એના જીવનનો એક પ્રસંગ છે.

એક વખત એક ચોર પેરિસની હોટલમાંથી એની બૅગ ઉઠાવી ભાગ્યો. પછી પકડાયો. ઝ્વીગને પણ કચેરીમાં જવું પડયું. પોલીસે પૂછ્યું:

'ચોર વિરુદ્ધ ફરિયાદ તો તમે દાખલ કરશો ને?'

'કદાપિ નહિ.'

જેવું એણે આ વાકય ઉચ્ચાર્યું કે તરત જ નીચેની ત્રણ વ્યક્તિઓ પર એની જુદીજુદી અસર થઈ: ચોરના ચહેરા પર અવર્ણનીય કૃતજ્ઞતા હતી, પોલીસ અફસરે વિચાર્યું કે ચાલો પગ ઘસડવાનું મટયું; પણ એનો મકાનમાલિક ખૂબ જ ગુસ્સે થઈ ગયો. તેણે કહ્યું:

'આ તમે શું કરો છો? આવા ધૂર્તોને તો ખતમ જ કરી દેવા જોઈએ. તમને ખબર નથી કે આવા લોકોને લીધે જ સેંકડો લોકોની નિંદર હરામ બને છે? આવી રીતે એક ચોરને છોડી મૂકવાથી સેંકડો ચોરોને તમે ઉત્તેજન આપો છો. તમારે આગળ પગલાં ભરવાં જ જોઈએ.'

પરંતુ ઝ્વીગે તો મક્કમતાપૂર્વક જણાવ્યું:

'મારી ચીજ મને પાછી મળી ગઈ છે. ચોરને હું કોર્ટમાં નથી જ ઘસડી જવાનો.'

એમ કહી જેવો એણે બૅગ લેવા માટે હાથ લંબાવ્યો કે તુરત જ ચોર બોલ્યો:

'નહિજી, નહિ. હું જાતે જ આ બૅગ તમારે ઘેર આવીને મૂકી જઈશ.'

અને ચોરે વચન બરાબર પાળ્યું!

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટાનો એકરાર

લેખક :
શ્રી જ્યોતીંદ્ર દવે

'આપણા દેશમાંથી એક પછી એક સંત પુરુષો ચાલતા થાય છે. હવે આપણી આ પવિત્ર ભારતભૂમિ એમના નિવાસ માટે યોગ્ય રહી ન હોય એમ લાગે છે.' એવા ઉદ્ગાર એક મિત્રે રમણ મહર્ષિએ પોતાની લીલા સંકેલી લીધી એવા સમાચાર વાંચીને કાઢ્યા હતા. મને પણ એ વેળા એમની વાત સાચી લાગી હતી.

અમૃતલાલ પઢિયારના અવસાનનો શોક કરતાં કવિશ્રી નાનાલાલે લખ્યું હતું : 'સૌરાષ્ટ્રીઓ, સહુ સૂણજો, સોરઠ સાધુ-સૂનો થતો જાય છે.' પરંતુ કવિના આ ઉદ્ગારમાં, મને વધારે વિચાર કરતાં લાગે છે, કે જેટલું ભાવપ્રદર્શન રહેલું છે તેટલું સત્યનું દર્શન નથી. કેવળ ગુજરાત નહિ પણ આપણી આ ભારતભૂમિનો કોઈ પણ પ્રદેશ કદી સાધુસૂનો રહ્યો નથી. કોઈ મહાપુરુષના મૃત્યુ પછી 'એની જગા કદી પુરાવાની નથી' એમ લખવા-બોલવાની આપણામાં રૂઢિ છે, પણ સારા માણસની જગા કદી ખાલી રહેતી નથી. દિશાઓને કંપાવી મૂકનારા બહારવટિયાઓ ને સમાજ અને રાજને ત્રાહ્યત્રાહ્ય પોકરાવનારા ખલ પુરુષો જતાં તેની જગા પુરાતી નથી. બાકી સાધુસંતોનો દુકાળ આ પવિત્ર પુરાણ પુણ્યભૂમિને વિષે કદી પડ્યો નથી.

આપણા દેશમાં કોણ ક્યારે એકાએક સંસારનો ત્યાગ કરી સંન્યાસી થઈ જશે અથવા દુનિયાના કુટિલ વ્યવહારોનો પરિત્યાગ કરી સાધુતાના પંથે પ્રયાણ શરૂ કરી દેશે એ કહેવું મુશ્કેલ છે. લોકોને લૂંટીને પોતાનો ને પોતાના કુટુંબનો નિર્વાહ કરનારો એક ક્ષુદ્ર ભીલ ક્ષણમાત્રમાં વાલ્મીકિ ઋષિ બની ગયો; મુડદાને હોડી માની તે વડે નદી પાર કરી, ઝરૂખા પરથી લટકતા સર્પને દોરડું માની તેના આધારે ઝરૂખા પર ચઢી જઈ પ્રેયસીના મકાનમાં દાખલ થનારો, વારાંગનાની પ્રીતિમાં રચ્યોપચ્યો રહેનારો બિલ્વમંગળ જરાવારમાં વિષયાસક્તિને ફગાવી દઈને ભક્તશિરોમણિ સૂરદાસ બની ગયો; જવાબદારીના ભાન વિનાનો રખડપટ્ટી કરનારો નરસિંહ ભાભીનું મહેણું સાંભળી ઘરનો ત્યાગ કરી ચાલી નીકળ્યો ને થોડા જ સમયમાં પરમ વૈષ્ણવ નરસિંહ ભગત બની ગયો; જડવાદથી ભરેલી અંગ્રેજી વિદ્યાની ઉપાસના કરી નાસ્તિક બની ગયેલો વિદ્યાર્થી નરેન્દ્ર શ્રી રામકૃષ્ણ પરમહંસનાં એકવારનાં દર્શન ને સમાગમથી સ્વામી વિવેકાનંદની કોટિએ પહોંચી ગયો. આવા તો અનેક દાખલા આપણા દેશમાં પડ્યા છે.

આ પ્રમાણે થોડા વખત પર દુનિયાના વ્યવહારમાં રચ્યાપચ્યા રહીને ઐહિક ઐશ્વર્યની પ્રાપ્તિ કરનાર આપણા દેશના એક પ્રતિષ્ઠિત પુરુષને એકાએક સાધુતાના પંથે વળવાનો વિચાર આવ્યો, ત્યારે એણે પોતાના પૂર્વ જીવનની નબળાઈઓ જાહેરમાં એક પછી એક વ્યક્ત કરવા માંડી હતી. તેને ઉદ્દેશીને લોકો તરફથી જાતજાતની ટીકા કરવામાં આવી હતી. એ પ્રસંગે એક વિદ્વાને કહ્યું હતું, કે 'ધારો કે કોઈ માણસને અરધી જિંદગી કુટિલ માર્ગે ગાળ્યા પછી સન્માર્ગે વળવાનું મન થાય છે ને પ્રામાણિક રીતે પ્રયત્ન કરીને એ સન્માર્ગે ચડે પણ છે; પરંતુ તેથી એણે ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છવાજોગ જે કાર્યો પહેલાં કર્યાં હોય તેનો જાહેરમાં એકરાર કરવાની શી જરૂર? મોટા માણસો પણ આવું કરે છે તો આપણે એમ કરીએ તેમાં વાંધો નહિ એમ કેટલાક આડે માર્ગે જનારાઓ એમનું જોઈને પોતાનો બચાવ કરવા નહિ પ્રેરાય? ખરી રીતે જોતાં માણસે સુધરવું હોય તો ખાનગીમાં પ્રયત્નો કરી સુધરી જવું અને પોતાના સદ્‌ગુણો જગત સમક્ષ દર્શાવવા પણ પોતાંના દોષોનું જાહેરમાં પ્રદર્શન કરવાની એને શી જરૂર છે? થોડા સમય પર આપણા એક પ્રૌઢ ને પીઢ સાધુચરિત કાર્યકરને સન્માનવાનો પ્રસંગ આવ્યો હતો, ત્યારે ' હું આટલા બધા સન્માનને યોગ્ય નથી. મેં તો આવો પાપાચાર પણ કર્યો છે ' એમ કહીને ઘણાં વર્ષો પૂર્વે પોતાના જીવનમાં બની ગયેલી કોઈ અનિષ્ટ ઘટનાનો ઉલ્લેખ કરી એમનું સન્માન કરનારાઓની સ્થિતિ એમણે બહુ વિચિત્ર પ્રકારની બનાવી મૂકી હતી; પણ આવું બધું કરવાની કશી જરૂર છે ખરી? એમના પ્રશંસકો પર એની કેવી છાપ પડે એનો એમણે વિચાર નહોતો કરવો જોઈતો? પોતાની જાતને હલકી પાડવાનો આવો પ્રયત્ન સમર્થનીય છે?

પ્રકૃતિમાં જેમ ઋતુપરિવર્તન થયા કરે છે તેમ માનવજીવનમાં પણ ઋતુઓ બદલાય છે. કોઈક સદ્‌ભાગ્યશાળી વિરલ પુરુષોના જીવનમાં પાપોનો એકરાર કરવાની ઋતુ આવે છે. વસંતના આગમન પહેલાં જેમ પાનખર આવે છે, ને વૃક્ષનાં બધાં પર્ણો ખરી પડે છે ને તે પછી એ વૃક્ષ નવ પલ્લવ ધારણ કરે છે; તેમ સાધુતાની પૂર્ણ વસંત પાંગરતાં પહેલાં પાનખરનો અનુભવ મનુષ્યને કરવો પડે છે. એ ઋતુમાં જૂનાં પર્ણો ખરી જાય છે. જે જે અનુચિત કાર્યો પૂર્વજીવનમાં એણે કર્યાં હોય તે સર્વને જાહેરમાં ખેરવવાં એવો તે કાળે એ મનુષ્યનો સ્વભાવ બની જાય છે. પાપના એકરાર વિના પુણ્યની પધરામણી થતી નથી એમ એને લાગે છે. એટલે પોતાને તે કાળે અયોગ્ય લાગે એવાં જે કાર્યો એણે પહેલાં કર્યાં હોય તે સર્વને જાહેરમાં એકરાર કરી એ હલકો થવા ઇચ્છે છે. કેટલીક વાર પોતાની દૃષ્ટિએ જે અર્થમાં એ રીતે એ હલકો બને છે તે કરતાં જુદા જ અર્થમાં લોકોની નજરે એ હલકો બને છે, પણ એ તો અનિવાર્ય છે. પાનખરમાં બધાં પર્ણો ખરી ગયા પછી વૃક્ષ ઠૂંઠા જેવું થઈ જાય છે અને બહુ કદરૂપું લાગે છે, પરંતુ વસંતનું આગમન થતાં એ ફરી જ્યારે નવાં પર્ણો ધારણ કરે છે ત્યારે એની શોભા ઓર વધી જાય છે. એ જ પ્રમાણે પોતાની ભૂલો, નબળાઈઓ, ખામીઓ, પાપોનો એકરાર કરનારો મનુષ્ય કદાચ થોડા સમય માટે જાહેરમાં સારો દેખાવ ન કરી શકે, પણ પછી એ જ્યારે પુણ્યને પંથે પ્રસ્થાન કરતો આગળ વધે છે, ત્યારે એનું ગૌરવ વધી જાય છે. તે વેળા એક વખત અળખામણો ને એકલગામણો લાગતો એમનો એકરાર લોકનજરમાં ભારે મહત્ત્વની વસ્તુ બની જાય છે.

' કેવો પ્રામાણિક ને નીડર પુરુષ! કોઈ ઝેર ઓકી કાઢે તેમ એણે પોતાનાં પૂર્વજીવનનાં પાપો કેવાં સૌની સમક્ષ ખાલી કરી નાખ્યાં! ' લોકો શું ધારશે, મારી આબરૂનું શું થશે?' એનો જરા વિચાર એને આવ્યો? ખરેખરો મહાપુરુષ હોય તે જ આમ કરી શકે.' આમ એકવાર એની ટીકા કરનારા ને મજાક ઉડાવનારા પણ કહેવા લાગે છે. સંસારનાં પ્રલોભનો ને વિષયો છોડવાનો જેણે નિશ્ચય જ કર્યો છે તે લોકોની ટીકાથી કદી ડરવાનો હતો?

આપણા પ્રાચીન ઋષિઓએ કહ્યું છે કે ' અમારાં જે સત્કર્મો છે તેનું અનુકરણ કરજો, બીજાનું નહિ.' એમ છતાં લોક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

…એમનાં સુચરિતનું જ અનુકરણ કરીને …અટકી જતા નથી. મોટો માણસ એ દુનિયા-…ને માટે દાખલારૂપ છે, એનું જીવન એનું પોતાનું જ નથી રહેતું-બધાને એમાંથી કંઈ ને કંઈ શીખવાનું મળે છે. મોટા માણસોને મોટા થયા પહેલાં કેવીકેવી નબળાઈઓનો સામનો કરી તેના પર વિજય મેળવી આગળ વધવું પડે છે; જન્મથી જ એ કંઈ જિતેન્દ્રિય હોતા નથી એમ બતાવવા માટે અને એ ઉપરથી 'આપણે પણ જો પ્રયત્ન કરીશું તો આપણા દોષોને દૂર કરી શકીશું' એવી શ્રદ્ધા સામાન્ય મનુષ્યમાં ઉત્પન્ન થાય તેટલા ખાતર પણ મહાપુરુષોનાં જીવનચરિત્રમાં એમની ખામીઓ, એમના દોષો, એમની શારીરિક ને માનસિક નિર્બળતા એ સર્વનું દર્શન કરી બતાવવું જોઈએ, એમ પણ કેટલાક કહે છે.

પરંતુ અમુક પ્રકારના લખાણની કોના ઉપર કેવી અસર થશે એ કહેવું મુશ્કેલ છે. સામાન્ય રીતે અશ્લીલ વાર્તાનાં પુસ્તકો …ને મોટા ભાગના મનુષ્યોનાં મન પર …અસર થતી નથી-સિવાય કે એમની …પ્રકારની કુતૂહલવૃત્તિને સંતોષ મળે છે. …વિરલ મનુષ્યોને એનાથી જુગુપ્સા ઉત્પન્ન …છે ને થોડાક એનાથી આડે રસ્તે પણ …ચઢી જાય છે. પણ એ વાંચીને ગેરરસ્તે …કોઈ મનુષ્ય સુધરી જશે એમ આપણે …જ માની શકીએ. છતાં એવો દાખલો મારા ધ્યાનમાં છે. રમણીઓ સિવાય …જગતમાં ધ્યાન આપવા લાયક …કંઈ પણ નથી એમ માનનારા એક …ને એમના એક મિત્રે કોઈક અશ્લીલ …વાંચવા આપી. એમને વાર્તામાં રસ …એક પછી એક એ પ્રકારનાં પુસ્તકો વાંચવા માંડ્યાં. ધીરેધીરે એમનું …રમણી પરથી ઊઠી જઈને પુસ્તકો તરફ એકાગ્ર થવા માંડ્યું. એવાં અનેક પુસ્તકો વાંચ્યા પછી એમને એ આખી વાતનો કંટાળો આવી ગયો અને જો કે એ છેક સંન્યાસી તો નહિ પણ સ્ત્રી અને સ્ત્રી સંબંધીની બધી વાતો પ્રત્યે કેવળ ઉદાસીન બની ગયા. આમ બીજાને આડે રસ્તે દોરે એવાં પુસ્તકોએ એમને આડા માર્ગેથી સાચે માર્ગે આણ્યા. કદાચ 'ઝેર ઝેરનો ઉતાર છે' એ ન્યાયે અથવા જેના પાયા પર હોમિયોપથીની આખી રચનાનું મંડાણ થયું છે તે સામ્યો-પચાર (જે વસ્તુથી તંદુરસ્ત મનુષ્યને જે રોગ થાય તે વસ્તુથી તે પ્રકારના રોગીનો રોગ મટે એ પ્રકારના સિદ્ધાંત પર રચા-યેલી ઉપચારપદ્ધતિ)ના જેવી અસર એ પુસ્તકોએ એમના પર કરી હોય અને તેથી એ સુધરી ગયા હોય એમ પણ બને. આ રીતે જોતાં ધાર્મિક પુસ્તકો વાંચીને એ કદાચ વધારે બગડ્યા હોત એમ પણ કહી શકાય.

'મને તમે વઢો છો, પણ તમે આ દવા જરા ચાખી જુઓ ને સૂંઘી પણ જુઓ.' મારા નાની ઉંમરના પુત્રને દહાડામાં ત્રણ વાર મારે નિયમિત રીતે ધમકાવીને દવા પિવડાવવી પડતી હતી. તેણે એક વેળા ધમ-કાવવાનું કાર્ય હું શરૂ કરું તે પહેલાં ઉપર પ્રમાણે કહ્યું.

'ઓહો! એમાં તે મોટું શું છે? દવા એટલે દવા. એનાં સ્વાદ, રંગ કે વાસ જોવાનાં જ ન હોય. એ તો આંખ મીંચીને પી જવાની.' મેં કહ્યું.

'પણ તમે જરા સૂંઘી તો જુઓ અને વધારે નહિ તો ફક્ત બે જ ટીપાં ચાખી જુઓ ને પછી મને કહો.' એણે ફરીથી આગ્રહ કર્યો.

મેં દવાનાં બે ટીપાં લઈને મોંમાં મૂક્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત નળ આગળ જઈને સારી પેઠે કોગળા કરી આવી પાનસોપારી બનાવીને ખાઈ લીધાં. આ બે ટીપાંના પ્રભાવથી પાનસોપારીનો સ્વાદ પણ દવા જેવો જ બની ગયો.

'હા, સ્વાદ જરા ખરાબ છે ખરો.' મેં કંઈક નરમ પડી જઈ કહ્યું.

'હવે જરા સૂંઘી જુઓ તો ખરા,' શીશી મારા આગળ ધરીને પોતાને મળેલા વિજયથી જરા ધૃષ્ટ બનીને એ બોલ્યો.

મેં દવાની શીશી એના હાથમાંથી લઈને મારા નાક આગળ ધરીને સહેજ સૂંઘવાનો પ્રયત્ન કર્યો અને મને ચક્કર આવી ગયા. માલતીને જોઈને માધવ કહે છે: 'દુનિયાના બધા સૌંદર્યનો સાર કાઢીને ભેગો કર્યો હોય એવી એ લાગે છે.' તેવી જ રીતે એ દવા વિષે કહી શકાય કે દુનિયાની સૌથી વધારે બેસ્વાદ ને ગંદામાં ગંદી ગંધવાળી વસ્તુઓને ભેગી કરી તેનો અર્ક કાઢીને ડૉક્ટરે આ શીશીમાં ભર્યો છે. બેભાન થયેલા માણસને એ દવા સુંઘાડવામાં આવે તો એ જાગી જાય અને જાગતા માણસને સુંઘાડવામાં આવે તો બેભાન થઈ જાય એવી ઉગ્ર ને ખરાબ એની વાસ હતી. કોઈને ઊલટી આવવાની થતી હોય તેને એ દવાની ચમચી પિવડાવવામાં આવે તો ઉપર આવવા માગતું અનાજ પાછું હેઠે ચાલ્યું જાય અને કોઈ સારા માણસને પિવડાવો તો ચાર દિવસ પહેલાંનું ખાધેલું અનાજ બહાર નીકળી આવે એવો એનો સ્વાદ હતો. આમ છતાં કોઈ પણ ઉપાયે મારા પુત્રને દવા તો પાવાની જ હતી એટલે મેં એને સમજાવી-પટાવીને દવા પી જવાનો આગ્રહ કર્યો. 'બાથરૂમમાં જઈને હું દવા પીશ. કદાચ ઊલટી થઈ જાય તો?' એણે કહ્યું:

'ભલે એમ કરજે. બાથરૂમમાં જઈને પીજે. પણ આ દવા પીધા વગર ચાલશે નહિ.'

અને એણે બાથરૂમમાં જઈને દ[વા] પીવાનું શરૂ કર્યું. પંદરેક દિવસ આ[મ] ચાલ્યું. પછી એકાએક એક દિવસ એ[ણે] નાનકડી ચિઠ્ઠી મારા હાથમાં મૂકીને એ બી[જા] ઓરડામાં જતો રહ્યો. મેં ચિઠ્ઠી ઉઘાડી[ને] વાંચી: 'ભાઈ તમને મેં છેતર્યા છે. હું દ[વા] બાથરૂમમાં જઈને ઢોળી દેતો હતો. મ[ને] હવે બહુ દુઃખ થાય છે. હવેથી એવું ન[હિ] કરું.' ચિઠ્ઠી વાંચીને હું એની પાસે ગયો.

'તને આવી ચિઠ્ઠી લખવાનું ક્યાંથ[ી] સૂઝ્યું?' મેં એને પૂછ્યું.

'મહાત્મા ગાંધીની જીવનકથા અમ[ને] ચાલે છે, તેમાં આવી જ વાત આવે છે. તે પરથી મેં ચિઠ્ઠી લખી.' એણે જવાબ દી[ધો]. મેં એના હાથમાં દવાની શીશી આપીને કહ્યું:

'આ લઈને બાથરૂમમાં જા!'

'હવે નહિ ઢોળી દઉં.' કહીને દવા[ની] શીશી લઈને બાથરૂમમાં ગયો. હું એ[ની] પાછળ ગયો. પ્યાલીમાં દવા કાઢી એ પી[વા] જતો હતો તેને અટકાવીને મેં કહ્યું: 'પ્યાલીમાંની દવા શીશીમાં રેડી દે.'

'કેમ?' એણે પૂછ્યું.

'હું કહું છું તેમ કર' મેં કહ્યું. પ્યાલીમાં[ની] દવા એણે ફરી શીશીમાં રેડી દીધી.

'હવે શીશીમાંની બધી દવા જમીન [પર] ઢોળી દે,' મેં કહ્યું. એ આશ્ચર્યથી સ[્તબ્ધ] બની મારા સામું જોઈ રહ્યો.

'જોયા શું કરે છે? ચાલ, ઢોળ[ી દે] શીશીમાંની બધી દવા,' મેં એને કહ્યું.

'પણ હવેથી નહિ ઢોળી દઉં. હું જ[રૂર] દવા પીશ.' એણે ગરીબડે વદને મારા સા[મું] જોઈને કહ્યું:

'હું કહું છું ને કે ઢોળી દે. આવી ખ[રાબ] દવા મારે તને પાવી નથી. દર્દી સા[...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવા જોઈએ તેટલી. બીજી કોઈ દવા આવીશું. તને ભાવે તેવી. આ દવા ઢોળી ને પછી ઘાટીને બોલાવીને એની પાસે નંખાવી ચોકડી સાફ કરાવી નાખજે. દવા ફરી નહિ પીવી પડે એ તને સાચું ઇનામ,' મેં કહ્યું: અને મહાત્મા- આત્મકથામાં આવી વાતો આવે છે, નાના બાળકો પર પણ કેવી સચોટ અસર થાય છે એનો વિચાર કરતો હું ત્યાંથી ર્યો.

મહાત્માજીએ પોતાની નબળાઈઓનું આત્મકથામાં વર્ણન કર્યું છે તે યોગ્ય નથી માનનારા મારા એક મિત્રને મેં આ કરીને કહ્યુ: 'તમે કહો છો કે મોટા પુરુષો આ રીતે પોતાની નબળાઈને પોતાના જાહેર કરે તે યોગ્ય નથી. એની અસર વાર ખરાબ થાય છે. પણ આ પરથી તમારી ખાતરી થશે કે એની ઘણી સારી થાય છે.'

'હંમેશ આ પ્રમાણે સારી જ અસર છે એમ નથી. તમે તમારો દાખલો , હું મારો આપું.' એમણે જવાબ અને એમને થયેલા અનુભવનું વર્ણન કહ્યું:

'છેલ્લા બે મહિનાથી મારા ગજવામાંથી ઊપડી જતા હતા. થોડા દિવસ તો ખબર ન પડી; પણ પછી આગલે દિવસે માં રૂપિયાનું પરચુરણ મૂકયું હોય ને દિવસે 'બસ'ની ટિકિટ માટે પૈસા જાઉં ત્યારે બેચાર આનાથી કંઈ નીકળે નહિ, એમ વારંવાર બનવા ત્યારે મને વહેમ પડ્યો. પાકિટમાંથી ચોક્કસ ચોરાય છે તેની ખાતરી થયા ઘાટી પર વહેમ આવ્યો. એને ધમકાવી- છ્યું, એને ખોટું લાગ્યું ને એ જતો બીજો ઘાટી આવ્યો, છતાં સ્થિતિ

એવી ને એવી જ રહી. એકવાર ટ્રામમાંથી કોઈની પડી ગયેલી પાવલી એ ઉપાડી લાવ્યો ને હરખાતાંહરખાતાં એ વાત એણે અમને કરી. એ પરથી મારા ગજવામાંથી પણ એ જ પૈસા ચોરતો હોવો જોઈએ એમ મને લાગ્યું ને મેં એને રજા આપી. એના ગયા પછી થોડા વખત સુધી કોઈ નવો ઘાટી ન મળ્યો ને મારી પત્નીને હાથે કામ કરવાનો વખત આવ્યો, ત્યારે પણ ગજવામાંથી પૈસા તો પહેલાંની માફક જ ઊપડી જતા જોઈને મેં એ કોણ લઈ જાય છે તે શોધી કાઢવા નિશ્ચય કર્યો ને આખરે ચોર પકડાયો. એ મારો મનુ જ હતો! 'અલ્યા મનુ, તું મારા પાકિટ-માંથી પૈસા લઈ જાય છે? ચોરી કરતાં તને શરમ નથી લાગતી?' મેં એને પૂછ્યું. એણે શો જવાબ દીધો જાણો છો? એ કહે:

'બાપા, મારે સિનેમા જોવા માટે પૈસા જોઈએ છે. તમે તે આપતા નથી એટલે મારે આમ લેવા પડે છે.'

મેં કહ્યું, 'આ તો ચોરી કહેવાય. સારા માણસનો છોકરો થઈને ચોરી કરતાં શરમાતો નથી?'

'મહાત્મા ગાંધીએ પણ ચોરી કરી હતી. તો મારે એમાં શરમાવાનું શાનું?' એણે જવાબ દીધો.

'તું ક્યાંથી જાણે કે મહાત્મા ગાંધીએ ચોરી કરી હતી?' મેં પૂછ્યું.

'અમારી નિશાળમાં એમની ચોપડી ચાલે છે, તેમાં એ વાત આવે છે.' એણે જવાબ દીધો. 'ગાંધીજીની કથામાં આવી ચોરીની જ વાત આવે છે, બીજું નથી આવતું? એમણે માબાપની કેવી સેવા કરી, સાચું બોલવા માટે કેટલું સહન કર્યું, દેશને ખાતર કેવી તપશ્ચર્યા કરી, કેટલો બધો ત્યાગ કર્યો તે બધું શીખવાને બદલે તું આટલું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખ્યો ?' મેં પૂછ્યું.

'એમાં તો બીજું બહુ આવે છે; પણ મને આ યાદ રહી ગયું છે!' એણે જવાબ દીધો.

આમ મહાત્મા ગાંધીજીની આત્મકથામાંથી આ જાતનો સાર ગ્રહણ કરવાનો અવકાશ કોઈને પણ મળી શકે છે, તેનું કારણ એટલું જ છે કે એવા પ્રસંગો એમણે આલેખ્યા છે. લોકો તો ખાસ કરીને બાળકો સારી વસ્તુ જુએ ખરા, પણ તેનું અનુકરણ નહિ કરે. નઠારી વસ્તુનું જ અનુકરણ કરતાં શીખે છે, માટે એવી વસ્તુઓ નજરે ન પડે એમ કરવું જોઈએ.

આમ મહાપુરુષો પોતાના દોષનો જાહેરમાં એકરાર કરે છે તે હમેશાં સારી જ અસર કરે છે એમ નથી બનતું. પણ ક્વચિત્ એની માઠી અસર થવાનો પણ સંભવ છે. પણ મહાપુરુષો તેમજ સામાન્ય કે અધમ પુરુષો પણ પોતાના જીવનની ... બાજુ જાહેરમાં રજૂ કરે છે તે કોઈને દાખલો લેવા ખપ લાગે તેવા હેતુથી જ કરે છે એમ માનવું એ ભૂલભરેલું છે. ગાય ને ભેંસ દૂધ આપે છે તે માણસને ચામાં નાખવા ખપ લાગે એવા ઉદ્દેશથી આપતી નથી, પણ કુદરતી રીતે જ યથાકાળે એનામાં દૂધ ઉત્પન્ન થાય છે. એ જ રીતે મહાપુરુષો પણ જ્યારે પોતાની જાતને લોક આગળ રજૂ કરે ત્યારે એમનાથી પોતાની નબળાઈઓનું પણ પ્રદર્શન કર્યા સિવાય રહી શકાતું નથી. દરેક મનુષ્યમાં ઈશ્વરે પ્રદર્શનની વૃત્તિ મૂકી છે. એને વશ થઈને સૌ નાના-મોટા મનુષ્યો વર્તે છે. પણ એ વિષે તો એક આખા સ્વતંત્ર લેખની જરૂર છે.

★

કોણે રે તોડ્યો?

કોણે રે તોડ્યો મારો તંબૂરનો તાર આ,
          રોળ્યાં ગાન આ અધૂરાં હો જી!
સૂરે સૂરે રે ઝગટે શ્યામના દીવડા,
          ઘેરાં તિમિરને અજવાળતાં હો જી.
કિયા રે ઝંઝાવાતે હોલાવ્યા દીવડા?
          ઝૂંપડીમાં કીધાં શેં અંધારાં હો જી?
તાલે તાલે રે નાચે મારો આ હંસલો,
          પાંખો ફફડાવી ઊડે આભમાં હો જી.
નર્તન કીધાં રે બંધ? દીધાં શેણે રે બંધ?
          પૂર્યો પિંજર કોણે હંસલો હો જી?
વસંત આવી'તી મારા હૈયાની કુંજમાં,
          આતમ-કોકિલા મીઠી ટૌકતી હો જી,
તેડાં દીધાં રે કોણે ખીલી પાનખરને?
          શીળી આ કુંજો સુકાવી હો જી.

રવીન્દ્ર ઠાકોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ. સુમતિ

એક પરિચય

લેખિકા :

શ્રી વિદ્યાબહેન ર. નીલકંઠ

ગુજરાતી સાહિત્યમાં જૂના વખતથી સ્ત્રીઓ પોતાનો ફાળો આપતી આવી છે. તે જમાનામાં બધું લખાણ પદ્યમાં થતું; તે સમય સ્ત્રીઓનાં લખાણો પણ પદ્યસ્વરૂપે થયેલાં હતાં. કવિ નર્મદે ગુજરાતી સાહિત્ય-ગદ્યસ્વરૂપે આગળ વધાર્યું તે પછી ગદ્ય-લખાણો જોવામાં આવે છે. ગુજરાતના સ્ત્રીકવિઓ વિષે મેં એક લેખ ઘણાં વર્ષો પૂર્વે સાહિત્ય-પરિષદ માટે લખ્યો હતો, યથાશક્તિ એ લેખિકાઓના ગુણદોષનું વર્ણન કરેલું છે.

નવા જમાનામાં સ્ત્રીઓએ લખવાનું શરૂ કર્યું ત્યારે નિબંધો, નાની વાતો અને કાવ્યો રચાયાં તેમને હાથે લખાયેલાં જોવામાં આવે છે. ઓગણીસમા સૈકાના અંત ભાગમાં સ્ત્રીઓ માટેનું ખાસ માસિક 'સુંદરીસુબોધ' કેટલાંક વર્ષો સુધી સ્ત્રીઉપયોગી સાહિત્ય પ્રગટ કરતું, ત્યારે સ્ત્રીઓ તરફથી લખાયેલા લેખોનો ફાલ કાંઈક વિશેષ પ્રમાણમાં પ્રગટ પામેલો નજરે પડતો. ત્યારબાદ સ્ત્રીઓ માટેનાં માસિકો કેટલાંક ચાલુ છે પણ લખનારી સ્ત્રીઓ મોટા પ્રમાણમાં મળતી નથી. ચાલુ જમાનામાં સંખ્યાબંધ સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ લે છે, છતાં તેમની લેખન-પ્રવૃત્તિ એટલા પ્રમાણમાં વિસ્તાર પામેલી જણાતી નથી: અલબત્ત કેટલાંક પ્રતિભાશાળી સ્ત્રીઓએ ગુજરાતી સાહિત્યમાં જે ઉચ્ચ પ્રકારનો ફાળો આપ્યો છે તેમનાં નામો આંગળી-ને વેઢે ગણાય તેટલાં જ છે. આ નામાવલિમાં અમદાવાદ નગરના સુપ્રસિદ્ધ શહેરી, પાછળથી મુંબઈમાં આવીને વસેલા સર લલ્લુભાઈ શામળદાસની પ્રતિભાશાળી પુત્રી સૌ. સુમતિ અગ્રસ્થાને આવે છે.

આ બહેનનો જન્મ અમદાવાદમાં સને ૧૮૯૦માં થયો હતો. ગુર્જર સાહિત્યની વાડીના કેટલાક અણમોલ માળીઓ જે કુટુંબે આપ્યા છે તે સ્વ. રા. બા. ભોળાનાથ સારાભાઈની પૌત્રી, સૌ. સત્યવતી તે એમનાં માતા થાય. આમ એમનાં લોહીમાં જન્મથી જ સાહિત્યના સંસ્કાર પ્રાપ્ત થયેલા. સૌ. સુમતિ સને ૧૯૧૧માં ટૂંકું જીવન-ફક્ત વીસ વર્ષનું-ગાળીને અવસાન પામ્યાં. જીવનના છેલ્લાં ચાર વર્ષ દરમિયાન એમણે જે કાંઈ લખ્યું છે તે ખરેખર એમની શક્તિ માટે અજાયબી ઉત્પન્ન કરે એવું અને એટલું છે. એમનાં લખાણોમાં કાવ્યો, નાટકો, ટૂંકી નવલકથાઓ અને તેમણે સંસ્કૃતમાંથી કરેલાં ભાષાંતરોનો સમાવેશ થાય છે. આમ સાહિત્ય-નાં બધાં અંગોમાં એમનો પ્રવેશ હતો.

સૌ. સુમતિના પિતાના કુટુંબનું વાતાવરણ પણ સંસ્કારી હોવાથી તેમને નવુંનવું વાંચી તેમાંથી જે વિષય તરફ પોતાનું વલણ હોય તે વિષયનું જ્ઞાન મેળવવાની સુભગ તક મળી ને એમની તીવ્ર બુદ્ધિએ એ તક ઝડપી લીધી અને એમના જન્મજન્ય સંસ્કારોનો વિકાસ થઈ તેનો લાભ જનસમાજને તેમણે પ્રગટ કરેલા સાહિત્ય દ્વારા મળ્યો.

આ સંસ્કાર અર્પવામાં સ્વ. શ્રી. ગોપાળ-કૃષ્ણ ગોખલે, શ્રી બરજોરજી પાદશાહ, શ્રી અનંતપ્રસાદ વૈષ્ણવ તથા હાલમાં નિવૃત્ત થયેલા ભાવનગરના ન્યાયાધીશ શ્રી. ભાસ્કર-રાવ વિઠ્ઠલદાસનો મુખ્ય ફાળો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમણે લખેલી ટૂંકી નવલકથાએ જે આજના જેવી ટૂંકી વાર્તાઓ નહિ પરંતુ નવલકથાઓ જ છે, તેમનાં નામ નીચે મુજબ છે: 'સુરેશ અને યશોધરા,' 'શાન્તિદા,' 'પરમાર્થની પ્રતિમા અથવા આત્મભોગની પરિસીમા' તથા 'કમળકુમાર,' એ પ્રમાણેની ચાર વાર્તાઓનો સંગ્રહ 'કેટલીક નવલકથાઓ' એ નામથી પ્રસિદ્ધ થયેલો છે.

આ સંગ્રહમાંની વાર્તાઓનું મૂળ વસ્તુ બીજેથી લીધેલું પણ તે અનુવાદ માત્ર નથી. વસ્તુનું ખોખું માત્ર બહારનું, બાકીનું ઘણું કલાવિધાન લેખિકાનું પોતાનું છે. મૂળ વસ્તુ કોઈમાં કાવ્યસ્વરૂપે હોય તેને કથાનું સ્વરૂપ આપી સંવાદની રચના કરવી, મૂળ વસ્તુ કથામાં હોય તેને નાટકનું સ્વરૂપ આપવું એમાં પોતાની કલાથી રચવામાં જે ચતુરાઈ, દક્ષતા અને રસિકતા જોઈએ તે સર્વ આ લેખિકાની કૃતિઓમાં નજરે પડે છે. એવા બહારના વસ્તુ સિવાય સ્વતઃકલ્પિત રચનાઓ પણ સૌ. સુમતિએ કરેલી છે.

ઉપર જેનો ઉલ્લેખ કર્યો છે તે નવલકથાઓ વાંચતાં સમગ્ર રીતે જે છાપ પડે છે તે એક સ્ત્રીના મનોહર લાલિત્યની કૃતિની છે. સરળતા, મધુરતા અને કોમળતા એ આ વાર્તાઓની શૈલીની વિશિષ્ટતા છે. એ વાર્તાઓ કેવળ નિર્દોષ છતાં નાનાંમોટાં સર્વને પ્રસન્ન કરે તેવી છે. પાત્રોના ચારિત્ર્યમાં લેખિકાએ પોતાનું પુષ્કળ ઉમેર્યું છે. જે ભાવો અને લાગણીઓ એમને પોતાને પ્રિય તે વધારે સચોટતાથી વર્ણવ્યાં છે. આ રીતે લેખિકાનું આત્મપ્રતિબિંબ તેમાં એમને ઓળખનારાં તો વિના પ્રયાસે જોઈ શકે તેમ છે. સૌ. સુમતિની પ્રભુપરાયણતા, તેનો શ્રદ્ધામય ભક્તિભાવ, જેમણે એમની અન્ય કૃતિઓમાં જોયેલાં હશે તેમને અથવા જેઓ એમને જાતે ઓળખવાનું સુભાગ્ય પ્રાપ્ત કરી શક્યાં હશે તેમને સહજ સમજાશે.

સૌ. સુમતિએ લખેલાં અન્ય પુસ્તકોમાં 'શ્રીગુણરત્નકોશ' નામે એક સંસ્કૃત પુસ્તિકાનો અનુવાદ છે, તે પણ આપણે અત્રે જોઈએ. આ પુસ્તિકા લખવાની પ્રેરણા રામાનુજ સંપ્રદાયના ગુજરાતી ભક્ત શ્રી અનંતપ્રસાદ વૈષ્ણવની સાથેના એમના સહવાસથી થયેલી. એ પુસ્તિકા સંસ્કૃત સ્તોત્ર રૂપે છે અને તેના મૂળ લેખક દ્રાવડ પ્રાંતના એક જાણીતા રામાનુજ સંપ્રદાયી શ્રી શ્રીમાન પરાશર ભટાર્ય નામના આચાર્ય હતા. શ્રી રામાનુજાચાર્યના તે એક પ્રિય ધર્મપુત્ર હતા અને નાનપણથી જ પંડિતો સાથે તેઓ વિવાદમાં ઊતરવાની અદ્‌ભુત શક્તિ ધરાવતા હતા. એમનાં આ સ્તોત્રોનું સરળ ભાષાંતર કાવ્યમાં જ લેખિકાએ કર્યું છે અને તેમાં માત્ર ધાર્મિક નહિ પરંતુ નીતિ-રીતિનો અને વ્યવહારિક બાબતોનો પણ સમાવેશ થાય છે. સંસ્કૃતના અભ્યાસમાં લેખિકાને એમના કાકાના પુત્ર શ્રી ભાસ્કરરાવ મહેતાએ ખૂબ પ્રોત્સાહન આપીને જાતે જ શિક્ષણ આપેલું.

આ ઉપરાંત લેખિકાએ રચેલાં બે નાટકોનો ઉલ્લેખ આ સ્થળે કરવો ઉચિત છે. એ બે નાટકો 'અરવિન્દકુમાર' અને 'મધુરી' એ નામે પ્રગટ થયેલાં છે. તેમાંનું 'મધુરી' એ સ્વ. શ્રી નાનાલાલ કવિના સુપ્રસિદ્ધ નાટક 'જયાજયંત'ના વસ્તુને મળતું છે અને 'અરવિન્દકુમાર'ની રચના અંગ્રેજી વસ્તુના આધારે થયેલી છે. આ નાટકો સંબંધી લેખિકાએ પોતે જ ઉચ્ચારેલા શબ્દો અત્રે ટાંકવા ઉચિત લેખાશે:

'થોડાંઘણાં અંગ્રેજી નાટકો વાંચ્યા પછી અને મુંબઈમાં બેત્રણ અંગ્રેજી નાટક કંપનીનાં નાટકો તથા નાટક ભજવાતાં જોયા પછી આવી જાતનાં નાટક લખવાનો વિચાર થયો. સામાન્ય બોલવા-ચાલવાની ભાષા ફેરવી નાટકી રીતિથી તેમ જ મુખ્ય કરી ગાયન કંઈક જ નાટકોમાં ચાલતી વાતો કર્ણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાભાવિક રીતિને પ્રકાશમાં આણવા ઉત્કંઠા છે અને તેથી જ નાટકને સામાન્ય વાતચિતરૂપ માત્ર દરેક પ્રવેશના આરંભમાં અને અંતમાં છંદ મૂક્યો છે. ગાનસ્વર કર્ણેંદ્રિય વિશેષ છે; તેથી એનાથી પ્રારંભ થતું વાંચન વાંચવાની એ ગાન રણકારથી હૃદયમાં કરાવે અને અંતમાં એ રણકારથી પ્રવેશની પૂરતી થાય એટલે અન્ય બીજો પ્રવેશ વાંચકનું હૃદય આકર્ષે.'

સૌ. સુમતિએ આજથી ચાલીસ વર્ષ ઉચ્ચારેલો આ મત આજના અવેતન રંગભૂમિના કલાકારોએ મહદંશે સ્વીકાર્યો છે; તે રંગભૂમિના ભાવિ માટે શુભચિહ્ન છે.

લેખિકાએ કાવ્યક્ષેત્રમાં પણ ટૂંક સમય-માં ખૂબ જ વિવિધતામય કૃતિઓ દ્વારા પ્રવેશ કર્યો છે. 'પ્રભુપ્રસાદી' એ નામનો એક નાનકડો કાવ્યસંગ્રહ વાંચતાં એમની ઈશ્વરપરાયણતાનો વાંચનારને સાક્ષાત્કાર થાય છે. આ કાવ્ય શરૂઆતનાં હોઈ તેમાં અસામાન્યતા નથી. તેમનાં બીજાં કાવ્યોનો સંગ્રહ 'હૃદયઝરણાં' નામે એમના અવસાન બાદ પ્રસિદ્ધ થયો છે અને એની વિસ્તૃત પ્રસ્તાવના સ્વ. સાક્ષરશ્રી નરસિંહરાવે લખેલી છે. તે પ્રસ્તાવનામાં આ કાવ્યોનું ઉદ્ઘાટનરૂપ વિવેચન તથા તેના ગુણદોષનું સમુચિત નિરૂપણ કરેલું છે. તેમણે એ કાવ્યોને ચાર વિભાગમાં વહેંચેલાં છે: ભાષાંતરો, અનુકરણો, સંયોજિત કાવ્યો તથા મૌલિક કાવ્યો. અનુકરણો તો લગભગ ભાષાંતરોમાં ભેળવી દેવાય તેવાં જ છે. મૌલિક કાવ્યો કરતાં પણ સંયોજિત કાવ્યો-માં લેખિકાની કળા શ્રેષ્ઠ રીતે ખીલી છે. એ સંયોજિત કાવ્યો તેમ જ અન્ય કાવ્યોમાં અનુક્રમે રોબર્ટ બ્રાઉનિંગ તથા મીસીસ બ્રાઉનિંગ, વર્ડસવર્થ, ટેનિસન, શેલી, સાઉધી અને અન્ય અંગ્રેજ મહાકવિઓની કૃતિઓ ગુજરાતીમાં એનું અસલ માધુર્ય જાળવીને ઉતારવામાં સૌ. સુમતિએ સફળતા મેળવી છે.

'રાજકન્યા અને ભરથરી' એ મથાળાની એક વાર્તા 'વસંત'માં પ્રગટ થયેલી અને તે રિચર્ડ લ ગેલીન નામના પાશ્ચાત્ય લેખકની હાર્થર્સ મેગેઝિનમાં 'ધ સ્ટોલન મિરર' નામની વાર્તાના ભાષાંતરરૂપે હતી. આ વાર્તા ઉપરથી સૌ. સુમતિએ 'પ્રભુની પ્રતિમા' એ નામે કાવ્યકથા રચી. આ કાવ્યના સંયોજનમાં લેખિકાએ કેટલાક ફેરફાર કરવાની છૂટ લીધી છે. સાક્ષરશ્રી નરસિંહરાવના શબ્દોમાં કહીએ તો 'આ ફેરફાર કલાવિધાનનાં તત્ત્વો માગી લે એવા ફેરફાર છે. (લેખિકાએ) સાધો ક્રમ તજી કલાવિધાનને અનુરૂપ ક્રમભંગ કરી તેમાંથી અસાધારણ કલ્પનાયુક્ત બોધ દર્શાવ્યો છે. આ અંશ મૂળ કરતાં નવીન ઉમેરેલા કાવ્યમાં સાૈંદર્ય વધારે છે. ત્રીજા આલેખનમાં પણ એક (બીજા પ્રકારનો પણ સુંદર ક્રમભંગ કર્યો છે) અને તે પણ સુરુચિયુક્ત છે. પ્રબળ કલ્પનાબળની આ અપૂર્વ અને નવીન યોજના આ કાવ્યમાં સર્વથા અભિનન્દનીય છે.' આ સંયોજનો કોઈ પણ સિદ્ધહસ્ત લેખકને જેબ આપે એવાં છે. એ મારા અભિપ્રાયને સ્વ. શ્રી નરસિંહરાવનાં ઉપરનાં વચનોથી પુષ્ટિ મળે છે. સ્વ. નરસિંહરાવ જેવા દુરારાધ્ય અને સમર્થ વિદ્વાન વિવેચકની પ્રશંસા પામનારની કૃતિઓની ખૂબી સ્વતઃસિદ્ધ છે.

આપણા પ્રાંતના સાહિત્યના દુર્ભાગ્યે સૌ. સુમતિનું જીવન ઘણું જ ટૂંકું હતું અને એ ટૂંકા જીવનનાં છેલ્લાં ચાર વર્ષના અરસામાં એમની આખી ય સાહિત્ય પ્રવૃત્તિ પ્રગટી અને ખીલી. એમનું જીવન લંબાયું હોત તો એમના જ્ઞાનની પરિપકવતા વધત અને કદાચ વધારે પુસ્તકોની પ્રસાદી પણ મળત.

ગુજરાતી સાહિત્યમાં સૌ. સુમતિનું સ્થાન ઊંચું છે એ તો આપણે જોઈ ગયા; પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુર્જર સ્ત્રી–સાહિત્યમાં તો એથી પણ વિશેષ ઊંચા પદનાં એ અધિકારિણી છે.

સૌ. સુમતિએ લખેલાં અનેક કાવ્યોમાંથી જે કાવ્ય કથારૂપે છે તેમાં જુદાજુદા છંદની રચના કરવાથી તે વધુ મનોરમ્ય અને કર્ણપ્રિય બન્યાં છે. આખું કાવ્ય એક જ છંદમાં હોય તો તે કંટાળાભરેલું અને નીરસ થઈ જવાનો સંભવ છે; એટલે આ પ્રકારની રચના સર્વથા ઇષ્ટ છે એમ સૌ કોઈ સ્વીકારશે.

એ લેખિકાએ માત્ર ચાર વર્ષના ગાળામાં અને એના આટલા ટૂંકા જીવનમાં જે સાહિત્ય સર્જન આપણને આપ્યું છે, તે ઉપરથી મને એમ લાગે છે કે નિરુપયોગી લાંબી જિંદગી ગાળવી, અથવા વીસ વરસના ટૂંકા જીવનમાં આવું અને આટલું લખીને મૃત્યુવશ થવું, એ બેમાં પસંદગી કરવાની હોય તો છેલ્લું જ સર્વ કોઈ પસંદ કરે.

હવે સૌ. સુમતિએ લખેલાં કાવ્યોમાંથી થોડાક નમૂના આપી આ વિવરણ સમાપ્ત કરીશું:

બ્રાઉનિંગના કાવ્યનું ભાષાંતર

પૃથ્વીપતિ રાજન અને દિવ્ય મેષપાલ બાલક

શાર્દૂલ

નિદ્રામાં પ્રભુ દીધું પ્રીત કરી,
સ્વપ્નું આત દિવ્યને,
દેખે તે પ્રભુને ઊભા સમીપમાં,
દેવો શુચિ દેહ છે;
પ્રેરે કાંઈ પ્રીતે મધુર સ્વરથી,
એ તાત એ બાળને,
હર્ષે તે સુણતો નીચા વદનથી,
જે પ્રેરણા થાય તે.

હરિગીત

એ દિવ્ય સુખદા અનુભવે,
ભંગાણ કોએ પાડિયું,
કો ધીમી ચાલે બાળને,
જાગૃત કરવા આવિયું;
સ્વપ્નું અપૂર્ણ રહ્યું અને
એ બાળ ઝબકીને ઊઠ્યો,
'એ ભાઈ શાને કાજ? મુજને,
આમ તેં ભડકાવીઓ!'

સંધિ–પ્રકાશ

શાર્દૂલ

સામેથી ઘનયૂથ આવતું દીસે,
કેવી ત્વરાએ અહા!
ઉત્કણ્ઠા વધી કેમ એ દળ તણી,
છે કોની એને સ્પૃહા!
રે! રે! યુદ્ધ થયું કંઈ ઘન મહીં,
સર્વે ગયાં વીખરી;
મધ્યેથી નીકળ્યો શશી ઝળકતો,
ધીમી ગતિ આદરી

પ્રભુની પ્રતિમા

વસંતતિલકા

નિર્દોષતા મહિં રહ્યા સઘળા ગુણો જો,
જો શુદ્ધતા થકી બને વળી શત્રુ મિત્રો;
ને જો પ્રભા સજીવ ઉપર આ પડે છે,
તો સત્ય જીવ સુધી તે નવ પ્હોંચશે કે?

હરિગીત

એ વિમળતા નિર્દોષતા,
નક્કી કરે દૈવી કૃતિ;
ને મધુર સ્વરનું ગાન પણ દે,
મદદ કાર્ય મહીં અતિ
ચેતન ઉપર યદિ અસર ભિક્ષુક,
અણુથી આવી કરે;
તવ પરમ ચેતન સુધી તો તે,
કોઈ નહિ પહોંચી શકે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક :
અધ્યા. પ્રેમશંકર હ. ભટ્ટ
એમ. એ.

મહાભિનિષ્ક્રમણ

આ વિષય ઉપર કાવ્યો, નાટકો ને વાર્તાઓ લખાયા જ કરશે તો યે તેના રસ-ભંડારમાં ઊણપ આવશે નહિ. 'મહાભિનિષ્ક્રમણ' ભગવાન બુદ્ધના જીવનના અતિ ભવ્ય પ્રસંગનાં દૃશ્યો રજૂ કરે છે. કવિ અને કલાકાર સિદ્ધિથી નહિ, સાધનાથી આકર્ષાય છે. ફળ નહિ, પણ તપ જ કાવ્યકલાની વસ્તુ બની શકે છે. લેખક કેળવણીકાર, કવિ અને વિવેચક છે.

પ્રવક્તા

બુદ્ધ 'સમ્મા સંબુદ્ધ' થયા પહેલાં, બુદ્ધ બન્યા પહેલાં, સિદ્ધાર્થ તરીકે ઓળખાતા હતા. એ રાજકુમાર હતા ત્યારે અઢળક ધનસંપત્તિ, સુખવૈભવ ને હર્ષોલ્લાસથી છલકાતા વાતાવરણમાં પણ કોઈક કોઈકવાર ઉદાસ થઈ જતા. રાજ્યના વૃદ્ધ કર્મચારીઓ અને રાજા શુદ્ધોદને આના ઉપાય તરીકે સિદ્ધાર્થને સુખભોગ, રંગરાગ ને હર્ષોલ્લાસના વાતાવરણમાં, મોહમાયાના બંધનમાં પૂરી રાખ્યો.

રૂપરૂપના અંબાર જેવી યશોધરા સાથે એનાં લગ્ન કર્યાં. સંસારનાં દુઃખ, શોક, રોગના અને વ્યથાથી એને અલિપ્ત રાખ્યો. એને માટે ખાસ ગ્રીષ્મભવન બંધાવ્યું. રાણી યશોધરા અને બીજી સખીઓ રાતદિન નૃત્ય કરીને, સંગીત બજાવીને સિદ્ધાર્થના મનને ઉલ્લાસથી ભરી દે છે. વસંતઋતુ મહોરી રહી છે. પ્રકૃતિની ફૂલછાબ છલકાઈ રહી છે. રંગભર્યું વાતાવરણ નૃત્ય-સંગીતથી વધારે મોહક બની રહ્યું છે.

દૃશ્ય ૧ લું

[સ્થળ : રાજમહેલ]

[આસન ઉપર સિદ્ધાર્થ બેઠેલો છે, એની સન્મુખ નૃત્ય, ગીત ને વાદન ચાલી રહ્યાં છે.]

નર્તિકાવૃંદ:

રસમય ઋતુ ધન વસંત ખીલી,
સૃષ્ટિ હાસે મધુરપ ઝીલી;
—રસમય ઋતુ૦

શુષ્ક વૃક્ષ કુસુમિત ફરી થાતાં,
કોકિલ આમ્રઘટામાં;
પંચમ સ્વર વીણાના છેડે,
પુલકે પૃથ્વી છટામાં.
—રસમય ઋતુ૦

ગુંજત અલિગણ મદભર તેની,
ધનુની પણછ બનાવી;
ભાથે પુષ્પ રસાળાં ઠાંસી,
નીકળી અનંગસવારી.
—રસમય ઋતુ૦

[સિદ્ધાર્થ પોતાના કર્ણપટ પર નિગૂઢ સાદ સંભળાતો અનુભવે છે.]

'સિદ્ધાર્થ! માયાદેવીના પુત્ર! વાયુ વાય ને દીપક બુઝાય, સાંજ પડે ને ખીલેલું ફૂલ ખરી પડે, એમ મૃત્યુના એક આઘાતે જીવન લુપ્ત થઈ જશે. યૌવન, સુખવૈભવ, જિંદગી–કશું શાશ્વત નથી. સિદ્ધાર્થ! જિંદગીનું સાચું શ્રેય જનકલ્યાણ કરવાથી મળશે. સંસાર નિઃસાર છે, તુચ્છ છે. તું આવ, કાજળઘેરી રાત્રિમાં સમગ્ર સંસાર કાજે તું પ્રકાશનું કિરણ બનીને આવ, ચાલ્યો આવ, સિદ્ધાર્થ! ચાલ્યો આવ, આવ.'

નર્તિકાવૃંદ:

સચરાચર અંતરમાં વાગે,
પ્રણય બંસરી મીઠી;
હૈયે મારે સૂતી જાગે,
ઝંખા કોક અદીઠી.
—રસમય ઋતુ૦

[નર્તિકાવૃંદ ચાલ્યું જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃંદ:

સિદ્ધાર્થ વૈભવો વચ્ચે સુણી સાદ સુદૂરનો;
શોકથી બનતો મૂઢ ગ્રહી ભાર વ્યથા તણો.
સુખની સૃષ્ટિ સાચી ના, દુઃખ ક્યાંક રહ્યું હશે;
સારથિ! રથને જોડો, સુણો સાદ મને પડે.

[સિદ્ધાર્થ અને સારથિ નગરપર્યટને જાય છે. એમની નજર આગળથી એક વૃદ્ધ પુરુષ પસાર થઈ જાય છે.]

સિદ્ધાર્થ:

ચન્ના! કોણ હતું? બોલો!

સારથિ:

એ તો વૃદ્ધ હતો પ્રભુ!

સિદ્ધાર્થ:

વૃદ્ધ લોકો થતાં કેમ? થતાં વૃદ્ધ કહે સહુ?
કાયાની કાંતિ તેજસ્વી, બલ, શ્રી, મૃદુતા, રૂપ,
કાળના ઘાવ ઝીલીને ચન્ના! લુપ્ત થતાં? વદ!

[એટલામાં એક રોગી પસાર થાય છે.]

સિદ્ધાર્થ:

કુરૂપ આવી કાયા કાં? દીસે ના જન વૃદ્ધ આ;

સારથિ:

પ્રભુ એ તો હતો રોગી, ફસેલો મૃત્યુપાશમાં.

સિદ્ધાર્થ:

મૃત્યુ? ચન્ના કહે એ શું? મૃત્યુ શું સહુને મળે?
જિંદગી શાશ્વતી છે ના? મૃત્યુ શું સર્વને હણે?

[એટલામાં શબવાહિની પર શબ લઈ જતાં માણસો સામે મળે છે. સારથિ એ તરફ હાથ લાંબો કરી કહે છે.]

સારથિ:

વાયુની લહેરખી વાતાં, દીપ જેમ ઠરી જતો;
મૃત્યુની ફૂંકથી તેમ ક્ષય જીવનનો થતો.

સિદ્ધાર્થ:

મૃત્યુ છે સર્વભક્ષી શું? બચતું કોઈ ના જન?

સારથિ:

નામ તેનો થતો નાશ મોડો વ્હેલો સુનિશ્ચિત.
કર્મથી પૂર્વજન્મોનાં, છૂટી કોઈ શકે નહિ;
વેદના વ્યાધિમૃત્યુની, સહવી સહુએ રહી.

સિદ્ધાર્થ:

સદૈવ ઘૂમતું ચક્ર મૃત્યુનું અટકયા વિના?

સારથિ:

હા પ્રભુ! રાય ને રંક–એને ન્હોય કશી સીમા.

વૃંદ:

દેખી દશ્યો વ્યથાપૂર્ણ, ડૂબે સિદ્ધાર્થ ચિંતને;
આકાશે ચંદ્રને ઘેર્યો, જાણે શ્યામળ વાદળે.
તરંગો તટને માથે, જે વિધે ધસતા વહે;
હૈયામાં જિંદગાનીના પ્રશ્નો ગૂઢ વહી રહે.
અમૃતે ઝેરની છાયા હશે કેમ ઝળૂંબતી!
જિંદગીવૃક્ષને શાને મૃત્યુવેલી વળૂંભતી!

સિદ્ધાર્થ:

યૌવનમદ, ધનવૈભવ અઢળક,
આ મુજ કાંચનકાયા;
હેમવલ્લી શી કાયા;
જર્જર થાશે? વ્યાધિમૃત્યુના,
પડશે ત્યાં પડછાયા?
ઓ રે, પડશે શું પડછાયા?
અજર, અમર ના કશું યે અહીંઆં,
મૃત્યુ, જરા, ને વ્યાધિ;
ઘટમાળે એ કોણે? શાને?
ગાંઠ જીવનની બાંધી?

*

દર્શન ૨ જું

[સ્થળ: રાજમહેલ]

વૃંદ:

હૈયામાં શોકનો ભાર અસહ્ય બનતો વધે;
સિદ્ધાર્થ વળતો પાછો, રાજગૃહે પ્રિયા કને.
ચંદ્રને દેખીને જેવી ખીલે છે પદ્મપોયણી,
સિદ્ધાર્થ નીરખી, રાજ્ઞી મંદમંદ રહી હસી.
બની મૂઢ ઊભો એ તો, શબ્દ એકે વદે નહિ,
દૂર, દૂર, બની સ્તબ્ધ, દષ્ટિ એની ઠરી રહી.
યશોધરા રહે શોચી, સંજ્ઞાથી સખીને કહે:
'આરંભી નૃત્ય ને ગીત રીઝવો પ્રિયને હવે.'

[બધી પરિચારિકાઓ અને યશોધરા વૃંદનૃત્ય કરે છે]

વૃંદનૃત્ય:

રસમય ઋતુ ધન વસંત ખીલી,
સૃષ્ટિ હાસે મધુરપ ઝીલી;
—રસમય ઋતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થિર ઝંખિત પંથી આવો હું,
પાંપણિયે પદરજ લૂછું;
હર્ષોલ્લાસે ઘેલી ઘેલી,
એ મનની વાતો પૂછું.
—રસમય ઋતુ૦

*

દર્શન ૩ જું

[સ્થળ: યશોધરાનું શય્યાગૃહ]

[યશોધરા પલંગમાં સૂતી છે, બાજુમાં વીણાના ટેકે એક પરિચારિકા ઝોલે ચડી છે, મૃદંગને અઢેલીને એક પરિચારિકા ઊંઘતી બેઠી છે. અચાનક જ યશોધરા ઊંઘમાંથી ઝબકી જાય છે.]

વૃંદ:

ઝબકી ભામિની જાગી, ભયથી વિહ્વળા બની;
નીરખે મૂઢ શી એની આંખડી અશ્રુથી ભરી.
ઓથારે સ્વપ્નના એનું કંપતું ઉર નાનકું;
વનના વાયરે ધ્રૂજ્યું જાણે ફૂલ સુકોમળું.
પિયુને નીરખી પાસે, શાતા કૈંક ઉરે વળી;
સ્વપ્નની વાત માંડીને, ધીમેધીમે રહી કથી.

યશોધરા:

પિયુ મને સ્વપ્ન ભયંકર લાધ્યું,
પિયુ મને સ્વપ્ન ભયંકર લાધ્યું;
ઝાળે હૈયું દાઝયું,
મારું ઝાળે હૈયું દાઝયું;
—પિયુ મને૦

ભર નિંદરમાં સૂતી ઝબકી,
દશ્ય ભયંકર ભાળ્યું;
પ્રલયંકર વંટોળે મંદિર-
તણા શિખરને ઢાળ્યું.
—પિયુ મને૦

ઘોર અવાજે ડમરુ ગાજે,
દેવમુનિ શો વાજી;
દામણુ તોડી પળમાં ખૂંદે,
દૂર તણી વનરાજી.
—પિયુ મને૦

પૂરમાં હાહાકાર પ્રવર્તે,
સાદ અનામી આવે;
'અહીં નહિ, અહીં નહિ, દૂર ચલો...
અહીં નહિ, અહીં નહિ, દૂર ચલો...'

કરી કામણ કોક બોલાવે;
પિયુ મને કરી કામણ કોક બોલાવે.
—પિયુ મને૦

સિદ્ધાર્થ:

[યશોધરાને આશ્વાસન આપતાં]

સ્વપ્નની વાત સાચી ના, શાતા ધારી પ્રિયે રહે;
પ્રાણ મારો ખરે તું તે ત્યજી દેહ કદી ટકે?
વચનો સાંભળી રાણી, નિદ્રાધીન થતી ફરી;
કાંપતી કાય જાણે કો નોધારી કાંપતી કળી.

[સિદ્ધાર્થ યશોધરાને કરુણમંગળ ને પ્રેમભીની દૃષ્ટિથી જોઈ રહે છે: વળી પાછો પૃથ્વીના ધીમા નિઃશ્વાસ જેવો સાદ એને સંભળાય છે.]

'સિદ્ધાર્થ! ચાલ્યો આવ. ત્યાગની વેળા આવી પહોંચી છે. માયામમતાના બંધનને તોડી નાખ. સંસારનું સુખ ક્ષણિક છે; એથી ઉન્નત અને શાશ્વત સુખનો અધિકાર તું પ્રાપ્ત કર.

અમે—સાગર, તારાઓ, વાયુ અને ધરિત્રી તને નિમંત્રણ આપીએ છીએ, આવ. મારું, ધરિત્રાનું ક્રન્દન, દીનહીન માનવજાતનું ક્રન્દન તને સંભળાય છે ને? તું આવ, ચાલ્યો આવ, સિદ્ધાર્થ! રાણી યશોધરાના બાહુપિંજરનો ત્યાગ કરી, દુઃખી, હીન, પદદલિત, પતિત, લાંછિત માનવજાતિના હૈયા સિંહાસને તું તારી ચરણધૂલિ પાડ. આવ, સિદ્ધાર્થ! ચાલ્યો આવ.'

વૃંદ:

શય્યાખંડ રહે ન્યાળી, ન્યાળતો સખીવૃંદને;
ભાવથી નીરખી રહેતો, ઉજ્જ્વલી દીપજ્યોતને.
વેગથી ધડકે હૈયું, રાણીને નીરખી રહે;
તલસે ભેટવા બાહુ, નેત્રથી કરુણા વહે.
વિદાય લઈને મૂક, ધીમેથી ડગલાં દશ,
ભરે, પાછો ફરે, અંતે બને એ કૃતનિશ્ચય.
ભાવથી પ્રણમી ચાલ્યો, ઘોર રાત્રિ તણા પથે;
'ના જશો, ના જશો' શબ્દો રાણી સ્વપ્નમહીં વદે.
શાંતિની સોડમાં સૂતી, ચેતના સૃષ્ટિની બધી;
અંધારી રાત્રિને હૈયે, તારો દૂર રહ્યો ઝગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસ દર્શન

લેખક :
ડૉ. જયેંદ્રરાય ભ. દૂરકાળ
એમ. એ; ડી. ઓ. સી; વિદ્યાવારિધિ, સાહિત્યરત્નાકર

ઇતિહાસનું આપણું અધ્યયન આજે પરિવર્તન માગે છે. બીન અધિકારીઓના હાથમાં અવળી રીતે રજૂ થતાં એ વિકૃતરૂપ ધારણ કરે છે. ઇતિહાસના દર્શનમાં સત્યનો, કલ્યાણતત્ત્વનો તથા સૌન્દર્યનો કેવી રીતે સુમેળ સધાવો જોઈએ તેની અહીં વિચારણા કરવામાં આવી છે.

હાલમાં ઇતિહાસનો પ્રચાર બહુ વધેલો દેખાય છે. પરસ્પર વિરુદ્ધ ઇતિહાસો એટલે સાચા તેમ જ ખોટા ઇતિહાસો પણ લખાય છે. વળી કોઈ હેતુને, ભાવનાને કે મંતવ્યને સમર્થિત કરવાને પણ ઇતિહાસો લખાય છે. બીજી તરફથી ઇતિહાસોને આધારે વિચારણા કરવાની એક પદ્ધતિ પણ ઊભી થઈ છે, જેને ઐતિહાસિક પદ્ધતિ કહે છે. વળી ઇતિહાસદૃષ્ટિ અથવા ઐતિહાસિક ભાન અમુક પ્રજાને હતું કે કેમ અથવા તે ક્યારે આવ્યું ઇત્યાદિ પ્રશ્નો પણ પૂછવામાં આવે છે. વળી સમસ્ત કાળના ઐતિહાસિક અને પ્રાગિતિહાસિક એવા ભાગ પણ પાડવામાં આવે છે. આ બધા પ્રશ્નો વિચારવામાં ઇતિહાસનાં પ્રધાન તત્ત્વો ક્યાં છે એનું દર્શન બહુ આવશ્યક, ઉપયોગી અને પ્રકાશપ્રદ છે.

તત્ત્વચિંતનની પેઠે ઇતિહાસની પણ અધિકારી ને અનધિકારી સૌના હાથમાં જઈ પડતાં બહુ દુર્દશા થઈ પડી છે. કેટલાક એમ માને છે કે ઇતિહાસ એ દૃષ્ટાંત વડે શિક્ષણ આપવાની પદ્ધતિ છે; જ્યારે કેટલાક

સિદ્ધાર્થે ભમવા માંડયું, કાયાનેય દમી ઘણી;
મોહપ્રીતિ તણો તંતુ, કાપ્યો હૈયે વ્યથા ભરી.
નેરંજરા નદીતીરે અશ્વત્થતરુની તળે;
વૈશાખી પૂર્ણિમા દિને; દિવ્ય જ્યોતિ ઉરે ઝગે.
સિદ્ધાર્થ મટીને બુદ્ધ, થયા તે પળથી પ્રભુ;
ધરિત્રી આ બની ધન્ય, માંગલ્યે મહેકતું સહુ.

વૃંદ:

बुद्धं सरणं गच्छामि ।
धम्मं सरणं गच्छामि ॥

ભગવાન બુદ્ધ:

દયા, ધર્મ, અહિંસા ને સત્ય, પ્રેમ, ઉરે ધરો;
હણો પાપ,ના પાપી, પૃથ્વીને પુણ્યથી ભરો.
દીનહીન તણી સેવા, પતિતોદ્ધાર અણો વ્રતો;
જનકલ્યાણને યજ્ઞ ગણી ધર્મપથ ચહો.
મોહમાયા ત્યજો, છાંડો વાસના રાગદ્વેષની;
નિર્વાણશાંતિને પામો, સાચીવાટ જ મોક્ષની.
કાળની ઘોર આંધીમાં નક્ષત્રો, પહાડ અણવો;
બનીને પર્ણ ધ્રૂજતાં ત્યાં ગર્વ કાયા તણો કશો!
માટીના કુંભના જેવી, કાયા નશ્વર આપણી;
નિહાળો શાશ્વતી જ્યોત, ધર્મની ઝગતી રહી.

[દર્શનાર્થીઓ દીપકજ્યોત ધરી પ્રભુચરણે વંદના કરે છે.]

વૃંદ:

धम्मं सरणं गच्छामि ।
संघ सरणं गच्छामि ।
बुद्धं सरणं गच्छामि ॥ *

* ભજવવા ઇચ્છનારે લેખકની સંમતિ લેવી આવશ્યક છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૫૦ !

એમ કહે છે, કે ઇતિહાસ કાંઈ શીખવતો નથી, કેમકે દરેક સમયના સંયોગો, સામગ્રી અને સહચરો જુદા જ હોય છે. વળી પોતાની દૃષ્ટિ જે રંગે રંગાયેલી હોય, તે રંગથી ઇતિહાસને પણ રંગાયેલો ઇતિહાસ-નો દ્રષ્ટા જુએ છે. આ રીતે એક દ્રષ્ટા ઇતિ-હાસને ધર્માધર્મના વિશિષ્ટ ફલરૂપ, બીજો તેને અર્થ અથવા કામના સતત પ્રયત્નરૂપ, ત્રીજો તેને માનવજાતિના વર્ગોના વિગ્રહ-રૂપ અને ચોથો ઇતિહાસને શસ્ત્રાસ્ત્રની તીવ્રતાની વિજયપરંપરારૂપ જુએ છે. હાલમાં જ વળી આંતરરાષ્ટ્રીય સંસ્થાસમુદાય તરફથી દુનિયાની સંસ્કૃતિનો ઇતિહાસ લખવાની ધમાલ શરૂ થઈ છે. પણ આ બધા પ્રયત્નોમાં એ ભૂલી જવાય છે કે ઇતિહાસનું તત્ત્વ પ્રાપ્ત કરવાને પણ ઇતિહાસકારમાં સવિશેષ અધિકાર જોઈએ. જેમ કેટલાંક ચાટલાં અથવા આદર્શોમાં પ્રતિબિંબ લાંબાં, કોઈમાં પહોળાં, કોઈમાં વિચિત્ર, કોઈમાં રંગીન અને કોઈમાં મેલાં દેખાય છે, તેમ ઇતિહાસકારના આદર્શ અનુસાર એને આ દૃશ્ય જગતનો ઇતિહાસ દેખાય છે. વળી ભૂતકાળનો ઇતિહાસ વાંચવામાં પણ એની એ જ આરસી કામ કરે છે.

આ ઉપરાંત સાત્ત્વિક, રાજસી અને તામસી બુદ્ધિઓ પણ એના એ જ જગત-ને જુદેજુદે રૂપે જુએ છે. જેમ હમેશાં દારૂ પીનારાનું, વ્યભિચારિણી સ્ત્રીનું અને દુષ્ટ મનુષ્યનું માનસ એકએક પ્રકારે ઘડાઈ જાય છે અને તે જ દૃષ્ટિએ તે જુએ છે તેમ જ ઇતિહાસકારનું માનસ પણ તેના સ્વકીય તત્ત્વદર્શનને અનુસરે છે; આથી જ જેમ દુનિયામાં વસ્તુતઃ મહાન સાહિત્યકારો થોડા જ હોય છે તેમ વસ્તુતઃ મહાન ઇતિહાસ-કારો પણ બહુ થોડા હોય છે. સુંદર શૈલી, વિશાળ વાંચન અને સત્યપ્રિયતા એ ઇતિહાસકારને સારુ આવશ્યક છે, પણ તે પર્યાપ્ત નથી. નિર્મલ જીવન અને સદ્વિદ્યાનો પ્રસાદ એ એની પાછળ હોવાં જોઈએ.

ઇતિહાસ શબ્દ પણ સૂચક છે: અંગ્રેજી શબ્દ 'હિસ્ટરી' કરતાં પણ તે બહુ વધારે સૂચક છે. એનાં ત્રણ અંગો છે: ઇતિ, હ, અને આસ: 'ઇતિ' એટલે એમ, 'હ' એટલે નિશ્ચયે અથવા શિવતત્ત્વ અને 'આસ' એટલે હતું; અર્થાત્ 'એમ નિશ્ચયે હતું' અથવા 'એમ શિવતત્ત્વ હતું' એ વાસ્તવિક હકીકત કહેનાર તે ઇતિહાસ. આ રીતે ઇતિહાસ એ શિવતત્ત્વનું–કલ્યાણ-તત્ત્વનું એક સમયનું દર્શન છે. તત્ત્વજ્ઞાન એ જેમ શિવતત્ત્વનું સનાતન દર્શન છે તેમ ઇતિહાસ એકાંગી દર્શન છે. આમાં 'ઇતિ' શબ્દથી સત્યકથાનો; 'હ' શબ્દથી કલ્યાણ-મયતાનો અને 'આસ' શબ્દથી સુંદરતાનો નિર્દેશ ફલિત થાય છે. અર્થાત્ 'ઇતિવૃત્ત' પણ **सत्यं शिवं सुन्दरम्** હોવું જોઈએ. આ ત્રણ પ્રધાન તત્ત્વોને અંગે હવે શુંશું જોઈએ તેનું નિરીક્ષણ કરીએ.

સત્ય–પરમ સત્ય એ છે કે અખિલ જગતની નિયામક અને વ્યાપક કોઈ ચેતના છે અને તે અગમ્ય તથાપિ અનંત શક્તિ-શાળી અધિષ્ઠાનને આધારે આ વિશ્વ ચાલી રહ્યું છે અને નિયમબદ્ધ થઈ રહ્યું છે; અથવા સર્જન, પાલન અને સંહારરૂપે નિયંત્રિત થઈ રહ્યું છે. આ સત્ય એ પરમ સત્ય હોવાથી એનો અનાદર કરતો કોઈ ઇતિહાસ વસ્તુતાએ ઇતિહાસ નથી. અર્થાત્ ઈશ્વરની માન્યતા વિનાના ઇતિહાસો મૂળ સિદ્ધાંત વિનાની કલ્પનાઓ છે. આનાથી ઊતરતું તથાપિ એક બીજું મૌલિક સત્ય એ છે કે ઈશ્વરની ભાવના સાથે ઈશ્વરી નિયમોની એટલે ધર્મની અથવા કાર્યાકાર્યની વ્યવસ્થા પણ ફલિત થાય છે. ઇતિહાસના દર્શનનું-સત્યનું એક મહાસૂત્ર એ પણ આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધવું જોઈએ, કે પ્રત્યેક પદાર્થની પેઠે આખું વિશ્વ પણ વિકારમય છે અને તેમાં સામાન્યતઃ દિનપ્રતિદિન હ્રાસ થતો જાય છે. સાહિત્ય, શાન્તિ, નીતિ, શક્તિ એ સૌમાં આ હ્રાસને લીધે વિકૃતિ અથવા અપક્રાન્તિ થાય છે, ઉત્ક્રાન્તિ નહિ; એટલે તેનું વિપરીત દર્શન પણ યથાર્થ ઇતિહાસમાં હોય નહિ.

હવે બીજું પ્રધાન તત્ત્વ ઇતિહાસનું એ છે, કે તે કલ્યાણમય હોવો જોઈએ અર્થાત્ તેમાં સારભૂત કલ્યાણમય તત્ત્વનું દોહન જોઈએ. બધો સમય અને બધી સામાજિક પ્રક્રિયાઓનું કે બધા મોટા માણસોનાં જીવનનું પીંજણ ન જોઈએ. વસ્તુતાએ આમાં ઇતિહાસના દર્શનનું ને અભ્યાસનું ધ્યેય સમાયેલું છે. કલ્યાણમય સંસ્કારો પ્રાપ્ત થાય એ જ ઇતિહાસનું પ્રયોજન છે એમ પણ કહી શકાય. આ તત્ત્વ ઇતિહાસકારની અધિકાર–ભૂમિકાની અપેક્ષા રાખે છે અને બીજી તરફથી નિરર્થક વાચારંભણ વિકારરૂપ ગ્રંથોને વર્જિત કરી દે છે.

ત્રીજું પ્રધાન તત્ત્વ ઇતિહાસનું એ છે કે તેમાં સૌંદર્યની પ્રતિષ્ઠા જોઈએ; અર્થાત્ મલીન ચીજો, મલીન સંસ્કારો, મલીન કામોની પ્રશંસા એ ઇતિહાસમાં જોઈએ નહિ. જે જે વિભૂતિવાળું, શ્રીવાળું, ઓજસ્વી હોય તેની ઇતિહાસમાં પ્રતિષ્ઠા હોવી જોઈએ. આવાં તત્ત્વોવાળો ઇતિહાસ તેને આપણા આર્યોએ વાસ્તવિક ઇતિહાસ માન્યો છે અને તેથી તેના લેખકો તરીકે વ્યાસ અને વાલ્મીકિ જેવાને અને ઇતિહાસ–ગ્રંથો તરીકે રામાયણ અને મહાભારત જેવા ગ્રંથોને સ્વીકાર્યા છે, જે આર્યો પ્રતિદિન પ્રાકૃતિક દેશકાળનો યથાવિધિ સંકલ્પ કરતા રહ્યા છે તેને ઇતિહાસદૃષ્ટિ નહોતી એમ કોણ કહી શકે? જે આર્યોએ સમસ્ત માનવજાતિનો જ નહિ, પણ સમસ્ત વિશ્વનો આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક ઇતિહાસ યોગદૃષ્ટિવાળા ઋષિમુનિઓ પાસેથી ઝીલીને જાળવી રાખ્યો છે એ પ્રજા ઇતિહાસદર્શનમાં પાછળ છે એમ કોણ કહે? આખો સમસ્ત ઇતિહાસ તો આપણી પાસે છે, પણ આપણે તે વાંચી શકયા નથી.

★

આખી યે ઑફિસમાં ધમાલ મચી ગઇ. જૂનામાં જૂનો પાણી પાનારો નિવૃત્ત થવાનો હતો. એનું કહેવું એમ હતું કે એની પાસે દસ હજાર રૂપિયા ભેગા થયા હતા એટલે પોતે નિવૃત થશે તો પણ હવે કંઇ બાધ આવે એમ ન હોતો.

'નિવૃત્ત થતાં કંઈ વાંધો નહીં આવે?' ચારે બાજુથી પ્રશ્ન પુછાઈ રહ્યો હતો. 'પણ છેલ્લાં પાંત્રીસ વર્ષથી માત્ર પાણી પાવાનું જ કામ કરતા આ માણસે રૂપિયા દસ હજાર ભેગા કર્યા કઈ રીતે? એનો દરમાયો તો હતો માત્ર ત્રીસ રૂપિયાનો!'

ઑફિસની જૂની પ્રણાલિકા અનુસાર સહુએ ભેગા મળી આને વિદાયગીરી આપી, ને પોતાને વિશે, આ પૈસા બચાવવાની કળા વિશે કંઈક જણાવવા કહ્યું. પેલાએ વાત શરૂ કરી:

'તમે જાણો છો કે હવે હું નિવૃત્ત થઈ શકું એમ છું. એનું કારણ મારો કરકસરિયો સ્વભાવ છે. એથી યે વધારે, આ રકમ બચાવવામાં મારી વહુની કાળજીભરી સંભાળ ને સુવ્યવસ્થા કારણભૂત છે. પણ આજે આ રૂપિયા જમા કરી શકયો છું તેનું સાચું કારણ તો એ છે કે એક મહિના પહેલાં જ મને મારા એક દૂરના સગાનો રૂપિયા ૯૯૫૦નો વારસો મળ્યો છે!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂટપૉલિશવાળો

લેખક :
શ્રી ઈશ્વર પેટલીકર

સ્ટેશન ઉપર, ગાડી મોડી હતી એટલે ભરત અને ગિરીશ બાંકડા ઉપર બેસી વાતો કરતા હતા. તેમાંથી યાદ આવ્યું કે અઠવાડિયા પછી પંચગની હવા ખાવા જવાનું ગોઠવ્યું હતું એટલે શું શું સાથે લઈ જવું તેની યાદી ચાલો કરવા બેસીએ. ભરતે પેન કાઢી, ગિરીશે કાગળ કાઢ્યો, આપ્યો ને કહ્યું: 'પ્રથમ તો રસોઈ માટે કયાંકયાં સાધનો જોઈશે, તે નોંધો.'

ભરત: 'રસોઈનાં સાધનની ભાંજગડમાં પડીને આપણે શું કામ છે? એ તો લલિતા અને કાન્તા ફોડી લેશે.'

ગિરીશ એના સ્વભાવ પ્રમાણે, ઘાંટો પાડીને બોલી ઊઠ્યો: 'બૈરાં ફોડી લેશે અને આપણો દહાડો વળશે એ ભ્રમ, આબુનો અનુભવ થયો છે છતાં, તારો નથી ગયો? કેટલી ચીજો એમણે ઘેરથી નહોતી આણી અને આપણે નાહક પૈસા ખર્ચી ખરીદવી પડી? હજુ ફરી એનો એ અખતરો કરવો છે?' ભરત કંઈ બોલે તે પહેલાં બૂટપૉલિશ કરનાર એક બાર-ચૌદ વર્ષના છોકરાએ વચ્ચે ઝુકાવ્યું: 'સાહેબ! બૂટપૉલિશ! સરસ કરી દઈશ.'

ગિરીશે છાંછિયું કર્યું: 'જાને હવે બૂટ-પૉલિશવાળો મોટો. સહેજ ઠરીને નિરાંતે વાત તો કરવા દો.'

પણ ભરતની નજર બૂટ ઉપર હતી એટલે છાંછિયાંથી ટેવાયેલા છોકરાએ એને કહ્યું: 'સાહેબ, સરસ કરી દઉં તો પૈસા આપજો.'

બૂટપૉલિશ કરાવવા અંગે ભરતના દિલમાં કોઈ કોઈ વખત વૈરાગ આવી જતો, પણ આજસુધી મોટેભાગે એ સ્મશાન-વૈરાગ્ય જ નીવડ્યો હતો. બૂટને પૉલિશ કરવી જોઈએ એમ એ માનતો. સ્ટેશન ઉપર ગમે તેવી હલકી પૉલિશ છોકરાઓ વાપરતા હોય છે એટલે ડાઘા પડી જાય છે, એ અનુભવે એણે ઘેર બૂટપૉલિશ કરવા કીવીની પૉલિશ આણી હતી તે પડીપડી સુકાઈ ગઈ પણ એકે ય વખત કરી ન હતી. ઘેર હોય ત્યારે પૉલિશ કરવાનું યાદ ન આવે. બહાર જતી વખતે બૂટના દેદાર જોઈ એને થાય કે પૉલિશ હવે ઘેર આવીને તરત કરી નાખીશ. પણ બૂટ પહેરતાં જેટલો મોહ હોય છે, તેટલો ઘરમાં આવી બૂટ કાઢતી વખતે વૈરાગ્ય હોય છે. તે વખતે પૉલિશ કરવાનું ક્યારે ય ભરતને સૂઝતું નહિ. છેવટે સ્મશાનવૈરાગ્ય ઊડી જતો અને સ્ટેશન ઉપર બૂટપૉલિશની બૂમ પડે એટલે સારી પૉલિશ કરજે એમ ચેતવણી આપીને એ કરાવી લેતો. કઈ પૉલિશ છે તેમ પૂછતો. છોકરો કીવીની ડબી બતાવી પૉલિશ કરવા બૂટ લેતો, પણ બૂટ તૈયાર થતાં માલૂમ પડતું કે કીવીની ડબીમાં બીજી પૉલિશ ભરેલી હતી; બાકી આવી ખરાબ પૉલિશ બને નહિ. આવો કડવો અનુભવ એને છેલ્લી વખત વધારે થયો હતો એટલે બૂટપૉલિશવાળા છોકરાને બતાવતાં ભરતે કહ્યું: 'જો આ બૂટ. ગયે વખતે એના ઉપર ડાઘા પાડી નાખ્યા છે; એવું જો બનશે તો પૈસા નહિ આપું.'

છોકરાએ આમ ભરતનું કૂણું મન જોતાં સીધા પગમાંથી બૂટ કાઢી લીધા અને પોતે સારી પૉલિશ કરશે એની ખાતરી તરીકે ડબી ખોલીને અંદરની લાલ પૉલિશ ભરતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવી. એના તરફ નજર પણ કર્યા વગર એણે કહ્યું: 'હલકી પૉલિશ ઊંચી ડબીમાં ભરીને તમે લોકો છેતરો છો એનો મને પૂરો અનુભવ છે.'

ગિરીશને ભરતે બૂટપૉલિશ કરવા આપ્યા તે ગમ્યું ન હતું. એનું કારણ જોવા જાઓ તો કંઈ ન હતું; એના સ્વભાવનું કારણ હતું. જો બૂટપૉલિશવાળો પૂછે તો એ ના પાડે અને એ બોલ્યા વગર ચાલ્યો જતો હોય તો એને બૂમ પાડીને બૂટ આપે! વળી એક વખત ના કહી તો હા ન પાડે. તેમાં વળી અમે યાદી કરવાની તૈયારીમાં હતા ત્યાં એણે ડખલ કરી એટલે એ છોકરા ઉપર ગુસ્સે થયેલો હતો. એ વ્યક્ત કરતાં એણે ભરતને કહ્યું: 'સારી પૉલિશ નથી કરતા તો શું ઝખ મારવા બૂટ આપ્યા?'

છોકરો બોલ્યો: 'સાહેબ, સારી પૉલિશ કરીશ એની ખાતરી રાખજો. હું એવી છેતરામણી કદી કરતો નથી. સારી પૉલિશ જ રાખું છું. મારી પાસે કીવીની પૉલિશ છે કે નહિ, તે તો હમણાં બૂટ તૈયાર થાય ત્યારે તમે કબૂલ કરશો.'

ગિરીશ: 'હજામત અને બૂટપૉલિશ: બેનો શોખ જ નકામો છે. ગમે તેટલી સારી હજામત કરીએ પણ બીજે દિવસે ધૂળ. પૉલિશનું પણ એવું. હમણાં પગમાં બૂટ ઘાલ્યા કે ધૂળ ચોટી સમજવી.'

ભરત: 'કાયમનું તો જગતમાં શું છે? દાતણ આજ કર્યું એટલે આવતી કાલે નહિ કરવું પડે? એક દિવસ નાહીએ એટલે બીજે દિવસે નાહવું નથી પડતું? એક ટંક ખાધું એટલે બીજી ટંક ખાવું નથી પડતું? પછી બૂટપૉલિશ અને હજામતનો દ્વેષ શું કામ કાઢે છે?'

ગિરીશ: 'એ બધું તત્ત્વજ્ઞાન ગાડીમાં બેસીએ ત્યારે ઉકેલજે. ગીરદીમાં એનો વાંધો નહિ આવે. તે પહેલાં એક વખત ચાલને યાદી બનાવી લઈએ.'

ભરત: 'પંચગનીમાં આખુ જેટલી સગવડ નહિ એટલે બનતાં લગી કોઈ વસ્તુ રહી ન જાય તે જોવાનું.'

ગિરીશ: 'બે મહિના જેટલો લાંબો ગાળો રહેવાનું એટલે ચલાવી પણ શાના વગર લેવાય?'

આમ કહીને બંને જણ યાદી કરવાના કામમાં લાગી ગયા. સંભારીસંભારીને બંને જણા વસ્તુઓનાં નામ બોલતા જતા હતા. જાજરૂના ટમ્બલરનું નામ આવ્યું એટલે બંને વચ્ચે મતભેદ ઊભો થયો. ગિરીશ એના સ્વભાવ પ્રમાણે એક વખત ના પાડે તો પછી દલીલ કરો તોય હા ન પાડે. એણે કહ્યું: 'એની શી જરૂર છે? લોટો ચાલશે.'

ભરત: 'લોટાને દર વખત ક્યાં માંજવા બેસવું? ટમ્બલર જ જોઈએ.'

ગિરીશ: 'માંજતાં શાં વરસો જવાનાં હતાં? એવી બધી વસ્તુ લેવા બેસીએ તો આખું ઘર જ ત્યાં ઉઠાવી જવું પડે.'

ભરત: 'ટમ્બલર તે એવું કયું મોટું હતું કે જગા રોકી પાડવાનું હતું? મારી યાદીમાં એનો સમાવેશ કરીશ, પછી છે?'

ચોર કોટવાળને દંડે તેમ ગિરીશ બોલ્યો: 'તું ખોટો જક્કી છે. તારી-મારી યાદીની ક્યાં વાત છે? એના વગર ચાલશે એટલે એ જક શું કામ જોઈએ?'

પૉલિશવાળો છોકરો ભરતના પગ આગળ બૂટ મૂકી ક્યારનો ઊભો રહ્યો હતો. બે વખત એણે ધ્યાન ખેંચ્યું હતું; પરંતુ બંનેમાંથી કોઈએ ધ્યાન આપ્યું ન હતું. ત્રીજી વખત ધ્યાન ખેંચતાં કહ્યું: 'સાહેબ, બૂટ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગિરીશ ખિજાઈ જતાં બોલ્યો : 'હવે સાહેબ તારો ઘોડો તાણી રાખને. જોયા બૂટ હવે.'

છોકરો : 'સાહેબ! મને પૈસા આપો એટલે હું બીજે જાઉંને ?'

ભરત ખિસ્સામાં હાથ નાખવા જતો હતો, ત્યાં ગિરીશે એક આનો કાઢી છોકરા-ના પગ આગળ નાખ્યો અને કહ્યું : 'તું મોટો કામગરો છે તે જા અહીંથી.'

છોકરો : 'એક આનો નહિ સાહેબ, બે આના.'

ગિરીશ વધુ ખિજાઈ જતાં બોલ્યો : 'શું બોલ્યો અલ્યા? બોલ જોઉં ફરીથી ?'

છોકરાએ ગિરીશને કંઈ જવાબ ન આપતાં ભરત સામે જોયું.

ભરત બોલ્યો : 'બધા એક આનો લે છે અને તું બે આના શાનો માગે છે ?'

છોકરો : 'હું સારી પૉલિશ રાખું છું એટલે મને એક આને શી રીતે પોસાય ?'

વચ્ચે ગિરીશ બોલી ઊઠયો : 'તો પહેલેથી તેં કહ્યું કેમ નહિ કે બે આના લઈશ? જા નહિ મળે. જોઈએ તો એક આનો લે, નહિ તો ચાલતી પકડ.'

છોકરો કંઈ બોલ્યા વગર ઊભો રહ્યો. એક આનો એમ ને એમ નીચે પડ્યોપડ્યો એનો તમાસો જોઈ રહ્યો હતો.

ભરત નમતું મૂકી કદાચ એક આનો બીજો આપી દેશે એ શંકાએ ગિરીશ બોલ્યો : 'એની હઠને તાબે થવાની જરૂર નથી. રેલવેના પોર્ટરો જેમ રકઝક કરીને વધારે મજૂરી પડાવવા ટેવાઈ ગયા છે, તેમ આ છોકરાઓ પણ હરામી થઈ ગયા છે. સારી પૉલિશ કરે તેમાં આપણા ઉપર ઉપકાર કરે છે? જ્યારે ધંધો કરવો હોય તે બધા સારો માલ રાખે છે.' અને બૂટ તરફ નજર કરી ઉમેર્યું : 'આમાં શું સારી પૉલિશ તેં કરી નાખી

છે? એક આનામાં આનાથી સારી મેં દર વખત કરાવી છે.'

છોકરો નમ્ર થઈ બોલ્યો : 'સાહેબ, તમે સારા માણસ થઈને સારા કામની કદર નહિ કરો તો કોણ કરશે ?'

ભરતને થયું કે પૉલિશ તો એણે સારી કરી હતી. બીજો એક આનો આપી દેવામાં વાંધો પણ ન હતો; પરંતુ ગિરીશનું ઊંહું એ મિયાંભાઈના ઊંહું જેવું હતું. એક વખત ઊંહું થયું તેનું 'હા' ન થાય. વળી એની એક દલીલ ભરતને પણ વાજબી લાગી હતી, કે જો એ બે આના લેતો હતો, તો પહેલેથી એણે કહ્યા કેમ નહિ? જો કે એ મોટી વાત ન હતી, પરંતુ ગિરીશ લપ કરે ત્યારે વચ્ચે ન પડવું, એમ માની ભરત યાદી આગળ કરવા લાગ્યો.

ગિરીશ વસ્તુઓ લખાવવા લાગ્યો. વચ્ચે-વચ્ચે ટમ્બ્લર જેવો મુદ્દો આવે તો ચર્ચા કરવા લાગે. પણ સામે ઊભેલા છોકરા તરફ કોઈ ધ્યાન ન આપે. છેવટે છોકરો બોલ્યો : 'સાહેબ...'

ગિરીશે એને આગળ બોલતો અટકાવી કહ્યું : 'અહીંથી જાય છે કે નહિ ? જા અહીંથી, નહિ તો એક તમાચો ચોડી દઈશ.'

ગિરીશનું ભલું પૂછવું. એ ગાડીમાં મુસાફરી કરતો હોય ત્યારે ભાગ્યે બાઝવાનું ન બને. રેલવેના નોકરો સાથે તો એ નાની બાબતમાં બાઝ્યા વગર ન રહે. એ લોકોને એમ સીધા ન કરવામાં આવે તો એમની આંખ ન ઊઘડે એમ એ માનતો; એટલે એ કદાચ છોકરાને મારી બેસશે એમ માની ભરતે એને ખભે હાથ મૂક્યો.

પછી છોકરા તરફ નજર કરે છે તો એની આંખમાંથી દડદડ આંસુ વહ્યે જતાં હતાં! પહેલી જ વખત ભરતની નજર એ છોકરાના મોં ઉપર સ્થિર થઈ. ગોરું નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને શ્યામ નહિ એવું એ કુમળું મોં હતું. આવા ધંધામાં પડેલા છોકરાઓ, જેવા ખંધા થઈ જાય છે તેવો એ ખંધો ન હતો એમ એની થરથર ધ્રૂજતી કાયા કહેતી હતી. અને એવો ખંધો હોય તો આમ એ નિરાધાર જેવો બની રહે પણ નહિ. ભરતને એની દયા આવી. એક આનો આપવા એણે ખિસ્સામાં હાથ નાખ્યો.

ગિરીશે એ હાથને પકડી રાખતાં કહ્યું: ‘ નથી આપવાનો એને બીજો આનો. ’

ભરત: ‘ મરશે હવે એ વાત. ’

ગિરીશ: ‘ પણ એ રહ્યો શું કરવા? મેં એને માર્યો તો નથી ને? એમ રડીને એ ઓશિયાળો બને એટલે વધારે મળે, એ ગિરીશ પાસે નહિ બને. દાદાગીરીનાં બે રૂપ છે: એક ડરામણું અને બીજું ઓશિયાળાપણું. ’

છોકરો બોલ્યો: ‘ હું ઓશિયાળો બની કંઈ લેવા નથી માગતો. મારા ખરા હક્કનું માગું છું. આપવા હોય તો બે આના આપો, નહિ તો મારે કંઈ જોઈતું નથી. ’

ગિરીશ: ‘ તો ચાલ્યો જા અહીંથી. ’

છોકરો આમ તરત ચાલ્યો જશે એમ ભરતે નહિ કલ્પેલું. એને દૂર જતો જોઈ ભરતે કહ્યું: ‘ શું કરવા આમ કરે છે? ’

ગિરીશ: ‘ તમે વેવલા લોકો જ આમ કરીને આ પ્રજાને બગાડો છો. એ ક્યાંય મરવાનો નથી. ગાડી આવશે તે પહેલાં જોજે-બાપા કહીને એ જ પાછો એક આનો લઈ જશે. ’

ગિરીશના એ કથન ઉપર ભરતે ભરોસો રાખ્યો અને છોકરો આવશે ત્યારે પોતે એને બે આના આપી દેશે માની બંને જણ વાતોએ વળગ્યા. ગાડી યાર્ડમાં આવી એટલે બંને ઊભા થયા. જગા મેળવવા પ્લેટફૉર્મના આગળના ભાગમાં ઝડપથી પગ ઉપાડવા માંડ્યા અને પહેલા ડબામાં જગા મળી ગઈ એટલે નિરાંતનો શ્વાસ લીધો. અધૂરી વાત ગિરીશે આગળ ચલાવી.

ગાડી ઊપડવાના ટકોરા પડ્યા, ગાર્ડે વીસલ મારી, અને એન્જિને એ નાની વીસલ કોઈએ સાંભળી ન સાંભળી માની મોટો ખરાડો પાડ્યો. અને એ ખરાડો જાણે પેલા બૂટપૉલિશવાળા છોકરાએ પાડ્યો હોય તેમ ભરતને ધ્રાસકો પડ્યો. એ છોકરો યાદ આવ્યો. ગાડી ઊપડી ચૂકી હતી. ભરતે ઊભા થઈને બારી બહાર ડોકું કાઢી પ્લેટફૉર્મ ઉપર નજર કરી તો છોકરો નજરે ન પડ્યો.

ગિરીશે પૂછ્યું: ‘ શું જુએ છે? ’

ભરત: ‘ પેલો પૉલિશવાળો છોકરો જણાયો નહિ. ’

ગિરીશ: ‘ ભોગ એના. એટલી બધી ચરબી રાખીને એણે શું કાંદો કાઢ્યો? એક આનો ખોયો એ જ કે બીજું? ’

ભરત ચૂપ રહ્યો. એના હૈયામાં રડતા છોકરાનું દયામણું મોં લપાઈને બેસી ગયું હતું. એણે બૂટપૉલિશ સારી કરી હતી તેમાં શંકા ન હતી. ડબીની ડબીમાં હલકી પૉલિશ રાખી છેતરપિંડી કરી ન હતી. બીજા છોકરાઓની માફક ખંધાઈ બતાવી ન હતી. સહેજ ઊંચા સાદે બોલતાં રડી દીધું હતું. બે આના કરતાં પોતે ઓછું નહિ લે તેવો પોતાનો પ્રામાણિક ભાવ અને મક્કમ નિર્ણય જણાવ્યો હતો. પરિણામમાં એણે શું મેળવ્યું?

સારી બૂટપૉલિશ થતી નથી એમ કાયમ બૂમ પાડનાર ભરતને થયા કરતું હતું, કે એનો જવાબ આપે તેવો એકાદ છોકરો નીકળ્યો, ત્યારે પોતે એની કેવી કદર કરી? એને થયું, ગિરીશ ન હોત તો પોતે આવું વર્તન કદી આચરી શક્યા ન હોત. એક પ્યાલો પાણી પીધા બદલ એણે ક્યારેય પૈસા કે બે પૈસા છૂટા શોધ્યા નથી, પણ ગરમીમાં એકે પાણી પાનાર રેલવેના છોકરાછોકરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક આનો આપ્યો છે. શું કરવા ? ...મ એક આનો આપ્યો છે. શું કરવા ? શા માટે ખિસ્સામાં બે પૈસા હોય છતાં ...હું આપવાની વૃત્તિ બતાવી નથી; કારણ ...વા તાપમાં, સ્ટેશનોએ ફૂવાની સગવડ ન ...ય છતાં દૂરથી પાણી પાનારને શા માટે ...હું આપવું ? તો શા માટે પ્રામાણિક રીતે ...હું આપવું ? તો શા માટે પ્રામાણિક રીતે ...વવા પ્રયત્ન કરનાર છોકરાને એણે ...લ્યો ?

વચ્ચે ગિરીશ દેખાયો. શા માટે એણે એની ...કાને તાબે થવું ? ગિરીશના હૃદયને એ લાગણીઓ ન સ્પર્શતી હોય, એને એમાં ન્યાય દેખાતો હોય, તો ભલે એ એવું વર્તન રાખે, પણ પોતાની લાગણીઓ પ્રમાણે પોતે કેમ ન વર્ત્યો ? ગિરીશથી એ કંઈ દબાયેલો ન હતો. વળી એની ઇચ્છા વિરુદ્ધ એક આનો આપ્યો હોત તો એ કંઈ એને ના પાડી ન ...કત. સ્વભાવ પ્રમાણે થોડું બોલત એટલું ...અને એ ક્યારે નથી બોલતો ? એના ...સ્વભાવ તરફ ધ્યાન આપવામાં આવે ...મૈત્રી ટકી પણ ક્યાંથી હોય ? એ તો ...ના સ્વભાવનું એક લક્ષણ હતું એટલું જ. ...કી એ જ છોકરાને વગર પૉલિશ કરાવ્યે ...પૈસો આપવાનો હોય તો એ આપી દે. ...ણે કોનેકોને કેટલી મદદ કરી છે, તે કોણ ...ણે છે ? એણે ક્યારે કોઈને જાણવા પણ દીધું ...? અને એણે તો આ ખોટું કર્યું છે એમ ...વું પણ ક્યારે છે ? એટલે એ ગમેતેમ ..., પણ હું આ બધું અંતરમાં અનુભવ્યા ...માં શું કરી બેઠો ?

ભરતના હૈયામાં આ ચટપટી ચાલી રહી ...ી, ત્યારે ગાડી જતાં, પ્લેટફૉર્મને એક છેડે, ...ડા નીચે પોલિશવાળા પાંચસાત છોકરા- ...સહિયારી ત્રણ કપ ચા અને ૦ાા શેર ...યાં મંગાવી ખાતાપીતા હતા. કેશવે ...ે પોતાને ચા નથી પીવી તેમ કહ્યું. ...ને કહ્યું: ' કેમ નથી પીવી ? '

કેશવ ' નથી પીવી વળી ! '

મનોર: ' તો ચા મંગાવતા પહેલાં કેમ ના ભસ્યો ? '

કેશવ: ' પણ હું મારા ભાગના પૈસા આપીશ, પછી ના ભસ્યો એમાં તને નુકસાન તો નહિ જાય. ને ? '

છગન એ જવાબ સામે કેશવ પ્રત્યે તાકી રહ્યો. રડીરડીને એનું મોં ઊતર્યું હતું એમ એને તરત સમજાઈ ગયું. બોલ્યો: ' સાચું બોલજે કેશવા, તું રડ્યો છે ને ? '

કેશવ: ' હું ક્યારે જૂઠું બોલું છું તે સાચું બોલજે એમ તારે કહેવું પડે છે ? હું કેમ રડ્યો તે જાણીને તમે બધા હસશો. દરેક વખતે મશ્કરી કરો છો તેમ મશ્કરી કરશો. એક વખત ચા ઠરી જાય છે તે પી લ્યો, પછી વાત જાણવી જ હશે તો કહીશ. '

કેશવ બૂટપૉલિશવાળા છોકરાઓમાં એની પ્રમાણિકતા અને સચ્ચાઈને લીધે માનીતો થઈ પડ્યો હતો, તેમ ધંધામાં એ અળખામણો પણ થઈ પડતો હતો. બધા કરતાં એ સારી બૂટપૉલિશ કરતો એ બીજાઓથી ખમાતું નહિ. એને વધારે ઘરાકી મળે તે પણ વેઠાતું નહિ. બીજા એ કારણે એનો જીવ કાઢતા કે આમાં નથી તને ફાયદો કે નથી અમને ફાયદો. એક આનામાં તું સારી પૉલિશ વાપરે એટલે કમાવાનું કંઈ રહે નહિ. બીજાની ઘરાકી ઓછી થાય એટલે એમને પણ ગેરલાભ. એ કરતાં તું સૌના જેવી પૉલિશ રાખે તો શું ખોટું ?

છેવટ કેશવે અપ્રમાણિક રીત તો ન સ્વીકારી, પણ પોતાનો ભાવ એણે વધાર્યો. એ કારણે પોતાને જે ઘરાકી ઓછી થાય તે બીજાઓને મળે, અને પોતાને ઓછી ઘરાકીમાં પણ આવક સરખી થઈ રહે. આ કારણે બીજાઓને તો નિરાંત થઈ, પણ એને કપાળે મુશ્કેલી લખાઈ. બે આના કહે એટલે મોટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ બૂટપૉલિશ ન કરાવે; અને જે કરાવે
તે પણ કામ પત્યા પછી કહે: બે આના શાના,
એટલી બધી સારી તેં કંઈ પૉલિશ કરી
નથી, હજુ એક હાથ વધારે માર, વગેરે
વગેરે. અને એને લીધે જે પ્રસંગો બનતા
એ કેશવ પોતાની સાથે કામ કરનારા
છોકરાઓને જે કહેતો ત્યારે એની મુર્ખાઈ
ઉપર બધા હસતા. અને મૂર્ખાઈ છોડી દેવા
ઉપદેશ આપતા.

કેશવે જે પ્રસંગ બન્યો હતો તે કહીને
જણાવ્યું: 'મને જે રડવું આવ્યા કર્યું તેનું
કારણ મારા બે આના ગયા તે નહિ, પણ
સારા માણસો ય કેવી દાદાગીરી કરે છે તે.'

મનોર: 'પૈસાદાર એટલા પૂરતા એ
સારા માણસ. બાકી છેતરપિંડી તો સારા
દેખાતા વધારે કરે છે. આપણે એક આનાની
પૉલિશમાં છેતરીછેતરીને શું છેતરી લઈએ?
અને તે તો હજારો અને લાખો રૂપિયા
છેતરી લે છે.'

છગન: 'જેમ વધારે મોટો તેમ એ
વધારે છેતરપિંડી કરે.'

કેશવ: 'મને દુઃખ થયું તે એટલા માટે
કે પંચગની હવા ખાવા જનાર બે મહિનામાં
ગમે તેટલા રૂપિયા વાપરી નાખશે, પણ એક
આનો મારો ખરા હક્કનો એમને આપવાનું
દિલ ન થયું.'

રણછોડ: 'હક્ક ને ફક્ક. તને હજાર વખત
તો કહ્યું, કે તારા જેવો એક રઘો હતો.
હરામીવેડા નહિ અને કોઈનાથી દબાવું ય
નહિ. ફોજદાર સાહેબના બૂટ મફત પૉલિશ
કરવાની ના પાડી, પૈસા માગ્યા ને ત્રીજે
દિવસે રેલવેની ચોરીના કિસ્સામાં એનું નામ
ઘાલી દીધું અને ગયો એક મહિનો જેલમાં!'

મનોર: 'એથી એ તો છૂટ્યો બૂટ-
પૉલિશમાંથી. પહેલાં આપણા સ્ટેશને એ
આપણા જેવો મેલોઘેલો રહેતો હતો. હવે
રેલવેમાં ચોરીઓ કરતાં શીખી ગયો તે લીલા-
લહેર કરે છે ને?'

કેશવ: 'પણ ચોરીઓ કરવી સારી છે?'

રણછોડ: 'એમ તો બધા કહે છે કે
સારી નથી, પણ બધા કરે છે તે ચોરી છે
કે બીજું? કાળું બજાર એ ચોરી છે કે બીજું?
પછી રઘો ચોરી કરે છે એમાં એના એકલાનો
શો દોષ? તને બે આના ન આપનાર શું
ચોરી વગર માલદાર થયા હશે? પંચગની
હવા ખાવાની વાત કરતા હશે? આપણને
ખાવાનું મળતું નથી અને એમને હવા ખાધા
વગર ચાલતું નથી એનું શું કારણ?'

છગન: 'આ બધું કહીકહીને શું કાઢવાનું
છે? એને આવું બને છે ત્યારે દર વખત
આપણે કહીએ છીએ, કે હરિચંદર રાજા
થવા જેવું તારું ભાગ્ય હોત તો કોઈ
રાજા કે શેઠિયાને ત્યાં તારો જનમ થયો
હોત. આટલી નાની ઉંમરે બૂટપૉલિશ
કરવાનો અવતાર મળ્યો છે, પછી પેટ માટે
વેઠ કરવાની એમાં છેતરપિંડી અને સારું-
ખોટું કરવાનું શું? સારું કામ કરનારને
શો શિરપાવ મળે છે તે જોતો નથી?'

કેશવ માટે આ ચર્ચા નવી ન હતી.
એના કાન સાંભળીસાંભળીને બહેરા થઈ
ગયા હતા; પરંતુ નાનપણમાં મા મરી ગઈ
ત્યારથી બાપે એને ઉછેરીને મોટો કર્યો હતો.
બાપ એક મિલમાં ઝાંપા ઉપર પટાવાળો
હતો. આખી ઉંમર એક જ મિલમાં નોકરી
નોકરી કરી હતી. કેશવને રમાડતાંરમાડતાં
એ પહેલાં એવાં સ્વપ્ન રચતો હતો કે મોટો
થતાં શેઠને બંગલે એને નોકરી ઉપર મૂકી દેશે.
એ કારણે બંગલાના નોકરો સાથે એ કોઈ
વખત વાતો કરતો ત્યારે સુખદુઃખની વાતો
પૂછતો, એમાં સુખ કરતાં દુઃખની જ વાતો
સાંભળવા મળતી ત્યારે એને થતું કે શેઠિયા
લોકોને દૂરથી સલામ ભરવી સારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે વિચાર્યું કે મોટો થશે ત્યારે મિલમાં દાખલ કરાવવો. પરંતુ કેશવ દશ વર્ષનો થયો ત્યાં એણે પોતે ધંધો શોધી લીધો. એનો બાપ મિલની જે ઓરડીમાં રહેતો હતો તેની બાજુમાં વસતા લોકો મજૂરો હતા. કેશવથી પાંચેક વર્ષે મોટા બેત્રણ છોકરા બૂટપૉલિશ કરવા સ્ટેશને જતા. કેશવને એ કામ ગમી ગયું. બાપને કહ્યા વગર એક દિવસ એ એના દોસ્તદારો સાથે ઊપડી ગયો. પહેલે દિવસે એક જણ સાથે સહિયારું કામ કર્યું. ચાર આના એને મળ્યા.

ઘેર આવી એણે બાપાના હાથમાં મૂક્યા. પૂંજાનો હાથ પૈસા દેવતા હોય તેમ ધ્રૂજી ઊઠ્યો. લાલ આંખ કરતાં એણે કેશવને પૂછયું: 'સાચું બોલ, ક્યાંથી ચોરી લાવ્યો ?'

કેશવ: 'ચોરી નથી કરી. કમાઈ લાવ્યો છું.'

પૂંજાએ વાત જાણી, સાચી છે તેની ખાતરી કરી, ત્યારે એના હર્ષનો પાર ન રહ્યો. જે આનંદ થયો તે દસ વર્ષના દીકરાએ કોઈની તાબેદારી નહિ તેવો ધંધો શોધી કાઢ્યો તેનો હતો. લડાઈ શરૂ થઈ ત્યારે પહેરાવાળાની નોકરીમાં પણ પૂંજાને જૂઠ કરવું પડતું. ચોરીછૂપીથી, સરકારને છેતરવા માલ મિલમાંથી લઈ જવામાં આવતો હતો અને તે પૂંજાને ઝાંપામાંથી જવા દેવો પડતો હતો. એને આ ગમતું નહિ. જિંદગીમાં પોતે કશું ખોટું નથી કર્યું, એ એનો શબ્દ રોજની વાતોમાં બંધ થઈ ગયો હતો. એને થતું કે શેઠને શું નથી તે આવું પાપ કોટે બાંધતા હશે? પરંતુ પૂંજાને ક્યાં ખબર હતી કે એના શેઠ આવશે કે આવ્યું'તું કરી કરોડાધિપતિ થવાની વાલાવેલીમાં પડ્યા હતા.

પૂંજાને નોકરીમાં આટલું ખોટું કરવું પડતું હતું, છતાં દીકરાને એ કોઈનો હરામનો પૈસો ન લેવાનો, કામ સારું કરવાનો અને ખરા પરસેવાનું ખાવાનો ઉપદેશ આપતો હતો. એક વખત ઝાંપામાંથી પસાર થતાં મોટરલોરી પકડાઈ ગઈ, ત્યારે શેઠે જાણે એનો ગુનો હોય તેમ સરકારના ઇન્સ્પેક્ટરને બતાવવા પૂંજાની બધાના દેખતાં ધૂળ કાઢી નાખી હતી. ગાળો પણ ભાંડી દીધી હતી; અને પછી સરકારી ઇન્સ્પેક્ટર અને શેઠ સમજી ગયા એટલે એ પ્રકરણ ત્યાં જ પતી ગયું હતું. તે વખતે જ પૂંજાને નોકરીમાંથી છૂટા થવાનું મન થઈ આવ્યું હતું, પરંતુ પાછલી ઉંમરે એ બીજું કરે પણ શું ?

ગયે અઠવાડિયે જ મિલના એક હોજમાંથી દારૂની બાટલીઓ પકડાઈ હતી. એ હોજ વપરાતો ન હતો અને તે કારણે એનો એ ઉપયોગ કરવામાં આવ્યો હતો. કોઈ જાણભેદુની ફૂટ વગર એ પકડાય તેમ ન હતું. કોણ ફૂટ્યું તેની શોધ કરવાનો તે વખતે અવકાશ ન હતો. એ ગુનામાંથી છટકવું કેમ એ જ રસ્તો શેઠને કાઢવાનો હતો. પહેરાવાળાએ પોતે મિલમાં સંતાડ્યો હતો એમ એક પહેરાવાળો ગુનો કબૂલી લે તો જે દંડ થાય તે શેઠ આપવા તૈયાર હતા. સજા થાય તે દરમિયાન અડધો પગાર મળવાનો હતો. આવો લાભ જૂના નોકરને આપવો માની શેઠે પ્રથમ પૂંજાને બોલાવ્યો. એણે ચોખ્ખી ના સંભળાવી દીધી. ઉપરથી કહ્યું, કે 'મારા પહેરા વખતે કાપડની ચોરી થાય છે એ જ મને ગમતું નથી, ત્યાં આવું નામોશીભર્યું કામ હું કેવી રીતે માથે લઉં ?'

શેઠ તો તે વખતે કાંઈ બોલ્યા નહિ. બીજા પહેરાવાળાને એ લાભ આપ્યો. પરંતુ પૂંજો એમની ધ્યાન બહાર શાનો રહે ? એનો શો ગુનો કાઢવો તેની એ શોધમાં હતા. બાકી મજૂર મહાજનવાળા એને પડખે લડે એ બીક હતી. એટલે અઠવાડિયાનો વિચાર કરી, રાતની એની નોકરી વખતે એ ઊંઘતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો અને નાની ચોરી થઈ એમાં કેસ કરી એને છૂટો કર્યો હતો.

કેશવ તે દિવસે ઘેર આવ્યો, ત્યારે એનો બાપ લમણે હાથ દઈને બેઠો હતો. મોં ઊતરી ગયું હતું. કેશવે કારણ પૂછયું તો જવાબ મળ્યો, કે ચોવીસ કલાકમાં આપણે ઓરડી ખાલી કરવાની છે. શેઠે મિલમાંથી પોતાને છૂટો કર્યો છે.

એ કેશવને શોધવા ભરતે તે પછી એ સ્ટેશન ઉપર બીજી વખત આવતાં ઘણો પ્રયત્ન કર્યો પણ એનો પત્તો મળ્યો નહિ. એની તપાસ કરતાં એક બૂટપૉલિશવાળા છોકરાને ભરતે પૂછી જોયું–'ઘઉંવર્ણો, પંદરેક વર્ષનો, બૂટપૉલિશ કરતો છોકરો જોયો ? તમે બધા એક આનો લ્યો છો ત્યારે એ બે આના લેતો હતો.'

છોકરો : 'કેશવાની વાત કરો છો, શેઠ ?'

ભરત : 'નામ હું નથી જાણતો, પણ મારે એનું કામ છે.'

છોકરો : 'એ તો હવે ક્યાં છે એની ખબર નથી.'

ભરત : 'ક્યારથી નથી ?'

છોકરો : 'એ તો કોને ખબર છે, પણ છેલ્લે એક શેઠે પૉલિશ કરાવી એક આનો આપ્યો. એણે ન લીધો. પછી ઘણું રડેલો. એ બધી વાત અમને કરીને એ ઘેર ગયો તે ગયો. ફરી બૂટપૉલિશ કરવા આવ્યો નથી. તમારે એનું શું કામ છે ?'

ભરત : 'એ પૈસા ન આપનાર શેઠ હું જ.'

છોકરો : 'એવા તો એને ઘણા મળતા. તમે જ છેલ્લા હશો તેની શી ખબર ? એ શેઠ તો તે દહાડે પંચગના જવાની વાતો કરતા હતા એમ એ કહેતો હતો.'

ભરતે નિઃશ્વાસ નાખતાં કહ્યું : 'હા, ભાઈ હા, એ જ પંચગનીવાળો શેઠ હું. પંચ... ગની ગયો તો ય મને કેશવ યાદ આવ્યા... કર્યો છે. એ નહિ મળે અને તેનું લેણું... ચૂકતે નહિ કરું ત્યાંસુધી મને ચેન નહિ પડે.'

છોકરો ઘડીભર ભરત સામે તાકી રહ્યો... થયું–શેઠ ગાંડા થઈ ગયેલા છે કે શું ? ગાંડા... થયા ન હોયઁ તો આમ કોઈ કેશવા પાછળ... ગાંડાં કાઢે ?

ભરતને તે પછી જ્યારેજ્યારે એ સ્ટેશન... ના પ્લૅટફૉર્મ ઉપર પગ મૂકવાનો થાય... ત્યારે કેશવ યાદ આવે, તેની પૂછપરછ કરે... પણ એનો પત્તો ન મળે.

છેવટ અચાનક ત્રણ વર્ષ પછી એક... દિવસ સૂરતના પ્લૅટફૉર્મ ઉપર એનો ભેટો... થઈ ગયો. ભરત ગાડીમાં ચડતો હતો... ધક્કાધક્કી પુષ્કળ હતાં અને કોઈએ એની... પેન ખેંચી. એની એને ખબર પડી. તરત જ... એણે એ ખેંચનારનો હાથ પકડ્યો. આમ... ખબર પડવાના તો આવી ચોરીમાં ઘણા... પ્રસંગ બનતા, પણ તે ઘડીએ ચોરી કરનાર... હાથ ખેંચીને એવી આબાદ રીતે છટકી જતો... હોય કે ન પૂછો વાત.

પરંતુ ભરત અખાડિયન, એના હાથમાં... જેનું કાંડું ગયું તે હાડકું ભાંગે પણ છૂટે... શાનું ? 'શું છે, શું છે' થઈ રહ્યું.

ભરત : 'આ મારી પેન ઉઠાવતો હતો.' એ સાથે જ બીજા ઉતારુઓએ મુષ્ટિપ્રહાર... શરૂ કર્યો.

ભરતે અઢાર વર્ષના એ નવજુવાન... સામે નજર ઠેરવી, ત્યાં એ ચહેરો એને... યાદ આવ્યો, બોલી ઊઠ્યો : 'કોણ ? કેશવ ? બૂટપૉલિશવાળો ?' અને એ જવાબ આપે... તે પહેલાં ભરત ઉતારુઓને સંબોધી બોલી... ઊઠ્યો : 'કોઈ મારશો નહિ, એ મારો ઓળ... ખીતો છે !'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક :

કવિ દલપતરામનાં

પ્રાસંગિક વિનોદકાવ્યો

અધ્યા. તનસુખ ભટ્ટ
એમ. એ.

આજના કવિઓની રચનામાં મળતી દુર્બોધતા ક. દ. ડા.થી ઓળખાતા કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈનાં કાવ્યોમાં ક્વચિત જ મળવાની. સભારંજની શૈલીમાં શીઘ્રતાથી રચના કરવા જતાં એમાં પ્રાસાનુપ્રાસ, વર્ણસગાઈ, શબ્દશ્લેષ વગેરે યુક્તિઓ કવિને અજમાવવી પડતી. આજે યે એમની કવિતાની ઘણી પંક્તિઓ મોટેરાંને યાદ હશે. જેને લક્ષ્ય બનાવ્યો હોય તે પણ એ સાંભળી કાવ્યને મુક્તમને માણે એવો નિર્દોષ વિનોદ કરવામાં દલપતરામ પાવરધા હતા. અહીં આપેલાં કેટલાંક પ્રસંગકાવ્યો એ વાતનું સમર્થન કરશે.

કવિ દલપતરામ ડાહ્યાભાઈ વઢવાણના શ્રીમાળી બ્રાહ્મણ હતા. તેમનો જન્મ આજથી ૧૩૦ વર્ષ ઉપર એટલે ઈ. સ. ૧૮૨૦માં થયેલો. કુટુંબમાં સામવેદની ઉપાસના હતી. નાનપણથી જ તેઓ બુદ્ધિશાળી હતા; અને જૈન મિત્રમંડળમાં વંચાતી શામળની વાર્તાઓ તરફ આકર્ષાયા હતા. કમળલોચની અને શિરદંતી નામની બે શામળશાઈ વાર્તાઓ પણ લખી; પરંતુ સ્વામીનારાયણપંથના નિર્મળ ચારિત્ર્યવાળા સાધુઓને જોઈને તેમના શિષ્ય થયા અને પછી તેમની નીતિભાવનાને પેલી બંને વાર્તાઓ ખટકી એટલે તેનો નાશ કર્યો. મૂળીના સ્વામીનારાયણના મંદિરમાં સ્વામી દેવાનંદ નામે પૂર્વાશ્રમના એક ચારણકવિ પાસે કાવ્યદીક્ષા લીધી અને બાકી હતું તે ભુજની પાઠશાળામાં જઈ પૂરું કર્યું. કાવ્યશાસ્ત્રનું તેમનું અધ્યયન વ્રજભાષાના ગ્રંથોને આધારે થયેલું. આ ગ્રંથોથી શબ્દચાતુર્ય અને અલંકાર તેમ જ ભાષાવૈભવ પર તેમને સ્વામિત્વ પ્રાપ્ત થયું; તેના ફલસ્વરૂપે તેઓ શીઘ્ર પદ્યરચના પણ કરી શકતા.

અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે તેઓ ફિન્લોક ફોર્બ્સ નામે અંગ્રેજ અમલદારના તેડાવ્યા અમદાવાદ આવ્યા. તેમણે ફોર્બ્સને ગુજરાતી ભાષા અને સાહિત્ય ભણાવ્યું તથા બીજી બાજુથી જૂની ગુજરાતી કવિતાની શોધરૂપે ગુજરાતી કવિતાની સેવા આરંભી. બરાબર પચાસ વર્ષ સુધી તે સેવા ચાલી. તેમણે ગુજરાતનાં ગામોમાં ફરીને જૂનાં કાવ્યો અને ગ્રંથો મેળવ્યાં. લોકોને જૂના વહેમો તજવા શિખામણો આપી. આ માટે કવિતામાં ભાષણો કરતા. અમદાવાદમાં ગુજરાત વિદ્યાસભા-(અગાઉની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી)નું મંત્રીપદ અનેક તડકીછાંયડી વચ્ચે સંભાળ્યું. કવિતાને તેમણે પારસીઓ, મુસલમાનો, સ્ત્રીઓ અને બાળકો સુધી પહોંચાડી અને તેને તેઓમાં પ્રિય કરી. મહાત્મા ગાંધીજીએ જે કામ રાજકારણમાં કર્યું તે જ કામ નાના પાયા પર કવીશ્વર દલપતરામે કવિતાક્ષેત્રમાં અને સંસારસુધારાના ક્ષેત્રમાં કર્યું. બંને સામાન્ય લોકસમુદાય સુધી પહોંચ્યા અને લોકોને પોતપોતાના વિષયમાં જાગ્રત કર્યા. એકલો હાસ્યરસ લઈ એ તો પણ અર્વાચીન કવિઓમાં દલપતરામ અદ્વિતીય છે. અહીં તેમનાં કેટલાંક પ્રાસંગિક વિનોદકાવ્યો પર નજર નાખીશું.

દલપતરામ કિશોરવયના હતા ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વઢવાણની શ્રીમાળી નાતમાં બે તડ પડેલાં. એક તડમાં દયારામ કરીને એક બ્રાહ્મણ હતા, સામા પક્ષમાં જગજીવન કરીને અન્ય બ્રાહ્મણ હતા. બંને વચ્ચે ઝઘડો થયો. દયારામ બ્રાહ્મણ દલપતરામના મામાના તડમાં હતા. તેથી કિશોર દલપતરામનો તેમની તરફ પક્ષપાત હતો. દલપતરામે એક જોડકણું રચીને જગજીવનની ખબર લઈ નાખી. આવાં જોડકણાંને હડૂલો કહેતા. દલપતરામે હડૂલો (હડડડ કરતો આવે તેવો તોપગોળો) ફેંક્યો :

મોટાં એટલાં બારણાં ને નાની એટલી બારી;
દયા હાર્યે વેર કરીને, જગુડે જખ મારી.

વઢવાણમાં એકવાર રામલીલા ભજવાતી હતી. રામનું પાત્ર લેનાર રામો રાવળ કરીને કોઈ માણસ હશે તેનો પુત્ર હતો. સીતાલગ્ન વખતે સીતાને કન્યાદાનમાં રામા નામના એક ખવાસે ખેતર આપ્યું. લેનાર રામનો પુત્ર અને આપનાર રામ! ચતુર દલપતરામે પ્રસંગની વિલક્ષણતા વરતીને હડૂલો ગબડાવ્યો:

રામે આપ્યું રામને ને લીધું રામને છૈયે,
લક્ષ્મણ ઊભો જોઈ રહ્યો તો સીતાને શું દૈયે?

એકવાર ચોમાસામાં દલપતરામ ઓસરીમાં બેઠા હતા. તેમનાં પત્ની મૂળીબાઈ ઘંટીએ દળતાં હતાં, લોકો વરસાદના પાણીમાં થઈને જતા હતા અને એક ઝાડ ઉપર કાગડો ઠૂંઠવાતો બેઠો હતો. દલપતરામે કહ્યું :

કાગ ઉપર કાગ બેઠો, રથે બેઠાં રાણી;
બંદા બેઠા માંચીએ ને દુનિયા ડોળે પાણી!

આજથી સો વર્ષ ઉપર ઈ. સ. ૧૮૫૦-માં અમદાવાદમાં દિલ્લી દરવાજા બહાર કેટલાક મિત્રોએ ઉજાણી કરી. દૂધપાક-પૂરીનું જમણ તૈયાર થતું હતું, ત્યારે તે મિત્રો ટોળટપ્પા ઉપર ચડ્યા. ટોળટપ્પામાંથી વાદવિવાદ શરૂ થયો અને વાદવિવાદમાં એકબીજા પર આક્ષેપ કરવા સુધી તેઓ ઊતરી પડ્યા. એકે કહ્યું કે તેં શાકના પૈસા ખાધા ને બીજાએ તેવો સામો આરોપ મૂક્યો. દલપતરામે તેમને વાર્યા પણ હશે; પરંતુ શૂર પર આવેલા જુવાનો મારામારી કરવા લાગ્યા. કોઈક જઈને સિપાઈને બોલાવી લાવ્યું. સિપાઈદાદા તેમને લઈને ફોજદારના ઘર તરફ વળ્યા. ફોજદારના ઘર તરફ જઈએ છીએ એ વાત સમજાતાં જ બધાની શૂરવીરાઈ ઊતરી ગઈ અને પોતાને છોડી દેવા માટે વિનવણી શરૂ થઈ. સિપાઈને ખિસ્સાંતર કરવાનો લોભ થયો અને તેણે સો વર્ષ પહેલાંની સોંઘવારીને હિસાબે બે આના માગ્યા. એવડી મોટી રકમ ન મળી ત્યારે એક આનો અને છેવટે અરધા આના સુધી સિપાઈ આવ્યો. છ જણ વચ્ચે છ પાઈ પરખાવવાની પણ આ દોસ્તોએ ના પાડી. આખરે ફોજદારને ત્યાં વાજતેગાજતે ગયા અને બીજે દિવસે છાપામાં બખેડાનો કિસ્સો આવ્યો. દલપતરામને અમદાવાદ બોલાવી તેમની ફાર્બસ સાથે ઓળખાણ કરાવનાર ભોળાનાથે દલપતરામને પુછાવ્યું કે 'તમે આમાં ક્યાંથી?' દલપતરામે કહ્યું કે 'હું ભોજનમાં હતો, મારામારીમાં નહિ.' મોડી રાતે ઠંડે પાણીએ નાહીને કુલફી જેવાં ઠંડા દૂધપાક કેમ ખાધો વગેરે હકીકતનું વર્ણન કરતું એક પદ્ય પણ તેમણે લખી મોકલ્યું:

જ્યાં ગયા ઉજાણીએ, શું જાણીએ—અજાણીએ તો
જાણીએ તો જાણી જોઈ જૈએ ન કંજૂસમાં;
શક્યું ન ન્હવાઈ ને નવાઈ જેવી વાઈ ઠંડ,
ભલી થૈ ભવાઈ, ન ખવાઈ, ખીર ખુશમાં;
થઈ જ્યાં લડાઈની ચડાઈ ત્યાં સિપાઈ આવ્યા,
ગયા પકડાઈ ખટ ભાઈ હુંસાતુંસમાં;
પાઈ પાઈ જો સિપાઈને અપાઈ હોત ભાઈ,
લાગત છ પાઈ ન છપાઈ જાત ન્યૂસમાં.

નીચેની કવિતાના અન્વયાર્થમાંથી હાસ્યરસ નથી નીકળતો, પણ જે સંદર્ભમાં તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...તું છે તે સંદર્ભ (પૂર્વાપર સંબંધ) ...માં લેતાં દલપતરામનું ચાતુર્ય સમજાઈ ...અને એ ચાતુરી હાસ્ય ઉપજાવશે. પ્રસંગ ...હતો, કે વઢવાણના રાજદરબારમાં એક- ...દલપતરામ ગયા હતા, ત્યાં વારાંગના- ...નૃત્ય કરવા આવી. ચુસ્ત સ્વામીપંથી ...દલપતરામ ઊઠીને ચાલવા લાગ્યા તો દરબારી- ...એ તેમને સમ દઈને રોકી રાખ્યા. અહીં ...તો ઠીક પણ ખુદ દરબારે નૃત્ય પૂરું ...પછી કવિને આ પ્રસંગનું શીઘ્રકાવ્ય ...કહ્યું. દલપતરામને જાણે કે ધર્મસંકટ ...આવ્યું. બરાબર એ જ ટાંકણે દરબારી ગાયો ...માંનાં ઝાંઝર ઝમકાવતી બહારથી ચરી ...આવીને ગઢમાં ગઈ. ચતુર દલપતરામે શ્લેષ ...અલંકારમાં તે પ્રસંગ વર્ણવ્યો :

...માં ઝાંઝર ઝણઝણે, ટકટક જોતી જાય;
...કાળા કેશ છે, દેખો ગોરી ગાય.

...અહીં 'ગોરી ગાય' શબ્દના બે અર્થ ...: (૧) ધોળી ગાય અને (૨) ગૌરાંગના ...ગાય છે. કવિએ આગળ ચલાવ્યું :

...લાંબા કેશવાળી અંગે તો રૂપાળી ભાળી,
...ના ઝમકાળી વડી વખણાય છે;
...ચાલ ચાલતી ચંચળતાથી,
...સકળ જન સામું જોતી જાય છે;
...તા નહિ પણ પ્રજા તો પ્રસવે પોતે,
...વાળી જાતે સુંદરી જણાય છે;
...દલપતરામ દેખો દુનિયાના લોક,
...મહીં ગોરી ગુણવંતી ગાય છે.

એકવાર અમદાવાદમાં દલપતરામ બેઠા ... એટલામાં એમના એક વૃદ્ધ સ્નેહી ...વાના હશે તેની વધાઈ આપતી કંકોતરી .... આજુબાજુના મંડળે જોયું કે કવિનું ... મેલકતું હતું. કવિએ કંકોતરીના જવાબ- ...નીચેનું પદ્ય લખ્યું :

...દીઠી જે સમે, મીઠી લાગી મંન,
(પણ) પીઠીનું મહુરત સુણી, ઠીઠી હસિયા જંન.

પારસીઓ ગુજરાતી ભાષાના ઉચ્ચારમાં એક ખાસ લઢણ ધરાવે છે. મુંબઈનાં છાપાં પણ ત્યારે પારસી ઉચ્ચારવાળી ગુજરાતી લખતાં. ભાષાશુદ્ધિના આગ્રહી દલપતરામના કાન ચમકયા અને ગુજરાતી ભાષાના મારીમચડીને થતા ઉચ્ચાર સામે વિરોધ દર્શાવ્યો. પરંતુ વિરોધનું સ્વરૂપ હાસ્યરસનું હતું; એટલે પારસીઓ પણ એ પદ્ય વાંચીને હસ્યા હશે. ગુજરાતી ભાષારૂપી રાણીને લૂંટનાર કોઈ નીકળ્યા. આ લૂંટારાઓના સગડ (પગેરું) પ્રમાણે ચાલતાંચાલતાં જોયું કે લૂંટારાઓ તો મુંબઈમાં રહે છે અને નામે પારસી છે :

ચૌટામાં લૂંટાણી મહારાણી ગુજરાતી વાણી,
લૂંટી અલંકાર, ફૂટી કીધી ગુનેગાર શી;
પગેરું ચલાવ્યું તે તો ચાલતાં મુંબઈમાં પેઠું,
પછી ત્યાં તપાસતાં તો પકડાયા પારસી.

ઈ. સ. ૧૮૬૦ થી ૧૮૬૪ સુધી અમેરિકામાં આંતરવિગ્રહ થવાથી ત્યાં રૂની ખેતી બંધ પડી. હિંદી રૂના ભાવ આસમાને ચઢ્યા. લોકોએ ગાદલાં અને ઓશીકાંનું રૂ પણ વેચ્યું. દેશમાં અનેક પરપોટા કંપની અને પરપોટા બૅંકો નીકળી. પછી અમેરિકામાં વિગ્રહ મટી શાંતિ પ્રસરી, તેની સાથે અનેક કંપની અને બૅંકોએ દેવાળાં કાઢ્યાં. પ્રેમચંદ રાયચંદ જેવા શાહસોદાગર પણ બેસી ગયા. આમ શેરસટ્ટાને છંદે ચડેલા મુંબઈને અને ગુજરાતને વિક્રમ સંવત ૧૯૨૨માં સજજડ થપ્પડ પડી. આ સાલનું વિનોદી વર્ણન કરતાં દલપતરામ કહે છે:–

હીરાકંઠી હેમહાર તરુણીઓ તજી બેઠી,
તજ્યાં ઘરબાર વળી એવી વેળા આવી છે;
સો સો રૂપૈયાની સાડી શરીરે શોભાવતી તે,
સવા રૂપૈયાની સાડી શરીરે ધરાવી છે;
શેર ને કપાસ જેવા જાણે સદ્ગુરુ મળ્યા,
તેણે દલપતપોથી જ્ઞાનની પઢાવી છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓગણીસો બાવી તણી બાવીરૂપે આવી સાલ,
બૈરાંઓને બોધ કરી બાવીઓ બનાવી છે.

હિંદુઓ પાઘડી કેમ પહેરે છે અને યુરોપિયનો ઉઘાડે માથે કેમ ફરે છે તેનો ખુલાસો આપતાં કવિ કહે છે કે 'દરેક પ્રજાએ ઇન્દ્રાસન આગળ જઈને ઇન્દ્રને કાંઈ ને કાંઈ ભેટ ધરી. તેમાં હિંદુઓએ ધરેલા પંચતંત્ર ગ્રંથની ભેટથી ઇન્દ્રરાજા એટલા તો ખુશ થયા કે હિંદુઓને હમેશની પાઘડી બંધાવી દીધી :

ભૂતળના લોકે એક સમે ઇંદ્રભુવનમાં
જેને જુદીજુદી ભેટ ભાવથી ધરાવી છે;
ચીકે તો ઈસપનીતિ, આરબે નાઈટ, ઇંગ-
લીશે શેક્સ્પિયરની પોથી પરઠાવી છે;
હિંદુએ હોંશ ધરી પંચતંત્ર તણી પોથી
આપી તે તો ઇંદ્રને અધિક ભલી ભાવી છે;
દાખે દલપતરામ બીજાઓની બંધ કરી,
હિંદુઓને હમેશની પાઘડી બંધાવી છે.

હોપવાચનમાળાના સંપાદક હોપસાહેબ જો ગુજરાતી ગૃહસ્થ બની જાય તો તેમનું નામ શું પડે ? જેમ મિસ સ્લેડમાંથી મીરાંબહેન બન્યાં તેમ મિસ્ટર હોપમાંથી શું બને ? દલપતરામ કહે છે :

હોપ નામ આશા તણું, સુણજો સજન તમામ;
ગુજરાતીમાં તો કહું, સાહેબ આશારામ.

મુંબઈમાં માધવબાગમાં એકવાર સભા મળી. મહારાણી વિક્ટોરિયાના જન્મોત્સવનો પ્રસંગ હતો. કવિ દલપતરામને આંખે હવે સૂઝતું ન હતું. સભામાં પ્રજ્ઞાચક્ષુ પંડિત ગટુલાલજી અને કવીશ્વર દલપતરામ બંને ગુજરાતી કવિઓ હાજર હતા. બંને અંધ હતા. એક હતા સંસ્કૃતના કવિ અને બીજા હતા ગુજરાતીના કવિ. પ્રસંગ હતો સામ્રાજ્ઞીના જન્મોત્સવનો. પણ દલપતરામે અંગ્રેજી રાજ્યની ખોડખાંપણ તરફ ઇશારો કરી દીધો. તેમણે કહ્યું કે 'અંગ્રેજી રાજ્યમાં મોટાને ધરવવામાં આવે છે; તથા નાનાનો રોટલો ઝૂંટવવામાં આવે છે.' તેમણે એવી હોશિયારીથી વાત કરી કે મોટાને ઘીકેળાં અને નાનાના પેટ પર પાટુ મારવાનું તો ખુદ ભગવાનને ઘેર પણ થાય છે તો પછી અંગ્રેજોના રાજ્યમાં તેવું થાય તેની નવાઈ નથી. પરમેશ્વરનો પક્ષપાત પણ કંઈ ઓછો છે ? જુઓ, બ્રહ્માને આઠ આંખો, રુદ્રને છત્રીશ, ઇન્દ્રને એક હજાર અને શેષનાગને બે હજાર આંખો! એથી ઊલટું ગટુલાલ અને દલપતરામ જેવાને બે આંખો હતી તે પણ ભગવાને લઈ લીધી! આ પ્રભુના ઘરનો ન્યાય કહેવાય ખરો ! કવિએ કહ્યું :

અજદેવને તો આઠ આંખો, રુદ્રને ત્રણ બાર છે,
વળી ઇંદ્ર એક હજાર આંખ, અહીંદ્ર બેઉ હજાર છે;
પરમેશ્વરે પણ શ્રેષ્ઠનો કરી પક્ષ, તેણે ઘણાં દીધાં,
ગટુલાલ-દલપતરામ જેવા ગરીબનાં છિનવી લીધાં.

કવીશ્વર વૃદ્ધાવસ્થામાં અંધ હતા; પરંતુ આચાર્યશ્રીના તેડ્યા સ્વામીનારાયણના પવિત્ર ધામ વડતાલમાં રહેતા હતા અને સંપ્રદાયને લગતો કાવ્યગ્રંથ રચતા હતા. ત્યાંના મંદિરમાં ગણેશાનંદ કરીને વાસણખાતાના અધિકારપદે એક બ્રહ્મચારી હતા. જીભે અને સ્વભાવે કડવા હશે, તેથી ઘણા લોકોમાં અને દરેક નવા આગંતુકમાં અળખામણા થતા. દલપતરામને કાંઈક ફરિયાદ કરી હશે એટલે દલપતરામે પેલા ગણેશાનંદજીને સપાટામાં લીધા. તેમનું નાક બહુ કદરૂપું હતું એટલે ઠાવકા કવિએ તેમને બિરદાવ્યા :

નરના જેવું નાક નહિ, વરવો દીસે વેશ,
વસ્યા આવી વડતાલમાં, જય ગુણવંત ગણેશ.

એવા જ એક બીજા જગજીવન કરીને કોઠારી હતા. મહારાજને હૈયે મંદિરનું ન દાઝે પણ બીજાને કૈંક અપાતું જોઈને ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઠારીનું દિલ બહુ દાઝતું. તેમને વિશે ઘણી ફરિયાદો આચાર્યશ્રી સુધી પહોંચેલી. એકવાર વૃદ્ધ કવિને આચાર્યશ્રીએ પૂછ્યું કે 'તમારી અંતર-ખરદાસ તો બરાબર થાય છે ને?' કવિએ કહ્યું કે 'વડતાલમાં પણ જગજીવન કોઠારી છે અને બ્રહ્માંડનો નાયક પણ જગજીવન કહેવાય છે; પરંતુ સદ્ભાગ્યે પેલા જગજીવન તે અહીંના જગજીવન જેવા નથી.

આ જગજીવન તુલ્ય જો, એ જગજીવન હોત,
માણસ સહુ મરવા પડત, રૈયત રાજા સોત.'

એકવાર આચાર્યશ્રીનો ધોતીજોટો જીર્ણ થયો એટલે તેમણે સભામાં જ જગજીવન કોઠારીને કહ્યું, કે 'નવો ધોતીજોટો મોકલાવો.' આજ્ઞા પ્રમાણે ધોતીજોટો તો આવ્યો, પણ ભાવિક ભક્તોએ ધારેલો તેવો નાગપુરી જોટો ન આવ્યો. પછેડીને માટે ચાલે તેવો આવ્યો હશે. વળી ઉપરથી ભરી સભામાં તેની મજ-બૂતીનાં વખાણ કોઠારીએ કર્યાં તે વધારામાં. આચાર્યશ્રી માટે એ મહત્ત્વની બિના નહોતી, પણ દલપતરામે ત્યાં વાત જાણી એટલે તેમણે સભામાં બોલવાની રજા માગી. આચાર્યશ્રીએ અનુજ્ઞા આપી એટલે તેમણે કવિતામાં કોઠારીજીની ધૂળ ખંખેરી. તેમણે કહ્યું કે આમાં જગજીવન કોઠારીનો વાંક નથી. ત્રણે ભુવનમાંના કોઠારીઓના જીવ કંજૂસ જ હોય છે. મહાદેવજીએ કુબેરને કોઠારી બનાવ્યો ત્યારે કુબેર તો શંકર ભગવાનને વ્યાઘ્રચર્મ કે ગજચર્મ જ પહેરવા આપે છે! વળી તે ઉપરાંત કુબેરના બીજા ગુણ પણ તેમણે વર્ણવ્યા. મહાદેવજી જ્યારે મુખવાસ, ચંદન, વાહન, હવેલી ઇત્યાદિ માગે ત્યારે તેમના કોઠારીજી તેમને શું પરખાવે છે? દલપતરામે લલકાર્યું :

આ લોકે સ્વર્ગલોકે સકળ થળ જુઓ,
સર્વ કોઠારી એવા;
કીધો કોઠારી રુદ્રે અલકપુરપતિ,
સોંપી ભંડાર કેવા!
એ ભંડારે ભરેલા અખૂટ નિધિ છતાં,
લોભ કેવો કરે છે?
શંભુને વસ્ત્ર વાસ્તે તન પર ગજનું,
વ્યાઘ્રનું ચર્મ દે છે.
માગે જ્યારે મુખવાસ, ધંતુરાનાં પાન ધરે,
ચંદન માગે, તો કહે ભસ્મ શ્વેત સારી છે;
વાહન માગે તો વાજીવાહન વખાણે નહિ,
ઉત્તમ તો કહે આખલાની અસવારી છે;
હવેલી ચણાવો એમ કહે હર ત્યારે કહે,
મસાણમાં વસવું તે મહાગુણકારી છે;
ભવના ભવનમાં યે ભલાભલા વૈભવ છે,
પણ, દલપત કહે, કૃપણ કોઠારી છે!

આ ઉપરાંત તેમનાં બાળકો માટેનાં કાવ્યો તો ગુજરાતભરમાં જાણીતાં છે. શરણાઈવાળો, ભોળો ભાભો, જુવાન અને ડોસી, બ્રાહ્મણ અને ક્ષત્રિય, ઊંટનાં અઢાર વાંકાં જેવાં વિનોદકાવ્યો તો અતિશય જાણીતાં છે.

કવિ દલપતરામ વર્તમાન ગુજરાતના પ્રથમ અને પ્રિય હાસ્યકવિ છે. તેમનો હાસ્ય-રસ જીવનની વિચિત્રતાના નિરીક્ષણમાંથી ઊપજે છે. કટાક્ષ કરવામાં યે તેઓ નિષ્ઠુર નથી થતા, પણ બને તો સામેની હાસ્યાસ્પદ વ્યક્તિને પણ હસાવે છે. વડીલો બાળક પ્રત્યે જેમ ભૂલ બતાવતાં હસે છે તેમ તેઓ જીવનની અપૂર્ણતાઓ બતાવતાં હસે છે. કાવ્યશાસ્ત્રમાં નવ રસ છે અને હાસ્યરસ તેમાંનો એક છે; એટલે દલપતરામને કવિના આસન ઉપરથી તો ઉખેડી શકાય તેવું નથી. વિશુદ્ધ નીતિપ્રચારક છતાં રસિક સાહિત્ય રચવું કેટલું મુશ્કેલ છે તે તો અનુભવીઓ જાણતા હશે; એ લેખે પણ દલપતરામનો મૂલ્યપાત કરવો જોઈએ નહિ; પરંતુ તેમની પ્રત્યે કૃતજ્ઞતાથી જોવું જોઈએ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાથી એકલવાયાનો

લેખક :
ડૉ. પ્રસન્ન ન. વકીલ
એમ. એ.; પી. એચ. ડી.

ખૂબ ઉકળાટ પછી હવે મેઘરાજાએ કૃપા કરી હતી. ખેડૂતો અને બાળકોનાં મન પ્રફુલ્લ થયાં હતાં. જમીનમાંથી કોઈક અલૌકિક મહેકભરી સુગંધ મગજને તર કરી દેતી હતી. આ સાર્વત્રિક આનંદમાં કોઈ-કોઈ જીવને દુઃખની પણ ઘડી હતી. ફૂટપાથ પર સૂનારી વસ્તી આજે વિચારમાં પડી ગઈ હતી કે રાત ક્યાં ગુજારીશું ? રોનકદાર રસ્તાઓ અને ભવ્ય પ્રાસાદોથી સુશોભિત નગરીમાં કોઈ ખૂબસુરત દેહલતા પર શીળીનાં ચાઠાં જેવી કદ્રૂપતાનું ઉમેરણુ આ જાહેર ફૂટપાથ-નિદ્રા કરતી હતી.

આવા ભવ્ય અને રોનકદાર એક રાજ-માર્ગને કાટખૂણે એક નાનકડી મસ્જિદ આવેલી હતી. ત્યાંથી એક નાની ગીચ વસ્તીવાળી ગંદી ગલીમાં પ્રવેશ થતો હતો. આ નાકા પર કરીમ ડોસો દૂંટિયું વાળીને બેઠો હતો. ઘડી જોરથી પડતી અને ઘડી મંદ થઈ જતી વર્ષાધારાને એકીટશે એ નિહાળી રહ્યો હતો. ઉપલક જોનારને કોઈ ગહન વિચારમાળામાં એ ગ્રસ્ત થઈ ગયો લાગે, પણ વસ્તુતઃ એ શૂનમૂન માત્ર બેસી જ રહ્યો હતો. જાત ઘસી નાખીને જે બે પૈસા દહાડાને છેડે કમાઈ શકે એમાં એણે આજસુધી ગુજારો કર્યો છે. એને ક્યાં વિસામો ખાવાનો કે વિચાર કરવાનો મોકો જ મળ્યો છે? હવે માંડમાંડ પેટિયું કૂટી કાઢવાની શક્તિ પણ એનામાં રહી નથી. આ ગલીમાં કોઈની દુકાનને ઓટલે એ રાતના પડી રહેતો. જૂના જમાનાના માણસો પણ જે દરિયાપારની વાત કરતા તે આ કરીમ ડોસો ક્યાંથી, ક્યારે આવ્યો એ કાંઈ જ કહી શકતા નહોતા. ખરી વાત એ હતી, કે કરીમની કોઈને કોઈને પણ કિંમત નહોતી. કોઈએ રસથી કે જિજ્ઞાસાથી એના દિલની વાત કે એનો ભૂતકાળ જાણવાનો પ્રયત્ન પણ કર્યો નહોતો. કરીમના સ્વભાવમાં પણ કંઈક એવું હતું કે એ મજૂરી કરતો તે મૂંગોમૂંગો કર્યા કરતો. કોઈ દયા કરીને એને બીડી પીવા આપે કે વધેલી ચા એના ડબલામાં નાખે તો તે માત્ર આર્જવભરી આંખે સ્વીકારી લેતો, પણ અહેશાનના બે બોલ કહેવા જેવી કે મોં મલકાવવાની પણ આવડત એનામાં નહોતી; અને આભારભર્યા સ્વીકારથી ટેવાયેલા દાતાએ ફરીથી એના તરફ ફરકતા નહિ. છેલ્લાં કેટલાંક વર્ષથી તો મહેનતમજૂરી કરવાની પણ શક્તિ એનામાં ક્યાં હતી? ઊભા થઈને લાંબે સુધી ટેકા વગર ચાલવાની એનામાં હિંમત નહોતી. એની સફેદ દાઢી ધ્રૂજ્યા જ કરતી અને એની પાતળી ડોક પણ હાલતી હોય એવો આભાસ પણ થયા કરતો. કોઈ બુઢ્ઢા શિક્ષકે વિદ્યાર્થીઓના બરડા ઉપર ફરીફરીને ઘસી નાખેલી એક પુરાણી લાકડી એને આપેલી, પણ તેનો સહારો પણ લાંબો રહ્યો નહોતો; કેમકે ગલીના ગંદા ફૂટપાથી... વાળા છોકરાઓએ લાકડી સંતાડી દીધી અને ડોસાએ ઘણી યે કાકલૂદી કરી પણ પાછી ન આપી તે ન જ આપી.

એકલવાયા અને અશક્ત ડોસાને હેરાન... પરેશાન કરવામાં જાણે કોઈએ બાકી... રાખી. જ્યારેજ્યારે કરીમ ખુદાની બંદગી કરવા નમાજ પઢતો ત્યારે પણ ગલીનાં છોકરાંઓ અટકચાળું કરતાં. એ જમીન... લાંબોછટ પડ્યો હોય ત્યારે કોઈ એની...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૂંથતું, કોઈ એના ઘરડા દેહ પર વાંટાળેલાં ફાટેલાં વસ્ત્રોમાં આંગળીઓ નાખી એ વસ્ત્રો વધુ ને વધુ ફાડી નાંખતું. નાનાં બાળકો આવા પ્રયોગો કરતાં ત્યારે મોટાઓ વારવાને બદલે એમાં હાસ્યથી કે તાળીઓ પાડીને ઉત્તેજન આપતા. નિઃસહાય વદને ડોસો આ બધું જોઈ રહેતો અને સહન કરી લેતો.

એની નિરાધારી અને નિર્બળતામાંથી ઉપજેલી આ સહનશીલતાનો પણ એક દિવસ અંત આવી ગયો. ગલીમાં અધગાળે એક નવા જેવા મકાનમાં એક કુટુંબ રહેવા આવ્યું. તેનું રાચરચીલું ભોંયતળિયેથી ઉપર સુધી લઈ જવાની મજૂરી, કરીમે બીજા મજૂરોની ગેરહાજરીમાં કરી. બીજા મજૂરો ગલીમાં જો ઊભા હોય તો એનો પત્તો જ શાનો લાગે? બધી સાફસૂફી અને સામાનની [illegible] થયા બાદ મજૂરીમાં એને જે પૈસા મળ્યા તે એના તદ્દન ફાટેલા વાસકૂટના ઉપરના ખિસ્સામાં એણે મૂક્યા. નીચે ઊતરી, મ્યુનિસિપાલિટીના નળે વાંકો વળી પાણી પીવા ગયો ત્યાં તો ખડિંગ કરતી એક ચાર-આની ખિસ્સામાંથી બહાર! સાંજ પડવા આવેલી અને ડોસાને આંખે સૂઝતું પણ ઓછું એટલે કેમે કરી પાવલી જડે જ નહિ. ખોળાખોળા કરતાંકરતાંમાં તો ગલીનાં બંદરિયાં છોકરાં ભેગાં થઈ ગયાં. જોતજોતામાં તો-'કેમ, કરીમમિયાં શું ખોવાયું? ડોસા શું શોધો છો?' વગેરે સવાલોની ઝડીઓ વરસવા માંડી. કરીમ ખૂબ અકળાયો, પણ આ છોકરાંઓનાં લશ્કરને દૂર કાઢવાની હિંમત ક્યાંથી લાવે? એટલામાં સામેથી લાલજી આવ્યો. લાલજી ગલીનું નાક ગણાતો. હુલ્લડ થતું ત્યારે ગલીનું રક્ષણ કરતો એટલું જ નહિ, પણ સામે જઈને પોતે ચાકુ પણ હુલાવી આવતો. એ છેલ જુવાનિયો લીંબુની ફાડ જેવી મૂછ રાખતો. વગર કારણે હાથમાં હંટર લઈને ફરતો અને સિનેમાનાં છેલ્લી ફેશનનાં ગાયનો આલાપ સાથે લલકારતો. કરીમે એને જોયો એટલે એના મનમાં થયું કે આ બધી લપમાંથી હું છૂટીશ. છુટકારાની ફાંફાંભરી આંખે લાલજી સામે એ પોતે જોઈ રહ્યો.

'એ છોકરાવ, આ શું કરો છો? બિચારા ડોસાને શા માટે હેરાન કરો છો?'

'અરે, લાલજીભાઈ અમે એને ક્યાં હેરાન કરીએ છીએ? અમે તો પૂછીએ છીએ કે તમારું શું ખોવાયું છે? ડોસા ક્યારના શોધાશોધ કરે છે.'

લાલજી લુચ્ચું હસ્યો અને પછી ઉમેર્યું:

'એમાં પૂછવાનું શું હતું? અરે, ડોસાનું શું ખોવાયું છે તે તમે જાણતા નથી? એની તો અક્કલ ખોવાઈ ગઈ છે! બોલો શોધી આપશો?'

એક લાંબુ, ક્રૂર, ખડખડાટ સંઘહાસ્ય! ડોસો તો આભો બનીને જોઈ જ રહ્યો.

ત્યારપછી કરીમે એ ગલી છોડી તે છોડી.

*

એ ગલી છોડ્યા પછી થોડા વખત માટે તો જાણે કરીમડોસાનું ભાગ્ય ખૂલી ગયું. માઈલ–બે માઈલ દૂર એક જૂની બાંધણીના આલીશાન મકાનમાં એક શ્રીમંત વિધવા રહેતી. આધેડ વયની આ બાઈના મકાનના રખેવાળને દેશાવર જવું હતું અને બદલીમાં માણસ મૂકી ન જાય ત્યાંસુધી 'તાલેવંતા' એને જવા નહોતી દેતી. આ બાઈ પૂર રોફમાં રહેતી. એકલો જીવ તો ય અમનચમનનાં બધાં સાધનો એણે રાખેલાં. ઘોડદોડની શરતોમાં પણ ભાગ લેતી. ભણેલી સમ ખાવા-પૂરતું, પણ અંગ્રેજની પારંગત હોય તેવો એ ઠસ્સો રાખતી. આજકાલ તો એણે રેસના ઘોડા પણ રાખેલા અને એમનાં લાલનપાલન માટે સરસ સુક્કા ઘાસની ગંજીઓ રોજરોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખડકાતી; એટલે સૌ એને ' તાલેવંતા ' કહીને ઓળખતા. એના રખેવાળને ગમે તે હિસાબે જવું જ હતું. યોગાનુયોગ કરીમડોસો ગલી-માંથી જાતે નીકળી ગયો અને આ દરવાનનો ભેટો રસ્તામાં એને થઈ ગયો. કરીમ જોડે એને સહેજ ઓળખાણ હતી. કરીમને તો કાંઈ આશરો જોઈતો જ હતો. એટલે પોતાની જગ્યાએ કરીમને સરકાવી દરવાને ચાલતી પકડી.

કરીમે આ કામ ખંતથી કરવા માંડ્યું અને તાલેવંતાનો વિશ્વાસ મેળવવા તનતોડ મહેનત શરૂ કરી. કામ સારું થાય તો નવું અને નવું સોંપાય અને જો બગડે તો મેણાં-ટોણાંનો સરપાવ અચ્છી તરેહથી મળે. દરવાન કહેવાનો, પણ કામ તો ઘરનોકરનું પણ કરવું પડતું. ડોસો આ ઘરડે ઘડપણ મળેલી ચાકરી જાળવી રાખવા માંગતો હતો અને તેથી ટુંકારા, મેણાંટોણાં સહન કરી લેતો. જિંદગીમાં ઘણાં વર્ષ બાદ માથે પહેલી-વાર છાપરું મળ્યું હતું. વધ્યુંઘટ્યું ખાવાનું પણ મળતું રહેતું. રોજની બંદગીમાં આ ખુદાનો માણસ એવી અરજ ગુજારતો કે મોત આવે ત્યાંસુધી આ ચાકરી રહેજો.

મૂંઝવણ અને તંગીમાં જેમતેમ દહાડા પૂરા કરતો આ ડોસો આવી રીતે કંઈક રાહત પામ્યો; એટલે એની એકલ સ્થિતિનું એને અત્યંત તીવ્રતાથી ભાન થવા લાગ્યું. એનો સિઝાયેલો જીવ કોઈ સોબત માટે ઝૂરવા લાગ્યો. અસલથી જ ઓછાબોલો સ્વભાવ એટલે અહીંના નોકરવર્ગમાં પણ એને દોસ્ત મળ્યો નહિ. એકલવાયાપણાના ભાર નીચે એનો જીવ કચરાતો રહ્યો.

વર્ષાઋતુ ફરીવાર બેઠી. ગયા વર્ષની યાદ મનમાં વોળતો કરીમ પોતાની છાપરી બહાર, બપોરે કામથી પરવારી ખીડી વાળતો જરા પગ લંબાવવા બેઠો હતો. ગઈ કાલે પેલી ગલી આગળથી એ પસાર થયો હતો અને બૂટપાલીસવાળા છોકરાઓ, 'કેમ ડોસા, ખોવાયેલી તારી અક્કલ જડી કે નહિ ?' એમ બૂમ મારતા પાછળ દોડ્યા હતા અને પોતાને ગુપચુપ પાછા ફરવાની ફરજ પડી હતી. આ બનાવે એની એકલતાની લાગણી વધુ તીવ્ર બનાવી. આ મશ્કરીઓ અને હુમલાઓનો પ્રતિકાર કરી શકે અને હૂંફ આપે એવી ઓથની એને જરૂર હતી પણ એવી ઓથ કોની મળે? ડોસાએ એક લાચારીનો નિસાસો મૂક્યો.

જોરથી પડતી વરસાદની ધારામાં સામેથી એક હાંફતો કૂતરો આવી પહોંચ્યો. આ કૂતરો સાવ દુર્બળ દેખાતો હતો, જાણે કેટલા-ય દિવસનો ઉપવાસી હોય! એની આંખો ઊંડી પેસી ગઈ હતી અને ખાઉધરાપણાથી ચારે તરફ ચકરવકર ફર્યા કરતી. એની પૂછડીમાં પણ પટપટાટ કરવાની તાકાત નહોતી. કરીમ ડોસાનો પ્રતિનિધિ જાનવર જગતમાં જોવો હોય તો આ કૂતરામાં દેખી શકાય. વરસાદથી બચવા કૂતરો હાંફતો-હાંફતો ડોસાની નજીક છાપરી નીચે બેઠો. એની નજરમાં ચોખ્ખો ડર દેખાતો હતો, પણ સાથે એવું તો કાકલૂદીભર્યું દયામણું પણું હતું, કે કરીમ એને હાંકી શક્યો નહિ. ઊલટું, પોતાના વધેલા રોટલાનો એક ટુકડો લાવીને એણે કૂતરાને ખવડાવ્યો. જાણે વીજળી ફરી ગઈ હોય તેમ એની બીનતાકાત પૂછડીમાં જોર આવ્યું અને તે પટપટ હાલવા મંડી.

કરીમ અને કૂતરાની પછી તો બરાબર દોસ્તી જામી. શરૂશરૂમાં કૂતરો વારંવાર ત્યાં આવતો. કરીમ એને રોટલાનો ટુકડો નાખતો અને પૂછડી પટપટાવતો કૂતરો રોટલો ખાતો. કરીમની આસપાસ બેસતો. એની પાસે તે ચક્કર લગાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરે તો નવરાશની વેળાએ કરીમ કૂતરાની રાહ જોતો બેસે અને અચૂક કૂતરો ક્યાંકથી આવી પડતો. કરીમ એને પંપાળતો જાય, થાબડતો જાય અને કોઈ કોઈવાર બચકારા પણ બોલાવે. ધીમેધીમે મૂંગા મતરંગ ડોસાની વાચા પણ ખૂલી અને દુઃખ-દર્દભરી 'અપની કહાની' દિલ ખોલીને એણે કૂતરાને કહેવા માંડી. બીજાને ભલે આ પાગલપણું લાગે, પણ કરીમ માટે તો કૂતરો 'મૂકં કરોતિ વાચાલં' બની ગયો હતો.

કરીમનું એકલવાયાપણું ધીમેધીમે ઓસરવા માંડ્યું. જિંદગીને બીજે આરે જાણે એને સાથી મળી ગયો.

*

કાનોકાન વાત બધે ફેલાઈ ગઈ. ગલીના રહેવાસીઓએ જાણ્યું કે કરીમને નોકરી પણ મળી છે અને એની એકલતા ટાળનાર સાથી પણ મળી ગયો છે.

કરીમની કિંમત તો કોડીની હતી. એને એવું આ 'સુખ' ગમે તેવા દુઃખીને પણ ઈર્ષ્યા કરવા જેવું નહોતું. એની શી વિસાત હતી? ડોસાને જે શાંતિ પ્રાપ્ત થઈ હતી એ તો સામાન્ય માનવી પણ ખરીદી શકે એવો ગર્વ ધારી શકે. એમાં શું ?

પણ કરીમનું આ 'સુખ' અને આ 'શાંતિ' પણ દુઃખરસિક દુનિયાથી જિરવાયાં નહિ.

કરીમ કૂતરાને ખવડાવતો-પીવડાવતો તે બધે દોસ્તીને દાવે. બંને વચ્ચે અભેદ સમાનતા હતી. કૂતરો કરીમની માલિકીનું પ્રાણી નહોતું. કરીમને તેથી કદી કૂતરાને સાંકળે બાંધવાનો વિચાર આવ્યો જ નહોતો; આવત તો ય એની પાસે સાંકળ ખરીદવાના પૈસા ક્યાં હતા? એટલે કૂતરો તદ્દન સ્વતંત્રતાથી ફર્યા કરતો.

દિવાળીના દિવસો નજીક આવતા હતા. ફટાકડાની મહેફીલ બધે જામતી હતી. સમસ્ત નગરની ગરીબ-તવંગર જનતા આ ચાર અંધારઘોર રાત્રિઓને દીવાથી અજવાળી ચાર દિવસની ચાંદની ઊજવવામાં પડી હતી.

કરીમના નવા સુખના દિવસોની વાત કેટલા ય દિવસથી ચર્ચાતી હતી. એ મૂલ્યહીન માનવીની જિંદગીની આ પળો વિષે તરેહતરેહની વાતો થતી. બૂટપોલીસવાળા, મજૂરિયા, ફેરિયા વગેરે ટોળે મળતા ત્યારે કોણ જાણે ક્યાંથી આ વિષય અચૂક ટપકી પડતો.

કરીમનો કૂતરો એ દિવસે દોડતોદોડતો રસ્તા પર જતો હતો. ચાર-પાંચ મેલાઘેલા છોકરાઓએ ભેગા થઈ બચકારા બોલાવી તેને પોતાના તરફ આકર્ષ્યો, થોડુંક ખાવાનું ખવડાવ્યું. પછી એને શણગારવા માંડ્યો. લાલપીળા કાગળોના હાર અને તોરણ એને પહેરાવી કરીમની કોટડી આગળ એને લઈ ગયા. કરીમ કંઈ કામે બહાર ગયો હતો. કૂતરો ખુશમિજાજમાં હતો. દુષ્ટ છોકરાઓએ કૂતરાનું ધ્યાન બીજે રાખી ધીમે રહીને પૂછડીએ ફટાકડાની લૂમ બાંધી અને સળગાવી !

ક્ષણ બે ક્ષણ અને ધડાકા અને ભડાકા થવા લાગ્યા. કૂતરો ભયથી એક દિશામાંથી બીજી દિશામાં ભાગે. છોકરાઓએ આઘા ખસી આનંદની કિકિયારી કરી. કોટડીની બહાર વાડનાં બારણાં બંધ હતાં. વાડ ઊંચી હોવાથી કૂતરો કૂદકો મારી બહાર જઈ શકે એમ નહોતું. એ જ વખતે બહારથી કરીમ આવી લાગ્યો. પોતાનો બોજ ફગાવી તે સીધો કૂતરા ભણી દોડ્યો. છોકરાઓની રમત એ જાણી ગયો. કૂતરાને એણે ખોળામાં લઈ ફટાકડાની લૂમો અને સળગેલાં તોરણો કાઢવા માંડ્યાં. કૂતરાની ચીસો અને દોડાદોડમાં એને બચાવવો સહેલું નહોતું.

અટકચાળું કરવા નીકળેલા વાંદરિયા છોકરા એકદમ ગંભીર બની ગયા ! કરીમ ડોસાની લૂંગી સળગવા મંડી હતી પણ તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોસાને ભાન નહોતું રહ્યું. કૂતરાનો જાન બચાવવામાં કરીમ એટલો તલ્લીન હતો, કે ફટાકડાની આગ પોતાને સ્પર્શી રહી છે એનો ખ્યાલ એને રહ્યો નહોતો.

છોકરાઓ નજીક દોડી આવ્યા: 'કૂતરાને છોડ, તારો જાન બચાવ.' વગેરે બૂમોથી વાતાવરણ ગાજવા માંડ્યું.

પણ એ બધું સાંભળવાના કાન ડોસાને નહોતા. પહેલાં જેમ એમની મશ્કરીના અવાજો બહેરા કાન પર પડતા તેમ આજે એમની ચેતવણીના સૂર પણ કરીમને ન સંભળાયા.

આ કોલાહલમાં કરીમનાં શેઠાણી અંદરથી દોડી આવ્યાં. આ તાલેવંતાનો ડર છોકરાઓને જેવો તેવો નહોતો. એ સૌ જીવ લઈને ભાગ્યા. આ દોડાદોડ અને ધમાલમાં કરીમની કોટડી પાસે ઘાસની ગંજીઓની મોટી વખાર હતી તે ય સળગી ઊઠી.

તે દિવસે જબ્બરજસ્ત ધમાચકડી મચી ગઈ. બંબાઓ આવ્યા. વખારમાં રહેલા માલનો તો વિનાશ જ થઈ ગયો; કેમકે આગ અટકી ત્યારે પાણીથી ભીજવેલું ઘાસ રેસના ઘોડાને લાયક નહોતું રહ્યું.

અને જીવનભરની એકલતા અને દુનિયાની અર્થહીન દુષ્ટતાના ભોગ બનેલા બે જીવોએ પોતાના દેહ છોડ્યા હતા.

તાલેવંતાના વખાર પાસે અર્ધ બળેલા બે દેહ પડ્યા હતા: કરીમ અને તેનો કૂતરો.

★

સતની ખેતી

જીવા પટેલિયા રે, તું તો સતની ખેતી કરજે;
સતની ખેતી કરજે, માંહી વિવેક વાડો ધરજે. (ટેક)
સંશયરૂપી સુડ[1] કરાવી, ધીરજ-ઢગલી કરજે;
જીવજંતુને જાળવી લેતાં, કાંટા બાળી દેજે. જીવા૦
ગુરુગમરૂપી આડાં જોતરી, ખાંતે ખાતર લેજે;
પ્રેમ તણા તું પૂંજા[2] પાડી, સરખા વેરી દેજે. જીવા૦
ધરમ તણા તું ધોરી લઈને, બુદ્ધિ બિયાવું લેજે;
સોહમ ઓરણી[3] કબજે બાંધી, મન મૂઠીમાં લેજે. જીવા૦
નિર્મળ થઈ નિંદામણ કરવા, દયા દાડિયા[4] કરજે;
કામ, ક્રોધના કલ્લા[5] કાઢી, ખેતર ચોખ્ખું કરજે. જીવા૦
મન તણો મહીં માળો ઘાલી, ચિત્તને ટોવા દેજે;
ગુરુગમનરૂપી ગોફણ લઈને, શબ્દ ગલોલા દેજે. જીવા૦
દયા દાતરડું હાથે લઈને, પ્રેમે પાથરા[6] કરજે;
ગુરુગમરૂપી ગુંજો[7] વાળી, નેકી ઓઘો[8] કરજે. જીવા૦
ફિકર તણું ફડકાયું[9] કરીને, ઢુંણસાં[10] ઉડાડી દેજે;
ગોકુલના સ્વામીને ભજીને, ભવસાગરથી તરજે. જીવા૦

સંગ્રાહક: પુરુષોત્તમ હ. પટેલ

શબ્દાર્થ: ૧ સુડ=નકામાં ઝરડાં, કાંટા વગેરે.
૨ પૂંજા=ઢગલા.
૩ ઓરણી=અનાજ વાવવાનું ખેતીનું ઓજાર.
૪ દાડિયા=મજૂરો.
૫ કલ્લા=કોળિયાં.
૬ પાથરા=સાથરા. ૭ ગુંજો=ગાંઠો.
૮ ઓઘો=એકત્ર કરી વ્યવસ્થિત ખડ ભેગું કરવું તે.
૯ ફડકાયું=પવન ઉડાડવા ચાદરનું બનાવેલું સૂપડું.
૧૦ ઢુંણસાં=જેમાં બાજરીના દાણા રહેલા હોય છે તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂત અંકથી આગળ

પુનિત સંસ્મરણો

લેખક :
શ્રી પુરાતન બુચ

'બાપુજી, અખાડામાં છોકરાઓની સાથે આજ સુધી તો હું રમતી-કૂદતી હતી ને હવે મને રમવાની કેમ મના કરવામાં આવે છે?' બાળાએ એકવાર ઓચિંતો જ પ્રશ્ન પૂછ્યો.

બાપુજી રેંટિયા પર સૂતર કાંતી રહેલા હતા. તે દરમિયાન બાળાએ તેઓની પાસે આવીને ફરિયાદરૂપે પોતાનો પ્રશ્ન રજૂ કર્યો. તે સાંભળીને થોડીવારે બાપુએ બાળાની સામે જોઈને કહ્યું :

'તું કહેતી હતીને કે હવે તો તું મોટી થઈ છે?'

'હા. પણ તેથી શું?' કંઈક ઉત્સાહ ને બેપરવાઈથી બાળાએ સામો પ્રશ્ન પૂછ્યો.

'તેથી એમ કે હવે મોટી થઈ છે એટલે હવેથી મોટા છોકરાઓ સાથે રમત ન રમાય.'

'પણ બાપુજી, હુતુતુતુની રમત તો અમે રોજ રમતાં જ હતાં. એ હવે ન રમાય?'

'ના, હુતુતુતુની રમત મોટી છોકરીએ મોટા છોકરાઓ સાથે ન રમવી જોઈએ.'

'કેમ ન રમવી જોઈએ?'

'કારણકે એ રમતમાં વધારેપડતો સ્પર્શ કરવાનો પ્રસંગ આવ્યા જ કરે છે; ને એવી રીતે સ્પર્શ કરવાથી વિકારી થઈ જવાય; તારા જેવી ડાહી છોકરીએ તો આ બધી વાત શાંતિથી વિચારીને સ્વાભાવિકતાથી જીવનને બદલતાં રહેવું જોઈએ. શું સમજી? છોકરાછોકરી સાથે રમે તેમાં મર્યાદા જળવાય તો હું હરકત ન માનું.'

બાળાએ બાપુજીની વાત ધ્યાનથી સાંભળી ને થોડીવાર ગંભીરતાથી બાપુના રેંટિયા પર કંતાઈ રહેલા સૂતરના તાર સામે ટગર-ટગર જોતી રહી. પછી એકાએક બોલી ઊઠી :

'બાપુજી, તમારી વાત સમજાય છે ખરી, પણ રમત રમવાની મજા હવે આજથી જતી કરવાની?'

'ના, રમત તો ખૂબ રમવી પણ તમારે છોકરીઓએ જુદાં રમવું. એમ તો થઈ શકે ને?'

'હા બાપુજી, હવેથી અમે રોજ અખાડામાં અમારી રમતો જુદી જ ગોઠવીને રમીશું.'

આશ્રમના અખાડામાં તે પછીથી મોટી બાળાઓની સાથે એ બાળા રમત રમવા લાગી. એકવાર રમત રમી રહ્યા પછી બાળાએ બાપુજીને પૂછ્યું :

'બાપુજી, મારાથી સાઇકલ ચલાવતાં શિખાય કે નહિ?'

બાપુજીએ હસીને ઉત્તર દીધો : 'હા, શિખાય પણ એનો શોખ ન કરાય.'

'સાઇકલ શીખીશ તો કોઈવાર કામ પડચે એની ઉપર બેસીને કોઈને મદદ કરી શકીશ ને?' બાળાએ નિર્દોષભાવે પૂછ્યું.

'હા, એવી રીતે તો તું સાઇકલ શીખે એ સારું જ છે.'

'ને બાપુજી, હું છોકરાઓની માફક પાયજામો ને ટેનિસ પહેરું તો કેમ?'

'છોકરાઓનું અનુકરણ કરવા માટે તારે છોકરાનાં કપડાં ન પહેરવાં જોઈએ ને શોખ કરવા માટે પણ એવાં કપડાં પહેરવાં એ સારું નથી. તને એવાં કપડાં ગમે છે ખરું ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા બાપુજી, પણ કાંઈ શોખ ખાતર જ મન નથી થતું. સાઇકલ શીખું ત્યારે પાયજામો પહેરું તો કપડાં ન ફાટે ને?' બાળાએ હસીને પૂછ્યું.

'તારી વાત ખરી છે, પણ તું છોકરાનાં કપડાં પહેરીને ઓછી સાઇકલ પર રોજ ફરવાની છે?' બાપુએ પૂછ્યું.

બાળાએ કહ્યું: 'ના, એટલે જ કહું છું કે જરૂર પડયે એવાં કપડાં પહેરું તો કેમ?'

'જરૂર પડે તો પહેરજે. સેવાનાં કામ કરવા માટે તારે એવો પોશાક પહેરવો પડે ને તું પહેરે તો મને ગમે; પણ શોખ માણવા તો એમ ન જ કરાય.'

બાળાને સાઇકલ શીખવાની ને પાયજામો–ટેનિસ પહેરવાની પરવાનગી બાપુજી પાસેથી મળી ગઈ તેથી એ હરખાતી–હરખાતી પોતાની બીજી બહેનપણીઓ પાસે ખુશાલીના આ સમાચાર આપવા દોડી ગઈ.

*

આશ્રમમાં એક નવાં જ મહેમાન આવ્યાં. તેમની ઓરડીની બહાર બાળા ઊભી રહી હતી, ત્યારે મહેમાને હસીને કહ્યું:

'બચ્ચી, યહાં આવ તો!' બાળા જરાયે સંકોચ વગર મહેમાન પાસે દોડી ગઈ.

'તુમ્હારા નામ ક્યા?' મહેમાને બાળાને સોડમાં લઈને પૂછ્યું.

'પહેલે આપકા નામ બતાઓ, પીછે મૈં બતાઉંગી.' સહેજ હસીને બાળાએ કહ્યું.

'અચ્છા, તો પહેલે તુમ ઐસા કરો, તુમ્હારે બગીચે મેં સે થોડે ફૂલ લે આઓગી?'

'બગીચે મેં ફૂલ હૈ, લેકિન બાપુજીને ફૂલ તોડના મના કિયા હૈ.' બાળાએ મહેમાનની સામે જોઈને કહ્યું ને પછી મૂંગી રહી. ત્યારે મહેમાને કહ્યું: 'બાપુ કો મૈં કહુંગી કિ મૈંને ફૂલ મંગવાયે થે, જા, ઝટ ચલી જા, થોડે ફૂલ લે આ!'

બાળા દોડતી બગીચામાં ગઈ ને ... જ થોડાં ફૂલ લઈને પાછી આવી. મહે... ફૂલ લઈને બાળાના માથામાં ઝૂમખું ... વીને લટકાવ્યાં ત્યારે બાળા કહે:

'મને બાપુજી પૂછે કે આ ફૂલ કોણે તોડયાં ને વેણી કોણે બનાવી, તો હું શું કહું?'

'બાપુ પૂછે તો તું બેધડક રહીને હિંમત... થી કહેજે કે મને સરોજીની નાયડુએ ... ફૂલ નાખી આપ્યાં છે.'

'તમારું નામ સરોજીની નાયડુ છે?' બાળાએ મહેમાનની સામે જોઈને પ... પૂછયો.

'હા, કેમ?

'બાપુજીએ તો અમને કહ્યું છે કે આપણે આશ્રમમાં રહીને સાદું ને મહેન... જીવન ગાળવાનું છે.'

'હા, તેનું કેમ?' સરોજીનીદેવીએ પૂછ્યું.

'પણ તમે તો આ ફૂલની વેણીનો શો... કરાવો છો તે બાપુજીને તો ન ગમે.'

'હા, એ હું જાણું છું. બાપુજીને ... બધું શોખ કરવા જેવું લાગે છે પણ આપણે સુઘડ ને સારી રીતે રહીએ તેમાં કાંઈ ... નથી. તને ફૂલની માળા ને વેણી પહેર... ગમે ખરાં કે નહિ?'

'હા, ગમે તો ખરાં પણ એમાં ... ન ગણાય ને?'

બાળાએ સામો પ્રશ્ન પૂછયો. ... વાતો ચાલતી હતી ત્યાં બાપુજી પહોંચ્યા ... તેમની સામે જોઈ હસીને સરોજીનીદેવી બોલી ઊઠયાં:

'આ ડોસા તો બધાને તદ્દન ... બનાવી નાખવા જ બેઠા છે; તું તારે ... ફૂલની વેણી પહેરજે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂરથી હસતાહસતા નજીક આવી ગયેલા બાપુજીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું :

'અરે આનંદ ! આજે આ બધો શણગાર ક્યાંથી માંડ્યો છે ?'

બાળા કહે : 'બાપુજી, આ બધું સરોજીની નાયડુએ મને પહેરાવ્યું છે. બાપુજી, આવી વેણી પહેરાય ખરી ?'

'વેણી પહેરે એમાં ખોટું તો કાંઈ નથી.'

વચમાં જ સરોજીનીદેવી બોલી ઊઠ્યાં :

'ને હરકત પણ કાંઈ નથી, શું સમજી ? તારે રોજ આવી વેણી પહેરવી, પણ શોખ ન કરવા. પ્રાર્થનામાં સુગંધી ફૂલો ને ધૂપ-દીપ રાખીએ છીએ તો મન કેવું શાંત ને પ્રફુલ્લિત રહે છે ખરું ને ?'

બાપુ તથા સરોજીનીદેવી સામે જોઈને બાળા હસી પડી ને બોલી : 'હું તો બાપુજી કહેશે તેમ કરીશ.'

*

સાંજે બાપુજી ફરવા નીકળ્યા ત્યારે તેઓની બાજુમાં ચાલી રહેલી બાળાના ખભા પર હાથ ટેકવીને તેઓ ચાલતા હતા, ત્યારે બાળાએ ગંભીરતાથી પૂછ્યું :

'બાપુજી, એક વાત પૂછવાની ઇચ્છા થાય છે, પણ પુછાતી નથી—પૂછું ?'

બાપુજીએ ચાલતાંચાલતાં જ ગંભીર-ભાવે કહ્યું :

'હવે તારા મનમાં આવો પ્રશ્ન જ ઊભો ન થવો જોઈએ. હું તો તારી મા થવાનો પ્રયાસ કરું છું એ તું નથી જાણતી ?'

'તો બાપુજી મને માસિક આવે છે તેથી મારે ખૂણો પાળવો જોઈએ ખરો ?'

'માસિક શાથી આવે છે તે તું સમજે છે ખરી ?'

'પૂરેપૂરું તો નહિ.'

'તું હવે મોટી થઈ એની આ નિશાની છે. હવે તું બાળા મટી ને કન્યા થઈ.'

'તેથી આમ થાય ?'

'હા, બધી છોકરીઓ મોટી થાય, પછી દર મહિને તેમને ચાર દિવસ માસિક આવે. એ દરમિયાન બહુ શ્રમ ન કરવો. શાંત વિચારો કરવા. વિકાર થાય તેવું કાંઈ વાંચવું નહિ. મન પવિત્ર રહે એવાં ભજનો યાદ કરવાં.'

'પણ ખૂણો પાળવો એ જરૂરી ગણાય ખરું ?'

'એ રિવાજ જૂના વખતથી ચાલે છે. તેમાં રહેલો અર્થ આપણે સમજી લેવો જોઈએ. ખૂણો પાળવાનું કારણ શ્રમ વધારે ન કરવો પડે એ છે; એટલે ખૂણો પાળ્યા વગર પણ તું હરીફરી શકે છે.'

'બાપુજી, કહે છે કે માસિક આવે પછી લગ્ન કરવાં જ જોઈએ ?'

'ના, એવું કાંઈ નથી. ૧૫–૨૦ ની ઉંમર દરમિયાન છોકરીને માસિક આવે તે ઉપરથી એમ નક્કી કરવામાં આવેલું કે કન્યાને પરણાવવી જોઈએ, પણ એ તો જૂનો થઈ ગયેલો રિવાજ છે. જો ને આપણાં મીરાંબહેન ક્યાં પરણ્યાં છે ? બીજાં પણ એવી ઘણી બહેનો જીવનભર કુંવારાં રહીને જનસેવાનાં કામો કરે જ જાય છે ને ?'

ફરવા નીકળેલી બાળા બાપુજીની વાત ખૂબ જ ધ્યાન દઈને સાંભળી રહેલી હતી. તેની સામે જોઈને બાપુજીએ સહેજ હસીને કહ્યું :

'પણ, તારે આટલાં બધાં ગંભીર બની જવાની જરા યે જરૂર નથી. શું સમજી ?'

(ક્રમશઃ)

★

જગતમાં નેકીભર્યું જીવન ગાળવું અને આનંદથી મૃત્યુને વરવું—એના ...ટલી અઘરી ને કઠિન અન્ય કોઈ કળા કે વિદ્યા નથી.

—સેનેકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંઘ

લેખક :
શ્રી પદ્મકાંત ર. શાહ
બી. એસસી.; એ. એમ. આઈ. ઈ. ઈ.

'હવા, પાણી અને ખોરાક પછી જીવવા માટે જરૂરી વસ્તુ તે ઊંઘ છે. ઊંઘ દરેકને અનિવાર્ય છે. ઊંઘ એ કુદરતી બક્ષિસ છે. એની કિંમત તો જેને ઊંઘ મેળવવા વલખાં મારવા પડે છે તેને જ સમજાય છે. તંદુરસ્તી અને શક્તિ જાળવી રાખવા માટે ઊંઘ એક જરૂરી વસ્તુ છે. ઊંઘના નિયમિત સેવનથી માણસ પ્રફુલ્લ અને ઉત્સાહી રહી શકે છે. ઘણી ભયંકર માંદગીમાં નિદ્રાની નિશાની શુભ અને દર્દીને ઊગરવાની આશા આપતી મનાય છે.'

પ્રશ્ન : જીવવા માટે ઊંઘ આટલી જરૂરી વસ્તુ છે, તો ઊંઘ શાથી આવે છે તે કહો.

ઉત્તર : વિજ્ઞાન કહે છે, કે મગજ ઉપર જ્યારે લોહીનું વહન ઓછું થાય છે, ત્યારે ઊંઘ આવે છે. ખાધા પછી આપણને ઊંઘવાનું મન થાય છે તેનું કારણ એ કે પેટમાં ખોરાક ગયા પછી તેને પચાવવા તે તરફ લોહી વધારે પ્રમાણમાં ધસે છે અને મગજમાં ઓછા પ્રમાણમાં વહે છે. માણસ ઊંઘી જાય છે ત્યારે એના શરીરમાં લોહી ધીમેથી ફરે છે. બીજી માન્યતા એવી છે, કે આપણા સ્નાયુઓમાં મહેનતને પરિણામે લૅકટિકઍસિડ પેદા થાય છે અને એના વડે ઊંઘ આવે છે.

પ્રશ્ન : માણસ વધારેમાં વધારે જાગતો ક્યાંસુધી રહી શકે ?

ઉત્તર : આ પ્રશ્ન બહુ રસિક છે. માણસ વધારેમાં વધારે સતત પાંચ દિવસ જાગતો રહી શક્યો છે; પણ જો તેને કામ કરવાનું હોય તો ૩૬ કલાકથી વધારે તે એકસામટો જાગી શકે નહિ. એટલીવાર જાગ્યા પછી તેને ઊંઘ એવી તો ઘેરવા માંડે છે કે તે ગમે તે અવસ્થામાં પડ્યો હોય તોપણ ઊંઘી જાય છે.

પ્રશ્ન : પેલી કહેવત છે ને કે "ઊંઘે બગાસું મોકલ્યું, જાને બગાસા તું, તારે કહ્યું જો નહિ માને તો ઢોળી પાડીશ હું." એ વાત ખરી છે ?

ઉત્તર : તદ્દન ખરી. ઘણીવાર તો માણસ એવી કઢંગી સ્થિતિમાં હોય છે કે ઊંઘ આવતાં તેનાથી એવી જગ્યાએ પડી જવાય છે કે તેની જિંદગી જોખમમાં આવી પડે. એક કિસ્સો એવો નોંધાયેલો છે કે ઍરોપ્લેનનો એક પાયલોટ ઍરોપ્લેન ચલાવતાં-ચલાવતાં થાકને લીધે નિદ્રાવશ થઈ ગયો. આથી ઍરોપ્લેન પર એનો કાબૂ જતો રહ્યો અને ઍરોપ્લેન ઊંધું વળી ગયું. એ માણસ તો ઍરોપ્લેનમાંથી બહાર પડવા લાગ્યો, પણ એની કમરે ઍરોપ્લેનમાંથી ઊતરવાની છત્રી આવે છે ને તેનો છેડો બાંધેલો હોવાથી તે પડતો રહી ગયો. આટલીવારમાં તો એ માણસ જાગી ગયો અને સંભાળીને એણે જાતને નીચે ઉતારી લીધી. આવા બીજા દાખલા થાકેલા સિપાઈઓ પરેડ કરતાં-કરતાં જ ઊંઘ આવતાં પડી ગયા હોવાના છે. ઊંઘને કાબૂમાં રાખનાર સફળ કિસ્સામાં કેપ્ટન લિંડબર્ગે ૩૬ કલાકમાં ન્યૂયૉર્કથી પેરિસ સુધી ઊડવાનો નોંધાવેલો રેકર્ડ ગણી શકાય.

પ્રશ્ન : ખૂબ ઘોંઘાટ, દુઃખ કે ભયની લાગણી પણ અમુક હદ ઉપરાંત જાગ્રત રહ્યા પછી ઊંઘની આડે નહિ આવી શકતાં હોય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તર: ખરી વાત છે. માણસની જાગ્રત રહેવાની હદ આવી ગયા પછી એવું કોઈ પણ બળ નથી કે જે તેની ઊંઘને રોકી શકે. ગમે તેવા ભય, અવાજ કે દુ:ખ વચ્ચે પણ તે ઊંઘી જાય છે.

પ્રશ્ન: ઓછામાં ઓછું માણસે કેટલા કલાક ઊંઘવું જોઈએ ?

ઉત્તર: સામાન્ય રીતે દરરોજની આઠ કલાકની ઊંઘ પૂરતી થઈ રહે, પરંતુ મોટી ઉંમરના માણસો માટે છથી સાત કલાક પણ પૂરતા થઈ રહે. યુવકો અને સ્ત્રીઓને ઊંઘ વધારે લેવી પડે છે.

પ્રશ્ન: આપણે ઉજાગરો કર્યો હોય તો તેને વાળી લેવા વધારે વખત કેટલું ઊંઘવું જોઈએ ?

ઉત્તર: ગમે તેવા ઉજાગરા પછી પણ માત્ર ચાર કલાક ઊંઘવાથી મનને સંપૂર્ણ શાંતિ મળી શકે છે. પરંતુ કામમાં ચોક્કસતા લાવવા માટે ઓછામાં ઓછું છ કલાક ઊંઘ્યા હોય તો સારું. એ પણ એક વાત કહી દઉં કે ભવિષ્યમાં કરવાના ઉજાગરા માટે અગાઉથી ઊંઘ લેવી કામયાબ થતી નથી. અગાઉ લીધેલી ઊંઘ ઉજાગરો સહન કરવામાં બિલકુલ મદદ કરતી નથી.

પ્રશ્ન: ઉજાગરો કરવાથી આપણા શરીર ઉપર શી અસર થાય છે ?

ઉત્તર: હા. આ પણ એક અગત્યનો સવાલ છે. જુઓ, ઉજાગરો કરવાથી શરીરની શક્તિ ઘટે, આંખોનું તેજ ઘટે, કાનની સાંભળવાની શક્તિ ઘટે અને લોહીનું દબાણ જેને 'બ્લડપ્રેશર' કહે છે તે ઘટે. ઊંઘનો ભંગ કરવાથી આપણા આરોગ્યને હાનિ પહોંચે છે માટે નિયમિત ઊંઘ લેવી એ દરેક માણસ માટે જરૂરી છે.

પ્રશ્ન: પણ જરૂર કરતાં વધારે ઊંઘ લેવી એ પણ હાનિકારક હશે કે કેમ ?

ઉત્તર : ખરેખર! વધારેપડતી ઊંઘ લેવાથી નુકસાન થાય છે. વધારે ઊંઘથી માણસ આળસુ અને નિસ્તેજ બની જાય છે. કુંભકર્ણની વાત તો તમને ખબર હશે. કુંભકર્ણને જગાડવા તો ઢોલ, ત્રાંસાં ને રણશિંગાં વગાડવાં પડતાં એમ કહેવામાં આવે છે. આજે પણ બહુ ઊંઘનારા માણસોને કુંભકર્ણની ઉપમા આપવામાં આવે છે. હવે તમને ઊંઘ વિશે થોડું જાણવા જેવું કહું. ઊંઘ એ શરીરના કરતાં મનનો આરામ છે. ખરેખરી રીતે તો ઊંઘ દરમ્યાન મન જ ઊંઘે છે. મનને કાબૂમાં રાખનાર મગજ હોય છે એટલે મન જ્યારે ઊંઘ લે છે ત્યારે તેની કાબૂ તળેના સ્નાયુઓ સામાન્ય રીતે નિષ્ક્રિય લાગે છે. આથી શરીર સંપૂર્ણ ક્રિયાશીલ હોવા છતાં ઊંઘ દરમ્યાન તે અચેતન હોય તેવો ભાસ થાય છે, છતાં ઊંઘ દરમ્યાન શારીરિક ક્રિયાઓના વેગમાં ફેરફાર થાય છે. શ્વાસોચ્છવાસ ચાલુ હોય છે પણ જાગ્રતાવસ્થા કરતાં આ ક્રિયા ઘણી ધીમી હોય છે. તે જ પ્રમાણે હૃદયના ધબકારા પણ ઊંઘ દરમ્યાન મંદ હોય છે અને લોહીનો ફરવાનો વેગ પણ ધીમો હોય છે. માણસ જાગતો હોય છે તેના કરતાં આ ક્રિયાઓનો વેગ ઊંઘ દરમ્યાન અડધો થઈ જાય છે. આને માપવાનું સાધન શ્વાસ દરમ્યાન માણસ જેટલો પ્રાણવાયુ હવામાંથી ખેંચે છે તે છે. શ્રમ કરતી વખતે માણસ ઊંઘતી વેળા કરતાં છગણો પ્રાણવાયુ શરીરમાં હવા મારફત દાખલ કરે છે. આ પ્રાણવાયુ લોહીની સાથે ભળીને શરીરના કોષોમાં જાય છે અને છેવટે આ ક્રિયામાંથી ઉત્પન્ન થયેલો અંગારવાયુ ફેફસાંમાં જઈ ઉચ્છ્વાસરૂપે શરીરની બહાર નીકળે છે. આ બધી ક્રિયાઓનું પરિણામ એ આવે છે કે જાગ્રતાવસ્થા દરમ્યાન શરીરના કોષો ઘસાય છે અને ઊંઘ દરમ્યાન આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોષો પોષણ પામે છે. આમ જાગતી વેળા જેનો નાશ થાય છે તેનું ઊંઘતી વેળા સર્જન થાય છે અને શરીરનું બંધારણ ટકી રહે છે. આ ઉપરથી ખ્યાલ આવશે કે જીવવા માટે ઊંઘની જરૂરિયાત કેટલી બધી છે. ઊંઘવડે જો શરીરના ઘસારાને પહોંચી ન વળાય તો અંતે મરણ વહેલું આવે.

પ્રશ્ન: ત્યારે ઊંઘવાના સમય વિશે કંઈ ન કહો?

ઉત્તર: સામાન્ય રીતે એવી પ્રથા પડી ગઈ છે કે રાત્રે ઊંઘવું અને દિવસે કામ કરવું. આપણા ૨૪ કલાકના દિવસમાં બે સંધ્યાઓને લીધે લગભગ ૧૪ કલાક પ્રકાશ–ઋતુઓના ફેરફારો બાદ કરતાં–આપણે ભોગવી શકીએ છીએ. બાકી રહેલા સમયનો ઉપયોગ ઊંઘવા માટે આપણે કરીએ તો હું માનું છું, કે આપણને સંપૂર્ણ આરોગ્ય ભોગવવામાં વાંધો ન આવે. પણ આપણું અત્યારનું જીવન એવું બનાવટી થઈ ગયું છે કે ઊંઘ લેવા પૂરતા આપણે નિયમિત બની શકતા નથી. કારખાનામાં ચોવીસે કલાક સંચાઓ ચાલતા હોવાથી ત્યાં રાતપાળી ચાલે છે અને ત્યાંના માણસોને રાત્રે જાગીને દિવસે ઊંઘવું પડે છે. વળી આપણી કલબો, નાટકો અને સિનેમા પણ મોડી રાત સુધી જાગરણ કરાવે છે. અહીં તો ઠીક છે, પણ બહુ મોટાં શહેરોમાં અને પશ્ચિમના દેશોમાં લગભગ આખી રાત નાચ, ગાન અને ખાણામાં લોકો વિતાવે છે. આથી દિવસ દરમ્યાન કામ કરતાં તેમને ઝોકાં આવે છે, છતાં કામ તો કરવું જ પડે છે અને પૂરતી ઊંઘ અને આરામ ન મળવાથી તેઓ માંદા પડે છે, કાં તો ટૂંકા આયુષ્યવાળા બને છે. આજકાલ સહેજસહેજમાં લોકો બીમાર થઈ મરણ પામવાના દાખલાઓ આપણે સાંભળીએ છીએ, તેનાં કારણોમાં અનિયમિત અને ધમાલિયું જીવન મુખ્ય છે. હવે બીજી એક વાત. કેટલાક લોકો રાતના એકધારું સળંગ ઊંઘવાને બદલે પોતાની ઊંઘને દિવસ અને રાત્રિ દરમ્યાન વહેંચી નાખે છે. આ પ્રથા પણ ખોટી નથી–ખાસ કરીને જ્યારે રાત્રિએ ઊંઘ લેવા માટે સમય ઓછો રહે તેમ હોય તો, બપોરે એકાદ કલાક ઊંઘ લેવાથી મનને પણ શાંતિ મળે છે અને મગજને સ્ફૂર્તિ રહે છે. ઇંગ્લેન્ડના પહેલાંના વડા પ્રધાન ચર્ચિલને આવી બપોરની ઊંઘથી બહુ તાજગી મળતી તે તો જાણીતી વાત છે. પણ આ સામે એક ચેતવણી આપ્યા વગર રહેવાતું નથી, કે બપોરની ઊંઘમાં કંઈ સંયમ રાખવામાં આવતો નથી ત્યારે ઊલટું નુકસાન થાય છે અને કામ કરવાની શક્તિમાં ઘટાડો થઈ માણસ આળસુ બની જાય છે.

પ્રશ્ન: કહે છે કે બહુ ઊંઘવાથી શરીર સ્થૂળ બની જાય છે, એ વાત સાચી છે?

ઉત્તર: સાચી વાત એ છે કે પાતળા માણસો સામાન્ય રીતે તેમની જરૂરિયાત કરતાં ઓછું ઊંઘતા હોય છે અને જાડા માણસો તેમની જરૂરિયાત કરતાં વધારે ઊંઘતા હોય છે. જાગતી વખતે શરીરને જેટલા પોષણની જરૂર છે તેના કરતાં ઊંઘતી વેળાએ માત્ર અડધા ભાગના પોષણની જરૂરિયાત હોય છે. આથી ખૂબ ખાઈને પડવાથી શરીરને જોઈએ તે કરતાં વધુ પોષણ મળે છે એટલે ઊંઘથી શરીર સ્થૂળ થાય છે. પરંતુ ખાવાની ટેવોમાં યોગ્ય ફેરફાર કરવામાં આવે તો ખોરાક અને ઊંઘ એકબીજાને નડતર થવાને બદલે પરસ્પર પૂરક બની રહે. ઊંઘથી પાચનક્રિયામાં ખલેલ પહોંચતી નથી. પણ પેટમાં ભાર હોય તો ઊંઘમાં ખલેલ પહોંચે છે. વળી તે ખાલી હોય તોપણ ઊંઘ બગડે છે. બરાબર ઊંઘ લેવી હોય તો સૌથી સારો રસ્તો એ છે, કે પેટને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ખાલી ન રાખતાં સૂતી વખતે થોડું
લેવું. ઊંઘ લેવા માટે એવો સમય
કરવો. જોઈએ કે જ્યારેજ્યારે તમે
ત્યારે તમને સંપૂર્ણ આરામ મળી
જોઈએ. તમારે જાગવા માટે ઘડિ-
ઘંટડીના અવાજની જરૂર પડતી હોય
ચોક્કસ માનજો કે તમારી ઊંઘ પૂરી થતી
અને તમારે વધારે ઊંઘવાની જરૂર છે.

પ્રશ્ન: હવે કેવી રીતે સૂવું-ચત્તા સૂવું,
સૂવું કે પડખે સુવું તે વિશે કંઈ ન
વશો ?

ઉત્તર: ચત્તા સૂવાથી ઊંઘમાં વિક્ષેપ પડે
તેથી માણસનાં નસકોરાં બોલે છે અને
સુનારની ઊંઘમાં ખલેલ પડે છે. વળી
સૂવાથી છાતી ઉપર ભાર લાગે છે અને
આવે છે. ઊંધા સૂવાથી છાતી દબાય
તેથી બરાબર શ્વાસ લેતાં ફાવતું નથી;
પડખે સૂવાથી કોઈ જાતની હરકત
નથી અને સરસ નિદ્રા આવે છે.
દરમ્યાન અજાણતાં જ માણસ અનેક-
જમણેથી ડાબે પડખે ફર્યા જ કરતો
છે એટલે કયે પડખે સૂવું તે સંબંધી
નિયમ નથી, પણ ખાધા પછી ડાબે
સૂવાથી પાચનક્રિયા સરળ થાય છે.
પથારી વિશે કહું. સૌથી ખરાબ વચ્ચે
પડતી પથારી છે. આવી પથારીમાં
કરોડ ટટાર રહી શકતી નથી. પથારી
સપાટ અને સીધી જોઈએ. તદ્દન
પથારી હોય તે સૌથી સારી. એવી
સૂવાથી કરોડ બહુ મજબૂત બને
જો કે શરૂઆતમાં ટેવાયા વગર આવી
સૂવું અઘરું પડે છે; પરંતુ એકવાર
ગયા પછી આવી પથારી એટલી તો
લાગે છે કે પોચી પથારીમાં સૂવાનું
ફાવતું જ નથી. શરીરની આકૃતિ
બરાબર સીધી રાખવી હોય તો આવી

પથારીમાં સૂવું જોઈએ.

પ્રશ્ન: આ માહિતી બહુ સરસ મળી. શરીરની બીજી હાજતોની માફક ઊંઘના વેગને પણ રોકવો જોઈએ નહિ, પણ ઘણાને ઊંઘ આવતી નથી તેનું શું ?

ઉત્તર: ઊંઘ ન આવે તે મોટી કમનસીબી કહેવાય, પણ આજકાલ લોકો ઊંઘ માટે દવાઓ ખાય છે તેવું કદી ન કરવું જોઈએ. મનનું ચોક્કસ પદ્ધતિપર ઘડતર કરી તેને કેળવવાથી ઘણો ફાયદો થાય છે. વળી ચાલવાની કસરતથી પણ એવો મધુર થાક લાગે છે કે તે પણ નિદ્રા પ્રેરે છે. પરંતુ 'ઊંઘ નહિ આવે' એવી ચિંતા કરવાથી ઊલટી ઊંઘ આવવાને બદલે દૂર ભાગે છે. બીક અને ચિંતા પણ ઊંઘને બહુ ખલેલ પહોંચાડે છે. વૃદ્ધાવસ્થામાં સામાન્ય રીતે ઊંઘ ઓછી જ હોય છે. મનની કેળવણી એ બહુ અગત્યની વસ્તુ છે. આવા માનસિક ઘડતરને પરિણામે ઘણા લોકો સ્વેચ્છાપૂર્વક જ્યારે જરૂર પડે ત્યારે ઊંઘ લઈ શકે છે. ઊંઘ તેમના સંપૂર્ણ કાબૂમાં હોય છે. જગતના મહાન પુરુષો આ પ્રકારના હોય છે. ગાંધીજી આ પ્રમાણે કરી શકતા હતા. નેપોલિયન રણક્ષેત્રમાં ઘોડા ઉપર ઊંઘી શકતો હતો અને વૈજ્ઞાનિક એડિસન પ્રયોગશાળામાં ખુરશી પર બેઠાંબેઠાં ઊંઘ લઈ શકતો હતો. આવા માણસોનું મન તેમના સંપૂર્ણ કાબૂમાં હોવાથી તેઓ ખૂબ માનસિક શ્રમ કરી શકે છે. ઊંઘવા માટેનો આપણો આદર્શ આ પ્રકારનો હોવો જોઈએ. ઊંઘ ઉપર માણસો પૂરતું ધ્યાન આપે તો પોતાનું આરોગ્ય સાચવવામાં એમને બહુ મદદ થાય એટલું જ નહિ પણ એમનું મન સ્વસ્થ રહે અને ઘણી પીડાઓ આપોઆપ ઓછી થઈ જાય.*

* ઑલ ઇંડિયા રેડિયો (વડોદરા)ના સૌજન્યથી

★

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચા વિષે વિચાર

લેખક:
શ્રી બિહારીલાલ લલ્લુભાઈ પરીખ
બી. એ.

ઉષ્ણ ને સમશીતોષ્ણ કટિબંધ પર આવેલા આપણા ભારતદેશ માટે ચા કંઈ 'ટોનિક' નથી. એમાં કોઈ પણ જાતનાં ખોરાકનાં તત્ત્વો નથી. લોકોમાં તે શક્તિ લાવતી નથી. વધુ ચા પીધે ભૂખ મરી જાય છે, કબજિયાત થાય છે ને વીર્ય પાતળું બને છે.

વૈદ્ય કે ડોકટરને પૂછીશું તો એ પણ જણાવશે કે ચા કરતાં દૂધ પીવું ફાયદાકારક છે. દર્દીને તેઓ સાત્ત્વિક પીણાં છાસ કે દૂધ પીવાની ભલામણ કરશે, ચા પીવાની નહિ.

બે વરસ પહેલાંના મોટા ભાગના ખેડૂત ચા પીતા જ ન હતા; તે હવે લગભગ બધા જ ચા પીતા થઈ ગયા છે. બે વરસ પહેલાં જેટલી ચાની હોટલો હતી, તેના કરતાં હાલમાં કેટલા ય ગણી હોટલો વધી છે.

ચામાં ખાંડ, દૂધ ને ચા વપરાય છે. અનુક્રમે આપણે તેની ગણના કરીએ.

ભારતની વસ્તી બત્રીસ કરોડની ગણીએ. તેમાંથી બાર કરોડ ચા ન પીનારા બાદ કરીએ, તો રોજ એકટંક ચા પીનારા વીસ કરોડ થયા, તેમાંના બાર કરોડ રોજ બે ટંક ચા પીનારા ગણીએ તો રોજ બત્રીસ કરોડ માણસ એક ટંક ચા પીનારા થયા.

ચાના દરેક પ્યાલે એક તોલો ખાંડ વપરાય, તો બત્રીસ કરોડ પ્યાલામાં બે લાખ મણ ખાંડ દિવસની વપરાય, મહિને સાઠ લાખ મણ અને વર્ષે ૭૨૦૦૦૦૦૦ સાત કરોડ વીસ લાખ મણ ખાંડ ફક્ત ચામાં જ વપરાય છે.

એક ચાના પ્યાલામાં બે તોલા દૂધ ગણતાં બત્રીસ કરોડ ચાના પ્યાલામાં ચાર લાખ મણ દૂધ દિવસનું થયું. તે લેખે વર્ષનું ૧૪ કરોડ ૪૦ લાખ મણ દૂધ ફક્ત ચામાં જ વપરાય છે.

ભારતમાં ઢોરની વસ્તી ૩૮૦૦૦૦૦૦ની છે અને દૂધની પેદાશ ૬૪ કરોડ મણ વર્ષે દહાડે થાય છે. માણસને (નાનાં કે મોટાંને) ઓછામાં ઓછું એક પાઉંડ દૂધ પોષણ માટે જરૂરનું છે. તે હિસાબે આપણે હજુ દૂધનું ઉત્પન્ન ૩૫૦ ટકા વધારવાનું છે, છતાં દૂધનો મોટો ભાગ રોજ આપણે ચામાં નકામો વાપરી નાખીએ છીએ.

ત્રીજી બાબત ચાની, ૧૦ પ્યાલે એક-માં ઓછી એક તોલો ચા વપરાય તો ૩૨ કરોડ પ્યાલામાં ૮ લાખ પાઉંડ ચા દિવસની વપરાય.

દુનિયાની ચાની પેદાશ વર્ષની (૧૯૪૮ના આંકડાના આધારે) ૯૩૮૦૦૦૦૦ પાઉંડ છે. તેમાંથી હિંદ ૫૬૭૭૫૦૦૦૦ પાઉંડ ઉત્પન્ન કરે છે (તેમાંથી પાકિસ્તાનનું ઉત્પન્ન ૪૪૦૦૦૦૦૦ પાઉંડની છે.) અને ૪૨૦૦૦૦૦૦ પાઉન્ડ નિકાશ કરે છે.

જો ચાની વપરાશ બંધ થાય યા ઓછી કરાય તો આપણે તેની નિકાશ દ્વારા દેશની પેદાશ વધારી શકીએ.

ઉપરની ત્રણે બાબતો આપણે સાથે લઈએ. બે લાખ મણ ખાંડ, ચાર લાખ મણ દૂધ તથા આઠ લાખ મણ ચા દરરોજ કંઈ પણ ગુણ, ફાયદો કે તાકાત આપ્યા વિના ચામાં વપરાય છે.

પરિણામે દેશની માનવશક્તિ (મ. લેબર) કમતાકાતવાળી થતી જાય છે. આપણે વડીલોને બોલતાં સાંભળીએ છીએ કે આપણા વૃદ્ધોમાં કામ કરવાની જે શક્તિ હતી-છે, તે આપણામાં નથી, ને આપણામાં છે તે હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણમાં નહિ હોય. આ શક્તિ વર્ષે દહાડે ઘસાતી જાય છે.

ખાસ કરીને દેશનો મજૂર વર્ગ ચા પીતો થઈ ગયો છે. ચાના આધારે ખાધા વિના પણ તે ચલાવી લે છે. આમ દેશની માનવશક્તિ કમતાકાત થતી જાય છે. તેમને વધુ રજા, ને કામના કલાકમાં વધુ આરામ જોઈએ છે. ઓછી મહેનત કરવાનું મન રહે છે. ચાની અસર દેશને હમણાં નહિ તો અમુક વર્ષે થશે, કે દેશની તાકાત ઓછી થઈ રહી છે.

૧૯૨૮માં હિંદમાં બે કરોડ પાઉન્ડ ચાની વપરાશ હતી.

૧૯૩૦માં હિંદમાં ત્રણ કરોડ પાઉન્ડ ચાની વપરાશ થઈ અને ૧૯૪૫માં વધીને તે ૧૫ કરોડ પાઉન્ડની થઈ. ઉપરના આંકડા બતાવે છે કે દેશમાં ચાની વપરાશ દિનપ્રતિદિન ખૂબ જ વધી રહી છે.

આપણા ઊછરતા જુવાન વર્ગને ચા પીધા-વિના ચાલતું જ નથી; અને કેમ જાણે વધુ હોશિયાર ને સુધરી ન ગયા હોય તેમ રકાબી-થી ન પીતાં પ્યાલે ચા પીએ છે, બેસીને ન પીતાં ઊભેઊભે પીએ છે!

ચાનું અનુકરણ આપણે અંગ્રેજો પાસેથી લીધું છે. અંગ્રેજોની અસર તળે, જેમજેમ હિંદનો અંગ્રેજી શિક્ષણ લીધેલો વર્ગ ને નોકર વર્ગ આવતો ગયો, તેમતેમ તેઓએ તેમની દેખાદેખીએ પોતાને ત્યાં ચા પીવી શરૂ કરી, પણ બરાબર અનુકરણ કરતાં ન આવડ્યું. ચા કેવી રીતે બનાવવી તે ન શીખ્યા ને ચા કેમ તેઓ પીએ છે તેનું કારણ પણ ન શોધ્યું.

આપણે પાણીમાં ચા નાખી ખૂબ ઉકાળીએ છીએ ને રંગ લાવવા વધુ પ્રમાણમાં ચા નાખી-એ છીએ, જેથી તેમાં એક જાતના કેફ જેવી અસર આવે છે. એથી જો એકાદ ટંક પણ ચા ન પીધી હોય તો, જેમ અફીણીને અફીણ ન મળતાં તેના ટાંટિયા ગળે છે, સુસ્તી ચઢે છે, કેર આવે છે; તેમ ચાના પીનારાનું પણ થાય છે—માથું દુ:ખે છે, દસ્ત ઊતરતો નથી અને બેચેની થાય છે.

હોટલવાળા ચામાં અફીણનાં જીંડવાં (ખસખસ ઉપરનાં ફોતરાં) ઉકાળે છે, જેથી તેને ત્યાં ચા પીધા પછી, બીજાની ચા તેને પસંદ જ આવતી નથી અને તે તે જ હોટલ-વાળાની ચાની ઝંખના કરે છે, તે હમેશનો ત્યાંનો ઘરાક થઈ રહે છે.

હોટલવાળાને ફક્ત કમાવાનું ધ્યેય હોય છે. પાણીભરેલું વાસણ રાખે છે, જેમાં પીધેલાં કપરકાબી ડબોળી તુરત તેમાં ચા-ભરી બીજાને, ત્રીજાને, અનેકને એમ અપાય છે. આથી ચેપી રોગ ઓચિંતો ફાટી નીકળે છે, ને બીજા દાંત ને મોઢાના રોગ બધાંને ધીમેધીમે થતા રહે છે. રોગવાળાં જંતુ કંઈ ચાના પ્યાલારકાબી પાણીમાં ડબોળ-વાથી મરી કે મટી જતાં નથી; અને ચેપી રોગની શરૂઆત શહેરમાંથી જ થાય છે.

ચાની સાથે કંઈક ખોરાક ખવાય તો ચા ઓછું નુકસાન કરે છે, એમ સમજી, ચેવડો, ભૂંસાં ને ભજિયાં સામાન્ય વર્ગ લે છે, ને મોટા લોક પાઉં, કેક ને બિસ્કિટ ખાય છે, જે કેટલા ય દિવસનાં વાસી હોય છે; જેથી તે ફાયદો ન કરતાં વધુ નુકસાન કરે છે.

વળી ચા પણ આપણે ગમે ત્યારે ને ગમે તેટલી પીતા થઈ ગયા છીએ. મહેમાન થઈને તમે જાઓ, ને સગાં કે ઓળખીતાનાં દસ ઘર જો એ ગામમાં હોય ને તમારે એક જ દિવસ ત્યાં રહેવાનું હોય, તો તમારે દસેને ઘેર ચા પીવી જ પડશે, અને તે પણ દિવસ-ના ગમે તે ટાઈમે; અને સાથે તમારું નાનું બાળક હશે તો તે પણ દસ કપ ચા પી જવાનું. પેટ પર ચાની શી અસર થશે તે નથી જોતા પીનાર કે પાનાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષયનો રોગ વધતો જ જાય છે, ને આયુષ્ય ટૂંકાં થયાં છે તેનાં ઘણાં કારણો-માંનું મોટું કારણ ચાની બદી છે. ક્ષય યુવાનોને થાય છે ને યુવાનો જ ચા ને ચેવડા, ગમે ત્યાં ને ગમે ત્યારે, ગમે તેવા ને ગમે તેટલાં, પેટમાં પધરાવે જ જાય છે, જેથી તે માંદા પડી મરવા જેવા થાય છે.

મીઠી ચા પી–મોઢામાં પાણીથી કોગળા ન કરતા હોવાથી ગળપણને લીધે–દાંત વહેલા દુખે છે ને પેઢવાના રોગ થાય છે ને મોઢું વાસ મારે છે.

ક્ષયના દર્દી આપણા દેશમાં દર વર્ષે પાંચ લાખ મરી જાય છે ને ૨ા લાખ દર્દી મરવાના વાંકે જીવે છે.÷ ૪૦ હજાર ડોક્ટર છે, જે ઓછા છે, તે વધારવાની હાકલ થાય છે; પણ દર્દ ન થાય તે માટેના મૂળના–પાયાના–ઉપાય યોજવા જોઈએ. ડોકટર વધે દર્દ નાબૂદ નહિ થાય.

આ જ સમાજ નિર્બળ, સુસ્ત ને માંદો બન્યો છે. ચામાં આવતા દૂધ ને પાણીનું મિશ્રણ શરીરની તાકાતને તોડે છે. 'ના મા ભૂ પા' ને બદલે જ્યારની આપણી બાળ-પોથીમાં 'ના મા ચા પા' લખાયું, ત્યારથી અજાણ્યે એક જાતનો શરૂથી ચા પીવાનો પ્રચાર થયો, ને હિંદની ઊછરતી પ્રજા ધીમે-ધીમે પોતાની દેહયષ્ટિમાંથી તાકાત, જોમ ને ઉત્સાહ ખોતી ગઈ.

જો ચાના પીણાને નુકસાનકારક પીણું ગણી છોડવામાં આવે તો ખાંડ બીજે જ દિવસે સસ્તી થાય. જે ખાંડની ખોટ હાલમાં આપણને સાલે છે ને જે માટે વલખાં મારવાં પડે છે, ને સરકારને દોષ દેવાય છે–તે બધું આ બટન દાબતાં બંધ થઈ જાય. વળી દૂધ જે ચામાં વપરાય છે તેનું દહીં, છાશ ને ઘી થાય, આથી દૂધ ને ઘી સસ્તાં થાય ને સુગમ થાય, ને તેના વધુ વપરાશથી લોકોમાં શક્તિ, તાજગી ને તાકાત આવે.

ઝાલોદમાં તા. ૩૧–૧–૫૦ ના રોજ ખેતી-વાડી પ્રદર્શન ભરાયેલું તેમાં દરવાજામાં પેસતાં જ મોટા અક્ષરે લખેલું કે 'તાજી અઢીશેર છાશમાં સવાશેર દૂધ, ૪ ઈંડાં તથા શેર માંસ જેટલો ગુણ છે.'

ગામડામાં આજદિન સુધી છાશનાં પીણાં બારે માસ પિવાય છે. જેને ઘેર છાશ થતી નથી, તે બીજાનાં દળણાં દળી કે ભારો ઘાસ આપી તાજી છાશ લઈ આવે છે; અને આ છાશના જોરે જ–સૂકા રોટલા ને મરચું ખાઈ, ટાઢ, તાપ ને વરસાદ સહન કરે છે.

બાળકેળવણીથી માંડીને જ જો ચા પીવી હાનિકર્તા છે એમ બાળકોના મનમાં ઠસાવાય તો ચાની બદી વધતી અટકે બીજું, ગામડાંમાં ચાની હોટલ કરવા સરકાર પરવાનગી ન આપે અને દસ હજારથી ઓછી વસ્તીવાળાં ગામોમાં જો ચાની હોટલો હોય તો તે બંધ કરાવે, તો ચા પીવાનો રોગ ગામડામાં વધતો અટકી શકે.

ચાને બદલે દૂધ, છાશ કે શેરડીનો રસ, વગેરે પીણાં જે તાજગી સાથે શક્તિ આપે છે તે પીણા પર ચડવાની ભલામણ કે સૂચના કરવામાં આવે; ને ચાની વપરાશ ઘટે તો ચાની નિકાશ દ્વારા દેશની કમાણી વધારી શકીએ, ને એક સાથેસાથે દેશની તાકાત વધે ને પારકા મુલકની બદીની ગુલામીમાંથી લોકોને છુટકારો થાય.

÷ આરોગ્ય ખાતાના પ્રધાન શ્રીઅમૃતકુંવરના મુંબઈમાં ૨૩–૧૧–'૪૯ ના ભાષણમાં દર્શાવેલા આંકડા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાકટ બુદ્ધિ

લેખક :
શ્રી જમનાદાસ લાદીવાળા

ઘણીવાર એવું બને છે કે શરીરે વધ્યા છતાં માનવી બુદ્ધિની દૃષ્ટિએ પ્રગતિ કરતો નથી. એની સમક્ષ આવી પડતી સમસ્યાઓનો ઉકેલ તે શોધી શકતો નથી. આ સામર્થ્ય પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ તે અંગે અહીં વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

સુખ માટેની માનવીની ઇચ્છા હમેશાં વધતી જાય છે. તેની પ્રાપ્તિ માટે નવાંનવાં સાધન-સરંજામો માનવી શોધતો જાય છે, છતાં તે આજે ખરેખરો સુખી તો નથી જ એમ આપણે કબૂલ કરવું પડે છે.

જ્યાં જોઈએ ત્યાં દુઃખ, વિરોધ અને ઝઘડાઓનો વધારો જ શા માટે થયેલો જણાય છે?

માણસને એક વસ્તુ જોઈએ ને તે ન મળી શકે તેનાં મુખ્ય ત્રણ કારણો છે :

(૧) વસ્તુ એટલે દૂર હોય કે ત્યાં પહોંચવું સંભવિત ન હોય. આ સંજોગોમાં વસ્તુપ્રાપ્તિનો વિચાર જ માનવીએ કાઢી નાખવો જોઈએ. 'સુખ-સુખ' માટે આ બાબતમાં ઝંખ્યા કરતા માનવીઓ નીચી કક્ષાના છે.

(૨) વસ્તુ ઓળખી શકાતી ન હોય. આ પરિસ્થિતિમાં હાથવેંતમાં સુખ હોવા છતાં માનવી ભૂલો કરી હાથ આવેલી તક જવા દે છે. પરિસ્થિતિને તે પિછાની શકતો નથી.

(૩) વસ્તુ પાસે પહોંચવાના માર્ગની ખબર ન હોય, તોપણ તે વસ્તુ પ્રાપ્ત થઈ શકતી નથી.

માનવી ઉંમરે વધે છે તેમ સાથોસાથ તે બુદ્ધિને પણ વધારતો જતો નથી. આ દયાજનક સ્થિતિને લીધે અયોગ્ય પરિણામો આવે છે. જેની બુદ્ધિ પકવ નથી તે બાળક કરતાં વિશેષ ડાહ્યો હોતો નથી. માનવીનું વર્તન જ તે કેટલો પરિપકવ બુદ્ધિનો છે તે કહી આપે છે.

નાની કે મોટી વ્યક્તિને પોતાના સંજોગોને કાબૂમાં રાખવાની શક્તિ અને પોતાના કાર્યથી ઉત્પન્ન થનાર અસરની ગણતરીયુક્ત સમજ નથી હોતી. એનો વિકાસ થતો નથી રહેતો તો તે વ્યક્તિ પારપકવતા પ્રાપ્ત કરી શકતી નથી—સિવાય કોઈ અકસ્માતમાં જ એનો પાસો સવળો પડી જાય.

આપણે એક દાખલો લઈએ :

બાબુ નિશાળમાં અભ્યાસ કરે છે. માબાપ મોકલે છે માટે તે ભણવા જાય છે. અભ્યાસમાં મહેનત લેતો નથી. તેને રસ નથી. એમ કરતાંકરતાં પરીક્ષાનો સમય આવે છે ને તેને લાગે છે: 'અભ્યાસમાં પછાત હોવાથી હું નાપાસ થઈશ ને બધાની વચ્ચે હવે હલકો પડીશ.' આ વિચારથી છેલ્લી ઘડીએ તે ચોપડીઓ ફેંદે છે ને પરીક્ષામાં બેસે છે, પણ પ્રમાદની આદત ન જવાથી, ઊંચી કેળવણી તે મેળવી શકતો નથી ને અભ્યાસ છોડી દેવો પડે છે.

અહીં શરૂઆતથી જ પોતે પ્રમાદ સેવી રહ્યો છે તેનું ભાન બાબુને નહોતું. ઉંમરે વધતો ગયો અને ઉપલા ધોરણમાં ચડતો ગયો, પણ બુદ્ધિમાં ગાંભીર્ય વધ્યું નહિ તેથી તેના પરિણામની સ્પષ્ટ ગણતરી તેના મને કરી નહિ. પરિણામે સંજોગો તેના કાબૂમાં રહ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ.

માણસની કાર્યશક્તિનો વિકાસ થાય પણ વિચારશક્તિ પછાત હોય તો તેની બુદ્ધિ અપરિપક્વ છે અને એવી વ્યક્તિ ક્યારે ધાસ્તીકારક નીવડે એ કહેવાય નહિ. જો ઉંમરલાયક માણસની સમજણ અને ઊર્મિઓ પાંચ કે દશ–દશ વર્ષના બાળક જેટલી અપૂર્ણ અને ક્ષુલ્લક હોય તો તે અકલ્પ્ય નુકસાન કરે છે.

જીવનમાં બનતા પ્રત્યેક બનાવમાં માણસે દિનપ્રતિદિન સમજશક્તિ દ્વારા પોતાને વધુ ને વધુ સાંકળવાની જરૂર છે. દરેક બનાવની ગંભીરતા સમજવા માટે તેનો સૂક્ષ્મ અભ્યાસ કરવો જરૂરી છે.

શૈશવકાળથી જ બાળક જો પોતાની આસપાસના જગત સાથેની બની શકે તેટલી સમજદારી મેળવીને પોતાનો સંબંધ કેળવે નહિ તો તે પોતાના જીવનને ટકાવી પણ રાખી શકે નહિ.

અગ્નિથી દઝાય છે એવો એકવાર અનુભવ થતાં, સમજદારી ન કેળવે અને વારંવાર અગ્નિને અડે તો તે અબુધ બાળક કેમ જીવી શકે?

આમ જીવવા માટે સમજદારી જરૂરી છે, સાચી રીતે જીવવા માટે વધુ સમજદારી આવશ્યક છે.

સમજને ઝડપથી ગ્રહણ કરી શકે છે અને પાછો ભૂલી જતો નથી તે ખરો પરિપક્વ બુદ્ધિનો છે. આવા માણસો જ જગતમાં સફળતાપૂર્વક આગળ વધી શકે છે.

માણસ અનેક પ્રકારના પૂર્વગ્રહો પોતાના મનમાં સ્થાપિત કરી મૂકતો હોવાથી તેનું મન સ્પષ્ટ વિચાર અને મૂલ્યાંકન કરી શકતું નથી. જેમ ચોખ્ખું લખાણ કરવા માટે પાટી સાફ હોવી જોઈએ તેમ સ્પષ્ટ વિચાર માટે મન પણ માની લીધેલા પૂર્વગ્રહોથી તદ્દન અલિપ્ત હોવું જોઈએ. આમ કરવું અને તેમ ન કરવું, આ યોગ્ય છે ને તે અયોગ્ય છે વગેરે નાનપણથી જ બાળકના મન પર છપાતું આવે છે. તેના ઉપર તેની વૃદ્ધિ થતાં, માનવી ફરીથી વિચાર કરતો નથી, પણ અજ્ઞાન અવસ્થામાં પ્રાપ્ત થયેલી બીજાની સમજને ખરી માની તે આગળ વધે છે તેથી પારકા જ પગે ચાલવા જેવી સ્થિતિ પેદા થાય છે.

બીજાને પગે ચાલનારને તાકાત મળતી નથી, તે સદા પરાધીન જ રહે છે.

ક્ષેત્ર બહારની બાબતમાં અજ્ઞાન હોવા છતાં બધું જાણવાનો ડોળ કરનાર અપરિપક્વ બુદ્ધિનો કહેવાય. પોતે જે પરિસ્થિતિમાં રહેતો હોય તેના પ્રત્યે સભાનપૂર્ણ દુર્લક્ષ કરનાર કે ઉદાસીન રહેનાર મનુષ્ય અપરિપક્વ ગણાય. શારીરિક જરૂરિયાતો પૂરી કરવા પૂરતો જ રસ ધરાવનાર અને વર્તમાન જ્ઞાનને સમગ્ર ભાવિ જીવન માટે પૂરતું માની લેનાર માણસ પણ એ જ કોટીનો છે.

જીવનની ગંભીરતાની આવી પડતી જવાબદારીઓ સ્વેચ્છાએ સ્વીકારનાર, તેમજ જીવનને ઉચ્ચ કક્ષાએ લઈ જવા યોગ્ય માનનાર પરિપક્વ બુદ્ધિયુક્ત પુરુષ આવશ્યક કર્તવ્યોમાં ઝંપલાવે છે.

જીવનની આવશ્યક જવાબદારીઓ પૈકી મુખ્ય ત્રણ પ્રકારો છે:

પહેલા પ્રકારમાં માણસે માનવ તરીકે પોતાની જિંદગી દરમિયાન ભજવવાના ભાગનો સ્વીકાર કરતાં શીખવાનું છે.

બીજો પ્રકાર એ છે, કે માણસને કાર્ય કરવાની આકાંક્ષા હોવી જોઈએ. જો કોઈ પણ માણસ સ્વીકારેલા કાર્યને પોતાનું જ સમજે નહિ અને તેની બજાવણીમાં પ્રવીણતા ન સમજે તથા પ્રત્યેક કાર્યનું મહત્ત્વ અને સાર ન સમજે તો તે પરિપક્વ હોતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દોચ્ચારમાં અડચણ વગેરે ચિહ્નો દ્વારા તે બહાર આવે છે. કેટલાક લોકોમાં અકારણ કટાક્ષયુક્ત વાણી, ખોટો ઠાઠઠઠેરો, અબુધપણું, કટકટ કર્યા કરવાની કે રોદણાં રળવાની યા ખુશામતખોરીની ટેવ, બોલવામાં નિરર્થક ચીબાવલા વેડા, અર્થહીન અને લંબાણ વાતચીતની ટેવ વગેરે દોષો દ્વારા સ્વભાવની વિલક્ષણતા રૂપે તે વ્યક્ત થાય છે. આ બધાનું મૂળ કોઈ ને કોઈ પ્રકારના માનસિક અસંતોષ કે આઘાતમાં રહેલું હોય છે.

વાણીની અપરિપકવતા આપણે ભૂલીએ નહિ. વાતચીત, ભાષણ, જ્ઞાન કે અનુભવોના આવિષ્કરણમાં વાણીની સમૃદ્ધિ અને પરિપકવતા હોવાં જરૂરી છે. ડાહ્યો માણસ પોતાના મનમાં નિવાસ કરીને પડેલી સર્વ વૃત્તિઓને ઓળખી કાઢી વિવેકપુરઃસર તેને સંતુષ્ટ ને શાંત રાખવાનો માર્ગ શોધી કાઢે છે.

ચોક્કસ પરિસ્થિતિમાં પોતાને જેવી ચોક્કસ અસર પહોંચે તેવી જ બીજાને પણ પહોંચે છે. એ પ્રકારની સમજણ–ભાવના માણસમાં દૃઢ થવી ઘણી જરૂરી છે. બાળપણમાં એ મુદ્દલે હોતી નથી, ધીમેધીમે વધે છે. આ સમભાવની વૃત્તિ તેને અન્યોથી છૂટો પડી જતાં બચાવે છે.

કલ્પનાશક્તિના રૂંધાવાથી પરિપકવતાને કઈ રીતે હાનિ પહોંચે છે તે વિચારીએ.

આપણા સમાજના મોટા ભાગનાં બાળકો સામાજિક તથા બૌદ્ધિક દૃષ્ટિએ અપકવ એવાં માતાપિતાની અસર હેઠળ ઊછરે છે.

બીજું કારણ મોટા ભાગના લોકોની જાણ બહારનું છે. ઘણાંખરાં ઘરો, નિશાળો, જાતિઓ તથા સંપ્રદાયોમાં બીજાઓને લગતી બાળકોની સમજમાં અકારણ સંકુચિતતા, મર્યાદિતપણું અને પ્રાંતીયતા ભરવામાં આવે છે. પોતાનાં ખાસ માણસો, વર્ગ, કુટુંબો, મિત્રો, ન્યાતના

એક દાખલો લઈએ. કોઈ સ્ત્રી લગ્નના લાભો મેળવવા તૈયાર હોય પણ સાથોસાથ તેમાંથી જન્મતી જવાબદારીઓ (જેવી કે ઘરને વ્યવસ્થિત રાખવું, બાળકો ઉછેરવાં, ધવરાવવાં વગેરે)નો ઇન્કાર કરે તો તે અપરિપકવ ગણાય નહિ. તેવી જ રીતે એક પુરુષ પોતાના કુટુંબ પ્રત્યેની જવાબદારીઓને ઉપાધિયુક્ત લેખે તો તે પણ અપરિપકવ જ ગણાય.

ત્રીજો અને મહત્ત્વનો પ્રકાર–જીવનના ગંભીર અને ગૂંચવણ ભર્યા પ્રશ્નોને પૂર્ણપણે સમજવા તથા કાર્યકારણનો સંબંધ સારી રીતે જાણવો એ છે.

વયમાં વધેલા ઘણા માણસો બાળકોની જેમ ઘણી બાબતોમાં વારંવાર અસ્થિર અને મનને ગમે તેમ દોડધામ કરવા દેનારા હોય છે. ચંચળ મનને ચપળ બનાવવાની કળાનો ગંભીરપણે વિચાર કરી તે શીખી લેવું જોઈએ. ચંચળ મન નિયમ કે ગણતરી વિહોણું હોવાથી શક્તિનો દુર્વ્યય થાય છે ને ભળતાં જ પરિણામો આવે છે, જ્યારે ચપળતામાં ઝડપ, વ્યવસ્થા અને આદર્શ હોય છે, જેથી ધાર્યું પરિણામ આવી શકે છે.

જગત સાથેનો વાણીનો–વ્યક્તિનો સંબંધ કેવળ શબ્દસંબંધ નથી, પણ સાથે ભાવસંબંધ પણ છે. વાણીને વ્યક્ત કરતા અવયવોમાં વિકૃતિ ન હોવા છતાં બોલતી વખતે [illegible] ખામીઓ માણસના માનસિક પ્રદેશના [illegible] કારણે થતી હોવાનું સાબિત થયું છે.

જીવન સાથે સંબંધ ધરાવતી બાબતોનો સંપૂર્ણ ઉકેલ ન લાવી શકીએ તો મનમાં [illegible] અસંતોષને લીધે અકારણ ભયભીત- [illegible], અપરાધીપણાનો ખ્યાલ, અવ્યવસ્થિત [illegible] તેમજ અવાસ્તવિક વૈરવૃત્તિઓ [illegible] છે. યોગ્ય માર્ગદર્શન દ્વારા આ [illegible] ન સંતોષાય તો તોતડાપણું, ધ્રુજારી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો, ધર્મ કે દેશ સાથેનો સંબંધ અતિ સંકુચિત રીતે ઘડાય છે અને પોતાની સમભાવનાને બહારના માણસો સુધી વિસ્તારવા દેવામાં આવતી નથી.

ત્રીજું કારણ એ છે, કે મનુષ્ય પરસ્પર વિરોધી મૂલ્યોથી ભરેલી જિંદગી જીવવાને દોરવાય છે. તેઓ એક તરફથી બીજાઓ સાથે ભાઈચારો વધારવા મથે છે અને બીજી તરફ પોતાનું અભિમાન ન ઘવાય તેની તકેદારી રાખે છે. એક વખત અન્ય માનવબંધુઓ પ્રત્યે નિઃસ્વાર્થી બનવાનું વાજબી લાગે છે, ત્યારે બીજી બાજુથી પોતાના હિતનો ખ્યાલ તેમને હરીફ બનાવી ઊભો રાખે છે.

આમ ઘણા મોટાભાગના માનવીઓ સામાજિક ભાવનાઓનો વિકાસ સાધ્યા વગર જ શરીરે પરિપક્વ બની જાય છે.

અધૂરાં બોલાયેલાં વાક્યોની જેમ કશી કિંમત નથી તેમ અધૂરા શક્તિવિકાસનો પણ કશો અર્થ નથી. જુદાંજુદાં ક્ષેત્રોમાં સંપૂર્ણતા મેળવવાને માનવી પ્રયત્નશીલ રહે તો મનોવૃત્તિને પરિપક્વ બનાવી શકે છે; ભલે પછી તે વેપારી, ખેડૂત, શિક્ષક, રાજદ્વારી પુરુષ સેવક કે સ્વામી હોય.

માત્ર વયથી જ પરિપક્વ હોય તેવાં સ્ત્રીપુરુષો ઘણી વખત પરિસ્થિતિને બગાડી નાખે છે; કારણ વયથી વધવા છતાં તેમની દૃષ્ટિ તો મર્યાદિત જ હોય છે. એમનો સંપર્ક સલામતીભર્યો નથી. કૂવામાંના દેડકાની જેમ સંકુચિત જગતને લગતી તુચ્છ ઇચ્છાઓ, અહંકાર, તરંગો, પૂર્વગ્રહો, ચીડિયાવેડા, તિરસ્કાર ને મહત્ત્વાકાંક્ષાઓથી વીંટળાયેલા આ લોકોને દૂરનું કશું જ સૂઝતું નથી.

દરેક પ્રસંગની ગંભીરતાપૂર્વકની સમજવાણીવિવેક, સ્ત્રીપુરુષ સંબંધી જ્ઞાન, સમભાવ, તાત્ત્વિક બાબતોનું સૂક્ષ્મ જ્ઞાન–જીવનવિકાસનાં આ જરૂરી તત્ત્વો વિના મનુષ્ય

બૌદ્ધિક, સામાજિક તથા ભાવનાત્મક ક્ષેત્રમાં અણવિકસ્યો જ રહી જાય છે.

આ વિધાનો સમજવા થોડાક દાખલા લઈએ. મનમોહનદાસ બહુ જ ઓછાબોલો માણસ છે. તેની પાસે પૂરતી મૂડી છે. કોઈના ઉપર તેને આધાર રાખવો પડતો નથી. યુક્તિ, પ્રયુક્તિઓ અને તર્ક વાપરી લેવામાં તે પાવરધો છે; પરિણામે તે ધન એકઠું કરી શક્યો છે.

તે વધુ બોલતો નથી; કેમકે તે માને/સમજે છે કે તે બોલે છે, ત્યારે કશોય ઢંગધડો રહેતો નથી. અપ્રસંગોચિત અસંબદ્ધ વસ્તુઓ પણ તે બોલી નાખે છે. સમજદારીભરી તેના મનની હાલત નથી; તેથી તેણે ન બોલવાની ટેવ કેળવી.

હવે જે નથી બોલતો તેના પર જવાબદારી પણ નથી આવતી. તેને કાંઈ કરી બતાવવું પણ નથી પડતું; એટલે છૂપી રહેલી નબળાઈ અને તેથી જન્મતા પ્રમાદને અનુકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. પરંતુ લોકો તેને કાબેલ અને ગંભીર કહે છે એટલે પોતાની નબળાઈને માણસ પોષતો રહે છે અને ગુણ સમજે છે.

એક વખત મનમોહનદાસ તેના કુટુંબ [illegible] અને એક મિત્ર સાથે મુસાફરીએ નીકળેલા. આગગાડીમાં ગીરદી થતાં, મનમોહનદાસની સ્ત્રીને એક ઉતારુએ જરા હાથ અડકાડી આઘા ખસવાનું કહ્યું અને રૂઆબથી [illegible] લેવા માંડ્યું. પણ આ વાત મિત્રથી સહન થઈ નહિ. ઉતારુ સાથે તેને ગરમાગરમી થઈ. તે વખતે પણ મનમોહનદાસ શાંતિથી મૂગા બેસી રહ્યા અને તેના મિત્રને [illegible] મુસાફરે એક તમાચો લગાવી દીધો તો [illegible] બોલ્યા નહિ કે ઊઠ્યા નહિ. ઊલટું [illegible] ધાંધલ ન કરવા તેણે કહ્યું.

મનમોહનની સ્ત્રીથી તે ન સહેવાયું [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે ઉતારુને બેચાર સંભળાવી દીધી, પણ મનમોહનદાસભાઈને તો પાનો ન ચડ્યો તે ન જ ચડ્યો.

હવે વાત અમુક હદથી આગળ વધી ત્યારે મનમોહનદાસની ફરજ હતી કે તેણે વચ્ચે પડી મિત્રનો પક્ષ લઈ પેલા ઉતારુના ગેરવાજબી વર્તન માટે નસિયત પહોંચાડવી જોઈતી હતી, પણ હિંમત હોય તો ને?

આ રીતે નમ્રતા અને સાલસપણું ઘણામાં નવ્વાણું વખત નિર્બળતા પર ઢાંકપિછોડો જ હોય છે. સમાજના લોકો તેને પોષતા હોવાથી લાંબા સમય સુધી તે નભી રહે છે. ખરે વખતે તેની ખબર પડે છે, પણ પછી ઘણું મોડું થઈ ગયું હોય છે અને તેમાં સુધારો થઈ શકતો નથી.

બુદ્ધિની પરિપકવતાની પ્રાપ્તિ માટે હિંમત એક અનિવાર્ય વસ્તુ છે. અહિંસા અને નિર્બળતામાં પણ આમ જ ગુંચવાડો થઈ ગયો છે. ખરી અહિંસા તો બહાદુરો જ પાળી શકે છે એમ ગાંધીજી પણ કહી ગયા છે; પણ સામાન્ય માનવી મનની નબળાઈને પોષી પોતાને અહિંસક માની ગર્વ લે છે. આમ સમાજ ઘણી જુદીજુદી રીતે લોકોમાં મિથ્યાભિમાન પોષવા દઈ વિકૃતિ અને નબળાઈ પેદા કરે છે.

બીજો દાખલો લઈએ: કેશવજી નામનો નોકર હરખચંદ શેઠને ત્યાં નોકરી કરે છે. શેઠની હાજરીમાં તેઓ જે કહે તેમાં કેશવજી હાજીહા કરે છે, પણ શેઠ જેવા દુકાન બહાર નીકળ્યા કે ગાદીતકિયે પગ લાંબા કરી કેશવજીભાઈ બેજવાબદારીભરી રીતે સમય પસાર કરે છે. કેશવજી શેઠાણીનો સંબંધી હોવાથી શેઠ આ ચલાવી લે છે તે જુદી વાત થઈ, પણ ડહાપણની ખામી કેશવજીમાં છે જ એ તો કબૂલવું જ પડશે.

સાનુકૂળ પરિસ્થિતિમાં આ બધું અયોગ્ય વર્તન ચાલ્યું જાય છે અને અપરિપકવ બુદ્ધિના માણસના વર્તનનો સુમેળ ઉપર-ઉપરથી જણાય છે.

અપરિપકવ બુદ્ધિવાળા લોકો દેખાદેખી, એક કરે તેમ બીજો કરે છે અને મેંઢાના ટોળા માફક ચાલ્યા જાય છે.

તેથી ઊલટું જેને બુદ્ધિની પરિપકવતાથી સત્યની સમજ પ્રાપ્ત થઈ છે તેઓ આમ ગતાનુગતિક વર્તવાની ના પાડે છે અને ગાડરિયા પ્રવાહથી જુદા પડે છે.

શ્રીકૃષ્ણ, સિદ્ધાર્થ અને ગાંધીજી જેવા મહાપુરુષો તેમના સમયના સમાજની પ્રથાઓ અને લોકોની ઘણી વલણ સાથે સુમેળ સાધી શકયા નહોતા, પણ તેઓએ પોતે નિર્ધારેલી દિશામાં ડગ તો ભર્યાં જ.

પુરુષમાંથી પુરુષોત્તમ થવા માટે આમ બુદ્ધિની પરિપકવતાની અનિવાર્ય જરૂર રહે છે.

★

કિસાનોની સેવામાં જીવન ન્યોચ્છાવર કરી દેનાર સ્વામી સહજાનંદ સરસ્વતીનું થોડા જ વખત પર અવસાન થયું. એમના જીવનની એક વાત છે. સ્વામીજીનો સ્મશાનમાં પડાવ હતો. તે રાત્રે તેઓ ધૂણી ધખાવીને બેઠા હતા ત્યારે એક મૃતદેહને ડાઘુઓ લઈ જતા હતા. એ મૃતદેહને ઢાંકવા માટે ઉપર કફન ઓઢાડવામાં આવ્યું નહોતું. આટલા નાનકડા ગણાય એવા પ્રસંગે એમને ગંભીર વિચાર કરતા કરી મૂક્યા. તુરત જ તપાસ કરતાં ખબર પડી કે એ મૃતદેહ કોઈ એક અભાગી અકિંચન કિસાનનો હતો. કિસાનોમાં આટલી ગરીબી! બસ ત્યારથી એ દંડીસ્વામી આજીવન કિસાનસેવક બની રહ્યા. ભારતવર્ષનાં કિસાન-આંદોલનોમાં એમણે ખૂબ જ અગ્રગણ્ય ભાગ લીધો.

જીવનમાં નાનકડો બનાવ પણ અદ્‌ભુત પરિવર્તન સર્જે છે, કેવળ એ પ્રત્યેની સતત જાગરૂકતા જોઈએ.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી કાકી

લેખક :
શ્રી ભગવત રામચંદ્ર ભટ્ટ
એમ. એ.

[૧]

રાત ને દિવસ તે પાંદડાં કાચીકાચી દડિયા-પતરાળાં બનાવતી. મોસમમાં સૂરજની ટશર ફૂટે તે પહેલાં ઘર છોડી પાનાંની હેલ લેવા ગામ બહાર જતી. ભાગોળે છૂટેલાં પાંદડાંની ગંજીભરેલાં ગાડાંમાંથી પડાને ખેંચી ઉત્તમ હેલ પસંદ કરી ઘરનો પરસાળવાળો ઓરડો તે ખીચોખીચ ભરી દેતી કે આખા વરસની પછી નિરાંત.

પછી તેને ગોળ અને લાંબાં પાનની ટીકડીઓમાં વહેંચી, પાણી છાંટી, ઘંટીના પડ તળે દબાવવા કલ્લા કરતી. ઘરવાસીદું, રસોઈપાણી ઝટપટ પરવારી લેતી. પાસે મીઠા કૂવાના ઠંડા પાણીનો ભીનો કટકો વીંટાળેલો લોટો ને ઉપર ખાસ્સું માંજેલું પવાલું રાખતી કે વચમાં કુદરતી હાજત સિવાય કશો વિક્ષેપ ન પડે. પછી લાંબા કરેલા પગ પર પગ ચઢાવી એકનિષ્ઠાથી તે કામે લાગી જતી. ઝટપટ માલ ઊતરવા લાગતો અને એને વગે પાડવા બીજા દિવસનું પ્રભાત ઝટ ઊગતું.

બધી કોરની સાવધાની છતાં કોઈ દહાડો માલનો પૂરવઠો ખૂટી પડતો. એક વેળા મજેનો ભાવ આપનાર કંસારિયાં પતરાળાં બનાવવા માટે વાંસની સળીઓ ખૂટી પડી. આજે પાંદડાં સીવવાના કામનો અણોજો પાડી કમઠાયાં લઈ પાળી વડે એકધારી સળીઓ ઉતારવા લાગી. એની વિચારશલાકા પણ ભૂતકાળનું અંજન આંખમાં આંજી ગઈ. નવી કાકી વિચારવા લાગી કે પચીશ વર્ષ પૂર્વે એનાં ધામધૂમથી લગ્ન થયેલાં. એના પતિની એ ત્રીજીવારની પત્ની. પોતાનું નામ પાર્વતી પણ કોઈ જ એને ખરા નામથી બોલાવે નહિ. ઉમ્મરે નાની છતાં ઘરડા વરની પત્ની–માટે મોટું કહેવાય ખરું ના? એટલે તે ગામ-આખાની કાકી. ત્રીજીવારની એટલે નવી વહુ તરીકે જ બધાં ઓળખે. ચાલતે દહાડે ગામ-આખાની જીભે નવી કાકી–નઈ કાચીના હુલા-મણા નામે ચઢી ગયાં.

રંડાપો રોકડો તો જ્યારથી તે ત્રીજી વારની વહુ બની આવી ત્યારથી કર્મે લખાયેલું હતો. એ કારમા વૈધવ્ય પાછળ સોના જેવી કંચનકાયા ઓગાળવાની છે એવું દુઃખદ ભાન ઊંડેઊંડે સૌને હતું.

લગ્ન થયા પછી દીકરીને માબાપને ઘેર હક્ક નથી હોતો. જેના પર હક્ક હતો તે ઘરનો માલિક લાકડાંભેગો થઈ ગયો. એ તે હવે જગતની ધર્મશાળાના ધણી બની હતી.

વરસઆખો ખૂણો પાળ્યો. દુકાળ અને કારમી મોંઘવારીમાં ધણીનું રહ્યુંસહ્યું ખૂટી ગયું. આખો જનમારો આમ શી રીતે કાઢવો? પિયર કંઈ પહોંચતું નહિ કે મદદની ય આશા હોય.

ઘણાંખરાં બૈરાં વહેલાં ઊઠી સોડિયું તાણી દોડતાં ક્યાં જતાં હશે? નવી કાકીને એક દિવસ પ્રશ્ન ઊઠ્યો. તપાસ કરતાં ખબર મળી કે ગામની ઉગમણી ભાગોળે આખરાતનાં પાનાંનાં ગાડાં છૂટે છે. નોધારાં વિધવા બૈરાં તેમાંથી પડિયાપતરાળાં બનાવી બોડા માથા પરનો જિંદગીનો ભાર હળવો કરવાને તે વહોરી લાવે છે. વરસઆખું આંખો ફોડી, પાંદડાંની ગરમી સહન કરી–આંખે અંધારાં ચઢે તો ચઢવા દઈને ય પોતાનું પેટિયું રળે છે; પણ દેશ, સમાજ, જ્ઞાતિ કે સગાં-વહાલાં કને તે કોઈ દિવસ દાદફરિયાદ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ભીખ માંગવા જતાં નથી. આ માનભર્યા જીવનથી આકર્ષાઈ નવી કાકીએ પણ એક દિવસ વિચાર્યું:

'હું ય શીદને કોઈની ઓશિયાળી થાઉં ? મને ક્યાં ભગવાને હાથપગ અને તાકાદ નથી આપ્યાં ?'

ચીંદરડીએ બાંધી રાખેલા નવા નક્કોર પચ્ચીશ રૂપિયા લઈ તે હીંડ્યાં. ગાડાની ભીડ વચ્ચે આવી તેણે સાદ પાડ્યો :

'ભાગવાનના ભાગ જેવાં મોટાં પાનાંનું ઠાંસીને ભરેલુ પાનાંનું ગાડું અલાવોને, અલો !'

એક વૃદ્ધ ડોસાને અનુકમ્પા આવી.

'કોણ નઈ કાચી કે ? હોવે, શા સારું ન અલાવું ? મારું પરઠેલુ તમે લઈ જાઓ. આણ સાલ લગ્નગાળો ખૌ છે. આવતી સાલ સંઘસનું વરસ છે ને ? ભાવ ઠીક આવશે તો બે પૈસા રળશો, હા નઈ કાચી ! છેવટ એકાદ ગાડું કોઈના ભાગમાં ય વધારે લઈ રાખજો.'

'પણ ભાઈ મારા, મને તો બઠ્યું પતરાળાં બનાવતાં આવડતું નથી ના !'

'કંઈ નહિ નઈ કાચી ! કામ કામને શીખવશે. હું મારી મણીને મોકલીશ. એ બિચારી બાળરાંડ છે. એનો ગુજારો જ પાંદડાં પર છે. સાસરિયાં સમજીને કંઈ આલતાં નથી. આપણે સારા ઘરનાથી ખોરાકીનો દાવો થાય છે કંઈ ? પણ મૂઈ ઘણી હોશિયાર છે. એ એનો ટોપલો ભરી આવશે. તમે સામાં બેસજો. ક્ળેક્ળે શિખવાડશે. હું તમને મદદ કરવા દઈશ.'

'ભાઈ ભલું થજો તમારું' કહી નવી કાકી આગળ અને પાછળ પાનાંનું ગાડું ઘર ભણી ચાલી નીકળ્યાં.

રસ્તામાં જનાર-આવનાર નજર નાંખી પૂછતાં :

'નવી કાચી, તમે વો'ગું કે ? શો ભાવ ? હેલ તો ખૌ સારી છે. નસીબદાર છો તમે.'

'ભાગ્યવાનને ભૂત રળે.' અસ્પષ્ટ મનમાં બોલી વૈધવ્યમાં પણ ભાગ્ય જોવા પ્રયત્ન કરતા આ સંતોષી નવી કાકીની રોજગારીની લીલા શરૂ થઈ.

[૨]

નવી કાકી ઝટ પડિયાપતરાળાં બનાવતાં શીખી ગયાં. ગાડાં ઠેરવવાનું ય આવડ્યું. એમના ઘાટીલા પડિયા, તેની નાની હુમસી શીકી, પતરાળાંનો ઘાટીલો ગંઠો એવાં તો જાણીતાં બન્યાં કે ગામઆખામાં ક્યાંના ક્યાં–અમદાવાદ, ભરૂચ, સુરત, મુંબઈના વેપારીઓ અને સુખડિયાના આડતિયાઓ પ્રથમ નવી કાકીને ત્યાં ખરીદવા ઊતરતા. બે પૈસા વધુ આપીને ય એમનો માલ પ્રથમ ખરીદી જતા.

નવી કાકીને જીવનમાં એક જ સ્વપ્ન હતું. આમતેમથી, પેટે પાટા બાંધીને ય, સૂકો રોટલો પાણી સંગાથે ગળે ઉતારીને ય પૈસા એકઠા કરવા. જાત્રા કરી આ મનખાનો ઉદ્ધાર કરવો. બઠ્યું હેવાતન ન ટક્યું તો, એ હેવાતનના દાતાની પાછળ એકવાર તો છૂટા ઘીની તાંબડીઓ ફેરવવી અને ન્યાતઆખીમાં ઘરદીઠ નહિ–માથાદીઠ લહાણું કરવું. આ એના દુઃખી જીવનનું રમ્ય સ્વપ્ન. આ સ્વપ્ન સિદ્ધ કરવા ખાતર તે રાત અને દિવસ પાનાં કોચકોચ કરતી હતી.

તત્ત્વજ્ઞાનની બારાખડી પણ એને આવડે શેની ? પણ પાનાંને સળીઓથી જોડતાં આવું કંઈ સત્ય તેના સંસ્કાર પ્રમાણે તેને સાંપડતું :

'જીવન એક દડિયો છે. આપણે સળીઓ દઈ એકબીજાને જોડ્યા કરો. થોડો વખત તેમાં પ્રવાહી રહે પણ વાંકોચૂંકો થતાં બધું વહી જાય. સળીઓ છૂટી પડી જાય. વાત ફસકાઈ જાય. એ નાનો, મોટો, બેડોળ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાટીલો ય હોય. એમાં શું થઈ ગયું ? પણ તે એઠો થયો એટલે નકામો. પછી એ ઉકરડાનો અધિકારી. જીવન પણ એવું ન થાય !'

આ જીવનના ઉદ્ધાર માટે જાત્રાપખાતરા, છૂટી તાંબડીએ ઘી, ન્યાતશાહી લહાણાંની આશા ખાતર તે કાળું વૈતરું કરતી હતી ? કોણ જાણે ! દિવસ, મહિના, વર્ષો સર્વ નિર્વિકારપણે વહી જતાં હતાં. વરસ વરસને ખાતું વીતતું જતું હતું. સગાંસંબંધીઓ પાસે બેસવાને આવતાં તો યે પાંદડાંમાંથી માથું ઊંચું કરી વાત કરવાનો સખનો દહાડો એને માટે આવ્યો ન હતો. ન્યાતમાં વરાવાજન, વિવાહવરસી બધાં જ એને માટે ત્યાજ્ય હતાં. હા, રડવાકૂટવા માટે એક કાળો સાડલો ને કાંચળી રાખેલાં તે પહેરી બેસણે-ઊઠણે જરા મોં વાળી આવે એટલું જ.

નવી કાકીના આવા એકધારા જીવનમાં સ્નેહની સરવાણી ફૂટી નીકળી હતી. તેને પોતાનું પેટનું કહેવાનું કોઈ સંતાન હતું નહિ; પરંતુ પોતાના દારૂડિયા દિયેરની માવિનાની એકની એક સોનાના પૂતળા જેવી દીકરીને ઉછેરીને સારા કુળવાન ઘરે નાખી ન્યાતમાં ઘર અને વરની વાહવાહ બોલાઈ, ત્યારથી તે દીકરીના વિયોગદુઃખની માયા લાગી. એનો ખોળો ભરવાનો વખત આવ્યો ત્યારે એ મા-વિનાની દીકરીની માનું પદ પ્રાપ્ત કરી એની ભીડ કાઢવાના મનોરથ છડેચોક જાહેર કર્યા. નવી કાકીના આ હક્કનો સાસરિયાં તરફથી સ્વીકાર થતાં એનામાં નવીન ઉત્સાહ આવ્યો.

તેણે દાયણને બોલાવી, દરજી કને ખોઈ તૈયાર કરાવી. ગોદડી, ખાટલી ને પારણું... જે કંઈ મળી આવે તે માળીમાંથી કઢાવ્યાં. જૂની ઝારી અને ટોયલીઓ મંજાવી-આમલી દઈ ઊટકી ઊજળી કરી. પડોશના પસાકાકાને પગે પડી રતનપોરના પોતાના ખેડૂતને ત્યાંથી ખાતરીનું ડબ્બો ઘી મંગાવ્યું. જે અંધારા ઓરડામાં ખાટલો ઢાળવાનો હતો તેને વાળી-ઝૂડી સાફ કરી નાખ્યો. તે વરસે પડિયા-પતરાળાં સીવવા પાનાં ય ન લીધાં.

આનંદ-અતિશયતાથી એક દિવસ તે એકદમ હસી ઊઠી. નવી કાકીએ ગોળધાણા વહેંચ્યા. ઘરઆંગણાને ઘસીને જતા રસ્તા વચ્ચોવચ ઊભી જતાઆવતા ઓળખીતા, પારખીતા ને અજાણ્યા સૌને સરખા હેતથી હથેલીમાં ગોળધાણા મૂકી કહેતી:

' મારી મધુરીને ભાણો આયાની ખુશાલી!'

લોકો મનમાં વિચારતા: નવી કાકી કંઈ હરખચમકથી ઘેલી ન થઈ જાય!

[૩]

નવી કાકી કંઈ ઘેલાં તો ન થયાં પણ દીકરીને જિયાણું કરી વળાવ્યા પછી તેની કાયા તૂટતી ગઈ. વાર્ધક્યે દેખા દીધી. જીવનની આસક્તિ પણ કમી થઈ. તબિયત સખળડખળ ચાલવા લાગી. એક દિવસ તે તે સખત બીમાર પડી. તેણે પાળેલી દીકરી-ને લખી જણાવ્યું.

' મારી તબિયત સારી છે. ફિકર કરીશ નહિ. '

પણ નવી કાકી તાવથી ધીકી ઊઠયાં, પડોશીઓએ બહુ સમજાવ્યું, ' દીકરીને બોલાવો. '

' ના, ભાણો લઈ શું આવે બિચારી? રસ્તા-માં છોકરું વાયે ભરાઈ જાય. એવડી માંદી હું કયાં છું તે ?'

તે બીમાર છે તે કબૂલ કરતી ન હતી. તેથી બીમારી તેનો દાવ બરાબર અજમાવ-માંગતી હોય તેમ તેને એક દિવસ બેહોશ બનાવી. પડોશીઓએ વગર પૂછેગાછયે તે-પાલક પુત્રીને તાર કર્યો.

પુત્રીજમાઈ તાર વાંચી પહેલી ગાડીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચઢી બેસી આવ્યાં. ત્યારે તો નવી કાકીને અભોટચોકો દઈ ભોંયે નાંખ્યાં હતાં. ગામનું ટોળું ભેગું થઈ ગયું હતું. તેઓ માંહેમાંહે ચર્ચા કરતાં હતાં:

'નવી કાકીની જાત્રાની ઇચ્છા પૂરી ન થઈ બિચારીની. એનો આ એક સંકલ્પ દિયેર પૂરો ન કરી શક્યો–એની દીકરી પરણાવી પસ્તાવી, ભીડ કાઢી, જિયાણું કર્યું છતાં બધાં સવારથનાં સગાં છે, ખુન આ દુનિયામાં.'

'આપણે જાત્રાજાત્રા કરીએ છીએ પણ વિચાર થયો કે ઘરની બહાર નીકળવું કંઈ સહેલું છે? ભાગ્યમાં હોય તો જ થાય.'

'પણ નવી કાકીને કેમ ન થાય? એ તો દેવમનિષ. જુવાનીમાં ગામના જુવાન અને આધેડવયનાઓએ એની છેડતી કરેલી, ત્યારે એનો તિખારો ન જિરવાય એવો. ગામની કૂખડી બૈરીઓથી એનાં રૂપ ન સે'વાયાં તે ખોટાં આળ ઓરાઢ્યાં. એના સગા ભાઈને ત્યાં ગઈ તો કહે, 'રાં...કોઈને લઈને નાસી ગઈ. જાત્રાને સ્થળે પાપ કરવા ગઈ.' આ વાતની ખબર નવી કાકીને કાને ગઇ એટલે માથું મુંડાવી, લીલે કાંટે મોંને ઉઝેડી નાંખી, લીમડાનો રસ પી, ઠંડા પાણીએ સ્નાન કરી, લૂખું અન્ન ખાઈ, સાથરે પોઢણ કરી જુવાનીનો નાશ અને વાસનાને ડામવાના કામ કર્યાં'તાં. એના દિયરે બધું ધન પોતાની પાસે લઈ લીધું, છીનવી લીધું: નહિ તો એ એકવાર નહિ, ચારચાર વાર જાત્રાએ જઈ આવત.'

'કાકી, કાકી! મને ઓળખી? અમે આવ્યાં છીએ હું અને તારા...' નવી કાકીના કાનમાં મોં મૂકી પાલક પુત્રીએ જયારે દીકરીજમાઈ આવ્યાનો આવો સાદ દીધો, ત્યારે મંડળીની બધી વાર્તા અટકી પડી. વાતાવરણમાં ગંભીરતા છવાઈ. નવી કાકીએ જવાબમાં માત્ર ઊંકારો જ કર્યો. તે શું બોલે બિચારાં? તેની નાડી તૂટતી જતી હતી. ડોળા ચકરવકર થતા હતા. તેનો ઊંડો ઊતરી ગયેલો રાંક જીવ પૂર્વ ઇતિહાસ પરથી એક જ મૂગો ભાવ બધાના દિલમાં ફેલાવી રહ્યો હતો.

'નવી કાકીનાં ફૂલાંને ગંગાજીમાં પધરાવી કાશીવિશ્વેશ્વરને પગે પડી માફી માંગજો–ડોસી બિચારી ન આવી ભગવાન! તેં તેને તારે દ્વારે ન તેડી.'

એવામાં પાલક દીકરીએ કાનમાં મરણપોક મૂકી:

'ઓ નવી કાકી, મારા નવી કાકી રે...એ...'

બહાર ફળીનાં કૂતરાં રડી ઊઠયાં. ઘરમાં ઘર બહાર દુખિયારા જીવ પર આંસુ પાડ્યાં ન પાડયાં ને જીવ શરીરની સગાઈથી અળગો થઈ ગયો.

નવી કાકી ગયાં, એમનાં ખંડેર જેવાં ઘર હજી ખાલી પડયાં છે, જયારે ત્યાં જાઉં છું ત્યારે એમની મૂર્તિ નજર સામે ખડી થાય છે ને મન પોકારી ઊઠે છે: 'આવો પુરુષાર્થ ને ત્યાગ આજના યુગમાં કેટલા વિરલા!'

★

જાણીતા વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યૂટનના ભૂલકણા સ્વભાવ વિષે એવી એક માન્યતા છે કે એક વેળા કંઈક અગત્યના કામ માટે એ ઘોડે બેસીને જતો હતો. રસ્તામાં અતિ ઊંચાણવાળી જગ્યા આવવાથી એને નીચે ઊતરવું પડયું. તે પછી ઘોડાની લગામ પકડી ઉપર ચડવાનું એણે જારી રાખ્યું. છેક છેલ્લે સ્થળે ઊંચે પહોંચ્યા પછી એને જણાયું કે ઘોડો તો ક્યારનો યે નાસી ગયો હતો અને પોતે–એક મહાન વૈજ્ઞાનિક હાથમાં કેવળ લગામ લઈને જ ઉપર જઈ પહોંચ્યો હતો!

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારિત્ર્યનું ઘડતર

લેખક :
અધ્યા. સતીશચંદ્ર પ્ર. દેસાઈ
એમ. એસસી. (લંડન) બાર-એટ-લૉ

એક વિદ્વાને કહ્યું છે તેમ માનવી એટલે ગમા અને અણગમાની વૃત્તિઓનો સંભાર. આપણામાં રહેલી સર્વ વૃત્તિઓને દબાવી ન દેતાં, જરૂરી હોય તેનું બુદ્ધિપૂર્વકનું ઊર્ધ્વીકરણ કરીએ, તો આજે આપણી સ્થિતિ છે તેમાં અચૂક પરિવર્તન આવે. આપણા ચારિત્ર્યના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવતી કેટલીક વૃત્તિઓનો અહીં શાસ્ત્રીય અને વ્યવહારુ દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે.

प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति–પ્રાણીઓ સ્વભાવ પ્રમાણે વર્તે છે (તો) નિગ્રહ શું કરી શકે? આ એક વાક્યમાં ગીતાએ માનસશાસ્ત્રનો એક મોટો સિદ્ધાંત કહ્યો છે. કુદરતે મનુષ્યમાં કેટલીક વૃત્તિઓ મૂકી છે ને તે સંતોષવા એ સતત પ્રયત્ન કરે છે. એ ન સંતોષાવાથી એને દુઃખ થાય છે. સુખપ્રાપ્તિ માટે એ વૃત્તિઓ બને તેટલા સારા પ્રમાણમાં ને સારે રસ્તે સંતોષાવી જોઈએ.

કઈકઈ વૃત્તિઓ સૌથી વધારે પ્રબળ છે તે પહેલાં તપાસીએ. પ્રેમ, જાતીય આકર્ષણ, સંઘજીવનની ઇચ્છા, સહીસલામતીની ભાવના અને પોતાની અગત્યની ભાવના, એ પાંચ મુખ્ય છે. તે વધારે વિગતવાર તપાસીએ.

પ્રેમમાં માતૃપ્રેમ, પિતૃપ્રેમ, પત્નીપ્રેમ, પુત્રપ્રેમ, બંધુપ્રેમ, કુટુંબપ્રેમ, દેશપ્રેમ, માનવજાતિ પ્રત્યેનો પ્રેમ વગેરે બધી જાતના પ્રેમનો સમાવેશ થાય છે. આ વૃત્તિનું ઊર્ધ્વીકરણ આપણે સંતોમાં જોઈએ છીએ. એમને મન આખું જગત તે પોતાનું કુટુંબ છે. ગાંધીજીમાં પ્રેમ એટલો વિશાળ હતો, કે પોતાના કુટુંબનું ક્ષેત્ર એમને માટે બહુ સંકુચિત નીવડ્યું. એ જ્યાંજ્યાં ગયા ત્યાં એમણે આશ્રમો સ્થાપ્યા. આફ્રિકામાં ટૉલસ્ટૉય ફાર્મ ને ફિનિક્સ આશ્રમ હતાં; હિંદુસ્તાનમાં સાબરમતીમાં ને વર્ધામાં આશ્રમો સ્થાપ્યા.

પ્રેમમાં બીજી અનેક જાતની વૃત્તિઓ પણ હોય છે. દાખલા તરીકે પિતાને સંતાનો માટે ને કુટુંબ માટે મહેનત કરવાની વૃત્તિ હોય છે. સ્ત્રીઓમાં 'માતૃભાવના' એટલી પ્રબળ હોય છે કે સંતાન ન હોવું તે ઘણાંને માટે અતિશય દુઃખમય ભાસે છે. આવા સંજોગોમાં પતિપત્ની કોઈનું બાળક દત્તક લઈને પણ પોતાની વૃત્તિ સંતોષે એ ઇચ્છનીય છે. એમાં પોતાનું તેમ જ સમાજનું હિત છે.

જાતીય આકર્ષણની વૃત્તિ ઘણી પ્રબળ હોય છે. ગાંધીજી પણ કહેતા હતા, કે એમને માટે બ્રહ્મચર્યનું પૂરેપૂરું પાલન કરવું કઠિન હતું. પુરાણોમાં કામદેવની શક્તિ ઓછી નથી ગણાઈ. 'વસંતવિજય'માં બહુબહુ પ્રયત્ન છતાં આખરે પાંડુ જાતીય આકર્ષણને વશ થાય છે. એક હેલનના સૌંદર્ય માટે કેટલો મોટો સંગ્રામ થયો? માનસ પૃથક્કરણના આદ્યપિતા ફ્રોઈડના મત પ્રમાણે સ્વપ્નમાં દેખાતી ઘણી વસ્તુઓ જાતીય પ્રતીકો છે. આ વૃત્તિને એ ઘણું જ મહત્ત્વ આપે છે.

આ વૃત્તિ દરેકદરેકમાં હોય છે ને ખરાબ છે એમ માનવાને કશું કારણ નથી. તે પૂરેપૂરી કુદરતી છે અને જ્યાંસુધી તેમાં યોગ્ય રીતે સંતોષાય ત્યાંસુધી એ અયોગ્ય નથી. આ પ્રચંડ શક્તિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

માર્ગ ન મળે તો વિપરીત પરિણામ આવવાનો સંભવ છે.

આ વૃત્તિનું ઊર્ધ્વીકરણ બ્રહ્મચર્યપાલન અને સર્જનકાર્યથી થાય છે. માનસશાસ્ત્રીઓના મત પ્રમાણે કવિતા અને સંગીતનાં કેટલાંક ભવ્ય સર્જનો આ ઊર્ધ્વીકરણને આભારી છે.

સામાન્ય વ્યક્તિ માટે તો આ વૃત્તિનો સંતોષ લગ્ન અને પરિણીત જીવનથી થાય છે. પ્રોફેસર જે. એ. થોમસન કહે છે: 'જાતીય આકર્ષણ શરૂઆતમાં સાધારણ શોખનું જણાઈ આવે એવું હોય છે, પણ ધીમેધીમે તે સૂક્ષ્મ અને છતાં તીવ્ર બને છે, અને તેથી કુદરતી તેમજ કવિત્વમય પ્રેમમાં તેનું વિસ્તૃત રૂપ થાય છે. આ આકર્ષણ વૃક્ષ જેવું છે, જેનાં મૂળિયાં નીચે-ઊંડે પશુવૃત્તિમાં જાય છે, પણ જેની ઊંચી શાખાઓ પર સૂર્યનો પ્રકાશ પડે છે અને જેને આધ્યાત્મિકતાનાં ફળ આવે છે.'

પરિણીત જીવન કુદરતી છે. વળી લગ્ન કરવાથી અને કુટુંબમાં રહેવાથી એક બીજી વૃત્તિ પણ પોષાય છે-બધા સાથે રહેવાના વૃત્તિ. મનુષ્ય સંઘમાં રહેનારું પ્રાણી છે. એકાંત ટાપુમાં પડેલો એક મનુષ્ય પૂછે છે: 'હે એકાંત! ઋષિમુનિઓએ જે સૌંદર્ય તારામાં જોયું છે તે ક્યાં છે?' જેલમાં એકાંત કોટડીની શિક્ષા કપરી ગણાય છે. ત્યાં કામ કર્યા વિના પૂરેપૂરું ખાવાનું મળે તોપણ આનંદ આવતો નથી. મનુષ્ય હમેશાં બીજા મનુષ્યોનો સંઘ શોધે છે; માટે એકલું જીવન ગાળવામાં આનંદ નથી. ભરતમુનિએ સંસારનો ત્યાગ કર્યો, પણ એકલા રહી ન શક્યા અને એમને હરણાંનો સંગ બહુ મીઠો લાગ્યો.

કેટલાક લોકો કહે છે: 'અમારે બીજા લોકોની જોડે ભળવું છે, પણ અમારે ત્યાં કોઈ આવતું નથી.' આવી ફરિયાદ જેઓ કરે છે તે સાધારણ રીતે એકલસૂરું જીવન ગાળનારા હોય છે. એમને બીજા લોકોમાં ખરેખરો રસ હોતો નથી અને તેથી બીજા સાથેનો એમનો સંપર્ક ઓછો હોય છે. મિત્ર કરવાનો સૌથી સરસ રસ્તો મિત્ર થવું એ છે. બીજાને શેમાં રસ છે તેનો અભ્યાસ કરવો, બીજાને મળી શકાય એવી સભાઓ અને સંમેલનોમાં જવું અને વાતચીતમાં બીજાને કેમ આનંદ આપી શકાય તે તપાસવું. આમ કરવાથી આપણને બીજા મનુષ્યોમાં સાચો રસ ઉત્પન્ન થશે અને આપોઆપ જ બીજાઓ આપણી તરફ આકર્ષાશે.

વિયેનાનો પ્રખ્યાત માનસશાસ્ત્રી આલ્ફ્રેડ એડ્લર લખે છે: 'જે માણસને બીજી વ્યક્તિઓમાં રસ નથી તેને જીવનમાં સાથી વધારે મુશ્કેલીઓ આવે છે અને તે જ માણસ બીજાને સૌથી વધારે હાનિ કરે છે. જીવનમાં નિષ્ફળ નીવડેલા મનુષ્યો આ જ પ્રકારના હોય છે.'

આપણામાં કહેવાય છે, કે ઓળખાણ એ મોટી ખાણ છે. તેનાથી આર્થિક લાભ થાય છે એટલું જ નહિ, પણ તેથી મનની વૃત્તિ પણ સંતોષાય છે. ઓળખાણો વિનાનું જીવન શુષ્ક અને નીરસ બને છે.

બીજી એક ભાવના કે જે ન સંતોષવાથી દુઃખ ઊપજે છે તે સહીસલામતીની ભાવના છે. જે માણસને સહીસલામતી નથી તેને બીજાં અનેક સુખ હોય, તોપણ હમેશ ભય અને અસ્વસ્થતા રહે છે. હિંદુસ્તાનના ઇતિહાસમાં ચંદ્રગુપ્ત અને ઇંગ્લૅંડના ઇતિહાસમાં ક્રોમ્વેલ વિષે એમ કહેવાય છે, કે એક ને એક ઠેકાણે ત્રણથી વધારે રાત તેઓ સૂતા નહિ. પોતાની સહીસલામતી ખાતર શાહજહાંએ ગાદી પર બેસતાં પોતાનાં અનેક સગાંઓને મારી નાંખ્યાં. સહીસલામતી ન

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી માણસ કેટલો અસ્વસ્થ થાય છે તેનું સુંદર દૃષ્ટાંત ડેમોક્લિસનું છે. એક દિવસ રાજાએ ડેમોક્લિસને સરસ ખાણું આપ્યું, પણ તે ખાણા વખતે ડેમોક્લિસના માથા પર ઘોડાના વાળથી લટકતી તરવાર રાખી. કોઈ પણ ક્ષણે તરવાર પોતાના પર પડે એ ભયથી ડેમોક્લિસનો ખાવાનો બધો આનંદ ચાલ્યો ગયો.

આ સહીસલામતીની ભાવના જીવનમાં અનેક રીતે આવિર્ભૂત થાય છે. શરીરનું આરોગ્ય સાચવવાની વૃત્તિ એ આ ભાવનાનું એક અંગ છે. શરીર બગડશે એ ભય જાહેર-ખબરમાં બતાવીને અનેક દવાવાળાઓ પોતાની દવા વેચે છે. ' હાથ મેલા રાખવાથી શરીરમાં જંતુઓ પેસશે ' એ ભય સાબુની જાહેરખબરોમાં દેખાડવામાં આવે છે. ' સાદી શરદીમાંથી ઈન્ફ્લુએન્ઝા ને ન્યૂમોનિયા થશે ' એ બીક બતાવીને શરદી અટકાવવાની દવા વેચી શકાય.

આર્થિક ક્ષેત્રમાં પણ સહીસલામતી પ્રાપ્ત કરવાની ભાવના આપણામાં પ્રબળ હોય છે. પૈસા બચાવવાનો મુખ્ય હેતુ એ હોય છે, કે નોકરી જાય કે બીજા કોઈ કપરા સંજોગો આવી પડે, તોપણ મુશ્કેલી ન પડે. બેકાર રહેવાથી લોકોએ આપઘાત કર્યાના દાખલા-ઓ આપણે વાંચ્યા છે ને સાંભળ્યા છે. આ આપઘાતોનાં અનેક કારણો હોઈ શકે; પણ એક કારણ એ હોય છે, કે બેકાર માણસ ' હવે હું કેવી રીતે જીવી શકીશ ? ' —ના વિચારથી ગભરાઈ જાય છે.

આ સહીસલામતીની ભાવનાને લીધે જ વીમા કંપનીઓ પોતાનો ધંધો કરી શકે છે. વીમાનું પ્રિમિયમ ભરીને જીવનની અસ્થિરતા-ની ચિંતાનો બોજો આપણે વીમા કંપની પર નાખીએ છીએ અને કુટુંબના નિર્વાહની વ્યવસ્થા કરીએ છીએ. આ વીમાની સંસ્થાનો પાશ્ચાત્ય દેશોમાં ઘણો વધારે ઉપયોગ થાય છે. દુકાનદારો પોતાની દુકાનના શો-કેસના કાચનો વીમો ઉતરાવે છે; એટલું જ નહિ, પણ નૃત્યકાર પોતાનાં અંગોનો અને ગાયન ગાનાર પોતાના કંઠનો પણ વીમો ઉતરાવે છે!

ઉપર વર્ણવેલી બધી ભાવનાઓ ઉપ-રાંત મનુષ્યમાં—અને બીજાં પ્રાણીઓમાં પણ—પોતાની અગત્યની ભાવના પ્રબળ હોય છે. ' શકટનો ભાર ' ખેંચનાર કૂતરાના મનમાં કેટલું અભિમાન હોય છે ! કોઈ મિત્રને ત્યાં મળવા જઈએ અને એને ત્યાં પાળેલો કૂતરો હોય તેને પંપાળીએ નહિ કે બોલાવીએ નહિ તો તેને ખોટું લાગે છે. આ ભાવના મનુષ્યમાં પુષ્કળ પ્રમાણમાં હોય છે. માનસ-શાસ્ત્રી વિલિયમ જેમ્સ કહે છે: ' જો કોઈ વ્યક્તિ પ્રત્યે સમાજ સંપૂર્ણ દુર્લક્ષ રાખે તો તે વ્યક્તિ માટે તે ક્રૂરમાં ક્રૂર શિક્ષા છે. આપણે ઓરડામાં દાખલ થઈએ ત્યારે કોઈ આપણી સામે જુએ નહિ, આપણે વાત કરીએ તેનો કોઈ જવાબ ન આપે, આપણે શું કામ કરીએ છીએ તેની કોઈને પરવા ન હોય અને આપણું જાણે અસ્તિત્વ જ ન હોય તેમ બધાં માણસો આપણી પ્રત્યે વર્તે તો આપણામાં ભયંકર ક્રોધ અને નિરાશા ઊપજે. '

છેક નાનાં બાળકોમાં પણ આ ભાવના તીવ્ર હોય છે. નિશાળે જતા વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીઓની અને શિક્ષકની પ્રશંસાથી ઉત્તેજન મળે છે. પ્રૌઢ ઉંમરનાં માણસોને પણ બીજાની પ્રશંસા પ્રાપ્ત કરવાની ઇચ્છા ખૂબ પ્રમાણમાં હોય છે. ધનવાન માણસો જાહેર કામ માટે મકાન બંધાવે છે, ત્યારે તે મકાન પર પોતાનું નામ રાખવાની તેમની ઇચ્છા હોય છે. લંડન યુનિવર્સિટીને પુષ્કળ આર્થિક મદદ કરનાર જેરેમી બેન્થમે પોતાની પુષ્કળ દોલત યુનિવર્સિટીને આપી દીધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એવી શરત કરી કે પોતાના મૃત્યુ પછી એનું શરીર સાચવી રાખીને જ્યારેજ્યારે સેનેટની મિટિંગ થાય ત્યારેત્યારે તેને હાજર રાખવું. 'એ. ઈ. મેન્ડર નામનો માનસશાસ્ત્રી લખે છે: 'આપણી સાથે સંસર્ગમાં આવતી આપણી સમાન વ્યક્તિઓની પ્રશંસા પ્રાપ્ત કરવી એ આપણી પ્રબળમાં પ્રબળ ઇચ્છાઓમાંની એક છે અને તે ઇચ્છાની અસર આપણા અભિપ્રાયો, આપણી વૃત્તિઓ અને આપણાં આચરણ પર પડે છે. આ ભાવનાને લીધે જગતનું સારામાં સારું કાર્ય -અને ખરાબમાં ખરાબ કાર્ય પણ-થાય છે.'

ઉપર જણાવેલી બધી વૃત્તિઓ—પ્રેમ, જાતીય આકર્ષણ, સંઘજીવનની ઇચ્છા, સહીસલામતીની ભાવના અને પોતાની અગત્યની ભાવના-એ બધી વૃત્તિઓ સારી કે ખરાબ કહી શકાય નહિ; પણ એ વૃત્તિઓને આપણે કેવી રીતે સંતોષીએ છીએ તેના પર આપણો સદાચરણ કે દુરાચરણનો આધાર રહે છે.

આપણા સ્વભાવના ઘડતરમાં આ ચાર અંગો મુખ્ય છે: કુદરતી વારસો, કેળવણી, સંજોગો અને આપણી ટેવો. બાળકોને કુદરતી વારસો સારો મળે તે માટે માબાપે જરૂર ખૂબ કાળજી રાખવી જોઈએ; પણ એ વારસો એકવાર બાળકને મળી જાય પછી તે બદલી શકાતો નથી. ભર્તૃહરિ કહે છે: 'જો તેની (હંસની) દૂધ-જળ ભેદ તણી કળા છે, તેને ન છીનવી. શકે વિધિ કોઈ કાળે.' કેળવણીની અસર બાળકના મન પર ઘણી થાય છે. એક વ્યક્તિએ લખ્યું છે: 'પહેલાં આઠ. વર્ષ સુધી બાળકોને મારી પાસે રહેવા દો અને પછી બાકીની જિંદગી સુધી તમે ભલે એમને રાખો.' પહેલાં આઠ વર્ષમાં એવા સંસ્કાર પાડી શકાય કે તેની અસર આખી જિંદગી સુધી રહે.

સંજોગો અમુક અંશે આપણા હાથમાં છે ને અમુક અંશે આપણા હાથમાં નથી. વાલ્મીકિને અચાનક નારદમુનિ મળી ગયા અને એમનું જીવન સુધરી ગયું તે અસાધારણ સંજોગ કહેવાય. જેટલે અંશે આપણા હાથમાં સંજોગો ઉત્પન્ન કરવાનું છે તેટલે અંશે તે સારા ઉત્પન્ન થાય એવો આપણે પ્રયત્ન કરવો જોઈએ.

વિલિયમ જેમ્સ તો કહે છે: 'આપણાં નવ્વાણું ટકા કાર્યો આપણી ટેવોને આભારી છે.' ટેવનું પ્રાબલ્ય આટલું બધું હોય કે ન હોય, તો પણ તેનાથી આપણું જીવન ઘણે અંશે ઘડાય છે તે તો નિર્વિવાદ છે. એક કામ અમુક રીતે અનેક વાર કરવાથી તે કરવાની ટેવ પડી જાય છે ને ફરીથી તે કામ કરવું સહેલું પડે છે. જે માણસ પચ્ચીસ વાર સાચું બોલે છે તેને છવ્વીસમી વાર સાચું બોલવું સહેલું પડે છે. માટે આપણે સારી ટેવો પાડવાનું પહેલેથી જ ધ્યાનમાં રાખવું જોઈએ.

આપણા દરેકમાં સામાન્ય મનુષ્યની વૃત્તિઓ તો હોય છે જ-થોડા કે વધારે પ્રમાણમાં. તે વૃત્તિઓ માટે અભિમાન લેવા જેવું કે શરમાવા જેવું કશું નથી, પણ તે વૃત્તિઓને આપણે કેવી રીતે પોષીએ છીએ તેના ઉપર આપણા ચારિત્ર્યનો આધાર છે. સારી ટેવો પાડીને, સારાં કાર્યો કરીને, વિચારો મનમાં લાવીને આપણે આપણું ચારિત્ર્ય ઘડવું જોઈએ. તે જ પુરુષાર્થ છે. વૃત્તિઓ પોષવા માટે ખોટે રસ્તે મન જતું હોય ત્યારે તેને રોકીને સાચે રસ્તે વાળવું જોઈએ. આમ અનેકવાર કર્યાથી સારું ચારિત્ર્ય ઘડાશે અને આધ્યાત્મિક ઉન્નતિ થશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીંક

લેખક :
શ્રી શાંતિલાલ પરીખ બી. એ.

રાયરંકનો જેને ભેદ નથી, જન્મથી મૃત્યુ પર્યંત જે સહવાસિની છે, જે શુકન-અપશુકનનું ઘણીવાર કારણ બને છે, જે 'ખાવા'ની રીતભાત પરથી સામાન્ય રીતે માણસના સંસ્કારનું માપ નીકળી આવે છે, તે છીંક માટે આપણે ત્યાં બહુ ઓછું લખાયું છે. છીંકનું પણ શાસ્ત્ર હોઈ શકે તેનો ખ્યાલ હળવી શૈલીમાં લખાયેલો આ લેખ વાંચ્યા વિના નહિ આવી શકે.

આપણે અમુક અન્ન શી રીતે આરોગવું, અમુક દવા શી રીતે પીવી ને અમુક માત્રા શી રીતે ખાવી તે ઉપર શિખામણ કે સહાય મળી રહે છે. આ બધી વસ્તુઓ એવી છે કે જે માણસ અવારનવાર ખાતો હશે, પ્રસંગ પડે ખાતો હશે છતાં આ બધી ખાવાની વસ્તુઓ માટે શિખામણ આપનારા મળી આવે છે.

ત્યારે બીજ પક્ષે 'ખુખુ–ખીખી' કરી ઉધરસ કેવી રીતે ખાવી 'ઉઉ...આઆ' કરી બગાસું શી રીતે ખાવું, 'હાઆ...હાશ' કરી આળસ શી રાતે ખાવી ને 'છીછી...ઈઈ' કરી છીંક શી રીતે ખાવી તે ઉપર તમે ક્યાં ય કંઈ પણ સાંભળ્યું કે વાંચ્યું નહિ હોય. રોજની આ ખાવાની વસ્તુ, દરેકને ખાવાની આ વસ્તુ, ગમે ત્યારે ખાવાની આ વસ્તુ, ગમે તે રીતે ખાવાની આ વસ્તુઓ પ્રત્યે પણ આપણે કેવા બેદરકાર છીએ!

જીવનમાં આવી નાની દેખાતી છતાં વધારે મહત્ત્વની વસ્તુઓમાં આપણે રીતસરની તાલીમ લઈએ, તેના પ્રયોગ કરીએ, તેમાં સુધારાવધારા કરીએ, તેના સારાસારનો વિચાર કરીએ તો તેમાંથી આપણે જરૂર કંઈક ફાયદો મેળવી શકીએ. સામાન્ય જીવનમાં માણસો ધૂળમાંથી સોનું મેળવવાની કે રેતીમાંથી તેલ કાઢવાની કોશિષ કરે છે, તો તે આવી ખાવાની અગત્યની બાબતમાં કંઈક કરી છૂટવાની કોશિષ શા માટે નહિ કરતો હોય?

દાખલા તરીકે માણસે આળસ ખાવાની તાલીમ એવી રીતે મેળવવી જોઈએ કે જેથી તેના શરીરનાં સર્વ અંગને સારી કસરત મળે. ઉધરસ તેણે એવી રીતે ખાવી જોઈએ કે છાતીમાં બાઝેલાં કફનાં જાળાં એકેએક છૂટાં પડે, બગાસું એવી રીતે ખાવું જોઈએ કે જેથી શરીરને સારો એવો આરામ મળે ને છીંક પણ એટલી આબાદ રીતે ખાતાં જાણવું જોઈએ કે છેક તાળવેથી માંડીને બધું સાફ સૂફ થઈ રહે.

છીંક ખાતાં મોઢું ક્યારે કેટલું પહોળું કરવું, જીભ ક્યાં કેવી રીતે રાખવી, ડોકી કેટલી ઊંચી કે ઊભી રાખવી, હાથ કેટલો આડો કે અવળો રાખવો આ બધું શીખવા ને સમજવા જેવું છે. છીંક ખાવા ઉપર જાણવા બેસીએ તો જાણવા જેવું ઘણું છે. માણસ જન્મે છે ને જ્યારથી આ દુનિયાની હવા લેતો થાય છે ત્યારથી જ તે છીંક ખાવાની શરૂઆત કરી દે છે, તે છેક મરતાં સુધી તે છીંકો ખાધાં જ કરે છે. એમાં સમય, સ્થળ, સંજોગ, સગવડ, શક્તિ આમાંનું કંઈ પણ અમુક પ્રકારનું હોવું જોઈએ કે ના હોવું જોઈએ તેવી લેશમાત્ર બાંહેધરીની જરૂરિયાત રહેતી નથી.

જીવનમાં સામાન્યતઃ એવું બનતું જ આવ્યું છે. બાહ્ય રીતે બીનઅગત્યની દેખાતી છતાં આંતરિક દૃષ્ટિથી અગત્ય ધરાવતી ઘણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણું ધ્યાન બહાર રહી જાય છે.
વસ્તુઓ આપણી ધ્યાન બહાર... તમે પોતે બીજા માણસોને છીંક ખાતા જોયા હશે, પણ તેઓ પોતે શી રીતે છીંક જાય છે ને તમે પોતે શી રીતે ખાવ છો તેની તુલના કરવાનો કદી યે વિચાર નહિ કર્યો હોય. છીંક એટલે છીંક—એ માન્યતા ભૂલ-ભરેલી છે. જુદાજુદા માણસો જુદાજુદા વખતે જુદીજુદી જાતની છીંક ખાય છે. છીંકના પણ પ્રકાર હોય છે.

પ્રથમ પ્રકાર તે સાદી છીંક (અં. સિમ્પલ)નો છે. રોજિંદા જીવનમાં સામાન્યતઃ માણસ જે છીંક ખાય છે તે આ પ્રકારમાં આવી જાય છે. મોટા ભાગના માણસો આવી જ છીંક ખાતા હોય છે. બીજો પ્રકાર ભારે (અં. કોમ્પ્લેક્સ) છીંકનો છે. ઘરમાં વઘાર થાય, છીંકણી ઊડે, મરચાં ઊડે—ને જે ઉપરાઉપરી છીંકો આવે તે આ પ્રકારમાં આવી જાય છે.

ત્રીજો એક નવો પ્રકાર છે. આજકાલ એ પણ બહુ જામી ગયો છે. નાકની કોઈ તકલીફને લીધે એ વધી ગયો છે, જેમાં માણસનું મુખ્ય કર્તવ્ય છીંકવાનું જ થઈ પડે છે.

આ પ્રકાર માણસને હેરાન કરી મૂકે છે. છીંક આવતાં પહેલાં એના મોં ઉપર એક પ્રકારની ગરબડ ને ગડમથલ મચી જાય છે. સામે બેઠેલા માણસને પણ નવાઈ લાગે, કે આ માણસ છીંક ખાવામાં આવા અખાડા શા માટે કરતો હશે. એની ખરી વેદના તો માત્ર છીંક ખાનાર જ જાણતો હોય છે. આ પ્રકારમાં છીંક આવી ને ગઈ એમ ભાગ્યે જ બને છે. એ વાજતેગાજતે આવે છે ને વાજતે-ગાજતે જાય છે, પાછી આવે છે ને પાછી જાય છે. એમ ને એમ ચાલ્યા જ કરે છે, એટલી હદ સુધી કે માણસ રાત્રે નિરાંતે ઊંઘ પણ લઈ શકતો નથી.

ઘણી વખત ગમે તેવી છીંક આવતી હોય છતાં તે માણસની મશ્કરી કરી નાખે છે. મોઢું વાંકું કરે, જીભ અડધી ઊંચી કરે, આંખો બંધ કરે ને હાથ આડો રાખે—હમણાં ખાશે—હમણાં ખાશે છતાં એ ન આવે-આવેલી આમ દેખાય, છતાં આપમેળે પાછી અંદર ઊતરી અદશ્ય થઈ જાય. આવું બને છે ત્યારે માણસનો ગુલાબી મિજાજ નેપાળાનો જુલાબ લીધા જેવો બની જાય છે. વાજતેગાજતે આવતી આવી છીંકમાં આપણી અક્ષરમાળાના એકેએક અક્ષર ઘૂંટાઈ જતા આપણને જણાય છે 'આ... આ...ચ્છી...છી...ઈ...ઈ'—આટલા તો તમે જાતે સાંભળી શકો છો—પણ શરીરમાંથી એ જે રીતે ઘૂંટાઈ—ગોળગોળ ફરતી આવે છે તેમાં આપણી અક્ષરમાળાના બધા યે સ્વરો અંદરખાને ઘૂંટાઈ જાય છે.

આ તો આપણે માત્ર અક્ષરની વાત કરી, પણ તે ઉપરાંત પાછલાં ચિહ્નો પણ આવી જાય છે. ઘણા માણસો છીંક ખાધા પછી અલ્પવિરામ મૂકે છે, ઘણા પૂર્ણવિરામ મૂકે છે, જ્યારે ઘણા માણસો છીંકની પાછળ પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. તમે તેમની સામે ટીકીટીકીને જુઓ તો તમને જરૂર જણાઈ આવે કે તેઓ આમાંનું કયું ચિહ્ન મૂકે છે!

આ વળી માત્ર ચિહ્નોની વાત થઈ. તે ઉપરાંત આપણા શબ્દસાહિત્યમાં જેમ પૂર્વગ (અં પ્રીફીક્સ) ને અનુગ (સફીક્સ) હોય છે તેમ આ છીંકમાં પણ હોય છે. માણસ સીધી રીતે છીંકની શરૂઆત કરતો નથી ને સીધી રીતે તેની પૂર્ણાહુતિ કરતો નથી. બહુ જ થોડા માણસો આમાં અપવાદરૂપ હોય છે. ઉપર કહ્યું તેમ જેમ અક્ષર-માળાના તમામ અક્ષર એક જ છીંકમાં ઘૂંટાઈ જાય છે—તેવી જ રીતે—ને તે ઉપરાંત છીંકની આગળ ને પાછળ માણસ જરૂર મુખમાંથી કંઈક તો બોલતો જ હોય છે. 'એ ...આ...' થી શરૂઆત કરી 'છી...ઇ...ઇ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી છીંક ખાઈ ' હા...હાં...શ ' જેવા કંઈક અસ્પષ્ટ શબ્દોથી એ તેની પૂર્ણાહુતિ કરે છે. છેવટે કંઈ નહિ તો એને બેચાર ધાર્મિક શબ્દો ઉચ્ચારી જતો જોઈ શકાય છે.

તમે માનતા હશો કે સંગીતમાં જ માત્ર રાગનો મહિમા છે, પણ ખરેખર તેમ નથી. જીવનમાં રાગનો મહિમા ડગલે ને પગલે દેખીએ તો દેખાય તેમ છે. કાનડો, ભૈરવી, મલાર, સારંગ–જેવા ઘણા રાગો છીંક ખાવામાં પણ જોઈ શકાય છે. સંગીતમાં ખૂબ જ પારંગત હોય તે માણસ પારખી શકે કે અમુક માણસે કયા રાગને લગતી છીંક ખાધી. એમાં યે ઢાળ હોય છે.

એની ગતિનું પણ માપ કાઢી શકાય છે. મુંબઈની વીજળીક ગાડીઓ જે રીતે દોડે છે ને એમાં જેમ લોકલ, ફાસ્ટ ને ડબલ ફાસ્ટ હોય છે તેમ એક છીંક ખાઈ કોઈ રહી જાય, બેચાર ખાવા બેસે તો સામટી ખાઈ જાય ને આઠદશ પણ એકીસાથે ખાઈ લેનારા માણસો હોય છે. કેટલાક માણસો માત્ર છીંકયા કરતા હોય તેમ બને છે.

આપણે બારાખડીનો કોઈ પણ શબ્દ જ્યારે બોલીએ છીએ; ત્યારે તે મોઢેથી બોલ્યા તેમ માનીએ છીએ, પણ આ અંગે તમે કોઈ ભાષાશાસ્ત્રીને પૂછો તો તમને ખબર પડે કે દરેક શબ્દનું ઉદ્‌ભવસ્થાન ને તેનું આપણા શરીરમાંથી ઉપર આવવું જુદી-જુદી રીતે હોય છે. છીંકમાં પણ તેમ જ હોય છે. ઘણા માણસો સહેલાઈથી છીંક ખાઈ નાખે છે, જ્યારે ઘણા માણસો એવી છીંક ખાય છે કે જેમ દૂરથી આવતી ગાડી દેખાય તેમ તેને આવી રહેલી છીંક પણ જોઈ શકાય છે. એ જ્યારે છીંક ખાય ત્યારે પગથી તે માથા સુધી–બલકે માથાના વાળ સુધીના શરીરના બધા યે અવયવોને હલાવી નાખે છે–ને જેમ દરેક શબ્દ બોલતાં તમારી જીભ ને હોઠ જુદોજુદો આકાર લે છે તેમ તેનું મોઢું પણ બીજી છીંકો વખતે સ્વરૂપ બદલતું દ્રષ્ટિગોચર થાય છે. ઉપર જેમ રાગની વાત કહી તેમ ઘણા માણસો એવી ભયંકર છીંક ખાઈ જાણે છે કે ઘરની ભીંતો સુદ્ધાં હાલી ઊઠે ને તેને પોતાને દુનિયા ચક્કર ચક્કર ફરતી દેખાય છે!

છીંક ખાવા વિષેનું–છીંક કેવી રીતે ખાવી તે વિષેનું કોઈ સાહિત્ય આપણે ત્યાં ઉપલબ્ધ નથી. તેને માટે કોઈ શાળા પણ નથી. આવું કંઈક હોય તો અવશ્ય આશીર્વાદ-કારદાયક છે. સમાજમાં આજ એવો એક વર્ગ–ઊંચો વર્ગ અસ્તિત્વ ધરાવે છે કે જેઓ દરેક વસ્તુ શીખવા માટે શિક્ષકને રોકી શકે છે. ઘણા માણસોને છીંક કેવી રીતે ખાવી તેનું લગીરે ભાન હોતું નથી. એ જો તમારી સામે બેસી છીંક ખાય તો તમને એવો અવશ્ય અનુભવ થાય કે એણે તમારા મોઢામાં મોઢું ઘાલી દીધું. તમે ન વટલાવા હોવાનો દાવો કરતા હો, સો ટકા શુદ્ધ હોવાનો દાવો કરતા હો, તો તે આવી એક છીંક ખાઈ તમારી બધી માન્યતા મેદાન-મેદાન કરી શકે છે. તમે પછી ગમે તેટલાં હોમહવન ને જપજાપ કરો, પણ તે બધું નાહકનું ને નકામું છે.

ઘણા માણસો પાન ખાય છે. એ પાન-માંથી એ લોકો જેને અમૃત માને છે તે લાલઘૂમ રસ મોઢામાં એકઠો કરે છે. આ રસને મોઢામાં રાખી પણ તેઓ બોલી શકવાની કળા જાણે છે. એનો સારો સંગ્રહ થાય ત્યારે જ એ એક મોટી પિચકારી સાથે તેને છે. આવા કોઈ શોખીન જીવ સાથે તમારે પ્રસંગ પડે વાતચીત કરવી પડે ને એ વાત કરતાંકરતાં છીંક ખાઈ નાખે તો લાલઘૂમ તમારી ઉપર આવીને પડે! ઘડી તમને કોઈએ ખંજર હુલાવી દીધું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને તમે લોહીલુહાણ થઈ ગયા હો એવો ફમકમાટી ઉપજાવે તેવો તમારો દેખાવ લાગે. અને જો પિચકારી ઠોકી દીધી હોય ને પછી એ છીંક ખાય તો તમારા કોટ ઉપર લાલ રંગે પેઈન્ટિંગ કર્યું હોય તેવો તમારો દેખાવ લાગે.

આ તો મોઢામાં પાન હોય તેની વાત થઈ. બાકી ખરી રીતે મોઢામાં કંઈ જ ન હોય તો જેસીલી–વેગીલી–છીંક ખાવામાં જ ખરી મજા રહે છે. આવી છીંક શરીરને એક રીતે ફાયદો કરે છે. નાકમાં ચણો કે કચૂકો ભરાયો હોય ને તે કોઈ રીતે ન નીકળે તો એક જ આવી છીંક તેને બંદૂકની ગોળીની માફક બહાર ફેંકી દે છે. ગટરમાં જેમ ગંદ-વાડ ભેગો થાય ને પાણીની એક છાલકે આખો હડસેલાઈ જાય તેમ અથવા તો સ્ટવની નીપલમાં ભરાયેલો કચરો જેમ પંપ મારી દૂર કરી દેવાય તેમ નાક કે ગળાના કચરાને આવી એક જ છીંક બહાર કાઢીને ફેંકી દે છે.

છીંક જો કે આમ તો ઓચિંતી જ આવે છે, છતાં આવતા અગાઉ આપણે ચેતવું હોય તો ચેતી શકીએ છીએ. ઘણા માણસો આ રીતે ચેતી ચોપડી બંધ કરી દે છે, ડોકું આડું ફેરવી દે છે, માથું નીચું નમાવી દે છે, આડો હાથ રૂમાલ ઝાલી રાખી દે છે ને સંભાળી, સાચવી, સમાલી છીંક ખાઈ લે છે. આ વિવેક ખૂબ જ પ્રશંસનીય છે. જો કે આમાં અસલ અવાજ ઠરડાઈ જાય છે, મૂળ રાગ મરી જાય છે, છતાં તે ખધું સારા માટે છે. આવી ને આટલી તૈયારી કર્યા પછી જો આવતી છીંક પાછી જાય તો તે માણસનું મુખ ઊતરી ગયેલું કે ઝીખઈ ગયેલું, કટાઈ ગયેલું કે કરમાઈ ગયેલું, દીવેલ પીધેલું, દારૂ પીધેલું કે પછી આમાંથી કંઈક કે કશુંય નહિ જેવું હોય છે–તે સમજી શકાતું નથી.

છીંક છેક બ્રહ્માંડમાંથી આવતી હોય તેમ લાગે છે. માણસ છીંક ખાતાં તેની આંખ કદી પૂરી ઉઘાડી રાખી શકતો નથી. છીંક ખાતાં તેથી જ તે ભૂલી જાય છે કે સામે કોણ બેઠું છે. ઘણા ધંધાઓ એવા છે કે જેમાં છીંક ઉપર કાબૂ રાખવાની ખાસ તકેદારી રાખવી પડે છે. છીંક શરીરનાં બધાં અંગ હલાવી નાખે છે, માટે જ આવી આવશ્યકતા ઊભી રહે છે. ઈંજેકશન આપ-નાર, ચિત્રકાર, શિકારી, મોટરડ્રાઈવર વગેરે જેવી જગ્યાઓ માટે વધારે છીંક ખાતાં, ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તેટલી છીંક ખાઈ નાખતા માણસો નાલાયક ઠરવા જોઈએ–નહિ તો ઈંજેકશન આપનાર આડી સોઈ ઘોચી દે, ચિત્રકાર પગને પૂછડા જેવો ચીતરી દે, શિકારી શિકાર ચૂકી ગુમાવી દે ને મોટરડ્રાઈવર મોટરને ફૂટપાથ પર ચઢાવી દે! ઘણા માણસો માનશે કે છીંક ખાવી તે એક સેકંડનું જ કામ છે, પરંતુ આ બધી ભયંકરતા પણ એક સેકંડમાં જ સરજાઈ શકે છે!

આ ભયંકરતાની વાત બાજુએ જ રાખો. અમારા એક પડોશી છીંકને અપ-શુકન માને છે.

જો આ માન્યતામાં માનીએ ને અપ-શુકનની વાતને અપનાવીએ તો એમ જ સમજવાનું રહે કે લગ્ન કરાવતાં પંડિત છીંક ખાય તો સંસારમાં આફત ઊભી થાય, ઘર માંડતાં છીંક કોઈ ખાય તો યે તકલીફ ઊભી થાય, બેંકમાં ખાતું ખોલતાં કોઈ કે કેશિયર છીંક ખાય તો જલદી દેવાળું નીકળી જાય; પણ આ બધી વાતો માત્ર અનર્થ ને અર્થહીન છે. આપણે તેથી જ પ્રગતિ કરવામાં પાછળ રહી ગયા છીએ.

એમ જો છીંક અપશુકન હોય તો મરતો માણસ છીંક ખાય, ત્યારે આપણે કેમ રાજી થઈએ ? મરતો માણસ જો છીંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાય તો આપણે સમજવું કે તેનું મૃત્યુ નજદીક છે, ને તેનું મૃત્યુ અમંગળની આગાહી છે!

ત્યારે ખરું તો તે જ છે. શુકનઅપશુકન, સારુંનરસું, બધું બાલિશ છે. ખરું પૂછો તો છીંક—એક સારી છીંક એ માણસની આરોગ્યની નિશાની છે. એક જ સારી—ભરેલી—વેગીલી, જોશીલી છીંક માણસના મગજને હલકું કરી નાખે છે, માણસના શરીરને હલકું કરી નાખે છે, માણસના નાકગળાને સાફ કરી નાખે છે, ને છેક તાળવે ચોટેલા કચરાની શુદ્ધિ કરી નાખે છે. ટૂંકમાં છીંક એ આરોગ્યની નિશાની છે.

★

ગારફીલ્ડ

યુનાઈટેડ સ્ટેટ્સના ઓહીયો નામના સ્ટેટનું એક ગામડું. ત્યાં એક ખેડૂત રહે. ગામના બીજા ખેડૂતોની સરખામણીમાં સારી સ્થિતિનો ગણાય.

એક દિવસ સવારે દશ-બાર વર્ષનો એક છોકરો આવીને એના પગમાં પડ્યો.

'કોણ છે અલ્યા, તું?'

'ગરીબ છોકરો છું, સાહેબ!'

'ક્યાંથી આવ્યો?'

'આમથી તેમ રખડું છું; મા–બાપનાં નામ સિવાય એમના વિષે બીજી કંઈ ખબર નથી; કંઈ કામ મળે તો કરવાને રાજી છું; નામ છે જીમ.'

ખેડૂતને દયા આવી. કહે: 'ઠીક રહી જા. જે ચીંધું એ નાનાંનાનાં કામ કરવાનાં...' છોકરો કામે રહી ગયો. હતો ઉદ્યમી. થોડા દિવસમાં બધું કામ શીખી ગયો. વહેલો ઊઠીને ગાયો, ભેંસો દોહી લેતો; પછી દિવસે ઘેટાં–બકરાંને ચારવા લઈ જતો, ખેતરની સંભાળ રાખતો. એ ઉપરાંત નાનાં-મોટાં કેટલાં ય પરચુરણ કામ પણ કરતો. ખેડૂતની પુત્રીને રસોઈના કામમાં પણ મદદ કરતો. રાત્રે રસોડામાં એક ખૂણે સૂઈ રહેતો.આમ ત્રણચાર વર્ષ વહી ગયાં.

છોકરો ધીરેધીરે ખેડૂતની પુત્રીને ચાહવા લાગ્યો. છોકરીને પણ એના પ્રત્યે લાગણી જન્મી હતી. છોકરાને લાગ્યું કે ખેડૂતને વાત કરવી જોઈએ ને એને પૂછવું જોઈએ.

અંતે વાત કરી. વાત કરતાં જ ખેડૂત એકદમ ગુસ્સે થઈ ગયો: 'મૂરખ, અનાથ જાણી તને કામે રાખ્યો, તે હવે મારી દીકરીને પરણવા તૈયાર થયો! તારા જેવા, કંઈ પણ ઊજળા ભાવિ વિનાના, છોકરાને મારી દીકરી નહિ પરણાવું તો કોને પરણાવીશ!...'

છોકરો કંઈ બોલ્યો નહિ, આંસુભરી આંખે ખેડૂત સામેથી દૂર થયો. બીજે દિવસે ક્યાંય દેખાયો નહિ. તપાસ કરતાં જણાયું કે પોતાની માલિકીની નાનીનાની વસ્તુઓ લઈને એ ચાલ્યો ગયો છે. એના વિષે ત્યારપછી કંઈ ખબર મળ્યા નહિ.

ને એક પછી એક વર્ષોનાં વર્ષો પસાર થઈ ગયાં.

ખેડૂત પહેલાં કરતાં હવે વધુ માલદાર થયો હતો. એણે હવે ઝૂંપડાં પડાવીને ઈંટોનાં મકાન બંધાવવાનો વિચાર કર્યો ને વિચાર અમલમાં પણ મુકાયો.

ઝૂંપડાં પડાવી નાખતા પહેલાં એકવાર એ ખેડૂત બધા ઓરડામાં ભાવભીના હૃદયે થોડીથોડી વાર જઈ આવ્યો. છેલ્લે રસોડામાં પણ ગયો ને એની ધુમાડાથી કાળી થયેલી દીવાલોનું સ્નેહભરી નજરે છેલ્લી વાર નિરીક્ષણ કર્યું.

એણે જોયું, કે એક ખૂણામાં દીવાલ પર ઝીણા અક્ષર કોતરેલા છે. નજીક જઈને એણે વાંચ્યું, 'જેમ્સ એ. ગારફીલ્ડ!' પે...લો જીમ અહીં સૂતો ને એણે જ અહીં પોતાનું આખું નામ કોતર્યું હતું: 'જેમ્સ એ. ગારફીલ્ડ'

ખેડૂતે નવા બંધાનાર મકાનમાં આ નામ વાંચ્યું ત્યારે એ નામ લખનાર જેમ્સ એ. ગારફીલ્ડ એ સમયે અમેરિકાના પ્રમુખપદે વિરાજતો હતો!

રમેશચંદ્ર હ. શેઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાત્મા કૉન્ફ્યુશિયસ

લેખક :
શ્રી. મનસુખલાલ મો. પોટા
બી. એ.

કોઈ પણ રાષ્ટ્રને પોતાના આગવા રાષ્ટ્રવિધાયક હોય છે. જાતને અનેક મુશ્કેલી-ઓમાં મૂકીને મૃત્યુની યે પરવા ન કરનાર એ વીર પતનને માર્ગે જતા પોતાના દેશબાંધવોને પાછા વાળે છે, ને સાચી દિશા બતાવી રાષ્ટ્રને ઉગારે છે. જગતભરના એવા પુણ્યશ્લોક મહાત્માઓમાં કૉન્ફ્યુશિયસ એક છે. પ્રભુના પયગંબરોની વાણીને સ્થળ ને કાળનાં બંધન નડતાં નથી. અત્યારે આપણા સહુનું ધ્યાન ખેંચી રહેલા, આપણા પડોશી ચીનદેશના પ્રથમ પંક્તિના આ રાષ્ટ્રવિધાયક વિષે જાણવું યોગ્ય થઈ પડશે.

ઈ. સ. પૂ. ૪૦૦૦થી માંડીને તે છેક ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકા સુધી ચીન એકધારું જીવન જીવ્યે જતું હતું, પરંતુ તે પછી તેના આચારવિચારમાં તથા રાજકીય, સામાજિક તથા ધાર્મિક ક્ષેત્રોમાં ક્રાંતિની શરૂઆત થતી દષ્ટિગોચર થાય છે. એ વખતે પહેલીજ વાર સામાજિક જીવનક્રમમાં તથા રાજકારણના ક્ષેત્રમાં કોઈ કોઈ વેળા મગજના ફરેલા અને પ્રથમ દષ્ટિએ પાગલ જેવા લાગતા નૂતન દષ્ટિકોણ બતાવનારા ક્રાંતિકારી કડક સુધારકો દેખા દે છે. રાજાધિરાજો તથા સમ્રાટો, તેના તાબાના નાનાનાના રાજાઓ તથા ઠાકોરો ઉપરનું પોતાનું વર્ચસ્વ ગુમાવે છે અને આખા ચીનદેશ ઉપર જે એક જ સમ્રાટનું સ્વામિત્વ હતું, તેને બદલે દેશભરમાં નાનાંનાનાં એકબીજાથી સ્વતંત્ર રજવાડાંઓ અસ્તિત્વમાં આવી ગયાં. અખંડ ચીન દેશ ખંડિત બની ગયો; અને તેના ઉપરની એકહથ્થુ સત્તા નાશ પામી; એટલું જ નહિ પરંતુ ધીમેધીમે એ નાનામોટા રાજાઓ તથા ઠાકોરો વચ્ચે પણ સત્તાની હરીફાઈ શરૂ થઈ અને આંતરકલહના ગણેશ મંડાયા.

આવા વિગ્રહોને પોષવા માટે અગત્યના શસ્ત્રસરંજામ અને અનેક પ્રકારની સાધન-સામગ્રીનું સર્જન પણ થવા માંડ્યું. યુદ્ધ-કળામાં નવીન યોજનાઓ તથા પદ્ધતિઓ અજમાવવાનું શરૂ થયું અને જગતમાં જ્યાંજ્યાં આવા વિપ્લવો થયા છે ત્યાં ત્યાં બન્યું છે તેમ, ચીનમાં પણ રાજસત્તાના મદમાં છકી ગયેલા દયાહીન, સ્વાર્થી તથા અપ્રામાણિક અમલદારોનો મોટો તથા જોરદાર વર્ગ ઊભો થયો અને પ્રજાપીડનમાં કુહાડીના હાથાની ગરજ સારવા લાગ્યો. કોઈ કોઈ દ્રવ્યલોલુપ રાજાઓએ તો લોઢું તથા મીઠાનો વેપાર ખાનગી વેપારીઓ પાસેથી છીનવી લીધો અને પોતાને હસ્તક રાખ્યો. રાજ્યોમાં હલકી ખટપટ તથા નીચ વર્તન પોષાવા લાગ્યાં અને કોઈ કોઈ વેળા તો રાજદ્વારી પુરુષોનાં ખૂન પણ થવા લાગ્યાં. લોકો ત્રાસી ગયા અને જગતમાં પહેલાં કોઈ પણ વખતે શાંતિ તથા સુખ હતાં અને એ પછી તે જગતને તે મળશે એમ માનવા પણ લોકો તૈયાર ન હતા.

આ ઉપરાંત ચીની સમાજમાં એવી માન્યતા જડ ઘાલી બેઠેલી કે જગતમાં દુઃખો તો હોય જ. એ બધું વિધિનિર્મિત ગણાય. તેનો પ્રતિકાર હોય જ નહિ. વિધિના લખેલા લેખ કોઈ ટાળી શકે જ નહિ. પુરુષાર્થથી આવી પરિસ્થિતિનો સામનો થઈ શકે તે વાત ચીનાઓને ગળે ઊતરતી જ નહિ અને તેમાંથી બચવા માટે રાજરૂપી પ્રતિનિધિઓ દ્વારા જ કાંઈ બની શકે. આવા નસીબવાદથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાઓના સત્તા વિશેષ બળવાન બની.

અંતે આવી સ્થિતિના પણ પ્રત્યાઘાતો ઊભા થયા અને મનુષ્યે ઊભી કરેલી આવી સ્થિતિ અટકાવી શકાય અને પુરુષાર્થથી માનવજીવન કે સમાજજીવન પલટાવી શકાય એવા વિચારો દર્શાવનારા તત્ત્વચિંતકો બહાર આવવા લાગ્યા. અને ગામડેગામડે તથા શહેરેશહેરે ફરીને તેઓ લોકોમાં આ નવીન વિચાર ફેલાવવા લાગ્યા ને નવું માર્ગદર્શન આપવા લાગ્યા. સમાજના કલ્યાણના અભિનવ માર્ગદર્શનથી રાજાઓ, ઠાકોરો તથા સત્તાધીશ અમલદારોમાં ફફડાટ શરૂ થયો. અંતે એ લોકોએ પણ આવા વિચારકો તથા ઉપદેશકોને માનપાન સાથે પોતાનાં સંસ્થાનોમાં આમંત્રવાની શરૂઆત કરી. આમ કરીને પ્રજામાં એ રાજાઓએ આ નવીન પદ્ધતિવડે પોતાનો મોભો તથા સત્તા જાળવ્યાં તથા વધાર્યાં. અલબત્ત આવે સમયે બને છે તેમ કેટલાક બોલકણા તથા તકવાદી દાંભિક સ્વાર્થસાધુઓ પોતાનું કામ કાઢી લેતા એ ખરું છે. છતાં ય ખરા દિલથી લોકસેવા કરવા માટે જ કામ કરનારા નિઃસ્વાર્થી વિચારકો તથા ઉપદેશકો પણ સારી સંખ્યામાં બહાર આવ્યા અને ચીની સંસ્કૃતિ નવા લેબાસમાં સજ્જ થઈ, ચીની પ્રજાનું નવઘડતર શરૂ થયું.

પ્રાચીન ચીની સંસ્કૃતિને આવો સૌથી પ્રથમ વેગ આપનારા તથા રૂપરંગ અર્પનારા વિચારકો, ઉપદેશકો તથા તત્ત્વચિંતકોમાં સૌથી અગ્રસ્થાન કોન્ફ્યુશિયસને જ આપી શકાય. આજે વીસમી સદીમાં પણ પ્રાચીન ચીની સંસ્કૃતિના આદ્યવિધાયક તરીકે તથા આજ સુધી પણ કલ્યાણકારી માર્ગદર્શન કરાવનાર તરીકે કોન્ફ્યુશિયસનું નામ લેવાય છે. ચીનમાં તત્ત્વજ્ઞાન, રાજકારણ તેમ જ સામાજિક તથા ધાર્મિક ક્ષેત્રોમાં આજ બેહજાર અને પાંચસો વર્ષો પછી પણ કોન્ફ્યુશિયસના ઉપદેશનું તથા સિદ્ધાંતોનું મહત્ત્વ જેવું ને તેવું કાયમ રહ્યું છે.

કોન્ફ્યુશિયસના ઉપદેશમાં તથા તત્ત્વજ્ઞાનમાં અપાર્થિવ તથા પારલૌકિક તત્ત્વો કરતાં પાર્થિવ અને લૌકિક વિષયો તથા વસ્તુઓ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સામાન્ય મનુષ્ય પણ સમજી શકે તથા સામાન્ય મનુષ્યના રોજબરોજના જીવનક્રમ સાથે ગાઢ સંબંધ ધરાવતા વિષયો સંબંધી હકીકત તેણે સમાજ સમક્ષ મૂકી દીધી. માનવતા, શ્રદ્ધા, સરળતા, પ્રમાણિક વ્યવહાર, વગેરેનું તેણે સુંદર નિરૂપણ કર્યું છે. સ્વચ્છ, સાદું પણ કલામય જીવન, સાત્ત્વિક આહારવિહાર, ફરજનું યોગ્ય ભાન તથા દરેક કાર્યમાં અતિશયતાનો અભાવ વગેરે માનવજીવનને પવિત્ર તથા સ્વચ્છ બનાવનારાં લક્ષણો પ્રત્યેક મનુષ્યે કેળવવાં જોઈએ. આને માનવીના સૌથી પ્રથમ ધર્મ તરીકે તેણે ગણાવ્યો છે.

અરસપરસના વર્તનમાં તેણે ‘વિવેક’ને આવશ્યક ગુણ ગણ્યો છે. વિવેકની તેની વ્યાખ્યા સમજવા જેવી છે. એમ કહેવાય છે કે જ્યારે ગુરુદેવ (કોન્ફ્યુશિયસ) સમક્ષ કોઈ શોકગ્રસ્ત માનવી, શોકદર્શક કપડાં પહેરી, માથે ટોપી મૂકીને તેના સાન્નિધ્યમાં જતો અથવા તો કોઈ અંધ માનવી તેની પાસે જતો ત્યારે એ સર્વે તેનાથી નાની ઉમ્મરના હોય તોપણ કોન્ફ્યુશિયસ જાતે ઊભો થઈ જતો. તેનો કોઈ મિત્ર તેને ગમે તે પ્રકારની અને ગમે તેટલી મોટી કિમ્મતની ભેટ ધરતો તોપણ એ ભેટને એ નમન કરતો નહિ; એટલે કે તેનો માનપૂર્વક સ્વીકાર કરતો નહિ. માત્ર યજ્ઞ માટે મોકલાયેલા માંસની ભેટ હોય તે જ તેનો આદરપૂર્વક સ્વીકાર કરતો.

કોન્ફ્યુશિયસના ઉપદેશનો પ્રધાન સૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ હતો કે 'પુરાતન કાળના સુખમય-સુંદર દિવસોનું પુનઃસર્જન કરો. જીવનમાંથી વિસંવાદીપણું દૂર કરી જીવનને સંવાદી બનાવો.'

જુલમી તથા એકહથ્થુ રાજસત્તાનો તે કટ્ટર વિરોધી હતો. કાયદા-કાનૂનોથી લોકોનાં ચારિત્ર્યો કે સમાજની ઉન્નતિ સાધવા કરતાં હૃદયપલટામાં જ તે માનતો. તેની એક એવી પણ બીજી માન્યતા હતી કે 'વ્યક્તિએ અમુક પ્રકારનો માર્ગ લેવો તેના કરતાં સમસ્ત પ્રજાએ (એટલે આખા સમાજે) ચોક્કસ ઠરાવેલા ધોરણ પ્રમાણે માર્ગ લેવો જોઈએ. આખા સમાજના વર્તન માટેનું ઉચ્ચ ધોરણ નક્કી થવું જોઈએ.' ચીની સમાજમાં તે વખતે વ્યક્તિનું મહત્ત્વ તો માત્ર સત્તાધીશો તથા અમલદારો પૂરતું હતું.

જગતના જુદાજુદા દેશોના મહાન વિચારકો, તત્ત્વચિંતકો કે ઉદ્ધારકોના જીવનમાં સાધારણપણે જોવામાં આવે છે તેમ કૉન્ફ્યુશિયસના જીવનપ્રસંગો પણ બહુ મહત્ત્વના ન હતા. પરંતુ તેની વાણીનો પ્રભાવ અજબ હતો. આનો અર્થ એવો નથી થતો કે તેના વાણી તથા વર્તનમાં મેળ ન હતો. પણ માત્ર વિચારો કરતાં તે આચારને ગૌણ ગણતો. અલબત્ત વિચાર તથા આચારની એકતા તો શ્રેષ્ઠ પુરુષોનું શ્રેષ્ઠ લક્ષણ જ ગણાય છે. સંત તુકારામે કહ્યું છે કે 'बोले तैसा चाले त्याचा पाउला वंदव्वे-વચન પ્રમાણે આચરણ કરે તેના ચરણ વંદ્ય છે.' પૂજ્ય મહાત્મા ગાંધીજીનું પણ એ જ વિશિષ્ટ લક્ષણ હતું.

કૉન્ફ્યુશિયસનો ઉપદેશ સર્વસામાન્ય હોઈ ઘણો સરળ તથા સરસ હતો. સાધારણ રીતે અગમ્ય તત્ત્વચિંતનવાળું સ્વરૂપ ચીનાઓએ કદી પણ સર્જ્યું નથી. ધર્મ કરતાં નીતિનાં તત્ત્વો પર ભાર મૂકીને કૉન્ફ્યુશિયસે પ્રજાને સન્માર્ગે વાળી. ઉપરાંત તેણે પોતાની વક્તૃત્વકળાના જાદુથી પ્રજાહૃદય ઉપર સામ્રાજ્ય જમાવ્યું.

ચીની સંસ્કૃતિમાં નવીન પ્રાણ પૂરનાર આ મહાપુરુષનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૫૧માં થયેલો હોય એવું મનાય છે. ચીનદેશમાં તે સમયે રાજસત્તા ભોગવતા સમાજમાં ઘણાં કુટુંબો આગળપડતાં હતાં. તેવા એક ભાગ્યશાળી રાજકુટુંબમાં તે જન્મ્યો હતો. તેનો પિતા રાજ્યમાં બહુ મોટે હોદ્દે તો ન હતો, પણ લૂ નામના રાજસ્થાનમાં તે સાધારણ પ્રકારની નોકરી કરતો. વૃદ્ધાવસ્થામાં તેને ત્યાં ચીનના મહાન તત્ત્વજ્ઞનો જન્મ થયો. પિતાના મૃત્યુ વખતે કૉન્ફ્યુશિયસ માત્ર ત્રણ વર્ષનો હતો. તેના ઉપદેશમાં પિતાપુત્ર વચ્ચેના સંબંધ સંબંધી અનેક વેળા ઉલ્લેખો આવે છે. તેનું એક કારણ તેની પોતાની પિતૃભક્તિ હોઈ શકે. પિતાના પડતા બોલ ઝીલી લઈને તેની ઇચ્છા તથા આજ્ઞાનુસાર વર્તન કરવું એ પુત્રની સૌથી પહેલી ફરજ છે, એમ તેણે વારંવાર ભાર દઈને કહ્યું છે. પિતાપુત્ર વચ્ચે નિર્મળ પ્રેમ હોવો જોઈએ એવું તેનું મંતવ્ય હતું. બાલ્યાવસ્થામાં ગુમાવેલા 'મારા એ વાત્સલ્યમૂર્તિ પિતા કેવા હશે? તેણે મારે માટે શું શું કર્યું ન હોત? તેઓ તો ખરેખર પ્રેમની મૂર્તિસ્વરૂપ જેવા જ હશે.' એવીએવી કેટલી યે વિચારપરંપરા તેના મગજમાં સતત ચાલ્યા જ કરતી. આ સિવાય તેના આવા ઉલ્લેખોનું બીજું પણ કારણ કલ્પી શકાય તેમ છે. કોઈ અજબ ઈશ્વરી સંકેતાનુસાર કૉન્ફ્યુશિયસને તેના પોતાના પુત્રના વર્તનથી જરા પણ સંતોષ થયેલો નહિ. આવા કપરા સ્વાનુભવને લીધે પણ પુત્રની પિતા પ્રત્યેની ફરજોની ઝીણવટથી ચર્ચા કરી, ભાવપૂર્વક ઉપદેશ તેણે કર્યો હોય એ સંભવિત છે.

તેણે યુવાવસ્થામાં એક વૈભવશાળી ને સમૃદ્ધ રાજ્યની નોકરી સ્વીકારી. એ સમયે કૉન્ફ્યુશિયસે પોતાની બુદ્ધિ તથા કાર્યદક્ષ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાનો સંપૂર્ણ પરિચય કરાવ્યો. જે જે ખાતામાં તેને મૂકવામાં આવ્યો તે તે ખાતું સુધરતું ગયું. તેની ખ્યાતિ ચોમેર પ્રસરવા લાગી અને રાજા, મહારાજા, ઠાકોરો તેમજ સામાન્ય પ્રજાવર્ગના લોકો કૉન્ફ્યુશિયસ પ્રત્યે માનની દૃષ્ટિથી જોવા લાગ્યા. તેનો પોતાનો પણ ઉત્કર્ષ ઝડપભેર થવા માંડ્યો. અને પાયરી ઉપર પાયરી ચઢવા લાગ્યો. અને રાજ્યના વડા ન્યાયાધીશની જગ્યા તેને મળી. પરંતુ લૂ રાજ્યનો ઠાકોર ઘણો તેજોદ્વેષી હતો. પોતાના કોઈ પણ નોકરને સ્વતંત્રપણે વર્તવાની છૂટ આપતો નહિ. કૉન્ફ્યુશિયસ તો પોતાના સદાચાર તથા ન્યાયના સત્ય સિદ્ધાંતો અનુસાર પોતાની ફરજ બજાવતો. પરંતુ રાજ્યવહીવટના ધોરણ સંબંધી તેના જે ઉમદા, વિશાળ અને ઉદાત્ત વિચારો હતા તે સ્વતંત્રપણે—એટલે કે પૂરેપૂરી છૂટથી અમલમાં મૂકી શકતો નહિ. તેથી તેનું દિલ તેને હંમેશાં ડંખ્યા કરતું.

એક દિવસ એક પડોશી રાજ્યના રાજવીએ કેટલીએક વારાંગનાઓને લૂના ઠાકોર તરફ ભેટ તરીકે મોકલી, ઠાકોર એ નર્તકીઓના મોહપાશમાં બંધાઈ ગયો અને ત્રણ દિવસ સુધી રાજ્યનાં તમામ કાર્યોને તેણે વિસારી મૂક્યાં. કૉન્ફ્યુશિયસ આવું અસભ્ય વર્તન સાંખી શક્યો નહિ. તેના દિલમાં ધરતીકંપ થઈ ગયો અને તેણે 'ડ્યૂક'ની નોકરીને તિલાંજલી આપી. આ સમયે તેની ઉમ્મર ત્રેપન વર્ષની હતી. ત્યારપછીના તેના જીવનનાં છેવટનાં ચૌદ વર્ષોમાં તો તે આખા દેશનાં ઘણાંખરાં નાનાં રાજ્યોમાં ફરી વળ્યો. અને તેને પોતાને પોતાના વિચારો તથા સિદ્ધાંતો અનુસાર વર્તન કરવાની સંપૂર્ણપણે છૂટ આપે તેવા રાજાની શોધ કરવા માંડી. પરંતુ એવો ઉદારચરિત ને ન્યાયી દિલનો કોઈ પણ રાજા કે મહારાજા તેને સાંપડ્યો નહિ. અંતે ૬૭ વર્ષની પાકટ ઉમ્મરે અત્યંત નિરાશાપૂર્ણ હૃદય સાથે તે પોતાને વતન લૂ પાછો ફર્યો. હવે તે કોઈ રાજાનો અમલદાર અથવા હુકમને તાબે થનાર નોકર ન હતો. તેના જીવનમાં મહાન પલટો આવ્યો હતો. પોતાના સિદ્ધાંતો, ઉપદેશ તથા શિક્ષણનો સમાજમાં ફેલાવો કરવા માટે એક સંપ્રદાય એણે શરૂ કર્યો. અને તેટલા ખાતર એક વિશાળ સંસ્થા–શાળાની પણ સ્થાપના કરી. એ સંપ્રદાયને કૉન્ફ્યુશિયસવાદ કહેવામાં આવે છે.

તેણે રાજ્યવહીવટ ચલાવવા સંબંધી વિચારસરણી તથા ધોરણો સંબંધી ઓજસ્ભર્યું શિક્ષણ ત્રણ હજાર જેટલા વિદ્યાર્થીઓને–અનુયાયીઓને આપ્યું. પુરાતન કાળમાં 'કિંગ' નામક જે શાસ્ત્રો રચાયેલાં તથા 'પરિવર્તન ગ્રંથ' (અં. બૂક ઑફ ચેન્જીસ) નામક પુસ્તક હતું તેને 'પાઠ્યપુસ્તક' તરીકે વાપરવાનું કૉન્ફ્યુશિયસે ફરજિયાત રાખ્યું. તેણે પોતે પણ આપણા વેદ જેવા પ્રાચીન એ મૂળ ગ્રંથોનો પોતાના જીવનનાં છેલ્લાં પાંચસાત વર્ષ દરમિયાન અભ્યાસ કર્યો અને એ ધાર્મિક ગ્રંથોમાં તેણે પોતાના વિચારો, માન્યતાઓ તથા તત્ત્વજ્ઞાન વિવરણરૂપે ઉમેર્યાં. તેના જીવનનું આ મોટામાં મોટું કાર્ય હતું. એ રીતે ચીનાઓની સંસ્કૃતિ તથા તત્ત્વજ્ઞાનને એણે સજીવન કરી ઓપ ચઢાવ્યો અને ચીની પ્રજામાં કલ્યાણકારી સામાજિક, નૈતિક તથા રાજકીય ક્રાંતિનાં બીજ રોપી ઈ. સ. પૂ. ૪૭૯માં ૭૨ વર્ષની ઉમ્મરે એ સ્વર્ગે સંચર્યો.

મૃત્યુ સમયના તેના ઉદ્ગારોમાં તેણે કહ્યું કે 'હું મારી જિંદગી દરમિયાન રાજવહીવટ કરવાના મારા પોતાનાં ધોરણો, સિદ્ધાંતો તથા માન્યતાઓને અમલમાં ન મૂકી શક્યો તે વિચાર મારા હૃદયમાં મહાન વ્યથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

...રે છે.'

કૉન્ફ્યુશિયસના શિક્ષણનું ખાસ વિશિષ્ટ લક્ષણ તો એ છે કે તેની અસર આજે ૨૦૦૦ વર્ષો પછી પણ ચીન દેશમાં એવી ને એવી જ છે. કૉનફ્યુશિયસથી જુદી વિચારસરણીવાળા બેત્રણ બીજા સંપ્રદાયો ચીનમાં સ્થપાયા ખરા; પરંતુ આ વીસમી સદી સુધી પણ કૉન્ફ્યુશિયસનાં લખાણોની તાજગી તથા ઉપયોગિતા કાયમ રહ્યાં છે. એટલે કૉન્ફ્યુશિયસની વિચારસરણીમાં, તેના તત્વજ્ઞાનમાં કોઈ અનેરું અમરતા અર્પનારું તત્વ રહેલું હોવું જોઈએ એ વાતનો સૌ કોઈ સ્વીકાર કરશે. પ્રવૃત્તિમય, સાદું, સરળ જીવન તથા સત્ય, પ્રેમ અને પ્રમાણિકપણા ઉપર આધાર રાખતી જીવનકેડી ઉપર ચાલી માનવજીવનને ઉન્નત બનાવવાના વ્યવહારુ માર્ગને ચીનવાસીઓએ હજારો વર્ષોથી અપનાવ્યો છે.

રાજ્યની કોઈ પણ નોકરીમાં જોડાવાની ઇચ્છા કરનાર વ્યક્તિને કૉન્ફ્યુશિયસનાં તત્વજ્ઞાનનાં પુસ્તકોનો અભ્યાસ કરી તેની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું છેક ઈ. સ. ૧૯૦૫ સુધી તો ફરજિયાત હતું. બીજા કોઈ પણ પ્રકારની કેળવણી કે શિક્ષણ સામે કોઈ જોતું જ નહિ. રાજ્યની નોકરી કરવા માટે આવશ્યક યોગ્યતા કૉન્ફ્યુશિયસે નક્કી કરેલાં ધોરણો તથા સિદ્ધાંતોમાંથી જ મળી રહેતી. જગતના સ્રષ્ટાએ જગતના ઉત્પત્તિકાળથી મનુષ્યમાં જે ઈશ્વરી અંશ મૂક્યો છે તેને સજીવન કરવા માટે વ્યવહારમાં એટલે આચારવિચારમાં મૂકી શકાય એવા સિદ્ધાંતો, એવું જ તત્વજ્ઞાન સામાન્ય મનુષ્યને બુદ્ધિગ્રાહ્ય થાય તેવી રીતે કૉન્ફ્યુશિયસે પોતાની માતૃભૂમિને ચરણે ધર્યું. એટલે જ તે આજ સુધી ટકી શક્યું.

૧ કૉન્ફ્યુશિયસવાદનું બીજું એક સુંદર

પરિણામ એ આવ્યું કે અમુક કુળમાં જન્મ લેવાને કારણે અથવા તો ગર્ભશ્રીમંતાઈને લીધે જ જગતમાં ઉન્નત સ્થાન ભોગવનારાઓનો જે વર્ગ હયાતી ધરાવતો હતો તેને બદલે બુદ્ધિ એટલે જ્ઞાનનો વિકાસ સાધી પોતાના બાહુબળ વડે પ્રગતિ સાધનારો વર્ગ ઊભો થયો. એટલે 'જ્ઞાન એ જ મનુષ્યનું સાચું સામર્થ્ય છે' એ સૂત્રનો ચીનવાસીઓએ સ્વીકાર કર્યો, એ પણ કૉન્ફ્યુશિયસને આભારી છે.

કૉન્ફ્યુશિયસના સમયમાં તો ચીનનાં પ્રાચીન રાજ્યો જુલમી ગણાતાં અને તેવા જુલમગારોના પંજામાંથી કૉન્ફ્યુશિયસે પ્રજાને છોડાવી અને રાજકારભાર ચલાવવાની વ્યવહારુ યોજના સમાજને આપી, તે સંબંધમાં નીચેની વાત ઉપયોગી થઈ પડશે.

એક વખત ગામની બહાર દૂર એક ટેકરીને તળિયે બાંધેલી એક કબર પાસે એક દુઃખી બાઈ બેઠી હતી. તેની આંખમાંથી અશ્રુની ધારા વહી રહી હતી. તે દુઃખના ભારમાં કચડાઈ રહી હતી. કૉન્ફ્યુશિયસ પોતાના શિષ્યો સાથે આસપાસના પ્રદેશમાં પર્યટનાર્થે નીકળ્યો હતો. તેણે આ અત્યંત કરુણ દૃશ્ય નિહાળ્યું. તેણે એ બાઈ પાસે જઈ તેના દુઃખનું કારણ પૂછ્યું. બાઈએ જવાબ આપ્યો કે 'મારા વૃદ્ધ સસરાને, મારા પતિને તથા 'મારા એકના એક વહાલા પુત્રને આ સ્થળે એક વાઘે મારી નાખ્યા, તેથી મારી આવી દશા થઈ છે.'

કૉન્ફ્યુશિયસનું હૃદય આ કરુણ કથની સાંભળી દ્રવી ઊઠ્યું. તેણે બીજો પ્રશ્ન કર્યો: 'તું આવા ભયભરેલા તથા ભયંકર સ્થળેથી નાસી કેમ જતી નથી?'

બાઈએ ઉત્તર આપ્યો: 'ઓ ભલા ભાઈ! તેનું કારણ એ જ છે કે અહીં જુલમી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્ય નથી !'

કોન્ફ્યુશિયસે પોતાના શિષ્યગણને બોલાવી કહ્યું :

'મારા વહાલા શિષ્યો ! એક વાત તમે ખરાબર લક્ષમાં રાખજો કે જુલમી રાજ્ય ભયંકરમાં ભયંકર વાઘના કરતાં પણ વિશેષ ભૂંડું છે.'

આ ઉપરથી કોન્ફ્યુશિયસના સમયની રાજકીય પરિસ્થિતિ અને તત્સંબંધી તેના વિચારોનો આપણને ખરોખર ખ્યાલ આવી જશે. એ ચીનાઈ પયગંબર ચીનવાસીઓનાં હૃદયમાં આજે પણ સ્થાન ભોગવે તેમાં શી નવાઈ? એ પ્રભાવશાળી પુરુષ માટે તેઓને અથાગ પ્રેમ છે અને માથે મૂંડો કરાવેલા તથા લાંબી અણીદાર ચોટલીવાળા ચીની વિદ્યાર્થીઓ હજી પણ પોતાની શાળામાં દાખલ થતી વખતે એ મહા શિક્ષાગુરુની છબીને અગર તો પ્રતિમાને નમન કરીને જ પોતાના વર્ગમાં પ્રવેશે છે.

આ મહાન પ્રભાવશાળી ગુરુદેવના આદેશોમાંથી નમૂના રૂપે થોડા આદેશો આ રહ્યા :

'માણસે આ સંસારમાં વિજયી થવું હોય તો આત્મસંયમ કેળવવો જોઈએ. પ્રકૃતિ એટલે સ્વભાવ ઉપર પ્રભુત્વ મેળવવું એ માણસની પ્રથમ ફરજ છે. માંહોમાંહેના ઝઘડાઓ સમજૂતી તથા શાંતિથી પતાવો.'

આપણાં મહાસૂત્રો, સ્મૃતિગ્રંથો, શુક્રનીતિ ગ્રંથો વગેરેમાં જે ઉપદેશ અને જે સિદ્ધાંતો ભારોભાર આપવામાં આવ્યા છે તેનો જ પડઘો પાડતો આ ઉપદેશ નથી? પૂજ્ય બાપુ પણ આવું જ કહેતા ને? કોન્ફ્યુશિયસના શિક્ષણનો મુખ્ય પાયો આપણે એક જ સૂત્રમાં આપી શકીએ :

आत्मनः प्रतिकूलानि अन्येषां न समाचरेत् ॥

પોતાના માટે જે પ્રતિકૂળ હોય તેનું પારકા માટે કદી યે આચરણ ન કરવું ઘટે. વળી તે એક સ્થળે કહે છે કેઃ-

'લડવાથી બેમાંથી કોણ વિશેષ બળવાન છે તથા યુવાન છે, અથવા તો બેમાંથી શસ્ત્રો વગેરેનો ઉપયોગ કરવામાં કોણ નિષ્ણાત છે, એ બતાવી શકાય ખરું; પરંતુ કોની વાત ખરી છે અને કોની ખોટી છે તે સિદ્ધ કરી શકાતું નથી. સત્યાસત્યનો ખરો તથા અંતિમ નિર્ણય તો તમારા પોતાના હૃદયમાં જ પ્રભુ પોતે કરે !'

કેવો સુંદર વિચાર !

કોન્ફ્યુશિયસના ગ્રંથોમાં વિસ્તારથી આપેલો તત્ત્વજ્ઞાનનો સાર અથવા મધ્યવર્તી વિચાર આપણને કવિવર્ય ભર્તૃહરિના નીચેના એક જ શ્લોક ઉપરથી ખરોખર સમજાઈ જશે. આ રહ્યો તે શ્લોક :

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं ।
काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ॥
तृष्णास्रोतो विभङ्गो गुरुषु च विनयः सर्वभूतानुकम्पा ।
सामान्यं सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पन्थाः ॥

કોઈની હિંસા કરવી નહિ, પારકું ધન હરવામાં સંયમ રાખવો, સત્ય બોલવું, સંજોગો અનુસાર શક્તિ પ્રમાણે દાન કરવું, બીજાની યુવાન સ્ત્રીઓની વાતોમાં મૂંગો ભાવ રાખવો, તૃષ્ણારૂપી ઝરણાનો ભંગ કરવો, ગુરુ પ્રત્યે વિનય રાખવો, સર્વ પ્રાણીઓ પ્રત્યે દયા રાખવી; આ સર્વ નિયમો સર્વ શાસ્ત્રોમાં સામાન્ય છે. આ વિધિ પ્રમાણે કહેલો માર્ગ શ્રેયસ્કર છે.

આમ સર્વશાસ્ત્રોમાં જે કલ્યાણનો માર્ગ સામાન્ય રીતે કહેવામાં આવે છે તે જ માર્ગ હજારો વર્ષો ઉપર કોન્ફ્યુશિયસે પોતાના દેશને ચરણે ધર્યો.

કોન્ફ્યુશિયસવાદ–કોન્ફ્યુશિયસના શિક્ષણ તથા ઉપદેશ ઉપરથી જે વિચારસરણી તથા જીવનક્રમ સર્જાયાં તેને 'કોન્ફ્યુશિયસવાદ' કહેવામાં આવે છે. આ કોન્ફ્યુશિયસને ચીનમાં 'કુંગ-ફુ-ત્સુ' નામ આપવામાં આવેલું. તે તત્ત્વવેત્તાઓમાં સર્વશ્રેષ્ઠ રાજા હતો.

પોતાના દેશના પ્રાચીન ધર્મગ્રંથો એકત્ર કરી, તેમાંથી પ્રાચીન શાસ્ત્રો, ઉપદેશ, ધર્મ વગેરે વિષયોનું સંપાદન કરી નવીન રૂપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસિદ્ધ કરવામાં તેણે પોતાનું જીવન ગાળ્યું.

કૉન્ફ્યુશિયસનાં શાસ્ત્રોના ગ્રંથોના નવ મુખ્ય વિભાગો છે. તેમાં પાંચ 'કિંગ્સ'ના અને ચાર ગ્રંથો (અં. 'બુક્સ' અગર 'શન્સ') નો સમાવેશ થાય છે. તે મુખ્ય પાંચ ગ્રંથોમાં (કિંગ્સમાં) ચારિત્ર્યના તથા સામાજિક જીવનમાં આચરવાના મૂળ નિયમો આપવામાં આવ્યા છે.

એ પાંચ ગ્રંથો સમજવાનો પ્રયત્ન કરતાં પહેલાં ચીનીપ્રજા 'ચાર ગ્રંથો' (અં. શન્સ) ભણીને મુખપાઠ કરી જાય છે અને પછી પાંચ 'કિંગ્સ'નો અભ્યાસ શરૂ કરે છે.

કૉન્ફ્યુશિયસે ઈશ્વર સંબંધી તત્ત્વજ્ઞાન શીખવવાનો કે પ્રચાર કરવાનો પ્રયત્ન કર્યો નથી. અથવા તો પ્રેતાત્માઓ (અં. 'સ્પિરિટસ') કે મૃત્યુ પછીના જીવન (એટલે પુનર્જન્મ) જેવા પ્રશ્નોની ચર્ચા કરવાનો કે જ્ઞાન આપવાનો પ્રયત્ન પણ કર્યો નથી. એણે તો એક જ સિદ્ધાંત આપ્યો કે લોકોએ ધાર્મિક વૃત્તિ તથા નીતિમય જીવન કેળવવાં જોઈએ. વિશુદ્ધ અને પવિત્ર જીવન જીવવાથી કુટુંબ, સમાજ તથા દેશની આબાદી, ઉત્કર્ષ તથા પ્રગતિ સાધી શકાય એમ તે માનતો.*

* યુનિવર્સલ સાઇક્લોપિડિયા ઉપરથી.

★

પથભ્રાન્ત પથિક

'પથિક, તું માર્ગ ભૂલ્યો છે?'

'હા, એવું જ છે. મારા નિશ્ચિત સ્થાનનું નામ પણ ભૂલી ગયો છું. આગળ ધપતી વખતે મારી સમક્ષ એ સ્થાન, એ જ સુંદર મંદિર અને મારા ઇષ્ટ દેવની મૂર્તિ મને સ્પષ્ટ દેખાતી હતી, પણ અંધકારને કારણે હવે કંઈ જ દેખી શકતો નથી.'

'ઘરથી તું એકલો જ નીકળેલો?'

'નહિ. બે સાથી અને એક નાની પોટલી હતી. માર્ગમાં આવતાં કાંટા-કાંકરાની પરવા કર્યા વિના બે સાથીઓના ખભાના ટેકે આગળ વધી રહ્યો હતો. પોટલી માથા પર જ હતી. ભાઈ...શું કહું? ઠોકર ખાધી અને હાથ ઢીલા પડ્યા. પોટલી માથા પરથી સરી જવા લાગી.'

'મને સંભાળો,' મેં મારા સાથીદારોને ચેતવ્યા. 'પોટલીને છોડશો નહિ. છોડશો તો ફરીથી જડશે નહિ અને અમે બન્ને એકલા મૂકી જતા રહીશું.' પોટલીની સાથે મારા આ બે મિત્રોને ખૂબ જ સંબંધ હતો. પોટલીને હું સંભાળી શક્યો નહિ. ઠોકર વાગી અને કોણ જાણે પોટલી ક્યાંય જઈ પડી. મેં એક ઊંડી ખીણ જોઈ! તેની બન્ને બાજુ ગાઢ જંગલ હતું. પોટલી પડવાની સાથે જ મારા હાથ ટેકાવિહોણા બન્યા. મારા સાથીઓ નારાજ થઈ ક્યાંય જતા રહ્યા અને ત્યારથી જ આમતેમ ભટક્યા કરું છું.'

'પોટલીમાં શું હતું?'

'આત્મવિશ્વાસ.'

'અને સાથી કોણ હતા?'

'સાહસ અને દૃઢતા.'

'પથિક! તું તારું સર્વસ્વ ગુમાવી બેઠો છે. મારી પાસે તો કેવળ એક દીપ છે અને તેના તેજે જો તું તારી પોટલી શોધી શકતો હોય તો તેને (દીપને) લઈ જા.'

'દીપ આપો. પોટલીને શોધવામાં મારા જીવનની આહુતિ પણ આપી દઈશ. પ્રકાશ વિના હું અસમર્થ છું. આપનો ઘણો જ ઋણી થઈશ. પણ......દીપનું નામ?'

'દીપનું નામ? તેનું નામ છે 'શ્રદ્ધા'! સંસાર તેનાથી જ સ્થિર છે.'

('પાંચજન્ય' પરથી)

નલિન છો. પંડ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધમાખીનો ઉદ્યોગ

લેખક:
શ્રી જયેન્દ્ર ડી. પંડ્યા

સ્વતંત્ર ભારતવર્ષે ખીલવવા જેવા અનેક ઉદ્યોગોમાંનો એક મધમાખીનો ઉછેર છે. બેકારી ઓછી થાય, પરદેશ જતી મૂડી અટકે ને ગ્રામોદ્યોગનો વિકાસ થાય એ માટે મધમાખી વિશે સંપૂર્ણ જ્ઞાન થવું જરૂરી છે. એની વિધવિધ જાતો, તેમનું કાર્ય, તેને પકડવાની રીત, પેટી દ્વારા મધઉદ્યોગ ખીલવવાની આંતરિક કળા, મધમાખના રોગો ને દુશ્મનો, તેમને નિવારવાના ઉપાયો વગેરે ઘણી ઉપયોગી માહિતી આ લેખમાંથી મળે છે. ખેડૂતભાઈઓનું તથા હિત ધરાવતા સર્વેનું આ લેખ પ્રત્યે ખાસ ધ્યાન દોરીએ છીએ.

મધમાખીપાલન ઉદ્યોગની શકયતા કયાં છે? જ્યાં આગળ ગરમી અને ઠંડી પ્રમાણસર હોય, વર્ષના મોટા ભાગ દરામયાન વધુ ફૂલ ખીલેલાં રહેતાં હોય, અને વધુમાં વધુ મધમાખની નવી વસાહતો સહેલાઈથી મળી શકે તેમ હોય તેવા ગીચ જંગલ ને પહાડી પ્રદેશમાં આ ઉદ્યોગ સોનાની ખાણના જેવો સમૃદ્ધ બની રહે છે. ફળઝાડવાળાં સ્થળોમાં—વાડીમાં આ ઉદ્યોગ બમણો ફાયદાકારક છે. પહેલું મધનું ઉત્પાદન મેળવી શકાય છે; અને બીજો ફાયદો એ કે માંખો એક ફૂલની અપૂર્ણતા બીજા ફૂલમાંથી પૂરી કરે છે. માંખો આવી રીતે આડતિયાનું કામ કરીને વાડીમાંનાં ફળઝાડોને વધુ ને વધુ ફળાઉ કરે છે. એટલે કે ત્યાં માંખોનું રહેઠાણ હોવાથી ફળનો ઉતાર હમેશ કરતાં બેગણો થાય છે. આ પ્રમાણે ફૂલઝાડના બગીચામાં પણ ઉદ્યોગ ખીલી શકે છે. એટલે જો આપણે એવું માનતા હોઈએ કે મધમાખી ફૂલમાંથી મધ ચૂસે તો તે ફૂલ નકામું બની જાય છે, તો તે આપણી માન્યતા ભૂલભરેલી છે. આ ઉપરાંત મધમાખીપાલનકેન્દ્રની નજીકમાં પાણીનું તળાવ કે ઝરો પણ હોવો જોઈએ.

આ ઉદ્યોગ કેટલો જરૂરી ને ફાયદાકારક છે તેનો વિચાર કરવા જેવો છે. ગામડામાં વસતો દરેક ખેડૂત પોતાના ખેતીના કામમાંથી બચત પડતા સમયમાં અથવા ખેતીની સાથેસાથે આ મધમાખીની પેટીની કાળજીભરી દેખરેખ રાખે તો (પેટીનું વર્ણન આગળ આવશે) ચાર પેટીની દેખભાળ પાછળ લગભગ બસોથી ત્રણસો રૂપિયાનું વાર્ષિક વધુ ઉત્પન્ન મેળવવા તે ભાગ્યશાળી થાય. વળી આ ઉદ્યોગમાં પર અમેરિકાની માફક આપણી હિન્દની અને તેમાંય ગુજરાતની સ્ત્રીઓ નવરાશના સમયે રસ લેતી અને દેખભાળ રાખતી થાય એ વધુ ઇચ્છવા યોગ્ય છે.

ગ્રામઉદ્યોગને માનનાર સદ્‌ગૃહસ્થ શ્રીમંતો પણ આગળ બતાવેલી યોગ્ય જગ્યાએ આ ઉદ્યોગમાં પોતાનાં નાણાં રોકી તેની ખીલાવટ કરે તો ખોટું નથી. એથી—

(૧) હિંદમાંની પરદેશી મધની આયાત બંધ થશે; એટલે મધના પ્રશ્નમાં આપણું હિન્દ સ્વાવલંબી બની શકે.

(૨) ઉદ્યોગકેન્દ્રની નજીકના વિસ્તારની બેકારીનો પ્રશ્ન તેઓ મહદ્ અંશે નાબૂદ કરવાને શક્તિમાન થશે.

(૩) અને દેશસેવાના આશય અને પ્રામાણિકતાને ધ્યાનમાં રાખી આ ઉદ્યોગની શરૂઆત તેઓ કરશે તો તેમને દર વર્ષે પોતાનાં નાણાંનું સારું એવું વળતર મળશે. એટલે દેશના ગ્રામઉદ્યોગપ્રેમી શ્રીમંતોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હું આ અને આવા બીજા ગ્રામઉદ્યોગમાં રસ લેવા અને તેને બનતી વહેલી તકે અમલમાં લાવવા વિનતિ કરું છું.

ગામડાંના ઉત્કર્ષ અને હિન્દને સ્વાવલંબી જોવા ઇચ્છતી સરકાર ગ્રામ-ઉદ્યોગ સમિતિ દ્વારા આવા ગ્રામઉદ્યોગોની યોગ્ય સ્થળે શરૂઆત કરાવે અને હિંદમાં જનતા તેનો ફાયદો ઉઠાવતી થાય એ લક્ષ્યમાં રાખે એવી હું નામદાર હિંદ સરકારને પણ વિનતિ કરું છું. વળી ગ્રામઉદ્યોગ સમિતિએ શકયતાવાળા સ્થળે જે તે સ્થળને યોગ્ય એવા ઉદ્યોગોની શરૂઆત કરી પ્રજાનાં નાણાંનો યોગ્ય ઉપયોગ કરી, જનતા અને પ્રજાનો વિશ્વાસ સંપાદન કરી પોતાની યોગ્યતા બતાડી આપવાનો અવસર ન ચૂકવો લેઈએ.

આ ઉદ્યોગ હિંદમાં આગળ ઉપર બતાડેલાં સ્થળો ઉપરાંત બીજે સ્થળે પણ ઓછેવત્તે અંશે ફાયદાકારક થાય તેમ છે અને હિંદની જનતા અને તેમાં ય ગ્રામ-જનતા અને અન્ય શ્રીમંતો તેમ જ બગીચાના માલિકો આ ઉદ્યોગમાં રસ લેતા અને તેને અપનાવતા થાય તો હિંદ મધની બાબતમાં સંપૂર્ણ સ્વાવલંબી બને અને તે જ રીતે બીજા ઉદ્યોગોમાં પણ બની શકે.

દરેક વિદ્યાર્થી આ ઉદ્યોગમાં રસ લેતો અને માનતો થાય તે માટે આપણી શાળાઓમાં પણ આ ઉદ્યોગ પ્રાથમિક ભૂમિકારૂપે ફરજિયાત શરૂ કરવો.

આ ઉદ્યોગને સંપૂર્ણપણે અનુકૂળ પડે એવી મધમાખીનો પરિચય મેળવી લઈએ.

આમ તો આપણા હિંદમાં મુખ્યત્વે ચાર જાતની માંખો વસતી હોય છે:

(૧) ભમરા માંખ (અં. એપિઝડોરસેટા). આ માંખ સ્વભાવે તેજ હોય છે. તેનો ડંખ પણ મોટો અને ઝેરી હોય છે. દુનિયાની માખોમાં તે સૌથી મોટી અને બળવાન ગણાય છે. એ માંખ ૬×૪ ફૂટના વિસ્તારવાળો અને ૮ ઇંચ જાડાઈવાળો પોતાનો એક જ પૂડો ઊંચા પહાડ, ઝાડ કે મકાન જેવી હવા અને અજવાળાવાળી જગ્યાએ બનાવે છે. તેનું વૈજ્ઞાનિક રીતે પાલન થવું મુશ્કેલ છે. તેમજ તેનું મધ પણ કાઢવું મુશ્કેલ છે. પરંતુ તેના પૂડામાંથી મધ પુષ્કળ મળી શકે છે.

(૨) હિંદી માંખ (અં. ઇંડિયન બીઝ: એપિઝ ઈન્ડિકા). આ માંખ હિંદમાં સર્વત્ર મળી શકે છે. વળી એને ગુજરાતીમાં સાત-પૂડા માંખ પણ કહેવામાં આવે છે; કારણકે તે સાત પૂડા બનાવે છે. આ માંખ પોતાના પૂડા, ઝાડ, પહાડ, ભીંત અથવા મકાનના પોલાણ જેવી બંધિયાર જગ્યામાં બનાવે છે. આ માંખ આપણા ઉદ્યોગને સંપૂર્ણ રીતે અનુકૂળ હોય છે. તે પોતાનો ખોરાક ત્રણ માઈલના વિસ્તારમાંથી લાવી શકે છે. કેટલીક વાર તે પંદરથી વીસ પૂડા પણ બનાવે છે. આ માંખ સ્વભાવે શાંત હોય છે.

(૩) નાની માંખ (અં. લીટલ બીઝ: એપિઝ ફ્લોરી) આ માંખ પહેલી માંખ જેવી જ મિજાજની તેજ હોય છે. તે પોતાનો નાનો સરખો એક પૂડો, અજવાળા અને હવાવાળી જગ્યાએ બનાવે છે, જે કદમાં બીજી માંખના પૂડા કરતાં નાનો હોય છે. તેને પાળી શકાય છે પણ તેનું મધ વૈજ્ઞાનિક રીતે કાઢી શકાતું નથી અને એ પેટીમાં પણ જવલ્લે જ રહે છે.

(૪) મચ્છર માંખ (અં. ડેમર બીઝ). આ માંખ મચ્છર જેવી હોવાથી આપણે તેને મચ્છર માંખ કહીશું તોપણ ચાલશે. એ પોતાના પૂડા સૂકાં ઝાડ, પથ્થર, પહાડ કે ભીંતના પોલાણમાં બનાવે છે. એનો બનાવેલો પૂડો સમાંતર હોતો નથી; વળી તેમાંથી મધ પણ ઘણું જ થોડું મળે છે. તેથી આપણા ઉદ્યોગને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમૃદ્ધ બનાવવામાં તે મદદ કરતા થઈ શકતી નથી. આ માંખને જો કનડગત કરવામાં ન આવે તો ઘણાં વર્ષો સુધી તે એક જગ્યાએ રહી શકે છે. બધી જાતોનું પાલન, નવાઈ અને દાખલારૂપે આપણા કેન્દ્રમાં આપણે કરી શકીએ છીએ.

પણ બીજા નંબરની માંખ ઉદ્યોગને લાભકર્તા છે. આખા હિંદમાં આ જાત મળી શકે છે: કાશ્મીરમાં આ જાતની માંખ મોટી અને પીળાશ પડતી હોય છે. પહાડી પ્રદેશમાં તેના રંગ કાળો હોય છે. અને સપાટ પ્રદેશની માંખ ઝાંખી કાળી હોય છે એટલે વાતાવરણ અને હવામાનને લઈને તેના કદ, રંગ અને કામ કરવાની શક્તિમાં ઓછાવત્તા ફરક હોય છે.

મધપૂડામાં વસતી માંખો અને તેમને કરવાનાં કામ: મધપૂડામાં ત્રણ પ્રકારની માંખો રહે છે: (૧) રાણી, (૨) નર, (૩) અને કામ કરનારી.

(૧) મધપૂડામાં રાણી એક જ હોય છે. તેના વગર મધપૂડામાં માંખો કામ કરતી જ નથી. એટલે તે મધપૂડાની મુખ્ય માંખ હોય છે. તેનું કદ બીજી માંખો કરતાં દરેક રીતે મોટું હોય છે. તેને ડંખ હોય છે. પણ તે પોતાના ડંખનો ઉપયોગ બીજી રાણી સાથે લડવામાં જ કરે છે. તેનું કામ પ્રજોત્પત્તિનું હોય છે. તે રોજના હજાર કે તેથી વધુ ઇંડાં મૂકી શકે છે. તે બે પ્રકારનાં ઇંડાં મૂકે છે. એકમાંથી રાણી અને કાર્ય કરનારી માંખ તથા બીજામાંથી નરમાંખ ઉત્પન્ન થાય છે. તેને તેનું કામ બરાબર કરવું પડે છે. જો તે પોતાનું કામ નથી કરતી તો કામ કરનારી માંખો તેને મારી નાંખે છે. આ રાણીની આવરદા ત્રણથી ચાર વર્ષની હોય છે.

(૨) નરમાંખ: આ માંખનું કામ ખાઈ-પીને ફરવું અને રાણી સાથે દેહસંબંધ બાંધવાનું જ છે; અને તેને લઈને તે અંગ્રેજીમાં 'જેન્ટલમેન ઑફ ધી કોલોનીઝ' કહેવાય છે. આ નરમાંખ નથી મધ ભેગું કરી શકતો કે નથી પોતાનું રક્ષણ કરી શકતો. તેને રક્ષણ તેમ જ ખોરાક બંને માટે કામ કરનાર માંખ પર આધાર રાખવો પડે છે. તેનું સામાન્ય આયુષ્ય દોઢથી બે માસ પર્યંતનું હોય છે. રાણી સાથેના સંબંધમાં તે મરણ પામે છે. નવી રાણી સાથે સંબંધ બાંધવા માટે સેંકડો નર રાણીના બહાર આવતા પહેલાં પેદા કરવામાં આવે છે. કેટલાક નર ઊડતાઊડતા મરણ પામે છે; કારણકે રાણીની ઊડવાની ઝડપને તેઓ પહોંચી શકતા નથી. બચેલા નર બીજા મધપૂડા તરફ પાછા રાણી સાથે જાય છે. ત્યાં તેમને પંદર દિવસ પર્યંત સારી રીતે રાખવામાં આવે છે. પંદર દિવસ બાદ અથવા અછતના સમયમાં તેમને બહાર કાઢી મૂકવામાં આવે છે અથવા મારી નાખવામાં આવે છે.

(૩) કામ કરનારી માંખ (અં. વર્કર-બીઝ). આ માંખ બધાં જ કામ, જેવાં કે પૂડો બાંધવો, ખોરાક લાવવો, સંતાનોની કાળજીભરી સંભાળ રાખવી, સફાઈ કરવી, ખોરાક શોધવો અને બધી માંખોનું રક્ષણ કરવું–સર્વ તે કરે છે. વિભાગવાર કામની વહેંચણી આમ કરેલી હોય છે:

ખોરાકખાતું, બાંધકામખાતું, ખોરાક સંશોધનખાતું, આરોગ્યખાતું, પરિચારિકાખાતું, સંરક્ષણખાતું વગેરે. આ કામ કરનાર માંખ પાસે (૧) મધની કોથળી, (૨) મીણની થાળી, (૩) પરાગની ટોપલી તથા (૪) ડંખ હોય છે: (૧) મધની કોથળીમાં તે જંગલમાંથી મધ ભરી લાવે છે. (૨) મીણની થાળીમાં તે મધથી ખાય છે. તેનું મીણ બને છે અને મોંવાટે તેને આકાર આપી પૂડા બાંધે છે. (૩) પરાગની ટોપલીમાં પરાગ આવે છે. આ ટોપલી તેને પગના સાંધામાં હોય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ડંખ તેના પેટના છેલ્લા ભાગે હોય છે. તેનો ડંખ આપણા શરીરમાં તૂટી જાય છે. તેથી મોટો જખમ પડે છે અને આવી ઘાયલ માંખ બાર-ચૌદ કલાક જીવે છે. આ કામ કરનારી માંખની આવરદા ત્રણથી ચાર માસની હોય છે.

જંગલમાંથી માંખોની વસાહત શોધવાની રીત: આ માંખોની વસાહત શોધવા માટે માંખોનો કામ કરવાનો સમય જાણવો ખાસ જરૂરી છે. સવારના પાંચથી અગિયાર-બાર વાગ્યા સુધી તે કામ કરે છે અને સાંજે ત્રણથી પાંચ સુધી કામ કરે છે. એટલે બારથી બે સુધી તે આરામ કરે છે. આ ઉપરાંત નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા જેવા છે: (૧) જ્યાં તેને વધુ પ્રમાણમાં ખોરાક અને પૂરતા પ્રમાણમાં પાણી મળે ત્યાં તે પોતાનું નિવાસસ્થાન બનાવે છે. (૨) બપોરના જ્યારે જંગલમાંથી ખોરાક લાવવાનું કામ બંધ કરે છે, ત્યારે પરિચારિકા, સ્કાઉટ, સફાઈ વગેરે ખાતાની માંખો એક ફર્લાંગના વિસ્તારમાં ફરવા માટે નીકળે છે. તેથી પણ નજીકના તેમના રહેઠાણની ખબર પડે છે. (૩) તેની ઊડવાની ગતિ અને અવાજથી પણ તેની હસ્તી જાણી શકાય છે. (૪) સવારના દસ વાગતા પહેલાં અને સાંજે ત્રણ વાગ્યા પછી શકયતાવાળી જગ્યાએ જઈ, સૂર્ય તરફ આડે હાથ ધરીને જોવું. માંખોની આવજાથી પ્રકાશની વચ્ચે લીટી પડશે. ઉપરાંત માંખ પણ મોટી દેખાય છે. મહાવરાવાળા માણસો બે માઈલ દૂરથી પણ માંખોનું નિવાસસ્થાન જાણી શકે છે.

માંખો ખોરાક લઈને પોતાની જગ્યા તરફ સીધી ઊડે છે અને પોતાના રહેઠાણની પાસે આવેલી જગ્યાએથી નીચે ઊતરી પોતાના નિવાસસ્થાન તરફ સીધી જ ઊડે છે. ઉપર જણાવેલી રીતે વર્તવાથી માંખોની નવી વસાહતો જંગલમાંથી શોધી કાઢવી બિલકુલ સહેલી પડશે.

પેટી, તેના ભાગો અને તેમનો ઉપયોગ: (૧) તળિયાનું પાટિયું (અં. બોટમ-બોર્ડ), (૨) માંખોને રહેવાની પેટી (અં. બ્રુડ-ચેમ્બર), (૩) માંખોને ઇંડાના પૂડા બાંધવાનાં ચોકઠાં (અં. બ્રુડફ્રેમ્સ), (૪) રાણી રૂકાવટની જાળી (અં. કવીનગેટ), (૫) અથવા મધ ભેગું કરવાની પેટી (અં. સુપર), (૬) મધના પૂડા બાંધવાનાં ચોકઠાં (અં. સુપરફ્રેમ્સ), (૭) છત–છાપરું (અં. ટોપબોર્ડ), ઉપર બતાવેલા ભાગો મળીને જ એક મધમાખની પેટી (અં. બીબોકસ) સંપૂર્ણ બને છે. અને એ દરેક ભાગ આવશ્યક અને જરૂરી છે. એમાંનો એક પણ ન હોય તો પેટી અધૂરી જ ગણાય.

પેટીની રચના: માંખોને રહેવાની પેટીના નીચેના ભાગમાં તળિયું આવેલું હોય છે અને સામે જ દરવાજો હોય છે. જ્યાં આગળ એવા માપની જાળી મૂકવામાં આવે છે કે જેને લઈને રાણી બહાર જઈ શકતી નથી; કારણકે રાણી બહાર જાય તો બધી માંખો તેનું અનુસરણ કરીને પેટી છોડી જાય છે. માંખોને રહેવાની પેટીમાં સાત ચોકઠાં હોય છે, જ્યાં તેઓ રાણીને ઇંડાં મૂકવા માટે પૂડા બાંધે છે; અર્થાત્ બાળઉછેરનું અને રહેવાનું આ પેટીમાં જ હોય છે. મધની પેટીમાં પણ પહેલી પેટીની માફક સાત ચોકઠાં હોય છે. ઊંચાઈમાં પહેલાનાં ચોકઠાં કરતાં ૧/૨ ભાગના હોય છે. આ ચોકઠાંમાં બનાવટી પૂડાને ચોટાડીને મૂકવામાં આવે છે, જેથી માંખો તેના પર સમાંતર પૂડા બાંધી શકે. ઉપરનું છત છાપરાની ગરજ સારે છે, જેને લઈને તેઓ ટાઢ, તાપ અને વરસાદથી પોતાનું રક્ષણ કરી શકે છે.

મધમાખીને જંગલમાંથી પેટીમાં પકડવાની રીત: 'સપર' વગરની પેટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવીનગેટ અને ફ્રેમ્સ સાથે કુહાડી અને પેટી લઈને મુકરર જગ્યાએ જવું. માંખોની રહેવાની જગ્યા વધુ સાંકડી હોય તો કુહાડીથી પહોળી કરવી. તેના પૂડા–માંખોને હાથથી બાજુએ–દૂર કરવા અને પૂડા લઈને ચોકઠામાં સૂતળીની દોરીથી બાંધવા. પછી રાણી–માંખને પકડી પેટીમાં મૂકી કવીનગેટ લગાડી દેવી અને પછી બીજી માંખોને હાથવતી પકડવી અને દરવાજા આગળ છોડવી. આમ કરવાથી બીજી માખો રાણીની વાસથી પેટીમાં જ જશે. આવી રીતે બધી માંખોને પેટીમાં મૂકવાનો પ્રયત્ન કરવો અને પેટીને થોડો સમય ત્યાં જ રહેવા દેવી અને આપણે દૂર જતા રહેવું, જેથી બાકીની બહાર ઊડતી માંખો તેમાં આવી જશે. પછી તે પેટી આપણા કેન્દ્રમાં લાવી તેની યોગ્ય સંભાળ લેવી.

પેટી છોડીને બધી માંખો ચાલી જાય : આને અંગ્રેજીમાં 'ડેઝર્ટ' કહેવાય છે. આમ થવાનાં કારણો આ પ્રમાણે છે: (૧) નવી વસાહત, ત્રાસ દઈને પકડવામાં આવે તો (૨) યોગ્ય જગ્યા બરાબર અનુકૂળ ન આવે. (૩) દુશ્મન અને માણસની વધુ કનડગત. (૪) પેટી પર સૂર્યનો સીધો તાપ પડતો હોય. (૫) ઢીલા બંધાયેલા પૂડા અથવા કચડાયેલા પૂડાને લઈને પણ હિજરત થાય છે. (૬) પૂરતું પાણી ન મળે તો. (૭) નવી વસાહતને નવી જગ્યામાં ભમીને ખોરાક પ્રાપ્ત કરતાં વધુ સમય લાગે છે. તે સમય દરમિયાન તેમને જો ખોરાક આપવામાં ન આવે તો. (૮) ખોરાકની અછતના સમયમાં ખોરાક બિલકુલ મળવાની શક્યતા ન હોય તો.

હિજરત રોકવાના ઉપાય : (૧) નવી વસાહત ખૂબ જ સારી રીતે પકડવી. (૨) માણસોએ અવારનવાર પેટી પાસે જવું નહિ અને દુશ્મનથી માંખોનું રક્ષણ કરવું. (૩) જગ્યા અનુકૂળ ન આવે તો જગ્યા બદલવી. (૪) પેટી હમેશ છાંયડાવાળી જગ્યાએ રાખવી. (૫) ઢીલા બાંધેલા પૂડાને બરાબર બાંધવા અને સડતા પૂડાને બહાર દૂર કરવા. (૬) પૂરતું પાણી મળી રહે એવી જગ્યાની નજીકમાં જ પેટીનું સ્થાન રાખવું. (૭) નવી વસાહતને પકડ્યા પછી પંદર દિવસ સુધી દર ત્રણ દિવસે ખોરાક આપવો. (૮) અછતના સમયે તેમને ખાસ ખોરાક આપવો જ જોઈએ. આપણે સમજવું જોઈએ કે જેવી રીતે ગાય–ભેંસનું ખાધેલું એળે જતું નથી, તેવી જ રીતે મધમાંખ પણ તેના ઉપર કરેલા ઉપકારનો બદલો બેગણો આપે છે. વળી આપણે જેનું પાલન કરતા હોઈએ તેને ખવડાવવું એ આપણી ફરજ છે.

માંખનો અમુક જથ્થો મૂળ પેટીમાંથી જુદો પડે તો : આમ થવાનાં કારણ આ પ્રમાણે છે : (૧) વસતીનું પ્રમાણ વધવાથી, (૨) રાણી અને નરમાંખનાં ઇંડાંની સંખ્યા વધી જવાથી, (૩) મધપાળની કાળજીવગરની દેખરેખને લઈને, (૪) મધનું પ્રમાણ વધી જવાથી, (૫) વસતીના પ્રમાણમાં ખોરાક ઓછો હોય તો, (૬) રાણીને ઇંડાં મૂકવા માટે પૂરતી જગ્યા ન હોય તો, (૭) જૂની રાણીની ઇચ્છાને લઈને.

આને રોકવાના ઉપાય: (૧) વસતીના પ્રમાણમાં મૂળ પેટીમાંથી બીજી પેટીઓમાં ભાગલા પાડવા. (૨) રાણી અને નરનાં ઇંડાં-નો નાશ કરવો. (૩) મધપાળે હમેશાં પોતાની માંખોની કાળજીભરી દેખરેખ રાખી તેમની અગવડ દૂર કરવાં પ્રયત્ન કરવો. (૪) મધનું પ્રમાણ વધતું હોય તો નિયમિત અને યોગ્ય રીતે કાઢી લઈ તેમને કામ કરવાની તક આપવી. (૫) ખોરાક પણ આપવો. (૬) સાતે ચોકઠામાં પૂડા બંધાઈને અંદર ઇંડાં પણ મૂક્યાં હોય તેવા પૂડાને તે પેટીમાંથી કાઢી બીજી પેટીમાં મૂકવા અને તે પેટીમાં ખાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોઠવી મૂકવાં. (૭) જૂની રાણીને પેટીમાંથી દૂર કરી નવી રાણી પેટીમાં મૂકવી.

લડાઈ: આ લડાઈ માખીઓ આવે ત્યારે, જુદા પાડીએ ત્યારે કે મધપૂડા છોડે ત્યારે ઘણું કરીને થાય છે. તે વખતે એક જ પેટીની માંખો જુદા મતને લઈને, અલગ જૂથ પાડવાથી લડી મરે છે; અથવા આ જ સમયમાં એકથી વધુ પેટીમાંની માંખો ભેગું જૂથ જમાવે ત્યારે પણ લડાઈ થાય છે. મધકેન્દ્રની નજીકમાં મધનો પૂડો નાખવામાં આવે તોપણ લડાઈ થાય છે.

લડાઈ રોકવાના ઉપાય: (૧) ધુમાડાથી વધારે સારો કોઈ પણ ઉપાય આ કજિયો રોકવા માટે નથી. અને તે એવી તરકીબથી આપવો જોઈએ કે એક પણ માંખ મરે નહીં અને કજિયો બંધ થાય. (૨) પાણી છાંટવાનો પણ ઉપાય છે. જેથી પાંખો સુકાયા પછી માંખો પોતપોતાની પેટી તરફ જાય છે. માંખો ઝાડ પર જૂથમાં લડતી હોય તો એને પહેલાં પેટીમાં લઈ લ્યો. પછી ધુમાડો આપી તેમને જમીન પર પાથરી દો, જો તે પોતાની પેટી તરફ જાય તો જવા દો. ન જાય તો બીજી અલગ પેટીમાં પૂરો અને જો બીજી પેટીમાં ઘૂસીને પણ લડાઈ કરે તો વધુ ધુમાડો આપો.પણ આ નુકસાનકારક લડાઈને બંધ કરો અને સંપ સ્થાપો. ઝાડ પર બેઠેલી માંખોને ધુમાડો આપવાથી તે ઊડી જાય છે.

લૂંટફાટ થવાનાં કારણ: (૧) અછતના સમયમાં એટલે ચોમાસા બાદ પેટીમાં બિલકુલ મધ ન હોવાથી વધુ સંખ્યાવાળી માંખોની પેટીની માંખો ઓછી માંખોની સંખ્યાવાળી પેટી પર હલ્લો કરી મધ લૂંટી લે છે. (૨) કોઈ એક પેટીની માંખોને ખોરાક ખવડાવવા જતાં મધનું ટીપું પણ બહાર પડે તો તેની વાસથી આકર્ષાઈને બીજી માંખો હલ્લો કરી તે પેટીનું મધ લૂંટી લે છે. (૩) ઘણી વખત પેટીમાં પૂરતું મધ હોવા છતાં અને બહાર મોસમ ચાલતી ન હોય ત્યારે માંખોને કંઈ પણ કામ ન હોવાથી બળવાન કામ કરનારી માંખો એક બીજા પર હલ્લા કરી લૂંટફાટ કરી લડીને ખુવાર થાય છે.

લૂંટફાટ રોકવાના સામાન્ય ઉપાય: (૧) અમુક જ પેટીની માંખોને ખોરાક આપવો હોય તો તે એવી રીતે આપો કે બીજી માંખોને તેની ગંધ સરખી પણ ન આવે. (૨) આ મોસમમાં ખુલ્લામાં ખવડાવવું. (૩) દરેક પેટી કે જ્યાં આગળ લડાઈ–લૂંટફાટ ચાલતી હોય ત્યાં તેમાં ધુમાડો આપો.

મધમાંખોને થતા રોગો અને તે રોકવાના ઉપાય: (૧) મરડો અને (૨) લકવો. હિન્દની માંખોને ખાસ કરીને આ બે જ રોગ અને તે પણ જવલ્લે જ થાય છે. તે ખાસ ચોમાસામાં થાય છે. તેને રોકવાના ઉપાયો જોઈએ:

મરડો: મધમાંખની પેટીમાં જે મધનો જથ્થો હોય છે એ અપક્વ હોય છે; તેમાં પાણીનું પ્રમાણ વધુ હોવાથી આ કારણને લીધે ઠંડા હવામાનને લઈને મધ પાતળું અને ખાટું બને છે. આ મધને માંખો ખાય છે અને તેને લઈને તેને આ રોગ થાય છે. આ રોગ બીજી પેટીમાં ફેલાતો નથી પણ ફક્ત એક જ પેટીમાં સંપૂર્ણપણે ફેલાય છે. તે પેટીને બંધ ઓરડામાં લઈ જઈ તેને સગડી વતી તપાવવી. આખી પેટી મધના પૂડા સહિત બદલી નાંખો અને શક્ય હોય તો અને વધારાના મધના પૂડા હોય તો તેને પેટીમાં નાખો અને આ પેટી વરસાદથી બચે એવી રીતે ગોઠવો.

લકવો: એ કુદરતી રોગ છે. એનાથી માંખી પેટીમાંથી ધીમી ચાલે ચાલીને પડીને મરી જાય છે. આને માટે આવી પેટી જો એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો તેને કેન્દ્રમાંથી દૂર કરો અને એકથી વધુ હોય તો તેને પણ દૂર કરો. આ સિવાય બીજો એક પણ ઉપાય નથી.

મધમાંખીના દુશ્મનો : (૧) કીડી. (૨) રીંછ. (૩) સાપ, (૪) પક્ષી. (૫) માંખીખાઉ બી. બગ્ઝ. (૬) કાંચીડો– (૭) ઘરોળી. (૮) મીણુની ઊધઈ.

બચાવના ઉપાયો : (૧) કીડીથી બચવા માટે પેટીના સ્ટેન્ડના પાયાની આજુબાજુએ પાણી અથવા રાખોડી રાખવી જોઈએ. (૨) રીંછથી બચવા માટે કેન્દ્રની વાડ મજબૂત જોઈએ. (૩) પેટીની નજીક નજરે ચડે તો સાપને મારી નાખવો. (૫) આ બીબગ્ઝ માંખો અને તેમાં ય રાણીનું લોહી પીએ છે. બેત્રણ મળીને રાણીને પૂરી કરે છે. આને માટે પેટીને સ્વચ્છ કરવી. (૪,૬)- અને (૭) નંબરના દુશ્મન પેટી બહાર કે અંદર નજરે પડે તો તેમને મારી હઠાવવો કે બીજી રીતે આવતા અટકાવવા. (૮) ઊધઈ માટે પેટીની સફાઈ જરૂરી છે અને પૂડામાં ઘૂસેલી હોય તો તે પૂડાને દૂર કરવો અથવા બાળી નાખવો.

મધમાં અનેક એવાં તત્ત્વો રહેલાં છે કે જે મનુષ્યશરીરના વિકાસ માટે અતિ ઉપયોગી છે. તેના સેવનથી વધુ ભૂખ લાગે છે અને તેનાથી અઠવાડિયા સુધી ખોરાક વગર રહી શકાય છે. ઘી, દૂધ, દહીં, માખણ અને રોટલા સાથેનું મધનું સેવન અતિ ઉત્તમ છે. તેને ખાઈ ને પચાવવાની જરૂર નથી. તે સીધું જ લોહીમાં પરિણમે છે અર્થાત્ લોહી, બળ અને તેજ વધારનાર છે. તેનું યોગ્ય સેવન માણસને અતિ બળવાન, સદ્‌ગુણી અને તેજસ્વી બનાવે છે. ત્વચાના રોગ પર તે અકસીર છે. દરરોજ સ્નાન કરતાં પહેલાં એક કલાક અગાઉ ચોખ્ખા મધની માલીશ કર્યા બાદ સ્નાન કરવાથી ચામડી મુલાયમ, ચકચકિત, નીરોગી તેમ જ સુંવાળી બને છે.

મધના પૂડામાંથી નીકળતા મધમાં ૩૦ ટકા પાણીનો ભાગ હોવાથી તે ચોમાસામાં બગડી જાય છે એટલે તેને આડકતરી ગરમીથી ૧૨૦ ફેરનહીટ સુધી ગરમ કરી તેનું પાણીનું પ્રમાણ ૧૭થી ૨૦ ટકા જેટલું કરી નાખવું. એથી ઓછું કરવાથી મધ શિયાળામાં ઠરી જાય છે. આ પછી ઠંડું પડવા દઈ તેને ઉપયોગમાં લેવું. પાણીનું પ્રમાણ વધુ પ્રમાણમાં ઘટવાને લઈને ઠરી ગયેલું મધ અશુદ્ધ નથી હોતું પણ વધુ પ્રમાણમાં ગરમ કરવાથી મધનાં તત્ત્વ અને વાસ ઊડી જાય છે, અને વધુ પ્રમાણમાં પાણી રહેવા દેવાથી મધ ખરાબ વાસ મારે છે. તેનો સ્વાદ ખાટો થઈ જાય છે અને ચોમાસામાં તે વધુ પાતળું બની જાય છે. મધ એ દુનિયા પરનાં પાંચ અમૃતોમાંનું એક છે.

મીણ પણ અતિ ઉપયોગી ચીજ છે. દરેક પ્રકારની પોલિશમાં તેનો ઉપયોગ થાય છે અને ખ્રિસ્તી દેવળોમાં શુદ્ધ મીણની મીણબત્તી પણ બાળવામાં આવે છે. મીણને શુદ્ધ કરવા માટે મધના પૂડા પર સીલ કરેલું મીણ છરી વતી દૂર કરવું અને તેને ભેગું કરવું. પછી એક તપેલી પર સફેદ કપડું પાથરવો અને તેમાં મીણ મૂકી તેના પર કાચ મૂકવો અને તેને તડકે મૂકવું, જેથી મીણ ઓગળીને તપેલીમાં જશે અને તેમાંનો કચરો ઉપર રહી જશે. આ પછી મીણને ગરમ પાણીમાં નાખવું, જેથી તેની સાથેનું મધ નીચે બેસી જશે અને પાણીને ઠંડું પડવા દેવાથી મીણ ઉપર તરશે. તેને કાઢી લઈ ગરમ કરીને ઠારી દેવું. આ મીણ શુદ્ધ મીણ હશે. શુદ્ધ મીણના અનેક ઉપયોગો છે. આ મીણની કિંમત આજે છથી આઠ રૂપિયા શેરના થાય છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિક વ્યાધિના ઉપાયો

લેખક :
શ્રી કાંતિલાલ તિજોરીવાળા

ચિત્તતંત્રની ગેરવ્યવસ્થાને લીધે ઉપસ્થિત થયેલી માનસિક યાતનાનો રોગ હમણાં સારી રીતે વિસ્તાર પામ્યો જણાય છે. શરીરની બીમારીથી યે વિશેષ કાળજી આ માનસિક બીમારી માટે લેવાની જરૂર છે. સહાનુભૂતિભરી પ્રેમાળ સારવાર, દુઃખ હળવું કરનાર સાથીની સોબત, ઘરબાર, દ્રવ્ય આદિની ચિંતામાંથી મુક્તિ, નિયમિત પથ્ય ખોરાકનું સેવન, પૂરતી ઊંઘ, હવાફેર તથા હોમિયોપથીના ઉપચાર આના ઉપર કેવી સારી અસર ઉપજાવે છે તેની અહીં અનુભવયુક્ત વિચારણા કરવામાં આવી છે.

આજનું જગત એવી વિષમ દશામાં સપડાયું છે, કે માણસો ચોતરફથી અનેકવિધ ચિંતામાં ડૂબેલા રહે છે. ચિંતા એટલે સુપ્ત અને જાગ્રત મનનું સંઘર્ષણ. એ સંઘર્ષણથી મગજ ખૂબ જ શ્રમિત બને છે અને ચિત્તતંતુઓ નિર્બળ બની જાય છે. આ નિર્બળતા લાંબા સમય સુધી રહે અને મગજને પૂરતું પોષણ ન મળે, તો જ્ઞાનતંતુઓનું સમસ્ત તંત્ર શિથિલ બને છે. માણસ નિષ્ક્રિય બની જાય છે અને એને જીવન જીવવા જેવું લાગતું નથી.

આ વ્યાધિ નથી, નથી આ દર્દ, એ તો છે ભયંકર માનસિક યાતના. દાક્તરો અને નિષ્ણાતો 'નર્વસ બ્રેક ડાઉન,' 'નર્વસ ડીરેંજમેંટ' કે માનસિક આઘાતના નામે એને ઓળખાવે છે. ન્યાયાધીશો, રાજપુરુષો અને પુષ્કળ માનસિક શ્રમ ઉઠાવનારા બુદ્ધિજીવી માનવીઓ એનો ભોગ બને છે.

દાક્તરો અને વૈદ્યો આ માનસિક મંદવાડને નાબૂદ કરવા માટે તરેહતરેહના ઉપાયો અજમાવે છે અને એમાં જો તેઓને આવા દરદીઓનો પૂરતો અનુભવ હોતો નથી, તો તેઓ પણ ગોથું ખાઈ જાય છે અને દરદીઓ ભારે ખર્ચના ખાડામાં ઊતરી પડે છે. શારીરિક તપાસમાં કે ચહેરાપરથી વૈદ્ય–દાક્તરોને આ માનસિક દશાનો સહેજે ખ્યાલ આવી શકતો નથી, એટલે માનસિક આઘાતના ભોગ બનેલા માનવીઓની સ્થિતિ ભારે કફોડી બની જાય છે.

સ્વજનો અને મિત્રો સત્ય વસ્તુસ્થિતિથી અજાણ અને આ વિષયના જ્ઞાનના અભાવે દરદી માટે અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરી શકતા નહિ હોવાથી દરદીને વધારે આઘાત પહોંચે છે. આવા વ્યાધિગ્રસ્ત આત્માઓ માટે સૌથી પ્રથમ કુટુંબના અને આસપાસના વર્તુલના માણસોના વર્તાવનો પ્રશ્ન ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એ વર્તાવ પ્રતિકૂળ બનતાં ઘણાયે દાખલાઓમાં આત્મઘાત નીપજે છે.

કેટલાંક જાત અનુભવનાં ને સાંભળેલાં, જોયેલાં સૂચનો ઉપયોગી નીવડશે.

સહાનુભૂતિભરી અને પ્રેમાળ સારવાર આમાં ઔષધી કરતાં યે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એનાથી રોગીના ચિત્તને થોડી શાંતિ વળે છે. એ શાંતિ દરમ્યાન રોગીને જે વસ્તુ પ્રત્યે પ્રેમ હોય, જે કાર્ય એને ગમતું હોય એ માટે એને ઉત્તેજન આપી એમાં એના ચિત્તને શક્ય તેટલા લાંબા સમય સુધી પરોવી રાખવાની ક્રિયા નિયમિત થાય તો એની નિષ્ક્રિયતા ધીમેધીમે ઓછી થઈ, દુઃખ નાબૂદ થવામાં અનુકૂળતા ઉત્પન્ન થાય છે.

આવા દુર્ભાગી મનુષ્યો માટે એકાંત મહાન શત્રુની ગરજ સારે છે. અહર્નિશ એની વિચારમાળાના મણકા ફર્યા જ કરે છે. ચિત્તતંતુઓ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની નિર્બળતાને લીધે વિચારચક્રનો કોઈ ઉપાયે અંત આવતો નથી એટલે માનસિક અકળામણ અતિશય વધી જાય છે. કોઈ પણ વસ્તુમાં ચિત્ત ચોટતું નથી અને બધે નિરાશા જ નિરાશા દેખાય છે.

તેથી સૌ પ્રથમ સારા સાથ–' કંપની 'ની જરૂર રહે છે. રોગીને રાતદિવસ સમાન હોય છે, નિદ્રા વેરણ બને છે એટલે એની કષ્ટદાયી સ્થિતિમાં સહાય કરનારી વ્યક્તિઓમાં ભારે ધીરજ, આત્મભોગની ભાવના અને સેવાની ધગશ હોવાં જોઈએ. કોઈ કોઈ વાર ખૂબ શ્રમ ઉઠાવી ચોવીસે કલાક સાથ આપવો પડે છે અને દરદીના પ્રિય વિષયની પ્રેમભરી ચર્ચા કરીને એના મનની સાંત્વના કરવાની ફરજ બજાવવી પડે છે.

અનુકૂળ સાથ અથવા સોબત મળતાં, દરદીના જાગ્રત મનને અણગમતા પ્રસંગો કે બનાવોની વિસ્મૃતિ થાય છે અને એના ભયભીત ને વહેમભરપૂર મનનાં કમાડ ઉઘડી એમાં સારા અને નીડર વિચારોને સ્થાન આપવાનું શક્ય બને છે. એનાથી મનની સ્થિતિ ઉત્તરોત્તર દૃઢ બને છે. આ ક્રિયામાં સસ્તું સાહિત્ય દ્વારા પ્રકાશિત થયેલાં પુસ્તકો ' આગળ ધસો, ' ' સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ,' ' પ્રભુમય જીવન, ' ' નેપોલિયન ' વગેરે પુસ્તકો સહાયભૂત થાય છે.

નામ સાંભળતાં જ તંદુરસ્ત માણસોને પણ ભયભીત કરી મૂકનારા કેન્સર, ક્ષય, ગાંડપણ ઈત્યાદિ રોગોનો ભય વહેમરૂપે ઘણા માનસિક આઘાતવાળા માનવીઓનાં સુપ્ત મનમાં સંઘરાયેલો હોય છે. અન્ય દાખલાઓમાં ચિંતાનું કારણ આર્થિક હોય છે. એટલે વહેમ અને ચિંતામુક્ત સ્થિતિ ઉત્પન્ન કરવાનું કાર્ય એ પછીનું અગત્યનું કાર્ય બને છે. ઘરબાર, પૈસોટકો, વેપાર કે નોકરીચાકરી વગેરેની ચિંતામાંથી તાત્કાલિક મુક્તિ એ દરદીના મનને રાહત-નો વિષય બને છે. આપ્તજનો માટે આ એક વિશેષ ધર્મ બની રહે છે, એમાં થોડોક ભોગ પણ રહેલો છે. પરંતુ જેને જીવવાની ઇચ્છા નથી, જેની પળેપળ જિંદગીથી કંટાળી-ને મૃત્યુને ઝંખતા વિચારો કરવામાં જ વીતે છે એમને માટે થોડો ભોગ અનિવાર્ય છે.

આ માનાસક દશાનો તાદૃશ ચિતાર આપવો બહુ જ મુશ્કેલ છે. સ્વાનુભવથી માત્ર એટલું જ કહીશ કે આ ભયંકર યાતના અસહ્ય, અવર્ણનીય અને અવ્યક્ત હોય છે. જાત અનુભવના કેટલાક દાખલા અહીં રજૂ કરીશ.

ભાગલાના સમયે માનસિક આઘાતના ભોગ બનનારાઓના અનેક કિસ્સાઓ બની ગયા.

સિંધથી નાશિક આવેલા એક ભાઈને મેં જોયા, એમની તમામ સ્થિતિનું વર્ણન સાંભળ્યું. અલમસ્ત અને કસરતબાજ શરીર પરથી મોટર પસાર કરાવવાની શક્તિ ધરા-વવા છતાં યે જ્ઞાનતંતુઓનું તંત્ર શિથિલ બનતાં એ નિષ્ક્રિય બની ગયા હતા.

આ સિંધી પહેલવાન અગાઉ કરાંચીમાં ' બરમા શેલ ' કંપનીમાં મોટા પગારે હિસાબનીશનું કામ કરતા હતા. નાસભાગ વખતે સર્વસ્વ ગયાની ચિંતામાંથી એમના મનને સખત આઘાત લાગ્યો. દિવસ આખો એ રડરડ જ કર્યા કરે. એમના રુદનથી આપ્તજનો પણ ભારે દુઃખી રહેતા. ઊંઘ એમની વેરણ બની, એમના જીવને દિન-રાત ચેન પડતું નહોતું. આમાંથી એમને લકવાની અસર દેખાવા માંડી. સદ્ભાગ્યે એક બાહોશ વૈદ્યના સહાનુભૂતિભર્યા વર્તન અને સારવાર હેઠળ એ પ્રગતિ કરી રહ્યા છે.

શેર બજારમાં નોકરી કરતા એક યુવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીર્ઘકાળથી આ ઉપાધિના ભોગ બન્યા હતા. એમનો કિસ્સો જાણવા જેવો છે. એમનાં દુઃખની પરંપરા વર્ષોથી ચાલ્યા કરતી હતી; થોડા મહિના સારા જાય તો થોડા કટોકટીભર્યા બને. એમના દાક્તરે એમને સલાહ આપી :

'ભાઈ, તને કોઈ શારીરિક રોગ નથી. તારે તો સારી સોબત અને આરામની આવશ્યકતા છે. મન પ્રફુલ્લિત રાખવા તું મારે ત્યાં રોજ આવ્યા કરજે, તને સારું થઈ જશે. દવામાં પૈસા ખરખાદ કરવાથી કાંઈ નહિ વળે.'

દુઃખથી કંટાળીને એણે સમુદ્રમાં ડૂબીને જીવવાનો અંત આણવાનો પ્રયાસ કર્યો, પણ સીબાળકોના સદ્‌ભાગ્યે એ અકસ્માતમાંથી સહાય મળતાં બચી ગયા.

આ પ્રસંગે સાંત્વન આપવાને બદલે વડીલ જેવી ગણાતી એક વ્યક્તિએ રોષમાં વગર વિચારે કહ્યું: 'પાછો શું કરવા આવ્યો ? પૂરું કરી જ દેવું હતું ને કે અમારા જીવને નિરાંત થાત!'

આવા આઘાતજનક ઉચ્ચારણથી દરદીની માનસિક સ્થિતિ કેવી થઈ હશે, એનો ખ્યાલ કરવો સહેજે મુશ્કેલ નથી. આ દાખલામાં માનસિક આઘાતનું કારણ કૌટુમ્બિક ક્લેશનું હોય, એમ સ્પષ્ટ લાગે છે; કેમકે એમની શારીરિક સ્થિતિ પહેલેથી જ સારી હતી.

શેઠની ઉદારતાથી એમને આર્થિક દૃષ્ટિએ શાંતિ વળી, ધીમેધીમે ઉપચારો સાથે ચિત્ત ચિંતામુક્ત બનતાં હવે એમને પૂર્ણ આરામ થઈ ગયો છે.

આવા દાખલાઓ અત્યારના જમાનામાં ઘણા મળી રહે છે. સટ્ટામાં ખુવાર થનારી વ્યક્તિઓ, અતિશ્રમ કરનારા બુદ્ધિજીવીઓ, અસાધ્ય રોગમાંથી ઉત્પન્ન થતી જ્ઞાનતંતુઓની નબળાઈવાળા દરદીઓ ઉપરાંત કુટુમ્બ ક્લેશના ભોગ બનેલા માનવીઓમાં માનસિક આઘાત વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. બધા દાખલાઓમાં ઉપસ્થિત થયેલી પરિસ્થિતિનું હું જે રીતે પૃથક્કરણ કરી શક્યો છું એ પ્રમાણે માનસિક આઘાતના મૂળમાં કૌટુંબિક ક્લેશ, આર્થિક આપત્તિ અને અસાધ્ય મનાતા રોગોનો ભય મુખ્યત્વે હોય છે.

એક કિસ્સામાં ઊંધો ઉપચાર કારણભૂત હતો. મારા એક મિત્રના દાખલામાં લોહીના ઓછા દબાણે 'લો બ્લડ પ્રેશર'ના ડરમાં 'હાઈ બ્લડ પ્રેશર'ના ઉપચારે થવાથી જ્ઞાનતંતુઓ પર વિપરીત અસર થઈ અને આખું તંત્ર વ્યવસ્થિત બનતાં ખાસ્સાં બે વર્ષ પસાર થયાં.

આ બધાયે દાખલાઓમાં અજમાવાયેલી ઉપચાર પદ્ધતિ અને સફળ તેમ જ નિષ્ફળ ઉપાયો વિષે ટૂંકમાં કહીશ.

બાધા, આખડી, દોરાધાગા કે નજરબંધીના ઉપચારમાં પૈસા બગાડવાનું નિરર્થક છે; પરંતુ એ તમામ વસ્તુઓ, દરદીની 'યેન કેન પ્રકારેણ' જીવને જંપ વળી દુઃખમાંથી મુક્ત થવાની એકમાત્ર વૃત્તિમાંથી ઉત્પન્ન થયેલી હોય છે. કોઈ પણ વ્યક્તિ જે પણ સલાહ આપે તેનો અમલ કરવા તરફ એનું મન વલખાં મારે છે, પરિણામે એનામાં એક પદ્ધતિ કે એક ઉપચારને વળગી રહેવાની આઠ દિવસ સુધી પણ ધીરજ રહેતી નથી. એમાં એનો જરા યે દોષ હોતો નથી, કેમકે એના મનની સ્થિતિ અસ્થિર બનેલી હોય છે.

આ માનસિક દરદ એવા પ્રકારનું છે કે દાક્તર કે વૈદ્યે જાતે અનુભવ મેળવ્યો ન હોય કે આવા પ્રકારના દરદીઓનો જેમને વિશાળ અનુભવ ન હોય તેવા ચિકિત્સકોને દરદીની સાચી માનસિક સ્થિતિનો સ્પષ્ટ કે ઝાંખો ખ્યાલ આવી શકતો નથી. તેથી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા દાખલાઓમાં કોઈકના અનુભવની વાતો બહુ જ મહત્ત્વની બની જાય છે.

'એલોપથી' શાસ્ત્રના અનુભવી દાક્તરો સ્પષ્ટ કહે છે કે 'અમારી પદ્ધતિમાં 'વિટામિનો'નાં ઈજેક્શનો અને જ્ઞાનતંતુઓને કામચલાઉ રાહત આપનારી દવાઓ સિવાય અન્ય ઉપચારો નથી.' અનુભવીઓ એમ પણ કહે છે કે મગજને પોષણ આપનારી ઔષધિઓ વધારે કામ આપે છે, જ્યારે કેફી ઔષધો માત્ર કામચલાઉ નિદ્રા આણી થોડીક રાહત આપે છે. મુંબઈના એક સુપ્રસિદ્ધ મગજના દરદોના નિષ્ણાત દાક્તર જણાવે છે કે 'આવા દરદીઓની સારવાર કરવાનું કાર્ય બહુ જ વિકટ હોય છે, તેઓ શાંતિ માટે અને જે માની લીધેલા રોગનું અસ્તિત્વ જ હોતું નથી એના ઉપચાર માટે નાહકના હેરાન થઈ એક પછી બીજા દાક્તર પાસે દોડે છે અને નિષ્ફળતા મેળવે છે.'

કેટલાક જ્ઞાનતંતુઓના રોગોના નિષ્ણાત દાક્તરો 'ઈલેક્ટ્રિકશોક'ના ઉપચારો અજમાવે છે, પરંતુ આ ઉપચારો બહુ જ ખર્ચાળ હોય છે, એટલું જ નહિ પણ એનાથી બધા જ 'કેસો' સારા થતા નથી.

આયુર્વેદ પદ્ધતિમાં અનેક ઉપચારો બતાવવામાં આવ્યા છે. અનુભવી વૈદ્યો માને છે કે જ્ઞાનતંતુઓનું તંત્ર સમસ્ત શરીરરચનાનો એક વિભાગ હોવાથી સૌથી પ્રથમ રક્તવૃદ્ધિ કરવી જોઈએ. રક્ત દ્વારા શરીરને પોષણ મળતાં મગજને પણ પોષણ મળે છે અને એ સૌના મૂળમાં પાચનશક્તિ હોવાથી શિથિલ બનેલી પાચનશક્તિ (આ કેસોમાં પાચનશક્તિ પર ખરાબ અસર થયેલી હોય છે)ને પ્રથમ સુધારવાની જરૂર રહે છે.

મારો જાત અનુભવ 'બાયોકેમિક' અને 'હોમિયોપથી' શાસ્ત્રોનો છે. આ ઔષધિઓ રક્ત દ્વારા મગજને ઝડપથી પોષણ આપનારી છે, એવો નિષ્ણાતોનો દાવો છે. દવા નકલી ન હોય અને ઉપચાર કરનાર પ્રમાણિક હોય તો આ દવાઓ રામબાણ નીવડે છે.

એક સુપ્રસિદ્ધ 'બાયોકેમિક' નિષ્ણાતના શબ્દોમાં કહું તો આ ઉપાધિના ભોગ બનેલા અનેક માણસોની આ ઔષધિએ બહુ જ ઉપયોગી અને સુંદર સેવા કરી છે. દરદીઓના શરીરના પ્રત્યેક ઉપાંગ સાથે વધારે શિથિલ બનેલા અંગને પૂરતા પોષણની સૌથી પ્રથમ આવશ્યકતા રહે છે.

તમામ નિષ્ણાતો વાતાવરણમાં પરિવર્તન, આરામ, આનંદી વ્યવસાય, હવા ને પાણીફેર, અને માલિશની ઉપચારો માટે એકમતે ભલામણ કરે છે. આ વસ્તુઓ ઔષધિઓનાં પૂરક તત્ત્વો તરીકે કાર્ય બજાવે છે. દરદી માટે નિયમિતતા મુખ્ય વસ્તુ છે. આંતરડાં નિયમિત સાફ રાખવાં, નિયમિત સાધારણ વ્યાયામ લેવો અને પાચનશક્તિ એ રીતે નિયમિત પૌષ્ટિક ખોરાક લેવો જરૂરી છે. મગજને પોષણ મળે એવી વસ્તુઓમાં દૂધ, માખણ, કેળાં, બદામ અને જરૂર પડે તો ઈંડાં મહત્ત્વનું સ્થાન લે છે. શરીર અને શિરે નિયમિત રીતે બદામનું તેલ કે સરસિયું માલિશ કરવાથી જ્ઞાનતંતુઓ મજબૂત બને છે. અને રક્ત દ્વારા મગજને પોષણ આપવામાં સહાયભૂત થાય છે; તેમ જ ગયેલી શક્તિ પાછી આણવામાં સફળતા મળે છે.

'કાલીફોસ,' 'કુલકેરીઆફોસ,' 'ફેરમ ફોસ' અને 'નેટ્રમફોસ' ઉપરાંત હોમિયોપથી પદ્ધતિની સર્વોત્તમ દવા 'ઓરમ' એટલે સુવર્ણ, કોઈ નિષ્ણાત અને સેવાભાવી હોમિઓપથીની દેખરેખ હેઠળ અજમાવવાથી ઓછામાં ઓછા ત્રણ અને વધારે વધારે છ માસમાં સંપૂર્ણ આરામ થાય છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખૂટ શ્રદ્ધા!

લેખક :
શ્રી જયંત તુરખિયા

ભૂતકાળની આ કોઈ પુરાણકથા નથી. ચમત્કારોથી પરિપૂર્ણ એવી કલ્પનાકથા નથી–બસો પાંચસો વરસો પૂર્વેની ભાટ-ચારણો પાસેથી ગૃહેલી–સંભાર ભરેલી આ વાર્તા નથી. આ તો છે સાવ સાચી વાત. માત્ર પાંચ છ દાયકા પૂર્વેની. વૃદ્ધજનોએ નજરે જોયેલી, સ્વાનુભવે મેળવેલી. અનેકને કહેતાં એ ધરાયાં નથી. કર્ણોપકર્ણ મારા જેવા આજે કહેવા બેઠા છે. અચરજ થાય એવી આ વાત છે. બુદ્ધિ પોતાની તીક્ષ્ણ દલીલોથી સજ્જ થઈ લડવા તૈયાર થઈ બેસે એવી આ કથા છે. 'આવું તે કદી થતું હશે? સાવ બંડલ છે બંડલ...!' એમ કહેનાર નીકળે તો યે સાચું જ છે. સાવ સાચું...મહાત્માજી સમા વિશ્વવંદ્ય, પરમ પ્રેમાળ પુરુષને ય ગોળીએ દેનાર નીકળ્યો એ જેટલું સાચું–ન મનાય છતાં સાચું હતું તેમ.

સુરત જેવા મોહનીય શહેરની આ વાત છે. ત્યારે એ કોટકાંગરાથી વિભૂષિત હતું. ચૌટા ને ચોકમાં સદા ધાંધલ અને ધમાલ રહેતાં. સવારસાંજ બજારમાં નીકળો તો માનવમેળો જામ્યો હોય. હૈયે હૈયું દળાતું હોય. દરિયાલાલ કાંઠે હિલોળા લઈ રહ્યો હતો. વેપાર જામ્યો હતો. કંઈક કોટ્યાધીશોની નામના દેશપરદેશથી વેપારીઓને ખેંચી લાવતી. કોઈ જરીનો કસબ કરતું તો કોઈ રેશમનાં પટકૂળ બનાવતું. કોઈ કંઈ તો કોઈ વળી કંઈ. રોજી રળવા સૌ દોડતા. પગમાં જોર હતું, મોં ઉપર ખુમારી. આવા એ શહેરમાં પ્રમોદરાય નામે શેઠ રહે. બાપનો જમાવેલો ધંધો હતો. દેશપરદેશની આડત હતી. વીસ પચીસ તો મહેતા–મુનીમ કામ કરતા. સૌથી મોટા મુનીમ મણિલાલ અનુભવી અને પ્રૌઢ હતા. મોટા શેઠ અવસાન પામ્યા તે અગાઉથી નાના પ્રમોદને તાલીમ આપવા માંડી હતી. મોરનાં ઈંડાંને કંઈ ચીતરવાં પડે ? શેઠપુત્ર વાણિજ્યવિદ્યામાં કુશળ થયો. પારંગત થયો. સારા ઘરની, ઉત્તમ લક્ષણવાળી મધુભાષી એવી કન્યા સાથે એનાં લગ્ન થયાં.

મુનીમને ભલામણ કરી, પુત્રને વ્યવહાર-ભાર સોંપી મોટા શેઠ ગામતરે નીકળી ગયા. અવસ્થા થઈ હતી. જતાંજતાં પ્રમોદને એક જ સૂચના કરી હતી: 'બેટા, નીતિ છોડીશ નહિ, સાધુસત્સંગ ત્યજીશ નહિ, પરસ્ત્રી-ગમન કરીશ નહિ અને જીભની મીઠાશ મૂકીશ નહિ.' સાથે સાથે પોતાના વ્યાપારની મર્યાદા, જે વીસ લાખ સુધીની આંકારી હતી તેની, ચોપડાના પહેલા પાને નોંધ કરાવી. પોતે જીવતા જીવત એ મર્યાદા પાળી હતી. પોતાનો પુત્ર પાળે એવી એમની ખાએશ હતી. પ્રમોદરાય સમજણો હતો, ધર્મરુચિવાળો હતો, વડીલની આમન્યા પાળતો અને રૂડી રીતે પોતાનો ગૃહવ્યવહાર ચલાવતો. આડતની સાથેસાથે હુંડિયામણનું ય કામ કરતા. દેશપરદેશ વહાણમાં ચડતા માલનો વીમો ય લેતા. જોખમનું કામ છતાં પરમાત્માની દ્રઢ શ્રદ્ધાએ પોતાનો જીવનવ્યવહાર ચલાવતા. નામના તો હતી તેથી ય વધારે વધી હતી. પ્રમોદરાયની ઊગતી જુવાની છતાં ગંભીરતા સૌને આદર કરવા પ્રેરતી. મોઢામાંથી પડતાં વેણ પ્રેમ અને વિશ્વાસ પેદા કરતાં. સુભદ્રા સાથેનું જીવન અતિ વહાલભર્યું છતાં મર્યાદામય હતું. સર્વ વાતે સુખ હતું છતાં શેર માટીની ખોટ હતી. સુભદ્રાનું માતૃહૃદય ક્યારેક ભરાઈ આવતું પણ પૂર્વકર્મનો દોષ સમજી સમતા રાખતી. ગામનાં ભૂખ્યાંદુઃખ્યાંની ખબર કઢાવતી. એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના જ સંતાન સમા માનતી અને પ્રભુ-નામસ્મરણમાં આ યુગલ આનંદપ્રમોદમાં દિવસો ગુજારતું.

પણ સોના દિવસ કંઈ સરખા થોડા જાય છે? કર્મનો ઉદય આવ્યે તડકાછાંયા પલટાતા વાર નથી લાગતી. છતાં આજે માનવીની તૃષ્ણા, લાલચો, મોહ, અને અ-પ્રામાણિક ક્ષુલ્લક વૃત્તિ ખોટું કરતાં અચકાતી નથી. આપણા થોડાક સ્વાર્થ ખાતર અન્યનું નુકસાન આપણે જોતા નથી. એક દિવસ પ્રમોદરાયને શહેર છોડી કામધંધા પ્રસંગે બહાર નીકળવું પડ્યું. મોટા મુનીમને પૂરતી સૂચના આપી દીધી. વળી એ તો જૂના અનુભવી હતા. બેચાર દિવસનું જ કામ હતું. પ્રમોદરાય તો ઊપડી ગયા.

બીજા દિવસે સાંજનો વખત હતો. ચોપડાઓ ચપોચપ બંધાતા હતા. અધૂરા હતા તે પૂરા કરવા મહેતાઓ ઉતાવળ કરતા હતા. સંધ્યાટાણે કામકાજ આટોપવાનો નિયમ બરાબર પળાતો હતો. બેચાર-છ વેપારીઓ ખાતાની સમજણ કરી લેવડદેવડ કરતા હતા. આવતી કાલે શું શું કરવાનું છે તેની સૂચના મણિલાલ સર્વને આપતા હતા.

ત્યાં પેઢી ઉપર અજાણ્યા જેવા લાગતા બે વ્યાપારીભાઈઓ આવ્યા. કહે: 'શેઠ પ્રમોદરાયની પેઢી આ કે?' મણિલાલે નમસ્કાર કર્યા. ગાદી તરફ આગળ થઈ કહે: 'હાજી, આવો પધારો. શેઠ બહારગામ ગયા છે; હું એમનો વડો મુનીમ છું. ફરમાવો શું કામ છે?' અને એમણે બૂમ મારી: 'અરે એ સદુ, પાણીના બે લોટા લાવજે.'

પેલા બેમાંથી એકે વાત કરી: 'જાણે જુઓ મણિભાઈ, અમે છીએ ...બંદરના. અહીંથી કરિયાણું, ગાંધિયાણું, જરી, કાપડ વગેરે અનેક પ્રકારનો સરસામાન ભરી ચાર વહાણ રવાના કર્યાં છે અને તેનો વીમો આપવો છે. તમારી શાખ મોટી છે. મોડું તો થવા આવ્યું છે પણ ભાઈસાબ, અડધા દોડતા આવ્યા છીએ. હવે અમને બીજે જવા ન કહેશો. અમારે તો તમારી પાસે જ નામ લખાવવું છે.' પાણી આવ્યું. સૌએ પીધું. ત્યાં બીજો જણ કહે: 'મોટા શેઠના વખતની તો શી વાત કરવી? પણ આ તો બાપ કરતાં યે સવાયા નીકળ્યા.' મણિલાલે એક મહેતાજીને હાક મારી બોલાવ્યો: 'એલા એય સુખા, પાવતીની ચોપડી ને દસ્તાવેજનો ચોપડો લાવ.' પછી વેપારીઓ સામે જોઈને પૂછ્યું: 'તમારે ચીજવસ્તુની નોંધ કરાવવી પડશે.' વેપારીઓ કહે: 'કંઈ વાંધો નહિ.' ટપોટપ લખાતું ગયું. વહાણનું નામ ને ગામનું નામ. ટંડેલનું નામ ને ધણીનું નામ. પછી કિંમતની આંકણી કરી દીધું: 'ત્રીસ લાખનો માલ થાય છે. આ દર પ્રમાણે અમુક આટલા રૂપિયા આપો અને લ્યો આ પાવતી. મોડું થતું આવે છે. અમારે તો સંધ્યાટાણે બંધ કરવાનો નિયમ છે. બરાબર ટાંકણે તમે આવ્યા અને કામ પતી ગયું. લ્યો, ચાલો હવે જમવા.' ધડોધડ દરવાજા દેવાયા, ચોપડા બંધાયા અને પેઢીને નમસ્કાર કરી મહેમાનને લઈ, જમાડી, રવાના કર્યા.

ત્રીજે ચોથે દિવસે શેઠપુત્ર આવી ગયા. સ્નાન-ભોજન પતાવી પેઢીએ આવ્યા. વચલા દિવસોનો અહેવાલ તપાસવા બેઠા. જોતા જાય છે, પૂછતા જાય છે, ખુલાસા થતા જાય છે, એમાં ...બંદરના વેપારીની નોંધ-રકમ આવી તે જમા વગેરે જોઈ, વીમો રૂપિયા ત્રીસ લાખનો જ્યાં વાંચ્યો ત્યાં જ જાણે મૂર્છા આવી ગઈ. મનનાં ભૂત ધમસાણ કરવા લાગ્યાં: 'અરેરે, આ બુઠ્ઠે શું થઈ પડી? આ જૂનો મુનીમ ક્યાં મતિ ખાઈ ગયો? આવતી આફતના આ એંધાણ તો નહિ હોય? અરે વહીવટના મોટા ચોપડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલે પાને ખાસ લખ્યું છે કે 'રૂપિયા વીસ લાખથી વધુ જોખમ ખેડવું નહિ. મર્યાદા ઓળંગવી નહિ. લાભેલોભે વશ થવું નહિ. બરાબર ચીવટ અને ખ્યાલ રાખવો.' અને છતાં આમ કેમ બન્યું હશે?' એમણે તો ઢીલા સાદે બૂમ મારી: 'મણિલાલ કાકા, જરા આમ આવજો તો...' આંગળી ચીંધી કહે: 'કાકા, આ શો ગજબ કર્યો? ન કરે નારાયણ ને કંઈ થયું તો આ ત્રીસ લાખ ભરશું ક્યાંથી?'

મણિલાલ ગુંચવાયો. શું થાય છે તેની ઘડીભર સમજ ન પડી.

શેઠપુત્ર કહે: 'કાકાજી, આપણી દોલત રોકડ, દરદાગીનો, ઘરખોરડાં અને આ પેઢીનો વહીવટ—બધાની મર્યાદા રૂપિયા વીસ લાખની, એથી એક પાઈ વિશેષની નહિ. આ દસ લાખના વધારાનું જોખમ......' ગળું ભરાઈ આવ્યું. કોઈ કુશંકા મનનો કબજો લઈ બેઠી. જાણે સાચેસાચ અત્યારે આફત માથે ચડી આવી ન હોય!

મણિલાલનો શ્વાસ હેઠો બેઠો: 'અરે અરે, આ તો શંકાનાં ભૂત...એમ શું થવાનું હતું...? આ ક્યાં તોફાની ઋતુ હતી કે વહાણને અડચણ આવે? અમથાંઅમથાં તો નહિ ડૂબતાં હોય?' પ્રમોદરાય પાસે જઈ ખભે હાથ મૂકી કહે: 'નાના શેઠ, ચિંતા શી વાતની છે? વાવડો ય સરળ છે, ઋતુ ય મઝાની છે અને વહાણ તો પહોંચવા આવ્યાં હશે; તમે નાહક અકળાઓ છો......હા, સાંજનો વખત અને ઉતાવળમાં માળુ આપણું ઓસાણ ન રહ્યું. વળી મોટી રકમની આવક...અને જીવ લલચાઈ ગયો...પણ થયું તે ન થયું થોડું થશે? અને તમ તમારે ચિંતામુક્ત બની સવામણની તળાઈ ઉપર સૂઈ રહો, કંઈ થવાનું નથી.'

પણ પ્રમોદનું મન સ્વસ્થ ન થયું. રાત્રે

૭

ઘેર આવ્યો ત્યારે મુખમુદ્રા પડેલી જોઈ સુભદ્રા કહે: 'આ શું? આજે આમ કેમ? તબિયત તો સારી છે ને?' કહીને કપાળે હાથ ફેરવ્યો. માથું તો ધગધગતું હતું. મનમાં વિચારો ખદ-બદતા હતા. સુભદ્રાનું મન ઊંચું થઈ ગયું. એણે શેઠપુત્રને શયનખંડમાં દોર્યો. ખસનો પંખો વીંઝ્યો, ચંદનનો શીતળ લેપ કર્યો. મીઠા શીતળ શબ્દોથી રીઝવ્યો અને વાત પૂછી. પ્રમોદરાય મનની મૂંઝવણ ન દબાવી શક્યા. છેવટે કહે: 'સુભી, આ તો તને ય ભિખારી કરવાનો વખત આવ્યો.'

'એમ કેમ?' સુભદ્રાએ પૂછ્યું.

'આપણી મર્યાદામાં તારા નામના અલગ રાખેલા પાંચેક લાખ રૂપિયા પણ આવી જાય છે.'

'તમે કંઈ ગાંડા તો નથી થયા? તમારી વાતને નથી ધડ કે નથી માથું. અગાઉથી અશુભ શાને ચિંતવો છો? સદ્‌ગુરુદેવની શ્રદ્ધા રાખો ને! મારું મન કહે છે કે કંઈ જ નથી થવાનું.'

'અરે, તું સ્ત્રીજાત; વહીવટ, નોક અને આબરૂમાં શું જાણે?'

'હશે દેવ, તેનું અત્યારે શું? આજે તો કંઈ નથી ને?' સુભદ્રાએ કહ્યું.

'ના રે ના.' સહેજ નિશ્વાસ નાખી પ્રમોદ બોલ્યો: 'એકવાર જ્યાંસુધી વહાણ કિનારે સહીસલામત લાંગર્યાના ખબર નહિ સાંભળું ત્યાંસુધી મને ચેન નહિ પડે. સુભી, કોને ખબર, મને ઊંડેઊંડે કંઈ અશુભના વમળ ઊઠે છે!'

'વીતરાગનું સ્મરણ કરો નાથ.' સુભ-દ્રાએ માળા લાવી આપતાં કહ્યું: 'જેવા ભાવીભાવ, આપણે શું કરીશું? કર્મના ઉદયે પ્રભુને શું શું નથી સહન કરવું પડ્યું? માટે આપ સ્વસ્થ થાઓ અને પ્રભુસ્મરણ કરતાં કરતાં સૂઓ.' કહીને એણે પ્રમોદને સુવડાવ્યો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજાઈ ઓઢાડી અને ચરણસેવા કરતી બેઠી. યથાસમય નિદ્રાધીન થઈ.

સમય જામતો ગયો પણ કેમ જાણે કસોટી જ આવવાની હશે. મંદમંદ વહેતો પવન જરા વધુ જોરથી વહેવા લાગ્યો. હવાનું જોર વધતું ચાલ્યું. પાછલી રાત્રે તો વાતાવરણ કડાકા લેતું હતું. પવનના સુસવાટા ઝેરી નાગની સહસ્ર ફેણમાંથી ફેંકાતા પ્રલયની યાદ આપતા હતા. વિશાળ વૃક્ષો કડડભૂસ કરતા પટકાતા હતા. આંધી જામતી હતી. પ્રલયનો વાયુ જાણે વાતો હતો. થોડા કલાક પહેલાં શાંતરમ્ય લાગતું વાતાવરણ તાંડવની યાદ આપી રહ્યું. થાંભલાઓ વળી ગયા હતા. છાપરાંઓ ઊડી ગયાં હતાં. પક્ષીઓનો સોથ વળ્યો હતો. જાણે કે કોઈ રાક્ષસ નગરને ભરખી યથેચ્છા મુજબ રમણભ્રમણ કરી ગયો હોય એવી દશા હતી. શેઠપુત્ર જાગી ગયો હતો; એની વેદના તીવ્ર થતી હતી. આખરે એ અમંગળ ઘડી આવતી હતી. આ તોફાન, આ પ્રલય, આ પ્રચંડ ઝંઝાવાતમાંથી સળેખડા જેવાં પેલાં વહાણો શી રીતે બચી શકે? અરે ક્યારના ભુક્કા બોલી ગયા હશે...દરિયાલાલ ગાંડોતૂર બની આભ–આભ જેટલા ઊંચાં મોજાં ઉછાળતો હશે. અરે, બંદરે બંદરે ભયસૂચક વાવટાઓ ફરકતા હશે. બત્તીઓ ઝબૂકતી હશે. ખલાસ...! ખેલ ખલાસ...!!!

સૂર્યોદય થતો હતો અને વાતાવરણ હળવું થતું હતું. થોડા કલાકમાં જાણે કશું જ ન હતું એમ ડાહ્યો થયેલો પવન વીંજણો ઢોળતો હતો. ઊડી ગયેલાં ઝૂંપડાં, પડી ગયેલાં વૃક્ષો, તૂટી પડેલા થાંભલાઓ અને છવાયેલા રસ્તાઓ જ માત્ર એ ભીષણ વંટોળનાં મૂક સાક્ષી સમાં પડ્યાં રહ્યાં. પ્રમોદરાય ઉતાવળા પ્રાતઃકાર્ય આટોપી પેઢીએ જવા ઊપડ્યા. સુભદ્રાએ એની માનસિક નોંધ લીધી. એની ચકોર દૃષ્ટિએ વ્યગ્રતા પારખી પણ એ મૌન રહી.

પેઢી ઉપર સૌ તોફાનની વાત કરતા હતા. શહેરની નુકસાનીનો અફસોસ ગુજારતા હતા. કોઈ અનુભવગમ્ય સત્ય કહેતા હતા: 'આવું તોફાન જિંદગીમાં ય જોયું નથી.' પ્રમોદરાયનું મન વિહ્વળ હતું. ઉત્સુક નેત્રે રસ્તા ઉપર નજર કરતા હતા. હમણાં તાર આવશે, હમણાં ખેપિયો આવશે. હમણાં વહાણના સમાચાર મળશે. જમવા જવાનું યાદ આવતું નથી. ચોપડામાં નજર કરવાનું સૂઝતું નથી. કોઈ સાથે બોલવાનું-વાત કરવાનું ય ગમતું નથી. બપોર નમતા હતા-ત્યાં તો તારવાળો દેખાયો. તાર આવ્યો હતો. શેઠને એ યમદૂત સમો લાગ્યો. અસંખ્ય તર્કવિતર્ક સાથે એમણે ચકળવકળ થતી દૃષ્ટિએ વાંચવા માંડ્યું. અક્ષરો જાણે ગોળ-ગોળ ફૂદરડી ફરતા હતા, આઘાપાછા ખસતા હતા કે એમની આંખે લાલપીળા નાચતા હતા? ગાદી ઉપર પ્રમોદરાય ઢગલો થઈ પડ્યા. મોટા મુનીમે વાંચ્યું:

'વહાણનો પત્તો નથી. રૂપિયા ત્રીસ લાખ તૈયાર રાખો. સવારે આવીએ છીએ.'

એમને ચહેરે મશ ઢળી ગઈ. શેઠપુત્ર જાણે પચીસ વર્ષ ખોઈ બેઠો. ઝંઝાવાત સને વંટોળ જાણે એની ખૂબસુરત જુવાની પોતાની પ્રચંડ પવનફૂંકમાં ક્યાંય ઉપાડી ગયો. એના મસ્તકમાં શૂળ ભોંકાતાં હતાં. ઘણ ઠોકાતા હતા. પ્રશ્નોની પરંપરા ભૂતાવળ પેરે નાચતી હતી. હવે શું? હવે શું? એક પણ શબ્દ બોલ્યા વગર પ્રમોદરાય ઊઠ્યા. આંખ ઊંચી સરખી ન કરી. સડસડાટ ઘેર આવ્યા અને એમ ને એમ જ સીધા શયનખંડમાં જઈ પલંગ ઉપર ઢગલો થઈ પડ્યા. એમના અંતરમાં ઉકળાટ હતો અને આંખમાં આંસુ, હૈયામાં મર્મવેદના હતી પણ હોઠ ઉપર શબ્દો આવતા ન હતા. એમના જીવનને સળગાવી અબૂઝ આતશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી હતી. કોઈ રસ્તો, કોઈ રસ્તો... ? બહાવરી બનેલી એમની આંખો, કાળની થપ્પડથી ઘવાયેલું વદન, જગસમસ્તનાં દુઃખનો બોજ માથે આવી પડ્યો હોય એવી ચાલ સુભદ્રાથી અજાણ્યાં ન રહ્યાં. શેઠપુત્રની શંકા સાચી ઠરી હતી. સુભદ્રા ક્ષણવાર થરથરી ઊઠી. આખર તો એ નારી હતી ને...! છતાં એક પળમાં એણે નિર્બળતા સંતાડી દીધી. દુર્બળ બનેલા પતિ સામે આંખમાંથી અશ્રુબિંદુ પાડી રડવાથી શું આવી પડેલું દુઃખ નાબૂદ થશે? જીવ વિચારે ચડતો હતો: 'ખબરદાર! ખરી કસોટીના કામ વખતે જ શું શ્રદ્ધા ઓસરી જશે? અરે, સતી સુલસાને માથે ક્યાં આળ નહોતું ચઢ્યું અને દમયંતી–સીતા અરે મહારાજા હરિશ્ચંદ્ર......... શું એમ હારી જવાશે?' મનોબળ મક્કમ કરી, વીતરાગદેવનું સ્મરણ કરી એણે શયનખંડમાં પગલાં માંડ્યાં. કો અદીઠ બળ–પરમ શ્રદ્ધા એને હિંમત પ્રેરી રહી. પ્રમોદરાય પાસે આવી, પડખે બેસી એણે પોતાનો મૃદુ હસ્ત શેઠપુત્રના શરીરે ફેરવ્યો અને અવરોધ દૂર થતાં રુંધાયેલો જળપ્રવાહ જેમ એક સામટો પ્રચંડ વેગથી વહે તેમ, પ્રમોદનાં નયનોમાંથી અશ્રુબિંદુ ટપકવા લાગ્યાં: 'સુભી, મણિકાકાની એક નાનકડી ભૂલે મારું જીવન બરબાદ કર્યું.'

'ભૂલો છો પ્રાણ, મણિકાકા તો બિચારા નિમિત્ત બની બેઠા છે. એના મનોભાવ શું સાચેસાચ આપણી બરબાદીમાં રાચતા હતા? કદી નહિ નાથ, એને દોષ દઈ વધુ દોષિત ન થાઓ. આ તો કોઈ પૂર્વકર્મનો ઉદય જ હશે...'

સુભદ્રાએ મિષ્ટ સ્વરે સાન્તવના આપી અને હળવેહળવે વાત જાણી લીધી. નિઃશ્વાસ નાખી પ્રમોદે કહ્યું: 'આબરૂ શેં સચવાશે, સુભદ્રા? હવે તો ઝેર ઘોળવું પડશે! એ સિવાય બીજો આરો નથી.' સુભદ્રા ચૂપ રહી. રૂપિયા ત્રીસ લાખ! સુભદ્રા, એકસામટા ક્યાંથી કાઢવા? અરે, છે તેટલા સર્વસ્વનું લિલામ કરું તો યે ભેગું થાય તેમ નથી. મોત... મોત...મોત સિવાય બીજો રસ્તો નથી.' એની આંખોમાં ઘેલછા પ્રવેશતી હતી.

'જરા શાન્તિ રાખો, જરા હળવા મને વિચાર તો કરો. અત્યારે ને અત્યારે ક્યાં તમારે ગણી આપવા છે કે આમ કરો છો?' સુભદ્રા પટાવતી હતી.

'અત્યારે નહિ ને કાલે...કયો ફેર પડવાનો છે?' પ્રમોદે કહ્યું.

'પ્રભુ પળમાં ચાહે સો કરે' ભદ્રા બોલી. 'લોકોક્તિ કહેવાતી આવે છે. શ્રદ્ધા જેવી કોઈ ચીજ છે કે નહિ? ઘડી પછી શું થવાનું છે એની આપણને થોડી ખબર છે, દેવ? પણ એથી જીવનનો આનંદ થોડો ખોઈ બેસાય?'

'હવે રાખ–રાખ, આવા સમયે આનંદ કયા સુખે માણી શકાય? તને–સ્ત્રીને સુખભોગ વગર બીજું સૂઝતું નથી?'

'મને જે સૂઝે છે તે તમે કરવા દેશો?' સુભદ્રાએ પૂછ્યું.

'તને મઝાક સૂઝે છે અત્યારે–અફીણ ઘોળવા ટાણે?' પ્રમોદ અકળાતો હતો. પરન્તુ સુભદ્રાએ સ્મિત સહ એના સામી નજર કરી કહ્યું:

'હું જ તૈયાર કરી લાવું, પછી છે કંઈ? પણ પીવાનું આપણે સાથે. તમારી પ્યાલી પ્રથમ મને આપજો. હું ચૂડીચાંલ્લા સહ જવા માગું છું.'

'ગાંડી થા મા, તારી અનામતને કોઈ હાથ નહિ લગાડે. એ તો અલગ ગણાય, તારી પોતાની માલિકીની. તું શા દુઃખે ઝેર પીએ?'

'એ તમને નહિ સમજાય, કારણ તમે પુરુષ છો.' સુભદ્રા દુઃખભર્યા અવાજે બોલી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ જાણવા નારીહૃદય જોઈએ, પણ કંઈ નહિ નાથ, તમારા વગરનું જીવન હું કયા સુખે જીવીશ? તેલ વગરનો દીપ સળગતો રહ્યો જાણ્યો છે તમે?'

પ્રમોદ મૂઢ બની બેઠો. સુભદ્રા બે પ્યાલી તૈયાર કરી લાવી અને ટિપાઈ પાસે મૂકી ત્યારે સંધ્યા નમતી હતી. નજીક આવી સુભદ્રા કહે: 'જુઓ, એક વાતનો જવાબ આપશો?'

પ્રમોદ કહે: 'જરૂર, હવે છુપાવવા જેવું શું છે?'

'એ લોકો પૈસા લેવા ક્યારે આવશે?' બીજો પ્રશ્ન આવ્યો.

'સવારે આવે, કદાચ આઠનવ વાગે, વહેલા ય આવે–પણ એ વાતને શું લાગે-વળગે?' પ્રમોદે જવાબ વાળ્યો.

સુભદ્રા વધુ નજીક સરી. પ્રમોદની દૃષ્ટિમાં નયનો પરોવી અતિ માર્દવભર્યા સ્વરે બોલી: 'મેં તમારી પાસે જીવનમાં કશું નથી માગ્યું. આજે છેલ્લી ઘડીએ એક યાચના કરું છું. મારી અભિલાષા પૂર્ણ કરશો?'

પ્રમોદની આંખો છલકાઈ આવી. આ નારીએ એને જે રીતે જાળવ્યો હતો, તેની યાદે એનું મન ભરાઈ આવ્યું. 'શું કામ સંકોચ રાખે છે સુભી? કહે, શું જોઈએ?'

'પહેલાં કોલ આપો' સુભદ્રાએ કહ્યું, 'કેવળીની સાક્ષીએ.' પ્રમોદે પ્રગાઢ સ્નેહથી સુભદ્રાનાં કોમળ હસ્તમાં પોતાનો હસ્ત પરોવી કહ્યું: 'વીતરાગની સાખે, ભદ્રા, તારી હરેક વાંચ્છના પૂરી કરીશ. કહે, શું છે પ્રાણુ?'

'બહુ મુશ્કેલ નથી. જુઓ, પહેલું તો એ કે આજ આપણા જીવનની છેલ્લી પળો હોઈ સમગ્ર શોક, દુઃખ અને પરિતાપને ભૂલી જઈ આપણા લગ્નોત્સવથી ય વધુ દમામપૂર્વક સમય ગાળવો. આ પ્યાલીઓ પીવાની ખરી, બંનેએ સાથેસાથે પીવાની......પણ આ જ ઘડીએ નહિ, આપણો રસોત્સવ પૂર્ણ થશે સૂર્યોદય બાદ. આખી રાત્રી મારે મન આનંદ-રસની સરિતા સમી વહેશે.' પ્રમોદ મૂંઝાયો. આ નારી એને શું કહેતી હતી? 'પણ શા માટે? કંઈ કારણ?' એનો અવાજ ગૂંગળાયો.

'મૃત્યુની પળો તો સવારે આવવાની છે ને નાથ? આટલા વહેલા શા માટે એને સામે ચાલી નોતરું આપીએ? એટલા વચ-ગાળાના સમયનો આપણે સદુપયોગ કાં ન કરીએ? ઉત્સવ કાં ન માણીએ? આનંદને હેલે કાં ન ચઢીએ?'

'તારું ચસ્કી ગયું છે સુભી, નહિતર આવી ગાંડી વાત ન કરે.'

'હા, હું આજે ગાંડી થઈ છુ જરૂર. મારા પ્રાણપ્રિય વલ્લભના જીવનને જરા રસમસ્તીમાં રંગવા, હસતા મુખે જીવનને પેલે પાર જવા...આમ સોગિયા જેમ નહિ.' અને સુભદ્રાએ પ્યાલીઓને એક ખૂણે ગોઠવી. 'જુઓ, આજે આખી રાત્રી આપણે શું કરીશું કહું?' પ્રમોદે પ્રશ્નાર્થ નયનો સામાં માંડ્યાં.

'દરરોજ તમે કંઈ રાસ, ગાથા, કથા વગરે વાંચો છો, હું સાંભળું છું. આજે ઊલટો ક્રમ...તમે સાંભળો, હું વાંચીશ. પણ રહો, પ્રથમ ગૃહશણગાર સજી લેવા દો.'

અને ઉલ્લાસથી સ્મિત-હાસ્ય વેરતી એ ગૃહશણગારનાં સૂચનો આપવા ઊતરી ગઈ જાણે વીજળી ચમકારો કરી આભમાં સમાઈ ગઈ.

રોશની ઝબકી રહી. ખસની સુગંધી ટટ્ટીએ સુવાસ પ્રસારી રહી. મંદમંદ સમીર વાતા-વરણને ખુશનુમા બનાવી રહ્યો. શયનાગારનાં પુષ્પો મઘમઘી રહ્યાં. ધૂપસળીની ઝીણી સેર અને ધૂપદાનીમાંનો સુમધુર ધૂપ સુવાસ જગતથી અલિપ્ત વાતાવરણ સરજી રહ્યો સુભદ્રાએ શયનખંડમાં પગ મૂક્યા ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમોદ સ્તબ્ધ થઈ ગયો. આ સુભદ્રા ! એણે ઉત્તમોત્તમ વસ્ત્ર પરિધાન કર્યાં હતાં. નયનો-માં અંજન આંજ્યું હતું. હીરામોતીથી દેહ ઝળહળી ઊઠ્યો હતો. તાજા સ્નાન–વિલેપનથી શરીરમાંથી ખુશબો આવતી હતી. ભાલે ચોડેલા બિંદી ઉપરનું તારોડિયું તેજવલય ફેલાવતું કો અપાર્થિવ તેજવર્તુળ ફેલાવતું હતું. દેવાંગના જાણે ભૂલી પડી હતી. એના એક હસ્તમાં ધૂપદાની હતી. બીજા હસ્તમાં જ્યોતિ વેરતો દીપક હતો. એણે આસન જમાવ્યું. પતિને નમસ્કાર કર્યા અને કોમળ કંઠે દેવ–ગુરુ–ધર્મનું મંગળસ્મરણરૂપ સ્તવન શરૂ કર્યું. પ્રમોદના અસ્વસ્થ ચિત્ત ઉપર જાણે અમૃત-વર્ષા થઈ રહી. ઘવાયેલા દિલ ઉપર જાણે વીંજણો ઢળ્યો. મિષ્ટ ભોજન, સુવાસિત મુખવાસ, શાંત વાતાવરણ અને મંજુલ સુરાવલિ એના તૃપ્ત માનસને શીતળતા અર્પી રહ્યાં. દિવસભરની વેદના, ગતરાત્રિની વિકળતા અને અથાગ માનસપરિશ્રમથી લોથ બનેલો પ્રમોદ પળવાર આસાયેશ અનુભવી રહ્યો. તંદ્રામાં સરી પડેલાં નયનો માતાને હૈયે પોઢેલા બાળ સમાં નિરાંતની, અતૂટ શાંતની, આનંદસમાધિની નિદ્રામાં મિચાઈ ગયાં. સુભદ્રા એકચિત્તે, એકાગ્ર મને ધર્મશ્રવણ, વાચન કરતી રહી.

એક પહોર વાત્યો. બીજો ય વીત્યો. સુભદ્રાએ સહજ દૃષ્ટિ ફેરવી. એનાં નયનો-માંથી આનંદ વર્ષી રહ્યો. પળવાર એ વિચાર કરી રહી: 'ઓહો, આ જીવ થોડીવાર પહેલાં કેવો ટળવળતો હતો ? એને આનંદ ન હતો, નિરાંત ન હતી, જીવતર ઝેર સમું હતું. અત્યારે કેવી સંતોષની, આરામની, સુખની નિદ્રા કરી રહ્યો છે ? પણ એ ય ક્યાં-સુધી ?' જાણે મનને ઠેસ આવી. સુભદ્રા સ્થિર બની ગઈ. મનોમન વિચારતી રહી:

'અરે જીતવા, મેં કદી કોઈની નિંદા કરી નથી, કટુવચન કહી કોઈનો તિરસ્કાર કર્યો નથી. કોઈ પરપુરુષ સામે વિકારી દૃષ્ટિ માંડી નથી. કોઈનું અશુભ ચિંતવ્યું નથી, કર્યું નથી. કોઈ પ્રત્યે દ્વેષભાવ રાખી એના બૂરામાં આનંદ માન્યો નથી. તો પછી આ વિપદામાંથી શું માર્ગ નહિ મળે ? ઓ ભગ-વન્ત, તમે તો પરમ શુભ, કેવળ જ્ઞાનમય, નિર્વાણના દાતા છો, લોકનાથ છો, પુરુષો-ત્તમ છો, અભયના આપનારા છો, શરણે આવનારના તારણહાર છો. ઓ નાથ, ઓ દેવ, ઓ લોક સમસ્તને ઉજ્જવળ પ્રકાશ ધર-નારા મહાજ્યોતિસ્વરૂપ, તું જ મહા મંગળરૂપ છે. ચંદ્રસૂર્યથી ય તેજસ્વી છે. સાગરથી ય ગંભીર છે. ઓ નાથ, તારે શરણ છું. મને આ પરિતાપથી મુક્ત કર, દીનબંધુ ! મુક્ત કર.' હૃદયના તારેતારમાં, રોમેરોમમાં, એક એક સ્પંદનમાં એક માત્ર પરમાત્માના નામ-સ્મરણના–પ્રાર્થનાના સૂર રેલાતા હતા. જ્યોતિ વધુ તેજસ્વી ભાસતી હતી કે નય-નોનો ભ્રમ હતો કે પ્રભાતનો ઉજાસ વધુ નજીક આવતો હતો ?

સુભદ્રાએ નયનો ઉઠાવી બહાર નજર ફેંકી. કેવું શાંત મનોરમ સુહાગી વાતાવરણ જામ્યું હતું ! હજી થોડી વાર હતી. પ્રભાત-ને હજી વિલંબ હતો, એની દૃષ્ટિ પતિ તરફ વળી. કો મધુર સ્વપ્નમાં એ હસી રહ્યા હતા. સુભદ્રા નજીક આવી. સ્મિત વેરતું એ મધુર મુખ એને અતિ આકર્ષક ભાસ્યું. આખરી સ્મૃતિરૂપે એને નજદીકથી નીરખવા એ નીચી વ...ળી...અને એ જ પળે ડેલીની સાંકળ રણકારા કરી ઊઠી. સુભદ્રા ચમકી ગઈ. આ અવાજ શો ? કોણ આવ્યું હશે અત્યારે ? આજે તો સર્વ નોકરચાકરને ય છૂટી આપી દીધી છે ! એમને જગાડું ? પણ પેલા લોકો વહેલા આવ્યા હશે તો ? અવાજ હતો કે ભ્રમ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ભ્રમ ભાંગવા જ જાણે સાબિતી આપતી હોય એમ જોરથી ફરીવાર સાંકળ બજી ગઈ. જાણે કોઈ વ્યાકુળ હાથ સાદ કરી રહ્યો હતો. 'આવો, જલદી આવો.' સુભદ્રા સ્વસ્થ થઈ. દીપકની વાટ સંકોરી વધુ તેજસ્વી કરી. ભાવપૂર્ણ નયનો સ્થિર કરી પળવાર મીટ માંડી રહી. જાણે જ્યોતિનાં કિરણ પી રહી. ભક્તિપૂર્ણ હૈયે એણે અભિવાદન કર્યું. ગાઢ નિદ્રામાં પડેલા પતિ તરફ સ્નેહાળ દૃષ્ટિ ફેંકી, જાણે કહી રહી હતી. 'ભલે સૂતા. સંતપ્ત હૈયું ભલે શાંત નિદ્રા લેતું. પળવાર દુઃખ વિસરાય તે જ સારું છે.' નીચે ઊતરતાંઊતરતાં ડેલી બહાર થતો અસ્વસ્થ અવાજ એણે ફરી સાંભળ્યો. હિંમત રાખી એણે દ્વાર ખોલ્યાં અને એ ચમકી ઊઠી. બુકાની બાંધેલો કો પ્રચંડ પુરુષ એકાએક ધસી આવ્યો. ચીસ એના ગળામાં રૂંધાઈ ગઈ, પણ એનાં નયનો વિકસિત થયાં, આશ્ચર્યથી–અજાયબીથી. આવનાર એના પગમાં પડતો હતો. કહી રહ્યો હતો: 'બેન, માવડી, અટાણે આવડી રાતે ત્રાસ આપ્યો છે તે માફ કરજે. પણ શું કરું? બીજો ઈલાજ નહોતો.' સુભદ્રાને થયું નક્કી કોઈ દુખિયારો લાગે છે. એણે આસ્તેથી પૂછ્યું: 'પણ શું છે? તમે કોણ છો?'

એણે બુકાની છોડી: 'હું છું ભવાનીપુરનો ફટાયો. અહીંથી થોડા જ ગાઉ દૂર અમારી જાગીર છે. બાપુ સાહેબ કાલે દેવ થઈ ગયા એટલે અંગ્રેજ સરકારનો સૂબો હવે ત્યાંથી કંઈ કહેતાં કંઈ, એક ખીલી ય કોઈને લેવા ન દે. સાંભળ્યું છે કે જપ્તી બેસવાની છે. હું હતો જરા લાડકો એટલે તબિયત બગડતાં અગાઉ જ બાપુસાહેબે મને જરઝવેરાત અને રોકડ મારા ભાગની આપી દીધી. એમ તો બાપુ જાય તેમ નો'તું પણ આ તોફાનમાં ઝપટાઈ ગયા. હું તો રાત માથે લઈ ભાગ્યો છું. તમારી કીર્તિ–શાખ દુનિયાથી અજાણી નથી. મારી અનામત તમારે ત્યાં રાખો. નહિતર હું ગરીબ રખડી પડીશ. મોટાને તો દરિયાપાર ભણવા લઈ જાશે, હાકેમ બનાવશે. પણ મારા સામું કોણ જોશે?' સુભદ્રા સ્થિર બની ગઈ. આ સાચું હતું કે બનાવટ? એનાં ગાત્રો શિથિલ થતાં લાગ્યાં. વાચા મૌન બની રહી. રજપૂત જુવાન કરગરતો હતો:

'ના કહેશો મા બેનડી, શેઠની આબરૂ, મોટપ અજાણી નથી. મારે વ્યાજ નથી લેવું. મારું છે એટલું સાચવજો. તમારે ઘેર એ સલામત રહેશે. મને એનો વિશ્વાસ છે. બેન, મારા ઘરમાં પારેવા જેવાં બાળકો છે, એની ચણ છે, આ તો...મારો ગરીબનો, ચકલાનો માળો વીખશો મા...' સુભદ્રાની આંખો ભીની થઈ. વાહ રે પ્રભુ તારી દયા...! એણે સ્વસ્થતા પ્રાપ્ત કરી. માયાળુ સ્વરે કહ્યું: 'ભાઈ, તું મૂંઝાઈશ મા, તારું બધું જરજોખમ સહીસલામત જાણ. તારું હક્કનું હશે તો કંઈ નહિ થાય. પણ એનાં શેઠને ચોપડે લખાણ થવાં જોઈએ, નોંધ થવી જોઈએ. એ વગર મારાથી રખાય નહિ. તમે સવારે પેઢીએ જશો!'

'ના બેન ના, મારે તો આ ઘડીએ ભાગવું છે પાછું, બાપુની ચેહનાં દર્શન કરવા. મારે કાગળિયાં નથી જોઈતાં. માણસનું દિલ–મન ખાટું થાશે તે દિવસે આ કાગળિયાંથી શું વળશે? જીવતા માણસની જીભ કરતાં નિર્જીવ કાગળિયાં વધુ કિંમતી?'

એણે ડેલી બહાર પગ મૂક્યો અને ઇશારત કરતાં જ જાતવાન તોખાર આવી ઊભો. પલાણ પાસેથી પોટકું કાઢી બાઈ પાસે ખુલ્લું કર્યું. દીવડાઓના પ્રકાશમાં ઝવેરાત ઝળહળી ઊઠ્યું. સુભદ્રાએ કહ્યું: 'એમ ને એમ કદી નહિ રાખું. તમે મારે હસ્તાક્ષરની લેખિત નોંધ લેતા જાવ. તમારી નિશાની પણ આપતા જાઓ.' કહેતી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હળવે પગે ઉપર જઈ લેખનસામગ્રી લાવી; નોંધ તૈયાર કરી, નિશાની વગેરે લઈ જ્યારે ઉપર આવી ત્યારે એનો હૈયાભાર ઓછો થઈ ગયો હતો. એની વિપદા ટળી હતી. લાખોની અસ્કયામત અજાણતાં આવી પડી હતી. શયનાગારનો દીપક એની પરમ શ્રદ્ધાની પ્રતીતિ દેતો હજી પરમ પુનિત તેજે ઝગમગતો એ હતો.

એણે ખૂણામાં પડેલી પ્યાલીઓ ફેંકી દીધી અને પળવાર વિરામ લેવાં બાજુના ખંડમાં એ સરી.

પ્રાતઃકાળ થતો આવતો હતો. પ્રમોદ એકાએક જાગી ઊઠ્યો. અસૂઝ ભય એની છાતીએ ચડી બેઠો. અહો! સવાર પડવા આવી. હમણાં પેલા લોકો રૂપિયા માગવા આવી પહોંચશે. અરે, હું શો જબાબ આપીશ? સ્ત્રીની વાતનો વિશ્વાસ કર્યો અને ઈજ્જત ખોવા વખત આવ્યો. અતિ વ્યગ્ર દિલે એ બહાર નીકળ્યો. ઉગ્ર સ્વરે બૂમ મારી: 'સુભદ્રા, સાંભળે છે? આટલો બધો જીવતરનો મોહ? મારી આબરૂના કાંકરા કર્યા!' સુભદ્રા નાહીપરવારી જળસુંદરી સમી અર્ધભીના વસ્ત્રે આવી. 'ઊઠતાં જ રોજ પ્રાતઃસ્મરણ–સ્તુતિ કરતા હતા, એને બદલે આજ આ શું?' ક્ષણવાર પ્રમોદના ચહેરા ઉપર કાલિમા દોડી આવી. 'પણ હમણાં પેલા લોકો આવી પહોંચશે હોં?'

'ભલે આવે, આપણી સંપૂર્ણ તૈયારી છે.' ભદ્રા હસી.

'પણ ચાલને ત્યારે, પ્યાલી પી લઈએ.'

સુભદ્રાએ બહાર પડેલા ફૂટેલા ટુકડા આંગળી ચીંધી બતાવ્યા. પ્રમોદ સ્તબ્ધ બની ગયો: 'આ શું, ભદ્રા?'

'કશું નહિ, દેવ! જીવતર એમ વેડફી દેવા માટે થોડું છે?'

'મને સીધી વાત કર,' અને ભદ્રાએ પોતાનો અનુભવ, પ્રાર્થના અને અનામતની વાત કહી, કબાટમાં મૂકેલાં ઝવેરાત અને રૂપિયા બતાવ્યા. પ્રમોદ શૂન્યમનસ્ક થઈ બેઠો. સુભદ્રાએ એને જીવન આપ્યું હતું. એની પરમ શ્રદ્ધાએ એના મૃતાત્મામાં અમૃતાંજલિ છાંટી હતી. અને જમી પરવારી પુલકિત હૈયે જ્યારે એ પેઢી પર આવ્યો ત્યારે હસતા મુખે મણિલાલ કહેતો હતો: 'ભાઈ, વહાણ તો સહીસલામત છે. બીજા બંદરે ખેંચાઈ ગયેલાં અને વખતસર ખબર નહિ મળેલી એટલે એ લોકોએ આપણને લખેલું. જુઓ આ કાગળ......'

પ્રમોદની નજર સમક્ષ સુભદ્રાની મંગળમૂર્તિ દેવવંદના કરતી તરવરી ઊઠી અને એણે 'પરમ જ્ઞાન પરબ્રહ્મ પ્રકાશક'ના સ્મરણાર્થે પળવાર નેત્રો બંધ કર્યાં!

★

આ વાત બનેલી છે. એક અંગ્રેજ અમલદારની નિમણૂક ગુજરાતના એક રેલવે સ્ટેશન પર થઈ. એને હાથનીચેનાઓ પાસે સલામો ભરાવવાનો જબરો શોખ, પણ એક ધર્મિષ્ઠ સ્ટેશનમાસ્તર એવું કરતો નહીં. આથી અમલદારે હેરાનગતિ કરવા માંડી. માસ્તરે આ જાણ્યું એટલે એ ઑફિસે વહેલો જઈને સલામ ભરી આવ્યો. થોડી મિનિટ પસાર થઈ ને પાછી સલામ ભરી. અડધો કલાક થયો ને વળી એ જ! અમલદાર ચિડાયો: 'આનો શો અર્થ છે?' તેણે ગુસ્સામાં પૂછ્યું. 'સાહેબ!' નમ્રતાથી માસ્તરે કહ્યું, 'સામાન્ય રીતે હું કોઈને સલામ ભરતો નથી. મને આપના તરફ ખૂબ જ પૂજ્યભાવ છે, વાંક હોય કે ન હોય છતાં ય ઉપરાઉપરી મારી ભૂલો નીકળવા માંડી, ત્યારે સાથીઓમાં તપાસ કરતાં માલૂમ પડ્યું કે આપને સલામો પ્રિય છે. અને હૃદયની પૂજ્યબુદ્ધિ દર્શાવવા માટે આ નિયમનું પાલન કરવું જરૂરી છે એટલે મને એમ કે અત્યાર સુધી ન ભરેલી સલામોનું વળતર વાળી દઉં!' સાહેબનો ગુસ્સો ઊતરી ગયો. તે પોતાની ભૂલ સમજ્યો ને ત્યારથી સલામો ઝીલવાની વૃત્તિને તિલાંજલિ આપી.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેતતા રહેજો

લેખક :
શ્રી ચંદ્રકાંત મ. ગુર્જર

આજે સમાજમાં રોજ નવા ને નવા ચોંકાવનારા કિસ્સાઓ બનતા જાય છે. એમાં અલબત્ત બુદ્ધિનો ઉપયોગ હોય છે, પણ તે આડમાર્ગે ચડેલી બુદ્ધિનો. ભોળી પ્રજા એનાથી છેતરાતી હોય છે. અહીં રજૂ થયેલા આ કિસ્સાઓ પ્રજા અને પોલીસને જાગૃત રહેવામાં મદદરૂપ બનવા સંભવ છે.

ચોકસી બજારની એક મોટી અને ભવ્ય દુકાન આગળ એક મોટર આવીને ઊભી રહી. અંદરથી દરબારી ઠાઠ-માઠથી ભભકાદાર પોશાકવાળા બેત્રણ માણસો તેમના નોકરો સાથે ઊતર્યા અને ચોકસીની દુકાનમાં પ્રવેશ્યા.

આંજી નાખે તેવો દેખાવ અને દરબારી ઠાઠ જોઈ દુકાનામલિકે તેમને દરબાર ધારી ભારે આવકાર આપ્યો. સર્વે નોકરો તૈયાર થઈ ઊભા. વેપારીએ અતિશય નમ્રતાથી કહ્યું: ‘બોલો સાહેબ, શું જોઈએ છે?’

કારભારી જેવા લાગતા માણસે દરબાર જેવા લાગતા માણસની સામે જોયું. દરબારે કહ્યું: ‘હાં, જુઓને મહેરબાન, અમને આ પ્રમાણે દાગીના જોઈએ છીએ. તેવા તમારી પાસે હોય તો બતાવો.’ એમ કહીને ખિસ્સા-માંથી એક ‘લિસ્ટ’ કાઢયું અને તેમાં લખેલા દાગીનાનાં નામ, ઘાટ અને વજન વગેરે જણાવવા માંડ્યું, ને વેપારીએ પોતાની દુકાનમાંથી એ પ્રમાણેના દાગીના કઢાવવા માંડ્યા. આમ લગભગ નાનામોટા દાગીના થઈને સો સવાસો તોલાના દાગીના કઢાવ્યા. વેપારીએ એનો હિસાબ કરી બિલ પણ બનાવી નાખ્યું. બિલ અને દાગીના આપી પૈસા માગ્યા.

કારભારી અને દરબારે વારાફરતી બિલનો હિસાબ તપાસ્યો. પછી દરબારે કહ્યું: ‘જુઓ મહેરબાન, અમે ...સ્ટેટના દરબાર છીએ. હાલ અમારી પાસે આ બિલના હિસાબ જેટલાં નાણાંની કેશ નથી. પરંતુ અમે આ રૂપિયા ૧૦૦) તમને એડવાન્સ આપીએ છીએ, તે લઈ લો. આ દાગીનાઓ અમે જે ડબ્બો આપીએ તેમાં મૂકી તેને પોસ્ટઓફિસમાં જઈ ‘સીલ’ કરાવો. અમે અમારા સ્ટેટમાં ગયા પછી આપને જ્યારે પત્ર અને નાણાં મોકલીએ ત્યારે એ ડબ્બો અમને મોકલી આપજો.’

વેપારીને આમાં કશું જ અજુગતું ન લાગ્યું. તેણે દરબારના કહ્યા મુજબ દરબારે આપેલા ડબ્બામાં દાગીના મૂક્યા અને વેપારીનો માણસ તેમ જ દરબારનો માણસ તે ડબ્બો લઈ પોસ્ટ ઑફિસમાં સીલ કરાવવા ગયા.

હવે અહીં પોસ્ટ ઑફિસ પાસે આવતાં પેલા દરબારી નોકરે દુકાનદારના ગુમાસ્તાને કહ્યું: ‘અરે હાં ભાઈ, પેલા સીગારેટ-વાળાને ત્યાંથી સીગારેટ લઈ આવ તો, લાવ ત્યાંસુધી હું ડબ્બો રાખું છું.’ એમ કહી ડબ્બો પોતે રાખી પેલા નોકરને સીગારેટ લાવવા મોકલ્યો. પેલાએ સીગારેટ લાવી આપી એટલે દરબારી નોકરે ડબ્બો પાછો તેને સોંપ્યો અને પોસ્ટ ઑફિસમાં સીલ કરાવી, ડબ્બો લઈ પાછા ફર્યા.

‘કેમ સીલ કરાવી આવ્યા કે?’

‘હા.’ અને ડબ્બો દરબારે દુકાનદારને સંભાળથી મૂકવાનું કહી દાગીના ન બદલાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે વગેરે કહી વિદાય લેતાંલેતાં કહ્યું :

'ઠીક, ત્યારે સાહેબજી. અને જોજો હાં. અમે કહ્યું તે ભૂલી ન જતા. કાગળ અને પૈસા મળે કે તરત જ ડબ્બો મોકલી દેજો. એક દહાડાનો ય વિલંબ ન કરતા.' કહેતાં દરબાર અને તેમનું મંડળ દુકાનમાંથી ઊભું થયું. દુકાનદારે 'વારુ સાહેબ, આવજો આવજો,' કહી વિદાય આપી.

ત્યારપછી તો વેપારીએ કાગળ અને મનીઑર્ડરની રાહ જ જોવા માંડી. જો કે તેને તેની ખાસ ચિંતા કરવા જેવું લાગતું નહોતું; કેમકે માલ અને તે ઉપરાંત ઍડવાન્સ રૂ. ૧૦૦) પણ તેને મળી ગયા હતા.

એમ રાહ જોતાંજોતાં ખાસ્સા છ મહિના વીતી ગયા. વેપારીની અકળામણ પણ વધતી ગઈ. બજારમાં થતી વધઘટને પરિણામે આમ સો તોલાના દાગીના બાંધી રાખવાનું તેને યોગ્ય લાગ્યું નહિ. તેને થયું કે કદાચ દરબારનો કાગળ અને પૈસા આવશે તો બીજા બનાવીને મોકલી આપીશું. ત્યાંસુધીમાં આના પૈસા તો આવે. એમ ધારી તેણે ડબ્બાનું સીલ તોડ્યું અને ડબ્બો ખોલ્યો.

ડબ્બો ખોલતાં જ વેપારીના હોશકોશ ઊડી ગયા. અંદર સોનાના દાગીનાઓને બદલે સીસાના વાઈસરો વગેરે વસ્તુઓ ભરેલી હતી.

વેપારીએ સીલ કરવા જનાર નોકરને આ બાબતમાં પૂછપરછ કરી. તેણે બિચારાએ જે હતું તે કહ્યું.

વેપારીએ દરબારે કહેલા સ્ટેટની ખબર કઢાવી તો તે નામનું કોઈ સ્ટેટ જ હયાતી નહોતું ધરાવતું. તેણે પોલીસમાં આ બાબતની ફરિયાદ નોંધાવી. પણ પેલા દરબારનો તો પત્તો જ ન લાગ્યો અને વેપારીનો તો સો તોલાનો માલ ગયો તે ગયો જ!

*

મીઠાઈવાળાની દુકાને એક ગાડી આવીને ઊભી રહી. અંદર બેઠેલા 'શેઠ' જેવા લાગતા એક માણસે બહાર ડોકું કાઢી દુકાનદારને કહ્યું: 'જુઓ, મારે નાનાં છોકરાંઓને પેંડા વહેંચવા છે તો તમે પાંચસો પેંડા વાળી રાખજો. લો આ પૈસા, હું હમણાં વળતી વખતે આવું છું, વાળીને તૈયાર રાખજો હાં.'

'સારું શેઠ, કહેવું નહિ પડે.' દુકાનદારે કહ્યું.

અને ગાડી ચાલી ગઈ.

એ શેઠની ગાડી એક કાપડવાળાની દુકાને આવીને થોભી. શેઠે અંદર જઈ ભાતભાતનું કાપડ જોઈ તપાસી લગભગ સાતસો રૂપિયાની કિંમતનું કાપડ કઢાવ્યું.

પછી વેપારીને બિલનાં નાણાં પેટે રૂપિયા બસો રોકડા આપતાં શેઠે કહ્યું :

'જુઓ, તમે તમારા માણસને મારી સાથે મોકલો. હું તેને રસ્તામાંથી જ મારા એક ઓળખીતાની દુકાનેથી પાંચસો રૂપિયા અપાવી દઉં.'

વેપારીએ જરા પણ સંશય રાખ્યા સિવાય પોતાના એક માણસને શેઠની જોડે મોકલ્યો.

અને શેઠની ગાડી ફરી પાછી પેલા મીઠાઈવાળાની દુકાને આવીને થોભી. શેઠે પેલા માણસને ગાડીમાંથી નીચે ઉતાર્યો અને દુકાનદારને પૂછ્યુંઃ 'કેમ તૈયાર છે કે?'

'જી, જરા વાર લાગશે.'

'ઠીક, તો આ ભાઈ ને તે પાંચસો આપી દેજો.' કહેતાંકને શેઠે ગાડી આગળ ચલાવવાનો હુકમ કર્યો અને ગાડી ઊપડી ગઈ.

પેલો માણસ તો દુકાનમાં બેઠો. તેના મનમાં કે પૈસા કદાચ બેંકમાંથી આવવાના હશે. પણ વાર થવાથી તેણે પૂછ્યુંઃ 'કેટલી વાર લાગશે?'

'અરે મારા ભાઈ! વાર તો લાગે જ ને! શેઠ હજુ કલાક પહેલાં ઑર્ડર આપી ગયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ને કલાકમાં તો કંઈ પાંચસો પેંડા વળી જતા હશે ?' દુકાનદારે કહ્યું.

'શેના પેંડા ? શું કહો છો ?' પેલા માણસે આશ્ચર્યથી પૂછ્યું.

'કેમ ? પેંડા કહી ગયા છો તે. પેંડાની ય ખબર નથી ?'

'અરે, મને તો પાંચસો રૂપિયા અપાવવાનું કહ્યું છે.'

'શેના રૂપિયા ? અહીં તો પાંચસો પેંડાનો ઑર્ડર આપ્યો છે.'

સામસામે રકઝક થઈ. પરંતુ તેમાં બંનેને સાચી ખબર પડતાં તેઓ બોલતા બંધ થઈ ગયા.

*

સોનીની દુકાને એક બાવાજી આવીને ઊભા રહ્યા અને કહ્યું : 'કયું બચ્ચા, ચલમ પીલાઓગે ?'

'આવો આવો બાવાજી ! બેસો; લો પીઓ ચલમ.' કહેતાં સોનીએ બાવાજીને આવકાર આપ્યો અને બાવાજીની સાથે અલકમલકની વાતો થવા લાગી. અચાનક બાવાજી બોલ્યા: 'બચ્ચા, જરા ચાંદીકા થોડાસા ટુકડા હો તો દે.'

સોનીએ ચાંદીનો ટુકડો આપ્યો. બાવાજીએ એ ટુકડા ઉપર કોઈક વનસ્પતિનાં પાંદડાં કાઢી તેનો રસ કાઢી પેલા ચાંદીના ટુકડા ઉપર નાખ્યો. અને તે ટુકડાને ચલમમાં મૂકી ચલમનો દમ લેવા માંડ્યો. થોડીવાર પછી ચલમ ખંખેરી અને તેમાંથી પેલો ચાંદીનો ટુકડો કાઢ્યો, પણ હવે તે ચાંદીનો ટુકડો નહોતો પણ સોનાનો ટુકડો બની ગયો હતો. બાવાજીએ તે સોનીને આપતાં કહ્યું : 'લે બચ્ચા.'

સોની તો આ જોઈ આશ્ચર્ય પામ્યો. તેના આનંદનો તો પાર ન રહ્યો. તેણે તો સાધુને રહેવા અને ખાવાનો આગ્રહ કર્યો. પણ બાવાજી બોલ્યા: 'નહિ ભાઈ, આજ તો જાના હૈ. ફીર કભી આઉંગા.' કહીને મહારાજ વિદાય થઈ ગયા.

એ પછી તો સોની બાવાજીની રાહ જોવા લાગ્યો. હવે આવે તો ગમેતેમ કરીને ય બાપજીને રીઝવી બસોત્રણસો તોલા ચાંદીનું સોનું બનાવરાવી લેવું એવી ઇચ્છા સોનીને થયેલી. છેવટે તેની મનેચ્છા પાર પડી.

પેલા બાવાજી બરાબર છ મહિને આવ્યા. સોનીની ખબર પૂછી. સોની તો બાવાજીને જોઈ અર્ધોઅર્ધો થઈ ગયો. તેણે તો બાવાજીને પોતાને ત્યાં જ ભોજન લેવાનો અને થોડા દહાડા રોકાવાનો આગ્રહ કર્યો. બાવાજીએ હાના-હાના કરતાં છેવટે તે કબૂલ્યું.

બાવાજીને સારીપેઠે જમાડી સોનીએ ધીરેથી પોતાના દુઃખનાં રોદણાં રોવાં શરૂ કર્યાં અને વાતવાતમાં કહ્યું: 'બાપજી, તમે તે દિવસે પેલી ચાંદીનું સોનું બનાવી આપ્યું હતું તેવું ફરી થોડું બનાવી આપો તો મારું દળદર ફીટે, કંઈ નહિ તો છેવટે આ ત્રણસો તોલા ચાંદીનું સોનું બનાવી આપો. ભક્ત ઉપર એટલી કૃપા કરો.'

બાપજી હસ્યા અને ટોણો મારતાં કહ્યું: 'અબે તુમ લોગ કૈસે હો ? એક દફે જરા ચમત્કાર દિખાયા કી બસ; પીછે હમારા ઉ લે જાતે હો. જા ભાઈ ! તું ઈતના દુઃખી હૈ તો તુજે જરૂર બના દુંગા. મગર દેખ, દુસરે ઔર કું કુછ કહના મત, ઔર મૈં કહું ઐસે કરના પડેગા.'

'અચ્છા ! બાપજી.' બાપજીએ છેવટે પોતાના ઉપર કૃપા કરી એ જાણતાં સોનીએ આનંદથી કહ્યું.

પછી બાપજીએ કહ્યા મુજબ સોનીએ મેડો ખાલી કરી ત્યાં એક ભઠ્ઠી બનાવી. ઘરના માણસોને મેડે આવવાની ચોખ્ખી મનાઈ કરી દીધી. પછી બાપજી અને સોની બંને મેડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ગયા. બાપજીએ સોનીને ભઠ્ઠીમાં મૂકવામાં આવેલી કૂલડીમાં ચાંદી મૂકવા કહ્યું. પછી તેના ઉપર વનસ્પતિનાં પાંદડાં કાઢી તેને કચરી, રસ કાઢી તેના ઉપર નાખ્યો. પછી બોલ્યા: 'દેખ બચ્ચા, યે જ્યાદા માલ હૈ, ઇસી લીએ જરા દેર લગેગી. ઔર દેખ, યહાંસે દૂર મત હોના. યહાંસે દૂર હો ઔર કુછ હો જાવે તો ફીર ખાલી હમારા નામ બદનામ કરેંગે.'

'નહિ રે બાપજી, એવું તે કાંઈ હોય.' સોનીએ કહ્યું.

પછી તો સોની અને બાપજી એ બંને જણા અલકમલકની વાતો કર્યે જાય. થોડી થોડીવારે બાવાજી પેલી ભઠ્ઠીમાં વનસ્પતિનો રસ કાઢી નાખતા જાય.

એકાએક ઘેરો અને ઘેન આવે તેવો ધુમાડો થયો. સોનીની આંખો બળવા લાગી. તેણે કહ્યું: 'બાપજી, આ શું થયું?'

બાવાજીએ ખડખડાટ હસતાં કહ્યું: 'અબે સોના ચહિતા હૈ ઔર ઈતના ધૂપ બી સહન નહિ કર શકતા? વો તો ધૂની હુઈ હૈ, ફીકર નહિ. તુમ્હારી ઇચ્છા હો તો જરા નીચે જાકે આઓ. મૈં યહાં બૈઠા હું.'

સોનીથી તો રહેવાતું નહોતું તેથી તે તો નીચે ચાલ્યો ગયો. આ બાજુ બાપજીએ ધીરે રહીને ભઠ્ઠીમાંથી કૂલડી કાઢી તેમાંથી ચાંદી કાઢી લઈને પોતાની બગલથેલીમાં સરકાવી દીધી. પછી કૂલડી હતી તેમની તેમ મૂકી દીધી.

થોડીવારે ધૂણી ઓછી થતાં સોની ઉપર આવ્યો. તેણે પૂછ્યું: 'કચ્ચું બાપજી! હવે કેટલી વાર છે?'

બાપજીએ ગુસ્સો કરતાં કહ્યું: 'અબે તુમ લોગ તો અધીરા બી બહોત હોતે હો. ક્યા યે કુછ ખચ્ચાં કે ખેલ હૈ તો થોડીસી દેર મેં હી હો જાએ? મગર હાં, દેખ, અબ મૂઝે યાદ આયા. મૈં એક ચીજ ઉસમેં ડાલનેકા ભૂલ ગયા હું.' કહેતા બાવાજીએ એ ચીજ માટે પોતાની બગલથેલીમાં ખોળવા માંડ્યું. પછી બોલ્યા: 'અબે વો તો હૈ હી નહિ. હાં, તું જરા યહાં ધ્યાન રખના; મૈં અભી લેકર આયા;' કહેતાં જ ને બાવાજી ચાલતા થયા.

કલાક, બે કલાક એમ કરતાં લગભગ રાત પડવા આવી પણ બાવાજી તો આવ્યા જ નહિ. સોની તો બેઠોબેઠો કંટાળ્યો.

બીજો દિવસ થયો. સવારના દસ વાગ્યા. પણ બાવાજી તો દેખાયા જ નહિ. સોનીને હવે જરા શંકા ઉત્પન્ન થઈ. તેણે પેલી ભઠ્ઠીમાં જોયું તો કૂલડી એની એ જ હતી પણ અંદર સોનું યે નહોતું તેમ જ ચાંદી યે નહોતી. એ તો ખાલીખમ હતી!

સોનીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી. પોલીસની અને સોનીની સતત તપાસ છતાંય બાવાજી તો હાથ આવ્યા જ નહિ. સોનીની ચાંદી ગઈ તે ગઈ જ!

*

રમણલાલને તેમનાં પત્ની શાંતાબહેને કહ્યું: 'આજે ઘરમાં ઘી નથી. ઘી લાવવાનું છે.'

'સારું તું જા, હું જોઈશ.' કહી રમણલાલે પત્નીને ઘર ભણી વિદાય કરી અને પોતે ઑફિસે ગયા.

બપોરે શાંતાબહેન ઓટલે પાડોશણોથી વીંટળાઈને વાતો કરતાં બેઠાં હતાં, ત્યાં એક માણસ આવ્યો. તેણે પૂછ્યું: 'શાંતાબહેન તમારું નામ છે?'

શાંતાબહેને કહ્યું: 'હા. મારું નામ છે. તમે કોણ છો? ક્યાંથી આવો છો?'

પેલા માણસે કહ્યું: 'મારું નામ શાંતિલાલ છે. મને રમણલાલે ઑફિસથી મોકલ્યો છે. રમણલાલે ઘી લાવવા માટે ઘીનું વાસણ મંગાવ્યું છે તે આપો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનકડો શહીદ

લેખક :
શ્રી હરીશ નાયક

જૂન સને ૧૯૨૧. સવારનો વખત. ગીચ ઝાડીની વચમાં એક નાનકડું ઘર, શાંત અને નિર્જન. એ ઘરનાં અધખુલ્લાં બારણાંની થોડેક દૂર એક ઝાડને ટેકો દઈ એક તુર્કી બાળક એક પગના જોડાને બીજા પગની પાટલી પર મૂકી, ઊભોઊભો, પણ વાંકો વળીને ચપ્પુથી ઝાડમાં ઘા કરી રહ્યો હતો. એની ઉંમર બારથી ચૌદ વર્ષની છે. એકદમ એકવડું શરીર, ગોરોગોરો પણ ફીકો ચામડીનો રંગ, માથા પર એક મેલી તુર્કી ટોપી : ટોપીની નીચે કાન પરના વાળ વરસાદને લીધે ઘાસ ઊગી નીકળે તેમ બેઢંગી રીતે નીકળી આવ્યા હતા. શરીર પર એક જાડું મેલું ખમીસ, એવો જ એક મેલો પાયજામો, જે ઘૂંટણ આગળથી ફાટવાની તૈયારી કરી રહ્યો છે, અને પગમાં ખૂબ જ ફાટી ગયેલા જોડા પહેર્યા છે.

સૂરજનાં સોનેરી કિરણો ઝાડ પર પડી રહ્યાં હતાં અને પાંદડાંઓમાંથી ચળાઈ-ચળાઈને એના મોઢા પર પડતાં હતાં. એના ચિમળાયેલા ગાલ પર દુઃખની રેખાઓ ચોખ્ખી દેખાઇ આવતી હતી.

‘ દખડક્...દખડક્...દખડક્. ’

છોકરો એકાએક ચમક્યો. એના કાન સતેજ થયા. પણ આ...શું? એના સુકા હોઠો પર હાસ્ય? એની ઊંડી ઊતરેલી આંખોમાં ચમક? ચપ્પુ ગજવામાં મૂકી દઈ તે એકદમ અદબથી ઊભો રહ્યો.

તુર્કસ્તાન અને યુનાન વચ્ચે લડાઈ ચાલી રહી હતી. તલવારના ધણી ગણાતા તુર્કોએ કેટલી ય જગાએ યુનાનીઓને હાર ખવડાવી હતી. એવી જ એક તુર્કી ટુકડી દુશ્મનોની શોધમાં આ તરફ આવી ચડી. રાતના જ તેમને ખબર પડી હતી કે દુશ્મનોના કેટલાક સૈનિકો ગીચ ઝાડીમાં આવી સંતાઈ ગયા છે અને તેઓ છાપો મારવાની તક જોઈ રહ્યા છે.

ટુકડીમાં ઘણા જ થોડા સવારો હતા. આગળઆગળ સરદાર, સાથે જ સાર્જન્ટ અને પાછળ બાકીના સૈનિકો સાવધાનીથી ચાલતા, આ સૂમસામ રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. તેમની ચાલાક આંખો ચારે તરફ વારંવાર ફરતી હતી.

પેલા ઘરની પાસે પહોંચતાં જ સરદારે સવારોને રોકાવાનો હુકમ કર્યો. લગામો ખેંચાઈ, સરદારે ફરીને છોકરાને જોયો. છોક-

---

શાંતાબહેને આથી ઘરમાંથી પિત્તળની બરણી લાવી પેલા માણસને આપી. પેલો માણસ તે લઈને ચાલતો થયો.

સાંજે રમણલાલ ઑફિસેથી ઘેર આવ્યા. તેમની પાસે બરણી ન જોતાં શાંતાબહેને પૂછ્યું : ‘ કેમ બરણી મંગાવી હતી, તે ઘી ન લાવ્યા ? ’

‘ શાની બરણી? કોણે મંગાવી હતી?’

‘ કેમ, તમે જ ઘી લાવવા માટે બરણી લેવા માણસને ઑફિસેથી મોકલ્યો હતો ને?’

‘ કોણ હતો ? ’

‘ શાંતિલાલ કરીને હતો. ’

‘ ના ભઈ, મેં તો કોઈને ય ઘીની બરણી લેવા મોકલ્યો જ નથી; અને શાંતિલાલ કરીને અમારી ઑફિસમાં કોઈ નોકર કે માણસ છે જ નહિ. આ તો કોઈ બનાવટ કરી ગયું!’

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાએ અદબથી સલામ કરી. એના ઊભા રહેવામાં જોશ હતો, ચહેરા પરથી દુઃખની છાયા અદશ્ય થઈ હતી.

સરદાર ઘોડા પરથી ઊતર્યો. છોકરાની પાસે જઈ તેણે પૂછયું: 'તું અહીં કેમ ઊભો છે? તારા પિતા ક્યાં છે?'

'મારું કોઈ જ નથી. પિતા લડાઈમાં માર્યા ગયા અને મા કોણ જાણે શી રીતે મરી ગઈ! હું તો બિલકુલ એકલો જ છું. આમતેમ રખડીને મારા પેટ પૂરતું મેળવી લઉં છું. આજે તો ખાસ આ બાજુ તુર્કોની જીત જોવા આવી નીકળ્યો હતો.' છોકરાના અવાજમાં કોમળતા હતી, સભ્યતા હતી, નિખાલસતા હતી.

'જીત?' સરદારનો ચહેરો ચમકી ઊઠયો. તેણે ઝૂંપડી જેવા તે ઘરની તરફ આગળ વધતાં છોકરાને પૂછયું: 'તેં યુનાનીઓને આ તરફ આવતા જોયા છે?'

'હેં...! યુનાની? આ તરફ?' છોકરો જાણે પોતાની જાતને જ પ્રશ્નો પૂછતો હતો. તેનો ગૌર ચહેરો ગુસ્સાથી લાલ બની ગયો.

સરદાર આગળ વધી ગયો હતો. તેણે સાંભળ્યું નહિ. કંઈક વિચારી ઘરનું બારણું ઉઘાડી તે ઘરની અંદર ગયો અને ફરીથી બહાર નીકળી તે ઘરના છાપરા પર ચડી ગયો. ઉપર જઈ તે ચારે તરફ જોવા લાગ્યો. ઘર ઊંચું ન હતું, એટલે તે દૂર સુધી જોઈ શક્યો નહિ. લાચાર બની તે નીચે ઊતરી પડ્યો. તે મનમાં જ બોલ્યો: 'ઝાડ પર જ ચડવું પડશે.'

સરદારે એક ઊંચા ઝાડ તરફ નજર દોડાવી અને પછી બધા સૈનિકો પર વારાફરતી નજર ફેરવી વળ્યો. તે નિરાશ થઈ ગયો. 'ઊંહું, આમાંનો કોઈ જ સૈનિક કામ નહિ લાગે.' અચાનક તેણે છોકરા પર પોતાની નજર કેંદ્રિત કરી અને પૂછયું:

'દોસ્ત, તું બરાબર જોઈ શકે છે ને?'

'હું...? હા, હું એક માઈલ પર ઊડતી સમડી જોઈ શકું છું.' છોકરાએ સરદારને ઉત્સુકતાથી જવાબ આપ્યો.

'અને...તું આ ઝાડ પર ચડી શકે છે?'

'આ ઝાડ પર?'

'હા,'

'એક મિનિટમાં.'

'અને જે કંઈ તને દેખાય તે કહી શકીશ?'

'જરૂર!' મક્કમતાથી છોકરાએ જવાબ આપ્યો.

'તારી આ મદદ માટે તારે શું જોઈએ છે?'

'શું જોઈએ છે?' છોકરો એ જ શબ્દો ફરીથી બોલ્યો. 'વાહ, સાહેબ વાહ! જે વતન માટે મારા પિતા શહીદ થઈ ગયા, અને જે માભોમ માટે લાખો નવજવાનો પોતાની જાત પર કરવત મૂકી રહ્યા છે, એવી માતૃભૂમિ માટે 'શું જોઈએ છે?'' અને પછી હિંમતથી છાતી કાઢી તે બોલ્યો: 'હું તુર્ક છું તુર્ક! સાહેબ!'

સરદારનું દિલ ધડકી ઊઠયું. એણે આશ્ચર્યથી છોકરા સામે જોયું અને પછી માનથી કહ્યું: 'જ્યાંસુધી તુર્કમાં તારા જેવા સિપાહીઓ મોજૂદ છે ત્યાંસુધી કોની તાકાત છે કે આપણી આઝાદી છીનવી શકે? જો, સાચવીને આ ઝાડ પર ચડી જા.'

'આ ચડ્યો... જોડા ઉતારી...'

છોકરાએ પોતાની ટોપી અને જોડા દૂર ફેંકયા અને દોડીને ઝાડ પર ચડવા લાગ્યો.

'પણ...જો...' સરદારે ઇશારાથી રોકતાં કહ્યું. એના મનમાં કોઈ અજાણી આફતનો ઓળો ચમકી ગયો. છોકરાએ તે તરફ ધ્યાન આપ્યું નહિ. તે ખિસકોલીની ચપળતાથી ઝાડપર ચડવા લાગ્યો.

'ઠેઠ ઉપર જજે, પણ સાચવીને...ધીરધીર...'

CC-0: In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ...વાંધો નહિ...'

થોડી જ વારમાં તે ઝાડની છેક ઉપરની ડાળ પર પહોંચી ગયો. નીચેથી સરદાર પણ એને બરાબર જોઈ શકતો ન હતો. નાનો છોકરો ઝાડની છેક ઉપર વધારે નાનો લાગતો હતો.

'તારી જમણી બાજુએ જો,' સરદારે કહ્યું. બરાબર જોઈ શકાય માટે છોકરાએ જમણા હાથે એક ડાળી ખસેડી પોતાની આંખ પર છાંયડો કર્યો.

'દેખાય છે કંઈ?' સરદારે પૂછ્યું.

છોકરો નીચે જોઈને હાથ મોઢા પર રાખી બની શકે એટલા જોરથી બોલ્યો: 'સી...ધા રસ્તા પર...બે સૈનિકો...'

'અહીંથી કેટલા દૂર?'

'અડધાએક માઈલ પર.'

'હરેફરે છે?'

'જી નહિ.'

થોડીવાર ચૂપ રહી સરદારે ફરીથી બૂમ પાડી:

'હવે ડાબી બાજુ જો.'

છોકરાએ ફરીને ડાબી બાજુ જોયું.

'કબ્રસ્તાનની પાસે ઝાડમાં કંઈક ચમકે છે, બરાબર દેખાતું નથી. બંદૂક પરની સંગીન જેવું...'

'માણસો દેખાય છે?'

'બરાબર નથી જોઈ શકાતું, પણ ઝાડની ઘટામાં સંતાયા હશે...'

છોકરાનું વાક્ય પૂરું થાય તે પહેલાં જ હવામાંથી સરરરર કરતી એક ગોળી નીકળી ગઈ.

'ઊતરી જા...! જલદી ઊતરી જા...!' સરદારે જોરથી બૂમ પાડી. 'તને એ લોકો જોઈ ગયા છે, ઊતર જલદી.'

'મને કંઈ જ બીક નથી. તમે ગભરાશો નહિ.' છોકરાએ બિલકુલ શાંતિથી જવાબ આપ્યો.

'નહિ નહિ, તું ઊતરી જા.'

'જુઓ તો...હું બિલકુલ સંતાઈ ગયો. હવે કહો, ક્યાં જોઉં?' છોકરાએ એક ડાળી પોતાની તરફ ખેંચતાં કહ્યું.

'ભલે...તો ફરીથી જમણી તરફ જો.'

'જમણી તરફ?'

'હા, જમણી તરફ શું છે? બરાબર જો.'

છોકરો જમણી તરફ જરા ઝૂક્યો. ફરીથી એક ગોળી સરરરર...કરતી પસાર થઈ ગઈ. આ ગોળી ઝાડની બિલકુલ પાસેથી ગઈ હતી.

'ઊતરી આવ! ઊતરી આવ!' સરદારે ચીસ પાડતાં કહ્યું.

'એ...આ ઊતર્યો. તમે જમણી તરફનું જાણવા માગો છો ને? જમણી તરફ...ત્યાં ...જ્યાં એક નાનું સરખું......'

ત્રીજી ગોળી હવામાં સરરરર...સરરર કરતી આવી. છોકરો ફર્યો. થોડીવાર સુધી ડાળીને ચોંટી રહ્યો. પછી હાથપગ પહોળા કરી દઈ ડાળીઓમાં અથડાતોકુટાતો જમીન પર પડી ગયો.

'આ...હ!' સરદાર દોડ્યો. છોકરાના ડાબા પડખામાંથી લોહી વહી જતું હતું. સાર્જન્ટ અને બીજા સૈનિકો ઘોડાપરથી કૂદી પડ્યા. સરદારે વાંકા વળી છોકરાના ખમીસનાં બટન ખોલ્યાં. ગોળી એના ડાબા ફેફસાંમાંથી આરપાર નીકળી ગઈ હતી.

'મરી ગયો?'

'ના, હજી શ્વાસ ચાલે છે.' સાર્જન્ટે જોઈને કહ્યું.

'શાબાશ બહાદુર!' સરદાર બોલી ઊઠ્યો.

'શાબાશ! શાબાશ!' સૈનિકો એ પડઘો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડ્યો. સરદારે પોતાનો રૂમાલ કાઢી ઘા પર બાંધ્યો. છોકરાએ આંખ ઉઘાડી અને છેલ્લી વાર ચારે તરફ જોઈ હમેશને માટે બંધ કરી દીધી.

સરદારનો ચહેરો પડી ગયો. તે છોકરાને ભેટી પડ્યો. પછી તેને લીલાછમ ઘાસ પર સુવડાવ્યો અને પ્રેમથી તેના તરફ જોવા લાગ્યો.

સાર્જન્ટ અને બીજા સૈનિકો પણ ભીની આંખોએ માદરે વતનના એ નાનકડા શહીદને જોઈ રહ્યા હતા.

સરદારે પોતાની લાકડી પરથી ધ્વજ કાઢી છોકરાનું શરીર ઢાંકયું. પછી એના જોડા, ટોપી વગેરે પાસે મૂકી સાર્જન્ટ તરફ જોવા લાગ્યો.

'આપણે એને માટે માણસો મોકલી દઈશું.' સાર્જન્ટે કહ્યું.

'માણસો નહિ, એ એક બહાદુર સૈનિકની જેમ મર્યો છે એટલા માટે સૈનિકો જ એની અંતિમ ક્રિયા કરશે.'

સરદારની વાત હજી પૂરી પણ થઈ ન હતી, ત્યાં જ વળી એ જ સરરર......સરરર સરર......સરદારે છોકરાનો હાથ ચૂમ્યો અને પછી એક દીર્ઘ નિશ્વાસ મૂકી તેણે સૈનિકોને ઘોડે ચડવાનો હુકમ કર્યો.

×

સાંજ થવાની તૈયારી હતી. સૂરજનાં લોહી જેવાં કિરણો હજી પાંદડામાંથી ચળાઈ-ચળાઈને છોકરાના વાવટાથી ઢંકાયેલા શરીર પર રમતાં હતાં.

દૂરથી તુર્ક સિપાઈઓનું એક મોટું દળ હાથમાં ફૂલના ગુચ્છાઓ લઈને આવી રહ્યું હતું. તે બધા 'પોતાનું' રાષ્ટ્રગીત ગાતા હતા. એ ગીતના પડઘા ચારે બાજુ પડતા હતા. શહીદ કુમારના મૃત્યુએ આજે એમના દિલમાં એવો જોશ ફૂંકી દીધો હતો કે દુશ્મનોને પછાડતાં વાર લાગી નહિ. વિજયનો આનંદ બધાના ચહેરા પર નાચી રહ્યો હતો.

પેલા ઘરની પાસે પહોંચતાં જ બધાના ચહેરા પર ગંભીરતા છવાઈ રહી. બધાએ ફૂલોના ગુચ્છોને એક બાજુએ મૂકી દીધા અને એક કતારમાં ઊભા રહી ગયા. પોતપોતાની તલવાર કાઢી તેમણે છોકરાને અંતિમ સલામી આપી.

ત્યાર પછી સરદાર ઊઠ્યો અને છોકરાની પાસે જઈ, વાવટો આઘો ખસેડી એનું મોઢું ઉઘાડું કર્યું. એના માસૂમ હોઠો પર સ્વર્ગીય હાસ્યની રેખાઓ ચમકતી હતી. એના ભોળા ચહેરા પર માદરે વતન માટે મરી ફીટવાનો સંદેશો હતો. સરદારની આંખો આંસુથી ઊભરાઈ આવી. તેણે ફરીથી એક વાર તેના હાથને ચૂમ્યો અને પછી પોતાના યુનિફોર્મમાંથી ચાંદ કાઢી છોકરાના ખમીસમાં તે પહેરાવી દીધો.

'મુબારક! મુબારક!' સિપાહીઓ બોલી ઊઠ્યા. બધાએ સરદારની જેમ જ પોતપોતાના ચાંદ કાઢી તેના પર ન્યોછાવર કરી દીધા.

પછી સરદારે ફૂલોનો ગુચ્છ હાથમાં લીધો અને સિપાહીઓને ઇશારત કરી. બધાએ પોતપોતાનો ગુચ્છ હાથમાં લીધો અને તે નાનકડા અમર શહીદ પર તેઓ ધીરેધીરે પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. જોતજોતામાં જ બાળકનું મોઢું ખુશબોદાર ફૂલોથી ઢંકાઈ ગયું.

ત્યારે સૂરજનાં અંતિમ કિરણો દુનિયા પરથી વિદાય લઈ રહ્યાં હતાં×

× તુર્કસ્તાનની એક વાર્તા ઉપરથી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

આ નોંધ પ્રસિદ્ધ થશે ત્યારે કોરિયાના યુદ્ધની અને આંતરરાષ્ટ્રીય રાજકારણની શી સ્થિતિ હશે તે કહી શકવા જેવી સ્થિતિ નથી. રશિયા અને અમેરિકા વચ્ચે 'ઠંડો વિગ્રહ' તો લડાઈના અંત પછી ચાલે જ છે અને તેમાં કોરિયા તથા જર્મનીના પ્રશ્નો મુખ્ય છે. પરંતુ કોરિયામાં આટલો જલદી ભડકો જાગશે એવી ભાગ્યે જ કોઈને કલ્પના હશે. કોરિયાના દુર્ભાગ્યની કોઈ સીમા જ નથી. વર્ષો સુધી એ જાપાનની એડી નીચે કચડાયું છે. ૧૯૦૫–૬માં રૂસ અને જાપાન વચ્ચે લડાઈ થઈ ત્યારે પણ કોરિયા મુખ્ય કારણ હતું. કેટલાં યે વર્ષોથી એક અથવા બીજે કારણે કોરિયા, પ્રશાંત મહાસાગરમાં કોણ વિશેષ સત્તાધારી છે તેનું પ્રતીક રહ્યું છે, પરિણામે તેની પ્રજાની યાતના તો વધતી જ રહી છે.

છેલ્લા વિશ્વયુદ્ધમાં જાપાનનો પરાજય થયો ત્યારે કોરિયાવાસીઓના દિલમાં એવી આશા ઉદ્‌ભવી કે તેઓ હવે સ્વતંત્ર થશે, પરંતુ એ આશા રશિયા અને અમેરિકાની સત્તાભૂખને કારણે ધૂળમાં મળી. જાપાન જ્યારે શરણે આવ્યું ત્યારે રશિયા અને અમેરિકાએ તેની વહેંચણી કરી લીધી. કોઈ પણ જાતની યોજના કે રચના વિના ૩૮ રેખાંશ ઉપર લીટી દોરાઈ ગઈ અને ઉત્તરનો ભાગ રશિયાના તથા દક્ષિણનો ભાગ અમેરિકાના કબજા હેઠળ આવ્યો. જાપાન ઉપર અમેરિકાનો કાબૂ હતો, એટલે ત્યાંથી આવી દક્ષિણનો ભાગ લેવાનું તેને વધુ ફાવે અને ઉત્તરમાં મંચુરિયા રશિયાના હાથમાં આવ્યું એટલે ઉત્તરનો પ્રદેશ તેને વધુ અનુકૂળ આવ્યો. જાપાને ચીનના ઘણા ભાગ ઉપર વર્ચસ્વ જમાવ્યું હતું તેમાં મંચુરિયા મુખ્ય હતું, એટલે ઉત્તર કોરિયામાં ઉદ્યોગોનો વિકાસ વધુ પ્રમાણમાં તેણે કર્યો હતો.

કોરિયાની સ્થિતિ

કોઈ પણ દેશના ટુકડા થાય તે અકુદરતી જ ગણાય. ભારત, પેલેસ્ટાઈન, આયર્લૅન્ડ તેના દાખલા છે; પણ આ દેશો કરતાં યે કોરિયાના ટુકડા તો વધુ ખરાબ રીતે થયા. ભારતના ભાગલામાં પ્રજામત, અમુક વિચાર કે ધર્મ ધરાવતી વસતી વગેરે બાબતો લક્ષમાં લેવાયાં હતાં, પણ અહીં તો મહાસત્તાઓએ આંખ મીંચી લીટી જ દોરી દીધી હતી! કોરિયાની પ્રજાને આ ભાગલા મંજૂર ન હોય એ સ્વાભાવિક છે. કોરિયાની બંને બાજુએ બંને દેશોમાં લશ્કરો હતાં તે વાટાઘાટો કરીને પાછાં ખેંચી લેવાયાં. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ કોરિયાનું ભાવી નક્કી કરવા પંચ નીમ્યું, પણ તેનું કંઈ પરિણામ આવ્યું નહિ અને સમય જતાં ઉત્તર કોરિયાની રચાઈ દક્ષિણ કોરિયાની સ્વતંત્ર સરકારો રચાઈ. આ સરકારોને બંને બાજુએ માન્યતા પણ મળી એટલે કે દક્ષિણ કોરિયાની સરકારને અમેરિકા વગેરેએ અને ઉત્તર કોરિયાની સરકારનો રશિયા વગેરેએ સ્વીકાર કર્યો. ભારતે બંનેમાંથી એકે ય સરકારને માન્ય ન રાખી, કારણકે બંને સરકારો મહાસત્તાઓની રમતનાં પ્યાદારૂપ જ હતી.

ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચે લડાઈ થવાનો ભય તો હતો જ, પણ એ લડાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલી જલદી અને આટલી ભયંકર-હશે એમ કોઈએ ધાર્યું નહોતું. કોરિયા લગભગ બ્રિટન જેવડો દેશ છે. વસતી ત્રણ કરોડ છે. તેમાં દક્ષિણ બાજુ બે કરોડ અને ઉત્તર બાજુ એક કરોડ છે. કુલ ઉદ્યોગના ૮૦ ટકા અને ખેતીના ૩૩ ટકા ઉત્તર બાજુએ છે. દક્ષિણે ઉદ્યોગ ૨૦ ટકા અને ખેતી ૬૬ ટકા જેટલી છે. યુદ્ધશક્તિ તો હવે બંનેની પરખાઈ ગઈ છે. ઉત્તર કોરિયા પાસે આટલા પ્રમાણમાં સૈનિકો, ટેંકો, વિમાનો, જહાજો, દારૂગોળો, અન્ય સામગ્રી અને હિંમત હશે એવું કોઈએ ધાર્યું નહોતું. થોડે જ દૂર જાપાનમાં બેઠેલા અમેરિકાના સેનાપતિ મેક આર્થરને પણ આટલી તાકાતનું ભાન નહોતું. ઉત્તરમાંથી આક્રમણ આવ્યું ને વિદ્યુતવેગી ધસારો થયો ત્યારે પણ તેની શક્તિની ગણતરી થઈ શકી નહિ. આજે આખું જગત એ વિષે આશ્ચર્ય અનુભવે છે.

કોરિયાની લડાઈનું વર્ણન અહીં અપ્રસ્તુત છે. આ લખાય છે ત્યારે લગભગ અર્ધું દક્ષિણ કોરિયા લાલ સેનાએ જીતી લીધું છે ને તે આગળ વધે છે. સામે દક્ષિણ કોરિયાનાં તથા અમેરિકાનાં ભૂમિદળો લડે છે ને મરે છે. દરિયાઈ યુદ્ધમાં અમેરિકા મુખ્ય છે. સાથે બ્રિટન, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલૅન્ડની મદદ છે. વિમાનોમાં પણ અમેરિકા ઉપરાંત ઑસ્ટ્રેલિયા છે. ઉત્તર કોરિયાનાં બધાં મથકો ઉપર અને દક્ષિણના જિતાયેલા પ્રદેશ ઉપર ભયંકર બૉંબમારો થાય છે. અમેરિકા જહાજો અને વિમાનો દ્વારા સૈનિકો અને સામગ્રી ઠાલવે છે પણ સામ્યવાદી સેનાની જમાવટ, હિંમત અને સાધનો ઘણાં વધારે છે એટલે હજી સુધી વિજય એમનો છે. આખું જગત આ વિજયપરંપરાથી ચોંકી ઊઠ્યું છે. સ્થિતિ એ કક્ષાએ પહોંચી છે કે લડાઈના ભડકા અન્ય ક્ષેત્રોમાં પણ

કદાચ પેદા થાય, કારણકે હારવું કોઈને પાલવે એમ નથી.

રાષ્ટ્રસંસ્થાનું ભાવિ

કોરિયાની લડાઈથી સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનું ભાવિ જોખમમાં મુકાઈ ગયું છે. સલામતી સમિતિના ઠરાવને ઘણા દેશોનો ટેકો મળ્યો છે. પણ રશિયા તો એ ઠરાવને જ ગેરકાયદે ગણે છે ત્યાં તેની કિંમત કેટલી? રશિયાએ રાષ્ટ્રસંસ્થાની બધી જ સમિતિઓનો બહિષ્કાર કર્યો છે; કારણકે ચીનના પ્રતિનિધિ તરીકે સામ્યવાદી સરકારનો સ્વીકાર થવો જોઈએ એવી તેની માગણી છે. અમેરિકા તે માગણી માન્ય રાખતું નથી. આ બાબતમાં અમેરિકાનું વલણ ગેરવાજબી છે; કારણકે ચીનની સમગ્ર ભૂમિ ઉપર સામ્યવાદી સરકારનું રાજ છે અને ચીનની સરખામણીમાં ખસખસના દાણા જેવા ફૉર્મોસા ટાપુ ઉપર રાષ્ટ્રવાદી કહેવાતા ચીનની સત્તા છે. સલામતી સમિતિના પાંચ મુખ્ય સભ્યોમાં એક ચીન છે. આ સ્થાન ઉપર ચાંગ-કાઈ-શેકનો પ્રતિનિધિ બેસે તે રશિયા કેમ સાંખી શકે? સામ્યવાદી ચીનને ભારત, પાકિસ્તાન, બ્રિટન, નોર્વે વગેરેએ સ્વીકારેલું છે. તેઓ અત્યારે પણ એવો પ્રયાસ કરે છે, જેને પરિણામે સામ્યવાદી ચીનના પ્રતિનિધિને રાષ્ટ્રસંસ્થામાં સ્થાન મળે, પરંતુ અમેરિકા તો વિશ્વયુદ્ધને લક્ષમાં રાખીને જ અત્યારે બધા નિર્ણયો કરે છે એટલે કોઈના પ્રયાસને સફળતા મળવાની આશા નથી.

સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ કોરિયાની બાબતમાં ઉત્તર કોરિયાને આક્રમણકાર ઠરાવ્યું છે અને એના હુમલાને પાછો હઠાવવા સર્વ રાષ્ટ્રોને મદદ આપવાની અપીલ કરી છે. અત્યારે કોરિયાનું યુદ્ધ રાષ્ટ્રસંસ્થા લડે છે એમ કહી શકાય; પરંતુ વ્યવહારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમેરિકા જ ત્યાં લડી રહ્યું છે. અમેરિકાએ કોરિયાના યુદ્ધમાં ઝંપલાવવાનો નિર્ણય કર્યો તે સાથે જ પ્રશાંત મહાસાગરમાં ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ થાય તોપણ બરાબર સામનો થઈ શકે એ દૃષ્ટિ રાખીને ફોર્મોસા, હિંદી ચીન અને ફિલિપીન્સને લશ્કરી મદદ આપવાનાં પગલાં લીધાં. આગેવાન ગણાય એવાં બધાં રાષ્ટ્રોએ હવે તો જાહેર કરી દીધું છે કે તેઓ કોરિયા પૂરતાં જ આ અથડામણમાં પડ્યાં છે અને અમેરિકાનાં બીજાં પગલાંઓ સાથે તેમને સંબંધ નથી. જો વિશ્વયુદ્ધની દૃષ્ટિએ જ વિચાર કરીએ તો અમેરિકાનાં આ પગલાંઓનો વિરોધ થઈ શકે નહિ. બીજી બાજુએ શાંતિની દૃષ્ટિએ વિચારીએ તો અમેરિકાનાં આ પગલાંથી સમાધાનનો માર્ગ વધુ મુશ્કેલ બન્યો છે.

કોરિયાનું યુદ્ધ શરૂ થયું ત્યારથી ત્રીજા વિશ્વયુદ્ધનો ભય માનવજાતને માથે તોળાઈ રહ્યો છે. સાથોસાથ અણુબૉંબની ભયાનક કલ્પના પણ દુનિયાને થથરાવી રહી છે. અત્યાર સુધીના સંયોગો જોતાં, આપણા વડાપ્રધાને કહ્યું તેમ વિશ્વયુદ્ધ વિષે પચાસ પચાસ ટકાની સ્થિતિ છે. એમ લાગે છે કે કોરિયાનો ભડકો શમશે નહિ. બીજાં કેટલાંક સ્થળોએ પણ અગ્નિ પ્રગટશે. જગત શાંતિપૂર્વક જીવી શકે એવી સ્થિતિ અત્યારે તો જણાતી નથી. અમેરિકા સહેલો વિજય મેળવવા માટે જો કોરિયામાં અણુબૉંબ નાખશે તો વિશ્વયુદ્ધ તત્કાળ આવી પડશે અને તે અતિ ભયંકર હશે.

સમાજવાદી પક્ષ

સમાજવાદી પક્ષનું વાર્ષિક અધિવેશન મદ્રાસમાં મળી ગયું. આ અધિવેશનમાં થયેલા ઠરાવો અને ભાષણો વાંચતાં મન ઉપર એવી છાપ પડે છે કે સમાજવાદી પક્ષને દેશ અને દુનિયાની વાસ્તવિક પરિસ્થિતિનું ભાન હજી થયું નથી. સામ્યવાદી હિંસા સામે જે પોકાર ઉઠાવ્યો છે તે વાજબી છે. લોકશાહી સમાજવાદનો આદર્શ પણ આવકારપાત્ર છે, પરંતુ તેની પ્રાપ્તિ માટે જે કાર્યક્રમ અને જે માર્ગ અપનાવવામાં આવે છે તે તદ્દન અવ્યવહારુ છે. સમાજવાદી પક્ષ કોંગ્રેસની ટીકા અને નિંદામાંથી પરવારતો જ નથી. કોંગ્રેસના રાજતંત્રને બ્રિટિશતંત્ર સાથે સરખામણી કરી એટલું જ નહિ પણ તેથી યે આ તંત્રને બદતર ગણાવ્યું તે શરમરૂપ ગણાવું જોઈએ. કોંગ્રેસે આ દેશને સુસ્થિર રાજતંત્ર આપ્યું, રિયાસતી દુનિયામાં અદ્ભુત ક્રાંતિ પ્રગટાવી; આખું એશિયા જ્યારે સળગે છે ત્યારે દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવ્યાં તેની પણ સમાજવાદી પક્ષ કદર કરી શક્યો નથી તે ખેદજનક છે. જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીર જેવા જટિલ કોયડા ઉકેલવા મુત્સદ્દીગીરી અને લશ્કરી તાકાત ભારત સરકારે દાખવ્યાં; પૂર્વ બંગાળની સમસ્યા ઊભી થઈ ત્યારે સમાજવાદી પક્ષ કેવી મૂંઝાયેલી સ્થિતિમાં હતો. તેના પુરાવા પક્ષના વિવિધ નેતાઓના નિવેદનમાંથી મળી રહે છે. આ પક્ષના હાથમાં જો રાજતંત્ર હોત તો દેશનું શું થાત તેની કલ્પના કરવી મુશ્કેલ નથી.

સમાજવાદી પક્ષનો અઢાર મુદ્દાનો કાર્યક્રમ તદ્દન અવ્યવહારુ છે. એ જ રીતે આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે એશિયાનું જૂથ રચવાની વાત પણ અર્થહીન છે. ઇચ્છા કરવા માત્રથી કેમ જાણે બધું પ્રાપ્ત થઈ જવાનું હોય તેમ સમાજવાદી પક્ષ માનતો જણાય છે. આ પક્ષ ઉત્તરોત્તર નિર્બળ બનતો જાય છે એમાં શંકા જ નથી. ત્યાગી, સેવાભાવી અને શક્તિશાળી યુવાનો પક્ષમાં હોવા છતાં તેની તાકાત ઘટે છે તેનું કારણ અવ્યવહારુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિ જ છે. પક્ષમાંથી સાને ગુરુજી અને મહેરઅલી જેવાં રત્નો ગયાં. એમના મૃત્યુનું દુઃખ આખા રાષ્ટ્રે અનુભવ્યું છે. શ્રી અચ્યુત પટવર્ધન અને શ્રીમતી અરુણા અસફઅલી છૂટાં થતાં પક્ષ ઘણો નિર્બળ બનશે. આ પક્ષની છાયામાં કેટલાંક સામ્યવાદી અસર-વાળાં તત્ત્વો પણ ઘૂસ્યાં છે તે પક્ષ માટે ભયજનક છે. સમાજવાદી પક્ષ માટે આવતું વર્ષ ખરેખર કસોટીનું બનશે.

કાશ્મીરનો કોયડો

કાશ્મીરનો પ્રશ્ન અગત્યનો બનવા લાગ્યો છે. રાષ્ટ્રસંસ્થાના વિષ્ટિકાર સર ઓવન ડિક્સન ભારત-પાકિસ્તાનની મુલાકાત લઈ કાશ્મીરના બંને પ્રદેશોમાં જઈ આવ્યા છે. અને હવે બંને દેશના વડાપ્રધાનો સાથે સૈન્યવિસર્જન અંગે છેવટની મંત્રણા શરૂ થવાની છે. સર ઓવન વિષ્ટિકાર છે એ ભૂલવાનું નથી, પોતે ઇચ્છે તેવો નિર્ણય લાદવાની તેમની સત્તા નથી.

દુનિયાની આજની સ્થિતિમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે સારા સંબંધો અત્યંત આવશ્યક છે. બીજી બાજુ જોઈએ તો સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનું જ ભાવિ જ્યાં જોખમમાં મુકાયું છે, ત્યાં કાશ્મીરનો ફેંસલો સત્વર નહિ આવી શકે તો પરિસ્થિતિ ઘણી બગડશે એમાં શંકા નથી. કોરિયાના પ્રશ્નમાં અમેરિકાની પ્રેરણાથી સલામતી સમિતિએ જે ઝડપ બતાવી તે કાશ્મીરની બાબતમાં બતાવી હોત, તો આજે જુદી જ સ્થિતિ થઈ હોત. હવે ભૂતકાળ માટે અફ-સોસ કરવાનો અર્થ નથી. સર ઓવન સત્ય અને ન્યાયના માર્ગે ચાલશે તો તેમનો માર્ગ વધુ સરળ બનશે. અમેરિકા આજે વિશ્વયુદ્ધની દૃષ્ટિએ જ બધું વિચારે છે. સર ઓવન ઉપર તેની અસર ન પડે એમ આપણે ઇચ્છીએ. કાશ્મીરમાં કોણ આક્રમણકાર છે તેનો જવાબ સીધી રીતે નહિ તો સૈન્યવિસર્જનના સૂચન દ્વારા સર ઓવને આપવો જ પડશે. ભારત અને પાકિસ્તાન, કાશ્મીર સરકાર અને 'આઝાદ કાશ્મીર' એ બધાંને સર ઓવન એક જ કક્ષામાં મૂકશે તો સફળતા માટે ઘણી ઓછી આશા રહેશે.

સમાજના શત્રુઓ

કોરિયાની લડાઈ શરૂ થતાં જ આપણા દેશના નફાખોરો-સમાજશત્રુઓ મેદાનમાં આવી ગયા છે. યુદ્ધ પૂરું થયા પછી પાંચ વર્ષે પણ જીવનની જરૂરિયાતના ભાવો ઘટ્યા નથી અને ગરીબ તથા મધ્યમ વર્ગ ભયંકર આફતમાં સપડાયેલો છે. તેમાં કોરિયાના યુદ્ધે નફાખોર વેપારીઓમાં વધુ ધનલાલસા જાગૃત કરી છે ને અનેક ચીજોના ભાવો આસમાને ચડવા લાગ્યા છે. અંકુશોનો વિરોધ કરવામાં વેપારી વર્ગ સૌથી આગળ આવે છે. આજે એમને પૂછીએ કે જો અંકુશો હઠી જાય તો પ્રજાનું લોહી પીવામાં તેઓ પાછું વાળીને જુએ ખરા ? કોરિયાના યુદ્ધની જે વસ્તુઓ ઉપર સીધી કશી અસર નથી, એવી ચીજોના પણ ભાવો વધ્યા છે. સરકાર આ બાબતમાં ચેતવણી આપીને જ જો સંતોષ લેશે તો પ્રજાની પાયમાલી થશે. ભારત સરકાર અને રાજ્યની સરકારોએ સમાજ-શત્રુઓની સામે તત્કાળ ઘટતાં પગલાં લેવાં જોઈએ.

તા. ૨૦-૭-'૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા-સમાચાર

'સસ્તું સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય' એ મુદ્રાલેખ મુજબ આ સંસ્થાનાં પ્રકાશનો જનતાને ઉપયોગી થાય એ રીતે પ્રસિદ્ધ કરવા ટ્રસ્ટીઓ પ્રયત્ન કરે છે.

ભિક્ષુ અખંડાનંદજીનો મુખ્ય હેતુ સામાન્ય પ્રજાનો સર્વતોમુખી ઉત્કર્ષ થાય એવું ઉપયોગી વાચન પૂરું પાડવાનો હતો; અને એ હેતુ માટે તેમણે એકલે હાથે પોતાના છેલ્લા શ્વાસ સુધી લગભગ ૩૫ વર્ષ સુધી અવિરત કાર્ય કર્યું છે. એમનો પરિશ્રમ કેટલો સફળ થયો છે તે તો જનતા જ કહી શકે.

અમને જણાવતાં આનંદ થાય છે, કે સંસ્થાની સ્થાપના પછી આજ સુધીમાં ધર્મ, નીતિ, આરોગ્ય, સંતવાણી, જીવનચરિત્રો વગેરે વિવિધ વિષયો ઉપર લગભગ ૫૩૦ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. આટલી મોટી સંખ્યામાં પ્રકાશનો બીજી કોઈ સંસ્થાએ પ્રસિદ્ધ કર્યાં હોય એ અમારી જાણમાં નથી.

છેલ્લાં આઠેક વર્ષથી તો દર વર્ષે સરેરાશ લગભગ ૫૦ પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. 'અખંડ આનંદ' માસિક શરૂ કર્યા પછી કામકાજ બહોળા પ્રમાણમાં વધ્યું છે; તેથી બે નવાં પ્રિન્ટિંગ મશિનો મંગાવ્યાં છે. તે આવી ગયેથી સંસ્થાનું ચાલુ કામ આસાનીથી પૂરું થશે અને કંઈક વિશેષ પ્રગતિ પણ થઈ શકશે એવી આશા રહે છે.

આજ સુધીમાં સંસ્થાએ સાધેલી પ્રગતિમાં અનેક ભાઈઓનો સીધો કે આડકતરો, પ્રકટ કે અપ્રકટ સ્વરૂપે ફાળો છે. કોઈએ તનથી, કોઈએ મનથી અને કોઈએ ધનથી આ સંસ્થાને મદદ કરી છે. જ્ઞાનપ્રચાર જનકલ્યાણનો એક મહાયજ્ઞ છે; અને તે યજ્ઞમાં સૌ કોઈ પોતપોતાની શક્તિ અનુસાર ઓછોવત્તો સાથ આપી શકે છે.

ભૂખ્યાંને અન્ન આપવું એ કાર્ય ઘણું ઉમદા કાર્ય છે, તોપણ જ્ઞાનપ્રચાર દ્વારા પ્રજાને જે સદ્‌વિચાર અને સંસ્કાર મળે છે તે જોતાં એ કામ પણ ઓછા મહત્ત્વનું નથી.

અમે દરેક વાચકબંધુને નમ્રપણે પૂછીએ છીએ, કે સ્વામીજીની જેમ આપે આ દિશામાં કંઈ કર્યું છે કે કેમ? દરેકનાં સ્થિતિ-સંજોગો સરખાં હોતાં નથી; એટલે દરેક વાચકબંધુને વિનતિ છે કે જ્યારેજ્યારે અનુકૂળતા મળે, ત્યારેત્યારે સારાં પુસ્તકો ઘરમાં વસાવી લેવાં; અને શક્ય હોય તો પોતાના ગામમાં કે જિલ્લામાં લાયબ્રેરીઓ સ્થાપીને સૌ કોઈને સારાં પુસ્તકો વાંચવા મળે એવો બંદોબસ્ત કરી આપવો.

હવે તો લાયબ્રેરીની ભાવના આપણા દેશમાં સારી રીતે પ્રચાર પામી રહી છે. ઘણાં ગામોમાં અને નાનાંમોટાં શહેરોમાં નવાં પુસ્તકાલયો ખૂલે છે; એવે સ્થળે આ સંસ્થાનાં પુસ્તકો ન હોય એવો પણ સંભવ છે; તેવે સ્થળે આ સંસ્થાનાં પુસ્તકો પહોંચાડવા માટે અમને એક પોસ્ટ કાર્ડ લખશો, તો તે ઠેકાણે કોઈ પણ જાતની તકલીફ આપ્યા વગર પહોંચાડી દઈશું. કેટલા રૂપિયાનાં પુસ્તકો આપના વતી ત્યાં પહોંચાડવાનાં છે એ પત્રમાં દર્શાવવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાં પ્રકાશનો

પંચાંગ : સંવત ૨૦૦૭નું જ્યોતિષની અગત્યની હકીકતો સાથે. પાન ૯૬ : ૦–૭

વિશ્વની વિચિત્રતાઓ : (સર્વોપયોગી શ્રેણી ૩૬) લે૦ છોટાલાલ મા. કામદાર : સ્વપ્નમાં ન ધારી હોય તેવી જગતની અજાયબ વાતોનો સંગ્રહ. પાન ૧૬૦ : મૂલ્ય ૦–૧૦

ગૌતમ બુદ્ધ : (સર્વોપયોગી શ્રેણી–૩૭, ૩૮) લે૦ રામનારાયણ ના. પાઠક : ભગવાન બુદ્ધનું વિસ્તૃત ચરિત્ર અને ઉપદેશો. પાન ૧૯૨ : ૧–૪

હસ્તામલકસ્તોત્ર અને વાક્યસુધા : (આમશ્રેણી) શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિત : મૂળ સાથે સરળ અનુવાદ. પાન ૩૨ : ૦–૨

પ્રશ્નોત્તરમાળા અને જીવન્મુક્ત-આનંદલહરી : (આમશ્રેણી) શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિત : મૂળ સાથે સરળ ભાષાંતર. પાન ૪૮ : ૦–૩

સંત મૂળદાસ : (આમશ્રેણી) સૌરાષ્ટ્રના સંત–ભક્તના આઠ પ્રેરણાદાયી જીવનપ્રસંગો. પાન ૧૧૨ : ૦–૬

કબીર સાહેબની સાખી : (આમશ્રેણી) સં. મણિલાલ તુ. મહેતા: કબીર સાહેબની ૪૫૨ સાખીઓ અર્થ સાથે. પાન ૫૬૪ : ૦–૩

બાળકોની વાતો : (આમશ્રેણી) લે૦ સ્વ. પઢિયાર : આ નવી આવૃત્તિમાં નવ ચિત્રો અપાયાં છે. પાન ૧૩૬ : ૦–૬

અંતર નિરીક્ષણ : લે૦ ન. પોરબંદર (પોરબંદરના મહારાણા કૃત) પાન ૨૦૮ : ૧–૦

બાળક : (સર્વોપયોગી શ્રેણી ૩૨, ૩૩) બાળવિકાસ માટે ઉપયોગી ૧૩ નિબંધો. પાન ૧૭૬ : ૧–૪

કેશવકૃતિ : (આમશ્રેણી) ચૂંટેલાં ૪૮ ભજનો. પાન ૬૪ : ૦–૪

મદન-મોહના : (આમશ્રેણી) આનંદ સાથે ઉપદેશ આપતી શામળભટ્ટની બાળવાર્તા પાન ૫૬ : ૦–૪

રવિ, ભાણ અને મોરાર સાહેબની વાણી : (આમશ્રેણી) ૧૨૧ ભજનોનો અર્થ સાથેનો સંગ્રહ. પાન ૮૮ : ૦–૪

સૌથી પહેલા દાદાજી : (આમશ્રેણી) બાળકો તેમ જ પ્રૌઢ-શિક્ષણ માટે ઉપયોગી સચિત્ર પુસ્તક. પાન ૭૦ : ૦–૬

પુનરાવૃત્તિઓ

શ્રીમદ્ ભગવદ્ગીતા : (મોટા અક્ષરમાં) મૂળ શ્લોકો સાથે સરળ અનુવાદ, ગુટકા કદની પાન ૨૫૬ : ૦–૧૨

શ્રીમદ્ ભગવદ્ગીતા : (ગુટકો) મૂળ શ્લોકો અને સરળ અર્થ સાથે. કદ ૫×૭॥, પાન ૩૫૬ : ૦–૮

અખાની વાણી : અઘરા અર્થ સાથેની ચોથી આવૃત્તિ. પાન ૪૯૬ : મૂલ્ય ૩–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અખંડ આનંદ'ના વાચનને અંતે

પ્રત્યેક સામયિકને તેનાં નિજનાં વિશિષ્ટ લક્ષણો હોય છે–એનાં લખાણોમાં, સંપાદન-દૃષ્ટિમાં ને રૂપરંગ તથા વસ્તુમાં. બીજાં અનેક આકર્ષક અંગો સાથે 'અખંડ આનંદ'નું એક આગવું આકર્ષણ છે એના ઊઘડતે પાને જ આવતાં 'શ્રી'નાં લખાણો. જીવનને ઝબકાર પાથરી જતા આ નાનકડા લેખોમાં ચાલુ અંકે 'કર્મ અને ફળ'ની વિચારણા કરવામાં આવી છે. વેદકાલીન યુગથી કર્મફળમીમાંસા ભારતીય તત્ત્વજ્ઞોએ કરી છે અને એ અણમોલ વારસાની જાહ્નવીને સંસ્થાએ જનતાને દ્વારે વહેવડાવી છે. અંધકારમાં પ્રકાશ પાથરનાર જ્ઞાન જ છે. એ જ્ઞાન ધર્મ અને તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. આ વિષયનાં સંસ્થાનાં પુસ્તકો તમને મદદગાર બની રહેશે.

ભગવાન બુદ્ધના 'મહાભિનિષ્ક્રમણ'ના પ્રસંગ જેવા બનાવો આપણા જીવનમાં રોજ બને છે, પણ ક્યાં વામન ને ક્યાં વિરાટ! 'ચીનના મહાત્મા કોન્ફ્યુશિયસ' વિષે તમે આ અંકમાં થોડુંક વાંચી ગયા. બાહ્ય દૃષ્ટિથી નાનકડા જણાતા પણ અર્થગંભીર બનાવો જાગ્રત આત્માઓને કેવા ઊંચા લાવી શકે છે તે સંસ્થા દ્વારા પ્રકાશિત કેટલાક મહાપુરુષોનાં જીવનચરિત્રોમાંથી મળી રહેશે.

આ અંકમાં તમે વાંચેલા ક.દ.ડા.નાં વિનોદકાવ્યો તો કવિવર દલપતરામ ડાહ્યાભાઈએ વહાવેલી કાવ્યસરિતાનાં અતિ નાનાં ઝરણાંના મીઠા આસ્વાદ સમાં જ છે. એમના કવિતાઉદ્યાનનાં સુગંધિત પુષ્પોનો એક ગુચ્છ **'દલપતરામની કવિતા'** નામે સંસ્થાએ પ્રસિદ્ધ કર્યો છે. માત્ર દલપતરામ જ શા માટે, આપણા પ્રાચીન કવિઓની વાણીમાં તમને રસ જાગ્યો હોય તો **'શામળના છપ્પા,' 'મીરાંબાઈનાં ભજનો,' 'નરસિંહ** મહેતાનાં **ભજનો,' 'ભજનસંગ્રહ,' 'પરિચિત પદસંગ્રહ,' 'પ્રીતમદાસની વાણી,'** 'ધીરા **ભગતનાં પદો,' 'ભોજા ભગતના ચાબખા,'** વગેરે તમારી એ રસતૃષા છિપાવવામાં મદદરૂપ થશે.

'પુનિત સંસ્મરણો'નો ચાલુ અંકનો હપ્તો એક ધ્યાનથી જોઈ જનારને **'પરમ પૂજ્ય બાપુ'** વાંચવાની ઇચ્છા થવાની જ.

'માનસિક વ્યાધિના ઉપાયો'ના લેખકે સ્વાનુભવ રજૂ કરીને સાચું જ કહ્યું છે કે નીડર બની, મનની સ્થિતિ ઉત્તરોત્તર દૃઢ બનાવવા માટે સસ્તું સાહિત્ય સંસ્થા દ્વારા પ્રકાશિત **'આગળ ધસો,' 'સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ'** તથા **'પ્રભુમય જીવન'** વગેરે પુસ્તકો સહાયભૂત બને છે. 'ચારિત્ર્યનું ઘડતર' કરવા માટે, જીવનમાં પ્રેરણા પ્રાપ્ત કરવા માટે, આ પુસ્તકોએ સેંકડો ને હજારો નહિ, લાખો લોકોના જીવનમાં ખૂબ અગત્યનો હિસ્સો નોંધાવ્યો છે.

ચાલુ અંકના સંસ્કૃતિપ્રવાસ દરમિયાન આવેલાં મોટાં આશ્રયસ્થાનોમાંનું એક હતું 'મધમાખીના ઉદ્યોગ'નું સ્થાન. આ ઉદ્યોગ શહેરમાં નહિ તેટલો ગામડામાં વિસ્તારી શકાય તેમ છે. અને ગામડામાં બીજા કોઈ કરતાં ખેડૂતોને એ વિશેષ માફક આવે તેમ છે. **'ખેતીનાં મૂળ તત્ત્વો'**ના ચારેય ભાગ વાંચનાર ખેડૂત જ સારી ખેતી કરી શકે અને ખેતીની જોડાજોડ મધમાખીનો ઉદ્યોગ સારી પેઠે વિકસાવી શકે.

ગુજરાતી સાહિત્યનાં સો ઉત્તમ પુસ્તકોની યાદી કરવામાં આવે તો તેમાં 'સસ્તું સાહિત્ય'નાં પ્રકાશનોની સંખ્યા નાનીસૂની નહિ હોય. કારણ? એનું એકેએક પુસ્તક વાંચ્યા પછી જ આનો જવાબ આપમેળે આપી દેવાય એવા છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાંડ ખાનાંદ

એક રૂપિયો

સસ્તું સાહિત્ય
અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CROWN BRAND GUARANTEED PURE

CROWN BRAND GUARANTEED PURE

એલ્યુમિનિયમ અને પિત્તળનાં વાસણ

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમના વાસણો વજનમાં હલકા, જલ્દી ગરમ થાય તેવા અને કીંમતમાં કીફાયત હોય છે કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.



તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો:

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂ. ૭ાા છે. બ્રહ્મદેશ માટે રૂા ૮) અને પરદેશ માટે રૂા. ૧૧) છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. છ અથવા ત્રણ માસના ગ્રાહકો નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક સમયસર ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી; અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી; અને તે સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પોતાનું નામ-સરનામું સ્પષ્ટ લખવાં; સાથે ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું. વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે.

૯ મનીઑર્ડરની કુપન પર રૂપિયાની રકમ, રૂપિયા મોકલવાનો ઉદ્દેશ, ગ્રાહક નંબર (નવા ગ્રાહક હોય તો નવા ગ્રાહક લખવું), પૂરું સરનામું વગેરે સર્વ બાબતો સ્પષ્ટ દર્શાવવી.

૧૦ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

૧૧ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૨ રૂબરૂ આવી અંક લઈ જનાર તથા એકથી વધારે અંકો રજિસ્ટરથી યા રેલવેથી મંગાવનાર માટે લવાજમમાં કંઈ ફેરફાર નથી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, અમદાવાદ ને કાલબાદેવી, મુંબઈ–૨

લેખો અંગે નિયમો

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસવર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર–અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. આમ છતાં લગભગ છ માસમાં લેખ પ્રગટ થઈ જાય એવો પ્રયત્ન કરવામાં આવે છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લખાણ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડયું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર–અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લખાણો મોકલવાનું સરનામું આ પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'

ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ–૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

વિષય	લેખક	
૧ પર્વ અને આનંદ	શ્રા	પૃ
૨ કર્મયોગનો સાર	શ્રી અરવિંદ, અનુ. શ્રી અંબાલાલ પુરાણી	૩
૩ ગુરુસંપ્રદાય	શ્રી કિશોરલાલ મશરૂવાળા	૫
૪ પ્રભુપ્રાપ્તિ	સ્વામી શ્રી શિવાનંદજી	૧૨
૫ પઢિયારની સ્મૃતિ	શ્રી મનુ સૂબેદાર	૧૮
૬ પ્રદર્શનની ભાવના (હાસ્યલેખ)	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૨
		૨૭
૭ થોડાંક સુભાષિતો	અધ્યા. મનસુખલાલ ઝવેરી એમ. એ.	૩૧
૮ વડીલોના વાંકે (વાર્તા)	શ્રી નાથાલાલ દવે એમ. એ.	૩૨
૯ નર્મદાકાંઠાની સંસ્કૃતિ (સંશોધન)	શ્રી જનાર્દન ના. પ્રભાસ્કર	૪૦
૧૦ વાત્સલ્ય (વાર્તા)	શ્રી શૈલજાનંદ મુખોપાધ્યાય	૪૬
૧૧ સંતોષી સદા સુખી કે દુઃખી ? (માનસશાસ્ત્ર)	શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ એમ. એસ. સી. (લંડન) બાર–એટ–લો	૫૪
૧૨ ગુલામી અને આઝાદી	શ્રી વિઠ્ઠલદાસ વ. જેરાજાણી	૫૯
૧૩ ચાતુર્માસ	શ્રી મંજુલાલ સાકરલાલ દેસાઈ બી. એ.	૬૧
૧૪ વનસ્પતિ ઘી	મુનિશ્રી સંતબાલજી, શ્રીમતી સરોજિની મહેતા	૬૭
૧૫ કિન્નરપ્રજા (પરિચય)	શ્રી ધર્મદેવ શાસ્ત્રી	૭૨
૧૬ તરંગ (ભાવના)	કવિ મૂળશંકર હ. મૂલાણી	૭૬
૧૭ પૌષ્ટિક ખોરાક (આરોગ્ય)	ડૉ. કાંતિલાલ એમ. બી. બી. એસ.	૮૨
૧૮ જીવનધ્યેયની પ્રગતિ	ડૉ. છોટુભાઈ આર. નાયક એમ. એ. પી. એચ. ડી.	૮૮
		૯૨
૧૯ શ્રીકૃષ્ણ અને સુદામા	શ્રી નર્મદ ટી. પંચોલી	૯૬
૨૦ ઇન્સાફ (વાર્તા)	શ્રી જિતેંદ્ર દલાલ	૯૯
૨૧ બહેનોના ઉદ્યોગો	શ્રી જ. દા. મુનસફ	૧૦૧
૨૨ અંતિમ વંદના (નાટિકા)	શ્રી સુરેશ ગાંધી	૧૦૯
૨૩ સાને ગુરુજી (જીવનરેખા)	શ્રી પુરુષોત્તમ ગણેશ માવલંકર	૧૧૪
૨૪ યુગપ્રવાહ	શ્રી સોપાન	૧૧૯
૨૫ સંસ્થા–સમાચાર	કાર્યાલય	

* * *

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર

મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૩, અંક ૧૧] . તંત્રી : સોપાન [સપ્ટેમ્બર ૧૯૫૦

પર્વ અને આનંદ

પર્વદિવસ આવે છે ત્યારે માનવી પોતાની રુચિ પ્રમાણે આનંદ અથવા સંકલ્પ કરવા પ્રેરાય છે. જેની પાસે સાધન નથી તે પર્વદિવસે વધુ દુઃખનો અનુભવ કરે છે. ગરીબી જો સ્વેચ્છાએ સ્વીકારેલી હોય તો જ તેમાંથી રસનાં ઝરણાં પ્રગટે, જ્યાં સંયોગવશાત્ ગરીબ રહેવું પડતું હોય ત્યાં તેનું દુઃખ બેવડાય; કારણકે ન હોય તેનું અને ઝંખનાનું એમ બેવડું દુઃખ ભોગવવું પડે. આવા માણસો પર્વદિવસે હિજરાય, બીજાનો આનંદ જોઈ એનાં દુઃખમાં વૃદ્ધિ થાય, તેમાંથી ઈર્ષા ને રોષ પણ પ્રગટે. જેમની પાસે સાધન છે તેઓ આનંદ ભોગવતી વખતે આવાં સાધનવિહોણા માનવીઓનો વિચાર કરતા હોય તો કેવું સારું !

દુઃખીઓનાં દુઃખ દૂર કરવામાં અપૂર્વ આનંદ રહેલો છે. પર્વદિવસે એવો આનંદ માણવાની ઇચ્છા આપણામાં પ્રગટે તો માનવું કે આપણી અંદર બેઠેલા ઈશ્વરને આપણે ઓળખી શકયા છીએ. આવી ઊંચી ભાવના હૃદયમાં ન પ્રગટે તો ઓછામાં ઓછું એટલું તો ધ્યાનમાં રાખવું જ જોઈએ, કે આપણો આનંદ બીજાનાં દુઃખોમાં વૃદ્ધિ કરનારો ન થાય. કોઈના દિલમાં ઈર્ષાની આગ પેટાવવાનો આપણો હેતુ ન હોય તોપણ જો આપણું વર્તન એવું હોય તો ઈર્ષા પ્રગટ્યા વિના રહે નહિ. આપણાં સાધનસંપત્તિમાં બીજાને ભાગીદાર બનાવી શકાય તો ઉત્તમ, એમ ન બની શકે તો તેનું પ્રદર્શન ભરી બીજાની આંખે તો ન ચડીએ. આવા હેતુથી સ્વીકારેલી સાદાઈ મનના આનંદમાં વૃદ્ધિ કરશે અને જતે દિવસે એમ પણ લાગશે, કે સુખ કે સલામતી માટે જીવનમાં વિશેષ સાધનસંપત્તિની જરૂર પણ નથી.

ધનવાનોનું ધન અને સાધનવંતાઓનાં સાધનો જો બીજાઓના ઉપયોગમાં આવતાં હોય તો આજનાં વેરઝેર અરધાં થઈ જાય; આ બાબત સહેજ અનુભવ કરતાં સમજાઈ જાય એવી છે. આ પ્રકારે બીજાને લાભ આપવામાં માણસ સુખનો પણ અનુભવ કરે છે. જે લે તે સુખ પામે અને જે આપે તે પણ સુખ પામે, એવી આ લેણદેણ છે. પ્રિયજનો સાથેના વ્યવહારમાં આ સત્યનો આપણે રોજ અનુભવ કરીએ છીએ. આપણું બાળક કશું ઝૂંટવી શકતું નથી, કશું બળજબરીથી કરાવી શકતું નથી, આપણે જે આપીએ તેથી જ એણે રાજી કે નારાજ થવાનું હોય છે. આ બાળકોને કંઈ આપતાં કેવો અનુભવ થાય છે? પિતા બાળક માટે ભેટ લાવ્યા હોય ત્યારે તેના મનમાં કેવા ભાવો ઊઠતા હોય છે? અને જ્યારે એ ભેટ બાળકના હાથમાં આપે છે, ત્યારે આપનાર અને લેનારના મુખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર કેવો આનંદ ઊભરાય છે?

પર્વદિવસે આવો આનંદ માણવાની વૃત્તિ આપણામાં જાગવી જોઈએ. માનવીના સંસ્કાર, ભાવના, વિચાર વગેરેની ખરી પરીક્ષા, તે કેવી રીતે જીવનનો આનંદ ભોગવે છે તે ઉપરથી કરી શકાય. પર્વદિવસે સહજ રીતે આનંદની લાગણી ઉછાળો લે છે. નિત્યના કામધંધાથી મુક્ત થયેલો, કુટુંબની વચ્ચે બેઠેલો, પૂરી નવરાશવાળો માનવી તે દિવસે શું કરે છે તે ધ્યાનપૂર્વક જોવું જોઈએ. આપણી જાત પણ આ નિરીક્ષણમાંથી બાદ ન રહેવી જોઈએ. આનંદ આપણે ભોગવવો જોઈએ. આનંદ તો જીવનનું પોષણ છે. જે શાણા માણસોએ પર્વની રચના કરી છે તે આનંદનો મહિમા સમજતા હતા. આપણે પર્વદિવસે આનંદ જરૂર માણીએ. નિત્યજીવનનો થાક ઉતારવા પણ આનંદની જરૂર છે. આપણે આનંદ–પરમાનંદ–સચ્ચિદાનંદ પ્રાપ્ત કરવાની કક્ષાએ ન પહોંચ્યા હોઈએ તો ચિંતા નહિ, પણ આપણો આનંદ અધમ પ્રકારનો ન હોય અને કનિષ્ઠ પ્રકારનો પણ ન જ હોય તે લક્ષમાં રાખીએ.

આપણા આનંદથી બીજા આનંદિત થાય એવું કરી શકીએ તો ઉત્તમ. એમ કરવાની વૃત્તિ કે શક્તિ ન હોય તો ઈશ્વર પાસે પર્વદિવસે તે માગીએ. મન એ અવસ્થાએ ન પહોંચે ત્યાંસુધી પણ એક નિશ્ચય તો કરી જ લઈએ, કે અન્ય કોઈનું સુખ ઓછું થાય કે તેના દુઃખમાં વૃદ્ધિ થાય એવો આનંદ તો નહિ જ ભોગવીએ. સુખસમૃદ્ધિનું પ્રદર્શન નહિ, વિલાસવૈભવ નહિ, રંગરાગ નહિ પણ નિર્દોષ પ્રવૃત્તિથી જ પર્વદિવસે આનંદ માણવો જોઈએ. ઊંચે ન ચડી શકીએ તો કંઈ નહિ, નીચે તો ન જ પડીએ.

અને મન જાગ્રત હોય તો પર્વદિવસે તેનો મહિમા વિચારીએ અને વધુ ને વધુ ઉચ્ચ પ્રકારના આનંદ તરફ જવા માટે સંકલ્પ કરીએ. આવા પ્રયાસથી જીવનમાં ઉલ્લાસ વધશે, ભાર ઓછો થશે, જીવન સરળ બનશે અને આપણો આનંદ અન્યના જીવનમાં પણ સુખનો પ્રકાશ પ્રગટાવશે. જગતનો વ્યવહાર પહેલા પ્રવાહ જેવો છે. આપણે સૌ તેમાં રાતદિવસ ખેંચાઈએ છીએ. કિનારે જઈ પળવાર વિચાર કરવાની વૃત્તિ ક્યારેક જ પ્રગટે છે. વિવેકી મનુષ્યો સદા જાગ્રત અને તટસ્થ રહી શકે છે. પરંતુ જનસમૂહમાં એવા વિવેકીની સંખ્યા સાવ નાની હોય છે. આપણે એ કક્ષાએ હોઈએ તો પર્વદિવસે આપણે માટે કોઈ નવો સંદેશો સાંભળતા નથી; કારણકે આપણે માટે બધા દિવસો પર્વ સમાન હોય છે, પરંતુ એ કક્ષાએ ન હોઈએ તો પર્વદિવસે સંસારનો પ્રવાહ મંદ પડે છે, તેનો વેગ ઓછો થાય છે, આપણે ઇચ્છીએ તો કિનારે જઈ જીવનનું અવલોકન કરી રાખીએ. પર્વનો આ મહિમા અંતરમાં અજવાળું પાથરે એવો સંભવ છે. આપણે અનુભવ કરી તેની ખાતરી કરી શકીએ એમ છીએ.

આનંદ એ જીવનનો હેતુ હોય તો તે આનંદ વધુ ને વધુ સાત્ત્વિક કેમ બની શકે તેનો વિચાર પર્વદિવસે કરીએ અને તે માટે જીવનના પ્રવાહમાં જે બદલવા જેવું લાગે તે બદલવાનો પુરુષાર્થ પણ શરૂ કરીએ. પર્વદિવસે આરંભેલા કાર્યમાં એ દિવસની મહત્તા સ્થાપનારના તપનો પણ આપણને ટેકો મળે છે.

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મયોગનો સાર

મૂળ લે૦ શ્રીઅરવિંદ
અનુ: શ્રી અંબાલાલ પુરાણી

હિંદુ તત્ત્વજ્ઞાનના અર્ક સમાં ગીતાજી એક રીતે તો મહાસાગર છે. ધર્મવિચારથી ઘડાયેલા મરજીવા એમાંથી પોતપોતાની રુચિ અનુસાર મૌક્તિકો કાઢી લાવી જગત સમક્ષ રજૂ કરે છે. ગીતાજીમાં કોઈએ કર્મયોગનું પ્રાબલ્ય, તો કોઈએ જ્ઞાનમાર્ગનું, કોઈએ ભક્તિમાર્ગનું, તો કોઈએ પ્રારબ્ધવાદનું ને કોઈએ અનાસક્તિયોગનું પ્રાધાન્ય જોયું. 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' ના પ્રસિદ્ધ સૂત્રમાં શ્રીકૃષ્ણે અનાસક્ત રહી કર્મવાદનું તત્ત્વજ્ઞાન પ્રબોધ્યું છે. આ કર્મયોગને શ્રીઅરવિંદે બુદ્ધિયુક્ત રીતે અહીં સમજાવ્યો છે. શ્રી પુરાણીનો અનુવાદ મૂળના જેટલો પ્રાસાદિક છે. આ વિચારો ધીરજ અને ખંત તો માગશે, પણ એથી મળેલું ફળ અનેકગણું અધિક ને ઉત્કૃષ્ટ હશે. શ્રાવણ માસમાં શ્રીકૃષ્ણ અને ગીતાનું વિશેષ સ્મરણ થાય છે એટલે આ લેખ ઉપયોગી નીવડવાની આશા વધે છે.

ગીતાના પહેલા છ અધ્યાયોનો બનેલો ષટ્ક એક પ્રકારના પ્રાથમિક ઉપદેશનો બનેલો હોઈ એને ભેગો લઈ શકાય એવો છે; બાકીના બારે અધ્યાયો પહેલા છમાં જે રૂપકો સંપૂર્ણપણે વિકસાવવામાં આવ્યા નથી તેની વિસ્તૃત સમજૂતીરૂપ છે; અર્થાત્ પહેલા છ અધ્યાયમાં મુખ્ય મુદ્દાઓને અને હેતુઓને રજૂ કરતી મુખ્ય રેખાઓમાં કેવળ સૂચનરૂપે દેખાય છે તે વિચારો ખરું જોતાં ઘણા જ અગત્યના હોવાથી એમને બીજા બે ષટ્કોમાં નિશાપ્રતિરૂપણ માટે બાકી રાખવામાં આવ્યા છે. ગીતા પોતે એક લખાયેલું શાસ્ત્ર ન હોત, એટલે કે જેને છેવટ સુધી લખીને પૂરું કરવાની જરૂર રહે છે એવું એક લખાયેલું શાસ્ત્ર ન હોત; અર્થાત્ કોઈ ગુરુએ પોતાના શિષ્યને આપેલો પ્રત્યક્ષ ઉપદેશ કે ઉપદેશરૂપ ગીતા હોત તો આ છ અધ્યાયને અંતે ગુરુ અટકી જાત—કારણકે એવા પ્રત્યક્ષ ઉપદેશને જરૂર પડે ત્યારે—એટલે કે શિષ્ય વધારે આગળના સત્યની પ્રાપ્તિ માટે જ્યારે લાયક બને ત્યારે, પાછો શરૂ કરી શકાય છે. અહીં છઠ્ઠા અધ્યાયને અંતે અટકીને ગુરુ અર્જુનને કહેત : 'પ્રથમ આટલું કહેલું આચરણમાં ઉતાર, એની સાધના કરીને આ સત્યને પ્રાપ્ત કર, એ સાક્ષાત્કાર કરતાં તારાથી થઈ શકે તેટલા પૂરતું કામ મળી રહેશે, એ કામ સાધવા માટે જરૂરી એવો વિશાળમાં વિશાળ પાયો મેં તને આપ્યો છે; જેમજેમ મુશ્કેલીઓ ઊભી થતી જશે તેમતેમ તેમનો આપોઆપ ઉકેલ આવતો જશે; અથવા તો હું તારે માટે સર્વે મુશ્કેલીઓને દૂર કરી આપીશ. અત્યારે તો મેં તને જે કહ્યું છે તેટલું તું જીવનમાં ઉતાર, આ ભાવનાને લઈને કામ કર.'

ખરું છે કે પહેલા છ અધ્યાયમાં એવી ઘણી બાબતો છે જેનો ખુલાસો આગળના અધ્યાયોમાં આવનાર જ્ઞાનજ્યોતિ સિવાય મળી શકે તેમ નથી. હાલ તુરતમાં જ ઊભી થતી મુશ્કેલીઓને દૂર કરવા માટે તથા ગેરસમજૂતી થતી અટકાવવા માટે જે બાબતો આગળ આવવાની છે તેમના વિષે અહીં મેં પોતે જ ઉલ્લેખ કરેલો છે. ઉદાહરણ તરીકે, પુરુષોત્તમનો વિચાર મેં અહીં ઘણીવાર ફરીફરીને આપ્યો છે; કારણકે તેના વિના આત્મા, કર્મ તથા કર્મના સ્વામી તરીકે પ્રભુ વિષેની કેટલીક અસ્પષ્ટતાઓનો ઉકેલ લાવી શકાત નહિ. ગીતા એ સંબંધને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં માન્ય કરે છે અને સમજણપૂર્વક સ્વીકારે છે જેથી કરીને શરૂઆતમાં ભરેલાં પગલાંની દઢતામાં ખામી ન આવે. એટલે કે શિષ્યના અણુવિકસિત મનની શક્તિના ગજા બહારની વસ્તુઓ પ્રત્યે યોગ્ય સમય પાકયા પહેલાં તે ખેંચાઈ ન જાય.

ગુરુ આટલો ઉપદેશ આપીને બંધ રહે તો અર્જુન પોતે જ તેને કહે કે :

'તમે કામનાઓનો અને આસક્તિનો વિનાશ કરવા વિષે ઘણું કહ્યું છે; તમે સમતા પ્રાપ્ત કરવાનું-ઇંદ્રિયોનો સંયમ કરવાનું કહો છો તથા મનને કેવળ નિઃસ્પંદ કરવાની પણ આજ્ઞા કરો છો; 'હું કર્તા છું' એવી ભાવનાથી મુક્ત રહીને આવેગ તથા રાગ વિના કામ કરવાનો બોધ આપો છો; સર્વ કર્મો પ્રભુને અર્પણ કરવાં અને સર્વ કર્મો યજ્ઞરૂપે કરવાં એમ કહો છો; અંતરનો ત્યાગ બહારના સંન્યાસ કરતાં ઉત્તમ છે એમ શીખવો છો એ બધું હું બુદ્ધિવડે સમજી શકું છું. ભલે એ બધું વાણીમાં ઉતારતાં મને ઘણી મુશ્કેલી લાગે; પરંતુ તમે એટલું જ કહીને કયાં અટકી ગયા છો ? તમે તો કર્મ કરતાંકરતાં 'નિસ્ત્રૈગુણ્ય-ત્રણે ગુણોથી પર' થવાનો બોધ પણ આપ્યો છે. પરંતુ એ ત્રણ ગુણો કેવી રીતે કાર્ય કરે છે તેનું જ્ઞાન તમે મને આપ્યું નથી. એ જ્ઞાન સિવાય હું તેમને કેવી રીતે જાણી શકું અને તેમનાથી પર કેવી રીતે થઈ શકું ? વળી તમે તો યોગમાં પણ ભક્તિને ઉત્તમોત્તમ તત્ત્વ કહો છો, અને છતાં આખો વખત તમે બોધ આપો છો જ્ઞાનનો અને કર્મનો ! ભક્તિ વિષે તો અત્યાર સુધીમાં તમે લગભગ કાંઈ જ કહ્યું નથી. એ ઊંચામાં ઊંચી વસ્તુ ભક્તિ તે કોની અને કયે પ્રકારે કરવાની છે ? વ્યક્તિઓથી પર પ્રશાંત બ્રહ્મને તો એ ભક્તિ અર્પણ ન જ થઈ શકે એ તો દેખીતું છે. એ તો કેવળ તમને પ્રભુને જ અર્પણ કરી શકાય. તો પછી, તમે પોતે એવા કોણ છો કે અક્ષરથી પણ વધારે મહાન છો ? જેમ પરમ ભક્તિ આત્મજ્ઞાન કરતાં મહાન છે તેમ અક્ષરથી પણ મહાન એવા તમે પોતે કેવા છો ? અને છતાં એ અક્ષર ક્ષર કરતાં અને કર્મના બનેલા જગત કરતાં મહાન છે એ તો નિર્વિવાદ છે. જેમ જ્ઞાન કર્મ કરતાં મહાન છે તેમ અક્ષર ક્ષર કરતાં મહાન છે. આ ત્રણે પુરુષ વચ્ચે-ક્ષર, અક્ષર, ઉત્તમ- કેવા પ્રકારનો સંબંધ છે? કર્મ, જ્ઞાન અને ભક્તિનો કેવો સંબંધ છે? પ્રકૃતિમાં રહેલ ક્ષર પુરુષ અને અક્ષર બ્રહ્મ વચ્ચે તથા તે પરમ પુરુષ જે સર્વમાં રહેલ અવિનાશી આત્મા પણ છે તથા એકીવખતે જ્ઞાન, પ્રેમ અને કર્મનો સ્વામી પણ છે, જે અહીં મારી સાથે વિનાશમાં મારા આ ઘોર યુદ્ધ અને રથમાં ઘોર કર્મના સારથિ રૂપે રહેલ છે તે ભગવાન તથા એ ધીર અને અક્ષર વચ્ચે શો સંબંધ છે?'

ગીતાનો બાકીનો ભાગ ઉપર જણાવેલ પ્રશ્નોના ઉત્તર રૂપે લખાયેલો છે. એ પ્રશ્નોનો બુદ્ધિમાં બેસે એવા ઉકેલ મેળવવા માટે વગર વિલંબે એ પ્રશ્નો વિચારવા જોઈએ અને એમનું સમાધાન પ્રાપ્ત કરવું જોઈએ. પરંતુ યોગસાધનામાં તો સાધકે [illegible] આગળ વધવાનું હોય છે અને મહાન [illegible] મહાન વસ્તુઓ પણ સાધનાના [illegible] માં આપોઆપ ઉપસ્થિત થાય [illegible] આધ્યાત્મિક અનુભૂતિમાં આપણે [illegible] પ્રગતિના પ્રકાશમાં એ બધાનો ઉકેલ પૂરો [illegible] આવી જાય ત્યાંસુધી વાટ જોવી પડે [illegible] ગીતા થોડે અંશે આ અનુભૂતિની [illegible] અનુસરણ કરે છે અને શરૂઆતમાં કર્મ [illegible] જ્ઞાનનો વિશાળ પ્રાથમિક પાયો રજૂ કરે [illegible] શિષ્યને આપે છે અને એ રીતે સાધના [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...ને ભક્તિ પ્રત્યે અને વધારે મહાન ...કારના જ્ઞાનયોગ પ્રત્યે પણ સાધકને દોરી ...ષ્ટ છે; પરંતુ એ બન્ને અહીં પૂરેપૂરાં સ્પષ્ટ ...તાં નથી. પહેલા છ અધ્યાયમાં આ ...સામાન્ય પાયો આપણી આગળ રજૂ કરવા-...માં આવ્યો છે.

અહીં આપણે વિચાર કરવાનો રહે છે કે ગીતાએ જે મૂળ પ્રશ્ન સાથે શરૂઆત કરી છે તેનો ઉકેલ કરવા તરફ અત્યાર સુધીના ...છ અધ્યાયો કેટલા આગળ વધ્યા છે? જે પ્રશ્નથી ગીતાની શરૂઆત થાય છે એ પ્રશ્ન ઘણો સાદો ગણી શકાય તેવો છે. એ પ્રશ્નના ઉકેલમાં જીવન શું છે? સામાન્ય જીવનનું આધ્યાત્મિક જીવનમાં રૂપાંતર કરવાની જરૂર છે કે કેમ એ પ્રશ્નો ઉપસ્થિત કરવાની જરૂર જ ન હતી. વ્યવહારુ નીતિમય પાયો સ્વીકારીને અથવા તો બુદ્ધિને સંતોષ આપે એવું યા તો કોઈ આદર્શનું દૃષ્ટિબિંદુ લઈને અથવા તો એ બધાંને એકત્ર લઈને વિચાર કરવાથી એ પ્રશ્નનો સરળ ઉકેલ આવી જાય તેમ છે. ખરું જોતાં, આધુનિક જમાનો એ મુશ્કેલીનો ઉકેલ એ જ પદ્ધતિએ લાવે. પોતાની સામે અન્યાય અને જુલમનું સૈન્ય શસ્ત્ર ધારીને ઊભું છે તેના પ્રત્યે સાથી પ્રથમ તો એ મુશ્કેલી આટલો જ પ્રશ્ન ઊભો કરે છે. શસ્ત્ર ધારીને ઊભેલા અન્યાય અને જુલમ-ના સૈન્ય પ્રત્યે અર્જુને કઈ ભાવનાથી વર્તવું? અર્થાત્ અર્જુનના અંતરમાં પોતે ...પ કરે છે એવી જે નૈતિક લાગણી ઊભી થાય છે તેનું એણે અનુસરણ કરવું; કે સામી બાજુએ, જાહેર અને સામાજિક ફરજની, ધર્મના રક્ષણની, સૌ ઉદાત્ત પુરુષો-ના અંતરમાં અધર્મનો વિરોધ કરવા માટે ...સતી લાગણીની એટલી જ નૈતિક ભાવના-...થી તેણે દોરાવું? આપણા પોતાના જમાના-માં અત્યારે પણ એ પ્રશ્ન ઉપસ્થિત થયો છે અને જે રીતે આપણે આજે એનો ઉકેલ લાવીએ છીએ તેવી રીતે અર્જુનના પ્રશ્નનો પણ ઉકેલ લાવવો શકય છે. પરંતુ એ બધા ઉકેલ સામાન્ય માનવજીવનના અને સામાન્ય બુદ્ધિના શોધેલા ઉકેલો છે. એ પ્રશ્નને જુદી-જુદી રીતે વિચારી શકાય તેમ છે: એને વ્યક્તિના અંતરના અવાજ અને સમાજ તથા રાજ્ય પ્રત્યેની તેની ફરજ વચ્ચેની ખેંચતાણનો પ્રશ્ન ગણી શકાય; આદર્શ નીતિની ભાવના અને વ્યવહારુ નીતિની માગણી વચ્ચે રહેલા વિરોધનો પ્રશ્ન એ બની શકે; આત્મબળનો આશ્રય અને તેની સામે રહેલી દુઃખદ પરંતુ પ્રત્યક્ષ પરિસ્થિતિ કે જીવન હજી આત્મમય બની ગયું નથી, અને કેટલીકવાર ધર્મને ખાતર અધર્મ સામે હથિયાર બાંધવાં અનિવાર્ય બને છે એનો સ્વીકાર એ બે વચ્ચે રહેલા વિરોધ તરીકે પણ એ પ્રશ્નને જોઈ શકાય તેવો છે.

આ બધા નિવેડાઓ બુદ્ધિના શોધેલા, વ્યકિતના સ્વભાવને કે પ્રકૃતિને અનુકૂળ, લાગણી કે ભાવ ઉપર આધાર રાખનારા છે; એ બધા ય વ્યકિતના અંગત દૃષ્ટિબિંદુ ઉપર આધાર રાખનારા અને જ્યારે સારામાં સારા હોય છે, ત્યારે પણ આપણી સામે આવેલી મુશ્કેલીઓનો આપણે પોતાને માટે યોગ્ય ઉકેલ તે આપણને આપે છે—'યોગ્ય' એટલા માટે કે આપણી પ્રકૃતિ માટે, આપણી બુદ્ધિ અને નીતિના વિકાસની અવસ્થા માટે તે અનુકૂળ હોય છે. આપણી અંદર રહેલ જ્યોતિ આપણને જે જ્ઞાન અને શકિત આપે છે તે જોતાં એ સારામાં સારો નિર્ણય હોય છે. પરંતુ એવો નિર્ણય આપણને છેવટનો આખરી ઉકેલ ભાગ્યે આપે છે અને એમાં અપૂર્ણતા રહેવાનું કારણ એ છે કે એ નિર્ણયો માનવના સામાન્ય માનસમાં-થી ઉદ્ભવે છે અને એ સાધારણ માનસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદીજુદી વૃત્તિઓનું ગૂંચળું હોય છે એટલે તે એ બધી વૃત્તિઓમાંથી અમુકની પસંદગી કરી શકે છે, યા તો એ વૃત્તિઓ વચ્ચેની ખેંચતાણમાં બાંધછોડ કરી શકે છે–જેમ કે બુદ્ધિની માગણી, નીતિની ભાવનામયતા, પ્રાણીની બૂમો, પ્રાણીની વાસનાઓ, લાગણીને વશ માનસ અને અંતરાત્માની ગણી શકાય એવી પ્રેરણાઓ અને ચૈત્ય પુરુષની પસંદગીઓ વચ્ચેથી એ નિર્ણય સ્વીકારવામાં આવેલો હોય છે. ગીતા સ્વીકારે છે કે આ સામાન્ય માનસમાંથી નિરપેક્ષ ગણાય એવો–આખરી અને સાચો ઉકેલ મળી શકે નહિ, એ તો તાત્કાલિક અને વ્યવહારુ જ હોઈ શકે. તે જમાનાનાં ઊંચામાં ઊંચાં સામાન્ય ધોરણો અને આદર્શોને અનુસરતો એક ઉકેલ તો શ્રીકૃષ્ણ અર્જુનને શરૂઆતમાં જ આપે છે. પરંતુ એ ઉકેલનો સ્વીકાર કરે એવી અર્જુનના માનસની સ્થિતિ જ નથી અને એનો સ્વીકાર તે કરશે એવી આશા પણ રાખવામાં-આવી નથી. એટલે તે સામાન્ય ઉકેલ આપીને તરત જ શ્રીકૃષ્ણ જુદું જ દૃષ્ટિબિંદુ લે છે અને તદનુસાર જુદો જ ઉત્તર આપે છે.

ગીતાનો ઉકેલ એ છે કે આપણે આપણી પ્રકૃતિના સ્વરૂપથી, મનની સામાન્ય અવસ્થામાંથી ઊંચે જવું જોઈએ; ઊર્ધ્વમાં આરોહણ કરવું જોઈએ. આપણી બુદ્ધિની અને નીતિની ગૂંચવણોમાંથી નીકળીને કોઈ જુદી જ, ઊંચે રહેલ, આધ્યાત્મિક ચેતનામાં આપણે આરોહણ કરવું જોઈએ, જ્યાં ચેતનાનો જુદો જ નિયમ અને તેથી કર્મોનું જુદું જ દૃષ્ટિબિંદુ પ્રવર્તે છે. એ આધ્યાત્મિક ચેતનામાં અંગત કામનાઓ અને અંગત લાગણીઓ કર્મનું શાસન કરતી નથી; માનવપ્રકૃતિમાં રહેલ દ્વંદ્વોનો લય થઈ જાય છે, ત્યાં અંગત પાપ અને પુણ્યની ભાવનાથી આપણે પર થઈ જઈએ છીએ.

ચેતનાની એ ઊર્ધ્વ અવસ્થામાં, વિશ્વ[illegible] અક્ષર, સર્વ કર્મોના સ્વામી–પ્રભુ [illegible] આપણી પ્રકૃતિ દ્વારા જગતમાં પોતાનાં [illegible] સાધે છે. એ સ્થિતિમાં ખરું જોતાં આપણે એક દિવ્ય નવજન્મ જ પામીએ છીએ. પછીથી આપણું જીવન તે પરમાત્માનું [illegible] સ્વરૂપ, આપણી ચેતના તેની જ અનંત ચેતના, આપણી શક્તિ તે દિવ્ય શક્તિ[illegible] જ શક્તિ થઈ રહે છે; આપણો આનંદ [illegible] તેનો જ આનંદ બની રહે છે. એટલે [illegible] ત્યારપછી આપણી ક્ષર પ્રકૃતિમાં આપણે ચેતના ધારણ કરતા નથી. પછી 'આપણાં પોતાનાં' કર્મો પણ કરવાનાં રહેતાં નથી, આપણો પોતાનો હોય એવો કોઈ અંગત હેતુ પણ રહેતો નથી. તો પછી આપણે કર્મો કરીશું ખરા? એ એક મુશ્કેલ પ્રશ્ન બાકી રહે છે. એ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી જે કર્મો કરવામાં આવશે (આવે છે) તે બધાં દિવ્ય કર્મો જ હશે. એ કર્મોના આચરણમાં ([illegible] એક્ઝીક્યુશન) આપણી અંગત પ્રકૃતિ નિષ્ક્રિય રહે છે, તથા એ કર્મોની પ્રેરણાનું રૂપ આપણી બહિર્મુખ પ્રકૃતિમાં નહિ પરંતુ આપણી પ્રકૃતિથી પર રહેલા સર્વકર્મોના સ્વામીની દિવ્ય સંકલ્પશક્તિમાં રહેલું હોય છે. ગીતા આપણને આ નિર્ણય ઉકેલ તરીકે આપે છે, કારણ એ ઉકેલ આપણા જીવનના મૂળમાં રહેલા સત્ય ઉપર પ્રતિષ્ઠિત છે, અને આપણામાં રહેલા સનાતન સત્ય પ્રમાણે જીવનમાત્રનો એ જ ઉત્તમોત્તમ ઉકેલ છે, આપણા જીવનના [illegible] એનો તે એકમાત્ર અને સાચો ઉકેલ [illegible] આપણામાં મનોમય અને પ્રાણમય વ્યક્તિત્વ [illegible] એ છે તે પ્રકૃતિના બનેલા આપણા જીવ[illegible]નું સત્ય છે, પરંતુ એ તો અજ્ઞાનનું [illegible] કરેલું સત્ય છે અને એ વ્યક્તિતાઓ [illegible] જ કાંઈ આસક્ત થયેલું હોય તે [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ અજ્ઞાનમાં જ રહેલું ગણાય. અર્થાત્ અત્યારની આપણી અજ્ઞાનદશા માટે તે સ્થિતિ સત્ય હોઈ શકે પણ આપણા જીવનનું પરં સત્ય-વાસ્તવિક સત્ય આપણે પામીએ ત્યારપછી એ અજ્ઞાન દશાનું સત્ય સત્ય રહેતું નથી. પરંતુ ઉપરનો ઉકેલ એ જ સત્ય છે એવી આપણી ખાતરી કેવી રીતે થઈ શકે ? આપણી સામાન્ય માનસિક ચેતનાની અનુભૂતિથી જો આપણે સંતોષ માનીશું તો એ સત્યની પ્રતીતિ-ખાતરી-આપણને થઈ શકશે નહિ; કારણકે આપણા સામાન્ય માનસિક અનુભવો નિત્ય પ્રકૃતિના જ એટલે કે અજ્ઞાનના જ ભરેલા હોય છે. એટલે એ મહત્તર આધ્યાત્મક સત્યને આપણે જાણવું હોય તો એને જીવનમાં ઉતારીને જ આપણે જાણી શકીએ તેમ છે. અર્થાત્ માનસિક ચેતનાના અનુભવોથી પર જઈને યોગસાધના વડે આધ્યાત્મિક અનુભૂતિમાં આરોહણ કરીએ ત્યારે એ પ્રતીતિ થઈ શકે. આધ્યાત્મિક અનુભૂતિ પ્રમાણે જીવવું એટલે માનસિક સત્તા મટી જઈને આત્મસ્વરૂપ થઈ રહેવું. આપણી અત્યારની પ્રકૃતિની અપૂર્ણતાઓમાંથી મુક્ત થઈને આપણા સત્ય અને દિવ્ય સ્વરૂપમાં નિઃશેષપણે જીવન ધારણ કરવું એને જ આપણે 'યોગ' કહીએ છીએ. (યોગનું નામ આપીએ છીએ.)

આપણી ચેતનાના કેન્દ્રને મનથી ઊંચે લઈ જવું અને એના પરિણામરૂપે આપણા સમગ્ર જીવનનું અને ચેતનાનું રૂપાંતર સાધવું તથા એવા રૂપાંતરને પરિણામે કર્મની આપણી ભાવનામાં અને તેના ઉદ્દેશમાં ફેરફાર થઈ જવો-અને છતાં બહારના દેખાવ પૂરતું કર્મ હોય તેનું તે જ ઘણુંખરું રહે-આ ગીતાના કર્મયોગનો સાર છે. તમારું આખું જીવન બદલી નાખો, આધ્યાત્મિક જીવનમાં નવજન્મ પામો; અને એ નવો જન્મ ધારણ કર્યા પછી અંતરાત્મા તમને જે કર્મ કરવાની આજ્ઞા કરે-પ્રેરણા આપે તે કર્મ કરો એ ગીતાનો સંદેશો છે. ગીતાનો એ બોધ વધારે ગંભીર રીતે અને વધારે આધ્યાત્મિક અર્થ-માં (રૂપમાં) મૂકીએ તો એમ કહી શકાય કે અહીં જીવનમાં જે જે કર્મો તમારે કરવા-નાં છે તે બધાંને તમારા આધ્યાત્મિક દિવ્ય નવજન્મના સાધનરૂપ બનાવો, તેમનો તમારી પ્રગતિ માટે ઉપયોગ કરી લો અને એ પ્રમાણે દિવ્ય જીવન સાધીને પછી પણ લોકોને દોરવા ખાતર પ્રભુના કરણ તરીકે પ્રભુનું કાર્ય ચાલુ રાખો. આ સંબંધમાં બે બાબતો સ્પષ્ટપણે-ચોખ્ખી રીતે અને બરાબર નક્કી કરી લેવાની અને સમજી લેવાની જરૂર છે: પ્રથમ આ આધ્યાત્મિક અંતરનું પરિવર્તન સાધવાનો ઉપાય શો છે,-આ ચેતનાના કેન્દ્રને ઊર્ધ્વમાં લઈ જવાનો પલટો કેવી રીતે સાધવો, આ દિવ્ય નવજન્મ કેવી રીતે પ્રાપ્ત કરવો,-અને બીજું, કેવા પ્રકારનાં કર્મો કરવાં, અથવા તો કયા ભાવથી, કેવી ભાવનાથી કર્મો કરવાં ? કારણકે કર્મનું બાહ્ય સ્વરૂપ બદલાવું જ જોઈએ એવી કાંઈ જરૂર નથી હોતી. જો કે હકીકત-માં કર્મનું ક્ષેત્ર અને તેનો હેતુ તદ્દન બદલાઈ જાય છે; પરંતુ આ બંને વસ્તુઓ વ્યવહાર-ની દૃષ્ટિએ જોતાં એક જ બની રહે છે. કારણકે એકનું સ્પષ્ટીકરણ કરતાં તેમાં બીજાનું આપોઆપ સ્પષ્ટીકરણ થઈ જાય છે. આપણા સર્વ કર્મોના વ્યાપક હેતુઓ આપણી પ્રકૃતિ-ના ઉપર અને એ પ્રકૃતિ જે આધ્યાત્મિક પાયા ઉપર પ્રતિષ્ઠિત રહેલી છે તેના ઉપર આધાર રાખે છે. પરંતુ સાથેસાથે એ પણ સાચું છે કે આપણી પ્રકૃતિ ઉપર આપણાં કર્મોની દિશાની તથા આધ્યાત્મિકતાની અસર પણ થતી હોય છે. એટલે કર્મ કરવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેતુમાં મહાન ફેરફાર થઈ જતાં પ્રકૃતિ પોતે પણ બદલાય છે અને તે એટલે સુધી કે પ્રકૃતિના મૂળમાં–પાયામાં પણ ફેરફાર થઈ જાય છે. સામાન્ય રીતે આપણે ચેતનાના જે કેન્દ્રમાંથી કાર્ય કરીએ છીએ તે કેન્દ્ર જ બદલાઈ જાય છે. કેટલાક લોકો માને છે તેમ જીવન અને કર્મ બંને સંપૂર્ણપણે માયા–મિથ્યા જ હોત, માનવના આત્માનો કર્મ સાથે કે જીવન સાથે કશો જ સંબંધ ન હોત તો ઉપર જણાવ્યું તે પરિણામ આવત નહિ. પરંતુ હકીકત એ છે કે આપણામાં રહેલો આત્મા જીવન દ્વારા અને કર્મ દ્વારા પોતાનો વિકાસ સાધતો હોય છે, અને જે ભાવપૂર્વક કર્મમાં અંતરની શક્તિનો પ્રયોગ કરવામાં આવે છે તે ભાવ–નહિ કે કર્મનું બહારનું સ્વરૂપ કે કર્મ પોતે–આત્મા સાથે કર્મનો સંબંધ નિયત કરે છે–કર્મનો કેવો સંબંધ હશે તે નક્કી કરે છે. આ પ્રમાણે થઈ શકે છે તેથી ઉચ્ચતર આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરવાના વ્યવહારુ સાધન તરીકે કર્મયોગની ગણના થાય છે.

આપણે આ પાયાની માન્યતાથી શરૂ કરીએ છીએ કે માનવનું અત્યારનું જીવન, મોટે ભાગે યા તો સંપૂર્ણપણે એની અન્નમય અને પ્રાણમય પ્રકૃતિ ઉપર જ આધાર રાખનારું છે. અને એમાં માનસિક શક્તિનું કાંઈક મર્યાદિત કાર્ય પણ થતું હોય છે. જેને પરિણામે તે દેહની અને પ્રાણની ચેતનાથી કાંઈક ઊર્ધ્વમાં આરોહણ કરે છે. પરંતુ માનવનું જીવન તેના શરીર, પ્રાણ અને મનમાં જ સંપૂર્ણ થઈ જતું નથી. માનવમાં અત્યારે પ્રચ્છન્ન–ઢંકાયેલો એવો આત્મા રહેલો છે, અને માનવની અત્યારની પ્રકૃતિ એ આત્માનું બાહ્ય–બહારનું સ્વરૂપ છે, અથવા તો આત્માનું મર્યાદિત ક્રિયાત્મક પરિણામ છે. આત્માની સક્રિય વાસ્તવિકતા રહેલી છે એવું ગીતા તો ઠેરઠેર માન્ય કરે છે; અને છેક એક જ પક્ષના વેદાંતીઓ પ્રકૃતિને કેવળ મિથ્યા દેખાવ જ ગણે છે એ મત ગીતાને માન્ય નથી. કારણકે એ મિથ્યાવાદ–મિથ્યાત્વનો વાદ સર્વ કર્મનો પાયો જ નિર્મૂળ કરે છે. આત્માની સક્રિય વાસ્તવિકતાનો વિચાર તત્ત્વજ્ઞાનની પોતાની પદ્ધતિમાં ઘટાવવા માટે ગીતા સાંખ્યમતનો આધાર લે છે,–જો કે જુદી રીતે પણ એ કર્મ થઈ શકે તેવું છે, તથા પુરુષ અને પ્રકૃતિના ભેદને તે સ્વીકારે છે. પુરુષ એટલે જ્ઞાનયુક્ત જ્ઞાતા, ટેકો આપનાર ભર્તા તથા પ્રકૃતિમાં વ્યાપીને રહેનાર તત્ત્વ. પ્રકૃતિ એટલે અમલ કરનાર, કાર્યવાહક, કરણો પૂરાં પાડનારી, માધ્યમરૂપ અને પ્રક્રિયાઓ ચલાવનાર શક્તિ. ફેર માત્ર એટલો છે કે ગીતા સાંખ્યમાંથી પુરુષ અને અક્ષરપુરુષને લઈને તેને વેદાંતની પરિભાષામાં રજૂ કરે છે અને એને 'સર્વવ્યાપી અક્ષર બ્રહ્મ'ની સંજ્ઞા આપે છે તથા પ્રકૃતિનાં કાર્યોમાં આસક્ત થનાર એવા આપણા ક્ષર અને ક્રિયાત્મક સ્વરૂપથી એ અક્ષરને તે છૂટો પાડે છે; કારણકે એ ક્ષરપુરુષ આપણા વ્યક્તિત્વનો, આપણી વિશિષ્ટતાનો પાયો છે, વસ્તુમાત્રમાં રહેલી વિવિધતાનો આશ્રય છે. તો પછી પ્રકૃતિનું પોતાનું કાર્ય શેમાં રહેલું છે, એ પ્રશ્ન થવાનો.

પ્રક્રિયાની વ્યવસ્થિત શક્તિ પ્રગટ કરવી એ પ્રકૃતિનું કાર્ય છે. એ કાર્ય ત્રણ મૌલિક ગુણોનું એકબીજાના ઉપર જે કાર્ય–પ્રતિકાર્ય થાય છે તેના ઉપર આધાર રાખે છે. એ ત્રણ ગુણો કયા માધ્યમનો, કયા આલંબનનો આશ્રય લઈને પોતાનું કાર્ય કરે છે? જીવનની અટપટી સંકુલ શ્રેણીઓ પ્રકૃતિનાં ચડતાં ઊતરતાં કરણોનાં ધીમેધીમે થયેલા વિકાસને પરિણામે ઉત્પન્ન થયેલી છે અને પ્રકૃતિનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરણોનું જે કાર્ય અહીં આત્માના અનુભવમાં પ્રતિબિંબિત થાય છે તેને આપણે અનુક્રમે બુદ્ધિ, અહંકાર, મન તથા ઇન્દ્રિયો તથા સ્થૂલ શક્તિના પાયારૂપ તત્ત્વો-પંચભૂતો -રૂપે અનુભવીએ છીએ. આ બધાં પ્રકૃતિનાં કારણો યાંત્રિક છે, જડ છે, પ્રકૃતિના યંત્ર-રૂપ છે; આપણા અત્યારના દૃષ્ટિબિંદુથી આપણે એમ પણ કહી શકીએ કે એ બધાં જડ શક્તિમાં જ અવરુદ્ધ થયેલાં-પુરાઈ રહેલાં છે અને જેમજેમ પોતાની ઊર્ધ્વ સમુત્ક્રાંતિ-ની સીડીમાં અક્કેક કરણ વિષે પ્રકૃતિમાં રહેલો પુરુષ સચેતન થતો જાય છે તેમતેમ તે કરણ પ્રકૃતિમાં આવિર્ભાવ પામતું જાય છે; પરંતુ તેના આવિર્ભાવનો ક્રમ ઊલટો હોય છે. એટલે કે પ્રથમ જડ યાને અચિત્, ત્યારપછી ઇન્દ્રિય જ્ઞાન, પછી મનસ, ત્યાર-પછી બુદ્ધિ અને આખરે આધ્યાત્મિક ચેતના આવે છે. આરંભમાં જો કે બુદ્ધિ પ્રકૃતિના સામાન્ય કાર્યોમાં આસક્ત થયેલી હોય છે તોપણ એ કાર્યોનાં આખરી સ્વરૂપને તે જાણી શકે છે; આત્મા જેમાં આસક્ત થયો -થયેલો છે-એવા ત્રણ ગુણોનાં કાર્ય તરીકે તેમને જોઈ શકે છે અને છેવટે પુરુષ અને પ્રકૃતિ વચ્ચેનો ભેદ જાણવાને પણ સમર્થ બને છે. આ સ્થિતિ પ્રાપ્ત થયા પછી આત્મા પ્રકૃતિમાંથી મુક્ત થવાને તથા પોતાની અસલ મુક્તિને તથા અક્ષરજીવનને પ્રાપ્ત કરવાને શક્તિમાન થાય છે. વેદાંતની ભાષામાં કહીએ તો તેને આત્માનું દર્શન થાય છે-બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. તે પ્રકૃતિનાં કરણો સાથે તથા તેનાં કાર્ય સાથે એકતા કરતો બંધ પડે છે, પોતાના આવિર્ભાવથી તટસ્થ બને છે, પોતાના સત્યસ્વરૂપ જોડે તે અદ્વૈત સાધે છે, પોતાના અક્ષર આધ્યા-ત્મિક સ્વરૂપમાં સ્થિર થઈને-ગીતાના મત પ્રમાણે ઈશ્વરસ્વરૂપે, પોતાના આવિર્ભાવના કાર્યને મુક્તપણે (રહીને), તથા પોતાની પ્રકૃતિના સ્વામી તરીકે સાદાઈ તરીકે-ટેકો આપી શકે છે, ભર્તા તરીકે તેને ટકાવી રાખે છે. આ પ્રમાણે આત્મામાં સ્થિર થઈને ઈશ્વર સાથે એકતા સાધીને માનવ પોતાની પ્રકૃતિ દ્વારા મુક્ત કર્મો કરી શકે છે એવો ગીતાનો ખાસ મત છે.

★

એક શહેરમાં એક મોટું રણછોડજીનું મંદિર હતું. તેમાં મહંત તરીકે એક વૈષ્ણવ સાધુ રહેતા હતા. તેઓએ ખૂબ ધનનો સંગ્રહ કર્યો હતો. પરગામોમાં પણ તેનાં મકાનો તથા મંદિરો હતાં અને પોતાને ગાદીપતિ માનતા હતા. પોતાની ગાદીનું નામ ગીતાપીઠ હતું. બારે માસ તેઓ ગીતાનું પ્રવચન કરતાં હતા અને પ્રવચન કરતી વખતે તેઓની આંખમાંથી આનંદાશ્રુ વહેતાં હતાં. કોઈ જિજ્ઞાસુ એક વખત તેમની કથા સાંભળવા આવ્યા હતા. કથા દરમિયાન પોતે કહેતા કે, હું તો ભગવાને જેટલું શ્રીમુખે કહ્યું છે તેટલું જ માનું છું; આચાર્યો અને વિદ્વાનોનાં ભાષ્યો તથા ટીકા વગેરેને હું પ્રમાણ-ભૂત માનતો નથી, આટલું જ નહિ પણ ઉપનિષદ વગેરે શ્રુતિઓને પણ માનતો નથી, કારણ તે ભગ-વાને ઋષિઓ દ્વારા કહેલ છે, પરંતુ ગીતા તો સ્વયં શ્રીમુખથી જ કહેલ છે.

કથા સમાપ્ત થયા બાદ એક જિજ્ઞાસુએ મહારાજને કહ્યું કે, આપ કહો છો કે હું તો ભગવાને શ્રીમુખે કહેલાં વચનોને જ માનું છું, તો ગીતાના છઠ્ઠા અધ્યાયના દસમા શ્લોકમાં કહ્યુ છે કે, 'अपरिग्रहः— પરિગ્રહ ન કરવો' એટલે પદાર્થો ભેગા કરવા નહિ એમ જણાવ્યું છે. ભગવાનની આજ્ઞા તો આપ માનો છો ને? માનતા હો તો આપની પાસે ગાડી, ઘોડા, જર, જમીન વગેરે પદાર્થોનો ઘણો જ સંગ્રહ છે. વળી બારમા અધ્યાયના ઓગણીસમા શ્લોકમાં 'अनिकेतः।' એટલે સ્થાન વિના રહેવું એમ આજ્ઞા છે, અને આપની પાસે તો મોટીમોટી હવેલીઓ છે, વળી છઠ્ઠા અધ્યાયના આઠમા શ્લોકમાં કહ્યું છે કે, समलोष्टाश्मकाञ्चनः। એટલે સોનું, પથ્થર અને માટી સમાન ગણવાં છતાં આપની પાસે સોનું વગેરે દ્રવ્ય ઘણું જ છે. ભગવાનની આજ્ઞાથી આ સર્વે વિરુદ્ધ છે, તો અમારા જેવાએ શું સમજવું?

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ગુરુસંપ્રદાય

લેખક :
શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા

શ્રી રમણ મહર્ષિના નિર્વાણ પર નોંધ લખતાં મેં 'હરિજન-બંધુ'માં લખ્યું હતું કે–

'તેમના કેટલાક શિષ્યો તેમની ઈશ્વરના અવતાર તરીકે પૂજા કરે છે અને તેમને નામે એકાદ સંપ્રદાય તેઓ સ્થાપે એવો ભય પણ છે. હિંદુ સાંપ્રદાયિક પ્રણાલિકાની આ એક ન ઇચ્છવા જેવી પરંપરા છે... ગાંધીજી પોતાના જીવનના અંત સુધી, પોતાને આવો ઈશ્વરનો અવતાર માનવામાં આવે એનો વિરોધ કરતા રહ્યા હતા......

'શ્રી રમણ મહર્ષિ હવે અનંત તત્ત્વમાં ભળી ગયા છે, ત્યારે હું આશા રાખું છું કે તેમના શિષ્યો તેમને ઈશ્વરના અવતાર તરીકે સ્થાપવામાં પોતાની શક્તિઓ ખર્ચવાને બદલે તેમના ઉપદેશોનો અભ્યાસ કરશે અને જે પદ તેમણે મેળવ્યું તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશે. આપણે યાદ રાખીએ કે જ્ઞાનીને ઈશ્વરના અવતાર તરીકે પૂજવો એ જ્ઞાનનો માર્ગ બંધ કરી નાખવાની ક્રિયા છે.'

(હ૦ બં૦ તા. ૨૩–૪–'૫૦)

'હરિજન'ની અંગ્રેજી આવૃત્તિમાં છેવટનાં બે વાક્યોની જગ્યાએ થોડામાં લખ્યું હતું કેઃ– '**to defy a jnani is to defy jnana,**' અર્થાત્ જ્ઞાનીને હરિ બનાવવો એ જ્ઞાનનું હરણ કરવા સમાન છે.

આ વાક્ય પર એક ગુરુભક્તે પોતાનો અસંતોષ બતાવ્યો છે અને મારી સાથે લાંબો પત્રવ્યવહાર કર્યો છે. અનેક શાસ્ત્ર-વચનો અને મોટા સંતોનાં વચનો, ઉદાહરણો આપી તેઓ જણાવે છે કે મારા વિચારો વેદાંતના સિદ્ધાંતોથી વિરુદ્ધ અને આત્મ-તત્ત્વના સાધનમાર્ગનું અજ્ઞાન પ્રગટ કરનારા છે. તેઓ માને છે કે આ વાક્ય ગાંધીજીને પણ ખટકત. ખાસ ગાંધીજીની પ્રાર્થ-

નામાં પણ 'गुरुर्ब्रह्मा, गुरुर्विष्णुः...' શ્લોકનો હરરોજ પાઠ થાય છે.

આવા જ વિચારો અન્ય વાચકોના દિલમાં યે આવ્યા હોય એ સંભવ છે; કારણ કે એટલું તો સ્પષ્ટ છે કે મેં જે લખ્યું છે તે હિંદુધર્મની પરંપરાને અનુરૂપ નથી. 'ગુરુથી અધિક બીજી કોઈ શક્તિ નથી,' 'ગુરુ જ અંતિમ દૈવત છે;' 'દેવ, અવતાર વગેરે બધા ગુરુ પાસે નાના છે,' 'ગુરુ સિવાય અમારે (શિષ્યો) માટે બીજો કોઈ આશરો નથી, ધ્યેય નથી, ગતિ નથી,' 'જે ગુરુ છે તે જ ભગવાન છે, ને જે ભગવાન છે તે જ ગુરુ છે,' 'ગુરુ અને ભગવાન વચ્ચે જે ભેદ કરે છે તે અજ્ઞાની છે, મૂર્ખ છે,' 'લોકો ભગવાન ભગવાન કરે છે, પણ જ્યાંસુધી ગુરુને ન ઓળખો ત્યાંસુધી ભગવાનને ઓળખી શકાય નહિ, માટે ગુરુનો જ આશ્રય સ્વીકારો,' 'ગુરુ ગોવિંદ દોનોં ખડે, કાકે લાગું પાય; બલિહારી ગુરુ આપકી જિન ગોવિંદ દિયા બતાય.' ઇત્યાદિ સેંકડો વચનો સંસ્કૃત અને પ્રાંતિક ભાષાઓના ધાર્મિક સાહિત્યમાં મળી શકશે. તેમાંથી કેટલાક સંતો જાતે તત્ત્વદર્શી હતા એમ માની શકાય. જ્ઞાનદેવ, એકનાથ વગેરેએ પોતાના મહાન ગ્રંથોમાં ગુરુને જ વંદન વગેરે કર્યાં છે.

હું પોતે પણ આ જ પરંપરામાં ઊછર્યો છું અને આ જ માર્ગે ગયો છું. સ્વામિ-નારાયણ સંપ્રદાય, જેમાં મારો જન્મ થયો અને જેનો લગભગ ૩૦ વર્ષ શ્રદ્ધાપૂર્વક અનુયાયી રહ્યો, તે એક ગુરુસંપ્રદાય જ છે. આમ તો આ સંપ્રદાયના ઉપાસ્ય દે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીકૃષ્ણને બતાવ્યા છે. અને તેમનાં મંદિરોમાં લક્ષ્મીનારાયણ, નરનારાયણ, રાધાકૃષ્ણ વગેરેની મૂર્તિઓ હોય છે. તેની સાથે સ્વામીનારાયણની પણ હોય છે. પણ વ્યવહારમાં ધર્મગ્રંથોમાં બતાવેલા ઉપાસ્ય દેવની કિંમત ભક્તોનાં દિલોમાં બહુ જ ગૌણ હોય છે. તેમની બધી શ્રદ્ધા, ભક્તિ અને પોતાના ઘરની પૂજામાં 'બધા અવતારોના અવતાર, ક્ષર-અક્ષરથી પર, અક્ષરધામનિવાસી, પ્રકટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી' (સ્વામીનારાયણનું દીક્ષાનું નામ)ને જ પરમ દેવ માને છે. સ્વામીનારાયણ સંપ્રદાયમાં જ આવું છે એમ નથી. આ રીતના ઓછામાં ઓછા પચીસ સામાન્ય મોટા ને બસો કે એથી વધારે નાના નાના સંપ્રદાયો હશે. જ્યારે સ્વામીનારાયણ સંપ્રદાયમાંથી મને પૂરેપૂરું સમાધાન ન મળ્યું ત્યારે હું પૂ. નાથજીના સંપર્કમાં આવ્યો. તેમણે મારો આગળનો રસ્તો ખુલ્લો કર્યો અને બુદ્ધિને સમાધાન કરાવ્યું. તેથી પછી હું તેમની બે ઉપાસના મારી પરંપરાગત પદ્ધતિ પ્રમાણે કરવા લાગ્યો અને તેમનું જ ધ્યાન, ભજન, સ્મરણ કરવા લાગ્યો. આ એમણે સૂચવ્યું નહોતું, ઉત્તેજન પણ ન આપ્યું, પણ થોડો વખત એમને મારો આ વ્યવહાર સહન કરી લેવો પડ્યો. આજ પણ મારી તેમના પ્રત્યે દૃઢ ગુરુભક્તિ છે જ. હું, ગુરુ અને બ્રહ્મ ત્રણે એક જ છે એમ સમજવું મારે માટે મુશ્કેલ નથી તે છતાં જો મેં શ્રી રમણ મહર્ષિનું નિમિત્ત લઈ આ ઇશારો કર્યો છે તો તે વિચારપૂર્વક જ કર્યો છે.

વેદાંતમાર્ગમાં એક બે વિશેષતા આવી ગઈ છે કે જો કોઈના દિલમાં પોતે આત્મસ્વરૂપને સમજી ગયો છે એમ આત્મવિશ્વાસ પેદા થાય અને કોઈ જિજ્ઞાસુને તેમને માટે તેવો વિશ્વાસ બેસી જાય તો ત્યાં ગુરુસંપ્રદાયની સ્થાપનાનો માર્ગ ખુલ્લો થઈ જાય છે. આવી શ્રદ્ધા કરી લેવા માટે લોકોમાં એટલી તત્પરતા જણાઈ આવે છે કે ક્યારેક તો કોઈ પવિત્ર સાધકને તેઓ પરાણે પણ ભગવાન બનાવી દે છે અને તેના રોકવા છતાં પણ તેની પૂજાઉપાસના શરૂ કરી દે છે. તેનો ફોટો ઘરમાં-પૂજામાં રાખે છે અને તેને ફૂલ, ચંદન વગેરે ચડાવે છે. આ પ્રમાણે આજે આપણા દેશમાં કેટલાય ભગવાન હયાત હશે. કોઈ દસ ભક્તોના માનેલા, કોઈ સોના, કોઈ હજારના, તો કોઈ લાખો સુધીના પણ માનેલા હશે.

વેદાંતદૃષ્ટિને લઈને જેમ આ ગુરુ-ભગવાનની ઉપાસના છે, તેમ જ પરાક્રમને લઈને અવતાર-ભગવાનની ઉપાસના પણ હિંદુધર્મની વિશેષતા છે. તેમાં અંશાવતાર, પૂર્ણાવતાર વગેરે ભેદથી માંડી નાના મોટા કેટલાયે અવતાર છે.

આ પ્રમાણે અવતારદેવ અને ગુરુદેવની ઉપાસના બીજા કોઈ ધર્મમાં દેખાતી નથી. જો કોઈની એમ માન્યતા હોય કે વેદાંત-તત્ત્વના વિચારો સુધી બીજા ધર્મની કોઈ વ્યક્તિ પહોંચી નથી તો તે ખોટું છે. ઇસ્લામધર્મમાં કેટલાક મોટા સૂફી અને સંત થઈ ગયા છે જે પૂરેપૂરા અદ્વૈત વેદાંતી હતા. ખ્રિસ્તીધર્મમાં પણ પરમાત્મા, ઈશુ અને જીવના ભેદાભેદના વિષયમાં એટલા જ સંપ્રદાયો થઈ ગયા છે, જેટલા વેદાંતમાં છે. પણ આ ધર્મોમાં એક એવો જાણે સંકેત થઈ ગયો છે, કે પૂર્વનાં શાસ્ત્રોના આધારે ઈશુને ભગવાનના પુત્ર માન્યા છે તથા મહમ્મદને ખુદાના પેગમ્બર. તે જે થયા તે થયા, તે પર શંકા ઉઠાવવી નહિ; પણ ભવિષ્યને માટે આ ધર્મોમાં થનાર બીજી કોઈ વ્યક્તિને ઈશ્વરપુત્ર કે પેગમ્બરની ગાદી પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસવા દેવામાં નહિ આવે. તે ગાદી ન તો ખાલી થઈ શકે કે ન તો તેની સંખ્યા વધારી શકાય.

જૈનધર્મ અને બૌદ્ધધર્મ અનીશ્વરવાદી છે એટલે કે અદ્વૈત બ્રહ્મવાદી નથી. છતાં તે જીવેશ્વરવાદી તો છે. તેમાને છે કે જીવ પોતાની પૂર્ણતા કરતોકરતો સ્વતંત્ર મુક્ત ઈશ્વર થઈ શકે છે. તેને જૈનોમાં તીર્થંકર કહે છે, બૌદ્ધોમાં બુદ્ધ. તત્ત્વતઃ દરેક જીવ તીર્થંકર કે બુદ્ધ થઈ શકે છે, અને તેમનામાં પણ કેટલા યે સંતોએ જ્ઞાન પ્રાપ્ત કર્યાનું માને છે. જો કે એ બન્ને ધર્મોમાં જુદાજુદા સંપ્રદાય-પ્રવર્તક કંઈક જ્ઞાની થઈ ગયા છે; છતાં પણ જૈનોમાં કલિયુગ(અથવા તેમના પરિભાષામાં પાંચમા આરા)માં આત્મજ્ઞાન થવા છતાં કોઈ તીર્થંકર કે કેવલીની પદવીને યોગ્ય થઈ શકે નહિ. બૌદ્ધોમાં યે સિદ્ધાર્થની પછી કોઈને બુદ્ધ નથી માન્યા. ચીન, જાપાન વગેરે બૌદ્ધ દેશોમાં પણ એ જ સ્થિતિ છે. તે પહેલાંના બૌદ્ધો ઐતિહાસિક વ્યક્તિઓ હોવાનું દેખાતું નથી. મહાવીર અને સિદ્ધાર્થ પછી તીર્થંકર અને બુદ્ધનો દરવાજો જાણે એ લોકોએ સદાને માટે બંધ કરી દીધો છે. આ બધા ધર્મોમાં ઘણા એવા મોટા સંત, મહાત્મા અને જ્ઞાની લોકો થઈ ગયા છે, જેઓ હિંદમાં અને હિંદુધર્મમાં જન્મ્યા હોત તો તે પણ આપણા મોટા સંત, મહાત્મા અને જ્ઞાનીની રીતે પૂજાત અને ભગવાનનો અવતાર ગણાત. પણ ત્યાં તેમને માટે આજસુધી ઘણો આદર હોવા છતાં એવી પ્રવૃત્તિ ચાલુ થઈ નહિ.

પણ હિંદુધર્મમાં આ બાબતમાં સારા પ્રમાણમાં અવ્યવસ્થા થઈ છે અને મોટી સંખ્યામાં અવતારો અને ગુરુરૂપ ભગવાન બનાવાય છે. અને તેમાં વિશેષતા તો એ છે, કે તેને શાસ્ત્રોનું તેમ જ મોટા જ્ઞાની અને સંતોનું સમર્થન છે. તેથી તે પર ચર્ચા કરવામાં પણ સાહસ થાય છે. આથી કેટલાક શ્રદ્ધાળુ સાધકોનો બુદ્ધિભેદ થવાનો અને તેમના દિલને આઘાત પહોંચે તેમો ડર લાગે છે, છતાં નમ્રતાથી પણ દૃઢતાપૂર્વક કહેવું પડે છે કે આમાં વેદાંત તત્ત્વજ્ઞાનનો જે આધાર લેવાય છે તેમાં વિચારદોષ છે. તેણે જ્ઞાનના રૂપમાં ભ્રમ વધાર્યો છે અને આ પરંપરા છોડવા યોગ્ય છે. ઈશાવાસ્યનો પેલો મંત્ર :-

अन्धं तमः प्रविशन्ति ये अविद्यामुपासते ।
ततो भूय अिव ते तमो य उ विद्यायां रताः ॥

'જે અજ્ઞાનની ઉપાસના કરે છે તે ઘોર અંધારામાં જાય છે, પણ જે જ્ઞાનમાં જ મગ્ન છે તે તેથી પણ વધારે ભયંકર અંધારામાં છે.'–એ હું અહીં લાગુ પાડીશ. સૃષ્ટિના કોઈ નિશ્ચિત નામરૂપે ઓળખાનારની બ્રહ્મના રૂપમાં ઉપાસના કરવાની પ્રવૃત્તિને તત્ત્વજ્ઞાનનો આધાર લઈ પાકી કરી નાખવી એ જ્ઞાન મારફત ભ્રમ ફેલાવવા જેવું મને લાગે છે.

'जीवो ब्रह्मैव केवलम्' આ કથન સાચું છે તો તે દરેકને માટે સાચું જ છે. જેને તે સત્યનું જ્ઞાન થયું તેને માટે જ તે સત્ય છે એમ નથી પણ જ્ઞાની કે અજ્ઞાની કહેવાતા બન્ને બ્રહ્મ જ છે. પણ કોઈ પણ મનુષ્ય અજ્ઞાની મનાતી વ્યક્તિની ઈશ્વરના રૂપમાં ઉપાસના નથી કરતો. જે ભક્ત પુરુષ છે, તે તેને ભગવાનનું સ્વરૂપ સમજી વંદન કરે છે, આદર કરે છે પણ તેને ઉપાસ્ય કે ધ્યેય નથી બનાવતો. આ પ્રમાણે વંદનીય અને આદરણીય તથા ઉપાસ્ય અને ધ્યેયનો ભેદ કરવામાં આવે છે તે જ પ્રમાણે બ્રહ્મનિષ્ઠ મહાત્મા (સદ્‌ગુરુ) અને પરાક્રમી પુરુષ (અવતાર) અને બ્રહ્મની વચ્ચેનો ભેદ પણ સમજવો જોઈએ. હિંદુધર્મમાં આ વિવેક નથી રહ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાં બે કારણ છે. સગુણ ઉપાસના તો બધા ધર્મમાં છે, અનીશ્વરવાદી ધર્મોમાં પણ છે. સાકારનું આલંબન પણ છે. પણ ગુણ અને આકારથી પર ઈશ્વર સ્વરૂપ માટે સગુણથી ઊલટા એવા નિર્ગુણ શબ્દનો તેમાં ઉપયોગ નથી થતો. મારા મત પ્રમાણે આ શબ્દ આપણા તત્ત્વજ્ઞાનમાં ઉપયોગમાં આવવાથી તેને લઈ કેટલોક ભ્રમ પેદા થઈ ગયો છે. બ્રહ્મને અકર્તા, નિર્ગુણ, નિરાકાર વગેરે શબ્દોથી ઓળખાવવા કરતાં જો આપણે તેને સર્વગુણાશ્રય, સર્વરૂપાશ્રય, સર્વ-ક્રિયાશ્રય અથવા સર્વ ગુણ-ક્રિયા-રૂપ કહેત તો ઠીક થાત; કારણકે બ્રહ્મ તો અનંત શક્તિઓ અને સૃષ્ટિગત સર્વે નામ-રૂપોનો આશ્રય છે, જીવ-અજીવ-રૂપ તેના બધા આવિષ્કારો મળીને પણ તેની શક્તિનો હિસાબ નહિ નીકળી શકે. તે ફક્ત અનંત શક્તિ અને નામ-રૂપોનો સંગ્રહ જ નથી. કોણ જાણે હજી એની કેટલી શક્તિ અને આવિ-ષ્કારોનું ઘડતર નહિ થયું હોય અને થયા છતાં આપણને તેની કલ્પના પણ ન હોય. આ દૃષ્ટિએ મહાનથી મહાન બ્રહ્મનિષ્ઠ મહાત્મા પણ તેની માત્ર એક ઝલક છે. જો આ વિવેક આપણે ધ્યાનમાં રાખત, તો આપણે ગીતાનાં વચન-

यद्यद् विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसम्भवम् ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥

ને વધારે સરળતાથી સમજી શકત અને એ ધ્યાનમાં આવી જાત કે ઇંદ્રિયો અથવા મનથી જેને સમજી શકાય છે એવું કોઈ પણ સગુણ કે સાકાર સત્ત્વ સંપૂર્ણ રૂપથી ભગવાન તો છે છતાં તેમાં તેનો નામમાત્ર-ની શક્તિનો જ પરિચય થઈ શકે છે. આ દૃષ્ટિએ તે અંશમાત્ર જ છે, એટલે તેની ભગવાનના નામથી કે તેને બદલે ઉપાસના-ભક્તિ કરવી યોગ્ય નથી.

ફક્ત માનવની પૂર્ણતાનો વિચાર કરીએ તોપણ કોઈ એક વ્યક્તિમાં માનવપૂર્ણતા સંપૂર્ણ રીતે પ્રકટ થઈ છે અને તેથી વધારે પૂર્ણતા કોઈની નથી થઈ, થવાની નથી કે થઈ શકશે નહિ તેમ કહી શકાય નહિ; છતાં જ્યારે સદ્‌ગુરુને ઉપાસ્ય અને ધ્યેય દેવ માનીએ છીએ ત્યારે આ બધા ભાવોનું આરોપણ થાય છે અને કરવું પડે છે, ત્યારે જ તેમાં શ્રદ્ધા દૃઢ થાય છે. આ આરોપણ કલ્પના લંબાવીને કરવું પડે છે એટલે તે સ્વાભાવિક નથી હોતું અને વાસ્તવમાં સત્ય પણ નથી હોતું. તેમાં આપણે એક ક્ષણે સદ્‌ગુરુના દેહાતીત શુદ્ધ સ્વરૂપનો વિચાર કરીએ છીએ અને બીજી ક્ષણે તેમનું શરીર, રોજનું જીવન અને ચરિત્રનો. આ બધો બુદ્ધિનો અને ભાવનાઓનો વ્યાયામ એટલા માટે કરવો પડે છે કે વેદાંતના ગ્રંથો, સંતો અને ગુરુ-શિષ્યો-બધાએ આપણા પર એવો સંસ્કાર નાખ્યો છે કે ગુરુ અને ભગવાન વચ્ચે તથા સગુણ અને નિર્ગુણ વચ્ચે ભેદ નહિ કરવો જોઈએ. ગુરુમાં ભગવન્નિષ્ઠા વગર ગુરુભક્તિ નહિ, ગુરુભક્તિ વિના ગુરુકૃપા નહિ, ગુરુકૃપા વગર જ્ઞાન નહિ, જ્ઞાન વિના મોક્ષ નહિ અને મોક્ષ વગર જન્મ-મરણનો અંત નહિ. આ બધા સંસ્કારોમાં કંઈક તથ્યાંશ છે, કંઈક વિચારોનો દોષ પણ છે. અનંતરૂપોમાં પ્રગટ થતા રહેવાનો જો બ્રહ્મનો સ્વભાવ જ હોય, અને જો જીવ પણ બ્રહ્મ હોય, તો જન્મ-મરણનો છેડો કેવી રીતે આવશે? અને જો એ વિચાર સત્ય ન હોય અને એ માન્યતા જ બરાબર છે કે બ્રહ્મ સાક્ષી-માત્ર, નિષ્ક્રિય અને નિર્ગુણ છે, તો ગુરુનો આધાર તે સત્યનો અનુભવ કરવા માટે છે. એટલે ગુરુકૃપાનો અર્થ અનુભવ કરવા માટે સાધનમાર્ગ પ્રાપ્ત કરવો અને તેમાં આવનારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂંઝવણો દૂર કરવી. આ માટે પોતાની લાયકાત પૂરવાર કરવાની જરૂર પડે છે. તે લાયકાત ગુરુ પ્રત્યે સ્નેહ, સેવા, શુશ્રુષા, જિજ્ઞાસા, પરિપ્રશ્ન, નમ્રતા, બ્રહ્મચર્ય વગેરેથી પ્રકટ થાય છે. તેમાં ગુરુ પાસેથી ફક્ત કાન ફુંકાવી લેવાની વાત નથી. તેમના શરીરની કે ફોટાની પાઠ–પૂજા કરવાની વાત પણ નથી. સેવા, શુશ્રુષા અને સ્નેહમય ભક્તિ એક વસ્તુ છે, પાઠ–પૂજાની ભક્તિ બીજી વસ્તુ છે. શ્રવણ, જિજ્ઞાસા, પરિપ્રશ્ન, આજ્ઞાપાલન વગેરે રૂપી ઉપાસના એક વસ્તુ છે અને તેમના મહિમાનાં ગુણગાન, ભજન, સંપ્રદાયપ્રચારના રૂપમાં ઉપાસના બીજી વસ્તુ છે. આત્માની સાધનામાં પૂર્વકલ્પનાઓ અને ગ્રહોનો ત્યાગ હોય છે, ઉપાસનાની એક કલ્પના છોડી બીજીને એટલી જ પાકી બનાવી લેવાની વાત નથી હોતી. ગુરુ પ્રત્યે અત્યંત આદર અને સ્નેહથી એક જીવ થઈ તેમની સેવા–ચાકરી કરવી, તેમનાં કામોમાં મદદ કરવી, તેમના જીવનથી પોતાનું જીવન મેળવી લેવું; આ ગુરુભક્તિ ઉત્તમ છે, જરૂરી છે, પોતાની ઉન્નતિ કરનારી છે. તેમનો ઉપદેશ સાંભળવો, મનન કરવું, નિદિધ્યાસ કરવો, પ્રશ્નો પૂછવા, શંકાનું નિવારણ કરવું, તેમના બતાવેલા સાધનમાર્ગનો પ્રયોગ કરવો–આ ગુરુઉપાસના અને તેની સમીપ પહોંચવું એ જરૂર છે. તે રીતે જ જે પદ ગુરુએ મેળવ્યું છે તે મળી શકે છે. નહિ કે જૂના દેવો છોડી ગુરુને દેવ બનાવવા, સૂર્યને છોડી વિષ્ણુની મૂર્તિ લેવી, વિષ્ણુને છોડી નારાયણની, કે તેને છોડી રામ અથવા કૃષ્ણની, અથવા તેમને છોડી સંપ્રદાય કે તેમના નવા સ્થાપનારની, અથવા તો તેને પણ છોડી વર્તમાન ગુરુ કે પોતાના નવા ગુરુની મૂર્તિ અને ભક્તિ ચલાવવી અને તેમના સંપ્રદાયનો ફેલાવો કરવો. આથી ઉપાસકની આગળ પ્રગતિ નથી થતી, પણ ફક્ત સંપ્રદાયો અને સાંપ્રદાયિક રાગદ્વેષની જ વૃદ્ધિ થાય છે. તેમાંથી પછી કયો પૂર્ણાવતાર, કયો અંશાવતાર, કયા ગુરુ સાતમી ભૂમિકામાં અને કયા છઠ્ઠી તથા પાંચમી ભૂમિકામાં–વગેરે વાદો નીકળે છે. એટલું જ નહિ, પણ એક જ ગુરુના શિષ્યો તરફથી બે–ચાર સ્વતંત્ર સંપ્રદાય ચાલવા લાગે છે. આ પ્રવૃત્તિ હિંદુધર્મ અને ભારતની પ્રજાને નાનાનાના ટોળામાં છિન્નભિન્ન કરનારી સાબિત થઈ છે. ધર્મક્ષેત્રમાં જે પ્રવૃત્તિ થાય છે તે જ રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પણ થાય છે.

છિન્નભિન્નતાનું આ પરિણામ આવે છે માટે જ એ દોષરૂપ છે એમ નહિ, પણ તેમાં જ્ઞાનદષ્ટિનો ખોટો ઉપયોગ છે તે દોષ છે. આ અવિવેક વધવાનું બીજું કારણ એ છે કે ભગવાનવાચક શબ્દોનો ઉપયોગ આપણે મનુષ્યોનાં નામ રાખવામાં યે કરીએ છીએ. ઈશ્વર, ભગવાન, રામ, કૃષ્ણ, નારાયણ, શંકર, શિવ, શંભુ વગેરે બ્રહ્મનાં જ નામ નથી, મનુષ્યોનાં નામ પણ છે, અવતારોનાં પણ હોઈ શકે છે. ખ્રિસ્તિધર્મે એ વિવેક રાખ્યો છે, કે પોતાના મૂળ સ્થાપક(ઈશુ)ને નામે બીજા કોઈ મનુષ્યનું નામ નથી રાખતા. અને ઇસ્લામ તેમ જ ખ્રિસ્તીધર્મમાં ગોડ, અલ્લા, ખુદા એ નામો તો કોઈને નહિ રાખવા દે. આથી નામસ્મરણ કે ધૂનમાં ઈશ્વરનું નામ છે કે મૂળ સ્થાપકનું, અથવા બીજી કોઈ વ્યક્તિનું તે સમજવામાં શંકા ઉત્પન્ન નથી થતી. જ્યારે આપણે રઘુપતિ, રાઘવ, રાજારામ, સીતારામ, કૃષ્ણ, મોહન, મુરારિ, રાધાકૃષ્ણ, સાંબ, સદાશિવ વગેરે નામ કહીએ છીએ તે સાથે લક્ષ્મણ, હનુમાન વગેરેને પણ જોડી દઈએ છીએ ત્યારે ખ્રિસ્તી, મુસ્લિમને જ નહિ, આર્યસમાજી, બ્રહ્મસમાજીને પણ તેમાં મુશ્કેલી માલૂમ પડે છે ને આપણે ધૂનમાં ભાગ લેતાં અચકાય છે. પછી આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૫૦]

એવડી સફાઈ કરવી પડે છે, એટલે આ શંકાના સમાધાન માટે કહેવું પડે છે કે આ વ્યાખ્યાએ રઘુપતિ,સીતારામ, રાધાકૃષ્ણ વગેરે શબ્દો સાથે ઐતિહાસિક કે પૌરાણિક વ્યક્તિ-ઓનો સંબંધ જોડવાની જરૂર નથી. એમ માની લો કે આ શબ્દો અલ્લાહ અને ગૉડની સમાન છે. અને આ અવતારો અને દેવોના ઉપાસકોને કહે છે, 'તમારે સાશંક થવાની જરૂર નથી. અયોધ્યાપતિ, કૌશલ્યા-દશરથ-સુત રામચંદ્ર કે નંદ-યશોદા તથા વસુદેવ-દેવકીના પુત્ર કૃષ્ણની ઉપાસનાનો નિષેધ નથી.' ભક્ત લોકો 'નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન, મુક્તાબાઈ, એકનાથ, નામદેવ, તુકારામ'ની ધૂન અને 'રઘુપતિ રાઘવ રાજારામ'ની ધૂન એક જ બુદ્ધિથી નથી બોલતા. પહેલી ધૂનમાં સાફ સમજાય છે કે એ સંતમાલા છે. અને બીજી માટે તે સમજે છે કે એ ઈશ્વરનું સ્મરણ છે. વેદાંતજ્ઞાનીઓને બીજી ધૂનનું બ્રહ્મસમાજી, મુસલમાન વગેરે પાસે ને ભક્તો પાસે જુદી-જુદી રીતે સમર્થન કરવાનો વ્યાયામ કરવો પડે છે. છતાં તેમનું સમાધાન તો નથી થતું અને તેમાં ભાગ લેતાં તે સંકોચ કરે છે જ.

મારો ખ્યાલ એવો છે કે પ્રાચીન વેદના સમયમાં ગુણાતીત ભાવમાં ૐ અને સાક્ષાત્ સગુણ ભાવમાં સૂર્યની ઉપાસના રહી હશે. ઋષિઓના એક મંડળે ૐમાંથી બ્રહ્મા, શિવ, ગણપતિ વગેરેમાં, અને બીજા મંડળે સૂર્યમાંથી ઇન્દ્ર, વિષ્ણુ, વામન, વિરાટ પુરુષ વગેરેમાં રૂપાન્તર કર્યું, અને પછી તેમનાં રૂપ, ગુણ, ચરિત્રની કથાઓ બનાવી. તે સાથે જ રાજા-ઓનું પણ ઇન્દ્ર, વિરાટ, વિષ્ણુ વગેરે નામથી સંબોધન કર્યું. આથી પ્રતાપી પુરુષોની શિવ અથવા વિષ્ણુની અવતારના રૂપમાં પૂજા શરૂ થઈ. ત્યારપછી તત્ત્વમસિ વગેરે મહાવાક્યોથી સૂચિત આત્મજ્ઞાનની શોધ થઈ, તેમાં ઉપાસક (જીવ), ઉપાસ્ય (ઇષ્ટદેવ) અને બ્રહ્મ(બન્નેથી અતીત ભાવનું વિશેષ જ્ઞાન)ની એકરૂપતાની ખબર પડી ને ત્યારથી ગુરુની ઉપાસના પણ દાખલ થઈ ગઈ, અને પછી કલ્પનાઓ પર કલ્પનાઓ વધતી જ ગઈ. મરણોત્તર ગતિને વિષે પણ સ્વર્ગ, ગોલોક, વૈકુંઠ, કૈલાસ, બ્રહ્મધામ, અક્ષરધામ, નિર્વાણ તથા ત્યાંનું સ્વરૂપ અને ભોગ, તેમ જ સ્થૂલાર્થ, સૂક્ષ્માર્થ વગેરેની ભરતી આવી. આજે તો એવી સ્થિતિ પેદા થઈ ગઈ છે, કે જે કોઈ વ્યક્તિ બે ચાર શિષ્યો બનાવી શકે અને 'તત્ત્વમસિ' તથા 'અહં બ્રહ્માસ્મિ' વગેરેનું વિવેચન કરી શકે તે 'સાક્ષાત્ પરબ્રહ્મ' બની શકે છે.

આ પ્રવૃત્તિ બંધ થઈ જવી જોઈએ. તે માટે હું પોતે એક સદ્‌ગુરુભક્ત અને બાપુને રામ, કૃષ્ણ, બુદ્ધ, ઈશુ, મહમ્મદ વગેરે કોઇથી પણ ઊતરતા નથી માનતો છતાં શ્રી રમણ મહર્ષિના વિષયમાં લખતાં મેં આ વિષે ઈશારો કર્યો છે. આને માટે મેં 'સમૂળી-ક્રાન્તિ' માં જે પ્રતિપાદન કર્યું છે, તેનો થોડો પાઠ સુધારી નીચે ફરી રજૂ છું:—

માનો પરમાત્મા એક કેવલ;
ન માનો દેવ-દેવતા-પ્રતિમા સકલ;
ભલે ઊંચા રહબર,
ન માનો કોઈ અવતાર-ગુરુ-પેગંબર
ન કો સર્વજ્ઞ-અસ્ખલનશીલ.
સર્વે સદ્‌ગુરુ-બુદ્ધ-તીર્થંકર;
માનો જ્ઞાની-વિવેકદર્શી કેવલ.

વર્ધા તા. ૨૧-૬-૫૦ (હિન્દી પરથી)

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુપ્રાપ્તિ

લેખક:
સ્વામીશ્રી શિવાનંદજી

સામાન્ય રીતે એમ કહેવાય છે કે માનવીની અંદરનો જઠરાગ્નિ અન્ન માગતો હોય અને માનવી પાસે રહેવાને ઘર ન હોય તેમ દેહ ઢાંકવા કપડાં ન હોય ત્યારે પ્રભુભક્તિ કે પ્રભુભજન તે કેમ કરી શકે? પરંતુ ખરેખર જો આમ જ હોત તો જે લોકોને આ સઘળી વસ્તુઓ પૂરતા પ્રમાણમાં મળી છે તે બધાય ઈશ્વરભક્તો હોત; પણ ના, એમ નથી. ઊલટું આ પ્રકારના સાધનસંપન્ન લોકો તો પરમાત્માથી મોટભાગે વિમુખ જ હોય છે. એટલે આંતરિક શક્તિને જગાડવા માટે બાહ્ય ઉપસ્કરણો ગૌણ છે. બહારના આ વાઘા ત્યજી દેવા માટે, આત્માના મૂળસ્વરૂપ પામવા માટે, સંસારી જીવે કઈ રીતે જીવવું જોઈએ તેનું હિમાલયનિવાસી સ્વામીજીએ અહીં ઉદ્બોધન કર્યું છે. સ્વામીજીના ભક્તો ગુજરાતમાં ઘણા છે. તેઓ થોડા સમયમાં આ બાજુ પ્રવાસે પણ આવવાના છે. જિજ્ઞાસુઓ એમનો પૂરો લાભ ઉઠાવશે એવી આશા રાખીએ. આ લેખ શ્રી રતિલાલ ખત્રીએ મોકલ્યો છે.

જીવનનું ધ્યેય, જીવનનું સર્વ કાંઈ કે જીવનનું સર્વોચ્ચ કલ્યાણ આત્મ-સાક્ષાત્કારમાં અથવા પ્રભુજ્ઞાનની પ્રાપ્તિમાં છે. હું તમને બોધ આપવા નથી ઇચ્છતો પણ તમને ઢંઢોળવા–જગાડવા ઇચ્છું છું. અવિદ્યા, માયા, મોહ અને રાગને લીધે તમે તમારું વાસ્તવિક સ્વરૂપ, તમારા જીવનનો હેતુ ભૂલી ગયા છો. રાગ અને દ્વેષના પ્રવાહમાં તમે અહીંતહીં ભટકી રહ્યા છો. તમે તમારાં અહંકાર, વાસનાઓ, તૃષ્ણાઓ તથા વિવિધ પ્રકારની કામનાઓને લીધે સંસારચક્રમાં ફસાઈ ગયા છો. ખરું–સાચું સુખ અંદર છે, બહાર નહિ. મૂળરૂપે તમે સર્વવ્યાપક, શુદ્ધ જ્ઞાનમાત્ર છો. પાંચ તત્ત્વોના બનેલો આ નાશવંત દેહ એ તમારું સ્વરૂપ નથી. હું તમને મહાવાક્ય યાદ કરાવું છું તે છે: 'તત્ત્વમસિ–તું તે છે.' તેનો અર્થ છે જીવાત્માની પરમાત્મા સાથે એકતા–યોગ. પરપોટો જ્યારે ફૂટી જાય છે ત્યારે સમુદ્રરૂપ થઈ જાય છે, સમુદ્રમય બની જાય છે, તેમ વ્યષ્ટિ–જીવ આત્મા–સમષ્ટિ આત્મા–પરમાત્મા સાથે પરમ શાંતિમાં પીગળી એકરૂપ થઈ જાય છે. ભલે તમારી પાસે ખાવા માટે કંઈ પણ ન હોય, તમારી પાસે પહેરવા માટે પણ કંઈ ન હોય; છતાં પણ યાદ રાખો કે તમારું મૂળસ્વરૂપ સત્ય, જીવંત સત્ય છે. ગુલામ માનસનો નાશ કરો. ૐ ૐ ૐ રામ રામ રામની ગર્જના કરો અને આ માંસમય પિંજરામાંથી બહાર નીકળી જાઓ. ઓ સત્યકામ! ખાતરી કર, ઓળખ, સત્યનો અનુભવ કર, બળવાન અને નિર્ભય બન.

હે વત્સ! દુઃખનું કારણ સુખ છે. ઇંદ્રિયજન્ય સુખ, દુઃખ જેટલું જ અનિષ્ટકારક છે. તેનો નિર્દયતાથી ત્યાગ કરો. ઇંદ્રિયજન્ય સુખ, દુઃખ, ભય, શોક, ચિંતા, પાપ અને શ્રમથી મિશ્રિત છે. એ આનંદ તમારી ઇચ્છાને સંતોષ નહિ આપી શકે. જેમ ઘીને અગ્નિમાં નાખવામાં આવે તો ઘી અગ્નિને વધુ પ્રજળાવે છે, તેમ ઇંદ્રિયજન્ય સુખ ઇચ્છાને તીવ્ર બનાવે છે, અને મનને તૃષ્ણાઓ દ્વારા અશાંત કરી મૂકે છે. ઇંદ્રિયસુખ અશાશ્વત, ક્ષણિક અને ક્ષણભંગુર જેવું છે. જ્યારે તમે તેના પર ગંભીરતાપૂર્વક વિચાર કરશો ત્યારે તમને જણાશે કે ઇંદ્રિયજન્ય સુખ એ સુખ નથી, તે સુખની ભ્રાંતિ છે. તે મનની કલ્પના માત્ર છે. તે ફક્ત નાડીઓ અને ઇંદ્રિયોની ઉશ્કેરાટ માત્ર છે, ચળ માત્ર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાવતાં અંગ ઉપર જ્યારે તમે ખણો છો ત્યારે તમને કંઈક સંતોષ થાય છે, તે જ પ્રમાણે મોઢામાં જલેબી અથવા નારંગી મૂકતાં નાડીઓને કંઈક લાગણી થતી માલૂમ પડે છે. વિચારવાન મનુષ્યને વિષયપદાર્થો-માં સુખ જણાતું નથી. તેને એ સઘળું દુઃખરૂપ જણાય છે. 'सर्वं दुःखं विवेकिनः ।' માયા અથવા અજ્ઞાનને કારણે સંસારી માનસવાળા મનુષ્યો ભૂલથી દુઃખને સુખ માની લે છે.

ઇંદ્રિયો અને મન તમને ક્ષણેક્ષણે છેતરે છે. મોટામાં મોટો શત્રુ એ તમારો દેહ-શરીર છે. દૂધ કેટલાકને સુખ આપે છે અને બીજા-ઓને દુઃખરૂપ બની રહે છે. દૂધનો ત્રીજો પ્યાલો પીવાથી તમને ઊલટી થશે. જો પદા-ર્થોમાં સાચું સુખ હોત-દૂધમાં પણ-તો સર્વ કાળે સર્વને એક જ પ્રકારનો અનુભવ થાત. સુંદરતા એ મનનું સર્જન અથવા કાલ્પ-નિક છે. બેડોળ સ્ત્રી તેના પતિને ઘણી સુંદર લાગે છે. કરચલીવાળી વૃદ્ધ સ્ત્રીમાં સુંદરતા ક્યાં છે? મારા પ્રિય મિત્રો! તમારી પત્ની માંદી પડે છે, ત્યારે સુંદરતા ક્યાં ચાલી જાય છે? સ્ત્રી ગુસ્સે થાય છે ત્યારે સુંદરતા ક્યાં જતી રહે છે? મુખપરનું સૌંદર્ય તો પ્રતિબિંબ માત્ર છે. ન કરમાય તેવું સૌંદર્ય, સૌંદર્યોનું સૌંદર્ય, સુંદરતાનો ફુવારો તો આત્મા અથવા રામમાં જડશે કે જે તમારા હૃદયમંદિરમાં સદાકાળ પ્રકાશી રહ્યો છે. તમે પદાર્થને છોડી તેના પડછાયાને પકડ્યો છે. તમે હીરાને પકડવાનું ચૂકી જઈ ટુકડાને પકડી લીધો છે. કેવી ગંભીર ભૂલ કરી છે તમે-તમને તમારી ભૂલ સમજાય છે? છેવટે હવે તમારી આંખ ઉઘાડશો?

સુષુપ્તાવસ્થા-ગાઢ નિદ્રાવસ્થાનું અવલો-કન કરો. ગાઢ નિદ્રામાં નથી મનની રમત, નથી ઇંદ્રિયોની રમત કે નથી કોઈ પદાર્થ. રાગદ્વેષના પ્રવાહોને ત્યાં સ્થાન નથી. અહીં તમે આનંદ અથવા શુદ્ધ પૂર્ણ સુખ ક્યાંથી મેળવો છો? તે સુખ તમારી હૃદયગુહામાં નિવાસ કરતા આત્મામાંથી તમને મળે છે. નિદ્રા દરમિયાન મન બ્રહ્મમાં આશ્રય લે છે તેથી જ તમે ગાઢ નિદ્રામાંથી આંતરજ્ઞાન વગર પાછા ફરો છો. નિદ્રા અને સમાધિ વચ્ચે આટલો તફાવત છે. સમાધિમાંથી તમે આવો છો ત્યારે તમે દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરીને આવો છો. નિદ્રામાંથી તમને ચાર બાબતો મળે છેઃ (૧) 'હું હયાતી ધરાવું છું' એવું તમને લાગે છે, (૨)મૂળરૂપે તમે આનંદસ્વ-રૂપ છો. (૩) ત્યાં અદ્વિતીય એવી એક જ વસ્તુ જણાય છે (૪) આ જગત દેખાવ માત્ર છે-મિથ્યા છે.

મનરૂપી સરોવરમાં એક ઇચ્છારૂપ તરંગ ઉદય પામે છે અને મનને ખળભળાવી મૂકે છે. ઇચ્છા તૃપ્ત થતાં જ મન આત્મા તરફ વળે છે અને ત્યાં થોડો સમય આરામ લે છે અને તેથી તમને આત્માનો આનંદ પ્રાપ્ત થાય છે. કૂતરો સૂકા હાડકાને ચૂસતો હોય છે, ત્યારે તે એમ કલ્પે છે કે તેને મળતું લોહી તે સૂકા હાડકામાંથી આવે છે; પરંતુ વાસ્તવિક રીતે તે લોહી તેના પોતાના તાળવા-માંથી જ આવે છે; તે જ પ્રમાણે અજ્ઞાની સંસારી મનુષ્યો મૂર્ખતાથી જ કલ્પે છે કે સુખ વિષયપદાર્થોમાંથી મળે છે. પરંતુ વાસ્તવમાં તે સુખ અંદરના આત્મામાંથી મળે છે કે જ્યારે ઇચ્છા તૃપ્ત થતાં મન આત્મા તરફ વળે છે. ગાઢ નિદ્રા દરમ્યાન તમે પ્રભુમાં આશ્રય લો છો. ઇચ્છા તૃપ્ત થાય ત્યારે પણ પ્રભુમાં આશ્રય લો છો. જ્યારે તમે પદાર્થના ઉપભોગમાં ખૂબ જ મગ્ન બની જાવ છો, ત્યારે તમે મનરહિત બની જાવ છો.

શાશ્વત, અવિકારી, અમર એવી એક વસ્તુ છે. તે શરીર અને મનથી સ્વતંત્ર છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અને દેશ, કાળ અને કારણથી પર છે. એ સ્વયંભૂ, સ્વતંત્ર, સ્વયંપ્રકાશ અને સચ્ચિદાનંદ છે. સર્વશ્રેષ્ઠ સત્યનો અનુભવ કરી તમે શાંતિ અને આનંદના અમર ધામને પ્રાપ્ત કરી શકો છો.

યાજ્ઞવલ્કયને વનમાં જઈ સંન્યાસ ગ્રહણ કરી જીવન્મુક્તિનું સુખ ભોગવવાની ઇચ્છા થઈ એટલે પોતાની કાત્યાયની અને મૈત્રેયી નામની બે પત્નીઓને બોલાવી. માલમિલકત બન્નેને વહેંચી આપી. બુદ્ધિશાળી અને ચતુર મૈત્રેયીએ તેના પતિને પૂછયું: 'હે મારા પ્રભો! આ સંપત્તિ મને અમરતા આપી શકશે?' યાજ્ઞવલ્કયે કહ્યું: 'તે તને અમર નહિ બનાવી શકે.' પછી મૈત્રેયીએ પૂછયું: 'મને અમરતા પ્રાપ્ત કરવાનો રસ્તો બતાવો.' ત્યારે યાજ્ઞવલ્કય બોલ્યા: 'આ આત્માને જોવો જોઈએ, સાંભળવો જોઈએ, તેનું મનન કરવું જોઈએ અને તેનું ધ્યાન ધરવું જોઈએ. ત્યારે ને ત્યારે જ તું અમરતા પ્રાપ્ત કરીશ.'

એક સાધક એક ઋષિ પાસે ગયો અને આત્માનું સ્વરૂપ સમજાવવા કહ્યું. ઋષિ મૌન રહ્યા. સાધકે પુનઃ ગુરુ પાસે જઈ તે જ પ્રશ્ન કર્યો. ગુરુ પુનઃ ચૂપ રહ્યા. તે સાધક ત્રીજી વાર ગુરુ પાસે ગયો. ઋષિએ કહ્યું: મેં તમને તો જવાબ આપી દીધો છે. '**अयमात्मा शान्तः**'–આ આત્મા શાંતિસ્વરૂપ છે. નિર્દિધ્યાસન તથા ખૂબ અને અવિરત ઊંડા ધ્યાન દ્વારા જ તેની પાસે જઈ શકાય છે.'

આ આત્મા સર્વ પ્રાણીઓમાં છુપાયેલો છે, સૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિવાળો માણસ આ આત્માનો અનુભવ લઈ શકે છે. જેમ તમે મુંજ નામના ઘાસમાંથી તેનું સારતત્ત્વ કાઢી લો છો, તેમ સાધના અને ધીરજ દ્વારા પંચભૂતમાંથી તેનું સારતત્ત્વ–આત્માને જાણી લેવાનો છે, તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. બ્રહ્માએ બહાર જવાના વલણવાળી વૃત્તિઓ પેદા કરી અને તેથી જીવ બહારની સૃષ્ટિ જુએ છે અને અંદરના આત્માને નથી જોતો. મજબૂત ઇચ્છાશક્તિ અને દૃઢ નિશ્ચય તેમ જ અમરતાની ઇચ્છાવાળો સાધક પદાર્થોમાંથી ઇંદ્રિયોને પાછી ખેંચી લઈ અંતર્મુખવૃત્તિથી અંતરદૃષ્ટિ કરી પ્રત્યક્ષ આત્માનો અનુભવ કરે છે.

જેને મોક્ષનાં ચાર સાધન–સાધનચતુષ્ટય–વિવેક, વૈરાગ્ય, ષટસંપત્તિ અને મુમુક્ષુત્વ–પ્રાપ્ત કર્યાં હોય, જે શ્રુતિઓમાં પ્રવીણ હોય, બ્રહ્મચર્ય, અનુકંપા પ્રેમ વગેરે સદ્‌ગુણોથી જે સંપન્ન હોય, તે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે લાયક છે. તેણે હાથમાં ભેટ લઈ બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જવું જોઈએ અને શ્રદ્ધા, નમ્રતા અને આજ્ઞાંકિતપણાથી તેમની સેવા કરી ઉપનિષદ, વેદાંતશાસ્ત્રો અને મહાવાક્યોના સાચા અર્થ શ્રવણ કરવાં જોઈએ. તેણે ખૂબ ધ્યાન કરવું જોઈએ. પછી આત્મસાક્ષાત્કાર થાય. આત્મસાક્ષાત્કાર થતાં તેના સઘળાં સંશયો અને ભ્રમ નાશ પામે છે. સઘળાં કર્મો (સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ) નાશ પામે છે તે જ્ઞાની બને છે અને સચ્ચિદાનંદ–અવસ્થા પ્રાપ્ત કરે છે, ત્યારે જ તે સંસારચક્ર અને તેનાં અનિષ્ટોમાંથી મુક્ત થાય છે.

કોઈ પણ રીતે સાધકે પોતાના પ્રયત્નથી આ પ્રાપ્ત કરવાનું છે. સ્વાશ્રય જેવો શ્રેષ્ઠ ગુણ બીજો નથી. સત્યના ઉપાસક સર્વ સાધકોમાં આ અગત્યનો ગુણ હોવો એ અત્યાવશ્યક છે. ગુરુઓ, આચાર્યો અને અધ્યાપકો તમને આધ્યાત્મિક માર્ગ જ બતાવશે તમારી શંકાઓ દૂર કરશે અને કંઈક પ્રેરણા આપશે. તમે જ તમારી જાતને મુક્ત કરી શકશો. તમે જ તમારા રક્ષક છો. આ કદી સ્મરણમાં રાખો: તમારે પોતે જ એકેએક પગલું આગળ મૂકવાનું છે.

શ્રુતિ ભારપૂર્વક કહે છે, કે મોક્ષ મેળવવા માટે ત્રણ સાધન છે: શ્રવણ, મનન અને નિદિધ્યાસન. તમે તમારા ગુરુ પાસેથી શ્રવણ કરી શકો. મનન અને નિદિધ્યાસન તમારે જાતે જ કરવાનાં છે. તમારા ગુરુ તમારા માટે મનન અને નિદિધ્યાસન કરશે તે કેવળ બુદ્ધિવગરની વાત છે. જ્ઞાનના ભૂખ્યા અને અમૃતના તરસ્યા માણસે જાતે જ મનન અને નિદિધ્યાસન કરવાં પડશે. જો ગુરુ કે અધ્યાપક તમને મુક્તિ આપી શકતા હોત તો મનન અને નિદિધ્યાસનનું મહત્ત્વ ભારપૂર્વક જાહેર કરનાર શ્રુતિઓનું પ્રયોજન શું? ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે; उद्धरेत आत्मना आत्मानम्–તમારી જાત વડે તમારી જાતનો ઉદ્ધાર કરો.

ભગવાન બુદ્ધે ફક્ત પોતામાં જ શ્રદ્ધા રાખી હતી. ઉરુવલના જંગલમાં–અત્યારના 'બુદ્ધ ગયા'માં-તેમણે છ વર્ષ સુધી ઉગ્ર તપ કર્યું હતું. ઈસુ ખ્રિસ્તે તેમના ગુપ્ત નિવાસકાળ દરમિયાન અને જંગલમાં ચાલીસ દિવસ સુધી ઉગ્ર સાધના કરી હતી. બુદ્ધિશાળી માણસો પણ ઘણી મોટી ગેરસમજ અને ભ્રમ પાછળ પરિશ્રમ કરી ખોટી આશામાં તેમનું કિંમતી જીવન વેડફી નાખે છે. આ ખરેખર શોકજનક છે. એ લોકો એમ માને છે કે શિસ્ત પાળ્યા વગર, તપ અથવા શાંત ધ્યાનનો અભ્યાસ કર્યા વગર તેમના ગુરુ તેમને આધ્યાત્મિક જડીબુટ્ટી આપી એકદમ મુક્તિ અપાવી દેશે. કેવો વિચિત્ર મૂર્ખતાપૂર્ણ વિચાર! આ ખરેખર આઘાતજનક પરિસ્થિતિ છે.

એક જ મહાન પ્રભુ, માલિકોનો જીવતો-જાગતો માલિક-જગત, જીવ અને દરેક

વસ્તુનું મૂળ–તમારા હૃદયમંદિરમાં સદાય પ્રકાશી રહ્યો છે. તે તમારી ખૂબ નજીક છે. તે સ્નેહથી મધુર કોમળ હાથે ઊંચકી લઈ ભેટવા માટે હાથ પસારી બેઠો છે. એક તેનામાં જ શ્રદ્ધા રાખો. તમારા હૃદયમાં નિવાસ કરતા સનાતન ચૈતન્ય સાથે દઢતાથી અને સ્પષ્ટ સમજદારીથી તમારી જાતને એકરૂપ બનાવી દો. ફક્ત ત્યારે જ તમને શાશ્વત શાંતિ, અમર્યાદિત આનંદ, પરમસંતોષ, અને સાચું અમરપદ પ્રાપ્ત થશે. ધન્ય છે, ધન્ય છે એ મહાનુભાવોને, જે આપણા હૃદયમાં સ્થાન મેળવવા માટે અંદરના મહાન પ્રભુ પર શ્રદ્ધા રાખી, ઉચ્ચ અવસ્થાએ પહોંચ્યા છે! મોક્ષ પામેલા જીવનમુક્ત સંતના ગુણો અવર્ણનીય છે. તે પોતે બ્રહ્મ છે. આઠ સિદ્ધિઓ અને નવ ઋદ્ધિઓ તેમના ચરણોમાં આળોટે છે. સત્-સંકલ્પ દ્વારા તે અદ્ભુત કાર્યો કરી શકે છે. ધન્ય છે, ધન્ય છે એવા જીવન્મુક્તોને! તેઓ આપણી પૃથ્વી પર આશીર્વાદરૂપ છે. તેમના આશીર્વાદ આપણા સહુ પર વર્ષો! આનંદ, પરમસુખ, શાંતિ, સમતા, કીર્તિ અને પ્રકાશનો સદા તમારામાં નિવાસ હો, જેમ ડૂબકી મારનાર દરિયામાં ઊંડે સુધી ડૂબકી મારી કિંમતી મોતી કાઢી લાવે છે, તેમ ચાલો આપણે આપણા દિવ્ય મૂળ તત્ત્વમાં ડૂબકી મારીએ અને દિવ્ય જ્ઞાન તથા આત્મારૂપી મોતી કાઢી લાવીએ. ચાલો આપણે એક થઈએ અને સુંદર, આત્માને જાગૃત કરનાર ઉચ્ચ વિચારોને પચાવીને અને એ અવ્યક્તને પરમશાંતિમય, અદ્ભુત ને અચળ, અનંત ને વિશાળ શાંતિસાગરમાં આરામ કરીએ.

☆

તમે મૃત્યુને ટાળી શકો એમ તો નથી જ, પરંતુ તમે સમજપૂર્વકનું જીવન જીવો તો મૃત્યુ ભારાથી કંઈ. દૂર જરૂર ભાગે છે, વર્ષોનાં વર્ષો સુધી એ દૂર રહે છે.

×

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પઢિયારની સ્મૃતિ

લેખક :
શ્રી મનુ સૂબેદાર

શ્રી સૂબેદારે ૨૨ વર્ષ પહેલાં આલેખેલાં સ્મરણો આજે ય સ્વ૦ પઢિયારના જીવનની મહત્તાની ઝાંખી કરાવી જાય છે. ગયે મહિને અષાઢ વદ પાંચમે, કવિવર નાનાલાલે જેમને 'નાનકડા બુદ્ધ'ની ઉપમા આપી હતી તે સ્વ૦ પઢિયારની ત્રામી મૃત્યુતિથિ ગઈ. એમણે પૃથ્વી પર સ્વર્ગ ઉતારવા માટે 'સ્વર્ગ'ના ગ્રંથો લખ્યા અને હજારો સામાન્ય લોકોને આત્મોન્નતિ તેમ જ શુદ્ધ જીવનવ્યવહારની પ્રેરણા આપી. આ લેખના આરંભમાં તંત્રી સાથેના 'મતભેદ' અંગે શ્રી સૂબેદારે જે હકીકત લખી છે તે સાચી છે. આ લેખ પછી પણ એ 'મતભેદ' ચાલુ જ રહે છે. એમણે પોતાનાં જ્ઞાન અને અનુભવનો લાભ 'અખંડ આનંદ'ના વાચકોને અવાર નવાર આપવો જોઈએ એવો તંત્રીનો મત કાયમ છે.

'અખંડ આનંદ'ની ઉત્પત્તિ અને વિકાસના બધા સમયે શ્રી સોપાન સાથે મારે અનેક વિષયોમાં સંમત થવાનું આવ્યું, પણ જે બહુ થોડી બાબતોમાં અમારે મતભેદ અથવા પ્રેમકલહ કહું તેવું થયું, તેમાં 'તમે અખંડ આનંદમાં લેખ લખો' એ મુખ્ય વાત. હું લેખક કે સાહિત્યકાર નથી, લખવાની ઇચ્છા ધરાવતો નથી અને ગુજરાતીમાં લખવાનો મહાવરો મને નથી, એવી મારી દલીલો શ્રી સોપાન કબૂલ કરતા નથી. પછી 'અંગ્રેજીમાં લખેલો તમારો કોઈ લેખ લઈને વાપરશું. એમ કહીને વરસ છ મહિને મને 'અખંડ આનંદ'માં બેસાડે છે.

સૌરાષ્ટ્રનું એકમ થયું છે. આ ભૂમિ જેણે ગાંધીજી અને દયાનંદ જેવાં રત્નો હિન્દને આપ્યાં. સૌરાષ્ટ્રના મૌલિક સાહિત્યકારોમાં અમૃતલાલ પઢિયારની ગણના પ્રથમ પંક્તિમાં થાય એમ હું માનું છું. તેમનાં સ્વર્ગના પુસ્તકો (જે હજુ આ સંસ્થામાંથી મળે છે) હજી પણ ઉચ્ચ જીવનની પ્રેરણા આપે તેવાં પ્રભાવશાળી છે. જેમના સંબંધે બાવીસ વર્ષ ઉપર ગુજરાતીમાં લખેલો લેખ શ્રી સોપાનના હાથમાં આવ્યો, એટલે એમણે તે વાપરવાનો આગ્રહ રાખ્યો. પઢિયાર તરફના મારા મિત્રભાવે મને નિરુત્તર બનાવ્યો, થોડાક નજીવા સુધારા સાથે એ લેખ આપવા હું સંમત થયો છું જેણે લેખક તરીકે સમસ્ત જીવન ગાળ્યું અને જનહિતની જેની ધગશ મોટી હતી તેવા એક સંત અને સમર્થ લેખકને સૌરાષ્ટ્ર પ્રદેશની પ્રજા યાદ કરે એ મારે મન આનંદની વાત છે.

મ.

'ગુજરાત' ના તંત્રી રા. મુનશીજી તરફથી પઢિયાર સ્મારક અંક માટે 'ઉદ્ઘાત' લખવાનું મને કહેવામાં આવ્યું ત્યારે હું લેખક ન હોવાથી, મેં આનાકાની કરી હતી; પણ 'પઢિયારના તમે ઘણાં વર્ષો સુધી દોસ્ત હતા માટે કાંઈક તો જરૂર આપો' એમ આગ્રહ થતાં કાંઈક મોકલું છું.

પઢિયારનું જીવનવૃત્તાંત લખવાનો હું દાવો કે પ્રયાસ કરતો નથી. જેઓ જીવનકથા લખે છે તેઓ એક વ્યક્તિનું કેટલું આછું અને અપૂર્ણ ચિત્ર આપી શકે છે તે જાણવાનો પ્રસંગ મને પૂર્વે કેટલીક વખત આવ્યો છે. મનુષ્યનું તેજ, એનું પોતાપણું અને એનું જીવનરહસ્ય તેની સાથે જ ચાલ્યું જાય છે. તેના જીવનના અનુભવોમાં કયો મોટો અને કયો નાનો, કયો મહત્ત્વનો અને કયો ક્ષુદ્ર, તેનો નિશ્ચય બીજું કોઈ કરી શકે જ નહિ. દરેક માણસના જીવનમાં જાહેર અને અંગત એમ બે જાતના પ્રસંગો હોય છે; અને અંગત બીનાઓને–લોકોની નજરથી નકામી લાગતી અને ક્ષુદ્ર ગણાતી સમાજની નજરે ઉતરતી વાતોને–એક મનુષ્યના માનસિક ઘણી નાની વાતોને સ્થાન હોઈ તેની પ્રગતિ... પ્રદેશમાં મોટું સ્થાન હોઈ તેની પ્રગતિ... તે અનેક ક્રાંતિઓ કરી નાખે છે. સંકોચ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહવાસ ધરાવતા મિત્રો પણ અને લાંબો સહવાસ ધરાવતા મિત્રો પણ
થોડું જ જાણે અને ઘણી જ સહાનુભૂતિ છતાં પણ અસલ વ્યક્તિનું જીવનપૂર્ણરૂપે તેઓ આલેખી શકે એમ માનવું ભૂલભરેલું છે. ઘણી વખત તેમ કરવાની જરૂર પણ ઓછી દેખાય છે; કારણકે મનુષ્યની પ્રગતિના મોટા બનાવો બહારનાં સૂચનોથી ન આવતાં અંતરની પ્રેરણામાંથી ઘણીવાર આવે છે.

પઢિયારના જીવન માટે કંઈક લખું એમ કહેવા જતાં, મારી અયોગ્યતાનો વિચાર આવવા સાથે એમ પણ લાગે છે કે થોડા શબ્દોમાં શું કહેવાય? અને જે કહેવા જેવું છે તે કહેતાં જનસમાજ બધું સમજી શકે કે સમજવા માગે પણ ખરો? ગુજરાતમાં ઉચ્ચ કોટિના વિચારોનો મોટો ફેલાવો કરનાર શિક્ષક તરીકે તેમનું નામ જાહેર થશે, જળવાશે એમાં શક નથી. સાહિત્યસેવાનો અર્થ જો જડબાં ભાંગી જાય તેવા સંસ્કૃત શબ્દોનો પ્રયોગ કરી, અર્થ બેસે કે નહિ તોપણ પરદેશી લખાણો ઉપરથી તરજુમો અથવા પડછાયો બનાવી વાચકો પાસે મૂકવો એ હોય તો અમૃતલાલ પઢિયારનું સ્થાન ઊંચું નહિ આવે, પણ ઉચ્ચ આશય સમજવો અને સમજાવવો, ઉચ્ચ ભાવના જીવનમાં ઉતારવામાં સચોટ અને સ્પષ્ટ રીતે વાંચકોને સહાય મળે એવો જે લેખકોનો પ્રયાસ હોય અને તેમ કરવામાં જેઓને સફળતા મળી હોય, તેઓને જો સાહિત્યકાર તરીકે ગણવામાં આવે તો પઢિયારનું નામ ગુજરાતના સાહિત્યપ્રદેશમાં ચિરસ્મરણીય રહેશે.

પઢિયારનું લેખક તરીકેનું જીવન તેમની નાની વયથી જીવનના અંત સુધીનું હતું એમ કહી શકાય. તેમની લેખનશૈલી કાંઇક વિસ્તૃત હતી અને જ્યારે મેં એક વખત તેમને કહ્યું: 'જે પચાસ પાનાંમાં લખો છો તે પાંચમાં લખો તો સારું.' ત્યારે તેમણે મને ઉત્તર આપેલો: 'હું તમારે માટે લખતો નથી. અંગ્રેજી, સંસ્કૃત અને બીજી ભાષાઓનું સાહિત્ય વાંચવાની શક્તિ અને તક ધરાવનારા સમાજના સોમાં અડધાએક ટકા જેટલા પુરુષો માટે હું લખતો નથી, જેઓને મોટા સાહિત્યના સાગરમાં તરવાની તક નથી તેવા હજારો ગામડિયાઓ, સ્ત્રીઓ, ખેડૂતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને જિજ્ઞાસુઓ માટે, તેઓ સમજી શકે એવી સાદી ભાષામાં અને તેઓને યાદ રહે તેમ વિસ્તારીને જાણીજોઈને હું આમ લખું છું.' જ્યારે તેમની વાત કબૂલ કરતાં મેં હસીને કહ્યું, 'ગુજરાતના સાહિત્યમાં લેખક તરીકે તમને નામ નહિ મળે.' ત્યારે તેમણે કહેલી હકીકત લખવાની મરજી થાય છે, તેમણે કહ્યું: 'ગુજરાતમાં સાક્ષર તરીકેની નામના નાગર સિવાય કોઈ કાઢી શકે તેમ બનવાને હજી ઘણા દાયકા જોઈશે.' તેમણે પોતાના પરમ મિત્ર નારાયણ હેમચંદ્ર, જેમના અત્યંત ગરીબી અને દુરવસ્થામાં ગોકલદાસ હોસ્પિટલમાં તુરતમાં થયેલા મરણ વખતે તેઓ હાજર હતા, તેનો દાખલો આપી કહ્યું: 'નારાયણને હાથે ખસોની સંખ્યા ઉપર નાનામોટા અને કેટલાક ઘણા ઉપયોગી ગ્રંથો ગુજરાતી ભાષામાં બહાર પડ્યા છે, પણ તેની કોઈ ઠેકાણે કોઈએ જાહેર કદર કરી નહિ!' સાહિત્યકાર તરીકે પોતાની તુલના ઓછી થાય કે વધુ, પણ પ્રજાના મોટા ભાગને પોતાના લેખોનો લાભ મળે તે જ તેમનું લક્ષ્ય હતું.

સમાજની સામે બળવો તે પઢિયારના જીવનમાં અને માનસિક પ્રદેશમાં સર્વ વસ્તુઓની સૂચક ચાવી છે. તેમના નાનપણના અને પોતાને નાપસંદ લગ્નની સર્વ તૈયારીઓ પાછળ ફેંકી તેઓ ચાલી નીકળ્યા હતા અને આ જ કન્યા સાથે તે જ વખતે તેમના નાના ભાઈનું લગ્ન કરીને તેમના કુટુંબે હિંદુ લગ્નની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવનાને જગતની નજરમાં અધમ પુરવાર કરી હતી. હિંદુ વિધવાઓની ફરજિયાત કફોડી સ્થિતિ જોઈ તેમનું આર્દ્ર હૃદય દ્રવી ગયું હતું અને 'આર્ય વિધવા' એ પુસ્તક, સમજી પણ ન શકાય અને તોડી પણ ન શકાય એવા કફોડા સમાજબંધન સામેનો, તેમના દયાળુ દિલનો પ્રથમ પ્રહાર હતો. પાછળથી તેઓના પ્રયાસો આ રીતના સીધા ફટકાથી સમાજને સુધારવાના નહોતા, રૂઢિબંધન અમાનુષી છે એમ કહેવા માત્રથી રૂઢિઓ નીકળતી નથી એમ તેમને લખ્યું હતું. જેમની પાસેથી સ્નેહ અને સહાય મળવાં જોઈએ તેમની જ પાસેથી વહુને, દીકરીને, બાળકને, સેવકને કઠોરતા અને જુલમ મળે છે. આ નિષ્ઠુરતા કરનારા અને જેમના પ્રત્યે થઈ હોય તે બન્ને પાપ અને દુઃખના ભાગી બને છે, છતાં તેમાંથી બહાર નીકળવાનો પ્રયાસ સરખો થતો નથી, તે જોઈને પઢિયારને જે પ્રશ્ન ઉપસ્થિત થયો તેમાંથી તેમના કેટલાક ગ્રંથોની રચના થઈ.

'સાચું સ્વર્ગ' વગેરે પછીનાં પુસ્તકોમાં વ્યક્તિનો હક્ક સિદ્ધ કરવાની વાત અથવા અંગ્રેજોનું અનુકરણ કરીને સમાજને તોડી નાખવાની વાતના કરતાં અસલ હિંદુધર્મની ઉદાર ભાવનાનો પુનરુદ્ધાર કરવ.ની અને ધર્મને જમાના અનુસરતો કરવા પર વધારે ભાર દેવામાં આવ્યો છે. આભડછેટ અને અન્યાયી રૂઢિબંધનોને પરિણામે સહૃદયતા નાશ પામે છે. આ ગુણ મનુષ્યને ઈશ્વરની નજીક લઈ જવાનો દૈવી ગુણ છે, આભડછેટ વગેરે એ ગુણને દબાવી દે છે અને પ્રજાને નમાલી બનાવે છે, માટે દૂર થવાં જોઈએ. એવો તેમનો મત થયો હતો.

જગતના આર્થિક બંધારણ સામેનો વિરોધ એ તેમના જીવનનો બીજો મુદ્દો છે.

આખો દિવસ બીજું કામ કર્યા પછી રાત્રે
લખવાવાંચવાનો આરંભ કરતાં શરૂઆત-
માં જેમને ત્યાં તેઓ નોકરી કરતા તે શેઠે
આવીને બત્તી બંધ કરાવી નાખી તેનો
આઘાત ઘણાં વર્ષો સુધી તેમને રહ્યો હતો.
'વિદ્વાનોની બત્તી ગુમ' એ તેમના પોતાના
સંબંધમાં ખરો બનેલો પ્રસંગ તેમણે પાછળ-
થી પોતાના પુસ્તકમાં લખ્યો હતો. ગરીબી
સૌને સાલે, પણ પઢિયારને કાંઈક જુદી
રીતે તેનો ત્રાસ હતો. જ્ઞાન મેળવવા અને
ફેલાવવામાં આર્થિક સાધનો કેટલાં ઉપયોગી
થઈ પડે તે સમજાયા પછી સાધનોની તંગી
તેમને અન્યાય તરીકે દેખાતી. 'પ્રેમ,
પ્રેમ અને પ્રેમ' એ પુસ્તક તેમણે બહુ
જુવાનીમાં લખ્યું, છતાં વ્યક્તિગત અને
ઈશ્વરગત સાચો પ્રેમ કેટલો બધો ઊંચે
લઈ જનારો છે, અને માણસની હલકી
વૃત્તિઓને દાબીને કેટલી રીતે તેના દેવતાઈ
ગુણોને બહાર લાવે છે, તે એમાં સારી રીતે
દેખાડી આપ્યું છે. આ પુસ્તકમાં 'રસિક
તાનો ઠપકો' એ પ્રકરણ તેમણે પોતાના
બીજા લેખો કરતાં વધુ લાગણીથી લખેલ
હોઈને મારી પાસે વાંચ્યો હતો. તેમાં
આટલી રસિકતા, આટલું બધું સમજવાની
શક્તિ, આવા દરિદ્રી પાસે ક્યાંથી આવી
કાં આવી, તે તેઓ પોકાર કરીને પૂછે છે.
આમ છતાં, આ વિષયમાં પઢિયાર 'બોલ્શેવિક'
નહોતા, વિધાતાની કૃપા પામેલા શ્રીમંતો
સમાજના ભલા માટે પોતાનાં સાધન
વાપરવાને બંધાયેલા છે, એમ એમનું
માનવું હતું. શ્રીમંતો જો પોતાની ફરજ
સમજે તો વિદ્યાપ્રચાર અને સમાજની પ્રગતિ
ઘણી જલદી થાય, એમ તેઓ માનતા.
શ્રીમંતોએ ખુશામતમાં ન ફસાતાં પોતાના
પૈસા એ પ્રજાનાં અનામત નાણાં છે એમ
માની કેવી ફરજો બજાવવી તે વિષેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા તેમના પુસ્તકમાં મળે છે. પઢિયારની ગરીબી છેવટ સુધી રહી. તેને દૂર કરવાના કુટલાક ઉપાયો મારી સાથે યોજતી વખતે તેમનો અપૂર્વ આનંદ મને યાદ આવે છે. હમેશ મારી સાથે રહી તેમની બધી જરૂરિયાતો પૂરી પાડવાની વાત મેં તેમને કહેલી અને તેમ કરવાથી પોતાનાં પુસ્તકો સસ્તી અને પડતર કિંમતે ઘણો વધુ ફેલાવો પામશે, એવો પોતાનો મનોરથ સિદ્ધ થવાની તક ઊભી થતાં તેમનો ઉત્સાહ જોવા જેવો થયો હતો; પણ ત્યારપછી એકબે મહિનામાં મારે ત્યાં જ તેમનું અવસાન થયું! હું તેમનું મૃત્યુ અકાળ ગણું છું તે તેમને કોલેરા થયો હતો માટે નહિ, પણ તેમના શરીરની ક્ષીણ થઈ ગયેલી શક્તિને લીધે; અને આ સ્થિતિ તે તેમની પહેલાંથી રહેલી ગરીબીને જ કારણે હતી. હિંદુ સમાજના મધ્યમવર્ગમાં ખાવાનું પૂરતું ન મળવાથી શરીરની સ્થિતિ ખરાબ રહે છે, તે હું બહારના લોકોને જોઈને નહિ, પણ મારા પોતાના અનુભવથી કહું છું; કારણકે હું પણ પઢિયારની જેમ જ ગરીબ જિંદગીમાં ઊછર્યો હતો અને ઉપર કહેલી યોજના મારી સ્થિતિ સુધરવાથી જ તેમને માટે નક્કી કરી શક્યો હતો. પઢિયારના મૃત્યુમાંથી ચોક્કસ વર્ગનાં ખોરાક અને શારીરિક સ્થિતિનો વિચાર સીધી રીતે ઉત્પન્ન થાય છે. પઢિયાર દસ વર્ષ વધુ જીવ્યા હોત તો તેમની વિચારશીલ પ્રકૃતિમાંથી કેટલી નવી વાતો, કેટલા સ્થળે પહોંચી હોત તેનો ખ્યાલ કરું છું ત્યારે આ કહેવા સિવાય ચાલતું નથી.

પઢિયારનો સ્ત્રીઓ તરફનો ભાવ તેમનાં પુસ્તકોમાં અને તેમની વાતચીતમાં સ્ત્રીઓને ઉદ્દેશીને અનેક વખત વપરાયેલા 'દેવી' શબ્દમાંથી જણાશે. પુરુષની જિંદગી અનેક રીતે બગાડી નાખવાની અને અનેક રીતે સુધારી નાખવાની સ્ત્રીઓમાં રહેલી શક્તિ તેઓ હમેશ ખ્યાલમાં રાખતા. સમાજનું પછાતપણું સ્ત્રીઓ સુધરવાથી જ નીકળી શકે એમ તેઓ માનતા. 'સંસારમાં સ્વર્ગ' ઊંચી ભાવનામાંથી આવે પણ સ્ત્રી તે ભાવનાની ભાગીદારી ન હોય તો કંઈ થાય નહિ. સ્ત્રીઓ માટે તેમણે ઘણું લખ્યું છે. દૂરથી અને મિત્ર કે પરોણા તરીકે સ્ત્રીઓના સમાગમમાં આવ્યાથી સ્ત્રીઓનું દેવીપણું તેમની નજરમાં અંત સુધી ઓછું થયું નહોતું. તેમને પોતાના અને બીજાઓના જીવનમાં જીવનની કડવાશનો અભ્યાસ કરવાની ઘણી યે તકો મળેલી, પણ તેને છેડે વક્રદર્શિત્વ ઊભું થવાને બદલે સ્ત્રીઓ વિષે ઉચ્ચ ભાવ તેઓ છેવટ સુધી જાળવી શક્યા હતા એ તેમના સહૃદયપણાનું મોટું ચિહ્ન હું ગણું છું.

નવીન વિદ્યાની તરફ તેઓ ખેંચાતા. મસ્તકશાસ્ત્ર અને મેસ્મેરીઝમ બંને તેઓએ ઘણાં વર્ષો સુધી શોખથી જાળવ્યાં. નવીન વિચારો જ્યાં મળે ત્યાંથી જાણી લેવા તેઓ મથતા. વાંચનમાં ઘણો સમય ગાળવા ઉપરાંત જેમની પાસેથી નવું જાણવાનું મળે તેમની સોબત તેઓ શોધતા. નવીન સ્વાદ તેમને હમેશ આકર્ષતો. પાકશાસ્ત્રમાં પ્રવીણતા એટલે સાધારણ રસોઈ નહિ, પણ ખાસ બાબતો ઉપર તેમને ઘણો પ્રેમ હતો. વૈદકનો તેમનો અભ્યાસ ઘણો હતો અને હિંદુસ્તાનની જડીબુટ્ટી તેમ જ અનેક વનસ્પતિઓમાં કોઈકોઈ ઘણી ઉપયોગી અને હમણાંની પ્રજાનું આરોગ્ય સુધારી આપે એવી ચીજો રહેલી છે એમ તેઓ માનતા. આ વિષયની તેમણે હજારો નોંધો કરેલી હશે. તેનું શું થયું તે તપાસ કરવાની જરૂર છે. જાનવરો તરફ માયા, બાળકોની સાથે તો તેમનો સાચો આનંદ અને મળતાવડાપણું એ તો જેમણે જોયાં હોય તે જ સમજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તરવયમાં ભક્તિ તરફ તેઓ ઢળ્યા હતા. 'यज्ञानां जपयज्ञोऽस्मि ।' એ રીતે ૐકારનો જપ તેમનો ચાલુ હતો. જાદવજી મહારાજના મંડળીના તેઓ એક મોટા સ્થંભ હતા. સાધુઓની સંગત રાખતા અને તેમાં આનંદ માનતા. પઢિયારના અવાજમાં મધુરતા હતી. તેઓના સ્વભાવમાં મિલનસારપણું હતું. તેઓ જ્યાં જાય ત્યાં તેમને આદર મળતો તે ઉપરના વિવેકનો નહિ, પણ સાચો હતો. તેઓના આગમન સાથે થતી 'જય સચ્ચિદાનંદ'ની ઘોષણા જેમણે સાંભળી હશે, તેમને તેની ઊણપ લાગ્યા કરતી હશે.

મનનું ધાર્યું અને ખરું હોય તે બહારના દબાણથી અને કોઈક બીકથી છોડી દેવું પડે તેવો એક પ્રસંગ તેમને પ્રાપ્ત થયેલો. 'સ્વર્ગની જિંદગી' નામના પુસ્તકમાં ગોવિંદસિંહ, રાણા પ્રતાપ વગેરે પ્રસંગો તેમણે આલેખ્યા હતા. આ પુસ્તક છપાઈ ગયું પછી તેમને કોઈએ કહ્યું કે આ તો કાયદામાં આવી જશે! એક જાણીતા સાક્ષર બૅરિસ્ટરે તે તપાસીને તેમને સલાહ આપી કે બહાર પાડશો નહિ. મેં આગ્રહ કર્યો કે બહાર પાડી નાખો અને જેલમાં જવાનો વખત આવે તોપણ લેવો; કારણકે તેઓ કુટુંબની કે બીજી જોખમદારીઓ સિવાયના હતા, એમ તેમણે પોતે મને કહ્યું હતું, પણ તેમના બીજા કેટલાક બીકણ મિત્રોએ બીજી રીતે સલાહ આપી. બીજાઓના મત ઉપર તેઓ કાંઈક વધુ ચાલતા અને આ સ્વભાવને લઈને આ પુસ્તકોનો તેમણે નાશ કર્યો. તેમાં હજાર-બારસો રૂપિયા, જે તેમને માટે ઘણી મોટી રકમ ગણાય, તેનું નુકસાન થયું. પૈસાના નુકસાનથી નહિ, પણ અંતરના ધક્કાથી તેમને ઘણું દુઃખ લાગ્યું હતું અને તેમને સલાહ આપનારો વર્ગ સરકારી નોકરીવાળો તેમના બચાવ માટે નહિ, પણ પોતાના બચાવ માટે તેમને આમ કહેતો તે વાત પાછળથી સમજાતાં તેમને ઘણી વ્યથા થયેલી.

એક શબ્દમાં કહીએ તો પઢિયારને તેમના જીવનમાં વિકાસ કરવાની તક ઘણી ઓછી મળી. જેટલાં ઓછાં સાધનોથી અને જેટલી મુશ્કેલી વચ્ચે તેમણે પોતાનું કાર્ય કર્યું તેની તુલના કરનાર તેમની માણસ તરીકે ઘણી મોટી કિંમત કરશે. આ જાતની કિંમત જ ખરી છે. બીજી જાતનો યશ એ મોટો હોય તોપણ ચિરસ્થાયી તો નથી જ. જનસમાજનો પક્ષપાત અને ભૌતિક કીર્તિ એ તો એક ભાસ છે. તે દેખાડવાનું તથા એની શોભા લોકસમૂહને છે; જિંદગી જીવનારને તેની સાથે ઘણી થોડી નિસબત રહે છે. જે સમાજ સુધારવાને પઢિયાર મથ્યા તેની સુધારણા નહિ પણ ક્રાંતિ આજે થઈ રહી છે. સમાજના વહેવા સાથે નવીન શક્તિઓ હિંદુ સમાજને આગળ ધકેલી રહી છે. ગુજરાતનું ગૌરવ તેના ઘણા કાર્યદક્ષ સંતાનોથી પોષાય છે. આ બધામાં પઢિયારે વાવેલાં બી, તેમણે સીંચેલાં પાણી કામ કરતાં નહિ હોય તેમ તો નથી; પણ તે છૂટાં પાડીને જોઈ શકાતાં નથી. વ્યક્તિનું કાર્ય સમષ્ટિના કાર્યમાં મળી ગયું છે. જે બંધનો તેમને સાલતાં તેમાંથી તેમનો આત્મા છૂટો થયો છે. આ જન્મના અનેક સત્યસંસ્કારોના રૂપમાં તેમની પુનર્જન્મની સાધનસંપત્તિ વિશાળ રહેશે તેમાં શક નથી. તેમણે સિદ્ધ કરવા ધારેલી આત્મોન્નતિની ભાવનાઓ તેઓ જરૂર સિદ્ધ કરી યોગીઓનું ધ્યેય-પરમસ્થાન મેળવશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રદર્શનની ભાવના

લેખક :
શ્રી. જ્યોતીન્દ્ર દવે

આપણી એક પ્રાચીન લોકકથામાં આવે છે, કે એક મોચીકુમારને પહેલવહેલી વાર સાસરે જમવા જવાનો પ્રસંગ આવ્યો. ત્યારે એ મહાપ્રસંગને શોભે એ રીતે સજ્જ થઈને જવાનો એણે નિર્ણય કર્યો. સોનાનું નવું કડું કરાવ્યું, દાંત રંગાવ્યા ને ચમચમ અવાજ કરે એવા જોડા પોતે જ બનાવી લીધા અને પછી એ સાસરે સિધાવ્યા. જમાઈ પહેલીવાર પધાર્યા હતા એટલે સાસુસસરાએ એમનો ખૂબ આદરસત્કાર કર્યો ને બે દિવસ રોકી પાડ્યા. આમ છતાં મોચીકુમારના મનમાં એક વસવસો રહી ગયો. આદર, ખાનપાન એ બધું તો મળ્યું, પણ તેથી શું વળ્યું? પણ રંગેલા દાંત, ચળકતું કડું ને ચમચમ કરતા ને ચમકતા જોડા; જે બધું આ પ્રસંગ માટે ખાસ તૈયાર કરાવ્યું હતું તેનો ઉલ્લેખ કોઈએ ન કર્યો, એટલું જ નહિ, તે તરફ કોઈએ નજર સરખી કરી નહિ. એ કેમ ચાલે? બીજા કોઈને નહિ તોપણ સાસુને એ બતાવ્યા વિના કેમ ચાલે? આખરે મગજને ખૂબ તસ્દી આપી ત્યારે એક ઉપાય એને જડી આવ્યો. પાછા જતી વેળા સાસુજી એમને ઓટલા સુધી વળાવવા આવ્યાં, ત્યારે એકદમ ઊભા રહીને એમણે કહ્યું: 'સાસુજી, સાસુજી, હું આવ્યો ત્યારે તમારી કાળી કૂતરીએ (પોતાના દાંત દેખાડી) આમ મારી સામે દાંતિયાં કાઢ્યાં તે એકવાર જવા દઉં છું, પણ હવે જો ફરીથી એ એમ કરશે તો (પગમાંથી જોડા કાઢી-બતાવીને) હું આ મારા બંને નવા જોડાથી એને માર્યા વિના રહું, તો (હાથ પરથી કડું કાઢીને તે દર્શાવીને) આ મારા નવા સોનાના કડાના સમ.' એમનાં સાસુને ત્યાં કાળી, ધોળી કે કાબરચીતરી કોઈ કૂતરી જ નહોતી પણ દાંત, કડું ને જોડા એ ત્રણેનું એકીસાથે પ્રદર્શન કરી શકાય એટલા ખાતર એ મોચીએ પોતાની કલ્પનાના બળે એવી કૂતરી ઉપજાવી કાઢી હતી. સાસુજી જમાનાનાં ખાધેલ ને હોશિયાર હતાં એટલે સમજી ગયાં કે જે કાળી કૂતરી પૃથ્વી પર અવતરી જ નહોતી તેણે એમના જમાઈ સામે દાંતિયાં શા માટે કાઢ્યાં અને એમણે જમાઈરાજના દાંત, જોડાને કડાં પ્રત્યે કુતૂહલ દર્શાવી તે સર્વ વસ્તુની પ્રશંસા કરી.

પોતાના વૈભવનું પ્રદર્શન કરવા માટેની ઉત્સુકતામાં માણસ કેવો ઉપહાસપાત્ર બને છે તે દર્શાવતા આ ટુચકાનો નાયક મોચી આપણા સર્વમાં રહ્યો છે. આપણી પાસે કોઈ વસ્તુ હોય તેમાં સંતોષ પામી બેસી રહેવું આપણને રુચતું નથી, પણ બીજાને એ બતાવીએ નહિ ત્યાંસુધી ચેન પડતું નથી. આપણો આત્મા કેવળ દ્રષ્ટા છે. આ બાહ્ય જગત તે એનું દૃશ્ય છે, પણ એ દ્રષ્ટાને કેવળ દ્રષ્ટા થઈને બેસી રહેવાથી સંતોષ થતો નથી, એને દૃશ્ય બનવાનું પણ મન થાય છે. ગમે તેવા મોટા માણસને પણ પોતે મેળવેલી સિદ્ધિથી સંતોષ થતો નથી. સિદ્ધિના ઉપર પ્રસિદ્ધિની મહોર ન લાગે ત્યાંસુધી એ સિદ્ધિ એળે ગઈ હોય એમ એને લાગ્યા કરે છે.

હું કોલેજમાં હતો ત્યારે એક વિદ્યાર્થીએ સ્નેહસંમેલનને પ્રસંગે કાચના ટુકડા, લોખંડની ખીલીઓ તથા નખ ખાઈ બતાવવાના પ્રયોગ કર્યા હતા. પ્રયોગ થઈ રહ્યા પછી મેં એની યોગ્ય પ્રશંસા કર્યા પછી પૂછ્યું: 'આ છે તો બધું અદ્‌ભુત–પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું અહીં પ્રદર્શન કરી બતાવવાનો હેતુ શો ?' 'કેમ આવું કોઈથી થાય છે ?' એણે પૂછ્યું 'કોઈથી પણ થતું નથી એમ તો કેમ કહેવાય ? પણ અમારા કોઈથી નથી થતું એ સાચું, છતાં પણ એ કંઈ મારા પ્રશ્નનો જવાબ નથી. તમે કાચ ખાઈ શકો છો તે અમને જણાવવાની શી જરૂર ? એથી અમને કશો લાભ નથી; અને ખરું પૂછો તો તમને પોતાને પણ કશો લાભ એથી મળે એમ નથી. કાચ ખાઈને જ તમે જીવી શકો એમ હું માનતો નથી.' મેં કહ્યું : 'પણ તમે મને કાચ ખાતો જોયો નહોત તો માનત ખરા ?' એણે પૂછ્યું.

'ના કોઈ પણ માણસને હું જોઉં છું ત્યારે આ માણસ કાચ ખાતો હશે એમ મને લાગતું નથી, એ કાચ ખાતો હશે કે નહિ, ખાતો હોય તેનો હું વિચાર પણ કરતો નથી. કાચનું માણસે નિર્માણ કર્યું છે પોતાના ઉપયોગ ખાતર પણ તે ખાવા માટે નહિ; અને ઈશ્વરે માણસને દાંત આપ્યા છે ચાવવા ખાતર પણ કાચ ચાવવા ખાતર નહિ; આવી કોઈક–કદાચ, ખોટી સમજણને લીધે અત્યાર સુધી માણસના દાંતને કાચના યોગની કલ્પના હું કરતો નહિ, પણ તમારો પ્રયોગ જોયા પછી એ યોગ શક્ય છે એ હું સમજી શકયો, પણ જેમ આ સિદ્ધિથી તમને કશો લાભ નથી તેમ એ સિદ્ધિના જ્ઞાનથી મને કશો લાભ નથી.' મેં કહ્યું. 'તમે હજી સમજ્યા નહિ,' એ ભાઈએ કહ્યું, 'આમાં લાભનો સવાલ જ નથી, તમે નથી કરી શકતા એવું કંઈક હું કરી શકું છું એટલું જ મારે દેખાડવું હતું અને તે મેં કરી દેખાડ્યું, બીજું એથી વધારે શું જોઈએ ?' 'કંઇ નહિ, પણ હું પૂછું છું એટલું પણ શા માટે જોઈએ ?' મેં સામો પ્રશ્ન કર્યો. 'તમને મારી અદેખાઈ આવે છે ?' એવો જવાબ આપી એ ભાઈ ત્યાંથી ચાલ્યા ગયા.

પોતાનામાં અન્યથી જે કંઈ વિશેષ હોય તેનું પ્રદર્શન કરવું એ માણસમાત્રના સ્વભાવમાં રહેલું છે. જ્ઞાનનો, શક્તિનો, સમૃદ્ધિનો, સંસ્કારનો દીપક મનુષ્ય પ્રકટાવે છે તે માત્ર અજ્ઞાન, અશક્તિ, દારિદ્રય, અસંસ્કારિતાના અંધકારને દૂર કરવા માટે જ નહિ, પણ સૌની નજર પોતાના તરફ ખેંચવા માટે પણ.

બીજાઓને દેખાડવા માટે કોઈ ખાસ વિશિષ્ટ વસ્તુ પોતાની પાસે હોવી જોઈએ જ એવો કોઈ નિયમ નથી. દુનિયારૂપી સાસુજીને દેખાડવા ખાતર આપણા મોચી મહારાજે સોનાનું કડું કરાવવાની, દાંત રંગાવવાની કે નવા જોડા સિવડાવવાની કશી જરૂર નથી. કંઈ દેખાડવા જેવું ન હોય તો આપણી જાત તો છે ને ! અને જાતની અંદર અનેક ભાત છે; એમાંથી કોઈનું પણ પ્રદર્શન કરાવી શકાય.

બીજાઓ કરતાં આગળ આવવું, લોકોની પ્રશંસા પ્રાપ્ત કરવી એવો હેતુ આવાં પ્રદર્શનો પાછળ રહેલો હોય છે. પરંતુ એ એનો એકમાત્ર હેતુ નથી. ઘણીવાર પ્રદર્શન કેવળ પ્રદર્શન ખાતર હોય છે. કયો માણસ કઈ વસ્તુ પ્રદર્શનયોગ્ય ગણે છે તેનો કશો નિયમ નથી. માણસ પોતાની મોટાઈનું પ્રદર્શન કરે એ સ્વાભાવિક છે. ધનિક પોતાની સંપત્તિનું પ્રદર્શન કરી બીજાઓ આગળ બડાઈ હાંકે એ સમજાય એવું છે, પણ ગરીબ પોતાની ગરીબાઈનું પ્રદર્શન કરે ખરો ? મલ્લ જાહેરમાં ઉઘાડે શરીરે ઊભો રહી પોતાના સ્નાયુઓને અંગબળનું દર્શન કરાવે એ માની શકાય, પણ દુર્બળ ને માયકાંગલો મનુષ્ય પોતાનું ચુસાયેલા ગોટલા જેવું શરીર અન્યની આગળ ઉઘાડું કરી બતાવવા તૈયાર થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સંભવિત છે? પરંતુ આમ થાય છે એ હકીકત છે. કેટલી યે વેળા માણસ પોતાની શક્તિનું નહિ, પણ અશક્તિનું, સદ્‌ગુણનું નહિ પણ દુર્ગુણનું પ્રદર્શન કરવા માટે ઉત્સુક બને છે. ત્વચાના રોગીઓ ચામડી પર ઊપસી આવેલી જોઈને ચીતરી ચડે એવા ફોલ્લા આદિ વૈદ્યના આગળ જ નહિ, સામાન્ય મનુષ્યો આગળ પણ દર્શાવીને કોઈક અવર્ણનીય આનંદ અનુભવે છે. તે જ પ્રમાણે સારા માણસો પણ પોતાની માનસિક નબળાઈઓનો જાહેરમાં એકરાર કરી અપૂર્વ સંતોષ મેળવે છે. કેટલીક વાર તો ન હોય તેવી નબળાઈનો, પોતે ન કર્યાં હોય તેવા દોષો પણ પોતાને માથે એ ઓઢી લે છે; અથવા બહુ જ નજીવી ખામીઓને ખૂબ મોટી બનાવીને તેને રજૂ કરે છે. તુલસીદાસ જેવા સંત પુરુષે કહ્યું છે, 'मो सम कोन कुटिल, खल, कामी।' ('મારા જેવો પ્રપંચી, દુષ્ટ ને કામી પુરુષ બીજો કોણ છે?') એ શું સાચું છે? એ દુનિયાના મોટામાં મોટા કુટિલ, ખલ ને કામી પુરુષ હોય તો પછી નજીવી તકરારમાં બીજાને છરી ઘોંચી દેનારા, અણસમજુ કન્યાઓને ફોસલાવી તેનું અપહરણ કરનારાઓ, વગરકારણે લોકોના ઘરમાં આગ સળગાવનારાઓ ને એવાં બીજાં કાળાં કામો કરનારાઓને આપણે કયું પદ આપીશું?

પોતાનામાં ન હોય તેનું પ્રદર્શન કરી બતાવવાનું આપણને ઘણીવાર મન થાય છે. ભદ્રંભદ્ર ઉપર પ્રતિપક્ષીને પ્રહાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો, ત્યારે એણે કહ્યું હતું, 'મારી શક્તિ જિહ્વાયામ્ (બોલવામાં) છે, શરીરે નથી' તેમ હું જાણું છું કે મારી શક્તિ પણ જિહ્વામાં છે, શરીરમાં નથી. આમ છતાં મારું શરીર આવું તો યે છેક જાય એમ નથી એમ બતાવવાનો શોખ મને કોઈક કોઈક

વાર થઈ આવે છે. 'આ તમારાથી નહિ ઉચકાય' કોઈ ભારે વસ્તુ ઉપાડવાનો હું પ્રયત્ન કરું છું તે જોઈને મને સલાહ આપવામાં આવે છે, ત્યારે 'આવું કંઈ ઉચકીને ફેંકી દીધું' એમ જાણે કહેતો ન હોઉં તેમ એ ભારે વસ્તુ સહેલાઈથી ઉપાડવાનો હું પ્રયાસ કરું છું. વગરકારણે શરીરને બિચારાને થકવીને હેરાન કરું છું. મારી સાચી શક્તિની કોઈ પ્રશંસા કરે છે ને મને જે આનંદ થાય છે તે કરતાં ઘણો વધારે આનંદ કોઈ મને કહે છે, 'તમારું શરીર આવું દેખાય છે દૂબળું, પણ શરીરનો પરિશ્રમ તમે ભારે કરી શકો છો!' ત્યારે થાય છે.

કરોડપતિ પોતાના પુત્ર કે પુત્રીનાં લગ્ન બહુ સાદાઈથી ઊજવે છે. એની રહેણીકરણી બીજી બધી રીતે ખરચાળ હોય છે, દેખાવ ને ધામધૂમનો એને ઘણો શોખ હોય છે, પણ સાદાઈનું પ્રદર્શન કરવાનો મોહ એ જતો કરી શકતો નથી.. આથી ઊલટું, ગરીબ માણસ તણાઈને, દેવું કરીને પોતાની પાસે નથી એવી સમૃદ્ધિનું દર્શન કરાવવા ઇચ્છતો હોય છે.

લાગણીનું પ્રદર્શન કરવું એ સભ્ય સમાજમાં યોગ્ય ગણાતું નથી, આમ છતાં લાગણી રાખનાર ને જેમના પ્રત્યે લાગણી રાખવામાં આવે છે તે બંને લાગણીના પ્રદર્શનની જ ઇચ્છા રાખે છે. નાના બાળકથી માંડી વૃદ્ધજન સુધી સૌ કોઈ લાગણીનું પ્રદર્શન બીજા આગળ કરી બતાવે છે અને બીજા પોતાના આગળ કરી બતાવે એમ ઇચ્છે છે. બાળકના પ્રત્યે માત્ર પ્રેમ રાખવાથી એને સંતોષ થતો નથી પણ એને ખોળામાં બેસાડીને પંપાળીને કે બીજી રીતે એના પ્રત્યેના પ્રેમનું પ્રદર્શન આપણે કરી બતાવીએ, ત્યારે જ સંતોષ થાય છે.

'હું તમને ગમું છું?' લગ્ન થઈ ગયાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેચાર વર્ષ વીતી ગયાં પછી એકાએક આવો પ્રશ્ન પત્ની તરફથી આવેલો જોઈને નવાઈ પામી પતિએ પૂછ્યું: 'આટલે વર્ષે આવો સવાલ કરવાનું કંઈ કારણ?' 'કારણ ગમે તે હોય પણ તમે કહો, હું તમને ગમું છું કે નહિ?' પત્નીએ એનો એ જ પ્રશ્ન ફરી રજૂ કરતાં કહ્યું. 'ગાંડી, છે ગાંડી. આવું શું પૂછતી હોઈશ? કોઈ સાંભળશે તો શું કહેશે?' પતિએ જવાબ દીધો. 'ગાંડી છું, કબૂલ, પણ તમારે મને કહેવું જ પડશે.' પત્નીએ આગ્રહ ચાલુ રાખ્યો. 'એમાં કહેવાની કંઈ જરૂર છે? તને કોઈ દહાડો વહેમ પડ્યો છે?' પતિએ પ્રશ્ન કર્યો. 'ના, મને વહેમ નથી પડ્યો,' પત્નીએ જવાબ દીધો. 'તું મને અણગમતી હોઈશ એવું મેં તને કોઈ દહાડો લાગવા દીધું છે?' પતિએ પૂછ્યું. 'હું એવું ક્યાં કહું છું?' પતિએ જવાબ દીધો. 'બસ ત્યારે. આ જાતનો સવાલ કરવાનું તારે કારણ જ શું છે?' પતિએ કહ્યું. 'કારણ ગમે તે હોય, પણ મારે તમારે મોઢે સાંભળવું છે. તમારે કહેવું જ પડશે, નહિ તો–' 'નહિ તો શું?' એને અધવચ્ચે અટકાવી પતિએ પૂછ્યું. 'નહિ તો–જાઓ, કંઈ નહિ. હું જમીશ નહિ.' પત્નીએ લાડભર્યો છણકો કરી કહ્યું.

'અન્ન સત્યાગ્રહ એ મોટામાં મોટો સત્યાગ્રહ છે. એના આગળ સૌ માણસો ખાસ કરીને એ જો પતિ હોય તો તો ખાસ–ગભરાઈ જાય છે. એટલે તું જેમ બોલાવે તેમ બોલું,' પતિદેવે આખરે નમતું મૂક્યું. 'કહો જોઇએ, તું મને બહુ ગમે છે,' પત્નીએ નીચું જોઈને જમીન ખોતરતાં કહ્યું. પતિદેવ પણ પહેલાં શરમાઈ ગયા. પછી જાણે ગુનો કરતા હોય તેમ ઝડપથી બોલી ગયા, 'તું મને બહુ ગમે છે.' થોડીવાર પછી એમણે પૂછ્યું: 'હવે હું પૂછું? તને આજે આવું મન ક્યાંથી થયું?' મારા કાકાની દીકરી ગઈ સાલ પરણી, તે કહેતી'તી કે એમને તો દહાડામાં પંદરવીસ વાર 'તું મને બહુ ગમે છે' એમ કહ્યા વિના ચેન પડતું જ નથી. એટલે મને થયું, કે તમે તો મને એમ કોઈ દહાડો કહ્યું નથી,' પત્નીએ જવાબ દીધો. 'પણ ગાંડી, એમ કહી બતાવવાની લાગણી હોય તો દેખાડી બતાવવાની કંઈ જરૂર છે?' પતિએ પૂછ્યું. 'હાસ્તો, કેમ નહિ વળી? ઘરમાં અનાજ છે એમ જાણીને થોડો સંતોષ થાય છે? એ તો જમીએ ત્યારે જ ઓડકાર આવે ને!'

બીજી બાબતમાં ગમે તે હશે, પણ આ બાબતમાં આપણે આપણા પૂર્વજો કરતાં ઘણી પ્રગતિ કરી છે. નર્મદ પછીનાં સો વર્ષમાં જેટલી આત્મકથાઓ લખાઈ નહિ હોય તેટલી છેલ્લાં પંદર વર્ષમાં લખાઈ છે ને હજી આપણાં માસિકોનાં પૃષ્ઠો કોઈ ને કોઈ લેખકની આત્મકથાથી અંકિત થયેલાં જ હોય છે. ઉદ્યોગો આપણે ત્યાં કદાચ વધ્યા નહિ હોય, પણ ઉદ્યોગોનાં પ્રદર્શન વધ્યાં છે તેની કોઈથી ના કહી શકાશે!

પશુથી માંડી દેવ સુધી સર્વ કોઈને પ્રદર્શન કર્યા વિના ચાલતું નથી. ઈશ્વર સર્વશક્તિમાન છે, ચાહે ત્યારે ને ચાહે તેવી સૃષ્ટિનું સર્જન કરવાની તાકાત એનામાં છે, પણ એનું પ્રદર્શન કરી બતાવવાની કંઈ એને જરૂર હતી? છતાં એનાથી યે રહેવાયું! સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, પૃથ્વી, સમુદ્ર, પર્વત, નદી, વૃક્ષો, અરણ્યો, બસ પોતાની વિભૂતિઓ, બ્રહ્માંડ આખું પોતાની વિભૂતિના પ્રદર્શનથી એણે ભરી દીધું છે! કશું બાકી રાખ્યું જ નથી, તો પછી એને જ પગલે ચાલનારા આપણે પણ બાકી શા માટે રાખીએ!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાંક સુભાષિતો

લેખક :
અધ્યા. મનસુખલાલ ઝવેરી
એમ. એ.

સુભાષિતો સંસ્કૃત સાહિત્યની વિશિષ્ટ એવી સમૃદ્ધિ છે. એમાં જીવનના અનુભવનો ઉત્તમ નિષ્કર્ષ ચાતુર્યથી ને કલામયતાથી મુક્તક શૈલીમાં રજૂ કરવામાં આવ્યો હોય છે. સુભાષિતમાં ઊર્મિતત્ત્વને નહિ તેટલો બુદ્ધિતત્ત્વને અવકાશ મળે છે. મિતાક્ષર અર્થઘનતા એનો પ્રાણ હોય છે. સફાઈ અને સચોટતામાં સુભાષિતોનો જોટો જડવો મુશ્કેલ છે. એની સાથે કંઈક સરખાવી શકાય તેવો કાવ્યપ્રકાર આપણે ત્યાં દુહાનો છે. પણ સુભાષિતોનું વિષયવૈવિધ્ય, ઉક્તિવૈચિત્ર્ય અને અલંકારસૌંદર્ય દુહા કરતાં ચડી જાય.

સુભાષિતો અત્યંત સ્મૃતિસુગમ હોય છે. એનાં પ્રસંગોચિત અવતરણોથી વાણી અને લેખનની શોભા ખીલી ઊઠે છે.

એવાં થોડાં સુભાષિતોનું અહીં ભાષાન્તર આપવામાં આવે છે.

ચાલે એક પગેથી ને ઊભે બીજાથી પંડિત;
એકના તજવું સ્થાન, બીજાંને પારખ્યા વિના.

ધનહાનિ, મનસ્તાપ, દુષ્કૃત્યો ઘરનાં વળી;
વંચના, અપમાને : ના ડાહ્યાએ પ્રકાશવાં.

કુલકાજે તજો એક, ગ્રામાર્થે તજવું કુલ;
ગામને દેશને માટે; જાતને કાજ પૃથ્વીને.

કાવ્યશાસ્ત્રવિનોદેથી કાલ ધીમાનનો જતો;
મૂર્ખોનો વ્યસનો માંહે, કંકાસે, ઊંઘમાંહી વા.

મીઠું વેણ કહ્યે સર્વે પામે સંતોષ જન્તુઓ;
તેથી એ જ સદા કહેવું: વચને ખોટ શી અરે?

ધીમે વાટ, ધીમે ત્યાગ, ધીમેથી ચડવો ગિરિ;
ધન ધીમે, ધીમે વિદ્યા; પાંચ આ કરવાં ધીમે.

સંચેલું કીડીએ ધાન્ય, માખીએ સંઘર્યું મધ;
લોભાએ મેળવ્યું દ્રવ્ય, પામે નાશ સમૂળગાં.

અબલા જ્યાં છે પ્રબલા,
રાજા બાલક. વળી અભણ મંત્રી;
ત્યાં ધનની શી આશા?
જીવિતની યે કઠણ આશ જેમાં!

પુસ્તકે જ રહી વિદ્યા, પરહાથે ગયું ધન;
ટાકણે કામ ના આવે એ વિદ્યા: કે ન એ ધન.

દહીં મધુરું, મધ મધુરું,
અમૃત મધુરું, મધુર દ્રાક્ષ યે લાગે;
જેનું મન જ્યાં લાગ્યું
તે તે તેને મધુર મધુર ભાસે.

હાથી તણા દાંત, મૃગોનું માંસ,
વ્યાઘ્રો તણાં ચર્મ. ફળો તરુનાં;
સુરૂપ સ્ત્રીનું, ધન માનવોનું,
બની રહે વૈરી જ આટલા ગુણો.

વાંદરો ને વળી દારુ,
તેમાં યે વીંછી ડંખવો.
ત્યાં પાછું ભૂત આવે:
તો શું શું થાય? ન થાય વા?

નવાં વસ્ત્ર નવાં છત્ર, નવી સ્ત્રી. ઘર યે નવું;
આટલાં છે નવાં સારાં: અન્ન ને સેવકો જૂનાં.

ગુણો સર્વત્ર પૂજાયે, નકામું કુલ તાતનું,
વસુદેવ નહિ, કિન્તુ નમે સૌ વાસુદેવને.

મહાનુભાવને સંગે કોની ઉન્નતિ ના થતી?
શેરીનું જળ ગંગાને સંગે વંદાય દેવથી.

આશા સાચે મનુષ્યોની
એક અદ્‌ભુત સાંકળ;
જેના બાંધ્યા જનો દોડે,
છોડ્યા થંભે છ પંગુ શા.

તૃણથી હલકું રૂ ને હલકો યાચક રૂથી યે,
વાયુ ના હરતો એને ‘ક્યાંક એ માગશે’ ગણી;

રે દારિદ્ર! થયો હું આ સિદ્ધ તારા પ્રસાદથી,
જોઉં છું જગ હું આખું, મને કોઈ ન નિહાળતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડીલોના વાંકે

લેખક :
શ્રી નાથાલાલ દવે
એમ. એ.

એક દિવસ બપોરની ચા પીધા પછી હિંડોળા પર બેઠાબેઠા પાનની લિજ્જત માણતાંમાણતાં વિદ્યુતરાયે સાદ પાડ્યો : ‘બેટા સુલુ ! અહીં આવ !’

સુલભા દોડતી આવી. ‘પિતાજી ! મને બોલાવી ?’

‘હા, બેસ. મારે તારી સાથે જરા નિરાંતે વાત કરવી છે.’

સુલભા સામેના ભૂરા રંગના મોટા સોફા પર બેઠી. ઉત્સુક નયને તે પિતાની સામે જોઈ રહી.

ટાલવાળા મસ્તક પર હાથ ફેરવતાં-ફેરવતાં વિદ્યુતરાયે વાત શરૂ કરી. ‘જો, સુલુ ! તું કૉલેજમાં અભ્યાસ કરે છે. ઘરમાં સ્વતંત્ર વાતાવરણમાં તું મોટી થઈ છે. હું અને તારા બા તારી સાથે મિત્રભાવે વર્તીએ છીએ. તને એકેય વાતમાં ઓછું ન આવે એની કાળજી રાખીએ છીએ. તું પણ સમજુ દીકરી છે. દરેક બાબતમાં અમારાં મન સાચવે છે. અમારી આમન્યા બરાબર પાળે છે. ભાગ્યે જ કોઈ કુટુંબમાં આવો મેળ હશે. મહેશ પણ આજ્ઞાંકિત અને હોંશિયાર દીકરો છે. દાક્તરી પરીક્ષામાં આ વરસે પાસ થઈ જાય એટલે પત્યું.’

સુલભાનો ભાઈ મહેશ મુંબઈમાં મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતો હતો. પિતા વકીલ હતા–પુત્રે દાક્તરી લાઈન લીધી હતી. તેમાં પિતાએ સંમતિ આપી હતી. નવા જમાનાનાં બાળકો, તેમને બધી રીતે છૂટ આપવી જ જોઇએ.

પિતા શા વાત કરવા માગે છે તેનો ખ્યાલ ન આવવાથી સુલભા નિરુત્તર રહી. વિદ્યુતરાયે આગળ ચલાવ્યું : ‘આ વરસે તું ઇંટરમાં પાસ થઈ બી. એ.માં જશે. હવે તારાં લગ્નનો પણ વિચાર કરવો જોઈએ.’

‘એ વાતની શી ઉતાવળ છે, પિતાજી !’

‘ના, ઉતાવળ કશી નથી. ઘણો સમય છે. આ તો મને એમ કે તને જરા વાત કરી રાખું. આપણા સંબંધીઓને તો તું બરાબર જાણે છે. કામપ્રસંગ કોઈ કોઈ છોકરાઓ આપણે ત્યાં આવે છે. તું પણ બહાર હરે-ફરે છે. દોલતભાઈનો અરવિંદ છે, કનકરાય-નો ભત્રીજો સુધાકર છે, બૅન્કવાળા જિતુ-ભાઈનો મહેન્દ્ર છે. આ તો વાત કરું છું. અમુકને જ તું પસંદ કર એવો મારો આગ્રહ નથી. મારે તો તને એટલું જ કહે-વાનું છે કે એમાંથી કોઈ તારા ધ્યાનમાં આવે તો મને વાત કરજે. ખોટો સંકોચ

કીર્તિ હજી યે સેવી
રહી છ કપરું અતિશય કૌમાર;
સંતાને ન ગમે એ,-
અને ગમે ના અસન્ત રે એને.

સાચે જયાં હોય નેતા ને સર્વે પંડિત ક'વતા,
આગે મોટાઈ જયાં સર્વે, કુલ એ નાશ પામવું.

રોગી, ચિર પ્રવાસી,
પરાન્ન ખાતો, પરઘર સૂનારો;
જીવન તો છે એનું મરણ:
મરણ છે ખરો વિસામો રે.

કહ્યું વ્યાસેઃ મરેલા છે જીવતા હોય તોય આ
દરિદ્ર, વ્યાધિત, મૂર્ખ, પ્રવાસી, નિત્ય સેવક

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન રાખીશ.'

'પિતાજી! તમે કેટલા સારા છો!' એમ કહેવાનું સુલભાને મન થયું, પણ તે બોલી નહિ.

'દરેક પિતાએ એકવાર તો આ વાતનો વિચાર કરવો જ પડે છે. અમારાં લગ્ન થયાં ત્યારે તારી બા તો નવ વરસનાં હતાં અને હું હતો બાર વરસનો. બીજી અંગ્રેજી ભણતો. એ વખતે કોઈને પૂછવાનો રિવાજ ન હતો. અમારો સંસાર તો ચાલ્યો; પણ આજ જમાનો બદલાયો છે. દીકરા–દીકરીનું મન જાણ્યા વગર માબાપ સંબંધ બાંધવા બેસે તો ઠોકર ખાય.' વળી થોડીવાર થોભી તેઓ બોલ્યા: 'હા, એક વાતમાં મારે તને ચેતવવાની છે. મારી ઇચ્છાને તુ માન આપીશ એની મને ખાતરી જ છે. છતાં યે આજે મને થયું કે તને પહેલેથી કહી રાખું તો સારું. તું જાણે છે કે વકીલ મનહર-રાયને ને આપણે ત્રણ પેઢીનો અણબનાવ છે. ને એનો છોકરો, શું નામ એનું?'

'દિવાકર.'

'હા, દિવાકર. એ પણ કૉલેજમાં તારી સાથે જ ભણે છે, ખરું?'

'હા.'

'બસ, એ દિવાકરની સાથે બોલવા વહેવાર પણ ન રાખીશ. બીજા ગમે તેની સાથે તું હરેફરે, મને એમાં વાંધો નથી. તારી જવાબદારી તું સમજે છે ને એ બાબત હું બેફિકર છું; પણ મારે એ મનહરરાય-નો છોકરો ન જોઈએ. બસ, તું તારે હવે જા, આનંદથી અભ્યાસ કર.'

સુલભાએ મનમાં નક્કી કર્યું કે દિવાકર સાથે કદી વાત ન કરવી, સામે મળે તો તેના તરફ જોવું પણ નહિ.

મનહરરાય વિદ્યુતરાયના કટ્ટર પ્રતિ-સ્પર્ધી હતા. ત્રણ પેઢીથી બે કુટુંબો લડતાં આવતાં હતાં. જૂના વખતમાં મજિયારી વાડીની જમીન બાબત તકરાર પડી હતી. તેમાંથી વેર બંધાયાં. નાગરી નાત. સો વરસે ય ગાંઠ છોડી છૂટે નહિ. જ્યારે લાગ આવે ત્યારે એકબીજાને ટાઢા ડામ દે. મુખ પર એવી મીઠાશ રાખે કે અંદર હળાહળ ભર્યું હશે એ વાતની બીજાને ગંધ પણ ન આવે. બોલે નહિ, તપે નહિ, પણ છાની રીતે કાપે. અને આ બધી કુટિલતા વંશ-પરંપરા વારસામાં મળેલી એટલે પોતાની જાતને મુત્સદ્દી માને. વિદ્યુતરાય વકીલ થયા એટલે મનહરરાયે પણ કાયદાનો અભ્યાસ કર્યો, શેરીમાં સામે જ પાટિયું લગાવ્યું અને ધંધામાં બરાબર હરીફાઈ કરી. એકબીજાના અસીલ ખેંચી જવાની ખટપટ જિંદગીભર ચાલુ જ રહી. જાહેરસભાઓમાં, સુધરાઈ-માં, ધારાસભામાં, એકેએક બાબતમાં વિદ્યુતરાય કંઈ કરે એટલે સામે પક્ષે મન-હરરાય ઊભા જ હોય.

પોતાના પુત્ર દિવાકરને પણ મનહરરાયે એ જ વાત કરી હતી. 'કૉલેજમાં ભણે છે. પણ એટલું ધ્યાન રાખજે. પેલા વિદ્યુતરાયની છોકરી સુલભા પણ કૉલેજમાં ભણે છે. એની સાથે કદી રસ્તે મળતાં વાત પણ ન કરીશ.

'પણ મારે એવી વાત કરવાની શી જરૂર?' દિવાકરે કહ્યું.

'ના, આ તો હું કહી રાખું છું. બીજું તું ગમે તે કરે, એનો મને વાંધો નથી. તું હરેફરે, ટેનિસ રમે, નાટકસિનેમા જુએ, આનંદ કરે, તો તારી એ ઉંમર છે; પણ વિદ્યુતરાયની એ છોકરીને નવ ગજના નમ-સ્કાર કરજે. જ્યાં એ હોય ત્યાં તું નહિ અને જ્યાં તું હોય ત્યાં એ નહિ. આપણે ને એને ત્રણ પેઢીની દુશ્મનાવટ છે, એ વાત સ્વપ્ને ય ન ભૂલીશ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ પિતાજી ! તમે નાહક ચિંતા કરો છો. મારા મનમાં એવો ખ્યાલ જ નથી. એનું નામ પણ અત્યારે તમે કહ્યું ત્યારે મને યાદ આવ્યું.'

'એ તો હું જાણું છું. તારા વર્તનથી મને પૂરતો સંતોષ છે. તારા પર મને પૂરો વિશ્વાસ છે. પણ મને એમ કે ચેતતા નર સદાય સુખી. એટલે તને કહી રાખું છું. પાણી પહેલાં પાળ બાંધવી સારી. ન કરે નારાયણ ને કંઈ ગરબડ થાય તો પછી બાજી હાથથી જાય. જા તું તારે, એટલું જ કામ હતું.'

દિવાકરે મનમાં નક્કી કર્યું કે ગમે તેવું કામ હોય, તોપણ સુલભાને કદી બોલાવવી નહિ. એમાં શું મોટી વાત છે! બધી રીતે પિતા તેને અનુકૂળ હતા તો આ એક બાબતમાં તેણે પિતાની ઇચ્છાને સંપૂર્ણપણે માન આપવું જોઈએ.

*

વડીલોની સલાહ હૃદયપૂર્વક ગ્રહણ કરીને બીજે દિવસે સુલભા તથા દિવાકર કૉલેજમાં આવ્યાં. અધ્યાપકો એક પછી એક આવીને વ્યાખ્યાનો આપવા લાગ્યા. વિદ્યાર્થીઓ ગમે તેટલો પ્રયત્ન કરે, તોપણ વ્યાખ્યાનમાં તેમનું મન ન પરોવાય એવી વક્તૃત્વકલા ઘણા અધ્યાપકોએ સિદ્ધ કરી હોય છે. વિદ્યાર્થીઓ કંટાળતા હતા, બગાસાં ખાતા હતા. એકબીજાની સામે જોતા હતા. સમય પૂરો થવાની વાટ જોતા ઘડિયાળ તરફ નજર કરતા હતા. અને અધ્યાપક અવિરત બોલ્યે જતા હતા. સુલભાની નજર વિદ્યાર્થીઓ તરફ વળી. જોયું તો દિવાકર તેની સામે જોઈ રહ્યો હતો. સુલભાએ દૃષ્ટિ ફેરવી લીધી. પછી ઘંટ વાગ્યો ત્યાંસુધી અધ્યાપક શું બોલ્યા તેની સુલભાને ખબર ન પડી.

કૉલેજના રસ્તે જતાં તેઓ એકબીજાને જુએ. સુલભા આગળ નીકળી જવા કે પાછળ રહેવા પ્રયત્ન કરે. મનમાં તેને દિવાકર પર ચીડ ચડવા લાગી. તે રસ્તે સામો મળે તો પોતાની આડે ઊતરવા જ આવ્યો છે એમ સુલભા માનવા લાગી. બસમાં, હોટેલના રેસ્ટોરાંમાં, સિનેમાના થિયેટરમાં, રમતના મેદાનમાં જ્યાં પોતે જાય ત્યાં દિવાકર આવવાનો જ એમ તે માનતી. અને દિવાકર અચૂક દેખાતો જ. આનું કરવું શું? સૂતાં દિવાકર, બેસતાં દિવાકર, વાંચતાં દિવાકર જ્યાં ને ત્યાં એનું મુખ જ સુલભાને યાદ આવવા લાગ્યું. દિવાકરને પણ એ વાતનો કંટાળો આવતો હતો. શા માટે બધે સુલભા જ દેખાતી હતી? દિવસ ને રાત, કેમ એ તેને જંપવા દેતી નથી? દિવાકરને થતું જાણે તેને બનાવવા ખાતર જ સુલભા નવાનવા રંગની સાડીઓ બદલે છે. તેને ચીડવવા માટે જ બીજા વિદ્યાર્થીઓ સાથે હસીને વાતો કરે છે. એમાં પોતે શા માટે ચિડાય? એને ને સુલભાને શું? નહિ, સુલભાનો વિચાર જ નથી કરવો. પિતાજીએ ના પાડી છે તો શા માટે વારેવારે સુલભા જ યાદ આવે છે? આમ તો અભ્યાસ કેમ થશે?

ખેંચતાણમાં આમ દોઢેક વરસ વીત્યું. બી એ. નું વરસ. જૂના વિદ્યાર્થી ત્યારે ઘણી પ્રવૃત્તિઓમાં ભાગ લે અને નવાને દોરવણી આપે. અધ્યાપકે આગ્રહ કરીને તેમને એક બે સમિતિઓમાં લીધાં હતાં. કોઈ ચર્ચા ગોઠવવી હોય, કોઈ વ્યાખ્યાતાને આમંત્રણ આપવું હોય, આવે વખતે સુલભા અને દિવાકર સાથે થઈ જતાં. શિષ્ટાચારને ખાતર પણ કંઈ વાત કરવી પડતી. દૂર રહેવા બંને પ્રયત્ન કરતાં; પણ એકબીજા તરફ મનમાં સેવેલો રોષ કંઈ કારણ ન હોવાથી લાંબો વખત ટક્યો ન હતો.

એકવાર ધ્યાનપૂર્વક સુલભાએ દિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતું મુખ જોયું હતું. ઊંડી ગંભીર આંખો, મોટું કપાળ, માથે વાંકડિયા વાળનાં સુંદર ઝુલ્ફાં, નમણું નાક, હોઠનો સરસ મરોડ, મુખ તો ગમી જાય તેવું હતું. શા માટે પોતે એના પર ચિડાયા કરતી હતી? કૉલેજના કુટલાય છેલબટાઉ અને છીછરા છોકરાઓમાં આ ભાવનાશીલ યુવાન જુદો તરી આવતો હતો.

ને એવો જ કંઈ ફેરફાર દિવાકરના મનમાં થયો હતો. સુલભા ચંચળ અને આનંદી હતી. સુંદર હતી. તેની ચાલ અને તેની પહેરવેશની છટા ભારે આકર્ષક હતાં. યુવતીઓમાં એ તેના રૂપથી તેમજ બુદ્ધિથી જુદી પડી આવતી હતી. તેની સામે કંઈ પૂર્વગ્રહ રાખવાની વાત હવે દિવાકરને વાજબી લાગતી ન હતી.

આષાઢ માસની એક સાંજે આકાશ વાદળાંથી ઘેરાયું હતું. દિવાકર નીલરંગી મેઘની ઘટા સામે જોઈ રહ્યો હતો. આકાશનો ઘનશ્યામ રંગ આંખને આનંદ આપતો હતો. વરસાદ ધીરેધીરે ચાલ્યો આવતો હતો. સામેના મેદાનમાં પાણીની રમઝટ બોલવા લાગી. વીજળીના એક ચમકારાએ દિવાકરની આંખો આંજી દીધી અને મોટા ફોરાં સાથે વરસાદ તૂટી પડ્યો.

દિવાકરે પોતાની છત્રી ઉઘાડી છતાં તેનાં કપડાં ભિજાવા લાગ્યાં. પવન જોસથી વાતો હતો. ચારે બાજુથી પાણી છંટાતું હતું.

દિવાકરે જોયું તો સુલભા બસ સ્ટેન્ડ પાસે વરસાદમાં ભિજાતી હતી. તેને જોઈ એ હસીને બોલી: 'આમ વરસાદ આવશે તેની શી ખબર! હું તો છત્રી વગર જ નીકળી છું. મને એમ કે હમણાં ઘેર પહોંચી જઈશ.'

દિવાકરે તેના પર છત્રી ધરી. બંને બસની વાટ જોતાં ઊભાં. પાણી ચોમેર છલકાવા લાગ્યું. વરસાદ વધ્યો. બંને પર પાણીની ઝાપટ પડવા માંડી. રસ્તા પરનાં ઝાડો પાણીના પડદા આડેથી ઝાંખાંઝાંખાં દેખાવા લાગ્યાં.

'કેટલીવાર થઈ! બસનો પત્તો જ નથી.' સુલભા બોલી.

'બસની રાહ જોવી નકામી છે. ડ્રાઈવર વચ્ચે ચા પીવા રોકાયો હશે. ચાલો, હું તમને ઘર સુધી મૂકી જાઉં.'

સુલભા ના ન કહી શકી. દિવાકરની છત્રીની ઓથે તે રસ્તા પરથી પાણી કાપતી, ભિજાતી ઘેર આવી. દરવાજેથી દિવાકરે રજા લીધી ત્યારે સુલભાને આગ્રહ કરવા ઇચ્છા થઈ કે 'અંદર તો આવો,' પણ પોતાના પિતા શું કહેશે એ બીકે કંઈ બોલી નહિ. દિવાકર હસીને વિદાય લઈ જતો રહ્યો.

પણ પોતે આભાર માનવા જેટલો પણ વિવેક ન કર્યો એ વસ્તુ સુલભાને ખૂંચી. રાતે પવન પડી ગયો હતો. સુલભાનું મન વિચારે ચડ્યું હતું. આષાઢી મેઘલી રાત. ત્યારે માણસના મનમાં અનેક અસ્પષ્ટ કલ્પનાઓ જાગે છે. હૃદય કશુંક ઝંખી રહે છે. કોઈનો સંગાથ, કોઈની દૃષ્ટિ, કોઈના કંઠનો અવાજ. સુલભાએ બત્તી કરી થોડીવાર વિચાર કર્યો, પછી એક ચિઠ્ઠી લખી:

પ્રિય મિત્ર!

સાંજે તમે જે તકલીફ લીધી તે માટે આભાર માનું? હું તો તમને 'ઘરમાં આવો' એમ પણ ન કહી શકી; કારણ તમે જાણો છો. વિશેષ શું લખું? આશા રાખું છું કે મને સાવ અસંસ્કારી નહિ માની લીધી હોય.

સુલભા

બીજે દિવસે દિવાકરના હાથમાં સુલભાએ એક પુસ્તક મૂક્યું ને કહ્યું: પન્નાલાલની નવી નવલકથા 'માનવીની ભવાઈ' તમે નહિ વાંચી હોય. નામ સારું નથી પણ વાર્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ છે. સાઠમે પાને ખાસ મહત્ત્વની વાત છે. વાંચી જજો તો કામ આવશે.'

દિવાકરે પુસ્તક લીધું. સાઠમે પાને સુલભાએ મૂકેલી ચિઠ્ઠી વાંચી. વાત તો સાદી જ હતી. જવાબની જરૂર ન હતી. છતાં કૉલેજના ચાલુ સમયે જ દિવાકરે જવાબ લખ્યો. અધ્યાપક એમ માનતા હતા કે દિવાકર પોતાના ગંભીર વ્યાખ્યાનની નોંધ લઈ રહ્યો છે. સમય પૂરો થયે દિવાકરે પુસ્તક પાછું સુલભાને સોંપ્યું.

આમ બંનેએ તે દિવસે એકબીજા પર પ્રથમ પત્રની આપ-લે કરી.

*

કૉલેજ-જીવન દરમ્યાનનાં આકર્ષણ લાંબો વખત ટકતાં નથી. એ તો ધુમ્મસ છે. ઓગળી જાય છે, તેથી સમાજ તે નચિંતભાવે ચાલવા દે છે. વડીલો વાત નિભાવી લે છે. ઉપરઉપરનો પરિચય, યુવકયુવતીનાં મુગ્ધ મન-વાત એકબીજાને કહેવા જેટલી પણ હિંમત કરતાં નથી. પોતાને ખરેખર શું જોઈએ છે તે પણ જાણતાં નથી. ધીમે-ધીમે બધું ઘસાઈ જાય છે. જ્ઞાતિ, કુટુંબ, વડીલો-તેઓ જ અંતે જીતે છે અને તેમના સામટા મૂગા પણ નક્કર દબાણને ધીરેધીરે વશ થઈ યુવક કે યુવતી પોતાનાં સ્વપ્નો જતાં કરે છે. અને બધાનાં જેવું અર્થહીન એકધારું જીવન જીવતાં થઈ જાય છે.

કદાચ સુલભા અને દિવાકરની બાબતમાં પણ તેમ જ બનત. માબાપના કહ્યા પ્રમાણે તેઓ ગમે ત્યાં લગ્ન કરત. એકબીજાને ભૂલી જાત અથવા કોઈ વેળા અષાડની એક સાંજ જરા યાદ કરી હળવો નિસાસો નાખત. વાત આગળ વધત નહિ. પણ એક શુભ અકસ્માતથી આવું કરુણ પરિણામ આવતાં અટકી ગયું.

તેનું પુણ્ય ગોમતીમાને ફાળે જાય છે.

વિદ્યુતરાયના ઘરની પાસે જ મેડી પર ગોમતી ડોસી રહેતાં હતાં. વિધવા હતાં. એકલાં હતાં. સ્વભાવે માયાળુ ને ધાર્મિક. રોજ પાસેની હવેલીએ જાય. સવારે મંગળાથી સાંજે શયન સુધીનાં બધા સમાનાં દર્શન કરે, જરા મોડાં થયાં હોય તો શેરી વચ્ચે 'જે જે' કરતાં દોટ મૂકે કે જેથી મુખ્યાજી ટેરો લાવતાં પહેલાં જરા થોભે.

વરસાદને લીધે તે આજ બહાર નહોતાં ગયાં. બારી પાસે બેસીને તે માળા ફેરવતાં હતાં, ત્યાં નેવાં પરથી પડતી પાણીની ધારાઓ આડેથી તેમણે એક દૃશ્ય જોયું ને તેઓ સ્તબ્ધ બની ગયાં. દિવાકર અને સુલભા એક છત્રીમાં વરસતા વરસાદમાં ધીરેધીરે ચાલ્યાં આવતાં હતાં. હાય રે! આવડી મોટી વાત! એ મનમાં રાખી ક્યાં-સુધી બેસી રહેવાય!

વરસાદ ઓછો થયો કે તરત ગોમતી-માએ સાડલો બદલ્યો. છેલ્લાં દર્શનને થોડી જ વાર હતી. ભાવિકોની સંખ્યા આજ નહિ જેવી હતી. ગોમતીમા તેથી મનમાં જરા નારાજ થયાં. પણ શું થાય! જેટલાં હતાં તેટલામાંથી ચુનંદાં અને કાર્ય-દક્ષ એવાં ત્રણચાર બૈરાંઓને પાસે બોલાવ્યાં અને વાત કરી પોતાની છાતી પરથી ભાર ઉતાર્યો.

બસ, થઈ ચૂક્યું: જાણે કે તારનાં દોરડાં ઝણઝણી ઊઠ્યાં. હવેલી અને દેરાસર એ તારઓફિસની ગરજ સારે છે. ત્યાં સંદેશ ફેલાવવાનું કામ વ્યવસ્થિત રીતે ચાલે છે અને તેથી જનતાનું કરોડો રૂપિયાનું ટપાલ-ખર્ચ બચે છે એમાં શંકા નથી.

બીજે દિવસે વાત આખા ગામમાં ફેલાઈ ગઈ.

પરિણામે સાંજે સુલભા તથા દિવાકર પર વડીલોના ક્રોધની ઝડીઓ વરસી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનહરરાય દિવાકરને કહેતા હતા: 'નાલાયક! તારું નાક તો પહેલેથી વાઢયું છે. છતાં સમજતો કેમ નથી? તને કહ્યું નથી કે તારે એ રસ્તે ચડવાનું નથી? છતાં તું છત્રી ઓઢાડીને એની સાથે કેમ ચાલ્યો? આમ મીંઢો થઈને શું બેઠો છે? જવાબ દે. બોલ, ડાચામાંથી કંઈ ફાટ તો ખરો!'

'પિતાજી! ફાવે તેમ ન બોલો.'

'ન બોલો! તું તો મોટો લાટસાહેબ થઈ ગયો છે કેમ? મગજમાં આટલી રાઈ ક્યાંથી ભરાણી છે? મારી સાત પેઢીની આબરૂ પર પાણી ફેરવવા તૈયાર થયો છે ને પાછો મિજાજ કરવો છે!'

'પણ સુલભાને હું એને ત્યાં મૂકવા ગયો એમાં થઈ શું ગયું?'

'બેસ, બેસ, હવે એ વિદ્યુતરાયની છોકરીનું નામ મારી આગળ ન લઈશ. તારા ઢંગ હું પહેલેથી જાણું છું. મેં દુનિયા જોઈ છે. આટલાં વરસ પાણીમાં નથી કાઢ્યાં.' અને જેમ અલ્ટીમેટમ આપતા હોય તેમ કહ્યું: 'ફરીથી આવી ફરિયાદ આવી છે તો ઘરમાં પગ નહિ મૂકવા દઉં. મને તું શું સમજે છે?'

દિવાકરે કંઈ જવાબ ન આપ્યો.

વિદ્યુતરાય સજ્જન માણસ હતા. તેથી તેમનો ક્રોધ આટલો સ્પષ્ટ નહોતો દેખાતો. સુલભાને તેણે કહ્યું: બેટા, બીજું કાંઈ નહિ, કાલથી કોલેજમાં જવાનું બંધ કરી દો.'

'પણ પિતાજી! હું તમને ખરેખર કહું છું...'

'એ બધી વાતનો શો અર્થ, બહેન! લોકો તો આપણા વિશે ગમે તેમ વાત કરે જ ને! ને તારાં બા પણ કહે. પછી તો મારે તેના અભિપ્રાય પ્રમાણે ચાલવું જ ને! આખા કુટુંબનું હિત જોઈ વિચારી ચાલીએ તો કોઈને કાંઈ કહેવું પડે?'

સુલભા કંઈ બોલી નહિ. મનમાં સમસમી રહી.

બે દિવસ એ ઘેર રહી. ત્રીજે દિવસે પિતા નરમ પડ્યા એટલે પાછી તે કૉલેજ ગઈ.

દિવાકરે તેના હાથમાં ચિઠ્ઠી મૂકી. 'કાલે સિનેમામાં કોઈ પણ બહાને આવશો? પહેલા શોમાં. નિરાંતે વાત કરવી છે.'

તે દિવસે સુલભા ઘરમાં ગમતું નથી એવી વાતો કરવા લાગી. સાંજને વખતે વખતસર બે સખીઓ બોલાવા આવી. સિનેમાની દરખાસ્ત બા પાસે રજૂ થઈ. મંજૂરી મળી. સુલભા થિયેટરમાં પહોંચી ગઈ.

ફિલમ શરૂ થવાનો સમય થયો. બત્તી બંધ થઈ એટલે દિવાકર આવીને તેની બાજુની ખુરશીમાં બેઠો. સિનેમામાં સાથે ત્રણ કલાક! એટલામાં તો ઘણુંઘણું નક્કી થઈ શકે.

પરદા પર પ્રણયનાં દશ્યો આવતાં હતાં. પાવાના સૂર સાથે નાશાદનું મધુર ગીત ગવાતું હતું. 'તુમ મેરા ચાંદ...' અને કોઈ સરલ ગ્રામકન્યા પોતાના પ્રિયતમને મુગ્ધ ભાવે કહી રહી હતી: 'તુંમને બંસી બજાઈ, મૈં ચલી આઈ.'

સુલભા અને દિવાકર એકબીજાની સામે જોઈ રહ્યાં. 'આપણે એકબીજાને માટે જ સર્જાયાં છીએ, સુલુ! હવે દૂર રહેવાનો પ્રયત્ન મિથ્યા છે.' દિવાકર ધીરેથી સુલભાના કાનમાં કહેતો હતો અને તેના એ બોલ સુલભાને બંસરી કરતાં પણ મીઠા લાગતા હતા.

'પણ આપણાં બે કુટુંબો વચ્ચેનો કલેશ...'

'એ વાત વડીલો જાણે. એમાં આપણે શું? મુંબઈમાં મહેશની રૂમ છે ને? તું મને એનું શિરનામું આપ.'

'આપણે ઉતાવળાં તો નથી થતાં ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ના જરાય નહિ. મારી ધીરજનો હવે અંત આવી ગયો છે,' દિવાકરે કહ્યું. 'છતાં તને એમ લાગતું હોય તો તું કહે તેટલી હું રાહ જોઈશ. અત્યારની પરિસ્થિતિ અસહ્ય છે. તે પણ સહન કરીશ—તારે ખાતર.'

'ના, મારે તારી એવી આકરી કસોટી કરવી નથી.' સુલભાએ કહ્યું.

*

આ પછી દસેક દિવસ વીત્યા હશે.

એક સાંજે વિદ્યુતરાયને ત્યાં ધમાલ શરૂ થઈ. સુલભા કૉલેજમાં ગઈ હતી. ત્યાંથી પાછી આવી ન હતી. બપોર નમ્યા, સાંજ પડી. અંધારું થવા આવ્યું. વિદ્યુતરાય વાટ જોઈજોઈને થાકયા. સગાંસંબંધી, મિત્રોને ઘેર તપાસ કરાવી. કૉલેજમાં તપાસ કરાવી. રાત પડી. સુલભા ન આવી.

સુલભાનાં બાએ કબાટમાં જોયું: સુલભાનાં થોડાં કપડાં ઓછાં જણાયાં. બીજું બધું જેમનું તેમ હતું.

મનહરરાયને ત્યાં પણ દિવાકરની શોધ ચાલતી હતી.

જ્યારે એ બંને વિમાનમાં મુંબઈ પહોંચી ગયાં હતાં.

પાંચ હજાર ફૂટ ઊંચે સફેદ વાદળાંનાં શિખરો પર વિમાન પસાર થયું. જેમ પરદો ખસે તેમ વાદળાંની ઘટા ખસી અને તેની વચ્ચેથી નીચેની નીલરંગી ધરતી દેખાવા લાગી, ત્યારે સુલભાનો હાથ હાથમાં લઈ દિવાકર કહેતો હતો: 'જો પેલા નીલરંગની ચાદર જેવું દેખાય. એ જ ગીરનાં જંગલ. પેલો હાથીના જેવો શ્યામવર્ણો ડુંગર તે જ ગિરનાર. જો રૂપેરી ઝાલર ચમકવા લાગી. એ અરબી સમુદ્રનાં મોજાંઓ છે. આટલે ઊંચેથી, વાદળાંની વચ્ચેથી એ કેવાં સરસ લાગે છે!' વિમાનના ઘરઘર અવાજ વચ્ચેથી તેના અસ્પષ્ટ શબ્દો સુલભા કાન માંડીને સાંભળવા પ્રયત્ન કરતી હતી.

પાર્લાના ઍરોડ્રૉમ પર મહેશ તેમને તેડવા આવ્યો હતો.

મહેશ દાક્તર થયા પછી મુંબઈમાં જ ખાનગી પ્રેક્ટિસ કરતો હતો. દવાખાનું મળી ગયું હતું. બારમાં રૂમ પણ મળી ગઈ હતી.

વિદ્યુતરાય તથા તેમનાં પત્ની ચિંતાથી અર્ધાં થઈ ગયાં. બીજે દિવસે મહેશનો તાર આવ્યો: 'સુલભા અહીં આવી છે. ચિંતા ન કરશો.'

સાંજે વળી બીજા બે તાર આવ્યા. એક વિદ્યુતરાય પર ને એક મનહરરાય પર:

'આજે અમે સાદા વિધિ પ્રમાણે લગ્નગ્રંથિથી જોડાયાં છીએ, અમને માફ કરશો અને આપના આશીર્વાદ મોકલશો.

આપનાં બાળકો,
દિવાકર અને સુલભા

ઘણા દિવસ સુધી ગામમાં આ લગ્નની જ ચર્ચા ચાલી. તેમાં બે પક્ષો પડી ગયા. એક સુલભાનો પક્ષ હતો. એક પક્ષ હતો દિવાકરનો.

વિદ્યુતરાયને ત્યાં સહુ કહેતાં: 'એ મનહરરાયનાં જ કરતૂક. એનો છોકરો તે બાપ જેવો જ નાલાયક. ફૂલ જેવી છોકરીને ફોસલાવી ઉઠાવી ગયો. નહિ તો સુલભા જેવી સરળ અને શાણી દીકરી. એનો કાંઈ વાંક હોય જ નહિ. બાપ-દીકરે મળી પેઢીનું વેર વાળ્યું.'

મનહરરાયને ત્યાં વાત થતી કે 'દિવાકર જેવો ભોળો ને સાદોસીધો બિચારો એ ભણેલી છોકરીની જાળમાં ફસાઈ ગયો. એ છોકરીએ જ તેને ભોળવ્યો. નહિતર આમ ન બને. દિવાકરે કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ છે? એને અનુભવ શું? બાપડો સ્ત્રી-ચરિત્ર આગળ હારી ગયો.'

અને ગોમતીમા બંને સમૂહ વચ્ચે સહુની હાયમાં હા ભણતાં હતાં. બંને હાથ કમર પર મૂકી લાંબા નિઃસાસા નાખીને તે બોલતાં: 'હળાહળ કળિ આવ્યો છે, મા! નહિતર આમ હોય? માબાપને પૂછવું નહિ, ગાછવું નહિ; પેટે પાટા બાંધીને માવતર મોટાં કરે ને જોજો આ પરિણામ. બહુ ભણાવ્યે આમ થાય છે. હું તો કહું છું કે રાતદિ ચોપડીયું વાંચ્યા કરવી એમાં સારાવાટ નથી. મારા રોયા કૉલેજું કાઢીને કોણ જાણે શું ય શીખવે છે?'

થોડા દિવસોમાં બધું વાવાઝોડું શમી ગયું અને વળતાં પાણી થયાં. વિદ્યુતરાય અને મનહરરાયે જુદાજુદા વરકન્યાને આશીર્વાદ મોકલ્યા. ઘેર પાછા આવવા આગ્રહ કર્યો; ખર્ચ માટે થોડા પૈસા પણ મોકલ્યા, જે સુલભા અને દિવાકરને આશીર્વાદ કરતાં પણ વધારે ઉપયોગી થયા.

બંનેએ જવાબ લખ્યો: 'આપના આશીર્વાદ મળતાં અમારાં મનને શાંતિ થઈ. મહેશભાઈ અમને મુંબઈ રહેવા આગ્રહ કરે છે. બી. એ. ની છેલ્લી ટર્મ હવે અહીં જ પૂરી કરીશું. થોડા દિવસ પછી આપને વંદન કરી માફી માગવા અમે આવી જઈશું.

આપનાં આજ્ઞાંકિત બાળકો,
દિવાકર અને સુલભાના પ્રણામ.'

★

થોડા મહિના પહેલાં અમદાવાદમાં આ બનાવ બની ગયો. બસમાં કોઈ એક ગુજરાતી ભાઈનું પાકીટ રહી ગયું હતું. એમાં પાંચસો રૂપિયાની નોટો હતી, કે એટલી રકમનો ચેક હતો તે આજે યાદ નથી, પણ એ પાકિટ 'કિંમતી' હતું. નેકદિલ કંડક્ટરે એ પાકીટ ઑફિસમાં જમા કરાવી દીધું હતું. પાકિટ ગૂમ થયા પછી થોડીવારે એ ભાઈ પૂછતાપૂછતા બસની કચેરીએ આવ્યા. પાકીટ મળ્યું. પ્રમાણિક કંડક્ટરને એની પ્રમાણિકતા માટે એક રૂપિયો મળ્યો!

પણ આવી રીતે કોઈ એક પંજાબીનું ચામડાનું મોટું પાકિટ બસની કચેરીમાંથી પાછું મળ્યું, ત્યારે તેણે અંદરનાં કાગળિયાં કાઢી લીધાં અને અંદરની પાંચસોની નોટો કંડક્ટરને આપી દેતાં આ મતલબનું કહ્યું:

'બસ, યહ કાગજ હમારી દૌલતથી! અગર ન મિલતા તો મેરી બહુત બૂરી દશા હોતી. યહ હોને વાલી દશા કે મુકાબલેમેં યહ પાંચસો રૂપિયા તો બિલકુલ મામૂલી ચીજ હૈ!'

ને હસતોહસતો એ પગથિયાં ઊતરી ગયો!

×

બંગાળી ભાષાના અગ્રગણ્ય સાહિત્યસ્વામીઓમાં શ્રી મધુસૂદન પાલની પણ ગણતરી થાય છે. 'સાદું જીવન ને ઉચ્ચ વિચાર' તેમનો મુદ્રાલેખ હતો. પ્રતિમ સે એક શાળાને અમુક રૂપિયાની તેઓ નિયમિત મદદ કરતા હત. એક દિવસ આ કામ માટે શાળાનો મંત્રી મળવા આવ્યો, ત્યારે પાલઘરની પાછળના વાડામાંથી તેઓ રીંગણાં તોડતા હતા. સાથે નોકર હતો. આવી પરિસ્થિતિ જોઈ મંત્રી તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. એણે કહ્યું: 'આવું કામ તમે શા માટે કરો છો? આ નોકર ન કરી લે?'

મધુસૂદન પાલે જવાબ દીધો:

'ભાઈ, નોકર કરી લે જ; પણ આ નવો નોકર કાચાં-પાકાં કે નાનાં-મોટાંનો ખ્યાલ નહિ રાખે. જે કામ ઉપર જાતદેખરેખ નથી રખાતી તે જરૂર ખરાબ થાય છે!'

બીજી જ પળે ઘરમાં જઈ શાળામંત્રીને હપ્તાની રકમ હવાલે કરી દીધી.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નર્મદાકાંઠાની સંસ્કૃતિ

લેખક:
શ્રી જનાર્દન ના. પ્રભાસ્કર

નદીને જનતા માતારૂપે પૂજે છે તે તેના અગણિત ઉપકારને કારણે. કાંઠાના ગામ કે શહેરનું સ્વાસ્થ્ય સુધારવા ઉપરાંત મોટી નદીઓ દુષ્કાળના વખતમાં પણ જનતાને રાહતરૂપ બની રહે છે. કાંઠાપર તીર્થસ્થળો રચાય છે. કહે છે, નર્મદાનાં દર્શનમાત્રથી માનવી પવિત્ર થઈ જાય છે. કહે છે, નર્મદાના તો 'પથ્થર એટલા શંકર' આ વિધાનોમાં અતિશયોક્તિ છે, છતાં નર્મદાએ બંને આરા ઉપર અપ્રતીમ સંસ્કૃતિને સર્જી છે એ તો ચોક્કસ. એના મુગ્ધ યૌવનની કથા, હોશંગાબાદ અને બેતૂલ જિલ્લામાં આવેલા શેખદલ્લા પહાડો 'રાણીનો મહેલ,' 'પાષાણી ફળો,' દૂધ ગામનો ચમત્કાર, દુર્ગાવતીનાં સ્મારકો, શાક્તોની સંસ્કૃતિ, કબીરનો ચબૂતરો–નર્મદા મૈયાએ રચેલી જીવંત સંસ્કૃતિનો રોમાંચક અને બોલતો ઇતિહાસ આ લેખમાં મળે છે.

નર્મદાએ પુરાણ સંસ્કૃતિના જેટલા ઉદય અને અસ્ત જોયા છે, તેટલા બીજી કોઈ પણ નદીએ હિંદુસ્તાનમાં જોયા હશે કે કેમ એની શંકા છે. આપણી જૂની આર્ય સંસ્કૃતિ વિંધ્યના ઉત્તરની ગંગાયમુના કાંઠાની; પંજાબમાંની પાંચ નદીઓની ખીણોમાં ઊગમ પામેલી, પરંતુ દ્રાવિડી સંસ્કૃતિના આધારે જન્મ પામેલી નાગ સંસ્કૃતિ અને તેના કરતાં પણ આપણને તદ્દન નજીકની લાગતી આદિવાસીઓની મૂંગી સંસ્કૃતિ એ બધાંની રુદ્ર અને કરુણ કહાની કોઈને ખબર હોય તો તે માત્ર નર્મદાને જ. મનુષ્યને નવીન જ જીવનદર્શન કરાવે એવી એના કાંઠાની સંસ્કૃતિ છે. આદિવાસી, આર્ય અને નાગ–એ ત્રણે સંસ્કૃતિઓનું ત્યાં સંમિશ્રણ થયેલું છે. એના ભવ્ય રૂપનું અહીં ટૂંકમાં દિગ્દર્શન કરવાનો પ્રયત્ન કરીએ.

હિંદુસ્તાનમાંની અત્યંત મોટી નદીઓ (તાપીને બાદ કરતાં) તમામ પૂર્વવાહિની છે. અમરકંટકની પર્વતરાજીમાં ઊગમ પામીને થોડે સુધી પૂર્વ તરફ વહ્યા પછી આ નર્મદા પશ્ચિમાભિમુખી કેમ થઈ? પશ્ચિમના ખડકાળ પ્રદેશને જ તેણે પોતાનું હૃદય શા માટે આપ્યું?

નર્મદાના વિફલ પ્રેમની એ કહાણી તેના કાંઠેના ખડકેખડકે કોતરાઈ રહી છે. એ કહાણી એવી છે કે–

નર્મદા ઉંમરમાં આવી ત્યારે અત્યંત સુંદર દેખાવા લાગી. તેની ગતિ ત્વરિત અને કાંતિ અત્યંત ઉજ્જવલ હતી. તેના પિતાએ તેનું લગ્ન અમરકંટકમાં જ પણ એની વિરુદ્ધ દિશામાં ઊગમ પામેલા શોણનદ સાથે નક્કી કર્યું. શોણનદ પહેલેથી જ વિસ્તીર્ણ. આગળ જતાં ગંગાનદીમાં મળી ગયેલો. શોણની કીર્તિ દૂર સુધી પ્રસરેલી હતી. આ નદ ગંગાને મળનારો, ઉનાળામાં નહીં સુકાય એવો, સર્વદા જીવનમાં સમૃદ્ધ રહેશે, એવું જાણીને પિતાએ પોતાની ઉપવર કન્યા એને આપવાનો નિશ્ચય કર્યો. પણ લગ્ન થવા પહેલાં જ પિતા અવસાન પામ્યા. તેને પુત્ર ન હોવાથી તેણે કન્યાને જ સિંહાસને બેસાડી અને પ્રાણત્યાગ કર્યો. સર્વને તેનો મીઠો અને ન્યાયપ્રિય સ્વભાવ ગમતો હતો. પ્રજાજન તેને 'મા' કહેવા લાગ્યા. આ રીતે લોકરંજન કરનારી તે નાની વયની કુમારી નર્મદા પ્રૌઢા થઈ. નર્મદા જેમ રાજકાજમાં કુશળ હતી. તેવી જ રસિક પણ હતી. પિતાના મૃત્યુ પછી થોડા સમય વીત્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી, તેનું દુઃખ શાંત થયેલું જોઈને શોણ નદે પોતાની વીંટી તેને ત્યાં મોકલી. નર્મદાએ તે પ્રેમચિહ્ન ધારણ કર્યું. નક્કી થયેલ વિવાહ ભાગે એમ નહોતો. તે થનાર જ હતો. પણ પોતાના ભાવિ પતિએ મોકલેલી તે પ્રેમની ભેટ જોઈને નર્મદાનું હૃદય ઊછળી રહ્યું. દૂત મોકલીને તેણે લગ્નનો દિવસ પણ નક્કી કરી નાખ્યો. શોણનદ વધૂના ગામે આવવા તૈયાર પણ થયો. શોણરાજાની જાન થોડાક અંતર પર હતી.

દર ઘડીએ પોતાના પતિ વિષેની અનેક વાતો નર્મદાને કાને આવતી. પોતાનો પતિ રસિક છે પણ તેનું રૂપ કેવું છે, તેનો સ્વભાવ કેવો છે એ જાણવાની તેનામાં ઉત્કંઠા જાગી. તેથી તેણે વાળંદ જાતની પોતાની ઝોલા નામની દાસી અને સખી* પતિરાજને ત્યાં મોકલી. પોતાની સખી પોતાના પતિદેવને પ્રેમસંદેશ પહોંચાડશે અને તેનો સંદેશ પાછો લઈ આવશે, એમ નર્મદાએ માન્યું હતું. શોણરાજાની હકીકત જાણવા માટે તે અત્યંત આતુર હતી.

વાળંદની જાત પહેલેથી જ ચાલાક, બોલકણી અને ચોક્કસ હોય છે. ઝોલામાં આ જન્મજાત ગુણો તો હતા જ, ઉપરાંત રાજમહેલમાં રાણીની માનીતી દાસી હોવાથી તેનો ઠાઠમાઠ રાણીથી સહેજ ઊતરતો રહેતો. વળી તેનું રૂપ પણ સુંદર હતું. તેથી તે દીપી ઊઠતા. ઝોલા શોણના મંદિર પાસે ગઈ. શોણ બારણે જ ઊભો હતો. તેનું ઉમદા રૂપ જોઈને ઝોલાનું ચિત્ત વ્યગ્ર થયું. તેના મનનો સ્વાર્થ જાગૃત થયો. નિશાની તરીકે આણેલી વીંટી તેની આંગળીમાં હતી. તરુણ શોણનું લક્ષ તે તરફ ગયું. ઝોલા શરમાઈ. તેણે પાલવ સમાર્યો. શોણનું લક્ષ વીંટી તરફ ગયું અને તેને આનંદ થયો. આ જ પોતાની પ્રિયા નર્મદા છે એમ માનીને તેણે તેનું સ્વાગત કર્યું અને તેને અંદર લઈ ગયો. ઝોલાને તો આટલું જ જોઈતું હતું. બંને જણાં પ્રેમ-સાધનામાં ગૂંથાઈ ગયાં. થોડા દિવસ પછી ઝોલા કોણ છે એના શોણને જાણ થઈ; પણ તેનું રૂપ અને ગુણ તેને એટલાં બધાં ગમી ગયાં હતાં કે તેણે કદી ય જોઈ નહોતી તે નર્મદાનું તેને સમૂળું વિસ્મરણ થઈ ગયું. વખત આવશે તો તેની સાથે પણ લગ્ન કરીશું એવા વિચારે તે વિલાસમાં મગ્ન થઈ ગયો.

દિવસ પર દિવસ વીતવા લાગ્યા છતાં ઝોલા પાછી ફરી નહીં, ત્યારે નર્મદા અસ્વસ્થ થઈ. તેને સર્વત્ર અપશકુન દેખાવા લાગ્યા. દૂત મારફત ઝોલાની વાત તેના જાણવામાં આવી. સૌંદર્યમાં, ઐશ્વર્યમાંઅને ગુણમાં જરા પણ સરખાવી ન શકાય એવી ઝોલાની હિંમત જોઈને નર્મદા ક્રોધે ભરાઈ. શોણની ચંચલતાથી તેને ચીડ ચઢી. બહુ પત્નીત્વનો તેણે ધિક્કાર કર્યો. તેનું અગાઉનું શાંતપણું, મીઠાશ કયાં ને કયાં ચાલ્યા ગયાં, અને તેનો ક્રોધ પરાકોટિએ પહોંચી ગયો. ગુસ્સાથી તેણે એક લાત બેઈમાન દાસીની કમ્મરમાં મારી અને બીજી શોણની કમ્મરમાં. એ લાત એટલા જોરમાં મારી કે તેથી બળવાન શોણ નીચે પછડાયો. તેણે નર્મદાની ક્ષમા માગી. ઝોલાને કાઢી મૂકવાનું આશ્વાસન આપ્યું. તોપણ નર્મદાનો સંતાપ ઓછો થયો નહીં. ‘ તારા જેવા હરામખોર સાથે સ્વમાની નર્મદા કદી પણ લગ્ન નહીં કરે. મને કલંકિત પતિની જરૂર નથી. આખી પુરુષ જાતિ આ પ્રકારની જ હોય છે! હવે મારો નિશ્ચય સાંભળ. હું આ જન્મ કુમારી જ રહીશ. તું તારી મેળે આ ભિખારણને લઈને ચાલતો થા. ’ નર્મદાએ કહ્યું. સંતાપથી અને નિશ્ચયથી નર્મદાનું સૌંદર્ય અધિકાધિક ચમકવા લાગ્યું. તેનું

* ઝોલા નર્મદામાંથી ઊગમ પામે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાવિત્ર્ય જાગૃત થઈને જાણે વહેવા લાગ્યું! શોણનું મોઢું આવડુંક થઈ ગયું અને તે ઝોલા સાથે ચાલ્યો ગયો. નર્મદા જે પૂર્વ-વાહિની થવા ઉત્સુક હતી, તેણે પશ્ચિમ તરફ જે એકવાર મોઢું ફેરવ્યું તે પૂર્વ તરફ પાછું ફેરવ્યું નહીં.*

હવે નર્મદાનું એક જ કાર્ય બાકી રહ્યું; તે એટલે લોકસેવાનું; પરન્તુ પ્રેમનિરાશાને લીધે ઉત્પન્ન થયેલો તેનો ઉદ્વેગ માત્ર કદી ઓસર્યો નહીં. બેઈમાન માણસોનાં દર્શનથી નર્મદા હજી પણ ખળભળી ઊઠે છે. તેના પ્રવાહમાં સર્વત્ર મગરી, સૂસરી અને ગરગર ફરનારા વમળ ભરપૂર છે. તેની ગતિ અત્યંત વેગવાન છે. ઊંડા ગોળ ઢૂંઢમાંથી તે એક-સરખી દોડે છે અને બેભાનપણે પોતાની જલસંપત્તિ સાગરને સમર્પણ કરી દે છે. આ કેવો ભાવનાનો ઉછાળો? માત્ર એક જ ઠેકાણે ભેડાઘાટ આગળ એ એકદમ ભૂસકો મારીને નીચે આવે છે અને પછી તે ઊંડા-ઊંડા નિર્જન એકાન્તવાસના ચિત્રવિચિત્ર સંગમરમરી મહાલમાં જરા વિશ્રાંતિ લઈને પોતાનું હૃદય શાંત પાડતી નજરે પડે છે. તે સ્થાને તેનું પાણી શાંત અને સ્વચ્છ છે. નર્મદાએ પોતાના કાંઠાનાં છૈયાં-છોકરાંઓ પર ખેરાત કરીને તેમનું જીવન ઉલ્લાસમય બનાવ્યું છે. નર્મદા સદૈવ જાગૃત છે એમ આપણને લાગ્યા વિના રહેતું નથી. આવી છે નર્મદાની અમર કહાણી!

હોશંગાબાદ અને બૈતૂલ જિલ્લાની સીમાપર નર્મદા કાંઠા પર ઘનઘોર જંગલ-માં બે અજ્ઞાત સ્થળો છે. ત્યાં ઘણા સાહેબ લોકો શિકારે જાય છે; પરંતુ એ સ્થળો જોવાની હજી કોઈએ તસ્દી લીધી નથી. સરકારી પુરાણ વસ્તુ સંશોધન ખાતાએ પણ એની નોંધ કરી નથી. તે પૈકી એક છે તંટ્યા ભીલની ગુફા. જે ડુંગરપર આ ગુફા છે તેને શેખદલ્લા પહાડ કહેવામાં આવે છે. આ પહાડ ઉપરથી ખાનદેશ, બૈતૂલ અને હોશંગા-બાદના ત્રણે પ્રાંતોનું સમગ્ર નિરીક્ષણ કરી શકાય છે. શેખદલ્લા એ તંટ્યાનો એક ક્રૂર... જ્યારે પોલીસે શેખદલ્લાનો પીછો પકડ્યો ત્યારે તે બહાદુરે ડુંગરની કરાડપરથી પાસેના બીજા ડુંગરના મથાળાપર ઘોડો કુદાવ્યો. બે ડુંગરો વચ્ચે માત્ર માચક નદીનું જ અંતર હતું. માચક નદીમાં વરસાદનું પૂર આવ્યું હતું. દુર્દૈવે શેખદલ્લાના ઘોડાનો પગ ખસી ગયો અને બન્ને પૂરમાં વહી ગયા.

માંચકનદીને જ કાંઠે શેખદલ્લા પહાડથી ત્રણચાર માઈલના અંતરમાં જ પથ્થરની કારીગીરીના અજબ નમૂના જેવો રાણીનો મહેલ છે. ત્યાંની ઝાડીમાં એક ટેકરીપર સો-બસો જેટલા પચ્ચીસત્રીસ ફૂટ લંબાઈના આશરે ચાર ફૂટ વ્યાસના પાંચ ખૂણા-વાળા એક જ પાષાણના બનેલા સ્થંભ એ... પર એક રચી મૂકેલા નજરે પડે છે. પ્રતિ વર્ષે વરસાદના પાણીથી ટેકરી બેસતી જાય છે. આ અજસ્ર સ્થંભના કેટલા ટુકડાઓ... છે. આ નદીમાં અજગરની જેમ પડેલા છે. આ સ્થાનથી બે એક માઈલને અંતરે જ્યાં માચકનદી વળાંક લે છે, ત્યાં પણ આવા... પંચ ખૂણાવાળા થાંભલા પડેલા છે. પથ્થરના પાંચ ખૂણાવાળા સ્થંભો એ ભારતીય સ્થાપત્યશાસ્ત્રની એક ન મળી શકે એવી સાધના છે. આ એકેક સ્થંભ એવડો મોટો છે કે, તેને હાલના જમાનામાં પણ ઊંચકવો ભારે પડે. તો જ્યારે યંત્રસામગ્રીની માહિતી નહોતી તે કાળમાં પ્રચંડ શિલામાંથી આ... સ્થંભ સી રીતે કોરી કાઢ્યા હશે અને ટેકરીપર એકપર એક કેવી રીતે વ્યવસ્થિત રચી રાખ્યા એ ખરેખર એક મોટો...

---

*અમરકંટકમાં નર્મદાની જે મૂર્તિ છે તે પશ્ચિ-માભિમુખી જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ચમત્કાર જ છે.

ત્યાંના કોરકુ નામના લોકો આ સ્થંભોની વાત એવી જણાવે છે, કે ઘણા પ્રાચીન કાળમાં એક ગોંડ રાણીએ પોતાને માટે મહેલ બાંધવાનો સંકલ્પ કરીને ઉપર જણાવ્યા છે તેવા સ્થંભો તૈયાર કરાવ્યા. પણ પછી તે પરાક્રમી રાણીના ઐશ્વર્યની અદેખાઈ કરીને તેના પર કોઈએ ચઢાઈ કરી. તે સંકટ અત્યંત ભયંકર હતું. શત્રુને હરાવ્યા પછી જરા સ્થિર થયે મહેલનું કામ ચાલુ કરીશું એવા વિચારથી રાણીએ એકાંત સ્થાનમાં કોઈની નજરે ન પડે એમ આ થાંભલાઓ રચાવી રાખ્યા. પણ કમનસીબે રાણી યુદ્ધમાં મરણ પામી. તેનાં હાડ તો માટીમાં મળી ગયાં, છતાં તેના કર્તૃત્વની નિશાની-આ સ્થંભો હજી એ અરણ્યમાં સૈકાઓથી તે ટેકરી પર પડી રહ્યા છે. પેલા અર્ધનગ્ન કોરકુ લોકોએ જ તેની સ્મૃતિ સાચવી રાખી છે. ખરું કહીએ તો તેઓ જ ખરા સંસ્કૃતિ-સંરક્ષકો છે.

માચકનદીની સાથે જ સમાંતર વહેતો હીરા નામનો એક ઝરો મગરધા સંસ્થાનની નીચલી બાજુએ વહે છે. તેમાં તો અતિ અદ્‌ભુત કેવળ અદ્વિતીય એવી પાષાણ-સંપત્તિ દટાયેલી પડી છે. દુનિયાના કોઈ પણ પદાર્થસંગ્રહાલયમાં હજી આવી ચીજો આવી નથી. પૃથ્વીના પેટાળમાં ગરકી અનેક વસ્તુઓ પ્રચંડ ઉષ્ણતા અને દબાણને લીધે સૈકાઓ વીત્યા બાદ પાષાણરૂપ પકડે છે. એ વાત બધાને જાણીતી છેઃ દાખલા તરીકે પથરી-કોલસો. તેવી જ રીતે દેડકા વગેરે પ્રાણીઓનાં શિલાવસ્થામાંનાં શરીરો ઠેકઠેકાણે પદાર્થ સંગ્રહાલયમાં રાખેલાં જોવા મળે છે. માણસની ખોપરીઓ પણ આ જ રીતે મોહન-જો દેરોમાં મળી આવી છે. પણ હાડકાં, લાકડાં એ તો ટકાઉ ચીજો છે અને તેમની પાષાણી પ્રતિકૃતિ મળી આવે એમાં નવાઈ નથી પણ ફળ જેવી નાશવંત પ્રતિમા ? આ ખરેખર જ નિસર્ગનો એક અદ્‌ભુત ચમત્કાર છે. ત્યાંના એક ગામડિયાએ આવી કેટલીક વસ્તુઓ એકઠી કરી છે. શી છે તે વસ્તુઓ ? નારિયેળ, ગાજર, સોપારી, બદામ, ખારેક, માયફળ ઇત્યાદિ. નારિયેળ ઉપરથી નાના આકારનું, કાળું અને બીજા પથ્થર જેવું જ દેખાય છે. પણ આકાર માત્ર બરાબર નારિયેળના જેવો જ. તેને ભાંગવામાં આવ્યું ત્યારે અંદરનો ગાભો તાજા કોપરા જેવો શુભ્રવલય દેખાયો. નારિયેળમાં રહેતું પાણી રહેવાનું પોલાણ માત્ર હવે રહ્યું નહોતું. તેનો આખો પથરો જ બની ગયો હતો. સોપારી ફોડવામાં આવી, ત્યારે તો તે એવી જણાવા લાગી કે જાણે હમણાં જ ખાઈ જઈએ. આવો જ પ્રકાર બીજી વસ્તુઓનો હતો. આ અદ્‌ભુત ઘટના વિષે એક એવી વાત પ્રચલિત છે, કે એકવાર ત્યાંથી વણજારાઓની પોઠ જતી હતી. બળદની પીઠપરની ગુણોમાં નારિયેળ, બદામ, ખારેક વગેરે પદાર્થો ભરીને તે વેચવા જતા હતા. હીરાનદીને કાંઠે તેમણે મુકામ કર્યો. ત્યાં એક સાધુ ધૂણી સળગાવીને બેઠો હતો. વણજારા પાસે વિપુલ માલ જોઈને સાધુને થયું કે પોતે પણ કંઈક ખાવું. તેથી તેણે વણજારા પાસે ભિક્ષા માગી; પરંતુ તે ઉન્મત્ત વણજારાએ 'આપું' એમ કહીને પથ્થરનો એક ખોબો તેના કમંડળમાં નાખ્યો. આ જોઈને સાધુને ક્રોધ ચઢ્યો અને 'તમારો બધો માલ પથ્થર થઈ જાઓ' એવો શાપ આપ્યો. વણજારાઓએ જોયું તો બીજે દિવસે પોતાનો તમામ માલ પાષાણ થઈ ગયો હતો અને સાધુ અંતર્ધાન થઈ ગયો હતો. તેમણે તે પથરાઓ ત્યાં જ ઠાલવી નાખ્યા અને ચાલતા થયા. હજી પણ એ પથરાઓ આ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીની ખીણોમાં મળી આવે છે.

દૂધગાંવ એ નર્મદાના કાંઠાનું એક નાનકડું ગામડું છે. પણ એક અતિ પ્રાચીન અને ભવ્ય સંસ્કૃતિના અવશેષો આ દીન-દરિદ્રી ગામડાના ઘાટપર નદીના પ્રવાહમાં દટાઈ રહેલા છે. નર્મદાની એ એક વિશિષ્ટતા છે, કે તેણે વખતોવખત પોતાનો માર્ગ બદલ્યો છે. ભેડાઘાટનો તેનો પ્રવાહ અગાઉ ભેડાઘાટથી બે માઈલના અંતરપર બે ભયાનક ઊભી કોતરમાંથી વહેતો હતો. હવે તે કોરો પડ્યો છે, અને તેથી અધિક જ ભયાનક દેખાય છે. દૂધગાંવની સ્થિતિ એનાથી ઊલટી છે. પાત્ર બદલવાને લીધે પહેલાંનું એક પ્રચંડ નગર જ તેના ઉદરમાં સમાઈ ગયેલું છે. દૂધગાંવના રાણીઘાટપરથી જનાર નદીનો પ્રવાહ કદીકદી તેના ચંચલ સ્વરૂપ પ્રમાણે થોડો પેલી બાજુ વળે છે. આમ થવાથી વરસે ઉનાળામાં નદી સુકાય છે એટલે તેનો રેતાળ ભાગ ઉઘાડો પડે છે. ત્યારે તેમાં એક જ પાષાણમાંથી કોરી કાઢેલાં એવાં અજસ્ર-મોટાં વાસણો નજરે પડે છે. એક માળ જેટલાં ઊંચાં અને પાંચછ ફૂટ પહોળી કોરનાં મોટાં ખાંડણીના આકારનાં મોટાં વાસણો આ સ્થળમાં સેંકડો વરસોથી પડી રહ્યાં છે. હંમેશ એક વર્તુલાકાર કાંઠો માત્ર પાણીની બહાર ડોકિયાં કરતો નજરે પડે છે. તે જ પ્રમાણે ત્રીસચાળીસ ફૂટ લંબાઈના પાટા અને તેને છાજે એવા આકારના વરવંટા અને ઘંટીનાં તળિયાં અને બીજાં ઉપકરણો પડી રહેલાં જોવામાં આવે છે. નર્મદાના પ્રચંડ પ્રવાહની નીચે સેંકડો વરસો રહેવા છતાં આ વાસણો હજી ભાંગી ગયાં નથી એથી વધુ તેમના પ્રચંડપણાનો બીજો પુરાવો શો જોઈએ ? નર્મદાકાંઠાની સહસ્રાર્જુન અથવા અહી-મહીરાવણની રાક્ષસી સંસ્કૃતિ જ આ નહિ હોય કે એ અતિ પ્રાચીન પ્રસ્તરયુગના અવશેષો હશે ? એના રહસ્યની હજી નર્મદા સિવાય બીજા કોઈને પણ ખબર નથી.

જેના પરથી ઘાટનું રાણીઘાટ નામ પડ્યું, તે એક આહીર જાતિની વિધવા રાજમાતાનો મહેલ, એક પુરાતન પીપળાના આશ્રયે બેત્રણ ભાંગેલાં ભીંતડાંના રૂપે પોતાની શોકકથા આવનાર-જનારને કહે છે. પતિના અવસાન પછી બાળરાજાને નામે આ ઘર માતા રાજ ચલાવતી હતી. પણ કોઈ શત્રુએ કપટથી કુમારનો ઘાત કર્યો. તે દુઃખી માતા ત્યારથી આ માટીના ઘરમાં રહેવા લાગી. ઝૂરીઝૂરીને આખરે તે આ ઘરમાં જ મરણ પામી. આ હકીકત આશરે ત્રણસોચારસો વર્ષ પરની હશે.

રણશૂર રાણી દુર્ગાવતીના નામની કોને ખબર નથી ? મંડલા આગળ જ્યાં નર્મદા મંડલાકાર વહે છે; તે રમણીય સ્થાનપર રાણી દુર્ગાવતીએ કિલ્લાકોટ બાંધ્યા હતા. તેથી મંડલાને ગઢા-મંડલા એ નામ પ્રાપ્ત થયું છે. જબલપુરમાં પણ આ સૌન્દર્યાસક્ત રાણીએ પોતાનો મદનમહેલ બંધાવ્યો હતો. જબલપુર જનારો પ્રવાસી હજુ પણ ભાવિકપણે એ મહેલનું દર્શન કરે છે. દુર્ગાવતી વિધવા હતી. અકબરની ફોજ સાથે લડતાં લડતાં તે રણાંગણમાં જ મૃત્યુ પામી. હિંદુસ્તાનની વીર કથામાં દુર્ગાવતીની કહાણીએ પોતાનું અમર નામ પ્રાપ્ત કર્યું છે.

મદનમહાલની પાસે જ આશરે એક માઈલને અંતરે ' ચોસઠ જોગણી 'નું પ્રસિદ્ધ દેવાલય છે. જારણમારણ, વશીકરણ, મંત્રતંત્ર ઇત્યાદિ શાક્તપન્થી પ્રકારોનું મૂળ આ યોગિનીઓની ઉપાસનામાં સારાનરસા રૂપે ગૂંથાયેલું છે, કથાસરિત્સાગરમાં આ સંસ્કૃતિનું ઉત્તમ રીતે વિવરણ કરવામાં આવ્યું છે. સમાજની નિકૃષ્ટ ભાવનાનું એ પ્રતીક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિલાસપુર જિલ્લામાંનું પેડરારોડ સ્ટેશન છોતરીને અઘોર જંગલમાંથી બળદગાડાંનો જે રસ્તો અમરકંટક તરફ જાય છે, તે રસ્તાની જરા બાજુએ અમરકંટકથી નીચે પાંચેક માઈલપર પ્રેમળ કબીરની સમાધિ છે. હરિદાસ પોતાની કથામાં કબીર વિષે કાવ્યમય નિતાંત-સુંદર એક દંતકથા કહે છે.

કબીર મૃત્યુ પામ્યા પછી તેના અંત્યસંસ્કાર માટે હિંદુ મુસલમાન વચ્ચે ટંટો ઊભો થયો. હિંદુઓ કહે એ અમારો અને મુસલમાનો કહે એ અમારો. બંનેનો કબીર પર અપાર પ્રેમ. અને કબીરનો રામપર અને અખિલ માનવજાતિપર અપાર પ્રેમ. હવે આ ટંટો કેમ મટે? પણ ઈશ્વરે જ તે ટંટો ચમત્કારથી મિટાવ્યો. કબીરના મૃત દેહનું સુંદર સુવાસિત ફૂલના ઢગલામાં રૂપાંતર થયું. હિંદુઓએ તે ફૂલો બાળ્યાં અને મુસલમાનોએ દાટ્યાં. બંનેએ ત્યાં સમાધિઓ બાંધી પણ આ કબીર-ચબૂતરો કોનો તે માત્ર કોઈને જ ખબર નથી. નથી હિંદુઓને તેની યાદ કે નથી મુસલમાનોને. જ્યાં આ સમાધિ છે તે પ્રાંત અંધારમય ભયાનક અરણ્યમાં આવેલો છે. સમાધિ પથ્થરના ગોખલાના આકારના છે. કદી કાળે કોઈ પ્રવાસી એકાદ નારિયેળ ત્યાં ફોડે છે અને પીળી-ધોળી માટી તેને ચોપડી જાય છે. ત્યાં નારિયેળની કાચલીઓ પડેલી જણાય છે. કબીર-પૂજાની માત્ર આટલી જ નિશાની ત્યાં દૃષ્ટિગોચર થાય છે. જે કબીરના પવિત્ર દેહનું સુંદર ફૂલોમાં રૂપાંતર થયાનું કહેવાય છે, તેની જ સમાધિ આગળ આજે દુર્ગન્ધ અને શેવાળ છવાઈ રહી છે. સમાધિ પાસેથી એક રાનઝરણું વહે છે જે ખૂબ જ ગંદું છે. મહાત્મા કબીરની સમાધિની આ શોચનીય સ્થિતિ જોઈ કોને ઉદ્વેગ ન થાય? કબીરની આ સમાધિ જોઈને કબીરના જ ગીતની કડીઓ યાદ આવે છે:

अल्ला रखेगा वैसा हि रहना,
मौला रखेगा वैसा हि रहना,।
कहत कबीरा सुन मेरे गुनिया,
अल्लाके हुक्मसे चल रही है दुनिया ॥

આ પ્રમાણે કરુણમાંથી રુદ્રમાં અને રુદ્રમાંથી કરુણમાં રૂપાંતર પામતી નર્મદાકાંઠાની આ બધી ભગ્ન અને ઉપેક્ષિત સંસ્કૃતિના ખિન્ન પ્રતિધ્વનિ આજે પણ તેની લહરીના નિનાદમાંથી આપણને સંભળાય છે.

★

ખુલાસો

'અખંડ આનંદ'ના જુલાઈ માસના અંકમાં ટાલમાં વાળ ઉગાડવા અંગે એક પ્રસંગ આપવામાં આવ્યો હતો. આ સંબંધી પૂછપરછ કરતા ઘણા પત્રો અમને મળ્યા છે. જે ભાઈએ વાળની ઔષધિ શોધી છે તે ૮૦ વર્ષના વૃદ્ધ છે અને નિવૃત્ત છે. તેઓ પોતાનાં નામઠામ આપવાની ના પાડે છે એટલે આ સંબંધ પૂછપરછ નહિ કરવા સૌને વિનતિ છે.

×

ઑગસ્ટ માસના અંકમાં 'ચા' નામનો એક લેખ છપાયો છે તેમાં આંકડાની ગણતરીમાં ભૂલ છે એમ કેટલાક વાચકોએ બતાવ્યું છે. ભૂલ આ પ્રમાણે છે: પાન ૫૮ ઉપર ખાંડ અને દૂધના પ્રમાણ સાથે 'આઠ લાખ મણ ચા' છપાયું છે તે આઠ લાખ રતલ જોઈએ.

×

'હળ વિ. ટ્રેક્ટર' અંગેના લેખ વિષે અમને સાત લેખો મળ્યા છે, આ બધા લેખો છાપવાનું શક્ય નથી. સૌથી સારો જણાતો લેખ મુખ્ય રાખીને બાકીના લેખોનો સાર ઑક્ટોબર માસના અંકમાં આપવામાં આવશે.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત્સલ્ય

મૂળ લેખક:
શ્રી શૈલજાનંદ મુખોપાધ્યાય
અનુ: શ્રી નટવરલાલ માલવી

બિલાડું પાળવાની તો કદી કલ્પના ય મને નહોતી આવી, તો ય એક બિલ્લી કર્મે ચોંટી પડી.

સ્ત્રી કહેવા લાગી: 'લાડ કરીને ખવડાવ્યું છે, તે જોજો હવે ગમ્મત! આપણું ઘર છોડશે જ નહિ કદી, આ તમને કહી રાખ્યું. જોજો ને!'

મેં ક્યારે તેને લાડ કરીને ખવડાવેલું તે કંઈ સાંભરવા પામ્યું નહિ!

વખતે કદીક ખવડાવ્યું ય હોય.

કદાચ કોઈક વેળા જમવા ટાણે પાસે આવીને બેઠું હશે, અગર તો કદીક એકાદ ટુકડો ખાવા માટે મ્યાઉંમ્યાઉં બોલી આજીજી કરી હશે; એટલે કોઈક વેળા મેં તેના તરફ એકાદ ટુકડો ફેંક્યો હશે!

પણ મને ખબર હતી, કે એટલા જ કારણસર એ અમારા ઘરને કાયમ માટે વળગી પડશે!

મેં કહ્યું: 'ભલે ને રહે ત્યારે. એકાદ બિલાડું રહ્યું તો શી હરકત છે? ઊલટું એ તો ઠીક પડશે.'

બાઈ ચીસ પાડતાં વદ્યાં: 'હાસ્તો, ઠીક જ પડશે સ્તો. બહુ જ ઠીઈઈઈક! ગઈ કાલે ચોરીને શાક ખાઈ ગઈ, અને આજે પી ગઈ દૂધ! હારયાને ફરી દૂધ લેવા મોકલવો પડ્યો!'

'પાસે બશેર દૂધ હતું–બધું પી ગઈ?'

સ્ત્રીએ કહ્યું: 'ના બધું તો નથી પીધું પણ બોટ્યું તો ખરું જ ને? તે બિલાડાંનું બોટેલું દૂધ તમે પીવાના છો?'

'કેમ, તેમાં શું થઈ ગયું?'

'ના–આ...આ! કંઈ નથી થઈ ગયું! એટલી બધી અક્કલ વગર કંઈ વહીદ થવાય કદી?'

હસતાંહસતાં મેં કહ્યું: 'ઠીક કહ્યું તેં! પણ ત્યારે એટલા બધા દૂધનું શું કરીશ? ફેંકી દઈશ?'

જવાબ મળ્યો: 'ના રે ના! ફેંકી કેમ દઉં? હું પીશ!'

'વાહ રે! તે તારે પીવામાં વાંધો નહિ? ને હું પીઉં તો...'

'તમારી સાથે તે કેટલી જીભાજોડી કરવી? હું કશું ના સમજું જાઓ!' કહી તે ભાગી ગઈ.

સમજાયું, કે બિલ્લી પર ગૃહિણી ખફા થયેલ છે, પણ એ ખફાગીરી કદાચ ઝાઝા દા નહિ રહે!

ને થયું પણ આખરે તેવું જ, એનો ગુસ્સો ટક્યો નહિ.

બિલાડી સારો દહાડો મારી ચીતરી પૂંઠળપૂંઠળ ફર્યા કરતી દેખાતી. જમતી વેળા ભાણા પડખે ગુપચુપ બેસી રહે. રાતે હૂંફ માટે, ચૂલા પાસે સૂઈ રહે.

ચોરીચખારી સાવ બંધ કરી દીધેલાં એવું તો છેક નહોતું. લાગ મળી જતાં તેનાથી લોભ દબાવી ન શકાતો. ટુકડો બે ટુકડા ખાવાનું મોંમાં લઈ ભાગી જાય. ગૃહિણીની નજર ચુકાવી શકે તો તો જાણે ઠીક, પણ તેમ ન કરી શકે તો પછી કમબખતી ભારા! નજરે પડી જતાં જ છરી, દસ્તો, જોડા–હાથ પાસે જે કંઈ દેખાઈ જાય તે ગૃહિણી છૂટું ફેંકે અને પછી દહાડો બધો ખડબડ ખડબડ કર્યા જ કરે: 'જોયું! બીચારાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેટખાળીનાં લખ્ખણ! ચોરી કરીને ન ખાય તો મૂઈનું પેટ જ નથી ભરાતું, હું જાણું છું તો!'

પણ બસ, એટલેથી ખતમ!

આગળ બિલાડીને મારી કાઢી મૂકવા માટે ગૃહિણીએ જે રીતે મારો પીછો પકડેલો, તેવું હવે કશું રહ્યું નથી. ફક્ત કહેતી: 'તે વધ્યુંસધ્યું ખાઈને રહેવાતું હોય તો રહે, ડીંકા, પણ ચોરી કરીને ખાધું છે, તો હું તને કાઢી જ મૂકીશ.'

અમારા સંસારમાં બાળબચ્ચાં ન હતાં; એટલે આને લીધે તેનો દહાડો ઠીક જતો.

હું કદીકદી વાતને તાણી વધારવા મથતો. કહેતો: 'કેમ કરીને કાઢી મૂકવાનાં છો? જાય ત્યારે થઈ રહ્યું.'

સ્ત્રી બોલી: 'કેમ? કોથળીમાં પૂરી ગંગાકાંઠે મૂકી આવીશ.'

'કેમ? કોથળીમાં પૂરીને શાને?'

'ઓહ, એમ નથી સમજાતું? એ જો પોતાની આંખે રસ્તો ભાળી જાય, તો તો ગમે ત્યાં મૂકી આવો તોય સીધી પાછી ચાલી આવે!'

'તે કોથળીમાં પૂરીને એને મૂકવા કોણ લઈ જશે?'

'કેમ વળી? તમે સ્તો!'

'ઓ રે મારા બાપ! કોથળીમાં નાખતાં જ એ બરાડેબરાડા પાડી મૂકશે. ના રે બાપુ, એ મારાથી નહિ બનવાનું.'

'તો ભલે, ગંગાસ્નાન કરવા જઈશ ત્યારે હું જાતે મૂકી આવીશ.'

ને આ પ્રસંગને અનુલક્ષીને ગૃહિણીએ પોતાના બચપણની એક વાત કહી.

આવા જ એક ચોરટા બિલ્લાને તેઓ (પિયરિયાં) કેમ કર્યાં કાઢી મૂકી શકતાં ન હતાં. આંખે પાટા બાંધી કેટલી ય વાર જુદીજુદી કેટલી જગાએ મૂકી આવ્યાં, પણ પ્રત્યેક પાળી તે પાછું આવી પડ્યું. ઘરમાં એક દહાડો એક મોટું તડબૂચ આવેલું, બિલાડું તક સાધી ચોરીને તેમાનું અડધુંક ખાઈ ગયું. ગૃહિણી તે વેળા હશે માંડ બાર કે તેર વરસની. તે બોલી: 'ઊભી રહે, તને બરાબર ગમ્મત બતાવું છું હવે!'

મેં પૂછ્યું: 'હં. શી ગમ્મત બતાવી:'

ગૃહિણી કહે: 'એક ખાસ્સી દોરડી લઈ અભાગણીના ગળામાં સારી પેઠે બાંધી. બાંધતાં જ મનમાં થયું લાવ માળીની ડોકી મરડી નાખું, સરગે પહોંચાડી દઉં. પણ પછી તો હસહસ કરતી ખેંચતીતાણતી તેને લઈ ગઈ તળાવકાંઠે. તળાવકાંઠે એક લાંબું, ઊંચું વાંસવૃક્ષ હતું. મને થયું, હં આ ઠીક છે. અતિ ઊંચો એક વાંસ ખૂબ તકલીફે નીચે નમાવ્યો. નમાવીને તેને છેડે પેલી દોરડી વતી બિલ્લીને રૂડી પેરે બાંધી ને પછી વાંસ છૂટો મૂકી દીધો. વાંસ ફડાક્ કરતો ઊછળીને ઊંચો ગયો; ને અભાગણી એ વાંસ સાથે આકાશચલ્લી પેઠે લટકવા લાગી! પછી મેં કહ્યું: 'કેમ રે? હવે તડબૂચ ખાશે? રહે હવે અહીં જ.' કહી હું તો ઘેર ઊપડી ગઈ.'

મેં કહ્યું: 'અરરર! બાપડું બલાડું ખાધાપીધા વિના એમ ને એમ જ ત્યાં મરી ગયું હશે! શિવ શિવ શિવ.'

ગૃહિણી કહે: 'હુંઅ! મરે સ્તો! મરે એવો એ જીવ ખરો ને! થોડીવારે મને જ થયું, લાવ ભાઈ ઉતારી આવું. જઈને જોઉં છું તો અભાગણી ત્યાંથી ગેબ! ને સંધ્યાટાણે તો પેટબળી લહેરથી અમારા રસોડામાં ટહેલે! ગળામાંની દોરડી દાંતથી કરડી--તોડી બાઈજી ત્યાંથી છટકી નાસી આવેલાં!'

મેં કહ્યું: 'એમ ત્યારે! બલાડાં ઉપર આપને બચપણથી જ એવું આદવેર લાગે છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહિણી હસવા લાગી.

બિલાડું હવે આમે ય ઘરમાં ઠસવા જ પામ્યું છે, તો તેનું કંઈક નામ પણ પાડવું જોઈએ ના ?

ગૃહિણીને મેં પૂછયું : 'ત્યારે વારુ, એક વાત તો કર. એને શું નામ લઈને બોલાવું ?'

ગૃહિણી બોલી : 'ઓહ! એને વળી પાછો નામનો લટકો ! હું તો એને વહાલામોઈ કરીને બૂમ પાડું છું !'

બસ, તે જ વાત રહી. મેં પણ એને વહાલામોઈ કહીને જ બૂમ પાડવા માંડી!

કોઈકોઈ દહાડો જોતો—ગૃહિણી ચૂલો સળગાવવા જતાં, ખૂદ ચૂલાની રાખોડીમાંથી જ બિલ્લીને ખેંચી તાણી બહાર કાઢે ને બોલે : 'સૂવાની જગા બીજી નથી જડતી, અભાગણી ! કોઈક દહાડો સળગી મરશે ત્યારે ખરી ખબર પડશે મૂઈને !'

વહાલામોઈ દાળભાત રૂડી પેરે ખાતી નહિ; તેથી કોઈકોઈ દહાડો ગૃહિણી તેને માટે દૂધભાત ભેળવતી નજરે પડતી.

આમ લાડકોડ પામતાં જોતજોતામાં વહાલામોઈ જાડી લઠ્ઠપઠ્ઠ થઈ પડી. પહેલાં હાથ જરા ઊંચો કરતાં ભાગી છૂટતી, આજકાલ હવે તે રીતે નાસતી નથી. જમી પરવાર્યા કેડે, બપોરે ગૃહિણી સીવવાના સંચે બેસી સીવણકામ કરતી ત્યારે વહાલામોઈ તેની ગોદ પાસે ગુપચુપ બેસી રહે. રાત્રે તો કોઈકોઈ વાર રજાઈ અંદર ભરાઈ જાય.

ગૃહિણી કહે : 'જોયું ? ખાઈખાઈને કેવી માતી ગઈ છે !'

હું કહેતો : 'સારુંસારું ખાવાનું મળે એટલે થાય.'

'તે તમે તો કંઈ નથી થતા ! તમને નથી મળતું શું ખાવાનું ?'

'ખાવા તો મળે જ છે, તોપણ એના જેવાં લાડ કોણ કરે છે મને ?'

'કઢાઓ' કહી ગૃહિણી હસતીહસતી ચાલી જતી હતી, પણ બારણાં પાસેથી જ ફરીને ઊભી રહી ને બોલી પડી : 'નગુણા !'

એક દહાડો ગૃહિણી રૂડી પેરે જમી શકી નહિ. ન જમવાનું કારણ એ હતું કે 'મોઈ' તે દહાડે સવારે વહેલી બહાર ચાલી ગયેલી તે બધાંનું ખાવાજમવાનું પતી ગયું તોય ઘેર આવી નહિ ને આજ દિન સુધીમાં જમવા ટાણે એ વેળાસર આવી પડી ન હોય, એવું એકેવાર બન્યું ન હતું. પછી ક્યાંક, ગમે ત્યાં ગઈ હોય ?

ગૃહિણી બોલી : 'ક્યાં ગઈ હશે ? શી ખબર ? કોઈકને ત્યાં જમણવાર-બમણવાર હશે, નહિ તો અત્યારસુધીમાં તો નક્કી આવી પહોંચત !'

તે દિવસે એનો સીવણસંચો ખૂલવા ન પામ્યો, કશા કામમાં મન ન ચોટ્યું, વહાલામોઈ ક્યાં ગઈ હશે તે જ વાત મનમાં વાગોળ્યા કરે, બોલી : 'આટઆટલું ખાવા દઉં છું, તો ય પારકે ઘેર ચોરીનું ખાવા કેમ જાય છે, કહે જોઉં ? પકડાવી જોઈએ, જાનથી જ મારી નાખશે ? શી ખબર કોઈકે અત્યાર સુધીમાં ચપટાવીય નાખી હોય !'

વાડકોભર ભેળેલાં દૂધભાત પડી રહ્યાં. ગૃહિણી બોલ્યાં : 'અલ્યા, જરા બહાર ફરીને એકવાર તપાસ કરી આવો ને !'

'ક્યાં તપાસ કરું ?'

'જુઓને, કોઈક ઘેર વળી કંઈ જમણ ચાલતું હોય ત્યાં. બહાર નીકળશો એટલે માલૂમ પડી જશે.'

'તે તો ધાર કે જાઉં, પણ એ તારી વહાલામોઈને મેળવવી કેવી રીતે ?'

એ વાત પણ ખરી. તો ય એનું મન ન માન્યું કહે : 'મળશે મળશે તમે જાશો, તમને જોતાં જ તમારી પાસે દોડી આવશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ન છૂટકે બહાર નીકળ્યો પણ વહાલામોઈ ક્યાં ? રસ્તાઓ પર થોડીકવાર ભમી ભટકી ઘેર પાછો ફર્યો.

જવાબ શો દેવો એ વિચારતો–વિચારતો ઘરમાં દાખલ થઈ જોઉં છું, તો દિલ પર ચોરસો ઓઢી લઈ ગૃહિણી ખાટલા પર સૂઈ ગયેલ છે.

બોલ્યો: 'કેમ રે વહાલામોઈના વિજોગે પથારી પાથરી દેખું !'

સૂતાંસૂતાં જ બાઈએ પૂછયું : 'મળી ?'

મેં કહ્યું : 'કંઈ ગાંડી થઈ છે ! માણસ હોત તો વળી ખોળી લાવત. પણ તારી વહાલી તો કોણ જાણે ક્યાં...'

પણ મારું વાક્ય પૂરું થતાં પૂર્વે તો ગૃહિણી ખડખડ હસી પડી.

'હસે છે શું ?'

'જુઓ આ ! ' કહી તેણે ડીલ પરનો ચોરસો ખસેડી નાખ્યો, તેની ગોદમાં જ લપાઈને વહાલામોઈ ચૂપચાપ સૂતેલી હતી !

ગૃહિણી કહે : 'તમે ગયા ન ગયા ત્યાં તો રસોડામાં જ મોઈને મ્યાઉંમ્યાઉં કરતી દીઠી !'

'વહાલામોઈ' સિવાય સમગ્ર બિલ્લા-જગત ગૃહિણીને અકારું ઝેર જેવું લાગે. ઊલટપક્ષે બનતું એવું કે મહોલ્લાનાં બે-ચાર બીજાં બિલાડાં વહાલામોઈ ને મળવા-વાતો કરવા અમારે ત્યાં અવારનવાર આવતાં. ગૃહિણી તેમને સૌને મારીમારીને હાંકી કાઢવા દોડતી કહે : 'જોયું વહાલીએ તો વળી પાછા ભાઈબંધ ભેળા કરવા માંડ્યા છે !' કોઈવાર વળી કહે: 'આવો આવો મારે ઘેર ખાવા ? કેમ ભાઈ ? જેમને ઘેર ઊંઘ્યા છો, તેમને ઘેર જ જોભરોને !'

કોઈ કોઈવાર વળી વહાલામોઈને ગોદમાં સુવાડીને સમજ પાડે : 'અલી એઈ, તે તને શું એકલાંએકલાં ગમતું નથી ? ખબરદાર, આ કહી મૂકું છું તને, એવાં બધાંને બોલાવ્યાં છે, તો તને પણ કાઢી મૂકીશ જો. તને ખવડાવું છું એટલું મારે બસ છે. એ તારાં બધાં સગલાંઓનાં ઢોચકાં મારાથી નહિ ભરાય સમજી ?'

વહાલામોઈ શું સમજી હશે, તે તો પ્રભુ જાણે પણ ગૃહિણીના વદન સામું ટગર-ટગર જોઈ રહે ને પછી બોલે : 'મિ આ ઉ !'

ગૃહિણી કહે : 'એ મ્યુંબ્યું કંઈ નહિ. સાંભળી રાખ બરાબર નહિ તો તને ને બધાંને મારી ઝપાટો કાઢી મૂકીશ. હા વળી ! હું વળી જુદી જ જાતની સ્ત્રી છું. એવાં બધાં વધારેપડતાં લાડકોડ મારી આગળ નહિ ચાલે.'

હું ય શું કરું ? અદાલતે જવાનું છોડી દીધું છે. બપોર બધી આવું બધું સાંભળું છું ને મનમાં ને મનમાં હસું છું !

તે વરસે ટાઢ ખૂબ જ પડેલી, હજુ તો હમણાં જ કારતક મહિનો વટી જઈ માગશર મંડાયો હતો.

તે દહાડે સવારે શાકની ટોપલીમાંથી શાક લાવવા જતાં ગૃહિણી એકદમ ચિચિયારી પાડી ઊઠી અને કૂદકો મારી ત્યાંથી ખસી પડી.

મેં પૂછયું : 'કેમ રે, શું થયું રે ? આમ ચીસો કેમ પાડે છે ?'

હસતાંહસતાં તેણે કહ્યું : 'આવો, જરા જુઓ તો સહી.'

'શું જોઉં ?'

'જુઓને વહાલામોઈએ શું કર્યું છે તે. તેથી સ્તો હું કહેતી'તી અભાગણી વારંવાર જાય છે ક્યાં ?.... પેલી, દોસ્તાર ભાઈબંધ બોલાવી લાવે છે કહેતી'તી ને ? તે વાત.... જોઈ જાઓ, કેવું બચ્ચું આવ્યું છે લુચ્ચીને, તે તો જોઈ જાઓ.'

ગયો. ગૃહિણી કહેવા લાગી : 'હાય હાય મા ! કેવું સાવ કાળું ને કઢંગું,

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એબલગામણું, બીક લાગે એવું છે! પોતે તો ખાસ્સી ધોળી મજાની, રૂપાળી છે, ને બચ્ચું માળું કેવું આવ્યું છે તે તો જરા દેખો.'

મેં કહ્યું: 'ક્યાં છે? ક્યાં જોઉં?'

આંગળી વડે તરકારીની ટોપલી દાખવતાં ગૃહિણીએ કહ્યું: 'પ...ણે... જુઓ ટોપલી ભીતર. હું તો બતાવી નહિ શકું બાવા! વહાલામૂઈ ફુંફાડા મારે છે, વખતે બચકું ભરી બેસે!'

ટોપલી તરફ ગયો તો વહાલી આડે બેઠેલી છે અને ટોપલીમાંનું નાનું કાળું બચ્ચું મ્યું મ્યું કરવા લાગ્યું છે. કાળાં બિલાડાં તો મેં ઘણુંય દીઠાં છે. પણ આટલું કાળું–મેં તો કદીય દીઠું ન હતું. ગૃહિણીએ બરાબર જ કહ્યું હતું. બચ્ચાનું સમગ્ર અંગ સાવ કાળું, એકાદ ટપકુંય ધોળું ન મળે! તદ્દન મેશિયો કાળો રંગ, કઢંગો કદરૂપો દેખાવ, જોતાં જ બીક લાગે!

ગૃહિણી બોલી: 'ગુપચુપ લૂગડાં તળે ઢાંકીને લઈ જાઓ, ને રસ્તાને નાકે એને ફેંકી આવો.'

એને સમજાવતાં મેં કહ્યું: 'જો, નરદમ કાળાં બિલાડાં તો સાહેબ લોકોને જ બહુ જ વહાલાં લાગે છે.'

બાઈ બોલ્યાં: 'ભલેને લાગે, એમનું તો બધુંય દુનિયાથી અવળું! ઓ રે મારી મા! અંધારામાં જોતાં છળી મરાય એવું બિલાડું મારે ઘરમાં નથી રાખવું. જાઓ બાવા જાઓ–હમણાં જ એને ફેંકી આવો.'

બિલ્લી–બચ્ચાને રાખવા માટે મેં ઘણું મથન કર્યું, પણ ગૃહિણીએ કાન જ દીધો નહિ. કહે: 'નેષ્ટ છે. એને રાખશો તો આપણું કંઈ ભૂંડું થઈ બેસશે, જોઈ લે જો વળી.'

લાચારી! ન છૂટકે બચ્ચાને અતિ કષ્ટે ઊંચકી લઈ રસ્તાને નાકે મૂકી આવ્યો.

પણ કલાકેક રહીને જોઉં છું તો વહાલા-મોઈ બચ્ચાને મોંમાં ઊચકીને લઈ જ આવી છે તો!

બાઈએ ફરી બૂમાબૂમ કરી મૂકી: 'તમે વળી પાધરું કરો ત્યારે તો થઈ જ રહ્યું ને! એવી જગાએ મૂકી આવ્યા કે પાછું આણ્યું! તમને કંઈ કામ સોંપવું એ જ નરી મૂરખાઈ છે.'

એટલે ભાઈ, ફરીથી બચ્ચાને લઈને મારે તો જવું પડ્યું. આ વેળા વહાલામોઈ ન જાણે, ન જોવા પામે એવી ખૂબ કાળજીપૂર્વક હું ગયો. બહુ મુસીબતે બજારમાંથી થેલી લઈ તેમાં તેને પૂરી ઘણા જ દૂરના એક મહોલ્લા પાસે મૂકી આવ્યો.

ઘેર આવીને જોયું તો બિલ્લીબાઈને કશી ખબર પડવા પામી ન હતી. તે આ ઓરડે પેલે ઓરડે બચ્ચાને ખોળતી મ્યાઉં મ્યાઉં કરતી ફરતી હતી!

ગૃહિણી બોલી: 'છો ખોળે. ખાવાનું મળશે એટલે ઘડીવારમાં ભૂલી જશે.'

પણ ભોજન ટાણે વહાલામોઈ નજરેય ન પડી.

ગૃહિણી કહે: 'કદાચ બચ્ચાને ખોળવા માટે ઊપડી હશે. જરા બહાર આમતેમ જોઈ આવો ને દેખાય તો ઊચકી લાવો.'

વાત ખરી પડી. આગલી વેળા જ્યાં આગળથી બચ્ચાને મોંમાં ઊચકી લાવેલી તે સ્થાન પર બિલ્લી મ્યાઉંમ્યાઉં કરતી ઘૂમતી હતી. 'ચાલ' કહી મેં બોલાવી એટલે તરત મારી પાસે આવીને ઊભી રહી. તે હાથે ઊચકી તેને હું ઘેર લઈ આવ્યો. ગૃહિણીએ તેને પંપાળી પસવારી હેત કરી ખાવાનું આપ્યું. 'મોઈ'એ ખાધું પણ ખરું, પણ રૂડીપેરે ન ખાધું, દૂધભર ભાત પણ અડધાથી વધુ પડ્યો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહિણીએ દિવસભર તેને સમજાવવા-પટાવવા મંથન કર્યા કીધું. કહે : 'લે એવા ગંદા–ગોબરા કદરૂપા બચ્ચાને માટે દુઃખી નહિ થવાનું વળી, વહાલામોઈ અને તને પાછો બીજો ફક્કડ રૂપાળો છોકરો આવશે. ખાસ્સો સફેદ, દેખાવડો ને પછી જોજે ને. તારા લાડકાને હું કેવો સરસ ઉછેરીપાછેરી આપીશ સમજી?'

વહાલામોઈ કદાચ સમજી ભાસી. જોયું તો બાઈની પૂંઠેપૂંઠે ફરતી ભમી રહી છે.

પણ સાંજ પડી ન પડી, ત્યાં તો એનું રડવું શરૂ થયું. શું રડવું! મારા બાપ!

કેટલી ય છોરુ ગુમાવનારી જનનીનું વ્યાકુળ રુદન મેં સાંભળ્યું છે, પણ એક સામાન્ય બિલાડું પણ બરાબર એ જ રીતે રડી શકે, રડે–એ વાતનો મને લગારે ખ્યાલ ન હતો. સારી રાતભર ઘરના ખૂણેખાંચરે ફરતી બિલાડી રડ્યા કરી. ખાવાનું ધર્યું, પણ ન ચાખ્યું. બોલાવતાં પાસે ય ન આવે.

એને ખવડાવવા માટે ગૃહિણીએ કંઈ-કંઈ મથામણ કરી, બોલાવીબોલાવી હેરાન થઈ ગઈ. ને છેવટે ગુસ્સે ભરાઈ દૂધવાડકી પછાડી દીધી ને બોલી : 'હવે તો થાકી મારા બાપ! બિલાડિયાને સારું તે હવે કેટલુંક ઝિકાવું?'

પણ બિલાડીનું રડવું તો અપશુકનિયાળું એટલે મહોલ્લાના લોકો આનું રડવું સાંભળી ગભરાવા લાગ્યા. કોઈકોઈ તો વળી મારો ને કોઈ વળી મારી ગૃહિણીનો દોષ કાઢવા લાગ્યા. કહેવા લાગ્યા : 'બચ્ચાંકચ્ચાં થયાં નથી તેથી ભાઈ–બાઈ બિલાડાં પાળી ઓરતો માણે છે!'

આવું બધું મારી સ્ત્રી સાંભળી જવા ન પામે તે ખાતર મેં તેનું ચિત્ત બીજા વિષયો તરફ પરોવ્યું. છેવટે લાગ્યું પણ ખરું કે આ વાત તે સાંભળી જવા પામી

૪

હતી. તેનું મન તો વહાલામોઈમાં જ પરોવાયેલું હતું. સારી રાત અમે કોઈ રૂડીપેરે ઊંઘી શક્યાં નહિ. બિલ્લી પણ ઘણું કરીને ન હોતી જ ઊંઘી. જ્યારે પણ અમારાં ઝોકાં ભાંગેલાં, ત્યારે એને રડતી સાંભળી હતી.

લગભગ મળસકું થઈ જવા આવ્યું, ત્યારે ગૃહિણીએ બૂમ મારી : 'અરે તમે સાંભળો છો કે?'

'હં, શું છે?'

'હવે પેલીનું રડવું નથી સંભળાતું.'

મેં પણ થોડી ક્ષણ કાન માંડી રાખ્યા.

પછી કહ્યું : 'ટાઢમાં ક્યાં સુધી રડતી-રડતી બહાર ભટકવાની હતી, બોલ! ઊંઘ-રેટી થઈ ગઈ હશે.'

વળી પાછો હું તો ઊંઘી ગયો હતો. ફરી સ્ત્રીની હાકે જાગી પડ્યો. બોલી : 'અરે જુઓ સાંભળો!'

ફરી તેનું છાતીફાટ રડવું સાંભળ્યું. અગાશીમાં બેઠીબેઠી તે ફરીથી રડવા લાગી હતી.

સ્ત્રી બોલી : 'આ તો બહુ ખોટું થઈ ગયું હો! કાલે સવારે જ તમે બચ્ચું ખોળી લાવજો. ભલે રહે. કરીએ પણ શું બીજું? આવું રડવું હવે સાંભળ્યું જતું નથી.'

મારી આંખો મળી જવા આવી હતી. માંડ કહ્યું : 'ભલે, તેમ કરીશું હાલ તો હવે જરા ઊંઘી જા.'

બીજે દિવસે સવારે મને જાગતાં થોડું મોડું થઈ ગયું. જાગીને જોઉં છું તો મારી સ્ત્રી તો ક્યારની ઊઠી ને ચાલી ગઈ હતી.

હાથમોં ધોઈ મેં પૂછ્યું : 'અરે, તું ક્યાં છે?'

જોયું તો તે અગાશીમાંથી નીચે ઊતરી રહી હતી. કહ્યું : 'ભીનું લૂગડું બદલવા ગઈ હતી.'

કોઈ દહાડોય ભીનું લૂગડું અગાશીમાં બદલવા જતી મેં એને જોઈ ન હતી. આટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેલું અગાશીમાં લૂગડું બદલવા જવાનું મન તેને કેમ થયું તે હું સમજી ગયો. બોલ્યો : 'પેલી ક્યાં છે? હજુ અગાશીમાં જ પડી રહી છે?'

ફક્ત ડોકી ધુણાવી તે બોલી : 'ના.'

ઝટપટ એણે ચા બનાવી દીધી ને બૂમ મારી: 'ચાલો ચા પીવા.'

રોજના રિવાજ મુજબ ચા પીતાંપીતાં સવારનું તાજું છાપું વાંચવા મેં ઉઘાડ્યું ન ઉઘાડ્યું ત્યાં તો ગૃહિણી પડખે આવીને ઊભી રહી. બોલી : 'જરા ઝટપટ ચા પી લઈને એકવાર...' તેને વાક્ય પૂરું કરવા ન દેતાં જ મેં કહ્યું: 'ભલે, જાઉં છું.'

'ને છાપું આવીને વાંચજો. હોં ભઈસાબ! બિલ્લીનું બચ્ચું, આઘું તે કેટલેક જવાનું હતું, જ્યાં મૂકી આવ્યા છો ત્યાં જ હશે, ત્યાં જ તપાસ કરજો. ને હં, જરા સારી પેઠે તપાસ કરજો, હોં ભઈસાબ!'

ચાનો પ્યાલો પતાવી લઈ ઊભો થઈ ગયો. પૂછ્યું: 'પેલી ક્યાં ગઈ! આખી રાત તો અગાશીમાં જ હતી.'

'બચ્ચાની શોધમાં જ ગઈ લાગે છે.'

એનો અવાજ સાવ જાણે ભારેભારે થઈ ગયેલો લાગ્યો. વદન ભણી નજર કરીને જોયું તો તેનાં બંને નયનોમાં ઝળઝળિયાં હતાં!

પણ ક્યાં હોય એ બચ્ચું? જ્યાં મૂકી આવેલો ત્યાં તો ન દેખાયું. મહોલ્લાના પ્રત્યેક ઘરમાં ખાસ ખંતપૂર્વક પૂછપરછ કરી પણ કોઈ તેના કશા સમાચાર આપી શક્યું નહિ.

એક છોકરે કહ્યું: 'બિલ્લીનું બચ્ચું? કાળા રંગનું? હા. કાલે જોયેલું, કચરાપેટીની પાસે બેઠેલું હતું.'

કચરાપેટીની ચારે બાજુ સારી પેઠે બેચાર ફેરા મારી જોતો હતો. એટલામાં કેટલાક નાનાનાના છોકરાઓએ આવીને ખબર આપ્યા કે ઢેફાં મારીમારીને મદનાએ બચ્ચાને અધમૂઉં કરી મૂક્યું હતું. અત્યાર સુધીમાં તો કદાચ મરી યે ગયું હશે!

પૂછ્યું: 'મદનો કોનું નામ? ક્યાં હશે તે?'

'આ રહ્યો!' કહી એક છોકરા તરફ આંગળી કરતાં જ સાવ કાળો. આઠ-દશ વરસનો તે છોકરો જીવ લઈને ભાગ્યો!

એને લાગ્યું હશે કે હું એને સજા કરવા આવ્યો હઈશ.

બચ્ચું ન જ મળ્યું. મળે તેવું ય ન લાગ્યું. છોકરે ઠીક જ કહ્યું. લાગ્યું-અત્યારસુધી જીવતું રહ્યું હોય એ વાત શંકાપાત્ર હતી.

નિરાશ બનીને ઘેર આવતો હતો. સામેજ રસ્તા પર કંઈક ધમાલ થતી લાગી. ઝટપટ તે તરફ હું ધપ્યો. પૂછ્યું : 'શેની ગડબડ છે ભાઈ?'

'શી ખબર ભાઈ? પણ એકાદ કંઈ કુરકુરિયું મોટર તળે છુંદાઈ ગયું લાગે છે.'

કલકત્તા નગરના મારગ! વહાલામોઈનું બચ્ચું પણ એ જ રીતે મર્યું હોય ન હોય, કોણ કહી શકે?

જે જગાપર ધમાલ મચી હતી ત્યાં પહોંચી જતાં જે દૃશ્ય મેં આંખ સામે જોયું તે જોવાની મને કલ્પના જ ન હતી! જે નિર્દોષ પ્રાણી પર મોટરનું પૈડું સડસડાટ ચાલી ગયું હતું, તે કંઈ કુરકુરિયું ન હતું, એ તો એ જ હતી-અમારી વહાલામોઈ! અભાગણી પોતાનાં બચ્ચાની શોધમાં, રસ્તા પર પાગલ પેઠે ભટકતી હશે, અને પાછળથી મોટર આવે છે એ વાતનું ધ્યાન પણ એને નહિ રહ્યું હોય!

પાછલા એક પગ પર થઈને પૈડું ફરી ગયેલું; કદાચ બરાબર માવજત થતાં બચી પણ જાય. બે હાથ પ્રસારી મેં બિલ્લીને ઊચકી લીધી. દુર્ભાગી પ્રાણી મારી સામે ટગરટગર જોઈ રહ્યું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર આવતાં જ સ્રી દોડી આવી: 'મળ્યું?' 'ના. આ જો તે બદલે તારી વહાલામોઈના પગ પર થઈ મોટરનું પૈડું ફરી ગયું!' બચ્ચાની વાત ભૂલી જઈ અમે તો માની માવજતમાં પડ્યાં. ટિંચર આયોડીન લગાડી મેં સારી પેઠે પાટો બાંધ્યો.

વાડકા ભરી દૂર પીધા પછી તેને જરાક જંપ વળ્યો, એટલામાં પાછળથી મ્યુંમ્યું શબ્દ સાંભળતાં નજર કરી, તો જેને માટે આ બધી ધમાલ ચાલી રહી હતી તે એનું કાળિયું બચ્ચું પોતે થઈને આવીને હાજર થઈ ગયું હતું! ઘર કેમ ઓળખ્યું ને કેવી રીતે ક્યાંથી આવ્યું તે તો એ જ જાણે!

મારી પત્નીની આંખોમાંથી હરખનાં આંસુના રેલા ચાલ્યા. ધૂળેભરેલા તે ગંદા-ગોબરા બચ્ચાને બે હાથે ઊચકી લઈ તેણે વહાલામોઈની ગોદ પાસે મૂકી દીધું, ને બોલી: 'કાલે પોતે ય રડીને અમને ય કેટલુંક રડાવ્યાં, તે લે, મા, લે હવે આ તારો લાખેણો દીકરો!'

સ્રીના વદન તરફ જોઈ રહી હસીને મેં કહ્યું: 'મોટર પૈડું જરાક ઉપરથી ફર્યું હોત તો! લઈ લેત દીકરાને સરગમાં! ટ્રેજેડી થતે પૂરેપૂરી!'

ગૃહિણીનું મોં હસુંહસું થઈ રહ્યું. બંને હાથ કપાળે અડાડી વિધાતાને પ્રણામ કરી તે બોલી: 'તેં જ બચાવ્યાં, મારા ભગવાન!'

★

એક વખત ચોમાસાના દિવસમાં જંગલમાંથી એક રીંછ નદીકિનારે પાણી પીવા ગયું. તે દરમ્યાન નદીમાં એકાએક મોટું પૂર આવ્યું, તેથી તે રીંછ પાણીમાં તણાવા લાગ્યું તણાતુંતણાતું થોડે આગળ ગયું. ત્યાં જંગલમાં ભરવાડના પાંચસાત છોકરાઓ ઘેટાં-બકરાં ચરાવતા હતા, તેઓની નજર તેના ઉપર પડી. પૂરના જોશને લીધે રીંછનું માથું, હાથ, પગ વગેરે પાણીમાં ડૂબેલાં હતાં અને ફક્ત પીઠનો ભાગ દેખાતો હતો. ભરવાડના છોકરાએ વિચાર કર્યો કે આ તો કામળીની ગાંઠડી તણાતી જાય છે તેથી તેમાંથી એક છોકરાએ પાણીમાં ફૂદકો માર્યો અને તરતોતરતો તે રીંછ પાસે ગયો અને તેને પકડયું. એટલે રીંછ પણ છોકરાને વળગ્યું અને બન્ને પાણીની નીચે જાય, ઉપર આવે એમ થવા લાગ્યું. આ જોઈ કિનારા ઉપર ઊભેલા છોકરાઓ બૂમ પાડવા લાગ્યા કે 'કામળીને છોડી દે, કામળીને છોડી દે.' ત્યારે છોકરાએ કહ્યું કે 'હું કામળીને છોડવા ઘણો જ પ્રયત્ન કરું છું, પણ કામળી મને છોડતી નથી!'

સંસારી જીવને દરરોજ આ અનુભવ થાય છે. એકવાર પ્રલોભનમાં ફસાયા પછી તેમાંથી છૂટવું કેટલું કઠિન છે?

×

કોઈ સમયે એક નવાબ હાથી ઉપર બેસી જતા હતા, તે સમયે તે રસ્તાપર એક ફકીર બેઠા હતા. એ જોઈ ફોજદારે કહ્યું: અમારા નવાબ સાહેબ પધારે છે, તો આપ ઊઠી જાઓ.

ફકીર: તેઓ નવાબ સાહેબ છે તો હું ધૂડન સાહેબ છું.

ફોજદાર: સુરશિદ! આપ શું બોલો છો? તેમની પાસે તો ઘણો ખજાનો છે, આપની પાસે શું છે?

ફકીર: તેઓ તે રૈયત પાસે ભીખ માગે છે, માટે ખજાનો ભેગો થયો છે, હું કાંઈ ભીખ માગું છું?

ફોજદાર: પણ તેમની પાસે તો મોટું લશ્કર છે, તમારી પાસે કાંઈ છે ખરું?

ફકીર: તેમને દુશ્મનોની બીક છે માટે લશ્કર રાખવું પડે છે, મારે કાંઈ બીક છે?

ફોજદાર: તેમની પાસે તો દીવાન જેવા મોટા મુત્સદ્દીઓ છે.

ફકીર: તેમનામાં અક્કલ નથી માટે મુત્સદ્દીઓ રાખવા પડે છે, મારામાં કાંઈ અક્કલ નથી?

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતોષી સદા સુખી કે દુઃખી?

લેખક:
શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ
એમ. એસ. સી. (લંડન) બાર-એટ-લૉ

'સંતોષી તે સદા સુખી' निःस्पृहस्य तृणं जगत। (સ્પૃહા ના, જગ તો તૃણ), અને 'मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः। (થઈ મન મહીં તૃપ્તિ, શું ધની કે ગરીબ?) વગેરે કથનો એટલી બધી વાર સાંભળીએ છીએ, અને આપણા પૂર્વના તત્ત્વજ્ઞાનમાં સંતોષને એટલું ઊંચું સ્થાન આપ્યું છે, કે તેની વિરુદ્ધનો પક્ષ પણ હોઈ શકે તે આપણે ભૂલી જઈએ છીએ. 'અસંતોષ એ પ્રગતિનું મૂળ છે' એ ઘણીવાર આપણા ખ્યાલ બહાર જાય છે.

અત્યારે મારા મનની સમક્ષ બે મનુષ્યોનાં ચિત્રો ખડાં થાય છે: એક છે સ્ત્રી ને એક પુરુષ. સ્ત્રીની ઉંમર છે આશરે ચાલીસ; રૂપ: સાધારણ સારું; કેળવણી: ઇંગ્લેન્ડ જઈને વિદ્યા પ્રાપ્ત કરી છે; લગ્નની બાબતમાં સુખી છે, પતિ કેળવાયેલા છે ને સંસ્કારી છે; સંતાન: એક છોકરો ને એક છોકરી; સંપત્તિ: સારો પૈસો, પોતાનું મોટું મકાન ને ફરવાહરવા માટે મોટરકાર. આ બધું સુખ કોઈ વ્યક્તિને મળે. ત્યારે ભર્તૃહરિની લીટી યાદ આવે છે: 'વિશ્વે આ નરને મળે સઘળું જો હોયે પ્રભુની કૃપા.' આ બધું સુખ એ બાઈને છે છતાં એ સુખી નથી, એને સંતોષ નથી, શાંતિ નથી. ઝીણીઝીણી બાબતમાં ઘરમાં ક્લેશ થાય છે ને એ દુઃખી થઈ જાય છે. આ ઉપરથી ગોવર્ધનરામની લીટીઓ યાદ આવે છે:

'મળે કોળિયો ઉદર ભરાય,
તસુ પૃથ્વી સારે સૂવા થાય;
પળવાર છે કરવો સમાસ,
તોય મન ન ઠરે કરી હાશ;
પ્રભુએ તો સરજેલું છે સુખ,
મન મનનું ખોળી લે છે દુઃખ.'

આથી ઊલટું એક બીજું ચિત્ર છે. એક ભાઈ છે, તે મેટ્રિક પણ પાસ થઈ શક્યા નથી. શરીરમાં ગંભીર રોગ છે, પૈસો કમાવા ઠીકઠીક મહેનત કરવી પડે છે. કુટુંબનું ભરણપોષણ પણ એવી રીતે થાય છે કે ખરચ ગયા પછી બહુ બચતું નથી. છતાં આ વ્યક્તિના મનમાં સંતોષ છે, શાંતિ છે, પ્રસન્નતા છે, કોઈ ખોટી મહત્ત્વાકાંક્ષા નથી અને સંતોષમાં પોતાનું જીવન વ્યતીત કરે છે.

આ બે દાખલાઓ પરથી જણાય છે, કે એકને સુખી થવાને માટે બધી સગવડો છે, પણ એ દુઃખી થાય છે, જ્યારે બીજાને સુખી થવામાં મુશ્કેલીઓ છે પણ એ સંતોષને લીધે સુખી થઈ શકે છે. ખરેખર મિલ્ટન કહે છે તેમ, મન તે સ્વર્ગને નરક કરી શકે છે ને નરકને સ્વર્ગ કરે છે.

કેટલાક લોકોનાં માનસ જ એવાં હોય છે કે એમને બધું સુખ આપો, તોપણ એ તેમાંથી દુઃખી થવાનું કંઈક કારણ કાઢશે. ઘઉંનો ઢગલો એમની પાસે પડ્યો હોય તો આટલા ઘઉં એમને મળ્યા છે તે માટે સંતોષ મેળવવાને બદલે એમાંની કાંકરીઓ તરફ જ એમનું ધ્યાન જશે. બીજા કેટલાક એવા હોય છે કે ખરાબમાંથી પણ સારાં કિરણ શોધી કાઢે, અંધકારમાંથી તેજનું કિરણ શોધી કાઢે, નિરાશામાંથી આશાના ચિહ્ન શોધી કાઢે. એકવાર ઈસુ ખ્રિસ્ત એમનાં શિષ્યો સાથે એક મરેલા ગંધાતા કૂતરાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસેથી પસાર થતા હતા ને શિષ્યો શબ તરફ ઘૃણાથી જોતા હતા, ત્યારે ઈસુ ખ્રિસ્તે કહ્યું: 'એના દાંત કેવા સફેદ ને ચળકતા છે!'

સંતોષી ને અસંતોષીનું એક દૃષ્ટાંત છે કે અસંતોષી સ્વર્ગમાં ગયો ને સંતોષી નરકમાં ગયો. અસંતોષીને તો સ્વર્ગના સુખમાં પણ કંઇ ઊણપ જ શોધવાની હોય! દેવોની માફક તેજોમય વર્તુલ એના માથા પર પહેરવા માટે આપ્યું ત્યારે 'એ મને ફાવતું નથી' એમ કહીને ફરિયાદ કરી અને સંગીત વગાડવા સારંગી આપી, ત્યારે કહ્યું, 'આ સારંગી તો આપી, પણ આના તાર ક્યાં ખરેખર મેળવેલા છે?' પેલો સંતોષી નરકમાં ગયો હતો અને ત્યાં તો ભયંકર અગ્નિ હતો, તોપણ એણે કહ્યું, 'વાહ! અહીંના કોલસા કેટલા સરસ બળે છે!'

બીજું એક દૃષ્ટાંત લઈએ: બે જણા એક ઝાડ નીચે બેસીને મોક્ષ માટે તપ કરતા હતા. તેમાંના એક જણને પ્રભુએ દર્શન દીધાં, ત્યારે તેણે પ્રભુને પૂછ્યું કે 'મને મોક્ષ ક્યારે મળશે?' પ્રભુએ જવાબ આપ્યો કે 'સાત ભવ પછી તને મોક્ષ મળશે.' એ નિરાશ થઈ ગયો ને બોલ્યો: 'હજી સાત ભવ પછી? અરેરે! કેટલી બધી વાર!' પેલા બીજા માણસને પ્રભુનાં દર્શન થયાં ને તેણે પૂછ્યું કે 'મને મોક્ષ ક્યારે મળશે?' જે ઝાડ નીચે એ તપ કરતો હતો એ ઝાડ બતાવીને પ્રભુએ કહ્યું કે 'આ ઝાડ ઉપર જેટલાં પાંદડાં છે એટલા ભવ પછી તને મોક્ષ મળશે.' એ તો ખૂબ આનંદમાં આવી કહેવા લાગ્યો. 'હવે મોક્ષ મળશે એ વાત તો ચોક્કસ! શું પ્રભુની કૃપા છે!' એમ કહેતાંની સાથે એને મોક્ષ મળી ગયો.

જીવનનાં દુઃખ જો આપણે શાંતિથી સહન કરીએ અને સંતોષની વૃત્તિ કેળવીએ તો આપણું ઘણું દુઃખ ઓછું થાય છે. કોઈ આપણા પર છરી ફેંકે તો તે ઝાલવાના બે રસ્તા છે: કાં તો હાથો પકડીને ને કાં તો પાનું પકડીને. અસંતોષની વૃત્તિ રાખવી એ પાનું પકડીને છરી ઝાલવા જેવું છે.

આપણને કેટલું સુખ છે તે જોઈને સંતોષ માનીને પ્રભુનો ઉપકાર માનવાથી ચિત્ત આનંદમાં રહે છે, ને માત્ર દુઃખનો વિચાર કર્યા કરવાથી ગ્લાનિ થાય છે. અડધો ગ્લાસ શરબત પીધા પછી અડધો બાકી રહ્યો હોય ત્યારે 'અહો! હજી તો અડધો બાકી છે!' એ વિચારસરણી જીવનમાં આનંદ રેડે છે, અને 'અરેરે! અડધો તો પિવાઈ પણ ગયો?' એ વિચારસરણી દુઃખ ઉત્પન્ન કરે છે.

આપણે બુદ્ધિથી વિચાર કરીશું તો જણાશે કે અસંતોષ રાખવામાં પ્રભુ પ્રત્યે અશ્રદ્ધા છે એટલું જ નહિ પણ વગર કારણે દુઃખી થવાની એ રીત છે. આપણા એવા કેટલા ય સંજોગો છે કે જેને આપણે સ્વેચ્છાએ બદલી શકતા નથી, તો તે માટે અસંતોષ રાખવાથી ફાયદો શો? રાજાનો મહેલ જોઈને આપણને આપણી ઝૂંપડી માટે અસંતોષ થાય તો તેથી આપણે શું મહેલ બંધાવી શકવાના છીએ? પૈસા કમાવાની બાબતમાં પણ શક્તિની બહારની મહત્ત્વાકાંક્ષા ન રાખવી જોઈએ. એવી મહત્ત્વાકાંક્ષા રાખવાથી આપણે જ દુઃખી થઈએ તે જ પ્રમાણે આપણા જીવનના કેટલાક સંજોગો આપણને ન ગમે એવા હોય પણ તેનો કંઈ ઉપાય ન હોય તો તેને અનિવાર્ય ગણીને સ્વીકારી લેવા જોઈએ. 'ઉપાય જેનો નહિ તેની ચિંતા, અયોગ્ય તે શી કરવી નકામી.'

આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર કરીએ તો અસંતોષ એ પ્રભુ પ્રત્યેની અશ્રદ્ધાનું એક ચિહ્ન છે. કલાપી લખે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખરે રોવું એ તો, જરૂર નબળાઈ હૃદયની,
અશ્રદ્ધા એ પૂરી, કુદરત તણા કાર્ય પરની.'

તે જ પ્રમાણે અસંતોષ એ પણ અશ્રદ્ધાનું પ્રતીક છે. 'પ્રભુ કરે તે સારા સારુ' એવી શ્રદ્ધા હોય, અથવા 'ચિત્ત તું શીદને ચિંતા ધરે? કૃષ્ણને કરવું હોય તે કરે.' એવો શરણાગતિભાવ હોય તો અસંતોષને સ્થાન જ ન હોય ને? આપણા ધર્મમાં તો એટલે સુધી કહ્યું છે કે અસંતોષ તો ન રાખવો એટલું જ નહિ પણ સ્પૃહા પણ ન રાખવી. ગીતામાં વિષયો પરની આસક્તિ છોડવા પર બહુ જ ભાર મૂકવામાં આવ્યો છે. વિષયોનો વિચાર કરતાં તે પ્રત્યે આસક્તિ ઊપજે છે, તે ઉપરથી કામ ઊપજે છે. વગેરે વગેરે કક્ષાઓ પછી વ્યક્તિનો વિનાશ થાય છે એમ સ્પષ્ટ કહ્યું છે. ભગવાન બુદ્ધ પણ કહે છે કે સ્પૃહાનો ત્યાગ કરવો જોઈએ. જો સ્પૃહા જ ન હોય, આસક્તિ જ ન હોય તો પછી અસંતોષને સ્થાન જ ક્યાં છે?

આ એક દૃષ્ટિએ વિચાર કર્યો. હવે બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો જણાય છે કે કેટલાક સંજોગોમાં સંતોષ પ્રગતિને અટકાવે છે ને અસંતોષ પ્રગતિનું મૂળ બને છે. જે વિદ્યાર્થીને માત્ર પાસ થવાથી જ સંતોષ થતો હશે તે ભાગ્યે જ પહેલા કે બીજા વર્ગમાં પાસ થશે. જેને પોતાની કમાણીથી સંતોષ હશે તે ભાગ્યે જ વધારે અભ્યાસ કરીને કે વધારે મહેનત કરીને વધારે કમાવાનો પ્રયત્ન કરશે. જેને પોતાના રહેવાના ધોરણથી સંતોષ હશે તે ભાગ્યે જ તે ઊંચું લાવવાનો પ્રયત્ન કરશે. કેટલાક અર્થશાસ્ત્રીઓના મત પ્રમાણે જરૂરિયાતોના પ્રમાણ ઉપરથી સંસ્કૃતિનું માપ નીકળે છે. ભલે આપણે આ મત સ્વીકારીએ નહિ, તોપણ એટલું તો જણાય છે કે ઘણી બાબતોમાં હિંદીઓનું રહેવાનું ધોરણ ઊંચું લાવવાની જરૂર છે. અને જ્યાંસુધી હિંદીઓને પોતાની રહેણી માટે અસંતોષ નહિ થાય ત્યાંસુધી તેઓ ઉપર આવવાનો પ્રયત્ન નહિ કરે.

સામ્યવાદીઓ અસંતોષની શક્તિમાં એટલું બધું માને છે કે મજૂરોની આર્થિક સ્થિતિ સુધારવાના પ્રયત્નો તેમને રુચતા નથી. તેઓ માને છે કે આવા સુધારા લાંબી દૃષ્ટિએ હાનિકારક છે; કારણકે તે મજૂરોમાં સંતોષ ઉત્પન્ન કરીને એમને ક્રાંતિ કરતાં રોકે છે. સામ્યવાદીઓની વિચારસરણી એવી છે કે મજૂરોમાં ખૂબ અસંતોષ થાય અને એમનામાં એવી પ્રચંડ શક્તિ આવે કે તેઓ ક્રાંતિ કરવાને શક્તિમાન થાય અને ત્યારપછી પ્રજાનું એકહથ્થુ રાજ્ય તેઓ સ્થાપી શકે. સામ્યવાદીઓને અસંતોષની શક્તિમાં ખૂબ શ્રદ્ધા છે.

આપણે ઘણાખરા માનવીઓ આપણી ક્ષુદ્ર સ્થિતિમાં રહીએ છીએ તેનું એક મુખ્ય કારણ એ છે કે આપણને આપણા જીવનથી, આપણાં કાર્યોથી, આપણા આદર્શોથી સંતોષ છે. આપણે આપણા વર્ગના અને પાસ કરીને, આપણી આસપાસના લોકો સાથે સરખાવીએ છીએ, અને જો તેમના જેટલું આપણે કમાતા હોઈએ તો આપણે સંતોષ માનીએ છીએ, અને તેથી વધારે મેળવવાનો ઘણીવાર પ્રયત્ન કરતા નથી.

જો આપણે મનુષ્યની શક્તિ કેટલી છે તેનું માપ કાઢવાનો પ્રયત્ન કરીએ તો તે અગાધ છે એમ આપણને જણાશે. પ્રખ્યાત અમેરિકન માનસશાસ્ત્રી વિલિયમ જેમ્સ કહે છે કે 'સાધારણ મનુષ્ય પોતાની શક્તિના માત્ર દસમા ભાગનો ઉપયોગ કરે છે.' આપણા ધર્મમાં તો કહ્યું જ છે કે 'अहं ब्रह्मास्मि હું બ્રહ્મ છું,' પરમેશ્વર જેટલી શક્તિ આપણે દરેકમાં છે! આપણે એના કેટલામા ભાગનો ઉપયોગ કરીએ છીએ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની સ્થિતિથી સંતોષ પામવાને લીધે કેટલું અધઃપતન થાય છે ને કેટલી નિષ્ક્રિયતા આવી જાય છે તેનો દાખલો આપણા હરિજન ભાઈઓનાં જીવનમાંથી મળી આવે છે. સૈકાઓથી તેઓ દબાયલા છે અને અમારું જીવન તો આવું જ હોય એવી એમના પર એવી સજ્જડ છાપ પડી છે કે પોતાના જીવનથી હરિજનોને અસંતોષ ઉત્પન્ન કરવાનું કામ સુધારકો માટે બહુ અઘરું થઈ પડ્યું છે. હરિજનોને પાણીની ખૂબ મુશ્કેલી છે. કૂવા ખોદવા માટે સરકારે કહ્યું કે 'અમે જોઈતો માલ પૂરો પાડીશું પણ તમારે તમારી મજૂરી આપવી.' આ સુંદર યોજનાનો લાભ કેટલાકે લીધો, પણ બીજા કેટલાએ પોતાના કૂવા માટે પોતે મજૂરી કરવાની ના પાડી! હરિજનોમાં ઘણાં વર્ષો જેમણે કામ કર્યું છે એવા એક ભાઈ મશ્કરીમાં કહેતા હતા કે 'હરિજનો યોગી છે—નિષ્ક્રિય ને નિઃસ્પૃહી.' જ્યાંસુધી ભંગી પાસે અડધું માટલું ભરીને ચોખા હોય ત્યાંસુધી તમે એની પાસે કશું કામ નહિ કરાવી શકો.

કમનસીબે, હરિજનોનું માનસ એવું થઈ ગયું છે કે એમની સ્થિતિ તો એવી જ હોય એમ એમને લાગી ગયું છે. એમને સુધારવા હોય તો એ કામ તમારું છે, એમનું નહિ. એમના સહકારની આશા રાખી શકાય નહિ. સાંભળ્યા પ્રમાણે, એકવાર ઠક્કર બાપાએ હરિજનો દૂધ પી શકે એટલા માટે એમને મફત ભેંસો મોકલી આપી. હરિજનોનું ગામ જે રેલવે સ્ટેશને ભેંસો આવી ત્યાંથી થોડા માઈલ દૂર હતું. થોડા દિવસ પછી ઠક્કરબાપાને ખબર પડી કે એમણે મોકલેલી ભેંસો હરિજનો લઈ નહોતા ગયા. ભેંસો ભલે મફત મળતી હોય પણ થોડા માઈલ ચાલવાની કોણ તસ્દી લે ?

આ તો પછાત કોમ વિષેની વાત છે.

પણ, આપણા સુશિક્ષિત સંસ્કારી વર્ગનું માનસ કેવું છે ? આપણામાંના ઘણા આપણને મળતા વેતનથી અસંતોષ દેખાડીએ છીએ, પણ એ સાચો અસંતોષ નથી. એક ટાઈપિસ્ટને કહેવામાં આવ્યું કે એમણે એમના ફાજલ વખતમાં પોતાના સ્પેલિંગ સુધારવા જોઈએ અને બને તો શૉર્ટહેન્ડ (શીઘ્રલિપિ) શીખી લેવું જોઈએ, ત્યારે એમણે કહ્યું કે 'એમને જે પગાર મળે છે તે મળ્યા કરવાનો છે, પછી વધારે શીખીને ફાયદો શો ?' મેટ્રિકમાં નપાસ થયેલા એક વિદ્યાર્થીના પિતાએ કહ્યું હતું, 'હું ક્યાં મેટ્રિક પાસ થયો છું ?' જો આપણા આદર્શો જ નીચા હશે તો આપણી કાર્યસિદ્ધિ કેટલી હશે ? અંગ્રેજીમાં કહ્યું છે કે 'મધ્યાહ્નના સૂર્ય તરફ જે તાકે છે તે છોડને તાકનાર કરતાં વધારે દૂર તીર ફેંકી શકશે.'

અસંતોષ વિના આપણી પ્રગતિ કેવી અટકી જાય છે તેનું એક રસમય દૃષ્ટાંત છે. એક હોશિયાર શિલ્પકારને એક છોકરો હતો. તે છોકરો પણ બહુ સરસ શિલ્પકાર હતો, પણ એનો બાપ એનાં વખાણ કરવાને બદલે એના કામમાં કંઈક ખોડ બતાવતો. છોકરાને આ ગમતું નહિ. એક દિવસ એણે એવી યુક્તિ કરી કે એક સરસ પૂતળું બનાવીને તે રેતીમાં દાટી આવ્યો. પછી એ પોતાના પિતાને એ બાજુ ફરવા લઈ ગયો અને જાણે અચાનક પૂતળું જડ્યું હોય એમ એને બતાવ્યું. પિતાએ પૂતળાનાં ખૂબ વખાણ કર્યાં, ત્યારે છોકરાએ પોતાની યુક્તિની વાત કરી ને એ પૂતળું એનું જ છે એમ કહ્યું. પિતાએ એને કહ્યું કે 'આજથી તારી પ્રગતિ બંધ થઈ ગઈ છે.'

ખાસ કરીને, આધ્યાત્મિક બાબતમાં, દેશસેવામાં, સામાજિક સેવામાં, વગેરેમાં કેટલા થોડામાં સંતોષ માની જઈએ છીએ ? ગાંધીજી જેવા આદર્શોને પૂજીએ છીએ ખરા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે દૂરથી જ. કરસનદાસ માણેકે ગાંધીજી વિષે એક સુંદર કવિતા લખી છે તેમાંની એક લીટી આ પ્રમાણે છે: 'ડગલેડગલે એનું ખૂન કરી, એને પૂજવા પુષ્પથી કાં નીસરો?' આપણે 'ખૂન' તો નહિ કરતા હોઈએ, પણ અવગણના જરૂર કરીએ છીએ. ગાંધીજી જેવી ભવ્ય વિભૂતિ આપણા દેશમાં થઈ ગઈ, એમના ઉપદેશનો કેટલો ભાગ આપણે ઝીલ્યો? વરસાદ મૂશળધાર પડતો હોય, પણ 'ટીપાં બેત્રણ માત્ર ચાતકમુખે ઝીણાં પડે પાણીનાં' તેમ આપણે એ ઉપદેશનો નહિ જેટલો ભાગ ગ્રહણ કરીને આપણી જાતને કૃતકૃત્ય માનીએ છીએ.

આનો અર્થ એમ નથી થતો કે આપણે ખરાબ છીએ—જરા યે નહિ. પણ એટલું આપણે જરૂર સ્વીકારવું જોઈએ કે આપણે ભલે સારા હોઈએ પણ શ્રેષ્ઠ નથી તેમ શ્રેષ્ઠ થવાની તમન્ના પણ આપણામાં નથી. સોક્રેટિસ કહે છે કે 'જે લોકો કશું કામ કરતા નથી તે જ લોકો આળસુ છે એમ નહિ, પણ શક્ય હોય એટલું જે ન કરે તે પણ આળસુ છે.' અંગ્રેજીમાં કહેવાય છે તેમ: 'ખરાબ' બાદ કરીએ તો, 'શ્રેષ્ઠ'નો મોટામાં મોટો શત્રુ 'સારું' છે. આપણે 'સારા' છીએ, ને તેથી આપણને સંતોષ છે, અને આપણે 'શ્રેષ્ઠ' થવાનો પ્રયત્ન કરતા નથી.

આ આખા ય સંતોષ–અસંતોષના પ્રશ્ન વિષે આપણે એમ કહી શકીએ કે જ્યાં આપણો ઉપાય ન હોય ત્યાં આપણે સંતોષ રાખવો, પણ તે સિવાયની બાબતોમાં, જ્યાં પુરુષાર્થ કરવાનો હોય તેમાં આપણી પ્રગતિ માટે પુરુષાર્થ કર્યા વિના સિદ્ધિ નથી. જેટલી સિદ્ધિ મળે તેથી આનંદ પામવો, પણ વધારે સિદ્ધિ માટે યત્ન કરવો. ખાસ કરીને, આધ્યાત્મિક બાબતમાં, અસંતોષ વધારે કેળવવો કે જેથી વધારે પ્રગતિ કરી શકાય.

★

એક વિદ્વાન સંન્યાસી કોઈની સાથે બોલતા નહિ અને કોઈનો સંગ પણ કરતા નહિ. આ જોઈને બીજા મહાત્માઓએ તેમને કહ્યું, કે આપ તો વિદ્વાન છો અને બોલતા નથી. તેમાં બીજાને શો લાભ? માટે કૃપા કરીને કાંઈ બોલો તો ઠીક. તે મહાત્માએ કહ્યું કે મેં કંઈ મૌનવ્રત ધારણ કર્યું નથી. પશુ પણ બોલ્યા વિના રહે છે તો આમાં કંઈ વિશેષતા નથી. પણ મારે બોલવું શું? કારણકે ઘર છોડ્યું, વગેરે બાર છોડ્યું, મૂંડ મુંડાવી રાતી માટીવાળાં કપડાં પહેર્યાં વગેરે આપણા ભૂંડા હાલ તો કર્યા, વગેરે ભીખ માગવા માંડી. આટલું થતાં ય 'લોકો મારું પૂજન કરે અને હું જ્યાં જાઉં ત્યાં મારું સન્માન કરે,' એવી મોટાઈ મેળવવાની વાસના તો ગઈ નહિ. આપણે ભિક્ષા માગી ગંગાકિનારે પાણીમાંથી બેઠકમાંના પથ્થર ધોઈને તે ઉપર ભિક્ષા મૂકી જમીએ છીએ, તેમાં આપણા હમેશના બેસવાના પથ્થર ઉપર બીજો કોઈ આવીને બેસી ગયો હોય તો મનમાં એમ થાય કે મારા પથ્થર ઉપર બીજો કોઈ આવી બેસી ગયો છે. આટલોઆટલો સમાગમ કરતાં છતાં ય અહંતા–મમતા વધતી જાય છે, પણ ઘટતી નથી, તો મારે શું બોલવું?

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લેખક : શ્રી વિઠ્ઠલદાસ વ. જેરાજાણી

ગુલામી અને આઝાદી

ગુજરાતના જેવી જ હોળી પ્રથા મુંબઈની પાસે માત્ર ૫૦ માઈલપર આવેલા થાણા જિલ્લાના ભીમડી તાલુકામાં આવેલા, વજ્રેશ્વરી નામના ગામમાં અને એની આજુબાજુના પ્રદેશમાં હાલ પણ ચાલુ છે. વજ્રેશ્વરી તો છે મુસાફરોનું ને પ્રવાસીઓનું દર્શન-ધામ; કારણ એની પાસે અકલોલી ગામની હદમાં ગરમ પાણીના ઝરા છે. આ ઝરા ચોવીસે કલાક અખંડ વહ્યા કરે છે. આ ઝરાના સ્નાનથી સંધિવા, લકવા વગેરે ચામડીનાં અનેક દરદો મટે છે; અને એ કારણે દરદીઓ તેમ જ સહેલાણીઓની ત્યાં આવજા સતત ચાલુ હોય છે. કુદરતની ગરમ પાણીના ઝરાની બક્ષિસનો લાભ લેવા આવતી જનતાની સગવડ માટે દાતાઓએ સેનેટોરિયમ અને ધર્મશાળામાં રહેવાની સગવડ કરેલા છે. મુંબઈના લોકો મોટી સંખ્યામાં અહીં આવે છે. પણ ઉજળિયાત લોકોની ચાલુ આવજાના આ પ્રદેશમાં ગરીબ અને અજ્ઞાન લોકોનું કેવું શોષણ થઈ રહ્યું છે એની કાંઈ જ ખબર યાત્રીઓને નથી હોતી.

લગભગ દસ વર્ષ થયાં નિવૃત્તિ લેવાની દૃષ્ટિએ હું અત્રે આવી વસ્યો છું. એટલે આવી હકીકતોની માહિતી મને મળી રહે છે.

અહીંનો મુખ્ય ધંધો ભાતની ખેતીનો છે. આ ખેતીના કામ માટે મજૂરો જરૂરી હોય છે. સસ્તા મજૂરો મેળવી લેવા માટે જમીનદારો અનેક પેરવી રચે છે. આ બાજુ આદિવાસીની વસ્તી ઠીક પ્રમાણમાં છે. આ કોમ બિલકુલ અજાણ છે. એમની દુનિયા એટલે એમનું ભાંગ્યુંતૂટ્યું ઝૂંપડું અને એના માલિકનું ખેતર. રાયકા નામની એક આદિ-વાસી કોમનો એક યુવાન નામે 'હાલ્યો' ઉંમરલાયક થયો. એનાં માબાપે એને પરણાવવા વિચાર કર્યો; પણ લગનના ખર્ચનું શું?

આ ખર્ચ માટે રૂા. ૨૦૦)ની જરૂર એમણે ગણી અને એ રકમ કરજે મેળવવા એક જમીનદાર–શાહુકાર પાસે પહોંચ્યા. શાહુકારો તો આવું કરજ આપવા હમેશાં તૈયાર હોય છે; કારણકે આવી ધીરધારથી એમને ખેતીકામમાં સસ્તા મજૂરો મળી રહે છે.

હાલ્યાના લગ્ન માટે રકમ આપવા જમીનદારે ખુશી બતાવી અને એ સાટાખત તૈયાર થયું. આ સાટાખતમાં નીચે પ્રમાણે કબૂલાતો હતી:

(૧) શાહુકાર રૂા. ૨૦૦ લગ્ન માટે ધીરે.

(૨) હાલ્યો આ શાહુકારને ત્યાં નોકરી કરે.

(૩) હાલ્યાને દર વર્ષે શાહુકાર એક ખંડી, લંગોટી માટે રૂમાલ અને ચોમાસામાં ઓઢવા ગોદડી આપે. આ ઉપરાંત અમુક દાણો એને ખાવા માટે આપે. (જે ભાગ્યે જ પેટપૂરતું ગણાય.)

અને દર વરસે રૂપિયા દસ એના ખાતામાં લેણા પેટે જમા કરે. (આ હિસાબે વીસ વર્ષે એનો છુટકારો થાય) આ ખત ઉપર (અંગૂઠાની નિશાનીથી) સહીઓ થઈ. હાલ્યાનાં લગ્ન થયાં. અને હાલ્યો ગુલામીમાં સપડાયો. આ શાહુકારે સંજોગવશાત્ હાલ્યાને એક બીજા જમીનદારને વેચાણ કરી પોતાની રકમ તેની પાસેથી વસૂલ કરી લીધી. હું જે ગામમાં રહું છું એ વજ્રેશ્વરીમાં આ નવો શાહુકાર રહે છે.

આવી રીતે સપડાયેલાઓને હું કંઈક

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગી થઈ શકું છું ને એમને મદદ કરું છું એની ખબર હાલ્યાને મળી. એ થાકયો હતો એટલે એક દિવસ મારી પાસે આવ્યો અને એણે પોતાની ગુલામી ખંખેરી નાખવાની ઇચ્છા બતાવી. સરકારે, આ લોકોના ભલા માટે કેટલાક કાયદા–કાનૂનો કરેલા છે. તેની મેં એને સમજણ આપી અને મારે ત્યાં કામે આવવા સૂચના કરી.

એના શાહુકારને હું મળ્યો. અને તેને જણાવી દીધું કે 'હાલ્યો છૂટવા માંગે છે. અને આવતી કાલથી એ તારે ઘેર કામપર નહીં આવે.' આ સાંભળતાં તો એ રાતોપીળો થઈ ગયો. પણ કરે શું? મેં એને સમજાવ્યો કે એણે જે નાણાં ધીર્યાં છે તે જો વસૂલ લેવાં હોય તો એનો હિસાબ કરી નાંખવો.

સામાન્ય રીતે આવો ગુલામ ભાગે ત્યારે જમીનદારો ભેગા થઈને તેને અનેક રીતે હેરાન–પરેશાન કરે છે, માર મારે અને એનું રહેણાક ઝૂંપડું યે તોડી નાખે છે; એટલું જ નહીં પણ ગામમાં એનો બહિષ્કાર કરાવે છે અને એ રીતે એને લાચાર કરી મૂકે છે. અંતે એને પાછો પોતાની નોકરીમાં મેળવી લે છે. અત્રેના મારા લાંબા વસવાટની જે અસર ગામલોકો ઉપર રહી છે એ કારણે હાલ્યાને હેરાન કરવાની હિંમત શાહુકારે કરી; પણ મારી પાસે આવી એણે જણાવ્યું કે 'હમણાં ખેતરમાં કાપણીની મોસમ ચાલે છે (જે એક મહિનાની ગણાય) એટલો સમય એ કામ કરે અને પછી છૂટો થાય.' મેં એ વાત મંજૂર રાખી. અને બીજે દિવસે હાલ્યો મારે ત્યાં કામે આવ્યો ત્યારે મેં એને સૂચના કરી કે એણે કાપણીના કામ માટે જવું. એ ગભરાયો અને મને જણાવ્યું કે 'કાકા (આ નામે અત્રેના લોકો મને બોલાવે છે) એ લોકો મને ખેતરમાં મારીજ નાખે' મેં આશ્વાસન આપ્યું અને એવું નહીં બને એવી ખાતરી આપી.

હાલ્યો એના ધણીના ખેતરે ગભરાતો-ગભરાતો પહોંચે છે. અને કામ પૂરું કરી સાંજના મારી પાસે હસતોહસતો આવી કહે છે કે 'કાકા સામાન્ય દિવસોમાં પણ ખેતરે દિવસભરમાં અનેક ગાળો ખાઉં તેને બદલે આજે તો હું એનો મહેમાન હોઉં એ ઢબે એ લોકો મારી સાથે વર્ત્યાં.'

વાવણીનું કામ પૂરું થાય છે. હાલ્યો મારી પાસે આવી કામે લાગે છે. શાહુકાર સાથેનો હિસાબ એ બંનેએ મળી સમજી લીધો અને દર વર્ષે રૂ. ૨૫) ના હપ્તાથી એ રકમ ભરપાઈ કરવાનું નક્કી થયું.

આઝાદ હાલ્યો કામે ચડ્યો. પોતાને મળતી રોજીમાંથી થોડુંથોડું બચાવે અને એ રીતે એણે પહેલો હપ્તો ભર્યો.

બીજા હપ્તાનો વખત થાય તે પહેલાં એ માંદો પડ્યો. પૂરી રોજી કમાઈ શકે નહિ એટલે હપ્તો કયાંથી ભરે? નાણાં માટે શાહુકારે દબાણ કર્યું અને એને ફરી સપડાવવા ગામના જમીનદારો ભેગા થઈ એને ઘેર પહોંચ્યા. ખૂબખૂબ દમદાટી આપી અને હપ્તાની રકમ ભરવા જેટલાં નાણાં એક બીજો જમીનદાર ધીરે એમ નક્કી થયું. હપ્તાના રૂા. ૨૫) અને બીજા ૨૨) રૂપિયા વધુ લેવા. હાલ્યાને સમજાવી રૂા. ૪૭) નું ખાતું ફરીને પડાવ્યું. શરત એક હતી કે દર વર્ષે ખેતીની મોસમમાં હાલ્યો, એની સ્ત્રી અને મા ત્રણે કામે જાય અને તે બદલ રૂા. ૭ા લેણા પેટે જમે થાય.

આ ખબર એણે મને તરત ન આપી અને એ ત્રણે નવા શાહુકારને કામે ગૂંથાયાં. આ કુટુંબ એક દિવસ ગામમાં હું ખબર કાઢવા ગયો ત્યારે મને શી પૂછપરછ ને ખબર કાઢવા ગયો ત્યારે મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાતુર્માસ

લેખક :
શ્રી મંજુલાલ સાકરલાલ દેસાઈ
બી. એ.

એમ તો શિયાળાના કે ઉનાળાના ચાર મહિનાને ચાતુર્માસ જ કહેવાય, પણ ચોમાસાના ચાર મહિનાને જ ચાતુર્માસ કહી એની આસપાસ ધર્મ, આરોગ્ય અને વિજ્ઞાનની દૃષ્ટિ રાખવામાં પ્રાચીન આર્યોએ કેવી કુનેહ વાપરી છે એનો વિચાર આવતાં આજેય આશ્ચર્ય ઉપજે છે. વરસાદના દિવસોમાં આરોગ્ય સચવાય તે માટે ઉપવાસ ને વ્રતો રચાયાં. સંસારીઓને ધર્મજ્ઞાન મળે તે માટે સાધુઓને ચાતુર્માસ દરમિયાન એકાદ સ્થળે સ્થિર થવાનો આદેશ મળ્યો. આમ સમાજની આધિભૌતિક પ્રવૃત્તિઓ થંભી જાય છે તેવે સમયે સમાજવિધાયકોએ ચાતુર્માસરૂપી મહાસત્રની યોજના કરી છે. એ પવિત્ર સમયમાં પરિશુદ્ધિ, આધિદૈવિક આરાધના, દેહઆરોગ્યની સાધના અને શક્તિની સર્વતોમુખી ઉપાસના કરવી કેવી રીતે શક્ય છે, ચાતુર્માસના દરેકેદરેક પર્વ પાછળ કઈ દૃષ્ટિ કાર્ય કરી રહી છે, તેનું વિચારપ્રેરક બયાન આ લેખમાં મળે છે. દરેક હિંદુએ ચાતુર્માસમાં આનું મનન કરવું જોઈએ.

માનવ અને પશુના દેહવ્યાપારો સરખા છે. એમની સાહજિક વાસનાઓ, ઊર્મિઓ અને શારીરિક જરૂરિયાતો સરખી છે. તફાવત માત્ર એટલો છે, કે માણસ બુદ્ધિપુરઃસર પોતાની જાત પર કાબૂ રાખે છે, વર્તનની યોગ્યાયોગ્યતા મુકરર કરે છે અને સ્વીકારેલા નિયમો પ્રમાણે વર્તે છે. એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે તે પ્રમાણે માનવ અને પશુ વચ્ચેનો ભેદ એટલો જ છે, કે માનવને ધર્મ છે, પશુને કોઈ ધર્મ નથી; સિવાય કે આંતરિક પ્રેરણા.

શબ્દના અનેક અર્થ થાય છે. તેમાં ધર્મના તો એટલા અર્થ અને એટલી વ્યાખ્યાઓ છે, કે ક્યારેક એ શબ્દનો સદુપયોગ કરતાં દુરુપયોગ વધારે થાય છે.

ખ.સ કરીને ધર્મ ને સંપ્રદાય, વિશિષ્ટ મત કે અમુક ક્રિયાકાંડ કે આચારપાલનના અર્થમાં લેવાય છે, ત્યારે ઘણી વખતે અર્થનો અનર્થ પણ થઈ જાય છે.

અહીં પશુ અને માનવ વચ્ચેના ભેદ તરીકે જે 'ધર્મ' શબ્દ વપરાયો છે; તેનો અર્થ ઋત-પ્રગતિપ્રેરક સત્ય-એ લેવો જોઈએ. જે જે પ્રવૃત્તિ વ્યક્તિ, સમૂહ કે સમષ્ટિની કોઈ પણ જાતની પ્રગતિમાં બાધક હોય તે અધર્મ, સાધક હોય તે ધર્મ. વ્યક્તિ અને સમાજ, રાષ્ટ્ર અને માનવકુળની પ્રગતિ અને અસ્તિત્વનો આધાર આવા ધર્મના પાલન પર અવલંબે છે.

સમાજના ઘણાખરા વર્ગ માટે આ ચાતુ-

હકીકતની જાણ થઈ. કુટુંબનાં ત્રણે જણને બેસાડી પરિસ્થિતિ બરાબર સમજાવી એ ત્રણેય ને કામ મેળવી આપવા જણાવ્યું. બરાબર ત્રણે કામ કરે તો ખાતાંપીતાં મજૂરીમાંથી જે રકમ બચે તે મારી પાસે જમે કરાવે. અને તેમાંથી નવાં લેણાંની રકમ ચૂકતે પતાવી નાંખે.

આ વર્ષમાં નવા કરજની રકમ લગભગ ભરાઈ ગઈ છે. આઝાદ હાલ્યો આજે મારી પાસે કામ કરે છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસ પ્રવૃત્તિના વિરામનો છે. યુદ્ધ, વાણિજ્ય, પ્રવાસ અને ઘણાખરા ઉદ્યોગો આ વખતે ફરજિયાત બંધ રાખવા પડે છે. આ વખતે જ આ વર્ગના લોકો, ભૌતિક પ્રવૃત્તિ અટકી જવાથી પારમાર્થિક બાબતોપર લક્ષ આપી શકે અને જો સાધુઓ પણ આ વખતે સ્થિર થાય તો તેમના સત્સંગનો લાભ ઉઠાવે.

પણ પ્રવૃત્તિ સ્થંભે એટલે પ્રાણ સ્થંભે એવી સંભાવના ઉપસ્થિત થાય છે. જળ સ્થંભે એટલે ગંધાય. વહેતાં જળ જ નિર્મળ અને આરોગ્યપ્રદ હોય. આથી જ્યારે સમાજની આધિભૌતિક પ્રવૃત્તિઓ થંભી જાય ત્યારે એને માટે ઇતરઇષ્ટ પ્રવૃત્તિઓ યોજવી જોઈએ. આથી વ્રતો, ઉત્સવો વગેરેનાં વિધાનમાં કુશળ આપણા સમાજ-વિધાયકોએ ચાતુર્માસને એક મહાસત્રમાં ગોઠવી દીધો છે. વિવિધ પ્રકૃતિના સાધકોને અનુકૂળ આવે એમ નાનાંમોટાં પર્વગુચ્છોની ફૂલગૂંથણી કરી, આ ચાર મહિના સમાજ માટે સર્વમુખી આરાધનાના નક્કી કર્યા છે.

લાંબા સમયથી ટકેલી દરેક વ્યવસ્થા પાછળ સર્વગ્રાહી દૃષ્ટિ હોવી જોઈએ. એવી જ સર્વગ્રાહી દૃષ્ટિ હિંદુસમાજનાં વ્રત–ઉત્સવો ગોઠવનાર સમાજશાસ્ત્રીઓની હતી. ચાતુર્માસ-માં પ્રવૃત્તિને વિરામ આપ્યો, પણ તે પછી પ્રવૃત્તિનો વધારે વેગવાન આરંભ કરવાનો છે, એ લક્ષ્ય એ ભૂલ્યા નહિ. એટલે ચાતુર્માસમાં મળેલા ફરજિયાત આરામને એમણે એવી રીતે યોજ્યો છે, કે તેને પરિણામે તે પછી થતી પ્રવૃત્તિ વધારે સબળ અને સફળ બને.

આ માટે ચાતુર્માસની આરાધનામાં પાંચ વિભાગ પડે છે: અષાડમાં આધ્યાત્મિક પરિશુદ્ધિ, શ્રાવણમાં આધિદૈવિક આરાધના, ભાદરવામાં દેહના આરોગ્યની સાધના અને તે પછી આસોમાં શક્તિની સર્વાંગી સાધના

કરી, કાર્તિકમાં કર્મક્ષેત્રમાં પ્રવૃત્ત થતાં પહેલાં યોગ્ય સામાજિક અને ઇતર પ્રબંધો કરી લેવાના છે.

આ વસ્તુ વધારે સ્પષ્ટ કરવા આપણે જરા વિસ્તારથી આ પંચવિધ પ્રવૃત્તિ તપાસીએ.

હિંદુસ્તાનના દરેક અંગ માટે આષાઢ એ પ્રવૃત્તિના વિરામનો આરંભ છે. ગામડાંના વ્યાપારો સંકેલાઈ ગયા છે, વર્ષાના આગમન પહેલાં થવાની ધીરધાર પતી ગઈ છે અને વણઝારો, વેપારીઓ અને મુસાફરો ઘેર આવી ગયા હોય છે. અખાત્રીજથી જમીન તૈયાર કરવામાં પડેલા ખેડૂતો બે માસ ભયંકર તાપમાં અથાક શ્રમ કરી વર્ષાના આગમનની રાહ જોતાં કે એનો સત્કાર કરતાં શ્રમ ઉતારે છે. વર્ષા આવે પછી જ એમને કામ શરૂ કરવાનું છે. હવે પહેલાંનાં રણચર્યાઓ રહી નથી અને એ હતી ત્યારે ક્ષત્રિયો માટે તો અષાડથી વિજયાદશમી સુધી બેસી રહેવાનું જ હતું, અને ગામતરે યજમાન-વૃત્તિ કરવા નીકળેલા બ્રાહ્મણો, ભાટ, ચારણો પણ હવે તો પાછા વળી ગયા હોય છે, અને સાધુઓને તો જ્યાં હોય ત્યાં જ બેસી જવાનું છે. આમ અષાડનો આરંભ દરેક વ્યક્તિને નિવૃત્તિપરાયણ કરી દે છે.

એટલે અષાડમાં જ ચાતુર્માસની આરાધનાનો આરંભ કરવો જોઈએ. પછી એ આરાધના આધ્યાત્મિક, આધિદૈવિક કે આધિ ભૌતિક સિદ્ધિ માટે હોય.

હવે સમગ્ર આરાધના માટે પ્રધાન વસ્તુ છે ચિત્તશુદ્ધિ અને નિષ્ઠા. અષાડનાં પર્વો આ વસ્તુને અનુલક્ષીને રચાયાં છે.

પહેલું પર્વ છે રથયાત્રા. મહાકાળની મહાયાત્રાનો એ દિવસ. એ દિવસે જગન્નાથ મંદિર છોડી ભક્તોને મળવા બહાર નીકળે. ભેદભાવ કે પંક્તિભેદ વિનાના ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીશનાં સ્મરણોથી એ દિવસે મનુષ્યે રંગ, વર્ણ અને સંસ્કારના ભેદ ભૂલી જવા જોઈએ અને વિશ્વબંધુત્વ અને સમત્વનો અનુભવ કરવો જોઈએ. રથયાત્રાનાં સર્વ સૂચનો રજૂ કરવાનો અહીં અવકાશ નથી, પણ જગન્નાથને પૂજનાર કોઈ પણ વ્યક્તિ સમાનતા અને માનવતાને પ્રધાનપદ આપવા બંધાયેલી છે. એ પર્વ ચારે વર્ણોનું કે એક જ સંમિલિત વર્ણનું પર્વ છે. આધ્યાત્મિક દૃષ્ટિએ એ દિવસે મહાકાલ અને વિરાટ આગળ વ્યક્તિની ક્ષુલ્લકતા સમજી, સાધકે અહંકાર નિર્મૂળ કરવા મથવાનું છે.

તે પછી સાધક અષાડી નવરાત્રિમાં વ્યવસ્થિત ક્રમથી દેહનાં નવે દ્વાર પર સંયમ કેળવી દેવશયની એકાદશીને દિવસે દશેય ઇંદ્રિયોના દેવ અને અગિયારમા મનને સુવાડી દઈ-સંયમિત કરી-ચાર માસ માટે એમની વાસનાપ્રેરક શક્તિઓનો ન્યાસ કરે. આ પછી ત્રણ દિવસ એકાગ્ર શકિતન્યાસ અનુભવી પૂર્ણિમાને દિવસે ગુરુ અને ગુરુ-પરંપરા સાથે ચિત્તનું અનુસંધાન કરે, અને પછી પખવાડિયા સાથે સર્વે સકામ કર્મોને ગુરુચરણે કે ભગવદ્ચરણે કરવાની ટેવ પાડે. આમ સાધક ધીમેધીમે પોતાનું પૃથકત્વ ભૂલતો જાય, એટલે અમાવાસ્યાના દિવસે સર્વે સકામ ઇચ્છાઓ, જીવન પ્રકાશતી કે જીવન દઝાડતી આશા-નિરાશાઓને દીપકના રૂપમાં પ્રતિબિંબિત કરી, અનંત કાલાર્ણવના પ્રતીક જેવા વહેતા જળમાં વહાવી દે. આમ દીવાસો એ અધ્યાત્મનિષ્ઠાના પૂર્વસંકલ્પની પૂર્ણાહુતિનો દિવસ છે.

પણ જે વિશાળવર્ગને કોઈ અનુષ્ઠાન કે પુરશ્ચરણ કે આધ્યાત્મિક કે આધિદૈવિક આરાધના નથી કરવી, તેને માટે પણ આ પર્વોમાં સીધા સૂચનો છે. રથયાત્રાને દિવસે એ સમત્વ કેળવે, ભેદભાવ ત્યજે; નવરાત્રિમાં એ નવરાસનો આનંદ માણે, માતાના થાળમાં શક્તિવર્ધક પદાર્થો સેવી આગામી વર્ષાકાળના રોગો સામે રક્ષણ શોધે; પૂર્ણિમાએ ગુરુ અને ગુરુજનો પાસેથા પ્રકૃતિ માટે જરૂરી ઉપદેશ ગ્રહણ કરે, નવી વર્ષા ખેડૂતોને તો પૂનમ પછી કામગીરી આપે છે. બીજાઓ એટલો વખત વરસભરનો થાક ઉતારે.

અષાડ એ તો સાધના માટેની પૂર્વ-તૈયારીનો માસ એ આપણે ઉપર જોયું. તે પછી આવે છે શ્રાવણ. એ માસ એટલે દેવપૂજનનો માસ-શ્રાવણ એટલે સાધના-ઉપાસનાનો મહિનો. એનો એકએક દિવસ એકએક પર્વ છે. પૂજન, અર્ચન, વ્રત, ઉત્સવ અનેક કર્મકાંડથી આ માસ ભરેલો છે. સામાન્ય માનવીઓનો શ્રમ હવે ઊતરી ગયો હોય છે અને ભૌતિક સિદ્ધિ માટે જરૂરી સ્નેહ-સંબંધો વિકસાવવાનો સમય આવ્યો છે; માટે એમને માટે આ માસ મેળાઓનો-સંમેલનોનો છે. એમાં નવી ઓળખાણો થાય છે. આષાઢમાં સાધનાની પૂર્વતૈયારી કરી, હવે સાધક ગુરુદીક્ષા કે પોતાનાં અંતીમ ધ્યેયને અનુલક્ષીને આખા માસનો કાર્યક્રમ રચે છે.

પણ જેમ રથયાત્રા, ગુરુપૂર્ણિમા અને દીવાસો અષાડની ઉપાસનાના સંકેતો સ્પષ્ટ કરે છે, તેમ આ માસમાં બળેવ, જન્માષ્ટમી અને શ્રાવણીઅમાસ એ ઉપાસનાનો ક્રમ બતાવે છે.

આ પર્વત્રિપૂટીમાં આર્યોની આધ્યાત્મિક અભિલાષા જાણે મૂર્તિમંત થાય છે. બળેવ એટલે દ્વિજત્વ-નવજન્મની નવદીક્ષા. જન્મથી બધા શૂદ્ર હોય-ઉપવિત ધારણ કરે એટલે શૂદ્રત્વ ત્યાગે અને દ્વિજત્વ પામે. એનો અર્થ સ્પષ્ટ છે, કે ઉપવિત ધારણ કરનારે શૂદ્ર-ભાવો ત્યજવાના છે. આમ માનવને પશુતા તરફ ધકેલનારાનો દરેક ભાવ તે જીતવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકલ્પ એ જ સાચું દ્વિજત્વ છે. એ સંકલ્પ કરનાર માણુસ પશુમાંથી માનવી બને છે, એ સિદ્ધ કરનાર માણુસ માનવમાંથી દેવ બને છે. શ્રાવણી પૂર્ણિમાએ એ સંકલ્પની, સાધક પુનરાવૃત્તિ કરે, વર્ષભરમાં માનવતામાંથી થયેલાં પોતાનાં સ્ખલનો સંભારી જાય, અને એની પુનરાવૃત્તિ ન થાય તેવો નિશ્ચય કરે, પોતાની કુલપરંપરા અને ગુરુપરંપરાને સંભારી એને અનુરૂપ થવા તત્પર બને, અને એ રીતે આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં આગળ પગલાં માંડે.

અને પછી આવે છે જન્માષ્ટમી. વર્ષભરની ચાર મહારાત્રિઓમાંની એક–જે દિવસે કરેલા જપ પુરશ્ચરણ તરીકે ગણાય છે.

નિષ્કામ કર્મયોગના ઉપદેશકની એ જન્મતિથિ સાધકની સકામના નિર્મૂળ કરવા પૂરતી છે. રાજાઓનો શિરોમણિ છતાં રાજ્યપદહીન, યોગીઓમાં શ્રેષ્ઠ છતાં શૃંગારનો મૂર્તિમંત અવતાર–જન્માષ્ટમીના સંકેતો માટે તો જુદો લેખ જ લખાય.

અને શ્રાવણી અમાવાસ્યા એ તો વિરાટની સમાધિનું પ્રતીક છે. સિંહરાશી એટલે વિરાટનું હૃદય. વિરાટનો આત્મા સૂર્ય અને વિરાટનું મન ચંદ્ર. એ બંને આજે સિંહરાશીમાં યુતિ કરે.

પતંજલિનું વાક્ય છે, કે–' त्रयैरैक्यं समाधिः–આત્મા, હૃદય અને મન એક થાય એટલે સમાધિ થાય.' પ્રત્યેક અમાવાસ્યાએ સૂર્ય અને ચંદ્ર–આત્મા અને મન એક થાય એટલે ધ્યાનયોગ થાય, પણ સંપૂર્ણ સમાધિ તો શ્રાવણી અમાવાસ્યાએ જ બને છે.

તેથી શ્રાવણી અમાવાસ્યા એ નિત્ય સમાધિસ્થ ભગવાન શંકરની ઉપાસનાનો દિવસ છે.

પૂર્ણિમાએ દ્વિજત્વની દીક્ષા લઈ, જન્માષ્ટમીએ વીતરાગત્વ અને સ્થિતપ્રજ્ઞ થવાનો સંકલ્પ કરી, અમાવાસ્યાએ બ્રહ્મ સાથે નિર્વિકલ્પ મેળ સાધવા મથે, અને એ રીતે તે સંપૂર્ણાંશે બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરે એવો શ્રાવણનો સાધકને આદેશ છે.

અને પછી આવે છે ભાદરવો–હિંદની જનતાના મહારોગ મેલેરિયા સાથે સંકળાયેલો અને તેથી હીણાયેલો માસ. આ માસમાં સાધક આધ્યાત્મિક ટોચ પરથી આધિભૌતિક સપાટી પર ઊતરે છે, એમાં પતન નથી, સાચી સાધના છે.

શરૂઆતમાં ગણેશચતુર્થીએ એ ગણનાથની પૂજા કરી, ગણસેવા, જનસેવા અર્થે પોતે સાધેલી શક્તિઓ વાપરવા વ્રત લે, અને તે અંગે બીજે જ દિવસે–ઋષિપંચમીએ ઋષિજીવનનો–સમાજઅર્થે જ તપોમય–નિષ્કામ પ્રવૃત્તિમય–જીવન ગુજારવા સંકલ્પ કરે. જેણે સારી પ્રગતિ સાધી હોય, જેની બ્રહ્મનિષ્ઠા થઈ ગઈ હોય, તે આ દિવસે ફરીથી બ્રહ્મસૂત્ર ધારણ કરે.

અને પછી નવ દિવસ સુધી એ ઋષિજીવનનું નવાહ્ન વ્રત કરી, અનંતચતુર્દશીએ એ અનંત–બ્રહ્મની આવિર્ભૂત પ્રકૃતિ–વિષ્ણુના સંરક્ષક બળનું આધારસ્થાનની ઉપાસના કરે. આ માટે શેષ જેટલી જાગ્રતી, ધીમતા, ક્ષમા અને ધીરજ મેળવવાનો સંકલ્પ કરવાનો છે.

પછી પંદર દિવસ આવે શ્રાદ્ધના. શ્રાદ્ધ એટલે તર્પણ–મરેલાંની તૃપ્તિઅર્થે થતી ક્રિયા તે તર્પણ. મરેલાંનાં આદર્યાં અધૂરાં રહ્યાં હોય તે પૂરાં કરવાં એ એમનું સાચું તર્પણ છે.

એટલે આ પખવાડિયામાં મરેલાં બધાં આશ્રિત સગાંવહાલાંને સંભારી જવાં, એમનાં આશ્રિતોની યથાશક્તિ ભાળ લેવી, એમનાં અધૂરાં કાર્યો પૂરાં કરવાં અને એમનાં અનુકરણીય ગુણોને યથાશક્તિ જીવનમાં ઉતારવા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પક્ષનો આધ્યાત્મિક સંદેશ છે.

સાથેસાથે શ્રાદ્ધ દરમિયાન ક્ષીરભોજનનો આદેશ છે. પંદરે ય દિવસ એ ભોજન પર રહેનાર ચાતુર્માસના આનુષંગી રોગોથી રક્ષણ મેળવે છે અને એ રીતે શરીરને કાર્તિકથી શરૂ થતી કર્મપ્રવૃત્તિ માટે લાયક રાખે છે.

આશ્વિન માસ એટલે એ કર્મપ્રવૃત્તિ માટે શક્તિની સાધના. પ્રથમ પક્ષ એ શરીર, મન અને આત્માની શક્તિની સાધના માટેનો છે. પહેલાં આવે છે નવરાત્રિ. એમાં ઉપવાસ, માતાનો થાળ, સ્ત્રીઓના ગરબા, પુરુષોના રાસ અને મર્દાનગીભરી રમતો; એ સર્વે બેસતી શરદની શીળી ટાઢમાં શરીર કસવાના ઉત્તમ માર્ગો છે.

ઉપાસનાની દૃષ્ટિએ શક્તિ એટલે મહામાયા, પ્રકૃતિનું પ્રતિક. એની સાચી આરાધનાથી સાધકને શક્તિ મળવી જોઈએ.

અને તે પછી આવે છે કર્મસત્ર–દશેરાથી માંડી લાભ પાંચમ સુધી. દશેરાએ ક્ષત્રિયો સીમોલ્લંઘન કરે અને યુદ્ધ હોય તો તે દિવસે કાર્યારંભ કરે. બાકીની પ્રજા તે દિવસે આગલા વર્ષની પોતાની પ્રવૃત્તિ અને સિદ્ધિને નવા વર્ષમાં આગળ ધપાવવાનો સંકલ્પ કરી, એ રીતે કાર્યસીમાનું ઉલ્લંઘન કરે. આમ ખરું જોતાં વિજયાદશમી એ આગેકૂચ–પરિવરો પર નવવિજય સવારીનું મુહૂર્ત છે.

અને તે પછીનાં પર્વો વ્યવહારદૃષ્ટિએ યોજાયા છે. રણે ચડતા યોદ્ધા, પરદેશ જતા વેપારી, પાક સાચવવા ખેતરે રહેતા ખેડૂતો–સર્વને માટે નિવૃત્તિનો સમય પૂરો થાય છે. કાર્તિકમાં પ્રવૃત્તિ આરંભાય તે પહેલાં આત્મા, મન અને દેહને સંતુષ્ટ કરવા જોઈએ.

આથી પહેલાં ઊજવાય છે શરદપૂર્ણિમા–રાસેશ્વરના અદ્‌ભુત શૃંગારની રાત્રિ. તે દિવસે દંપતીઓ નિવૃત્તિના આનંદની પરાકાષ્ઠા અનુભવી લે. કુટુંબો ઘરાઈઘરાઈને એકમેકનું સાંનિધ્ય અનુભવે.

પછી નવા વર્ષ માટેના વ્યાવહારિક કાર્યની શરૂઆત થાય અને ધનતેરશથી માંડી લાભ પાંચમ સુધીમાં એને માટેની પ્રારંભિક તૈયારી પૂરી થાય.

તેરસથી પાંચમ સુધીના પર્વગુચ્છ એટલા બધા સુભગ સંકેતોથી ભરેલા છે, કે એ સર્વનો ન્યાય કરવા તો નાનું પુસ્તક લખવું પડે. એમાં ત્રણે શક્તિ–મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી–ની આરાધના છે. એના ધર્મ અને સંયમ ન્યાયના અધિષ્ઠાતા યમની પૂજાનું યમપંચક છે; અને દરેક દિવસનાં સંકેતોમાં ભવ્ય ભાવના ગુંથાઈ છે.

પણ તેમાંથી ટૂંકું તારણ લઈએ. તેરશે ધનની પૂજા, ચૌદશે શક્તિની આરાધના અને અમાસે સરસ્વતીપૂજા. આ ગોઠવણમાંનું સૂચન સ્પષ્ટ છે. ધન કરતાં યે શક્તિ અને શક્તિ કરતાં યે સાત્ત્વિક જ્ઞાનને ઊંચું પદ આપવામાં આવ્યું છે; અને એ દરેક દિવસે યમપૂજા છે. એટલે કે સાધકે યાદ રાખવાનું છે, કે સંયમ અને ધર્મયુક્ત ધન, શક્તિ અને જ્ઞાન જ ઇષ્ટ છે. સંયમ વગર એ ત્રણેમાંથી એકે કામના નથી.

આમ સાધનાઓ સંપૂર્ણ કરી સાધક નવા વર્ષમાં પગ માંડે છે. પહેલે દિવસે વિષ્ણુ–પ્રત્યક્ષ વિશ્વને શરણે સર્વસ્વ સમર્પનાર બલિરાજા, પરદુઃખભંજન બનવું એ જ જેનું ધ્યેય હતું તે વિક્રમ, એ બે મહાતપસ્વી રાજર્ષિઓને વંદી, સગાવહાલાંને મળી વ્યવહાર માટેની વ્યવસ્થા કરી લે છે. બીજે દિવસે ભાઈબીજ છે. નર અને નારી વચ્ચેના સ્નેહનું સૌથી ઉત્કૃષ્ટ રૂપ એ ભાઈબહેનનો પ્રેમ છે. સ્વાર્થ કે વાસનાથી નિર્વિલેપ એ સંબંધ ચાતુર્માસના સત્રને બંને છેડે સૂચવાય છે. રથયાત્રામાં બે ભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એક બહેન—કૃષ્ણ, બળરામ અને સુભદ્રાની મૂર્તિ પૂજાય છે. કાર્તિકી બીજને દિવસે ભાઈ બહેનને ત્યાં જમવા જાય છે, એની આશિષ લે છે અને એ રીતે યમથી રક્ષણ મેળવી લે છે.

અને પછી જ્ઞાનપંચમી—સૌભાગ્ય પંચમીએ જ્ઞાનની કે સૌભાગ્યની આકાંક્ષા સેવી પુરુષાર્થનો પ્રારંભ થાય છે. તેમાં યે તુલસી-વિવાહનું પર્વ અનોખી ભાત પાડે છે. નિર્વિકાર સનાતન શાલીગ્રામ, વનની વનસ્પતિ તુલસી-વિષ્ણુ—વૃંદાના અશરીરી પ્રેમનો સંકેત એ દેશાટન જતા દરેક પુરુષ માટે સૂચનરૂપ છે. બહેનને ઘેરથી વિદાય લેતો પુરુષ આ સંકેત સમજે તો એનો ધર્મ સ્પષ્ટ છે: પરદેશમાં પ્રત્યેક સ્ત્રી એની બહેન છે. એને કદી પ્રેમ થાય તો તે અશરીરી રહેવો જોઈએ.

અને પછી કાર્તિકી એકાદશીએ દેવઊઠાડી—ઇન્દ્રિયો અને મનરૂપી અગિયાર દેવોને સંપૂર્ણ રીતે જાગૃત કરી, સાધક સંસારની પ્રકૃતિમાં મશગૂલ બને છે. અને એનો માર્ગ ત્રિપુરારી પૂર્ણિમાએ ઊડતી હવાઈઓ જેવો ઊર્ધ્વગામી રહે છે.

આ સાધકવર્ગ માટે ચાતુર્માસની વ્યવસ્થા એટલી જ સુંદર છે. અષાડમાં આત્મશુદ્ધિ તો કરવાની જ. જગન્નાથ પાસેથી બંધુત્વ, ગુરુ પાસેથી જ્ઞાન અને દીવાસાએ આશા—નિરાશાના દીપકોને અનંતમાં વહાવી નિષ્કામ કર્મયોગનો સંકલ્પ કરવાનો.

પછી શ્રાવણના મેળામાં વ્યવહાર માટે અનુકૂળ નવા સંબંધો બાંધવાના કે જૂના સંબંધો તાજા કરવાના. બળેવને દિવસે સંસ્કારદીક્ષા, જન્માષ્ટમીની કર્મયોગની નિષ્ઠા તેણે અંગીકૃત કરવી જોઈએ. શ્રાદ્ધમાં કુટુંબ-મેળો થતાં વ્યવહારની ઘણી ગૂંચો ઊકલે. ને પછી આશ્વિનના સંકેતો તો સ્પષ્ટ છે જ.

આમ ચાતુર્માસ એ હિંદુધર્મનું સારસત્ત્વ રજૂ કરે છે. એને બે છેડે છે કૃષ્ણ–સુભદ્રા અને યમ–યમુના. એની વચ્ચે છે અનંત અને ગણનાથની ઉપાસના. એના અધિષ્ઠાતા છે શંકર અને કૃષ્ણ, અને ત્રિવિધરૂપધારી અંબિકા. એને આરંભે છે જગન્નાથનું પ્રતીક-આખરે છે ત્રિપુરારી.

અને વચ્ચેવચ્ચે તાંત્રિકો, યાંત્રિકો અને બીજા પ્રકારના ઉપાસકો માટે નવ, ચૌદ, એકવીસ, બોતેર અને સો દિવસનાં પુરશ્ચરણો છે.

વેદમાં શતરાત્રિ યજ્ઞની પ્રક્રિયાનો ઉલ્લેખ છે. એ ઉલ્લેખની ચર્ચા સ્વતંત્ર લેખ માગે. પણ ચાતુર્માસ એ ખરું જોતાં, જે શત અશ્વમેધથી ઇંદ્રપદ મળતું તે, શતરાત્રિ યજ્ઞનું ક્ષેત્ર છે. એનો આરંભ અષાડી બીજથી થાય. પૂર્ણાહુતિ વિજયાદશમીએ આવે. જરા યે ચૂક વગર એ શતસત્રને જે ઊજવી શકે તે પોતપોતાના ક્ષેત્રમાં ઇંદ્ર બને એમાં શંકાને સ્થાન નથી.

☆

વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક પ્રૉફેસર આઈન્સ્ટાઈન વિષે કહેવાય છે કે એક વખત એ ટ્રેનમાં એક શહેર જઈ રહ્યા હતા. ટ્રેનમાં જમવા માટેના ખાસ ડબ્બાઓ રાખવામાં આવ્યા હોય છે તે તો સહુના ખ્યાલમાં હશે. પ્રૉફેસર આ ડબ્બામા ગયા પછી જોયું કે અમનાં પોતાનાં ચશ્માં એ ભૂલી ગયા હતા. અને ચશ્માં વિના વાનીઓની યાદી એ ઉકેલી શકતા નહોતા એટલે એમણે નોકરને એ યાદી વાંચવાની વિનંતી કરા.

નોકરે યાદી હાથમાં લીધી ને થોડીવાર સુધી આમતેમ ફેરવ્યા કરી, અંતે પ્રૉફેસર ભણી એ ફર્યો ને કહેવા લાગ્યો :

'માફ કરજો સાહેબ, હું વાંચી શકતો નથી, તમારા જેટલો જ અભણ છું!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનસ્પતિ ઘી

'વનસ્પતિ ઘી'ને નામે ઓળખાતો પદાર્થ ઘી નહિ, પણ જમાવેલું તેલ છે એ બાબતમાં મતભેદ નથી. દેશમાં વનસ્પતિ ઘીનાં કારખાનાંઓ વધતાં રહ્યાં છે ને તેમાં કરોડો રૂપિયાનું રોકાણ પણ થયેલું છે. આ ઉદ્યોગને પરિણામે દેશને ઘણું નુકસાન થયું છે. સામાન્ય જનતા આ જમાવેલા તેલને ઘી સમજી ઉપયોગમાં લે છે અને ઊંડામાં ઊંડા ગામડાંના ગોવાળથી માંડીને મોટા શહેરના વેપારી સુધી આ 'ઘી'નો ઉપયોગ શુદ્ધ ઘી સાથે ભેળસેળ કરવામાં થાય છે. આ કારખાનાંઓને પરિણામે આપણાં ઢોરોને ખોળ મળી શકતો નથી. કારણકે સામાન્ય ઘાણી દ્વારા તેલબિયાં પિલાય છે ત્યારે ખોળમાં તેલનો ભાગ રહે છે અને તે ઢોરના ખોરાકમાં વધુ દૂધ અને ઘી ઉત્પન્ન કરવામાં મદદરૂપ બને છે. આ કારખાનાંઓમાં જે ખોળ રહે છે તે ખાતરને યોગ્ય રહે છે. આ વિષચક્ર જો ચાલુ જ રહે તો શુદ્ધ ઘીનું ઉત્પન્ન ઓછું ને ઓછું થતું જવાનું અને પ્રજાને તેથી પારાવાર નુકસાન પહોંચવાનું. આપણો પ્રધાન હેતુ દુધાળાં ઢોરની વૃદ્ધિ કરવાનો અને વધુ દૂધ, ઘી મેળવવાનો છે. એ ધ્યેય નજર સામે રાખીને જ વનસ્પતિનો વિચાર કરવો જોઈએ.

આ અંગે ભારતીય પાર્લામેન્ટના એક સભ્ય પંડિત ઠાકુરદાસ ભાર્ગવ પાર્લામેન્ટની બેઠક સમક્ષ એક ખરડો લાવ્યા છે. સરકારે આ ખરડા ઉપર લોકમત જાણવાની જાહેરાત કરી છે આનો અર્થ એ નથી કે મતગણતરી કરવામાં આવશે, પરંતુ લોકોના વિચારોનો પડઘો પાર્લામેન્ટમાં ઝિલાશે અને છેવટે પાર્લામેન્ટ નિર્ણય લેશે. લોકમત જાણવાની જાહેરાત થતાં જ વનસ્પતિના ઉત્પાદકો હજારો-લાખો રૂપિયા ખરચી પોતાની તરફેણમાં મત મેળવવાના પ્રચંડ પ્રયત્નોમાં લાગી ગયા છે. બીજી બાજુ પ્રજાસેવકો, આપણે ત્યાં શ્રી કિશોરલાલ મશરૂવાળા, મુનિશ્રી સંતબાલજી અને બીજા અનેક સેવકો વનસ્પતિ ઉપર પ્રતિબંધ મૂકતા ખરડાને ટેકો આપવા માટે પ્રચાર કરે છે. 'અખંડ આનંદ'ના વાચકો બંને બાજુના વિચારો જાણી શકે તે માટે અહીં બે લેખો, એક 'વિશ્વવાત્સલ્ય'માંથી મુનિશ્રી સંતબાલજીએ લખેલો અને બીજો શ્રી સરોજિની મહેતાએ 'ભગિની સમાજ પત્રિકા'માં લખેલો રજૂ કરીએ છીએ. અંતમાં શ્રી ઠાકુરદાસ ભાર્ગવના ખરડાનો સાર મૂક્યો છે.

વનસ્પતિ ઘી સંબંધમાં અમારો મત એવો છે, કે એ ઉદ્યોગ દેશના હિતમાં નથી. એથી આજે અને ભવિષ્યમાં આપણને નુકસાન જ થવાનું છે, પરંતુ આ ઉદ્યોગને એક ઝટકે ખતમ કરવાનું પગલું આર્થિકતંત્ર અને ઘીના વપરાશ તથા ઉત્પાદન ઉપર કેવી અસર પહોંચાડશે તેનો વિચાર થવો જોઈએ. આ નકલી ઘી શુદ્ધ ઘી સાથે ભેળવી ન શકાય એવું રંગીન બનાવવાનાં પગલાં તો તત્કાળ લેવાં જોઈએ. શુદ્ધ ઘીનું ઉત્પાદન અને તેલની ઘાણીઓ વધારવાના પ્રયાસો થવા જોઈએ. કારખાનાંઓનો વિકાસ અટકાવવો જોઈએ અને તેલ પીલવાના સંચાઓ અખાદ્ય તેલો માટે ઉપયોગમાં લેવા જોઈએ. એક ઝટકે નહિ, પણ ખૂબ ઝડપથી છતાં ક્રમેક્રમે આ ઉદ્યોગને લોકોપકારક ઉદ્યોગમાં પલટી નાખવો જોઈએ. વનસ્પતિ ઘીના ઉત્પાદકોને ખાતરી થશે કે એમનું લાંબું ચાલવાનું નથી એટલે એમાં બીજી ક્રિયા આપોઆપ શરૂ થશે. આ બાબત નાજુક અને ગંભીર હોવાથી દેશના વિચારવંત માણસો સ્વસ્થ ચિત્તે વિચાર કરીને હિંમતભર્યાં પગલાં તે ઘણું જરૂરનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રિટિશ શાસનના સમય દરમ્યાન આ દેશને મળેલાં અનિષ્ટોમાંનું વેજિટેબલ ઘી પણ એક અનિષ્ટ છે. જ્યારે ભારતમાં વેજિટેબલ ઘીનું એકે કારખાનું નહોતું ત્યારે વૈદ્યકલ્પતરુમાં એક લેખ આવેલો, જેનો ઉતારો નીચેના ફકરામાં અહીં પ્રથમ જોઈએ.

'અમેરિકા, યુરોપ અને એવા બીજા દેશોમાં વેજિટેબલ ઘી શહેરની પ્રજાની આરોગ્યતાને હાનિ પહોંચાડનાર વસ્તુ તરીકે ગણવામાં આવે છે અને આવું ઘી બજારમાં વેચાતું નજરે પડે તો તે શહેરની સુધરાઈ તે વેચનાર ધણી ઉપર કાયદેસર પગલાં લઈને તેનો અટકાવ કરાવે છે......જ્યારે આપણે ત્યાં હમણાંહમણાંમાં તો વેજિટેબલ ઘીનો સારો પ્રચાર થવા માંડ્યો છે. તેની જાહેર ખબરો તથા સિનેમામાં પણ ફિલમો મૂકવામાં આવે છે...આપણા દેશના વેપારીઓને તો અરજ કે વિનતિ કરવી જોઈએ કે તમે તમારા સાધારણ-ધંધાના-સ્વાર્થની ખાતર આખા દેશની આરોગ્યતાનો નાશ કરો છો, (તેમ ન કરવું જોઈએ.)...આ વેજિટેબલ ઘી બીજા ઘી સાથે સહેલાઈથી મળી જવાને કારણે અત્યારે લગભગ બધાં ગામડાંમાં પણ ઘીવાળાઓ બંને જાતનાં ઘીને મિશ્ર કરીને જ વેચવા આવે છે અને શહેરના માણસોને લૂંટે છે.'

વનસ્પતિ ઘીને નામે આ મગફળીનું ઠારેલું તેલ દાખલ થયાનો અને કૂદકે ને ભૂસકે વધવાનો આ પ્રારંભકાળ. પછી તો આ દેશમાં જ કારખાનાં થવા લાગ્યાં અને આઝાદી મળ્યા પછી ઉદ્યોગને નામે એને ભરપૂર વેગ મળ્યો. આ જ છે વનસ્પતિ ઘીનો મધ્યાહ્નકાળ.

આપણે લોકો છેલ્લા ઘણા કાળથી દરેક બાબતમાં ઉપરના ભભકાથી અંજાતા આવ્યા છીએ. વનસ્પતિ ઘીમાં અંજાવાનું (૧) એ[…] એ કારણ છે, કે તે દેખાવે ધોળું છે. (૨) વળી તેમાં સારી કે ખરાબ કોઈ ગંધ નથી. (૩) એની કિંમત સાચા ઘી કરતાં ઘણી ઓછી છે. (૪) એનાથી હાથમાં ચીક[…] લાગતી નથી. ઊંડાણથી જોઈએ તો અંજા[…]વામાં ગણાવેલાં ચારે કારણો વાસ્તવિકતાથી ઊલટાં છે. દાખલા તરીકે (૧) યંત્રથી પાણીનો બરફ બને છે, ત્યારે એ ખૂબ ઊજળો લાગે છે; પરંતુ તરસ છિપાવવા માટે આપણે પાણીનો ઉપયોગ જ પસંદ કરીએ છીએ; કારણકે તેમાં સ્વાભાવિકતા છે. તેમ તેલમાં જે પ્રવાહીપણું છે, તે સારું જ આપણે તલ અથવા મગફળીને પીલી હતી અને ખોળને અળગો કર્યો હતો. હવે ફરી જમાવીએ તેના કરતાં મગફળી કે તલ જ પલાળીને ખાઈએ તો શું ખોટું? આર્યાવર્તના લોકોએ ખોરાકના વિકાસમાં વાસ્તવિ[…] તત્ત્વોનો એમાંથી નાશ ન થાય અને પાચન[…]ક્રિયામાં અનુકૂળ થાય, એ ખાસ લક્ષ્ય[…] રાખ્યું છે. અને એ કારણે જ ઝડપી ગતિવા[…] યંત્રોમાંથી નહિ, પરંતુ બને તેટલાં ધી[…] ગતિવાળાં સરળ તેમ જ માનવીય સ્વતંત્ર[…] જળવાય તેવાં સાદાં સાધનોનું સામાજિ[…] મહત્ત્વ આંક્યું છે. ઘંટી, હળ, વલોણું, ઘાણી, રેંટિયો, હાથશાળ, ચૂલો, ખાંડણિ[…] ચાકડો વગેરે એને દર્શાવતા નમૂનાઓ [છે.] (૨) સાચા ઘીને આપણે એની સોરમ [થી] […] તો જ લેવું પસંદ કરીએ છીએ અને એ[…] સારુ તો નિષ્ણાત લોકો ઘી ખરીદતાં પહે[લાં] એને ચાખવા કરતાં ય પ્રથમ એની [ગંધ] […] તપાસે છે. સુગંધવાળો પદાર્થ વાસી [થાય] […] તો તેની સુગંધની દુર્ગંધ બને તેમાં [ન]વાઈ […] નથી અને આથી જ આપણે ત્યાં તાજે[…] તેલ-ઘી વાપરવા માટે ઘાણીઓ અને [ઘર]ની […] નજીક રાખવામાં આવતી. (૩) આ હ[…] તેલની કિંમત પ્રવાહી તેલ કરતાં તો હ[…]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધુ છે, એટલે ઓછી કિંમતની દલીલ વાહિયાત ઠરે છે. સાચા ઘીની કિંમત સાથે આ ઠારેલા તેલની માત્ર દેખાવને જ કારણે સરખામણી કરીએ તો તો સમાન રંગ અને આકારને કારણે ગધેડીની સાથે ગાયની સરખામણી કે પિત્તળ સાથે સોનાની સરખામણી શા માટે ન કરવી? (૪) ચરબીવર્ધક પદાર્થ ઓછો હોય એટલે સ્નિગ્ધતા ઓછી હોય તેમાં નવાઈ જ શી છે?

આરોગ્ય અંગે તેલ કરતાં વધુ સ્વાસ્થ્યદાયક હોવાનો દાવો જાહેર ખબરોમાં કારખાનાંવાળાઓ ખૂબખૂબ કરે છે. છેલ્લે છેલ્લે ડો. ગિલ્ડરના અભિપ્રાયનો જોરશોરથી પ્રચાર થયો છે; પણ કોઈ એમ સીધેસીધું કેમ નથી કહેતું કે મૂળ મગફળી કરતાં આ ઠારેલા તેલમાં કયું પોષક તત્ત્વ વધ્યું અને શી રીતે વધ્યું? આપણે ઉપર જોઈ ગયા છીએ કે બીજા દેશોમાં આ વનસ્પતિ ઘીને એવા ને એવા વનસ્પતિ ઘીરૂપે પણ વેચવાની મનાઈ કરવામાં આવે છે, જ્યારે આપણા ખેતીપ્રધાન અને ગોપૂજક દેશમાં ગાયોનો કટ્ટો દુશ્મન અને તેથી ખેતી પર આડકતરો ફટકો મારનાર એમ અનેક રીતે હાનિકાર પદાર્થને શા માટે પ્રોત્સાહન મળવું જોઈએ? શહેરના લોકો દલીલ કરશે, કે ચોખ્ખા ઘીમાં મિશ્ર થયેલુ ઘી વધુ ભાવે ખાવું, તેના કરતાં આ ઠારેલું ઘી ખાવું શું ખોટું? ગામડાના લોકો ભેગ કરીને આવતા પૈસાથી લોભાઈને કદાચ કહેશે કે હવે ચાલવા જ દો ને! અમે તો ચોખ્ખું ઘી ઘરમાં ખાવા પામીશું જ; કારણકે ઘેર ગાયો-ભેંસો પાળીએ છીએ અને શહેરીઓને મિશ્ર આપીશું. આમ જોતાં તો સરકાર પણ કહેશે કે લોકોની બહુમતી માગે છે તો અમે પ્રતિબંધક બિલ શી રીતે પસાર કરીએ? બહારથી વનસ્પતિ ઘી આવે તેના કરતાં અહીં કારખાનાં થાય તેમાં શી હાનિ?

બસ, આ જાતની અવળી દલીલોના ચકરાવામાં પડ્યા તો આપણી પ્રજાના અને આપણા બાર જ વાગવાના; પણ આપણે એક જ નિશ્ચય પર આવીએ કે જો ઠારેલા ઘીમાં મૂળ વનસ્પતિ કરતાં કોઈ પોષક તત્ત્વ ઉમેરાતું નથી, તો તુરત જ એને સદંતર તિલાંજલિ આપવાનો અડગ નિર્ધાર કરીએ; એવો નિર્ધાર હોય તો બહુ થોડા સમયમાં એની નાબૂદી થાય. ગામડાંવાળાઓ સમજી લે કે પોતાનો દગો ફરીફરીને પોતાને માથે જ વાગવાનો છે. પોતે જે દગો ઘીમાં રમે છે એના કરતાં અનેકગણો દગો બીજી પોતાને ખરીદવાની વસ્તુઓમાંથી ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે એને ભરપાઈ કરવો પડે છે જ ને? અને હવે તો દગો રમવાનું એ સ્થળેય હાથથી ગયું છે; કારણકે ગામડાંનો ઉજળિયાત વર્ગ પણ હવે નર્યું આ ઠારેલું તેલ ઘીની અવેજીમાં વાપરતો થઈ ચૂકયો છે.

શહેરીઓ પણ ચેતે! હાથઘાણીના તેલ કરતાં ઠારેલા આ તેલમાં બનાવટને કારણે કોઈ જ વિશેષતા નથી. કદાચ એમાંની પાચકતા ઓછી થવાને કારણે એમાંનાં કેટલાંક દ્રવ્યો ઝાડામાં નીકળી જતાં હોય તો ય ના નહિ. યંત્રઘાણીના તેલ કરતાં ખોરાશમાં અને બીજી બાબતોમાં ભલે આ ઠરેલું તેલ હરીફાઈ કરે! એક બીજી વાત પણ શ્રી કુમારપ્પાના જૂના એક લેખમાંથી જોવામાં આવી છે. તેઓ કહે છે કે 'વિદેશોમાં સરકારની આજ્ઞા મળે તેવા કોઈ વનસ્પતિ ઘીમાં વિટામિન નાખવું અનિવાર્ય છે. આપણે ત્યાં વિટામિન ઉમેરવાનો કોઈ નિયમ નથી. વિટામિન ઉમેરાતું હોય તો વૈજ્ઞાનિકો દ્વારા જનતાની સમક્ષ તેનો ફોડ આવતો નથી કે એ વિટામિન કયા પદાર્થમાંથી કાઢીને તેલમાં ઉમેરવામાં આવે છે. જો જનતાને ખબર પડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય કે એ વિટામિન માછલીનું તેલ નાખીને વનસ્પતિ ઘીમાં દાખલ કરવામાં આવે છે, તો લોકોનો મોટો ભાગ એવા ઘીને હાથ પણ લગાડે નહિ, પછી ખાવાની તો વાત જ દૂર રહી!'

અંતે આ બધું જોયા-જાણ્યા પછી શહેરો અને ગામડાં બન્ને પોતપોતાનો સાચો નિશ્ચય જાહેર કરે. દિવસો પર દિવસો વીતતા જાય છે અને વનસ્પતિ ઘીના ઉત્પાદન અને આયાત ઉપર પ્રતિબંધ મૂકવા દાખલ કરાયેલા બિલ-ખરડાને મત આપવાની મુદત ભરાતી જાય છે. આપણા આ વિશાળ પથરાયેલા દેશની જંગી બહુમતી ગામડાંઓમાં છે. ગામડાંની પ્રજા આ ઠારેલા તેલને આજે કોઈ સંયોગોમાં આવકારતી નથી, ઊલટી ધિક્કારે છે; પરંતુ એ બધાના ખરા મતો નોંધાવનારા સાચા સેવકો ગામડેગામડે ઘૂમે અને આ અવાજ પહોંચાડે તો જ એ બને. આજે જ એક ભાઈ લખે છે, કે ગામડેગામડે રખડીને મેં લગભગ એક લાખ સહીઓ મેળવીને મોકલી દીધી છે. હું એને ધન્યવાદ પાઠવું છું. આ ભાઈની જેમ આખા ભારતમાં એક હજાર માણસો નહિ મળે? મને આશા છે કે મળશે જ. **સંતબાલ**

*

વનસ્પતિ ઘીની બનાવટ અને વેચાણ અટકાવવા ધારાસભામાં લિબ આવવાનું છે; એટલે આપણે તે વિષે કાંઈક વિચાર કરવો પડશે. લાગણીવેડાથી દોરવાઈને કે સસ્તી લોકપ્રિયતા મેળવવાના લોભથી એકદમ આ આપણા જીવનની જરૂરિયાત થઈ ગયેલી ચીજનો તિરસ્કાર કરવાથી કશો અર્થ સરતો નથી.

શુદ્ધ ઘીનું સ્થાન વનસ્પતિ ઘી કદી પણ લઈ શકે નહિ એમાં કોઈ જાતનો શક નથી, પણ સાડાત્રણ રૂપિયે રતલનું શુદ્ધ ઘી ખાવાની અત્યારે કોની શક્તિ છે? એટલે જો વનસ્સપતિ ઘી બંધ કરવામાં આવે તો માત્ર તેલ જ ખાવાનું રહે અને તેલમાં આપણે ખોરાકની બધી ચીજો બનાવવાનું શક્ય છે? વારતહેવારે વરસમાં બેત્રણ વાર તો મીઠાઈ બનાવવાનું મન થાય જ અને તે વનસ્પતિ ઘીમાં બનાવ્યા વગર વસ્તીના મોટા ભાગને તો છૂટકો જ નથી. 'સ્ત્રીઓને તો મિષ્ટાન્ન કરતાં ફરસાણ વધારે ભાવે છે તો તેલમાં તૈયાર કરેલાં ફરસાણ ખાય, મિષ્ટાન્ન બનાવવાની શી જરૂર છે, એવી પણ દલીલ કરવામાં આવે છે. પણ સ્ત્રીઓ કાંઈ સ્વાર્થબુદ્ધિથી પોતાને માટે જ રસોઈ કરતી નથી-આખા કુટુંબ માટે કરે છે. ખાસ કરીને બાળકો માટે તો માતાઓ તેમની ભાવતી ચીજો બનાવવાની કાળજી રાખે છે જ; અને બાળકોને મીઠાઈ ખાવાનું મન થયા વગર રહે જ નહિ. સાડાત્રણ રૂપિયે રતલના શુદ્ધ ઘીની મીઠાઈ ક્યાંથી બનાવવી?

બાળકોના નાસ્તા માટે બેચાર દિવસ રાખી મૂકવાની પૂરી, શકરપારા વગેરે જો તેલમાં બનાવ્યા હોય તો તે વખત જતાં કડવા થઈ જાય છે. વનસ્પતિ ઘીમાં એ ધાસ્તી નથી.

ખોરાક માત્ર પુષ્ટિની જ દૃષ્ટિએ ખાવાનું મહાત્માજી જેવી વિરલ વ્યક્તિ સિવાય ભાગ્યે જ કોઈને માટે શક્ય છે. પુષ્ટિ અને સ્વાદ બંને જોવાનાં હોય છે. મગફળી, તલ, કસુંબી ઇત્યાદિ… સિંગનું તેલ કદાચ વનસ્પતિ ઘી જેટલું કે એથી વધારે ગુણકારી હોય છતાં રોટલી પર એ તેલ ચોપડીને ખાનારા કેટલા નીકળે? ત્યારે વનસ્પતિ ઘી લગાડીને કોઈ પણ ખાઈ શકે.

વનસ્પતિ ઘી સામે મોટામાં મોટી દલીલ એ છે, કે એને શુદ્ધ ઘીમાં ભેળસેળ કરવામાં આવે છે. આપણા પડોશી સિંધ… બહુ સહેલું પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

દેશમાં પ્રજા સામાન્ય રીતે કોપરેલ વાપરે છે. આને લઈ શુદ્ધ ઘીમાં કોપરેલનો ભેગ વેપારીઓ કરે છે. આ ભેગ અટકાવવાનો ઉપાય શું? સામાન્ય પ્રજાના ખોરાકનું એકનું એક ચરબીતત્ત્વ–કોપરેલ–તેનો ઉપયોગ બંધ કરવો તે છે?

સિલોન સુધી જવાની જરૂર નથી. આપણા ખોરાકની અત્યંત અગત્યની ચીજ–દૂધ–તેમાં અનાદિ કાળથી આખી દુનિયામાં પાણીનો ભેગ થતો આવ્યો છે. નિર્ભેળ દૂધ મેળવવા માટે શું પાણીનો વપરાશ બંધ કરીશું? ઘી તો થોડા પૈસાદારોનો ખોરાક છે. દૂધની જરૂર તો વૃદ્ધ, માંદા, બાળક એ સૌને બહુ જ વધારે છે. વનસ્પતિ ઘીની પાછળ થતા ખૂમખરાડા દૂધને શુદ્ધ કરવા પાછળ થતા હોય તો બહુ વધારે જરૂરી કામ થાય.

આપણી ધારાસભામાં આપણા પ્રધાન ડૉ. ગિલ્ડરે સ્પષ્ટ જણાવ્યું હતું, કે વનસ્પતિ ઘી નુકસાનકારક નથી, તો ગૃહિણીઓને આશીર્વાદ રૂપ થઈ પડેલા આ ચીજ પુરુષોના દૃષ્ટિબિંદુથી ચર્ચી બંધ કરવાની જરૂર છે?

વનસ્પતિ ઘી નહોતું ત્યારે ઘીમાં ચરબીનો ભેગ કરવામાં આવતો. વનસ્પતિ બંધ થતાં પાછો એ પ્રયોગ શરૂ થશે, એમાં શક નથી. ચરબી વનસ્પતિ કરતાં વધારે આવકારદાયક છે?

શુદ્ધ ઘીનું ઉત્પાદન મોટા પાયા પર થાય અને પ્રજાનો મોટો ભાગ એ ખરીદી ખાઈ શકે ત્યાંસુધી વનસ્પતિ ઘીનો વપરાશ ચાલુ રહે તો સ્ત્રીઓ જરૂર આશીર્વાદ દેશે. વનસ્પતિ ઘી બંધ થતાં શુદ્ધ ઘીની કિંમત ત્રણચારગણી થઈ જશે અને આજે શુદ્ધ ઘી વાપરી શકનારા મોટા ભાગને તો એ બંધ જ કરવું પડશે.

સરોજિની મહેતા

પંડિત ઠાકુરદાસ ભાગર્વના ખરડાનો સાર નીચે પ્રમાણે છે

'ભારતમાં જેને સામાન્યપણે વનસ્પતિ ઘી કહેવામાં આવે છે તે જમાવેલા તેલોનું ઉત્પાદન અથવા બીજા કોઈ દેશમાંથી તેની આયાત બંધ કરવાનું આમજનતાના હિતમાં આવશ્યક થઈ પડ્યું છે અને તેથી આ કાયદા દ્વારા તે બંધ કરવામાં આવે છે એમ જાહેર કરાય છે.

'જે વ્યક્તિ આ જમાવેલા તેલોનું ઉત્પાદન કરશે અથવા બહારથી મંગાવશે અથવા આ કામોમાં મદદ કરશે અથવા તેમાં પ્રોત્સાહન આપશે તેને એક વર્ષ સુધીની સાદી અથવા સખત કેદની સજા કરવામાં આવશે. અને ક્યાં ય પણ અથવા ક્યારે ય પણ એમ પુરવાર કરવામાં આવે કે આ જમાવેલું તેલ બનાવવાનો અથવા બહારથી મંગાવવાનો અપરાધ કરવામાં આવ્યો છે; તો અદાલત હુકમ કરશે કે તે યંત્ર, પાત્ર અથવા આ કામમાં ઉપયોગમાં લેવામાં આવેલો કાચો અથવા પાકો માલ, અથવા યંત્ર અને ઓજાર વગેરે અને બહારથી મંગાવવામાં આવેલા વનસ્પતિજન્ય તેલ પણ–જે પ્રમાણે હોય તે પ્રમાણે–સરકાર તરફથી જપ્ત કરવાં જોઈએ.'

★

ન તો પુષ્પની સુગંધ, ન ચંદનની સુગંધ, કે ગુલાબ કે ચમેલીની સુગંધ પવનની વિરુદ્ધ દિશામાં જાય છે; પરંતુ સત્પુરુષોની સુગંધ પવનની વિરુદ્ધ દિશામાં પણ જઈ શકે છે. અર્થાત્ સત્પુરુષ સર્વ દિશામાં પોતાની સૌરભ ફેલાવે છે.

ધમ્મપદ

કિન્નરપ્રજા

લેખક :
શ્રી ધર્મદેવ શાસ્ત્રી

મહાભારતમાં અને તેની યે પૂર્વે ઉપનિષદોમાં ઉલ્લેખ પામી ચૂકેલી અનેક જાતિઓમાંની એક તે કિન્નરપ્રજા. નૃત્ય અને સંગીતમાં જે સદા પારંગત છે, જેમનું દેહસૌન્દર્ય આકર્ષક છે, દેવ અને માનવ વચમાંની જેની અવસ્થા ગણાય છે એવા કિન્નરો માટે આપણી માનસિક દુનિયામાં કેવું ઊંચું સ્થાન છે? પણ માનસિક દુનિયામાંથી બહાર નીકળી વાસ્તવિક ધરતી પર પગ મૂકતાં જો જણાય કે આજે હિમાલયમાં કૈલાસ નજીક વસતી આ પ્રજાને વરસના છ મહિના કંદમૂળ ને જંગલનું ઘાસ ખાઈ ને જીવન વિતાવવું પડે છે, એના અંગ ઉપર નાનાંમોટાં પચાસ થીગડાં મારેલું કપડું દેખાય છે, અજ્ઞાનને લીધે ભૂતપ્રેતમાં એ વિશેષ માને છે, ત્યારે કેવું દુઃખ થાય! આવી પ્રજાનો કંઈક જાતપરિચય આ નાનકડા લેખમાં મળે છે. શ્રી ધર્મદેવ શાસ્ત્રી આ પ્રદેશમાં વસતા દુઃખીઓની વચ્ચે સેવાકાર્ય કરે છે. એમના વિસ્તૃત અહેવાલ ઉપરથી આ લેખ તૈયાર કર્યો છે.

હિમાલય અને હિમાચલ સમાન અર્થવાળા શબ્દો છે. તેમ છતાં 'હિમાચલ પ્રદેશ'નો શબ્દપ્રયોગ તો ૧૫મી એપ્રિલ ૧૯૪૮થી સિમલા તથા પૂર્વપંજાબનાં નાનાંમોટાં ૩૦ રાજ્યોના વિલીનીકરણથી રચાયેલા સમૂહ માટે વપરાય છે. હિમાચલ પ્રદેશમાં વિલીન થયેલા ખુશહર રાજ્યનું ક્ષેત્રફળ ત્રણ હજાર આઠસો ચોરસ માઈલ છે. રાજ્યની પ્રજાની સંખ્યા એક લાખ બાર હજારની છે. એમાં કિન્નર ભાષાભાષી પ્રદેશનું ક્ષેત્રફળ લગભગ ૨૦૬૦ ચો. માઈલ છે; અને કિન્નર જાતિની વસતી ૩૫ હજારની છે.

કિન્નરની પૂર્વમાં પશ્ચિમી તિબેટ, પશ્ચિમમાં કુલ્લુ, ઉત્તરમાં લાહોલ અને સ્પિતિ તથા દક્ષિણમાં રામપુરનું પરગણું છે. કિન્નર હિમાચલ પ્રદેશનો જ નહિ બલકે સ.રા યે ભારતનો સીમાપ્રાંત છે; નમગ્યા નામના ગામની પાસે તિબેટની સરહદને એ મળે છે. સામાજિક રિવાજ, ધર્મ, ભાષા પહેરવેશ અને સંસ્કૃતિની દૃષ્ટિથી તિબેટ અને કિન્નર પ્રદેશમાં ઘણું સામ્ય છે; છતાં તિબેટમાં જાતિભેદ કે વર્ણભેદ નથી, જ્યારે કિન્નરમાં નમગ્યા સુધ રાજપૂત, કોળી, વાઢી, લુહાર અને રેઢ જાતિઓ જોવા મળે છે, અને એમાં પરસ્પર લગ્નસંબંધ હોતો નથી. બીજો તફાવત બંનેની માનવ આકૃતિ પરત્વેનો છે. કિન્નરોની આકૃતિ પ્રાચીન આર્યોને મળતી આવે છે. એમનું કદ લાંબું છે. ચહેરો જોતાં જ બંને વચ્ચેનો ભેદ માલૂમ પડી જાય છે.

મહાકવિ કાલીદાસે કિન્નરોને અશ્વમુખ કહ્યા છે—સાચે જ અશ્વોની માફક એમનાં મુખ લાંબાં હોય છે. કિન્નરોમાં ઘોડા પાળવાનો પણ શોખ હોય છે. વાનરનો શબ્દાર્થ અર્ધો માનવ થાય છે, પરંતુ કિન્નરનો અર્થ છે અડધો દેવ. માનવી અને દેવની વચ્ચેની અવસ્થામાં કિન્નર છે. ઘણી પુરાણી આ જાતિમાં અનુપમ સૌન્દર્ય છે. કિન્નર સ્ત્રીનો કંઠ અસાધારણ રૂપથી યે મધુર છે.

ગરીબી હોવા છતાં આ પ્રદેશમાં ચોરી નથી. ભૂખ્યા હોવા છતાં આ લોકો સડક પર પડેલા અન્યના અનાજને હાથ સુદ્ધાં અડકાડતા નથી. આ પ્રદેશની સ્ત્રીઓ દારૂ પીતી નથી, કોઈ પ્રકારનો નશો કરતી નથી.

ઘણા પ્રાચીન કાળથી કિન્નરપ્રજાને એક ઉત્કૃષ્ટ જાતિ લેખે માનવામાં આવી છે. પુરાણોમાં અને મહાભારતમાં જ નહિ, એટલે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં ઉપનિષદોમાં પણ કિન્નરોનો ઉલ્લેખ મળી આવે છે. દેવ અને દાનવ એમ બે વિભાગમાં મનુષ્યોને વિભક્ત કરનાર પ્રાચીન સાહિત્યકારોએ કિન્નરોને ગંધર્વ ને યક્ષની માફક દેવજાતિમાં ગણ્યા છે. કિન્નરોનો ઉલ્લેખ પ્રાચીન સાહિત્યમાં નૃત્ય, સ્તુતિ અને સંગીત જેવી કલાની સાથે મળે છે. હમેશ આ જાતિ શાંતિપ્રિય અને કલાપ્રેમી રહી છે, પણ આજે કિન્નરોમાં ભૌતિક અથવા આર્થિક ગરીબી અને બૌદ્ધિક અથવા માનસિક ગરીબી ખૂબ પ્રમાણમાં માલૂમ પડે છે. મનુષ્ય માંડ માંડ જીવી શકે એટલું જ અનાજ તેઓ ખાય છે, પૂરું ભોજન એમને મળતું નથી. જંગલી ઘાસપાન અને કડવાં ફળોને ભોજન તરીકે લેનારા ઘણા યે કિન્નરોને મેં મારી આંખે જોયા છે. પહેલાં એ જાતિ ઉચ્ચ શિખરે હશે, પણ આજે તો એમની દશા શોચનીય છે.

કિન્નર સ્ત્રી-પુરુષો ઊનનાં વસ્ત્ર પહેરે છે. ખેતી જ એમનો મુખ્ય ધંધો છે. ખેતરોમાં કામ કરતી વખતે કે ઘેટાં-બકરાં ચરાવતી વખતે કિન્નર સ્ત્રી-પુરુષ ને બાળકો પોતાની સાથે તકલી ને થોડું ઊન રાખે છે, જ્યારે પણ સમય મળે ત્યારે કાંતે છે. એમનામાં ઘેટાંપાલનનો ધંધો ખૂબ જ છે. સ્ત્રીપુરુષ સર્વ માથે ઊનની ટોપી પહેરે છે. સ્ત્રીઓ ઊનની જ સાડી પહેરે છે. પુરુષ ઊનનો પાયજામો અને ઊનની અચકન પહેરે છે, જોડા પણ ઊનના જ હોય છે.

કિન્નરોની પોતાની લિપિ વિનાની પણ મોટે ભાગે નાગરી લિપિવાળી સ્વતંત્ર ભાષા છે. એનું નામ છે હમસ્કત.

એ લોકોમાં બ્રાહ્મણો હોતા નથી. લગ્ન, નામકરણવિધિ તથા અન્ય સંસ્કારવિધિ અગ્નિની સાક્ષી વિના ધૂપ વગેરેથી અંદર-અંદર જ પતી જાય છે; એ માટે કોઈ ગોરની જરૂર રહેતી નથી. બૌદ્ધધર્મના લામાઓ મોટે ભાગે દરેક ગામમાં હોય છે ને એ લોકો પણ આ સંસ્કારો કરાવી લે છે.

કિન્નરોની પુરાણી રાજધાની કામરુ છે. અહીં પ્રાગ્ઐતિહાસિક કહેવાતો એક પુરાણો કિલ્લો છે. રામપુર બુશહરના વિલીનીકરણ પહેલાં આજન્મ કેદ પામેલાને રાજ્ય તરફથી કામરુમાં રાખવામાં આવતો. ચારે તરફ બંધ દરવાજા વિનાની ઊંચી દાવાલોની પાછળ ઉપરને રસ્તેથી નાખી દેવામાં આવતો. ખાવાનું પણ આ જ રીતે પહોંચાડાતું. એક વખત અંદર નાખવામાં આવેલ કેદી જીવતો જાગતો બહાર નીકળી શકતો નહિ.

ચીની એ કિન્નરોનું મહત્ત્વપૂર્ણ કેંદ્ર સ્થાન છે. એમાં બાણાસૂરનો કિલ્લો છે. સતલજ નદીને કિનારે ચીનીથી ૧૮ માઈલ દૂર પાંડવોનો કિલ્લો છે. કહેવાય છે, કે અજ્ઞાતવાસ દરમિયાન એક જ રાતમાં પાંડવોએ આ કિલ્લો બનાવ્યો હતો. પાંડવો સંબંધી ગીત કિન્નરદેશમાં લગ્ન પછીની પ્રથમ રાતે ગવાય છે ને છેક સૂર્યોદય સુધી ચાલે છે. કિન્નરમાં બહુપતિ પ્રથા સામાન્ય રીતે પ્રચલિત છે; એનું કારણ કદાચ પાંડવ સંસ્કૃતિ પણ હોઈ શકે.

પુરાણી અર્ધવિકસિત જાતિઓના અધ્યયનમાં એમના દેવતાઓનું અધ્યયન મહત્ત્વનું બને છે. ઉત્તરાખંડને દેવભૂમિ કહેવાય છે. કિન્નર નામમાં જ દેવભૂમિનો સંકેત કે ઇશારો છે. દેવભૂમિનો ગમે તે અર્થ ભલેને હો પણ કિન્નર દેવભૂમિ એક અર્થમાં અવશ્ય છે કે અહીં અસંખ્ય દેવતાઓના પૂજા થાય છે. ગામેગામ જુદાજુદા દેવો, ને દેવતાઓને નામે મોટી જાગીરો છે. ત્યાંના સારો રાજા દેવતા જ છે, એ વૈદ્ય પણ છે ને જીવનમરણના અધિપતિ પણ. દેવદેવીના દાસત્વમાં આ દેશ પડ્યો છે. એમ કહેવાય છે, કે પહેલાં બાણાસુરની રાજધાની સરહાનમાં હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાણાસુરને ત્રણ પુત્ર અને ચાર પુત્રીઓ મળી સાત સંતાન હતાં. એમાં ચંડિકા સૌથી મોટી હતી. પિતાના મૃત્યુ બાદ ત્રણેય ભાઈઓમાં અંદરઅંદર સખત ઝઘડો થયો. ત્યારે કિન્નરની મુખ્ય દેવી કોઠીની દેવીએ ભાઈઓ અને બહેનોને યોગ્ય વહેંચી આપીને શાંતિ સ્થાપી હતી. સર્વ દેવતાઓ પર બકરા અને દારૂ ચડે છે. બૌદ્ધમંદિરોમાં પણ મદ્યમાંસ ચડે છે!

કિન્નરોનાં મંદિરોમાં હરિજનો જાતે નહિ તો નહિ, એમનો પડછાયો પણ પ્રવેશી શકતો નથી. કિન્નરદેશમાં આધ્યાત્મિક તથા સામાજિક સુધારણા કરનારી સંસ્થાઓને કાર્ય કરવા માટેનું વ્યાપક ક્ષેત્ર છે.

ગીતા અને ઉપનિષદોમાં વર્ણવેલ તથા ભગવાન બુદ્ધ અને મહાત્મા ગાંધી આદિ મહાત્માઓ દ્વારા પ્રચાર પામેલ, સદાચાર-પ્રધાન આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનની ભૂખ કિન્નરોમાં જન્માવવાનું ખૂબ જરૂરી છે.

કિન્નરોમાં બહુ મોટી ઉંમરે લગ્ન થાય છે. લગ્ન મોટે ભાગે માતાપિતાની રજા લઈને કરાય છે, ક્યારેક છોકરો–છોકરી અંદરો-અંદર પરણી લે છે. આનું કારણ કેટલીક વાર એમ પણ હોય છે, કે એથી સંમતિ-પૂર્વક થતાં લગ્નોનો ખર્ચ બચી જાય છે. એ લોકોમાં બહુ પતિપ્રથાની માફક બહુ પત્ની-પ્રથા પ્રચલિત નથી. પરાણે આજીવન રી રહેલા ઘણી સ્ત્રીઓ મળી આવે. સામાન્ય રીતે છૂટાછેડાનો રિવાજ છે. બંનેને એ અધિકાર છે.

કિન્નરોમાં આર્થિક સાધન તરીકે નારીનો ઉપયોગ કરવામાં આવે છે. પુરુષ હળ ચલાવવાના અને કુહાડીના ઉપયોગ સિવાય કશું જ કામ કરતો નથી. આ સિવાયનું સર્વ કાર્ય સ્ત્રીને જ કરવું પડે છે. એટલે સુધી કે ખેતરમાં પાણી પાવાને માટે રાતની વારી હોય તો રાતભર જાગીને પણ સ્ત્રી પાણી પાય છે. સવારના પાંચથી રાતના બાર વાગ્યા સુધી કામ કરતી કિન્નરનારીને શાંતિ નથી. પ્રસૂતિકાળમાં કોઈ દાયણ મળે નહિ. એટલા માટે કેટલી યે સ્ત્રીઓ પ્રસૂતિકાળ દરમિયાન જ મૃત્યુ પામે છે.

હરિજનોની અહીં ઘણી જ દુર્દશા છે. ગાંધીજીનું નામ અહીં અવશ્ય પહોંચ્યું છે, પરંતુ એમનો હરિજનોદ્ધાર સંબંધી સંદેશ અહીં પહોંચ્યો નથી. હરિજનોની દશા એટલી બધી હીન છે, કે કોઈ સવર્ણ હિંદી પાણી ભરીને આવતો હોય અને કોઈ હરિજન સામો મળે તો હરિજનને 'આઘો ખસ'નું સંબોધન કરવામાં પણ પાણી વટલાઈ જાય! સાર્વજનિક કૂવામાંથી એ પાણી લઈ શકતો નથી. રાજ્યના વિલીનીકરણ પહેલાં હરિજનો-ને શાળામાં ભણવાની મનાઈ હતી. આ દેશમાં સફાઈ પ્રત્યે કોઈનું યે ધ્યાન ગયું નથી. રાજપુત સ્ત્રીપુરુષો મળત્યાગ કર્યા પછી તે ધોતા નથી, દાતણ કરતા નથી. ગંદકીનું એક કારણ ગરીબી છે. કોઈ પણ હરિજન પાસે એક પણ આખું કપડું જોવા નહિ મળે. એક ચોળી અથવા ઊનની સાડીમાં પચાસપચાસ થીગડાં હોય છે. કપડાંમાં જૂ પડે છે! અરે, આ હરિજનોમાં પણ અસ્પૃશ્યતા પ્રવેશી છે! હરિજનો મુખ્યત્વે કોળી છે. એમાં યે ચાર ભાગો છે: કોળી, રેગડૂ, બૈડુ અને બ્વાર.

પહાડમાં સવર્ણોને ત્યાં મૃત્યુપ્રસંગોએ તથા તહેવારોમાં વાજાં વાગે છે. મુડદાને તથા ડાઘુઓને વાજા સાથે લઈ જવાની પ્રથા દૂર સુધી હિમાલયમાં છે. કિન્નરદેશમાં વાજાં વગાડનાર હરિજનો હોય છે, પણ આ લોકો પોતાને ત્યાં જીવનના આ પ્રસંગોએ વાજાં વગાડી શકતા નથી. વાજાં વગડાવવાં એ કેવળ સવર્ણોનો જ અધિકાર ગણવામાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. હરિજનો માગે છે, કે એમને જમીનદારી અધિકારો મળવા જોઈએ અને જે જમીન એમની પાસે છે તે એમને નામે થવી જોઈએ. સાર્વજનિક કૂવા, વાવડી વગેરેમાંથી પાણી લેવાનો સમાન અધિકાર મળવો જોઈએ, મંદિર-પ્રવેશનો તથા જાન કાઢવાનો એને પણ હક્ક હોવો ઘટે; એમને સભા કરવાની સ્વતંત્રતા મળવી જોઈએ, વિદ્યા મેળવવાનાં સાધનો સરળ બનાવી આપવાં જોઈએ. સરકાર પંચાયતો બનાવે એમાં એમને પ્રતિનિધિત્વ મળે. એમના ઘરની ખૂરી દશા સુધરે.

કિન્નરો પોતાનો વેપાર-ધંધો તિબેટ સાથે કરે છે. પોતાની ઘેટાંની સંપત્તિ ધરાવનારા કિન્નરો જાનવરોની સામાન્ય ચિકિત્સા પણ જાણતા નથી, સરકારી વ્યવસ્થા નથી. પશુપ્રેમી આ પ્રજા પશુને ભૂખ્યાં રાખતી નથી. કિન્નરો ઘોડા ને ગધેડાં પાળે છે.

કાળા રંગની રાઈના જેવું તેમનું અન્ન છે. ઉપરાંત, જવ, ઘઉં અને ક્યાંકક્યાંક ધાન પણ પાકે છે, પણ તે છ મહિના ચાલે એટલું જ પાકે છે. બાકીના છ મહિનામાં ત્રણ મહિના સૂકાં ફળ અને ત્રણ મહિના જંગલનાં કંદમૂળ, ફળોથી તથા ઘાસથી ગુજારો આ પ્રજા કરે છે. આટલી ગરીબી મેં ક્યાંય જોઈ નથી. એ લોકોમાં શિક્ષણ ઘણું જ ઓછું છે. એ લોકો તહેવારોના દિવસોમાં નાચવું, ગાવું તથા યથાશક્તિ ખાવાપીવાનું રાખે છે.

કિન્નરદેશમાં જે કુટુંબોમાં લામાઓનો પ્રભાવ છે ત્યાં તેમનાં નામો તિબેટી ભાષામાં રાખવામાં આવે છે. કિન્નરદેશ ઘણો જ ઠંડો પ્રદેશ છે. અમે જ્યારે મે મહિનામાં ચીની સુધી ગયા ત્યારે માર્ગમાં પ્રાયઃ સર્વ સ્થળે ઊંચા શિખર પર દૂરથી બરફ જ જોવા મળતો હતો. એમ લાગતું હતું કે જાણે હિમાલયે સફેદ ચાંદાનું જાણે નવું ઘરેણું ધારણ કર્યું હોય. કિન્નરદેશમાં સહુથી ઊંચું શિખર સદા બરફથી આચ્છાદિત રહેતું કૈલાસ છે. કૈલાસનો ઉચ્ચતમ ભાગ સમુદ્રની સપાટીથી ૨૧,૨૫૦ ફૂટ ઊંચો છે એમ રાલડંગ કહે છે. માનસરોવરની નજીકનું કૈલાસ એથી ભિન્ન છે. એની ઊંચાઈ ૨૨,૦૦૦ ફૂટ છે. કિન્નરદેશના કૈલાસની શોભા ન્યારી છે. પ્રાતઃકાળમાં સૂર્યોદય બાદ કૈલાસ કોઈ નવવધૂની માફક સજ્જ થઈ જાય છે. થોડી થોડીવારે નવીનવી સાડી પહેરી નવાંનવાં રૂપ ધારણ કરે છે. કુમારસૈનથી એક ઊંચું હિમાચ્છાદિત શિખર દેખાય છે. પહાડના લોકો એને 'હંસ બેસક' કહે છે લોકોનો વિશ્વાસ છે, કે મૃત્યુ પામેલા જીવ અહીં પહોંચે છે. જીવને હંસ કહેવાની વાત ઉપનિષદના ઋષિઓથી પણ પહેલાં ઋગ્વેદમાં મળે છે.

વૃદ્ધ કિન્નરોને પૂછવાથી માલૂમ પડ્યું, કે પાંડવો જ્યારે સ્વર્ગારોહણ માટે ઇંદ્રપ્રસ્થથી નીકળ્યા ત્યારે હિમાલયના અનેક ભાગોમાં તેઓ ઘૂમતા રહ્યા. અંતમાં એ લોકો કિન્નરદેશના કૈલાસ શિખર પર પહોંચ્યા, જ્યાં એમણે શરીરત્યાગ કર્યો. એટલા માટે આ શિખરને કૈલાસ કહે છે. મૃત્યુ માટે સ્વર્ગવાસ અથવા કૈલાસવાસ શબ્દ ભારતના રહેવાસીઓમાં ઘણો જ પ્રચલિત છે.

કિન્નરજાતિ ઘણી પુરાણી પ્રજા છે. એ પ્રજા હિમાલયની આદિવાસી પ્રજા છે. આ અવિકસિત અશિક્ષિત જાતિ સમયની સાથે પ્રગતિ કરવામાં ઘણી જ પાછળ રહી ગઈ છે. રાષ્ટ્રના એક ખૂણામાં વસનાર કિન્નર લોકોના હૃદયમાં પણ ખૂણાખૂણાનો અંધકાર છે. આપણા દેશની જાગ્રત પ્રજાએ એને સહકાર આપવો રહ્યો.

એ લોકોમાં નિરક્ષરતાનો મુખ્ય પ્રશ્ન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરંગ

લેખક:
કવિ મૂળશંકર હ. મૂલાણી

જૂની ગુજરાતી રંગભૂમિના રસિકોથી નાટ્યકાર મૂળશંકર મૂલાણીનું નામ અપરિચિત નથી. નિરંતર ઊંડા ચિંતન, અવલોકન અને અભ્યાસ વિના સફળ સર્જન શક્ય નથી. શ્રી મૂલાણીએ મનના વિચારોને તરંગો તરીકે ઓળખાવ્યા છે તે તો નમ્રતાને લીધે જ, બાકી આ તો છે સળંગ સૂત્રમાં પરોવાયેલાં મૌક્તિકો. આજે લગભગ ૮૪ વર્ષની ઉંમરે પણ એમનું લેખનકાર્ય ને અભ્યાસ ચાલુ છે, ગુજરાતે આ નાટ્યકારને નચિંત બનાવવા જોઇએ.

[૧]

એક નાની સરખી વાત લઈ પ્રારંભ કરીએ. એક બાજરાનો દાણો લો. એને વાવો. પાણી પાઓ. એ પોચો પડી નીચે મૂળિયાં જશે ને ઉપર છોડ નીકળશે. સાંઠો વધ્યે જશે, ચાર મહિના સુધી. પછી એને ડૂંડું આવશે. અને પછી ડૂંડામાં બાજરાના દાણા આવશે; મૂળ બાજરાનો દાણો તો ક્યારનો ય ખરી ગયો હશે. માત્ર સાંઠો વધ્યો છે. સાંઠે કેમ જાણ્યું કે મારે લાંબું ડૂંડું કાઢવાનું? ને ડૂંડે કેમ જાણ્યું કે મારે મારી ફરતા બાજરાના દાણા જ કાઢવાના? ને તે પુષ્કળ કાઢવાના? તમે પડખે જારનો દાણો વાવ્યો હોત તો તે શરૂઆતમાં જ ખરી જાત, પણ એનો સાંઠો વધત, લોથો થાત, ને એની ઉપર જારના દાણા આવત. એ સાંઠો કેમ સમજ્યો કે મારે જારના દાણા જ બનાવવાના છે? ઊંચા ઊગતા સાંઠામાં એવું કાંઈ હોતું નથી. માત્ર રેસા અને રસ. એ છતાં જુદાંજુદાં ફળ થાય છે. જાણે કેમ એ કામ બુધ્ધિપૂર્વક થતું હોય. તમે કહેશો એને મગજ ક્યાં છે કે બુધ્ધિ હોય? તમને ને મને મગજ દેનારે એનામાં કોઈ બીજી શક્તિ આપી હોય એમ નહિ? તમે-એ તો કુદરત એમ કહીને પતાવશો.

જે માટે આપણે વિચાર કરતા ન હોઈએ અથવા વિચાર કરતાં પણ સમજી શકતા ન હોઈએ એને માટે આપણે કુદરત શબ્દ વાપરીએ છીએ; માટે એવી વાત છે. કંઈ જરાક વિચાર કરશો તો તમને લાગશે કે આ નાની સરખી વાત પણ વિચારવા લાયક તો છે. કદાચ તમે કહેશો કે એ તો ઋતુનું પરિણામ છે, પણ એ જવાબે ય બરાબર નથી. ઋતુ બધા છોડને માટે એકસરખી છે, છતાં બાજરાના છોડમાં બાજરો થાય છે, જારના છોડમાં જાર થાય છે, મગના છોડમાં મગ થાય છે, અડદના છોડમાં અડદ

ત્યાં શાળાઓ નથી, એટલે કિન્નરો પોતાના બાળકોને ભણાવી શકતા નથી. દિલ્હીથી યુરોપ–અમેરિકા છે તેથી યે વધારે દૂરનો આ પ્રદેશ આપણે બનાવી દીધો છે.

એ લોકો ભૂતપ્રેત, દેવતા વગેરે પર જ ભરોંસો રાખે છે; કારણકે ત્યાં દાક્તરો ને વૈદ્યો નથી. સ્ત્રીઓની દશા ખૂબ જ દયાજનક છે. હરિજનો બિચારા પશુઓથી યે હલકું જીવન જીવે છે.

ગાંધી સ્મારકનિધિ, કસ્તૂરબા ટ્રસ્ટ તથા ભારતીય આદિવાસી સેવાસંઘ સંસ્થાઓએ કિન્નરદેશના મૂક અને દૂરદૂર વસતા દેશવાસીઓની ઉન્નતિ માટે વિશેષ ધ્યાન આપવું જોઈએ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે, માટે કાંઈક બીજું છે, જે આપણે જોવું જોઈએ.

[૨]

ઉપર આપણે જોયું કે બાજરાના એક દાણામાંથી ઘણા દાણા થયા. એવી જ રીતે જારના એક દાણામાંથી ઘણા દાણા થાય અને બીજાં અનાજોના પણ એકએક દાણામાંથી ઘણા દાણા થાય. આ સ્થળે તમારે માનવું પડશે, કે એ ઉત્પન્ન થાય છે, વધે છે, જીવે છે, ફળો ઉત્પન્ન કરે છે અને સુકાઈ જાય છે. એમનો જીવનકાળ ટૂંકો છે. જેમનું જીવન લાંબું છે એવાં વૃક્ષોમાં ક્રિયા જુદી રીતે થાય છે. અનુકૂળ ઋતુએ દર વરસે એમાં ફળો આવે છે. ફળો તો વૃક્ષો ઉત્પન્ન કરે છે, ઋતુ એ ઉત્પત્તિમાં મદદ કરે છે. એ ફળો ઘણાં હોય છે. એનાથી આગળ વધીએ. જળચરો અને જંતુઓ. એને એક કાળે ઘણાં બચ્ચાં થાય છે. પક્ષીઓમાં જંતુથી ઓછાં, પણ કાંઈક વધારે બચ્ચાં થાય છે. પછી નાનાં પ્રાણીઓ બકરી, કૂતરી ઘુંડણ એને વધારે બચ્ચાં થાય છે. મોટાં પ્રાણી ગાય-ભેંશ ને એવાં બીજાં, એને એક એક બચ્ચું થાય છે. પછી આવ્યાં માણસ. એને પણ એક જ બાળક થાય છે, પણ આ ક્રિયા જ્યાંસુધી એનામાં ઉત્પન્ન કરવાની શક્તિ રહે ત્યાંસુધી ઉપર ગણાવેલાં બધાં અને ન ગણાવેલાં એના જેવાં બીજામાં ચાલુ જ રહે છે. એ ક્રિયા સ્વાભાવિક છે એટલે કે એ સહુના સ્વભાવમાં છે. એ ઉપરથી વિચાર કરી જોશો તો તમને લાગશે કે જે જીવન દેનાર શક્તિ છે તે જીવન ધારણ કરી શકે એવાં સ્વરૂપો ઘણાં થાય અને વધતાં જ જાય એમ કરી રહી છે. આ આપણી સૃષ્ટિ.

[૩]

હવે આપણે જીવન સંબંધી એક બીજો વિચાર કરીએ. આમાં આપણે માણસ વિષે જ વાત કરવાની છે. પૃથ્વી ઉપર સર્વત્ર માણસો તો છે. તે કાળાં હોય, ગોરાં હોય, રાતાં હોય, પીળાં હોય, ઠીંગણાં હોય, પણ તેની આકૃતિ તો માણસની જ, એકસરખી છે. બધાં જન્મે છે એક જ રીતે, પોષણ પામે છે એક જ રીતે, વધે છે, મોટાં થાય છે, પોતાના જેવાં બીજાં પ્રાણીઓને પેદા કરે છે, વૃદ્ધ થાય છે, અને મરી જાય છે, એ બધું એક જ રીતે થાય છે. માણસ–માણસમાં મૂળ વાતમાં કાંઈ ફેર હોતો નથી. ગોરાં-કાળાંનો તિરસ્કાર કરે છે. હિંદુઓમાં પોતાને પવિત્ર માનનારાં પોતે જેને અપવિત્ર ગણે છે, તેનો તિરસ્કાર કરે છે. પણ સહુને જિવાડનારી ચૈતન્ય શક્તિ તો કોઈનો તિરસ્કાર કરતી નથી. એ તો સહુમાં સમાન ભાવે વ્યાપી રહે છે. એ તો પવિત્ર અને અપવિત્રને સરખી રીતે જ જિવાડે છે. એને કોઈ વધારે નથી, કોઈ ઓછું નથી. ઊંચ-નીચ એ માત્ર મનુષ્યના મનની ભ્રમણા છે. પોતે બાંધેલી મર્યાદાને સત્ય માનીને અભિમાનથી પકડી રાખે છે. જીવનદાતા ઈશ્વર પોતે તો અસ્પૃશ્યથી અભડાતો નથી. એની ઉપરે ય એને તો પ્રીતિ છે. એને સર્વ પ્રકારનું સુખ આપે છે. એનાથી જરા ય છેટો રહેતો નથી. એના શરીરમાં વ્યાપી રહે છે–વસી રહે છે. ઈશ્વર જેનાથી અભડાતો નથી તેનાથી મનુષ્ય શા માટે અભડાય છે? એ એનો પોતે બાંધેલા અથવા માનેલા ધર્મોનો મિથ્યા મોહ નથી?

[૪]

હવે માત્ર ધર્મ અને ચેતનાશક્તિ વિષે જરા વિચારી લઈએ.

પૃથ્વી ઉપર ધર્મો અનેક છે અને તેના પેટા ભેદો ઘણા છે. મનુષ્ય પોતે છે તેથી ઉન્નત થવા ઇચ્છે છે. સામાન્ય જીવન કરતાં ઉત્કૃષ્ટ ભાવે જીવન જીવવા ઇચ્છનાર જે જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાપુરુષો થઈ ગયા છે, તેમને પોતાને જે સત્ય લાગ્યું છે, તે બધાં મનુષ્યો માટે કલ્યાણકારી છે, એમ માનીને તેમણે એ સત્યનો ઉપદેશ કર્યો છે, અને સામાન્ય મનુષ્યો એ સત્યથી આકર્ષાઈ, એને પરમ હિતકારી માની તે ઉપદેશને અનુસર્યા છે. પરમ સત્યની ઝાંખી જુદાજુદા પુરુષોને જુદીજુદી રીતે થયેલી છે. ઉપદેશાર્થે તે વાણીમાં ઊતરીને તેનું રૂપાંતર થાય છે. જેમ એનો વિસ્તાર થાય છે તેમ એનું રૂપ બંધાતું જાય છે અને એ રીતે એકનો ઉપદેશ બીજાના ઉપદેશથી જુદો પડે છે. ઉપદેશનું એ સ્વરૂપ તે ધર્મ; અને એ રીતે એક ધર્મથી બીજો ધર્મ જુદો પડે છે. તે તે ધર્મના પછીના ઉપદેશકો અને અનુયાયીઓની એ ધર્મને સુદૃઢ સ્વરૂપ આપવાની ઇચ્છાઓથી એમાં નવાંનવાં બંધનો ઉમેરાય છે અને એ રીતે ધર્મનું સ્વરૂપ ખૂબ બદલાય છે. આ રીતે સ્થિર થયેલા ધર્મોને માનનારા, પોતે જે ધર્મને માનતા હોય તે જ સાચો ધર્મ છે અને બીજા બધા ખોટા છે, એમ માને છે. પોતે જે ધર્મને માનતો હોય એ પરમસત્ય હોવાથી એ ધર્મ જ પરમેશ્વરને ગમે છે, એની ઉપર જ ઈશ્વરની પ્રીતિ છે અને બીજા ધર્મો ઉપર ઈશ્વરની પ્રીતિ નથી; તેથી પોતે ઈશ્વરના પ્રીતિપાત્ર માનેલા ધર્મવાળાને જ ઈશ્વર ઉત્તમ ગતિ આપશે એમ એ માણસ માને છે.

આ માન્યતા સામાન્ય હોય છે, પણ કેટલીક વાર એનું દુરાગ્રહી સ્વરૂપે ય થઈ જાય છે. એ રીતે ધર્મના ઝઘડા થાય છે.

આ જુદાજુદા ધર્મોમાંથી ઈશ્વરને ખરેખર કયો ધર્મ ગમે છે એની કોઈ પરીક્ષા તો કરતું નથી. માત્ર શ્રદ્ધાથી માને છે, કે મૃત્યુ પછી પોતાની સદ્‌ગતિ થશે; અને એની સાથે જ એના પ્રતિઘાત રૂપે બીજો વિચાર ઊઠે છે કે બીજાની સદ્‌ગતિ નહિ થાય. એ માને છે કે મૃત્યુ પછીની સ્થિતિમાં ઈશ્વર આ રીતે ભેદભાવે વર્તશે.

મનુષ્યે માની લીધેલી પ્રભુની પ્રીતિ-અપ્રીતિ મૃત્યુ પછી જ કાં દેખાય? અહીં કાં નથી અનુભવાતી?

મૃત્યુ પછી અમુક થશે એ વાત કાંઈ અનુભવની તો નથી. ઉપદેશકોનાં વચનોની માની લીધેલી અસર છે.

એક માણસ ઉપર અને એનાથી વિરુદ્ધ ધર્મના બીજા માણસ ઉપર ચેતનાશક્તિની પ્રીતિ તો સમાન દેખાય છે. જગતનાં તમામ માણસોને એ શક્તિ તો સરખી રીતે જ જિવાડી રહી છે. એમાં એ જરા ય ભેદભાવ નથી કરતી. ધર્મની એના ઉપર કાંઈ અસર થતી ન હોય એમ દેખાય છે. જેણે સર્વને ઉત્પન્ન કર્યાં છે એની પ્રીતિ તો સર્વ ઉપર એકસરખી જ હોય. ઈશ્વર ભેદભાવવાળા મનવાળો છે, એ મનુષ્યના જેવાં નિર્બળ મનનો છે એમ માનવું એ આપણી સમજણની ભૂલ છે.

ઈશ્વર એક છે. એ સર્વત્ર વ્યાપી રહેલો છે. સર્વ એનામાં જ છે. બધાં એનાં જ છે. પછી એ કોના ઉપર પ્રીતિ-અપ્રીતિ કરે! જરા વિચારી જોજો.

[૫]

પૃથ્વીમાં ક્ષારો અને ધાતુઓ છે. આપણે એ ખાઈને એનું રૂપાંતર કરી શકતા નથી. વનસ્પતિ એ કરે છે. ઘો, ખડ, છોડ, વૃક્ષ એનાં બહુ જ બારીક મૂળિયાં એનો રસ ચૂસી લે છે, એ નિર્જીવને જીવતાં બનાવી દે છે, ને એનાથી પોતાનું શરીર બાંધે છે. વનસ્પતિની આ અદ્દ્ભુત શક્તિનો તમે કદી વિચાર કર્યો છે?

ફૂલના છોડ સુંદર ફૂલો બનાવે છે, મધ બનાવે છે, મધુરી સુગંધ ઉત્પન્ન કરે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જડ દેખાતી પૃથ્વીના રસોમાંથી ફળનાં ગાડાં મીઠાં ફળ બનાવે છે. શેરડીનો સાંઠો એ જ રસને મીઠો કરી દે છે ને આપણને ગોળ ને સાકર આપે છે. કેટલું આશ્ચર્યકારક છે આ બધું ?

અને હવે પ્રાણીઓ: પ્રાણીઓ એ વનસ્પતિ ખાઈને એનું રૂપ જ બદલી નાખે છે. બીજી જ વસ્તુ બનાવી દે છે. વનસ્પતિના સાધારણ રસનું એ લોહી બનાવી દે છે. ક્યાં લોહી! કેટલો ફેરફાર! અને એનાથી એ પોતાનું શરીર બાંધે છે. વનસ્પતિના રસમાં જીવન છે, પણ લોહીનું જીવન તો ચંચળ-ચેતનાથી ભરેલું-અદ્ભુત છે. પ્રભુએ પ્રાણીને એવી અજાયબ શક્તિ અર્પી છે.

આ બે પગલાં થયાં. જમીનની નિર્જીવ વસ્તુઓને વનસ્પતિ જીવન અર્પે એ એક પગલું. એ સ્થિર જીવનને પ્રાણી અત્યંત ચેતનામય બનાવી દે એ બીજું પગલું. સ્રષ્ટા નાનાં પગલાં ભરતો નથી. એણે બે પગલાંમાં તો કેટલો મોટો ફેરફાર કરી નાખ્યો! હવે એનું ત્રીજું પગલું કેવું હશે ?

[૬]

પ્રભુએ પ્રાણીઓમાં એક નવી જાતિ ઉત્પન્ન કરી અને બીજાં પ્રાણીઓ કરતાં તેને ઘણું વધારે આપ્યું. બીજાં પ્રાણીઓમાં ઇંદ્રિયોની શક્તિ ઉપરાંત આંતરભાવો, પ્રેમ, વાત્સલ્ય, સ્વાર્થપ્રવૃત્તિ, કામ, ક્રોધ, અને બીજા ભાવો છે. મનુષ્યમાં એ ભાવો અને શક્તિઓ વધારે બળવાળાં છે. તે ઉપરાંત મનુષ્યને બીજું પણ આપ્યું છે: મન અને બુદ્ધિ. એ બે એટલા વિપુલ પ્રમાણમાં દીધાં છે કે એને લીધે માણસનું જાણે જીવન જ બદલાઈ ગયું છે. મન અને બુદ્ધિને આધારે રહેલી અનેક શક્તિઓ, જેવી કે ઉત્પાદનશક્તિ, શોધનશક્તિ, એનો ઉપયોગ કરવાની બુદ્ધિ, વાયુ, જળ, અગ્નિ વીજળીનો ઉપયોગ કરવાની બુદ્ધિ, સંગીત, નૃત્ય, ચિત્ર, શિલ્પ, કાવ્ય જેવી જીવનમાં રસ ભરનારી અને સુખ દેનારી કળાઓ, કૌટુંબિકબંધન, સમાજબંધન, સમૂહ, સંગઠન, સત્તા, વ્યવસ્થા, સ્વાતંત્ર્ય વગેરે મનુષ્યોમાં વિકસેલાં છે. તે ઉપરાંત દયા, ત્યાગ, ઉદારતા, ક્ષમા વગેરે સારા ભાવો પણ છે, તેમ જ કપટ, સ્વાર્થ, ક્રૂરતા, હિંસા જેવા ભાવો પણ છે. આ જનસમૂહના સામાન્ય ભાવોની વાત કહી. પણ એમાં કોઈ કોઈ વ્યક્ત એવી નીકળી આવે છે, કે જે જગત્કર્તાને શોધવાનો, જાણવાનો અને પામવાનો પ્રયત્ન કરે છે, અને ભક્તિ, યોગ, જ્ઞાન અને એવા જ બીજા માર્ગોનો વિકાસ થાય છે. આગળ જનારાની કેડીઓ પાછલી પ્રજા પકડી લે છે અને તેમાં ઉમેરો કરે છે.

આ સતત વિકાસની બળવાળી પ્રવૃત્તિ તરફ જુઓ. કેવળ શરીર અને જીવવું એના કરતાં આ ઘણું વધારે છે. એ જોતાં આપણને એમ લાગે, કે શું આ સ્રષ્ટાનું ત્રીજું પગલું છે? સ્રષ્ટાનાં બે પગલાં આપણે જોયાં, તે પૂર્ણ હતાં, પણ આ તો અપૂર્ણ છે. હજી એનો વિકાસ થાય છે. એ વિકાસનું સ્વરૂપ કેવું થશે એ કોણ કહી શકે ?

[૭]

અત્યાર સુધીના આપણા વિચારોથી એમ લાગે છે, કે જે જીવન આપી રહેલ છે, તેને એ જીવનભાવ વિસ્તારવો છે, અને વિકસાવવો છે. ક્યાંસુધી ? એની પ્રવૃત્તિ ઉપરથી કલ્પીએ તો એને સર્વને સજીવ બનાવી દેવાં છે, સર્વને પોતાના જેવાં સર્વ શક્તિઓથી ભરપૂર, પૂર્ણ ચેતનામય કરી દેવાં છે, પોતાનામાં જ સમાવી દેવાં છે. કર્તા નહિ, કૃતિ નહિ, કેવળ એક પૂર્ણ ઈશ્વરસ્વરૂપ. અભેદ, અદ્વિતીય, એક આ આપણી કલ્પના સત્ય ન હોય, પણ સુંદર તો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વૃદ્ધિ ને વિકાસનો જે પ્રવાહ વહી રહ્યો છે, તેમાંથી કોઈ કોઈ પ્રભુ પ્રત્યેના પ્રેમની આતુરતાથી વિશેષ ગતિ સાધે છે. ભક્તિથી, યોગથી, જ્ઞાનથી, સેવાથી એ વહેલા પહોંચે છે, પણ જે પાછળ રહ્યાં છે તે સર્વ પણ અંતે તો તેને જ પહોંચવાનાં. આપણે અજ્ઞાન છીએ એ સામે એ જોતો નથી, આપણે સંસારમાં રચ્યાપચ્યા રહીએ છીએ એ પણ એ જોતો નથી, આપણે એનાં દર્શનનો પ્રયત્ન પણ કરતા નથી કે એને સંભારતાં પણ નથી એની એને પરવા નથી. આપણું ચારિત્ર્ય સારું છે કે ખરાબ એ પણ એ જોતો નથી. એ તો આપણને પોતાના તરફ ખેંચી રહ્યો છે, ને આપણાં પાપો, અશુદ્ધિ, અજ્ઞાન, બધાંનો નાશ કરી, આપણને શુદ્ધ બનાવી દઈ પોતાની પાસે લઈ લેશે.

[૮]

ઈશ્વરને પામવાને સતત પરિશ્રમ કરી રહેલા ઋષિઓએ જોયું, કે જગતના સંબંધમાં ઈશ્વરનાં ચાર સ્વરૂપ છે. ત્રણ જગતને સ્પર્શે છે, ચોથું જગતથી પર છે. એ જ વિચાર કરનારાઓએ જોયું, કે માણસની દેખીતી ત્રણ સ્થિતિ છે: જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એટલે નિદ્રા. પણ અનુભવે એમને સમજાયું, કે માણસની એક ચોથી સ્થિતિ પણ છે, જે શરીરના સંબંધથી પર છે; અને એ સ્થિતિ અને ઈશ્વરની ચોથી સ્થિતિનું સામ્ય છે. એ આ જીવનના ધ્યેયનો અંત છે. એ શ્રેષ્ઠતમ અવસ્થા છે.

આપણે ભાગ પાડ્યા છે તે એનાથી તદ્દન જુદા છે. એ ઈશ્વરના ભાગ નથી કે મનુષ્યના ભાગ નથી, પણ સૃષ્ટિના વિકાસના ભાગ છે. (૧) પૃથ્વીનાં જડ દ્રવ્યોમાંથી વનસ્પતિ થાય છે. જડ દ્રવ્યોને એ રસરૂપ બનાવી દે છે અને એથી પોષણ પામીને જીવે છે, એ પહેલો ભાગ. (૨) એ વનસ્પતિને ખાઈ, તેના રસનું લોહી બનાવી, પ્રાણી ચૈતન્યને વધારે ચંચળ અને ગતિમાન બનાવી દે છે એ બીજો ભાગ. એ પણ ભાગ પૂર્ણ છે; કેમકે એમાં જે કાર્ય બને છે તે પૂર્ણરૂપે જ બને છે, કંઈ અધૂરું નથી. (૩) પ્રાણીઓમાં માનવપ્રાણી પણ છે. બીજાં પ્રાણીઓની પેઠે એ પણ વનસ્પતિના રસનું લોહી બનાવી શરીરને પોષે છે, પણ એનામાં એ કરતાં કાંઈક બીજું પણ છે, તે મન અને બુદ્ધિનો વિકાસ. પણ એ વિકાસ હજી અધૂરો છે. એ વિકાસ થયે જ જાય છે. બુદ્ધિની શક્તિ વધ્યે જ જાય છે. એનું અંતિમ સ્વરૂપ કેવું હશે તે તો કોઈ કહી શકે એમ નથી. એ ત્રીજા ભાગથી પર એક ચોથો ભાગ આપણે પણ માનવો પડશે; અને એ જ માનવીના પરમ વિકાસનું અંતિમ સ્થાન હોય એમ આપણે પણ માનવું પડશે.

[૯]

આપણે હમણાં જેને ત્રીજો ભાગ કહ્યો, તે ઈશ્વરનું ત્રીજું પગલું છે, એવું પણ આપણે એકવાર કહ્યું છે અને કહ્યું છે કે એનું સ્વરૂપ અધૂરું છે: એ ત્રીજા પગલાંનું પૂર્ણ સ્વરૂપ કેવું હશે, તેની કાંઈક ઝાંખી આપણને બધા ધર્મોના સંતોના જીવનમાંથી થાય છે. એ સંતોનું જીવન કેવું નિઃસ્પૃહી, કેવું વિરક્ત, કેવું પ્રભુ પ્રત્યેની પ્રીતિથી ભરેલું હતું, એ વિષે હું કંઈ કહેતો નથી. આપણે જોતા આવ્યા છીએ તે શક્તિનો વિકાસ, એટલે આમાં પણ આપણે શક્તિના વિકાસનો વિચાર કરવો રહ્યો. એ સંતોના ચમત્કારો વર્ણવવામાં આવ્યા છે; એટલે કે એ કરવાની શક્તિ એમનામાં આવી છે. એ પણ માણસ હતા; અને પોતાના પુરુષાર્થથી એમણે એ સિદ્ધિઓ મેળવેલી. એનો અર્થ એ કે દરેક માણસ એ સિદ્ધિઓ મેળવી શકે. એ મેળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

…વવાની આતુરતા અને પ્રયત્ન જોઈએ. પ્રયત્ન કેવી રીતે કરવો અને કેવી રીતે સિદ્ધિઓ મળી શકે તેને માટે દ્રષ્ટાઓએ અનેક માર્ગ બતાવ્યા છે. અને એ માર્ગે જનારને એની સત્યતાનો અનુભવ થાય છે.

અને એ ઉપરથી આપણે સમજી શકીએ કે જ્યારે મનુષ્યની શકિતઓનો વિકાસ થાય ત્યારે તેનું સ્વરૂપ કાંઈક આવું હોય.

આમ આપણને ત્રીજા પગલાની અથવા ત્રીજા ભાગના સ્વરૂપની ઝાંખી થઈ શકે છે.

એ ત્રીજી સ્થિતિથી આગળ વધી મનુષ્ય ચોથી સ્થિતિ જેને તુર્યા કહે છે, ત્યાં પહોંચે છે, ત્યારે તેને ઈશ્વરના પૂર્ણ સ્વરૂપનું દર્શન થાય છે. એ દર્શન કેવું હોય છે, એની કેવી અસર છે, એ વખતે જીવનની શું સ્થિતિ થાય છે, અનુભવીઓ કહે છે કે એ કહી જ શકાતું નથી. એને માટે કોઈ શબ્દ નથી. એ માત્ર અનુભવગમ્ય છે; અને જીવને ત્યાં જ વિરમવાનું છે. એ ઈશ્વરસ્વરૂપ થઈ જાય છે અથવા ઈશ્વરમાં સમાઈ જાય છે.

[૧૦]

સંતોમાં આવતી શક્તિઓ એ કંઈ બહારથી આવતી નથી, પણ એનામાં જે સ્વાભાવિક રીતે શકિતઓ રહી છે, પણ જે પહેલાં વિકસેલી નથી હોતી; તેનો વિકાસ માત્ર છે. આવી શકિતઓ આખી મનુષ્ય-જાતિમાં સુપ્ત દશામાં પડી રહી હોય છે અને પ્રયત્ન વડે તેનો વિકાસ થઈ શકે છે તે આપણે કહી ગયા. અહીં એ કહેવાનું છે, કે સંતોએ સૂચવેલા પ્રયત્નો વગર પણ આખી મનુષ્ય જાતિને ઈશ્વરી પ્રેરણા વડે સર્વ શકિતઓ પ્રાપ્ત થવાની છે. આ કાંઈ કલ્પિત ભવિષ્ય નથી, પણ જે ક્રમ ચાલી રહ્યો છે તે જોતાં કોઈ પણ બુદ્ધિમાનથી એમ જ થશે એમ સમજી શકાય એમ છે.

અહીં આપણે હવે બીજો વિચાર કરીએ. એ શકિતશાળી મનુષ્યજાતિ કેવી હશે? એ માટે તો આપણે કલ્પના કરવી જ રહે છે. પણ એ કલ્પના પણ આપણે સંતોનાં ચરિત્રોને આધારે કરી શકીએ.

સંતો કામનારહિત, રાગદ્વેષવગરના ધનની ઇચ્છા વગરના, જમીન, સત્તા જેવાં બંધનોથી મુકત, હિંસા–દુષ્ટ ભાવો વિનાના, શાંત, દયાળુ, જગતનાં સર્વ જનોને પોતાનાં ભાંડુ જેવાં જ માનનારાં, સર્વના હિતૈષી અને પ્રભુ પ્રત્યેની અથાગ પ્રીતિ-વાળા હોય છે. એઓ શકિતના અભિમાન રહિત છે, શક્તિનો કદી પણ દુરુપયોગ કરતા નથી. નિઃસ્પૃહ હોવાથી એમને કોઈ વસ્તુ મેળવવાની તૃષ્ણા નથી. आत्मन्येवात्मना तुष्टः । એ સ્વરૂપ એમનું હોય છે.

શકિતસંપન્ન મનુષ્યજાતિ જો સંતો જેવા ગુણવાળી થાય તો એ વેળાનો સંસાર કેટલો સુખી, કેવા આનંદથી ભરેલો હોય? આપણું આ કલ્પનાનું ચિત્ર ભાવીનાં શુભની ઇચ્છા, શું સફળ થશે?

આંતરશુદ્ધિ મેળવ્યા સિવાય ઘણાં માણસો શકિત મેળવવાના પ્રયત્નો કરે છે. ક્રિયાથી શકિત પ્રાપ્ત થાય છે; પણ એ શકિતનો પછી સ્વાર્થમાં ઉપયોગ થાય છે અથવા છલતા, દ્વેષ, ક્રોધ ઇત્યાદિ હલકા ભાવો વડે તેનો દુરુપયોગ થાય છે એથી તે શકિત ચાલી જાય છે. પણ એ શાકતના મોહથી તેને પકડી રાખી, તેનો સતત ઉપયોગ કરી, તેમાં રચ્યોપચ્યો રહે તો તેની અધોગતિ થાય છે. આજના સ્વાર્થાંધ મનુષ્યજાતિના સમયમાં આ વર્તન સહજ દેખાય છે. આ સ્થળે આપણે એટલું જ ઇચ્છીએ કે: सर्वे जनाः सुखिनो भवन्तु ।

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૌષ્ટિક ખોરાક

લેખક :
ડૉ. કાંતિલાલ
એમ. બી. બી. એસ.

જીવનશાસ્ત્રના જ્ઞાન વિના જેમ કેટલાક લોકો જીવ્યે જાય છે તેમ યુક્તાહાર કે પૌષ્ટિક ભોજનના જ્ઞાન વિના પણ ઘણા લોકો ભૂખ લાગે છે માટે જમ્યે જાય છે—ખોરાકના વજનના પ્રમાણ કરતાં તેની જાતના પ્રમાણ પર, એનાં પૌષ્ટિક તત્ત્વો પર બહુ ઓછું ધ્યાન અપાય છે. લેખકે જુદાંજુદાં વિટામિનો ઉપરાંત, રોજના ભોજનમાં શું શું ને ક્યારે ક્યારે લેવું તેની પણ માહિતી અહીં આપી છે. ઘરના દરેક સભ્યને ખાસ કરીને ભોજનશાસ્ત્રની સાધનસામગ્રી ઉપર જેમનું પ્રભુત્વ છે એવી બહેનોને આમાથી ઘણું જાણવાનું મળશે.

પૌષ્ટિક ખોરાક કોને કહેવાય? જે ખોરાકથી આપણને શક્તિ મળે, આપણા શરીરનું ધારણ તથા પોષણ થાય અને રોગો સામે ટકવાની શક્તિ મળે તેને પૌષ્ટિક ખોરાક કહી શકાય. આ ખોરાક સમતોલ હોવો જોઈએ, અથવા જેને 'યુક્તાહાર' કહે છે તેવો હોવો જોઈએ. એટલે કે શરીરના યોગ્ય વિકાસ તથા ધારણ માટે જે પાંચ તત્ત્વો જરૂરનાં છે તે પાંચે તત્ત્વો પૂરતા પ્રમાણમાં પૂરાં પાડે એવો હોવો જોઈએ. આ પાંચ તત્ત્વો નીચે પ્રમાણે છે:

(૧) **પ્રોટિન** અથવા **નત્રિલ:** એટલે નત્ર યાને નાઈટ્રોજનવાળા પદાર્થો. આપણા શરીરના અવયવો યોગ્ય રીતે બંધાય તે માટે આ દ્રવ્ય બહુ જરૂરનું છે. એ પૂરતા પ્રમાણમાં ન મળે તો શરીરનો ઘસારો ન પુરાય તથા વૃદ્ધિ પણ ન થાય. શરીરના વિકાસમાં એ ઉપયોગી છે;માટે નાનાં બાળકોને, સગર્ભા સ્ત્રીઓને તથા ધાવણાં બાળકની માતાને એની જરૂર વિશેષ પ્રમાણમાં રહે છે. આપણાં બધાં અનાજોમાં વત્તેઓછે અંશે પ્રોટિન છે, પરંતુ કઠોળમાં વિશેષ છે. જેમાં પ્રોટિન ઘણા પ્રમાણમાં છે એવા પદાર્થોમાં માંસ, માછલી, ઈંડાં, સોયાબીન તથા સૂકો મેવો (બદામ વગેરે એમાં—ચરબી પણ પુષ્કળ હોય છે) મગફળી વગેરે ગણી શકાય (કઠોળ તો ગણાવ્યાં જ છે).

(૨) **ચરબી:** ચરબીથી શરીરને ગરમી મળે છે તથા શરીરના નાજુક અવયવોનું રક્ષણ થાય છે. તે ઉપરાંત શરીરમાં જમા થયેલી ચરબી માંદગીમાં તથા ઉપવાસમાં શરીરને ટકાવી રાખવામાં મદદ કરે છે. આપણા રોજિંદા ખોરાકમાંથી તેલ અને ઘીમાં જ ચરબી હોય છે. અનાજ તથા શાકભાજીમાં ચરબીનું પ્રમાણ નહિવત્ હોય છે. તલ, કોપરાં, મગફળી, બદામ ઇત્યાદિ પદાર્થોમાં ચરબીનું પ્રમાણ ખૂબ હોય છે.

(૩) **કાર્બોહાઈડ્રેડ:** અથવા કાંજી અને સાકરના વર્ગના પદાર્થો: આ પદાર્થો પણ શરીરને ગરમી અથવા શક્તિ પૂરી પાડે છે. આપણાં બધાં અનાજ, શાકભાજી તથા ફળફળાદિમાં આ તત્ત્વ બહુ સારા પ્રમાણમાં હોવાથી એની ખોટ આપણને પડતી નથી; બલકે એમ કહી શકાય કે શાકાહારી લોકોના ભોજનનાં (અને હિંદુસ્તાનની પ્રજાના મોટા ભાગના ખોરાકમાં) આ તત્ત્વનું પ્રમાણ કંઈક વધારેપડતું હોય છે.

(૪) **વિટામિન:** આ પદાર્થો શરીરને ગરમી નથી આપતા કે શરીર ઘડવામાં પણ વપરાતા નથી; છતાં શરીરને અત્યંત ઉપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાગી છે; કારણ આ કાયારૂપી મંદિર બાંધવામાં એ કડિયાનું કામ કરે છે. ચરબી તથા કાર્બોહાઇડ્રેટ ન મળે તો જીવી શકાય, પરંતુ વિટામિન જો બિલકુલ ન મળે તો શરીર રોગિષ્ઠ થઈ થોડા વખતમાં મૃત્યુ પામે. આ વર્ગના પદાર્થોને ए, बी, सी, डी, इ, के એવા અંગ્રેજી મૂળાક્ષરોથી ઓળખવામાં આવે છે.

વળી જી વિટામિન જેને કહેવામાં આવે છે, તે તો એક આખા વર્ગનું નામ છે. તેમાં ઘણાં વિટામિન રહેલાં છે. ઘણાં વિટામિનનાં રાસાયણિક નામો (જેવાં કે બી ર નું થિયેમાઈન, બી રનું રાઈબોફ્લેવિન, સીનું એસ્કોર્બિક ઍસિડ ઇત્યાદિ) પણ છે. દરેક વિટામિન આપણા શરીરમાં જુદુંજુદું કાર્ય કરે છે. પ્રત્યેક વિષે એકેક નાની સ્વતંત્ર પુસ્તિકા લખી શકાય; પરંતુ એ બધી વિગતોમાં આપણે અહીં ઊતરીશું નહિ. આપણે એટલું યાદ રાખવાનું છે કે આપણા શરીરમાં ખોરાક બરોબર પચે, પચીને તેનું લોહી બને તથા આપણી પ્રત્યેક ઇંદ્રિય પોતપોતાના ધર્મ સારી રીતે બજાવી શકે તથા શરીર રોગોના હુમલા સામે ટકી શકે તે માટે આ બધાં વિટામિન અતિ અગત્યનાં છે. અને એમનું યોગ્ય પ્રમાણ જળવાય તો જ આપણો ખોરાક 'યુક્તાહાર' ગણી શકાય.

(૫) **ક્ષાર:** આપણા શરીરમાં ઘણા ક્ષાર છે. તેમાંથી કૅલ્શિયમ (એટલે ચૂનાની મૂળ ધાતુ), ફૉસ્ફરસ અને લોહ અગત્યના છે. હાડકાં તથા દાંતના બંધારણ માટે; જ્ઞાનતંતુના કાર્ય માટે તથા હૃદયની ગતિ માટે અને લોહીને થીજવા માટે કૅલ્શિયમ અગત્યનું છે. ફૉસ્ફરસ પણ હાડકાંના તથા દાંતના બંધારણ માટે ઉપયોગી છે. લોહ ન મળે તો આપણા લોહીમાં જે રાતો રંગ હોય છે, તે ઘટી જાય અને લોહી ફીકું પડવાથી ઍનિમિયા અગર પાંડુરોગ થાય.

૬

આ ક્ષારો તથા વિટામિન અનાજ કે ઘીતેલમાંથી આપણને નથી મળતાં; (અનાજમાં ફૉસ્ફરસ તથા બીવર્ગનાં વિટામિન હોય છે.) એ મેળવવા માટે દૂધ તથા દૂધની બનાવટો, લીલાં શાકભાજી અને ફળ ખાવાની અનિવાર્ય જરૂર છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આપણે રોજ શું શું ખાવું અને કેટલું ખાવું જેથી આ પાંચે તત્ત્વો આપણને મળી રહે; એટલું જ નહિ પરંતુ પૂરતા પ્રમાણમાં મળી રહે? આ માટે નીચે આપેલો નમૂનો ઉપયોગી થઈ પડશે:

હાથે છડેલા ચોખા	અચ્છેર ને નવટાંક
બાજરી અગર ઘઉં	પાંચ અધોળ
દૂધ	અર્ધો શેર
દાળ (અગર કોઈ કઠોળ)	ત્રણ અધોળ
શાક (વેંગણ, ભીંડા, કોળું, વગેરેમાંથી)	દોઢ પારોર
લીલોતરી (મેથી, તાદળજો, પાલખ વગેરેમાથી)	પારોર
તેલ અગર ઘી	નવટાંક
ફળ (કેરી, પપૈયું, કેળું વગેરેમાંથી)	નવટાંક

આ તો માત્ર નમૂનો છે. સ્થળ, કાળ, રુચિ તથા રૂઢિ અનુસાર એમાં ફેરફાર કરી શકાય. દાખલા તરીકે આપણે ચોખા ઓછા કરી શકીએ અને બદલામાં ઘઉં લઈ શકીએ. વળી ઘઉં, ચોખા બંને થઈને પણ કદાચ એટલું ન ખાઈ શકીએ કે બંને મળીને પણ ભૂખ ન સંતોષાય, (દાખલા તરીકે સખત મહેનત કરનારને આટલું અનાજ ઓછું પડે) તો એમાં ઘટાડો–વધારો કરી શકાય. ધ્યાનમાં રાખવાની વાત એ છે કે અહીં બતાવેલું શાકભાજી, ફળ અને દૂધનું પ્રમાણ છે તેમાં ઘટાડો ન જ કરવો. ઉપર જે માપ આપ્યું છે તે એક દિવસનું છે.

બીજા પણ ઘણા પ્રશ્નો ઊઠી શકે. એક તો એ કે ગરીબ માણસ આ મોંઘવારીમાં દૂધ ક્યાંથી લાવે? શાક પણ રોજ રોજ ન ખાઈ શકે તો ફળફળાદિ કે સૂકા મેવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત જ ક્યાં ? આનો ઉપાય એ છે કે આખું દૂધ મોંઘું પડે તો સેપરેટ દૂધ વાપરવું, અગર બજારમાંથી સેપરેટ દૂધની ભૂકી લાવી તે વાપરવી. ગામડામાં (તથા શહેરમાં જેને મળી શકે તેણે) વલોણાની છાશ વાપરવી. સેપરેટ દૂધ તથા છાશમાં ચરબી સિવાયનાં બીજાં બધાં ઉપયોગી તત્ત્વો જળવાઈ રહે છે. શાક ન મળી શકે ત્યારે કઠોળને સણગાવીને વાપરવાં. આમ કરવાથી કઠોળમાં નવાં વિટામિન (ખાસ કરીને સી) પેદા થાય છે. મગ, ચોળા તથા ચણા સણગાવીને વાપરવાથી વિશેષ લાભ લાભ છે. શાકને બદલે સણગાવેલું કઠોળ ચાલે પરંતુ લીલી ભાજી કોઈ ને કોઈ પ્રકારની દિવસમાં એકાદવાર તો ખાવી જ જોઈએ. કારણ શાકાહારી માટે (જો ઘી ન ખાઈ શકતા હોય તો) એ નામનું વિટામિન મેળવવાનો બીજો રસ્તો નથી. જે દિવસે ભાજી ન મળી શકે તે દિવસે કોથમીર (અને કોઠું, કરમદાં, કેરી વગેરે)ની ચટણી બનાવી લેવી. એ પણ મોંઘી મળતી હોય અગર ન મળતી હોય ત્યારે મીઠા લીમડાનાં પાનનો ઉપયોગ કરવો.

આપણા ખોરાકનાં બધાં ઉપયોગી તત્ત્વો જળવાઈ રહે એટલા ખાતર આપણી રાંધવાની રીતમાં પણ ફેરફાર કરવાની જરૂર છે. આજકાલ આપણે સંચે દળેલો લોટ જ વાપરીએ છીએ. આ પ્રથા હવે જવાની નથી એમ ગણીએ તોપણ એટલું યાદ રાખવાનું છે કે લોટ ચાળ્યા પછી જે થૂલું નીકળે છે તે ફેંકી દેવાનું નથી; કારણકે થૂલામાં ક્ષાર તથા વિટામિન સારા પ્રમાણમાં હોય છે. આ થૂલાની ભાખરી બહુ સ્વાદિષ્ટ લાગે છે. (વળી એ યાદ રાખવું કે ઇંગ્લેંડ અમેરિકામાં લોટ દળવાની મોટી મિલો હોય છે, તેવી મિલોમાં આપણે કંઈ લોટ દળાવતા નથી. આપણી ઘંટીઓ પથ્થરની જ હોય છે–યંત્રથી ચાલે છે એ ખરું છે તથાપિ–અને તેથી તેવી મિલોમાં દળાયેલા લોટ જેટલો સત્ત્વહીન આપણી આ ઘંટીઓમાં દળાયેલો લોટ નથી હોતો.) લોટના થૂલાની જેમ કઠોળમાંથી નીકળેલાં ફોતરાં, કુશકી વગેરે પણ ઉપયોગમાં લઈ શકાય. દાળમાંથી નીકળતું કોરમું તો આપણે વાપરીએ છીએ; પરંતુ ફોતરાં, કુશકી વાપરતાં નથી. ઘણી બહેનોને આ ચીજો વાપરવાની વાત જ વાહિયાત લાગે છે, પરંતુ આપણે મગ, ચોળા, વાલ વગેરે કઠોળ આખાં રાંધીએ છીએ, ત્યારે એ દાણા-ફોતરાં સાથે જ ખાઈએ છીએ અને પચાવી શકીએ છીએ, તો પછી કઠોળ ભરડવાથી નીકળેલાં છોડાં વગેરે કેમ ન પચાવી શકીએ? એ વસ્તુઓની કઈ વાનીઓ બનાવવી તે શોધી કાઢવાનું કામ કુશળ ગૃહિણીઓનું છે. જે ચોખા આપણને રેશનમાં મળે છે તેને ઘેર લાવ્યા પછી ઘણા લોકો છડે છે; પરંતુ આ રિવાજ ઈષ્ટ નથી. છડવાથી ચોખામાંના ક્ષાર તથા વિટામિન નીકળી જાય છે. ઉપરાંત, આજે જ્યારે ચોખાની અછત છે, ત્યારે દુકાળમાં અધિક માસની માફક ચોખાનું પ્રમાણ પણ છડવાથી ઘટે છે. આ ચોખા રાંધતી વખતે કેટલાક લોકો બેત્રણ વાર ધુએ છે. આવી રીતે ધોવાથી પણ વિટામિન ઘટી જાય છે; માટે માત્ર એક જ વાર ધોવા અને બહુ ઘસીઘસીને ન ધોવા. ભાત ચડી જાય ત્યારે ઓસાવવો નહિ પણ બેઠો જ રાંધવો. શાક રાંધીએ ત્યારે એમાંનું કેટલુંક વિટામિન સી બળી જાય છે, માટે રાંધતી વખતે મીઠું શરૂઆતથી જ નાખવું અને સોડા કદી વાપરવો નહિ.

ઘણા લોકોને મસાલાનો વિશેષ હોય છે તથા બાફેલાં શાક માટે પક્ષપાત હોય છે. પરંતુ આ વાત યોગ્ય નથી. આપણે દાળ તથા શાકમાં જે વઘાર કરીએ છીએ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મસાલા વાપરીએ છીએ તેને વિજ્ઞાનનો ટેકો છે; કારણકે હિંગ, મરચાં, રાઈ, મેથી, ધાણા, જીરું, અજમો, હળદર વગેરે મસાલામાં ઘણાં ઉપયોગી તત્ત્વો રહેલાં છે. દાખલા તરીકે મેથી, રાઈ, જીરું, સૂકાં મરચાં તથા ધાણામાં પ્રોટિન સારા પ્રમાણમાં (ઘઉં કરતાં પણ વધારે) છે; અજમામાં તથા જીરામાં કેલ્શિયમ પુષ્કળ છે; (ભેંશના દૂધ કરતાં પાંચગણું અને ગાયના દૂધ કરતાં નવગણું); જીરામાં, હિંગમાં, હળદરમાં, રાઈમાં, ધાણામાં લોહ ભરપટ્ટે (બટાટા કરતાં લગભગ પંદરગણું) છે અને ધાણામાં વિટામિન ए (લગભગ ઘી જેટલું) છે; તથા લીલાં મરચાંમાં વિટામિન સી ખૂબ (ખાટાં લીંબુ કરતાં લગભગ ત્રણગણું) છે. આપણે એટલું યાદ રાખવું કે જે જે મસાલા વપરાયા હોય તે બધા આપણે ખાઈ જવા જોઈએ. એમ દલીલ કરી શકાય કે આખા ઘરની રસોઈમાં વપરાતા બધા મસાલાનું માપ કાઢીએ તોપણ સામાન્ય (છ માણસના) કુટુંબમાં ભાગ્યે પાશેર પણ વપરાય છે; તો એમાંથી એક વ્યક્તિને જે પ્રોટિન, લોહ વગેરે મળે તે બહુ અલ્પ અને તેથી બિનજરૂરી ગણી શકાય; પરંતુ યુક્તાહાર એટલે તે ખોરાક, જેમાં પૌષ્ટિકતા ઉપરાંત વિવિધતા અને સ્વાદિષ્ટતા પણ હોય. મસાલા વાપરવાથી સ્વાદ સુધરે છે, ને વઘારામાં, નુકસાન થવાને બદલે કિંચિત્ પણ લાભ જ હોય છે. લીલા મસાલા તો વળી વધારે ઉપયોગી છે. કોથમીર તથા મીઠા લીમડા વિષે શરૂઆતમાં લખેલું જ છે; ફુદીનામાં લોહ તથા વિટામિન સારા પ્રમાણમાં છે, લીંબુમાં સી સારા પ્રમાણમાં છે.

ખોરાકનું એક મુખ્ય કામ શક્તિ આપવાનું છે. દરેક ખાદ્યપદાર્થ કેટલી શક્તિ અથવા ગરમી આપે છે, તેનું આહારશાસ્ત્રીઓએ માપ કાઢેલું છે. આવા માપને કેલરી કહે છે. આપણે ઉપર જે નમૂનો ઉતાર્યો છે તે પ્રમાણે ખોરાક લઈએ તો લગભગ ૨૬૦૦ કેલરી એમાંથી મળી રહે. આટલી કેલરી સામાન્ય કામકાજ કરનાર વ્યક્તિ માટે પૂરતી ગણાય છે. જેને મહેનતનું કામ કરવાનું છે તેને માટે આ પ્રમાણ વધારવું પડે છે. આ દૃષ્ટિએ (એટલે કેલરીના હિસાબે) આપણાં ઘણાં શાક દમવિનાનાં છે. દાખલા તરીકે દૂધી, કાકડી, પરવળ, કોળું, સરગવાની શિંગ, ફણસી, ઘિલોડાં વગેરેમાંથી એકાદ શાક બાફીને ખાઈએ તો પોણોશેર ખાવાથી પણ એક અધોળ ઘઉં કે બાજરી જેટલી કેલરી ન મળે. આમ હોવાથી, તેલ મૂકીને શાક રાંધવાની આપણી રીત ઘણી વૈજ્ઞાનિક છે. એવી જ રીતે રવૈયાં ભરવાની, મૂઠિયાં મૂકવાની તથા ભજિયાં તળવાની રીત પણ વૈજ્ઞાનિક છે. એથી તેલ એટલે ચરબી મળે છે, ચણાનો લોટ એટલે પ્રોટીન મળે છે અને કેલરીમાં ઉમેરો થાય છે. તળેલો ખોરાક અપાચ્ય છે એવું ઘણા માને છે, પરંતુ એ માન્યતા આધારવિનાની છે. તંદુરસ્ત માણસના જઠરને તળેલી વસ્તુ પચાવતાં કશી મુશ્કેલી પડવી ન જોઈએ. તળવામાં તેલ ઊકળે છે તેથી એમાં રહેલાં વિટામિન મરી જાય છે એમ ઘણા લોકો ધારે છે. પરંતુ તેલમાં એકે વિટામિન (ए, બી, સી, ડી) નથી એટલે તેલ ખુશીથી વાપરી શકાય; (ઘીને માટે એ વાત સાચી છે કે જ્યારે ઘી તળવામાં વપરાય છે ત્યારે તેમાં રહેલું વિટામિન ए નાશ પામે છે.) વળી ભાજીમાં જે ए તથા સી વિટામિન હોય છે તેમાંથી સી જ તળવાને લીધે ઘટે છે. આમ છતાં કોઈ વ્યક્તિના શરીરનું બંધારણ જ એવું હોય કે તળેલી વસ્તુઓ ન પચાવી શકે તો તેણે મૂઠિયાં, પાતરાં વગેરે તળીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાહ પણ વધારીને લેવાં.

આપણા રોજિંદા વ્યવહારની દૃષ્ટિએ પણ થોડો વિચાર કરીએ :

(૧) **ચા :** સવારે આપણે સામાન્ય રીતે ચા પીએ છીએ. ચામાં પાણીની તથા ચાની ભૂકીની કશી કિંમત નથી. આહારશાસ્ત્રની દૃષ્ટિએ ચામાં જે દૂધ તથા ખાંડ આવે છે તેની જ કિંમત છે. આમાં એટલો સુધારો કરી શકાય કે ખાંડને બદલે ગોળ વાપરીએ (સરકારે આપણું હિત સમજીને જ આપણી ખાંડ કાપી નાખી આપણને ગોળ વાપરતા કરી દીધા છે!) ગોળમાંથી આપણને ખાંડ જેટલી જ શક્તિ મળી રહે છે; તે ઉપરાંત અલ્પ પ્રમાણમાં વિટામિન એ અને સારા પ્રમાણમાં લોહ મળી રહે છે. ગોળની જગાએ મધ વાપરવાની સગવડ હોય તો તે પણ ઉત્તમ છે. મધમાં લોહ, અલ્પ પ્રમાણમાં પ્રોટિન, અલ્પ અંશે બી વર્ગનાં વિટામિન, અને ઠીકઠીક પ્રમાણમાં સી વિટામિન હોય છે. મધની ચા બનાવવામાં ચાની ભૂકી ન વાપરીએ તોપણ ચાલે. લીંબુની સાથે પણ મધ લઈ શકાય. પરંતુ લીંબુનો રસ રોજ ને રોજ પીવાથી દાંતને નુકસાન થાય છે એવું કેટલાક વિજ્ઞાનીઓનું માનવું છે, તો તે રોજ ને રોજ ન લેવો.

(૨) **નાસ્તો :**–સવારની ચા પછી સાધારણ રીતે જમવાનો વખત હોય છે, પરંતુ જે લોકોને ધંધાને અંગે અગર નિશાળને અંગે જમવાનું મોડું થાય છે તેમને માટે કંઈક નાસ્તો લેવાનું આવશ્યક છે. આપણે ત્યાં જે મિઠાઈઓ પ્રચલિત છે એ બધી આહારશાસ્ત્રની દૃષ્ટિએ કંઈ પ્રશંસાપાત્ર નથી. તથાપિ એમાં મગજનો અપવાદ કરી શકાય. મગજમાં ચણાનો લોટ, ઘી અને ખાંડ આવવાથી પ્રોટિન, ચરબી તથા કાર્બોહાઇડ્રેટ સારા પ્રમાણમાં મળી રહે છે; તે ઉપરાંત ઘીમાંથી વિટામિન એ મળે છે તથા ચણામાંથી બી વર્ગનાં વિટામિન તથા થોડું સી અને લોહ મળી રહે છે. પરંતુ હાલની મોંઘવારીમાં બધાંને પોસાય એવી આ વાની નથી. તેથી ગરીબ લોકોને માટે સણગાવેલા ચણા શેકી ગોળની સાથે તેનો લાડુ બનાવવાની અમારી ભલામણ છે. મગજથી કંઈક ઊતરતી વાની તે શીરો છે; પરંતુ તે ગોળનો બનાવવો જોઈએ અને પાણીને બદલે દૂધથી રાંધવો જોઈએ અથવા તો લોટ શેકીને એની રાબડી બનાવવી અને રાબડીમાં પાણીને બદલે દૂધ નાખવું. આવી રાબડી નાનાં બાળકો માટે બહુ સારી છે.

(૩) **ભોજન :** આપણો સામાન્ય ગુજરાતી ખોરાક–દાળ, ભાત, રોટલી, શાક–વગેરે રીતે યુક્તાહાર છે. આપણે એટલું ધ્યાનમાં રાખવું કે અઠવાડિયામાં બેત્રણ વાર કોઈ પ્રકારની લીલી ભાજી લેવી જોઈએ, અને જે દિવસે ભાજી ન રાંધી હોય તે દિવસે સણગાવેલું કઠોળ વાપરવું. આ વખતે મગ અગર અડદનો પાપડ સાથે હોય તો તેથી ખોરાકની કિંમતમાં વધારો થાય છે. સવારે બે વાર ચા પીવાની ટેવ હોય તો અને વાળુમાં દૂધ ન વપરાતું હોય તો, જમતી વખતે દહીં લેવું હિતાવહ છે. દહીં એકલું લેવાય એના કરતાં એનું રાઈતું બનાવીને (કાકડી, કેળું, પપૈયું વગેરે સાથે) લેવાથી વિશેષ લાભ થાય છે. એમાં કોથમીર અવશ્ય નાખવી. આવું રાઈતું લેવાથી આપણને ખૂટતું કૅલ્શિયમ તથા ખૂટતાં વિટામિન મળી રહે છે.

(૪) **બપોરનો નાસ્તો :** આપણે સામાન્ય રીતે બે જ વાર જમીએ છીએ. બેવાર જમવાથી પેટ ભરાય છે પણ શરીરને આવશ્યક પ્રોટિન તથા કૅલ્શિયમ એ બે વખતના ભોજનમાંથી મળવાં મુશ્કેલ છે. (ખાસ કરીને જો દૂધ ન વાપરતા હોઈએ તો) વળી બાળકોને તો આ બંને તત્ત્વો વધારે પ્રમાણમાં જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે એમને માટે બપોરનો નાસ્તો ખાસ આવશ્યક છે. આ નાસ્તો એવો જોઈએ કે એમાં બધાં ઉપયોગી તત્ત્વો એકાદ વાનીમાંથી જ મળી રહે. આવી વાનીઓમાં (अ) ચેવડો એ એક ઉપયોગી વાની છે. ચેવડામાં આપણે પૌંઆ વાપરીએ છીએ, તેમાંથી કાર્બોહાઈડ્રેટ મળે છે; તેલ વાપરીએ છીએ તેમાંથી ચરબી મળે છે; મગફળીમાંથી પ્રોટિન તથા બી વર્ગનાં વિટામિન મળે છે; તલમાંથી (તલ પણ થોડા નાખવા જ જોઈએ) પ્રોટિન ઉપરાંત કેલ્શિયમ અને લોહ મળે છે અને કોથમીરમાંથી (કોથમીર રખે ચૂકતા) વિટામિન ए અને સી મળે છે. આમ ચેવડો આહારશાસ્ત્રની દૃષ્ટિએ સંપૂર્ણ ખોરાક બની રહે છે. ઘણા લોકો નાસ્તામાં બટાટા–પૌંઆ બનાવે છે પરંતુ એ વાની ચેવડા જેટલી શાસ્ત્રીય નથી. (ब) બીજી એથી પૌષ્ટિક વાની તલપાપડી છે. આમાં ઘી જૂજ વપરાય છે અને ન નાખીએ તોપણ ચાલે. ઘી બાદ કરવાથી મોંઘી પણ ન પડે. તલપાપડી ગોળ અને તલની બનાવટ છે તથા ઘણી પૌષ્ટિક છે. જેઓને દૂધ મેળવવાની મુશ્કેલી હોય તેમને માટે તે ફાયદાકારક છે. એવી જ ઉપયોગી વાની પણ ક્ષારની દૃષ્ટિએ ઊતરતી તે મગફળી તથા ગોળની ચિકી અગર લાડુ છે.

(૫) **વાળું**: રાતના ભોજનમાં ઘર-ઘરની પ્રથા જુદી જણાય છે. એક સામાન્ય પીરસણ મૂકવું હોય તો મૂકી શકાય કે રોટલો (અગર ભાખરી, ચોપડા કે પૂરી), એક શાક અને દૂધ એમ ત્રણ વાનીઓ સાધારણ રીતે વપરાય છે. ઘણા લોકો ખીચડી પણ કરે છે. સવારના ભોજનમાં જો લીલી ભાજી ન વપરાઈ હોય તો સાંજના મેથી અગર બીજી કોઈ ભાજીનાં ઢેબરાં કરવાં. આવાં ઢેબરાં અને દૂધ બે જ વાનીઓ હોય તો પણ સંપૂર્ણ યુક્તાહાર બની રહે છે. દૂધીનાં ઢેબરાં પણ આપણે બનાવીએ છીએ પરંતુ મેથીનાં ઢેબરાં જેટલાં આ પૌષ્ટિક નથી. દિવસમાં એકેવાર જેણે દૂધ કે દહીં ન વાપર્યું હોય તેણે સાંજના વાળુમાં દૂધ અવશ્ય વાપરવું. દૂધમાં જે પ્રોટિન રહેલું છે, તે પ્રાણિજ પ્રોટિન (માંસ, માછલી, ઈંડાં વગેરેના પ્રોટિન માફક) કહેવાય છે. અનાજના પ્રોટિન કરતાં પ્રાણિજ પ્રોટિન શરીરને વધારે ઉપયોગી છે.

આપણી ખીચડી પણ એક સારી વાની છે. એમાં ઘી નાખીને ખાઈએ એટલે પ્રોટિન તથા ચરબી અને કાર્બોહાઈડ્રેટ તો આવી જ જાય. પણ લીલા વટાણા કે એવું કોઈ શાક નાખીને બનાવીએ તો તો ખૂટતા ક્ષાર તથા વિટામિન પણ મળી રહે છે. ઊંધિયું પણ એવી શાસ્ત્રીય ચીજ છે, એમાં શાકનું પ્રમાણ વિશેષ હોય છે, પરંતુ રવૈયાં ભરીને કેટલાંક શાક મૂકયાં હોય છે તેથી અને મુખ્ય વસ્તુ જે પાપડી તે ઘણી હોવાથી પ્રોટિન પણ મળે છે; અને ઘણી જાતનાં શાક હોવાથી ક્ષાર તથા વિટામિન્સ પણ મળી રહે છે.

મુખવાસ : ભોજન પછી પાન ખાવાનો આપણે ત્યાં રિવાજ છે. માફકસર પાન ખાવાથી દાંત બગડતા નથી. પાનમાં કેલ્શિયમ છે, તે ઉપરાંત ઉપર ચૂનો ચોપડીને આપણે ખાઈએ છીએ તેથી શરીરને ઉપયોગી કેલ્શિયમ એમાંથી મળે છે. પાનમાં વિટામિન ए પુષ્કળ છે (દૂધ કરતાં પાંત્રીસગણું), આમ આહારશાસ્ત્રનો આ રિવાજને ટેકો છે તેથી જે લોકો દૂધ ન ખાતા હોય–અગર ન ખાઈ શકતા હોય–તેમને દિવસનાં પાંચેક પાન ખાવાની ભલામણ કરી આ નિબંધ પૂર્ણ કરીશું.*

*** દ્વિતીય શારીરિક શિક્ષણ પરિષદના 'આહાર અને પોષણ'ના વિભાગમાં વાંચેલો નિબંધ.**

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનધ્યેયની પ્રગતિ

લેખક:
ડૉ. છોટુભાઈ આર. નાયક
એમ. એ. પી. એચ. ડી.

જીવનધ્યેયની પ્રગતિની પરાકાષ્ટા તો ઈશ્વર અને મનુષ્ય વચ્ચે જુદાપણાનો પડદો ઉચકાઈ જાય ત્યારે સાંપડેલી ગણાય. એ પદ પામનારની સંખ્યા જૂજ જ હોઈ શકે, અને એ તો પયગમ્બર લેખાય. એ કક્ષાએ પહોંચી માણસ ઈશ્વર સાથે એકતાન થઈ જાય છે. ઈશ્વર અને મનુષ્ય વચ્ચે કંઈ ભેદ રહેતો નથી. દ્વૈતભાવ અથવા જુદાપણાનો ભેદ કેટલે અંશે જતો રહે છે તે સમજાવતાં ફારસી શાએર જામી પોતાની મસ્નવી (મહાકાવ્ય) 'સલામાનો અબસાલ'માં નીચેની એક રમૂજી વાર્તા કહે છે:

એક ગામડિયો જંગલના જીવનથી કંટાળી શહેરમાં આવ્યો. શહેરમાં ધાંધલ જોઈ. લોકોની ઠઠ સિવાય એને કંઈ નજરે ન પડ્યું. કોઈ સાથે જાય, કોઈ સામે જાય, કોઈ ઉત્તરમાં જાય તો કોઈ દક્ષિણમાં જાય, કોઈ અંદર જાય અને કોઈ બહાર જાય, કોઈ ડાબી બાજુએ જાય તો કોઈ જમણી બાજુએ જાય. તે અકળાયો અને મૂંઝાયો. એક બાજુ ઉપર ઊભો રહ્યો. તેણે વિચાર્યું કે 'આ લોકોમાં હું જઈશ તો ભૂલો પડી જઈશ.' તેથી તેણે પોતાને માટે એક નિશાની રાખી કે જેથી પોતે ખોવાઈ જાય તો માર્ગ શોધી શકે. કર્મસંજોગે તેની પાસે એક તૂંબડી હતી. નિશાની માટે તે તેણે પોતાના પગ ઉપર બાંધી, કે જેથી ખોવાઈ જાય તો તૂંબડી ઉપરથી પોતાને શોધી કાઢી શકે. એક મશ્કરાએ તેને જોયો. વસ્તુસ્થિતિ કળી ગયો. મશ્કરો તેની પાછળ પડ્યો. ગામડિયો થાકેલો હોવાથી ઊંઘી ગયો, ત્યારે મશ્કરાએ તૂંબડી તેના પગથી છોડી પોતાના પગે બાંધી અને ઊંઘી ગયો હોય એવો ઢોંગ કર્યો. ગામડિયો જાગ્યો ત્યારે તૂંબડી બાજુએ સૂતેલા માણસને પગે જોઈ. તે એકદમ બૂમ પાડી ઊઠયો, 'એ! શેઠ, તેં તો ઉપાધિ કરી.' મશ્કરો કંઈ જાણતો જ ન હોય તેમ બોલ્યો, 'છે શું?' ગામડિયાએ કહ્યું: 'હું તું છે કે તું હું? મને તો કંઈ સમજ પડતી નથી. જો હું હું જ હોઉં તો આ તૂંબડી તારા પગે કેમ? વળી તું જો તું જ હોય તો હું ક્યાં ગયો? હું કોણ છું? મારી તો ગણતરી જ નહિ. હું કોણ?' મશ્કરો ગામડિયો છે કે ગામડિયો મશ્કરો છે એ તે સમજી શક્યો નહિ.

તેવી રીતે દ્વૈતવાદનો પડદો ઉચકાઈ જવો જોઈએ. 'હું' અને 'તું'નું સ્થાન ઈશ્વરની સાથે ન રહે ત્યારે મનુષ્યનો આત્મા અસલ સદનકાયમી મોક્ષ અને સુંદર સ્થાન પામે છે. જીવનધ્યેયની પ્રગતિ ત્યાંસુધી થતી રહેવી જોઈએ. દરેક મનુષ્યે જાણવું જોઈએ, કે મનુષ્યજીવન એક અણમોલ વસ્તુ છે. દરેક મનુષ્યે આ ઈશ્વરે બક્ષેલી ભેટનો સદુપયોગ કરવો જોઈએ. ઘડી તો શું પણ એની એક પળ નકામી ન જાય એવા પ્રયત્નો થવા જોઈએ. બીજી રીતે કહીએ તો જીવનને સફળ બનાવવા માટે એક ધોરણ યા તો જીવન-માર્ગ નક્કી કરવો જોઈએ અને આમ જીવન-ધ્યેય મુકરર થતાં દ્રષ્ટિબિંદુ તે ઉપર ચોંટી રહે એવી કોશિષ થાય તો જીવનમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના જરૂર જ રહે.

જીવનધ્યેયના ચાર વિભાગ પાડી શકાય: (૧) દૈહિક પ્રગતિ, (૨) નૈતિક પ્રગતિ, (૩) આધ્યાત્મિક અને (૪) સાંસ્કૃતિક પ્રગતિ.

પહેલી વાત તો એ કે શરીર મંદિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૫૦]

છે અને આત્મા એમાં ઉપાસક છે. મંદિર જ અપવિત્ર હોય, ગંદું હોય તો ભક્તને ત્યાં સાક્ષિત કરવાનું ન જ પાલવે. તે ઈશ્વરનાં દર્શન કરવામાં યા તો પ્રાર્થનાની સફળતામાં પોતાને નાસીપાસ થયેલો જ ગણશે. આ દૈહિક પ્રગતિ ઉપર જ બાકીની ત્રણ પ્રગતિનો આધાર છે. દીર્ઘ આયુષ્ય મેળવવું હોય, તોપણ દેહને સંગીન કરવાની આવશ્યકતા રહે છે. જીવનની હરેક પળનો સંબંધ કાયા સાથે છે. કાયા એક વિચિત્ર યંત્ર સમાન છે, બલકે એક કારખાનું છે. મનુષ્ય-દેહની યાંત્રિક ખૂબી ઉપર વિચાર કરવાથી કુદરતની ગુહ્ય-અપાર શકિતનાં આપણને દર્શન થાય છે. ટૂંકમાં અંગની કાળજી કરવી અને તંદુરસ્તીના નિયમોનું પાલન કરવું એ મનુષ્યની ફરજ છે અને એનું ઉલ્લંઘન કરવું એ નરી નાસ્તિકતા છે.

ફારસી સૂફી શાએર મૌલાના જલાલુદ્દીન રૂમી પોતાની મસ્નવી (મહાકાવ્ય)માં કહે છે:—

'આદમી ઝાદા તુર્ફા માજૂ ની સ્ત,
અઝ ફરિશ્તા સરિશ્તા ઓ અઝ હૈવાન;
ગર કુનદ મલે ઈં શચદ કમ અઝ ઈં,
ગર કુનદ મૈલે આં શબદ બેહ અઝ આં.'

મનુષ્ય એક વિચિત્ર મિશ્રણ છે, દેવદૂત અને પશુનો એમાં મેળ છે.

જો બીજા (પશુ) તરફ ઢળે તો તેના કરતાં પણ અધમ થાય છે અને પહેલા (દેવદૂત) તરફ વલણ કરે તો તેનાથી પણ ઉપરવટનો થાય છે.

વળી એક ઉર્દૂ કવિ કહે છે:—

'ફરિશ્તે સે બઢકર હૈ ઈન્સાન હોના,
મગર ઈસ મેં લગતી હૈ મેહનત ઝિયાદહ.'

માનવી હોવામાં ફિરસ્તા કરતાં પણ ચઢિયાતાપણું છે, પણ માનવી થવા માટે મહેનત ઘણી જ પડે છે.

ખરેખર મનુષ્યમાં ફરિશ્તા-દેવદૂત તેમ જ હૈવાન-પશુના ગુણો રહેલા છે. ક્રોધાવેશ અને કામવિકાર ને મારી ફરિશ્તાના જેવા ગુણો ધરાવવા એ મનુષ્યનું ભૂષણ છે. રોષ અને હવસ, ઉદાસીનતા અને પાડા, ઈર્ષા અને અદેખાઈ વગેરેના અવગુણો રોગો સમાન છે. એમાંથી મુક્ત થવા કે રહેવાના ઉપાયો માટે સુસંગત, નીતિનાં પુસ્તકોનો અભ્યાસ, ઈશ્વરભક્તિ અને આત્મસંયમની જરૂર છે.

સજજનોની સંગત તો લોઢા માટે પારસમણિ સમાન છે. એમાં જો સફળતા મળે તો તો મનુષ્યનું બન્ને દુનિયામાં કલ્યાણ જ થાય. એક ફારસી શાએરે એ વિષે કહ્યું છે કે:—

'હમનશીને તૂ અઝ તૂ બેહ બાયદ,
તા તુરા અકલો દીન અફઝાયદ.'

તારો ગોઠિયો તારાથી ઉત્તમ હોવો જોઈએ, જેથી કરીને તારી બુદ્ધિ અને ધાર્મિક વૃત્તિમાં વૃદ્ધિ થાય.

મૌલાનાં જલાલુદ્દીન રૂમીએ પોતાના મહાકાવ્યમાં કહ્યું છે કે:—

'અલ્ હઝર કુન અલ્ હઝર અઝ યારે બદ,
યારે બદ બદતર અઝ મારે બદ;
મારે બદ બર તન ઝનદો બર જાન ઝનદ,
યારે બદ બર જાનો બર ઈમાન ઝનદ.'

ખરાબ મિત્રથી તું દૂર રહે, દૂર; કારણકે ખરાબ મિત્ર ખરાબ સાપના કરતાં પણ નપાટ છે.

ખરાબ સાપ શરીર તેમજ જીવ ઉપર ડંખ મારે છે પણ ખરાબ મિત્ર જીવ તેમ જ ઇમાન (આકીન) ઉપર ડંખ મારે છે.

તેથી સુસંગતતા મુખ્ય વસ્તુ છે. એ ઉપરાંત નીતિનાં પુસ્તકો જેવાં કે ગીતા, રામાયણ, મહાભારત અને ગાંધીજીનાં પુસ્તકો વગેરેનો અભ્યાસ કરી તે પ્રમાણેનું વર્તન કરવાની જરૂર છે.

ત્રીજી બાબત ઉપર આવતાં કહી શકાય કે મનુષ્ય સ્વભાવે મિલનસાર છે. એને એની જાતિની જરૂર રહે છે; એટલું જ નહિ પણ એની જાતિને એ વ્યક્તિની જરૂર છે. પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણામે સંબંધીઓ, સગાંવહાલાં વગેરે જેમની એને જરૂર હોય તેમના તરફ તેણે રૂડું વર્તન રાખવું જોઈએ. પોતાનાં પાડપાડોશી તરફ પણ ધ્યાન રાખવું જોઈએ. તે પછી ગામ તથા શહેરના લોકો તરફ પણ માન-વૃત્તિથી જોવું જોઈએ. એવી જ રીતે દેશ-ભાઈઓ તરફ અને આખરે આમજનતા તરફ સદ્‌ભાવનાથી વર્તવું જોઈએ. એટલું જ નહિ, પણ પ્રાણીમાત્ર તરફ પણ એ જ પ્રકારની શુભ લાગણી હોવી જોઈએ.

શીરાઝનું ખુલખુલ ખાજા હાફિઝ કહે છે કે:–

'ચુનાન ઝિંદગી કુન તૂ અન્દર જહાં,
કે ચૂં મુર્દા બાશી ન ગુયન્દ મુર્દ.'

તું દુનિયામાં એવું જીવન જીવ કે જ્યારે તું મરી જાય ત્યારે લોકો એમ ન કહે કે 'મુઓ.'

એક બીજો ફારસી શાએર કહે છે કે:

આં ચુનાન ઝી કે વકતે મુર્દને તૂ,
હમા ગિરિયાં શવન્દો ખંદાં.'

તું એવું જીવન જીવ કે તારા મરણસમયે બધાં વિલાપ કરે અને તું હસે.

બીજી વાત એ કે જીવનમાં આત્મ-સંયમ એ મહત્ત્વની વસ્તુ છે. એનો સંબંધ શારીરિક પ્રગતિ સાથે છે. મનોવિકારને મારવાને દેહદમનની જરૂર છે. નવરાપણું, આળસ, વિલાસ અને અહંભાવ વગેરે રોગો છે જેમાંથી અન્ય નાનામોટા રોગો પેદા થાય છે. ગુજરાતીમાં તો નવરા માણસ માટે કહેવત પણ છે કે 'નવરો બેઠો નખોદ વાળે.' મનોવિકારને મારવો એટલે તમામ શેતાની વાસના ઉપર સફળતા પ્રાપ્ત કરવી. એમાં જો મનુષ્ય ફાવે તો તો સંસાર તરફનું તેનું દૃષ્ટિબિંદુ જ બદલાઈ જાય, અને તેનામાં ભક્તિભાવની લાગણી પેદા થાય. હમદર્દી, નમ્રતા, ઉદારતા વગેરે સદ્‌ગુણો પણ પ્રાપ્ત થાય. ઈશ્વરભક્તિ, આધ્યાત્મિક પ્રગતિ માટે ઉપયોગી છે; પરંતુ નૈતિક પ્રગતિમાં પણ એ સહાયરૂપ થાય છે. આવી રીતે નૈતિક પ્રગતિ સાથે આધ્યાત્મિક પ્રગતિ પણ સંકળાયેલી છે અને તેની સાથેસાથે સાંસ્કૃતિક પ્રગતિ થતી રહે છે.

કોઈ પણ મનુષ્યે પોતાના જીવનને નકામું અને નજીવું તો ન જ ગણવું જોઈએ. જીવનનાં બધાં પગથિયાં વટાવી જવાથી માણસ સંપૂર્ણતાના શિખરે પહોંચી શકે છે. સૂફીઓ માને છે, કે એ માટે ચાર પગથિયાં છે.

પ્રથમ છે મનુષ્યત્વ, એને ફારસીમાં શરીઅત કહે છે. એમાં ધાર્મિક ક્રિયાકાંડ અને સમાજના સામાન્ય રીતરિવાજોનું પાલન કરવામાં આવે છે. બીજા પગથિયાને ફારસીમાં તરીકત (રસ્તો) કહે છે. એ માટે પવિત્રતા, સદ્‌ગુણો અને દૃઢતાની આવશ્યકતા છે. એમાં ધાર્મિક ક્રિયાકાંડ અને રીતરિવાજો પાળવાની જરૂર રહેતી નથી. આંતરિક શુદ્ધિ માટે પ્રયત્નો થવા જોઈએ. એ માટે એને એક ગુરુ (મુર્શિદ કે પીર)ની જરૂર રહે છે. આ વિષે હાફિજ શાએર કહે છે કે:

'ઈશ્ક ફારીસ્ત કે મોફૂરે હિદાયત અસ્ત.'

ઈશ્વર સાથે પ્રેમ બાંધવાનો આધાર ગુરુની પ્રેરણા ઉપર છે.

ત્રીજા પગથિયા ઉપર પહોંચતાં ઈશ્વરી જ્ઞાન પ્રાપ્ત થાય છે, ઈશ્વરી પ્રેરણા થાય છે, અને મનુષ્ય ફરિશ્તા સમાન બને છે. ઈશ્વરની હંમેશાં એના ઉપર આસ્થા રહે છે. એને 'મઆરિફત'–'મારફત' (જ્ઞાન)નું પગથિયું કહેવામાં આવે છે.

આખરે મનુષ્ય ચોથા એટલે કે હકીકતના પગથિયા ઉપર પહોંચે છે, ત્યારે ઈશ્વર સાથે તે એકતાન થઈ જાય છે. તે પોતાની જાતને ઈશ્વરની હસ્તીમાં ફના કરી દે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વર તેનો સત્કાર કરવા આગળ આવે છે; અને એ તેના હાથમાં કૂદી પડે છે, અર્થાત્ એનો આત્મા મોક્ષ પામે છે. આ થોડાના જ નસીબમાં છે.

જે સૂફી યા મનુષ્ય આ બધાં પગથિયાં વટાવી દે છે તે સર્વથી ઉચ્ચ પદવીને પામે છે. સૂફીઓ માને છે, કે દ્વૈતભાવ અથવા તો જુદાપણાનો પડદો ઉચકાય છે, ત્યારે સર્જનહાર અને સર્જનમાં કંઈ ભેદ રહેતો નથી. એ જ કારણથી તપસ્વી હુસેન મનસૂરનો મહામંત્ર 'અનલહક' अहं ब्रह्मास्मि। હતો; અને એ મંત્ર જ તેમને માટે આ ફાની દુનિયાને તિલાંજલી આપવાનું કારણ બન્યો.

ગાંધીજીનું જીવન તપાસવાથી આ તમામ ધ્યેયોનાં તેમજ સૂફીવાદનાં પગથિયાંનાં દર્શન થાય છે. એમણે ભક્તિનાં નહિ પરંતુ લોકકલ્યાણનાં કાર્યોમાં પ્રગતિ સાધવા ગુરુ તરીકે ગોખલે જેવાને પસંદ કર્યા હતા. તે જ પ્રમાણે ધ્યેયો અનુસાર અન્ય મહાન પુરુષોનાં જીવન તેમજ કાર્યોમાંથી તે પ્રેરણા મેળવતા રહ્યા. ત્રીજા પગથિયામાં ઈશ્વરી પ્રેરણા થાય એમ સૂફીઓ માને છે તેમ એમને પણ થતી. સત્ય અને અહિંસાનો શાહરાહ એમણે ઈખ્તયાર કર્યો હતો. આખરે 'એક જ સત્ય' માટે દેહને ફના કરી મુક્તિ પામ્યા, જાણે પહોળા હાથ કરી તેમનો સત્કાર કરવા આવેલા ઈશ્વરનાં દર્શન થતાં 'હે રામ!' બોલી તેમનો આત્મા કૂદી નીકળી ઈશ્વરને મળી ગયો અને તેની સાથે એક થઈ ગયો; અને એક ઉર્દુ શાએરે મરસિયો લખ્યો છે તેમાં કહ્યું છે તેમ આપણે બોલતા રહી ગયા કેઃ—

'અભી કુછ ઔર[૧] દિન જીતે,
વતનમાં મોહન રમ[૨] ગાંધી;
કે ઈસ દુનિયા એ પુર આશૂબ,[૩] મેં
થે મુગ્તનમ[૪] ગાંધી;
રૂલાએ કયોં ન ખૂન ચશ્મે,
વતન કો તેરા ગમ ગાંધી;
મિલેંગે અબ કહાં ઉસકો,
તેરે લુત્ફો કરમ[૫] ગાંધી;
વતન કયોં કર સહેગા આહ!
ઈસ દાગે યતીમી[૬] કો,
ભલા રોયે ન કયોં દુનિયા,
તેરી ખૂયે કરીમી[૭] કો.

આમ ચારે પ્રકારોનાં ધ્યેયોની પ્રગતિ માટે કોશિશ કરતા રહેવું એ જ સાચા જીવન અને મોક્ષ માટે શાહરાહ છે.

(૧) વિશેષ. (૨) પૂજ્ય. (૩) દુનિયા જેમાં ખળભળાટ મચી રહેલો છે. (૪) આશીર્વાદ સમાન. (૫) માયા અને ઉદારતા. (૬) માબાપ વિનાના નિરાધાર બાળકની સ્થિતિ. (૭) ઉદાર સ્વભાવ.

*

સુધારો

'અખંડ આનંદ'ના જુલાઈ અંકમાં 'ઉપનિષદ્ કથાઓ'માંની 'એ સાચું બોલ્યો'ની વાર્તામાં સત્યકામની ઉત્પત્તિ બાબત લેખકની થોડીક શરતચૂક થઈ હતી. સત્યકામ જબાલાના જારકર્મથી ઉત્પન્ન થયેલો પુત્ર હતો એવી છાપ પડે છે તે ખોટી છે. સાચી વાત એમ છે કે જબાલા યૌવનકાળમાં અતિથિ તથા ઋષિમુનિઓની સેવામાં એટલી બધી રત રહેતી હતી. એ સમયમાં સત્યકામનો જન્મ થયેલો ને પછી તુરત જ એના પિતા મૃત્યુ પામેલા. એટલે ખૂબ વ્યવસાયી જીવનને લીધે જબાલા પતિને ગોત્ર પૂછવાનું ભૂલી ગઈ હતી. સત્યકામ એ જબાલાના એક પતિત્વથી જ નિષ્પન્ન થયેલો પુત્ર હતો—જારકર્મથી નહિ. એક વાચકે આ હકીકત તરફ ધ્યાન ખેંચતાં લેખકે તેનો સ્વીકાર કર્યો છે.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીકૃષ્ણ અને સુદામા

લેખક :
શ્રી નર્મદ ટી. પંચોળી

આપણ સૌને પરિચિત શ્રીકૃષ્ણ અને સુદામા સમો બાળપણનો મૈત્રીસંબંધ કદાચ બહુ ઓછાં મહાકાવ્યામાં મળો આવતો હશે, પણ એ સુદામો, એ તાંદુલ, એ સુદામાના પત્ની કોઈનો યે આપણે આધ્યાત્મિક દૃષ્ટિથી વિચાર કર્યો છે કદી? ભાગવતકારની એ મિત્ર-બેલડી પાછળની રહસ્યકથા ઉકેલવાનો પ્રયત્ન લેખકે અહીં કર્યો છે.

આનંદકંદ વૃંદાવનચન્દ્ર ભગવાન શ્રીકૃષ્ણનું પવિત્ર ચરિત્ર તમામ ભાવોથી પરિપૂર્ણ છે. જે દૃષ્ટિ વડે દેખવામાં આવે તે દૃષ્ટિએ પોતે પૂરા દેખાય છે. જે કસોટીપર કસવામાં આવે તે કસોટીપર તેઓશ્રી પૂરા ઊતરે છે. એ વૃંદાવનવિહારી દયારસ તથા એવા બીજા કયા ભાવના ભાજન નથી? એ સ્નેહમૂર્તિ કનૈયો પ્રેમનો અગાધ સમુદ્ર છે. અરે, સખ્યનો અનંત સાગરસમ છે!

ભગવાનની નિરવધિ લીલામાં સુદામાનો પ્રસંગ એક વિચિત્ર મોહકતા અને રસજ્ઞતા રજૂ કરે છે. સહપાઠી સુદામાને દરિદ્ર-દીન દશામાં જોઈ શ્રીકૃષ્ણના હૃદયમાં કરુણરસનો પ્રવાહ ઊછળી પડ્યો. દયાના દરિયાએ માઝા મૂકી! ભગવાનના અનેકાનેક રસોથી ઝરતા ચરિત્રમાં ભક્તો માટે આ એક પરમ-પાવન વસ્તુ છે. દરેક દુ:ખથી તવાયેલા આત્માને અમૃતસમી શાંતિ દેવાવાળી અનુપમ કથા છે. પ્રથમ એ વાર્તા જોઈએ.

સુદામા એક અત્યંત દીન બ્રાહ્મણ હતા. બાલ્યાવસ્થામાં સાંદીપની ગુરુની પાસે વિદ્યાધ્યયન કરવા ગયા, ત્યારે શ્રીકૃષ્ણ પણ પોતાના જયેષ્ઠ ભ્રાતા બલરામ સાથે શિક્ષા સંપાદન કરવા આવ્યા હતા. અહીં સુદામા અને શ્રીકૃષ્ણને મીઠી મૈત્રી બંધાઈ. ઉભયે ગુરુની અનુપમ સેવા કરી. એકવાર ગુરુપત્નીની આજ્ઞાથી સુદામા અને શ્રીકૃષ્ણ અરણ્યમાં લાકડાં કાપવા ગયા. આ વેળા અણધારેલી આંધી આવી ચડી તથા ધોધમાર વરસાદ પડવા લાગ્યો. અંધકાર તો એટલો બધો સઘન છવાયો કે પોતાને પોતાની આંખે દેખી ન શકાય. આવી વિષમ સ્થિતિમાં બન્ને આખી રાત ભટકતા અને ધ્રૂજતા રહ્યા, પણ કયાંય રસ્તો જડ્યો નહિ. પ્રાતઃકાળ થતાં સદયહૃદય સાંદીપની શોધતાંશોધતાં જંગલમાં આવી પહોંચ્યા અને બન્ને સુકોમળ શિષ્યોને પ્રેમાશ્રુનયને હૃદય સાથે ચાંપી આશ્રમમાં લઈ આવ્યા.

ગુરુનિવાસથી છૂટા થયા બાદ એક સતી બ્રાહ્મણ કન્યા સાથે સુદામાનાં લગ્ન થયાં. સુદામાની પત્ની ભારે પતિવ્રતા અને અનુપમ સાધ્વી હતી. એને કોઈ પણ પ્રકારનું દુ:ખ કે ચિન્તા ન હતાં. માત્ર પતિદેવનું અસાધારણ દારિદ્રય ખીલાની માફક ખટકતું હતું. પોતે જ્યારેત્યારે સંકલ્પ કર્યા કરતી હતી કે: 'ભગવાન કૃષ્ણ તમારા પ્રાચીન સખા છે, ગુરુકુલના સહાધ્યાયી છે, તો આજે તેમને શા સારુ યાદ નથી કરતા?' પોતાના સ્વામીનું ચિત્ત સ્વસ્થ નિહાળે ત્યારે મૃદુ અને મીઠા શબ્દે અવારનવાર ચેતવણી દીધે કરતી છતાં સુદામા તે ઉપર જરાય લક્ષ દેતા નહિ.

એકવાર સતીએ સુદામાને અત્યંત આગ્રહપૂર્વક કહ્યું: 'આપ દ્વારકાધીશ શ્રીકૃષ્ણને ભલા, એકવાર તો મળો! તેઓ આપણા અપરિચિત દુ:ખથી જરા પરિચિત તો કરો! મને સંપૂર્ણ આશા છે, કે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા પ્રારબ્ધમાં સુખ-સગવડતાનો ભાનુ ઉદ્દી ઝબકાવી ધન્યધન્ય કરી દેશે!'

સુદામા પોતાના પ્રારબ્ધને પેટ ભરી વખોડતા રહેતા છતાં સતીના સજલનયને નીકળેલા ભાવભીના! ઉદ્‌ગારોએ તેમનું હૃદય પિગળાવી નાખ્યું. સુદામા શ્રીકૃષ્ણને મળવા સજ્જ થઈ દ્વારકા ભણી ચાલ્યા. અત્યંત ચીંથરેહાલ હોવા છતાં જ્યાંત્યાંથી શોધખોળ કરી ઉપાયન-ભેટ માટે તાંદુલની પોટલી સતીએ સમર્પણ કરી.

સુદામા તાંદુલની પોટલી બગલમાં મારી દ્વારકાના રસ્તે ચાલ્યા જાય છે. હૃદયમાં પોતાના સખાનું અતિ જૂનું સ્મરણ તાદૃશ થતું રહે છે. દ્વારકા તો પોતાની ઝૂંપડીથી ઘણા કોસં દૂર હતી, છતાં આશ્ચર્યની વાત એ કે થોડુંક ચાલતાં જ તે સામે દેખાવા લાગી. સુદામા દ્વારકા નગરીમાં પહોંચી ગયા. દ્વારપાળને પોતાનો પરિચય દીધો. ભલા, ભગવાનના દરબારમાં દીન–દુઃખીને રોકવા કોણ સમર્થ હોય? દ્વારપાળે ત્વરાથી 'નરોત્તમદાસ' શબ્દમાં શ્રીકૃષ્ણને સંદેશો આપ્યો. શ્રીકૃષ્ણ પોતાના પુરાણા નિખાલસ હૃદયી મિત્રને તરત જ ઓળખી ગયા. સ્વયં દોડી આવી પોતાના રાજમહેલમાં લઈ આવ્યા. રત્નજડિત સિંહાસન ઉપર બેસાડી તેમનું પાદપ્રક્ષાલન કર્યું, બાદ પ્રાચીન વિદ્યાર્થીજીવનની થોડીઘણી સ્મૃતિ સંભળાવી.

ભાભીએ સુપરત કરેલા ભાવપૂર્વક તાંદુલની પોટલી છોડી મૂઠીએ ને મૂઠીએ ખાવા લાગ્યા. રુકિમણીજીથી આ સહન ન થયું. તરત જ બોલ્યાં કે 'નાથ, તમે પોતે જ બધી પ્રસાદી ખાઈ જશો કે અમારો ભાગ કંઈ રાખશો?' આટલું બોલી તાંદુલની પોટલી ઊચકી લઈ અન્ય સૌ બહેનો–રાણીઓ પ્રેમથી ખાવા લાગી.

સુદામા ભગવાનના આનંદભુવનમાં કેટલા ય દિવસ રહ્યા ને શ્રીકૃષ્ણે તેમની અપૂર્વ પ્રેમથી છલકતા હૃદયે સેવા કરી વિદાય કીધા. સુદામા રસ્તાપર ચાલ્યા જાય છે ને મનમાં એ સખાની બાંધી મૂઠી ઉપર રોષ કર્યા કરે છે; કેમકે ચાલતી વખતે તેમને કશું ય ભેટ તરીકે આપવામાં આવેલું ન હતું. પ્રભુનો અનોખો અઢળક પ્રેમસ્રોત ક્યાં ને ક્યારે ઠલવાવાનો છે તે તેમનાથી જાણી શકાયું નહિ. જ્યાં પોતાના ઘર આગળ આવે છે ત્યાં તો તૂટીફૂટી મઢૂલી દેખવામાં આવી નહિ, પણ એ જ સ્થાન ઉપર વિશાળકાય ભવ્ય મહેલ થયેલો જોયો.

પત્ની તો પતિની પ્રતીક્ષા દરરોજ કર્યા કરતી હતી. આજે તેણે તેમને તરત જ ઓળખી લીધા. જ્યાં સુદામા મહેલમાં પ્રવેશે છે ત્યાં તો તેમણે બધું ઐશ્વર્યથી ભરપૂર જોયું ને જોતાં જ દિંગ્ થઈ ગયા! ભગવાનની દાનશીલતા અને ભક્તવત્સલતા ઉપર હૃદય ઉછાળા મારવા લાગ્યું! ત્યારબાદ પોતાની સાધ્વી પત્નીના સહવાસમાં સુખમય દીર્ઘજીવન ગુજારી અંતે બન્ને ભગવાનના ચિરંતન સુખમય લોકમાં ચાલ્યાં ગયાં.

આ મિલનમાં જેટલે દરજ્જે સાંસારિક દૃષ્ટિએ અમાનુષી ગુણોની છણાવટ પ્રતીત થાય છે, તેટલે જ દરજ્જે આધ્યાત્મિક રસનો પણ સંકેત છે જે ટૂંકમાં વિચારી પ્રસન્ન થઈએ.

આધ્યાત્મિક જ્ઞાનનું રસપાન–સુદામા, સાધ્વી પત્ની, તાંદુલ વગેરે જ્ઞાનમાર્ગના પ્રવાસીઓને કયા પાત્રનું રૂપક આપી શ્રેયસ માર્ગે દોરે છે, ભક્ત અને ભગવાનના મેળાપની મધુરતમ કહાણી આ સંસારમાં ભૂલા પડેલાને કેવી સરસ જાગૃતિ આપે છે તથા સમગ્ર કથામાં દરેક પાત્રના ભિન્નભિન્ન ચેષ્ટાભાવ વગેરેમાં સાચો શો બોધપાઠ સમાયલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે જાણવા-વિચારવા મંથન કરવું આવશ્યક છે.

'સુદામા' શબ્દનો જ્ઞાનદૃષ્ટિએ ફડચો કરતાં પહેલાં જરા 'દામન્' શબ્દનો વિચાર કરવો યોગ્ય છે; કારણકે બન્ને શબ્દ લગભગ સમાનાર્થક છે. 'દામન્'એટલે બાંધવાની રસી. ભગવાન શ્રીકૃષ્ણનું નામ દામોદર પડ્યું તેનું કારણ એ જ કે બાંધવાની રસી વડે જેનું ઉદર બંધાયલું હતું.

આ જ પ્રમાણે સુદામાનો અર્થ પણ એવા જ ભાવનો ધ્વનિ કરી રહ્યો છે. સુ-સારી રીતે+દામા બંધાયેલા વા જકડાયેલા = જે સંસારરૂપ વિવિધ પ્રકારની રસીઓ વડે સજ્જડ-સારી રીતે બંધાયેલો જીવ તેનું નામ સુદામા: મતલબ કે બદ્ધજીવ.

જ્યારે પરમાત્મ ચૈતન્યથી અલગ થયેલું અંશિક ચૈતન્ય સંસારના માયાવા પાશમાં આવી જઈ એકરસ થઈ જાય છે, ત્યારે તે પોતાનું પુરાતન સત્યસ્વરૂપ તદ્દન ભૂલી જાય છે. તેને દુન્યવી ભૌતિક સુખ-સગવડ સિવાય અન્ય અમર-ચિરસ્થાયી તત્ત્વની પ્રતીતિ કરવા જરા ય સ્મૃતિ રહેતી નથી. આવો એ બદ્ધજીવનો નૈસર્ગિક સ્વભાવ થઈ પડે છે.

જ્યાંસુધી સુદામા-જીવરૂપી વિદ્યાર્થીનો ગુરુકુલ નિવાસમાં શ્રીકૃષ્ણ એટલે આધ્યાત્મિક જ્ઞાનના ભંડાર સાથે સહાધ્યાયીરૂપે સંસર્ગ હતો ત્યાંસુધી તે માયાવી આકર્ષણથી સદા ય મુક્ત રહી માણતો હતો. બન્નેમાં જરા ય પૃથકતા જેવું જણાતું નહિ. ઉભય પરમ સખા જ હતા. એક વખતે બન્ને પ્રેમપક્ષીઓ એક જ ધ્યેયના ઉપાસક દેખાતા પરંતુ અળગા થયા પછી એક પક્ષી જીવ સંજ્ઞામાં મુકાયું, અને બીજું તેનું તે એટલે ઈશ્વર જ રહ્યું. કેવળ દૃષ્ટા બની નિઃસંગ ભાવે અવિચળ બની બેઠું.

મુંડક ઉપનિષદમાં સુદામા અને શ્રીકૃષ્ણને અથવા જીવ અને ઈશ્વરને મિત્ર પક્ષીઓ કહી સંબોધ્યા છે તે કલ્પના આદરણીય હોવાથી તે જોઈએ:

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते।
तयोरन्य: पिप्पलं स्वाद्वत्त्यनश्नन्न्योऽभिचाकशीति ॥

સાથસાથ રહેનારાં તથા સમાન આખ્યાનવાળાં બે પક્ષીઓ (જીવ અને ઈશ્વર) એક જ શરીરરૂપ વૃક્ષનો આશ્રય કરીને રહે છે. તેમાં એક સ્વાદિષ્ટ કર્મફળ(પિપ્પલ)નો ભોગ કરે છે, અને બીજું એવો ભોગ નહિ કરતાં ફક્ત દ્રષ્ટા તરીકે દેખ્યા જ કરે છે. એકની ભાવદૃષ્ટિ નીચેની પ્રલોભન સામગ્રીમાં નમી છે અને બીજાની યથાર્થ સ્વરૂપમાં સુસ્થિર છે.

આ પ્રમાણે ઊર્ધ્વગમન વા સ્થિર ભાવનાવાળું ગમન છે તેને ઈશ્વર કહો, કૃષ્ણ કહો, પરમાત્મા કહો એ ગમે તે કહો. અને જે પોતાના સખાની દૃષ્ટિમર્યાદાથી અલગ રહી જુદી-નીચી દિશામાં ગતિ કરવા મંડ્યું છે તે પક્ષીને સુદામા કહો, બદ્ધ જીવાત્મા કહો વા અપૂર્ણ અને પરતંત્ર કહો! બસ, આવી બન્નેમાં વિભક્તતા છે.

જીવાત્મા સદા સર્વદા સાત્ત્વિકબુદ્ધિના સંગવડે ચિરસુખી રહી શકે છે, માટે આ કથાનકમાં સુદામા-સજ્જડ બંધાયેલા જીવની પત્નીને સાધ્વી અને સાત્ત્વિક કહી છે. સાત્ત્વિક પત્ની એટલે સાત્ત્વિક બુદ્ધિ. જો સાત્ત્વિક બુદ્ધિરૂપી રાણી હોય તો જ તે જીવરૂપ રાજામાં જ્ઞાનસમ્રાટ ભગવાનની ઝાંખી વા સ્મૃતિ કરાવી શકે. 'सत्त्वात् संजायते ज्ञानम्-સાત્ત્વિકબુદ્ધિના સંસર્ગથી જ આધ્યાત્મિક જ્ઞાનનો ઉદય થાય છે.' એવો ભગવાન શ્રીકૃષ્ણ પણ કોલ આપે છે.

ભગવાનને ભેટ ભરવાને તાંદુલ પસંદ કરવામાં આવ્યા છે તે સાત્ત્વિકવૃત્તિથી થયેલું પુણ્યકર્મ છે. આ કર્મ ભલે તુચ્છ-નજીવું હોય છતાં સાત્ત્વિકતાથી થયેલું હોઈ અત્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્ર ગણાય છે; માટે શ્રીકૃષ્ણ પરમાત્મા સહર્ષ પોતે ખાવા માંડી પડે છે; અને પોતાની જ્ઞાનશક્તિસ્વરૂપા રુકિમણીજી વગેરે રાણીઓને તે મીઠા પ્રસાદની અધિકારિણી ગણે છે.

જેમ સુદામા તાંદુલ ભેટ કરતાં સંકોચાય છે તેમ જીવાત્મા ભલે નજીવા પુણ્યકર્મની ભેટ ધરતાં પ્રભુ સમીપ લજવાય છતાં એ અંતર્યામી તો સ્પષ્ટપણે ગીતામાં કહે છે કે: 'पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति । तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ જે મને શ્રદ્ધાવડે તુચ્છમાં તુચ્છ પૂજ્યકર્મરૂપ વસ્તુ પ્રેમપૂર્વક સમર્પણ કરે છે, તેનો હું સ્વીકાર કરું જ છું.'

આમ હોવાથી જ બદ્ધ જીવાત્માનું તાંદુલરૂપે મનાયેલું પુણ્યકર્મ સ્વીકારી ભગવાન અત્યંત ખુશી થાય છે! તેઓશ્રી સમજે છે, કે આ ભેટ કંઈ કોઈ ઇતરની નથી પણ મારા જ મૂળસ્વરૂપની છે તેથી શા સારુ સંતોષ ન પામું?

જીવ જ્યાંસુધી ઉદાસીન બની કર્મ કરે છે ત્યાંસુધી તેને પરમાત્માનું ધામ કરોડો ગાઉ દૂર લાગે છે; પરંતુ જ્યારે તેનામાં સાત્ત્વિક બુદ્ધિની પ્રેરણાએ ભગવદ્જ્ઞાનનો ઉદય થાય છે, ત્યારે તેને બધું અતિશય સમીપ હોય એવો ભાસ થાય છે. આ પ્રમાણે જે સુદામાને અનુભવ થયો છે તે સાવ સાચો છે.

'સુદામાની દીનદશા જોઈ શ્રીકૃષ્ણ રડ્યા' એવું કથામાં એક સ્થળે કથન છે તે નક્કી સત્ય ગણાય; કારણકે માબાપ પોતાના સંતાનની દુર્દશા જોઈ શું રડતાં નથી? ઈશ્વરી અંશમાંથી જીવપણાને પામેલું પોતાનું જ તત્ત્વસ્વરૂપ જોઈ રુદન ન થાય તો મૈત્રીની કિંમત શું? સખાભાવની મીઠાશ શી? આ પ્રમાણે શ્રીકૃષ્ણ અને સુદામાના સંયોગમાં જીવ અને ઈશ્વરના મીઠા મિલન માટે જે કંઈ લૌકિક ઘટના છે તે આધ્યાત્મિક જ્ઞાનના પ્રવાસીઓ માટે સંપૂર્ણ રસ પીરસી રહેલી જણાય છે. જે જે જિજ્ઞાસુને પરમાત્માનું સાન્નિધ્ય પ્રાપ્ત કરવા પ્રબળ ઊર્મિ હોય તેણે યથાશક્તિ તાંદુલ—નજીવું પુણ્યકર્મ એકઠું કરવા સાત્ત્વિક બુદ્ધિની જમાવટ કર્યા જ કરવી જોઈએ. જ્યાંસુધી આપણામાં એવી બુદ્ધિ-વૃત્તિનું સામ્રાજ્ય સ્થપાઈ સત્કર્મો નહિ થાય ત્યાંસુધી કરોડો જન્મો લઈશું તોપણ પરમાત્માની પ્રાપ્તિ થવા આશા નથી.

ટૂંકમાં દરેક સુદામા બનો! સુદામા જેવી દરિદ્રતા ધારણ કરી અંતર્મુખ બનવા ઉપાય આદરો! સુદામાનું દારિદ્રય એટલે દુન્યવી ભૌતિક સુખ-સગવડ માટે ભારોભાર ઉદાસીનતા! યોગક્ષેમ નિભાવવા માટે પરમાત્મા પ્રતિ અડગ શ્રદ્ધા અને પ્રેમ! કથાએ બતાવેલા આ માર્ગે આપણે ન જઈએ?

★

નવાસવા મુંબઈ જોવા આવનાર શ્રીમંત કાંતિલાલ બસમાં ચલમ પીતા બેઠા હતા. બસ કંડકટરે આંગળી ચીંધી એમનું ધ્યાન સામેના પાટિયા પર દોર્યું. ત્યાં 'ધૂમ્રપાન કરવાની મનાઈ છે' એવું લખેલું હતું.

'એમાં શું?' કાંતિલાલે સામે પ્રશ્ન કર્યો, 'હું થૂંકતો નથી.'

'બોર્ડ ધૂમ્રપાન કરવાની મનાઈ કરે છે!' બસ કંડકટરે ખુલાસો કર્યો.

'પણ કોણ કહે છે હું ધૂમ્રપાન કરું છું?' કાંતિલાલે સામો પ્રશ્ન કર્યો.

'તમારા મોઢામાં ચલમ છે ને, નથી?' તુરત જ કંડકટરે પૂછ્યું.

'ચોક્કસ છે, પણ એ રીતે તો જોડામાં મારા પગ છે છતાં હું ચાલતો નથી સમજ્યા!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇન્સાફ

લેખક :
શ્રી જિતેંદ્ર દલાલ

ભારતવર્ષની પશ્ચિમ સરહદ પરના એક ગામડાની આ વાત છે.

એક વયોવૃદ્ધ પઠાણને બે દીકરા હતા. એ બાપ-દીકરાઓનું કુટુંબસુખ જોઈ ને એમના પડોશીઓ પણ એમની ઈર્ષા કરતા.

એક દિવસ સવારે એ પઠાણ પોતાના દાકરાઓની આવવાની પ્રતીક્ષા કરતો ઝૂંપડીના બારણે બેઠો હતો. વહેલી સવારના બેય ભાઈઓ પોતપોતાની બંદૂક લઈને પાસેના ડુંગરપર ફરવા ગયા હતા. એ લોકો નજર બહાર થતાં જ વૃદ્ધે એમની વચ્ચે તકરાર થઈ હોય એવો ભણકારો સાંભળ્યો હતો. જાતે પઠાણ હોવા છતાં યે આખરે તો એ એક બાપ હતો. દીકરાઓના સુરક્ષિતપણા અંગે એનું પિતૃહૃદય શંકા-આશંકાથી વ્યાકુળ થઈ ગયું હતું. આગળ કદી નહોતો અનુભવ્યો એવો ચરચરાટ આજે એના દિલમાં થતો હતો.

ધીરે પગલે ડુંગર ઊતરતો એનો નાનો દીકરો ઘેર પાછો આવતો હતો. એના બેય હાથમાં બંદૂકો હતી. એક એની પોતાની અને બીજી એના ભાઈની. એ જોતાં વૃદ્ધને અપશુકન થયા જેવું લાગ્યું. એ લગભગ દોડતો જ પોતાના દીકરાની સામે ગયો.

'તારો ભાઈ ક્યાં છે?' એણે જોરથી પૂછયું.

દીકરો સ્તબ્ધ ઊભો જ રહ્યો.

'કહે તો ખરો, 'ત્યા? કોઈ દુશ્મને એને મારી નાખ્યો કે શું?'

દીકરાએ નકારાર્થમાં ડોકું હલાવ્યું.

'હરામજાદા, તો પછી કહેતો કેમ નથી કે એ ક્યાં ગયો?' અનિશ્ચિતતાનો બોજો અસહ્ય લાગતાં વૃદ્ધે રાડ પાડી.

'એ મારી ગોળીથી ઠાર થયો. અમારે તકરાર થઈ હતી-મેં એને ગોળી મારી દીધી.'

'તું?-તેં એને ગોળી મારી? મારા દીકરાનો જીવ લીધો?' વૃદ્ધે દીકરાના હાથમાંની એક બંદૂકપર ઝપટ મારી. દીકરાએ એનો પ્રતિકાર ન કર્યો. વૃદ્ધે તિરસ્કારથી એની સામે જોતાં પૂછયું:

'ક્યાં પડ્યો છે એ?'

'હું એને દફનાવીને પછી જ ઘેર આવ્યો છું.'

'એને છેલ્લી એકવાર દિલ ભરીને નીરખી લેવાનું સુખ પણ તેં મારે માટે બાકી ના રાખ્યું સેતાન!'

'મને માફ કરો, બાબાજાન!'

'માફ કરું? હરગિજ નહિ! દીકરાના ખૂનીને પઠાણબચ્ચો કદી માફ નથી કરતો.'

'ઠીક છે, તો પછી મને મારીને તમે બદલો લઈ શકો છો!'

'બેવકૂફ! એક દીકરાના ખૂનનો બદલો બીજા દીકરાનું ખૂન કરીને લેવાનું કહે છે? પઠાણીઇન્સાફ એવો ન હોય!'

'તો પછી પઠાણીઇન્સાફ કેવો હોય, ત્યારે?' દીકરાએ પૂછયું.

વૃદ્ધે જવાબ ન આપ્યો.

*

દિવસો પછી દિવસો, મહિના પછી મહિના અને વર્ષો પછી વર્ષો વીતતાં ગયાં. ધીરેધીરે અશક્ત થતા જતા વૃદ્ધે દીકરાની શાદી ખૂબ ધામધૂમથી કરી.

પણ સારો જેવો સમય વીત્યા છતાં વહુની ગોદ ભરાઈ નહિ, ત્યારે એનું મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડું થઈ ગયું. જડીબૂટી, મંત્રતંત્ર, તાવિજ-દોરા, ધૂપદીપ વગેરે ઉપચારો એણે કરી જોયા. વહુને છોકરાં થાય અને એ પણ દીકરા જ હોય, એ માટે એ અહર્નિશ એના ખુદાની બંદગી કર્યા કરતો હતો.

પોતાનો બાપ મૃતપુત્રના વિયોગનું દુઃખ ભૂલીને ભાવી પૌત્રોનાં સુખસ્વપ્નોમાં લીન થઈ રહે છે, એવું લાગતાં દીકરાને પણ સંતોષ થયો.

આખરે ખુદાએ વૃદ્ધનો પોકાર સાંભળ્યો. વહુને દીકરો અવતર્યો.

નાનો પૌત્ર દાદાના ખોળામાં મોટો થવા લાગ્યો. એ ખાસ્સો ચાર વર્ષનો થયો પણ વહુને ઘેર બીજું પારણું બંધાવાનાં કોઈ ચિહ્નો દેખાતાં નહોતાં. પછી ફરીવાર બીજા બાળક માટે મંત્રતંત્ર, જડીબૂટી, તાવિજદોરા, ધૂપદીપ વગેરેની ક્રિયાઓ શરૂ થઈ ગઈ.

પડોશીઓ પૂછતાં: 'ખાં સાહેબ! તમે વળી આ બધી માયામાં હવે શીદને પડો છો? ભલેને બીજો છોકરો ન થાય! એક તો છે ને!'

વૃદ્ધ જવાબ દેતો: 'અરે યાર, એવું કેમ કહો છો? એક લાકડી તૂટે તો બીજી ન જોઈએ? મારે નહોતા બે દીકરાઓ? મારા દીકરાને પણ એવી રીતે જ જોઈએ ને?'

વૃદ્ધની એ ઇચ્છા પણ ફળી.

પૌત્રજન્મનો ઉત્સવ જે ધામધૂમથી એ વૃદ્ધે ઊજવ્યો, એવી રીતે ગામમાં કોઈએ આ પહેલાં ઊજવ્યો હોવાનું કોઈના ધ્યાનમાં નહોતું.

દીકરાને પણ ખાતરી થઈ કે એનો બાપ ભાઈના મૃત્યુનું દુઃખ સાવ ભૂલી ગયો છે.

*

મોટો પુત્ર નવ વર્ષનો અને નાનો ચાર વર્ષનો થયો. બેય જણા પોતાનાં માબાપ કરતાં દાદા સાથે જ વધુ હળી ગયા હતા. દાદાને એ લોકો પણ 'બબ્બાજાન' જ કહેતા.

એક દિવસ એ વૃદ્ધ સવારના મંદ તડકામાં આરામથી ઝૂંપડીના બારણે બેઠો હતો. એના બેય પૌત્રો સામે આંગણામાં રમતા હતા. વૃદ્ધ કૌતુકથી એમની બાળ-લીલા નિહાળતો હતો. એટલામાં દૂર ડુંગર પરથી નીચે ઊતરી આવતા પોતાના દીકરા તરફ એની નજર જતાં જ એ ચમકી ગયો. એને કશીક જૂની યાદ તાજી થઈ આવી. એ ઘરમાં જઈને બંદૂક લઈ આવ્યો. ત્યાં-સુધીમાં એનો દીકરો પણ ઘેર પહોંચી ગયો હતો.

વૃદ્ધે એના ખભે હાથ મૂકી કહ્યું: 'બેટા, પઠાણીઇન્સાફ કેવો હોય એ તારે જોવું છે, કેમ?'

દીકરો સાવ મૂઢ બની બાપ સામે જોવા લાગ્યો.

'આ જો, તારા બે દીકરા. તું એમનો બાપ છે. તને બીજો દીકરો થાય ત્યાંસુધી મેં તારા મોટા દીકરાને માર્યો ન હતો, એના વાળને યે આંચ ન આવે એની મેં દરકાર લીધી હતી. તેં મારા દીકરાને માર્યો હતો ખરો, પણ મને સાવ અપુત્ર નહોતો કર્યો. તેથી તારા એકના એક દીકરાને મારીને તને અપુત્ર કરવો એ સાચો ઇન્સાફ નહોતો. આજ અલ્લાહની મહેરબાનીથી મારી મુરાદ બર આવી છે. એણે તને પણ બે દીકરા આપ્યા છે. એમાંના મોટાને ગોળીથી મારીને તને પણ પુત્રમરણના દુઃખનો અનુભવ કરાવી આપવો એમ મેં નક્કી કર્યું છે. બાપના દીકરાના મૃત્યુનો બદલો બાપના દીકરાને મારીને જ લઈ શકાય. એ તો એકના બદલામાં બીજો! આને જ કહેવામાં આવે છે પઠાણીઇન્સાફ, સમજ્યો?'

વૃદ્ધે મોટા પૌત્રને પોતાની સામે ઊભો કરી દીધો. આ બધું શું થઈ રહ્યું છે એનું તો એને પૂરેપૂરું ભાન પણ નહોતું. તો યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદા ગમે તે કારણે ગુસ્સે થઈને પોતાનો જીવ લેવા તૈયાર થયા છે એટલું તો એને સમજાયા વગર ન જ રહ્યું. વૃદ્ધ બંદૂક તાકીને એનો ઘોડો દબાવવા જાય છે ત્યાં જ છોકરો એકદમ વ્યાકુળ થઈને હૃદયભેદક સ્વરે ચીસ પાડી ઊઠ્યો: અબ્બાજાન……!'

પોતાનો સદ્‌ગત દીકરો જ પોતાને 'અબ્બાજાન' કહીને બૂમ મારે છે એવો એ વૃદ્ધને ભ્રમ થયો. એનો હાથ ધ્રૂજી ગયો. પૌત્રના કપાળ ઉપર લીધેલું નિશાન ચૂકી ગયો. અને ગોળી સર્ર્ર્ર્ર્ કરતી એના માથા ઉપરથી પસાર થઈ ગઈ.

વૃદ્ધના હાથમાંથી બંદૂક પડી ગઈ. અને એનું માથું શરમથી નીચું ઢળી પડ્યું.

એના પુત્રે એ બંદૂક પાછી ઊંચકીને એના હાથમાં આપતાં કહ્યું.

'ચલાવો બીજી ગોળી, અબ્બાજાન! પઠાણીઇન્સાફ હજુ પૂરો નથી થયો!'

વૃદ્ધે બંદૂક દૂર હડસેલતાં કહ્યું: 'પઠાણ-બચ્ચાની ગોળી કદી નિશાન ચૂકતી નથી.'

પોતાના બાપે જાણીબૂઝીને તો નિશાન નહિ ચૂકવ્યું હોય ને, એવી શંકા એના પુત્રને ઘડીભર તો આવી ગઈ. વૃદ્ધે આગળ કહ્યું:

'મારી ગોળી ફોગટ ગઈ એ ઉપરથી એમ લાગે છે, કે પરવરદિગારને આ ઇન્સાફ મંજૂર નથી.' અને ધીરેધીરે એ પોતાના મોટા પૌત્ર તરફ જવા લાગ્યો. છોકરાના આખા યે શરીર પર બેય હાથે પંપાળતાં એણે કહ્યું: 'આણે હમણાં જે 'અબ્બાજાન' કહીને બૂમ પાડી, તે સાંભળીને મને એવું લાગ્યું કે મારો મોટો બેટો જ મને બૂમ મારી રહ્યો, છે મને મારો બેટો પાછો મળ્યો. પછી બદલો શેનો લેવાનો હોય? તારા દીકરાને મારીને તને દુઃખ દેવાના પઠાણી-ઇન્સાફને બદલે તારી મારફત જ મારો બેટો મને પાછો આપીને આપણને બધાંને આનંદ કરાવી આપતો અલ્લાહનો ઇન્સાફ કેટલો અવ્વલ દરજ્જાનો છે! એ પરવરદિગારના ઇન્સાફ સામે સૌએ પોતાની ગરદન ઝુકાવવી જ જોઈએ… અલ્લાહો અકબર!'*

× સૂચિત

★

પિંગળા ખરાબ હતી એ વાત નાટકવાળાઓએ કલ્પિત ઊભી કરેલી છે. પિંગળાનું મૂળ નામ ભાનુમતિ છે. ભર્તૃહરિ નિર્વેદમાં જણાવ્યા પ્રમાણે એક વખત ભર્તૃહરિ અને મહારાણી ભાનુમતિ ઝરૂખામાં બેઠાં હતાં, ત્યારે નીચે ધામધૂમ થતા જોઈ રાજાએ ખબર કઢાવી તો વાત મળી કે કોઈ એક સ્ત્રી મૃત્યુ પામેલ પતિ પાછળ સતી થવા જતી હતી. પોતાના રાજ્યમાં આવી સતીઓ છે એ વિચારે રાજાને ગૌરવ ઊપજ્યું ત્યારે ભાનુમતિએ કહ્યું કે 'આ બાઈ કંઈ સતી કહેવાય નહિ, એ તો શૂરી છે. સતી તો એ જ કે પતિના મૃત્યુના સમાચાર સાંભળતાં જ જેના પ્રાણ નીકળી જાય'

રાજા તે વખતે બોલ્યો નહિ, પણ રાણીનું સતીપણું જોવા માટે ચાર છ-મહિના પછી 'હું શિકારે જાઉં છું' કહી રાજધાનીથી દૂર નીકળી ગયો. અને ત્યાંથી માણસ પાસે રાણીને પોતાના મૃત્યુસમાચાર કહેવડાવ્યા. માણસોએ રાણી આગળ ગદ્‌ગદ કંઠે ને ભયથી ધ્રૂજતાં રાજાના મૃત્યુની વાત કરતાં જ 'હા, મહારાજ ગુજરી ગયા'નો નિશ્વાસ નાખતાં રાણીએ પ્રાણ છોડી દીધો. શિકારેથી પાછા વળતાં જ રાજાને રાણીના મૃત્યુની ખબર પડતાં રાજમહેલમા જવાને બદલે એ સીધો સ્મશાનમાં જ ગયો. ને 'હે ભાનુમતિ તું સાચી સતી છે' કહીને અતિ રુદન કરવા લાગ્યો. ન ખાવું ન પીવું. બસ એ જ રટન. ગુરુ ગોરખનાથને આ વાતની ખબર પડવાથી જુદા વેશે એ સ્મશાનમાં આવ્યા. હાથમાંની હાંડલી પટકી મૂકીને ધ્રૂસકેધ્રૂસકે રોવા લાગ્યા. રાજાએ પોતાનાથી વધુ દુખિયો જોયો. સોનાની હાંડલી ઘડાવી આપવાનું કહ્યું, પણ ગોરખનાથે તો જૂની હાંડલીના જ ગુણગાન ગાયાં ને અંતે કહ્યું: 'આ હાંડલી કેવી મજબૂત હશે તે જાણવા ચાહીને મેં પછાડી ને એમ કરતાં તે ફૂટી ગઈ. આમ હાંડલીના નાશનો હેતુ હું પોતે જ થયો તેથી હવે મારાથી કેમ જિવાય?'

ચતુર રાજા આ રૂપક સમજ્યો ને મોહમયી ઘોર નિદ્રામાંથી જાગૃત થયો.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહેનોના ઉદ્યોગો

લેખક :
શ્રી જ. ઠા. મુન્સફ

નાણાંભીડનો સમય આજે મધ્યમ તેમજ ગરીબ વર્ગોને એક સરખો સતાવી રહ્યો છે, ત્યારે માનસિક અને શારીરિક મહેનત કરનારી બહેનો સ્વાવલંબી થવા પોતાની શક્તિ કયા અને કેવા પ્રકારનાં કામોમાં ખર્ચી શકે તેનો સહજ વિચાર કરીએ.

નીચેના થોડાક ઉદ્યોગોમાંના કેટલાક માત્ર એક વ્યક્તિથી થઈ શકે તેવા છે, કેટલાકમાં થોડી રકમ રોકી ઉદ્યોગ શરૂ કરવાનું સાહસ કરવું જરૂરી છે, તેમજ કેટલાકમાં પાંચ-સાત અથવા વધારે સંખ્યામાં ભેગા મળી ઉદ્યોગ શરૂ કરવો ઠીક થઈ પડે તેમ છે. તેવી ગોઠવણ થઈ શકતી હોય તો સમૂહબળ મેળવી ઉદ્યોગનો આરંભ કરવો. ઉત્સાહથી કામે લાગનારને યશ મળે જ છે. એકવાર ચોક્કસ ઉદ્યોગમાં ફાવટ આવી ગયા પછી આગળ વધવા માટે ઘણા માર્ગો આપો-આપ સૂઝશે; આથી નકામો વખત ગુમાવતી કે શું કરવું તેની સમજ ન પડતાં મૂંઝાતી દરેક બહેન રુચિકર લાગે તેવો ઉદ્યોગ પસંદ કરી શકે છે.

સ્ત્રીઓ માટેના ઉદ્યોગોને ત્રણ વર્ગમાં વહેંચી નાખવામાં આવ્યા છેઃ (૧) ભણેલી બહેનો માટે, (૨) ખાનદાન કુટુંબની પણ ઝાઝું ભણેલી ન હોય છતાં ઉત્સાહથી કાંઈક કરવાની ખ્વાહેશ ધરાવતી હોય તેવી બહેનો માટે અને (૩) મહેનતુ કારીગર વર્ગ કે જે અભણ હોઈ માત્ર શારીરિક મહેનત કરી શકતી હોય તેવી બહેનો માટે.

ભણેલી બહેનો માટેનાં કામોઃ (૧) નર્સનું કામ, (૨) ટેલિફોન ઓપરેટરનું કામ, (૩) શોર્ટહેન્ડ-ટાઈપરાઈટિંગનું કામ, (૪) કારકુની કામ, (૫) વેતન લઈને છાપાંઓ માટે વૃત્તાંતો મોકલવા, લેખ-કાવ્ય ઇત્યાદિ લખવાં, ભાષાંતર કરવાં, (૬) શિક્ષિકા તરીકે સંગીત, ચિત્રકામ, ભરતકામ સીવણકામ, ધાર્મિક, હિન્દી-અંગ્રેજી ભાષા વગેરે તથા શાળામાં શિક્ષિકા તરીકે અગર ખાનગી ભણાવવાનું કામ.

ઝાઝું નહિ ભણેલી છતાં બીજી આવડતો હોય તેવી બહેનો માટેનાં કામોઃ (૧) પાપડ, પાપડી, સેવ વગેરે બનાવવાનું. (૨) અથાણાંના, રસોઈના, ચાના મસાલાઓ ઇત્યાદિ તૈયાર કરવાનું; (૩) રસોઈકામ, નાસ્તો તૈયાર કરી બપોરે ઓફિસો-સ્કૂલો વગેરે સ્થળે પહોંચાડવાનું કામ; (૪) બિસ્કીટ, નાનખટાઈ વગેરે બનાવી આપવાનું; (૫) કાગળ, બ્લોટિંગપેપર વગેરે બનાવવાનું; (૬) કાગળનાં કવરો કે કોથળીઓ બનાવવી; કાગળ પર મશીનથી નંબર પાડવા; મશીનથી 'સ્ટીચ' કરવા (બાંધવા); છપાઈ ગયા બાદ કાગળની ઘડીઓ વાળવી; (૭) ઠંડી તેમજ ગરમ રીતે વાસણને કલઈ કરવી; (૮) ટેબલ કલોથ-ગલેફ વગેરે પર રંગનું સ્પ્રે કામ કરવું; (૯) અગરબત્તી, ધૂપેલ વગેરે બનાવવાં; (૧૦) સ્ત્રીઓને જરૂરી એવી બંગડી-ફેન્સી ચીજો, શણગારનો સામાન, લૂગડાં વગેરે ચીજો વેચવી; (૧૧) નેતરકામ-ખુરસી, કોચ વગેરેની તૂટેલી નેતર સાથે નવી નેતરની ગૂંથણી કરી રીપેર કરવાં; (૧૨) પટી, પટા, ફૂટ વગેરે હાથમશીન પર તૈયાર કરી વેપારીને આપવાં; (૧૩) સુતર કાંતવું, ફાળકા ભરવા; (૧૪) સાડીની કોર મૂકવી, ઓટણકામ કરવું, રફુકામ કરવું; (૧૫) સીવણકામ કરવું, ચંપા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂંથવા, ઊનનાં સ્વેટર વગેરે ગૂંથી તૈયાર કરવાં, ભરતકામ કરવું તેમ જ મશીનથી ઊપસેલું ભરતકામ ઑર્ડરથી બનાવી આપવું; (૧૬) ચામડાંનાં પાકીટો વગેરે પર સુંદર નકશીકામ કરવું; (૧૭) ચિત્રકામ, નામ ચીતરવાં, સાથિયા માટેનાં પૂંઠાં કોતરી બીબાં તૈયાર કરવાં; (૧૮) કાગળની વેણી, કાગળના પંખા ઇત્યાદિ રંગબેરંગી તૈયાર કરવાં; (૧૯) તોરણકામ, જુદીજુદી ડીઝાઇનનાં સળીનાં, કોડિયાનાં, કાચના મણકાનાં, ગોળાનાં, શંખ-છીપોલીનાં વગેરે ચીજોનાં તોરણો બનાવી વેપારીને આપવાં ઇત્યાદિ વિવિધ ઉદ્યોગો આવી બહેનો નાની રકમ રોકી જોઈતી સામગ્રી વસાવી કરી શકશે.

અભણ છતાં શારીરિક મહેનત માટે ઉત્સુક, તેવી બહેનો માટેનાં કાર્ય : (૧) વાસણ માંજવાનું વગેરે ઘરકામ, (૨) દોરડાં વણવાનું, નાડાં ગૂંથવાનું, (૩) તળાઈ-ગોદડાં પીંજવા-ભરવાનું, (૪) તેડાગર-નિશાળમાં બાળકોને તેડી લાવવાં, નિશાળમાં પાણી પાવાનું, (૫) ચપ્પુ-કાતર-સૂડી વગેરેની ધાર ઉતારવાનું, (૬) દળવાનું, છડવાનું, ખાંડવાનું વગેરે (૭) ફાળકા બનાવવાનું, દડા લપેટવાનું વગેરે, (૮) કસબના તાર બનાવવાનું, સાંકળાંને પહેલ પાડવાનું, (૯) બટનને પૉલિશ કરવાનું, (૧૦) ચાંદીકામ, ઘૂઘરીની પતરી ખોલવાનું તથા નાકાં-કડી વાળવાનું, (૧૧) ભૂંજવાનું, ઊપણવાનું, (૧૨) માટીનાં રમકડાં બનાવી વેચવાનું, (૧૩) કડિયાકામ, ધાબે ફૂટવાનું ઇ. (૧૪) કપડાં ધોવાનું-અસ્ત્રી કરવાનું, (૧૫) કાગળની ટોપલીઓ, વાંસની છાલનાં સૂપડાં-પંખા વગેરે કરવાનું વગેરે.

આ સિવાય કારીગર વર્ગનાં બીજાં પણ ઘણાં કામો છે. ટૂંકમાં કામ કરે તેને ફળ મળે. કહેવત છે, કે ઉદ્યમ નિષ્ફળ જાય નહિ અને આળસુ સુખી થાય નહિ. આ વાત આપણી નવરી બેસી રહેતી બહેનોએ ખાસ યાદ રાખવાની છે.

★

એક હતો વાણિયો. કંદોઈની દુકાન કરતો હતો. મકાનનો આગલો ભાગ દુકાન તરીકે ને પાછલો ઘર તરીકે વાપરતો. એક રાત્રે ઘરમાં ચોર પેઠો. અને તેણે મીઠાઈ વગેરે વસ્તુઓ એક બાજુએ મૂકી અને ગલ્લામાંથી પૈસા કાઢી લઈ બાજુ પર મૂકયા વાણિયાએ વિચાર્યું કે સામા છાતીએ સામનો કરવો ઠીક નથી, એથી એણે એક યુક્તિ કરી. એ બોલ્યો :

'અરે બિલાડી, જા, હઠ, રોજ રોજ આવીને હેરાન કરે છે! જા!'

ચોરે જાણ્યું કે હવે વાણિયો પોતાને જોઈ જશે એટલે એ પાસે પડેલા એક પટારામાં ભરાઈ ગયો અને ઢાંકણું બંધ કરી દીધું.

તત્કાળ જ વાણિયાએ પાસે જઈને તે પટારાની સાંકળ મારી દીધી. એ નિરાંતે જઈ પથારીમાં બેઠો. થોડો વખત થયો, પણ પટારો ઊઘડ્યો નહિ એટલે ચોરે 'મિયાઉં, મિયાઉં' કરવા માંડયું; એમ ધારીને કે કંદોઈએ બિલાડી ધારી છે એથી તેવો અવાજ કરવાથી તે પટારો ઉઘાડી તેને છોડી મૂકશે. પણ વણિક પાસે આવી હસતોહસતો બોલ્યો :

'તું જાતે મિયાઉં મિયાઉં કરે તેથી હું કંઈ તને બિલાડી ધારવાનો નથી. સવારે બધા લોકો ભેગા થશે અને પટારો ઉઘાડતાં સહુ તને બિલાડી કહેશે તો બિલાડી માની તને છોડી મૂકીશ.'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતિમ વંદના

લેખક :
શ્રી સુરેશ ગાંધી

સ્થાપત્યની અદ્‌ભુત કલાકારીગીરી જેવા દેલવાડાનાં આરસપહાણનાં જૈનમંદિરોથી કાણ અપરિચિત હશે? એને બંધાવનાર વિમળશાહની સ્થિતિ એક સમયે અત્યંત ગરીબ હતી, પણ ભાગ્યે પલટો લીધો અને પાટણના એ મંત્રી બન્યા. મંત્રીપદની પ્રાપ્તિ પહેલાંનું મનોમંથન, હમીર સુમરાની સાથે બતાવેલું શૌર્ય, પાટણ છોડવાનો ભીમદેવનો અણચિંતવ્યો હુકમ, તથા જીવનની અંતિમ પળોમાં આબુનાં જૈનમંદિરો બંધાવવાની આકાંક્ષા–વિમળશાહના જીવનને સ્પર્શતા આ મહત્ત્વના પ્રસંગોને આ નાટિકામાં વણી લેવામાં આવ્યા છે.

શ્રીદેવી : તમને અહીં શું દુઃખ છે? આમ ચિંતા કર્યા કરો છો, એથી મને પણ નથી ગમતું.

વિમળશાહ : દુઃખ કેમ ન હોય શ્રી? મોંઢાપર પ્રસન્નતા દેખાડું છું, પણ અંતર રડે છે. જ્યાંસુધી તારા પિતાએ આપેલી હવેલીમાં રહું ત્યાંસુધી દુઃખ કેમ ન હોય! પુરુષે તો પોતાના બાહુબળથી ભાવિનું સર્જન કરવું જોઈએ.

શ્રીદેવી : એ પ્રસંગ પણ આવશે, જ્યારે પાટણને તમારાં શૌર્ય અને કીર્તિથી તમે આંજી શકશો.

વિમળશાહ : પણ એ તો આવતી કાલની વાત થઈ, આજનું શું? આજે મને ક્યાંય ચેન નથી. માતા બિચારી ખેતરમાં મજૂરી કરીને જીવન વિતાવે છે. નાનો ભાઈ પણ પારકાં વૈતરાં કરે છે, એ બધાંને જ્યાં સુધી હું સુખ ન આપી શકું ત્યાંસુધી મારું સુખ વ્યર્થ છે.

શ્રીદેવી : આજે તમને કોઈ ઓળખતું નથી, પણ આવતી કાલે તમારી કીર્તિનો સૂર્ય તપશે. માનવી આશાના તંતુપર ભવ્ય ઇમારતો રચે છે એ કેમ ભૂલી જાવ છો?

વિમળશાહ : શ્રી તું મારું માનીશ?

શ્રીદેવી : શું કહો છો સ્વામી?

વિમળશાહ : ચાલો આપણે અહીંથી દૂર ચાલ્યાં જઈએ. પાટણમાં મને શૂન્યકાર લાગે છે. શા માટે અહીં રહેવું જોઈએ? કોઈ સ્થળે જઇને હું મારા નસીબને પુરુષાર્થના હળ સાથે જોડીશ.

શ્રીદેવી : ના પ્રભુ, નજીકનું છોડીને દૂર શા માટે મીટ માંડો છો? અહીં તમારા પુરુષાર્થનું ક્ષેત્ર પડ્યું છે. તમારાં તેજ અને પ્રતિભા આગળ પાટણ મને ઝાંખું લાગે છે.

વિમળશાહ : તને લાગતું હશે, પણ મને તો એ તેજ અંધારે ઘેર્યું હોય એવું લાગે છે.

શ્રીદેવી : એક વાત કહું?

વિમળશાહ : શી?

શ્રીદેવી : પાટણના મહારાજા ભીમદેવ પાસે તમારી યશગાથા પહોંચી ગઈ છે.

વિમળશાહ : કેવી રીતે?

શ્રીદેવી : મારા બાપુએ ત્રણચાર દિવસ પહેલાં જ મહારાજને કાને વાત નાખી છે.

વિમળશાહ : શેની?

શ્રીદેવી : તમને પાટણના દંડનાયક બનાવવાની.

વિમળશાહ : એ બહુ ખોટું થયું. તારા બાપુએ મહારાજને એ વાત જણાવવી જોઈતી ન હતી.

શ્રીદેવી : ઝવેરીને પણ હીરાનાં મૂલ મૂલવવાં પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિમળશાહ : પણ મહારાજ એ વાતને હસી કાઢશે, અને મારી અવગણના કરશે તો જાણો છો શું થશે ?

શ્રીદેવી : શું થશે ?

વિમળશાહ : મારું પૌરુષ ઝંખવાણું પડશે, અને પરિણામે મારે નીચું જોવું પડશે.

શ્રીદેવી : એ સમય આવશે જ નહિ.

વિમળશાહ : તેં કેમ જાણ્યું શ્રી ?

શ્રીદેવી : મારા બાપુમાં મને શ્રદ્ધા છે. પાટણના તેઓ નગરશેઠ છે. બધી ગુપ્ત મંત્રણાઓમાં મહારાજ એમને બોલાવે છે. આમ તેઓ મહારાજના વિશ્વાસપાત્ર છે. આ જુઓ મારા બાપુ જ આવ્યા.

[નગરશેઠ આવે છે.]

વિમળશાહ : અમારા પ્રણામ સ્વીકારો વડીલવર્ય !

નગરશેઠ : તમારું યુગલ અમર તપો ! એક વાત કહેવા આવ્યો હતો વિમળશાહ, મહારાજ ભીમદેવે દરબારમાં આજે તમને યાદ કર્યા હતા.

વિમળશાહ : મારાં અહોભાગ્ય !

નગરશેઠ : આપણે હમણાં જ જવું પડશે દરબાર ભરાવાનો સમય થવા આવ્યો છે.

વિમળશાહ : હું તૈયાર છું, પણ જાણી શકું, કે મહારાજ ભીમદેવે શા માટે મને આમંત્રણ મોકલ્યું છે ?

નગરશેઠ : તમારી વીરતાની વાતો મહારાજ પાસે પહોંચી ગઈ છે.

વિમળશાહ તમે જ પહોંચાડી હશે !

નગરશેઠ : એવી વાતો કહેવી પડતી નથી. ફૂલની સુગંધ અને વીરશ્રીને પવન જ પાંખોમાં ઉપાડી જાય છે અને રાજભુવનમાં પહોંચાડે છે.

વિમળશાહ : મને કંઈ જ સમજાતું નથી.

નગરશેઠ : તે દિવસે તમે ગાંડા હાથીને બાંધ્યો અને ચંદ્રાવતીના મહારાજને હરાવ્યો એ લોકજીભે ચડેલી વાતો સાંભળીને મહારાજને એમ થયું, કે તમને સૈન્યમાં નોકરી આપવી.

વિમળશાહ : મહારાજે મારા માટે જે કલ્પના બાંધી છે એને અનુરૂપ થવાનો પ્રયત્ન હું કરીશ.

શ્રીદેવી : અને તમારા એ પ્રયત્નમાં પ્રભુનો આશીર્વાદ ઊતરશે.

નગરશેઠ : મને ખાતરી છે કે તમે મહારાજ ભીમદેવની કૃપા મેળવી શકશો, પાટણના એકવારના મહામંત્રીના વીર પુત્રને માપવાની શક્તિ પણ ભોળા ભીમમાં જ છે.

વિમળશાહ : તો આપણે હવે જઈએ.

નગરશેઠ : હા ચાલો.

શ્રીદેવી : મારે પણ દેરાસર જવાનું મોડું થાય છે. હું પણ જઈશ.

[બધાં ચાલ્યાં જાય છે.]

×

દર્શન બીજું

(મહારાજ ભીમદેવે વિમળશાહને પોતાનો દં[ડ]નાયક બનાવ્યો છે. એની ખ્યાતિ ધીમેધીમે વધ[વા] માંડી છે. સિંધુ દેશના રાજા હમીર સુમરાએ ન[…] ભીમદેવને પડકાર્યો, ત્યારે સેનાપતિ વિમળે ન[…] ઘાવ દઈ ને સૈન્ય એકઠું કર્યું. મહારાજ પણ લડાઈ[…] ગયા, વિમળશાહે હમીર સુમરાને માર્યો, અને પા[…] નો ડંકો વગાડ્યો, અને મહારાજ ભીમદેવે વિ[મળ]શાહને મંત્રીપદે નીમ્યા.)

ભીમદેવ : વિમળશાહને મંત્રીપદે સ્થ[ા]પીને આજે મારું હૃદય આનંદ અનુ[ભવે] છે સામંત ! એવા વીર પુરુષનું યોગ્ય સન્[માન] થયું છે.

સામંત : ગમે તેમ ધારતા હો, પ[ણ] મારું મન માનતું નથી. રાજપૂતોએ [શું] બલોયાં પહેર્યાં છે કે વાણિયાની કેડે મ[હે]શ્વરની તલવાર બાંધવાનું સૂઝ્યું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીમદેવ: તું શું જાણે સામંત? એ વાણિયો છે, પણ વીર છે. સૈન્યની વ્યૂહરચના કરવામાં એની બુદ્ધિ પાસે ભલભલા સેનાપતિઓ પણ હારી જાય છે. મને એનો અનુભવ થયો છે.

સામંત: કયાં મહારાજ?

ભીમદેવ: સિન્ધુરાજ હમીર સુમરાની લડાઈમાં. તલવારોની જ્યારે ઝપાઝપી બોલી રહી હતી, ભીષણ કાળી રાતમાં જ્યારે કોણ જીતે અને કોણ હારે એવી ભયંકર લડાઈ ચાલી રહી હતી, ત્યારે વિમળે ભારે કારીગરી કરી સૈન્યની એક ટુકડીને એણે એક બાજુ તારવી લીધી.

સામંત: પછી મહારાજ?

ભીમદેવ: મને પણ અચંબો થયો, કે વિમળે આમ કેમ કર્યું? મને લાગ્યું, કે આપણી હાર થાય એવું લાગવાથી જ કદાચ એ ટુકડીને બચાવી લેવા એણે તારવણી કરી હશે, પણ ત્યાં તો એણે પોતાનો ઘોડો આગળ કર્યો અને સૈનિકોને પાછળ આવવાનું કહી પોતે હમીર સુમરા પર ત્રાટક્યો.

સામંત: આ તો જોખમ કહેવાય મહારાજ! તમારા પડખેથી એણે દૂર જવું જ જોઈતું નહોતું.

ભીમદેવ: જોતજોતામાં એણે હમીરના અંગરક્ષકોને પીંખી નાખ્યા. હું પણ ઘોડો દોડાવીને ધમસાણમાં જઈ પહોંચ્યો.

સામંત: આ તો વિશેષ જોખમ ખેડ્યું કહેવાય.

ભીમદેવ: યુદ્ધમાં જોખમ વગર વિજય મળે ખરો? બરછીનો એક ઘા મારી હમીરને મેં નીચે પાડ્યો, અને વિમળે તલવારના એક જ ઝાટકે એનું માથું ઉતારી લીધું અને આપણો વિજય થયો.

સામંત: વાણિયો ત્યારે ભારે શોભ્યો હશે હો!

ભીમદેવ: સિન્ધુના યુદ્ધની એ જીત વિમળને ફાળે જ જાય છે. ત્યારથી જ મનમાં મેં ગાંઠ વાળી કે વિમળને પાટણના મંત્રીપદે સ્થાપવો.

સામંત: મંત્રીપદે વિમળશાહને ભલે મૂકયા, એ તો આપની ખુશીની વાત છે, પણ વાણિયાથી ચેતતા રહેવું સારું.

ભીમદેવ: શા માટે? એનામાં મેં કયારે પણ ખૂટલાઈ જોઈ નથી.

સામંત: એ સાચું પણ સાગરનું અને વાણિયાનું પેટ કોઈએ જાણ્યું નથી.

ભીમદેવ: તું શું કહેવા માગે છે એ જ સમજાતું નથી.

સામંત: ધીમેધીમે બધું સમજાવું છું. રાજદરબારમાં જ્યારે તમે વિમળશાહની શૂરવીરતાનાં વખાણ કરતા હતા, ત્યારે એની આંખોમાં એક જાતની ખુમારી ઝબકતી હતી; જ્યારે એને પાસે બોલાવી તમે એના હાથમાં સોનાની મૂઠવાળી તલવાર અને મંત્રીપદનો પોશાક મૂકયો ત્યારે શું બની રહ્યું હતું. ખબર છે મહારાજ?

ભીમદેવ: શું બન્યું હતું સામંત?

સામંત: દૂર ઊભેલા સેનાપતિઓ અને સૈનિકોએ એમને હર્ષથી વધાવી લીધા હતા.

ભીમદેવ: એ તો ઠીક જ કર્યું કહેવાય. યુદ્ધમાં જેણે સેનાને દોરવણી આપીને વિજય અપાવ્યો હોય એને ઉચ્ચ હોદ્દો મળતો જોઈને સૈન્ય આનંદ વ્યકત કરે એમાં કંઈ ખોટું છે?

સામંત: તમે તો ભોળા જ રહ્યા મહારાજ! એનો અર્થ એ થયો કે આખું સૈન્ય વિમળશાહ પાછળ ગાંડું છે, એનો પડતો બોલ ઝીલવા તૈયાર છે.

ભીમદેવ: એમ જ હોવું જોઈએ. વીરશ્રીને કોણ નહિ વધાવે? હું પણ વિમળમંત્રીને એટલે જ માન આપું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામંત : વીરશ્રીને માન આપવામાં વાંધો નથી મહારાજ, પણ આ તો બીજી જ રમત રમાઈ રહી છે.

ભીમદેવ : શેની રમત ?

સામંત : એ આપને આજે નહિ, પણ એક દિવસ સમજાશે.

ભીમદેવ : હું આજે જ જાણવા માગું છું સામંત.

સામંત : આજે સૈન્ય વિમળમંત્રી પાછળ ગાંડું થયું છે. પ્રજા એનામાં શૌર્ય અને બુદ્ધિના ચમકારા જુએ છે. કાલે ઊઠીને એનાં પગલાં પૂજવા માંડશે અને પરમ દિવસે શું થશે એ તમે જાણો છો ?

ભીમદેવ : શું થશે સામંત ?

સામંત : આખું પાટણ એની પાછળ ઘેલું બનીને દોડવા માંડશે. મંત્રીને મળેલી સત્તા, કીર્તિ, પૈસો અને સૈન્ય મોટી ઉથલ-પાથલ મચાવશે.

ભીમદેવ : પણ એ શું કરશે ચોખ્ખા શબ્દોમાં કહેને !

સામંત : પાટણના રાજસિંહાસને વિમળમંત્રીને બેસાડશે; અને ભોળા ભીમદેવને રસ્તાના ભિખારી બનવું પડશે.

ભીમદેવ : હું નથી માનતો, માત્ર તારી કલ્પના છે.

સામંત : પણ કલ્પના એક દિવસ સાચી ઠરશે.

ભીમદેવ : એમ કયા આધારે કહે છે ?

સામંત : વિમળશાહને મળેલી કીર્તિ, ધન અને વૈભવથી:

ભીમદેવ : તને કેમ ખબર પડી કે આ બધુંય એને મળ્યું છે ?

સામંત : મારા માણસોએ ખબર મને આપી છે મહારાજ, સિન્ધુરાજને હરાવી એણે તેનો ખજાનો લૂંટ્યો છે. વિમળશાહ પાસે અઢળક ધન ભેગું થયું છે. સિન્ધુરાજને હરાવી એણે લૂંટેલા તેના ખજાનાથી વિમળના કોઠાર આજ ઝરઝવેરાતથી ઊભરાઈ ગયા છે. એના વૈભવ પાસે તમારા રાજમહેલનો વૈભવ ઝાંખો લાગશે, એની રૂપવતી સ્ત્રી પાસે તમારી રાણીઓ કંઈ વિસાતમાં નથી.

ભીમદેવ : હું નથી ધારતો કે વિમળશાહ પાસે એટલાં સમૃદ્ધિ અને વૈભવ હોય.

સામંત : લડાઈઓ જીતીજીતીને એણે કેંક ધનવાનોનાં ઘર લૂંટ્યાં છે, અને સમૃદ્ધિ ભેગી કરી છે. એની પાસે જે ઝવેરાત અને રત્નો છે, એમાંનું એક પણ રત્ન તમારા રાજભંડારમાં નથી.

ભીમદેવ : તો આપણે એની ખાતરી કરવી પડશે. વિમળશાહને કહેવડાવો કે આવતી કાલે મહારાજ ભીમદેવ મંત્રીશ્વરના મહેમાન બનશે.

સામંત : એ જ યોગ્ય છે મહારાજ, તમને ખબર પડશે કે મારા શબ્દોમાં કેટલું સત્ય છે ! વિમળમંત્રીને હમણાં જ ખબર મોકલાવું છું.

ભીમદેવ : ચાલો ત્યારે આપણે તૈયારી કરીએ.

×

દર્શન ત્રીજું

(વિમળશાહની સમૃદ્ધિ જોઈ સામંતની ઉશ્કેરણીથી ઉશ્કેરાયેલા મહારાજ ભીમદેવ વિમળશાહને પાટણ છોડવાનો હુકમ કરે છે, પણ છેલ્લી ઘડીએ ભૂલ સમજાતાં હુકમ પાછો ખેંચે છે, છતાં વિમળશાહને બહુ દુઃખ થાય છે.)

વિમળશાહ : શ્રી ! ઓ શ્રી, ક્યાં ગઈ ?

શ્રીદેવી : આ જરા દીવો પેટાવી રહી. શું છે તે આમ આકળા થયા છો ?

વિમળશાહ : સાંભળ શ્રી, આપણે પાટણ છોડવું પડશે.

શ્રીદેવી : આ શું કહો છો દેવ ?

વિમળશાહ : મહારાજ ભીમદેવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંથી આ આજ્ઞાપત્ર આવ્યો છે. રાજદૂત હમણાં જ આપી ગયો.

શ્રીદેવી: પણ શું લખ્યું છે એમાં?

વિમળશાહ: મહારાજ ભીમદેવે આપણા ઉપર જૂનું દેવું કાઢયું છે. લખે છે કે તમારા દાદા લહીરના વખતનું દેવું છે. રાજ્યના જૂના ચોપડામાં લખેલું છે.

શ્રીદેવી: પણ કેટલું છે એ તો કહો?

વિમળશાહ: છપ્પન લાખ ટંકાનું.

શ્રીદેવી: હેં! મહારાજને આ દેવું વસૂલ કરવાનો અધમ વિચાર ક્યાંથી આવ્યો હશે?

વિમળશાહ: હું જાણું છું શ્રી, મહારાજ ભીમદેવ એમાં કંઈ પણ જાણતા નથી. તેઓ નિર્દોષ છે. એમની પડખે ચડેલા ખુશામતિયા સામંતનું જ આ કરતૂક છે.

શ્રીદેવી: પણ સામંત મહારાજને શા માટે આમ ભંભેરે?

વિમળશાહ: મારા ગુપ્તચરોએ મને પાકી માહિતી આપી છે. મને મંત્રીપદ મળ્યું ત્યારથી જ સામંત ઉશ્કેરાયો છે; કારણકે એને જ મંત્રી બનવું હતું. એણે મહારાજને ભંભેરવા માંડ્યા છે. સૈન્યમાં ઉશ્કેરણી ફેલાવવા માંડી છે. તે દિવસે મહારાજ આપણા મહેમાન બન્યા હતા એ શા માટે જાણે છે?

શ્રીદેવી: ના, એની પાછળ કંઈ ભેદ હતો?

વિમળશાહ: હા, સામંતે જ એમને ભંભેર્યા હતા. આપણી સમૃદ્ધિ અને રાચરચીલું દેખાડવાની નેમથી સામંત મહારાજને આપણે ત્યાં લઈ આવ્યો હતો. તે દિવસે આપણે એમનું જે રીતે આતિથ્ય કર્યું એ જોઈને તેઓ ચકિત બન્યા હતા. આપણી જાહોજલાલી જોઈને મહારાજને અદેખાઈ આવી હોય એવો સંભવ છે.

શ્રીદેવી: કોઈ પંડિતે શ્લોકમાં કહ્યું છે એ સાચું છે. રાજા પ્રસન્ન થાય છે ત્યારે

હાથીની અંબાડી પર બેસાડે છે અને રૂઠે છે ત્યારે માટીનું હાંડલું પણ આંચકી લે છે; અને પહેર્યે કપડે કાઢે છે.

વિમળશાહ: આપણો પણ એ જ સમય આવ્યો છે શ્રી! મહારાજ રૂઠ્યા છે, છપ્પન-લાખ ટંકાનું લેણું વસૂલ કરવા માટે તેઓ આપણી બધી મિલકત લઈ લેવા માગે છે. રુક્કામાં એમ જ લખ્યું છે.

શ્રીદેવી: લો, મારા બાપુ આવ્યા!

[નગરશેઠ આવે છે.]

નગરશેઠ: શું છે વિમળમંત્રી? તમારા બંનેનાં મોઢા કેમ ઝાંખાં લાગે છે?

શ્રીદેવી: મહારાજ ભીમદેવ રૂઠ્યા છે બાપુ!

નગરશેઠ: મહારાજને રૂઠવાનું કારણ?

વિમળશાહ: એ તો હું જાણતો નથી, પણ આ આજ્ઞાપત્ર આવ્યો છે. જરા વાંચી જુઓ!

નગરશેઠ: (વાંચીને) હેં! છપ્પન લાખ ટંકાનું લેણું કાઢયું છે? કેવું હળહળતું જુઠાણું! કોઈ અદેખાઓનું કારસ્તાન લાગે છે.

વિમળશાહ: મને પણ એમ જ લાગે છે શેઠ!

નગરશેઠ: ટાઢા પાણીએ ખસ જાય અને લોકોમાં વગોવાવાનું કારણ પણ ન મળે. ભોળા ભીમદેવને ભંભેરી વિમળમંત્રીને પાટણમાંથી કાઢવાનો આ ઠીક રસ્તો સુઝાડ્યો છે.

વિમળશાહ: અને હું પણ મહારાજની આજ્ઞા માથે ચડાવી લેવા તૈયાર છું. શ્રી પણ સાથે આવે છે.

નગરશેઠ: ક્યાં જશો બેટા?

શ્રીદેવી: ભાગ્ય અને ભાગ્યવિધાતા લઈ જાય ત્યાં.

નગરશેઠ: રહો, એમ જવાની શી ઉતાવળ છે? મહારાજને હું સમજાવીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિમળશાહ: મહારાજ નહિ સમજે. ખુશામતિયાઓએ એમને ચડાવ્યા છે.

નગરશેઠ: મારા શબ્દોમાં મને શ્રદ્ધા છે, તેઓ જરૂર સમજશે. સિંહને આમ કમોતે મારતાં એમણે શરમાવું જોઈએ.

શ્રીદેવી: આ શું? ખુદ મહારાજની સ્વારી જ આવી પહોંચી.

[મહારાજ ભીમદેવ આવે છે.]

વિમળશાહ: પ્રણામ મહારાજ.

ભીમદેવ: વિમળમંત્રી!

વિમળશાહ: જી મહારાજ! આપનો આજ્ઞાપત્ર મળ્યો છે. મારી બધી માલમિલકત આપના ચરણમાં મૂકી હું અને શ્રી અહીંથી ચાલ્યાં જઈએ છીએ.

ભીમદેવ: મને તમારા માટે માન છે મંત્રીશ્વર, પણ હું દિલગીર છું. રાજ્યનું લેણું તમારે આપવું જ રહ્યું.

નગરશેઠ: આ અન્યાય છે મહારાજ!

ભીમદેવ: નગરશેઠને એમ જરૂર લાગતું હશે, પણ મારું પગલું ન્યાયનું જ છે.

નગરશેઠ: આપની ન્યાયપ્રિયતા માટે પાટણને માન છે; પણ આ પગલું ભરીને આપ ભીંત ભૂલો છો.

ભીમદેવ: એમ કેમ?

નગરશેઠ: પાટણના રાજસિંહાસન પર બેસનાર મહારાજા ભીમદેવને ક્યાંથી ખબર હોય કે એ સિંહાસનના સિંહનું ગૌરવ આજ હણાઈ રહ્યું છે?

ભીમદેવ: એ કેવી રીતે નગરશેઠ? મને કંઈ સમજાતું નથી.

નગરશેઠ: સિંધુના યુદ્ધમાં હમીર સુમરાને ઝાટકે દેનાર, નાનામોટા ખટપટિયા ખંડણિયા રાજાઓને ઝબે કરી આપની આણ વર્તાવનાર પાટણના સિંહ વિમળમંત્રીને આજે કમોતે મારી રહ્યા છો મહારાજ!

ભીમદેવ: એ બધું સાચું હશે નગરશેઠ, પણ મારી આજ્ઞા છે. તમે તૈયાર છો વિમળમંત્રી?

વિમળશાહ: તૈયાર જ છુ મહારાજ! બે કાળા ઘોડા મંગાવ્યા છે. હમણાં આવશે, એટલે હું અને શ્રી પાટણના રાજવીની ચરણધૂળ લઈ અમારા પંથે પડશું.

ભીમદેવ: ક્યાં જશો મંત્રીશ્વર?

વિમળશાહ: જ્યાં નસીબ લઈ જશે ત્યાં.

ભીમદેવ: પાટણના મહારાજ ભીમદેવનો હુકમ છે કે–

વિમળશાહ: શો હુકમ છે મહારાજ?

ભીમદેવ: કે તમારે ચંદ્રાવતી જવું.

વિમળશાહ: ચંદ્રાવતી! શા માટે? કંઈ સમજાતું નથી મહારાજ!

ભીમદેવ: તો હું તમને સમજાવું જુઓ, રાજ્ય તમારું દેવું માફ કરે છે; અને બદલામાં હુકમ કરે છે કે તમારે ચંદ્રાવતી જવું.

વિમળશાહ: પણ શા માટે મહારાજ?

ભીમદેવ: ચંદ્રાવતીના રાજા ધંધુકરાજના ગુમાને માઝા મૂકી છે. આપણી આણ માનવાની તેણે ના પાડી છે. મારા આજ્ઞાપત્રને ફાડી, રાજદૂતને એણે કાઢી મૂક્યો છે, એને કડક શિક્ષા થવી જોઈએ મંત્રીશ્વર!

વિમળશાહ: મારાથી એ કેમ બનશે મહારાજ?

ભીમદેવ: બનશે જ વિમળ, તમારામાં મને વિશ્વાસ છે.

વિમળશાહ: પણ મારું મન માનતું નથી, જગત પ્રત્યે મને વૈરાગ્ય ઉપજ્યો છે. સંસારની આ માયા, સમૃદ્ધિ, કીર્તિ બધું ક્ષુલ્લક લાગે છે. જાણે એવું થાય છે, કે મહારાજનું દેવું ચૂકવીને પ્રભુનાં ચરણકમળમાં માથું મૂકી દઉં!

નગરશેઠ: વિમળમંત્રી! મહારાજ ભીમદેવનું કહ્યું તમારે માનવું જોઈએ. છેલ્લી વાર હથિયાર ઉઠાવી પાટણપતિના ઋણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

વાયેલા ગૌરવને તલવારની અણીએ ચમકા-
વવું જોઈએ.

શ્રીદેવી : મારી પણ એ જ વિનતિ છે
દેવ! મહારાજની આજ્ઞાને આપણે માન
આપવું જોઈએ.

વિમળશાહ : તમારાં બધાંની એવી જ
ઇચ્છા હોય તો ફરી એકવાર મહારાજ
ભીમદેવે આપેલી તલવાર ઉઠાવી હું ધંધુક-
રાજ સામે લડીશ; અને તેને હરાવીને જ
જંપીશ.

ભીમદેવ : હું એ જ આશા રાખતો
હતો મંત્રીશ્વર ! હવે હું જાઉં. તમે સૈન્ય
એકઠું કરો.

[જાય છે.]

શ્રીદેવી : હું પણ યુદ્ધમાં આપની
સાથે જ આવીશ દેવ ! ઘવાયેલા સૈનિકોની
સેવા કરીશ.

નગરશેઠ : તમારું બંનેનું કલ્યાણ
થાવ !

[જાય છે.]

×

દર્શન ચોથું

(ધંધુકરાજને હરાવી વિમળમંત્રીએ હવે ચંદ્રા-
વતીમાં જ રહેવા માંડ્યું છે. પાટણપતિની વિનતિ
છતાં એણે પાટણ ફરવાની ના પાડી. રાજકાજ
છોડ્યું અને ધર્મધ્યાનમાં મન પરોવ્યું. શ્રીદેવી
અને વિમળમંત્રીએ આબુમાં જઈ દેલવાડાનાં જીન-
મંદિરો બંધાવવા માંડ્યાં. હવે થોડું કામકાજ
બાકી છે.
કડિયાના ટાંકણાનો અવાજ નેપથ્યમાં સંભળાય છે.)

વિમળશાહ : પશ્ચાત્તાપ અને પ્રાર્થ-
નાથી જાણે જીવન હળવું બનતું હોય એવું
લાગે છે. કરેલાં પાપકર્મોમાંથી છૂટવા માટે
પશ્ચાત્તાપનું સર્જન ન કર્યું હોત તો માનવી
માથું પટકીને મરી જાત.

શ્રીદેવી : તમે થોડું બોલો તો સારું.

વૈદરાજે બોલવાની ના પાડી છે. જુઓ તો
તાવ કેવો ચઢ્યો છે !

વિમળશાહ : આ દેહનો શું ભરોસો
છે ? એક દિવસ એનો નાશ થવાનો જ હતો.
આજે જીન ભગવાનના ચૈત્ય પાસે મારો દેહ
પડશે તો આત્મા કેવી પ્રસન્નતા અનુભવશે !

શ્રીદેવી : ઇચ્છું છું કે મને પણ ભગવાન
આદિનાથ તમારી સાથે જ ઉપાડી લે !

વિમળશાહ : એવું ન બોલ શ્રી ! એથી
મને દુઃખ થાય છે. આમ જો, મારા માથે
હાથ મૂક. કેટલું સુખ લાગે છે ?

શ્રીદેવી : ફરીવાર તમે બોલબોલ કરવા
લાગ્યા ! વૈદરાજે બોલવાની ચોખ્ખી ના
પાડી છે. હમણાં દવા લઈને એ આવતા જ હશે.

વિમળશાહ : દવાની હવે કંઈ જ જરૂર
નથી શ્રી, દીવો ઝાંખો પડવા માંડ્યો છે.
ચૈત્યનું કામ હવે કેટલુંક બાકી છે ?

શ્રીદેવી : અરહંત ભગવાનના ચરણનો
અંગૂઠો ઘડવો માત્ર બાકી છે. શિલ્પીનું
ટાંકણું ચાલી રહ્યું છે.

વિમળશાહ : શિલ્પીને કહો કે ટાંકણું
જલદીથી ચલાવે હવે સમય રહ્યો નથી. શ્રી !
દીવાનું દીવેલ ખૂટી રહ્યું છે. અરહંતના
અંગૂઠે મસ્તક અડાડી મારા પ્રાણનું નૈવેદ્ય
ચડાવી દઈશ.

[શ્રીદેવી ડૂસકાં ભરવા માંડે છે.]

વિમળશાહ : તું રડે છે શ્રી ? શા
માટે ? જીવનમાં અનેક પાપ કર્યાં છે. નિર્દોષો-
ની કતલ કરી છે. કીર્તિ અને પ્રદેશોની ભૂખ
માટે અનેકને રહેંસી નાખ્યાં છે. જીવનની
સંધ્યા નમવા માંડી છે, ત્યારે સમજાય છે
કે આ બધું કોના માટે ? આત્માનું ભાથું ક્યાં ?

શ્રીદેવી : શા માટે અત્યારે એ બધું
યાદ કરો છો ? પ્રભુનું સ્મરણ કરો. એ જ
આત્માનો પંથ ઉજાળશે.

વિમળશાહ : જીવનનો બધો મેલ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોવાઈને અંતર જ્યારે પવિત્ર થાય છે, ત્યારે ભૂતકાળની ભૂલ સમજાય છે. હમીર સુમરો., ધંધુકરાજ, એ બધાને આ હાથે જ માર્યા છે. એમનો આત્મા મને ક્ષમા નહિ કરે?

શ્રીદેવી: ક્ષમા કરશે જ દેવ! ક્ષમા માગવી એ જ આત્માનું ભૂષણ છે.

વિમળશાહ: ખામેમી સવ્વે જીવા
સવ્વે જીવા ખમતુ મે
મિત્તિમે સવ્વ ભુએસુ
વેરં મજ્ઝ ન કેણઈ.

શ્રીદેવી: 'વેરં મજ્ઝ ન કેણઈ!' મારે કોઈની સાથે વેર નથી. કેવું સુંદર આલોચન નાથ!

વિમળશાહ: હવે કેટલીવાર લાગશે? શિલ્પીએ ભગવાનના ચરણનો અંગૂઠો ઘડી લીધો?

શ્રીદેવી: ઘડી લે કે તરત જ મંદિરમાં ઘંટનાદ કરવાનું મેં એને કહી રાખ્યું છે. હવે તમે જરા આરામ કરો અને બોલવાનું બંધ રાખો.

વિમળશાહ: ના શ્રી, મને એવું ન કહે, તારી સાથે વાતો કરવામાં કેવો આનંદ આવે છે?

શ્રીદેવી: પણ વૈદરાજે ના પાડી છે.

વિમળશાહ: હવે છેલ્લીવાર એ આજ્ઞા નહિ માનું. જો સંધ્યાનું છેલ્લુ કિરણ ડૂબી ગયું. આકાશમાં છેલ્લી આભા પથરાઈ રહી છે. પંખીઓ માળા ભણી ઊડી રહ્યાં છે અને મારો પ્રાણ પણ ક્ષિતિજ ભણી ઊડવા તલસી રહ્યો છે. હું જાઉં છું શ્રી!

[ઘંટારવ શરૂ થાય છે, સાથેસાથે સ્તોત્રોચ્ચાર પણ સંભળાય છે.

નેપથ્યમાંથી: સિદ્ધાણં, બુદ્ધાણં
પારગયાણં, પરંપરા ગયાણં
લોઅમ મુવ ગયાણં
નમો સયા સવ્વ સિદ્ધાણં.]

[પડદો]

★

એક બ્રાહ્મણનો દીકરો વિલાયત જઈ બૅરિસ્ટર થઈ આવ્યો. આવ્યા પછી તેના ધર્મચુસ્ત પિતાએ તેને સંધ્યા કરવા માટે કહ્યું. તેના જવાબમાં બૅરિસ્ટર બોલ્યા: 'પિતાજી હું તે સંધ્યા કરું કે વકિલાત?' થોડીવાર રહી પિતાએ વળી કહ્યું: 'ભાઈ, બીજું કંઈ નહિ તો આપણે બ્રાહ્મણ છીએ એટલા માટે પણ ગાયત્રીની એક માળા તો તારે ફેરવવી જ જોઈએ.' બહુ સમજાવ્યા પછી પિતાને સંતોષ આપવા માટે પુત્રે 'હા' કહી. બીજે દિવસે બૅરિસ્ટરે તો માળા હાથમાં લીધી અને તરત જ પોતાની બુદ્ધિને કામે લગાડી યુક્તિ કરી. ગાયત્રનો મંત્ર એકવાર બોલ્યા ને પછી 'ડીટો, ડીટો' કરી બાકીના એકસો સાત મણકા ફેરવી ગયો. પિતાને આશ્ચર્ય થયું કે માળા આટલી જલદી કેમ પૂરી થઈ ગઈ? પૂછતાં જવાબ મળ્યો.

'હું એકવાર મંત્ર બોલ્યો અને પછી બાકીના એકસો સાત વાર 'ડીટો, ડીટો' બોલી ગયો.'

'એટલે શું?' પિતાને સમજ ન પડી.

'કોઈ એક જ લખાણના જેવું જ બીજું લખાણ આવે છે ત્યારે,' પુત્રે સમજણ આપવા માંડી, 'અમારા ક્ષેત્રમાં બે સાતડા (,,) કરવામાં આવે છે, એને અંગ્રેજીમાં 'ડીટો, ડીટો' કહે છે. હું એમ ગાયત્રીનો પાઠ ભણી ગયો!'

'શ્રદ્ધા રાખ્યા વિના આવો 'ડીટો' કરવાનો શો અર્થ છે?'

પિતાનું હૃદય પોકારી ઊઠ્યું.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક :
શ્રી પુરુષોત્તમ ગણેશ માવલંકર

સાને ગુરુજી

વિનોબાએ સાચું જ કહ્યું છે કે સાને ગુરુજીમાં રામકૃષ્ણની તપસ્યા, ટાગોરની પ્રતિભા અને ગાંધીજીની સત્યાગ્રહી જીવનનિષ્ઠા ઊતર્યાં હતાં. સંતની કોટીમાં બિરાજવા યોગ્ય આવા એક પરમ પુરુષની આછી જીવનરેખા અહીં રજૂ કરીએ છીએ.

મહારાષ્ટ્રના આધુનિક સંત, વિખ્યાત સાહિત્યિક, અનન્ય લોકસેવક ને નિર્મળ સમાજવાદી વિચારક પૂજ્યશ્રી સાને ગુરુજીનું ગઈ તા. ૧૧મી જૂને મુંબઈમાં અણ-ધાર્યું ને દુઃખદ અવસાન થવાથી મહારાષ્ટ્રનાં લાખો હૃદયોને સખતમાં સખત ફટકો લાગ્યો છે! કોઈએ ધારેલું નહિ, કે સાને ગુરુજી આટલી બધી ઝડપથી ને તદ્દન અનપેક્ષિત રીતે સૌને વિલાપ કરતા મૂકીને ચાલ્યા જશે! મહારાષ્ટ્રમાં તો ગામડેગામડે સાને ગુરુજી-ની મહત્તા ગવાતી હતી. એમનાં તેજસ્વી લખાણો, એમનાં જીવંત સેવાકાર્યો ને એમનો ભક્તિમય, પ્રેમમય અવાજ મહા-રાષ્ટ્રના એકેએક ઘરમાં પહોંચી ગયાં હતાં. એટલે સ્વાભાવિક જ, એમના આવા અકલ્પ્ય અવસાનથી મહારાષ્ટ્રના લોકો પર વજ્ર સમો કારમો ઘા પડ્યો છે. છેલ્લેછેલ્લે તો સાને ગુરુજીની મહત્તા મહારાષ્ટ્ર પૂરતી મર્યાદિત ન રહેતાં પરપ્રાંતોમાં પણ ફેલાતી જતી હતી. પરિણામે ગુજરાતમાં પણ એમના વિયોગનું ઊંડું દુઃખ લોકોએ અનુભવ્યું.

વિરલ તપસ્વી શ્રી સાને ગુરુજીનો જન્મ રત્નાગિરિ જિલ્લામાં દાપોલી તાલુકામાંના પાલગડ ગામમાં ઈ. સ. ૧૮૯૯ની ૨૪મી ડિસેમ્બરે થયેલો. એમનું પૂરું નામ પાંડુરંગ સદાશિવ સાને. બાળપણ એમણે જન્મભૂમિ-માં જ વિતાવ્યું, પણ માની પ્રેમાળ, સંસ્કારી ને સ્ફૂર્તિદાયી ગોદમાં ઊછરેલ બાળ પાંડુરંગ અલ્પવયમાં જ માતાનું સાન્નિધ્ય ગુમાવી બેઠો! પરંતુ, વિયોગનું દુઃખ ગાઈને નિષ્ક્રિય બેસી રહેવાને બદલે, માતાના અખૂટ વહાલથી પોષાયેલું આ બાળક દેશની બધી બહેનોમાં પોતાની માનાં દર્શન કરવા લાગ્યું! ભારત-માતામાં એણે પોતાની માનાં દર્શન કર્યાં; એટલે જ ભારતમાતાનાં દુઃખો એ પોતાની માનાં દુઃખો છે એમ માનીને એ દૂર કરવાના કામે બાળ પાંડુરંગ નાનપણથી જ કટિબદ્ધ થયા. માતા પાસેથી મીઠાશ ને ધાર્મિક સંસ્કારોની ફોરમ મેળવનાર સાને ગુરુજીને પિતા તરફથી પણ વિદ્વત્તા, ચારિત્ર્ય ને ત્યાગભાવનાનો સુંદર વારસો મળ્યો. સંસ્કૃત પાઠાંતર, ઘરમાં હતી તે બધી પોથીઓ–પુરાણો વગેરેનું વાચન ઇત્યાદિ સાને ગુરુ-જીએ ૧૦–૧૧ વર્ષની ઉંમરે જ પૂરું કર્યું! આવી સંસ્કૃત ને મહામૂલી થાપણ વડે જીવનની શરૂઆત કરનાર સાને ગુરુજીએ દાપોલીમાં ને પછી ઔંધમાં માધ્યમિક કેળવણી લીધી. બન્ને જગ્યાએ તેઓ છાત્રા-લયમાં રહેતા હતા. કોંકણના ખોત (જમીન-દાર)ના પુત્ર હોવા છતાં પાછળથી ઘરની આર્થિક સ્થિતિ બગડવાથી સાને ગુરુજીએ ગરીબાઈમાં જ શિક્ષણ મેળવ્યું. જાતમહેનત ને હોશિયારીથી તેઓ વર્ગમાં હમેશ આગળ પડતા હતા. સાથીદારો ને વર્ગશિક્ષકોનો પ્રેમ પણ એમણે તરત સંપાદન કર્યો. એમના વર્તનમાં સાદાઈ ને નમ્રતા તો ત્યારથી જ દેખાતાં હતાં. શાળામાંના અભ્યાસ ઉપરાંત ઇતર પ્રવૃત્તિઓમાં પણ સાને ગુરુજી ઉત્સાહ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થી ભાગ લે ને બીજાઓને લેવડાવે, પણ આ બધા પાછળ એમણે કદી ધાંધલ ન કર્યું. શાંતિથી ને મૂંગા રહીને કાર્ય કરવાનો એમનો સ્વભાવ. વળી મૂળથી જ તેઓ શરમાળ પ્રકૃતિના. અહમ્ જેવો ભાવ તો મળે જ નહિ. પરિસ્થિતિને અનુરૂપ મુંબઈ–પૂનામાં પણ એમને શિક્ષણાર્થે જવું પડેલું. ૧૯૧૮માં મેટ્રિકની પરીક્ષા પસાર કરીને તેઓ કૉલેજમાં દાખલ થયા. ૧૯૨૧ની સાલમાં અસહકારના આંદોલન વખતે એમણે કૉલેજને તિલાંજલિ આપેલી, પણ પિતાની ભાવનાઓને દુઃખ ન આપવાના હેતુથી એમણે બે મહિના બાદ ફરી કૉલેજપ્રવેશ કર્યો. ૧૯૨૨માં બી. એ.માં સુંદર સફળતા મેળવી, અને એક વર્ષ 'ફેલો' પણ રહ્યા. પછી ૧૯૨૪માં સંસ્કૃત ને મરાઠી વિષયો લઈને એમ. એ.ના ઉપાધિ મેળવી. વિદ્યાભ્યાસ દરમિયાન સાને ગુરુજીએ સંસ્કૃત ને મરાઠી સાહિત્ય ખૂબ વાંચ્યું. તે ઉપરાંત અંગ્રેજી તથા ફ્રેંચ સાહિત્ય પણ ઘણું વાંચી કાઢયું. કૉલેજની કારકીર્દિ દરમિયાન એમણે રામકૃષ્ણ–વિવેકાનંદની બધી કૃતિઓ વાંચી કાઢી. એની પાછળ તેઓ એટલા ગાંડા થયેલા કે વિવેકાનંદનાં કેટલાં ય લખાણો એમને મોઢે થઈ ગયાં હતાં. અંગ્રેજી કવિતાઓનો પણ એમને ઘણો શોખ હતો. નાનપણથી જ પોતે પણ કવિતાઓ બનાવતા. આગળ જતાં શિક્ષણનું કાર્ય ઉપાડવું ને લેખનકાર્ય કરવું એવી અભિલાષાઓ નાનપણથી જ એમણે સેવી હતી. આજન્મ બ્રહ્મચર્ય પાળવાનું પણ એમણે ઠરાવેલું.

અને એ પ્રમાણે જ થયું. ૧૯૨૪ની સાલમાં તેઓ પૂર્વ ખાનદેશમાં અમલનેરની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. બાળપ્રેમી ને શિક્ષણજ્ઞ સાને ગુરુજીને પોતાનું ગમતું ક્ષેત્ર મળતાં જ એમની વિવિધ શક્તિઓનો વિકાસ થવા માંડ્યો. ટૂંક વખતમાં જ એમણે સૌ વિદ્યાર્થીઓનાં મન જીતી લીધાં. સૌ એમને પ્રેમપૂર્વક 'સાને ગુરુજી' એ રીતે સંબોધવા લાગ્યા. ત્યારથી તેઓ બધાના 'સાને ગુરુજી' થયા. અમળનેર હાઈસ્કૂલમાં તેમણે ૧૯૨૩થી ૧૯૩૦ સુધી એમ આઠ વર્ષ શિક્ષણકાર્ય કર્યું. પોતાના વિદ્યાર્થીઓને એમણે અજબ મોહિની લગાડી. વિષય સમજાવવાની એમની હથોટી એટલી બધી કુશળ હતી, કે કોઈ વિદ્યાર્થી સાને ગુરુજીના વર્ગોમાં ગેરહાજર ન રહે. પોતાનો સમગ્ર આત્મા એ કાર્યમાં રેડીને ગુરુજી શીખવતા હતા. એમની વાણીમાં નીરવ શાંતિ હોય, બુદ્ધિ ને ભાવનાનું સુંદર મિશ્રણ હોય, ટૂંકાંટૂંકાં વાકયો, સીધેસીધા ને સરળ શબ્દપ્રયોગો તેઓ વાપરે. અઘરી કે કિલષ્ટ ભાષા તો મળે જ નહિ. એમના વિચારો પણ એવા જ સરળ ને લોકોને તરત સમજાય એવા.

પરંતુ ગુરુજીના આ બધા ગુણોના વિકાસ માટે શિક્ષણનું આવું ક્ષેત્ર પણ એમને નાનું પડ્યું. સમુદ્રનું પાણી જેમ સ્થળજળની સીમા ઓળંગીને ઘુઘવાતુંઘુઘવાતું દૂર સુધી ઉછાળા મારે તેમ ગુરુજીની અગાધ શક્તિઓ એમના મનોસાગરમાં તાંડવ કરી રહી હતી! એટલામાં ૧૯૩૦ની લડત આવી. ગાંધીજીએ અંગ્રેજ સરકાર સામે મીઠાનો સત્યાગ્રહ માંડ્યો. રાષ્ટ્રભક્ત સાને ગુરુજીએ શાળાને તિલાંજલિ આપીને લડતમાં ઝંપલાવ્યું. ત્યારથી એમણે પોતાનું સર્વસ્વ રાષ્ટ્રકાર્ય માટે અર્પણ કર્યું. મહારાષ્ટ્રમાં ને તેમાં ય ખાસ કરીને ખાનદેશના જિલ્લાઓમાં ગામડેગામડે પગપાળા ફરીને એમણે કોંગ્રેસનો સંદેશો નાનાંનાનાં ઝૂંપડાંઓમાં પણ પહોંચાડ્યો. એ માટે એમણે પોતાનું શરીર અક્ષરશઃ ઘસાવા દીધું. ગરમી-ભૂખતરસ, તડકો, છાંયડો, ઠંડી, ગરમી-કશાની પરવા કર્યા વિના રાતદિવસ નિષ્ઠાપૂર્વક એમણે સત્ય અને અહિંસા, સત્યાગ્રહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને સ્વાવલંબનના કોંગ્રેસી આદર્શો જનતામાં વહેતા મૂકયા. એ માટે ૧૯૩૮માં એમણે 'કોંગ્રેસ' નામનું સાપ્તાહિક પણ ખાનદેશમાં ચલાવ્યું. ગરીબમાં ગરીબ માણસ પણ એ ખરીદી શકે એ હેતુથી એનું લવાજમ એમણે માત્ર વાર્ષિક ૧॥ રૂપિયો જ રાખ્યું ! સાને ગુરુજીના 'કોંગ્રેસ' પાછળ તો સૌ ખાનદેશવાસીઓ ગાંડા બની ગયેલા. આમ રચનાત્મક કાર્ય ને તેજસ્વી લખાણ દ્વારા સાને ગુરુજીએ ગયા દાયકામાં મહારાષ્ટ્રમાં કરેલી કોંગ્રેસસેવા નિઃશંક અદ્ભુત ને અજોડ છે. પોતાના ધ્યેય ખાતર ને કાર્યો ખાતર એમણે અનેક વાર કારાવાસ ભોગવ્યો, સ્વાર્થ ને ઇર્ષ્યા તથા સત્તા ને ઊંચાં સ્થાનોની હોળી કરી, પોતાની જાતને ચંદનની જેમ ઘસીને લોકોમાં નવવિચારની, નવજીવનના સુવાસ ફેલાવી.

ત્યાં તો ૧૯૪૨ની સાલની ક્રાંતિ આવી ! 'ખળવાખોર' સાને ગુરુજી લાંબી શિક્ષા ભોગવીને યરવડા જેલમાંથી ૧૦મી ઑગસ્ટે છૂટ્યા, ને પોલીસનું બીજું વૉરંટ આવે એ પહેલાં જ ભૂમિગત બની ગયા ! લગભગ દોઢ વર્ષ અજ્ઞાતવાસમાં રહીને સાને ગુરુજીએ ક્રાંતિની જ્યોત જલતી રાખી. મહારાષ્ટ્ર-મુંબઈના હજારો નવલોહિયાઓને એમણે 'કરેંગે યા મરેંગે' નો જીવનમંત્ર જીવી બતાવ્યો. 'ઑગસ્ટ-ક્રાંતિના નેતા' તરીકે સાને ગુરુજીની ગણના થઈ. યુવાનોને એમની પ્રજ્વલિત, ક્રાંતિકારી દૃષ્ટિનો સુંદર પરિચય થયો. બહારથી શરમાળ, નમ્ર ને કદાચ કમજોર જેવા દેખાતા આ પુરુષમાં કેટલું મહાન સામર્થ્ય છે એનો અનુભવ સૌને થયો. આ જ અરસામાં સમાજવાદી આગેવાન શ્રી જયપ્રકાશ નારાયણ, શ્રી અચ્યુત પટવર્ધન વગેરે જોડે તેઓ વધુ નિકટ પરિચયમાં આવ્યા. ગરીબોના વાલી ને દીનદરિદ્રો માટે હમેશ વીરાશ્રુ સારનાર સાને ગુરુજીનો આત્મા ગાંધીવાદ સાથે સમાજવાદની નિર્મળ વિચાર-ધારા ગ્રહણ કરવા લાગ્યો. જોતજોતામાં તો તેઓ કોંગ્રેસના વિરોધી બન્યા, કડક ટીકાકાર બન્યા ! ઘણાઓએ માન્યું કે સાને ગુરુજી કોંગ્રેસને બેવફા બનીને સમાજવાદી પક્ષમાં ભળ્યા છે ! પરંતુ હમેશ કાંઈ બાહ્ય પરિણામોથી જ માણસની પરીક્ષા ઓછી થાય છે ? કોંગ્રેસીઓમાં પેઠેલી સ્વાર્થવૃત્તિ, સત્તાલોલુપતા ને ત્યાગભાવનાની ઊણપ જોઈને સંત સાને ગુરુજીનું હૃદય પીગળી ઊઠેલું. ગરીબો માટે ઝૂમનાર ગુરુજી સમાજવાદી પક્ષને પોતાની નિષ્ઠા આપવાનું આંતરિક વલણ રોકી ન શકયા. સ્વરાજ્યપ્રાપ્તિ પછી કોંગ્રેસી રાજવહીવટનું વલણ વધુ ને વધુ મૂડીવાદી બનતું જોઈને એમની આંતરડી કકળી ઊઠી.

આમ છતાં સાને ગુરુજી સમાજવાદી પક્ષના સભ્ય કદી પણ બન્યા નહોતા. ગાંધીજીને જો કોંગ્રેસ પક્ષના કહી શકીએ તો સાને ગુરુજીને સમાજવાદી પક્ષના ગણાવી શકાય; બાકી સાને ગુરુજીનું પિંડ રાજકારણી હતું જ નહિ. ગાંધીજીની જેમ, નછૂટકે તેઓ રાજકારણમાં ઘસડાયા હતા. દેશના ગુલામી, ગરીબાઈ, અજ્ઞાનતા, શોષણવૃત્તિ, વગેરે દૂર કરવા સારુ એમને રાજકારણી બનવું પડ્યું. એમના જીવનનું અધિષ્ઠાન ભૌતિક પાયા પર હતું જ નહિ. એમની વૃત્તિ મુખ્યતઃ આધ્યાત્મિક હતી. માનવતાની અહર્નિશ સેવા કરવામાં જ એમણે આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરી. દરેક માણસમાં તેઓ ઈશ્વર જોતા, તેથી જ નાનામાં નાનો ને દલિત, પતિત ગણાતો માણસ પણ એમને મન પૂજનીય હતો. હરિજનોએ અન્ય દબાયેલા માનવો પ્રત્યે એમને અપાર સહાનુભૂતિ હતી. મહારાષ્ટ્રમાં પંઢરપુરના સૈકાજૂના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિખ્યાત વિઠોબા મંદિરમાં હરિજનોને પ્રવેશ મળે તે માટે એમણે મહારાષ્ટ્રભરમાં વીજળી વેગે સંચાર કર્યો. મંદિર-પ્રવેશ માટે પ્રચંડ આંદોલન જગાવ્યું. છેવટે ૧લી મે ૧૯૪૭ને રોજ પંઢરપુરમાં જ બેસીને આમરણ ઉપવાસ પણ આદર્યા. પરંતુ દસ દિવસમાં જ એમને એમાં સફળતા મળી. હરિજનો માટે મંદિરનાં દ્વાર ખોલવાનું પૂજારીઓએ કબૂલ રાખ્યું. ત્યારબાદ ઈ. સ. ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ રાષ્ટ્રપિતા ગાંધીજીનું અવસાન એક મહારાષ્ટ્રીય ભાઈની ગોળીથી થયાનું સાંભળીને એમને ખૂબ જ વેદના થયેલી. મહારાષ્ટ્રમાં ને અન્યત્ર ફેલાયેલી જાત્યંધતાથી એમનું હૃદય ખૂબ વ્યથિત બન્યું. પરિણામે, 'મહારાષ્ટ્રના પાપપ્રક્ષાલનાર્થે' એમણે ૨૧ દિવસના ઉપવાસ પણ કર્યા ! હમણાં ગયા ડિસેંબર-(૧૯૪૯)માં મુંબઈ સરકારે શિક્ષકો ને વિદ્યાર્થીઓના રાજકારણ-પ્રવેશ સંબંધી કાઢેલા હુકમનો વિરોધ કરવાને ય સાને ગુરુજીએ પોતાના જન્મદિન ૨૪મી ડિસેંબરથી આમરણાંત ઉપવાસ શરૂ કરવાનું જાહેર કરેલું પણ સરકારે ડહાપણ વાપરીને હુકમ પાછો ખેંચી લેવાથી ગુરુજીએ ઉપવાસ માંડી વાળેલા.

છેલ્લાં પોણા બે વર્ષથી સાને ગુરુજી 'સાધના' નામનું સુંદર, ધ્યેયવાદી મરાઠી સાપ્તાહિક મુંબઈથી ચલાવતા હતા. દુનિયામાં જ્યાંજ્યાં એમણે 'સત્યં, શિવં, સુંદરમ્' જોયું તે તે 'સાધના'માં તેઓ પીરસતા ગયા. એમની પાસે કોઈ જાતનો વાડો જ ન મળે. આ મારું કે આ પારકાનું એવી ભાવના જ નહિ. એમની દૃષ્ટિ વિશાળ હતી, વ્યાપક હતી. એમના મનાકાશમાં ક્યાંય ક્ષિતિજ જ જોવા ન મળે ! 'જે જે સારું તે તે મારું' એ ભાવનાથી એમણે દુનિયામાંથી બધું ગ્રહણ કર્યું ; ને 'જે જે મારું તે તે બીજાઓને આપવું' એ ન્યાયે સૌની આગળ ધરી દીધું. 'સાધના' દ્વારા એમણે સ્વચ્છ ને સાત્ત્વિક વિચારોનો એકધારો પણ સૌમ્ય વરસાદ વરસાવ્યો. એમનું લખાણ હંમેશ જીવંત ને ભાવનાપૂર્ણ હતું; કારણ તેઓ જે લખતા તે બધું અંતઃસ્ફૂર્તિથી ને હૃદયની પ્રેરણાથી લખતા. એમણે કદી લખવા ખાતર લખ્યું નથી. કામ કરતાં-કરતાં જે અનુભવો મળે, વિચારો આવે તે બધા, નથી રહેવાતું માટે લોકો આગળ મૂકવાની એમની ધગશ હતી. અને છતાં ય ૫૧ વર્ષની, પ્રમાણમાં નાની, ઉંમરમાં તો એમણે આશરે ૧૫૦-૧૭૫ નાનાંમોટાં પુસ્તકો લખી નાખ્યાં ! એમાં 'श्यामची आइ,' 'भारतीय संस्कृति,' 'सोन्यामःरुति,' 'आस्तिक' વગેરે તો ખૂબ જ પ્રસિદ્ધ ને નાનાંમોટાં સૌને ગમેલાં એવાં પુસ્તકો છે. પોતાનાં કાર્યો વડે તેમ આવા ચિરંજીવ સાહિત્ય વડે સાને ગુરુજીએ મહારાષ્ટ્રનાં લાખો હૃદયોમાં માનભર્યું ને વહાલસોયું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

સતત કાર્યશીલ રહેતા સાને ગુરુજીની છેલ્લી અભિલાષા 'આંતર ભારતી' સંસ્થા સ્થાપવાની હતી. પહેલાં તેઓ એને 'પ્રાંતભારતી' કહેતા, પણ અવસાનના ૩-૪ દિવસ પહેલાં જ એમણે 'પ્રાંતભારતી'ને બદલે આ નવો જ 'આંતરભારતી' શબ્દ યોજ્યો હતો. આજે દેશમાં પ્રાંત-પ્રાંત વચ્ચેનું વૈમનસ્ય, કડવાશ, સામસામા રાગદ્વેષ, પૂર્વગ્રહો જોઈને સાને ગુરુજીનું હૈયું વ્યાકુળ બની જતું. ભારતીય સંસ્કૃતિ એક ને અખંડ છે-માત્ર એનાં વિવિધ પાસાં આપણને પ્રાંતોમાં જોવા મળે છે, એમ તેઓ દૃઢપણે માનતા; તેથી પ્રાંતોમાં પરસ્પર સહકાર કેળવવાના હેતુથી ને પરસ્પર મીઠા સંબંધો વધારવાની દૃષ્ટિથી એમણે 'આંતરભારતી' સંસ્થા માટે પ્રયત્નો આદરેલા. ગુરુદેવ રવીન્દ્રનાથે જેમ 'શાંતિનિકેતન'માં 'વિશ્વભારતી' સ્થાપીને વિશ્વ સાથે હિંદને જોડ્યું, તેમ આ 'આંતરભારતી'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

દેશમાંના બધા પ્રાંતોને એકબીજા સાથે સ્નેહથી, સહકારથી, સત્કાર્યોથી જોડે એ જોવાની એમની અભિલાષા હતી. એ માટે એમણે મુંબઈ પાસે થોડીક જમીન પણ લીધેલી, કર્ણાટકમાં પ્રવાસે જઈને પૈસા પણ ભેગા કરેલા; પરંતુ એ કામ અધૂરું મૂકીને જ ઈશ્વરના દરબારમાં એમને જવું પડ્યું! એનું દુઃખ એમને જરા પણ નથી. કમનસીબી તો આપણી છે! છતાં હવે આપણે 'આંતરભારતી' જેવી સંસ્થા સ્થાપીને, અને એના આદર્શો અમલમાં મૂકીને સાને ગુરુજીની સ્મૃતિ કાયમ જાળવીએ તો જ એમાં કાંઈક તથ્ય છે, અર્થ છે.

આચાર્ય શ્રી. વિનોબાજી ભાવેએ, સાને ગુરુજીના મૃત્યુ બાદ લખ્યું, કે 'હું નિઃશંકપણે સાને ગુરુજીની ગણના સંત તુકારામ આદિ સંતપુરુષોની હારમાળામાં કરું છું.' વળી વિનોબાજીએ એમ પણ કહ્યું, કે 'રામકૃષ્ણ પરમહંસ, રવીન્દ્રનાથ ટાગોર, ને મહાત્મા ગાંધી એ સાને ગુરુજીના આરાધ્ય દેવતાઓ હતા. અને રામકૃષ્ણની તપસ્યા, ટાગોરની પ્રતિભા ને ગાંધીજીની સત્યાગ્રહી જીવનનિષ્ઠા એ ત્રણે સાને ગુરુજીમાં ઊતરી હતી!' આવા મહાન ને ઉદાત્ત સંતસાહિત્યકની ખોટ એ માત્ર મહારાષ્ટ્રની કે ભારતવર્ષની જ નહિ, પણ સમગ્ર માનવજાતની ખોટ છે; કારણકે સાને ગુરુજી સાચે જ મહામાનવ હતા!

એમના આત્માને ભક્તિમય સાદર પ્રણામ!

✲

મહાત્મા ઈબ્રાહીમે એકવાર એક ફકીરને પોતાની ફકીરી માટે દીનતાભરી વાણીથી ખેદ કરતો જોયો. એ જોઈને મહાત્મા ઈબ્રાહીમને લાગ્યું કે આ માણસે વગર કિંમતે જ ફકીરી તફડાવી લીધેલી લાગે છે અને તેથી જ ફકીરી વસમી પડી ગયેલી જણાય છે.

ત્યારે પેલા ફકીરે પૂછ્યું: 'શું ફકીરી તે વેચાતી મળતી હશે?'

'હા,' મહાત્મા ઈબ્રાહીમે ઉત્તર વાળ્યો. 'મેં બલખનું રાજ્ય આપીને ફકીરી લીધી છે.'

×

એક પુરુષ એક સંત પાસે ગયો. સંતે તેને આવવાનું કારણ પૂછ્યું; એટલે પેલાએ કહ્યું: 'આપના દર્શનની પ્રીતિથી આવ્યો છું.'

સંતે કહ્યું:

'તમે પ્રીતિ કરવા નહિ, પણ પ્રીતિ દૂર કરવા આવ્યા છો; કારણકે તમે મારી યોગ્યતા કરતાં જ્યારે પ્રશંસા કરશો અને હું તમારી મોટાઈ પ્રગટ કરીશ. એટલે આપણે બંને દંભી અને પાખંડી બનીશું, તેથી પ્રીતિ ઝાઝો સમય ટકી શકશે નહિ.'

×

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

ભારતના લોકનેતાઓએ સ્વાતંત્ર્યદિને જે પ્રવચનો અને નિવેદનો કર્યાં તેનો સાર નીચેના મુદ્દાઓમાં સમાઈ જાય છે:

૧. રાજ્ય અને રાષ્ટ્ર હવે જુદાં નથી, એટલે કે પ્રજા જ સર્વોપરી સત્તા છે. રાજ્ય અને રાષ્ટ્ર વચ્ચે વિરોધની જૂની ભાવના ક્યાં ય પણ જીવતી હોય તો તેનો નાશ કરવો જોઈએ.

૨. ભારતે પોતાનું લોકશાહી બંધારણ ઘડ્યું છે. આ બંધારણ પુખ્ત મતાધિકાર આપે છે. ભારતીય પ્રજા ઇચ્છે તેવું તંત્ર રચી શકવા સમર્થ છે. લોકશાહીનાં સઘળાં દ્વાર ખુલ્લાં છે, છતાં કેટલાંક તત્ત્વો હિંસા, ભાંગફોડ અને ગેરકાયદે પ્રવૃત્તિ કરી રહ્યાં છે તે દુઃખદાયક છે. કેવળ સરકાર આ પ્રવૃત્તિ દબાવી દઈ શકે નહિ. જાગ્રત પ્રજાએ લોકશાહીના વિકાસ માટે મથવું જોઈએ.

૩. સ્વાર્થવૃત્તિ આપણામાં હતી જ નહિ અને સ્વાધીન થતાં જ પ્રકટી નીકળી એવું નથી. લડાઈએ સ્વાર્થી મનોદશા કેળવવામાં મોટો ભાગ ભજવ્યો છે. જો આપણે રાષ્ટ્રનો વિકાસ ઇચ્છતા હોઈએ તો અંગત આગ્રહો અને સ્વાર્થો છોડવા જ જોઈએ. રાષ્ટ્રપતિએ તો સ્વાર્થવૃત્તિના વિસ્તારમાં કાળાં બજાર, લાંચરુશવત, સટ્ટો, ઊંચનીચભાવ, પ્રાંતીયતા, સત્તાલોભ વગેરેને પણ ગણાવ્યાં છે. ત્યાગ અને ઉદારતાની ભાવના કેળવ્યા વિના આ મનોદશા દૂર થવાની આશા નથી.

૪. બીજાઓની ભૂલો જોવાની અને નાની બાબતોને મોટું સ્વરૂપ આપવાની ટેવ વધતી જ જાય છે. સ્વદોષ–સંશોધનની દિશામાં વિવેકબુદ્ધિ વળશે નહિ તો દેશનાં બધાં કાર્યો પરસ્પરની ટીકાઓમાં જ અટવાઈ જશે. કોઈ પણ બાબત વિષે નિર્ણય ઉપર આવતાં પહેલાં તે બાબતને સંપૂર્ણ રીતે સમજવાનો આદેશ અપાયો છે. કોઈ સવાલને સઘળી બાજુએથી વિચારીએ નહીં તો સાચો નિર્ણય મળી શકે નહિ અને ખોટી રીતે વિરોધની ભાવના પ્રગટે.

૫. કોંગ્રેસની આંતરિક એકતા જળવાશે નહિ તો તે તૂટી પડશે અને દેશમાં અરાજકતા ફેલાશે. કોંગ્રેસને મજબૂત અને સંગઠિત બનાવો.

લોકનેતાઓનાં આ વચનો આપણી શક્તિ અનુસાર જીવનમાં ઉતારીએ એ છે ૧૫મી ઑગસ્ટનો સંદેશ.

આંદોલનો અને ગોળીબાર

વિદ્યાર્થી–આંદોલનો અને ગોળીબારને લીધે આપણને ઊંડા વિચારમાં નાખી દે એવી સ્થિતિ ઊભી થઈ છે. અશાંતિ ડામવા અને શાંત પ્રજાને ગુંડાઓથી બચાવવા સરકારે આકરાં પગલાં લેવાં જોઈએ તેનો વિરોધ નથી, પરંતુ છેક ગોળીબાર સુધી પહોંચી જવું વાજબી છે કે કેમ તે વિચારવા જેવો સવાલ છે. એટલું તો નક્કી છે, કે ગોળીબાર સરકારની શક્તિનો નહિ, પણ અશક્તિનો જ એક પુરાવો છે. કોઈ પણ લોકશાહી સરકારે પરિસ્થિતિનો અંદાજ પહેલેથી કાઢી લેવો જોઈએ અને થનાર સામનાને દબાવવાના કુનેહપૂર્વકના ઉપાયો પણ પ્રથમથી જ યોજવા જોઈએ. રાજકોટનો ગોળીબાર ગ્વાલિયરના પ્રમાણમાં ઘણો સામાન્ય ગણાય, ત્યાં કોઈ જીવહાનિ નહોતી થઈ છતાં ગોળીબારની પરિસ્થિતિ મિટાવવાની તજવીજ તો થવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ જોઈએ.

વિદ્યાર્થીઓની માગણી સત્તાવાળાઓ ન સંતોષે ત્યારે સરકારવિરોધી બળો તેની મદદે દોડી જાય છે અને આંદોલનનો દોર પોતાના હાથમાં લઈ લે છે એવો અનુભવ રાજકોટ અને ગ્વાલિયર બંને જગ્યાએ થયો. તોફાનોમાં છેવટે કોમવાદીઓ ને પ્રત્યાઘાતીઓ દેખાઈ આવે છે, પરંતુ શરૂઆતમાં તેમને વિદ્યાર્થીઓનું ઢાંકણ મળી જાય છે. બધાં જ રાજ્યોના વિદ્યાર્થીઓએ આ સંયોગોની વિચારણા કરવી જોઈએ. વિદ્યાર્થીઓ પ્રત્યાઘાતીઓ અને કોમવાદીઓને ટેકો આપે એમ કદી માની શકાય નહિ; એટલે એમણે કોઈ પણ આંદોલન શરૂ કરતાં પહેલાં તેનાં પરિણામો કલ્પી લેવાં જોઈએ. જો વિદ્યાર્થીઓ ઉગ્રતા કેળવશે, શાંતિ છોડશે, પોતાની માગણી સિવાયની બાબતોને લડાઈનાં સૂત્રો બનાવશે તો તેમનું આંદોલન શાંત કે નિરાળું રહેવાનું જ નથી તે સમજી લેવાની જરૂર છે.

સામાન્ય પ્રજાના બુદ્ધિશાળી વર્ગે આ વિષે વધુ ઊંડાણથી વિચારવાની જરૂર છે. અથડામણને વખતે મધ્યસ્થ થવાને બદલે, અન્ય કોઈ કારણે સરકાર સામેના રોષને વશ થઈ સરકાર વિરોધી આંદોલનમાં પ્રજા પણ જોડાય તો શાંતિ જાળવવાનું અશક્ય બની જાય, માનભર્યા સમાધાનના માર્ગો પણ બંધ થઈ જાય. વિદ્યાર્થીઓ, મજૂરો, ખેડૂતો વગેરે કોઈ પણ વર્ગ સરકાર સામે મોરચો માંડે ત્યારે સમાજના અગ્રણીઓએ મધ્યસ્થ બની તોડ કાઢવા બહાર આવવું જોઈએ. આ પ્રકારના શાણા માણસો દરેક શહેર અને રાજ્યમાં વસે જ છે. ગોળીબારથી તેઓ ત્રાસતા હોય તો કર્તવ્ય બજાવવા તેમણે આગળ આવવું જ જોઈએ.

કોરિયાની લડાઈ

કોરિયાની લડાઈનો છેડો દેખાતો નથી. ઉત્તરનાં દળો અમેરિકાની સેનાને કોરિયાની ભૂમિ ઉપરથી હાંકી કાઢે તો યે લડાઈનો અંત આવે નાહ. અમેરિકા શાંતિપૂર્વક ચાલ્યું જાય એમ બનવાનું નથી. ઋતુ અનુકૂળ થતાં તેનો બૉંબમારો જોર પકડે ને કોરિયાની પ્રજાની યાતના વધ્યા કરે. આજે ય અમેરિકાનો બૉંબમારો કાળો કેર વર્તાવે છે. કોરિયાની પ્રજાના હૃદયમાં અમેરિકા પ્રત્યે મિત્રભાવનો એક અંશ પણ રહ્યો હોય એવો સંભવ નથી. કોરિયાના યુદ્ધનો ફેંસલો રણમેદાન ઉપર કદી આવવાનો નથી; કારણ કે બન્ને બાજુએ વપુલ સાધનસામગ્રી અને શક્તિ છે. એ ફેંસલો તો રણમેદાનની બહાર, ભારતના વડા પ્રધાન સૂચવે છે, તેમ વિશ્વશાંતિની શુદ્ધ ભાવનાપૂર્વકની વાટાઘાટોથી જ આવી શકે. કોરિયાનું યુદ્ધ હજી બહાર પ્રસર્યું નથી, પરંતુ તેનો ઉકેલ શોધાશે જ નહિ તો એ આગ બહાર પ્રસરવાની પૂરી સંભાવના છે તે ન ભૂલવું જોઈએ. અમેરિકા અને રશિયા વિશ્વશાંતિ ચાહતાં હોય તો કોરિયા અને લાલ ચીનનો સવાલ એક સાથે જ વિચારી લેવો જોઈએ. લાલ ચીનની ભડક રાખીને અમેરિકા દૂર ભાગે છે, પણ શાંતિ જોઈતી હશે તો તેનો સ્વીકાર કર્યા વિના ચાલશે જ નહિ.

કાશ્મીરનું કોકડું

કાશ્મીરનું કોકડું વધુ ગૂંચવાતું જતું હોય એમ લાગે છે. સલામતી સમિતિના ઠરાવમાં સૈન્યવિસર્જન માટે અપાયેલી મુદત તો પૂરી થઈ ગઈ, પણ તે બાબતમાં હજી કોઈ પદ્ધતિ ઉપર પણ એકમતિ થઈ નથી. રાષ્ટ્રસંસ્થાના વિષ્ટિકાર સર ઓવન ડિકસન પરિશ્રમ તો ઘણો કરતા હોય એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાય છે; પરંતુ અહીં અનેક વેળા કહ્યું છે તેમ ન્યાય તોળવાને બદલે તેઓ બંને પક્ષને સરખા ગણી સમાધાન કરાવવા જ મથે છે; એટલે સફળતા મળતી નથી. છેલ્લા થોડાક દિવસથી ચિંતાજનક સમાચારો આવવા લાગ્યા છે. કાશ્મીરના ભાગલા એ જ સાચો ઉકેલ છે એમ ઘણા સમયથી બ્રિટિશ અને અમેરિકાના મુત્સદ્દીઓ કહે છે. આવા જ કોઈ ઉકેલની પાછળ સર ઓવન મથતા હોય એમ જણાય છે. એક એવી દરખાસ્ત વિચારાતી લાગે છે કે જમ્મુ અને લડાખ પ્રદેશ ભારતને સોંપવો, પાકિસ્તાનના કબજામાં અત્યારે જેટલો ભાગ છે તેટલો તેમ રહેવા દેવો અને કાશ્મીરની ખીણના પ્રદેશમાં લોકમત લેવો. સત્તાવાર કશું જાણવા મળતું નથી, પરંતુ આવી કોઈ દરખાસ્તને ભારત તથા કાશ્મીરની પ્રજાકીય સરકારનો ટેકો મળવાની આશા નથી. કાશ્મીરની બાબતમાં ભારત સરકાર ઝઘડાથી થાકી-કંટાળી હોય અને સત્વર ફેંસલો ઇચ્છતી હોય એમ સંભવિત છે; પરંતુ કાશ્મીરની એકતા તથા પ્રજામતના સિદ્ધાંતનો ત્યાગ કરવા એ તત્પર થાય એ બનવાજોગ નથી

આ બાબતમાં શેખ અબ્દુલ્લાએ જે કહ્યું છે તે વિચારવા જેવું છે. તેઓ પોતાના વલણને વળગી જ રહે છે છતાં કહે છે, કે સર ઓવન તરફથી કાશ્મીરના કોકડાના ઉકેલ માટે જે દરખાસ્ત સૂચવાશે તેના ઉપર ગંભીરપણે વિચાર કરવામાં આવશે, શરત એક જ કે તે દરખાસ્ત પાકિસ્તાને સ્વીકારેલી હોવી જોઈએ ! કાશ્મીર તથા બીજી બાબતોમાં પાકિસ્તાન હમેશાં એવી નીતિ ગ્રહણ કરે છે કે જાતે બંધાયા વિના સામા પક્ષ તરફથી જેટલું નમતું મૂકવામાં આવે તેનો તેને લાભ મળી જાય. કાશ્મીર બાબતમાં ભારતે ઘણું નમતું મૂકયું છે, હવે તો પાકિસ્તાન ચોક્કસપણે જણાવે તે ઉપર જ વિચાર થઈ શકે એવું વલણ વાજબી છે.

કાશ્મીરના ઉકેલ માટે હજી આશાસ્પદ વાતાવરણ ઊભું થયું નથી એ સ્વીકારવું જોઈએ.

કાયદો અને લોકમત

લડાઈ દરમિયાન વધેલા ભાવો નીચે ઊતરવાને બદલે છેલ્લાં પાંચ વર્ષમાં વધ્યા છે. કોરિયાની લડાઈએ નફાખોરોના દિલમાં ધનલાલસાની આગ વધુ પ્રમાણમાં ભડકાવી છે અને તેમણે અનેક ચીજોને બજારમાંથી અદશ્ય કરી મૂકી ભાવો આસમાને પહોંચાડ્યા છે. સરકારે આ બાબતમાં ચેતવણીઓ તો ઘણી આપી; પરંતુ તેની કશી અસર થઈ નથી. એ પછી કેટલીક ચીજો માટે આયાતની સગવડો વધારી અને સંઘરાખોર-નફાખોરો સામે સખત હાથે કામ લઈ શકાય એવા કાયદાઓ કર્યા. આ બાબતમાં સરકારે નફાખોરોને આંજી નાખે એવી ઝડપ ન બતાવી તેનો અમને અફસોસ છે. પરંતુ જે પગલાં લીધાં તે સંતોષની બિના છે. સરકાર આ પગલાંને એટલી જ સખતાઈથી અમલમાં મૂકશે તો તેનું સારું પરિણામ આવ્યા વિના રહેશે નહિ.

એક વસ્તુ સમજી લેવાની જરૂર છે. પ્રજાના હૃદયપૂર્વકના સહકાર વિના કાયદો પૂરું કામ આપી શકતો નથી. નફાખોરો ને સંઘરાખોરો તો માનવીનું લોહી પીનારા રાક્ષસો કરતાં બદતર છે. લાંચ ખાનારા અમલદારો તેમની જ જમાતના છે. એમને અપીલો કરવાનો અર્થ નથી. પ્રજાએ એમને નિષ્ફળ બનાવવા સરકારની સાથે જ એમને નિકંદન નાબૂદ કરવાનો માર્ગ લેવો જોઈએ. સંઘરાખોરી ને કાળાંબજાર પ્રજાની નજરે આવે ત્યારે એણે સરકારને ખબર આપવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

...જુ, દેશકાળનો વિચાર કરી ઓછામાં ઓછી વસ્તુથી ચલાવવાનો નિર્ણય કરવો જોઈએ. જેના વિના જીવવાનું મુશ્કેલ બની જાય તેને માટે માણસ ગમે તે ઉપાય કરે તે સમજી શકાય એમ છે; પરંતુ અત્યારે સામાન્ય ચીજની પણ તંગી ઊભી થતાં પ્રજા તેનો સંઘરો કરવા લાગી જાય છે. આ પ્રકારના પાગલપણાથી ગરીબોની સ્થિતિ કફોડી બને છે અને સંઘરાખોરો-નફાખોરોને ઉત્તેજન મળે છે. કાયદો અને જનમત સાથે ચાલે એ જરૂરી છે.

શાહીવાદનાં થાણાં

ભારતમાંથી બ્રિટિશ સત્તાને આપણે હાંકી કાઢી શક્યા અને રિયાસતોના પીળા ડાઘ પણ ભૂંસી શક્યા; પરંતુ હજી ભારતમાતાના અંગ ઉપર પોર્ટુગલ અને ફ્રાંસના શાહીવાદનાં ગૂમડાં છે. ફ્રાંસે શરૂઆતમાં લોકમત લેવાનું સ્વીકાર્યું હતું અને એ રીતે ચંદ્રનગર ભારતમાં ભળી ગયું, પરંતુ તે પછી પોંડિચેરી, કારીકલ, માહેમાં એવો વર્તાવ શરૂ કરી દીધો છે કે લોકમતનો કશો અર્થ જ ન રહે. ભારતે આ સ્થિતિ પલટાવવાની માગણી કરી છે. ફ્રાંસ વહેલેમોડે લોકમત માટે તૈયાર થશે એવી આશા નાબૂદ નથી થઈ, પરંતુ દીવ, દમણ અને ગોવાની માલિક બની બેઠેલી પોર્ટુગીઝ સરકાર તો વાટાઘાટોમાં ઊતરવાનો જ ઇન્કાર કરે છે અને એવો ઘમંડ સેવે છે કે પોર્ટુગલની યુરોપીય સત્તા ભારતમાં છે તે સારું છે! પોર્ટુગીઝ સરકારનું આ વલણ જો કાયમ જ રહેશે તો ગોવાની પ્રજાએ તેનો સામનો કરવો પડશે ને ભારતે પણ તેને ટેકો આપવો પડશે. ભારત સરકારે પોર્ટુગીઝ સરકારના આજના વલણને સ્વીકાર્યું નથી તેનો અર્થ એટલો તો ખરો જ કે આંતરરાષ્ટ્રીય ધોરણે તે આગળ પગલાં ભરશે.

પૂર્વ બંગાળની સ્થિતિ

એપ્રિલની ૮મી તારીખે થયેલા લઘુમતિ કરારને ધારી સફળતા મળી નથી, પરંતુ પૂર્વ બંગાળના હિંદુઓની રક્ષા એ કરારને ફાડીને ફેંકી દેવાથી થશે જ નહિ. ભારત-પાકિસ્તાનને એક કરવા, વસ્તીની ફેરબદલી કરવી કે પાકિસ્તાન પાસે સવા કરોડ હિંદુઓને સમાવવા માટે પ્રદેશ મેળવવો એ બધી માગણીઓ લડાઈ સિવાય સ્વીકારાય એવી નથી જ અને લડાઈ થાય તો લઘુમતી કોમ બચે નહિ એ સ્પષ્ટ છે. પૂર્વ બંગાળમાં અત્યાચારો તો હવે નહિવત્ બની ગયા છે. પરંતુ મુસ્લિમ પ્રજાનું માનસ બદલાયું નથી ને હિંદુઓમાં હિંમત પ્રગટતી નથી એટલે હિજરત ચાલુ રહે છે. આ દેશના હિંદુઓ તેમની હિંમત બઢાવવામાં મદદ ન કરી શકે? ભારત-પાકિસ્તાનના વડા પ્રધાનોનો સંયુક્ત પ્રવાસ પણ વાતાવરણ સુધારવામાં ઘણો મદદગાર નીવડે એવો સંભવ છે. પૂર્વબંગાળની સમસ્યા ઉશ્કેરાટથી નહિ, શાંત ઉપાયોથી જ ઉકેલાશે.

આ અંગે દિલ્હીથી નવા કરારોની જે જાહેરાત થઈ છે તે આશા ઉપજાવનારી છે. બંને પક્ષે શુભનિષ્ઠા છે તેની ખાતરી એમાંથી મળે છે. કોમી બનાવો નહિવત્ બને અને પાછા ફરેલા હિજરતીઓને તેમની મિલકતો મળે તે માટે જે પ્રબંધો થયા છે તે આવકારપાત્ર છે, સમાધાનનો આ માર્ગ આવકારપાત્ર છે, લઘુમતિ કરારની સામે પોકાર કરનારાઓ લઘુમતિ પ્રત્યે હમદર્દી ધરાવતા હશે, પરંતુ તેમની પ્રચારપ્રવૃત્તિ તો લઘુમતિનીને સ્થિતિ વધુ મુશ્કેલ બનાવનારી જ છે એમાં સંશય નથી.

તા. ૧૭-૮-'૫૦

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ માસિક વાંચ્યા પછી શું?

'અખંડ આનંદ'ની આટલી વિશાળ લોકપ્રિયતાનું કારણ એના સસ્તાપણા ઉપરાંત સામયિકમાં આવતી લેખનસામગ્રીમાં સમાયેલું છે. જે વૈવિધ્યભરી લોકોપયોગી દૃષ્ટિ નજર સમક્ષ રાખીને માસિકનું આજે સંપાદન થાય છે, તે જ દૃષ્ટિથી સંસ્થાએ ગ્રંથપ્રસિદ્ધ કરી છે. એમાં ધર્મનાં પુસ્તકોની સંખ્યા વધારે છે. આ અંકમાં મહર્ષિ અરવિંદનો 'કર્મયોગનો સાર' ઉપરનો જે લેખ તમે વાંચી ગયા તેમાં એમણે ગીતાજીના કર્મયોગનું નિજની વિશિષ્ટ દૃષ્ટિથી અવલોકન કર્યું છે. ગીતા તો છે મહાન અને વિશિષ્ટ ગ્રંથ. એની જુદીજુદી જાતની આવૃત્તિ આ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે બહાર પાડી છે. '**અષ્ટાવક્ર ગીતા**,' ને 'અવધૂતગીતા,' '**પુરુષાર્થબોધિની ગીતા**,' '**શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્દગીતા**,' '**શ્રી શાંકરભાષ્ય સહિત ભગવદ્દગીતા**,' '**શ્રી પંચરત્નગીતા**,' '**જ્ઞાનસત્રગીતા**,' '**શ્રીમદ્ ભગવદ્ગીતા**,' '**ગીતાપોથી**,' '**ગીતાસંકલન**,' '**ગીતાસાર**' ને '**ઉત્તરગીતા**.' આ ચાતુર્માસ દરમિયાન આપણા અને જગતસમસ્તના મહાન વારસા જેવા આ ધર્મગ્રંથને વાંચવાની જિજ્ઞાસા આપણામાં જાગવી જ જોઈએ.

શ્રી કિશોરલાલભાઈના ચાલુ અંકમાંના 'ગુરુસંપ્રદાય'નામક લેખ કરતાં જરાક જુદી રીતનું, પણ ચૈતન્યથી ઊભરાતા પ્રસંગોથી ભરપૂર ને વ્યવહારુ ડહાપણ દેખાડતું એક પુસ્તક નામે '**સંતગુરુનો પરિચય**' સંસ્થાએ પ્રસિદ્ધ કર્યું છે. વાંચનારા કહે છે કે આનું વાચન એક વખત જેણે કર્યું છે, તેઓની દૃષ્ટિ બદલાઈ ગઈ છે.

અને 'પઢિયારની સ્મૃતિ!' હજી ગયે મહિને જ જેમની મૃત્યુતિથિ પસાર થઈ ગઈ તે માનવતાપ્રેમી પઢિયારને ભિક્ષુ અખંડાનંદ સાથે નિકટનો સંબંધ હતો અને એમનું વિપુલ સાહિત્ય સંસ્થાએ છૂટથી આમજનતાને પીરસ્યું છે: '**સ્વર્ગનું વિમાન**,' '**સ્વર્ગની કૂંચી**,' '**સ્વર્ગનો ખજાનો**,' **સ્વર્ગનો પ્રકાશ**,' '**સ્વર્ગનો આનંદ**,' '**સ્વર્ગની સીડી**,' '**સ્વર્ગની સડક**,' '**સંસારમાં સ્વર્ગ**,' '**સાચું સ્વર્ગ**' વગેરે સ્વર્ગ-સંબંધી એમના ગ્રંથોએ આબાલવૃદ્ધ સૌને માટે સાચે જ સ્વર્ગ રચી દીધું છે. આ સ્વર્ગ-ગ્રંથોનું વાચન અવશ્ય કરો.

કહે છે કે ભોજ, વિક્રમ વગેરે નૃપાલોના સમયમાં એકેક શ્લોક માટે કવિને સવાલક્ષ સુવર્ણમહોર મળતી હતી. શી ઉમદા હશે નૃપની ગુણગ્રાહકતા! આ અંકમાં એ જ કોટીના શ્લોકવાળાં થોડાંક સુભાષિતો તમે વાંચ્યાં હશેઃ એ જ કોટિનું સાહિત્ય તમને મળી શકશે. સંસ્થા દ્વારા પ્રકાશિત ખ્યાતનામ રાજવીકવિ ભર્તૃહરિના '**નીતિશતક**' તથા '**વૈરાગ્યશતક**'માં—એટલું જ પ્રેરક ને એટલું જ ઉદ્દબોધક?

'પૌષ્ટિક ખોરાક' માટે સંસ્થાના વૈદકીય ગ્રંથો જોવા પડશે,—એ તો સર્વસ્વીકૃત હકીકત થઈ ગઈ છે. તેમ છતાં '**ખોરાકના ગુણદોષ**.' '**ખોરાકમા ઝેર**,' '**આરોગ્યની કૂંચી**,' '**માંદગીનાં કારણો**,' તથા '**માંદગીમાં ઉપવાસ**,' '**માંદાનો આહારવિહાર**,' '**ઘરઘરનો વૈદ્ય**' જેવાં પ્રકાશનો આ મહિનાઓ દરમિયાન જેટલાં ઉપયોગી નીવડે છે તેટલાં ક્યારેય નીવડતાં નથી.

સંસ્થાના એકેએક પ્રકાશન પાછળ વિશિષ્ટ દૃષ્ટિ છે અને એટલે જ આજે સંસ્થા સસ્તા મૂલ્યે પણ ઊંચામાં ઊંચું પ્રાણવાન સાહિત્ય ગુજરાતને આપી રહી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા-સમાચાર

નીચે પ્રમાણે પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે :

નવાં પ્રકાશનો

મીરાં દાસી જનમ જનમકી : (સર્વોપયોગી શ્રેણી) લે. રેવાશંકર ઓઘડભાઈ સોમપુરા : ભક્તમયી મીરાંનું ભક્તિભાવપૂર્ણ ચરિત્ર
પાન ૧૧૨ : ૦–૧૦

ગુજરાતનાં તીર્થસ્થાનો : (સર્વોપયોગી શ્રેણી) લે. દુર્ગાશંકર કે શાસ્ત્રી : ગુજરાતનાં શ્રેષ્ઠ તીર્થસ્થાનોની માહિતી તથા યાત્રીઓને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું છે.
પાન ૨૪૮ : ૧–૪

સ્વામીશ્રી નિત્યાનંદ : લે. સ્વામી માધવતીર્થ : સ્વામીશ્રીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર તથા અમૂલ્ય ઉપદેશો : પાન ૧૨૮ : ૦–૮

વિક્રમની વાર્તાઓ : પ્રયોજક : કેશવપ્રસાદ છો. દેસાઈ : જ્ઞાન સાથે આનંદ આપતી વિક્રમરાજાના પરોપકારની ૩૨ વાર્તાઓનો સંગ્રહ.
પાન ૩૪૮ : ૨–૮

સ્વામી રામતીર્થ : (આમશ્રેણી) આવૃત્તિ બીજી : લેખક : પ્રફુલ્લ પ્રા. ઠાકોર : સ્વામીજીના જીવનપ્રસંગો વર્ણવતું ટૂંકું ચરિત્ર સુંદર શૈલીમાં આપવામાં આવ્યું. છે.
પાન ૭૨ : ૦–૪

સંવત ૨૦૦૭નું પંચાંગ : જ્યોતિષ પ્રત્યે શ્રદ્ધા રાખનારાઓ માટે આ પંચાંગ અનોખું સાધન પૂરું પાડે છે; એટલું જ નહિ, મુહૂર્તો, કાળ, તિથિ, નક્ષત્રો, ગ્રહો વગેરે જોવા–જાણવા માટે એમાં અમૂલ્ય સામગ્રી મૂકવામાં આવી છે.
પાન ૧૧૬ : ૦–૭

બાળક : બાળકને ઘડવા શું કરવું તેનું ભોમિયારૂપ ઉપયોગી પુસ્તક. પાન ૧૭૬ : ૧–૪

"મુંબઈ સમાચાર"માં
અતિ લોકપ્રિય થયેલી વાર્તા :

મા, તે મા

(માતૃગીતા)

માતાની મમતાને મૂર્તિમંત કરતી
એક અતિ હૃદયસ્પર્શી વાર્તા

ચાહું છું કે રાખે કોઈ, કોઈ ન રાખે એમ;
(મુજને) મારી માની જેમ.

'મા, તે મા'ની વાર્તા હજારોનાં હૈયાંમાં વસી ગઈ છે.

* સાચા શબ્દોમાં માતૃગીતા છે.
* આદર્શ માતાનો અનુપમ સંદેશ છે.
* કુમારિકાનાં અનોખાં આત્મસમર્પણ છે.
* સંસ્કારી દંપતીનાં સ્નેહસ્મરણો છે.
* બીજા રવિશંકર મહારાજનો ત્યાગ અને લોકસેવાના મોંઘા મંત્રો છે.
* **'મા, તે મા'** શબ્દમાં બે 'મા' (અક્ષર) છે અને એનું રહસ્ય કેવું અલૌકિક છે એ શ્રી 'શયદા'એ પોતાની વેગીલી અને અનોખી શૈલીમાં આ પુસ્તકમાં રજૂ કર્યું છે.

આ માતૃગીતા આપના ઘરમાં અવશ્ય હોવી જોઈએ

'મા, તે મા'ની વાર્તા લગભગ ૭૦૦ ઉપરાંત પાનાંની, બે ભાગમાં, સુંદર જેકેટ અને મજબૂત બાંધણી સાથે પ્રગટ થશે.

બંને ભાગની કિંમત રૂા. ૧૦
પોસ્ટેજ અને સેલટેક્સ અલગ

ખાસ લાભ

અગાઉથી રૂપિયા ભરી ગ્રાહક થનાર પાસેથી બંને ભાગના રૂા. ૯ (પોસ્ટેજ, સે. ટે. અલગ) લેવામાં આવશે. રૂપિયા ભરવાનું ઠેકાણું :

'બે ઘડી મોજ' બુકસ્ટોલ
૧૨–૧૪, બેકહાઉસ લેન, કોટ, મુંબઈ

(બહારગામના અગાઉથી થનાર ગ્રાહકોએ રૂપિયા ૯–૪–૦ સવાનવ મોકલવા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦ વર્ષથી જાણીતી, બાળકોના
તમામ દર્દોની જગમશહૂર દવા

બાલસાથી

સંપૂર્ણ આયુર્વેદિક પદ્ધતિએ બનાવેલી

બાળકોને વરાધ, સળેખમ, તાવ, ઉધરસ, ઉટાંટિયું, લીલા ઝાડા, પેટ ચડવું, હાંફારો, આંચકી, તાળુ, દાંત આવતી વખતની પીડા વગેરે ખાતરીબંધ મટાડી તંદુરસ્ત અને આનંદી રાખે છે.

નકલી માલથી ચેતજો

બધા દવાવાળા વેચે છે.

વૈદ્ય જગન્નાથજી દ્વિવેદી

વરાધ ઓફિસ : નડિયાદ

[સંગ્રહ

વિશ્વની વિચિત્રતાઓ : જગતમાં વિચિત્રતા... એનો પાર નથી. આપણી આસપાસની... દુનિયામાં પણ ચિત્રવિચિત્ર માણસોનો... આપણને પરિચય થાય છે. જગતભરમાં... અનોખી ભાત પાડતા કિસ્સાઓ ચૂંટી... અહીં સંઘરવામાં આવ્યા છે. ગુજરાતીમાં... આ પુસ્તક એક નવીનતા છે.
પાન ૧૬૦ : ૦-...

ગૌતમ બુદ્ધ : લે૦ રામનારાયણ ના. પાઠક... 'અહિંસા પરમોધર્મ'ના સિદ્ધાંતના પ્રવર્તક... ભગવાન બુદ્ધના બાલ્યકાળથી નિર્વાણ સુધીના... પ્રસંગો આલેખતું ચરિત્ર અને ઉપદેશો...
પાન ૧૯૨ : ૧-...

હસ્તામલકસ્તોત્ર અને વાક્યસુધા : (આમ... શ્રેણી) શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિત : મૂળ... સાથે સરળ અનુવાદ. પાન ૩૨ : ૦-...

પ્રશ્નોત્તરમાળા અને જીવન્મુક્ત-આનંદ લહરી : (આમશ્રેણી) શ્રીમદ્ શંકરાચાર્ય... વિરચિત : મૂળ સાથે સરળ ભાષાંતર.
પાન ૪૮ : ૦-...

સંત મૂળદાસ : (આમશ્રેણી) સૌરાષ્ટ્ર... સંત-ભક્તના આઠ પ્રેરણાદાયી જીવનપ્રસંગો...
પાન ૧૧૨ : ૦-...

કબીર સાહેબની સાખી : (આમશ્રેણી) સં. મણિલાલ નુ. મહેતા : કબીર સાહેબની... ૪૫૨ સાખીઓ અર્થ સાથે.
પાન ૬૪ : ૦-...

બાળકોની વાતો : (આમશ્રેણી) લે૦ ... પઢિયાર : આ નવી આવૃત્તિમાં નવ ચિત્રો... અપાયાં છે. પાન ૧૩૬ : ...

કેશવકૃતિ : (આમશ્રેણી) ચૂંટેલાં ૪૮ ભજનો...
પાન ૬૪ : ૦-...

મદન-મોહના : (આમશ્રેણી) આનંદ... ઉપદેશ આપતી શામળભટ્ટની બાળવાર્તા...
પાન ૫૬ : ૦-...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પોલસનનું વેફકા પાસ્ચ્યુરાઇઝડ માખણ સોએ સો ટકા ચોખ્ખા ક્રીમમાંથી બનાવવામાં આવે છે. પહેલેથી છેલ્લે સુધીની બનાવત લેટેસ્ટ મશીનરી ઉપર થતી હોવાથી અને એમાં બીજી કોઇ ભલતી ચીજના સમાવેશ થતો નહી હોવાથી એની દીલપસંદ ખુશબો, લહેજત અને શક્તિ આપનારા કુદરતી તત્વો જળવાઈ રહે છે.

ગ્રંથમાળા

'વિવિધ ગ્રંથમા'ળાનું નવું વર્ષ જુલાઇ ૧૯૫૦થી શરૂ થઈ ગયું છે.

વરસે દિવસે ૧૬૦૦ પાનાંનાં વિવિધ વિષયનાં પુસ્તકો ઘેરબેઠાં માત્ર રૂા. ૬-૮-૦માં

સંસ્થા-સમાચાર **પાન ૧૨૦થી ચાલુ**

અપાય છે.

ચાલુ વરસના પહેલા હપ્તાનાં પુસ્તકો (૧) આરોગ્યની કૂંચી (૨) પ્રભુમય જીવનનું રહસ્ય (૩) અને બાળક ચાલુ માસમાં મોકલાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા ઘરની
તમારા પાડોશીના ઘરની
તમારા ઓળખીતાના ઘરની

સાચી કુટુંબકથા કહેવા
આવે છે પડદાની રૂપાળી નટી

નરગીસ

છોટી ભાભી

ફિલ્મકારનું પ્રથમ કલાસર્જન

ઘરશોભા જેવી
ગુણિયલ આર્ય
નારીની પ્રેરક
કથા

નિર્માતા:
કમલ જલાલાબાદી

દિગ્દર્શન:
શાંતિકુમાર

સંગીત:
હુસ્નલાલ-ભગતરામ

★ નરગીસ ★ શ્યામ ★ કરણ દીવાન
★ કુલદીપ ★ શ્યામા ★ સુરૈયા
ચૌધરી ★ બેબી તબસ્સુમ
અને ★ યાકુબ

તા. ૨૫થી પૂરજોશમાં ચાલુ છે.

નોવેલ્ટી • એક્સેલસીઅર
નેપ્ચ્યુન • સૂર્ય

યાદ રાખો કે તમારા શહેરમાં આવે ત્યારે અવશ્ય જોશો.

• ચીરાવાવાલા રીલીઝ •

★ છોટી ભાભી એટલે ઘરઘરની કુટુંબકથા ★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેપર	બોર્ડ
ક્રીમલેઈડ	સ્ટ્રો બોર્ડ
પ્રિંટિંગ	ગ્રે બોર્ડ
બદામી	કોમ્પ્રેસ્ડ ફાઈબર બોર્ડ
રેપિંગ	લાઈન્ડ બોર્ડ
કવર	આર્ટ કાર્ડ
પેસ્ટલ	ક્રોમોકાર્ડ
મેચ	ડુપ્લેક્સ બોર્ડ
કાર્ટીજ	વગેરે
આર્ટ	વગેરે
ક્રોમો	
વગેરે વગેરે	

બનાવનારા :

ગુજરાત પેપર મિલ્સ લિ૦

૬૫૩, સાકર બજાર, અમદાવાદ નં. ૨

કારખાનું : બારેજડી



વહેતા પાણી માટે જગમશહૂર

"માયર્સ"

ઓટોમેટીક પંપ

★ ભરોસાપાત્ર મજબૂત મશીનરી
★ લાઈફ ટાઈમ સરવીસ
★ છેલ્લી ઢબના ધાર

તમારી જરૂરીઆત માટે લખો

સોલ એજન્ટસ :

ધી વોટર સપ્લાય સ્પેશીયાલીસ્ટસ લિ૦

૮, હમામ સ્ટ્રીટ, મુંબઈ.
શાખાઓ : કલકત્તા – મદ્રાસ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પૂર્વ અને પશ્ચિમ
ના સંસ્કાર અને સંસ્કૃતિના
સંમિશ્રણમાંથી જાગી જતી આપણા
આજના સમાજની રંગબેરંગી તસવીર

મઝધાર

તમારી તુલનાશક્તિને
કસોટીએ ચડાવશે

વાડીઆનું
સામાજિક
સર્જન

હીલ્લા
વાડીઆ
પ્રોડકશન

એમ. બી. બીલીમોરીઆ એન્ડ સન્સ પ્રકાશન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી મૈસુર પ્રીમીયર

મેટલ ફેકટરી

(સ્થાપક : હીમચંદ કે. શાહ)

એલ્યુમિનિયમ, પિત્તળ તથા સ્ટેનલેસ સ્ટીલના

વાસણોના બનાવનાર

નં. ૧૨૪, મિન્ટ સ્ટ્રીટ, મદ્રાસ

★ અમે પ્રખ્યાત સૂર્ય છાપના વિવિધ જાતનાં એલ્યુમિનિયમ, પિત્તળ અને સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો બનાવીએ છીએ અને વેચીએ છીએ.

★ આ વાસણો રાંધવા-જમવામાં બહુ લહેજત આપનાર છે. જમણને આકર્ષક બનાવવામાં અને સ્વચ્છતા, સુઘડતા અને તાજગી માટે સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો અનુપમ છે. વાપરો, ખાતરી કરો, પૈસા બચાવો અને ઉત્તમ સંતોષ મેળવો. તેને કાટ ચડતો નથી, કલઈની જરૂર નથી, તેને ગોબા પડતા નથી અને તેમાં કોઈ ઠેકાણે કચરો રહી જતો નથી. એક વખત ખરીદો અને જિંદગી પર્યંત વાપરો. નરમ માટીથી અથવા રાખોડીથી સાફ થાય છે અને સાફ કરી કપડું ઘસવાથી કાયમી ચળકાટ જળવાય છે.

★

ફેક્ટરી:
ટોન્ડિયારપેટ

મેનેજિંગ પાર્ટનર:
કેશવલાલ કે. શાહ

તારનું સરનામું:
SUNBRAND

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેલિગ્રામ : સીડ્સ ★ ટેલિફોન : ૨૬૫૦૬

ધી કેસર શ્યુગર વર્ક્સ લિ.

૪૫, ૪૭ એપોલો સ્ટ્રીટ, મુંબઈ-નં. ૧

હાલની પ્રવૃત્તિઓ :

બહેડી-યુ. પી.

★ ખાંડ અને તેમાંથી બનતી મીઠાઈઓ

★ મીથીલેટેડ સ્પિરિટ

★ પાવર આલ્કોહોલ, રેક્ટિફાઈડ સ્પિરિટ, મોલાસીસ (શેરવો).

ગોરેગાંવ-મુંબઈ

- ફોટોગ્રાફી અને ટેનિંગ માટે હાઈપો
- અને ફોટોગ્રાફી માટે સોડા સલ્ફાઈટ
- ટેક્સ્ટાઈલ તથા ટેનેરીઝ માટે સોડા બાઈ સલ્ફાઈટ

- હાઈડ્રોક્વીનોન
- ક્રોમ એલમ પોટાશ
- ક્રોમિક ઍસિડ ઇલેક્ટ્રો. પ્લેટિંગ સારુ

વ્યાપાર સાથે સંબંધ ધરાવતી પૂછપરછ પર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

સદ્ધરતા : સલામતી : સંરક્ષણ

માટે

તમારી જિંદગીનો વિમો

એમ્પાયર ઑફ ઈન્ડિયા

લાઈફ એશ્યુરન્સ કંપની લિમિટેડ

માં જ ઉતરાવો.

(સ્થાપિત : ૧૮૯૭)

હેડ ઑફિસ : એમ્પાયર હાઉસ, હોર્નબી રોડ, કોટ, મુંબઈ

શાખાઓ :

અમદાવાદ : ચાર રસ્તા, ખાડીઆ
બેંગલોર સીટી : કેમ્પે ગૌડા રોડ
કલકત્તા : ૧૭, બ્રેબોર્ન રોડ
કોઈમ્બતુર : ૨૯૪, એવાનાશી રોડ
હૈદરાબાદ (દક્ષિણ) : અબીદ રોડ
કાનપુર : કોમર્શિઅલ બીલ્ડિંગ, ધી મેલ
કાકીનાડા : કરીમ મન્ઝીલ, બેન્કવ્યુ

લુધીઆના : નિગાહ નિવાસ, સિવિલ લાઈન્સ
લખનૌ : નારંગ બીલ્ડિંગ, અશોક માર્ગ
મદ્રાસ : ૧૮૭, માઉન્ટ રોડ
મોરાદાબાદ : ગુજરાતી પેલેસ, ધી મેલ
નાગપુર : કીંગ્સ વે
ન્યુ દિલ્હી : ૪૪, ક્વીન્સ વે
પટણા : ડાક બંગલા રોડ, પો. ઑ. નં. ૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રઉદ્યોગના એક ઉત્તમોત્તમ
લેખાયેલા લોકપ્રિય સર્જન
"જોગન"
પછી

રણજીત

સહર્ષ રજૂ કરે છે

નીલી

આજની સમાજરચનાનું વેધક ને પ્રેરક દર્શન

: ભૂમિકા :

● સુરૈયા ● દેવ આનંદ ● આગા
● શ્યામા દુલારી ● ઇબ્રાહીમ અને ● કકુ

: દિગ્દર્શક :

રતિભાઈ પુનાતર

ચાલુ ચિત્ર બાદ તરત જ રજૂ થશે—

લીબર્ટી

★ અજીત પ્રકાશન ★ —મુંબઈ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુગંધના
શોખીનો માટે
બે પ્રખ્યાત તપખીરો
★ ★ ★
રાણી–સિંહ છાપ મહાસુગંધી: દિલ અને દિમાગને તાજગી આપનારી અપૂર્વ ઔષધિ તપખીર: મગજને ઠંડક આપી આંખોનું તેજ વધારે છે. ૫ અને ૧૦ તોલાના પેકિંગમાં રતલ ૧ ના રૂા. ૬-૮-૦
કમળ છાપ: દૂર પ્રસરતી મનોહર ખુશબો, ઠંડક અને સૂંઘવામાં લિજ્જત એ આ તપખીરના વિશિષ્ટ ગુણો છે. ૫ અને ૧૦ તોલાના પેકિંગમાં રતલ ૧ ના રૂા. ૬-૦-૦
બીજી સેંકડો જાતની તપખીરો તથા વેપારી ભાવોની માહિતી માટે લખો:
મહાસુગંધી સ્નફ વર્ક્સ, સિહોર (સૌરાષ્ટ્ર)
(ઘોળકિયા રણછોડદાસ જીણાભાઈ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાણાવટી એન્ડ કંપની લિમિટેડ

૧૬, એપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઈ

શાખાઓ:—અમદાવાદ, દિલ્હી, કલકત્તા, અને મદ્રાસ.

ડાઈંગ, બ્લિચિંગ, હેવી કેમિકલ્સ, કોલટાર ડાઈઝ અને કાપડઉદ્યોગને લગતા દરેક જાતના સ્ટાર્ચીઝ, સાઈઝીંગ મટીરિયલ્સ અને મિલ-સ્ટોર્સના ભરોસાપાત્ર ઈમ્પોર્ટર્સ અને સ્ટોકિસ્ટસ.

●

ટેકસટાઈલ ડાઈઝ
ઈન્ડસ્ટ્રીઅલ
કેમિકલ્સ
સલ્ફર્સ
અને
અનાજ ઉત્પાદન માટે
એમોનિયમ સલ્ફેટ

●

ઔદ્યોગિક ઉપયોગ માટે ક્રુડ રીફાઈન્ડ ગંધક અને બીજા ઉદ્યોગો જેવા કે ખાંડ, કાચ, લોખંડ, લેધર, દીવાસળી, રબર, કાગળ અને સાબુમાં વપરાતા દરેક જાતના કેમિકલો.

અનાજ ઉત્પન્ન કરવા ખેતીવાડીને લગતા ઉત્તમ રસાયણિક ખાતર, એમોનિયમ સલ્ફેટના જથ્થાબંધ ઈમ્પોર્ટર્સ.

દરેક માલ ઊંચી કવોલિટી તેમ જ નિર્ભેળ અને ઓરિજિનલ પેકિંગ્સમાં અમારે ત્યાંથી મળશે.

ફોન:
૨૧૯૮૯
૨૪૩૬૬

NCL TRADE MARK

અમારૂં તારનું સરનામું:—
"મનીબાલા"
મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી યુનાઈટેડ કોમર્શિયલ બેંક લિ૦ કલકત્તા.

મૂડી (સત્તાવાર)	...	...	રૂા. ૮ કરોડ
,, (ઉઘરાવેલી)	...	...	રૂા. ૪ કરોડ
ભરી દીધેલી મૂડી	...	...	રૂા. ૨ કરોડ
અનામત ફંડ ...	....	....	રૂા. ૫૨૬ લાખ

★

ડાયરેક્ટરોની બોર્ડ :

શ્રી. ઘનશ્યામદાસ બિરલા (પ્રમુખ)

શ્રી. ઈશ્વરીપ્રસાદ ગોએન્કા (ઉપપ્રમુખ)

શ્રી. રમણલાલ જી. સરૈયા (ઉપપ્રમુખ)

,, અનંતચર્ણ લૉ
,, બૈજનાથ જાલન
,, ગોવિંદલાલ બાન્ગૂર
,, પી. ડી. હિંમતસિંગકા
,, રામેશ્વરલાલ નોપાણી

,, મહાદેવ એલ. દહાણૂકર
,, મદનમોહન આર. રૂઈયા
,, મોહનલાલ એલ. શાહ
,, મોતીલાલ તાપુરિયા
,, નવીનચંદ્ર મફતલાલ

મેનેજર : શ્રી. બી. ટી. ઠાકુર

હિંદ, બર્મા, પાકિસ્તાન અને મલાયાનાં બધાં અગત્યનાં નગરો અને શહેરોમાં આ બેંકની શાખાઓ છે તથા દુનિયાભરમાં એજન્સીની સગવડો સાથે પોતાની સારામાં સારી સેવાઓ આપવા માટે બેંક પૂરેપૂરી અદ્યતન સામગ્રીથી સુસજ્જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી ડન એલ્યુમિનિયમ ફેકટરી

ટે. નં. ૪૧૬૧૮ ... ૨૨૫, તાડદેવ રોડ, મુંબઈ.૭

LALLUBHAI AMICHAND GUARANTEED PURE TRADE MARK BOMBAY No2

LALLUBHAI AMICHAND QUEEN BRAND TRADE MARK BOMBAY No2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા,પીત્તળ તેમજ
સ્ટેઈનલેસ સ્ટીલ નાં વાસણો ની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લલ્લુભાઈ અમીચંદ લી.

ટે.નં.૨૨૨૨૦ • ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી, મુંબઈ • પો.બો.૨૧૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0, In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

સસ્તું સાહિત્ય

એક રૂપિયો

પો. બો. ૫૦, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CROWN BRAND GUARANTEED PURE

CROWN BRAND GUARANTEED PURE

એલ્યુમિનિયમ
અને
પિત્તળનાં વાસ

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમનાં વાસણો વજનમાં હલકાં, જલ્દી ગરમ થાય તેવાં અને કીંમતમાં કીફાયત હોય છે. કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી, ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરિયાતો
માટે
લખો અથવા મળો:

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂ. ૭ાા છે. બ્રહ્મદેશ માટે રૂ. ૮) અને પરદેશ માટે રૂ. ૧૧) છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. છ અથવા ત્રણ માસના ગ્રાહકો નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક સમયસર ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી; અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી; અને તે સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પોતાનું નામ–સરનામું સ્પષ્ટ લખવાં; સાથે ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું. વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે.

૯ મનીઑર્ડરની કુપન પર રૂપિયાની રકમ, રૂપિયા મોકલવાનો ઉદ્દેશ, ગ્રાહક નંબર (નવા ગ્રાહક હોય તો નવા ગ્રાહક લખવું), પૂરું સરનામું વગેરે સર્વ બાબતો સ્પષ્ટ દર્શાવવી.

૧૦ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

૧૧ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૨ રૂબરૂ આવી અંક લઈ જનાર તથા એકથી વધારે અંકો રજિસ્ટરથી યા રેલવેથી મંગાવનાર માટે લવાજમમાં કંઈ ફેરફાર નથી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, અમદાવાદ ને કાલબાદેવી, **મુંબઈ–૨**

લેખો અંગે નિયમો

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ-વર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. આમ છતાં લગભગ છ માસમાં લેખ પ્રગટ થઈ જાય એવો પ્રયત્ન કરવામાં આવે છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લખાણ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર–અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લખાણો મોકલવાનું સરનામું આ પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'

ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ–૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	ધૈર્ય અને દૃઢતા	શ્રી	૩
૨	શ્રુતિસુન્દરી	શ્રી દેસાઇ વાલજી ગોવિંદજી	૪
૩	ત્રીજા વર્ષને અંતે (નિવેદન)	શ્રી મનુ સૂબેદાર : શ્રી સોપાન	૫
૪	વિશ્વધર્મની આવશ્યકતા	સ્વામીશ્રી અદ્વૈતાનંદજી	૬
૫	બાપુનાં સંભારણાં	શ્રી રવિશંકર મહારાજ	૧૪
૬	પોષક દ્રવ્યો	મુનિશ્રી સંતબાલજી	૧૮
૭	નજર : લાંબી ને ટૂંકી (હાસ્યલેખ)	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૧
૮	ભક્તિયોગનું મહાકાવ્ય	શ્રી દિલખુશ બ. દીવાનજી	૨૬
૯	બાબાની વરસગાંઠ (વાર્તા)	શ્રી સોપાન	૨૮
૧૦	વાણીનું સૌંદર્ય	શ્રી રવિશંકર મ. રાવળ	૩૬
૧૧	ખોવાયેલ આત્મા (વાર્તા)	શ્રી વિ. સ. ખાંડેકર	૩૯
૧૨	દેવગંગાની આરાધના	શ્રી શિવશંકર પ્રા. શુક્લ	૫૩
૧૩	જીવનની ફિલસૂફી (વાર્તા)	અધ્યા. શશિન્ ઓઝા એમ. એ.	૫૬
૧૪	કર્મયોગનો સાર	શ્રી અરવિંદ	૬૩
૧૫	સર્વ સમર્પણ	શ્રી ભૂપેન્દ્ર ઉપાધ્યાય	૬૯
૧૬	ઉત્તરરામચરિત (નાટક)	શ્રી રામનારાયણ ના. પાઠક	૭૧
૧૭	માસ્તર	શ્રી કૃષ્ણકાંત ગોપાળજી દેસાઈ બી. એસ. સી. બી. ટી. રાષ્ટ્રભાષારત્ન	૭૬
૧૮	શ્રાદ્ધ (સંશોધન)	શ્રી રામલાલ નવનીતલાલ	૮૧
૧૯	ચતુરના ભગવાન (વાર્તા)	શ્રી 'સારંગ' બારોટ	૮૫
૨૦	ખાંસી (આરોગ્ય)	ડૉ. હરિપ્રસાદ સી. વ્યાસ	૯૧
૨૧	નવ રત્ન	શ્રી બાબુભાઈ બી. ઝવેરી	૯૨
૨૨	રાષ્ટ્રસંસ્થા (પરિચય)	શ્રી રમાકાંત ન. પરીખ એમ. એ. એલએલ. બી.	૯૭
૨૩	વ્યક્તિ અને સમાજ	શ્રી ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત	૧૦૦
૨૪	હળ વિ. ટ્રેક્ટર	શ્રી ડોલરરાય ભટ્ટ એમ. એ. અને અન્ય લેખકો	૧૦૪
૨૫	યુગપ્રવાહ	શ્રી સોપાન	૧૧૪
૨૬	સંસ્થા-સમાચાર	કાર્યાલય	૧૧૮

* * *

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ કo ઠક્કર

મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ—અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૩, અંક ૧૨] તંત્રી : સોપાન [ઑક્ટોબર ૧૯૫૦

ધૈર્ય અને દઢતા

સત્ય આચરવાનું પ્રથમ તો ઘણું અઘરું લાગે છે, કોઈ પણ સદ્‌ગુણ જીવનમાં ઉતારવો હોય ત્યારે પ્રથમ વધુ મહેનત અને જાગ્રતિની જરૂર પડે છે; પરંતુ થોડો સમય વીત્યા પછી જ્યારે એ સદ્‌ગુણ આપણી પોતાની મૂડી બને છે ત્યારે તેનો આનંદ અપૂર્વ હોય છે. જગતની સામાન્ય વસ્તુઓ પણ મેળવવામાં જો શ્રમ કરવો પડે અને તે પ્રાપ્ત કર્યા પછી જ તેનો આનંદ આપણે મેળવી શકીએ, તો સદ્‌ગુણ અને સત્ય માટે ધૈર્યપૂર્વક પરિશ્રમ કરવામાં આપણે શા માટે પાછા પડીએ?

આપણે જો સમજીએ તો પરિશ્રમનો કાળ–સાધનાનો કાળ પણ આનંદમય બનાવી શકીએ. કશી યે આશા વિના બીજાનું વૈતરું કરનાર શ્રમનો આનંદ ભોગવી શકતો નથી, પરંતુ જે સ્વેચ્છાએ હૃદયપૂર્વક અમુક વસ્તુ પ્રાપ્ત કરવાનું કામ કરે છે તે પરિશ્રમમાં પણ પ્રસન્નતા અનુભવે છે. આવો માણસ પ્રથમથી આખરી પરિણામ વિષે શ્રદ્ધાવાન હોય છે તે ન ભૂલવું જોઈએ. જો શ્રદ્ધા ન હોય તો હૃદયનો સાથ મળી શકે નહિ અને જે કામ સાથે હૃદય જોડાયેલું ન હોય તે કામ વેઠ જેવું, થાક ઉપજાવે તેવું લાગ્યા વિના રહે નહિ.

એટલે આપણે કોઈ પણ દુર્ગુણમાંથી છૂટવા માટે ને કોઈ પણ સદ્‌ગુણ જીવનમાં પ્રાપ્ત કરવા માટે શ્રદ્ધાપૂર્વક જ પરિશ્રમ કરવો જોઈએ. આપણને ખાતરી હોવી જોઈએ કે સદ્‌ગુણ દ્વારા આનંદની પ્રાપ્તિ કે વૃદ્ધિ થશે જ. આવી ખાતરી જેના હૃદયમાં જન્મે છે તેનું હૃદય નવું બળ મેળવે છે અને જેમ નીરોગી બાળક હાથપગ ઉછાળવામાં શ્રમનો નહિ, પણ આનંદનો અનુભવ કરે છે તેમ આવો માનવી કઠોર દેખાતી સાધનામાંથી પણ રસ માણે છે. આરંભે, મધ્યે ને અંતે જ્યાં આનંદનો જ અનુભવ થતો હોય, ત્યાં જીવનની સાર્થકતા જ સમજવી.

શરૂઆતમાં શ્રદ્ધા કાચી હોય તો અઘરું લાગે, થાક ચડે, ક્યારેક કંટાળો પણ આવે; પરંતુ મન મજબૂત કરી જો શ્રમસાધના ચાલુ રાખીએ તો શ્રદ્ધાનું બીજ હૃદયમાં રોપાઈ જાય. તે પછી તો આપોઆપ અંકુર ફૂટે ને હૃદયની ધરતી હરિયાળી બની જાય. જરૂર છે લાંબા સમયના ધૈર્યની અને દઢતાની. સાચું ધૈર્ય ને સાચી દઢતા ઈશ્વરીકૃપાથી–પ્રાર્થનાથી આવી શકે. કોઈ એક બાબતનો સંકલ્પ કરો ને પ્રાર્થના સાથે પરિશ્રમ આદરો. થોડા દિવસમાં જ શક્તિનાં ઝરણાં ફૂટતાં હોય એવો અનુભવ થશે ને તેમાંથી સાધનાનો આનંદ પણ પ્રગટશે.

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રુતિસુન્દરી

લેખક :
શ્રી દેસાઇ વાલજી ગોવિંદજી

વેદનાં વાક્ય વાંચતાં જે ગમ્યાં, તે વીણી વીણીને આ હાર ગૂંથ્યો છે.

ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्य स्विद्धनम् ॥

ઈશાવાસ્ય ઉપનિષદ્ ૧

ઈશાવાસ્યનો આ પહેલો મન્ત્ર છે, એની વિશિષ્ટતા આ છે કે બુદ્ધ પછી જેના જેવો દ્રષ્ટા ભારતભૂમિમાં અવતર્યો નથી તે ગાંધીજીએ એનું ભાષ્ય કરીને આપણને એનો અર્થ સમજાવ્યો છે. પોતે કહે છે :

"મારાં સર્વ ભાષણોમાં [આ] મન્ત્ર આવતો હતો. 'આ બધું ઈશ્વરરૂપ છે, ઈશ્વરનું છે. એટલે તારું તલભાર નથી, અને છે પણ. પરંતુ આ પંચાતમાં યે તારે શું કામ પડવું? એ બધું છોડ, તો બધું તારું જ છે. પણ જો કાંઇ પણ તારું માનીશ તો તારા હાથમાં કાંઇ રહેશે નહિ.' આ ધ્વનિથી તીરુવાંકૂર[ત્રાવણકોર]ની યાત્રા મેં પૂરી કરી."

ગાંધીભાષ્ય આ પ્રમાણે છે, તે ઉપરાંત શંકરાચાર્યના ભાષ્યનો આ અંશ જોવા જેવો છે :

मा गृधः । कस्मात् । कस्य स्विद्धनमित्याक्षेपार्थः । न कस्यचिद्धनमस्ति यद् गृध्येत । आत्मैवेदं सर्वमितीश्वरभावनया सर्वं त्यक्तम् । अत आत्मन एवेदं सर्वम् । आत्मैव च सर्वम् । अतो मिथ्याविषयां गृधिं मा कार्षीरित्यर्थः ।

'લાલચ રાખ મા! કેમ? ધન કેના બાપનું છે એવો આક્ષેપઅર્થ છે. કોઇના બાપનું ધન છે નહિ, જેની લાલચ રાખી શકાય. આ બધું પરમાત્મા જ છે એવી રીતે ઈશ્વરભાવનાથી સવ વસ્તુઓનો ત્યાગ કર્યો છે; એટલે પરમાત્માનું જ આ બધું છે, અને આ બધું પરમાત્મસ્વરૂપ છે. તેથી ખોટા સંસારના કોઇ પણ પદાર્થની લાલચ રાખ મા.'

હવે આ વચનનું આપણે ભાષાંતર કરીએ.

'જગતની સર્વ વસ્તુ ઈશ્વરની વસાવેલી છે, અને તેમાં "વિશ્વપતિનો વાસ" છે. એટલું તું ઈશ્વરને ચરણે નિવેદ ધર, અને પછી આવશ્યક હોય એટલું તું ભોગવ. લાલચ રાખ મા, કારણ ધન ક્યાં કોઇના બાપનું છે?'

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत् शतं समाः ।

ઈશાવાસ્ય ઉ० ૨

આ અસાર સંસારમાં સારરૂપ પરોપકારનાં કામ કરતાં કરતાં જ સો વર્ષ જીવવાની ઇચ્છા રાખવી.

यस्तु सर्वाणि भूतानि आत्मनि एव अनुपश्यति ।
सर्वभूतेषु च आत्मानं ततो न विजुगुप्सते ॥

ઈશાવાસ્ય ઉ० ૬

જે જીવમાત્રને પરમાત્મામાં જ જુએ છે અને જીવમાત્રમાં પરમાત્માને જુએ છે તેને કોઈ ઉપર અણગમો આવતો નથી.

विजुगुप्सां घृणां न करोति । सर्वा हि घृणा आत्मनो अन्यद् दुष्टं पश्यतो भवति । आत्मानमेवात्यन्तविशुद्धं निरन्तरं पश्यतो न घृणानिमित्तमर्थान्तरमस्ति ।

શાંકરભાષ્ય

'વિજુગુપ્સા ઘૃણા (સૂગ) કરતો નથી. માણસને બીજાની સૂગ આવે છે તેનું કારણ એમ છે, કે પોતાથી નોખા દુષ્ટને એ દેખે છે. પણ જે નિરંતર અત્યંતવિશુદ્ધ પરમાત્માને જ સર્વ જીવોમાં જુએ છે એને સૂગની નિમિત્તભૂત બીજી વસ્તુ જ રહેતી નથી.'

न हिंस्यात् सर्वा भूतानि । श्रुतिः ।

'કોઇ પણ જીવની હિંસા કરવી નહિ.'

આ વેદવાક્ય ગણાય છે, પણ તે કોઇ ગ્રંથનું અંગભૂત નથી. ઈશાવાસ્ય(૧૮)ના શાંકરભાષ્યમાં એને ટાંક્યું છે એટલે એને અહીં જ ગૂંથી લીધું છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા વર્ષને અંતે

નિવેદન

પ્રભુની કૃપા, સદ્દગત સ્વામીજીની તપશ્ચર્યા અને વાચકોના વધતા જતા પ્રેમે 'અખંડ આનંદ'ની ત્રીજા વર્ષની યાત્રામાં મહત્ત્વનો સાથ આપ્યો છે. આ [illegible]નો અંક ત્રીજા વર્ષનો છેલ્લો અંક છે, આવતો અંક ચોથા વર્ષનો પ્રથમ અંક દર વરસની પેઠે દિવાળી પહેલાં પ્રસિદ્ધ થશે અને ચાલુ અંક કરતાં લગભગ ૮૦ પાનાંનું વિશેષ વાચન તેમાં આપવામાં આવશે.

'અખંડ આનંદ'ની લોકપ્રિયતા દિવસે-દિવસે વધતી જ રહી છે. ગ્રાહકસંખ્યા પણ વધતી રહે છે. લેખકોનો સહકાર પણ વિશેષ પ્રમાણમાં મળે છે. પહેલા વર્ષ કરતાં બીજા વર્ષે ને ત્રીજા વર્ષે 'અખંડ આનંદે' પ્રગતિ કરી છે, એનું ધોરણ પણ ઊંચું ગયું છે. સંપાદક અને સંચાલક ગ્રાહકોને સંતોષ આપવા માટે શક્તિ અનુસાર જાગ્રત રહ્યા છે. 'અખંડ આનંદ' હવે સ્થિર થઈ ગયું છે એમ કહી શકાય; પરંતુ અમારો મનોરથ હજી તેને આગળ લઈ જવાનો છે એટલું નમ્ર ભાવે જણાવીએ છીએ.

'અખંડ આનંદ'ની અત્યારની બધી સામગ્રી ઉપરાંત ગૃહજીવન, કુટુંબજીવન અને સમાજજીવનમાં સુમેળ અને આનંદભર્યું વાતાવરણ સરજાય એવા લેખો 'અખંડ આનંદ'ના આવતા વર્ષની વિશેષતા રહેશે. ઘર, કુટુંબ અને સમાજમાં આજે જે વિસંવાદ દેખાય છે તે દૂર થાય, મધુરતા પ્રસરે, પ્રાચીન પ્રણાલી નવા યુગને અનુરૂપ પલટો લે, જૂના-નવા વિચારોનું સુભગ મિલન થાય વગેરે મુદ્દાઓ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે ખરીદેલાં બે નવાં પ્રિન્ટિંગ મશીનો આવી ગયાં છે. ચારેક માસમાં એ કામ કરતાં થઈ જશે. આજેય 'અખંડ આનંદ'ની છપાઈ અને ઉઠાવ આકર્ષક ગણાય છે; પરંતુ આ મશીનો કામ કરતાં થશે ત્યારે તેથી યે આકર્ષક બનશે. બેમાંના એક મશીન ઉપર એકસાથે બે રંગની છપાઈ થઈ શકે છે. અમને આશા છે કે થોડા સમયમાં 'અખંડ આનંદ' બાહ્ય સુંદરતામાં અત્યારથી યે વધુ આગળ નીકળી જશે.

'અખંડ આનંદ'ની આંતરિક સુંદરતા એના લેખોની છે. અમે ઇચ્છીએ છીએ, કે દરેક ગ્રાહક 'અખંડ આનંદ'ના વાંચનનો બીજાઓને લાભ આપે. આ સંસ્થાનો હેતુ ધંધાદારી નથી. સારા વાચનનો સસ્તામાં સસ્તી કિંમતે ફેલાવો કરવાના શુભ ઉદ્દેશથી સદ્દગત સ્વામીજીએ આ સંસ્થા શરૂ કરી હતી. ગ્રાહકોનાં સગાંસંબંધીઓમાં જેઓ ગ્રાહક ન હોય અને આર્થિક સંયોગોને કારણે થઈ શકે એમ પણ ન હોય તેઓને 'અખંડ આનંદ' વાંચવા આપી સદ્વાચનનો ફેલાવો કરવામાં ગ્રાહકો અમને મદદ કરે એવી વિનતિ છે.

'અખંડ આનંદ'ના આ વિકાસ માટે અમે સૌનો આભાર માનીએ છીએ અને અહીં દર્શાવેલા મનોરથો પાર પાડવાનું ઈશ્વર સામર્થ્ય આપે એવી પ્રાર્થના કરીએ છીએ.

મુંબઈ
૧૫ : ૯ : '૫૦

મનુ સૂબેદાર
પ્રમુખઃ સસ્તું સાહિત્ય ટ્રસ્ટ
મોહનલાલ મહેતા 'સોપાન'
તંત્રી : 'અખંડ આનંદ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વધર્મની આવશ્યકતા

લેખક:
સ્વામીશ્રી અદ્વૈતાનંદજી

ખ્રિસ્તી, યહૂદી, મુસ્લિમ, હિંદુ, જૈન, બૌદ્ધ, જરથોસ્તી—ને જગતના કેટલા ય ધર્મો, એ ધર્મોના ધર્મગ્રંથો, એમના અસંખ્ય પુરસ્કર્તાઓ, ધર્મોની શાખા, ઉપશાખા ને એના પરસ્પર વિતંડાવાદો—આદિકાળથી માનવ સાથે સંકળાયેલા ધર્મના ઇતિહાસમાં કેટકેટલું બની ગયું છે! આ ધર્મોનો આત્મા એક, શરીર જુદાંજુદાં. આજે વિજ્ઞાનના સંશોધનથી રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચેના સીમાડાઓ ભુસાઈ ગયા છે, ત્યારે બબ્બે વિશ્વયુદ્ધોથી જગત કંટાળ્યું છે, ત્યારે સમસ્ત માનવજાત માટે એક વિશ્વધર્મની આવશ્યકતા કઈ રીતે ઊભી થઈ છે, તે અહીં દર્શાવાયું છે.

અદ્યતન સમયમાં જે વિચારપ્રવાહો દુનિયામાં પ્રચલિત છે તેનું સૂક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષણ કરતાં જણાય છે, કે સમસ્ત જગત સર્વ ક્ષેત્રોમાં મંદ પણ મક્કમ ગતિથી અભેદ તરફ પ્રયાણ કરી રહ્યું છે. જગજ્જનની મહાશક્તિ પોતાનો ઉદ્દેશ પાર પાડવાના હેતુથી વિશ્વવ્યાપી આંદોલનો ઊભાં કરી, પોતાને સહાયક બને તેવાં તત્ત્વોને જ નહિ પણ પોતાના કાર્યમાં અંતરાયરૂપ થઈ પડે તેવાંને પણ ઢંઢોળીને જગાડે છે; અને ઉભય વચ્ચે દારુણ અથડામણ કરાવી અવરોધક શક્તિઓનો સંહાર કરે છે. માનવજાતિના ઇતિહાસમાં આવું ઘણીવાર બન્યું છે, અને આજની સંસારની પરિસ્થિતિ પણ આની જ ઝાંખી કરાવે છે. આજનો યુગ અતિ મહાન છે. આપણે એવા યુગશિખર ઉપર આવીને ઊભા છીએ કે જેમાં પ્રકૃતિનાં અનિષ્ટ તત્ત્વો પુરજોશથી પોતાનું કાર્ય કરી રહ્યાં છે અને સાથે ઉત્કૃષ્ટ ભાવનાઓનો સ્વીકાર તથા તેમને મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રયત્ન પણ એટલા જ ઉત્સાહથી આગળ ધપી રહ્યો છે.

રાજકારણની દૃષ્ટિથી જોતાં એક વિશ્વતંત્રની અનિવાર્યતા આપણને સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. આ ભાવિ સંસ્થામાં પૃથ્વીની સર્વ પ્રજાઓ પોતપોતાનું વ્યક્તિત્વ રાખીને, સમાનતા અને આંતરરાષ્ટ્રીય એકત્વના પાયા ઉપર વ્યવહાર કરવા લાગશે એ પણ નિશ્ચિત લાગે છે. અત્યાર સુધીમાં આ દિશામાં ઘણીવાર પ્રયત્નો કરવામાં આવ્યા છે, પણ શક્તિશાળી સત્તાઓના મિથ્યાભિમાનને લીધે આ આદર્શને વ્યક્ત સ્વરૂપ આપવામાં વિઘ્નો આવ્યાં છે. સર્વ પ્રૌઢ વિચારકોના મનમાં આ માન્યતા દૃઢ થવા માંડી છે કે સંસારમાં ચિરસ્થાયી શાંતિ સ્થાપવી હોય અને મનુષ્યોને પ્રોત્સાહક વાતાવરણમાં ઉન્નતિ કરવાની તક આપવી હોય તો એક વિશ્વસંઘ ઊભો કરવો જ પડશે. શરૂઆતમાં આ સંઘ ગમે તેવું રૂપ લે, તે એકકેન્દ્રીય પણ હોઈ શકે; પરંતુ આખરે તો આ વ્યવસ્થા સ્વતંત્ર અને સ્વશાસિત પ્રજાઓની સ્વૈચ્છિક સંગઠના બની રહેશે; તેમાં પરાધીનતાને મુદ્દલ સ્થાન નહિ હોય, તેમ કોઈ પણ પ્રજાની વિશિષ્ટતાનો અનાદર કરવામાં નહિ આવે.

સંયુક્ત રાષ્ટ્રસંસ્થા અત્યારે અસ્તિત્વમાં છે, પણ મહાસત્તાઓએ તેને નિર્બળ બનાવી દીધી છે. વર્તમાન સંજોગો જોતાં આવી કલ્પના કરવી એ ઘણાને વધુપડતા આશાવાદ જેવું લાગે એ સ્વાભાવિક છે; કારણ કે અત્યારે સર્વત્ર યુદ્ધનું જ વાતાવરણ પ્રસરી રહેલું છે. આવી વસ્તુસ્થિતિ હોવાથી ઘણા લોકો નાસીપાસ થઈ ગયા છે અને તેમના મનમાં એવી માન્યતા દૃઢ થઈ હોય તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાય છે, કે માનવસમૂહ વિનાશ તરફ જ ધસડાઈ રહ્યો છે, અને તેમાંથી તેને કોઈ ઉગારી શકે તેમ નથી; પણ આવા નિરાશાવાદનું સેવન કરતાં પહેલાં આપણે યાદ રાખવું જોઈએ કે જગતમાં છેલ્લી અર્ધી સદીમાં જ બે જંગો ખેલાયા છે, તોપણ માનવજાતિએ પોતાનામાં શ્રદ્ધા ગુમાવી નથી. ગમે તેવી આપત્તિઓ આવે તોપણ જનસમાજ વધારે કૃતનિશ્ચયી અને શક્તિશાળી બની પોતાના લક્ષ્ય તરફ પ્રયાણ કરે જ જાય છે. આનું કારણ એ જ છે, કે માનવને આ સૃષ્ટિના પ્રવાહમાં ઉત્પન્ન કરવામાં જગદંબાનો કાંઈ સ્પષ્ટ હેતુ છે અને એને લીધે જ ગમે તેવી મુશ્કેલીઓ આવે તોપણ તેમનો સામનો કરી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની અને પોતાનો વિકાસ સાધવાની કળા પણ તેની પાસે છે.

રશિયા અને તેની વિચારસરણીને અનુસરનારા દેશો, અને લોકશાહીવાદ અને તેને અનુમોદન આપનારા દેશો વચ્ચે અત્યારે જે તંગદિલી ચાલે છે તેનું ખરું કારણ એ નથી કે આ ઉભય મનોભાવસરણીઓનો સહવાસ અશક્ય છે. ભિન્નભિન્ન શાસનપદ્ધતિઓ જનતાના મુક્ત મત ઉપર નિર્ભય હોય, અને સહિષ્ણુતા દાખવવામાં આવે, તો સાથે રહી શકે છે અને એકબીજામાંથી પ્રેરણા મેળવી શકે છે. આ શક્ય ત્યારે જ બને જ્યારે તેમાંથી કોઈને પણ પોતાના અભિપ્રાયો બીજા ઉપર જબરજસ્તીથી લાદવાનો ઇરાદો ન હોય અને ફક્ત પ્રચાર અને આચાર દ્વારા જ વિચારો ફેલાવવાની ઇચ્છા હોય. આક્રમણનું તત્ત્વ નાબૂદ કરવામાં આવે તો મંતવ્યભેદને લીધે વિશ્વસંઘની રચનામાં કાંઈ પણ અડચણ આવવાનો સંભવ નથી. આવું ન બને અને એક ત્રીજું તુમુલ યુદ્ધ થાય–અને ઘણાને આ અનિવાર્ય લાગે છે–તોપણ માનવજાતિના ઉજ્જવળ ભાવિ માટે નિરાશ થવાનું કાંઈ પણ કારણ નથી.

અર્થકારણમાં હાલની અસમાનતા દૂર થાય અને સર્વ દેશો અન્યોન્યાશ્રયી બને તે તરફ કુદરતનો ઝોક સ્પષ્ટપણે જણાય છે. અત્યારે રાજકારણ અને સંપત્તિશાસ્ત્રને વધારે-પડતું પ્રાધાન્ય આપવામાં આવે છે, અને આખી પૃથ્વીને એક મધપૂડા જેવી કરી નાખવાના જે પ્રયત્નો કરવામાં આવે છે તેનું કારણ માનવસમાજના મોટા ભાગમાં પ્રસરી રહેલી દ્રવ્યની અન્યાયી વહેંચણી છે. જીવનમાં પ્રગતિ માટે શરીરરક્ષક અને પોષક વસ્તુઓની જરૂરિયાત છે જ, પણ એ જ જીવિતનું અંતિમ લક્ષ્ય છે એ સ્વીકારી શકાય તેમ નથી. મનુષ્ય અને પશુ વચ્ચેનો ભેદ સર્વને સુસ્પષ્ટ જ છે. સારા જીવનધોરણ માટે સર્વને અન્ન, વસ્ત્ર, નિવાસસ્થાન, કેળવણીની સંપૂર્ણ તક, તબીબી મદદ, આમોદ-પ્રમોદનાં સાધનો પૂરતા પ્રમાણમાં જોઈએ, બુદ્ધિજીવી વર્ગ અને શ્રમજીવી વર્ગ વચ્ચે ઊપજમાં અને મિલકતમાં બહુબહુ તો પંદર-વીશગણો ફરક હોઈ શકે.

અતિ પરિગ્રહવૃત્તિ રાખનારાઓને સમાજદ્રોહી ગણી શિક્ષાપાત્ર ગણવા જોઈએ એ નિર્વિવાદ છે. વ્યક્તિસ્વાતંત્ર્યનો અર્થ સ્વૈરાચાર નથી, આમજનતાનું બેહદ શોષણ કરીને તાગડધિન્ના કરવાની છૂટ મેળવવાના હક્કનું કોઈ પણ સુવ્યવસ્થિત રાજ્ય સમર્થન કરી શકે નહિ. આ જમાનામાં વ્યક્તિવાદનો અતિરેક જોવામાં આવે છે એ લગભગ સર્વમાન્ય છે.

પ્રાચીનકાળમાં સમાજજીવનની પ્રાથમિક અવસ્થામાં આ પ્રશ્નનો ઉકેલ જાતિઓએ સંતોષકારક રીતે સાધી લીધો હતો. તવંગર અને રંક જેવો ભેદ ન હતો. મનુષ્યમાં જેમ પ્રાણતત્ત્વ અને બુદ્ધિનો વિકાસ થવા માંડ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમતેમ ભોગવિલાસનાં સાધનોમાં અને આહારવિહારમાં વિપુલતા ને વૈવિધ્ય આવવા માંડ્યાં, ખાનગી મિલકતની પ્રથાની શરૂઆત થઈ, સમાજનાં ભિન્નભિન્ન અંગોમાં વિષમતા આવવા માંડી, જીવન અસ્ત-વ્યસ્ત થવા લાગ્યું. આજનાં રાષ્ટ્રો અને આજની સમાજ-વ્યવસ્થા આ વાસનાઓને તૃપ્ત કરવાના પ્રયત્નમાંથી ઉદ્‌ભવ્યાં છે. હાલના વિજ્ઞાન-નો ઉપયોગ પણ આ જ વૃત્તિઓને પોષણ આપવા માટે જ કરવામાં આવે છે. એક વ્યક્તિ જેમ તમસમાંથી રજસમાં થઈને જ, દુનિયાના વિષયો ભોગવીને, ચિત્તનો અનુભવ-થી ઉપશમ કરીને પછી સત્ત્વમાં પ્રવેશ કરે છે, તે જ પ્રમાણે સમાજનો ઉત્કર્ષ પણ આજ નિયમને વશ થઈને સધાય છે. હવે સમય એવો આવી ગયો છે, કે જેમાં નિરંકુશ વ્યક્તિ-વાદને તિલાંજલિ આપી, વ્યક્તિસ્વાતંત્ર્ય અને સામાજિક હિત બન્ને વચ્ચે સુમેળ કરવાનો પ્રયત્ન થવો જોઈએ.

આમ વર્ગ પાસે રાજકીય સત્તા છે. બુદ્ધિનો વિકાસ થવાથી તેઓને પોતાની શક્તિનું ભાન થયું છે. તેઓ હવે સમજવા લાગ્યા છે, કે તેઓના અજ્ઞાનને લીધે જ અમુક નાનો વર્ગ તેમનું શોષણ કરીને અક્ષમ્ય દ્રવ્યસંગ્રહ કરવાને શક્તિશાળી થયો છે. કૃપણતા, આંતરિક દ્રારિદ્રય, પામરતા, વિષયલંપટતા વગેરે પાશવવૃત્તિઓનું અસ્તિ-ત્વ શોષકવર્ગમાં વધારે પ્રમાણમાં જોવામાં આવે છે, તેથી આમજનતા હવે તેમના તરફ તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે. આજે અખિલ માનવસમાજ પોતાના પ્રાણની અને ચિત્તની તૃપ્તિ માગી રહ્યો છે. આખા સમાજને ધન જોઈએ છે, એશારામની વસ્તુઓ જોઈએ છે. પ્રત્યેક વ્યક્તિ રાજ્યમાં સમાનતા અને ગૌરવભર્યું સ્થાન માગે છે, આંતરરાષ્ટ્રીય વિષયોમાં પોતાનો અવાજ સંભળાય એવી અભિલાષા સેવે છે. પહેલાનાં વખતમાં ... કામ અમુક વર્ગના લોકો જ કરતા અને અન્ય વર્ગો તેમની આજ્ઞાનું પાલન કરતા. હવે વસ્તુસ્થિતિ બદલાઈ ગઈ છે.

ફ્રાન્સમાં ક્રાન્તિ થઈ તેને પરિણામે સમાનતા, સ્વતંત્રતા અને ભ્રાતૃભાવના આદર્શો જગતમાં પ્રસર્યા, અને લોકશાહી અને સમાજવાદના પાયાએ નંખાયા. રશિ-યામાં સમાનતાના આશયને મૂર્ત સ્વરૂપ આપવા માટે મહાન વિપ્લવનો આશ્રય લેવે પડ્યો, પણ તેમ કરવામાં સ્વતંત્રતાને કચડી નાખવી પડી છે. અન્ય દેશોમાં સ્વાતંત્ર્યને ચુસ્તપણે વળગી રહેવાથી સમાનતાને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું નથી. આ બન્ને વચ્ચે એકરાગતા સ્થાપવા માટે ભ્રાતૃભાવની પણ આવશ્યકતા છે. વિજ્ઞાને બહારની એકતા સ્થાપી છે. વિશ્વપ્રેમની ભાવનાનો વિકાસ કરવા માટે આંતરિક ઐક્યની પણ એટલી જ જરૂર છે.

ભૂત કરતાં પણ ભાવિ વધારે ઉજ્જ્વળ થવાનું છે. વિકાસક્રમનો આ અચળ નિયમ છે. સંસારચક્ર દૃઢતાથી, નિષ્ઠુરતાથી, પોતાના નિયત માર્ગમાં આગળ ધપતું જાય છે. જે જે વસ્તુઓ નિરર્થક બનતી જાય છે તેમનો પરિત્યાગ કરતું જાય છે. સર્વ અવરોધ કરતાં વિઘ્નોને નિર્દય રીતે કચડી નાખે છે. આ વિઘ્નોને સામનો કરનારાઓ મહાશક્તિનો જ વિરોધ કરી રહ્યા છે, અને તેમનો પરાજય અચૂક થવાનો છે. વિજ્ઞાન, સાહિત્ય અને કળાના વિકાસથી પ્રાચીન જીવન-વ્યવસ્થાના પાયા હચમચી ગયા છે. અસંસ્કારી ધનાઢ્યો અને ગર્વિત સત્તાધીશોને અમીરોની પંક્તિમાં મૂકવાનો સમાજ ઈન્કાર કરે છે. સાચા ચારિત્ર્ય અને શીલસંપન્ન મનુષ્યોને જ ખરા અમીરો કહી શકાય એ માન્યતા હવે સ્થિર થવા માંડી છે. આવા સંજોગોમાં શોષકવર્ગે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના હિત તરફ દૃષ્ટિપાત કરી, સમયાનુસાર આચાર-વિચારમાં યોગ્ય પરિવર્તન કરવાની તત્પરતા બતાવવી જોઈએ. સમસ્ત દુનિયાના વિચારનાં આંદોલનો આર્થિક સંવાદ સ્થાપવા તરફ જ ગતિ કરી રહ્યાં છે. તેનો પ્રતિકાર કરવાનો પ્રયત્ન કરવો એ લોકસત્તા અને પ્રતિષ્ઠા વિનાના નાના વર્ગ માટે હિતાવહ નથી.

મનુષ્યનો ઘાટ પ્રભુના ઘાટ પ્રમાણે જ ઘડેલો છે. જે બ્રહ્માંડમાં છે તે પિંડમાં પણ છે. મનુષ્યમાં સ્વસ્વરૂપના અજ્ઞાનને લીધે અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત ક્રિયાશક્તિ પરિમિત થઈ જાય છે. તેનું જીવન વિસંવાદી, વિકૃત અને શોક-મોહને આધીન થઈ જાય છે. મનુષ્યમાં બુદ્ધિતત્ત્વનો વિકાસ થયો છે. તેનો સ્વભાવ જ એવો છે, કે એકત્વ અને પૂર્ણતાનો અનુભવ કર્યા વિના તેને જંપ વળતો નથી. પ્રભુની માફક મનુષ્ય પણ અનેક તત્ત્વોથી સભર છે. તેનામાં જ્ઞાન, ક્રિયા અને ભાવના છે. આમાંથી કેવળ એકાદ તત્ત્વનું અનુસરણ કરવામાં આવે અને બીજાઓની ઉપેક્ષા કરવામાં આવે તો જીવનમાં એકદેશીયતા આવી જાય છે અને સંગ્રામમાં પૂરેપૂરો ભાગ લેવાની શક્તિ રહેતી નથી, છતાં આપણે આવી ભૂલો હમેશ કરતા આવ્યા છીએ.

ભાવનાપ્રધાન મનુષ્યો શક્તિને અસુરનું સંતાન ગણે છે. તેનો ઉપયોગ કોઈ પણ કાળે ન કરવો એવો આગ્રહ સેવે છે. પ્રેમ કરતાં દિવ્ય બીજું કાંઈ નથી એ ખરું, પણ એકલા પ્રેમની જ આરાધના કરવાથી જગતના પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે તેમ નથી. રાજ્યનું અસ્તિત્વ બળ ઉપર રહેલું છે. તેના ભયથી જ સમાજ ટકી રહે છે. રાજ્ય-વ્યવસ્થા ન હોય ને કેવળ પ્રેમના બંધનથી જ સમાજના વર્ગોને બાંધી રાખવાનો પ્રયત્ન કરવામાં આવે તો પરિણામ કેવું આવે તેની કલ્પના સહજ થઈ શકે તેમ છે. કેવળ જ્ઞાન હૃદયને નિસ્તેજ અને કઠોર બનાવી દે છે, અને શક્તિની અવગણના કરવાથી નિર્બળ બની રહે છે, તર્કવિતર્કમાં જ રમણ કર્યા કરે છે. કેવળ શક્તિશાળી મનુષ્યો પોતાના પરાક્રમથી બાહ્ય સ્થિતિમાં સમૂળ ફેરફાર કરી શકે છે ખરા, પણ આથી સમાજનું માનસ બદલાતું નથી.

પરમાત્મામાં માધુર્ય અને ઐશ્વર્ય બંને છે અને ઉભયનો ઉપયોગ જગતના કલ્યાણ માટે કરવામાં આવે છે. જ્યાંસુધી પરમાત્માના સ્વરૂપનું દર્શન થયું ન હોય તથા એના સંકલ્પનું પ્રત્યક્ષ જ્ઞાન થયું ન હોય ત્યાંસુધી સમગ્ર વિશ્વમાં ચાલતી ક્રિયાઓનું નિરાસક્ત બુદ્ધિથી અન્વેષણ કરી, લોકેશ્વરનો મુખ્ય હેતુ સમજી, તેની અનેકવિધ કાર્યપદ્ધતિઓનો અભ્યાસ કરી તે પ્રમાણે વર્તન કરવાનો પ્રયત્ન કરવો એ જ સત્યનિષ્ઠા છે. અનુભૂતિ થયા પછી વ્યક્તિનો અને પરમાત્માનો સંકલ્પ એક થવાથી બુદ્ધિના ઉપયોગનો પ્રશ્ન રહેતો નથી. બુદ્ધિનું સ્થાન પ્રજ્ઞા લે છે, અહંકાર ગળી જાય છે, અને પરમાત્માના જ કરણ તરીકે મન અને શરીર કાર્ય કરે છે. વ્યક્તિના જીવનમાં આવું એકીકરણ જ ઉત્તમ છે એવી માન્યતા સર્વ અગ્રગણ્ય ચિંતકોમાં પ્રબળ થતી જાય છે.

રાજનૈતિક દૃષ્ટિએ આ યુગ લોકશાસન તથા આંતરરાષ્ટ્રીયતાનો છે, સાંસ્કૃતિક દૃષ્ટિબિંદુથી જોતાં વિશ્વધર્મનો છે.

આપણું શિક્ષણ વર્તમાન સમયમાં એકદેશીય રહેલું છે. પશ્ચિમની વિચારશ્રેણીઓ જે આપણી પરાધીન દશામાં આપણા ઉપર લાદવામાં આવી હતી, તેમાંથી હજી આપણે મુક્તિ મેળવી શક્યા નથી. જે ગણ્યાગાંઠ્યા પ્રૌઢ વિચારકો પૂર્વ અને પશ્ચિમનો સુમેળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા મથી રહ્યા છે, તેઓનાં લખાણોની અસર જનસમાજ તથા જેમના હાથમાં રાજકીય સત્તા છે તેમના ઉપર હજી સુધી થઈ નથી. પશ્ચિમના વિચારોમાં રંગાયેલો આપણો વર્ગ એમ માને છે, કે હિંદની આધ્યાત્મિકતા તથા તેના વિશિષ્ટ જીવનદર્શનનો હાલના જમાનામાં ઉપયોગ રહ્યો નથી. આનો મોહ તો કેવળ ભૂતકાળમાં રમણ કરનારા શ્રદ્ધાળુ જનો માટે જ છે. આ માન્યતા ભૂલભરેલી છે એ તો હવે પશ્ચિમના પ્રગલ્ભ ચિંતકોને પણ જણાવા માંડ્યું છે. તેઓને ખાતરી થઈ છે, કે જનસમાજમાં બાહ્ય જીવનના વિકાસની સાથે મન અને ચેતનાનો ઉત્કર્ષ ન થવાથી જ આજની પરિસ્થિતિ માણસને કલ્યાણ તરફ લઈ જવાને બદલે વિનાશ તરફ ઘસડી રહી છે. આપણા યુગની મોટામાં મોટી ઊણપ આંતરનિરીક્ષણના અભાવની છે. નજદીકના ભાવિમાં એવા સાંસ્કૃતિક સંયોજનની જરૂર છે, કે જેમાં હાલના જમાનાની ભૌતિક સિદ્ધિઓને તથા માનસિક વૈભવને યોગ્ય સ્થાન આપીને જીવનનું સમ્યક્‌દર્શન મળી રહે—વ્યષ્ટિ અને સમષ્ટિની એકતાની ભાવના દૃઢ થાય.

આ અભેદનું સ્થાપન કેવળ માનસિક વિચારો અથવા નૈતિક આદર્શો દ્વારા થઈ શકે નહિ. તેને માટે વિશ્વધર્મના પ્રચારની આવશ્યકતા છે. ધર્મના ગૌણ અંગનો ત્યાગ કરી, તેના સનાતન અંશોનો અભ્યાસ કરીએ છીએ ત્યારે ધર્મધર્મ વચ્ચેના ભેદો અદૃશ્ય થઈ જાય છે અને મુખ્ય સિદ્ધાંતોમાં સામ્ય જણાય છે.

પ્રત્યેક ધર્મના બે વિભાગો હોય છે: ચળ અને અચળ—ક્રિયાકાંડ અને જ્ઞાનકાંડ. જ્ઞાનવિભાગમાં મનુષ્યનું વાસ્તવિક સ્વરૂપ શું છે, તેના જીવનનું અંતિમ લક્ષ્ય શું છે, વિશ્વકર્તા અને તેની વચ્ચે શો સંબંધ છે, ધ્યેયસિદ્ધિ માટે કયાં સાધનોની, કયા ગુણોની જરૂરિયાત છે વગેરે પ્રશ્નોનું વિવરણ કરવામાં આવે છે. કર્મકાંડમાં આચાર, ભિન્નભિન્ન પ્રતીકો અને પ્રતિમાઓની પૂજા-વિધિ, ઉત્સવો ઊજવવાની પદ્ધતિ વગેરેનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. ક્રિયાકાંડ ધર્મનું પરિવર્તનશીલ અંગ છે. તેમાં સમયાનુસાર ફેરફાર થતો રહે છે. ધર્મના બહારના સ્વરૂપમાં એકતા સ્થાપી શકાય કે નહિ, તેની જરૂર નથી. આ અંગ નશ્વર હોવાથી તેમાં પ્રત્યેક વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા આપવી જોઈએ. આ ગાણ ક્ષેત્રમાં વૈવિધ્ય એ ધર્મની નબળાઈ નથી, પણ તેની સંવૃદ્ધિનું ચિહ્ન છે. ધર્મબુદ્ધિ તીવ્ર હોવાથી જ સંપ્રદાયો અને પંથોમાં વધારો થયા કરે છે; વાસ્તવિક જિજ્ઞાસા હોવાથી લોકો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી, સાધનોમાં વિવિધતા દ્વારા તેનો આવિષ્કાર કરે છે. સંપ્રદાયો અને પંથોનું અનેકત્વ ત્યાજ્ય નથી, પણ સાંપ્રદાયિકતા હોવી જોઈએ નહિ, આત્મવિકાસમાં તે અંતરાયરૂપે છે. જેટલા મનુષ્યો એટલા પંથો હોય ત્યારે ધર્મનો વિકાસ સંપૂર્ણ થયો છે તેમ કહી શકાય. અભેદના શાશ્વત પાયા ઉપર ભિન્નત્વનું અસ્તિત્વ આવકારપાત્ર છે.

એકત્વમાં અનેકત્વ, અભેદમાં ભેદ એ જ સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ છે. જેમ એક ધર્મના અનુયાયીઓમાં બાહ્ય ક્ષેત્રમાં વિધવિધતા હોવા છતાં પણ પોતાના ધર્મ પ્રત્યે વફાદારી રહી શકે છે, હિંદુઓ શૈવ, શાક્ત, વૈષ્ણવ, સંપ્રદાયના હોય છતાં પણ પોતે હિંદુ છે એમ કહી શકે છે, ને તેને માટે ગૌરવ પણ લઈ શકે છે, તે જ પ્રમાણે દૃષ્ટિને જરા વિશાળ કરવામાં આવે અને આમજનતા આગળ સર્વ ધર્મોના સામાન્ય સિદ્ધાંતો મૂકવામાં આવે તો માનવસમાજમાં જુદાજુદા ધર્મો એક જ વિશ્વધર્મની શાખાઓ છે, વાસ્તવિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ એક જ છે, એ ભાવના સ્થિર કરી શક્ય છે અને આ શાશ્વત સત્તાનો આધાર થઈ ભ્રાતૃભાવની સ્થાપના થઈ શકે.

હાલના સમયમાં દુનિયામાં છ-સાત મુખ્ય ધર્મોની હયાતી છે. સેમેટિક પ્રજાઓએ ત્રણ ધર્મોને જન્મ આપ્યો છે: યહૂદી, ખ્રિસ્તી અને મુસ્લિમ. હિંદુ, બૌદ્ધ, જૈન તથા જરથોસ્તી ધર્મોનું અસ્તિત્વ આર્ય પ્રજાઓને આભારી છે. આ ઉપરાંત કન્ફ્યુશિયસ અને લાઓત્સના સંપ્રદાયો ચીનમાં ચાલે છે. કન્ફ્યુશિયસ ભગવાન બુદ્ધના સમકાલીન હતા. તેઓ વાસ્તવવાદી હતા. નૈતિક જીવન ગાળી માનવમાનવ વચ્ચે પ્રેમભાવનાનો વિકાસ કરી, સ્વાર્થવૃત્તિનો સમૂળગો પરિત્યાગ કરી આ ભૂમિને જ નંદનવનમાં ફેરવી નાખવાની તેઓ તરફેણમાં હતા. તેમણે ચીનની પ્રજા માટે એક સ્મૃતિ તૈયાર કરીને આચારના નિયમો નક્કી કર્યા છે. હજી પણ ચીનમાં તેમના ઉપદેશની અસર રહી છે અને તેમને માટે આદરભાવ છે.

લાઓત્સ પણ કન્ફ્યુશિયસના સમકાલીન હતા. તેમણે સ્થાપેલો સંપ્રદાય તાઓના નામથી ઓળખાય છે. તેમનું તત્ત્વજ્ઞાન શાંકરવેદાંતને મળતું છે. તાઓ એટલે બ્રહ્મ, તે નિત્ય છે, એક છે, અનાદિ અને અનંત છે. શંકરાચાર્યને મળતો માયાવાદ પણ તેમાં છે.

સર્વ ધર્મો વચ્ચે જે સામ્ય છે તેનું જ્ઞાન આપણે મેળવવું હોય તો તુલનાત્મક અભ્યાસની ખાસ જરૂરિયાત છે. જે વાત ભાષા અને ઇતિહાસને લાગુ પડે છે તે જ ધર્મને પણ લાગુ પડે છે. ભિન્નભિન્ન ધર્મો વચ્ચે જે અનુદારતા અત્યારે માલૂમ પડે છે તેનું કારણ આવા વિશાળ અભ્યાસનો અભાવ છે. આવા અવલોકનથી જણાય છે, કે મનુષ્યના સ્વભાવમાં એકતા છે તેમ વિભિન્નતા પણ છે. માનવકુળની એક જ શાખામાંથી ઊતરી આવેલી પ્રજાઓમાં બાહ્યાચારમાં ભેદ જોવામાં આવે છે તેનું કારણ આબોહવા, અન્ય પ્રજાઓ સાથેનો સમાગમ, વાતાવરણ, વગેરે છે. આ બહારના દેખાવની અંદર ઊંડાણમાં એકત્વનો શાશ્વત પ્રવાહ અવિરત ગતિથી ચાલી રહ્યો છે. સર્વગ્રાહી જ્ઞાનના દીપક વિના એક જ ધર્મનાં પુસ્તકો વાંચવાથી સમ્યક્ જ્ઞાન મળી શકે તેમ નથી. તદુપરાંત શાસ્ત્રોના બાહ્યાર્થને જડતાથી વળગી ન રહેતાં તેનો મર્મ સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

રૂઢિચુસ્ત શાસ્ત્રાર્થ કરનારાઓને આ પસંદ ન પડે તે સ્વાભાવિક છે. મુક્ત ચિંતકોએ આ મર્યાદાનો ત્યાગ કરી સ્વતંત્ર બુદ્ધિની કસોટી ઉપર સર્વ શાસ્ત્રોને કસવાં જોઈએ. આપણા પૂર્વજો દેશકાળાનુસાર શાસ્ત્રોના અર્થમાં ફેરફાર કરતા તથા નવાં શાસ્ત્રો પણ રચતા. દરેક શાસ્ત્રમાં બે પ્રકારનાં સત્યો હોય છે: સનાતન અને સામયિક. આ બેમાંથી શાશ્વત, ત્રિકાળાબાધિત સત્યોને જ વળગી રહેવું જોઈએ.

સર્વ ધર્મોના શાસ્ત્રોનું અનુશીલન કરવાથી જણાય છે, કે ભાષા અને વિચારો દર્શાવવાની પદ્ધતિમાં ભેદ હોવા છતાં અમુક સિદ્ધાંતો સર્વમાન્ય છે. સર્વ ધર્મો પરમાત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. આ દ્રશ્યમાન જગતના અધિષ્ઠાન તરીકે એક સ્થાયી તત્ત્વ છે, તેમાં જ આ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. આ તત્ત્વ સર્વજ્ઞ છે, સર્વ શક્તિમાન છે, સુખદુઃખનાં દ્વંદ્વોથી પર છે. આને જ જુદાંજુદાં નામો આપવામાં આવે છે: બ્રહ્મ, ઈશ્વર, પરમાત્મા, ભગવાન, અલ્લાહ, ગૉડ, નિર્વાણપદ વગેરે. આ બધાં નામો એક જ અર્થનાં સૂચક છે. બીજો સિદ્ધાંત જે સર્વ ધર્મોને માન્ય છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ છે, કે આ સત્ય, શિવ, સુંદર સ્વરૂપ પરમાત્માનો દરેક વ્યક્તિએ પોતે અનુભવ કરવો જોઈએ. આપણા વિચારોમાં ઈશ્વરી જ્ઞાનથી પ્રેરાવું, ઈશ્વરની ઇચ્છામાં આપણી ઇચ્છાને ભેળવી દેવી, આપણી લાગણીઓને ઈશ્વરી આનંદમાં એકમેક કરી દેવી, આપણા સમસ્ત ચિત્તંત્રને પરમાત્માની કક્ષાએ પહોંચાડવું એ જ માનવજીવનનું અંતિમ લક્ષ્ય છે. ઋષિઓએ, પેગંબરોએ, અર્હંતો તથા તીર્થંકરોએ પોતાના જીવનથી પુરવાર કરી આપ્યું છે, અને ઉપદેશોથી સ્પષ્ટપણે જણાવ્યું છે, કે આ સ્થિતિ મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે. તેઓ સમગ્ર માનવજાતિના અગ્રગામીઓ છે. જાતિ, દેશ, ધર્મ આદિ મર્યાદાઓ આવા મહાન આત્માઓ સ્વીકારતા નથી. સર્વનું ઐક્ય સાધી સમગ્ર જગતનો એક બંધુ-સમાજ સ્થાપવાની તેઓ તરફેણમાં છે. પરમાત્માનાં આ દર્શન માટે બુદ્ધિની પર જવાની જરૂર છે. બુદ્ધિનો ઉપયોગ અમુક હદ સુધી આવશ્યક છે, પણ તે રસ્તો બતાવવા પૂરતો જ, બુદ્ધિમાં ન ઊતરે એવું હોય તેનો એકદમ સ્વીકાર કરવાની ઉતાવળ ન કરવી એ સારું છે. આપ્તવાક્યોની બુદ્ધિની કસોટીથી જ કિંમત આંકવી જોઈએ, પણ બુદ્ધિનો નિર્ણય એ પ્રત્યક્ષ અનુભવ નથી, એ જ્ઞાન પરોક્ષ છે, અપરોક્ષ નહિ.

ઇન્દ્રિયો વડે થતા જ્ઞાનને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. એક જ પ્રત્યક્ષ જ્ઞાન અતીન્દ્રિય વસ્તુઓનું પણ હોય છે. તેમાં જ્ઞાનનો વિષય હૂબહૂ જોઈ શકાય છે. આપણે માત્ર ચર્મચક્ષુ વડે જ નહિ, પણ આત્મરૂપી ચક્ષુ વડે પણ જોઈ શકીએ છીએ. સાક્ષાત્કાર માટે શુષ્ક પાંડિત્યનું અભિમાન છોડી, બુદ્ધિને નિર્મળ અને નિઃસ્પંદ બનાવી બાળકના જેવું બનવું જોઈએ. આ અનુભૂતિ આપણને રાગદ્વેષ, સુખદુઃખ, માનસિક અને શારીરિક સર્વ પ્રકારના ક્લેશોમાંથી મુક્ત કરે છે. ચિત્ત ગમે તેટલું સાત્ત્વિક હોય, પણ જ્યાં સુધી આ અનુભૂતિ પ્રાપ્ત ન કરી હોય ત્યાં સુધી આ અનંત બ્રહ્માંડમાં મનુષ્યની કિંમત એક ક્ષુદ્ર જંતુ જેટલી જ છે; કારણકે તે પ્રકૃતિને અને એક નાનકડા સ્થૂળ દેહને આધીન છે. આવા આર્ષજ્ઞાનને હિંદુશાસ્ત્રોમાં ઘણાં નામો આપેલાં છેઃ પ્રજ્ઞા, પ્રતિભા, પરમ સિદ્ધ દર્શન વગેરે. આ પરમાત્માના સ્વરૂપ સાથેનું તાદાત્મ્ય ક્ષણિક અને વિચળ ઘટના રૂપ ન રહેતાં સ્થાયી બની રહેવું જોઈએ એ સર્વ ધર્મોમાં સાધનાનો હેતુ છે.

આ અનુભવ મેળવવા માટે વિશુદ્ધ ચિત્તની અને અભ્યાસની આવશ્યકતા પણ સર્વ ધર્મો સ્વીકારે છે. દુન્યવી સર્વ વાસનાઓનો (દ્રવ્ય, કીર્તિ, સત્તા, દેહવાસના, શાસ્ત્રવાસના વગેરેનો) પરિત્યાગ કરવો જોઈએ. સર્વ વિનાશી પદાર્થોમાંથી આસક્તિ કાઢી નાખવી જોઈએ એ સર્વમાન્ય છે. નશ્વર વસ્તુ અને અચળ તત્ત્વ બન્નેના પ્રેમનો સહવાસ શક્ય નથી. આ ઉપરાંત સંપાદન થાય એટલે સમત્વ (સર્વ પ્રસંગોમાં ચિત્તની અખંડ શાંતિ અને પ્રસન્નતા), સર્વ પ્રાણીઓ તરફ સમદૃષ્ટિ, વિશાળતા, સંયમ આપોઆપ જ આવે છે. સાથેસાથે એકાગ્રતા દ્વારા (અભ્યાસ દ્વારા), પરમાત્માનાં દર્શન માટે પણ પ્રયત્ન કરવાનો છે. આત્મસમર્પણ સંપૂર્ણ અભ્યાસથી થાય છે. ચિત્તશુદ્ધિથી જ અટકવાનું નથી એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. આધ્યાત્મિક સંસ્કૃતિની વિશિષ્ટતા આ વિચારમાં જ છે. જ્ઞાનભક્તિ અને નિષ્કામ કર્મ આ સ્થિતિ કેળવવાનાં સાધનો છે એ પણ સર્વ ધર્મોને સ્વીકાર્ય છે.

ધર્મના વિષયમાં સંઘો, સંપ્રદાયો, નિ... મતો, આચારો એ બધા કૂંડાળા જેવા છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ પાર્થિવ અથવા મર્યાદિત પ્રકારને અદ્વિતીય અને સંપૂર્ણ ન જ ગણી શકાય. દિક્કાળની મર્યાદાવાળા આ સંસારમાંથી, દિક્કાળના અવચ્છેદ વિનાના પરમાત્મા પ્રત્યે જવાના ઘણા રસ્તા ખુલ્લા છે. આ માર્ગોને આપણે ધર્મોનું નામ આપીએ છીએ. અત્યાર-સુધીમાં લખાયેલાં શાસ્ત્રોમાં જ તથા આચાર-વિચારોમાં જ અનંત જ્ઞાન સમાઈ જતું નથી. આપણે કઈ ભાષા બોલીએ છીએ, કેવાં વસ્ત્રો પહેરીએ છીએ, કયા વાદમાં માનીએ છીએ—આ બધી વસ્તુઓ ખરા ધાર્મિક જીવનમાં ગૌણ સ્થાન ધરાવે છે. મુખ્ય વસ્તુ છે આંતરિક વિકાસ દ્વારા સાક્ષાત્કાર.

પ્રચલિત ધર્મો નિરાકાર સત્યનાં ઐતિહાસિક સાકાર રૂપો છે. મૂળ સંપત્તિ અવિભાજ્ય છે. કોઈ પણ બાહ્ય રૂપ અંતિમ અને સંપૂર્ણ છે એમ કહી શકાય નહિ. પ્રત્યેકમાં સુધારાને અવકાશ છે; કારણકે દરેક ધર્મ એક સચેતન, ગતિમાન હિલચાલ છે. વિશ્વ-ધર્મની સ્થાપના કરવામાં આપણે મોટામાં મોટો ફાળો એ આપી શકીએ, કે આપણે સત્યનિષ્ઠા કેળવીએ, અને તેની સુવાસ બીજાઓમાં પ્રગટાવીએ. પ્રણાલિકાઓના પાલન કરતાં સત્યની આરાધના ઉચ્ચતર વસ્તુ છે. આમ કરવાથી ધાર્મિક જીવન એક સહકારી પ્રયાસ બની જાય છે અને સર્વ ઉપરચોટિયાં બંધનો નષ્ટ થઈ જાય છે.

મનુષ્યના સ્વભાવમાં જ ધર્મ નિત્ય સ્થિત છે. આ બાબતમાં જે સમસ્યાઓ ઊભી થાય છે તેનું કારણ મનુષ્યના હૃદયમાં ચાલી રહેલો વિરોધ છે. ભય ઉપર વિજય, પ્રકૃતિ ઉપર આધિપત્ય એનું નામ ધર્મ. આ પ્રાપ્ત કરાવનાર પરમ સત્યનું દર્શન. આપણને વિમુક્તિ આપનારો ધર્મ જોઈએ છે, કર્મકાંડના પાશમાં બાંધી રાખનારો નહિ.

હાલના સમયમાં સ્થૂળ પ્રકૃતિ ઉપર આપણે થોડાઘણો વિજય મેળવ્યો છે, પણ સૂક્ષ્મ પ્રકૃતિ ઉપરનું વર્ચસ્વ જેટલું ભૂતકાળમાં દૂર હતું તેટલું જ અત્યારે પણ છે. જયાંસુધી લોભ અને સ્વાર્થની વૃત્તિઓ જિતાઈ નથી ત્યાંસુધી બાહ્ય ક્ષેત્રનો કાબૂ આપણા આંતરિક જંગલીપણાનો આવિર્ભાવ કરવાનું સાધન થઈ પડે છે. વ્યક્તિઓ અને રાષ્ટ્રો વિનિપાત ને વિનાશ પામે છે; એનું કારણ એક છે કે આપણે અધોગામી મનોવિકારોની જાળમાં ફસાઈ ગયા છીએ. અને તેની ભીંસમાંથી છૂટવાનો પ્રયત્ન સરખો પણ કરતા નથી.

આજે એક મુખ્ય પ્રશ્નની પાછળ જગતનું ધ્યાન કેન્દ્રિત થયું છે. એ પ્રશ્ન એ છે, કે શાંતિ અને માનવતા માટે આ જગતને સુસ્થિર કેવી રીતે બનાવવું. પ્રકૃતિની બધી કૃતિઓમાં મનુષ્ય સૌથી જુદો પડે છે, તેનામાં બુદ્ધિ છે તેથી વર્તમાન સ્થિતિથી આગળ વધવાનો પ્રયત્ન તે ભાનપૂર્વક કરે છે. મનુષ્ય વનસ્પતિ કે પશુપંખી નથી. પોતાના જીવનને નવેસરથી ઘડીને ઉચ્ચતમ સાધ્યને સિદ્ધ કરવાનું કામ પરમાત્માએ તેને સોંપ્યું છે. જયાંસુધી તે આ કાર્યમાં ફત્તેહમંદ થાય નહિ ત્યાંસુધી તેને ચેન પડે તેમ નથી. તેના જીવનમાં સંક્ષોભ અને જાગ્રતતા રહ્યા જ કરવાનાં; વર્તમાન સ્થિતિ અને આદર્શ વચ્ચે ઘર્ષણ ચાલ્યા જ કરવાનું. આને જ આપણે સામાન્ય રીતે જીવન કહીએ.

સૈકાઓથી ચાલી આવેલા સંસ્કૃતિઓના પ્રવાહોથી મનુષ્યોની અંદરના ઊંડાણમાં જગતના એકીકરણની વિશાળ ભાવના ખીલવા લાગી છે. વૈજ્ઞાનિક કુશળતા વડે જગતનું ભૌતિક એકીકરણ થયું છે. તેને સ્થાયી બનાવવા માટે અચળ અને વિસ્તીર્ણ પાયાની જરૂર છે. આનું ચણતર સર્વધર્મ સમન્વય દ્વારા જ થઇ શકે તેવું છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુનાં સંભારણાં

લેખક :
શ્રી રવિશંકર મહારાજ
સંગ્રાહક : અધ્યા. બિપીન છ. ઝવેરી
એમ. એ; પી. એચ. ડી.

મહાદેવભાઈએ ગાંધીજી વિષે લખતાં આખાને યાદ કરી એક સ્થળે કહ્યું છે, 'કિરણ સૂર્યનાં કેમ જ વીણીશ?' સાચે જ એ તેજપુંજે માનવતાનાં મહામૂલાં કિરણો જ રેલાવ્યાં છે–અપાર ને અગણિત. વિશિષ્ટ ફિલસૂફીથી રસાયેલ એમની સંયમી જીવનસરિતાનું પાન કરવાનું જેમનેજેમને અહોભાગ્ય પ્રાપ્ત થયું છે તેઓ ધન્ય બની ગયા છે. પૂ. રવિશંકર મહારાજે સ્વમુખે કહેલા કેટલાક પ્રસંગો પૂ. બાપુની જન્મજયંતીમાસ ઑક્ટોબર માસમાં વિશેષ પ્રેરણા આપનારા નીવડશે.

હિંદનું ભાવિ નક્કી કરવા ગાંધીજી એકવાર ઇંગ્લેંડ ગયેલા ને ત્યાં ગોળમેજીનું નાટક ભજવાયેલું.

એકવાર ઘનઘોર ધુમ્મસ જામ્યું હતું, એવું ઘોર કે દસ હાથ પરની વસ્તુ પણ ન સૂઝે.

ગાંધીજીની મોટર પૂરપાટ જઈ રહી છે. એ જ રસ્તા ઉપર સામેથી એક મોટર એવી જ પૂરપાટ આવી રહી છે. બંને મોટરો એક બીજાની એકદમ નજીક આવી ત્યારે તેમને સામી મોટરના અસ્તિત્વનું ભાન થયું.

સામી મોટર બે ફૂટ જ દૂર હતી. મરણ નિશ્ચિત હતું. લખતાં ને વાંચતાં તો વાર લાગે છે, પણ આ બધું બે જ સેકંડમાં બની ગયું. કલ્પનામાં ય નહોતી એવી કોઈ મોટર નજર સામે ફૂટી નીકળી, ને કાળને સાથે લેતી આવી.

મહાદેવભાઈ કહે છે :

'મૂર્તિમંત કાળને જોઈ હું ધ્રૂજી ઊઠ્યો. એ જ ક્ષણે બાપુ ખડખડાટ હસી પડ્યા.'

ઈશ્વરે જાણે ડ્રાઈવરમાં કોઈ અજબ સૂઝ મૂકી, ને મોટરો જરામાં અથડાતી બચી ગઈ.

ધ્રુજારી, હાસ્ય ને બચાવ–આ બધું અડધી–પોણી સેકંડમાં બની ગયું.

ગાંધીજીએ હસતાંહસતાં મહાદેવભાઈને કહ્યું :

'ઈશ્વરને હજી આ શરીર પાસે કામ લેવું લાગે છે!'

*

ગાંધીજી હમેશાં પોતાની પાસે એક થૂંકવાનું ઓશિયા ળપિકદાની, ને એટલા જ ક… લોટી રાખતા. સવારે ઊઠીને એટલી જ લોટી પાણીમાંથી એ દાતણ ને કોગળા કરતા, આંખ ને મોં ધોતા ને નાકથી પાણી પણ પીતા.

પોતાના લખવાના ઢાળિયા પર બેઠાં જ તેઓ આ ક્રિયા કરે; પણ એ ઢાળિયું કે આજુબાજુ પડેલાં પુસ્તકો પર એક છાંટો ય ન ઊડે. હથેળીમાં પાણી લે તો એમાંનું એક ટીપું પણ નીચે ન પડે. બધું વપરાયેલું પાણી પેલી પિકદાનીમાં ભેગું થાય; ને એટલી પિકદાની એમને ચાલી રહે.

એકવાર મોહનલાલ કામેશ્વર પંડ્યા–ડુંગળીચોરે એમને કહ્યું: 'અમને તો લોટો ભરીને પાણી જોઈએ છે, ને તમને આ આટલામાં ચાલે છે? આ પાસે થઈને નદી વહી જાય છે, તમે વધારે પાણી લઈને મોં ધોતા હો તો?'

ગાંધીજીએ કહ્યું :

'આટલા પાણીમાં મારું મોં બરાબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે કે નહિ? તમને લોટો ભરીને વાપરવાને નથી જોઈતું, ઢોળવાને છે. હથેળીમાં પાણી લો છો એમાંથી ય નીચે પડી જાય છે, અને પછી મોં તો માત્ર ભીના હાથ જ ફેરવો છો! નદી કંઈ આપણા માટે જ છે? ઈશ્વરે માત્ર માનવી માટે નથી બનાવી, એ તો દુનિયા માટે છે. આપણને તો એમાંથી માત્ર પૂરતું જ લેવાનો અધિકાર. પારકી વસ્તુ માં જ અસ્તેયવ્રતનો ભંગ નથી થતો. જરૂર કરતાં વધારે લેવું એટલે અસ્તેયવ્રતનો ને જરૂર કરતાં વધારે રાખવું એટલે અપરિગ્રહવ્રતનો ભંગ.'

*

એકવાર ગાંધીજીએ દિશાએ જઈને પાછા આવતાં પંડ્યાજીને માટીનું અડધા-પોણા ઢેફું ઊંચકતા જોયા. એમણે પૂછયું:

'આટલું ઢેફું શેને માટે?'

પંડ્યાજીએ કહ્યું:

'લોટો માંજવા.'

'તેમાં આટલું મોટું ઢેફું? એ જયાં ત્યાંથી તમે એને સ્થાનભ્રષ્ટ કરો છો, જ્યાં લોટો માંજશો ત્યાં નકામો કચરાનો કરશો. ખપપૂરતી જ માટી લેવી એ, એથી વધારે નહિ.'

*

ગાંધીજી યરોડા જેલમાં હતા ત્યારની છે.

એક દિવસ ગાંધીજીએ જેલ-અધિકારીને કહ્યું:

'સગડી માટેના કોલસા વધારે છે.'

જેલરે હસીને કહ્યું:

'એમાં શું?'

ગાંધીજી બોલ્યા:

'એમ ન ચાલે.'

બીજે દિવસે પણ આમ જ બન્યું.

ગાંધીજીના વિરોધને પેલાએ ગણકાર્યો નહિ. એણે કહ્યું:

'વધારે આવે એમાં તમારું શું જાય છે? તમારે વાપરવા હોય તેટલા વાપરો ને બાકીના રહેવા દો.'

'આ પૈસા કોના જાય છે? દેશના જ ને! દેશની એક પાઈ જેટલી વસ્તુ વેડફી કેમ શકાય?'

ત્રીજે દિવસે પણ કોલસા વધારે આવ્યા. ગાંધીજીએ પેલા અધિકારીને કહ્યું:

'કાલથી તમે કોલસા બરાબર તોળીને મારા માપ જેટલા જ મોકલવાના છો કે નહિ? નહિ તો હું આ બાબત તમારા ઉપરીને લખું!'

*

૧૯૪૫માં વર્ધામાં પાયાની કેળવણીનો તાલીમ વર્ગ ખોલવામાં આવ્યો હતો. એના ગૃહપતિ હતા રવિશંકર મહારાજ.

મહારાજ કહે છે:

'હું ખૂબ કાળજીથી આ વર્ગો ચલાવતો. મારા સહકારીઓ અને મારા કાર્યથી મને ઘણીવાર સંતોષ થતો, પણ ગાંધીજીની દૃષ્ટિ એટલી તીક્ષ્ણ ને એમનું ધોરણ એટલું કડક હતું, કે અમને થતું, આપણને તો બધું બરાબર જણાય છે, પણ ગાંધીજી પાસ કરે ત્યારે ખરું.

એકવાર ડ્રીલ ચાલતી હતી. બધા વિદ્યાર્થીઓ બરાબર ડ્રીલ કરી રહ્યા હતા. એટલામાં બાપુજી એ તરફ આવ્યા. આઘેથી તે ત્યાંસુધી આવ્યા ત્યાંલગી એમનું માથું નીચું જ હતું. કોઈને પણ લાગે, કે તેઓ કંઈ વિચારમાં છે, ને કવાયત તરફ એમનું ધ્યાન નથી.

ત્યાં આવી ને તરત જ એ બોલ્યા:

'હું તમારી કવાયત નાપાસ કરું છું, તમે સરખી હારમાં નથી ઊભા રહ્યા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજને થયું :

'બધા સીધી હારમાં તો છે જ ક્યાં સીધી હારમાં નથી ?' મહારાજે ફરીવાર જોયું ને એમને ખાતરી થઈ, કે અમુક વિદ્યાર્થીઓ સહેજ વાંકા ઊભા હતા!

મહારાજ કહે છે :

'આ તાલીમકેંદ્રની એકેએક વસ્તુની તેઓ ઝીણવટભરી તપાસ કરતા. જાજરૂ જોવા આવે તો અંદર કાંઈ મેલું તો નથી રહી ગયું, કોઈ ડાઘ તો નથી રહ્યો, માખી તો નથી બમણુતી–એ બધું વાંકા વળી, ચશ્માં ઠીક કરી જુએ. એમની ઘ્રાણેંદ્રિય લગભગ નકામી થઈ ગઈ હોવાથી જાજરૂમાં વાસ મારે છે કે નહિ, તે જોવા ઠેઠ નીચા વળે; આમાંથી એક પણ બાબતમાં ખામી દેખાય તો નાપાસ કરે.'

*

વર્ષો પહેલાંની વાત છે, મહારાજ હજી જૂની ઢબના બ્રાહ્મણ હતા ત્યારની.

૧૯૧૮ની સાલ છે. ગાંધીજી નડિયાદ અનાથાશ્રમમાં આવ્યા છે. બીજા સાથીને લઈ યુવાન રવિશંકર હોંશેહોંશે તેમને જોવા જાય છે.

ગાંધીજીનો ખાવાનો વખત થયો. એમને માટે દ્રાક્ષ તૈયાર હતી.

હોંશીલા રવિશંકરને થયું: 'ચાલ આ મોટા માણસનું કંઈ કામ કરીએ, પુણ્ય મળે.' એ ઝટ દોડ્યા ને ઓરડાને ખૂણે ચોકડી હતી, ત્યાં હાથેથી ઘસીને દ્રાક્ષ ધોઈ.

રવિશંકરને સ્વચ્છતાનો આગ્રહ બહુ, ને આ તો ગાંધીજી જેવા મોટા માણસને આપવાની. એમણે ફરીવાર એ ધોઈ ને પછી રકાબી સામે મૂકી.

ગાંધીજીએ પૂછ્યું: 'દ્રાક્ષ ચોખ્ખી છે?' રવિશંકરે કહ્યું, 'હોવે.'

'તમને બરાબર ખાતરી છે?'

'હાજી, મેં બેવાર ધોઈને ચોખ્ખી કરી છે.'

'તમે ચોખ્ખી કરી છે કે બગાડી છે?' રવિશંકરને આ કોયડો સમજાયો નહિ. એ તો મોં વકાસી ઊભા રહ્યા.

ગાંધીજીએ કહ્યું :

'તમે દ્રાક્ષ ધોઈ નથી, પણ પાણી સાથે તમારા હાથનો મેલ ચોપડ્યો છે. તમારા હાથ ફરી ભીના કરીને એમાંથી પાણીનાં ટીપાં પાડી એ પાણી કેટલું મેલું છે તે જુઓ.'

આ પ્રસંગનું સમાપન કરતાં મહારાજે કહ્યું :

'ગાંધીજીને ચોખ્ખાઈની બેહદ ચાનક હતી.'

*

૧૯૧૯ની વાત છે.

ગામડાંમાં રહીને ચરખાનો પ્રચાર કરવા માટે ગાંધીજીએ બા, મોહનલાલ પંડ્યા અને રવિશંકર મહારાજને દહેગામ તાલુકાના બહિયલ ગામમાં મોકલ્યાં.

ત્રણે જણ આ કાર્ય કરતાં હતાં, ત્યાં એક દિવસ ઓચિંતું જ બાએ પંડ્યાજી અને મહારાજને કહ્યું :

'ચાલો, મારે તો પહેલી જ ગાડીએ અમદાવાદ જવું છે!'

પંજાબમાં રોલેટ કાયદાના ભંગ સામે કાળો કેર વર્ત્યો. એ વાત દબાવવા માટે સરકારે પંજાબ ને દિલ્હી વચ્ચેની બધી રેલ ને તારટપાલ બંધ કર્યાં, પણ પંજાબથી એક માણસ પગે ચાલીને દિલ્હી આવ્યો. તેણે પંજાબના અત્યાચારોની દિલ થથરાવનારી કહાણી લોકો સમક્ષ જાહેર કરી.

જલિયાંવાલાની કારમી કથની સાંભળી ગાંધીજીએ વાઈસરૉયને લખ્યું :

'અત્યાચારોની વાત સાચી છે કે જૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...તપાસ કરવા અમુક તારીખે હું પંજાબ ...માગું છું, તો મને પંજાબમાં દાખલ ...ની રજા આપો.'

વાઈસરૉય તરફથી ઉત્તર ન મળ્યો એટલે ...જીએ તેમને તાર કર્યો:

'મારા પત્રનો તમારા તરફથી કાંઈ ...ત્તર નથી એટલે હું હુકમભંગ કરીને પંજાબ ...ઈ રહ્યો છું.' એક પત્ર લખી બાને આ ...ની માહિતીથી વાકેફ કરી મહાત્માજીએ ...ખ્યું:

'અમુક તારીખે હું પંજાબ જવાનો છું.'

આ પત્ર વાંચીને બાએ તાબડતોબ અમદાવાદ જવાનો નિર્ણય કર્યો ને પંડ્યાજી ...તથા મહારાજને ઉપર મુજબ કહ્યું.

બા, પંડ્યાજી અને મહારાજ અમદાવાદ આવ્યાં.

રાત્રે પ્રાર્થના પછી બાએ બાપુ પાસે ...ડ પકડી.

'મારે પણ તમારી સાથે પંજાબ આવવું છે.'

ગાંધીજીએ કહ્યું:

'તમે ત્યાં શું કરશો? તમારું કામ તો ...ગામડાંમાં છે. આપણે નિર્ણય કર્યો છે, કે ...ગામડાંમાં જઈને ત્યાંની સેવા કરવી. તમે ...એ કામ શરૂ કર્યું એ હવે તમારાથી પડતું ...કેમ મુકાય?'

'ના, હું ત્યાં નથી જવાની.'

'કેમ?'

'મારે તો તમારી સાથે આવવું છે; અને ...ત્યાં રહેવાનું મને ફાવતું યે નથી. ત્યાંનો અમારો ઉતારો બહુ અગવડભર્યો છે. બીજું બધું તો ઠીક, પણ નાહીએ કે કાંઈ ધોઈએ તેનું પાણી ઓરડામાં જ એક કૂંડામાં ભેગું થાય, ને તે આપણે જાતે કાચલી વડે ઉલેચવાનું. ઘરવાળાએ ઘરમાંથી પાણી બહાર જવાનો નળ પણ નથી રાખ્યો.'

'એ તો સારું, તમે ખપ વિના પાણી ન ઢોળો એ માટે હશે. એનાથી તો પાણીની કરકસર શિખાય. હું ધારું છું, કે ઘર કોઈ જૈનનું હોવું જોઈએ.'

પંડ્યાજી અને મહારાજ હસી પડ્યા. ઘર ખરેખર જ જૈનનું હતું!

એ વાતને બે–ત્રણ દિવસ થઈ ગયા. બા બાપુ સાથે જવાનો આગ્રહ કરતાં હતાં ને બાપુ એમને ગામડાંમાં જઈ સેવા કરવાનો આગ્રહ કરતા હતા.

બાપુનો આગ્રહ એવો તો સખત હતો કે ગાંધીજીને મળવા આવેલી શ્રીમંત બાઈઓથી ન રહેવાયું. એમણે બાપુને કહ્યું:

'બાપુ તમે તો જુલમ કરો છો?'

મહાત્માજીએ કહ્યું:

'શું હું મારું છું?'

પેલી બહેનોમાંથી એકે જણાવ્યું:

'આના કરતાં તો માર પણ સારો!'

આ શબ્દો બોલનાર વ્યક્તિ સામે જોઈ બાપુએ કહ્યું.

'ત્યારે તો તમે સોટીનો સ્વાદ ચાખ્યો છે ખરો!'

★

દ'ડનબાપુના ખોરાક વિશે જાણવા જેવું છે. કોઈવાર ઘઉં પલાળીને ખાઈ લે છે, તો કોઈવાર ...લા, તો કોઈવાર ઉપવાસ કરે છે, તો કોઈ દિવસ થોડુંક દૂધ લે. ક્યારેક રોટલી ને દાળ જમે! ...નથી લેતા ઘી કે નથી લેતા મીઠું અને ખાંડ!

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોષક દ્રવ્યો

લેખક :
મુનિશ્રી સંતબાલજી

ગયા અંકમાં 'વનસ્પતિ ઘી' નામનો લેખ છાપતી વખતે પૂ. સંતબાલજીને વિનતિ કરી હતી કે 'ચોખ્ખાં ઘી-તેલ વધુ પ્રમાણમાં કેમ મળી શકે તે અંગે કંઈક માર્ગદર્શન આપો.' આ લેખ તે વિનતિના જવાબમાં લખાયેલો છે.

હમણાંહમણાં આપણે પોષણદાયક ખોરાકનો વિચાર કરવા માંડ્યો છે, એ એક શુભ ચિહ્‌ન છે; પરંતુ એ વિચારની સાથોસાથ આપણા જીવનમાં વણાયેલાં કેટલાંક અનિષ્ટો આપણે દૂર ન કરીએ ત્યાં લગી પૌષ્ટિક ખોરાકની વાતો માત્ર વાતોમાં જ રહે છે.

વનસ્પતિ(ઘી)ના વિરોધમાં શહેરની પ્રજા પણ આટલો બધો રસ લેશે, એવી આશા મને નહોતી, પણ વનસ્પતિ આંદોલનમાં ધારવા કરતાં તેમણે ઘણો વધુ ઉત્સાહ દાખવ્યો છે. વનસ્પતિનાં કારખાનાં બંધ થાય તેની સાથોસાથ ઘી અને તેલનો પ્રશ્ન નવો ઊભો થાય છે એમ હું નથી માનતો. એ પ્રશ્ન તો વનસ્પતિએ પેદા કર્યો જ હતો. માત્ર એ પરત્વે આપણે અણજાણ અથવા આંખમિચામણાં કરતા રહ્યા છીએ. વનસ્પતિ ઘીને લીધે તેલના ભાવો મોંઘા થયા છે. અશુદ્ધ તેલનો પણ ઉપયોગ ચાલુ થયો છે અને શુદ્ધ તેલમાં પણ ભેગ તેમ જ ભાવ-ઉમેરો થયાં છે; આથી વનસ્પતિ જતાં તેલ સસ્તું થશે; અને ઘી ચોખ્ખું મળવાની શકયતા ઊભી થશે. આમાં કોઈ પણ દૃષ્ટિએ વિચારતાં નુકસાન નથી, ફાયદો જ છે. એમ છતાં આપણે ચોખ્ખા ઘી અને ચોખ્ખા તેલનો વિચાર દીર્ઘદૃષ્ટિથી નહિ કરીએ તો વનસ્પતિની તરફેણ કરનારો એક ટકો પણ નવ્વાણું ટકાને એમ મનાવવા તુરત પ્રેરશે કે 'લો લેતા જાઓ, તેલ સસ્તું થયું? અને ઘી સસ્તું થયું?' આપણે એટલા બધા અર્થ-લોલુપી થઈ ગયા છીએ કે માલની અછતને કારણે નહિ, પણ માત્ર મનની કલ્પેલી અછતને કારણે પ્રથમ તો એના ઉત્પાદકો ભાવના ઉમેરાની તરફ જ ધકેલાવાના; એટલે તેલ, ઘી અને સાથોસાથ દૂધનો દૂરદર્શી ખ્યાલ કરતો વિચાર કરવાનો સમય આજે આવી પહોંચ્યો છે.

દૂધમાંથી જ ઘી નીપજે છે; એટલે સૌથી પ્રથમ સવાલ દૂધનો આવે છે. હોટલો દ્વારા દૂધની જે વપરાશ વધી રહી છે, તે જોતાં એ રીતે બગડતું દૂધ એકદમ અટકાવવું જ રહ્યું. આપણા દેશમાં 'ચા'ની અંદર જે રીતે અને જેટલા દૂધનો બગાડ થાય છે, તેટલો બીજે ક્યાં ય નહિ થતો હોય! આપણા દેશને 'ચા'નું પીણું બિનજરૂરી છે; છતાં એ મોંઘું નીકળે કે ન જ નીકળી શકે, તોપણ એમાંથી દૂધનો છેદ ઉડાડી દેવો જોઈએ. આ રીત નવી નથી, જાપાનમાં એ આજે પણ ચાલે છે. ત્યાં દૂધવિહોણી વિશુદ્ધ 'ચા'નું પીણું મિજમાનો માટે ય પ્રચલિત છે.

હોટલમાં દૂધની આ જાતની ભરાવી અટકયા પછી દૂધની મીઠાઈઓ ઉપર પણ મર્યાદા મુકાવી જોઈએ. આને પરિણામે બાળકોને કે મોટાઓને જરૂરપૂરતું પીણું અને પછી ઘી સિવાય બીજો ખાસ ઉપયોગ દૂધનો નહિ રહે. આપણે ત્યાં દૂધ પૈસાથી નહિ વેચવાનો રિવાજ આજે પણ કોઈ કોઈ ગામડામાં ચાલુ છે, તેની પાછળ આરોગ્યદાયક અને પૌષ્ટિક ખોરાકનો આગ્રહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પણે જૂનો ખ્યાલ પડેલો છે. છાશ એ આરોગ્યની રીતે અમૃત છે. શાકભાજીની સગવડનો જ્યાં અભાવ હોય ત્યાં છાશની છાશરૂપે થયેલી બનાવટ અનેક રીતે ખોરાક-પૂર્તિમાં અનિવાર્ય થઈ પડે છે. ઘીનું પ્રમાણ વધારવાનો અને છાશમાંનાં અમૃતતત્ત્વો સહેજે પ્રાપ્ત કરવાનો આ ધોરી માર્ગ છે.

બીજી બાજુ ગોપાલન અને ગાયોના ઉછેર તરફ આજ કરતાં વધુ કાળજી લેવાવી જોઈશે. એક કાળ એવો હતો, કે મધ્યમ વર્ગની વિધવા બહેનોનાં બાળકોનો અને તેમનો પોતાનો નિર્વાહ ઘંટી અને વલોણામાં હતો. એકાદ ગાય રાખી હોય અને એક ઘંટી વસાવી હોય એટલે આજીવિકાનો પ્રશ્ન ઊકલી-જ ગયો સમજવો. આની પાછળનો શ્રમ પણ રસિક; સમાજસેવાપ્રદ, આરોગ્યપ્રદ અને બધી રીતે ઉપયોગી નીવડતો, એનાં બાળકો દૂધ ભલે થોડું પામે પણ છાશ તો પૂરેપૂરાં પામતાં જ.

તે વખતે યંત્રચક્કીઓ નહોતી અને ગાયોના ચરાણની સગવડ વિશાળ પ્રમાણમાં રહેતી, તેને કારણે અનાજની સાથોસાથ અત્યંત જરૂરી એવી જીવનપ્રદ સામગ્રી સહેજે પ્રાપ્ત થઈ જતી. ગામડાંઓમાં ઘીની નદીઓ હતી. શિવાજીના વખતમાં ઘીનો ભાવ એક આને શેરથી વધુ ન હતો. જૈનદેરાસરોની બોલીમાં આજે પણ વધુમાં વધુ પાંચ રૂપિયે મણનો ઘીની બોલીનો હિસાબ ગણાતો હોય છે, તે એનું ઉત્કટ પ્રમાણ છે.

જેમ ચોખ્ખા ઘીનો પ્રશ્ન સરળ હતો, તેમ તેલનો પ્રશ્ન પણ સરળ હતો જ. તલ સિવાય તેલ માટે બીજાં તેલીબિયાંનો ઉપયોગ ખાદ્ય વાનીઓમાં ભાગ્યે જ થતો. તલ સ્થાનિક પાકે એટલે એનું તેલ ઘણું જ સસ્તું પડે અને હાથઘાણીના વપરાશને લીધે લાખો માણસોની રોજીનો પ્રશ્ન ઊકલે, તેમ જ તાજું ચોખ્ખું તેલ મળે. ઉપરાંત એનો ખોળ ઢોરને પોષણ આપે અને ફરી પાછો એ કસનો લાભ દૂધ અને ઘીમાં મળે. કેવું સંપૂર્ણ એ અર્થશાસ્ત્ર! ગોમૂત્રનો ઉપયોગ શુદ્ધિ અને આરોગ્ય માટે થાય તો વળી ગોછાણનો ઉપયોગ ઘરના પ્લાસ્ટરથી માંડીને બળતણ સુધી થાય.

આજે સંયોગો બદલાયા છે એ ખરું અને એ કારણે છાણનો ઉપયોગ ખાતરમાં થાય એ વધુ યોગ્ય છે; પરંતુ અત્યારનું આપણું અર્થશાસ્ત્ર વસ્તુના સોંઘામોંઘા દામની તુલના કરે છે; આપણું સૌંદર્યશાસ્ત્ર અને સ્વાદશાસ્ત્ર પણ ભભકાબંધ દેખાવ અને જીભના સ્પર્શ સુધી જ પહોંચે છે, તેમાં ધરમૂળથી ફેરફાર કર્યા વગર છૂટકો નથી. દાખલા તરીકે આપણે ઘઉં અને ઘી જેવી ઉમદા ચીજો વેચીને 'ચા' ખરીદીએ છીએ; ગોળ વેચીને ખાંડ ખરીદીએ છીએ. શરીરની સાચી લાલી આપનાર પૌષ્ટિક ચીજો વેચીને પફ, પાવડર વગેરે ખરીદી લાવીએ છીએ. આંખ સામેનાં કુદરતી દશ્યો તરફ આંખ મીંચી સિનેમાનાં કૃત્રિમ ચિત્રો તરફ દોટ મૂકીને આંખનું હીર અને દોલત બન્ને ગુમાવીએ છીએ. આમ આપણે નાનીમોટી દરેક બાબતથી ચેતવું પડશે.

માત્ર ઘી અને તેલ માટે તત્કાળ શું કરવું જોઈએ, તેટલું અહીં દર્શાવી આ લેખ પૂરો કરીશ.

(૧) 'ચા'માંથી દૂધનો છેદ ઉડાડવો.

(૨) દૂધનાં સીધાં પીણાં સિવાય–દૂધમાંથી બનતી–ઘીની બનાવટ તરફ વધુ ધ્યાન આપવું. આને પરિણામે શહેરની નજીકનાં ગામડાંઓમાંથી ઘી ઉપરાંત શહેરને છાશ પણ મળતી થશે.

(૩) પોતાના ખોરાકમાં ખાવાની મીઠા-

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈઓ ઉપર સ્વેચ્છાપૂર્વક પ્રજાએ જાતે અંકુશ મૂકવો; કારણકે દૂધ કરતાં પોષણ અને પાચન બંને રીતે એ મીઠાઈઓ ઊતરતી થાય છે.

(૪) તેલીબિયાંમાં તલને પ્રોત્સાહન વધુ આપવું અને હાથઘાણીઓના પ્રચારને શહેરમાં પણ બનતો વેગ આપવો.

(૫) ગાયોનાં ગોચર, માવજત અને પૌષ્ટિક ખાણ માટે વિચાર કરવો. આજે 'વધુ અનાજ ઉગાડો'ની ઝૂંબેશમાં ખેડૂતો જમીનો વધારતા જાય છે, પણ પૂગી શકાતું નથી; એટલે સરવાળે અનાજનું ઉત્પાદન તો તેનું તે રહે છે; ઉપરાંતમાં ગોચરો ભંગાતાં જવાથી તથા ગાયો પ્રત્યેની બેદરકારી વધવાથી દૂધ અને ઘીનો પ્રશ્ન જટિલ બને છે. આના પ્રમાણ તરીકે પ્રત્યક્ષ દેખાય છે, કે આજે ઘી મોંઘું થયું છે, અને ઘટી ગયું છે.

આટલી મુખ્ય બાબતો પરત્વે સરકાર, ગ્રામવાસી અને શહેરવાસીઓ પૂરેપૂરું ધ્યાન આપે તો જ આપણે નવી પેઢીઓને તંદુરસ્ત તેમ જ ઉમદાં જીવન જીવતી નિહાળી શકીશું, અને અનિવાર્ય ઉપયોગી એવાં વિટામિન સહિતના ખોરાકોની સહેજે પૂર્તિ અનુભવી શકીશું.

☆

સાને ગુરુજીનો પ્રથમ માસિક શ્રાદ્ધદિન હતો. એમના અનુયાયીઓએ એક નવો અખતરો કર્યો. સાને ગુરુજીના મહારાષ્ટ્રમાં અત્યંત પ્રિય થઈ પડેલા ગ્રંથોને જાહેરમાં મૂક્યા. બાજુમાં એક પેટી મૂકી. કોઈ ઊભું રહેલું નહિ. પોતાની મરજીમાં આવે તે પુસ્તક લઈ જઈ, સ્વેચ્છાએ એની કિંમત પેટીમાં નાખવાની હતી.

અને શું બન્યું ખબર છે? અડધા ઉપરાંતનાં પુસ્તકો લોકો મફત ઉપાડી ગયા. ૧૦૮ રૂપિયાનાં પુસ્તકો શિલકમાંથી ઓછાં થતાં હતાં. ત્યારે રોકડ શિલક રૂા. ૬૬ નીકળી! આટલી અપ્રમાણિકતા ને તે યે મહારાષ્ટ્રભરમાં સન્માન પામેલા સાને ગુરુજીના શ્રાદ્ધને દિને અને તેય નાસિક જેવા પવિત્ર ગણાતા શહેરમાં!

કહે છે, કે અમેરિકામાં વર્તમાનપત્રો લઈ ફેરિયાઓ ફરતા નથી. ત્યાં મુખ્ય કેંદ્રને એક ખૂણે વર્તમાનપત્રોનો થોકડો અને બાજુમાં એક પેટી પડી રહે છે. સાંજે આવીને ફેરિયો પેટી ઉપાડી જાય. એક સેંટની ય ભૂલ ન આવે!

નીતિ, ધર્મ અને આધ્યાત્મિકતાનો ફાંકો રાખનારા આપણે આ પ્રસંગ ધ્યાનમાં રાખીએ.

×

એક દિવસ ટંડનબાબુને ત્યાં કેટલાક પ્રધાનો મહેમાન તરીકે આવ્યા, ત્યારે ઘરમાં માત્ર પાશેર ચોખા હતા; એથી એમણે રસોઈયાને કહ્યું:

'જેટલા હોય તેટલા રાંધ અને સહુને એકેક ચમચી પીરસજે. વળી બગીચાના ખેતરમાંથી બટાકા કાઢી લઈ તેને બાફીને સહુની સામે મૂકજે.'

રસોઈયાએ એમ કર્યું. મહેમાનોને ઉદ્દેશી ટંડનબાબુ બોલ્યા:

'આજે મારા ઘરમાં ખાવાની આટલી જ વસ્તુઓ છે.'

સહુ મહેમાનોએ ખાધું, પાણી પીધું, વાતચીત કરી ને વિમાન દ્વારા દિલ્હી ચાલ્યા ગયા.

સ્પીકર તરીકે મળતા વેતનમાંથી પોતાનું ખર્ચ બાદ કરી સર્વ રકમ દર મહિને 'પીપલ્સ સોસાયટી'ને આપી દેનાર સાધુચરિત ટંડનબાબુનું આ છે સાચું જીવન.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજર: લાંબી ને ટૂંકી

લેખક:
શ્રી જ્યોતીંદ્ર દવે

પિસ્તાલીશ વર્ષની ઉંમર વટાવ્યા પછી મારી આંખમાં કંઈક અસાધારણ ફેરફાર થયો. એ પહેલાં પણ આઘેની વસ્તુ કશી હોય તો મને થોડી તકલીફ પડતી. આજથી તેરેક વર્ષો પૂર્વે હું સરકારી નોકરીમાં દાખલ થયો ત્યારે 'પ્રેસિડંસી સરજન' પાસે જઈને શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર લઈ આવવાનું મને કહેવામાં આવ્યું. એ મુજબ હું ડોકટર પાસે ગયો. એણે મારી બધી રીતની તપાસ કરીને અને પૂછ્યું: 'તમે કેટલે દૂર સુધી જોઈ શકો છો?'

'બહુ દૂર સુધી.' મેં જવાબ દીધો.

'બહુ દૂર એટલે?' એમણે પૂછ્યું.

'લાખો ને કરોડો માઇલ સુધીની વસ્તુ હું જોઈ શકું છું,' મેં કહ્યું. મારી શારીરિક તપાસથી સંતોષ પામેલા ડોકટરને મારા મગજની સ્થિતિ વિષે શંકા ઉદ્ભવી હોય એવી રીતે એ મારી સામે જોઈ રહ્યા.

'સૂર્ય ને ચંદ્ર પણ હું નરી આંખે જોઈ શકું છું.' મેં ખુલાસો કરતાં કહ્યું.

'ઓહો! એમ?' ડોકટરે જરાક સ્મિત કરતાં કહ્યું ને પછી ઉમેર્યું: 'એ તો એના પ્રકાશને લીધે જોઈ શકો છો.'

'પ્રકાશને લીધે જ આપણે બધું જોઈ શકીએ છીએ ને? પ્રકાશ ન હોય તો પોતાના હાથની આંગળીઓ પણ ન દેખાય.' મેં કહ્યું.

પરંતુ મારા જવાબથી ડોકટરને સંતોષ ન થયો ને એમણે સામેની ભીંત પર ટાંગેલા નકશા પરના અક્ષરો વાંચવાનું કહ્યું. પહેલી અમુક પંક્તિના અક્ષરો હું વાંચી શકયો. તે પછીના ઝીણા અક્ષરો કોઈક સ્પષ્ટ વંચાય એવા તો કોઈક અસ્પષ્ટ ડાઘા જેવા હું બરાબર ન વાંચી શકયો.

'જોયું? લાખો ને કરોડો માઈલ સુધી જોઈ શકનારી તમારી દૃષ્ટિ આટલું આઘેનું પણ વાંચી શકતી નથી. તમારે દૂરનું જોવા માટે ચશ્માં વસાવવાં પડશે.' ડોકટરે કહ્યું.

લાખો ને કરોડો માઈલ સુધીની વસ્તુ હું જોઈ શકું છું એવા સાત્ત્વિક અભિમાનને મેં ગજવામાં મૂકી ડોકટરની સલાહ મુજબ ચશ્માં વસાવ્યાં; કારણકે નોકરીને અંગે જરૂર હતી ડોકટરના પ્રમાણપત્રની, મારા અભિમાનની નહિ. એ ચશ્માંની મદદથી દૂરની વસ્તુ નિહાળતાં મને જે થોડીક તકલીફ પડતી તે દૂર થઈ.

પરંતુ થોડા વખત પછી નવા જ પ્રકારની તકલીફ ઊભી થઈ. દૂરની વસ્તુ ચશ્માંની મદદ વડે જોવામાં વાંધો નહોતો આવતો; પરંતુ કંઈક વાંચવું હોય ત્યારે મુશ્કેલી ઊભી થતી. દૂરની વસ્તુનું દર્શન કરાવવામાં મદદગાર થતાં ચશ્માં પાસેની વસ્તુનું દર્શન કરવું હોય અથવા કંઈક વાંચવું હોય ત્યારે તદ્દન નકામાં થઈ પડતાં—નકામાં થઈ પડતાં એટલું જ નહિ, પણ નડતરરૂપ નીવડતાં. કેટલાક શોકના સમાચારવાળા પત્રો પર લખવામાં આવે છે કે 'લૂગડાં ઉતારીને વાંચજો' તેમ મારે માટે કુદરત જાણે સંદેશો મોકલતી હોય કે 'ચશ્માં ઉતારીને વાંચજો,' તેમ મારે જયારે કંઈ પણ વાંચવાનો પ્રસંગ આવતો, ત્યારે ચશ્માં ઉતારીને જ વાંચવું પડતું. થોડો વખત આમ નભ્યું. પણ પછી તો સ્થિતિ એવી થઈ કે ચશ્માં સાથે યે ન વંચાય ને ચશ્માં વગર પણ ન વંચાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તક એકાદ ફૂટ જેટલું આંખથી દૂર રાખું તો જ થોડુંઘણું વાંચી શકાય. પુસ્તક પાસે લાવતાં અક્ષરો ઝીણા થઈ જઇને પાનાં પરથી નાચતાનાચતા અલોપ થઈ જતા. થોડા અક્ષરો દેખાય, થોડા ન દેખાય અને જે દેખાય તે પણ જાણે બારણાંમાં ઊભો રહીને રજા લેતો માણસ 'હું જાઉં છું ત્યારે' એમ કહેતો હોય તેમ, પાનાં પરથી ઊભા થઈને થોડીવારમાં હવામાં અદૃશ્ય થઈ જતા.

આંખના નિષ્ણાતને મેં આંખ બતાવી. 'તમારે 'ટૂંકી નજર' ને 'લાંબી નજર' એ બંને માટેનાં ચશ્માંની જરૂર છે,' એમ આંખ તપાસી એણે નિર્ણય આપ્યો.

'હું કંઈ સમજ્યો નહિ,' મેં કહ્યું.

'એમાં સમજવાની કંઈ જરૂર નથી. લાંબે જોવા માટે તમારે 'માઈનસ' ને પાસેનું જોવા-વાંચવા માટે 'પ્લસ' નંબરનાં ચશ્માં જોઈશે. એ માટે તમે 'બાઈ-ફોકલ' ચશ્માં વસાવશો એટલે તમારી બધી તકલીફ દૂર થઈ જશે.' એમણે કહ્યું.

'બાઈ-ફોકલ ચશ્માં એટલે શું?' મેં પૂછ્યું.

'તમારે દૂર જોવા માટે ને પાસેનું વાંચવા માટે એમ બે જાતનાં ચશ્માંની જરૂર છે. આઘેનું જોવું હોય તો એ માટેનાં ચશ્માં પહેરવાનાં ને વાંચવું હોય તો એ ચશ્માં કાઢી વાંચવા માટેનાં ચશ્માં પહેરવાનાં. પણ આ બધી પંચાતમાંથી બચી શકાય ને ચશ્માંની બે જુદીજુદી જોડ વસાવવી ન પડે તે માટે બાઈ-ફોકલ ચશ્માં એવી રીતનાં આવે છે કે એ એક જ જોડથી એ બંને કામ થઈ શકે. એક જ 'ફ્રેમમાં' જુદાજુદા નંબરના કાચ એમાં આવે છે. કાચના ઉપરના ભાગમાંથી દૂરનું જોઈ શકાય ને નીચેના ભાગમાંથી વાંચી શકાય,' ડૉક્ટરે ખુલાસો કરતાં જણાવ્યું. અને દૂરની વસ્તુ જોવી હોય તો એ પાસે આવે તો જ એનાં દર્શન કરી શકે અને પાસે લઈને પુસ્તક વાંચવું હોય તો એને આઘે રાખ્યા પછી જ વાંચી શકે એવી મારી આંખની અદ્ભુત અશક્તિ પર ખુશ થઈને મેં 'બાઈ-ફોકલ' ચશ્માં વસાવ્યાં.

આ ચશ્માં પહેરવાને પરિણામે, લગ્ન કર્યા પછી બને છે તેમ, શરૂઆતમાં પહેલાંની કેટલીક નજીવી ને સહેલાઈથી સહન કરી શકાય એવી તકલીફો દૂર થઈ, પણ પહેલાં નહોતી એવી બહુ જ ભારે ને અગવડ પડે તેવી નવી તકલીફો પેદા થઈ. આઘેનું જોવું હોય ત્યારે આંખ જરા ઊંચી રાખી ચશ્માંમાંથી નજર કરવાની, ને વાંચવાનું કે કંઈ બારીકાઈથી તપાસવાનું હોય ત્યારે નજર નીચી કરી જોવાનું એવો નિયમ આ જાતનાં ચશ્માં પહેરનારે પાળવાનો હોય છે. પણ આપણા મગજ જેવી આપણી આંખ પણ અવળચંડી જ હોય છે ને! ન જોવાનું એ જોયા વિના રહેતી નથી અને જોવા જેવું હોય છે તેના તરફ ધ્યાન આપવાની એને ઇચ્છા થતી નથી. જેને જેવી રીતે જોવું જોઈએ તેને તેવી રીતે એ જોતી નથી. જેના સામું મુદ્દલ પણ જોવાની જરૂર ન હોય ને જેને જોતી વેળા ખાસ ભાવ દર્શાવવાનું તો સહેજ પણ કારણ ન હોય તેના પ્રત્યે એ વારંવાર ખેંચાયા જ કરે છે. જે જોતી વેળા કોઈક અકથ્ય ભાવ એવો દર્શાવે છે કે તેને લીધે કેટલીક વાર એ આંખનો માલિક જોખમભરી સ્થિતિમાં આવી જાય છે. જ્યારે આંખને ખુલ્લી રહેવાની જરૂર હોય છે ત્યારે તે મિચાઈ જાય છે અને જ્યારે મિચાઈને પોતાની સાથે શરીરના બીજા સર્વ અવયવોને આરામ આપવાની જરૂર હોય છે, ત્યારે એને બસ ખુલ્લી રહેવાની જ વૃતિ થઈ આવે છે. આ પ્રકારની કંઈક અવળચંડાપણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિથી પ્રેરાઈને મારી આંખે પણ આ નવી જાતનાં ચશ્માંનું આક્રમણ થયા પછી, આઘેનું જોવાનું હોય ત્યારે નવવિવાહિત શરમાળ મુગ્ધાની પેઠે પોપચાં નમાવી નીચી નજર કરવાનું, ને પાસેનું જોવાનું કે વાંચવાનું હોય ત્યારે વેગમાં ધસી આવતી મોટર સામે ધ્યાન આપવાને બદલે ઝરૂખામાં ઊભેલી તરુણી તરફ ડોક ઊંચી કરીને જોનારા ભાન-ભૂલ્યા પ્રગલ્ભ રસિક પુરુષની પેઠે, ઊંચી નજર કરીને અવલોકવાનું શરૂ કર્યું.

આને લીધે પહેલાં નહોતી પડતી એવી અનેક નાના-મોટી અગવડો મને પડવા માંડી. એ બધામાં મોટામાં મોટી મુશ્કેલી દાદર ચડતાં-ઊતરતાં પડવા માંડી. મુંબઈમાં રહેનાર માટે દાદરો ચડવો–ઊતરવો એ શ્વાસ લેવા ને કાઢવા જેવી જ સ્વાભાવિક ને અનિવાર્ય ક્રિયા બની ગઈ છે. એ સિવાય મુંબઈનું જીવન અશક્ય બની જાય. દાદર ચડતી વેળા તો બહુ મુશ્કેલી પડતી નહિ, પણ ઊતરતી વેળા નીચી આંખે નજર કરવી પડતી અને તે વેળા દાદરનાં બધાં પગથિયાં પહોળાં થઈને સપાટ જમીન જેવાં બની જતાં. આને લીધે નશો કરેલા માણસની પેઠે હું પગથિયું ચૂકી જતો; અને સંસારના અન્ય વિષયોમાં બને છે તેમ દાદરનાં પગથિયાંની બાબતમાં પણ જે એક પગથિયું ચૂકે તે બીજાં પણ ચૂકી જાય ને ઠેઠ હેઠે ગબડી પડે એમ ઘણી વાર બને છે. હું એકાદ પગથિયું ચૂકી જતો, લથડિયાં ખાતો ને કોઈકવાર આખા દાદર પરથી ગબડી પડતો. આ દૃશ્ય જોઈને કદાચ કોઈને એમ લાગ્યું હોય, કે 'હવે દારૂબંધી આવી ગયા પછી શું જોઈને આ માણસે પીરું હશે?' તોપણ નવાઈ નહિ!

ફરીથી હું આંખના નિષ્ણાત પાસે ગયો. મેં એમને કહ્યું: 'ડૉક્ટર સાહેબ, આ ચશ્માંએ તો મને ભારે તકલીફમાં મૂકી દીધો છે.' મારી મુશ્કેલીનું વર્ણન સાંભળી ગંભીર ને ચિંતાતુર ચહેરો કરી આશ્વાસનના બે શબ્દો કહેવાને બદલે એ હસી પડ્યા. 'શરૂઆતમાં બધાને જ એમ થાય છે. ટેવાઈ જશો એટલે કંઈ નહિ લાગે.' એમ કહીને એમણે મને વિદાય કર્યો.

એમને ત્યાંથી પાછા ફરતાં મને વિચાર આવ્યો. આ તે કેવી નવાઈની વાત છે? દૂરનું તેમ જ નિકટનું બંને જોવાની શક્તિ મારી આંખમાં છે, પણ દૂરનું જોવાનું હોય ત્યારે મારી નજર ટૂંકી થઈ જાય છે અને પાસેનાનું અવલોકન કરવાનું હોય ત્યારે એ લાંબી બની જાય છે! દૂરનું જોવાનું હોય છે ત્યારે પાસેનું જોવા માટેની મારી આંખની શક્તિ કાર્ય કરવા મંડી પડે છે ને પરિણામે દૂરદર્શન માટે હું અશક્ત બની જાઉં છું, અને નિકટનું દર્શન કરવાનું હોય છે ત્યારે મારી આંખની દૂરદર્શન કરવાની શક્તિ મેદાનમાં ઊતરી પડે છે ને પરિણામે નિકટનું દર્શન કરવા હું અશકત થઈ જાઉં છું. આમ અકાળે આગળ આવતી મારી શકિત જ અશકિતનું કારણ બની જાય છે.

આ જાતની નબળાઈ એકલી માણસની આંખને જ પ્રભુએ બક્ષી નથી, પણ એનું દાન માણસના મનને પણ એણે કર્યું છે. દૂરના ભવિષ્યનો વિચાર કરવાની શક્તિ માણસમાં રહેલી છે, તેમ જ તત્કાળ ઊભી થતી સમસ્યાઓનું નિદાન કરી તેનો નિકાલ કરવાનું સામર્થ્ય પણ એનામાં છે. આમ છતાં ઘણીવાર જ્યારે દૂરના ભવિષ્યનો વિચાર કરવાની જરૂર હોય છે, ત્યારે એનાં મનશ્ચક્ષુની મર્યાદા ટૂંકી બની જાય છે અને જ્યારે બહુ નજીકના પ્રસંગ વિષે નિર્ણય કરવાનું આવે છે, ત્યારે એના મનની અવલોકનશક્તિ વધારેપડતી લાંબી થઈ જાય છે.

આંખની શક્તિ મર્યાદિત છે, પણ મનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલી બધી મર્યાદિત નથી. એ ઘણું દૂર સુધી જોઈ શકે છે ને છેક નિકટની વસ્તુનું દર્શન પણ કરી શકે છે. આમ છતાં મનની એ શક્તિનો ઉપયોગ આપણે કેટલીક વાર ઊંધી રીતે કરીને હેરાન ન થવું જોઈએ, ત્યાં વગર કારણે હેરાન થઈએ છીએ. નિકટનો જ વિચાર કરીને પગલાં ભરવાનાં હોય ત્યારે મન દૂરના ભવિષ્યનો વિચાર કરવા મંડી પડે છે ને જ્યારે દૂરના પરિણામનો ખ્યાલ રાખીને ચાલવાનું હોય છે, ત્યારે છેક નિકટની વસ્તુ પ્રત્યે જે મીટ માંડીને એ નિર્ણય બાંધે છે.

વિવાહોત્સુક પુરુષ 'પ્રભુતામાં પગલાં' માંડતી વેળા 'સાભાગ્યકાંક્ષિણી' કન્યાના તરફ-એનાં સૌંદર્ય તરફ જ-જોઈ રહે છે, પણ એ એકમાંથી જે અનેક ઉપાધિઓ ઊભી થવાનો સંભવ હોય છે તે વિષે એ કેવળ ઉદાસીન રહે છે.

મારા એક સગા જરાંજરામાં ખિજવાઈ જતા ને પત્ની સાથે ઝઘડો કરતા. એને જ નહિ પણ એનાં માબાપ ને ભાઈબહેનને પણ સારી પેઠે સરપાવ આપતા: 'તારી માના નાકમાં ઊંટ પેસે છે. તારા બાપ જેવો કડવા-બોલો માણસ આખી નાતમાં બીજો નથી. તારા ભાઈઓને પૈસા ઉડાવવા સિવાય બીજું કંઈ આવડતું નથી. તારી બહેને એના વરને કોઈ દહાડો રાંધીને જમાડ્યું નથી. હું તારી સાથે પરણ્યો જ શું કરવા?' આવી મતલબનાં વચન એમના મુખમાંથી અનાયાસે નીકળી જતાં એમનાં પત્ની માનનો આશ્રય લેતાં. બેચાર કલાક સુધી એ બિલકુલ બોલતાં નહિ ને વર્ષાકાળે અંધારાયેલા આકાશ જેવું મોં રાખીને ફર્યા કરતી. છેવટે થાકીને એમના પતિ એને રીઝવવા આવતા. એ માનીતી મનાતી નહિ. એમનું રૂસણું છોડાવવા માટે પતિદેવ કેટલીયે કાકલૂદી કરતા, આજીજી કરતા, 'ફરી આવું નહિ બોલું, ભૂલ થઈ ગઈ. શું બોલ્યો તેનું મને ભાન જ ન રહ્યું' એવાં વચનો કાઢતા ને 'શેઠ, તમારે પગે પડું. એક પૈસો આપો.' એમ કહીને દીન બનીને ગરીબ ભિખારી હાથ લંબાવીને ઊભો રહે એ રીતે દીનતા ને લાચારી ધારણ કરી પત્ની સમક્ષ ઊભા રહેતા, ત્યારે મહા મહેનતે એમનાં શ્રીમતી છણકો કરીને કંઈક બોલતાં-આવું ઘણુંખરું બનતું, પણ ઝઘડો શરૂ કરતી વેળા 'ભવિષ્યમાં મારે જ આને પગે પડતા જવું પડવાનું છે' એવો ખ્યાલ એમને આવતો નહિ!

મારી પોતાની વાત કરું તો ઘણીવાર જ્યારે મારે વર્તમાનનો વિચાર કરવાનો હોય છે, ત્યારે હું ભવિષ્યના વિચારમાં લીન થઈ જાઉં છું. મારી જાતનો વિચાર કરવાનો હોય છે, ત્યારે બીજાઓનો વિચાર કરવા મંડી પડું છું. હું વસ્ત્રપરિધાન કરું છું ત્યારે આ મારા શરીરને અનુકૂળ થઈ પડશે કે નહિ તેનો વિચાર કરવાને બદલે લોકોની નજરમાં એ કેવાં લાગશે તેનો વિચાર કરું છું. એ જ રીતે જ્યારે ભવિષ્યનો વિચાર કરવાનો હોય છે, ત્યારે હું વર્તમાનનો વિચાર કરવા મંડી પડું છું. વ્યાયામ કરવાથી લાંબે ગાળે શરીરને ફાયદો થાય છે એ વાત જાણવા છતાં કસરત કરવાની શરૂઆત કરતાં એનાથી અત્યારે કષ્ટ થાય છે ને થાક લાગે છે એટલો જ વિચાર મને આવે છે. ભોજનના વર્તમાન કાળના આનંદ આગળ ભવિષ્યમાં ઊભી થનારી ચૂંકની અચૂક વ્યથાને હું વિસરી જાઉં છું. આંખની નજીક રહેલી જીભની રસાસ્વાદની માગણી હું સાંભળું છું, પરંતુ પેટ પોતાના પર થતા અત્યાચારની ફરિયાદ કરે છે તે પ્રત્યે દુર્લક્ષ કરું છું. અત્યારે હું લેખ લખી રહ્યો છું ત્યારે મને સાંજે ભૂખ લાગશે કે નહિ ને નહિ લાગે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું કરીશ એવો વિચાર મારા મનમાં આવીને ભરાઈ ગયો છે, તે કેમે કર્યો દૂર થતો નથી. સવારે પથારીમાંથી ઊઠતી વેળા જલદી ઊઠીશ નહિ તો ઑફિસે જતાં મોડું થઈ જશે એવો લાંબા ગાળાનો વિચાર મારે કરવો જોઈતો હતો તેને બદલે અત્યારે આંખ મીંચીને પડી રહેવાની જરૂર છે એવા કેવળ તત્કાળપૂરતા વિચારે મારા મનનો કબજો લઈ લીધો હતો.

કેટલાક મનુષ્યોની નજર છેક પરલોક સુધી પહોંચે એવી હોય છે. મૃત્યુ પામ્યા પછીના જીવન તરફ એમની મીટ એવી તો મંડાયેલી રહે છે કે વર્તમાન કાળનું જીવન એમને કેવળ ઉપાધિરૂપ લાગે છે. ભવિષ્યમાં મળનારા સુખ ને ઐશ્વર્યના અવલોકનથી અંજાઈ ગયેલાં એમન મનશ્ચક્ષુને, હાડમારી ભોગવતા તે હેરાનપરેશાન થઈ રહેલા પોતાના વર્તમાન શરીરની દુર્દશાનો ખ્યાલ પણ આવતો નથી.

પોતાના કુટુંબના માણસો ભૂખે મરતા હોય, ઘરમાં માંદગી હોય છતાં કેટલાંક મનુષ્યો દેશનો ઉદ્ધાર કરવા નીકળી પડે છે. દૂરદૂરના મુલકમાં ફાટી નીકળેલા રોગચાળા માટે ફંડ ઉઘરાવવા એ કમર કસે છે. ઘરમાં બધું અસ્તવ્યસ્ત પડ્યું હોય, એમનું પોતાનું જીવન અવ્યવસ્થિત ને ઢંગધડા વગરનું બની ગયું હોય, છતાં દેશની ને જગતની સુવ્યવસ્થા કરવાનો ભાર એ પોતાને ખભે ઉપાડી લે છે.

આથી વિરુદ્ધ કેટલાક મનુષ્યોની નજર માત્ર પોતાના તરફ જ, અને તે પણ માત્ર વર્તમાન પરિસ્થિતિ પૂરતી ઢળેલી રહે છે. એમને પોતાના સિવાય બીજું કંઈ દેખાતું નથી. એમની આંખ આઘેનું તો શું પણ આજુબાજુનું પણ જોઈ શકતી નથી!

જેમ વ્યક્તિ તેમ રાષ્ટ્રો ને પ્રજાઓ પણ આવાં વિપરીત દર્શનની ભૂલ કરે છે. જે પ્રજાને પોતાની વર્તમાનકાળની આધિભૌતિક અર્થાત્ દુન્યવી પરિસ્થિતિનો ખ્યાલ કરી રાજકીય, સામાજિક ને આર્થિક દૃષ્ટિએ પોતાની ઉન્નતિ થાય તે માટે કાર્ય કરવાનું હોય છે તે પ્રજા કેવળ આધ્યાત્મિક ઉન્નતિના વિચારમાં મશગૂલ રહે છે. જેને આધિભૌતિક સંપત્તિનો વિચાર કરવાની જરૂર હોતી નથી, પણ પોતાની આધ્યાત્મિક ઉન્નતિ સાધવાની ખાસ આવશ્યકતા હોય છે તે માત્ર પાર્થિવ સંપત્તિના જ વિચારમાં તલ્લીન થઈને રહે છે.

આમ આપણાં મન ને આંખ બન્નેમાં આઘેનાનું ને પાસેનાનું દર્શન કરવાની શક્તિ છે પણ તેનો હમેશ યોગ્ય રીતે ઉપયોગ આપણે કરી શકતા નથી અને તેથી યોગ્ય 'ફોકસ'-ને અભાવે આપણું દર્શન નિષ્ફળ નીવડે છે ને આપણને અનેક વાર ઠોકરો ખાવી પડે છે.

★

ટંડનબાબુ ઈ. સ. ૧૯૧૫--૧૬ના અરસામાં નાભાના દીવાનપદે હતા. નાભાના રાજા પાસેથી વચન લીધેલું કે પોતાના ચુકાદાની આડે કદી યે રાજાએ આવવું નહિ; છતાં એકવાર રાજાએ અમુક કોઈ કેસમાં ચુકાદો પોતાની ઇચ્છાનુસાર આપવાનું જણાવ્યું. જરા ય અચકાયા વિના દીવાનપદેથી ટંડનબાબુએ રાજીનામું આપ્યું. નાભાના મહારાજાએ એમને મનાવવા પં. મદનમોહન માલવીયને વિજ્ઞપ્તિ કરી, પણ ટંડનબાબુ પોતાના નિર્ણયથી કદી ય ચલિત થયા નહિ.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિયોગનું મહાકાવ્ય

લેખક :
શ્રી દિલખુશ બ. દીવાનજી

ઑકટોબરની બીજી તારીખ તો પ્યારા બાપુની જન્મજયંતીનો દિવસ. બાપુની જીવન-પ્રતિભાનાં અનેકવિધ પાસાંઓમાં ભક્તિ અને પ્રેમનું મૂલ્ય વિશેષ હતું. નિરંતર પ્રાર્થના કરતા, વિકટ પ્રશ્નોમાં અંતરાત્માનો અવાજ સાંભળતા, જેમના જીવનમાં રામનામ, ફૂલમાંની ફોરમ માફક, ઓતપ્રોત બની ગયું હતું, અંતકાળે જેમના શ્રીમુખેથી આજન્મ રટણ કરેલ 'હે રામ!' શબ્દ જ આવિષ્કાર પામ્યો એવા બાપુને ભક્તિયોગનું મહાકાવ્ય કહેવામાં લેખકે સરળતાથી કેટલી સાચી વાત કહી દીધી છે! એક રીતે જોઈએ તો રાષ્ટ્રપિતાની જયંતીપ્રસંગે લેખકના હૃદયમાંથી સહજ રીતે સ્ફુરેલું આ સ્તવન છે.

બાપુ ગરીબોના બેલી હતા. ક્રાંતિને માર્ગે નીડર અને અડગ પગલાં માંડનાર વીર પુરુષ હતા. મુક્તિને માર્ગે રાષ્ટ્રને લઈ જનાર મહાન રાષ્ટ્રવિધાતા હતા. એમનું જ્ઞાન તો જગતના સંમિલિત થતા બધા જ્ઞાનને ટપી જઈ આગળ ને આગળ દોડતું હતું. સર્જનના તેજસ્વી તણખા એમના મનમાંથી નિરંતર ઝરતા હતા. રૂઢિઓ અને પૂર્વગ્રહોના ઘનઘોર અંધકારને એ તણખા વિદારી દેતા.

જગતને હંફાવનાર ઘણા મુત્સદ્દીઓ થઈ ગયા. બાપુ તો એ બધાની મુત્સદ્દીગીરીને ઘડીભર સ્તબ્ધ કરી દેનાર સર્વોત્કૃષ્ટ મુત્સદ્દી હતા. એમની મુત્સદ્દીગીરીમાં કૂડ, કપટ કે પ્રપંચનાં ગૂંચવતાં જાળાં ન હતાં.

એમની મુત્સદ્દીગીરીમાં સત્યનો રણકાર હતો અને પ્રેમનો પડકાર હતો.

બાપુ વિરલ કર્મયોગી હતા. એમના કર્મયોગમાં પ્રવૃત્તિઓની પરંપરાઓ પ્રગટતી, એ બધાને પહોંચી વળવા માટે એઓ અથાક પરિશ્રમ કરતા, કદી કંટાળતા નહિ. કર્મયોગી હતા છતાં એમને કર્મયોગના પરિણામની આસક્તિ ન હતી—આસક્તિની અધીરાઈ ન હતી.

કર્મયોગમાં અનાસક્તિ હતી, એટલે જ એમણે અન્યાય અને પાપની સામે કશા રાગદ્વેષ વિના સતત સંગ્રામો ખેલેલા. અન્યાય અને પાપનાં દર્શનમાત્રથી એમનું હૃદય કકળી ઊઠતું. કુસુમથી યે કોમળ એવું એમનું હૃદય હતું. એમના એ કકળાટમાં નિરાધારપણું ન હતું—લાચારી ન હતી. મૂગે મોઢે બધું સહી લેવાની નિર્વીર્યતા ન હતી.

એમના એ કકળાટે અહિંસાનો પ્રતાપી માર્ગ લીધો.

અન્યાય અને પાપ કરનારાને એમણે કદી ધુતકારી ન કાઢ્યા.

અને છતાં અન્યાય અને પાપનો સામનો કરવાની પ્રચંડ પ્રતિકારશક્તિ અહિંસામાંથી એમણે પ્રગટાવી હતી. અહિંસામાં પ્રેમધર્મ તો રહેલો જ છે. ક્ષમા, ઉદારતા અને સામ્યના કોમળ ગુણોથી એમની અહિંસા ભરેલી હતી.

અને છતાં એમણે પ્રતિકારશક્તિમાં કઠોર સાધનાની ઉગ્રતા પ્રગટાવી.

વજ્ર કરતાં યે ઘણીઘણી કઠોર એમની તપસ્યા હતી.

જાતે જ દુઃખ સહન કરવાની એમાં પરાકાષ્ટા હતી. અદ્‌ભુત નીડરતાની એમાં અવધિ હતી. તપનો ધોધ અખૂટ વહેવડાવી જાતિનાં પાપ ધોવાની પુણ્યગંગા એમણે એ કઠોર તપસ્યામાંથી પ્રગટાવી હતી.

પરંતુ આવી કઠોરતાના ભીતરમાં તો એમના હૃદયની કોમળતા કુસુમથી યે વધુ કોમળ હતી. કઠોરતા તો સ્વલક્ષી હતી. બીજાને માટે તો—જાલીમ માટે પણ એમના અંતરમાં લાગણી અને પ્રેમનાં શાંત ઝરણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરંતર વહ્યા કરતાં.

કર્મયોગીની એમની કઠોરતામાં પ્રેમની ઋજુતા કદી યે ખૂટતી નહિ.

એમનો જ્ઞાનયોગ સર્જનના તેજથી અને સત્યના મંગળ પ્રકાશથી નિરંતર ઉજ્જવળ રહેતો.

એમનો કર્મયોગ વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ કોમળ હતો.

પરંતુ બાપુને જગતે મહાત્માના સિંહાસને બેસાડેલા તે કંઈ એમના જ્ઞાનયોગને લીધે નહિ, તેમ એમના કર્મયોગને લીધે પણ નહિ.

એમનું આખું યે જીવન તો ભક્તિયોગનું મહાકાવ્ય હતું.

એ ભક્તિયોગ કેવો હતો ?

જીવનને એમણે પરમાત્માના દિવ્ય તણખા તરીકે ઓળખેલું. એ દિવ્ય તણખાના પ્રકાશથી એમને જીવન છલોછલ ભરી દેવું હતું.

આથી જ ઈશ્વરપ્રતિની ભક્તિમાં એમનું હૃદય નિરંતર તરબોળ રહેતું. એમના જીવનના રોમેરોમમાં રામનું રટણ હતું. પરમાત્માના મિલનની ઝંખના હતી.

ઈશ્વર સિવાય એમને જીવનમાં કે જગતમાં કશું યે નજરે પડતું નહિ.

એમનો ઈશ્વર મંદિરમાં, ગુફામાં કે પથ્થરની મૂર્તિમાં કદી દેખાતો નહિ.

જીવન અને જગતના ક્ષુદ્ર દેખાતા વ્યવહારોમાં નિમગ્ન રહેતાં સ્ત્રીપુરુષોનાં સુખદુઃખમાં એમનો પ્રભુ સદાયે વસતો અને ત્યાંથી એમને નિરંતર સાદ કરતો.

એમના એ ઈશ્વરને એ ઘડી પણ ભૂલી શકતા નહિ.

'મારો મિત્ર સંસારમાં એક છે અને તે ઈશ્વર છે. તે મારી પાછળ લાગ્યો છે. હું ભાગું તો યે તે મને છોડે એમ નથી.'

★

એવું એમણે દાંડીકૂચ પ્રસંગે જણાવેલું. માનવતાનાં સુખદુઃખમાં સંતાયેલા એ ઈશ્વરની શોધ માટે તો એઓ રાજકારણની ક્ષુદ્ર ગણાતી ધમાલમાં તથા એના ઘોર સંગ્રામમાં પડેલા. એમાંથી એમને પોતાનો ઈશ્વર મેળવી લેવો હતો. એમનો ભકિતયોગ મોક્ષના માર્ગે જવા માટે હતો; પરંતુ 'મોક્ષનાં' દર્શન એમને થતાં જ નહિ. 'પરમેશ્વરનાં દર્શન તો દોહ્યલાં છે. એ તો ૩૦ કોટિના હૃદયમાં બેઠા છે, તેમને જોવા હોય તો તેમના હૃદય સાથે ઓતપ્રોત થઈ જવું જોઈએ. ત્રીસ કોટિમાં એ આવી જાય છે.'

એમની પ્રભુભકિતનો પ્રવાહ આ રીતે જનતાના ક્ષુદ્ર ગણાતા જીવનને ભીજવવા સતત વહેતો રહ્યો.

સંસારની ક્ષુદ્રતાથી એઓ અલિપ્ત રહેવા નહોતા માગતા. ક્ષુદ્રતાને ધોવા માટે બાપુ ક્ષુદ્ર ગણાતાની વચમાં જઈને રહેતા અને તેમને પોતાના ભકિતરસથી તરબોળ કરી દેતા. એમની પ્રવૃત્તિઓ આથી સંસાર, સમાજ અને જીવનમાં ઓતપ્રોત થતી છતાં સંસારની માયાથી તે અલિપ્ત રહેતી; આથી જ એમનો કર્મયોગ ભકિતવત્સલ સંતપુરુષની પરમાત્માની સાથે તદાકાર થવાની એકમાત્ર તમન્નાના સામુદાયિક પ્રયોગ રૂપ હતો.

ભકિતથી નિરંતર તરબોળ રહેતો એ પ્રયોગ એમને ભીષણ અને કઠોર અનશન વ્રતોમાં ખેંચી જતો. એ જ પ્રયોગ એમને કોમીદ્વેષના જ્વાળામુખીથી ભરેલા નોઆખલીમાં, બંગાળમાં, દિલ્હીમાં લઈ ગયો.

એ જ પ્રયોગની પરંપરા આખરે ગોડસેની ગોળીથી વીંધાતા હૃદયમાંથી સ્વાભાવિક રીતે સરી પડેલા 'હે રામ'માં છેવટનો ઝબકારો મારીને પરાકાષ્ટાએ પહોંચી ગઈ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબાની વરસગાંઠ

લેખક :
શ્રી સોપાન

કાન્તિલાલના આનંદમાં આજે તેનાં માતા-પિતા, મોટાભાઈ, ભાભી અને બીજાં સૌ સગાંવહાલાં ભાગીદાર છે. લગ્ન પછી અગિયાર વરસે એને ત્યાં પારણું બંધાવાની આશા ઊભી થઈ છે. જે કોઈ જાણે છે તે કાન્તિલાલ તરફ મોં મલકાવે છે અને માનથી ઉચ્ચારે છે કે હવે તો તમારું ભાગ્ય સોળે કળાએ ખીલી ઊઠશે.

કાન્તિલાલના ભાગ્યમાં દુઃખ પામવા જેવું બીજું તો કશું નહોતું. સામાન્ય દુનિયાદારી માણસને જે જોઈએ તે બધું એને મળ્યું હતું. મોટી પેઢીમાં નોકરી કરતાંકરતાં એ ભાગીદાર બન્યો હતો અને સારા પૈસા એકઠા કર્યા હતા. ચારેક વર્ષ પહેલાં પરામાં ઘરનું મકાન પણ ચણાવી લીધું હતું. તંદુરસ્તીનું પૂછો તો તેમાં પણ કશો વાંધો નહોતો. છેલ્લાં કેટલાં ય વર્ષથી માંદગીનો અનુભવ એણે કર્યો નહોતો. લગ્નસુખમાં પણ કશી કમીના નહોતી. મૃદુલા એના નામ પ્રમાણે મૃદુ સ્વભાવની તો નહોતી, શરૂઆતમાં કુટુંબમાં થોડીક અથડામણો પણ થયેલી પણ કાન્તિલાલની જેમ ચડતી થતી ગઈ, તેમ તેનું માન વધતું ગયું અને મૃદુલાને એ સિવાય બીજું કશું જોઈતું પણ નહોતું. એટલે સંસારસુખમાં કશું વિઘ્ન આવતું નહોતું.

સંયુક્ત કુટુંબની પ્રથા વ્યક્તિના વિકાસમાં મદદરૂપ થતી હોય કે નહિ, પણ કાન્તિલાલને તો એમાં સુખનો અનુભવ થતો હતો. માતાપિતા હવે વૃદ્ધ થયાં હતાં, પિતા આંખે કંઈક ઓછું દેખતા અને એમની નહોતી; એટલે તેઓ વહેલા નિવૃત્ત થઈ ગયેલા. માતા વૃદ્ધ હોવા છતાં સશક્ત હતાં અને ઘરના કામમાં પણ મદદરૂપ બની શકતાં. મોટાભાઈ સ્વભાવે ભોળા, ઓછું ભણેલા, કાન્તિલાલ પ્રત્યે અત્યંત પ્રીતિ ધરાવતા અને પિતાની સેવામાં જિંદગીનું સાર્થક માનનારા હતા. તેઓ એક વેપારીને ત્યાં નામું લખવાની નોકરી કરતા, સવાસો જેટલો પગાર હતો. ભાભી સ્વભાવે માયાળુ હતાં. મૃદુલાનાં એ જેઠાણી હોવા છતાં પણ એવો રૂઆબ રાખતાં નહિ. પતિની ઓછી કમાણી અને આથી પ્રતિષ્ઠા પણ એમાં કારણરૂપ ખરાં.

કાન્તિલાલનાં લગ્ન થયાં ત્યારે જ મોટાભાઈને ત્યાં એક દીકરો હતો. એ પછી વસ્તાર વધતો જ ગયો હતો. આજે એ પાંચ બાળકોના પિતા હતા. છેલ્લી બેબી દોઢ વર્ષની હતી. કાન્તિલાલ અને મૃદુલા પણ એ બાળકોને પોતાનાં માની તેના ઉપર હેત વરસાવતાં હતાં. કાન્તિલાલ કે મૃદુલાને ઓછું આવે એવું બાળકો કે ભાઈભાભી કોઈનું વર્તન નહોતું. કાન્તિલાલ તેજસ્વી, બુદ્ધિશાળી, વધુ કમાતલ, પ્રતિષ્ઠાસંપન્ન અને લોકોમાં જાણીતા હતા એટલે કુટુંબમાં સૌથી નાના છતાં આગેવાન હતા. સગાંસંબંધીઓ એના અભિપ્રાયને વજન આપતા અને ભાઈભાભી પણ કાન્તિલાલને જ હમેશાં આગળ કરતાં.

એક દુઃખ આ કુટુંબમાં હતું અને એનો ઉલ્લેખ સૌ કોઈ કરતું. કાન્તિલાલના લગ્નને બે વર્ષ થયાં ત્યારથી જ તેનાં માતપિતા એક બાળકની આશા રાખતા હતા, ભાઈભાભી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પણ એ જ સંસ્કારમાં ઊછરેલાં હતાં એટલે બે, ત્રણ, ચાર, પાંચ વર્ષ વીત્યાં ત્યારે બન્ને ઊંડી ચિંતામાં પડ્યાં. કાન્તિલાલ એ વખતે આજની સ્થિતિએ નહોતા પહોંચ્યા એટલે સૌ કોઈ એને કંઈ ને કંઈ સૂચના કરી શકતા. મૃદુલાને પણ નીચી મૂડીએ ને ઉકળતાં હૃદયે બધું સાંભળવું પડતું. વૈદ્ય-ડૉક્ટરની દવાઓ લીધી ને બંનેએ શરીર પણ તપાસાવ્યાં, પણ બધું બરાબર છે એવું નિદાન થયું. બાધા-આખડી કે જંતરમંતર સામે કાન્તિલાલનો ઉગ્ર વિરોધ ન હોત તો એ ઉપાયો પણ અજમાવવામાં આવ્યા હોત... પણ એક વસ્તુ કદી બની નહોતી. કોઈએ કદી એવું સૂચન કર્યું નહોતું કે બાળક માટે કાન્તિલાલે બીજું લગ્ન કરવાની જરૂર છે!

પાંચેક વર્ષ પછી કાન્તિલાલના ભાગ્યમાં પલટો આવ્યો હોય એમ ધનોપાર્જનના માર્ગો ખુલ્લા થયા. હોદ્દો વધતાં પ્રતિષ્ઠા પણ વધી. રાજકીય ક્ષેત્રે નહિ, પણ સામાજિક અને જ્ઞાતિનાં મંડળોમાં તેની ગણના આગેવાનોમાં થવા લાગી. કાન્તિલાલ કૉલેજ સુધી જઈ આવેલા હતા અને તે પછી પણ વાચનનો શોખ જળવાયેલો હતો એટલે તદ્દન વેપારી માનસના નહોતા. સાહિત્ય, સંગીત, કલામાં ઊંડું સમજતા નહિ, પણ એ તરફ અભિરુચિ હતી. રાજકારણમાં સક્રિય ભાગ ન લે, છતાં ગાંધીમાર્ગ તરફ સહાનુભૂતિ અને આદરની લાગણી ખરી. થોડાક ધાર્મિક સંસ્કારો, ગાંધી સાહિત્યનું થોડુંક વાચન, કુટુંબની ખાનદાની અને હવે વેપાર-રોજગાર તરફનું આકર્ષણ એ બધું એક-સાથે મળતાં એમનો ચોક્કસ પ્રકારનો સ્વભાવ બંધાતો જતો હતો. બાળક ન હોવાનું છાનું દુઃખ હતું, પણ 'ઈશ્વરની ઇચ્છા' પાસે મસ્તક નમાવી સંતોષ માની લીધો હોય એવું એમનું વર્તન હતું. દુઃખ કદી પ્રગટ થતું નહિ.

મૃદુલાની છેક એવી સ્થિતિ નહોતી. પતિને કારણે એ પણ પ્રતિષ્ઠાવાન અને ઘરની આગેવાન બની હતી એટલે દુઃખનું પ્રદર્શન તો કદી થવા જ દેતી નહોતી, પણ કાન્તિલાલ પાસે કોઈવાર બે આંસુ સરી પડતાં! કાન્તિલાલ એ વખતે આશ્વાસન આપતા કે મોટાભાઈનાં બાળકો આપણાં જ છે. મૃદુલા આંસુ લૂછી નાખતી ને મોટાભાઈનાં બાળકો તરફ વધુ ધ્યાન પણ આપતી; પરંતુ હૃદયનો ઊંડો ખૂણો તો ખાલી જ રહેતો. કાન્તલાલ એ સમજતા હતા, પણ નિરૂપાય હતા.

કાન્તિલાલ જેમ આગળ વધતા ગયા તેમ બાળક ન હોવાનું દુઃખ એમના કરતાં બીજાને વધુ લાગવા માંડ્યું. સ્નેહીઓમાં વાત થતી: 'ઈશ્વરે બધું આપ્યું છે, પણ ભોગવનાર નથી આપ્યો.' કોઈ કહેતું: 'આવા ઉમદા માણસ ઉપર ભગવાન કેમ વેર રાખતો હશે?' વૃદ્ધ માતા-પિતા બોલતાં: 'મૃદુલાના ખોળામાં બાળક રમતું જોવાની ઝંખના બાકી રહી છે.' ભાઈ-ભાભી કહેતાં: 'રાજપાટ દેનારો શેર માટીનો શા સારુ લોભ કરતો હશે?' કાન્તિલાલના કાન ઉપર આવા ઉદ્‌ગારો અથડાઈ જતા, ત્યારે એ સાચું ખોટું હસતો ને જવાબ આપતો: 'મોટાભાઈનાં બાળકો અમારાં જ છે.' ભાભી તરત બોલી ઊઠતાં: 'એ તો છે જ, તમારા જ પ્રતાપે બધાં ભણે છે ને આગળ વધે છે પણ...' બાકીનું કાન્તિલાલ સાંભળતા નહિ. મૃદુલા એવે વખતે ત્યાંથી ખસી જતી.

લાગણીઓના આવા પ્રવાહો વહેતા હોય ત્યારે બાળકની આશા ઊપજતાં આનંદ થાય અને એ આશા ઠગારી નીવડે ત્યારે આઘાત થાય એ સ્વાભાવક છે. બે-ત્રણ વાર

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરાશાના પ્રસંગ આવ્યા ત્યારે કાન્તિલાલના પિતા નિસાસો નાખીને બોલ્યા હતા: 'મારા નસીબમાં કાન્તિના દીકરાને રમાડવાનું લખ્યું જ નહિ હોય!' એમની ઉંમર વધતી જતી હતી, અશક્તિ પણ હવે દેખાતી હતી, આંખની ઝાંખ એટલે સુધી પહોંચી હતી કે બીજાની મદદ વગર બહાર નીકળી શકે નહિ. કાન્તિને ત્યાં બાળક આવતાં એમના સુખનું પાત્ર છલોછલ ભરાઈ જવાનું હોય એવી એમના મનની સ્થિતિ હતી; અને આજે એ મનઃસ્થિતિનો સબળ પુરાવો મળી ગયો.

'કાન્તિને ત્યાં પારણું બંધાશે' એવા ખબર કાન્તિલાલની બાએ આપ્યા ત્યારે એ પથારીમાં સૂતા હતા. બે દિવસથી તબિયત બરાબર નહોતી. આ સમાચાર સાંભળતાં બેઠા થઈ ગયા. એમના ચહેરા ઉપર આનંદની ઝલક વ્યાપી ગઈ. કરચલીવાળું મુખ નવા તેજે પ્રકાશી ઊઠયું. થોડીકવાર તો કંઈ બોલી શક્યા નહિ, પછી કહ્યું: 'ભગવાન દયાળુ છે. કાન્તિએ કોઈ દિવસ કોઈનું બૂરું કર્યું નથી અને આપણી સેવામાં તો પાછું વાળી જોયું નથી, ભગવાન બદલો કેમ ન આપે?' થોડીવાર રહી ઉમેર્યું: 'મોટામાં સમજણ ઓછી ને ત્રેવડેય ઓછી પણ કાન્તિ એનું કેટલું માન રાખે...? મૃદુલાનો સ્વભાવ જરા આકરો પણ હવે મા થશે એટલે ફેર પડશે.... ભગવાને આપણો જન્મારો સુધારી નાખ્યો....' વળી ચૂપ રહ્યા ને કંઈક વિચારમાં પડયા. અચાનક બોલ્યા: 'દીકરો જ હોય તો કેવું સારું...પણ કંઈ નહિ, જેવી પરમાત્માની મરજી!'

કાન્તિલાલનાં બાનો આનંદ ઉદ્ગારો પૂરતો નહોતો. એમણે તો મૃદુલા અંગે બધા વિચારો કરવા માંડયા ને મોટી વહુની સાથે બેસી મૃદુલાએ શુંશું સંભાળવું ને શુંશું ખાવું તેનો કાર્યક્રમ પણ બનાવી દીધો. મનના છાને ખૂણે અંબાજીમાતાની માનતા માની ને તે દિવસથી પોતાને અતિ પ્રિય એવી સોપારી ખાવાનું બંધ કર્યું. મૃદુલા ઘરનું આ વાતાવરણ જોઈ અતિ પ્રસન્ન થઈ. બે દિવસ પછી તો મોટાભાઈનાં છોકરાંએ પણ 'ભાઈ આવશે' એમ દબાતે અવાજે બોલવા લાગ્યાં. કાન્તિલાલ અને મૃદુલા એકાંતમાં મળતાં ત્યારે આ વિષે ઘરમાં અને બહાર સગાંસંબંધીઓમાં વ્યાપેલા આનંદની વાતો કરતાં ને એ રીતે પોતાના સુખમાં ઉમેરો કરતાં.

કાન્તિલાલ આ બનાવને આકસ્મિક ગણતો નહોતો. એણે આજ સુધી કુટુંબની, ભાઈભાભીની, માતાપિતાની જે સેવા કરી હતી તેનું આ ફળ ઈશ્વરે આપ્યું એવી ભાવના એના મનમાં હતી. મૃદુલાના મન ઉપર પણ એ ભાવનાની અસર મૂકવાના એના પ્રયાસો હતા. મૃદુલાને એવું લાગતું નહોતું. પોતે જ ભાગ્યવાન છે ને એનાં પગલાં થયાં પછી ઘરમાં સુખસમૃદ્ધિ વધ્યાં છે એમ એ માનતી છતાં તેના મનમાં પણ વડીલો પ્રત્યે આદરભાવ હતો; એટલે વિરોધ કરવાને કંઈ કારણ નહોતું.

ડૉક્ટરનો નિશ્ચિત અભિપ્રાય મળ્યા પછી ઘરની 'રાણી' મૃદુલા 'મહારાણી'નું પદ પામી હતી. રસોડામાં દાખલ થવાની અને ત્યાં કામ કરવાની બા તરફથી તદ્દન મનાઈ ફરમાવવામાં આવી હતી. ડૉક્ટરની સૂચના અનુસાર વિટામિનની ટીકડીઓ ને બાની સૂચના અનુસારનાં ભોજનો મૃદુલા આરોગવા લાગી. વધુ દિવસ અને બે મહિના પછી બાએ બનાવેલો મેથીપાક લેતાં મૃદુલા ગૌરવ અનુભવતી હતી. કાન્તિલાલ પણ હવે પેઢીએથી વહેલા આવવા લાગ્યા હતા. ડૉક્ટરની સૂચના પ્રમાણે ફરવા જવાનું નિયમિત બન્યું હતું. 'સગર્ભા સ્ત્રીનો બધો સમય આનંદમાં વ્યતીત થવો જોઈએ' એ સૂત્ર સૌએ અપનાવી લીધું હતું. દિવસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ મહિનાઓ પસાર થતા ગયા તેમ મૃદુલાની સારસંભાળ ને માનપ્રતિષ્ઠા પણ વધતાં ગયાં. મૃદુલાને એમ લાગ્યું, કે સંસારસુખના સર્વોચ્ચ શિખર ઉપર હવે એ પહોંચવા આવી છે. અને પુત્ર જન્મ્યો! કાન્તિના પિતાને હર્ષાશ્રુ આવ્યાં. બા હરખથી અરધા ગાંડા જેવી બની ગઈ. ભાઈભાભીની પ્રસન્નતાનો પાર નહોતો. કાન્તિલાલનું તો પૂછવું જ શું? મહાપ્રયત્ને મનના આનંદભાવોને એ દબાવતો હતો છતાં સહેજ વાત થતાં બાબાનું વર્ણન થઈ જતું હતું! મૃદુલાને જીવનની કૃતકૃત્યતા લાગી હતી. નિકટનાં સગાંઓને તારથી ખબર આપ્યા. ઉત્સવ ઊજવ્યો. સાકરના પડા વહેંચાયા. કાન્તિલાલને ત્યાં અગિયાર વરસે બાળક અને તે પણ પુત્ર અવતર્યો, એ બનાવ કાન્તિલાલની નાનકડી દુનિયામાં અસામાન્ય ગણાયો.

...

બાબો લઈ મૃદુલા ઘેર આવી ગઈ છે. ડૉક્ટરની સૂચના અનુસાર મૃદુલા બાબાનું અને પોતાનું ધ્યાન રાખે છે. ઇસ્પિતાલના દશ દિવસ દરમિયાન એકવાર બાબાની તબિયત લથડેલી ત્યારે મૃદુલા ને કાન્તિલાલનો જીવ તાળવે ચોંટી ગયો હતો. બા અને ભાભીનું વલણ તે દિવસે મૃદુલાને ગમ્યું નહોતું. એ બન્ને ભારપૂર્વક કહી રહ્યાં હતાં, કે ચિંતા કરવા જેવું કંઈ છે જ નહિ, નાનાં બાળકને તો આમ થઈ જાય. મૃદુલાને હિંમત આપવા બા એમ પણ કહેતાં હતાં: 'બાળકો ઉછેરવા એ તો નીંભાડા પકાવવા જેવું અઘરું કામ છે. આવડત જોઈએ ને હિંમત પણ જોઈએ.' મૃદુલા ચિંતામાં હતી એટલે બાનાં ઉપદેશ-વચનોની એના મન ઉપર સારી અસર નહોતી થઈ. સદ્ભાગ્યે બાબો બીજે જ દિવસે સારો થઈ ગયો; એટલે ફરી કલ્લોલનું વાતાવરણ જામી ગયું.

મૃદુલાએ પુત્રજન્મને પાંચમે દિવસે કાન્તિલાલને, એ એકલો હતો ત્યારે, કહેલું: 'આ ક્યારે મોટો થશે...હજી તો પાંચ જ દિવસ થયા!' કાન્તિલાલે હસીને જવાબ આપેલો: 'આપણે બેય ઘરડાં થઈશું ત્યારે એ મોટો થશે...હવે જ તને ખબર પડશે કે 'બા' કહેવડાવવાની કેટલી કિંમત આપવી પડે છે...રોજ સ્વપ્નમાં આવતાં ને ઘણીવાર છાને ખૂણે રડી દેતી તો હવે લે...' મૃદુલાએ કહ્યું હતું: 'રડવું તો હવેય પડશે એમ લાગે છે. મને આ બધું કેમ ફાવશે? કેમ આવડશે?' એ પછી કાન્તિલાલે આશ્વાસન આપ્યું હતું: 'આપણે શી ચિંતા છે? એકલદોકલ હોય તેની મુશ્કેલીનો પાર નહિ. આપણને તો અનુભવી બા ને ભાભી મળ્યાં છે. તું જોજે તો ખરી, ઘેર ગયા પછી તને કંઈ ચિંતા જ નહિ રહે, બા આને મૂકશે જ નહિ ને!' છેલ્લા શબ્દો બોલતાં બાબા સામે જોઈ કાન્તિલાલે પરમ આનંદનો અનુભવ કર્યો હતો.

બાબો ઘેર આવ્યો ત્યારે સૌથી પહેલાં દાદાના ખોળામાં એને સુવાડ્યો. દાદાએ જીવનની કૃતકૃત્યતા અનુભવી. દાદા મજાક કરતાં બોલ્યા: 'કાન્તિ જેવો ભોળો નથી, મહાપેક થવાનો છે.' ભાભીએ ધીમે સાદે ઉમેર્યું: 'એની બા ઉપર ઊતર્યો છે.' મૃદુલા ને કાન્તિલાલ લજ્જાભર્યું હસ્યાં ને એકબીજા સામે જોઈ રહ્યાં.

દિવસો પસાર થવા લાગ્યા. કાન્તિલાલનું કહેવું સાચું પડ્યું હતું. બાએ જ બાબાની જવાબદારી લઈ લીધી હતી, મૃદુલા બાબાની પાછળ પાગલ હતી, પણ વડીલોની હાજરીમાં લાગણી વ્યક્ત કરી શકતી નહોતી. કાન્તિલાલે વહેલા આવવાનું શરૂ કરેલું તે ચાલુ જ હતું. બાબા પાસે એનું કામ તો શું હોય, પણ પારણા પાસે જાય, બેસે, હસે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈકંઈ વાત કરે ને મનને સંતોષ આપે. આ રીતે સવા મહિનો સુખચેનમાં પસાર થઈ ગયો ને બાબાને કશી તકલીફ ન પડી.

મૃદુલા હવે ઘરકામ કરી શકે એવી થઈ હતી, પણ તેમાં એનું મન ચોંટતું નહોતું. પારણું બંધાવાની આશા ઊભી થયેલી ત્યારથી ભાભીએ રસોડાનો કબજો લીધો હતો તેમાં હજી સુધી ફેર પડ્યો નહોતો. બાનું ધ્યાન હવે એ તરફ ખેંચાયું હતું. હવે ઉત્સવનું વાતાવરણ રહ્યું નહોતું, અભિનંદન અને હર્ષ વ્યક્ત કરવાના પ્રસંગો પણ પૂરા થયા હતા. મૃદુલાનું મન કંઈક ખાલી થઈ ગયું હોય એમ તેને લાગતું હતું; એટલે બાબા પાસે રહેવાની ઇચ્છા વધુ પ્રબળ થતી હતી. એક રાત્રે એણે કાન્તિલાલને કહ્યું:

'બા તો બિચારાં બાબા માટે મરી પડે છે, પણ મને બાબાથી દૂર રહેવું ગમતું નથી.'

'તને કોઈ ના પાડે છે?'

'ના તો કોણ પાડે? પણ બાને એ ગમે નહિ...મારે કરવું ય શું?'

'ઘરમાં કામ તો ઘણું હોય.'

'તે તો હોય જ, પણ મારો જીવ બાબા પાસે જ રહે છે. ભગવાને અગિયાર વરસે...'

બાકીના શબ્દો મૃદુલા બોલી શકી નહિ, પણ કાન્તિલાલ માટે તો એ વધુ અસરકાર નીવડ્યા.

બરાબર એ જ વખતે બાબાએ ચીસ પાડી. સામાન્ય રીતે એ રાત્રે ઊઠતો નહિ. હવે બાને પાસે સૂવાની જરૂર નહોતી અને મૃદુલા પોતાના ઓરડામાં સૂવા લાગી હતી. બાબાની ચીસથી મૃદુલા ને કાન્તિલાલ તો સફાળા ઊઠ્યા, પણ છેક ત્રીજા ઓરડામાં સૂતેલાં બાએ પણ દોડી આવી બારણું ખખડાવ્યું. બાબાની ચીસો તો ચાલતી જ હતી.

'શું થયું બાબાને?' બાના મોં ઉપર ગભરાટ હતો. 'આજ બપોરે ય એને પેટમાં ચૂંકઆવ્યા જેવું લાગતું હતું. મરડો થવાની બીક લાગે છે;' આમ બોલતાં બાએ બાબાને લઈ લીધો. બાએ તરત તેલ મંગાવ્યું, ... ઊનું કર્યું, ધીમે હાથે પેટે ચોળ્યું. ... ખૂબ શાંતિ થઈ હોય એમ લાગ્યું. ... ગયો. કાન્તિલાલના મોં ઉપરથી ચિંતા ... થઈ. એને વિચાર આવ્યો: 'બા ન હોય તો ...'

બીજે દિવસે બાબાની તબિયત બરાબર નહોતી અને હરઘડીએ બાની જરૂર પડે ... હતું, છતાં મૃદુલાએ બાબાનું પારણું ઓરડા... માં જ રાખ્યું ને પોતે ત્યાં બેસી રહી. ... બેચાર વાર આવ્યાં ને એકવાર પારણું ફેર... વવા ઇચ્છા પણ વ્યક્ત કરી, પણ મૃદુલાએ ... અણગમો બતાવ્યો એટલે ચૂપ રહ્યાં. મૃદુલાને ... ઘરકામ તરફ પૂરો કંટાળો હતો અને ... માં મન કેંદ્રિત થઈ ગયું હતું એટલે ... કોઈ વિચાર પણ આવતો નહોતો. કાન્તિલાલ ... ઘરમાં હોય ત્યારે તેનો ઘણો સમય બાબા... કે મૃદુલાની હાજરીમાં જ હોય એમ બન...

કાન્તિલાલે કે મૃદુલાએ સમજીબૂઝીને ... કશું ગોઠવ્યું નહોતું, પણ કાન્તિલાલ ... ને અશક્ત પિતા પાસે હવે ઓછું જતો ... મોટાભાઈ સાથે બેસવાના પ્રસંગો ઘટ... જતા હતા, ભાભી સાથે હસીને વાત કર... નો મોકો ઊભો જ થતો નહોતો. ... ભત્રીજાઓ પણ જાણે ભુલાઈ ગયા ... મૃદુલા અને બાબામાં એની દુનિયા મર્યાદિત ... બનતી જતી હોય એમ લાગતું હતું।

મૃદુલાએ બાબાને પોતાની પાસે ... જ સંતોષ ન માન્યો; પરંતુ બાબાની ... સારવારમાં એણે રહેવા માંડ્યું; ... રસોડું છૂટ્યું નહિ અને બા પણ ... લાગવા માંડ્યાં. ત્રણેક મહિના આમ ... થઈ ગયા. કાન્તિલાલને કશી ખબર ન ... પણ હવે બા અને ભાભી વચ્ચે તથા ... ને ભાભી વચ્ચે આ બાબતની ચર્ચા ... હતી. મોટાભાઈના દીકરા-દીકરીને ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમ ચીંધતાં મૃદુલાને કદી સંકોચ થતો નહિ, પણ ભાભીના મન ઉપર હવે તેની અસર થતી હતી.

બીજા ત્રણ મહિના પસાર થઈ ગયા. બાબો હવે રમવા જેવો થયો. ઘરમાં ભાંખોડિયાભર ચાલવા લાગ્યો. કાન્તિલાલ હવે દરરોજ કલાક–દોઢ કલાક એની પાછળ ગાળતો અને ક્યારેક સાંજે તેડીને બહાર પણ લઈ જતો. રમકડાં તો શરૂઆતથી જ આવતાં હતાં, પણ હવે એમાં ખૂબ વધારો થયો. મોટાભાઈનાં દીકરા–દીકરીઓએ કદી જોયાં નહોતાં એવાં રમકડાં એમને માટે કુતૂહલનો વિષય બનતાં હતાં અને કોઈક વાર તેઓ લેવા જતાં ત્યારે કાકીએ કહેવું પડતું: ‘એ તો બાબા માટે છે.’ ભાભી આ સાંભળતા, બા પણ સાંભળતાં, પણ શું થાય ?

એકવાર ભાભી અને બા વચ્ચે આ ફેરફાર અને ભેદભાવની વાત થઈ. બાએ કાન્તિલાલના પિતા પાસે વાત કરી. એમણે શાંતિથી કહ્યું : ‘બાબો ઘેર આવ્યો તે દિવસથી આ પરિવર્તન હું જોઈ રહ્યો છું. ઉપાય વિચારું છું, પણ સૂઝતો નથી. દીકરો ને વહુ ખોવાતાં જતાં હોય એમ લાગે છે. આ મોટા ઘરમાં, બીજું નાનકડું ઘર રચાતું, હોવાની ઝાંખી થતી હું જોઉં છું. પણ તમે તો જેવી લાગણી રાખો છો તેવી જ રાખજો. તમારા મનની ખબર પડવા દેજો મા, નહિ તો કાન્તિને આઘાત લાગશે ને વહુના મન ઉપર માઠી અસર થશે.’

આ વાતાવરણ વચ્ચે બાબાની વરસગાંઠ આવી. કાન્તિલાલ અને મૃદુલાએ છેલ્લા આઠ માસથી બાબાને લઈ દરરોજ રાત્રે ફરવા જવાનો ક્રમ રાખ્યો હતો. એમની વાતોનો મુખ્ય વિષય બાબો જ બનતો. બાબા માટે કપડાં ને રમકડાંની વાતો થતી. મોટો થતાં ‘પપ પપ ગાડી’ લાવવાની યોજના વિચારાતી. બહુ તેજસ્વી ને બુદ્ધિશાળી છે એવો બંને અભિપ્રાય ઉચ્ચારતાં. જન્મદિવસે એક બાબાગાડી અને ઢગલાબંધ રમકડાં લાવવાનું નક્કી થયું હતું. જન્મદિવસ ઊજવવાની પણ યોજના હતી. વરસગાંઠ પહેલાંના ચારેક દિવસે કાન્તિલાલે બાને પૂછ્યું :

‘બાબાને જન્મદિવસે શું કરીશું ?’

‘જમણ.’

‘જમણ તો સમજ્યા, પણ બીજું શું ?’

‘બીજું શું હોય ? કોઈને બોલાવવા હોય તો બોલાવીએ...તારા બાપુજીને જ પૂછી જોઈએ !’ એમ કહી તેઓ ત્યાં ગયાં. કાન્તિલાલ એમની પાછળ ગયો. બીજાં બધાં પણ ત્યાં ભેગા થઈ ગયાં. બાપુજીએ વાત સાંભળી હસતાંહસતાં કહ્યું :

‘પહેલાં તો ઘરના બધા વડીલને પગે લગાડજો ને આશીર્વાદ લેજો. બીજું જમણ કરજો ને નજીકનાં સગાંસંબંધીને બોલાવજો, ત્રીજું બાબા માટે ને મોટાભાઈનાં છોકરાંઓ માટે રમકડાં લાવજો...’

‘એક બાબાગાડી જરૂર લેવી.’ મૃદુલા ધીમેથી બોલી.

‘અને મારે માટે સાયકલ !’ મોટાભાઈનો બાર વર્ષનો બચુ બોલી ઊઠ્યો.

બાપુજીએ આગળ ચલાવ્યું :

‘બાબા માટે સંભારણા તરીકે એક વીંટી, ચેન, પોંચી–મૃદુલાને જે ગમે તે લેવું. મૃદુલા માટે રેશમી સાડી ને કંઈક ઘરેણું.’

મૃદુલાના મુખ ઉપર આનંદ છવાયો પણ વચ્ચે ‘અને મારે માટે સાયકલ !’ આવ્યું તે ન રુચ્યું. એ વિચારતી હતી ત્યાં બા બોલ્યાં :

‘બાબાના જન્મદિવસની ખુશાલીમાં બધાંને રાજી કરવાં જોઈએ. તારી ભાભી માટે અને ભત્રીજા–ભત્રીજી માટે પણ કંઈક લાવજે.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃદુલાનું મન ભાંગી ગયું. કાન્તિલાલ સહેજ ગંભીર બન્યો પણ આ સૂચનામાં તેને કશું અજુગતું ન લાગ્યું. એકલો પડ્યો ત્યારે તેણે મનમાં કંઈક ગણતરી પણ કરી લીધી, બા–બાપુજીને પણ બાકી ન રાખવા એવો એનો અભિપ્રાય થયો. સૌને ભેટ આપતાં ઘરમાં આનંદ છવાશે અને એ બધું બાબા માટે સ્મરણરૂપ બનશે એ વિચારે તેનું ચિત્ત પ્રસન્ન થયું.

રાત્રે એ હર્ષભેર ઘેર આવ્યો ત્યારે વાતાવરણ બદલાયેલું હતું. મૃદુલા ગંભીર હતી અને કોઈ દિવસ નહિ અને આજે રસોડામાં હતી. બાબો સૂઈ ગયો હતો. બા અને ભાભી તરત નજરે ચઢ્યાં નહિ. મોટાભાઈનો બચુ દેખાયો પણ તરત અદશ્ય થઈ ગયો. કાન્તિલાલે કદી આવા વાતાવરણનો અનુભવ કર્યો નહોતો. એ રસોડામાં ગયો. મૃદુલાએ તેની સામે જોયું પણ કશું બોલી નહિ.

'શું છે બધું ?' કાન્તિલાલે પૂછયું.

'કંઈ નહિ.' મૃદુલાએ જવાબ આપ્યો.

'આજે રસોડામાં કેમ ?'

'નાના હોય તેણે જ વધુ ઘરકામ કરવું જોઈએ !' મૃદુલા બોલી.

'ભાભી ક્યાં ગયાં છે ?'

'એમના ઓરડામાં હશે.'

'બા ?'

'ખબર નથી.'

'પણ છે શું ?' કાન્તિલાલનો અવાજ સહેજ મોટો થયો.

'મને ખબર નથી.' મૃદુલાનો સાદ પણ ઊંચો બન્યો.

કાન્તિલાલ બહાર આવી દીવાનખાનામાં બેઠો. એ જ વખતે બાબો ઊઠ્યો હોય અને બા તેને પારણામાંથી બહાર કાઢતાં હોય એમ જણાયું. કાન્તિલાલ એ તરફ ગયો. બાએ બાબો એની સામે ધર્યો. કાન્તિલાલે હાથ લંબાવ્યો નહિ ને પૂછયું:

'આજ શું થયું છે ?'

'કંઈ નહિ...ઘર છે ક્યારેક [illegible] પણ પડે.'

'પણ હતું શું ?'

'બચુએ સવારે સાયકલ માગી અને મેં [illegible] તારી ભાભી માટે...'

'તે બધું હું લાવવાનો જ છું.' કાન્તિલાલ વચ્ચે જ બોલ્યો.

'પણ મૃદુલાને એ નથી ગમતું. એ કહે છે કે મારે બાબાની વરસગાંઠ ઊજવવી જ નથી !'

'કેમ ? શા માટે ?'

'એ હું કહીશ.' મૃદુલાનો અવાજ સંભળાયો. એ પાછળ ઊભી હતી તે આગળ આવી બોલી : 'ભાભીને બહુ કામ કરવું પડે છે ને હું પગ ઉપર પગ ચઢાવી બેસું છું !'

'જુઓ, વાતને વધારો નહિ.' બા બોલ્યાં.

'હું વધારતી નથી.' કાન્તિલાલ તરફ મોં ફેરવી ઉમેર્યું : 'તમે વધારે કમાઓ છો એટલે હું અભિમાન કરું છું એમ [illegible] કહેવું છે. ભાભી બિચારાં......'

એ જ વખતે ભાભી આવ્યાં. કંઈ બોલ્યાં નહિ, પણ કાન્તિલાલ સમજી ગયો કે ઝઘડો કંઈક મોટો થયો છે. એ ચાલ્યો ગયો એટલે વાત આગળ ન ચાલી.

રાત્રે કોઈની આંખમાં નિદ્રા ન હતી. બત્તીઓ બુઝાઈ ગઈ હતી અને ઓરડાનાં બારણાં પણ બંધ હતાં, પણ બા–બાપુજી, ભાઈ–ભાભી, કાન્તિલાલ–મૃદુલા અને બચુ તથા બેબી પણ દિવસના બનાવોની સમા[illegible] લોચના કરી રહ્યાં હતાં. ઝીણીઝીણી દબા[illegible] ગયેલી હજાર વાતો બહાર નીકળતી હતી. વહેમની એક રેખા પ્રગટી હશે તે અત્યારે પહાડ જેવી પ્રચંડ બની ગઈ હતી. કોણે ક્યારે કોનું અપમાન કયા સંયોગોમાં કર્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું તેની ચર્ચા થતી હતી. સૌ અસ્વસ્થ હતે તે રાત્રે સૂતાં ને એવી જ સ્થિતિમાં ઉઠ્યાં.

સાધારણરીતે કાન્તિલાલ અને મૃદુલા વહી સવારે ફરવા જતાં નહિ. આજે એ ગયાં એટલે ઘરમાં સૌએ ગંભીર પરિસ્થિતિની કલ્પના કરી લીધી. ગઈ કાલે ઝઘડો થયો ત્યારથી કાન્તિલાલના પિતા ખૂબ અસ્વસ્થ બની ગયા હતા. એમની તબિયત સારી તો નહોતી જ, તેમાં મન ઉપર ચોટ લાગતાં વધુ બગડી. કાન્તિલાલનાં બા અને મોટાભાઈ એની પાસે બેઠાં હતાં.

એકાદ કલાક પછી કાન્તિલાલ અને મૃદુલા પાછાં આવ્યાં. બાપુજીના ઓરડામાં બધાં એકઠાં થયા છે એમ લાગ્યું એટલે એમણે માન્યું કે ગઈ કાલના ઝઘડાની જ વાતચાલતી હશે.કાન્તિલાલે મૃદુલાને રસોડામાં જવાની સૂચના આપી અને પોતે બાપુજીના ઓરડામાં ગયો. બધાં ચૂપ હતાં ને ચૂપ જ રહ્યાં, પણ કાન્તિલાલને લાગ્યું કે એ આવ્યો એટલે સૌ મૂંગા બની ગયા છે. એણે પૂછયું :

'કેમ બધાં ચૂપ થઈ ગયાં ?'

'તારા બાપુજીની તબિયત સારી નથી.' બાએ જવાબ આપ્યો.

'શું થયું છે ?' ન માનતો હોય એમ કાન્તિલાલ બોલ્યો.

'એમ લાગે છે કે હવે જવાની ઘડી આવી પહોંચી છે.' બાપુજી બોલ્યા.

'કેમ ? શું દુઃખ પડ્યું છે ?' કાન્તિલાલે કટાક્ષ કર્યો.

'દુઃખ તો નથી પડ્યું, પણ સુખ બહુ થઈ ગયું છે!'

'તે તમારા કોઈથી એ સહન નથી થતું એમ ને ?'

'કાન્તિ!' મૂંગા બેઠેલા મોટાભાઈ બોલ્યા. 'બાપુજીની સામે આમ ન બોલાય.'

'બોલાય બોલવા દે. મારે જોવું છે કે એના મનમાં શું છે.' બાપુજી બોલ્યા.

'બોલવાનું બીજું કંઈ નથી. બાબાની વરસગાંઠ તમારે કોઈએ મને ઊજવવા નથી દેવી અને મૃદુલાને ઘરકામમમાં ગોંધવી છે તે હું સમજી ગયો છું.' કાન્તિલાલ ઉશ્કેરાટમાં બોલ્યો.

'બાબો અમને વહાલો નથી?' બા બોલ્યાં.

'વહાલો હોય તો આમ થાય? મૃદુલા આજ સુધી બધું સાંખીને સમસમી રહી હતી, મને તો હવે જ ખબર પડી. બાબા માટે કંઈ પણ એ કરે કે હું લાવું તે કોઇથી સંખાતું નથી. બાબા મારો છે, પૈસા મારા છે......'

'બસ ભાઈ બસ......એ બધું અમે સમજીએ છીએ.' બાપુજી બોલ્યા. 'હવે તારે કરવું છે શું તે કહી દે એટલે બધું પતી જાય!'

'કરવું શું હોય? હું કહું છું કે બાબાની વરસગાંઠ ઉજવાશે જ અને......' વાક્ય અધૂરું મૂકી એ ચાલ્યો ગયો.

ત્રણ દિવસ પસાર થઈ ગયા અને વરસગાંઠનો દિવસ આવ્યો. ઘરમાં બાબાગાડી આવી, રમકડાં આવ્યાં, મૃદુલા માટે સાડી ને ઘરેણાં આવ્યાં, બાબા માટે વીંટી આવી, મીઠાઈ–મેવાનાં પડીકા આવ્યાં. બા અને ભાભીએ સવારમાં વહેલા ઊઠી જમણ કર્યું હતું તે સૌ સાથે બેસીને જમ્યાં. બાપુજીની તબિયત આજે વધુ બગડેલી હતી એટલે એ કંઈ ખાઈ શક્યા નહિ, પણ બાબાને પાસે બોલાવી એમણે રમાડ્યો. કાન્તિલાલ અને મૃદુલા પગે લાગ્યાં ત્યારે તેમના મસ્તક ઉપર ધ્રૂજતા હાથે આશીર્વાદ વરસાવ્યા. સાંજે બાબાને સાથે લઈ કાન્તિલાલ અને મૃદુલા સિનેમા જોવા પણ ગયાં!

દિવસ સુખરૂપ પસાર થઈ ગયો, પણ રાતે વિચિત્ર રૂપ ધારણ કર્યું. મોટાભાઈનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણીનું સૌંદર્ય

લેખક :
શ્રી રવિશંકર મ. રાવળ

વાણી માણસની એક મૂડી છે, એ વાત તમે સમજો છો ?

એમાં મીઠાશ કે આકર્ષણ ન હોય તો શી ખોટ ગણાય એ સમજો છો ?

પોપટના બોલ માટે કવિ કહે છે: ‘સુણતાં મનમાં સર્વને ઊપજે હરખ અતોલ’ અને કાગડાનું કાઉકાઉ જાણે કરવતના દાંતા કાન પરથી મગજમાં ચાલતા હોય એવો ત્રાસ કરે છે. આમ છતાં આપણા બોલ બીજાની ઉપર કેવી અસર કરે છે તે ઘણા સમજી શકતા નથી. આપણો અવાજ રેકર્ડ પર ચડાવીને આપણે સાંભળી શકીએ તો જ સમજાય કે બીજાને મુકાબલે તે કેવો લાગે છે.

રેકર્ડ ઉતારનારા કારીગરો કહે છે: સેંકડે પાંચ માણસનો અવાજ કુદરતી મધુર હોય છે, બાકીના માટે શ્રમ લઈ ને અભ્યાસથી સુધારવો પડે છે.

એ માટે ખરું કામ તો તમારે જાતે પ્રયોગો કરવાનું છે. એનું ફળ પણ તમારા જ લાભનું છે. કર્કશ કે ગરીબડી વાણી તમારી જિંદગીની સફળતાની આડે આવે છે. તમારા સામાજિક સંબંધો ઠીક રહેતા નથી અને કુટુંબીઓ કચકચ કરે છે. ભણેલા કેળવાયેલામાંથી જેમને અવાજ અને બોલવાની છટા પ્રાપ્ત થઈ હોય તેમને કામ જલદી મળી જાય છે અને ગૂંગણા કે તરડાયેલા અવાજવાળા અને રાભા જેવું બોલનારા પાછળ પડી જાય છે. કૉલેજ અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનો ઇતિહાસ જોવાથી આ બાબતની ખાતરી થશે.

અવાજથી કારકિર્દી પર શી અસર થાય છે તેનું દૃષ્ટાંત એક બેંકના અમલદારે આપ્યું હતું તે જાણવા જેવું છે.

‘વીસ વર્ષ પહેલાં જેંકીન્સ નામે જુવાન બેંકનાં ખાતાં નોંધવાના કામ પર હતો. ઘણાં વર્ષો સુધી તે ઊંચી પાયરી પર ચડ્યો

બચુ એના બા–બાપુજી પાસે બીતા અવાજે સાયકલ માગતો હતો…નાનાં બાળકો રમકડાં લાવવાનું કહેતાં હતાં…વૃદ્ધ દાદા વિચારતા હતા: ‘હવે જીવવામાં શો સ્વાદ રહ્યો છે?’ કાન્તિલાલનાં બાની આંખ કેમે કરી મિચાતી નહોતી. રહીરહીને સ્પષ્ટ–અસ્પષ્ટ એવી લાગણી થતી હતી: મૃદુલાના બાબાએ મારા કાન્તિને લઈ લીધો!…માત્ર કાન્તિલાલ અને મૃદુલા કલ્લોલ કરતાં હતાં.

મૃદુલા કહેતી હતી: ‘આજે મારું મન ખૂબ આનંદમાં છે. બોલો, તેનું શું કારણ હશે?’

‘બાબાની વરસગાંઠ.’ કાન્તિલાલ હસીને બોલ્યો.

‘ના.’

‘ત્યારે?’

‘વરસગાંઠ તો ખરી જ, પણ બીજું કારણ છે.’

‘શું?’

‘આજ મને લાગે છે કે આ ઘર માત્ર આપણું–આપણું જ છે.’

‘એટલે?’

‘એટલે તમે, હું ને બાબો!’

એ જ વખતે બાબાનું પારણું હલ્યું. કાન્તિલાલે ઊભા થઈ જોયું તો બાબો જાગતો હતો ને હસતો હતો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકશો નહિ. ઘરસંસાર વધતો ચાલ્યો ત્યારે ન છૂટકે વધારે પગાર મળે તેવી નવી જગ્યાઓ માટે અરજી કરી.

'મી. જેંકીન્સ!' બેંકના વડાએ કહ્યું, 'એ જગ્યા પર રોજ મોટા ખાતેદારો અને વેપારીઓ સાથે વાતચીતના અને પતાવટના ઘણા પ્રસંગો આવશે; એટલે તમને ખરેખરું કહું તો તમારો મંદ અને ફીકોફચ અવાજ ત્યાં કામ નહિ આવે, એ કારણથી તમને ત્યાં મૂકી શકાય નહિ. તમે કંઈક મહેનત કરી અવાજ સુધારો, કંઈ ભાર પડે ચોક્કસ ખાતરી અને છાપ પડે એવી તાલીમ લ્યો, તો વળી કોઈ દિવસ આગળ જઈ શકશો.'

જેંકીન્સે આ વાત પકડી લીધી અને અવાજ પર પ્રયોગો કરવા માંડ્યા: થોડાક મહિનામાં તો તેના અવાજમાં નવો મોભો જણાવા લાગ્યો અને ઉપરની જગ્યા મળતાં વાર ન લાગી. પછી તો વખત જતાં તે બેંકનો અમલદાર બની ગયો. એ બધું તેનો અવાજ અને બોલ સુધારવાથી બન્યું, એમ હું ચોક્કસ કહી શકું છું, અને આખી વાતની મને ખબર છે; કારણકે એ જેંકીન્સ હું પોતે તમારી સામે આજ બેંકના અમલદાર તરીકે ઊભો છું.'

ઘણા માણસો બોલવાચાલવામાં લોચા વાળે છે. ઉતાવળું બોલી જાય છે તેની અસર બીજા ઉપર પડતી નથી તેથી અકળાય છે, ગુસ્સો કરે છે અને પાછા પડે છે. ઘણા હોદ્દેદારો સ્વર કાઢે છે, શબ્દો અરધા મનમાં બોલે છે, ને અરધા બહાર સંભળાય છે. વાક્યની શરૂઆત કે અંત અદ્ધર જાય એવું બીજા સાથેના વ્યવહારમાં બહુ નડતરરૂપ બને છે. મિત્રો કે સંબંધીઓ તેને નભાવી લે છે પણ ઉપરી કે શેઠ તો સંભળાવી દેવાના... 'શું! શું બોલ્યા? સરખું ભસોને. રોટલા ખાવ છો કે નહિ?' વગેરે. કોઈ વધારેપડતા તાડુકાથી બોલે છે, સુસવાટ કરે છે એ પણ ખરાબ ટેવો છે. 'હળવેથી બોલો ને, હું કંઈ બહેરો નથી.' એવું એવું સાંભળવું પડે છે. તેઓ સમાજમાં ભોંઠા પડે છે. જેમને વાત સાંભળવા દેવી ન હોય તેમને ચેતવી દે છે. બૈરાંઓ છીંકાટા કરીને બોલે છે; અથવા બનાવટી લહેકા કરે છે, મોં મરડતાં બોલે છે એથી તેમના મુખની શોભા ઘટે છે અને અણગમો થાય છે. ઘણાં રૂપાળાં બૈરાં બોલીને કારણે અળખામણાં લાગે છે. અધિકારીઓની ઓરતો કે શેઠાણીઓમાં એવાં દૃષ્ટાંતો મળી આવે છે, પણ મધુર અને વિનયી વચનો બોલનારી શામળી સ્ત્રીઓ ઘણાં કુટુંબીઓને સાચવી કે રીઝવી શકે છે અને માન પામે છે.

ઘણા માણસો પર દેખરેખ રાખનારા મેનેજરો કે ઉપરીઓ પોતાની બોલીથી ખાતામાં કે કારખાનામાં કચવાટ અને અસંતોષ ઉત્પન્ન કરે છે, પછી ભલે તેઓ બીજી ઘણી બાબતોમાં લાયકાત અને બુદ્ધિ ધરાવતા હોય. ઘણા રાજ્યદ્વારીઓ અને નેતાઓ બોલીને કારણે પક્ષમાં વિખવાદ અને પ્રજામાં ઉશ્કેરાટ કરાવે છે. માત્ર બોલના કારણે હોદ્દા ગુમાવે છે અને અવિવેકી નિષ્ઠુર શેઠો અને શેઠાણીઓ સારા માણસો ગુમાવે છે.

શાસ્ત્રવચન ખરું છે કે 'सत्यं ब्रूयात् प्रियं ब्रूयात्–સત્ય બોલો પણ પ્રિય લાગે એવી રીતે બોલો.'

તો હવે તમારી વાણીના દોષોનું નિવારણ કેવી રીતે કરશો? સરસ રીત એ છે, કે તમે તમારો અવાજ સાંભળી શકો એમ બોલો તે માટે તમે એક નાની બંધ જગ્યામાં ઊભા રહી વાતચીતના બોલ મોંમાંથી કાઢો તે રણકારથી ગુંચવાતા નથી, કોઈ તરેહનો ઘોઘરાતો, અનુનાસિક, કર્કશ, બોદો, અસ્પષ્ટ કે દબાતો શબ્દ નીકળે તો તેની નોંધ લો.

બીજી રીત એ છે, કે ભીંતની સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભા રહો અને કાગળનું પહોળું તતૂડું બનાવી તેમાંથી વાત કરશો એટલે તમારો અવાજ ભીંત પર અથડાઈને તમારા કાન પર પાછો આવશે. ગવૈયા અને રેડિયો–વક્તાઓ પોતાના કાનની પાછળ હાથની ઓથ કરે છે તેથી તેમનો અવાજ કેવો નીકળે છે તેનો તેમને ખ્યાલ રહે છે. કોઈવાર મિત્રો આગળ કે કુટુંબના માણસો આગળ મોટેથી વાંચન કરો અને તેમની પાસેથી તમારા દોષ સમજો.

અવાજ સુધારવાનું કામ હાથમાં લીધા પછી બીજા કેટલાક ઉપાયો અને પ્રયોગો જે વાણીનિષ્ણાતોએ નક્કી કર્યા છે તે પર ધ્યાન આપો.

(૧) તમારા માટે એક નમૂનાનું પાત્ર શોધી કાઢો. પુરુષોએ કોઈ સરસ સ્વર, રણકતા બોલવાળી પુરુષવ્યક્તિનું દૃષ્ટાંત લેવું. સ્ત્રીઓએ સમાજમાંથી સ્ત્રીપાત્ર શોધી કાઢવું. માત્ર શોધવાની મહેનતમાંથી ઘણા માણસોના અવાજના ગુણદોષ સમજતા થશો. એ પણ જરૂરની બાબત છે, કે કોઈ બોલતાં કેવી રીતે પોતાની વાતને ઝોક આપે છે, સ્વર ઊંચોનીચો કરે છે, અટકે છે, મુખમુદ્રા કેવી રાખે છે વગેરેની નોંધ રાખવી, પણ કોઈનું તદ્દન અનુકરણ ન કરવું, તમારી પોતાની નવી ભાત પાડવા પ્રયત્ન કરવો.

(૨) તમારો શ્વાસ ઘૂંટવાની અને ફેફસાં મજબૂત કરવાની સાદી કસરતો ચાલુ રાખજો.

(૩) તમારા અવાજમાં ઉત્સાહ અને પ્રતીતિ આવે એવો મોભો જમાવો.

(૪) જરૂર લાગે તો ગળામાંથી અવાજ આપનારાં અવયવોની દાક્તરી તપાસ અને સારવાર કરાવજો.

(૫) તમારા અવાજને ધીરો અને મધુર બનાવવા જો તમે જાગૃત હો તો એ જ ખરેખરો સુધારો ગણવો.

આટલું કરવા છતાં ય અવાજની તકલીફ દૂર ન થઈ શકે તો તે માટે યોગ્ય નિષ્ણાતોની સલાહ કે તાલીમ મેળવજો. ગમે તેમ હોય તો પણ નીચેનું સૂત્ર હમેશાં યાદ રાખજો.*

कटु वचन मत बोल।

---

* સૂચિત

★

એક ઝવેરીના ઘરમાં રાત્રે ચોર પેઠા પછી પતિપત્ની વચ્ચે થોડીથોડી વારે થયેલી વાતચીત આ પ્રમાણે હતી:

'ચોર ખાતર પાડે છે,' પત્ની બોલી.
'હું જાણું છું,' પતિએ જવાબ દીધો.
'એ ઘરમાં પેઠો.'
'હું જાણું છું'
'ચોરે ઝવેરાતની ગાંસડી બાંધવા માંડી છે.'
'હું જાણું છું.'
'એ ઝવેરાત લઈ જાય છે.'
'હું જાણું છું.'
'ચોર બધું લઈ ગયો.'
'હું જાણું છું.' એટલો ટાઢોબોળ ઉત્તર આપ્યો, ત્યારે પત્નીએ જરા ગુસ્સે થઈ જણાવ્યું:
'ધૂળ પડી તમારા જાણવામાં; કેમકે જાણવા છતાં તમે ચોરને રોક્યો નહિ, તો જાણવું ને ન જાણવું સરખું જ છે—જ્ઞાન હોય ને કર્મ ન હોય તે શા કામનું?'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોવાયેલ આત્મા

લેખક :
શ્રી વિ. સ. ખાંડેકર
અનુ. : શ્રી ગોપાળરાવ વિદ્વાંસ

‘તમે સાંભળ્યું ? કહ્યું, ચા તૈયાર છે !’

મેઘશ્યામ બધું સાંભળતો હતો, પણ જાણે કશું સંભળાતું ન હોય એમ મનોરમાને દર્શાવવામાં તેને વધારે મઝા આવતી હતી. ગાઢ ઊંઘ આવી હોવાનો ઢોંગ કરતાંકરતાં તેનું મન તેને કહેતું હતું: ‘સંસારને નાટકની ઉપમા આપનારો આદિ કવિ ખરેખર ભારે મર્મજ્ઞ હોવો જોઈએ, છતાં એ નવાઈ-ભર્યું છે કે આ સંસાર-નાટકની અંદર ભજવાતાં બીજાં નાટકો જ વધારે મઝેદાર હોય છે એમ લખવાનું તે છેક ભૂલી ગયો છે. આ સંસારમાં અનેક તરેહનાં નાનાંનાનાં ઉપનાટકો–કોઈવાર લજ્જાદર્શન, કોઈવાર રિસામણાં, કોઈવાર અબોલા, કોઈવાર મજાક તો કોઈવાર ઊંઘવાનો ઢોંગ–હરહમેશાં ભજવાયાં જ કરતાં હોય છે. આ ઉપનાટકોમાં માત્ર બે જ પાત્રો હોય છે: પતિ અને પત્ની. એમાં ત્રીજા પાત્રનો ઉમેરો થતાં જ આખા નાટકનો રંગ ઊડી જાય છે !’

જમણે ખભે હાથ મૂકી ધીરેધીરે હલાવી મનોરમા પોતાને જગાડી રહી છે: ‘જુઓ, જુઓ, કેટલો બધો તડકો ચડી ગયો છે ! દવાખાનામાં નીચે દરદીઓ ક્યારના વાટ જોઈ રહ્યા છે.’ મેઘશ્યામે આ ઉદ્‌ગારોની નોંધ કરી, અને રોજનો ગમ્મતભર્યો જવાબ આપવાનું તેને મન થઈ આવ્યું: ‘જો મનુ ! તારા હાથમાં અમૃતકૂપી ભરી છે. મારા કરતાં દરદીઓને સાજા કરવાની શક્તિ તારામાં વધુ છે. આજનો દિવસ તું જ દાક્તર થા તો ન ચાલે ?’ પણ મૌન જેવું મૃદુ અને સુગંધી કૂંપળ પ્રીતિના ફૂલબાગમાં બીજું કોઈ નથી, એનો છેલ્લાં વીસ વર્ષનો અનુભવ સંભારીને મેઘશ્યામે એ શબ્દો ઉચ્ચાર્યા નહિ.

તેને થયું, હવે મનોરમાનું મુખ પોતાના કાનની નજદીક આવ્યું છે. જાણે એના કેશ-કલાપમાંથી છૂટી પડેલી બેચાર નાની લટોનો પોતાના ગાલે સ્પર્શ થવાથી ગલીપચી થઈ રહી છે. ઝટ કરતાં હાથ ઊંચકી તેનું નમેલું મસ્તક નજીક ખેંચી લઈ...ત્યાં તો મનોરમા જાણે બોલતી સંભળાઈ: ‘હું હું આમ હોય ?’

કાગાનીંદરમાં આવેલા મેઘશ્યામને લાગ્યું, મનોરમા રોજ કરતાં આજે વધારે જોરથી પોતાને હચમચાવે છે. તેની ખાતરી હતી, કે મનોરમા કદી આમ ન જ કરે. ત્યાં તો વળી એમ લાગ્યું, કે તે પોતાને જોરથી હડસેલી રહી છે. તેને ભારે નવાઈ લાગી. આશ્ચર્યનાં એ જોરદાર મોજાંથી ધકેલાઈ તેણે આંખો ખોલી નાખી.

દૂર ક્ષિતિજ સુધી પાણીનો પટ પથરાઈ રહ્યાનું તેણે જોયું, પણ પાણીના દૃશ્યે એના અંતરની આગને ઊલટી વધારે પ્રજ્વલિત કરી. સ્મરણોની ભમરીઓના ડંખ વધારે તીવ્ર વેદના કરવા લાગ્યા. અસ્વસ્થ બની તેણે પાસું ફેરવ્યું. સામે શું દરિયો છે ? પોતે સ્વપ્નમાં તો નથી ? તુરત તેની ખાતરી થઈ કે પોતે ઘડી પહેલાં જોયેલું સ્વપ્નું જ હતું, અને અત્યારે દેખાય છે તે જ સત્ય સૃષ્ટિ છે, ક્રૂર અને કઠોરતાભર્યું સત્ય છે ! મનોરમા પોતાને આસ્તેથી ઢંઢોળતી નહોતી. કરાંચીથી સ્ટીમરમાં મુંબઈ જવા નીકળેલા ઉતારુ પડોશી સૂતી વેળા સંકોચી વળેલા પોતાના હાથપગ હવે લંબાવે છે, અને એ લંબાવેલા પગની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાતો પોતે ખાઈ રહ્યો છે!

પણ મનની એ જાગૃતિ સાથે જ એના દિલના સઘળા જખમો જાણે તાજા થઈ ગયા. દાવાનળમાં સપડાયેલા કોઈ હરણ-બાળની પેઠે એનું હૈયું ચોમેર દોડાદોડી કરવા લાગ્યું. તે બેઠો થઈ ગયો. તેણે આસપાસ નજર ફેરવી. સાગરના હૈયા પર સ્ટીમર હિલોળા લેતી ચાલી જતી હતી. કરાંચી છોડીને પોતે મુંબઈ જઈ રહ્યો છે, કર્મભૂમિ ત્યાગીને પોતે માતૃભૂમિ તરફ પગલાં માંડી રહ્યો છે એ વિચારથી એનું મન વધારે અસ્વસ્થ થયું. તેણે એકવાર દરિયા તરફ જોયું, એકવાર આકાશ ભણી નજર ફેંકી. શાંત સાગરના વિશાળ પટ ઉપર સફેદ ચાંદની રેલાઈ રહી હતી. શબ ઉપર ઓઢાડેલા ધોળા ખાંપણની તેને યાદ આવી.

તેણે સ્ટીમરમાં ચારે તરફ નજર દોડાવી. માલગાડીના ડબ્બામાં જેમ ઘેટાં પુરાય તેમ સ્ટીમરમાં માણસો ચિકાર ભરાયાં હતાં. મૃત્યુથી ડરીને મળે તે આગબોટમાં ચડી જઈ મુંબઈ તરફ નાસી છૂટેલા એ અભાગી આત્માઓ છેલ્લા ચાર મહિનાના ભીષણ સ્વપ્નમાંથી જાણે તે હજુ જાગ્રત થયા નહોતા. ઊંઘમાં પણ તેમનાં મોં ગભરાયેલાં દેખાતાં હતાં. મેઘશ્યામને વિચાર આવ્યો: 'આ ચહેરા પર પથરાયેલી ભીતિની ભીષણ રેખાઓ પાછળ કેવીકેવી ક્રૂર કથનીઓ છુપાઈ રહી હશે? ગઈ કાલનો અમીર આજે ફકીર બન્યો છે, ગઈ કાલની નિષ્પાપ હસતીખેલતી કિશોરીની છોટી દુનિયા આજે તેના પર બળાત્કાર ગુજારનારા ક્રૂર, પાપી, રાક્ષસી જગતના રૂપમાં પલટાઈ ગઈ છે. હિંદુ-મુસ્લિમ ઐક્યનું ગાંધીજીનું એ મધુરું સ્વપ્ન! એ છેદાઈ ગયેલા સ્વપ્નમાંથી માત્ર ખૂન અને આંસુઓથી ભરેલો કીચડ જ પેદા થયો છે! એ કાદવ પણ માણસાઈની ભવ્ય ઇમારતની તૂટી પડેલી દીવાલો લીંપવાના કામમાં આવે એવો છે નહિ. પશુપણાને પામેલા માનવીઓને આળોટવા માટેનું જાણે એ માત્ર ખાબોચિયું બન્યું છે!

એકાએક તેને કાને શબ્દો સંભળાય છે: 'બા! ઓ બા!' બાજુમાં સહેજ દૂર સૂતેલા એક પાંચ વર્ષની ઉંમરના બાળકના મોંમાંથી સ્વપ્નામાં એ ઉદ્ગારો નીકળતા હતા. બાજુમાં જ બેઠેલો એક શૂન્ય નજરવાળો આદમી એ બાળકને પાસે ખેંચી તેને હળવે હળવે પંપાળે છે. બાળકની આંખો ખુલી જાય છે. પૂછે છે: 'બાપુજી! મારી બા ક્યાં છે? મારે બા પાસે જવું છે. મને મારી બા પાસે લઈ જાઓ!' બાપ મોં ફેરવી લે છે. એની આંખેથી ચાલી રહેલી આંસુની ધાર મેઘશ્યામ બરાબર જોઈ શકે છે. ઊભા થઈ એ અભાગી માનવી પાસે પહોંચી જઈ તેનાં આંસુ લૂછવાનું મેઘશ્યામને મન થઈ આવે છે.

પણ એ વિચાર આવતામાં તો એની પોતાની આંખો ભીની થઈ આવી. આંસુભરી આંખોએ તેણે જોયું-પેલી મનોરમા, પેલી મધુરી, પેલો મંગેશ-પોતાની સારીય દુનિયા એ ત્રણમાં સમાઈ જતી હતી!

એ દુનિયાને પાછળ મૂકી પોતે સ્ટીમરમાં અત્યારે ક્યાં જઈ રહ્યો છે? મંગેશને બચાવવા જતાં કપાઈ ગયેલી પોતાની વહાલી મનોરમા—કોણ જાણે કયે અજ્ઞાત સ્થળે ઉઠાવાઈ ગયેલી બાળભાવનાભરી મધુરી-બકરીને કસાઈ પશુની પેઠે ઢસડી જનારા નરપશુને હિંમતથી કચાવીને બચકું ભરી જનારો, જે હિંમતની કદર થવી જોઈએ એના જ ખાતર લોહીના ખાબોચિયામાં આળોટી રહેલો મંગેશ-પોતાના ગૃહમંદિરની, જીવનમંદિરની એ ત્રણ મૂર્તિઓ! એ મૂર્તિઓ ભગ્ન થઈ ગઈ, મંદિર ભાંગી એ ત્રણે અદૃશ્ય થયાં, ખંડેર થઈ ગયું! એ ત્રણે અદૃશ્ય થયાં, એકલો પોતે એકલો જ પાછળ જીવતો રહ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ નહિ; પરંતુ સંસારમાં જીવવા સરખું કશું ન રહેવા છતાં કેવળ જીવતા રહેવાની વાસનાથી પોતે નાસી છૂટ્યો! એ કરતાં તો ત્યાં જ રોકાઈ રહી એ ત્રણેનાં મૃત્યુનું વેર લીધું હોત તો?—

છંછેડાયેલ નાગણ પેઠે મેઘશ્યામનું મન તલપાપડ થવા લાગ્યું, ફુત્કાર કરવા લાગ્યું. તેને વિચાર આવ્યો: પોતાની નિરપરાધ પત્નીના, નિષ્કલંક કન્યા અને નિષ્પાપ બાળકના હાલહવાલ કરી નાખનારા એ નર-પશુઓ પર વેર લેવાને બદલે પોતે ડરપોક-કાયર બની નાસી છૂટે છે? કેટલી શરમ-જનક બીના છે? એકાએક તેને એક વિચિત્ર વિચાર સૂઝ્યો: સ્ટીમરના કોઠા પરથી અહીં જ દરિયામાં પડતું મૂકવું, અને તરતાં-તરતાં પાછા કરાંચી પહોંચી જવું. ત્યાં જઈ નાજુક પુષ્પ સમાં પોતાનાં આપ્તોને મસળી-છૂંદી નાખનાર એ મર્કટોનો, માણસાઈને પગ તળે કચરી રહેલા એ રાક્ષસોનો—

પણ ત્યાં તો અંતરના ઊંડાણમાંથી તેને શબ્દો ઊઠતા સંભળાયા: 'ડૉક્ટરનાં હથિયારોનો ઉપયોગ જીવ લેવામાં ન થાય, જીવ બચાવવામાં થાય!' પોતાના બળવા-ખોર આંતરમન પર તે ખૂબખૂબ ચિડાયો.

'બા! બા!' કરી જાગી ઊઠેલા પેલા બાળકનો પિતા તેને છાતીએ ચાંપી પંપાળતો-પંપાળતો ધીમેધીમે ગણગણતો હતો:

'વૈષ્ણવ જન તો તેને કહીએ...'

એ શબ્દો મેઘશ્યામને કાને અથડાયા. એનાં મનઃચક્ષુ સામે પચીસ વર્ષ પૂર્વેની દુનિયા ખડી થઈ. તે સ્ટીમરના કઠેડા પાસે જઈ ઊભો રહ્યો. આકાશમાં વિહાર કરી રહેલા કોઈ વિશાળકાય પક્ષી પેઠે સ્ટીમર સાગરપટ પર તરતી હતી. એકબીજાને પકડવાની રમત રમતી નાની બાલિકાઓ પેઠે સાગરનાં મોજાં એક પાછળ બીજું એમ ચઢી આવતાં હતાં—આવીઆવીને સ્ટીમર સાથે અફળાઈ તૂટી જતાં હતાં.

આંખો મીંચી લઈ મેઘશ્યામે એ મોજાં-ઓનું સંગીત સાંભળવા પ્રયત્ન કર્યો, પણ તેને એ સંગીત સંભળાતું નહોતું. તેને કાને તો 'વૈષ્ણવ જન તો તેને કહીએ'વાળા શબ્દો જ અથડાતા હતા. કૉલેજના પહેલા વર્ષમાં ભણતો ત્યારથી જ ગાંધીજીના એ જાણીતા ભજનથી પોતે પરિચિત થયો હતો. કોંકણ સરખા ગરીબ પ્રાંતમાં જન્મેલા માન-વીએ ડૉક્ટર થયા પછી મહારાષ્ટ્રના કોઈ શહેરમાં પ્રેક્ટીસ કરવાને બદલે કરાંચી સરખા દૂરને સ્થળે જઈ કોંકણમાંથી પેટ ખાતર ત્યાં જઈ વસેલા ગરીબ લોકોને કશી મદદ કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો. એ નિશ્ચય કરતી વેળા તેને ગાંધીજીનું એ જ ભજન સાંભર્યું હતું. કરાંચી પહોંચ્યા પછી મોટા શહેરને બદલે આસપાસ પાંચપચીસ નાનાં ગામડાંથી વીંટાયેલું અને ઠીકઠીક ગણાતું સ્થળ જ એણે પોતાના ધંધા માટે પસંદ કર્યું હતું. એ નિર્ણય કરતી વેળા પોતે ગાંધીજીના પેલા ભજનનું તત્ત્વજ્ઞાન જીવનમાં-આચરણમાં ઉતારી રહ્યો છે એ વિચારે એનું હૃદય નાચી ઊઠ્યું હતું.

વીસ વરસ પહેલાં પોતે એ ગામડામાં સ્થાયી રહેવાનું ઠરાવ્યું ને ત્યાં પગ દીધો, ત્યારે આસપાસનાં વીસપચીસ ગામડાંઓ-એ તેના પર જાણે આશીર્વાદની પુષ્પવૃષ્ટિ વરસાવી હતી—આજે એ જ ગામમાંથી નીકળી જતી વેળાનો પ્રસંગ—એ પ્રસંગ ઉપર હિંદુ-મુસ્લિમોના લોહીના છાંટા ઊડી ઘેરી ગમગીની છાયા પથરાઈ ગઈ હતી. આગ, લૂંટફાટ, રક્તપાત, બળાત્કાર—બધાં દૃશ્યો પિશાચ-લીલાનાં હતાં! સ્વર્ગ સરજાવવા નીકળી પડેલા પોતાને પાછા ફરતી વેળા નાનું દૃશ્ય દેખવું પડ્યું હતું!—એ દૃશ્યથી નાસી છૂટવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યું હતું !

મીચેલી આંખો સામે તાદૃશ દેખાતાં એ દૃશ્યો મેઘશ્યામ જોઈ ન શક્યો. તેણે આંખો ખોલી નાખી. શાંત શુભ ચાંદનીમાં ચમકી રહેલાં અને આગળ ધસી આવતાં મોજાંઓ સામે તેણે નજર માંડી, નાચતુંનાચતું પહેલું મોજું આગળ આવ્યું. કળી ખીલીને તેમાંથી સુગંધ પ્રસરે તેમ એ ભાંગી ગયેલાં મોજાંમાંથી જાણે હસતી મનોરમા ઊપસી આવી !

મેઘશ્યામ એ દૃશ્ય જોઈ ન શક્યો. એણે આકાશ તરફ જોયું. ત્યાં ચંદ્ર હાસ્ય વેરી રહ્યો હતો. એ ચંદ્રે પણ તેને મનોરમાનું જ સ્મરણ કરાવ્યું. એક મધુર સ્મૃતિચિત્ર તેની કલ્પનામાં તરી નીકળ્યું.

મનોરમાને પોતે કરાંચી પહેલવહેલી લઈ ગયો તે વખતે પણ આવી અજવાળી રાત હતી. હર્ષથી એ રાત્રે બન્નેને ઊંઘ નહોતી આવતી ! આખરે બન્ને જણાં સ્ટીમરના કઠેડાને અઢેલીને ઊભાં રહ્યાં. સ્ટીમર તરફ ધસી આવતાં નાનાંમોટાં મોજાં જોઈ મનોરમાએ પૂછેલું: 'આ મોજાંઓને આટલો બધો આનંદ શાનો થતો હશે ?'

મેઘશ્યામે જવાબ આપેલો: 'આ સ્ટીમર ઉપર ચંદ્રોદય થયો છે, તેથી તે આ તરફ હસતાંહસતાં દોડ્યાં આવે છે !'

મનોરમાએ તુરત જવાબ આપેલો: 'પણ ચંદ્રનો સઘળો પ્રકાશ સૂર્ય પર જ અવલંબી રહે છે, એ જાણો છો ?'

ચતુરાઈભર્યા મનોરમાના આવા અનેક જવાબો મેઘશ્યામને યાદ આવ્યા. વીસવીસ વરસ સુધી એકજીવ બનીને જીવનપ્રવાસમાં પોતાને સાથ આપી રહેલી અનેક સુખોમાં પોતાને નવડાવનારી, પ્રેમાળ અને બુદ્ધિશાળી સહચારિણી—જો એણે મરવું જ હતું તો એ મૃત્યુ પોતાને ખોળે માથું મૂકી આવવું જોઈતું હતું, પોતાનું જ્ઞાન અને પરિશ્રમની પરાકાષ્ટાને અંતે એ મૃત્યુ આવવું જોઈતું હતું ! માનવી કુદરત ઉપર નાનાનાના અનેક વિજયો ભલે પ્રાપ્ત કરે, આખરી ફેંટાફેંટીના દ્વંદ્વયુદ્ધમાં તો કુદરત જ માનવીને હઠાવે છે, હરાવે છે એ જ ચિરંતન સત્ય છે. એ સત્યને આધારે જ મૃત્યુએ એને પોતાના બાહુપાશમાંથી ખેંચી જવી જોઈતી હતી !

પણ—પણ જગતના ઉતારમાંથી ઉતાર માનવીને પણ ન આવે એવું ક્રૂર, બીભત્સ, અમંગળ મરણ મનોરમાને આવ્યું હતું. એ દીપજ્યોતિ અંદરનું તેલ ખલાસ થવાથી ધીરેધીરે હોલવાઈ નહોતી ગઈ; કોઈ દુષ્ટોએ એ દીપના કાચ તોડીને પોતાની રાક્ષસી ફૂંકો મારી એ જ્યોતિને બુઝાવી દીધી હતી !

શૂન્ય નજરે, અને તે કરતાં પણ વધુ શૂન્ય અંતરથી મેઘશ્યામ મોજાં તરફ જોતો હતો. અચાનક બે દિશાએથી બે મોજાં ઊછળ્યાં, હસતાંરમતાં નજીક આવ્યાં... કોઈ દૂરને ગામડેથી એકાદ રોગીને તપાસી પોતાને ઘેર આવતો દેખી બારણામાં રાહ જોઈ ઊભેલો મંગેશ આ રીતે પોતાને વળગી પડવા દોડ્યો આવતો એમ તેને યાદ આવ્યું. છોકરો ભારે હોશિયાર હતો. એને મોટો ડૉક્ટર બનાવવાનું પોતે નક્કી કર્યું હતું; પરદેશ પણ મોકલવાની ઇચ્છા હતી ! આજે એ ક્યાં છે ? સિંધમાંહેના એક ગામડા નજીકના કોઈ ખાડામાં છેદાયેલા-ચૂંથાયેલા દેહવાળો—શી ખબર, એ કોમળ દેહને શિયાળવાં ફાડી ખાતાં હશે... એની પ્રેમભરી હસતી આંખોને ગીધ પોતાની અણિયાળી ચાંચો વડે કોચતાં હશે...

મેઘશ્યામથી હવે રડવું ખાળી ન શકાયું. ડૂસકાં ભરી તે રડવા લાગ્યો; આંખે ચોધાર આંસુ ચાલ્યાં.

તેને વિચાર થઈ આવ્યો: મુંબઈ ઊતરીને સીધા દિલ્હી પહોંચવું, ગાંધીજીની મુલાકાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પોતાની દુઃખદ કથની તેમને સંભળાવી અને કહેવું: 'બાપુ! જીવતર આખું હું તમારા સિદ્ધાંત મુજબ જીવ્યો. દરદીઓની દવા કરતી વેળા આ હિંદુ કે આ મુસલમાન એવો ભેદભાવ દાખવ્યો નહિ. મારાં એ સત્કૃત્યોનું મને શું ફળ મળ્યું? વીસ વરસ સુધી કરેલી લોકોની સેવા ધર્મઝનૂનના દાવાનળમાં બળીને ભસ્મ થઈ ગઈ! મરણપથારીએ પડેલા દૂરના ગામડાંના એક મુસલમાન દરદીને જોવા હું ગયો હતો. પાછળથી મારી પત્ની, મારી પુત્રી, મારો પુત્ર—એ નિરપરાધ જીવોએ શો ગુનો કર્યો હતો? બાપુ! નાના મોંએ મોટો કોળિયો ભરતો હોઉં તો મને માફ કરશો, પણ આપના કથનમાં—આપના ઉપદેશમાં ક્યાંક જબરી ભૂલ રહી છે. આપ પહેલાં તે શોધીને દૂર કરો તે પછી—'

મોડી રાતના ઠંડો પવન તેના દેહને ધ્રુજાવી રહ્યો. ભારે પગલે તે પોતાની પથારી તરફ પાછો ફર્યો. ઘડી પહેલાં જાગી ઉઠેલા પેલા નાના બાળકનો પિતા હજુ તેને છાતીએ ચાંપીને ઓકાં ખાતોખાતો ધીરે સ્વરે ગણગણતો હતો:

'વૈષ્ણવ જન તો તેને કહીએ.'

મેઘશ્યામના સંતપ્ત હૃદયથી તે સહન ન થયું. તેણે ગુસ્સામાં આવી કહ્યું: 'અરે મિસ્ટર! તમારું ભજન બંધ કરો ને. બીજાને પણ ઊંઘવું હશે એનો કાંઈ ખ્યાલ તો રાખતાં શીખો! આ ગાંધીજીનો આશ્રમ નથી, મુંબઈ જનારી આગબોટ છે, સમજ્યા?'

મુંબઈ પહોંચ્યાનો પહેલો દિવસ મેઘશ્યામે ઘણા મજેથી પસાર કર્યો. પોતાના જૂના મિત્ર ડૉ. દિવાકર દેશપાંડેને ત્યાં તે ઊતર્યો હતો. જમ્યા પછી મહેમાનોના ઓરડામાં તે પલંગમાં પડ્યો. પડતાં સાથે જ તેની આંખ મિંચાઈ. એટલી સખત ઊંઘ તેને આવી હતી કે ચાને વખતે ઢંઢોળીને ખાસ જગાડવો પડ્યો. પથારીમાં બેઠા થતાં જ એણે બારી બહાર નજર દોડાવી, પોતે મુંબઈમાં છે એવી ખાતરી થતાં જ એનો જીવ શાંત થયો. ડૉ. દેશપાંડેને ઘેર સંપત્તિ પેઠે જ સંતતિની બાબતમાં પણ પ્રભુની અમીદૃષ્ટિ હતી. એ નાનાં બાળકો સાથે આનંદકલ્લોલ કરવામાં ને રમતો રમવામાં તેનો ઘણો વખત પસાર થઈ ગયો.

પણ એ સઘળી શાંતિ તોફાન પૂર્વેની શાંતિ જેવી હતી. બીજે દિવસે તેનું દિલ એકદમ ઉદાસ બની ગયું. તેનું મન તેને કહેતું હતું: મેડિકલ કૉલેજમાં ભણતા ત્યારે આ દેશપાંડે પોતાના જેટલો હોશિયાર નહોતો ગણાતો, પણ આજે એ સુખચેનથી રહે છે, મજેદાર નાનો બંગલો છે, ઘેર મોટર છે, બાળકો છે, કિલ્લોલ છે! અને પોતે—?

ઉનાળાના દિવસો પૂરા થવા આવે, આકાશ વાદળાંઓથી ઘેરાઈ જાય, પણ વરસાદનો છાંટો ય ન પડે અને અસલ બફારો—જે ઉકળાટ આખી રાત સતાવી મૂકે, તે જ દશા મેઘશ્યામના મનની થઈ. આગલે દિવસે સહેજ ખીલેલી એના મનની કળી બીજે દહાડે બિડાઈ ગઈ તે બિડાઈ જ ગઈ!

દેશપાંડેનાં બાળકોને જોતાં તેને પોતાનાં મંગેશ અને મધુરી યાદ આવ્યા કરતાં; અને એ સ્મરણ સાથે જ એના દિલમાં કારમું મંથન પેદા થતું. તેને પોતાના ભાવિ પર ખૂબ ગુસ્સો થઈ આવતો. સવારે દવાખાને જવાનો વખત થતાં જ દેશપાંડે માટે તેની નવીનકોર મોટર રૂઆબભેર દરવાજે હાજર થતી. તેની પત્ની તેને દોડાદોડ કપડાં આણી આપતી અને બાળકો તેની આસપાસ વીંટાઈ વળી કહેતાં: 'મોટાભાઈ! આજ મારે માટે ચિત્રવાળી ચોપડી લાવજો હો! મોટાભાઈ! મારે માટે આજે બોંબ નાખનારું વિમાન

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર લેતા આવજો.' એ આવા દ્રશ્યમાં—એ કિલકિલાટમાં કાવ્ય હતું, પણ એ કાવ્યનો આસ્વાદ લેવા જેવી સ્થિતિ મેઘશ્યામના મનની નહોતી. એ તો એ સઘળું જોઈ વધુ ને વધુ ઉદાસ બનતો.

ડૉ. દેશપાંડેનો ખુલ્લો બંગલો તેને જેલ જેવો લાગવા માંડ્યો. ગમે ત્યારે હવે તેણે ભટકવાનું શરૂ કરી દીધું, પણ રસ્તાનું દરેક દશ્ય એના દિલના જખમોને આઘાત પહોંચાડતું, અને એની વેદનાઓ વધી જતી. નિશાળે જનારા કિશોરોને જોઈ તેને મંગેશ યાદ આવતો. પીઠ પર લાંબી વેણી ઝૂલતી રાખીને યૌવનનું સ્વાગત કરનારી લજ્જાશીલ બન્યા છતાં ઉમળકાભેર આવકારનારી, રસ્તે જતી કોઈ મુગ્ધાને જોતાં જ એ મધુરી તો નહિ હોય એમ માની મેઘશ્યામ એકાએક અટકી ઊભો રહી જતો, તેને નીરખીને જોઈ લેતો અને એક લાંબો નિસાસો મૂકી આગળ વધતો. સાંજે ચોપાટી પર જતો ત્યારે ત્યાં ફરવા આવેલાં જુવાન તેમ જ પ્રૌઢ દંપતીનાં મોં પર પથરાયેલાં હાસ્ય જોતાં તેનું અંતર વલોવાઈ ઊઠતું. સીધો તે ઘર તરફ પાછો ફરી જતો, અને પોતાની ઓરડીમાં પેસી બારણાં બંધ કરી પથારીમાં મોં સંતાડી દેતો.

એક દહાડો સાંજના તે એક ઈરાનીની હોટલમાં શૂન્યમનસ્ક બની ચા પીતો બેઠો હતો. તેની બાજુની ખુરશી પર એક માણસ આવીને બેઠો. તેની પાસે તાજું છાપું હતું. ચા પીતાંપીતાં તેણે મેઘશ્યામને પૂછ્યું: 'તમે આ મહિનાનું ભવિષ્ય વાંચ્યું ?'

મેઘશ્યામના મોં પર પથ્થરના જેવી નિર્વિકારતા પથરાયેલી હતી. તેણે કશો જવાબ આપ્યો નહિ, પણ મેઘશ્યામનું મૌન એ બખડાટ કરવાની ટેવવાળા ગૃહસ્થને આહ્વાન સમું થઈ પડ્યું. તેણે ગંભીર ભાવે બીજો સવાલ પૂછ્યો: 'તમે તમારો વીમો ઉતરાવ્યો છે ?'

'રખે આ કોઈ વીમાદલાલ હોય !' એવો એક વિચાર મેઘશ્યામના મગજમાં પસાર થયો, છતાં તેણે મોંવાટે અક્ષર કાઢ્યો નહિ. પેલા ગૃહસ્થે છાપું ... અંદરની હકીકત વાંચવા માંડી: 'આ મહિના... માં સંભવ છે, કે મુંબઈને ધરતીકંપ... એક મોટો આંચકો લાગશે—'

તેને આગળ વાંચતો રોકી મેઘશ્યામે ... 'તો તો બહુ સારું ! આખું મુંબઈ આંચકાથી ઊછળી પડે અને ત્રીશ લાખ આ માનવી... એક ક્ષણમાત્રમાં દબાઈ જાય તો ... મજા આવે !'

કોઈ હિંસ્ર પશુનો ભેટો થયો હોય ... પેલા ગૃહસ્થે પોતાની ખુરશી ઝટ કરતી... ખસેડી લીધી, અને નવાઈ પામી તે મેઘશ્યામ તરફ જોઈ રહ્યો; અને પછી મૂગા બની ... નીચું માથું રાખી તેણે ચા પીવા માંડી.

પોતે શું બોલ્યો હતો તેનો ખ્યાલ મેઘશ્યામને તે પછી જ આવ્યો. પોતાના ... નિર્દયતાભર્યા શબ્દોચ્ચારથી તેને પોતાને પણ નવાઈ લાગી. દુનિયા પરના એકેએક જીવને જિવાડવા માટે જીવન આખું ... દોડી કરનારા પોતાના જેવા આદમીને ... ત્રીશ લાખ માનવીઓ કચડાઈ મરે ... આનંદ થાય એ વિચાર પ્રગટ થતો ... નવાઈ લાગી. ખરેખર, 'એ શબ્દો શું ... બોલ્યો હશે? તેનું મન કહેવા લાગ્યું ... પહેલાંનો મેઘશ્યામ તે સાચો મેઘશ્યામ નહોતો. એના શરીરમાં પ્રવેશેલો '... એના મોંવાટે બોલી રહ્યો હતો.

'કલિએ' મંથરાના શરીરમાં પ્રવેશ... કર્યો અને અભાગી સીતાને વનમાં જવું ... 'કલિએ' નળને ઝપાટામાં લીધો ... દમયંતી સમી ગુણવતી પતિવ્રતાને ... બનવું પડ્યું. એ જ 'કલિ' આજે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ કરે છે!

એનું મન વિચાર કરતું હતું: માંદા માણસને હરેક ચીજનો સ્વાદ કડવો લાગે છે, કેમકે એની જીભ બદસ્વાદ બની હોય છે. મારા મનની પણ એવી દશા કાં ન થઈ હોય? મારો સંસાર ધૂળધાણી થઈ જવાથી મને આજે ચીડ ચડી છે, ગુસ્સો ઊપજ્યો છે. મારાં પ્રીતિભાજનો નાશ પામવાને કારણે મારું મન માનવીનો દ્વેષ કરતું થયું છે, પણ આ સઘળાં માનવીઓએ મારું શું બગાડ્યું છે? મારાં બાળબચ્ચાંની હત્યા કરનારા તો ધર્મઘેલા, ઝનૂની, જંગલી ગુંડાઓ જ હતા! દુનિયા આખી કાંઈ ગુંડાઓથી વસેલી નથી. તેને લાગ્યું, કે ઘડી પહેલાં પોતે જે વિચિત્ર શબ્દો કાઢેલા તે કાઢવાની જરૂર નહોતી. તુરત તે ઊભો થઈ પેલા માણસ તરફ નજર પણ નાખ્યા વિના હોટલ બહાર નીકળી ગયો!

સામેથી એક બસ ધડધડાટ કરતી આવી પહોંચી. હોટલના દરવાજા પાસે જ થડથડાટ કરતી ઊભી રહી ગઈ. બસમાંથી ઉતાવળે ઊતરનારાઓમાં એક સુંદર યુવતી પણ હતી. એના સામે નજર જતાં જ મેઘશ્યામનું મન બોલી ઊઠયું: 'પેલા ખૂણા ઉપર વાંક લેતાંલેતાં જો આ બસ ઊંધી વળી જાય ને અકસ્માતમાં આ યુવતીનું સુંદર મોં છેક કદરૂપું બની જાય તો કેવી મઝા આવે...!'

પણ એ વિચાર એટલે આવતાં જ એનું શરીર ધ્રૂજી ઊઠયું. પોતાની આવી વિકૃત, બીભત્સ કલ્પનાથી તે પોતે જ ડરી ગયો; તેનાથી જાણે નાસી છૂટવું હોય તેમ તે ઉતાવળે ચાલવા લાગ્યો. રસ્તે જાણે કોઈ વાઘસિંહ પાછળ પડ્યો હોય અને એની તરાપમાંથી માંડ છુટાયું હોય તેમ તે દોડાદોડ ઘેર આવી પહોંચ્યો અને ઝડપભેર ઓરડીનું બારણું વાસી લીધું!

આંખો મીચી દઈ તેણે શાંતથી પડ્યા રહેવાનો પ્રત્યન કર્યો, પણ તેના અંતરની વેદના કોઈ રીતે શમતી નહોતી. દીવાની જ્યોત પર દાઝેલા પતંગિયાને કોઈ આસ્તેથી બાજુ પર ઊચકીને મૂકે તેવી તેની દશા થઈ હતી. તેણે આંખો ખોલી. ટેબલની પાછલી દીવાલ ઉપર ગાંધીજીના ફોટાવાળું એક કેલેન્ડર લટકતું હતું. ફોટામાં ગાંધીજીનું મોં હસતું હતું–તેમણે હાથ જોડ્યા હતા.

ગુસ્સામાં ઊભો થઈ કેલેન્ડર સામે જોઈ તે બરાડી ઊઠ્યા: 'આમ હસો છો શાના?' વળી તે ચૂપ રહ્યો. હજુ પણ ગાંધીજી હસે છે એ જોઈને તેનો ગુસ્સો પારાવાર વધી ગયો. આંચકો મારી તેણે કેલેન્ડર ખેંચી કાઢયું, ઝરડઝરડ ફાડીને તેના ટુકડા કરી નાખ્યા! વેરાયેલા ટુકડા ટેબલ તળે ટોપલીમાં નાખવા એકઠા કરવા લાગ્યો, પણ તેમ કરતાં-કરતાં તેના હાથ હવે ધ્રૂજવા લાગ્યા. એ ટુકડા ફરીવાર ગોઠવીને એણે ગાંધીજીની છબી આખી બનાવવાની મહેનત કરવા માંડી, પણ તેમાં તે સફળ ન થયો. વચ્ચે જ તેને પોતાના હૃદયના પણ આ છબીની પેઠે જ ટુકડા થયાનો ખ્યાલ આવ્યો. એ દિલના ટુકડા ફરી શી રીતે સંધાડી શકાય? એ ચીંથરાંમાંથી ફરી પહેરી શકાય એવું આખું વસ્ત્ર સાંધી શકાશે ખરું? એ આખું ન સંધાય તો...

કોઈ મારકણા વાછરડાને દોરડું બાંધી ખેંચી રાખીએ, તેમ તેણે પોતાનું સઘળું ધ્યાન છબીના એ ટુકડાઓને પાછા જોડવામાં પરોવ્યું. એમાંના બે ટુકડાઓ તરફ એનું ધ્યાન ચોંટી રહ્યું. એકમાં ગાંધીજીનું માત્ર હસતું મોં જ હતું, અને બીજામાં તેમણે જોડેલા ફક્ત બે હાથ જ દેખાતા હતા. ધીરેથી એ બંને ટુકડા ઊચકી લઈ એણે એને પોતાના ખીસામાં મૂકી દીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેઘશ્યામની આ ચિત્તભ્રમ સરખી દશા ડૉક્ટર દેશપાંડેના ધ્યાન બહાર જાય તે બનવાજોગ ન હતું. દેશપાંડેને પહેલે દિવસે જ લાગેલું કે મેઘશ્યામનું ચિત્ત કોઈ અન્ય કાર્યમાં વળેલી તર્કે ઓતપ્રોત થઈ જાય એ જરૂરનું છે, પણ પોતે સ્નેહભાવે પંપાળવા જાય ને સ્પર્શની વેળા બરાબર જખમો પર જ હાથ પડે એ ભયે તે શાંતિ ધારી રહ્યા હતા. આખરે એક દિવસ હિંમત આણી તેમણે મેઘશ્યામને દવાખાનું કાઢવાનું સૂચવ્યું. જવાબમાં 'અહીં ? મુંબઈમાં ?' એટલા બે જ શબ્દો બોલી તે ઘણીવાર સુધી ચૂપ રહ્યો. પછી પ્રેમભાવે ડૉ. દેશપાંડેના ખભે પોતાના અંને ધ્રૂજતા હાથ ટેકવી આંખમાં આંખ મેળવતાં તેણે જણાવ્યું : 'ના, ના દિવાકર ! મારાથી એ નહિ બને. અહીં રહ્યાંરહ્યાં હું કેવો મુઝાઉં છું તેનો તને ખ્યાલ નહિ આવી શકે ! તરસ છિપાવવાને ઇરાદે તળાવમાં પગ દેનારો માણસ કાંઠાના કીચડમાં ખૂંચી જાય એમ અહીં રહ્યાં મારું મન અને જૂનાં સ્મરણો, જાતજાતની સરખામણી...રાત્રે દીવાઓથી ઝગમગી રહેલા અહીંના સુંદર બંગલાઓ જોઉં છું કે મને મારું ભસ્મ થઈ ગયેલું નાનકડું ઘર સાંભરી આવે છે. સુખ-ચેનમાં દિવસો ગુજારી રહેલા અહીંના લાખો માનવીઓમાં મારો મંગેશ નથી, મારી મધુરી નથી, મારી મનોરમા નથી એ વિચારે હૈયે કેવી ભયાનક હોળી પ્રગટે છે તેની તને શી વાત કરું ? એમ થઈ જાય છે, કે અહીંને બદલે મારા મૂળ કોંકણના વતનના ગામડા-માં ચાલ્યો જાઉં. ત્યાં વડીલોના વખતનું જૂનું ભાગ્યુંતૂટ્યું ઘર છે; તે સ્મશાન જેવી ભૂમિમાં ભૂતની પેઠે એકલો વાસો કરીશ, રાત્રિના અંધારા ઓળા પથરાતાં નદીને કાંઠે જઈને ત્યાંના ઘૂનાનાં કાળાં ડીબાણુ પાણી સામે બેઠાબેઠાં જોયા કરીશ. સંભવ છે, કે કદાચ એમ કરવાથી મારા જીવને [...] થશે. પ્રાણથી પણ પ્યારી એવી કેવળ [...] વ્યક્તિઓ જ મેં ગુમાવી નથી; એથી [...] કંઈક વધારે કિંમતી મેં કશું ગુમાવ્યું છે [...] મને લાગ્યા કરે છે. એ પાછું મેળવ્યા [...] વડીલોનાં એ જૂનાં ગામડાંમાંથી કદાચ [...] મને લાધી જાય.'

*

ડૉ. દેશપાંડેની અનેક વિનંતિઓ [...] ગણકાર્યા વિના જ આખરે મેઘશ્યામ પોતાના [...] ગામડાને વતન જવા તૈયાર થયો. રેલવે[...] સેકંડ ક્લાસમાં બેઠાંબેઠાં દેશપાંડેની રજા લેતી વેળા તેના મનમાં ઉલ્લાસ ભર્યો હતો. કરાંચીથી નીકળ્યા પછી આજસુધી કોઈ દિવસ તેણે કોઈ છાપું હાથ અડ્યું નહોતું, પણ આજે તેણે તાજાં બેત્રણ છાપાં વેચાતાં લીધાં.

આજે શુક્રવાર તા. ૩૦મી જાનેવારી[...] નો દિવસ હતો. બધાં છાપાંઓ મથાળે[...] છેલ્લી લીટી સુધી વાંચી ગયો.

દરમિયાન ટ્રેન તો એક પછી એક સ્ટેશન[...] પસાર કરે જતી હતી. તે એકાએક અંતરિ[...] યાળ અટકી ઊભી રહી. શું થયું છે [...] જાણવાના કુતૂહલે બધા ઉતારુઓ જોવા ઊતરી [...] પડ્યા. એમાં મેઘશ્યામ પણ હતો.

મળસકે પસાર થતી મેલ તળે [...] અભાગી માણસે ભૂસકો મારી આપઘાત [...] હતો. પોલીસોએ કબજે લીધેલ એ શબ[...] પંચનામું થઈ ગયું હતું. હવે એ મૃતદેહ [...] આ ટ્રેન દ્વારા આગળ મોકલવાનો હતો; [...] આ આપઘાતની હકીકત જાણ્યા પછી [...] શ્યામનું દિલ છાપાંઓમાંથી ઊડી ગયું. [...] માણસે શા સારુ આપઘાત કર્યો હશે [...] વિચારે એ ચડ્યો. તુરત તેને કોંકણનું પોતાનું [...] ગામડું યાદ આવ્યું. એને થયું, એ નિર્જન [...] બની ગયેલા પ્રાણહીન ગામડામાં એક દિવસ [...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને પણ જીવવાનો કંટાળો આવી જશે તેથે–

ગળાફાંસો ખાઈ કોઈ ઝાડની ડાળે લટકી રહેલું મેઘશ્યામનું શબ ફૂલી જઈને ઘૂનાના પાણી પર તરતું મેઘશ્યામનું નિરૂપ શરીર, રેલવેના પાટાની એક બાજુએ માથું અને બીજી બાજુએ ધડ ઊડી પડેલો છિન્નભિન્ન મેઘશ્યામનો દેહ–પોતાની–અનેક ભેસૂર આકૃતિઓ તેનાં કલ્પનાચક્ષુ સામે ખડી થઈ ગઈ!

દરમિયાન પેલા પ્રેતને ગાડીમાં ચડાવી દેવામાં આવ્યું હતું. ઉતારુઓ બધું ભૂલી જઈ ચા અને નાસ્તાપાણીમાં ગુલતાન બની ગયા, પણ મેઘશ્યામનું મન વારેવારે એક જ વિચારની આસપાસ ગૂંચવાયા કરતું હતું. 'હું શા માટે જીવું છું? હું કોના ખાતર જીવું છું?'

પૂના જંક્શને તેણે ગાડી બદલી, સેકંડ ક્લાસના કંપાર્ટમેન્ટમાં તે દાખલ થયો ત્યારે તેમાં કોઈ પ્રવાસી નહોતો. તેને જરા સ્વસ્થતા મળી. આંખો મીચી લઈ તેણે બર્થ ઉપર લંબાવ્યું, પણ તેને કેમ કરી ઊંઘ આવતી નહોતી.

દરમિયાન એક યુવાન દંપતીએ હસતાં-હસતાં એ કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશ કર્યો. એમના સરસામાનનો ખડખડાટ, વાતોનો કિલકિલાટ, જેનું કશું પ્રત્યક્ષ કારણ ન હોવા છતાં ફાટી પડતું હાસ્ય; દસ જ મિનિટમાં મેઘશ્યામની સ્વસ્થતા ચાલી ગઈ. કંટાળી જઈને સામાન સાથે તે નીચે ઊતરી ગયો. જતાં-જતાં પેલી યુવતીના શબ્દો તેને કાને અથડાયા: 'ટુ ઈઝ કંપની, થ્રી ઈઝ એ ક્રાઉડ (બે જણની સંગત, ત્રણનું ટોળું.)'.

ત્રણ ડબા છોડી દઈ તે પછીના એક ત્રીજા વર્ગના ડબ્બામાં તે ચઢ્યો. સામે ખૂણામાં એક જગ્યા ખાલી હતી. એ જગ્યા એને ગમી ગઈ. ત્યાં જઈને બેસવાનું તેને મન થઈ આવ્યું; પણ એ ખૂણા પાસેની બારી નજીક એક પડદેનશીનબાઈ બેઠી હતી. એની બાજુમાં એક ફૂમતાવાળી ટોપી ચડાવેલો આદમી બેઠો હતો–ઘણું કરીને એ પેલીનો ધણી જ હશે! શાંતિથી બેસવા માટે એ ખૂણો સારો હતો, પણ મેઘશ્યામના પગ એ બાજુ જવા ઊપડ્યા નહિ. સતત એ માણસો જ જોયા કરવાથી, પોતાના દિલનું દર્દ વારેવારે સાંભરી આવશે, અને અંતરની વેદનાઓ વધી જશે એ વિચારે તેણે બીજી દિશામાં પગલાં વાળ્યાં.

ગાડી ચાલવા લાગ્યા પછી એણે ડબ્બા માંહેના ઉતારુઓ પર નજર ફેરવી લીધી. વચલી પાટલી ઉપર ભગવાં વસ્ત્રો ધારણ કરેલા એક સંન્યાસી બેઠાબેઠા કાંઈ શ્લોકો ગણગણ્યા કરતા હતા. પેલી બાજુની બારી પાસે એક સ્ત્રી બેઠી હતી; મોંમાં ચડાવેલ પાનની પિચકારી બારીમાંથી ફેંકવાનું વધારે ફાવે એ વિચારે તે ત્યાં બેઠી હોવી જોઈએ. એના વસ્ત્રપારધાન અને બોલવાના ઢંગ ઉપરથી તે વેશ્યા હોય એમ લાગતું હતું.

મેઘશ્યામે આંખો બંધ કરી દીધી. ડબ્બાના ઉતારુઓની વાતચીત તે નિરાંતે સાંભળ્યા કરતો હતો. કોઈ વધી પડેલી મોંઘવારીની ફરિયાદ કરતું હતું, કોઈ ગાંધીજીએ તાજેતરમાં કરેલા ઉપવાસનો ઉલ્લેખ કરતું હતું, કોઈ ગાંધીજીએ પંચાવન કરોડ રૂપિયા પાકિસ્તાનને અપાવી દીધા તે જાણે પોતાના ખિસ્સામાંથી જ ગયા હોય એવી લાગણીથી બળાપા કાઢતું હતું! વચ્ચેવચ્ચે પેલા સંન્યાસીના કોઈ સંસ્કૃત શ્લોકોનાં ચરણો તેના કાને અથડાતા હતાં; તો કોઈવાર પાનનાં ગલોફાંભરી પિચકારી મારનારી પેલી વેશ્યાનું અર્થહીન હાસ્ય તેને સંભળાતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવારે આમાંનું કશું તેને સંભળાતું બંધ થઈ ગયું. પછી તેને થયું: પોતાની ટ્રેન એક ઊંચીઊંચી ભેખડ પરથી નીચે ઊંડી ખાઈમાં જાણે ઊથલી પડે છે. પેલો સંન્યાસી જાણે પ્રાર્થના કરે છે: 'હે ભગવાન્! મને બચાવ! મારે હજી જીવવાની તૃષ્ણા છે!' પેલી વેશ્યા ઈશ્વરને વીનવી રહી છે: 'હે ભગવાન્! દયા કરી મને જીવતી રહેવા દે. આટલામાં મરી જવાની મારી મરજી નથી.' ભગવાન હસીને જવાબ આપે છે: 'આ દુનિયાની ઉત્પત્તિ થઈ ત્યારથી માંડીને આજ સુધી જન્મેલા દરેક માનવી જીવને આખરે મૃત્યુ ખેંચી જ ગયું છે!'

વળી થોડીવાર સુધી કશું દેખાયું નહિ, કશું સંભળાયું નહિ. પછી એકાએક એક વિશાળ રંગભૂમિ નિર્માણ થઈ. એ રંગભૂમ-પર દીવાને સ્થાને ચાંદો–સૂરજ ચમકી રહ્યા હતા, સાગરનો જાણે ગાલીચો બિછાવાયો હતો, પાછળના પડદા પર વાદળાંથી ઢંકાયેલ પર્વતનાં શિખરો નજરે આવતાં હતાં. સીનના ફેરફારો કરવા માટે જુદીજુદી ઋતુઓ દોડાદોડી કરી રહી હતી.

રંગભૂમિ પર પહેલા પ્રવેશ તરીકે જ્વાળામુખીએ તાંડવ નૃત્ય દાખવ્યું; તે પછી નદીઓએ પોતાના મધુર કલકલ સ્વરોથી પ્રાર્થનાગીત ગાયું.

તે પછીના દૃશ્યમાં એક ક્રૂર દેખાવનો પુરુષ અને કોમલ મુખમુદ્રાવાળી એક સ્ત્રીએ હાથમાં હાથ મિલાવી નાચતાંનાચતાં રંગ-ભૂમિ પર પ્રવેશ કર્યો. પુરુષે બેદરકારીથી વૃક્ષવેલીઓ હચમચાવી દીધી; ક્ષણવારમાં જ એ સઘળાંનાં પાન ખરી પડ્યાં. પેલી સ્ત્રીએ તેમના પર વાત્સલ્યભર્યો હાથ ફેરવ્યો ત્યાં બધાં એકાએક લીલાંકુંજ બની હસી રહ્યાં. પછી પેલા પુરુષે એક કર્કશ સીટી મારી–ધડોધડ આસપાસ ચિતાઓ પ્રજળી ઊઠી. ત્યાં તો પેલી સ્ત્રીએ મોં વાટે હાસ્ય રેલ્યું અને બીજી જ પળે ચિતાઓ હોલવાઈને તેને સ્થાને પારણાંઓ હીંચોળાવા લાગ્યાં!

નવાઈ પામી મેઘશ્યામે પેલા પુરુષને સવાલ કર્યો: 'તમારું નામ?'

તોછડાઈભર્યા અવાજે પેલાએ જવાબ આપ્યો: 'મારા સરખી જગવિખ્યાત વ્યક્તિનું નામ હજુ તું જાણતો નથી? કોઈ મૂર્ખ દેખું! તારે ને મારે તો ઘણી જૂની ઓળખાણ છે. મને મૃત્યુને નામે સૌ ઓળખે છે!'

મેઘશ્યામે પેલી સ્ત્રીને સવાલ કર્યો: 'બાઈ! તમારું નામ કહેશો?'

શરમથી પેલી સ્ત્રી નીચું જોઈ રહી, મૃત્યુએ જ તેને બદલે જવાબ વાળ્યો: 'એ બહુ શરમાળ છે. હું જ તમને એનું નામ કહું. એને સહુ 'પ્રીતિ'ને નામે ઓળખે છે. અમારા બંને વચ્ચે એક મહાન હોડ મંડાઈ છે. યુગોના યુગો પસાર થયા, પણ એ હોડનો હજુ કશો નિકાલ આવ્યો નથી.'

વાતચીત દરમિયાન મૃત્યુએ પાસે આવી પોતાને ખભે હાથ દીધો છે. અને એ હલમલાવી રહેલ છે એમ મેઘશ્યામને લાગ્યું. તેણે આંખો ખોલી નાખી. જોયું તો ગાર્ડ પોતાને ઢંઢોળી રહ્યો છે! 'ઓ મિસ્ટર! મોટા કુંભકર્ણ લાગો છો. મેં તો ધાર્યું, કે તમે ભાનમાં જ નથી. આપની ટિકિટ બતાવો તો?'

સેકંડ કલાસની ટિકિટ મેઘશ્યામે આગળ ધરી. એ જોતાં જ ગાર્ડ ઠંડો પડી ગયો. વિનયભર્યા સ્વરે તેણે કહેવા માંડ્યું: 'તો આપ સેકંડ કલાસમાં કેમ નથી બેસતા? જગ્યા તો ઘણી ખાલી પડી છે!'

'મારે અહીં જ બેસવાનું મન છે.' મેઘશ્યામે જવાબ આપ્યો.

'ચક્રમ લાગે છે!' એવો ભાવ વ્યક્ત કરતી નજરે બાજુના પેસેન્જરો તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝીણું હસીને ગાર્ડ ચાલ્યો ગયો.

'બીજા ગાંધીજી જ હોય એમ લાગે છે! અહીં પાસે સેકંડ ક્લાસની ટિકિટ હોત તો ત્યાં જઈ નિરાંતે લાંબા પગ કરી ખેંચી કાઢત!' બારી પાસે બેઠેલી બાઈએ બહાર પાનની પિચકારી ફેંકતાં કહ્યું.

સૂર્ય ધીરેધીરે ક્ષિતિજ તરફ જઈ રહ્યો હતો. સાંજની આછી છાયા પથરાવા લાગી. આતુરનયને મેઘશ્યામ એ દૃશ્ય નિહાળી રહ્યો. છ વાગી ગયા હતા. થોડીવારે એક કંઈક મોટા જણાતા સ્ટેશન પાસે ગાડી ઊભી રહી. છૂટવાની વેળા થતાં જ એક ડોસો દોડતોદોડતો એ ડબ્બા નજીક આવી લાગ્યો; મહામુસીબતે તે અંદર ચડી શક્યો. મેઘશ્યામે એના તરફ જોયું. ડોસાને સાઠ ઉપર વર્ષો પસાર થયાં દેખાતાં હતાં. તેની ઝડી સુકાઈ ગયેલા ખડનું સ્મરણ કરાવી રહી હતી. એના મોં પર નિરાશાની, ઉદાસીનતાની ઊંડી રેખાઓ વાંચી શકાતી હતી. એની આંખો સામે જોતાં કોઈ ઊંડા કૂવામાં નજર નાખતા હોઈએ એમ મેઘશ્યામને લાગ્યું. બારી નજીક બેઠેલા પેલા મુસલમાન ઉતારુએ એ વૃદ્ધ ડોસાને માટે બેસવાની જગ્યા કરી આપી.

'કેમ ઉસ્માન ચાચા! ક્યાં ગયા હતા?' પેલાએ સહજભાવે સવાલ કર્યો.

પણ જવાબમાં એ વૃદ્ધની આંખો આંસુઓથી છલકાઈ ઊઠી. એ લૂછી નાખતાં ડોસાએ પોતાની કથની–આખી ય કથની કહેવા માંડી. થોડી જ વારમાં આખો ડબ્બો એકધ્યાન બની પેલા ડોસાનો બોલ સાંભળવામાં તલ્લીન બની ગયો. સંન્યાસીએ હાથમાં ખોલેલી ગીતા વાંચવી બંધ કરી; બારી પાસે બેઠેલા પેલી બાઈએ નસ ઉતારવા હાથમાં લીધેલાં નાગરવેલનાં પાન હાથમાં જ રહી ગયાં.

પોતાની સાઠ વરસની જીવનકથની કહેતાં ઉસ્માનને પૂરી સાત મિનિટ પણ લાગી નહિ.

એક ગરીબ ખેડૂતને ઘેર તેનો જન્મ થયો હતો. આઠ ભાઈબહેનમાં તે સૌથી મોટો હતો! ભણવાની એને ઘણી હોંશ હતી, પણ ગામડાંમાં ત્યારે નિશાળ જ નહોતી; અને હોય તોપણ ખેતરમાં મદદ કરવાને ભણવા સારુ એને નિશાળે કોણ મોકલે તેમ હતું? મોટો થતાં પેટનો ગુજારો કરવા માટે તેણે પોર્ટરની નોકરી લીધી. એની કર્તવ્યપરાયણતાને પરિણામે અનેકવાર ટ્રેનોના કેટલા ય અકસ્માતો થતા રહી ગયા હતા; પણ પોતાની જિંદગીના કોઈ અકસ્માત તે રોકી શક્યો નહોતો! એને બે દીકરા થયા. મોટો છોકરો જુવાની આવતાં જ કુછંદે ચડી ક્યાં ય ઊપડી ગયો હતો!

ખેતરમાંહેનો તેનો કૂવો બહુ ઊંડો અને આવવાના રસ્તા પર હતો. કૂવાને પાળ બાંધી નહોતી. એ બાંધી લેવા જેટલા પૈસા તેની પાસે રહેતા જ ન નહિ! એકવાર અંધારામાં કૂવાની નજીકમાંથી પસાર થતાં તેની સ્ત્રીનો પગ લપસ્યો ને તે કૂવામાં જઈ પડી. બાઈ જીવતી તો રહી, પણ કાયમ માટે એના પગ અપંગ બની ગયા! થોડા પૈસા પાસે થયા હોત તો દીકરીને તે સારું વરઘર સંપડાવી શકત; પણ પૈસાને અભાવે પોતાની મરજી ન હોવા છતાં દીકરીને એક વ્યસની જુવાન સાથે પરણાવવી પડી. જમાઈ દીકરીને મારે છે, ત્રાસ આપે છે, કનડે છે, કાઢી મૂકે છે. દીકરી રોતીરોતી પિયેર આવે છે. એને વાંસે પ્રેમથી હાથ ફેરવી બે આશ્વાસનના બોલ સંભળાવવાથી વધારે બીજું બાપ શું કરી શકે એમ હતો?

બીજો દીકરો રહેણીકરણીમાં સારો હતો. આંખે ઝાંખપ આવવાથી ઉસ્માને પોર્ટરની નોકરી છોડી દીધી. હવે આખા કુટુંબનો આધાર એ એકલો દીકરો જ બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો. ચાર વરસ પહેલાં ઉસ્માને એને પરણાવ્યો; બે વરસ પહેલાં એને એક દીકરો થયો. દીકરો પણ કાંઈ દીકરો! કલૈયોકુંવર જોઈ લ્યો! પણ ફૂટેલાં કરમ આગળ ડહાપણ નકામું હોય છે. ગયે વર્ષે ટાઈફોડમાં એ જુવાન દીકરો ઝડપાઈ ગયો, અને જુવાનનો નાનો દીકરો હમણાં કોઈ ઝેરી તાવમાં પાછો સપડાયો હતો. તાવનો આજે નવમો દિવસ હતો! આજની રાત ભારે કપરી જશે એમ લાગતું હતું, ગામડાગામમાં દાક્તર પણ ક્યાંથી મળે? વહુએ પોતાનો છેલ્લો દાગીનો ડોસાના હાથમાં આપી કહ્યું હતું: 'આને વેચી નાખીને કોઈ સારા દાક્તરને આજની રાત છોકરા પાસે હાજર રહેવા તાબડતોબ લઈ આવો!' ગરીબની નાનકડી જીવાદોરીમાંથી ઊપજેલા પચીસ રૂપિયા લઈ ઉસ્માન આ નાના શહેરમાં આખો દિવસ આથડ્યો હતો, પણ એટલી રકમમાં કોઈ દાક્તર ગામડામાં આવી રાત રહેવા તૈયાર નહોતો.

એ છેલ્લા બોલ બોલતી વેળા ઉસ્માનનો અવાજ ઘોઘરો બની ગયો હતો. હવે ઘેર જઈ એ ગભરુ વહુને હું મોં શું બતાવીશ? એમ મનમાં સ્પષ્ટઅસ્પષ્ટ ગણગણતો ઉસ્માન એકદમ અટકી ગયો.

આખા ડબ્બામાં કોઈ વિચિત્ર શાંતિનું સામ્રાજ્ય વ્યાપ્યું હતું. સંન્યાસીએ ગીતા ખોલી એમાંના શ્લોક વાંચવા પ્રયત્ન કર્યો, પણ તુરત એ બંધ કરી દઈ પાછો એ ઉસ્માન તરફ જોઈ રહ્યો; બારી પાસે બેઠેલી સ્ત્રીએ હાથ માંહેના પાનની રગો ઉખેડી દીંટિયાં તોડી નાખ્યાં. ઉપર ચૂનો ચોપડી કાથો ભભરાવવા કાથાની ડબી લીધી, પણ ડબી એના હાથમાં જ રહી ગઈ, અને બાઈની નજર ઉસ્માન તરફ ચોંટાઈ રહી.

મેઘશ્યામનું દિલ પણ તેને કહેવા લાગ્યું: 'ઊઠ, ઊભો થા! જઈને ડોસાને કહી દે: હું દાક્તર છું! ચાલ, હું આવું છું!' ત્યાં તો તેનું બીજું દિલ ફુત્કાર કરી ઊઠ્યું: 'આ ઉસ્માનના જાતિભાઈએ જ તને માણસની દુનિયાની બહાર ફેંકી દીધો છે. તારી સ્ત્રી, તારી દીકરી, તારો પુત્ર, એનાં એણે ખૂન કર્યાં છે! તું...તું ઊઠીને એને મદદ કરવા જઈશ?'

મેઘશ્યામે પોતાની જગ્યાએથી ઊભા થવાનો પ્રયત્ન કર્યો, પણ કોઈએ જાણે ભારે વજનદાર બેડીઓ પોતાને પગે જડી દીધી હોય એમ એને લાગ્યું. એણે ઉસ્માન તરફ જોવાનો પ્રયત્ન કર્યો. એની અને પોતાની વચ્ચે કોઈ ઊંચીઊંચી ભારે જબરી દીવાલ જાણે ચણાઈ ગઈ હોય એમ એને દેખાયું. એ દીવાલ સુધી એનું મન દોડી ગયું, એની એક બારીમાંથી એણે ઉસ્માનને જોયો; એને એક વૃદ્ધ આદમી દેખાયો.

તરત તેનું બીજું મન ચિત્કાર કરી ઊઠ્યું: 'આવા તો લાખો બુઢ્ઢાઓ દુનિયામાં પડ્યા છે. ચાલ, પાછો ફરી જા! તું હિંદુ છો, એ મુસલમાન છે! જે મુસ્લિમ ગુંડાઓએ તારી પત્ની, તારી પુત્રી, તારો બાળક...'

ઘાયલ થયેલ કોઈ પશુ ઢસડાતું, ઘેંટાતું પોતાની ગુફામાં જઈને ભરાઈ જાય, તેમ એનું પહેલું મન દર્દ સાથે પાછું હઠી ગયું: બીજા મનની ઓથે એ સંતાઈ ગયું.

સ્ટેશન આવ્યું. ભારે પગ અને તેથીયે ભારે દિલ સાથે ઉસ્માન ડબ્બામાંથી નીચે ઊતર્યો. દોડાદોડ છસાત ઉતારુઓ જુદા જુદા ડબ્બાઓ તરફ દોડી ગયા. એક ઉતારુ મેઘશ્યામવાળા ડબ્બા પાસે આવ્યો, પણ ઉસ્માન ઊતરી રહે પછી જ તેનાથી ચડાય એમ હતું. વૃદ્ધને ઊતરતાં થતા વિલંબથી થાકી જઈ એ ઉતારુ પણ બીજા ડબ્બામાં ચડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સ્ટેશન પર રોજના કરતાં અસા- ... શાંતિ જણાતી હતી, સહુ ચૂપચાપ ... કોઈ બહુ બોલતુંચાલતું નહોતું; કોઈ ... નહોતું. સ્ટેશનનો અન્ય વ્યવહાર પણ ... ઉકેલાતો હતો. સ્ટેશન માસ્તર અને ... કશી ઝીણીઝીણી વાતો કરતા હતા; ... 'ઓ ભગવાન!' કહી કપાળે હાથ ... એ દૃશ્યે મેઘશ્યામનું ધ્યાન ખેંચ્યું. ... મેઘશ્યામનું મન તેને કહેવા લાગ્યું: 'આ ... ગાર્ડ થવાને બદલે ઍક્ટર થયો હોત ... વધારે ઝળકી ઊઠત.'

ટ્રેન ચાલવા લાગી. પાછળ સરી જતા ... ગામડા તરફ મેઘશ્યામ અંધારામાંથી ... સ્થિરનયને જોઈ રહ્યો હતો. વારેવારે ... એની આંખો સમક્ષ દેખાયા કરતો હતો.

એકાદબે માઈલ ગાડી ભાગ્યે જ ચાલી ..., ત્યાં તો તે અટકીને ઊભી રહી! ... અકસ્માતની કુશંકાથી સહુ ગભરાવા લાગ્યા. ... એટલામાં બાજુના ડબ્બામાંથી રડવાનો ... અવાજ સંભળાવા લાગ્યો. આગળના ડબ્બામાં ... કશી ગરબડ મચી હોય એમ લાગ્યું. ... તે કોઈ જ કહી શકતું નહોતું! સાંકળ ... ખેંચ્યાને કારણે પાછલા ડબ્બાની તપાસ કરી ... બીજા ડબ્બાની તપાસ અર્થે પસાર ... ગાર્ડને મેઘશ્યામે પૂછ્યું: 'શું થયું ...?'

'એ ભયાનક સમાચાર સાંભળતાં જ ... બાઈ બેશુદ્ધ બની ગઈ છે!'

'શાના સમાચાર?'

'કેમ? તમે કશું જાણતા નથી? ગાંધી- ...' ગાર્ડ અટકી ગયો. ચડતાવેગે ... આવેલા ગળાને ખૂંખારીને સાફ કરતાં ... કહ્યું: 'ગાંધીજીનું ખૂન થયું છે! ... -થોડા જ વખત પહેલાં! પ્રાર્થના ... જતી વેળા કોઈએ ગોળી માર્યાના ... સમાચાર છે!'

મેઘશ્યામનું મગજ બહેર મારી ગયું, જાણે આખો ડબ્બો ચક્કરચક્કર ફરતો હોય એમ એને લાગ્યું. ડબ્બાના સઘળા પેસેન્જરોનાં મોં પર પણ એ સમાચાર સાંભળતાં સ્મશાનની ઘેરી છાયા પથરાઈ પડી. પેલા સંન્યાસીની આંખમાંથી હાથમાંની ગીતા પર આંસુઓ ટપકવા લાગ્યાં. બારી નજીક બેઠેલી સ્ત્રી ડૂસકાં ભરી રડતાંરડતાં ભગવાનને જ ગાળો દેવા લાગી!

મેઘશ્યામ રડી ન શક્યો! છતાં એના અંતઃકરણના જાણે કોઈ લોચા તોડી રહ્યું છે એમ એને ભાસ થયો. એ અમંગળ સમાચાર એટલામાં તો આખી ગાડીમાં ફેલાઈ ચૂક્યા હતા. આંસુઓ, ડૂસકાં અને ગુસ્સાના બોલથી આખું વાતાવરણ છવાઈ ગયું!

સંન્યાસીએ આંસુઓ લૂછી નાખી, ગીતાના શ્લોકોનો પાઠ પૂરજોસથી કરવાનો આરંભ કરી દીધો હતો. આત્માના અમરપણાના શ્લોકો કાને પડતાં જ મેઘશ્યામનું અંતઃકરણ બોલી ઊઠ્યું: 'ગાંધીજી મૃત્યુ નથી પામ્યા; તેઓ મરી જ ન શકે. એઓ અમર છે...એમનો આત્મા...

પણ આત્માને પ્રગટ થવા માટે કોઈપણ દેહનો આશરો તો લેવો જ પડે છે. ગાંધીજીનો એ દેહ ખલાસ થયો! પોતાના સિદ્ધાંતનું પાલન કરતાંકરતાં શૂરવીરને મોતે તેઓ મૃત્યુને ભેટ્યા! એમનું એ મોહક હાસ્ય...'

મેઘશ્યામને પોતે કોટના ખીસામાં રાખેલા પેલા કેલેન્ડરના ટુકડા યાદ આવ્યા. ખિસ્સામાંથી ટુકડા બહાર કાઢી તે એના તરફ જોવા લાગ્યો, 'તમે સહુ–નાના યા મોટા, ગરીબ યા તવંગર, હિંદુ યા મુસલમાન સહુ મારા જ છો. તમને ગમે તો તમે મારા પ્રત્યે પ્રેમ દાખવજો; ન ગમે તો ન દાખવજો, પણ મારી પાસેથી તો મૃત્યુની છેલ્લી ક્ષણ સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને પ્રેમ જ સાંપડશે!' એમ કહી રહેલું એ હાસ્ય—એ હાસ્ય પર પોતાની આંખોથી વરસી રહેલાં આંસુઓ ટપકયા કરે છે તે તરફ હવે મેઘશ્યામનું ધ્યાન ખેંચાયું. પોતાના અંતઃકરણે અશ્રુપુષ્પો વડે ગાંધીજીની કરેલી એ પૂજા દેખી તેનું ચિત્ત જરા સ્વસ્થતા પામ્યું. તેણે બીજા ટુકડા તરફ જોવા માંડ્યું. બે જોડાયલા હાથ—ગાંધીજીના સઘળા સિદ્ધાંતોનો સાર જાણે એમાં આવી જતો હોય—એમના જીવનસિદ્ધાંતનું જાણે તે પ્રતીક હોય એમ તેને ભાસ્યું.

સંન્યાસી 'वासांसि जीर्णानि'વાળો શ્લોક બોલતા હતા, તેમનો શોકાવેગ વધી જવાથી તે સહેજ થોભ્યા. મેઘશ્યામ વિચારતો હતો. દેહમાંથી મુક્ત થયેલો ગાંધીજીનો આત્મા સઘળે ચરાચરમાં ભળી જશે: સર્વ સ્થળે એ સંચરશે: ખુદ મારામાં પણ!

ગાઢ અંધકારમાં વીજળીનો ચમકારો થાય એમ ઉસ્માનની આકૃતિ તેની નજર સામે ચમકી ઊઠી. એના દિલને હવે અનંત અજ્ઞાત વેદનાઓ ચટકા ભરવા લાગી, ચમકી જઈને કોઈ ખૂની આદમી ચોતરફ નજર ફેરવે એમ ચકળવકળ નજરે એણે ડબ્બાના સઘળા ઉતારુઓ પર નજર ફેરવી, તેણે હાથમાંહેના પેલા ટુકડા તરફ જોયું. તેને લાગ્યું એ ટુકડા તેને સંભળાવી રહ્યા છે: 'ચાલ, ઊતરી પડ! હજુ મોડું નથી થયું!'

અને ઊંઘમાં ચાલતા માનવીની પેઠે તે ઊભો થયો—હાથમાં બૅગ પકડી ડબ્બામાંથી નીચે ઊતરવા તેણે ફૂટબોર્ડ ઉપર પગ દીધો.

આગલા ડબ્બામાં બધું ઠીકઠાક કરી પોતાના ડબ્બા તરફ પાછા વળેલા ગાર્ડે તેને કહ્યું: 'અરે મિસ્ટર! ઊતરો છો ક્યાં? ગાડી આટલી લેટ થઈ છે તેમાં વળી તમે ઉમેરો કાં કરો?'

પણ એ તરફ જરાય ધ્યાન દીધા વિના જ મેઘશ્યામ ડબ્બામાંથી નીચે ઊતરી પ… ડબ્બાના અન્ય ઉતારુઓ નવાઈ પામી … તરફ જોઈ રહ્યા.

પાસે જઈ તેનો હાથ પકડી ગાર્ડે … 'મહેરબાન! હવે જલદી ઉપર ચડી જ… ને! ગાંધીજીના ખૂનથી સઘળે હાહાકાર … ગયો છે! આવી મહાન વ્યક્તિનું આ … મૃત્યુ થયા પછી—'

મેઘશ્યામે શાંતિથી જવાબ આપ્… 'ગાંધીજી અમર છે!'

ચિડાઈને ગાર્ડે સંભળાવ્યું: 'મિસ્ટ… કાંઈ માણસ છો કે……'

'ગાડીમાં બેઠો હતો ત્યાંસુધી માણસ નહોતો; હવે માણસાઈમાં આવી ગયો છું!' મેઘશ્યામે હસીને જવાબ વાળ્યો.

પાસે સેકંડ ક્લાસની ટિકિટ હોવા છ… થર્ડ ક્લાસમાં મુસાફરી કરનારા આવા … આદમી સાથે જીભાજોડી કરવામાં કશો … નથી એમ માની ગાર્ડે ઉતાવળે પોતા… ડબ્બા તરફ ચાલતી પકડી.

ટ્રેન પાછી ચાલવા લાગી, એંજિન… સીટી સાંભળીને મેઘશ્યામે પણ સામે … ની પેઠે જ મોં વડે ઝીણી સીટી મારવી … કરી દીધી! ગાડી ઊપડી ગઈ, એની … દિશામાં ગાડીને પાટેપાટે મેઘશ્યામે ડગ… પગલાં ઉપાડ્યાં. ચોતરફ જોયું તો અ… જામતો જતો હતો; પણ તેના દિલમાં … બત્રીશે કોઠે દીવા પ્રગટાયા હતા. … સુધી પોતાના જ અંતઃકરણે ઊભી … જેલમાં તે સબડ્યા કરતો હતો. આ… અને દ્વેષરૂપી એના પગમાં જડાયેલી … એ આપોઆપ જાણે તૂટી પડી હતી. …

ચાલતાંચાલતાં એની નજર સામે … ઉસ્માનની ઝૂંપડી દેખાતી હતી, એ ઝૂંપ… બે ફાટલા ગાભામાં સૂતેલો એનો …

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવગંગાની આરાધના

લેખક :
શ્રી શિવશંકર પ્રા. શુક્લ

પર્વતમાળમાંથી ઉગમ પામતાં સર્વ ઝરણાં નદી બની જતાં હોત તો ? અને સર્વ નદીઓ માર્ગમાં વિલીન થયા વિના સાગરને મળતી હોત તો ? પણ કુદરતને એ મંજૂર નથી; અને કેટલી યે નાનીનાની નદીઓ સાગરને બદલે મોટી નદીને આત્માર્પણ કરીને ધન્યતા અનુભવે છે. માનવજીવન સાથે એનું કેટલું બધું સામ્ય છે ! નર્મદાને મળતી દેવનદી વિષે કાવ્યમય બાનીમાં લેખકે સ્વાનુભવની થોડીક વાતો અહીં કહી છે. નદીને આપણે 'લોકમાતા' કહી છે એની આરાધના કોને ન રુચે ?

શિવને રીઝવવા માટે અથવા તો પોતાના એ આરાધ્ય દેવનાં દર્શન થયાં તે આનંદથી પાર્વતી સમી દેવનદી રાત ને દિવસ એકએકથી ચડિયાતાં લાસ્ય કર્યા જ કરે છે. ઝાંઝર, કંકણ, કટિમેખલા ને બાજુબંધમાં જડેલી ઘૂઘરીઓના રણકારા ચોવીસે કલાક વાતાવરણમાં સંભળાયા જ કરે છે. દેવનદીના એ મૂક નૃત્યમાં વાયુ તાલ પૂરે છે, પર્વતો પાર્શ્વસંગીત ગાય છે અને એમાં બીજાં નાનાંનાનાં ઝરણાં સાથ આપે છે. સાતપૂડાની પાતળી ખીણમાંથી આ ભક્ત નદી નર્મદામાં લય પામવા અને તે પહેલાં ભગવાન શૂલપાણીશ્વર આગળ સોળે કળાએ છેલ્લું નૃત્ય કરી લેવા ચાલી આવે છે.

સાતપૂડાના પગ ધોતીધોતી ગુજરાત ને ખાનદેશને એક કરતી એ નાનકડી નદી બાલકા તળાવમાંથી નીકળી પર્વતની દુર્ગમ આંટીઘૂંટીઓમાંથી માર્ગ કરતી એક જ ઉદ્દેશથી વહ્યા કરે છે. એની ભક્તિ તો પાર્વતી જેવી જ ઉત્કટ ને કઠણ છે. બે મોટામોટા પર્વતોને ભેદવા એ એના જેવડી નાનકડી નદી માટે સહેલું નથી, તેમ સઘન વનરાજિઓમાં એકાંતમાં તપ કરવું એ પણ રમત વાત નથી. રાતે ય એને બીક નથી લાગતી; વાઘ, વરુ, સર્પ, અજગર, કોઈ એને બિવડાવી શકતું નથી. એ તો અસ્ખલિત વહેતીવહેતી શૂલપાણીશ્વરનાં દર્શન કરતાં જ કૃતકૃત્ય થઈ જાય છે અને ત્યાં પછી એ જીવનનું છેક છેલ્લું નૃત્ય કરી લે છે.

બપોરનો સમય હતો. દિવાળીનો જ દિવસ ખરો, પણ ઓતરાચીતરાના માથું ફાડી નાખે એવા તાપને નર્મદામૈયાનાં પાણી જ સામ્ય કરી શકતાં હતાં. મોખડીનો ઘાટ છોડ્યા પછી અમારી નાવડી કાળમીંઢ વજ્ર-

---

પૌત્ર તેને દેખાવા લાગ્યો. નહિ, એ ઉસ્માનનો બાળપુત્ર નહોતો, એ પોતાનો જ મંગેશ હતો! એને ઓશીકે બેસી આંસુ સારતી પેલી વિધવા ઉસ્માનની પુત્રવધૂ નહોતી, મુસલમાન સ્ત્રી નહોતી, તે બીજું કશું નહોતી: કેવળ તે એક માતા હતી! ઝૂંપડીમાં પોઢેલી મંગેશની એ મનોરમા હતી!

પોતે ચાલે છે એ રીતે ચાલવાથી દરદી બાળક પાસે પહોંચતાં વિલંબ થશે એવો વિચાર મેઘશ્યામના મગજમાં ઊઠયો.

તે સાથે જ તેણે મૂઠીઓ વાળી દોડવા માંડ્યું !

ખોવાઈ ગયેલો તેનો આત્મા અત્યારે તેને પાછો લાધ્યો હતો !

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમી ભેખડોમાંથી આંટીઘૂંટીમાં અથડાયા વગર ચાલતી એક ઠેકાણે અટકી ગઈ. અહીં નર્મદામૈયાનો પટ કંઈક પહોળો થયેલો દેખાયો. બન્ને બાજુ સુંદર વનો તો પથરાયેલાં હતાં જ. નાવડીના માલિક દલપતના જ અમે મહેમાન હતા. મારા સાથી, દલપત ને હું નાવડીમાંથી ઊતર્યા. અનેક નાનીમોટી ભેખડો વટાવતા; રંગબેરંગી, ઘાટઘાટના પથ્થરો ખૂંદતા અમે દેવનદીમાં આવીને ઊભા રહ્યા.

દેવનો ખળખળાટ, ઝણઝણાટ અને સુસવાટ તદ્દન સ્પષ્ટ સંભળાતો હતો. નર્મદાજીએ પણ પોતાની વાચા ને આંખો તદ્દન બંધ કરી દીધાં હતાં. દલપતે તો નાનપણથી તે આજસુધી કંઈ કેટલી યે વાર દેવની અખંડ આરાધના નિહાળ્યા જ કરેલી, પણ અમારે મન તો એ બધું નવું જ હતું.

નદીના વહેણમાં બેસી અમે એનાં નૃત્ય ને સંગીતને સાંભળ્યા જ કર્યું. એની સાથે અનેક ડુંગરોમાંથી ઘસડાઈ આવેલા કંકરો પણ શંકરત્વ પામવા માટે સુંદર નાદ કરી રહ્યા હતા. રેતીનો કણેકણ નાચતો હતો; અને પછી શ્રાન્ત થઈ ગયેલી નદીને જોઈ શૂલપાણીશ્વર તાંડવ કરી એને છેલ્લી વિદાય આપતા હતા.

> 'धिमिद्धिमिद्धिमिध्वनन्मृदंगतुंगमंगल–
> ध्वनिक्रम प्रवर्तितप्रचंडताण्डवः शिवः ॥'

ધિમિત્‌ધિમિત્‌ અને ધિમિત એવો ધ્વનિ કરતા મૃદંગના ઊંચા મંગળધ્વનિના ક્રમમાં પ્રચંડ તાંડવ નૃત્યને પ્રવૃત્ત કરતા અર્થાત્‌ જેમણે પ્રચંડ તાંડવ નૃત્ય પ્રવૃત્ત કર્યું છે એવા શંકરભગવાન—

અને બે જ ડગલાં ખસી દેવનર્મદામાં નિર્વાણ પામતી હતી.

નર્મદા એ તાંડવ–લાસ્યના ધ્વનિ અત્યંત શાંત ચિત્તે હૃદયંગમ કરી રહી હતી. પથ્થરના સાંકડા પટમાં વહેતી ભરીભાદરી રેવાજીને આ નાનકડી દેવ આવીને મળે ત્યાં જમણે કિનારે અને રેવાજીને ડાબે તીરે શૂલપાણીશ્વરનું શિવાલય આવેલું છે, અને દેવને ડાબે કિનારે ઊંચી ધરી પર વૃક્ષઘટામાં રણછોડજીની પતાકા ઊડી રહી છે. બન્ને બાજુએ ઘનઘોર જંગલ આવેલું છે. દૂરથી તો તે લીલું–પીળું ને કાળું જ દેખાય, પણ અંદર તો વૃક્ષો, વેલીઓ, પાન, પુષ્પ ને ફળ, પશુ ને પંખીનો સુંદર, સુભગ ને સંગીતમય મેળો જામ્યો હશે!

દેવ શરૂથી તે છેવટ સુધી પર્વતોમાં જ વહેતી આવે છે. શૂલપાણીશ્વરથી ઉપલાણમાં જઈએ એટલે દેવનો પણ સુરમ્ય પ્રવાહ દેખાય છે, મોખડીના ધોધ કરતાં એ વધારે ઊંચો અને રમ્ય. ત્યાં બ્રહ્મા, વિષ્ણુ ને મહેશના કુંડ પણ છે. ડાબે હાથે ભૈરવજપ કરવાની ટેકરી પણ છે. કુદરતને આવે પ્રશાંત ખોળે બધા જ શોક ઓગળી જાય એટલી કરુણા છે, છતાં યે એવા કયા અભાગીને અહીં ભૈરવજપ ખાવાનું મન થયું હશે? વળી સીતાજીની વાડી ને લક્ષ્મણ લોટેશ્વર પણ દેવને કિનારે જ છે. ભાનુમતીનો કુંડ જરા દૂર છે. એક બાજુ ગોહીલનું રાજપીપળા પૂરું થાય છે; સામે કિનારે [illegible] કથ સંસ્થાન ને ખાનદેશની ભૂમિનો આરંભ થાય છે. બંને બહેનોના કંઠમાં વનફૂલની માળા અર્પણ કરેલી હોય એવી [illegible] દેવ દેખાય છે. આ બધાં સ્થાનો [illegible] નદીની એ ખીણમાં નિરાશ્રિત થઈ ગયેલાં [illegible] રાજકુટુંબો, તપસ્વી સંન્યાસીઓ, સંકટ [illegible] સમયમાં આશ્રય શોધી રહેલા શાસકો, [illegible] ત્યાંના જ વતની આદિવાસીઓને દેવે રહેવા માટે રાજીખુશીથી જગ્યા કરી આપી હશે. અને પોતાનું મીઠું પાણી પાયું હશે.

દેવ–નર્મદાને સંગમસ્થાને બેસી અક્ષરશઃ [illegible] માએ પશ્ચાત્તાપ કેમ નહિ કર્યો હોય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમરત્વ પણ કેટલું બધું કંટાળાભરેલું છે અને વેરનો અગ્નિ માથાની ખોપરી તોડી નાખે છે એની યાદ દેવડાવતો અશ્વત્થામા આ બે નદીઓને મિલનસ્થાને બેસી કુરુક્ષેત્રના આખા યે યુદ્ધ ઉપર કોઈકવાર નજર નહિ ફેરવી જતો હોય ?

સાધારણ રીતે નદીમાં છેવટના ભાગમાં તો કાદવકીચડ થાય જ, પણ દેવનો પટ તો મૂળથી મુખ સુધી એના હૃદય જેવો અનાવિલ છે.

બે નદીઓના સંગમે અમે ધરાઈધરાઈને નાહ્યા. ઘડીક થાય ને નૃત્યના તાલમાં રેતી ખસી જાય ને અમારે આઘાપાછા થયા જ કરવું પડે. વળી ઝીણીઝીણી માછલીઓનું સળવળસળવળ ચાલતું મત્સ્યનૃત્ય પાણીની ભમરીઓને વીંધતું ઓર ભાત પાડતું હતું. મને થયું, દેવે બીજાં આભૂષણો સાથે પગની આંગળીઓએ માછલીઓ તો નહિ પહેરી હોય ?

જીવનનાં બધાં જ પાપપુણ્યને મેં દેવનાં નિર્મળ જળની માફક વહેતાં મૂકી દીધાં ને શાતા અનુભવી-દેવનું લાસ્ય, શૂલપાણીશ્વરનું તાંડવ જોઈ મને પણ તાલ પૂરવાનું મન થઈ આવ્યું ને મારા મુખમાંથી સહેજે શિવતાંડવસ્તોત્ર ધીમેધીમે સરવા લાગ્યું. જાંઘ પર અથડાતેઅથડાતે હાથ તાલ પૂરવા લાગ્યો.

તાંડવ ને હાસ્ય સમી ગયાં. દેવની મનઃકામના પૂર્ણ થઈ ગઈ. જીવનસિદ્ધિના પરમ સંતોષ સાથે એણે રેવાજીમાં કૂદી પડી જીવનની ચરમ શાંતિ શોધી.

स्मरच्छिदं पुरच्छिदं भवच्छिदं मखच्छिदम् ।
गजच्छिदांधकच्छिदं तमंतकच्छिदं भजे ॥

કામદેવને બાળી નાખનારા, ત્રિપુરાસુરનો વધ કરનારા, સંસારતાપને નષ્ટ કરનારા, દક્ષયજ્ઞનો વિધ્વંસ કરનારા, ગજ-મદનું મર્દન કરનારા, અંધકાસુરનો વિનાશ કરનારા અને મૃત્યુનો ઉચ્છેદ કરનારા શંકર ભગવાનને હું ભજું છું.

स्मरांतकं पुरांतकं भवांतकं मखांतकम् ।
गजांतकांधकांतकं तमंतकांतकं भजे ॥

કામદેવના અંતક, ત્રિપુરાસુરના અંતક, સંસારના અંતક, દક્ષયજ્ઞના અંતક, ગજમદના અંતક, અંધકાસુરના અંતક અને અંતકના પણ અંતક એવા શંકર ભગવાનને હું ભજું છું,

★

ટંડનબાબુના જીવનનો એક પ્રસંગ છે.: કોઈ એક મહિનાની ૧૨મી કે ૧૩મી તારીખે એમને ત્યાં એક મહેમાન આવ્યા.

'ઘરમાં ઘઉંનો લોટ નથી, જવનો છે.' એવા ખબર રસોઈયો ટંડનબાબુને આપતો હતો, ત્યારે મહેમાન હાજર હોવાથી એમણે સીધેસીધું અતિથિને જ પૂછ્યું: 'કેમ તમને જવનો લોટ ફાવશે ને?'

'જરૂર, હું તો તેને જ પસંદ કરીશ,' અતિથિએ જણાવ્યું. તા. ૧૫મી સુધી અતિથિને જવની રોટલી મળી. તા. ૧૬મીએ જમ્યા વિના ટંડનબાબુ ધારાસભાની બેઠકમાં ગયા પછી ભાણામાં ઘઉંની રોટલી જોઈ મહેમાને પૂછ્યું. 'કેમ જવ ખલાસ થઈ ગયા?'

'આ જ તો બધું છે.' રસોઇયાએ હસતાંહસતાં જણાવ્યું. 'રેશન ઉપરાંત બાબુજી વધુ લેતા નથી. આપ આવ્યા ત્યારે ઘઉંનો લોટ ખલાસ થયેલો. પખવાડિયાનું આજે રેશન આવતાં ઘઉંની રોટલી બનાવી છે!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનની ફિલસૂફી

લેખક :
અધ્યા. 'શશિન્' ઓઝા
એમ. એ.

સૌ સૌના જમાના હોય છે. પછી એ ગમે તે ક્ષેત્ર હોય. સિનેમાનું હોય, નાટકનું હોય, રાજકારણનું હોય કે સાહિત્યનું હોય કે પછી સામાજિક પ્રતિષ્ઠા કે ધન–વૈભવાદિનું હોય !

જેણે નંદકિશોરને જોયા હશે, એમને ત્યાં બેચાર દિવસ તો શું પણ અર્ધો કલાક પણ મહેમાન તરીકે રહી આવ્યા હશે, એ ઉપલી વાતની સાક્ષી પૂર્યા વિના નહિ રહે.

કેટલાકના લોહીમાં જ અતિથિ–સત્કારનો ગુણ ઊતર્યો હોય છે. નંદકિશોરના કુટુંબ માટે પણ એમ કહીએ તો એમાં લેશ પણ ખોટું ન હતું. તેના સંબંધમાં આવેલ કોઈ પણ તેની મહેમાનગતી ચાખ્યા વિનાનું ભાગ્યે જ રહ્યું હશે; અને એ સ્વાગત ચાખ્યા પછી તેની મુક્તકંઠે પ્રશંસા કર્યા વિનાનું રહ્યું હશે!

અને નંદકિશોરની અતિથિ–સત્કારની ભાવનામાં પણ કશો આડંબર, કૃત્રિમતા કે દંભ ન મળે. આપણું ખરાબ દેખાશે, આપણે તેમને ત્યાં જમી આવ્યા છીએ એટલે આપણે તેને જમાડવા જોઈએ, કોક દિ'કામ આવે એવા છે એટલે જમાડીએ–આમાંનો કશો જ ભાવ એની ભાવનાને નિકૃષ્ટ કરી શકે એમ ન હતો. પણ કોઈ આપણે ત્યાં આવ્યું એ પછી ગમે તે હોય, નાતિલું કે પરનાતિલું, સગું કે દૂરનું, પૈસાદાર કે ગરીબ–ગમે તે હોય, એની મહેમાનગતી કોઈ પણ જાતના ભેદભાવ કે પક્ષપાત વગર નંદકિશોરને ત્યાં થતી. નંદકિશોરનાં પત્ની સુમિત્રા પણ ખૂબ જ હૃદયપૂર્વક આતથિઓની આગતાસ્વાગતા કરવામાં આનંદ લેતાં. એટલું જ નહિ પણ આ દંપતીને કોઈ પણ મહેમાન ઘેર આવતું તો એમના અંતરમાં પ્રેમ અને આનંદની ઊર્મિ ઉભરાતી; અને સુમિત્રા તો ઘણીવાર ગદ્‌ગદ કંઠે બોલતી પણ ખરી:

'ઘર છે તો કોઈ પણ કને આવવાનું મન થાય છે. વળી પાછું સૌ કોઈ કામપ્રસંગે આવતું હોય છે એટલે ઊતરવાનું સહેજે મન થાય. બાકી ચાહીને આટલે દૂર આવવા કોણ નવરું છે?'

'હા.' નંદકિશોર પણ ટાપશી પુરાવતા. 'સૌ પોતપોતાના વ્યવસાયમાં પડ્યા હોય. એ તો ઠીક છે, બિચારા વખત મેળવીને પણ આપણા ખબરઅંતર કાઢી જાય છે.'

અને આમ બંને પતિ–પત્ની પરસ્પરની અતિથિભાવનાને અનુમોદતા.

*

મારે અને નંદકિશોરને આમ જુઓ તો કંઈજ સંબંધ નહિ. હું એનો નજીકનો સગો નહોતો કે નહોતો નાતીલો. તેમ જ મારે પોતાને તેમની સાથે સીધો ઘનિષ્ટ પરિચય પણ નહિ. જે ગણો તે મારા પિતાના પરિચયને લીધે. પણ મારે અને તેમને પરિચય તો થયો ૧૯૪૦ની સાલમાં ને તે એમ. એ.ની પરીક્ષા આપવા મુંબઈ આવ્યો ત્યારે; આમ તો બી. એ.ની પરીક્ષા આપવા પણ હું મુંબઈ જ ગયો હતો; ને આ વખતે તો આ પરીક્ષા માટે મુંબઈ સિવાય બીજું સેન્ટર (કેન્દ્ર) જ ન હતું એટલે ફરજિયાત મુંબઈ જ જવું પડે એમ હતું.

એ વખતે એક પ્રશ્ન ક્યારનો મૂંઝવ્યા કરતો હતો. તે પ્રશ્ન: 'ક્યાં ઊતરવું'?' ગયે વખતે એક મહાધનિક–અંગ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...ટરવાળા એક મારા પિતાના મિત્રને ત્યાં ઊતર્યો હતો. પણ ત્યાં સારી પેઠે સામાન્ય ...તવતાની પણ ગેરહાજરી જોઈ લીધા પછી ...સ્થળે ઊતરવાનો વિચાર મેં સમૂળો મારા ...હૃદયમાંથી કાઢી જ નાખ્યો હતો. ત્યાં મારા પિતાશ્રીએ કહ્યું:

'ત્યારે તારે ભગતદાદાને ત્યાં તો નથી જ ઊતરવું, કેમ?'

એનું નામ તો હતું ભક્તિદાસ પણ વેપારી આલમમાં એ ભગતદાદાને નામે ઓળખાય. મારા પિતા અને એ બાળસ્નેહી હતા. તેમાં એ મારા પિતા કરતાં વયમાં મોટા એટલે અમારા ઘરમાં બધા એને ભગતદાદા કહેતા.

'ના, બીજે ગમે ત્યાં, પણ ત્યાં તો નહિ.' મેં મક્કમતાથી કહ્યું. 'ફૂટપાથ ઉપર ઊતરીશ પણ ત્યાં નહિ.' એમ હું કહેવા જતો હતો. પણ રખે તેથી પિતાશ્રીનું મન દુખાય એટલે ન બોલ્યો; ને એટલે જ ત્યાં રહી આવીને પાછા આવ્યા પછી પણ મારા અનુભવો મેં પિતાજીથી ગુપ્ત જ રાખ્યા હતા.

'ત્યારે એ સિવાય તો મુંબઈમાં આપણું કોઈ ઓળખીતું કે સગું નથી.' ઊંડો વિચાર કરી પિતાશ્રીએ કહ્યું.

થોડો સમય વિચારમાં પસાર થયા પછી તેમણે કહ્યું:

'હા, એક ઘર છે...પણ કંઈ નહિ. એ બિચારાને ક્યાં હેરાન કરવો...'

'એ કોણ?' મેં સોત્કંઠ પૂછયું.

'એ તો આપણી સામે રહેતો પેલો નંદકિશોર. તમે બધા એને દેસાઈકાકા કહેતા. બહુ વરસ પહેલાંની વાત. અત્યારે તમને કદાચ સાંભરે પણ નહિ. બિચારો મધ્યમ સ્થિતિનો માણસ છે, પણ બહુ ભલો છે. મુંબઈમાં છે, પણ ત્યાં ભગતદાદા જેવી મોટર કે બંગલાની સગવડ તને નહિ મળે.'

'મૂકો પૂળો એના મોટર ને બંગલામાં.' હું સ્વગત બબડ્યો. મારા પિતાજીની વાતચીત, એમનો સંબંધ, એ બધું જોઈને મેં એમ જ ધારેલું કે શેઠની મોટર જરૂર સ્ટેશને આવશે. મોટર નહિ તો કોઈ સામું તો આવશે જ... એને બદલે 'સેન્ટ્રલ' ઉપર હું તો અર્ધો કલાક ઊભો રહ્યો. મોટર તો ન મળે પણ કોઈ સામું ય આવેલ નહિ. ને હું પહેલવહેલો જ મુંબઈ આવેલ. આખરે એક ગાડી કરી માંડમાંડ પૂછતાં–ગાછતાં કલાકો પછી એમનું ઘર શોધવા ભાગ્યશાળી થયેલ ને હું રહ્યો ત્યાંસુધી મને તો એમની મોટરનો એક દિવસ પણ લાભ મળ્યો ન હતો! એક દિવસ મેં મોઢે ચડીને કહ્યું: 'દાદા, તમારી કાર જો પરીક્ષાના પાંચ દી મળે તો મને રાહત રહે.'

ત્યારે એમણે મીઠીમધ વાણીમાં કહ્યું: 'કાર તો મહિનાથી બગડી ગઈ છે. હું યે ભાડૂતી ટેક્સીમાં જાઉં છું.' જો કે એને પોતાની જ ટેક્સીમાં સવારસાંજ દુકાને જતાં હું જોતો. પણ જૂઠું બોલવામાં વેપારીને શરમ શાની?

'ને...' પિતાજી હજી બોલતા હતા, 'ખાવાપીવામાં તને ભગતદાદાના ઘર જેવું તો ક્યાંથી મળે?...ગમે તેમ તો ય પૈસાવાળાની વાત તો ન્યારી જ ને...'

આ સાંભળીને તો મને પિતાજી ઉપર રોષ જ ચડ્યો. કારણ, પહેલે જ દિવસે એમને ત્યાં નર્યો પંક્તિભેદ અને ભાણાટાળો જોઈને જ મારું મન તો ખારું થઈ ગયું હતું. એમને ત્યાં બે જાતના ચોખા રંધાય: એક ઊંચા–દિલ્હીના બાસમતી ચોખા અને બીજા રેશનના ચોખા. એ ઊંચી જાતના ચોખા ભગતદાદા ને તેમના પરિવાર માટે (જેમાં મા'રાજનો પણ સમાવેશ થઈ જાય) અને રેશનનું ધાન્ય અમારા જેવા અણગમતા આવી પડેલા અતિથિઓ માટે. ને આ રીતે બધા જ ખાધનું.

એક દિવસની વાત હજી મને સાંભરતી હતી. હું દસ દિવસ ભગતદાદાને ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો એ દરમિયાન સૂરતથી ચાર–પાંચ વેપારી શેઠિયા આવી ચડેલા ને ત્યારે જ શેઠને ત્યાં અવનવી મીઠી વાનગીનું દર્શન થયેલું. સવારે ને બપોરે ચા સાથે નાસ્તો પણ આવવા લાગ્યો, ને ભોજનમાં આફૂસ કેરી, પૂરી, ત્રણ શાક, બે દાળ, વિવિધ જાતનાં અથાણાં વગેરે–પણ એ આફૂસ કેરીનો આગ્રહ બધો પેલા સૂરતી શેઠિયાઓ તરફ જ દર્શાવાતો. લુચ્ચો મા'રાજ પણ મારી થાળી આવે ત્યાં અર્ધેથી પાછો વળી જતો ને ભગતદાદા ત્રાંસી આંખે બધું જોઈ રહેતા. સામે થાળીમાં કેરી ઉપર કેરીની ચીરો પિરસાતી જ જાય, સમ દઈદઈને અપાય ને આ તરફ મારી થાળી કે મારું જાણે અસ્તિત્વ જ નથી એવો દેખાવ થતો હતો. એ દશ્ય મારી નજરે તર્યું ને મેં જરા તીખાશથી કહ્યું :

'બાપુજી, ખાવાને કોણ રડે છે? સૂકો રોટલો ને મીઠું મળે તો ય બસ છે; માત્ર એ પ્રેમપૂર્વકનો જોઈએ.'

'તો પછી તારી મરજી પડે એમ કર. આ તો તારા સારા માટે. બી. એ. વખતે ત્યાં ઊતર્યો હતો ને તને નોખી 'રૂમ' પણ વાંચવા માટે કાઢી આપેલી...'

હું શાંતિથી સાંભળી રહ્યો. આ નોખી 'રૂમ' કાઢી આપવાની વાત પણ કેવી 'બોગસ' (ધતિંગ) હતી! અમારાં શેઠાણી કાકી (હાસ્તો શેઠાણીકાકી જ વળી! એને પણ કોઈ શેઠાણી કહેતું ત્યાં મોઢું અભિમાન-માં ફૂલીને દડો થતું ને તેથી નહિ નહિ તો ય અનેકવાર 'પોતે મુંબઈની શેઠાણી છે' એ વાત ઠસાવવા એ પ્રયત્ન કર્યા જ કરતાં!) –એમણે મને માલ રાખવાના ભંડકમાં લઈ જઈ કહ્યું : 'અહીં વાંચજે' ને એ ઓરડીમાં જેમ સાચા ઉંદરો આવતા, એમ શેઠાણીના ચાર–પાંચ બાલ ઉંદરો પણ આવતા ને મને પજવી જતા, તો કોઈ વાર શેઠાણી પોતે આવીને પણ ઘોડિયાની દોરી મારા હાથમાં આપીને કહેતાં : 'લે, જરા વાંચતો વાંચતો દોરી હલાવતો જજે ને...' અને આ ઉપરાંત શેઠાણી અને મા'રાજ, મા'રાજ ને કામવાળી કામવાળીબાઈ ને છોકરાં ને છેવટ છોકરાં ને શેઠાણી એ બધાં વચ્ચે જે વાણીયુદ્ધનાં વ્યૂહ રચાતા એના ધડાકાભડાકા મારા રૂમ સુધી આવી, મને કવિ કાન્તની 'સાગર અને શશી'ની દુનિયામાંથી ઉતારી કલેશસાગરના પાતાળમાં લઈ જતાં!

...પણ આ બધી વાત ક્યાં પિતાજીને કરવી? એમણે તો ભગતદાદાએ કાગળમાં લખેલ એકેએક વાત માની લીધી હતી, કે 'અનિલને ખૂબ સારી રીતે સાચવ્યો છે.' એમાં એમણે ખોટું પણ શું લખ્યું હતું? પગે ચાલતા માણસને પૈસાવાળા પોતાની મોટરને ધક્કો મારવા બોલાવે તેમાં ય પેલે તે ધક્કો મારનાર ઉપર ઉપકાર કર્યો છે એમ જ માનતા હોય છે!

છેવટે મેં સો વાતની એક વાત કહી નાખી. 'મારે આ વખતે તો દેસાઈકાકાને ત્યાં જ ઊતરવું છે ને જ્યાં અમારી પરીક્ષા લેવાય છે એ એલ્ફિન્સ્ટન કૉલેજ પણ ત્યાંથી જ નજીક પડે એટલે મને પણ સરળતા રહેશે.'

ને વાત ત્યાંથી પતી.

*

હું મુંબઈ પહોંચ્યો ત્યારે સેન્ટ્રલ સ્ટેશને નંદકિશોરનો મોટો દીકરો રમેશ મને તેડવા સામે આવ્યો હતો. ત્યાંથી ટેક્સી કરી અમે અમારે નિવાસસ્થાને પહોંચી ગયા. રસ્તામાં જ વાતચીત દ્વારા મને ખબર પડી કે રમેશ પોતે મુંબઈના એક પરામાં નોકરી કરતો હતો ને ત્યાંથી મને 'રીસીવ' કરવા આવ્યો હતો.

મેં કહ્યું : 'તમને બહુ તકલીફ આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી પાસે પૂરું સરનામું હતું. પહોંચી જાત.'

'અરે! મુંબઈના રસ્તાઓથી તો હું પણ હજી પૂરો પરિચિત નથી. એટલે મફતના મુશ્કેલીમાં મુકાવ; ને મને એમાં શું મહેનત પડી? જ્યારે કોઈ 'ગેસ્ટ' (મહેમાન) આવવાના હોય ત્યારે બાપાજી મને જ મોકલે છે. અઠવાડિયામાં લગભગ એકબે વાર તો આવું જ છું. મને પણ એમાં મઝા પડે છે.'

ઘરે પહોંચ્યા ત્યારે નંદકિશોર અને તેમનાં પત્ની મારી રાહ જોતાં બહાર જ ઊભા હતાં.

'ભાઇ અનિલ, તારું નામ અનિલ જ ને? બહુ મોટો થઈ ગયો હો! સારું થયું આવ્યો તે. તું બહુ નાનો હઈશ ત્યારે મેં તને જોયો હશે, બધા મઝામાં છે ને?' નંદકિશોરે પૂછ્યું.

મેં હકારમાં ઉત્તર આપ્યો.

'ત્યારે ભાઈ, દાતણપાણી વગેરે પતાવ. ત્યાં ચા આવે.' અંદરથી સુમિત્રાએ કહ્યું.

દાતણ તો કર્યું હતું એટલે શૌચ જઈ આવી મેં સ્નાન કરી લીધું ને થોડીવારમાં ચા આવી એટલે ચા પણ પીધી.

'જો ભાઈ, આ તારો રૂમ. આ 'રૂમ' આજથી તારો. તને કોઈ વાંચવામાં જરા ય વિક્ષેપ નહિ પાડે. પરીક્ષા તો પરમ દિવસથી શરૂ થાય છે ને?' નંદકિશોરે મને મોટો રૂમ બતાવી કહ્યું.

મેં મારો બધો સામાન એ રૂમમાં ગોઠવી દીધો.

'આ અમારી સુકેશીનો રૂમ છે, પણ એની પરીક્ષા પૂરી થઈ ગઈ ને વેકેશન પડી એટલે એ અમદાવાદ એના મામાને ત્યાં ગઈ છે. એટલે આ રૂમ સાવ ખાલી જ પડ્યો હતો.'

'બહુ સરસ રૂમ છે. મને અહીં ફાવશે!' મેં રૂમ જોઈને કહ્યું.

રૂમ નાનકડી હતી છતાં સ્વચ્છ અને સુંદર હતી. વિદ્યાર્થીને જોઈતી બધી જ સામગ્રી તેમાં પડી હતી. ટેબલ, ખૂરશી, ખડિયો, સારી ફાઉન્ટનપેન, ટેબલલેમ્પ વગેરે.

'ઠીક, ત્યારે હું તો હવે ઑફિસમાં જઉં છું.' નંદકિશોરે કહ્યું. ઑફિસ એટલે પોસ્ટ ઑફિસ. નંદકિશોર પરાની એક ઑફિસમાં પોસ્ટ માસ્તર હતા. એટલે ઘર અને ઑફિસ સાથે જ હતાં.

'ને જે જોઈએ તે તારી કાકી પાસેથી માગી લેજે. શરમાતો નહિ અને સાંજે રમેશ આવે ત્યારે ફરવા જજો.' કહી એ ગયા. હું કૃતજ્ઞતાપૂર્વક એની પીઠ પાછળ જોઈ રહ્યો.

અહીંની આત્મિયતાથી હું મુગ્ધ બની ગયો હતો. જાણે મારે જ ઘરે હોઉં એમ લાગતું હતું. જરાક બહાર નીકળું કે સુમિત્રા-કાકીનો સ્મિતભર્યો ચહેરો દેખાય. નાનાં એક-બે છોકરાં પણ હતાં: સુકેતુ અને નલિની. પણ એ બહાર રમતાં હતાં. 'જુઓ, અનિલભાઈને પરીક્ષા આપવાની છે. એટલે ત્યાં અવાજ ન કરશો.' એમ સુમિત્રા-બહેનને તેમને સલાહ આપતાં મેં સાંભળ્યાં હતાં. એટલે એ બધાં દૂર બેટ અને દડો લઈ રમતાં હતાં.

સાંજે હું બહાર જવાની તૈયારી કરતો હતો, ત્યાં રમેશ બે-ચાર માણસો સાથે ઘરમાં દાખલ થયો. મને ખબર પડી કે આ બધા અત્યારની ટ્રેનમાં આવેલા મહેમાનો હતા. તેમાં બે જણ બુકબોન્ડ કંપનીના ઇન્સ્પેક્ટરો હતા. તેઓ કંપનીના કામે ને પૈસે અહીં આવી ચડ્યા હતા. ખાવાપીવાના કંપની જે પૈસા આપે એ પાધરા ખીસામાં જ મુકાય એ ભાવ-નાથી એઓ પણ અહીં ઊતર્યા હતા. બીજા બે 'ઇન્ટરવ્યુ' દેવા આવ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે બધા સાથે જ ફરવા ગયા અને ફરીને પાછા આવ્યા ત્યારે સુમિત્રાકાકીએ અંદરથી કહ્યું: ‘ રસોઈ તૈયાર છે. ’

*

બાર દિવસ હું ત્યાં રહ્યો અને બારે દિવસ મેં જોયું કે એક દિવસ એવો નહિ હોય જ્યારે કોઈ ને કોઈ મહેમાન ન આવ્યું હોય. સવાર, બપોર કે સાંજની ટપાલમાં કાકનો કાગળ તો હોય જ. કોઈનો તાર પણ આવે. ને એ વખતે નંદકિશોર ઑફિસનું દ્વાર ખોલી અંદર આવે ને હસતાહસતા કહે:

‘ અરે, સાંભળ્યું કે? ત્રણચાર જણની રસોઈ વધુ કરજો. ’ બસ! આટલું બોલી એ ફરી ઑફિસમાં ચાલ્યા જાય ને સુમિત્રા-કાકી અંદરથી ‘ ઠીક ’ એટલું બોલી રસોઈ-ના કામમાં પડી જાય; અને ચા કરવાનું તો અહીં સતત ચાલુ જ હોય. પોસ્ટ ઑફિસમાં કોઈ બેસવા આવે કે તરત પટાવાળો અંદર આવી અમુક પ્યાલા ચા કરવાનું કહી જાય. ઘણીવાર દાળનું આંધણ કોરે મૂકીને પણ ચા મૂકવી પડે. છતાં સુમિત્રાના પ્રસન્ન વદન ઉપરની સ્મિત–જ્યોત કદી મંદ બનતી નહિ.

છેલ્લે દિવસે હું નીકળવાનો હતો. કાકા ને કાકી બંનેને પગે લાગી મેં વિદાય લીધી. બંને મને બહાર ફાટક સુધી વળાવવા આવ્યાં ને કહ્યું: ‘ એક બે દી વધુ રોકાયો હોત તો? ને તારા બાપાને ને બાને પણ કહેજે કે દેસાઈ-કાકા છે ત્યાં એક આંટો મુંબઈ આવી જાય! ’

મારું હૃદય ભરાઈ આવ્યું હતું, હું કશું ન બોલી શકયો. સજળ નેત્રે મેં વિદાય લીધી.

*

નંદકિશોર શ્રીમંત ન હતા. મધ્યમ વર્ગના એ પણ સામાન્ય માણસ હતા. પોસ્ટ ઑફિસની અઠાવીસ વર્ષની નોકરી પછી તેનો પગાર અઢીસો રૂપિયા થયો હતો. પણ આટલા બધા મહેમાનો સાથે મુંબઈનો ખરચો આ પગારમાં મહામુસીબતે ઊપડે. એટલે મેં એકબે વાર વાતચીતમાં પણ તેમને કહ્યું હતું: ‘ કાકા, તમે આ મહેમાનગતીનું જરા ઓછું કરી નાખો તો? તમારે પણ ત્રણ-ચાર છોકરા છે, છોકરી છે. એ સૌને ભણાવવા, ગણાવવા, પરણાવવા... ’

‘ ઈશ્વર સૌનો છે ને? ’ દેસાઈએ મને વચ્ચે જ અટકાવી કહ્યું. ‘ ને ખાધે કોઈનું ઓછું જ ખૂટી જાય છે? કોને ખબર છે કોના નસીબનું આપણે ખાઈએ છીએ? ’

‘ છતાં પણ ભવિષ્યનો વિચાર તો કરવો જ જોઈએ ને? ’ મેં કહ્યું. કારણ હું જાણતો હતો કે એકાદ વર્ષ પછી જ એ પેન્શન લેવાના છે. ને એ વખતે પગાર તદ્દન અર્ધો મળે. એ વખતે મોંઘવારીમાં કઈ રીતે પૂરું કરી શકાય?

‘ એનું કંઈ નહિ. હું એ જોતો જ નથી. ત્યારની વાત ત્યારે. એ વખતે ઈશ્વર વળી કંઈક નવી જ યોજના કરશે. ’ તેમણે કહ્યું. મને લાગ્યું કે સૌને જીવન જીવવાની સ્વકીય ફિલસૂફી હોય છે.

*

આ પછી બરોબર દસ વરસે હું નંદકિશોરને ત્યાં ગયો. મુંબઈ નહિ પણ રાજકોટ. કારણ, પેન્શન લીધા પછી એ રાજકોટ આવીને વસ્યા હતા. આમ જવાનું હતું સૌરાષ્ટ્ર સરકારને એક ઈન્ટરવ્યુ દેવા નિમિત્તે; પણ એ તો ગૌણ કારણ હતું; કારણ કે જગાઓ મુકરર કરી, માણસોને નીમ્યા પછી માત્ર દેખાવ પૂરતી, એકેક રૂપિયો ફીમનો રળવા માટેની જ એ જાહેરખબરો હતી, એ હું કેટલીક વ્યક્તિના કહેવા ઉપરથી ને અનુભવ ઉપરથી જાણતો હતો. છતાં ત્યાં દેસાઈ કાકાને મળાશે એ મારે મન મોટામાં મોટું આકર્ષણ હતું; તેથી હું સદરમાં તેમને ત્યાં જ ઊતર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાંના જેવા જ હેત અને ઉમળકાથી કાકા અને કાકીએ મને સત્કાર્યો. ખાવું, પીવું, રહેવું, એ બધી બાબતમાં પહેલાં કરતાં જરા કશી ફેર નહોતો પડ્યો. ઘરનો ખરચો હજી એવો ને એવો જ હતો.

...પણ દસ વર્ષ પહેલાંનો કાળ અને અત્યારનો કાળ ! કેટલો આકાશ-પાતાળ જેટલો તફાવત એ બેની વચ્ચે હતો ! મોંઘવારી બેસુમાર વધતી જતી હતી. વસ્તુના ભાવ કૂદકે અને ભૂસકે આગળ ધપતા હતા. જ્યાં જુઓ ત્યાં જનતામાં અસંતોષ, સંક્ષોભ ને અશાંતિનો દાવાનળ સળગતો હતો. એમાં ય નંદકિશોર તો મધ્યમ વર્ગના પ્રતિનિધિ. એની ટપાલની નોકરી પણ એવી જ સીધી લાઈનની હતી, જેમાં અન્ય ખાતાના જેવી આડીઅવળી કમાણી જરાય નહિ. જ્યારે બીજી તરફ વિદ્યાર્થીઓની શાળા અને કોલેજો-ની ફી, પાઠ્યપુસ્કોની કિંમત, બધામાં ભયંકર વધારો થયે જ જતો હતો. ઘરના ખરચ, મહેમાનોની આગતાસ્વાગતા, સામાજિક પ્રતિષ્ઠા, બધું જ મધ્યમ વર્ગને રહેંસી નાખવા મોઢું ફાડીને ઊભું હતું ! અદ્યતન સામાજિક રચના જાણે આ વર્ગનું 'નહાઈ નાખવા' માગતી હતી. વિશ્વનું લોલક એક છેડેથી બીજે છેડે જ જતું હતું-વચલી સ્થિતિનો ઈન્કાર કરતું કરતું !!

થોડીવારે મને અંદરથી સાદ આવ્યો. હું અંદર ગયો. સામે ખૂરશી ઉપર નંદ-કિશોર બેઠા હતા ને ટેબલ ઉપર ચાના બે પ્યાલા પડ્યા હતા. નંદકિશોરના મુખ ઉપર વાર્ધક્ય ડોકિયાં કરી રહ્યું હતું. વાળ શ્વેત થઈ ગયા હતા. ગૌર મુખ ઉપર કરચલી પડી હતી. છતાં મુખ ઉપર પ્રતાપ, ગૌરવ ને તેજસ્વિતા હતાં.

'ચાલ ભાઈ, ચા પીવા.' નંદકિશોરે કહ્યું.

'આવ્યો કાકા.' કહી હું ત્યાં ગયો ને ચાનો પ્યાલો લેવા હાથ લંબાવ્યો. ત્યાં તો 'ના ના, એ નહિ, તું આ લે.' કહી નંદ-કિશોરે બીજો પાસેનો પ્યાલો મને આપ્યો ને પેલો તેમણે લીધો. મેં જોયું તો તેમણે મને જે પ્યાલો આપ્યો એ વધારે દૂધવાળી ચાનો હતો. એનો રંગ પણ નયનપ્રિય કેસરી હતો. જ્યારે નંદકિશોરે જે પ્યાલો લીધો એ ચાનો રંગ જરા શ્યામ દેખાતો હતો. મેં ઘણી આનાકાની કરી પણ નંદકિશોર ન જ માન્યા.

એ જ વખતે ચા પીતાંપીતાં મેં પ્રશ્ન કર્યો: 'કાકા, ખોટું ન લાગે તો એક પ્રશ્ન કરું.'

'પૂછને ભાઈ, એમાં ખોટું શું લાગવાનું છે ?'

'હું દસ વર્ષ પછી તમારે ત્યાં ફરી આવું છું.' મેં કહ્યું. 'પણ તમારી રહેણી-કરણી, મહેમાનોને રાખવાની પદ્ધતિ-બધું એનું એ જ છે. હજુ પણ મહેમાનો એટલા ને એટલા જ આવે છે. જ્યારે તમે તો અત્યારે પેન્શન લીધું છે એટલે તમારા ઉપર આર્થિક કાપ પણ સારો પડ્યો છે. તો પછી શા માટે ખરચામાં, ખાવાપીવામાં, રહેવામાં વગેરેમાં કરકસર કે કાપકૂપ નથી કરતા ?'

'તારી વાત સાચી છે ભાઈ.' નંદકિશોરે ગળગળા બની કહ્યું. 'પણ બધી જ ટેવ જીવન સાથે એવી વણાઈ ગઈ છે, કે બધું જ અનિવાર્ય લાગે છે. ક્યાં કાપ મૂકવો એ જ સમજાતું નથી. હવે શું સુધારો થાય ? એ તો પ્રાણ ને પ્રકૃતિ સાથે જશે.'

'પણ આ મહેમાનોના રોજનાં-બેચાર-નાં ધાડાં આવે છે એ....'

'એ તો ભાઈ, કોઈ આવે એને ઓછું જ કાઢી મુકાય છે ? તારી કાકીને વળી મહેમાનો-માં જ આસ્થા છે. એ કહે છે કે મહેમાનોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ્યે જ આવા સૂકલકડી દેહે—એ જીવે છે ને બે ટાણાં રોટલા કરી શકે છે; નહિ તો ક્યારની સ્વધામ પહોંચી ગઈ હોત. ઈશ્વર આવું ને આવું મન કાયમ રખાવે. બાકી જમાનો તો દિવસોદિવસે વધુ બગડતો જાય છે.'

મને ફરી લાગ્યું કે એમના જીવનના અણુએ અણુમાં લોહીની જેમ વ્યાપી ગયેલી આતિથ્યની દિવ્ય ઉદાત્ત ભાવનાને હું કોઈ પણ રીતે દૂર નહિ કરી શકું.

રાત્રે અમે જમવા બેઠાં. રોટલી ઉપર રોટલી મારા ભાણામાં આવ્યે જતી હતી. નંદકિશોર પણ ધીમેધીમે ખાતા હતા. પણ આ શું? મારી રોટલી ઉપર ને તેમની રોટલી ઉપર ઘી ચોપડવામાં આવતું, એ જુદાજુદા પાત્રમાંથી ચોપડાતું હતું. મેં પાછળ ખૂણામાં નજર કરી. તો 'ડાલડા'ના લેબલવાળા એકબે ડબ્બા પોતાનું પ્રભુત્વ કબુલાવી રહ્યા હતા. પણ મારી રોટલી ઉપર તો શુદ્ધ તાજા ઘીની સુવાસ આવતી હતી. તરત જેમ કાળા મેઘમંડળમાં વિદ્યુત ચમકે ને પ્રકાશ છવાય એમ મારા મગજમાં ઝબકારો થયો. શું દેસાઈકાકા ને તેના ઘરનાં બધાં આ ઘી ખાય છે? ને મોંઘા ભાવનું શુદ્ધ ઘી ખાસ મહેમાનો માટે લાવી રાખે છે! ને સવારની ચામાં પણ આમ કેમ ન બન્યું હોય? તેમની ચા ગોળની જ હશે. રેશનમાં આવતી ખાંડ મહેમાનો માટેજ સાચવી રાખતા હશે! ને દૂધ પણ એમણે સાંજે વાળુમાં 'ડોકટરે ના કહી છે' કહી નહોતું લીધું ને પોતાની પાસે મઝાનો અચ્છેરેક દૂધનો વાડકો ભરીને મૂકયો હતો! હું માનવતાને વંદતો, ભક્તિસદ્‌ભાવભર્યાં નેત્રે હું તેની સામે જોઈ રહ્યો. ને મને આમ થંભેલો જોઈ સુમિત્રાબહેન ને નંદકિશોર બંને એકીસાથે બોલી ઊઠ્યાં:

'ભાઈ, નિરાંતે જમજે હો! ભાવનગર તો ઠેઠ કાલ સવારે પહોંચીશ.'

★

દમસ્ક શહેરમાં અલીઅલ્ફ મઉફફ્ નામે એક મોચી રહેતો હતો. ત્રીસત્રીસ વર્ષથી મક્કાની હજ કરવાનું એ વિચારી રહ્યો હતો. જોડા સીવીસીવી થોડી વાટખર્ચી બચાવી એ જવા તૈયાર થયો. તે જ વર્ષે એની પત્ની ગર્ભવતી હતી. એને એક દિવસ પડોશીને ત્યાં રંધાતી વાનગી ખાવાનો અભાવો થવાથી મોચી ત્યાં ગયો. પડોશી બોલ્યો:

'ભાઈ, સાતસાત દિવસથી મારા ઘરનાં બધાં નાનાં બાળકો સુદ્ધાંય ભોજન વિના ટળવળતાં હતાં એથી લાચાર બનીને એક મરેલા જાનવરનું માંસ લાવ્યો છું તે, શાસ્ત્રમાં ખાવાનું હરામ કહ્યું હોવાથી, તમને અપાય તેવું નથી!'

અલીઅલ્ફ મઉફફ્‌ને આ વાત સાંભળતાં જ દિલમાં જાણે આગનો ભડકો સળગી ઊઠ્યો. ઘેર જઈ મક્કાની યાત્રા માટે ભેગા કરી રાખેલ બધા જ રૂપિયા પાડોશીને આપતાં કહ્યું:

'મારે મક્કા જવું હતું તેની વાટખર્ચી સારુ આ નાણું એકઠું કર્યું હતું. એમાંથી તમે ખાઓ, પીઓ અને છોકરાંને સારું નવાં લૂગડાં સીવડાવો. બસ, આજે મારી મક્કાની યાત્રા, મારું તીર્થદર્શન અહીં જ થઈ ગયું છે!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતાંકથી સંપૂર્ણ

કર્મયોગનો સાર

મૂળ લે૰ શ્રીઅરવિંદ
અનુ: શ્રી અંબાલાલ પુરાણી

અહીં જે તાત્ત્વિક ચર્ચા ઉપસ્થિત કરવામાં આવી છે તેના મૂળમાં માનવમાનસની જે ઘટનાઓ રહેલા છે તેમના જ ઉપર આપણે દૃષ્ટિ ઠેરવીશું તો આપણને જણાશે કે આપણે માટે બે પ્રકારનું જીવન ગાળવું શક્ય છે, (આખરે જોવા જાઓ તો 'તત્ત્વજ્ઞાન' એટલે પણ શું છે? તત્ત્વજ્ઞાન એટલે જીવનની સ્થૂલ અને સુક્ષ્મ ઘટનાઓના મૌલિક હેતુઓને આપણી બુદ્ધિ સમજી શકે એ પ્રમાણે ગોઠવવાનો, અને જો કોઈ અંતિમ વાસ્તવિકતા હોય તો તેની સાથે એ ઘટનાઓનો સંબંધ જાણવાનો પ્રયત્ન છે.) એક, પોતાની સક્રિય પ્રકૃતિ અને તેનાં કાર્યોને વશ એવા ક્ષરપુરુષનું જીવન જેમાં તે પ્રકૃતિનાં સ્થૂલ અને સૂક્ષ્મ કરણો સાથે એક બનીને રહે છે, પોતાની પ્રાકૃતિક વ્યક્તિતાથી મર્યાદિત બને છે, ટૂંકમાં પ્રકૃતિને વશ હોય છે. બીજું જીવન બંધનોથી પર, વિશાળ, વ્યક્તિતાથી મુક્ત-બીનંગત-મુકત, અસીમ અને પરાત્પર હોય છે, જે પોતાની અનંત સમતા વડે પોતાની પ્રકૃતિના બંધારણને તથા કર્મને આશ્રય આપે છે છતાં પોતાની મુક્તિ અને અનંતતામાં એ પ્રકૃતિથી પર રહે છે. આપણે માટે પ્રકૃતિને વશ એવું જીવન ગાળવું શક્ય છે. અથવા તો વધારે મહાન આધ્યાત્મિક સત્તામાં આપણે જીવી શકીએ તેમ છે. ગીતાનો કર્મયોગ આ બે પ્રકારના જીવન વચ્ચેના મોટા ભેદ ઉપર રચાયેલો છે.

એટલે આખો કોયડો અને સમગ્ર પદ્ધતિ આપણી અત્યારની પ્રકૃતિમાં બંધાયેલા આત્માને મુક્ત કેવી રીતે કરવો એમાં સમાઈ જાય છે. હવે આપણી પ્રકૃતિને વશ જીવનમાં સૌથી વધારે આગળપડતી વસ્તુ—ઘટના—એ છે કે સ્થૂલનાં બનેલાં નામ તથા રૂપોને તથા ઇંદ્રિયોના બાહ્ય સ્પર્શોને આપણે અત્યારે વશ છીએ એ નામરૂપો અને એ સ્પર્શો આપણી ઇંદ્રિયો દ્વારા આપણા જીવન સમક્ષ રજૂ થાય છે અને એમનો સંસ્કાર રજૂ થાય છે કે તુરત જ આપણું જીવન—આપણી સત્તા—તેમના પર પોતાની પકડ જમાવવા માટે, એમની સાથે કામ પાડવા માટે, વિનિમય કરવા માટે કામના કરે છે. તેમના પ્રત્યે આસક્ત બને છે તથા પરિણામ માટે આશા રાખે છે. ઇંદ્રિયોના એ સંસ્કારોને આપણું મન અનુમતિ આપે છે, અને મન અનુમતિ આપે છે એટલે આપણા સંસ્કારો, પ્રાતકાર્યો, લાગણી તથા જ્ઞાન પ્રાપ્ત કરવાની અને લાગણીઓ અનુભવવાની ક્રિયા પણ ઇંદ્રિયસ્પર્શોને વશ થાય છે. અને બુદ્ધિ પણ તેના કાર્યના પ્રવાહમાં ઘસડાઈ જાય છે તથા ઇંદ્રિયના સંસ્પર્શોના બનેલા જીવનને તે પોતાની જાત સમર્પી દે છે. એ જાતનાં જીવનમાં અંતરાત્મા બાહ્ય પદાર્થોને અને બાહ્ય સ્પર્શોને જ વશ હોય છે અને એક ક્ષણ માટે પણ તે ક્ષુદ્ર ઇંદ્રિયસુખથી સાચી રીતે પર થઈ શકતો નથી. બાહ્ય સ્પર્શોના ઘાંચીની ઘાણી જેવા ગોળ ચક્કરમાંથી તથા તેનાં માનસિક પરિણામો અને પ્રતિકાર્યોમાંથી તે બહાર: નીકળી જ શકતો નથી. આ પ્રમાણે અંતરાત્મા તેમનાથી પર થઈ શકતો નથી. તેનું કારણ એ છે કે તેની પ્રકૃતિમાં 'અહં'નું તત્ત્વ રહેલું છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અહં' આપણી બુદ્ધિ, મન, પ્રાણ, શરીર વગેરે કરણોમાં પ્રકૃતિનું જે કાર્ય થતું હોય છે, તેના સરવાળાને બીજા માણસોનાં મન, બુદ્ધિ, પ્રાણ અને શરીરમાં થતાં પ્રકૃતિનાં કાર્યોથી જુદો પાડીને આપણો પોતાનો ગણાવે છે. આમ આપણામાં રહેલ 'અહં' પ્રકૃતિના સ્પર્શો પ્રત્યે જે પ્રકારનું પ્રતિકાર્ય કરે છે તે પ્રકારને આપણે આપણું જીવન સમજીએ છીએ. અહંતા ઉપર પ્રકૃતિની અસર અને એ અસર પ્રત્યે આપણું પ્રતિકાર્ય એ સિવાય આપણે કાંઈ જ જાણતા નથી. આપણે પોતે પણ એ સિવાય બીજું કાંઈ જ નથી. એમ આપણે અનુભવીએ છીએ. આત્મા એટલે આ મન, સંકલ્પશક્તિ, ભાવ, અને નાડીયંત્રની ગ્રાહકશક્તિ અને પ્રતિકાર્ય કરવાની શક્તિવાળો જુદો વિખૂટો પ્રકૃતિનો બનેલો કોઈ પદાર્થ છે એમ આપણને લાગે છે. અલબત્ત, આપણી એ અહંતાને આપણે વિશાળ બનાવી શકીએ છીએ. કુટુંબ સાથે, જાત સાથે, દેશ સાથે, પ્રજા સાથે, મનુષ્યજાતિ સાથે તેની એકતા કરીએ તોપણ એ સઘળા વેશપલટાઓ છતાં આપણાં કર્મોનો પાયો 'અહં' નિઃશંકપણે કાયમ રહે છે, ફક્ત બાહ્ય પદાર્થો સાથે એ પ્રમાણે વધતા જતા સંપર્કને લઈને વ્યક્તિ વધારે વિશાળ સંતોષ મેળવે છે.

પરંતુ એમ હોવા છતાં આપણામાં જે સંકલ્પશક્તિ કાર્ય કરી રહી હોય છે તે સંકલ્પશક્તિ આપણાં અજ્ઞાન, એટલે કે પ્રકૃતિને વશ સ્વરૂપની જ શક્તિ હોય છે. એ સંકલ્પશક્તિ બહારના જગતમાંથી આવતા સ્પર્શોને પકડી લે છે, અને તેમના વડે આપણી વ્યક્તિતાની જુદીજુદી બાજુઓને સંતોષવાનો પ્રયત્ન કરે છે. એ બહારના સ્પર્શોને પકડનારી સંકલ્પશક્તિ કર્મ અને તેનાં ફળ પ્રત્યેની કામના, આસક્તિ અને આવેગનું રૂપ ધારણ કરે છે. ખરું જે આપણી અંદર કામ કરનારી એ પ્રકૃતિ જ સંકલ્પશક્તિ હોય છે. એ તો આ પોતાની શક્તિ છે એમ આપણે કહીએ છીએ પરંતુ આપણી અહંપ્રધાન વ્યક્તિ પ્રકૃતિની જ તે એક સૃષ્ટિ હોય છે, એ આપણો મુક્ત આત્મા નથી અને આ હોઈ શકે તેમ પણ નથી. એનું બધું પ્રકૃતિના ગુણોનું પરિણામ હોય છે. એ જો તમોગુણપ્રધાન હોય તો આપણી વ્યક્તિ નિષ્ક્રિય હશે, અને જીવનની યાંત્રિક ઘટમાળને વશ હોઈ અને તેનાથી જ સંપૂર્ણપણે સંતુષ્ટ રહે છે. પોતાનું પ્રભુત્વ સ્થાપન કરવા માટે, અથવા તો મુક્ત કાર્ય કરવા માટે જરૂરી એવો સમર્થ પ્રયત્ન કરવાને એ તમો-ગુણી પ્રકૃતિ અશક્ત જ નીવડે છે. હવે પ્રકૃતિનું કાર્ય રજોગુણપ્રધાન હોય તો માનવ વ્યક્તિત્વ ચંચળ અને ક્રિયાવાન હોય છે અને તે આજુબાજુની પ્રકૃતિના ઉપર પોતાની જાતને ફેંકે છે, તેને વશ કરી પોતાની કામનાઓ અને જરૂરિયાતો પૂરી પાડવાની ફરજ પાડે છે. પરંતુ એ બહારથી દેખાતી પ્રભુતા—ખરું સ્વામીત્વ નથી એ વસ્તુ રજો-ગુણી વ્યક્તિ જોઈ શકતી નથી; કારણ કે બધી જરૂરિયાતો અને કામનાઓ પ્રકૃતિની પોતાની જ હોય છે. અને જ્યાંસુધી આપણે એને વશ હોઈએ ત્યાંસુધી આપણે મુક્ત હોઈ શકતા જ નથી. બધી પ્રકૃતિનું કાર્ય સાત્વિક—એટલે સત્ત્વગુણપ્રધાન પણ હોય એમ હોય ત્યારે જ્ઞાનથી પ્રકાશિત વ્યક્તિ આપણને જોવા મળે છે. એવા માણસો બુદ્ધિનો ઉપયોગ કરે છે અને બુદ્ધિની સહાય વડે પોતાનું જીવન ગાળે છે અથવા તો સત્યં, શિવં કે સુંદરમ્ નો કોઈ આદર્શ સ્વીકારી તેનો સાક્ષાત્કાર કરવા મથે છે. પરંતુ એ બુદ્ધિ પણ પ્રકૃતિના બાહ્ય દેખાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વશ હોય છે, અને એ આદર્શો પણ આપણા પોતાના બદલાતા વ્યક્તિત્વની જ કલ્પનાઓ હોય છે. વળી એ આદર્શોમાં આપણને ખાતરીભર્યો, નિયમ કે સ્થાયી સંતોષ મળી શકતો નથી. આપણે તો વિકારની ઘટમાળમાં, આપણી પ્રકૃતિ ફેરવતી હોય છે તે પ્રમાણે, ગોળગોળ ફરતા જ હોઈએ છીએ. આપણા અહં દ્વારા આપણી અંતરની અને બહારની પ્રકૃતિમાં રહેલી કોઈ સત્તાને તાબેદાર થઈને આપણે વર્તતા હોઈએ છીએ પરંતુ એ શક્તિ કે સત્તા આપણે પોતે નથી, આપણે તેની સાથે સંપર્કમાં નથી કે તેની સાથે એક પણ નથી. હજી પણ આપણે મુક્ત થયા નથી, સાચું પ્રભુત્વ આપણને મળ્યું નથી.

અને છતાં મુક્તિ મેળવવી શક્ય છે. એને માટે પ્રથમ જરૂર એ છે કે બહારનું જગત આપણી ઇન્દ્રિયોના ઉપર જે કાર્ય કરે છે તેનાથી આપણે દૂર તટસ્થ થઈ જવું જોઈએ. એ પ્રમાણે તટસ્થ થઈને આપણે અંતરમાં ડૂબકી મારવી જોઈએ અર્થાત્ આપણે અંતરમાં જીવન ગાળતાં શીખવું જોઈએ, અને આપણી ઇંદ્રિયો બાહ્ય પદાર્થો-ની પાછળ દોડી જતી હોય છે તેમને રોકવાની-અટકાવવાની શક્તિ આપણે પ્રાપ્ત કરવી જોઈએ. ઇંદ્રિયોનો સંપૂર્ણ સંયમ અને ઇંદ્રિયો જે જે પદાર્થો માટે ઝંખના કરે તે બધા સિવાય ચલાવી લેવાની શક્તિ એ સાચું આધ્યાત્મક જીવન મેળવવાની-પ્રાપ્ત કરવાની પહેલી શરત છે; એ પ્રમાણે કરી શકે તો જ પોતાની અંદર આત્મા રહેલો છે તેવો અનુભવ માનવને થઈ શકે છે. બાહ્ય પદાર્થોના સ્પર્શોનું ગ્રહણ થવાને પરિણામે મનમાં જે વિકારો ઊભા થાય છે તેમનાથી કોઈ જુદી જ વસ્તુ 'આત્મા' છે અને એ આત્માના ગહન ઊંડાણમાં જતાં એવો અનુભવ થાય છે કે તે સ્વયંભૂ, અક્ષર-અવિકારી, પ્રશાંત, સ્વરાટ્, મહાન, પ્રશાંત, પ્રસન્ન અને ઉર્જિત છે. તે પોતાની જાતનો પ્રભુ છે. આપણી બાહ્ય પ્રકૃતિમાં જે આતુર દોડ-ધામ થયા કરતી હોય છે-ચાલુ હોય છે તેનાથી તે નિર્દોષ હોય છે. પરંતુ જ્યાંસુધી આપણે કામનાને વશ હોઈએ ત્યાંસુધી એ અનુભૂતિ થવી શક્ય જ નથી. કારણકે આપણા માનસની સપાટી ઉપરના જીવનનું તત્ત્વ કામના છે અને તે ઇન્દ્રિયોને વશ જીવનથી સંતોષ પામે છે, તથા આવેગોના કાર્યમાં તેની સમગ્ર ક્રિયાશક્તિને અનુભવે છે. એમાં તેનું સમગ્ર કાર્યક્ષેત્ર તે જુએ છે. એટલે આપણે કામનાઓનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ. જ્યારે કામનાઓ દૂર થઈ જશે ત્યારે એના લાગણીપ્રધાન પરિણામ જેવા આવેશોના બધા ઊભરા આપો-આપ શાંત થઈ જશે; કારણકે એ ઊભરા-ઓના કારણરૂપ પ્રાપ્તિ અને હાનિને લઈને થતાં હર્ષ અને શોક, સફળતા અને નિષ્ફળતા, સુખદ અને દુઃખદ સ્પર્શો દૂર થઈ જાય છે. ત્યારપછી શાંત, સમતા સ્થાપન થશે અને છતાં આપણે જગતમાં જીવન તો ધારણ કરવાનું રહે છે. હોય છે-અને કર્મ પણ કરવાં પડે છે. અત્યારે આપણી પ્રકૃતિ એવી છે કે આપણે કર્મનાં ફળની કામના રાખીએ છીએ. પરંતુ આપણે એ જૂની પ્રકૃતિને પણ બદલી નાખવી જોઈએ. આપણે ફળની કામનાથી મુક્ત થઈને કર્મ કરવાની ટેવ પાડવી જોઈએ. નહિ તો કામના અને તેનાં સઘળાં પરિણામો કાયમ જ રહેશે, પરંતુ આપણી અંદર 'હું કર્મનો કર્તા છું,' એ પ્રમાણે બંધાયેલી પ્રકૃતિને-આપણા કર્તાપણાના પડેલા સ્વભાવને-આપણે કેવી રીતે બદલી શકીએ? આપણી અહંતા અને આપણા વ્યક્તિત્વથી કર્મોને જુદાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડવાથી એ પરિણામ આવી શકે છે. આત્માનાં બધાં કર્મો પ્રકૃતિના ગુણોનું પરિણામ છે એમ બુદ્ધિવડે સમજવાનું અને પ્રકૃતિના ગુણોની જ રમત છે એમ જાણવાનું તથા આત્માને પ્રકૃતિનાં એ કાર્યોથી જુદો પાડીને તેને સાક્ષીને સ્થાને અનુભવવાથી એ પરિણામ આવે છે. અને એ સર્વ કર્મોની પાછળ રહીને જે દિવ્ય શક્તિ કાર્ય કરી રહી હોય છે તેને એ કર્મો સોંપી દેવાથી-સમર્પણ કરવાથી આપણે પોતે એ કર્મોથી છૂટા પડીએ છીએ. એ દિવ્ય શક્તિને પ્રકૃતિની અંદર રહેલ આપણાથી કોઈ મહાન વસ્તુ તરીકે આપણે અનુભવીએ છીએ, જે આપણી વ્યક્તિતા નથી-પરંતુ જે વિશ્વસમસ્તની શાસક સત્તા છે, ઈશ છે, સ્વામી છે. પરંતુ માનવનું મન વધારે વખત એ પ્રમાણે થવા દેશે નહિ; કારણકે મનનો તો સ્વભાવ જ એવો છે કે ઇન્દ્રિયસુખોની પાછળ દોડવું અને બુદ્ધિ, સંકલ્પશક્તિ, વગેરે કરણોને પોતાની પાછળ ઘસડી જવાં. એવે પ્રસંગે આપણે મનને તદ્દન નિઃસ્પંદ કરવાનો, તદ્દન ક્રિયાશૂન્ય કરવાનો અભ્યાસ કરવો જોઈએ. અર્થાત્ આપણે એક પ્રકારની નિરપેક્ષ-નરી પ્રશાંતતા અને નીરવતા મેળવવાં જોઈએ જેમાં સ્થિર થઈને આપણે અંતરમાં રહેલ સ્થિર, અક્રિય અને આનંદમય આત્માની અનુભૂતિ મેળવી શકીએ. જે આત્મા બાહ્ય સ્પર્શોની અસરથી સદા મુક્ત છે, જે સુપર્યાપ્ત-આત્મતૃપ્ત-જે પોતાની અંદર સનાતન તૃપ્તિ અનુભવે છે.

એ આત્મા આપણી સ્વયંભૂ સત્તા છે. આપણા સ્વાભાવિક વ્યક્તિત્વની સત્તાથી આપણો આત્મા પરિચિત થતો નથી, સત્તા માત્રમાં એ જ વ્યાપી રહેલો છે, સર્વ પ્રત્યે એ આત્મા સમ છે, પોતાની અનંતતા વડે તે સમગ્ર વિશ્વના કાર્યને નભાવી રહ્યો છે. પરંતુ વિશ્વમાં જે કાંઈ શાંત છે-મર્યાદિત છે તેનાથી એ પોતે મર્યાદિત થતો નથી, તથા પ્રકૃતિમાં અને વ્યક્તિમાં થતા વિકારોથી એ આત્મા મુક્ત છે. અવિકારી રહે છે. જ્યારે આપણી અંદર એ આત્મા પ્રગટ થાય છે, જ્યારે આપણે તેની શાંતિ અને તેના આનંદનો અનુભવ કરીએ છીએ, ત્યારે આપણે તેનામાં વિકાસ પામીએ છીએ. ત્યારપછી જ આપણે પ્રકૃતિની અભિવ્યક્તિમાંથી આપણી ચેતનાની પ્રતિષ્ઠાને-પાયાને હઠાવીને તેને આત્મામાં, એટલે કે ઊર્ધ્વ આધ્યાત્મિક કેન્દ્રમાં, લઈ જઈ શકીએ છીએ, અત્યારસુધીમાં આપણે જે સ્થિરતા, સમતા અને રાગરહિત અપૌરુષેયત્વ-નિર્વ્યક્તિતા-તટસ્થતા પ્રાપ્ત કર્યાં છે તેના જ બળ વડે આપણે એ ધ્યેયને સિદ્ધ કરી શકીએ છીએ. કારણકે જેમજેમ આપણે એ વસ્તુઓમાં-શાંતિ-સમતા વગેરેમાં વિકાસ પામીએ છીએ, એ વસ્તુઓને પૂર્ણ કરાવીએ છીએ, તથા આપણી સમગ્ર પ્રકૃતિને એ ગુણોને વશ વર્તવાની-તાબે થવાની ફરજ પાડીએ છીએ, તેમતેમ આપણે એ સ્થિર, સમ, સમત્વમુક્ત, અપૌરુષેય, સર્વવ્યાપી આત્માની અંદર વિકાસ પામતા જઈએ છીએ. આપણી ઇન્દ્રિયો શાંત થઈ જાય છે અને જગતના સર્વ બાહ્ય સ્પર્શોને તે ગાઢ પ્રશાંતિમાં સ્વીકારી શકે છે. આપણું મન પણ શાંત થઈ જાય છે અને સ્થિર, વિશ્વ-વ્યાપી સાક્ષીરૂપ થઈ રહે છે. આપણે 'અહં' બીનંગત-કોઈ અપૌરુષેય સત્તામાં લય પામી જાય છે. સર્વ પદાર્થો આપણને આત્મામાં જ આવી રહેલા દેખાય છે, અને આત્માને આપણે સર્વમાં જોઈએ છીએ. સર્વ સત્તા સાથે આપણે એકસત્ થઈ શકીએ છીએ, એટલે કે સત્તામાત્રના મૂળમાં રહેલી એકતા અનુભવીએ છીએ. નિઃસ્વાર્થ શાંતિ અને નિર્વ્યક્તિતામાં રહીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે જે કર્મો કરીએ છીએ તે આપણાં રહેતાં નથી. એમનાં પ્રતિકાર્યો વડે તે આપણને બંધનકર્તા થતાં નથી, યા તો કલેશ આપતાં નથી. પ્રકૃતિ અને તેના ગુણો આપણી અંદર કર્મનો પટ વણે છે, પરંતુ આપણી કલેશરહિત સ્વયંભૂ શાંતિનો ભંગ કર્યા વિના સર્વ કર્મ તે એક સમ અને વિશ્વરૂપ બ્રહ્મને સમર્પણ કરવામાં આવે છે.

પરંતુ હવે બે મુશ્કેલીઓ બાકી રહે છે, પ્રથમ તો એ શાંત, અક્ષરબ્રહ્મ અને પ્રકૃતિનાં કાર્યો એ બેની વચ્ચે ન મિટાવી શકાય એવો વિરોધ લાગે છે. એકવાર આપણે અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરીએ, પછી કર્મનું અસ્તિત્વ જ કેવી રીતે રહે, યા તો કર્મ ચાલુ રહે જ કેવી રીતે? એ અક્ષર-બ્રહ્મમાં સંકલ્પશક્તિ જ ક્યાંથી હોય કે જેથી આપણી પ્રકૃતિમાં તેનું કાર્ય શકય બને? સાંખ્ય મતવાદીઓની પેઠે આપણે એમ કહીએ કે કર્મ કરવાની સંકલ્પશક્તિ તો પ્રકૃતિમાં રહેલી છે, આત્મામાં નથી હોતી, તો પછી પ્રકૃતિની અંદર કોઈ એવો હેતુ કે ઉદ્દેશ, એવી કોઈ શક્તિ રહેલી હોવી જોઈએ, જે આસક્તિવડે, અહંવડે આત્માને પોતાના કાર્યમાં રસ લેતો કરી ખેંચી લાવે છે, અને જ્યારે આત્મામાં એ વસ્તુઓનું પ્રતિબિંબ પડતું બંધ થાય છે, ત્યારે પ્રકૃતિની પુરુષને-આત્માને એ પ્રમાણે ખેંચી લાવવાની શક્તિ પણ બંધ પડે છે. અને તેની સાથે કર્મોનો હેતુ પણ આપોઆપ જ શમી જાય છે. પરંતુ ગીતા એ મતને માન્ય કરતી નથી, એ મત પ્રમાણે તો એક, સર્વમય, વિશ્વપુરુષ નહિ પરંતુ અનેક પુરુષોનો સ્વીકાર કરવો પ્રાપ્ત થાય, નહિ તો એક માનવને પોતાના આત્માનો અન્ય માનવોથી સ્વતંત્રપણે અનુભવ થાય અને એને મુક્તિ મળે, જ્યારે બીજા અસંખ્ય આત્માઓ બંધનમાં પડેલા હોય એ વસ્તુ બુદ્ધિમાં ઊતરી શકે જ નહિ. પણ પ્રકૃતિનું પોતે કોઈ સ્વતંત્ર તત્ત્વ નથી. એ તો પરમાત્માની પોતાની શક્તિ છે જે વિશ્વસર્જનરૂપે પોતાને પ્રક્ષેપ કરે છે, વિસર્ગ કરે છે. પરંતુ ઈશ્વર એટલે અક્ષરબ્રહ્મ એ જ સાચી વસ્તુ હોય અને વ્યક્તિ એટલે એ અક્ષરના પોતાના અંશનો શક્તિમાં વિસર્ગ હોય તો વ્યક્તિ જેવી પોતાના અસલ અક્ષરસ્વરૂપમાં પ્રવેશ કરે અને ત્યાં સ્થિર થાય તેની સાથે સઘળું જ શમી જવું જોઈએ–સિવાય એ પરમ અદ્વૈત અને પરમ શાંતિ. બીજો પ્રશ્ન એ છે કે ધારો કે એ અદ્વૈતની સ્થિતિમાં પણ કર્મ કોઈ અગમ્ય રીતે ચાલુ રહે છે એમ સ્વીકારીએ, છતાં આત્મા તો સર્વ પ્રત્યે સમતાયુક્ત હોવાને લીધે કર્મ થાય છે કે નથી થતાં એ વસ્તુની બિલકુલ અગત્ય રહેતી નથી અથવા તો કર્મ થાય છે એમ સ્વીકારીએ તોપણ કયું કર્મ થાય છે એ વસ્તુ કશી અગત્યની નથી. એ સાચું હોય તો આ ઉગ્ર ઘોર વિનાશક એવું યુદ્ધનું કર્મ કરવાનો આટલો બધો આગ્રહ શા માટે? આ રથ, આ સંગ્રામ, આ યુદ્ધો, આ દિવ્યસારથિ એ બધું શા માટે?

એ પ્રશ્નના ઉત્તરમાં ગીતા એવું વિધાન કરે છે કે પરમ ઈશ્વર, પુરુષોત્તમ, એક, અક્ષરબ્રહ્મના કરતાં પણ કોઈ વધારે મહાન, વધારે ઉચ્ચવાસ્તવિકતા છે, અક્ષરથી તે વધારે વિશાળ અને સર્વગ્રાહક હોઈ તે એકીવખતે અક્ષર, આત્મા અને પ્રકૃતિનાં કર્મોનો શાસક છે. એ નિમ્ન પ્રકૃતિનાં કાર્યોનું નિયમન પોતાના અક્ષરસ્વરૂપની સનાતન સ્થિરતામાં પ્રતિષ્ઠિત થઈને સમતાપૂર્વક, કર્મ અને વ્યક્તિત્વથી પર રહીને કરે છે. ચેતનાની ભૂમિકામાંથી તે (પુરુષોત્તમ) પ્રકૃતિનાં કર્મોનું સંચાલન કરે છે અને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધ્યાત્મિક સ્થિતિમાં આરોહણ કરવાથી આપણે પણ એ ચેતનાને પ્રાપ્ત કરીએ છીએ, તથા દિવ્ય કર્મો કરવા અધિકાર પણ મેળવીએ છીએ. એ ઉપર જણાવેલી અક્ષર અવસ્થામાં પ્રતિષ્ઠિત રહીને પ્રભુ પ્રકૃતિમાં પોતાની સત્તાની સંકલ્પશક્તિ અને બળ તરીકે પ્રગટે છે. સર્વ સત્તામાં તે પોતાની જાતને વ્યક્ત કરે છે. જગતમાં માનવ તરીકે જન્મ ધારણ કરે છે, સર્વ માનવોનાં હૃદયમાં બિરાજે છે, અવતાર તરીકે પોતાનો આવિર્ભાવ કરે છે. તથા માનવની અંદર પણ દિવ્યતા જન્મે છે, અને જેમજેમ માનવનો આધ્યાત્મિક જીવનમાં વિકાસ થાય છે તેમતેમ માનવ દિવ્યતામાં પામે છે. સર્વ કર્મો આપણાં કર્મોના સ્વામી પ્રભુને યજ્ઞરૂપે સમર્પણ કરવાં જોઈએ, અને આત્માની અંદર આપણો નિકાલ લાવીએ તેની સાથેસાથે પ્રભુ જોડે પણ આપણે આપણી પ્રકૃતિમાં એકતા પામવી જોઈએ. અને આપણું વ્યક્તિત્વ તેના જ અંશનો આવિર્ભાવ છે એવો સાક્ષાત્કાર કરવો જોઈએ. પ્રભુ સાથે એક થતાં આપણે વિશ્વમાં સર્વ પ્રાણીઓ સાથે પણ એક થઈએ છીએ અને પ્રભુથી પ્રેરિત દિવ્ય કર્મો જીવ-નમાં કરીએ છીએ. પરંતુ એ કર્મો આપણાં હોતાં નથી–આપણી અંદર થતું પ્રભુનું જ કાર્ય હોય છે. એવાં કર્મવડે તે લોકોને દોરે છે તથા લોકસંગ્રહ કરે છે.

આપણે કરવાની મુખ્ય વસ્તુ તે આ છે. એકવાર એ અનુભવ થતાં જ અર્જુનની બધી મુશ્કેલીઓ આપોઆપ દૂર થઈ જશે. ત્યારપછી પ્રશ્ન આપણાં અંગત કર્મનો નહિ રહે; કારણકે આપણું જે વ્યક્તિત્વ હોય છે તે કાળમાં પડેલ, એક ગૌણ વસ્તુ બની જાય છે. પરંતુ આપણી મારફત વિશ્વમાં પ્રભુની સંકલ્પશક્તિને કામ કરવા દેવાનો પ્રશ્ન બને છે, એનો ઉકેલ બરાબર સમજાય એટલા માટે પુરુષોત્તમ એટલે શું છે, તે પ્રકૃતિમાં શું બને છે, પ્રકૃતિનાં કાર્યો શાં શાં છે, એ કાર્યો આપણને ક્યાં દોરી જાય છે, તથા પ્રકૃતિમાં આવિર્ભાવ પામેલા આત્મા અને એ પુરુષોત્તમ વચ્ચે કેવા પ્રકારનો ગાઢ સંબંધ છે, જેની પ્રતિષ્ઠા જ્ઞાનયુક્ત ભક્તિમાં રહેલી છે, એ આપણે જાણવું જરૂરી છે. એ બધા પ્રશ્નોનું સ્પષ્ટીકરણ કરવું એ ગીતાના બાકીના ભાગનો વિષય છે.

★

હનુમાનજી હમેશ રામચંદ્રની સેવામાં તત્પર રહેતા હતા; એથી રામચંદ્રજીના દરબારમાંના કેટલાકને શંકા પડી કે હનુમાનજી કેટલાંય વર્ષથી ભગવાનની સેવામાં છે, પણ હજી દાસ ને દાસ જ છે.

રામચંદ્રે આ વાત જાણી ત્યારે ભરસભામાં સર્વના દેખતાં હનુમાનને પ્રશ્ન કર્યો: 'તમારું સ્વરૂપ શું?'

હનુમાનજીએ વિચાર્યું કે જો હું રામચંદ્રજીનો દાસ છું એમ કહીશ, તો ભગવાનની સેવા કરવા છતાં હું દાસનો દાસ રહ્યો એમ મારે માટે લોકો વિચારશે. જો હું બ્રહ્મ છું એમ કહીશ, તો લોકો શંકા કરશે કે બ્રહ્મ છો તો રામચંદ્રની સેવા શું કરવા કરો છો? એટલે ખૂબ બુદ્ધિપૂર્વક ઉત્તર દીધો:

'પ્રભો, દેહભાવથી હું તમારો દાસ છું, જીવભાવથી તમારો અંશ છું, અને આત્મભાવે તો 'તમે' તે જ 'હું' છું એમ મારો દૃઢ નિશ્ચય છે.'

જવાબ સાંભળીને સભાજનો ચૂપ થઈ ગયા!

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ સમર્પણ

લેખક :
શ્રી ભૂપેંદ્ર ઉપાધ્યાય

દ્વારિકાના ભવ્ય મહાલયમાં ભારે ધમાલ મચી રહી છે. ચિંતાથી શૂન્યમનસ્ક બની ગયેલી રાણીઓ મૂક બની ગઈ છે. દાસદાસીઓ વ્યગ્ર ચિત્તે દોડાદોડ કરી રહ્યાં છે. રાજ્યકારભારીઓની મૂંઝવણનો પાર નથી. પ્રાસાદની બહાર નગરજનો પ્રાર્થના કરતા ઊભા છે.

આ બધી ચિંતાનું કારણ એ છે, કે દ્વારિકાધીશ શ્રીકૃષ્ણના પેટમાં સૂળ ઊપડ્યું છે. કારમી વ્યથાથી આકુળવ્યાકુળ બનતો શ્રીકૃષ્ણનો દેહ પલંગની સુખશય્યામાં પણ શાન્તિ મેળવી શકતો નથી.

રાજવૈદ્યો વિવિધ પ્રકારનાં ઔષધો દ્વારા ભગવાનને વ્યાધિમુક્ત કરવા મથી રહ્યા છે, પરંતુ વ્યથા ઓછી થવાને બદલે વધતી જાય છે. ધન્વંતરિના ઉપાયોનું પણ કાંઈ શુભ પરિણામ આવ્યું નહિ, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણની સોળ હજાર ને આઠ રાણીઓ સહિત નગરજનો ભગવાનની વ્યથા જેવી જ કારમી હૃદયવ્યથા અનુભવતા, અસહાય બનીને ચિન્તાગ્રસ્ત બન્યા છે.

કોઈ ઉપાય જડતો નથી. લાખ ઉપાયે પણ ભગવાન શ્રીકૃષ્ણની દેહવ્યથા દૂર થતી નથી. પૃથ્વી ઉપર હાહાકાર વ્યાપી ગયો છે.

એવામાં કોઈ વિચક્ષણ વૈદ્યરાજ મહાલયમાં આવ્યા છે ને સૌની આશાભરી મીટ એમના તરફ મંડાઈ છે. વૈદ્યરાજ કહે છે: 'મારું માગેલું ઔષધ આણી આપો, ઘડીભરમાં ભગવાનને દુઃખમુક્ત કરી આપું.'

'કેવું ઔષધ? ઝટ બોલો, જલદી કરો.' એકી અવાજે બધા બોલી ઊઠે છે.

'ઔષધ, બીજું કાંઈ નહિ, પણ સહેલું અને સસ્તું, કોઈ પણ મનુષ્યના પગની રજમિશ્રિત પાણી ભગવાનને આપવામાં આવે તો ભગવાનનું દુઃખ તરત દૂર થાય.' વૈદ્યરાજ ઉપાય બતાવે છે. કેવો સહેલો ઉપાય! હમણાં પોતાના પગની રજ લઈને ટોળેટોળાં આવી પહોંચશે!

પણ……

સોળહજાર ને આઠ રાણીઓ વિચારે છે: પતિદેવની ચરણરજનો સ્પર્શ કરી પતિવ્રતાએ પાવન થવાનું હોય…આપણી ચરણરજ પતિદેવને ચડે તો તો મહાપાતક થયું કહેવાય…પતિવ્રતાધર્મનો ભંગ થાય…ઘોર નર્કમાં જવું પડે…પતિદેવનો આવો અપરાધ કરીને કયે ભવે છૂટીએ?……નહિ બને!

ભક્તજનો વિચારે છે: ભલા, આપણે પોતે જ ભગવાનની ચરણરજ સમાન છીએ, આપણી ચરણરજનું ભગવાનને પાન કરાવીને, ભગવાનનો જ ઘોર અપરાધ કરીને આપણે કયે ભવે મુક્તિ મેળવીશું?……નહિ બને!

ભગવાનના સખાઓ વિચારે છે, નગરજનો વિચારે છે, મુનિઓ ને સંતો સૌ વિચારે છે: ભગવાનને ચરણે જોઈએ તો આખું જીવન ધરી દઈએ. ચરણરજ આપવાનું મહાપાતક નહિ થાય. વૈદ્યરાજને કહ્યું: 'જોઈએ તો આખા જીવનનો ભોગ લઈ લો, ચરણરજ તો ભગવાનને નહિ જ આપી શકાય.'

વૈદ્યરાજ ના પાડે છે. 'જીવનની જરૂર નથી, મારે તો ઔષધિ માટે ચરણરજમિશ્રિત જળ જ જોઈશે. બોલો કોઈ તૈયાર છે?'

કોઈ કહેતાં કોઈ તૈયાર થતું નથી. સોળ હજાર ને આઠ રાણીના પતિદેવ, લક્ષાવધિ ભક્તોના ભગવાન દ્વારકાધીશ શ્રીકૃષ્ણ ચપટી ચરણરજ વિના, મહાલયના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશાળ પ્રાસાદમાં પલંગ ઉપર દુઃખથી આકુળવ્યાકુળ થતા પડ્યા છે.

એવી લીલા થઈ છે. ઉપાય સૂઝતા નથી, જાણે કે પ્રલયકાળના દુઃખથી પૃથ્વી ઉપર સંતાપ વ્યાપી ગયો છે.

વાત દૂરદૂર વ્રજમાં પહોંચી છે: ચપટી રજ વિના ગોપીઓનો પ્યારો કનૈયો, અસંખ્ય માણસોની વચ્ચે કારમા દુઃખથી પીડાઈ રહ્યો છે......

ને તરત જ ગોપીઓનાં વૃંદો, દ્વારકાના મહેલને દ્વારે ઊભરાવવા માંડ્યાં છે. વૈદરાજની પાસે પહોંચી ધાતુપાત્રમાં પોતાના પગ મૂકવા કેટલી ય ગોપી આતુર છે. પાસે ઊભેલા જ્ઞાની ધર્મગુરુ પૂછે છે:

'ભગવાનના પાનને માટે તમારા ચરણની રજવાળું જળ ભગવાનને આપવાથી થતા મહાપાતકોનો તમને કાંઈ ખ્યાલ છે કે?'

'વાત પછી કરો, ચરણજળ લઈ લો. ભલે, અમે મહાપાપી ઠરીએ, ભલે અમને મહાઘોર નરકની યાતના મળે, પણ એથી ભગવાનનું દુઃખ તો દૂર થશે ને? પછી બીજું અમારે શું જોઈએ? ચાલો, ઉતાવળ કરો...'

☆

એક હિંદુ આચાર્ય અને મુસલમાન લોકોના મુરશિદ (ધર્મોપદેશક) વચ્ચે મૈત્રી બંધાઈ. એક વેળા વિચાર્યું કે આપણે સ્વર્ગમાં પરમાત્માનાં દર્શન કરવા જઈએ. સ્વર્ગમાં ગયા ત્યાં વિચાર્યું; આપણે પરમાત્મા એકલાને મળવા જઈશું તો ત્યાં એમના એકલાનાં જ દર્શન થશે, અને આચાર્યો તથા પયગંબરો રહી જશે, માટે તેઓ બધા સાથે ફરવા નીકળે, ત્યારે સડક પરથી દર્શન કરીશું તો બધાંને જોવાશે.

પહેલાં નીકળી શ્રીશંકરાચાર્યની સવારી: શ્રીશંકરાચાર્ય હાથમાં દંડ લઈ ચાલ્યા જાય છે, પાછળ દંડી સંન્યાસીઓ ને પછી લાખો ને કરોડોની સંખ્યામાં તેના સેવકો ગયા.

પછી નીકળ્યા રામાનુજાચાર્ય—પાછળ ઊભા તિલક ધારણ કરીને ત્રિદંડી સંન્યાસીઓ ને લોકો...

પછી વલ્લભાચાર્યની સવારી નીકળી. એટલી જ અસંખ્ય માનવમેદની.

ત્યારબાદ આવ્યા ગૌતમબુદ્ધ.

પછી મહાવીર, પછી આવ્યા મહંમદ પેગંબર, પછી અશુ જરથોસ્ત હાથમાં અગ્નિ લઈ આવ્યા, પછી આવ્યા ઈશુ ખ્રિસ્ત...દરેકની પાછળ અગણિત અનુયાયીઓ હતા, સેવકો હતા, ડોળ-દમામથી ચાલતા.

પેલો હિંદુ આચાર્ય તથા મુરશિદ એકબીજાને આ લોકોની ઓળખાણ આપતા રહ્યા હતા.

ને સૌથી છેલ્લે નીકળ્યો એક વૃદ્ધ પુરુષ. હાથમાં લાકડી હતી, ફાટેલતૂટેલ કપડાં પહેર્યાં હતાં, એમની પાછળ બિલકુલ નામના જ માણસો હતા. પંડિતે પૂછ્યું: 'આ કોણ છે?'

'એ જ અલ્લામિયાં છે.' મુરશિદે કહ્યું.

'પણ આચાર્યો-પેગંબરો, ઠાઠમાઠથી લાખો કરોડો માણસો સાથે ગયા, ને અલ્લામિયાંની પાછળ આટલા જ કેમ?'

મુરશિદે ખુલાસો કર્યો: 'દુનિયામાં બધા મર્દુમપરસ્તી છે, ખુદાપરસ્તી તો થોડા જ છે, એટલે કે અમુક વાડામા રહીને ગુરુ આદિની ઉપાસના કરનારા ઘણા હોય છે, પણ ખુદ પરમાત્માની પોતાની ઉપાસના કરનાર થોડા હોય છે!'

✕

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તરરામચરિત

લેખક :
શ્રી રામનારાયણ ના. પાઠક

શાંત, સૌમ્ય, એકવચની રામચંદ્રજીના પાછલા જીવન વિશે ભવભૂતિએ 'ઉત્તરરામચરિત' નામે એક પ્રસિદ્ધ નાટક લખ્યું છે. પાટવીકુંવર તરીકે રાજ્યારોહણ થવાનો હોય તે જ દિવસે ચૌદવર્ષનો વનવાસ ભોગવવા ચાલ્યા જવું પડે, વનમાં અસંખ્ય રાક્ષસોનો સામનો કરવો પડે, રાવણ સામે યુદ્ધે ચડવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, વનગમન દરમિયાન કેટલાક સ્વજનોનો સહાયનો વિયોગ થાય—પારાવાર દુઃખ-વેદના સહી અયોધ્યા આવ્યા પછી થોડા જ સમયમાં આટલો બધો સમય સાથે રહી યાતના ભોગવનાર પત્ની-સીતાનો ત્યાગ કરવો પડે, રામના જીવનમાં આથી વધુ કરુણ પ્રસંગ બીજો કયો હોઈ શકે? ગાંધીજીએ સાચું જ કહેલું: 'સીતા રામની આંખની કીકી હતી. તેનો ત્યાગ કરી રામે સર્વસ્વનો ત્યાગ કર્યો હતો'—આવા ભવ્ય પ્રસંગને મહાકવિ ભવભૂતિએ અપૂર્વ રીતે વર્ણવ્યો છે, તેને લેખકે અહીં સારરૂપે કેટલાક ઉત્તમ શ્લોકો સાથે આપ્યો છે. સંસ્કૃત સાહિત્યની ઉત્તમ પ્રસાદી અવારનવાર 'અખંડ આનંદ'માં આપવાનો ઈરાદો રાખ્યો છે.

ગુરુ વસિષ્ઠ, માતાઓ, મોટીબહેન શાંતા વગેરે વડીલવર્ગ જમાઈ ઋષ્યશૃંગના યજ્ઞમાં ગયા છે. રામ અને સીતા અંતઃપુરમાં તેમના વિયોગથી તેમનો જ વિચાર કરતાં બેઠાં છે.

રામ : દેવી વૈદેહિ, શાંત થાઓ. મોટેરાંઓ કદી આપણને ભૂલી નહિ જાય.

સીતા : એ તો હું જાણું છું આર્યપુત્ર, છતાં સ્વજનોનો વિયોગ દુઃખકારક હોય છે.

પ્રતિહારી : દેવ, ઋષ્યશૃંગના આશ્રમેથી અષ્ટાવક્ર આવ્યા છે.

સીતા : જલદી બોલાવો.

રામ : હા, મોકલો.

[પ્રતિહારી જઈને મોકલે છે.]

અષ્ટાવક્ર : કલ્યાણ થાઓ!

રામ : પ્રણામ કરું છું, બિરાજો.

સીતા : નમસ્કાર, કેમ બધાં—ગુરુજી, માતાઓ, શાંતાબહેન અને આપણા જમાઈરાજ સૌ કુશળ છે ને?

રામ : ઋષ્યશૃંગ અને મોટી બહેન મઝામાં છે?

સીતા : અમને સંભારે છે કે?

અષ્ટાવક્ર : કેમ નહિ? કુળગુરુ વસિષ્ઠે તમને આશીર્વાદ મોકલ્યા છે:

विश्वंभरा भगवती भवतीमसूत
राजा प्रजापतिसमो जनकः पिता ते ।
तेषां वधूस्त्वमसि नन्दिनी पार्थिवानां
येषां कुलेषु सविता च गुरुर्वयं च ॥

વિશ્વનું ભરણપોષણ કરનારી સાક્ષાત્ પૃથ્વીમાતાએ તમને જન્મ આપ્યો છે, અને બ્રહ્મા જેવા જનકરાજા તમારા પિતા છે. એટલું જ નહિ, જે કુળના મૂળપુરુષ સૂર્ય છે અને ગુરુઓ અમે છીએ એવા કુળની તું પુત્રવધુ છો; માટે તારી પાસેથી અમે બીજી શી આશા રાખીએ? માત્ર વીરપુત્રને જન્મ આપજે. એ જ આશીર્વાદ.

રામ : આભારી છીએ.

અષ્ટાવક્ર : ભગવતી અરુંધતી અને શાંતાદેવીએ આપને માટે વારંવાર ભારપૂર્વક કહેવરાવ્યું છે, કે સીતાની જે કંઈ ઇચ્છા થાય તે તરત જ પૂરી કરવી.

રામ : જેવી વડીલોની આજ્ઞા.

અષ્ટાવક્ર : અને મોટીબહેને તથા આપના બનેવીએ કહ્યું છે, કે 'બેજીવવાળાં હતાં તેથી તમને અહીં યજ્ઞમાં આગ્રહ કરીને લાવ્યાં નથી. અને ભાઈ રામને પણ તમારા વિનોદ માટે ત્યાં રાખ્યા છે, તો હવે દીકરાને રમાડતી જોવાની અમે ઇચ્છા રાખીએ છીએ.'

રામ : તેમ થાઓ. ભગવાન વસિષ્ઠે મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈ આજ્ઞા કરી નથી !

અષ્ટાવક્ર : સાંભળો.

जामातृयज्ञेन वयं निरुद्धास्त्वं बाल एवासि नवं च राज्यम् ।
युक्तः प्रजानामनुरञ्जने स्यास्तस्माद्यशो यत्परमं धनं वः ॥

અમે જમાઈના યજ્ઞમાં રોકાયેલા છીએ, તમે હજી બાળક છો, રાજ્ય નવું છે, તો પ્રજા રાજી રહે તેમ વર્તજો; કારણકે યશ એ જ રાજાઓનું ખરું ધન છે.

રામ : જેવી વસિષ્ઠ ગુરુની આજ્ઞા.

स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीमपि ।
आराधनाय लोकस्य मुञ्चतो नास्ति मे व्यथा ॥

સ્નેહ, દયા કે સુખ, અરે, જાનકીને પણ લોકસેવાર્થે તજવાં પડે તો તેનો ત્યાગ કરતાં મને ક્લેશ પણ દુઃખ નહિ થાય.

સીતા : તેથી જ આપ રઘુકુળદીપક છો.

રામ : કોઈ છે કે ? અષ્ટાવક્રને ઉતારા પર લઈ જાઓ.

અષ્ટાવક્ર : (ઊઠીને નમસ્કાર કરી જતાં) અહો ! આ તો કુમાર લક્ષ્મણ આવે છે.

[જાય છે. લક્ષ્મણ આવે છે.]

લક્ષ્મણ : જય થાઓ, મોટાભાઈ! અર્જુન નામના ચિત્રકારે આપની સૂચના પ્રમાણે આપના ચરિત્રને ચિત્રપટ ઉપર ઉતાર્યું છે; તે બતાવવા લાવ્યો છું.

રામ : હા, સીતાદેવીના મનને થોડો આનંદ આપવા તૈયાર કરાવેલું. ક્યાંસુધીનું છે ?

લક્ષ્મણ : સીતાજીની અગ્નિશુદ્ધિ સુધીનું.

રામ : અહા !

उत्पत्तिपरिपूतायाः किमस्याः पावनान्तरैः ।
तीर्थोदकं च वह्निश्च नान्यतः शुद्धिमर्हतः ॥

જે જન્મથી જ પવિત્ર છે તેને બીજું કોણ પાવન કરી શકે? તીર્થનું જળ અને અગ્નિ—એમાં કોઈને શુદ્ધ થવાની જરૂર નથી.

દેવી, ક્ષમા કરજો. આ તમે જીવશો ત્યાંસુધી અપવાદ માથે રહેવાનો.

સીતા : હશે, લોક બોલે તેનું કંઈ નહિ. હવે ચિત્રપટ જોઈએ. (પાસે આવે છે.)

લક્ષ્મણ : જુઓ, આ વિશ્વામિત્રઋષિ મોટાભાઈને શસ્ત્રો આપે છે અને યુદ્ધવિદ્યા શીખવે છે. એ શસ્ત્રોથી જ મોટાભાઈએ તાડકા વગેરે રાક્ષસોનો સંહાર કરેલો.

રામ : દેવી, એ દેવી અસ્ત્રોને નમસ્કાર કરો.

સીતા : નમસ્કાર !

લક્ષ્મણ : હવે આપણે મિથિલાનગરીમાં આવ્યા.

સીતા : અહો, ઊઘડતા ગુલાબ જેવા, સુડોલ, સુરેખ માંસલ બાહુથી શોભતા, વિશાળ છાતી અને સુંદર સૌમ્ય મુખાકૃતિવાળા રામ, ભગવાન શંકરનું મોટું ધનુષ ઉપાડીને તોડતા ચીતર્યા છે !

[એકીટશે જોઈ રહે છે.]

લક્ષ્મણ : ભાભી, જુઓ. વસિષ્ઠગુરુ અને દશરથબાપુને ગુરુ શતાનંદ અને જનકરાજા મળે છે.

રામ : જનક અને રઘુઓનો આ સંબંધ કેટલો સુયોગ્ય છે ! ભગવાન વિશ્વામિત્ર બંને પક્ષે સમાન બની આશીર્વાદ આપી રહ્યા છે.

સીતા : આ જુઓ, એક માંડવે ચારે ભાઈઓ પરણવા બેઠા છે. કન્યાદાન અપાય છે. અહા, એ બધું આજે જાણે નજરે તરે છે!

રામ : મને પણ એ બધું યાદ આવે છે.

લક્ષ્મણ : આ ભાભી તમે, આ માંડવી ભાભી અને આ શ્રુતકીર્તિ વહુ.

સીતા : અને આ વચ્ચે કોણ છે?

લક્ષ્મણ : (મનમાં) ઊર્મિલા માટે પૂછે છે. ઠીક બીજું બતાવું. (મોટેથી) જુઓ આ ભગવાન પરશુરામ આવ્યા.

સીતા : મને બીક લાગે છે.

રામ : મહર્ષિ, નમસ્કાર.

લક્ષ્મણ : જુઓ આ મોટાભાઈએ પરશુરામનો પરાજય કરવા....

રામ : હવે એ જોઈ લીધું. બીજું બતાવો.

સીતા : (હસીને) આવા વિનયથી તમે વધુ મહાન દેખાઓ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મણ : લ્યો આ આપણે અયોધ્યામાં આવી પહોંચ્યા.

રામ : (આંસુ સાથે) મને બધું સાંભરે છે.

जीवत्सु तातपादेषु नूतने दारसंग्रहे ।
मातृभिश्चिन्त्यमानानां ते हि नो दिवसा गताः ॥

પિતાજી જીવતા હતા, આપણે તાજાં જ લગ્ન કરીને આવેલાં અને માતાઓ આપણી સંભાળ લેતી. એ દિવસો તો હવે માત્ર સંભારવાના જ રહ્યા !

લક્ષ્મણ : આ મંથરા.

રામ : (બીજા ચિત્ર તરફ ધ્યાન દોરે છે.) દેવી, આ શૃંગવેરપુરમાં પેલું વિશાળ ઈંગોરીનું ઝાડ. જ્યાં આપણને ગુહરાજાનો સમાગમ થયો હતો.

લક્ષ્મણ : (મનમાં) મોટાભાઈએ ખૂબીથી મંથરા અને વચલી માની વાત ઉડાવી દીધી !

સીતા : આ જુઓ, જટા ધારણ કરવાનો વિધિ !

લક્ષ્મણ : હા, ઇક્ષ્વાકુવંશમાં પુત્ર ઉંમરલાયક થાય ત્યારે તેને ઘરનો કારભાર સોંપી વાનપ્રસ્થ થવાનો રિવાજ હતો. એ વ્રત આર્યપુત્રે યુવાવસ્થામાં જ ધારણ કર્યું.

સીતા : આ સુંદર અને પવિત્ર જળ વહેતાં ગંગામૈયા.

રામ : રઘુકુળની દેવી નમસ્તે !

तुरगविचयव्यग्रानुर्वीभिदः सगराध्वरे
कपिलमहसा रोषात्प्लुष्टान्पितुश्च पितामहान् ।
अगणिततनुतापस्तप्त्वा तपांसि भगीरथो
भगवति तव स्पृष्टानद्भिश्चिरादुदतीतरत् ॥

સગરરાજાના પુત્રોએ ઘોડાની શોધમાં જતાં કપિલમુનિનું અપમાન કર્યું અને પરિણામે તેમના શાપથી બળીને રાખ થયા. એમના ઉદ્ધાર માટે પેઢી દર પેઢી તપ કરીને ભગીરથે પૃથ્વી પર ઉતારેલાં ભાગીરથી સદા ય લોકોને પાવન કરી રહ્યાં છે. હે ગંગામૈયા ! ગુરુપત્ની અરુંધતીની જેમ તમે પણ સીતાને શુભાશિષ આપો.

લક્ષ્મણ : આ ભરદ્વાજઋષિએ બતાવેલા ચિત્રકૂટના માર્ગમાં પથરાયેલી સુંદર વનસ્પતિ, યમુનાતટ ઉપર ઊભેલો શ્યામ નામનો આ વેઘૂર વડલો.

[રામ આનંદપૂર્વક નીરખી રહે છે.]

સીતા : એ વડ નીચે આપણે રાત્રિ ગાળી હતી એ સાંભરે છે ?

રામ : એ કેમ વિસરાય ? રાજમહેલનાં સુખ છોડી, મારી પાછળ ચાલી નીકળેલાં તમે એ રાતે ઘાસની પથારી ઉપર મારા હાથનું ઓશીકું કરીને સૂઈ ગયેલાં.

લક્ષ્મણ : આ વિન્ધ્યપર્વતનાં જંગલ આવ્યાં. આ વિરાધ નામનો રાક્ષસ.

સીતા : એ નથી જોવું. દક્ષિણાપથનું ચિત્ર બતાવો.

રામ : જુઓ,

एतानि तानि गिरिनिर्झरिणी तटेषु
वैखानसाश्रिततरूणि तपोवनानि ।
येष्वातिथेयपरमा यमिनो भजन्ते
नीवारमुष्टिपचना गृहिणो गृहाणि ॥

આ સુંદર પર્વતો, એમાંથી ખળખળ નાદે વહી રહેલાં મનોહર ઝરણાંઓ, એ ઝરાને કાંઠે આવેલાં ઋષિમુનિઓનાં આ તપોવનો, જ્યાં ફળફૂલથી અતિથિઓનું સ્વાગત કરીને ગૃહસ્થધર્મ બજાવાય છે.

લક્ષ્મણ : આ જનસ્થાનને સુંદર સુવાસિત કરતો, સર્વજનહિત સાધતો, જ્યાં અનેક સરોવરો, વૃક્ષો અને ફળફૂલો લચી રહ્યાં છે એવો ગોદાવરીથી શોભતો પ્રસ્રવણ નામનો પર્વત.

રામ : દેવી,

स्मरसि सुतनु तस्मिन्पर्वते लक्ष्मणेन
प्रतिविहितसपर्या सुस्थयोस्तान्यहानि ।
स्मरसि सरसनीरां तत्र गोदावरीं वा
स्मरसि च तदुपान्तेष्वावयोर्वर्तनानि ॥

સાંભરે છે એ પર્વત ઉપર આપણે કેવા સુખી દિવસો ગાળ્યા હતા ? લક્ષ્મણે બાંધેલી પર્ણકુટિ, સર્વ રીતે આપણી કરેલી સેવા, એ ગોદાવરીનું સુંદર નીર અને આપણે કરેલો નિર્વ્યાજ આનંદ સાંભરે છે ? એ પંચવટીના દિવસો યાદ આવે છે ?

લક્ષ્મણ : આ પંચવટીમાં શૂર્પણખા આવેલી તે.

સીતા : આર્યપુત્ર, એ વખતનો તમારો રોષ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ : મને બધું જાણે નજરે તરે છે. જાણે હમણાં રાવણ આવીને તમને ઉપાડી જશે. જાણે ફરી તમારો વિયોગ થશે.

લક્ષ્મણ :

अथेदं रक्षोभिः कनकहरिणच्छद्मविधिना
तथा वृत्तं पापैर्व्यथयति यथा क्षालितमपि ।
जनस्थाने शून्ये विकलकरणरार्यचरितैः
अपि ग्रावा रोदित्यपि दलति वज्रस्य हृदयम् ॥

સોનેરી મૃગલાએ છેતરીને સીતાથી આપનો વિયોગ કરાવેલો એ વસ્તુ આજે ભૂતકાળની બની છે અને આજે આપ બન્ને સાથે છો છતાં સીતા-વિનાની પંચવટી અને જનસ્થાન જોઈને તમે પથ્થર ફાટી જાય એવું, વજ્રનાં હૈયાને વિદારે તેવું જે કારમું રુદન કરેલું એ હજી મારા કાનમાં સંભળાય છે.

સીતા : (આંસુ લૂછતાં) અહો, આર્યપુત્રે મારે માટે એટલું બધું રુદન કરેલું!

રામ : મને પણ એ બધું સાંભરે છે.

સીતા : મને જાણે ફરી વિયોગ થશે એમ લાગે છે.

લક્ષ્મણ : આ આપણા બાપુના પરમ મિત્ર પક્ષીરાજ જટાયુ.

સીતા : અહો બાપુ, તમે મારે માટે એ રાક્ષસ સાથે કેવું જીવલેણ યુદ્ધ કરેલું! તમારો અપત્યપ્રેમ યાદ આવે છે.

રામ : ખરેખર જટાયુ પક્ષીરાજ હોવા છતાં આપણા પિતાના મિત્ર તરીકે તેમણે સીતાના રક્ષણ માટે સર્વાર્પણ કર્યું. પક્ષી-કુળમાં આવા મહાત્મા ભાગ્યે જ જન્મે છે.

લક્ષ્મણ : આ જનસ્થાનની આથમણી દિશાએ આવેલો કુંજવન નામનો પર્વત. આ સરોવરતીરે આવેલો મતંગઋષિનો આશ્રમ અને આ મહાતપસ્વિની શબરી.

રામ : તપસ્વિની નમસ્તે. તારો પ્રેમ અપૂર્વ હતો. દેવી, આ તપસ્વિનીએ અમારે માટે મીઠાં બોર રાખી મૂકેલાં.

લક્ષ્મણ : પોતે ચાખીને રાખ્યાં હતાં.

સીતા : આર્યપુત્રની ઉપર કોને સ્નેહ નથી?

લક્ષ્મણ : આ પંપાસરોવર.

સીતા : જ્યાં આર્યપુત્ર, મન મૂકીને રડ્યા હતા.

રામ : ખરેખર, આ સુંદર સરોવરતીરે હું તમારા સ્મરણથી ખૂબ રડેલો.

લક્ષ્મણ : આ આર્ય હનુમાન.

સીતા : અહો! એ જ જીવમાત્રના પરમ હિતૈષી, મહાન ઉપકારી, મહાનુભાવ મારુતિ.

રામ : ખરેખર

दिष्ट्या सोऽयं महाबाहुरञ्जनानंदवर्धनः ।
यस्य वीर्येण कृतिनो वयं च भुवनानि च ॥

અંજનીને આનંદ આપનાર એ મહાબાહુની શક્તિથી જ આપણે સૌ અને આખું જગત કૃતાર્થ બન્યાં છીએ.

સીતા : ભાઈ લક્ષ્મણ, આ ફૂલથી ઢંકા-યેલાં વૃક્ષોથી શોભતો કયો પર્વત છે? જુઓ આ વૃક્ષની શીતળ છાયામાં આર્યપુત્ર વિયોગથી ઉદાસ અને રુદનથી ઝાંખી પડેલી આંખો ઢાળીને બેઠા છે!

લક્ષ્મણ : सोऽयं शैलः ककुभसुरभिर्माल्यवान्नाम यस्मिन्नीलः स्निग्धः श्रयति शिखरं नूतनस्तोयवाहः आर्येणास्मिन्–

આ કકુભ નામના વૃક્ષનાં ફૂલની સુગંધથી સુવા-સિત બનેલો, જેનાં ઊંચાં શિખર ઉપર નવીન મેઘ આરામ લે છે એવો માલ્યવાન નામનો પર્વત છે. જ્યાં મોટાભાઈએ...

રામ : विरम विरमातः परं न क्षमोऽस्मि ।
प्रत्यावृत्तः स पुनरिव मे जानकी विप्रयोगः ॥

લક્ષ્મણ, ભાઈ, બસ કર. હવે વધારે મારાથી સાંભળી શકાય તેમ નથી. બસ એમ થાય છે કે જાણે જાનકીનો ફરી મને વિયોગ થશે!

લક્ષ્મણ : બસ આની પછી મોટાભાઈએ કરેલો રાક્ષસોનો સંહાર અને બીજાં ચિત્રો છે. ભાભી, તમે થાક્યાં હશો તો હવે આરામ કરો.

સીતા : આર્યપુત્ર, આ ચિત્રપટ જોઈને મને ઇચ્છા થઈ છે, આપની રજા હોય તો કહું?

રામ : ફરમાવો.

સીતા : આપણે ફરી એકવાર પ્રસન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

તીર, વનરાજીથી શોભતાં, ભાગીરથીનાં પવિત્ર જળમાં સ્નાન કરવા જઈએ એમ થાય છે.

રામ : વત્સ લક્ષ્મણ !

લક્ષ્મણ : કહો મોટાભાઈ !

રામ : ભાઈ, હમણાં જ આપણા ગુરુજનોનો સંદેશો મળ્યો છે, કે દેવીની જે કંઈ ઇચ્છા થાય તે તરત જ પૂરી કરવી, તો એક વેગવાન રથ લઈ આવો.

સીતા : આર્યપુત્ર, તમારે પણ સાથે આવવાનું છે.

રામ : એમાં કહેવું પડે ?

સીતા : તો મને બહુ ગમશે.

લક્ષ્મણ : ઠીક, ત્યારે હું રથ લઈ આવું છું.

[જાય છે.]

[સીતા રામના હાથનું ઓશીકું કરી આરામ લે છે. રામ મનમાં અનેક મીઠાં સ્મરણો યાદ કરે છે. સીતા સ્વપ્નમાં વિયોગ થતો જોઈ ઝબકી જાય છે, તેને સાંત્વન આપે છે. એ વખતે પ્રતિહારી ગુપ્તચર આવ્યાના સમાચાર આપે છે. રામની આજ્ઞાથી તેને બોલાવવામાં આવે છે.]

રામ : કેમ શા સમાચાર છે ?

દુર્મુખ : (મનમાં) શાંતિથી સૂતેલાં દેવીની હાજરીમાં મારાથી શે કહેવાશે ? પ્રથમ પ્રશંસા વર્ણવું. (મોટેથી) મહારાજા, લોકો આપની ખૂબ પ્રશંસા કરે છે. સૌ સુખી છે. 'મહારાજા દશરથને અમે ભૂલી ગયા છીએ' આમ કહી આપને વિષે માન અને ભક્તિ દેખાડે છે.

રામ : એ તો ઠીક; કોઈ મારે વિષે દોષ બોલે છે કે ? જેવું હોય તેવું કહેજે.

દુર્મુખ : લોકો તો બોલે, એમને વિવેક-અવિવેકનું ભાન ક્યાં હોય છે ?

રામ : નહિ, એ બધું મને કહે.

[દુર્મુખ પાસે જઈ ધીમેથી સીતાનો અપવાદ કહી સંભળાવે છે.]

રામ : આ હું શું સાંભળું છું ! (સ્તબ્ધ બને છે)

દુર્મુખ : મહારાજ, શાંત થાઓ.

રામ : ખરેખર, સીતાના ભાગ્યમાં વિયોગનું દુઃખ લખેલું છે અથવા મારા ભાગ્યમાં જ વિયોગ–દુઃખ છે.

दुःखसंवेदनायैव चैतन्यमाहितम् ।

રામનો જન્મ જ દુઃખ ભોગવવા માટે છે; અને એમાં જ રામના જીવનની ખરી સાર્થકતા રહેલી છે.

હે માતા અરુંધતિ, ભગવાન વસિષ્ઠ, વિશ્વામિત્ર, ભગવાન અગ્નિ, ભગવતી પૃથ્વી, પિતા જનક, માતા કૌશલ્યા, પ્રિયમિત્ર સુગ્રીવ, સૌમ્ય હનુમાન, મહા ઉપકારી લંકાધિપતિ વિભીષણ, સખી ત્રિજટા, મને ક્ષમા કરજો. લોકહિતાર્થે રાજ્ય કરવા બેઠેલો રામ બીજો નિર્ણય ન જ કરી શકે.

[રામનું દુઃખ ન જોઈ શકવાથી દુર્મુખ બહાર જાય છે. થોડીવારે પાછો આવે છે.]

દુર્મુખ : મહારાજ ! કુમાર લક્ષ્મણ રથ લઈને આવ્યા છે.

રામ : દેવિ !

સીતા : આર્યપુત્ર ! (જાગીને ભયથી ચોમેર જુએ છે.)

રામ : રથ લઈને કુમાર લક્ષ્મણ આવી ગયા છે. તમારી રાહ જુએ છે સવેળા તૈયાર થઈ રથમાં બેસો.

સીતા : જેવી આર્યપુત્રની આજ્ઞા.

(જાય છે.)

[રામ પ્રશાંત, ગંભીરવદને એકાગ્ર દૃષ્ટિથી ભૂમિ સામે જોઈ રહે છે ને પડદો પડે છે.]

★

वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि । लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हसि ॥

લોકોત્તર પુરુષોનાં વજ્રથી કઠોર અને કુસુમથી કોમળ એવાં હૃદયોને કોઈક વિરલા જ જાણી શકે ।

×

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસ્તર

લેખક :
શ્રી કૃષ્ણકાંત ગોપાળજી દેસાઈ
બી. એસ. સી; બી. ટી; રાષ્ટ્રભાષારત્ન

સત્તા અને ધનની મહત્તા કે પ્રતિષ્ઠાને અભાવે શિક્ષકનું સ્થાન આજે સમાજમાં ઘણું જ ઊતરતું ને હલકું ગણાવા માંડયું છે. એક તરફથી શિક્ષકને આપણે 'ભાવિ નાગરિકોનો ઘડવૈયો કે શિલ્પી' કહીએ અને બીજી બાજુથી એના નામને નિંદીએ એ સ્થિતિ અસહ્ય નથી? લેખક પોતે શિક્ષક છે અને શિક્ષકના ધંધાનો–જો ધંધો કહી શકાય તો–સાચો મર્મ હળવી રીતે અહીં દર્શાવ્યો છે.

એક વખત હું રેલવેની મુસાફરી કરતો હતો. ખૂબ ધક્કામુક્કી કર્યા પછી માંડ ડબ્બામાં ઘૂસી શકયો અને અંદર બેઠેલા સદ્‌ગૃહસ્થો જેઓ પોતે ટિકિટના પૈસા ખરચી બેઠા હોવાનો દાવો કરતા હતા, તેમનો રોષ ઊતર્યા પછી એકબે ભાઈ ઓની સહાનુભૂતિથી મને બેઠક ઉપર ગોઠવાવાની જગ્યા મળી. આજુબાજુના સદ્‌ગૃહસ્થો દુનિયાના અનેક પ્રશ્નોની છણાવટ કરતા હતા, તેમની વાતમાં ધીરેધીરે મેં પણ રસ લેવા માંડ્યો. એક ગૃહસ્થ જે વેપારી જેવા દેખાતા હતા તેમણે મારો અંગત પરિચય કરવો શરૂ કર્યો. પૂછયું, 'કયાંસુધી જવું છે?'

'મુંબઈ.' મેં કહ્યું.

'ત્યાં અભ્યાસ કરતા હશો?'

'જી, મેં અભ્યાસ પૂરો કર્યો છે.'

'કયાંસુધી ભણ્યા છો? મેટ્રિક થયા હશો?'

'જી, ગ્રેજ્યુએટ થયો છું.'

'ઓહો, ત્યારે તો ઘણું સારું. જુઓને અમારા નસીબમાં તો ભણતર નહોતું, તે માંડ ચાર ચોપડી પૂરી કરી દુકાને બેસી ગયા. તમે મુંબઈમાં કોઈ વીમા કંપનીમાં નોકરી કરતા હશો?'

'જી નહિ, હું શિક્ષક છું.'

'ઓહો, માસ્તર છો? મને લાગતું જ હતું!'

'તો પછી આપે વીમા કંપનીની નોકરી વિષે કેમ પૂછયું?'

'અરે, એ તો અમસ્તું જ. આજકાલ બધા ગ્રેજ્યુએટ થઈને વીમા કંપની કે બેંક માં નોકરી શોધે છે, એટલે પૂછયું. અને માસ્તરગીરીમાં તો હવે કોણ પડે છે?'

આસપાસ બેઠેલા ગૃહસ્થોને સામાન્ય માણસ તરીકે મારી જે કિંમત હતી તે હું માસ્તર છું જાણી ઘટી ગઈ. જો કે શાળાઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થતાં માસ્તરોની સંખ્યામાં પણ વધારો થતો જ જાય છે, છતાં બને ત્યાંસુધી કોઈ એ ધંધામાં પડવા ઇચ્છતું નથી. બિચારો માસ્તર! એનું સ્થાન એક દૃષ્ટિએ સમાજમાં ઘણું નીચું ગણાય છે. એમ તો કારકુન પણ માસ્તરના જેવું જ એક દયાપાત્ર પ્રાણી છે, પરંતુ તેને ભવિષ્યમાં ઑફિસર થવાની તક હોય છે–જો કે માંડ પાંચ ટકાને એ સાભાગ્ય પ્રાપ્ત થતું હશે; પરંતુ આશા અમર છે. માસ્તર બિચારો બહુબહુ તો હેડમાસ્તર થાય–તે પણ જો લાગવગની શ્રેષ્ઠ લાયકાત હોય તો! એટલે એને તો ટ્યુશનો કરી જેમતેમ પોતાનું તથા કુટુંબનું ભરણ પોષણ કરવું પડે છે; અને કુદરતની કૃપાથી એની લીલી વાડી હમેશાં ઉત્તરોત્તર ખીલતી જ જાય છે, એટલે વૃદ્ધાવસ્થાએ પહોંચતાં બિચારાને જીવનવિગ્રહમાં ટકવું મુશ્કેલ બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. જિંદગીનાં પહેલાં પાંચ વર્ષો જ એના જીવનમાં પાછલાં વર્ષોની સરખામણીમાં કંઈક સારાં જાય. આ પરિસ્થિતિ જાણતાં છતાં ય મારા જેવા કેટલા ય યુવકો પ્રતિવર્ષ માસ્તર બને છે. બિચારા ગ્રેજ્યુએટ થતાં પહેલાં તો મોટીમોટી પદવીઓ મેળવવાની અભિલાષા સેવે છે, પરંતુ પછી જ્યારે વાસ્તવિક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે, ત્યારે એ સ્વપ્નો હવામાં ઊડી જાય છે. જાહેરખબરો વાંચીવાંચી, અનેક જગ્યાઓએ અરજીઓ કરી, અનેકને મુલાકાતો આપી, અનેકની મુલાકાતો લઈ, ગાડીભાડાં ખર્ચી, અનેકની ખુશામત કરવા છતાં જ્યારે કંઈ ઠેકાણું પડતું નથી, ત્યારે આખરે સોંઘો–સસ્તો આ ધંધો સ્વીકારી તેઓ માસ્તર બને છે.

મેં જ્યારે આ ધંધામાં દાખલ થતાં પહેલાં અનેક અનુભવી શિક્ષકોની સલાહ લીધી, ત્યારે તેમણે સર્વેએ એ જ શિખામણ આપી કે મારે બીજો કોઈ પણ ધંધો સ્વીકારવો પણ માસ્તર ન થવું. પણ શું કરું? દરેક ખાતામાં નોકરી શોધતાં મેં તે ખાતાના અનુભવીને સલાહ પૂછેલી ત્યારે દરેકનો એ જ જવાબ હતો: ' બીજે ગમે ત્યાં જજો પણ આ ખાતામાં ન આવતા.' છતાંય કોઈ જગ્યાએ મેં પ્રયત્ન કરવો બાકી નહિ રાખેલો. એ જ પ્રમાણે આખરે મને કે કમને મેં માસ્તરનો ધંધો સ્વીકાર્યો.

આ તો મારા શરૂઆતના પ્રત્યાઘાત. હવે તો અનુભવ કર્યા પછી મારી દૃષ્ટિ બદલાઈ ગઈ છે. હું માસ્તરગીરીને હવે દિલથી ચાહું છું અને નવા આગંતુકોને સાચા હૃદયે આ ધંધો સ્વીકારવા સલાહ આપું છું.

પરંતુ મારી અને બીજાઓની દૃષ્ટિ થોડી જ સરખી હોય? મારા એક શિક્ષકમિત્રને 'માસ્તર' શબ્દ ઉપર જ ખૂબ ચીડ છે, બેઠે ધંધો તો તેમને પણ ગમે છે અને તેથી જ વારંવાર દેખાવ કરવા છતાં તેમનાથી એમાંથી છુટાતું નથી. એક વખતે એક વિદ્યાર્થીએ તેમને ' માસ્તર ' કહેતાં તેમણે તમાચો ચોડી દીધો હતો! અને એક વિદ્યાર્થીના વાલીને ' માસ્તર ' શબ્દના ઉપયોગ માટે અનેક વચનો સંભળાવ્યાં હતાં! બીજા એક શિક્ષકમિત્રે થોડા વખત ઉપર તેમના એક શિક્ષકમિત્રની વાત કરી હતી. તે ભાઈને જ્યારે કોઈ પૂછતું, કે તમે શો ધંધો કરો છો, તો જવાબ દેતા કે હું બીલ્ડિંગ કૉન્ટ્રેક્ટર છું. કૉન્ટ્રેક્ટરો સાધારણ રીતે પૈસાદાર તો હોય જ એટલે તેમના પ્રત્યે બધા માનની નજરે જોતા. ગાડીમાં ઊભા રહેવાની જગ્યા ન હોય ત્યાં તેમને બેઠેલા ઉતારુઓ–બેઠાડુઓ–તરત જ જરાજરા ખસી બેસવાની જગ્યા કરી આપતા. તેમના કોઈ ઓળખીતા જ્યારે તેમને કહેતા કે તમે એમ જૂઠું શા માટે બોલો છો, ત્યારે તે જવાબ આપતા કે:

' હું ક્યાં જૂઠું કહું છું? હું કૅરેક્ટર બીલ્ડિંગ કૉન્ટ્રેક્ટર–કારકિર્દીના ઘડતરનો ઇજારદાર છું જ ને? કેટલા યે વિદ્યાર્થીઓનાં ચારિત્ર્યનું ઘડતર મારે હાથે થયું છે!'

' માસ્તર ' શબ્દ પ્રત્યે બીજાઓના કરતાં શિક્ષકોને પોતાને જ ખૂબ ચીડ હોય છે. એટલા માટે એ જ વ્યવસાયમાં હોવા છતાં અમારા હેડમાસ્તરોએ હવે પોતાના પદનું અભિધાન બદલી નાખ્યું છે, અને પોતાને તેઓ ' આચાર્ય ' યા ' પ્રિન્સિપાલ ' તરીકે ઓળખાવે છે. ' હેડમાસ્તર ' એટલે ' વડા માસ્તર ' એના કરતાં ' આચાર્ય ' અને ' પ્રિન્સિપાલ ' શબ્દ તેમને વધુ માનયુક્ત લાગે છે. પરંતુ મુંબઈ સરકાર તેમ જ યુનિવર્સિટી થોડાં જ તેમને એ પ્રમાણે કૉલેજોના પ્રિન્સિપાલોની હરોળમાં બેસવાનો જશ ખાટવા દે તેમ છે? તેણે આ ' પ્રિન્સિપાલો 'ના રાફડો ફાટતાં આજ્ઞા કરી છે કે શાળાઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડાઓ માટે 'હેડમાસ્તર' શબ્દનો જ પ્રયોગ કરવો ! છતાં ય કેટલા યે હેડમાસ્તરો હજુ પોતાને 'આચાર્ય' યા 'પ્રિન્સિપાલ' કહેવડાવે છે. આવી રીતે નિશાળના વડાઓએ આ 'માસ્તર' શબ્દનો ત્યાગ કર્યો તે જ પ્રમાણે તેમને પગલે ચાલી તેમના પહેલા મદદનીશ માસ્તરો (ફર્સ્ટ આસિસ્ટન્ટ માસ્ટર્સ)-એ પણ પોતાનું બિરુદ બદલી 'ઉપાચાર્ય' યા 'વાઈસ પ્રિન્સિપાલ' પદ ધારણ કરી પોતાને 'માસ્તરો'થી અલગ ઓળખાવવા પ્રયત્ન કર્યો. એક શાળામાં હું કાર્ય કરતો હતો ત્યાં અમારા આવા ઉપાચાર્ય સાહેબને 'માસ્તર' શબ્દ પ્રત્યે ખૂબ ઘૃણા હતી અને તે દર્શાવવા તે હમેશાં જ્યારે ત્યારે કહેતા, આ માસ્તરો તે 'માસ્તરો' જ રહ્યા. કોઈ કામની એમને ગમ પડતી નથી.' આખરે આપણી આ લોકશાહી મુંબઈ સરકારને અળખામણા થઈ પડેલા આ 'માસ્તર' શબ્દની દશા ધ્યાનમાં આવી અને તેમણે આજ્ઞા કરી કે પ્રાથમિક શાળાના શિક્ષકોને હવેથી 'ગુરુજી' શબ્દથી સંબોધવા. આ આજ્ઞાની જાહેરાત કરતાં એક ગુજરાતી વર્તમાનપત્રે મથાળું બાંધ્યું હતું: 'પંતુજીઓનું માન વધ્યું !' છેલ્લેછેલ્લે પણ એ પત્રના તંત્રીએ માસ્તરોને ચીડવવાની તક ન ગુમાવી !

પણ મને એ સમજાતું નથી કે બિચારા 'માસ્તર' શબ્દ ઉપર બધાને શા માટે ચીડ છે? 'પંતુજી' શબ્દ કટાક્ષ સૂચવવા જ વપરાય છે; અને એ જ દશા હવે 'ગુરુજી' શબ્દની થશે. બે શબ્દોની પનોતી લોઢાને પાયે હતી, હવે ત્રીજાની બેઠી. શેક્સપિયરે સમજાવ્યા છતાં હજુ લોકો એટલું ન સમજ્યા કે ગુલાબને બીજા ગમે તે નામે સંબોધવા છતાં તેની વાસ તેવી જ રહેશે. પાડાને વાંકે બિચારા પખાલીને ડામ દેવાય એ કેવો ન્યાય !

શબ્દોની પણ ચડતીપડતી થાય છે. 'મહારાજ' શબ્દ જે પહેલાં મોટા રાજાઓને સંબોધવામાં વપરાતો તે હવે રસોઇયાને માટે વપરાય છે ! 'ચતુર્વેદી' શબ્દ હવે 'ચોબે'નું પદ પામ્યો છે. એ જ પ્રમાણે 'માસ્તર' શબ્દનો મૂળ અર્થ શેઠ થતો હતો. હાં, તે વખતે તેના સ્વરૂપમાં જરા ફેર હતો. 'ટ'નો 'ત' થઈ ગયો છે. પણ એમાં લોકોનો શો વાંક? પરદેશી શબ્દને વટલાવ્યા વિના થોડો જ અપનાવી શકાય? 'માસ્ટર' શબ્દનો અર્થ શબ્દકોશમાં જોતાં ખૂબ માનવાચક લાગે છે. મોટી કંપની યા સંસ્થાના માલિક અથવા વડાને 'માસ્ટર' શબ્દનું સંબોધન મળે છે. 'મિસ્ટર' એ 'માસ્ટર'નું સંબોધનમાં વપરાતું સ્વરૂપ છે. 'માસ્ટર'નો અંગ્રેજી ભાષામાં એક અર્થ 'મહાન' અથવા નિષ્ણાત થતો હોઈ નિર્જીવ વસ્તુઓ તથા ગુણોની મહત્તા દર્શાવવા તેનો ઉપયોગ થાય છે, જેમકે, 'માસ્ટર-હેન્ડ'; 'માસ્ટર-કી'; 'માસ્ટર-માઈન્ડ'-'માસ્ટર-પીસ'; 'માસ્ટર ઓફ આર્ટ્સ', સાયન્સ, કોમર્સ, એજ્યુકેશન, લૉઝ, એગ્રીકલ્ચર વગેરે વગેરે. આ પ્રમાણે આ મહત્તાદર્શક 'માસ્ટર' શબ્દની તેના ઉચ્ચારમાં પરિવર્તન થતાંની સાથે જ પડતી દશા આવી અને ગુજરાતીમાં તે તુચ્છતાદર્શક થઈ પડચો. જરા વિશાળ દૃષ્ટિ રાખીએ તો એમાં કંઈ તુચ્છતાનો આભાસ નથી. 'માસ્તર' શબ્દ આજના સામ્યવાદી જમાનાને બિલકુલ અનુરૂપ છે. એ શબ્દ મહાન તથા લઘુ દરેક વ્યક્તિને લાગુ પાડી શકાય છે. એક વખત અમે શિક્ષકબંધુઓ ફરવા જતા હતા, ત્યાં પાછળથી એક ઘોડાગાડી આવી. ગાડી હાંકનારે બૂમ પાડી, 'માસ્તર, ખસતા રહેજો.' અમને થયું કે આ અજાણ્યો માણસ પણ આપણને ઓળખી ગયો ! પછી વધુ અનુભવે જણાયું કે ઘોડાગાડીવાળાઓ દરેક વ્યક્તિને આ માનવાચક શબ્દથી નવાજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસતાં યા બજારમાં ચાલતાં છો! ટ્રેનમાં ઘણા માણસો કહે છે, 'માસ્તર, જરા ખસના રહેશો.' આમ અનેક જગ્યાએ અનેક વ્યક્તિ-ઓને અનેક રૂપમાં 'માસ્તર'નું બિરુદ મળતું હોઈ મને તો લાગે છે કે એ એક જ શબ્દ આપણી ઊંચનીચની ભાવનાનો નાશ કરી શકે તેમ છે!

મારા શિક્ષકબંધુઓ એ શબ્દ પ્રત્યે ખોટી ચીડ દર્શાવે છે. એમ તો 'માસ્તર' શબ્દનો પ્રયોગ બીજાં ઘણાં અંગ્રેજી પદોમાં થાય છે, જેમકે, સ્ટેશન-માસ્તર, ટિકિટ-માસ્તર, ગાર્ડ-માસ્તર, પોસ્ટ-માસ્તર, તાર-માસ્તર, વીવીંગ માસ્તર, ડાઇંગ-માસ્તર, સંગીત-માસ્તર, ડાન્સ-માસ્તર, રીંગ-માસ્તર, વગેરે. આ ભાઈઓ કદી પોતાનાં અભિધાન માટે શરમાય છે? ઊલટા તેઓ તો પોતાના પદનો ઉચ્ચાર અભિમાનપૂર્વક કરે છે. તો પછી આપણે સ્કૂલ-માસ્તરોએ શા માટે માસ્તર કહેવડાવતાં શરમાવું જોઈએ?

સાચી વસ્તુ તો એ, છે કે દરેક પદનું માન તેને આધીન સત્તા તથા પગાર ઉપર અવલંબે છે. બિચારા શિક્ષકો પાસે શી સત્તા છે? અને તેમના શિક્ષણના પ્રમાણમાં પગાર પણ કેટલો થોડો મળે છે! જો અત્યારે દરેક શિક્ષકને કલેક્ટર જેટલો મોટો પગાર મળતો હોત તો બધા માસ્તર થવા દોડતા આવત. અને સત્તા એ તો પગાર કરતાં વધુ કિંમતી આભૂષણ છે. પ્રાથમિક શાળાના શિક્ષક જેટલો જ પગાર મેળવનાર પોલીસ યા મહેસૂલી ખાતાનો પટાવાળો લોકોનાં માનનો વધુ અધિકારી થાય છે. આ પરિસ્થિતિ હોઈ 'માસ્તર'ની જગ્યાએ 'ગુરુજી' કહેવડાવતાં શિક્ષકનું માન વધશે એમ મને લાગતું નથી.

માસ્તરનો ધંધો બીજી દૃષ્ટિએ જોતાં કેટલો આરામનો છે? પાંચ કલાક ભણાવી આવ્યા પછી છે કંઈ ચિંતા? જેમ સત્તા ઓછી તેમ જવાબદારી ઓછી. વધુ સત્તાવાળાઓને વધુ ઉપાધિ. મારા એક સહાધ્યાયી મામલતદાર થયા છે. તે મારી હમેશાં અદેખાઈ કરે છે. કહે છે કે 'તમારે કેટલી નિરાંત છે? લાંબી-લાંબી રજાઓ મળે છે; કેટલું ય વાંચી શકાય છે; સુખે ઊંઘ લઈ શકાય છે. અને અમારે તો રજા જોઈએ તો પત્નીને માંદી પાડવી પડે યા માને દવાખાને ખસેડવી પડે!' તેમનાં પત્ની વારંવાર ફરિયાદ કરે છે, કે એમને છોકરાં સાથે બેસી વાતો કરવાની પણ ફુરસદ ક્યાં છે? બાબો કઈ ચોપડી ભણે છે અને બેબી કેટલાં વર્ષની થઈ તે પણ એ જાણતા **નથી!** ત્યારે ઊલટપક્ષે મારાં પત્ની ફરિયાદ કરે છે કે હું નવરો બેસી આખો દહાડો ગપ્પાં હાંક્યા કરું છું. નિશાળમાં છોકરાંઓ સાથે ગપ્પાં હાંકું છું અને ઘેર આવી એનું માથું દુખવું છું! સાચી વાત એ છે, કે પારકું ભાણે હમેશાં લાડવો મોટો દેખાય છે. દરેકને પોતાની પરિસ્થિતિથી અસંતોષ હોય છે. આમ ગમે તે ધંધામાં પણ આખરે અસંતોષ જ છે, તો પછી માસ્તરનો ધંધો શું ખોટો છે?

માસ્તરનો ધંધો આરામનો છે તેથી જ તો એનો પાંચેક વર્ષ અનુભવ કરનાર એ ધંધા પ્રત્યે બળાપો કાઢવા છતાં તેને છોડતા નથી. જેને એ ધંધો માફક ન આવે તે તો પહેલાં બેત્રણ વર્ષમાં જ છોડી દેવાના અને જે પાંચ વર્ષ ચીટકયા તે આખી જિંદગી એમાં જ રહેવાના. કોઈ કોઈ ભાઈ લાંબી માસ્તરગીરી પછી બીજા ધંધામાં પ્રવેશવા પ્રયત્ન કરે છે પણ પાછા આવે છે ત્યાંના ત્યાં જ. માસ્તરગીરીનું આટલું આકર્ષણ છે તે તેના ગુણોને આભારી છે. અનેક ગુણ આ વ્યવસાય સાથે સંકળાયેલા છે. લેખકો તથા કવિઓ મોટે ભાગે માસ્તર જ હોવાના. ન હોય તે થવાના. કવિવર ટાગોર પણ વિશ્વ-વિખ્યાત થયા પછી આખરે માસ્તર જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલા. અરે, ઘણા લોકો તો પોતાનાં છોકરાંને નાનપણથી માસ્તર થવાનું ઇચ્છે છે. ‘ છોકરા, નિશાળમાં ભણી આવ્યો કે માસ્તરને ભણાવી આવ્યો ? ’ એમ પોતાના છોકરાંને પૂછી આ ભાવનાનું પ્રદર્શન કરતા તમે ઘણાને જોયા હશે ! વડા પ્રધાનથી માંડીને પટાવાળા સુધીની નોકરીવાળા, વેપારી, મજૂર, ખેડૂત, વગેરે દરેક વ્યક્તિને પોતે શિક્ષણમાં રસ લે છે અથવા પોતાને ભણાવતાં સારું આવડે છે એવું પ્રદર્શિત કરવાનો શોખ હોય છે. હમણાં જ થોડા દિવસ ઉપર એક વૃદ્ધ ગૃહસ્થ અમારી શાળામાં આવ્યા હતા તે પોતે એક બાલમંદિર ખોલવાની ઇચ્છા દર્શાવતા હતા. મેં તેમને પૂછ્યું કે ‘ તમે શિક્ષણનું કાર્ય કદી કર્યું છે ? ’

ત્યારે તેમણે અભિમાનપૂર્વક દર્શાવ્યું ‘ હું માસ્તર બન્યો નથી છતાં કોઈ પણ અનુભવી માસ્તર કરતાં વધુ સારું ભણાવી શકું એમ મને લાગે છે ! ’ શિક્ષકોએ કેમ શીખવવું જોઈએ તથા સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીઓ કેમ અદા કરવી જોઈએ, તે વિષે શાળાઓના વાર્ષિક સમારંભોમાં પારિતોષિક વિતરણ અર્થે આમંત્રિત અધિકારીઓ, શેઠિયાઓ, વેપારીઓ, જમીનદારો વગેરે લાંબાલાંબાં ભાષણો આપી શિક્ષકોને કેળવવાનું કાર્ય કરે છે. આ ઉપરથી સમજાય છે, કે શિક્ષણનો ધંધો ખૂબ માનયુક્ત છે, જેથી બીજા ધંધાવાળા પણ શિક્ષક બનવા પ્રયત્ન કરે છે.

એક વખત એક વેપારીએ તેમના દીકરાને ટ્યુશન આપવા મને બોલાવ્યો. ટ્યુશન લેવું પડે એ પરિસ્થિતિએ પહોંચનાર બાળકની બુદ્ધિ માટે મને શંકા નથી; પરંતુ મારી પાસે તે ભણ્યોજ નહીં, ને એના વેપારી બાપે મને ટ્યુશનના પૈસા ન આપ્યા આથી મેં ટ્યુશન છોડી દીધું, પણ શેઠજી પાસેથી હું ઘણુંઘણું શીખ્યો. ત્યારપછીથી ટ્યુશનના પૈસા પહેલાં લઈ, પછી જ શિક્ષણ આપવાની પ્રથા મેં અપનાવી. કેટલાંક માબાપ પોતાનાં બાળકોને આખું વર્ષ રખડવા દઈ પરીક્ષા પહેલાં મહિનો ટ્યુશન રાખી માસ્તર પાસે સિફારશ કરાવી ઉપલા ધોરણમાં મોકલે છે. અમે પણ આ ઉપરથી બોધપાઠ લઈ આખા વર્ષની ફી નક્કી કરીએ છીએ, પછી ભલે ટ્યુશન આખું વર્ષ રાખે કે એક મહિનો જ રાખે. એ રીતે અનેક પ્રકૃતિના અનેક લોકો અનેક પ્રકારે શિક્ષકોને પણ ભણાવે છે પછી ભણાવવાનો ધંધો નીચો ક્યાંથી ગણાય ?

માસ્તરગીરીનો ધંધો મહાન છે તેની પ્રતીતિ આપણને ઘણી રીતે થાય છે. આ મહાન કાર્ય માટે મહત્ શક્તિનો વ્યય થતો હોઈ આપણી સરકારે શિક્ષકો તથા વિદ્યાર્થીઓનાં હિત ખાતર શિક્ષકોએ કરવાનાં ટ્યુશનોની સંખ્યા તથા સમયની મર્યાદા નક્કી કરી આપ્યાં છે. ‘ અંકુશ ’ આવતાં ભાવ સાતમે આસમાને ચડી ન જાય તેની પણ તેમણે દરકાર રાખી છે. સરકારની આ અમારા પ્રત્યેની લાગણીની કદર ન કરતાં અમારા કેટલાક શિક્ષકભાઈઓએ વિરોધી દલીલો રજૂ કરી છે કે ‘ ડૉકટરો પણ પોતાનાં દવાખાનાંના કામ પછી અમર્યાદિત ખાનગી પ્રેકટીસ કરે છે. તેમના ઉપર કેમ નિયંત્રણ નથી મૂકતા ? ’ ખરેખર ભલાની દુનિયા નથી. શિક્ષકો પ્રત્યે સરકારને પ્રેમ છે ત્યારે તેમની તબિયતની ચિંતા તેમને થઈ છે. તેમની તબિયતની ચિંતા તેમને થઈ હોય ને ? ડૉકટરો શક્તિ વેડફી મારે તેથી શું માસ્તરોએ પણ મરવું ? એવી હરીફાઈ કેમ હોય ? અને ડૉકટરો તો શક્તિ સાચવવા તથા વધારવાની દવા જાણતા હોય છે. તેમની માફક માસ્તરોને એવી દવા કંઈ પોષાય !

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રાદ્ધ

લેખક :
શ્રી રામલાલ નવનીતલાલ

[આગલા ઓરડામાં એક યુવક શ્રાદ્ધ સારવા બેઠો છે ને વૃદ્ધ ગોર સરાવે છે.]

ગોર: અપસવ્ય, ડાબા હાથે જનોઈ પહેરો, આચમનીમાં પાણી લો, પિતાનું નામ દો. તસ્યાઃ પિતા, દાદાનું નામ દો, તસ્યાઃ પ્રપિતા, દાદાના બાપનું નામ, તસ્યાઃ કુલે......

યુવક: ગોર મહારાજ, આ ત્રીજી વખત તમે તસ્યાઃ બોલ્યા. તમે જાણો છો ને કે આજે મારા પિતાનું શ્રાદ્ધ છે?

ગોર: હા ભાઈ, જાણું છું ને! બરાબર તેમનું જ સરાવું છું.

યુવક: શું ધૂળ બરાબર સરાવો છો? તમને તે કાંઈ વ્યાકરણનું ભાન છે કે નહિ?

ગોર: ભાઈ, અમારે વ્યાકરણનું શું કામ? અમને તો સરાવતાં આવડ્યું એટલે થયું.

યુવક: પણ મહારાજ, તમે તો પુરુષને બદલે સ્ત્રીનું સરાવો છો!

[આ સંવાદ સાંભળી અંદરની ઓરડીમાંથી 'ભાઈ શું છે? કેમ ગોર મહારાજ સાથે કચકચ કરે છે?' એમ કહેતી એક પ્રૌઢ વિધવા બહાર આવે છે.]

ગોર: કાંઈ નહિ બહેન, એ તો ભાઈ સંસ્કૃત ભણ્યા છે એટલે એમને હું બોલું છું તેમાં ભૂલ લાગે છે, પણ સરાવતાંસરાવતાં તો કાળાનાં ધોળાં થયાં.

સ્ત્રી: (યુવકને) ભાઈ, આપણે તો બ્રાહ્મણવચને બધું બરાબર થાય છે એમ સમજી લેવાનું.

યુવક: બા, એ તમારી વાત નાકબૂલ છે; કારણકે બ્રાહ્મણનો અર્થ અમે જુદો જ ભણ્યા છીએ.

ગોર: તમે બ્રાહ્મણનો અર્થ શું ભણ્યા છો?

યુવક: બ્રહ્મને, વેદને, શુદ્ધ ચૈતન્યને જાણે, અધ્યયન કરે તે બ્રાહ્મણ.

સ્ત્રી: ગોર, એ બાળક જોડે તમે શું કામ જીભાજોડી કરો છો? ભાઈ, તું તારે હમણાં સારી લે. આપણે પછી એ વાત કરીશું. ગોર, તમે ચાલુ કરો.

× × ×

[પ્રૌઢ વયનો પુરુષ નદીતીરે સાથરા પર બેસી શ્રાદ્ધક્રિયા કરે છે. બે બ્રાહ્મણો ક્રિયા કરાવે છે. પુરુષે માથું, મૂછ વગેરે મૂંડાવેલાં છે.]

ગોર: જુઓ, ગઈ કાલે એકાદશીની ક્રિયા થઈ. હવે આજે દ્વાદશીની ક્રિયા હમણાં પૂરી થશે એટલે એક રીતે તો આપનાં પત્ની પિતૃલોકમાં ભળી જશે.

યજમાન: મહારાજ, પણ કાલે હોમ કરવાનું ઘી કાયટિયાને કેમ આપ્યું? હોમ એની પાસે કેમ કરાવ્યો?

ગોર: કેટલીક જાતના હવન અમે કરાવતા નથી. નીચ યોનિના બ્રાહ્મણોને એ અધિકાર છે.

યજમાન: પ્રેતયોનિ છે તેમાં?

ગોર: કાંઈક એવું જ; ચાલો હવે પિંડ બાંધો. એક પિંડ લંબગોળ બાંધજો.

[યજમાન પિંડ બાંધે છે ને ગોર શ્લોક બોલતાંબોલતાં પિંડ મુકાવે છે.]

ગોર: હવે આ લાંબો પિંડ છે તેના આ ચાંદીના તારથી ત્રણ સરખા ભાગ કરવાના છે.

[યજમાન પિંડના ત્રણ ભાગ કરે છે.]

ગોર: હવે પ્રથમ પિંડ લો, ડાબા હાથમાં, તેમાં ખાડો કરો ને તેના પર આ પહેલો ટુકડો લઈ આપનાં માતુશ્રીનું તથા પત્નીનું નામ દઈ બંને ભેગા કરી વાળી દો, હવે આપનાં પત્ની પિતૃલોકમાં ભળી ગયાં.

યજમાન: મહારાજ એની સદ્‌ગતિ થઈ?

ગોર: હા. અસદ્‌ગતિનામ્ ગતિર્ભવ. પ્રેતયોનિમાંથી સદ્‌ગતિ પામી ગયાં.

યજમાન: ગોર, તમે રોજ જુદાજુદા સંકલ્પ કરાવીને પાણી મુકાવો છો, પણ એ બધું આજના જમાનામાં કાંઈ અપાવાનું છે?

ગોર: આપે એની ચિંતા રાખવી નહિ. આપ બંધનમાં ન રહો માટે તો અમે યથાશક્તિ એવા શબ્દો વાપરીએ છીએ. અપાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલું આપવું. ચાલો હવે બીજો પિંડ લો.

[એમ કહી ક્રિયા ચાલુ કરાવે છે.]

× × ×

[શ્રાદ્ધક્રિયા કરાવતા ગોર અને ક્રિયા કરતા યજમાન]

ગોર : બોલો મમ.

યજમાન : મમ.

ગોર : આત્મનઃ

યજમાન : આત્મનઃ પુરાણોક્તપુણ્યફલપ્રાપ્ત્યર્થમ્, બોલો મહારાજ હવે આગળ.

ગોર : ભાઈ, તમે તો બહુ આગળ વધી ગયા.

યજમાન : ગોર, શ્રાદ્ધ તો મારે જાતે જ બોલીને કરવું જોઈએ; કારણકે તમે પણ મારા પ્રતિનિધિ તરીકે જ બોલો છો.

ગોર : હા ભાઈ, સાચી વાત છે.

યજમાન : તો શ્રાદ્ધક્રિયાની ચોપડી તમારી પાસે હોય તો મને આપી દો. હું બોલતો જઈશ ને ક્રિયા કરતો જઈશ.

ગોર : ભાઈ, છાપેલી ચોપડી તો નથી, પણ પાનાં છે ને બધું સંસ્કૃતમાં છે. જો સમજીને કરતા હો તો લો ને ભાઈ, શ્રાદ્ધપક્ષમાં તો હું એ પાનાં સાથે જ રાખું છું; કારણકે હવે કોલેજમાં ભણેલા શ્રાદ્ધ કરવા બેસે તેમને અમારું કેટલુંક ઠીક નથી લાગતું, તો પછી પાનાં લઈને તેમને શ્રાદ્ધ કરાવું છું.

યજમાન : મહારાજ, તમે જમાનો ઓળખીને ચાલો છો; એટલે તમારું ટટ્ટુ ચાલવાનું.

ગોર : ભાઈ, એમ ન કરીએ તો ગોરપદું થાય જ નહિ.

(ઝોળીમાંથી કપડે બાંધેલું દેશી કાગળનું હસ્તલિખિત પુસ્તક, છૂટાં પાનાંનું આપે છે.)

લો, ભાઈ,

યજમાન : (પુસ્તકનાં પાનાં જોતાં) મહારાજ, અક્ષર સુંદર છે ને મોટા છે.

ગોર : અમારા કોઈક વડવાના છે. છેલ્લું પૃષ્ઠ જરા પાણી લાગવાથી છેકાઈ ગયું છે. બાકી લખનારનું નામ હશે ખરું.

યજમાન : હા મહારાજ, હોવું તો જોઈએ. ચાલો હવે આપણે ક્યાંસુધી આવ્યા ? આ બીજા પાનામાં તો તામ્રપાત્રે જલપૂર્ણમ્, આદિ છે.

ગોર : લાવો ભાઈ કાઢી આપું.

(ગોર પાનું કાઢીને યજમાનને આપે છે ને યજમાન પોતે વાંચતો જઈ સારવાની ક્રિયા કરે છે.)

*

શ્રાદ્ધની વ્યાખ્યા આપતાં શાસ્ત્રકાર કહે છે, કે श्रद्धया दीयते यस्मात्तस्माच्छ्राद्धं निगद्यते. શ્રદ્ધાથી જેમાં અપાય તે શ્રાદ્ધ અને શ્રાદ્ધના ત્રણ પ્રકાર શાસ્ત્રમાં જણાવ્યા છેઃ નિત્ય, નૈમિત્તિક અને કામ્ય. પરંતુ આપણા વિષય પરત્વે તો ગતજીવ પાછળ કરવામાં આવતા શ્રાદ્ધનો જ વિચાર છે.

ઉપર જે દશ્યો આપ્યાં છે તે અવારનવાર જોવામાં આવતા પ્રસંગોનાં સહેજ પણ અતિશયોક્તિ વિનાનાં દશ્યો છે; ને પરાપૂર્વથી ચાલતા આવેલા રિવાજ પર અંધશ્રદ્ધા રાખીને હિંદુજનતા શ્રાદ્ધની ક્રિયા કરતી આવી છે. કેટલીક મોટી નાતના ગોર તો સારનારની સંખ્યા વધારે હોય તો સૌને એક જ સ્થળે બેસાડી, આ ક્રિયા પૂરે દમામથી કરાવતા નજરે પડે છે!

આપણાં દર્શનો પર લખાયેલાં ભાષ્યોમાં, ઘણાંખરાંમાં એક જ પદ્ધતિ અથવા સરણી ચાલી આવે છે. પૂર્વાપર પક્ષો લઈને કે પછી સંવાદરૂપે રચના કરીને પોતાના મતનું મંડન ને સામાના મતનું ખંડન કરવામાં આવ્યું છે. ખંડન-મંડન પણ બે રીતે કર્યું છેઃ (૧) શ્રુતિ અને સ્મૃતિનો આધાર લઈને, (૨) બુદ્ધિજન્ય અને યુક્તિપૂર્વક વિચાર દ્વારા. એટલે કસોટી પૂરી તર્ક (અં. લૉજિક)દ્વારા કરીને સ્વમતનું સમર્થન કરવા આ ભાષ્યોમાં પ્રયત્ન થયો છે.

પુરાણોમાં તો કેટલાંક એવાં કથનો છે, કે જે તર્ક દ્વારા થતા વિવાદમાં ટકી શકે નહિ; કેટલાંક તો ઉપલક નજરે જ પરસ્પરવિરોધી દેખાય. માર્કંડેય પુરાણમાં તો મનુષ્યનું મૃત્યુ થાય ત્યાંથી તે એ જીવ યમલોકમાં પહોંચે ત્યાંસુધીના એના માર્ગ આદિનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું તો બારીક અને આબેહૂબ વર્ણન કર્યું છે, કે એ આખું દૃશ્ય શ્રોતાઓની નજર સામે ખડું થઈ જાય; અને આ માર્ગ વટાવવો સુગમ થઈ પડે તે માટે શ્રદ્ધાળુ વ્યક્તિ દાનપુણ્ય કરવા તત્પર થાય એમાં શું આશ્ચર્ય?

શ્રાદ્ધ પર શ્રદ્ધા બેસે એવાં કેટલાં યે કથનો શાસ્ત્રવચન તરીકે વારંવાર ટાંકવામાં આવે છે: पिण्डम् पुत्रहस्तेषु । (પુત્રના હાથનો પિંડ), गयायाम् पिण्डदानेन । (ગયામાં પિંડ સારવો) જેવાં વચનો નજરે પડે છે; પરંતુ પુનર્જન્મની આપણી પ્રણાલિકા સાથે આ શ્રાદ્ધવિધિનો સંબંધ બંધબેસતો નથી. મૃત્યુ પામતો દરેક જીવ (મનુષ્યયોનિ જ) બારમાને દિવસે પિંડ વહેરવાની ક્રિયા દ્વારા પિતૃલોકમાં સમાઈ ન જાય ને પિતૃલોકનો અધિષ્ઠાતા અર્યમન્ એને પોતાનામાં સમાવી ન લે ત્યાંસુધી એ જીવ અસદ્‌ગતિવાન રહીને ભમ્યા જ કરે. वासांसि जीर्णानि यथा विहाय । (જેમ જીર્ણ કપડાં બદલીને) એ ગીતાજીના શ્લોક સાથે તેમ જ એવાં બીજાં એ મતલબનાં સૂત્રો સાથે આ શ્રાદ્ધનો સિદ્ધાંત વિચારક કોટીના સહેલા મનુષ્યને બંધબેસતો દેખાતો નથી. એક ખોળિયામાંથી પ્રાણ નીકળ્યા કે તે સીધા જ બીજું ખોળિયું, જે એને માટે કર્માનુસાર નિર્માણ થયું હોય તેમાં પ્રવેશે છે.

નિષ્ણાત સનાતન શાસ્ત્રજ્ઞ વખતે પુનર્જન્મના સિદ્ધાંતને અને શ્રાદ્ધની ક્રિયાને એકબીજા સાથે ઘટાવવા પ્રયત્ન કરે, શ્રુતિ-સ્મૃતિમાંથી, ઇધરઉધરથી તૂટકતૂટક સૂત્રો ટાંકીને એ સફળ પ્રયત્નો કરતો દેખાય; પરંતુ બુદ્ધિજન્ય અને યુક્તિયુક્ત તાર્કિક પ્રમાણો દ્વારા એ પ્રયત્ન ચકાસાય તો સફળતા મળે કે કેમ તે શંકાસ્પદ છે.

હકીકત એ છે, કે આજે જેમ આપણને શંકા ઊઠે છે, કે બ્રાહ્મણોને ભોજન કરાવ્યાથી એ આપણા પિતૃઓને કેમ પહોંચે? આર્યસમાજીઓ તો આગળ વધીને એવું પણ કહે છે, કે બ્રાહ્મણોનાં પેટ તે કાંઈ ટપાલની પેટી છે, કે એમાં નાખેલાં મિષ્ટાન્ન પિતૃઓને પહોંચે? એવી જ શંકા પુરાણોના સમયમાં પણ થયેલી અને પદ્મપુરાણમાં ભીષ્મને મુખે પુલસ્ત્યને સીધો જ પ્રશ્ન પુછાવ્યો છે કે 'આ મર્ત્યલોકમાં બ્રાહ્મણો જે અન્ન જમે તે જ અન્ન શુભ અથવા અશુભ યોનિમાં પડેલાં પ્રેત કેવી રીતે ખાય? અથવા એને એ કેવી રીતે પહોંચે?'

એનો ઉત્તર પણ પુલસ્ત્ય પાસે પુરાણકારે અપાવ્યો છે, કે 'મંત્રની શક્તિ તથા હૃદયની ભક્તિથી શ્રાદ્ધનો સારભાગ પિતૃઓને પ્રાપ્ત થાય છે. અગ્નિતવાત આદિ દિવ્ય પિતૃઓ શ્રાદ્ધનું અન્ન શ્રાદ્ધ કરનારના પિતૃઓને પહોંચાડવાની વ્યવસ્થા કરે છે.' 'જે જે પિતૃઓ પુનર્જન્મ પામે છે તેમને પણ નામ, ગોત્ર આદિ તો હોય છે જ અને એ બધાંની માહિતી દિવ્ય પિતૃને હોય છે એટલે એ આ બધી વસ્તુઓ ગ્રહણ કરીને તે તે પ્રાણીઓને તૃપ્ત કરે છે. શુભ કર્મને લીધે શ્રાદ્ધ કરનારનાં માતાપિતાએ જો દિવ્ય યોનિ પ્રાપ્ત કરી હોય તો આ શ્રાદ્ધાન્ન અમૃતરૂપે એમને મળે છે, દૈત્યયોનિમાં હોય તો ભોગરૂપે, પશુયોનિમાં હોય તો તૃણરૂપે, સર્પયોનિમાં હોય તો વાયુરૂપે, યક્ષયોનિમાં હોય તો પાનરૂપે અને મનુષ્યયોનમાં હોય તો અન્નરૂપે મળે છે.'

એટલે કે પુરાણ લખાયું તે સમયમાં પણ શ્રાદ્ધમાં અપાતાં બ્રહ્મભોજન આદિ વિષે સંશય તો ઊઠેલો જ; એટલે જ શ્રદ્ધાથી થાય તે શ્રાદ્ધ.

આ ઉપરાંત વળી શ્રાદ્ધની જે ક્રિયા ગૃહ્યસૂત્ર આદિમાં જણાવેલી છે તે એટલી તો વિસ્તૃત છે કે તેમાં જણાવ્યા પ્રમાણેની તો વસ્તુઓ જ મળવી મુશ્કેલ. એટલે પછી તે તે વસ્તુઓના અભાવે આપણા ગોર મહારાજે પ્રતિનિધિરૂપે જે જે વસ્તુઓ કહે તે તે આપણે સ્વીકારવી રહી. એટલે હમણાં જે ક્રિયાથી શ્રાદ્ધ કરાવવામાં આવે છે તે શાસ્ત્રાનુસાર તો નથી જ.

પિંડ અંગે વસ્ત્રદાન, ગોદાન, ગોચરદાન, બ્રહ્મભોજન આદિ કેટલાયે સંકલ્પો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રાદ્ધની ક્રિયા વખતે કરાવવામાં આવે છે. એ સર્વ તો કૌમુદી, તર્કશાસ્ત્ર શીખેલા સંસ્કૃતના અભ્યાસી યુવકને આ યુગમાં જરા ભ્રમજનક લાગે એમાં શું આશ્ચર્ય ?

પરંતુ એક વાત તો નિશ્ચિત જ છે, કે સંસ્કૃતના જ્ઞાનથી વંચિત, પોપટિયા ક્રિયા દ્વારા થતા શ્રાદ્ધમાં તો આવાહન કરેલા પિતૃઓ સંવત્સરીદિન જાણી આવવા નીકળેલા હોય તે પણ પાછા જાય; કારણકે શ્રાદ્ધ માટે કેવા બ્રાહ્મણ જોઈએ તે પણ પદ્મ-પુરાણમાં વિસ્તારથી જણાવ્યું છે. બ્રાહ્મણના બીજા અનેક ગુણો સાથે એ બ્રાહ્મણ 'શ્રોત્રિય, (વેદજ્ઞ) સર્વજ્ઞ (સર્વ વિષયો જાણવા-વાળો), સ્વાધ્યાયશીલ, બ્રહ્મવેત્તા, શાન્ત, આત્મજ્ઞ, વિનયશીલ,' હોવો જોઈએ. એમાં લખેલો સર્વગુણસંપન્ન બ્રાહ્મણ તો મળવો જ મુશ્કેલ; પરંતુ બ્રાહ્મણયોનિમાં જન્મ પામેલો એવો બ્રાહ્મણ તો શ્રાદ્ધમાં ચાલે જ નહિ એવો અર્થ પણ એમાંથી નીકળે છે. વળી વધારામાં એવું પણ જણાવેલું છે, કે શ્રાદ્ધ કરનારે તેમ જ કરાવનારે શ્રાદ્ધના દિવસે બ્રહ્મચર્ય પાળવું જોઈએ અને તેથી શ્રાદ્ધ કરવાનું હોય તેની પહેલાંને દિવસે બ્રાહ્મણને નિમંત્રિત કરવો જોઈએ.

એટલે શ્રાદ્ધની ક્રિયા પર શ્રદ્ધા જ હોય ને શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ કરવું જ હોય તો એ ક્રિયાના સંપૂર્ણ જ્ઞાનવાળા આચાર્ય દ્વારા જ કરવું જોઈએ અને એમ કરવાનો આગ્રહ રાખવા-માં આવશે તો જ ગોરપદું કરનારા બ્રાહ્મણો ફરજિયાત સંસ્કૃતનો અભ્યાસ કરતા થશે.

આપણે પૂર્વજન્મની પ્રેતયોનિની અસદ્-ગતિની વગેરેવગેરે વાતોને બાજુએ મૂકીએ ને શ્રાદ્ધદિનને પવિત્ર માનીને શ્રાદ્ધક્રિયા કરીએ તો એ ઉપર જણાવ્યું તેવા આચાર્ય દ્વારા કરવું જોઈએ, એટલું જ નહિ પણ શ્રાદ્ધને અંગે થતા દાનની દિશા પણ બદલવી જોઈએ.

શ્રાદ્ધદિનને દિવસે દાન કરવાની, શુભ કર્મ કરવાની ઇચ્છા થાય ને આપણા ગત સ્નેહીઓ પ્રત્યે કાંઈક અંજલિરૂપે અર્પણ કરીએ એવી સ્વાભાવિક મનોભાવના પણ થાય. પ્રણાલિકાભંગનો દોષ ન આવે એવી રીતે પણ આજના જમાનાને અનુકૂળ દાન આપણે કરી શકીએ એમ પણ છે.

મૃત જીવની પાછળ સામાન્યતઃ એવો નિયમ છે, કે એક વર્ષ સુધી નિત્ય બ્રહ્મભોજન કરાવવું, જેને 'નતવાળીઓ' બેસાડવો એવું કહેવાય છે. ગમે તે બ્રાહ્મણને અથવા ગોરને જ જમાડવાને બદલે અથવા સુખડી કરાવવાને બદલે જો મરનાર પાછળ આપણે ખરેખરું પુણ્ય જ કરવું હોય તો અને જો બ્રાહ્મણને જ દાન આપવું હોય તો ગીતા, પાઠશાળા અથવા અન્ય પાઠશાળાઓમાંના ગરીબ અને લાયક (સુપાત્ર) બ્રાહ્મણ વિદ્યાર્થીનો વર્ષ દિવસ સુધીનો છાત્રાલયનો ખર્ચ ઉઠાવી લેવાથી એ અંજલિ ઉત્તમ રીતે અપાશે. કેટલાંક સંસ્કારી કુટુંબો મૃત સ્નેહીની સંવત્સરીને દિવસે અશક્તાશ્રમો કે એવા બીજા આશ્રમો, ગુરુકુળો આદિમાં અનાજ કે વસ્ત્રનું દાન કરે છે.

ટૂંકમાં દાનના આ પ્રકારમાં દિશા ફેરવવાની જરૂર છે. સારી રીતે ચાલતી ગૌશાળામાં એક ગાયનો વર્ષ દિવસ સુધીનો ખાધખર્ચ આપવાથી પણ પુણ્ય થઈ શકે છે.

શ્રાદ્ધની અને શ્રાદ્ધદાનની પ્રણાલિકાઓને ભંગ કર્યા સિવાય એમાં પરિવર્તન આણવાની જરૂર તો છે જ. બ્રાહ્મણયોનિને જ નમસ્કાર કર-વાની, તેમને વચને જ કાર્યસિદ્ધિ થવાની, એવી એવી માન્યતાઓને તિલાંજલિ આપવી ઘટે છે.

બાકી તો આ યુગમાં ધાર્મિક રૂપ પામેલી આપણી કઈ ક્રિયાઓ યુગવંટોળમાં ટકી રહેશે તે કોણ કહી શકે એમ છે?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુરના ભગવાન

લેખક :
શ્રી 'સારંગ' બારોટ

મહિનાઓની મહેનત પછી ચતુરિયાને અમદાવાદના રીલીફ રોડ પર એક સાડાચાર ફૂટનો ઓટલો મળ્યો, ત્યારે એના આનંદનો પાર રહ્યો નહિ. ઓટલો કેતાળથી જડાયેલો હતો; એટલે નાની શી દુકાન જેવો લાગતો હતો. એના ધંધાની શરૂઆત માટે એને એથી મોટી જગ્યાની જરૂર ન હતી તેમ જ મોટી જગ્યા એને પોસાવે તેમ પણ ન હતી. દુકાનના એક ખૂણે ચતુરિયો એના રાચરચીલા સાથે બેઠો. બીજા ખૂણે તૈયાર ચંપલ અને જોડાનો જંગ જમાવ્યો. દીવાલ પર બની શકે તેટલી પાસે-પાસે ખીલીઓ ઠોકીને એણે એની કારીગરીના ઉત્તમ નમૂનાઓ ટાંગી દીધા.

આજે ચતુરિયાની નવી જિંદગીનો પહેલો દિવસ હતો. વર્ષોના તલસાટ પછી આજે એ પોતાની નાની પણ સ્વતંત્ર દુકાન ખોલવા ભાગ્યશાળી બન્યો હતો. પારકાં ચામડાં ચૂંથીને એક મોટા કારખાનામાં એ ચંપલ-બૂટ વગેરે બનાવતો. એને નંગ પર રોજી મળતી, જે એના જીવતર માટે પૂરતી ન હતી; છતાં અર્ધાપેટે જિંદગીનાં થોડાંક વર્ષો પસાર કરી એણે થોડુંક બચાવ્યું હતું અને એ નાની શી બચતના પરિણામે આજે એ એની સ્વતંત્ર દુકાનના થડા પર કોઈ સુલતાનની અદાથી બેઠો હતો.

હજી હમણાં જ સૂર્યોદય થયો હતો. રસ્તા પર માનવીની અવરજવર ખાસ વધી ન હતી. ચતુરિયાએ નવી ચંપલ શરૂ કરતાં પહેલાં ખિસ્સામાં હાથ નાખ્યો, સાડાચૌદ આનાની માતબર મૂડી એમાંથી બહાર આવી. જીવન અને મૃત્યુ વચ્ચે આ મૂડીનો જ ચતુરિયાને આધાર હતો; બીજો આધાર હતો એની દુકાન; અને એમાં ચતુરિયાને ઈશ્વર જેટલી શ્રદ્ધા હતી.

ચતુરિયાએ હાથમાંના સિક્કાઓ રમાડતાં એક સ્મિત કર્યું. ઊગતા સૂરજના આહ્લાદક પ્રકાશમાં કોઈ બારીકીથી જુએ તો એ સ્મિતમાં થાક અને ભૂખનાં સ્પષ્ટ ચિહ્નો હતાં. ચતુરિયો નવી જિંદગીના ઉલ્લાસમાં છેલ્લા ચાર દિવસથી ઊંઘ્યો ન હતો. એણે સિક્કાઓ પરથી માથું ઊંચક્યું, સડકની સામી હારમાં આવેલી હોટલ તરફ નજર ફેરવી અને બૂમ મારી :

'એ...ય છોકરા ! એક લશ્કરી લાવજે... અને અહીં આવ, જો સાંભળ.:.... '

ગરમાગરમ જલેબી અને ભાવનગરી ફાફડા, લશ્કરી ખુમારીનું ઘેન આંખમાં આંજી દે એવી કડક મીઠી ચા અને આટલું પત્યા પછી એક પાન અને બે પૈસાની સિગારેટ ચતુરિયાએ મોંમાં દબાવી ફૂંકવા માંડી ત્યારે કદાચ ઇંદ્રનું સિંહાસન ઝોલાં લેતું હશે !

પેટની આગ પર ઠંડું પાણી રેડાયું અને એ પાણીની કિંમત દસ આના થઈ. સાડા-બાર આનાની મૂડી ખિસ્સામાં મૂકતાં પહેલાં ચતુરિયાએ બે પૈસાની ઢબૂડી જુદી પાડી અને રસ્તે જતા એક ભિખારીને આપી. ભિખારી દુઆ આપતો ચાલ્યો ગયો. ચતુરિયાને એ દુઆનો એકએક શબ્દ લાખલાખ રૂપિયાનો લાગ્યો.

પાવલીના પૈસા ખિસ્સામાં સેરવી ચતુરિયાએ એક નાની શી નોંધપોથી બહાર કાઢી પેન્સિલના કટકાથી ખર્ચનો હિસાબ માંડ્યો અને પછી બીજાં પાનાંઓ પર નજર ફેરવવા માંડ્યો. નોંધમાં જમા અને ઉધાર પાસાં સરભર હતાં. કોઈનું લેણું ન હતું, કોઈનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેણું ન હતું. ખિસ્સામાં ચાર આનાની મૂડી અને ચમકતું ભવિષ્ય એટલું ચતુરિયા માટે બસ હતું.

–પણ ડાયરીનાં પાનાં ફેરવતાં ચતુરિયો એક જગ્યાએ અટકયો, એની ભમર જરાક સંકોચાઈ અને પેલું કાયમનું સુલતાની સ્મિત જરાક ઝાંખું પડ્યું. એક પાના પર ચાર રૂપિયા બાર આનાનું દેણું નોંધાયું હતું અને આ રકમનો લેણદાર ચતુરિયાની નાતરું કરી ગયેલી પરણેતરનો પિતરાઈ ભાઈ હતો. ચાર-પાંચ દિવસ પર એણે કેટલીક પાલીશની ડબ્બીઓ ચતુરિયાને વળગાડેલી અને પૈસા લેવાના બાકી રાખેલા. આ વાત નવી દુકાનની પ્રવૃત્તિના વહેણમાં વિસરાઈ ગએલી તે ચતુરિયાને યાદ આવી. એણે ડાયરી બંધ કરી ખિસ્સામાં મૂકી અને એક ચંપલનું તળિયું લઈ ટીચવા બેઠો.

પણ ચારબાર આનાનું દેવું ચતુરિયાને ચિંતા કરાવતું હતું. સોદોઢસોનો તૈયાર માલ હતો. તકદીરની બાંધી મૂઠીને ઉઘાડી નાખતી દુકાન હતી,. છતાં ચતુરિયાને ચિંતા હતી. જિંદગીનો નવો દિવસ દેવાથી શરૂ થતો હતો એ એને રુચતું ન હતું; અને દેવું ય સાળાનું! નાતરે ગયેલી પરણેતરના ભાઈનું! પિતરાઈ પણ સાળો જ ને!

'આજે જ ચૂકવી દઈશ.' ચતુરિયાએ નિશ્ચય કરી લીધો અને એ નિશ્ચયને મજબૂત કરતો હોય તેમ ચંપલના તળિયા પર જોરથી ઠોકાઠોક કરવા લાગ્યો.

*

'અહોહો...ચતુરદા! તમે તો કાંઈ ભપકાબંધ જમાવી છે ને દુકાન!' ચતુરિયાના લેણદાર સાળાએ જાણે અચાનક જ ત્યાંથી પસાર થતાં-નજર પડી હોય તેમ એની દુકાન સામે જોતાં કહ્યું.

'ચતુરિયો એક આછું સ્મિત કરી શાંત રહ્યો. બપોરના બે વાગી ગયા હતા. સવારના નાસ્તા પછી એ જમ્યો ન હતો. હજી સુધી એકેય ઘરાક મળ્યું ન હતું, ત્યાં આ લેણદારને જોઈ ચતુરિયાનો ચહેરો ફિક્કો પડી ગયો. થોડીવારે એ બોલ્યો:

'સાંજના આવજો ને આ બાજુ. તમારા પાલીશના પૈસા મારે આપવાના છે.'

'હા હા, કાંઈ વાંધો નહિ. સાંજે મારે આ બાજુ થોડુંક કામ પણ છે.' ચતુરિયાના સાળાએ કહ્યું.

મુખ્ય વસ્તુ પતી ગઈ હતી એટલે થોડી વાર આડીઅવળી વાતો કરી ચતુરિયાના સાળાએ ચાલવા માંડ્યું.

ચતુરિયાના પેટમાં બિલાડાં બોલતાં હતાં, પણ છેલ્લી પાવલી ખર્ચવા જેટલી હિંમત એનામાં રહી ન હતી; તેમ જ પાવલીથી પેટની આગ ઠરે તેમ પણ ન હતું. એ એના કામ પર મંડ્યો રહ્યો.

બપોર ઊતરી ગઈ અને સાંજ નજીક આવી. પણ ઘરાક ન આવ્યું. ચતુરિયાએ હાથમાંનું કામ બાજુએ મૂકી ભગવાન ભજ્યા અને એક બીડી સળગાવી આવતાજતા રાહદારીઓ તરફ જોઈ રહ્યો.

લગભગ છ વાગ્યાનો સુમાર થઈ ગયો. હવે ઘરાકના કરતાં પેલા લેણદારના આવવાની શકયતા વધતી જતી હતી. ચતુરિયાના મનમાં એક પ્રકારની અસહ્ય અકળામણ થવા લાગી. નવી જિંદગીના પહેલા દિવસે સવારથી માંડી સાંજ સુધીમાં જાતજાતની ઊર્મિઓની વિટંબનામાંથી એ પસાર થયો હતો અને છેવટે ઊર્મિના ભારે જાણે પરાકાષ્ટા સરજી હતી. ચતુરિયાની છાતીમાં અડવાળાં વળતાં હતાં, મોંમાં મોળ આવતી હતી, માથે પિત્ત ચડ્યું હોય તેમ લમણામાં સબાકા બોલતા હતા; અને હૃદયના ધબકારા જાણે કાળજા પર હથોડા ઠોકતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. હતાશ થયેલા ચતુરિયાએ ઓલવાયેલું બીડીનું ઠૂંઠું ફેંકી દીધું અને જ્વાળામુખીની ઝાળ જેવો એક નિશ્વાસ નાખી બોલ્યો:

'હે રામ!'

કશા જ રસ કે ઉમંગ વગર એણે એક નીચું ચંપલનું તળિયું હાથમાં લીધું અને ધ્રુજતા હાથે એના પર ટીપણી શરૂ કરી.

'ચંપલ હશે કે મારા માપની?'

ચતુરિયાએ જાણે સાક્ષાત્ ઈશ્વરનો અવાજ સાંભળ્યો હોય તેમ ચોંકીને ઘરાક સામે જોયું. એના હૃદયના ધબકારા વધી ગયા, મનમાં ને મનમાં એ ભગવાનને નમી પડ્યો, એના દિલમાં હૃદયના થડકારા સાથે તાલ મેળવતું ઊર્મિયુદ્ધ અવર્ણનીય હતું. જ્યારે એણે ઘરાક સામે ચંપલ ધરી ત્યારે એની આંખના ખૂણામાં ભીનાશ વધતી જતી હતી.

'શું લઈશ?' ઘરાકે ચંપલ પસંદ કરતાં પૂછ્યું:

'સાડાછ રૂપિયા શેઠ.'

'કાંઈ ઓછું નહિ?'

'શેઠ! સાડાસાતનો માલ છે, પણ મારી નવી દુકાન છે અને આજ તમે પહેલા ઘરાક છો એટલે રૂપિયો ઓછો કહ્યો.' ચતુરિયાએ ઘરાક ખોવાની બીકથી દબાયેલા અવાજે કહ્યું.

'ચાર રૂપિયા આપું.' કહી શેઠે ચંપલ નીચે મૂકી.

ચતુરિયાને હાથમાંથી શહેનશાહત સરી જતી લાગી.

'શેઠ...! ના પરવડે બાપ; એ તો મફત આપી કહેવાય.' ચતુરિયાના અવાજમાં નર્યું આક્રંદ હતું.

'તો રહેવા દે ભાઈ! તારો માલ છે.' કહી શેઠે ચાલવા માંડ્યું.

ચતુરિયાની જાણે જિંદગીની કમાઈ ચાલી જતી હોય તેમ એ જતા ઘરાક તરફ જોઈ રહ્યો. પેલી આંખની ભીનાશ વધી ગઈ હતી. આંસુની આરપાર દૃષ્ટિ દોડાવવા પ્રયત્ન કરતાં ચતુરિયાની ડૂબતી આશા જેવી શેઠની આકૃતિ દેખાણી; પણ ડૂબતી આશાનું લથડિયાં લેતું શરીર જરાક અટક્યું, ચતુરિયાની સન્મુખ થયું અને અવાજ સંભળાયો:

'છેવટના સાડાચાર આપું.'

'સાડાચાર!' ચતુરિયાએ મનમાં જ કહ્યું. 'સાડાચાર અને પાવલી ખિસ્સામાં છે. ચારબાર આનાનું દેવું તો પતશે-પોતાને ખોટ.' આટલું વિચારી ચતુરિયાએ આંસુ સંતાડવા મોઢું એક તરફ ફેરવ્યું અને આંખ કોરી કરી ઘરાક સામે જોઈ બોલ્યો:

'લઈ જાવ શેઠ.'

ચતુરિયાએ ચંપલ બાંધી આપી. ઘરાકે પૈસા ચૂકવી ચાલવા માંડ્યું. જતા ઘરાક તરફ ચતુરિયો જોઈ રહ્યો ત્યાં જાણે એ જ આકૃતિમાંથી બીજી આકૃતિ ઊપસી આવતી હોય તેમ સામેથી એનો સાળો આવતો જણાયો.

પોણાપાંચ રૂપિયાના દેવાનો બોજ હલકો કરી ચતુરિયાએ બીજી બીડી સળગાવી. મનની વાત જાણી આકાશમાર્ગે ઈશ્વર પાસે પહોંચવા પ્રયત્ન કરતો હોય તેમ એક ચિત્તે એ ધુમાડાના ઊંચે ચડતા અને વાતાવરણમાં વિલીન થઈ જતા ગોટા નીરખી રહ્યો.

×

'તમને તો કાંઈ ભાન જ નથી. જૂતાંનું તો ઘરમાં જાણે પ્રદર્શન ભરવા ધાર્યું છે. હજી હમણાં તો બૂટ ખરીદ્યા છે ને આજે વળી આ ચંપલ લઈ આવ્યા.'

ચતુરિયાનો ઘરાક ઘેર પહોંચ્યો ત્યારે એની ઘરવાળીએ આષાઢી મેઘ જેવી વાગ્ધારા વહાવવા માંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ આઠ રૂપિયાની ચંપલ સાડાચારમાં લાવ્યો એ તો જરાક વિચાર !' પતિએ બચાવ રજૂ કરતાં કહ્યું.

'સાડાચાર તો આપવા પડ્યા ને ? મફત તો નથી લાવ્યા ને ? સસ્તી મળતી હતી તો હું કેમ ન સાંભરી ? બાબો કેમ ન સાંભર્યો ? મંજુલા કેમ ન સાંભરી ? પોતાની જ જાત વહાલી લાગી તમને ! બેબીની ચંપલ ચારવાર સંધાવી અને એ ય તો આજે ફરી તૂટી ગઈ છે. એને બિચારીને થીંગડાં અને તમારે રોજ નવા નાટારંગ... '

'તું તો બસ ઘરમાં આવતાં જ તૂટી પડે છે.'

'તૂટી ન પડું ? ચંપલ વગર શું અટકી રહ્યું હતું તમારે ?'

'પણ મફત જેવી મળી એટલે લાવ્યો.'

'રૂપિયા સાડાચાર આપી આવ્યા ને મફત વળી કેવી ?'

'ઠીક હવે મૂક ને માથાકૂટ: જમવાનું આપે છે કે ઝઘડ્યા કરવું છે ?'

'જમવાનું નહિ મળે. પહેલાં આ ચંપલ પાછી આપી આવો, પછી બીજી વાત.' પત્નીના અવાજમાં અવગણવો અશક્ય એવો ધ્વનિ હતો.

'અરે પણ એમ તે કાંઈ પાછી લે હવે ?'

'ના લે તો બદલાવીને મારા કે બેબીના માપની લઈ આવો. જાઓ, ઊઠો.'

'હું અત્યારે ક્યાં ય જવાનો નથી.'

'તો હું ય આ ચંપલ ઘરમાં હશે ત્યાંલગી થાળી પીરસવાની નથી.' પત્નીએ નિશ્ચયપૂર્વક કહ્યું અને જ્યાં ઊભી હતી ત્યાં જ નીચે બેસી ગઈ.

'પરણે પંદર વરસ થયાં, કંકાસ વિનાનો એક દિવસ પસાર થયો જાણ્યો નથી.' પતિએ કહ્યું અને રોષથી લથડતા શરીરે બગલમાં ચંપલ દબાવી ઘરની બહાર પગ મૂક્યો.

×

પંદર વર્ષની પરિણીત જિંદગી પર મનમાં શાપ વરસાવતા પેલા પતિદેવ ચતુરિયાની સાંકડી દુકાન નજીક પહોંચ્યા તો ત્યાં ચતુરિયો સામેની હોટલના છોકરા જોડે કાંઈક વાત કરતો દેખાયો. જે બાજુથી પેલા શેઠ આવી રહ્યા હતા એ બાજુ એની પીઠ હતી; એટલે તદ્દન નજીક આવી ઊભેલા એમને એ જોઈ શક્યો નહિ. ચતુરિયો પેલા હોટલવાળા છોકરાને કહેતો હતો :

'ભાઈ, કાંઈ દુકાન મૂકીને નાસી જવાનો નથી. તારા શેઠને સમજાવ, પૈસા કાલે આપું તો ન ચાલે ?'

'અમારી દુકાને ઉધાર બંધ છે, શેઠ ના પાડે છે. રોકડા પૈસા હોય તો કહો, લાવી આપું.'

'અલ્યા પણ ચાર પૂરી, એક ડીશ ફાફડા અને કપ ચાના તે વળી કેટલા પૈસા થઈ જવાના ? એટલી ય ઉધારી નહિ ચાલે ? સામે બારણે દુકાન નાંખીને બેઠો છું....'

'એ કાંઈ ન ચાલે. પૈસા રોકડા હોય તો માલ મળે.' કહી હોટલવાળો છોકરો ચાલ્યો ગયો.

'હે ભગવાન !' ચતુરિયાએ ભૂખથી કાંપતો હાથ દુઃખથી જડ બનેલા માથા પર મૂકી વાળમાં આંગળીઓ ભરાવી મુઠ્ઠી વાળી દુઃખને ખંખેરી નાખવા પ્રયત્ન કરતો હોય તેમ ગરદન હલાવી. 'જિંદગીમાં પહેલીવાર આજે ભૂખ્યા સૂવું પડશે.'

ચતુરિયાના અવાજમાં ભૂખ અને થાકની એક પ્રકારની વિચિત્ર ધ્રુજારી આવી હતી. એની પાછળ ઊભેલા પેલા દુઃખી પતિની પહોળી છાતીમાં વસતા નાના શા દિલ પર એ ધ્રુજારીએ કોણ જાણે કેવી ય લાગણી ઉપજાવી. એ આગળ આવ્યા અને સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકુલતા ચતુરિયા સામે જોઈ બોલ્યા :

'કેમ ભાઈ! દુકાન વધાવો છો કે શું?'

'ના રે શેઠ વધાવવા જેવું અમારે શું હોય? ગલ્લો ગણવાનો નથી, હિસાબ મેળવવાનો નથી: આ બારણું અટકાવી ફૂટપાથ પર જ લંબાવવાનું.'

કવખતે ઘરાકને પાછો આવેલો જોઈ ચતુરિયાને નવાઈ લાગી. હાથમાંના ચંપલના બંડલ તરફ જોતાં એ બોલ્યો:

'ચંપલ કાંઈ નાનીમોટી કરવાની છે, શેઠ.'

'ના, પણ જરા બેચાર રીવેટ ઠોકી આપો ને. હમણાં રાખો. કાલે લઈ જઈશ.' કહી ઘરાકે ચંપલ ચતુરિયાને આપી.

'હમણાં જ ઠોકી આપું શેઠ, વાર નહિ લાગે.' કહી ચતુરિયાએ ચંપલ પર રીવેટ બેસાડવા માંડી.

'ના, પણ મારે જરા બહાર જવાનું છે, અને લ્યો આ બીજા સાડાચાર. મારા કરતાં બે નંબર નાની એક ચંપલ રીવેટ વગેરે મારીને તૈયાર રાખજો. એ પણ કાલે લઈ જઈશ.'

ચતુરિયો કશું બોલે એ પહેલાં પેલા શેઠ સાડાચાર રૂપિયા ચતુરિયાની સાંકડી દુકાનના થડા પર મૂકી ચાલવા માંડ્યા. ચતુરિયાએ હાક મારી:

'શેઠ....!'

'જરા ઉતાવળમાં છું, કાલે આવીશ.' કહી પેલા શેઠ હળવી ચાલે આવ્યા હતા એ જ તરફ પાછા વળ્યા અને અદૃશ્ય થઈ ગયા.

ચતુરિયો વિમાસણમાં પડી ગયો. આશા-નિરાશામાં ઝોલાં લેતું એનું મન આજે એટલું બધું દુઃખી અને પીડિત હતું કે એને જિંદગીમાંથી, એના નવા પ્રયત્નમાંથી અને કાંઈક અંશે ઈશ્વરમાંથી પણ શ્રદ્ધા ઊડી જવાની અણી પર હતી, ત્યાં આ ચમત્કાર થયો.

થોડાક જ કલાક પહેલાં આવો જ એક ચમત્કાર થઈ ગયો હતો. એક જ દિવસમાં બબ્બે ચમત્કારથી ચતુરિયો ગૂંગળાઈ ગયો. નિરાધારનો પણ કોઈ આધાર છે એ વાત એના મનમાં મજબૂતપણે ઠસી ગઈ.

ચતુરિયાએ સામાન સંકેલ્યો, દુકાન વધાવી અને સીધો જ સામેની હોટલમાં જઈ પેટ ભરીને જમ્યો. ગલ્લા પર પૈસા ચૂકવતાં એ દુકાનનો માલિક તરફ રૂઆબભરી તિરસ્કારની છટાથી એક દૃષ્ટિ ફેંકીને હોટલનાં પગથિયાં ઊતરી ગયો. બહાર આવી એણે પાન ખાધું, બીડી સળગાવી અને થોડીકવાર રસ્તા પર અમસ્તો જ ઊભો રહ્યો. થોડેક દૂર પેલો સવારવાળો ભિખારી જણાયો. ચતુરિયાએ એને હાથની ઇશારત કરી નજીક બોલાવ્યો અને અવાજમાં બની શકે તેટલી અભિમાનની છાયા લાવી હોટલવાળા છોકરાને બૂમ મારી.

'એ ય છોકરા!'

છોકરો આવ્યો.

અરધા કલાક પહેલાં છ–આઠ આનાનો માલ ઉધાર માગનાર ચતુરિયાની મગરૂર અદા જોઈને એ વિચારમાં પડી ગયો. ચતુરિયો એના તરફ જોઈ બોલ્યો :

'આ ભિખારીને ચાર આનાનું ખાવાનું આપી દેજે, લે.' કહી એણે પાવલી હોટલ-વાળા છોકરાના હાથમાં મૂકી પોતાની દુકાન તરફ ચાલવા માંડ્યું.

દુકાનની અરધી ફડેતાળ ઉઘાડી એણે એની બેસવાની જગ્યાએ ગડી કરી મૂકેલી એક જૂની શેતરંજી બહાર કાઢી. પાછળ ભીંતને અઢેલીને એક તકિયો મૂકયો હતો તે પણ બહાર કઢ્યો, પછી દુકાન બંધ કરી તાળું મારી એણે ફૂટપાથ પર બિસ્તરો જમાવ્યો.

પણ મોડી રાત સુધી ચતુરિયો ઊંઘી શક્યો નહિ. આખા દિવસના પ્રસંગો એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધ આંખ આગળથી પસાર થવા લાગ્યા. બધા ય પ્રસંગો પેલા શેઠની મુદ્રાથી છવાયેલા હતા. એ મુદ્રાની વિષાદભરી મોટીમોટી આંખોમાંથી નીતરતી દયાનાં આંજણુ એની થાકેલી આંખમાં આંજી સવારના સાડાત્રણ-ચારના શુમારે ચતુરિયો પોઢી ગયો.

રાત્રે એને એક સ્વપ્નું આવ્યું અને ચતુરિયો સવારે ઊઠ્યો ત્યારે એક વાત એના મનમાં દૃઢ થઈ ગઈ હતી કે આગલે દિવસે ઘરાકના રૂપમાં જે વ્યક્તિ એને પૈસા આપી ગઈ હતી એ વ્યક્તિ કોઈ માનવી ન હતું પણ સાક્ષાત્ ભગવાન હતા!

સવારે ઊઠી નિત્યનિયમથી પરવારી એણે પહેલું કામ પેલા ચંપલ ઠીક કરવાનું કર્યું. બીજી ચંપલ પણ તૈયાર કરી નાખી અને ઘરાકની રાહ જોતા બેઠો. નવ વાગી ગયા પણ પેલું ઘરાક આવ્યું નહિ.

બપોર વીતી, સાંજ પડી અને રાત્રિ પણ આવી, પણ ઘરાક દેખાયું નહિ. ચંપલો જેમની તેમ રહી અને ચતુરિયાનો પેલો વહેમ પાકો થઈ ગયો.

'મારે ત્યાં પ્રભુ પધાર્યા અને હું અભાગી...' રાત્રે સુતા પહેલાં ચતુરિયાની આંખો આંસુથી છલકાઈ ગઈ. આજે આ વાતને કેટલા ય મહિનાઓ વીતી ગયા છે. ચતુરિયાની દુકાન હવે તો ધમધોકાર ચાલે છે, પણ રોજ સાંજના છ વાગે અને રાત્રે દુકાન વધાવતા પહેલાં એ આશાભરી આંખે કોઈની રાહ જુએ છે. પેલી ચંપલની જોડ હજી એણે સાચવી રાખી છે, કોઈ પણ કિંમતે એને વેચવા એ તૈયાર નથી. સાક્ષાત્ પ્રભુનો સ્પર્શ પામેલી આ જોડી જ્યાંસુધી દુકાનમાં છે ત્યાંસુધી વેપાર વધતો જ જવાનો એવી એને ખાતરી થઈ ગઈ છે. રોજ સવારે એ પેલી ચંપલની જોડને નમે છે, એના પર ફૂલ ચડાવે છે અને સાંજે અમદાવાદીઓથી ઊભરાતા રીલીફરોડ પર ચતુરિયો આશાભરી નજરે અને આંસુભરી આંખે એના ભગવાનની પ્રતીક્ષા કરે છે. રોજ રાત્રે સૂતા પહેલાં એના શ્રદ્ધાળુ અંતરના ઊંડાણમાંથી એક મધુર અને મૂક ચીસ ઊઠે છે અને અંતરના ઊંડાણમાં જ સમાઈ જાય છે.

'ભગવાન! એકવાર ફરી, એક જ વાર ફરી દર્શન આપો, બાપ!'

પણ ચતુરિયાના ભગવાન ફરી દેખાયા નહિ!

★

સ્વામી રામદાસ વિશે એક વાત છે.

એક દિવસ રામદાસ સ્વામી પોતાના શિષ્યો સાથે શેરડીના વાડ અગળથી જતા હતા. એમાંથી શિષ્યોએ શેરડી ખાધી. આ પ્રમાણે વગરપૂછ્યે શેરડી ખાતાં જોઈ, ઓચિંતા જ આવેલા શેરડીના માલિકે સ્વામી રામદાસને સર્વના મુખી સમજીને ખૂબ માર માર્યો.

આ વાતની શિવાજીને ખબર પડતાં વાડના માલિકને બોલાવી મંગાવવામાં આવ્યો. એ આવ્યો ત્યારે રામદાસ સ્વામી સિંહાસન ઉપર બેઠેલા હતા અને શિવાજી નીચે બેઠા હતા. આ જોઈને માલિક તો થરથર કંપવા લાગ્યો.

શિવાજીએ કહ્યું:

'સ્વામીજી આપ કહો તે શિક્ષા કરું આને.'

'ખરેખર તે પ્રમાણે કરશો?' સ્વામીએ પૂછ્યું.

'સ્વામીજી, શું હું આપશ્રીની આજ્ઞા નહીં પાળું?' રામદાસ સ્વામીએ જણાવ્યું:

'એ ગરીબ છે. એથી એની શેરડી ઓછી થવાથી આઘાત થયો હોય એ તદ્દન વાજબી છે. માટે એનું દારિદ્રય દૂર કરવા માટે એને જાગીર આપી એને વંશપરંપરા ભોગવે એવો લેખ લખી આપો.'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાંસી

લેખક :
ડૉ. હરીશકુમાર સી. વ્યાસ

અત્યારના જમાનામાં ખાંસી એક સામાન્ય દર્દરૂપે થઈ પડી છે; કારણકે કુદરતી નિયમોનું ઉલ્લંઘન હાલના સમયમાં ખુલ્લડું થયેલું જણાય છે. અત્યારના સમયમાં લોકો પોતાનું હિત શું છે, અને કેવાંકેવાં ખાદ્યપાન વગેરે કરવાં તે સમજી શકતા જ નથી; તેમાં વળી બહારની પરચુરણ ચીજો જેવી કે ચા, પાન, સિગારેટ, બીડી વગેરે લે છે. આ બધું એક ખાદ્ય તરીકે જ છૂટથી જ વપરાય છે અને તેનું જ અહર્નિશ શરીરને પોષણ મળે છે. પછી તેમાંથી મનુષ્ય શરીરબળ, મનોબળ અને આયુષ્યબળ ક્યાંથી લાંબો વખત ટકાવી શકે અને જીવી પણ શકે ?

ખાંસી માટે આયુર્વેદમાં પાંચ પ્રકાર બતાવ્યા છે: (૧) વાતથી, (૨) પિત્તથી, (૩) કફથી, (૪) છાતીના જખમ (ઉરઃક્ષત)થી અને (૫) ક્ષયથી આમ વર્ણવ્યા છે. હવે તેનાં કારણ આપણે વિચારીએ.

(૧) ખાંસી એટલે ગળાની શ્વાસનળીમાં કોઈ પણ વસ્તુ અડચણ રૂપે હોય અને તેને આપણે કાઢવાને જે પ્રયત્ન કરીએ છીએ તેને 'ખાંસી' કહેવામાં આવે છે. વધુમાં ગળામાં ધુમાડો જવાથી, વધુ તેલમરચાંયુક્ત ભોજનના સેવનથી, લૂખું ખાવાથી, ગળામાં રજ જવાથી, ઝાડા વગેરેના રોકાણથી, શરદીથી–આ પ્રમાણે તેનાં સામાન્ય કારણો છે.

ઉધરસ બે પ્રકારની હોય છે: (૧) લૂખી ઉધરસ અને (૨) પાકી ઉધરસ, જેમાં ગળફા છૂટ્યા કરે છે.

(૧) લૂખી ઉધરસ: તેમાં ગળફો કોઈ પણ પ્રકારે છૂટતો જ નથી અને દર્દી વારંવાર ખાંસીઓ કર્યા કરે છે, ગળાની શ્વાસનળીમાં કવચિત્ સોજો પણ આવે છે, ગળામાં લાય પણ બળે છે; રાતના ઊંઘ બિલકુલ આવતી જ નથી અને દર્દીનો જીવ ગભરાયા કરે છે.

(૨) પાકી ઉધરસમાં ગળફા છૂટથી નીકળે છે, પણ છાતીનાં પાટિયાંમાં દુખાવો થાય છે. દર્દીને વારંવાર થૂકવા જવું પડે છે, અને ગળફા કાઢે તો જ શાંતિ મેળવે છે.

અત્યારના જમાનામાં 'ક્ષય' એ તો જાણે અસાધ્યરૂપે જ થઈ પડ્યો છે.

ઉપાયો: (૧) કપૂર, જાયફળ, જાવંત્રી, વાળો, લવિંગ એ બધી વસ્તુઓ ૧ તોલો અને પીપર, સૂંઠ, નાગકેશર, મરી આ વસ્તુઓ દોઢ તોલો લઈ તેનું ચૂર્ણ બનાવી ચૂર્ણથી સમાન ભાગે સાકર નાખવી અને સવાર–સાંજ ૦ થી ૦॥ તોલો મધ સાથે એ ચૂર્ણ લેવું, જેથી ઘણો જ ફાયદો થાય છે.

(૨) બેઉ રીંગણી, દ્રાક્ષ, અરડૂસો, કચૂરો, વાળો, સૂંઠ અને પીપરનો સમાન ભાગે કવાથ બનાવવો અને તે મધ સાથે લેવો.

(૩) કાકડાશિંગનું ચૂર્ણ બે આની ભાર અને જેઠીમધનું ચૂર્ણ ૧ આનીભાર મધ સાથે લેવું.

(૪) ફુલાવેલો ટંકણ અને જવખાર બન્ને ૧ વાલ સવારસાંજ મધમાં ચાટવાં.

(૫) સિતોપલાદી ચૂર્ણ, અર્કમૂલ, ધામાણ, જેઠીમધચૂર્ણ યોગ્ય માત્રાથી મધમાં લેવાં.

(૬) કાથો, ટંકણ, ચણકબાબ, જવખાર સરખા વજનમાં લઈ, બબ્બે આનીભાર મધમાં લેવાં.

(૭) આદુનો રસ ૦॥ તોલો અને મધ ૦॥ તોલો પીવાથી ઉધરસને ઘણો જ આરામ રહે છે.

(૮) બહેડાં, લવિંગ, મરી એ ત્રણે સમાન લેવાં અને ત્રણેના સમાનભાગે કાથો નાખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવ રત્ન

લેખક :
શ્રી બાબુભાઈ બી. ઝવેરી

ભવ્ય ને ઊંચા મહેલોમાં વસતાં રાજકુટુંબો તથા ધનાઢ્ય કુટુંબોના આવાસોમાં જ લગભગ કેદી જેવી અવસ્થા ભોગવતાં રત્નોનું આકર્ષણ સહુ કોઈને હોય છે. જ્યોતિષશાસ્ત્ર સાથેનો તેનો કેવો સંબંધ છે અને રત્નો તથા ગ્રહો બંને પરસ્પર કેવાં સંકળાયેલાં છે, એ સંબંધ પરત્વે અહીં વિચારણા કરાઈ છે.

જગતમાં ઝવેરાતનું સ્થાન ઉચ્ચતમ કોટીના અલંકારોમાં હજારો વર્ષોથી ચાલતું આવે છે. આ કિંમતી પથ્થરો પ્રત્યે માનવીનું આકર્ષણ પરાપૂર્વથી જ રહ્યું છે. આર્થિક સ્થિતિની સારી જેવી સપાટીએ પહોંચ્યા બાદ વૈભવની ચીજોમાં ઝવેરાતનું સર્વશ્રેષ્ઠ સ્થાન હોય છે. આપણે વાતવાતમાં કહીએ છીએ કે અમુક માણસમાં ઝવેરાત ઓછું છે; એટલે કે શેંજારી કે હોશિયારી ઓછી હોવાથી તેનું વ્યક્તિત્વ દબાતું દેખાય છે. આ બતાવી આપે છે કે 'ઝવેરાત' શબ્દ પણ આપણા જીવનમાં ઠીકઠીક ઓતપ્રોત થઈ ગયો છે. જગતની સર્વ ભૌતિક વસ્તુઓમાં ઝવેરાત અનોખી અને અદ્વિતીય રીતે આગળ તરી આવે છે.

ઝવેરાતમાં ઘણાં જ રત્નોનો સમાવેશ થાય છે. તેમાં મુખ્યત્વે (૧) હીરા, (૨) માણેક, (૩) પાનાં, (૪) મોતી, (૫) શનિ વગેરે ... આ અતિ કિંમતી પથ્થરો હોય છે. એ સિવાય પોખરાજ, લસાણીયો, એમેથિસ્ટ, ઓપલ, ગોમેદક, જરકન, એલેક્ઝાન્ડ્રી યા પીરોજ વગેરે બીજા સાધારણ કિંમતના પથ્થરો પણ હોય છે. આવાં અનેક જાતનાં સાચાં રત્નો ઝવેરાતમાં હોય છે.

મોતી તથા પરવાળાં સિવાયનાં આ બધાં ખરાં રત્નો ખનિજના પથ્થરો જ હોય છે. જમીનમાંથી ધાતુઓની માફક સાધારણ ચળકતા પથ્થર જેવાં નીકળે છે. સ્વાભાવિક રીતે ધરતીના પેટાળમાંથી નીકળતી વખતે કાંકરા અને માટી સાથે મિશ્રિત હોય છે. ખનિજના રૂપમાં (ખરડ) આ રત્નો ગાંગડા જેવાં હોય છે, જેથી ખાસ નેત્રપ્રિય હોતાં નથી. આવાં રત્નોના નિષ્ણાત–પરખંદાઓ તેમનાં આવા સ્વરૂપમાં પણ તેના વિશિષ્ટ ગુણો ...

ગોળીઓ વાળવી અને તેનો રસ મોઢામાં રાખી ઉતારવાથી ફાયદો થાય છે.

(૯) રાતના સૂતી વખતે ગરમ દૂધમાં એક ચમચી ઘી, થોડું મીઠું, હળદર અને એલચી નાખી પીવાથી ખાંસી ગમે તેવી હોય તોપણ પાકી થઈ કફ વાટે બહાર કાઢી નાખે છે.

(૧૦) છાતીએ પોસના દોડવાનો શેક પણ ઉધરસને ઘણો જ ફાયદારૂપ થાય છે. આ પ્રમાણેના પ્રયોગોનો ઉપચાર કરવાથી ઘણા જ દર્દીઓ ઉધરસથી મુક્ત થશે.

પરેજી : ઉધરસવાળા દર્દીઓએ તળેલાં શાકપાનો, બજારની તળેલી વસ્તુઓ, ખારા, ખાટા પદાર્થોનો ત્યાગ કરવો. ... જિયાત વગેરેનો ત્યાગ કરવો. વધુ શરદી પવનમાં ન રહેવું અને છાતી ઉપર ગરમ વસ્તુ હમેશાં રાખી મૂકવી. છાતી ઉપર ... યુકેલીપ્ટસનું માલિશ કરવું.

આ પ્રમાણે કરવાથી દર્દી ઉધરસના દર્દમાંથી ચોક્કસ મુક્ત થશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે. આ ખરડના ગાંગડાઓને ઘાટીલા અને પ્રકાશિત બનાવવાનો એક ખાસ ઉદ્યોગ હોય છે; જેનાં કારખાનાં અને મશીનોમાં આવાં ખનિજ રત્નો કપાય છે, ઘસાય છે અને શક્ય એટલા વધારે પ્રકાશ માટે અનેક પાસા તેના ઉપર પાડવામાં આવે છે.

આ નંગ-પથ્થરોના ઘાટ અનેક પ્રકારના બનાવવામાં આવે છે: જેવા કે (૧) ગોળ, (૨) ચોકી, (૩) લંબગોળ (આંબાગોટી), (૪) અષ્ટકોણ, (૫) ફેન્સી માર્કવીશ, (બદામ આકાર, શકરપારા, ત્રિકોણ વગેરે), (૬) મણિ, પોટા... વગેરે પાસા વગરના ઘાટ.

આવી રીતે ઘાટીલા અને પાલીશ કરી પૂરતા પ્રકાશવાળાં બનેલાં નંગો દાગીનાઓ-માં જડવા માટે તૈયાર થયેલાં ગણવામાં આવે છે.

ઝવેરાત જ્યોતિષશાસ્ત્રની સાથે પણ જુગ-જૂના કાળથી સંકળાયેલું છે. ગ્રહોનો અમુક રત્નો સાથેનો સંબંધ-યોગ જ્યોતિષશાસ્ત્રમાં કહેલો છે. આ હકીકતને બીજી રીતે પણ અનુમોદન મળી રહે છે. દાખલા તરીકે આ-પણે મોતીની ઉત્પત્તિ વિચારીએ. એમ કહે-વાય છે કે શરદ પૂનમની રાતે જ્યારે ચંદ્રનું તેજ વર્ષમાં વિશેષતમ હોય છે, ત્યારે આકાશ-માંથી પડતાં ઝાકળનાં બિન્દુઓ સમુદ્રની મોતીમાછલીઓ ઝીલે છે. અને આ જ બિન્દુ-ઓમાંથી માછલીના પેટમાં મોતી ઉદ્‌ભવે છે. આ વસ્તુ બતાવે છે કે મોતી અને ચંદ્રને નજીકનો સંબંધ છે. જ્યારે જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે મોતી એ ચંદ્રના ગ્રહનું નંગ છે. આ જ રીતે બીજાં રત્નો પણ તેમના ગ્રહો સાથે આવી જ હકીકતોથી તેમની સાથે સંબંધ રાખતાં હોવાં જોઈએ.

જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે (૧) સૂર્ય, (૨) ચંદ્ર, (૩) મંગળ, (૪) બુધ, (૫) ગુરુ, (૬) શુક્ર, (૭) શનિ, (૮) રાહુ અને (૯) કેતુ એમ નવગ્રહની અસર પૃથ્વી પર હોય છે. પૃથ્વીપરના દરેક માનવી ઉપર આ ગ્રહો તેના જન્મવખતની ગ્રહોની સ્થિતિ અને ત્યારપછીના ભ્રમણ પ્રમાણે સારીનરસી અસર કરે છે. આ જ પાયા ઉપર આખું જ્યોતિષશાસ્ત્ર રચાયેલું છે. દરેક ગ્રહનાં નંગ નીચે પ્રમાણે છે:

ગ્રહ—નંગ	ગ્રહ—નંગ
૧ સૂર્ય—માણેક	૬ શુક્ર—હીરો
૨ ચંદ્ર—મોતી	૭ શનિ—શનિ
૩ મંગળ-પરવાળું	૮ રાહુ—ગોમેદક
૪ બુધ—પાનું	૯ કેતુ—લસણિયો
૫ ગુરુ—પોખરાજ	

માણેક: (સૂર્ય)—ગ્રહોમાં સૂર્ય જેમ અતિ તેજસ્વી છે, તેમ માણેક પણ રત્નોનો રાજા કહેવાય છે. આ નંગનો રંગ લાલ હોય છે. કેટલીકવાર લાલ રંગ વિકૃત થઈને ગુલાબી, બનુષી, ઘેરો કાળો લાલ બને છે. લાલ રંગનાં નંગ પણ હોય છે. આ નંગની એક ખાસ વિશિષ્ટતા એ છે કે ઘણુંખરું તેનામાં ખુલ્લી યા ખૂણેખાંચરે એક સફેદ ફરકતી છાંય હોય છે, જેને દૂધક કહેવામાં આવે છે. જ્યારે નંગને આંગળીના ટેરવાથી અગર બીજી રીતે પકડીને ફેરવવામાં આવે છે, ત્યારે આ દૂધકમાં ચેતન હોય એ રીતે ફરકી જાય છે. અત્યારના જમાનામાં નીકળેલા ઈમિટેશન લાલ નંગથી અલગ પાડીને માણેકને ઓળખી કાઢવાનો આ એક સચોટ ઉપાય છે.

માણેક પણ ગોળ, ચોકી, લંબગોળ, ફેન્સી, મણિ અને પોટા વગેરે આકારનાં હોય છે, જે ફેન્સી દાગીનાઓમાં હીરાની સાથે વપરાય છે. મણિની માળાઓ થાય છે અને પોટાઓ જૂના કુંદનના જડતરના કામમાં વપરાય છે. માણેકની ખાણો બ્રહ્મદેશ અને સિલોનમાં છે. અસલ રંગનાં માણેક ખાસ કરીને બ્રહ્મદેશ-માં થાય છે, જ્યાં સ્ત્રીઓ તેનો વેપાર મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણમાં કરે છે. માણેકના ઘાટ બનાવવાનાં કારખાનાં સિલોન, બર્મા અને હિંદમાં—જયપુર અને ખંભાતમાં મુખ્યત્વે છે. ખંભાત એ આવાં રંગીન રત્નો અને ઈમિટેશનનું એક સુવિખ્યાત મથક બન્યું છે. છેલ્લા વિશ્વયુદ્ધ વખતે અમેરિકામાં કરોડો રૂપિયાનું માણેક ખંભાતમાંથી ઘસડાઈને નિકાસ થયું હતું.

માણેકનો ઉપયોગ ગ્રહ તરીકે, તેમ જ અતિ કિંમતી હીરા સાથેના દાગીનામાં થાય છે. લોખંડ કરતાં પણ માણેક ઘસારાને—વધુ પ્રતિકાર આપે છે. જેથી સૂક્ષ્મયંત્રોના ફિટિંગ તરીકે ઘડિયાળ જેવાં યંત્રોમાં વપરાય છે. ગ્રહ તરીકે સવા રતી ઉપરનાં જ નંગ વપરાય છે. માણેકની કિંમત રતીના બેપાંચથી માંડીને હજારોના ભાવ સુધીની હોય છે.

મોતી : (ચંદ્ર)—મોતીના ગોળ સફેદ સરખા પાણીદાર દાણાની માળા દેખાવે એક ઘણું જ સુંદર આભૂષણ લાગે છે. મોતી જમીનમાં નહિ પણ સમુદ્રમાં માછલીના પેટમાં ઉદ્ભવે છે. મોતી ઉત્પન્ન કરતી આવી માછલીઓ સમુદ્રની અમુક ખાડીઓમાં જ થાય છે: ખાસ કરીને બસરાની ખાડીમાં પુષ્કળ પ્રમાણમાં; અને ત્યાં સર્વોત્તમ જાતનાં મોતી પાકે છે. એટલે અરબસ્તાનમાં મોતીનો વેપાર સ્વાભાવિક રીતે ઘણો જ વિકાસ પામ્યો છે. હિંદુસ્તાનમાં પણ સાચાં મોતી ગામડેગામડે દાગીનામાં વપરાય છે. તેથી મોતીનો વેપાર પણ સારો વધેલો છે. સુરત મોતીના વેપાર માટેનું જૂનું મથક છે. સુરતમાં પહેલાં અરબસ્તાનના સોદાગરો ઊંટ ઉપર મોતીના વેપાર માટે આવતા હતા. સુરતનું ગોપીપુરા આજે પણ એ પુરાણા વેપારી મથકની યાદ આપે છે.

મોતીની કિંમત તેના કદ, ઘાટ અને રંગ ઉપરથી થાય છે. મોતીના ઘાટ ખાસ પાણી કરીને ગોળ, બટન (એકબાજુ ચપટાં), સુજની (એક બાજુ અણીવાળા લંબગોળ), બેડિયાં વગેરે ઘાટનાં હોય છે.

એકદમ બારીક મોતી ખાખો કહેવાય છે. એ તોલાબંધી વેચાય છે. તદ્દન હલકાં મોતીનો દવામાં ભસ્મ તરીકે ઉપયોગ થાય છે.

મોતીનું વજન ચવમાં થાય છે. ચ... વજનનું કોષ્ટક સહેલું નહિ પણ અટપટું છે, જે રતીનું વજન અને દાણાની સંખ્યા ઉપરથી થાય છે. આથી રતી–ચવના છાપેલાં વજનોની તૈયાર ચોપડીઓ આવે છે અને દરેક મોતીના વેપારીઓ તેનો ખાસ ઉપયોગ કરે છે.

છેલ્લાં ત્રીસેક વર્ષથી જાપાને આવાં સાચાં મોતી જેવાં જ કલ્ચર મોતીની શોધ કરી છે. કલ્ચર મોતી સાચાં મોતીને એટલાં મળતાં હોય છે કે કેટલીકવાર નિષ્ણાત ઝવેરીઓની પારખશક્તિ પણ ચોક્કસ કરી શકતી નથી. આથી જાપાને જ એક એવું મશિન શોધ્યું છે, જે મારફત સાચાં અને કલ્ચર જુદાં પાડી શકાય છે. કલ્ચર મોતી કિંમતમાં સસ્તાં હોવાથી દુનિયાના ખૂણેખૂણે ઢગલાબંધ પહોંચી ગયાં છે. કલ્ચર મોતીની શોધ પછી થી સાચા મોતીના વેપારને ઘણો જ ધક્કો પહોંચ્યો છે.

રેશમના દોરાથી મોતીના દાગીના પરોવવાની ખાસ કારીગરી હોય છે. આ... પરોણીગરો કાયમ માટે આ કારીગરીથી ઘણી સારી રોજી મેળવે છે.

પરવાળું : (મંગળ)—આ નંગ ગુલાબી અગર લાલાશ રંગનાં હોય છે. વસ્તુતઃ આ નંગો સમુદ્રના કોઈ ટાપુ ઉપર થતી ... તનાં દરો અને અવશેષ જ હોય છે. એથી આ નંગમાં કોઈ જાતનો પ્રકાશ હોતો નથી. આ... કિંમત પણ ઘણી જ સાધારણ હોય છે. ... રંગનાં ચોખ્ખાં નંગ (સફેદ છાંટ વગરનાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપિયા પચાસથી સોદોઢસો રૂપિયે તોલાનાં હોય છે. પરવાળાં ખાસ કરીને મંગળના ગ્રહ તરીકે અથવા ફેન્સી દાગીનાઓમાં વપરાય છે. ગ્રહો માટે સારાં લાલ રંગનાં અને કોઈ પણ સફેદ છાંટ વગરનાં અને ખાસ કરીને ત્રિકોણ આકારનાં નંગ વપરાય છે.

પાનું: (બુધ)—પાનાનાં રત્નોનો રંગ લીલો હોય છે, તે પણ માણેક જેટલાં જ અથવા કંઈક વધારે કિંમતી હોય છે. તેની ખાણો ખાસ કરીને રશિયા, સિલોન અને હિંદમાં ઉદેપુર વગેરે ઠેકાણે છે. માણેકના [illegible] જેમ પાનામાં જાળાં હોય છે અને ઘણાં રંગીન પાનાંમાં કુદરતી ચીકાશ હોય છે. આ નંગના ઘાટ પણ માણેકની જેમ ગોળ, ચોકી, આંબાગોટી, મણી, ગોરવાળા (કુંજની જેવા) પોટા......વગેરેના હોય છે. પાનાંને કાપવાના ઘાટ બનાવવાના અને પાલીશ કરવાના ઉદ્યોગ માટે જયપુર પ્રખ્યાત છે. ત્યાં ઢગલાબંધ પાનાંઓ બને છે. અને તે માટે દુનિયાનું એ એક મોટું કેન્દ્ર ગણાય છે.

પોખરાજ: (ગુરુ)—આ નંગો પીળા અગર સફેદ રંગનાં હોય છે. સફેદ સારા પ્રકાશવાળાં કેટલીકવાર હીરા જેવાં જ દેખાય છે, પણ હીરા જેટલી કુદરતી તેજની થનથગાટ પોખરાજમાં હોતી નથી. આ નંગોમાં માણેક તથા શનિના જેવા ચીરાઓ, જાળાં, [illegible], કાળાશ વગેરે ત્રુટીઓ હોય છે; જે નરી આંખથી અગર દગકાચ (અં. આઈગ્લાસ)-થી જોઈ શકાય છે. આ પથ્થરોના બનાવેલા ઘાટ પણ માણેક શનિના જેવાં જ હોય છે. પોખરાજની ખાણો ખાસ કરીને બર્મા, ઈસ્ટ ઈંડીઝ અને સિલોનમાં છે. ત્યાં પોખરાજનો મોટા પ્રમાણમાં વેપાર છે. આ નંગો સાધારણ કિંમતનાં એટલે રતીના પાંચ-દસથી માંડીને સો-બસો રૂપિયા રતીના સુધી હોય છે. ગુરુના નંગ તરીકે ચોખ્ખા પીળા પોખરાજને પસંદગી આપવામાં આવે છે.

હીરો: (શુક્ર)—તેના સ્વયંપ્રકાશથી ચમકચમક થતો અને તણખા મારતો હીરો જોનારને મંત્રમુગ્ધ બનાવી દે છે. આ અણમોલ રત્નની વિશિષ્ટતા જ તેનો અખંડ સ્વયંસ્ફુરતો પ્રકાશ છે. હીરો સખ્તાઈમાં ઉચ્ચતમ ગણાય છે. હીરાની કિંમત તેનાં કદ, રંગ, (પાસાકામ) પ્રકાશ તેમ જ તેના પેટાળની શુદ્ધિ ઉપરથી અંકાય છે. હીરાના પેટાળમાં દગકાચ વડે કાળી, લાલ એબો જોવામાં આવે છે, જે હીરાની કિંમત આંકતી વખતે બીજી ઘણી ખાસિયતોની જેમ ધ્યાનમાં લેવી પડે છે. હીરાના પાસા પાડવાનો ખાસ મોટો ઉદ્યોગ હોય છે; જેનાં કારખાનાં હોલેન્ડ, બેલ્જિયમ અને પેલેસ્ટાઈનમાં મુખ્યત્વે આવેલાં છે. હિંદમાં પણ સુરત, મુંબઈમાં જૂજ નાનાં કારખાનાં છે. હીરાની ખાણો ખાસ કરીને દક્ષિણ આફ્રિકામાં છે. જગતના મોટાભાગના હીરાઓ ત્યાંથી નીકળે છે. બીજી જગાઓએ પણ છૂટીછવાઈ ખાણો છે. હિંદમાં પન્ના સ્ટેટમાંથી હીરા નીકળે છે.

હીરા પણ ઘણા રંગના હોય છે, જેવા કે ગુલાબી, વાદળી, સફેદ, લીલા (વનસ્પતિ), પીળા, તપખિરિયા, કાળા...વગેરે. ઉપરના ક્રમના રંગ પ્રમાણે જ તેની કિંમત પણ હોય છે, એટલે કે ગુલાબી રંગનો હીરો એકદમ કિંમતી ગણાય છે, જ્યારે કાળા રંગનો એકદમ હલકો ગણાય છે. હીરાના આકારમાં સાદા, ખાસ કરીને ગોળ અને ચોકી, તેમ જ ફેન્સીમાં પાન અને માર્કવીસ, ત્રિકોણ આકારના હોય છે. હીરાની પતરીઓ તેમ જ પતલા હીરા (વલંદી) જડતરના દાગીનામાં વપરાય છે.

જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે શુક્રનો સવળો પડેલો ગ્રહ જેમ સુખસંપત્તિ અને ઐશ્વર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાવે છે, તેમ હીરા પણ વૈભવની નિશાની અને શ્રેષ્ઠ રત્ન લેખાય છે.

શનિ : (શાન)—શનિનો રંગ ભૂરો હોય છે. આ નંગ તેના રંગ સિવાય બીજી રીતે માણેકને મળતું જ હોય છે. આ પુષ્થ-રેમાં પણ દૂધક ચીરા વગેરે ઐબ હોય છે. માણેક કરતાં તેની કિંમત ત્રીજાચોથા ભાગ જેટલી જ હોય છે. આ નંગો ખાસ કરીને ગ્રહોના નંગ તરીકે અથવા ફેન્સી દાગીનામાં વપરાય છે. ગ્રહ તરીકે બને તેટલું ચોખ્ખું નંગ વાપરવાની જ્યોતિષીઓની સલાહ હોય છે.

ગોમેદક : (રાહુ)—આ નંગ તપખીરિયા રંગનું અને પોખરાજ જેવું હોય છે. રાહુના નંગ તરીકે અને કવચિત્ દાગીનાઓમાં ફેન્સી નંગ તરીકે વપરાય છે. આની કિંમત પણ જૂજ હોય છે. રૂપિયે રતીથી માંડીને વધુમાં વધુ દસવીસ રૂપિયા રતીનાં નં[ગ] હોય છે.

લસણિયો : (કેતુ)—અંગ્રેજીમાં આ નંગને કેટ્સ આઈ-(બિલાડીની આંખ) કહે છે. આ જ શબ્દ તેના આકારની ઝાંખી આપે છે. લસણિયાનું નંગ દેખાવમાં લીલાશ પડતું અને કોઈકવાર લસણના જેવા રંગનું હોય છે. આ નંગની એક વિશિષ્ટતા એ છે, કે તેની ઉપર સફેદ કિરણની સ્પષ્ટ આડી એકાદ બે લાઈનો હોય છે. સૂર્યના તેજમાં અથવા કૃત્રિમ તેજમાં જોવાથી તે એકદમ બારીક દોરાની માફક સ્પષ્ટ દેખાય છે. આ નંગો પોટાના આકારનાં (પાસા વગરનાં) હોય છે અને કેતુના ગ્રહ તરીકે અગર ઊંચા ફેન્સી દાગીનામાં વપરાય છે. મોટાં નંગો જે લસણના જેવા રંગનાં અને સ્પષ્ટ દોરાવાળાં હોય છે, તે સારી કિંમતનાં હોય છે; બાકીનાં સાધારણ કિંમતના હોય છે.

★

આફ્રિકાના ગ્રાહકબંધુઓને

પરદેશ માટે 'અખંડ આનંદ'નું વાર્ષિક લવાજમ રૂા. ૧૦ાા અથવા શિ. ૧૬ાા છે. 'અખંડ આનંદ'નું ચોથું વર્ષ ૧લી નવેમ્બરથી શરૂ થાય છે. જેમનું લવાજમ પૂરું થાય છે તેમને તે બાબતના સમાચાર છેલ્લા અંકમાં એક સૂચનાપત્રથી અપાય છે. એટલે આફ્રિકાના જે ભાઈઓનાં લવાજમ પૂરાં થતાં હોય તેઓ નીચેનાં સ્થળોએ પોતાનું લવાજમ ભરીને પહોંચ મેળવી શકશે. અથવા શિ. ૧૬ાાનો 'પોસ્ટલ ઑર્ડર' અહીં મોકલી આપવા. લવાજમ મોકલતાં પોતાનો ગ્રાહક નંબર જણાવવા વિનંતિ છે.

૧. **શ્રી. હરમાનભાઈ ઝવેરભાઈ પટેલ**
હીઝ મેજેસ્ટીઝ કસ્ટમ્સ, પો. બો. નં. ૬૧, **મોમ્બાસા** (બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા)

૨. **શ્રી. છોટાભાઈ એલ. પટેલ**
પો. બો. નં. ૧૨, **લીરા** (બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રસંસ્થા

લેખક :
શ્રી રમાકાંત નટવરલાલ પરીખ
એમ. એ; એલએલ. બી.

વર્તમાનપત્રોમાં દરરોજ સંયુક્ત રાષ્ટ્રોની સંસ્થા 'યુનો'નો ઉલ્લેખ આવે છે. આ રાષ્ટ્રસંસ્થા શું છે? એનું અસ્તિત્વ ક્યારથી થયું? કોને એ આભારી છે? શા છે આ સંસ્થાના ઉદ્દેશો? એની બીજી શાખાઓ કઈકઈ છે? એ દરેકનો કાર્યપ્રદેશ કયો? આ પ્રશ્નોનો જવાબ આપતી સામાન્ય માહિતી આ લેખમાં આપવામાં આવી છે.

યુદ્ધ માનવીને ઘણા બોધપાઠ શીખવે છે. દરેક યુદ્ધના અંતે માનવી યુદ્ધની ભયાનકતા અને શાંતિની મહત્તા વિષે વિચાર કરવા લાગી જાય છે. યુદ્ધમાંથી અનેક અનિષ્ટો ઉદ્ભવતાં હોવા છતાં માનવીના જીવનની શરૂઆતથી જ બીજી બાબતોની જેમ યુદ્ધ પણ તેના સમૂહજીવનમાં વણાઈ ગયું હોય એમ લાગે છે. ઈતિહાસે પ્રારંભથી જ નાનાંમોટાં એક અથવા બીજા પ્રકારનાં યુદ્ધો નીરખ્યાં છે. યુદ્ધનું કારણ ગમે તે હોય–હેલન કે ક્લીઓપેટ્રા જેવી કોઈ રૂપસુંદરી માટે યુદ્ધ ખેલાયાં હોય કે મોગલ બાદશાહોની જેમ ધાર્મિક ઝનૂનના કારણે યુદ્ધ થયું હોય; પરંતુ તે બધાનું પરિણામ વિનાશમાં જ આવે છે. અર્વાચીન ઇતિહાસમાં યુદ્ધો મુખ્યત્વે આર્થિક કે સંકુચિત રાષ્ટ્રીયવાદના કારણે થવા પામ્યાં છે. છેલ્લાં બે વિશ્વયુદ્ધોમાં આર્થિક તત્ત્વો મહદ્ભાગે જવાબદાર હતાં એ આપણે જોઈ શકીએ છીએ.

સંસ્કૃતિ–માનવીની પ્રગતિનું એક એ ચિહ્ન છે, કે છેલ્લાં વિશ્વયુદ્ધોના અંતે યુદ્ધ નિવારવાના માર્ગો અપનાવવા રાષ્ટ્રોએ પ્રશંસનીય પ્રયાસ આદર્યો છે. પહેલા વિશ્વયુદ્ધને અંતે એક રાષ્ટ્રસમૂહ(અં. લીગ ઑફ નેશન્સ)ની સ્થાપના કરવામાં આવી હતી, પણ તે સંસ્થા કામિયાબ નીવડી ન શકી; અને માત્ર પચીસ વર્ષના ગાળામાં બીજું ભયંકર વિશ્વયુદ્ધ શરૂ થયું. બીજા વિશ્વયુદ્ધનાં પરિણામોએ અને ખાસ કરીને અણુબૉમ્બ અને તેથી પણ વધુ વિનાશક હાઈડ્રોજન બૉમ્બ જેવી મહાવિનાશકારી શોધોએ જગતને એટલું ચોંકાવી મૂક્યું કે યુદ્ધોની પરંપરામાંથી કંઈક રસ્તો શોધવા સર્વેએ મથામણ કરી. જગતમાં ચિરવ્યાપી શાંતિ સ્થાપવાની ભાવના અને યુદ્ધની ભયંકરતામાંથી બચવાની વૃત્તિને કારણે રાષ્ટ્રસંઘ અથવા સંયુક્ત રાષ્ટ્રોની સંસ્થા(અં. યુનાઈટેડ નેશન્સ)નો ઉદ્ભવ થયો. આખા જગતની શાંતિનો આધાર આ સંસ્થા કેટલે અંશે કામિયાબ નીવડે છે તેના પર રહેલો છે. આ લેખમાં આ મહાન સંસ્થા અને તેનાં વિવિધ અંગોનો કંઈક પરિચય કરાવવાનો પ્રયાસ છે.

સને ૧૯૪૧ના ઑગસ્ટની ૧૪મી તારીખે અમેરિકાના તે વખતના પ્રમુખ ફ્રેડરિક રૂઝવેલ્ટ અને ઇંગ્લેંડના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલે આટલાંટિક સમુદ્રમાં નૌકા ઉપર મંત્રણા કર્યા બાદ એક જાહેરનામું બહાર પાડેલું જે આટલાંટિક ચાર્ટરના નામથી ઓળખાય છે. એમાં જગતના સર્વ દેશોને સ્વાતંત્ર્ય, જગતના વેપારમાં એકસરખી અનુકૂળતા અને સામાજિક સલામતી ઇત્યાદિ સિદ્ધાંતોનો અનુરોધ કરવામાં આવ્યો હતો. ત્યારપછી ૧૯૪૨ના જાન્યુઆરી માસની પહેલી તારીખે છવ્વીસ સાથી રાજ્યોએ આટલાંટિક કરાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામાના સિદ્ધાંતને અપનાવતા ખરડાનો સ્વીકાર કર્યો. અને ત્યારપછી ૧૯૪૩ના ઑક્ટોબર માસમાં મૉસ્કોમાં પરિષદ મળી ત્યારે રાષ્ટ્રસંઘ એટલે કે સંયુક્તરાષ્ટ્રોની સંસ્થા(અં. યુનાઈટેડ નેશન્સ)ની સ્થાપનાની ચર્ચા ચલાવવામાં આવી હતી. અવારનવાર પરિષદો ભર્યા પછી રાષ્ટ્રસંઘનું નક્કર સ્વરૂપ ઘડી કાઢવામાં આવ્યું અને ૧૯૪૫ના ઑક્ટોબરની ૨૪મી તારીખથી એની કાર્યવાહીની સત્તાવાર શરૂઆત થઈ.

રાષ્ટ્રસંઘનાં મુખ્ય છ અંગો છે. સામાન્ય સભા (અં. જનરલ એસેમ્બ્લી), સલામતિ સમિતિ (અં. સીક્યોરીટી કાઉન્સીલ), આર્થિક અને સામાજિક સમિતિ (અં. ઇકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ), જુમ્મેદાર સમિતિ (અં. ટ્રસ્ટીશીપ કાઉન્સિલ), આંતરરાષ્ટ્રીય અદાલત (અં. ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટીસ) અને કાર્યાલય (અં. સેક્રેટરિયેટ) આ દરેકની રચના અને કાર્યક્ષેત્ર કેવા પ્રકારનાં છે તે આપણે સૌએ આજના આંતરરાષ્ટ્રીયવાદના જમાનામાં જાણવું અને સમજવું જોઈએ.

સામાન્ય સભામાં દરેક સભ્યને એટલે કે જે રાષ્ટ્રસભ્ય હોય તે રાષ્ટ્રને પાંચ પ્રતિનિધિ મોકલવાનો અધિકાર હોય છે; પરંતુ દરેક સભ્યને એક મતનો અધિકાર છે. સામાન્ય સભાની બેઠક દરેક વર્ષે સપ્ટેમ્બર માસના ત્રીજા મંગળવારના રોજ ભરવામાં આવે છે; સલામતી સમિતિની માગણીથી મહામંત્રી ખાસ બેઠક બોલાવી શકે છે તેમ જ સભ્યો બહુમતીથી ખાસ બેઠક બોલાવી શકે છે. સામાન્ય સભા જગતની પાર્લામેન્ટ છે એમ કહી શકાય. એમાં ભિન્નભિન્ન રાષ્ટ્રોના દષ્ટિબિંદુની રજૂઆત થાય છે અને વિચારોની આપલે કરવામાં આવે છે. એનું કાર્યક્ષેત્ર વિસ્તૃત છે. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી સ્થાપવા અને જાળવવા અંગેના પ્રશ્નોની તે વિચારણા કરે છે અને પોતાની ભલામણો રાષ્ટ્રો સમક્ષ પેશ કરે છે. સંસ્થાનાં નાણાં ઉપર સામાન્ય સભાની સંપૂર્ણ સત્તા છે. એ સંસ્થાનું અંદાજપત્રક મંજૂર કરે છે અને સંસ્થાનાં વિવિધ અંગોનું ખર્ચ નક્કી કરી આપે છે. સલામતી સમિતિના બીન-કાયમી સભ્યોની ચૂંટણી પણ સામાન્ય સભા કરે છે. સામાન્ય સભામાં દરેક રાષ્ટ્ર(સભાસદ)ને એકમત હોય છે અને મહત્ત્વના નિર્ણયો સભામાં જે સભ્યો હાજર હોય અને મત આપે તેની બેતૃતીયાંશ બહુમતીથી કરવામાં આવે છે. કાર્યવાહીની પદ્ધતિ તેમજ દરેક બેઠકના પ્રમુખ અને ઉપ-પ્રમુખની પસંદગી સામાન્ય સભા પોતે કરે છે. સભાનું ઘણુંખરું કામકાજ સમિતિઓ દ્વારા કરવામાં આવે છે. મુખ્યત્વે ચાર પ્રકારની સમિતિઓ છે. મુખ્ય સમિતિઓમાં રાજકીય સમિતિ, આર્થિક સમિતિ, સામાજિક અને સાંસ્કૃતિક સમિતિ વગેરેનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રસંઘનું બીજું મુખ્ય અંગ સલામતી સમિતિ છે; અને તે અગિયાર સભ્યોની રચાયેલી છે. અમેરિકા, રશિયા, ઇંગ્લાંડ, ફ્રાંસ અને ચીન એ કાયમી સભ્યો છે. બાકીના સભ્યોની ચૂંટણી સામાન્ય સભા કરે છે અને તેમને બે વરસની મુદત માટે ચૂંટવામાં આવે છે. તેઓ તુરત જ ફરીથી ચૂંટાવાને પાત્ર નથી.

સલામતી સમિતિ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી માટે મુખ્યત્વે જવાબદાર હોય છે. રાષ્ટ્રોના ઝઘડાનો તે શાંતિપૂર્વક ઉકેલ લાવવા પ્રયત્ન કરે છે. સંસ્થામાં નવા સભ્યોને સલામતી સમિતિની ભલામણ અનુસાર સામાન્ય સભા દાખલ કરે છે. સલામતી સમિતિ અને સામાન્ય સભા આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશોની પસંદગી કરે છે. કોઈ પણ કાયદાના પ્રશ્ન પરત્વે સલાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મતી સમિતિ આંતરરાષ્ટ્રીય અદાલતની સલાહ લઈ શકે છે. સલામતી સમિતિની ભલામણ અનુસાર સામાન્ય સભા એક સામાન્ય મંત્રી(અં. સેક્રેટરી જનરલ)ની પસંદગી કરે છે. સલામતી સમિતિના દરેક સભ્યને એકએક મત આપવાનો અધિકાર છે. ચાલુ કાર્યપદ્ધતિના વિષયો પરત્વે બહુમતીથી નિર્ણય કરવામાં આવે છે. બીજી બાબતોમાં પાંચ કાયમી સભાસદ રાષ્ટ્રોની સંમતિ આવશ્યક છે. એક પણ કાયમી સભાસદ વિરુદ્ધ જાય તો તે નિર્ણય થઈ શકે નહિ. રશિયા આ ખાસ અધિકાર વાપરી ઘણી બાબતોને ઉડાડી મૂકે છે, એ આપણા સામાન્ય અનુભવની વાત છે. પરંતુ જો કોઈ કાયમી સભાસદ પોતે ઝઘડામાં સંડોવાયેલ હોય અને તે બાબતનો નિર્ણય સલામતી સમિતિને કરવાનો હોય ત્યારે તે કાયમી સભાસદ મત આપી શકે નહિ. સલામતી સમિતિનું પ્રમુખપદ દરેક સભાસદને ફાળે વારાફરતી જાય છે. સલામતી સમિતિ કેટલીક પેટા સમિતિઓની રચના કરે છે; અને પોતાની કાર્યપદ્ધતિ નક્કી કરે છે. સલામતી સમિતિના પ્રમુખપદનું બહુમાન આપણા દેશને પણ મળ્યું છે; અને એ મહાન જવાબદારીભર્યો હોદ્દો ભારતના પ્રતિનિધિ શ્રીયુત (સર) બેનીગલ રામરાવ સંભાળી રહ્યા છે. એમના પ્રમુખપદ દરમ્યાન કોરિયાના યુદ્ધનો અતિ ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયો છે. આ પ્રશ્નનો ઉકેલ રાષ્ટ્રસંઘ કેવી રીતે લાવે છે તે ઉપર આખા જગતની શાંતિનો આધાર રહેલો છે.

આર્થિક અને સામાજિક સમિતિમાં અઢાર સભ્યો છે અને તેમની ચૂંટણી સામાન્ય સભા કરે છે. એ પૈકી છ સભાસદો દર વર્ષે ત્રણ વર્ષની મુદત માટે ચૂંટાય છે. દર વર્ષે ઓછામાં ઓછા ત્રણ વખત માટે આ સમિતિની બેઠક ભરવામાં આવે છે. આ સમિતિનું મુખ્ય કર્તવ્ય આંતરરાષ્ટ્રીય, આર્થિક અને સામાજિક સહકાર ગાઢો બનાવવાનું છે. એ જુદાંજુદાં રાષ્ટ્રોના અને આંતરરાષ્ટ્રીય આર્થિક અને સામાજિક પ્રશ્નોનો અભ્યાસ કરે છે અને તે અંગે યોગ્ય સલાહ-સૂચનાઓ આપે છે. સમિતિ પોતાની કાર્યપદ્ધતિ જાતે નક્કી કરે છે અને પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. સમિતિએ કેટલીક પેટા-સમિતિ (અં.કમિશન)-ની રચના કરી છે. આ પેટા સમિતિઓમાં આર્થિક સમિતિ, વાહનવ્યવહાર સમિતિ, માનવહક્ક સમિતિ વગેરેનો સમાવેશ થાય છે.

એ ન્યાયની સર્વોપરી આંતરરાષ્ટ્રીય અદાલત છે. એમાં કુલ પંદર ન્યાયાધીશો હોય છે. એક રાષ્ટ્રના એકથી વધુ ન્યાયાધીશ હોઈ શકે નહિ. આ ન્યાયાધીશોની જે તે રાષ્ટ્રમાં પ્રખર ન્યાયશાસ્ત્રી અને ઉમદા ચારિત્ર્યવાળા તરીકે ખ્યાતિ પામેલા હોય એવામાંથી પસંદગી થાય છે. એમની ચૂંટણી સામાન્ય સભા અને સલામતી સમિતિ ખાસ મુકરર કરવામાં આવેલી પદ્ધતિ પ્રમાણે કરે છે. એમના હોદ્દાની મુદ્દત નવ વરસની હોય છે. જુદાંજુદાં રાષ્ટ્રો વચ્ચે તકરાર ઊભી થાય અને એ તકરારનો નિકાલ કરવાનું કામ આ અદાલતને સોંપવામાં આવે તો આ અદાલત તેનો નિર્ણય કરે છે. આ નિર્ણય આંતરરાષ્ટ્રીય ધારાધોરણો અને રૂઢિ-પ્રણાલિકાઓ અનુસાર કરવામાં આવે છે. જો કોઈ પક્ષ અદાલતના ચુકાદા અનુસાર વર્તે નહિ તો બીજો પક્ષ સલામતી સમિતિને તે પ્રશ્ન સોંપી શકે; અને સલામતી સમિતિ તે સંબંધી યોગ્ય પગલાં લે છે.

સંયુક્ત રાષ્ટ્રોની એક કચેરી (અં. સેક્રેટરિયેટ) પણ હોય છે. એ કચેરી મહામંત્રીના હાથ નીચે સંયુક્ત રાષ્ટ્રોનું કામકાજ કરે છે. મહામંત્રીની ચૂંટણી સામાન્ય સભા સલામતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમિતિની ભલામણથી કરે છે. પ્રથમ મહામંત્રી તરીકે ચૂંટાવાનું માન નોર્વેના શ્રી ટ્રીગ્વેલીને મળ્યું છે. તેમની ચૂંટણી ૧૯૪૬ના ફેબ્રુઆરી માસની પહેલી તારીખે પાંચ વર્ષની મુદત માટે કરવામાં આવી હતી. મહામંત્રીને વાર્ષિક વેતન તરીકે લગભગ એક લાખ રૂપિયા અને ભથ્થાભાડાં તરીકે બીજા એક લાખ રૂપિયા આપવામાં આવે છે. મહામંત્રી બીજા નાનામોટા અધિકારીઓની નિમણૂક કરે છે. એ પસંદગીમાં ચારિત્ર્ય અને કાર્યક્ષમતા ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે. આ બધા અધિકારીઓ જે તે રાષ્ટ્રના રાષ્ટ્રજન હોવા છતાં આંતરરાષ્ટ્રીય ભાવનાથી કાર્ય કરે અને કોઈ રાષ્ટ્રની તરફેણમાં કે વિરુદ્ધમાં જાણીબૂઝીને કામ કરે નહિ તે પ્રમાણે ઇંતેજારી સેવવામાં આવે છે. આ કચેરીમાં મહામંત્રીના ખાતા ઉપરાંત બીજાં આઠ જુદાંજુદાં ખાતાંઓ છે. તે ખાતાંઓ સલામતી સમિતિની બાબતો, આર્થિક બાબતો, સામાજિક બાબતો, પરતંત્ર રાજ્યોના વહીવટ સંબંધી, જાહેર માહિતી, ન્યાય, પરિષદ, વહીવટી અને આર્થિક નોકરી એમ આઠ ક્ષેત્રોને લગતાં રચવામાં આવ્યાં છે.

આ પ્રમાણે સંયુક્ત રાષ્ટ્રોની સંસ્થા-રાષ્ટ્રસંઘની રચના કરવામાં આવેલી છે. જગતની શાંતિનો આધાર આ આંતરરાષ્ટ્રીય સંસ્થા કેટલે અંશે તેના હેતુ સિદ્ધ કરવામાં ફળીભૂત થાય છે તેના ઉપર રહેલો છે. જ્યાંસુધી રાષ્ટ્રો પોતાના ઝઘડા લવાદી મારફત પતાવવાનો માર્ગ અખત્યાર કરે નહિ અને યુદ્ધનો આશ્રય લે ત્યાંસુધી માનવીના જીવનમાંથી યુદ્ધને અલગ પાડી શકાશે નહિ. એ તો દેખીતું છે, કે આ મહત્ત્વની સંસ્થા સંપૂર્ણ છે અગર તો તે મહાન હેતુ સિદ્ધ કરે છે એમ તો ન જ કહી શકાય. તેનું કાર્યક્ષેત્ર જ એવા ગંભીર પ્રકારનું છે કે તેમાં ત્રુટિઓ રહે એ સ્વાભાવિક છે; કેમકે જ્યાંસુધી મનુષ્યસ્વભાવમાં ધરખમ મૂળભૂત પરિવર્તન થવા પામે નહિ, ત્યાંસુધી મનુષ્યરચિત અને મનુષ્યસંચાલિત સઘળી સંસ્થાઓમાં ત્રુટિઓ રહેવાની. રાષ્ટ્રસંઘનું અસ્તિત્વ હોવા છતાં કોરિયામાં જે યુદ્ધ થવા પામ્યું છે એ ખેદની વાત છે. રાષ્ટ્રસંઘ પ્રત્યે રશિયાનું વલણ બેદરકારીભર્યું બનતું જાય છે, એ રાષ્ટ્રસંઘના ભાવિ માટે આશાસ્પદ ચિહ્‌ન નથી. જ્યાંસુધી નાનામોટાં તમામ રાષ્ટ્રો રાષ્ટ્રસંઘને માન આપે નહિ અને રાષ્ટ્રસંઘના નિર્ણયો માન્ય રાખે નહિ ત્યાંસુધી તેની મહત્તા અને ગૌરવ સચવાઈ શકે નહિ. પ્રથમ વિશ્વયુદ્ધના અંતે રાષ્ટ્રસમૂહ(અં. લીગ ઑફ નેશન્સ)ની સ્થાપના કરવામાં આવેલી; પરંતુ જર્મની અને બીજાંએ તેને સહૃદયતાથી ટેકો આપ્યો નહિ; એટલે એ સંસ્થા નિષ્ફળ નીવડી. રાષ્ટ્રસંઘની બાબતમાં પણ જો ઇતિહાસનું પુનરાવર્તન થાય તો તે એક ગંભીર કમનસીબી લેખાશે.

★

કોઈ એક મોટી ઑફિસના અધિકારીએ નોકરી મેળવવા આવનારને જરા ગુસ્સે થઈ જણાવ્યું: નહિ, નહિ, હું તમને નોકરીએ રાખી શકું એમ નથી. નોકરી મેળવવા માટે રોજની એટલી બધી અરજી આવે છે કે એમનાં નામ પણ હું ભૂલી જાઉં છું.

પેલાએ શાંતિથી પણ આશા સહિત તુરત જ જવાબ દીધો:

'સાહેબ, ત્યારે એ બધાનો રેકર્ડ રાખવાનું કામ મને સોંપો!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યકિત અને સમાજ

લેખક : શ્રી ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત

આદિકાળમાં પુરુષ અને પ્રકૃતિનું જોડું હતું. પ્રજનનશકિતના પ્રભાવે તેનો વિસ્તાર થઈ એક જૂથમાંથી બીજાં અનેક એવાં જૂથ બંધાયાં. આરંભમાં એ જૂથ વનમાં ઝાડની ડાળીઓ પર રહેતાં અને પાંદડાં, ફળ અને ફૂલ ખાઈ જીવન નભાવતાં. હિંસક પ્રાણીઓના ભયથી બચવા તે એક ડાળીએથી બીજી ડાળી પર ચઢી પાંદડાંની ગુફામાં આશ્રય લેતાં, કેટલાંક હજાર વરસ એ સ્થિતિમાં વહી ગયાં. પછી ઝાડની ગુફાઓ ને પર્વતોની બખોલોમાં રહેવા લાગ્યાં. ધીમેધીમે ઝૂંપડાં બાંધવાની, પથ્થરનાં હથિયારો બનાવવાની અને અગ્નિની શોધ થઈ. પછી કેટલાંક જૂથ ભેગાં મળી ગામડાં વસાવી સાથે રહેવા લાગ્યાં. આ વખતે જુદાંજુદાં મગજમાંથી જુદીજુદી બુદ્ધિનો મેળાપ થતાં ખેતી અને હુન્નરકારીગરીના ધંધા શરૂ થયા ને વહેવારનાં સાધન વધ્યાં. આમ ભૂતકાળમાં ઉત્પત્તિસમય સુધીમાં નજર નાખીએ તો યે માણસજાત વ્યક્તિ તરીકે એકલી રહેતી કદી જણાઈ નથી. નાનામોટા સમૂહમાં જ હમેશાં માનવી રહેતો. રામાયણ કાળના વાનરો તે જ આદિ માનવો.

કાળક્રમે જુદાજુદા સમૂહો ભેગા થયા. તેનો સમાજ બન્યો. ડાહ્યા માણસોએ તેને વ્યવસ્થિત બનાવ્યો ને અગસ્ત્ય, વસિષ્ઠ, મનુ આદિ ઋષિઓએ ધારાધોરણ ઘડી સમાજને સુખી અને દૃઢ બનાવ્યો. એ ધારાધોરણ સ્થિતિસ્થાપક હતાં. સ્થળ અને કાળ પ્રમાણે તેમાં ફેરફાર થતા. તેથી સમાજનો દેહ તંદુરસ્ત રહેતો. વખત જતાં વિશાળ સમાજની અંદર સરખા ગુણ–સ્વભાવવાળાં માણસોનાં પેટામંડળ રચાયાં. એ મંડળ તે જ ચાર વર્ણો. એમાંથી વળી નાનાં અનેક મંડળ રચાયાં; તે હાલની જ્ઞાતિઓ. આ નાનાં મંડળોએ પણ શરૂઆતમાં પોતાનાં ધારાધોરણ ઘડ્યાં, પણ તે વહેતાં જળ જેવાં નહિ હોવાથી રૂઢ થઈ લાંબા કાળે બંધિયાર ખાબોચિયાનાં જળની પેઠે ગંધાઈ ઊઠ્યાં.

વ્યક્તિ અને સમાજને જોડનાર અંકોડારૂપ સંયુક્ત કુટુંબ હતું. દરેક સંયુક્ત કુટુંબને પોતાના વિશિષ્ટ આચારવિચાર હતા. પણ તે સમાજનાં ધારાધોરણને બાધક ન હતાં. પ્રત્યેક સંયુક્ત કુટુંબ ધાર્મિક ને આર્થિક બાબતોમાં સદ્ધર હતું. ધાર્મિક બાબતોમાં એનો વડીલ પુરોહિતરૂપ ને આર્થિક બાબતમાં મધ્યસ્થ ખજાનારૂપ હતો. આથી કુટુંબની કોઈ પણ વ્યક્તિને પોતાની જાત માટે ભવિષ્યની ચિંતા રહેતી નહિ. આથી તેમના મનમાં વ્યક્તિ તરીકે કદી વિચાર ઉદ્ભવતો નહિ, પણ આખા કુટુંબના સુખ માટેના જ વિચારો આવતા. સંયુકત કુટુંબપ્રથા આ રીતે વ્યકિતની સંકુચિત ભાવના પર અંકુશ રાખતી ને સમાજભાવનાને પોષણ આપતી.

આમ પદાર્થમાં જેમ અણુ, અણુસમૂહ અને પદાર્થ–એ ત્રણ ક્રમ છે તેમ સમાજમાં પણ વ્યકિત, સંયુકત કુટુંબ ને સમાજ એ ત્રણ ક્રમ છે. બીજી રીતે કહીએ તો વ્યકિત એ સમાજનો પાયો છે. એટલે વ્યકિત વગર સમાજ રચાતો નથી અને સમાજ વગર વ્યકિત રહી શકતી નથી. માણસ સમાજમાં રહેતું પ્રાણી છે એટલે તેણે હમેશાં કેવળ પોતાની જાત માટે જ રક્ષણ, પોષણ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખનો વિચાર કરવાનો નથી; પણ આખા સમાજનાં રક્ષણ, પોષણ અને સુખ માટેનો વિચાર કરવાનો રહે છે. વ્યક્તિના સુખમાં સમાજનું સુખ સમાતું નથી, પણ સમાજના સુખમાં જ વ્યક્તિનું સુખ સમાયેલું છે. સમાજના હિતની આવી ભાવનાને આપણે સામાજિક ભાવના કહીશું.

આ રીતે પ્રત્યેક વ્યકિત સમાજ સાથે સંકળાયેલી હોવાથી સમાજનું હિત નજર સામે રાખી, એણે પોતાના વ્યવહાર કરવાના રહે છે. કોઈ વ્યક્તિ એમ માને, કે 'સમાજ સાથે મારે કંઈ લેવાદેવા નથી. હું સ્વતંત્ર રીતે વ્યકિત તરીકે રહી શકું છું' તો એની એ સમજ ખોટી છે. વ્યક્તિ તરીકે તે કોઈ વ્યવહાર કરી શકતો નથી. તેણે જંગલમાં એકાંત સ્થળે જઈ રહેવું જોઈએ. સમાજભાવના હાલ આપણા દેશમાં બહુ જ નબળી પડેલી જણાય છે. પ્રત્યેક વ્યકિત ફક્ત પોતાના જ સ્વાર્થ માટે પ્રયત્નો કરે છે. નીચલા થર કરતાં સમાજના ઉપલા થરમાં આ વૃત્તિ વધારે પ્રબળ જણાય છે. એટલે કાળાંબજાર ને લાંચરુશવતનાં જોર જામ્યાં છે; આખો સમાજ નૈતિક અધઃપતન પામ્યો છે. આપણે સૌ ભૂખમરા તરફ હડસેલાઈ રહ્યાં છીએ. 'સમાજ સુખી તો જ આપણે સુખી'નું સૂત્ર આપણે ભૂલી ગયા છીએ ને તેનાં માઠાં પરિણામ આજે આપણે ભોગવી રહ્યાં છીએ.

વ્યકિતના નાનામોટા પ્રત્યેક કાર્યની સારીનરસી અસર સમાજ પર થયા વિના રહેતી નથી. દરેક વ્યક્તિ જો સ્વચ્છતાનો લાભ સમજી તે પ્રમાણે વર્તે તો આખો સમાજ સ્વચ્છ ને તંદુરસ્ત બને. પ્રત્યેક વ્યકિત જો વ્યવસ્થાશકિત કેળવે તો આખો સમાજ સંગઠિત બની મજબૂત થાય. પ્રત્યેક વ્યકિતના નીતિધર્મ ઉચ્ચ પ્રકારના હોય તો આખા સમાજના ચારિત્ર્યનું ધોરણ ઊંચું આવે; સાથે સુખસંપત્તિમાં પણ વધારો આપોઆપ થાય જ.

નાની ગણાતી આ બાબતોમાં પણ આપણે કેટલા બધા બેદરકાર છીએ! આપણે આપણા ઘરની સફાઈ કરી કચરો બહાર શેરીમાં નાખીએ છીએ. શેરીના રહેનાર બધા કે ઓછાવત્તા એમ કરે, એટલે શેરીમાં ગંદકીનો ઢગ જામે; એની બદબો આખી શેરીની બલકે આખા ગામની હવા બગાડે ને તેથી બધાં માણસો સાથે આપણી–શેરીમાં કચરો નાખનારની–તંદુરસ્તી પણ બગડે. છતાં આપણે તો આપણા ઘરની સફાઈ કર્યાનો સંતોષ અનુભવીએ છીએ! અતિ સામાન્ય ગણાતી આ બાબતમાં પણ આપણી સમાજભાવના કેટલી હલકી છે તે આ ઉપરથી સમજાય છે.

ગાડીમાં બેસતાં, મેળામાં જતાં કે કોઈ સભામાં ભાગ લેતાં આપણે વ્યવસ્થા જાળવી શકતા નથી. સૌથી મોડા જવું ને સૌથી વધારે સારી સગવડ મેળવવી એવી નિર્ભાવના આપણામાં પ્રધાનપણે રહે છે. આથી આપણે આપણી આગળનાં માણસોને ધક્કામારી–અરે, એમને ઇજા પહોંચાડીને પણ–આગળ વધવાનો પ્રયત્ન કરીએ છીએ! વળી એ સઘળે સ્થળે આપણે ગમે ત્યાં થૂંકી, નાક ખંખેરી, ખાધેલાં ફળનાં છોતરાં નાખી, બીડીના ધુમાડા કાઢી, મોટેથી કે બીભત્સ શબ્દો બોલી તે આખા સ્થળને અને ત્યાંની હવાને કેવાં બગાડી મૂકીએ છીએ!

આપણે આપણા રોજના ધંધામાં–નોકરીમાં, મજૂરીમાં, ખેતીમાં, વેપારમાં કે હુન્નરઉદ્યોગમાં નીતિ જાળવતા નથી. નોકરીમાં અપ્રામાણિકપણે વર્તીએ છીએ, મજૂરી કરવામાં લુચ્ચાઈ બતાવીએ છીએ, ખેતીનો માલ વેચવામાં ભેળસેળ કરીએ છીએ, વેપારમાં એકના બે કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરકીબો રચીએ છીએ અને હુન્નરઉદ્યોગમાં દુર્બુદ્ધિ બતાવી આખા સમાજની–કહો કે રાષ્ટ્રની કીર્તિને કલંકિત કરીએ છીએ! આ બધાં આપણી કરમાતી સમાજભાવનાનાં નમૂનારૂપ થોડાંક દૃષ્ટાંતો છે. જો હજી યે ચેતીને આપણે આપણી સમાજભાવનાને તંદુરસ્ત બનાવી ખીલવીશું નહિ, તો કાળક્રમે–બહુ ટૂંકા વખતમાં આપણો વિનાશ નક્કી છે.

સામાન્ય વ્યક્તિના કાર્યની અસર સમાજ પર ઓછા પ્રમાણમાં થાય છે, પણ મહાન વ્યક્તિના કાર્યની અસર ભારે થાય છે. ઈશુખ્રિસ્ત, બુદ્ધ, મહંમદ પેગમ્બર ને ગાંધીજી જેવી મહાન વ્યક્તિઓએ પોતાના વખતના સમાજમાં પરિવર્તન આણી સમાજને તંદુરસ્ત, સુખી ને સુદૃઢ બનાવ્યો એ તો આપણે સૌ જાણીએ છીએ.

વ્યક્તિઓ સમાજને પડતો અટકાવી શકે છે, તેમ તેના ચારિત્ર્યને પોષી ઉચ્ચ પણ બનાવી શકે છે. પ્રાચીન સમય તરફ નજર કરીએ તો જણાય છે કે ભગવાન રામચંદ્રે પિતાના વચનપાલન માટે સ્વેચ્છાએ વનવાસ સ્વીકાર્યો ને પોતાનાં વ્યક્તિગત હિતોનું બલિદાન આપ્યું. સીતાજીના ચારિત્ર્ય માટે પોતાને સહેજ પણ શંકા નહિ હોવા છતાં, લોકાપવાદથી તેમનો ત્યાગ કર્યો ને પોતે ભયંકર મનોવ્યથા વહોરી લીધી! આ બંને દાખલાઓમાં સમાજના ચારિત્ર્યને પોષણ આપવાનો જ હેતુ પ્રધાનપણે તેમણે રાખ્યો હતો. સમાજદેહને તંદુરસ્ત રાખવાના પ્રયત્નમાં જ વિશ્વવંદ્ય ગાંધીજીએ પોતાના દેહનું બલિદાન આપ્યું! સમાજ પ્રત્યેના વ્યક્તિધર્મનાં આ ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. એથી ઊલટું મહર્ષિ ભીષ્મ ને દ્રોણ જેવી વ્યક્તિઓએ સમાજ પ્રત્યેના પોતાના ધર્મમાં ઉદાસીનતા સેવી!

'સમાજસેવા એ જ ઈશ્વરસેવા છે' એમ સમજી આપણા ઋષિમુનિઓ વનમાં રહ્યેરહ્યે સમાજના કલ્યાણની ભાવના સેવતા ને તેને અનુકૂળ વર્તન રાખતા. આજે પૂ. રવિશંકર મહારાજને અને શ્રી સંતબાલજીને એ જ રસ્તે વિચરતા આપણે નજરે જોઈએ છીએ. આપણા સમાજના આગેવાનો સત્તાનાં સૂત્રોનો મોહ ત્યજી આવી ઉત્તમ ભાવના સેવી તેને અનુરૂપ વર્તન કરે તો આપણો સમાજદેહ તંદુરસ્ત થઈ કેવો સુદૃઢ બને!

આપણે દરેક પોતાનો ધર્મ માનીએ છીએ, પણ સૌનો મળીને પણ કોઈક ધર્મ છે, એનો વિચાર કરતા નથી. આ સૌનો ધર્મ તે જ સમાજનો ધર્મ. સમાજના આ ધર્મમાં નિર્દોષ વ્યક્તિઓનું રક્ષણ, તોફાની વ્યક્તિઓ પર અંકુશ, અનીતિમાન વ્યક્તિઓને દંડ, જાહેર સંસ્થાઓ અને ઇમારતોનું રક્ષણ, સમાજની તંદુરસ્તીની જાળવણી તથા સમાજમાં રસ, ઉલ્લાસ ને જોમ ખીલે અને નીતિમત્તા જળવાય એવા પ્રસંગો યોજવાનો સૌનો ધર્મ બની રહે છે. ઘણી વખત આપણો સમાજ તોફાની વ્યક્તિઓથી નિર્દોષ વ્યક્તિને પીડાતી જોઈ રહે છે અને શરમ કે શેહથી દબાઈ તે તરફ બેદરકારી બતાવે છે. આગેવાન ગણાતી વ્યક્તિઓનાં શિથિલ ચારિત્ર્યને મૂગે મોઢે સહન કરી લે છે. જાહેર સંસ્થાઓના હિસાબના ગોટાળા બહાર પાડવાની હિંમત દાખવતો નથી કે નાણાંના થતા દુર્વ્યયને અટકાવી શકતો નથી. જર્જરિત થયેલી જાહેર ઇમારતોને દુરસ્ત કરાવવાની કાળજી રાખતો નથી. આવીઆવી ઘણી બાબતોમાં સમાજ પોતાનો ધર્મ ચૂકે છે ને તેનાં અનિષ્ટ પરિણામો તે ભોગવે છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હળ વિ. ટ્રેક્ટર

લેખકો :

શ્રી ડોલરરાય ભટ્ટ એમ. એ., **શ્રી ધર્મસિંહ ડુંગરભાઈ ગોપાણી** એમ. એસ. સી. ખેતવાડી. **શ્રી પ્રતાપરાય ન. શુકલ** બી. એજી. એસ. ટી. સી; બી. ટી., **શ્રી માર્તંડરાય શિવભદ્ર પંડ્યા** બી. એજી. બી. એસ. સી. બી. એ. એસ., **શ્રી ભાઈલાલભાઈ લલ્લુભાઈ પટેલ** બી. એસ. સી. ખેતીવાડી **તથા શ્રી ચીમનભાઈ પુ. પટેલ** બી. એસ. સી. ખેતીવાડી.

'અખંડ આનંદ'ના જુલાઈના અંકમાં 'હળ વિ. ટ્રેક્ટર' નામનો લેખ છપાયેલો તે સંબંધમાં એ વિષયના અભ્યાસીઓ અને લેખકોના કેટલાક લેખો અમને પ્રાપ્ત થયા છે. ઘણા લેખો સારા અને પ્રમાણો સહિત લખાયેલા છે. એ બધા લેખો 'અખંડ આનંદ'માં છાપવાનું શકય નથી એટલે એ લેખોના મહત્ત્વના મુદ્દાઓ અહીં રજૂ કર્યા છે. જે લેખકોના લેખોનો આ મુદ્દાઓ માટે ખાસ ઉપયોગ કર્યો છે, તેમનાં નામોનો ઉલ્લેખ ઉપર કર્યો છે. જેમના લેખોમાં નવીનતા કે ઊંડાણ નથી લાગ્યાં તે છોડી દીધાં છે. 'અખંડ આનંદ'નો આ ખાસ વિષય નથી એટલે આ સંબંધમાં વધુ લેખો કે ચર્ચા છાપવાનું બની શકશે નહિ તે માટે ક્ષમા ચાહીએ છીએ. આ વિષયના વિવિધ વાચનની અમારા મન ઉપર એવી અસર પડી છે કે જૂના હળના અને આધુનિક ટ્રેક્ટરના હિમાયતીઓમાંના કેટલાક પોતાના વિચારો માટે વધુપડતા આગ્રહી છે, સત્ય એ બંનેની વચ્ચે હોવાનો વધુ સંભવ છે.

૧. બળદની એક જોડને એક સાંતીની ખેડ કરતાં જેટલો સમય લાગે તેના કરતાં ઘોડાની જોડને ઓછો સમય લાગે, અને ટ્રેક્ટરને તેના કરતાં પણ ઓછો સમય લાગે; ઉપરાંત ટ્રેક્ટરનાં ઓજારો અને બળને કારણે ઊંડી ખેડ પણ થઈ શકે. માટી ઉથલી શકે, ઉપરનો ઓછા કસવાળો થર નીચે જાય, ને નીચેનો વધારે કસવાળો થર ઉપર આવી શકે. જમીન સખત હોય ત્યાં પણ દેખીતી રીતે જ બળદ કરતાં ટ્રેક્ટરથી વધારે સારી ખેતી થઈ શકે. આમ ટ્રેક્ટર નવીન છે માટે નહિ પણ બળદથી અનેકગણું કામ ઓછા સમયમાં આપે ને વધારે સારું આપે, તે માટે તેને અપનાવવું જોઈએ.

તેની સરખામણી જુઓ :

એક બળદની જોડની ખેતી.	**ટ્રેક્ટરની ખેતી** (૨૪ હૉર્સપાવરના.)
(૧) એક દિવસમાં ૩/૪ એકર ખેડાય.	(૧) એક દિવસમાં પાંચ એકર ખેડાય (એટલે ૬ ગણું કામ.)
(૨) દર એકરે લગભગ રૂા. ૧૦)નો ખર્ચ આવે.	(૨) દર એકરે રૂા. ૫) ખર્ચ આવે.
(૩) ૪" ઈંચથી વધારે ઊંડી ખેડ કરવી હોય તો બળદની એક જોડ વધારે લગાડવી પડે, પરિણામે એકર દીઠ રૂા. ૪થી ૫)નો વધારે ખર્ચ થાય.	(૩) કશા જ વધારાના ખર્ચ વગર થઈ શકે.
(૪) માટી ઉથલાવવી, નડતર કાઢવી વગેરે કામ જોઈએ તેટલી સારી રીતે તેમજ ઝડપથી થઈ ન શકે.	(૪) ઘણી જ સહેલાઈથી અને કશા જ વધારે ખર્ચ વિના થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. પાકનો આધાર જમીનની જાત, જમીનનો કસ, આબોહવા વગેરે હોવા ઉપરાંત ખેતીનાં સાધન ઉપર પણ છે, એમાંથી કોઈ પણ એક વસ્તુ વગર ચાલી ન શકે. એટલે હળ કે ટ્રેક્ટરને પણ ગણતરીમાં લેવાં જોઈએ. ઉપરાંત ઇજીપ્તમાં જૂનવાણી હળ વડે જ આટલો પાક ઊતરે છે એવું નથી, ત્યાં પણ ટ્રેક્ટરો વપરાય છે, અને જયાંજયાં ટ્રેક્ટરો વપરાય છે, ત્યાંત્યાં હળ વપરાતાં હોય તેવાં સ્થળો કરતાં વધારે પાક ઊતરે જ છે. એટલે કે જમીનનો કસ, જમીનની જાત, આબોહવા વગેરે અનુકૂળ હોય ત્યાં હળ કરતાં ટ્રેક્ટર જરૂર અનેકગણો પાક આપી શકે.

પાક ઓછો ઊતરે ત્યારે જમીનનો કસ, પાણીની સગવડ અને સારી અને વખતસરની ખેડ, બીજની જાત વગેરે ખેતીનાં અંગો વિચાર માગી લે છે. એમાંથી કયાંક ખામી હોય તો જ ઓછો પાક ઊતરે. આપણે જમીનનો કસ ઓછો થઈ જતાં નવી જમીનો ખેડવાનું શરૂ કર્યું, પાણીની જોગવાઈ પણ કોઈ સ્થળે કરી, બિયારણ પણ સુધાર્યાં, ન સુધાર્યું ફક્ત આપણી હજારો વર્ષજૂની સંસ્કૃતિના પ્રતીક સમું હળ.

૩. ટ્રેક્ટરથી વધારે પાક ઊતરે છે, પણ જમીનના ઉપલાં થરનો કસ ઓછો થાય ત્યારે નીચેનો થર ઉપર લાવી તેમાંથી પાક લઈ શકાય છે. આપણા હળ કરતાં ટ્રેક્ટરનાં હળ તેમ જ અન્ય સાધનો વડે માટી ઉથલાવી શકાય છે. ઉપરાંત જમીન તદ્દન કસહીન થઈ જાય ત્યારે એ જમીનમાં જે પ્રકારનાં તત્ત્વો ઓછાં થઈ ગયાં હોય તે વૈજ્ઞાનિક ખાતરવડે ઉમેરી શકાય છે. મનુષ્યદેહમાં જ્યારે કોઈ કારણસર પ્રજીવનતત્ત્વો (અં. વિટામીન્સ) ઓછાં થાય છે ત્યારે આપણે અમુક વસ્તુઓ વધારે ખાઈને તે ખાધ પૂરી કરીએ છીએ તેમ જ જમીનનું પણ સમજવું. ઉપરાંત આપણે ત્યાં હજી ૩/૪ જેટલી બિલકુલ ખેડ્યા વગરની જમીન છે. ટ્રેક્ટર જ એનો ઉપાય છે.

૪. રેશનમાં ખરાબ મળતું અનાજ ટ્રેક્ટર-વડે વૈજ્ઞાનિક રીતે ઉત્પન્ન થયું છે; માટે જ ખરાબ છે એવું નથી. તે ખરાબ હોવાનાં, થઈ જવાનાં ઘણાં કારણો હોઈ શકે:

(ક) જ્યાં પાક્યું હોય ત્યાંથી સારામાં સારું આવેલ છે એવી કોઈ ખાતરી નથી, ભાવને કારણે અગર અન્ય કારણે હલકો માલ પણ આવેલ હોય.

(ખ) અનાજ ખરીદાયા પછી જે નમૂનો જોઈને ખરીદી થઈ હોય તે જ નમૂના મુજબ માલ આવ્યો હોય કે નહિ તે પણ એક મુદ્દો છે. આ જાતનો અનુભવ આપણા દેશમાં લગભગ દરેક માણસને અહીં જ થઈ જાય છે એટલે એ બનવું અશક્ય નથી.

(ગ) અહીં આવતાં રસ્તામાં કે આવ્યા પછી બગાડ થયો છે કે નહિ, અહીં સાચવણી બરાબર થઈ છે કે નહિ એ પણ જોવાનું રહે.

(ઘ) અનાજ પાક્યા પછી ક્યારે મોકલાયું, ક્યારે પહોંચ્યું, ત્યારપછી કેટલો વખત ગોદી વગેરે સ્થળે રહ્યું, કોઠારો વગેરેમાં કેટલો સમય રહ્યું ને ત્યારપછી વહેંચણી ક્યારે થઈ, એ બધાંની અસર અનાજ ઉપર થઈ હોય.

૫. ટ્રેક્ટરને અપનાવીએ તો ફાજલપડતા મુંબઈ પ્રાંતના ૩૩ લાખ બળદોનું શું કરવું અને બળદો જતાં ખાતર ક્યાંથી લાવવું? આપણા પ્રાંતમાં ૫૦ લાખ બળદની જરૂર છે. એટલે કે અન્ય વ્યવહારના કામમાં બળદની જરૂરિયાત બાદ કરીએ તો હાલમાં ૩૦ લાખ બળદો ખેતી માટે કામમાં લાગેલા છે અને ૨૦ લાખની જરૂર અત્યારે છે. હવે આ ખોટપૂરતા બળદો ઉત્પન્ન કરવા જઈએ તો લગભગ ૧૩-૧૪ વર્ષ નીકળી જાય. સામાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે ૩૦ લાખ બળદ સામે તેના ૫૦ ટકા એટલે કે ૧૫ લાખ ગાયો ગણી શકાય. આ ૧૫ લાખ ગાયો દર બે વર્ષે વિયાય તો ૭,૫૦૦૦૦ વાછડા–વાછડી પેદા થાય, અને તેના ૫૦ ટકા વાછડાઓ હોય એટલે કે ૩,૭૫૦૦૦ વાછડાઓ દર બે વર્ષે આપણને મળે તેમાંથી ૨૦ ટકા જેટલાં ઊછરે નહિ; એટલે સરેરાશ આપણને ૩૦૦૦૦૦ બળદ દર બે વર્ષે મળે. એટલે કે ૨૦ લાખ બળદ પૂરા પાડતાં આપણને ૧૩–૧૪ વર્ષો નીકળી જાય. દરમિયાન આપણી પાસેના ૩૦ લાખ બળદોમાંથી પણ થોડા ઓછા થાય. અને વધારે જમીન ખેડવામાં આવી જતાં ૧૫થી ૨૦ વર્ષ આપણી બળદની જરૂરિયાત પૂરી પાડતાં નીકળી જાય એમ કહેવું જરા ય અતિશયોક્તિ ભરેલું નથી.

બીજી તરફ, બળદની એક જોડી રોજના ૧/૨ એકરને હિસાબે કામ કરે ને ટ્રેક્ટર રોજના પાંચ એકરના હિસાબે કામ કરે, એટલે દસ બળદની જોડી જેટલું એક ટ્રેક્ટર કામ કરી શકે છે. એટલે ૨ લાખ બળદની ખોટ ૧૦,૦૦૦ ટ્રેક્ટર પૂરી પાડી શકે, અને એટલાં ટ્રેક્ટરો આવવા છતાં પણ આપણા અત્યારના ૩૦ લાખ બળદો તો કાયમ જ રહે. તે ફાજલ પડે નહિ એટલે તેનો પ્રશ્ન પણ ઊભો થાય નહિ ને તેનું ખાતર પણ મળી શકે. ઉપરાંત, નાની ખેડના ખેડૂતને બળદોની જરૂર પડવાની જ; એટલે એ ૩૦ લાખ બળદોની જરૂર તો રહેવાની જ છે. ૧૦,૦૦૦ ટ્રેક્ટરો વપરાશમાં આવતાં ઓછામાં ઓછાં ૫–૬ વર્ષ તો જરૂર નીકળી જાય. ત્યારપછી બળદો મોટા પાયા પર ઉછેરવા કે નહિ તેનો પ્રશ્ન ઊભો થાય. એ બળદો વધારે નાના તેમ જ સાધારણ સ્થિતિના ખેડૂતોની ખેતી માટે વપરાય, અને સારું પશુધન પેદા કરવા માટે નવાં પશુઓનો ઉપયોગ થાય. ઉપરાંત, 'ડેરીફાર્મ'નો વિકાસ પણ ઉત્તરોત્તર જરૂરી છે એટલે તેની પ્રગતિ થતાં બળદનો પ્રશ્ન રહેશે જ નહિ. ગાયનો સારો ઉછેર થતાં દૂધ, ઘી, માખણ વગેરે સારા પ્રમાણમાં મળશે ને કુદરતી ખાતર પણ પૂરતા પ્રમાણમાં મળી રહેશે. પશુધનની પ્રગતિ અને ચાલુ કામમાં આવતા બળદોને કારણે કુદરતી ખાતર મેળવવાની પણ મુશ્કેલી નહિ રહે.

૬. કેટલેક અંશે વૈજ્ઞાનિક ખાતર કુદરતી ખાતર કરતાં ચઢિયાતું છે; કારણકે કુદરતી ખાતર તો જમીનમાંથી પેદા થયેલાં ખવાયેલાં ઘાસ, પાન, પાલો વગેરેના પરિણામરૂપ જ હશે; એટલે કે જમીનમાં જો અમુક તત્ત્વો ખૂટતાં હશે, તો એ કુદરતી ખાતરમાં આવી શકશે જ. જ્યારે વૈજ્ઞાનિક ખાતર તો જમીનની જરૂરિયાત પ્રમાણેનું જ હશે.

આ ખાતરની જરૂર પડવાની, એટલા માટે તેનાં કારખાનાંની પણ જરૂર પડશે. હિંદ સરકારને સર્વદેશીય વિચારણાને અંતે તેની જરૂર લાગી એટલે સીંદરી મુકામે તેમણે વૈજ્ઞાનિક ખાતર ઉત્પન્ન કરવા એક જબ્બરજસ્ત કારખાનું નાંખેલું છે.

૭. બધા જ બળદોને બદલે ટ્રેક્ટર લાવવાં પોસાય નહિ તેનાં બે કારણો છે. એક તો એ કે નાનીનાની ખેડ માટે ટ્રેક્ટર ભારે પડી જાય. ટુકડે વહેંચાયેલી જમીન માટે અને ગરીબ ખેડુ માટે બળદની ખેતી ચાલુ રાખવાની રહેશે. બીજું આપણું આર્થિક જીવન સંપૂર્ણપણે તેમ જ સર્વ રીતે ઔદ્યોગિક ન થાય ત્યાંસુધી તેનું એકાદ અંગ એકદમ યાંત્રિકતા સ્વીકારે તો લાભ કરતાં નુકસાન થવાનો સંભવ વધારે રહે. ટ્રેક્ટરો એ ખ્યાલે અમેરિકાથી જ લાવવાં પડે એ બરોબર નથી. ઇંગ્લેન્ડ, જર્મની, ઇટલી વગેરે પણ ઘણાં સારાં ટ્રેક્ટરો બનાવી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતભરનું મોટામાં મોટું ટ્રેક્ટરનું કારખાનું ઇંગ્લેન્ડમાં આવેલું છે. ૨૪ હોર્સપાવરનાં આ ટ્રેક્ટરો આપણા દેશની ખેતી માટે સર્વ રીતે અનુકૂળ છે. અમેરિકાને બદલે ખેતી માટે ઇંગ્લેન્ડની બનાવટનાં ટ્રેક્ટરો લઈએ તો સ્ટર્લિંગ પૂરતો જ પ્રશ્ન રહે. ડોલરની ખાધ વધારે લાગે નહિ. સમય આવતાં હિંદમાં જ ટ્રેક્ટરો બનવા લાગશે; અને લુહાર, સુથાર વગેરે રોજગાર વગરના નહિ રહે; કારણ-કે બધે જ સ્થળે ટ્રેક્ટર ઉપયોગમાં નહિ આવે. જમીનના નાના ટુકડા ખેડવા માટે હળ જોઈશે જ; એટલે લુહાર, સુથારની કામ-ગીરી ઓછી નહિ થાય. ઉપરાંત ટ્રેક્ટરનાં કારખાનાંમાં તેઓ કામ કરી શકશે.

હિંદમાં થોડા જ સમયમાં ટ્રેક્ટરને 'ફીટ' કરવાનું જબરજસ્ત કારખાનું મદ્રાસમાં નીક-ળવાનું છે. તે કારખાનામાં સમય જતાં ટ્રેક્ટરો અને ઓજારો પણ બનશે જ. ટ્રેક્ટર બનાવવામાં ટનને હિસાબે લોખંડ જોઈએ તે નિર્વિવાદ છે, પણ એ લોખંડ આપણે કાં તો બહારથી લાવવાનું રહેશે, અગર અહીંનું ઉત્પાદન વધારી અહીંથી જ વાપરવાનું રહેશે.

૮. ટ્રેક્ટરથી ઝડપથી ખેતા ઉપરાંત અમુક સંજોગોમાં કોઈ તાત્કાલિક ખેડાણ કરવું હોય ને અમુક સમયમાં જ પૂરું કરવું હોય તો ટ્રેક્ટરથી થઈ શકે, આજસુધી ચાલ્યા આવેલા હળથી નહિ. ટ્રેક્ટરથી સસ્તી ખેતી થાય એટલે ખેડૂતો આબાદ બની શકે અને જનતાને સસ્તે ભાવે અનાજ મળી શકે. જીવનધોરણ ઘણું ઊંચું આવી શકે. ખેતી સારી થાય એટલે જમી-નના ઉપરના તેમ જ નીચેના થરોનો કસ બરાબર વપરાય, અનાજની જાતમાં સારો ફેરફાર થઈ શકે. ઊંચી જાતનું અનાજ પાકે એટલે સત્ત્વવાળું તેમ જ મીઠાશવાળું થાય, જનતાનાં સ્વાસ્થ્ય અને શક્તિ વધે.

૯. ખેડૂતને ફાજલ સમય મળે એટલે સમાજનાં અન્ય અંગો સમો એ પણ કેળવા-યેલો સમાજને ગૌરવરૂપ થઈ શકે.

૧૦. ટ્રેક્ટર માટે પેટ્રોલ જ જોઈએ એવું કંઈ નથી. ડીઝલ ઑઈલ, પાવર કેરોસીન વગેરે પણ વાપરી શકાય છે; અને તેનો આધાર ટ્રેક્ટર-ની જાત પર રહે છે. ૨૪ હોર્સપાવરનાં ઇંગ્લે-ન્ડની બનાવટનાં ટ્રેક્ટરો પાવર કેરોસીન-થી જ ચાલે છે. આ જાતનું કેરોસીન રૂ. ૧-૫-૦ ગેલનના હિસાબે જોઈએ તે પ્રમાણમાં મળી શકે છે. અલબત્ત, એ પણ આપણે ત્યાં થતું નથી, બહારથી લાવવું પડે છે, પણ એથી આપણે જે દેશમાંથી લાવવું પડે તેના ગુલામ નથી થઈ જતા. દરેક દેશ પોતાની જરૂરિયાત પ્રમાણે અન્ય દેશો પાસેથી વસ્તુ મંગાવી તેનો વ્યવહાર કરે છે.

યંત્રવાદ આપણી આર્થિક અને સામા-જિક વ્યવસ્થા તેમ જ સંસ્કૃતિનો દુશ્મન હોવાની વાત સેંકડો વર્ષ પહેલાં કદાચ સાચી હશે, પણ અત્યારે જરા યે સાચી નથી. આપણી આર્થિક વ્યવસ્થાનો જયવારો અત્યારે યંત્રવાદ સિવાય કશે જ નથી. ઉત્પાદનનો વધારો એ જ આપણી આર્થિક ઉન્નતિની ખરી ચાવી છે.

૧૧. ટ્રેક્ટરનો અત્યારે વપરાશ હળ અને બળદની પૂર્તિરૂપ છે, શોખને ખાતર નથી પણ તેના ગુણો જેવા કે સુગમતા, ખર્ચ, કામની ઝડપ વગેરેને લઈ વધ્યો છે. આ કારણો તપાસીએ તો:-

(ક) મજૂરીના અને બળદની જોડના ઊંચા ભાવ અને અછત. પરિણામે જમીન ખડ-ધાવડી થઈ જતાં મોટા ખેડૂતોને ટ્રેક્ટરનો આશરો લેવો પડ્યો છે.

(ખ) સામાન્ય નિયમ પ્રમાણે જ્યારે ખેતીની પેદાશના ભાવ ઊંચા હોય ત્યારે ખેડૂત બહુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધ ખેતી-પિયતની ખેતી કરવા લલચાય. આથી મજૂર અને બળદની માગ વધે અને તે મોંઘા થતાં અને વખતસર નહિ મળતાં યંત્રનો ઉપયોગ ખેડૂતને (ખાસ કરીને મોટા ખેડૂતને) કરવો પડે. લડાઈના વખતે ખેતીની પેદાશના ભાવ સારા હતા, બહુવિધ ખેતી વધી, પણ બળદ અને મજૂરની અછત અને મોંઘાઈને લીધે જમીનને યોગ્ય ખેડ ન મળતાં મેલી થઈ ગઈ. મજૂર અને બળદની અછત અને મોંઘાઈ અત્યારે પણ ચાલુ છે, પણ હવે યંત્રો મળતાં હોવાથી ખેડૂત તે અપનાવવા તૈયાર થયો છે. તેમાં મુખ્ય ભારતની ખેતીને અનુકૂળ એંજિન, પંપ અને ટ્રેક્ટર (ફક્ત ખેડવા માટે) હોવાથી મોટા ખેડૂતે આ જ યંત્રો અપનાવ્યાં છે; આથી તેના બળદો બીજા ખેતીના કામમાં તેને કામ લાગે છે.

(ગ) ભારત ખેતીપ્રધાન દેશ છે અને આ આ ખેતીની પેદાશ તેને દેશાવરના બજારમાં બીજા દેશોની હરીફાઈમાં મૂકવી હોય તો પેદાશને ઉત્પન્ન કરવાનું ખર્ચ કમી કરી શકાય તો જ ખેડૂતને પરવડી શકે. તેમાં જો ભારતવાસીઓનું જીવનધોરણ ઊંચું લાવવું હોય તો ઉત્પાદન ખર્ચ ઘટવાને બદલે વધે. આવે વખતે ખેતી ન બગાડે તેવાં યંત્રોનો ઉપયોગ કરવો પડશે જ. તેમાં ટ્રેક્ટર અને એંજિન-પંપ મુખ્ય છે. અત્યારે મોટા ખેડૂતો આવી ધંધાદારી ખેતી કરવાની સ્થિતિમાં હોવાથી તેમને આ યંત્રો વસાવવાં પડ્યાં છે.

૧૨. ભારતની અત્યારે આ સ્થિતિ હોવા છતાં ઉપલાં યંત્રોનો બહુ ફેલાવો થઈ શકે તેમ છે જ નહિ, આથી બળદો અને લાકડાના હળના અસ્તિત્વનો નાશ થવાનો ભય અસ્થાને છે. કારણકે :

(ક) ટ્રેક્ટર વસાવવા માટે ખેડૂત પાસે ઓછામાં ઓછી ૧૦૦ એકર જમીન હોય તો જ પરવડી શકે; કારણકે નાનામાં નાનું ટ્રેક્ટર ૧૫-૧૭ હોર્સ પાવરનું મળી શકે છે, જે રોજનું ૩થી ૩॥ એકર જમીન ખેડે છે. આથી મહિને સો એકર જમીન તે લઈ શકે છે. આવા સો એકર જમીન ધરાવનારા ખેડૂતો ભારતમાં પાંચ ટકાથી વધારે નહિ મળે; કારણકે વધારે ભાગના ભારતના ખેડૂતો પાસે ૧૦થી ૧૨ એકર જમીન છે.

(ખ) જે ખેડૂતો પાસે ૧૦૦ એકર જમીન છે તે જમીન એક શેઢે ન હોતાં આઠદસ ખેતરોમાં જુદી-જુદી દિશાએ વહેંચાયેલી છે; આથી જે ખેતર ૩॥ એકરથી ઓછાં છે ત્યાં ટ્રેક્ટરને એક દિવસનું કામ પણ મળતું નથી. વધારામાં નાનાં ખેતરો ખેડતા ટ્રેક્ટરને ખાલી આંટા ફરવા પડતા હોવાથી ખેડનો ખર્ચ વધી જતાં ખેડૂતને પરવડી શકતું નથી.

(ગ) ટ્રેક્ટર ખાસ કરીને અત્યારે ઊંડી ખેડ માટે જ વપરાતાં હોવાથી અને ખેડૂત આવી ઊંડી ખેડ દરેક ખેતરમાં ત્રણ વરસે એક જ વખત કરતો હોવાથી ૧૦૦ એકર જમીન ધરાવતા ખેડૂતને દર વરસે ફક્ત ૩૩ એકર જમીન ટ્રેક્ટરથી ખેડવાની હોય છે.

(ઘ) છીછરી જમીનમાં એટલે કે જે જમીનનું દળ ફૂટ દોઢ ફૂટનું હોય છે, ત્યાં ટ્રેક્ટરથી ઊંડી ખેડ કોઈ ખેડૂત કરવાનો નથી; કારણકે આથી નીચેની હલકી જમીન ઉપર આવે છે. આવી જમીનમાં ૪થી ૬ ઇંચ ઊંડી ખેડ કરતાં દરરોજ જમીનનો ઉકેલ વધારે આવે છે, પરિણામે ૨૦૦ એકર જમીન ધરાવતો ખેડૂત ટ્રેક્ટર વસાવી શકે છે.

૧૩. લડાઈ પહેલાં (સને ૧૯૩૯-૪૦માં) મુંબઈ પ્રાંતમાં ટ્રેક્ટરની સંખ્યા ફક્ત ૨૦૦ હતી, અત્યારે તે વધીને ૧૦૦૦ ગણતાં એક મોટું ટ્રેક્ટર દર વરસે ૨૦૦૦ જમીન ખેડે તે હિસાબે દર વરસે ૨૦૦૦૦૦ વીસ લાખ એકર જમીનમાં ખેડ થઈ શકે. પ્રાંતમાં ખેડાણ જમીન ૩૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકર છે તેમાં ૯ લાખ એકરનો ખેતી કરી શકાય તેવો ખરાબો ગણતાં કુલ ખેડી શકાય તેવી જમીન ૩૪૬ લાખ એકર થઈ; આથી પ્રાંતમાં જો આ ૩૫ હૉર્સ પાવરનાં ૧૦૦૦ ટ્રેક્ટર દર વરસે ૬ મહિના સુધી એકધારું કામ કરે, તોપણ કુલ જમીનના પથી ૬ ટકાથી વધારે જમીન ખેડી શકશે નહિ.

૧૪. મધ્યભારત સરકારના ભૂતપૂર્વ ખેતી કમિશ્નર ડૉ. બર્ને સને ૧૯૪૩માં કહ્યું હતું કે 'ભારતમાં કપાસના વધારે ઉત્પન્નનો આધાર સુધારેલાં બી, યોગ્ય પાકની ફેરબદલી અને ખાતરના ઉપયોગ ઉપર છે.' મદ્રાસ સરકારના કપાસના નિષ્ણાત શ્રી. રામનાથ આયરે મિસર અને અમેરિકાની સાથે ભારતની ઊપજ સરખાવતાં કહેલું કે 'ઈજીપ્ત અને અમેરિકામાં વધારે ઊપજ ત્યાંની ફળદ્રુપ જમીન, સાનુકૂળ હવામાન, પૂરતાં ખાતર-પાણીની સગવડતા અને સુધરેલા બીને આભારી છે. ભારતમાં તેનો અભાવ છે, સાથે ખેડૂત ગરીબીને લીધે ખાતર ખરીદી શકતો નથી અને વખતસર ખેડ કરી શકતો નથી.' શ્રી ખારેઘાટે પણ ૧૯૪૫માં આવો જ અભિપ્રાય આપ્યો હતો. તેમણે વધારે ઉત્પન્ન માટે 'પાણી, ખાતર, સુધરેલું બી, અને તેની વહેંચણી, રોગ અને જંતુનો સામનો અનુક્રમે મૂક્યા છે.' એટલે ઊપજ વધારવા ટ્રેક્ટરનો ફાળો ઘાસ-કચરાનો નાશ કરવો, વખતસર ખેડ કરી ખેડાયેલ જમીન સૂર્યના તાપ અને ઠંડી માટે વધારે ખુલ્લી કરી તેમાં રહેલાં તત્ત્વો પાક સહેલાઈથી લઈ શકે તેવી સ્થિતિમાં લાવવાં એ છે.

૧૫. ટ્રેક્ટરથી જમીન ખેડવાના સિદ્ધાંતમાં અને લાકડાના હળથી જમીન ખેડવાના સિદ્ધાંતમાં જરા પણ ભિન્નતા નથી કે જેથી જમીનની ભૌતિક સ્થિતિ (અં. ફિઝિકલ કંડીશન) પણ બગડે, એટલે જમીન પોચી કરવા માટે અથવા તોડવા માટે કોઈ પણ રીત વાપરો. હા, ટ્રેક્ટરથી જમીન ખેડતાં, તેના વજનથી જમીન દબાઈ જતાં તેના રજકણો ભેગા થઈ જાય અને આથી ભૌતિક સ્થિતિ બગડે. જો કાચી વરાપે જમીન ખેડવામાં આવે તો જ આમ બનવા પામે છે; પણ ભારતમાં ટ્રેક્ટરથી જમીન શિયાળા અને ઉનાળામાં ખેડાતી હોવાથી કાચી વરાપનો પ્રશ્ન રહેતો નથી; કારણકે આ વખતે જમીન તદ્દન સુકાઈ કઠણ થઈ ગઈ હોય છે. એટલે જ ટ્રેક્ટર ધાર્યું ખેડી શકે છે. રશિયા અમેરિકા જેવા ખેતીમાં આગળપડતા દેશો ટ્રેક્ટરનો ઘણો જ ઉપયોગ લાંબા વખતથી કરે છે અને ત્યાંની જમીન હજી સુધી બગડવા પામી નથી.

૧૬. લડાઈ પહેલાં મુંબઈ પ્રાંતમાં બળદની સંખ્યા ૩૧ લાખની હતી અને ખેડાણ જમીન ૩૩૭ લાખ એકર હતી; આથી એક જોડ બળદ દીઠ ૨૨ એકર આવે. લડાઈને લીધે ઘણાં ઢોરો કપાઈ ગયાં. ખોરાકની તાણને લીધે ખેડવા લાયક ખરાબાનું ખેડાણ થયું આ કારણને લીધે પ્રાંતમાં વધારેમાં વધારે ૧૦૦૦ ટ્રેક્ટર કામ કરે તોપણ ૫ ટકા બળદ નાબૂદ થવાનો પ્રશ્ન આવશે નહિ; કારણકે ઉપલાં કારણોને લીધે આટલા બળદોની તાણ દેખાય છે. બળદની તાણને પહોંચી વળવા ઓછામાં ઓછાં ત્રણ વરસ જોઈએ. આ અરસામાં ખેડ જો લડાઈ પહેલાંની સ્થિતિએ રાખવી હોય તોપણ ટ્રેક્ટર અને બીજાં આવાં યંત્રો (એંજિન પંપ) વધારવાં જોઈએ; છતાં જો બળદ ફાજલ પડે તો ખેડૂત તેનો ઉપયોગ ખેતીનાં બીજાં કામોમાં કરી શકે છે.

૧૭. દુનિયાનો દરેક દેશ કહે છે કે સર્વ ખાતરમાં છાણિયું ખાતર ઉત્તમ છે, પણ તે ખેડાણ જમીનપૂરતું નહિ હોવાથી બીજાં ખાતરોનો ઉપયોગ કરવો પડે છે. દરેક ખેતર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં અર્ધ ખાતર છાણિયું અને અરધું બીજું નાખી જમીનનાં તત્ત્વોની ખોટ, જમીન ન બગડે તેવી રીતે પૂરી શકાય. મિસરના જમીન-નિષ્ણાત ક્રોપરે ૧૯૩૯માં દર્શાવ્યું હતું, કે 'મિસરમાં છેલ્લાં ૪૦ વર્ષથી છાણિયા ખાતર સિવાયનાં નાટ્રોજન-વાળાં ખાતરો વપરાતાં છતાં જમીન જરા પણ ઊતરી નથી. વધારામાં તેનાથી ઉત્પન્ન ઘણું વધ્યું છે' એટલે રાસાયણિક ખાતરે છાણિયા ખાતરની સાથે વપરાતાં જમીન ઉપર તેની ખરાબ અસર નહિ થાય.

૧૮. જ્યાંસુધી ભારતના ખેડૂત પાસે તેના ભરણપોષણની જમીન પૂરતી નથી અને આવી જમીન જ્યાંસુધી નાનાંનાનાં ખેતરોમાં વહેંચાયેલી છે ત્યાંસુધી અમેરિકા વગેરેની માફક મોટાંમોટાં ટ્રેક્ટર બનાવતાં કારખાનાંઓની શક્યતા ભારતમાં ઓછી છે. ભવિષ્યમાં ભારતમાં બીજા ઉદ્યોગો સારા પ્રમાણમાં આગળ વધે, પૂરતી જમીન વિનાના ખેડૂતો ખેતી છોડી વધારે નફો આપતા બીજા ધંધામાં પડે અને ખેતી ધંધાદારી ખેતીનું સ્વરૂપ લે ત્યારે જ ટ્રેક્ટરની માંગ ઘણી વધે. આવે વખતે આવા ટ્રેક્ટરનાં કારખાનાંમાં થતો લોખંડનો ઉપયોગ-બીજા ઉદ્યોગો સાથે સરખાવતાં-સદુપયોગ ગણાય; કારણકે ભારત ખેતીપ્રધાન દેશ છે એટલે ખેતીની પેદાશ વધારવાનાં યંત્રોમાં લોખંડનો ઉપયોગ દેશને વધારે ફાયદાકારક નીવડે.

૧૯. ટ્રેક્ટર વાપરવામાં નીચેની મુસીબતો છે:

(ક) રીપેરિંગ કામ ખર્ચાળ છે, કારણકે ખેડૂતને હજી યાંત્રિક કામ 'હાઉ' સમું દેખાય છે, આથી રીપેરિંગ ખર્ચ વધારે આવે છે.

(ખ) યંત્રના ખોરાક (તેલ વગેરે) માટે ખેડૂતને ખીસામાંથી રકમ કાઢવી પડે છે અને આ તેલો ખાસ કરીને ખનીજ તેલો ભારતમાં પેદા થતાં નથી.

(ગ) ઊંડી ખેડ થવાથી શરૂઆતનો વરસાદ સારો જોઈએ. નહિતર વાવણી મોડી પડે.

૨૦. અમેરિકા ઉત્પાદન ખર્ચ ઓછું કરવા શું કરે છે તે ૧૯૪૪માં શ્રી. ઈ. એલ. લાંગસોર્ટે લખેલા 'શાન્તિ અને લડાઈમાં કપાસનું ઉત્પાદન' નામના લેખમાં આપેલા નીચેના આંકડાઓ સારો ખ્યાલ આપશે.

શક્તિ	કપાસ કેમ વીણવો	ખેતર તયાર કરતા	પછીની ખેડ માટે	નીંદામણ ને બીજી ખેડ માટે	કપાસ વીણવા માટે	કુલ
એક જોડ ખચ્ચરથી	હાથ વીરણી	૨૫	૩૨	૮૧	૨૧૦	૩૪૮ મનુષ્ય કલાક
ટ્રેક્ટરથી	યંત્રથી	૧૨	૭	૩૨	૧૦	૬૧ મનુષ્ય કલાક

એટલે જ્યારે અમેરિકા કપાસનું ઉત્પાદન ખર્ચ પાંચમા ભાગ ઉપર લઈ જવા માટે, ખેડ અને પછીની ખેડ ટ્રેક્ટરથી, નાંદામણનો નાશ અને છોડ પારવાનું કામ અગ્નિજવાળા ફેંકતા કરબથી અને કપાસની વીરણી યંત્રથી કરે છે, ત્યારે ભારત ફક્ત ટ્રેક્ટર તે પણ ખેડવા માટે ન વાપરે તો બહારનાં બજારોમાં હરીફાઈ આપણને કેમ પરવડી શકે?

લડાઈના વખતમાં આજ ટ્રેક્ટરો ટેન્કમાં ફેરવી શકતા હોવાથી દેશના રક્ષણમાં કામ આવે છે. આ માટે જ રશિયાએ તાલુકે તાલુકે ટ્રેક્ટર સેન્ટર ખોલ્યાં છે.

૨૧. ખેતીવાડીખાતા તરફથી ટ્રેક્ટર દાખલ કરવાનો પ્રચાર થયો છે; અને તેનું [illegible] એવું તો નથી જ કે જૂનું એટલું [illegible] અને નવું અથવા પશ્ચિમનું એટલું [illegible] સોનું; તેથી વગરવિચાર્યે પશ્ચિમનું [illegible] દાખલ કરવું કે જેથી સુધારો થયો [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતીવાડી ખાતામાં સુધારો દાખલ કર્યા પહેલાં પ્રયોગો કરાય છે, પરિણામો જોવાય છે, અને પછી નિર્ણય કરવામાં આવે છે કે અમુક સુધારો કરી શકાશે કે નહિ અને પછી તે સુધારા બાબત પ્રચાર કરવામાં આવે છે. આવી જ રીતે ટ્રેક્ટરના ઉપયોગનાં સારાં પરિણામ પછી તેને દાખલ કરવા માટે ભલામણ કરવામાં આવી છે. જાન્યુઆરી ૧૯૫૦ના 'ખેડૂતબંધુ'માં પૂના જિલ્લાના ભીમથડી તાલુકાના નીંબાત ગામના ખેડૂતોએ ટ્રેક્ટર વાપર્યું તે વધારે સારું પુરવાર થયું છે, તેવો પત્ર પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ બાબત પણ સાબિત કરી આપે છે, કે ફક્ત ખેતીવાડીખાતા તરફથી જ ટ્રેક્ટરનાં ગુણગાન ગવાતાં નથી; પરંતુ આવા ઘણા ખેડૂતો પણ અમલતરો કરી તેના પક્ષના થયા છે.

૨૨. ફક્ત ટ્રેક્ટરની ખેડ દર વર્ષે થાય છે. એટલે સારું તુલ ઊતરશે તેમ માની બીજું કાંઈ પણ કર્યા વગર બેસી રહેવું તે ઘોર અજ્ઞાનતા જ કહેવાય; તેથી ટ્રેક્ટરની ખેડ પછી અમુક વખતે પાક સારો ઊતરતો નથી તેમ કહેવું તે ટ્રેક્ટરના ખેડને અન્યાય કર્યો ગણાય.

૨૩. આપણે ત્યાં પાક ઓછો ઊતરે છે અને તેથી ઉત્પાદન કેમ વધારવું તે આપણો આજકાલનો સળગતો પ્રશ્ન છે. ૧૯૫૧માં આપણે સ્વાવલંબી થવું જોઈએ, આપણી ધરતીમાતાએ એટલું અનાજ પકાવવું જોઈએ કે જેથી આપણને ૧૯૫૧ના અંતમાં કોઈના ઉપર આધાર રાખવો ન પડે. તે માટે દરેક દિશામાંથી જુદાજુદા વિચારો દર્શાવી પગલાં ભરાય છે. આપણે ત્યાં અન્ય દેશો કરતાં અનાજનું ઉત્પાદન ઓછું છે અને ને વધારવું જોઈએ; અને તેથી એવો નિર્ણય કરવામાં આવ્યો કે આપણી ખેડપદ્ધતિ કે જે ખામીભરેલી છે તેમાં ધરખમ ફેરફારો કરવા. ખેડૂતો જમીનમાં હળ તો શું પણ કેટલીક વખત કરબ પણ ફેરવ્યા વિના વાવેતર કરી દે છે. કેટલાક ખેડૂતો તો એટલા આળસુ હોય છે કે ફક્ત વાવેતર કર્યા પછી પોતાના ખેતરે લણવા જાય છે. વળી કેટલાક પાક માટે સાવ જરૂરની જે જે ક્રિયાઓ હોય છે, તે નહિ જેવી જ કરે છે અને બધામાં ખાતર નાખવાની વાત તો બહુ જૂજ કરે છે અને જે લોકો ખાતર નાખે છે તે જમીનની અને તેના ઉપરના તુલની જરૂરિયાત કરતાં ઘણું ઓછું નાખે છે; તેથી આવી જાતના જે ખેતીપદ્ધતિ આપણા દેશમાં છે તેમાં એવો સુધારો કરવાનો રહ્યો કે જેથી જમીન વધારે સારું ઉત્પાદન આપી શકે. ખેડૂતોમાં રહેલી શિથિલતા, વહેમ તથા અજ્ઞાન પ્રથમ દૂર કરવાં જોઈએ.

૨૪. કોમ્પોસ્ટ માટે પ્રચાર ઘણા વખતથી શરૂ થયો છે; પરંતુ હજુ સુધી કોમ્પોસ્ટના ખાડા વધારે પ્રમાણમાં થયા નથી. જો કોઈ ગ્રામપંચાયત સહેજ સુધરેલા વિચારની હોય અને કંઈક સંખ્યામાં ખાડા બનાવ્યા હોય તો લોકો તેનો કોમ્પોસ્ટ બનાવવા ઉપયોગ કરતા હોય તેવું દેખાતું નથી. લોકોને ખાડા દીઠ પ્રોત્સાહનરૂપે રૂપિયા ત્રણ આપવા સરકાર તૈયાર થઈ, તોપણ હજુ દરેક ગામમાં કચરાના ઢગલા સડેલા અહીંતહીં પડ્યા દેખાય છે! અને આ ઢગલા ગામમાં રોગચાળો તથા ગંદકી ફેલાવવા સિવાય અન્ય ઉપયોગમાં આવતા નથી!

વળી કોમ્પોસ્ટ કરતાં બીજું કિંમતી ખાતર જેના માટે પૂજ્ય બાપુજીએ હિમાયત કરી છે તે મળનું ખાતર છે. આજે દરેક ગામમાં લોકો પોતાના જ મળનું ખાતર બનાવતા હોય તો ખેતરોમાં જોઈએ તે પ્રમાણમાં જરૂરી તત્ત્વો જરૂર મળી રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ જ્યાં કોમ્પોસ્ટ ખાતર બનાવવા આળસ અને અજ્ઞાનતા હોય ત્યાં વળી આવું દુર્ગંધવાળું મળનું ખાતર કોણ તૈયાર કરે! કહેવાનું એટલું જ કે છાણિયા ખાતરની પૂર્તિરૂપે જો ગામમાં લોકો પોતાના ઘરના કચરામાંથી કોમ્પોસ્ટ ખાતર તૈયાર કરતા રહે, અને પોતાના કુટુંબના મળમાંથી મળનું ખાતર ખાડા-જાજરૂ વડે તૈયાર કરતા રહે તો તે બન્ને ખાતરોનાં તત્ત્વો ટ્રેક્ટરથી ઊંડી ખેડેલ જમીનને પોષણ આપવા જરૂરપૂરતાં થઈ રહે.

૨૫. આજે ગામડાંનો ખેતી અંગેનો વાહન-વહેવાર એટલો જૂજ છે, કે ખેડૂતોને બળદને અભાવે પોતાના માલ માટે દૂરના સ્થળની બજાર મળતી નથી; અને તેથી ઘણા નીચા ભાવે માલ વેચી દેવો પડે છે. તેથી ટ્રેક્ટર દાખલ કર્યા પછી ફાજલ પડેલા બળદો વાહનવહેવાર તથા ટ્રેક્ટર સિવાયની બાકીની ખેતીમાં છૂટથી વાપરી શકીશું. આપણે આજના બળદોનાં શરીર તો જોયાં છે. તેમનાં હાડકાં-પાંસળાં દેખાતાં હોય છે. બેચાર વર્ષના પરિશ્રમ પછી બળદ ઊતરી જાય છે. વધારે કામ આપી શકતો નથી. પહેલાંનો હૃષ્ટપુષ્ટ બળદ અત્યારે જોવા મળે છે? કારણકે ખેડૂતો તેમને આરામ આપ્યા વગર સવારથી સાંજ સુધી ઉપયોગ કરે છે. ગાડામાં પણ વધારે વજન ભરે છે અને તે પ્રમાણે બળ-દને ખોરાક મળતો ન હોવાથી બળદો નિસ્તેજ અને પ્રાણહીન આજે દરેક જગ્યાએ જોવામાં આવે છે. આવા બળદો ઉપર આપણને દયા કેમ ન આવે? ટ્રેક્ટર અપનાવ્યાથી તેમના ઉપરનો શ્રમનો બોજો ઓછો થશે; આથી તેઓ પહે-લાંની તંદુરસ્તી મેળવશે અને તેમનો ઉપ-યોગ ગામડાંના વાહનવ્યવહારમાં આપણે વધારે પ્રમાણમાં કરી શકીશું; આથી ખેડૂતો દૂરની બજાર મેળવી સારો ભાવ પોતાના માલ માટે મેળવી શકશે.

૨૬. હળ અને ટ્રેક્ટરની વાતોમાં ખરું શું તે જાણવા આપણા મુંબઈ રાજ્યના સરકારી ખેતીવાડી ખાતા તરફ મીટ માંડવી જોઈએ, કેમકે તેમાં વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો છે અને તેઓ સાચા સલાહકાર નિમાયા છે. આ ખાતા તરફથી કે એના કોઈ પણ અમલદાર તરફથી 'હળ છોડી દઈ, ટ્રેક્ટર અપનાવો' એવા ભાવાર્થનું કથન કે ઉચ્ચારણ નથી થ[illegible]

૨૭. ટ્રેક્ટર-હળથી જમીનની ઉથલ-પાથલ થાય છે એટલે કે ઉપલું પડ નીચે જાય છે અને નીચલું પડ ઉપર આવે છે. આ નીચેનું પડ સૂર્યપ્રકાશ તથા હવામાનના સીધા સંપર્કમાં આવવાથી તેમાંના જે રાસા-યણિક દ્રવ્યો વનસ્પતિ (છોડ) લઈ ન શકે તેવાં હોય તેનું રૂપાંતર થઈ તે ગ્રહણ કરી શકે અને પચાવી, પોષણ મેળવી શકે તેવાં બને છે. આમ થવાથી જમીનમાંનાં પોષક તત્ત્વો વધી તેટલે અંશે ખાતરની ગરજ સારે છે.

આપણે જ્યારે જમીન ખાતરીએ છીએ ત્યારે ખાતરનાં રાસાયણિક દ્રવ્યો પાણીમાં ઓગળીને અને ઘસડાઈને નીચે જમીનમાં જાય છે. ઊભાં ફૂલ, છોડના મૂળ તેમાંનો અમુક ભાગ શોષી લે છે, બાકીનાં જમીનમાં જરા નીચે ઊતરી ગયેલાં તત્ત્વો આ ટ્રેક્ટરની ખેડની ઉથલપાથલથી પાછાં ઉપર આવી બીજા પાકના ઉપયોગમાં આવે છે.

'ચીડા' જેવા ખરાબ નીંદામણની [illegible] જે જમીનમાં ઊંડેઊંડે હોય છે, તે ટ્રેક્ટ-રની ઊંડી ખેડથી ઉપર આવે છે. શિયાળ[illegible] આખરે આમ કર્યું હોય તો ઉનાળાના તાપ-તડકાથી તે સુકાઈ મરી જાય છે અ[illegible] તો આપણે તેને વીણી લઈ શકીએ [illegible] અને પરિણામે ઊંડી જડ ઘાલી બેઠેલાં [illegible] આપણા દેશી હળ કે ઓજારને દાદ ન [illegible] ઘાસ-કચરાંનો નાશ થાય છે; અને [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાસ-કચરો તો ખેડૂતોનો મોટો દુશ્મન છે; કારણકે તે જમીનમાંથી વનસ્પતિપોષક– તત્વો અને ભેજ (પાણી) ચોરી લે છે. મુખ્ય મૂલને તડકો વગેરે મળી શકતો નથી અને પારણામે પાકને નુકસાન કરે છે.

૨૮. ઊંડી ખેડથી જમીન પોચી થાય છે; એટલે છોડનાં મૂળ વધારે ઊંડાં જઈ પોષણ મેળવે છે અને મૂળ ઊંડાં જવાથી ટેકો પણ વધુ મળે છે. પરિણામે પાક અવશ્ય વધુ ઊતરે છે. ટ્રેક્ટર ન વાપરી શકાતું હોય તેવા ખેડૂતોને પણ લોખંડી, બળદથી ખેંચાય તેવાં જમીનની ઊથલપાથલ કરતાં કરાંચી, કિર્લોસ્કર બી. ટી. ર. વગેરે હળ વાપરવા ભલામણ છે.

૨૯. ટ્રેક્ટરના કેટલાક વિશિષ્ટ ગુણો પણ ધ્યાનમાં લેવા જોઈએ. નવી જમીન તોડવા માટે ટ્રેક્ટર જેવું સારું અને ઝડપી બીજું કોઈ પણ સાધન નથી. હાલ અન્નનો પ્રશ્ન વિકટ બન્યો છે. ભારતમાં પડતર જમીનો પુષ્કળ છે. તેનો ઉપયોગ જેમ બને તેમ જલદી કરવાનો છે. તેને પહોંચી વળવા માટે આજે ટ્રેક્ટરની આવશ્યકતા ઊભી થઈ છે. એ નિરર્થક શેર નથી. અલબત્ત, વેપારી કંપની કે એજંટોની ભભકાભરી જાહેરખબરોથી ખેડૂતે અંજાઈને ખર્ચના ખાડામાં ન ઊતરવું એ અલગ વાત છે; પરંતુ જોઈ–વિચારી સલાહ લઈ, લાભાલાભ જાણી યોગ્ય લાગે તેમ કરવું જોઈએ.

૩૦. ટ્રેક્ટરના યંત્રથી અનાજ દળવાની ચંદી, તેમ જ ઘાણી, માલ સામાન લાવતી લઈ-જતી મોટર લોરી વગેરે પણ ચલાવી શકાય છે. ઘાસ કાપવામાં અને તેની ગાંસડીઓ બાંધવામાં પણ આ યંત્રનો ઉપયોગ થઈ શકે છે.

૩૧. દર વર્ષે ટ્રેક્ટરથી જમીન ખેડવાની જરૂર નથી અને શક્ય પણ નથી; છતાં ત્રણચાર વર્ષે ખેડી હોય તો અવશ્ય લાભ થાય છે; તેથી સરકારી ટ્રેક્ટર ભાડે આપવાની યોજનાનો ખેડૂતે બને તેટલો લાભ લેવો એ તેમના તેમ જ દેશના હિતની વાત છે.

૩૨. લોખંડી હળથી ખેડાયેલી જમીન ઊલટસૂલટ થઈ જાય છે અને તેથી કરીને જમીનની અંદરના નુકસાનકારક જંતુ અને રોગના મૂળનો નાશ થાય છે. આવું ખેડાણ ઉનાળામાં કરવામાં આવ્યું હોય તો જમીન તપીને ફળદ્રૂપ થાય છે અને એનો કસ વધે છે. ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ટ્રેક્ટર અને લોખંડી હળથી ઉનાળામાં ખેડાયેલી જમીનમાં વધારે પાક ઊતર્યાના દાખલાઓ નોંધાયેલા છે.

જીવનના દરેક ક્ષેત્રમાં યંત્રવાદે ઘણા દેશોમાં મોટી પ્રગતિ કરી છે. માલના ઉત્પાદનમાં તેનો મોટો ફાળો આવે છે અને તેથી કરીને તેનું ઉત્પાદનમૂલ્ય નીચું ગયું છે. જે દેશો હજુ મનુષ્યશક્તિ અને પશુશક્તિ પર આધાર રાખી રહ્યા છે તે માલનું ઉત્પાદનમૂલ્ય ઓછું કરી શકતા નથી.

૩૩. આગગાડી આવવાથી આપણા બળદ, ઘોડા, અને પોઠિયાને આપણે મારી નાખવા પડયા નથી એમનો ઉપયોગ ઘટવાથી એમનું ઉત્પાદન માણસે જ ઓછું કર્યું છે, એવી જ રીતે જ્યારે ટ્રેક્ટર આવશે ત્યારે તે ધીમી ગતિએ આવશે અને સાથેસાથે બળદનું ઉત્પાદન પણ ઓછું થતું જશે. **वसुधैव कुटुम्बकम्** એ આપણી હજારો વર્ષની આવેલી ભાવનાને કોઈ રીતે નુકસાન નહિ પહોંચે. લાંબી દૃષ્ટિએ જોઈશું તો સમજાશે કે ટ્રેક્ટર આવવાથી આપણી એ ભાવનાને પુષ્ટિ મળશે; કારણકે આખલાને ખસ્સી કરી આપણા લાભ માટે તેની પાસે ગુલામ તરીકે મજૂરી કરાવતાં આપણે અટકીશું !

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

નાસિકમાં કોંગ્રેસનું ૫૬મું અધિવેશન સફળતાથી પાર ઊતર્યું તે માટે ઈશ્વરનો આભાર માનીએ. પ્રમુખની ચૂંટણી થઈ ત્યારથી રાજકીય વાતાવરણ ડહોળાવા લાગ્યું હતું. કોંગ્રેસમાં ભંગાણ પડશે, કોંગ્રેસ કોમવાદીઓ અને પ્રત્યાઘાતીઓના હાથમાં જઈ પડશે, પંડિત જવાહરલાલ અને સરદાર વલ્લભભાઈ વચ્ચે મતભેદ થશે, વગેરે અનેક પ્રકારની અફવાઓ ચાલતી હતી. પંડિત જવાહરલાલ આ વિષે ચિંતાતુર બન્યા હતા. એમણે નાસિક અધિવેશન પહેલાં જે નિવેદન કરેલું તેમાં એમની ચિંતા દેખાઈ આવતી હતી. કોંગ્રેસે સત્તા ગ્રહણ કરી ત્યારથી તેની જવાબદારી વધી ગઈ છે, હવે એ જે નીતિ નક્કી કરે તેની ભારતના રાજતંત્ર ઉપર અસર પડે. ભારતના પ્રધાનમંડળે એ નીતિ અનુસાર જ વર્તવું જોઈએ. પંડિતજી લોકશાસનમાં ચુસ્તપણે માનનારા છે એટલે સ્વાભાવિક રીતે તેમના મનમાં પ્રશ્ન થાય કે ભારત સરકાર અત્યારે જે નીતિને અનુસરે છે તેને કોંગ્રેસ પસંદ કરે છે કે નહિ?

સદ્‌ભાગ્યે બધું પાર ઊતરી ગયું. મતભેદો હતા છતાં મૂળભૂત નીતિ વિષે સૌ એકમત હતા એમ જણાયું. સરદારશ્રી કોંગ્રેસ સંગઠનના આત્મારૂપ છે. એમણે કશું બોલ્યા વિના એકતાનું વાતાવરણ ફેલાવવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો. કોંગ્રેસ પ્રમુખે પોતાના ભાષણમાં દેશના પ્રશ્નોની ચર્ચા કરતાં પૂ. ગાંધીજીના માર્ગનું સમર્થન કર્યું. આ દેશ લોકશાહી ધોરણને જ વળગી રહે એવી શ્રદ્ધા એમણે વ્યક્ત કરી. હિંદુ–મુસ્લિમ અને ભારત-પાકિસ્તાનના સંબંધો વિષે પણ એમણે ઉદારતાભર્યું વલણ બતાવ્યું. આ રીતે સહકારની ભાવના પેદા થતાં કોંગ્રેસની એકતા જળવાઈ અને કોંગ્રેસની નીતિ સુસ્પષ્ટ થઈ શકી.

કોંગ્રેસે પણ મહત્ત્વના ઠરાવો પસાર કર્યા: વિદેશનીતિ, ભારતમાં રહેલી ફ્રેંચ અને પોર્ટુગિઝ વસાહતો, આસામનો ધરતીકંપ અને બીજી કુદરતી આપત્તિઓ, લઘુમતીકરાર અને કોમી નીતિ, નિર્વાસિતોનો પ્રશ્ન, આર્થિક સમસ્યા, ખાદી–ગ્રામોદ્યોગ વિષે કોંગ્રેસનું વલણ વગેરે અનેક ઠરાવો થયા. આ બધા ઠરાવો એક સાથે વાંચતાં મન ઉપર એવી છાપ પડે છે કે જાણે કોંગ્રેસ પૂ. ગાંધીજીએ બાંધેલા આદર્શો ભૂલી નથી. કોંગ્રેસની ખુલ્લી તથા સમિતિઓની બેઠકમાં થયેલાં ભાષણો એમ બતાવે છે કે કોંગ્રેસની અંદર જે નબળાઈઓ પ્રવેશી છે તે સંબંધમાં નેતાઓ અને પ્રતિનિધિઓ જાગ્રત છે અને તેમને ભાન થઈ ગયું છે કે જો સત્વર સુધારો નહિ થાય તો કોંગ્રેસ ક્ષીણ થઈ જશે. કોંગ્રેસ પ્રમુખ, પંડિતજી અને સરદારશ્રીએ આ મુદ્દા ઉપર ખાસ ભાર મૂક્યો છે.

કોઈ પણ ઠરાવ અંતે તો એક ઇચ્છાનું જ પ્રતીક છે. નાસિકમાં થયેલા ઠરાવો કોંગ્રેસીઓના અંતરની ઇચ્છાનું પ્રતિબિંબ હશે તો આવતે વર્ષે દેશ વિશેષ પ્રગતિ કરી શકશે. કોંગ્રેસીઓ ચૂંટણી અને આપખુદી ભૂલી આ ઠરાવના અમલ માટે મથશે તો કોંગ્રેસનું, દેશનું અને વ્યક્તિગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કલ્યાણ જ થશે. જનતાની સેવાની મૂડીને પ્રતાપે જ આજે કૉંગ્રેસ સત્તા ઉપર છે. આવતી ચૂંટણી પણ સેવાના બળ ઉપર લડાય અને તેમાંથી એક કર્તવ્યરૂપે અધિકારપદ પ્રાપ્ત થાય એ જ યોગ્ય છે.

કૉંગ્રેસે પસાર કરેલા ઠરાવોમાં ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધો, આર્થિક નીતિ અને નિર્વાસિતોનો સવાલ વધુ ધ્યાન ખેંચનારા છે. પાકિસ્તાન સાથેના ઝઘડાઓનો નિકાલ શાંતિથી જ લાવવાનો ભારતનો નિશ્ચય છે, પરંતુ પાકિસ્તાન એમ થવા દેશે? આ પ્રશ્ન સાથે કોમી સમસ્યા સંકળાયેલી છે, આ બાબતમાં ભારત બહુ દૃઢ છે. પાકિસ્તાન ગમે તેમ વર્તે છતાં ભારત બિનસાંપ્રદાયિક રાજ્યનો આદર્શ છોડે નહિ એવો કૉંગ્રેસનો નિશ્ચય છે. આર્થિક બાબતોમાં મિશ્ર અર્થતંત્રનો ભારતે સ્વીકાર કરેલો છે. એક બાજુ રાષ્ટ્રીયકરણ અને બીજી બાજુ અનિયંત્રિત મૂડીવાદી વેપાર વચ્ચે ભારતે મધ્યમ માર્ગ સ્વીકાર્યો છે. અંકુશોની બાબતમાં પણ કૉંગ્રેસે સ્પષ્ટતા કરી નાખી છે. આવશ્યક વસ્તુઓ ઉપરના અંકુશો જરૂરી છે એમ સ્વીકારાયું છે. કૉંગ્રેસના આ નિર્ણય પછી નેતાઓનાં ઉચ્ચારણોમાં વિસંવાદ ન જાગે એ ઘણું જરૂરનું છે. અંકુશનું તંત્ર કાર્યક્ષમ અને વિશુદ્ધ કરવા માટે સરકારે અને તે અંગે લોકમત કેળવવા માટે કૉંગ્રેસ સંસ્થાએ ઘણું કરવાનું રહેશે. નિર્વાસિતોનો સવાલ આપણા અર્થતંત્ર તથા બીજા અનેક પ્રશ્નો સાથે સંબંધ ધરાવે છે. લગભગ એક કરોડ માનવીઓને ઠેકાણે પાડવાનો સવાલ છે. આ બાબતમાં સરકાર, કૉંગ્રેસ અને પ્રજા સંયુક્ત પ્રયાસો કરે તો જ તેનો ઉકેલ શક્ય છે.

કોરિયા અને ચીન

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં ખાસ ફેર પડ્યો નથી. લડાઈનો ભય ગયે મહિને હતો તે કરતાં આજે ઓછો થયો છે, પણ તેનું જોખમ દૂર થયું નથી. કોરિયાની લડાઈ હજી ચાલે છે. રાષ્ટ્રસંસ્થાનાં સૈન્યો તાકાત બતાવે છે, પણ એટલું સમજી લેવાની જરૂર છે કે દક્ષિણ કોરિયામાંથી લાલ સેનાને પાછી ધકેલી દઈ શકાય તેટલાથી કોરિયાનો પ્રશ્ન ઊકલી જતો નથી. કોરિયાના ભાગલા ક્રૂર અને કૃત્રિમ રીતે પડેલા છે, કોરિયાની પ્રજા ભાગલા ઇચ્છતી નથી. કોરિયા ઉપર કોઈનું વર્ચસ્ રહેવું ન જોઈએ અને તે અખંડ બનવું જોઈએ, જ્યાંસુધી એમ થશે નહિ ત્યાંસુધી શાંતિની આશા રાખવી નકામી છે.

કોણ આ કરી શકે? સંયુક્ત રાષ્ટ્રસંસ્થા સિવાય આ બની શકે એમ નથી. ગમે તેવી નિર્બળ તો યે એ જ સંસ્થા શાંતિ માટેની આશા છે. આ સંસ્થામાં રશિયા અને અમેરિકા સામસામે ઘૂરક્યા કરે અને ચીનના પ્રતિનિધિઓને સ્થાન મળે નહિ તો ધાર્યું પરિણામ આવે નહિ. લાલ ચીનની બાબતમાં અમેરિકા કંઈક કૂણું પડ્યું જણાય છે. બીજી બાજુ, રશિયા લડાઈ માટે તૈયાર નથી એમ સ્પષ્ટ દેખાવા લાગ્યું છે. રાષ્ટ્રસંસ્થામાં સમાધાન થાય, લાલ ચીનના પ્રતિનિધિઓ ત્યાં બેસે તો વાસ્તવિક પરિસ્થિતિ ઊભી થાય. પણ આ બાબતમાં ભારતના પ્રયત્નો હજી સુધી અફળ રહ્યા છે. લાલ ચીનને રાષ્ટ્રસંસ્થામાં દાખલ કરવામાં આવે તો રશિયા ઉપર એટલી અસર તો થાય જ કે કોરિયાનો સવાલ પણ શાંતિથી પતી શકે. જો કોરિયાની પ્રજા એક થવા ઇચ્છતી હોય, અમેરિકાના વર્ચસ્થી મુક્ત થવા અને સામ્યવાદ સ્વીકારવા ચાહતી હોય તો તેને કોણ અટકાવી શકે એમ છે? રાષ્ટ્રસંસ્થાના વડપણ નીચે મુક્ત લોકમત દ્વારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોરિયાનું ભાવિ નક્કી કરવામાં આવે તો કોઈને કશું કહેવાપણું રહે નહિ. અત્યારના સંયોગો એમ ખતાવે છે કે કોરિયા છેવટે એક અને અખંડ બનશે ને સામ્યવાદ પણ સ્વીકારશે.

ભારત અને પાકિસ્તાન

ભારત અને પાકિસ્તાનના સંબંધો છેલ્લા મહિનામાં બગડ્યા છે. પૂર્વ બંગાળ અંગે 'લઘુમતા કરારો' થયા તેથી વાતાવરણ કંઈક સુધર્યું હતું, પણ કાશ્મીરની મંત્રણાઓ નિષ્ફળ ગયા પછી પરિસ્થિતિ વણસી ગઈ છે. કાશ્મીરનો પ્રશ્ન શાંતિથી ઉકેલવાનો નિર્ણય ભારતે કર્યો, લોકમત અંગેની જાહેરાત પણ એણે જ કરી, પાકિસ્તાનના આક્રમણ સામે સલામતી સમિતિ પાસે ફરિયાદ પણ ભારતે જ નોંધાવી, છતાં પરિસ્થિતિએ એવો પલટો લીધો કે પાકિસ્તાન ભારતને આક્રમક કહેવા લાગ્યું અને સલામતી સમિતિએ બંનેને સરખાં જ દોષપાત્ર ઠરાવ્યાં!

કાશ્મીરની સરહદ બંને દેશ સાથે છે. ઉપરાંત, ચીન, અફઘાનિસ્તાન, રશિયા તેની પાસે છે. આ દૃષ્ટિએ કાશ્મીરનું ઘણું મહત્ત્વ ગણાય. કાશ્મીરની વસ્તીમાં ૭૭ ટકા મુસ્લિમો છે પણ તેઓ કોમવાદી નથી. ભારત અખંડ અને પરતંત્ર હતું ત્યારે પણ ત્યાં કોમવાદ નહોતો. મુસ્લિમ લીગ અને તેના નેતા જનાબ મહમદઅલી ઝીણાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયેલા. કાશ્મીરની પ્રજા અને રાજા જોડાણ વિષે હજી વિચાર કરતાં હતાં ત્યાં પાકિસ્તાને તેના ઉપર આક્રમણ કર્યું. અનેક પ્રકારની મુશ્કેલીઓ અને ધાકધમકીઓ તો અપાતી જ હતી. પણ કાશ્મીર નમ્યું નહિ એટલે તાયફાવાળાઓને ઉશ્કેરી, શસ્ત્રસજ્જ કરી, તાલીમ આપી કાશ્મીરને પીંખી નાખવા માટે મોકલવામાં આવ્યા. એ પછી પાકિસ્તાનનાં રીતસરનાં સૈન્યો પણ રણમાં ઊતર્યાં. બીજી બાજુ કાશ્મીરનું ભાગ્ય જોખમમાં મુકાયું અને અઘોર અત્યાચારો થયા ત્યારે કાશ્મીરના મહારાજા અને પ્રજાની પ્રતિનિધિ-સંસ્થા રાષ્ટ્રીય પરિષદે ભારત પાસે જોડાણ માગ્યું.

આ પછીનો ઇતિહાસ તાજો છે. ભારત સલામતી સમિતિ પાસે ગયું, પણ ત્યાં ન્યાય મળ્યો જ નહિ. ભારત અને પાકિસ્તાનને એક કક્ષામાં રાખી સમાધાનના પ્રયાસો થવા લાગ્યા. કાશ્મીર પંચ આવ્યું ને ગયું, ઠરાવો થયા ને બદલાયા, ભારતે શાંતિ માટે ઉદારતા બતાવી પણ તેની યે હદ આવી ગઈ. છેલ્લે રાષ્ટ્રસંસ્થાના પ્રતિનિધિ સર ઓવન ડીકસન આવ્યા. એમણે બધું અવલોકન કર્યું. ભારત-પાકિસ્તાનના વડા પ્રધાનો એમની હાજરીમાં મળ્યા, પણ પરિણામ શૂન્ય; કારણ કે શરૂઆત જ ખોટી રીતે થઈ હતી. હવે ભારતે નિશ્ચિત રીતે એવું વલણ લીધું છે કે જેમ કોરિયાની બાબતમાં બન્યું તેમ પ્રથમ તો નક્કી કરો કે ગુનેગાર કોણ છે? આક્રમણકાર કોણ છે? કોણે કાશ્મીરની ભૂમિમાં ગેરકાયદે પ્રવેશ કર્યો છે? કાશ્મીરની ધરતી ઉપર કાયદેસર કોની હકૂમત છે? સલામતી સમિતિ ભારતની આ સૂચનાનો સ્વીકાર નહિ કરે તો કટોકટી ઊભી થવાનો સંભવ છે. સર ઓવને પોતાના અહેવાલમાં કાશ્મીરને આક્રમક ઠરાવ્યું છે, પણ બીજી જે સૂચનાઓ રજૂ કરી છે તે કાશ્મીરના ઉકેલમાં મદદગાર થાય તેવી નથી. પાકિસ્તાનનાં સૈન્યો કાશ્મીરમાંથી ખસે નહિ, ત્યાં સુધી આ પ્રશ્નનો ઉકેલ આવવાનો નથી.

મહારાજસ્થાન સંઘ

રાજસ્થાન સંઘ આપણા દેશનું સૌથી મોટું એકમ છે. રિયાસતોમાં તો એ સૌથી મોટો છે. એની સરહદે પાકિસ્તાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

છે. વિસ્તાર આત મોટો છે. બીજી રીતે ઘણો જ પછાત પ્રદેશ છે. જમીનદારી અને જાગીરદારીના ભારથી પ્રજા પીડાય છે. આ સંઘની રચના થઈ, ત્યારે ત્યાંની પ્રજામાં આશા અને ઉત્સાહનું વાતાવરણ ફેલાયેલું હતું પરંતુ તે પછી તરત જ ત્યાંની કોંગ્રેસમાં ફાટફૂટ પડી, રિયાસતી ખાતાએ નજીવી બહુમતિ ધરાવતા જૂથને ટેકો આપ્યો અને એ જૂથના આગેવાન શ્રી હીરાલાલ શાસ્ત્રીએ મુખ્ય જૂથના નેતા શ્રી જયનારાયણ વ્યાસ પ્રત્યે કંઈક કિન્નાખોરી બતાવી તેથી રાજસ્થાનનું વાતાવરણ ડહોળાઈ ગયું. આ સ્થિતિમાં પ્રાંતિક કોંગ્રેસ અને સરકાર વચ્ચે વિરોધ રહેવા લાગ્યો અને કયારે શું તૂટી પડશે તે વિષે સૌને ચિંતા રહેવા લાગી.

અન્ય પ્રાંતો, રાજ્યો, રિયાસતી એકમોમાં પણ કોંગ્રેસની એકતા તૂટી છે, જૂથો રચાયાં છે; પણ રાજસ્થાનની સ્થિતિ નિરાળી હતી. ત્યાં તો પ્રાંતિક સમિતિમાં ૮૦ટકા બહુમતી ધરાવનારના વિરોધમાં ૨૦ ટકાનું પીઠબળ ધરાવનાર રાજકર્તા હતા! આ અકુદરતી સ્થિતિનો હમણાં અંત આવ્યો છે. પ્રધાનમંડળ હજી બદલાયું નથી, પરંતુ શ્રી હીરાલાલ શાસ્ત્રીએ પ્રાંતિક સમિતિ સમક્ષ પોતાનું રાજીનામું રજૂ કરી દીધું છે ને કહ્યું છે કે પ્રાંતિક સમિતિની આજ્ઞાનુસાર જ તેઓ વર્તશે. આ રીતે શ્રી વ્યાસ અને શ્રી શાસ્ત્રી વચ્ચે સમાધાન થયું છે. સરદારશ્રીના આશીર્વાદ મળ્યા છે એટલે એવી આશા રહે છે કે થોડાક સમયમાં જ રાજસ્થાનને પ્રજાના સાચા પ્રતિનિધિઓનું પ્રધાનમંડળ પ્રાપ્ત થશે. રાજસ્થાનનો આ બનાવ આજના સંયોગોમાં ઘણો મહત્ત્વનો છે. હવે બેમાંથી કોઈ પક્ષ ભૂતકાળને સંભારે નહિ, તેમ કોઈ પ્રકારની વેરવૃત્તિ રાખે નહિ તો અને તો જ, પ્રજાકલ્યાણની પ્રવૃત્તિમાં સફળતા મળે. રાજસ્થાન સંઘ ભારતનાં તમામ રાજ્યો અને પ્રાંતિક સમિતિઓને દૃષ્ટાંતરૂપ બને એમ ઇચ્છીએ.

કુદરતી આફતો

છેલ્લા મહિનાઓમાં કુદરતે પોતાની સંહારશક્તિનો પારચય ભારતને આપ્યો છે. આસામનો ધરતીકંપ અને અનેક રાજ્યોમાં આવેલી જળવર્ષાથી પારાવાર મુશ્કેલીઓ ઊભી થઈ છે. કરોડોનું નુકસાન, અનેક માનવીઓ, પશુઓ, માલમિલકતોનો નાશ વગેરેનું વર્ણન વાંચતાં–સાંભળતાં હૃદય કંપી ઊઠે એવું છે. કુદરત પાસે માનવી કેટલો ક્ષુદ્ર છે તેનો સાક્ષાત્કાર થઈ રહ્યો છે. આ જીવન અને જગત કેવાં ક્ષણભંગુર છે, તે પણ આમાંથી સમજાય છે.

દરેક આપત્તિ વખતે માણસ ઈશ્વરને અને પોતાના ધર્મને સંભારે છે. આ આપત્તિ અમુક પ્રદેશો પૂરતી છે, પણ આ દેશ જો આપણો સૌનો હોય તો આ આપત્તિમાં સૌએ ભાગીદાર બનવું જ જોઈએ, આપણામાં સર્વશક્તિમાન ઈશ્વર પ્રત્યે નમ્રતા અને આપણા કર્તવ્યનું ભાન જાગવાં જ જોઈએ. સંકટ એવડું મોટું છે કે કોઈ રાજ્યથી કે સરકારથી પાર કરી શકાશે નહિ. સૌ પોતાનો યોગ્ય હિસ્સો આપશે તો આ આપત્તિમાંથી બચેલાઓને અવશ્ય ઉગારી શકાશે. આપણે આપણો ધર્મ બજાવશું તો કુદરત પણ આપણને મદદ કરશે. સંતોએ કહ્યું છે: 'મનુષ્ય–યત્ન, ઈશ્વર–કૃપા.'

તા. ૨૧–૯–'૫૦

સુધારો

'અખંડાનંદ'ના જુલાઈ અંકમાં પ્રસિદ્ધ થયેલ 'હજી તો તું બાળક છે'ના મૂળ લેખક છે શ્રી ડબલ્યુ. એમ. લારનેડ. પ્રથમવાર અમેરિકામાં પ્રસિદ્ધ થયા બાદ 'ફાધર ફરગેટ્સ' નામની એ અંગ્રેજી કૃતિ સેંકડો સામયિકો અને ભાષાઓમાં પુનર્મુદ્રણ પામી છે.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક વાંચ્યા પછી

માસિકની પોતાની અનોખી દુનિયા છે. નાનકડી એ દુનિયાના પ્રવાસ-પર્યટનનો લાભ અનેરો જ હોય છે. 'અખંડ આનંદ'ના પ્રવાસને અંતે જોયું હશે, કે બાપુના પુનિત નામથી અંકિત થયેલા ઑકટોબર માસના ચાલુ અંકમાં પૂ. રવિશંકર મહારાજે 'બાપુનાં સંભારણાં' યાદ કરાવીને એમની સ્મૃતિ તાજી કરી છે, તો શ્રી દિલખુશ બ. દીવાનજીએ આપણા સહુના અંતરની અંજલિને 'ભક્તિયોગનું મહાકાવ્ય'માં વાચા આપી છે. સસ્તું સાહિત્ય પ્રકાશન સંસ્થાએ '**પરમપૂજ્ય બાપુ**' (લેખકો શ્રી. સોપાન અને શ્રી. જી. રામચંદ્રન્) નામે પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. એમાં ગાંધીજીની આત્મકથાને આધારે તૈયાર કરાયેલા જીવનચરિત્ર ઉપરાંત ગાંધીજીના અંતેવાસીઓ વિના અન્ય કોઈની કલમે ન આલેખી શકાયા હોત એવા, બાપુના કુસુમથી યે કોમળ અને વજ્રથી યે કઠોર હૃદયના બેનમૂન ભાવો વ્યક્ત કરતા સુંદર ચોટદાર પ્રસંગોનું નિરૂપણ પણ મળશે. ઑકટોબર મહિનાના દિવસોમાં આનું વાચન કેમ વિસરાય!

હિંદુધર્મ અને ગીતાજી ઉપર ગુજરાતી સાહિત્યમાં આ સંસ્થાએ જેટલા ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે એટલા કદાચ કોઈ એક જ મંડળે કે સંસ્થાએ બહાર નહિ પાડ્યા હોય. સમસ્ત હિંદુ તત્ત્વજ્ઞાનનો અર્ક જેમાં સમાયેલો છે એવા સર્વ સન્માનિત ગ્રંથો માટે સંસ્થા-પ્રકાશિત સૂચિમાં નામો શોધવાં રહ્યાં. સ્વામી અદ્વૈતાનંદજીએ ચાલુ અંકમાં ધર્મની અને વિશ્વધર્મની શક્યતા વિશે વિચારણા રજૂ કરતી વખતે દુનિયા પર અસ્તિત્વ ધરાવતા ધર્મોના તુલનાત્મક અભ્યાસ વિશે કહ્યું છે. હિંદુધર્મના અભ્યાસના ગ્રંથો સાચા જિજ્ઞાસુ માટે જાણે રાહ જોઈને બેઠા છે. 'સસ્તું સાહિત્ય'ની સંસ્થા એ ખરીદવાનું તમને આમંત્રણ આપે છે.

આયુર્વેદ પદ્ધતિએ 'ખાંસી'ની ચિકિત્સા આ અંકમાં જોયા બાદ 'સુશ્રુત-આયુર્વેદ' (પાન ૧૩૭૨ : કિં. ૧૫-૦-૦)થી માંડીને હરડે (પાન ૯૬ કિં ૦-૬-૦) સુધીના અનેક દૃષ્ટિથી લખાયેલા નાનામોટા વિવિધ ગ્રંથોનું પ્રકાશન 'સસ્તું સાહિત્યે' કર્યું છે. એની લાંબી નામાવલિ તો ક્યાં ગણાવવા બેસીએ? કોઈ પણ સ્થળે કોઈ પણ અંક ઉપર દૃષ્ટિ ફેરવતાં જ એની ઉપયોગિતા વરતાઈ આવશે.

'હળ વિરુદ્ધ ટ્રેક્ટર'ના વાંચનને અંતે અમારે પુનઃ સ્મરણ કરાવવું પડે છે: '**ખેતીનાં મૂળ તત્ત્વો**'ના પ્રકાશનનું પણ એટલી યાદ જ બસ નથી. ભારતવર્ષે ૧૯૫૧ના અંત પહેલાં અન્નમોરચે બિલકુલ સ્વાવલંબી બનવાનો પાકો નિરધાર કર્યો છે ત્યારે, વધુ અનાજ ઉત્પન્ન કરવાની બાબતમાં આપણે સહુએ સાથ આપવો જોઈએ; સારી ખેતી માટે એને વિશેનું સંપૂર્ણ જ્ઞાન જોઈએ. એની વિશદ ને ઉપયોગી ચર્ચા 'ખેતીનાં મૂળ તત્ત્વો'ના ચાર ભાગમાંથી મળશે.

ચાલુ અંકે વાર્તાઓનું પ્રમાણ વધારવામાં આવ્યું છે એ તમારી ધ્યાન બહાર નહિ જ ગયું હોય. આવી કક્ષાના ઘણા યે વાર્તાસંગ્રહો સસ્તું સાહિત્યે પ્રસિદ્ધ કર્યા છે. ધ્યેયલક્ષી છતાં વાર્તારસ પૂરો પાડતી આ વાર્તાઓ મનને પ્રફુલ્લિત તો કરે જ છે; છતાં સાથેસાથ જીવનનાં વિવિધ ક્ષેત્ર ઉપર પ્રકાશ યે પાડતી જાય છે. સંસ્થા-પ્રકાશિત કોઈ પણ સંગ્રહની કોઈ પણ એક વાર્તા વાંચો અને આ વિધાનનો અનુભવ કરી જુઓ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સંસ્થા–સમાચાર

નવાં પ્રકાશનો

સોનાનો સૂરજ : (સર્વોપયોગી શ્રેણી) લે૦ પીતાંબર પટેલ: આજના સંયોગોમાં ગામડાંની પ્રજાનાં શાં દુઃખો છે અને તેનો ઉકેલ શી રીતે આવે, તેનું માર્ગદર્શન કરાવતું પુસ્તક.

પાન ૨૨૪ : ૧–૪

હિતોપદેશ : (સર્વોપયોગી શ્રેણી) સં૦ સીતારામ જે. શર્મા: કથારસ સાથે બાળકોને નીતિનું જ્ઞાન આપતી કથાઓ:

પાન ૨૩૨ : ૧–૪

ગુજરાતનાં તીર્થસ્થાનો: (સર્વોપયોગી શ્રેણી) લે. દુર્ગાશંકર કે. શાસ્ત્રી : ગુજરાતનાં શ્રેષ્ઠ તીર્થસ્થાનોની વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપતું પુસ્તક.

પાન ૨૪૮ : ૧–૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાં દાસી જનમ જનમકી : (સર્વોપયોગી શ્રેણી) લે. રેવાશંકર ઓઘડભાઈ સોમપુરા : ભક્તિમયી મીરાંનું ભક્તિભાવપૂર્ણ ચરિત્ર. પાન ૧૧૨ : ૦–૧૦

કાકાનો સંજય : (આમશ્રેણી) પ્રાચીન મિસરની સંસ્કૃતિનો સચિત્ર પરિચય પાન ૩૨૦ : ૧–૧૨

કબીર સાહેબ : (આમશ્રેણી) લે૦ મણિલાલ તુલસીદાસ મહેતા : સદ્‌ગુરુ કબીર સાહેબની જ વાણીનો આધાર લઈ તૈયાર કરેલું સત્ય ઘટનાઓ સાથેનું કબીર સાહેબનું સંક્ષિપ્ત ચરિત્ર. પાન ૧૧૨ : ૦–૬

ક્વાથ-ઔષધિ : (આમશ્રેણી) પ્રયો૦ માધવ મો. ચૌધરી : બીજી આવૃત્તિ. પાન ૮૦ : ૦–૬

અગાઉ પ્રસિદ્ધ થયેલા ગ્રંથો

મહાભારત ભાષાંતર : દળદાર સાત ગ્રંથોમાં ૫૨–૦

સુશ્રુત આયુર્વેદ : વૈદકનો મહાન ગ્રંથ ૧૫–૦

તુલસીકૃત રામાયણ : ૧૦–૦

ગિરધરકૃત રામાયણ : ... ૪–૮

શ્રીમદ્ ભાગવત : બે ગ્રંથોમાં ૧૦–૦

આર્યભિષક્ અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ : ૬–૦

એકનાથી ભાગવત : ૫–૦

વિચારસાગર : વેદાંતનો ગ્રંથ ૩–૦

મનુસ્મૃતિ : ૪–૮

વૈદિક વિનય : વેદના પ્રાર્થના-મંત્રો, અર્થ સાથે ૩–૧૨

લઘુયોગવાસિષ્ઠ: ૨–૮

સૂર્યકાન્ત : ૨–૦

સંતની વાતો : ધર્મનીતિ દૃષ્ટાંતો ૧–૮

તુકારામગાથા : અભંગોનું ભાષાંતર બે ગ્રંથોમાં ૬–૦

રામકૃષ્ણ વાર્તાલાપ : ભા. ૨જો ૨–૦

આખ્યાનમાળા : (૧) શ્રી અનંતપ્રસાદજી કૃત.... .... ૪–૦

આખ્યાનમાળા : (૨) સ્વ. અનંતપ્રસાદજી કૃત બોધક આખ્યાનો ૩–૦

એકાદશ ઉપનિષદ : મૂળ સાથે ભાષાંતર ૩–૦

બૃહદારણ્યક ઉપનિષદ : મૂળ સાથે ભાષાંતર ૨–૦

સો ઉપનિષદો : ૫–૦

ભક્તિયોગ-(૮) આવૃત્તિ ૨જી ૨–૦

સ્વામી વિવેકાનંદ : જીવનચરિત્ર ૪–૦

સ્વામી વિવેકાનંદસાર : વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી ૨–૦

પુરુષાર્થબોધિની ગીતા : પં. સાતવલેકરજીની વિસ્તૃત ટીકા સાથે, મૂળ શ્લોકો, પદચ્છેદ તથા અર્થ ૧૨–૮

શ્રીજ્ઞાનસૂર્યોદય : જ્ઞાનયોગ ૨–૦

ભારતની દેવીઓ : ત્રણ ગ્રંથોમાં ૬–૦

બિરબલ અને બીજા : આ. બીજી ૨–૦

તન્ત્રકથા : શ્રી વાલજી દેસાઈ ૧–૮

શ્રી રમણ મહર્ષિ : બોધક ને પ્રેરક ચરિત્ર ૨–૦

હંસ મહારાજ : ૨–૮

ભિક્ષુ અખંડાનંદ : ૩–૦

રામકૃષ્ણ પરમહંસ : ૨–૮

ચૈતન્ય મહાપ્રભુ : વિસ્તૃત ચરિત્ર ૮–૦

સંત તુકારામ : ચરિત્ર ૩–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CROWN BRAND GUARANTEED PURE

CROWN BRAND GUARANTEED PURE

એલ્યુમિનિયમનાં
વાસણો
અને બીજી
અનેક ઉપયોગી ચીજો

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમનાં વાસણો વજનમાં હલકાં, જલ્દી ગરમ થાય તેવાં અને કીંમતમાં બહુ સસ્તાં હોય છે. કલાઈ કરવાની જરૂરજ નથી પડતી હમેશાં તાજાં ચકચકીત રાખી શકાય છે.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી, ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.

ઉપરાંત હેન્ડબેગ, બાળકોના ઉપયોગ માટેની દફતરબેગો, તથા અનેકરંગી ઉપયોગી ચીજો મળે છે.



તમારી જરૂરિયાતો
માટે
લખો અથવા મળો:

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂ. ૭ાા છે. બ્રહ્મદેશ માટે રૂ. ૮) અને પરદેશ માટે રૂ. ૧૧) છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. છ અથવા ત્રણ માસના ગ્રાહકો નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યાં બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક સમયસર ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી; અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી; અને તે સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પોતાનું નામ-સરનામું સ્પષ્ટ લખવાં; સાથે ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું. વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે.

૯ મનીઑર્ડરની કૂપન પર રૂપિયાની રકમ, રૂપિયા મોકલવાનો ઉદ્દેશ, ગ્રાહક નંબર (નવા ગ્રાહક હોય તો નવા ગ્રાહક લખવું), પૂરું સરનામું વગેરે સર્વ બાબતો સ્પષ્ટ દર્શાવવી.

૧૦ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

૧૧ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૨ રૂબરૂ આવી અંક લઈ જનાર તથા એકથી વધારે અંકો રજિસ્ટરથી યા રેલવેથી મંગાવનાર માટે લવાજમમાં કંઈ ફેરફાર નથી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

૧૯, અમદાવાદ ને કાલબાદેવી, મુંબઈ-૨

લેખો અંગે નિયમો

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ-વર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. આમ છતાં લગભગ છ માસમાં લેખ પ્રગટ થઈ જાય એવો પ્રયત્ન કરવામાં આવે છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લખાણ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લખાણો મોકલવાનું સરનામું આ પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'
ગુલબહાર, મેરેક રોડ, મુંબઈ-૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

વિષય		લેખક	
૧	અપેક્ષા ઓછી રાખીએ	શ્રી	૫૪
૨	પ્રતિષ્ઠાનો મોહ	શ્રી કેદારનાથજી	૩
૩	ગૃહસ્થાશ્રમને પંથે	મુનિશ્રી સંતબાલજી	૫
૪	ઉપનિષદો	અધ્યા. ગૌરીશંકર ચુ. ઝાલા	૮
૫	કુબ્જા સુંદરી (વાર્તા)	શ્રી રાજાજી	૧૭
૬	રમકડાં	શ્રી જગન્નાથ અહિવાસી	૨૧
૭	ભીલ બોલીમાં સમાનતા (સંશોધન)	પં. બેચરદાસ દોશી	૨૬
૮	કાચો ઘડો (વાર્તા)	શ્રી ભગવત્ રામચંદ્ર ભટ્ટ	૩૨
૯	શ્રદ્ધા ને સંશય (માનસશાસ્ત્ર)	શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ,	૩૮
		એમ. એસ. સી. (લંડન) બાર-એટ-લૉ	૪૫
૧૦	પિતાની પિછાન (વાર્તા)	શ્રી જગદીશ પરમાર	૪૯
૧૧	સગર્ભાવસ્થા (આરોગ્ય)	શ્રીમતી નયનતારા ઉપેન્દ્ર દવે	૫૭
૧૨	આત્મશાંતિ : વિશ્વશાંતિ	શ્રી સીતારામ જે. શર્મા	૬૦
૧૩	સજા (વાર્તા)	શ્રી પ્ર. હ. મહેતા, બી. એ.	૬૪
૧૪	જ્યોતિષશાસ્ત્ર (વિજ્ઞાન)	શ્રી પ્રેમશંકર હ. જોશી (નાઢાલવાળા)	૭૨
૧૫	સોયદોરો (કટાક્ષ લેખ)	શ્રી જ્યોતીન્દ્ર દવે	૭૮
૧૬	શોખની નોકરી	અનુ. સ્વ. ગુણવંતરાય જોશી, એમ. એ.	૮૩
૧૭	રજા પડી ગઈ! (વાર્તા)	શ્રી ભૂપત વડોદરિયા	૮૮
૧૮	દેશદેશની લગ્નપ્રથા	શ્રી કિશોર હીરાચંદ પારેખ	૯૨
૧૯	મૂંઝવતાં બાળકો	શ્રી પુરુષોત્તમ છ. શાહ,	૯૯
		એમ. એ., બી. ટી.	
૨૦	સ્વામી રામદાસજી (જીવનપ્રસંગો)	શ્રી રેવાશંકર ઓ. સોમપુરા,	૧૦૪
		બી. એ.	
૨૧	આદિવાસી ગુજરાતના મજૂરપ્રશ્નો	અધ્યા. ઠાકોરલાલ ભાણાભાઈ નાયક,	૧૧૦
		એમ. એ.	૧૧૪
૨૨	યુગપ્રવાહ	શ્રી સોપાન	૧૧૯
૨૩	સંસ્થા–સમાચાર	કાર્યાલય	

* * *

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર

મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૪, અંક ૨] તંત્રી : સોપાન [ડિસેમ્બર ૧૯૫૦

અપેક્ષા ઓછી રાખીએ

માણસ સ્વેચ્છાએ ગરીબી સ્વીકારે તો ગરીબી દુઃખરૂપ ન લાગે એટલું જ નહિ, પણ જીવન હળવું ફૂલ બની જાય. એવું જ અન્ય સાથેના સંબંધોમાં આશા અને અપેક્ષાઓનું છે. પતિપત્નીના અતિ નિકટ ગણાય એવા સંબંધોથી માંડીને નિત્યના જીવન-વ્યવહારની સામાન્ય ઓળખાણ સુધી આ આશા ને અપેક્ષા વિસ્તરેલાં છે ને નિરંતર દુઃખ ઉપજાવે છે. માણસમાત્રે પોતાનાં કર્તવ્ય વિષે જાગૃત રહેવું જોઈએ અને પોતાનાં શરીર, મન, બુદ્ધિ પાસેથી અમુક કામ લેવાની અપેક્ષા પણ રાખવી જોઈએ, પણ આપણે જોઈએ છીએ, કે મોટાભાગના માણસો–જેમાં આપણો ય સમાવેશ થતો જ હશે–પોતાનાં કર્તવ્ય વિષે જાગૃત હોતાં નથી અને પોતાનાં શરીર, મન, બુદ્ધિ પાસે પૂરતાં કામની અપેક્ષા પણ રાખતાં નથી. આ જ માણસો બીજાનાં કર્તવ્ય વિષે ભારે સજાગ રહે છે ને તેની પાસે અનેક પ્રકારની અપેક્ષાઓ પણ રાખે છે. જેની સાથે આપણને મુદ્દલ સંબંધ ન હોય તે પણ પોતાનું કર્તવ્ય બજાવે છે કે નહિ તે જોવા માટે આપણે સાવધ રહીએ છીએ અને જ્યારે ઊણપ જોઈએ છીએ, ત્યારે તેની ટીકા કરતાં પણ અચકાતા નથી.

દૂરના માણસો માટેની આપણી આ જાગૃતિ કોઈવાર દુઃખ ઉત્પન્ન કરનારી હોય અને મોટે ભાગે તો ટીકાનો આનંદ આપનારી માત્ર હોય; પરંતુ આપણાં સ્વજનો ને પરિચિતોનાં કર્તવ્ય વિષેની આપણી જાગૃતિ–ના, ચોકીદારી આપણામાં દુઃખની લાગણી ઉપજાવે જ છે. આપણે કોઈ પણ સંબંધનું અવલોકન કરીશું, તો આ વસ્તુ તરત જ સમજાઈ જશે. આપણે પતિ તરીકે પત્ની પાસે, પુત્ર તરીકે પિતા પાસે, પિતા તરીકે પુત્ર પાસે; ભાઈ, બહેન, સગાં, મિત્ર, પડોશી, શેઠ, નોકર, ભાગીદાર અરે, સંબંધમાં આવતાં દરેક પાસે કેટલી બધી અપેક્ષા રાખીએ છીએ ને એમ ન થતાં કેટલી નિરાશા અનુભવીએ છીએ! જે માણસ પોતાનું કર્તવ્ય બરાબર બજાવતો હોય તે જ આવી અપેક્ષાઓ રાખે છે એમ નથી; પરંતુ એટલું સમજી લેવાનું છે, કે કર્તવ્ય બજાવનારે પણ જો પ્રેમનું સુખ, મૈત્રીનું સુખ, સારા સંબંધોનું સુખ પ્રાપ્ત કરવું હોય તો અપેક્ષાઓ ઓછી કરતા જવું જોઈએ. મારા પુત્રે, મિત્રે, પડોશીએ, પરિચિતે, ભાગીદારે, સગાંએ મારે માટે આટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો કરવું જ જોઈએ એમ માની બેસીએ છીએ, ત્યારે જ નિરાશા ને દુઃખ વેઠવાં પડે છે ને! જો આપણે માનીએ કે એણે કરવું હોય તેટલું કરે, ન કરે તો યે કાંઈ નહિ, તો પછી દુઃખની લાગણી જન્મે જ ક્યાંથી?

જે પોતાનું કર્તવ્ય બજાવતા નથી અને જે બજાવે છે, તે બંનેએ આ વસ્તુ સમજી લેવાની જરૂર છે. જે કર્તવ્યવિમુખ હોય, તે બીજા પાસે કશો અધિકાર ધરાવી શકે નહિ, પણ જે કર્તવ્ય-કર્મ કરતો હોય તે પણ જો અપેક્ષા ઓછી કરશે તો તેને ઉચ્ચ આનંદનો અનુભવ થશે. અનેકમાંથી એક જ સંબંધમાં આ પ્રયોગ કરી જુઓ. પતિ, પત્ની, પુત્ર, પિતા, પડોશી કોઈને પણ પસંદ કરો અને તેની પાસેથી કશી આશા ન રાખો. જે મળે તે પ્રેમથી સ્વીકારો. તમે માનતા હો કે અમુક સેવા, સાધન કે છેવટે સ્મિત મેળવવાનો તમારો અધિકાર છે તોપણ તે વિષે આગ્રહ છોડી દો. થોડા જ સમયમાં મન હળવું થઈ જશે. કોઈની પાસેથી કશું જ લેવાનો તમારો અધિકાર નથી અને જે મળે છે તે તો કૃપા છે એમ માનવા સુધી તમારા મનને ખેંચી શકો તો ઉત્તમ, પણ એવું ન થાય અને ન મળ્યાનું દુઃખ ટળે તો યે તમે ઘણું પ્રાપ્ત કર્યું છે એમ લાગશે. બીજા માણસોની વાતો સાંભળીએ કે દિવસભરની આપણી જ વાત યાદ કરીએ તો જણાશે કે અમુક માણસે અમુક ન કર્યાનું દુઃખ સતત સાલ્યા જ કરે છે; આમાંથી છૂટવું જોઈએ. પ્રેમ-સંબંધની વૃદ્ધિ માટે અને આપણા વિકાસ માટે અપેક્ષા ઓછી કરવાનું ઘણું જરૂરી છે.

અપેક્ષા ઓછી કરવાનો અર્થ એ નથી કે જ્યાં તમે અમુક નિયમોનું પાલન કરવા કે કરાવવા બંધાયેલા છો, ત્યાં પણ તમારે અપેક્ષાથી મુક્ત રહેવું જોઈએ. સેનાપતિ, વ્યવસ્થાપક કે કુટુંબનો વડો જો વાજબી અપેક્ષા ન રાખે તો શિસ્ત અને વ્યવસ્થા તૂટી પડે, પરંતુ અહીં તો અંગત જીવનનાં સુખદુઃખનો જ આપણે વિચાર કરીએ છીએ. દરેક પતિ, પત્ની, પિતા, પુત્ર, ભાઈ, બહેન, મિત્ર, પડોશી જે અપેક્ષા મનમાં રાખે છે તેને અને નિયમપાલનને કશો સંબંધ નથી. આપણને એમ થાય જ છે, કે પત્નીએ મારે માટે આટલું કરવું જોઈએ, પુત્રે મારી આજ્ઞા માનવી જ જોઈએ, પડોશીએ આટલી મદદ મને કરવી જ જોઈએ. આપણે સંકટમાં હોઈએ કે માંદા પડીએ ત્યારે તો પરિચિતોની આખી દુનિયા આપણને યાદ આવે છે ને કોણ આવ્યું, કોણ ન આવ્યું, કોણ શું બોલ્યું વગેરેની ચિંતા કરીએ છીએ. સુખમાં અભિનંદનની અને દુઃખમાં આશ્વાસનની અપેક્ષા પણ અંતે દુઃખમાં વધારો કરે છે ને સુખ ઓછું કરે છે. બીજાઓ આપણે માટે કે અન્ય રીતે પોતાનું કર્તવ્ય બજાવે છે કે નહિ તેની ચિંતા આપણે છોડવી જોઈએ. જો સહજ રીતે એ વિષે વિચાર આવે તો સાથોસાથ તેના સંયોગો ને સંસ્કારોનો વિચાર પણ કરવો જોઈએ અને એ પણ સમજી લેવું જોઈએ, કે બહારથી સ્વસ્થ દેખાતો માણસ ઘણીવાર અંદર અસ્વસ્થ હોય છે. હાસ્ય નીચે આંસુ ને બેદરકારી નીચે ચિંતા છૂપાયેલાં હોય છે તેનો અનુભવ કોને નથી થતો? આ સ્થિતિમાં મનને સમતોલ રાખી બીજા પાસેથી જે સહજ રીતે મળી રહે અને જીવનનો તે સહર્ષ સ્વીકારી સંતોષ પામીએ તો પ્રેમનું-મૈત્રીનું વર્તુલ વધતું જ જશે અને જીવનનો આનંદ પણ કદી ઓછો થાય નહિ.

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિષ્ઠાનો મોહ

લેખક :
શ્રી કેદારનાથજી

પ્રતિષ્ઠા મોહ માણસની ઉન્નતિમાં બાધક અને અવનતિમાં કારણ થાય છે. તેમાં યે માન અને પ્રતિષ્ઠાના મોહની વિશેષતા એ છે, કે તેનાથી થતી અવનતિ જલદી તેના ધ્યાનમાં આવતી નથી; માટે તે બાબતમાં સાધકે વધારે સાવધ રહેવું જરૂરી છે. આ મોહમાંથી તમારે અલિપ્ત રહેવું હોય તો તમારે તમારા ધ્યેયનું સતત ભાન રાખવું જોઈએ. તમે દેશકાર્યમાં, રાષ્ટ્રકાર્યમાં, સમાજસેવામાં હો તો તમારા સદ્‌ગુણોને લીધે, સેવાવૃત્તિને લીધે તમારું ગૌરવ કરવાની, તમારું માનસન્માન કરવાની લોકોને ઇચ્છા થાય એ સહજ છે; પરંતુ એવે પ્રસંગે તમારું ગૌરવ ન કરાવતાં, પોતે માન ન લેતાં તમારા સદાચરણનું અનુકરણ કરવાનો તમારે તેમને આગ્રહ કરવો અને તેમ કરવામાં તમારું ગૌરવ છે એમ તમારે તેમને સમજાવવું જોઈએ. લોકોના મનમાં તમારે વિષે ખરો આદર હોય તો તેઓ તમારું કહેવું સાંભળશે. તમારે વિષે તેમના મનમાં રહેલા સદ્‌ભાવનો તેમના કલ્યાણ માટે ઉપયોગ કરવો એમાં ખરી સેવા છે. જો તમારા મનમાં લોકો વિષે ખરો પ્રેમ જાગ્રત હોય, તમે નિરહંકારી હો અને તમે પોતાની ઉન્નતિ વિષે સાવધ હોઈ તમારામાં કાર્યદક્ષતા હોય તો જ તમે આ સાધી શકશો. પણ આ સદ્‌ગુણો તમારામાં નહિ હોય તો માનપ્રતિષ્ઠાના અને કીર્તિના મોહમાં તમે વધુ ને વધુ સપડાશો. વખત જતાં તે તમારું વ્યસન થઈ જશે. માનપ્રતિષ્ઠા સિવાય સત્કર્મ કરવાની તમારી બુદ્ધિ નાશ પામશે. જે પ્રમાણે વ્યસની માણસને કેફી વસ્તુ મળ્યા વગર કાર્ય કરવાનો ઉત્સાહ આવતો નથી તેવી તમારી સ્થિતિ થશે. દરેક સારું કર્મ કરતી વખતે તમે તમારી પ્રશંસાની રાહ જોતા રહેવાના. તે ન મળે તો તમારા મનમાં ખેદ ઉત્પન્ન થશે. સત્કર્મની તમારી શ્રદ્ધા નાશ પામશે અને માનવતાની તમારી ઉપાસના છૂટી જશે. કોઈ તમને માન ન આપે એટલે તે વાત તમને અપમાનની જેમ દુઃખકર થશે. તેના વિષે તમારા મનમાં ક્રોધ કે તિરસ્કાર ઉત્પન્ન થવાનો યે સંભવ છે. માનની ખોટી ટેવ તમને કેટલે સુધી અવનતિ તરફ લઈ જશે તે નક્કી ન કહેવાય. આજ સારાં કામોમાં પડેલા અનેક માણસો પૈકી ઘણા, કાર્ય કરવાને અને તે દ્વારા પોતાની ઉન્નતિ કરવાને બદલે પોતાની માનપ્રતિષ્ઠા તરફ વધારે ધ્યાન આપે છે અને તે માટે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે યુક્તિઓ કરે છે, તેમ જ અસત્ય, દંભ, ધૂર્તપણું આચરે છે અને બહારથી કાર્યનિષ્ઠા અને નિરહંકારીપણું દાખવે છે. આ બાબતમાં સાવધ નહિ રહો તો તમે પણ તેમના જેવા જ થશો.

માણસ આ મોહમાં એકદમ ફસાઈ જતો નથી. માન આપનારા અને લેનારા બંનેને આ વાતમાં આનંદ થાય છે. તેને લીધે તે સ્વીકારતાં આપણે કંઈ અન્યાય કે દુષ્ટતા કરીએ છીએ એવું પ્રથમ તો લાગતું નથી, ઊલટું તેને લીધે આપણે બીજાઓને આનંદ આપીએ છીએ એમ લાગે છે; પરંતુ આગળ જતાં એમાં કેટલાં અસત્ય, દંભ અને અન્યાયમાં આપણને પડવું પડે છે એની કલ્પના કોઈને પણ આવતી નથી. માનપ્રતિષ્ઠાની એકવાર ચટ લાગ્યા પછી અને તેનું વ્યસન પડી ગયા પછી માણસની પહેલી સ્થિતિ રહેતી નથી. તે દિવસેદિવસે અવનતિ તરફ ધકે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાતો જાય છે. સાત્ત્વિકતાથી રહેનારા, ઉન્નતિ માટે પુષ્કળ સહન કર્યું હોય છે એવા ભક્ત કોટિના માણસો પણ લોકોએ આપેલી માન-પ્રતિષ્ઠાને લીધે અને કીર્તિને લીધે પોતાને ઈશ્વર માનવા લાગે છે. એટલો મદ અને નશો આ મોહમાં છે કે તે થોડા જ દિવસમાં માણસને પોતાની મનુષ્યતા ભુલાવી દે છે. 'હું જ આત્મા છું,' 'હું જ બ્રહ્મ છું,' 'હું જ ઈશ્વર છું,' એવું ગમે તેમ અસંબદ્ધ બોલાવે છે. માણસનો અહંકાર, તેનો અવિવેક, તેની અસાવધતા અને માનવતાપરનો તેનો અવિશ્વાસ–આ જ તેનાં કારણો છે. પોતા વિષેના લોકોના આદરને લીધે તેનો અહંકાર પોષાતો જાય છે, તેને ઉત્તેજન મળે છે. તે અહંકારમાંથી મદ, મદમાંથી નશો, નશામાંથી બુદ્ધિભ્રંશ અને તેને લીધે બધા અનર્થો થાય છે. આ મોહમાં રહેલો મદ અને નશો ઉગ્ર ન હોય તો યે તે આપણી મતિ અને વિવેકને બધીર કરી નાખે છે એમાં શંકા નથી.

આ મોહમાં માણસ સપડાય એટલે પહેલી વાત એ બને છે, કે તેની સત્યપરની શ્રદ્ધા ઓછી થાય છે. પોતામાં હોય તે ગુણો સાથે, ન હોય તે ગુણો પણ પોતામાં છે એમ બતાવવાની મનોવૃત્તિ થાય છે. તે ગુણો વિષે લોકો પ્રશંસા કરે તો તેને સારું લાગે છે. ઈશ્વરનો ભક્ત કહેવડાવનારો પણ પોતામાં ન હોય એવી ચમત્કારની શક્તિ પોતામાં છે એવો ભાસ કરાવે છે, અથવા તેવી શક્તિ છે એમ લોકો કહેવા લાગે એટલે તે તેને માન્ય કરે છે. તે આ મોહમાં ફસાઈ જાય છે. પોતામાં ન હોય એ ગુણો વિષે પોતાની પ્રશંસા સાંભળવાની ટેવ પડ્યા પછી બીજાઓના તે ગુણોની પ્રશંસા સાંભળતાં જ તેને ઈર્ષ્યા અને મત્સર થવા માંડે છે. તેમના પર કેટલુંક દોષારોપણ કરવાનો તે પ્રયત્ન કરે છે. આ રીતે સત્ય છૂટી ગયા પછી એક પછી એક અનુચિત બાબત તેના તરફથી થવા લાગે છે. ખરું જોતાં ધનવાન, ઉદાર કે પરોપકારી હોય છે એવું નથી, એટલું જ નહિ પણ તેના દાનમાં દયા હોય છે એવું પણ નથી. તે જ પ્રમાણે રાષ્ટ્રકાર્ય કરનારાઓમાં વ્યાપક રાષ્ટ્રભાવના હોય છે જ એવું નથી. તીર્થયાત્રા કે ભજન-પૂજન કરનારામાં ઈશ્વરી પ્રેમ હોય છે જ એમ નથી, તેનામાં માનવપ્રેમ, ભૂતદયા હોય છે જ એમ નથી. આ પરથી આપણે સમજવું જોઈએ, કે ગીતા પર વ્યાખ્યાન આપવું અને આધ્યાત્મિક જ્ઞાન હોવું એમાં ફેર છે. અવિવાહિત સ્થિતિ અને બ્રહ્મચર્ય અવસ્થા એમાં ફેર છે. હિમાલય અને એકાંત-વાસનો જ્ઞાન સાથે સંબંધ છે જ એવું નથી, બળસંપન્ન હોવું અને પાવિત્રતા સાધવી એમાં ઘણો ફરક છે. સાધુતા અને તે માટે અલગ વેષ–એનો કશો સંબંધ નથી. આમ હોવા છતાં આ બાબતમાં શ્રદ્ધાળુપણાથી લોકો ફસાઈ જાય છે અને જાણીબૂજીને તેમને ફસાવવામાં પણ આવે છે. જે સત્યનો ઉપાસક છે તે ગુણો વિષે નિરહંકાર રહે છે અને પોતામાં ન હોય તે ગુણોનો કદી ભાસ કરાવતો નથી. તેને પ્રતિષ્ઠા કરતાં સત્ય અને માનવતા અનેકગણી શ્રેષ્ઠ લાગે છે.

તમે બાહ્ય વેષથી કે ઉન્નતિને જરૂરી ન હોય એવા એકાદ વ્રત કે નિયમથી પોતાની વિશેષતા દાખવવાનો પ્રયત્ન ન કરશો. તમારામાં સાદાઈ અને વ્યવસ્થિતતા હોવી જોઈએ. આરોગ્ય અને સ્વચ્છતાને તમે મહત્વ આપો. સદ્ગુણ અને સદાચારને લીધે જે સ્વાભાવિક વિશેષતા તમારામાં જણાય તેના કરતાં બીજી કોઈ પણ વિશેષતાને તમારા કલ્યાણની દૃષ્ટિએ તમારા મનમાં મહત્ત્વ ન હોવું જોઈએ. વિશેષતાથી માણસમાં જુદાપણું દેખાય છે. જુદાપણાને લીધે લોકોમાં કોઈ ભાવ નિર્માણ થાય છે. તેટલા માટે કોઈ પોતાની વિશેષતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાહ્ય વેષથી, કોઈ ભાષણ કરીને અને કોઈ કંઈ કૌતુકથી બતાવે છે. કદાચ તેમાં તેમનો પહેલો હેતુ નિરહંકારનો હોય છતાં આગળ જતાં ધીરેધીરે અહંકારની વૃદ્ધિ થાય છે. ઉન્નતિની દૃષ્ટિએ એવી વિશેષતાનો કશો ઉપયોગ નથી, ઊલટું માનપ્રતિષ્ઠામાં તેનો દુરુપયોગ થાય છે.

કદાચ તમારા પૈકી કોઈ આગળ જતાં ક્રમાંતરે શ્રેષ્ઠ થાય અને તેનો રૌપ્ય ને સુવર્ણ મહોત્સવ ઊજવવાનો યે પ્રસંગ આવે. તે વેળાએ તેને સાવધપણે ટાળવામાં જ તેનું અને બીજાઓનું પણ કલ્યાણ છે. નહિ તો તે નિમિત્તે તેનો માનપ્રતિષ્ઠાનો મોહ જાગ્રત થશે. લોકેચ્છાને માન આપવાના બહાના નીચે અને નિરહંકારના ભ્રમ પર તે માટે તે તૈયાર થશે અને છેવટે તેમાં સપડાશે, ત્યારે તેને કોઈ જાગ્રત કરવા લાગે તો તે તેને શત્રુ જેવો લાગશે. તેને પોતાની ઈર્ષ્યા અને મત્સર થાય છે વગેરે વગેરે કહેવામાં તે પાછો પડશે નહિ; કારણકે અહંકાર જાગ્રત થયા પછી વિવેક રહેવો કઠણ છે. આપણે જો સદાચરણી હોઈએ, તે પર આપણી નિષ્ઠા હોય, માનવજાતિનું તેમાં કલ્યાણ છે એવી આપણી ખાતરી હોય, તો આપણે માનપ્રતિષ્ઠાના મોહમાં કદી પડીશું નહિ. સદાચરણને લીધે આપણામાં જે બળ નિર્માણ થતું જશે, જે વૃદ્ધિ વધતી જશે તેનો ઉપયોગ બીજા કોઈ પણ કામમાં ન કરતાં સદાચરનું બળ અને વૃદ્ધિ વધારવામાં આપણે કરતા રહીશું. માનવતા પર વિશ્વાસ અને સાવધાનતાને લીધે આપણે આ જ આચરતા રહીશું. અહંકારમાં માનવતાનું ગારવ ન હોઈ તેની વિડંબના છે. ધન, વિદ્યા, બળ, યૌવન, સૌંદર્ય, કળા, સત્તા એટલું જ નહિ પણ ઈશ્વરભક્તિ ને જ્ઞાનને નિમિત્તે પણ જીવમાં રહેલો અહંકાર જાગ્રત થઈને વધતો હોય છે. લોકાદરથી તે પોષાતો જાય છે. પણ આપણે એ બધું ઓળખીને સ્પષ્ટપણે સમજવું જોઈએ કે લોકોની હોંશ ખાતર આપણે ભૂલભરેલા માર્ગે લોકરંજનમાં ન પડવું જોઈએ. લોકો આજ આપણને ઈશ્વર બનાવશે અને તેમાંથી આનંદ મેળવશે તો કાલે આપણું પતન થતાં નિંદા કરીને તેમાંથી પણ આનંદ મેળવશે અને સમજો કે તેઓ આપણી નિંદા ન કરે અને છેવટ સુધી તે આપણા પ્રશંસક અને પૂજક રહે તો તેને લીધે તેમનું કે આપણું કયું કલ્યાણ સધાશે ? એક-બીજામાં ન હોય એવા ગુણોની પ્રશંસા કરતા રહી કે દોષ સહન કરતા રહી બધાને દંભી બનાવવામાં કોનું કલ્યાણ સધાવાનું છે? આ બધી બાબતોનો વિચાર કરીને તમારે અહંકારથી દૂર રહેવું જોઈએ. ચિત્ત હમેશ શુદ્ધ રાખીને પોતાની માનવતા વધારવા માટે, સદ્‌ગુણોનો આગ્રહ રાખવો એ જ પોતાના જીવનનું કાર્ય છે એમ તમારે સમજવું જોઈએ. જીવનનું ખરું મહત્ત્વ તમને સમજાયા પછી અને જીવનનો શુદ્ધ આદર્શ તમારે ગળે ઊતર્યા પછી તમે કોઈ પણ મોહમાં પડશો નહિ. પરમાત્મા પર તમારી નિષ્ઠા હશે તો તે તમને બધા મોહમાં, વિઘ્નમાં અને સંકટમાં સાવધ રાખશે અને તમને માનવતાની સીમા પર્યંત લઈ પહોંચાડશે એમાં મને શંકા લાગતી નથી.*

* પ્રવચન

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ગૃહસ્થાશ્રમને પંથે

લેખક :
મુનિશ્રી સંતબાલજી

મુનિશ્રી સંતબાલજી પરમ ત્યાગી અને નૈષ્ઠિક બ્રહ્મચારી છે, પરંતુ ગૃહસ્થાશ્રમ ઉપર તેઓશ્રીએ ઠીકઠીક લખ્યું છે. એમના પ્રત્યે ભક્તિ ધરાવતા એક યુવક-યુવતીના લગ્ન નિમિત્તે આ લેખ લખાયેલો છે. લગ્નગાળો આવે છે ત્યારે આનું વાંચન ઉચ્ચ જીવનની આકાંક્ષા સેવતાં અનેક યુવક-યુવતીઓને જરૂર માર્ગદર્શક થશે.

જે કુમાર કે કુમારિકાએ બ્રહ્મચારી રહેવું છે; તેનામાં :–

ક સંસ્કારગત નીચે મુજબની વસ્તુઓ ઓછામાં ઓછી હોવી જોઈએ. (૧) બચપણથી જ એને સજ્જન સ્ત્રીપુરુષોનો સહવાસ જ વધુ ગમતો હોય, (૨) અશ્લીલ ચેષ્ટાઓ કે બીભત્સ ભાષાપ્રયોગ કોઈ કરે તો તેને ખૂંચતો હોય, (૩) સ્વભાવ કાં તો એકાંતપ્રિય હોય અને કાં તો એકસરખી સૌની સેવામાં રસવાળો હોય, (૪) જે વસ્તુ સાચી લાગે તેને વળગી રહેવામાં પ્રાણ તજવા સુધીની તૈયારી હોય, (૫) બીકણવૃત્તિ નહિ, પણ નીડરતા સ્વાભાવિક હોય.

ખ સંસ્કારગત આટલું મળ્યા પછી બાકીની પૂર્તિ માબાપે અને સમાજે કરવાની છે. માબાપે સામાન્ય રીતે કોઈ પણ સંતાન ગર્ભમાં હોય ત્યાંથી માંડી દૂધ પીતું રહે ત્યાંલગી તો બ્રહ્મચર્યની દૃષ્ટિ પૂરેપૂરી જળવાય એ લક્ષ્યમાં રાખવું.

ગ પોતાનું સંતાન કોઈ અશ્લીલ ટેવોમાં ન ફસાય તેમ જ કોઈ ખરાબ સંગે ન દોરવાઈ જાય તેની ચીવટ રાખવી.

ઘ સમાજે પણ નાનાં બાળકોને અણગમતાં ચુંબનો ન કરવાં. ગાલ તાણવાની, બિવડાવવાની કે ખોટી મશ્કરીઓ કરવાની ટેવનો વારસો ન પડવા દેવો.

ઙ આપણાં લગ્નોમાં આમૂલાગ્ર પરિવર્તન ન થાય, ત્યાંલગી પણ બીભત્સ ગાણાં–ફટાણાં કે તેવા ખરાબ ઉત્સવો–હોળીગોર્યો ન ઊજવતાં એ બધાંને સંસ્કારવાં.

ચ બ્રહ્મચારી જ રહેવું હોય તેવાં કુમાર-કુમારિકાને સાચાં બ્રાહ્મણ સાધુ-સાધ્વીઓના સંપર્કમાં ઓછામાં ઓછા એકાદ વર્ષો માત્ર બ્રહ્મચર્યના સંસ્કાર ખાતર જ રાખવાં અને સમાજમાં પણ એવું વાતાવરણ ફેલાવવું કે યોગ્ય કુમાર–કુમારિકાઓને બ્રહ્મચર્યની દિશામાં પ્રોત્સાહન મળે. પ્રાંતવાર ઓછામાં ઓછી ચારચાર એવી સંસ્થા હોય કે જેમાં વધુમાં વધુ સો કુમાર અને વધુમાં વધુ સો કુમારિકાઓ યોગ્ય શિક્ષણસંસ્કાર લઈ શકે. કુમાર અને કુમારિકાઓના આશ્રમો જુદા હોવા જોઈએ. બન્ને પ્રકારના આશ્રમોનું મુખ્ય સંચાલન વાનપ્રસ્થાશ્રમી દંપતીના હાથમાં હોય; અથવા તો કોઈ સાધ્વી પ્રૌઢ માતાના હાથમાં હોય. પ્રાંતવાર ચાર એવાં બ્રહ્મચર્યપ્રેમી દંપતી અને ચાર પ્રૌઢ બહેનો અથવા આઠેક પ્રૌઢ બહેનો સંચાલન કરવા માટે મળી રહેવાં જોઈએ. આ આઠે આશ્રમોમાં અવારનવાર સંયમી સ્ત્રી–પુરુષો જાઆવ કરે, થોડા દિવસ રહે પણ ખરાં અને આખા સમાજની સંપૂર્ણ પ્રતિષ્ઠા આ આઠે આશ્રમોને આખા પ્રાંતથી મળે તે જોવાવું જોઈએ.

છ શિક્ષણમાં આવાં બ્રહ્મચારી કુમાર-કુમારિકાઓ માટે સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ સાથે સાંકળતા માનવતાનો પ્રત્યેક પ્રશ્ન આવી જવો જોઈએ. કુમારિકાને પોતે સ્વાશ્રયી આજીવિકા ચલાવી શકે તેવા ઉત્પાદક ધંધાઓ જેવા કે કાંતણ, વણાટ, ભરતગૂંથણ તથા સીવણ વગેરે આવડતા હોવા જોઈએ. પાકશાસ્ત્ર અને બાળશિક્ષણનું જ્ઞાન પણ કુમારિકાઓને

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...મળવું જોઈએ. ઘરગથ્થુ વૈદું અને ...જો આવડે તો સોનામાં સુગંધ ભળ્યા ...થાય. બ્રહ્મચારી કુમારોને મોટા થયા ...વિશેષ કરીને સમાજમાં શિયળ, ટેક-...અને નીતિને લગતું વાતાવરણ જમા-...આચાર-પ્રચારનું કામ મુખ્યત્વે રહે, ...આજના સંયોગો જોતાં દેશપરદેશનાં ...રાજકારણ, ભૂગોળ, અર્થકારણ, વિજ્ઞાન ...ધર્મસંપ્રદાયો વગેરેનું જ્ઞાન પણ આવાં કુમાર-કુમારિકાઓને જરૂરી બની રહેશે.

ૠ આ આઠે આશ્રમો કુદરતી એકાંત-...વાતાવરણ હોય ત્યાં બનવા જોઈએ. જે કુમાર-કુમારિકાને ગૃહસ્થાશ્રમ શરૂ કરવાનો છે, તેમને પણ બ્રહ્મચર્યની તાલીમ જરૂરી તો છે જ, પણ એના શિક્ષણ માટે સાધુ-સંત સમાગમ કે આશ્રમો અનિવાર્ય નહિ ગણાય. આજનું શરીર-બંધારણ તથા ...સાથ મનની શિથિલતા વગેરે જોતાં સગ-...થયા બાદ લાંબો વખત પતિ-પત્નીને ...રાખવાં બરાબર નથી; એટલે સગપણ થયા પછી મોડામાં મોડાં એક વરસે લગ્ન થઈ જાય એ ઇષ્ટ છે. પરણતી વખતે પુરુષની ...માં ઓછી ઉમ્મર તેવીસ અને સ્ત્રીની ઉમ્મર સત્તર હોવી જોઈએ. શરીરસંપત્તિ સારી હોય તો એમાં બેએક વર્ષ સુધી હજુ નીચે ઉતરી શકાય, પણ મોટે ભાગે પુરુષની ઉમ્મર પચ્ચીસ અને કન્યાની ઉમ્મર અઢાર બરાબર છે.

ક સ્ત્રી અને પુરુષ બન્ને સ્વાશ્રયી રીતે પોતપોતાનો ખર્ચ ન કાઢી શકે ત્યાં લગી લગ્નથી જોડાવું એ આજના સમયમાં સલાહ-ભરેલું નથી.

ખ ગૃહસ્થાશ્રમી પુરુષને ખેતી, ઢોરઉછેર તથા ઘરગથ્થુ ઉદ્યોગ-હુન્નરો વગેરેનું જ્ઞાન આ કાળે અગત્યનું ગણાવું જોઈએ. સ્ત્રીએ બાળઉછેર, સ્વાશ્રયી ધંધો અને ખાસ કરીને નવા કુટુંબમાં લીંબુના પાણીની જેમ મળી જવાનો સ્વભાવ કેળવી લીધેલો હોવો જોઈએ. શરીરવિજ્ઞાનની પણ દરેક સ્ત્રીને સામાન્ય સમજ હોવી જ જોઈએ.

ગ બાકી સારું અક્ષરજ્ઞાન, પ્રાંતીય અને રાષ્ટ્રીયભાષા પરનો કાબૂ, સામાન્ય સંગીત, કળા અને રામાયણ, મહાભારત, ભાગવત, ગીતા જેવા ગ્રંથોનું સારું મનન તથા દુનિયાના મુખ્યમુખ્ય ધર્મોનો સામાન્ય પરિચય સ્ત્રી-પુરુષ બન્નેને થઈ જવો જોઈએ.

ઘ ભવિષ્યમાં લગ્ન સંબંધી જોડાનાર કુમાર-કુમારિકાઓના ગુણદોષો, સુટેવ-કુટેવો, લગ્નપૂર્વે થયેલી અંગત ભૂલો એ બધું નિખાલસ દિલે ચારેક વખત રૂબરૂ મળીને અને બાકી લખાણ દ્વારા બન્નેએ બન્ને આગળ સ્પષ્ટ કરવું જોઈએ. એકલાં મળતી વખતે બન્નેને કેટલીકવાર એકાંતની જરૂર રહે, તો તે અનુકૂળતા વડીલોએ ગોઠવી આપવી. બને ત્યાંલગી આવું એકાંત-ખુલ્લા ચોગાનમાં અને દિવસે આપવું અને મેળવવું. એ બન્નેની વાતો ભલે ન સંભળાય, પણ તેમના પર નૈતિક અંકુશ રહે તે સારુ તેમનાથી દૂર છતાં બન્નેના હાવભાવો નિહાળી શકાય તેવે સ્થળે કોઈ મધ્યસ્થ એકાદ પ્રૌઢ બાઈ અથવા પ્રૌઢ ભાઈ હોવા જોઈએ; અને લખાપટ્ટી પણ તેવાં કોઈ પ્રૌઢ બહેન કે પ્રૌઢ ભાઈ દ્વારા જ થાય એ ઈચ્છનીય છે. બન્ને પોતાની જાતને અરસપરસ પૂરેપૂરી રીતે ઉઘાડી કરી દે એટલે વિચારમેળ આપોઆપ મળી રહેવાનો. સમાન વિચાર અને સમાન અભ્યાસના સુમેળ કરતાં સમાન નિખાલસતાનો સુમેળ જલદી પડી જાય છે. લગ્ન એટલે માત્ર શરીરનું જોડાણ નહિ, પણ મુખ્યપણે દિલનું જોડાણ એ શરત ત્યારે જ પૂરી થાય, કે જ્યારે બંને પોતપોતાની જાતને છેક જ ઉઘાડી કરી દે. જો કે હજુ પૂરેપૂરા જોડાવાનો નિશ્ચય ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો હોય ત્યાંલગી એકબીજા પાસે જાતને ઉઘાડી કરવામાં સંકોચ રહેવાનો, પણ મુલાકાતની હદ સુધી ગયેલાંનું જોડાણ, નિશ્ચય જ થવું જોઈએ, એમ માનીને આ લખું છું. તેવી સ્થિતિ ન થાય ત્યાંલગીનું કામ મોટે ભાગે મુરબ્બીઓ કે મિત્રોના હાથમાં જ રહેવા દેવું જોઈએ. જોડાણ થવાનું નક્કી ન હોય ત્યાંલગી તેમને એકાંતમાં મળવા લગીની છૂટ ન આપી શકાય.

માબાપ કે વડીલોની વેવિશાળ પહેલાંની ફરજ આ છેઃ 'લગ્ન પછી પણ બ્રહ્મચર્યનું લક્ષ્ય ચૂકવાનું નથી. ગૃહસ્થાશ્રમનો હેતુ સંયમ અને એકાગ્રતાનો છે. સંતાનોત્પત્તિ અર્થે જ વીર્યરજનો ઉપયોગ થાય. તે પણ બન્નેની પૂરેપૂરી સંમતિ હોય તો જ. હાલતાંચાલતાં વિકારી સ્પર્શો અને વેવલી શૃંગારિક ચેષ્ટાઓ ન હોય. ઈશ્વર હરઘડી આપણા બધા મનના ભાવો પણ જોયા કરે છે. એને ગમે તેવું જ વર્તીએ' આવું સમજાવીને ઠસાવવાની યોગ્યતાવાળાં જ જોડલાંનું જોડાણ થાય તે માટે પોતાનાં અનુભવ, શિક્ષણ અને તનમનાદિનો તેમણે ઉપયોગ કરવો. પોતાના સંતાન તરફથી લગ્નનિમિત્તે એક દમડીની પણ આશા ન રાખવી. લગ્નની પસંદગીમાં મુખ્યપણે વરકન્યાની સંસ્કારિતા જોવાય, નીતિરીતિ અને સદાચાર જોવાય. પછી અભ્યાસ અને વિચારો જોવાય. શરીરદૃષ્ટિએ ખોડખાંપણ, તંદુરસ્તી, ખડતલપણું અને ઉંમર જોવાય. નમણાપણું વગેરે તો છેવટે જોવાની બાબત હોય.

કુમારને અને કન્યાને વડીલોએ પૂછવા જેવા અને વિચારવા જેવા પ્રશ્નો તથા કુમાર અને કુમારિકાએ અરસપરસ પોતે પૂછવા અને વિચારવા જેવા પ્રશ્નો ઉપર આવેલા લખાણમાં સહેજે સમાઈ જાય છે. આપણે ત્યાં વરકન્યાની પસંદગી માટે કેટલી ય કસોટીઓ થતી. વડીલો પણ એ કસોટીઓ કરતા અને અરસપરસ પતિપત્ની પણ કરતાં. કોઈ કાવ્યની ત્રણ લીટીઓ આપી એમાં ચોથી પૂરી કરાવી સામેના પાત્રના વિચારો બન્ને માપી લેતાં. કેટલીકવાર જુદીજુદી ચીજો સામે મૂકી એની આંખ અને એનું મન ક્યાં ખેંચાય છે તે પણ અરસપરસ બન્ને જોઈ લેતાં. અક્ષરોના વળાંક ઉપરથી પણ સ્વભાવપરીક્ષા કરી લેતાં. ખાસ કરીને જગતનાં સર્વપાત્રો કરતાં એક પાત્ર પર સ્નેહને કેન્દ્ર કરવાનું કામ એ લગ્નનું મુખ્ય અંગ છે. આવા એકાગ્ર થયેલા સ્નેહને પ્રણય તરીકે ઓળખાવી શકાય. પ્રણય એ અંતરની ઊંડી અને અકથ્ય આકર્ષણની સહજ બાબત છે. એ આકર્ષણમાં વિકારનું ઓછામાં ઓછું જ સ્થાન છે અને અરસપરસની અર્પણવૃત્તિનું સ્થાન મુખ્ય હોય છે. આજે લાખ દંપતીમાં એકાદને પણ એનું બિંદુ સુદ્ધાં ભાગ્યે જ સાંપડે છે, ત્યાં 'લગ્નજીવન'ને કેમ બિરદાવી શકાય? સામાન્ય રીતે પંડિત અને આગળ પડતાં સમાજનેતા ભાઈબહેન પણ 'લગ્નમાં બ્રહ્મચર્ય હોય' એ વાતને હસીને મૂળથી જ ઉડાવી દે છે, ત્યાં ઉપરની આશાઓ આજે તો નરી કલ્પના જેવી છે; પણ મને તો ઊંડીઊંડી આશા છે કે આજે નિરાશાઓ ભલે હોય; પરંતુ એકદા એ નરી કલ્પનામાંથી પણ આચરણનું એકાદ આશાકિરણ ક્યાંક પણ પ્રગટી નીકળશે.

વેવિશાળ પછી લગ્ન વચ્ચે સમયનું અંતર થોડું હોય એ મેં ઉપર કહ્યું છે. આમ છતાં બન્ને પક્ષના વડીલો અને બન્ને જોડાનાર સ્ત્રી-પુરુષો જો સુયોગ્ય હોય તો સમયનું અંતર વધારવામાં હાનિ નથી, ઊલટો લાભ પણ થઈ શકે છે. કોઈ વાનપ્રસ્થાશ્રમી દંપતીના આશ્રમ સમા ઘરમાં બન્ને જણ નિર્વિકાર ભાવે વર્ષ બે વર્ષ કેવળ સંસ્કારમય શિક્ષણમાં ધ્યાન પરોવીને રહી શકે તો એનાથી વધુ રૂડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું? પરંતુ આવો સુયોગ સુલભ નથી; બન્ને જણ નોખનોખાં રહીને પણ અભ્યાસ તો ખોટું નથી. સગપણ પહેલાં સોવાર જણ અને બન્નેનાં વડીલ-મિત્રો વિચાર કરે, પણ સગપણ થયા પછી તો કુદ- ઇચ્છા વિના-મૃત્યુ કે મહારોગ વિના લગ્ન અટકી શકે જ નહિ. આથી એકબીજાની નજીક વધુ કેમ આવે એ બન્નેનું ખેંચાણ વધુ ને વધુ પવિત્રતા ધારણ કરે તે માટે જ સૌએ એકસરખો કરવો જોઈએ. શંકા કે વહેમ ઘર બેસવાની આ પળો ભારે વસમી પળો. સગપણ અને લગ્નકાળ વચ્ચેના અંતરનો ભવિષ્યના ગૃહસ્થાશ્રમને કયે માર્ગે લઈ જાશે, તે સમજવાનો પાયો છે. કન્યાપક્ષ થી કે મુરતિયા પક્ષ તરફથી કંઈ શંકા ભાવનારી વાતો આવે, તેની બન્ને પક્ષોએ અરસપરસ તુરત સમાધાન કરી નાખવાની ખાલસતા ખાસ રાખવી જોઈએ. વસ્તુની દેવડમાં પણ બંને પક્ષ વચ્ચે જે વાંધા- પડવાનો સંભવ છે તે પણ બન્ને એ ઉદારતાથી ચલાવી લેવું જોઈએ. એક નાં સગાંસ્નેહીઓની અવરજવરમાં, વાતો- માં પણ ગેરસમજ ઊભી ન થવા પામે ખાસ કરીને બન્ને પક્ષનાં મુખ્ય વડીલોએ જ પતિપત્ની બન્નેએ તો કાળજી રાખવી જોઈએ.

ક ઉપલા સમય દરમ્યાન કેળવણી અને ના મુખ્ય વિષયમાં તો બન્ને એક- માં સમાવા માટે સહનશીલતા, સમ- , માફ કરવાની વૃત્તિ, અરસપરસનો પૂર્ણ વિશ્વાસ, સમાજને ઉપયોગી બનવાની મ, સ્વાશ્રયીપણાની તાલીમ વગેરે હોવું એ. આટલું હશે તો બીજું ઘણું તો આપોઆપ આવી રહેશે.

લગ્ન વખતની વિધિ આ સમયે બિલકુલ સાદી છતાં ગંભીર અને સુંદર, વળી બહુ ટૂંકી નહિ તેમ બહુ લાંબી નહિ તેવી હોવી જોઈએ. એમાં મૂળ સપ્તપદીના સંસ્કૃત ઉચ્ચાર સાથે એને વધુ સ્પષ્ટ કરતાં ગુજરાતી ગદ્યપદ્યો હોવાં જોઈએ. વરકન્યા સામે નાનો છતાં યોગ્ય માનવસમૂહ હોવો જોઈએ. તેઓ સમાજ અને ગુરુજનની સામે અરસપરસની સમર્પણવૃત્તિનો કોલ આપે છે, તેવો સ્પષ્ટ ખ્યાલ બંનેને આવી રહેવો જોઈએ. લગ્ન- વિધિ પહેલાંના દિવસે બન્નેનાં મિત્રકુટુંબી- જનો-ખાસ કરીને મિત્રજનો-પાસેથી ઐક્ય- વધારનારાં, ગૃહસ્થાશ્રમની ફરજ દર્શાવનારાં ગીત-કાવ્યો વગેરે ગવાય, એને લગતી ચર્ચાઓ ચાલે, શક્ય હોય તો રાત્રિપ્રાર્થના- ઓ પણ બન્ને માંડવે થાય. આ દિવસે સંપૂર્ણ અથવા છેવટે બન્નેને અર્ધો ઉપવાસ થાય. બીજે દિવસે પ્રાતઃકાળે લગ્નવિધિ પતાવી લેવાય. આ વિધિ કરાવનાર કોઈ સાચો જ બ્રાહ્મણ-જીવનજીવી બ્રાહ્મણ હોય, તો એ વિધિમાં પ્રાણ આવે. વિધિ પછી કોઈ સંયમી મુરબ્બી કે મુરબ્બીઓ પાસે બન્ને જણ આશીર્વાદ મેળવે. વિધિમાં અને આશીર્વાદમાં ભળેલાંઓ અરસપરસ પોતાની જવાબદારી- ઓ પણ સમજી લે એ જરૂરી છે. તેમ થાય તો વરકન્યા પોતાના ગૃહસ્થજીવનમાં ક્યાંય ભૂલતાં હોય તો આ જવાબદાર વ્યક્તિઓ તે બંનેને ઢંઢોળી શકે અને દંપતીને આ જવાબદાર વ્યક્તિઓની હૂંફ લેવાનું પણ મળી રહે. બીજે દિવસે આશીર્વાદ પછી આ વિધિ સમાપ્ત થયો જાણવો.

ક બંને જણનાં વસ્ત્ર સાદાં અને એમાં ખાદીનો વધુપડતો આગ્રહ હોય. એ વસ્ત્રો બન્નેએ પોતાની જાતે કાંત્યા હોય અને પોતાના ખાસ સ્નેહી વણકરો પાસે વણાયાં હોય, તો એ ઉત્તમ ગણી શકાય.

ખ સોનું, ચાંદી, હીરા, ઝવેરાત વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાગીનાઓનો આ કાળ નથી. સૌભાગ્ય-ચૂડીઓ જેવાં પ્રતીક વિના આપણી બહેનો હજુ નહિ ચલાવી શકે તેવી સ્થિતિ હોવાથી બીન-ખર્ચાળ સાદી એવી માત્ર બે કે ચાર ચૂડીઓ સિવાય બીજાં આભૂષણો છોડવાં જોઈએ.

ગ છાબમાં પણ વધુમાં વધુ પાંચ વર્ષ ચાલે તેટલાં જ કપડાં અને તે પણ સાદાં, દેશી. વિશેષ કરીને તો ખાદીનાં જ હોય.

ઘ પુરુષને આપવાનાં કપડાં વધુમાં વધુ પાંચ જ હોય, તે પણ ખાદી કે દેશી વસ્ત્રનાં જ હોય.

ઙ પુરુષને પણ એકાદ આભૂષણ જોઈએ જ, તો તે લગ્ન વખતે સુતરના હાર જેવું સાદું જ હોય.

ચ બંને પક્ષે વીસથી વધુ માણસો ન થવા જોઈએ. ભોજનમાં બધાં મળીને ત્રણ ટંક હોય, તેમાં મિષ્ટાન્ન તો એક જ વખત હોય અને તે પણ સાદું હોય, બીજાં લગ્નવિધિ વખતે જ આવેલાં ભાઈબહેનોને પીણું અને મુખવાસ જેવું અપાય.

છ 'ચાંલ્લો' એ પ્રથા મૂળે તો લગ્નમાં આર્થિક મદદ માટે હતી, હવે એ 'ચાંલ્લા'માં નાણાંને બદલે નાની પુસ્તિકા અથવા પોતા તરફનાં થોડા અનુભવસૂત્રો કે આશીર્વચનો જેવા પત્રો અને સુતરની આંટીઓ જેવું આપી શકાય.

બ્રહ્મચર્ય એ આત્માનો મૂળ ગુણ છે. આત્માનું, મનનું અને શરીરનું તેજ અને ઓજસ બ્રહ્મચર્યની સાધના ઉપર આધાર રાખે છે. ગૃહસ્થાશ્રમી દંપતી ઉપર તો આખી દુનિયાની માનવજાતનો બહુમૂલો આધાર છે. બીજાં પ્રાણીઓ પણ એ દંપતી સામે વધુ મીટ માંડી રહ્યાં છે. આજે તો વળી આ દેશમાં પ્રજોત્પત્તિ પારવગરની વધી પડી છે; એટલે પરણ્યા પછી જિંદગી લગી મન, વચન અને કાયાએ બ્રહ્મચર્ય પાળવા મથનાર દંપતીની તો કેટકેટલી પ્રશંસા કરવી? કેટલાક એમ માને છે, કે પરણ્યા પછી બ્રહ્મચર્ય પાળવાનું હોય તો પરણવું જ શા માટે પડે? પરણવા પાછળનો ખરો હેતુ ઉપરલખ્યો તે સમજાય તો આવો પ્રશ્ન ઊઠે જ નહિ; પરંતુ આજે સમાજમાં જે કેટલાં ય મૂલ્યાંકનો અવળાં થઈ ગયાં છે તેમાંનું લગ્નનું આવું મૂલ્યાંકન એ પણ એક અવળું મૂલ્યાંકન છે. બ્રહ્મચર્ય કુમારાવસ્થામાં પાળવામાં કુમાર કરતાં કુમારિકાને વધુ સાવધાની રાખવી પડે તેવો આજનો સમાજ અને કુમારિકાની દેહસ્થિતિ છે; પણ પરણ્યા પછી સ્ત્રીપુરુષે સાથે રહીને સર્વાંગીણ બ્રહ્મચર્ય પાળવું અને જિંદગી લગી કુમારાવસ્થા ગુજારી કુમારિકાએ અલગઅલગ સર્વાંગીણ બ્રહ્મચર્ય પાળવું એ બે વચ્ચે આસમાન-જમીન જેટલું અંતર છે. બીજું વધુ ઉત્તમ છે, પણ કોઈ રામકૃષ્ણપરમહંસ અને શારદામણિદેવી જેવાં દંપતીને જ એ સહજ શક્ય છે. કસોટીએ ચડવાના ગર્વથી કેંક યુગલો પાતાળ-ખ.ઈમાં પટકાઈ ગયાના દાખલાઓ બન્યા છે.

વળી આ કાળ સ્ત્રીપુરુષોને વધુપડતા પરિચયમાં આવવાનો, શિથિલતાનો, ક્ષણજીવી છતાં પ્રબળ પ્રલોભનોનો અને ભ્રાન્ત વિચાર-વમળનો કાળ હોવાથી અવિવાહિત જ રહેવાની સલાહ પર જોર આપતાં સંકોચ થાય છે; એટલે 'લગ્નજીવનમાં સંયમ'ની સલાહ પર જોર આપવાનો વિચાર રાખવો પડે છે. લગ્ન પછી તુરત જ બ્રહ્મચર્યપાલનની લગામ શરૂઆતમાં આકરી લાગે છે, જોડાયેલાં પતિ-પત્ની વારંવાર દેહખેંચાણને વશ થઈ શરીર-છૂટ વધુપડતી લેવા લલચાય છે; પરંતુ જો સુયોગ્ય વડીલો અને ઉત્તમ પુરુષને હાથે એકાદ વર્ષનો છેવટ કાયિક બ્રહ્મચર્યરૂપે પણ સંયમ રહે તો સરવાળે એથી બન્નેને ખૂબ જ લાભ થાય છે. આખા વર્ષ દરમ્યાન બન્ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

…ઈ ઉત્તમ ધ્યેય સામે રાખી જુદાંજુદાં રહી …માં ખૂંચી જાય તો આ પ્રતિજ્ઞાપાલન …હેલું થઈ જાય; પરંતુ નજીક રહીને અને પરસ્પરસના દિલ સાથે વધુ જોડાઈને જો …નો સંયમ પાળ્યો હોય તો તે ઘણું ઉત્તમ …ર્ય થયું ગણાય. એ પાળવું કેવી રીતે સરળ …ય અને બન્નેના દિલથી નજીક આવવાના …હેતુને સાધતાંસાધતાં કેવી રીતે સરળ થાય … પતિપત્ની બન્નેએ પોતે જોવાનું રહ્યું અને …માં મિત્રવડીલોએ વચ્ચે મદદ કરવાની રહી.

બન્નેનાં માતપિતા અને વડીલોની મુખ્ય …જ તો તે બન્ને હૃદયથી વધુ નજીક કેમ …વે તે જોવાની અને સાથેસાથે તેઓ બન્ને …નાં ખેંચાણોથી નિર્લેપ રહી મુખ્યપણે પરસ્પરસના ગુણો તરફ ખેંચાયેલાં રહે, …વું કરવામાં મદદ પહોંચાડવાની છે. જેમ વડીલ વગેરેની રોકટોક સારી નથી, તેમ …રકારી કે ખોટાં લાડ પણ સારાં નથી. …ન્ને જણ ગૃહસ્થજીવનની-સંતાન જવાબ-દારી માટેની સાધના શરૂ કરે તે પહેલાં તેઓ પોતાની કૌટુંબિક, સામાજિક, નાગરિક, …ષ્ટ્રીય, આર્થિક અને દુન્યવી જવાબદારીઓ …પાડી શકે તેટલી પુખ્ત સમજ આપવામાં …નું વડીલ વગેરેએ જ મુખ્ય મદદ કરવાની છે. બન્ને સાથે રહેતાં થાય અને આજના સંયોગો એવા છે કે વિભક્ત કુટુંબોને લીધે … એકલવાયાં જ શહેર જેવાં સ્થળોમાં વસ-વાનું થાય તો ત્યાં બન્ને એકબીજાની ભૂલોને …રત જોઈ શકે એટલાં સાવધાન રહેવાં જોઈએ. વિલાસી ટાપટીપ અને નાટક-સિને-માને માર્ગે ન વળી જાય તેટલાં જાગૃત રહેવાં જોઈએ. ગામડામાં રહેવાનાં હોય તો સ્વા-…થી ધંધાની સાથે.સ.થ બન્ને પાસે જન-તાની સાચી સેવાની દૃષ્ટિ અને એવો કોઈક વ્યવસાય પણ આવડતો હોવો જોઈએ. પુરુષ …કોઈ સ્ત્રીમાં કે સ્ત્રી કોઈ પુરુષમાં અતિ-સહવાસે અંજાઈ જાય તેવું ન બને તે માટે બન્ને એકબીજાની દિનચર્યાથી પારચિત રહેવાં જોઈએ. રોજ બન્ને જણે થોડુંથોડું શિષ્ટ સાહિત્યનું વાચન સાથે બેસીને કરવું જોઈએ.

ક ગૃહસ્થજીવનમાં બ્રહ્મચર્યખંડનને ખૂબ મર્યાદા હોવી જોઈએ. ઘણીવાર શરીર તંદુરસ્ત હોવાને કારણે એકાદ બે વારના યોગથી પણ સંતાનોત્પત્તિ થઈ જતી હોય છે. બન્ને જણ એકાંતમાં મોટો વખત સાથે રહેવા છતાં સંયમી રહે, એ માટે તો બન્નેમાં પૂર્વકાળના ઉચ્ચ સંસ્કારો મુખ્યપણે જોઈએ છે. એકની કચાશ બીજાએ પૂરવી જોઈએ. કેટલીક વાર રખે પતિ નારાજ થાય, તે ખાતર પોતાના પતિની વધુપડતી શરીરની અણછાજતી છૂટ સહન કરી લે છે અને ગુપ્ત રીતે મનમાં ને મનમાં ખિન્ન થતી હોય છે. વિકારોની વધુપડતી શરીરલુબ્ધામાં પુરુષ-પાત્ર આવેગવશ થયાના દાખલાઓ વિશેષ બનતા હોય છે. જોકે સંતાનોત્પત્તિની ઇચ્છા સ્ત્રીઓમાં ઊંડાણની અને તીવ્રભર હોવાથી એકે ય સંતાન ન થયું હોય ત્યાંલગી તો સ્ત્રી પણ 'પુરુષને મુગ્ધ બનાવવા માટે સદા ય મથતી જણાય છે; પણ આમાં ય સ્ત્રીને આવી સ્થિતિમાં મુકનાર આપણો ભદ્ર લેખાતો સમાજ હોય છે. વંધ્યત્વને પાપ માનનાર હજુ એવાં માબાપો પડ્યાં છે, કે જે પુત્રીને દોરાધાગા તથા પતિવશીકરણને માર્ગે દોરી જાય છે. કૂદકે ને ભૂસકે દેશ પર માનવપ્રજા-વૃદ્ધિનો બોજો વધી રહ્યો છે, તેવે ટાણે સંયમપૂર્વક પ્રજોત્પત્તિ ટાળવાને બદલે પ્રજાની ખોટી ભૂખ પૂરવા માટે કે પતિને આ જ માર્ગે કાબૂમાં રાખી શકાય એવો ભ્રમ પોષવા માટે આવો માર્ગ કૈંક અજ્ઞાની બહેનો લેતી હોય છે. ખરી રીતે તો પ્રજોત્પત્તિ માટે ય વિકારપોષક માર્ગ હાનિકર છે. વિકારની અતિશયતાથી જન્મેલી સંતતિ રોગી અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંદલી થાય છે, કે બોજારૂપ જ બને છે. અને પતિને સાચા અર્થમાં વશ કરવા માટે પણ બ્રહ્મચર્ય જ ઉપયોગી થાય છે. બ્રહ્મચર્ય-પાલનથી માનો કે પતિ કોઈ ક્ષણિક આવેશને વશ થઈ નારાજ થાય, તોપણ શાંતિને વખતે બીજી બધી રીતે પતિની સંપૂર્ણ સેવા ઉઠાવનાર સ્ત્રી સમજાવટ આપી પોતાનો સત્ય માર્ગ સમજાવી પતિને એવો તો વશ કરી શકે છે કે જિંદગીભર એ એનો અહેશાનમંદ બની જાય છે અને બીજે ઠેકાણે પણ ભૂલો ન પડી જાય, તેવી શક્તિ પણ આ નિમિત્તે ખીલવી શકે છે. જે વાત સ્ત્રીને લાગુ પડે છે, તે જ વાત પુરુષને પણ લાગુ પડે છે. અલબત્ત સ્ત્રીના મગજમાં નાનપણથી પેસી ગયેલાં વહેમો, કુરૂઢિઓ અને કુમાન્યતાઓ એકદમ નીકળતાં નથી, એમ છતાં પતિ જો માને કે પોતાની પરિણીત સ્ત્રીને પોતાનો સાચો રસ્તો સમજાવવા ખાતર મારે તન અને સાધનનો લગાતાર લાંબો વખત સુધી ભોગ આપવો પડે, તોપણ હું આપીશ, તો આ એક સ્ત્રી દ્વારા તે સમાજની મોટામાં મોટી સેવા બજાવી શકે છે.

ख ગૃહસ્થજીવન માટે અતિથિસન્માન, અરસપરસ ક્ષમા વગેરે જે ગુણો અગાઉ બતાવ્યા છે તેનું હવે જીવનમાં આચરણ કરવાનો વખત આવ્યો છે એમ માનીને બંને જણ વર્તે.

ग આપણે ત્યાં એક એ પણ ભ્રમ છે, કે પતિ ગમે તેવો હોય તો પત્નીએ તેને પ્રભુ માનવો, પણ પત્ની ગમે તેવી સતી હોય તો ય પતિની તે તો ગુલામડી જ ગણાય. ખરી રીતે સ્ત્રી અને પુરુષ બન્ને એકલાં હોય તો અધૂરાં છે. બન્નેના ગુણો અરસ-પરસ લેવાય ત્યારે જ તે બન્ને સંપૂર્ણ બની શકે છે. જેમ પત્નીને કહેવાનો પતિને અધિકાર છે, તેટલો જ અને આજને કાળે તો વિશેષ પત્નીને અધિકાર છે. જો પુરુષ પોતાની સ્ત્રીનો ચારિત્ર્ય-પૂજક અને સદ્‌વિચારસાધક ન બને તો બન્નેની પ્રગતિમાં અવરોધો આવે જ. શરીરની અણછાજતી છૂટ લેવા માંડે, ત્યાં પત્નીએ પતિને વારવાની અને એવે સ્થળે પત્ની હોય તો તેને પતિએ વારવાની ફરજ છે. આ ફરજમાં જેટલી ક્ષતિ તેટલી ધર્મહાનિ થવાની. પતિની દરેક ઇચ્છાને પત્નીએ ઉપાડવી જોઈએ કે પત્નીની ખોટી ઇચ્છાને પણ પતિએ પોષવી જોઈએ, આવું માનવું જ ન જોઈએ. ઊલટું ખોટી ઇચ્છાને બેમાંથી એકેય નમતું જરીકે ન આપે અને છતાં ય વિશુદ્ધ ભાવે બીજી બધી બાબતોમાં તન્મય રહે તો છેવટે જેની ભૂલ થતી હશે તે આપોઆપ પસ્તાશે અને પ્રેમમાં પડતો દેખાતો વ્યાઘાત તુરત શમી જશે અને પ્રેમ વધુ કુંદન જેવો બનશે. મને પોતાને લાગે છે, કે બ્રહ્મચર્ય એ ગૃહસ્થાશ્રમી જીવનનું પણ મુખ્ય ભાતું છે. બ્રહ્મચર્યના દીવેલ વિના જીવનજ્યોત આગળ ધપવાની જ નથી; એટલે બીજી અનેક ખામીઓ અને મુશ્કેલીઓનો ઉકેલ લાવવો (એ આવ્યા પછી) સાવ સહેલો થઈ પડશે.

શાસ્ત્રોમાં પ્રથમ સંતાનને ધર્મ્ય સંતાન માન્યું છે, તે જોતાં એક સંતાનથી આ કાળે તૃપ્તિ રાખવી સંતાનેચ્છુ માબાપ માટે સારું છે. એથી તેઓ ચોખ્ખું વાત્સલ્ય પી શકે, સંસ્કાર રેડી શકે, શિક્ષણ આપી શકે અને પોતાના એક જ સંતાનને લીધે પોતાના આત્મવિકાસની સાથોસાથ સમાજ, રાષ્ટ્ર વગેરેની પ્રત્યક્ષ સેવા પણ કરી શકે.

क એક સંતાન પછી વિકારો વશ ન થાય અને પતિપત્નીને છૂટ લેવાની સ્થિતિ ઊભી થાય તો પછી વધુ સંતાનોનો બોજો ન ઉપાડવા માટે હમણાંહમણાં ઘણાં શહેરી દંપતીએ કૃત્રિમ સંતતિનિયમનનો આશરો લેવા માંડ્યાં છે અને કહેવાતા શાણા લોકો આ માર્ગની સલાહ પણ આપી રહ્યા હોય છે, પણ હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...મજબૂતપણે માનું છું, કે સરવાળે એ સારો રસ્તો નથી. (૧) સંતાનોનો વધુ બોજ ઉપાડવો કે (૨) કૃત્રિમ સંતતિનિયમન સ્વીકારવું; એ બેમાંથી જો એક જ માર્ગ પસંદ કરવાનો હોય, તો હું પહેલો માર્ગ પસંદ કરવાની જ સલાહ આપું; પરંતુ મને સ્ત્રી જાત ઉપર એટલો બધો વિશ્વાસ છે, કે જો તેમને બ્રહ્મચર્યનું મૂલ્ય સમજાય અને ઉપર બતાવેલી કેટલીક ખામીઓ દૂર થાય તો અમુક કાળ સુધી એક સંતાનથી તૃપ્તિ રાખવાની વાતનો અમલ તેઓ પ્રેમથી પોતાના પતિ તરફથી કરાવી શકે.

ख લાજ(ઘૂંઘટ)નો રિવાજ હવે જવા બેઠો છે અને જવો જ જોઈએ. એ પ્રથાની હવે કશી જરૂર નથી. એ પ્રથા જેટલી વહેલી જાય તેટલો સમાજને લાભ છે, એમ આજે લાગે છે.

ग મિત્રો, સ્નેહીઓ, કુટુંબીજનો વગેરેનાં હળવાંમળવાં ખૂબ જરૂરી છે, પણ આ કાળે સામુદાયિક જમણવારો ટાળી શકાય તેટલા ટાળવા જોઈએ. સાદું ભોજન રસમય લેવું અથવા 'અલ્પાહાર'ની મિજબાનીઓથી સંતોષ માનવો જોઈએ.

घ દાયજો આપવાનો ચાલુ રિવાજ છોડવા જેવો છે. ઘરેણાંગાંઠાં વિષે પણ આજના કાળમાં શું હોવું જોઇએ, તે ઉપર જણાવ્યું છે. જે કાળે સ્ત્રીને વારસાહક્ક રીતસરનો નહિ, પણ દાયજા–ઘરેણાં–કપડાંના રૂપમાં આપવાનો રિવાજ હતો, તે કાળે એ બધું ભલે જરૂરી હોય, આજે એ જરૂરી નથી. આણાં-પરિયાણાં કે આવજા કરવાની આપલેમાં જમાઈ-દીકરીને કે વેવાઈકુટુંબોને કંઈક સ્વરૂપ રહેશે ખરું, પણ એમાં ખાદી ગ્રામો-દ્યોગ, પુસ્તક એવીએવી દૃષ્ટિ તથા ઓછું ખર્ચાળ બને એટલું ધ્યાન રહે તો વાંધો નથી.

च આપણે ત્યાં બાળક જન્મે ત્યારથી માંડીને વૃદ્ધ થયા પછી મરણ પામે ત્યાં-લગીના અનેક સંસ્કારોની વાત આવે છે. આપણે ત્યાંનાં પર્વોમાં પણ વ્યક્તિગત અને સામુદાયિક સંસ્કારવૃદ્ધિના સુયોગો જોડવામાં આવ્યા છે. આ બધાનું સમજપૂર્વક જાણીને આચરણ કરવું ગૃહસ્થાશ્રમીને ખૂબ જરૂરી છે.

छ પોતાનો જે જન્મગત ધર્મસંપ્રદાય હોય તેની મૌલિક વિધિઓને સંપૂર્ણ વફાદાર રહેવા છતાં બીજો ધર્મસંપ્રદાયોના સદ્‌ગુણોને પોતામાં અપનાવવા તૈયાર રહેવું. સર્વધર્મ-સમન્વય અને સર્વધર્મઉપાસના આજે ખૂબ જરૂરી છે. વ્યાપારમાં નીતિ, વ્યવહારમાં પ્રામાણિકતા, સમયમાં નિયમિતતા અને જીવનમાં સાદાઈ, સંયમ અને વ્યવસ્થા વગેરે ગુણો ખાસ ભરવા. આપણા ઉચ્ચ એવા માનવભવનું પરમરહસ્ય તો સત્ય અને અહિંસાની સાધનામાં રહેલું છે. આપણે મનુષ્ય છીએ તો બીજાં પ્રાણીઓનો ભોગ લેવા માટે આપણી શક્તિ નથી વાપરવાની, પણ બીજાં પ્રાણીઓ સારુ આપભોગ આપવામાં આપણી શક્તિ વાપરવાની છે, તે ધ્યેય હમેશાં સામે રાખવું. આપણા વિકાસમાં આપણે માબાપ, કુટુંબ, સમાજ, દેશ અને વિશ્વનાં નાનાંમોટાં અનેક પ્રાણીઓની સેવા લીધી છે. આપણું જીવન કેવળ અંગત હોઈ જ ન શકે, આપણે વિશ્વજીવો સાથે સંક-ળાયેલા છીએ–આવીઆવી માન્યતા રાખી ઈશ્વરને અથવા અવ્યક્ત સત્યને સામે જ રાખી પ્રત્યેક સમયે, પ્રત્યેક ક્ષેત્રે અને પ્રત્યેક પ્રસંગે વર્તવું. આથી અશ્રદ્ધાનો વાયુ આપણી જીવનનૌકાને નહિ પજવી શકે અને સમજણ-પૂર્વકની શ્રદ્ધા સાથે આપણી પ્રત્યેક ક્રિયા જ્ઞાનમય બનશે, જેથી આપણું જીવન આપણી જાત ઉપરાંત વિશ્વની જાતને પણ ઉપયોગી સહેજે બની રહેશે. આવી ભાવના અને માન્ય-તામાંથી જ સર્વ પ્રકારની ફરજોનો ખ્યાલ માનવમનમાં જાગૃત રહી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમારી તરીકે કોઈ બહેન જિંદગી વિતાવવા માગે તો સમાજમાં 'દીકરી સાપનો ભારો,' 'ડોશી કુંવારી જાણી છે?' વગેરે વગેરે વાકયો વાપરે છે, પણ તે બરાબર નથી. કૌમાર્ય અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાનો અધિકાર પુરુષને હોય એનાથી લેશ પણ ઓછો અધિકાર સ્ત્રીને ન હોઈ શકે. હા, મેં આગળ કહ્યું તેમ આજનો સમાજ ચૈતન્યપૂજક મટીને પૈસ.પૂજક બન્યો છે; તેથી સ્ત્રીજાતને પોતાનું શરીર અને વાતાવરણ બંને પ્રતિકૂળ છે; પરંતુ તેનો અર્થ એ નથી કે સ્ત્રીએ કુંવારાં રહી બ્રહ્મચર્ય પાળવાની વાતને માંડી વાળવી. એનો અર્થ એટલો જ છે, કે પુરુષ આગળ એણે લાગણીવશ થતાં ચેતતાં રહેવું અને કોઈ પણ પુરુષનો વિશ્વાસ કરતા પહેલાં એ પાણી સો ગળણે ગાળી લેવું. પુરુષ સાથે એકાંતમાં વારંવાર કામ કરવાનું આવે ત્યાં સાવધાન રહેવું. જો નૈષ્ઠિક બ્રહ્મચારિણી જાગૃતપણે ઘડાઈ હશે તો પચીસ વર્ષની વય વીત્યા બાદ તેનો સહજ પ્રભાવ એટલો જબ્બર પડશે કે પછી પુરુષજાતિની ભીતિ તેને નડી શકશે નહિ. આવી બહેન પોતાની ફેશન અને ભભકાથી ફસાઈ પડતી અનેક ભોળી બહેનોને બચાવી શકશે અને પુરુષજાતને પણ પ્રેરક થઈ પડશે, એમાં શંકા જ નથી. શરૂઆતની મુશ્કેલીઓ વેઠવી જ રહી, પછી તો સમાજમાં પણ એની પૂજાપ્રતિષ્ઠા વ્યાપક થઈ જશે, એટલે કશો જ વાંધો નહિ આવે.

ક લગ્ન શું, પતિ શું એનો જેને ખ્યાલ નથી એવી અબોધ અને લઘુવયે થયેલી વિધવાને આજનો સમાજ પરાણે વૈધવ્ય અને બ્રહ્મચર્ય લાદે છે તે પણ બરાબર નથી. અલબત્ત, આવી એક રીતે તો કુંવારી લેખી શકાય તેવી વિધવા બહેનને પરણવાની છૂટ આપે, તોપણ તે પરણવાની તૈયારી ભાગ્યે જ બતાવશે; કારણકે આપણે ત્યાંનું માનસ એ રીતે જ ઘડાઈને તૈયાર થયું છે. બહેનો બાળ વૈધવ્યને અપનાવી બ્રહ્મચર્યનો પ્રકાશ ચોમેર વેરે. સમાજના ઠૂંબા ખાઈને, દળણાં દળીને પણ બ્રહ્મચર્યમય વૈધવ્ય પાળે તેમની પ્રશંસા જેટલી કરીએ તેટલી ઓછી છે. સમાજે આ માતાઓને જગદંબાને સ્થાને મૂકીને માન, સન્માન, પૂજા અને એમને યોગ્ય અનુકૂળતાઓ ગોઠવી જ આપવી જોઈએ; એટલું જ નહિ પણ એમાંની જે બહેનો લગ્નજીવન ઇચ્છે છે એમને પણ અનુકૂળતા કરી આપવી જોઈએ. 'લગ્નજીવન પાપમય જીવન જ છે' એ ખ્યાલ ઉચ્ચચારિત્ર્યવાન ગૃહસ્થ જોડાંઓએ પોતાની જીવનસાધનાથી ભૂસી નાખવો પડશે. બાકી એક રીતે તો આ જીવન કુમાર-કુમારિકા કરતાંય એક વખત પરિણીત છતાં શરીર-ભોગથી સદા દૂર એવાં દંપતી અથવા વિધવા કે વિધુર એ સમાજની મૂલ્યવંતી મૂડી છે એ આપણે ન ભૂલવું જોઈએ. જેના પર નૈષ્ઠિક બ્રહ્મચર્ય કે આજીવન કૌમાર્યવ્રતનું ફૂલ ચઢ્યું નથી, પણ પરિણીત છતાં ઉપરની સ્થિતિમાં મુકાયેલ છે તેમાં નમ્રતાનો ગુણ વધવાની કુદરતે ઉત્તમ તક આપી છે એમ સમજવું વધુ સારું છે. આવાં કોઈ વિધવા અથવા વિધુરને કે પરણ્યા પછી બ્રહ્મચર્ય-પાલનને કારણે વંધ્ય રહેનાર દંપતીને જે સમાજ અપશુકનિયાળ વિશેષણે નવાજે છે, તે સમાજ પોતે જ અપશુકનની મૂર્તિરૂપ છે.

સમાજનાં આવાં અનેક મૂલ્યાંકનો પલટવાં એ છેવટે તો સમાજના અંગરૂપ વ્યક્તિના હાથમાં મુખ્યત્વે છે અને આ પરણનાર દંપતી તેમાંનાં જ છે, એટલે એ પતિપત્નીએ ઉત્તમ ગુણોને જીવનમાં સાધીને આવાં મૂલ્યાંકનોનો પલટો સૌથી પ્રથમ પોતાનામાંથી જ કરવો રહ્યો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષદો

લેખક :
અધ્યા. ગૌરીશંકર ચુ. ઝાલા

ભારતીય તત્વજ્ઞાનના અર્ક સમાં વેદ અને ઉપનિષદો ઉપર અનેક વિદ્વાનોએ પોતાની વિચારણા રજૂ કરી છે; છતાં તેનું ઊંડાણ એટલું છે કે ભવિષ્યમાં યે અનેક વિદ્વાનો પોતાના જ્ઞાનપ્રકાશથી તે જોવા માટે પ્રયત્ન કરશે. ઉપનિષદોને સ્પર્શતા કેટલાક અગત્યના સવાલોની અધ્યા. ઝાલાએ પોતાની દૃષ્ટિએ અહીં સુંદર રીતે સમીક્ષા કરી છે. અધ્યા. ઝાલા સંસ્કૃત સાહિત્યના અભ્યાસી છે, એમણે સંસ્કૃતમાં કાવ્યો પણ રચ્યાં છે. તેઓ અચ્છા વિવેચક તરીકે પણ જાણીતા છે.

આપણી પરંપરાગત દૃષ્ટિએ વેદ ઈશ્વર-પ્રણીત કે પ્રેરિત છે અને સનાતન છે. જેમ રામાયણ વાલ્મીકિમુનિએ રચ્યું, કે મનુસ્મૃતિ મનુએ રચી તેમ વેદની રચના કોઈ કર્તાએ કરી નથી. જુદાંજુદાં સૂક્તો કે મંત્રોના ઋષિઓનાં નામો મળે છે, પણ તે ઋષિઓ એ મંત્રોના કર્તા નહિ પણ દ્રષ્ટા માત્ર છે. ઈશ્વરપ્રસાદથી તે તે મંત્રોનો પ્રતિભાસ તેમને થયો છે એટલું જ. આ વૈદિક સાહિત્યમાં સ્થૂળરૂપે ચાર વેદનો એટલે કે ઋક્, યજુસ, સામ અને અથર્વ સંહિતાઓનો સમાવેશ થતો મનાય છે. પણ વૈદિક સાહિત્યનાં આછા પણ પરિચયવાળા સૌ કોઈ જાણે છે, કે સંહિતા ઉપરાંત બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ સાહિત્યનો પણ એમાં સમાવેશ થાય છે. સંહિતામાં મંત્રો સંગ્રહાયા છે; પણ વેદમાં મંત્ર ઉપરાંત બ્રાહ્મણનો પણ સમાવેશ થતો હોવાથી આ બ્રાહ્મણ-વિભાગમાં બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદનો સમાવેશ કરવામાં આવે છે અને દરેક વેદનું સ્વતંત્ર બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ સાહિત્ય છે, એટલું નહિ પણ દરેક વેદની જુદીજુદી શાખાઓ પરત્વે પણ આ સાહિત્ય નિરનિરાળું છે. સમગ્ર શ્રૌત-વૈદિક સાહિત્ય સનાતન મનાતું હોવા છતાં, સંહિતા પછી બ્રાહ્મણ અને તે પછી આરણ્યક ઉપનિષદ-આવો ક્રમ સ્વીકારવો આવશ્યક બને છે; કારણકે બ્રાહ્મણ-ગ્રંથોના અંગ તરીકે જ કેટલાંક આરણ્યકો અને ઉપનિષદો સચવાયાં છે. આમ સ્થાનક્રમની દૃષ્ટિએ ઉપનિષદને વેદાંત-વેદ-સાહિત્યનો અંતિમ પ્રકાર કહેવામાં આવે છે. બીજી રીતે પણ ઉપનિષદનો 'વેદાંત' શબ્દ દ્વારા નિર્દેશ સહેતુક છે. વેદમાં કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણે કાણ્ડનું પ્રતિપાદન છે; પણ તેમાં યે બ્રાહ્મણ-ગ્રંથોમાં યજ્ઞાદિ કર્મકાણ્ડનું પ્રતિપાદન થયું છે, જ્યારે જ્ઞાન-કાણ્ડનું નિરૂપણ પ્રધાનપણે ઉપનિષદમાં થયું છે અને જ્ઞાનમાર્ગ જ સંસારમાંથી છૂટવાનો રાજમાર્ગ છે, તેથી વૈદિક સાહિત્યનું પરમ રહસ્ય-અર્ક જે ઉપનિષદ સાહિત્યમાં સચવાયું છે તેને વેદના અંતસાર તરીકે ઓળખવામાં આવે એ સ્વાભાવિક છે.

'ઉપનિષદ'-શબ્દનો અર્થ શો ? શ્રી શંકરાચાર્ય બૃહદારણ્યક ઉપનિષદ ઉપર ભાષ્યની અવતરણિકામાં સમજાવે છે કે **ઉપ+નિ+સદ્**નો અર્થ 'વિનાશ કરવો' છે; તેથી જે વિદ્યા સંસારનો સમૂળો નાશ કરી શકે તેવી છે તે વિદ્યાને-બ્રહ્મવિદ્યાને-**ઉપનિષદ્** કહી શકાય. કઠોપનિષદભાષ્યને આરંભે પણ એમણે આવી જ વ્યુત્પત્તિ દર્શાવી છે; એટલે ઉપનિષદનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ બ્રહ્મવિદ્યાને અનુલક્ષે છે. પણ શ્રી શંકરાચાર્ય પોતે જ ખુલાસો કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, કે આવી વિદ્યા જે ગ્રંથમાં નિરૂપાઈ હોય કે પ્રતિપાદિત કરાઈ હોય તે ગ્રંથને પણ ઉપનિષદ કહેવાય. આમ બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરતું સાહિત્ય પણ ઉપનિષદ કહેવાયું.

અર્વાચીન દૃષ્ટિએ 'ઉપનિષદ' શબ્દની વ્યુત્પત્તિ જુદી રીતે કરવામાં આવે છે. બ્રાહ્મણ કાળમાં કર્મ–કાણ્ડનો વિકાસ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. બ્રાહ્મણ–ગ્રંથોમાં યજ્ઞ–કર્મની વિગતો એવી તો જટિલ અને અતિરેકવાળી નજરે આવે છે, કે વિચારશીલ માનસને એ માર્ગ કેવળ કંટાળાજનક નહિ પણ મર્યાદિત ફલકવાળો પણ જણાયો હશે. ઇન્દ્ર, વરુણ, અશ્વિન કે પ્રજાપતિ જેવા દેવતાઓને હવિસ અર્પણ કરીને મેળવવાનું તો સ્વર્ગ જ! આ જીવનના અને જગતના કોયડાનું રહસ્ય કર્મ–કાણ્ડ ભાગ્યે જ ઉકેલી શકે; તેથી જીવ, જગત અને ઈશ્વર વિષેનું તત્ત્વ પામવાની ઉત્સુકતાવાળા જિજ્ઞાસુઓ અરણ્યમાં વસીને મીમાંસા કરવા લાગ્યા. તેઓએ સંસારની ઘટમાળમાંથી મુક્ત થવા માટે આત્મદર્શન અને પરમાત્મદર્શન ઉપર ભાર મૂકયો. કર્મ–કાંડને આ અન્તિમ ધ્યેયની સાધનામાં ગૌણ ગણ્યો. આવી વિદ્યા સૌ કોઈને આપી ન શકાય; તેથી અધિકારી શિષ્યને પોતાની પાસે બેસાડીને (उप+नि+सद्) ગુરુ આ વિદ્યાની દીક્ષા આપે, તેથી આવી રહસ્યમય વિદ્યાઓ ઉપનિષદ કહેવાઈ અને પછી તો આવી વિદ્યાઓના ગ્રંથને પણ એ નામ આપવામાં આવ્યું. સામાન્ય વિદ્યાભ્યાસ માટે પણ શિષ્ય ગુરુનું उप+सदन (નજીક બેસવું) કરે છે. આ વિશિષ્ટ વિદ્યાના અધ્યયન માટે उप+नि+सदन કરવું જોઈએ; અહીં વિદ્યાની રહસ્યમયતા તથા અસામાન્યતા તથા શિષ્યની શ્રદ્ધેયતા નિ ઉપસર્ગના પ્રયોગથી સૂચવાઈ છે.

આજે ઉપનિષદોની કુલ સંખ્યા બસો સુધી પહોંચે છે, પણ તેમાંનાં કેટલાં યે દેખીતી રીતે જ પ્રાચીન ઉપનિષદોના અનુકરણરૂપે કે પ્રેરણાથી ઉત્પન્ન થયાં છે અને સાંપ્રદાયિક રંગથી રંગાયેલાં છે. શૈવ ઉપનિષદો છે તેમ વૈષ્ણવ અને શાક્ત ઉપનિષદો પણ છે; યોગ-વિષયક ઉપનિષદો છે તેમ વેદાંતવિષયક પણ છે. પ્રાચીન ઉપનિષદો ગદ્યાત્મક તેમ પદ્યાત્મક પણ છે; અને સમય જતાં પદ્યાત્મક ઉપનિષદો અસ્તિત્વમાં આવ્યાં હોય એમ કેટલાંક અંતરંગ પ્રમાણોને આધારે મનાય છે. આ પ્રાચીન ઉપનિષદોમાં ઈશાવાસ્ય, કેન, કઠ, પ્રશ્ન, મુણ્ડ, માણ્ડુક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક (અને શ્વેતાશ્વતર)ને ગણવામાં આવે છે.

આ ઉપનિષદ સાહિત્યના પાયા ઉપર ભારતીય દર્શનશાસ્ત્ર, ધર્મ અને નીતિશાસ્ત્રની ભવ્ય ઇમારતો ચણાઈ છે.

*

આજે હિંદુધર્મ વિષે કેટલીકવાર સાચી જિજ્ઞાસાથી અને કેટલીકવાર આક્ષેપની વૃત્તિથી જે અનેક પ્રશ્નો પુછાય છે તેમાંનો એક આ છે: જગતમાં પ્રવર્તતા બીજા બધા ધર્મોના સ્થાપક અને પ્રસ્થાન-ગ્રંથ મળી આવે છે; ખ્રિસ્તી ધર્મ ઈસુ ખ્રિસ્તે સ્થાપ્યો અને તેનો પ્રસ્થાનગ્રંથ બાઈબલ છે. ઇસ્લામ મહમદ પેગંબરે, બૌદ્ધધર્મ ગૌતમબુદ્ધે અને જૈન ધર્મ મહાવીરે પ્રવર્તાવ્યા અને આધ પ્રવર્તકનાં બોધવચનોના સંગ્રહો એ દરેકમાં આધારભૂત ગણાય છે. આ પરિસ્થિતિમાં પ્રશ્ન પુછાય છે, કે હિંદુધર્મનો પ્રવર્તક કોણ? અને તેનો પ્રસ્થાન-ગ્રંથ કયો? આનો એક પ્રાચીન ઉત્તર તો આપણી સમક્ષ પડ્યો છે જ—वेदोऽखिलो धर्ममूलम्। પણ આજે આપણે 'હિંદુધર્મના પ્રસ્થાનગ્રંથો છે ઉપનિષદો અને ગીતા' એવો ઉત્તર આપીએ છીએ અને બીજાઓની સાથે એક પંક્તિમાં સ્થાન મેળવવાથી મળતી પ્રતિષ્ઠાનો સંતોષ અનુભવીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

છીએ. આ ઉત્તર અસત્ય નથી અને આપણા ધર્મનું સ્વરૂપ અને તત્ત્વ સમજવા ઇચ્છનારાને આ ગ્રંથો સાચું માર્ગદર્શન અવશ્ય કરાવશે, પણ ગીતાને તો ભગવદ્વાણી હોવા છતાં આપણે સ્મૃતિમાં ગણીએ છીએ. ખ્રિસ્તીની દૃષ્ટિમાં બાઇબલનું જે સ્થાન છે કે મુસલમાનની દૃષ્ટિમાં કુરાનનું, તે સ્થાને આપણે ભગવદ્ગીતાને ભાગ્યે જ સ્થાપીએ છીએ અને ઉપનિષદો અપૌરુષેય છે એમ કહેવામાં પ્રશ્નનો મુખ્ય મુદ્દો નજર બહાર રહી જાય છે.

સાચી વાત તો એ છે, કે જેમ વિજ્ઞાનનો કોઈ એક સ્થાપક નથી કે તેનો અમુક જ પ્રસ્થાન-ગ્રંથ નથી તેમ આપણા ધર્મનો પણ કોઈ એક સ્થાપક નથી કે તેનો કોઈ એક જ પ્રસ્થાન-ગ્રંથ નથી. વિજ્ઞાન આધિભૌતિક ક્ષેત્રમાં સત્યની ખોજ કરે છે અને એ ખોજમાં અનેક વિજ્ઞાનવિદના પ્રયત્નોનો ફાળો છે. કોઈ રસાયણશાસ્ત્રમાં, તો કોઈ પ્રાણીશાસ્ત્રમાં, કોઈ વિદ્યુત્‌વિદ્યામાં તો કોઈ યંત્રવિદ્યામાં, કોઈ સૂક્ષ્મજંતુશાસ્ત્રમાં તો કોઈ વનસ્પતિવિદ્યામાં આવાં અનેક રૂપોમાં વૈજ્ઞાનિકો સત્યની અન્વેષણા કરતા રહ્યા છે, એવી જ રીતે ધર્મ પણ જો સત્ય-પ્રતિષ્ઠ હોય, સત્યના સાક્ષાત્કારને અનુકૂળ રહેવાનો એનો સ્વભાવ હોય અને તેની પરિસમાપ્તિ કેવળ તાન્ત્રિક ક્રિયાઓમાં કે માન્યતાઓમાં જ ન થતી હોય તો ધર્મ પણ પરમ સત્યની ખોજરૂપ જ છે. આ વિશ્વની અંદર અને બહાર પ્રવર્તતા ઋત અને સત્યને સમજવા માટે વૈદિકકાળમાં કેટકેટલા દૃષ્ટાઓ પ્રયત્નશીલ બન્યા છે! ઋગ્વેદના સમયમાં જ મંત્રદૃષ્ટાઓને સમજાઈ ગયું હતું, કે ઇંદ્રાદિ દેવતાઓના અનેકત્વની પાછળ એકત્વ રહ્યું છે: આ દર્શન બુદ્ધિ-શક્તિનો નાનોસૂનો વિજય નથી. બ્રાહ્મણકાળના જટિલ ક્રિયાકાંડમાં પણ પ્રજાપતિરૂપે એક અન્તિમ તત્ત્વની ભાવના જળવાઈ રહી છે. ઉપનિષદકાળમાં તો આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે પરમ સત્યના અન્વેષણની પ્રવૃત્તિની વસંત જ બેઠી. કોઈએ આધિદૈવિક ક્ષેત્રમાં તો કોઈ એ આધિભૌતિક, તો કોઈ એ આધ્યાત્મિક ક્ષેત્રમાં સત્યાન્વેષણની પ્રવૃત્તિ આદરી. છાન્દોગ્ય ઉપનિષદમાં પ્રાચીનશાલ, આપમન્યવ અને બીજા પાંચ ઉપાસકો અશ્વપતિ કૈકેય પાસે જઈને વૈશ્વાનર આત્માની વિદ્યા મેળવે છે: આદિત્ય, વાયુ, આકાશ વગેરે બધાં તત્ત્વોની અંતિમ તત્ત્વ તરીકેની ઉપાસના એકાંગની ઉપાસના છે—પરમ તત્ત્વ તો એ બધાંથી પર છે એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તૈત્તિરીય ઉપનિષદમાં, પંચકોશ વિદ્યામાં આધ્યાત્મિક નિરૂપણથી આત્મતત્ત્વનું નિર્દેશન કરાયું છે. છાંદોગ્યમાં સંવર્ગવિદ્યામાં અધિદૈવ અને અધ્યાત્મ દૃષ્ટિએ બાહ્ય અને આન્તર પરમ સત્યની એકતા દર્શાવાય છે. એ જ રીતે ઉદ્‌ગીથ વિદ્યા કે પંચવિધ સામોપાનસા વિદ્યામાં પણ સકળ જગતની આરપાર વિલસતાં एकमेवाद्वितीयं सत्‌નું જ પ્રતિપાદન કરાયું છે.

આજે વૈજ્ઞાનિક અન્વેષણ પરત્વે કેવી ઊંડી જિજ્ઞાસા આપણે સેવીએ છીએ ! જગતના એક પ્રદેશમાં કંઈ શોધ થઈ હોય તો બીજા દેશના એ જ ક્ષેત્રમાં રસ લેતા વૈજ્ઞાનિકો એ જ્ઞાન માટે ઉત્સુક બને છે. આજે વિદ્યાવૃદ્ધિ માટે કે વિવરણ માટે પરિષદો યોજાય છે; અને દેશાન્તર ગમન પણ કરાય છે. આવી જ ઉત્કટ જિજ્ઞાસા અને નમ્રતા ઉપનિષદકાળના તત્ત્વજિજ્ઞાસુઓમાં આપણે જોઈએ છીએ. સત્યકામ, જાબાલ, ઉદ્દાલક, આરુણિ, અશ્વપતિ કૈકેય, પ્રવાહણ જૈવલિ અને યાજ્ઞવલ્કય જેવા તત્ત્વપર્યેષકોની દૃષ્ટિ અને વૃત્તિ આજે પણ પરમ આદર ઉત્પન્ન કરે છે.

આમ અનેક વિચારકો અને દૃષ્ટાઓની

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધિની વિશાળ ભૂમિકા ઉપર આપણા આચારનું, વ્યવહારનું, જીવનનું–એક શબ્દમાં કહીએ તો આપણા ધર્મનું પ્રતિષ્ઠાપન થયું છે; તેથી જ એમાં અધિકારભેદ, ઉદ્દેશ્યભેદ, વૃત્તિભેદ વગેરે કારણે ઉત્પન્ન થતી ભિન્નતાને સાચવી લેવાઈ છે; જ્ઞાન, કર્મ અને ભક્તિના માર્ગો ખુલ્લા રખાયા છે, અનેક દેવ–પ્રતીકોની ઉપાસનાને અવકાશ મળ્યો છે અને 'મારું જ સાચું અને પારકું ખોટું' એવી સંકુચિત વૃત્તિને સ્થાન મળ્યું નથી; આ જ કારણે ધર્માન્તર–કરણનું સ્વપ્ન પણ આપણા ધર્મે સેવ્યું નથી.

આપણા ધર્મની દૃષ્ટિ અન્ય ધર્મો પ્રત્યે સમભાવની છે. કહોળ કૌષીતકે 'સર્વાન્તર આત્મા'ના સ્વરૂપ વિષે પ્રશ્ન કર્યો ત્યારે યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો, કે 'શોક, મોહ, ભૂખ, તરસ, જરા, મૃત્યુ–આ બધાંથી પર એ આત્મા છે. એવું જ્ઞાન થયે બધી એષણાઓનો ત્યાગ કરીને, પાંડિત્ય, બાલ્ય અને મૌન વગેરેથી પણ નિર્વેદ પામીને અન્તે પુરુષ બ્રાહ્મણ (બ્રહ્મવિદ) બને છે.' કહોળે પૂછ્યું, કે 'આવા બ્રાહ્મણ શી રીતે થવાય!' યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો કે येन स्यात्तेन ईदृश एव स्यात्। (જે રીતે કે માર્ગે એ બ્રાહ્મણ થશે તે આવો જ થશે.) આપણો ધર્મ પણ યાજ્ઞવલ્કયની વ્યાપકદૃષ્ટિથી પરમ સત્યનું દર્શન કરતો પોતાના અમુક જ સાંપ્રદાયિક માર્ગનો આગ્રહ નથી રાખતો. 'સાચો ધાર્મિક કયા ધર્મથી થવાય?' એ પ્રશ્નના ઉત્તરમાં યાજ્ઞવલ્કયની પેઠે એ પણ કહે છે 'येन स्यात्तेन ईदृश एव स्यात्।'

★

અમેરિકન કરોડપતિ તથા દાનવીર એન્ડ્રયુ કાર્નેગી પાસે કોઈ નવી સ્થપાયેલી દાન પર નભતી સંસ્થાનો મંત્રી થોડા દાન માટે ગયો. પોતાની વાત સીધી કરવાને બદલે મંત્રી મૂડીવાદનાં અનિષ્ટો તથા સમાજવાદના લાભ વિષે પોતાનાં મંતવ્યો રજૂ કરવા લાગ્યો. પોતાનું છટાદાર વક્તવ્ય પૂરું કરતાં તેણે જણાવ્યું: 'લોકોના પૈસા વડે જ શ્રીમંતો થયા છે અને તેથી તેઓએ બીજાઓને પોતાની મિલકતમાંથી ભાગ આપવો જોઈએ.'

નવાઈ જેવી વાત એ હતી કે મહાન ધનપતિ કાર્નેગી તેણે કહેલા એકેએક શબ્દ સાથે સંમતિ ધરાવતો હતો. તેણે કાગળ પર કંઈ લખી બટન દાબી ચબરાક દેખાતા પોતાના અંગત કારકુનને તે નોંધ આપી. થોડી જ મિનિટોમાં કારકુન ચેક લઈને આવ્યો. કરોડપતિએ તેના પર સહી કરી અને વંદન કરીને તે ચેક મંત્રીને આપ્યો. તેણે કહ્યું કે 'સાહેબ, આ રકમ મારી દોલતમાં તમારા ભાગે પડતી આવે છે, મારી મિલકત આખા જગતની વસ્તીમાં વહેંચાઈ જાય ત્યારે આટલી થાય!'

છો. મા. કા.

ચેક પંદર સેન્ટનો હતો!

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુબ્જા સુંદરી

લેખક: શ્રી રાજાજી
અનુ: શ્રી તનમનીશંકર લા. શિત્ર
બી. એ. એલએલ. બી.

શ્રી રાજાજીએ રચેલી બે વાર્તાઓની પરવાનગી મગાવતાં અનુવાદકે એમને સામયિક-નાં નામઠામ વિના લખ્યું હતું, કે મને આ વાર્તા ગુજરાતી ભાષામાં ઉતારવાની પરવાનગી આપો. આના જવાબમાં નવી દિલ્હીથી તા. ૨૦મી સપ્ટેમ્બર ૧૯૫૦ના પત્રમાં શ્રી. દેવદાસ ગાંધીએ લખ્યું : 'ભાઈશ્રી, તા. ૬ઠ્ઠી સપ્ટેંબરના તમારા પત્રનો તમને જવાબ આપવાનું શ્રી રાજાજીએ મને જણાવ્યું છે. તમે એમને મોકલેલી બે વાર્તાઓની હસ્તપ્રત આ સાથે પાછી મોકલું છું. તમે જ્યારે પરિશ્રમ ઉઠાવીને બંને વાર્તાઓનો અનુવાદ કર્યો જ છે, તો શકય હોય તો, એમાંની એક 'અખંડ આનંદ'માં કોઈ પણ જાતના પુરસ્કાર વિના પણ લેખક અને પ્રકાશકના સૌજન્યના સ્વીકાર સાથે છપાવી શકશો.' 'અખંડ આનંદ' પ્રત્યેની આ મમતાથી આનંદ થાય એ સ્વાભાવિક છે. શ્રી રાજાજીની વાર્તા એમના અને 'હિંદુસ્તાન ટાઈમ્સ'ના ઋણસ્વીકાર સાથે અહીં પ્રસિદ્ધ કરીએ છીએ.

'એ ગમે તેવો હોય તેમાં આપણે શું ? આવી વાતોમાં પડવું ભયંકર છે. મારું કહ્યું માન. એમ ન કર.'

'એમાં કંઈ પણ ભય નથી, કામુ! અને એ કાગળ આપણે લખ્યો છે એ જાણી શકશે જ નહિ. કદાચ તે જાણી જાય તો ય શું? એક મજાની ઠેકડી ઉડાવાશે.'

'ઠીક, બહેન પણ તું જ લખ. હું મારે હાથે તો નહિ લખી શકું'

'ભલે, લાવ, કાગળ મને આપ. પત્ર હું જ લખીશ. એમાં શા મોટી અઘરી વાત છે?'

આ વાતચીત વિદ્યાર્થિનીઓની વીરેસિલંગ હોસ્ટેલની ગેલેરીમાં થતી હતી. કમળા અને કામાક્ષી બી. એ. કલાસમાં હતાં. બંનેએ મળીને કટાક્ષ ને મજાકભર્યો એક પત્ર નીચે પ્રમાણે લખી નાખ્યો!

'ગીતા-પ્રસંગ-શિરોમણિ નરસિંહ શાસ્ત્રીને અમારા પ્રણામ.

'મહાનુભાવ! વિરેસિલંગ હોસ્ટેલની અમે વિદ્યાર્થિનીઓ આપની સેવામાં નમ્રતાપૂર્વક નીચે મુજબ પ્રાર્થનાપત્ર લખીએ છીએ.

'જે ભાવનાથી પ્રેરાઈને આપે આપની મોટી પદવીનો ત્યાગ કર્યો, અને ઈશ્વરભક્તિથી પ્રેરાઇને સાધારણ લોકોને ધર્મશાસ્ત્ર-પુરાણ વગેરે સમજાવવાનું ધાર્મિક કાર્ય ઉપાડી લીધું તે માટે અમને તમારા તરફ અત્યંત આદર ને પૂજ્ય ભાવ છે. ગયા રવિવારે આપે વસંત હોલમાં જેવું પ્રતિભાશાળી ભાષણ કર્યું હતું, તેવું અમે આજ સુધી કદી સાંભળ્યું નહોતું. અત્યાર સુધી કોઈએ પણ ગીતા અને ઉપનિષદોનો મર્મ તમારા જેટલી સરસ રીતે સમજાવ્યો નથી, પણ જે તત્ત્વ આટલી સરસ રીતે તમે બીજાને સમજાવો છો તેનો તમે પોતે જ કેમ લાભ લેતા નથી, તે સમજાતું નથી. જેમ એક કાચબો પોતાનું અંગ પોતાની પીઠમાં સમેટીસંકોચી લે છે, તેમ આપણે આપણા વિષયભોગના વિચારોને પણ સમેટી-સંકોચી લેવા જોઈએ; એ વાત તમે તમારા ભાષણમાં સરસ રીતે નહોતી સમજાવી? તમે એમ પણ નહોતું કહ્યું, કે આપણી પાંચ જ્ઞાનેન્દ્રિયો પાંચ ઘોડા-ઓ જેવી છે? તેથી તેની લગામ ખૂબ જોરથી ખેંચી રાખવી, નહિ તો તે આપણા કાબૂમાં ન રહી આપણને ખાડામાં નાખી દેશે? તો પછી તમારા ઉપદેશનું પાલન તમે જ શા માટે ન કર્યું? તમે લગભગ બે કલાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષણ કર્યું; પરંતુ તે અરસામાં પાંચ મિનિટ પણ સ્ત્રીઓથી બીજી બાજુ તરફ તમે નજર નાખી નહિ! જે જે લોકોએ આપને જોયા છે તેઓ તો આપને ભગવાં વસ્ત્રવગરના એક સંન્યાસી જેવા જ માને છે; પરંતુ છેલ્લા બે દિવસોનું તમારું આચરણ તે વાત ખોટી ઠરાવે છે. તમે પુણ્યના માર્ગથી ચળી રહ્યા છો અને પાપના ખાડામાં પડવાની તૈયારી કરી રહ્યા છો, એમ અમને ભય લાગે છે. તમે તમારી જ આંખો પર સંયમ રાખી શકયા નહિ. અમે તો અમારા પ્રિન્સિપાલને પણ આ વાત કરવાનો વિચાર કર્યો હતો, પણ પાછળથી વિચાર આવ્યો કે તમને આ પ્રમાણે બદનામ કરવા ઠીક નહિ અને તેથી જ આ પત્ર લખ્યો છે.

'આપની પત્નીનો સ્વર્ગવાસ થયો છે તો આપણી પ્રચલિત પ્રથા અનુસાર બીજાં લગ્ન શા માટે ન કર્યાં? કૃપા કરીને અમારી સલાહ માનો અને ગીતાનો ઉપદેશ કરવાનું બંધ કરી, તમારે ઘેર જઈ બીજાં લગ્ન કરી નાખો. હજુ કંઈ તમે બહુ વૃદ્ધ થયા નથી. હમણાં તમારી ઉંમર આશરે પચાશ વર્ષની હશે. અમે તમારા માટે એક કન્યા પસંદ કરી રાખી છે. રેણીગુન્ટ જંકશનથી આગળ બંકીમપુર નામનું એક સ્ટેશન છે, ત્યાં દક્ષિણની સડક ઉપર એક મોટું મકાન છે. તેમાં ગોવિંદાચાર્ય નામના એક સજ્જન રહે છે. તેને ઘેર એક બાવીસ વર્ષની કન્યા છે. જો તમે કબૂલ થતા હો તો તમારો વિવાહ તેની સાથે કરાવી આપીએ. અમને માત્ર એક છૂપા સૂચનની જરૂર છે. જો તમે તમારા ઘરની છત ઉપર રેશમી કિનારીવાળી ચાદર લગાવી તે ઉપર તમારો ફોટો લટકાવશો, તો તે અમે અહીંથી જોઈ શકીશું; અને સમજીશું કે તમને અમારી વાત કબૂલ છે, પછી બધી વ્યવસ્થા અમે કરી લઈશું અને કન્યાના ઘરનાં માણસોને પણ સમજાવી દઈશું.

'તમારા સારા નામ પર બટ્ટો લગાડી નાહક બદનામ થશો નહિ. કૃપા કરી અગાશી પર ઊભા રહી અમારી સામે જોયા કરશો નહિ.'

લિ.

વીરેસ્લિંગ હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ.

*

મહાદાનપુર ગામમાં બાર વર્ષ સુધી કોઈને પણ અન્યાય આપ્યા વગર નરસિંહ શાસ્ત્રીએ સબજજ તરીકે નોકરી કરી હતી. ત્યારપછી એક વર્ષ માટે તે જજ પણ થયા હતા. લગ્નજીવનનાં પંદર વર્ષમાં તેમની પત્નીને એક પણ સંતાન થયું નહિ. સોળમે વર્ષે તેણે એક કન્યાને જન્મ આપ્યો. નરસિંહ શાસ્ત્રીએ સુવાવડ માટે આગળથી જ સારામાં સારી વ્યવસ્થા કરી હતી, પણ ડૉકટરોના અનેક પ્રયત્નો છતાં તેની પત્ની સત્તરમા દિવસે પ્રસૂતિના જ્વરથી અવસાન પામી.

નરસિંહ શાસ્ત્રીની એક મોટી વિધવા બહેન તેને ત્યાં આવી રહી ને ખૂબ પ્રેમથી તે છોકરીનું લાલનપાલન કરવા લાગી. ફરી લગ્ન કરવા માટે બહેને ભાઈ પર ખૂબ દબાણ કર્યું, પણ તે વાતનો તેણે દઢતાપૂર્વક ઈન્કાર કર્યો અને સંન્યાસીની માફક જીવન ગાળવા લાગ્યા. તેમનો બધો સમય દફતરના કામમાં કે ધાર્મિક પુસ્તકોના અધ્યયનમાં જતો હતો.

પણ તેમના દુર્ભાગ્યનો આટલેથી જ અંત નહોતો. ના પાડવા છતાં તેની બહેને માર્ગશીર્ષ એકાદશીના દિને શ્રીરંગની યાત્રાએ જવાની હઠ પકડી. ત્યાં તેને ઝાડાનો રોગ લાગુ પડ્યો ને મૃત્યુ પામી. આ સમયે તે છોકરી બે વર્ષની પણ થઈ નહોતી.

જેમને ઘેર કુંવારી કન્યાઓ હતી તેઓ ફરીથી શાસ્ત્રીને ઘેર આવવા લાગ્યા. તેઓ તેમને સમજાવતા કે કશાને ખાતર નહિ તો નાની છોકરીને ખાતર તો ફરી લગ્ન કરો, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રીએ લગ્ન કરવાની ના પાડી, એટલું જ નહિ, પણ ઉલટું પોતાની નોકરી પણ છોડી દીધી. અને એમનો પુરાણો અને આધુનિક ફિલસૂફી, ધાર્મિક સાહિત્યનો ઊંડો અભ્યાસ હતો; તેથી ધાર્મિક વિષયો પર એક શ્રેષ્ઠ સુંદર ઉપદેશક તરીકે જલદીથી ખ્યાતિ મેળવી. જેટલી માણસોની ગિરદી સંગીતોના ઉત્સવોમાં થાય છે તેટલી જ ગિરદી મદ્રાસમાં તેમનાં વ્યાખ્યાનો સાંભળવા થતી. ભણેલા કે અભણ સર્વ જાતના લોકો તેમનાં વ્યાખ્યાનો સાંભળવા ઉત્સુકતાથી જમા થતા અને તેમને ગીતા–પ્રસંગ–શિરોમણિ (ગીતાનો ઉપદેશ કરનારાઓમાં મણિ જેવા) કહેતા.

આ પ્રમાણે કેટલા યે મહિના વીતી ગયા, પણ શું ગતજન્મનાં કર્મ કોઈ ફિટાવી શકયું છે? જે પુરુષ અત્યાર સુધી એક સંન્યાસી જેવું જીવન ગાળતા હતા, તે જ તે બુધવારે રાત્રે મૂર્ખ બની ગયા.

વિદ્યાર્થિનીઓની વીરેસ્લિંગ હોસ્ટેલની પાછળની ગલીમાં એક સરસ અગાશીવાળા ઘરમાં તે રહેતા હતા. એક દિવસે એવું બન્યું, કે જે સમયે તે વિદ્યાર્થિનીઓ પોતાની અગાશી ઉપર આવી ઊભી હતી, તે જ વેળા શાસ્ત્રી પણ પોતાની અગાશી ઉપર આવી ચઢ્યા; અને વિદ્યાર્થિનીઓ તરફ સ્થિર નજરે જોવાઈ ગયું. ચાલુ બેત્રણ દિવસો સુધી આ પ્રમાણે જ યોગાનુયોગ થયો. વિદ્યાર્થિનીઓને આ વાત ઠીક લાગી નહિ ને તેથી ઉપર જવાબ પત્ર લખી નાખ્યો.

*

ટપાલીએ દરવાજા પર ટકોરા માર્યા. શાસ્ત્રીએ પોતે આવી કાગળ લીધો. તે વાંચતાં જ તેમનું હૃદય આ લાંછનથી ક્ષુબ્ધ થઈ ગયું. પહેલાં તો તેમણે તે પત્રને બાળી નાખી રાખ કરવાનો વિચાર કર્યો, પણ પાછળથી વિચાર બદલી તે પત્રને પોતાની થેલીમાં મૂકી દીધો.

ક્ષોભના સમુદ્રમાં જાણે તે ડૂબી ગયા. તેમની પ્રતિજ્ઞા ખોટી ઠરી. તેમનું જ્ઞાન નિરર્થક સિદ્ધ થયું. તેમને બહુ જ દુઃખ થયું અને આ અપમાન કેમ સહન કરવું તે સમજાયું નહિ.

તેમણે એક ધાર્મિક પુસ્તક લીધું ને વાંચવાનો પ્રયત્ન કર્યો, પણ મન લાગ્યું નહિ. ખૂબ પ્રયત્ન કરવા છતાં પણ તે અપમાનનો ક્ષોભ તેમના મન પરથી ગયો નહિ. 'એ ભગવાન! શું હું ખરેખર પાપી થવા લાગ્યો છું? સીતારામ!' આ પ્રમાણે ગદ્‌ગદ કંઠે પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરી, તેની દયા-યાચના કરવા લાગ્યા.

તે રાત્રે તેમને ઊંઘ આવી નહિ. પોતાની મૃતપત્ની ને બહેન યાદ આવવા લાગ્યાં અને મદ્રાસ છોડી દઈ પોતાને ગામ ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો; પણ તરત જ તેમને યાદ આવ્યું કે બીજા રવિવારે ચીસાડી પેઠના કાપડના મોટા વેપારી રામનાથ ચેટીઆરના મકાન પર ગીતા ઉપર પ્રવચન કરવાનું વચન આપ્યું હતું. 'આ વચનનો હું કેમ ભંગ કરી શકું?' 'પણ પ્રવચન હું કેવી રીતે કરી શકીશ?' આ વિચારવમળમાં તેમણે આખી રાત જાગતાં જ વિતાવી.

*

શિરોમણિની અગાશી ઉપર ચાદર ને ફેંટાનો સૂચવેલો સંકેત ન જોતાં વિદ્યાર્થિનીઓમાં મોટી નિરાશા પેદા થઈ. બીજા દિવસે પણ સંકેત ન જોયો. પોતે પાથરેલી જાળમાં શાસ્ત્રી ફસાયા નહિ એ જોઈ વિદ્યાર્થિનીઓને બહુ દુઃખ થયું.

'કામાક્ષી, આપણે હજુ એક દિવસ વધારે વાટ જોઈએ,' કમળાએ કહ્યું.

'એ આપણી જાળમાં ફસાય એમ નથી. પાકો ચલતા પૂરજો માણસ છે,' કામાક્ષીએ જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેટલાની શરત મારે છે?'

'બે રૂપિયાની.'

'ઠીક, બે દિવસનો વધુ સમય આપું છું.'

ત્રીજા દિવસે શાસ્ત્રી અગાશી પર બેઠા-બેઠા આકાશ તરફ જોઈ રહ્યા હતા ને મગજમાં આ જ વાત ઘૂમી રહી હતી. 'આ બ્રહ્માંડમાં હું એક કણ બરાબર છું. કેટલા જોરથી એ બ્રહ્માંડમાં હું ઊછળી રહ્યો છું. હવે હું મારી ક્ષુદ્રતા કેટલી છે તે સમજી ગયો, આ માટે મને મારા પર અત્યંત ઘૃણા છૂટે છે. ઓ ભગવાન! મારી ચિંતા અને ભયની તમારા પર કંઈજ અસર થતી નથી? મારી રક્ષા કરો! મારા સ્વામી!' આમ બોલી તે રડવા લાગ્યા અને ઘણો વખત સુધી આમ જ ચિંતાગ્રસ્ત પડી રહ્યા; છેવટે તેમને ઊંઘ આવી ગઈ. સ્વપ્નમાં તેમને તેમની મૃત પત્ની દેખાઈ. એક રકાબીમાંથી પાનસોપારી આપતી તે બોલી:

'નિરાશ નહિ થાઓ!' ને તે અદૃશ્ય થઈ ગઈ. આ સ્વપ્ન પછી શાસ્ત્રીનું મગજ કંઈક શાંત થયું. સ્વપ્નમાં સ્ત્રીનાં દર્શન શુભ હતાં. કોઈક સાહસિક કાર્ય કરવા માટે તેમણે પોતાના મનને સમજાવ્યું કે મૃત પત્નીએ સ્વપ્નમાં તેમને બીજાં લગ્ન કરવાની સલાહ આપી હતી. કૉલેજની છોકરીઓએ લખ્યું છે તે વાજબી જ છે. તેમને વિચાર આવ્યો: 'જ્યાંસુધી કઠોર સંયમપૂર્ણ જીવન જીવવાની શક્તિ મારામાં આવે નહિ, ત્યાંસુધી મનની સ્વાભાવિક વૃત્તિઓ દબાવવામાં કંઈ લાભ નથી. જો ખુદ મન જ પવિત્ર નથી, તો અન્ય બાહ્ય ઇન્દ્રિયોના દમનનો શો અર્થ? 'અહં' ને વશ થઈ મેં શાસ્ત્રનો અનાદર કર્યો છે. મારે માટે ફરી લગ્ન કરવાં એ જ યોગ્ય છે' શાસ્ત્રીએ મનમાં જ વિચાર્યું. વિદ્યાર્થિનીઓની સૂચનામાં તેમને ઈશ્વરની આજ્ઞા જણાઈ.

બીજા દિવસે સવારે અગાશી પર તેમણે પોતાની રેશમી કિનારીવાળી ચાદર અને ફોટો લટકાવી દીધાં.

હૉસ્ટેલમાં આનંદની લહેર ઊઠી. કમળાને કામાક્ષી હર્ષથી નાચવા લાગ્યાં.

કમળાએ મજાકમાં કહ્યું: 'લાવ મારા બે રૂપિયા' 'ઠીક, ઠીક; પણ હવે તું બંકીમપુરનો રસ્તો તો પકડ,' કામાક્ષી બોલી.

*

ગોવિંદાચાર્ય બંકીમપુરમાં એક શ્રીમંત માણસ હતા. એમનો એક સુશિક્ષિત કુટુંબમાં જન્મ થયો હતો અને પોતે પણ વિદ્વાન હતા. એમને પુત્ર નહોતો, માત્ર સુંદરી નામની એક પુત્રી હતી. તેને એમણે સારી રીતે સંસ્કૃત શીખવ્યું હતું. જ્યારે તે બાર વર્ષની થઈ અને ગોવિંદાચાર્ય તેને માટે વરની તપાસમાં હતા, તે સમયે એકાએક સુંદરીને કોઈ વિચિત્ર પ્રકારનો તાવ આવ્યો, જેથી તે લંગડી થઈ ગઈ ને કમરમાંથી પણ વળી ગઈ. આ રોગ મટાડવા અનેક ઇલાજો કર્યા, પણ કશાથી ફાયદો થયો નહિ. કુંવારી પુત્રીના આ દુઃખથી તેમની પત્નીનું હૃદય ભાંગી ગયું ને તે થોડા દિવસની જ માંદગી ભોગવી આ સંસાર છોડી ગઈ.

ગોવિંદાચાર્યે શાસ્ત્રોના આદેશ પ્રમાણે પુત્રીનો વિવાહ કરવા ઘણા પ્રયત્નો કર્યા. જમાઇને વાંકડા તરીકે સારું ધન આપવાની પણ લાલચ બતાવી, પણ તેમની અપંગ ને ખોડવાળી છોકરી સાથે લગ્ન કરવા કોઈ તૈયાર થયું નહિ. સુંદરી શાણી હતી. તે પોતાનું દુર્ભાગ્ય શાંતિપૂર્વક સહન કરતી હતી અને પોતાના પિતાને પણ સમજાવવા પ્રયત્ન કરતી. પોતાનો સમય સંસ્કૃત અને તામીલ સાહિત્યના અભ્યાસમાં ગાળતી.

અપંગ થવા છતાં પણ સુંદરી ઘરનું સર્વ કામકાજ સંભાળતી હતી. એનું નામ સુંદરી હતું, પણ એની માને સમજ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડી કે કંઈ ઘડીએ એનું એ નામ રાખ્યું હતું, થી એ પાછળથી આમ કુરૂપ થઈ ગઈ! જ્યારે આ નામ પાડવામાં આવ્યું હતું ત્યારે તો તે ખરેખર સુંદર હતી. તેની મા તેને પડોશીઓના સર્વે છોકરાઓ કરતાં વધારે સુંદર માનતી; જો કે તેનો રંગ કાળો હતો, પણ તેથી શું? એનું નાક, એનું મોઢું, એનું માથું ઘાટદાર હતાં. જો તેના પગો અને કમર પર લક્ષ ન જાય તો તે પણ અન્ય છોકરીઓ જેટલી જ સુંદર લાગતી હતી. અપંગ થવાથી કંઈ તેનું નામ તો ન બદલાયું, પણ ખંકીમપુરમાં તેનો નવો અર્થ કરવામાં આવ્યો. તેનું નામ કુબ્જાના પર્યાયવાચી ગણાવા લાગ્યું.

કમળા, જેણે ઉપલો પત્ર લખ્યો હતો, તે ખંકીમપુરના જ એક ધનવાન જમીનદારની લાડકી પુત્રી હતી. તે સુંદરીની સખી હતી ને ગોવિંદાચાર્યને ઘેર જતી આવતી હતી.

'કેમ કમળા હજુ રજા તો પડી નથી, છતાં તું ઘેર કેમ આવી?' એકાએક કમળાને આવેલી જોઈ ગોવિંદાચાર્યે પૂછયું.

'કાકા, મેં સુંદરી માટે એક વર શોધી કાઢયો છે, બસ તમારી મંજૂરી આપો એટલે બસ,' કમળાએ જવાબ આપ્યો.

ગોવિંદાચાર્યને લાગ્યું કે તે તેની અભાગીની પુત્રીની મજાક ઉડાવી રહી છે ને તેથી તેમને ક્રોધ પણ આવ્યો, પણ કમળાએ જે કંઈ બન્યું હતું તે સર્વ જણાવ્યું.

ગોવિંદાચાર્યે હસીને કહ્યું: 'કેવી નાનાં છોકરાં જેવી વાત કરે છે? કમળા, તે સુંદરીને કેમ કબૂલ રાખશે? મારું દુર્ભાગ્ય આટલી સહેલાઈથી મટે એમ નથી.'

'નહિ કાકા, આ વાત અમારી મૂઠીમાં છે. અમે તેને સમજાવી શકીશું.' કમળાએ કહ્યું.

'કમળા, તું સાહસ કરે છે, પણ ભગવાન આમાં સહાય કરે તો જ થાય,' કહી

૨

ગોવિંદાચાર્ય ધ્રુસકેધ્રુસકે રડવા લાગ્યા.

હિંમતવાન સુંદરીએ કહ્યું: 'બાપુ, તમે મારે માટે આમ દુઃખી ન થાઓ.'

બીજે દિવસે તેમણે તેમના ઘર તરફ આવતો ગાડીનો ખડખડાટ સાંભળ્યો. નરસિંહ શાસ્ત્રી ગાડીમાંથી ઊતરી બારણાં આગળ આવ્યા. કમળાએ તેમનું સ્વાગત કર્યું અને આધુનિક ભારતીય કન્યાની માફક નિઃસંકોચ તેમને અંદર લઈ ગઈ.

કમળાને દરવાજા પર જોતાં નરસિંહશાસ્ત્રી તેને પોતાની ભાવી પત્ની સમજ્યા અને પોતાના સદ્‌ભાગ્ય પર ખુશ થતા તે અંદર ગયા, પણ પછી તેમને ખરી વાત માલૂમ પડી ને સુંદરીને જોતાં તેમને અત્યંત નિરાશા ઊપજી, એક ક્ષણ તેમને ઘૃણા પણ થઈ અને એ ભાવ તેમના મોઢા પર દેખાઈ આવે તે પહેલાં તો દબાવી દીધો. એમનું જ્ઞાન ઉપરચોટિયું નહોતું. આ ક્ષણે તે મદદરૂપ થઈ પડ્યું.

મદ્રાસથી નીકળતી વખતે પણ તેમનામાં વિરક્તિ તો હતી જ અને મનને એટલું જ માત્ર સમાધાન હતું કે તે ભગવાનની આજ્ઞાનું પાલન કરી રહ્યા છે; તેથી સુંદરીને જોતાં તેમણે વિચાર્યું, 'આ મારી પરીક્ષા છે. એમાંથી મારે સાચા પુરવાર થવું જોઈએ. મારાં શાસ્ત્રાભ્યાસને ત્વધાને મેં જે રીતે કલંકિત કર્યાં છે તેનું આ પ્રાયશ્ચિત્ત છે. આ છોકરી, જેના પર ભાગ્ય આટલું નિષ્ઠુર થયું છે, તેને જો હું શરણ આપી શકું તો તે મારા માટે મોટા સદ્‌ભાગ્યની વાત સમજવી જોઈએ.' આ ભાવનાથી તેમણે તેમની ઘૃણાની ભાવના પર વિજય મેળવ્યો.

કમળા આટલાથી જ અટકી નહિ. તેણે સુંદરીનો અભ્યાસ અને વિશેષ કરીને તેના સંસ્કૃતના જ્ઞાનનાં વિસ્તારથી વખાણ કર્યાં; એથી શાસ્ત્રીને સંતોષ થયો અને જ્યારે સુંદરીએ તેમના સાથે વાતચીત કરી ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે તેની શારીરિક કુરૂપતા તેમની નજર આગળથી લગભગ લુપ્ત થવા લાગી અને એમનો આત્મા ચમકવા લાગ્યો. તેમને વિશ્વાસ બેસી ગયો, કે તેમની પુત્રી લક્ષ્મી માટે તે એક આદર્શ માતા થઈ શકશે. એ મનમાં બોલ્યા: 'મારા આત્મા પર જે મેલ ચઢી ગયો છે તે સાફ થઈ જશે, મને અત્યાર સુધી એ ભાન નહોતું કે શરીર ને આત્મા અલગઅલગ છે. હું આજ સુધી અજ્ઞાન અને અંધકારમાં હતો. મારે હવે સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું છે. આત્માની સુંદરતા પર બાહ્ય કુરૂપતાની અસર નથી પડતી. આત્માની એક નિરાળી જ સત્તા છે, જે સદા સુંદર ને સુખદાયક હોય છે. આપણાં શાસ્ત્રો આ જ વાત જણાવે છે.' શાસ્ત્રીને અભ્યાસ કરેલાં એક પછી એક બધાં વેદાંતદર્શનો યાદ આવવા લાગ્યાં.

વાતચીત પૂરી થઈ અને વિવાહ નક્કી થયા. ગોવિંદાચાર્યનો હર્ષ માતો નહોતો.

'તમે મારા જમાઈ નથી, પણ એક દેવતા છો અને મારું રક્ષણ કરવા જ આવ્યા છો,' એમણે શાસ્ત્રીને કહ્યું ને તેમનો હાથ ઉપકારવશ થઈ પકડી લીધો. તેમને પોતાની પત્ની યાદ આવી અને તે રડી પડ્યા.

કમળાએ આશ્વાસન આપતાં કહ્યું: 'કાકા, આ શુભ અવસરે તમારે રડવું ન જોઈએ. આજ તો આનંદનો દિવસ છે.'

'તું દીર્ઘાયુષી ને ખૂબ સુખી થા, દીકરી!' ગોવિંદાચાર્યે કમળાને આશીર્વાદ આપ્યો ને તેને નાળિયેર ને પાન આપ્યાં.

કોલેજમાં ભણનાર કમળાની આંખો પણ આંસુથી છલકાઈ ગઈ.

હોસ્ટેલમાં પાછી આવી કમળાએ કામાક્ષીને કહ્યું: 'કામાક્ષી, આપણા ગીતા–શિરોમણિ બહુ જ નેક માણસ છે. આપણે તો એમની મજાક ઉડાવી અને એમની વાસના માટે શરમાવવા ઇચ્છતાં હતાં, પણ તેનું પરિણામ એ આવ્યું, કે વિવાહ નક્કી થઈ ગયા!'

વધારામાં તેણે કહ્યું: 'લગ્ન તિરૂપતિના મંદિરમાં કરવામાં આવનાર છે ને બધો વિધિ એક જ દિવસમાં સમાપ્ત થશે. મારે પણ જવું પડશે. ગોવિંદાચાર્યે કહ્યું છે, એટલે મારા ગયા વિના નહિ ચાલે.'

'પણ આપણને રજા નહિ મળે તો!' કામાક્ષીએ પૂછ્યું.

'જરૂર મળશે અને લગ્નમાં આપણે જવું પડશે,' કમળાએ જવાબ આપ્યો.

'તું જશે તો હું પણ સાથે આવીશ.' કામાક્ષીએ કહ્યું.

બીજી બે છોકરીઓ પણ તેમની સાથે જવા તૈયાર થઈ; અને એ રીતે શાસ્ત્રીના લગ્નમાં તિરૂપતિ જવા માટે એક નાની ટોળી થઈ.

'બૂઢાનાં લગ્ન તો સરસ થશે,' બીજી છોકરીઓ બોલી.

મદ્રાસમાં આ ખબર ફેલાતાં જ ધાર્મિક સંસ્થાઓમાં મોટો ખળભળાટ જાગ્યો. કોઈએ પૂછ્યું, 'અમે સાંભળ્યું છે કે શિરોમણિ શાસ્ત્રી લગ્ન કરે છે. કન્યા ક્યાંની ને શી ઉંમરની છે?' કોઈએ કહ્યું, 'આઠ વર્ષની!' કોઈએ 'બારની' ને કોઈએ કહ્યું, 'જુવાન છે!' બસ કે ટ્રામ જ્યાં જુઓ ત્યાં આ એક જ ચર્ચા. સમાજસુધારકોમાં હાહાકાર જાગી ઊઠ્યો.

અલ્વાર પેઠમાં મહિલા-સમાનાધિકાર-સભાની બેઠક મળી, જેમાં ૪૫ વર્ષથી વધુ ઉંમરના પુરુષોનાં લગ્ન પર પ્રતિબંધ મૂકતો ઠરાવ રજૂ થતાં, તેમાં સુધારો આવી ૪૯ વર્ષની હદ રાખવામાં આવી. એમ પણ ઠરાવવામાં આવ્યું, કે લગ્ન કરનાર સ્ત્રીની વય ૩૫થી વધારે હોય તો પુરુષો માટે કોઈ પણ વયનું બંધન રહેતું નથી.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લગ્ન પછી બે વર્ષ વીતી ગયાં. કાવેરી નદીના કિનારાપરના એક નાના ગામડાની વાત છે. નરસિંહ શાસ્ત્રીની છોકરી લક્ષ્મીએ પૂછ્યું: 'મા, બધા લોકો કહે છે કે તું સુંદર નથી. મને તો તું કેટલી બધી સુંદર લાગે છે, છતાં લોકો આમ કેમ બોલે છે?'

'દીકરી, મારી કમર તરફ તો જો. શું તે કમાનની માફક વાંકી વળી નથી ગઈ? બીજા લોકોની કમર સીધી હોય છે. હું જમીન પર હાથના ટેકાથી ચાલું છું, તેથી જે જે લોકો મને જુએ છે તેઓ મારી મશ્કરી કરે છે,' સાવકી માએ લક્ષ્મીને સમજાવી.

'શું તારી કમરમાં દુખે છે, મા?'

'નહિ, દીકરી દુખતું નથી.'

'તો તું ઝૂકતી ચાલે છે તેનું શું? બછિયા પણ તારી માફક ચાલે છે. શું તે સુંદર નથી લાગતી?'

'લક્ષ્મી શું પૂછે છે,' નરસિંહ શાસ્ત્રીએ અંદર દાખલ થતાં પૂછ્યું.

'લક્ષ્મી કહે છે, હું બછિયા જેવી સુંદર છું અને લોકો મને કુરૂપ કહે છે, એ તેમની મોટી ભૂલ છે. તમારો શો મત છે?' સુંદરીએ પૂછ્યું.

'હું લક્ષ્મીના મતને મળતો છું,' શાસ્ત્રીએ જવાબ આપ્યો.

પિતા આવતાં લક્ષ્મી બીજી પણ વાતો કરવા લાગી. મા સામે તે ઊભી થઈ ગઈ અને બોલી, 'મા જ્યારેજ્યારે હું તને જોઉં છું ત્યારેત્યારે તારું શરીર મને દેખાતું નથી.'

'જો તું આંખ ફાડીને જુએ તો મારું શરીર પણ દેખાય જ,' સુંદરીએ જવાબ આપ્યો.

'નહિ, મા! જ્યારે હું તારું શરીર જોઉં છું, ત્યારે તું દેખાતી નથી અને જ્યારે હું તને જોઉં છું, ત્યારે તારું શરીર દેખાતું નથી!'

'એ શું કહી રહી છે, તે કંઈ સમજમાં આવે છે?' શાસ્ત્રીએ પૂછ્યું.

'બકવાદ કરી રહી છે, જેનું નથી ધડ, ન માથું?'

નરસિંહ શાસ્ત્રીએ લક્ષ્મીને છાતી સરસી ચાંપી દીધી અને અત્યંત આનંદસાગરમાં ડૂબતાં બોલ્યા, 'સુંદરી, આજની લક્ષ્મીની વાત સાંભળી મને ઉપનિષદના એક શ્લોકનો અર્થ આજે સમજાઈ ગયો. ઉપનિષદોમાં પણ આવી જ બચ્ચાંઓ જેવી વાત કહી છે.'

'તે શ્લોક કયો?' લક્ષ્મીએ પૂછ્યું.

'તે શ્લોકમાં કહ્યું છે, કે આંખોમાં જે વસ્તુ દેખાય છે તે આત્મા. જ્યારે તું મને મળી ત્યારે હું સમજ્યો, કે એ શ્લોકનો એક પ્રકારનો અર્થ મારી સમજમાં આવી ગયો અને આજે આ છોકરીની વાતથી તેનો ગર્ભિત અર્થ પણ વધારે સ્પષ્ટતાથી સમજાયો. જ્યારે બે મનુષ્યો એકબીજા તરફ પૂરા પ્રેમથી જુએ છે, ત્યારે તેમની દૃષ્ટિ આગળથી શરીર ઓગળી જાય છે અને આત્મા આત્માને જોઈ રહે છે. આ વાત લક્ષ્મી કહી રહી છે અને શ્લોકમાં પણ એમ જ કહ્યું છે.'

'તમારા કહેવાની મતલબ એ છે, કે આત્મા અને શરીર જુદીજુદી વસ્તુ છે?' સુંદરીએ પૂછ્યું.

'નહિ, એમ નથી' શાસ્ત્રીએ કહ્યું. 'એ તો તે સત્યનો એક અંશ માત્ર છે. આમ જો, આ વખતે હું તને જોઈ રહ્યો છું, તારા શરીરને નહિ. તેનો તો દૃષ્ટિ બહાર લોપ થઈ ગયો છે. તારાં આંખ, કાન, મુખ સર્વનો લોપ થઈ ગયો છે, બાકી માત્ર તું રહી છે. તે માત્ર એક જ ચીજ છે જે નેત્રોમાં જ દેખાય છે.'

સુંદરી પણ ઉપનિષદો શીખી હતી તે બોલી: 'કેટલાક એનો બીજો પણ અર્થ કરે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. જ્યારે કોઈ સંત અથવા જ્ઞાની આંખો બંધ કરી ગાઢ સમાધિમાં લીન હોય છે, ત્યારે તે પોતાના આત્માને મનની આંખોથી જુએ છે, ઉપનિષદનો અર્થ કરવાવાળા આ જ અર્થ કરે છે.'

'એનો એ અર્થ પણ થાય છે,' શાસ્ત્રીએ કહ્યું, 'પણ જે અર્થ લક્ષ્મીએ સૂચવ્યો છે તે અર્થ વિશેષ સારો અને વ્યાવહારિક છે. હું નથી સાધુ કે નથી સંત, પણ જ્યારે હું પૂરા પ્રેમથી જોઉં છું, ત્યારે તારું શરીર મને દેખાતું જ નથી. આ સમયે તારો આત્મા દેખાય છે અને તે જોતાં મને ખૂબ સંતોષ ને આનંદ થાય છે. જ્યારે આપણી આંખો એકબીજાને મળે છે અને મને અત્યંત હર્ષ થાય છે, ત્યારે માત્ર મુખ નહિ પણ તારું સમગ્ર અસ્તિત્વ મારી આંખો સામે પ્રત્યક્ષ થાય છે. જો હું તારું નાક, કપાળ, તે પરનું તિલક કે મુખ માત્ર જોઉં, તો તે સમયે તારા શરીરનો તેટલો જ ભાગ દેખાય છે. તું પોતે દેખાતી નથી.'

સંક્ષેપમાં શાસ્ત્રી અને સુંદરી બન્ને પરસ્પર પ્રેમ અને સન્માનની ભાવના રાખી એક આદર્શ ને ઉચ્ચ જીવન ગાળવા લાગ્યાં. સાચું કહીએ તો સુંદરતા એ બીજી કોઈ વસ્તુ નથી, પણ સાચો પ્રેમ છે. શરીરની સુંદરતા અથવા કુરૂપતા વિવાહ પહેલાં જોવામાં આવે છે. જે સ્થિર વસ્તુ છે તે તો ચારિત્ર્ય. લગ્ન પછી જ્યારે આત્મા આત્માથી બંધાઈ જાય છે, ત્યારે શરીર અને રૂપ દૃષ્ટિ આગળથી ઓસરી જાય છે. આ વાત સ્ત્રી અને પુરુષ બન્ને માટે સત્ય છે. 'એની આંખ તો જુઓ, એનાં દાંત તો જુઓ, એનું મોઢું તો જુઓ,' આ શબ્દો બહારના માણસો બોલે છે, પણ પ્રેમના બંધનમાં બંધાયેલા માણસો માટે એ વાતોના અસ્તિત્વનો લોપ થઈ જાય છે અને સુંદર અગર કુરૂપ મોઢા વગેરેથી નથી તો એને નથી આનંદ મળતો કે નથી થતું દુઃખ.

*

થોડા વખત પહેલાં ગુજરાતના જાણીતા લોકસેવક પૂ. રવિશંકર મહારાજ પોરબંદર ગયેલા, ત્યાંથી પચીસેક માઈલ દૂર મેર લોકોના ગામમાં સ્થાનિક કાર્યવાહકો તેઓશ્રીને લઈ ગયા. પુષ્ટ, ઊંચા અને સ્વાસ્થ્યપૂર્ણ સ્ત્રી-પુરુષો જોઈ મહારાજને આનંદ થયો. મેરજાતના એક ભગત સાથે પ્રાસંગિક વાતમાં મહારાજે પૂછ્યું: 'તમારામાંથી લાજ કાઢવાની પ્રથા કેવી રીતે નીકળી ગઈ?'

'જુઓ મહારાજ,' ભગતે કહ્યું: 'એક દીકરી અને એક વહુ સાથે પાણી ભરીને આવતાં હતાં. દીકરી ઉઘાડે મોઢે હતી અને વહુ લાજમાં ઢંકાયેલ. કોઈએ તેમને પૂછ્યું: રસ્તામાં ...ભા બેઠા છે કે નહિ? દીકરીએ કહ્યું: 'મને ખબર નથી.' વહુએ કહ્યું: 'તેઓ બેઠા છે એ મેં લાજમાંથી બરાબર જોયેલ છે.' આ પ્રસંગથી સૌને એમ થયું, કે આ ઘુંમટામાંથી તો બધું જોઈ શકાય છે. ઉઘાડે મોઢે રહેનાર એવી રીતે તાકીને નહિ જોઈ શકે. એ પછી એ રિવાજ અમારામાંથી ગયો તે ગયો જ.' -રા. મ.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક :

રમકડાં

શ્રી જગન્નાથ અહિવાસી

જીવનના ઇતર પ્રશ્નોની જેમ આપણે બાલ્યાવસ્થાનો માનસશાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરતા થયા છીએ. કયા બાળકને કયું રમકડું ગમે છે તેના ઉપરથી એની આંતરિક શક્તિનો સાચો ખ્યાલ, આપણે સજાગ હોઈએ તો, જરૂર પામી શકીએ. પ્રત્યેક દેશનાં બાળકો રમકડે રમતાં હશે, પણ ભારતીય રમકડાંની બનાવટનો દૃષ્ટિકોણ કંઈ જુદો છે. બાળકના આંતર-સંસ્કારના અંકુરો કઈ રીતે જાગ્રત કરી શકાય તે વિશે અહીં કહેવાયું છે. શ્રી અહિવાસીને ગુજરાત પ્રથમ પંક્તિના ચિત્રકાર અને અનેક કલાકારોના કલાગુરુ તરીકે ઘણી સારી રીતે પિછાને છે.

માનવજીવનમાં રમકડાંનું સ્થાન અનોખું છે. મનોવિજ્ઞાનની દૃષ્ટિએ બાળકોના જીવનઘડતરમાં રમકડાં અગત્યનો ભાગ ભજવે છે. બાળકોને કયા પ્રકારનાં રમકડાં ગમે છે તેના ઉપરથી જ તેના વિકાસક્રમની કેડીની દિશા કુટુંબનાં મોટેરાંઓને સાંપડે છે; અને ધીરેધીરે એ દિશામાં બાળમાનસને કેળવવાના સુસંયોજિત પ્રયાસો દ્વારા બાળકોની માનવતા પાંગરી ફૂલે-ફાલે છે. આમ રમકડાં રાષ્ટ્રના નવઘડતર માટે યોગ્ય નાગરિકોનું સર્જન કરવાના રાષ્ટ્રોપયોગી કાર્યમાં આપમેળે અગત્યનું સ્થાન પ્રાપ્ત કરી લે છે. આપણે સૌ બાલ્યવયમાં રમકડે રમ્યા છીએ, પાણીના રેલાની જેમ વહી ગયેલો આપણો એ ભૂતકાળ સંભારશું-જરા ચિવટાઈથી સંભારશું, તો આપણી બાલ્યવયનાં રમવાનાં રમકડાંની છાપ આપણા જીવનવિકાસની ઉત્સરણીના સોપાનેસોપાને ઊપસી આવતી જણાશે. એ જ છે આપણા જીવનવિકાસમાં રમકડાંએ આપેલો અગત્યનો ફાળો.

આ રમકડાં માટીનાં, છાણનાં, ભૂસાનાં, લાકડાનાં, પિત્તળનાં તથા ચાંદી-સોનાનાં બને છે. રબ્બર, કચકડું, પ્લાસ્ટિક, હાથીદાંત વગેરેનાં પણ બને છે. રમકડાં બાળકોને બહુ જ વહાલાં હોય છે. એ રમકડાં બાળકોનો વિશિષ્ટ પ્રકારનો સંસાર બની રહે છે. બાળક ગમે તેટલું રડતું હોય, પણ તેને મનપસંદ રમકડું મળતાં જ તે છાનું રહી જાય છે. રમકડાંમાં બાળકના રુદનને આનંદમાં પલટી નાખવાનો અદ્‌ભુત ચમત્કાર છે. પરંતુ બાળકને રમકડાંની ખરીદી માટે બજારમાં લઈ જતાં માવતર બાળકને કોઈક રમકડું પસંદ પડ્યું હોય, ત્યાં તેને ભળતું જ રમકડું અપાવે છે...આ ખેદનો વિષય છે. સમજુ ગણાતાં માબાપો પણ બાળકની રુચિની અવગણના કરતાં જોવામાં આવે છે. ‘આના કરતાં આ સરસ છે...આ જ લે ને...’ આવી રીતે માબાપો પોતાની પસંદગી બાળકો પર લાદે છે; પરંતુ સમજતાં નથી, કે તેમ કરીને તેઓ જાતે જ પોતાનાં બાળકોનો જીવનવિકાસ રૂંધી રહ્યાં છે. બાળકને ગમતું હોય ધનુર્ધારી રામનું રમકડું ને માબાપ એમની સામે ધરે આગબોટ કે એરોપ્લેનનું રમકડું... પછી માવતરની આગ્રહી વલણ આગળ બાળકનું કુમળું માનસ મૂંઝાઈ જ જાયને ? માબાપની ઇચ્છાને માન આપી તેને ધરાર પોતાની અનિચ્છા છતાં પોતાને ન ગમતું હોય તેવું નકામું રમકડું લેવું જ પડે. ખરું પુછાવો તો રમકડાં બાળકો માટે હોય છે, વૃદ્ધો માટે નહિ. એટલે કે રમકડું જોવાની અને પસંદ કરવાની એક ખાસ દૃષ્ટિ હોવી જોઈએ.

હાથના બનાવેલા ચિત્રમાં અને ફોટોચિત્રમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણો ફરક હોય છે. બનાવેલું ચિત્ર સજીવ આંખે જોઈને ચીતરેલું ચિત્ર છે, જ્યારે ફોટો એ નિર્જીવ કાચની આંખે જોયેલું ચિત્ર છે. રેખાની સજીવતા જેટલી સજીવ આંખે જોઈને ચીતરેલા ચિત્રમાં ખીલી ઊઠશે તેટલી ફોટો-ચિત્રમાં ઝળકતી નહિ જ લાગે. આવો જ ફેર રમકડાં અને જેની ઉપરથી એ રમકડું બન્યું છે તે મૂળ વસ્તુની આબેહૂબ પ્રતિકૃતિ (અં. મોડેલ) બાબતમાં પણ છે. રમકડું એટલે મૂળ વસ્તુ–આબેહૂબ પ્રતિકૃતિનું જ સાદામાં સાદું થઈ શકે તેવું અને તેટલું પ્રતીક માત્ર જ. દૃષ્ટાંત તરીકે હાથીનું રમકડું લઈએ. ત્યાં માત્ર આટલું જ જોવાનું. હાથી કાળો હોય તેને બે લાંબા દાંત હોય; એક સૂંઢ હોય... હાથીનું રમકડું બનાવતાં આથી વધારે શું જોઈએ? ગાયનું રમકડું બનાવવું હોય તો કેવળ આટલું જ લક્ષમાં રાખવાનું: ગાય ધોળી હોય, કાળી હોય, બદામી હોય કે કાબરચીતરી હોય; તેને બે શિંગડાં હોય; થાનમાં ચાર આંચળ હોય અને પૂંછડી હોય-ગાયનું રમકડું બનાવતાં આથી વિશેષ જોવાની જરૂર શી હોય? રમકડું હાથમાં લેતાં જ આપણે સમજવું જોઈએ, કે એ છે માત્ર પ્રતીક–એ સાક્ષાત્ મૂળ વસ્તુ યે નથી અને મૂળ વસ્તુની આબેહૂબ પ્રતિકૃતિ યે નથી.

દરેક દેશનાં બાળકો રમકડે રમે છે અને રમશે, પણ રમકડાં માટેનો ભારતનો દૃષ્ટિકોણ જ જુદો છે. બાળકોમાં જે આંતર સંસ્કારો અંકુરિત દશામાં હોય છે તેની ખિલવણી જે જે રમકડાં તરફ બાળકોની અભિરુચિ જણાતી હોય તેમાં તેમને વધુ ને વધુ રસ લેતાં કરીને તેમના આંતર સંસ્કારોના ક્રમશઃ વિકાસ દ્વારા કરી શકાય છે. આમ આંતર સંસ્કારના અંકુરો રમકડાં દ્વારા ધીરેધીરે નવપલ્લવિત બનતા રહે છે. આ વસ્તુ માનવના જીવનવિકાસમાં રમકડાં કેટલાં ઉપયોગી છે તેની પ્રતીતિ આપે છે. આ વિષયમાં આપણે અહીં કેટલાંક દૃષ્ટાંતો વિચારીએ:

(૧) જે બાળકોમાં વિજ્ઞાનના આંતર સંસ્કારો ભર્યા પડ્યા હોય તે બાળકો સૂંઢે પાણી પી લઘુશંકા કરતો હાથી, રાવણનું મુખ સામે આવતાં જ પોતાનું મુખ ફેરવી લેતાં સીતાજી, વાસુદેવપ્યાલો વગેરે ચમત્કારપૂર્ણ રમકડાં પસંદ કરશે.

(૨) જે બાળકોમાં નાદબ્રહ્મના આંતર સંસ્કારો અંકુરિત દશામાં હશે તે બાળકો ભમરો, ભૃંગી, કોયલ, પપૈયો, મેના, પોપટ, ચકલી વગેરે રમકડાં કે જેમાંથી વિવિધ સૂરાવલિઓનાં પ્રગટીકરણ થતાં હોય તેના તરફ હાથ લંબાવશે.

(૩) જે બાળકોમાં નૃત્યપ્રિયતાના આંતર સંસ્કારો જાગૃત હશે તે બાળકો ફરતો નટ, બજાણિયો, ઉંદર–ઉંદરડી, કઠપૂતળી વગેરે નર્તનની ભાવનાને પ્રગટ કરતાં રમકડાં પસંદ કરશે.

(૪) જે બાળકોમાં શૌર્યના આંતર સંસ્કારો અસ્તિત્વમાં હશે તે બાળકો તોપ, તલવાર, બંદૂક, ઢાલ, તીરકામઠું, અશ્વ, અસવાર, વગેરે યુદ્ધમાનસને રજૂ કરતાં રમકડાં તરફ હાથ લંબાવ્યા વિના નહિ જ રહે.

નાનીનાની બાલિકાઓમાં ઢીંગલા-ઢીંગલીઓની રમત તો તદ્દન સ્વાભાવિક છે. આપણે ઘરઆંગણે આ દૃશ્ય-જ્યાં જ્યાં બાલિકાઓ રમતી હશે, ત્યાં ત્યાં હમેશનું થઈ પડ્યું છે. આ રમતથી બાલિકાઓ ભવિષ્યના પોતાના ગૃહિણીપદના સંસ્કારો પ્રગટ કરે છે. સાથેસાથે માતૃત્વની ભાવનાના પદાર્થપાઠ પણ એમને એ ઢીંગલા-ઢીંગલીની રમતમાંથી જ મળે છે. ભારતના પ્રત્યેક પ્રદેશની બાલિકાઓ આ ઢીંગલા-ઢીંગલીની રમતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમે છે. જુદાજુદા પ્રદેશની ઢીંગલાઓની ભાત પણ જુદીજુદી હોય છે. આ ઢીંગલીઓ પોતાની જ બાજુમાંના કોઈ એક સ્ત્રીપાત્રમાંથી નિર્માણ થયેલી જણાય છે. દક્ષિણ ભારતમાં જુઓ કે ઉત્તર ભારતમાં જુઓ, મારવાડ-રાજસ્થાનમાં જુઓ કે મૈસુરમાં જુઓ, ગુજરાત-સૌરાષ્ટ્ર અને કચ્છમાં જુઓ કે બિહાર-ઓરિસા ને બંગાળમાં જુઓ—આ બધા જ પ્રદેશોમાંની બાલિકાઓ ઢીંગલા-ઢીંગલીની રમતો રમે જ છે અને આ દરેક પ્રદેશમાં રમાતી ઢીંગલીમાં તેની પ્રાદેશિક વિશિષ્ટતા જુદી જ તરી આવે છે. પરંતુ એ ઢીંગલા-ઢીંગલીની રમતોની પાછળની ભાવના તો સર્વત્ર એક જ પ્રકારની છે: ગૃહિણીપદ અને માતૃત્વના સંસ્કારોના પ્રગટીકરણની.

સમગ્ર સૃષ્ટિ પણ સર્જનહારની રમણભૂમિ જ છે. આત્મરમણ અર્થે જ પરમાત્માએ સૃષ્ટિના સર્વ જીવોનું સર્જન કર્યું છે. માનવ, પશુપંખી, જીવ-જંતુ વગેરે સૌ સર્જનહારનાં રમકડાં છે. આ રમકડાંએ એની ઇચ્છા પ્રમાણેની ભૂમિકા ભજવી પરાત્પર બ્રહ્મના આત્મરમણમાં ભાગીદાર બનવાનું છે; માટે જ નરસિંહ મહેતાએ ગાયું છે ને કે:

'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.'

★

સ્પેનના પ્રાંત કેટેલોનિયામાં કેવા પ્રકારનું વેપારી માનસ છે તેનો એક રસિક દાખલો નીચે આપ્યો છે.

સેનોર અ સેનોર બને ગાડી ભરાય તેટલા સાર્ડિન માછલીના ડબા ૧૮,૦૦૦ પેસેટામાં વેચે છે. સેનોર બ સેનોર કને ૩૦,૦૦૦ પેસેટામાં અને સેનોર ક સેનોર ડ ને ૪૦,૦૦૦ પેસેટામાં વેચે છે. 'ટૂંકી દૃષ્ટિ'વાળા (?) 'દીર્ઘ' દૃષ્ટિવાળા સેનોર ડ ને ભય લાગે છે કે જો યુદ્ધ થાય તો હું ભૂખથી મરી જઈશ. તેથી તે ૫૬,૦૦૦ પેસેટામાં તે માલ ખરીદી લે છે. ત્રણ દિવસ પછી સેનોર ઇ ગુસ્સાથી સેનોર ડને ટેલિફોન કરે છે કે 'તમે મને છેતર્યો છે. તમે મને ગાડી ભરીને સાર્ડિનના ડબા વેચ્યા છે. હવે જણાય છે કે તે ડબા તો ખાલી છે.' બીજે છેડેથી સેનોર ડ જવાબ આપે છે: 'ભલાભાઈ, તમે ડબા શા માટે ખોલ્યા? તે કંઈ ખાવા માટે નહોતા. તે તો ધંધા માટે હતા!'

છો. મા. કા.

×

પ્રોફેસર આઇન્સ્ટાઈન તો ઘણા પ્રખ્યાત વૈજ્ઞાનિક છે. એમના મંત્રીની મૂંઝવણ વધી પડી હતી. 'સાપેક્ષવાદ' એટલે શું એ સંબંધી અનેક આગંતુકોએ પ્રશ્નો પૂછીપૂછીને એમને થકવી નાખ્યા હતા. અંતે પ્રોફેસરે મંત્રીને એવો ઉત્તર આપવાનું શીખવ્યું કે:

તમે જ્યારે કોઈ સુંદર યુવતી સાથે બે કલાક વિનોદ કરતા બેસો, ત્યારે તમને 'માત્ર બે મિનિટ જ ગાળી છે' એમ લાગે પણ તમે જ્યારે ગરમ ભઠ્ઠા પાસે એક મિનિટ પણ બેઠા હો ત્યારે બે કલાક થઈ ગયા લાગે, એનું નામ 'સાપેક્ષવાદ!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીલ બોલીમાં સમાનતા

લેખક :
પં. બેચરદાસ દોશી

'બાર ગાઉએ બોલી બદલાય'ની કહેવત એના અર્થ પરત્વે કંઈક અધૂરી છે, એ બોલી બદલાય છે ખરી, પણ એમાં થતો ફેરફાર મૂળ સ્વરૂપને બદલાવતો નથી. ગુજરાતભરમાં પંચમહાલ, મહીકાંઠા, ઈડર, દક્ષિણ રેવાકાંઠા, છોટાઉદેપુર, લુણાવાડા, સુરત, વડોદરા અને નવસારી જેટલે દૂરદૂર વસતા ભીલોની બોલીઓમાં પણ સમાન અર્થ ને સમાન ભાવ જોઈ શકાય છે. વિદ્વાન લેખકે દાખલાઓ આપી આ સમાનતા બતાવવાનો અહીં પ્રયત્ન કર્યો છે અને પ્રદેશપ્રદેશ વચ્ચે, પ્રાંતપ્રાંત વચ્ચે બોલીભેદને પરિણામે ઉદ્ભવેલી ભિન્નતા દૂર કરવા માટેનાં સૂચનો પણ કર્યાં છે. ભાષાવાર પ્રાંતની આંજે ચર્ચા થાય છે ને ડાંગનો સવાલ આગળ આવ્યો છે, ત્યારે આ અવલોકન રસદાયક થઈ પડશે.

'ભીલ' શબ્દ વર્તમાનમાં ગુજરાતના આદિવાસીઓ માટે વપરાય છે. તેનું મૂળ કે વ્યુત્પત્તિ બહુ સ્પષ્ટપણે જાણવામાં આવી નથી, છતાં પ્રાચીન પ્રાકૃતના 'भिन्न' શબ્દ સાથે તેને જરૂર સરખાવી શકાય. 'भिन्न' એટલે જુદું–છૂટું પડી ગયેલું. જે માનવસંઘ પોતાના મૂળ ટોળામાંથી જુદો પડી ગયો–છૂટો પડી ગયો તે. આ અર્થ 'भिल्ल' શબ્દ આપી શકે છે અને એ અર્થ ગુજરાતના આદિવાસી ભીલો માટે બંધબેસતો પણ આવે છે. એ જોતાં 'भिन्न' અને 'भिल्ल' એ બંને શબ્દો એક જ કુટુંબના છે એમ કહેવાને શી હરકત છે? એ બન્ને શબ્દો સ્વરૂપે અને અર્થે સમાન ભાસે છે. આચાર્ય હેમચંદ્ર 'भिल्ल' શબ્દનું મૂળ 'भिद्' ધાતુમાં બતાવે છે. તેઓ કહે છે કે 'भिन्दन्ति भिल्लाः । भिदं विदारणं लान्ति इति वा'–(અભિધાનચિંતામણિ તૃતીય મર્ત્યકાંડ શ્લો. ૫૯૮ મૂળ અને વ્યાખ્યા). આચાર્ય હેમચંદ્રની આ નોંધ 'भिन्न' અને 'भिल्ल'ની સમાનતાને ટેકો આપે છે, એટલે જ્યાંસુધી કોઈ બાધક પ્રમાણ ન મળે ત્યાંસુધી આ કલ્પનાને અવકાશ છે.

'भिल्ल' શબ્દ ઘણો જ પ્રાચીન છે. મહાભારત, જૈન આગમો અને બૌદ્ધ પિટકોમાં એ શબ્દનો ઉલ્લેખ જાતિવાચક નામ તરીકે થયેલો મળે છે.

આપણા ગુજરાત પ્રાંતમાં ભીલ લોકોની વસ્તી પંચમહાલ, મહીકાંઠા–ઈડર, દક્ષિણ રેવાકાંઠા–છોટાઉદેપુર, લુણાવાડા, સુરત, વડોદરા અને નવસારી વગેરે પ્રદેશો અને તેમની આજુબાજુમાં છે. તેમની બોલીઓનાં જુદાંજુદાં નામ ઘણેખરે ભાગે સ્થળ ઉપરથી કે તેમની જાતો ઉપરથી પડ્યાં લાગે છે. આ બધી બોલીઓમાં પરસ્પર ખાસ જુદાઈ જેવું નથી; બલ્કે એ બધી બોલીઓ સમાન છે એમ કહેવું જ વધારે ઉચિત છે.

પંચમહાલના ભીલો, મહીકાંઠા–ઈડર તરફના ભીલો, રેવાકાંઠાના દક્ષિણ ભાગમાં વસતા ભીલો અને ખાનદેશ ભણી વસતા ભીલોની બોલીનું નામ ભીલી કે ભીલોડી છે.

વડોદરા રાજ્યમાં નવસારી તરફના ભીલોની બોલીનું નામ રાની ભીલી છે અને નવસારી જિલ્લામાં વસતા તથા સુરત તરફ વસતા ભીલોની બોલીનું નામ ચૌધરી ભીલી છે.

કચ્છ તરફ વસતી આદિવાસી જનતા 'આહીર' કહેવાય છે અને તેમની બોલીનું નામ આહીરી બોલી છે.

આદિવાસી ગુજરાતી જનતાંમાં જે બીજી પણ બોલીઓનો પ્રચાર છે તેમનાં નામ આ પ્રમાણે છે:

રાઠવી, ચારણી, નાઈકડી, ગામટી કે ગામતડી. ભીલજનતાની તમામ બોલીઓનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

...નું નામ ભીલી કે ભીલોડી પણ છે, આ ...ના તમામનું સામાન્ય નામ છે.

રેવાકાંઠા–છોટાઉદેપુર ભણી વસતા ભીલો ...ડવી બોલી બોલે છે. પંચમહાલ તરફ વસતા ભીલ ભાઈઓ ચારણી બોલી બોલે ..., સુરત તરફ રહેતા ભીલો નાઈકડી બોલી બોલે છે, વડોદરા અને સુરત તરફના કેટલાક ...ભાગના આદિવાસીઓ ગામટી કે ગામતડી ...લી બોલે છે.

પંચમહાલ, રેવાકાંઠા, મહીકાંઠા, ખાન...દેશ, નવસારી અને નવસારી જિલ્લો એટલા ...ભાગની બોલીઓનો આ લેખમાં પરિચય ...રાવવાનો વિચાર છે. આગળ જણાવ્યા પ્રમાણે એ બધી બોલીઓ છે એકસરખી, પણ એમાં જે થોડોથોડો ઉચ્ચારણફેર અને જે થોડોથોડો શબ્દફેર છે તે, તે બોલીઓની એકતાનો–સમાનતાનો જરા ય બાધક નથી પણ શોભક છે; અર્થાત્ એ નામનો ... ફેર તેમની એકતામાં વિશેષ શોભાને વધારે ...નો છે.

ભાષાં અને બોલીઓની વિશેષતા જણાવ્યા ...થી આહીરી વગેરે બોલીઓનો પરિચય ...પશો ઠીક પડશે.

ભાષા અને બોલીનો શબ્દદેહ એકસરખો હોય છે, છતાં વિશાળ પ્રદેશમાં વા જનતાના ...ટા સમૂહમાં જે વાણી બોલાય છે તેનું ...મ પંડિતજનોએ 'ભાષા' પાડ્યું છે અને ...નાનાના સાંકડા પ્રદેશોમાં કે નાનાનાના ...કડા સમૂહમાં જે વાણી બોલાય છે તેને ...લી' નામ આપવામાં આવેલું છે. ભાષાનું ...ત્ર વિશાળ હોય છે, ત્યારે બોલીનું ક્ષેત્ર ...નું હોય છે–ભાષાનું નામ ગુજરાતી છે, ...રે બોલીઓનાં નામ ઝાલાવાડી, ચરોતરી, ...ગરી, સુરતી, અમદાવાદી વગેરે છે.

ભાષા અને બોલી વચ્ચે બે સગી બહેનો ...વો ગાઢ સંબંધ છે–એ બન્નેનો શબ્દદેહ એકસરખો છે, કેવળ તે બે વચ્ચે થોડી ઉપરની ટાપટીપનો જ ફેર છે. ભાષા મોટી બહેન છે અને બોલી નાની બહેન છે. મોટી બહેન બનાવટી ઘરેણાંથી અને ભભકભર્યાં કૃત્રિમ વસ્ત્રની સજાવટથી શોભાયમાન દેખાય છે, ત્યારે નાની બહેન સ્વાભાવિક સુગંધિત ફૂલોથી અને વૃક્ષની છાલનાં સાદાં વસ્ત્રોથી સોહામણી લાગે છે. આ રીતે ભાષા અને બોલી વચ્ચે લેશ પણ વિરોધ નથી અને જે ફેર છે તે પણ તેમના સૌંદર્યને વધારે ઓપ આપે એવો છે.

જેમ બે બહેનો સગી બહેનો જ હોય, દૂરદૂર રહેવાને કારણે એકબીજીની ઓળખાણ ન રહી હોય, એમની વચ્ચે વિશેષ પરિચય ન રહેવાને કારણે સ્નેહસદ્ભાવ ઘટી ગયો હોય, ત્યારે એ બે સગી બહેનો વચ્ચેનો વ્યવહાર ખોરવાઈ જાય છે, એમની વચ્ચેના વ્યવહારમાં વારેવારે મુસીબતો ઊભી થાય છે અને કેટલીક વાર તો એ સગી બહેનો વચ્ચે પણ દુશ્મનાવટ જેવું વાતાવરણ છાઈ જાય છે, તેમ પરિચયના અભાવને લીધે ભાષાભાષા વચ્ચે અને ભાષા અને બોલી વચ્ચે પણ આવી જ પરિસ્થિતિ ઊભી થાય છે. ભાષા અને બોલી વચ્ચે તાણાતાણી થાય છે, કૃત્રિમ આડંબરથી ઝગારા મારતી મોટી બહેન સાદાઈથી રહેતી નાની બહેનને અવગણવા માંડે છે, પરિણામે સ્વાભાવિક રીતે તેજસ્વી બનેલી નાની બહેન મોટી બહેનની આમન્યા મૂકી દે છે. આને પરિણામે ભાષા અને બોલી વચ્ચે હુંસાતુંસી, દુરાગ્રહ અને મિથ્યા અભિમાન વગેરે દોષો પેદા થાય છે. અંતે ભાષા અને બોલી સગી બહેનો હોવા છતાં એ બન્નેની વચ્ચેનું પરસ્પરનું વાતાવરણ એવું ડોળાઈ જાય છે, કે જાણે તે બંને એકબીજી સામે મોરચા બાંધીને લડાયકવૃત્તિ દાખવતી હોય એવો ભાસ થયા વિના રહેતો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. આમ થવાથી માનવમાનવ વચ્ચે વેર-વિરોધ એવાં ઊભાં થાય છે કે તેનાથી વણ-નોતરેલો છતાં માનવતાનો નાશ આવીને ખડો થઈ જાય છે. આવાં અનિષ્ટ ફળો જોઈને સૌ કોઈને જુદીજુદી ભાષા અને જુદીજુદી બોલીનો ભેદ સાલવા લાગે છે.

ભાષા-ભાષા વચ્ચેના અને ભાષા-બોલી વચ્ચેના અંતરંગ સંબંધો નહિ સમજવાથી જ આવાં અનિષ્ટો આવી પડે છે. અહીં નમૂનાઓ આપીને નાગરિક ગુજરાતી ભાષા અને ભીલી બોલી વચ્ચેના અંતરંગ સંબંધો બતાવવાના છે.

સ્વાભાવિક પ્રાકૃત ભાષા અને પંડિતોની પસંદ કરેલી સંસ્કૃત ભાષા વચ્ચે આવો જ અંતરંગ સંબંધ છે. પ્રાચીન લોકભાષા-પ્રાકૃત અપભ્રંશ તથા વર્તમાનકાળની ગુજરાતી, મરાઠી, બંગાળી અને હિંદી વચ્ચે પણ આવો જ અંતરંગ સંબંધ છે. તે જ રીતે આધુનિક ગુજરાતી, મરાઠી, બંગાળી અને હિંદી વગેરે આર્યશાખાઓની ભાષાઓ વચ્ચે પણ આવો નિકટનો અંતરંગ સંબંધ છે અને એ જ રીતે તે તે ભાષાની તે તે બોલીઓ વચ્ચે પણ તેવો જ નિકટનો આંતરિક સંબંધ છે.

અત્યારસુધી આપણી શાળા મહાશાળાઓના વિદ્યાર્થીઓને ભેદનું જ જ્ઞાન અપાયેલું છે. તમે ગુજરાતી છો, આ મરાઠી છે, પેલો બંગાળી છે અને ઓલ્યો ઉત્તર હિંદનો છે. તમારી ભાષા ગુજરાતી છે, આની ભાષા મરાઠી છે, પેલાની ભાષા વળી બંગાળી છે અને ઓલ્યા ભૈયાની ભાષા તો હિંદી છે. પણ ગુજરાતી, મરાઠી, બંગાળી અને ઉત્તર હિંદના મનુષ્ય વચ્ચે કેટલું બધું સમાનપણું છે તેમ તેમની ભાષાઓ તથા બોલીઓ વચ્ચે પણ કેટલી બધી એકતા છે તેનો નિર્દેશ પ્રધાનપણે વિદ્યાર્થીઓને ઠસાવવામાં આવ્યો જ નથી; એટલે જ દેશમાં જે જુદીજુદી ભાષાઓ અને જુદીજુદી બોલીઓ દેખાય છે તે બધી આપણા ઝઘડાના એક નિમિત્તરૂપે છે એમ માનવામાં આવે છે અને એથી જ ભાષાવાર પ્રાંતનો બેહૂદો કોયડો ઊભો કરવામાં આવેલો છે.

રાષ્ટ્રના હિતવાંછુ સાક્ષરો આ તમામ પ્રાચીનઅર્વાચીન ભાષાઓ અને બોલીઓ વચ્ચેની ખરી સગાઈ દાખલા, દલીલો અને નમૂનાઓ આપીને વિદ્યાર્થીઓને સમજાવે અને તે ઉપર તેમનું વધારે ધ્યાન ખેંચી ભાષા અને બોલીઓની એકતાનો ખ્યાલ આપ્યા જ કરે તો મને નથી લાગતું, કે કોઈને ભાષાનો કે બોલીનો ભેદ સાલે વા વિરોધરૂપ લાગે.

પ્રાચીન પ્રાકૃત વગેરે ભાષાઓ નવી આર્યશાખાની બધી ભાષાઓ અને બોલીઓ એ બધાંની એકતા એટલી બધી સહજ છે કે સાધારણ બુદ્ધિનો માનવ પણ એને સહેલાઈથી સમજી શકે એમ છે. આ વિશે દાખલા-દલીલો આપીને અહીં લખતાં વિશેષ વિસ્તાર થઈ જશે એટલે એ વળી બીજા પ્રસંગ ઉપર રાખી ભીલી બોલી અને નાગરિક ગુજરાતી બોલીને પ્રધાનપણે લક્ષમાં રાખી તેમની વચ્ચેની એકતા બતાવવા નમૂનાઓ આપીને તે વિશે મારે જે કહેવાનું છે તે જ કહીશ.

આ નીચે બોલીઓના નવ નમૂના આપ્યા છે. તેમાં પ્રથમ ચાલુ ગુજરાતીનો નમૂનો છે, બીજો કચ્છના આદિવાસીઓની આહીરી બોલીનો છે, ત્રીજો પંચમહાલની ભીલી બોલીનો છે, ચોથો રેવાકાંઠાની ભીલી બોલીનો છે, પાંચમો મહીકાંઠાની ભીલી બોલીનો આપ્યો છે. છઠ્ઠો ખાનદેશ ભણીની ભીલી બોલીનો, સાતમો નવસારી ભણી વસતા ભીલોની રાની ભીલી બોલીનો અને આઠમો નવસારી જિલ્લામાં વસતા ભીલોની ચૌધરી ભીલી બોલીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...આપ્યા છે તથા છેક છેલ્લે કેવળ સરખા-... બતાવવા માટે જ ઝાલાવાડી બોલીનો નમૂનો છે.

બધા નમૂનામાં એક જ વાર્તાની છસાત ...ઓ લીધેલી છે, જેથી વાંચનારને નાગ-રિક, ગુજરાતી અને ભીલી બોલીઓમાં રહેલી ...તા-સમાનતાનો સ્પષ્ટ ખ્યાલ આવે. વાર્તા ...નમૂના વાર જુદીજુદી નથી, પણ એક જ છે એથી સમાનતા ઉપરાંત તેમની વિવિધ-તાનો પણ ખ્યાલ આવી જશે. આ વિવિધ-તા તે ભાષા અને બોલીઓની સુંદરતામાં વધારો કરે એવી છે એનો પણ ખ્યાલ આવશે.

(૧) ચાલુ નાગરિક ગુજરાતી

૧ એક માણસને બે દીકરા હતા અને તેઓમાંના નાનાએ

૨ બાપને કહ્યું કે બાપ, સંપતનો પહોંચતો ભાગ મને આપ

૩ ને તેણે તેઓને પૂંજી વહેંચી આપી; અને થોડા દહાડા પછી

૪ નાનો દીકરો સઘળું એકઠું કરીને વેગળા દેશમાં ગયો ને

૫ ત્યાં રંગભોગે પોતાની સંપત ઉડાવી નાખી અને તેણે બધું

૬ ખરચી નાખ્યું. ત્યારપછી તે દેશમાં મોટો દુકાળ પડ્યો

૭ ને તેને તંગી પડવા લાગી.

(૨) આહીરી બોલી

૧ એક માણહને બે ડીકા હુંતા. તેમાંયથો નનકે ડીકે

૨ બાપહેં ભણ્યો, બાપા, મારા ભાગની જે મિલકત થાય ઈ, મુંહે ભાંદું ડિઓ.

૩ એણે પોતાની મિલકત એહેં વેંચુ ડીની. થોરાક ડી વાંહે

૪ નનકો છોકો બધો ય ભેલો કરને છેંટેનું મુલુક જતો રહ્યો અને

૫ ઉઆં પોતાની મિલકત કમાર્ગે વાવરુ કાઢી. જેરેં બધો ય

૬ ખર્ચું નાંખ્યો તેરે એ ડેહમાં મોટો ડકાર વ્યો

૭ અને પોતેં તાણમાં આવ્વા માંડ્યો.

(૩) પંચમહાલની ભીલી બોલી

૧ એક માનહને બેન દીકરા હુતા, ને વીમાના નાના ભાએ

૨ બાને ભણ્યું કે બા, માયાનો ભાગ મને વહેંસી દીયો.

૩ ને તીને બોલ્યાને માયા વહેંસી દીધી ને થોડા દીયામાં

૪ નાનો દીકરો બધું ભેલું કરીને બીજા મલકમાં ગો ને

૫ ઈસે મોજમજા ઉડાવીને માયા વાવરી નાખી ને તીને બધું

૬ ખોઈ નાખ્યું. તે કેડેઈ સે મુલકમાં કાલ પડ્યો

૭ ને એ બહુ માઉ થાવા લાગ્યો.

(૪) રેવાકાંઠા–છોટાઉદેપુર ભણીની ભીલી બોલી

૧ એક માનહને દુઈ બેટા હુતા, ને તેમાંના લોડલ્યાયેં

૨ બાહને કહ્યું કે, બા મિલકતનો વેંચાતો ભાગ મને આપ.

૩ ને તેણે તેમને મિલકત વેંચી આપી. ને થોડા દહાડા પુચ્છલ

૪ લાડલો બેટો બધું એકઠુ કરીને છેટાના દેહમાં ગિયો ને

૫ ત્યાં મોજમજાહ પોતાની મિલકત ઉડાઇ નાખી ને તેને સારુ

૬ ખરચી દીધું, તાર પચ્છી તે દેહમાં મોટો દુકાલ પડ્યો

૭ ને તેને ટોટો પડવા લાગી.

(૫) મહીકાંઠા–ઈડર તરફની ભીલી બોલી

૧ એક આદમન્યેં બે સોરા અતા, ને અણામાંહા-(ઈ' માંહા)નોંને સોરે ઈના

૨ બાપને કેજ્યું, આતા, મારે પાંતીએ આવે ઈ તમારીં પુંજીનો ભાગ મય આલો.

૩ નેં વણેં પોતાની પુંજી બેયાને વાંટી આલ્યી ને થોરા દન પરસેં ઈ

૪ નોંને સોરે હેતો માલ બેગો કે યો (કીદો) નેં વેગળ દેહમાં ગીજ્યો નેં

૫ ઉંરરાં રાવણાંમાં વણાનો માલ વેડફી નોંખ્યો ને જેરે ઈણેં હેતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ ખોઈ દેડીયું તેરે ઈં મલકમેં મોટો કાર પડન્યો
૭ ને ઈંને તંગી પડવા લાગ્યી.

(૬) ખાનદેશ ભણીના ભીલોની બોલી

૧ કાનલો એકા માટીન દુઈ છુરા ઓતા, તિમાનાં ડોખ આયતલો છુરો
૨ બહાહા બુલ્લો, મારા ઈસા પર જો માલોન વાટો આવે ચુ મેહે આપી દે
૩ ફિરિન બાહે પોતાન માલ વાટી દેનલો, અગલ આબારા દિહિની ગોયૂલા ચુ
૪ આયતલો છુરો જીવોન વાટેન આખો માલ ટુલ્વાઈન છટ્લે દેહે નિકલિ ગોયૂલો
૫ છાં જાઈને ચુ આખો માલ ખોરાબ કાર્ નોખિન
૬ નોવ્રાઈ ગયો. ઓલટા તિના દેહ્માંય્ મોટ્લો કાલ પોઓ.
૭ ફિરિન તેરો ખાણેન જણ્રો વિખો પોડ્લો.

(૭) નવસારી તરફની રાની ભીલી બોલી

૧ કોઈએક માહાંઆ બેન 'પોયરે આથે.' તેહમેં-દેખ હાનાએ પોતાઆ
૨ બાહાકાને આખ્યું કે, બાહાકા, પુંજીઓમાં ભાગ આવ્તો ભાગ માને દે.
૩ તીઆને બાહાકા તી પુંજી તીઆને વાટી દેને. થેડા દીહી વેઆ તાહાં તો
૪ હાનો પોયરો બાદું એકઠું કોઈને છેટા દેહમેં ફીરાને ગોયો ને
૫ તાંહી ખુબ મોજ કોઆમે પોતા પુંજી ઉડાવી દીધી ને જાહાં તે બાદું
૬ ખરચી ટાકયું, તાંહાં તીઆ દેહમેં મોટા હુકાનો પોડીઓ
૭ ને તીઆને દુઃખ પોડાને લાગીયું.

(૮) નવસારી જિલ્લામાં બોલાતી ચૌધરી ભીલી બોલી

૧ એક માણહને બે ડીખ્રા હોનના, ને તીઆમાંના નાન્નાહે પોતીકા
૨ આતાહાને કય્ કા, આતાહા, પોઈહા મારે ભાગના મુને આપ.
૩ તીંએ પોતીકો ધન ત્યાહાને વેંચી આપ્યો, ને થેડા દી આડા પુંઠી તો
૪ નાન્નોહો ડીખ્રો બદો એકઠો કરીને છટ દેહેં ફીરાને ગોને
૫ તીંએ મોજમજામાં પોતીકા પોઇહા ઉડાવી નાંખ્યા ને જ્યાર તે બદાં
૬ ખરચી નાખ્ય ત્યાર ત્યા દેહેમાં જબ્રો કાલ પડ્યો
૭ ને ત્યાને આપદા પડને નાંગી.

(૯) ઝાલાવાડી બોલી

૧ એક જણાને બે સોકરા હતા, વીમાંથી નાને કહ્યું
૨ બાપને કીધું કે, બાપા આપડા મઝીઆરામાંથી મને મારો ભાગ આપો.
૩ આટલે ઈને બાપે બધી ઘરવખરી વેંચી દીધી. થોડા દી ચેડે
૪ નાને તો પોતાના ભાગનું બધું વેચી-સાટી ઈના જે પૈસા આવ્યા ઇ લૈને પરદેહમાં ગ્યો ને
૫ ઈયાંકણે પોતાનું બધું ગોઠે ઇમ ઉડાડવા માંડયું. આટલે થોડા દીમાં તો બધું
૬ ખુટી રિયું એટલામાં ઈ દેહમાં જભારે કાળ પડ્યો,
૭ તારેં ઇને ખાવાના સ્હાંહા પડ્યા.

ઉપર જણાવેલી બોલીઓના નવે નમૂનામાં થોડોઘણો ઉચ્ચારણ ફેર છે અને થોડોઘણો શબ્દપ્રયોગનો ફેર છે.

શબ્દ એકસરખો છતાં ઉચ્ચારણનો ફેર નીચેના શબ્દોમાં છેઃ

(૧) દીકરા–ડીકા–ડીખ્રા.
(૨) છોકરા–સોરા–છુરા–સોકરા.
(૩) માણસને–માણહને–માનહને–મહાંઆ–માણહાને.
(૪) ભાગ–ર્હાગ.
(૫) ભેગો–ર્હેગો.
(૬) હતા–હુંતા–હુતા–અતા–ઓતા–આથે–હોત્ના.
(૭) મને–મુંહે–મય–મેહે–માને–મુને.
(૮) વહેંચી આપી–વેંચી આપી–વેંચી આપ્યો.
(૯) વેંચુડીની–વહેંસી દીધી–વેંચી દીધી.
(૧૦) વાટી દેનલો–વાટી દેને.
(૧૧) પછી–પસ્સેં–પુચ્છલ–પુઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૨) બે-બેન.
(૧૩) થોડા-થોરાક-થોરા.
(૧૪) નાનાએ-નનકે-નોને-હાનાએ-નાહે-નાને.
(૧૫) બાપને-બાપહે-બાને-બહાહા-ડાંડાને.

અર્થ એકસરખો છતાં શબ્દપ્રયોગનો ફેર નીચેના શબ્દોમાં છે:

(૧) ભાગની-પાંતીએ-ઈસા પર (હિસ્સા પર.)
(૨) પુંજી-સંપત-મિલક્ત માયા-પોઇહા (પૈસા).
(૩) દીકરા-બેટા-પોયરે.
(૪) માણસને-જણાને.
(૫) બાહાકોને-આતાહાને.
(૬) નાના ભાએ-લોડલ્યાયેં-આયત્લો ફેરો.
(૭) બે-દુઈ.
(૮) પછી-વાંહે-ચેડે.
(૯) તંગી-તાંણુ-માઉ-ટોટો-વિખો-દુ:ખ-આપદા-સ્હાંહા.
(૧૦) માણસને-આદમન્યે-માટીન-જણાને
(૧૧) કોઈ એક માણસને-કાનલો એકા માટીન.
(૧૨) વહેંચી આપી-વાંહી આલ્યી.
(૧૩) કહ્યું-ભણ્યો-ભણ્યું-કેજ્યું-બુલ્લો-બોલ્યું-કયૂ-કીધું.

આ રીતે ઉપરના નવે નમૂનાઓમાં ઉચ્ચારણ સાધારણ ફેર છે અને એકતા-સમાનતા વધારે છે. શબ્દપ્રયોગનો ફેર તો ઘણો સરસ છે અને તે એક જ અર્થ માટે નવા પ્રયોગો પૂરા પાડે એવો છે. આ નવાનવા શબ્દો એક જ અર્થના સૂચક છે, છતાં ભાષાની ખૂબી અને ઘટનામાં ભારે મહત્ત્વના છે. એ બધા શબ્દોના કોઠા કરીને દરેકેદરેક શબ્દની શાબ્દિક, આર્થિક તુલના કરીને તથા તેમનાં બધાં પ્રાકૃત, પાલિ, અપભ્રંશ વગેરેનાં પૂર્વરૂપો આપવા સાથે તેમની વ્યુત્પત્તિ બતાવીને એ બાબત ઘણું જ સમજાવી શકાય એમ છે; પરંતુ અહીં તો ભાષાભેદ છતાં તેમાં કેટલું બધું સરખાપણું-એકતા છે એ બતાવવાનો જ મુખ્ય મુદ્દો છે અને એ મુદ્દો આટલા લખાણથી સરી જાય છે અને આટલા જ લખાણથી સુજ્ઞ વાચક ભિન્નભિન્ન ઉચ્ચારણોવાળી તથા જુદાજુદા શબ્દપ્રયોગવાળી ભાષાની એકતા પોતાની જ મેળે સમજી શકે એમ છે. આટલા લખાણ દ્વારા આ રીતે જ પ્રાચીન કે અર્વાચીન આર્યશાખાની તમામ ભાષા કે બોલીમાં નહિ જેવી જ જુદાઈ છે અને સમાનતા-એકતા વધારેમાં વધારે છે. એટલે ભાષાભેદ વા બોલીફેર માનવજાતને કદી વિઘ્નરૂપ થયો નથી અને થવાનો સંભવ પણ નથી, એ વાત ચોખ્ખી સમજાય એવી છે. જે તકરાર ભાષાભેદ વિશે ઊભી થાય છે વા કરવામાં આવે છે તેના મૂળમાં તુલનાત્મક રીતે ભાષાના કે બોલીના અભ્યાસની ખામી, ભાષાપૂજાનો પંડિતોનો દુરાગ્રહ અને રાજકારણી મેલી રમત સિવાય બીજું હોવાનો ભાગ્યે જ સંભવ છે.

ભાષાભેદ અને બોલીભેદનો કોયડો ઉકેલી જ નાખવો હોય તો કેળવાયેલો વર્ગ વા સરકાર ઘડીના છઠ્ઠા ભાગમાં તેને ઉકેલી શકે એમ છે. એ વિશે ટૂંકમાં આટલું તો કહી જ શકાય:

૧ વિનયમંદિરો વા મહાવિદ્યાલયોમાં મુખ્ય ભાષા અને બોલીનું તુલનાત્મક જ્ઞાન આપવાનો બંદોબસ્ત થવો જોઈએ.

૨ મુખ્યમુખ્ય ભાષા કે બોલી એક જ લિપિમાં નાગરી અક્ષરોમાં લખવાનો રિવાજ રાખવો જોઈએ. સરકાર તો એવું જ એક પ્રચારક છાપું કાઢી શકે જેમાં એક જ ભાવનો લેખ જુદીજુદી ભાષામાં અને બોલીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાચો ઘડો

લેખક :
શ્રી ભગવત્ રામચંદ્ર ભટ્ટ

ઉનાળાની ખરી બપોરે લોક ગાડીએથી ઊતરી આવી રહ્યું હતું. પાનીએ પહોંચે એવું પંચિયું પહેરી ઉઘાડે દિલે બેઠેલો વિપિન પંખો હલાવહલાવ કરી તાપ ઉરાડી રહ્યો હતો. ખભે ગાંસડી ઉપાડી સ્ટેશનેથી કોઈ પરોણો પોતાના ઘર ભણી આવી રહ્યો છે કે શું એની ભ્રમણા થવાથી તે આગંતુકો તરફ તાકી રહ્યો હતો. એની શંકા સાચી ઠરી. કોઈ પરિચિત લાગતી વ્યક્તિએ સાચે જ એના ઘરના આંગણાનો ઉંબરો ઓળંગી, ચોક વટાવી પરસાળમાં ગાંસડી મૂકતાં જણાવ્યું:

'કંજરીથી સૂરજ ડોશી મોં વાળવા આવ્યાં છે. ધરમશાળામાં બેસી, ગાંસડી આગળ મોકલી છે. પાસેનાં બે સગાં–જે કોઈ બોલાવવાં જોગ હોય–તે બોલાવી લેજો એમ કહાવ્યું છે.'

રડવાકૂટવાના જૂના રીતરસમનો કટ્ટો વિરોધી વિપિન મોકાણે આવનાર ડોશીમાનું સ્વાગત જૂની પદ્ધતિએ કરવા ઇચ્છતો ન હતો. એને તો આ એક બલા જ માલૂમ પડી.

થોડીવારમાં દૂરથી શોકનું પ્રતીક ડોલતું દેખાયું. એક વૃદ્ધ ડોશી કાળી જીમીમાં ઝબૂકે વાદળ વીજળી જેવાં, પોતાના વાર્ધક્યને ઢાંકતાં, શોકના ઠાઠ સાથે દૂરથી છેડો વાળી વિપિનની પરસાળમાં પ્રવેશ્યાં.

વિપિનને આ શોકવિધિમાં શ્રદ્ધા ન હતી. આ જંગલીવેડા આગળ ન વધે એ માટે તેણે ડોશીમાને ડારતાં કહ્યું:

'શાંત પડો માજી, જો બધાં જ તમારી જેમ સાચું રડતાં હોત તો રડીરડીને ધરતીને સાગરમાં મેળવી દેત. બસ કરો, હવે. અને જેની ઇચ્છા જ સર્વશક્તિમાન છે એ પ્રભુને યાદ કરો.'

છેડો વાળેલા મોંએ અને ગળગળા સાદે ડોશીમાએ ઉત્તર વાળ્યો:

'પણ ભઈલા, મોત નામનો ચોર વહુ-રતન ચોરી ગ્યો.'

પત્નીવિયોગનું દુઃખ દિલ પર ભારે શિલા મૂકી એકલા સહન કરે જતા વિપિનને આ દુઃખદ ઘટના અચાનક તાજી થઈ. વાત-રોગથી નમી ગયેલી કેડમાં ધક્કો લાગ્યો. પણ મનને મક્કમ રાખી, બહાર વ્યવહાર અને વર્તનમાં તે જેમ હમેશ ખુશમિજાજ રહેવા પ્રયત્ન કરતો હતો તેમ ડોશીમાના શબ્દોથી બનેલા શોકભર્યા વાતાવરણને હળવું બનાવી દુઃખને હસી કાઢતાં કહ્યું:

'માજી, ચોરની ખબર પોલીસચોકીમાં

રહેવો જોઈએ અને તે લેખ કેવળ એક નાગરી લિપિમાં રહેવો જોઈએ.

૩ નાનપણથી જ બંગાળી, ગુજરાતી અને નાગરી લિપિના અક્ષરોનો તુલનાત્મક અભ્યાસ કરાવવો જોઈએ. લિપિના એવા નકશા બનાવવા જોઈએ, જેમાં ત્રણે લિપિના અક્ષરો મોટા કદમાં એકસરખી રીતે હોય.

૪ અવારનવાર બંગાળી, ગુજરાતી, મરાઠી અને હિંદીનાં વ્યાખ્યાનો સાંભળવાનો મહાવરો વધારવો જોઈએ.

૫ મનમાં અભેદનો સંકલ્પ અને એકતાનું જ્ઞાન હોવું જોઈએ.+

+ અહીં જે બોલીના નમૂના આપ્યા છે તે માટે વિદ્યાપીઠના ગ્રંથસંગ્રહનો આભાર માનું છું.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપીશું ?'

મૂંડકા માથાપરનો છેડો આછો ખેંચી શ્વાસ લઈ સ્વસ્થ થતાં ડોશીમા બોલ્યાં:

'એ તો મૂઆ તમારા ચોકીદારો ચોરને દૂંટનો માલ લઈ નાસી જવા દે. આ ચોરને કોઈ રોકી શકતું નથી, હોવે! ખરી વાત કઉં ? નાતની પોલીસચોકીમાં તારી વાત બહુ ચવાય છે!'

'હોય, સૌ સૌનું કામ સંભાળ્યા કરે છે,' વિપિને ટૂંકમાં પતાવ્યું. 'લો, કોગળો કરી જીવ ટાઢો કરો.'

વિપિને તરત ઠંડું પાણી મંગાવ્યું. મોં ધોવા આગ્રહ કર્યો. થોડી પળ મૌનમાં વીતી. ડોસીએ પોતાની નટખટ કંઈ કારગત ન નીવડવાથી થોડી આડીઅવળી વાતો કરી. ખબરઅંતર પૂછી પણ પછી પાસે ખસી સીધી વાત પર આવતાં ધીરે રહીને માએ વાત કાઢી:

'તો હું ભાઈને પૂછું છું જે તેં પછી શો વિચાર કર્યો ? જો હું તો સાચું કઉં. ઘરડાં દા'ડાનું કામ કરે છે. મોડું કરે એ ઠીક નહિ. તને દેખી મારો જીવ ચંચણી જાય છે.'

'પણ મારા વિચાર બીજા ઢંગના છે.'

અચાનક ચોંકી પડ્યાં હોય એમ આશ્ચર્ય પ્રકટ કરતાં પૂછવા લાગ્યાં:

'એટલે ફરી મંડાવાની ચ્યમ તું ના પાડીશ ? બહુ લાબરી કરતો ના. હો, હો, દુનિયામાં વહુ તો તારી જ મરી ગૈ હશે. ઘેલા, ઈશ્વરની મરજી આગળ આપણો ઇલાજ નથી. મરદનો રંડાપો બૈરાં જેવો થોડો છે ? મરદ દુઃખી થઈથઈ કેટલા દન રે ?—વરસ બે વરસ. પછી ગાડાના પૈંડાની વાટ ઠેકાણે નવી વાટ ચાક પર ચઢાવી સંસારનો રથ ફરી ચાલુ કરે છે જ.'

જરા નરમ થઈ તત્ત્વજ્ઞાનીની અદાથી આગળ ચલાવ્યું:

'ભાઈ, નદીના વહેણમાં કોઈ ક્યારે પાસે આવે છે અને કોઈ તણાઈ દૂર જાય છે. એનો બહુ હરખશોક કરવો નહિ.'

અને તરત જ જ્ઞાતિનો વહીવંચો ઉકેલતાં હોય એમ કહેવાં લાગ્યાં:

'પેલા રામશંકર બૈરીબૈરી કરે છે, પણ એ અધવાસીને કોણ કરમમાં ડામ દે?...પેલો કાશીનાથ બાસઠ વરસે પણ મંડાયો. એ કરમની ગતિ. કુળ ઊંચું અને ઘર ખાતુંપીતું.... તારામાં શું મણા છે? જુવાન છું, કમાતોધમાતો છું. પરભુના આલ્યા પાસ બે પૈસા છે. શા દખે ના પાડીએ?...ના, ના કહેતાં મહાશંકર છેક જ રહી ગ્યો. હવે તે પેટ ભરીને પસતાય છે. કે 'છ: પરણ્યો નહિ તે ભૂલ થઈ. બહુ દુઃખ વેઠે છે બચારો. પેટના વસ્તારમાં છોકરી છે, પણ એ તો રહ્યું પરાયું ધન. છોકરી બિચારી એના ઢસરડામાંથી ઊંચી આવતી નથી, છતાં બાપ દુઃખી ન થાય એટલા માટે જીવ ઊંચો કરે તો જમ જેવી સાસુ જીવે છે ને તે ના પાડે. દીકરો દેશાવર છે. તે પણ બાપ ખાતર તો અડધો થઈ જાય એવો છે, ત્યારે એની વહુ ઉસ્તાદ, ભાઈને કઉં. વહુ કે': હું તમારી ચાકર તે સેવા કરવા બંધાયેલી પણ ઘરમાં બધાનાં વૈતરાં કોણ કરે? આ બધી સંસારની ઘટમાળથી બોધ લઈ નક્કી થયેલું કે જે પુરુષ રાંડે તેણે પરથમ પેલ્લાં બીજી લાવવા ઝટ ચંદરવો બાંધવો. ક્યાં સ્ત્રી જાત છે કે ભવ બગડવાનો હતો? ઢાંકણ ફૂટ્યાનું શેનું દખ? ગોળી ફૂટ્યાનું છે. ગોળી સલામત તો ઢાંકણ બહોંતેરી.'

'તેમ છતાં મરી ગયેલી પત્નીની યાદને ઉખેડી બીજીને આવકારવા તમારાં બધાંની કોશિશ સામે ટકી રહેવા મારા ઘટમાં જેટલું જોમ છે એ બધું ખલાસ થવા દો, માજી.'

'એવું તે હોશે? મને તો દિલમાં દાઝે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તો વાત કાઢું છું. વહુ બિચારી મરી ગઈ તે વારે હું ખાટલે પડેલી. મને ખાટલે પડ્યાં-પડ્યાં થયું કે હું કેમ મોતે ન મરી! ભગવાને મને ઉપાડી લઈ એને જિવાડી હત તો...?'

આંખનાં ખરાંખોટાં આંસુ છેડા વડે લૂછી પછી આગળ ચલાવ્યું:

'પણ આ બધાના હડસેલા ખાવા હું મોઈ રાંડ જીવી. હવે ધવા વળી તે આટલું મોં વાળવા હજી આજે નિકળાયું. મેં તો નીકળતાં મન સંગાથે ગાંઠ વાળી રાખેલી કે તું હા પાડે એટલી જ વાર છે. મારા ભાઈની કચકડા જેવી કન્યા છે. ચાલુ જમાનાને અનુસરી ભણેલી–ગણેલી પણ ઠીક છે. સારું ઘર છે. બોલ શો વિચાર છે? તું મારા પેટના દીકરા જેવો છું. વિચાર હોય તો લગીરે શરમાયા વના જણાવ.'

વિપિનને માજીના પેટમાં પેસી વાત જાણી લેવાની કોશિશનો અચ્છો પરિચય થયો. એણે આવી બાબતમાં સ્પષ્ટવક્તા થતાં જણાવ્યું:

'માજી તમારી વાતો સાચી છે. લો, બસ થયું? પણ હજી મારે ગળે વાત ઊતરતી નથી.'

આ સાંભળી ડોશીમા શું છંછેડાયાં!

'બધા પુરુષો સ્ત્રી પાછળ સતા થવાની ચાલ દેખાડે છે, પણ પાછળથી તો હું ય જીવતી હઈશ તો જોઈશ ના, સ્ત્રી વિના કેવો રૂપાળો ઘરસંસાર ચલાવો છો તે!'

માજીનાં આગ્રહ અને નારાજી વધતાં જતાં જોઈ વિપિને વાત બપોર પર ઠેલી. ગાડીએથી આવ્યાં ત્યારનાં થાક કે આરામ લીધો નથી, તેથી ય વિશેષ ભોજન પામ્યાં નથી, તેથી ડોશીમા જો નાહીધોઈ તૈયાર થાય તો રસોઇયાએ રસોઈ ઢાંકી રાખી છે એમ જણાવ્યું.

વટના કડકા જેવાં ડોશીએ તરત જણાવ્યું:

'તમે તમારે પરવારતા હો તે પરમાણે પરવારી લેજો. મેં તો જે વારથી રોકડો રંડાપો લીધો છે તે વારથી કોઈને ત્યાંનું અન્નપાણી હરામ બરોબર છે. હું મારી મેળે તળાવે નાહી આવીશ. કૂવેથી લોટો પાણી ખેંચી આણીશ અને સાથે ગાંસડીમાં ઢેબરાં બાંધી આણ્યાં છે તે પછી જમી લઈશ.'

વિપિને જૂના જમાનાનાં ડોશીમાને બહુ છંછેડવા ઉચિત ધાર્યું નહિ; એથી એમના મનસ્વીપણાને આ બાબતમાં શરણે થયો.

*

વરસેવરસે નવાં પંચાંગ નીકળતાં, જૂનાં પસ્તીમાં જતાં; તેમ વરસો વીતતાં કેટલાં ય શુભ લગ્નો વહી ગયાં તે દરમિયાન યોગ્ય અને અયોગ્ય પાત્રો એકમેકને જીવનમાં ભટકાઈ પડ્યાં. પણ બિચારો વિપિન! આકાશે ઘનઘોર વાદળથી છૂટી શરદની સ્વચ્છતા ધારણ કરી. સૂર્યકિરણો ઉત્સવના હાસ્યકિલ્લોલ પેઠે ઝાડપાનનાં ઝૂંડમાંથી ભાતીગર કારીગીરી દેખાડી રહ્યાં હતાં. તે દિવસોમાં શેરીઓમાંથી વરઘોડાનાં વાજાં રાત્રિએ લોકનિદ્રાનો ભંગ કરી રહ્યાં હતાં. પોતાના આનંદહીણા ઘરની સાથે હજારો ઘરના આનંદઉત્સવની સરખામણી કરતાં તે મનમાં બબડતો:

'વિધાતાએ મને જ કેમ આવો અક્કરમી પેદા કર્યો?'

વિપિન ત્યારે લગ્નોત્સવની ઋતુમાં પોતાના જીવનની નિષ્ફળતાના વિચારો કરતો. બહુ તો વરઘોડામાં, મિષ્ટાન્ન ખાવામાં સૌને સાથ આપતો, પણ સઘળી વેળા નિસાસો નાંખી તેણે ઘર પાછા ફરવા સિવાય કંઈ કર્યું હતું નહિ. ડોશીમાનો શાપ હવે છેક નિષ્ફળ ગયો તે કેમ કહેવાય? એની પૂર્વભૂમિકા આ રીતની હતી.

ઘરમાં શાક મોળવા એણે એક ધારદાર છરી ખરીદી આણી. તે શાક ભેગી આંગળીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમસમતો રહી ગયો. લોહીની ધડધડ ધાર વહેવા માંડી. સરકારી કાપડનિયમનને લીધે વિપિન ધોતિયાંને અભાવે પાયજામા પહેરતો એટલે વસ્ત્રછેડો કે ચિંદરડી લાવે ક્યાંથી? ઘરમાં સાડીથી કાયા ઢાંકનારનો મૂળમુદ્દે અભાવ. જેમ તેમ કરી કરોળિયાનું ખાઉ ઉખાડી, રૂ બાળી ઘા પર મૂકી, વહેતું લોહી અટકાવ્યું, પણ વિપિન બહુ હેરાન થયો. હિમ્મત હાર્યા વિના પડ્યું પાનું નિભાવી રહ્યો.

રસોઈની લંજાફમાં તે બહુ અટવાયો નહિ. રસોઇયો ઘેર રાખી લીધો છે. તે એની સાથે વહેલો ઊઠે છે. ઑફિસે જતા અગાઉ તે રોજ ઊનીઊની થાળી પીરસે છે. વિપિને ખુશ થઈ તેને કામચલાઉ ધર્મપત્નીનું બિરુદ આપેલું છે. દરરોજ કોણ જાણે શું ય ઊંધુંચતું વાળતો હશે તે આખો દિવસ બહાર રહેતા વિપિનને શી ખબર પડે? એક દિવસે મળસકે એ સુસુસુસુના જોરથી થતા અવાજથી સફાળો જાગી ગયો. જ્યાંથી અવાજ આવતો હતો તે રસોડા તરફ ગયો, મહારાજ સ્ટવને ધમધમાટ ચેતાવી બંબાની જાળી નીચે તેની જ્વાળા ધરી રહ્યો હતો.

'કેમ મહારાજ? આ શું કરો છો, વળી?'

'સાહેબ, બંબાના કોલસા ચેતાવું છું.'

'અરે, તારી અક્કલ! કોલસાને કાકડી વડે ચેતાવાય કે સ્ટવ વડે? એ રામશંકર!'

કોણ જાણે મહારાજ તે દિવસે એવો છંછેડાયો કે તોબરા જેવું મોઢું ચડાવી વિપિનને જમાડી ઑફિસે વિદાય કર્યો. પોતે ઘરના તમામ લખાચા અને તાજેતરમાં રસોઈ કરવા સોળાના ધોતિયાની ફડક લઈ રફુચક્કર થઈ ગયો તે આજની ઘડી ને કાલનો દહાડો. વિપિને તેને અગાઉથી અંગ-ઉધાર આપેલા રૂપિયા નાહી નાંખ્યા!

એક રવિવારે ઘરનું કામ કરી રહ્યા બાદ નોકરડી પણ પોતાના વસ્ત્રના છેડાવડે હાથ લૂછતાંલૂછતાં કહેવા લાગી:

'ભાઈ, બાઈ મનિષ હતી તિવારથી હું કામ કરું છું. તમારે તિયાં કોણ? એમ સમજી નિભાવતી આવી છું. મા'રાજ હુતો તિયાં સુધી ઠીક હતું. હવે તમો ઘેરમાં રિયા એકલા મરદ, મારી તો આબરુનું લીલામ થાય. મારાથી હવે કામ નહિ થાય. હું તો પે'લી તારીખે હિસાબ કરવા મારા મરદને મોકલીશ.'

પછી ઘરનાં વાસણો, કપડાંની સ્વચ્છતા, ખાટલા પરની ચાદર, બધામાં દરિદ્રતા અને જીર્ણતા પ્રકટ થવા લાગ્યાં. એટલું જ નહિ નાવણિયા પાસે સાબુવગરની ખાલી ડબ્બી તેનો પરિહાસ કરતી. શરીર લૂછવાનો ટુવાલ દરરોજ સંતાકૂકડી રમતો. ધોબીને ત્યાં નાખવાનાં કપડાંનો ઢગલો વિપિનના દુઃખનો મૂક સાક્ષી બની રહેતો. આમ ઘરની દરેક વસ્તુનાં ચિહ્નો અને એનો ઇતિહાસ વિપનના સજીવ હૃદયમાં દુઃખનો પયગામ પહોંચાડતાં રહેતાં હતાં. વિપિન મોં મચકોડતો અથવા કદી સખતાઈથી હોઠ ચાવી નાખતો.

પણ ત્યારે એની સામે રોજ-બ-રોજ ચાલી આવતા અનેક કાગળોની પંક્તિ તેના હૃદયમાં ધમ્માચકડી મચાવી મૂકતી. આંખો આગળ કાગળનાં મર્મવિદારક વાક્યો ઝડપભેર પસાર થવા લાગતાં.

પહેલો કાગળ: મારા એક સંબંધીની છોકરી મારે ત્યાં ઊછરી મોટી થઈ છે. પાલક પિતા તરીકે મેં મારી શક્તિ મુજબ શિક્ષણ અને સંસ્કાર આપ્યાં છે. માબાપવિનાની છોકરીનો કોણ ઝટ હાથ ઝાલે? તેથી ઉમ્મરે મોટી થવા છતાં કંઈ પત્તો લાગતો નથી. તમે આ કન્યા તરફ દયા લાવશો? તમારા જેવા ભણેલાગણેલા સંસ્કારી યુવક પાસેથી આટલી આશા ન રાખી શકું?

બીજો પત્ર: મારે એકની એક દીકરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ઉમ્મરલાયક થઈ છે. કોઈ સત્પાત્ર મળે તો ઋણમાંથી છૂટું. મારા ઘરમાંથી મારો રોજ જીવ ખાય છે. આટલામાં કયાં યે કોઈ સારો પંથવર, બીજવર, આખરે ત્રીજવર પણ શોધ્યો જડતો નથી.

ત્રીજો કાગળ બોલતો હતો : બહુ સુશીલ છોકરી છે. રાંધવા અને ઘરકામ ઉપરાંત ભરતકામમાં એની કોઈ જોડ નથી. હા, આજની સ્વચ્છંદતા તરફ લઈ જતી કેળવણી પામી નથી. તમારે સ્વપ્ને ય પસ્તાવું નહિ પડે.

ઉપરાંત કેટલા ય મિત્રોના આગ્રહો, મુરબ્બીઓની ભલામણો, કન્યાપક્ષની વિનતિઓ ચાલ્યાં આવે તેમાં કોઈ કુળનું આકર્ષણ, કોઈ ધનનું પ્રલોભન, તો કોઈ રૂપનો મોહ દેખાડે. પછી બીજા ઘરના જમાઈ થવાનું મન હાથમાં રહે ?

છતાં વિપિન અનિશ્ચિત રીતે મૂંઝાયા કર્યો. આરામખુરશી પર બેસી માથું ટેકવી રાતે આકાશના તારા જોવા લાગ્યો તેવો એનો ભૂતકાળ એને સજીવન થયો.

પોતાની મૃત પત્ની જેવી મોહક અને આકર્ષક કોઈ સ્ત્રી એને દેખાઈ નહિ. એ સ્ત્રી તો કંઈ સ્ત્રી હતી! એના જેવી ગૃહિણી તો ભાગ્યે જ જોવા મળે; પણ બિચારીને શરૂથી જ બીમારી લાગુ પડી. દવાઓના જોરે બચી તો સુવાવડે ભોગ લીધો. પોતે જ એના મૃત્યુનું કારણ હતો.

એણે હૃદયના આકરા દુઃખને હૃદયમાં જ સમાવા આંસુનાં દ્વાર જોરથી બીડી દીધાં. હૃદયની ખાણનાં હીરામાણેક ઠાલવીને આંસુના મોતીવડે હવે એક પિંજરાના સળિયાને શણગારવા બેઠો ન હોય! અંદર પંખી તો છે નહિ, એ કયારનું ઊડી ગયું હતું. તેને માટે એક જ વિકલ્પ હતો : કાં તો બીજું પંખી પાળવું કે...કે......

એને ઘડીભર લાગવા માંડ્યું, કે ઘરની બધી નિરાધાર જડ વસ્તુઓમાં કોઈ કોમળ હાથ સજીવનતા આણી શકે. નહિ તો બાકી ઘર તો આખું ખાડી જેવું કે સ્મશાન જેવું બની ગયું છે. તોફાનમાં સપડાયેલી હોડી પેઠે એનું હૃદય પછાડ ખાવા લાગ્યું. એનો શ્વાસ રૂંધાવા લાગ્યો. ઘેરાતા ગાઢ અંધકારમાં એને ઊંચેઊંચે ગગનનો દરવાજો દેખાયો. ત્યાં કલ્પનામાં ઊભા રહી એ રોતાં કારમી બૂમ પાડી ઊઠ્યો:

'મારા લગ્ન-ચોઘડિયાના તારાઓ! આજે તમે કેમ નિસ્તેજ દીસો છો ? ત્યારે તો મારા યૌવનના ધબકારા સાથે ઝબકારા મારતા હતા. વસંત રાગે યતિતાલ દેતા વાગી ઊઠતા હતા, પણ આજે ? તમો મારી આંખ આગળથી લુપ્ત થતા જાવ છો.'

આકાશમાંથી અંધકાર ઊતરી વિશેષ પ્રમાણમાં પૃથ્વી પર પથરાયો અને એ અંધકારનું બળ એના હૃદય પર આસન જમાવી બેઠું.

*

મનના નિશ્ચયને બધાએ વજ્રની ઉપમા આપી છે, પણ ખરી રીતે તો એ બરફની જેમ છે, એમ પણ કોઈ કે કહ્યું છે એ વિપિનની બાબતમાં કેટલું બધું સાચું છે! પરિસ્થિતિના તાપની ગરમી સહન થઈ ત્યાંસુધી તો એ નક્કર પથ્થર જેવો પણ જરા આંચ વધારે લાગી કે પીગળેલ પાણી. એ જીવન પણ કાચા ઘડા જેવું-ટક્કર ઝીલી ત્યાં લગી ઠીક, નહિ તો સહેજ ટકોર લાગી કે ફૂટી જવાનું. વિપિન પાકા ઘડાની માફક ઘૂમ્યો, પણ એ કાચો પુરવાર થયો!

વાત એમ બની, કે રજાના કોઈ ધન્ય દિવસની ટપાલમાં નમણા નાજુક મરોડવાળા કોઈ રમણીના હસ્તાક્ષરથી અંકિત થયેલો પત્ર આવી ચઢ્યો. તેમાં સેન્ટ છાંટેલું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલાબની પત્તીઓ પણ વેરેલી હતી. હતો તો થોડા દૂર દેશનો છતાં પાંખો કરી ઝડપથી અર્થાત્ વિમાનમાં આવ્યો હતો. વિપિને એના સ્વભાવ મુજબની જિદ્દી વલણથી મર્યાદાના ભંગ જેવા થઈ લખી દીધું, કે જ્ઞાતિની છતાં અજાણી યુવતી સાથે પત્રવ્યવહારમાં ઊતરવું બન્નેની આબરુને જોખમમાં મૂકવા જેવું છે.

વળતો જવાબ આવ્યો: 'તમારો પરિચય સાધવાની ઇચ્છાથી પત્રવ્યવહાર કર્યો છે. તેમાં પિતાની સંમતિ અગાઉથી લીધી છે. બેધાશક પત્ર લખજો. તમારા પરિચય અને મોટાની અપેક્ષા રાખી શકું ?'

પછી થોડો પત્રવ્યવહાર થયો. વિપિન પીગળ્યો, એણે કશુંક ગાંડુઘેલું ય લખ્યું.

એક દિવસ સામેથી પત્ર આવ્યો: 'રજામાં મારાં બહેન-બનેવી અત્રે આવેલાં છે. તમારો પત્ર બરાબર બિડાયેલો નહિ હોવાથી અડધો-પડધો ઉઘાડો રહી ગયેલો હતો, તે બહેનની બેબીએ ઉઘાડી નાખ્યો. બહેને તે વાંચ્યો, બનેવીએ તેના હાથમાંથી ઝડપી લીધો. તેઓ હવે મને ખીજવે છે. મારી ભારોભાર મશ્કરી કરે છે, શો ઉત્તર આપવો ?'

વિપિન મૂંઝવણમાં પડી ગયો. તેણે જવાબ ન વાળ્યો; એટલે એને બીજો પત્ર આવી મળ્યો: 'અને ધારો કે મારો વિચાર હોય તો શું તમે હવે ના પાડશો ? વાત અહીં તો એટલે સુધી વધી ગઈ છે કે તમારી 'ના'થી હું ભારે યાતનામાં મુકાઈ જઈશ.'

વિપિને સહાનુભૂતિપૂર્વક વિચાર કરવા લખી દીધું. એવું જ એને તેડું આવ્યું. ઘણા આગ્રહને કારણે કશા ય ઉમંગ વિના ચૂપચાપ ઊપડ્યો. પરિચય સાધી તે પોતાને મુકામે આવ્યો, ત્યારે ત્યાં આપેલા વચન મુજબ એણે કાગળ લખ્યો:

'ત્યાંથી નીકળ્યો પણ મને લાગ્યા કરતું કે હું કશું પાછળ મૂકતો આવ્યો છું. ક્યાં સુધી કશી ગમ ન પડી. આ જોયું તે જોયું. ખિસ્સાપાકીટ ફેંદ્યાં, ટ્રંકબિસ્તરો તપાસ્યાં, અચાનક ભાન થયું, હાં, બરોબર હૃદય મૂકીને આવ્યો છું.'

એનો વિપિનને વળતો ઉત્તર મળ્યો:

'તમે એવા તે કેવા બેશરત કે અહીં કશુંક ભૂલી ગયા ? તમે બડા ચાલાક છો. તમે શું ભૂલી ગયા એની વાત લખો છો, પણ અહીંથી સાથે શું લઈ ગયા છો એની મહેરબાન વાત જ નથી કરતા ! તમને થશે શું ? મારી નિદ્રા !'

વિપિન હૃદય ગુમાવી બેઠો, ને પેલી નિંદર.

આ અરસામાં જ ફાગણ ઊતરી ચૈત્ર બેઠો હતો. પોતાના પ્રચંડ તાપથી બરફ જેવા હૃદયને પિગળાવી વિપિનના હૃદયમાં સ્નેહનો પ્રવાહ વહેવડાવ્યો. યોગાનુયોગ આવ્યો લગ્નનો. હિંદુશાસ્ત્રમાં મુહૂર્તની ક્યાં કમી છે ? ટીપણાનો શો તોટો છે ? અને ગોરદેવ મંગળાષ્ટક ક્યાં ભૂલી ગયા છે ? શુભ લગ્ન શુભ મુહૂર્ત સાવધાન થઈ ગયું. વિપિનના મિત્રપરિવારે ભેટ-સોગાદો ઉપરાંત આશિષોશુભેચ્છાઓનો વરસાદ વરસાવ્યો:

મધુગીત બનો તમ હૃદયમાં નિત બજંતિ રાગીણી,
જીવનસાગર પર પ્રભો ! વર્ષો બનીને ચાંદની.

એક મિત્રની ભાર્યાએ ઉપર મુજબની વધાઈ ગાઈ સંભળાવી.

*

વીજળીવેગે વાત ગામમાં, ન્યાતમાં અને જાતમાં ફેલાઈ ગઈ, 'નહિ પરણવાની ઘેલછા લઈ બેઠેલા વિપિનભાઈ પરણ્યા છેવટે!' બીજાના કૃત્યનો તોલ કાઢવા બેસી જનારા ઘણા હોય છે. એવા એક સુધારાવાદીએ વિપિનના આ કૃત્ય પ્રત્યે નાપસંદગી જાહેર કરી. 'વિધુરે તો વિધવાને જ પરણવું જોઈએ' જણાવી ક્યાંકથી ગોખેલી દલીલ કરી:

'હિંદમાં માણસની સરેરાશ આવરદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવીશ વરસની. તમો છો તેત્રીશ. તે હિસાબે તમો વૃદ્ધ છો. વૃદ્ધ તો શું ? મરીને ફરી જનમો તો દશ વર્ષના થયા ગણાવ. તો પછી ફરી પરણવા કેમ તૈયાર થયા ?'

આ ગણતરીનો આશય ગમે તે હોય પણ તર્કનો ગેરઉપયોગ જીવનમાં ઘણી બાબતમાં થાય છે તેમ થયો હતો એમ લાગ્યા વિના રહ્યું નહિ.

એક ભાઈએ દાંત કચકચાવી લખી નાંખ્યું હતું: 'શું મારા ભાઈ, મોટીમોટી દીકરીઓનાં માંગાં લઈ અમે જયારે તમારા ઘરના ઉંબરા ઘસી થાકયા, પણ તમે એકના બે થયા નહિ. નાકનું ટીચકું ચઢાવી ના ભણી. હવે કેમ નકટા થઈ ઘોડે ચઢી આવ્યા ? તમે પાપછૂટી વાત કરી હોત તો અમે થોભી જાત. છેવટ દગો કર્યો કે ? તમારા જેવા સજ્જન માટે શોભાસ્પદ છે, આ ?'

મોડામોડે ય પેલાં વૃદ્ધ ડોશીમાનો કાગળ આવ્યા વિના રહ્યો નહિ. ત્યારે જ વિપિનને ખાતરી થઈ, કે સમાજની ખાંધ જેવાં ડોશીમા હજી જીવે છે. તેમાં તેમણે કોઈની પાસે લખાવ્યું હતું:

'વિપિનભાઈ, સારું થયું તમે પરણ્યા તે. તમારી ના કીધે મારા ભાઈની દીકરી કુંવારી નથી રહી ગૈ કંઈ. એને તો ખાસ્સું કુળના કકડા જેવું ઘર મળ્યું છે. ઘરની સ્થિતિ જરા પાતળી છે, પણ એમાં શું થઈ ગયું ? છોકરો કામધંધે વળગ્યો નથી, પણ છોકરીનું નસીબ કંઈ વેચી ખાધું છે ? પાળીપોષી લાડકોડમાં ઉછેરેલી દીકરી બેપાંચ વરસ ઘેર રહી તો ય શું ? અમારે ત્યાં જાર નહિ ખૂટી જાય. પણ મેં તે દિનું નંતું કહ્યું કે તમે તો શું, તમારો ભા પરણશે. પુરુષોથી નોધારા રહેવાયું છે ? વિધવાનું મન જ પાંકા વાસણ જેવું હોય છે. તે દુઃખે રીઢું થાય છે, વિધુરનું જીવન કાચા ઘડા જેવું હોય છે. દખનો તાપ તેનાથી સહન નથી થતો. એમાં તડ પડી જાય છે...એ ધીરજ, એ ખંત અને માથા પર આભ તૂટી પડે તો પણ ઝીલવાની શક્તિ માત્ર હિંદુ અસ્રીમાં–અમારા જેવી જૂના જમાનાની વિધવામાં જ છે. એનું અનુકરણ કરવા કોઈકકોઈક મરદ શરૂશરૂમાં સત્તા તરીકેની ચાલ ચાલે છે, પણ પછી કોણ જાણે અકસ્માત જ કોઈ સ્વયંવરમાં જઈ ચઢે છે!'

ભગવાન બચાવે! આવી આકરી ટીકાનો ભોગ જે નથી થઈ પડ્યો તે ભાગ્યશાળી ગણાવો જોઈએ. વિપિન જેવા બીજા અનેક હતાશ માણસોના નિઃશ્વાસ સાથે ભળી વિપિનના મનની મૂંઝવણ વધારવા લાગ્યા. અભાગી વિપિને ઉપરના બધા પ્રશ્નોના જવાબો ન આપ્યા. એનું તો મોઢું જ સિવાઈ ગયું. લખતાં કલમ થીજી ગઈ. જવાબ દેવાનું એને માટે અસંભવિત હતું એમ નહિ પણ એણે શાંત રહેવાનું વધુ પસંદ કર્યું. પરંતુ મૌનથી હમેશ આપત્તિ ટળતી હશે ?

વિપિનના કાર્યમાં વિક્ષેપ નાખી એક વખતનાં ઉમેદવાર ભણેલાંગણેલાં અને સુધારકનો સ્વાંગ ધારી આવેલાં એક બહેને એમાં ઊધડો લીધો. તેની ચાવળાઈને ડામતાં કહેલું: 'ઠૂંઠું થયેલું ઝાડ, એમ તો નવપલ્લવિત થાય છે.' અને જુસ્સામાં આલંકારિક ભાષામાં પ્રશ્ન કરેલો:

'અરે, રંડાઈ ગયેલું વન ફરી જરીજામાનો પોશાક શાને સજે છે ?'

એના ઉત્તરમાં વિપિનનો જવાબ હતો!

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રદ્ધા ને સંશય

લેખક :
શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ
એમ. એસ. સી. (લંડન) બાર-એટ-લૉ.

યુવકોના માનસમાં કેટલીક વાર શ્રદ્ધાને ગૌણ સ્થાન હોય છે. 'અમે તો જે જોઈ શકીએ તે જ માનીએ અથવા જે બુદ્ધિગ્રાહ્ય હોય તે જ સ્વીકારીએ. તમે અમને કારણ આપ્યા વિના શ્રદ્ધાથી માની લેવાનું કહો તે અમે માની શકવાના નથી.' આવી મતલબના વિચારો યુવકો ઘણીવાર વ્યક્ત કરે છે. આ વિચારસરણી સમજી શકાય એવી છે. ઘણીવાર એમ કહેવામાં આવે છે, કે ધર્મમાં બુદ્ધિને સ્થાન નથી, ધાર્મિક સત્યો શ્રદ્ધાથી સ્વીકારવાં જોઈએ, એટલે આના વિરોધ તરીકે ઊલટી મનોદશા જન્મે છે, કે શ્રદ્ધા કરતાં સંશયથી સત્ય વધારે જડે છે.

આવા જ કોઈ કારણથી પ્રખ્યાત ફ્રેંચ તત્ત્વવેત્તા ડેકાર્ટને જ્યારે પોતાના તત્ત્વજ્ઞાનનું ચણતર કરવું હતું, ત્યારે તેણે શરૂઆત કરી સંશયથી–નહિ કે શ્રદ્ધાથી. સંશય એ જ સારામાં સારી કસોટી છે એમ તેણે પોતાના તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત રાખ્યો. જેમ સોની કસોટીના પથ્થર પર સોનું પારખે છે તેમ તેણે સંશયની કસોટી પર સત્ય પારખવા માંડ્યું. પરમેશ્વરનું અસ્તિત્વ છે? ના, એ વિષે સંશય છે. જગત છે? ના. આ પ્રમાણે તેણે બધી વસ્તુઓ નકારવા માંડી. ત્યારે છે શું? જગત, આત્મા, પરમાત્મા કોઈ નથી તો અસ્તિત્વ શેનું છે? એણે વિચાર કરવા માંડ્યો, 'સંશય કરતાંકરતાં સંશય વિષે હું સંશય કેમ લાવી શકું?' અર્થાત્ 'હું સંશય કરું છું' એની એને ખાતરી થઈ: 'હું વિચારું છું, એટલે 'હું' અસ્તિત્વ ધરાવું છું' એ એનું વાક્ય બહુ જાણીતું છે.

પછી 'વિચાર કોણ કરે છે?' મન: 'મનમાં વિચાર કોણ મોકલે છે?' પરમેશ્વર; વગેરે-વગેરે સવાલ-જવાબોથી તેણે પોતાનું, મનનું, જગતનું, પરમેશ્વરનું અસ્તિત્વ સ્વીકાર્યું. આ પ્રમાણે આ પ્રખર સંશયવાદીએ પણ આખરે શ્રદ્ધાનો આશરો લીધો.

જીવનમાં શ્રદ્ધા બહુ અગત્યની છે, પણ અંધશ્રદ્ધાથી ચેતતા રહેવાનું છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે ફેર એટલો કે સાચી શ્રદ્ધામાં બુદ્ધિગ્રાહ્ય તત્ત્વ છે, જ્યારે અંધશ્રદ્ધામાં નથી. અમુક વ્યક્તિમાં અથવા અમુક સિદ્ધાંત કે માન્યતામાં આપણને શા માટે શ્રદ્ધા છે તેનાં કારણો આપી શકીએ છીએ અને આપણી શ્રદ્ધા ઓછી થાય એવી હકીકતો વિષે વિચાર કરવાને આપણે તૈયાર છીએ. અંધશ્રદ્ધામાં બુદ્ધિને સ્થાન નથી: 'રાત કહો તો રાત ને દિવસ કહો તો દિવસ' એના જેવું માનસ છે. જ્યાં શ્રદ્ધાના પાયાનો જ વિચાર કરવાનો નથી, ત્યાં એની વિરુદ્ધની હકીકતોનો વિચાર કરવાનો ક્યાંથી જ હોય? આપણે થોડા દાખલા લઈને આ શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો તફાવત સમજીએ.

ઈ. પૂ. ચોથી સદીમાં એરિસ્ટોટલ નામે તત્ત્વજ્ઞાની ને ગણિતશાસ્ત્રી થઈ ગયો. એ ઘણો જ બુદ્ધિશાળી હતો અને એનાં લખાણ પ્રમાણભૂત ગણાતાં હતાં. આથી 'એરિસ્ટોટલે લખ્યું હશે એટલે સાચું હોવા સંભવ છે' એમ કહેવું તે શ્રદ્ધાની નિશાની છે, પણ એમ કહેવું કે તે ખોટો હોય જ નહિ એ અંધશ્રદ્ધા કહેવાય. એક બાબતમાં એ ખોટો ઠર્યો: એરિસ્ટોટલના મત પ્રમાણે એક રતલના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથરા કરતાં દસ રતલનો પથરો દસગણો ઝડપે પડવો જોઈએ. પાઈઝાના નમેલા ટાવર પર ચઢીને ગેલિલિઓએ આ પ્રયોગ કર્યો. તેણે એક એક રતલનો ને એક દશ રતલનો એમ બે પથરા અને એક જ સાથે બંનેને નીચે પડવા દીધા. એરિસ્ટોટલના મત પ્રમાણે દસરતલી પથરો વહેલો નીચે પડવો જોઈએ, પણ બંને સાથે નીચે જમીનને અથડાયા. એરિસ્ટોટલ ખોટો ઠર્યો, ગેલિલિઓ સાચો ઠર્યો. છતાં આ પ્રયોગ જોનારામાંથી કેટલાકે કહ્યું: 'આ પ્રયોગ ખોટો છે; કારણકે ગેલિલિઓ ખોટો હોવો જોઈએ અને એરિસ્ટોટલ સાચો હોવો જોઈએ!' આ કેટલી અંધશ્રદ્ધા!

બીજો દાખલો લઈએ. પંડિત જવાહરલાલ નહેરુએ દેશની કેટલી સેવા કરી છે! એમના સ્વાર્થત્યાગ, દેશપ્રેમ અને આદર્શો ઉચ્ચ છે તે માટે કોઈને શંકા જ નથી. એટલે જવાહરલાલ કંઈ કરે તે દેશને ફાયદાકારક હશે એમ માનવું એનું નામ શ્રદ્ધા, પણ જવાહરનું કોઈ પણ કાર્ય ટીકાપાત્ર ન જ હોઈ શકે એમ માનવું તેનું નામ અંધશ્રદ્ધા.

ત્રીજો દાખલો લઈએ. પરમેશ્વરમાં આપણે માનીએ છીએ તે શ્રદ્ધા છે કે અંધશ્રદ્ધા? આપણામાંના ઘણા આપણી માન્યતા માટે કારણો આપી શકીએ છીએ એટલે આપણી શ્રદ્ધા સાચી ગણાય. જેઓએ એ વિષયમાં વિચાર જ ન કર્યો હોય તેમની અંધશ્રદ્ધા ગણાય.

પણ આ શ્રદ્ધા કે અંધશ્રદ્ધા કેટલી ઉપરછલ્લી હોય છે તેનો આપણને ઘણીવાર અનુભવ થાય છે. આપણે કહીએ છીએ, 'પરમેશ્વર કરે તે સારા સારુ' પણ સહેજ આપત્તિ આવી પડે છે તેટલામાં કેટલા ગભરાઈ જઈએ છીએ? 'દાંત આપ્યા છે તો ચવાણું આપી રહેશે,' અથવા 'કીડીને કણ ને હાથીને મણ' પરમેશ્વર આપી રહે છે એમ મોંએથી બોલીએ છીએ, પણ નોકરી છોડવાની નોટિસ મળતાં આ શ્રદ્ધા ક્યાં અદૃશ્ય થઈ જાય છે? શ્રદ્ધા તો કોની કહેવાય? 'દઈ દો સાતસો ઘેર નોતરાં' કહેનાર નરસિંહ મહેતાની!

સાચી શ્રદ્ધા તો એ જ છે, કે જેની પાછળ કાર્ય છે, નિષ્ઠા છે, સ્વાર્થત્યાગ છે. 'સત્યમેવ જયતે'ના સિદ્ધાંતમાં માનનાર વકીલ કોર્ટમાં જૂઠું બોલે તો એ સિદ્ધાંતમાં એને શ્રદ્ધા છે એમ ન કહી શકાય. આજે હિંદુસ્તાનમાં કરોડો સ્ત્રી-પુરુષો એવાં છે, કે જેઓ એમ કહેશે કે એમને ગાંધીજીના સિદ્ધાંતમાં શ્રદ્ધા છે, પણ એમને ખાદી મોંઘી પડે છે ને કાંતવાનો વખત નથી. આવાંની શ્રદ્ધા નામની જ છે કે બીજું કંઈ?

આપણી શ્રદ્ધા કેટલી મજબૂત છે તેનું માપ કેટલીક કસોટી પરથી આવે છે. જે શ્રદ્ધા પહેલી કસોટીએ જ તૂટી જાય તે સુતરને તાંતણે લટકી રહેલા જેવી છે. ખરી શ્રદ્ધા તો એ જ છે કે જે ઓછી થવાનાં કારણ છતાં અડગ રહે. આપણા ટેબલ પરની ઘડિયાળ ચોરાઈ જાય તે વખતે આપણે ત્યાં દસ વરસ ખૂબ પ્રામાણિકતાથી રહેનાર નોકરને વગર કારણે કાઢી મૂકીએ તો નોકરની પ્રામાણિકતામાં આપણી શ્રદ્ધા નામની જ ગણાય.

આ દૃષ્ટાંત પરથી સમજાશે કે કોઈ પણ સિદ્ધાંત કે વ્યક્તિ વિષે વિચાર કરીએ, ત્યારે એનો સમગ્ર વિચાર કરવો જોઈએ, માત્ર એક જ દાખલા પરથી અભિપ્રાય બાંધવો જોઈએ નહિ. દાખલા તરીકે, કોઈ કહે કે ગાંધીજી અહિંસાના સિદ્ધાંતથી જીન્હાનો હૃદયપલટો ન કરી શક્યા માટે એ અહિંસા નકામી છે તો તે બરાબર નથી. એ જ અહિંસાના સિદ્ધાંતથી ૧૯૨૦ પહેલાં ચંપારણ્યમાં સફળતા મળી, અમદાવાદની મિલ હડતાળમાં સ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

...તા મળી અને ત્યારપછીનાં વર્ષોમાં હિંદુસ્તાન સ્વતંત્ર થયું. અહિંસાના સિદ્ધાંત ...ફે વિચાર કરતી વખતે આ બધી વાતોનો ખ્યાલ રાખવો જોઈએ.

આપણા રાજકીય નેતાઓ પરથી આપણી શ્રદ્ધા કેટલા થોડામાં ડગી જાય છે? હજી ...ક સુધી એમની ત્યાગવૃત્તિ માટે આપણને ...મ હતું, એમને મોટરકારનો મોહ નથી એમ આપણે સ્વીકારતા અને આજે એ જ લોકો નવી મોટરકાર લે છે તો આપણે ટીકા કરીએ છીએ! એક દિવસ પંતપ્રધાન ખેરને ઘેર એક ...ની સભા હતી ને એમને ત્યાં પૂરતા પ્રમાણમાં સારી ખુરશીઓ નહોતી એટલે કોઈ કે કહ્યું, 'તમે થોડી નવી ખુરશીઓ લઈ લો ને' ત્યારે ખેરસાહેબે જવાબ આપ્યો, 'વળી અમારે જનતાને એ માટે સમજૂતી આપવી પડશે'! આપણા નેતાઓમાં આપણે વધારે શ્રદ્ધા રાખવી જોઈએ. ઇંગ્લૅન્ડમાં હમણાં કપરા દિવસોમાં પણ લોકોએ નેતાઓમાં શ્રદ્ધા ખોઈ નહોતી! અને આપણે ત્યાં બે અઠવાડિયાં ખાંડ ઓછી મળે કે લોકોની નેતાઓ પરની શ્રદ્ધા તૂટવાની! આ તો કરોળિયાનાં જાળાના તાર પર લટકેલી શ્રદ્ધા કહેવાય!

જીવનમાં શ્રદ્ધા બહુ અગત્યનો ભાગ ભજવે છે. દુનિયાનાં ઘણાં મહાન કાર્યો શ્રદ્ધા વિના ન જ બની શકત. આત્માના અમરત્વમાં અને બીજી માન્યતાઓમાં શ્રદ્ધા ન હોત તો સોક્રેટિસ ઝેરનો પ્યાલો પ્રફુલ્લ ચિત્તે પી શકત? જો કોલંબસને પોતાની માન્યતામાં શ્રદ્ધા ન હોત તો તે અમેરિકા શોધી શકત? વિજ્ઞાનની શોધો પાછળ કેટલી શ્રદ્ધાનું બળ છે? એડિસને હજારો નિષ્ફળ પ્રયોગો કર્યા પછી જ વીજળીનો દીવો શોધી કાઢ્યો હતો. એક દવાનું નામ '૬૦૬' છે, તેનું કારણ એ છે કે ૬૦૫ નિષ્ફળ પ્રયોગો કર્યા પછી ૬૦૬મો એ પ્રયોગ સફળ થયો હતો. કેટલા ય ટન મિશ્રણમાંથી એક ચોખાભાર કરતાં ય ઓછું રેડિયમ શોધવા માટે મેડમ ક્યૂરીને કેટલા પ્રયોગો કરવા પડ્યા હતા? આ બધા પ્રયોગો પાછળ અખંડ તપ હતું અને તપ શ્રદ્ધા વિના થઈ શકે નહિ.

જો શ્રદ્ધાની તરફેણમાં આ બધું કહી શકાય તો સંશયને શું જીવનમાં સ્થાન નથી? સંશયનો સૌથી સારો ઉપયોગ અંધશ્રદ્ધાનો નાશ કરવા માટે છે. અંગ્રેજીમાં કહ્યું છે, કે 'જ્યાં સંશય છે ત્યાં સત્ય છે, સંશય સત્યનો પડછાયો છે.' પરમેશ્વરના અસ્તિત્વ વિષે શંકા લાવીએ પણ તે સત્યની શોધ માટે હશે તો તેમાં આપણને નૈતિક તેમ જ આધ્યાત્મિક લાભ છે. આ શંકા પછી જો પ્રભુના અસ્તિત્વમાં શ્રદ્ધા આવશે તો તે વધારે દૃઢ હશે અને શ્રદ્ધા નહિ આવે તોપણ આ પ્રામાણિક સંશયથી નૈતિક લાભ થશે. એક વૈજ્ઞાનિકને એના પુત્રના મરણથી દુઃખ થયું, ત્યારે કોઈ કે એને આત્માના અમરત્વમાં માનવાનું કહ્યું. એણે જવાબ આપ્યો, કે એ માન્યતાથી પોતાને જરૂર આશ્વાસન મળે, પણ એવા આશ્વાસન માટે જેમાં એ ન માનતો હોય એ માન્યતા એ ધરાવી ન શકે. આ જાતનું માનસ સત્યનું પૂજક કહેવાય. બહારથી ભલે આ 'સંશય'ને 'અશ્રદ્ધા' લાગે, પણ બીજી દૃષ્ટિએ જોઈએ તો આ સાચી શ્રદ્ધા છે અને સત્ય શોધવાનો પ્રામાણિક પ્રયાસ છે.

જેમ અમુક મતમાં કે વ્યક્તિમાં શ્રદ્ધા કેમ રાખવી જોઈએ તે માટે કારણો આપી શકાય છે તે જ પ્રમાણે અશ્રદ્ધા કેમ રાખવી જોઈએ તે માટે પણ કારણો અપાય છે અને એ કારણો ખોટાં જ છે એમ કહી શકાય નહિ. તત્ત્વજ્ઞાનમાં સંશયવાદ (અં. સ્કેપ્ટીસીઝમ) નામનો વાદ સ્વીકારવામાં આ૦

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પરમેશ્વરનું તો શું પણ જગતનું, પદાર્થનું જીવન કશાનું અસ્તિત્વ નથી, એવો વાદ પણ રાખવામાં આવ્યો છે.

અમેરિકામાં એક યુવક ડૉ. લિંક નામના માનસશાસ્ત્રી પાસે ગયો ને એણે કહ્યું, કે એ કશામાં માનતો નથી. દેવળમાં શા માટે જવું જોઈએ, મિત્રોને શા માટે મળવું જોઈએ—એ કશાની જરૂરિયાત એને લાગતી નથી. આજીવિકા માટે પોતે કામ કરે છે તે કામ શું જરૂરનું છે ને એ કામ પોતાના સિવાયના બીજા શું વધારે સારી રીતે ન કરી શકે? તો પછી કામ કરવાની પણ જરૂર શી? કોઈ પણ માન્યતા રાખવાની કે કામ કરવાની અગત્ય એને લાગતી ન હતી. ડૉ. લિંકે આ બધું સાંભળ્યા કર્યું ને કહ્યું કે જે મત એ ધરાવે છે તેની સામે એક પણ દલીલ નથી. એણે કહ્યું, કે એ એથી પણ આગળ જવા માગે છે. છરી-કાંટાથી ખાવાની શી જરૂર છે? કોટ-પાટલૂન પહેરવાની શી જરૂર છે? જરૂર કશાની નથી; પણ એ કંઈ તમે ન કરો તો જીવનમાં તમને સંતોષ છે? કે જીવનમાં કંઈક ઊણપ લાગે છે? જો જીવનમાં ઊણપ લાગતી હોય, જીવન વધારે ઉપયોગી કરવું હોય, જો જીવનનો હેતુ પાર પાડવો હોય તો શ્રદ્ધા જરૂરી છે.

૧૯૧૯ની સાલમાં જ્યારે ગાંધીજી હિંદના રાજ્યપ્રકરણમાં દાખલ થયા, ત્યારે હિંદની સ્થિતિ કેવી હતી? પણ અહિંસાના શસ્ત્રમાં ગાંધીજીને કેટલી શ્રદ્ધા હતી! ૧૯૩૦ની સાલમાં જ્યારે ગાંધીજીએ ૮૦ અહિંસક સૈનિકો સાથે દાંડીકૂચ કરી, ત્યારે શું કલ્પના કરી શકત કે ૧૭ વરસમાં એ સ્વરાજ્ય અપાવશે?

નોઆખલીમાં એક નાના સરખા સાંકડા પૂલ પરથી જતા ગાંધીજીનું એક બહુ સુંદર ચિત્ર છે. ચોમેર હિંસા પ્રસરી રહી હતી, ત્યારે એ પોતાના દંડા સાથે ધીમે પગલે નોઆખલીમાં લગભગ એકલા ભટકતા હતા!

'ડુંગર ડગે, ડગે દેવતા રે લોલ,
તો યે ડગે ન એના ટેક.'

'એકલો જાને રે' એ ગીત એમનામાં મૂર્તિમંત થયું હતું અને એમના જીવનમાંથી આપણને ગીતાના શ્લોકો માટે પૂરતો પુરાવો મળે છે:

श्रद्धावान् लभते ज्ञानं. तत्परः संयतेन्द्रियः।
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति॥
अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः॥

★

ગાંધીજીએ ઘણી વખત ઉપવાસ કર્યા છે. આવા એક ઉપવાસ વખતે તે ડૉ. બિધનચંદ્ર રૉય પાસેથી ૨૫ રૂપિયા શરતમાં જીત્યા હતા.

ડૉ. બિધનચંદ્ર રૉયને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે ગાંધીજીને બંગાળી લિપિ આવડતી હશે; એટલે તેમણે ગાંધીજીને પોતાનું નામ બંગાળી લિપિમાં લખવાનું અહિંસક આવાહન કર્યું.

બાપુજીએ હસતા પૂછ્યું: 'હું નામ લખી દઉં તો તમે શું આપો?'

ડૉ. રૉયે સત્વર જવાબ આપ્યો: 'આપ બંગાળી ભાષામાં નામ લખી આપો, તો હું પચીસ રૂપિયા હારું.'

તે જ વખતે ડૉક્ટર રૉયની થેલીમાંથી પચીસ રૂપિયાનો ભાર હળવો થયો અને હરિજનોની થેલીમાં ઉમેરો થયો.

છો. મા. કા.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાની પિછાન

લેખક :
શ્રી જગદીશ પરમાર

આથમતા સૂર્યનાં કોમળ કિરણોનો પ્રકાશ સ્ટેશનના છાપરા ઉપર હજી પડતો હતો, ત્યાં ગાડી સુરેશને લઈ યાર્ડ-માં દાખલ થઈ. ચાર મોટી ટ્રંકો, એક બિસ્તરો, પાણીનો કૂંજો, ટિફિન-બૉકસ એટલું મજૂરની મદદથી ડબાની બહાર કાઢયું અને બીજા વર્ગની સુંવાળી ગાદી ઉપર જ્યાં-ત્યાં વેરાયેલાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી સામયિકો એકઠાં કરી, કાંઈ રહી ગયું નથી એવી ખાતરી કરે ત્યાં એંજિને પાવો કર્યો અને પૈડાં પાટા ઉપર સરવા લાગ્યાં.

'એ સાહેબ! ઉતાવળ કરો! ગાડી ઊપડી!'

'આટલી વારમાં?'

દલીલને અત્રકાશ નહોતો. રામપર નાનું સ્ટેશન હતું. એક ધીમો શ્વાસ લેવા પૂરતો મેઈલ અહીં થોભતો હતો. નિર્જન વગડામાં આવેલા આ સ્ટેશનમાં એવી શી વિશેષતા હતી કે મોટાં શહેરોમાં નિરાંતે થોભવા ટેવા-યેલો મેઈલ અહીં થોભે! ચાના સ્ટોલ અહીં નહોતા. ચોપડીઓ કે ચોપાનિયાં વેચનારનું છાપરું અહીં નહોતું. ખોરા તેલમાં બનાવેલ ગાંઠિયા કે ચેવડો વેચનાર કોઈ મેલોઘેલો ફેરો અહીં નહોતો. કપાસની મોસમ પણ નહોતી કે કોઈ ધાંધલિયા વેપારીનાં અહીં દર્શન થાય. દૂરથી દેખી અહીં આવવા મન થાય એવી સારી ફૂલવેલ પણ સ્ટેશનના છાપરા ઉપર નહોતી. દૂરદૂર અનેક સુંદર શહેરોને મોખરે નવયુગને અનુકૂળ ઘોંઘાટ ને કોલાહલને વરેલાં મોટાં સ્ટેશનોનો મેઈલને ક્યાં ઓછો મોહ હતો કે આવા સૂમખડીબારસ સ્ટેશને લાંબા પંથનો થાક ઉતારે?

બેચાર છાપાંઓ સુરેશે ઝડપથી વીણી લીધાં અને ચાલતી ગાડીએ તેણે કૂદકો માર્યો ત્યારે પેન્શનની અણીએ પહોંચેલા સ્ટેશન માસ્તર ગભરાઈને બૂમ પાડી ઊઠ્યા:

'અરે! અરે! મિસ્તર! જાળવો. સાહસ ન કરો.'

પરદેશના સ્વતંત્ર વાતાવરણમાં ઊછરેલ સુરેશને આ ચેતવણી વ્યર્થ લાગી. આવી ઝડપે તો એ કેંક વાર ટ્રેનમાંથી ઊતર્યો હતો. ઝડપથી દોડી જતી ટ્રામનો, બસનો સળિયો પકડી, ઉપર ચડી જવું કે નીચે ઊતરી જવું સુરેશને સહજ હતું, સ્ટેશન માસ્તર તરફ હળવું બેદરકારીભર્યું સ્મિત કર્યું અને એ પોતાના સામાન તરફ ફર્યો.

'બીજો કોઈ મજૂર નથી?'

'જી,! આટલું હું ઊચકી લઈશ. પણ...'

'પણ શું?'

'આપને ક્યાં જવું છે?'

'સીતાપુર.'

'અત્યારે કોઈ વાહન નહિ મળે.'

'કેમ?'

મજૂર મૌન રહ્યો.

ટ્રેનને છેલ્લું સિગ્નલ આપી સ્ટેશન માસ્તર આ અજાણ્યા ઉતારુ પાસે આવ્યા.

'વેઇટીંગરૂમમાં આજની રાત સગવડ થશે?' સ્ટેશન માસ્તરને જોઈ સુરેશે પૂછયું.

સિમેન્ટનાં પતરાંના બનેલા સ્ટેશન તરફ સ્ટેશન માસ્તરે દૃષ્ટિ કરી, એ દૃષ્ટિ પાછળ જે કહેવાનું હતું તે સ્પષ્ટ હતું. એક જ ઓર-ડીને એ છાપરું ઢાંકી રહ્યું હતું. એ ઓરડી સ્ટેશન માસ્તરની ઑફિસ હતી, ટેલિગ્રાફ ઑફિસ હતી, સ્ટોર રૂમ હતો, રેકર્ડ રૂમ હતો. વેઈટીંગ રૂમનું કામચલાઉ નામ આપી શકાય એવી બીજી ઓરડીનું ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસ્તિત્વ નહોતું. ઉતારુઓની રોજની ધમાલ અને પોતાની અંગત મુશ્કેલીઓ વચ્ચે જીવતા સ્ટેશન માસ્તરને મન આ એકલ-દોકલ ઉતારુ–સુરેશ આજની રાત, આ બધા સામાન સાથે ક્યાં વિતાવશે એ બહુ વિચારવાનો પ્રશ્ન નહોતો.

'અહીં તો કશી સગવડ નથી.' કહી એ એની ઑફિસ તરફ જવા લાગ્યા.

સૂર્ય વૃક્ષોનાં ઝૂંડ પાછળ ડૂબી ગયો હતો. ડૂલ થતા વેપારીની આખરી મૂડી જેવો થોડો ઉજાસ સ્ટેશન યાર્ડમાં હજી પથરાયેલો હતો. એ રહ્યોસહ્યો ઉજાસ અસ્ત થયા પછી આજની રાત ક્યાં ગાળવી એ ચિંતા સુરેશને ઘેરી વળી.

'તો મારે શું કરવું ?' ઘડી પહેલાં થનગનતા સુરેશે હતાશ બની પૂછયું.

ઉતારુએ શું કરવું એના કરતાં ઉતારુએ શું ન કરવું એ પ્રશ્ન પુછાયો હોત તો રેલવે તંત્રમાંના પોર્ટરથી માંડી અધિકારી સુધી એક વ્યાખ્યાન આપવા જેટલી તૈયારી બતાવત, પણ પ્રશ્ન ઉતારુની સગવડનો હતો. એ પ્રશ્ન ઉચ્ચ કક્ષાએ જ વિચારી શકાય. સ્ટેશન માસ્તરનું માનસ તો પડઘો પાડે :

'તમારે બપોરની ગાડીમાં આવવું જોઈતું હતું. પૂરી તપાસ કર્યા વગર, ગમે ત્યારે અહીં દોડ્યા આવો તો બસ–વાહન ન મળે. અમે શું કરીએ ?'

આમ કહેવા સ્ટેશન માસ્તરની જીભ સળવળી. તેણે એક ક્ષણ પાછળ જોયું. સુરેશનું ગોરું મુખ, જોવી ગમે તેવી આંખો અને ચહેરા ઉપર તરવરતું અસલ ખાનદાની નૂર જોઈ શબ્દો એની જીભ ઉપર જ ઓગળી ગયા. બેદરકાર એની મુખમુદ્રામાં લાગણીનો ભાવ જાગ્યો. સ્વાભાવિક સહાનુભૂતિ એનામાં જાગી.

'રઘુ! તું ય શું બાઘા જેવો ઊભો છે? જા, લખમીની વાડીએ લઈ જા.'

રઘુ જરા ઝાંખો તો પડ્યો, પણ વિનયપૂર્વક કહ્યું:

'મને થયું કે આવા મોટા માણસને ત્યાં ન ગોઠે.'

'ગોઠે શું ન'હ ? રાતની રાત કાઢવી છે ને! વાડી સરસ છે.'

સ્ટેશન માસ્તરે અંતમાં ભારપૂર્વક કહ્યું: 'વાડી ઉતારુઓ માટે જ છે ને!'

'ભલે, સાહેબ!'

સુરેશે કૃતજ્ઞતાથી સ્ટેશન માસ્તર તરફ જોયું ત્યારે ઉતારુ માટે કંઈક કર્યાનો સંતોષ લેતા તે ચાલ્યા ગયા.

રઘુ સામાન સ્ટેશનની બહાર મૂકવા લાગ્યો.

એકલો પડતાં સુરેશની આંખ આગળ ભૂતકાળ તરવા લાગ્યો. બહુ વર્ષો પહેલાં એ આ જ સ્ટેશનેથી વિદાય થયો હતો. તે વખતે તો એ માંડ પંદર વર્ષનો હશે. મામાનો અતિ આગ્રહ હતો એટલે એ રંગુન ગયો. પિતાએ, માતાએ કઠણ હૈયું કરી વિદાય આપી હતી. રંગુનમાં મામાની દોરવણી, દેખરેખ નીચે એ ધંધામાં કૂશળ થયો. એ ભૂમિના સંસ્કાર પામ્યો. ગામડાગામમાં પિતાની આમન્યા પાળવા દબાયેલી વૃત્તિ ત્યાં સ્વતંત્ર બની, સ્વતંત્ર બની એટલે એ સ્વભાવે લહેરી, ઉદાર અને સુંવાળો બન્યો. ભરચક કુદરતી સૌંદર્યની વચ્ચે રહી એ પણ સૌંદર્યને ચાહતાં શીખ્યો હતો. વતનની આબોહવામાં કસાયેલું શરીર રંગુનના વાતાવરણે પૂર્ણ વિકસ્યું એટલું નહિ, પણ મોહક બન્યું. માએ પ્રેમથી હાથે ધોયેલાં વસ્ત્રો પહેરી એ અહીંથી પ્રથમ રવાના થયો તે વખતના સુરેશ અને આજના સુરેશ વચ્ચે આસમાન–જમીનનો ફેર હતો.

લખમીની વાડી તરફ તેના પગ વળ્યાં ત્યારે પણ એ વચગાળાના સમયમાં થયેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના બહુરંગી પરિવર્તનના વિચારમાં હતો. વાડી બહુ દૂર નહોતી. રઘુએ વાડીની ઝાંપલી ઉઘાડી અંદર પ્રવેશ કર્યો અને સુરેશને પાછળ આવવા કહ્યું. વાડીમાં પ્રવેશતાં જ શાંતી સ્વચ્છતા સુરેશે જોઈ. ચાસટિયાની મીઠી સુગંધ સાથે ધરતીની ભીની સુગંધે સુરેશમાં સ્ફૂર્તિ આણી. વતનની આ ફોરમ શ્વાસમાં જતાં એનામાં નવું ચેતન આવ્યું.

'લખમી કાકી!'

'કોણ રઘુ?' અવાજ રૂંધાયેલો લાગ્યો. એમાં શોકની છાયા હતી.

'હા, કાકી.'

'છે કોઈ ઉતારુ?' મહામુશ્કેલીએ ડૂસકાંને દાબતી એ પૂછતી હોય એમ સુરેશને લાગ્યું. એના પગ થંભી ગયા. સ્ટેશન માસ્તરે એને અહીં ધકેલ્યો હતો, પણ અહીંના ગમગીન વાતાવરણમાં રાત કેમ જશે?

આધેડ વયની લખમી બહાર આવી. મેલી લૂગડામાં વીંટળાયેલું તેનું મહેનતુ શરીર સાવ ભાંગી ગયું નહોતું. આંખમાં તેજ હતું. હાથ અને ચહેરા ઉપર વધુપડતી કરચલીઓ નહોતી. ચહેરા ઉપર આંસુના ડાઘ હતા, છતાં સ્નેહાળ, માયાળુ સ્વભાવની છાપ સ્પષ્ટ દેખાતી હતી.

'આવો, ભાઈ! આવો. વાડી તમારી જ છે.' લખમીએ આદરપૂર્વક કહ્યું. આખો દિવસ કલ્પાંત કર્યું હોય એમ એનો કંઠ કહેતો હતો. સુરેશ બેચેન બન્યો.

'કોણ આવ્યું? લખમી!' કહેતો'ક એક વૃદ્ધ પુરુષ પાછળથી બહાર આવ્યો. ઉજળાં અને ઊંચી જાતના કપડાં પહેરેલા ઉતારુને એ આશ્ચર્યથી, કુતૂહલથી જોઈ રહ્યો.

'આવો, મહેરબાન!' સુરેશે એ વૃદ્ધની નબળી આંખમાં નમ્રતા વાંચી.

પંદરેક ફૂટ લાંબા એકઢાળિયા તરફ સુરેશને તેઓ દોરી ગયા. એકઢાળિયું ઊંચાણવાળા ભાગ ઉપર હતું. જમીન ઉપર સુંદર ગાર કરી જણાતી હતી. ત્રણ બાજુએ સાતેક ફૂટ ભૂખરા ગડગડિયા પાણાની દીવાલ ચણી હતી. ફરતી વાંસની થાંભલીઓ ઉપર વિવિધ જાતની વેલો વીંટળાયેલી હતી. નાળિયેરી અને ખજૂરીનાં લાંબાં પાનનું છાપરું એકઢાળિયામાં લીલી ઝાંય પાથરી રહ્યું હતું. લખમીની કુબા જેવી કાચી માટીની ઓરડીની સામે આ ફૂલવેલમંડિત સ્થાન સુરેશને ગમ્યું.

ચીવટથી ભરેલો કાથીનો ખાટલો વૃદ્ધે ત્યાં પાથર્યો. લખમી બે ગોદડાં લઈ આવી.

'નહિ! નહિ! હું મારો બિસ્તરો પાથરીશ.'

'એમ તે હોય!' કહી લખમીએ ખાટલા ઉપર ગોદડાં પાથર્યાં.

સુરેશે તોય તેનો બિસ્તરો ખોલ્યો અને ખાટલા ઉપર પાથર્યો. રઘુ એ દરમ્યાન કૂવા ઉપરથી તાજા પાણીની ડોલ ભરી લાવ્યો.

'લ્યો, સાહેબ! હાથ-મોં ધોઈ લ્યો. પછી પીવાનું પાણી લાવું. ફરતા દશ ગાઉમાં આ કૂવા જેવું મીઠું પાણી ક્યાંય નથી.'

સ્થળનો મહિમા વધારવાની આદત ગામડિયા લોકોમાં વિશેષ હોય છે એવી માન્યતા સુરેશની હતી. તેણે રઘુની નિર્દોષ અને નિખાલસ માન્યતા વિષે દલીલ કરવાનું વાજબી ગણ્યું નહિ. શાન્તિથી તેણે પાણી પીધું અને ખાટલા ઉપર આડો પડ્યો. સુરેશને મૂંગો જોઈ રઘુ ચાલ્યો ગયો. સાંજના વાળુની તૈયારી કરવા લખમી અને ગોવિંદ પણ ગયાં. સુરેશ સ્થાનની રમણીયતા જોવા લાગ્યો. સામે ઊંચો માણસ ડૂબી જાય એવો મોલ ઊભો હતો. અંધારું જામવા લાગ્યું હતું, છતાં બાજરી અને જુવારનાં ડૂંડાં હવામાં હિલાળા કરતાં એ જોઈ શક્યો. આસમાની ઝાંય પાડતો રજકો અમે ય કૈંક છીએ એવા ગર્વથી ડોલતો ઘણો પટ રોકી રહ્યો હતો. મોલમાંથી વહી આવતી તાજી મીઠી સુગંધ સુરેશ ઘૂંટીઘૂંટીને ફેફ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાં ભરવા લાગ્યો. આ હવાએ અસર કરી. એનું થાકેલું, શ્રમિત શરીર ખાટલા ઉપર લાંબુ થયું અને એ તંદ્રામાં પડ્યો.

તેની અર્ધબીડેલી આંખ આગળ જાણે પિતાજી આવી ઊભા. એ જ બેઠી દડીનું શરીર! એ જ માયાળુ ચહેરો, એ જ ભોળી આંખો! એ જ પ્રફુલ્લ હાસ્ય!

'બહુ વાટ જોવડાવીને? ખબર પણ ન લખ્યા!' પિતા ઠપકો આપતા હતા.

સુરેશ પિતાને ભેટવા દોડ્યો, પણ પિતાની આકૃતિ દૂરદૂર જતી રહી. એ ચમક્યો. એની તંદ્રા ઊડી ગઈ. એકઢાળિયામાં સાવ અંધારું જામી ગયું હતું.

મુંબઈમાં એ ધાર્યો કરતાં વધુ સમય રોકાયો હતો. રંગુનના મિત્રો સાથે હતા એટલે આનંદ–મસ્તીમાં પિતાને કાગળ લખવા વખત રહ્યો નહોતો. પિતાને તે સાવ વીસરી ગયો હતો એવું નહોતું. ઓચિંતા જઈ પિતાને આશ્ચર્યમાં ચકિત કરી દેવા એ ય ઊંડુંઊંડુ કારણ હતું. અચાનક એ સીતાપુર પહોંચશે અને પિતાને ખબર પડશે કે સુરેશ આવ્યો છે એ સમાચારે હાંફળાહાંફળા થતા, આનંદથી ઘેલા બની એ કેવા દોડ્યા આવશે! એ મીઠું દશ્ય જોવાની સુરેશને અભિલાષા હતી. ટૂંકું મેલું ધોતિયું, એક બે ઠેકાણે તૂટેલી કસોવાળી ચોળાયેલી અને ફાટેલી બંડી પહેરી એ શ્વાસભેર દોડ્યા આવશે. ઉતાવળમાં તેમના જૂના ઓખાઈ જોડા પણ પહેરશે નહિ, ઉઘાડે પગે ધસમસતા આવશે.

સુરેશ મનમાં ગણગણવા લાગ્યો.

'એ પ્રસંગ હવે ક્યાં દૂર છે? કાલે તો હું સીતાપુર પહોંચી જઈશ. પરબારો તેમના પગ પકડી લઈશ. 'બેટા! તું તો ઓળખાતો નથી!' કહી એ મારા કોટ-પાટલૂનને જોઈ રહેશે, પણ હું તો એમની છાતીમાં, વિશાળ છાતીમાં માથું છુપાવી કેટલી ય વાર સુધી માને સંભારી રડીશ. માની યાદે એમની આંખમાં ય આંસુ આવશે, પણ હું કહીશ, 'હું આવી ગયો છું પિતાજી! તમારી બધી ચિંતા હું સંભાળીશ.'

'ઘરે ગયા પછી પહેલું ધ્યાન પિતાજી ઉપર આપવું છે. એમનું મેલું ધોતિયું અને ગામઠી બંડી હવે એમને ન શોભે! પેટીઓમાં એકએકથી ચડિયાતાં ધોતિયાં છે. ઊંચી જાતનું કાપડ છે. પિતાજીની ઉંમર અને પ્રતિષ્ઠાને શોભે એવાં વસ્ત્રો એમાંથી બનશે; અને પેલા શેરશેર વજનના જોડા! પહેલે જ ધડાકે ઘા કરીને ફેંકી દઈશ. પંખી પણ ચાંચમાં લઈ ઊડી જાય એવી નાજુક મોજડી કલકત્તામાં ખરીદી છે એ પિતાજી પહેરશે. નાકને છેડે ટીંગાતાં લીંબુની નાની ચીર જેવાં સફેદ ડાંડલાવાળાં એ મેલાં ચશ્માં પણ ફગાવી દઈશ. સોનાની ફ્રેમવાળાં ચશ્માં માટે તાત્કાલિક ઑર્ડર આપીશ. અરે! ઓલી ગંદી ટેવ! ધોળી માટી શરીર ઉપર ચોળી નાહવાની! એ તો વહેલી તકે છોડાવીશ. ટર્કીશ કે ગોદરેજ સાબુની આખી પેટી તેમની સામે મૂકી દઈશ. નાનામોટા ચોપડામાં આખો દિવસ ખતવણી કર્યા કરે છે એ કામમાંથી પણ એમને ફારગ કરીશ. ગામમાંથી ખેતરે અને ખેતરથી શહેરમાં પગે ચાલીને રખડપટ્ટ કરે છે એ કેમ સહ્યું જાય? હાટડી જેવી દુકાનમાં કસ હોય કે ન હોય, એ દુકાનનું કામકાજ બંધ કરાવીશ. એમાં રંગરોગાન કરી ગાદી–તકિયા મુકાવીશ. પિતાજીની એ બેઠક બનશે.'

'ભાઈ! વાળુ કરી લ્યો! ભૂખ લાગી હશે.' ગોવિંદે આવી કહ્યું. સુરેશની વિચારમાળા તૂટી, સુખદ સ્વપ્નાં આ વિક્ષેપથી ઊડી ગયાં.

'મને ભૂખ નથી.' તેણે રોષથી, સંતાપથી કહ્યું. એની કલ્પના વેરાઈ જતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જે ભાવે એ ! ભૂખ્યાં કાંઈ સુવાય ?' ગોવિંદે હેતથી કહ્યું. આ લોકો ખવડાવ્યા વગર નહિ છોડે એમ સુરેશને લાગ્યું. એ દુઃખી થયો, પણ એક વિચાર આવતાં એ પાછો ખાટલા ઉપર બેસી ગયો.

'મારા ડબામાં ભાતું છે, હું ખાઈ લઈશ.'

'ભાતું તો ડબામાં ભલે ને પડ્યું! એ ક્યાં ભાગી જવાનું છે ? ઊઠો !' ગોવિંદે સુરેશનો હાથ ઝાલી તેને ઉઠાડ્યો. સુરેશ લાચાર થયો. તેણે જોયું કે વ્યવહારુ આગ્રહ કરતાં કાંઈ વિશિષ્ટ ભાવ ગોવિંદના ચહેરા ઉપર હતો. આ ભાવની ઝાંખી તેને વરસો પહેલાં થઈ હતી. તે નાનો કિશોર હતો ત્યારે! માથી રિસાઈ 'મારે નથી ખાવું' એમ કહી બહાર ચાલ્યો ગયો હતો અને પછી પિતાજી કાંડું ઝાલી તેને ઘેર લઈ ગયા હતા. એ વખતે પિતાએ આવી વત્સલતાથી હાથ પકડ્યો હતો.

બાજરાનો મીઠો રોટલો, વાડીનું તાજું લીલોતરી શાક, સળી મૂકો તો ઊભી રહી જાય તેવું ઘાટું દૂધ! લખમી અને ગોવિંદનો બેવડો આગ્રહ! સુરેશ નિરાંતે જમ્યો. પરદેશ રહ્યો એ વરસોમાં, પેટ ભરીને આવી રીતે જમ્યો હોય એવું સ્મરણ સુરેશને નહોતું.

ખાટલે આવીને બેઠો ત્યારે રાત જામી ગઈ હતી. ક્યાંકક્યાંક તારાઓ ચમકતા હતા. ઝાડ, પાન, વેલીઓ અંધકારમાં ડૂબી અંધકારને વધુ ઘટ્ટ બનાવી રહ્યાં હતાં.

'તું હવે ખાઈ લેજે! હું ભાઈ પાસે બેઠો છું.'

'તમે?'

'મને આજે કોળિયો ગળે નહિ ઊતરે.'

કોઈના ભારેલા અગ્નિની રાખ ઉડાડવી સારી નહિ એમ માની સુરેશ શાન્ત રહ્યો હતો, પણ આ વાતચીતે એની કુતૂહલવૃત્તિ સળભળી ઊઠી.

ગોવિંદ ધીમેથી આવીને તેના ખાટલા પાસે બેસી ગયો હતો. તેણે ચલમ પૂરી સળગાવી નહિ ત્યાં લખમી પણ આવીને બેસી ગઈ. બેઉના પેટમાં આજે અનાજનો કોળિયો ગયો નથી એ નક્કી હતું. વાડીમાં આવ્યો ત્યારે સુરેશે આ બન્નેના ચહેરા ઉપર શોક જોયો હતો. આંસુના ડાઘ પણ જોયા હતા. શોકને, દુઃખને દબાવી માત્ર જીવનધર્મ બજાવતાં આ પતિ-પત્ની ઉપર કઈ આપત્તિ આવી પડી છે એ જાણવા સુરેશનો જીવ ઉતાવળો થયો.

'હું પૂછું ?' સુરેશે ખાટલો નજીક લીધો. 'તમે કેમ ગમગીન છો ?'

બન્ને આંચકો અનુભવતાં હોય એમ સુરેશને લાગ્યું. બન્ને મૌન રહ્યાં હતાં.

'મેં અહીં આવી તમારા શોકમાં વધારો કર્યો, નહિ ? હું તો અજાણ્યો ઉતારુ! મને ખબર નહિ, સ્ટેશન માસ્તરે અહીં મોકલ્યો ન હોત તો હું સ્ટેશન ઉપર જેમતેમ રાત કાઢી નાખત.'

'એવું ન કહો.' લખમી અને ગોવદ બન્ને બોલી ઊઠ્યાં, 'તમે ન આવ્યા હોત તો અમારે તેડવા આવવું પડત. તમે આવ્યા એનો તો અમને આનંદ છે.'

'તો પછી ?'

લખમી રડી પડી. અત્યાર સુધી તેણે આંસુ ઉપર સંયમ રાખ્યો હતો. સુરેશના પ્રશ્ને એ સંયમની પાળ તૂટી.

'તું ય સાવ પોચી છો. કઠણ થા! રોયે એ થોડા પાછા આવશે? એ તો તરી ગયા, જીવતર જીવી ગયા.' ગોવદે લખમીને ધીરજ આપવા માંડી, કઠણ થવા કહ્યું પણ એનો કંઠ પણ ભરાઈ આવ્યો હતો. એ પણ રડી રહ્યો હતો.

'તમે બન્ને રડી લ્યો' અને પછી કચવાઈને સુરેશે ઉમેર્યું: 'પહેલેથી આવી ખબર હોત તો હું પણ વાળુ કરત નહિ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખમી એકદમ રડતી અટકી ગઈ.

‘ એવું ન બોલો ભાઈ ! અમે શેઠને તો મોઢું શું બતાવશું ? મર્યા પછી.’

‘ કોણ શેઠ ! તમારા શોક સાથે શેઠને શો સંબંધ ? બધી વાત કરો.’ સુરેશે આગ્રહ કર્યો.

ગોવિંદે ચલમ નીચે મૂકી, થોડું પાણી પીધું અને કહેવા માંડ્યું: ‘ આ સ્ટેશન છે ને, એ નવુંસવું બંધાયું હતું, હું ને લખમી એ વખતે સાવ નાનાં ચાલતી ગાડીમાં માગી ખાતાં. એ ક્યાંની, હું ક્યાંનો ! ઈશ્વરે જાણે સમદુખિયાંને સાથ મળી ગયો. એક વખત ટિકિટ ઈન્સ્પેક્ટરે અમને અહીં ઉતારી મૂકયાં. અમને અહીં ગમી ગયું. ઉતારુઓ પાસેથી કે આજુબાજુનાં ગામડાંમાંથી અમે માગી આવતાં અને આ સ્ટેશન સામે પીપર છે ને ત્યાં પડ્યાં રહેતાં. સ્ટેશન માસ્તર બહુ તીખા, સ્ટેશનમાં તો આવવાની બંધી ! હું કોકવાર મન મૂંઝાય એટલે લખમીને કહેતો: ‘ હાલ્ય ને, લખમી ! માસ્તરની આંખ આંજી પાછળથી ડબામાં ઘૂસી જઈ ક્યાંક નીકળી જઈએ,’ પણ લખમી એમ માને એવી નહોતી. નાનપણમાં તોફાની પણ હતી.’

‘ તમે ય શું ? ’ લખમીએ રોષથી છણકો કર્યો.

‘ તોફાની તો હતી જ ને ! ખોટું કહું છું ? ’

‘ હાં, હાં, પછી ? ’ વચ્ચે વિક્ષેપ થતો સુરેશને ગમ્યો નહિ.

‘ હું ક્યાંક જવાની વાત કરું એટલે લખમી ના પાડે અને એને મન થાય ત્યારે મને આ જગ્યા છોડવા મન ન થાય. આ ખેંચતાણમાં વરસો વીતી ગયાં.

‘ એક વખત તમે જે ગાડીમાં આવ્યા તે જ ગાડીમાંથી એક શેઠ ઊતર્યા. સાંજ પડી ગઈ હતી. માસ્તર તો ગાડી ગયા પછી બારણું ઠાંસી ઊંઘી ગયા. આ રઘુનો બાપ એ વખતે સાંધાવાળો ! એ ય માસ્તર જેવો અતડો અને માણસ દેખી ભાગે એવો ! કોઈને સીધો જવાબ ન આપે.’

‘ એટલે તો એ કમોતે મૂઓ.’ લખમીએ વચ્ચે કહ્યું.

‘ કેમ ? ’ સુરેશે પૂછ્યું.

‘ પૈડાં નીચે આવી ગયો. કરે એવું ભોગવે ! ’ લખમીને એના પ્રત્યે દાઝ હોય એમ લાગ્યું.

‘ મૂએલાની પછી નિંદા ન હોય ! લખમી.’

લખમી જરા ભોંઠી પડી પણ બોલી, ‘ આપણને તો કોઈ દિ પાણીનું ટીપું આપતો નહિ, પણ એ શેઠને ય પાણીનું પવાલું આપ્યું નહિ,’ લખમીએ સુરેશ તરફ ફરી કહ્યું, ‘ ભાઈ! આખી રાત શેઠ પાણી વગરના ભૂખે પેટે અમારી સાથે પીપર નીચે પડ્યા રહ્યા. ’

‘ ગામમાં ન ગયા ? ’

‘ ગામ તો અહીંથી એક ગાઉ છેટું છે. આખે રસ્તે કાંટાળી ઝાડી ! ગાંઠમાં હોય તે ગુમાવતાં વાર લાગે નહિ એવી બધે બીક.’ લખમીને એ વખત યાદ હતો. ગુમાવવાનું કૈં ન હોય છતાં લૂંટની બીક ગરીબ-તવંગરને સરખી છે.

‘ શેઠની પાસે જોખમ હશે કે કેમ એ તો શેઠ જાણે ! પણ એ આખી રાત અમારી સાથે રહ્યા. તેમણે બે ત્રણ વખત અમને પૂછ્યું: ‘અહીં ક્યાંય વાવ છે ? પાણી મળશે ? ’ ‘ના રે !’ કહી અમે ચૂપ થઈ પડ્યાં રહ્યાં. મને તો ઊંઘ આવવા માંડી, પણ લખમીની આંખ મળી નહિ. મને જગાડી કહ્યું: ‘ બચારા શેઠ તરસ્યા લાગે છે. જોને, એને ક્યાંય ચેન છે ?’ હું જાગી ગયો. કાંઈક કરવું જોઈએ એમ મને લાગ્યું. રઘલાને ઘેર ગયો, પણ એના બાપે બારણું ઉઘાડ્યું જ નહિ.’

‘ દારૂ પીને સૂતો હશે !’ તિરસ્કારથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખમી બોલી.

'માસ્તરની બીક બહુ તો ય હું તેને ત્યાં ઠેસ્તાની જારી ઠેકીને ગયો. બારી પાસે જ કોલસાની ભૂકીનો કૂંજો પડ્યો હતો, એંજિનના પાણીનો. ... માસ્તર નિરાંતે ઊંઘતા હતા. હું જરાય અવાજ ન થાય એમ કૂંજો ઉપાડી આવ્યો. બહુ પણ શું ધરાઈને પાણી પીધું છે! કેમ લખમી?'

'પણ સવારે કેવો માર પડ્યો!' લખમીને તે દિવસનો પ્રસંગ યાદ હતો.

'માર તો ભલેને પડ્યો! પણ શેઠને કેવી શાતા વળી!'

બીજે દિવસે સ્ટેશન માસ્તરે અને રઘુના બાપે ગોવિંદને કેવી નિર્દય રીતે માર્યો હતો તેની વાત લખમીએ કરી. એ વાત કહેતી વખતે પણ એ ધ્રૂજી ઊઠતી હોય એમ જણાતું હતું.

'પછી?' સુરેશનું મન શોકનું મૂળ શોધવા આતુર હતું.

'બીજે દિવસે શેઠ ગયા. અમે અહીં રહ્યાં, જેમ રહેતાં હતાં તેમ. પણ શેઠ મનમાં ગાંઠ વાળીને ગયા હતા. તેમણે ગમે તે કર્યું હોય! માસ્તર અને રઘુડાના બાપની બદલી થઈ. શેઠે આ જમીન સરકાર પાસેથી વેચાતી લીધી અને અમને સોંપી. એક માણસ રાખાવી અમને ખેડ શીખવી. આ ઘર બંધાવી આપ્યું. એ...પણે કૂવો છે એ બંધાવ્યો; અને અમને કહ્યું: 'અહીંથી કોઈ માણસ ભૂખ્યો-તરસ્યો ન જાય એ જોજો.' ઉંમરને કારણે ગોવિંદને વાત કરતાં થાક લાગતો હતો. એ શ્વાસ લેવા થોભ્યો.

'ત્યારનાં અમે અહીં છીએ.' લખમીએ વાત ઉપાડી લીધી: 'તેમને પાણી પાયું એટલો અમારો સંબંધ! પણ એમણે અમારું જીવતર ફેરવી નાખ્યું. જ્યાંત્યાં, માગીને ખાતાં, ઓલી પીપર નીચે પડ્યાં રહેતાં, માસ્તરનો અને સાંધાવાળાનો માર ખાતાં અમે કોઈ જાતના આશરાવગરનાં હતાં. આજે અમે આ વાડીમાં છીએ, એ પરતાપ શેઠનો!'

'ભાઈ! શેઠ પણ અમુલખ માણસ! એક વખત પાક સારો થયો. આખું વરસ જે આવ્યા તેમને ખવડાવ્યું. અમે ખાધું તો ય દાણો વધ્યો, ગાડું ભરીને અનાજ શેઠને મોકલ્યું તો બીજે જ દિ ગાડા ભેગા શેઠ આવ્યા અને ભાઈ! શું અમને ઊધડા લીધા છે! કહી દીધું: 'એલા તમે બેઉએ કંજૂસાઈ કરી છે? આ દાણો વધ્યો કેમ? માણસ જાત ન મળી તો પંખી તો હતાં ને! તાણ કરીને ખવડાવતા નહિ હો! ભિખારી ખરાં ને! મન મોટું ક્યાંથી હોય? ખવડાવનારના હૈયામાં પ્રેમ હોય, ઉમંગ હોય, વહાલપ હોય તો માણસ ક્યાં ય ક્યાંયથી આવે,' હું તો આભો બની ગયો. લખમી તો રોવા જેવી થઈ ગઈ! અમે કહેવા લાગ્યાં તો 'તમે મોળા કંજૂસ છો' એ જ શેઠની વાત!'

'ભાઈ!' ગોવિંદ ગળગળો થઈ બોલ્યો: 'મેં તો નાનપણમાં ભીખ માગી છે, અનેકની પાસે હાથ લાંબા કરી જોયા છે, જાતજાતના માણસ જોયા છે પણ આવો શેઠ! જમણા હાથે આપે તેની ડાબા હાથને ય ખબર ન પડવા દિયે એવો પરગજુ જીવ ક્યાંક જોયો હશે! અમને આ વાડી કરી આપી અને જે કાંઈ આછુંપાતળું અહીં આવે તેને રજૂ કરીએ છીએ. એ પરતાપ એનો! બધા ય માને છે કે આ વાડી અમારી છે, જે થાય છે એ અમે કરીએ છીએ, પણ એ સાચું નથી શેઠે પોતાનું નામ દેવાની મના કરી હતી.

'જશની તો એને પડી નહોતી, અભિમાનનું તો નામ નહિ અને દેખાવ? સાવ સાદા! કોઈ જાણે નહિ કે આ શેઠ છે! કપડાં પણ મેલાં, ટૂંકું ધોતિયું અને આંગડી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી તેવી! સારાં લૂગડાંને પણ એમને શોખ નહિ, પણ મનની મોટાઈ દરિયા જેવી.'

'એ શેઠનું પછી શું થયું?' આત્મ-વિલોપનમાં રાચતા એ શેઠ વિષે સુરેશની ઇંતેજારી વધી હતી.

'ભગવાનનું એને તેડું આવ્યું. આજે જ સમાચાર મળ્યા કે સવારે એ દેવ થયા.' કહીને લખમી અને ગોવિંદ બન્ને રડી પડ્યાં.

સુરેશનું હૃદય પણ ભારેભારે થઈ ગયું. અત્યાર સુધી નિઃસ્પૃહીની જેમ એ વાત સાંભળતો હતો, પણ ઓચિંતો એને કંપ થયો. અકથ્ય મૂંઝવણ એને થઈ.

'એ શેઠ ક્યાંના?'

'સીતાપુરના.'

'નામ?' સુરેશના અવાજમાં ધ્રુજારી હતી.

'નામ રાયચંદ દેવચંદ સીતાપુરવાળા.'

સુરેશ ઉપર વીજળી પડી, શૂન્ય બની તેણે બન્ને હાથે માથું પકડી લીધું.

'કેમ શું થયું તમને? બોલતા કેમ નથી?' લખમી અને ગોવિંદ ઊભાં થઈ સુરેશ પાસે આવ્યાં. ગોવિંદે તેનો હાથ સુરેશના ખભા ઉપર મૂક્યો.

'ભાઈ! શું થયું?'

'એ સ્પર્શે તો સુરેશના કંઠે બાઝેલ ડૂચો સરી પડ્યો. એનાથી રાડ પડાઈ ગઈ 'પિતાજી!'

પેટીઓમાં પડેલાં ધોતિયાં, ઊંચી જાતનું કાપડ, મોજડી અને સાબુની ગોટીઓ પણ સુરેશના આક્રન્દે થડકી ગયાં.

શ્યામલ રાત્રિએ, એ પછી સવાર સુધી ત્રણે માનવીઓનાં હીબકાં જ સાંભળ્યાં!

પુરાણકાળમાં બે પ્રખર પંડિતો વચ્ચે વાદવિવાદો થયાનો દાખલો 'અખંડ આનંદ'-માં આપી ગયા છીએ. આ રહ્યો બીજો:

૪૮ વર્ષની વયના અને ત્રણ વિષયના આચાર્ય એક વખત રાજદરબારમાં વાદ-વિવાદ માટે ગયા ને પોતાના આગમનનું કારણ જણાવ્યું. જીતે તો રાજપંડિતનું પદ મળે ને હારે તો બધા ય ગ્રંથો આપી દેવાના.

પેલા પંડિતે પૂછ્યું: 'તુંબતુંબા!'

પંડિતે ગ્રંથોમાં જોયું, ત્યાં અર્થ નહોતો. ફરીથી પૂછ્યું: 'શું કહ્યું?' 'તુંબતુંબા.'

નિયમ એવો કે ત્રણ વખત પ્રશ્ન પૂછતાં જવાબ ન આપી શકાય તો હાર ગણાય. બ્રાહ્મણ હાર્યો. ઘેર ગયો. લગ્ન કર્યાં. સસરો રાજપંડિત પાસે આવ્યો, એને હરાવવા માટે.

રાજપંડિતે પૂછ્યું: 'કેમ ચર્ચા કરશોને?'

બ્રાહ્મણ: 'જરૂર કરીશ. ચર્ચામાં નહિ ફાવો તો મર્ચા કરીશ ને એથી આગળ જરૂર જણાશે તો કર્ચા કરીશ.'

રાજપંડિતે વિચાર્યું: 'આ વળી નવું!' રાજાએ પૂછવાથી બ્રાહ્મણે ખુલાસો કર્યો: 'મહારાજ મર્ચા એટલે સામે એક ગાળ દે તો હું દસ દઉં. ગાળાગાળી કરવી તે મર્ચા. એથી આગળ વધી મારામારી કરવા પણ તૈયાર છું. એનું નામ કર્ચા.'

પંડિત સાથે જીત મેળવે તો મિલકત પામે ને હારે તો જોડા ખાય એવી શરતે વાદવિવાદ ગોઠવાયો. એ જ પ્રશ્ન: 'તુંબતુંબા.'

બ્રાહ્મણ: 'ન હોય, પહેલાં 'તુંબતુંબા' ન હોય. પ્રથમ ખેતખેતા, પછી ખેડખેડા, પછી બીજબીજા, પછી વાવવાવા, વર્ષા-વર્ષા, ને પછી આવે 'ઊગઊગા, વેલવેલા' ને તે બાદ થાય તુંબતુંબા, પણ પહેલાં 'તુંબતુંબા' કદાપિ ન હોય.'

અને આ બ્રાહ્મણ પંડિતની વિદ્વત્તા સાંભળી પંડિતે પોતાની હાર કબૂલ કરી દીધી ... પ્રશ્ન અવ્યવહારુ જમાઈને છોડાવીને આ પંડિત તે પછી ઘેર ગયો.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લેખિકા :
શ્રીમતી નયનતારા ઉપેન્દ્ર દવે

સુગર્ભાવસ્થા

નારીના જીવનમાં અતિ નાજુક અવસ્થા છે સગર્ભાવસ્થા. એ સમય દરમ્યાન ખોરાક પ્રત્યે આસક્તિ વધી જાય છે અને મોટે ભાગે પોષણતત્ત્વ પ્રત્યે બેદરકાર બની જવાય છે. આ સ્થિતિમાં કેવી માવજત લેવાવી જોઈએ તેની અહીં વિચારણા થઈ છે.

આપણા દેશમાં બીજા પ્રાંતોનાં બાળકોની સરખામણીમાં ગુજરાતી બાળકો વધારે નબળાં જોવામાં આવે છે અને દિલગીરીની વાત છે, કે પ્રતિદિન આ પરિસ્થિતિ વધારે બગડતી જાય છે. દિવસેદિવસે ગુજરાતી પ્રજા નબળી થતી જાય છે; એટલે પહેલી તકે આ પરિસ્થિતિ સુધારવા તરફ ધ્યાન આપવું જોઈએ. એ માટે સગર્ભાવસ્થામાં લેવાતો ખોરાક તથા એ વખતની સંભાળ પર ખૂબ ધ્યાન આપવું જોઈએ; કેમકે જેમ મજબૂત ઇમારત માટે પાયો મજબૂત નાખવાની જરૂર રહે છે, તેમ જ પ્રજાને મજબૂત ને ખડતલ બનાવવી હોય તો એના બંધારણ વખતે જ યોગ્ય સંભાળ લેવી જોઈએ.

ગુજરાતી ખોરાકમાં ખાસ કરીને બાફેલા ને શેકેલા પદાર્થો ને બદલે તળેલા પદાર્થો વધારે પ્રમાણમાં લેવામાં આવે છે. મસાલા, તેલ-મરચાં વગેરેનું પ્રમાણ શાકભાજી, દૂધ, છાશ, ફળો વગેરેના પ્રમાણમાં ઘણું વધારે લેવાતું હોઈ સગર્ભાવસ્થામાં માતા તેમ જ બાળક બન્નેને એ ઘણું નુકસાન કરે છે, એ વાતનું ભાન બહુ થોડી જ બહેનોને હશે. મોટા ભાગની બહેનોને આવી અવસ્થામાં જાતજાતના મસાલેદાર, તીખા ને ખાટા પદાર્થો ખાવાની ઇચ્છા થાય છે, જેને માટે એક એવી માન્યતા પણ છે, કે 'સગર્ભાવસ્થાની ઇચ્છાઓ પૂરી ન થાય તો બાળક ખરાબ જન્મે છે.' આવી માન્યતાના વહેમને વશ થઈ સ્ત્રીઓ કહે છે: 'એને જે મન થાય તે ખાવા દેજો.' પરિણામે માતા ને બાળક બન્નેની તંદુરસ્તી

૪

જોખમાય છે ને પ્રસૂતવખતે ક્યારેક શસ્ત્રક્રિયા લગી જવું પડે છે ને ક્યારેક એમાંથી જાનના જોખમ સુધી વાત આવે છે, તો ક્યારેક અકાળે ગર્ભપાત થવાના દાખલા પણ બને છે.

એટલે પ્રથમ તો સગર્ભાવસ્થામાં શો ખોરાક લેવો એ બાબતનું જ્ઞાન આપણી બહેનોને આપવું જરૂરી છે. એ વખતે ખાસ કરીને બાળકનાં હાડકાં તથા દાંતના મજબૂત બંધારણ માટે મોટા પ્રમાણમાં ચૂનાની જરૂર પડે છે. આ તત્ત્વની અછતથી ઘણીવાર બાળકને સુકતાન જેવો વ્યાધિ લાગુ પડે છે ને બાળક દિવસેદિવસે સુકાતું જાય છે; એટલે આ તત્ત્વની ખોટ પૂરવા માટે સગર્ભાવસ્થામાં મુખ્ય ખોરાક દૂધનો લેવો જોઈએ. દૂધમાંથી એ તત્ત્વ પૂરતા પ્રમાણમાં મળી રહે છે. હમણાં જોકે દૂધ ઘણું મોંઘું છે તેમ જ ભેળસેળવાળું પણ મોટેભાગે આવે છે એટલે ચૂનાની ખોટ પૂરવા માટે બજારમાં દવાવાળાને ઘેર અંગ્રેજી બનાવટની કેલ્શિયમની ટીકડીઓ મળે છે તે ડૉક્ટરની સલાહ પૂછી લેવી અથવા દેશી વૈદકમાં પણ પ્રવાળ મોતીની પિષ્ટિ વગેરે કેલ્શિયમને લગતી સારી બનાવટો મળે છે તેવી કોઈ બનાવટ લેવી એ બહુ જરૂરી છે. જો કે આ શહેરની વાત થઈ. બાકી હજી યે ગામડાંઓમાં દૂધમાં આટલી ભેળસેળ થતી નથી; એટલે જેની સ્થિતિને પોષાય તેમ હોય ને સ્વચ્છ દૂધ મળી શકે તેમ હોય તો એના જેવો ઉત્તમ ખોરાક સગર્ભાવસ્થામાં બીજો કોઈ નથી. કોઈવાર દૂધથી ઊબકા જેવું થાય અથવા ન ભાવે તો છાશ અથવા દહીં કે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માખણ પણ એટલા જ સુંદર લાભ આપે છે.

તે સિવાય આપણામાં શાકભાજી બાફીને ખાવાને બદલે પુષ્કળ તેલમાં તળીને ખૂબ મસાલેદાર બનાવીને ખાવામાં આવે છે. આને લીધે એમાં રહેલાં ઉપયોગી તત્ત્વોનો નાશ થઈ જાય છે. પાંદડાંવાળી ભાજીઓ, પાલક, ચોલાઈ, લેટ્યુસ, સાલેટ વગેરેમાં અનેક સુંદર તત્ત્વ–ખાસ કરીને, લોહનું તત્ત્વ રહેલું છે, જેની સગર્ભાવસ્થામાં ઘણી જરૂર પડે છે. સાધારણ રીતે જ બીજા પ્રાંતની બહેનો કરતાં ગુજરાતી બહેનોનાં શરીર નબળાં જોવામાં આવે છે અને ખાસ કરી સગર્ભાવસ્થામાં વધારે ફિકાશ આવતી દેખાય છે. ઘણી બહેનો એમાંથી પાંડુરોગમાં ઊતરી પડે છે, જે લોહના તત્ત્વની અછતને આભારી છે. એટલે લોહનાં તત્ત્વથી ભરપૂર એવી પાંદડાંવાળી ભાજીઓ આવી સ્થિતિમાં લગભગ રોજ બાફીને લેવી જોઈએ. લીલાં શાકો જે કાચાં ખાઈ શકાય તેવાં હોય, જેવાં કે, બીજ, મૂળા, કાકડી વગેરે કચુંબરરૂપે તેમ જ બાકીનાં પાણીમાં બાફીને લેવાં બહુ જરૂરી છે. બાફીને લેવાથી એમાંનાં ઉપયોગી પ્રજીવક તત્ત્વો પૂરાં જળવાઈ રહે છે અને શરીરમાં એ તત્ત્વોની ખોટ પૂરી પાડે છે. તેલમાં તળીને લેવાથી એમાંનાં તત્ત્વો પૂર્ણપણે નાશ પામે છે, એ વાત ઘણી બહેનો નહિ જાણતી હોય.

ગુજરાતી કુટુંબોમાં ને ખાસ કરી બહેનોમાં દૂધ, માખણ, છાશ, ઘી, રસદાર ફળો વગેરે ચીજો પર ભારે અણગમો હોય છે, એને બદલે મૂઠિયાં, પાતરાં, ભજિયાં, ઢોકળાં જેવી બધી ચીજો તેઓ છૂટથી ખાય છે. સામાન્ય પરિસ્થિતિમાં પણ આ જાતના ખોરાકો તંદુરસ્તીને હિતકારક તો નથી જ, તો પછી સગર્ભાવસ્થામાં તો એ તજી જ દેવા જોઈએ. તેને બદલે બહેનો આવી અવસ્થામાં આ જાતના ખોરાકો હમેશ કરતાં યે વધારે છૂટથી ખાય છે. કેટલીક બહેનો અજ્ઞાનને લીધે, તો કેટલીક બહેનો કેવળ જીભનો સ્વાદ પોષવા ખાતર જ સત્ત્વશાળી ચીજો ફળો, દૂધ, માખણ વગેરે છોડી આવી ચીજો ખાય છે ને હાથે કરી તંદુરસ્તીની ઘોર ખોદે છે. ઘણી બહેનોને તો ખડી, માટી કે કોયલા સુદ્ધાં ખાતી જોઈ છે, જે માતા તેમ જ બાળક બન્ને માટે પારાવાર નુકસાનકારક નીવડે છે. આને બદલે મોસંબી, સંતરાં, ચીકુ વગેરે ફળો છૂટથી લીધાં હોય તો આવનાર બાળકને ગરમીના રોગો જેવા કે ઓરી–અછબડા, ફોલ્લા, આંખો ઊઠવી વગેરે થતા અટકે છે.

બીજી એક વાત એ છે, કે શહેરી જીવનમાં વ્યાયામને ઓછું સ્થાન મળે છે. ગામડાંઓમાં બહેનોને પ્રમાણમાં વધારેપડતી મહેનત કરવી પડે છે, તેથી એમનું શરીર ઘણીવાર જલદી ઘસાઈ જાય છે. જ્યારે શહેરોમાં ઊંધી જ સ્થિતિ દેખાય છે. બે નાની ઓરડી તેમાં યે વાસણ–કપડાં વગેરે રામો કરી જાય, પછી બહેનોને ઘરકામનો વ્યાયામ ક્યાંથી મળે ? સામાન્ય રીતે સગર્ભાવસ્થામાં દળવાના વ્યાયામની યે ખોરાક જેટલી જ જરૂર રહે છે. શહેરમાં એ મળવો મુશ્કેલ પડે છે, તો એની ખોટ સાંજે ખુલ્લી હવામાં ચાલીને ફરવા જવાથી પુરાઈ રહે છે. જો કે ગુજરાતી બહેનોમાં ફરવા જવાનો શોખ ઓછા પ્રમાણમાં દેખાય છે ને તેમાં યે ખાસ કરીને દૂર સુધી પગે ચાલીને જવાનું કોઈક જ પસંદ કરે છે. મોટે ભાગે ટ્રામ કે બસ જેવાં વાહનોનો ઉપયોગ જ સૌ પસંદ કરે છે. પૂ. બાપુએ પણ ચાલવાની કસરતને ઉતમ કહી છે. આ અવસ્થામાં સાંજે અર્ધો માઈલ ચાલવાથી ઘણો ફાયદો થાય છે.

વળી સગર્ભાવસ્થામાં ઘણી બહેનો દાક્તરી સલાહ લેવા વિષે બહુ જ બેદરકારી રાખે છે. તેનાં પરિણામો ઘણી વખત પ્રસૂતિવેળાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ગંભીર આવે છે. દાક્તરી સલાહ બાબતમાં કેટલીક બહેનોને ખોટી શરમ પણ નડે છે. એ શરમ છોડી દેવી જોઈએ; કેમકે એમાંથી છેવટે વધુ હેરાન થવું પડે છે. એને બદલે પ્રથમથી જ દાક્તરી સલાહ લીધી હોય તો પ્રથમથી જ યોગ્ય ઉપાય કરી શકાય છે. ક્યારેક શરૂઆતમાં જ અશક્તિ, હાથેપગે સોજા ચડવા, સતત ઊલટીઓ, પેટ અગર પેડુનો દુખાવો વગેરે લાગે તો તરત જ દાક્તરની સલાહ લઈ ને તે પ્રમાણે ઉપાય કરવો જરૂરી છે; નહિતર પ્રસૂતિસમયે ગંભીર મુશ્કેલી વેઠવી પડે છે ને ભારે હેરાનગતિ વેઠવી પડે છે. તેમાંયે પ્રથમ પ્રસૂતિ વખતે તો શરૂઆતથી દાક્તરી સલાહ લેવી એ ઠીક છે. જો કે શહેરોમાં તો ઘણી બહેનો એમ કરે છે, પણ ગામડાંઓમાં આ બાબતમાં ખૂબ બેદરકારી ને વહેમ જોવામાં આવે છે. પરિણામે ત્યાં બાળમરણનું પ્રમાણ પણ વિશેષ રહે છે તથા પ્રસૂતિમાંથી લાગુ પડતા ઘણા રોગોથી બહેનોનાં જીવનનો અકાળે અંત આવે છે. આ માટે કસ્તૂરબાસ્મારક ફંડથી, પ્રસૂતિવિજ્ઞાનનું જ્ઞાન આપવાની જે વ્યવસ્થા અમદાવાદમાં થઈ છે તથા તેમાં શીખતી બહેનોને ગામડાંઓમાં મોકલવાનો ઇરાદો સંચાલકોએ રાખ્યો છે તે બહુ પ્રશંસાપાત્ર છે. આજે ગામડાંઓમાં પ્રસૂતિ-વિજ્ઞાન જાણનારી કેળવાયેલી બહેનોની બહુ ખોટ છે. અણઘડ દાયણોને હાથે કંઈક બહેનો અકાળે મરણ પામે છે.

સગર્ભાવસ્થાના સામાન્ય રોગો માટે નીચે લખેલા ડોશીશાસ્ત્રના બેચાર નુસખાઓ લખું છું:

સગર્ભાવસ્થામાં ઘણી બહેનોને ઊલટીની ફરિયાદ હોય છે. આ માટે બજારમાં ગાંધીને ત્યાં કપૂરકાચલી મળે છે તે લાવી તે તથા સુખડ બન્ને સાથે ઘસીને સાકર નાખી ચમચો ભરી પીવાથી સામાન્ય ઊલટી બેસી જાય છે. નાનાં બાળકોને પણ આ જ આપી શકાય છે.

હૃદયમાં દાહ થવા ઉપર આમળાંનું ચૂર્ણ કરી સાકરના ભૂકા સાથે ખાવું. કાળી દ્રાક્ષ રાતે પલાળી સવારે એ પાણી પી જવું ને ઠળિયા કાઢીને દ્રાક્ષ ખાઈ જવી.

સવારમાં પાશેર દૂધમાં પીપળીમૂળનો ભૂકો એક તોલો નાખી ઉકાળી પીવાથી વાયુ-પેટનો દુખાવો વગેરે મટે છે.

શિંગોડાં તથા કમળકાકડીની ખીર દૂધમાં બનાવી પીવાથી શક્તિ સારી રહે છે. સવારમાં શેકેલા ચણા થોડા ચાવીને ખાવાથી યે ઠીક લાભ થાય છે.

સિવાય ચા, મસાલેદાર ખોરાકો ને મીઠાઈઓ વગેરે છોડી, દૂધ, છાશ, ફળો, કાળી-લીલી કોઈ પણ દ્રાક્ષ છૂટથી ખાવાથી પ્રજા નીરોગી, બળવાન ને તંદુરસ્ત બને છે, તેમ જ માતાને પણ સુવાવડથી આવતી અશક્તિ વગેરેથી મુક્તિ મળે છે.

★

આજે આપણે જેને 'ધર્મ,' 'ધર્મ' સમજીએ છીએ તે વસ્તુતઃ ધર્મ નથી પણ ધર્માભાસ છે. ધર્મ એટલે અમુક ચોક્કસ ક્રિયાકાંડ અથવા તો જીભના ટેરવા પર ચડાવી શકાય એવી માન્યતાઓ, એ ભાવ જ તદ્દન હલકો છે. ધર્મ એ તો સમગ્ર જીવતર પરની દૃષ્ટિ છે અને એ દૃષ્ટિમાંથી ઊભો થતો જીવનવ્યવહાર છે. હિંદુધર્મ એટલે વેદકાળથી માંડીને આજસુધી થઈ ગયેલા હિંદુસંતોની જીવતર પરની દૃષ્ટિ. જીવતર પરની આ દૃષ્ટિ જ્યારે માનવીના સ્થૂળ દેહને વટીને તેના અંતરાત્માનો સુક્ષ્માંત વિચાર કરે છે અને એવા અંતરાત્માવાળા માનવીનો સમગ્ર બ્રહ્માંડ સાથે શો સંબંધ હોઈ શકે તેની વિચારણા કરે છે, ત્યારે આપણે તેને વિશુદ્ધ ધર્મદૃષ્ટિ કહી શકીએ.

નાનાભાઈ ભટ્ટ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મશાંતિ: વિશ્વશાંતિ

લેખક:
શ્રી સીતારામ જે. શર્મા

શ્રી અરવિંદને જ્યારે અલીપુરના કારાવાસની એકાંત ઓરડીમાં એક વરસ સુધી કાચા કામના કેદી તરીકે પૂરી રાખવામાં આવ્યા હતા; ત્યારે એમણે એ એકાંતવાસનો સદુપયોગ ભગવદ્દગીતાના અભ્યાસમાં કર્યો. માત્ર એમણે એના પાઠ ન કર્યા, પણ શ્રીકૃષ્ણે અર્જુનને જે માર્ગદર્શન આપ્યું હતું તે એમણે જીવનમાં ઉતારવાનો યોગ સાધ્યો.

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥
तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥
(અ. ૧૮, શ્લોક ૬૧, ૬૨)

એવાં ગીતાવચનો પર અનન્ય શ્રદ્ધાપૂર્વક પ્રાણીમાત્રના હૃદયમાં ઈશ્વર બેઠેલો જ છે, એનો સ્વાનુભવ કર્યો; તેથી એમને એવી પ્રતીતિ થઈ કે:

ઊંચીઊંચી દીવાલોથી ઘેરાયેલા કારાવાસમાં માનવોથી અલગ મને એકાંતમાં કેદ કરવામાં આવ્યો નથી. મારી આસપાસ વાસુદેવની ઉપસ્થિતિ છે. મારી એકાંત ઓરડી આગળ જે વૃક્ષ શાખાઓની નીચે હું ફરી રહ્યો છું, તે છાયા અને વૃક્ષ નથી. પણ વાસુદેવ પંડે ઊભા છે અને હું શ્રીકૃષ્ણની છાયા નીચે ફરું છું. તુરંગના લોખંડી સળીઆ અને કર્કશ ધ્વનિ કરતાં બારણાંને સ્થાને પણ વાસુદેવ જ મને દેખાયા. મારી ઉપર ચોકી કરનાર અને દ્વારપાળ સંતરીને સ્થાને પણ મેં નારાયણને નીરખ્યા. કારાવાસમાંના કેદીઓ, ચોરો, ખૂનીઓ, બદમાસો તરફ મેં દૃષ્ટિ નાખી, ત્યાં પણ મેં વાસુદેવનાં જ દર્શન કર્યાં. ગેરમાર્ગે દોરવાયેલાં શરીરોમાંના અજ્ઞ આત્માઓમાં મેં નારાયણને જ જોયા.'

મધુસૂદને શ્રીમુખે પાર્થને કહ્યું છે, કે: 'આઠ પ્રકારની અપરા પ્રકૃતિ અને એક પ્રકારની પરા પ્રકૃતિથી જગત ધારણ કરાય છે. સમગ્ર જગતની ઉત્પત્તિ તથા પ્રલયનું મૂળ કારણ પણ હું છું. મારાથી પર અથવા શ્રેષ્ઠ એવું બીજું કાંઇ પણ નથી. સર્વ પ્રાણીઓમાં જીવન હું છું, સર્વ ભૂતોનું સનાતન બીજ પણ હું છું. જગતમાં જે જે સાત્ત્વિક, રાજસિક અને તામસિક ભાવો તથા પદાર્થો છે તે સર્વ મારાથી જ ઊપજેલા છે.'

એમણે પોતની માયાને દૈવી તેમ ગુણમયી કહી છે, તેની સાથે એવી ચેતવણી પણ આપી છે, કે 'તે તરવી કઠિન હોવાથી, માયાપતિ તરીકે જેઓ મારું શરણ લે છે, તેઓ જ તેને તરી શકે છે.'

એટલે જેઓ શ્રદ્ધાપૂર્વક માને છે, કે આ સૃષ્ટિનો કર્તા, ધર્તા અને હર્તા એક ઈશ્વર જ છે; તેમની એટલી શ્રદ્ધા અધૂરી જ રહે છે. જો એ શ્રદ્ધાને સક્રિય બનાવવી હોય, તો સર્વ સ્થળમાં તથા સર્વ પ્રાણીમાં એ ઈશ્વરનો વાસ છે, એમ આસ્થાપૂર્વક માનતા થવું જોઈએ.

એવી દૃઢ આસ્થાના અભાવને કારણે જ ધર્મ તરફની શ્રદ્ધા દાખવનારા, મંદિરોમાં દર્શનકાજે દોડાદોડ કરનારા તથા નિત્યનિયમ તરીકે કથા શ્રવણ કરનારાઓ ધનલોભથી અનીતિના માર્ગે વળી ગયેલા દેખાય છે. શ્રીકૃષ્ણે ગાદૃ-વગાડીને કહ્યું છે, કે:

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यंते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥
(અ. ૭, શ્લોક ૧૫)

अवजानंति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानंतो मम भूतमहेश्वरम् ॥
(અ. ૯, શ્લોક ૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहैतुकम् ।
तत्त्वार्थवदल्पं च तत्तामससमुदाहृतम् ॥

(અ. ૧૮, શ્લોક ૨૨)

તેમ છતાં પોતાને ભગવદ્‌ભક્ત મનાવ- ...મોહમાં પડેલાઓ જ્યારે એ ચેતવણીની ... કરે છે અને લોકસંગ્રહની ભાવના ત્યજી

...तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ।

×

...ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥

(અ. ૩, શ્લોક ૧૨, ૧૩)

...સાચું માર્ગદર્શન સ્વીકારતા નથી; ... કરીને આવા ધર્મનો બાહ્ય ડોળ કરનારા ...સો જ ધર્મવિરોધી તથા ઈશ્વરવિરોધી ...ચારોનો ફેલાવો કરનારા–કરાવનારા બની ...છે. માત્ર બાહ્યાચારથી કશું જ વળતું ... જેમ પૃથ્વીના નકશામાં દુનિયાભરનાં ...રો ક્યાં છે તે બતાવવામાં નિપુણતા પ્રાપ્ત ...વાથી, તે તે શહેરોનાં પ્રત્યક્ષ દર્શનનો ... મળતો નથી, તેમ બાહ્ય વિધિમાં રત ...વાથી પણ કાંઈ વળતું નથી. એ વિધિઓ ... બકરીના ગળાપરના શોભાના આંચળ ...વી હોઈ, તેમાંથી દૂધની ફળપ્રાપ્તિ થતી ..., તે રીતે બાહ્યાચાર માનવીમાં દંભની ... કરે છે, તેથી અસત્ય અને અનીતિનો ...ચારો થતો જાય છે.

...યાં લગી આત્માતત્ત્વ ચીન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.

પરંતુ જેઓ બાહ્યાચારમાં સર્વધર્મનો ...માવેશ કરનારા છે, તેઓ શ્રદ્ધાપૂર્વક જે ...શ્વરને માનવાનો દાવો કરે છે, તે વિશ્વં- ...ના અસ્તિત્વનો એમના આચરણથી ઇન્કાર ... છે. જેઓ નિખાલસભાવે એમ માનતા ...ય કે:

...ભુ સઘળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યા;
...અણુ પણ ખાલી રે, ચરાચર માંહી ભર્યા.

(કવિ ન્હાનાલાલ)

તેમનાથી કોઈના સંબંધમાં ખરાબ વિચાર સુદ્ધાં કરી શકાય નહિ, તો પછી છળ, પ્રપંચ, દ્રોહ; વ્યભિચાર, કાળાં બજાર જેવાં બદકામો તો તેઓ કેવે પ્રકારે કરી શકે ? જ્યારે પ્રભુની સર્વ સ્થળે ઉપસ્થિતિ છે એવું તે શ્રદ્ધાપૂર્વક માનતો હોય, જ્યારે ભગવાન પ્રાણીમાત્રમાં વિરાજે છે એવી તેના હૃદયની સાચી આસ્થા હોય, તો પછી 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એ દશામાં એક બ્રહ્મ બીજા બ્રહ્મનો છળ કેવી રીતે કરી શકે ?

એટલે અત્યારની અનર્થપરંપરા બાહ્યાચારને ધર્માચાર માની લેવાની ભ્રમણામાંથી જન્મી છે. તેને દૂર કરવા માટે બાહ્યાચારીઓના સંબંધમાં પુનર્વિચારણાની તથા તેમની સામાજિક પ્રતિષ્ઠાનાં નવેસરથી મૂલ્યાંકનની જરૂર છે.

શ્રીકૃષ્ણચંદ્રે કહ્યું છે કે:

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं आभिजातस्य पार्थ संपदमासुरीम् ॥

(અ. ૧૬, શ્લોક ૪)

આ પ્રકારની આસુરી સંપત્તિ માનવજાતિને મુક્તિ અપાવનારી નહિ, પરંતુ બંધનમાં નાખનારી છે, માટે તો તેમણે सत्त्वसंशुद्धि ઉપર ખાસ ભાર મૂક્યો છે. જેનાં આચરણ આ રીતે વ્યવહારમાં જૂઠ, કપટ, ઠગાઈથી રહિત ન હોય, તેમને સમાજમાં અસુરના જેવું સ્થાન મળવું જોઈએ. નહિ તો પછી દૈવી અને આસુરી સંપત્તિની વચ્ચે ભેદ પાડવાનો અર્થ શો હોઈ શકે ?

અત્યારે બાહ્યાડંબર કરનારાઓ પરંપરાગત મંતવ્યોને કારણે સમાજમાં પ્રતિષ્ઠિત તરીકે સ્થપાયા છે; તેથી ધર્મ તથા નીતિના મૂળમાં જ કુઠારાઘાત થઈ રહ્યા છે. જેઓ 'પાપકર્મથી દૂર રહે છે અને કલ્યાણનાં કામ કરે છે' તેવા માનવોની જ સમાજમાં પ્રતિષ્ઠા થવી જોઈએ. માનવીને તેની પાસેનાં ધન–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્તાને લીધે માન આપતાં આપણે અટકીએ અને તેમનામાં રહેલી માનવતાને સન્માનતાં શીખીએ, તો અનેક પ્રકારની પ્રવર્તતી અનર્થ-પરંપરાઓ અટકી જાય.

સુખની શોધ એ માનવમાત્રની અભિલાષા ભલે હોય, પરંતુ सुखार्थी संयतो भवेत्-સુખ શોધનારાએ સંતોષી પણ બનવું જોઈએ. એ પ્રકારના સંતોષના અભાવમાંથી પાર્થિવ સુખની સંયમવિહોણી ભૂખ જન્મે છે તેનું જ નામ મૂડીવાદ. માનવસ્વભાવમાં શુભ અને અશુભ એ બે તત્ત્વો રહેલાં છે. તેમાં જે શ્રેયસ્‌ને ભૂલી કેવળ પ્રેયસ્‌ને ઝંખે છે તે અધોગતિ તરફ વળે છે; અને તેમ છતાં સમાજ એવા અધોગતિ તરફ ઘસડાઈ રહેલાઓની સંપત્તિથી અંજાઈને તેમને ધાર્મિક તથા સામાજિક ક્ષેત્રોમાં નેતૃત્વ સોંપે છે. એ ભૂલને કારણે જ અત્યારે ધનપ્રાપ્તિ માટે સહુ તરફડિયાં મારી રહ્યા છે અને તેથી ન્યાયનીતિની ઘડી છેક જ ઊકલી ગઈ છે અને અવ્યવસ્થિત થઈ ગઈ છે.

જ્યારથી સમાજમાં નાણાંની પ્રતિષ્ઠા વધી, ત્યારથી જીવનનો હ્રાસ થતો ચાલ્યો છે. ઉપનિષત્કારોએ વ્યક્તિગત માલિકીહકનો ધરમૂળથી વિરોધ કર્યો છે. 'જે તારું છે તે તારું નથી; તેની માલિકી ઈશ્વરની છે અને જે કંઈ બીજા લોકોનું છે તે તો બેશક તારું નથી જ' (ઇશોપનિષદ). પરંતુ લક્ષ્મીની લોલુપતાએ જેઓ આવા સદુપદેશની ઉપેક્ષા કરે છે, તેમની સમાજે ઉપેક્ષા કરવી ઘટે, તેને બદલે તેવાઓને બહુમાન આપે છે.

મહાત્માજીએ પણ કહ્યું છે કે:

'અત્યારે ધર્મને નામે અધર્મ ચાલી રહ્યો છે, પાખંડ વર્તી રહ્યો છે. લક્ષ્મીને તેના સિંહાસન પરથી ખસેડીને ઈશ્વરને માટે કોઈક સ્થાન મોકળું કરો. હરેક માણસ પોતાનો પરસેવો રેડીને પોતાનો રોટલો કમાતો થાય તો સ્વર્ગ આ પૃથ્વી ઉપર ઊતરે. સૌથી સારો રસ્તો એ છે, કે કોઈ પોતે જાતે વાપરી શકે તેનાથી કશું વધારે પોતાના કબજામાં ન રાખે. બીજાઓનું શોષણ કરીને અથવા એવાં જ ભળતા બીજાં સાધનો દ્વારા ધનાઢ્ય બનેલા શ્રીમંતો ખિસ્સાકાતરુ કે ઘર ફાડીને ચોરી કરનાર ચોર કરતા લૂંટ માટે ઓછા ગુનેગાર નથી. પોતાની જરૂરિયાત કરતાં વધારે ધન કે સંપત્તિ એકઠી કરવી એ ચોરી જ છે.'

આ રીતે જોતાં ધર્મનો બાહ્યાડંબર કરનારા આસુરી સંપત્તિવાળા છે. શ્રી અરવિંદે ગીતાભ્યાસથી સર્વ સ્થળમાં, પ્રાણીમાત્રમાં ઈશ્વરનાં દર્શન કર્યાં; તેથી ઊલટી રીતે વર્તીને જેઓ પોતાનો જ સ્વાર્થ જોનારા છે તેઓ જેમ નીતિમાન નથી, ભક્ત નથી, શ્રદ્ધાવાન નથી તેમ માનવતાના અંશવાળા માનવો પણ નથી. તેઓ અસુર છે, ઠગારા છે; તેથી એમના સંબંધમાં પુનર્વિચારણા કરવી અનિવાર્ય છે.

બાહ્યાડંબર અટકે તો સમાજને ઘેરી વળેલી અનીતિ મોટે ભાગે ઓછી થઈ જાય; તેથી બાહ્યાડંબરીઓનું યોગ્ય સ્થાન નક્કી કરવા માટે સ્પષ્ટ તથા અસરકારક વિચારણા જરૂરની છે. આવી વિચારણા સ્વતંત્ર રીતે તેમ તટસ્થ રીતે થાય તેમાં જરા જેટલી યે અતિશયોક્તિ ન હોય, તેમ તેમાં રતિભાર પણ અલ્પોક્તિ ન હોય. વાસ્તવદર્શી વિચારણા અને સ્પષ્ટોક્તિ-એ બે સાધનો વડે આ કાર્ય પાર પાડી શકાય. આવી વિચારણામાં પૂર્વગ્રહ ન હોય કે પક્ષપાત ન હોય. મનની અંદર ખાનગી વિચાર કરીએ છીએ તે વિચારો જાહેર રીતે કરતાં થવાથી કોઈને કડવું લાગે કે માઠું લાગે તેની શેહ-શરમને વિનયપૂર્વક છોડવી જોઈએ.

આ પ્રકારની પુનર્વિચારણાની પાછળ લોકકલ્યાણનો જ આદર્શ હોય; સ્વચ્છ, સાદી અને તર્કશુદ્ધ વિચારણાનો જ હેતુ હોય અને સાચી સાધનાનું માર્ગદર્શન હોય, તો જ પુન: કાર્યસિદ્ધિની તીવ્રતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

વિચારણા લોકહૃદયને અસર કરી શકે. આવી વિચારણામાં કેટલાંક ભયસ્થાનો પણ હોય છે. આપણી કેટલીક માન્યતાઓ સ્વતંત્ર વિચારશક્તિનો પરિપાક નહિ, પણ પરંપરાગત ચાલી આવેલી હોય છે; તેમાં આપણી સંસ્કૃતિ, વર્ગ અને યુગનાં બળોની સાથે ઊંડી જડ નાખીને પડેલી હોય છે; એને લીધે કોઈક તેના પક્ષકાર બને છે, ત્યારે કોઈ તેના વિરોધી બની રહે છે. તટસ્થ વિચારણામાં આ પ્રકારે પોતાની અને પારકાની લાગણીની તીવ્રતા હોવી જોઈએ. કોઈ પણ વસ્તુ, વિચાર, આચાર, માન્યતામાં બધું સારું નથી હોતું તેમ બધું ખરાબ પણ નથી હોતું; માટે પરિણામ પરથી તેનો વિચાર કરવો જોઈએ. આપણામાં આવે વખતે શ્રદ્ધાળુ નાસ્તિકતા કે શ્રદ્ધાળુ આસ્તિકતા હોવાં ન જોઈએ, પણ સત્યનિષ્ઠા અને નિર્ભયતા હોવાં જોઈએ.

શ્રી રાધાકૃષ્ણન્ કહે છે તેમ 'સત્ય, સ્વાતંત્ર્ય અને સમાનતા'ના પાયા ઉપર નવસર્જન કરવા માટે 'પ્રાણીમાત્રમાં ઈશ્વરનો વાસ છે' એવી ભાવના એટલે સમત્વનું દર્શન અનિવાર્ય છે. તે સિવાયની પૂજન, અર્ચન-દર્શનની બાહ્ય વિધિના પ્રકાશ ઊંધા ઘડા ઉપર હજારો કોસ પાણી રેડવા જેવા મિથ્યા છે. એવા મિથ્યાચારો નકામા જ નીવડે છે.

માનવજીવનને પાર્થિવ લાભ-હાનિને ત્રાજવે તોલવાં તે જીવનની કિંમત નહિ સમજવા જેવું છે. શોપનહોરે કહ્યું છે તેમ, 'લાભથી આનંદ અને નુકસાનમાં વેદના અનુભવનાર જીવનને વ્યાપારી સટ્ટો લેખનારાઓનાં જીવનનું દેવાળું જ નીકળે છે.' પરંતુ વર્તમાનમાં ધર્મમાર્ગે ચાલવાનો બાહ્યાચાર કરનારાઓ મોટે ભાગે જીવનને નફા-નુકસાનને કાટલે જોખતા થયા છે, તેની ફળશ્રુતિ માનવજાતિ ભોગવી રહી છે.

માનવી જયારે ધર્મ અને વ્યવસાયને સેળભેળ કરવા તરફ વળે છે, ત્યારે બે સારી વસ્તુઓને બગાડી મૂકે છે: તે ધર્મ ચૂકે છે અને વ્યાપારને ય ચૂંથી નાખે છે; તેથી તેનાં ઉભય વણસી જાય છે, તેથી શ્રી રાધાકૃષ્ણન જેવાને કહેવું પડે છે, કે 'ધરતી પરથી તમામ ધર્મોને ખસેડી નાખવામાં આવે તો દુનિયા વધુ ધાર્મિક સ્થળ બની જાય.'

આજે માનવોમાં સ્વાર્થ વધતો રહ્યો છે, તેથી તે સહુનો મટીને એકલો પોતાનો બનતો જાય છે. તેટલે અંશે તે જે વિશ્વપિતા-વિશ્વંભરનો દાવો કરે છે તેનાથી દૂર થતો જઈને તે જાતે જ ઈશ્વરનો ઇન્કાર કરી રહ્યો છે. વિશ્વમાં આનંદ માણવાને બદલે તે વિષયમાં આનંદ માણવા લાગે છે; તેથી વ્યક્તિની અધોગતિની સાથે સમષ્ટિમાં દુઃખ, વેદના, પાપાચાર, અનાચાર, અનીતિ વધે છે. લોભને કારણે માનવીની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. તેવા લોકો માનવકુળનો ક્ષય તથા દ્રોહ કરનારાં પાતકો વહોરી લે છે, તેથી પૃથ્વી પર પાપ વધે છે અને તેમાંથી વર્ગીય સંઘર્ષોના તણખા ખરવા માંડે છે, એવા તણખાઓ છેવટે વિશ્વસંગ્રામની હોળી ભભુકાવે છે. તેથી કરીને માનવની સંકુચિત દૃષ્ટિને સમષ્ટિ તરફ વાળી, તેના અનુસંધાનથી વિસ્તૃત બનાવી, તેના નિત્યના જીવનને અનંતના કલ્યાણ આદર્શ સાથે યોજવો જરૂરી છે. સાચી માનવતાનો વિકાસ એ જ રીતે થઈ શકે તેમ છે. આપણા રાષ્ટ્રપિતાએ એને સર્વોદયનું નામ આપ્યું છે. એવા સર્વોદયને ધર્મના બાહ્યાડંબરથી થોડા માણસોના સ્વાર્થાતિરેકથી અટકાવવાના પ્રયાસનું વિકૃત સ્વરૂપ સામ્યવાદરૂપે ઊપસી આવે છે.

ગીતાવચન છે, કે 'જે મન વિષયોનું ચિંતન કરે છે, તેને તેમાં અભિરુચિ થાય

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સજા

લેખક :
શ્રી પ્ર. હ. મહેતા
બી. એ.

હરિનારાયણ શહેરની કોર્ટમાં 'હેડ કલાર્ક' હતો. લાંબા વખત સુધીની નોકરી પછી તે બધા લોકોમાં ઠીકઠીક પ્રિય થઈ પડ્યો હતો. પટાવાળાથી માંડીને મોટામોટા જજ-બેરિસ્ટરોનો જો તે ચાહ મેળવી શક્યો હોય તો તે વફાદારીપૂર્વક કરેલ નોકરીથી નહિ, પણ તેના નિત્ય રમૂજી સ્વભાવથી. પણ જે સ્વભાવ બીજા લોકોને સોળેસોળ આના અનુકૂળ આવી ગયો એ જ સ્વભાવ ઘરની સ્ત્રીને બિલકુલ અનુકૂળ ન આવ્યો. 'આવો તે કેવો સ્વભાવ,' 'નરી છોકરમત'–આવાં અને આથી ય તીક્ષ્ણ તીરો દિનપ્રતિદિન ફેંકીને એ સ્વભાવને એવો સાધોદોર કરી નાખ્યો હતો કે એના રૂપાંતરને લીધે કોર્ટના હરિનારાયણ અને ઘરના હરિનારાયણને ઓળખવો જરા અઘરો પડે. વરસેવરસે પગારની સાથેસાથે પારવાર પણ નિયમિત વધતો ગયો. સાથે વધ્યો બોજો, પણ એ બોજાને હરિનારાયણે સિફતથી પોતાની ધર્મપત્ની કાન્તા પર લાદી પોતે નિરાંત કરીને બેસી ગયો હતો. આ બાજુ પત્નીએ 'જોઈએ તેટલા પૈસા માગી લેવા, બાજી પંચાત ન કરવી' એ કથનથી સંતોષ હતો. હા, એક વસ્તુ તેને શૂળની માફક ભોંકાતી. હરિનારાયણ દેશમાં રહેતી તેની ઓરમાન મા તથા તેના છોકરા પ્રશાંત પર દર મહિને થોડા રૂપિયા મોકલતો. આની સામે પત્નીનો સખત વિરોધ હતો, છતાં એમાં તે ફાવી નહિ. આ સિવાય અસંતોષનું બીજું કોઈ કારણ નહોતું.

એક દિવસ સાંજે કોર્ટમાંથી છૂટી હરિનારાયણ ઘેર આવી છત્રી તથા ટોપી યથાસ્થાને મૂકી 'હાશ' કરીને બેઠો, ત્યાં જ કાન્તા રકાબીમાં કંઈક મીઠાઈ લાવી પતિ સામે ઊભી રહી. રકાબી સામે જોઈ, હોઠ પર જીભ ફેરવી હરિનારાયણ એકાએક કંઈક વિચારમાં પડી ગયો. કાન્તાએ વ્યાકુળ થઈ પૂછ્યું: 'શા વિચારમાં પડી ગયા કહો તો!'

'હેં ? હા, હું એ વિચારતો હતો, કે આજે મારા કયા ગ્રહની આવી શુભ અસર...'

વચ્ચે જ તેને અટકાવી પત્નીએ કંઈક શરમાતાંશરમાતાં કહ્યું: 'મને ખબર છે. તમે મારાં વખાણ જ કરવાના! તમારા ગૃહમાં આવી એટલે જ આ બધું સારું થયું એમ તમે કહેવાના જ!'

છે; તેમાંથી કામના ઊપજે છે; તેમાંથી ક્રોધ, મોહ, સ્મૃતિભ્રમ, બુદ્ધિભ્રમ અને અધોગતિની પરંપરા નિર્માણ થાય છે.' (અ. ૨, શ્લોક ૬૨,૬૩.)

એવી અનર્થપરંપરામાંથી ઊગરવા ઇચ્છનારાઓ બાહ્યાડંબર છોડી, શુષ્ક જ્ઞાનને તુચ્છ માની, જાતે સંપૂર્ણ બનવા માટે ખરાબ આચરણોનો ત્યાગ કરે છે અને મનના આવેશોને જરા ય વશ ન થતાં, સત્કર્મોમાં મનની એકાગ્રતા કેળવે છે; તેઓ જરા-મૃત્યુનો ડર છોડે છે; શોક, ભૂખ, પિપાસાનો વિચાર કરતા નથી અને સત્યકામ, સત્યસંકલ્પવાળા બનીને પ્રભુમય થઈ રહે છે.

સંપત્તિવાનોથી એટલું સાધી ન શકાય તોપણ માનવમાત્ર તરફ સમભાવ કેળવે એ જરૂરી છે: આત્મશાંતિ માટે તેમ વિશ્વશાંતિ માટે પણ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્નીનું ભાષા પ્રત્યેનું આવું અજ્ઞાન ધ્યાનમાં ન લેતાં તે બોલ્યો : ‘ હું, આજે ઊઠતાંવેંત ભલા, મેં કોનું મોં જોયું હતું ? ’ ‘ ગલા દૂધવાળાનું ! પણ આ બધું કેમ પૂછો છો ? ’

‘ બસ, એમ જ. ઠીક લાવ, જેને માટે આ બધું પૂછું છું એને ઇન્સાફ આપી દઉં. ’

હરિનારાયણ જ્યારે ખૂબ રસપૂર્વક ખાતો હતો, ત્યારે પત્નીએ કહ્યું : ‘ મારા પિયરથી પત્ર આવ્યો છે. મારો ભાઈ મોહન આ વખતે મેટ્રિકમાં પાસ થઈ ગયો. ’

‘ હવે સમજાયું કે– ’

‘ પણ શું સમજાયું ’ એ પૂછ્યા સિવાય પત્નીએ આગળ ચલાવ્યું. ‘ લખે છે, ચાર વરસ પછી કંઈક બી.એ. જેવું થઈ જવાય. આજુબાજુમાં એવી કંઈ સગવડતા નથી, એટલે આપણે ત્યાં જ મોહનને મૂકવાનો મારા પિતાએ નિશ્ચય કરી લીધો છે. આજે જ સાંજની ગાડીમાં તે આવે છે. અજાણ્યો માણસ, મોટું શહેર તમે જરા આટલું પતાવી સ્ટેશને જઈ આવો. ’

ખાવાનું પૂરું કરીને હરિનારાયણ સહજ હસીને બોલ્યો : ‘ માનો પણ કાગળ છે. પ્રશાંત મેટ્રિક પાસ કરી, આજે જ અહીં ભણવા આવે છે. વારુ, એક ધક્કેધક્કો. ’

પત્નીએ ખિજાઈ ને કહ્યું : ‘ હું તમને પૂછું છું કે આ તે ઘર છે કે ધર્મશાળા ? ’

‘ મારે ય તને એ જ પૂછવાનું છે ! ’

કંઈક આવેગપૂર્વક તે બોલી : ‘ આપણે કંઈ ઓછાં માણસો નથી. બચરવાળ છીએ. મેટ્રિક પાસ કરવાની આટલી બધી ઉતાવળ કરવાનું શું કામ હતું કહો તો ? મારા ભાઈએ તો ચાર વરસ તેમાં ગાળ્યાં હતાં ! આપણે કેમ ચલાવીએ છીએ તે આપણે અને આપણો રામ જાણે છે ! ’

‘ ના, એ હું એકલો જાણું છું ! ’

‘ હશે, કબૂલ. પણ તેથી બીજાઓએ એ ન જાણવું એવું કેણે કહ્યું ? અને આ પીટ્યા પરીક્ષાવાળાઓ... ’

‘ એમાં એમનો શો દોષ છે ? ’

‘ એમનો જ દોષ વળી ! સાંભળ્યું છે, કે કંઈ પાંચ–પચાસ છોકરાઓ નાપાસ નથી થતા, હજારો થાય છે. મારો પોતાનો ભાઈ ચોથે વરસે... ’

હરિનારાયણ સહેજ હસી, પાણી પી, માથે ટોપી અને બગલમાં છત્રી મારી ઘરની બહાર નીકળી ગયો. કાન્તા ચિંતાતુર વદને ત્યાં ને ત્યાં બેસી રહી. પોતાનો ભાઈ આવે એના જેવો બીજો કયો શુભ પ્રસંગ હોઈ શકે ? છતાં કોણ જાણે ક્યાંથી એ શુભ પ્રસંગને ગ્રસ્ત કરવા રાહુ ટપકી પડ્યો ? તેની પહેલી અસર પોતાના મોં પર જ પડી. ઘડી પહેલાંનું ચમકતું મોં રાહુગ્રસ્ત ચંદ્રની જેમ શ્યામ પડી ગયું. ‘ પીટ્યા પરીક્ષાવાળાઓ ’ પરથી પણ ગુસ્સો ઓછો થયો નહોતો. બે–ચાર વરસ મેટ્રિકમાં જ રાખી મૂક્યો હોત તો તેઓના બાપનું શું જવાનું હતું ? તેઓ તો જેમ ધારે તેમ કરી શકે ! અમે એનો શો ગુનો કરી નાખ્યો ? વગેરેવગેરે. આવી બળતરામાં ઘરમાં દીવાબત્તી કરવાનું પણ બાજુએ રાખી એક ખૂણામાં ચૂપચાપ બેસી ગઈ. મોટી છોકરી રાધાએ આવી કહ્યું : ‘ મા, લાપસીનું આધણ દઈ દીધું છે. મામા આવશે ત્યાં. ... ’

એકદમ ક્રુદ્ધ થઈ મા બોલી : ‘ આધણ ઉતારી મૂક–લાપસી નથી કરવી. ’

‘ આ શું મા ? તમે જ તો બપોરે કહ્યું હતું.. ’

‘ હા, કહ્યું હતું જા. બપોરે કહ્યું એટલે સાંજે કંઈ ન કહેવું એમ ? ડાહી નહિ તો ! એમ બધાંને ખવડાવતાં ફરશો તો આરો નહિ આવે. ’

માના આવા એકાએક પરિવર્તનનું કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન સમજવાથી નવાઈ પામી રાધા રસોડામાં ચાલી ગઈ.

રાતના નવે'ક વાગે બાળકોના 'કાકા આવ્યા,' 'મામા આવ્યા,' ના અવાજો વચ્ચે ગાડીમાંથી હરિનારાયણ પોતાના નાનાભાઈને તથા સાળાને ઉતારી ઘરમાં લાવ્યો. બહાર નીકળવાની ઇચ્છા છતાં કાંતા જ્યાં બેઠી હતી ત્યાંથી ઊભી થઈ છતાં બહાર ન નીકળી. તેના જ ઓરડામાં બધાં આવ્યાં.

'કેમ છો બહેન?' કહી મોહન બહેનની સામે ઊભો રહ્યો. આ જ વખતે એક જણ તેણીના પગમાં પડી તેની ચરણરજ માથે ચડાવી નીચે નમેલા પ્રશાંત તરફ નજર ફેંકવા સિવાય ઊંચે મોંએ જે ખબર પૂછી રહ્યો છે તેનાં દુખડાં લઈ કહ્યું: 'આવ્યો મારો ભઈલો, કેમ ખુશીમાં તો ખરો? બહુ દુબળો પડી ગયો દેખાય છે!'

હરિનારાયણે પ્રશાંતને પૂછ્યું: 'મા કેમ છે, પ્રશાંત?'

'આનંદમાં છે ભાઈ.'

'મને કેમ તેડતો ન આવ્યો? થોડા દિવસ રહી જાત.'

કાન્તા મોહનને કહી રહી હતી: 'હું તો કેવી રીતે આવી શકું? આ જંજાળમાંથી નીકળાય જ કેવી રીતે? રોજરોજ કોઈ ને કોઈ તો ઊભા જ છે! આ તે કંઈ ઘર છે? ધર્મશાળા છે ધર્મશાળા.'

આ વખતે પ્રશાંતે ભાભી સામે જોયું તો ભાભીની અંગ્રઝરતી આંખો પોતાના પર જ મંડાઈ હતી. પ્રશાંત નીચું જોઈ ગયો.

બધાં સૂઈ ગયા પછી હરિનારાયણે પત્નીને મનાવી, કહ્યું: 'ખોટું ય શું છે? બન્ને ભણીગણી આગળ વધશે તો તને આશીર્વાદ મળશે. તારા ભાઇને ભણવામાં પ્રશાંત મદદ પણ કરી શકશે.'

'ધૂળ મદદ કરશે? મારા ભાઈએ તો ચાર વરસ...'

હસીને પતિએ કહ્યું: 'ઉપરાંત પણ ઘરમાં ચીજ-વસ્તુઓ લાવવાકરવા માટે પણ ઉપયોગી થઈ પડશે. પ્રશાંત ખરાબ સ્વભાવનો નથી. તું જે કહીશ તે પ્રમાણે તે વર્તશે.'

પત્ની કંઈ બોલી નહિ, હરિનારાયણે માન્યું કે પત્નીનો રોષ કંઈક ઓછો થઈ ગયો છે.

×

થોડા દિવસ બાદ બન્ને કોલેજમાં દાખલ થઈ ગયા. બન્ને સાથે જમવા બેસતા, સાથે કોલેજ જતા, એક જ વર્ગમાં બેસતા, પણ સ્વભાવનો જે તફાવત કુદરતે મૂકેલો તે કાયમ જ રહ્યો. જેવો મોહન બેદરકાર, ઉડાઉ અને લહેરી હતો તેવો જ પ્રશાંત ચોક્કસ, કરકસરિયો અને સાદો હતો. ઘરથી કોલેજના લાંબા રસ્તામાં બન્ને વચ્ચે કશી જ વાતચીત થતી નહિ. અહીં આવ્યા પછી થોડા દિવસ સાંજના સાથે ફરવા નીકળતા, પણ પછી બન્નેને જણાઈ ગયું કે એકલા ફરવા જવા માટે જ નહિ પણ દરેક કાર્યમાં એકબીજાને ક્યાં ય કશો ય મેળ નહોતો.

કોલેજમાં પણ જેટલી ચીવટથી પ્રશાંત પ્રાધ્યાપકોનાં ભાષણોમાં ચિત્ત પરોવતો એટલી જ બલકે એથી ય વધારે ચીવટથી મોહન છોકરીઓનાં વસ્ત્રાભૂષણોનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં પોતાના ચિત્તને છૂટું મૂકી દેતો. આ બધાં નિરીક્ષણોનો રજેરજ અહેવાલ પ્રશાંતને ચીડવવા ખાતર કહેતો, પણ પ્રશાંત કંઈ બોલતો નહિ.

એક વખત જ્યારે તેણે કહ્યું, કે અમુક છોકરીએ આજે પોતાના તરફ જોઈ છૂપું હાસ્ય કર્યું, ત્યારે પ્રશાંતે કહ્યું: 'મોહન, અહીં હાથે કરીને દુઃખી ન થા, જેને માટે તું અહીં આવ્યો છે એમાં ધ્યાન રાખ. તારી જિંદગી સુધરી જશે.'

તેણે કહ્યું: 'અંહ, જિંદગી વિષે તું શું જાણે?' પછી આંખો મીંચી કંઈક યાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતો હોય તેમ કહેતો: ‘હું તો મારી રીતે જ જિંદગી જીવવા માગું છું. એ બાબતમાં તારી સલાહ લેવાની મને જરૂર નહિ પડે!’

આવી બાબતોનું કંઈ ખાસ પરિણામ આવ્યું હોય તો તે એ કે પ્રશાંત અને મોહન વચ્ચે વિરોધની દીવાલ ચણાતી ગઈ. એ વિરોધ, તિરસ્કાર ક્યાં સુધી પહોંચશે, કોણ કહી શકે?

થોડા દિવસ બાદ મોહનના પિતા તરફથી સારી એવી રકમ કાન્તા પર આવી. તે દિવસે ધામધૂમપૂર્વક શ્રી સત્યનારાયણની કથા કરવામાં આવી અને સાથે થયું જમણ. બધાંને જમાડતાંજમાડતાં કાન્તા બોલી: ‘મોહનનો બાપ કંઈ ભૂખડીબારસ નથી. અમારું કૂળ જ એવું. હરામનું તો અમે ખાઈએ જ નહિ ને? ના, બાઈ મારે પારકા છોકરાનું પહેલાં સાચવવું પડશે. છોકરો તસુભર પણ ઓછો થયો તો મોં શરમથી ઊંચું નહિ થઈ શકે. એની થાળી પહેલાં પછી બીજી સહુ—આ કહી દીધું.’

એમ જ થયું. શરીર તસુ ઘટવાને બદલે ઊલટાનું વધ્યું, પણ મગજ શરીરની સાથે-સાથે કદમ ન મિલાવી શક્યું તે ન જ મિલાવી શક્યું; ઊલટાનું કંઈક પાછળ રહી ગયું. પરિણામે પડેલા વર્ષની વાર્ષિક પરીક્ષામાં પ્રશાંત કોલેજમાં પહેલો આવ્યો અને મોહન માંડમાંડ પાસ થઈ શક્યો.

ઘરમાં તે દિવસે સખત શોક પાળવામાં આવ્યો. મોહનને મળતી સગવડતામાં વધારો કરવામાં આવ્યો. મગજ સુધરે એ માટે ચોખ્ખાં દૂધ, દહીં, બદામ વગેરેનું પ્રમાણ પણ વધારવામાં આવ્યું. આટલું કરીને ગૃહિણી જંપી નહિ. એક ખાસ ઇલાયદા ઓરડામાં તેને સૂવા-બેસવા તથા વાંચવાની સગવડતા કરી આપવામાં આવી. વહેલી સવારે ચાર વાગે ઉઠાડતી, કહેતી:

‘ઊઠને ભાઈ, વાંચવા માંડ. પેલો તો ઘોરે છે! વાંચી નાખ ને જલદી, આવો આળસુ કેમ છો?’

પણ મોડી રાત્રે આવીને સૂતેલા ભાઇને એની કંઈ અસર થતી નહિ. બહેનને રાજી રાખવા તે જવાબ દેતો, ‘તું સૂઈ જા બહેન, તેને કેમ પાછળ પાડી દેવો એનો જ મનોમન હું વિચાર કરી રહ્યો છું.’

એ વિચારમાં ને વિચારમાં દિવસના દસ વાગતા.

પડોશની સ્ત્રીઓને ભેગી કરી ભાઈનાં વખાણ કરતી, ‘અહીં તો શું છે? બાપને ઘેર તો દોમદોમ સાહ્યબી છે. કહે છે, કાલેજમાં નાટક થવાનું છે તેનો બધો ભાર તેના પર છે; એટલે જ પરીક્ષામાં ઊંચે નંબરે ન આવ્યો.’

નવાઈ પામી સ્ત્રીઓ પૂછતી: ‘મોહનભાઈ નાટકમાં પણ ઊતરે છે?’

‘ત્યારે નહિ? અરે મૂઈ, અહીં ઘરમાં પણ—કેવું રોયું, હું તો ભૂલી ગઈ: અરે બિન્દુ, મામા શું બોલે છે, જરા બોલી બતાવ તો.’

બિન્દુ આ વખતે વાસણ માંજતીમાંજતી કંઈક ગણગણતી હતી. માનો હુકમ સાંભળી તુરત જ બોલી: ‘મહાવિચક્ષણ, ધાર્મિક મહાનુભાવોને મૂકી તમે આ ગોવાળની પૂજા કરશો?’

‘જોયું ને? આવું સાંભળી, ઘરનાં કામ પડતાં મૂકી, જાણે તેની સામે જ બેસી રહીએ એમ થઈ જાય!’

પણ ઘરનાં છોકરાંઓ જે નાટક જોવા ગયાં હતાં, તેઓએ કંઈ સારા સમાચાર આપ્યા નહિ. જે સમાચાર આપ્યા તે સાંભળી તેનું દિલ બળીને રાખ થઈ ગયું. સમાચાર ટૂંકમાં એ હતા કે ‘કાકાએ ગાયન ગાઈ લોકો પર જાદુઇ અસર ફેલાવી દીધી. બીજી વાર ગવડાવ્યું ત્યારે જ શાંત થયા અને શીશુપાળનો જે પાઠ મામા ઘર આગળ આજ કેટલાય વખત થયા ભજવતા હતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પાઠ, તખ્તા પર જ કોણ જાણે કેમ ભૂલી ગયા!'

ગૃહિણીએ ચોક્કસ માની લીધું કે એની નાલેશી–હાંસી વગેરેનું કારણરૂપ જગતમાં કોઈ હોય તો તે એક પેલો દૂબળો–પાતળો પ્રશાંત જ છે.

રજાઓમાં પ્રશાંત મા પાસે જઈ આવ્યો. મોહને બાપ પાસેથી થોડા પૈસા મંગાવી ઘર આગળ જ રજાઓ માણી.

*

ખાસ નવીન બનાવો સિવાય એક વર્ષ પસાર થઈ જવા આવ્યું. ઇંટરની પરીક્ષાને ૨૦–૨૨ દિવસ રહ્યા ત્યારે એકાએક મોહને પોતાનો બેગ–બિસ્તરો બાંધી જવાની તૈયારી કરી કહ્યું: 'ઘેર જઈ જરા વધારે વાંચું–પરીક્ષા વખતે આવીશ.'

બહેન–બનેવીને તેમાં જરા ય વાંધો નહોતો.

બીજે દિવસે પ્રશાંતે પોતાના મેજ પર જોયું તો આજસુધીનાં કાળજીપૂર્વક ઉતારેલાં પ્રાધ્યાપકોનાં ભાષણો, મહામહેનતે મેળવેલી ખાસ ખાસ ચોપડીઓ–ભાષણો પરની અગત્યની નોંધો વગેરે કશું ય ન મળે! ઘણી શોધ કરી પણ પત્તો ન મળ્યો, છેવટે નિરાશ થઈ ગયો. શું કરવું તે જ સૂઝ્યું નહિ પરીક્ષાને વધારે દિવસો બાકી નહોતા અને એ બધું ફરીથી મેળવવું–લખવું એ લગભગ અશક્ય જ હતું.

પરીક્ષાના પરિણામમાં જ્યારે હરિનારાયણે જાણ્યું કે પ્રશાંત માંડમાંડ પાસ થવા પામ્યો છે, જ્યારે મોહન બીજા વર્ગમાં પાસ થયો છે, ત્યારે પ્રશાંતને બોલાવી તેણે કહ્યું: 'આમ રખડુ થઈ જઈ આવું કરી બેસીશ એવો જો ખ્યાલ હોત તો ઘરમાં પગ મૂકવા ન દેત. આવી રીતે ભણીને તું નામ કાઢવાનો છે? બેશરમ.'

પ્રશાંત ધીમેધીમે ઓરડામાંથી બહાર જતો રહ્યો. એક અક્ષર પણ બોલ્યો નહિ.

'મોહન ઊંચે નંબરે પાસ થયો છે? એને કંઈ નહિ કહો?'

હરિનારાયણે પત્ની સામે જોઈ પછી મોહન સામે જોયું. નીચું મોં રાખી તે ભોંય ખોતરતો હતો. હરિનારાયણ બોલ્યો: 'કેવી રીતે પાસ થયો એ તું જાણે, પણ ખરેખર તારી જ મહેનતે પાસ થયો હો તો હું ખરેખર ખુશ થયો છું.' કહી પોતે પોતાના કામે વળગ્યો.

આજે રવિવાર હતો, એટલે હરિનારાયણ આખો દિવસ ઘેર જ હતો. ગરમી સખત પડતી હતી તેથી સાંજ પડ્યે ફરવા જવાની તૈયારી કરી બહાર નીકળવા જતો હતો. ત્યાં જ બારણાં પાસે પ્રશાંત આવીને ઊભો રહ્યો. બહુ જ ધીમા અવાજે કહ્યું: 'ભાઈ, મને હૉસ્ટેલમાં દાખલ કરાવી આપો.'

છત્રી પછાડી હરિનારાયણ બોલ્યો: 'બોલતાં કંઈ વાર લાગી? હૉસ્ટેલમાં દાખલ કરાવી આપો! તું તારું જ કરે છે; મારી આબરુનો તો વિચાર કરી જો? લોક કહેશે: ભાઈ જેવો ભાઈ છે અને નાનોભાઈ હૉસ્ટેલમાં રહીને ભણે છે. તેઓને શો જવાબ દેવો એ જરા કહીશ? હું... આવ્યો... હૉસ્ટેલમાં દાખલ કરાવી આપો!' કહી પોતે બહાર નીકળી ગયો.

આમ દિવસો પસાર થવા લાગ્યા. પરીક્ષાઓ આવી અને ગઈ. વિદ્યાર્થીઓ તેને ભૂલી ગયા. ન ભૂલ્યા ગયે વર્ષે 'સોશિયલ ગેધરિંગ' વખતે મંત્રમુગ્ધ કરી દીધેલા પ્રશાંતના, કંઠને. દર વખતની જેમ આ વખતે પણ વિદ્યાર્થીનું મંડળ તેની પાછળ પડ્યું. તે ત્યાંસુધી કે રોજ બેચાર મિત્રો તો 'પ્રશાંત છે?' કહીને ઊભા જ હોય! મોહન પણ ગયે વખતે નાટકમાં ગુમાવેલી આબરુને પુનઃ પ્રાપ્ત કરવા ખૂબ મહેનત લેતો હતો. સાંજે ઘેર આવીને પૂછે: 'મને કોઇ બોલાવવા આવ્યું હતું?'

'ના ભાઈ.'

ફરી પાછો બીજે દિવસે એ જ પ્રશ્ન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિડાઈને બહેન કહેતી: 'ના ભાઈ, ના. કંઈ બોલાવવા આવ્યું નથી. જેટલા લોકો બોલાવવા આવે છે તે બધા કોણ જાણે પેલામાં શું જોઈ ગયા છે?'

ગયા વર્ષની જેમ બધા જ કાર્યક્રમો ખૂબ જ સફળતાથી પાર પડ્યા, પણ આ વખતે એક વિશિષ્ઠ કાર્યક્રમ હતો. 'મીરાં-રાણાનો સંવાદ'માં મીરાં તરીકે એક છોકરીએ પ્રશાંત સાથે ગાયું. કૉલેજની શરૂઆત અને આ જાતનો આ પહેલો જ કાર્યક્રમ છતાં ન થઈ કંઈ ટીકા, ન થયા સીસકારા. પ્રેક્ષકો એકતાન થઈ માત્ર સાંભળી જ રહ્યા. શાંત, નિર્વિકાર વાતાવરણ જામી રહ્યું. આ બધું બન્યું એને માટે પ્રશાંતના નિર્મળ ચારિત્ર્યનો પણ કંઈ ઓછો હિસ્સો નહોતો.

મિત્રો વચ્ચેથી છૂટો પડી મોડી રાત્રે જ્યારે પ્રશાંત ઘેર આવ્યો ત્યારે મોહન પાછળ હાથ ભીડી, અધીરાઇથી આમતેમ આંટા મારી રહ્યો હતો. ઘરનાં બધાં માણસો સૂઈ ગયાં હતાં. જેવો પ્રશાંત દાખલ થયો, કે તુરત જ મોહને તેની પાસે આવી કહ્યું: 'જો પ્રશાંત, તને કહી દઉં છું, વધારે ચડવામાં માલ નથી.'

પ્રશાંતે શાંતભાવે કહ્યું: 'હું કંઈ સમજ્યો નહિ, મોહન.'

'બનાવટ રહેવા દે. તને શું એટલી ખબર નથી કે જેને પાસે બેસાડીને લહેરથી રાગડા તાણતો હતો તે છોકરી વર્ગમાં મારા જ સામે જોઈ રહે છે?'

કોટ ઉતારતાંઉતારતાં પ્રશાંતે કહ્યું: 'મેં એને તારા સામે ન જોવું એમ કહ્યું નથી. મેં એની સાથે વાત પણ કરી નથી.'

'જુઠ્ઠું, તદ્દન જુઠ્ઠું. હું બધું ય જાણું છું. પણ એટલો ખ્યાલ રાખજે, કે એની પાછળ પડી તારી જાતને ફજેત ન કરતો.'

પ્રશાંતે સહજ રોષપૂર્વક કહ્યું: 'મારી જાતની કિંમત તારા કરતાં હું વધારે જાણું છું, પણ રહેવા દે. આજે તારું મન અસ્વસ્થ છે. એવા મનની સામે દલીલ ન થઈ શકે, જા.'

'દલીલ કરી શકાય એવું તારી પાસે છે ય શું? બહારથી સારા દેખાવાનો ઢોંગ કરી અંદરથી–'

પ્રશાંત ત્યાંથી ઊઠીને ચાલવા લાગ્યો.

'અહીં ભાઈ છોકરીઓની સાથે ગીતો ગાય છે–દેશમાં તારી મા કોણ જાણે શું ય કરતી હશે!'

બારણાં પાસેથી જ પાછો ફરી, એકાએક મોહનનું ગળું પકડી પ્રશાંતે કોણ જાણે, કેવો ય મુક્કો લગાવ્યો કે મોહનનો પહાડ જેવડો દેહ ટેબલની કોર સાથે ભટકાઈ જમીન પર ઊંધો પડી ગયો. આ વખતે પ્રશાંતનું આખું શરીર આવેશના આવેગમાં ધ્રૂજતું હતું.

આવડા મોટા વજ્રપાતથી કાન્તા જાગી ઊઠી. તેણે આવીને જોયું તો પોતાનો ભાઈ અવ્યવસ્થિતપણે ભૂમિને પ્રણામ કરી રહ્યો છે!

એકલા ભાઈની પ્રાર્થનાથી કંઈ નહિ વળે એમ માની તરત જ કાન્તા પણ 'અરે, ઊઠો, જરા જુઓ તો ખરા તમારા સકર્માએ શું કર્યું છે તે?' કહી રોવા લાગી.

હરિનારાયણ બેબાકળો ઊભો થઈ, પડખેના રૂમમાં આવ્યો અને જોયું, તો હજી ય મોહનની ભૂમિવંદના પૂર્ણ નહોતી થઈ. બન્ને હાથ પકડી તેને બેઠો કર્યો. કપાળમાં મેજની કિનાર લાગી હતી, પરિણામે થોડું લોહી દેખાતું હતું. એ જોઈ ગૃહિણીએ ચિત્કાર કર્યો: 'મારી જ નાખ્યો છે મારા ભાઈને અભાગિયે, કંઈ જ બાકી રહેવા દીધું નથી રે...'

હરિનારાયણે ગુસ્સે થઈ કહ્યું: 'હવે તું શાંત રહીશ કેમે ય? કંઈ ઉપાય તો કરવા દે.'

'તે કરોને, હું ક્યાં તેની આડે આવું છું! હરામનું ખાઈને ખૂંટિયા જેવો થઈ જેનેતેને ઢીંકે ચઢાવતો ફરે છે...'

આડોશપાડોશનાં માણસો પણ ભેગાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગયાં. હરિનારાયણે આ ટોળામાં નજર ફેંકી તો પ્રશાંત ક્યાં ય દેખાયો નહિ. આ ધમાલમાં તે ક્યારે અદશ્ય થઈ ગયો, તેની કંઈ ખબર જ ન પડી.

ગૃહિણીએ ઠૂઠવો મૂક્યો: 'સાવ મારી નાખીને ભાગી ગયો. પરીક્ષામાં તેના કરતાં ઊંચે નંબરે આવ્યો તેનું વેર લીધું રે...'

ખેર, આનો કંઈ પાર આવે તેમ નથી. સ્ત્રીઓને શું આવડે, શું ન આવડે એની ચર્ચા કરવાની જરૂર નથી, છતાં ય દિલને બાળી નાખે તેવાં મેણાંટોણાં મારવાનું સ્ત્રીઓને શીખવવું પડતું નથી. તેઓની બીજી આવડતો સામે પુરુષ કદાચ અણનમ ઊભો રહે, આમાં તો ભાગી ગયે જ છૂટકો!

પ્રશાંતને ભાગી ગયાને આજે ત્રીજો દિવસ છે. હરિનારાયણે શોધ તો ખૂબ કરી, પણ ક્યાં ય પત્તો લાગ્યો નહિ. ઉદાસભાવે આંખો મીંચી કોણ જાણે શું ય વિચારતો બેઠો હતો. ત્યાં કાન્તાએ આવીને કહ્યું: 'મને તો એ ખબર પડતી નથી, કે એમાં ઉદાસ થઈ આજે ત્રણ દિવસ થયા ભૂખ્યા રહેવા જેવું છે શું? ઓરમાન માનો છોકરો, સગો ભાઈ હોય તો ય કંઈક સમજાય એવી વાત છે. ના, એમ જીવ બાળ્યે કામ નહિ લાગે. ઊઠો, જે ભાવે તે કંઈક પેટમાં નાખી લો, તો અમને કંઈક નિરાંત થાય. હવે તો એ આવશે તો હું એને ઘરમાં પગ જ નહિ...'

વચ્ચે જ હરિનારાયણે બૂમ મારી: 'માથું ન ખા. થાળી પીરસ, જા.'

જમતાંજમતાં જમણી તરફના એક ખૂણા તરફ તેની નજર ગઈ. ચોપડીઓ, શાહીનો ખડિયો, સાદડી વગેરે જેમનું તેમ પડ્યું હતું. માત્ર તેના સોબતીની ખામી હતી. પ્રશાંતનો એ અભ્યાસખૂણો! કેટલો નમ્ર અને દુર્બળ છોકરો! કોણ જાણે ક્યા જોરે મોહનના પહાડી શરીરને ધક્કો મારી ગબડાવી દીધું!

એ તે કેવું પતન હશે કે ફરીથી એ મોં પણ ઊંચું ન કરી શક્યો! આજે એ ક્યાં હશે? એ ભૂખ્યો તો નહિ હોય?

એકાએક જમવાનું પડતું મૂકી હરિનારાયણે હાથ ધોઈ નાખ્યા. વધુ એક કોળિયો ય ગળે ઉતાર્યો નહિ.

કાન્તાએ કહ્યું: 'અરે, તમે તો કશુંય ખાધું નહિ?' પણ તેનો જવાબ આપ્યા વગર માથે ટોપી નાખી હરિનારાયણ ઘર બહાર નીકળ્યો.

ચોમાસાનો વખત હતો. વરસાદ છેલ્લા ત્રણ કલાક થયા અવિરતપણે અને સહસ્રધારે ધરતીને જળાકાર કરી રહ્યો હતો. છત્રી લીધા વિના પોતે આવા વરસાદમાં બહાર નીકળી પડ્યો. મોટા રસ્તાઓ છોડી નીચાણના ભાગમાં આવેલી નાની શેરીઓમાંથી તે પસાર થયો ત્યારે વરસાદની ઝીક ઝીલવી મુશ્કેલ થઈ પડી. ઉપરથી વરસાદનો મારો અને નીચે ગોઠણ સુધી વહેતું પાણી! સામે જ ખૂણા પાસે, મ્યુનિસિપાલિટીના ફાનસ નીચે એક ચોતરો હતો. ત્યાં જો ઊભા રહી જવાય તો કંઈક રાહત મળે એમ ધારી ઝડપથી તે બાજુ વળ્યો. પણ આ શું? બત્તીના થાંભલાને બાથ ભીડી, પાસેના ચોતરા પર માથું નાખી દઈ, એક માનવઆકૃતિ ઊભી હતી! હાથ અને માથા સિવાય બીજું બધું નીચે પાણીમાં હતું. ઝડપથી તેનું મોં ઊંચું કરીને જોયું. ઘડીભર તેના સામે એકાગ્રપણે જોઈ બીજી જ પળે પ્રશાંતના અચેતન દેહને પોતાના ખભા પર નાખી, ગોઠણ-ગોઠણ પાણી વીંધી હરિનારાયણ મોટા રસ્તા પર આવ્યો.

ઘેર આવી પથારીમાં સુવડાવી યોગ્ય ઉપચારો શરૂ કર્યા. ગૃહિણીએ આકાશ સામે હાથ જોડી કહ્યું: 'અમે બધાં ય સાંખી લઈએ, મારો વહાલો! કેમ સાંખે! ઈશ્વર કંઈ આંધળો નથી. ઈશ્વરને ઘેર...'

પણ હરિનારાયણની આંખ જોઈ ઈશ્વરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

…શુ પ્રશસ્તિ કર્યા સિવાય એ પોતાને કામે …ગતો.

ચોથે દિવસે પ્રશાંત હતો તેવો થઈ …યો. બીકથી હોય કે પછી કોણ જાણે પણ હરિનારાયણની સામે આવતો નથી. પાંચમે …દિવસે તેને બોલાવી હરિનારાયણે કહ્યું: 'તારાં થોથાં અને કપડાં એક પેટીમાં ભરી લે.'

ગૃહિણીએ પૂછ્યું: 'શું કામે?'

'એ અભાગિયો મારા ઘરમાં જ ન જોઈએ.'

પતિ તરફ પ્રશંસાપૂર્વક જોઈ પત્નીએ …પૂછ્યું: 'પણ કરશો શું–ક્યાં લઈ જશો?'

'જેલમાં પુરાવી દઈશ. ખૂનીએ દુઃખ …દેવામાં બાકી રાખી નથી. નિરાંતનો રોટલો …આજે આઠ દિવસ થયાં ખાવા દીધો નથી. …તું મને ન રોકતી; કહું છું!'

'હું કેમ રોકું? તમે ઘરના ધણી છો!'

છોકરાંઓએ કહ્યું: 'બાપુ, કાકાને…'

'ચૂપ, તમે જો કોઈ બોલ્યાં છો તો …જીભ ખેંચી કાઢીશ.' છોકરાંઓ બી જઈ, …મોં પર હાથ ઢાંકી દઈ થરથરતાં બેસી રહ્યાં. …મોહન પોતાના ઓરડામાંથી કાન દઈ આ …બધું રસપૂર્વક સાંભળી રહ્યો હતો.

પ્રશાંત પણ મોટાભાઈનું આ રૌદ્ર રૂપ …જોઈ ડરી ગયો. ચૂપચાપ પેટીમાં ચોપડી, …કપડાં લઈ એક તરફ ખૂણામાં જઈને ઊભો …રહ્યો. હરિનારાયણે ગર્જના કરી કહ્યું: 'ચાલ, …થા આગળ, ઊભો રહે, બાવડું પકડવા દે, …તારો ભરોસો શો?'

ઘરની દક્ષિણ બાજુએ પોલીસચોકી હતી …તે તરફ બન્ને વળ્યા. આખે રસ્તે બેમાંથી …કોઈ કંઈ બોલ્યું નહિ. ભાઈને ઉશ્કેરવા એ …પ્રશાંતને ઠીક નહિ લાગ્યું હોય. ડેલીમાંથી …બહાર નીકળતાંવેંત જ હરિનારાયણ કેમ …રૂપ થઈ ગયો તે એ જાણે!

પોલીસચોકી પછી કૉલેજનાં મકાનો શરૂ થતાં હતાં. થોડે દૂર ખેતરના ભાગમાં આવેલા એક મોટા મકાન પાસે લાવી પ્રશાંતને દાદરો ચડવાનો હુકમ કર્યો. પ્રશાંત જોઈ શક્યો કે આ મકાન તે કૉલેજની હૉસ્ટેલનું મકાન છે. કંઈ સમજી ન શકવાથી આશ્ચર્યવિમૂઢ થઈ ઘડી ભાઈ સામે તો ઘડી હૉસ્ટેલના દાદરા સામે જોતો રહ્યો.

'ચડ, ઉપર ચડ, કહું છું!'

ઉપરના માળે ખૂણા પરની રૂમ સામે પ્રશાંતને ઊભો રાખી, ખિસ્સામાંથી કૂંચી કાઢી રૂમ ઉઘાડી પ્રશાંતને અંદર ધક્કો માર્યો!

રૂમની અંદર ખુરસી, ટેબલ, ઇલેક્ટ્રિક લાઈટ, સૂવા માટે પલંગ, મોટીમોટી બે બારીઓ વગેરે જોઈ પ્રશાંતનું હૃદય નાચી ઊઠ્યું. પોતે સ્વપ્નું તો નથી જોતો એવી ભ્રાંતિ ઘડીભર તેના દિલમાં થઈ આવી.

'દુઃખ દેવામાં ય તેં બાકી નથી રાખ્યું. એની જો આવી આકરી સજા નહિ કરું તો મારા જીવને ચેન નહિ પડે. લે, આ ચાવી. રેક્ટર મારો મિત્ર છે. તેણે તારા પર સખત ચોકીપહેરો રાખવા સ્વીકાર્યું છે.' આટલું કહી પોતે જવા માટે બારણાં તરફ વળ્યા. પ્રશાંતે ભોંય પર પડી ભાઈના પગ પકડી લીધા.

ખહુ.જ ભાવથી હરિનારાયણે કહ્યું: 'હવે શું બાકી રહ્યું છે? છોડ, પગ છોડ નસીબદાર!'

પ્રશાંત મોટાભાઈને જતા જોઈ રહ્યો. ગળે ડૂમો બાંઝી ગયો. આજે આ કોણે કોને સજા કરી? પોતાના પરની જ સજાની વાત કરીએ તો ય આ કેવી વિચિત્ર સજા કરી, મોટાભાઈ જિંદગી પર્યંતના ઋણમાં જકડી, જાણે કંઈ જ નથી એમ કરી ચાલતા થયા!

હરિનારાયણ અદૃશ્ય થયો ત્યાંસુધી પરસાળના થાંભલાને પકડીને, પ્રશાંત તેને જોતો જ રહ્યો; પછી આંખમાં આવેલાં આંસુને લૂછ્યાં!

★

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યોતિષશાસ્ત્ર

લેખક: શ્રી પ્રેમશંકર હ. જોશી (નાટાલવાળા)

જ્યોતિષનું શાસ્ત્ર આજે એનું પુરાણું ઉચ્ચ સ્થાન ગુમાવી બેઠું છે, તે તેની ક્ષતિઓને કારણે નહિ પણ એના વાપરનારાઓએ એના કરેલા અધમ ઉપયોગને પરિણામે. માનવજીવનમાં જ્યોતિષના સ્થાન વિષે તથા એની સાથે સંકળાયેલા બીજા પ્રશ્નોનું સરળ અને વૈજ્ઞાનિક પદ્ધતિએ લેખકે અહીં અવલોકન કર્યું છે.

પ્રાચીન આર્યઋષિઓએ માનવજીવનને ઉન્નત બનાવતી વિદ્યાઓમાં જ્યોતિષશાસ્ત્રને મહત્ત્વનું સ્થાન આપેલું હતું; પરંતુ આપણી રાજકીય પરતંત્ર દશામાં તેનો સાચો પ્રચાર થઈ શક્યો નથી. તદુપરાંત આજે છાપાંઓમાં ઊભરાતાં કહેવાતાં 'રાશિવાર ભવિષ્યો' અને 'મંત્ર, યંત્ર, દોરા, તાવીજ'-વાળી પ્રવૃત્તિઓથી જનતામાં જ્યોતિષશાસ્ત્ર વિષે ખોટો ખ્યાલ ઉત્પન્ન થયેલો જોવામાં આવે છે. આ વિદ્યા એક વહેમ અને પાખંડ છે એમ જનતાનો મોટો સમુદાય માને છે. યોગ્ય તપાસ, અભ્યાસ અને સંશોધનના અભાવે ભારતના એક અમૂલ્ય વારસાની અવગણના થાય છે. વિચારશીલ વાચકોને આ જીવનોપયોગી શાસ્ત્ર વિષે સાચો ખ્યાલ આવે તે હેતુથી જ્યોતિષ વિષે નીચેની વિગતો રજૂ કરવામાં આવી છે:

પૃથ્વી તેમ જ તેની ઉપર વ્યાપી રહેલા જીવાદિ ઉપર આપણા સૂર્યમંડળના ગ્રહો, સૂર્ય, ચંદ્ર અને તારાઓની જે અસરો થાય છે તે જાણવાની વિદ્યાને જ્યોતિષશાસ્ત્ર કહેવામાં આવે છે. તેના બે મોટા વિભાગો છે: (૧) ગણિતજ્યોતિષ—જેમાં ખગોળશાસ્ત્રનો સમાવેશ થાય છે. (૨) ફળજ્યોતિષ—જેમાં ગ્રહોની અસરોનો માનવજીવનની જુદીજુદી પ્રવૃત્તિઓની દૃષ્ટિએ વિચાર કરવામાં આવેલો છે.

સૂર્યમંડળના ગ્રહો—સૂર્ય, ચંદ્ર વગેરે દૂરદૂર રહેલા હોવા છતાં આપણા જીવનને કેવી રીતે અસર કરી શકે, તે વિષયમાં હાલની વૈજ્ઞાનિક દૃષ્ટિએ કાંઈ પુરાવા છે?

પ્રાચીન આર્યઋષિઓએ તો પોતાની યોગ-દૃષ્ટિ વડે ગ્રહોનાં આંદોલનોનો અનુભવ કરીને જ્યોતિષશાસ્ત્ર રચ્યું હતું. હાલની વૈજ્ઞાનિક શોધખોળો તેમના સિદ્ધાંતનું સમર્થન કરે છે. હાલના વિજ્ઞાનશાસ્ત્રીઓ આપણા સૂર્યને એક વિદ્યુતચુંબક શક્તિવાળો પદાર્થ (ઇલેક્ટ્રો-મેગ્નેટ) ગણે છે. જે આખા સૂર્યમંડળની ચારે પાસ વિદ્યુત કિરણો ફેંકે છે. સૂર્યમંડળના ગ્રહો પોતપોતાની ગતિ વડે આ કિરણોને, વીજળીના કારખાનામાં રહેલા 'ડાયનેમોના આર્મેચર' પ્રમાણે કાપે છે. તેમાંથી આંદોલનો ઉત્પન્ન થઈ પૃથ્વી પર આવે છે.

તા. ૯મી નવેંબર ૧૯૨૫ના રોજ અમેરિકામાં ડૉ. મીલીકને જાહેર કર્યું કે તેણે એક નવા કિરણની શોધ કરી છે. તે રાત-દિવસ પૃથ્વી ઉપર અસર કર્યા કરે છે.

૧૯૨૬માં ડૉ. વરનર કોલ્હરસ્ટર (જર્મન વિજ્ઞાનશાસ્ત્રી)એ જાહેર કર્યું કે મીલીકને શોધેલાં કિરણો ગ્રહોની ચાલ સાથે બદલાયાં કરે છે.

૧૯૩૦માં વૉશિંગ્ટનના કાર્નેગી ઇન્સ્ટિટ્યૂટના સંશોધકો—ડૉ. એડિસન પેટીટ અને ડૉ. સેથ. બી. નીકલસને તેમના રિપોર્ટમાં જાહેર કર્યું, કે આપણાં સૂર્યમંડળના ગ્રહોમાંથી બે પ્રકારનાં આંદોલનો નીકળે છે. ગ્રહો સૂર્યના તેજનાં મોજાંઓનું પ્રતિબિંબ પાડે છે; એટલું જ નહિ પણ તેમાંથી બીજા પ્રકારની શક્તિનાં આંદોલનો ફેંકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આંદોલનો મનુષ્ય ઉપર અસર કરે છે કે નહિ તે વિષે વિજ્ઞાનશાસ્ત્રીઓનાં સંશોધનો તપાસીએ.

આજે રેડિયો, રેડાર, ઇલેક્ટ્રોનિક્સના જમાનામાં અદ્રશ્ય આંદોલનો ઘણે દૂર કેવી રીતે અસર કરી શકે છે તે સરળતાથી સમજી શકાય છે.

કોલંબિયાના પ્રોફેસર માઈકલ આઈ. પુપીન જણાવે છે: 'આકાશમાં રહેલા તારાઓ અને ગ્રહો એકબીજા સાથે તેમ જ મનુષ્ય સાથે સંબંધ ધરાવી રહ્યા છે અને અસર કરી રહ્યા છે. આ આંદોલનોને મોકલવા માટે દોરડાં નથી. વાયરલેસના નિયમ પ્રમાણે તે આંદોલનો ચારે બાજુએ પ્રસરે છે.'

તા. ૧૭મી મે ૧૯૨૮ના રોજ હેનેમેન મેડિકલ કોલેજ–ફીલાડેલ્ફીયાના પ્રોફેસરો, ડૉ. ડોનાલ્ડ, સી. એ. બટસ અને ડૉ. એ. ઈ. ટાઈલરે 'એનસ્પેટિક્સ' ની પરિષદમાં તેઓએ મનુષ્યના શરીરમાં વ્યાપેલા કોશોના પરમાણુ મંડળ સંબંધી કરેલી શોધખોળો જાહેર કરી હતી. તેમણે જણાવ્યું કે... 'દરેક પરમાણુ (એટમ) નાના રૂપમાં એક સૂર્યમંડળ છે; જેમાંના મધ્યબિંદુ, જેને પ્રોટોન કહેવામાં આવે છે, ફરતા ઇલેક્ટ્રોન ફર્યા કરે છે.' તેઓનાં નાજુક ઓજારો વડે પ્રો. બટસ અને પ્રો. ટાઈલરે શોધી કાઢ્યું કે મૂર્છા અગર તો ઊંઘથી આ નેગેટિવ ઇલેક્ટ્રોન અને પોઝિટિવ પ્રોટોનની ગતિમાં ફેર પડે છે. અને એક સિદ્ધાંત બહાર પાડવામાં આવ્યો, કે 'હાલના વિજ્ઞાનીઓને જ્ઞાનકિરણો કરતાં હજારગણાં જોરવાળાં કિરણો, સૂર્ય અને ગ્રહોમાંથી નીકળીને મનુષ્યમાં રહેલા પરમાણુ મંડળ ઉપર અસર કરે છે અને મનુષ્યનું વ્યક્તિત્વ અને તેની જિંદગી પણ આ કિરણોના અરસપરસ પ્રત્યાઘાતો ઉપર આધાર રાખે છે. એક મનુષ્યની જિંદગી, બીજા કરતાં જુદી

૫

હોવાનું કારણ પણ આ કિરણો દરેકના શરીરમાં જુદાજુદા પ્રત્યાઘાતો કરતા હોવાથી જ છે.'

રશિયાના ઈલેક્ટ્રો-બાયોલોજીના સંશોધક પ્રોફેસર જોર્જીઝ લેખોવસ્કીએ પેરિસમાં પ્રગટ થયેલા તેમના પુસ્તક 'ધી ગ્રાન્ડ પ્રોબ્લેમ'માં જણાવ્યું છે: 'મનુષ્યના વિચારો ગ્રહોનાં આંદોલનો વડે રેડિયોના નિયમ પ્રમાણે ઉત્તેજીત થાય છે......પ્રાચીન કાળના પંડિતોએ જન્મકાળની ગ્રહોની સ્થિતિના અભ્યાસ માટે ભાર મૂક્યો હતો; તેમાં ઘણું તથ્ય રહેલું છે. સૂર્ય અને ગ્રહોના જન્મ વખતનાં આંદોલનો જીવન ઉપર ઘણી જ અસર કરે છે.'

અમેરિકાના યેલ યુનિવર્સિટીના ડૉ. હેરી એસ. બ્યુરે બાર વર્ષના સંશોધન પછી જાહેર કર્યું છે, કે દરેક જીવંત પ્રાણીના શરીર ફરતું શક્તિક્ષેત્ર રહેલું છે, કે જેના ઉપર તે પ્રાણીના શરીરના બાંધાનો, આરોગ્યનો, મનઃશક્તિનો અને વિચારનો આધાર રહે છે. ડૉ. બ્યુર કહે છે, કે પ્રાણીની આસપાસ રહેલા આ શક્તિક્ષેત્રને સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને તારામંડળનાં આંદોલનો અસર કરે છે અને સૂર્યમંડળને મનુષ્યના શક્તિક્ષેત્ર સાથે નિકટનો સંબંધ છે. થોડાં વર્ષ પહેલાં અમેરિકાની ઈલીનોઈઝ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. વિલિયમ એફ. પીટરસને જાહેર કર્યું હતું, કે તેણે નવાં જન્મેલાં બાળકની ખાસિયતો, માનસિક શક્તિઓ અને વ્યક્તિત્વ ઉપર અસર કરનાર એક 'તત્ત્વ'ની શોધ કરી છે. તેનું નામ તેણે 'સાઈટોપ્લેઝમ' રાખ્યું છે. આ તત્ત્વ બાળકના જન્મ દિવસ અને જન્મવખતની 'આબોહવા' ઉપર આધાર રાખે છે. તેમણે તેમના સંશોધનને 'મિટિરિયો-બાયોલોજી' નામ આપ્યું છે. આ 'આબોહવા' ગ્રહોની ચાલથી થાય છે તેમ તેમનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવું છે. ઉપરોક્ત સંશોધનોથી જણાશે, કે પૃથ્વી અને તેના ઉપર વાસ કરી રહેલા પ્રાણીઓ અને માનવજાતિ ઉપર અદૃશ્ય પણ બળવાન કિરણો ફેંકાયા કરે છે.

મનુષ્યના જીવન ઉપર ગ્રહોના આંદોલનની કેવી રીતે અસર થાય છે ?

મનુષ્યને સ્થૂળ શરીર ઉપરાંત સૂક્ષ્મ શરીર હોય છે, તેને વિચારશરીર પણ કહેવામાં આવે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ સિદ્ધ થયેલી આ બાબત છે. જ્યારે બાળક જન્મે છે ત્યારે તેના સૂક્ષ્મ શરીરમાં પૂર્વ જીવનનાં અનુભવોથી એકત્ર થયેલી શક્તિઓ અને સંસ્કારોને, તેના પહેલા શ્વાસોચ્છ્વાસ સાથે, તે વખતનાં ગ્રહોનાં આંદોલનો ઉત્તેજિત કરે છે. આ કારણને લીધે બાળકના પ્રથમ શ્વાસોચ્છ્વાસ વખતની ગ્રહોની સ્થિતિનો નકશો, જેને જન્મકુંડળી કહેવામાં આવે છે તે, બાળકના સૂક્ષ્મ શરીરમાં રહેલી શક્તિઓ કેવી રીતે ઉત્તેજિત થઈ હતી તેનો ખ્યાલ આપે છે. આ જન્મકુંડળી સૂક્ષ્મ શરીરમાં રહેલી દરેક પ્રકારની શક્તિનું માપ દર્શાવે છે. આ બધું જાણવાથી, સૂક્ષ્મ શરીરના નિયમોનો અભ્યાસ કર્યો હોય તેવો મનુષ્ય (જ્યોતિષી) આકર્ષણના નિયમો પ્રમાણે તે બાળક કેવા પ્રકારનું ચારિત્ર અને બનાવોનું આકર્ષણ કરશે તે જાણી શકે છે.

ગ્રહો જન્મ પછી પણ પોતાની ગતિને લીધે ફર્યા કરે છે અને તેનાં આંદોલનો બાળકનાં સૂક્ષ્મ શરીર ઉપર પડે છે. ગ્રહોમાંથી નીકળતાં આ આંદોલનો મનુષ્યના સૂક્ષ્મ વાતાવરણનો ઉપયોગી ભાગ છે. જેવી રીતે બીજાં સ્થૂળ આંદોલનો પ્રકાશ, અવાજ, ગરમી, મનુષ્યમાં અનેક પ્રકારની લાગણી અને વિચારો ઉત્પન્ન કરે છે, તેવી જ રીતે ગ્રહોમાંથી નીકળતાં આંદોલનો મનુષ્યના સૂક્ષ્મ શરીરને અનુરૂપ લાગણી અને વિચારો ઉત્પન્ન કરે છે અને મનુષ્યને કર્મ કરવા પ્રેરે છે. અમુક પ્રકારના વિચારોથી અમુક પ્રકારના બનાવોનું આકર્ષણ થાય છે. આમ ગ્રહોનાં આંદોલનોનો મનુષ્યના સૂક્ષ્મ શરીર સાથેના પ્રત્યાઘાતોથી બનાવોનું આકર્ષણ થાય છે.

શું જ્યોતિષના જ્ઞાનથી ‘લલાટે લખ્યા લેખ મિથ્યા થતા નથી,’ એવી વિચારશ્રેણી થવાથી પ્રારબ્ધવાદી અને નિષ્ક્રિય બની જવાતું નથી? ગ્રહોનાં આંદોલનો અસર કરતાં હોય તો પુરુષાર્થને ક્યાં સ્થાન રહે છે?

આ માન્યતા ખોટી છે. સાચા જ્યોતિષશાસ્ત્રમાં આવા પ્રકારના પ્રારબ્ધવાદનું સમર્થન કરવામાં આવ્યું નથી. તેનું મંતવ્ય તો એ છે, કે યોગ્ય પ્રકારનું જ્ઞાન સંપાદન કરીને તે દ્વારા પુરુષાર્થ આદરીને મનુષ્યજીવનમાં પ્રગતિ સાધવી. યોગ્ય જ્ઞાન દ્વારા પુરુષાર્થ કેવી રીતે કરી શકાય છે તે સમજવા માટે આપણે માનવજાતિનો, તેના ફરતા સ્થૂળ વાતાવરણનો, સંબંધ તપાસીએ. પૃથ્વી ઉપરના કુદરતના નિયમો, જેવા કે દિવસ, રાત્રિ, ઋતુઓ, ગુરુત્વાકર્ષણ વગેરે તે ફેરવી શકતો નથી, પણ તેને આ નિયમોને આધીન થઈને રહેવું પડે છે. આ નિયમો તેને માટે ‘પ્રારબ્ધ’ સમાન છે, પણ આ નિયમો તેની પ્રવૃત્તિ અને પ્રગતિ ઉપર કેવી અસર કરે છે તે મનુષ્યના જ્ઞાન અને પુરુષાર્થ ઉપર આધાર રાખે છે. આદિ કાળમાં મનુષ્ય પશુની માફક અજ્ઞાન દશામાં હતો. તેને ઋતુઓના આગમનનું ભાન ન હતું. તે વખતે તે જ્ઞાનના અભાવે પુરુષાર્થ કરી શકતો નહિ. રાત્રિમાં અંધારાને લીધે તે જોઈ શકતો નહિ તેથી તેના ‘લલાટે લખેલ લેખ’ પ્રમાણે પ્રારબ્ધ આધીન થઈને રાત્રિમાં અંધારામાં નિષ્ક્રિય થઈને તે પડી રહેતો હતો. શિયાળો આવતાં તે ઠંડીનો ભોગ થતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડતો હતો. આમ જુદીજુદી ઋતુઓમાં તે જુદાજુદા 'પ્રારબ્ધ'ને આધીન થઈ પડતો હતો; પરંતુ મનુષ્યને જેમ જેમ જ્ઞાન થતું ગયું, જુદાજુદા કુદરતના નિયમોની તેને ખબર પડી તેમ તેમ કુદરતના 'પ્રારબ્ધ'ને આધીન નહિ રહેતાં તેણે પુરુષાર્થ આદર્યો. દીવાના પ્રકાશ વડે તેણે રાત્રિના અંધકાર-ના 'પ્રારબ્ધ' ઉપર વિજય મેળવ્યો. જુદી-જુદી ઋતુઓની અસરોથી બચવા માટે તેણે પુરુષાર્થ આદરીને સાધનો સંપાદન કર્યાં, ઘરો બનાવ્યાં, ખેતી-વાડીનું જ્ઞાન મેળવ્યું, કપડાંનો ઉપયોગ કર્યો, પૂલો બાંધ્યા, જહાજો બનાવ્યાં, વિમાનોની શોધ કરી અને છેવટે દૂર-દૂર તાર વગર જોઈ શકવાની અને વાતચીત કરી શકવાની શક્તિ સંપાદન કરી. ભૂતકાળમાં જે પરિસ્થિતિઓ કુદરતના 'ભાગ્યને' આધીન ગણાતી હતી અને જે મનુષ્યની અજ્ઞાનદશામાં તેને હેરાન કરતી હતી, તે જ આજે તેણે મેળવેલા જ્ઞાન અને કરેલા પુરુષાર્થ દ્વારા તેની પ્રગતિમાં મદદકર્તા થઈ રહી છે.

જ્યોતિષશાસ્ત્રનો હેતુ આવા જ પ્રકારનું જ્ઞાન સંપાદન કરીને ગ્રહોનાં સૂક્ષ્મ આંદોલનો જીવનમાં બાધક બનવાને બદલે પ્રગતિમાં મદદરૂપ થાય તે છે. ગ્રહોની ગતિથી ઉત્પન્ન થતી અસરો વડે મનુષ્યના જીવનનાં જુદા-જુદાં વર્ષોમાં જુદાજુદા પ્રકારના 'હવામાન'નું આકર્ષણ થાય છે. જો મનુષ્યને આ 'હવામાન'નું જ્ઞાન ન હોય તો જેમ આદિકાળનો અજ્ઞાન મનુષ્ય શિયાળામાં હેરાન થતો હતો તેમ તે જીવનના 'હવામાન'નો ભોગ થઈ પડે છે. તેનું જીવન 'ભાગ્યાધીન' બને છે. પરંતુ જો તેને જીવનમાં આવનારા જુદાજુદા પ્રકારના 'હવામાન'નું આગળથી જ જ્ઞાન હોય તો ચેતીને યોગ્ય પ્રકારનો પુરુષાર્થ આદરીને પ્રતિકુળ સંજોગોનો સામનો કરીને મુશ્કેલીમાંથી પણ માર્ગ કાઢીને સફળતા મેળવી શકે છે. આ શાસ્ત્રથી લોકોને વહેમી, પ્રારબ્ધવાદી અને નિષ્ક્રિય બનાવવા તેવો આર્ય ઋષિઓનો ઉદ્દેશ ન હતો; પરંતુ મનુષ્યના સૂક્ષ્મ શરીર ઉપર જે અદ્રશ્ય પણ બળવાન આંદોલનો ફેંકાયા કરે છે તેનો ભોગ ન બનતાં તેનું યોગ્ય જ્ઞાન સંપાદન કરીને તે આંદોલનોને જીવનની ઉન્નતિમાં મદદરૂપ કરવા માટે પુરુષાર્થ આદરવો અને પ્રારબ્ધના ભોગ ન બનવું તે જ તેમનું ધ્યેય હતું.

જ્યોતિષશાસ્ત્રનું સાચું કર્તવ્ય પ્રારબ્ધ-વાદના દ્દષ્ટિબિંદુવાળું ભવિષ્યકથન નથી; પરંતુ માનવજીવનના પથ ઉપર આવતાં જુદાં-જુદાં 'હવામાનો'નો નકશો અગાઉથી તૈયાર કરીને મનુષ્યને પ્રગતિને માર્ગે દોરવાનું છે. જ્યાંજ્યાં પ્રતિકૂળ 'હવામાન' જણાય ત્યાં આગળથી તૈયારી કરીને માનસશાસ્ત્રના સિદ્ધાંતથી તેવાં આંદોલનોનું રૂપાંતર કરવાનું છે. ગ્રહોનાં આંદોલનોનું પણ પદ્ધતિ અનુસાર પુરુષાર્થ દ્વારા રૂપાંતર કરી શકાય છે તેવો તે વિષયના અભ્યાસીઓને અનુભવ થયો છે. ઇચ્છાશક્તિ, જ્ઞાનરૂપી ઉચ્ચાલન અને ટેકા વડે આત્મા કોઈ પણ સંજોગ ઉપર વિજય મેળવી શકે છે. તેથી જ કહેવામાં આવ્યું છે, કે 'જ્ઞાની મનુષ્ય (જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસી) ગ્રહો ઉપર અમલ કરે છે. જ્યારે અજ્ઞાની ગ્રહોનો ગુલામ બને છે.'

માનવજીવનની ઉન્નતિમાં જ્યોતિષ કેવી રીતે મદદરૂપ થઈ શકે છે?

મનુષ્યના જીવનપથ પર દીપક સમાન પ્રકાશ પાડીને જ્યોતિષશાસ્ત્ર તેને મદદકર્તા થઈ શકે છે. ભવિષ્યમાં કેવી પરિસ્થિતિ હશે, કેવા સંજોગો ઉત્પન્ન થશે, કેવા વાતાવરણ-માંથી પસાર થવું પડશે તે જાણવાને દરેક પ્રગતિશીલ મનુષ્ય તત્પર હોય છે. આ ભવિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ષ્યની પરિસ્થિતિ જાણવાની આતુરતા એ કંઈ ખાલી જિજ્ઞાસા નથી. જીવનની સફળતાનો આધાર આવા જ્ઞાનથી કરેલી તૈયારી ઉપર રહે છે. મનુષ્યને દરેક વ્યવહારમાં સફળતા માટે દીર્ઘ દૃષ્ટિની જરૂર પડે છે. જ્યોતિષશાસ્ત્ર તેને જીવનના દરેક વિભાગમાં અને પ્રવૃત્તિમાં દીર્ઘદૃષ્ટિ આપે છે. ખાસ કરીને નીચેની બાબતોમાં જ્યોતિષશાસ્ત્ર દ્વારા મનુષ્યને ઘણું માર્ગદર્શન મળે છે:

અ–શારીરિક:

જ્યોતિષશાસ્ત્ર વડે શરીરના રોગારોગ્યનું જ્ઞાન અગાઉથી મળે છે. જન્મકુંડળી મનુષ્યની જીવનશક્તિનું માપ દર્શાવે છે. શરીરનો કયો ભાગ નબળો છે, કયા ભાગમાં, કઈ જાતનાં અને કયે વખતે દરદો થવાનો સંભવ છે, લોહીમાં કયા ક્ષારો ઘટે છે, શરીરની જુદીજુદી રસગ્રંથિઓ ઉપર કેવી અસરો થાય છે વગેરે ઉપયોગી જ્ઞાન બાળકના જન્મ વખતથી જ મળી શકે છે. આ જ્ઞાન ઘણું ઉપયોગી થઈ પડે છે; કારણકે દરદ થયા પછી ઉપચાર કરવા કરતાં દરદ ન થાય તે માટે અગાઉથી સાવચેતીના ઈલાજો લેવા તે વધારે હિતકર ગણાય છે. શરીર ઉપર જુદાજુદા વર્ષોમાં થતી અસરો જાણવાથી મનુષ્ય અગાઉથી સાવચેત બનીને રોગોત્પાદક આંદોલનોનું રૂપાંતર કરવા પુરુષાર્થ આદરી શકે છે, તેમ જ તેની રહેણીકરણી બદલીને આરોગ્ય જાળવવા 'પાણી પહેલાં પાળ' બાંધી શકે છે.

તે ઉપરાંત દરદ થયું હોય તોપણ તેને સત્ય રીતે પારખવા માટે જન્મકુંડળી ઘણી જ મદદકર્તા થઈ પડે છે. ડૉક્ટરો બહારનાં લક્ષણો દ્વારા દરદ પારખવા પ્રયત્ન કરે છે. ઘણીવાર બહાર વ્યક્ત થયેલા દરદનું મૂળ કારણ જુદું જ હોય છે. વળી બે માણસને એક જ પ્રકારનું દરદ હોવા છતાં કારણો જુદાં હોય છે. ત્યારે વળી ઘણી વખત એક જ કારણ હોવા છતાં દરદ જુદાં જુદાં રૂપમાં દેખાવ દે છે; એટલે બહારનાં લક્ષણો કરતાં શરીરની અંદરનાં શાં કારણો છે તે જાણવાથી રોગની ચિકિત્સા સારી રીતે થઈ શકે છે. જ્યોતિષશાસ્ત્ર આવી ચિકિત્સામાં ઘણું જ મદદરૂપ થાય છે; આજે પ્રાશ્ચાત્ય દેશોમાં ઘણાં નામાંકિત ડૉક્ટરો દરદ પારખવામાં જ્યોતિષશાસ્ત્રની મદદ લે છે. શરીરને સ્વસ્થ અને નીરોગી રાખવા માટે જ્યોતિષશાસ્ત્ર મનુષ્યને ઘણું જ ઉપયોગી થઈ પડે છે.

મનુષ્યના જીવનમાં ખાનપાન અગત્યનો ભાગ ભજવે છે. ખાનપાનથી શરીર, મન અને પ્રવૃત્તિઓ ઉપર અસર થાય છે; પરંતુ દરેક મનુષ્યની ખાનપાનની જરૂરિયાતો એકસરખી નથી; એટલે બધા માટે એક જ જાતના ખોરાક સંબંધી નિયમો ઘડવા એ ઇષ્ટ નથી. ઘણી વખત એક માણસને માફક આવતો ખોરાક બીજા માટે વિષ સમાન થઈ પડે છે. ખાનપાનની જરૂરિયાત મનુષ્યની સૂક્ષ્મ શરીરપ્રકૃતિ ઉપર આધાર રાખે છે અને તેથી તેને કેવા પ્રકારનો ખોરાક માફક આવશે તે તેની જન્મકુંડળી ઉપરથી જણાય છે. ગ્રહો શરીરની જુદીજુદી રસગ્રંથિઓને ઉત્તેજિત કરતા હોવાથી તે રસગ્રંથિઓને માફક આવે તેવા જ ખોરાક દ્વારા મનુષ્ય સ્વાસ્થ્ય જાળવી શકે છે. આ વિષયમાં જન્મકુંડળી ઘણું જ માર્ગદર્શન આપી શકે છે.

બ–વ્યાવહારિક:

પુરુષ અને સ્ત્રીનાં લગ્ન સંબંધમાં જ્યોતિષશાસ્ત્ર ઘણી જ મદદ કરી શકે છે. લગ્ન સંબંધમાં ઉભયના મળતાપણાની ખાસ જરૂર છે. જ્યાં સ્વભાવ, મનઃશક્તિ અને ચારિત્ર્યની સમાનતા ન હોય, ત્યાં લગ્નો સુખદાયક અને મેળવાળાં થઈ શકતાં નથી. આજના જમાનામાં સૂક્ષ્મશરીરના મળતાપણાના સિદ્ધાંતને તીલાંજલી આપીને ફક્ત કામવાસનાની દૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતાં સુધરેલાં લગ્નો કેવાં દુઃખદાયક અને ક્લેશમય નીવડે છે તેનો ખ્યાલ અભ્યાસીને આવે છે. છૂટાછેડામાં મશહૂર થયેલા અમેરિકાને હવે જ્યોતિષશાસ્ત્ર વડે મેળાપ દ્વારા લગ્ન કરવાની આવશ્યકતા સમજાવા લાગી છે. કુદરતી સંતતિનિયમનના સિદ્ધાંતો જ્યોતિષશાસ્ત્ર દર્શાવે છે.

બાળઉછેરમાં બાળકની કેળવણી અને તેના ચારિત્ર્યવિકાસમાં જ્યોતિષશાસ્ત્ર અગત્યનો ભાગ ભજવે છે. નાનપણમાં બાળકનું સૂક્ષ્મ શરીર કોમળ હોવાથી આકર્ષણના નિયમાનુસાર ગ્રહોનાં આંદોલનો જે વાતાવરણ આકર્ષે છે તે વડે સૂક્ષ્મ શરીર ઉપર સંસ્કારો પડે છે. નાનપણમાં પડેલા સંસ્કારો જિંદગીભર અસર કરે છે. જ્યોતિષના જ્ઞાન વડે બાળકોના સારા ગુણો ખીલવી શકાય છે અને નાનપણથી જ ખરાબ આંદોલનોની અસરોનું રૂપાંતર કરી શકાય છે.

કેળવણીમાં જ્યોતિષશાસ્ત્ર સારું માર્ગદર્શન કરાવે છે. બાળકની મનઃશક્તિ, ધંધા પ્રત્યેનું વલણ, તેની શક્તિઓ અને વૃત્તિઓ વગેરેનું જ્ઞાન નાનપણથી જ મળતું હોવાથી તેને કેળવણીની દૃષ્ટિએ કયા ક્ષેત્રમાં મૂકવો તેની સમજણ પડે છે, તેમ જ તેના યોગ્ય ધંધાની પસંદગી પણ કરી શકાય છે. આર્થિક અને વ્યાવહારિક સફળતા માટે આ જ્ઞાન ઘણું ઉપયોગી નીવડે છે.

ક—આધ્યાત્મિક :

આ શાસ્ત્રના અભ્યાસ વડે મનુષ્યને પોતાની સારી અને ખરાબ વૃત્તિઓનું ભાન થાય છે. ખરાબ વૃત્તિઓનું રૂપાંતર કરીને તે મનુષ્ય આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જન્મકુંડળી મનુષ્યના પૂર્વજન્મના કર્મોપાર્જિત અનુભવોનો વિચાર-સૃષ્ટિમય નકશો છે. આ જીવનમાં આત્માએ ઉન્નતિ માટે કેવી જાતના અનુભવો લેવાના છે? આ જીવન પૂરતું આત્માનું ધ્યેય શું છે અને તેણે કયો માર્ગ ગ્રહણ કરવાનો છે વગેરે ઘણી જાતની ગૂઢ આધ્યાત્મિક બાબતોનું જ્યોતિષશાસ્ત્રના અભ્યાસીને ભાન થાય છે. જન્મકુંડળી આધ્યાત્મિક પ્રગતિ ઇચ્છતા શ્રેયાર્થી માટે એક 'સુવર્ણ ચાવી' છે.

જ્યોતિષશાસ્ત્ર ભારતનો અમૂલ્ય વારસો છે. તેના સ્વાધ્યાય વડે ભારતવાસી પોતાનું જીવન ઉન્નત બનાવે તેવી પ્રાર્થના છે.

*

એક વખત ગાંધીજી ડાકોર તરફથી આવતા હતા અને અમદાવાદ જવાના હતા. તેમનો સત્કાર કરવા આણંદના શ્રી. ચીમનલાલ દવે સ્ટેશને આવેલા. રવિશંકર મહારાજ પણ ત્યાં હતા. ગાંધીજીના નાસ્તા માટે ચીમનલાલ કેરીઓ લાવ્યા હતા. તે કેરીઓ ધોઈને ગજવામાંથી રૂમાલ કાઢી સાફ કરવા લાગ્યા; એટલે ગાંધીજીએ તરત પૂછ્યું: 'આ શું કરો છો? કેરીઓ સાફ કરો છો કે ગંદી કરો છો?'

ચીમનલાલને આશ્ચર્ય થયું. ગાંધીજીએ ખુલાસો કર્યો કે

'આ ગજવાનો રૂમાલ સાફ છે ખરો?'

ચીમનલાલ સમજી ગયા.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોયદોરો

લેખક:
શ્રી જ્યોતીન્દ્ર દવે

કેટલાક વખત પર વર્તમાનપત્રમાં એવા સમાચાર પ્રગટ થયા હતા, કે ઉત્તર પ્રદેશના કેળવણીખાતાએ એવો નિયમ કર્યો છે કે પ્રાથમિક શાળાના મહેતાજીઓએ પોતાના વર્ગમાં ભણતાં બાળકોનાં કપડાં ફાટી જાય તો તે સીવી આપવાં. આ માટે પોતાની પાસે સોયદોરો વગેરે એમણે હમેશ રાખી મૂકવાં અને વર્ષઆખરે આ પ્રમાણે કેટલાં કપડાં સાંધી આપ્યાં તેનો વિગતવાર અહેવાલ રજૂ કરવો.

આ વાંચીને પહેલાં તો મને બહુ નવાઈ લાગી હતી. પ્રાથમિક શાળાના મહેતાજીઓ પર આવો વધારેપડતો બોજો લાદવાનું શું કારણ હશે તે હું સમજી શક્યો નહોતો. વિદ્યાર્થીઓને બૌદ્ધિક વિષયોનું જ્ઞાન આપવાની સાથે એમને હાથની કેળવણી પણ મળવી જોઈએ એવો જે નવો સિદ્ધાંત કેળવણીના શાસ્ત્રમાં દાખલ થયો છે તે અનુસાર આ હુકમ કાઢવામાં આવ્યો હોય એમ મને લાગ્યું નહિ; કારણકે હાથની કેળવણી વિદ્યાથીઓને આપવાની છે, વિદ્યાર્થીઓને શીખવનાર મહેતાજીઓને નહિ, પણ પછી એનું એક કારણ મને જડી આવ્યું. આજે આપણે ત્યાં ગુરુ અને શિષ્ય વચ્ચે જોઈએ તેવો સારો સંબંધ રહ્યો નથી. ગુરુ અને શિષ્ય વચ્ચે પિતાપુત્ર જેવો સંબંધ હોવો જોઈએ તેને બદલે અહિનકુલ અર્થાત્ સાપ અને નોળિયાના જેવો એ થઈ ગયો છે.

એક વિચારકે કહ્યું છે, કે બાળકની માતા એ એનો સાચો ગુરુ છે. માતા પાસેથી બાળક જેટલું ગ્રહણ કરે છે તેટલું બીજા કોઈ પાસેથી કરી શકતો નથી. એ વિધાનને ઉલટાવીને એમ પણ કહી શકાય કે બાળકનો સાચો ગુરુ એ એની માતા જેવો છે. જે બાળકને પોતાની માતા જેવો લાગે તે જ એનો સાચો શિક્ષાગુરુ થઈ શકે. દક્ષિણામૂર્તિવાળા સ્વ. ગિજુભાઈ આના જ્વલંત ઉદાહરણરૂપ છે. સામાન્ય રીતે બાળકને કપડાં પહેરાવવાં, એનાં મેલાં કપડાં ધોઈ આપવાં ને ફાટેલાં કપડાં સીવી આપવાં એ તેની માતાનું કામ ગણાય છે. પોતાનાં કપડાંલત્તાં માટે બાળકો હમેશાં માતા પર જ આધાર રાખે છે. ઘણાખરા પૈસાદારોના ઘરમાં એ કામ બાળકની આયાને સોંપવામાં આવે છે, ત્યારે બાળક આયા તરફ માતૃભાવ રાખતો થઈ જાય છે. હવે એ કાર્ય થોડા પ્રમાણમાં પણ મહેતાજીઓને સોંપવામાં આવશે એટલે બાળકો એમના પ્રત્યે અજાણ્યે પણ માતૃભાવ રાખતા થઈ જશે. સોટી લઈને પ્રહાર કરવા ઉત્સુક યમદૂત જેવા અત્યારે એ એમને લાગે છે તેને બદલે હાથમાં સોયદોરો લઈને એમનાં કપડાંની દેખભાળ રાખનારી માતા જેવા વહાલા હવે એ એમને લાગશે.

એક બીજી રીતે પણ આ પ્રશ્ન વિચારવા જેવો છે. હાથની કેળવણી દ્વારા મનની કેળવણી પણ મળે, એકાગ્રતા સધાય ને ઉચ્ચાદર્શ તરફ મનની આપોઆપ વૃત્તિ થાય એવી એ કેળવણી હોવી જોઈએ. એ માટે રેંટિયાની મહાત્મા ગાંધીજીએ એ જ રીતે જરા આગળ પસંદગી કરી હતી. એ જ રીતે જરા આગળ વધીને જોઈએ તો સોયદોરાની પસંદગી પણ એ જ ન્યાયે અને એ જ ધોરણે કરવામાં આવી હોય એમ લાગે છે.

સોયમાં દોરો પરોવવાથી માંડીને તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડે વસ્ત્રો સાંધવા સુધીની આખી ક્રિયા બહુ અદ્ભુત છે. જો કે પડેલી નજરે જોનારને એ બધું બહુ સાધારણ લાગે એવું હોય છે.

'વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય' વાળા ગીતાના પેલા જાણીતા શ્લોકમાં કહ્યું છે, કે જૂનાં કપડાં કાઢી નાખીને માણસ જેમ નવાં કપડાં પહેરે છે, તેમ આત્મા જીર્ણ શરીરનો ત્યાગ કરી નવા શરીરમાં જાય છે, પણ એ બહુ જૂનાં થઈ ગયેલાં વસ્ત્રો અને તદ્દન જીર્ણ બની ગયેલા શરીરને માટે છે. ફાટેલાં વસ્ત્રો ને બગડેલાં શરીરના મનુષ્યને એનો આત્મા એમ એકદમ પરિત્યાગ કરતો નથી, પણ ફાટેલાં કપડાં ને સાવીને–થીંગડાં મારીને અને બગડેલા શરીરને દવાદારૂ કરીને એ સુધારવાનો અને એની પાસેથી લઈ શકાય તેટલું કામ લેવાનો એ યત્ન કરે છે.

બગડવું એ જેમ શરીરનો તેમ ફાટવું એ વસ્ત્રનો સ્વભાવ છે. ઘડપણમાં શરીર સામાન્ય રીતે વધારે બગડે છે, તે જ રીતે વસ્ત્રો નાનપણમાં કુદરતી રીતે જ વધારે પ્રમાણમાં ફાટે છે. શરીરને બગડવાને માટે સૌથી અનુકૂળ વય વાર્ધક્યની છે તેમ કપડાંને ફાટવા માટે સૌથી અનુકૂળ સમય શૈશવનો છે.

હું નાનો હતો ત્યારે મારું કોઈ ને કોઈ વસ્ત્ર એકાદ ઠેકાણેથી પણ ફાટ્યું ન હોય એવો દિવસ ભાગ્યે જ જતો. શરીર પર ને કપડાં પર બે ચાર ચીરા કે ફાટ ન હોય એમ કદી બનતું નહિ. શરીર પર પડેલા ચીરા કે ઘાને હું ધૂળ ભભરાવીને ઠીક કરી દેતો અને બનતા સુધી કોઈની નજરે ન પડે તેની કાળજી રાખતો, પણ ફાટ્યાં કપડાં ફાટેલા મગજવાળાના પેઠે, પોતાની જાત જણાવ્યા સિવાય રહેતાં નહિ. પહેરણની બાંયે ચીરા પડ્યા હોય, ઘૂંટણ આગળથી લેંઘો કે ધોતિયું જરા ફાટ્યું હોય ને હું છુપાવવાનો યત્ન કરતો રહું, છતાં હાથ ઊંચો કરતાં કે પગ ઉપાડીને ચાલવા જતાં એ ચીરો ને એ ફાટ મોં પહોળું કરીને ચાડી ખાઈ દેતાં. એક દિવસ પહેલાં જ નવાં કાઢીને પહેરાવેલાં કપડાંને બીજે દહાડે ફાટેલું જોતાં મારી માતા કહેતી: 'તારે શરીરે તે કાતર છે કે શું ? કંઈ પણ કપડું પહેરાવ્યું કે તે ફાટ્યું જ સમજવું ! હવે જો આ નવાં કપડાં ફાડી લાવશે તો હું સાંધી આપીશ નહિ. તારે ફાટેલાં કપડાં પહેરવાં પડશે !' એમ કહીને સોયદોરો લઈને એ સાંધી આપતી. વારંવાર માતાને આવી તસ્દી આપવી એ ઠીક નહિ, આપણું કામ આપણે જાતે જ કરી લેવું એવી કોઈ ઉદાત્ત ભાવનાથી પ્રેરાઈને નહિ, પણ હવે જો ફાટેલું કપડું એ દેખશે તો વઢ્યા વિના નહિ રહે, કદાચ માર પણ પડશે એવા ભયને લીધે મેં એ જાણે નહિ તેમ, મારાં ફાટેલાં કપડાં હાથે સાંધી લેવાના એકથી વધારે વાર પ્રયત્નો કરેલા, પણ એક પણ વાર મને એમાં સંપૂર્ણ સફળતા મળી નહોતી.

સોયને નાકે નાનકડું કાણું હોય છે. એ જ કાણામાં પરોવવાનો દોરો એમાં જઈ શકે એવો હોય છે. એક હાથે સોયને પકડીને એને આંખ સામે એનું કાણું દેખાય એ રીતે ધરી રાખીને બીજે હાથે દોરાનો છેડો પકડી એ સોયના કાણામાં દાખલ કરી, એ જરા કાણા બહાર નીકળતો દેખાય એટલે એને ખેંચી લેવો એટલે દોરો સોયમાં પરોવાઈ જાય. એમ અનેકવારના અવલોકનને પરિણામે હું શીખ્યો હતો. પણ જ્યારે એક હાથમાં સોય ને બીજા હાથમાં દોરો લઈને મેં એવો પ્રયત્ન કરી જોયો ત્યારે ક્યાંય સુધી તો મને કાણું જ દેખાયું નહિ. આખરે સોય ઊંધી ઝાલી છે એમ એની ઉપરની અણી દોરીવાળા હાથમાં ભોંકાઈ ત્યારે મને સમજાયું ! સોયને ઊંધી કરીને ફરી પ્રયત્ન કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

આ વખતે કાણાના દર્શનમાં વાંધો ન આવ્યો. ઊલટું, એકને બદલે બે કાણાં દેખાયાં! આમાં કયા કાણામાં દોરો પરોવવાનો હશે એ પહેલાં તો મને સમજાયું જ નહિ. પછી એક આંખ મીંચીને ધ્યાનપૂર્વક જોયું તો એક જ કાણું દેખાયું. એ પછી બીજી આંખ મીંચીને જોયું ત્યારે પણ એક જ કાણું દેખાયું, પણ જગા જરા ફરી ગયેલી દેખાઈ. એ પછી વળી બંને આંખ ઉઘાડી રાખી જોયું, તો ફરી બે કાણાં દેખાયાં. ફરી એક આંખ મીંચીને જોયું, બીજી આંખ મીંચીને જોયું તો બંને વેળા એક જ કાણું દેખાયું. બંને આંખ ખુલ્લી રાખીને જોયું તો વળી પાછાં બે કાણાં દેખાયાં. આ દ્વૈતાદ્વૈતની લીલામાં હું ગુંચવાઈ ગયો. ઈશ્વરે આ સૃષ્ટિ સરજાવીને મનુષ્યમાત્રને દ્વૈતાદ્વૈતની ભ્રમલીલામાં ગૂંચવી નાખ્યા છે. મોટામોટા ફિલસૂફો ને આચાર્યપ્રવરો પણ એમાં ભેરવાઈ પડ્યા છે તો મારા જેવાનું શું ગજું? ફેર એટલો કે એમને સૃષ્ટિએ ગૂંચવ્યા. મને સોયે ગૂંચવ્યો. આખરે આચાર્યોના આચાર્ય એવા ભગવાન શંકરાચાર્યનું સ્મરણ કરી એકચિત્તે ને એકનયને મેં સોય સામું જોયું ને માયાનાં પડળ સરી જતાં અદ્વૈતભાનુનો ઉદય થયો. 'એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ–સત્ય એક જ છે, વિચારકો એનું વર્ણન એ બહુ હોય એ રીતે કરે છે.' એ આપ્તવાણીની મને પ્રતીતિ થઈ અને સોયને એક જ કાણું છે એવી દૃઢ શ્રદ્ધા હૈયામાં ધારણ કરી એકબ્રહ્મમાં ચિત્તને પરોવવાનો નિશ્ચય કરનારા યોગીની અદાથી મેં સોયના એ એકમાત્ર કાણામાં ચિત્ત જેવા ચંચળ દોરાને પરોવવાનો યત્ન કરવા માંડ્યો, પણ સ્વતંત્રતાના વાતાવરણમાં ઊછરેલા એ દોરાને પોતાની સ્વતંત્રતાનું બલિદાન આપી સોયનું બંધન સ્વીકારવાની જરાય ઇચ્છા હોય એમ ન લાગ્યું. હું એને સોયના સાંનિધ્યમાં લાવું, કાણાની અંદર એનો છેડો પેસાડું અને દોરો બરાબર પેઠો છે એમ લાગે ને બીજે હાથે એ દોરાનો છેડો ખેંચું એટલે જગત પણ સત્ય છે ને બ્રહ્મ પણ સત્ય છે એવો પોકાર કરતા દ્વૈતવાદીની પેઠે એ સોયથી દૂર સરી જઈ પોતાનું ને સોયનું ભિન્નત્વ સિદ્ધ કરતો. થોડીવાર સુધી આમ ચાલ્યું ને પછી સોયવાળા હાથે ખાલી ચડી આવવાથી હાથમાંથી સોય સરી ગઈ!

સરીને આઘે તો ન ગઈ પણ પાસે જમીન પર જ પડી. એ સોય લેવા મેં તપાસ શરૂ કરી, ત્યારે જ મને સમજાયું, કે પડી ગયેલી સોયને શોધી કાઢવી એ સામાન્ય મનુષ્યની શક્તિની બહારની વાત છે. ઘૂંટણિયે પડીને, જમીન પર સૂઈ જઈને, જ્યાં સોય પડી હશે એમ હું ધારતો હતો તે જગાની પૂર્વ, પશ્ચિમ. ઉત્તર ને દક્ષિણ–એ ચારે દિશાએથી તપાસ શરૂ કરી, વિરુદ્ધ દિશામાં પ્રગતિ કરી, બારીક અવલોકન કરી એ સોયને શોધી કાઢવા મેં ખૂબ મહેનત કરી. પણ 'ભગવતિ વસુંધરે દેહિ મે વિવરમ્–પૃથ્વી માતા, મારે માટે જગા કર' એમ દુષ્યંતના અપમાનથી અકળાઈને શકુંતલાએ પૃથ્વીને યાચના કરી હતી, તેમ એ સોયે પણ મારા અત્યાચારથી અકળાઈને કદાચ એવી જ પ્રાર્થના કરી હશે અને શકુંતલાની પ્રાર્થના તો પૃથ્વીએ નહોતી સાંભળી. પણ સીતાની વહારે ચડી એને પોતાનામાં સમાવી લીધી હતી, તેમ આ સોયને પણ કદાચ સીતા સમાણી ગણીને પોતાના વિશાળ ઉદરમાં સ્થાન આપી અદૃશ્ય કરી હોય એમ મને લાગ્યું. આખરે એ સોય નહુ જ જડે એવી ખાતરી થતાં, 'તું નહિ તો તારી બહેન બીજી' એમ પોતાની સાથે પરણવાની ના કહેનાર કન્યાને સંભળાવીને તમાચો મારીને ગાલ લાલ રાખનાર યુવકની પેઠે મેં પણ કહ્યું: 'તું અહીં

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી છે' અને ડબામાંથી બીજી સોય ...ડી. અર્ધોએક કલાક એમાં દોરો પરોવવાનો ...યત્ન કર્યો ને પછી એ પણ મારા હાથ- ...થી સરી ગઈ. પૂર્વના અનુભવે કંઈક ...પણ પ્રાપ્ત થવાથી આ વખતે એને શોધવા ...છળ મેં બહુ વખત ન બગાડ્યો, થોડીક ...ર શોધી. પણ ન જડી એટલે 'હાથ સલા- ...ત તે. સોય અનેક' એ ન્યાયે મેં ત્રીજી ...ય કાઢી. પણ જેની પાઘડીએ મંગળ ...ય છે તેની એક પછી એક મરી જતી ...નીને પેઠે. એ ત્રીજી વારની તો હાથમાં ...વતાંવારને સરી પડી ને તાની આગલી ...શોધોને મળવા ચાલી ગઈ.

ચોથી સોયમાં દોરો પરોવાયો—બરાબર પરોવાયો. અભિમાન, આનંદ ને સંતોષ- ...ર્વક મેં એનો છેડો લઈને ખેંચ્યો અને ...ખો દોરો સોયમાંથી બહાર નીકળી આવ્યો.

આમ કેમ બન્યું તે મને સમજાયું નહિ. ...હિંમત તેણે શરૂ કરી ભાંગ્યો છઠ્ઠી વાર' ...નપણમાં ગોખેલી એ પંક્તિને યાદ કરી મેં ...ફરી દોરો પરોવવાનો પ્રયત્ન કર્યો. ઘણી મહેનત પછી પરોવાયો. આ વખતે મેં એનો છેડો ખેંચ્યો—પણ જરાક જ. દોરો સોયમાં ને સોયમાં રહ્યો 'હાશ! એ દુનિયા જખ ...રે છે' કહીને હું ફાટેલું કપડું લઈને સીવવા માટે પ્રવૃત્ત થયો. પહેલો ટાંકો માર્યો. ...ય કપડાં બહાર આવી ને તેની સાથે 'તમેવ ભાર્યા ન ચ વિપ્રયોગઃ—તું જ ...રી પત્ની ને વિયોગની વાત નહિ' એમ ...તો હોય તેમ દોરો પણ એની જોડે જ બહાર નીકળી આવ્યો. ફરીથી ટાંકો માર્યો, ફરી એ જ અનુભવ થયો. ત્રીજા ટાંકાએ પણ એ જ ઇતિહાસનું પુનરાવર્તન કરી બતાવ્યું. આમાં કંઈ કરામત હોવી જોઈએ એમ મને લાગ્યું, પણ એ શી કરામત હશે તે ઘણા વિચારને અંતે પણ મારાથી સમજી શકાયું નહિ; એટલે સોયમાંથી દોરો કાઢી લઈને તેને બરાબર પેટીમાં પડેલાં પ્રમાણે મૂકીને કપડું સાંધવાનો પ્રયત્ન મેં માંડી વાળ્યો. (ઘણા વખત પછી મને સમજાયું, કે સાંધતી વેળા સોયમાં પરોવેલા દોરાને બીજે છેડે ઝીણી ગાંઠ મારવી જોઈએ; નહિ તો સોયની સાથે જ કપડામાંથી દોરો પણ બહાર નીકળી આવે છે!)

એ પછી ઘણું વર્ષે ફરીથી મેં એક વાર ફાટેલું ધોતિયું સાંધવાનો પ્રયત્ન કર્યો હતો; અને તેમાં બે સોયની મદદ વડે હું કાંઈ સફળ પણ થયો હતો. પહેલી સોયમાં દોરો પરોવતાં મારો દમ નીકળી ગયો હતો, પણ એમાં વાંક મારો નહોતો—સોયનો હતો. સોયનું કાણું તૂટેલું હતું. એની ગોળાકૃતિ એક બાજુથી ખંડિત થઈ હતી. તેની મને ખબર નહોતી દોરો એમાં બરાબર જવા છતાં પાછો બહાર કેમ નીકળી આવે છે તેની મેં તપાસ કરી. ત્યારે જણાયું કે સોય તૂટેલી છે. બીજી સોય લઈને મેં કામ શરૂ કર્યું અને બુદ્ધિમાનના દ્વિતીય લક્ષણને અનુસરીને પૂરું પણ કર્યું. ધોતિયું સંધાયું. સાંધીને પહેર્યો પછી થોડીવારે એમાં કાનખજૂરો ભરાયો છે એમ મને લાગ્યું. બીજું ધોતિયું બદલીને તપાસ કરી પણ કાનખજૂરો જણાયો નહિ. બીજે દિવસે એ ધોતિયું ફરી પહેરવાનો પ્રસંગ આવ્યો. ત્યારે પણ એમાં કાનખજૂરો ભરાયો હોય એમ મને લાગ્યું. 'આ છે શું? ધોતિયામાં કાનખજૂરો ક્યાંથી આવ્યો?' કહીને એ બદલીને મેં એને સારી પેઠે ઝાપટ્યું તેમ જ બરાબર તપાસી જોયું. પણ કાનખજૂરો જણાયો નહિ. અન્યથા વહેમ હશે એમ ધારી મેં એ ધોતિયું ફરીથી ધારણ કર્યું અને ફરી મને કાનખજૂરાના પગ ખૂંચવા લાગ્યા. 'આ તે કાનખજૂરો છે કે ભૂત છે?' એમ કહીને જે જગ્યાએ મને કાન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખજૂરો હોવાનું લાગતું હતું તે જગ્યાએથી ધોતિયાને દબાવીને પકડીને જરા ઊંચું કરી ઝાલી રાખ્યું અને પછી ફેરવીને જોયું તો જણાઈ આવ્યું કે કાનખજૂરો નહોતો પણ કાનખજૂરાને મળતી આવે એવી આકૃતિમાં મેં મારેલા ટાંકા હતા અને તે મને ખૂંચતા હતા! એ પછી સોયદોરો લઈને ફાટેલાં કપડાં સાંધવા માટે ઈશ્વરે મારુ નિર્માણ નથી કર્યું એ વાતની મને પ્રતીતિ થઈ અને એ કાર્ય કરવા માટે પ્રયત્ન ન કરવાનો મેં નિશ્ચય કર્યો અને બીજા અનેક નિશ્ચયો કરતાં વિપરીત રીતે એ નિશ્ચય મેં આજ સુધી પાળ્યો પણ છે.

સોયમાં દોરો પરોવવાથી માંડીને કપડું સાંધવા સુધીની ક્રિયા કેટલી અટપટી, ઝીણવટભરી ને શ્રમ પહોંચાડનારી છે એ આટલા પરથી સમજાશે, પણ એના વિના કોઈને ચાલે તેમ નથી. માણસને કપડાં વિના ચાલે તેમ નથી, કપડાંને ફાટ્યા વિના ચાલે તેમ નથી અને ફાટેલાં કપડાંને સાંધ્યા વિના ચાલે તેમ નથી; એટલે સૌ એ ક્રિયામાં પાવરધા થાય એટલા માટે એનું શિક્ષણ આપવાની ખાસ જરૂર છે.

મનને એકાગ્ર કરવા માટે આપણાં શાસ્ત્રોમાં મૂર્તિપૂજાથી માંડીને પ્રાણાયામ સુધીની કંઈકંઈ પ્રક્રિયાઓ બતાવી છે. પણ મને લાગે છે, કે સોયમાં દોરો પરોવવાની ક્રિયા એ મનને એકાગ્ર કરવા માટેનું મોટામાં મોટું સાધન છે. સોયમાં દોરો પરોવતી વેળા મનને એવું એકાગ્ર કરવું પડે છે, કે બહારનો કોઈ પણ વિક્ષેપ એનાથી જરા ય સહન થઈ શકતો નથી. એ કાર્ય કરતી વેળા આખા શરીરને કેવું નિશ્ચેષ્ટ રાખવું પડે છે, દોરા વડે કપડું સાંધતા પહેલાં આંખ, હાથ ને મનને કેવાં એકસૂત્રે સાંધીને કાર્યક્ષમ બનાવવાં પડે છે એનો અનુભવ જેણે એ કાર્ય કર્યું હશે તેને થયા વિના નહિ રહ્યો હોય. અલબત્ત, આ ધ્યાનક્રિયા થોડો જ વખત ચાલે છે, પણ એ કાર્ય લાંબા સમય સુધી ને વારંવાર કરવામાં આવે તો યોગશાસ્ત્રમાં બીજી કોઈ પણ પ્રક્રિયાનો આશ્રય લીધા વિના મનુષ્ય યોગમાર્ગમાં પહેલું પગલું ભરી શકે.

એકબીજા સાથે અવિભક્તરૂપે રહેલા કાપડના તંતુઓ વિભક્ત થઈને પરસ્પર મોં ફેરવી વિમુખ બની બેસે, ત્યારે તેમને ફરી ભેળા કરી બન્ને વચ્ચે સુમેળ કરાવવો એ ક્રિયા વડે કેવળ હાથ ને આંખનું જ કૌશલ્ય કેળવાય છે એમ નથી, એનાથી મન પણ પ્રસાદયુક્ત બનીને સર્જનપ્રવૃત્તિ માટે યોગ્ય બને છે. તીરકામઠાથી માંડીને અણુબોમ્બ સુધીનાં શસ્ત્રાસ્ત્રો એ મનુષ્યના વિધ્વંસક પ્રવૃત્તિનાં પ્રતીક સમાં છે, તો સોય, દોરો આદિ એના સર્જનાત્મક વૃત્તિનાં પ્રતીકરૂપ છે. એ પ્રતીક પ્રત્યે માણસનું મન જેટલું વધારે ને વધારે વાળવામાં આવે તેટલો એને જ લાભ થશે.

જીર્ણ થયેલાં કપડાંની પેઠે અત્યારે જગતઆખાની સ્થિતિ બગડી ગઈ છે. જ્યાં ત્યાં મતભેદને કારણે મનભેદ ઊભો થયો છે ને મનભેદમાંથી ચીરા ને ફાટ પણ પડવા લાગી છે; એ વખતે કોઈ કુશળ સાંધનારની જરૂર છે, પણ સાંધવા માટે સાધન પણ શુદ્ધ હોવું જોઈએ. સાધનશુદ્ધિ ઉપરાંત હાથ, મન ને હેતુની એકવાક્યતા પણ હોવી જોઈએ. ઘણા દરજીઓ સોયદોરો લઈને બહાર પડ્યા છે, પણ એમની સોયમાં કાણાં વધારે છે અને એમનો દોરો પણ સોય સાથે બહાર નીસરી આવે છે.

લુહારવાડે સોય વેચવી એ યોગ્ય નથી એમ ડાહ્યાઓ કહે છે, પણ અત્યારે તો અણુ ને હાઈડ્રોજન બૉમ્બના આ લુહારવાડામાં નાનકડી સોયની જ જરૂર છે!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોખની નોકરી

મૂળ લેખક : આલ્બર્ટ શ્વીત્ઝર
અનુ. સ્વ. ગુણવંતરાય જોષી એમ. એ.

અમેરિકાના 'રીડર્સ ડાઇજેસ્ટ'માં પ્રસિદ્ધ થયેલ આ લેખના લેખક શ્વીત્ઝરે ઉત્તમ જીવનકથાકાર તરીકે યુરોપના અગ્રણી સંગીતકાર-તંતુવાદ્યકાર-તરીકે, ખ્રિસ્તીઓના ધર્મગ્રંથ બાઇબલના પંડિત તરીકે અને નામાંકિત સર્જન તરીકે ગણનાપાત્ર સ્થાન પ્રાપ્ત કર્યું છે. જીવનમાં એમણે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓને માટે એ વિખ્યાત થયા નથી તેટલા એમના ત્યાગથી છે. તત્વજ્ઞાનના એમના ગ્રંથોએ દુનિયાભરની વિદ્યાપીઠોના શિક્ષણ ઉપર મહત્ત્વની અસર કરી છે. યુરોપીય કીર્તિના ઉચ્ચ શિખરે એ હતા ત્યારે કીર્તિ અને ધનવૈભવનો સ્વેચ્છાએ ત્યાગ કરી આફ્રિકાનાં જંગલોમાં વસતી રાંક પ્રજાની સેવા-શુશ્રૂષા કરી. વિષુવવૃત્તના ગરમીઉકળતાં ગાઢ જંગલોમાં ભમીને માનવજાતિની સેવા કરી છે, છતાં એમણે લોકોને ખ્રિસ્તી બનાવ્યા નથી. અહીં પ્રસિદ્ધ થયેલા એમના લેખનું ફરીફરી વાચન કરવું જોઈએ.

આ લેખના અનુવાદક અધ્યાપક જોષીએ 'અખંડ આનંદ'માં અગાઉ પણ લખ્યું છે. 'ખોરાકમાં ઝેર'એ નામનો એમનો લેખ ખૂબ પ્રશંસા પામ્યો હતો. આ સંસ્થાએ તેની પુસ્તિકા પણ પ્રગટ કરી છે. અમને જણાવતાં અત્યંત ખેદ થાય છે, કે થોડા માસ પહેલાં તેઓ આપણી વચ્ચેથી ચાલી ગયા છે. એમના અવસાનથી જૂનાગઢ અને સૌરાષ્ટ્રના નાગરિકો, ખાસ કરીને વિદ્યાર્થીઓ અત્યંત દુઃખ પામ્યા છે. એમના મૃત્યુ પછી જૂનાગઢ અને બીજે સ્થળે જે શોક પ્રદર્શિત થયો છે તેમાં અમે પણ સાથ પુરાવીએ છીએ. એમણે અનુવાદ કરેલો આ લેખ એમના જીવનનો જ એક ભાગ હતો એમ કહી શકાય. એમણે છોડેલી 'શોખની નોકરી' આપણે કરીશું?

ઘણીવાર આપણે લોકોને કહેતા સાંભળીએ છીએ, 'આ મનખા દેહ મળ્યો છે તે લાવ કૈંક કરી છૂટું, પણ ઘરકામધંધાની ઉપાધિઓને લીધે કૈં કલ્યાણનું કામ થઈ શકતું નથી. વ્યવહારમાં એટલા ગળાબૂડ થઈ પડ્યા છીએ કે ભલાઈ કરવાનો વિચાર સરખો આવી શકતો નથી.'

આ એક સામાન્ય છતાં અત્યંત ભયાનક ભૂલ છે. જો ખરેખર સેવા કરવાની, કોઈને મદદ કરવાની ઇચ્છા માણસને થતી હોય તો તેના ઉંબરમાં જ એવાંએવાં કામોનો ઢગલો પડેલો છે કે તેમાંથી એકાદ બે કરવાથી આત્માની શાંતિ ને ઉન્નતિ તે સાધી શકે. આત્મિક ઉન્નતિમાં જ સાચું સુખ અને ઉન્નતિ સમાયેલાં છે. આ સાચું સુખ મેળવવા માટે કામધંધો છોડી દેવાની કે કોઈ મહાન ત્યાગની જરૂર પડતી નથી.

આ આત્માની સેવા કરવાની વૃત્તિને હું 'શોખની નોકરી' (અં. સેકન્ડ જોબ) કહું છું; કારણકે આ નોકરી કરવાથી કંઈ પગાર મળતો નથી; ફક્ત એ કામ કર્યાનો સંતોષ મળે છે. આ કામ બજાવતાં તમને ઉમદા તક અને આત્મિક બળ સાંપડે છે. આવાં કામોમાં તમારી બચત રહેતી શક્તિ પૂર્ણપણે યોજી શકાય. હાલમાં, દુનિયામાં મોટામાં મોટી ખોટ પ્રવર્તતી હોય તો બીજા માણસો સંબંધે વિચાર કરી શકે એવા માણસોની છે. આ નિઃસ્વાર્થી નોકરીમાં મદદ કરનાર ને લેનાર બન્ને જીવનસાફલ્ય અનુભવી શકે છે.

આવાં આત્મિક સાહસો વિનાની જિંદગી જીવતાં સ્ત્રી-પુરુષો (અવિદ્યાના) અંધકારમાં અટવાયા કરે છે. અત્યારના વ્યાવહારિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનું દબાણ એવું છે. કે માણસ વ્યક્તિત્વહીન બનતો જાય છે. આપણી સર્જન અને અભિવ્યક્તિની ઇચ્છાઓને 'મૂર્ઝાવી' દેવામાં આવે છે, સાચી સાંસ્કૃતિક પ્રગતિ તેટલે અંશે અવરોધ પામે છે.

આનો શો ઉપાય? માણસ ગમે તેટલો કામઢો હોય, છતાં પણ આત્મિક પ્રવૃત્તિને લગતી દરેક તક ઝડપી તે પોતાનું વ્યક્તિત્વ જમાવી શકે છે. કેવી રીતે? શોખની નોકરી કરીને. પોતાના માનવબંધુની, ભલેને તે ગમે તેટલી નાની હોય પણ, કામગીરી બજાવીને. તેને આવી તકો શોધવા બહુ લાંબે નજર દોડાવવાની જરૂર નહિ પડે.

આપણા જીવનની મોટામાં મોટી ભૂલ તો એ છે. કે જીવતર દરમિયાન આપણે આજુબાજુ પડેલી તકો લેતા નથી. જો આપણે પ્રયત્નશીલ હોઈએ તો આંખ ઉઘાડતાંવેંત જ આપણી મદદની જરૂર હોય તેવા ઘણા માણસો દેખાશે. આ મદદ કંઈ મોટાંમોટાં કામોમાં આપવાની હોતી નથી; નાનાંનાનાં કામોમાં આપવાની હોય છે. ગમે તે દિશામાં માણસ નજર નાખે, તેની મદદની અપેક્ષા હોય તેવા માણસો ને કામો તેને જડી જવાનાં.

એક વખત જર્મનીમાં થર્ડ ક્લાસ (ત્રીજા વર્ગ)ના ડબામાં હું મુસાફરી કરી રહ્યો હતો. મારી જોડે કોઈ અવનવા બનાવની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યો હોય તેવો એક જુવાન બેઠો હતો. તેની સામે ચિંતાગ્રસ્ત, ચીડિયો, દુઃખે બબડતો કોઈ વૃદ્ધ માણસ બેઠો હતો. નજદીકના મોટા શહેરમાં પહોંચશું ત્યારે રાત પડી જશે એવી મતલબનું જુવાને વૃદ્ધને કહ્યું.

'આપણે ત્યાં જઈ કરશું શું, એ જ મને તો સૂઝતું નથી.' વૃદ્ધ માણસે નિરાશ થઈ જણાવ્યું 'મારો છોકરો ત્યાંની ઇસ્પિતાલમાં અત્યંત માંદો પડી દાખલ થયો છે. માંદગી ગંભીર હોવાથી ઝટ આવવાનો મ[ને] તાર કર્યો છે. તેને કંઈ થાય એ પહેલાં મા[રે] પહોંચી જવું જોઈએ ને, ભાઈ? ને હું તો 'દેશ'માંથી આવું છું. શહેરના રસ્તાથી બિલકુલ અજાણ છું. મારું શું થશે, હે ભગવાન! મેળાપ થશે કે નહિ? રે, પ્રભુ!'

જુવાને જવાબ વાળ્યો: 'હું શહેરનો વાકેફગાર છું. તમારી સાથે ઊતરી પડીશ. તમારા દીકરા આગળ તમને પહોંચાડી દઈશ. બસ, હું તો વળી બીજી ટ્રેનમાં ચાલ્યો જઈશ, એમાં શું?'

ડબ્બામાંથી જ્યારે તે નીચે ઊતર્યા ત્યારે બે સગા ભાઈ ઓ ખભેખભા મિલાવી ચાલતા હોય તેવું સુંદર દૃશ્ય ખડું થયું.

હવે, આવા નાના દેખાતા કાર્યની કિંમત કોણ આંકી શકે? તમે પોતે પણ આવાં નાનાં કામો શોધી પાર પાડી શકો.

પહેલા મહાયુદ્ધ વેળાની એક વાત છે. શહેરનો એક ગાડીવાળો લશ્કરી કામ માટે વૃદ્ધ હોવાથી નાકામિયાબ ઠર્યો; એટલે તે તો સરકારી જુદાંજુદાં ખાતાંઓમાં, પોતે મદદ કરવા તૈયાર છે એમ કહેતો ફર્યો. પરંતુ કોઈએ તેની મદદ લેવાની આતુરતા દેખાડી નહિ. આથી નિરાશ ન થતાં તેણે પોતાલાયક કામ શોધી કાઢ્યું. શહેર બહારની છાવણીઓમાંથી જે સૈનિકો આવતા તેઓ સરહદ પર લડવા માટે જાય તે પહેલાં તેમને શહેરમાં હરવાફરવાની થોડા દિવસની છૂટી મળતી. આવા, શહેરથી અજાણ્યા, સૈનિકો માટે દરરોજ આઠ વાગે તે ગાડી જોડી સ્ટેશને ઊભો રહેતો. દર રાતે ચારપાંચ ફેરા સ્ટેશન અને ગામ વચ્ચે તે કરતો. લંડન શહેરની ભૂલભુલામણી ગલીકૂંચીઓમાંથી સૈનિકોને દોરવાનું કાર્ય યુદ્ધનો અંત આવ્યો ત્યાંસુધી તેણે જારી રાખ્યું.

કોઈ નવીન વ્યક્તિનો આગળ ચાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...રિચય પાડવામાં આપણે ક્ષોભ અનુભવીએ ...એ, તુચ્છકાર મળશે એ બીકે, દુનિયાના ...ભાગનાં હૃદયોને સહાનુભૂતિહીન બનાવી ...યાં છે. જે જે વખતે આપણે બેકાળજીભર્યું ...ન દાખવીએ છીએ તેતે ઘડીએ મોટેભાગે ... આ બીક જ કામ કરતી હોય છે. આત્મિક ...મત દ્વારા આ નબળાઈ ત્યજે જ છૂટકો. ...માં નિશ્ચય કરી લેવો આવશ્યક છે, કે ...પમાન થાય તોપણ સારું કાર્ય કરતાં ...ટકવાનું નથી. સંજોગોનો ને આજુબાજુના ...તાવરણનો પુખ્ત વિચાર કરી ડહાપણપૂર્વક ...પણે હિંમત ધરીએ, અપરિચિત વ્યક્તિ ...થીની પ્રથમ મુલાકાતમાં અમુક સંયમ ...રણ કરીએ તો જણાશે કે જ્યારે આપણે ...આપણા હૃદયનાં કમાડ ઉઘાડતાં હોઈએ ...એ, ત્યારે ખરું જોતાં સામાનાં હૃદયકમાડ ...ખોલતા હોઈએ છીએ.

ખાસ કરીને મોટાં શહેરોમાં આ હૃદયનાં ...માડ ઉઘાડવાની જરૂર છે. લોકોના ટોળામાં ...સ હમેશાં એકલો પડી જાય છે. ગામ- ...ના લોકો એકબીજાને પિછાનતા હોય છે. ...ઓ એકબીજાનો આધાર જરૂરનો સમજે ... પરંતુ શહેરના રહેવાસીઓ એકબીજાથી ...જાણ, અદૂલી વૃત્તિના. એકાંતપ્રિય, ઘણી- ...ર તો પોતામાં રત થઈ ગયેલા, નિરાશાને ...રેલા હોય છે, જેને જરા જેટલી પણ માન- ...ના વ્યક્ત કરવાની અભિલાષા હોય તેવાં ...-પુરુષો માટે આ કેવી જબરજસ્ત તક છે! ...ગમે ત્યાં શરૂઆત કરો—ઓફિસમાં, ...રખાનામાં કે ગલીકૂંચીઓમાં. વાહનોના ...અકસ્માતથી બચવા સારુ વિશાળ રાજમાર્ગો ...ર ત્રિકોણ રચવામાં આવ્યો હોય છે, તેના ...ક છેડા પરથી વેરાયેલું સ્મિત બીજા છેડા- ...ર આત્મહત્યાનો ઇરાદો કરતા માણસને ...ચાવી શકે છે. ઘણીવાર મૈત્રીભર્યું ઉમળકાનું ...સ્મિત, આપણને સ્વપ્ને ય ખ્યાલ ન હોય તે રીતે, સામી વ્યક્તિનાં દુઃખદર્દનો અડાબીડ અંધકાર છવાયો હોય તેમાં આશાનું કિરણ પ્રગટાવી શકે છે.

હું મારા જુવાનીના દિવસો સંભારું છું ત્યારે મને ખ્યાલ આવે છે, કે તે દિવસો દરમિયાન ઘણા માણસો તરફથી મળેલ મદદ, સહાનુભૂતિ અને હિંમત. માયાળુ વર્તન અને સાદી શિખામણ મને કેવાં અમૂલ્ય થઈ પડ્યાં હતાં! આ સ્ત્રીપુરુષોએ મારી જિંદગીની ભોંમાં ઊંડા ઊતરી ત્યાં રહોરહે મારામાં બળ સીંચ્યા કર્યું છે. પણ જેમ આ રહસ્યનો તેમને બિલકુલ ખબર નથી તેમ આ મદદનું મહત્ત્વ હું તે વખતે પૂરેપૂરું આંકી શકયો નહોતો. આપણે બધા ખૂબ દેવાદાર છીએ. 'આપણે આટલું બધું કરીએ છીએ તો સામા માણસે આપણા માટે કશું ન કરવું જોઈએ શું?' એવો પ્રશ્ન આપણામાં ઊઠે તે સહજ છે. પરંતુ આનો પૂર્ણ જવાબ આપણાથી ગુપ્ત રહે તે ઇષ્ટ છે. અલબત્ત, કોઈ તરફથી જરાતરા મદદ મળે તે ઇચ્છનીય છે, જેથી આપણી સારાં કાર્યો કરવાની હિંમત ટકી રહે. તમારે ચોક્કસપણે માનવાની જરૂર છે કે તમારા (ઉચ્ચ) જીવનની અસર આડોશીપાડોશી પર પૂર્ણપણે પડે છે—પડી શકે છે.

જીવનમાં તમને બીજા કોઈ કરતાં કોઈ સુખ વધુ મળેલ હોય, તે પછી તંદુરસ્તી, બુદ્ધિશક્તિ, ચાતુર્ય, અપૂર્વ સફળતા, સુંદર બચપણ, આદર્શ ગૃહજીવન કે એવું કંઈ, તો તમારે તે ભાગ્યવશાત્ મળી ગયું એમ માની ચાલવું ન જોઈએ. તમને જે કંઈ વિશેષ મળ્યું છે તે બદલ આભાર વ્યક્ત કરવા, તમારે બીજાની જિંદગીની ઊણપ ટાળવા, કંઈક ભોગ આપવો પડે તો આપવો જોઈએ.

જે લોકો પર દુઃખપરંપરા ત્રાટકી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને માટે જુદાજુદા રસ્તાઓ છે. દાખલા તરીકે જે લોકો દુઃખમાંથી પસાર થઈ રહ્યા હોય તેને સહારો આપવાની. જો તમે શારીરિક દુઃખપીડનમાંથી મુક્ત થયા હો તો તમારે તદ્દન મુક્ત થયા એમ ન માનવું જોઈએ. દુઃખપીડિત મુક્તિની ક્ષણ પછી એવાં દુઃખોથી જે જે પીડિત હોય તેમને તેમાંથી મુક્તિ અપાવવા કટિબદ્ધ થવું જોઈએ. જો ઑપરેશન દ્વારા તમે મૃત્યુના મુખમાંથી કે અસહ્ય યાતનામાંથી ઊગર્યા હો તો આ વૈદકીય વિદ્યા જ્યાં પ્રવેશ ન કરી શકી હોય અને ત્યાં દુઃખ અને હાલાકી એ પ્રકારનાં પ્રવર્તતાં હોય તો તેને ત્યાં પહોંચતી કરવામાં તમે ભાગ ભજવી શકો; એટલે જેનું બાળક મૃત્યુ પામતાં બચી ગયું છે તેવી માતા કે પોતાના બાપની છેલ્લી, મૃત્યુવખતની, અસહ્ય પીડા આ વિદ્યાને બળે સહેવા યોગ્ય બની હતી તેવું જાણનારો પુત્ર–આ બધાં યે, બીજા લોકોને આવી મદદ મળે તે માટે બધું જ કરી છૂટવું જોઈએ.

સ્વેચ્છાત્યાગ અને બલિદાન આપવામાં આપણા પંડથી બને તેટલું કરવા મથવું જોઈએ. જો તમે પૈસાદાર હો ને કોઈને મદદ સારુ દશ રૂપિયા આપો તો તે કંઈ ભોગ આપ્યો ન કહેવાય. (બાઈબલમાં આવતી) વિધવા સ્ત્રીએ પોતાનું સર્વસ્વ આપી દીધું તે, પૈસાદારો ધન આપે તેથી વિશેષ ગણાય; કારણકે તેણે તો બધું આપી દીધેલું. આપણે એવું કંઈક આપવું જોઈએ કે જેને છોડતાં આપણને દુઃખ થતું હોય. તે પછી સિનેમા જોવાનું મન હોય તે મારી, મનગમતી રમતગમત છોડી કે મોજશોખને છોડી તેટલા સમયનો બીજાના કામ સારુ ભોગ આપવાનો હોય.

લોકોને કહેતાં સાંભળું છું: 'રે, હું પૈસાદાર હોત તો આ લોકોનાં દુઃખ ટાળવા હું કેટકેટલા મહાપ્રયત્નો કરત!' પરંતુ ઉદારતા અને પ્રેમ દાખવવામાં તો આપણે બધા પૈસાદાર થઈ શકીએ. ઉપરાંત, જો આપણે કાળજી રાખી કોને શું જોઈએ છે તેની પૂર્ણ તપાસ કરી તે પ્રમાણે આપતા હોઈએ, તે માણસને આપણા જેટલા પ્રેમ ને કાળજીની જરૂર હોય તે દર્શાવતા હોઈએ, તો તે તો આખી દુનિયાના ધનથી ય વધુ આપ્યું કહેવાય.

કુદરતનો કોઈ અદ્ભુત કાનૂન છે, કે જેમ જેમ તમે તમારો પ્રેમ (અને સેવા) આપતા જાવ છો તેમ તેમ તમને વધુ ને વધુ પ્રેમ અને સુખ આગળ વધવા માટે મળે જાય છે. व्यये कृते वर्धतां नित्यं। (એ વહેંચવાથી નિત્ય વધતું રહે છે.)

લોકોપયોગી જાહેર સંસ્થા દ્વારા થતાં સેવાનાં કાર્યોની, અલબત્ત, ખૂબ જરૂર છે, પરંતુ તેમાં ય જે અંકોડા તૂટતા હોય તે તો વ્યક્તિગત સેવા અર્પી પૂરા કરવા જોઈએ. દાનની સંસ્થાઓ ચલાવવી તે અટપટું કામ છે. મોટર ચલાવવા માટે જેમ વિશાળ રસ્તાની જરૂર પડે તેવું આને માટે કહી શકાય. આવી સંસ્થાઓ ગલીકૂંચીઓમાં, નાનાં મધ્યમવર્ગનાં કુટુંબોમાં પહોંચી શકે નહિ. ત્યાં તો ખુદ વ્યક્તિએ આંખ ઉઘાડી રાખી, હૃદયને સમતાથી ભરી વિચરવું જોઈએ.

આપણે આપણો આત્મા કોઈ દાનસેવાની સંસ્થા કે સરકારને વેચી દઈ શકીએ નહિ. 'શું હું મારા ભાઈનો રખેવાળ છું?' ચોક્કસ છું જ; એટલે એના માટે સરકાર બધું કરશે એમ કહી હું મોટાભાઈ તરીકેની મારી જવાબદારીમાંથી છટકી શકું નહિ. ખરેખર, એ અત્યંત ગ્લાનિકારક વાત છે, કે આપણામાંના ઘણા પોતાની જવાબદારી સરકાર કે સંસ્થાઓને ભળાવી દેવામાં માને છે ને તે પ્રમાણે આચરણ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા ગૃહજીવન પ્રતિ તો નજર કરો. આપણા જુવાનિયાઓ ડોસા-ડગરાંની ભાળસંભાળ અમારે રાખવાની નથી એમ બોલતા સંભળાય છે. નિવૃત્ત થયે વૃદ્ધજનોને સરકાર તરફથી પેન્શન મળે છે તેનો અર્થ એમ નથી કે છોકરાઓ તેમની ફરજમાંથી મુક્ત થઈ ગયા. આવી સારસંભાળ તે માનવતાની સેવાનો એક પ્રકાર નથી એવી સમજણ ખોટી છે; કારણકે એમ કહેવાથી પ્રેમનો સિદ્ધાંત જ નષ્ટ થાય છે અને આ સિદ્ધાંત જ એવો છે, કે મનુષ્યજીવન ને સંસ્કૃતિની રચના તેના પર થયેલી છે.

આપણા કરતાં વધુ દુર્બળ પ્રતિ દાખવેલ અનુકંપા, પૂર્ણરીતે જીવવાનું જીવનબળ હૃદયમાં પૂરે છે. આપણે એકબીજા પ્રત્યે ઘોર કૃત્ય આચરતાં અચકાતા નથી, તેનું કારણ ઓછી સમજણ ને દયાહીનતા હોય છે. જે ક્ષણે આપણામાં એ સમજણ પ્રગટે છે અને પાડોશીનાં દુઃખે દુઃખી થઇએ છીએ, તેના ગુના માફ કરીએ છીએ, તે જ ક્ષણે આપણે આપણી જાતને શુદ્ધિ બક્ષીએ છીએ ને પવિત્ર જીવનમાં પ્રવેશીએ છીએ.

પણ શા માટે મારે આગલા માણસને માફી આપવી?

કારણ, જો હું દરેકને માફી નહિ આપું તો મારી જાતને જ વફાદાર બની શકીશ નહિ. એમ કરવા જતાં જાણે એવા દોષોથી મારી જાત તદ્દન અપરિચિત છે એમ સિદ્ધ કર્યાનો દેખાવ થશે, જે હળાહળ જુઠાણું છે; કારણકે મારી જાત એવા દોષોથી મુક્ત નથી. મારા વિરુદ્ધ વહેતી કરેલ અફવાઓની મારે માફી જ આપવી જોઈએ; કારણકે મારી પોતાની જાતે આવાં જુઠાણાં કંઈકવાર આચર્યા હશે. મારે પ્રેમહીનતા, ધિક્કાર, ગલીચ અફવાઓ, દગાફટકા, ઉદ્ધતાઈ—બધાંની માફી આપવી જોઈએ; કેમકે મેં પોતે ઘણીવાર પ્રેમહીનતા, ધિક્કાર, જુઠાણાં અને ઉદ્ધતાઈ આચર્યાં છે અને આ માફી કંઈ પણ દેખાવ કે ઉહાપોહ સિવાય વ્યક્ત થવી જોઈએ. સામાન્યતઃ પૂર્ણ માફી આપવાની કક્ષાએ હું પહોંચ્યો નથી. અરે, ભાવપૂર્ણ આચરણ પણ પૂર્ણપણે આચરવાની કક્ષા ય મને લાધી નથી. પણ જે કોઈ આ સાદા છતાં અતિ આકરા સિદ્ધાંત પ્રમાણે જીવન જીવવા પ્રયત્ન કરશે તેને આત્માનાં ખરાં સાહસો ને વિજયોનો સ્વાદ માણવા મળશે.

એક માણસે આપણને નુકસાન કર્યું છે. શું આપણે તે માફી માગવા આવે ત્યાંસુધી વાટ જોશું? નહિ જ. તે તો કોઈ દી' માફી માગે જ નહિ અને પરિણામે આપણે કોઈ દી' માફી આપીએ જ નહિ, તે તો પાપ ગણાય. એને બદલે લાવો એમ જ રાખીએ કે કંઈ બન્યું જ નથી.

મોટાં રેલવે સ્ટેશનો પરના 'વેઇટિંગ રૂમો'માં સૂંડલો ને સાવરણો લઈ ફરતો ભંગી મને દેખાય છે. એક ભાગ સાફ કરી બીજા ખૂણામાં સાફ કરવા જાય છે, ત્યાં તો સાફ કરેલા ભાગમાં કોઈ બીડીનું ઠૂંઠું નાખે છે, તો કોઈ બાળક કાગળ ફાડી ફેંકે છે—કે પહેલાં કરતાં વધુ કચરો, જે જગ્યા હમણાં જ સાફ કરી ત્યાં પડેલો જુએ છે, છતાં જરા ય ગુસ્સો દેખાડ્યા સિવાય તેણે પોતાનું સાફસૂફીનું કામ જારી જ રાખવાનું હોય છે. લોકો સાથેના મારા વ્યવહારમાં સૂંડલો ને સાવરણો રાખ્યા સિવાય મારે ફરવું ન જોઈએ. જે કચરો પડ્યા કરે તેને સતત સાફ કરતા જ રહેવું જોઈએ. નકામી અને મૃત્યુ પામેલી (બની ચૂકેલી) વસ્તુઓને સૂંડલામાં નાખ્યા જ કરવી ઘટે. જો વૃક્ષ પરનાં પાંદડાં પાનખરમાં ન ખરી જાય તો નવાં પર્ણો ફૂટવાનો અવકાશ જ ન રહે.

વિષુવવૃત્ત પરનાં જંગલોમાં જિવાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજા પડી ગઈ!

લેખક :
શ્રી ભૂપત વડોદરિયા

મારે તમને પેટછૂટી વાત કરી દેવી હોય તો કહી દેવું જોઈએ, કે જે વાત આજે હું લખી રહ્યો છું તેનું વસ્તુ મેં તમને જ આપ્યું હોત તો કદાચ તમે વધારે કુશળતાથી વાર્તા કહી શકયા હોત. આ વાતની શરૂઆત હું પ્રથમ પુરુષ એકવચનમાં કરું છું એટલે તમને કદાચ ગુસ્સો પણ થાય; કારણકે આજકાલ મારા થોડા વાચનથી હું કહી શકું છું, સૌ લેખકો–પ્રતિષ્ઠિત, અપ્રતિષ્ઠિત, ઊગતા, આથમતા, ખાસ દિવાળી–અંકોના-પડેલા પુરુષ સર્વનામમાં જ શરૂઆત કરે છે. એટલે આ સૌ 'અહમ્ બ્રહ્માસ્મિ 'ઓ સર્વવ્યાપક ઈશ્વરની પેઠે સૌ વાર્તાઓમાં ઘૂમ્યા કરે તે તમને કદાચ ન પણ ગમતું હોય. હું માનું છું કે હવે હું પોતે તો લેખક નથી જ, તેમાં આપને કાંઈ શક નહિ રહ્યો હોય! જુઓ, આ વાર્તા કહું છું તો ખરો, પણ મહેરબાની કરીને આ વાર્તાની હસ્તીનું કારણ (અં. રીઝન ફોર એકઝીસ્ટન્સ) મને ન પૂછશો.

મારે એક મિત્ર છે–જીગરજાન કે એવું કોઈ પણ વિશેષણ ન આપું તો ચાલે; છતાં એટલું ખરું કે અમારી વચ્ચેનો વ્યવહાર ઘણો સારો અને સ્પષ્ટ કહી શકાય. અમે મિત્રો કેમ બન્યા વગેરે પૂર્વ ઇતિહાસને આ વાર્તા સાથે સંબંધ નહિ હોવાથી નથી કહેતો.

આ મારો મિત્ર પ્રવીણ કોલેજમાં અભ્યાસ કરે છે. માફ કરજો, ડરો નહિ, પ્રણય-કથા કે કોલેજ-જીવનની કશી યે વાત આપને માટે નહિ આવી પડે! મારા મિત્ર પ્રવીણને એક નાનો ભાઈ છે–પંદર સોળ વર્ષની ઉંમરનો, વાને શામળો અને શરીરે ખડતલ. એ વિનોદ છેલ્લાં બે વર્ષથી રખડુ બની ગયો છે. હાઈ-સ્કૂલમાં એ ભણે છે. એના મોટાભાઈ પ્રવીણના અને માતાના અનેક પ્રયત્નો છતાં હજુ યે એ સુધરતો નથી. એના મુખ્ય દોષો એ છે, કે કોણ જાણે કયાંથી પણ એના મનમાં વિલાસ-વૃત્તિએ પ્રવેશ કર્યો છે.

ઘેરથી એ જમીને જ નિશાળે જાય છે. છતાં શાળાની બહાર ઊભી રહેતી પૂરીપકોડીની લારીઓનો એ મોટો ગ્રાહક છે. ચલચિત્રો જોવાનો એનો શોખ પણ અસાધારણ છે. એટલું જ નહિ પણ એક ચિત્ર જોઈ આવ્યા પછી એ ચિત્રની અસરમાંથી જલદી મુક્ત થઈ શકતો નથી. એની–એના મોટાભાઈની આર્થિક સ્થિતિ સારી ન ગણાય. રળનાર પિતાની ગેરહાજરી છે એટલે બહુ કરકસરથી તો ઠીક પણ ઉડાઉપણે રહેવું એમને ન પોસાય. નાનાભાઈ વિનોદનું ખર્ચ સરેરાશ ગણીએ તો દિવસનું બે રૂપિયા થયું! મનાય તેવું નથી. જો કે આપે આવું જોયું હશે તો તો

મારી જિંદગી રોમાંચથી ભરપૂર તમને લાગશે. અમે તો ત્યાં યોગાનુયોગે જઈ પડ્યા છીએ. એ કરતાં ય વધુ રોમાંચક ને સમૃદ્ધ જિંદગી તમે જ્યાં રહો છો ત્યાં જ રહી ગાળી શકો. જો તમે તમારી જાતને નાનીનાની હજારો ગળણીઓમાં ગાળો ને પ્રેમપૂર્ણ જીવન ગાળી

સફળતાને વર્યા કરો તો આવી આત્મિક જિંદગી ગાળવા સારુ ધીરજ, તપ, હિંમત, દૃઢ ઇચ્છાશક્તિ અને દરેકને ચાહવાનો પ્રબળ નિશ્ચય, જે આકરામાં આકરી કસોટી છે, જોઈએ છે. પણ આ આકરી શોખની નોકરીમાં જ માનવજીવનનું ખરું સુખ સમાયેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાઈ નહિ પમાડે. પણ મને જ્યારે મારા મિત્ર પ્રવીણે એ વાત કહી, ત્યારે હું માની શકતો નહોતો. વિનોદની 'ટાપટીપ' પ્રવીણના વિશેષ રોષનું કારણ બનતી. મોજશોખને પોષી શકાય તેટલા પૈસા ઘેરથી તો મળી શકે તેમ નહોતું. ઘેર તો વ્યવહાર ચલાવી શકાય તેટલું રોકડ જ માંડ હોય ! વિનોદ અનેકનાં ઉછીનાં કરે છે ને ઉડાવે છે. પાંચપંદર દિવસે લેણિયાતો ઘર શોધી કાઢે છે ને ત્યારે વડીલબંધુ પ્રવીણ અને માતા પર સાતે આસ્માન તૂટી પડે છે.

વિનોદ જેમના ઉછીના કરે છે, તેમને 'સાઠના એંસી' આપવાની શરતે. એને તમે ખુશીથી મૂર્ખ કહી શકો; કારણકે એ નાણાં ધીરનારાઓને લેખિત કરી આપે છે–કાંડા કાપી આપે છે. પણ મૂર્ખ શબ્દ પણ ખાસ યોગ્ય એને માટે ન ગણાય. એનામાં બુદ્ધિ-ચાતુર્ય નથી તેમ કહેવું ખોટું છે. એણે પોતાના ભાઈ તથા માતાને જે રીતે બનાવ્યા-છેતર્યાં છે, તે રીત–યુક્તિ કોઈ બુદ્ધિશાળી માનસમાં જ આવી શકે. અને એનો–એ બુદ્ધિનો દુરુપયોગ મને સખેદ આશ્ચર્ય પમાડે છે.

શરૂઆતમાં પ્રવીણે જ્યારે મને વિનોદના આવા પતિત જીવન વિષે વાત કરી, ત્યારે મેં તો 'પરોપદેશે પાંડિત્યમ્' દાખવી કહ્યું, કે 'તમે ધારો તો એને જરૂર સુધારી શકો. તમને કામ લેતાં નથી આવડતું વગેરે. તમને માનસશાસ્ત્રનો જરાયે અભ્યાસ નથી માટે આમ થાય છે.' આવી અનેક વાતો મેં પ્રવીણને સંભળાવી. પણ પ્રવીણે–જેને હું તો ખરેખર બુદ્ધિશાળી વ્યક્તિ માનું છું–મારી સાથે શરત કરી કે વિનોદને જો તું સુધારી શકે તો આપણે તારા જિંદગીભરના ગુલામ થઈને રહેવું ! પ્રવીણને ગુલામ કરવાની મારી લેશમાત્ર ઇચ્છા નહોતી છતાં મને થયું કે હું સુધારી શકું. કેમ ન સુધરે? અનેક પતિત વ્યક્તિઓના જીવનમાં અદ્‌ભૂત પરિવર્તન શક્ય બન્યાં છે. આ દુનિયામાં કશું પણ અશક્ય નથી અને તેમાં પણ કુરસ્તે ચડી ગયેલા નાદાન છોકરાને સાચે માર્ગે ચડાવવાનું કાર્ય અશક્ય તો ન જ કહી શકાય, દુર્ઘટ કહી શકાય; પણ આ છોકરો તો હજુ નાનો છે, એટલે કામ પણ પ્રમાણમાં સહેલું બને છે.

પણ અફસોસ સાથે કહું છું, કે આશા રાખી હતી તેવું સંતોષકારક પરિણામ આવ્યું નથી. અલબત્ત એથી હું એમ પ્રતિપાદન કરતો નથી–માનતો પણ નથી કે કોઈ પણ વ્યક્તિને સદ્‌પંથે ચડાવવાનું અશક્ય છે. હું હાલ તો વિનોદના બારામાં જ કહું છું. દરેક કાર્યમાં પુરુષાર્થમાં કચાશ રહી જવાનો અવકાશ હોય છે તેમ હું કબૂલ કરું છું અને માટે જ હું મારા, વિનોદને સુધારવાના, પ્રયત્નોને 'સંપૂર્ણ' ગણતો નથી.

છતાં મારા અનુભવે–સહવાસે હું જે જાણી શક્યો છું, તે નોંધું છું.

વિનોદની આંખમાં મુદ્દલ શરમ જ નહોતી અથવા તો એ એની માતા અને મોટાભાઇથી બિલકુલ ડરતો નહોતો તેમ પણ ન કહી શકાય. એને 'અવિચારી' કહી શકાય. વિલાસજન્ય બેદરકારી: અને અંધ નશા વડે સારાસારનું ભુલાતું ભાન: વિનોદમાં પણ એ જ આવ્યું હતું.

જ્યારે તમે એની સાથે વાર્તાલાપમાં ઊતરો ત્યારે તમે એને ખૂબ 'સમજુ' માની બેસો. એની વાક્‌પટુતા, તમારી-માફ કરજો, મારી કે અમારી–બનાવટ કરવાની એની રીત, એની યુક્તિ–પ્રયુક્તિઓનો જ્યારે હું વિચાર કરું છું, ત્યારે હું વિસ્મય અને ખેદમાં ડૂબી જાઉં છું.

શરીરે તંદુરસ્ત હોવા છતાં પણ બાલ્યાવસ્થામાંથી જ જન્મેલી ભીરુતા હજુ પણ એનામાં હાજર છે. એના લેણદારોથી એ ડરે છે અને ઈશ્વરકૃપાએ બનાવટ કરીને સફળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાપૂર્વક છટકી જાય છે.

છેલ્લેછેલ્લે એ દેણાંથી ખૂબ ઘેરાઈ ગયો હતો. અંદરની આંટીઘૂંટીઓ મૂંઝવનારી હતી. નાનાં દેણાંને–ખાડાને પૂરવા મોટો ખાડો ખોદવાનો. વચ્ચે વિલાસમાં ખર્ચાતાં નાણાં: કદાચ એ દેણાંથી ગળાડૂબ થઈ ગયો હતો.

એવું બન્યું કે જે દુકાને પ્રવીણનું નામું રહેતું હતું એ દુકાનેથી એ પોતે ઘરની ચીજવસ્તુઓ લાવતો હોવાથી માહિતગાર હતો. એટલે પચાસેક રૂપિયાનો માલ લઈ આવ્યો અને સીધો જ વેચી નાખ્યો. માસને અંતે બિલ આવતાં જ પ્રવીણ અને માતા સ્તબ્ધ થઈ ગયાં. વિનોદને મારની ધમકી મળી, રોતી માતા તરફથી આર્થિક સ્થિતિની નિર્બળતા ફરી જાણવા મળી. 'બાલ્યાવસ્થાથી જ દુઃખમાં ઊછર્યા છીએ, કંઈક વિચાર' એવુંએવું ઘણું વિધવા માતાએ રુદનમિશ્રિત અવાજે કહી સંભળાવ્યું.

વિનોદ સહેજ પીગળ્યો–સહેજ જ. એણે સાચી હકીકત કહેવાને બદલે કહ્યું, કે પોતે થોડાએક પૈસા દેણાંમાં ચૂકવ્યા છે ને થોડા હજુ જે ધણીને માલ આપ્યો છે તેની પાસે, બાકી છે. પ્રવીણને પેલા બિલના પૈસા ભરવાની તાકીદ થઈ એટલે પ્રવીણે વિનોદને પેલી બાકી રહેલી રકમ લઈ આવવા કહ્યું. વિનોદ લઈ આવ્યો અને–

બધું પાછું શાંત થઈ ગયું. પ્રવીણને ઘડીક ભ્રમ થયો કે વિનોદની આ હવે છેલ્લી ભૂલ છે. બસ, હવે એ સારે રસ્તે–

બપોરનો સાડાબારનો સમય હતો. હું અને પ્રવીણ બેઠા હતા. વિનોદ હાંફળોહાંફળો આવ્યો. પ્રવીણે સહેજ આશ્ચર્યથી પૂછયું: 'કેમ, સ્કૂલેથી પાછો ?' વિનોદે પ્રસ્વેદ લૂછતાં કહ્યું: 'રજા પડી ગઈ.'

મેં અધીરાઈથી પૂછ્યું: 'આજે શેની રજા ? મંગળવારને દિવસે ?'

પ્રવીણને શંકા પેઠી કે વિનોદે અવશ્ય કંઈક નવાજૂની કરી છે. એટલે ફરી પ્રશ્ન પૂછયો.

વિનોદે છૂટકારાનો દમ ખેંચતાં કહ્યું: 'એક છોકરો મરી ગયો તેથી.'

કોઈ વિદ્યાર્થીના અવસાનથી રજા પડે તે તદ્દન સંભવિત હતું.

'હું આવું છું' કહી પાછળના દરવાજેથી એ ચાલ્યો ગયો. તો બીજા દરવાજા પર 'પ્રવીણભાઈનું ઘર કયું ?' નો અપરિચિત અવાજ સંભળાયો.

એ આવનાર એક ઘડિયાળનો વેપારી હતો. એણે અમને ચોંકાવનારી આઘાતજનક હકીકત આપી કે વિનુ તેને ત્યાંથી ઘડિયાળ ઘેર બતાવવા લઈ જવાના બહાને લઈ ગયો છે અને આજે એમને (ઘડિયાળીને) ખબર પડી કે એમનું–એમની દુકાનનું ઘડિયાળ એક માણસ પાસે ગિરો મુકાયું છે.

આ ઘડિયાળનો વેપારી આ હકીકત શી રીતે જાણી શકયો તે જાણવાની ઇચ્છા થઈ છતાં હાલ તેને દબાવી દેવી પડી. તાળો મળી ગયો. એ ઘડિયાળને ગિરો મૂકી ઉપાડેલા પૈસા–એ જ. પ્રવીણને પેલા માલના ઊપજેલા બાકીના–એમ કહીને વિનુએ આપેલા. એટલે કે પેલા માલનાં ઊપજેલાં નાણાં તો કયારનાં યે લક્ષ્મીની ચંચળતાને પુરવાર કરતાં ચાલ્યાં ગયાં હતાં!

અમે વિનુ કયાં ચાલ્યો ગયો એ જાણવા બહાર નીકળ્યા. શોધખોળ શરૂ થઈ. શહેરના ગાર્ડનો, હોટલો, મિત્રોનાં ઘરો–એકએક જગા ઢૂંઢી વળ્યા.

પ્રવીણની માતાની રોતી આંખો હું જોઈ નહોતો શકતો. દીવાબત્તી ટાણે પોલીસે અમને ખબર આપી. તળાવમાં પડી વિનોદે–ચારે તરફથી ઘેરાઈ ગયેલા વિનોદે–માર્ગ નહિ મળતાં, મરીને માર્ગ લીધો.

હું અને પ્રવીણ ઢગલો થઈ ગયા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવીણની માતા-જવા દો....

બીજે દિવસે ઊંડી ઉદાસીનતાથી ઘેરાયેલો હું બાર વાગ્યે બજાર તરફ ચાલ્યો જતો હતો. અમારા પાડોશનો કાંતિ મને સામે મળ્યો. મેં પૂછ્યું-સહજ જ પુછાઈ ગયું : 'કેમ કાંતિ, સ્કૂલથી પાછો ?'

એણે આછા સ્મિત સાથે કહ્યું : 'રજા પડી...' વગર વિચાર્યે મેં આગળ લંબાવ્યું: 'શેની રજા ? બુધવારે ?'

એણે કહ્યું : 'મારા કલાસનો એક છોકરો ડૂબી મૂઓ...અરે નહિ, પેલો તમારા ભાઈબંધનો...'

હું સમજ્યો. ઓહ ! કંપતા હૃદયે હું ઉતાવળે આગળ ચાલવા લાગ્યો.

બસ, હું અહીં જ પૂરું કરીશ. આ વાર્તા મેં શામાટે લખી-લખવાની શાને લાલચ થઈ એ હું કાંઈ કહી શકતો નથી. એટલું મનમાં થાય છે કે વિનોદે આપઘાત કર્યો શરમને લીધે, આ શરમને એના જીવન દરમિયાન કેમ કોઈએ ન જગાડી ?

☆

એક અમેરિકન છોકરાનો પ્રસંગ વાંચેલો યાદ આવે છે. તે છોકરો જન્મથી જ તેજસ્વી હતો. તેના મનમાં ઇચ્છા હતી, કે હું આખા દેશનો પ્રમુખ બનીશ. એ મહેચ્છાથી તે ખૂબ આગળ વધતો હતો, હોશિયાર તો હતો જ. તેની આસપાસના બધાંને લાગતું હતું કે તે જરૂર પ્રમુખ બનશે.

એક વખત તેને અચાનક શિકારમાં ગોળી વાગી અને તેણે આંખો ગુમાવી; એટલે તેને મનમાં થયું કે હવે તેની મુરાદ બર નહિ આવે; તેથી તે દુઃખી અને હતાશ થઈ ગયો.

તેનાં મિત્રો અને સગાંવહાલાં બધાં તરફથી તેને આશ્વાસનના પત્રો મળ્યા. તેમાં તેમણે જણાવ્યું, કે તમારી મહત્ત્વાકાંક્ષા બહુ સારી હતી; તમે જરૂર દેશના પ્રમુખ થવાની શક્તિ ધરાવતા હતા, પણ હવે આંખો ગઈ, એટલે તે પૂરી નહિ થઈ શકે. એ માટે તેઓ દિલગીર દર્શાવતા હતા. આ બધા તેના જીવનમાં ઉત્સાહ ન પ્રેરી શક્યા. પણ તેના આચાર્યે તેને પત્ર લખ્યો, કે તું હતાશ થઈ ગયો છે અને બહુ દુઃખી થઈ ગયો છે, એમ જાણ્યું. તારા જેવા તેજસ્વી છોકરાને હતાશ થવાનું શું હોય ? તારી આંખો ગઈ, તેથી તારું સર્વસ્વ તણાઈ ગયું છે, એમ માનવાને શું કારણ છે ? ઈશ્વરે દરેક માણસને આંખ ઉપરાંત બીજી ઇંદ્રિયો પણ આપી છે. એટલે એક ઇંદ્રિય ગઈ, પણ બીજી તો છે જ. એનો પૂરેપૂરો ઉપયોગ કરજે. હતાશ થવાનું કારણ નથી.

આ પત્ર વાંચી તેનામાં નવું બળ આવ્યું, તેની નિરાશા ઊડી ગઈ અને તે દેશનો પ્રમુખ બની શક્યો.

—રવિશંકર મહારાજ

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશદેશની લગ્નપ્રથા

સંગ્રાહક:
શ્રી કિશોર હીરાચંદ પારેખ

જેટલું વિશાળ આ વિશ્વ છે ને જેટલી વિવિધ જાતિઓ અહીં વસે છે, તેટલી વિવિધ, વિચિત્ર ને અવનવી છે પ્રજાની લગ્નરીતો. સંસ્કારી ને જંગલી જાતિઓમાં તાત્ત્વિક સ્વરૂપે બહુ જ ઓછો ફેર માલૂમ પડે છે. લગ્નપ્રથા પરથી પ્રજાનું માપ પણ આપણે કાઢી શકીએ. કેટલાક રિવાજો અણઘડ, બુદ્ધિહીન કે અસંસ્કારી લાગે તોપણ સમાજશાસ્ત્રીને એનો તુલનાત્મક અભ્યાસ કરવો ઘણો રસિક થઈ પડે. દુનિયાની ઘણી પ્રજાઓની પાણિગ્રહણ સમયની રીતિનીતિ જાણી આપણે હિંદની ને ગુજરાતની લગ્નપ્રથાનું માપ પણ આ લેખ ઉપરથી કાઢી શકીશું. લગ્નગાળાના આ મહિનાઓમાં આ લેખનું વાંચન વિશેષ રસિક ગણાશે.

બે વિભક્ત આત્માઓનું પવિત્ર એકીકરણ તે લગ્ન! માનવજીવનની આ અજબ ઘટમાળ છે. જન્મ અને મૃત્યુ—માનવજીવનના બે છેડા—અને તે ય દુઃખ, દર્દથી ભરેલા! માનવે એ બે વચ્ચે શોધી કાઢેલો આનંદી વિશ્રામ તે લગ્ન!

જગતમાં કેટલાય દેશો છે, કેટલીયે પ્રજાઓ છે, એ બધાની લગ્નપ્રથાઓ—રીતો, રસમો જુદી હોય એ સ્વાભાવિક છે; પરંતુ એ બધાનો મધ્યવર્તી વિચાર તો એક જ હોય છે.

જગતની પ્રજાઓના બે મુખ્ય ભાગ પડે છે: સંસ્કારી અને અસંસ્કારી કે જંગલી! સંસ્કારી અને સંસ્કૃત પ્રજાના લગ્નના રીતરિવાજોની અસંસ્કારી કે અર્ધસંસ્કૃત પ્રજાના રીતરિવાજો સાથે સરખામણી કરવાથી માલૂમ પડશે, કે આ સર્જનહારની સૃષ્ટિમાં આપણે વધી...વધીને કેટલા આગળ વધ્યા છીએ!

આ રહી એ લગ્નપ્રથાઓ:

યુરોપમાં પ્રાચીન સમયથી ચાલી આવતી લગ્નપ્રથા અનુસાર કન્યા પરણતી વખતે રૂમાલમાં આંસુ સારે છે અને જીવનભર એ રૂમાલ સાચવી રાખે છે. લગ્નની વીંટી સ્ત્રીઓને ડાબા હાથમાં પહેરાવવામાં આવે છે.

રણમોરચે થતાં લગ્નો ઘણુંખરું આંતરપ્રાંતીય અગર આંતરરાષ્ટ્રીય હોય છે. સૈનિકને લગ્ન કરવું હોય તો જ્યાં તે યુદ્ધ ખેલતે હોય એ દેશના લગ્નના કાયદા મુજબ લ[ગ્ન] કરી શકે છે. ઈટાલિયન યુવતી સાથે લગ્ન કરવા માગનાર વિદેશી પુરુષે છ મા[સ] ઈટાલીમાં રહેવું જોઈએ. છ માસથી ઓછ[ા] વસવાટવાળી વ્યક્તિની લગ્ન માટેની અરજી સ્વીકારવામાં આવતી નથી.

સ્વીડનમાં લગ્નવખતે કન્યા એક ખમીસ ભેટ મોકલે છે. એ ખમીસ પહેરીને જ લગ્ન વિધિ પતાવવામાં આવે છે. લગ્ન બાદ એ ખમીસ સાચવી રાખવામાં આવે છે અને પતિને મૃત્યુસમયે એ ખમીસ પહેરાવી દફનાવવામાં આવે છે. છૂટાછેડા માટે અરજી કર્યા બાદ એક વર્ષ સમાધાનની તક આપવામાં આવે છે અને એમાં જો નિષ્ફળતા 'સાબિત' થાય તો પતિ-પત્નીને છૂટાછેડા મળે છે!

રશિયામાં એક રજિસ્ટરમાં સહી કરવાથી લગ્ન અને બીજા રજિસ્ટરમાં સહી કરવાથી છૂટાછેડા લઈ શકાય છે. વિવાહીત અને અવિવાહીત વચ્ચે કોઈ પણ જાતનો તફાવત જણાતો મનાતો. તેમનાં બાળકો 'આરસ' ગણાય...

સ્કોટલૅન્ડમાં પ્રાચીન સમયમાં વર કન્યાનું અપહરણ કરતો..સ્કોટલૅન્ડમાં લગ્નસમ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૫૦]

પછી ઘેર જતી વખતે વહુને એની મા બાથ ભીડી દે છે ને વરને એ બાથમાંથી છોડાવીને ત્યાં લઈ જવી પડે છે.

ડરડેમમાં વરવહુનું સરઘસ કાઢતી વખતે એમના માથા પર બંદૂકો ફોડાય છે.

નોર્થંબરલેન્ડના કિનારા પર આવેલા હોલી આયર્લેન્ડઝમાં પણ એવો રિવાજ છે. ત્યાં દેવળ બહાર નીકળ્યા પછી કન્યાને એક પવિત્ર પથ્થર પરથી કુદાવવામાં આવે છે.

પ્રાચીન સમયથી ચાલતી આવતી રૂઢિ મુજબ ખ્રિસ્તીલોકોના દેવળમાં પોપ પુરુષ અને સ્ત્રીને 'વર' અને 'વધૂ' કહીને સંબોધે, એટલે લગ્નની શરૂઆતનું કામ પતી જાય; અને દંપતી દેવળ બહાર નીકળે છે. લશ્કરી અફસરનું લગ્ન હોય તો બીજા દોસ્તોએ ધરેલ તલવારોની કમાનની અંદર થઈને નવદંપતી પસાર થાય છે. કોઈ કોઈ ઠેકાણે ઘોડાના શિંગડાંની પણ કમાન રચવામાં આવે છે. કમાન નીચેથી પસાર થનાર કોઈ પણ વ્યક્તિ પર આફત ન આવે એવાં કમાન રચવાનો આશય હોય છે.

સર્વિયામાં લગ્નવખતે વરવહુ ભેગાં જમે છે.

બલ્ગેરિયામાં વરવહુને એક અઠવાડિયા સુધી બહાર નીકળવા દેવામાં આવતાં નથી.

નોર્વે અને સોવિયેટ રશિયામાં એક પ્યાલામાંથી બન્ને જણ દારૂ વહેંચીને પીએ છે.

રોમન કેથોલિક દેશો–સ્પેન, ઈટાલી, પોર્ટુગાલ ઉપરાંત આયર્લેન્ડ અને માલ્ટામાં છૂટાછેડા ગેરકાયદેસર મનાય છે. વેટીસન શહેરમાં પતિપત્નીને જુદા રહેવાની પરવાનગી મળે છે, છતાં યે છૂટાછેડા તો નથી જ મળતા. ફ્રાંસમાં પતિ કે પત્નીને ક્રૂરતા, હિંસા, બેવફાઈ માટે એકાદને પણ જેલની સજા થઈ હોય તો છૂટાછેડા મળે છે.

ઓસ્ટ્રિયામાં લગ્ન બાદ પતિપત્ની વચ્ચે વૈષમ્ય થાય અને એ વૈષમ્ય જીરવી શકાય એમ નથી એમ સાબિત થાય તો છૂટાછેડા મળે છે.

હોલેન્ડમાં છૂટાછેડાની ખાનગી કોર્ટ મળે છે અને સમાધાન માટે પાંચ વર્ષનો સમય અપાય છે, અગર પતિ એટલો સમય પત્નીનો ત્યાગ કરી શકે છે!

સ્કોટલેન્ડમાં ચાર વર્ષ, સ્વીટ્ઝર્લેન્ડમાં ત્રણ વર્ષ, નોર્વેમાં ત્રણ વર્ષ અને જર્મનીમાં એક વર્ષ સમાધાન માટે અપાય છે.

એસ્કીમો લોકોની રીત બહુ સાધારણ અને આડંબરરહિત હોય છે. માતાપિતા જ વરકન્યાનાં લગ્ન નક્કી કરે છે. વિવાહ પછી પતિ–પત્ની એક જુદા ઝૂંપડામાં રહેવા લાગે છે. એક પુરુષ અનેક સ્ત્રીઓ સાથે લગ્ન કરે છે, જેમાંની એક તેની મુખ્ય સ્ત્રી હોય છે. તેને સારામાં સારી રીતે રાખવામાં આવે છે. સમસ્ત ઘરની વ્યવસ્થા તે જ કરે છે અને પતિના વ્યવહારની વસ્તુની સારસંભાળ પણ તે જ રાખે છે.

યુરોપના દૂર ઉત્તર પ્રદેશ, રશિયાની ઉત્તર સીમા સમીપના નોર્વે, સ્વીડન અને ફીનલેન્ડના હિમાચ્છાદિત નિર્જન પ્રદેશને લાપલેન્ડ તરીકે ઓળખવામાં આવે છે. લાપ પરિવારમાં પિતા જ ઘરનો માલિક ગણાય છે, બધા એની આજ્ઞાનું પાલન કરે છે. પિતા પછી મોટો પુત્ર એ પદવીનો અધિકારી ગણાય છે. માબાપ ઇચ્છે તો પોતાના પુત્રને પૈતૃક અધિકારથી વંચિત પણ રાખી શકે છે. જો કોઈ છોકરો પોતાના બાપથી જુદો થઈ જાય તો એની સ્ત્રીના દાયજા (દહેજ) સિવાય એને બીજું કાંઈ મળતું નથી અને એ બાપની સંપત્તિનો અધિકારી પણ રહેતો નથી.

રશિયાની ઉત્તરે અને સાઇબિરિયાની પશ્ચિમના બરફમય પ્રદેશોમાં વસતા સમૂદી લોકોમાં શરમનો અભાવ છે. વિવાહીત અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિવાહીત સ્ત્રીપુરુષો સાથેસાથે એક જ સ્થાનમાં રહે છે એ એનું ઉદાહરણ છે. સ્ત્રીઓની અદલાબદલી દ્વારા અતિથિસત્કાર કરવો એ તો એમનામાં એક સામાન્ય નિયમ જેવું છે. સમૂદી પોતાના પહેરવેશ અને રહેણીકરણીમાં ખૂબ ગંદા હોય છે. સ્ત્રીઓના જ્યાં સુધી વિવાહ નથી થયા ત્યાંસુધી જ સફાઈનો કાંઈક ખ્યાલ રાખે છે. જ્યારે કોઈ સમૂદી યુવતી પોતાની નાનીનાની કાળી આંખો મટકાવતી કૂતરાની ખોળની ઝાલરવાળો રેનડિયરનો ચપોચપ બંધબેસતો પોશાક પહેરી, કાળી લાંબી વેણીઓ લહેરાવતી આવતી દેખાય, ત્યારે સમજવું કે એ કોઈ શ્રીમંત પતિની શોધમાં નીકળી છે.

ઓસ્તીઆક લોકોમાં સ્ત્રીઓની દશા વધારે બૂરી હોય છે. પિતા પોતાની પુત્રીનો હાથ એ વ્યક્તિના હાથમાં સોંપે છે, કે જે તેનું વધારેમાં વધારે મૂલ્ય ચૂકવી શકે. આ મૂલ્ય પણ પિતાની સ્થિતિ પ્રમાણે ઓછુંવત્તું હોય છે. શ્રીમંત લોકો પોતાની દીકરીના બદલામાં પચાસ રેનડિયર માગી લે, જ્યારે બિચારા ગરીબ મચ્છીમાર થોડીક માછલીઓથી જ સંતોષ માની લે!

રેડ ઈંડિયનોના લગ્નમાં વર અને કન્યાપક્ષના લોકો અરસપરસ ભેટોની આપલે કરે છે, જેને ભ્રમથી કેટલાક લોકોએ કન્યાવિક્રય નામ આપેલ છે. ખરું જોતાં તેમનામાં સ્ત્રીઓની ખૂબ જ ઇજ્જત કરવામાં આવે છે અને ગૃહસ્થની તે જ સ્વામિની હોય છે.

લગ્ન સમયે બ્રાઝિલમાં સર્વિય.ની માફક જ પણ ખાવાને બદલે બન્ને સાથે દારૂ પીએ છે.

સામોઆ પ્રદેશમાં ત્રાજવાં ત્રોફાવ્યા વિના યુવક લગ્ન તો શું પણ લગ્નનો વિચાર સરખો યે કરતો નથી.

અમેરિકામાં દરેક પ્રાંતવાર છૂટાછેડાના

જુદાજુદા કાયદા છે. તે રીતે ઓગણપચાસ 'છૂટાછેડાના કાયદા' બને છે.

યુક્રેનના ખેડૂતોમાં પરણવા ઇચ્છતો પુરુષ પોતાની પ્રિયતમાને ઘેર એકાદ માસ આંટા ક્યા કરે છે અને એ દરમ્યાન છોકરી પોતાના હાથે ગૂંથેલી ટોપી એને ભેટ આપે તો એની લગ્નમાં ખુશી છે એમ સમજવામાં આવે છે.

ઈટાલીમાં પ્રેમમાં પડેલો પુરુષ ફૂલનું ફૂંડું મોકલે છે. સ્ત્રી જો ખરેખર જ તેની પરણેતર થવા રાજી હોય તો એ ફૂલોને કરમાવા દેતી નથી.

બોસેન્યા પ્રદેશનો વર પરણતી વખતે પોતાની પત્નીને ત્રણ તમાચા મારે એવો રિવાજ છે.

કેનિયા કોલોનીમાં આવેલા મોમ્બાસા બંદરની નજીકમાં આવેલા એક ટાપુમાંના ઈરાનીઓના વંશજો દિવસભર સૂએ છે અને સાંજે સ્ત્રીઓ લાંબા શીરા ઓઢી બહાર ફરવા નીકળે છે!

જંગબારનાં લગ્નોમાં વરપક્ષવાળા મોટાં ઘરેણાંઓ કન્યાને આપે છે અને આખે રસ્તે નાચતાનાચતા લઈ જાય છે. ત્યારબાદ લગ્ન થાય છે. લગ્નવિધિ પૂરી થયા બાદ વર કન્યાને ઘેર જાય છે અને બારણાંના ઉંબરામાં ઘેટાંના કતલ કરવામાં આવે છે અને તે ઘેટાંના લોહી પર પગ મૂકીને વર ઘરમાં જાય છે. લોકો ભલેને ગરીબ રહ્યા, તેમની લગ્નની ધામધૂમ સાત દિવસ સુધી તો જરૂર ચાલવાની જ!

સિરિયામાં ડુઈગ લોકોમાં લગ્ન-સમયે નવવધુ પોતાના પતિને ખંજર આપે છે, એટલા માટે કે ભયસમયે તે તેનું રક્ષણ કરી શકે; અગર જો તે બેવફા નીવડે તો પતિ તેનો જાન લઈ શકે!

ડીપ્રુ લોકોમાં કન્યા સફેદ રેશમી કપડાં પહેરે છે અને ધર્મગુરુ લગ્નવિધિ કરાવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વ આફ્રિકાની બહુમા નામની પ્રજામાં કન્યા પોતાના ભાવિ પતિ પર મોઢામાં દૂધ ભરી કોગળો કરે છે. એ પછી તેઓ અગ્નિદેવની સાક્ષીએ ધર્મગુરુ દ્વારા લગ્નગ્રંથિથી જોડાય છે. એ તેઓને દાંપત્યધર્મ અને કર્તવ્ય સમજાવે છે. અગ્નિદેવ શાંત થયા કે તેમના વિધિની પણ પૂર્ણાહુતિ થાય છે.

જીપ્સીઓનાં કેટલાંક ઘરો માતૃપક્ષનાં હોય છે અને કેટલાંક પિતાપક્ષનાં. તે લોકો ભાઈબહેનની છોકરીઓ, પૌત્રીઓ અને ઓરમાન બહેનો સાથે વિવાહ કરી લે છે. એમ છતાં એક જ પિતાનાં સંતાનો પરસ્પર વિવાહસૂત્રમાં બંધાતાં નથી. કાકાનાં છોકરા-છોકરીઓ સાથેનો સંબંધ અનુચિત નથી મનાતો. મામાની દીકરીઓ સાથે લગ્ન કરવા એ તો ખૂબ સારું માનવામાં આવે છે. અનેકપત્નીત્વનો પણ તેઓમાં રિવાજ છે. મોટી બહેનના વિવાહ પહેલાં નાની બહેન પરણતી નથી. વર અને કન્યાની પવિત્રતાનો નિર્ણય કરવા માટે પ્રમાણોની આવશ્યકતા માનવામાં આવે છે. ખાસ કરીને વર કન્યાને લઈને ભાગી જાય છે અને કેટલાક દિવસો બાદ મુખીની અનુમતિથી લગ્નકાર્ય કરે છે. વિવાહમાં હસ્તમિલાપ, બેયના લોહીનું મોણ દીધેલી રોટલી ખાવી અને ઝાડની ડાળી પરથી કૂદવું એ મુખ્ય રિવાજ મનાય છે. વર કન્યાને ગોદમાં ઉઠાવી ઘેર લઈ જાય છે. આ પ્રકારની પ્રથાઓ તેમનામાં જુદાજુદા દેશોના રિવાજો પરથી આવી છે.

પિગ્મી લોકોમાં બહુ નાની ઉંમરે જ લગ્ન થઈ જાય છે. બહુબહુ તો છ કે દશ વર્ષની ઉંમરે જ! વિવાહની રીત પણ સીધી-સાદી છે વર જે કન્યાને પસંદ કરે તે કન્યાના પિતા પાસે જઈ એની કિંમત ચૂકવી દે છે, એને ખરીદી લે છે. આ મૂલ્ય દશ-બાર બાણું, એકબે બરછી અને થોડી તમાકુના રૂપમાં ચૂકવવામાં આવે છે. પુરુષમાં જો કિંમત ચૂકવવાની ત્રેવડ હોય તો તે મનફાવે એટલી સ્ત્રીઓ કરી શકે છે. તેમના પરિવારમાં ત્રણથી વિશેષ વ્યક્તિ હોતી નથી, એમ છતાં પતિ-પત્ની, માતા-પિતા અને બાળકોમાં પરસ્પર પ્રેમભાવ વિશેષ હોય છે.

ઝુલૂ લોકોમાં પણ પુરુષ અનેક સ્ત્રીઓ કરી શકે છે. કન્યાનો બાપ બે કારણોથી વધુનું મૂલ્ય લ્યે છે. વર પાસેથી પશુધન એટલા માટે લેવામાં આવે છે, કે પાછળથી વર કન્યાને દુઃખ ન દે અને તેને સારી રીતે રાખે. અને બીજું કન્યા પિતાને ઘેર રહી જે કામકાજ કરી શકતી એ હવે નહિ કરી શકે એટલે એની નુકસાની વર્તી લેવી જોઈએ. ઓછામાં ઓછાં દસ પશુઓ તો દે જ છે. મુખ્ય પત્નીનો સૌથી મોટો પુત્ર જ કુટુંબનો વડીલ બને છે.

ઝુલૂ લોકોમાં 'હલીનિયાં' નામનો એક સામાજિક નિયમ પ્રચલિત છે. એ અનુસાર કુટુંબની સ્ત્રીઓ સાસુ-સસરાની સામે નથી આવતી અને પોતાના પરિવારની મુખ્ય વ્યક્તિઓનાં નામ પોતાના મોઢાથી કદી ઉચ્ચારતી નથી. પુરુષ પણ એ જ રીતે પોતાની સાસુની સામે નથી ઊભો રહેતો અને પોતાના સસરાના કુટુંબની મુખ્ય વ્યક્તિઓનું નામ નથી લેતો. ઝુલૂ પોતાની પરણેતરોને સુખમાં રાખે છે. દરેકને એકએક ઝૂંપડી દઈ દે છે. આમ છતાં યે પુરુષ સ્ત્રીને પોતાની દાસી જ સમજે છે. હરએક ઝુલૂ પોતાની સ્ત્રીને સંતાનોત્પત્તિ માટેનું સાધનમાત્ર માને છે; કારણકે છોકરીને વેચવાથી વધારે ઢોર-ઢાંખર મળે. પશુધનની તીવ્ર લાલસા ઝુલૂ લોકોમાં અનેકપત્નીનું મુખ્ય કારણ છે. જે પુરુષને ઓછામાં ઓછી ચાર પત્નીઓ નથી એ પુરુષ નથી મનાતો અને સમાજમાં તેને ખૂબ જ તુચ્છ અને અવહેલનાને પાત્ર સમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવામાં આવે છે.

આફ્રિકાના નાતાલમાં ફ્રાફર જાતિમાં કન્યા પતિની પસંદગી કરે છે.

દક્ષિણ આફ્રિકાના પશ્ચિમ પ્રદેશમાં પતિએ પોતાની પત્ની સાથે જ નહિ; પરંતુ પોતાની પત્નીની મોટી બહેનની સાથે પણ લગ્ન કરવાં પડે છે!

આફ્રિકામાં રાત્રે વરને અથવા અણવરને લગ્નસમયે ઘરબહાર ઊભું રહેવું પડે છે. શા-માટે ખબર છે? ભૂતપ્રેતને હાંકી કાઢવા માટે!

કુહા ટાપુઓમાં લગ્નપ્રસંગે નવદંપતીના મિત્રો બંનેનાં ઘર વચ્ચેના માર્ગ પર સૂઈ જાય છે અને લગ્નવિધિ માટે પત્નીએ આ મિત્રોનાં શરીર પર ચાલીને પતિને ઘેર પહોંચવાનું હોય છે.

ઓસ્ટ્રેલિયાની બધી જ જંગલી જાતિઓ જુદાજુદા વર્ગો અને ઉપજાતિઓમાં વહેંચાઈ ગઈ છે. એમના વર્ગો અને જાતિઓનાં નામ કોઈ પશુ–પક્ષી કે વૃક્ષ–વેલાનાં નામ પરથી પડેલાં હોય છે. આ વિચિત્ર વ્યવસ્થા ઉપર તેમની સામાજિક વ્યવસ્થા રચાઈ છે. એ નિયમ પ્રમાણે કાંગારુવર્ગનો પુરુષ એ જ વર્ગની સ્ત્રી સાથે વિવાહ નથી કરી શકતો. એને વળી બીજા કોઈ વર્ગ 'ઢેઢગરોડી' કે એવામાંથી પોતાની સહચરીની શોધ કરવા-ની રહે છે.

યહૂદીઓમાં લગ્ન એ બે વ્યક્તિઓનો પરસ્પર પવિત્ર ફરજોવાળો સંબંધ ગણાય છે. લગ્નની વિધિ પણ સાદી છે. વરનું 'કીડુસીમ' (આ વીંટી દ્વારા તું મને મોઝીઝ અને ઇઝરાયેલના કાયદા પ્રમાણે વરી ચૂકી છે.) બોલવું; મેરેજ-સેટલમેન્ટ–પત્ર યાને 'કેસુબા' પર બંનેની સહી, થોડા આશી-ર્વચનોના ઉચ્ચાર એટલે તેમની લગ્નવિધિની પૂર્ણાહુતિ!

પાપુઆન લોકો ઓસ્ટ્રેલિયા પાસે આવેલા ન્યૂગીની પ્રદેશમાં વસે છે. પાપુઆન યુવક ઉંમર-લાયક થતાં જ કન્યાની તલાસમાં નીકળે છે. તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વિવાહની ઇચ્છાવાળા યુવકે અત્યંત પરિશ્રમ કરી રોજિંદા વ્યવહારની વસ્તુ એકઠી કરવી પડે છે. ત્યાં કન્યાના મૂલ્ય તરીકે કેટલાક સૂવરો, ખાદ્યપદાર્થો, આભૂષણો, મોતીની છીપો, મલમલ, યુરોપીય સોદાગરો પાસેથી ખરીદેલો વિલાયતી સામાન વગેરે દેવામાં આવે છે. સ્ત્રીના મૂલ્યમાં સૂવર તો હોવાનું જ. વિવાહપ્રસંગે કન્યાનાં બધાં આભૂષણો ઉતારી લેવામાં આવે છે, તેના વાળ મૂંડી નાખવામાં આવે છે. સ્ત્રી વિવાહીત છે એવું સૂચવવા તેના મોઢા પર છૂંદણાં છૂંદવામાં આવે છે. અવિવાહીત સ્ત્રીઓ મુખ સિવાય આખે શરીરે ત્રાજવડાં ત્રોફાવે છે. વિવાહને દિવસે એક મહાભોજન અપાય છે, તેમાં શાક, કેળાં, સૂવરનું માંસ આદિ પિરસાય છે. હા, તેમનામાં વિવાહબંધનની દૃઢતા નથી જોવામાં આવતી અને સ્ત્રીઓ પતિઓને ત્રણ-ચાર વાર છોડી ચાલી જાય છે અને પાછી આવે છે. પાપુઆન લોકોનો સ્વભાવ યુદ્ધખોર હોય છે. સ્ત્રીઓને તે તણખલા સમાન અને દાસી સમજે છે. એમ છતાંય પરિણીત સ્ત્રી સાથે તે ખરાબ રીતે વર્તતો નથી. સ્ત્રીઓ પણ પૂર્ણ દાસી બનીને રહે છે અને યુક્તિ-પૂર્વક ઘરનાં, વ્યાવહારિક અને સામાજિક કાર્યોમાં પોતાનું પ્રભુત્વ પ્રાપ્ત કરી લે છે.

પ્રશાન્ત મહાસાગરના દ્વીપો, જેવા કે હવાઈ ટાપુઓ, એલિસ, ફિનિક્સ, ન્યુઝીલેંડ યુનિયન, મનિહિકી, મારકલીસન્સ, સમોઆ, તોંગા, કુક, તુબુઆઈ, તુઆમાતો વગેરે દ્વીપોને પાલિનેશિયા કહી શકાય. ત્યાંના વતનીઓ–પાલિનેશિયનોમાં અગાઉ સરદારો અને શાસકોમાં બહુવિવાહ અને ઉપપત્નીઓનો રિવાજ હતો. દેર યા જેઠ સાથે વિધવાઓનાં લગ્ન કરાતાં; અગર તેમ ન બની શકે તો ઉપપત્ની તરીકે સ્વીકારી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા સંબંધી સાથે લગ્ન થતાં. નાની બાબતોને મોટું સ્વરૂપ આપી આસાનીથી છૂટાછેડા મળતા, પણ પરિત્યક્તા પત્ની પોતાના પૂર્વપતિની આજ્ઞા વિના પુનર્લગ્ન કરી શકતી નહિ. વ્યભિચારીને પ્રાણદંડ સુધીની સજા થતી; અગર જો તે ભાગી જાય તો તેના કુટુંબીને એ સજા ભોગવવી પડતી!

પ્રશાન્ત મહાસાગરમાં આવેલા ન્યૂગીની, બિસ્માર્ક દ્વીપસમૂહ જેમાં ન્યૂ પોમેરેનિયા, ન્યૂ આયર્લાન્ડ, એડમિરેલ્ટી તથા બીજા નાનાનાના દ્વીપોનો સમાવેશ થાય છે; તેમ જ દક્ષિણના સાબોમન, સાન્તાક્રૂઝ, ન્યૂ હેબ્રિડીઝ, લોયલ્ટી, ન્યૂ કેલેડોનિયા તથા પૂર્વના ફિજી વગેરે દ્વીપોના વતનીઓ મેલાનેશિયન તરીકે ઓળખાય છે. ત્યાં કેટલાક વર્ગોના લોકો પરસ્પર વિવાહ નથી કરી શકતા; એથી ભાવિપત્નીઓનું ક્ષેત્ર સીમિત હોય છે. મેલાનેશિયામાં વિવાહની રસમો પણ વિચિત્ર છે. ત્યાં કન્યાનું અપહરણ, સંમતિપૂર્વકના વિવાહ, બાળવિવાહ વગેરે પ્રથાઓ અસ્તિત્વ ધરાવે છે. પુરુષ બે સ્ત્રી પણ પરણી લે છે. ન્યૂ હેબ્રિઝમાં બહુપતિની પણ પ્રથા છે. બે વિધુર એક જ વિધવા સાથે વિવાહ કરી લે છે. મેલાનેશિયન લોકોમાં છોકરાઓ યુવાન થતાં જ તેમને કામવિજ્ઞાનનું શિક્ષણ અપાય છે. આ ઉપરાંત છોકરાઓ ઘેર નથી સૂઈ શકતા. તેમને ‘ કુંવારા–ગૃહ ’ નામક ઘરમાં રહેવું પડે છે. રજસ્વલા થયા બાદ છોકરીઓને પણ એક જુદા જ ઝૂંપડામાં રાખવામાં આવે છે. ત્યાં વૃદ્ધાઓ સિવાય કોઈ હોતું નથી; અને તેમના પર કડકમાં કડક નજર રાખવામાં આવે છે.

બોર્નિયોના ઘોક લોકો પોતાની સ્ત્રીઓ સાથે સારો વર્તાવ કરે છે. તેઓ એને દાસી નથી સમજતા. સ્ત્રીઓને પણ પુરુષના જેટલી જ મહેનત કરવી પડે છે. ઘરવ્યવહાર ઉપરાંત તેઓ ખેતરોમાં પણ કામ કરે છે. બોર્નિયો દ્વીપના કેટલાક ભાગોમાં લગ્ન એક ખૂબ સાધારણ અને બીનજવાબદારીનું કૃત્ય મનાય છે. સ્ત્રી અને પુરુષ મન ફાવે ત્યાંસુધી સાથે રહે છે અને કોઈ પણ કારણથી અણબનાવ થતાં તેઓ તુરત જ જુદા થઈ જાય છે. સિનામ્બૂ ધોકોમાં પ્રણયની આપલેનો પ્રકાર પશ્ચિમ જેવો જ છે. સિનામ્બૂ યુવક પ્રેમિકાથી આકર્ષાઈ તેના કામકાજમાં મદદ કરવા લાગે છે, તેને ભેટસોગાદોથી પ્રસન્ન કરે છે. કેટલાક દિવસ આ પ્રમાણે ચાલે છે. ત્યારબાદ તે પોતાની પ્રેમિકા પોતાનો સ્વીકાર કરી લે તે માટે રાતના, જ્યારે એના કુટુંબના બધા લોકો સૂઈ ગયા હોય ત્યારે પ્રવેશ કરે છે; અને સીધો તેના શયનગૃહમાં પહોંચી જાય છે. ધીરેથી પોતાની પ્રિયતમાને તે ઉઠાડે છે, બેય સોપારી ખાય છે અને વાતચીત કરે છે; અને વાતમાં ને વાતમાં આખી રાત વિતાવી દે છે. કન્યાનાં માતાપિતા આ પ્રણયલીલાથી અપરિચિત રહે એ અસંભવિત છે, પણ પોતાના રિવાજ પ્રમાણે તેઓ મૂંગામંતર સૂઈ રહે છે, જાણે કાંઈ જાણતાં જ નથી! જો તેઓને એ સંબંધ માન્ય હોય તો તો કાંઈ નહિ, પણ જો એમ ન હોય તો એ યુવકને તુરત જ વિદાય કરી દેવા છોકરીને દબાણ કરે છે. જો છોકરી પોતાના એ દુસ્સાહસી પ્રણયીને ચાહતી હોતી નથી, તો એના હાથની સોપારી ખાવાની ના પાડી દે છે અને તેને આગ સળગાવવાનું અગર દીવો ચેતવવાનું કહે છે. એનો અર્થ એ કે એ તુરત જ ત્યાંથી ચાલ્યો જાય. લગ્નપ્રસંગે ભોજન અપાય છે. વર પોતાને સાસરે રહે છે, તે વહુના કુટુંબની વ્યક્તિ મનાય છે. તે પોતાની શક્તિ પ્રમાણે વધૂના ઘરનું કામકાજ કરે છે અને જ્યારે એ ઘરનો સ્વામી મરી જાય છે ત્યારે તેની સંપત્તિમાં તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હક્ક હોય છે. પણ જો સ્ત્રીના કુટુંબમાં ઘણાં ભાઈબહેનો હોય તેમ જ વર તેના પિતાનો એક જ દીકરો હોય તો સ્ત્રી સાસરે જઈ રહે છે. સિબૂયૉન જાતિના ધોકોમાં બહારના ગામડામાંથી બે લોઢાના ટુકડા લાવવાનો રિવાજ છે. તેના પર વરવધૂને બેસાડી પુરોહિત તેમને સોપારી અને એકએક ચિરૂટ આપે છે. આ લોઢાનો અર્થ એ કે તેમનું વિવાહીત જીવન લોઢાના જેવું દૃઢ અને નિશ્ચળ રહે. ત્યારબાદ પુરોહિત પોતાના હાથમાં બે મરઘાં લઈ વરવધૂના માથા પરથી ઉતારે છે. લાંબા ભાષણથી આશીર્વાદ દે છે. ત્યારબાદ ત્રણવાર તેમનાં માથાં એકબીજા સાથે ભટકાવવામાં આવે છે. તે પછી વરવહુ એકબીજાનાં મોંમાં પોતપોતાની સોપારી રાખી દે છે અને ચિરૂટની અદલાબદલી કરી તેને સળગાવે છે. લગ્નવિધિ આમ સમાપ્ત થાય છે. 'બલઉ' ધોકોમાં વિવાહના અવસર પર વરની મા વધૂના સંબંધીઓને ઘરનું એકાદ ઠામ આપે છે. ત્રણ દિવસ પછી વિવાહ સાદી રીત પ્રમાણે થાય છે. વરની મા વહુના ઘર પર બનેલી ઊંચી વેદી પર એક અખરોટની ટોપલીના ત્રણ ભાગ કરી રાખી આવે છે. પછી બન્ને પક્ષના લોકો એમાંના અખરોટ ખાય છે અને વરવહુના ભાવિ જીવન વિષે વાતચીત કરે છે. એટલું જ નહિ, વિવાહ થયા બાદ સંતાન થાય યા ગર્ભિણી થયેલી પત્નીને પતિ છોડીને ચાલ્યો જાય તો શો દંડ દેવો એ પણ નક્કી થાય છે. 'બાતાંગલૂપર' ધોક લોકો ચારિત્ર્યહીન હોય છે. તેમની કુંવારી દીકરીઓ વિવાહ પહેલાં જ મા થઈ બેસે છે! આવું થાય ત્યારે તેના પ્રેમીને તેની સાથે લગ્ન કરી લેવાની ફરજ પાડવામાં આવે છે. પુરુષ અને સ્ત્રી સાત-આઠ લગ્ન કર્યા બાદ એક સ્થયી દૃઢતાપૂર્વક વિવાહબંધનમાં બંધાઈ રહી જાય છે. સોળ-સત્તર વર્ષની યુવતી માટે ત્રણચાર વાર લગ્ન અને છૂટાછેડા એ તો સામાન્ય છે. હા, સંતાન થયા બાદ ઘણું ખરું દંપતી એકબીજાને છોડતાં નથી અને એમ છતાં પણ સંતાન થયા બાદ પતિ પત્નીને છોડવા ચાહે તો મોટી રકમનો દંડ ભરવો પડે છે. છૂટાછેડા લીધેલાં એ જ પતિ-પત્ની ફરી એકમેક સાથે પરણી પણ શકે છે.

ફાર્મોસામાં વસતી એક શિકારી જંગલી જાતિમાં કોઈ પણ પુરુષ પોતાની પત્નીને ભેટમાં દેવા અમુક મનુષ્યખોપરીઓ ભેગી ન કરી શકે ત્યાંસુધી લગ્ન થતાં નથી. જે ઘરના પાયામાં એવી ખોપરીઓ ન દટાઈ હોય તે ઘરને તેઓ રહેવા યોગ્ય નથી ગણતા. ચિત્રોને સ્થાને તેમના ઘરમાં તેમના શત્રુઓની ખોપરીઓ હોય છે. તે લોકોના યુવકોને ગામથી દૂર એક જુદા ઝૂંપડામાં રાખવામાં આવે છે. તેમની વિવાહની રીત ખૂબ અજબ છે. વિવાહની ઇચ્છાવાળો યુવક પોતાની પ્રેયસીના ઘરને બારણે લાકડીનો એક ભારો નાખી આવે છે. આમ વીસ ભારા એકઠા થાય ત્યાંસુધી રોજ આ પ્રમાણે ચાલે છે. છેલ્લે દિવસે સવારે એ જઈને જુએ છે, કે જો લાકડાઓનો સ્વીકાર થયો હોય તો સગાઈ પાકી થઈ ગઈ! અને પછી તો લગ્નની તૈયારીઓ પણ થાય છે. લગ્નસમયે વર અને વહુ જમીન પર ઝૂંપડીની દીવાલને અટકીને બેસે છે. ત્યારબાદ નૃત્ય થાય છે અને કેટલીક રીતો થાય છે. છેવટે વરવહુના પગમાં છરીના હળવા ઘા કરી લોહી કાઢવામાં આવે છે અને બન્નેનું રક્ત ભેગું કરવામાં આવે છે. ત્યારબાદ તેઓને પતિ-પત્નીના રૂપમાં એકત્વની મર્યાદા પ્રાપ્ત થાય છે. વિવાહ બાદ નાચ અને ભોજન હોય જ. [ચાલુ]

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂંઝવતાં બાળકો

લેખક :
શ્રી પુરુષોત્તમ છ. શાહ
એમ. એ. બી. ટી.

કોઈ કાર્ય એના કારણ વિના બનતું નથી એ વિધાન બાળકના પ્રશ્નોમાં તો ખૂબ જ સાચું છે. એ જૂઠું બોલે, ચોરી કરે, અનિયમિત બને, રખડુ થઈ જાય, નાટક-સિનેમા જોવાનું શોખીન બની જાય કે ભણે નહિ–ત્યારે એ આપોઆપ બનતું નથી. એનાં મૂળભૂત કારણોથી આપણે અજ્ઞાત હોઈએ છીએ એટલું જ. જેમ શારીરિક રોગ કે ખોડવાળાં બાળકો માટે આપણે ડાક્તરોને ત્યાં જઈએ છીએ, તેમ માનસિક વિકૃતિ ધરાવનારાં બાળકો માટે હાથ જોડી બેસી ન રહેતાં માબાપોએ કોઈ સારા અનુભવી માનસચિકિત્સક પાસે કે શિક્ષક પાસે જવું જોઈએ. અંગ્રેજીમાં જેને 'પ્રોબ્લેમ ચાઇલ્ડ'–કોયડારૂપ બાળકો કહીએ છીએ તેમને માટે વધુ ને વધુ કાળજીભર્યા અને વિવેકી પ્રયોગો થવા જોઈએ. લેખકે આવા કેટલાક દાખલાઓની અહીં છણાવટ કરી છે.

જેમ શરીરમાં વિક્રિયાઓ થતાં અનેક જાતના રોગ જન્મે છે તેમ બાળમાનસમાં અનેક પ્રકારની વિક્રિયાઓ થતાં બાળક કોયડારૂપ બની જાય છે. શરીરમાં થતી વિક્રિયાઓમાં અમુક પ્રકારના સંબંધ જોવામાં આવે છે; પણ માનસિક વિક્રિયાઓ વચ્ચે તેવો કોઈ ખાસ સંબંધ નથી. એટલે આ દિશામાં જેમ જેમ વધુ પ્રયોગો થતા જાય છે તેમ તેમ વધુ ને વધુ બાબતો પ્રકાશમાં આવતી જાય છે. કેટલાક વાલીઓએ પોતાનાં બાળકોના વિચિત્ર વર્તન સંબંધમાં રજૂ કરેલી ફરિયાદો પરથી માનસિક વિક્રિયાઓના કેટલાક પ્રકાર નીચે આપ્યા છે:

વિઠ્ઠલ નામે એક છોકરો ઘણો જ શાણો અને સરળ જણાય છે, પણ તેની આંખો ઘણી જ ચપળ અને ચકોર છે. તેનાં માબાપની ફરિયાદ છે, કે તેને ચોરી કરવાની આદત પડી છે, રખડવાની ખરાબ ટેવ છે અને શાળાએ જવાનું બહાનું કાઢી પારસી જીમખાનામાં મેચ જોવા પહોંચી જાય છે. બહારથી નિર્દોષ જણાતા આવા ઊંડા વિદ્યાર્થીને રાહ પર લાવવા શું બની શકે?

રમણ વિચિત્ર સ્વભાવનો છોકરો છે. તેનું વર્તન એવું છે, કે તે કોઈક વખત ઉપહાસને પાત્ર કે કોઈક વખત ઘૃણાને પાત્ર થયા વગર રહે નહિ. આમ તો તે બહુ જ આજ્ઞાધીન છે. કહીએ તે કામ કરીને જ આવે છે, પણ ઘણો ભૂલકણો છે. કોની સાથે કેમ બોલવું. કેમ વર્તવું તેનું તેને ભાન નથી. મોટામાં મોટો તેનો સદ્‌ગુણ એ છે, કે તે તેની ભૂલ કબૂલ કરે છે ને પસ્તાવો પણ કરે છે; પરંતુ બીજી જ મિનિટે ભૂલ કર્યા વગર રહી શકતો નથી. હું ભૂલ કરું છું એવો તેને ખ્યાલ રહેતો નથી, પણ પછી પસ્તાય છે. એને લીધે એનું આખું જીવન અવ્યવસ્થિત રહે છે. વાતવાતમાં લડી પડે છે. આવા છોકરાને યોગ્ય રાહ પર શી રીતે લાવવો?

ચંદુ બહુ હાજરજવાબી છોકરો છે. પ્રથમ દૃષ્ટિએ તો તમને એમ જ લાગે, કે તે ઘણો જ હોશિયાર વિદ્યાર્થી હશે. પણ તેના સંબંધમાં આવતાં તરત જ સમજાય કે બોલવા સિવાય બીજી કશી આવડત તેનામાં નથી. સવારે નવ વાગ્યા સુધી નિરાંતે ઊંઘ્યા કરે. તેનું બધું કામકાજ બાદશાહી ઢબે થાય. પિતા સામાન્ય કલાર્ક હોઈ મહામહેનતે કુટુંબનું પોષણ કરે છે, તેની તેને પરવા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોપડી કે નોટને બહાને પૈસા લેવા, મિત્રો સાથે ગમે ત્યાં રખડવું એ તેનો નિત્ય નિયમ થઈ પડ્યો છે. શાળામાં અનિયમિત હોવાને કારણે અભ્યાસમાં તે ઘણો જ કાચો છે, તેનું તેને જરા યે દુઃખ નથી. પૈસા મળી આવે તો તે કેવી રીતે ખર્ચવા તેની જ ફિકર તેને રહે છે. આગળ વધવાની સાચી ભૂખ આ છોકરામાં કેવી રીતે જગાડવી?

છબીલદાસને મફતિયા મિત્રો ઘણા છે. તેઓ તેને હોટલમાં લઈ જાય છે, સિનેમા બતાવે છે અને રખડવા પણ લઈ જાય છે. તેને પરિણામે છબીલદાસને મિત્રો વગર ચેન પડતું નથી. આ મિત્રોને ખુશ રાખવા પૈસાની જરૂર તો પડે જ, ને પૈસા ઘર આગળથી મળે તેમ નથી એટલે ચોરી કરવાની તેને ટેવ પડી છે. મિત્રોને જોતાં એ પોતાની જાતને કાબૂમાં રાખી શકતો નથી. ઘરમાંથી ચોરવાનું ન મળે તો શાળામાંથી બીજા વિદ્યાર્થીઓનાં પુસ્તકો ચોરવાં અને તેમને સેકન્ડ-હેન્ડ બુકસેલરને ત્યાં વેચી આવવાં અને તે રીતે પૈસા મેળવવા ને તે પૈસા વડે મિત્રો સાથે સિનેમા જોવા તો જવું જ; તેટલી હદ સુધી એ પહોંચી ગયો છે. છબીલદાસને આ રોગમાંથી શી રીતે બચાવી શકાય?

રતનલાલની જુઠું બોલવાની ટેવ તો હવે હદ વટાવી ગઈ છે. કોઈ પણ બાબત વિષે પૂછવામાં આવે તો સાચું તો બોલે જ નહિ. કાં તો ભયને લીધે જુઠું બોલતો હોય કે પછી કોઈને છેતરવા માટે. બેચાર આડા-અવળા પ્રશ્નો પૂછો એટલે તેનું જુઠાણું તુરત પકડાઈ જાય. તે વખતે ગરીબ ગાય જેવો થઈ જાય. તમને એમ લાગે કે રતનલાલ હવે સુધરી જવાનો, પણ જુઠું બોલવાની ટેવ તેનામાં એટલી બધી ઊંડી ઘૂસી ગઈ છે કે બીજી જ પળે તે જૂઠું બોલ્યા વગર રહે જ નહિ.

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં એવાં અસંખ્ય બાળકો જોવામાં આવે છે કે જેમનું આ પ્રકારનું વર્તન, ઓછાવત્તા પ્રમાણમાં માનસિક વિક્રિયાઓને આભારી છે. આવાં બાળકોને કોયડારૂપ (અં. પ્રોબ્લેમેટિક) કે ઉબેટે ચડેલાં બાળકો કહેવામાં આવે છે. આવાં બાળકોની વિચારણા અને સુધારણા માનસશાસ્ત્રની દૃષ્ટિએ ન થાય તો તે વિક્રિયાઓ ભવિષ્યમાં વિકૃતિનું સ્વરૂપ લે છે અને લાંબા ગાળે આવાં બાળકો એવાં તો સ્વચ્છંદી, બેકાબુ અને ઉચ્છૃંખલ બની જાય છે, કે આપણે તેમને વહી ગયેલાં-વંઠી ગયેલાં કહીએ છીએ.

હવે પ્રશ્ન થાય છે, કે આવાં બાળકો સંબંધમાં શું કરવું? તેમને યોગ્ય રાહપર શી રીતે લાવવાં? તેમના માનસને સમજવા ને યોગ્ય રાહપર લાવવા શી રીતે પ્રયત્ન કરવો?

આ પ્રશ્નનો જવાબ પ્રથમ નકારમાં આપીએ. આવાં વિષમધારણ બાળકોને સુધારવા ગાળો દેવી, માર મારવો, સમાજમાં હલકો પાડવો, તેના મિત્રો આગળ તેને વખોડવો, તેના તરફ તિરસ્કાર વરસાવવો, આ બધા સાચા ઉપાયો નથી. એનો રોગ કંઈ હોય ને દવા કંઈ કરવામાં આવે તેના જેવું છે. માનસિક વિક્રિયાઓને સમજ્યા વગર જે કંઈ ઉપાયો કરવામાં આવે તે બધા નિષ્ફળ જાય. કેટલાંક માબાપો તો ચોક્કસ માને છે, કે માર એ તો ચૌદમું રત્ન છે અને મારથી તો ગમે તેવો પણ સીધોસટ થઈ જાય. આ માન્યતા કદાચ પ્રાણીઓના સંબંધમાં સત્ય હશે, પણ બાળક-પ્રાણી જેને વિચાર કરવા માટે અને છૂપી રીતે બીજી યુક્તિઓ ગોઠવવા પ્રભુએ મગજ આપેલું છે તેના સંબંધમાં તો આ સત્ય નથી જ.

હવે આ પ્રશ્નને સુધારણાની દૃષ્ટિએ વિચારીએ.

૧. કોઈ પણ બાળકનું વર્તન વિષમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાય તો સૌથી પહેલાં તેના મિત્રોની તપાસ કરવી. તેના મિત્રો પરથી આપણને ઘણો ખરો ખ્યાલ આવી જશે. જેમ વૈદો કહે છે કે બધા પ્રકારના રોગ પેટમાંથી જન્મે છે, તેમ બાળમાનસની લગભગ બધી વિકૃતિઓ ખરાબ સોબતમાંથી જન્મે છે. ખરાબ મિત્રોને ખુશ રાખવા ખર્ચ કરવું પડે, પૈસા ન મળે ત્યારે ચોરી કરવાની ટેવ પડે, ચોરીને છુપાવવા જુઠું બોલવું પડે, પૈસા મળ્યા પછી તેને વાપરવા માટે કોઈ અણજાણ–એકાંત ખૂણો જોઈએ કે જ્યાં કોઈ દેખી જાય નહિ અને મિત્રોની મહેફિલ ઉડાવી શકાય, તેમાંથી રખડવાની ટેવ પડે. ધીમેધીમે અનિયમિત થવાય અને તેમ થતાં જેમનામાં સંસ્કારો હોતા નથી, જેમનાં જીવન ઓછાવત્તા પ્રમાણમાં સ્વચ્છંદી હોય છે, જેને ત્યાં પૈસાની છૂટ હોય છે, તેમનાં જીવનના ખરાબ મિત્રોની સોબતે ખરાબે ચડે છે. હૉટલ–સિનેમામાં ફરવાનું તો સામાન્ય વ્યવસાય બની જાય છે. વધુ પૈસા મેળવવા ચોરી કરવાની જરૂર પડે છે, તેમાંથી અનેક જુઠાણાં જન્મે છે. ધીમેધીમે અનિયમિતતા વધતાં અભ્યાસ બગડે છે. પછી તેમને અભ્યાસમાં રસ પડતો નથી. ભણવું અકારું લાગે છે, શાળામાંથી જતા રહી રખડવાનું મન થાય છે. આ પ્રમાણે ધીમેધીમે તેમની વૃત્તિઓ બેકાબુ અને ઉચ્છૃંખલ બનતી જાય છે. આત્માનો સૂર ધીમો પડી જાય છે અથવા તો મૃતઃપ્રાય બની જાય છે.

ઘરનું અને શાળાનું વાતાવરણ આમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. બાળકની કેળવણી મુખ્યત્વે બે અંગ પર આધાર રાખે છે: (૧) બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓ અને (૨) આજુબાજુનું વાતાવરણ. માટે જ બાળકને સુધારવા માટે ઘરનું તેમ જ શાળાનું વાતાવરણ અગત્યનું ગણી શકાય. એટલા માટે પોતાનાં બાળકોને આદર્શ બનાવવા માગનાર માબાપોએ પ્રથમ તો પોતે આદર્શ બનવું જોઈએ. પોતાના ઘરના વાતાવરણને આદર્શ બનાવવું જોઈએ, જેથી તેમના આદર્શની છાપ બાળકના મગજ પર પડે. શાળામાં પણ તેવા જ પ્રકારનું વાતાવરણ હોવું જોઈએ, કે જેથી તે સંસ્કારો સચવાઈ રહે અને દૃઢ થાય.

ઉપર દાખલા આપેલાં બાળકોને સુધારવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો અને તેનાં પરિણામો નીચે મુજબ છે:

૧. વિઠ્ઠલ બાબતમાં:

(अ) તેના ઘરના વાતાવરણને તપાસતાં જણાયું, કે તેને તેના પિતાની અતિશય બીક હતી; કારણકે નજીવા કારણસર પણ તેના પિતા તેને ઢોરમાર મારતા.

(ब) તેને મિત્રો ખરાબ મળ્યા હતા. તેના પાસે પૈસા મંગાવતા અને તેને પૈસે રેલવેની મુસાફરી અને અમનચમન કરતા.

(क) વિઠ્ઠલનો માનસિક વિકાસ જોઈએ તેટલા પ્રમાણમાં થયો ન હતો. તેનામાં બાલિશતા બહુ હતી. તેના સ્વાર્થી મિત્રોનું તે ઝટ હથિયાર બની જતો અને તે વખતે પકડાઈ જવાનો વિચાર સરખો પણ તેને આવતો નહિ.

(ड) ઘરમાં પૈસાની બહુ છૂટ હતી; એટલે નાનપણથી જ પૈસા ખરચવામાં તેનો હાથ બહુ છૂટો હતો. વધુ પૈસાની જરૂર પડતાં ચોરી કરતાં શીખ્યો અને મોટીમોટી રકમોની ધાપ મારી મિત્રો સાથે બહાર રખડતાં શીખ્યો.

પરિણામ: ઘણા પ્રયત્નો છતાં વિઠ્ઠલ સુધરી શક્યો નહિ; કારણકે તેના પિતા તેને ઢોરમાર મારતાં અટક્યા નહિ. તેના મિત્રો આકાશપાતાળમાંથી પણ ગમે તે સમયે આવી આ બાલિશ છોકરા પર કાબુ મેળવતા. ઘરમાં પૈસા ગમે ત્યાં મુકાતા તેથી પૈસા ચોરવાનો તેને ઘણો અવકાશ રહેતો. માબાપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીરજનો અને પૂર્ણ સહકારનો અભાવ હતો; તેથી વિઠ્ઠલ સુધરી શક્યો નહિ. આપણી હાજરીમાં બધું હાજી હા કરે ને આપણને ચોક્કસ લાગે, કે હવે તેનામાં કંઈક સુધારો થશે, પણ પૂંઠ પડી કે તરત જ ભાઈ તો હતા તેના તે જ. આવાં બાળકોને સુધારવા ચોવીસે કલાક તેમની એકેએક પ્રવૃત્તિ પર ધ્યાન અપાય તો જ કંઈક બની શકે.

પ્રયોગ પછીના સમયમાં: વિઠ્ઠલના મિત્રો છૂટાછવાયા થઈ ગયા છે એટલે રખડવાની ટેવ ઓછી થઈ ગઈ છે; પરંતુ હજુ પૈસા ચોરવાની ટેવ ગઈ નથી. હોટેલ–સિનેમાનાં પ્રલોભનો આગળ હજુ તે લાચાર છે.

(૨) રમણની બાબતમાં:

રમણમાં માનસિક વિકૃતિ ખાસ મોટા પ્રમાણમાં નથી. તેનામાં કંઈક માનસિક ખોડ જણાય છે. તેની યાદશક્તિ ઘણી જ નબળી છે. સામાન્યમાં સામાન્ય બાબત પણ તે યાદ રાખી શકતો નથી.

પરિણામ: આ બાળક હજુ પ્રયોગદશામાં છે. તેની યાદશક્તિ સુધારવા પ્રયત્નો થઈ રહ્યા છે. તેમાં ઠીકઠીક સુધારો થયો છે. છોકરો છેક કાઢી નાખવા જેવો નથી. તેની વીસ વર્ષની ઉંમર સુધી માબાપે સંપૂર્ણ તકેદારી રાખવાની જરૂર છે. ઘણી બાબતોમાં તે રસ લેતાં શીખ્યો છે, તેમાં 'ટિકિટસંગ્રહ' એ તેનો પ્રિય વિષય બન્યો છે. હજુ આ બાળક પરનો પ્રયોગ ચાલુ છે.

(૩) ચંદુની બાબતમાં:

ચંદુને સુધારવા ઠીકઠીક પ્રયત્નો કરી જોયા.

(અ) પ્રથમ તો તેના જૂના મિત્રોની સોબત છોડાવી.

(બ) તેનાં કુટુંબનો અને કુટુંબના વડીલની સ્થિતિ અને જવાબદારીનો ખ્યાલ તેના મગજ પર નાખવામાં આવ્યો.

(ક) રખડતો બંધ થાય તેટલા માટે દરેક પિરિયડે તેની હાજરીની તકેદારી રાખવામાં આવી.

પરિણામ: આ કેસ ઘણો જ સુધારા પર છે. તેનો કાચો અભ્યાસ પાકો તૈયાર કરાવવા એક શિક્ષકને રોકવામાં આવ્યો છે. આ છોકરો ધીમેધીમે નિયમિત બનતો જાય છે. ચાલુ વર્ષે તે આગલા ધોરણમાં ગયો છે. હવે તેનામાં ભણવાની ભૂખ જાગી હોય તેવું સ્પષ્ટ જણાય છે.

(૪) છબીલદાસની બાબતમાં:

છબીલદાસને તેનાં માબાપ બગાડે છે. માબાપ માને છે, કે ભાઈબંધ હોય ને સિનેમા મફત બતાવે તો તેથી બગડી શું ગયું? ભાઈબંધ હોય ને હોટેલમાં લઈ જાય તો શા માટે ન જાય? પૈસા ખરચનાર ખરચે તો આપણે શા માટે લાભ ન લેવો? પરંતુ આ તેમની ભયંકર ભૂલ છે. પરિણામે છબીલદાસ બેકાબુ બનતો જાય છે. આપણી બધી જ શિખામણ સાંભળે છે, સિનેમા–હોટેલમાં ન જવાનો એકરાર કરે છે, પણ બીજે જ દિવસે જાણવા મળે છે કે તેના મિત્રો તેને સિનેમા જોવા ખેંચી ગયા છે. માબાપના સહકાર વગર આ કેસ સુધારવો અશક્ય છે; કારણકે આવાં બાળકો પર પ્રયોગ કરનારનો સંપૂર્ણ કાબૂ હોતો નથી. તેમ જ તેમની પાછળ જાસૂસી કાર્ય કરવા જરૂરી સમય હોતો નથી.

(૫) રતનલાલની બાબતમાં:

રતનલાલની બાબતમાં ખૂબ વિચાર કર્યા પછી અને તેના વર્તનનું બારીકાઈથી અવલોકન કર્યા પછી એક બાબત ચોક્કસ સમજાઈ છે, કે તેનાં જુઠ્ઠાણાં પાછળ ખાસ અર્થ નથી. હૃદયમાં રહેલો ભય, ઠીકઠીક જેવા પણ વ્યક્તિત્વનો અભાવ, બાલિશ સ્વભાવ, પોતાના દરેક કાર્ય પર અશ્રદ્ધા–આ બાબતો તેને જુઠ્ઠાણાં તરફ ખેંચી જાય છે. આ સંબંધમાં તેનાં માબાપને યોગ્ય સૂચનાઓ અપાવી છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ તો તેના હૃદયમાંથી ભય જતો રહે ને દરેક બાબત હિંમતપૂર્વક સાચેસાચી કહી દે, તેવું વાતાવરણ ઘરમાં રાખવા પ્રયત્નો થવા જોઈએ. તે પ્રકારની ચોપડીઓ તેના હાથમાં મૂકવી જોઈએ. સાચું બોલવાથી થતા લાભનાં દૃષ્ટાંતો રજૂ કરવાં જોઈએ, તો કેસ ઘણા સુધારા પર આવવાનો જ.

આ જાતની માનસિક વિક્રિયાઓને લાંબા સમયનો રોગ કહી શકાય. જેમ શરીરમાં કેટલીક લાંબા સમયના રોગોને કાઢવા ઘણા સમયની અને ખૂબ ધીરજની જરૂર પડે છે, તેમ આવાં બાળકોનો સુધારણા માટે પણ ઘણા લાંબા સમયની અને અખૂટ ધીરજની જરૂર રહે છે. ઘણાં માબાપ ખૂબ ઉતાવળાં બની જાય છે. તદ્દન હાથમાંથી ગયેલું તેમનું બાળક જલદીજલદી સારું થઈ જાય તેવી આશા રાખે છે ને લાંબા સમય સુધી ધીરજ રાખી શકતા નથી. પરિણામે તેમનો પ્રયોગ અધવચ્ચે મૂકી દેવો પડે છે; અથવા તો પ્રયોગનાં પરિણામ પૂરી રીતે જાણી શકાતાં નથી.

દરેક માબાપે જાણવું જોઈએ, કે માનસમાં રહેલી ક્રિયાઓ કે વિક્રિયાઓ એકદમ શોધી કાઢવા અને તેનાં નિદાન કહી દેવા સ્ટેથોસ્કોપ જેવાં ભૂંગળાં હજુ શોધાયાં નથી; એટલે આ કાર્ય ઘણું જ કપરું છે. તે માટે બાળકના વર્તનનો ખૂબ ઝીણવટથી અભ્યાસ કરવો પડે છે અને તે નોંધ પરથી બાળકના માનસને સમજવાનું હોય છે. વળી કોઈ પણ બે માનસમાં એકસરખી ક્રિયાઓ કે વિક્રિયાઓ સંભવતી નથી, તેથી દરેકના અલગ વ્યક્તિત્વનો અભ્યાસ કરવાનો રહે છે અને તે લાંબો સમય માગી લે એ વાત સ્પષ્ટ છે.

★

અમદાવાદ પાસે લાંઘણોજ ગામમાં એક સોનબાઈ અને બીજી ગંગામા એમ બે ભક્તો હતી. પહેલી સોનબાઈ ગરીબ હતી; બીજી ગંગામા પૈસેટકે સુખી હતી. એકવાર એ બંને બાઈઓએ સ્વામી નારાયણને અને એમના શિષ્યોને પોતાને ત્યાં જમવા આમંત્રણ આપ્યું. ગંગામા સોનબાઈને કહે: 'તારા દાળ-ચોખા હલકાં છે; એટલે તું બીજા સાધુઓ માટે રસોઈ કર, અને હું મહારાજ માટે રસોઈ કરી લાવું.' આથી સોનબાઈને ઘણું ઓછું આવ્યું અને થયું: 'અરે! મારું અનાજ મહારાજના ખપમાં નહિ આવે?' એટલામાં મહારાજને એ વાતની કંઈક ખબર પડી ગઈ. જમવા વેળાએ પોતે જ સોનબાઈને ત્યાં આવી રહ્યા. બાઈનું મોં ઊતરી ગયું હતું, તેથી મહારાજે એનું કારણ પૂછ્યું. ત્યારે બાઈએ રડી પડીને મહારાજને સર્વ વાતથી વાકેફ કર્યા; એટલે મહારાજે કહ્યું: 'તમારી રસોઈ તૈયાર થઈ રહી હોય તો લાવો. અમે તમારું જ અન્ન જમીશું.' મહારાજ જમવા બેઠા, ત્યાં ગંગામા થાળ ઊંચકીને આવ્યાં! મહારાજે ઊંચકનાર માણસને કહ્યું: 'હું તો જમ્યો. એ થાળ તમે અને ગંગામા જમી લો.'

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી રામદાસજી

સંપાદક : શ્રી રેવાશંકર ઓ. સોમપુરા બી. એ.

ભક્તશ્રેષ્ઠ, વીતરાગી મહાનુભાવ સ્વામી રામદાસજીના જીવનમાં આજની દૃષ્ટિએ જોતાં ચમત્કારિક લાગે એવા કેટલા યે પ્રસંગો બન્યા છે. એમણે પોતે વર્ણવેલા પ્રસંગોમાંથી ચૂંટીને અહીં આપવામાં આવ્યા છે.

સ્વામીજી સંસારત્યાગ કરી ભારતવર્ષની યાત્રાર્થે પર્યટનમાં નીકળી જગન્નાથજી પહોંચ્યા, તે વેળા મંદિરમાં દર્શન કરવા આવનાર લોકોની એવી સખત ભીડ જામી હતી કે અંદર પ્રવેશ જ અસંભવિત લાગતો હતો. યાત્રાળુઓની વધતી જતી ભીડથી રસ્તો તદ્દન પુરાઈ ગયો હતો. લોકો અંદર ધક્કામુક્કી કરી રહ્યા હતા. કોઈની કોણીઓ ચાલતી તો કોઈના પગ ચાલતા. આ દૃશ્ય જોઈ સ્વામીજીએ હાથ જોડી પ્રાર્થના કરી : 'હે રામ ! આ ભીડમાં તારા દાસથી તારાં દર્શન કેવી રીતે થશે ? એના જેવા નિર્બળ નિઃસહાય સાધુ માટે તો કોઈ આશા જ દેખાતી નથી.' સ્વામીજીની આ પ્રાર્થના હજી પૂરી પણ થઈ નહોતી, ત્યાં જ દરવાજા પાસેના ટોળામાંથી એક ઊંચો બ્રાહ્મણ બહાર આવ્યો અને સ્વામીજીનો હાથ પકડી ભીડમાંથી બળપૂર્વક રસ્તો કરતો અંદર લઈ ગયો. સ્વામીજી તો જાણે સ્વપ્ન જોતા હોય તેમ લાગ્યું. પોતે દેહભાન ભૂલી ગયા હતા અને મન પ્રભુમાં ડૂબ્યું હતું. પાંચ મિનિટમાં તો તે મૂર્તિની સમીપ આવી પહોંચ્યો અને સ્વામીજીએ મૂર્તિના ચરણકમળમાં માથું મૂક્યું. તે પછી એ બ્રાહ્મણે સ્વામીજીને મંદિરમાં બધે ફેરવી દર્શન કરાવ્યાં અને પાછા બહાર લઈ આવી તેમના મુખમાં થોડો પ્રસાદ–ભાત મૂકી એ બ્રાહ્મણ અલોપ થયો. આ રામકૃપા નિહાળી સ્વામીજી ભગવાને દર્શાવેલી દયા સારુ ગદ્‌ગદ્‌ બની ધન્યવાદ આપવા લાગ્યા અને તેમની આંખોમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યાં. આમ 'નિર્બલકે બલ રામ'નું કથન પોતાને પ્રત્યક્ષ થયું.

એકવાર કુંભમેળાને બાર દિવસ બાકી હતા, એવામાં સ્વામીજીને વસિષ્ઠ આશ્રમના દર્શનની સ્ફૂરણા થઈ. પણ તેનો માર્ગ બહુ કઠિન હતો. બતાવેલા માર્ગે ગંગાને કાંઠેકાંઠે રામચરણ અને ભવાનીશંકર સાથે સ્વામીજી ચાલ્યા. વચ્ચે એક સીધો જ ઊંચો પહાડ આવ્યો, તે ચડતાં રાવનો પગ મરડાઈ ગયો. તેથી રામચરણ સાથે તેમને પાછા મોકલી રામકૃપાથી વાનરની માફક ચડી એ ડુંગર સ્વામીજી ઓળંગી ગયા અને પ્રભુકૃપાથી માર્ગદર્શન પામતા ગામડાનું આતિથ્ય સ્વીકારતા બીજે દિવસે એ આશ્રમે પહોંચ્યા. અહીં ભિક્ષા મળવાનો સંભવ નહોતો, તેથી ઉપવાસ પર રહેવાનું નક્કી કરી પાસેની ગુફામાં ધૂણી કરી રામનામનું સ્મરણ કરતા રાત્રિ ગાળતા ને દિવસે પાસેના ઝરણાનું મીઠું પાણી બે–ત્રણ વખત પીતા અને ખડક પર બેસી નામસ્મરણ કરતા. પાંચમે દિવસે મધ્યરાત્રે ગુફામાં નામસ્મરણ કરતા બેઠા હતા, એવામાં ત્યાં એકાએક અદ્‌ભુત પ્રકાશ દેખાયો અને સ્વામીજીથી ત્રણ–ચાર ફૂટ છેટે એક મનુષ્યાકૃતિ બેઠેલી જોઈ. સ્વર્ગીય આલ્હાદક તેનાં સર્વ અંગ થી તેનું મુખ ચળકતું હતું. મુખ પર સુંદર, સપ્રમાણ, રૂપાળાં હતાં. હોઠ ટૂંકી કાળી ચળકતી દાઢી ને મૂછ હતાં. દંતાવલિ લાલ પરવાળા જેવા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી સફેદ હતી. માથાના સુંવાળા ચળકતા કાળા વાળનાં ઝૂલફાં ખભા પર પડ્યાં હતાં. એક લાંબો ગુલાબી ઝભ્ભો પહેરેલો હતો. તેની પ્રેમભરી કોમળ આંખો પર સ્વામીજી મુગ્ધ થયા. આંખમાંથી છૂટતાં તેજનાં કિરણો પ્રેમ, દયા અને કરુણાનો પ્રવાહ રેલતાં હતાં. સ્વામીજી આનંદિત બની જોઈ રહ્યા. તેમને જીસસ જેવી એ મૂર્તિ લાગી. તેમની સાથે બીજી પણ દિવ્ય મૂર્તિ હતી, પણ સ્વામીજીનું ધ્યાન તો આ ભવ્ય આકૃતિ પર જ હતું. પછી તેના હોઠ હલવા લાગ્યા. તે શું બોલતા હતા તે સ્વામીજી સમજી શક્યા નહિ. કોઈ વિચિત્ર અજાણી ભાષા તે લાગી. આમ એકાદ મિનિટ પછી એ દર્શન વિલુપ્ત થયું, પણ પેલો ભવ્ય તેજનો અંબાર ગુફામાં થોડીવાર સુધી ચાલુ રહ્યો. સ્વામીજી આનંદસમાધિમાં પડી ગયા તે છેક સૂર્યોદયવખતે સમાધિ છૂટી. હવે આ સ્થળનો વાસ પૂરો થયો છે એવી રામજીની પ્રેરણા થઈ આવી, પણ પાંચ દિવસના ઉપવાસ હોવાથી નજીકની ગુફામાં રહેતા સાધુ પાસે ભિક્ષાર્થે ગયા. પ્રભુની દયાથી સાધુએ સાકરનું શરબત બનાવી આપી પારણું કરાવ્યું અને દાળરોટી મંગાવી આપ્યાં. વસિષ્ઠાશ્રમથી પાછા વળતાં ગામડાના ભાવિક ખેડૂતનું આતિથ્ય પામતા રામકૃપાથી એ વિકટ મુસાફરી અદ્ભુત રીતે પાર પાડતા પાછા સ્વર્ગાશ્રમ પહોંચ્યા અને કુંભમેળાનાં અપૂર્વ દૃશ્યો હરદ્વારમાં જોયાં. પછી ત્યાં નીલકંઠની ટેકરી પરનું વિકટ ચઢાણ ચઢીને શિવજીનાં દર્શનની પ્રેરણા થઈ આવી તેથી ત્યાં પણ ગયા અને ગુફામાં થોડા દિવસ રહ્યા ને પાછા આવ્યા.

એક વખત પઠાણકોટ આવી મંદિરના ભોંયરામાં એકાંતભજન માટે રહેવાની ગોઠવણ કરી. રાત્રે પૂજારી હારમોનિયમ સાથે બે-ત્રણ ભજનિકો લઈ ફાનસ લઈને આવ્યો. ભજન ચાલતાં હતાં ત્યાં એક મોટો ઝેરી કાળો નાગ દેખાયો. સૌ ભડક્યા અને સ્વામીજીને પણ નીકળી જવા કહ્યું; પણ સ્વામીજી બોલ્યા: 'ભગવાન પોતે આ રૂપે દર્શન દેવા માટે આવ્યા છે, માટે સૌ બેસો ને કીર્તન કરો.' સર્પ તો સરકતો સ્વામીજી પાસે આવ્યો. સ્વામીજી કહે: 'વહાલા રામ, પધારો પધારો!' એમ કહી પોતાની પાસે સાકરનો ગાંગડો હતો તે સર્પ પાસે ધરી તેનો સ્વીકાર કરવા પ્રાર્થના કરી. સર્પે ત્યાં આવી જીભ વડે સાકર ચાટી અને પછી સ્વામીજીની આસપાસ આંટો દઈ ભોંયરાનાં પગથિયાં પાસે એક છેડે આવી નાગ ઊભો એટલે સ્વામીજીએ આડા ઊભા રહી પૂજારી તથા ભજનિકોને બહાર નીકળી જવા કહ્યું, ત્યારે તે સૌ એકદમ કૂદી-ઠેકીને ચાલીસ પગથિયાં એક શ્વાસે ચડી બહાર નીકળી ગયા, પણ સ્વામીજીએ આનંદસમાધિમાં રાત ત્યાં જ ગાળી અને સવારે બહાર આવ્યા!

ત્યાંથી શાહજહાનપુર આવી રેલવેમાં બેસી કાશ્મીર-જમ્મુ પહોંચ્યા, ત્યાં એકાદ દિવસ રહી શ્રીનગર આવી અમરનાથ બક્ષીને ત્યાં ઊતર્યા. અહીં સ્વામીજી ત્રણેક માસ રોકાયા અને સૌને પ્રેમ તેમ જ ભક્તિભાવમાં તરબોળ કર્યા. ઊંચા બરફભરપૂર પર્વતમાં આવેલા અમરનાથની એક સંઘ સાથે ઉનાળામાં યાત્રા રામજીની અદ્ભુત યોજના વડે ભક્તહૃદયી પુરુષોના સંગે રામકૃપાથી કરી. અહીં હારપર્વત અને શંકરાચાર્યની ટેકરીનાં પણ દર્શન કર્યાં. અહીં પણ ટેકરી પરની એક ગુફામાં વાસ કરવાની સ્ફૂરણા થઈ આવી. ત્યાં બે મોટા ઝેરી નાગ રહેતા, પણ સ્વામીજી ત્યાં સાત દહાડા રહ્યા. સાતમે દિવસે મધ્યરાત્રે ગુફામાં બેસી રામભજન કરતા બેઠા હતા, એવામાં ત્યાં અચાનક ઝળહળતો આસમાની પ્રકાશ ફેલાઈ રહ્યો. તે થોડીવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટકયો અને પછી તે અલોપ થયો. બીજે દહાડે ગુફા છોડી ગામમાં આવી શંભુનાથ નામે સંસ્કારી યુવાન પંડિત સાથે શંકરાચાર્યની ટેકરી સામે આવેલા પર્વતપરની જોખમભરી મુસાફરી કરી. ત્યાંથી રાવળપિંડી થઈ અમૃતસરના સોનેરી શીખમંદિરનાં દર્શન કર્યાં.

એકવાર સ્વામીજી એનાર્કુલમ હતા, ત્યારે ભક્તોએ દરિદ્રનારાયણના ભોજન-ઉજાણી માટે ફંડ ઊભું કરી રસોઈ તૈયાર કરાવી. હજારેક માણસો જમવાના હતા, જેથી તેમને ખુલ્લા મેદાનમાં જ બેસાડી જમવાનું દેવાનું હતું. પણ તે દહાડે સવારથી જ આકાશ વાદળાંથી ખૂબ ઘેરાયું અને વરસાદ અનરાધાર તૂટી પડ્યો. ભક્તોને ચિંતા થઈ કે હવે શું થશે? સ્વામીજીએ કહ્યું: ‘ચિંતા ન કરો, રામજીનો ભરોસો રાખો.’ જમાડવાનો સમય અગ્યાર વાગ્યાનો નક્કી કર્યો હતો. પોણાદસ વાગ્યા સુધી મુશળધાર વરસાદ પડ્યો અને પછી તરત જ ઉઘાડ નીકળી સૂર્યદેવનાં દર્શન થયાં. હજારેક દરિદ્રનારાયણો આનંદથી જમ્યા. સહસ્રમુખે જમતા આ રામનું દર્શન કરી સ્વામીજી બહુ રાજી થયા. લોકો તેમની પ્રશંસા કરવા લાગ્યા ત્યારે તેમણે કહ્યું: ‘આ સર્વ પ્રતાપ પ્રભુ રામનો છે. ભગવાને જે કંઈ કર્યું છે તેનો યશ તેના સેવકને ઘટે નહિ.’

મેંગ્લોરમાં ધર્મશાળાનો રક્ષક એક માધવ નામે યુવક હતો, તે સ્વામીજીનો અનન્ય શિષ્ય બન્યો અને પોતાને સાથે રાખવા હઠ પકડી ને પોતાનું નામ બદલવા વિનતિ કરી. સ્વામીજીએ તેનું નામ રામચરણદાસ પાડ્યું. આજે પણ આ રામચરણ કોઈ સ્થળે થોડો સમય સ્થિર રહે છે કે યાત્રામાં ફરતો હોય છે. આ શિષ્ય સાથે સ્વામીજી યાત્રાર્થે ઊપડી ગોકર્ણ, કુમારવાડી, બેલગામ, શાહપુર, કોલ્હાપુર, નરસોબાવાડી થઈ પંઢરપુર આવ્યા અને વિઠોબાનાં દર્શન કરી ચંદ્રભાગા નદીના તીરે ઊતર્યા અને ભોજન માટે અન્નક્ષેત્રમાં ગયા. આ અન્નક્ષેત્રમાં દરરોજ છ સાધુને જમાડતા. તે સ્થળે સ્વામીજી રામચરણ સાથે અચાનક આવ્યા. બીજા પાંચ સાધુ તો ત્યાં બેઠા જ હતા. બધા મળી સાત સાધુ થયા. એક જણને ભૂખ્યા જવું પડે તે ઠીક નહિ માટે સ્વામીજીને આ હરીફાઈ ન ગમી; પણ રામચરણદાસ સ્વામીજી વિના જમતો નહિ તેથી ત્યાં રોકાયા.

સમય થતાં અન્નક્ષેત્રનો કારભારી બહાર આવી છ સાધુને અંદર લઈ ગયો, તેમાં સ્વામીજી તથા રામચરણદાસ પણ હતા. બીજા સાધુ તો ચાલ્યા ગયા, પણ એક અતિ ભૂખ્યો સાધુ પોતાને પણ જમાડવા કરગરવા લાગ્યો. કારભારી કહે: ‘છ જણને જમાડવાના છે એટલે નિરુપાય છું. વળી તમને ગઈકાલે જમાડ્યા હતા.’ આ અન્નક્ષેત્રમાં મિષ્ટાન્ન મળતું હોવાથી કેટલાક સાધુ અહીં વધુ આવતા. જ્યારે કારભારીએ ના પાડી ત્યારે પેલો સાધુ સ્વામીજીને વિનવવા લાગ્યો, કે ‘આપ મારે માટે આગ્રહ કરો, મારા ભોજનની વ્યવસ્થા પણ અહીં થાય તેમ કરો.’ સ્વામીજીએ હાથ જોડી કારભારીને કહ્યું: ‘રામજી, તેને પણ જમાડો જ. અન્નક્ષેત્રમાં એક સાધુ વધુ જમશે તો હરકત નહિ આવે.’ પણ કારભારીએ તો સ્વામીજીને કહી દીધું, કે ‘તમે તમારું સંભાળો.’ આમ એ છ સાધુને અંદર ગયા લીધા. સ્વામીજી ક્ષોભ સાથે અંદર ગયા, પણ પેલા ભૂખ્યા સાધુનું કરગરતું મુખ તેમની પાસેથી જાણે ખસતું જ નહોતું. ભોજન પિરસાયું, તેમાં લાડુ અને પૂરી હતાં, પણ સ્વામીજી કશું ખાઈ ન શકયા. ભોજન પતાવી સ્વામીજી અન્નક્ષેત્રની બહાર આવ્યા તોપણ પેલો ભૂખ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુ પગથિયાં પર બેઠેલો જોયો; અને સ્વામીજી ઠંડાગાર બની ગયા. તેમની રુંવાંટી આખા શરીરે ઊભી થઈ ગઈ અને કાળજામાં કોઈએ છૂરીના ઘા માર્યા હોય તેટલું દુઃખ થયું. રામચરણને બોલાવી તેની ઝોળીમાં ખાવાનું હોય તો તે આપવા સારુ કહ્યું. તેમાં અરધો શેર શેકેલા ચણા હતા તે પેલા સાધુને આપ્યા અને તેમાં થોડા પૈસા હતા તે પણ તેને આપી દીધા, પણ સ્વામીજીના હૃદયનું દુઃખ કેમે ઓછું જાય નહિ. તેમણે રામચરણને કહ્યું: 'રામજી, ભગવાનની એવી ઇચ્છા છે કે રામદાસે આ પળે જ આ સ્થાન છોડી ચાલ્યા જવું.' એટલું બોલી તેમણે મૂઠીઓ વાળી ત્યાંથી દોટ મૂકી. રામચરણ પણ તેમની પાછળ દોડ્યો. સ્વામીજીની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી અને એક બાળકની જેમ પોતે રડવા માંડ્યું. રામચરણ તો આશ્ચર્યથી આ જોઈ જ રહ્યો. સ્ટેશન આવ્યું ત્યારે ત્યાં ઊભા રહ્યા પણ રડવું તો ચાલુ જ હતું. ભારે દુઃખથી પોતે કહેવા લાગ્યા: 'હે પ્રભુ! તેં આ દાસને આવું કામ શા સારુ કરવા દીધું? બહાર એક ભૂખ્યો સાધુ બેઠો હોય ત્યાં લગી અન્નક્ષેત્રમાં ભોજન લેવાને આ દાસને તેં કેમ પ્રેર્યો? તેં આવું પાપી નિર્દય કામ કરવા તેને શા સારુ દોર્યો? આ દાસને બદલે તે ભૂખ્યા સાધુને લેવા પેલા કારભારીને વિનતિ કરવાની બુદ્ધિ તેને કેમ ન આપી? અગર તો પોતાને પીરસેલી પત્રાળી ઉપાડીને તેને અર્પણ કરી આં સ્થળ છોડવાની વૃત્તિ તેના મનમાં કેમ ન જગાડી? હે ભગવાન! તું જ સર્વ વાતે આ દાસનો માર્ગદર્શક છે. તેં આ દાસને સાવ સ્વાર્થી શા સારુ બનવા દીધો? આ દાસના વર્તનમાં આટલી ક્રૂરતા કેમ આવવા દીધી?' સ્વામીજી આમ બોલતા જાય અને રડતા જાય. તે કેમે કર્યા છાના જ રહેતા નહોતા. પછી રામચરણે કહ્યું: 'સ્વામીજી! આપની જીવનદૃષ્ટિ પ્રમાણે તો આપનું દુઃખ વિનાકારણ છે. આપ દરરોજ ગાઈ વગાડીને કહો છો, કે બધું જ ભગવાનની ઇચ્છા પ્રમાણે થાય છે અને તે ભલા માટે જ હોય છે તેથી ભગવાને આપને આ પ્રમાણે વર્તવાની બુદ્ધિ આપી તે પણ ભલા માટે જ હશે, તો પછી આ સંતાપ શા માટે? સ્વામીજીએ કહ્યું: 'તારી વાત સાચી છે. ભગવાન સર્વ કંઈ ભલા માટે જ કરે છે. આવા વર્તનની બુદ્ધિ સુઝાડનાર પણ પ્રભુ જ છે અને આમ સંતાપ કરી રડવાની બુદ્ધિ આપનાર પણ એ જ પ્રભુ છે.'

અંજનગાંવથી ધામધૂમ સાથે એક ભજનમંડળી કીર્તન કરતી આવી. સ્વામીજીને ઉપલે તેડી ગઈ. ત્યાં આવી ઓટલા પર બેસી સ્વામીજી કીર્તન સાંભળતા હતા, એવામાં એક ડોસો ભયંકર ડોળા, લાલચોળ મુખ અને લઘરવઘર વાળવાળી બાઈને લઈ ત્યાં આવ્યો અને કહ્યું: 'બાપજી, આને ભૂત વળગ્યું છે માટે તેના પર દયા કરો.' સ્વામીજીએ જેવું બાઈ સામું જોયું, કે તરત જ બાઈ ચિત્કાર કરી ઊઠી અને પોતાના વાળ ખેંચવા લાગી. સ્વામીજીએ ત્યાં બેઠેલા લોકોને સીતારામની ધૂન શરૂ કરવા કહ્યું અને સૌએ એ ધૂન હર્ષથી લેવા માંડી. પેલી બાઈ ઉશ્કેરાઈ ઊભી થઈ ચીસેચીસ પાડવા લાગી. પંદરેક મિનિટ પછી ધૂન બંધ થઈ, ત્યારે બાઈ બેઠી. સ્વામીજીએ પોતાના ગળામાં પહેરેલા હાર ઉતારી રામની પ્રેરણાથી પેલી બાઈના ગળામાં પહેરાવી ત્યાંથી ઊઠી ગયા. બે કલાક બાદ પેલો ડોસો બાઈને તેડી સ્વામીજીના ઉતારા પર આવ્યો. બાઈએ દંડવત્ પ્રણામ કર્યા અને તે બેઠી. હવે તેના હોઠ ફરકતા હતા અને પેલી સીતારામની ધૂન તેના મુખમાં પણ ગુંજતી હતી. પેલા ડોસાએ કહ્યું: 'આપ ગયા પછી તે કૂદીને દોડવા લાગી. અમે પાછળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા. બે માઈલ જેટલે ગયા પછી તે બોલી: 'હવે હું ત્યાં કદી નહિ આવું. પેલા સંત રામદાસજીની હાજરી મારાથી સહન થતી નથી. હું સદા માટે જાઉં છું.' ત્યારે મેં પૂછ્યું: 'હમેશ માટે ચાલી જાય છે? સોગન ખા.' તે બોલી: 'મહાદેવ હનુમાન, રામ મારા સાક્ષી છે. હું જાઉં છું, હું જાઉં છું!' એટલું બોલી બાઈ મૂર્છિત થઈ પડી ગઈ. અમે તેને ઘેર લાવ્યા ત્યારે શુદ્ધિમાં આવી. હવે તેનો વળગાડ ગયો.' સ્વામીજી કહે છે, કે 'માનવીહૃદયમાં ઊઠતા દુષ્ટ વિકારો સિવાય આવા વળગાડમાં બીજું કશું હોતું નથી.'

એકવાર લીંબડીના એક ખૂબ ધનિક શેઠ ઉગરચંદે સ્વામીજીને કહ્યું: 'આપ મને રામ-દર્શન કરાવો તો હું આપ માગો તે રકમ આપું.' સ્વામીજીએ કહ્યું: 'તમારા ધનની રામદાસને જરૂર નથી. એક બીજી વસ્તુની જરૂર છે, તે આપો તો ઐશ્વર્યપૂર્ણ રામનાં દર્શન થઈ શકશે.' શેઠે ઉત્તર આપ્યો: 'આપ કઈ વસ્તુ માગો છો તે કહો તો મને તે આપ-વાની સમજ પડે.' સ્વામીજી મૌન રહ્યા, પણ પેલાએ એ વસ્તુનું નામ પાડવા હઠ પકડી. છેવટે સ્વામીજીએ કહ્યું: 'જો રામનું દર્શન કરવું હોય તો તમારું મન રામદાસને આપો. તેનું સંપૂર્ણ સમર્પણ કરશો તો જ દર્શન પામી શકશો.' ત્યારે શેઠે કહ્યું, કે 'એ તો ન બને.' સ્વામીજી કહે: 'ઘરબાર, ધન, મિલકત, સ્ત્રી–છોકરાં એ સર્વના સ્વામી તરીકે મનનો કબજો તો તમારે જ રાખવો છે, પછી રામદર્શનની ઇચ્છા ક્યાંથી ફળી શકે? એમાટે તો માનવીએ પોતાના સર્વસ્વનું સમર્પણ કરવું પડે છે.' લીંબડીમાં જ રાજ્ય-મહેલમાં સ્વામી રામદાસજી તથા સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ જીવન્મુક્ત સંત ગોદડિયા સ્વામી પ્રકાશાનંદજીનો સત્સંગ થયો હતો.

હરિજનો પ્રત્યે સ્વામીજી જે પ્રેમભાવ ધરાવે છે તે કેટલાક પ્રસંગ દ્વારા પ્રગટ થયેલો. (૧) એકવાર પોતે પ્રભાસથી પાછી જતા હતા ત્યારે એક ગરીબ ભારાવાળો પણ એ જ માર્ગે એક બાજુ ખસીને ચાલતો હતો. થોડીવારે સામેથી બીજો માણસ મળ્યો. તેને તેણે રામરામ કર્યા, ત્યારે સ્વામીજીએ તેને બાજુ પર ખસી ચાલવાનું કારણ પૂછ્યું. તેણે કહ્યું કે 'હું અંત્યજ છું.' સ્વામીજીએ તેનો હાથ પકડી કહ્યું: 'અંત્યજ હોવા છતાં તું રામદાસનો ભાઈ છે. જેના મુખમાં રામનામ વસે છે તે બ્રાહ્મણ કરતાં પણ પવિત્ર છે. પ્રભુને ઘેર સૌ સરખા છે.' પેલો પ્રથમ તો મૂંઝાઈને સ્વામીજી સામે તાકી રહ્યો, પણ પછી બંને રામના મહિમાની વાતો કરતા આગળ ચાલ્યા ને કેટલીકવારે છૂટા પડ્યા. (૨) સ્વામીજી લીંબડી હતા ત્યારે ઉતારાનું જાંજરૂ વાળનાર ભંગી પોતાનું કામ પતાવી રોજ સ્વામીજીને હાક મારી દર્શન દેવા અરજ કરતો અને સ્વામીજી ગમે તે કામ પડતું મૂકીને પણ બારી પર આવી હાથ જોડી ઊભા રહેતા. પોતાની વિદાયના દિવસે હાક સાંભળીને તરત જ રાજા રામે ભેટ આપેલી કિંમતી શાલ લઈ સ્વામીજી નીચે ઊતરી આવ્યા અને જાતે શાલ હરિજનને ઓઢાડી. પેલો દિઙ્મૂઢ બની સ્વામીજી સામે તાકી રહ્યો ને કહ્યું: 'બાપુ, તમારું લઈને કયે ભવ છૂટીશ?' સ્વામીજીએ પ્રેમથી કહ્યું: 'આ રામજીનો પ્રસાદ છે, તારે સારુ તે રામજીએ મોકલ્યો છે ને તને દેવાનો રામજીનો હુકમ છે, માટે સ્વીકારી લે.' તેથી તે હરિજન તે સ્વીકારી સ્વામીજીની ચરણરજ લઈ ગદ્‌ગદિત થયો ને સ્વામીજીના આશીર્વાદ પામ્યો. (૩) એકવાર ઉનામાં સ્વામીજીના ઉતારા પર હરિજનોનાં ભજન રાખેલાં; તેથી જ્યારે તેમની મંડળી આવી, ત્યારે બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફળીમાં બેઠી, પણ સ્વામીજીએ બહાર આવી હાથ ઝાલી તેમને કહ્યું: ‘તમારા મુખમાં પતિતપાવન રામનું નામ છે તેથી તમારાથી અભડાવાનું શું છે? તમારા દેહમાં રામદાસ રામનાં દર્શન કરી રહેલા છે.’ અને તેમને સંતે ઓરડામાં લાવી બેસાડ્યા. આ સંતનો સાચો પ્રેમ દેખી હર્ષમાં આવી સુંદર ભજન ગાયાં અને સત્સંગનો આનંદ લૂંટ્યો. (૪) હસારગઢના આશ્રમમાં એક હરિજન તથા બ્રાહ્મણ સાથે રહેતા અને આનંદ કરતા, પણ પેલા બ્રાહ્મણને ખબર નહોતી કે આ હરિજન છે. છેક છેલ્લે દહાડે તેણે તે જાણ્યું ત્યારે તેને રંજ થયો. તે દહાડે તે બ્રાહ્મણ આશ્રમ છોડીને જતો હોવાથી હરિજન તાજાં કેળાંની એક લૂમ ભેટ સારુ લઈ આવ્યો અને તે સ્નાન કરી રૂમાલ પાથરી દેવપૂજા કરતો હતો ત્યાં લૂમ મૂકી. તેવો જ બ્રાહ્મણ ક્રોધથી તેને ગાળો ભાંડવા લાગ્યો. હરિજન ડઘાઈ ગયો ને ખૂણામાં લપાઈ ગયો, પણ સ્વામીજી દૂરથી એ વસ્તુ જોઈને ત્યાં આવી પૂજાનો રૂમાલ ચાર છેડે ઉપાડી ચાલતા થયા અને પાસેથી ખાઈમાં એ દેવ પધરાવી દીધા અને આવીને બ્રાહ્મણને કહ્યું: ‘આ બાપડો હરિજન તમને પ્રેમથી ભેટ દે છે, તેના પ્રત્યે ન જોતાં તેનો તિરસ્કાર કરો છો તે વાજબી છે? તમારી પૂજાના દેવ જો આવું શીખવતા હોય તો જ્યાં તેમનું સ્થાન લેવું ઘટે ત્યાં જ રામદાસે તેને પધરાવ્યા છે!’

★

એક અગત્યનો ખુલાસો

‘અખંડ આનંદ’ના નવેંબર માસના અંકમાં જાણીતા વાર્તાકાર શ્રી ચુનીલાલ મડિયાની ‘વોટર-પંપનો પરચો’ નામની વાર્તા પ્રગટ થઈ હતી. આ વાર્તાની વિગતો, સંવાદો વગેરેમાં જૈનધર્મના અનુયાયીઓનું દિલ દુભાય અને જૈન સંપ્રદાય વિષે ગેરસમજ પેદા થાય એવી કેટલીક વિગતો તરફ અમારું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. જૈનધર્મની લેશમાત્ર નિંદા કરવાનો વાર્તાકાર કે તંત્રીનો ઇરાદો હતો નહિ-હોઈ શકે નહિ. એ વાર્તાની પસંદગી વાર્તાકલા અને કટાક્ષની દૃષ્ટિએ થઈ હતી. આમ છતાં આનું વાચન કેટલાક જૈનો માટે દિલ દુભાવનારું બન્યું છે તેથી અમે ઘણા દિલગીર છીએ.

×

જેના હાથમાં મારો જાન છે તે, અલ્લાના કસમ છે, કે જ્યારે પણ આ દુનિયામાં ઈશ્વર પર વિશ્વાસ રાખનાર કોઈ પણ માણસને મુસીબત પડે છે કે રોગ થાય છે ત્યારે એ મુસીબત મારફત તેનાં પાપોને અલ્લા એવી રીતે દૂર કરે છે. જેવી રીતે પાનખરઋતુમાં વૃક્ષો પરથી પાંદડાં ખરી પડે છે. આપણાં પાપો ધોવા માટે છે. ખરેખર ઈશ્વર પર ભરોસો રાખનાર કોઈ માણસને એક કાંટો વાગે છે તો અલ્લા તેની મારફત તેનો મોભો વધારી દે છે અને તેનું એક પાપ ધોવાઈ જાય છે. જેનો વિશ્વાસ જેટલો પાકો તેટલી તેની વધારે પરીક્ષા કરવામાં આવે છે. જેનો વિશ્વાસ અટળ છે તેને જ દુઃખ પણ વધારે આપવામાં આવે છે. વિશ્વાસ કાચો હોય તો દુઃખ પણ તેવું જ હોય છે. પરંતુ કોઈ પણ સ્થિતિમાં જ્યાંસુધી માણસનું એકેએક પાપ ધોવાઈને તે પૃથ્વી પર નિષ્કલંક થઈને ન ફરે, ત્યાંસુધી તેને દુઃખમાંથી ક્ષમા નહિ મળે.’

—હઝરત મહંમદ પયગંબર

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિવાસી ગુજરાતના

મજૂરપ્રશ્નો

લેખક :
અધ્યા. ઠાકોરલાલ ભાણાભાઈ નાયક
એમ. એ.

ગુજરાતના મૂળ રહેવાસી દુબળા, ભીલ, કોંકણા, નાયકડા, વાલી વગેરે અનેક જાતિઓ તરફ પ્રમાણમાં મોડુંમોડું પણ આપણે જોતા થયા છીએ એ એક શુભ ચિહ્ન ગણાવું જોઈએ. આ દલિત–પીડિત પ્રજા સહુકોઈની વધુ હમદર્દી માગી લે છે તે તો તેને ચોવીસે કલાક કરવી પડતી કાળી મજૂરીને કારણે. એમની ફરજિયાત બેકારી, બાળમજૂરોનું પ્રમાણ, વેઠ, મજૂરીની અત્યંત અલ્પ આવક, એમની હાલી પ્રથા ને ગુલામીનો વેધક ચિતાર અહીં વાંચ્યા પછી લેખકે અંતમાં કરેલાં સૂચનો સાથે સહેજે સંમત થઈ જવાય છે. અધ્યા. નાયકનો સંશોધન એ પ્રિય વિષય છે અને આદિવાસી પ્રજા વિશે એમણે ઘણું લખ્યું છે ને વિચાર્યું છે.

મહાગુજરાતના ઘનવનાચ્છાદિત પર્વત પ્રદેશોમાં અને તેમની બાજુનાં મેદાનોમાં વસતી ભીલ, દુબળા, કોંકણા વગેરે આદિમ જાતોની વસ્તી ૧૯૪૧ માં નીચે મુજબ હતી :

જાત	વસ્તી
ભીલ	૪૭૪,૫૩૨
ચોધરા	૯૮,૫૨૩
ધાણુકા	૨૦,૨૩૯
ધોડીઆ	૧૪૦,૯૬૬
દુબળા	૧૮૦,૪૭૯
ગામીત	૮૩,૯૪૫
કાથોડીઆ	૪૭૬
કોરધા	૧,૨૪૫
કોંકણા	૩૪,૬૪૭
નાયકડા	૧૧૬,૦૭૭
વારલી	૨૮૮
વીટોલીઆ	૨,૨૪૮
કુલ્લે	૧,૧૩૩,૩૦૩

આ જાતોના આર્થિક ધંધાઓ અનેક જાતના છે; જેવા કે ખેતી, ફળચયન, માત્સ્યી, શિકાર, ટોપલાં બનાવવાં, કોયલા પાડવા, કાથો તૈયાર કરવો કે મજૂરી કરવી. આ લેખમાં આદિવાસીઓના આ ધંધાઓના મજૂરપ્રશ્નો ઉપર વિચાર કરવાનો આશય છે. અહીં પહેલાં પ્રશ્નો અને પાછળના ભાગમાં તેમને હલ કરવાના માર્ગ આપવામાં આવ્યા છે.

આ આદિવાસીઓમાં મજૂરી એક ભિન્ન વિભાગ તરીકે હોતી નથી, પણ એક સ્વતંત્ર માણસમાં જ એ વસેલી હોય છે. તે જાતે જ પોતાનો યોજક હોઈ પોતાની મરજી માફક મજૂરી કરી શકે છે. આથી એને યંત્રપૂર્ણ સમાજમાં થાય છે તેમ શોષી શકાતો નથી. પણ જમીન ઓછી હોવાને લીધે (દાખલા તરીકે ભીલોમાં ૫૮ ટકા જેટલા પાસે ૪ એકરથી ય ઓછી જમીન છે.) તથા બીજી કુદરતબક્ષી સંપત્તિ ન હોવાને લીધે એમને ત્યાં વધારેપડતી મજૂરવસ્તીનો પ્રશ્ન ઊભો થયો છે. તદુપરાંત, રૂઢિબદ્ધ હોવાથી એઓ સમાજવ્યવસાય સિવાય બીજો કોઈ ધંધો કરી શકતા નથી. ભીલો કોયલા પાડવામાં બાધ સમજે છે ને દુબળાઓ ટોપલાં બનાવવાં નિષિદ્ધ ગણે છે. એટલે કે મજૂરી થઈ શકે એવાં ક્ષેત્રો ખૂબ મર્યાદિત હોઈ એમને ત્યાં ફરજિયાત બેકારી વધી રહી છે. એમાંના ઘણાને કારખાનામાં મોકલી શકાય. કેટલાક બીલીમોરા, નવસારી, ભરૂચ અને અમદાવાદની મિલોમાં પણ ગયાં છે. ત્યાં એમને જે પગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી છે તથા જેવી સ્થિતિમાં કામ કરવું પડે છે તેની અહીં ચર્ચા નથી કરી; કારણકે એ પ્રશ્નો સામાન્ય મજૂરીના પ્રશ્નોમાં આવી જાય છે અને તેમને વિષે અનેક સ્થળે લખાયું છે.

જમીન ઉપરની આદિવાસી મજૂરીનો બીજો પ્રશ્ન છે બાળમજૂરીનો. આદિમ બાળકોને ઘરે, ખેતરે કે વન-જંગલમાં કામ કરવું પડે છે. એમને નસીબે કારખાનામાં કામ કરતાં બાળકો જેટલાં આંસુ, આહો કે કમરતોડ મહેનત નહિ હોય, તો ય એનાં બે પરિણામો છે: એક આ આદિવાસી બાળકો જ્યાં સગવડ હોય છે ત્યાં પણ કેળવણી લઈ શકતાં નથી, એટલે નાનપણથી એમનું જીવન કુંઠિત થઈ જાય છે. ટીંબાપાડાના ભીલી ગામમાં ૧૫૦ છોકરામાંથી માત્ર ૧૦ જ નિશાળે જતાં હતાં! વધાઈના ૨૨૫ કોંકણા બાળકોમાંથી માત્ર ૧૨ જ વિદ્યાર્થીઓ હતા! અમેરિકાની રાષ્ટ્રીય બાળમજૂર સમિતિએ એવો હક્કપત્ર બનાવ્યો છે કે ૧૬ વર્ષ સુધી બાળકોને મજૂરી ન કરવા દેવી અને દરેકને એક વર્ષમાં ૯ મહિના તો નિશાળે મોકલવું જ. આની સાથે આપણાં આદિમ બાળકોનાં નસીબ સરખાવો! બીજું, બાળકો પણ મજૂરી કરે છે; એટલે કામ શોધતા પ્રૌઢોને વધુ મુશ્કેલી આવી પડે છે; કારણકે તેમને તો બાળકો સાથે પણ હરીફાઈ કરવી પડે.છે.

આ બેકાર સમૂહની આર્થિક જરૂરિયાતથી જ રૂઢિનું ઉપલું પડ તૂટી જવા લાગ્યું છે ને નિષિદ્ધ ગણાતા ધંધાઓમાં એમણે પેસવા માંડ્યું છે. આજે ભીલો કોયલા પાડતા ક્યાંક મળી આવશે કે ઘોડીઆઓ ટોપલા વણતા. નવા આગન્તુકોથી કામ બરાબર થતું નથી. તેમના કામમાં સફાઈ, કારીગરી અને ઉત્તમતા આવતાં જ નથી. ભીલો કાથો-કોયલા બનાવે પણ તે ભગાના ભાઈ જેવાં જ. વળી એઓને મજૂરી પણ ઓછી મળે છે; એટલે જૂના કારીગરોને સારું કામ કરવા છતાં ય ઓછી મજૂરી મળે છે.

સભ્ય જગતના સંસર્ગથી આદિવાસી જગતને સુખ કરતાં દુ:ખ વધુ મળ્યાં છે. વેઠ પણ એમને એવી જ રીતે લાધી છે. વેઠને આ સીધાસાદા સમાજના શ્રાપરૂપ જ કહેવાય. નાનાનાના ઑફિસરોના તુમાખીનો પાર નથી. શાહુકારોની દાદાગીરીની હદ નથી. ગાડાં વગરભાડે કાઢવાં પડે. ઘી, દૂધ મફત આપવાં પડે. શાકભાજી, ખીચડી ફરજિયાત દેવી પડે. શિકારના હાકામાં જોડાવું પડે. સડક કેડ કસીને સુધારવી પડે. બદલામાં જૂતિયાં, ગાળ બધું જ મળે! માનનીય શ્રી. ખેરે પણ એક વખત આદિવાસી સેવા-મંડળમાં 'જમીનદારોના અને જંગલકંટ્રાકટરોના ગુલામો જેવા આદિવાસીઓ'નો બહુ કરુણ ચિતાર આપ્યો હતો. વારલીઓના બળવાનું એક કારણ આ હતું એમ બધાએ જ હવે સ્વીકાર્યું છે.

જ્યાંજ્યાં આ વનવાસીઓની સ્થિતિ છેક આટલી બધી કરુણ અને કમનસીબ નથી, ત્યાં એમને બીજી મુશ્કેલી છે. એમને અપાતી મજૂરી ઘણી ઓછી છે. મજૂરીના મૂળ દરો ખાસ વધ્યા નથી અને મોંઘવારી પણ મળતી નથી. એમને શી મજૂરી મળે છે તે નીચેના કોઠા ઉપરથી સમજાશે.

કામ	મજૂરી	કેવી રીતે આપે
લાકડાં કાપવાં	૦-૧૨-૦	એક દિવસના
ખેડ કરવી	૦-૧૨-૦	,,
નીંદવું	૦-૬-૦	,,
ગોડવું	૧-૨-૦	,,
ભાત રોપવા	૦-૧૨-૦	,,
કાપણી	૦-૧૪-૦	,,
ઘાસ કાપવું	૦-૪-૦	સો પૂળાના
ઘાસ બાંધવું	૦-૨-૦	,,
કપાસ વીણવો	૦-૨-૦	પાંચ શેરના
કોયલા પાડવા	૧-૦-૦	એક કોયળાનો
સંદેશો લઈ જવો ઈ૦	૦-૮-૦	એક દિવસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અકુશળ મિલમજૂરને પણ લગભગ દોઢ રૂપિયો રોજ મળે છે. તેની સાથે સરખાવતાં આ રોજી ઘણી ઓછી કહેવાય.

આનાથીય બદતર પરિસ્થિતિ સુરત જિલ્લાના દુબળાઓની છે. બોમ્બે ગેઝેટીઅર કહે છે તેમ એઓ અનાવિલ બ્રાહ્મણો તેમ જ બીજા ખેડવાયાઓના વંશપરંપરાના નોકરો છે. એ લોકો ખેતરમાં કામ કરે; એમનાં બૈરાંછોકરાં માલિક-ધણિયામાને નામે જ ઓળખાય છે–ને ત્યાં ઘરકામ કરે. એમની વસ્તી ૧૯૪૧માં ૨૦,૦૯૮ જેટલી હશે. (પહેલા કોઠામાં એથી ઓછી બતાવવામાં આવી છે.) આ લોકો જે રીતે કામ કરે છે તેને હાળીપ્રથા કહેવામાં આવે છે. એમાં દુબળો ધણિયામા પાસે પરણવા માટે સો-દોઢસો રૂપિયા લે. બદલામાં તેને ત્યાં મજૂરી કરવાની શરત લખી આપે. મજૂરી ઓછી હોવાથી તેનાથી એ કરજ ભરપાઈ થતું નથી અને એ ધણિયામાને ત્યાં જિંદગી સુધી રળતો રહે છે. તેનો દીકરો પણ એ જ રીતે માલિકના હાથમાં આવે છે; ને આ પ્રથા પેઢી દર પેઢી ચાલ્યા કરે છે.

સુરત જિલ્લાની ૧૪ ટકા જેટલી આ પ્રજાને અર્ધગુલામ જ કહેવાય. કારણો આ છે: (૧) મરજી ન હોય તો [illegible] હાળીને ધણિયામાને ત્યાં કામ કરવું પડે છે. (૨) હાળી ભાગી છૂટે તો બીજો કોઈ તેને નોકરીએ રાખતો નથી. (૩) ભાગી છૂટેલા હાળીને મારી-બાંધીને ય લાવવામાં આવે છે. (૪) હાળીને છૂટા થવું હોય તો લીધેલા પૈસા આપવા જ પડે. (૫) એના કામના કલાકો ગમે તેટલા હોઈ શકે છે. (૬) એને અપાતો રોજ બદલાતો નથી.

હાળીને કામના બદલામાં દરરોજ સવારે રોટલો અને ચા તથા બપોરે જમવાનું અને બીડી મળે છે. આ ઉપરાંત એને બશેર ડાંગરનું ભાતું આપવામાં આવે છે. વરસ દિવસે એકબે લૂગડાં અને જોડા અપાય છે. આ બધાંને રૂપિયા, આના, પાઈમાં ફેરવતાં એમનો દૈનિક પગાર નીચેના કોઠામાં બતાવી શકાય.

તાલુકો	ભાતું	રોકડા	રોટલો	જમવાનું	તમાકુ વગેરે	પરચુરણ	કુલ્લે
ચીખલી	૦-૬-૦	કંઈ નહિ	૦-૧-૦	કંઈ નહિ	૦-૦-૬	૦-૨-૦	૦-૯-૬
ઓલપાડ	૦-૪-૦	,,	૦-૩-૦	,,	૦-૦-૬	૦-૧-૬	૦-૯-૦
બારડોલી	૦-૪-૦	,,	૦ ૧-૦	૦-૨-૩	૦-૦-૩	કંઈ નહિ	૦-૭-૬

કોઈ પણ પ્રજાને પગભર કરવી હોય તો એમના આર્થિક પાયા મજબૂત બનાવવા જોઈએ. આદિવાસીઓ બધી જ રીતે પછાત છે. એમને આગળ લાવવા અન્ય આર્થિક પ્રદેશોની પેઠે આ મજૂરીના પ્રદેશને પણ ફરીથી ઘડવો પડશે. એને માટે નીચેનાં પગલાં ભરી શકાય તો એ પ્રશ્નોનો થોડોઘણો પણ ઉકેલ થઈ શકે.

૧. બેકાર અને અર્ધબેકાર આદિવાસીઓ માટે રોજીનાં ક્ષેત્રો ખૂબ વધારવાં જોઈએ. ગુજરાતના વધતા જતા ઉદ્યોગોએ આ પ્રદેશો તરફ મજૂરો માટે જવું પડશે. જરા જ પ્રોત્સાહન મળતાં આદિવાસી જગતની જડતા તૂટી જશે અને એ લોકો અનેક જગાએ મજૂર તરીકે જોડાશે. અહીં એમને પોતાને ઘરે જમીન ઉપરનું દબાણ ઓછું થશે, આદિવાસી ગૃહઉદ્યોગોમાં હરીફો ઓછા થશે અને એ લોકો સુખી થશે.. સરકાર અને એમના નવા શેઠોએ એમને સારો પગાર અને સંસ્કૃતિની સહીસલામતી બક્ષવાં પડશે.

૨. આદિવાસી બાળકો માટે કેળવણી અગત્યની છે. એનાથી એ લોકો વધુ ઉપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી માણસો, હોશિયાર કારીગરો અને ઝળ-હતા નાગરિકો થશે. કેળવણી આપશું તો એમનો બાળમજૂરીનો પ્રશ્ન પણ ઊકલી જશે. એમને કોઈક ઉદ્યોગ કે હુન્નરની કેળવણી પણ આપવી પડશે. એનો અર્થ એ નથી, કે એમને અક્ષરજ્ઞાન નથી આપવાનું. કેટલાકો એમ કહે છે, કે અક્ષરજ્ઞાનથી એઓ બગડી જાય છે, એ વાત ઊર્મિજન્ય અને વાહિયાત છે.

૩. જ્યાંજ્યાં આદિવાસીઓ જંગલ કે બીજા કંટ્રાકટરોના ભાડૂતી મજૂરો તરીકે કામ કરે છે, ત્યાં એમને કાયદાએ ઠરાવેલી મજૂરી આપવાની નક્કી કરવી. વારલીઓને માટે મુંબઈ સરકારે એમ જ કર્યું છે. આનાથી એમને શોષી શકાશે નહિ. એમને કાયદાએ ઠરાવેલી મજૂરી મળે છે કે નહિ તે જોવા માટે સરકારે ઑફિસરો નીમવા જોઈએ. આદિવાસી-કલ્યાણ-ઑફિસરો આ કામ કરી શકે.

૪. વેઠને તરત જ ગેરકાયદેસર ઠરાવી દેવી. જેઓ વેઠ કરાવે તેની સામે પગલાં લેવાં. સરકારી કામો માટે દર ઠરાવી દઈ તે પ્રમાણે તેમને પૈસા આપવા.

૫. હાળીપ્રથા માટે આટલું કરવું પડશે:

અ: હાળીઓ છૂટા છે એમ સરકારે કહી દેવું.
બ: હાળીઓનું દેવું રદબાતલ કરી દેવું.
ક: વખતેવખતે હાળીઓની મજૂરીના દરો ઠરાવ્યા કરવા ને તે પ્રમાણે તેમને રોજ મળે એમ કરવું, પણ એનો ધણિયામો જે નામચીન દેવાદાર છે તેને પીસવો ન જોઈએ. ધણિયામાનું હિત ધ્યાનમાં રાખીને જ એનો પગાર નક્કી કરવો. સુરત જિલ્લાના ખેડૂતોનો આર્થિક વિકાસ થશે ત્યારે જ હાળીઓની આથક સ્થિતિ બરાબર સુધરશે.
ડ: હાળીઓને બીજું કામ પણ શીખવવું પડશે; આથી એમને બીજે ઠેકાણે રોજી મળશે.
ઇ: એમના હિતરક્ષણ માટે ઑફિસરો નિમાવા જોઈએ.

૬. હાળીઓ તથા બીજા આદિવાસી મજૂરોનાં મંડળો સ્થપાવાં જોઈએ. તેમ કરવામાં સરકારે તથા સમાજ-સેવકોએ મદદ કરવી પડશે.

૭. એમની પોતાની સહકારી સંસ્થાઓ બનાવાય તો એમને સારો ફાયદો થશે. આવી આદિવાસી સંસ્થાઓ વારલીઓ માટે કામ કરી રહી છે, બીજાઓને માટે પણ એ થવું જ જોઈએ.

✪

ગુરુ એ જ શ્રેષ્ઠ દેવ છે એમ માનતાંમાનતાં, જ્યારે ભક્ત એમ પણ માનવા લાગે છે કે, દેવ જેમ જડ પાષાણનો કે ચિત્રનો બનેલો છે અને તેથી એની જેવી ઇચ્છા હોય તેવી પૂજા કરી શકાય, તેમ ગુરુને પણ સચેતન પાષાણ માની એવી જ રીતે પૂજા કરવી જોઈએ; તો ગુરુની પૂજા નહિ પણ વિડંબના કહેવાય.

આવો પૂજાવિધિ સહન કરનારા જ નહિ, પણ એમ જ થવું જોઈએ એવું માનનારા ગુરુઓ પણ છે, એ હું જાણું છું. તેઓએ કાં તો આ બાબતમાં ઊંડો વિચાર કર્યો નથી, પણ કેવળ રૂઢિને વળગી રહેલા છે, અથવા બીજા પ્રકારના સ્વાર્થ સાધવા માટે આવી વિડંબના સહન કરી લે છે, એમ કહેવું જોઈએ.

–કિશોરલાલ ઘ. મશરૂવાળા

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગપ્રવાહ

શ્રી સોપાન

ચીન અને કોરિયા

ભારતને અસર કરનારા બનાવો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વધતા જ જાય છે. કોરિયામાં યુદ્ધ સળગ્યું ત્યારથી ત્રીજા વિશ્વયુદ્ધનો ભય ઊભો થયો છે; ભારત એશિયાનું અગ્રણી રાષ્ટ્ર છે એટલે સ્વાભાવિક રીતે તેની ચિંતા વિશેષ હોય. કોરિયાના પ્રશ્નમાં ભારતે પ્રથમથી એકસરખું વલણ રાખ્યું છે. કોરિયા એક અને અખંડ હોવું જોઈએ અને કોરિયાવાસીઓની ઇચ્છાનુસાર જ તેનું તંત્ર રચાવું જોઈએ એવો ભારતનો મત છે. ઉત્તર કે દક્ષિણના ભેદ ભારતે મંજૂર રાખ્યા નહોતા, પણ ઉત્તરની સામ્યવાદી સરકારે દક્ષિણ ઉપર આક્રમણ કર્યું ત્યારે ભારતે સંયુક્ત રાષ્ટ્રસંસ્થાને ટેકો આપ્યો. ભારતનો આ ટેકો આક્રમણકારોને મારી હઠાવવા પૂરતો જ હતો. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનાં દળોએ એ કામ સિદ્ધ કર્યું. ઉત્તરનાં દળોને ૩૮ અક્ષાંશ સુધી ધકેલી દીધાં. ભારતનો એવો મત છે; કે ત્યાં રાષ્ટ્રસંસ્થાનાં દળોએ થોભી જવું જોઈતું હતું; પરંતુ એક અથવા બીજે બહાને તેઓએ તો ઉત્તર કોરિયામાં પણ પ્રવેશ કર્યો!

રાષ્ટ્રસંસ્થાનાં દળો ૩૮ અક્ષાંશ ઉપર રોકાઈ ગયાં હોત તો ઉત્તર દળો પ્રત્યાક્રમણ કરવા પ્રેરાત એવો સંભવ હતો; પરંતુ રાષ્ટ્રસંસ્થાનાં દળોએ ત્યાં થોભી જઈને કશું જ ગુમાવ્યું ન હોત. રાષ્ટ્રસંસ્થાનાં દળો કોરિયા જીતવા ગયાં નહોતાં. ઉત્તરનાં દળો લડતાં રહ્યાં હોત તો તેનું આગળ વધવું કદાચ વાજબી ગણાત. રાષ્ટ્રસંસ્થાએ તો ૩૮ અક્ષાંશ ઉપર અટકી જઈ કોરિયાના ભાવિની ચર્ચા કરવી જોઈતી હતી; લાલ ચીનને પણ એ વાટાઘાટમાં સામેલ કરવું જોઈતું હતું. લોકોની ઇચ્છાનુસાર કોરિયાનું તંત્ર રચાશે એવી જાહેરાતની પણ સારી અસર થઈ હોત; પરંતુ શાંતિનાં પગલાં લેવાને બદલે રાષ્ટ્રસંસ્થાનાં દળો ઉત્તરમાં પ્રવેશ્યાં અને એમાંથી નવી ગૂંચો પેદા થઈ. રાષ્ટ્રસંસ્થાનાં દળો વિજયી છે પણ લડાઈ ઉગ્ર બનતી જાય છે અને લાલ ચીનની સેના મેદાનમાં આવી છે. આ બનાવથી ત્રીજા વિશ્વયુદ્ધનો ભય ઓછો થવાને બદલે વધ્યો છે.

લાલ ચીને કોરિયામાં દળો મોકલીને જે પરિસ્થિતિ ઊભી કરી છે તે તેને પોતાને ફાયદારૂપ નીવડશે નહિ. કોરિયા અને તેથી યે વિશેષ ફોર્મોસા વિષેની અમેરિકાની નીતિ સામે ચીનનો વિરોધ વાજબી છે; પરંતુ આ પગલું ભરીને તો ચીને અમેરિકાની નીતિને આડકતરો ટેકો આપી દીધો છે. ચીનનાં લશ્કરો કોરિયામાંથી ખસેડવાનો પ્રશ્ન પણ જલદ બનવાનો સંભવ છે. ભારતે આ બાબતમાં જે નીતિ અખત્યાર કરી છે તે કોઈને ખુશ કરનારી નથી; પરંતુ તે જ સાચી નીતિ છે. જો જગતને શાંતિ જોઈતી હોય તો એ નીતિ અપનાવવી પડશે.

તિબેટ અને ભારત

લાલ ચીનની સેનાએ તિબેટમાં પ્રવેશ કરી ભારતને ભારે આંચકો આપ્યો છે. તિબેટ ઉપરનું ઔપચારિક સાર્વભૌમત્વ ચીનનું છે, એમ આખું જગત સ્વીકારે છે. ચીનના તંત્રપલટાથી તિબેટ ઉપર થોડીક અસર થાય અને તિબેટની સરકાર ફરી વિધિસર લાલ ચીનનું પ્રભુત્વ સ્વીકારે તે સમજી શકાય એમ છે. તિબેટ આ માટે તૈયાર હતું અને વાટાઘાટો માટે તેના પ્રતિનિધિઓ જઈ પહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યાં હતા; પરંતુ લાલ ચીને પોતાના બળનું પ્રદર્શન કરવા અને દુનિયાને પોતાના સાર્વભૌમત્વનો સ્પષ્ટ ખ્યાલ આપવા તિબેટ ઉપર આક્રમણ કર્યું. તિબેટ શાંત પ્રજાનો મુલક છે, પણ વર્ષોથી એ સ્વશાસન ભોગવે છે. તિબેટે કોઈનું કશું બૂરું કર્યું નથી તેમ આક્રમણને ઉત્તેજન આપે તેવું પગલું પણ લીધું નથી. તિબેટ ઉપરનું ચીની આક્રમણ એક રીતે કીડી ઉપર કટક લઈ જવા બરાબર છે.

તિબેટ ઉપરના આક્રમણની ભારત ચિંતા અનુભવે એ સહજ છે. ભારત ચીનનું મિત્ર છે. લાલ ચીનને તેનું યોગ્ય સ્થાન અપાવવા ભારત જહેમત ઉઠાવે છે તે, અમેરિકાને સારી પેઠે નારાજ પણ કરે છે. તિબેટ ભારતની સરહદે, કહો કે મસ્તક ઉપર પથરાયેલું છે. ત્યાં કોઈ પણ જાતની લશ્કરી અથડામણ થાય અને લાલ સેનાનો ત્યાં અડ્ડો જામે તેની ભારત ઉપર અસર થાય એ સ્વાભાવિક છે. ભારતે આ વિષે ચીન સમક્ષ દુઃખ અને આશ્ચર્યની લાગણી પ્રગટ કરી અને શાંતિપૂર્વક એ પ્રશ્ન ઉકેલવા આગ્રહ કર્યો તેની ચીને કદર કરી નથી. ચીને તો સામે એવો આક્ષેપ કર્યો છે, કે અમેરિકા અને બ્રિટનની અસર નીચે ભારત આવી ગયું છે! ચીને કોરિયામાં સૈન્યો ઉતાર્યાં, તિબેટ ઉપર આક્રમણ કર્યું અને ભારતની મૈત્રીની કદર કરી નહિ તેથી કેટલાકને એમ લાગ્યું છે, કે ચીન સાથે ભારતે વધુ સંબંધ કેળવવો ન જોઈએ અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેને મદદરૂપ ન બનવું જોઈએ. બધી દૃષ્ટિએ વિચારતાં એમ લાગે છે, કે ચીન સાથેના દરેક પ્રશ્નની ભારત અલગઅલગ દૃષ્ટિએ વિચારણા કરે તે જ ઇષ્ટ છે, ભારતની વિદેશનીતિ સાથે એ જ સુસંગત છે. રાષ્ટ્રસંસ્થામાં ચીનને લાવવાના ભારતના પ્રયત્નો ચાલુ જ રહેવા જોઈએ, સાથે ચીનના તિબેટ ઉપરનાં આક્રમણ અને કોરિયાનાં લશ્કરોનો વિરોધ પણ કરવો જોઈએ; તિબેટના સવાલમાં આથી, વિશેષ રસ ભારત લઈ શકે નહિ.

નેપાળની ક્રાંતિ

તિબેટનો ભડકો હજી શમ્યો નથી ત્યાં નેપાળમાં મોટા બનાવો બન્યા છે. એક દિવસ અચાનક સમાચાર આવ્યા કે નેપાળના રાજવી પોતાનાં કુટુંબીજનો સાથે રાજમહેલ છોડી, ભારતના એલચીખાતાના નિવાસમાં ચાલ્યા ગયા છે અને નેપાળના વડા પ્રધાને તત્કાળ પાર્લામેન્ટ બોલાવી, સર્વાનુમતે ઠરાવ કરી રાજાને પદભ્રષ્ટ જાહેર કરી રાજાના ત્રણ વર્ષના પૌત્રને નવા રાજા તરીકે જાહેર કર્યો છે. આ સમાચારનો આંચકો હજી શમ્યો નહોતો, ત્યાં નેપાળની લોકક્રાંતિના ખબર આવ્યા અને નેપાળના રાજવી, કુટુંબ સાથે દિલ્હી આવી પહોંચ્યા! નેપાળનો સવાલ આ રીતે અનેક દૃષ્ટિએ અગત્યનો બની ગયો.

ભારતે નેપાળની બાબતમાં હજી કશું નિશ્ચિત વલણ લીધું નથી. નવા રાજાનો ભારતે સ્વીકાર કર્યો નથી. નેપાળની પ્રજા તરફ ભારતીય પ્રજા અને સરકારની પૂરી સહાનુભૂતિ છે; પણ નેપાળ એક સ્વતંત્ર સાર્વભૌમ રાજ્ય હોવાથી લોકક્રાંતિમાં ભારત સક્રિય મદદ કરી શકે નહિ. નેપાળ અને ભારત વચ્ચે ગયા જુલાઈમાં શાંતિ અને મૈત્રીના કરારો થયા ત્યારે પણ ભારતે નેપાળના વડા પ્રધાનને, પ્રજાની આકાંક્ષાઓ સંતોષવા અને લોકશાહી ધોરણ સ્વીકારવા આગ્રહભરી ભલામણ કરી હતી. નેપાળમાં અત્યારે નામની પાર્લામેન્ટ છે, પણ તેમાં બે તૃતિયાંશ નીમાયેલા સભ્યો છે અને તેના હાથમાં કશી સત્તા નથી. પંતપ્રધાન મોહન શમશેર જંગ નેપાળના સર્વસત્તાધીશ છે. નેપાળમાં મધ્યયુગની યાદ આપે તેવું આપખુદ શાસન પ્રવર્તે છે અને પ્રજા બધી રીતે કંગાળ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપાળની લોકક્રાંતિ અત્યારે તો પૂરજોશમાં છે, પણ તેને લશ્કરી તાકાતથી નેપાળનું રાણાતંત્ર દબાવી શકે છે કે નહિ તે જોવાનું રહે છે. ગમે તેમ, નેપાળનું અત્યારનું તંત્ર તો આ બનાવોથી હચમચી ઊઠશે ને મોટા ફેરફારો થશે જ એ વિષે સંદેહ નથી. ભારતે નવા રાજાનો સ્વીકાર કર્યો નથી તેની ઘણી મોટી અસર છે. નેપાળ સ્વતંત્ર રાષ્ટ્ર હોવા છતાં તે સંસ્કૃતિ અને ભૌગોલિક સંબંધોથી ભારત સાથે સંકળાયેલું છે. નેપાળમાં અશાંતિ રહે કે નેપાળ નિર્બળ બને તે ભારતને પોસાય નહિ. ભારત આ બાબતમાં સાવધ રહી જે પગલાં ભરશે તેને ભારતીય પ્રજાનો ટેકો અવશ્ય મળી રહેશે. અત્યારે તો આપણે ઇચ્છીએ, કે નેપાળની લોકક્રાંતિ સફળ થાય.

કોંગ્રેસનું રાજકારણ

દેશના રાજકારણ ઉપર ગંભીર અસર કરે એવા બનાવો હમણાં બની રહ્યા છે. સામાન્ય ચૂંટણી એપ્રિલ–મેને બદલે નવેંબર–ડિસેમ્બર સુધી દૂર ઠેલાઈ છે. રાજકીય પક્ષો હવે ચૂંટણીની તૈયારીઓમાં પડે એ સ્વાભાવિક છે. દેશના સૌથી મોટા અને સમર્થ પક્ષ પર ચૂંટણીની પહેલી અસર થઈ છે. નાસિક કોંગ્રેસનું કામકાજ નિર્વિઘ્ને પાર પડ્યું પણ તે પછી એકતામાં ભંગાણમાં પડ્યું છે. શ્રી જવાહરલાલને કારોબારીમાં લેવા માટે ભારે પરિશ્રમ કરવો પડ્યો. આ સમય દરમિયાન પરિસ્થિતિ વધારે બગડી. એ પછી આચાર્ય કૃપલાનીજીની આગેવાની નીચે કોંગ્રેસ લોકશાહી મોરચાની સ્થાપના થઈ અને પશ્ચિમ બંગાળમાં ડો. પ્રફુલ્લ ઘોષની આગેવાની નીચે કોંગ્રેસથી સંપૂર્ણ જુદી 'કૃષક પ્રજા મઝદૂર પક્ષ' નામની સંસ્થા રચાઈ. આચાર્ય કૃપલાનીની સાથે રફી અહમદ કીડવાઈ તથા આંધ્રના નેતા શ્રી ટી. પ્રકાશમ્ જેવા છે. તેઓ હજી કોંગ્રેસમાં જ છે પણ અત્યારની સ્થિતિ ચાલુ રહે તો ભંગાણ અનિવાર્ય લાગે છે.

કેટલાક એમ માને છે, કે આ બધું ઠીક થઈ રહ્યું છે; એથી કોંગ્રેસમાં એકરાગ રહેશે. કોંગ્રેસના વિરોધીઓ જુદા દૃષ્ટિબિંદુથી આ પગલાંને વધાવે છે. તેઓ માને છે, કે કોંગ્રેસ ભાંગી પડવાનાં આ ચિહ્નો છે. અમને આ બંને માન્યતા ભૂલભરેલી લાગે છે. કોંગ્રેસમાંથી ડો. ઘોષ કે આચાર્ય કૃપલાની જેવાને જવું પડે એ સ્થિતિ સારી નથી જ. કોંગ્રેસે સારા માણસોને સંઘરવા જોઈએ–સાચવી લેવા જોઈએ. બીજું દૃષ્ટિબિંદુ જોઈએ, તો કોંગ્રેસના વિરોધીઓની મુરાદ બર આવવાની નથી. કોંગ્રેસનું સંગઠન આટલાથી તૂટી પડે એમ નથી. ડો. ઘોષ અને આચાર્ય કૃપલાની, જે સંયોગોમાં નવું પ્રયાણ આદરી રહ્યા છે તે સંયોગો એમને પ્રજાનો ટેકો આપવામાં મદદરૂપ બનશે નહિ. તેઓ ભૂલી જાય છે, કે એમના ઉચ્ચ પદ દરમિયાન પણ દેશની આ જ સ્થિતિ હતી અને તેઓ કંઈ જ કરી શકયા નહોતા. ડો. ઘોષ પશ્ચિમ બંગાળના વડાપ્રધાન હતા, ત્યારે તેઓ નિર્બળ પુરવાર થયા હતા અને આચાર્ય કૃપલાની પ્રમુખપદ દરમિયાન એકતા ઊભી કરી શકયા નહોતા. વિશેષમાં, તેઓ પ્રમુખપદ ન મેળવી શકયા તે પછી 'બળવાખોર' બન્યા છે તેથી પણ પ્રજાનાં મન ઉપર માઠી અસર થશે.

જવાહર જયંતી

જવાહરલાલજીનો જય પોકારતાં ભારતવાસીઓને કદી થાક લાગવાનો નથી. ગયા નવેંબરની ૧૪મીએ તેઓએ ૬૧ વર્ષ પૂરાં કરી ૬૨મા વર્ષમાં પ્રવેશ કર્યો. દેશ અને દુનિયાએ એમના પર અભિનંદનોનો વરસાદ વરસાવ્યો.

શ્રી જવાહરલાલ ભારતના લાડીલા નેતા છે. પૂજ્ય બાપુ પછી એમના જેટલી લોક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિયતા કોઈને વરી નથી. એશિયાની તેઓ આશા છે, સમગ્ર એશિયાખંડમાં સર્વ રીતે સ્વતંત્ર અને સબળ વિદેશનીતિના તેઓ ઘડવૈયા છે. વિશ્વના રાજપુરુષોમાં તેઓ અગ્રણી છે, દેશપરદેશના વિચારકો કહે છે, કે આજે એમની તોલે આવે એવો કોઈ રાજપુરુષ નથી. જવાહરલાલજી ખરેખર લોકનાયક છે.

શ્રીજવાહરલાલનું સન્માન આખું જગત કરે છે તે એમની કઈ વિશેષતાને કારણે? તેઓ રાજનીતિજ્ઞ અને નેતા તો છે જ. મહાન લેખક, વક્તા અને સંસ્કારસ્વામી પણ છે. વિશાળ દેશના વડાપ્રધાન છે. સત્યના આગ્રહી અને પરાક્રમી પુરુષ છે. કુસુમ જેવું કોમળ અને વજ્ર જેવું કઠોર હૈયું એ ધરાવે છે. બાળસુલભ નિખાલસતા અને હાસ્ય એમની મોંઘી દોલત છે; ભય, શંકા, અવિશ્વાસ, કાવાદાવા, રાજરમત એમની પ્રકૃતિમાં નથી. માનવીને એ મહાન માને છે ને તેનું સન્માન કરે છે. એમની તમામ પ્રવૃત્તિ માનવીના વિકાસ માટે છે ને તેથી જ માનવતાનાં અખૂટ ઝરણાં એમના જીવનમાંથી વહે છે. આ સર્વ ગુણોનો સરવાળો એટલે જવાહરલાલ. આ કારણો છે એમની મહત્તાનાં.

ભારત પરાધીન હતું ત્યારે તેઓ ગાંધી સેનાના વીર સિપાહી હતા. ગમે તેવાં જોખમો ઉઠાવતા તેઓ કદી અચકાયા નથી. ફૂલ જેવા મુલાયમ જીવનનાં કેટલાંય વર્ષો જેલમાં વીત્યાં! અને કેવા કારી જખમો પડ્યા છે એમના હૃદય ઉપર! માતપિતાના લાડીલા જવાહર એમને ગુમાવીને કેવા હતાશ બન્યા હતા! અને પ્રાણપ્રિય કમલાના વિયોગે એમના હૃદય ઉપર કેવી ચોટ લાગી હતી! પૂજ્ય બાપુની છાયામાં એમને સાંત્વન મળતું હતું. સત્ય બાપુની જીવનમશાલના અજવાળે તેઓ ચાલતા હતા. અચાનક એક દિવસ તોફાન ઊઠ્યું અને પૂજ્ય બાપુ ગયા. જવાહરલાલના હૃદયનો એ જખમ હજી રુઝાયો નથી.

એકેએક સવાલ જવાહરલાલજીની આજે કસોટી કરે છે. એ સવાલ વ્યાપાર અને અર્થનીતિનો હોય, કાશ્મીર કે હૈદ્રાબાદનો હોય, કોરિયા કે ફોર્મોસાનો હોય, તિબેટ કે નેપાળનો હોય, પાકિસ્તાન કે કોમવાદનો હોય, રશિયા કે અમેરિકાના છાવણીનો હોય, પક્ષીય રાજકારણ કે કોંગ્રેસના વિખવાદનો હોય; જવાહરલાલજીની દેશ અને દુનિયાને જરૂર પડે છે. લોકમાનસ ક્યારે કેવો પલટો લે તે કહેવું મુશ્કેલ છે. આર્થિક, કોમી કે રાજકીય સવાલમાં પ્રજાનો પોકાર વિવિધ પ્રકારે સંભળાતો હોય ત્યારે નિર્ધારિત માર્ગે આગળ ધપવામાં દૃઢતા, હિંમત, દીર્ઘદૃષ્ટિ ને વિશ્વાસની કેટલી જરૂર પડે છે તે જવાબદારી વિનાના માણસોથી ન સમજી શકાય. આવા દરેક પ્રસંગે જવાહરલાલજી મક્કમ પગલે આગળ વધે છે ને એમનામાં રહેલી વીરશ્રી ઝળકી ઊઠે છે.

જવાહરલાલજી પૂજ્ય બાપુના રાજકીય વારસ છે. આધ્યાત્મિકતાનો અર્થવિસ્તાર કરીએ તો તે ક્ષેત્રે પણ જવાહરલાલજીનું સ્થાન ઘણું ઊંચું છે. જે કોમવાદે દેશને ખંડિત કર્યો અને પ્યારા બાપુના પ્રાણ લીધા તે કોમવાદના તેઓ કટ્ટર શત્રુ છે. કોમવાદનું વર્ચસ્ આ દેશ કે કોંગ્રેસ ઉપર ન સ્થપાય તે માટે ગમે તે વસ્તુ હોડમાં મૂકવા તેઓ તત્પર છે. યુદ્ધ અને હિંસાના તેઓ વિરોધી છે. વિશ્વશાંતિના આદર્શ માટે છેવટ સુધી મથવાની એમની તૈયારી છે. એમનો અવાજ આજે અરણ્યરુદન જેવો છે, પણ એક ને એક દિવસ એ અવાજ દુનિયાએ સાંભળવો જ પડશે એમાં શંકા નથી.

તા. ૨૦-૧૧-'૫૦

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું વાંચ્યા પછી–

માસિકના ચાલુ સંસ્કારપ્રવાસમાં તમે જોઈ શક્યા હશો કે એને કુટુંબનો ...મિત્ર બનાવવા માટે સતત જાગૃત રાખવામાં આવે છે. કુટુંબના પ્રાણપ્રશ્નોની ... વિચારણા કરતા લેખો આ વર્ષની મોંઘી મૂડી બની રહેનાર છે. દેવ ઊઠી ગયા પછી ... સરા શરૂ થશે ત્યારે મુનિશ્રી સંતબાલજીનો 'ગૃહસ્થાશ્રમને પંથે' પ્રયાણ કરનાર યુવક-યુવતીઓને તથા તેમનાં માતપિતાઓને પણ એ પ્રેરણારૂપ બનશે. લગ્નગાળામાં પણ ... આપી શકાય એવું, કૌટુંબિક પ્રશ્નોને ચર્ચતું એક સુંદર પુસ્તક સંસ્થાએ બહાર પાડ્યું છે. એનું નામ છે **'ગૃહ, ગૃહિણી અને ગૃહસ્થ.'**

ચાલુ પ્રવાસમાં 'રમકડાં' તથા 'મૂંઝવતાં બાળકો' વિશેના વાંચનથી સહજ રીતે જ ... વિષે વધુ જાણવા–વાંચવા જિજ્ઞાસા થાય. શિશુજીવનનાં વિધવિધ પાસાંઓ ઉપર પ્રકાશ નાખતા તેર ઉચ્ચ કક્ષાના નિબંધો જેમાં સંગ્રહાયા છે તે **'બાળક'** (પા. ૧૭૬. કિંમત રૂ. ૧–૪–૦) તથા બાળકો પ્રત્યે માતપિતાની ફરજ અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપતું **'બાળકોની માવજત'** (પા. ૯૬ કિં. ૦–૧૦–૦) દ્વારા ઘણા બાળપ્રશ્નોનો ઉકેલ ... જશે. શિશુનું હાસ્ય જે ઘરમાં ફોરે છે, જ્યાં એની પુનિત પગલીઓ પડેલી છે તે ઘર ... બંને પુસ્તકોથી વંચિત રહે, તો બાળક પ્રત્યે એક મોટી ફરજ અદા કરવામાં માતપિતા પાછાં પડ્યાં છે એમ લેખી શકાય એટલી સમૃદ્ધ વાનગી એ બંનેમાં પીરસવામાં આવી છે. આ ઉપરાંત પણ બાળકો માટેનું સાહિત્ય જોઈતું હોય તો તે ય મળી શકે તેમ છે. **'બાળસદ્બોધ,' 'સદ્ગુણી બાળકો,' 'બાળકોની વાતો,' 'દયાળુ માતા,' 'સદ્ગુણી પુત્રી,' 'ગુલિસ્તાં,'** વગેરે પુસ્તકો સંસ્થાએ પ્રકટ કર્યાં છે.

માતાઓ માટે અત્યંત અગત્યનો લેખ 'સગર્ભાવસ્થા' ને તેમાં લેવી જોઈતી સંભાળનું વાચન, પ્રત્યેક માતાને વધુ સાવચેત રહેવામાં પ્રેરણા આપે એવું કોણ ન ઇચ્છે? માતા આ અવસ્થામાં ખોરાકનું ધ્યાન તો આપશે જ, પણ કેવળ ખોરાક ઉપરાંત નારીને નીરોગી માનસિક ખોરાકની ત્યારે જરૂર પડે છે. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે સ્ત્રીઓ માટે તો ઘણું સાહિત્ય પ્રકાશિત કર્યું છે: **'પાકશાસ્ત્ર'** (પા. ૨૦૦ કિં. ૧–૮), **'ભારતની દેવીઓ'** (ત્રણ ભાગમાં), **'નળાખ્યાન,' 'ઓખાહરણ,' 'શ્રી શારદામણિદેવી,' 'આદર્શ દૃષ્ટાંતમાળા'** વગેરે.

'ઉપનિષદો' વિષેના વાંચન બાદ ભારતવર્ષના આ અણમોલ વારસાની દુનિયામાં પ્રવેશ કરવાનું મન થાય તો 'સસ્તું સાહિત્ય' તમારો તે પ્રવેશ ઘણો સરળ બનાવી શકે એમ છે. આપણા પ્રાચીન ધર્મ ઉપર તો આ સંસ્થાએ અગણિત ગ્રંથોના સરળ ને પ્રમાણભૂત અનુવાદો બહાર પાડ્યા છે. એકસો ને બાર ઉપનિષદો મૂળ સાથે ત્રણ ગ્રંથોમાં તમને મળી શકશે. **'એકાદશ ઉપનિષદ'**માં ઈશ, કેન, કઠ ઈત્યાદિ ૧૧ ઉપનિષદો અપાયા છે. એની પૃષ્ઠસંખ્યા છે ૪૫૨ પણ કિંમત માત્ર રૂ. ૩–૦–૦. **'બૃહદારણ્યક ઉપનિષદ'**નાં પૃષ્ઠ છે ૨૪૮, ને કિંમત છે. રૂ. ૨–૦–૦ **'સો ઉપનિષદો'**માં પ્રથમનાં ૨૩ ઉપનિષદો મૂળ સાથે અને તે પછીનાં ૭૭ ઉપનિષદોનો સાર અપાયો છે. ઉપનિષદની અગત્ય વિશે શું કહેવું? આજે એનાથી અજ્ઞાન છે?

કોઈ પણ પુસ્તકવિક્રેતાને ત્યાં અગર સંસ્થાના કાર્યાલયમાં જાઓ અને આ ગ્રંથો માગો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા—સમાચાર

આ સંસ્થાનો વહિવટ સદ્‌ગત સ્વામીજીએ તા. ૪-૧-૧૯૪૨ના રોજ ટ્રસ્ટીમંડળના હાથમાં સોંપ્યો, ત્યારથી આજસુધી સંસ્થાની પ્રકાશનપ્રવૃત્તિ ઉત્તરોત્તર વિકસતી રહી છે અને કેટલાંક વિશિષ્ટ પ્રકાશનો પણ થયાં છે. 'સસ્તુ સાહિત્ય'નાં પ્રકાશનોને આજના યુગની જરૂરિયાત અનુસાર સુંદર અને વિવિધ પ્રકારનાં પણ બનાવવામાં આવ્યાં છે. સ્વામીજીએ સ્વીકારેલા આદર્શની કેડીએ ચાલવામાં ટ્રસ્ટીમંડળ કેટલે અંશે સફળ થયું છે તેનો કંઈક ખ્યાલ નીચેની વિગતો ઉપરથી આવી શકશે.

નવાં પ્રકાશનો : જુદાંજુદાં ઉપયોગી ને ઉપકારક વિષયો ઉપર નાનાં-મોટાં ૧૦૯ નવાં પ્રકાશનો થયાં છે. આમાં સુશ્રુત આયુર્વેદ જેવા મોટા ગ્રંથો ઉપરાંત જુદાજુદા સંતોનાં ચરિત્રો, વેદાંતના ગ્રંથો, શ્રીમત્ શંકરાચાર્યની ભગવદ્‌ગીતા, તેમ જ તેમના બીજા ગ્રંથો, પ્રેમાનંદ વગેરે કવિઓની ઉપયોગી વાણી, ખેતીવિષયક ગ્રંથો પ્રસિદ્ધિ પામ્યા છે.

પુનરાવૃત્તિઓ : આ જ સમય દરમિયાન ૯૨ પુસ્તકોની પુનરાવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ છે. એમાં મુખ્યત્વે યોગવાસિષ્ઠ રામાયણ, શ્રીમદ્ ભાગવત, રામાયણ, આર્યભિષક, ભગવદ્ ગીતા, બાળકોનાં પુસ્તકો, ઉપનિષદો, સંત-મહાત્માઓનાં ચરિત્રો, અખાની વાણી, તથા ભજનવાણીનો સમાવેશ થાય છે.

વિવિધ ગ્રંથમાળા : આ માળાનું વાર્ષિક લવાજમ રૂ. ૬॥ છે અને તે દ્વારા ૧૬૦૦ પાનાંનું વાચન ઘેરબેઠાં ગ્રાહકોને મળે છે. ૧૯૪૨ પછી લડાઈને અંગે વધેલી ઘણી મુશ્કેલીઓ અને મોંઘવારી છતાં આ માળા ચાલુ રાખી શકાઈ છે એમાં લોકપુણ્ય અને ઈશ્વરેચ્છા જ કારણભૂત છે. નવું વરસ ૧લી જુલાઈ ૧૯૫૦થી શરૂ થયું છે અને પહેલા હપ્તાનાં ત્રણ પુસ્તકો ગ્રાહકોને મોકલાઈ ગયાં છે. બીજાં ત્રણ પુસ્તકોનો બીજો હપ્તો હવે પછી તરતમાં મોકલાશે.

સર્વોપયોગી સાહિત્યશ્રેણી : મોટી ઉંમરના પણ ઓછું ભણેલાઓને જુદાજુદા વિષય ઉપરનું જરૂરી જ્ઞાન મળે એવા ઉદ્દેશથી આ શ્રેણી સને ૧૯૪૪થી શરૂ કરેલી છે. તેના સંપાદક શ્રી. મોહનલાલ–સોપાન છે.

પહેલી યોજનાનાં ૧૮ પુસ્તકો પૈકી કેટલાંકની તો પુનરાવૃત્તિઓ નીકળી છે. તે પછી આમાં બીજાં ૨૩ નવાં પ્રકાશનો થયાં છે. એકંદર ૩૬ પુસ્તકો પ્રકટ થયાં છે. તે બધાં પુસ્તકો સેલટેક્સ સાથે રૂ. ૩૨)માં હાલ મળે છે. માર્ગવ્યય અલગ.



આમ સાહિત્યશ્રેણી : સામાન્યમાં સામાન્ય મનુષ્ય પણ નિર્દોષ આનંદ સાથે ઉપયોગી જ્ઞાન મેળવી શકે અને એના ગજવાને પોસાય એવું સસ્તું સાહિત્ય તેમને મળે એ ઉદ્દેશથી આ માળા સને ૧૯૪૪માં શરૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરેલી છે અને અત્યાર સુધીમાં આ માળામાં ૧૧૬ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. હાલ તે પૈકી ૮૯ પુસ્તકો મળે છે અને એ બધાં પુસ્તકોના આખા સેટની કિંમત સેલટેકસ સાથે રૂા. ૨૩-૧૬-૦ તથા પોસ્ટેજના રૂા. ૨-૯-૦ મળીને એકંદર રૂા. ૨૬-૬-૦ થાય છે. આ માળાનાં પુસ્તકો ઘણાં લોકપ્રિય થયાં છે અને તે પૈકી ઘણાં પુસ્તકોની એકથી વધુ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ છે.

અખંડ આનંદ:–સને ૧૯૪૭ના નવેમ્બર માસથી શ્રી. સોપાનના તંત્રીપદે આ માસિક શરૂ કરવામાં આવ્યું છે. ૬।।। "×૧૦ "ના કદમાં દરમહિને ૧૨૦ પાનાંનું વાંચન પૂરું પાડવામાં આવે છે. દર વરસનો પહેલો અંક ૨૦૦ પાનાંનો અપાય છે. હાલ તેની ૧૮,૦૦૦ નકલો છપાય છે. તેનું વાર્ષિક લવાજમ રૂા. ૭-૮-૦ છે. આ માસિકના નવા ગ્રાહકો મેળવી આપી તેને વધુ પગભર બનાવવાના અમારા પ્રયત્નોમાં ગ્રાહક બંધુઓનો સહકાર ઇચ્છીએ છીએ.

નવેમ્બર માસનાં નવાં પ્રકાશનો

ઇન્સાન મિટા દૂંગા : (સર્વોપયોગી શ્રેણી) લે૦ ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી : ઇ. સન ૧૯૩૦ના જેલજીવનમાં ડોકિયું કરાવતી વાર્તા તથા બીજી તેવી જ વાર્તાઓ.
પાન ૧૬૮ : ૧-૪

ગુજરાતનાં લોકગીતો : લે૦ મધુભાઈ પટેલ: જન્મયાત્રાથી આરંભી મરણયાત્રાના તાદૃશ પ્રસંગો રજૂ કરતો, સરળ લોકગીતો અને કથાઓનો સંગ્રહ પાન ૨૬૪ : ૧-૪

કાકાનો સંજય : (શ્રેયસ્ પ્રકાશન નં. ૪) લે૦ છોટુભાઈ જોઈતારામ ભટ્ટ : પ્રાચીન મિસરની સંસ્કૃતિનો પરિચય ૫૧ સાદાં ચિત્રો સહિત મોટા અક્ષરોમાં.
પાન ૩૨૦ : ૧-૧૨

પ્રબોધ-બાવની : (આમશ્રેણી) સં૦ માધવ મો. ચૌધરી : ભક્તકવિ દયારામે મનને બોધ દેવાના ઉદ્દેશથી રચેલા બાવન કુંડળિયા.
પાન ૮૦ : ૦-૧

કવિ ગંગ કહે... : (આમશ્રેણી) સં. કાન્તિલાલ શ્રીધરાણી : કંઠે કરવા જેવા નીતિ, બોધ ને વૈરાગ્યના દુહા ને કવિતનો સૌથી પ્રથમ સંગ્રહ. પાન ૫૬ : ૦-૧

સોનાનો સૂરજ : (સર્વોપયોગી શ્રેણી) લે૦ પીતાંબર પટેલ : આજના સંયોગોમાં ગામડાંની પ્રજાનાં શાં દુઃખો છે અને તેનો ઉકેલ શી રીતે આવે, તેનું માર્ગદર્શન કરાવતું પુસ્તક. પાન ૨૨૪ : ૧-૪

હિતોપદેશ : (સર્વોપયોગી શ્રેણી) સં૦ સીતારામ જે. શર્મા : કથારસ સાથે બાળકોને નીતિજ્ઞાન આપતી કથાઓ
પાન ૨૩૨ : ૧-૪

ગુજરાતનાં તીર્થસ્થાનો : (સર્વોપયોગી શ્રેણી) લે. દુર્ગાશંકર કે. શાસ્ત્રી : ગુજરાતનાં શ્રેષ્ઠ તીર્થસ્થાનોની વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપતું પુસ્તક.
પાન ૨૪૮ : ૧-૪

પુનરાવૃત્તિઓ

ધ્યાન અને જ્ઞાન : (આમશ્રેણી) નવી આવૃત્તિ લે૦ સ્વામી માધવતીર્થ
પાન ૪૦ : ૦-૩

કંઠાભરણમ્ : (આમશ્રેણી) નવી આવૃત્તિ. મોઢે કરવા યોગ્ય પ્રાર્થનામંત્રો
પાન ૬૪ : ૦-૩

નીતિશતક : (આમશ્રેણી) નવી આવૃત્તિ. (ભર્તૃહરિકૃત) સરળ અનુવાદ સાથે
પાન ૮૦ : ૦-૪

ગામડું બોલે છે : (સર્વોપયોગી શ્રેણી) લે૦ ચુનીલાલ મડિયા : (સચિત્ર) પાન ૧૪૪ : ૦-૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

દીપોત્સવી અંક

સસ્તું સાહિત્ય

અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CROWN BRAND GUARANTEED PURE

CROWN BRAND GUARANTEED PURE

એલ્યુમિનિયમ અને પિત્તળનાં વાસણો

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમના વાસણો વજનમાં હલકા, જલ્દી ગરમ થાય તેવા અને કીંમતમાં કીફાયત હોય છે કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દુધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી, વિગેરે કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો:

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂ. ૭ાા છે. બ્રહ્મદેશ માટે રૂ. ૮) અને પરદેશ માટે રૂ. ૧૨) છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. છ અથવા ત્રણ માસના ગ્રાહકો નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક સમયસર ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી; અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી; અને તે સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પોતાનું નામ-સરનામું સ્પષ્ટ લખવાં; સાથે ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું. વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે.

૯ મનીઑર્ડરની કુપન પર રૂપિયાની રકમ, રૂપિયા મોકલવાનો ઉદ્દેશ, ગ્રાહક નંબર (નવા ગ્રાહક હોય તો નવા ગ્રાહક લખવું), પૂરું સરનામું વગેરે સર્વ બાબતો સ્પષ્ટ દર્શાવવી.

૧૦ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

૧૧ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૨ રૂબરૂ આવી અંક લઈ જનાર તથા એકથી વધારે અંકો રજિસ્ટરથી યા રેલવેથી મંગાવનાર માટે લવાજમમાં કંઈ ફેરફાર નથી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, અમદાવાદ ને કાલબાદેવી, મુંબઈ-૨

લેખો અંગે નિયમો

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને—વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ-વર્ણન વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં આવે છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. આમ છતાં લગભગ છ માસમાં લેખ પ્રગટ થઈ જાય એવો પ્રયત્ન કરવામાં આવે છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લખાણ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ, સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લખાણો મોકલવાનું સરનામું આ પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'

ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ-૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમ :

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	કર્તવ્યભાવના	શ્રી	૩
૨	ગંગા જમનાની દીકરીઓ	સ્વામી આનંદ	૫
૩	'ભાવના' વિષે વધુ વિચાર	શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી	૯
૪	એક સંસ્કારક્ષેત્ર	અધ્યા. ડોલરરાય ર. માંકડ	૧૧
૫	વરાળની દુનિયા	શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ	૧૪
૬	વહુ અને વરસાદ (કટાક્ષ લેખ)	શ્રી જ્યોતીન્દ્ર દવે	૨૨
૭	કુટુંબનું પ્રાણતત્ત્વ	શ્રી સોપાન	૨૭
૮	અગ્નિ એશિયા : ભારતનું ભાવિ	ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી પી. એચ. ડી. (કોલંબીઆ)	૩૧
૯	સ્વર્ગમાં (વાર્તા)	શ્રી ઈશ્વર પેટલીકર	૩૭
૧૦	બાળકો પ્રત્યેનો વ્યવહાર (અનુભવ લેખ)	શ્રી રવિશંકર મ. રાવળ	૪૬
૧૧	વૉટર પંપનો પરચો	શ્રી ચુનીલાલ મડિયા	૫૦
૧૨	દાન અને દાતા	શ્રી વિનોદિની નીલકંઠ	૫૬
૧૩	જાત્રા ફળી (વાર્તા)	શ્રી ધનસુખલાલ મહેતા	૫૭
૧૪	ભૂલી જવાની કળા	શ્રી દેશળજી પરમાર	૬૨
૧૫	બાળકછેર	શ્રી હરભાઈ ત્રિવેદી	૬૬
૧૬	એક સાચી વાત	શ્રી ગુલાબદાસ બ્રોકર	૬૯
૧૭	ગુપ્ત દાન (વાર્તા)	શ્રી પીતાંબર પટેલ	૭૪
૧૮	ઈશોપનિષદ	અધ્યા. તનસુખ ભટ્ટ એમ. એ.	૭૫
૧૯	શાસ્ત્રીજી (વાર્તા)	શ્રીમતી લાભુબ્હેન મહેતા	૮૧
૨૦	શબ્દોનો રસિક ઇતિહાસ	શ્રીમતી કુરંગી દેસાઈ એમ. એ.	૮૭
૨૧	જાડાપણું	શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ એમ. એસ. સી. બાર-એટ-લૉ.	૯૧
૨૨	ધરતીનું સંગીત (નાટિકા)	શ્રી ગૌરભ	૯૪
૨૩	પાંસઠમી કળા	શ્રી રાજેન્દ્ર શાસ્ત્રી	૧૦૧
૨૪	છાતીના છિદ્રો (વાર્તા)	શ્રી શારદા	૧૦૩
૨૫	વિકૃત બાળમાનસ	શ્રીમતી રંભાબહેન ગાંધી	૧૦૭
૨૬	વીંટી	શ્રી 'ઊર્મિલ'	૧૧૪
૨૭	નિર્મોહી (વાર્તા)	શ્રી તારાચંદ પો. અડાલજા	૧૧૮
૨૮	સુખની શોધ	શ્રી 'અનામી'	૧૨૫
૨૯	લગ્નના આદર્શો	શ્રી તનમનાશંકર લા. શિવ બી. એ. એલએલ. બી.	૧૨૯
૩૦	અર્ધા મા (વાર્તા)	શ્રી પ્રશાંત	૧૩૧
૩૧	ઉપયોગી ઔષધિ (આરોગ્ય)	વૈદ્ય તુળજાશંકર પો. જોષી ગૃહીતાયુર્વેદશાસ્ત્રી	૧૩૬
૩૨	ન્યાય! (વાર્તા)	શ્રી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ	૧૪૩
૩૩	ધૂળ	શ્રી હરરાય અમુલખરાય દેસાઈ બી. એ. એસ. ટી. સી.	૧૪૯
૩૪	કાકી (પ્રસંગચિત્ર)	શ્રી માધવ મો. ચૌધરી	૧૫૧
૩૫	સંકલ્પ	શ્રી રતિલાલ મફાભાઈ શાહ	૧૫૩
૩૬	મનની સ્થિતિ	શ્રી મૂળજીભાઈ હરિવલ્લભદાસ શાહ	૧૫૮
૩૭	અપરાજિતા (પુરાણકથા)	શ્રી 'આનંદેશ'	૧૬૨
૩૮	અંધશિક્ષણ	શ્રી ચંદ્રકાંત મ. ગજ્જર	૧૭૦
૩૯	ઘવાયલુ હૈયું (નાટક)	શ્રી જશવંત શેખડીવાળા	૧૭૪
૪૦	ભક્તિયોગ	શ્રી જગજીવન એમ. શાહ.	૧૮૬
૪૧	શામળની પ્રશ્નોત્તરી	શ્રી માનશંકર ન ભટ્ટ	૧૯૦
૪૨	અમાસની પૂનમ	અધ્યા. મધુકર રાંદેરિયા એમ. એ.	૧૯૫
૪૩	સંસ્થા-સમાચાર	કાર્યાલય	૧૯૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ આનંદ

વર્ષ ૪, અંક ૧] તંત્રી : સોપાન [નવેમ્બર ૧૯૫૦

કર્તવ્યભાવના

દેશ અને દુનિયાના વર્તમાન પ્રશ્નો ઉપર વિચાર કરતાં મતિ મૂંઝાઈ જાય એવી સ્થિતિ છે. ચારે બાજુ રાગદ્વેષ, સત્તાલાલસા, સ્વાર્થ, અહંકાર નજરે પડે છે. જો વિગતોમાં ઊતરીએ તો દુઃખદ આશ્ચર્યની માત્રા ઓર વધી જાય. પરોપકારની, બીજાનું ભલું કરવાની, આ જગતમાં કંઈક કરી જવાની આપણામાં વૃત્તિ હોય તો આ બધું જોતાં-વિચારતાં હતાશા પ્રગટે, મનમાં એમ થઈ આવે કે આ ઉકરડો ઉલેચવાનું અશક્ય છે, આ ગંદકી સાફ કરવાનું મારું તો શું, કોઈનું ગજું નથી. એમ પણ થાય કે દુનિયાના સંતો, મહાત્માઓ, વિચારકો, શિક્ષકો, કલાકારો બધા નિષ્ફળ ગયા છે, જેમને અવતારો તરીકે ઓળખવામાં આવે છે અને આજે દુનિયાભરમાં જેમનાં મંદિરો, મઠો, મસ્જિદો, ગિરજાઓ સ્થપાયાં છે, એમની અસર પણ આ દુનિયા ઉપર પડી નથી, દુનિયા તો જેવી હતી તેવી જ છે અને જેવી છે તેવી જ રહેશે, તેની ચિંતા કરી જીવ બાળવાનો કશો અર્થ જ નથી.

આવી નિરાશા વિચારવંત માણસના મનમાં પ્રગટે છે. કોઈ એ નિરાશા ભૂલી જવા પ્રયત્ન કરે છે, કોઈ એમાંથી માર્ગ કાઢવા મથે છે, કોઈ સંતપ્ત હૃદયને જેવીતેવી દલીલોથી સાંત્વન આપે છે. મોટેભાગે, પ્રવૃત્તિનું મોજું આવે છે ને થોડીકવાર બધું વિસારે પડે છે. અંતરમાં છુપાયેલા રાગદ્વેષ, સત્તાલોભ, સ્વાર્થ, અહંકાર જો આ વખતે જાગે તો સારો ગણાતો માણસ પણ તેમાં ખેંચાય છે અને તેને ચેતવવા માટે આત્માની ઘંટડી વાગે તો તે કહે છે, આખી દુનિયા એમ જ ચાલે છે, આપણાથી કશું બની શકવાનું નથી, આ જગત માટે દુઃખી થવાનો કશો અર્થ જ નથી; માટે ભોગવાય એટલું ભોગવી લેવું જોઈએ! આ અવાજમાં આત્માનો અવાજ ઘણીવાર દબાઈ જાય છે. જો લાંબો સમય આ મનઃસ્થિતિ ચાલુ રહે તો આત્માના અવાજ તરફ કાન બંધ થાય છે. સુખોપભોગની શરતમાં ઊતર્યા હોઈએ એવી મનની સ્થિતિ ત્યારે થાય છે; શરતમાં ઊતરેલાઓ આસપાસની દુનિયા ભાગ્યે જ જોઈ શકે છે, એમની નજર નિશાન ઉપર જ મંડાયેલી હોય છે, એવું જ બને છે આ પ્રકારના માનવીઓનું.

કોઈ વળી એ નિરાશામાંથી વૈરાગ્યની ભાવના તરફ ખેંચાય છે. એને એમ થઈ આવે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્માનું કલ્યાણ એ જ સાચો માર્ગ છે, જગતનું આપણાથી કંઈ બની શકવાનું નથી. આવો માણસ દુનિયામાંથી પોતાની વૃત્તિઓ ખેંચી લે છે, જગત સ્થૂળ રીતે તો છોડાય એવું નથી; કારણકે માણસમાત્રને અન્ન, જળ, આશ્રય વગેરેની જરૂર પડે છે અને હવે તો આ ધરતીના કણેકણ ઉપર કોઈ ને કોઈનો, છેવટ રાજ્યનો અધિકાર મનાય છે. આ રીતે દુનિયાદારીના સંસર્ગમાં રહેવું પડે છે ને એટલા પ્રમાણમાં વૈરાગ્યભાવના સાથે પણ બાંધછોડ કરવી પડે છે. જે વૃત્તિઓને સંપૂર્ણ રીતે ખેંચી લઈ શકે, કે તેનું ઊર્ધ્વીકરણ કરી શકે તેની વાત નિરાળી છે, પણ તેવા તો લાખનમેં એક હોય–વિરલ હોય, બાકીનાઓ વૈરાગ્યનો વેશ લઈ એક નવી દુનિયા–નવો સંસાર વસાવે છે ને પછી તેઓ પણ તે ક્ષેત્રમાં શરતમાં ઊતરે છે! તેઓ સંન્યાસી હોય, સાધુ હોય, સેવક હોય, નેતા હોય, ગમે તે હોય પણ પેલા રાગદ્વેષ સત્તાલોભ, સ્વાર્થ ને અહંકારનાં પોટલાં તો સાથે જ રહે છે!

જગત જોઈને નિરાશા અનુભવનારા વિચારવંત માણસોમાંથી કોઈક જ એવા નીકળી આવે છે જે પોતાને જગતનો અંશ સમજે છે, માનવસમાજનું એક અંગ માને છે. દુનિયાને જોતા એ પોતાની જાતને વધુ ઝીણવટથી જુએ છે. એવો વિરલ માનવી જગતથી ત્રાસતો નથી, નાસતો નથી, જગતના દુઃખમાં એ દુઃખ અનુભવે છે; કારણકે વિશ્વમાં વ્યાપેલાં તમામ અનિષ્ટો માટે પોતાની જાતને પણ તે જવાબદાર ગણે છે. એ માને છે કે વિશ્વનું અણુ યે અણુ પરસ્પર સંબંધ ધરાવે છે, આવો માણસ બીજાને ધિક્કારતો નથી, પોતે ઊંચો ને બીજા નીચા એમ માનતો નથી, જગત છોડી દેવાનો મિથ્યા પ્રયાસ કરતો નથી, આ સમાજરચનાના બધા લાભો ઉઠાવવા ને એકે ય જવાબદારી પાળવી નહિ એવો વૈરાગ્ય એ ધારણ કરતો નથી. શરતમાં ઊતરવાનો તો સવાલ જ નથી, કારણકે બીજાઓને પાછળ રાખવા અને પોતે જ વિજયવાવટો ફરકાવવો એવી એની ભાવના નથી. એ તો સામાન્ય માનવી તરીકે, આ જગતકુટુંબના એક સભ્ય તરીકે, આ વિશ્વ-પેઢીના સમાન ભાગીદાર તરીકે, પરમપિતાના એક સંતાન તરીકે જીવવા ઇચ્છે છે.

આવો માણસ પોતાના કર્તવ્ય ઉપર પહેલું ધ્યાન આપે છે, દુનિયાની ચિંતા એ છોડતો નથી, બેદરકાર બનતો નથી, એ પોતાનું કર્તવ્ય બજાવતો એવી શ્રદ્ધા રાખે છે કે તેની અસર જગત ઉપર થશે જ. એ જુએ છે કે બીજા માણસના વર્તનની અસર પોતાના માનસ ઉપર થાય છે, તો તેની અસર બીજાઓ પર કેમ નહિ થાય? અને સુખદ આશ્ચર્ય તો એ છે કે આવી કર્તવ્યભાવનામાંથી રસ અને આનંદ પ્રગટે છે. એમાં વેઠ જેવું લાગતું નથી, કારણકે કોઈ એની પાસે કશું બળજબરીથી કરાવતું નથી. એમાં થાક પણ લાગતો નથી, કારણકે અંતરના ઉમળકાથી બધું થાય છે. એમાં નિરાશા યે આવતી નથી, કારણકે જગતનો ઉદ્ધાર કરી નાખવાનું અભિમાન એ સેવતો નથી. આવા માણસને એમ લાગે છે કે વ્યક્તિ અને સમષ્ટિનું સુખ એકબીજાનું વિરોધી નથી, ભિન્ન પણ નથી.

આવી કર્તવ્યભાવનાનો એક અંશ પણ આજના મંગલ પ્રભાતે આપણને પ્રાપ્ત થાય તો કેવું સારું!

શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગા–જમનાની દીકરીઓ

લેખક :
સ્વામી આનંદ

ભારતની પવિત્રમાં પવિત્ર નદીઓ ગંગા ને જમના હિંદુમાત્રના જીવન જોડે હજારો વર્ષથી વણાઈ ગઈ છે. આધુનિક સાક્ષરોએ એમને લોકમાતા કહીને બિરદાવી છે. એમનો ઉગમ પવિત્ર હિમાલયના ઉત્તરાખંડના પ્રદેશમાંથી છે, જેને પુરાણોમાં ઉત્તરાખંડ કહ્યો છે ને જે આર્યજાતિના પૂર્વજોની તપોભૂમિ તરીકે સૌથી પવિત્ર મનાયો છે.

આ ઉત્તરાખંડના પહાડોનું પ્રત્યેક સ્થાન હિંદુને મન પવિત્ર છે. એકેએક નદી, નાળું, ઝરણું, શિખર ને સંગમ કોઈ ને કોઈ ઋષિ-મુનિ-દેવદેવીઓની તપસ્યા કે કથા જોડે સંકળાયેલું છે. બદરી–કેદાર, ગંગોત્રી–જમનોત્રીની જાત્રા કરવા ભારતવર્ષને ખૂણે-ખૂણેથી પચાસ હજાર જેટલા જાત્રાળુઓ દર વરસે આ પહાડોમાં જાય છે. મહિનાઓ સુધી અતિ વિકટ રસ્તાઓ પર ને આકરાં ટાઢ-તાપમાં પગપાળા મુસાફરી કરે છે ને અનેક કષ્ટો વેઠી ધન્યતા અનુભવે છે. શ્રીમંત કે ગરીબ પ્રત્યેક હિંદુ, જિંદગીની જાત્રા પૂરી કરતાં પહેલાં એકવાર આ જાત્રા કરવાની અભિલાષા હૈયાને ખૂણે સેવે છે.

હજારો વર્ષથી આ પ્રદેશ આટલો પવિત્ર મનાયો છે, અને છતાં આ જ પવિત્ર તપોભૂમિમાં આજે અજ્ઞાનનો પાર નથી. સ્ત્રીના દુઃખને અને કમનસીબીનો છેડો નથી. પહાડોમાં વસતી હરિજન, આદિવાસી વગેરે કોમોની દશા દાસ-ગુલામોના કરતાં ચડિયાતી નથી. હિંદમાં બીજે ક્યાંયે નહિ એવી બહુપતિ પ્રથા આ પહાડોમાં છે. માબાપો દીકરીઓને વેચવાની ગણતરીએ ઉછેરે છે. હજારો સ્ત્રીઓ દુઃખની મારી દુઃખદરદોની ભોગ બની દયામણી સ્થિતિમાં મરે છે.

આજનો આધુનિક હિંદુ લંડન, ન્યૂયોર્ક ને મૉસ્કોની ખબરો રોજ સવારસાંજ વાંચે-સાંભળે છે. અમેરિકન તેમ જ યૂરોપના દેશોની પ્રજાઓના પહેરવેશ, રીતરિવાજ, સામાજિક ઍટીકેટ તેમ જ તેમની ખામીઓ અને ખૂબીઓનું અપ-ટુ-ડેટ જ્ઞાન ધરાવે છે. આજનો કોંગ્રેસ–શ્રેષ્ઠી કે સેવક રોજરોજ પ્રજાકીય ઉત્થાનની મસમોટી યોજનાઓ ઘડે છે ને દુનિયાની પ્રજાઓનાં મહાજનમંડળોમાં ને એલચી, પ્રતિનિધિઓ સમક્ષ આઝાદ હિન્દની શાન અને વટ સાચવવા સારુ આંખમાં તેલ આંજીને જાગતો રહે છે; પણ ઘરઆંગણાના આપણા પ્રાંતો, પ્રદેશો, જાતિઓ અને કોમોની સામાજિક દુરવસ્થાનું, તેમના રીતરિવાજોનું કે તેમનાં દુઃખદરદોનું જ્ઞાન આપણામાંથી કેટલાને હશે ?

ગંગા અને જમના વચ્ચેના તેમ જ જમના અને ટોંસ (તમસા)નદીઓવાળા આ પહાડી પ્રદેશોનાં સેંકડો હજારો ગામોમાં ને બધી કોમોમાં બહુપતિ પ્રથા છે. એક કુટુંબના બધા ભાઈઓની એક જ સ્ત્રી હોય છે. માબાપો પૈસા લઈને જ દીકરી દે છે. સાસરે તેને બળદ, ઘોડાંની પેઠે જ ખાવા બદલે રાતદિવસ વૈતરું કરવું પડે છે. પહાડોની વસમી ખેતી, ઢોરઢાંખર, ઘરકામ, રસોઈપાણી તમામ એને જ કરવું પડે છે.

આમાંથી છૂટવા આ પ્રદેશોમાંથી છેલ્લાં ત્રીશ વર્ષમાં હજારો બહેનો 'નીચે' દેશનાં શહેરોમાં વેશ્યાવૃત્તિ કરવા ચાલી ગઈ છે, ને હવે માબાપો અને વાલીઓ પોતાની છોકરીઓને આ કામને સારુ જ ઉછેરવામાં અને શહેરોમાં મોકલવામાં કશી શરમસંકોચ ગણતાં નથી. કેટલા યે દાખલાઓમાં પતિ પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની સ્ત્રીને લઈને અનીતિનો ધંધો કરાવવા શહેરોમાં જાય છે!

દહેરાદૂનથી મોટરરસ્તે ચકરાતા છાવણી નામના પહાડી હીલસ્ટેશને જતાં ત્રીસ માઈલ જેટલે ગયા પછી જમના ઓળંગવી પડે છે. એને ઉત્તરકાંઠે અશોકનો પ્રાચીન શિલાલેખ છે. દક્ષિણકાંઠે અશોક આશ્રમ કરીને એક સામાજિક સુધારની સંસ્થા છે. તેના સંચાલક શ્રી. ધર્મદેવશાસ્ત્રી દહેરાદૂન કન્યાગુરુકુળમાંનું અધ્યાપકપદ છોડી વર્ષોથી કુટુંબ સહિત અહીં આવી વસ્યા છે ને આ ભાગના લોકોમાં ને આદિવાસી હરિજનોમાં સામાજિક તેમ જ આર્થિક સુધારનું કામ કરી રહ્યા છે. કોલ્ટા વગેરે હરિજન ગણાતી આદિવાસી કોમોમાં ને સવર્ણોમાં પણ તેમણે ઘણી જાગૃતિ આણી છે અને યુવાન વર્ગોમાં સમાજ-સુધારાની ધગશ પેદા કરવામાં તેમનો મોટો ફાળો છે. આ પ્રદેશોના લોકોની સ્થિતિનો તેમણે ઝીણવટભર્યો અભ્યાસ કર્યો છે ને વખતોવખત તેને લગતાં નિવેદનો એઓ ઠક્કરબાપા વગેરે પછાત કોમોના હિમાયતીઓ આગળ રજૂ કરે છે. તાજેતરમાં તેમણે ગંગા-જમના વચ્ચેના રવાંઈ તેમ જ સીમલા-સતલજ પાછળના કિન્નર પ્રદેશોની મુસાફરીઓ કરીને તેના જે અહેવાલો બહાર પાડ્યા છે તે ચોંકાવે એવા છે.

રવાંઈ પરગણું હવે હિમાચલ પ્રદેશમાં સમાઈ ગયેલા ટિહરી રાજ્યનું એક તાલુકા કે પેટા તાલુકા જેવું પરગણું છે. તેમાં ઉત્તર કાશીની પશ્ચિમનો, જમ્નોત્રીની દક્ષિણનો અને દહેરાદૂન-મસૂરીની ઉત્તરનો પહાડી પ્રદેશ આવી જાય છે. આ પ્રદેશમાં ૮૨૨ ગામડાં ને એક લાખની વસ્તી છે. બહુપતિ પ્રથા, છૂટાછેડા, કન્યાવિક્રય અને હરિજનોની દુર્દશા—એ બધાને પરિણામે આજથી ત્રીસેક વર્ષ પહેલાં હરિજનોમાંથી વેશ્યાવૃત્તિ માટે સ્ત્રીઓ પહાડોમાંથી નીચે 'મેદાન'નાં શહેરોમાં જવા લાગી. આજે હજારો પહાડી સ્ત્રીઓ કરાંચી, લાહોર, દિલ્હી, કાનપુર, અમૃતસર, દહેરાદૂન. મુંબઈ, કલકત્તા વગેરે શહેરોમાં વેશ્યાધંધો કરી રહી છે. આસપાસના પ્રદેશોને પણ આનો ચેપ લાગ્યો છે, ને જોનસાર બાવર વગેરે જમના-કાંઠાનાં પહાડી પરગણાંઓને પણ એ રોગે ઘેરી લીધાં છે.

આ બદીને રોકવાના પ્રયત્નો પણ હવે જાગૃત અને સુશિક્ષિત વર્ગો, યુવકો ઇત્યાદિ દ્વારા શરૂ થઈ ગયા છે. લોકોમાં માંસ-મદિરાનો પૂરો પ્રચાર છે ને માબાપોને હવે આ ધંધાદારી વાત થઈ પડી છે. એની શરમ નથી રહી તેથી મોટા આગેવાનો સામાજિક સુધારની અને શિક્ષણની સંસ્થાઓ તેમજ સરકારી મદદ વિના આ પ્રયાસોને ઝટ ઝાઝી સફળતા મળે એવો સંભવ ઓછો છે.

આખા ભારતવર્ષના હિંદુઓના મોસાળ સમો પવિત્ર ઉત્તરાખંડ એને એનાં સર્વશ્રેષ્ઠ જાત્રાધામ બદરી-કેદાર, ગંગોત્રી-જમ્નોત્રી મૂળે બધાં ને પાછળથી અરધાં એના રાજ્યની સરહદમાં. તેથી ટિહરીના રાજાઓ 'બોલંદા બદરીનાથ' (બોલતાચાલતા બદરીનાથ) કહેવાતા. યાત્રાપથના તમામ જાત્રાળુઓને સારુ એવી પરંપરા હતી કે તેઓ અહીં થઈને જંતા જાત્રાને રસ્તે પસાર થાય ત્યારે એક દિવસ અહીં મુકામ કરે ને આ 'બોલંદા બદરીનાથ'નાં દર્શન કરીને જ આગળ વધે. જાત્રાની મોસમમાં દરરોજ મુકરર વખતે રાજમહેલની અટારીએ આવીને રાજા ઊભા રહે ને નીચે આવેલા ચોગાનમાં તે દિવસે આવી પહોંચ્યા હોય એવા તમામ જાત્રાળુઓ આ 'બોલંદા બદરીનાથ'નાં દર્શન કરી અરધી જાત્રા અહીં જ સફળ થઈ ગણે.

આ 'બોલંદા બદરીનાથ'ની પરંપરાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગભગ છેલ્લો રાજા આ દેશના સદ્‌ભાગ્યે હવે આથમેલા એના અનેક જાતભાઈઓની જેમ નાપાક માણસ હતો. આ 'બોલંદા બદરીનાથે' પોતાના રાજ્યમાં યાત્રાપથના બરાબર રસ્તા ઉપર જ ઠેકઠેકાણે દારૂની ભઠ્ઠીઓ નાંખી પીઠાં શરૂ કર્યાં ને ઉત્તરકાશી નજીકના ગામની, ગામેગામ ગાઈનાચીને ભીખ માગનારી દલિત કોમની એક દેખાવડી બાળા પર રાંક પ્રજાનો પૈસો ઠાલવ્યો. આ રાજકુમારીએ વખત જતાં દહેરાદૂનમાં ... મોટું મકાન ખરીદી વેશ્યાના ધંધાથી પરવાર્યા પછી અનીતિના ધંધાને સારુ પહાડી બાળાઓને પૂરી પાડવાની કોઠી નાંખી.

આ વેશ્યા-વ્યવસાયની પહાડોમાં પહેલ કરનાર-પાયોનીઅર પીનાઠી નામની એક હરિજન સ્ત્રીની ફર્સ્ટહૅન્ડ કથા શાસ્ત્રીજીએ વર્ણવી છે. નાચીગાઈને ભીખ માગવાનો ધંધો કરનારી અતિ દરિદ્ર ઢાકી કોમની આ બાઈ સંવત ૧૯૭૨માં સીમલા ગઈ. એ કાળે પહાડોમાં કોઈ પચાસ માઈલ છેટે જઈ આવે તો નવાઈ ગણાતી. સીમલે જવું ને વિલાયત જવું સરખું હતું. મૂળે તો નાચવા-ગાવા ભીખવાનો પોતાનો બાપદાદાનો ધંધો કરવા પોતાના પતિ જોડે ગયેલી, પણ એટલી એ ખીના પર પણ આસપાસ પહાડોમાં બધે ભારે ચકચાર જાગી. પીનાઠી પણ સીમલામાં પોતાનો ધંધો કરતાંકરતાં ભળતી દિશાએ વળી ને ત્યાંના ગઢગુસાઉ નામના વેશ્યા-લત્તામાં એક દુકાને બેસી ગઈ.

તમામ રવાંઈ પરગણામાં આ ખબર વીજળીવેગે ફેલાઈ ગઈ. થોડા વખત પછી નવાંનકોર કપડાંલત્તાં ને દરદાગીનાથી લદાઈને પૂરા ઠાઠમાઠ સાથે પીનાઠી પોતાને વતન આવી. એનો રૂઆબ જોઈ પરગણાની તમામ સ્ત્રીઓ અંજાઈ ગઈ. કપડાં, દાગીના ને ખાન-પાનની આવી છોળ પહાડી સ્ત્રીઓએ જિંદગીમાં કદી જોઈ નહોતી. પીનાઠી પોતાનાં સગાંસાંઈ, નાતવાળાં ને ઓળખીતાંપારખીતાંમાંથી સંખ્યાબંધ બાળાઓને પોતાની સાથે લઈને પાછી સીમલા ગઈ. ૪-૬ મહિનામાં ફટાકડી ને છેલછબીલી થઈને સૌને મળવા-હળવા પાછી વતનને ગામ આવતી એ બાળાઓ રાતદિવસ લોહીનું પાણી કરીને પણ પેટપૂર રોટલો ન પામનારી અસંખ્ય પહાડી બહેનોનું આકર્ષણ બની ને એમ એ નાપાક ચેપ જોતજોતામાં આસપાસના પહાડોમાં ને સવર્ણ-અવર્ણ બધી વર્ણોમાં ફેલાઈ ગયો.

પીનાઠીની ભત્રીજી ફોઈને પગલે ચાલીને સીમલામાં વેશ્યાવૃત્તિ કરતી, તેની જોડે કુલીન કુળના એક જોશી બ્રાહ્મણે નાતો બાંધ્યો; પરણવા તૈયાર થયો, પણ હિંદુ રહીને હલકી લેખાતી કોમની સ્ત્રી જોડે લગ્ન કરવામાં જોશીજીને પ્રતિષ્ઠાની હાનિ લાગી તેથી તેમણે ધર્માન્તર કરીને શાદી કરી. હિંદુ રહેત તો સમાજ હડેહડે કરત પણ શેખજી થઈ ને જોશીજીએ સ્ત્રી અને શ્રી બેઉનો યોગ સાધ્યો. હિંદુ સમાજે પણ પોતાનો મટ્યો એટલે પછી ખ્રિસ્તીઓની કરે તેમ શેખજીની દરેક રીતે ઈજ્જત સાચવી ને બ્રાહ્મણબુદ્ધિનો વારસો પામેલા શેખજી કંટ્રાટ વગેરેનાં કામો કરી ગબ્બર થયા અને છોકરાંછૈયાં થયાં, જેઓ આજે હયાત છે.

શાસ્ત્રીજી લખે છેઃ 'પીનાઠી ઉંમરે પહોંચીને હવે જમનાપાર નવગાંવ નજીક એક નાનકડી દુકાન કરે છે. એની જોડે મારો ભેટો થયો ત્યારે મેં એને કહ્યું: 'કોલ્ટા અને ઢાકી લોકો પોતાની સ્ત્રીઓ પાસે આ બૂરો ધંધો કરાવે છે, તેથી પહાડ બધો બદનામ થઈ રહ્યો છે, તને આ નીચાજોણું નથી લાગતું ?'

'પેટ બધું કરાવે છે મા'રાજ.'

'તમારા લોકોને ખેડવા જમીન વગેરે મળે તો આ કામ છોડે ખરા ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જેને ચસકો લાગ્યો છે તે તો હું ધારું છું ન છોડે, નવા એમાં જતા અટકે ખરા.'

શાસ્ત્રીજી આગળ લખે છે :

'પુરોલા ગામનો સાધુ નામે એક હરિજન રવાંઈ પરગણામાં વેશ્યાધંધાની રંગરૂટ ભરતી કરવાનો ધંધો કરે છે. ગામમાં મોટું મકાન બાંધ્યું છે, ને પૈસાવાળો થયો છે. એણે ઘણી બૈરીઓ કરી રાખી છે ને તેમની પાસે દિલ્લીમાં વેશ્યાધંધો કરાવે છે.'

આ હરિજન કોમોનાં સ્ત્રીપુરુષોએ પહાડોમાં પેઢીઓ સુધી જે ગુલામી વેઠી તેના દોર અને આતંક હેઠળ આ લોકોનો આત્મા સદંતર હણાઈ ચૂક્યો છે. સ્વાભિમાન જેવી કોઈ ચીજ એમનામાં રહી નથી. સવર્ણોના દાસ રહીને કૂતરાં-બિલાડાંથી બદતર જે જીવન એમને ગાળવું પડે છે તેને મુકાબલે વેશ્યાવૃત્તિને આ લોકો બહેતર ગણે છે.

કોલ્ટા, ઢાકી આદિ હરિજન કોમોની આવી બાળાઓને અને તેમના પતિઓને ધણિયામાના કરજમાંથી છૂટીને વેશ્યાધંધો કરવા શહેરોમાં મોકલી દેનારા શાહુકારોનો વર્ગ પણ રવાંઈમાં મોજૂદ છે. આ શાહુકારો જમીનદાર, કિસાન વગેરેને સહેલાઈથી નાણું નથી ધીરતા, પણ વેશ્યાધંધાર્થે શહેરોમાં જનારી બાળાઓને બેખટકે ધીરે છે. ધીરેલા પૈસા ડૂબવાનો એમને ડર નથી હોતો. વળી ભારે વ્યાજ ઉપરાંત, આ સ્ત્રીઓ વતનમાં આવે, ત્યારે શાહુકારોને ઘડિયાળો, ગાલીચા, ગ્રામોફોન, કપડાંલત્તાં એવીએવી ભેટ-સોગાદો આપે છે. આવી હરામની કમાણી શાહુકારોને ફાવી ગઈ છે.

શહેરોમાં જ્યાં આ પહાડી બાળાઓ જાય છે, ત્યાં તેમની અરધી કમાણી સીધી જ કૂટણખાનાં ચલાવનારા ચૌધરીઓના હાથમાં જાય છે, જેઓ તે ત્યાં ને ત્યાં દારૂ, જુગાર ને હોટેલોમાં પૂરી કરે છે. બાકીની અરધી આવક રોજેરોજની દેખાવસામગ્રી, ટાપટીપ, ચા-ટિફીન ઇત્યાદિનું ધોરણ નભાવવામાં માંડ પૂરતી થાય છે. વતનનાં કરજ તો માથે ઊભેલાં જ હોય. વળી જુવાની તથા તંદુરસ્તીનાં બેપાંચ વરસ એમનાં ઠીક જાય છે, તોપણ ભૂંડાં ચેપી દરદો લાગુ પડતાંની સાથે અને આરોગ્ય તથા જુવાની ને આથમતી કળા બેસતાંની સાથે એમનો વૈભવ બધો હોલવાઈ જાય છે. એમનામાંના મોટા ભાગની પાછલી ઉમ્મર અતિકષ્ટમાં ને કરજમાં વીતે છે. મહોલ્લાના મોદી એમને જોઈતું-કરતું આપે છે, તેનું રોજનું રૂપિયે એક આનો વ્યાજ લે છે. સરેરાશ ત્રણથી છ હજાર રૂપિયાનું કરજ દરેક સ્ત્રી પર હોય છે. આ અભાગી બાળાઓમાંની સેંકડે ૯૦ ટકા જેટલી બૂરાં દરદોની શિકાર બને છે ને પહાડોમાં પોતાને વતન જાય છે, ત્યારે ત્યાં પણ એ રોગોનો ફેલાવો કરે છે. સેંકડે ૯૯ ટકા નિરાધાર અને દયામણી હાલતમાં મરે છે.

આ પતિત બહેનોનો ઉદ્ધાર હિંદુ સમાજ ઘૃણા કરીને કે આંખો મીચીને નહિ કરી શકે. હરિજનો સાથે સવર્ણોએ આટલો કાળ જે નિર્ઘૃણ વર્તાવ કર્યો એ પાપ હિંદુ સમાજના શરીર પર આ વેશ્યાઘરોરૂપી રગતપિત્ત બની ફૂટી નીકળ્યું છે. કર્મનો પરિપાક પણ કેવો કે આપણા પૂર્વજોની તપોભૂમિ અને આપણી પવિત્ર લોકમાતાઓ-ગંગા-જમનાનો જ્યાંથી ઉગમ ત્યાંથી જ હિંદુ સમાજના પાપનું આ ફળ પણ પાકીને એના પદરમાં પડ્યું.

આ અભાગી બાળાઓ આપણી જ બહેનો છે. વેશ્યાવૃત્તિ કોઈ પણ સ્ત્રીને સ્વભાવથી રુચિકર ન જ હોઈ શકે. જે કોઈ બાપડીને તક મળી તે કોઈનું ને કોઈનું ઘર માંડીને જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભાવના' વિષે વધુ વિચાર

લેખક :
શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી

'અખંડ આનંદ'ના ઑગસ્ટ ૧૯૫૦ના અંકમાં શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાનો 'રંગદ્વેષ, કલ્પના અને ભાવના' એ નામનો એક ટૂંકો લેખ છે. શ્રી મશરૂવાળાનું લખાણ સુવિચારિત જ હોય એ આપણે જાણીએ છીએ. પણ આ લખાણમાં ગીતાનો જે શ્લોક એમણે ટાંકયો છે, તેના પ્રસિદ્ધ અર્થથી આ લેખમાં જરા જુદો અર્થ વાંચીને કેટલાક ગીતા વાંચનારાઓને શંકા થવાનો સંભવ માનીને મારા મનનું જે રીતે મેં સમાધાન કર્યું તે ટૂંકમાં નીચે દર્શાવ્યું છે, એથી 'અખંડ આનંદ'ના મારા જેવા વાંચનારાઓને અર્થની સ્પષ્ટતા થશે એમ માનીને.

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना। એ ગીતા(અ. ૨ શ્લોક ૬૬)ના 'ભાવના' શબ્દનો અર્થ શંકરાચાર્ય, મધુસૂદન સરસ્વતી, નીલકંઠ, શ્રીધર વગેરે સંસ્કૃત ટીકાકારોએ નિદિધ્યાસન કે ધ્યાન એવો કર્યો છે. શંકરે 'આત્મજ્ઞાનાભિનિવેશ' શબ્દ વાપરેલ છે; પણ એના ટીકાકારોએ ધ્યાન એમ સાદી રીતે કહેલ છે તે ખરાબર છે. રાધાકૃષ્ણને ગીતાના અંગ્રેજી ભાષાન્તરમાં ભાવનાનો 'કોન્સન્ટ્રેશન' અર્થ કર્યો છે, તે શંકરના 'અભિનિવેશ'નો અનુવાદ છે. મતલબ કે ગીતાના ઉપલા શ્લોકાર્ધમાં આવેલા ભાવના શબ્દનો ધ્યાન, એકાગ્રતા એવો અર્થ પ્રસિદ્ધ છે. અને પૂર્વાપર સંદર્ભ જોતાં પણ એ અર્થ બેસે છે. પણ અયુક્ત એટલે સંયમરહિતમાં એકાગ્રતા ન હોય એમ કહેવામાં કાંઈ નવું નથી. વળી ગીતા જેવા ગ્રંથમાં ઊંડા ઊતરીને શોધનારને નવાં સત્યો મળે તો એમાં આશ્ચર્ય નથી.

હવે ભાવના શબ્દના શ્રી મશરૂવાળા કહે છે તેમ કલ્પના, લાગણી, જેવા અર્થો પણ થાય છે. એમણે નથી કહ્યું પણ આદર્શ જેવા અર્થમાં પણ ભાવના શબ્દ વાપરવામાં આવે છે. સામાન્ય માણસો અમુક નિશ્ચિત અર્થ કરતાં અસ્પષ્ટ અર્થમાં ભાવના શબ્દનો પ્રયોગ કરે છે. આપણે અહીં બીજા

ગાળવા ઝંખતી હોય છે.

આ સ્થિતિનો ઇલાજ હરિજનોની આર્થિક હાલત સુધારવી, તેમની સાથે સહાનુભૂતિભર્યો ને ભાઈચારાને નાતે વર્તાવ કરવો, તેમનો સામાજિક દરજ્જો માનભર્યો બનાવવો, તેમનાં બાળક-બાળાઓની કેળવણી તથા સંસ્કાર અર્થે સમાજે તથા સરકારે છૂટે હાથે નાણાં ખરચવાં વગેરે છે. સરકાર, સમાજસેવકો તેમ જ સખાવતી ખાતાં આ પ્રશ્નને પોતાના ખાસ ધ્યાનનો વિષય બનાવે એ જરૂરનું છે. વળી પહાડી સ્ત્રીઓમાં સદાચાર અને ધર્મના સંસ્કારો પ્રચારવા સારુ મહિલાશ્રમ, સેવાસદન, વનિતાવિશ્રામ જેવી સંસ્થાઓ રચાઈ તેમ જ બીજા આવા પહાડી પ્રદેશોમાં સ્થપાય, કસ્તૂરબા ટ્રસ્ટ જેવી સંસ્થાઓ તેમને પોતાનું ખાસ ક્ષેત્ર ગણી અપનાવે અને શ્રીમતી રામેશ્વરી નહેરુ, બેન મૃદુલા સારાભાઈ, શ્રીમતી સુચેતાબહેન કૃપલાની જેવી આગેવાન સમાજસેવિકાઓ રસ લઈ તેનાં સંચાલન કરે કે દેખરેખ કરવાનું માથે લે તો ભારતની સૌથી પવિત્ર તપોભૂમિના પ્રદેશોનું આ શરમનાક કલંક ધોવાઈ જાય.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થોનું પ્રયોજન નથી, પણ લાગણી અર્થનો વિચાર આગળ ચલાવીએ.

યોગસૂત્રકારે–

मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् । (૧–૩૩)

એ સૂત્રમાં ભાવના શબ્દનો લાગણી જેવો અર્થ કર્યો છે. સૂત્રકારનું વિવક્ષિત પ્રયત્નપૂર્વક ચિત્તમાં સ્થાપેલી લાગણી વિષે એમ લાગે છે; પણ મૈત્રીકરુણાદિ લાગણીઓ પ્રયત્ન વગર સહજ રીતે ઉદ્ભવે એથી ચિત્તનું પ્રસાદન ન થાય એવું નથી.

ગીતાના ભાવના શબ્દનો આ પ્રકારની લાગણી એવો અર્થ લેવો હોય તો ખુશીથી લઈ શકાય એમ મને લાગે છે. અને શ્રી મશરૂવાળા કહે છે તેમ ભાવનાઓ બે પ્રકારની હોય છે: રાગદ્વેષથી ભરેલી અને શુદ્ધ. તેમાં જે રાગદ્વેષથી વિમુક્ત છે, તેનામાં તો શુદ્ધ ભાવના જ હોવાનો સંભવ છે. સિદ્ધ મનુષ્યોને દૂર રાખીને સામાન્ય મનુષ્યોનો વિચાર કરીએ તો એવો અનુભવ આવે છે કે સર્વ કાળ રાગદ્વેષથી વિમુક્ત જ હોય એવાં સદા વિશુદ્ધ ચિત્ત વિરલ છે, જ્યારે મોટા ભાગના મનુષ્યો કોઈક ક્ષણે રાગદ્વેષને વશ થઈને વર્તન કરે છે અને બીજી કોઈ ક્ષણે રાગદ્વેષથી તણાયા વગર દયા, ક્ષમા, નિઃસ્વાર્થ પ્રેમ વગેરે શુદ્ધ લાગણીઓને વશ વર્તીને શ્રી મશરૂવાળાએ દાખલા આપ્યા છે તેવાં શુભ કાર્યો કરી જાય છે. મતલબ કે સામાન્ય મનુષ્યનું ચિત્ત સંકુલ છે અને આપણે प्राधान्येन निर्देशः એ ન્યાયે જે મોટે ભાગે રાગદ્વેષથી યુક્ત રૂપમાં વિચરતો હોય તેને અયુક્ત–અસંયમી કહીએ છીએ અને મોટે ભાગે દયા, ક્ષમા, તિતિક્ષા વગેરે શુદ્ધ લાગણીઓ જેના જીવનમાં દેખાતી હોય તેવાને શુદ્ધ ભાવનાપ્રધાન કહીએ. પણ સામાન્ય રીતે લોકવ્યવહારમાં આવો ભેદ પાડવામાં આવતો હોય એમ દેખાતું નથી. રાગદ્વેષથી ભરેલાને પણ કોઈ લોકો ભાવનાપ્રધાન કહેતા હોય એમ લાગે છે

શ્રી મશરૂવાળાને 'તમે બુદ્ધિપ્રધાન છો અને ભાવનાદુર્બલ છો' એમ જેઓ કહેતા હશે તેઓ ભાવના શબ્દ કયા અર્થમાં–કલ્પનાના, રાગદ્વેષના કે દયાક્ષમાના અર્થમાં–વાપરતા હશે તે કોણ કહી શકે? કદાચ બુદ્ધિદુર્બલ લોકો પોતાના બચાવ માટે શ્રી મશરૂવાળા જેવાને ભાવનાદુર્બલ કહેતા હોય તો કોણ જાણે! એ ગમે તેમ હો. શ્રી મશરૂવાળાના ચિત્તનું પરીક્ષણ કરવાનો આપણને કશો અધિકાર નથી. ભાવના તો સ્વસંવેદ્ય છે, છતાં એમનાં લખાણો અને કાર્યો ઉપરથી મને તો સૂક્ષ્મ બુદ્ધિ અને શુદ્ધ ભાવના બેયનું એ સજ્જનમાં પ્રાધાન્ય જણાય છે; પણ આવી બાબતમાં એક વ્યક્તિના મતની કિંમત શી? અને આટલી ચર્ચા ય પહેલાં કહ્યું છે તેમ મારા વિચારોની સ્પષ્ટતા કરવા માટે કરી છે. એથી વધારે શ્રી મશરૂવાળાને પિછાનવાનો કે આ વિષયની વિશેષજ્ઞતાનો દાવો નથી.

★

આપણા દેશના એક વિદ્વાનને જર્મન ભાષા શીખવાની ઇચ્છા થઈ. એમણે તે માટે જર્મન ભાષાના મૂળાક્ષરો અને ગ્રંથો મંગાવ્યા. સાથોસાથ જર્મન ભાષાનો અંગ્રેજી અને સંસ્કૃત શબ્દકોશ મંગાવ્યો. ભારે જહેમતને અંતે આ બધાં સાધનોની મદદથી શબ્દાર્થ સમજતાં તો આવડ્યું; પણ જર્મન ભાષામાં શબ્દોના ઉચ્ચાર કેવા હોય તેની શી રીતે ખબર પડે?

અને એમણે શું કર્યું", ખબર છે?

ગ્રામોફોનની રેકર્ડ ઉપર જર્મન ભાષાના શબ્દોના ઉચ્ચાર મંગાવ્યા. ધીમેધીમે એ ઉપરથી ઉચ્ચાર કરતાં શીખ્યા અને આમ જર્મન ભાષા ઘેરબેઠાં શીખી લીધી!

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સંસ્કારક્ષેત્ર

લેખક :
અધ્યા. ડોલરરાય રં. માંકડ

વર્ષોથી હિંદુઓ, મોટે ભાગે ચાતુર્માસમાં, ભાગવત-સપ્તાહ બેસાડે છે. એ દરમિયાન ભાગવતના વરઘોડા, આરતી, પૂજા, જમણવાર ને આડંબરી ભભકમાં ભાગવતની મૂળ કથા તો ક્યાંય અટવાઈ જાય છે. એ મહાગ્રંથનું રહસ્ય સમજાવનારા પણ આજે ક્યાં છે? સૌરાષ્ટ્ર પ્રધાનમંડળના એક વખતના કેળવણી–પ્રધાન, લોક–કેળવણીકાર ને ગ્રામ દક્ષિણામૂર્તિના સ્થાપક શ્રી નાનાભાઈએ ગયા ચૈત્ર મહિનામાં ચરોતરના સુણાવ ગામે ભાગવત–સપ્તાહનો કાર્યક્રમ રાખ્યો હતો. આધુનિક યુગબળને અનુરૂપ ઉદાહરણો તેઓ આપે છે. આ જ્ઞાનક્ષેત્રના પર્વની ઉજવણી કઈ રીતે શ્રી નાનાભાઈ કરે છે તેનો ઝાંખો ખ્યાલ વિદ્વાન લેખકે અહીં આપ્યો છે.

દરેક દેશને પોતાની તળપદી સંસ્કૃતિ હોય છે. આવી તળપદી સંસ્કૃતિને ટકાવી રાખવા માટે દેશદેશની તળપદી રીતો પણ હોય છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અમુક અંશો તો એટલા બધા પ્રાણવાન હતા અને છે કે એને ટકાવી રાખવા માટે આપણા પૂર્વજોએ, જેને તળપદી કહેવાય તેવી રીતો ઉપજાવી હતી. એમણે પ્રજાજીવનમાં તાણાવાણાની પેઠે વણાઈ જાય તેવાં વ્રતો, ઉત્સવો, તહેવારો તેમ જ કથાવાર્તો, કીર્તન આદિ તત્ત્વોને બુદ્ધિપૂર્વક યોજ્યાં હતાં. આ બધાંથી પ્રજાની સંસ્કૃતિ એટલે સત્ત્વ નભી રહેવામાં ઘણી સરળતા થતી.

જેમણે જેમણે આપણાં વ્રતાદિનો આ દૃષ્ટિએ અભ્યાસ કર્યો છે તે બધાને આ વાતના સત્યની પ્રતીતિ થઈ છે. આ બધાંથી પ્રજાનાં સત્ત્વનું ધારણ થતું, એટલે તો એ બધાંને ધર્મમાં ગૂંથી લેવામાં આવ્યાં હતાં. આમ ધર્મની વ્યાપક ભાવના આપણા દેશમાં પ્રચાર પામી. આ વ્યાપક ધર્મના અંગ તરીકે જ વ્રતાદિ તેમ જ કથાદિની યોજના થઈ હતી. આથી પ્રજાજીવન જીવંત તેમ જ સંસ્કૃત રહેતું. પરંતુ કાળે કરીને આ અત્યન્ત મહત્ત્વનાં તત્ત્વોમાં પણ વિકૃતિઓ પેઠી. પ્રજાજીવનમાં ઓટ આવે છે ત્યારે બધી દિશાએથી આવે છે. પરતંત્રતાના યુગમાં ધર્મની ભાવના અને તેની સમજણમાં અને તેથી તેના આચારમાં અનેક વિકૃતિઓ પેસી ગઈ. વ્રતાદિમાંથી તેમ જ કથાદિમાંથી જીવન નીકળી ગયું, ખોખું રહ્યું. આ નિષ્પ્રાણ બાહ્ય કલેવરને લીધે જ વ્રતાદિ આજે આપણને અર્થહીન લાગે છે. એમાં પાછું ચેતન પૂરનાર કોઈ સંસ્કારસ્વામી મળે, તો ફરી પાછી એની સાર્થકતા આપણને જણાઈ રહે.

આપણે ત્યાં શ્રીમદ્ ભાગવતનું પારાયણ એક સપ્તાહ સુધી કરવાનો પરંપરાગત રિવાજ છે. શ્રીમદ્ ભાગવત સપ્તાહ ગામેગામ થાય છે અને લોકોને એમાં બહુ શ્રદ્ધા છે એ તો બધાને જાણીતી વાત છે. પણ સામાન્ય ભાગવત સપ્તાહમાં હાજરી આપનાર વિચારકને એમ લાગ્યા વગર રહેતું નથી કે આ સપ્તાહના ભાગવત વાચનથી કોઈ ઇષ્ટ ફલપ્રાપ્તિ થઈ શકે નહિ. એનાં કારણો છે. ભાગવત સમજીને વાંચનારા અધિકારી વિપ્રો હવે બહુ જ ઓછા છે. આખું ભાગવત સાત દહાડામાં પૂરું કરવું હોય તેથી એનું વાંચન બહુ ઉતાવળથી કરવું પડે. તેથી એની પાછળ રહેલું રહસ્ય સ્ફુટ કરવાનો વખત જ ન મળે. એનું રહસ્ય સમજીને સ્ફુટ કરનાર વિપ્રો પણ હવે ક્યાં છે? વળી ભાગવતના વરઘોડા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરતી, પૂજા, જમણવાર, ખોટા ભપકા વગેરેના અંતઘણા રૂઢ બાહ્ય વિધિઓમાં ભાગવત કથાં બિચારી અટવાઈ પડે છે. આવી સપ્તાહો અવ્યવસ્થા, કોલાહલ અને અંધ-શ્રદ્ધા પ્રેરિત બાહ્યાડંબરોનાં ખાસાં પ્રદર્શનો બની જાય છે. આવો સહુ વિચારકોનો અનુભવ છે. આથી કરીને તો શિક્ષિત વર્ગ આવા સપ્તાહ-સમારંભોથી દૂર રહે છે. શિક્ષિતોને એમાં વિકૃતિ જ દેખાય છે. જે થોડુંઘણું તળપદું ગ્રાહ્ય તત્ત્વ એમાં હોય છે, તે પણ આને લીધે, શિક્ષિતો પકડી શકતા નથી.

પરંતુ હમણાં ગયા ચૈત્રના આરંભમાં ચરોતરના સુણાવ ગામે એક ભાગવત સપ્તાહ ઉજવાયો હતો, તેનો મને અનુભવ થયો. તેના તરફ ગુજરાતનું ધ્યાન ખેંચવા માટે આ લખાણ હું અહીં રજૂ કરું છું. પેટલાદથી ત્રણચાર માઈલ દૂર સુણાવ ગામ છે. ત્યાંની પ્રજાએ ભાગવત સપ્તાહનો ઉત્સવ યોજ્યો. પણ કથાકાર તરીકે એમણે ગ્રામ દક્ષિણામૂર્તિ-વાળા શ્રી નાનાભાઈ ભટ્ટને નિમંત્ર્યા હતા. શ્રી નાનાભાઈ ભટ્ટે પોતાની બીજી અનેકવિધ પ્રવૃત્તિની સાથે, ભાગવત સપ્તાહના પુનઃસં-સ્કરણની પ્રવૃત્તિ પણ હાથમાં લીધી: સામાન્ય લોકજીવનની ઊણપો પૂરવા માટે તો એમણે ગ્રામ દક્ષિણામૂર્તિની અને લોક-શાળાની સ્થાપના કરી છે. એ જ આશયથી એમણે લોકભાગવત નામે ભાગવતનો ગુજ-રાતી ગદ્યમાં સંક્ષેપ કર્યો છે. આપણી સંસ્કૃ-તિનાં પરમ ઇષ્ટ તત્ત્વોને મૂર્ત કરે છે એવા ભાગવતના ભાગો ઉપર ખાસ ભાર આવે છે, છતાં મૂળનું કાવ્યતત્ત્વ હણાઈ ન જાય તેવી રીતે તેમણે આ લોક-ભાગવત રચ્યું છે. એનું નામ એમણે લોકભાગવત રાખ્યું છે, કેમકે લોકોને રોચક તથા ગ્રાહ્ય બને એ દૃષ્ટિએ એમણે એ લખ્યું છે.

પરંતુ એમણે માત્ર આ લોકભાગવત રચ્યું છે એટલું જ નથી. ભાગવત સપ્તાહની સંસ્કૃતિ વિતરણના એક વિશિષ્ટ ઉત્સવ તરીકે પુનઃપ્રતિષ્ઠા કરવા માટે, એ લોકભાગ-વતની કથા કરવાનું પણ એમણે પોતે જ માથે લીધું છે. યુગધર્મને અનુકૂળ રહીને, પ્રાચીન ધર્મોત્સવો અને ધર્મપ્રસંગોનું યોગ્ય સંસ્કરણ કેમ કરી શકાય તેનો, નાનાભાઈનો આ પ્રયોગ, એક સફળ દૃષ્ટાંત છે. નાનાભાઈનો ભાગવત પારાયણનો ક્રમ નીચે મુજબ છે:

સવારે વહેલાં સમૂહપ્રાર્થના થાય છે. એમાં મંત્રોચ્ચારણ તેમ જ ભજનાદિ ક્રમ હોય છે. પછી કલાકેક ગીતાવાચન થાય છે. તે પછી અઢી કલાક સુધી ભાગવતવાચન નાનાભાઈ પોતે કરે છે. પછી ત્રણેક કલાકનો આરામ આવે છે. તે પછી પાછું અઢી કલાક એમનું ભાગવતવાચન ચાલે છે. બપોરે સમૂહકાંતણ પણ રખાય છે. સાંજે એક કલાક સુધી યુગધર્મને અનુલક્ષીને કોઈ પણ સ્વતંત્ર વિષય ઉપર એ પોતે પ્રવચન કરે છે. રાતે પણ પ્રાર્થનાનો ક્રમ હોય છે. બાહ્ય વિધિઓ આમાં હોતા નથી. નાનાભાઈ પોતે જ કહેતા હતા કે કપાળમાં ચંદનનું તિલક કરાવવાની તથા કથાને અંતે દરરોજ ગ્રંથની આરતી ઉતરાવવાની પ્રથા તેમણે ચાલુ રાખી છે. આના સિવાય બીજો કોઈ વિધિ એ કરાવતા નથી. વ્યવસ્થા, સ્વચ્છતા વગેરેને માટે પણ પૂરતી કાળજી આમાં રખાય છે.

આ ભાગવતવાચન કરવાના સાત દહા-ડામાં, સંસ્કાર-પ્રચારનું જ નાનાભાઈ મુખ્ય લક્ષ્ય રાખે છે. કથા અને વાર્તા દ્વારા સંસ્કૃતિનાં તત્ત્વો શ્રોતાવર્ગને સુલભ કરા-વવાનો પ્રયોગ તેઓ કરે છે. દૃષ્ટાંત આપતાં, જેમ આપણા દેશની અનુશ્રુતિમાંથી, પોતાના વિષયને પોષક સંસ્કૃતિતત્ત્વને અનુલક્ષી તેવાં દૃષ્ટાંતો એ આપે છે. અમે ગયા તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાડે જ તેમણે પ્રાચીન ગ્રીક અનુશ્રુતિમાંથી એક બહુ સુંદર ઉદાહરણ આપ્યું હતું. પશ્ચિમની કથા છે માટે એમાંથી ઉદાહરણ ન લેવાય એવું સંકુચિત વલણ એમણે રાખ્યું જ નથી. સંસ્કૃતિનાં ચિરંજીવ તત્ત્વ તો જ્યાં હોય ત્યાંથી આપણે લઈએ, એમાં દેશકાળની મર્યાદાને આડી આવવા ન દઈએ એવું દૃષ્ટિબિન્દુ એમણે રાખ્યું છે. આપણી પ્રાચીન અનુશ્રુતિમાંથી દૃષ્ટાંત લીધું હોય, છતાં એવું રહસ્ય અર્વાચીન દૃષ્ટિથી, આપવાનું યોગ્ય લાગે ત્યાં તેમ કરવાનું પણ એ અયોગ્ય ધારતા નથી. દાખલા તરીકે મહાભારતની એકચક્રા નગરીની વાત એમણે કહી.

પાંડવો માતા કુંતી સાથે એકચક્રા નગરીમાં આવ્યા અને એક બ્રાહ્મણને ઘેર રાત રહ્યા. આ નગરીને એક રાક્ષસ બહુ રંજાડતો, એના ત્રાસથી છૂટવાને માટે રાજાએ રાક્ષસની સાથે એવી શરત કરી, કે રાક્ષસે પ્રજાનાં માણસોને, પોતાની ઇચ્છામાં આવે તેમ, જેમ તેમ મારવાં નહિ તેમ બીજી કોઈ રીતે રંજાડવાં નહિ અને તેના બદલામાં રોજ રાજા એ રાક્ષસના આહાર માટે પૂરતું અનાજ તેમ જ પોતાના પ્રજાજનમાંથી એક માણસને મોકલશે. એ પ્રમાણે રાજાએ પ્રજાને હુકમ કરી દીધો. અને પ્રજા મૂંગે મોઢે આ દુઃખ સહન કરી રહી. નાનાભાઈએ કહ્યું કે જ્યાં રાજ્યનું એક ચક્ર જ ચાલે, રાજા અને પ્રજારૂપી બન્ને ચક્રો નહિ, પણ રાજારૂપી એક ચક્ર ચાલે ત્યાં સુરાજ્ય ક્યાંથી હોય ? આ નગરીનું નામ એકચક્રા એટલા જ માટે હશે! એકચક્રી રાજ્યમાં પ્રજા નિર્માલ્ય અને ગુલામી માનસવાળી જ બને વગેરે. આમ પ્રાચીન અનુશ્રુતિમાંથી આધુનિક જમાનાને યોગ્ય તત્ત્વ એમણે ખેંચ્યું અને લોકગમ્ય થાય તેમ એને મૂક્યું.

ભાગવત, મહાભારત, રામાયણાદિમાંથી આપણી સંસ્કૃતિ નીતરે છે. તેને લોકભોગ્ય રીતે મૂકવાની આપણા શિક્ષિતોની ફરજ છે. ધર્માચરણમાં પણ લોકો જડ ન બની જાય, પણ આપણી સંસ્કૃતિનું યોગ્ય રહસ્ય સમજતા અને આચરતા થાય એને માટે આવા સુસંસ્કારાયેલા ધાર્મિક સમારંભો કરવાની જરૂર છે. એનું આ સંસ્કારચિત્ર મેં અનુભવ્યું. તેના તરફ ધ્યાન દોરવાને આટલું આ લખ્યું છે.

★

અમેરિકાના પ્રમુખ લિંકન સમય બાબતમાં ખૂબ જ કાળજી રાખતા. એમ કહેવાતું કે એને રાજસભામાં જતા જોઈ લોકો પોતાનાં ઘડિયાળ મેળવતાં !

એક દિવસ રાજસભામાં પાંચેક મિનિટ મોડું થયું. પ્રમુખનાં કપડાં કાદવથી ખરડાઈ ગયાં હતાં. સભ્યોને થયું, નક્કી આજે પ્રમુખને કોઈ અકસ્માત નડયો છે. સહુએ પૂછ્યું :

'સાહેબ, કેમ આજે મોડું થયું ? આ કપડાં ખરડાયેલાં કેમ ?'

'હું અહીં આવતો હતો ત્યારે' લિંકને કહ્યું : 'રસ્તામાં એક ખાડાની અંદર એક ડુક્કરના બચ્ચાને પડેલું મેં જોયું. એ ખૂબ તરફડતું હતું એટલે એને ખાડામાંથી બહાર કાઢ્યું. પરિણામે કાદવ લાગ્યો ને કપડાં બગડયાં.'

'અહો, કેટલા દયાળુ છો !' સભ્યો કહેવા લાગ્યા.

'નહિ, નહિ, હું કોઈ દયા–બયામાં સમજતો નથી.'

'એક ડુક્કરના બચ્ચા માટે આટલી બધી તસ્દી લીધી તે દયા નહિ ? એથી વધારે દયા બીજી કઈ ?'

'મેં કંઈ બચ્ચાને ખાતર જહેમત લીધી નથી પણ એ ડુક્કરને જોઈને મારો અંતરાત્મા અંદરથી ખૂબ દુઃખી થવા લાગ્યો. મારા આત્માનું દુઃખ મટાડવા માટે મેં એને ખાડામાંથી બહાર કાઢ્યુ હતું !'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરાળની દુનિયા

લેખક :
શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ

સ્વપ્નનું રહસ્ય ઉકેલવા સહુ મથે છે, પરંતુ હજી તેનો શાસ્ત્રીય ઉકેલ આવ્યો જાણ્યો નથી. ઉશ્કેરાયેલું માનસ, રોગ, તીવ્ર ઇચ્છા, અનિયમિત ભોજન, સુષુપ્ત માનસમાં સંગ્રહાયેલી વાસના: એવાં કારણો દ્વારા સ્વપ્ન-શોધનનું કાર્ય આગળ વધ્યું છે એ ખરું. શકુન, અપશકુન સાથે પણ સ્વપ્નને સાંકળી લેવાય છે, અને સ્વપ્નને ઉકેલ આપનારા વિદ્વાનો પણ હતા એમ જૂનો જમાનો કહે છે. અધ્યાત્મ–આત્માઉર્ધ્વન–સાથે પણ સ્વપ્નનો સંબંધ હોય એમ કેટલાક વર્તમાન આત્મ-જ્ઞાની–વિજ્ઞાનીઓ પણ કહે છે. સ્પષ્ટ સમજ પડે એવો ઉકેલ હજી મળી શકતો નથી.

આપણે જેને જાગૃતાવસ્થા કહીએ છીએ એવી જ બીજી કોઈ સૃષ્ટિ હશે ખરી ? નિદ્રાનો અભેદ્ય પડદો પારદર્શક બની જાય અને આપણા સરખી જ–ભૂત કે ભાવિ–સૃષ્ટિમાં ઊતરી પડવાનાં પગથિયાં મળી જાય એવું કોઈ વણઓળખ્યું અંગ સ્વપ્નમાં ખૂલી જતું હોય તો ? અટકળ, કલ્પના, ફાંટા તરીકે એ સંભાવનાને ઓળખી શકાય. એ સંભાવના સાબિત ત્યારે જ થઈ શકે કે જ્યારે આપણે એ અંગને ઓળખી બતાવી આપણા અંકુ-શમાં લાવી શકીએ, ત્યાંસુધી બધી અટકળો માફક એ પણ એક માનસિક રમત જ બની રહે.

જે હોય તે. આપણી સ્વપ્નસૃષ્ટિ વધારે ઊંડો અભ્યાસ માગે છે અને કેટલાંક ચોંકાવ-નારાં સ્વપ્ન એ અભ્યાસ ત્વરાથી માગે છે. કારણ ચોંકાવનારાં સ્વપ્ન કોઈ કોઈવાર સત્ય પણ બની રહે છે. મેં હમણાં જ એક એવું દૃશ્ય નિહાળ્યું કે જે સ્વપ્ન હશે કે સત્ય તે હું નક્કી કરી શક્યો નથી.

[૨]

ઊજળી નામની એક નાનકડી નદીના પ્રવાહ અંગે બે સામસામાં આવેલાં ગામો વચ્ચે ઝઘડો ચાલતો હતો. એ પતાવવા મારે એક ગામે મુકામ રાખવો પડ્યો. નદીની ભેખડ ઉપર ખુલ્લી જગામાં એક શિવાલય સાથે બાંધેલી જીર્ણ ધર્મશાળા હતી અને એની જ બાજુમાં ફકીરનો એક તકિયો હતો, જેની નજીકની ઝૂંપડીમાં એક વૃદ્ધ ફકીર પડી રહેતો હતો. વૃક્ષોની સરસ ઘટા પણ એ બંને ધર્મસ્થાનોને ઢાંકી રહી હતી. એ વૃક્ષઘટામાં મારો તંબૂ નાખી હું દિવસભર ગામલોકોના ઝઘડાની તપાસ ચલાવતો અને નદીનાં પાણી, રેતી, ભાઠાં વગેરે બધું માપતો હતો. એક રાત્રે થાકીને હું તંબૂમાં આવ્યો અને અત્યંત ગરમી લાગવાથી મેં મારો ખાટલો તંબૂની બહાર ખેંચી કાઢ્યો. પાસે થઈને પસાર થતા ફકીરે મને કહ્યું :

'સાહેબ, તંબૂમાં સૂઈ રહો તો કેવું?'

'કેમ એમ ? તાપ બહુ લાગે છે.' મેં કહ્યું.

'નદીકિનારો છે, હમણાં ઠંડક થઈ જશે.' ફકીરે કહ્યું.

'જન–જનાવરનો ભય તો નથી ને?' મેં પૂછ્યું.

'ના, ના... એવું કાંઈ નથી... પણ ખુલ્લી જગા છે... અને રાત વરત બહાર ન સૂવું...' એટલું કહી ફકીર ત્યાંથી પોતાની ઝૂંપડીમાં ચાલ્યો ગયો.

નિરર્થક આપણું ભલું ઇચ્છતા ઘણા માણસો જોવામાં આવે છે. જરૂર ન હોય તોય આપણી કાળજી કરનાર માનવીઓનો હજી તોટો નથી. ફકીર પણ એવો જ એક માનવી હશે એમ ધારી તેની સલાહને બાજુએ મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું રાત્રે ખાટલામાં તંબૂની બહાર જ સૂઈ રહ્યો અને મને બહુ જ સરસ નિદ્રા આવી. ઠંડક એટલી સરસ વ્યાપી ગઈ કે હું ગાઢ નિદ્રામાં પડ્યો.

શીતળતા ગમે જરૂર, પરંતુ એનો યે અતિરેક હોઈ શકે. થરમૉસ જેવી પેટીમાં જાણે મને સુવાડ્યો હોય એવી એકાએક લાગણી મને થઈ આવી. પ્રથમ તો એ લાગણી મને ગમી, પરંતુ ધીમેધીમે મને લાગ્યું કે શીતળતા અસહ્ય બનતી જાય છે અને મારાં રોમ ઊભાં થઈ જાય છે. મારી આંખ ખૂલી ગઈ. હું કોઈ બરફની પેટીમાં નહોતો, પરંતુ વૃક્ષઘટા નીચે આવેલા મારા ખાટલામાં જ સૂતો હતો. પાસે પડેલું ઓઢવાનું સાધન લેવા હું બેઠો થયો અને એક વૃદ્ધ હાડપિંજર સરખા માનવદેહને મંદિરની ધર્મશાળામાંથી દોડતો આવતો મેં નિહાળ્યો.

કોણ હશે એ? ફકીરને તો મેં જોયો હતો. આ તો ફકીર કરતાં પણ વધારે વૃદ્ધ કોઈ હિંદુ સાધુ હતો! મારા ભણી જ તે દોડતો આવતો હતો. ધોળી દાઢી અને ધોળી જટાથી હિંદુ તરીકે ઓળખાઈ આવતો આ વૃદ્ધ કોઈ ચોર, લૂંટારો કે બહારવટિયો તો નહિ હોય? કે પછી બેમાંથી એક ગામનો ઉશ્કેરાયલો કોઈ વૃદ્ધ ગામાત ઝઘડાને અંગે મારું કાટલું કાઢવા તો મારા ઉપર નહિ ધસી આવતો હોય? હું સાવધ થઈ ઊભો થવા જાઉં છું, ત્યાં તો મને લાગ્યું કે મારા પગમાં ઊભા થવાનું જોર હતું જ નહિ! મને વધારે કંપારી આવી.

એકાએક પેલા વૃદ્ધના કંઠમાંથી ઉદ્ગાર નીકળ્યો:

'ઊજળી! ઊજળી!'

શું આ ઘેલો વૃદ્ધ નદીને પોકારી રહ્યો છે? શા માટે? નદીની જમીનનો ઝઘડો હતો એ વાત ખરી, પરંતુ નદીનો શોખીન વૃદ્ધ નદીને પોકારે એથી કાંઈ ઝઘડાનો નિર્ણય ન જ આવી શકે!

વૃદ્ધ દોડતોદોડતો મારા ખાટલા નજીક આવી પહોંચ્યો. મરવાને આળસે જીવતા આ વૃદ્ધમાં દોડવાની શક્તિ ક્યાંથી આવી હશે એ મારાથી સમજાયું નહિ. એણે સહજ અટકીને ફરી બૂમ પાડી:

'ઊજળી!'

વૃદ્ધનો સાદ જાણે કોઈ ગુફામાંથી આવતો હોય એવો અલૌકિક લાગ્યો! જીવતા માણસની આવી બૂમ ન હોય!

વૃદ્ધે મારી તરફ ફરીને જોયું અને આંખની પાંપણ પણ હલાવ્યા વગર મને પૂછ્યું:

'ઊજળી ક્યાં ગઈ?'

'નદીની વાત કરો છો? આ ભેખડની નીચે...'

'નદી નહિ, મારી ઊજળીની હું વાત કરું છું...આ રહી!...પેલી જાય...! ડાળી પાછળ સંતાઈ છે! હવે...પકડાઈ...ખસવા નહિ દઉં...' કહી પેલો વૃદ્ધ ધસવા મથ્યો પરંતુ એના પગ અમળાઈ પડ્યા અને એ નીચે બેસી ગયો. એણે દર્શાવેલી બાજુએ મેં નજર કરી તો ડાળી પાછળ કશું મારા જોવામાં આવ્યું નહિ.

'ત્યાં તો કોઈ જ નથી...કશું નથી...' મેં કહ્યું.

'જુઓ, જુઓ!...એની જ આંખો તગતગ થાય છે...' વૃદ્ધે કહ્યું, અને તે ઊભો થવા મથન કરવા લાગ્યો.

'એ તો...તારા તગતગતા લાગે છે.' મેં એ બાજુએ જોઈને કહ્યું.

'ત્યારે પેલું મુખ કોનું દેખાય છે?... એ જ...ઊજળીનું મુખ. હવે એ ન ભાગે.'

'એ તો ચંદ્ર દેખાય છે, ભાઈ! એ બાજુએ કોઈ માણસ છે જ નહિ.'

'તમારી ભૂલ થાય છે...એ જ ઊજળી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં જ કપડાં! એનો જ આકાર! જો જો... હાથ લાગીને પાછી ભાગી ન જાય!'

હું જરા હસ્યો. વૃદ્ધને કાં તો સ્વપ્ન આવ્યું હશે અગર તે ઘેલો થયો હશે એમ મારી ખાતરી થઈ. સ્વપ્ન અને ઘેલછા બન્ને એવી સ્થિતિ કે જેમાં દલીલને કશો અવકાશ હોય જ નહિ.

છતાં...અરે...મને પણ કાંઈ માનવ-આકૃતિ સરખું એ ડાળી પાછળ દેખાયું શું? રાત્રીનો અંધકાર જ માત્ર નહીં પરંતુ તેનું અજવાળું પણ અનેકાનેક ભ્રમ ઉપજાવી રહે છે! વરાળનું માનવી? આભલાંનું માનવી? સ્ત્રીનો આકાર?

વૃદ્ધના પગમાં નવું ચેતન આવ્યું. તેના દુર્બલ દેહને લઈ તેના દુર્બલ પગ દોડ્યા. મને લાગ્યું કે ભાન વગર દોડતો આ વૃદ્ધ કાં તો ભેખડ નીચે ગબડી પડશે અગર નીચી આવેલી ડાળીમાં અથડાઈ પડશે. તેને રોકવા હું પાછળ દોડ્યો. અમારી બંનેની વચ્ચે કાંઈ વધારે છેટું ન હતું, છતાં હું તેને પકડી શક્યો નહિ. દોડતો વૃદ્ધ ખરેખર એક નીચી ડાળી જોડે અથડાયો. પરંતુ અથડાતાં બરોબર તેના મુખમાંથી એક હર્ષનાદ નીકળ્યો.

'એ જ ઊજળી! પકડાઈ! બસ...' કહી વૃદ્ધ ડાળીને હાથ ભેરવી રહ્યો. તેણે મારી સામે જોયું. તેના મુખ ઉપર પ્રસન્નતા છવાઈ રહી. મેં નિહાળી અને એકાએક ડાળીએ વળગેલા તેના બન્ને હાથ છૂટી ગયા અને વૃદ્ધનો દેહ ધબ અવાજ સાથે જમીન ઉપર પડ્યો. હું પાસે જઈને જોઉં છું તો વૃદ્ધના દેહમાંથી તેનો પ્રાણ ઊડી ગયો લાગ્યો. મેં તેને સહજ હલાવ્યો. તેની આંખ ઉઘાડી જોઈ. જીવ દેહમાં ન હતો. છતાં તેના મુખ ઉપર વ્યાપેલી પ્રસન્નતાની એક રેખા પણ અદૃશ્ય થયેલી મેં ન જોઈ. અને એક વૃદ્ધ મુખ ઉપર આટલી પ્રસન્નતા પ્રગટી શકે એ પણ મેં અહીં જ જોયું.

પરંતુ હવે? આ અજાણ્યો વૃદ્ધ મારા દેખતાં જ ઊજળીને શોધતો-પુકારતો મારા તંબૂની નજીક જ મૃત્યુ પામ્યો! પોલીસને ખબર આપવાની! પરંતુ તેની યે પહેલાં હું મારી સાથેનાં માણસોને પણ આ બનાવથી વાકેફ કરી લઉં એમ વિચારી મેં સહજ પાછળ જોયું. ફકીરના તકિયા પાસે એક કૂકડો પ્રભાતનું આગમન પોકારી રહ્યો અને ફકીર તેની ઝૂંપડીમાંથી બહાર નીકળ્યો. મને એમ થયું કે આ ફકીરને જ પ્રથમ બનેલી બીના સંભળાવું; એટલે પાછા પગ ફેરવતાં પહેલાં મેં મૃત દેહને સહજ જોઈ લેવાનો વિચાર કર્યો. પરંતુ મારા પરમ આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે ત્યાં એ વૃદ્ધ પુરુષનું શબ તો હતું જ નહિ!

અરે! મેં અબઘડી મારી સગી આંખે જીવંત વૃદ્ધને અને વૃદ્ધના શબને નિહાળ્યાં હતાં! સહજ પાછળ જોયું એટલામાં એ અદૃશ્ય કેમ થાય? કશો ખખડાટ પણ થયો ન હતો. કોઈ માનવી કે જાનવર શબને ખેંચી જાય તો જરૂર મને ખબર પડ્યા વગર રહે જ નહિ. હું શબની પાસે જ લગભગ શબને અડકીને જ ઊભો હતો. પછી આ શું થયું? વૃદ્ધનું મૃત્યુ ખરું? કે મૃત દેહને હું એક જ ક્ષણમાં જોતો બંધ થઈ ગયો એ ખરું?

મારો તંબૂ પણ મને દેખાતો હતો. મારો ખાટલો ખાલી પડ્યો હતો એટલે હું જ જાતે ખાટલો છોડી અહીં સુધી દોડી આવ્યો હતો એ વાત પણ સાચી. ત્યારે? હું સ્વપ્નમાં છું? જાગૃત છું? કે કોઈ પ્રેત સૃષ્ટિમાં ફરી રહ્યો છું? મને એવી ગૂંચવણ ઊભી થઈ કે હું પાંચેક ક્ષણ સ્થિર ઊભો રહ્યો. ફરી મેં શબની બાજુએ જોયું. શબ હતું જ નહિ. ઝાડની ડાળીએ મેં હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાડી જોયો. ડાળીની પાછળ મોટી ભેખડ તી અને તેની નીચે ઊજળી નદીનો પ્રવાહ વહી રહ્યો હતો. ચન્દ્ર પણ દેખાતો હતો. તારા પણ દેખાતા હતા, છતાં પ્રભાતનું સાન્નિધ્ય સૂચવતો કૂકડાનો ધ્વનિ મેં ફરી સાંભળ્યો.

[૩]

હું ફકીર ભણી ગયો. ફકીર પણ મારી સામે જ આવતો લાગ્યો અને લગભગ મારા ખાટલા પાસે અમે બંને ભેગા થઈ ગયા.

'આદાબ અર્ઝ, સાહેબ! વહેલા ઊઠવાની આપને ટેવ લાગે છે.' ફકીરે વાત શરૂ કરી.

'એવી ટેવ તો નથી, પણ આજ વહેલા ઊઠી જવાયું.' મેં જવાબ આપ્યો.

'ઊંઘ સારી આવે તો વહેલા પણ ઊઠી જવાય.'

'ઊંઘ સારી આવી એ સાચું...પણ... કાંઈ સ્વપ્ન આવ્યું કે અજબ દૃશ્ય જોયું તેથી હું જાગી ગયો.'

'એમ? ખુદા ખેર કરે...'

'અરે જાગી ગયો એટલું જ નહિ, ઊંઘમાં જ ચાલતોચાલતો અહીં સુધી આવી લાગ્યો! જરા આગળ વધ્યો હોત તો ભેખડ નીચે હું ગબડી પડ્યો હોત!' મેં મારી પરિસ્થિતિ વર્ણવી.

'એવું હજી કોઈને બન્યું નથી સાહેબ, એક સંત પુરુષની સવારી કદીકદી નીકળે છે. પણ બસ! બીજું કાંઈ નહીં. ઇજા જરા ય થાય નહીં. સહજ ઝબકારો થાય અને સવારી ગુમ.' ફકીરે કહ્યું.

'શાની સવારી? કોની સવારી?' ફકીરની ભાષા મને સમજાઈ નહીં એટલે મેં પૂછ્યું. ભૂતપ્રેત અને માનવસૃષ્ટિથી ન પકડાતાં રાત્રીદૃશ્યોને મુસલમાનો 'સવારી'-ના માનવંત નામે ઓળખતા હતા, એમ મેં પહેલી જ વાર જાણ્યું.

'માટે જ હું આપને અહીં ખુલ્લામાં સૂવાની ના પાડતો હતો.' ફકીરે કહ્યું.

'ખેર! હું માનતો ન હતો...હજી પણ માનતો નથી...છતાં આ સવારી અજબ તો ખરી, સાંઈ! એ બુઢ્ઢો કોણ? ઊજળી કોણ? આવું કાંઈ બન્યું છે ખરું?' મેં પૂછ્યું.

'જી, હા! આપ માનો, ન માનો! જુદી વાત છે. પરંતુ એ આખી સવારી પાછળ લયલા મજનૂનનો કિસ્સો છે...કોઈ-કોઈ ટુકડા દેખાઈ જાય કદીકદી!'

'લયલા મજનૂનનો કિસ્સો? આ તો વૃદ્ધ પુરુષ હતો!' મેં નવાઈ પામી પૂછ્યું.

'સાહેબ, જુવાન લયલાને અનેક મજનૂન મળે. જુવાન મજનૂનને અનેક લયલાઓ મળી જાય. પરંતુ આ બુઝર્ગ લયલા મજનૂનને મેં જોયાં ત્યારથી મને લાગ્યું કે એ જૂની ઇશ્ક કહાણી સાચી જ હતી.'

અને નમાજ પઢી ફકીરે થોડીવાર પછી મને એક વૃદ્ધ પ્રેમી યુગલની વાત કહી સંભળાવી. મેં જેનું પ્રેત જોયું એ વૃદ્ધનું નામ પંચમગીર. દશનામી સાધુઓમાંથી ગીરના અંત્યાક્ષરે ઓળખાતો એ એક સાધુઓનો વર્ગ. એ સાધુઓએ લગ્ન સ્વીકારીને પણ પોતાની સાધુ છાપ ચાલુ રાખી હતી. ઊજળી એ તેની પત્ની. એમનાં યૌવનની વાત તો સહુના યૌવનની માફક રસભરી હોય જ; પરંતુ એમાં વિશેષપણું કાંઈ ન કહેવાય. માબાપની મરજી વિરુદ્ધનાં લગ્ન હોય, કોઈ છોકરીને ઉઠાવી જઈ લગ્ન કર્યાં હોય, છૂટાછેડા સુધી ધસી જઈ પાછી મિલાવટ કરી દીધી હોય તો પ્રેમની કથા રોમાંચક બની શકે. એવું કાંઈ પંચમગીરે કર્યું ન હતું. શિવાલયમાં રહી બન્ને સાધુ સાધવી શિવપૂજન કરતાં, પાસેની થોડી જમીનમાં ખેતી કરતાં, ગામમાંથી ખૂટે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગી લાવતાં, ભજનકીર્તનમાં સમય ગાળતાં અને ગામને પગે લાગવાનું એક સાધન બની રહેતાં.

તેમને બે પુત્ર પણ થયા, પરંતુ તેઓ મોટા થયા અને સાધુ બની ચાલી નીકળ્યા. એક પુત્રનો પત્તો જ ન લાગ્યો. બીજો પુત્ર દૂરદૂરના કોઈ મઠમાં રહેતો, અને બેચાર વર્ષે આવી માતાપિતાની ખબર જોઈ જતો. સમય જતાં વર્ષોનો ગાળો વધવા લાગ્યો, અને પંચમગીર તથા ઊજળી બન્ને વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂક્યાં. પુત્રને મહાદેવની પૂજા સંભાળી લેવા અને પાસે આવી રહેવા માતાપિતાએ કહી જોયું. પરંતુ પુત્રને દૂર જ રહેવું યોગ્ય લાગ્યું. પુત્રે માતાપિતાને એકવાર એવી પણ સૂચના કરી કે તેઓ તેના મઠમાં આવીને રહે; પરંતુ નદીનો કિનારો અને મહાદેવનું સ્થાન તેમના જીવન સાથે જડાઈ ચૂક્યાં હતાં. તે મૂકીને એ વૃદ્ધ બનતાં નરનારી કાંઈ પણ ખસી શક્યાં નહિ.

વૃદ્ધ પંચમગીરથી બહુ હરીફરી શકાતું નહિ. એટલે ઊજળીને જ દેવસેવા, ખેતી અને ભિક્ષાનું કાર્ય કરવું પડતું. વગર બોલ્યે એ વૃદ્ધા પોતાનું અને પોતાના પતિનું ગુજરાન કર્યે જતી હતી. પરંતુ એ વૃદ્ધાવસ્થામાં જ પંચમગીર અને ઊજળી એકબીજાની સાચી નકટતા સેવતાં બની ગયાં. પંચમને એક ઘડી પણ ઊજળી વગર ચાલતું નહિ. ગામમાં પંચભાગ ઉઘરાવવા ઊજળી ગઈ હોય એટલે ધર્મશાળાને દરવાજે પંચમ આંટા ખાતો જ હોય. અને ઊજળી થાકીપાકી આવે એટલે પંચમનો પ્રશ્ન તેને સાંભળવાનો જ હોય.

'કેમ આટલી બધી વાર થઈ?'

'તે આ ઉંમરે હવે મને કોઈ ઊચકી જવાનું તો નથી ને? ચાર ઘેર ખબર પણ પૂછવી પડે ને?' હવે ઊજળી આવો જવાબ આપતી અને પંચમ હસીને તે સાંભળી પણ લેતો.

કદી પંખી ટોવા તે ખેતર જતી ત્યારે પણ પંચમનો એનો એ જ પ્રશ્નઃ

'આટલી વારે આવી?'

'અહીં તમારી સામે બેસી રહું અને અનાજ ચકલાં ખાઇ જાય ત્યારે?' કોઈવાર પંચમને એમ જ લાગતું કે શિવમંદિરમાં ઊજળી બહુ લાંબી આરતી કરે છેઃ

'આટલી બધી વાર સુધી આરતી હોય?' પંચમ પૂછતો.

'ભગવાનની પૂજામાં જે વખત ગયો તે ખરો. તમારે કાંઈ કામ હતું?' ઊજળી જવાબ આપતી.

'કામ કશું નહીં.'

'ત્યારે આમ વલોપાત કેમ કરો છો?'

'સાચી વાત કહું? ઊજળી, તારા વગર ઘડી મને ફાવતું નથી.'

'નાનપણમાં કહેવું હતું ને આમ? અત્યારે કોઈ સાંભળે તો લાજી મરીએ.'

'હું ખરું કહું છું, ઊજળી! કોણ જાણે કેમ, પણ તું આંખ સામે ન હોઉં ત્યારે...'

'બસ થયું હવે! નાખો ઊજળીને નદીમાં એટલે પાર આવે!' ઊજળી પંચમની બહુ નજીક આવી. તેના જટાગૂંથ્યા વાળ ઉપર હાથ ફેરવી બોલતી. નદીમાં ઊજળીને નાખવાની વાત આવતી તે સાથે જ પંચમના હૃદયમાં ધડકાર વધી જતો અને પંચમના નિર્બળ બનતા જતા હસ્ત ઊજળીના હાથને પકડી લેતા.

[૪]

ધડકાર વધે કે ન વધે, વર્ષો વીત્યાં અને ઊજળીને નદીએ લઈ જઈ બાળવાનો પ્રસંગ આવ્યો. પંચમ એક દિવસ ગુસ્સે થયો—ઘણી વખત ગુસ્સે થતો કારણ વગર. બૂમ પાડતાં બરોબર ઊજળી આવી નહીં અને આવી ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લથડિયું ખાઈ જમીન ઉપર પડી તે ઊઠી જ નહીં. ઊજળી મૃત્યુ પામી અને તેના દેહને અંત્યેષ્ટીસંસ્કાર પણ થઈ ગયા. લોકોને પંચમની બહુ દયા આવી. જિંદગીભર ભેગું રહેલું જોડું તૂટી ગયું! પંચમની આંખમાં આંસુ ન હતાં! જાણે એ પ્રસંગ બન્યો જ ન હોય એમ તે શૂન્યતાપૂર્વક આખી ક્રિયા કરી ગયો અને પોતાને મંદિરે જઈ તે સૂઈ ગયો. સૂઈને ઊઠ્યો એટલે તેણે બૂમ પાડી:

'ઊજળી!'

'ઊજળી તો નથી...પણ લ્યો, આ દૂધ-ભાત હું લાવી છું... જમી લો!' ગામની કોઈ સ્ત્રી પંચમની દયા ખાઈ તેને માટે ખોરાક લઈ આવી હતી.

'તે ઊજળી કેમ ન આવી?... કેટલીવાર?' પંચમે કંટાળો દર્શાવી કહ્યું.

'આવશે હવે! જમી લો તમે!' કહી એ સ્ત્રીએ પંચમ પાસે ભોજન મૂક્યું. પંચમે તે જમવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેના હાથ અને મુખમાં જરાય વેગ ન હતો. તેની આંખ બારણાં સામે જ જડાઈ ગઈ હતી–જાણે ઊજળી વગર તે બિડાતી ન હોય! સ્ત્રીની આંખમાં આંસુ આવ્યાં.

સંધ્યાકાળે ફકીરને તકિયે પંચમે આવી ધીમે રહીને પૂછ્યું:

'ઊજળી અહીં તો નથી આવી?'

ઊજળી? મૃત ઊજળી, ગતદેહા ઊજળી કોઈ પણ સ્થળે ક્યાંથી આવી શકે? ફકીરે પંચમની આંખમાં ઘેલછા નિહાળી અને તેને પાસે બેસાડી દેહની નશ્વરતા વિશે થોડી ગઝલો સંભળાવી. પરંતુ પંચમની શ્રવણેંદ્રિય બોધ સાંભળવા તૈયાર હતી જ નહીં. વૃદ્ધ ઊઠ્યો.

'ક્યાં ચાલ્યા?' ફકીરે પૂછ્યું.

'શોધી લાવું...જરા ઝઘડો થઈ ગયો... મારાથી.'

'કોને શોધી લાવો છો?'

'ઊજળીને સ્તો.'

'બાવાજી, જરા બેસો. આજ શું જમ્યા?' ફકીરે પૂછ્યું.

'શું જમ્યો?...હા, હા! ઊજળીએ કોઈ સાથે દૂધભાત મોકલ્યાં હતાં...એ જરાવાર કરે ખરી; પણ મને ભૂખ્યો કદી ન રાખે... સંધ્યાકાળ થાય છે તોય આજ તો બહારની બહાર...'

'આટલાં ફળ ખાતા જાઓ, બાવાજી!' ફકીરે કહ્યું.

'એકલો નહીં ખાઉં. ઘેર મોકલી દો! હું ઊજળીને મનાવી લાવું.' કહી વૃદ્ધે ગામ તરફ પગલાં માંડ્યાં.

ફકીરની પણ આંખમાં અશ્રુ ઊભરાયાં. પંચમગીરના હૃદયે ઊજળીના મૃત્યુનું સત્ય હજી સ્વીકાર્યું ન હતું. એ સત્ય માટે સાધુનાં હૃદયકપાટ બંધ થઈ ગયાં હતાં. જે ઘેર ઊજળી ઘણુંખરું બેસતી એ ઘરનાં માણસો રાત્રે જમવાની તૈયારી કરતાં હતાં અને પંચમગીરે બારણું ઠોક્યું. બારણું ઊઘડ્યું અને અંદરથી કોઈએ કહ્યું:

'આવો, આવો બાવાજી! અત્યારે ક્યાંથી? ચાલો, અમારી સાથે જમી લો.'

'ઊજળી અહીં જ આવી છે; નહીં? સમજાવીને મારી સાથે મોકલો ને! બહુવાર કરી એણે!'

'ઊજળી? પંચમગીર, હવે ઊજળી ક્યાંથી આવે?'

'લ્યો! જરાક જેટલા ઝઘડામાં, આટલી બધી રીસ હોય?...ઘરડે ઘડપણ!...જરા કહોને કે મને માં બતાવી જાય!'

વૃદ્ધ પંચમની આ સ્થિતિ નિહાળી સાંભળનારનાં હૃદય ચિરાઈ ગયાં. મહામુશ્કેલીએ તેમણે પંચમને ઘરબારણેથી વિદાય કર્યો, ઘરનો ખૂણેખૂણો બતાવી પંચમગીરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે ખાતરી કરી આપી કે એ ઘરમાં તો ઊજળી હતી જ નહીં.

'ત્યારે એ જાય ક્યાં?...કેટલીવાર? હું શોધ્યા વગર સૂવાનો નથી! આખી જિંદગી-ભર ગુસ્સે ન થઈ! અને આજ આટલો બધો મમત?...રાત્રે ક્યાં જવાની છે?' કહી પંચમે પોતાની ધર્મશાળાનો માર્ગ લીધો. પહોંચતાંપહોંચતાં તેણે ભ્રમણામાં ત્રણ-ચાર વાર ઊજળીને બૂમ પાડી, જેનો પડઘો નદીના બન્ને કિનારાઓએ ઝીલ્યો!

ફકીરે સામે આવી પંચમને ફળ ખવડાવ્યાં. ખાવામાં તેનું ચિત્ત જ ન હતું, પચાસ પંચાવન વર્ષથી તેને સતત સાથ આપી રહેલી તેની પત્ની વગર ભોજનમાં તેને સ્વાદ આવતો ન હતો. ભોજનમાં તો સ્વાદ ન આવે; પરંતુ જીવનમાંથી યે તેનો સ્વાદ ઓસરી ગયો હતો. ઊજળીને જોવી હતી, એને મળવું હતું, એની પડખે બેસવું હતું. એટલું જ પંચમને માટે જીવનકાર્ય બાકી રહ્યું હતું.

ધર્મશાળા હિંદુઓની હોવા છતાં ફકીર પંચમને સુવાડી પાસે જ સૂતો. હિંદુ-ભાવના ભર્યાં ભજનો મુસલમાનો આજ પણ ગાય છે. ત્યારે હિંદુ-મુસ્લિમ પ્રજાના ધર્મભેદ આજના રાજદ્વારી ભેદ સરખા વિષમય ન હતા. ફકીરે થોડાં ગીતો પણ ગાયાં, ભજનો પણ ગાયાં, વાતો કરી અને અંતે તેને લાગ્યું કે પંચમ જંપી ગયો છે એટલે ફકીર પણ તેની પાસે જ સૂઈ ગયો. ફકીરની આંખ મળી ગઈ, પરંતુ ચોથે પહોરે રાત્રે લગભગ નમાજ પડવાને સમયે ફકીર એક બાંગ સાંભળી જાગી ગયો. એ બાંગ ઊજળીના નામની હતી અને તે બહારની વૃક્ષઘટામાંથી આવતી હતી. ફકીરે જોયું કે પંચમ પાસે સૂતેલો ન હતો. એકદમ તે બહાર નીકળ્યો, અને નદી તરફ દોડતા પંચમને એણે પકડ્યો. પંચમના વૃદ્ધ દેહમાં અપૂર્વ બળ આવ્યું, ફકીરનો હાથ છોડાવી પંચમે પૂછ્યું:

'ઊજળી ક્યાં ગઈ?'

'બાવાજી, એ તો ભેખડ નીચે!' ફકીરે જવાબ આપ્યો. ઊજળી નદી અને ઊજળી સ્ત્રી બન્નેને માટે એ સત્ય કથન હતું.

'મારી ઊજળાની હું વાત કરું છું...આ રહી...પેલી જાય...ડાળી પાછળ...જુઓ, એની જ આંખો તગતગ થાય છે.' અમળાઈ જતા પગને ન ગણકારી અશક્ત દેહને અજબ વેગ આપી વૃદ્ધ ડાળી ભણી દોડ્યો.

'અરે, એ તો તારા તગતગે છે...' ફકીરે પાછળ દોડી કહ્યું.

'પેલું મુખ દેખાય છે...ઊજળીનું...'

'એ તો ચંદ્ર છે...'

'એ જ ઊજળી! એનાં ઊડતાં વસ્ત્ર...હું નહીં તો બીજું કોણ ઓળખે?' કહી વૃદ્ધ આગળ ધસ્યો. ફકીરને પણ એક ક્ષણ માટે ભ્રમ થયો કે ઊજળીનો દેહ ત્યાં આકાર ધારણ કરી રહ્યો છે. ઊજળીને બૂમ પાડી પંચમે બાથ ભીડી. પંચમે જાણ્યું કે ઊજળી તેને મળી. એના આત્માએ પરમ આનંદ અનુભવ્યો. પરંતુ ફકીરે પાછળ દોડી જોયું તો પંચમે એક વૃક્ષડાળીને બાથમાં લીધી હતી! ક્ષણ...બે ક્ષણ...પાંચ ક્ષણમાં તો ડાળીએ ભીડેલા પંચમના હાથ છૂટી ગયા અને તે શબ બની નીચે ઢળી પડ્યો!

માત્ર તેના મુખ ઉપર ઊજળી મળ્યાનો મહા આનંદ હતો!

ફકીરે પોતાની વાત કહી. પંચમના મૃત્યુની વિગત તો બરાબર મેં જોઈ એ જ હતી. શું પંચમગીરનું ભૂત મેં જોયું? હું વિચાર કરી રહ્યો. ફકીરે મને પૂછ્યું:

'સાહેબ, આપે પણ આવું જ કાંઈ ઝાંઝવું જોયું, ખરું?'

'સાચી વાત, સાંઈ. એ જ સવારીને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં પૂછ્યું.

'જી, જુવાન ઇશ્કીઓ તો જોયા છે... પણ પોણોસો–એંશી વર્ષના બુઢાપામાં આ પ્રેમ? અજીબ ખ્યાલ...પણ એ બિચારાં કોઈને હેરાન કરતાં નથી. એકાદ રમત રમી અલોપ થઈ જાય છે.'

'તમારે અને એ સાધુને બનતું ખરું?'

'શી વાત કરો છો, સાહેબ? એ તો મારા પિતા સરખા હતા. મંદિર સામે તકિયો ઊભો કરવાનો હુકમ પણ એમનો...તે સમયે આ મુસ્લિમ લીગનું ઝેર હિંદમાં ન હતું.'

વિચારમાં ઊંડા ઊતરી જવાય એવી ઘટના બની ગઈ હતી. ફકીરે પંચમ તથા ઊજળી–ને લયલા–મજનૂનની કક્ષામાં મૂકયાં એમાં જરાય ભૂલ ન હતી. મેં એ વૃદ્ધ પ્રેમીઓને કલ્પનામાં ફરી ઊભાં કર્યાં, યૌવનમાં પ્રેમની આગ એ બન્નેમાં કેટલી સળગી ચૂકી હશે? એકાએક વિચાર આવતાં મેં ફકીરને પૂછ્યું:

'પણ સાંઈ, આ સવારી હવે આમની આમ ચાલ્યા જ કરશે શું?'

'નહીં સાહેબ, આ વાતને પચીસ વર્ષ વીતી ગયાં. હું જુવાન હતો તે હવે બૂઢો થઈ બેઠો છું. લોકો કહે છે કે આ વર્ષે ઊજળીનું પાણી ઊંચે ચઢી આ ડાળને ભીંજવશે એટલે સવારી અદૃશ્ય!'

'કેમ એમ?'

'સાચુંખોટું અલ્લા જાણે...પણ લોકકથન છે કે...' ફકીરને મારી આંખમાં અશ્રદ્ધા દેખાઈ એટલે તે અટકયો. મેં તેને પૂરી હકીકત કહેવા આગ્રહ કર્યો ત્યારે તેણે લોકોક્તિ કહી સંભળાવી કે પંચમગીર ઊજળી–નદીને કિનારે ફેંકાયલું એક અનાથ બાળક હતો. ઊજળીનદીએ મનુષ્યદેહ ધારણ કરી એ અનાથ બાળકને દીર્ઘજીવી બનાવ્યો. ડાળને અડકી ઊજળી એને પચીસ વર્ષે મુક્તિ આપવાની છે.

એ જ સ્થળે બીજે વર્ષે મેં મારા તંબૂ તાણ્યા અને બહાર ખાટલામાં જ હું સૂઈ રહ્યો. મેં ફરી એ દૃશ્ય જોયું જ નહીં. ફકીરે કહ્યું કે ઊજળીનાં પાણી ડાળને નવડાવી ઓસરી ગયાં ત્યારથી કશો ચમત્કાર દેખાતો નથી.

વૃદ્ધાવસ્થા સુધી વિકસતો પ્રેમ અને જાગૃત સૃષ્ટિને છંછેડતી કોઈ અગમ્ય સૃષ્ટિ એ બેના વિચાર મને આવ્યા કરે છે. પ્રયોગ કરી હવે સાબિતી અપાય એવી આ વાત રહી નથી. હું પણ શાસ્ત્રીય રીતે આ આખા પ્રસંગને સમજી–સમજાવી શકતો નથી, છતાં આટલી નોંધ તો મારે રાખવી જ રહી! ભવિષ્ય એને ઉકેલે તો!

☆

ગોવિંદરાવ રાઘવે એક નાની કાપલી મોકલી હતી. એમાં એક બિશપની વાત હતી. તે એક ટેકરી પર ચડતો હતો. તે જ વેળા એક છસાત વર્ષની બાળકી પોતાના બે વર્ષના ભાઈને ખભા ઉપર લઈને ચડતી હતી અને હાંફતી હતી. બિશપે કહ્યું : 'અરે આ છોકરો તો તારે માટે બહુ ભારે છે.' બાળાએ જવાબ આપ્યો : 'જરા યે ભારે નથી. એ તો મારો ભાઈ છે.'

આના ઉપર બાપુએ લખ્યું :

'તમારો પ્રેમાળ કાગળ મળ્યો. કેવો મહાન વિચાર!'

'એ ભારે નથી, એ તો મારો ભાઈ છે–ભારેમાં ભારે વસ્તુ પીંછા જેવી હળવી બને છે, જ્યારે પ્રેમ એને ઊંચકનાર હોય છે.'

છોકરીએ પોતાના એક વચનથી કાવ્ય કરી મૂકયું. બાપુએ એના ઉપર બે લીટીનું મહાભાષ્ય કર્યું.

('મહાદેવભાઈની ડાયરી' ભાગ ૩માંથી)

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહુ અને વરસાદ

લેખક :
શ્રી જ્યોતીંદ્ર દવે

મને આ વિષય એકાએક કેમ સૂઝ્યો તે કલ્પી શકાતું નથી. વહુ વિષે જાહેરમાં બોલવું અથવા લખવું તે જરા જોખમકારક છે–બોલનાર કે લખનાર પરણેલો હોય અને તેની સ્ત્રી જીવતી હોય ત્યારે તો ખાસ. વરસાદ પ્રત્યે મેં કોઈક વાર કંટાળાની, કોઈક વાર ચીડની તો કોઈક વાર આનંદની લાગણીથી જોયું હશે, પણ અભ્યાસીની નજરે એના સામું કદી જોયું નથી. હવે તો વરસાદ વિષે આગાહી કરવાનું પણ મેં છોડી દીધું છે. પહેલાં ઘરનાં આગળ આગાહીઓ કરતો, પણ હવે એ કાર્ય શાસ્ત્રીય ઢબે થવા માંડ્યું છે અને પરિણામ હું આગાહી કરતો તેવું જ આવે છે; એટલે મારે આગાહી કરવાની જરૂર રહી નથી એમ મને લાગે છે. છતાં વહુ અને વરસાદ એ બે વસ્તુ એકસાથે મારા મગજમાં કેમ આવી તેનું મને કુતૂહલ થાય છે. સામાન્ય રીતે જે વસ્તુ મોટેભાગે એકબીજા સાથે રહેતી હોય અથવા જેની વચ્ચે પરસ્પર વિરોધ હોય તે જ એકસાથે મનમાં આવે છે. દાખલા તરીકે ટાઢતડકો, સુખદુઃખ, વહુવર, ટેબલખુરસી વગેરે, પણ વહુ અને વરસાદ વચ્ચે સામાન્ય રીતે એવું સાહચર્ય કે એવો વિરોધ હોય એમ જાણવામાં નથી. જોકે કેટલાક અપવાદરૂપ કિસ્સામાં એમ બને છે ખરું. મારા એક મિત્રને વહુનું સ્મરણ થતાં વરસાદ યાદ આવતો. એનું કારણ એટલું જ હતું : પહેલાં એ એમનાથી બહુ ડરતી, પણ એક વેળા ખૂબ ગાજવીજ ને કડાકાભડાકા સાથે વરસાદ આવ્યો ને નાની ઉંમરની એ મુગ્ધા નવોઢા તરત બીકની મારી પતિની પાસે આશ્રય લેવા દોડી ગઈ. વરસાદ ને મેઘની ગર્જનાના ભયે પતિના ભયનું શમન કર્યું. ત્યારથી એમને વહુની યાદ આવતાં વરસાદ પણ યાદ આવતો. નીચે ઊભેલા સૉક્રેટીસને કોપાવિષ્ટ થયેલી એની પત્નીએ બારીએથી પાણી રેડીને પલાળી નાખ્યો ત્યારે એને પણ વહુની સાથે વરસાદનું સ્મરણ થયું હતું!

વહુ અને વરસાદ વચ્ચે રહેલું એક સામ્ય તો ગુજરાતી કહેવતમાં બહુ સમયથી અંકિત થયેલું છે: 'વહુ ને વરસાદના નસીબમાં જશ નહીં.'. એ ઉપરાંત પણ એ બે વચ્ચે રહેલાં બીજાં અનેક સામ્ય-વૈષમ્યો શોધવાં હોય તો શોધી શકાય એમ છે.

બંનેના આગમન પહેલાં તપશ્ચર્યા કરવી પડે છે. 'બહુ ગરમી પડે છે, હવે તો સહેવાતું નથી, જરા ઠંડક થાય તો ઠીક. આ તો તાપે બફાઈ ચાલ્યા' એવા પ્રકારના ઉદ્‌ગાર આપણા મુખમાંથી નીકળે પછી જ મેઘરાજા મહેર કરે છે. વહુ મેળવતાં પહેલાં પણ ઘણાને સારી પેઠે તપવું પડે છે.

અને પછી બંને જ્યારે વાટ જોવડાવીને તપાવીતપાવીને પધરામણી કરે છે, ત્યારે માણસને મનમાં ઠંડકઠંડક થઈ જાય છે. 'હાશ' કહીને એ સંતોષનો ઉદ્‌ગાર કાઢે છે. શરૂઆતની મુગ્ધાવસ્થામાં વરસાદને ને વહુને જોયાં જ કરવાનું એને મન થાય છે. ઝરૂખામાં ખુરસી મૂકીને ઉપરથી પડતા વરસાદને કે રસોડામાં જાતજાતનાં ખડાનાં કાઢીને જઈને ત્યાં બેસીને રાંધતી વહુને જોવામાં એને કાંઈ અવર્ણ્ય આનંદ થાય છે. શરૂઆતમાં તો નવલ વર્ષા ને નવોઢાના દર્શને ને સાન્નિધ્યે એ રાજીરાજી થઈ જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, પણ પછી ધીમેધીમે એ આરંભકાળની ઠંડક એના હાડકામાં પેસવા લાગે છે અને ન સમજાય એવી કોઈ કળતર એને થવા માંડે છે અને પછી તો એ બંને વિષે એ ઉદ્ગાર બની જાય છે.

'આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ; ઊનીઊની રોટલી ને કારેલાંનું' શાક એમ વરસાદ આવે ત્યારે બાળકો ગાય છે. તે વરસાદ ને વહુ બંને પક્ષને એકસરખી રીતે લાગુ પડે છે. વરસાદ ને વહુ પહેલવહેલાં આવે છે ત્યારે ભક્તજન એને પકવાન્નમાં પણ સૌથી શ્રેષ્ઠ એવો ઘેબરનો પ્રસાદ ધરે છે. પછી પરિચય વધતાં એને માટે ઊનીઊની રોટલી રહેવા દે છે અને છેવટે કડવું એવું કારેલાનું શાક જ એને યોગ્ય છે એમ તેને લાગવા માંડે છે.

બંનેની રીસ ને રીઝ માઝા મૂકે તો મનુષ્યના બાર વાગી જાય છે. વરસાદ બિલકુલ વર્ષે નહિ તો જમીન સૂકી થઈ જાય, વહુ જો નિરસ બની જાય તો મનુષ્યનું જીવન શુષ્ક થઈ જાય. વરસાદનો ધરણી માટેનો પ્રેમ એકાએક ઊભરાઈ આવે ને વળી એ વરસ્યો જ જાય, વરસ્યો જ જાય, તો પાણીની રેલમાં પૃથ્વી ડૂબી જાય. વહુ પણ બસ પ્રેમની અતિવૃષ્ટિ કરે તો બિચારો પુરુષ એમાં એવો તણાઈ જાય કે એનો પતો લાગવો મુશ્કેલ પડે!

દુનિયા ચાલે એટલા માટે બંનેની જરૂર છે. એ ન હોય તો જગતની વાડી લીલી ન રહે. સૂના, નિર્જન અરણ્ય જેવા લાગતા પ્રદેશને એ પોતાનાં આગમને લીલાં ને ભરપૂર બનાવી દે છે. સામાન્ય રીતે બહુ નાની કહેવાય એવી ઓરડીમાં રહેતા એક જણને એના મિત્રે પૂછયું: 'તું આટલી નાની ઓરડીમાં રહી શકે છે શી રીતે?' એણે જવાબ દીધો: 'આ ઓરડી નાની છે? અરે! એ તો બહુ મોટી પડે છે ને! હું રહ્યો એકલો જીવ. મારે આટલી બધી જગાને કરવી છે શું?'

'ગમે તેમ પણ જગા તો જરા મોટી ને સારી જોઈએ.'

'જોઈ પેલી લૂગડાં સૂકવવાની દોરી?' એણે મિત્રનું ધ્યાન બે ભીંત વચ્ચે બાંધેલી દોરી તરફ દોરતાં કહ્યું: 'હા, પણ એનું અહીં શું કામ છે?'

'જોયું એના પર શું સુકાય છે તે? ફક્ત ધોતિયાં, પહેરણ ને ટુવાલ છે. ક્યાંય પણ એકાદ સાળુ કે લૂગડું? જેને દોરી પર એકલાં ધોતિયાં, પહેરણ ને ટુવાલ સુકાતાં હોય તેવાને મોટી ઓરડીની શી જરૂર?' એણે કહ્યું. એમનાં લગ્ન થયા પછી થોડાં વર્ષમાં જ એમને ત્રણવાર જગા બદલવી પડી. એમની દોરી પર લૂગડાં જ નહિ, પણ બાબાની ચડ્ડીઓ ને બેબીનાં ફરાકો પણ સુકાવાં લાગ્યાં. એમનું ઘર ભર્યુંભર્યું થઈ ગયું!

તાજી અસ્ત્રી કરાવીને ખૂબ અક્કડ કપડાં પહેરીને રોફમાં ને રોફમાં કોઈ મનુષ્ય ચાલ્યો જતો હોય પણ ફક્ત એક જ ઝાપટું વરસાદનું એના પર પડે તો એનાં કપડાં જળનીતરતાં થઈને ઢીલાં પડી જાય છે તે જ રીતે બહાર બહુ તુમાખીથી, અક્કડાઈથી કે અભિમાનથી વર્તનાર માણસ ઘેર આવતાં વહુના પુણ્યપ્રકોપનું એક જ ઝાપટું વરસે એટલે ઢીલોઢબ થઈ જાય છે. 'ભાઈ, માણસ ભારે અક્કડ સ્વભાવનો છે. એની પાસે જવાની પણ કોઈની હિંમત થતી નથી' એમ જેને માટે એના હાથ નીચે કામ કરનારાઓ કહેતા હોય છે તે જ્યારે ઑફિસેથી ઘેર આવે છે, અને પોતે મંગાવેલી સાડી લાવવી એ ભૂલી ગયો છે એમ એની પત્નીને માલૂમ પડે છે ત્યારે એના જે હાલ થાય છે તે જો એના હાથ નીચે કામ કરનારાઓની દૃષ્ટિએ પડે તો એમને એની દયા આવ્યા વિના રહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. રાત્રે સંગીતના જલસામાંથી આવતાં મોડું થઈ જાય ત્યારે પોતાના જ ઘરમાં ચોરની માફક દાખલ થતો એને કોઈ જુએ તો ઘડીવાર પહેલાં જ આ માણસ ઊંચી ગરદન રાખીને ગર્વથી પગલાં ભરતો હતો ને આસપાસનાંને તુચ્છ લેખતો હતો એમ એના માન્યામાં પણ ન આવે.

વરસાદથી શરીરનું ને કપડાંનું રક્ષણ કરવા માટે છત્રી તથા 'ઓવરકોટ'ની જરૂર પડે છે. સામાન્ય રીતે છત્રીથી ચાલી શકે છે, પણ જ્યારે વરસાદની સાથે પવન પણ ફુંકાવા માંડે છે, અથવા વરસાદ ગાંડો બનીને વરસવા લાગે છે, ત્યારે એકલી છત્રી કામ લાગતી નથી, પણ 'ઓવરકોટ' વડે આખા શરીરને ઢાંકી દેવું પડે છે. વહુથી બચવા માટે પણ કેટલીક વાર આમ છત્રી તથા 'ઓવરકોટ' બંનેની જરૂર પડે છે. સામાન્ય સંજોગોમાં માથે છત્રી ઓઢી લેવાથી કામ થઈ જાય છે. સાધારણ યુક્તિપ્રયુક્તિ કરવાથી એના રોષથી બચી શકાય છે, પણ કુપિતા નાયિકા જ્યારે ખંડિતા નાયિકા થવાનો ભય ઊભો થાય છે અથવા સામાન્ય રીસમાંથી એ છંછેડાયેલી નાગણનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે તો 'ઓવરકોટ'નો આશ્રય લેવાની જરૂર પડે છે. 'ઓવરકોટ'થી આખું શરીર ઢંકાઈ જાય છે, એના પહેરનારનાં વસ્ત્રો પણ જણાતાં નથી, તે જ રીતે માણસે પોતાની બધી વૃત્તિ ને પ્રવૃત્તિ પર અંધારપછેડો ઓઢાડી દેવો પડે છે. પોતાનાં બધાં કાર્યોનું સંગોપન કરીને જુદા જ પ્રકારનો દેખાવ એણે ધારણ કરવો પડે છે. કોઈક કદાચ આને દંભ પણ કહે, પણ પરણેલી જિંદગી સુખમાં ગાળવી હોય તો કોઈ કોઈ વાર દંભનો–એટલે કે 'ઓવરકોટ'નો પણ આશ્રય લેવો જોઈએ એમ શાણા વિચારકો કહી ગયા છે; અને એમનાં વચન સ્વાનુભવ પરથી પ્રેરાયેલાં હોય એમ લાગે છે.

વરસાદ વરસતો હોય છે ત્યારે ધોળે દિવસે અંધારું થઈ જાય છે. રાત્રિના ગાઢ અંધકાર સમો એનો અંધકાર હોતો નથી, પણ ઝાંખો અસ્પષ્ટ પ્રકાશ જેની મદદથી માત્ર વરસાદ દેખાઈ શકે. બીજું કંઈ જણાય નહિ. એ જ રીતે વહુરાણીના આગમન કાળે પણ વિવેકબુદ્ધિનો પ્રકાશ ઝંખવાઈ જાય છે. માત્ર ઝાંખો પ્રકાશ રહે છે ને એ પ્રકાશમાં એનાં એકનાં જ દર્શન થાય છે.

धूमज्योतिःसलिलमरुतां सन्निपातो हि मेघः। (ધુમાડો, તેજ, પાણી ને પવન એ બધાંની મેળવણી એ મેઘ) એમ કાલિદાસે કહ્યું છે. થોડોક ધુમાડો, તેથી કંઇક વધારે તેજ, ને એ બન્ને કરતાં વધારે પાણી ને પવન એવો યોગ વરસાદ ને વહુ બંનેમાં થયેલો જોવામાં આવે છે; અને એના આ બધા ઘટક-અવયવોનું ભાન વારંવાર પતિને થતું રહે છે. કેટલીકવાર રસોડાનો ધુમાડો વેઠીને આવેલી વહુ જ્યારે પોતે ધુમાવા લાગે છે, ત્યારે પતિદેવનાં આંખ ને નાકમાંથી પાણી નીકળવાની તૈયારી થાય છે ને એનો અવાજ રુંધાઈ જાય છે. અને એ પોતાનું તેજઃસ્વરૂપ પ્રગટ કરે છે, વીજળીના ચમકાર જેવો આંખનો એક ચમકાર એના તરફ ફેંકે છે તે વેળા ગમે તેવો વૃક્ષ સમો દૃઢ પુરુષ પણ ભાંગી પડે છે. પવન તો એનામાં હંમેશ ભર્યો જ રહે છે. કોઈક વાર મગજમાં વધારે પ્રમાણમાં એનો સંચય થઈ જાય છે ત્યારે તાણખેંચ, હિસ્ટિરિયા આદિ દ્વારા એના અસ્તિત્વનું ભાન એ અન્યને કરાવે છે, પણ ઘણીવાર તો એ મુખમાંથી મીઠા શબ્દરૂપે પણ બહાર પડે છે. અને પાણી! એ તો વહુનું બ્રહ્માસ્ત્ર છે. વરસાદનાં બીજાં રૂપ ગમે તેવાં ને ગમે તેટલાં હશે પણ એની શક્તિ તો પાણીરૂપે એ પ્રગટે છે ત્યારે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાઈ આવે છે, તેમ સ્ત્રીની શક્તિ વિવિધ પ્રકારની છે, પણ જ્યારે એ પાણીનો આશ્રય લે છે, આંખમાંથી મંદમંદ જલપ્રવાહ વહેવડાવવા માંડે છે કે પછી અવાજ ને ગર્જના સાથે મૂસળધાર વરસતા વરસાદનું ભાન કરાવે એમ સશબ્દ અશ્રુની હેલી વહાવવા લાગે છે ત્યારે પુરુષ બિચારો પાણીપાણી થઈ જાય છે.

વહુ ને વરસાદ બંનેને 'વર' સાથે સંબંધ છે. 'વર'ને એણે સૌથી આગળનું સ્થાન આપ્યું છે. વરના સાદનું મહત્ત્વ હમેશ વરમાં મનાય છે. પણ આ બધો આભાસ છે. વરસાદ સાથે વરને કે વરના સાદને કશી લેવાદેવા હોતી નથી. એમાં દેખાતું વરના સાદનું અસ્તિત્વ માત્ર શાબ્દિક ને આકસ્મિક છે. પોતાના સાદ આગળ બીજા સાદ ને અવાજ ઢાંકી દેતા વરસાદની પેઠે જ વહુના સાદ આગળ વરનો સાદ મંદ પડી જાય છે, છતાં વરે સૂર એ રીતે પુરાવવો પડે છે કે બંનેનો સાદ એકસરખો દેખાય ને લોકો સમજે કે સંભળાય છે તે વરનો સાદ છે; પણ સાદ ભલે વરનો હોય પણ એમાં શબ્દ હોય છે વહુના.

પ્રકૃતિ ઋતુઋતુએ નવા રંગ ધારણ કરે છે, પણ વર્ષાકાળે હોય છે એવું એનું સ્વરૂપ અનિશ્ચિત બીજે કોઈ વખતે દેખાતું નથી. શિયાળામાં ટાઢ વાય, ઉનાળામાં તાપ લાગે, પાનખરમાં વૃક્ષોનાં પર્ણો ખરી જાય, વસંતમાં એ ફરી નવપલ્લવિત બને, પણ વર્ષાકાળે તો ઘડીમાં ટાઢ વાય ને ઘડીમાં તાપ પણ લાગે, કોઈકવાર પ્રકાશથી સૃષ્ટિ આખી ઝળાંઝળાં થઈ ઊઠે તો થોડી જ વારમાં ઘોર અંધકાર આવી આખી અવનિ પર છવાઈ રહે, આકાશ ને પૃથ્વી બંને ક્યારે કેવાં દેખાશે એનો કશો નિયમ જ નહિ. કોઈક વાર ઘનના ઘટાટોપથી અંધકારગ્રસ્ત, કોઈકવાર દોડાદોડી કરતાં વાદળાંઓની શોભાવડે સમૃદ્ધ, ક્વચિત્ ઇન્દ્રધનુના રંગોથી આકર્ષક બનતું એવું વર્ષાકાળનું આકાશ, જ્યારે પત્ની પણ કોઈકવાર ભમર ચઢાવી ઘનની ઘટાનો ભાસ આપે છે, ક્વચિત્ મંદ-મંદ સ્મિત કરતી કે આંખોથી અગ્નિ ઝરતી વાદળાંમાંથી તેજનાં કિરણો વેરતાં ચંદ્રનો કે વીજળીનો દેખાવ ખડો કરે છે, કોઈકવાર મોં ચઢાવી પીઠ ફેરવી ઊભી રહી શૂન્યતાનો આભાસ ઊભો કરે છે, બહાર જતી વેળા રંગબેરંગી વસ્ત્રોનું પરિધાન કરી ઇંદ્રધનુની શોભા ધારણ કરે છે, ત્યારે આપણા ઘરમાં જ ઇંદ્રધનુ ઊતરી આવ્યું હોય એમ નથી લાગતું ?

કેટલાકને ઋતુઓમાં વર્ષા ને રમણીઓમાં પોતાની પત્ની સૌથી વધારે રમણીય લાગે છે, જો કે એમાં મતભેદને ભારે અવકાશ રહે છે. પણ રમણીય લાગે કે નહિ, સ્મરણીય તો બંને પોતાનાં કાર્ય ને એની અસરને પરિણામે બની જાય છે. મનુષ્યે અમુક દિશામાં જવાનું નક્કી કર્યું હોય, પણ વર્ષા ને વહુ બંને એને જુદી દિશાએ જવાની ફરજ પાડી શકે છે. રસ્તા પર પાણી ભરાઈ ગયાં હોય ત્યારે લાંબો ચકરાવો લઈને જવું પડે છે તેમ જ પત્નીની પધરામણી પછી પતિદેવના આખા જીવનના દિશા પણ કેટલીકવાર ફેરવાઈ જાય છે !

ઘર છોડીને બહાર ભટકનારાઓ પર એ બંને ભારે અંકુશ મૂકી શકે છે. 'વરસાદ બહુ છે, આજે બહાર જવાય એમ નથી' એમ ધોધમાર વરસતા વરસાદને જોઈને આપણે નિશ્ચય કરવો પડે છે. એ જ પ્રમાણે 'આજે બહાર નહિ જાઓ તો નહિ ચાલે ?' એમ મીઠા અવાજે વહુ તરફથી ઉચ્ચારાતા શબ્દો સાંભળી કપડાં પહેરીને બહાર જવા માટે એક પગ ઉંમરાની બહાર મૂકીને ઊભેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ ફરી ઘરમાં આવી કપડાં બદલીને નિરાંતે કે નિરાંતનો દેખાવ કરી ખુરસી પર બેસી જાય છે.

બંનેમાં થોડુંક વૈષમ્ય પણ છે. વરસાદ ઋતુએઋતુએ નવો આવે છે. વહુ તો જીવન-ભરની સાથી બની રહે છે. વરસાદની કૃપા સર્વ પર એકસરખી વરસે છે. વહુનું ધ્યાન પતિ ને બાળક સિવાય બીજે ભાગ્યે જ જાય છે.

વહુ ને વરસાદ બંનેના નસીબમાં જશ નથી એવી આપણે ત્યાં કહેવત છે, પણ આ આખો સંસાર ચાલી રહ્યો છે, ધનધાન્યે સમૃદ્ધ એવી પૃથ્વી ને બાળકોના કિલકિલાટથી ઉલ્લસિત એવું જગત એ બંનેની યશ-પતાકારૂપ જ છે. આખી દુનિયા એ એના વિજયવાવટા સમી છે, ત્યાં એના નસીબ-માં જશ હોય તો યે શું ને ન હોય તો યે શું? એ જાતે જ યશઃસ્વરૂપ છે!

અને અંતે વહુ ને વરસાદ બંને મળશે કે નહિ, મળશે તો ક્યારે મળશે, કેવાં હશે ને કેવા રહેશે એનો કશો નિયમ નથી, એ તો કેવળ ભગવાનની કૃપા કે કોપના પર આધાર રાખે છે.

★

મહાન નેપોલિયનને એક વેળા ડૉક્ટરે પૂછ્યું:

'તમે આટલી બધી ફતેહો મેળવી તેનું શું કારણ? તમારામાં એવી તે કઈ શક્તિ છે, જેને લીધે આ બધું કરી શક્યા?'

નેપોલિયને ઉત્તર આપ્યો: 'મેં મારા મનને એવી રીતે કેળવ્યું છે, કે જે વખતે જે ચીજનો વિચાર કરવો હોય તે વખતે બીજી વસ્તુઓને બહાર કાઢી હું તે જ બાબતનો વિચાર કરી શકું છું. દાખલા તરીકે રાજકીય વિચારો કરવા હોય ત્યારે મારા મનને હું તેમાં જ રોકી શકું છું. એ વખતે બીજો કોઈ પણ વિચાર મારા મનમાં દાખલ નથી થતો, એ જ પ્રમાણે યુદ્ધના વિચારોનું થાય છે. જ્યારે હું ઊંઘનો વિચાર કરું છું, ત્યારે તુરત જ અડધી મિનિટમાં હું ઊંઘી શકું છું.' પછી જરા હસીને ઉમેર્યું: 'માની લોને કે હારમોનિયમમાં જુદીજુદી ચાવી દબાવવાથી જુદાજુદા સૂરો નીકળે છે તે જ રીતે મારા મનમાં જુદીજુદી શક્તિઓનાં જુદાંજુદાં ખાનાં છે, જ્યારે જે ખોલવું હોય ત્યારે તે ખોલી શકું છું! આ છે મારી ફતેહનું કારણ.'

'સાહેબ, હમણા એક મિનિટમાં તમે ઊંઘી શકશો?' વીર સેનાપતિની પરીક્ષા કરવાના ઇરાદે ડૉક્ટરે પૂછ્યું:

'એમાં શી મોટી વાત છે? હમણાં જ ઊંઘી જાઉં છું' કહીને નેપોલિયન અડધી જ મિનિટમાં ઊંઘી ગયો. પોતાનાં સાધનો વડે તપાસ કરી જોવાથી ડૉક્ટરને ખાતરી થઈ કે ખરેખર એ ઘસઘસાટ ઊંઘતો હતો!

×

બિલકુલ અભણ પણ આપબળે સુલતાનપદે પહોંચેલા હૈદરઅલીને ધર્મને નામે થતા ઝઘડાઓ પ્રત્યે ખૂબ જ તિરસ્કાર હતો. એક વખત શિયા-સૂન્ની વચ્ચે કંઈક ઝઘડો થયો; સામસામી યુદ્ધ સુધી વાત વધી ગઈ. હૈદરને કાને વાત આવી. બંને પક્ષને સામે રાખી પૂછ્યું:

'અરે, તમે લોકો એકબીજા પ્રત્યે કૂતરાની માફક કેમ ભસો છો?'

શિયા ને સુન્નીએ પોતપોતાનાં મંતવ્યો જણાવ્યાં. હજરત મહમદના અનુયાયીઓ સંબંધે તકરાર હતી, હૈદરે પ્રશ્ન કર્યો:

'જે વ્યક્તિ વિષે તમે ઝઘડો છો તે જીવે છે?'

'ના.'

'તો પછી જે મૃત્યુ પામ્યા છે એમને વિશે ઝઘડો કરવો મૂર્ખાઈ છે! આવી મૂર્ખાઈ ફરી ફરી તમારો કે રાજ્યનો સમય બગાડશો તો તમારો શિરચ્છેદ કરવામાં આવશે.'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબનું પ્રાણતત્ત્વ

લેખક :
શ્રી સોપાન

આપણાં કુટુંબો તૂટતાં જાય છે તે ઉપર કેટલાક અફસોસ કરે છે ને કેટલાક રાજી પણ થાય છે. સંયુક્ત કુટુંબની પ્રથાના લાભો અને ગેરલાભોનો ઘણો આધાર સામાજિક પરિસ્થિતિ ઉપર પણ છે. જ્યારે સમાજનું જીવન એકધારું વહેતું હતું અને થોડીક અપવાદરૂપ વ્યક્તિઓ સિવાય મોટા ભાગના લોકો એકસરખું જીવન ગુજારતા હતા, ત્યારે સંયુક્ત કુટુંબ રચવાનું અને તેને ટકાવવાનું જેટલું સહેલું હતું તેટલું આજે ન હોય એ સ્વાભાવિક છે. વ્યક્તિસ્વાતંત્ર્યના વિચારો જેટલા પ્રમાણમાં આપણામાં દાખલ થયા છે તેટલા પ્રમાણમાં સમાજ-ધર્મ અથવા તો વ્યક્તિના સમાજ પ્રત્યેના કર્તવ્યના વિચારો દાખલ થયા નથી. વ્યવહાર-નાં સાધનો વધતાં દુનિયા નાની બની ગઈ છે, માનવીનું વર્તુલ ઘણું મોટું બની ગયું છે. આપણા જીવન ઉપર અન્ય દેશો અને સમાજોના વિચારોની અસર પડ્યા જ કરે છે, એ જ રીતે આપણી અસર બીજી પ્રજાઓ ઉપર પણ પડતી હશે. આવી સ્થિતિમાં કોઈ પણ પ્રથાને આપણે જો જડતાથી વળગી રહીએ તો તેમાં નિષ્ફળતા તો મળે જ, પણ આપણો વિકાસેય રુંધાઈ જાય. યુગના પ્રવાહને અનુરૂપ આપણી પ્રથાઓ બદલાવી જોઈએ.

સંયુક્ત કુટુંબમાં મુખ્ય વસ્તુ શી છે? બધાએ સાથે રહેવું એ એનું પ્રાણતત્ત્વ નથી, એ તો ખોળિયું છે. પ્રાણતત્ત્વ છે પ્રેમ, સહકાર, સહિષ્ણુતા, ઘસાવાની વૃત્તિ. આ પ્રાણતત્ત્વની રક્ષા ઉપર આપણે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. દેહમાં રહેલો આત્મા સૌથી વધુ કિંમતી છે એમ નહિ, પણ એ જ સર્વસ્વ છે, એના વિનાનો દેહ થોડાક કલાકો પણ રાખી શકાતો નથી. દરેક પ્રથાનું પણ એવું જ છે. એમાંથી આત્મા ચાલ્યો જાય તે પછી તેને સાચવીએ તો એ કોહાઈ જાય, છેવટે દુર્ગંધ અને રોગ ફેલાય...પણ સાથે એટલું સમજી લેવાની જરૂર છે કે દેહ ગમે તેવો નબળો હોય છતાં આપણે તેનો નાશ કરી નાખતા નથી. આત્મા જ સર્વસ્વ છે છતાં જ્યાંસુધી દેહ સાથે તેનું જોડાણ છે ત્યાંસુધી દેહની પણ કિંમત છે. આત્માને ભોગે એટલે આપણાં સત્ત્વને ભોગે દેહની રક્ષા કરવા ન જ ઇચ્છીએ અને જ્યાં પસંદગી જ કરવાનો પ્રસંગ આવે ત્યાં આત્માને જ વરીએ, પરંતુ એવું ન હોય ત્યારે દેહને જાળવવો, નીરોગી રાખવો, તેની પાસેથી પૂરતું કામ લેવું, તેની સારવાર કરવી, તેને સ્વચ્છ ને સુંદર સ્થિતિમાં રાખવો વગેરે આપણો, પ્રત્યેક માનવીનો, ધર્મ છે. સંયુક્ત કુટુંબની પ્રથા અને તેનાં પ્રાણતત્ત્વનો એ જ રીતે વિચાર કરવો જોઈએ.

માનવજીવનમાં દાખલ થયેલી કોઈ પણ પ્રથા, કોઈ પણ પ્રકારની સમાજરચના, સંયોગોને આધીન રહે છે. એક જ વરસાદે જેમ ધાન્ય પાકતું નથી તેમ ગમે તેવી પ્રભાવશાળી પણ એક જ વ્યક્તિ કોઈ પ્રથા કે સમાજ-રચનાને બદલાવી શકતી નથી. એવું જ ક્રાંતિનું છે. ક્રાંતિ પેદા થાય ત્યારે જાણે જૂનું બધું ઊખડી જતું હોય અને તેને સ્થાને નવું રોપાઈ જતું હોય એવું લાગે છે, પણ ક્રાંતિનું મોજું પસાર થયા પછી થોડોક સમય વીતતાં જૂનું ને નવું બંને દેખાવા માંડે છે. શક્તિશાળી વ્યક્તિ કે ક્રાંતિ દ્વારા નવો પ્રવાહ શરૂ થાય છે, પણ બીજાં વહેણો પણ સાથોસાથ ચાલ્યા જ કરે છે. જે સમાજમાં આજે આપણે જીવીએ છીએ તેની રચના અમુક કોઈ એક દિવસે થઈ નથી, હજારો-લાખો વર્ષોમાં જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિવર્તનો આવ્યાં હશે તે પણ કોઈ એક દિવસે આવ્યાં નહિ હોય, કુટુંબની રચના પણ ક્રમેક્રમે થઈ હશે અને તેમાં પરિવર્તન પણ ક્રમેક્રમે જ થશે.

દેહ નાશ પામવાનો હોય ત્યારે તે ક્ષીણ થાય છે અને વિકાસ પામવાનો હોય ત્યારે તેમાં નવું જોમ નજરે પડે છે. વૃદ્ધ અને બાળકનું અવલોકન કરતાં આ હકીકત સહેલાઈથી સમજી શકાશે. આપણો ધર્મ કુટુંબ-પ્રથાનાં શુભ તત્ત્વો જાળવવાનો હોવો જોઈએ. સમાજરચનામાં ગમે તેટલા પલટા આવે પણ પ્રેમતત્ત્વ જો આપણે જાળવી શકીશું તો માનવજાતનું ઊર્ધ્વીકરણ ચાલુ જ રહેશે. પ્રેમ, સહકાર, સહિષ્ણુતા વગેરે તરફ દુર્લક્ષ થશે તો જૂની કે નવી કોઈ પ્રથા માનવજાત માટે લાભદાયી થશે નહિ. આ એક કસોટી આપણી પાસે રાખશું તો જૂનામાં કેટલું જાળવવા જેવું ને નવામાં કેટલું અપનાવવા જેવું છે તે આપણને તરત સૂઝી આવશે. કુટુંબો સંયુક્ત હોવાં જોઈએ કે વિભક્ત એ વિષે આપણે કદી જડતાભર્યો નિર્ણય નહિ કરીએ. જ્યાં સંયુક્ત કુટુંબ વચ્ચે પ્રેમ હશે ત્યાં તે અખંડ રાખવાનો આપણો પ્રયાસ હશે અને જ્યાં પ્રેમ, સહકાર વગેરે ગુણો નાશ પામ્યા હશે, ત્યાં કુટુંબને વિભક્ત કરી નાખવાની આપણે સલાહ આપીશું.

આપણી સમક્ષ મુખ્ય સવાલ હમેશ એક જ રહેવો જોઈએ: સંયુક્ત કુટુંબના પાયામાં જે ગુણો છે તે કેમ પ્રસરે? આવી પ્રથા શરૂ કરનારે કયા સંયોગોમાં ને કયા હેતુપૂર્વક આમ કર્યું હશે તેની ચિંતામાં પડવાની જરૂર જ નથી. કેટલીક પ્રાચીન પ્રથાઓ આજે લાભદાયી લાગે છે, તે મૂળમાં પણ લાભદાયી જ હશે એવી ખાતરી રાખી શકાય નહિ. સ્વાર્થ કે બીકથી રચાયેલી રૂઢિઓ સારાં ફળો આપનારી નીવડી છે. એ જ રીતે ઉચ્ચ હેતુઓ સાથે શરૂ કરવામાં આવેલા રિવાજોએ આપણું પતન પણ કર્યું છે. મૂળ શોધવાનું કામ સંશોધકોનું છે, તેઓ તે કરશે; સામાન્ય માનવીએ તો એક સાચી કસોટીથી વર્તમાન પરિસ્થિતિને કસી પોતાનો માર્ગ નક્કી કરવો જોઈએ. આપણાં રિવાજો, વ્રતો, ઉત્સવો, તહેવારો વગેરેનું છેલ્લાં દશપંદર વર્ષનું અવલોકન કરીશું તો એમ જણાશે કે મૂળમાં સારી ભાવનાવાળા રિવાજો આજે ભારે અનિષ્ટરૂપ નીવડ્યા છે અને નવા જમાનાના જોમમાં આવીને આપણે ફેંકી દીધેલા કેટલાક ઉત્સવો ને રિવાજો ફરી દાખલ કરવાના નવા યુગનાં યુવક-યુવતીઓમાં હમણાંહમણાં ભાવના પણ પ્રગટી છે. જૂનું એટલું સોનું નહિ, તેમ કથીર પણ નહિ. નવું કે જૂનું, જે હોય તે, કથીર છે કે સોનું તેની પરીક્ષા કરવી જોઈએ અને પછી જ તે છોડવું, જાળવવું કે મેળવવું તેનો નિર્ણય થવો જોઈએ.

સામાન્ય માનવી હમેશાં પ્રવાહમાં ખેંચાય છે. દુનિયા જેને અસામાન્ય તરીકે ઓળખે છે તેમાંથી પણ ઘણા આ પ્રવાહમાંથી બચી શકતા નથી. આપણે યુગને અનુરૂપ રહેવું, વર્તમાન સંયોગોનો વિચાર કરવો, બદલાતી સમાજરચનાની આપણામાં સમજ હોવી વગેરે જરૂરનું છે, પણ તેનો અર્થ એ નહિ કે શઢ–સુકાન વિનાના વહાણ જેવી આપણી દશા હોવી જોઈએ. આપણે નિશ્ચિત સિદ્ધાંત સ્થાપિત કરવો જોઈએ. નિશ્ચિત સ્થાને પહોંચવાનો નિર્ણય અને તે માટેની સમજ આપણે કેળવવી જરૂરનાં છે. માનવમાનવ વચ્ચે આપણે કેવો સંબંધ ઇચ્છીએ છીએ? જો પ્રેમસંબંધ ચાહતા હોઈએ તો તેની શરૂઆત ક્યાંથી થવી જોઈએ? આખા વિશ્વને કુટુંબ માનવું, સર્વમાં ઈશ્વરનાં દર્શન કરવાં, સગાંસ્નેહીઓ ને અજાણ્યાઓ તો ઠીક, પણ શત્રુ–મિત્ર વચ્ચે પણ ભેદ ન રાખવો એ આદર્શ જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમક્ષ રહેવો જોઈએ; પણ ભૂલવાનું નથી કે બાળક જન્મતાં જ દોડી શકતું નથી, બોલી શકતું નથી, એ માટે સતત પ્રયત્ન કર્યા પછી જ સિદ્ધિ મેળવે છે. આધાર વિના ઊભા રહેવાનું શીખવા માટે બાળક કેટલી ધી વાર પડે છે ને ચાલતાં પહેલાં કેટલી વાર ગબડે છે તેનું અવલોકન કર્યું છે? બાળકના વિકાસને નજર સામે રાખી આપણે વિકાસનો માર્ગ પસંદ કરવો જોઈએ. બાળકમાં કુદરતી રીતે જ એવી શ્રદ્ધા હોય છે કે અંતે તે ચાલશે, બોલશે, સમજશે, એટલે જ એ પરિશ્રમ કરે છે. બાળક હિસાબ માંડતું નથી કે દસ-વાર પડ્યા પછી એક જ વાર ઊભું રહી શકાયું છે, એટલે સ્થિર ઊભવામાં એ કદી સફળતા મેળવશે નહિ; એ તો અંતઃસ્ફુરણાથી માને છે, કે પડી જવાયું, તે માયા–અસત્ય, ઊભા રહેવાયું તે વાસ્તવિકતા–સત્ય. આવી શ્રદ્ધા આપણામાં હોવી જોઈએ. બાળકના આ પ્રયત્નો–પ્રયોગો–સાધના માબાપના ખોળામાં શરૂ થાય છે તેમ સામાન્ય માનવીના ગુણોની સાધના પણ માતાના–કુટુંબના ખોળામાં થાય એ સ્વાભાવિક છે.

કુદરતે માનવમાં જ નહિ, પ્રાણીમાત્રમાં સ્નેહ મૂક્યો છે, પણ સૌમાં તેનું એકસરખું પ્રગટીકરણ થતું નથી. હિંસક પ્રાણીઓ પણ પોતાના ટોળામાં સારી રીતે વર્તે છે ને બચ્ચાંની રક્ષા માટે તો જાન સાટે ખેલે છે. માનવીમાં પણ એવું જ છે. કોઈ માને પૂછો કે બાળકના જતન માટે આટલું બધું કષ્ટ શા માટે ઉઠાવે છે? જવાબમાં સ્મિત સિવાય બીજું કંઈ મળશે નહિ. બાળકોમાં પણ કુદરતે જાદુ જ મૂક્યું છે ને! એ પારાવાર ત્રાસ આપે, માતાપિતા એને ટીપી નાખવા જેટલાં રોષે ભરાય ને બીજી જ ક્ષણે એની પાંપણો ભીની થતાં કે હોઠ ઉપર સ્મિત ફરકતાં લાગણીનો પ્રવાહ જ બદલાઈ જાય! આ સ્નેહ અને આ આકર્ષણ વિકસે, વિસ્તરે, વિશુદ્ધ થાય તે માટે છે કુટુંબની રચના. કુટુંબ એટલે અમુક સંખ્યા એમ નહિ, અમુક હદ સુધીના સંબંધો એમ પણ નહિ, કુટુંબ એટલે સ્નેહભર્યું જોડાણ. સંયુક્ત કુટુંબની પ્રથાના વિરોધીઓ ને વ્યક્તિસ્વાતંત્ર્યના પ્રખર હિમાયતીઓ પણ મા અને બાળકને જુદાં થવાનું નથી કહેતાં. પતિપત્ની માટે પણ તેઓ એમ કહે છે કે પરસ્પર નિભાવી લેવું જોઈએ, અતિ ગંભીર બાબત ન હોય તો બાંધછોડ કરી લેવી જોઈએ. કોઈ આગળ વધી એમ પણ કહે છે કે બાળક થયા પછી પતિપત્નીની સ્નેહગાંઠ વધુ મજબૂત બને છે, જીવનનાં તોફાનોમાં એમની નૌકા બાળક જ બચાવી લે છે.

બાળકનો આ દાખલો એમ સૂચવે છે, કે જ્યાં સ્નેહ હોય ત્યાં જ માનવી વિકાસ માટે પ્રયત્ન કરી શકે; પડવા છતાં એ હતાશ થાય નહિ, પડે અને ફરી ઊભો થાય. પોતાની જાત વિષે કોઈ ગેરસમજ કરશે એવો ભય તો પ્રગટે જ નહિ. પોતે પણ સ્નેહથી જ ત્યાગ કરવા શીખે, બીજાની સગવડ સાચવવામાં એને સુખ ઊપજે અને બીજા પાસે સગવડ માગવામાં કશો સંકોચ ન થાય. જગતના બીજા વ્યવહારોમાં હાથમાં ત્રાજવું રાખવું પડે, સંસારના વ્યવહારમાં જેટલું લઈએ તેટલું દઈએ ત્યાંસુધી તો આપણે સજ્જન કહેવાઈએ, જ્યારે કુટુંબમાં લેવાદેવાનો હિસાબ જ કરવાનો હોય નહિ. માતપિતા બાળક માટેના ખર્ચનો અને શ્રમનો હિસાબ માંડે નહિ અને સુપુત્ર કે સુપુત્રી વૃદ્ધ માતાપિતાને નિભાવવામાં બોજો અનુભવે નહિ. માતાપિતા અને બાળકને સંબંધ છે, ત્યાંસુધી તો ત્યાગ, તપ, સહિષ્ણુતા સ્વાભાવિક પ્રગટે ને વિકાસ પામે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનો અર્થ એ થયો કે પતિ, પત્ની અને તે પછી બાળક સુધી તો કોઈનો વિરોધ નથી. બાળકો મોટાં થાય, સમજણાં થાય, પોતાની ઇચ્છાનુસાર વર્તવા પ્રેરાય, માબાપ અને પોતાની વચ્ચે મતભેદ થાય ત્યારે જ કુટુંબ વિષે વિચારવાનો પ્રશ્ન ઊભો થાય છે. એટલે કે વિરોધ સૈદ્ધાંતિક નથી, એકાંતિક નથી, સંયોગો અનુસાર જ વિચારવાનું રહે છે. જો આપણે માનતા હોઈએ કે પ્રેમના પાયા ઉપર રચાયેલાં સંયુક્ત કુટુંબ માનવીના વિકાસમાં મદદરૂપ થાય છે ને માનવી ત્યાં સહજ રીતે સદ્‌ગુણો કેળવી શકે છે, તો તેની રક્ષા માટે આપણે પ્રથમથી જ પ્રયત્ન કરવો જોઈએ. દરેક વયે ને સમયે માનવી ભિન્નભિન્ન સંબંધોથી જોડાયેલો હોય છે અને જો ઝીણવટથી જોઈએ તો તેના જીવનમાં ઓછાવત્તા પ્રમાણમાં ઘર્ષણો પણ હોય છે; એટલે કુટુંબને સ્થિર અને પ્રેમમય કરવા માટે શરૂઆત ક્યાંથી કરવી એ સવાલ મહત્ત્વનો નથી. જે સ્થિતિમાં આપણે હોઈએ તે સ્થિતિમાં જે કાંઈ સુધારવા જેવું હોય તે જો સુધારી લઈએ તો ભવિષ્યનો માર્ગ સફળ થાય.

'સંયુક્ત કુટુંબ' એવો શબ્દપ્રયોગ કરતાં આપણા મનમાં ચોક્કસ પ્રકારની રચનાનો ખ્યાલ ઊભો થાય છે. આ ખ્યાલમાંથી હવે આપણે મુક્ત થઈ જવું જોઈએ. મોટાં કુટુંબો એટલે કે દાદા કે પરદાદાના પુત્રો, પૌત્રો, પ્રપૌત્રો જોવાનું હવે ભાગ્યે જ મળે છે. અત્યારે તો મોટી ઉંમરના અને બાળબચ્ચાંવાળા ભાઈઓ સાથે રહેતા હોય તો ય આપણને આશ્ચર્ય થાય છે અને એમના સંપનો દાખલો આપવામાં આવે છે. આવા સંયોગોમાં સંયુક્ત કુટુંબને રચવા કે ટકાવવાનો પ્રયાસ કરવા પાછળ આપણે શક્તિ ન ખરચીએ અને કુટુંબભાવના કેળવવા જ મથીએ એ ઇષ્ટ છે ને આવશ્યક છે. અત્યારની કુટુંબરચનામાં એક ગંભીર દોષ નજરે પડે છે ભાઈઓ જ્યાંસુધી સાથે રહેતા હોય ત્યાંસુધી પરસ્પર પ્રેમ નહિ તો ફરજનો ખ્યાલ તો રહે છે, જેઓ એવો ખ્યાલ નથી રાખતા તેઓ આપણા સમાજમાં ટીકાપાત્ર પણ બને છે. એક કુટુંબમાં રહેતા હોવા છતાં ભાઈઓ લડતાઝઘડતા હોય, એકબીજાનાં સુખદુઃખની ખાસ પરવા ન કરતા હોય, તેમનાં સ્ત્રી-બાળકોમાં સમાનતા ન જળવાતી હોય તો તેઓની નિંદા થાય છે. પરંતુ આ ભાઈઓ જો જુદા થાય, સહિયારી મિલકત વહેંચી લઈ, પછી કોઈ પોતાનું ઘર જમાવે તો તેમના સંબંધો વિષે કોઈને કશું અજુગતું લાગતું નથી. એ પછી બંને ભાઈઓની રહેણીકરણી અને સ્થિતિમાં આસમાન-જમીનનું અંતર હોય તો યે તેમને કોઈ યે દોષ દેતું નથી. પિતા-પુત્ર વચ્ચે પણ આવું બને છે. દીકરો મોટો થઈ લડી-કરી જુદો થાય. એટલે જાણે સંબંધનું સ્વરૂપ જ બદલાઈ જાય છે! જો 'સંયુક્ત કુટુંબ'ને નહિ, પણ 'કુટુંબભાવના'ને આપણે મહત્ત્વ આપતા હોઈએ તો આમ ન થાય, તો બધા સંયોગોમાં પરસ્પર ફરજનો ખ્યાલ રહેવો જ જોઈએ.

આ કુટુંબભાવનાનું મૂળ પ્રેમ અને કર્તવ્યમાં છે. એ શા રીતે પ્રગટે ને કેળવાય તેનો આપણે વિચાર કરવો જોઈએ; કારણ એ જ છે કુટુંબનું પ્રાણતત્ત્વ. એ જો હરાઈ જશે તો કુટુંબ સંયુક્ત હશે કે વિભક્ત, માનવીના ગુણવિકાસનું પ્રથમ પગથિયું ચુકાઈ જશે અને એ પ્રાણતત્ત્વ કાયમ રહ્યું હશે તો કુટુંબની રચના કયા પ્રકારની છે તે મહત્ત્વનો સવાલ રહેશે જ નહિ. આ કુટુંબભાવનાની રક્ષા અને વિકાસના ઉપાયો આપણે વિચારવા જોઈએ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિ એશિયા : ભારતનું ભાવિ

લેખક :
ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી
પીએચ. ડી. (કોલંબીઆ)

પ્રતિદિન વર્તમાનપત્રોને પાને પ્રગટ થતા 'અગ્નિ એશિયા'ના દેશોની માહિતી મેળવી લેવાની આજે ખાસ જરૂર છે; કારણકે આ 'અગ્નિએશિયા'ની આઝાદીના પ્રશ્ને આઝાદ ભારતે આખા યે જગતનું લક્ષ ધીમેધીમે પોતાના તરફ ખેંચવા માંડ્યું છે. બર્મા, સિયામ, હિંદીચીન, મલાયા, ઈંડોનેશિયા અને ફિલિપીન્સના ટાપુઓને સમાવી લેતા અગ્નિ એશિયાના પ્રદેશોનો અહીં રાજકીય પરિચય અપાયો છે. પંડિત જવાહરલાલ નહેરુની મંડળી સાથે ડૉ. શ્રીધરાણી તાજેતરમાં જ અગ્નિ એશિયાના પ્રદેશોનો પ્રવાસ કરી આવ્યા છે. 'મારું ભારત, મારું અમેરિકા' નામક એમનું અંગ્રેજી પુસ્તક ખૂબ પ્રશંસા પામ્યું છે. ગુજરાત ડૉ. શ્રીધરાણીને 'વડલો' અને 'કોડિયાં'ના કર્તા તરીકે સારી રીતે ઓળખે છે.

અગ્નિ એશિયા એટલે શું? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઊઠે. બીજું કાંઈ નહિ તોપણ ભૌગોલિક-પ્રાદેશિક દૃષ્ટિએ એનો શું અર્થ છે એ માટે જિજ્ઞાસા ઊભી થાય છે. 'પૂર્વના દેશો,' 'પશ્ચિમના દેશો' કે 'નવી દુનિયા' આ બધી ભૌગોલિક સીમાકલ્પનાઓ માનસિક વ્યાપારનું પરિણામ છે અને એ કલ્પના કરતી વખતે ઇતિહાસકાર કે ભૂગોળશાસ્ત્રી સાંસ્કૃતિક સંકલનાને પણ નજરમાં રાખે છે, પરંતુ આ બધા શબ્દપ્રયોગોની વ્યાખ્યા બાંધવામાં ઘણી મુશ્કેલી નડે છે. દાખલા તરીકે 'પશ્ચિમના દેશો'ની આપણે જેવી રીતે વ્યાખ્યા આપી શકીએ એવી રીતે 'પૂર્વના દેશો'ની નથી આપી શકતા. એમાં આપણી માનસિક કલ્પના ઢીલી પડી જાય છે અને પશ્ચિમ સિવાયનું બાકીનું બધું પૂર્વ, એવી કૈંક અસ્પષ્ટ સીમાકલ્પના આપણા પર સવાર થઈ જાય છે. આમ ભૌગોલિક-પ્રાદેશિક સીમાકલ્પનાઓને આપણી માનસિક સંકલનામાંથી પસાર થવાનું રહે છે.

'દૂર પૂર્વના,' 'નજીકના પૂર્વના' કે 'મધ્યપૂર્વના દેશો'–આ ભૌગોલિક નામો અને તેની પ્રાદેશિક કલ્પના વિષે સારી એવી ગેરસમજૂતી ફેલાઈ છે. જાપાનીઓ જેને 'પૂર્વનું મહાન એશિયા' કહેતા એમની બાબતમાં પણ આવું જ બન્યું છે. એશિયાના અમુક વિસ્તારોને આપણે 'દક્ષિણ એશિયા' તરીકે કલ્પ્યા... અને હવે તો એમાંથી 'અગ્નિ એશિયા'ની ભૌગોલિક અસ્મિતા પ્રગટી છે.

જુદાજુદા ભૌગોલિક વિસ્તારો નક્કી કરી તેના સીમાડા બાંધવાની પ્રક્રિયામાં, તેમ કરનારની રાષ્ટ્રીયભાવના અને તેનો પૂર્વગ્રહ મોટો ભાગ ભજવે છે. સામાન્યતઃ વ્યક્તિ માત્ર પોતાના દેશને વિશ્વનું કેન્દ્ર માનીને, વિસ્તારોનાં જૂથ પાડીને તેના સીમાડા નક્કી કરવા પ્રેરાય છે. બિરબલે બાદશાહને કહેલું કે અતિપૂર્વ તે પશ્ચિમ, અને પરમ પશ્ચિમ તે પૂર્વ! આ રીતે જોતાં 'અગ્નિ એશિયા'–એ સીમાકલ્પના જરાક નવી છે, પણ એ વિસ્તાર કયો, એનો આપણને સ્પષ્ટ ખ્યાલ નથી. પ્રાકૃતિક રચનાની દૃષ્ટિએ વિચારીએ તો ભારત અને ઑસ્ટ્રેલિયાના ઉપખંડો વચ્ચે પથરાયેલો 'દક્ષિણ એશિયા'નો વિસ્તાર એ 'અગ્નિ એશિયા.' એનો એક સીમાડો કરાંચીને અને બીજો ત્યાંથી ૬૬૦૦ માઈલ દૂર ઑસ્ટ્રેલિયાના મેલબોર્નને અડકે છે. એનો ત્રીજો સીમાડો ઑસ્ટ્રેલિયાથી ૪૧૦૦ માઈલ દૂર ફિલિપીન્સના લ્યુઝોન સુધી વિસ્તરે છે. લ્યુઝોનથી લઈને કરાંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધીની એક સીધી લીટી દોરીએ તો તેની લંબાઈ લગભગ ૩૫૦૦ માઈલ થાય. આ ત્રિકોણ વિસ્તાર અગ્નિ એશિયાને નામે ઓળખાય છે. બર્મા, સિયામ, હિંદી ચીન અને મલાયા તથા ઇન્ડોનેશિયા અને ફિલિપીન્સના ટાપુઓ એમાં પથરાયા છે. એની ફરતા ત્રણ બાજુએ ત્રણ મોટા દેશ છે. ભારત, ઑસ્ટ્રેલિયા અને ચીન. ભારત અને ઑસ્ટ્રેલિયા રાજકીય દૃષ્ટિએ આ વિસ્તારના જ ગણાય. ચીનનો મામલો જરા જુદો છે. એ આ વિસ્તારમાં નથી પણ એની સર્વાંગી અસર આ વિસ્તારો પર પડતી રહી છે, તે એટલે સુધી કે એને હવે આ વિસ્તારમાં જ ગણવો પડે.

આ મહાન ત્રિકોણ ખંડમાં માનવજાતિનો ચોથો ભાગ એટલે કે ૬૦ કરોડ જેટલા લોકો વસે છે. આમાં સૌથી મોટો ભારત–એની વસ્તી ૩૫ કરોડની. એ પછી ઇન્ડોનેશિયા આવે. એની ૭ કરોડની વસ્તીમાંના ૫ કરોડ લોકો માત્ર જાવામાં વસ્યા છે. મલાયાની વસ્તી ૬ કરોડની, પણ એમાં મોટાભાગના પરદેશીઓ છે. હજી ગઈ કાલ સુધી એ અગ્નિ એશિયામાંનું બ્રિટિશ લશ્કરી થાણું હતું. ઑસ્ટ્રેલિયાની ૧ કરોડ ગોરી પ્રજાને ભલે આ વિસ્તારમાં ગણાવાનું પસંદ ન હોય; પણ એનું ભાવિ તો આ વિસ્તાર સાથે જ જોડાયેલું રહેશે.

અગ્નિ એશિયાનો વિસ્તાર પહેલાં 'બૃહદ ભારત' કહેવાતો. લશ્કરી, સાંસ્કૃતિક અને આર્થિક દૃષ્ટિએ આ વિસ્તારોમાં ભારતનું અગત્ય કેટલું હતું તે એના પરથી સમજાય છે. ઠેઠ પંદરમી સદી સુધી હિંદુ રાજાઓની આણ આ ત્રિકોણ દુનિયાના ઘણા ભાગોમાં ફેલાઈ હતી. એ સમયે ભારતીય વહાણો આ વિસ્તારોના સમુદ્રપ્રદેશમાં ઘૂમતાં અને પોતાની સત્તા પાથરતાં. પંદરમી સદીમાં ભારતનું આ સમુદ્રવર્ચસ્વ આરબોના હાથમાં પડ્યું; અને ૧૬મી સદીમાં આરબોના હાથમાંથી ફિરંગીઓએ તે ઝૂંટવી લીધું.

નેપોલિયન ઇંગ્લેન્ડ સાથે યુદ્ધે ચઢ્યા હતો તે સમય દરમ્યાન બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ (કે જેનું ભારતમાં વર્ચસ્વ સ્થપાઈ ચૂક્યું હતું.) વલંદાઓના (ડચોના) હાથમાંથી ઇસ્ટ ઇન્ડીઝ લઈને સાચવી રાખ્યું, ત્યારથી વલંદાઓને એશિયામાં તો બ્રિટિશ નૌકાદળની મહેરબાની ઉપર જીવવું પડ્યું. નવાઈની વાત તો એ છે, કે જર્મની અને રશિયા સિવાય જગતના તમામ મોટી સત્તાઓ એક યા બીજી રીતે આ વિસ્તારો સાથે સંકળાયેલી હતી. સિયામને બાદ કરતાં આ સમગ્ર વિસ્તાર લાંબા સમય સુધી વસાહતી સત્તાના વર્ચસ્વ હેઠળ રહ્યો. પરંતુ સિયામ તો બહુ નાનો પ્રદેશ કહેવાય અને એનું અર્થકરણ પણ કોઈ ને કોઈ વસાહતી સત્તાને આધીન હતું. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન આ વિસ્તારનો ઘણો મોટો ભાગ દુશ્મન રાજાઓના–ખાસ કરીને જાપાનના હાથમાં પડ્યો, પણ જ્યારે જાપાનને ભાન થયું, કે તેના દહાડા હવે ભરાઈ ચૂક્યા છે, ત્યારે તેણે 'ઘાસના ગંજીમાંના કૂતરા'ની કૂટ નીતિનો આશરો લીધો. 'ખાઉં પણ નહિ અને કોઈને ખાવા પણ નહિ દઉં,' એ વૃત્તિ એનામાં જાગી. એટલે આ વિસ્તાર ખાલી કરતાં પહેલાં જાપાનીઓએ ત્યાંની પ્રજામાં છૂટે હાથે હથિયાર અને દારૂગોળો વેર્યાં અને કાયમને માટે ત્યાં અશાંતિ, અંધાધૂંધી અને ખૂનામરકીનાં બી વાવ્યાં–જેનાં વિષવૃક્ષ આજે ત્યાંની ધરતી ફાડીને બહાર ફૂટ્યાં છે અને ત્યાંની રહેંસાઈ રહેલી પ્રજા એનાં કડવાં ફળ આજે ચાખે છે.

બ્રિટિશ શાહીવાદનાં ચક્રો ભારતની ધરી ઉપર ફરતાં હતાં. એની અખૂટ સમૃદ્ધિ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સભ્યતાએ પરદેશીઓને આંજ્યા—આકર્ષ્યા. પરિણામે એશિયાના ઘણા દેશો ઉપર પશ્ચિમની સત્તાના ગોઝારા ઓળા પથરાયા; પણ પછી તો સૂતેલો કાળ જાગ્યો—તેણે એક વિરાટ પછાડ મારી. એની સાથે જ શાહીવાદના ફૂડચા ઊડ્યા અને ભારત આઝાદ બન્યું. એનો પવન બધે ફેલાયો. બર્મા અને સિલોને શાહીવાદનો રંગ ભૂંસી નાખ્યો. મલાયા અને હિંદીચીને પણ શાહીવાદ સામે જેહાદ જગાવી. એમને હજી મુક્તિ મળી નથી, પણ જેહાદ ચાલુ જ છે. આ બધાંની પાછળ ભારતની આઝાદીની પ્રેરણા હતી—આમ ભારત અગ્નિ એશિયાની આઝાદીનું પ્રાણપ્રણેતા બની રહ્યું.

આમે ય તે ભારતનું ભાવિ અગ્નિ એશિયા સાથે સંકળાયેલું છે. તેમાં ઇતિહાસનાં પરિબળોએ મદદ કરી અને સમસ્ત અગ્નિ એશિયાનાં પ્રતિષ્ઠા અને ગૌરવની ટોચે એને બેસાડ્યું અને આજનો આંતરરાષ્ટ્રીય પ્રવાહ એને એ તરફ જ વાળી રહ્યો છે.

એક સમય એવો હતો, જ્યારે પશ્ચિમના દેશોએ પોતાનો અલગ વાડો નક્કી કરી દીધો હતો. પૂર્વના પડછાયાને પણ એમાં સ્થાન નહોતું. એ તબકકે પૂર્વના દેશોના સ્વાભિમાને 'એક અને અખંડ એશિયા'નું સ્વપ્ન સર્જ્યું. એ વખતે તો એશિયા પર દુશ્મનોના ડરામણા ડોળા તાકી રહ્યા હતા, એટલે પોતાની સલામતી માટે એશિયાઈ પ્રજા આ સ્વપ્નને સાચું પાડવા મથી રહી; પણ સમય જતાં ભીતિનું વાતાવરણ ઓછું થયું અને એની સાથે જ એશિયાનાં સંયુક્ત સંરક્ષણની ભાવના પણ લુપ્ત થઈ. ધીમેધીમે 'એક અને અખંડ એશિયા'ના સુંદર સ્વપ્નના તાર તૂટવા માંડ્યા; અને જાણે કે એકાએક બધાને ભાન થયું, કે સમગ્ર એશિયાની કલ્પના વધારે પડતી છે—એશિયાઈ દેશોની એકતાની વાત અસંભવિત છે. પણ આજની દુનિયાને એક વાત સમજાઈ છે, કે બધાની સલામતી ભયમાં છે; એટલે એના રક્ષણ માટે આડોશપાડોશના વિસ્તારોએ ભેગા થઈને સંયુક્ત પ્રયાસો કરવા રહ્યા...! તો પછી એશિયાની સલામતી શી રીતે સાચવવી? કારણકે એનો વિસ્તાર તો અતિશય મોટો—વિસ્તૃત છે. જેટલું ચવાય એટલું જ ખાઈએ તો નડે નહિ, પણ વધુ ખાઈએ તો જરૂર ભારે પડે. એ જ પ્રમાણે જેટલા વિસ્તારોમાં પહોંચી શકાય એટલા વિસ્તારોનું જ સંગઠન વાજબી છે. કેવળ એશિયાને નામે બધા વિસ્તારોને ભેગા કરવામાં એકતાને બદલે અનેકતા ફેલાવાનો અને પરિણામે સલામતીનું આપણું ધ્યેય માર્યા જવાનો પૂરો સંભવ છે.

એ પછી એવો તબક્કો આવ્યો જ્યારે આપણને લાગ્યું, કે દૂર પૂર્વના બાૈદ્ધ દેશો અને નજીકના પૂર્વના મુસ્લિમ દેશો વચ્ચે ભારત એક સુવર્ણ સાંકળ બની રહે. આ દેશો સાથેના પરાપૂર્વના સંબંધોને લઈને ભારત એની વધુ ને વધુ નજીક જઈ રહ્યું છે. ભારતની આઝાદીની સાથે જ પાકિસ્તાનના મુસ્લિમ રાજ્યનો જન્મ થયો. ભારત નજીકના પૂર્વના દેશોની જેટલું નજીક છે એટલું પાકિસ્તાન નથી, એ હકીકત સ્વીકાર્યા પછી પણ એટલું કહેવું રહ્યું કે ધાર્મિક ધોરણે ઘડાતી પાકિસ્તાનની આંતરિક રાજનીતિ અને એની વિદેશનીતિએ પોકારેલા 'સમસ્ત ઇસ્લામી રાજ્યોના સંગઠન અને એકતા'નાં સૂત્રે અને એમાંથી જન્મેલી એની અનેકવિધ પ્રવૃત્તિઓએ ભારતનું કાર્ય વિપરીત કરી મૂક્યું છે.

આ તરફ આટલાંટિક મહાસાગર પરના દેશોએ સંયુક્ત સંરક્ષણના કરારો જાહેર કર્યા. એને પગલે ચાલીને પાસિફિક મહાસાગરના દેશોએ પણ એવા જ કરાર માટે ધમપછાડા શરૂ કર્યા. પરંતુ ભારતે આનાથી અળગા રહેવાનું પસંદ કર્યું; કારણકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્તાનાં બંને જૂથો વચ્ચે એને તટસ્થ રહેવું છે. પાસિફિક મહાસાગરના દેશોની એકતાની આદર્શ કલ્પના વ્યવહારમાં ન ઊતરી. આ સૂચિત જૂથમાં ગ્રેટબ્રિટન અને અમેરિકા તો આવી જાય, પણ રશિયાને તેમાં સ્થાન નહિ મળે; એટલે ભારત જો એ જૂથમાં ભળે તો તે પશ્ચિમની સત્તાની હરોળમાં આવી જાય અને એમ કરવામાં પૂર્વની સત્તાની સામે તેને આવવું પડે. ભારતની વિદેશનીતિને આ ન રુચે.

એટલે જો આપણે વિભાગીય સંગઠનને માન્ય રાખવું હોય તો આપણે માટે બાદબાકીની રીતે અગ્નિ એશિયાના દેશો સાથે ભળી જવું પડે. રાષ્ટ્રવાદ અને 'એક દુનિયા'ના આદર્શ વચ્ચે સમાધાન ભૂમિકારૂપ તે આ વિભાગીય સંગઠનવાદ (અં. રિજિપાંનલ ઓરગેનાઇઝેશન).

આ તો આપણે હાલનાં રાજકીય તેમજ ઐતિહાસિક પરિબળોનું વિવેચન કર્યું. એમાં આર્થિક વિચારબિંદુને પણ સ્થાન આપી શકીએ. અગ્નિ એશિયાના બધા જ દેશોમાં આર્થિક પરિસ્થિતિ સર્વસામાન્ય છે. મોટા ભાગના આ દેશો વસાહતી અર્થતંત્રની બેડીઓ તોડી ઔદ્યોગિક ક્રાંતિનાં દ્વાર ખખડાવી રહ્યા છે. જો કે બીજા દેશોના કરતાં એની હાલત સારી ગણાય, છતાં પણ ભારત આમાં અપવાદરૂપ તો નથી જ. વળી આ દેશોમાં અર્થતંત્ર અને આર્થિક પરિસ્થિતિ ખોરાક પર ઘણો આધાર રાખે છે–

આઅગ્નિ એશિયાના વિભાગમાં પશ્ચિમના આર્થિક અને ઔદ્યોગિક વિકાસ પામેલા દેશોથી ઊલટું પૈસાની પૈસા તરીકે ખાસ કિંમત નથી. અખૂટ ઉત્પાદન અને એ પછીની અનિવાર્ય આર્થિક મંદી લાવતાં જીવનધોરણ અને આર્થિક ચક્રો વિષેની પશ્ચિમની ગણતરીઓ ઉપરોક્ત વિભાગને લાગુ પાડવામાં આવતાં ખોટી ઠરે છે. એવા લોકોની જરૂરિયાતો બહુ ટૂંકી હોય છે; અને જ્યાંસુધી પાક સારો ઊતરે ત્યાંસુધી તેમને પૈસાની તંગી હોવા છતાં મંદી જણાતી નથી.

એ જ પ્રમાણે ખેતી કરતી કોમો પર સામ્યવાદનો પંજો એટલી અસર નથી કરતો જેટલી દુઃખી અને પીડિત કામદારો પર કરે છે.

ઇતિહાસ, રાજનીતિ અને અર્થતંત્રનો વિચાર કરતાં એમ થાય છે, કે સમાન સંસ્કૃતિનાં પરિબળોની પણ ગણના કરવી જોઈએ: જગતમાં અગ્નિ એશિયા એક એવો વિભાગ છે જ્યાં હિંદુ સંસ્કૃતિ, રીતરિવાજો અને પ્રતીકો હજી પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. હિંદુધર્મ આ જ વિભાગમાં વિસ્તાર પામ્યો. અલબત્ત એ જરા વિચિત્ર છે, કે હિંદુ ગણિતશાસ્ત્ર, એમાં ય અપૂર્ણાંક પદ્ધતિ અને એલજીબ્રા આરબો મારફત પશ્ચિમમાં પહોંચ્યાં. સંસ્કૃત વ્યાકરણ પણ ગ્રીસ પહોંચ્યું. હિંદુ સંસ્કૃતિમાં જે કંઈ વૈજ્ઞાનિક હતું તે પશ્ચિમ તરફ ગયું અને સ્થાપત્યકલા તેમ જ અન્ય કળાઓ પૂર્વ તરફ પહોંચી. એ સમયના અગ્નિએશિયામાં ચારે તરફ હિંદુ મંદિરોનાં રહ્યાંસહ્યાં ખંડિયેરો નજરે ચડે છે. અગ્નિ એશિયામાં બધે ય હિંદુ રીતરિવાજો નજરે ચડે છે અને એ પણ સાચું જ છે કે આ વિભાગોના મુસ્લિમો પણ આ રિવાજોને અનુસરે છે. બર્મા, મલાયા, સિયામ અને હિંદીચીનનાં સાહિત્યો તેમ જ ભાષાઓ–ભાષાઓની ગંગોત્રી સમી સંસ્કૃતના ઋણી છે. ઈન્ડોનેશિયાની ભાષામાં ૨૫ટકા શબ્દો અને મૂળ શબ્દો સંસ્કૃત છે. હું જ્યારે કોલંબિયા યુનિવર્સિટીમાં હતો ત્યારે મારી સાથે એક ઈન્ડોનિશિયન યુવતી હતી. તેઓ અત્યારે જાકાર્તાના એક અખબારના તંત્રી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનું નામ ઈરાવતી લતીફ છે. ત્યાંના પ્રમુખ સુકર્ણોનું પોતાનું નામ પણ સંસ્કૃત છે.

આ અનુપમ અનુભવ બાલી ટાપુમાં પૂર્ણતાએ પહોંચે છે. આ મનોરમ્ય ટાપુની વસ્તી આશરે ૨૦ લાખ છે, જેમાં ૯૫ ટકા હિંદુઓ છે. તેઓમાં પણ જ્ઞાતિ પદ્ધતિ છે, જેને તેઓ 'વર્ણવ્યવસ્થા' કહે છે. તેઓ પણ મૃતદેહોને અગ્નિદાહ દે છે; પણ એ વિધિ તેમને એટલી બધી મોંઘી પડે છે કે તેઓ પડેલાં તે મૃત દેહોને દાટે છે અને જ્યારે મોટા પ્રમાણમાં એવા મૃત દેહો એકઠા થાય ત્યારે બહુ જ ઠાઠમાઠથી તે બધાને સામટા અગ્નિદાહ દેવામાં આવે છે, જેથી વ્યક્તિગત ખર્ચો ઓછો આવે.

હું હિંદુપ્રચાર અને તેના પ્રભુત્વ વિષે વાત કરી રહ્યો છું, પણ મારું દૃષ્ટિબિંદુ કોમી તો નથી જ. ભારતીય શબ્દની જગ્યાએ હું હિંદુ શબ્દનો ઉપયોગ કરું છું; કેમકે આ બાબતમાં એ શબ્દ વધુ સારી રીતે લાગુ પડે છે. બાલીમાં હિંદુ ધર્મ ભારતના જેટલો જ વિચિત્ર છે. દાખલા તરીકે બ્રાહ્મણ સિવાયની લગભગ બધી જ જ્ઞાતિઓને ગૌ–આહાર કરવામાં કશો જ વાંધો નથી હોતો અને છતાંય ભારતના હિંદુ જેટલા જ તેઓ શુદ્ધ હિંદુ મનાય છે. હું અહીં સંકુચિત ધર્મ નહિ, પણ જીવનની રીતિઓ અને વ્યવહાર વિષે વાત કરી રહ્યો છું. ઊલટું ઇન્ડોનેશિયામાં એવા ઘણા મુસલમાનો છે જેઓને સૂવરનું માંસ ખાવામાં ઘણો ઓછો વાંધો હોય છે. આ બધું બતાવે છે, કે સર્વ-સામાન્ય માન્યતાઓને સાચવી રાખવા એક જ જાતની પ્રથાઓ હોવી જરૂરી નથી.

આમ ઐતિહાસિક, રાજનૈતિક, આર્થિક તેમજ સાંસ્કૃતિક સંબંધો અને પ્રવાહો ભારત અને અગ્નિ એશિયા માટે એક જ ભાવિ બતાવે છે. પરંતુ ભારત બહુ મોટો દેશ હોવાથી એણે પોતાની વાણી અને વર્તન પ્રત્યે ઘણું ધ્યાન રાખવું જોઈએ. હાલમાં જ જે દેશો સ્વતંત્ર થયા છે તે કુદરતી રીતે જ જરા અધીરા છે, એટલે આપણા જવાબદાર રાજનીતિજ્ઞોએ ધ્યાન રાખવાનું રહેશે કે તેઓ એવું કશું ન ઉચ્ચારે કે જેથી અગ્નિ એશિયા માટે પ્રાદેશિક સંસ્થા ઘડવામાં કંઈ અંતરાય ઊભો થાય, નેતાગીરીની વાત કરશું તો બાજી બગડશે.

દાખલા તરીકે ઇન્ડોનેશિયા વાસ્તવિકતામાં ઘણો જ શક્તિશાળી દેશ છે. જો કે અત્યારસુધી તેણે ભારતને મિત્ર અને માર્ગદર્શક ગણ્યું છે. ઇન્ડોનેશિયાના આરચીપેલેગોસમાં ઓછામાં ઓછા ૩૦૦૦ ટાપુઓ આવેલા છે. પરંતુ સુંડા ટાપુઓ જેમાં-જાવા, મદુરા અને સુમાત્રાનો સમાવેશ થાય છે તે મુખ્ય છે. એનો વિસ્તાર ૭ લાખ ૩૫ હજાર માઈલ જેટલો છે. એના જેવડા જ દુનિયાના કોઈ પણ બીજા વિસ્તાર કરતાં–ખનીજ પદાર્થો જેવાં કે તેલ–ટીન–કોલસો-લોખંડ-ટગસ્ટન મેંગેનીઝ-સોનું-રૂપું-હીરા, એલ્યુમિનિયમની બાબતમાં એ સૌને મોખરે આવે છે. આખી દુનિયામાં એ સૌથી વધારે લીલોછમ પ્રદેશ છે. એની ભૂમિ એટલી રસાળ છે, કે લીલાં માથાં વાઢીને નાંખ્યા હોય તો તે પણ ઊગી નીકળે. ખનીજ પદાર્થો અને ઔદ્યોગિક શક્તિ બંનેનું સંગઠન થવું એ હવે ત્યાં માત્ર સમયની જ વાત છે. એવો શક્તિશાળી દેશ-વિગ્રહથી કરતાં એકસરખાં ભાગીદાર તરીકે જ સારો-એ દેશ દિલ્હી પરિષદ અને સલામતી સમિતિમાં એની સ્વતંત્રતા માટેના ભારતના પ્રયત્નો માટે ભારતને કૃતાર્થ છે. પરંતુ એ લાગણી એને આપણો મિત્ર બનાવવા માટે જ પ્રેરવી જોઈએ.

મલાયાનો દાખલો લ્યો. એ પરદેશીઓનો દેશ છે. પરદેશીઓની સંખ્યા એ દેશનાં સંતાનો કરતાં વધી જાય છે–ચીની લોકોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તી સૌથી વધુ છે. આજે તો ત્યાં ગોરાઓ સામે તોફાની પ્રવૃત્તિઓ ખેલાઈ રહી છે. પરંતુ કાલે પીળા અને પરમ દિવસે ઘઉંવર્ણા લોકો સામે થઈ જાય તેની કોને ખબર છે? એમાંથી સાર એટલો જ લેવાનો છે, કે ભારતીઓ ત્યાં મિત્રો તરીકે જ રહી શકે અને ગોરા લોકો અને મુખ્ય પ્રજાની વચ્ચે દલાલ તરીકે નહિ. એ જ પ્રમાણે મલાયામાં વસતા હજારો ભારતીઓને સાચું માર્ગદર્શન આપીને જ ભારત મલાયાની કાયમી મૈત્રી મેળવી શકશે.

સિયામની વાત જરા જુદી છે. જ્યારે બાકીનું અગ્નિ એશિયા ગુલામ હતું ત્યારે સ્વતંત્ર હોય તેવો એક દેશ માત્ર સિયામ જ હતો. આ હકીકતે ત્યાંના લોકોમાં જેને 'તુર્કી માનસ' કહી શકાય તેવું માનસ કેળવ્યું છે.

સિયામના લોકો પૂર્વ કરતાં પશ્ચિમ સાથેના પોતાના સંબંધોમાં વધુ ગૌરવ લે છે, તુર્કીઓની જેમ તેઓ જરા અતડા રહે છે. ઇન્ડોનેશિયા માટેની દિલ્હીની પરિષદમાં તેમણે પ્રતિનિધિ મોકલ્યો ન હતો. અત્યારે સિયામનો રાજા રામ સાતમો છે. બેંગકોકની સ્થાપના થઈ તે પહેલાં તેનું પાટનગર અયોધ્યા કહેવાતું. આ બધું બંન્ને દેશો વચ્ચેનું સાંસ્કૃતિક ઐક્ય જરૂર બતાવે છે, પરંતુ રાજનૈતિક ઐક્ય તો જો, ભારત સિયામની સમાન ધોરણે મૈત્રી મેળવી શકે તો જ આવે.

બર્માની કહાની વળી જુદી છે. ગઈ કાલે સુધી તો એ ભારતનો એક પ્રાંત જેવો હતો. એનો વહીવટ કલકત્તામાં બેઠોબેઠો ગોરો અધિપતિ કરતો હતો. ત્યાંના પ્રમુખના રાજમહેલને શોભાવતું છેલ્લા બર્માઝ રાજા થીબોનું સુવર્ણ સિંહાસન ગઈ કાલ સુધી તો કલકત્તાના મ્યુઝિયમમાં હતું. હજી પણ રંગુન લગભગ ભારતીય જ છે. યુદ્ધ પહેલાંના દિવસોમાં રંગુનમાં ભારતીઓની બહુમતી ૬૦ ટકા જેટલી હતી અને હજી યે આખા બર્મામાં વસતા સાત લાખ ભારતીઓમાંથી રા લાખ તો રંગુનમાં જ વસે છે. ત્યાંની સ્થાવર મિલકતનો ૭૦ ટકા જેટલો ભાગ સુરતી મુસલમાનોના હાથમાં છે. રંગુનમાં સુધરાઈના કરની આવકનો ૮૦ ટકા જેટલો ભાગ તો ભારતીઓ પાસેથી જ આવે છે; એટલે એ ભારતીઓને પોતે પરદેશમાં વસે છે એવું માનવું જરા મુશ્કેલ છે.

પણ આટલું બધું ભારતીય વર્ચસ્વ પોતાના દેશમાં છે એ હકીકત ત્યાંના લોકોને રોષિત કરનારી છે; એથી ભારતની દીર્ઘ દૃષ્ટિ તો ત્યાંના ભારતીઓને પોતે ત્યાંનો એક મહત્ત્વનો ભાગ છે એવી સમજણ આપવામાં સમાયેલી છે.

અગ્નિ એશિયામાંના મારા અનુભવથી હું એટલું જોઈ શકું છું, કે એ આખો વિભાગ ભારત સાથે સહકારથી કામ કરવા તત્પર અને તૈયાર છે, પણ માત્ર સમાન ધોરણે જ. આમ તો એ દેશો ભારતને વડીલબંધુ તરીકે માનવા તૈયાર છે, પણ જો ભારત જાતે જ જરા પણ મોટાઈ બતાવશે કે સ્વકૃત મોવડીપાગું દાખવશે, તો એ દેશોનું રાષ્ટ્રીય ખુન્નસ ઊકળી આવશે.

ટૂંકમાં ભારત જો અગ્નિ એશિયામાં ભ્રાતૃભાવના કેળવવાના પ્રયત્નો કરશે તો એને માટે ઊજળું ભાવિ વાટ જોઈ રહ્યું છે. આપણું એ સ્વપ્ન મોવડીપણાની ઇચ્છાથી બરબાદ થવું ન જોઈએ. આપણે આપણી શક્તિનો ત્યારે જ ઉપયોગ કરી શકીએ જ્યારે આપણને આપણી નબળાઈનો પણ ખ્યાલ હોય. સ.થાં આપણા વલણ અને સહકારી દ.ષ્ટિથી આપણે આપણા સામાન્ય ધ્યેયને—અ:ગ્ન એશિયાની અસ્મિતાને પામીશું.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગમાં

લેખક :
શ્રી ઈશ્વર પેટલીકર

ગાડી ચૂકી જવાય તેટલો વિલંબ થઈ ગયો હતો; એટલે હું હાંફળોફાંફળો ટિકિટ-બારી ભણી ધસ્યો. મુસાફરોની લાંબી કતાર લાગેલી હતી. ગાડી આવી ગઈ હતી એટલે ટિકિટ લેવા બધા આગળવાળાને ઠેલતા હતા. મને થયું, કે લાઈનમાં ઊભા રહીને ટિકિટ લેવામાં ગાડી જશે જ; એટલે ત્યાં વખત ન બગાડતાં હું સ્ટેશન ભણી દોડ્યો; ઉપલા વર્ગની ટિકિટબારી પાસે જઈ કહ્યું: 'સેકન્ડની એક આણંદ.'

સેકન્ડના ડબામાં ગયો તો ત્યાં પણ ગિરદી હતી. છૂટથી બેસીને આરામ ભોગવવા માગતા, બેઠક ઉપર જગા મેળવેલા એક ગૃહસ્થ મને ગિરદીમાં વધારો કરતો જોઈ બબડ્યા: 'જ્યારથી સેકન્ડનું ભાડું ઘટાડી દીધું છે ત્યારથી થર્ડ કરતાં ભૂંડી દશા થઈ છે.' હું કોઈને અગવડ ન પડે તેમ જાજરૂ આગળના ખુલ્લા ભાગમાં ઊભો રહ્યો. એથી બારીમાંથી આવતો પવન રોકાતો હતો; પરંતુ સેકન્ડમાં એ અગવડરૂપ ન હતું; કારણકે અંદર બે પંખા ફૂલ સ્વીચ ઉપરથી ચક્કર લઈ રહ્યા હતા.

હાંફળોફાંફળો હું આવ્યો હતો એટલે શાંત પડી હાશ અનુભવું તે પહેલાં ડબ્બામાં બેઠેલા એક ચારેક વર્ષના છોકરાએ 'તમે ઊઠી જાઓ. માસીને બેસવા દો.' એમ શાંતિનો ભંગ કરી એક મુસાફરને કહ્યું, તેથી મારું ધ્યાન એના ભણી ખેંચાયું. એ બાળક એની માના ખોળામાં બેઠો હતો. એની મા હશે તેમ મેં માની લીધું હતું. મા કંઈ મોટી ન હતી. ૨૫ વર્ષની સુંદર યુવતી હતી. જો કે દેખાતી હતી વીસ વર્ષ જેટલી જ, પરંતુ ચાર વર્ષના બાળકને લીધે મેં ૨૨–૨૪થી નાની નહિ હોય તેમ માની લીધું. સુંદરતા એવી હતી, કે એક વખત એના તરફ નજર જાય તો ઝટ પાછી ખેંચી લેતાં બળ પડે. પરંતુ મારી નજર એના ઉપરથી ન ખસી, એના મધુરા હાસ્યને લીધે. બાળકે જે કહ્યું તેના જવાબમાં એ મીઠું હસીને બોલી: 'એવું કોઈને ન કહેવાય, બાબા! માસી ભલે ઊભી.'

માસી પંદરસોળ વર્ષની કન્યકા હતી. બહેન જતી હતી એને મૂકવા આવી હતી એમ હું સમજ્યો. પેલા મુસાફર ઊભા થઈને તો નહિ, પણ ખસીને બેસવાની જગા કરવા હાલ્યાચાલ્યા નહિ. બાબાની બાજુમાં બેઠેલો પુરુષ ઊભો થઈ ગયો. એ સાથે માસી બોલી: 'તમે બેસી રહો ને, હું ઊભી જ છું.'

પેલા પુરુષે કહ્યું: 'તમે બેસો, ગાડી ઊપડશે એટલે મારે બેસવાનું જ છે.' માસીને બહેને બેસવા કહ્યું: 'બેસ ત્યારે.'

પેલો પુરુષ ઊભો થયો એટલે બાબાએ એમની પાસે તેડાવવા લાડ કરતાં બે હાથ ઊંચા કર્યા. માએ એને ટપલી મારતાં કહ્યું: 'લુચ્ચા! એ ઊભા રહે તેટલાથી ન ધરાયો ને પાછો એમને ગળે પડે છે!'

મા એ બોલી રહે તે પહેલાં પેલા પુરુષે એને ઊચકી લીધો અને વહાલભરી ગાલે ચૂમી ભરી. મને થયું, એનો પિતા હશે. ઉંમરમાં બંને જણ સરખાં લાગતાં હતાં. થોડો પુરુષ નાનો હશે તેમ એના મોં ઉપરની કુમાશ કહેતી હતી, પણ છોકરા સાથેનાં એનાં ગેલ જોતાં થયું–પિતા જ છે. કોઈ ઉંમરમાં મોટા હોય છે પણ દેખાય છે નાના એટલું જ.

પરંતુ એ સાથે મારી નજર મા તરફ ગઈ તો એ રડતી હતી: અને એ ખાળવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયત્ન કરવા છતાં અશક્ત લાગતાં એણે બે પગ બેઠક ઉપર મૂકી વચ્ચે મોં છુપાવી દીધું. રડવાનો અવાજ નહોતો આવતો છતાં પાણી પીતાં ડોકની નળી ઊંચીનીચી જાય છે તેમ એ થતી જોઈ હું સમજી ગયો કે એ મૂંગા ડૂસકે ચડી ગઈ છે. ગાડીમાં લાગણીનું પ્રદર્શન ન થાય તે માટે એ અવાજને ગૂંગળાવી રહી હતી.

પણ એ રડતી હતી શા માટે? એ પહેલા વખતે સાસરે નહોતી જતી કે એને પિયર છોડતાં આમ ઓછું આવે! એની બહેન મૂકવા આવી હતી એટલે એ પિયરથી સાસરે જાય છે, કે ધણી જ્યાં રહેતો હશે ત્યાં જાય છે એમ દેખાતું હતું. સેકન્ડ ક્લાસની મુસાફરી, પેલા પુરુષનો પેન્ટ અને હાફ શર્ટનો મુંબઈગરો પોષાક, બાબા માટે પડેલાં ગ્લુકોનાં બિસ્કિટ, પાણી માટે થરમોસની શીશી, માની સુઘડતા અને સુંદરતા, એ મુંબઈવાસી હતાં એમ અનુમાન કરવાને મુખ્ય કારણ આપતાં હતાં. સવારની સૌરાષ્ટ્ર એક્સપ્રેસની ગાડી હતી એટલે મુંબઈ જનારની વસતી હોય તે સ્વાભાવિક હતું.

આવા સંજોગોમાં સ્ત્રીને રડવાનું કોઈ કારણ ન હતું. વળી એનાં માબાપ સ્ટેશન ઉપર મૂકવા આવ્યાં ન હતાં, કે ગાડીએ ઊપડવાની વીસરા મારી નહોતી કે વિદાયની છેલ્લી ક્ષણે રડી પડાય. એને પોતાને પણ અજુગતું લાગતું હતું એટલે છેવટે પરાણે રડવું ખાળી એણે સ્વસ્થ થતાં આંખો લૂછી નાખી હું એનું કારણ શોધવા, જાણે એના મુખારવિંદ ઉપર એ ગુપચુપ અક્ષરથી લખાયેલું હોય અને આંખો ખેંચીને વાંચવા પ્રયત્ન કરતો હોઉં તેમ નજર માંડી રહ્યો. પણ એ અક્ષર તો ન ઊકલ્યા, પણ બધાંને મારા તરફ જોઈ રહેલા જોઈ હું ભોંઠો પડી ગયો. કોઈ સ્ત્રી અને તે સુંદર અને નવજુવાન હોય ત્યારે આમ તાકી રહેવું એ જરૂર દરેકને અવિવેક નહિ પણ નિર્લજ્જતા જ લાગે, હું મારી જાતે શરમાઈ ગયો અને નીચું જોઈ ગયો.

એ સાથે મને વડોદરા સ્ટેશન ઉપર આવો બનેલો પ્રસંગ તાદૃશ થયો. મારી સામી પાટલી ઉપર એક દક્ષિણી નવજુવાન અને સુંદર બહેન બેઠી હતી. સુંદરતાનું ઇનામ મળે તેવી સાચે જ સુંદર હતી. બાજુમાં એનો પતિ બેઠો હતો. આમ તો એ કુરૂપ ન કહેવાય પણ પત્નીના હિસાબે એ કુરૂપમાં જ ગણાઈ જાય. પ્લેટફોર્મ ઉપર ફરતા એક ગુજરાતી જુવાનની સહેજે એ બહેન ઉપર નજર ગઈ. એ ઊભો રહીને થોડીવાર તાકી રહ્યો અને પ્લેટફોર્મ ઉપર એ ડબ્બા જેટલા ટૂંકા આંટા મારી એ બહેનને નિર્લજ્જતામાં ન ખપી જવાય તેમ જોવા લાગ્યો. લગભગ દસેક આંટા એણે માર્યા હશે ત્યાં પેલા પતિનું લોહી ઊકળી ઊઠ્યું. એ નીચે ઊતર્યો. પેલા જુવાનને કે મને પણ ખબર ન હતી કે એ કેમ નીચે ઊતર્યો અને એણે તો ઊતરવા સાથે પેલો યુવક આંટો મારતાં એની સામે આવ્યો તેવા ચારપાંચ તમાચા એના ગાલ ઉપર ચોડી જ દીધા!

મને થયું, પેલો પુરુષ આમ મારી નિર્લજ્જતા જોઈ મને લગાવી દે તો? પરંતુ આ પુરુષ તો બહુ ઉદાર લાગ્યો. બીજાંની નજર મારા તરફ મંડાઈ હતી, ત્યારે એ તો બાબા સાથે ગેલ કરવામાં ડૂબી ગયો હતો. વિનય બતાવી સામી બાજુવાળાએ થોડી જગા કરી આપી હતી એટલે બાબાને ખોળામાં લઈને રમાડતો હતો. એની એવી પણ ગણતરી લાગતી હતી, કે બાબો એની માને રડતી ન દેખે તો સારું. મને થયું, આ બહેન આટલું રડી છતાં કેમ પેલો પુરુષ કે નાની બહેન મૌન રહ્યાં? એનું રડવું અનિવાર્ય હશે!

એ સાથે મને થયું, કે કદાચ મા કે બાપ ગુજરી ગયાં હોય અને પિયર આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, નાનાં ભાઈ–બહેન અને વિધવા મા કે વિધુર બાળને મૂકીને જતાં એને દુઃખ રડાવી રહ્યું હોય તો ય કોને ખબર? બાકી કંઈ પિયર છોડી સાસરે જતાં રડવું આવે તે ઉંમરમાં એ હતી નહિં. એ સાથે મારું મન હસ્યું: તારે એ બધી ભાંજગડ કરીને શું કામ છે? એના હૈયામાં દુઃખ હશે ને? કંઈ એને શોખ તો નહિ થયો હોય ને?

ગાડીએ વીસલ મારી. માસી ઊભી થઈ ગઈ અને બહેનનો હાથ ઝાલી કહ્યું: 'ચાલ, ગાડી ઊપડશે.' અને જાણે બહેન ઊભી નહિ થાય તેમ ખાતરી હોવાથી એનો હાથ ખેંચી ઊભી કરી. બંને જણાં નીચે ઊતરી ગયાં. મને થયું, કે માસી મૂકવા આવી હતી, પણ આ મા કેમ ઊતરી ગઈ? અને પેલો પુરુષ અને આ બાળક અંદર રહ્યાં તેનું શું? ઉપરથી પેલા પુરુષે કહ્યું: 'તમે જાઓ.' અને પ્લેટફોર્મ ઉપર રુદનની પોટલી, જે અત્યાર સુધી માંડ માએ પકડી રાખી હતી તે છૂટી ગઈ; અને એના હાથ ડબાના બારણા સાથે ચપસીને પકડાઈ ગયા હોય તેમ ગાડી ચાલી છતાં એ છૂટી શકયા નહિ. નાની બહેને એના હાથથી થાય તેટલું જોર કર્યું અને ચાલતી ગાડીએ એના હાથ છૂટા કરાવ્યા. પેલો પુરુષ જે અત્યાર સુધી ધૈર્ય ધારી રહ્યો હતો તે પણ હાથમાંના રૂમાલ વતી આંખો લુછાવી ગયો હતો.

પેલી સ્ત્રીના હાથ બહેને છોડાવ્યા તો ખરા પણ એ સાથે ટેકો જતાં એ પ્લેટફોર્મ ઉપર પછડાઈ પડી, ઊભું માણસ હિસ્ટીરિયા આવે અને પછડાઈ પડે તેમ. હું બારીમાંથી આ દશ્ય જોઈ રહ્યો હતો ત્યાં ગાડી દૂર ખસી ગઈ અને મારી નજર બહાર પ્લેટફોર્મ થઈ ગયું.

મને થયું કે બાળક મા જતાં રડારડ કરશે, પણ એ ગણતરી ખોટી પડી. બાળકને બેઠક ઉપર બેસાડ્યો હતો. એને ઓથે કરીને પુરુષ ગાડી ઊપડી ત્યારે ઊભો થઈ ગયો હતો. માસીએ એને ધીરજ આપતાં કહ્યું હતું, અમે તારા માટે કેળાં લાવીએ હોં બાબા! જો કે આ બોલતાં એનો સાદ પણ ભરાઈ આવ્યો હતો અને નીચે ઊતરતાં એની આંખમાં પણ આંસુ હતાં. પરંતુ એણે બહેનની સ્થિતિ સંભાળવાની હતી એટલે સ્વસ્થતા ગુમાવ્યા વગર એણે બહેનના હાથ ડબાથી છોડવી છેલ્લી ફરજ પૂરી કરી હતી.

બાળક તો જાણે કંઈ બન્યું જ ન હોય તેમ બિસ્કિટ ખાવા લાગી ગયો. ગાડીમાંથી મિલનાં ભૂંગળાં દેખાતાં બંધ થઈ ગયાં હતાં, છતાં પ્લેટફોર્મ ઉપર પછડાઈને પડેલી સ્ત્રી મારી નજર બહાર ગઈ ન હતી! હું જાણે હમણાં ગબડી પડીશ તેમ મારું હૈયું અને પગ હચમચી ગયાં હતાં. ઉપલા પાટિયાને પકડી લઈ મેં સ્વસ્થ ઊભા રહેવા પ્રયત્ન કર્યો. પેલા બાળકને શાંત જોઈ પુરુષે આંખો લૂછી પોતાની જગા લીધી. મન બીજે વાળવા જાણી જોઈને એણે પૂછયું: 'બાબા! પાણી પીવું છે?'

બાબાએ મોં વતી બિસ્કિટનો ટુકડો કરતાં ડોકું હલાવી હા પાડી. થરમોસ ખોલી પુરુષે પાણી પાયું. એણે પણ પીધું; અને છતાં હૈયા ઉપરથી બોજો ઓછો ન થયો હોય તેમ એણે હેંગર ઉપર લટકાવેલા કોટમાંથી સિગારેટની ડબ્બી કાઢી અને લાંબો દમ ખેંચવા માંડ્યો.

જાણે આ વસ્તુ જોનારની નજરમાંથી પણ ભુલાઈ ગઈ હોય તેમ બધા છાપાં અને પુસ્તક કાઢીને વાંચવા લાગી ગયા. થર્ડ ક્લાસમાં અકારણ વાતો કરી ગરબડ કરે છે તે કરતાં સેકન્ડ ક્લાસમાં કોઈ ગરબડ કર્યા વગર વાંચવામાં કે મૌન રહેવામાં સભ્યતા માને છે એ ટેવ હું વાતોડિયો હોવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં મને લલચાવતી હતી. અને થર્ડ કલાસના માનવીઓમાં એ સભ્યતા આવે તો સારું એમ ઇચ્છતો પણ હતો, છતાં એ જ સભ્યતાથી આજે હું સમસમી ગયો. જાણે આમાં કંઈ પૂછપરછ કરવા જેવું જ ન હોય તેમ કોઈએ એ પુરુષને પૂછવાની તસ્દી ન લીધી! કુતૂહલ પણ કોઈને જાગ્યું નહિ અને બધા પોતપોતાની દુનિયામાં મસ્ત હતા. ગિરદી પણ સમી ગઈ હતી. વળાવવા આવેલા વધારાના માણસો ઊતરી ગયા હતા; એટલે દરેક પાટલીએ ચારચારની સંખ્યામાં ૧૬ જણ બેઠેલા હતા. ગાંગડું જેવો એક સત્તરમો હું જ વધારાનો હતો કે જેને સહેજ સંકોચાઈને બેસાડવા જેવું કોઈને લાગતું ન હતું! હું પણ એમના કરતાં વધારે સભ્ય હોઉં તેમ કોઈને સહેજ ખસીને જગા આપવાનું કહી શકતો ન હતો!

સેકન્ડ કલાસના લોકોનું સુખ જોઈ મને સ્વર્ગ યાદ આવ્યું. ટાગોરના 'સ્વર્ગેથી વિદાય' કાવ્યમાં સ્વર્ગનું જે ચિત્ર આલેખાયું છે તે સ્થિતિ સ્વર્ગમાં હશે કે કેમ એ ખબર નથી, સ્વર્ગમાં જવાનો ચાન્સ મળશે કે કેમ તે પણ ખબર નથી, પરંતુ થયું કે સ્વર્ગ શોધવા દૂર જવાની જરૂર નથી, આ જ સ્વર્ગ છે. અહીં એ સ્થિતિ પ્રત્યક્ષ છે.

પૃથ્વી ઉપર સત્કર્મ કરવાથી એક મહા પુણ્યશાળી પુરુષને સ્વર્ગ મળ્યું; અને એ પુણ્ય પૂરું થાય તેટલો લાંબો સમય સ્વર્ગમાં રહીને પાછું પૃથ્વી ઉપર વિદાય થવાની ક્ષણ આવી. પૃથ્વી ઉપરથી પોતાની વિદાય વખતે લોકોએ જે આક્રંદ કર્યું હતું તે જોતાં આ પુણ્યશાળી પુરુષે માન્યું કે સ્વર્ગમાંથી વિદાય થતાં દેવો, ગંધર્વો, કિન્નરો અને અપ્સરાઓ રડી નહિ ઊઠે, તોપણ ગળગળાં તો થઈ જશે, પણ પીપળ ઉપરથી પાન ખરે તે વખતે જેટલી ડાળી ધ્રૂજે તેટલો કંપ પણ સ્વર્ગનાં માનવીઓએ એમની વિદાય વખતે ન બતાવ્યો. અને બતાવે પણ ક્યાંથી? સ્વર્ગ એટલે સુખ, આનંદ. પછી એમાં દુ:ખ, શોકની લાગણી જન્મે ક્યાંથી? વિદાય વખતે મેનકાનું નૃત્ય ચાલી રહ્યું હતું છતાં એનું ઝાંઝર પળ-વિપળ પણ અટક્યું નહિ. સ્વર્ગથી વિદાય લેતા એ મહાપુરુષને પૃથ્વી સાંભરી, મા સાંભરી! એકબીજા પ્રત્યે કેટલી લાગણી!

મને થયું, સેકન્ડ કલાસ એ સ્વર્ગ છે. એમાં સુખ સિવાય બીજી લાગણી જન્મે શી રીતે? એ લાગણી તો પૃથ્વી-થર્ડ કલાસમાં જ જન્મી શકે. આવો પ્રસંગ બન્યો હોય તો આખો ડબો એ પુરુષને પૂછાપૂછ કરી મૂકે. બીજી સુખદુ:ખની વાતો કરે. એવા બીજા પ્રસંગો બન્યા હોય તે ટાંકીને દુ:ખ હળવું કરે અને વધારે પણ. જ્યારે આ સ્વર્ગમાં તો મેનકાના નૃત્યની જેમ પંખાઓ નૃત્ય કરી રહ્યા હતા. કોઈ છાપું વાંચવામાં, કોઈ પુસ્તક વાંચવામાં તો કોઈ ખાલી મૌન સેવી મસ્ત હતા. પેલો બાળક તો બિસ્કિટનું પતી જતાં પગ લાંબા કરીને સૂઈ ગયો. એના પગ બીજા ભાઈને અડે નહિ એટલે પેલા પુરુષે ઊભા થઈને એના પગ પોતાની જગામાં સરખા કર્યા અને પોતે એ પગ ન દબાય તેમ ધાર ઉપર બેઠો.

બાળકના મોં ઉપર તાકી રહેવામાં અવિવેક થવાનો ભય ન હતો; એટલે હું એને ધારીધારીને જોઈ રહ્યો. તંદુરસ્ત, સુંદર અને નિર્મળ ચહેરો જોઈ રહેવો ગમે તેવો હતો. મનમાં થયું, કે એની મોં-કળા પેલી સ્ત્રીને મળતી આવતી નથી. ત્યારે શું એ એની મા નહિ હોય? કદાચ એની મા મરી ગઈ હોય અને મૂકવા આવેલી બંને એની માસીઓ હોય તેમ પણ કેમ ન બને? મોટી માસીને એની ઉંમરનું બાળક હોય એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધવરાવીને એને ઉછેર્યો હોય અને મા જેટલું હેત થયું હોય તેથી આમ વિદાય આપતાં દુઃખ થતું હોય.

મને થયું, કે પેલા પુરુષને પૂછું, પણ એ મારી નજીક ન હતો. સામે છેડે હતો. દૂર બેઠેલા સાથે વાત કરવી એ આ સ્વર્ગમાં અવિવેક જ ગણાય; અને બીજાને ગરમડ પણ પડે. એટલે મારે મૌન જાળવ્યા વિના છૂટકો ન હતો. અને હૈયાને ચેન પડતું ન હતું. એક વખત ખિજાઈને મેં એને સંભળાવી પણ દીધું કે મૂરખ, બેસને છાનુંમાનું, આટલા બધા એ પ્રસંગ બન્યો જ ન હોય તેમ ભૂલી ગયા અને તારા બાપે એનું એમાં શું દાટયું છે કે તારે એની ખણખોદ કરવાની આટલી બધી પડી છે!

પેલા બાળકની આંખ મિચાઈ અને એ ઊંઘ્યો એમ જાણતાં પુરુષે પણ બેગ ઉઘાડી અને પુસ્તક વાંચવા કાઢયું. મેં પગની એડી ઊંચી કરી એનું નામ વાંચ્યું. અંગ્રેજી પુસ્તક હતું: **Woman, her charm & power**: સ્ત્રી–એની મોહિની અને સામર્થ્ય. મારું મન બમક્યું, આ જીવતી સ્ત્રીમાં એ બંને હતાં, છતાં આ પુરુષ એથી હજુ નથી ધરાયો તે પુસ્તક કાઢી ફાંફાં ખાંડે છે! મને થયું કે જો આ બાળકની મા મરી ગઈ હશે તો બીજી પરણ્યો હશે અને તેનામાં મોહિની અને સામર્થ્ય શોધવા કદાચ આ પુસ્તકનો અભ્યાસ કરતો હશે, કે એનું પોતાનું સામર્થ્ય નવી પત્ની હરી રહી હશે એટલે એની દવા શોધવા આ પુસ્તક ફેંદતો હશે તો ય કોને ખબર?

કોણ જાણે કેમ પણ બારેજડીથી ગાડી ઊપડતાં એક જણમાં પ્રભુ વસ્યા, તે મને ક્યારનો ય ઊભો રહેલો જોઈ એણે સહેજ ખસીન જગા કરતાં કહ્યું: 'મિસ્ટર, આવી જાઓ.' હું આમ ઉપલા પાટિયાના ટેકે ઊભો હતો એટલે બેસવાનું મળે તે ગમે જ, છતાં વિવેક દેખાડવા ખાતર કદાચ જીભ લવી ગઈ હોત કે 'ચાલશે, હું અહીં ઊભો છું.' પરંતુ એ જગા પેલા પુરુષની બરાબર સામે હતી એટલે એ જગા લેવાથી પૂછપરછ કરવાની તક મળશે એ મોટી લાલચ હતી; એટલે ડાહ્યોડમરો થઈને હું તરત ગોઠવાઈ ગયો!

જે ભાઈએ સજ્જનતા બતાવી તેમના તરફ જોતાં લાગ્યું કે પૃથ્વી ઉપરથી, પુણ્ય-રૂપી પૈસાની કમાણી થતાં આ ભાઈ થોડા વખતથી સ્વર્ગમાં આવેલા લાગે છે અને તેથી હજુ પૃથ્વી ઉપરનાં માનવીનાં સુખ-દુઃખની લાગણી એમનામાં શેષ રહી હશે તેથી તે મોડીમોડી જાગી હોવી જોઈએ. પરંતુ એ કારણે હું એમની સાથે વાત ઉપાડું તો એ સજ્જનતાનો દુરુપયોગ કર્યો કહેવાય, અને એમની સાથે વાત કરવાનું પ્રયોજન પણ ન હતું. મારું ચિત્ત તો પેલા પુરુષ સાથે વાત કરવા તલસી રહ્યું હતું. પરંતુ એ તો પુસ્તકમાં મોં છુપાવી મને ટાળી રહ્યો હતો; એટલે બોલવાની તક હાલ દેખાતી ન હતી.

મને જગા આપનાર મહેમદાવાદ ઊતરી પડ્યા એટલે મેં એમના માટે કરેલું અનુમાન બદલવા જેવું લાગ્યું. થયું કે સ્વર્ગમાંથી વિદાય લેવાની થઈ ત્યારે લાખો-કરોડો વર્ષ ત્યાં વસવાથી જે જ્ઞાન લાધ્યું ન હતું તે પેલા દૈવી પુરુષને વિદાય વખતે લાધ્યું અને સ્વર્ગ કરતાં પૃથ્વીની મહાનુભાવતા સમજાઈ હતી તેમ આ પુરુષને પણ સ્વર્ગથી વિદાય લેવાનું સ્ટેશન નજીક આવ્યું હતું એટલે પૃથ્વી ઉપર ઊભેલાની–મારી દયા આવી હશે!

નડિયાદ આવ્યું. ચા માટે પૂછાપૂછ થઈ રહી. ડબ્બામાં ચાની ટ્રે પણ બેત્રણ આવી; અને શાંત મધપૂડામાંથી માંખો ઊડે તેમ ડબ્બામાં ધીમોધીમો ગણગણાટ શરૂ થયો. મને થયું, જો વાત કરવાની તક ઝડપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવી હોય તો આ અવસર છે. બાકી એ ગુમાવી તો આણંદ થોડીવારમાં આવીને ઊભું રહેશે! અને કાયમને માટે એ તક હું ગુમાવી બેસીશ; અને આ પ્રસંગમાંથી ઊભો થયેલો કોયડો કાયમ માટે અનુમાન ઉપર લટકી રહેશે!

પેલો પુરુષ પુસ્તક એની જગ્યાએ મૂકી પેશાબ કરવા ગયો હતો તે આવ્યો. બેઠો અને હાથમાં પાછું પુસ્તક પકડ્યું. મને થયું, કે જો એણે તે ઉઘાડીને ફરી વાંચવાનું શરૂ કર્યું તો મેં તક ગુમાવી જ છે. મેં એ ન ગુમાવતાં કહ્યું: 'બાબો ઠીક ઊંઘી ગયો છે. મેં તો ધાર્યું હતું, કે એ રડીને તમને હેરાન કરશે.'

પેલો પુરુષ દુઃખપૂર્ણ ફિક્કું હસ્યો.

મારે વાતમાં ઝુકાવવું હતું એટલે આગળ બોલ્યો: 'બાબાને એકલો કેમ લીધો?'

પુરુષે ધીમેથી કહ્યું: 'એની પાછળ કરુણ કથા છે.'

હું: 'એ તો હું અમદાવાદના સ્ટેશનનું દૃશ્ય જોતાં જ સમજી ગયો હતો. પરંતુ એ કરુણતા શી છે તે કલ્પી શકાઈ નહિ. એક વિચાર એવો આવ્યો ખરો કે કદાચ એ બહેન એની બા નહિ હોય, માસી હશે, બા ગુજરી ગઈ હશે અને તમે ફરી પરણ્યા હશો. બાળક અત્યાર સુધી માસી પાસે મોટો થયો હશે અને હવે તમે એને તેડી જતા હશો.'

પુરુષ: 'તમારું અનુમાન તદ્દન ખોટું છે. એ એની મા હતી. હું એનો પિતા નથી.'

હું વચ્ચે બોલી ઊઠ્યો: 'ત્યારે?'

મેં જોયું કે બધાંના કાન આ વાત તરફ મંડાયા હતા, ફક્ત વચ્ચે કોઈ કૂદી પડતું ન હતું એટલું જ.

પેલો પુરુષ: 'હું બાળકનો કાકો થાઉં છું. એ મારાં ભાભી હતાં.' અને એટલું કહેતાં એ ગળગળો થઈ ગયો. એ બહેનને હાથે બંગડીઓ હતી એટલે એ વિધવા હોય તેવી શંકાને પણ સ્થાન ન હતું.

મેં પૂછયું: 'પતિપત્ની વચ્ચે અણબનાવ છે?'

પુરુષ: 'મારા મોટાભાઈએ બીજું લગ્ન કર્યું છે?'

'હેં!' મારા મોંમાંથી ઉદ્‌ગાર નીકળી ગયો–એ ભાવાર્થનો કે આવી સુંદર અને મધુરા હાસ્યવાળી સ્ત્રીને પણ જગતમાં ત્યક્તા બનવું પડે છે!

મારા મનનો એ ભાવ સમજી જતાં પુરુષે કહ્યું: 'જેની સાથે ફરી લગ્ન કર્યું છે તે આટલી સુંદર પણ નથી, સદ્‌ગુણમાં પણ...'

હું: 'ત્યારે એ લગ્ન કરવાનું કારણ?'

પુરુષ: 'મોટાભાઈ આ બાબો જન્મ્યો એને બીજે મહિને વિલાયત ભણવા ગયા. એમ. બી. બી. એસ. થઈને ગયા હતા. એમની સાથે ભણતી શોભા પણ ગઈ હતી. અહીંથી સાથે ગોઠવીને ગયાં હતાં એવું ન હતું. શોભા તે પછી એક વરસે ગયેલી. અહીંનું ઓળખાણ તો હતું અને તેમાં એકલા જગાનો અભ્યાસ અને લંડનની સ્વતંત્રતા. બંને પ્રેમમાં પડ્યાં....'

હું વળી વચ્ચે બોલ્યા વગર ન રહી શક્યો: 'પણ એ બીજું લગ્ન કરી કેમ શક્યા?'

પુરુષ: 'એ બંને પ્રેમમાં છે એમ એ લોકો દેશમાં આવે તે પહેલાં અમે બધાં જાણી ગયાં હતાં. મુંબઈ આવીને એમણે વગર લગ્ન કર્યે પતિપત્ની હોય તેમ સાથે રહેવા માંડ્યું. લગ્ન કરે તો ગુનો થાય, કંઈ વગર લગ્ને સાથે રહેવામાં ઓછો ગુનો હતો? નાતમાં આથી ટીકાઓ થવાની બાકી ન રહી. માબાપે એ સંબંધ છોડવા ભાઈને ઘણું સમજાવ્યા, પણ મોટાભાઈ માન્યા નહિ. છેવટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોકીને આ ખુલ્લા વ્યભિચારને બદલે એની સાથે લગ્ન કરી લેવાની સલાહ માબાપે આપી, પણ એ કરવા શોભા તૈયાર ન હતી; કારણકે સુધરેલી સ્ત્રીઓમાં એક સ્ત્રી ઉપર પરણવામાં એની આબરૂ જતી હતી. એ જ સમાજમાં મિત્ર તરીકે પુરુષ સાથે રહેવામાં ફેશન ગણાતી, આગળપડતા સમાજનું લક્ષણ ગણાતું હતું. એટલે શોભાએ કહ્યું, કે 'લલિતા છૂટાછેડા આપવા તૈયાર હોય તો જ હું લગ્ન કરું.'

પુરુષ અટકયો. મારું હૈયું પણ ભરાયું હતું. મેં કંઈ પૂછપરછ ન કરતાં ધીરજ રાખી. થોડીવાર રહી એટલે આગળ કહ્યું: 'માબાપ તો જૂના વિચારનાં અને જૂના સમાજમાં જીવનારાં. એમને તો લોકોને મોં બતાવવું ભારે થઈ પડ્યું. ભાભી પણ એમની સાથે રહે એટલે સાસુ-સસરાનું દુઃખ જોયું ન જાય. છેવટે એમણે જાતે દરખાસ્ત મૂકી કે પોતે છૂટાછેડા લેવા તૈયાર છે. માબાપ કકળી ઊઠ્યાં. આવી સુપાત્ર વહુને આ દુઃખ! એમણે કહ્યું: ના, એ છો રખડી ખાય, તારે એવું કરીને એનો રસ્તો ચોખ્ખો કરી આપવાની જરૂર નથી. પરંતુ ભાભીએ કહ્યું, કે 'હું છૂટાછેડા લઉં અને ન લઉં તો ય મારી સ્થિતિમાં ફેર પડવાનો નથી. તે કરતાં એ પગલું ભરવાથી એ લોકોને આબરૂભેર જીવવાનું મળશે. કુટુંબને નીચું જોવું મટશે.'

આ વખતે પુરુષ અટકયો, ત્યારે મારી ધીરજ ન રહી. બોલી જવાયું 'પછી?'

'ભાભીના નિશ્ચય આગળ માબાપને સહમત થવું પડ્યું. છેવટ એમને ભવિષ્યમાં દુઃખ ન આવે માટે માબાપે અમુક મિલકત એમનેં નામે લખી આપવાનું વિચાર્યું. એ પોતે જીવતાં હોય ત્યાંસુધી તો એ સાથે રાખે, પણ પછી એમને આ કુટુંબ ઉપર શો હક્ક, કે એમને ભરણપોષણ મળે? પરંતુ ભાભીએ એનો ઇન્કાર કર્યો. એ તો સોદો કર્યો કહેવાય, મેં મારી જાતને વેચી એમ જ મને તો એમાં લાગે. એટલે માબાપ એમાં પણ લાચાર બન્યાં અને ભાભીએ છૂટાછેડા લીધા. ભાઈ પરણ્યા.'

હું: 'એ સ્થિતિમાં આ દીકરો હમણાં તેની પાસે રહેવા દીધો હોત તો એને એટલું સુખ રહેત ને?'

પુરુષની આંખમાં પાણી આવી ગયું. થોડીવાર પછી બોલ્યો: 'ભાભીએ ભાઈ માટે જીવન સર્વસ્વનો ત્યાગ કર્યો, છતાં ભાઈનો હૃદયપલટો ન થયો. ઊલટું નિર્દય બની દીકરો એમની પાસેથી ખૂંચવી લેવાનું બાકી રહ્યું હતું તે છેલ્લું કૃત્ય કર્યું અને ભાભીના પ્રેમને લીધે મારે એના સાક્ષીભૂત થવું પડ્યું!' અને એની આંખમાં ફરી આંસુ ધસી આવ્યાં

હું: 'ભાભી તમારાં માબાપ પાસે રહે છે કે પિયરમાં?'

પુરુષ: 'માબાપનાં દુઃખનો પાર નથી. ભાઈ ગુમાવ્યો અને ભાભી પણ ગુમાવ્યાં. માબાપ માનતાં હતાં, કે પોતાના જીવતાં સુધી ભાભી પોતાની સાથે રહેશે, પણ ભાઈએ રીતસર ફરી લગ્ન કર્યાં ત્યાં એ કહે મારે આ ઘરમાં ન રહેવું જોઈએ. મારે દુઃખ હોય અને સ્નેહી તરીકે તમારી મદદ લઉં તે હક્ક ખરો, પણ તમારા ઉપર કાયમ બોજારૂપ થવાનો હક્ક નહિ. અને એમને પોતાને પણ દુઃખ થતું હતું, છતાં પિયર ગયાં. અને માબાપને પણ બોજારૂપ ન થવાય માટે શિક્ષિકાની નોકરીમાં દાખલ થઈ ગયાં છે.'

છતાં બાળકની વાત તો બાકી જ રહી. મેં યાદ દેવડાવતાં કહ્યું: 'આ બાળકને હાલ તમે ક્યાં લઈ જાઓ છો?'

પુરુષ: 'મોટાભાઈ પાસે.'

હું: 'શોભાના ઘરમાં એનો સમાવેશ શી રીતે થશે?'

પુરુષ: 'એના આગ્રહને વશ થઈને જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટાભાઈએ ભાભીને નોટિસ આપી કે મારો પુત્ર મને સોંપી દેવો !'

મારા મોંમાંથી દુઃખનો ઉદ્ગાર નીકળી ગયો : 'નોટિસ !'

પુરુષ : 'હા, એમને બીક કે એ દીકરાને નહિ સોંપે. એટલે છૂટાછેડા પછી પુત્ર ઉપર તમારો અધિકાર નથી એમ કાયદેસરની નોટિસ મોકલી. એ નોટિસ મળતાં ભાભીનો મારા ઉપર પત્ર આવ્યો, કે મેં એમને માટે બધું ત્યાગ્યું છે. કેવળ બાબો મોટો થાય ત્યાંસુધી મારી પાસે રહે તેટલી ભીખ માગું છું. તમે એમને સમજાવીને એટલું કરી શકો તો તમારો ઉપકાર જિંદગી પર્યંત નહિ ભૂલું !'

એ કહેતાં અને સાંભળતાં અમારી બંનેની આંખમાંથી આંસુ ચમકી ગયાં. મારો શ્વાસ રૂંધાઈ ગયો.

પુરુષ ગળગળા સાદે બોલ્યો : 'મુંબઈ હું પણ રહું છું છતાં મેં ભાઈને ઘેર જવાનું છોડી દીધું છે. ભાઈ તરીકેની અંતરની સગાઈ દિલમાંથી ભુસાઈ પણ ગઈ છે. છતાં ભાભીની ખાતર હું એમને ઘેર ગયો. હું જાણું છું કે ભાઈ શોભાના ગુલામ બની ગયા છે એટલે બાબાને રહેવા દેવો ન રહેવા દેવો તે ભાઈના હાથની વાત નથી. મેં શોભાને વિનંતિ કરી, કે 'એ બાઈને આ બાળક ઉપર આંખ ઠારીને સુખ મેળવવાનું છે, તમારે તો આવતી કાલે તમારું બાળક ખોળો ખૂંદતું થશે. આને માટે શું કામ આગ્રહ રાખો છો ?'

જાણે મારાથી અવિવેક થઈ ગયો હોય તેમ એણે ખિજાઈને કહ્યું : 'હું કંઈ તમારી એ ભાભી જેવી બાળક ઉત્પન્ન કરવાનું મશીન નથી ! અમે બંનેએ મિત્રો બની રહેવા લગ્ન કર્યું છે, નહિ કે એમનાં બાળકો જણીને એમના ઘરમાં ભરાઈ રહેવા. તમે જાણો છો કે અમે બંને ડોક્ટર છીએ, ધંધો કરીએ છીએ, અમારે જાહેર જીવન પણ છે, એ બધામાં બાળકો જન્માવવાનું મને પોષાય પણ નહિ.'

મને કહેવાનું મન તો થયું કે, 'ત્યારે બીજાના બાળક ઉપર હક્ક કરવાનો તમને શો અધિકાર ?' પણ એવું કહેવાનો અર્થ ન હતો. હું મૂંગો રહ્યો. એણે કહ્યું : 'અમે બંને ધંધામાંથી થાકી ઘેર આવીએ ત્યારે એકાદ બાળક ઘરમાં હોય તો એને રમાડી થાક ઉતારીએ માની મેં તેને તેડાવી લેવા નક્કી કર્યું. બાળકના ભવિષ્ય માટે પણ એ હિતાવહ છે. ત્યાં એ એક શિક્ષિકા પાસે રહીને ગરીબાઈભર્યું જીવન ભોગવે તેમાં એનો વિકાસ શું ?' અને ભાભી ઉપર ગુસ્સો કરતાં કહ્યું : 'એ તો મૂરખ છે. ડાહી મા હોય તો તરત સમજે કે બાળકને એના પિતાની પાસે રાખવામાં જ એનું હિત સમાયેલું છે ! ભોગ તો ઊલટો હું આપું છું કે ખુશીથી એના દીકરાને મારા ઘરમાં સ્થાન આપું છું !' અને હું વીલે મોઢે પાછો આવ્યો. ભાભીને લખતાં કલમ ન ઊપડી એટલે મેં એક જ વાક્ય લખ્યું, કે એ વગર બીજો ઉપાય નથી ! ભાભીનો પત્ર આવ્યો, કે 'મેં પૂર્વ જન્મમાં એવાં પાપ કર્યાં હશે કે પતિનો જ નહિ, પણ પુત્રનો પણ જીવતાંજીવ વિયોગ સહેવાનો હશે, તેને કોણ મિથ્યા કરે? એમાં કોઈના ઉપર રોષ શું કામ કરું ? આ ભવે પાપ કરતાં પાછું વાળીને જોઉં એટલે બસ, તમે જાતે આવીને દીકરાને તેડી જશો તો મારા ઉપર મોટો ઉપકાર થશે. બીજાને સોંપતાં હું કદાચ બેભાન થઈ જઈશ !'

મારી છાતી ઉપર મોટો પથ્થર મુકાઈ ગયો હોય તેમ શ્વાસ લેવાતો ન હતો. સ્ટેશન ઉપર બીજાની રૂબરૂ શોક પ્રદર્શન ન થાય તે બીક હોવા છતાં જે મા પ્લૅટફૉર્મ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફસડાઈ ગઈ, તેને ઘેરથી દીકરાને બહાર કાઢતાં શું થયું હશે, એણે કેટલું કલ્પાંત કર્યું હશે? એ ચિત્ર જ મને ધ્રુજાવી રહ્યું હતું.

પુરુષ: 'બાબો બિચારો એમ સમજે છે કે મોટા દાદા પાસે મને લઈ જાય છે એટલે એ આનંદમાં મા ગઈ છતાં રડ્યા વગર ખાઈને ઊંઘી ગયો.'

હું: 'દાદા પણ મુંબઈ રહે છે?'

પુરુષ: 'સુરત.'

હું: 'ત્યારે એ લોકો મળવા તો આવશે.'

પુરુષ: 'મેં ના કહ્યું છે. અમદાવાદ સ્ટેશને એની માની દશા થઈ તે કરતાં ખરાબ દશા એ બંને ઘરડાંની થાય તે એ પણ સમજી ગયાં એટલે હૈયા ઉપર કઠણ પથ્થર મૂકીને એ બેસી રહેશે.'

આણંદ સ્ટેશનના પ્લેટફૉર્મ ઉપર ગાડી ઊભી રહે તે પહેલાં 'મજૂર મજૂર'ના અવાજે મને જાગ્રત કર્યો, કે આણંદ આવી ગયું. મેં છૂટા પડતાં એ ભાઈને નમસ્કાર કર્યા, પેલા બાળક સામે નજર કરી લીધી, અને આંખ ભીની થઈ હતી તે લૂછતાં હું નીચે ઊતરી પડ્યો.

પરંતુ એ ડબામાં ચડતા એક ભાઈ ઓળખીતા મળ્યા એટલે તેમની ખબર પૂછવા ઊભો રહ્યો ત્યાં અંદરથી એક જણનો અવાજ સંભળાયો: 'થર્ડ કલાસના પેસેન્જર આમ ઘૂસી જાય ત્યારે અકારણ બીજાની ખાનગી જિંદગીમાં માથું મારી શાંતિનો ભંગ કર્યા વગર નથી રહેતા!'

★

જો તું ડાહ્યો હોય તો તારા ઘરની સંભાળ રાખજે. તારી પત્ની ઉપર વિશુદ્ધ પ્રેમ દાખવજે. તેને પેટ ભરતું ભોજન દેજે. એનાં અંગોને વસ્ત્રોથી ઢાંકજે, પત્નીના શરીર માટે આટલી કાળજી લેવી ઉચિત છે. સ્નેહથી તેનું લાલનપાલન કરજે, તેના જીવનકાળમાં તેની ઇચ્છાઓ સંતોષજે, એટલો પ્રેમભાવ પુરુષને શોભાવે છે. પત્ની તરફ નિર્દય ન બનતો એને મારપીટ કર્યા કરતાં એને રીઝવવાથી સારી અસર થશે. એ શેની આકાંક્ષા રાખે છે; શું મેળવવા ઇચ્છે છે, તેને શું ગમે છે, તેનું ધ્યાન રાખજે એમ કરવાથી તારા ઘરમાં તેનું મન ચોંટશે. તું એને અણગમો ઉપજાવશે તો તે અણગમો તમારા બે વચ્ચે મોટી ખાઈરૂપ બની રહેશે તું એને બોલાવજે, ને તારું હેત દેખાડજે.

(ઈ. સ. પૂર્વે ૨૯૮૦માં રચાયેલ મિસરના પ્રથમ તત્ત્વજ્ઞાનીગ્રંથ 'તા–હો તેપનો હિતોપદેશ'માંથી)

×

ભગવાન બુદ્ધના પૂર્વ જીવન વિશે આવી એક કથા છે:

પૂર્વ જન્મમાં એ મિથિલા નગરીના રાજા મખદેવ તરીકે હતા. એમણે પોતાના નાયીને સૂચના આપી મૂકી કે 'માથામાં ધોળો વાળ નજરે પડે તો તુરત જ જાણ કરજે.'

બન્યું એવું કે આ સૂચનાને બીજે જ દિવસે વાળંદે ધોળો વાળ રાજાના હાથમાં મૂક્યો!

જ્ઞાની રાજા વિચારે ચડી ગયો:

'રે જીવ, હજી તો અવગુણભંડાર એવા તેં કોઈનું ભલું નથી કર્યું કે નથી તારા સ્રષ્ટાને ય પૂરો ઓળખ્યો, ત્યાં માથે પળિયાં ય આવી ગયાં! દુનિયામાં આવીને કંઈ પણ શુભ કાર્ય પૂર્ણ થતાં પહેલાં તો મૃત્યુના મુખમાં ધકેલાઈ જવું પડશે.'

રાજ્યના અમાત્યોને એણે એટલું જ કહ્યું:

'મૃત્યુદેવ મને સૂચવે છે કે મારે સાવધાન થવું, અને તેમ નહિ થાઉં તો ગમે ત્યારે આવીને એ મને ભરખી જશે.'

અને આત્મકલ્યાણાર્થે માયામોહ ત્યાગીને રાજા જંગલમાં ચાલ્યો ગયો!

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકો પ્રત્યેનો વ્યવહાર

લેખક :
શ્રી રવિશંકર મ. રાવળ

આ લેખ મોકલતાં શ્રી રાવળ લખે છે: 'ઘરનાં બેચાર બાળકો જન્મથી તે સમજણાં થયાં ત્યાં સુધી મારી નજર આગળ તેમનો વિકાસ નીરખવાની મને ઠીક તકો મળતી, મારું કામકાજ ઘરમાં જ થતું હોવાથી હું તેમનો પરિચય ખૂબ જ કરી શકતો, તેમ જ બીજાં મોટાંઓ સાથેના સમાગમ વખતે તેમના પર થતા આઘાત-પ્રત્યાઘાત સમજવાની ગત મને મળી ગઈ હતી. એ બધામાંથી બાળકો સાથે વ્યવહાર કરવામાં જે દૃષ્ટિ અને સમભાવ જોઈએ તે માટેના જે નિર્ણયો મેં મેળવ્યા છે તે આ સાથેના લેખમાં રજૂ કરવાનું કારણ એટલું કે તેમાંથી મોટાઓ પોતે પોતાના ચારિત્ર્યમાં અને વર્તનમાં કેટલાક સુધારા અને આત્મવિકાસ કરી શકે. તે માટે વિતાવેલો સમય કે પરિશ્રમ નિષ્ફળ ગયો લાગતો નથી.'

બાળકની સંજ્ઞા જન્મ પછી તુરત જ કામ કરતી મને જણાઈ છે. તે પ્રકટ કરવાની તેનામાં વાચા હોતી નથી એટલે નેત્રથી, હાસ્યથી, જરૂરિયાત કે દુઃખનો ભાવ, ઊંહકાર કે આક્રંદથી તે દર્શાવે છે. ચકોર માતાઓ આ નિશાનીઓ સમજી શકે છે, પણ નોકરો કે પરાયા માણસો પરિચયના અભાવે સમજે નહિ; એટલે તેમને શાંતિ, સુખ કે આરામ આવી શકતાં નથી.

બાળકોને ભૂખ લાગી હોય, ઝાડા–પેસાબ થવાના હોય અથવા બિછાનું ભીનું કે બાફવાળું લાગતું હોય, એ બધું ઘરના માણસોએ વિચારવું જોઈએ અને તેને જે રીતે સુખ અને રાહત મળે, તે રીતે રાખવાથી બાળક બહુ જ આનંદમાં રહે છે અને તેની પ્રસન્નતાનું હાસ્ય બધા પરિશ્રમનો બદલો આપી રહે છે. તે ઊંઘમાંથી ઊઠે તે વખતે બરોબર સમયે કોઈ તેને ઊચકી લે, દૂધ પાય કે ફેરવે અથવા તેની હાજતોની સગવડ કરી આપે તે બધું તે સમજી શકે છે અને એવી માવજત કરનારાં માણુસો તરફ તે સહજ આકર્ષાય છે.

બાળક અને જગત વચ્ચે સંદેશા કે સંબંધ બાંધી આપનારાં વિવિધ આકર્ષણો હોય છે તેનો વિચાર ઘરનાં મોટેરાંઓએ મેળવી લેવો જોઈએ. સુંદર સ્વરો, શબ્દો વિનાના આલાપો, જે હાલરડાનું મૂળ સ્વરૂપ છે, તે અથવા ઝણઝણતા તારો, મધુર ઘંટડીઓ અને તેને સુખ આપનારાં માનવીઓના અવાજને તે આવકારે છે. ગુસ્સાથી બોલાયેલા શબ્દો, બરાડા, ધડાકા, ધમપછાડા, કલબલાટ અને તોફાન વખતે તે સમજ્યા વિના પણ અકળાય છે કે રડવા માંડે છે; આથી બાળકો પાસે બેસૂરા અવાજો અને આક્રંદ આવવાં દેવાં ન જોઈએ. બાળકને ઉલ્લાસથી બોલાવવું, તાલબદ્ધ અને સુરાવટવાળાં ગીતો કે લય સંભળાવવાથી તેની સુપ્ત ઇંદ્રિયો પર એક જાતની પૌષ્ટિક અસર થાય છે અને તેના ભાવિનો સુંદર પાયો નંખાય છે.

સ્વર પછી બાળક નેત્રનાં આકર્ષણો ભોગવતું થાય છે. તેને રંગીન રમકડાં પકડવાની લાલચ થાય છે, પકડ્યા પછી મોંમાં લઈ જાય છે, તેનું કારણ સૌ પ્રથમ તેને દેહની જરૂરિયાત જાગૃત થઈ હોય છે, પદાર્થો જોવાથી થતી લાગણી અને જીભનો રસ થોડા વખત એકબીજામાં ભળી જાય છે, પણ પછીથી રંગ અને આકારને હાથમાં રમાડવા- નો તેને રસ રહે છે; એટલે કે રંગના ભેદો અને આકર્ષણ અનુભવતાં તે પદાર્થોને આંગળાં કે હથેળી વડે પકડવાની તાકાત અજમાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા વર્ષમાં તેનો આ અભ્યાસ ઠીક વધેલો જણાશે. આ વખત દરમિયાન બધા જ મુરબ્બી જનોએ તેના શિક્ષણમાં તકેદારી અને સાથ આપવો જોઈએ એટલે કે ઘરના એક બાળક માટે બધાએ તેના કુદરતી શિક્ષકો બનવું જોઈએ. આ અવસ્થામાં અણવિકસેલા સંસ્કારો જાગૃત કરવાનું પાછળથી મુશ્કેલ બને છે. ઘરમાં ગમે એટલું નાનું બાળક હોય પણ તે બધાના હાથમાં જવાનું અને તેમના ચહેરા-અવાજને ઓળખતું થઈને તેમના પ્રેમ કે બેપરવાઈને સમજતું દેખાશે. પોતાને કોની પાસે સુખ અને મજા મળે છે અને ક્યાં અકળામણ થાય છે તે કંઈ ને કોઈ સંકેત દ્વારા બતાવી આપવાનું.

બીજા વર્ષમાં તેના હાથ-પગની શક્તિઓ જાગૃત થતી લાગશે. ખૂબ મથામણો કરતું, પડતું, આથડતું મોટાઓની પેઠે ચારે તરફ છૂટથી રખડવાની તે ઇચ્છા કરશે, તેમાં રોકટોક થાય એ તેને ગમશે નહિ.

તેમ કરવાથી કંઈ લાભ નથી. તેની સ્ફૂર્તિ રોકવાથી તે ઉદાસ અને કંટાળેલું બનશે. ચીડિયું થઈ જશે, પણ તેને માટે યોગ્ય ગોઠવણ, મર્યાદા કે આકર્ષણો કરીને સ્વૈરવિહાર કરવાની તજવીજ કુટુંબનાં માણસોએ કરી આપવી જોઈએ. આવી બાબતોમાં માતાઓ પહોંચી શકતી નથી. એમને ઘરકામનો બોજો હોય છે તેમ જ કેટલીક આવડત પણ ન હોય; એટલે જુવાન પિતા, કાકા કે મોટેરાં ભાઈ-બહેન હોય તેમણે ઘણો વખત તેની સંભાળ અને ચીવટ રાખવાં જોઈએ. બાળકને માટે રમતગમત કે વખત વિતાવવાનાં સાધનો અને આકર્ષણો શોધી કાઢવાં જોઈએ. એમાં બહુ ખર્ચ કરવાનો નથી હોતો, પણ વિચારપૂર્વક કંઈકંઈ યુક્તિઓ અને ઘરગથ્થુ સાધનો તેના માટે ઊભાં કરવાં જોઈએ.

પોતાને માટે કોઈ દરકાર રાખનાર છે એટલા જ ખ્યાલથી બાળક બહુ હિંમત અને ઉત્સાહ ટકાવી શકે છે અને પોતે કાંઈક નવું કરી રહ્યું છે, તે બતાવવા માટે ઉમંગભરી આતુરતા બતાવે છે. બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીમાં તેને યોગ્ય સાંગોપનથી કૂદતું. નાચતું અને કાલા બોલથી સહુને બોલાવાતું જોવા-સાંભળવાનો લહાવ આખા કુટુંબને મળે છે. તે સહુનો થાક ઉતારે છે, ઉદાસીનતા દૂર કરે છે અને કચવાયેલા વડીલોના ઝઘડા ભુલાવે છે.

તેને બહાર લઈ જવું, કપડાં પહેરાવવાં, વખતસર સ્નાન, ભોજન અને નિદ્રા કરાવવાથી તેની પ્રાથમિક ટેવોનું ઘડતર થાય છે.

સુખ અને આનંદ બાળકને જેમજેમ આપી શકાય તેમતેમ તેનો મનોવિકાસ, બુદ્ધિ અને ઊર્મિ પણ ઉત્તમ કોટીનાં બનતાં જાય છે. સ્વચ્છ કપડાં માટે આગ્રહ, ચડ્ડી પહેરવાથી હાજતોની નિયમિતતા, ચિત્રો અને રમકડાંના સહવાસથી સૌંદર્યપરાયણતા તેમ જ ગીતરાગથી આનંદપ્રિયતા આ સમયે જ કેળવી શકાય.

બાળકનો પહેલાં ત્રણ વર્ષનો સમય માબાપ અને કુટુંબીજનો વચ્ચેનો બહુ ઉપયોગી છે. બાળકની કલ્પના, લાગણી, ટેવો અને ઉત્સાહ વિકસાવવા કોઈએ દરકાર રાખી ન હોય તો તેની ઊણપ ભવિષ્યના ચણતરમાં રહી જવાની. યુરોપમાં નર્સરી સ્કૂલો અથવા ઘોડિયાશાળાઓએ આ કામ ઉપાડી લીધું છે. બાળકોનો આ સંગોપન કાળ ખૂબ મહત્ત્વનો છે, તેથી આપણા ગરીબ દેશમાં આ કર્તવ્ય કુટુંબીઓએ સમજીને ઉપાડી લેવું જોઈએ.

ત્રણ કે સાડાત્રણ વર્ષનાં બાળકો બાળમંદિરોમાં જતાં થાય છે. બાળમંદિરો બીજું કાંઈ પણ કરી શકતાં ન હોય તોપણ બાળકને સ્વયંસ્ફૂર્તિ અને આનંદમય પ્રવૃત્તિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ પૂરી પાડતાં હોય તો પણ તેનું અસ્તિત્વ સાર્થક બને છે. સુભાગ્યે આપણા દેશમાં કેટલાંક બાળમંદિરોએ બાળકોની માનસપરીક્ષા, સ્વભાવ અને રૂચિ તેમ જ શરીરસંગોપન ઉપર વિચારો, નોંધો અને કુટુંબને ભલામણો કરવાનું કર્તવ્ય સ્વીકાર્યું છે, તેમ જ બાળકની સામાજિક અને વ્યક્તિગત શિક્ષા માટે પ્રબંધો કર્યા છે. સંગીતકળા, ક્રિયાત્મક પ્રવૃત્તિઓ, મેળાવડાઓ, પર્યટનો, નાટ્યો વગેરે અનેકવિધ પ્રકારો બાળમંદિરના કાર્યક્રમોમાં સમાયા છે, પણ એ બધાની પૂર્તિ કરવાને વર્તન અને વહેવાર ઘરનાં માણસો આચરી ન શકે તો બાળકોના મનમાં વિસંવાદ અને અસંતોષ ઊભો થવાનો પૂરો સંભવ છે.

બીજી તરફ બાળમંદિરોએ પ્રત્યેક બાળકની સામાજિક અને કૌટુંબિક ભૂમિકાનો પૂરો તાગ લઈને બાળમંદિરમાં તેમની સાથેના વ્યવહારનું ધોરણ ઘડવું જોઈએ. નવાનવા પ્રત્યેક અનુભવમાંથી તે કેવી છાપ અને ઘડતર પામે છે, તેનું નિરીક્ષણ હમેશાં થવું જોઈએ. સંસારના બંધારણથી તે અલગ ન જ રહી શકે. જુદાજુદા સંજોગો અને સહવાસમાંથી તેનું માનસતંત્ર અને બુદ્ધિનું સ્વરૂપ ઘડાતું જાય છે.

માબાપો પોતાનાં બાળકોને જેટલાં ઓળખી શક્યાં હોય એટલે દરજ્જે બાળમંદિરના શિક્ષકો ભાગ્યે જ ઓળખી શકે. બાળમંદિરમાં બાળક જાય છે, ત્યારે એક વખત માટે તે એક પ્રકારનો સામાજિક વિવેક ધારણ કરી લે છે. બીજાં અનેક બાળકોને જોઈને બાળમંદિરમાં ચાલતા કાર્યક્રમોમાં જોડાઈ જાય છે અને એ રીતે ઘર આગળ તેને બધો વખત પ્રવૃત્તિ નહિ મળવાથી અહીં તેને આનંદ રહે છે, પણ ખરી રીતે બાળકની સાચી વિકાસભૂમિ તો ઘર જ રહે છે; આથી બાળમંદિરમાં તેના વિષે જે કંઈ શાસ્ત્રીય અવલોકન થયું હોય તેને ઘરનાં માણસો ચકાસી જુએ એ જરૂરનું છે. એકલાં શાસ્ત્રીય વિધાનોના આધારે કોઈ બાળકનું માપ લઈ શકાય જ નહિ. એની આખીયે સામાજિક ભૂમિકામાં તેની લાગણીઓનાં મૂળ નંખાયાં હોય છે, માટે તેને રમત, પ્રવૃત્તિઓ અને નાટ્યોમાં સ્વતંત્ર રાખી તેના મનોભાવો અને વલણો સમજવાનું કર્તવ્ય શિક્ષકને માથે રહે છે.

ઘરનાં માણસો સાથે બાળક જે સ્વાતંત્ર્ય અને લાડીલી આત્મીયતા અનુભવે છે, તેવી બાળમંદિરના શિક્ષકો સાથે અનુભવી શકે તો તો આદર્શ સંયોગ ગણાય, પણ તેમ કોઈ વિરલ પાત્રના સંબંધમાં જ હોઈ શકે.

બાળક વિશ્વાસથી પોતાનું દુઃખ કે આનંદ પ્રકટ કરી શકે એટલી હદે તેને પોતાનું બનાવી લીધા સિવાય તેના જીવનને વલણ આપવાનું કાર્ય અસંભવિત છે. તેને સુખ આપતી વસ્તુઓ, દશ્યો, પ્રાણીઓ અને પાત્રોની સમજ કોઈ મુરબ્બીને એકવાર મળી જાય પછી તેમાંથી તેના મનની ઘટમાળની ચાવી તેને મળી રહેશે અને બાળકના મનનાં કબાટ ઊઘડી જશે. પ્રત્યેક બાળક વ્યક્તિગત અનુભવો, લાગણીઓ, પસંદગીઓ અને નાપસંદગીઓ એકબીજાથી જુદા જ પ્રકારે અને પ્રકારનાં અનુભવે છે. તે જાણ્યા પછી તેની સાથેના વ્યવહારમાં બધાને એક લાકડીએ હાંકવાનો પ્રયાસ કોઈ શિક્ષક કે વડીલ નહિ જ કરે.

ઘરમાં કે શાળામાં બાળકને એવો ખ્યાલ ન થવા દેવો જોઈએ, કે તે નાનું પાત્ર છે તેથી દુનિયામાં તેનો કોઈ સ્થાનમાં અધિકાર ઓછો થાય છે, તેની શક્તિ અને ગજા પ્રમાણે તેને જે કામ રમત કે પ્રવૃત્તિ કરવાનું મન થાય તેની સગવડો કરી આપવાની ફરજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડીલોને રહે છે. જ્યાં તેની અણસમજથી તે પોતાને નુકસાન કે ઈજા કરી બેસે એવું હોય, ત્યાં તેના પર જરા પણ કટાક્ષ કે કડવાશ બતાવ્યા વિના દૃઢપણે અલગ કરી નાખવું, પણ બીજી દરેક રીતે તેની સાથે સચ્ચાઈ અને ન્યાયથી વર્તવું એ તેના ચારિત્ર્યના ઘડતર માટે બહુ જ જરૂરનું છે.

કોઈ પણ પ્રવૃત્તિ કે લાગણી મરી જાય એટલી હદ સુધી તેનું રોકાણ કે મનાઈ કરવી ન જોઈએ. પ્રત્યેક વર્તન કે વ્યવહારને બાળક તેની નજરે કેમ વિચારતું હશે તેનો હમેશાં ખ્યાલ રાખનાર વાલી કે માબાપને તે ઉઘાડા પુસ્તક જેવું લાગશે. તેમનો તેના તરફનો ઉત્કટ પ્રેમ જરૂર યોગ્ય વિધિ-નિષેધો સુધારશે.

બાળકને ઘડનારા આપણે નથી, પ્રત્યેક બીજમાં તેનું વૃક્ષસ્વરૂપ છુપાયેલું છે, તે રીતે હરેક બાળકમાં પૂર્ણવિકસિત માનવ થવાની શક્યતાઓ ભરેલી છે. યોગ્ય હવા, પોષણ અને વાતાવરણ તેને આપવાને જેટલું આત્મસમર્પણ આપણે કરી શકીશું, તેટલો વિકાસ તે આપોઆપ કરી લેશે. આપણે તો એ ઊગતા માનવની ભાવપૂર્વક પ્રતીક્ષા કરીએ.

બાળકો સાથેના વ્યવહાર માટે કેટલીક અનુભવસિદ્ધ સૂચનાઓ:

(૧) પ્રત્યેક બાળકને ઘરમાં તેનું સ્થાન અને કાર્ય મળી રહે એ માટે વડીલો અને માબાપ ચીવટ રાખે.

(૨) પ્રત્યેક બાળકને મનગમતી પ્રવૃત્તિઓ કરવાની જગ્યા અને સાધનો મળવાં જોઈએ.

(૩) તેના બાળમિત્રોને મળવા-હળવાની તકો અને પ્રસંગો ગોઠવવા જોઈએ.

સર્જકતા અને કૌશલ્ય ખીલવવા દરેક બાળક માટે ઘરમાં ભીંત પર કે કોઈ જગ્યાએ કાળા પાટિયા સાથે રંગીન કે સાદા ચાક મૂકવા જોઈએ.

(૪) રેતી અને માટીની સાથેના બધા પ્રયોગો શાળા તેમ જ ઘરમાં આપવા જોઈએ.

(૫) બાળકોને ચિત્રો બતાવવાં અને તેનો સંગ્રહ કરી આપવો તે ઘરનાં મોટાંઓનું કર્તવ્ય છે. શબ્દોના પાઠો કરતાં ચિત્રો વધુ ચોક્કસ અને આનંદપૂર્ણ શિક્ષણ આપી શકે છે.

(૬) તેમને ચિત્રો કરવાનું મન થાય ત્યારે રોકવાં નહિ, તેમ જ તેમની ટીકા કર્યા વિના સહાનુભૂતિપૂર્વક તે જોવાં અને સંઘરવાં. ચિત્રો કરવાની ટેવ ચિત્રકાર થવા નહિ, પણ તેના મનના તરંગો અને વિચારો બહાર પાડવાનું સાધન છે એમ સમજવું.

(૭) જેમ જેમ બાળક સમજણું થશે તેમ તેમ તે મોટાનાં કામોમાં ભાગ લેવાને ઇંતેજાર બનશે, તે વખતે તેને રોકવું નહિ, પણ તેને યોગ્ય સગવડ કરી આપવી; આથી કામની તરફ તેનો ભાવ વધશે. રોકવાથી એ કામને અકારું ગણતું થઈ જશે અને તે તેના ચારિત્ર્યનો દોષ ગણાશે.

(૮) ધાકધમકી, માર કે ત્રાસ, તેમ જ ગાળો, બાળકોની સૃષ્ટિમાંથી સદંતર બહિષ્કૃત થવાં જોઈએ અને તેની ચોકી માટે વડીલોએ કાળજી સેવવી જોઈએ.

(૯) અક્ષરો અને વાચન કે ગણિત માટે ઉતાવળ કરનારા કે કરાવનારા શિક્ષકો અને વાલીઓ બાળકની ઊર્મિ ખીલવવાના સમયમાં તેનો આનંદ ખેંચી લે છે. આ નુકસાન કદી ભરપાઈ થવાનું નથી. તે હોશિયાર વેપારી કે હિસાબી થઈ શકે, પણ કવિ, દ્રષ્ટા કે સમભાવી સજ્જન બની શકે નહિ, તેમજ જગતમાં વ્યાપી રહેલું સૌંદર્ય જોવાની શક્તિ ગુમાવે; એટલે કે પ્રભુનો પ્રસાદ પામી શકે નહિ.

(૧૦) જ્યાં બાળકોનાં સુખ અને આનંદની કોઈ દરકાર કરતું નથી, ત્યાં બુદ્ધિ અને ચતુરાઈનું ધોરણ નીચું રહે છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૉટર-પંપનો પરચો

લેખક :
શ્રી ચુનીલાલ મડિયા

ખુદ દોરાબજીએ આગળ ચાલીને અમને આખી આઈસ-ફેક્ટરીમાં ફેરવ્યા. પાણી જેવા પાણીમાંથી ધોળાં ફૂલ બરફનાં ચેસલાં શા રીતે જામી જાય છે એ આખી સમસ્યા મને અને બકુને સહેલીસટ કરીને સમજાવી દીધી. ફેક્ટરીમાં ફરવાનું પૂરું થતાં જ બકુ હતાશ થઈ ગયો. બકુને રખડવા સિવાય બીજી કોઈ વાતમાં ચેન ન પડતું. હવે દોરાબજીની ઑફિસમાં બેસવું પડશે અને તરત એને કીડીઓ ચડશે એ હું જાણતો હતો, પણ ત્યાં તો બકુએ જ મારો ખભો હચમચાવતાં પૂછી નાખ્યું :

'હેં જયલાલ, આ બરફ બનાવવાનું પાણી આવે છે ક્યાંથી ?'

મેં આ પ્રશ્ન દોરાબજીને સોંપવા એમની સામે જોયું. બકુના આ ભયંકર અજ્ઞાન પ્રત્યે દોરાબજી હસ્યા અને બોલ્યા : 'પાણી તો કૂવામાંથી જ આવેને બાવા ?'

'ક્યાં છે એ કૂવો ?' બકુના પ્રશ્નોની પરંપરા શરૂ થઈ.

'આય ફેક્ટરીની પછવાડેના કમ્પાઉન્ડમાં જ–તો વૉટર–પમ્પ મુકાવિયો છ.'

'ચાલો એ જોવા જઈએ.'

અમારી સંમતિની રાહ જોયા પહેલાં તો બકુએ કૂવા તરફ મોટાંમોટાં ડગ ભરવા માંડ્યાં હતાં.

સામાન્યતામાંથી પણ કાંઈક ને કાંઈક અસામાન્યતા શોધી ન કાઢે તો એ બકુ શાનો ? ક્રૂડ ઑઈલની નાનકડી મોટર વડે ચાલતા વૉટર-પમ્પ ઉપર સિંદૂરનાં ટપકાં અને ત્રિશૂળ બકુની બાજ સમી ચકોર નજર ચુકાવી શક્યાં નહિ.

'હેં દોરાબજી બીજું બધું તો ઠીક, પણ વૉટર-પમ્પ ઉપર આ અરચા શા માટે કરી છે ? કે પછી તમે પણ અહીં તમારી અગિયારી ઊભી કરવા માગો છો ?'

'બાવા આ તો તમારા હિંદુરાઓના ભગવાનના ચાંદલા કરિયા છ...'

'પણ જયલાલ' બકુએ મને ફરી હચમચાવી નાખતાં કહ્યું : 'ધીસ ઇઝ સ્ટ્રેન્જ! (આ તો અજબ છે!) વિજ્ઞાનયુગના આ વૉટર-પમ્પ ઉપર આવા વહેમનાં ચિહ્નો જોવા મળે છે!'

'લોકો હજી હમણાં સુધી રેલવેના એન્જિન આગળ નાળિયેર વધેરતા, એ કેમ ભૂલી જાય છે ? એ અગ્નિદેવ હતા, તો આ વૉટર-પમ્પ વરુણદેવનું પ્રતીક નથી શું ?' મેં કહ્યું.

'તારું શાસ્ત્રજ્ઞાન મારે નથી જોઈતું.' બકુએ મને સંભળાવ્યું અને પછી દોરાબજીને હચમચાવ્યા : 'દોરાબશા, તમે આ સિંદૂરના ત્રિશૂળનું રહસ્ય સમજાવો.'

'બાવા, હું તમારી હિંદુ માઈથોલોજી ભણિયો નથી, પણ ફેક્ટરી ઊભી કરી ત્યારે આ વૉટર-પમ્પે ભારે ચમત્કાર બતાવિયા; એટલે આ બધી વર્શીપ કરવી પડે છ.'

'વર્શીપ ? આ વિજ્ઞાનના યંત્રની પણ વર્શીપ ?' બકુનો રોષ વધતો જતો હતો.

'બાવા, બધુંય કરવું પડે, ધંધોધાપો કરવો હોય તો.' દોરાબજીએ વ્યવહારુ અને આર્થિક કારણ રજૂ કર્યું.

'પણ કારણ કાંઈ ?' બકુ અદાલતી ઢબે ઊલટ તપાસ કરતો હતો.

'કારણ મારો કુશવલાલ જાણે છે. હું તો તમારા હિન્દુરાનાં દેવદેવલાંને ઓળખતો બી નથી. કુશવલાલ વાનિયો છે એટલે બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજે છે. એને પૂછો.'

દોરાબજીએ મુનીમનો હવાલો આપ્યો એટલે બકુ કેશવલાલને વળગ્યો. નામું લખવું અને ઉઘરાણી પકવવી એ બે સિવાય ત્રીજી કોઈ પ્રવૃત્તિમાં રસ ન ધરાવનાર કેશવજીને બિચારા જીવને પ્રશ્નો પૂછીપૂછીને બકુએ હેરાન કરી નાખ્યો.

'મૂળથી જ આ જમીન વહેમવાળી તો ગણાતી!' કેશવલાલે થોડો પૂર્વ ઇતિહાસ રજૂ કર્યો: 'અડખેપડખે માણસની વસતિ જ નહિ. નજીકમાં સ્ટેશન છે, પણ ગાડીના ટેમ ઉપર જ માણસનું મોઢું ભાળીએ; ગાડી ઊપડયા પછી બધું ય ઉજ્જડ. ગામ તો દોઢ ગાઉ આઘું. સામેના ખેતરમાં ગોરજીની ડેરી છે, પણ વરસમાં એકવાર શ્રાવકોનો મેળો ભરાય તયેં જ માણસ ભેગાં થાય. આડે દીએ ઉજ્જડ! દોરાબશા ફેક્ટરી સારુ સસ્તામાં જગ્યા ગોતતા'તા, આ ખરાબો ઉજ્જડ ને વેંમવાળો હતો; એટલે દરબારે પાણીને મૂલે વેચી માર્યો. ખરાબામાં પણ જૂની પુરાણી વાવ હતી; એટલે અમારું તો કામ થઈ ગયું!

'વાવ્યને કાંઈ કાંઠો–કઠોડો બાંધ્યા નો'તા એટલે અમે તો સીધા ભૂંગળાં ઉતારીને માથે મોટર-પમ્પ મૂકી દીધો ને અડખેપડખે કોન્ક્રીટનું બાંધકામ કરીને આખો કૂવો પેક કરી દીધો. રાતે કડિયા-મિસ્ત્રી ને મજૂર બધું ય ઢાંકી કારવીને ગયા પણ સવારમાં આવીને જોયું તો કૂવા ઉપરથી ઢાંકણું જ ખસી ગયું છે! બધું ય ખેદાનમેદાન! અમારા તો અચરજનો પાર જ ન રહ્યો. ગામમાં એક મેમણની આઈસ-ફેક્ટરી છે. એણે જ અમારી હરીફાઈ જાગશે એમ સમજીને અમારું બાંધકામ રાતે કોઈ પાસે તોડાવીફોડાવી નાખ્યું હશે, એમ દોરાબશાને લાગ્યું.

'પહેલી વાર ઓલ્યા મેમણનો વહેમ આવ્યો, પણ પછી તો વારે ઘડીએ આમ થાવા માંડ્યું એટલે લાગ્યું કે જરૂર આમાં કાંઈક ભેદભરમ છે. અમે તો આ ગામના અજાણ્યા એટલે એનો ભેદ કેમ કરીને જાણીએ? દોરાબશા તો હિન્દુ શાસ્તરમાં માને નહિ તોય બે ડાહ્યા માણસની સલાહથી ચંડીપાઠ ભણાવી જોયા તો ય કાંઈ ફેર ન પડ્યો. થાળા ઉપર પમ્પની મોટર કેમે ય કરી રહે જ નહિ. રોજ સવારે આવીએ ત્યાં બધું ઊથલપાથલ!

'આ કાતકની વાત ધીમેધીમે ગામ આખામાં પહોંચી ગઈ. ઘણાં ય માણસ તો ખાસ આ ચમત્કાર જોવા મસે આઈસ ફેક્ટરીમાં આવવા માંડયાં, પણ કૂવાનો કોપ ટાળવામાં કોઈની બુદ્ધિ કામ ન આવી. દોરાબજી તો આ આફતથી કાઈ ગયા. એકવાર તો એણે નક્કી કરી નાખ્યું કે જાનમમાં જાય આઈસ-ફેક્ટરી. મોંઘી પડી મોટર ને મિશીન વેચી નાખવા છાપામાં જાહેર ખબર પણ છપાવી નાખી.

'પણ દોરાબજીનાં નસીબ તેજ કરતાં'તાં. ગામમાં એક ખોખલો ડોસો રહેતો'તો. ડોસો હતો જમાનાનો ખાધેલ. એણે છપનિયો કાળ નજરે જોયોતો. નેવું-પંચાણું વરસ વટાવી ગયેલો ને બોખલા મોંમાં ત્રીજીવાર દાઢ ફૂટેલી. એને કાને આઈસ ફેક્ટરીની વાત ગઈ હશે; એટલે એક બપોરસોરો લાકડી ઠબકારતોઠબકારતો આની કોર આવી ચડ્યો; એણે દોરાબજીને કીધું, કે આ કૂવો કોઈ કાળે ઢાંક્યો નહિ ઢંકાય.

'પછી ડોસાએ ઓલી ખેતરવા આઘે દેખાય છે એ સાધુની ડેરીની વાત કરી. એણે કીધું, કે એ ડેરીમાંના શ્રાવકના મોટા સાધુ થઈ ગયા. ઘણા ય દાયકા પેલાંની વાત, પણ ડોસાએ એ સાધુનાં દર્શન કરેલાં. એ તો મોટા વીતરાગી જીવ હતા ને એક માત્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાશ પીને જ રહેતા. આઘેઆઘેથી શ્રાવક-લોક એ મહારાજનાં દર્શને આવતા. મોટા-મોટા લખપતિ મારવાડી આ વીતરાગી સાધુને વાંદવા આવે એવી એની નામના.

'કહે છે કે એ ગોરજી જંતરમંતરના પણ ભારે જાણકાર. ઊડતાં પંખી પાડે એવી એની વિદ્યા. દોરાધાગા પણ એવા તો કરી જાણે કે એની જુવાનીમાં તો ગોરજીએ રૂપ-રૂપના અંબાર જેવી બાયડિયુંનાં વશીકરણ કરેલાં. ઓલ્યો ડોસો પંડયે પોતાની ગદ્ધા-પચીસીમાં હતો, ત્યારે કોક પાડોશણ છોકરી ઉપર છાંટવા સારુ આ જતિ પાસેથી અડદના દાણા મંતરાવી ગયેલો. જતિ તો જાતજાતની વિદ્યા જાણે ને ? કાળી ચૌદશની રાતે નાગાપૂગા મહાણખડીમાં જાય એવા ઉસ્તાદ, પણ આ જતિને ય એક દા ઘડપણ આવી પૂગ્યું. એણે વિચાર કર્યો કે આવતે ભવે દેવલોકમાં જાઉં. એણે તો જીવતે જીવ સંથારો કરીને દેહ પાડી નાખવાનું નક્કી કર્યું.

'ગામનું મહાજન તો આ સમાચાર જાણીને ગાંડુંતૂર થઈ ગયું. એણે તો દેશા-વરમાં કંકોતરી લખી. ગામેગામેથી માણસ દર્શને આવવા મંડયું. જતિ તો એલી ડેરી દેખાય છે એ જગ્યાએ એક શિલા ઉપર આસન વાળીને સમાધિમાં બેસી ગયા. અન્ન-પાણી સાવ છોડી દીધાં. ગામના મહાજનને મન તો આ મોટી વાત. આવા પુણ્યશાળી જીવ આપણા પાદરમાં દેહ છોડીને દેવલોકે જાય એવાં આપણાં ભાગ્ય ક્યાંથી! એમ વિચારીને આ જંગલમાં મહાજને તો મોટાં મોટાં રસોડાં ઉઘાડ્યાં. તે દુ'ના કાળની આ વાવ્ય ખોદાવેલી. આ ઉજ્જડ જંગલમાં મબલખ માણસને પાણી પૂરું કેમ પડે ? જતિનો સંથારો લંબાતો ગયો એમએમ જાત્રાળુ પણ વધતા ગયા.

'મહિનો થયો, બે મહિના થયા, અઢી મહિના થયા, પણ જતિનો દેહ પડે નહિ. લોકોનું કૌતક વધવા લાગ્યું, પણ જુવાનીમાં મહિના-મહિનાના ઉપવાસ તો જતિએ બહુ કરેલા એટલે એમ તો દેહ ક્યાંથી પડે? બેત્રણ મહિનાનો સંથારો તો એની કાયાને જણાય પણ ક્યાંથી ? પણ ભાઈ, અંતે તો ગમે તેવો તો ય મનખાદેહ ! ત્રીજે મહિને સાધુ બિચારા બેશુદ્ધ જેવા થઈ ગયા, થઈ જ જાયને? આપણે દીમાં ત્રણ-તાંસ ઓહટનારા જીવ રોજ સવાર પડે ને ભૂખ્યાંડાંસ થઈને ઊઠીએ, તો આણે તો ત્રણત્રણ મહિના લગી અન્નપાણી મેલ્યાં હતાં.

'જતિના કાળજામાં ભૂખ-તરસની અગન ઊઠી. એણે બૂમો પાડવા માંડી 'પાણી...પા...ણી...' પણ શ્રાવકે એને પાણી ન આપ્યું. શિષ્યોએ કીધું કે 'ગુરુજી હવે દેહનિર્વાણની નજીક પહોંચ્યા છે; એટલે બેશુદ્ધિમાં બકે છે. હમણાં એમનો ક્ષરદેહ પડશે એટલે આકાશમાં દુંદુભિ વાગશે ને દેવવિમાન એમને લેવા આવી પૂગશે. શ્રાવકો તો હવે લાંબા ભૂખમરાને લીધે બિહામણા લાગતા ગુરુજીના દેહ સામે જોવાને બદલે આખો દિવસ આકાશ સામે જ નજર ટાંપીને બેઠા રહેતા. આઘે-આઘે ક્યાં ય સમડી ઊપડતી દેખાય કે તરત બૂમાબૂમ થઈ પડતી કે દેવવિમાન આવે છે.

'એકવાર તો બપોરના તડકામાં પવન-નો વંટોળિયો ઊઠ્યો, એમાં અડખેપડખેનાં ઝાડપાનમાંથી પાંદડાં-ડાંખળાં ઊડી આવ્યાં ને માણસ તો ગાડાંતૂર થઈ ગયા. સહુ એમ સમજ્યા કે આકાશમાંથી ઇંદ્રરાજાની અપ-સરા ફૂલ વેરે છે... !

'આમ સહુ માણસો જાતજાતના આનંદમાં ગુલતાન હતા ત્યારે બિચારા ગુરુજીનો તો ભૂખેતરસે જીવ જતો હતો. હવે તો જતિએ બે વરસના બાળકની જેમ બાંબરડા નાખવા માંડયા હતા: 'પાણી...પા...ણી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એના શિષ્યો કે શ્રાવકો થોડા બાળક હતા કે ગુરુજીને પાણી પાઈ દઈને એનો મોક્ષ બગાડે! સહુ સારી પેઠે સમજતા હતા, કે ગુરુજી આ તો બેશુદ્ધિમાં જ પાણી માગે છે. બાકી એનો ભવ્ય જીવ તો ક્યારનો તીર્થંકર ગોત્ર બાંધી બેઠો છે.

'પણ પછી તો ગોરજીએ તોડીફોડીને કહેવા માંડ્યું, કે હું હજી બેશુદ્ધ નથી થયો. મારી સુધબુધ હજી ઠેકાણે છે. હું સાચે જ પાણી માગું છું...પણ સાધુજીવનો સંથારો તોડાવવાનું પાપ કોણ માથે લિયે? કળજ-ગમાં સંથારો કરીને મોક્ષે જવાનું તો ગોરજી જેવા હળુકર્મી ને પુણ્યશાળી જીવના પારબ્ધ-માં જ લખાયું હોય. આપણા જેવા ભારે-કર્મી જીવથી આવા પરિસહ ખમીને સંથારો થાતો તો નથી, તો જે પુણ્યશાળી જીવે સંથારો કર્યો છે એને પાણી પાઈ દઈને એનું તીર્થંકર-ગોત્ર તોડાવીને પાપમાં જ પડીએ ને? ને કોકના આત્માના ઉદ્ધાર આડે આવા અંતરાય કર્મ બાંધીને પછી કયે ભવે છૂટીએ?

'શિષ્યોની ને શ્રાવકોની આ દલીલો ગોરજી સાંભળતા હતા; તેથી એકવાર તો એમણે કબૂલાત કરી કે મારે દેવલોકમાં નથી જવું, કે નથી મારે તીર્થંકરનું ગોત્ર બાંધવું. મારા પેટમાં તો અટાણે લહાય ઊઠી છે, મને ઝટ પાણી પાવ; પણ દેવલોકની ને અપ્સ-રાની ને નાટારંભની વાતોમાં ગુલતાન મનખો ગોરજીની આવી ગાંડી વાત સાંભળે જ શેનો?

'અંતે એકવાર તો ગોરજી રાતના અંધારાનો મોકો જોઈને પોતાના આસનની શિલા ઉપર સૂતા હતા, ત્યાંથી ભાંખોડિયાં ભરતાંભરતાં આગળ વધ્યા અને સામે વાળેલા તંબૂમાં મહીમહેમાન સારુ ખાંડના પાણીનાં મીઠાં શરબતની કોઠીઓ ભરી હતી એ તરફ પહોંચ્યા, પણ તરત એક શિષ્યની નજર પડી ને બૂમાબૂમ કરી એટલે શ્રાવકો દોડી આવ્યા અને ગુરુજીને ટાંગાટોળી કરીને પાછા શિલા ઉપર સુવડાવી દીધા, ત્યારે શિષ્યો ને શ્રાવકોનો જીવ હેઠો બેઠો કે આપણે મહા પાતકમાંથી ઊગરી ગયા. શરબતની કોઠી સુધી પહોંચવા આવેલા ગુરુજીએ એમાંથી પ્યાલો પી લીધો હોત તો એની રાવઈ આપ-ણા ઉપર ચડત ને એનું કર્મબંધન ભવોભવ આપણે ભોગવવું પડત.

'આ અંતરાયકર્મ, રાવઈ, કર્મબંધન વગેરે ન કરવાં એવો ઉપદેશ પણ આ લોકોને ગુરુજીએ જ જિંદગીભર આપ્યા કર્યો હતો. એ ઉપદેશ અનુસાર જ લોકો અત્યારે આચ-રણ કરી રહ્યાં હતાં. દરિયામાંથી સૂકી જમીન પર આવી પડેલું માછલું પાણી વિના તરફડે એમ ગુરુજી શિલા ઉપર સૂતાસૂતા તરફડતા હતા, પણ પોતે જ અનુયાયીઓને અંત-રાય-કર્મ ન બાંધવાનો આપેલો ઉપદેશ અત્યારે પોતાની અને પાણીની વચ્ચે અંત-રાય ઊભો કરી રહ્યો હતો.

'તે રાતે ગુરુજીએ ચોરીછૂપીથી પાણી પીવાનો પ્રયત્ન કર્યા પછી ચતુરસુજાણ શ્રાવકો ચેતી ગયા. ફરીથી પાપમાં પડવાનો ભય ઊભો ન થાય એની સાવચેતી તરીકે એમણે એવી કરામત કરી કે ગુરુજી પોતાનું પવિત્ર આસન છોડી જ ન શકે. પડખેની વીડીમાં ઢોર ચરા-વવા આવતા રબારીઓ પાસેથી ઢોરના બે પગ વચ્ચે બાંધવાની ડામણ માગી લાવ્યા અને ગુરુજીના પગમાં એ પહેરાવી દીધી, છતાં ગાંડપણના તોરમાં ગુરુજી હાથ વડે પગની ડામણ સેરવી કાઢે એવો ભય જણાતાં હાથમાં પણ એક ડામણ બાંધી દીધી!

'લાંબી લાંઘણુને પરિણામે ગુરુજીના જીર્ણ દેહમાં ઝાઝું કૌવત નહોતું રહ્યું, પણ ભૂખ્યા-તરસ્યા પેટમાંથી એવી તો આગ ઊઠતી હતી કે કોઈ પણ રીતે પાવળું પાણી પીવા મળે તો ગમે તેવું કષ્ટ વેઠવા પણ તેઓ તૈયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. હવે હાથપગ તો હાલતા નહોતા; એટલે નાનકડાં છોકરાં અલગોટિયાં ખાય છે એમ પડખાભેર આળોટતાઆળોટતા તેઓ પાણી-ની કોઠી તરફ જવા મથતા હતા. એકવાર તો ઉઘાડે ડિલે જંગલની ખડબચડી જમીનમાં આવાં અલગોટિયાં ખાતાં આખો વાંસો ઉઝરડાઈને લોહીલોહાણ થઈ ગયો, પણ અંદરની વેદના પાસે આવી બહારની વેદના શું હિસાબમાં ?

'હાથે-પગે ડામણ બાંધ્યા પછી સહુના જીવ હેઠા બેઠા. ગુરુજીનો જીવ પણ લાંબી લાંઘણને પરિણામે હેઠો જ બેસતો જતો હતો. આ અનુયાયીઓ પાસેથી પાણી તો આ ભવમાં હું નહિ જ પામું એવી પાકી ખાતરી થયા પછી એમણે 'પાણીપાણી'નો પોકાર બંધ કર્યો. એ પોકારને બદલે હવે પોક મૂકીને રડવાનું શરૂ કર્યું, પણ એમનું એ રુદન ખરેખર અરણ્ય વચ્ચે જ થતું હોવાથી અરણ્ય-રુદન જ નીવડ્યું.

'રોઈ રોઈને થાક્યા પછી, આખરે જીવ પર આવીને ગુરુજીએ પોતાનો જીવ લેનારા-ઓને ગાળો ભાંડવી શરૂ કરી. કહે છે. કે સાંભળનારનાં કાનમાંથી કીડા ખરી પડે એવી ભૂંડી બબ્બે કટકા ગાળો ગુરુજીએ ભાંડવા માંડી. ગામના મહાજનના આમંત્રણને માન આપીને દૂરદૂરના દેશાવરમાંથી આવેલા દર્શ-નાર્થીઓ ગુરુજીના અંતકાળે આખરી ઉપ-દેશની અમૃતવાણીનું પાન કરવા આતુર હતા, ત્યારે જ આવા મોંફાટ અપશબ્દો સાંભળીને આઘાત અનુભવી રહ્યા. પણ આવા કાબેલ ગુરુજીનું જિંદગીભર પડખું સેવનાર શિષ્યો આવા નાજુક પ્રસંગે નાસીપાસ થાય એમ નહોતા. તુરત એમણે નુસખો યોજી કાઢ્યો. આ અપશબ્દો ગુરુજી ઇરાદાપૂર્વક નથી બોલ-તા, પણ દેવલોકમાં પ્રયાણ કરતાં પહેલાં પોતાનાં બાકી રહેલાં કર્મો ખપાવી રહ્યા છે એમ જાહેર કર્યું; અને આ ભ્રષ્ટબુદ્ધિ માણસ હવે વધારે ફજેતી કરે-કરાવે એ પહેલાં તો એક શિષ્યે ગુરુજીના મોંમાં લૂગડાંનો ડૂચો ખોસીને માથે કસકસાવીને પાટો બાંધી દીધો!

'હવે તો પાણી વિના મૂગે મોંએ જ પ્રાણત્યાગ કર્યા વિના ગુરુજી માટે છૂટકો જ નહોતો. એમનો પ્રાણ તો પાણી વિના તરફ-ડતો હતો, પણ શરીરને તો સાંકળમાં જકડાયા પછી તરફડિયાં મારવાની પણ મો-કળાશ રહી નહોતી.

'રોજ સવારમાં શિષ્યો ગુરુજીના નાક આગળ આંગળી મૂકી જોઈને શ્વાસોચ્છ્વાસ ચાલે છે કે કેમ એ તપાસી જોતા. એક સવારે જણાયું કે શ્વાસોચ્છ્વાસ અટકી ગયા છે-ગુરુજી મોક્ષે સિધાવી ગયા છે. તુરત અનુયાયીઓમાં આનંદમંગળ વરતી રહ્યાં. ગુરુજી સમાધિમાં બેસતા અગાઉ કોઈ-વાર બોલી ગયા હશે કે મને મારા આસન પર જ અગ્નિદાહ દેવો. છતાં ગુરુજીના ક્ષર દેહને ચાંદીની પાલખીમાં બેસાડીને ગામની બજારી બજારમાં ફેરવવાનો લહાવો લેવાની ઉત્સુકતા લોકો ન રોકી શક્યા. ગુરુજીને સાંકળ વડે બાંધ્યા પછી એમના મોક્ષની પાકે પાયે ખાતરી થતાં તુરત સુથાર અને સોની લોકો ભેગા મળીને ચાંદીના ગોખરાવાળી પાલખી ઘડવા લાગી ગયા હતા. મહાજન મોકળે મને નાણાં ખરચતું હતું. અત્યાર સુધીમાં પણ પાણીની જેમ પૈસા વપરાયા હતા. છેક મુંબ-ઈની અગિયારીઓમાં ઑર્ડર આપીને સુખ-ડના લાકડાનું ખાસ્સું વેગન મગાવવામાં આવ્યું હતું. પાલખી વાજતેગાજતે ગામમાં ફેરવી, આખે રસ્તે મુઠ્ઠી ભરીભરીને રૂપિયા ને સોનાચાંદીનાં ફૂલ મારવાડી શેઠિયા ઉડા-ડતા હતા. અડખેપડખેનાં ગામડાંમાંથી ઘણાંય ગરીબગરબાં આ રૂપિયા વીણવા આવી પૂગ્યાં હતાં. સવારે પાલખીનું સરઘસ ચડ્યું હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સાંજે ઊતર્યું. સાંજે ઓલી ડેરી દેખાય છે એ જ જગ્યાએ સુખડનાં લાકડાં ને ઘીના કુંભા રેડીરેડીને ગુરુજીના દેહને અગ્નિદાહ દીધો. તે દિવસથી દર વરસે ગુરુજીની નિર્વાણતિથિએ એ ડેરી પાસે મેળો ભરાય છે. એમાં ગુરુજીનાં પગલાં છે, એની માનતા મનાય છે.

‘ગુરુજી તો નિર્વાણ પામી ગયા, પણ ગામનાં માણસને મોટું દુઃખ કરતા ગયા. રાતવખતે એકલદોકલ માણસ આ રસ્તે નીકળતાં પહેલાં વિચાર કરે. સીમમાંથી પાછા ફરતા ખેડૂ વાત કરે છે કે રાતે કોક ‘પાણી પા...ણી’ કરતું હડિયું કાઢતું હોય છે. જાતજાતની વાતું બોલાય છે. ગામમાંથી એક શેઠિયાનું કુટુમ્બ મુંબઈ જતું હતું. રાતની ગાડીએ લાગુ થવા બે બજે અહીંથી ટપો નીકળ્યો. સામટા સરસામાનમાં ભાથાની પેટી ને પાણીનો કૂજો હતો. શેઠાણીએ ઘેરેથી ઠરેલ મીઠા પાણીનો કૂજો ભરીને ટપામાં મેલ્યો હતો. સ્ટેશને જઈને છોકરાંએ પાણી માગ્યું, પણ કૂજો ઉઘાડ્યો તો ખાલીખમ્મ ! આ ઉજ્જડ જંગલમાં આ એક જ કૂવો છે. સહુ કહે છે કે રોજ રાતે ગોરજી આ કૂવે પાણી પીવા આવે છે.’

કેશવલાલે સવિસ્તર બયાન રજૂ કર્યા પછી, આ બધી માહિતી પૂરી પાડનાર પેલા ખખડી ગયેલ ડોસાનો ઋણસ્વીકાર કરતાં કહ્યું:

‘ડોસે અમને વાત ન કરી હોત તો આઈસ ફેક્ટરી ઊભી જ ન થઈ હોત. દોરાબજી તો બધી ય મશિનરી ભંગારને ભાવે ફેંકી મારવા તૈયાર થઈ ગયા હતા.’

મુનીમે રજૂ કરેલું આ લાંબું કથન એકચિત્તે અને અવાક બનીને સાંભળી રહેલ બકુની જીભ હવે ઊપડી. પૂછ્યું:

‘પણ પછી ફેક્ટરી ચલાવવામાં તમે કીમિયો શું કર્યો એ તો કહો !’

‘કીમિયો તો બીજો શું કરવાનો હોય ?’ કેશવલાલે સમજાવ્યું : ‘ડોસાએ કીધું કે મોટર મૂકવા સારુ આ કૂવાને આખેઆખો ઢાંકી લીધો છે એને અધોક ઉઘાડી નાખો. અમે તો તરત કડિયા-મિસ્ત્રીને બોલાવ્યા ને અર્ધું કોન્ક્રીટ ઉખેડાવી નાખ્યું. મોટરનો પમ્પ વચોવચ્ચ હતો એ ખસેડીને એક કોર લઈ લીધો. કીધું કે ભલે રાતે ગોરજી આવીને પેટ ભરીને પાણી પી જતા.’

‘અર્ધું ઢાંકણું ઉખેડી નાખ્યા પછી શું થયું ?’ બકુએ પૂછ્યું.

‘પછી શું થાય ?’ કેશવલાલે કહ્યું : ‘પમ્પ ધમધોકાર ચાલવા મંડ્યો. પછી કાંઈ વિઘ્ન ન આવ્યું, તોપણ ચેતતા નર સદા સુખી એમ દોરાબજી પણ માને છે. અમે ફરીવાર ચંડીપાઠ કરાવી લીધા. ગુરુજી અંધારી અગિયારસે અવગતે ગયા હતા. અમે દર મહિનાની અંધારી અગિયારસે બ્રાહ્મણ પાસે જાપ જપાવીએ છીએ ને આ પમ્પપૂજા કરાવીએ છાએ, ધૂપ-દીવા કરાવીએ છીએ. પછી ગોરજીએ અમને કોઈ દી કનડ્યા નથી.’

આટલું કહીને કેશવલાલે સ્ત્રૈણ અદાથી ઉમેર્યું : ‘ખોટું નહિ બોલું, બાપુ ! પમ્પ મજાનો એ...ને ભખભખ પાણી કાઢ્યા કરે છે. ઠાલો ઈ બિચારા અવગતિયા જીવને ખોટો દોષ દઈએ તો આપણે કયે ભવે છૂટીએ, બા ?’

ફેક્ટરીમાંથી પાછા વળતાં રસ્તામાં બકુ આ આખી કથની વાગોળી રહ્યો હતો. એના બુદ્ધિપ્રધાન માનસમાં આવી ચમત્કારયુક્ત ઘટનાની ઘડ બેસે એમ નહોતી, એ હું સારી પેઠે સમજતો હતો. એણે પોતાની રીતે–પોતાના દૃષ્ટિકોણથી આખી ઘટનાનો મર્મ ઘટાવ્યો.

‘અવગતિયા ગોરજીની–જો એ અવગતે ગયો હોય તો–ભૂમિકા એ છે કે પાણી પીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાન અને દાતા

લેખક:
શ્રીમતી વિનોદિની નીલકંઠ

નિર્જળ એવા એક સ્થળમાં, એક વાવ હતી. તરસ્યાંને પાણી મળે, એટલા સૈકાઓ પૂર્વે ગુજરાતના વિમળશા મંત્રીએ તે બંધાવી હતી. આજે તે વાવને મોઢે એક ગરીબ, મેલાં વસ્ત્રોવાળો માણસ બેઠેલો રહેતો. દરેક વટેમાર્ગુ તે વાવ પાસે અવશ્ય થોભતો, કારણ તે વાવની આસપાસ લીમડાનાં તથા વડનાં ઝાડ હોઈ થાકેલા મુસાફરને ત્યાં ઠંડક પણ મળતી. દરેક મુસાફર પાસેથી પેલો ગરીબ માણસ પૈસા લેતો 'મારા બાપદાદાની બાંધેલી વાવ છે' એમ કહીને.

એક દિવસ તે વાવ પાસે એક ભૂતે દેખા દીધી. રાતવાસો રહેલા મુસાફરોએ તે દીઠું, તેઓ છાતીવાળા હતા. ડરપોક નહોતા. તેમણે ભૂતને પૂછયું: 'કોણ છો?'

જવાબ મળ્યો: 'હું છું વિમળશા મંત્રી!'

મુસાફરો ચમકયા. તેમણે પૂછયું: 'આટઆટલે વર્ષે તમે કેમ આવ્યા? શા વાસના રહી છે? શું માગો છો?'

વિમળશાએ એક શબ્દોચ્ચારથી જવાબ દીધો:

'નખ્ખોદ!'

મુસાફરો બોલ્યા: 'એવું તે કોઈ માંગે?' ત્યારે વિમળશા કહે: 'જુઓ, મેં પરમાર્થે આ વાવ બંધાવી હતી. હવે આ મારો વંશ જ અહીં બેસી, લોકો પાસેથી પૈસા લે છે, અને તે પણ પોતાનો હક સાબિત કરીને! આના કરતાં નખ્ખોદ શું ખોટું?'

×

મનુષ્યને જયારે લેવા કરતાં આપી દેવામાં વધારે આનંદ પડે, ત્યારે તે સ્વાર્થી મટી કાંઈક અંશે પરમાર્થી બન્યો ગણાય; પરંતુ આપવું અને આપી દેવું, એ બેમાં ઘણો ફેર છે. આપી દીધા પછી, આપેલી વસ્તુ ઉપરથી, આપનારે પોતાનો હક-દાવો ઉઠાવી લીધા ઉપરાંત, તેના ઉપરથી પોતાનું મન પણ ઉઠાવી લેવું જોઈએ; અને પોતે કોઈને કાંઈ આપ્યું હતું, એ વાતની પણ તેને વિસ્મૃતિ થવી જોઈએ. દાન મનુષ્યના હૃદયના ઉમળકાથી થવું જોઈએ; અને એકવાર તે આપી દીધું, પછી તે પારકું થયેલું સમજી તે પરથી મમત્વ મૂકી દેવું જોઈએ. અત્યારના જમાનામાં ધનિકો દાન આપી, તેને સુપાત્રના હાથમાં સોંપી સંતોષ માનતા નથી. પોતે કરેલા દાનની વ્યવસ્થા પોતાના જ હાથમાં રાખવા તે મથે છે. તે દાનનો ઉપયોગ કરનાર તરફ શંકાની નજરે જુએ છે; અને પોતે દાન આપ્યું તે કેવો મોટો ઉપકાર કર્યો અને દાન લેનાર પોતાનાથી કેટલા હલકા પ્રકારનો છે એવી વૃત્તિ રાખે છે. આવા દાનથી કાંઈ પુણ્ય પ્રાપ્ત થતું હશે?

સુયોગ્ય પાત્રને કે લાયક સંસ્થાને દાન આપી, તેની સુવ્યવસ્થાની ખાતરી કરી દાતાએ તે સંસ્થામાંથી તરત મન ખસેડી લેવું જોઈએ. જેને દાન કરતાં આવડ્યું, તે દરેકને સંસ્થા ચલાવતાં કાંઈ આવડે? આપણી ઘણીખરી સામાજિક સેવા કરતી સંસ્થાઓ દુર્વ્યવસ્થાથી ચાલે છે, તેનું કારણ એ જ છે, કે દાતાઓ પોતાનું માથું તેની વ્યવસ્થામાં ખોસેલું રાખે છે.

★

અને મને પણ પીવા દો. એણે ભલા આદમીએ 'જીવો ને જીવવા દો'નો જ સિદ્ધાંત બોધ્યો છે.'

'પણ એના શિષ્યો ને શ્રાવકોએ તો બિચારાને જીવવા પણ કયાં દીધો હતો?' મેં ટકોર કરી.

'દોરાબશા તો એને જિવાડે છે ને!' બકુ હસ્યો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાત્રા ફળી

લેખક :
શ્રી ધનસુખલાલ મહેતા

મુંબઈની એક ધર્મશાળા કહો કે એક સેનેટોરિયમ કહો. એના એક રૂમમાં લગભગ બાસઠ-ત્રેસઠ વર્ષનો મણિશંકર અને તેની પંચાવન-સતાવન વર્ષની વહુ ગંગાબા બેઠાં હતાં. રૂમનો ઉપયોગ એમને થોડા કલાક માટે જ કરવાનો હતો. રાતની ટ્રેનમાં તો એ બન્ને સચીન પાસે સનોદરા નામના ગામડે જવાનાં હતાં; એટલે એ રૂમના ફરનીચરમાં ખાસ કશું ન હતું અને હતું એનો ઉપયોગ પેલાં બે કરવા માગતાં ન હતાં. ખૂણામાં એક મોટી ટ્રંક, એકાદ બે પોટલાં અને બે બિસ્તરા હતા. બિસ્તરા છોડીને તે ઉપર બંને બેઠાં હતાં. કાચુંકોરું ખાઈને, ઉપર શિરોઈનું પાણી પી, તંબાકુવાળું પાન મોમાં નાંખીને બંને તકિયે અઢેલીઅઢેલીને જુદાજુદા બિસ્તરા ઉપર અર્ધ બેઠેલી, અર્ધ સૂતેલી સ્થિતિમાં હતાં.

'કેમ આખરે જિંદગીની મોટી મુરાદ પાર પાડી ને ? હવે સંતોષ થયો ?' મણિશંકર બોલ્યા : 'લગભગ બધાં જાત્રાનાં સ્થળ જોઈ કાઢ્યાં.'

'સંતોષ તો થાય જ ને,' ગંગાબા બોલ્યાં: 'એકવાર ગામડાગામમાં ઠરીઠામ થયા પછી થોડું નીકળવાનું હતું !'

મણિશંકર મુંબઈના એક મોટા જૂની ઢબના શેઠિયાને ત્યાં મહેતાજી હતા. મોટા બાબુસાહેબ હતા ત્યાંસુધી નાનાબાબુને રમાડવાથી માંડીને પછી સ્કૂલ લઈ જવા–લાવવામાં અને પછી ભણીગણીને મોટા થયા ત્યારે દેશીનામું શીખવવામાં મણિશંકરે પોતાની જાત ખરચી નાખી હતી. મણિશંકર મહેતાજીનો માનમરતબો સાચવવામાં કમી નહોતી રાખી. મોટાં બાસાહેબને તો મહેતાજી વગર ચેન પડે નહિ, પણ નાનાં બાસાહેબને પણ છોકરાંના મંદવાડમાં, સોનીઓ અને ઝવેરીઓને ત્યાં ધક્કા ખાવામાં અને બીજાં અનેક નાનાંમોટાં કામમાં મણિકાકા વગર ચાલતું નહિ.

મોટાં બાસાહેબ, નાના બાબુસાહેબ તેમજ નાનાં બાસાહેબે મહેતાજીને મુંબઈમાં જ રહેવા ઘણું સમજાવ્યા, પણ જુવાનીમાં એક નાની વિદ્યા નામની છોકરી થઈ અને પાંચ વર્ષની થતાં અચાનક ગુજરી ગઈ, પછી કશું સંતાન ન હતું, તેમજ નજદિકનાં કોઈ સગાંસ્નેહી પણ વરવહુ બંનેમાંથી કોઈને હતાં નહિ, એટલે અમુક પ્રકારની શાંતિ સાધવા બંને વરવહુ મથ્યા કરતાં હતાં. સચીન પાસે સનોદરા નામના ગામડામાં થોડી બાપિકી જમીન હતી અને પડુંપડું થઈ રહેલું એક નાનું ખોરડું હતું. એના ઉપર બંનેની નજર ઠરી હતી. બાબુસાહેબે આખરે જ્યારે જાણ્યું કે તરતમાં તો મણિકાકા કે ગંગાકાકી કોઈ રીતે મુંબઈમાં રહેવા તૈયાર થાય એમ નથી, ત્યારે એ ભલા શેઠે બંનેને લાંબી જાત્રા કરવાની જોગવાઈ કરી આપી. તે ઉપરાંત સનોદરામાં પોતાને ખરચે ખોરડું સરસ કરાવી આપ્યું; અને આસપાસના નાના જમીનના ટુકડા લઈને ખોરડાંની આસપાસ ફળિયું પણ મોટું કરાવી આપ્યું. પિસ્તાળીસ વર્ષનું મુંબઈમાં ભેગું કરેલું રાચરચીલું ત્યાં મોકલાવી આપ્યું; અને મહિને સો રૂ. જેવું પેન્શન પણ બાંધી આપ્યું. તે ઉપરાંત, વર્ષમાં એકાદ બે વખત મણિકાકાએ ઓછામાં ઓછું આવી જવું એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરત પણ કરી દીધી; અને જ્યારે પણ સનોદરાથી કંટાળે ત્યારે શેઠના કમ્પાઉન્ડમાં એ ધણી-ધણિયાણી માટે બે રૂમ તૈયાર છે જ એમ સમજી લેવાનું પણ કહી દીધું.

મણિકાકા અને ગંગાકાકી ઉભયને બધી રીતે સંતોષ હતો, માત્ર હૈયાના એક ઊંડા ખૂણામાં પોતાની પાંચ વર્ષની પુત્રી વિધા વર્ષો પહેલાં ગુજરી ગઈ હતી તેનો જખમ વણરુઝાયેલો કોઈકોઈ વાર સાલ્યા કરતો હતો.

'કહો ન કહો પણ તમને જાત્રા ગયાનો સંતોષ થવો જોઈએ એટલો થયો દેખાતો નથી.' વર્ષોથી સાથે રહેલાં વૃદ્ધોને કોઈ વાર મૌન ગમે છે તો કોઈક વાર એવું મૌન સહન ન થવાથી ગમે તે વિષય સાધીને વાત કરવાની આદત પડી ગઈ હોય છે. મણિશંકરે અત્યારે મૌનભંગ કરી કહ્યું.

'સંતોષ નથી થયો એમ તો કેમ કહેવાય? પણ–પણ...' જવાબ દેતાં ગંગાકાકી અટકી ગયાં.

'તમે આ બાબતમાં હજી નાદાન રહી ગયાં! ભલાં! સંતાનની ઊણપ હવે પૂરી થવાની હતી?' મણિશંકરે કહ્યું.

'તે તો હુંય જાણું છું, પણ આખી જિંદગીમાં કોઈનું ભૂંડું તાકયું નથી. એક પૈસો હરામનો ખાધો નથી, છતાં મારી ઉમેદ કેમ નહિ ફળી હોય?' ગંગાકાકી ઊંડો નિઃશ્વાસ નાખતાં બોલ્યાં.

'ભગવાનની રમત કોણ જાણે છે? પણ હા, હું બધો સામાન સનોદરા મૂકવા ગયો હતો, ત્યારે જ મને ખ્યાલ આવ્યો, કે આપણે ત્યાં લગભગ ચાલીસ વરસ પછી જઈએ છીએ.' મણિશંકર વાત પલટતાં બોલ્યા.

'હા, એ પણ ખરું. આપણા કંદોઈ, મોદી વગેરેમાંથી કોઈ નહિ હોય!' ગંગાકાકી બોલ્યાં.

'નારે, કંદોઈના છોકરાનો છોકરો દુકાન ચલાવે છે અને મોદીનો ભાણેજ બુઢ્ઢો ડોસો થઈ ગયેલો મેં જોયો. એનો છોકરો જ બધું કામકાજ કરે છે.' મણિશંકરે કહ્યું: 'અને હા, પેલી નન્દી સોયાણીના છોકરાની વહુ-નન્દી તો ઘણાં વરસ થયાં મરી ગઈ છે-ગલબી પણ એવી ઘરડી થઈ ગઈ કે ના પૂછો વાત.'

'ગલબી મળી હતી?' ગંગાબાએ અજાબ થઈને પૂછયું.

'હારે, પહેલાં તો તમે જાણો છો ને કે આપણાં ઘરની અને એનાં ઘરની વચ્ચે ત્રણ બીજાં ઘર હતાં, પણ આ નાના બાબુસાહેબે એ ત્રણે નાનાં ઘર લઈલઈને આપણું ફળિયું મોટું બનાવી દીધું છે એટલે હવે તો આપણું ફળિયું પૂરું થાય એટલે ગલબીનું ઘર. એ મારી સાથે વાતે વળગી'તી. હવે તો બધે સુવાવડ કરાવવા એની છોકરી જાય છે, પણ હજી બે–ત્રણ ઘર એવાં રહેલાં છે કે જ્યાં પ્રસંગ આવે તો ત્યાં ગલબીને બે દિવસ અગાઉ ઘરમાં રાખી જ લે છે.' મણિશંકર બોલ્યા.

'હું એ, મેંય મુંબઈમાં કાંઈ કેટલાંના છૂટાછેડા કરાવી આપ્યા છે તે કયાં ભૂલી જાઓ છો? પણ પેટની જણીનું એવું કરવાનો પ્રસંગ ન આવ્યો!' ગંગાબાએ વળી પાછો ઊંડો નિશ્વાસ મૂકયો અને પાછાં ગણગણ્યાં: 'તમે મને ગાંડી ગણો કે ગમે તે ગણો પણ હજી મને એમ છે કે ભલો ભગવાન મારી જાત્રા અફળ નહિ જવા દે. કેવી રીતે ફળશે એ તો એ જ જાણે!'

×

બોંબે સેન્ટ્રલ પર કોઈ દિવસ નહિ ને તે જ દિવસે ભીડ જરા પણ ન હતી. મુહૂર્ત કાંઈક સારું નહિ હોય કે પછી કોણ જાણે પણ જ્યાં જુઓ ત્યાં ડબા ખાલી. ગુજરાત મેલ સ્ટેશન પર આવ્યો અને મણિશંકર અને ગંગાબાએ અ.સાનીથી એક છેવટના ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામસામી સીટ વાળો ડબો હાથ કરી લીધો અને સામસામા બિસ્તરા છોડીને ધણી-ધણિયાણી બારીએ બેસી ગયાં. ઉતાવળ કરવાની તેમને જરા પણ જરૂર ન હતી; કારણ કે બીજાં બધાં કંપાર્ટમેંટ પણ લગભગ ખાલી હતાં. નાના બાબુસાહેબ અચાનક બહારગામ ગયા હતા એટલે એ આવી શક્યા નહિ, પણ નાનાં બાસાહેબ, બે છોકરાં, એક ઘાટી અને એક આપા ડબા શોધતા મણિશંકર બેઠા હતા ત્યાં આવી પહોંચ્યાં. તેમને જોઈને વૃદ્ધ વરવહુને હર્ષનાં આંસુ આવી ગયાં. ઘાટીએ ફ્રૂટનો મોટો કંડિયો અને મીઠાઈની ગંજાવર ટોપલી ડબામાં મૂકી દીધાં અને ઘડીભર તો છોકરાંઓ પણ 'મણિકાકા-ગંગાકાકી'ની બૂમો મારતાં ડબામાં ચડી ગયાં.

બહુ સામાન્ય સ્થિતિનાં વૃદ્ધ સ્ત્રી-પુરુષને મૂકવા આવનારમાં, સહેજે વરતાઈ જાય તેવાં લક્ષાધિપતિનાં બે છોકરાં અને બુટ્ટી, જડ અને ગળાના હીરાના કંઠાથી ઝળકઝળક થતી જુવાન શેઠાણીને જોઈને આસપાસનાં માણસોમાં સહજ આશ્ચર્યની ઝગુઝગુાટી પસાર થઈ ગઈ. વર્ષમાં બેવાર તો મુંબઈ આવવાનું જ એવું વચન પાછું લેવાયું. ગંગાકાકીએ પોતાની કોથળી છોડીને બંને છોકરાંને બબ્બે રૂપિયા અને ઘાટી તેમ જ રામાને એકેક રૂપિયો આપ્યો. આ જોઈને નાનાં બાસાહેબ પણ આગળ આવીને પગે લાગ્યાં અને બોલ્યાં: 'ગંગાકાકી, બાકીમાં તો મને જ રાખોને?'

જવાબમાં ગંગાબાની આંખમાંથી ઊર્મિનાં ડળકડળક આંસુ ખરી પડ્યાં. વળી પાછી જરાક ધ્રૂજતે હાથે કોથળી ઉઘાડવામાં આવી અને પાંચ ખણખણતા રૂપિયા નાનાં બાસાહેબના હાથમાં મુકાયા. 'નાનાં બાસાહેબ, મારી ભૂલ તમે બરાબર બતાવી હોં!'

છલકાતી આંખે યુવતીએ સામો જવાબ વાળ્યો: 'નાનાં બાસાહેબ કહેવું હોય તો રૂપિયા પાછા આપું.'

'અરે ભાઈસાબ, પાછી ભૂલ થઈ. જસુ ભાભી! પેલું નામ પાછું ખેંચી લઉં છું, બસ!' ગંગાબાએ કહ્યું.

આ દૃશ્ય જોઈને અને સંવાદ સાંભળીને મણિકાકા પણ ઉશ્કેરાઈ ગયા અને ગજવામાંથી નાનાં હોલ્ડ-ઑલના કદનો વાટવો કાઢીને પાસે સ્ટૉલ ઉપરથી ચૉકલેટ અને પીપરમિન્ટ લઈ આવ્યા અને વ્યગ્ર હોવા છતાં આનંદી દેખાવાનો ડોળ કરીને તેમણે તે પાંચે જણને વહેંચી આપ્યાં.

ગાડીએ વીસલ મારી. મણિકાકાએ ઘાટી અને રામાને બૂમ મારીને એકેક છોકરાંનો હાથ પકડાવી આઘે ઊભાં રખાવ્યાં. 'જસુ ભાભી, તમે પણ જરા છેટે ઊભાં રહો, દીકરા! ગાડીનું કાંઈ કહેવાય નહિ,' એમ કહીને એમને પણ દૂર કર્યાં અને ગાડી લગભગ ઊપડવા માંડતી હતી અને મણિશંકર પોતાના એ નાના થર્ડ ક્લાસના ડબાનું બારણું દેવા જતા હતા ત્યાં એક જુવાન બાઈ હાંફળીફાંફળી આવીને તે જ ડબામાં ચડી ગઈ અને તેમનાથી બીજા છેડા ઉપર આવેલી એક બારી આગળ ટૂંટિયું વાળીને ફસડાઈ પડી. ગાડી ઊપડી.

×

ડબાના ઝાંખા અજવાળામાં વૃદ્ધ જોડાંની આંખ ટેવાઈ. ડબામાં એક તરફની બે બારીએ, બિસ્તરા પાથરીને બેઠેલાં વૃદ્ધ પતિ-પત્ની અને બીજી તરફથી એક બારીએ ટૂંટિયું વળીને બેઠેલી પેલી યુવાન સ્ત્રી. બે વૃદ્ધોની નજર સહજ પેલી યુવતીનું નિરીક્ષણ કરવામાં રોકાઈ. અરધોએક કલાક થવા આવ્યો હતો; છતાં યુવતીની છાતીનો કંપ નરમ પડ્યો જણાતો ન હતો. સામાનમાં સાથે કશું જ ન હતું, એ નવાઈ જેવું તો હતું જ; કારણ કે સ્ત્રી નિઃશંક ખાનદાન કુટુંબની જણાતી હતી અને ઘણી ખૂબસૂરત હતી, પણ એ યુવતીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના ખાનદાન કુટુંબનો મોહ હોય એમ લાગતું ન હતું તેમ જ પોતાની એ આગળ-પડતી ખૂબસૂરતીને ઢાંકવાના એના પ્રયાસ પણ નવાઈ ઉત્પન્ન કરે તેમ હતા. કમ્મર સુધી પહોંચે તેવા તેના કાળા ભમર વાળ પણ કેવળ વિખરાયેલ સ્થિતિમાં હતા. નાકે અને કાને કાંઈ આભૂષણ હોય એમ પણ જણાતું ન હતું.

'બહેન, ક્યાં જવું ?' ગંગાબાએ સ્નેહથી પૂછ્યું.

'આ...આ...આમ,' જવાબ દેતાં અવાજ ધ્રૂજતો હોય એમ લાગ્યું. વધુ બોલાશે તો રડી પડશે જાણીને કેમ હોઠ દબાવ્યા હોય તેમ સ્ત્રીનું વાક્ય અધૂરું રહ્યું.

'પુરુષવર્ગમાં કોઈ સાથે હશે ને?' ગંગાબાએ પાછું કુમળાશથી પૂછ્યું.

'ના, છે, ના, કોઈ નથી-મારે કોઈ નથી.' જવાબ પાછો થડકાતો મળ્યો. ગંગાબાની વૃદ્ધ આંખે પેલી સ્ત્રીના એક હાથમાં ત્રણેક કાચની બંગડી જોઈ, પણ બીજો હાથ અડવો લાગ્યો અને કપાળ તદ્દન કોરું હતું. કાંઈક વ્યગ્રતાથી, ચિંતાથી ગંગાબાએ મણિશંકર સામે જોયું. મણિશંકરે પણ વસ્તુસ્થિતિ જોઈ હતી અને જેવાથી એમના શાંત ચહેરા પર અશાંતિની કરચલી પડી હતી.

ગાડી નિયમિત અને ત્વરિત ગતિથી ચાલ્યા કરતી હતી. થોડીવાર સુધી ડબામાં મૌન પ્રસર્યું. એટલામાં પેલી યુવતીએ સહેજ લથડિયું ખાધું હોય એમ પેલાં બેને જણાયું. 'દીકરા, આમ કેમ કરે છે? શરીરે સારું નથી? ભૂખ લાગી છે?' વાત્સલ્યથી આટલું ગંગાબાએ કહ્યું અને પોતે ઊઠીને પેલી યુવતી પાસે જવાનું કરતાં હતાં એટલામાં યુવતીનું મોં તરડાયું. બેહદ યત્નથી રડવાનું દબાવીને બોલતી હોય તેમ તે બોલી: 'માજી, નાહકની પીડા શાદ ધરો છો? સુખે મરવા તો દેશો કે નહિ?' હૈયાના ઊંડાણમાંથી ધીમેથી આટલી કિકિયારી નીકળી અને યુવતી આવેશમાં આવી ગઈ. પોતાની તરફનું બારણું તેણે ઉઘાડ્યું અને ઊભા થઈને તે બહાર કૂદવા જતી હતી ત્યાં મણિશંકરે એને કમ્મરમાંથી પકડી લીધી. યુવતીના મોંના ભાવ બદલાયે જતા હતા; એટલા અલ્પ સમયમાં મણિશંકરની બુદ્ધિ વસ્તુસ્થિતિ પારખી ગઈ હતી અને વ્યવહારકુશળ મણિશંકરે એક પળ પણ ગુમાવી નહિ. એકાદ પળ ગઈ હોત તો પછી પેલી યુવતીને પડવા જતાં અટકાવવી મુશ્કેલ થઈ પડત. ગંગાબાએ સફાળાં બારણું બંધ કરી દીધું. બંનેએ મળીને યુવતીને ગંગાબાના પાથરેલા બિસ્તરા ઉપર બેસાડી અર્ધ સુવાડી દીધી.

'મેં તમારું બેનું શું બગાડ્યું છે? હજી મને છોડો, ભાઈસાબ. હું તમારે પગે પડું છું.' ધીમી કિકિયારી પાડતા, ભયંકર દુઃખથી છલકાતા અવાજે યુવતી બોલી. ગંગાબાએ એને બળ કરીને પોતાના બિસ્તરા ઉપર સુવાડી દીધી અને એમ કરવામાં અકસ્માતથી યુવતીનું માથું ગંગાબાના ખોળામાં આવી ગયું. યુવતી અસહ્ય માનસિક વેદનાથી પીડાતી હતી અને શરીર પણ તેનો પડઘો પાડી રહ્યું હતું. આ અસહ્ય વેદનાથી પીડાતાં અંગ અને આત્માને ગંગાબાના ખોળાનો સ્પર્શ થતાં એ અંગ અને એ આત્માથી લજ્જાની માઝા મુકાઈ ગઈ અને જાણે યુવતીનાં એ ઉભય આત્મા અને અંગના કકડેકકડા થઈ જતા હોય તેમ તે મુક્ત કંઠે રોતી ગઈ, ગંગાબાને બાઝતી ગઈ અને વચમાંવચમાં બોલતી ગઈ:

'તમને ખબર નથી, મા, નહિ તો આમ ન કરો. મને જીવતી જોવા કોઈ રાજી નથી,' હૃદય પિગળાવતા રુદનમાંથી અવાજ નીકળ્યો. 'હું સધવા નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દીકરી, બેટા! શાંત થા, હિંમત રાખ. અમે બ્રાહ્મણ છીએ. અમે તો એટલું જાણી શકીએ ના!' ગંગાબા એના વાંસા ઉપર વાત્સલ્યથી હાથ ફેરવતાં બોલ્યાં.

ગાડી કહુરવાની પાકી લેહથી, ત્વરિત ગતિથી, ગાઢ અંધકારને ભેદીને આગળ ચાલી જતી હતી.

થોડીવારે પાછી યુવતી બોલી: 'તો યે મા, પૂરું નથી જાણતાં. મા, હું તો પાપી...'

'ખબરદાર, દીકરી! એક શબ્દ પણ વધુ બોલી છે તો!' સ્નેહથી અને અનુકંપાથી નીતરતો છતાં પ્રભાવશાળી મણિશંકરનો અવાજ યુવતીનાં ડૂસકાં અને ગાડીના એકસરખા નિયમિત ધ્વનિના ટુકડામાંથી ગાજી ઊઠ્યો: 'પાપનો હિસાબ કરનાર હું કોણ? એની શિક્ષા માગનાર કે પ્રાયશ્ચિત્ત કરાવનાર અમે કોણ? પણ બસ બેટા, એક વાત સાંભળી લે. મારું નામ મણિશંકર ત્રિપાઠી અને આનું નામ ગંગા. હું તારો બાપ છું અને આ તારી મા! સમજી? નહિ સમજી હોય તો સમજી લે કે તું અમારી બંનેની લાડકવાયી એકની એક છોકરી વિદ્યા.' ઊર્મિથી આટલું બોલ્યા પછી શ્વાસ ખાઈને તેમણે પાછું કહ્યું: 'તમે કેમ બોલતાં નથી? હું ખોટું કહું છું?'

'શું બોલું? મારા પેટની વાત તમે કહી નાખી, પછી મારે બોલવાપણું ક્યાં રહ્યું?' ગંગામાનો અવાજ ધીમેથી કંપતો છતાં સ્પષ્ટ નીકળ્યો: 'પણ હવે હું યે મોઈ! વાતમાં ને વાતમાં ભૂલી જાઉં છું તો બેટા વિદ્યા! ભૂખ લાગી છે, દીકરી?'

'ના, ના, ના.' યુવતીનો જવાબ મળ્યો.

'વિદ્યા, દીકરા, તને ખબર નહિ હોય. મણિશંકરના ઘરમાં કોઈ દી 'કોઈ જૂઠું' બોલતું નથી. બોલવાની જરૂર પણ રહેતી નથી. કેટલા ટંકથી ખાધું નથી?' મણિશંકર ભાતાનું પોટલું છોડતાં બોલ્યા.

'બાપાજી, હવે જૂઠું નહિ બોલું, ત્રણ-ચાર ટંક નીકળી ગયા હશે.' દીકરી વિદ્યા બોલી.

મણિશંકરે પોટલામાંથી બાજરીનાં ત્રણ-ચાર ઢેબરાં કાઢ્યાં, એક કાગળના કકડામાં મૂકીને પોતે કાગળ ધરી રાખ્યો. બનતા જતા પ્રસંગની પરંપરાથી અતિ વિહ્વળ થયેલી અને પોતાના હૈયાના તોફાનમાં લગભગ ડૂબી જતી યુવતી બળાત્કારે બેઠી થઈ. ગંગાબાએ પોતાના શરીર સાથે એને ટેકવી રાખી. બેએક કોળિયા મોંમાં ગયા એટલે યુવતીને ઊલટીના ઊબકા જેવું થયું.

'એ પોટલામાં પેલી નાની દાબડીમાં સંભાર છે તે જરા કાઢોને, પેટમાં ભૂખથી કાયલી પડી ગઈ છે તે એકલાં ઢેબરાં મોંમાં નહિ જાય.' ગંગામા બોલ્યાં. મણિશંકરે ફંફોસીને સંભારની દાબડી કાઢી, તેમાંથી થોડો કાગળમાં ઢેબરાં જોડે મૂક્યો.

'જો ધીમેધીમે ખા, બેટા, હો!' મણિશંકર બોલ્યા. બેએક ઢેબરાંથી વધુ ન ખવાયાં! 'કાંઈ નહિ, રાતે વધારે નહિ ખવાય તે જ સારું. આવે વખતે પેટ જરા હલકું રહેને એ જ ઠીક. લે, દીકરી, પાણી પી લે અને પછી નિરાંતે સૂઈ જા; અને તમે પણ થોડી ઊંઘ કાઢી લ્યો.' ગંગાબાએ કહ્યું.

'તમે સાચું કહ્યું. બે વાગ્યા સુધી હું ઊંઘી લઉં પછી આપણે રાજા. પછી હું બેસીશ અને તમે ઊંઘ કાઢજો,' મણિશંકરે કહ્યું અને પોતાના બિસ્તરા ઉપર લંબાવ્યું. વિદ્યાને પણ ગંગામાએ સુવડાવી દીધી અને એક શાલ તેને ઓઢાડી. બેપાંચ ક્ષણમાં તો વિદ્યા ભરનિદ્રામાં પડી. માત્ર કોઈ કોઈવાર ડૂસકાંથી એનું આખું અંગ કંપી ઊઠતું હતું. ઊંઘમાં પણ તેના એક હાથે ગંગાબાનો હાથ જોરથી પકડી રાખ્યો હતો.

ગંગાબાએ યુવતી જાગે નહિ એવી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂલી જવાની કળા

લેખક:
શ્રી દેશળજી પરમાર

યાદ રાખવાની કળા હોય, પણ ભૂલી જવાની યે કળા છે એમ કોઈ આપણને કહે તો આશ્ચર્ય જ ઊપજે, છતાં ઘડીભર વિચારીએ કે બાળપણનું માનવીને બધું યાદ રહે તો એના મનનો બોજો કેટલો વધી જાય? શારીરિક, માનસિક કે આધ્યાત્મિક દુઃખ ને યાતનાની વેદનાને ભૂલી ન જાય તો માણસ કેવો ભાગી પડે? કાર્યમાં મળેલી અટલ નિષ્ફળતાને સ્મરણમાં અંકિત કરી રાખવાથી એ કેવો લાચાર બની જાય? મર્યાદિત રીતે પ્રસંગો, વાતો ને દુઃખ ભૂલી જવું એ દુર્ગુણ નથી, પણ માનવીને હાથ લાગેલી એક ઉત્તમ કળા છે તે શ્રી પરમારે અહીં સમજાવ્યું છે. શ્રી દેશળજી પરમારે વર્ષોથી ગુજરાતી કવિતાની એકનિષ્ઠ ઉપાસના કરી છે અને તેઓ અચ્છા વિચારક પણ છે.

સ્મૃતિ અથવા સ્મરણશક્તિ એ આ સૃષ્ટિના સર્જનહારની માણસજાતને અપાયેલી મોંઘી ભેટ છે. કેટલાક માણસોને સ્મૃતિ આનંદરૂપ હોય છે. બીજાં ઘણાં માણસોને સ્મૃતિ બહુ દુઃખરૂપ બની રહે છે.

કોઈવાર તમને કાંઈ યાદ ન રહ્યું હોય તો તેની ખૂબ વિમાસણ થાય છે; પરંતુ એવું પણ બને છે, કે જો એકવાર પણ તમે આ સ્મરણશક્તિની જાળમાં ફસાઈ પડ્યા તો તેમાંથી છૂટવું ખૂબ મુશ્કેલ પડે છે; અને તેનો તમારા જીવને જે અનહદ દુઃખનો અનુભવ કરવો પડે છે તે તો ત્રાહિ મામ્ ત્રાહિ મામ્.

આમ છતાં ઘણાંખરાં માણસોને ભૂલી જતાં આવડતું નથી. સ્નેહમાં નાસીપાસ થયેલાં માનવીઓ જિંદગીભર અફસોસ કર્યા કરે છે. જેઓએ પોતાનાં સ્વજનો ગુમાવ્યાં હોય છે, તેઓ એ બાબતનો શોચ કરવો કદી છોડતાં નથી. ઘણાં માણસો મનથી ઊભા કરેલા સાચા-ખોટા ભયને કદી કાઢી શકતા નથી. આને લીધે પોતે અત્યંત ક્લેશ પામે છે ને દુઃખી થાય છે એમ જાણવા છતાં તેઓ એ વાત ભૂલી શકતાં નથી. કોઈ વળી બિલાડી કે ઊંદરને જોવા માત્રથી ડરે છે અને એ બાબતની એવી ભયગાંઠ બંધાઈ જાય છે

એક હાથમાં પહેરેલી કાચની બંગડી કાઢી બારીમાંથી બહાર ફેંકી દીધી; અને પછી નિદ્રાવશ થતા મણિશંકરને ધીમેથી કહ્યું: 'મેં નહોતું કહ્યું! ભલા ભગવાને મારી સામું-આપણી સામું જોયું ખરું. સંતાન મળ્યું અને ઠાકરજીની મહેર હશે તો ત્રણ-ચાર મહિનામાં સંતાનને ઘેર સંતાન પણ આવશે. જાત્રા ફળી કે નહિ?'

'હવે તો કેમ કહેવાય કે જાત્રા ફળી નહિ? ભગવાન, તારી કૃપા છે એટલી ને એટલી રાખજે મારા નાથ!' આટલું કહેતાંકહેતાં મણિશંકરની આંખ પણ નિદ્રાથી મિચાઈ ગઈ અને મોં ઉપર સંપૂર્ણ સંતોષની રેખાઓ સ્થિર થઈ ગઈ. ગંગાબા ભગવાનના નામનું રટણ કરતાંકરતાં સૂતેલી દીકરી સામે માત્ર જનની જ જોઈ શકે તેવી ઊંડીઊંડી વાત્સલ્ય-ભરી નજરથી જોયાં કરતાં હતાં.

અને ગાડી કહરવાની પાકી લેહથી ત્વરિત ગતિથી, ગાઢ અંધકારને ભેદીને આગળ ચાલી જતી હતી!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે કોઈ ઉપાયે એ છોડી શકતાં નથી. મહાન કહેવાતાં સ્ત્રીપુરુષોની બાબતમાં પણ આવું બનતું હોવ.ના દાખલા મળી આવે છે. માણસને નાસીપાસ થયેલા પ્યારની, મૃત્યુ પામેલા સ્વજનની કે આવા નજીવા ભયની યાદ સતાવે છે એમ જ નહિ, પણ બીજી અનેક જાતની લાગણીઓ અને વૃત્તિઓની યાદીઓ મૂંઝવે છે. ઘણાં લોકો તો પારકાંના જીવનની પંચાત યાદ રાખીને અને વારંવાર સંભારીને કુથલી કે નિંદામાંથી નવરાં પડતાં નથી. ‘ફલાણીનું આમ ને ફલાણીનું તેમ’ એ એમની હમેશની પારાયણ ચાલુ રહે છે.... પણ કયારેક આવો ખોટી ચિંતાનો ભાર એમના મન ઉપર એટલો બધો વધી જાય છે કે તેઓ એને એક બાજુ ફગાવી દેવા માગે છે એમ છતાં ફગાવી શકતાં નથી. યાદદાસ્તની જાળમાં તેઓ એવાં સખત સપડાઈ ગયાં હોય છે.

આપણે ઘણીવાર એમ અનુભવીએ છીએ અને કહીએ છીએ કે ‘હું આ ભૂલી ગયો અને તે ભૂલી ગયો,’ પણ આજનું માનસશાસ્ત્ર સ્પષ્ટ કહે છે, કે એકવાર આછો કે ઘેરો જે સંસ્કાર પડ્યો તેને મન કદી ભૂલી શકતું નથી. એ સંસ્કાર ગાઢ ન હોય તો તે આંતરમનમાં રહી જાય છે અને યોગ્ય વખતે બાહ્ય મનમાં આવી હાજર થઈ શકતો નથી; પણ તેથી એ સંસ્કાર છેક ભુસાઈ ગયો છે એમ કહેવાય નહિ. આપણે જ્યારે એક વાત ભૂલી જવાની કોશિષ કરીએ છીએ ત્યારે આપણે વસ્તુતઃ એ સંસ્કારને બાહ્યમનની સપાટી પર તરી આવતો અટકાવવા મથીએ છીએ અને આંતરમનમાં પાછો ધકેલી દેવા માગીએ છીએ. ઘણીવાર એમ પણ લાગે છે, કે જાણે બધા વિચારો બહારથી આવતા હોય અને તેમને આપણે મનમાં દાખલ થવા ન દેતાં બહાર કાઢી મૂકતા હોઈએ! પણ એવા વિચારોનો યે મૂળ સંસ્કાર ભૂતકાળમાં અગાઉ કોઈવાર આપણે અનુભવ્યો હોય છે. આંખથી જોઈને, કાનથી સાંભળીને કે કલ્પનાથી પેદા કરીને પછી એ સંસ્કાર આંતરમનમાં સંઘરાઈ રહ્યો હોય છે અને અનુકૂળ સંજોગે એ જાગી ઊઠીને જાણે બહારથી મહેમાન તરીકે આવતો હોય; એવો દેખાવ કે ડોળ કરે છે!

સ્મૃતિશક્તિ એ જેમ ઈશ્વરની અમોઘ ભેટ છે તે જ રીતે વિસ્મૃતિશક્તિ પણ એવી જ અમોઘ ભેટ છે. જીવન માટે એ બંને સરખે દરજ્જે ઉપયોગી ને અનિવાર્ય છે. માણસ જો કંઈ જ યાદ રાખી શકતો ન હોય તો તે જીવી શકવા અશક્તિમાન હોત. જીવન-ક્રિયાના તાંતણાને એ આગળ લંબાવી જ ન શકત. અગ્નિથી દાઝી જવાય છે એ ખ્યાલ જો ભુલાઈ જવામાં આવે તો માણસ ફરીથી દાઝે અને કદાચ અગ્નિમાં પડીને બળી મરે. બહુ ઊંચે ચડીને પડી જવાથી હાડકાં ભાંગે છે અને જીવ પણ જાય છે એ વિચાર જો યાદ ન રહે તો અસંખ્ય માણસો દર પળે જીવ ખોઈ બેસત. માણસ સ્મૃતિને સાધે જ આપરક્ષણ કરી શકે છે. સ્મૃતિ એ જીવનની રક્ષાઢાલ છે. આ માટે શરીરનાં રોમેરોમમાં પ્રાણચૈતન્યની વિદ્યુત ભરવામાં આવી છે અને તેના તંત્રની અતિ સૂક્ષ્મ અને તીવ્ર વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત જીવનના સાતત્યમાં અમૃતતત્ત્વનો અનુભવ પણ માણસ પોતે મર્ત્ય હોવા છતાં કરી શકે છે, તે સાથે પોતાના માથા ઉપર કાલચક્ર ફરે છે એમ જાણતાં છતાં માણસ મૃત્યુનો ખ્યાલ ભૂલી જઈને નિરાંતે સુખ, સંતોષ અને આનંદનું જીવન જીવી શકે છે; એટલે વિસ્મૃતિ પણ જીવનનાં સુખસંતોષ અને શાંતિ-આનંદ માટે સ્મૃતિ જેટલી જ જરૂરી અને અનિવાર્ય વસ્તુ છે. બંને સહેતુક છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બંનેનો સમુચિત વિવેકપૂર્વક સાચો ને સારો ઉપયોગ કરવાનો રહે છે. એ જો ન આવડે તો માણસ યાદ રાખવાથી તેમ જ ભૂલી જવાથી બંને રીતે અનહદ ક્લેશ પામે છે. આવી સમાન–સજ્ઞાન અને સતત જાગતી સ્મૃતિ–વિસ્મૃતિ ખૂબ કેળવાયેલી ને ખીલેલી સ્થિતિમાં એકમાત્ર માણસજાતને જ આપવામાં આવી હોય એમ જણાય છે. વનસ્પતિની વાત તો આપણે જાણી શકતા નથી; પરંતુ જંતુ, પક્ષી અને પશુમાં તો આ સ્મૃતિ–વિસ્મૃતિ સ્વયંપ્રેરણાવૃત્તિ (અં. ઇન્સ્ટીન્કટ) રૂપે કામ કરતી માલૂમ પડે છે. આથી એમ સિદ્ધ થાય છે, કે (અને એમ સિદ્ધ થવાનાં બીજાં પણ વિવિધ અનેક કારણો છે) અસંખ્ય જીવયોનિઓમાં માનવજીવયોનિ ઉત્તમ છે; તેથી માણસને જે દિવ્ય શક્તિઓ અને જે આત્મ-સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું છે તેને લીધે એની જવાબદારીઓ પણ એટલા જ પ્રમાણમાં વધારે છે. માણસ જો એ સૌને અવગણે અથવા ન પાળે તો તેની શિક્ષા પણ કુદરત પોતાને ક્રમે ને ન્યાયે બરાબર જ કરે છે.

ખરી રીતે કુદરતે પોતે એવી સ્વાભાવિક રચના કરી છે કે માણસ ભૂલવા યોગ્ય હોય તે ભૂલી શકે અને યાદ રાખવા જેવું હોય તે યાદ રાખી શકે; પરંતુ આ માટે તેની એ શક્તિને ગુલામીના બંધે બાંધી પણ નથી. માણસને એ બાબતની છૂટ બક્ષવામાં આવી છે, કે એ જાતે ઉતમોત્તમ અનુભૂતિઓનો આનંદ લઈ શકે; પરંતુ તે સાથે જો એ એમ ન કરે કે ન કરી શકે તો તે માટે ચેતવણી, સલાહ વગેરે પણ રખાયું છે. એમ છતાં પણ માણસ ન માને અને ઉદ્દામ સ્વચ્છંદે વર્તે તો હળવીસારે ઠોકરો લગાડાય છે; એથી માના જાય તો ઠીક છે, નહિતર એની જીવાદોરી કાપી નાખવામાં આવે છે; અને નવા જન્મની નવી તક આપવામાં આવે છે. ભૂલવા જેવું ન ભૂલી શકવાની અને યાદ રાખવા જેવું યાદ ન રાખી શકવાની અશક્તિને લીધે આપણે કેટલા બધા અકસ્માતો થતા જોઈએ છીએ! આપઘાત પણ આવો જ અકસ્માત છે. આપણી નજરે આપણે એને ‘અકસ્માત’ કહીએ છીએ, પણ કુદરતની નજરે તો એ કાર્યકારણની અચૂક ને અક્ષમ્ય સંકલનાના ન્યાય મુજબ બનતો ફક્ત ‘બનાવ’ જ છે. ભૂલવા યોગ્ય ભૂલી જવાની નબળાઈને લીધે સ્મૃતિભ્રંશ અને તેમાંથી બુદ્ધિનાશ થતાં માણસ આપઘાત કરે છે; પણ તેણે એમ કરવું ન જોઈએ એ કુદરતનો કાનૂન છે અને કુદરતનું ફરમાન છે; તેથી જ આપઘાતની કોશિષને કુદરતના કાનૂન ઉપર રચાયેલા માનવકાયદામાં ગુનો ગણવામાં આવે છે. ગીતાજીમાં સ્પષ્ટ આદેશ છે, કે ‘અશોચ્ય વસ્તુનો શોચ કરીશ નહિ.’ માણસ આત્મ-સુધારણાની પ્રગતિમાં બહુવાર પીછેહઠ પણ કરી શકતો નથી અથવા તો જ્યાં ને ત્યાં ઝાંઝીવાર જડતામાં–એની એ સ્થિતિમાં અટકી જઈ શકાતું યે નથી!

સ્મૃતિનો ખજાનો માણસને ઈશ્વરે એટલો તો અઢળક અને અપરંપાર આપ્યો છે, કે ન પૂછો વાત. માણસ કેટલી ભાષાઓ શીખી શકે છે, માણસ કેવું અજાયબ જેવું શતાવધાન કરી શકે છે, માણસ કેટલો બધો ભૂતકાળ યાદ કરી શકે છે, માણસ કેટલું જ્ઞાન સંઘરી શકે છે, આ બધું સમજીએ છીએ ત્યારે આ સૌ તંત્રરચનાનો કરનાર કોઈક તો હોવો જ જોઈએ એમ છેક નાસ્તિક હોય તેણે પણ માનવું પડે. નાસ્તિક પોતે પોતાનો વિચાર કરે, સૃષ્ટિનો ને સંસારનો વિચાર કરે કે વિશ્વને સમજવા યત્ન કરે તો તે કદી નાસ્તિક રહી જ ન શકે એમ મને જણાય છે.

ઘણાં માણસો ઘણીવાર એમ ફરિયાદ કરે છે, કે એમને કાંઈ યાદ રહેતું નથી. હા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો મનને ચંચળ રાખવામાં આવે અને એકાગ્ર ન કરવામાં આવે તો તે અધૂરા અનુભવના આછાપાતળા સંસ્કાર જ ઝીલે એમાં નવાઈ નથી. કેટલાંક માણસો એવી પણ રાવ કરતાં હોય છે, કે પોતે અમુક વાત ભૂલવા માગે છે છતાં ભૂલી શકતાં નથી. એ પણ એમના મનની ચંચળ વૃત્તિને લીધે જ બને છે. મનોનિગ્રહ એ પડેલી વાત છે, પરંતુ સામાન્ય રીતે સારી સ્મરણશક્તિ સાથે સારી વિસ્મરણશક્તિ આપોઆપ જોડાયેલી રહે છે; અને જો મોટા થતાં સમજશક્તિ ખીલતાં એમ લાગે છે, કે સ્મરણશક્તિ મંદ પડી છે તોપણ વસ્તુતઃ એ સ્મરણશક્તિ ઊલટી વધુ સમર્થ ને વિવેકવાળી થઈ હોય છે અને તે જે કંઈ ખાસ યાદ રાખવા જેવું હોય છે તે જ યાદી રાખી લે છે અને જે બધી નકામી હકીકત ભૂલી જવા જેવી જણાય છે તેને સહેજે ભૂલી જાય છે. એટલે કે એની સ્મરણશક્તિ 'સિલેક્ટિવ' (આપ ઇચ્છિત પસંદગીની) બની રહે છે. વળી માણસ સમજશક્તિની મદદથી આંતરમનના સઘળા સંસ્કારોની ગોઠવણી કરતો બને છે અને જ્યારે તેને જે જાતના વિચારસંસ્કારો જોઈએ તે સૌને તરત જ આંતરમનમાંથી ક્રમસર બાહ્યમનમાં હારબંધ લાવી શકવાની વધુ સારી તાકાત મેળવતો થાય છે. આમ કરવાનો એનો વિશિષ્ટ માનવધર્મ પણ છે. સ્મરણશક્તિ મંદ હોય તો ચિત્તની એકાગ્રતા સાધવા માટે ધ્યાન ધરવાના બુદ્ધિપ્રયોગો પણ છે જ. શરીરબંધારણના અથવા શરીરશક્તિની ઉડાઉગીરીના દોષો નિવારી શકાય છે અને શિસ્તબદ્ધ નિયમસરનું જીવન બનાવી શકાય છે; પણ ખરી વાત એ છે કે મન હોય તો માળવે જવાય છે. માળવે જવું છે, જવું છે, એમ મંત્ર બોલ્યા કરવાથી અને અસંતોષ બતાવ્યા કરવાથી માળવે જવાતું નથી જ. સંકલ્પબળ અને પુરુષાર્થ એ કોઈ પણ શક્તિ પ્રાપ્ત કરવામાં અને સિદ્ધિ મેળવવામાં મુખ્ય બાબતો છે. વળી આપણે આપણી ઇંદ્રિયોનો પૂરો ઉપયોગ કદી કરતા નથી હોતા, તેથી તો સ્મરણશક્તિ કાચી ને કુંઠિત રહે છે. આપણે આંખથી જોઈએ છીએ તે ઉપરછલ્લું, આપણે કાનથી સાંભળીએ છીએ તે પણ ઉપરછલ્લું. એ જોવામાં ને સાંભળવામાં મનની જે એકાગ્રતા ને તલ્લીનતા જોઈએ તે આપણે કદી કરતા ન હોઈએ તોપછી સ્મરણશક્તિ મંદ રહે તેમાં નવાઈ શી છે! ઈશ્વરે જે સરસ સાધનો દીધાં છે અને જેમનો સારો, સાચો ને પૂરો ઉપયોગ કરવાની ફરજ મૂકવામાં આવી છે તે સાધનોને તે રીતે ન વાપરીએ તો આપણે ઈશ્વરનો દ્રોહ કરીએ છીએ; અને ઈશ્વરનો દ્રોહ તે આત્મદ્રોહ છે. આત્મદ્રોહ એટલે રાષ્ટ્રદ્રોહ, સમાજદ્રોહ અને જીવનદ્રોહ સમજવો. ટૂંકમાં ભૂલવા જેવું ભૂલી જતાં શીખવું એ મહાજીવનનો મંત્ર છે અને એ જો સાધ્ય કરશો તો યાદ રાખવા જેવું આપમેળે કશા વધુ મથામણ સિવાય યાદ રહેશે એમ માનજો; તેથી તમે તમારો જીવનધર્મ એટલે ઈશ્વર પ્રત્યેનો ધર્મ ઘણી સારી રીતે બજાવી શકશો. તે સાથે સમાજમાં સદ્‌ભાવનું અને પ્રતિષ્ઠાનું સ્થાન પામીને સુખી થઈ શકશો. આટલી નાની વાતનું આવડું મોટું ને મીઠું ફળ છે... અને છતાં કેટલાં ઓછાં માણસ આ નાની વાતને સમજે છે! અને કેટલાં અસંખ્ય માણસ આવા અમૃતફળથી વંચિત રહીને જીવેમરે છે! 'મન એવ કારણં બંધમોક્ષયોઃ' મનજ બંધન અને મોક્ષનું કારણ છે. એ ખોટું નથી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળઉછેર

લેખક :
શ્રી હરભાઈ ત્રિવેદી

મારા ઉપર જે ટપાલ આવે છે એમાં સોમાંથી નેવું ટકા પત્રો માતાપિતાની મૂંઝવણોના ઉકેલો માગતા હોય છે. આવી મૂંઝવણો કોઈ અસાધારણ નથી હોતી. બાળક પાંચેક વર્ષની ઉંમરનું થાય અને પ્રાથમિક શિક્ષણ માટે શાળામાં જવા માંડે ત્યાંસુધીના કામમાં ઘરમાં જે કંઈ બનતું હોય છે તેનો જ પડઘો આવી બધી ફરિયાદોમાં જોવામાં આવે છે. ઉદાહરણ તરીકે બાળક ગંદું રહે છે, તોડફોડ કરે છે, અવાજ કર્યા કરે છે, મારપીટ કરે છે, પથારી પલાળે છે, રોતલ છે વગેરેવગેરે દરેક બાળકને પોતાની વૈયક્તિક ખાસિયતો હોય છે; તેટલા માટે તથા એવું બાળક જુદાજુદા વાતાવરણમાં જીવતું હોય છે એટલા માટે કોઈ સર્વ-સામાન્ય ઉપાય એવો નથી બતાવી શકાતો કે જેના પ્રયોગથી માબાપો ફરિયાદ ન કરે એવી સ્થિતિ ઊભી થઈ શકે. આવા બધા પ્રશ્નોના મૂળમાં તો આજનાં માતાપિતાનું બાળઉછેર પરત્વેનું અજ્ઞાન ઘણેમોટે ભાગે રહેલું છે. આ હકીકત ભણેલાં-ગણેલાં મા-બાપોએ પણ સ્વીકારી લેવી જોઈશે. બાળ-ઉછેરને પોતાનું ચોક્કસ વિજ્ઞાન છે અને એ વિજ્ઞાનનું જ્ઞાન માતાપિતા બનનાર વ્યક્તિ માટે જરૂરી બને છે. જ્યાં જ્યાં આ વિજ્ઞાનના જ્ઞાનનો અભાવ છે, ત્યાં ત્યાં બાળઉછેરમાં ત્રુટિઓ રહી જાય છે અને એ ત્રુટિઓના પરિણામે બાળકના વ્યવહારો મોટાની દૃષ્ટિએ દૂષિત દેખાવા લાગે છે. આનું સૌથી મોટું નુકસાન તો બાળકને પોતાને જ થાય છે. એવા નાના બાળકે હજી તો પોતા માટે જીવન-નીતિનું કોઈ ચોક્કસ ધોરણ બાંધ્યું હોતું નથી, એટલામાં જ એના ઉપર વિચિત્ર પ્રકારના દોષારોપણ કરવામાં આવે છે અને એ દોષ માટે એવા બાળક ઉપર અણછાજતા પ્રયોગો પણ કરવામાં આવે છે. આજના બાળકને આવતી કાલનો ઉત્તમ નાગરિક બનાવવો હોય તો બાળઉછેરની વૈજ્ઞાનિક વાતો માતાપિતાએ જાણી લેવી જોઈશે. એવી થોડી એક વાતો અહીં કરીએ કે જેથી સામાન્ય માતાપિતાને પણ તે સમજાઈ જાય તો પછી બાળઉછેરનું તેમનું કામ સાચે રસ્તે ચાલે અને આજે ઊભા થતા પ્રશ્નો મોટે ભાગે ઊભા થવા પામે જ નહિ.

બાળક જન્મે છે ત્યારે નાનામોટા પાશવી આવેગો સાથે લઈને જન્મે છે; પરંતુ સાથે-સાથે બાળક એક ન કલ્પી શકાય તેવી ચેતનાશક્તિ પણ લઈને આ દુનિયામાં અવતરતું હોય છે. બાળકના જન્મ પછીના શરૂઆતના દિવસોમાં એના આવેગોને આવશ્યક અવકાશ મળતો રહે અને એ આવેગો પોતાનાં પાશવી વલણોને છોડી દઈને ઉચ્ચ પ્રકારની ઊર્મિઓમાં પલટાઈ જાય એ માટે દરેક માબાપે કાળજીપૂર્વક બાળક સાથે વ્યવહાર કરવાનો રહે છે. વળી બાળકમાં રહેલી પ્રાણશક્તિ પોતાના વિકાસમાં બાળક પોતે જ વાપરી શકે તેવી સાધનસામગ્રી અને વાતાવરણ બાળકની પાસે રજૂ કરવામાં આવતાં રહે તો તે દ્વારા બાળક વિકાસનું એક પછી એક પગથિયું ચડવા માટે સશક્ત બને છે.

પરિગ્રહવૃત્તિ એ મનુષ્યના જીવન સાથે અતૂટ ગાંઠથી સંકળાયેલી એક મહાન વૃત્તિ છે. જ્યારે બાલજીવનમાં એ વૃત્તિ પ્રાથમિક આવેશસ્વરૂપે જીવતી પડી હોય છે, ત્યારે એ આવેગને એટલે અંશે ક્રિયાવાન બનવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટવા જોઈએ કે જેથી ભવિષ્યમાં કેવળ અસંતોષને કારણે કોઈ પણ પ્રકારનું વિકૃત સ્વરૂપ ધારણ કરે નહિ. નાનું બાળક આ પરિગ્રહનું પ્રથમ દર્શન પોતાના શરીરના વિવિધ અવયવો ઉપર પોતાનું આધિપત્ય છે અને એવા અવયવોને પોતાની ઇચ્છામાં આવે એ રીતે પોતે વાપરી શકે છે એ પ્રકારના વ્યવહારથી કરાવતું હોય છે. માતાપિતા જો આ સત્ય સમજે નહિ તો બાળકના વ્યવહારમાં અડચણ ઊભી કરે છે અને પરિણામે બાળકની સ્થૂળવૃત્તિ એની પ્રાથમિક દશામાંથી કદી બહાર આવી શકતી નથી. ઉદાહરણ તરીકે નાનું બાળક પોતાના હાથની મૂઠી વારંવાર પોતાના મોંમાં મૂકીને પોતાપણાના અજ્ઞાનઅભિમાનને સંતોષ આપ્યા કરતું હોય છે. શારીરિક થાકના પરિણામે બાળકની એ ક્રિયા અટકે અને પછી એવા જ કોઈ બીજા કારણે બાળક સહેજ કંટાળે કે રડે ત્યારે માતાપિતા બે પ્રકારની ભૂલો કરી નાખે છે. એક ભૂલ તે બાળકની મૂઠી પોતે જ ઉપાડીને બાળકના મુખમાં મૂકવાના પોતે પ્રયત્નો કરે છે તે. બીજી ભૂલ તે બાળકના હાથમાં કંઈક વસ્તુ આપીને એનો હાથ મોઢા તરફ વાળે છે. પહેલી ભૂલની પાછળ એવી સમજણ રહેલી છે, કે પોતાનો જ હાથ પોતાના મોંમાં મૂકવા માટે બાળક પોતાના વડીલની મદદ માગે છે. બીજી ભૂલની પાછળ એવી સમજણ રહેલી હોય છે, કે બાળકને પોતાનો હાથ નહિ પરંતુ કંઈક બીજી વસ્તુ મોંમાં મૂકવી છે. બાળકને સમજનાર માતાપિતા આવી ભૂલો ન કરે. બાળકને તો પોતાના જ પ્રયત્નો વડે પોતાના હાથ ઉપરનું આધિપત્ય સાબિત કરવું છે. અને એવી સાબિતી માટે જન્મ્યા પછીનું પહેલું જ આરામસ્થાન એવું જે પોતાનું મોઢું તેમાં તે હાથને મૂકવો છે. છેક જ નાના બાળકને

૫

દુનિયામાં પોતાના પોષણના સાધન તરીકે પોતાનું મોઢું હોય છે અને રક્ષણના સાધન તરીકે માતાનો ખોળો હોય છે. આ બે વસ્તુની ઝંખના ઘણા લાંબા કાળ સુધી ટકી રહેતી હોય છે. મોઢા દ્વારા જીવનનો આનંદ અને ઉલ્લાસ પ્રાપ્ત કરવાની વૃત્તિ તો મોટી ઉંમરના માણસમાં પણ ઘણા મોટા પ્રમાણમાં આપણને દેખાય છે. માતાની હૂંફ મળતી અટકી ગઈ હોય, તોપણ કોઈની યે હૂંફ જોઈએ તેવી પ્રકૃતિ મનુષ્યમાત્રની દેખાય છે. આ બંને વસ્તુઓ બાળવૃત્તિના અવશેષો છે. મોટો માણસ એમાંથી છૂટવા માગે તોપણ છૂટી શકતો નથી. એમ તો એ વૃત્તિઓ સ્વાભાવિક હોવાથી એમાંથી સર્વાંશે છૂટવાની જરૂર પણ નથી; પરંતુ એ વૃત્તિનું પ્રદર્શન એ બાળકના જેટલી ખાલીશતાથી કરવામાં આવતું હોય ત્યારે એ બેહૂદું દેખાય છે; અને આજના સમાજમાં આવાં બેહૂદાં પ્રદર્શનો આપણને ઘણા મોટા પ્રમાણમાં જોવા મળે છે. આવતી કાલના સમાજને એમાંથી બચાવી લેવો હોય તો છેક જ બાલવયમાં એ વૃત્તિઓના નિર્દોષ વ્યવહારોની આડે કોઈ પણ માબાપે આવવું જોઈએ નહિ.

આવી જ બીજી વાત બાળકમાં રહેલી ચેતનાશક્તિના સાચા ઉપયોગની છે. એવો ઉપયોગ કરવા માટે બાળક હમેશાં ઝંખતું હોય છે. ઉદાહરણ તરીકે પોતાની આંખ વાટે સપ્તરંગી દુનિયાને નિહાળવાના તે પ્રયત્નો કરે છે. રંગનો સાચો ખ્યાલ મેળવવાની ત્યાંથી શરૂઆત થાય છે. નાનામોટા અને વિવિધ પ્રકારના અવાજો દ્વારા બાળક પોતાના કાનને તાલીમ આપવા માગે છે. આમ દર્શનેન્દ્રિય કે શ્રવણેન્દ્રિયની માફક જ પોતાની તમામ ઇંદ્રિયો દ્વારા જે દુનિયામાં એને વર્ષો સુધી જીવવું છે તે દુનિયાનો પરિચય સાધવા બાળક મથામણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતું હોય છે. માતાપિતા આ વાત સમજે નહિ તો બાળકની ઇંદ્રિયો કેટલી અણવિકસિત રહે અને જ્યાં જ્યાં વિકાસનો અભાવ ત્યાં ત્યાં ઇંદ્રિયો કુંઠિત રહે અથવા તો વિકૃત માર્ગે વહે. આપણાં ઘરોમાં બાળકની આ બધી કર્મેન્દ્રિયો સંતોષપૂર્વક પોતાનો વિકાસ કરતી રહે એવો કોઈ અવકાશ એને આપવામાં આવતો નથી. બાળકની આસપાસની દુનિયામાં જે સાધનસામગ્રી આજે નજરે પડે છે, એ તો મોટે ભાગે સંકુચિત અને ઘણી વખત અણછાજતી હોય છે. કર્મેન્દ્રિયોની મુખ્ય ખાસિયત કંઈ ને કંઈ સર્જન કરવાની છે; એટલે કે બાળકની ચેતનાશક્તિ કંઈ ને કંઈ સર્જન માગે છે. આવા સર્જન માટેનો પોકાર એ બાળકના પોતાના આત્માના વિકાસ માટેની ભારે મોટી ઝંખના જેવો હોય છે. થોડું ઘણું સર્જન કરી શકે તેવી ઉંમરનું બાળક થાય ત્યારે પણ એને સર્જનનો કોઈ અવકાશ મળતો હોય એવું આપણાં ઘરોમાં આજે જોવા મળતું નથી. પરિણામે અતૃપ્ત રહેતી સર્જનવૃત્તિ બાળકને બીજા માર્ગે વાળે છે; અને એવો માર્ગ તે સર્જનનું વિરોધી ખંડન જ હોઈ શકે છે. સર્જનાત્મક શક્તિનો સાચો ઉપયોગ નથી કરવામાં આવતો ત્યાં એ શક્તિ ખંડન તરફ વળે છે; અને તેથી આજનું બાળક આપણને ભાંગફોડિયું માલૂમ પડે છે.

આપણે જોયું કે નાના બાળકમાં પ્રાથમિક આવેગો પણ હોય છે, અને સર્જન કરવા માટે ઝંખતી ચેતનાશક્તિ પણ હોય છે. તેનાં થોડાંએક ઉદાહરણો પણ જોયાં. આ સંબંધેનું સાચું જ્ઞાન માતાપિતા મેળવી લે તો બાળઉછેરની વૈજ્ઞાનિક દિશામાં એક પગલું આગળ ભર્યું ગણાય.

★

એક દિવસ કૌટુંબિક જીવનથી કંટાળીને એક શિક્ષકે આપઘાત કરવાનું નક્કી કર્યું અને તેમ ન બને તો સંન્યાસ લેવો એમ ઠરાવ્યું. શ્રીરમણ મહર્ષિને પૂછ્યા વગર તે કંઈ કરવા ચાહતો નહોતો. જ્યારે એ આશ્રમમાં પહોંચ્યો, ત્યારે શ્રી ભગવાન પત્રાળીઓ બનાવી રહ્યા હતા. શિક્ષક પોતાની કંઈ વાત કરવા મોં ખોલે તે પહેલાં જ મહર્ષિજી બોલ્યા:

'જો, પત્રાળી બનાવવાનું સહેલું નથી હો. પાંદડાં વીણી લાવવાં પડે, સળીઓ ભેગી કરવી પડે અને ભારે કાળજીથી પત્રાળીઓ બનાવવી જોઈએ, ત્યારે ભોજન કરવા માટે એ તૈયાર થાય છે અને ઉપયોગી ગણાય છે. તેનો પૂરો ઉપયોગ કર્યા પછી જ તેને ફેંકી દેવામાં આવે છે.'

શિક્ષક આ વાતનો ભાવાર્થ બરાબર સમજી ગયો. ઘણાં કષ્ટ પછી મનુષ્યયોનિમાં જન્મ મળે છે માટે સાધનામાં શરીરનો પૂરેપૂરો લાભ ઉઠાવવા પહેલાં તેનો ત્યાગ કરવો ન જ જોઈએ.

'શ્રી રમણચરિતામૃત'માંથી

×

કૉંગ્રેસના છપ્પનમા અધિવેશન વખતે પ્રમુખશ્રી ટંડનજીએ ફેલાવેલી રમૂજનો એક નમૂનો આ રહ્યો:

શ્રી મહાવીરસિંહે એક વાંધો ઉઠાવ્યો, કહ્યું:

'મહાસમિતિ કાનૂનસર ન કહેવાય.?'

આથી પ્રમુખે આભાર આપીને એમના વાંધાને કાનૂનબહાર ઠરાવ્યો અને વધુમાં ટકોર કરી:

'આ સભા કાનૂનસર ન હોય તો તમે અહીં આવ્યા કેવી રીતે? અને તેમાં તમને બોલવાનો બંધારણીય અધિકાર શા છે?'

બધે હસાહસ થઈ રહી.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સાચી વાત

લેખક :
શ્રી ગુલાબદાસ બ્રોકર

વાતવાતમાંથી વાત અત્યારની દુનિયામાં ચાલી રહેલાં લાંચરુશવત, દગાબાજી, કિન્નાખોરી, કાળાં બજાર, બધાં યે નૈતિક મૂલ્યોનાં અધ:પતન, સારાસારા ગણાતા માણસોને પણ એ બધાંને લાગેલો ચેપ, એ બધાં ઉપર સરી પડીને મનસુખલાલે અત્યંત દુઃખભર્યા અવાજે કહ્યું:

'રહી છે દુનિયા જરી યે જીવવા જેવી? કોઈનો યે વિશ્વાસ થાય તેવું રહ્યું છે ક્યાં ય? બધા ય સરખેસરખા થઈ ગયા છે, ને બધે ય નર્યા સ્વાર્થનું તાંડવ જોવાનું મળે છે.'

ધીમેથી મનહરે કહ્યું: 'બધે જ નહિ, ઘણે બધે. બધા જ નહિ, ઘણાખરા એવા થઈ ગયા દેખાય છે.'

'હજી યે વેદિયો જ રહ્યો,' એમ કહેતા હોય એવા ભાવથી મનસુખલાલ મનહર સામે જોઈ રહ્યા.

ગાડી ઊપડી. માણસોથી ધમધમી રહેલા ચર્ચગેટ સ્ટેશનનું પ્લૅટફૉર્મ તો દૂર ગયું, પણ કોલાહલ તો ઊલટો વધ્યો જ. આ મિત્રોની વાતમાં તેથી, જેમ સ્ટેશન પરના માણસોની દોડધામ અને અવાજોથી વિક્ષેપ નહોતો પડ્યો તેમ ગાડીના ખડભડાટ–ગરબડાટથી પણ કશો વિક્ષેપ ન પડ્યો. જાણે એ કશાનું અસ્તિત્વ જ ન હોય અને પોતે બન્ને સાગરતીર પરના કોઈ એકાંત સ્થળ પર બેઠા હોય તેવી નિર્લેપતાથી તે બન્ને વાતો કરતા રહ્યા.

બન્ને જીગરજાન દોસ્તો હતા. અત્યારની દુનિયાની આ બેઅદબીઓ તેમને સ્પર્શી શકે એવા તેમના ધંધા, નોકરી કે વૃત્તિ નહોતી અને તેથી જાણે પોતે તો એ દુનિયાથી પર હોય એવી અદાથી બન્ને વાતો કરી રહ્યા હતા. મનહર સ્વભાવે દરેક વસ્તુને વિશેષ સમભાવથી જોવા ટેવાયેલો હતો. મનસુખલાલ વધારે ગુસ્સાથી થોડી પળ મનહર સામે જોઈ રહ્યા, પછી મનસુખલાલે જ કહ્યું:

'ગાંધીજી કે જવાહર એવા નથી એ તો હું યે જાણું છું. એ કહેવાની મને જરૂર નથી. હું એવા અધો ટકની વાત નથી કરતો, સાડાનવાણું ટકાની વાત કરું છું.'

'હું યે એ સાડાનવાણું ટકા માટે જ કહું છું, કે બધા જ નહિ, ઘણાખરા' મનહર હસ્યો. પછી કહ્યું: 'તમે ઓળખો છો પેલા જમનાદાસને? પહેલાં જુદાંજુદાં માસિકોમાં નોકરી કરતો ને વાર્તાબાર્તા લખવાના પ્રયાસો કર્યે રાખતો એને? આજ પાંચ–છ વર્ષ પહેલાં એને એ બધું મૂકી દેવાનું સૂઝ્યું ને ધંધામાં તક મળી ગઈ. સારું એવું કમાયો છે. એણે મને એક સરસ વાત કરી.'

'શી?' મનસુખલાલે ઉત્સુકતાથી પૂછ્યું.

'એ જમનાદાસ ઈમ્પોર્ટ–એક્સપોર્ટનો ધંધો કરે છે. એક દિવસ આવી રીતે ઓચિંતા જ તેને એક ધંધાદારી ઓળખીતા મળી ગયા. એ પણ પરદેશેથી માલ મંગાવતા અને મોટાં સાહસ કરતા. વાત કરતાંકરતાં તેમણે કહ્યું, કે જો અમુક માલ મંગાવવાનો સરકાર તરફથી પોતાને ઑર્ડર મળી જાય તો લાખોની કમાણી થાય એમ હતું. બાકીની બધી વ્યવસ્થા તૈયાર હતી. માલ મળે એમ હતું. બીજાઓ સરકારને આપે એ જ કે એનાથી સસ્તા ભાવે એ માલ પોતે પૂરો પાડી શકે તેમ હતું, રોકવા જોઈતા પૈસાની પણ વ્યવસ્થા હતી, માત્ર થોડી લાગવગની જરૂર હતી. જો જરૂરી લાગવગ હોય તો બીજાઓની જેમ પોતાને પણ ઑર્ડર મળે. ન હોય તો બીજા મોટા વેપારીઓ પોતાની રીતે પોતાનું કામ કરી જાય અને નવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘૂસવા ન દે. લાગવગ મોટી જોઈએ એ ખરું, પણ માત્ર લાગવગ જ જોઈએ, બીજા રસ્તાઓમાં તો પેલા મોટા બાજો આગળ આપણે ફાવીએ નહિ. આપણે સરકારને ખાતરી કરાવી દઈએ કે તક મળે તો તમને અને અમને બંનેને ફાયદો થાય, પણ એ તો ત્યાંસુધી પહોંચી શકાય ત્યારે જ બને, પોતાથી એ બની શકે એમ નહોતું. લાખોનો ફાયદો આવડી એક મુશ્કેલીને અંગે જવા દેવો પડે તેમ હતું. જમનાદાસ એમાં મદદરૂપ થઈ શકે?

જમનાદાસ વિચારમાં પડી ગયો. એવડી મોટી લાગવગ આવડી મોટી જગ્યાએ ક્યાંથી કાઢવી? પોતે તો એવા કોઈને ઓળખતો નહોતો, પણ ઓચિંતુ તેને યાદ આવી ગયું. તેનો એક જૂનો મિત્ર હતો તે આમાં કામ આવી શકે, પણ જમનાદાસે ય વેપારી હતો. મફતમફતનો શેની મદદ કરે? તેણે કહ્યું: 'મારો એક મિત્ર છે. તે આમાં ખૂબ કામ આવી શકે; પણ અમને શું મળે?'

પેલા વેપારી તો રાજીરાજી થઈ ગયા. 'અમે કમાઈએ તો તમારે અંગે જ ના? ને આમે લાંચરુશવતમાં પૈસા તો આપવા પડત જ ના? તમે કહો તો તમારો થોડો ભાગ એ ધંધામાં રાખીએ.'

'મિત્ર સાથે નક્કી કર્યા પછી વધુ વિગતોની વાત' એમ કહી જમનાદાસ છૂટો પડ્યો.

મિત્રને મળ્યો. તે વેપારી નહોતો ને વેપારમાં ઝાઝું સમજતો પણ નહિ; પણ આ કામ માટે જરૂરી માણસનો તે નજીકનો સગો થતો હતો. વળી આમાં સાચી વાત કરવાની હતી ને કોઈને કશું નુકસાન પણ પહોંચે તેમ નહોતું. મિત્રને સમજાવી લેતાં જમનાદાસને વાર લાગી નહિ.

'ને જો કામ થઈ જાય તો બેડો પાર થઈ જાય.' જમનાદાસે કહ્યું.

'શું મળે આપણને?' મિત્રે પૂછ્યું.

'સારી રકમ મળે. એ તો થોડાઘણો આપણો ભાગ કરી દેવા તૈયાર છે,' જમનાદાસે કહ્યું ને પછી વિશ્વાસ આવતો હોય તેમ ઉમેર્યું: 'જે કંઈ મળશે એ આપણે સરખે હિસ્સે વહેંચી લઈશું. કેમ?'

મિત્ર વિચારમાં પડી ગયો. સહેજે ચાલીસ-પચાસ હજારની રકમ મળી જાય તેમ હતી. થોડા વિચાર પછી તેણે કહ્યું: 'હું એ વેપાર કે ભાગબાગમાં સમજું નહિ. જે મળે એ મને રોકડી રકમ એકીસાથે મળી જાય એમ કરવું જોઈએ.'

'તો એમ કરીએ.' જમનાદાસે કહ્યું: 'માત્ર શરત એ કે જે કંઈ મળે એમાં આપણા બંનેનો સરખો હિસ્સો હોય.'

ફરી મિત્ર વિચારમાં પડ્યો. શેનો વેપાર છે, કોણ કરનારા છે, તેમનાં નામઠામ શું, ટેલિફોન નંબર કયો, સરનામું શું વગેરે અનેક સવાલો તેણે જમનાદાસને પૂછ્યા. બધી વિગત સમજવા માટે અને મારા મનની ખાતરી કરવા માટે મારે એ વેપારીને પોતાને મળવું જોઈએ તેમ પણ કહ્યું. જમનાદાસે મુલાકાત ગોઠવી આપી.

મુલાકાત દરમિયાન પોતાને કેવીકેવી મહેનત પડશે વગેરે વાત મિત્રે કરી. લાગવગ તો ખરી, પણ આમ એને વટાવવા જતાં પોતાની કિંમત ઓછી થાય એ વાત પણ કરી અને એટલે પોતાને એનો પૂરો બદલો મળવો જોઈએ એમ પણ કહ્યું. પેલાએ કહ્યું, કે 'જમનાદાસ વેપારી માણસ છે. એ જે વાજબી વાત કરશે એમાં અમે ના નહિ પાડીએ. અમે એને ઓળખીએ છીએ, તમે પણ એને ઓળખો છો; એટલે વાંધો નહિ આવે, તમે તમારે કામ કરી આપો.'

ફરી પાછા એ વેપારીનું નામ અને ટેલિફોન નંબર મિત્રે લખી લીધાં. આ વખતે જમનાદાસના મનમાં જરા ભય પેઠો. પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો વિશ્વાસેવિશ્વાસે આ બન્ને જણને ભેગા કરી દીધા છે, તે એ બન્ને એક થઈ જાય અને પોતાને દૂર ધકેલી મેલે તો ? બીજે દિવસે તે પાછો પોતાના મિત્ર આગળ આવ્યો ને કહ્યું : ‘કેમ લાગ્યા માણસો ? વાત કેમ લાગી ? થઈ શકે એવું છે ના ?’

‘ઠીક છે. જોઈશું.’ એવો ટૂંકો ને ટચ જવાબ મિત્રે વાળ્યો.

‘પણ જો થઈ જાય તો આપણે જે મળે તે સરખે હિસ્સે વહેંચી લેવું એ વાત તો કબૂલ છે ના ?’ જમનાદાસે સીધો સવાલ પૂછ્યો.

‘જો જમનાદાસ, એ વાત તો બહુ વધારેપડતી લાગે છે.’ મિત્રે પણ સ્પષ્ટતા કરી.

‘કેમ ?’ સાશ્ચર્ય જમનાદાસે પૂછ્યું.

‘કામ બધું હું કરું ને તને અર્ધો ભાગ આપું એ વધારેપડતું નથી ?’

‘જો ભાઈ, તું વેપારી માણસ નથી એટલે આમાં ન સમજે.’ જમનાદાસે કહ્યું: ‘જેમ એક પક્ષે તું એક પક્ષને ઓળખીને એ કામ કરે છે, તેમ હું બીજા પક્ષને ઓળખું છું ને એને કામ માટે લાવ્યો છું. આપણે બન્ને મળી એ બન્નેને કામ કરાવી આપીએ છીએ; એટલે આપણને સરખો જ હિસ્સો મળવો જોઈએ. હું ન હોત તો તને આ વેપારી ઓળખવાનો નહોતો. તું ન હોત તો મારી મહેનત મારફત એ લોકોને સરકાર મારફત ઑર્ડર મળે એમ નથી; એટલે આપણને બન્નેને, જે મળે તે સરખે હિસ્સે મળવું જોઈએ.’

મિત્ર ‘હું’ એટલું જ બોલ્યો. તેને વાત પસંદ પડતી હોય એવું ન લાગ્યું.

જમનાદાસ વધારે ચમક્યો. તેણે કહ્યું : ‘આવી વાતોમાં વેપારી માણસો બે પક્ષને એકબીજાની ઓળખાણ થવા દેતા નથી. તું મારો આટલો જૂનો મિત્ર છે એટલે મેં તને પેલા વેપારીની સીધી ઓળખાણ કરાવી દીધી.’

‘તે વિશે તું બેફિકર રહેજે.’ મિત્રે કહ્યું : ‘તારા માથા ઉપર જઈને હું સીધું કંઈ કરી નાખું એવો તું મને સમજે છે ?’

‘ના, તોપણ કહી રાખવું સારું.’

ખૂબ ચર્ચા અને મથામણને અંતે પેલો મિત્ર જે કંઈ મળે એમાંથી અર્ધોઅર્ધ જમનાદાસ સાથે વહેંચી લેવા કબૂલ થયો. વેપારી આગળ કેટલી રકમ માગવી એ પણ બન્નેએ નક્કી કરી લીધું. મિત્રની માગણી વધારેપડતી હતી તેમ જમનાદાસને લાગ્યું અને તેમ તેમણે કહ્યું પણ, પણ ઓચિંતો સામે આવી પડેલો ધનનો લોભ માણસને ઔચિત્ય-ભાન ભુલાવી દે છે. મિત્ર પોતાની રકમ ઉપર મક્કમ રહ્યો અને પોતાથી બનતું કરી જોવા કહી જમનાદાસ તેનાથી છૂટો પડ્યો.

બીજે દિવસે જમનાદાસ પેલા વેપારીને મળ્યો. તેની પાસે જઈ કામ કરવા પેલો મિત્ર તૈયાર થયો છે, એ વાત કરી. એ શી શી શરતો માગે છે ને કેટલી રકમ માગે છે એ વાત પણ કરી. પોતે તેને કેટલો સમજાવ્યો હતો ને છતાં એથી ઓછું લેવા તો પેલો તૈયાર જ નહોતો એમ પણ કહ્યું. વેપારી શાંતિથી આખી વાત સાંભળી રહ્યા. આખો વખત તેની આંખ જમનાદાસના ચહેરા સામે મંડાયેલી રહી. જમનાદાસને એ જરા વિચિત્ર લાગ્યું; એથી એ જરા મૂંઝાયો પણ ખરો. વાત પૂરી કર્યા પછી તેણે પૂછ્યું :

‘કેમ ? આમ કેમ જોઈ રહ્યા છો ? ખરોબર નથી મારી વાત ?’

‘ખરોબર જ છે. એ તો અમસ્તું જ.’ વેપારીએ કહ્યું.

‘તો પછી શું કરીશું હવે આપણે ?’ જમનાદાસે પૂછ્યું.

‘જમનાદાસ, પેલો માણસ તમારો જૂનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્ર છે?' વેપારીએ એચિંતું પૂછયું.

'ખૂબ જૂનો. વીસ વર્ષથી અમે મિત્રો છીએ. થોડાંઘણાં સુખદુઃખ પણ અમે સાથે ભોગવ્યાં છે. એને વિશે એમ બેફિકર રહેશો..'

વેપારી ફરી પેલી વિચિત્ર રીતે જમનાદાસ સામે જોઈ રહ્યા. હસ્યા. પૂછયું: 'તમને ખૂબ જ વિશ્વાસ છે એના ઉપર જમનાદાસ?'

જમનાદાસ ગભરાયો: 'કેમ, વારંવાર કેમ આવુંઆવું પૂછો છો?' તેણે પૂછયું.

'કહું?' વેપારી બોલ્યા. કહું ન કહું એવો વિચાર કરતા હોય તેવી તેમની મુખમુદ્રા બની રહી.

જમનાદાસ આતુરતાથી તેમની સામે જોઈ રહ્યો. નિર્ણય કરી લીધો હોય તેમ તે વેપારી આખરે બોલ્યા:

'તમને એ તમારો મિત્ર ક્યારે મળ્યો અને આ બધી વાત તમે ક્યારે કરી?'

'ગઈ કાલે જ મળ્યો. સાંજે.'

'જુઓ, તો તમને એક વાત કહું. ગઈકાલ સવારે તેનો મારા ઉપર ટેલિફોન આવ્યો હતો.'

'એમ?' જમનાદાસ આશ્ચર્ય પામ્યો. 'મને તો એણે એ વિશે વાત કરી નથી.'

'શી રીતે કરે?' વેપારી હસ્યા: 'મારે પણ તમને એ વાત ન કરવી જોઈએ, પણ હું તો કરી દઉં છું. એનો મને સવારે ટેલિફોન આવ્યો. મને કહે: 'કેમ, પેલી બાબતનું શું નક્કી કર્યું?' મેં કહ્યું: 'નક્કી તો તમારે જ કરવાનું છે ના? જમનાદાસ તમારી સાથે નક્કી કરીને મને કહેશે તેમ તે મને કહી ગયા છે.' 'એ તો બરાબર છે,' તેણે કહ્યું. પછી જરા અચકાતો હોય તેમ લાગ્યું. પળ એક ટેલિફોન મૂંગો રહ્યો. પછી તેણે કહ્યું: 'જુઓ શેઠ, જમનાદાસ તો મારો મિત્ર છે એમાં એનો કાંઈ સવાલ નથી. એની વિરુદ્ધ મારે કશું છે પણ નહિ; પણ આ મોટી રકમની વાત છે. તમે ને હું એકબીજાને ઓળખીએ છીએ. પછી એમાં ત્રીજા માણસની જરૂર છે? તમે મને મળો. તમને યે ફાયદો થશે ને મને યે, એમાં કોઈને કશી ખબર પાડવાની જરૂર નથી.'

અત્યાર સુધી મનહર એકધારી વાત કરી રહ્યો હતો, મનસુખલાલ સાંભળી રહ્યા હતા. વાત આટલે આવતાં જ મનસુખલાલ ભભૂકી ઊઠ્યો: 'જોયું ને, હું નહોતો કહેતો? એજ વાત સિદ્ધ થઈ. કોઈનો યે ભરોસો કરી શકાય છે?'

મનહર એને શાંત પાડતો બોલ્યો: 'પણ તમે પૂરું સાંભળો તો ખરા.' ને એણે મૂળ વાત આગળ ચલાવી: 'વેપારીએ જમનાદાસને કહ્યું: 'એ વાત સાંભળીને હું તો મૂંગો જ થઈ ગયો. એને સીધી ના પાડી દેવી વાજબી ન લાગી. સોદો મોટો હતો ને પેલા માણસની લાગવગ ચોખ્ખી હતી. હા પાડવાનું પણ મન ન થયું. આવા માણસ સાથે કામ કરીને પૈસા મળે તો યે શું? મેં કહ્યું: 'જોઈએ એ તો.' તેણે કહ્યું: 'તો પછી તમે મને આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં મળો.' તેણે તેનું ઠ.મઠેકાણું પણ આપ્યું. પછી ફરી કહ્યું: 'જમનાદાસ મારો જૂનો મિત્ર છે, પણ આ આવી મોટી વાત રહી ના? તમે સમજો છો ના? તમે તો વેપારી છો એટલે આવું સાદું સમજી શકો.' તે શરમાઈ ગયો હતો, ખૂબ જ, એ તો ચોક્કસ.'

જમનાદાસ તો સ્તબ્ધ બની મૂંગો બેઠો રહ્યો હતો. વેપારીએ જ વાત આગળ ચલાવી. આખા 'મારા મનમાં ખૂબ વિચારો આવ્યા. આખા વેપાર ઉપર નફરત આવી ગઈ. મેં મારા ભાગીદારોને વાત કરી. મારા મનમાં તો નિર્ણય થઈ જ ગયો હતો, કે તમને આ આખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત જણાવ્યા સિવાય કશું ન કરવું. ભાગીદારો એ વાતને તો નરી મૂર્ખતા જ ગણી; એથી તો તમારા અને તમારા મિત્ર વચ્ચે વેર વધે અને અમારું કામ રખડી પડે. જમનાદાસને દોસ્ત આવો મળ્યો એમાં આપણે શું કરીએ? આપણો લાખોનો વેપાર કંઈ આવા વેદિયાવેડા માટે અટકાવાય?

'વાત પણ સાચી હતી, પણ હું જેમજેમ એ વિશે વિચારતો જતો હતો, તેમતેમ મારું મન વધુ ને વધુ પાછળ પડતું જતું હતું. મેં મારા ભાગીદારોને કહ્યું: 'તમારી વાત સાચી છે. તમને ફાયદો થતો હોય તેમાં મારે વચ્ચે આવવું પણ ન જોઈએ, પણ મારું મન આમાં કહ્યું કરતું નથી. હું હવે એ માણસને નહિ મળી શકું. મળીશ તો મારાથી એની સામે ગુસ્સો થઈ જશે, ન કહેવાનું કહેવાઈ જશે ને કામ આખું બગડશે. પણ તમને રોકવાનો મને કશો અધિકાર નથી. આ એનું નામ, આ સરનામું, આ જાતનો એ માણસ છે. તમે એને મળો ને જે નક્કી કરવું હોય તે કરો. મને એમાં ન લાગે, ન વળગે. મારે એ ધંધા પૂરતો ભાગ પણ ન જોઈએ.'

વેપારી ફરી હસ્યા—સ્વચ્છ અને નિર્મળ. 'મારા ભાગીદારોને મારા ઉપર સવિશેષ પ્રીતિ છે. મારું મન દુખાતું હોય તો ગમે તે ગુમાવવા તે લોકો તૈયાર થાય. તેમણે બધું મારા ઉપર જ છોડ્યું ને મેં તેમને કહ્યું કે પહેલી વાત હું જમનાદાસને કરીશ. પછી બધું જોયું જશે, આમ વાત છે ને આવા તમારા મિત્ર છે.'

'પણ મારી સાથે તો તેણે બધું કબૂલ કર્યું. મને અર્ધોઅર્ધ ભાગ આપવામાં પણ હા, ના, કરતાં છેવટે તે કબૂલ થયો' જમનાદાસે કહ્યું.

'પણ એ તો કાલે સાંજે ના? પાંચ વાગ્યા સુધી હું તેને ન મળ્યો એટલે એ સમજી ગયો, કે આ લોકોને એ વાત ગમી નથી; માટે અર્ધું તો અર્ધું જે મળ્યું તે. એવી કંઈક ગણતરી એની હશે. ને જુઓ, જમનાદાસ.' પેલા વેપારીએ કહ્યું: 'તમે કોઈક બીજી ઓળખાણ હોય તો શોધી કાઢો. તમારી મારફત કામ કર્યું છે તો તમારી મારફત જ એ ભલે થતું. પણ એ માણસને જવા દો. હવે એનું મોઢું જોવું મને નહિ ગમે.'

'પછી શું થયું?' મનસુખલાલે આતુરતાથી પૂછ્યું.

'થાય શું?' મનહરે કહ્યું: 'એ સોદો ન થયો, જવા દેવો પડ્યો.'

'ખરેખર?' મનસુખલાલના આશ્ચર્યમાં માનનો રણકો પણ ઉમેરાયો.

'નહિ તો?' એટલે તો હું કહું છું ના કે એ સાડા નવાણું ટકાવાળા સામાન્ય જનતામાંથી ઘણાખરા આપણે વાત કરતા હતા એવા નૈતિક મૂલ્યવિનાના, જેનો વિશ્વાસ ન કરી શકાય એવા થઈ ગયા છે, પણ બધા જ નહિ.' ને પછી ક્ષણવાર વિચારમાં પડી જઈ ઉમેર્યું; 'આ તો એક વેપારીનો આવો દાખલો આપણા પોતાના અનુભવમાં આવ્યો એટલે આપણે એ જાણી શકયા, પણ આવા યે કેટલા બધા માણસો પડ્યા હશે એ આપણે કયાં જોવા જઈ શકીએ છીએ!'

'વાત તો સાચી.' ધીમેથી કહી, મનસુખલાલ પણ વિચારમાં પડી ગયા. ગાડી ધસમસાટ દોડતી રહી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુપ્તદાન

લેખક :
શ્રી પીતાંબર પટેલ

ગંગાપુર જેવા નાના ગામડામાં સરકારે ડોક્ટર તરીકે મારી નિમણુક કરી ત્યારથી મારો ઉત્સાહ તો ઓસરી ગયો હતો. ગામડાંની મને સૂગ ન હતી. મેં જ અરજીમાં ગામડામાં નિમણૂક કરવાની માગણી કરી હતી, પણ ગંગાપુર એને તે ગામડું કહેવું કે અંદામાન! કાળાપાણીની સજા થઈ હોય એવું લાગ્યું.

આ ગામ સ્ટેશનથી પૂરા દસ માઈલ દૂર છે. સ્ટેશનથી અહીં આવવા માટે ન મળે મોટરબસ કે ન મળે ગાડું. નદીનાળાંવાળો રસ્તો છે; એટલે ઘોડા પર સામાન મૂકીને આવ-જા કરો ત્યારે. ઉનાળામાં નદીમાં પાણી ઓસરી જાય ત્યારે ગાડું ચાલી શકે. જિંદગીમાં કદી ઘોડા પર બેઠેલો નહિ. દસ માઈલ કાપતાંકાપતાં તો દમ નીકળી ગયો. વાહન-વ્યવહારની તકલીફ છે તેવી જ ટપાલની તકલીફ છે. અઠવાડિયામાં ત્રણ દિવસ ટપાલ આવે. આમ તો ત્રણ દિવસનો ટપાલ ખાતાનો નિયમ છે, પણ અહીંનો ટપાલી તો અઠવાડિયામાં બેવાર અને ક્યારેક તો વળી એકજ વાર આવે. ગામમાં પગ મૂકતાં જ મને તો થઈ ગયું, કે હું દુનિયાથી દૂર ફેંકાઈ ગયો છું. જ્યાંસુધી ટપાલમાં આવેલું છાપું ન વાંચીએ ત્યાંસુધી ખબરે શું પડે કે બહાર શું ચાલી રહ્યું છે?

આવા એક ખૂણાના ગામમાં હું ડોક્ટર બનીને આવ્યો. સેવા કરવાના ઉદ્દેશથી જ ગામડું પસંદ કર્યું હતું. અમારી કોલેજના સર્જને વિદ્યાર્થીઓને વિદાય આપતાં પ્રવચન કર્યું હતું, તેમના શબ્દો હજીય કાનમાં ગુંજી રહ્યા છેઃ

'તમારામાંથી જે પાસ થશે તે ડોક્ટર થશે. હું ઇચ્છું છું કે તમે બધા પાસ થાઓ અને આ સેવાના ધંધામાં પડો, પણ એક વાત હું કહ્યા વગર રહી શકતો નથી. શહેરોમાં તો ડોક્ટરો વધી પડ્યા છે. અહીં તો બધી સગવડો છે, પણ ગામડાંઓમાં ડોક્ટરો શોધ્યા જડતા નથી. મારી તમને નમ્ર અપીલ છે, કે તમે તમારા ધંધાનું ક્ષેત્ર શહેર નહિ પણ ગામડું પસંદ કરજો. માણસજાતની સેવા કરવા માટે ડોક્ટરી જેવો બીજો કોઈ ધંધો મને દેખાતો નથી. આજે ગામડાં તમને સાદ પાડીને બોલાવી રહ્યાં છે. મારી આ અપીલ અફળ નહિ જાય એમ હું ઇચ્છું છું.'

એ વખતે તેમણે ખ્રિસ્તી મિશનરીઓના દાખલાઓ આપેલા. એ લોકો પોતાનું વતન મૂકીને સેવા કરવા નીકળી પડે છે એ ગુણ આપણા દેશમાં કેળવવા જેવો છે! તેમણે રશિયાનો દાખલો આપેલો. ત્યાં ગામેગામ ડોક્ટરો પહોંચી ગયા છે. હિંદ જેવા ગામડાંના બનેલા દેશમાં ગામડાંમાં ડોક્ટરો જ ન મળે એ કેવું શરમજનક કહેવાય!

મને અમારા સર્જનની એ વાત હૃદયમાં વસી ગઈ. પાસ થાઉં તો ગામડે જ જવું. ધમાલ કરતાં ગામડાંની શાંતિમાં ઓર મઝા આવશે. શહેરના કૃત્રિમ વાતાવરણ કરતાં ગામડાંની પ્રકૃતિ શોભામાં આનંદ આપશે અને એ વખતે મને ગામડાંની શોભાનાં વખાણ કરતાં કાવ્યો યાદ આવ્યાં. ગામડું એટલે કુદરતનો ખોળો-પરમ શાંતિધામ અને ગામડાંના ભલા-ભોળા લોકો વચ્ચે રહેવાનું... કેવી મજા આવે!

પણ ગંગાપુરમાં પગ મૂકતાં જ મારું મજાનું સ્વપ્ન ઊડી ગયું. મને ગામડાંમાં ક્યાંય પ્રકૃતિ ખીલેલી ન દેખાઈ. સોહામણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ન દેખાયાં. અહીં તો ધૂળ હતી, પથરા હતાં, ખાડાટેકરા હતા અને ઝૂંપડાં હતાં.

ભલે કવિતામાં ગામડાંની શોભા દેખાતી હશે. આ ગામ તો મને બધી રીતે કંગાળ લાગ્યું. ભલે વાર્તામાં ઘી–દૂધની નદીઓ વહેતી હોય, અહીં તો છાશની પણ નદીઓ વહેતી ન હતી. ગામડાની ગોરીનાં વખાણ કરવામાં સાહિત્યકારો હજી ય થાક્યા નથી, પણ મને તો અહીં એવી કોઈ ગોરી ન દેખાઈ. કૂડાં-ગોબરાં માનવીઓ રૂપમાં તેમનાં ઝૂંપડાં જેવાં કંગાળ દેખાતાં હતાં. અહીં પ્રકૃતિનો વૈભવ ન હતો, પણ ગરીબાઈ ડાકલું વગાડી રહી હતી. આવા ગામમાં મારા જેવા, શહેરમાં રહેલાને કેમ ગમે?

છતાં મેં ગમાડ્યું. મેં મનને મનાવી લીધું. હું ઓછો હવા ખાવા નીકળ્યો છું તે ગામડાની શોભાને યાદ કરતો નિસાસા નાખું! હું તો અહીં દર્દીઓની સેવા કરવા આવ્યો છું. આજ સુધી ગામડું જેનાથી વંચિત હતું એવું દવાખાનું ચલાવવા આવ્યો છું. મારે મિશનરીની પેઠે માત્ર સેવાનો જ ખ્યાલ કરવો જોઈએ.

ને અહીં છેવાડે, એક ખૂણાના ગામમાં નિમાયો છું, એમાં ય ઈશ્વરનો સંકેત હશે! આવા ગામમાં ટપાલ રોજ આવતી નથી, તો દવા તો ક્યાંથી આવતી હોય? આ લોકોને દવા માટે કેટલે બધે દૂર જવું પડે! ચોમાસામાં નદીમાં પાણી આવતું હોય તો તે લોકો ક્યાં જાય? સેવા જ કરવી હોય તેને માટે તો આથી વધુ સારું સ્થળ બીજું ક્યાંથી જડે? જેને વધુમાં વધુ સેવાની જરૂર છે એવા લોકો વચ્ચે મને ઈશ્વરે મૂકી દીધો છે.

આ પ્રકારના મનના સમાધાન પછી મારી ગામડા વિશેની સૂગ પણ ચાલી ગઈ. પહેલાં લોકોને જોઈ મને થતું, કેવા ગંદા છે! તેમનાં ઘર, તેમનાં આંગણાં કેવાં ગંદાં રાખે છે! નદી આટલી નજીક છે તો ય તેમનાં કપડાં ય કેવાં મેલાં રાખે છે! તેમનાં છોકરાં જોઈને તો મને એ લોકો પર રોષ ચડતો. નાક નીતરતું હોય, તેના પર માખીઓ બણબણતી હોય, છોકરું ગમે ત્યાં પેશાબ કરે કે ટટ્ટી કરે...જોઈને તમ્મર ચડી જાય એવી ગંદકીમાં આ લોકો રહેતા હતા.

પણ મને થયું, એમાં આ લોકોનો ય શો વાંક કાઢવો? સારી પેઠે કેમ જિવાય એવું તેમને આજ સુધી કોઈએ ભાન પણ કરાવ્યું નથી. અહીં ગુજરાતી શાળા પણ હમણાં જ શરૂ થઈ હતી. જ્યાં નરી અજ્ઞાનતા અને કંગાલિયત ચોકી ભરતાં હોય તે ગામમાં સારી વસ્તુની તો ક્યાંથી આશા રાખી શકાય?

ક્યાં શહેરોની સમૃદ્ધિ અને ક્યાં ગામડાંની કંગાલિયત! ગામડાંના ભોગે જ શહેરો સમૃદ્ધ થયાં છે. અહીં નથી સારા રસ્તા, નથી રસ્તા પર દીવા, અહીં નથી દવાખાનું કે નથી પુસ્તકાલય! અહીં લોકોને ખાવાના ય સાંસા છે અને પહેરવાનાં પણ પૂરતાં કપડાં નથી. મેં પહેલીવાર ગરીબાઈનાં દર્શન કર્યાં. આ ગામડું જોયા પછી મને ગાંધીજીનો ગામડાં માટેનો આગ્રહ સકારણ લાગ્યો.

ગામમાં રહેવું ક્યાં? સરકારે દવાખાનાનું મકાન જુદું બંધાવ્યું ન હતું. ગામના ચોરાની એક ઓરડીમાં હમણાં તેની શરૂઆત કરવાની હતી. એટલે મારે રહેવાનો પ્રશ્ન ઊભો થયો. ગામમાં ભીખાશેઠનું ઘર જરા ઠીક કહી શકાય એવું હતું. તેમને વિનંતિ કરી એટલે તેમણે તેમનો મેડો ખાલી કરી આપ્યો.

દવાઓ આવી ગઈ. ભીખાશેઠની મદદથી દવાખાનું શરૂ પણ કર્યું. મેં કંપાઉન્ડરની માંગણી કરી હતી, પણ સરકારી જવાબ આવ્યો, કે ત્યાં આવવા કોઈ કંપાઉન્ડર મળતો નથી, માટે ગામમાંથી જ કોઈકની નિમણૂક કરવી; એટલે મેં શંકર નામના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક નવજુવાનને રોકી લીધો.

ગામના જ નહિ આજુબાજુના ગામના લોકો પણ દવા લેવા આવતા હતા. એટલામાં દવાખાનું હતું નહિ એટલે લોકોનો જબરો ઘસારો થતો હતો. હું એકલો પહોંચી વળતો ન હતો. દવાઓ પણ પહોંચી શકતી ન હતી; પણ મને 'કંઈક' કરવાનો ઉમંગ હતો એટલે થાક નહોતો લાગતો, કંટાળો નહોતો આવતો.

ડૉક્ટર તરીકે મને જાતજાતના અનુભવો થતા હતા. પહેલાં મેં પણ માનેલું ગામડાંના લોકો ભલા અને ભોળા છે, પણ મને એ સ્વાર્થી અને સંકુચિત વિચારવાળા દેખાયા. ઇર્ષ્યા તો તેમનામાં હાડોહાડ વ્યાપી ગયેલી છે. પોતાનું ભલું થતું ન હોય તો ય બીજાનું બૂરું કરવા તૈયાર થાય છે. સ્વાર્થ માટે જૂઠું બોલતાં પણ અચકાતા નથી. દર્દીઓ પાસેથી એક આનો ફી લેવાનું સરકારે ઠરાવ્યું છે, તેમાં જો કોઈ ગરીબ હોય તો મફત દવા આપવી. મારા આશ્ચર્ય વચ્ચે બધા જ રડતા આવે છે. કોઈ એક આનો આપતું નથી. પાછળથી મને ખબર પડી કે તેમાં કેટલાક તો નાના પાયા પર ધીરધારનો ધંધો કરતા હતા. એક આના માટે તેઓ કેવો ખોટો ડોળ કરતા હતા?

મને ભીખાશેઠ પણ એવા જ દેખાયા. પાઈપાઈ માટે મરી જાય, તેમની પાસે ખાસી મૂડી હતી. દુકાન કરતા હતા અને ધીરધાર પણ કરતા હતા, તો ય તે પગે ચાલીને સ્ટેશને જાય. ઉનાળાના દિવસોમાં ગાડાં ચાલતાં હોય તો ય તે ખરા તડકામાં ચાલી નાખે. પાસે સામાન હોય તો મજૂર કરી લે, પણ ગાડામાં ન બેસે!

પાછા શેઠ જબરા કરકસરિયા! ખરું જોતાં તો તેમને કંજૂસ કહેવા જોઈએ. ગામમાં કદાચ એ જ પૈસાદાર હશે, છતાં મેં કદી તેમના શરીર પર સારું લૂગડું જોયું નથી. થાગડથીંગડવાળું ધોતિયું હોય અને એવો જ ઝભ્ભો હોય. જોડા પણ જૂના ખેંચે રાખતા હતા. કોઈને ચા પણ ન પાય, દુકાનમાં ગયા હોઈએ તો સોપારી પણ ન ધરે.

મને થયું, હું આવા કંજૂસના ઘરમાં ક્યાંથી રહેવા આવ્યો!

ખૂબી તો જુઓ, ઘરમાં ખાનાર માત્ર ત્રણ જીવ હતા. શેઠ, શેઠાણી અને એકનોએક નાનો દીકરો. પણ શેઠાણીને ય સુખથી ખાવા દેતા હશે કે કેમ એ શંકા છે. જે પૈસાને જ પરમેશ્વર ગણે એને બીજું શું દેખાય?

એમના બાપને એ ખોટના દીકરા હતા, એટલે તો ભીખો નામ પાડ્યું હતું. તેમને પોતાને પણ નાથો ખોટનો દીકરો હતો. પાછળ ઘણું ય ભર્યું હતું, પણ શેઠનો હાથ બંધાઈ ગયો હતો.

જેમજેમ હું આજુબાજુનાં ગામોથી પરિચિત થતો ગયો, તેમતેમ સમજાતું ગયું, કે આ ગામ બીજાં ગામોના પ્રમાણમાં ઠીક હતું. તેમાં ય ભીખાશેઠનું નામ તો ચોમેર પંકાયેલું હતું. લોકો પણ તેમને માન આપતા હતા, એ જોઈ મને મનમાં ખેદ થતો હતો. લોકો પૈસાને જ નમન કરે છે! સત્તા આગળ જ સીધા રહે છે. તેમનો સેવક થઈને જાય તેને તો ધક્કે ચડાવે એવા છે.

ખરું જોતાં તો મારે ભીખાશેઠ માટે રોષ કરવાનું કંઈ કારણ ન હતું. તેમણે મારું કંઈ બગાડ્યું ન હતું. ઊલટું તે તો 'ડૉક્ટર સાહેબ, ડૉક્ટર સાહેબ' કહીને અડધાઅડધા થઈ જતા હતા. તેમણે મને રહેવા મેડો પણ ખાલી કરી આપ્યો હતો, છતાં મને શેઠને માટે અંદરથી નફરત થતી હતી. પાસે વાપરવા જેવા પૈસા હોય ને છતાં ન વાપરે એવા લોકો માટે મને તિરસ્કાર થાય છે. એવા પૈસાના પૂજારીઓને હું તિજોરી પર બેઠેલા નાગ જેવા ગણું છું. પોતે વાપરે નહિ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાને વાપરવા પણ ન દે.

ભીખાશેઠ જાતે આટલી કષ્ટી વેઠે છે એ બીજાને શું મદદ કરવાના હતા? એટલે તો હું તેમની આગળ કદી વાત પણ મૂકતો નહિ. બાકી મને ઘણી વાર થતું, કે ગામલોકો થોડીક મદદ કરે તો વધુ દવાઓ લાવી શકાય, ગામનાં બીજાં કામ કરી શકાય; પણ ગામનો શેઠ ગણો, આગેવાન ગણો, જે ગણો તે આવો બેઠો હોય ત્યાં શું થઈ શકે?

કદાચ ભીખાશેઠ વિશેની મારી નફરત વધતી જ જાત. હું તેમને છેક છેલ્લી પાયરીએ મૂકી દેત; પણ એક બનાવ એવો બન્યો કે ભીખાશેઠ વિશેની મારી માન્યતા જ બદલાઈ ગઈ; એટલું જ નહિ પણ હું મારી જાતને ઠપકો આપવા લાગ્યો. કે તેં માણસ ઓળખવામાં કેવી થાપ ખાધી!

એવું બન્યું કે ગામમાં મેલેરિયાનો પવન વાયો. આમેય દર વર્ષે આ બાજુ મેલેરિયાનું પ્રમાણ વધારે રહે છે. નદીનાળાંમાં પાણી ભરાઈ રહે. એમાંથી મચ્છર થતા અને આજુબાજુનાં ગામડાંઓ સુધી મેલેરિયા ફેલાતો. દવાખાનું સરકારી ખર્ચે ચાલતું હતું એટલે જે પ્રમાણમાં દવાઓ મળતી હતી તેટલી જ મળતી. એટલી દવાઓ આ બાજુના દર્દીઓ માટે ઘણી જ થોડી હતી. એ બાબતમાં લખાપટી કર્યા કરતો, પણ તુમારી તંત્રમાં ક્યાંથી ઝટ નિકાલ આવે? એટલે મેં ગામના આગેવાનો આગળ વાત મૂકી. જો ગામલોકો મદદ કરે તો બધાંને છૂટથી દવા આપી શકાય. ઇજેક્શન પણ મંગાવી શકાય અને બાજુનાં ગામડાંમાં પણ રાહત આપી શકાય. પણ લોકો તો એકબીજાની સામે જોઈ વિખરાઈ ગયા. ભીખાશેઠ પણ કંઈ ન બોલ્યા, ત્યારે મને થઈ ગયેલું કે આવા આગેવાનોને જ દવા ન આપવી જોઈએ. લોકોને ચૂસીચૂસીને પૈસા ભેગા કર્યા છે, પણ લોકોના ભલા માટે પાઈ યે ખર્ચે છે? આવાને તો લૂંટી લેવા જોઈએ. હું મનમાં આવો પુણ્યપ્રકોપ ઠાલવતો હતો, ત્યાં ભીખાશેઠ મારી પાસે આવ્યા.

મને એ વખતે એવો તો રોષ ચડ્યો હતો, કે તેમને સંભળાવી દઉં, પણ હું ગમ ખાઈ ગયો. તે આવીને બેઠા. હું કંઈ બોલ્યો નહિ એટલે તે બોલ્યા:

‘ડૉક્ટર સાહેબ એક કામે આવ્યો છું.’

મને થયું કે કંઈક સ્વાર્થની વાત લઈને આવ્યા હશે.

‘બોલો ને...’

‘તમે આજે બપોરે મદદ બાબતમાં વાત કરી હતી ને? તે હું ફૂલ નહિ, તો ફૂલની પાંખડી આપવા આવ્યો છું.’

અને મારા હાથમાં તેમણે સો રૂપિયાની નોટો મૂકી દીધી.

‘પણ આમાં એક શરત છે.’

મેં તેમની સામે જોયું:

‘તમારે કોઈને કહેવું નહિ કે મેં તમને આ મદદ કરી છે.’

‘કેમ? એમાં શો વાંધો છે? તો બીજા પણ આપવા ખેંચાય ને?’

‘ના, મને એ પસંદ નથી. એટલા માટે તો હું બધા વચ્ચે કંઈ બોલ્યો ન હતો. એ લોકો જો ફાળો કરતા હશે તો હું તેમાં પણ તેમના જેટલી રકમ ભરીશ.’

મને નવાઈ લાગી. હું જેને કંજૂસકંજૂસ કહી નિંદતો હતો તે ભીખાશેઠ કોઈ ન જાણે તેમ ગુપ્ત દાન કરતા હતા!

મને તેમનામાં રસ પડ્યો એટલે મેં તેમના વિશે પણ જાણવા અનેક પ્રશ્નો કર્યા. પણ તે દાદ આપતા ન હતા, પણ તૂટકતૂટક વાતોમાંથી મને જાણવા મળ્યું કે એ પંડે કષ્ટ વેઠતા હતા. મોજશોખ કરતા ન હતા. તે પૈસા ભેગા કરવા માટે નહિ, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે છૂપી મદદ કરવા માટે.

વાતમાં ને વાતમાં તેમણે કહ્યું:

'હું તો આ બાબતની કોઈની આગળ વાત કરતો નથી, પણ તમે લઈ મંડ્યા છો તો કહું છું, કે હું કરકસર કરું છું એટલે તમને પણ થયું હશે કે શેઠ કંજૂસ છે; પણ આજુ-બાજુ લોકો ગરીબાઈમાં સડતા હોય ત્યાં કઈ રીતે મઝા મરી શકું? તેમને શરીર ઢાંકવા માટે ગાભો ય ન મળતો હોય તો હું કેવી રીતે નવાં લૂગડાં પહેરી શકું! કંઈ સારું ખાવા બેસું ને થાય એ લોકોને બિચારાંને ખાવાનું ય મળતું નથી ને આપણે ગળ્યું ખાવા બેઠા, એટલે એવા પ્રસંગે જે કંઈ ખર્ચ થવાનું હોય તેટલા પૈસા જુદા મૂકું છું અને તેમાં એટલા બીજા પૈસા ઉમેરું છું. એ પૈસા ગરીબ–ગરબાંને મદદ કરવામાં વાપરું છું.'

હું શેઠ સામે માનભરી નજરે જોઈ રહ્યો.

'આ ધન હું કમાયો નથી. મારા બાપા વારસામાં આપતા ગયા છે; એટલે મારે એ વારસો મારા પુત્રને આપવો જોઈએ, પણ હું એનો બધો નફો તો આ રીતે વાપરી નાખું છું. જે વારસો છે એનો હું માલિક નથી, પણ રખેવાળ છું. મારી કમાણી મને વાપરવાનો હક્ક છે. એ તો હું વાપરતો આવ્યો છું.

હું કષ્ટી વેઠું છું, એટલે તમારા જેવા ઘણા યે મારી પાછળ બબડે છે. પેલા દિવસે સ્ટેશનથી તમે ગાડીમાં આવ્યા અને હું ચાલતો આવ્યો ત્યારે હું સમજી ગયો હતો કે તમે મનમાં મને કંજૂસ, કંજૂસ...કહી મારો તિરસ્કાર કરતા હતા, પણ ડૉક્ટર સાહેબ શું કરું? લોકોની સામે જોઉં છું ને ગાડીમાં નથી બેસાતું. એને રૂપિયો આપી દઉં એના કરતાં પોટલું ઉપાડીને આવનારને આપી દઉં તો શું ખોટું? આપણે ચાલીએ તેમાં શું દૂબળા પડી જવાના હતા?'

હું ઘડી પહેલાં જેનો તિરસ્કાર કરતો હતો તેના પગે પડવાનું મન થયું. વૈભવ ભોગવતાંભોગવતાં દાન કરનારા જોયા છે, નામના કાઢવા માટે મદદ કરનારા જોયા છે, 'કીર્તિ કેરાં કોટડાં' બાંધવા માટે દાન કરનારા સાંભળ્યા છે, પણ આ રીતે પોતાની જાતને કષ્ટી આપીને પણ મદદ કરનારા છૂપા દાનવીરો મેં જોયા તો નથી, પણ સાંભળ્યા પણ નથી. મને ભાખાશેઠ દાનેશ્વરી દેખાયા.

પાછળથી મારા કંપાઉન્ડર શંકર પાસેથી વધુ વિગત જાણી. શેઠના હાથે ઘણાંનાં દેવાં ડૂબ્યાં હતાં. તે કદી કોર્ટમાં ગયા નથી. કોઈના પર દાવો કર્યો નથી. કદી ગરીબને પૈસા માટે સતાવ્યો નથી; એટલું જ નહિ પણ દેવાવાળાને લગ્નટાણે કે વાવણી વખતે મદદ પણ કરી હશે. વિધવાઓને તે રોજી આપતા. કોઈનું અટકી પડ્યું હોય ત્યાં સમયસર મદદ કરતા. પછી તે એ બાબતમાં કદી ઉઘરાણી કરતા નહિ. પોતે મદદ કરી છે એ પણ ભૂલી જતા. પોતે મદદ કરે છે એ કોઈ જાણે નહિ તેની ખાસ તકેદારી રાખતા.

પણ હવે જ મને સમજાઈ ગયું, કે આજુબાજુના ગામના લોકો શેઠને કેમ નમન કરતા હતા. આવા માનના અધિકારી શેઠને માટે હું શુંશું ધારી બેઠો હતો? એથી હું મનમાં શરમાતો હતો.

એકવાર તો મારાથી શેઠને કહ્યા સિવાય ન રહેવાયું:

'શેઠ! અજાણે પણ મેં તમને ખૂબ અન્યાય કર્યો છે. મેં તમને સમજવામાં કેવી મોટી ભૂલ કરી! સાચે જ તમે તો આ દુખિયારાઓના બેલી છો.'

'ના...ના...એવું કંઈ નથી. ડૉક્ટર સાહેબ! ખરું જોતાં તો જે લોકોનું છે તે તેમને પાછું આપું છું. મારા બાપદાદા આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશોપનિષદ

લેખક :
અધ્યા. તનસુખ ભટ્ટ એમ. એ.

અમૃતનો રસાસ્વાદ કરતાં માનવી ધરાતો જ નથી, અને ભારતીય ઉપનિષદોમાં ય અમૃતરસના સાગર છલકાય છે: પ્રભુનું દર્શન કરતાં તૃપ્ત ન થાય તેમ આ ઉપનિષદોનાં વાચન મનન ને નિદિધ્યાસનથી આત્મા જાણે કદી ય તૃપ્ત થતો નથી. એનું એકેએક સૂત્ર, એકેએક મણકો વારંવાર વિચારવા યોગ્ય છે. લેખકે ઈશોપનિષદનું અહીં ભાષાંતર આપ્યું છે. આશા છે, કે સંસ્કૃત નહિ જાણતા વાચકોને ઈશોપનિષદના આ શ્લોક યાદ રાખવા સહેલા થઈ પડશે.

ઈશથી સર્વ છે પ્રોયું, જગતે સ્થિર—જંગમ;
ભોગવો ત્યાગથી તેથી, તાકો મા ધન કોઈનું. ૧

શુભ કાર્યો કરીને તો, ઇચ્છો સો વર્ષ જીવવા;
કર્મના લેપમાંથી છે, બચવા અન્ય ના પથ. ૨

આત્માના હણનારાઓ, નરદેહ તજી જતાં;
અજ્ઞાનતિમિરે વીંટ્યા, લોક આસુર પામતા. ૩

છે નિર્વિકારી મનથી સુવેગી,
અભૂમિ છે ઇન્દ્રિયની અપૂર્વ;
ઉલ્લંઘે છે વેગવાન્ સર્વને તે,
તેથી ધારે વાયુ આ જીવલોક. ૪

ક્રિયાવાન્, અક્રિયાશીલ, દૂર તે તે સમીપ છે;
સર્વના અંતરે તે છે, તે જ છે બાહ્ય સર્વને. ૫

આત્મા મધ્યે નિહાળે છે, ભૂતોને સર્વ પંડિત;
ભૂતોમાં આત્મ પેખે છે, નિંદા તેથી કરે નહિ. ૬

લોકો પાસેથી જ કમાયા હશે ને! એ એટલા મૂડી બાંધીને અહીં આવ્યા હશે? એમ કહો કે હું એટલો લોભિયો છું કે જે વારસો છે એ આપી શકતો નથી; એટલે તો હું કોઈને જણાવવા માગતો નથી!'

'પણ માણસનો સ્વભાવ જ એવો છે, કે પોતે જે કંઈ કરે તે બીજાને જણાવ્યા સિવાય ચેન ન પડે. તમે તો...'

મને વચ્ચે અટકાવીને ભીખાશેઠ બોલ્યા: 'એ તમારું કહેવું ખરું છે. શેઠાણી પણ મને ઘણીવાર કહે છે, કે કંઈક નામના તો કરો; પણ એવો મિથ્યા મોહ શીદને રાખવો? મને એક સાધુ મહારાજે કહેલું, કે તું એવી રીતે દાન કરજે કે જો તું જમણે હાથે દાન આપે તો તારો ડાબો હાથ પણ ન જાણે. એ વાત મારા દિલમાં બરાબર વસી ગઈ છે. ત્યારથી આ રીતે મદદ કરું છું; અને સંતો તો મોહમાયા છોડવાનું કહી ગયા છે તો હું વળી નામનો મોહ ક્યાં રાખું?'

એ વખતે મેં શેઠને નમન કર્યાં.

બહારથી થાગડથીંગડવાળા દેખાતા શેઠ દાનવીર જ નહિ, પણ જીવનની સૂઝવાળા વિચારક પણ હતા. મને ભીખાશેઠ મોટા, ઘણા મોટા દેખાયા!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ સંઘાત ભૂતોનો, આત્મરૂપે સદા દીસે;
તેને:શો શોક? શો મોહ? એકત્વ વિલસે જહીં. ૭

પ્રકાશવાન્, લિંગશરીરહીન,
શિરા-ક્ષતે શૂન્ય, વિશુદ્ધ પુણ્ય;
સર્વજ્ઞ, સ્વામી, મહેચ્છ, સ્વયંભૂ,
સર્જ્યા તેણે સર્વ અર્થો યુગોથી. ૮

કર્મોને જે ઉપાસે છે, તિમિરે તે પ્રવેશતા;
ઉપાસના તણા ભક્તો, તે યે અંધારમાં જતા. ૯

પૂર્વના ધીર પુરુષો, વિસ્તારીને કહી ગયા;
ભિન્ન છે ફળ કર્મોનું, ફળ ભિન્ન ઉપાસને. ૧૦

ઉપાસના અને કર્મ, બેઉને ભજતો નર;
કર્મથી મૃત્યુ ઓળંગી, પામે અમૃત અન્યથી. ૧૧

અંધારે અટવાયે છે, અસંભૂતિ—ઉપાસકો;
મહાન્ધકારે રવડે, સંભૂતિના સુપૂજકો. ૧૨

પૂર્વના ધીર પુરુષો. વિસ્તારીને કહી ગયા;
સંભૂતિ-ફળ છે એક, અસંભૂતિનું અન્યથા. ૧૩

સંભૂતે ને અસંભૂતિ, બેઉને ભજતો નર;
સંભૂતિથી તરી મૃત્યુ, પામે અમૃત અન્યથા. ૧૪

સુવર્ણમય પાત્રેથી, છાવર્યું મુખ સત્યનું;
સત્યાર્થી—જ્ઞાનને અર્થે, સૂર્ય! તેને ખસેડજો. ૧૫

પૂષા, એકર્ષે, યમ, સૂર્ય, આપ,
પ્રાજાપત્ય! અધિકાં કિરણોને ચલાવો;
તેજેભર્યું રૂપ કલ્યાણપૂર્ણ,
તે ન્યાળું, તે હું જ છું. હું જ છું તે. ૧૬

અમીવાયુ થજો વાયુ, ભસ્મરૂપે શરીર હો;
અગ્ને! સ્મરો, સ્મરો કૃત્યો, સ્મરો અગ્નિ, સ્મરો કૃતિ. ૧૭

અગ્ને! પ્રભો! સર્વના કર્મજ્ઞાતા!
દોરો સુમાર્ગે કર્મફલોપભોગે;
કૂડાં પાપો અમથી ટાળજો ને,
નમઃશબ્દે બહુ પૂજા કરીએ. ૧૮

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રીજી

લેખક :
શ્રીમતી લાભુબહેન મહેતા

પ્રભાશંકર જોશીનો દીકરો વીરેન્દ્ર ડૉક્ટર થયા પછી પહેલી જ વાર પોતાને ગામ આવ્યો હતો. પ્રભાશંકર જોશ જોતા અને ક્રિયાકાંડ કરાવતા. આસપાસનાં ગામોમાં એ આગેવાન કર્મકાંડી ગણાતા, પણ જ્યોતિષ-વિદ્યામાં પારંગત ન હતા. જ્યારે ધનશંકર શાસ્ત્રીએ વર્ષો સુધી કાશીમાં રહી અભ્યાસ કરેલો અને તેઓ જેને 'ગુરુકૃપા' કહે છે તેને પ્રતાપે આસપાસના પ્રદેશમાં પ્રખર જ્યોતિષી તરીકે તેમણે ભારે કીર્તિ પ્રાપ્ત કરેલી. ડૉ. વીરેન્દ્રને કોઈએ આ વાત કહી એટલે એણે કુતૂહલ ખાતર શાસ્ત્રીજીને બોલાવ્યા. પ્રભાશંકરને આ ગમ્યું નહિ, કારણકે શાસ્ત્રીજીની કીર્તિથી હમેશ એ બળી જતા, પણ પરદેશ જઈ આવેલા ને મહિને હજાર બારસો કમાનારા ડૉક્ટર દીકરાને નારાજ કરવાની એમની હિંમત ચાલી નહિ. જોશ જોવાનું પૂરું થયું ત્યારે ડૉ. વીરેન્દ્ર આશ્ચર્યથી બોલી ઊઠયો :

'તમે તો કમાલ કરી શાસ્ત્રીજી, આટલું ચોક્કસ કહેતાં તો કોઈને જોયા કે સાંભળ્યા નથી, આવી અદ્‌ભુત વિદ્યા ક્યાંથી પ્રાપ્ત કરી?'

શાસ્ત્રીજીએ જવાબ આપ્યો:

'તારી જન્મકુંડળી નથી, નહિ તો હું વરસેવરસનો હિસાબ તને આપત.'

'પણ તમે આ વિદ્યા શીખ્યા ક્યાંથી?' ડૉ. વીરેન્દ્રે ફરી પૂછયું.

શાસ્ત્રીજીએ શાંતિથી જવાબ આપ્યો : 'તારે સાંભળવું જ છે તો સાંભળ. હું નાનો હતો ત્યારે કાશીએ ભણવા ગયેલો. મારા પિતાને એવી ઈચ્છા કે હું મોટો પંડિત બનું અને આપણા ગામમાં નામ કાઢું. શરૂઆતમાં તો કાશીમાં ધામેધામે ફર્યો, પણ કોઈ જાતની વિદ્યા ન સાંપડી, કોઈ ગુરુ ન મળ્યા. મેં જોયું કે પાઠો અને સ્તોત્રો ગોખી-ગોખી સૌ પંડિત બની જતા હતા. મને એટલેથી સંતોષ નહોતો, અચાનક એક ગુરુનો ભેટો થઈ ગયો. મારું મન ત્યાં લાગી ગયું. એ ગુરુ પાસે એક વરસ ગાળ્યું. ખરા દિલથી એમની સેવાચાકરી કરી, એમણે મને આ બધી વિદ્યા શીખવી. વિદાય વખતે એમણે કહ્યું: 'આ વિદ્યાનો ઉપયોગ પૈસા કમાવામાં ન કરતો, તારે હાથે લોકોનું કલ્યાણ થાય એ હેતુથી આ વિદ્યા મેં તને આપી છે તે હમેશ યાદ રાખજે.' ગુરુનો પ્રભાવ એવો હતો, કે એમના ચરણમાં જ જિંદગી વિતાવી દેવાની ઇચ્છા થાય, પણ એમણે ઘેર જવાની આજ્ઞા આપી. તુરતમાં જ ઘેર જવા મેં આનાકાની કરી એટલે તેઓ બોલ્યા: 'ઘેર તારાં માતાપિતા ચાતક વરસાદની રાહ જુએ એમ તારી રાહ જોતાં હશે, માટે જલદી જા.'

'છેવટ મન કઠણ કરી એ આનંદમય જીવન છોડી ઘેર ચાલી આવ્યો. એ યુગમાં ટપાલનાં આવાં સાધનો નહોતાં, એટલે મારા પિતા મને ઘરના કશા સમાચાર પહોંચાડી ન શક્યા ને મારી મા તો બિચારી 'મારો ધનુ, મારો ધનુ' કરતી હું આવું એ પહેલાં ક્યારની યે ચાલી ગયેલા. પછી તો પિતાનો બુઢાપો મેં પાળ્યો. બાવીસમે વર્ષે લગ્ન કર્યાં. પિતાના આશીર્વાદથી વિદ્યા ઓર ખીલી ઊઠી અને ગુરુકૃપા તથા પિતાના પુણ્યપ્રતાપે આજસુધી વિદ્યા વેચવાનો વારો નથી આવ્યો.'

ડૉ. વીરેન્દ્ર આશ્ચર્યથી સાંભળી રહ્યો હતો. એણે વિચારી રાખેલું કે શાસ્ત્રી આનંદમાં આવી જાય એટલી રકમ એમને આપવી, પણ છેલ્લું વાક્ય 'વિદ્યા વેચવાનો વારો નથી આવ્યો' સાંભળી એ થંભી ગયો, થોડીવાર વિચાર કરી બોલ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમારી એક વાત નથી સમજાતી શાસ્ત્રીજી, પૈસા લો તેમાં ખોટું શું? પોતાની પાસે જે કસબ હોય એમાંથી જ માણસ નાણું મેળવે ને? હું દાક્તર થયો તે જો મફત જ સૌની દવા કરું તો હું ને મારાં બૈરી-છોકરાં ખાઈએ શું? દરેકે પોતાની વિદ્યાનો ઉપયોગ કરીને પોતાના જીવનનિર્વાહ માટે પૈસા મેળવવા જોઈએ.'

'ગુરુની આજ્ઞા પછી બીજું વિચારવાનું જ ન હોય બેટા, પરમાત્મા બધું નિભાવે જ છે ને? પૈસો લઈએ તો લોભ અને લાલચ વધે. જ્યાં લોભ ને લાલચ ત્યાં સાચી વિદ્યાનો અભાવ, પછી તો અનેક જાતના ઢોંગ કરવા પડે.'

ડૉ. વીરેન્દ્ર કંઈ બોલ્યો નહિ, પણ તેના મનમાં તો વિચારો ચાલવા લાગ્યા. એ વખતે તો શાસ્ત્રીજીને નમસ્કાર કરી એણે વિદાય આપી, પણ મનમાંથી એ વિચાર ખસ્યો નહિ. દિવસભર જુદાજુદા માણસોને પૂછતાં એણે જાણ્યું, કે શાસ્ત્રીજી તો મહામુશ્કેલીએ નિર્વાહ ચલાવે છે, ભારે કરકસરથી રહે છે ને કોઈ વાર તો એમનાં પત્ની બહારનાં દળણાં પણ દળે છે! ડૉ. વીરેન્દ્રે એ પણ જાણ્યું, કે શાસ્ત્રીજી કશું માગતા નથી; લેતા નથી એટલે કે અયાચક વ્રત પાળે છે, પણ કોઈ પ્રેમથી ભેટ મૂકી આવે તો સ્વીકારે છે. બદલા તરીકે નહિ, પણ બ્રાહ્મણ તરીકે.

ડૉ. વીરેન્દ્રના મન પર આટલી બધી અસર થઈ તે પ્રભાશંકર જોઈને રુચ્યું નહિ. એમણે દીકરાની 'ઘેલછા'ની મજાક કરી અને 'એ ડોસાની અસરમાં આવતો નહિ' એવી ચેતવણી પણ આપી; પરંતુ ડૉ. વીરેન્દ્ર તો અસરમાં આવી જ ગયો હતો. એને થતું હતું: 'આવી વિદ્યાની ઉપાસના કરનારને ઉદરનિર્વાહની ચિંતા હોવી જ ન જોઈએ; મારે જ એમનો ભાર ઉપાડી લેવો જોઈએ

એક દલીલ એણે શોધી કાઢી. 'શાસ્ત્રીજી પુત્રના પૈસા તો લે ને? તો હું એમનો પુત્ર.'

શાસ્ત્રીજીનો સંસાર સુખથી ચાલતો હતો, પણ બાળક કાંઈ નહોતું. શાસ્ત્રીજી એ વાતની બહુ ફિકરે ય ન કરતા, જુવાનીના દિવસો-માં પતિ-પત્ની વચ્ચે એ વિશે વાતચીત થતી તો એ કહેતા: 'જેવી હરિઇચ્છા!' પત્ની જવાબ આપતી, 'હરિઇચ્છા કહો છો, પણ ઘડપણમાં પાળશે કોણ? સદા યે આપણે જુવાન ઓછાં જ રહેવાનાં હતાં ને બધું ય કામ જાતે કરી શકવાનાં હતાં?' શાસ્ત્રીજી મૌન રહેતા એટલે થોડીવાર વિચાર કરીને એ સૂચવતી, 'તમારી આ બધી વિદ્યા ને શાસ્ત્રો શા કામનાં છે? ગામ આખા ને પરગામના ઘરોમાં ય શાંતિ લાવવા ને સુખ ઉપજાવવા તમારાં શાસ્ત્રોનો ઉપયોગ કરો છો તો મેં શું બગાડ્યું છે?' એનો જવાબ શાસ્ત્રીજી માત્ર એક વાક્યથી જ આપતા, 'જો હજાર હાથવાળાની ઇચ્છા હશે તો બધું ય થઈ રહેશે, ને એની ઇચ્છા નહિ હોય તો આપણે લાખ ઉપાય કરશું તો યે કશું નહિ થાય!' વળી ઉમેરતા, 'અસંતોષ પ્રકટ કરવાથી ને રોદણાં રડવાથી તો આપણને પ્રભુમાં વિશ્વાસ નથી એમ સાબત થાય છે. એનામાં વિશ્વાસ મૂક્યા સિવાય આપણી નાવ પાર ઉતરવાની નથી.'

શાસ્ત્રીજીની આ શ્રદ્ધા આજે સાઠ વર્ષે પણ કાયમ હતી, પણ જેમ સમય જતો હતો તેમ મુશ્કેલી વધતી જતી હતી. વૃદ્ધા-વસ્થાને કારણે કામ ઓછું થઈ શકતું. પ્રભા-શંકર પણ વાતાવરણ બગાડવામાં વધુ ફાવતા હતા. પત્નીને સતત એમ લાગતું હતું, કે પુત્ર વિનાની પાછલી જિંદગી દુઃખમાં જશે. એના મન ઉપર દરરોજ ભાર વધતો જતો હતો. શાસ્ત્રીજીને એ કળાવા દેતાં નહોતાં પણ હવે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું હતું. બીજે ઇશ્વરે જ મોકલ્યો હોય એ રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસે ડૉ. વીરેન્દ્ર એક મિત્ર સાથે ત્યાં આવ્યો. શાસ્ત્રીજીએ આગલે દિવસે પત્નીને ડૉ. વીરેન્દ્ર અને તેની લાગણી વિશે વાત કરેલી. ડૉ. વીરેન્દ્રને જોતાં વૃદ્ધ શાસ્ત્રીજીના ચહેરા પર આનંદ છવાયો અને પત્નીને ઉદ્દેશી બોલ્યા: "કાલે મેં વાત કરી હતી તે જ આ ડૉ. વીરેન્દ્ર–આપણા પ્રભાશંકરભાઈના ચિરંજીવી,' શાસ્ત્રીજીનાં પત્ની એને જોઈ રહ્યાં, મનમાં કાંઈક આશા પ્રગટ્યા વિના રહી નહિ. ડૉ. વીરેન્દ્રે શાસ્ત્રીજીના ચરણમાં માથું મૂકી એક પરબીડિયું ત્યાં મૂકી દીધું.

'આ શું દીકરા ?' શાસ્ત્રીજી બોલી ઊઠ્યા. વીરેન્દ્ર દીકરાના સંબોધનથી ખુશ થયો ને બોલ્યો : 'દીકરાની ભેટ, જુઓ, હવે મને દીકરો જ માનવો પડશે અને મારી ભેટ ગમે ત્યારે સ્વીકારવી પડશે.'

શાસ્ત્રીજીની આંખમાં આંસુ આવ્યાં. એ બોલી ઊઠયા: 'પ્રભુની લીલાનો કોઈ પાર નથી બેટા!'

ડૉ. વીરેન્દ્ર ત્યાં ઠીક સમય બેઠો, જાત-જાતની વાતો થઈ. એ ઊઠ્યો ત્યારે ફરી નમન કર્યું. શાસ્ત્રીજીએ એક શ્લોકના ઉચ્ચાર સાથે આશીર્વાદ આપ્યા. વીરેન્દ્રના ગયા પછી શાસ્ત્રીજીનાં પત્નીએ પરબીડિયું ઉઘાડ્યું તો અંદર એકસો રૂપિયા હતા!

એ પછી શાસ્ત્રીજીને દરમહિને મુંબઈથી પૈસા આવવા લાગ્યા. ડૉ. વીરેન્દ્ર શાસ્ત્રીજીને પૈસા મોકલે છે એવી પ્રભાશંકર જોષીને ખબર પડતાં એકવાર આવીને તેઓ ચડભડી ગયા, પણ શાસ્ત્રીજી કાંઈ બોલ્યા નહિ.

શાસ્ત્રીજીનું શરીર હવે નબળું પડ્યું હતું, પણ મન વિદ્યામાં વધુ ઊંડે ને ઊંડે ઊતરતું જતું હતું. નિર્વાહની ચિંતા દૂર થતાં પત્ની પ્રસન્ન રહેતાં હતાં. નિરાંત અને માનસિક શાંતિને કારણે શાસ્ત્રીજીની વિદ્યા વધારે ને વધારે ઝળકવા લાગી. જેને પોતાના જન્મદિનની ખબર ન હોય એને તેઓ દિવસ કાઢી આપે, જેને જન્મકુંડળી ન હોય એની કુંડળી બનાવી આપે, જેને પોતાના ભાવિમાં સાહસો કરવાં હોય તેના ગ્રહો જોઈ સાહસ કરવાની પ્રેરણા આપે, એમ દરેક જાતની વિદ્યાનો ઉપયોગ કરી તેઓ પોતાની અને પોતાના ગુરુની કીર્તિ વધારવા લાગ્યા. ધીરે-ધીરે એમની કીર્તિ ચારે બાજુ પ્રસરવા લાગી. એમની કીર્તિ સાંભળી દૂરદૂરથી માણસો આવવા લાગ્યા. આ બધું જોઈ પ્રભાશંકરનો દ્વેષ વધી ગયો. એને યજમાનો તો હતા, પૈસા પણ મળતા હતા; પરંતુ શાસ્ત્રીજી જેટલી કીર્તિ એને ક્યાંથી મળે ? એણે વિચાર્યું: 'વીરેન્દ્ર પૈસા મોકલે છે એટલે ડોસો બેઠો-બેઠો ખાય છે અને નિરાંતથી પોતાની વિદ્યાનો પરચો સૌને આપે છે. કોઈ પણ રીતે જો એ પૈસા આવતા બંધ થાય અને શાસ્ત્રી લોકો પાસે પૈસા માગવા લાગે તો માણસો એની પાસે જતાં અટકે.' એણે વીરેન્દ્રને પૈસા ન મોકલવા માટે લખ્યું; પરંતુ વીરેન્દ્ર એમ નમતું મૂકે તેવો ન હતો તેથી પોતે વચન આપ્યું છે એટલે મોકલશે જ એમ વિનયપૂર્વક લખી જણાવ્યું. પરંતુ આ ડોસા યે એમ ગાંજ્યા જાય તેવા નહોતા. જૂના જમાનાનું બ્રાહ્મણનું લોહી હતું, ગુસ્સે થાય તો દુર્વાસાની યાદ દેવડાવે તે જાતના એ બ્રાહ્મણ હતા. એમણે વળતી ટપાલે જ લખ્યું: 'જો પૈસા મોકલવા બંધ કર્યાના સોગન નહિ લખી મોકલે તો હું જાતે મુંબઈ આવીશ ને તારે બારણે ભૂખ્યો–તરસ્યો પ્રાણ છોડીશ.'

આ બાજુ મુંબઈ આવ્યે ચાર–છ મહિના થયા પછી બીજા અનેક વ્યવસાયમાં ડૉ. વીરેન્દ્રની લાગણીમાં ફેર પડી ગયો હતો. એની પત્ની જયા સ્વભાવે લોભી તો નહિ, પણ બીજા માટે મુદ્દલ ઘસાઈ ન શકવાનું માનસ ધરાવતી હતી. એણે કેટલીકવાર 'આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નકામા સ્થળે પૈસા વેડફી નાખવા' સામે વિરોધ નોંધાવ્યો હતો, પણ ડૉ. વીરેન્દ્ર સ્વભાવે જ ઉદાર એટલે પૈસાની બાબતને મહત્ત્વ આપતો નહોતો. પિતાનો પહેલો કાગળ આવ્યો ત્યારે જ જયાએ પૈસા ન મોકલવા કહ્યું હતું અને સાથે ઉમેર્યું પણ હતું કે 'એમને તો મળી જ રહેતા હશે, '. વધા વેચે નહિ' એ વાતમાં શું માલ છે? જો એમ હોય તો તમારા પૈસા કેમ સ્વીકારે?'

ડૉ. વીરેન્દ્રના મનમાં જે લાગણીનું મોજું આવેલું તે સ્થિતિ હવે નહોતી. પિતાપુત્રનો ભાવ જાગેલો તે શમી ગયો હતો, પણ પૈસા તો મોકલતો જ હતો; કારણકે એને મન પૈસાની બહુ કિંમત નહોતી. પિતા તરફથી છેલ્લો પત્ર આવતાં એ ચિંતામાં પડી ગયો. પિતાનો સ્વભાવ એ જાણતો હતો. પિતા પ્રાણ છોડવા તૈયાર થાય ત્યાંસુધી જવા એ તૈયાર નહોતો, અને જયાએ પણ એમાં સૂર પુરાવ્યો એટલે એણે તરત જ પત્ર લખી જણાવ્યું કે 'પૈસા મોકલવાનું હવે બંધ કરીશ.'

કાગળ વાંચીને પ્રભાશંકર ખૂબ જ રાજી થયા. એમણે મોટો હાશકારો કરી સંતોષ લીધો, અને દાંત ભીડી બબડ્યા: 'જોઉં છું, હવે બેટમજી કેવાક કીર્તિવંતા રહે છે!'

શાસ્ત્રીજી તો આ કશું જાણતા નહોતા. એ તો એમના નિત્ય નિયમ પ્રમાણે સૌનું કામકાજ દિલ દઈ કરતા હતા, અને નિયમિત પૈસા આવતા એમાંથી ઘરખર્ચ ચાલતું હતું.

ડૉ. વીરેન્દ્રને મળ્યા પછી શાસ્ત્રીજી અને એમનાં પત્ની માનકુંવરના મનમાં ખરેખર એમ થઈ ગયેલું, કે ભગવાને દીકરો આપ્યો છે. તેઓ તદ્દન નચિંત હતાં, કોઈ દિવસ પત્ર નહોતો. છતાં તેમનાં હૃદયની લાગણીમાં ફેર પડયો નહોતો. ઘણા દિવસ વીતી ગયા છતાં પૈસા ન આવ્યા એટલે પત્નીએ શાસ્ત્રીજીને પૂછયું, શાસ્ત્રીએ સામાન્ય વાત ગણી વિના શંકાએ કહી દીધું. 'આજકાલમાં આવી જશે.' બીજો મહિનો યે પસાર થઈ ગયો એટલે માનકુંવરને શંકા પેઠી કે જરૂર પૈસા બંધ કરવામાં આવ્યા છે, પણ શાસ્ત્રીજીને કહેવાની એની હિંમત ચાલતી નહોતી. થોડા દિવસ તો એણે ઘરમાં હતું એનાથી ગમે તેમ કરીને ચલાવી લીધું, પછી પૈસાની ખેંચ પડવા લાગી એટલે એક-દિવસ રાત્રે શાંતિપૂર્વક વાત કાઢી: 'આ વખતે જરૂર વીરેન્દ્રે જાણી કરીને પૈસા નથી મોકલ્યા લાગતા, કાંતો એના બાપુએ ના લખી હોય, કાંતો એના ઘરમાં જ વિખવાદ થયો હોય. મને તો ચોક્કસ વાત વહેમવાળી લાગે છે.'

શાસ્ત્રીજી બોલ્યા: 'મને તો એવું કાંઈ લાગતું નથી, માંદો-સાજો હશે કે બહારગામ ગયો હશે; એટલે રહી ગયું હશે.' વાત ત્યાં જ અટકી પડી, ત્યારપછી માનકુંવરે ફરી એ વાત ન ઉચ્ચારી. ઘરમાં આગળ-પાછળનું પડ્યું હોય તે તાણીતૂંસીને ભેગું કરી ઘર ચલાવવા લાગ્યાં. એમ કરતાં બીજો મહિનો પણ આવ્યો ને ખાલી ગયો. અહીં ઘરમાં પણ ડબા-ડૂબલી ખખડવા લાગ્યાં, માનકુંવરથી હવે ન રહેવાયું, એમણે બધો દોષ વીરેન્દ્રના બાપ ઉપર ઢોળ્યો: 'ચોક્કસ એ ડોસાથી તમારી આ કીર્તિ સંખાણી નહિ એટલે એણે દીકરાને કહી પૈસા બંધ કરાવ્યા. તમારી પાસે આવનાર તો બધા આપમતલબિયા છે. 'અમારે શાસ્ત્રની ચર્ચા કરવી છે ને જ્ઞાનનું પારખું કરવું છે,' એવી મોટીમોટી વાતો કરી તમારી પાસેથી બધું જાણી જાય છે. દમડી તો કોઈની કુડેથી છૂટતી જ નથી.'

ચાર મહિના સુધી પૈસા ન આવ્યા એટલે ધનશંકરશાસ્ત્રીને પણ ચિંતા પેઠી. ઘરમાં હવે તો ઘરવખરી વેચવા કાઢવી પડે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ થઈ ગઈ હતી, પણ કરવું શું ? કોઈ પાસે માગવાનું તો એમના સ્વભાવમાં નહોતું. દિવસેદિવસે એ ચિંતા વધવા લાગી. સવાર પડે ત્યારથી આજે કેમ પૂરું કરવું એ ચિંતા જાગે, તે રાત પડે ત્યાંસુધી એની એજ ચિંતા શાસ્ત્રીજીની ચારેબાજુ ઝળુંબ્યા કરે. એ ચિંતા આડે એમને બીજું કશું દેખાય નહિ. ઘેર આવનાર માણસોને ય લાગે, કે શાસ્ત્રીજી કાંઈક ગોથાં ખાઈ રહ્યા છે. શાસ્ત્રી પણ કોઈનો હાથ જોતાં કે કુંડલીનું ફળાદેશ કાઢતાં કાંઈક ને કાંઈક ભૂલ કરી બેસે. એમ ભૂખ અને ચિંતામાં શાસ્ત્રીની વિદ્યા ઝાંખી પડવા લાગી. લોકો હાંસી કરવા લાગ્યા; અને ટીકા કરતાંકરતાં શાસ્ત્રી પાસે આવતા બંધ થવા લાગ્યા. આ બધું જોઈ પ્રભાશંકર ખૂબ ખુશી થયા. અને પોતાની હોશિયારીનાં બણગાં ફૂંકવા લાગ્યા. પોતે વૃદ્ધ છે છતાં પોતાના જ્ઞાનમાં જરા ય ઓછપ નથી આવી, કોઈ જાતની ભૂલો નથી થતી, યજમાનો એને ઘેર જ આવીને ઊભા રહે છે. પોતે શાસ્ત્રી કરતાં ક્યાં ય ચઢિયાતા અને વિદ્વાન છે એમ ઘેરઘેર ફરીને કહેવા લાગ્યા અને માણસોને પોતાના ઘરે ખેંચવા લાગ્યા..

શાસ્ત્રીજી હવે ભાંગી ગયા હતા. લગભગ એક વર્ષ સુધી વીરેન્દ્રે મદદ કરી તેની સૌને ખબર હતી. એટલે અન્ય મદદ કરનારાઓ બંધ પડી ગયા હતા. વિદ્યા વેચવાની તો હતી જ નહિ; એટલે શાસ્ત્રીજી કહે પણ શી રીતે કે હવે વીરેન્દ્રની મદદ નથી આવતી! માનકુંવરે એકવાર કહ્યું: 'આખી દુનિયાનું ભાવિ ભાખો છો તો તમારું તો જુઓ.' શાસ્ત્રીજી ત્યારે અસ્તવ્યસ્ત બની ગયા. વર્ષો પહેલાં એકવાર એમણે પોતાનું ભવિષ્ય જોવા પ્રયત્ન કર્યો હતો અને તે પછી મનની શાંતિ માટે આઠ દિવસ સુધી ઉપવાસ કરી જપયજ્ઞ કરવો પડેલો. આ વખતે એવી જ અસ્વસ્થતા પેદા થઈ. પણ શાસ્ત્રીજીએ એ તરફ દુર્લક્ષ કર્યું. માનકુંવરે ઘરની મુશ્કેલીની વાતો કરવા માંડી ત્યારે એ રોષમાં બોલી ઊઠ્યા: 'હવે બંધ કરો, મને ચિત્તભ્રમ કરી નાખવો છે કે શું ?'

માનકુંવર ડઘાઈને ચૂપ બની ગયાં.

શાસ્ત્રીજીના મનમાં તોફાન શરૂ થયું. તે રાત્રે એમણે જાહેર કર્યું, કે હવે પૈસા લીધા વિના કોઈના જોશ તેઓ જોશે નહિ. માનકુંવર રાજી થયાં. પતિની વિદ્યામાં એને વિશ્વાસ હતો. એ માનવા લાગ્યાં કે હવે કશી મુશ્કેલી આવશે નહિ.

પણ આ જાહેરાત પ્રભાશંકરને કાને પડતાં એણે ગામેગામ જાણે ઢંઢેરો પિટાવી દીધો. શાસ્ત્રીજી ઢોંગી છે એમ પોતે પહેલેથી કહેતા હતા તેનો હવે પુરાવો મળ્યો! પ્રતિષ્ઠાને ધક્કો પહોંચતાં માણસો આવતા બંધ થયા. તે પહેલાં યે વિદ્યાનું તેજ તો ઝાંખું પડ્યું હતું પણ હવે દીવો બુઝાતો હોય એમ એમને લાગવા માંડ્યું.

શાસ્ત્રીજીના મન ઉપર જબરી ચોટ લાગી. લગભગ અર્ધગાંડા જેવી સ્થિતિ થઈ ગઈ. શાસ્ત્રીજીનું મગજ કેમ શાંત રહે એની ચિંતા માનકુંવરને રાતદિવસ સતાવવા લાગી. શાસ્ત્રીજી ક્યારેક ઘરની બહાર જાય, અગર તો દિવસના ભાગમાં ઊંઘી–કરી જાય, ત્યારે ઘરમાંથી કાંઈ ચીજવસ્તુ એ આડોશીપાડોશીને આજીજી કરી વેચી આવવા આપી આવતાં. શાસ્ત્રીજીને એની જાણ ન કરવા વીનવતાં, અને જે કાંઈ એ લોકો આપી જાય તેમાં બેચાર દિવસ વિતાવી દેતાં, પણ શાસ્ત્રીજીની સ્થિતિ દિવસેદિવસે ખરાબ થતા લાગી: વીરેન્દ્રના પિતાની બડાશ, પોતાની પ્રતિષ્ઠાને ધક્કો, અને ભૂખનું દુઃખ એ ત્રિવધ તાપ શરીર કે મન ઝીલી શકયાં નહિ. અંતે શાસ્ત્રીજી પથારીવશ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંદગી વધતાં બકવાદ શરૂ થયો. એ તુટકત્રુટક બોલવા લાગ્યા: 'ના, ના, વીરેન્દ્ર ક્યાંક બહારગામ ગયો હશે, નહિ તો એ પૈસા મોકલ્યા વિના રહે? તું છો વહેમી, એ તો આપણો પુત્ર જ છે પુત્ર સમજી! એનાં માતાપિતા કરતાં ય આપણને સવાયાં રાખે છે.' થોડીવાર આંખ બંધ કરીને પડ્યા રહે, પાછા ચમકીને બેઠા થઈ જાય: 'મની-ઓર્ડર આવ્યો? હું નહોતો કહેતો? વીરેન્દ્ર વિદ્યાનો પારખુ છે, એ મારો દીકરો થયો પછી અંતવેળાએ ચિંતા શાની? હવે પેલી દૂધવાળીને એના પૈસા ચૂકવી દેજે, દાણાવાળાના ય એક મહિનાના પૈસા ચડ્યા છે તે આપી આવજે, આપણે કોઈનું બાકી નથી રાખવું, તમે સાંભળો છો?' બસ, આખો દિવસ એમનો આ જાતનો જ લવારો ચાલુ રહે. માનકુંવર પાસે બેઠાંબેઠાં રડ્યાં કરે, આડોશી-પાડોશીમાંથી કોઈ આવી જાય, આશ્વાસન આપે, કાંઇક મદદ પણ કરે, દૂધવાળી પાશેરેક દૂધ આપી જાય, પણ શાસ્ત્રીજી તો પાણી સિવાય શેને ય અડે નહિ. બીજું કાંઈ પીએ નહિ, ખાય નહિ, જાણે તેડાની રાહ જોઈને જ બેઠા હોય તેમ પડી રહે.

શાસ્ત્રીજીની મહત્તા તો છેલ્લા છ માસથી ચાલી ગઈ હતી, પણ કોઈ રડ્યુંખડ્યું હજી આવી ચડતું હતું. એક દિવસ વીરેન્દ્રના મિત્રને જ શાસ્ત્રીજીની જરૂર પડી—એની પત્ની મરણપથારીએ હતી, એ આવ્યો ને શાસ્ત્રીજીની દશા જોઈ ચમક્યો. એણે વીરેન્દ્રને વિગતવાર પત્ર લખ્યો. એ તો બિચારો એમ જ માનતો હતો, કે વીરેન્દ્રના પૈસા આવે જ છે ને શાસ્ત્રીજી તો કુદરતી રીતે જ માંદગીમાં સપડાયા છે!

વીરેન્દ્ર કાગળ વાંચી સમસમી ઊઠ્યો, પહેલી જ ગાડીએ દોડ્યો. એના પસ્તાવાનો પાર ન રહ્યો. ગામ પહોંચતાં, ખાધાપીધા વિના કે કોઈને પણ મળ્યા વિના શાસ્ત્રીજી પાસે દોડી ગયો. શાસ્ત્રીજીની હાડપિંજર જેવી સ્થિતિ જોઈ એ કાંઈ બોલી જ ન શક્યો. એની આંખોના ખૂણામાં આંસુ છલકાઈ આવ્યાં. તે એણે આડું જોઈ ઝટઝટ લૂછી નાખ્યાં ને પથારી પાસે જ નીચે બેસી પડી શાસ્ત્રીજીને બોલાવવા માંડ્યા—પોતે ડૅાક્ટર છે એમ ક્ષણવાર ભૂલી ગયો.

શાસ્ત્રીજીએ માંડમાંડ આંખ ઉઘાડી, વીરેન્દ્રના ચહેરા ઉપર દૃષ્ટિ સ્થિર થઈ, હોઠ ફફડવા લાગ્યા. વીરેન્દ્રને ભાન આવ્યું-એણે તરત જ પેટી મંગાવી, એક દવા તૈયાર કરી પાઈ દીધી, થોડીક પળો પછી હોઠ ઊઘડ્યા: 'હું...કહેતો જ હતો, વીરેન્દ્ર આવશે... એણે જ કહ્યું હતું...હું તમારો દીકરો છું... કેમ...ન આવે?...તમે સાંભળો છો?...આ... વીરેન્દ્ર...હવે પૈસાની ચિંતા...' વધુ ન બોલાયું. વીરેન્દ્રથી આ ન સહેવાયું, એ ઊભો થયો, અંતરની વ્યથા ભૂલવા એણે બીજી બાજુ જોયું...એક કલ્પના એના મનમાં જાગી, એણે તરત દૃષ્ટિ ફેરવી-શાસ્ત્રીજી માથું ઢાળી ગયા હતા—વીરેન્દ્રે ચીસ પાડી!

અને એ જ વખતે માનકુંવરે ઓસરીના થાંભલા સાથે માથું અફાળ્યું!

*

મોત કાનૂન છે, સજા નથી.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દોનો રસિક ઇતિહાસ

લેખક :
શ્રીમતી કુરંગી દેસાઈ એમ. એ.

ઊંડો વિચાર કર્યા વિના જેની પાછળનો રમૂજી ઇતિહાસ માલૂમ ન પડે એવા રોજિંદા વપરાશમાં આવતા કેટલા ય શબ્દો રોજ વાપરીએ છીએ, ત્યારે જાણે-અજાણે ખોટા પ્રયોગો કરી બેસીએ છીએ. શબ્દો પણ પોતાના હૃદયમાં કેટલી ચાતુરી ભરીને બેઠા હોય છે તેનો કંઈક ખ્યાલ અહીં મળશે.

જે વિષય વિશે અત્યાર હું લેખ લખવાની છું તેનું નામ-ભાષાશાસ્ત્ર વાંચી મારા વાંચકોએ ગભરાઈ જવાની જરૂર કંઈ નથી. ખહુ ભારેખમ, ગૂંચવણભર્યા વિષયની આંટીઘૂંટી ભરી ચર્ચા સાંભળવાની આવશે એવી ધાસ્તી રાખવાની જરૂર નથી. મારે તો સહુ વાચકોને રસ પડે તેવી વાતો કહેવી છે. ને તે વાતો પણ શેની ? આપણે હાલતાંચાલતાં, ઊઠતાં-બેસતાં જેનો ઉપયોગ કરીએ છીએ, જેના વિના આપણામાંના ઘણાખરાને લાંબો વખત ચાલતું નથી, જેનો આપણને બે-અઢી વર્ષની ઉંમરથી પરિચય થાય છે ને જીવનની છેલ્લી ઘડી સુધી જેનો પરિચય ચાલુ રહે છે તેવા શબ્દો વિષે આપણે કેટલીક નવીનવી વાતો કરીશું.

શબ્દો ! આપણે રોજ વાપરીએ છીએ—રોજના સેંકડો વાપરીએ છીએ, છતાં તેમને વિષે આપણે કેટલું થોડું જાણતાં હોઈ એ છીએ!

દાખલા તરીકે ‘ ગુલાબ ’ શબ્દ લઈ એ. નાનું છોકરું પણ કહેશે કે ગુલાબ એટલે એક સરસ, સુગંધિત ફૂલ. પ...ણ ‘ગુલાબ’નો ખરો અર્થ તો ‘ ફૂલનું પાણી,’ એવો થાય છે! ફારસીમાં ‘ ગુલ ’ એટલે ફૂલ ને ‘આબ’ એટલે પાણી. (પંજાબમાં પાંચ નદીઓનાં પાણી હોવાને લીધે તે પંચ-આબ કહેવાયો, તે તો આપણે ભૂગોળમાં શીખી ગયાં છીએ ને ?) માટે હવે આપણે ગુલાબજળ કહીએ છીએ ત્યારે આપણે ‘ ફૂલના પાણીનું પાણી ’ એમ બોલીએ છીએ; અને કેટલાક વળી ગુલાબજળનું પાણી કહેતા હોય તો તેમના શબ્દોમાં તો ‘ પાણી ’ ત્રણ વાર આવે!

તેવી જ બીજી ગમ્મત ‘આસોપાલવ’ની છે. આસોપાલવ એ શું છે એમ કોઈ પૂછે તો આપણે કહીએ કે ‘ એક ઝાડ.’ અત્યારે આપણે એનો એ અર્થ કરીએ છીએ એ વાત સાચી; પણ એનો મૂળ અર્થ ‘ અશોક ’ ઝાડનાં પલ્લવ, એટલે કે ‘ પાંદડાં ’ એવો થાય; કારણ ‘ અશોકપલ્લવ ’ ઉપરથી ‘ અસો-અ-પલ્લવ ’ અને તે ઉપરથી ‘ આસોપાલવ ’ એમ એ શબ્દ સંસ્કૃત ઉપરથી ઊતરી આવેલો છે.

એવો બીજો છેતરામણો શબ્દ ‘ બોરસલી ’ છે. એ ઝીણાંઝીણાં, સુકાય તો યે સુગંધ આપતાં ફૂલોનું મૂળ નામ ‘ બકુલ. ’ ‘ બકુલસરી ’ એટલે બકુલની માળા, તે ઉપરથી ‘ બઉલસરી ’ને પછી ‘ બોલસરી ! ’ ‘ ર ’ ને ‘ લ ’ એ જગ્યાની અદલાબદલી કરી નાખી, એટલે એ શબ્દ આપણી પાસે ‘ બોરસલી ’ રૂપે આવી પહોંચ્યો !

હવે, જરા જુદી જાતના કેટલાક શબ્દોની ખૂબી જોઈ એ. ઝાડનાં પાંદડાં હોય છે, તેને કોઈ ‘ પાન ’ કહે, કોઈ ‘ પાંદડાં ’ કહે ને કોઈ વળી ‘ પાતરાં ’ પણ કહે. વળી ચોપડીનાં ‘ પાનાં ’ ને રમવાનાં ‘ પાનાં ’ પણ એ જ નાતનાં લાગે. આપણને વિચાર થાય કે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ વસ્તુનાં આટલાં નામ શાં? ને વળી તદ્દન જુદી વસ્તુનાં નામ પણ એના જેવાં જ!

તો એના મૂળ શબ્દ ઉપર આપણે જઈએ. સંસ્કૃતમાં મૂળ શબ્દ છે 'પર્ણમ્,' ને નાનું પાંદડું તે 'પર્ણકમ્' 'પર્ણ'નું 'પણગ' ને તે ઉપરથી 'પાન' નાનું હોય તો 'પાનડું' કે 'પાંદડું'. 'પર્ણકમ્'માં જે છેલ્લો 'કમ્' છે તેનું 'ઉં' થયું ને તેથી 'પાન'નું 'પાનું' થઈ ગયું–એ સહેજ જુદો શબ્દ જુદા અર્થમાં વપરાવા લાગ્યો.

સંસ્કૃતમાં 'પાંદડાં' માટેનો બીજો શબ્દ 'પત્રમ્'ને 'પત્રકમ્.' તે ઉપરથી 'પાતરાં' ઊતરી આવ્યો.

આવા જ શબ્દ–ભાંડુઓ 'છત્તર' 'છતરી,' 'છત,' 'છાપરું,' એ બધાં લાગે છે. બધાંની મા 'છત્ર.' આપણને કદાચ થાય કે 'છત્તર, છતરી ને છત' તો જાણે સમજ્યા પણ 'છાપરું' શબ્દને તે વળી 'છત્ર' સાથે શી રીતે સંબંધ હોય?' પણ જો 'આપ' 'આપણું' એ શબ્દો સંભારીશું તો યાદ આવશે કે એમાં 'આત્મન્,' 'આત્મનઃ' વગેરે મૂળ શબ્દોના 'ત્'નો જ 'પ' થઈ ગયો છે. તેવી જ રીતે 'છત્રમ્'નું 'છપ્પમ્' થયું હોય, ને પછી મૂળ શબ્દનો 'ર' પાછો લાગતાં 'છ.પરું' કેમ ના થાય?

અને 'ચાંદ,' 'ચાંદો,' 'ચાંદલો' એ પણ બધાં 'ચંદ્ર' કે 'ચંદ્રક'નાં જ સંતાનો છે ને?

કેટલાંક ગામનાં નામોની વિગતો પણ ઠીક રસ પડે તેવી હોય છે.

'વડોદરા,' 'નડિયાદ' ને 'દાહોદ'– આ ત્રણ જરા યે સરખાં લાગે છે? પણ ત્રણેનાં મૂળ નામોના છેલ્લા બે અક્ષર એક જ હતા. સંસ્કૃતમાં 'ગામ' એ અર્થના અનેક શબ્દોમાંનો એક શબ્દ 'પદ્ર.' બસ, એ 'પદ્ર' ગમે તે શબ્દને છેડે લાગે કે ગામનું નામ થઈ જાય; એટલે એક ગામના લોકોએ પોતાના ગામના વિશાળ વડ ઉપરથી ગામનું નામ પાડ્યું હશે 'વટપદ્ર;' બીજા ગામમાં વળી નાટકના અભિનેતા ઘણા થયા હશે એટલે એ ગામ કહેવાયું 'નટપદ્ર' ને ત્રીજી જગ્યાએ દહીં સરસ થતું હોવું જોઈએ, એટલે ગામનું નામ પડ્યું હોય 'દધિપદ્ર.' અત્યારસુધીમાં સમજાઈ તો ગયું હશે, કે 'વટપદ્ર'નું 'વડોદરા' થયું, 'નટપદ્ર'નું 'નડિયાદ'ને 'દધિપદ્ર'નું 'દાહોદ' થઈ ગયું.

મેં 'ટાપ્ટી વેલી રેલવે' જ્યારે સાંભળ્યું ત્યારે મને થયું. કે અંગ્રેજોએ જેમ આપણાં બધાં નામો બગાડ્યાં છે તેમ 'તાપી'નું પણ બગાડીને 'ટાપ્ટી' કર્યું.

પણ પછીથી મેં જાણ્યું, કે આ નામ માટે તો આપણે અંગ્રેજોનો ઉપકાર માનવાનો છે. એ લોકોએ 'ટાપ્ટી' શબ્દ રાખીને 'તાપી'નું જૂનું નામ 'તપતી' જાળવી રાખ્યું છે. 'તાપી' અથવા 'તપતી' તે સૂર્યપુત્રી ગણાય છે અને એની માતુ નામ 'રન્નાદે' છે એવી એક દંતકથા છે. મા અને બાપની વચ્ચે દીકરી બેઠી હોય તેમ 'સૂર્યપુર' એટલે સુરત અને 'રન્નાદે' એટલે રાંદેરની વચ્ચે તપતી અથવા તાપી વહે જાય છે!

અત્યાર સુધી આપણે ફારસી અને સંસ્કૃતની જ આપણા શબ્દોના બાપદાદા તરીકે વાતો કરી, પણ એવા 'પરદેશી' શબ્દો પણ ગુજરાતીમાં છે, કે જેના બાપદાદા હિંદુસ્તાનના તો નહિ જ, એશિયાના પણ નહિ, પરંતુ કાંતો યુરોપથી કે કાંતો આફ્રિકાથી આવેલા હોય.

એવા શબ્દોમાંના ત્રણ છે: 'ફોરસ' 'મોસંબી' અને 'આફૂસ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાંના વખતમાં આફ્રિકા પાસે આવેલા મૉરિશિયસ ટાપુ ઉપરથી ખાંડ આવતી તેથી તેનું નામ હિંદુસ્તાન પહોંચતાં સુધીમાં મૉરિશિયસમાંથી 'મોરસ' થયું.

તેવી જ રીતે 'મોઝાંબિક'થી આવેલું ફળ 'મોસંબી'ને નામે ઓળખાવા લાગ્યું.

અને આફૂસ માટે પણ એમ કહેવાય છે, કે આલ્ફોન્ઝો નામના માણસે સહુથી પહેલી એ જાતની કેરી પકવી માટે તેના નામ ઉપરથી એ આફૂસ કહેવાઈ

શબ્દોમાં કેટલાક એવા પણ હોય છે કે જે આપણને ગૂંચવણમાં નાંખી દે. કેટલાંક વર્ષ ઉપર મેં જિંદગીમાં પહેલીવાર 'અખોવન' એવો એક શબ્દ સાંભળ્યો; ને એનો અર્થ એવો જાણવામાં આવ્યો કે જેનું એક પણ બાળક મરણ પામ્યું ના હોય તેવી સ્ત્રી 'અખોવન' કહેવાય.

એ શબ્દના મૂળ વિષે મેં ઘણા વિચાર કર્યા, પણ 'અખો' ને 'વન' એ બે શબ્દનો મેળ ઘણા વખત સુધી સૂઝ્યો નહિ. પછી એકાએક સૂઝ્યું કે 'અક્ષયોત્પન્ના' ઉપરથી તો 'અખોવન' નહિ આવ્યો હોય? અર્થ પણ બંધબેસતો આવ્યો ને 'ક્ષ' નો 'ખ' 'ત્પ' નો 'પ્પ' ને તેમાંથી 'વ' એ બધો ક્રમ ગોઠવાઈ ગયો. ત્યારથી મને લાગ્યું છે કે જેણે ઉત્પન્ન કરેલાં બાળકોમાંથી કોઈનો ક્ષય ના થયો હોય તેવી 'અક્ષયોત્પન્ના' તે જ 'અખોવન!'

જેમ જુદીજુદી ભાષાઓમાંથી જુદાજુદા શબ્દો આવે તેમ કેટલીકવાર એવું પણ બને છે કે બે જાણીતા શબ્દો લોકો બોલવામાં જોડી દે–પછી એ ફારસીનાં સંતાનો છે કે સંસ્કૃતનાં તેનો વિચાર ના કરે–જેમ અત્યારના જમાનામાં નાતજાતનો બાધ ગણ્યા વિના લોકો લગ્ન કરી લે છે તેમ. અલબત, જેમ એવાં લગ્નો સમાજને નુકસાનકારક ગણવાની જરૂર નથી તેમ આવા શબ્દો પણ ભાષાની સમૃદ્ધિ વધારતા જ હોવાથી તેને કંઈ અયોગ્ય ગણવાની જરૂર નથી જ.

ખરેખર સમજવા માટે આ જાતના શબ્દોના બેચાર દાખલા લઈએ: બે-શુદ્ધ, નિ-ર્માલ્ય, આગ-બોટ વગેરે. આવા શબ્દો સાંભળતાં જ ખ્યાલ આવે કે 'બે' ફારસી અને 'શુદ્ધ' સંસ્કૃત; 'નિર્' સંસ્કૃત અને 'માલ્ય' તે ફારસી-'માલ'નું સંસ્કૃતને મળતું રૂપાંતર; 'આગ' સંસ્કૃત 'અગ્નિ'-માંથી આવેલો, ને 'બોટ' ચોખ્ખો અંગ્રેજી. પણ 'અગ્નિનૌકા' કરતાં 'આગબોટ' જ વધારે ઠીક લાગે, એટલે આવા શબ્દોની વિચિત્રતા સમજવ છતાં આપણે એ બધા વાપરવા જ રહ્યા.

અને થોડાક શબ્દોની વળી જુદી જ જાતની ગમ્મત છે! કેટલાક સાધારણ ભાષા બોલનારા ભાઈઓને લાગ્યું હશે કે 'આપણે વિદ્વાન લોકો જેવી ભાષા વાપરીએ તો વિદ્વાનમાં ખપીએ.' એટલે એ લોકો ય 'રુક્મણી,' 'મૃદાલશા' 'દક્ષણી' એવા શબ્દો પોતાની વાતચીતમાં વાપરવા મંડ્યા. પહેલી નજરે કદાચ આપણને એમ થાય, કે 'આ શબ્દોમાં શું ખોટું છે?' પણ આપણું વાચન વધતાં આપણે જાણી શકીએ કે 'રુક્મિણી' 'મદાલસા' અને 'દક્ષિણી' એ સંસ્કૃત શબ્દોના આ વધારેપડતા સંસ્કાર પામેલા શબ્દો છે.

આવા 'અતિ શુદ્ધ' શબ્દોને મળતો આવતો હોય તેવો દેખાતો પણ જુદો ઇતિહાસ ધરાવતો શબ્દ 'ત્રીકમ' છે. ત્રીકમલાલ કોઈનું નામ હોય ને તેને કોઈ 'તીકમભાઈ' કહીને બોલાવે તો આપણને થાય કે 'આ ભાઈની ભાષા અશુદ્ધ છે.' પણ એ બંને શબ્દ સરખા જ શુદ્ધ; અથવા સંસ્કૃતની સરખામણીમાં સરખા જ અશુદ્ધ–ગણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય એવો આ શબ્દનો ઇતિહાસ છે.

સંસ્કૃતમાં મૂળ શબ્દ છે 'ત્રિવિક્રમ.' ત્રિવિક્રમ એટલે વિષ્ણુ, કે જેણે વામનાવતારમાં ત્રણ પગલાં ભર્યાં હતાં. સૂર્ય ને વિષ્ણુનું રૂપ ગણી, તેના સવાર, બપોર ને સાંજનાં આકાશમાંનાં ત્રણ સ્થાનો ને પણ વૈદિક કાળમાં ત્રણ પગલાં ગણવામાં આવતાં હતાં. આ 'ત્રિવિક્રમ' શબ્દનું પ્રાકૃત રૂપ 'તિઈક્કમ' થયું. ત્યારપછીને તબક્કે અપભ્રંશમાં, બે હ્રસ્વ ઇ ભેગી થઈને એક દીર્ઘ ઈ આવી; અને દીર્ઘ ઈ પછી બેવડો ક બોલવો ફાવે નહિ તેથી 'તીકમ' શબ્દ થયો. હવે અપભ્રંશનાં હિંદુસ્તાનના જુદાજુદા ભાગમાં જુદાંજુદાં સ્વરૂપો ઘડાયાં; તેમાં ગુજરાત–રજપૂતાનાના વિભાગમાં ગુર્જર–અપભ્રંશ અસ્તિત્વમાં હતો. કોણ જાણે શા કારણથી પણ મૂળ સંસ્કૃતનો 'ત્ર' પ્રાકૃતમાં 'ત' થયેલો હોવા છતાં ગુર્જર–અપભ્રંશમાં 'ત્ર' રૂપે જ પાછો આવ્યો. એટલે પ્રાકૃત 'તિઇક્કમ'નું બધા અપભ્રંશમાં 'તીકમ' થયું, પણ ગુર્જર–અપભ્રંશમાં 'ત્રીકમ' થયું!

ગુજરાતી ભાષાના કેટલાક શબ્દો બીજી ભાષાના શબ્દો સાથે પણ એક મૂળ શબ્દ મારફત સંકળાયેલા છે. ગુજરાતી 'નાનું' ને મરાઠી 'લહાન', ગુજરાતી 'હૈયું' અને બંગાળી 'હિયા,' ગુજરાતીમાં 'જાણીબૂઝીને'માં આવતો 'બૂઝ' અને હિંદીના 'સમઝબૂઝ કર'માં આવતો 'બૂઝ' વગેરે ઘણા શબ્દો મૂળ એક જ સંસ્કૃત શબ્દનાં સંતાનો છે. 'નાનું' ને 'લહાન' બંને 'શ્લક્ષ્ણ'નાં બાળકો; 'હૈયું' ને 'હિયા' બંને 'હૃદય'-માંથી નીકળેલાં; ને 'બૂઝ' બંને ભાષામાં 'બુદ્યતે' માંથી ઊતરી આવેલાં.

વળી જેમ એક જ શબ્દમાંથી બે જુદાજુદા શબ્દો થાય તેમ કોઈવાર એવું પણ બને છે, કે બે જુદાજુદા શબ્દોનું એક જ રૂપાંતર થાય! આપણે 'નાનુંસૂનું'માં 'સૂનું' વાપરીએ ને 'ઘર સૂનું પડી ગયું' એ વાક્યમાં પણ 'સૂનું' વાપરીએ છીએ. આમાંનો 'નાનુંસૂનું' માંનો 'સૂનું' શબ્દ 'સૂક્ષ્મ' ઉપરથી આવ્યો ને બીજા વાક્યનો 'સૂનું' શબ્દ 'શૂન્ય' માંથી આવ્યો!

હવે આ લેખ પૂરો કરું છું ત્યારે આ બધું વાંચીને તમને શી લાગણી થઈ એમ તમને કોઈ પૂછશે ને તમે જવાબ આપશો કે 'હું મુગ્ધ થઈ ગયો (કે થઈ ગઈ)' તો હું સમજીશ કે તમે મૂંઝાઈ ગયા, કારણ 'મુગ્ધ' ઉપરથી જ 'મૂંઝાવું' શબ્દ આવેલો છે!

★

પાંડવો હિમાચલ પર દેહ ગાળવા ગયા પછી પણ છેલ્લેછેલ્લે યુધિષ્ઠિરે દ્રૌપદીને પ્રશ્ન કર્યો:

'બોલો, છે વિચાર હજીયે હસ્તિનાપુર જવાનો?'

'આ યુદ્ધ જોયા પહેલાં સામ્રાજ્ઞી થવાનો ઘણો મોહ મને હતો.' દ્રૌપદી બોલી: 'પણ એને નજરોનજર દેખ્યા પછી યુદ્ધની કારમી ભયંકરતાનો ગને સંપૂર્ણ ખ્યાલ આવી ગયો છે. મને સમજાયું છે દેવ, કે આપણે સહુ કાળનાં રમકડાં જ છીએ. વિશ્વના તરણહાર ઈશ્વરની ગૂઢ પ્રેરણાથી કૌરવો હાર્યા, આપણે જીત્યાં અને એમ યુદ્ધ ખેલીને અંતે તો આજે હિમાલય પર આવી પહોંચવાનું થયું ને? પ્રણામ એ અકળ લીલાના કરનાર પરમેશ્વરને!'

કહે છે કે આ પછી દ્રૌપદી મૂર્છા પામી ને અનંત નિદ્રામાં પોઢી ગઈ.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાડાપણું

લેખક :
શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ
(એમ. એસ. સી. લંડન) બાર-એટ-લૉ

દુનિયાના જાડામાં જાડા માણસનું વજન આશરે દસ મણ છે. તમને એની કલ્પના આવે છે? દસ મણ વજન! ભગવદ્‌ગીતામાં સ્થિતપ્રજ્ઞ વિષે પૂછયું છે તેમ એને માટે પણ પૂછવાનું મન થાય, 'किमासीत व्रजेत किम्-તે કેમ બેસે છે? કેમ ચાલે છે?–' અથવા તો પેલા બાલગીતમાં પરમેશ્વર માટે પૂછયું છે એવા જ પ્રશ્નો આને માટે ઉપસ્થિત થાય: 'શું ખાતો હશે? શું પીતો હશે? મને કહોને આ માણસ કેવો હશે?'

જાડા માણસને જોઈને જ લોકોને હસવું આવે છે. ખાસ કરીને જાડો માણસ હાંફળો-ફાંફળો ગાડી પકડવા દોડતો હોય ત્યારનું દૃશ્ય બહુ રમૂજી લાગે છે, અને તેમાંય જો એ માણસનો પગ કેળાંની છાલ પર આવી જાય ને લપસે તો એના પડવાથી આસપાસનાં છોકરાંઓમાં ને જોનારાઓમાં કરુણરસ કરતાં હાસ્યરસ પ્રાધાન્ય ભોગવે છે.

જાડી વ્યક્તિની હાજરીમાં એના જાડાપણાનો ઉલ્લેખ કરવાને અવિવેક ગણવામાં આવે છે. એક નાની છોકરી એની મા સાથે માસીને ત્યાં ગઈ. થોડીવાર પછી છોકરીએ કહ્યું: 'બા, માસી જાડાં થયાં લાગે છે.' એટલે માએ ધમકાવી કહ્યું: 'એવું કહેવાય કે?' તરત જ છોકરીએ નિખાલસતાથી કહ્યું: 'સાચું કહું છું, બા, તમે જ કહો, માસી જાડાં નથી થયાં?' નિર્દોષ બાલિકાને દુનિયાના ખ્યાલોની શી સમજ હોય?

સાધારણ રીતે જાડા માણસની હાજરીમાં એની સ્થૂળતાનો ઉલ્લેખ નથી થતો, પણ એની ગેરહાજરીમાં જાતજાતનાં વિશેષણો તથા રૂપકો એને માટે વપરાય છે. 'બટકો,' 'તગડો,' 'લઠ' વગેરે જાણીતાં વિશેષણો છે. જાડી છોકરી માટે 'બરણી' ને 'કોઠી'નાં રૂપકો અપાય છે, અને અતિશય જાડાને 'મ્યુનિસિપાલિટીનું રોલર' કહેવામાં આવે છે! 'ઘી તો જાણે એણે જ પીધું છે' એવો આક્ષેપ પણ એમના પર ક્યારેક કરવામાં આવે છે.

ઘણાખરા જાડા માણસોને કોઈ 'જાડા' કહે તો ખરાબ લાગે છે, પણ કેટલાક પોતાના ઉપર પણ હસી શકે છે. સાંકડી ખુરશી પર બેસવાનું કહેવામાં આવે તો પોતે પોતા પર હસીને 'ના રે, એ મને સાંકડી પડે' એમ કહીને પહોળી ખુરશી પર બેસે છે. મારાં એક સ્નેહી બહેન કહે છે, 'તમે બધા ચિંતા કર્યા કરો તેથી સુકાઓ. મને છે કંઈ ચિંતા?'

હિંદુસ્તાનની જાણીતી વ્યક્તિઓમાં મૌલાના શૌકતઅલીનું શરીરકદ પ્રખ્યાત થયું છે. ગાંધીજી ઘણીવાર મજાક કરતા, કે 'શૌકતઅલી મને ગજવામાં મૂકી દે એવું એમનું શરીર છે!' જ્યારે લોકો જેલમાં જાય ત્યારે સાધારણ માણસનું વજન બેત્રણ રતલ ઘટે પણ શૌકતઅલીના વજનમાં જેલમાં જવાથી એકબે મણનો ફેર પડી જાય. એક વખત શૌકતઅલી લિફ્ટમાં દાખલ થયા કે એકદમ લિફ્ટમેને લિફ્ટનું બારણું બંધ કરી દીધું ને બીજા કોઈને દાખલ થવા દીધા નહિ. ત્રણ માણસ જેટલું એમનું એકનું વજન થઈ જાય ને! શૌકતઅલી કરતાં પણ વધારે જાડા કરાંચી એસેમ્બ્લીના સભ્ય ગબોલ હતા. એક વખત મ્યુનિસિપાલિટીનું લિફ્ટ એમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજનથી અટકી ગયું. એમણે ગભરામણમાં બૂમાબૂમ કરવા માંડી. આખરે કંઈક કરામતથી લિફ્ટ પાછું શરૂ થયું!

મુંબઈનાં લોકલ સ્ટેશનો પર, અંગ્રેજીમાં જેને સ્ટાઈલ્સ કહેવાય છે તે એક માણસ જઈ શકે એવી, ચકરી રાખવામાં આવી છે. તેમાં સૌથી વધારે તકલીફ જાડા માણસોને પડે છે. ખાર સ્ટેશને એક જાડો માણસ આ ચકરીમાંથી પસાર થઈ શકતો નથી ને એને માટે ખાસ દરવાજો ઉઘાડવો પડે છે. એક વખત એક જાડી બાઈ ચકરીમાંથી પસાર થવાનો યત્ન કરતી હતી, પણ એને ખૂબ મુશ્કેલી પડતી હતી, તે જોઈ કોઈક પાસે ઊભેલાએ કહ્યું, 'તમે બાજુથી જવાનો પ્રયત્ન કરો ને?' તે બાઈએ લાચારીથી કહ્યું, 'પણ બાજુ જેવું કંઈ હોય તો ને આ શરીરમાં!'

આ રેશનિંગનો જમાનો બધા માટે બહુ આકરો છે તો જાડા લોકો માટે તો કેવો હશે? તેઓ સદાય ભૂખ્યા જ રહેતા હશે, વળી લોકો એમને જોઈ ને કહે, કે 'આ લોકોને લીધે જ દુકાળ પડે છે' એવી ટીકા સાંભળવાની તે તો જુદી!

કાપડની અછત વખતે પણ એમની કેવી કપરી સ્થિતિ થઈ હશે! બીજાં બધાં જેટલું જ કાપડ જાડા લોકો લે તો એમના શરીરનો અર્ધો જ ભાગ ઢંકાય. પૂરવઠાખાતાના મંત્રીનું હૃદય જો પિગળાવવું હોય તો બધા જાડા માણસોએ મળીને એક પ્રચંડ સરઘસ કાઢવું જોઈએ અને એમનું અર્ધ ભરાયેલ પેટ અને અર્ધ ઢંકાયેલ શરીર પ્રધાનને બતાવવાં જોઈએ! અફસોસની વાત છે કે જાડા માણસોને હજી એમની કપરી સ્થિતિનું ભાન થયું નથી, એમનામાં જાગૃતિ આવી નથી. એમનામાં સંગઠન થયું નથી અને એમનાં યુનિયન થયાં નથી. આવાં યુનિયન થાય તો તે જાડા માણસોને કેટલાં આશીર્વાદરૂપ થઈ પડે!

મને વિચાર આવે છે કે જાડા માણસો પાસેથી દરજીઓ વધારે સિલાઈ લેતા હશે કે નહિ? એક જાડા માણસનો પાયજામો કરવામાં લગભગ બે સાધારણ પાયજામા કરવા જેટલી મહેનત નહિ હોય? વળી એને માપ લેતાં પણ કેટલી મુશ્કેલી પડે? એક વખત એક દરજીને અતિશય જાડા માણસની કમરનું માપ લેવાનું હતું. તેણે એક હાથમાં ટેપ લીધી ને બીજા હાથથી તે પકડવાનો પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ ગયો. બે હાથ વચ્ચે કમર ભીડવાના બધ પ્રયત્નો નિષ્ફળ ગયા! આખરે એને એક યુક્તિ સૂઝી. ટેપનો એક છેડો તેણે પેલા જાડા માણસના હાથમાં આપ્યો. અને કહ્યું, 'આપ ટેપ પકડ કર રખો; મૈં ફિર કર આતા હૂં.'

જાડા માણસોને આટલી બધી તકલીફ હોય છે છતાં લોકો એવા માણસોને જોઈને કહે છે: 'સુખીઓ જીવ છે!' ઠઠ્ઠાચિત્રોમાં પણ કાળુંબજાર કરનાર, દુકાનદાર, નફાખોરી કરનાર વેપારી, ગરીબોનું શોષણ કરનાર મૂડીવાદી વગેરેને જાડા દેખાડવામાં આવે છે. ઉપર સૂચવ્યા પ્રમાણે જાડા માણસોનું જો કોઈ યુનિયન થાય તો તેણે અવશ્ય અદાલતમાં આ પ્રશ્નો લઈ જવા જોઈએ કે આ ઠઠ્ઠાચિત્રો જાડા માણસોની બદનામી કરનારાં છે!

જાડા માણસો પોતાની સ્થૂળતા ઓછી કરવા ઘણીવાર પ્રયત્નો કરે છે. કેટલીકવાર તે વ્યર્થ જાય છે. એકવાર એક જાડી બાઈ દાક્તર પાસે ગઈ અને સ્થૂલતા ઓછી કરવા માટે પોતે શો ખોરાક લેવો તે પૂછ્યું. દાક્તરે કહ્યું: 'દૂધ પીવું ને કાકડી, મૂળા ને એવી લીલોતરી ખાવી.' પંદર દિવસ પછી એ બાઈ ફરીથી દાક્તર પાસે આવી, અને કહેવા લાગી કે એનું વજન બિલકુલ ઓછું થયું નથી; એટલું જ નહિ પણ ઊલટું વધ્યું. દાક્તર વિચારમાં પડી ગયા. એમણે પૂછ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખોરાકમાં તમે શું લીધું હતું?' તે બાઈએ જવાબ આપ્યો: 'તમે કહ્યું હતું તે જ લીધું હતું. દૂધ અને કાકડી, મૂળા ને એવી લીલોતરી.' દાક્તર ખરેખર મૂંઝવણમાં પડી ગયા. 'તમે કશું બીજું નહોતું ખાધું?' દાક્તરે પૂછ્યું. પેલાં બાઈએ જવાબ આપ્યો: 'તે ઉપરાંત રોજનું ખાવાનું તો ખાધું જ હતું!'

આ બધા ઉપરથી કોઈ એમ ન માને કે જાડાપણાની તરફેણમાં કશું કહેવાનું જ નથી: આટલો બધો કચરો કરતી ધૂળ પણ વિશ્વમાં ઉપયોગી છે; કારણકે વૈજ્ઞાનિકો કહે છે કે એ ધૂળને લીધે જ આકાશનો આ સુંદર વાદળી રંગ છે. ગંદું ગંધાતું ખાતર પણ ખેડવામાં ઉપયોગી થાય છે. તેવી જ રીતે આ સ્થૂળતાના પણ કેટલાક જાણવા જેવા ફાયદાઓ છે:

જાડા માણસોથી પાતળા માણસો ઢંકાઈ જાય છે. ચંદ્રગ્રહણ વખતે જેમ પૃથ્વીની પાછળ ચંદ્ર ઢંકાઈ જાય છે તેમ જાડા માણસો પાછળ પાતળા માણસો દેખાતા નથી. મોટાં ટોળાંનો ફોટો પાડ્યો હોય તો તેમાં પાતળા માણસોને દેખાવાનો શો સંભવ છે? કદાચ મહામહેનતે પાતળા માણસો ફોટામાં દેખાવામાં સફળ થાય તો પણ જાડા માણસો પાસે એમની કાંતિ ફીકી પડી જાય છે. રાજા મહારાજસિંગ ને શ્રી. વૈકુંઠભાઈ મહેતા એક જ ચિત્રમાં સાથે હોય તો કોના તરફ તમારું વધારે ધ્યાન જશે?

વળી ટોળામાં ધક્કામુક્કી કરીને પેસવા માટે પ્રચંડ શરીર ઉપયોગી થાય છે. કદાચ સૂકલકડી પાતળાં શરીરવાળાં ટોળામાં સાપોલિયાંની જેમ સળવળીને પેસી શકે; પણ મધ્યમ કદના લોકોથી તેમ કરી શકાતું નથી. તે વખતે જાડા શરીરવાળા ને મોટા પેટવાળા પોતાના કદનો ને શક્તિનો પૂરેપૂરો લાભ લઈને ટોળામાં પેસવાને શક્તિમાન થાય છે.

લોકલ ટ્રેનમાં કેટલીક વાર ઊતરવાનાં બારણાંની બે બાજુ બે મોટા પેટવાળા ઊભા હોય ને એમની વચ્ચેથી તમારે જવાનું હોય ત્યારે તમને સહજ વિચાર આવે કે આટલી થોડી જગ્યામાંથી તમે જઈ જ કેવી રીતે શકશો? તમે પ્રયત્ન કરો છો ને ડબ્બામાંથી નીચે ઊતરો છો. તમને સહજ વિચાર આવે છે, કે બે વચ્ચેની જગ્યા વધારે તો નહોતી? ખાતરી કરવા તમે પાછળ જુઓ છો, અને તમને જણાય છે કે જગ્યા તો એટલી જ હતી ત્યારે તમને પદાર્થનો એક મહાન ગુણ યાદ આવે છે–સ્થિતિસ્થાપકતા. આ ગુણ મોટા પેટવાળામાં કુદરતી રીતે વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે!

અંતમાં, જાડા માણસોને ઉદ્દેશીને બે શબ્દો કહીશ. અંગ્રેજીમાં કહેવત છે, કે 'હસો ને જાડા થાઓ' એટલે જો હાસ્યરસનો પ્રચાર આપણા દેશમાં વધશે તો તેમની વસ્તી વધશે અને તેથી તેમનો સંઘ મજબૂત થશે. વળી આ રેશનિંગના દિવસો હુમેશ માટે રહેવાના નથી. વખત જતાં 'કીડીને કણ ને હાથીને મણ' એ ન્યાયે લોકો અનાજ ખરીદી શકશે. એ સુવર્ણદિન આવે તે દરમિયાન જો તેઓ પોતાનું યુનિયન કરી લે તો એમની ફરિયાદો સરકાર સમક્ષ ને લોકો સમક્ષ વધારે સચોટતાથી મૂકી શકાશે!

★

જ્યોર્જ વોશિંગ્ટનની તલવારની બંને બાજુએ બે સૂત્રો કોતરેલાં હતાં:
(૧) સત્ય આચર, (૨) કોઈથી ડર નહીં.
આ સૂત્રો એણે જીવનભર પાળ્યાં હતાં.

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરતીનું સંગીત

લેખક :
શ્રી સૌરભ

[સ્વર્ગમાં સંગીત અને નૃત્ય ચાલી રહ્યાં છે. મીઠા સરોદો સાથે ચાલતું સંગીત ક્ષણેક તો બરોબર ચાલે છે, ત્યાં તો એકાએક દૂરથી દર્દભર્યો અને છતાં ય મીઠો સૂર સંભળાય છે; અને સ્વર્ગના સંગીતનૃત્યના તાલમાં ભંગ પડે છે. સંગીત બેસૂરું બને છે, નૃત્ય બેતાલું બને છે; અને સ્વર્ગના દેવોને પણ ઘડીભર તો તે મૂંઝવણમાં મૂકી દે છે.]

અવાજ ૧લો : અરે આ શું ? આ સંગીત બેસૂરું કેમ બની ગયું ? આ નૃત્યના લયમાં-તાલમાં ભંગ કયાંથી ?

અવાજ ૨જો : એકાએક મીઠા સરોદમાં ભંગ કયાંથી પડ્યો ?

અવાજ ૩જો : આ નૃત્યના તાલ, લય, ઠેકા આમ કેમ થઈ ગયા ?

અવાજ ૧લો : સૌનું સંવાદીપણું કયાં અદૃશ્ય થયું ?

અવાજ ૨જો : યક્ષ-કિન્નરનાં ગાન કેમ થંભી ગયાં ?

અવાજ ૩જો : મેનકા, ઊર્વશી, રંભા એ બધાં શાંત કેમ બની ગયાં ?

અવાજ ૨જો : એકાએક આ બધું શું થયું ? શા કારણે થયું ?

અવાજ ૧લો : હા, હા, શું થયું ? શા કારણે થયું ?

અવાજ ૨જો અને ૩જો : અમે પણ એ જ પૂછીએ છીએ ને.

અવાજ ૧લો : કોઈ દિવસ નહિ ને આજે આટલાં વર્ષો બાદ આ પરિવર્તન ?

અવાજ ૨જો : કશી જ સમજ નથી પડતી.

અવાજ ૩જો : સ્વર્ગની શાંતિમાં ભંગ ! સ્વર્ગના સુખમાં ભંગ !

[બ્રહ્માનો પ્રવેશ]

બ્રહ્મા : આ ધમાલ શાની ? આ પરિવર્તન શાનું ?

અવાજ ૨જો, ૩જો : કશી જ સમજ નથી પડતી દેવ ! અત્યાર સુધી તો સૌ ઠીક ચાલતું હતું.

બ્રહ્મા : આ ઊથલપાથલનું કારણ તો બતાવશો કોઈ ? આ પરિવર્તન એકાએક થવાનું કારણ ?

અવાજ ૧લો : મહારાજ એ તો ખબર નથી.

બ્રહ્મા : ખબર નથી ? વિશ્વના સર્જન પછી મેં સ્વર્ગમાં આ પરિવર્તન કયારેય નીરખ્યું નથી. મારે એનું કારણ જાણવું જ છે.

[ફરી એ દર્દભર્યો, મીઠો, સંગીતનો સૂર.]

અવાજ ૧લો : મહારાજ, સાંભળો, સાંભળો તો ખરા.

અવાજ ૨જો : એ સૂરને કારણે તો આમ નહિ બન્યું હોય !

અવાજ ૩જો : હા, હા, એ સૂરે જ આ સંગીતમાં ભંગ પાડ્યો.

અવાજ ૧લો : અને નૃત્યના તાલને બેતાલ કર્યો.

બ્રહ્મા : પણ એ સૂર એવો તે કેવો કે આ સ્વર્ગના સંગીતને, સ્વર્ગના નૃત્યને થંભાવી દે ? સ્વર્ગની બહાર પણ આવી શક્તિ શું વસી છે ?

અવાજ ૧લો : એ તો કોણ જાણે પણ...

[ફરી એ જ સૂર]

બ્રહ્મા : કેટલું મીઠું એ સંગીત ! જીવન-માં આવું સંગીત તો સ્વર્ગમાં યે નથી સાંભળ્યું.

અવાજ ૧લો : આવી મીઠાશ તો આપણા યક્ષ-કિન્નરના કંઠમાં યે નથી.

બ્રહ્મા : પણ એ સંગીત અત્યારે કોણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઠી રહ્યું હશે? આટલું માદક! આટલું મીઠું!

અવાજ ૩જો: હા, હા, કોણ રેલી રહ્યું હશે આવું મીઠું સંગીત અને તે પણ સ્વર્ગની બહાર?

અવાજ ૧લો: આ સંગીતના છેડનારને આપણે ખોળી જ કાઢવો જોઈએ.

અવાજ ૨જો: અને એને સ્વર્ગમાં જ સ્થાન આપવું જોઈએ, સ્વર્ગ કરતાં ચડિયાતી વસ્તુ સ્વર્ગ બહાર ન ખપે.

બ્રહ્મા: હા, આ સંગીત રેલનારનું સ્થાન આપણે ત્યાં જ હોઈ શકે! દ્વારપાળ–!

[દ્વારપાળનો પ્રવેશ]

દ્વારપાળ: જી દેવ!

બ્રહ્મા: જાવ, દિગ્પાળોને મોકલો અને ખબર કઢાવો કે આ સંગીત કોણ રેલી રહ્યું છે!

દ્વારપાળ: જી મહારાજ!

બ્રહ્મા: એને સ્વર્ગમાં તેડી લાવો. કહેજો કે સ્વર્ગના દેવો તને બોલાવે છે. સ્વર્ગમાં એને ઉત્તમ સ્થાન આપશે.

દ્વારપાળ: જી મહારાજ.

બ્રહ્મા: દેવ અને મહારાજ શું કરો છો? સંભળાતું નથી? પળવારનો વિલંબ ન કરો. જે હોય તેને તરત તેડી લાવો.

[થોડી ક્ષણ નીરવતા: સ્વર્ગનું સંગીત ફરી શરૂ થાય છે.]

બંધ કરો આ સંગીત! મારે આવું બેસૂરું સંગીત નથી સાંભળવું.

[ધરતીના સંગીતની આછી, અસ્પષ્ટ સૂરાવલિ]

બ્રહ્મા: હજી ય કેમ કોઈ નહિ આવ્યું? એ સૂર–એ ધ્વનિ...! મારા હૈયામાં કોણ જાણે કેમ તલસાટ અને વેદના જગાવે છે? મીઠાશભર્યા એ સંગીતમાં મને દુઃખનો–વેદનાનો ભાસ કેમ થાય છે? પરિચિત હોય એવો અવાજ–મારા પોતાના જ માનવીની વેદના...એ બધું, એ બધું એ સૂરાવલિમાં...

દ્વારપાળ: મહારાજ!

બ્રહ્મા: કોણ?

દ્વારપાળ: દેવ! દિગ્પાળો આવી ગયા.

બ્રહ્મા: (હર્ષથી) આવી ગયા? દિગ્પાળો આવી ગયા?

દ્વારપાળ: હા દેવ, અને સાથે કોક વૃદ્ધાને પણ તેડી લાવ્યા છે.

બ્રહ્મા: (આશ્ચર્યથી) વૃદ્ધા!

દ્વારપાળ: હા! વૃદ્ધા.

અવાજ ૧લો: સ્ત્રી અને તે પણ વૃદ્ધા?

અવાજ ૨જો: અને તેનું આવું મીઠું સંગીત?

બ્રહ્મા: વૃદ્ધા!...તારી કશી ભૂલ તો નથી થતી ને?

દ્વારપાળ: ના દેવ, પણ એ સ્ત્રી વયે વૃદ્ધા નથી બની. હજી તો માંડમાંડ એણે યુવાનીમાં પ્રવેશ કર્યો છે, પણ લાગે છે શ્રમિત–વૃદ્ધા જેવી.

બ્રહ્મા: વૃદ્ધા! શ્રમિત! અને છતાં ય આવું મીઠું સંગીત! દ્વારપાળ! એને જેમ બને તેમ જલદી અંદર મોકલો.

[નીરવતા–ગંભીર નીરવતા–શોકભર્યાં ધીમા પગલે ધરતીનું આગમન]

ધરતી: બાપુ!

બ્રહ્મા: બેટા, ધરતી, તું?

ધરતી: હા, બાપુ. મને કાં બોલાવી?

બ્રહ્મા: આ શું બેટા? તારા મુખ પર શોક શાનો? વિષાદ શાનો? તારું યૌવન, તારું સૌંદર્ય...તારું...બધું ક્યાં અદૃશ્ય થયું?

ધરતી: ભૂતકાળનાં પાનાં શીદ ઉકેલો છો આજે? મને અહીં કેમ બોલાવી એ જ કહોને?

બ્રહ્મા: ભૂતકાળનાં પાનાં કેમ ન ઉકેલું? મારી લાડકવાયીને અહીં નીરખી હતી સરવરમાં ખીલતી પોયણી સમી, જેણે જિંદગીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોક કે રુદન ભાળ્યાં નહોતાં–વેદનાનું જેને ભાન નહોતું...એની આ દશા ?

ધરતી : એ બધું ગઈ કાલે હતું. આજે નહિ. આજે તો એ સઘળું ય ભૂલી જાવ.

બ્રહ્મા : ભૂલી જાઉં ?

ધરતી : હા–મારે નસીબે તો આજ અંધકાર–આજ નિરાશા–પણ જવા દોને એ વાત ? મને અત્યારે કેમ બોલાવી, એવું તે મારું શું કામ પડ્યું ?

બ્રહ્મા : હમણાં બંધ થયેલ સંગીત તેં રેલ્યું હતું ?

ધરતી : હા, બાપુ

બ્રહ્મા : કેવું સુંદર હતું એ સંગીત ! કેટલી મધુર એની સૂરાવલિ ! જો અહીં તો બધાં જ સ્તબ્ધ બની ગયાં ! તારા સંગીતે તો યક્ષ–કિન્નરનાં ગાન બંધ થઈ ગયાં. રંભા, મેનકા વગેરે તો પથ્થરનાં પૂતળાં બની ગયાં. એ સંગીત ફરી ન છેડે ?

ધરતી : એ સાંભળીને શું કરશો ?

બ્રહ્મા : કારણકે એ સુંદર છે, મધુર છે.

ધરતી : (નિસાસો નાખીને) મધુર ! સુંદર !

અવાજ ૧લો : આમ નિસાસો શા માટે નાખો છો ?

ધરતી : કૈં જ નહિ.

અવાજ ૨જો : તો અમને એ સંગીત તો સંભળાવો.

બ્રહ્મા : હા, બેટા, બધાં તારું સંગીત સાંભળવા અધીરા બન્યાં છે તું...

ધરતી : એ સંગીત સાંભળીને તમે શું કરશો ? એ સુંદર નથી, એ મધુર નથી, એમાં તો દર્દ છે.

અવાજો : દર્દ !

ધરતી : હા દર્દ છે, તમને એ નહિ સમજાય. રાતદિવસ સંગીત, નૃત્ય, વિહાર, વિલાસમાં રાચતા દેવોને, સુખની શૈય્યામાં સૂતા તમને સૌને મારું અને મારા લાલ માનવીનું દુઃખ નહિ સમજાય. અને જવા દો... જવા દો...મને રોકો મા...રોકો મા...મને પીડાયેલીને શીદ વધુ પીડો છો ? મરતાને પાટુ કાં મારો છો ?

બ્રહ્મા : આમ આકળાં થવાની જરા ય જરૂર નથી. તારા મીઠા સંગીતની આડે છુપાયેલા દર્દની મને ખબર છે, પણ એમાં આમ આકળાં બનીને દેવોનો દોષ કાઢવાની જરા જેટલી યે જરૂર નથી. એ દર્દ તારાં બાળકોએ ઊભું કર્યું છે. એની સૂરાવલિને એમણે બગાડી છે. એને હવે કોઈ–અરે દેવો સુદ્ધાં ય નહિ સુધારી શકે. મને તો ખાતરી છે કે તારી પાસેથી દર્દવિનાનું સંગીત મળવાનું નથી.

ધરતી : શું ? શું કહ્યું ? મારી પાસેથી દર્દવિનાનું સંગીત કદીય નહિ સાંપડે ?

બ્રહ્મા : ના–કદી ય નહિ.

ધરતી : કારણ ?

બ્રહ્મા : કારણ જાણીને શું કામ છે ? હું સાચું કહું છું. એવું સંગીત ! સાવ અશક્ય–અસંભવિત !

ધરતી : ના, ના, બાપુ એમ ન બોલો. તમે મને સર્જી અને પછી હું તો ગઈ દૂર–દૂર. યૌવનના એ પ્રભાતે મારી આંખે સ્વપ્ન-ઘેન હતાં, મારાં કુટુંબને સ્વર્ગ સમું બનાવવાના મને કોડ હતા. મારું ઘર બીજું સ્વર્ગ બનશે એવી આશા હતી.

બ્રહ્મા : હા, એ તો ભૂતકાળની કથા, પણ વર્તમાનનું શું ? તેં ઘર માંડ્યું, તારી કુખે માનવ જન્મ્યો, માની જેમ દીકરાઓએ પણ મહત્ત્વાકાંક્ષાઓ સેવી અને એ મદમાં...

[યુદ્ધના અવાજ]

અવાજ ૧લો : મારો કાપો...

અવાજ ૨જો : દુશ્મનનો માણસ છે, જાસૂસ છે.

અવાજ ૩જો : જાસૂસને ન મરાય–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ ૧લો : ઓ......બાપલિયા

અવાજ ૨જો : યુદ્ધ ખતમ થઈ ગયું ! આપણો વિજય થયો.

અવાજો : મારા દીકરા ! તું ક્યાં ? આ પડેલા શબોમાંથી હું તને ક્યાં શોધીશ ? મારા ઘડપણની તું જ લાકડી હતો. તારા વિના હું કેમ જીવી શકીશ ! ઓહ !

સ્ત્રી : તમે ! તમે ક્યાં ? લગ્નને તો હજી એક વર્ષ પણ નથી વીત્યું. બાંધેલાં મીંઢળ તો હજી હમણાં જ છૂટ્યાં છે અને તો પછી તમે આવા ઘોર યુદ્ધમાં–(ડૂસકું) તો પછી મને સાથે જ કેમ ન લેતા ગયા ?

બ્રહ્મા : આ તારાં બાળકોનાં કર્તવ્ય ! એણે તારે આંગણે લોહીની નદી વહેવડાવી... તારાં સ્વર્ગનાં સ્વપ્નાં એણે વેરણછેરણ કર્યાં.

ધરતી : અને છતાંય તમે તો બેસી જ રહ્યા. દીકરીના વેરણછેરણ થતા સ્વપ્નને તમે એમ ને એમ વેરણછેરણ થવા જ દીધાં. એના સંસારને આગ લાગવા દીધી.

બ્રહ્મા : ધરતી !

ધરતી : સત્ય છે તે કહું છું. તમે તમારો બચાવ નહિ કરી શકો.

બ્રહ્મા : ના, મારે મારો બચાવ નથી કરવો, પણ તું તારો ખોટો બચાવ ન કરીશ.

ધરતી : ખોટો બચાવ ?

બ્રહ્મા : હા, ખોટો બચાવ એવા બચાવ તો મેં બહુ સાંભળ્યા છે. આજ તારું એક પણ વેણ નથી સાંભળવું, મેં શું નથી કર્યું

ધરતી : તમે શું કર્યું છે ?

બ્રહ્મા : મેં શું નથી કર્યું ? જ્યારેજ્યારે ઉલ્કાપાત થયો–અંધકાર છવાયો, ત્યારેત્યારે પ્રકાશ પાથરવાનો મેં યત્ન કર્યો. મેં આ વખતે મહાવીરને મોકલ્યો તારા યુદ્ધે ચઢેલા બાળકોને–

ધરતી : વૈરાગ્યનો મંત્ર દેવા–

બ્રહ્મા : ના, શાંતિ અને અહિંસાનો મંત્ર દેવા ! લોહીની નદીઓથી માનવીનાં જીવન ઉજમાળાં નથી બનતાં એ રાહ ચીંધવા. પણ એ આદેશને તારાં બાળકોએ ઠોકરાવ્યો, એ રાહે જવાની એમણે ચોખ્ખી ના પાડી. એમણે તો મહાવીરને હસી કાઢ્યો; અને ત્યારે તું...

ધરતી : મેં શું કર્યું ?

બ્રહ્મા : તું તો બેસી જ રહી. તારાં બાળકોને સાચી શિખામણ તારાથી ન અપાઈ. તારાં બાળકોને સાચો રાહ તેં ન બતાવ્યો. તારું એ દુર્ભાગ્ય–એને રડ. દેવોને દોષ શા માટે દે છે ?

ધરતી : પણ પછી તો એમને એમની ભૂલ સમજાઈ ને ?

બ્રહ્મા : ભૂલ સમજાઈ ! હા, એક ભૂલ સમજાઈ અને બીજી ભૂલ કરવા પ્રેરાયાં. એક પગલું આગળ વધ્યાં.

ધરતી : એક પગલું આગળ વધ્યાં ?

બ્રહ્મા : હા, યાદ કર, તારાં બાળકોનાં કર્તવ્યને યાદ કર.

અવાજ ૧લો : આ ભૂમિ પર એમનો કશો જ હક્ક નથી.

અવાજ ૨જો : આ ભૂમિ આપણી છે, વર્ષોથી આપણી છે.

અવાજ ૩જો : આ જમીન પર તો આપણા વડવાઓ વસેલા–એનો એકેક તસુ આપણો !

અવાજ ૨જો : એ ભૂમિ એ બળજબરીથી પચાવી લે એ ન ચાલે.

અવાજ ૧લો : એમણે આપણાં માનવીની કત્લેઆમ કરી છે. એનું વેર લેવું જ જોઈએ.

ધરતી : ઓહ ! કેટલું ભયંકર !

બ્રહ્મા : તારાં બાળકોનું જ કૃત્ય. આ વખતે તું મારી પાસે અથડાતી–કુટાતી આવી તારાં દુઃખ પર રડતી.

ધરતી : તો ય તમે કશું ન કર્યું !

બ્રહ્મા : એમ કેમ કહે છે ? યાદ કર, જરા યાદ કર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ : સહન કરો, દુશ્મનની દુશ્મનાવટને પણ સહન કરો. માનવીમાત્ર પર પ્રેમ રાખો. પ્રેમથી દુશ્મનનાં હૈયાં જીતો.

ધરતી : અરે આ તો પરિચિત અવાજ છે.

બ્રહ્મા : હા, છે તો પરિચિત, કોનો છે તે ઓળખાય છે?

અવાજ : કોઈ પારકું નથી, કોઈ પોતાનું નથી. સૌ એક પિતાનાં સંતાન છે, વેર ને દ્વેષ અળગાં કરો.

ધરતી : પરિચિત અવાજ...પણ હું એને નથી ઓળખતી.

બ્રહ્મા : ક્યાંથી ઓળખાય? તું ભૂલી ગઈ તો પછી તારાં બાળકો ભૂલે એમાં શી નવાઈ? અને તો પછી જિંદગીમાં દુઃખ અને દર્દ રહે એમાં પણ શી નવાઈ?

અવાજ : સહિષ્ણુતા કેળવો, જગતનાં સર્વ પ્રાણી પ્રત્યે અમીદૃષ્ટિ રાખો.

બ્રહ્મા : હજી પણ એ અવાજ ન ઓળખાયો, નહિ?

ધરતી : ના?

બ્રહ્મા : એ અવાજમાં તો ઈશુનો આત્મા છે. અહિંસા પછી સહિષ્ણુતા શીખવવા મેં ઈશુને મોકલ્યો. પણ તારાં બાળકોને એની ક્યાં પડી હતી? વિજયનો ચકચૂર નશો—મહત્ત્વાકાંક્ષાની માદકતા—બસ એમાં જ એ રચ્યાંપચ્યાં રહેતાં હતાં. એટલુંજ નહિ પણ...

ધરતી : પણ શું?

બ્રહ્મા : એણે એ આદેશને એળે મૂકયો, એટલું જ નહિ પણ ઈશુને ય વધસ્થંભે ચઢાવ્યો. જોઈને તારાં બાળકોની સહિષ્ણુતા?

ધરતી : પણ પાછળથી તો એમને એનો પશ્ચાત્તાપ થયો ને? એને એની ભૂલ સમજાઈ અને તો ય તમે ક્ષમા ન આપી.

બ્રહ્મા : ક્ષમ! ધરતી, તારાં બાળકોનો ખોટો બચાવ ન કરીશ. આજે મારે તારી વિનવણી કે કાકલૂદીની જરૂર નથી. ઘણી વખત એ સાંભળી ચૂકયો છું. તારાં બાળકોને પ્રશ્ચાતાપ થયો ખરું ને? હા પ્રશ્ચાત્તાપ ખાતર ઈશુનું નામ રાખ્યું—આદેશને તો અનુસરશે ત્યારે.

ધરતી : એટલું ય સત્ય એને સમજાયું.

બ્રહ્મા : સત્ય! (અટ્ટહાસ્ય)

ધરતી : તમે—તમે આમ હસો છો શા માટે?

બ્રહ્મા : તારી મૂર્ખાઈ પર—પોતાને હાથે જ પગે કુહાડો મારવાની તારી રીત પર.

ધરતી : ના, એવું નથી. હું સાચું કહું છું. એ લોકોને સત્ય સમજાયું હતું.

બ્રહ્મા : હા, સત્ય સમજવાના કેટલા પ્રયત્નો કર્યા એ મને ખબર છે. તારાં બાળકોને મન સત્ય તો એ હતું જે સ્વાર્થને પોષે, સત્યને તમે અસત્ય બનાવ્યું. અસત્યને તમે સત્ય માન્યું.

ધરતી : અને ત્યારે તમે અહીં બેસી જ રહ્યા, ગાન, તાન, ટપ્પા, છંદ અને મસ્તીમાં!

બ્રહ્મા : ના, સર્જનનું વિસર્જન કરવાનું મન થયું. પ્રલયને પાસે આણવાની ઇચ્છા થઈ આવી, પણ ત્યારેત્યારે તું સામે આવી રડતી—કકળતી—આંસુ સારતી—આજીજી કરતી.

ધરતી : બીજો કશો જ રસ્તો નહોતો.

બ્રહ્મા : તું આવી અને તારાં માર્ગભૂલ્યાં બાળકોની દયા આવી. આખરે એ પણ તારાં બાળકો હતાં ને?

ધરતી : અને એથીજ અંધકારમાં સબડવા દીધાં!

બ્રહ્મા : વિચાર કરીને બોલ ધરતી! ખોટા આક્ષેપો કર મા! આમાં તો તારો વાંક હતો, અને છે. તારાં આંસુ લો'વા તો મેં બુદ્ધ મોકલ્યો. એ રાજકુમાર પાસે મેં ગાદી છોડાવી તારાં અને તારાં બાળકોનાં હિત ખાતર લોહીત્રાસ્યું જગત કૈંક શાંતિ મેળવે, તારું વેદનાભર્યું હૈયું શાંતિ પામે એ આશાએ સત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અહિંસાનો સંદેશો આપવા, પણ તારાં બાળકોને ક્યાં પડી હતી? કરેલી ભૂલનું પરિણામ તારે–તારાં બાળકોએ ભોગવવું જ જોઈએ ને?

ધરતી : અમે બુદ્ધનો આદેશ જીવનમાં ક્યાં નથી ઉતાર્યો?

બ્રહ્મા : ક્યાં ઉતાર્યો છે? એના જીવતાં સુધી એ આદેશ પાળવાના પ્રયત્નો કર્યા, પણ એના મૃત્યુ પછી એ આદેશને એણે મૂકયો.

ધરતી : તેમાં હું શું કરું? મારાં બાળકો?

બ્રહ્મા : આજ સુધી એ શબ્દો હજારવાર સાંભળ્યા. હવે એ નહિ ચાલી શકે.

ધરતી : એમનાં દુઃખે હું દુઃખી થઈ. મારાં દુઃખનો છેડો–

બ્રહ્મા : પ્રલય! તારાં દુઃખનો આરો ત્યાં જ. પણ એ ય તારાં બાળકો ક્યાં આવવા દે છે? એ તો તે પહેલાં જ...

અવાજ ૧લો : અલ્યા એ...તો ઢેડ છે એને મંદિરમાં ન પેસવા દેવાય.

અવાજ ૨જો : છટ્ છટ્ દૂર હઠ. મને અભડાવ્યો!

અવાજ ૧લો : આ જમીન પર તો મારો હક છે. અહીં અમારો કારભાર...

અવાજ ૨જો : ના, ના, એ કંઈ તમારા બાપનું છે?

અવાજ ૪થો : સાંખ આ વરસે પાક નથી થયો. આવતે વરસે...

અવાજ ૨જો : જા, જા, પૈસા ભરી દે. બૈરાં, છોકરાં, ઢોર–ઢાંખર વેચીને પણ પૈસા ભરી દે.

અવાજ ૧લો : દરિયાપાર લડાઈ જાગી છે.

અવાજ ૨જો : કાપડના ભાવ વધારો, બહારથી હવે આવવાનું નથી.

અવાજ ૩જો : જાપાને બર્મા પર ચઢાઈ કરી.

અવાજ ૨જો : ચોખા નહિ આવે, હોય તેને સંઘરી લો. કાળાબજાર કરવામાં કામ

આવશે.

અવાજ ૪થો : કપડાં...કપડાં...ઓ... ઓ...ઓ...

અવાજ ૫મો : ઘરમાં છાંટો પાણી પણ નથી, બૈરી માંદી છે. છોકરાંને ચાર દીથી ખાવાનું નથી મળ્યું.

અવાજ ૧લો : તે શું તમારે માટે અમે જીવીએ છીએ? જાવ–ચાલ્યા જાવ! શોફર! મોટર તૈયાર કરો.

સ્ત્રી : અને સીધું લઈલે, સ્વામીજીને આપવાનું છે.

અવાજો : પણ આમ તે કેમ જિવાય?

બ્રહ્મા : જોયું! કેમ જિવાય? જીવન જીવતાં ય તારાં બાળકો ભૂલી ગયાં હતાં!

ધરતી : હા, એ જ વાત છે ને? મારું દુઃખ તો હું એકલી એક ખૂણે બેસીને રડતી, પણ મારાં બાળકો એમને પણ જીવન જીવવું આકરું બન્યું; અને એ ત્રાસી ગયાં. મારા જીવનમાં દર્દ ઊભરાયું, જે આ સંગીતમાં છે. હું ત્રાસી એમને બચાવવાનો ઉપાય શોધવા લાગી અને...

બ્રહ્મા : અને ફરી મારી પાસે આવી. હું તો પ્રલયની જ વાત કરતો હતો, પણ છેલ્લી તને તારાં બાળકોને સુધારવાની તક આપવાની ઇચ્છા થઈ અને મેં ગાંધીને મોકલ્યો.

ધરતી : ગાંધી!

બ્રહ્મા : હા, પણ એ ય તમને ન સમજાવી શક્યો. એણે માનવતાનો, શાંતિનો, ઐક્યનો આદેશ આપ્યો, પણ તમે તો એનાં જીવતાં મારું ને તારુંના ભેદ પાડ્યા. ભાઈસાઈનાં ગળાં કાપ્યાં. લોહીની નદીઓ વહેવડાવી, યુદ્ધ ખેલ્યાં. તમને ગાંધી પણ ન ખપ્યો અને એ ખપી ગયો.

ધરતી : બાપુ, બાપુ!

બ્રહ્મા : એક શબ્દ પણ મારે સાંભળવો નથી. તમને તો એટમ બૉમ્બ અને કાળાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખજાર સૂઝે છે. માનવતા મરી ચૂકી છે. માનવીમાંની માનવતા તો અદૃશ્ય થઇ છે.

ધરતી : એ ભૂલ હતી પણ...

બ્રહ્મા : હવે પણ ને બણ રહેવા દે. હજારો વાર તેં કાકલૂદી કરી, હજારો વાર તેં ખોળો પાથર્યો, પણ હવે હું થાકી ગયો છું, તારાં બાળકો અંધારમાં અથડાય છે. એની મને ખબર છે; અને એથી જ તારા સંગીતમાં દર્દ છે એનું મને ભાન છે. પણ હવે હું કશું જ કરવાનો નથી...તારું દર્દ તને મુબારક હો !

ધરતી : આવો શાપ કેમ આપો છો બાપુ ?

બ્રહ્મા : શાપ નહિ સાચું કહું છું. તારે નસીબે દર્દ જ રહેશે.

ધરતી : (ગર્વથી) ના, નહિ રહે.

બ્રહ્મા : શું ?

ધરતી : જો તમે એમ માનતા હો, તો એ તમારી ભૂલ છે. એ અંધકાર અને એ દર્દ અદૃશ્ય થશે. મારું ઘર, મારું કુટુંબ સ્વર્ગ કરતાં પણ ચડિયાતું બનશે.

બ્રહ્મા : નકામી આશા–માત્ર દિવાસ્વપ્ન !

જયાં ઈશુ, મહાવીર, બુદ્ધ અને ગાંધી સરખા નિષ્ફળ નીવડ્યા ત્યાં...

ધરતી : હા ત્યાં જ, એ જ ગાંધીનો સત્ય, અહિંસા, સેવા અને માનવતાનો આદેશ પ્રવર્તશે. એ મરેલી માનવતાને જીવતી કરશે. માનવી માનવ બનશે.

બ્રહ્મા : અત્યાર સુધી જેમ કર્યું તેમ !

ધરતી : ના, એમ નહિ. સર્જનનું વિસર્જન નહિ પણ સર્જનનું ધ્યેય સિદ્ધ થશે; અને ત્યારે અમારા કંઠમાંથી મીઠું સંગીત રેલાશે. જે સાંભળવા તમે મને અહીં નહિ બોલાવો, તમારે સૌને ત્યાં આવવું પડશે !

બ્રહ્મા : વધુપડતી આશા તો નથી ને ?

ધરતી : ના, મારા અંતરનો અવાજ છે. ચાલો, સમય વીતતો જાય છે. મારાં બાળકો મારી રાહ જોતાં હશે...

બ્રહ્મા : બેટા...!

ધરતી : આવતી કાલે !

[દૂરથી સંગીતની મીઠી સૂરાવલિ]+

+ ('ઑલ ઇંડિયા રેડિયો–અમદાવાદ'ના સૌજન્યથી)

★

જહાંગીરની માફક જ સુલતાન હૈદરઅલી ન્યાયી હતો. ગમે ત્યારે ફરિયાદ રજૂ કરવાની પ્રજાને છૂટ હતી.

એક વેળા તે ફરવા જતો હતો, ત્યારે એક વૃદ્ધાએ 'ન્યાય, ન્યાય !'ની બૂમ પાડતાં ખબર પડી કે એને એક પુત્રી હતી અને તેને એક મહિનાથી આગા–મોહંમદ ઉઠાવી ગયો હતો.

'શા માટે આટલા સમય સુધી તેં ફરિયાદ ન કરી ?'

'જહાંપનાહ, કેટકેટલી અરજીઓ મેં કરી. આપના ખાસ જમાદાર હૈદરશાહને આપી પણ કોઈ જવાબ જ મળતો નહોતો.'

વૃદ્ધાને લઈ હૈદરઅલી તુરત જ મહેલમાં પહોંચ્યો. આ પગલાંથી આશ્ચર્ય પામતાં સૈનિકોને એણે કહ્યું:

'બાદશાહ અને રૈયત વચ્ચેનો પત્રવ્યવહાર રોકવા જેવો બીજો એકે ય ગુનો નથી. નિર્બળને ન્યાય આપવાની બળવાનની ફરજ છે. એમનું રક્ષણ કરવાનું બાદશાહને ઈશ્વરી ફરમાન છે. બાદશાહ પોતાની પ્રજા ઉપર જુલમ થવા દે અને જુલમીને શિક્ષા ન કરે તો પ્રજાનો પ્રેમ ને વિશ્વાસ ગુમાવી બેસે છે.'

અને વૃદ્ધાને ન્યાય તરત જ મળી ગયો ! હૈદરઅલીએ પોતાને હાથે હૈદરશાહને લોકો સમક્ષ બસો ચાબુકો મારી અને વૃદ્ધાની પુત્રીને ઉપાડી જનાર આગા મહંમદનો શિરચ્છેદ કરાવ્યો !

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંસઠમી કળા

લેખક :
રાજેન્દ્ર શાસ્ત્રી

આપણા પ્રાચીન આચાર્યોએ કુલ ચોસઠ કળાઓ ગણાવી છે. આ કળાઓમાં વ્યવહારુ નિપૂણતાનાં, શારીરિક તેમ જ માનસિક સિદ્ધિઓનાં–માનવીને આ જગતમાં સુખી બનાવવાનાં સર્વ સાધનોનો સમાવેશ થાય છે, પણ એમાં એક અગત્યની કળા આજે ઉમેરવા જેવી છે અને તે છે સારાં કાર્યોમાં ખૂંપી જવાની કળા. નાનકડો આ લેખ આ દિશામાં કૈંક પ્રકાશ પાડે છે.

કલાના આપણા પ્રાચીન આચાર્યોએ કલાની સંખ્યા ચોસઠ ઠરાવી છે. રાજનીતિના વિશારદોએ તો ચોરી કરવી, જુગાર રમવો, જૂઠું બોલવું ઇત્યાદિની પણ કલાઓમાં ગણતરી કરી છે. પ્રાચીન કાળમાં રાજકુમારોને એ કલાઓ શીખવવા માટે તે તે કલાઓના ધુરંધર પંડિતો પણ રખાતા. પદલાલિત્ય માટે સંસ્કૃત સાહિયમાં પ્રસિદ્ધ થયેલા દંડી કહે છે:

ततः सकललिपिज्ञानम्, निखिलदेशीयभाषापाण्डित्यम्, षडङ्गसंहितवेदसमुदायकोविदत्वम्, काव्यनाटकपुराणगणनैपुण्यम्, चौर्यदुरोदरादिकपटकलाप्रौढत्वम् च तत्तदाचार्येभ्यः सम्यक् लब्ध्वा यौवनेन विलसन्तं तं कुमारनिकरं निरीक्ष्य स महीवल्लभः 'अहं शत्रुजनदुर्लभः' इति परमानन्दमविन्दत ।

ભાવાર્થ: મહારાજાએ પોતાના પુત્રોને જેટલી લિપિઓ છે; જેટલી દેશી ભાષાઓ છે; ષડંગ સાથે વેદ, સંપૂર્ણ કાવ્ય–નાટક–પુરાણનું જ્ઞાન; ચોરી, જુગાર, અસત્ય, ભાષણ, કપટ વગેરે જેટલી કળાઓ છે એ બધાની તે તે વિષયોના આચાર્યો પાસેથી સંપૂર્ણ રીતે દીક્ષા અપાવી અને 'હવે શત્રુઓ (આવા કુશળ પુત્રોને કારણે) મારું કશું બગાડી નહિ શકે' એમ વિચારીને ખૂબ પ્રસન્ન થયા.

'જૂઠું બોલવું એ પણ એક કલા છે' એમ દમામભેર કહેનારા આજેય ઘણા મળી આવશે, પણ જિંદગી જીવવાની પણ એક કલા છે–અને કદાચ સૌથી અઘરી અને સૌથી મહત્ત્વપૂર્ણ છે–એમ સ્વીકારનારા–અને સ્વીકાર કરતા હોય તો આચરનારા–બહુ જ ઓછા છે. ઘણાને ખબર જ હોતી નથી કે જિંદગી જીવવી એ પણ એક કલા છે. તેઓ એમ માનતા હોય છે કે જેના ગજવામાં પુષ્કળ પૈસા ભર્યા હોય અને જેને કશું કરવું ન પડતું હોય તે માણસ જિંદગી જીવી જાણે છે. જિંદગીની કલાની આવી વ્યાખ્યા મગજમાં ઘર કરી ગયેલી હોવાથી વેપારી માણસના ઉત્તમ જિંદગી વિષેના ખ્યાલો ધન સાથે સંકળાયેલા હોઈ છે. વસ્તુનો ભાવતાલ કરવાને ટેવાયેલો હોય તે ધારે છે, કે જિંદગીનો આનંદ પણ એ જ રીતે મળશે; અને આથી તે પૈસાનો ઢગલો કરે છે. જ્યારે વેપારમાંથી એને નિવૃત્તિ મળે છે, ત્યારે પૈસાના સાગરમાં તે આનંદનાં મોતી શોધવા ડૂબકી મારે છે, અને જ્યારે આનંદનાં મોતી એને આકાશપાતાળ એક કરી નાખ્યા પછી પણ લાધતાં નથી, ત્યારે નિસાસા નાખે છે ને નસીબને દોષ દે છે.

માણસ પૈસાથી આનંદને ખરીદવાનો વિચાર કરે છે. એ આનંદનો સીધો પીછો પકડે છે અને નિષ્ફળ થાય છે એટલે અચંબો પામે છે.

આનંદનો સીધો પીછો પકડો અને તે અદૃશ્ય બનશે; તેને ખરીદો અને તે તમારા પૈસાના સ્પર્શથી રાખ બની જશે. આ તથ્યનું જ્ઞાન અનેક યુગોથી માણસ મેળવતો આવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, પણ અત્યારના ધાંધલિયા જમાનામાં માણસ એ જ્ઞાન ભૂલી ગયો લાગે છે. આનંદનો સીધો પીછો પકડો અને તમે જોશો કે તે તમને છેતરીને અદૃશ્ય બની જાય છે; અને કેટલીક વાર જ્યારે તમે કોઈ કામમાં ખૂબ એકાગ્રતાથી સંલગ્ન હો છો ત્યારે આનંદ તમારા ચરણ પૂજે છે.

આનંદરૂપી પક્ષીને પકડવા હાથ લંબાવો, અને તે તમારાથી ઘણે દૂર ઊડી જશે. એની કશી પરવા ન કરો, અને એ તમારા ખભા પર પોતાની મેળે બેસી જશે!

બ્રહ્માનો આ રમૂજી ખેલ શાશ્વત કાળથી ચાલ્યો આવ્યો છે અને ભવિષ્યમાં પણ ચાલ્યા જ કરશે. આ રમૂજી ખેલની સૌથી વધુ રમૂજભરી વાત તો એ છે કે લોકો અનેક વાર ઠગાઈને પણ એવી આશા સેવતા હોય છે કે ભૂત કરતાં ભાવિ ઊજળું હશે!

આનંદના આ શરમાળ સ્વભાવનું કારણ ગમે તે આપવામાં આવે, પણ જે તથ્ય છે તેની કોઈથી ના પાડી શકાય એમ નથી. આ તથ્ય યુગોથી શોધાયું છે અને ફરીફરી શોધાયું છે. આ તથ્ય આપણા દુન્યવી ડહાપણનાં અનેક વચનોમાં પણ ચમકી ગયેલું છે.

પ્રસિદ્ધ જર્મન ફિલસૂફ શોપેનહાવરે કહ્યું છે, કે જિંદગી એ એક પરિવર્તનશીલ શક્તિ છે, જે પોતાની જરૂરિયાતો અને અભાવોની ચાલુ હારમાળાઓમાં જાતને પ્રકટ કરે છે. અભાવ એ દુઃખ છે અને માણસને તે અભાવની પૂર્તિ કરવા પ્રેરે છે. એક અભાવની પૂર્તિ થતાં તે આનંદ ઉપજાવે છે, પણ તે આનંદ ક્ષણિક હોય છે; કેમકે તે અભાવની જગ્યા બીજો અભાવ લઈ લે છે.

એટલે આનંદ અભાવોની નાગચૂડમાંથી મુક્ત થવામાં રહેલો છે; અને અભાવોની નાગચૂડમાંથી મુક્ત થવા માટે કોઈ સારા કાર્યમાં સંલગ્ન રહેવું એ સારામાં સારો રસ્તો છે. કાર્ય જ એક એવી વસ્તુ છે જે માનવજાતિનાં સુખ અને આનંદ માટે નિમોયેલી છે. બધા પ્રકારનાં બંધનોમાં કાર્યનું બંધન પસંદ કરવા જેવું છે; કેમકે કામ અને સુખ એ એક જ સિક્કાની બે બાજુઓ છે.

તમારી રુચિને અનુકૂળ હોય એવું એક કામ શોધી લો અને તેમાં તમારા આખા શરીર અને આત્માને નિચોવી દો; પોતાની જાતને એક ઉચ્ચ સિદ્ધાંતને ખાતર ખપાવી દો; પોતાના આત્માને 'અહં'ના ખાબોચિયામાંથી કાઢી 'वसुधैव कुटुम्बकम्'ના વિશાળ વારિધિમાં લાવી દો.

આટલું કર્યા પછી જો તમે પોતાના અંતઃકરણનું સૂક્ષ્મ નિરીક્ષણ કરશો તો તમને જણાશે, કે આનંદપક્ષીએ તમારા આત્મવૃક્ષની મનરૂપી ડાળીએ માળો બાંધ્યો છે અને એ પક્ષીના મધુર કલરવથી તમારું આત્મવૃક્ષ વસંતોત્સવ માણી રહ્યું છે.

★

એક અંગ્રેજ ડૉક્ટરને ત્યાં એક વખત એક દર્દી આવ્યો. દર્દીનું કહેવું હતું કે એનું મન બિલકુલ શૂન્ય બની જતું હતું એની વેદના એ લી બધી હતી, એના ચિત્તતંત્રના સ્નાયુઓ એટલા બધા ખેંચાતા હતા કે એ બિલકુલ ઊંઘી શકતો નહોતો. વારંવાર એને આપઘાત કરવાનાં જ વિચારો આવ્યા કરતા. દાક્તરે ખૂબ કાળજીથી એને તપાસ્યો ને હમદર્દીથી જણાવ્યું :

'તમને બીજું કશું દર્દ નથી. બીજી કોઈ દવાની તમારે જરૂર નથી, માત્ર મન પ્રફુલ્લિત રાખો. દાખલા તરીકે હાસ્યનટ ગ્રીમાલ્ડીના ખેલો જુઓ. હું કોઈ પણ દવા આપું તેના કરતાં એમના ખેલો તમને તાઝગી આપવામાં વધુ મદદરૂપ બની રહેશે.'

'અરેરે ડૉક્ટર,' દર્દીએ પૂરા નિસાસા સાથે ઉત્તર વાળ્યો. 'હું જ છું એ કમભાગી ગ્રીમાલ્ડી!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાતીનાં છિદ્રો

લેખક :
શ્રી શયદા

કાળીદાસ કાગળનો વેપારી હતો. નાની એવી હાટડી હતી. રીમ બે રીમ છૂટક-છૂટક વેચી પેટપૂરતું કમાઈ લેતો. વધારે માલ મગાવતો પણ નહિ અને વધારે માલ રાખવા માટે પોતાની પાસે જગ્યા પણ નહોતી.

એમ તો પોતે શ્રદ્ધાળુ હતો. દેવદર્શનમાં માનનારો હતો. સવારે ઊઠી નળ પર સ્નાન કરવા જતો. ઘરમાં નાહવાની પણ સગવડ નહોતી; એટલે સવારમાં ચાલીનાં બીજાં બૈરાં ઊઠે તે પહેલાં પોતે નળ પર પહોંચી જતો. આગલા દિવસનું હાથનું ધોયેલું ધોતિયું સાથે રાખતો. સ્નાન કર્યા પછી પહેરેલું ધોતિયું પોતાના હાથે ધોઈ નાખતો. બીજા દિવસે એ જ હાથનું ધોયેલું ધોતિયું કામમાં લેતો.

સ્નાન કરીને આવતાં, પૂજાનો સામાન કાઢતો. જૂના જમાનાના ગાલીચાના ટુકડા બિછાવતો, એમાં પોતાના આરાધ્ય દેવની છબીઓ પણ બાંધેલી રે'તી. કાળીદાસ ગાલીચો ખોલતો, દેવની છબીઓ કાઢતો. પોતાની સામે ધરી, પોતે ધ્યાનથી દેવની પૂજા કરતો. પછી માળા ફેરવતો. ગૌમુખીમાં હાથ નાખીને ધર્મધ્યાનથી પરવારી પોતાના હાથે સ્ટવ સળગાવતો, ચા કરતો, પીતો. કપડાં પહેરતો અને જુગજૂના જોડા પહેરી ખોલીમાંથી બહાર નીકળતો. કોઈને મળવું–હળવું હોય તો એ કામ પતાવી પોતાની દુકાન પર આવતો. કાળીદાસનો સવારનો આ ક્રમ હતો. બપોરે કે રાતે ઘરે જમવાનું બનતું નહિ, કારણકે હાથ બાળીને હૈયાં ઠારનારી હજી આવી નહોતી; એટલે બપોરના અને રાતના એ લોજની ટેસ્ટદાર થાળીનો ભોક્તા બનતો. રાતનાં દેવદર્શન કરવાની વૃત્તિ થતી ખરી, અને દેવદર્શન કરવા જતો પણ; પરંતુ જો કોઈ મિત્ર મળી જાય, અને પોતાના ખરચે સિનેમા જોવા તેડી જાય, તો દેવદર્શન બાજુએ મૂકી દઈને સિનેમાનાં દર્શન કરતો.

કો સમે ચોપાટી પર ચડી જતો. પૈસાની છ પૂરી પાણીથી ભરપૂર મળતી, બટાટા અને પકોડી પણ ફક્કડ મળતાં. દહીંવડાં પણ સસ્તાં હતાં; એટલે ચોપાટી પર એ ચવાણાથી જ પેટ ભરી લેતો; અને લોજના પૈસા બચાવતો. કયારેક બોરીબંદરના મેદાનમાં આવી વિઠ્ઠલ ભેળવાળાને ખટાવતો. રોજ તો તાજાંતાજાં કેળાંથી પોતાના બપોરા કરતો. બે પૈસાનાં ત્રણ કેળાંથી એનું પેટ ભરાઈ જતું. કાળીદાસ એમ તો આવી ફક્કડ જિંદગીમાં સુખી હતો, પણ દુઃખ એક જ વાતનું હતું. હજી એનાં બારણાં બંધ હતાં. રાતના પોતાની માર્ગપ્રતીક્ષા કરીને આંખો ઉઘાડી રાખનાર કોઈ મળી નહોતી; એટલે જયારે-ત્યારે આંખ સામે આવતી કોઈ નવલી યૌવનાના યૌવનને જોયા કરતો. નમણી રમણીના નયનબાણથી વીંધાવા આતુર બનતો, પણ હાય રે કાળીદાસનું કાળું કિસ્મત! કોઈ યૌવના પોતાનો યૌવનભાર કાળીદાસના ચરણમાં મૂકવા તૈયાર નહોતી!

પરંતુ કિસ્મત નિરંતર કાળું નથી રહેતું. કોઈ દિવસ કિસ્મતનો સિતારો ચમકે છે પણ ખરો. કાળીદાસનું કિસ્મત ચમકયું. ગામડાના કોઈ ગરીબની કન્યા સાથે એનું ભાગ્ય ટકરાયું; અને બન્નેનાં ભાગ્ય જડાઈ ગયાં. કાળીદાસ એક હતો. એકમાંથી બે થયાં. કાળીદાસ આવનારીના યૌવનરસનો અધિકારી બન્યો. હવે તો દિવસ દિવસ હતા, અને રાત રાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી; પરંતુ સવારના સ્નાન કરવાનું તો નળની નીચે જ હતું. હા, ભીનું ધોતિયું ધોનારી આવી હતી, એ વાત ખરી.

હજી પણ કાળીદાસ સવારના પૂજાપાઠ તો પ્રથમની માફક જ કરતો. ગૌમુખીમાં હાથ નાખીને માળા પણ પહેલાંની માફક જ ફેરવતો. એ તો એમ જ માનતો હતો, કે–

'મારા ઘરનાં બારણાં ઉઘાડાં થયાં, ઘરમાં ઘરની શોભા આવી એ માત્ર આ પૂજાપાઠનો જ પ્રતાપ છે.'

સ્ત્રી આવ્યા પછી ઘરનો ઘરખરચ પણ વધ્યો હતો; એટલે કાળીદાસને વધારે મહેનત કરવી પડતી. મહેનત કરતાં કશું ન થાય તો કાળાંધોળાં પણ કરવાં પડતાં. પાંચસો શીટનું રીમ હોય તો એમાંથી વીસ શીટ કાઢી લેતો. વજન અઠ્ઠાવીસ હોય, તો છત્રીસનું કહી ગ્રાહકના માથામાં મારતો. કો' સમે ડામીઝ માલ પણ સારા કાગળમાં પેક કરી કોઈ હૈયાફૂટાના હાથમાં આપતો; અને આમ કાળાંધોળાં કરવામાં કમાણી પણ સારી થવા લાગી. જેમ કમાણી સારી થવા લાગી તેમ એનો શોખ પણ વધ્યો. અમાસના દિવસે દુકાન બંધ રે'તી એટલે અમાસની કાળી રાતમાં પોતે રસના ચમકારનો અનુભવ કરતો, પણ એ પોતાની સ્ત્રી સાથે. બહારની દુનિયા પોતે જોઈ નહોતી. જોઈ હોય તો એ દુનિયામાં પગ મૂકવાની એની હિંમત નહોતી અને પૈસા પણ નહોતા. આમ કાળીદાસના જીવનનો પહેલો તબક્કો તો પૂરો થયો.

*

લડાઈની નોબત વાગી ચૂકી હતી. વસ્તુના ભાવ વધતા હતા. જેમજેમ લડાઈ જોર પર આવી, તેમતેમ બજાર પણ જોરમાં આવ્યાં. એમાં કાગળના બજારની તો વાત જ ક્યાં કરવી? કાળીદાસ કમાવા લાગ્યો, વધારે ને વધારે કમાવા લાગ્યો. નાની હાટડી છોડી મધ્યબજારમાં મોટી દુકાન લીધી. નાની એવી ખોલીને તજી મરીન ડ્રાઈવ પર મોટો બ્લોક લીધો અને આરામથી રહેવા લાગ્યો.

કાળીદાસની દુકાન પાસે એક સાંઈબાવા આવતા. એ સાધુ પણ હતા અને ફકીર પણ હતા. એમના મોઢામાં કબીરની સાખીઓ પણ હતી; અને સૂરદાસનાં પદ પણ હતાં. ઓલિયા અલ્લાહની યાદ પણ હતી અને રામનામનું રટણ પણ હતું. સાંઈબાવાના હૃદયમાં કોઈના વિષે ભેદભાવ નહોતો. બજારના બધા વેપારીઓ 'આ સાંઈબાવામાં શ્રદ્ધા રાખતા. કાળીદાસ પણ શ્રદ્ધા રાખતો. કોઈ વખત તો એ સાંઈબાવાને પોતાની ગાદી પર બેસાડી એમનું સન્માન કરતો. સાંઈબાવા આશિષ આપતા અને કાળીદાસની કમાણીમાં વધારો થતો. હવે તો કાળીદાસનાં પૂજાપાઠ આ કાળા બજારમાં જ થતાં, અને કોઈવાર પૂજાપાઠ કરતો તો ઈશ્વર પાસે આવી કમાણી વધારે થાય એવી પ્રાર્થના જ કરતો.

એવામાં એક રફ કાગળનો મોટો લૉટ એને મળી ગયો. લડાઈ ચાલતી હતી એટલે દરેક કાગળમાં ઉછાળો આવ્યો હતો, એવી જ રીતે રફ કાગળમાં પણ આવ્યો હતો, જે કાગળ સોળ પાઈનો રતલ મળતો હતો એનો અત્યારે ભાવ ચાર આના હતો અને હજી વધવાનો ઘણો સંભવ હતો. આ કાગળનો લૉટ લેતી વખતે સાંઈબાવાએ આશિષ પણ આપી હતી અને કાગળ સંઘરી રાખવા ખાસ કહ્યું હતું. કાળીદાસે આ મોટો લૉટ જાણે પોતાની પાસે છે જ નહિ એ રીતે સાચવી રાખ્યો અને ભાવ તો આકાશને આંબવા જતો હતો.

કાળીદાસને કાળાબજારનો ખરો નાદ લાગ્યો અને કાળાબજારમાં મનમાન્યા પૈસા કમાવા લાગ્યો. આ આવતી કમાણીમાં એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રફ કાગળનો લોટ વેચવાની ઇચ્છા થઈ જ નહિ. ચારે કોરથી કમાણી હતી, પછી આ કાગળની કમાણીની પરવા કોણ કરે!

છેવટે રફ કાગળ ઉપર કંટ્રોલ આવવાની નોબત વાગવા લાગી.

રફ કાગળ રાખવા ક્યાં એની ચિંતા કાળીદાસને થવા લાગી. ગોદામો મળતાં નહોતાં અને મળે તો પણ પાઘડીનું પાપ કાંઈ જેવું તેવું નહોતું, છેવટે કાળીદાસે પોતાનું ગોદામ બંધાવવાનો વિચાર કર્યો.

જે જગ્યા પસંદ કરવામાં આવી હતી એ જગ્યા ઉપર ગરીબ માણસોનાં ઝૂંપડાં હતાં, જેને આપણે નર્કાલયનું નામ આપીએ તેવા આ નર્કાલય જેવાં ઝૂંપડાંવાળી જમીન કાળીદાસે વેચાતી લીધી અને ઝૂંપડાં ખાલી કરાવવાની ગરીબ માણસોને તાકીદ કરી. ગરીબ માણસો ન માન્યાં ત્યારે એને કાયદેસર નોટિસ આપી.

ગરીબ લોકો ગભરાયાં.

આ લોકો જાણતા હતા, કે સાંઈબાવાની વાત કાળીદાસ માને છે; એટલે એ માણસોમાંથી એક માણસ સાંઈબાવાને મળ્યો. સાંઈબાવા કાળીદાસની દુકાન ઉપર જ બેઠા હતા. માણસે આવી સાંઈબાવાને હાથ જોડ્યા. બાવા બોલ્યા :

'ક્યા હૈ ?'

'ફરિયાદ હૈ, સરકાર, ફરિયાદ હૈ.'

'મેં સરકાર નહિ, ગરીબાં કા ગુલામ હૂં, તું ક્યા રહાતા હૈ ?'

'શેઠ હમેં……'

'તુમ્હે ક્યા ?'

'હમેં બરબાદ કરતે હૈં !'

'ક્યા, મતલબ ?'

'શેઠ સે દરિયાફ્ત કીજીએ.'

સાંઈબાવાએ કાળીદાસ સામે જોયું, કાળીદાસ નરરાક્ષસ હસે એમ હસ્યો અને બોલ્યો :

'બકતા હૈ !'

'મગર બાત ક્યા હૈ ?'

'કુચ્છ નહિ.'

'કુચ્છ નહિ ?' ગરીબ માણસ ગળગળા અવાજથી કહેવા લાગ્યો:

'આપ હમેં બેસરોસામાન કરતે હુય, ઔર કહેતે હૈં કુચ્છ નહિ !'

સાંઈબાવા સમજી ગયા કે કાળીદાસ આ ગરીબ માણસ ઉપર ગજબ કરી રહ્યો છે. એથી બોલ્યા :

'કાળીદાસ, ગરીબોંકી હાય અચ્છી નહિ.'

'આપ ભી ક્યા બોલતે હૈં ? હું ગરીબોને સતાવું ?'

'તો ફીર યે રોતા ક્યું હૈ ?'

'એ તો એમની આદત જ છે. તમારી પાસે બે આંસુ પાડે એટલે પત્યું.'

'પરંતુ ઈસકા કારન ?'

'કારન મેં બતાતા હું જનાબ. શેઠને હમ જીસ ઝોંપડેમેં રહેતે હંય વહાંકી જમીન ખરીદી હૈય ઔર વો હમારા બોરિયા–બિસ્તર ફેંક દેને પર આમાદા હુવે હૈ.'

'યહ કૈસે હો શકતા હૈ ?' આટલું બોલીને એ કાળીદાસને પૂછવા લાગ્યા. 'ક્યા કાળીદાસ યહ સચ બાત હૈ ?'

કાળીદાસ લુચ્ચું હસ્યો.

'કાળીદાસ યહ અચ્છા નહીં હૈ.'

'તો હું શું કરું ? મારે ત્યાં ગોદામ બનાવવું છે. કાગળ ભરવો છે.'

'અ…ચ્છા. કાગળ ભરવો છે !' આમ બોલીને સાંઈબાવા ગરીબ માણસને કહેવા લાગ્યા :

'જાવ બચ્ચા જાવ. ઈસે ગુદામ બનાને હૈ. કાગજ ભરને દો. અલ્લાહ પર ભરોસા રખો. અલ્લાહ જો કરેગા બહેતર કરેગા.'

આટલું બોલીને સાંઈબાવા ચાલ્યા ગયા. ગરીબ માણસ પણ ચાલ્યો. ઝૂંપડાં ખાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયાં. બળતા હૃદયથી અંતરના ઊંડા નિસાસાથી ગરીબ લોકોએ પોતાનાં ઝૂંપડાં ખાલી કર્યાં; અને કાળીદાસે એ ગરીબના નિસાસા ઉપર કાગળનું ગોદામ બાંધ્યું. કાગળ ભર્યો; અને બાર લીવરનાં બેચાર તાળાં માર્યાં- ગોદામ પર.

*

કાળીદાસ કાળાંબજાર કરવામાં કુશળ હતો. દિનરાત એને આ કાળાંબજારની પડી'તી. એમાં એને પૈસા પણ ધાર્યા કરતાં ઘણા જ વધારે મળતા હતા. અમલદારોના પેટમાં કાળીદાસ તરફથી ચાંદીની ગોળીઓ જતી હતી. રોજબરોજ મહેફીલો જામતી હતી. તવાયફો નાચતી'તી. એના પગ પર કાળીદાસ લક્ષ્મી ન્યોચ્છાવર કરતો હતો.

પણ છેવટે એ ફસાયો. અમલદારોના પેટનો ભાર ઓછો થયો. અમલદારને પેટપૂરતું ન મળ્યું; એટલે કાળીદાસને જાણી જોઈને ફસાવ્યો. અને એ જ અમલદાર પાછો કાળીદાસનો બની ગયો; અને કાળીદાસને છોડાવ્યો. પરંતુ એમ કરવા જતાં કાળીદાસનું ઘર ધોવાઈ ગયું. જ્યાં કાળીદાસ સોનારૂપાના જળમાં સ્નાન કરતો ત્યાં એના માટે ગટરનું ગંદું પાણી પણ ના રહ્યું! હા, હજી સુધી ઝૂંપડાં પર બાંધેલા ગોદામમાં કાગળ એમ ને એમ જ ભર્યો હતો; અને કાગળના ભાવ તો અત્યારે કાળજું કંપાવે એવા હતા!

કાળીદાસના મનમાં આ એક જ વાતનો આનંદ હતો, કે 'હજી આખી જિંદગી ખાતાં ખૂટે નહિ એટલો કાગળ તો ગોદામમાં છે.'

આજે એ કાગળનો સોદો કર્યો, એક રૂપિયો આઠ આનાથી–ચાર આનાના ચોવીશ આના! એમાં થોડા કાળા અને થોડા ધોળા લેવાના. કાળીદાસ બરબાદ થઈ ગયો હતો પણ એની કાળાંબજાર કરવાની આદત ગઈ નો'તી.

કાળીદાસ વેપારીને લઈ માલ બતાવવા ગોદામ પર આવ્યો. ગોદામ ખોલ્યું અને ગોદામ ખૂલતાં એમાંથી ઝેરી ગેસ નીકળ્યો. પળવાર તો કાળીદાસ હતો ત્યાં નો ત્યાં થંભી ગયો. પછી પોતે અને સાથે આવેલો વેપારી ગોદામમાં ગયા. વેપારીએ કાગળ જોવા રીમ પર હાથ લગાડ્યો. કાળીદાસ હસતાંહસતાં બોલ્યો:

'એમાં જોવાનું શું હોય? કાચું સોનું છે, કાચું સોનું!'

પરંતુ વેપારીથી રહેવાયું નહિ.

એણે રીમનું કવર ચીરી નાખ્યું. કાગળની સીટ કાઢી; અને હાયરે કાળીદાસનાં નસીબ! આખું ગોદામ ઉધેઈનો શિકાર થઈ ગયું હતું! કાળીદાસે રીમ પર રીમ જોયાં, પણ બધાં ય સડી ગયેલાં!

સાથવાળો વેપારી બોલ્યો:

'કાળીદાસ શેઠ આ રીમમાં તો છિદ્રો પડ્યાં છે.'

કાળીદાસથી ન રહેવાયું. એ એટલું જ બોલ્યો:

'રીમમાં છિદ્રો નથી એ તો મારી છાતીનાં છિદ્રો છે!'

એવામાં કાળીદાસની નજર સામે ગઈ. સાંઈબાવા ત્યાંથી હસતાહસતા ચાલ્યા જતા હતા.

જ્યારે કાળીદાસ બજારમાં આવતો ત્યારે ઘણા ય પુણ્યશાળી (?) કાળાંબજારિયા કાળીદાસ પર હસતા હતા!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકૃત બાળમાનસ

લેખિકા :
શ્રીમતી રંભાબહેન ગાંધી

શારીરિક રોગની પેઠે માનસિક ખોડને પણ રોગ જ ગણવો જોઈએ. આપણે ત્યાં બાળકોના વિકાસની આ દિશા પ્રત્યે હજી જરૂરી ધ્યાન ગયું નથી. કેટલાં માતપિતાએ વિચાર્યું હશે કે બાળક શા માટે ચોરી કરે છે? કેમ ભાંગફોડ કરે છે? રાત્રે કેમ બિછાનું ભીનું કરી નાખે છે? શાથી ગાળો બોલે છે? રાત્રે કેમ રડે છે? એને ઝઘડા જ કરવાની ટેવ કે માબાપને જ વળગી રહેવાની યા જૂઠું બોલવાની ટેવ શાથી પડી છે? આ લેખ માતાપિતાના સ્નેહથી વંચિત રહેલાં બાળકોના વિકૃત માનસ પર પ્રકાશ પાડે છે.

બાળકથી ગુંજતું ઘર સૌને ગમે છે. સૌ કોઈ ઘરમાં બાળક ઇચ્છે છે. તેમાં યે સ્ત્રી તો માતા બનવા ને ખોળામાં બાળકને રમાડવા સદા યે આતુર હોય છે; પરંતુ બાળક માટે આતુર હોવું તે એક વાત છે અને બાળકને યોગ્ય રીતે ઉછેરવું ને કેળવવું તે જુદી જ વાત છે. બાળમાનસનો અભ્યાસ આપણને બાળકોની અનેક મુશ્કેલીઓ ને તેને લઈને પડતી તેમની અનેક ટેવો પ્રત્યે આપણું લક્ષ ખેંચે છે.

બાળક સમજે ત્યારથી તેને લાગવું જોઈએ કે જે માતપિતાને ત્યાં તે જન્મ્યું છે ત્યાં તે સહીસલામત છે. ત્યાં સૌ કોઈ તેને ચાહે છે. તે સૌ કોઈ પર તેનો વિશ્વાસ મૂકી શકે છે. બાળક માટે કુટુંબ જ મધ્યબિન્દુ છે. તેમાં જ બાળક સુંદર રીતે ખીલી શકે છે, ત્યાં જ તેને લાગે છે કે તેની સૌને જરૂર છે અને તે ન હોય તો સૌને એના વિના ગમતું નથી. આવી લાગણી બાળકને થાય છે અને આવી લાગણી તેને ખૂબ જ સુખ આપે છે. તેને ખાતરી હોય છે, કે તેની નિષ્ફળતામાં ઘરનાં દુઃખ અનુભવે છે ને તેના આનંદમાં ઘરનાં આનંદ માને છે. આવું ભાન બાળકને હોય છે જ ને તે તેના વિકાસમાં બહુ જ મદદરૂપ થઈ પડે છે. જે બાળકો માતપિતાનો પ્રેમ પામે છે, જેને માતપિતા પ્યારથી ઉછેરે છે, તે બાળકોનું માનસ કેવી રીતે કામ કરે છે, તેને બેથી પાંચ વર્ષ સુધી કેવી જરૂરિયાતો હોય છે, તેને માટી–રેતી ને ઘોંઘાટની રમતો કેવી ગમે છે, તેનામાં જિજ્ઞાસાવૃત્તિ ને કુતૂહલવૃત્તિ કેવી હોય છે, તેનામાં સમૂહરમતોનું ભાન ક્યારે આવે છે વગેરે જોવાનો અહીં ઉદ્દેશ નથી; અહીં તો એવા જ બાળકનું માનસ જોવું છે કે જે માબાપને ત્યાં વણમાગ્યું જ આવ્યું હોય. એટલે કે પાંચ બહેન હોય ને છઠ્ઠી આવે... આર્થિક સંકડામણ હોય ને ચોથું બાળક આવે... જૂની પત્નીનું બાળક–નવી માને શિરે આવી પડે... સુધરેલાં જોડાંના શોખમાં વણમાગ્યું બાળક આડું આવી પડે...ત્યાં તેનું શું થાય? તેના માનસ પર શી અસર થાય તે પ્રત્યે થોડો વિચાર કરીએ. આપણે એક દાખલો લઈએ :

કમળા પરણીને ઘરમાં આવી ત્યારે તેની શોકની પુત્રી તારા ઘરમાં હતી. કમળાને તારા પર જરા યે સ્નેહ ન થયો, પણ નછૂટકે લગ્નના સાટામાં તારાની મા બનવાની શરત પણ એને સ્વીકારવી પડી. આમ હોવાથી કમળા તારા પ્રત્યે નિષ્ઠુર બની ને પરિણામે તારા હઠીલી બની, તેમતેમ કમળાએ તેને સુધારવાનો દૃઢ નિશ્ચય કર્યો. તેટલો જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચય તારાના બાળમાનસે વિરોધ કરવાનો કર્યો. કમળા તારાને સારું ખાવાનું ન આપે તેથી જ તારાની વૃત્તિ તે ખાવાની વધતી જ ગઈ. પરિણામે તારા ચોરવા લાગી. તારાને માર પડવા માંડ્યો તેમ તે વધારે હઠાગ્રહી બનતી ગઈ. તારા મોટી થઈ, તે સમયે કમળાને પોતાનું બાળક થયું, તે સમયે તારાએ નાના બાળકનાં દૂધ-સંતરાં વગેરે ચોર્યાં. પછી તો આઈસક્રીમ-ચૉકલેટ ખાવા પૈસા ચોરવા લાગી. પરિણામે કમળાએ વધારે સખ્તાઈ માંડી. માર મારવાનું શરૂ કર્યું, ઘર બહાર કાઢી મૂકવાની શિક્ષા કરવા લાગી તેમતેમ તારા સુધરવાને બદલે બગડતી જ ગઈ. તારાને નાની બાળકી-બૂલકું ગમતું, પણ મા રમાડવા જ ન દે! તેથી તેના સ્નેહના સ્રોત પણ સુકાયા. અંત એ જ આવ્યો, કે તારા કદાપિ સુધરી તો નહિ જ પરંતુ સૌ પ્રત્યે નિષ્ઠુર બની, ચોર બની, લાગણીહીન બની ગઈ, અને વેર લેવાની વૃત્તિવાળી બની. એને લાગ્યું, કે જો ઘરમાં કોઈને મારી પરવા નથી તો મારે શા માટે કોઈની પરવા કરવી? શા માટે એ કહે તેમ કરવું? એ મને હેરાન કરે છે તો હું શા માટે એમને હેરાન ન કરું?

આવા સંજોગોમાં જો ધારત તો પિતા પુત્રીની આ દશા થતી અટકાવી શકત; પરંતુ દુર્ભાગ્યે પિતા બાળક પ્રતિ બહુ જ ઓછું ધ્યાન આપે છે ને પરિણામે ઘણાં બાળકો જીવનભર માનસિક બીમારીનાં ભોગ બની જાય છે ને સમાજને બોજારૂપ બની જાય છે. એ ન ભૂલીએ કે એક ઊગતા છોડની જેમ બાળકને માતપિતારૂપી માળીની સતત દેખરેખ, સારસંભાળ ને વહાલની જરૂર છે. આપણે બાળકોનો વાંક જોઈને શિક્ષા કરવા લાગી જઈએ છીએ, ત્યારે એ નથી જોતાં કે બાળકને આમ કરવાનું સૂઝ્યું કેમ? જો આ સૂઝ્યું કેમનું મૂળ શોધીશું તો કેટલાં યે બાળકો ઊગરી જશે, તે ચોક્કસ વાત છે.

ઉપર જોઈ ગયા તેમ બાળક ન ગમવાનાં કારણો ઘણાં છે, તે ઉપરાંત ઘણીવાર મા બાળક પર બહુ જ ધ્યાન આપે છે, ત્યારે પતિ તરફ સહેજ ઓછું ધ્યાન અપાય છે. આવે વખતે પતિ પોતે પણ પિતા છે તે ભૂલીને એમ ઇચ્છે છે, કે પત્ની તેને જ ચાહે ને તેની જ આસપાસ ફરે. પોતાના પ્રેમમાં ભાગીદાર થતું બાળક પિતાને દુઃખદાયક લાગે છે. કોઈવાર બાળક ખોડખાંપણવાળું આવે છે, ત્યારે પણ માતપિતાનો સ્નેહ ગુમાવી બેસે છે. માબાપને થાય છે, કે આ ક્યાંથી પેટે આવ્યું? ને પરિણામે બાળકને ફાવે તે રીતે મોટું થવા દે છે. આ ઉપરાંત બાળક માંદું જ રહેતું હોય તોપણ ઘણીવાર માબાપનું વાત્સલ્ય ગુમાવી બેસે છે. આવાં અનેક કારણો છે, જેને લઈને બાળક પ્રત્યે માતપિતાનું વલણ હોવું જોઈએ તેવું નથી હોતું. આના પરિણામે બાળમાનસ પર તેની કેવી અસર થાય છે તે હવે જોઈએ.

આવાં બાળકોમાં ભાવુકતા બહુ જ આવે છે. તે ગુસ્સાવાળું થાય છે. હઠીલું બને છે. અંગૂઠો ચૂસવાની ટેવ તેનામાં આવે છે. શરમાળ વધારે થઈ જાય છે. ઝઘડાળુ પણ બની જાય છે. આ દરેકનું કારણ એ જ કે બાળકને માતપિતાનો સ્નેહ ગુમાવી દીધાનું સતત ભાન થયા જ કરે છે. આવાં બાળકોને લાગણી અને પ્રેમની હૂંફની જ જરૂર છે, ધાકધમકીની નહિ. આવાં સ્નેહનાં તૃષાતુર ને અપમાનિત થયેલાં બાળકોનાં માનસ કેવાં થઈ જાય છે ને તેમનામાં કેવી ટેવો પડી જાય છે તે જરા જોઈએ.

(૧) ભાંગવા-ફોડવાની ટેવ: જેને વાત્સલ્ય-પ્રેમ ન પ્રાપ્ત થયો હોય તેઓમાં આ ટેવ આવે છે. તેઓ તેમની રીતભાત દ્વારા એમ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવા માગે છે કે કોઈને મારી પરવા નથી. હા, નથી જ. તો મને પણ કોઈની પરવા નથી, હા, નથી જ. માટે તમને ન ગમતાં કામ જ હું કરવાનો, તે બાળક સૌનું દુશ્મન બની જાય છે ને મોટું થતાં તે જ ભાવ સમાજ પ્રતિ દાખવે છે. બધી ચીજો ભાંગવા-ફોડવાનું તેને મન કેમ થાય છે? તેને લાગે છે કે તે નકામો છે, નાલાયક છે, તેથી કોઈને તેની જરૂર નથી, પોતાને બીજાની જરૂર છે જ; પરંતુ તે જરૂરિયાત પૂરી પડતી નથી, તેથી અંદરથી ક્રોધ થાય છે ને પરિણામે તે ક્રોધ ભાંગફોડ દ્વારા બહાર નીકળે છે. આનો ઉકેલ સ્નેહમાં જ છે. બાળકને ખાતરી કરાવી આપો કે તમે એને ચાહો છો. તેનાં સુખદુઃખમાં ભાગ લો અને પછી જુઓ કે શું થાય છે? અને સાથેસાથે તેની જે સંહારાત્મક વૃત્તિએ જોર પકડયું છે તેને નીકળી જવાની તક આપો. નહિ તો તે અંદર ને અંદર ભારેલા અગ્નિ જેવું કામ કરશે. આવી વૃત્તિનો જુસ્સો બહાર નીકળી જવા માટે આવી જાતનાં બાળકને લાકડાં કાપવાનું કામ, માટી ખોદવાનું કામ, રેતીનાં ને માટીનાં રમકડાં બનાવવાનું કામ સોંપવું, જરા મોટું હોય તો બોક્સિંગ જેવી લડાયક રમતો તરફ તેનું મન ખેંચવું, જેથી પેલી વૃત્તિનું જોર યોગ્ય રસ્તે વહી જશે. પછી તો તેને પણ થશે કે 'મારામાં કંઈક શક્તિ છે. હું કંઈક નિર્માણ કરી શકું છું. મને આવડે છે. હું કંઈક કરીને માબાપને બતાવું. એ મને ચાહે છે વગેરે.' આવી ભાવના સાથે તેના જીવનમાં આનંદ આવશે ને અંદરની બીક ને ઘૃણા ઓછાં થશે. પરિણામે તે ખીલી ઊઠશે.

(૨) ચોરી કરવાની ટેવ: આ ટેવનું કારણ પહેલાં આપણે જોઈ ગયા; પરંતુ પ્રેમથી આ ટેવ જરૂર ભુલાવી શકાય છે.

(૩) બિછાનું ભીનું કરી નાખે છે. આના ઉપાયમાં રાતમાં તેને બેવાર ઉઠાડવું. સમજે તેવું હોય તો એલાર્મ મૂકી દેવું, જેથી પોતાની મેળે જ ઊઠી શકે. બિછાના નીચે રબ્બર નાખવું; પરંતુ પેશાબ કરી જાય છે તો પછી સાફ બિછાનું કેવું, એવું વિચારી કદાપિ ગંદું બિછાનું ન જ પાથરવું. ગંદું બિછાનું જોઈને બાળકને થશે કે બિછાનું ગંદું તો છેજ એમાં વળી શું બગડવાનું હતું? પરંતુ સફેદ દૂધ જેવી ચાદર હોય તો બાળક તેમાં પગ મૂકતાં જ વિચાર કરે છે કે આવી ચાદર હું નહિ બગાડું અને તેનો એ નિર્ણય જ તેને એ ટેવમાંથી છોડાવશે. આ ઉપરાંત એ ધોઈ શકે તેમ હોય તો એની પાસે જ રાતનાં કપડાં ધોવડાવવાં પણ સમજણપૂર્વક, ધાકધમકીથી નહિ ને તેનું સ્વમાન ઘવાય તેવી રીતે તો નહિ જ. બને તો કેટલી રાત ચોખ્ખી ગઈ ને કેટલી રાતો ગાદલું ભીંજવ્યું તેની નોંધ તેની પાસે જ કરાવવી ને રાતો ચોખ્ખી જાય તે દિવસે વિજય માટે 'વિ' લખાવવું ને આ ટેવને મોટું સ્વરૂપ ન આપતાં, કોઈ બાળકના દેખતાં તે માટે ન કહેતાં સ્નેહથી તેનો ઉપાય કરવાથી આ ટેવ જરૂર બંધ થઈ જશે.

(૪) ગાળો દેવાની અને ગંદી ભાષા બોલવાની ટેવ: આ ટેવ પણ ઘણાં બાળકોને પડી જાય છે. આવી ટેવ પડવાનું કારણ પણ એ જ છે કે છોકરો કહેવા માગે છે કે 'મારે તમારી કંઈ પડી નથી. બસ હું તો મારે ફાવે તેમ કરીશ. તમે મારું શું કર્યું હતું કે હું તમારું કહ્યું કરું?' ગંદી ભાષા બોલવી ને બિછાનું ભીનું કરવું તે બન્ને એક જ વૃત્તિનાં બે પાસાં સમાન છે. એકનું જોર મોઢા વાટે નીકળે છે તો બીજાનું જોર જનનેંદ્રિય વાટે. પરંતુ બન્નેનું મૂળ તો એક જ છે ને ઉપાય પણ એક જ છે, ફક્ત નિશાનીઓ જ જુદી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) રાતનાં ડરે છે: ઘણાં છોકરાં રાત્રે જાગી જાય છે અને ડરે છે તો તેવે વખતે ઊંઘી જા, રાતના યે સખ પડવા દેતો નથી વગેરે કડવાં વેણ ન કહેતાં પાસે જઈ પંપાળવું. એકલાં જ રડીરડીને સૂઈ જાય તેમ ન થવા દેવું; કારણકે આવી રીતે જાગી જતાં છોકરાં ડરતાં હોય છે, તેમને વિકરાળ વાઘ-સિંહના જ ખ્યાલો આવે છે, ને પરિણામે તે ભયભીત થઈ જાય છે. આવું થવું એ તો જ્યાં બાળકોને જુદા ઓરડામાં સુવાડવાની પદ્ધતિ હોય ત્યાં વધારે સંભવિત છે. આવે વખતે બાળક પાસે જઈને તેને સાંત્વન આપવું ને તેને કહેવું, કે 'જો ભય જેવું કશું જ નથી અને જ્યારે જરૂર પડે ત્યારે હું તારી પાસે જ છું ને?' ઇત્યાદિ કહીને તેના મનમાંથી બીક કઢાવવી ને ખાતરી કરાવી દેવી કે બીક જેવું હશે તો મારી બા પાસે જ છે, પછી બીક કેવી? આમ થશે તો પછી તે નિરાંતે ઊંઘશે, આ ઉપરાંત તે ઓરડામાં થોડા દિવસ એકદમ અંધારું ન કરી દેતાં ઝીણી બત્તી રાખવી, જેથી તેને હૈયે ધરપત રહે ને કલ્પનાનાં વાઘ-વરુ ભયંકર રૂપ ન લઈ લે.

(૬) નખ ખાવાની ટેવ, અંગૂઠો ચૂસવાની ટેવ: આ ટેવો પણ છોકરાંઓમાં પડી જાય છે તો તમે તેમાં વચ્ચે ન પડતાં. આ ટેવોનું કારણ પણ એ જ છે, કે બાળક સુખ, શાંતિ ને મઝા શોધે છે. તે દુઃખી છે, તેને એકલવાયું લાગે છે. તેને કોઈ સોબતી ન મળતાં કંટાળો આવે છે, ત્યારે તેનું મન કંઈક સુખ આપે તે શોધવા પ્રેરાય છે. ત્યારે તે અંગૂઠો ચૂસે છે ને નખ ખાય છે. ચૂસવાની ટેવથી આનંદ મળે છે તેની કોણ ના કહી શકશે? બાળક જન્મતાં જ દૂધ માટે માનાં સ્તન ચૂસે છે, મોટું થતાં દૂધની શીશી ચૂસે છે, ચૂસણિયાં ચૂસે છે. બાળકની શી વાત, મોટા પણ શું કરે છે? પાન-સિગારેટ શું બતાવે છે? ને જાણીતા ચૉકલેટ વગેરે? આ બતાવે છે, કે થાકેલાને મન આ આરામનું સાધન છે, કંટાળેલાને મન પણ તેમ જ. બાળકની આ ટેવ ધાકધમકીથી કે એરંડિયું, ઓલીવઓઇલ કે એળિયો લગાડવાથી નથી જવાની, જશે ફક્ત સ્નેહથી, તેની વૃત્તિઓ બીજા રચનાત્મક કામમાં પરોવવાથી, તેને બીજી રમતોમાં આનંદ લેતું કરવાથી. આમ જ્યાં એને બીજેથી આનંદ મળશે, કંટાળો જશે, એ પ્રવૃત્તિમય બનશે, ત્યારે આપોઆપ પેલી ટેવ છૂટી જ જશે અને તેને યાદ પણ નહિ આવે.

(૭) ઝઘડા કરવાની ટેવ: થોડીવાર લડવા-ઝઘડવા દેવાં, આમાંથી જ એ મોટાં થતાં સમાજમાં કેમ સમાવેશ કરવો તે શીખે છે. આવાં છોકરાંઓને પોતાના ઝઘડા પોતાને જ પતાવવા દો, વચમાં ન પડો; પણ એટલું ધ્યાન રાખવું કે ન્યાય થવો જોઈએ. આવાં છોકરાંઓને કોઈ સમૂહ-રમતમાં વધારે દોરવાં અગર એવા કામમાં પ્રવૃત્ત કરવાં કે જ્યાં ઘણા યે મળીને કરવાનું હોય, આમ થવાથી તે બીજાની સાથે રહીને ઝઘડો કર્યા વિના કામ કરતાં શીખશે.

(૯) માબાપને જ વળગી રહેવાની ટેવ: આવા છોકરાંઓ સ્નેહનાં અત્યંત ભૂખ્યાં હોય છે ને તેમને ડર હોય છે કે રખેને એ છૂટાં પડી જાય, ને સ્નેહ ગુમાવી બેસે તો? આવાં માટે તો એક જ ઉપાય છે કે તેમને સ્નેહ આપવો ને ખાતરી કરાવી આપવી કે એ ગમે ત્યાં હશે પણ એને માબાપનું વાત્સલ્ય તો મળવાનું જ છે, તેનો તે અમૂલ્ય ખજાનો કદાપિ લૂંટાવાનો નથી; બસ આટલી તેને ખાતરી થશે એટલે એ વળગી નહિ રહે.

(૧૦) જુઠું બોલવાની ટેવ: આ ટેવ ઘણીવાર બાળકોમાં આવી જાય છે. આવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ ડર-ભય ને બીક છે. બાળક માબાપથી ડરે છે ને ડરને કારણે ઘણીવાર જુઠું બોલે છે. આનો ઉપાય તો સહેલો જ છે કે બાળકના મનમાંથી ખોટો ડર કઢાવી નાંખો ને તેને વિશ્વાસ આપો કે તમે એની વાતમાં વિશ્વાસ મૂકશો ને બીજા કોઈનું પણ નહિ સાંભળો, ને સાચું બોલશે તો તેને માફી આપશો. બસ આટલું કરશો તો આ ટેવ જરૂર સુધરશે, પરંતુ ધાકધમકી કે મારપીટ કરશો તો આ ટેવ ભયંકર સ્વરૂપ લેશે તે વાત નિશ્ચિત છે.

પ્રેમભૂખ્યાં ને તરછોડાયેલાં છોકરાંઓમાં કેવી ટેવો પડી જાય છે તે આપણે ઉપર જોઈ ગયા. ગોખલેએ કહ્યું હતું કે સ્વરાજ્ય એ મારો જન્મસિદ્ધ હક્ક છે તો માતપિતાનો પ્રેમ મેળવવો તે બાળકનો પણ જન્મસિદ્ધ હક્ક છે, પરંતુ દુર્ભાગ્યે તેમ બનતું નથી ને તેને પરિણામે સમાજવિરોધી તત્ત્વોથી ભરેલાં બાળકો આજે આપણે નાનાં બાળકો માટેની કોર્ટમાં આવતાં જોઈએ છીએ. આ ઉપરાંત ઘણાં ઘરોમાં પણ છોકરાંઓ આવા સ્નેહવિનાના વાતાવરણમાં ઊછરે છે, તેમની સ્થિતિ પણ દયાજનક છે ને પરિણામે માતપિતાને પણ દુઃખ ભોગવવું પડે છે; કારણકે નાનપણમાં તિરસ્કાર પામેલાં મોટાં થતાં જાણીજોઈને માબાપ સામે બળવો કરે છે. બળવો એટલે કે માબાપને ન ગમતી વસ્તુ ખાસ કરે છે. એ એમ કરીને કહેવા માંગે છે કે તમને મારી પરવા નથી તો મને તમારી નથી. એને લાગે છે કે જાણે એની પાસેથી કોઈ એનાં માબાપનો પ્રેમ જ ચોરી ગયું છે, તેના બદલામાં તે પણ ચોરી કરે છે; ને તે ચોરી હોય છે પહેલાં તો ખાવાની વસ્તુઓની ને જો તે સમયસર દબાવી દેવામાં ન આવે તો તે ચોરી મોટું સ્વરૂપ લે છે. આ ઉપરાંત તે જાણીજોઈને એવાં તોફાન-મસ્તી કરે છે કે શિક્ષા થાય જ, તે પોતે જ શિક્ષા વહોરી લે છે ને આમ કરવાની વૃત્તિ તેના અપમાનિત માનસમાંથી જાગે છે. આવાં બાળકોને બચાવી લેવાનો રસ્તો માતપિતાનો સ્નેહ જ છે, ને તે જ શક્ય હોય તો બીજાએ તે બાળકને હૂંફમાં લઈને સ્નેહ આપવાનો છે. બાળકને લાગવું જોઈએ કે કોઈ મારું છે-મને ચાહે છે-મારા સુખમાં રાજી ને દુઃખમાં મદદ કરનારું છે, મારાં વખાણ કરનારું છે, તો તેનામાં પડેલી ઘણી કુટેવો ઓછી થશે. આ ઉપરાંત ચોરી કરવાની ટેવવાળાં છોકરાંને થોડા ખિસ્સાખર્ચીના પૈસા આપવા ને તેને ગમતી વસ્તુ પાછળ તે ખર્ચવા દેવા. આ ઉપરાંત તેના પર કશુંક જવાબદારીવાળું કામ નાખવું, જેથી તે પ્રવૃત્તિમય રહે ને પરિણામે તેનાં તોફાન, મસ્તી ને ત્રાસજનક રીતભાત આપોઆપ ઓછાં થઈ જાય.

નવી મા નીચે મોટાં થતાં બાળકોમાં ઘણીવાર ઉપર કહેલી વૃત્તિઓ જોવામાં આવે છે ને તેનું કારણ કલ્પી શકાય છે કે બાળકને એ નવી માનું આગમન જ ગમતું નથી. તેને લાગે છે કે એ મારી માની જગ્યાએ ક્યાંથી આવી? મારી મા સારી હતી, આ સારી નથી જ. આવાઆવા વિચારો કરી પોતાની મા માટે શોક કર્યા જ કરે છે ને તેટલા જ પ્રમાણમાં પોતાની માની જગ્યા લેનાર નવી મા પ્રતિ ઘૃણાના ભાવો સેવતું જાય છે. આવે સમયે મા જો સમજણી હોય, બાળમાનસની જાણકાર હોય, તો બાળકનું માનસ સમજી શકશે, ને ધીરેધીરે બાળકનું દિલ સ્નેહથી જીતી લેશે ને બાળકને પોતાનું કરી લેશે. બાળકને પણ પછી તો આ મા ગમી જશે; કારણકે તે આ મામાં પણ સ્નેહ ને હેત જ ઊભરાયેલાં જોશે. તેને ખાતરી થશે કે આ મા પણ પેલી મા જેમ જ તેને ચાહે છે. તેના દિલમાં, આ માના સ્નેહનો પણ ભરોસો આવશે ને પરિણામે બાળક બચી જશે; પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલી ધીરજ ને બાળમાનસનું જ્ઞાન હોય તેવી માતાઓ કેટલી ?

આ ઉપરાંત આવાં તિરસ્કૃત બાળકોમાં માનસિક રોગો સાથે શારીરિક રોગો પણ વસી જાય છે. ઉપર કહેલી ટેવોને આપણે માનસિક રોગ જ ગણવા જોઈએ ને તેના ઉપાય પણ રોગના ઇલાજ જેમ જ લેવા જોઈએ. શારીરિક રોગોમાં ખાસ કરીને, પાચનક્રિયા પર અસર થાય છે. બરાબર પચે નહિ, કબજિયાત રહે, ઝાડા થાય, બિછાનામાં પેશાબ કરી જાય, કોઈવાર જીભ ઝલાય, ખીકણુ બની જાય, દમ જેવો વ્યાધિ થાય, હદ બહાર શરમાળ થાય, ધૂની થાય ને જાતીય વિકૃતિને કારણે નાનપણમાંથી જ શરીરે ચેતનહીન થઈ જાય.

જેમ શરીરમાં કંઈ રોગ થાય તો નિષ્ણાત ડૉક્ટરનો અભિપ્રાય લઈએ છીએ, તેવી જ રીતે માનસશાસ્ત્રના વિજ્ઞાને આપણને ચોખ્ખું બતાવી આપ્યું છે, કે ઘણીવાર શારીરિક કરતાં માનસિક રોગો ભયંકર હોય છે ને તેની ચિકિત્સા વહેલામાં વહેલી તકે કરવાની જરૂર છે. મા-બાપ કે જેમને ત્યાં 'દેવનાં દીધેલાં' બાળકો છે, આંગણું બાળકોથી ગુંજી રહ્યું છે, તેઓ બાળમાનસ પ્રત્યે બેદરકાર રહે તો તો એક ગુનો જ કર્યો કહેવાય ને? નહોતાં જાણતાં ત્યાંસુધી જુદી વાત છે, પરંતુ આંખ ઊઘડ્યા પછી બાળકમાં કંઈ પણ માનસિક વિકૃતિઓ આવે ને સમયસર ન ચેતે તો પછી માબાપ પોતાની ફરજ ચૂકયા જ કહેવાય. જે માનસશાસ્ત્રના અભ્યાસીઓ અને ડૉક્ટરો બાળકની માનસિક તપાસ શી રીતે કરે છે, ને કેવી રીતે તેમને સવાલ-જવાબ પૂછીને બાળકોનાં મન, તેમની વૃત્તિઓ, ઇચ્છાઓ, ઘૃણા, વેર, કે પ્રેમ વગેરે જાણી શકે છે; તેનો એક દાખલો આગાથા એચ. બાઉડેના પુસ્તકમાંથી આપી લેખ પૂરો કરીશ.

માનસશાસ્ત્રીઓ છોકરાંને એક ચિત્ર ચીતરવાનું કહે છે, છોકરો તેને ગમતું ચિત્ર કાઢે છે, જ્યારે એનું મન ચિત્ર કાઢવામાં સંપૂર્ણ હોય છે, ત્યારે તેનું જરા યે ધ્યાન ન ખેંચાય તેવી રીતે તેને સવાલો પૂછે છે. આ વખતે છોકરાનું જાગૃત મન ચિત્રમાં હોય છે. તે સમયે ઉપજાગૃત મનની સપાટી પરથી જવાબ આવે છે ને આજ મનના જવાબોથી તેની વૃત્તિઓ ને તેનાં કારણો ને ઉપાયો શોધી શકાય છે. કેવી જાતના સવાલો પુછાય છે તે સાધારણ રીતે જોઈ જઈએ.

(૧) એકવાર એક છોકરો હતો ને એક હતી છોકરી:-

ક: તેને શું કરવું ગમતું હતું?

ખ: તેને કોની સાથે રમવું ગમતું હતું?

ગ: તેને કોની સાથે રમવું ગમતું ન હતું?

(૨) આ છોકરો એકવાર એનાં માબાપ પાસે ગયો ને માબાપ ગુસ્સે થયાં.

ક: શું કામ ગુસ્સે થાય?

ખ: પછી શું થયું? છોકરાએ શું કર્યું?

ગ: એનો અંત કેમ આવ્યો?-

(૩) એકવાર મા ને બાપ વચ્ચે લડાઈ થઈ.

ક: તેઓ કોને માટે લડતાં હશે?

(૪) આ છોકરાને એક મિત્ર હતો. તે તેને બહુ ચાહતો હતો. તેણે તેના મિત્રને કહ્યું કે: 'એકવાર તું મારી સાથે આવ. હું તને કંઈક દેખાડીશ, પણ જોજે હો, તું કોઈને કહીશ નહિ; કારણકે તે ખાનગી છે.'

ક: એણે શું દેખાડ્યું?

ખ: કોનાથી ખાનગી હતું?

ગ: શું ખાનગી હતું?

(૫) એક દિવસે છોકરો બહુ જ ડરી ગયો.

ક: તે કેમ ડરી ગયો?

(૬) એક દિવસ એ છોકરાએ તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્રને એક વાત કહી.

ક : તે વાત સાચી હશે ?

ખ : તેણે શું કહ્યું હશે ?

(૭) તેણે એકવાર એવી જ રીતે માબાપને વાત કહી.

ક : શી વાત હશે ?

ખ : વાત સાચી હશે ?

(૮) આ છોકરો રાતના સૂઈ ગયો.

ક : તે શેનો વિચાર કરતોકરતો સૂતો હશે ?

ખ : તે ખૂબ રડ્યો તેનું શું કારણ હશે ?

ગ : સૂતા પછી એને શેનાં સ્વપ્નાં આવતાં હશે ?

ઘ : એ રાતમાં શાને કારણે જાગી જતો હશે ?

(૯) એક દિવસ રાતના સ્વપ્નામાં પરી આવી; ને પરીએ કહ્યું કે માગમાગ, માગે તે આપું.

ક : તે છોકરાએ શું માગ્યું હશે ?

ખ : તેને શું જોઈતું હશે ?

(૧૦) એને ખૂબ પૈસા મળી ગયા. હજારો રૂપિયા મળ્યા.

ક : તેણે એ રૂપિયાનું શું કર્યું હશે ?

ખ : એને પૈસા મળ્યા તે કેવું ગમ્યું હશે ?

(૧૧) આ વાર્તાનો અંત છે તેવો તેને ગમ્યો હશે ?

ક : ન ગમ્યો તો કેવો અંત ગમે ?

ખ : વાર્તામાં ખાસ શું ગમ્યું ?

ગ : વાર્તાનો છોકરો બરાબર તારા જેવો જ હતો ને ?

(૧૨) ઓહ, તેં ડ્રોઈંગ ચીતર્યું ?

ક : શું ચીતર્યું છે ?

ખ : આ ચિત્ર તને શેની યાદ આપે છે ?

ઉપરના સવાલો જોતાં ખાતરી થશે કે બાળક આમાં લગભગ એના મનમાં હોય તેવું બધું જ કહી દે તેવું છે. માબાપને જુઠું કહ્યું કે સાચું—જુઠું કેમ કહે છે ? એની ઇચ્છાઓ શી છે, પરી પાસે શું માગે ? માબાપને ચાહે છે કે નહિ ? પૈસા મળે તો કેવું લાગે ? કોના પર વાપરે કે કોના પર વેર કાઢે ? આવા સવાલ ને આવા અજાગૃત મન દ્વારા અપાયેલા જવાબો પરથી બાળમાનસ પર ઘણો જ પ્રકાશ પડી શકે ને તેના ઉપાયો પણ થઈ શકે. આ દાખલો તો આપણને સહેજ ખ્યાલ આવે માટે જ લીધો છે, બાકી તો આવી બીજી ઘણી યે પરીક્ષા છે કે જેનાથી માનસિક રોગોનું નિવારણ કરી શકાય છે.

પહેલેથી ચેતવું તે જ સારું. જેમ શારીરિક રોગ થવા જ ન દેવા તે ઉત્તમ છે; પરંતુ થાય તો ડૉક્ટરની મદદ લેવી જરૂરી છે તેમ જ બાળકનું આવું વિકૃત માનસ થઈ ન જાય તે માટે માતપિતાએ અને વાલીઓએ લક્ષ દેવાની ખાસ જરૂર છે, પરંતુ એ થઈ જ ગયું તો નિષ્ણાતો દ્વારા આના ઉપાયો પણ વહેલી તકે લેવા તેટલા જ જરૂરી છે; ને જૂના ખ્યાલો કે ધાક–ધમકી, અપમાન, ઘૃણા, કડવા શબ્દોથી બાળક સુધરશે તે ખ્યાલ જેટલા બને તેટલા વહેલા છોડીશું તેમાં જ આપણું, બાળકનું ને સમાજનું હિત છે.

★

એક હાથ જમીન માટે લોભ ન કરતો; તથા વિધવાની જમીનની હદ દબાવતો નહિ. તારી જરૂરિયાત જેટલું અન્ન મેળવવા માટે ખેતરમાં જઈને ખેતી કરજે; અને તારા પોતાના ખળામાંથી જ અનાજ પ્રાપ્ત કરજે. અન્યાયથી મેળવેલા પાંચ હજાર મણ કરતાં પરમેશ્વરની કૃપાથી તને મળેલ એક મણ પણ સારો છે. ભંડારમાં પડેલી સંપત્તિ કરતાં ઈશ્વરની નજરે સદ્‌વર્તનશીલ રહીને ભોગવેલી ગરીબાઈ વધુ ઇષ્ટ અને દુઃખમાં મળેલા ધન કરતાં, હૃદયમાં જ્યારે આનંદ હોય, ત્યારે પ્રાપ્ત થયેલ ચડા રોટલા સારા છે.

(મિસરના પ્રાચીન સાહિત્યનું એક સુભાષિત)

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીંટી

લેખક :
શ્રી 'ઊર્મિલ'

સોનાનાં ઘરેણાંમાં સ્ત્રી કે પુરુષ બંનેને ચાલી શકે એવી એક કોઈ ચીજ તે વીંટી. પ્રણયના પ્રતીક તરીકે હિંદ કરતાં વિદેશમાં તે વધુ સન્માન પામે છે. ચાલી આવતી ફેશનની આંધી સામે ભલે બીજાં ઘરેણાં નમી પડ્યાં હોય, એ એક ટક્કર ઝીલી શકી છે. મહાકવિ કાલિદાસના વિખ્યાત નાટક શાકુંતલમાં એણે મોટો ભાગ ભજવ્યો છે. એટલું જ નહિ, પ્રાચીન કાળમાં રાજકારણમાં પણ જેણે ગણનાપાત્ર હિસ્સો નોંધાવ્યો છે, એ વીંટીની આછી પિછાન લેખકે અહીં આપી છે.

શી આપણાં ઘરેણાંની વિપુલતા! એમને ગણીશું? કડલાં-સાંકળાં, અંગૂઠીઓ, ખંગડીઓ, પાટલા, પહોંચી, કડાં-આમળિયાં, માદળિયું, લોકીટ, મોહનમાળા, મગમાળા, હાર, અછોડો, કંદોરો, પહોંચા, દામણી, લોરિયાં-એરિંગ, નથની, છેલકાંટો, ખૂટબાવડી, ચિપિયાં વગેરે.

આમ 'વગેરે વગેરે' લખી નાખ્યું એટલે બાકી રહેલાં ઘરેણાંનો સમાવેશ એમાં થઈ જાય. પણ એક ઘરેણું તો એવું છે કે જેનો ઉલ્લેખ કરવો જ પડશે. એ ઘરેણાંનું નામ છે વીંટી.

વીંટીની ગણના ઝવેરાતમાં થાય છે. પ્રમાણમાં તે નાજુક યા નાની હોઈ મોટાં ઘરેણાંમાં તેનું અસ્તિત્વ ભલે છુપાઈ રહેતું હોય, તેના વાસ્તવિક તેમ તેના અલૌકિક ગુણોની પરખ અધિક જનતાને ભલે ન હોય, પણ એ નાનાશા ઘરેણાના જીવનઈતિહાસથી એટલું તો સિદ્ધ જ છે કે નિજ અસાધારણ ગુણોને કારણે એ તો અમરત્વની અધિકારિણી છે.

વીંટીનો સર્વથી વિચિત્ર ગુણ એ છે, કે તે પ્રત્યેક દેશમાં પ્રત્યેક જાતિ અને પ્રત્યેક સમાજના માનવીને નિજ પ્રેમપાશમાં બાંધી શકે છે. સારું યે જગત એના પર મુગ્ધ છે. સર્વે એ પોતાના સમાજમાં એને ઉચ્ચ સ્થાન આપી મૂક્યું છે. આધુનિક યુગમાં પણ અન્ય ઘરેણાંની જેમ એનો પ્રચાર અને વ્યવહાર કેવળ સ્ત્રીઓ સુધી સીમિત નથી. સ્ત્રી અને પુરુષ ઉભય એનાં સમાન પ્રેમી છે. પુરુષોના જૂઠા ગર્વને નષ્ટ કરી વીંટીએ સાબિત કર્યું છે, કે પુરુષો પણ ઝવેરાત-પ્રેમી છે. કેટલાંક સ્ત્રી-પુરુષો તો એને એકથી વધુ સંખ્યામાં પહેરવાથી પણ તૃપ્ત થતાં નથી.

આપણા ગુજરાતી સાહિત્યમાં સાહિત્યના એક મહત્ત્વપૂર્ણ અંગ બની રહેલ એ ઘરેણા તરફ બહુ જ ઓછા લેખકોએ ધ્યાન આપ્યું છે. પરંતુ હિંદી સાહિત્યમાં શ્રીમતી બહેન ચંદ્રાવતી ત્રિપાઠી (એમ. એ.) એ એના પર એક સુંદર વિસ્તૃત નિબંધ લખ્યો છે. એમના મંતવ્યાનુસાર વીંટી કદે લઘુ અને શરીરે દુર્બળ હોવા છતાં તેનું વ્યક્તિત્વ અસાધારણ છે, તે અનુપમ શક્તિશાળી હોઈ બળવાન આત્મા ધરાવે છે અને એ કારણે એવી જ ઝવેરાત-ઘરેણાંની કટ્ટર દુશ્મન ફેશનનો એ યથાર્થ સામનો કરી શકી છે. પોતાની એ પ્રબળ શત્રુ-ફેશનને સફળતાપૂર્વક એણે પરાસ્ત કરી છે. ઘરેણાંનો ઈતિહાસ તપાસીશું તો પ્રતીત થશે, કે ફેશનના ક્રૂર પંજામાં ફસાઈ અત્યારસુધીમાં અનેક ઘરેણાંએ પોતાનું સ્વરૂપ તો શું પણ પોતાનું અસ્તિત્વ જ ગુમાવી દીધું છે. કેટલાંક વિકૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની રહ્યાં છે તો કેટલાંકનું નામમાત્ર અવશેષરૂપ છે. મગમાળા, મોહનમાળા, રાયસાંકળી, કંઠો, ચંપાકલી આદિને સ્થાને આજે નેકલેસ યા ચંદ્રહાર છેઃ કંકણ, પહોંચી કડાં, આમળિયાં આદિના સ્થાને આજે બ્રેસલેટની બોલબાલા છે. આ રીતે પગ, મસ્તક, કાન, નાક વગેરે અંગો પર પહેરવાનાં ઘરેણાંમાં પણ પરિવર્તન થઈ રહ્યું છે; પરંતુ ધન્ય છે એ વીંટીને કે ફેશનના નિષ્ઠુર આઘાતોથી તે પોતાને પૂરી સફળતાથી બચાવી શકી છે. પરાપૂર્વથી ચાલી આવવા છતાં એ નિત્યનવીન છે. સર્વથી અધિક પ્રચલિત હોઈ સર્વને પ્રિય છે. તેને પહેરવાનું સ્થાન અને લાલસા હજુ ય પૂર્વવત્ છે. વીંટી એ તો વીંટી જ બની રહેલ છે. ગરીબથી માંડી અમીર સુધી, બાળકથી માંડી વૃદ્ધ સુધી, ગામડિયાથી માંડી સુશિક્ષિત સંસ્કારવાંચ્છુ સાક્ષરવર્ય સુધી સર્વ એનાં અનન્ય પ્રેમી છે. ઘરેણાંના ઉગ્ર વિરોધી અતિ આધુનિક નવીનતાના પ્રેમીઓ પણ તેના તો સાચા ભક્ત છે. ખરેખર એના જેવાં સન્માન અને પ્રેમ અન્ય કોઈ ઘરેણાને પ્રાપ્ત થયાં નથી.

વીંટીનો સર્વશ્રેષ્ઠ ગુણ છે એની અદ્ભુત આકર્ષણશક્તિ. મનોવિજ્ઞાનની જાણે એ પૂર્ણ જ્ઞાતા છે. કઠોર ધાતુથી નિર્મિત એવા આપણા નિર્જીવ શરીરમાં પણ પોતાના નાના શા આકારમાં માનવહૃદયની ગૂઢતમ સુકુમાર ભાવનાઓને કેન્દ્રિત કરવાની એનામાં અપાર કુશળતા છે. એના આ ગુણને લીધે જ લગ્ન જેવા પવિત્ર અવસરે એનું અધિક મહત્ત્વ છે. વિભિન્ન હૃદયોના એકીકરણનું કે આત્મસમર્પણનું એ સુંદર પ્રણયચિહ્ન છે. બે અપરિચિત મુગ્ધ હૃદયોનો એ તો જાણે મૂંગો પ્રેમાલાપ છે! ભાવપ્રકાશનની જાણે અર્થપૂર્ણ સંકેતમયી ભાષા છે! લગ્નવિષયક મહત્ત્વ સિવાય અન્ય

૮

અવસરો યે પણ એનું મહત્ત્વ ઓછું નથી. પરોપકાર અને માનરક્ષણ તો એનું પ્રધાન કર્તવ્ય છે. સમય આવે સર્વ કોઈને એ સહજમાં ઉપયોગમાં આવી શકે છે. પ્રત્યેક વસ્તુ માટે એ બહુ જ અનુરૂપ ઉપહાર બની રહે છે. વિરહીજનો વાસ્તે શાંતિ મેળવવામાં એ સુખદ અવલંબન છે. એની પ્રકૃતિ મહા ક્રીડાશીલ તેમ જ વિનોદપ્રિય પણ છે. અન્યનાં ગૂઢ રહસ્યો ખોલવામાં એને જાણે ખૂબ મજા આવે છે. દંપતીનો શાંતિભંગ કરવાનો તેને ખાસ શોખ છે. પ્રેમની પરીક્ષા કરવા તેમ જ તેને દઢ કરવા તે બે પ્રેમીઓનો વિયોગ કરાવે છે.

વીંટીના આ બધા ગુણોથી તથા તેની મોહિની શક્તિથી મુગ્ધ થઈને ભાવનાઓના સાચા પારખુ કવિવર્યોએ પણ ઘરેણાંમાં એક માત્ર એને જ પોતાનાં સર્જનોમાં મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું છે. પ્રાચ્ય અને પાશ્ચાત્ય બન્ને ય દેશોના સાહિત્યમાં આપણને તેનાં ઉદાહરણ મળે છે. સંસ્કૃતના મહાકવિ કાલિદાસના વિશ્વવિખ્યાત અભિજ્ઞાનશાકુન્તલ નાટકમાં વીંટીને જે મહત્તા અપાઈ છે તે કોઈથી અજાણી નથી. નાટકની ઘટનાઓને તીવ્રતમ સ્થિતિએ પહોંચાડનાર, સંયોગદશા ઉપસ્થિત થવા છતાં પણ વિયોગ કરાવનાર અને અંતમાં દુઃખાન્ત થવા જતા નાટકને સુખાન્ત બનાવનાર એકમાત્ર એ વીંટી જ છે. વીંટીની કાલ્પનિક કથાને કાઢી લેતાં શાકુન્તલમાં કાંઈ પણ નહિ રહે. શકુંતલા નથી અપ્સરા કે નથી માનવ. જેને પોતાની માતાના ઉછેરનો લાભ મળ્યો નથી, એવી એ તો છે અપ્સરાપુત્રી. પૌરાણિક સમયમાં ગાંધર્વવિવાહ પણ ધર્મ્ય વિવાહોમાંનો એક હોઈ તે સમયની શકુન્તલા કણ્વ પાછા આવી જાય તેની વાટ ન જોતાં તેને સ્વીકારી લે છે; અને કણ્વ પણ આવતાં એણે કરેલો સંબંધ ધર્મ્ય માને છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ તેના ગર્ભને પણ અગ્નિ શો પવિત્ર માની તેને સાસરે વળાવે છે. દરમિયાન હૈયા-સૂની શકુન્તલા પૂજ્ય પુરુષ દુર્વાસાનો ‘ જા હૈશ યાદ પણ ભૂલી જશે તને એ ’ એવો શાપ પામી ચૂકેલી છે. પ્રિયંવદાની આજીજી-થી સદ્‌ભાગ્યે દુર્વાસાએ ‘ મારું વચન તો ન ફરે પણ અભિજ્ઞાનાભરણનું દર્શન થતાં શાપ છૂટી જશે. ’ એવું વચન આપ્યું હતું. આ ‘ અભિજ્ઞાનાભરણ ’નું સ્થાન કવિએ વીંટીને આપ્યું છે. સાક્ષરશ્રી બ. ક. ઠાકોર-ના શબ્દોમાં કહીએ તો ‘ વ્હાલનો ઊભરો ’ વ્યક્ત કરનારી એ વીંટી રાજા જતી વખતે શકુન્તલાને પહેરાવતો ગયો હતો. ગર્ભવતી-ના છેલ્લા દિવસોમાં આંગળીઓ છેક પાતળી પડી જતી હોઈ, તેમાં પહેરેલી એ વીંટી શકુન્તલાના સ્નાન દરમિયાન ખબર ન પડે એમ પાણીમાં સરી પડી હતી અને તેને માંસનો ગલ ધારીને એક મચ્છ ગળી ગયો હતો. વીંટી વગરની શકુન્તલાને શાપાનુસાર રાજા દુષ્યન્ત અવગણે છે ને શકુન્તલા બાપ-ડીને ધરતી પર પગ મૂકવા જેટલું પણ સ્થાન રહેતું નથી. કાલક્રમે મત્સ્યના પેટમાં-થી વીંટી મળી આવવાનો વિરલ બનાવ બનતાં પશ્ચાત્તાપ અને વિરહતાપમાં તપી અણિશુદ્ધ બનેલો રાજા; અને સ્વર્ગકાંઠે પ્રજાપતિ મારીચના સિદ્ધાશ્રમના સાંગોપાંગ પવિત્ર વાતાવરણમાં વસીને નિર્મળ, સૌમ્ય, સાત્ત્વિક અને તેજસ્વી બનેલી શકુન્તલાનું મિલન થાય છે અને નાટક સુખાન્ત બની રહે છે. નાટકમાં કવિની પ્રતિભાનો વિકાસ થવામાં મૂળ આધાર આમ એક કેવળ વીંટી જ પ્રતીત થાય છે.

સંસ્કૃતના અન્ય નાટ્યકાર વિશાખદત્ત કૃત ‘ મુદ્રારાક્ષસ ’ નાટકમાં પણ વીંટી જ એક પ્રકારે સમસ્ત ઘટનાઓની સૂત્રધાર બની ગઈ છે. રાક્ષસ મંત્રીની નામાંકિત વીંટી પ્રાપ્ત થતાં ચાણક્ય જાલીપત્ર તૈયાર કરે છે અને તે પર તે વીંટીની મહોર-છાપ કરી શત્રુઓમાં ભેદનું બીજ રોપવામાં સફળ નીવડે છે. પરિણામે સમસ્ત ઘટનાઓ રાક્ષસના વિરુદ્ધમાં અને ચાણક્યના પક્ષમાં પરિણમે છે. અને અંતે રાક્ષસ પણ પકડાય છે. આમ ચાણક્ય અને રાક્ષસને સફળતા અને વિફળ-તાની રમત કેવળ એક વીંટી જ રમાડે છે!

આદિ કવિ વાલ્મિકી તથા હિંદી કવિ તુલસીદાસના શ્રી રામચંદ્ર પણ વન જતી વખતે સમસ્ત ઐશ્વર્યનો નિઃસ્પૃહ ભાવે પરિ-ત્યાગ કરે છે, પરંતુ એકમાત્ર વીંટીનો મોહ તે ત્યાગી શકતા નથી. ચૂપચાપ તેને તે સાથે જ લઈ લે છે. અવસર આવે એ વીંટી રામના કોમળ અને સુખદ સ્પર્શસુખને ત્યજી હનુમાન દ્વારા વિયોગિની સીતાની શાંતિનું સાધન બને છે.

ઘણી જ ખૂબીથી હનુમાનજી સીતાને તેમની સ્થિતિનું જ્ઞાન કરાવી શ્રીરામની વિરહાવસ્થાનો પણ પરિચય કરાવી દેતી વખતે તેઓ કહે છેઃ

‘ તુમ પુછત કહિ મુદ્રિ કે, મૌન હોત યહિ નામ,
કંકન કી પદવી દઈ તુમ બિનયા કહઁ રામ. ’

‘ માતાજી ! તમે તેને મુદ્રિકા નામથી સંબોધન કરીને પૂછ્યું તેથી તે મૂક બની રહી છે. તમારા વિયોગમાં શ્રીરામે તો તેને કંકણની પદવી આપી છે. શ્રીરામ તમારા વિયોગના કારણે એટલા દુર્બળ થઈ ગયા છે, કે તેઓ તેને કંકણની જેમ પહેરે છે! આમ મુઁદરી તો પોતાને હવે કંકણ સમજતી હોઈ તમે તેને મુઁદરી કહી સંબોધો પછી તે શાની બોલે ? ’

અંગ્રેજીના મહાકવિ શેક્સપિયરે પણ પોતાના ‘ મર્ચન્ટ ઑફ વેનિસ ’ નામક નાટક-માં અદાલતની કાર્યવાહી પછી વીંટીની અંતઃકથાને જ કલ્પીને દુઃખદ થતા નાટકનો અંત સુખદ બનાવ્યો છે. અદાલતના દશ્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાયલૉક દ્વારા ઍન્ટોનિયોના હૃદયમાંથી એક પૌંડ માંસ લેવાની હઠથી જનતા કંપી ઊઠે છે. સમસ્ત ઘટનાઓ તથા દૃશ્યના વાતાવરણે પાઠકોની ભાવનાઓને ઉદ્દીપ્ત કરી, કવિ તેમને પ્રથમ તો અશાંત કરી મૂકે છે. પણ વીંટીની કલ્પનાથી કવિ ક્ષણભરમાં સારું યે વાતાવરણ પલટાવી નાખે છે. બૅરિસ્ટરના વેશમાં આવીને પોર્શિયા પોતાના અકથ્ય તર્કોના બળે ઍન્ટોનિયોના પ્રાણ બચાવી લે છે, એ સમયે તે અને તેના કલાર્ક-ના વેશમાં નેરિસા બેસેનિયો અને ગ્રેશિયાનો પાસેથી કૃતજ્ઞતાના ચિહ્નરૂપમાં વીંટી જ લે છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરના સર્જનમાંથી પણ એક ઉદાહરણ જોઈએ. ‘શેષેર કવિતા’ નામક કૃતિમાં વીંટીની અંતઃકથાની સૃષ્ટિ ખડી કરી એક લક્ષ્ય તરફ વધતી ઘટનાઓનો પ્રવાહ એકદમ બદલી નાખ્યો છે નાયક અમિત પોતાની પ્રેયસી કેતકીને એક દિવસ શુભ મુહૂર્તમાં પ્રેમચિહ્નના રૂપમાં વીંટી આપે છે. કાલાંતરમાં તેનો પ્રેમ તેના તરફ ઓછો થતાં તે લાવણ્ય નામક એક અન્ય બાળા સાથે પ્રેમ અનુભવે છે. બંનેનાં લગ્નની તિથિ પણ નક્કી થાય છે. આ બધું જાણી પૂર્વવત્ સ્થિતિમાં જ પ્રેમાનુભવ અનુભવતી કેતકી ખૂબ વ્યથા પામે છે અને અમિતે આપેલી વીંટીને લઈ તે બંનેની સમક્ષ ઉપસ્થિત થઈ પ્રેમનો દાવો કરી રહે છે. એ પ્રેમચિહ્નથી પણ અમિતને તેનો વિચાર બદલાવવામાં કેતકી અસમર્થ બને છે, ત્યારે બિચારી તે વીંટીને ત્યાં જ મૂકીને રુદન કરતી રહે છે. અમિતાને તો એની ખાસ અસર થઈ હોય એમ જણાતું નથી, પણ લાવણ્ય એથી એટલી પ્રભાન્વિત બની રહે છે કે અંતે એ અમિતને ત્યજી દઈ અન્ય સાથે જ લગ્ન કરે છે. પરિણામે કેતકી–અમિતનાં લગ્ન શક્ય બને છે. આમ કેવળ એક વીંટીના કારણે સારી યે ઘટનાઓ ક્ષણભરમાં બદલાઈ જાય છે.

આ ઉપરાંત રાજકારણ જેવા નીરસ જીવનમાં પણ વીંટી લોકપ્રિય છે. રાજનીતિની કુટિલ રમતોમાં વીંટીનો પણ હાથ હતો. પ્રાચીન કાળમાં રાજાઓની સત્તાની નિર્દેશિકા તરીકે વીંટી જ રહેતી હતી. ભારતના ઇતિહાસની અનેક કથાઓમાં તેનો મુખ્ય ભાગ છે. વિશેષ કરીને રાજા–રાણીઓ યા રાજકુમારીઓ શત્રુના અપમાનથી બચવાને નિમિત્તે વીંટીના નંગની ઓટમાં વિષ છુપાવી રાખતી અને સમય આવતાં તેને ચૂસી પોતાના ધર્મનું તેમ ગૌરવનું રક્ષણ કરતી. આ રીતે વીંટીના જીવનઇતિહાસનાં પૃષ્ઠો જોતાં તો કહી શકાય કે વીંટી તો અનંત યૌવના છે. અખંડ રહે એનું સૌભાગ્ય !

★

ભગવાન રમણ મહર્ષિજીની તિતિક્ષા અનુપમ હતી. તેઓશ્રી એક દિવસ પહાડ ઊતરીને નીચે આવ્યા અને થોડુંક ફરીને એક નવે માર્ગે પહાડ પર ચડવા લાગ્યા. એ માર્ગ તદ્દન નવો હતો અને ત્યાં કોઈની અવરજવર થયેલી ન હતી. માર્ગમાં એક ઝાડીમાં મધમાખીઓએ મધપૂડો બનાવ્યો હતો. પોતે થાકેલા હોવાથી ભગવાનને તે દેખાયો નહિ એટલે તેમની ડાબી જાંઘ મધપૂડા સાથે અથડાઈ. ચાર ડગલાં યે આગળ ચાલ્યા નહિ હોય ત્યાં તો માખીઓ તેમને ઘેરી વળી અને પેલી ડાબી જાંઘ પર વળગી પડી ડંખવા લાગી. એ વખતની પીડાનું તો પૂછવું જ શું ?

ભગવાને કહ્યું કે ‘જાંઘે અપરાધ કર્યો માટે તેને એનું ફળ જરૂર મળવું જોઈએ.’ માખીઓ કંઈ થોડું સમજતી હતી કે ક્ષમા ઉત્તમ ગુણ છે ? મધમાખીઓ ડંખીડંખીને થાકી ગઈ અને ઊડી ગઈ ત્યારે જ ભગવાન ત્યાંથી ઊઠ્યા. ડંખથી આખી જાંઘ પર છાલાં પડી ગયાં અને પગ સૂજીને થાંભલા જેવો થઈ ગયો.

—‘શ્રી રમણચરિતામૃત’માંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્મોહી

રૂપાન્તરકાર :
શ્રી તારાચંદ પો. અડાલજા

'આપની ગેરહાજરીથી આપણા પક્ષને ખૂબ સહન કરવું પડશે.'

એ સજ્જન એવા દેશમાં વસતા હતા, જ્યાં ભિન્નભિન્ન પક્ષો અસ્તિત્વમાં હતા. આ દેશનું શાસન પણ પક્ષ ઉપર અવલંબે છે અને આવા પક્ષનો આધાર એવી વિશિષ્ટ પ્રકારની વ્યક્તિઓ ઉપર હોય છે, જે પોતાની વક્તૃત્વશક્તિથી જનતા ઉપર પ્રભાવ પાડવા સમર્થ હોય. આવો પક્ષ, પાર્ટી કે દળ એવા જ પુરુષને પક્ષનો પ્રમુખ બનાવે છે, કે જે પોતાની યોગ્યતાથી ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરી શકે.

તે દિવસે એ પ્રખ્યાત પક્ષના મુખ્ય નેતાઓની ખાનગી સભા મળી હતી. પ્રમુખશ્રીએ સૂચના આપી દીધી હતી, કે પોતે ભારતદેશ જનાર છે, અને કદાચ પોતે પાછા ન પણ ફરે! ચૂંટણીનો સમય નજીકમાં હતો. પ્રચારકાર્ય શરૂ થઈ ચૂક્યું હતું. એવી આશા સેવવામાં આવતી હતી, કે આ વખતે તો ચૂંટણીમાં આ પક્ષની બહુમતી થશે અને મંત્રીમંડળ બનાવવાનો અવસર સાંપડશે. જેના ઉપર આ બધાનો મદાર છે—જે પ્રધાન મંત્રીપદ પ્રાપ્ત કરે તેમ છે, એ તો અલગ થવાની વાત કરે છે! નેતાઓમાં ખળભળાટ અને વ્યાકુળતા વ્યાપી ગઈ છે. તેઓ કહી રહ્યા છે: 'આપ ચૂંટણી પછી ભારતદેશમાં પધારો તો ત્યાં અધિક સન્માન અને સગવડ આપને પ્રાપ્ત થશે.'

પ્રમુખશ્રી કહે છે: 'હું એ સારી પેઠે સમજું છું. કોઈ પણ દેશનો પ્રધાનમંત્રી બીજા દેશમાં સંપૂર્ણ સન્માનનો અધિકારી બને છે. આપણો દેશ તો પ્રથમ વર્ગનું રાષ્ટ્ર છે. ભારત સાથે આપણો સંબંધ પણ અતિ મિત્રતાભર્યો છે. વળી ચૂંટણીમાં આપણા પક્ષનો વિજય થશે એમાં પણ મને શંકા નથી.'

પ્રમુખનો સ્વર ગંભીર બનતો ગયો. ટેબલ ઉપર ટેકવેલા—મુઠ્ઠી વાળેલા પોતાના હાથ ઉપર તેની નજર સ્થિર બની હતી. તેણે આગળ ચલાવ્યું: 'પરંતુ મારું કાર્ય અત્યારે પણ ખૂબ દુર્ઘટ બની ગયું છે. ભારતમાં હું જવા માગું છું તે માનપાન પામવા માટે નહિ, પરંતુ ત્યાંના કોઈ મહાપુરુષના ચરણે બેસીને શાંતિ પામવા માટે.'

'આપને અશાંતિ શાની? કલેશ કેવો? ચૂંટણીનો સમય આપ ધારો તો સ્થગિત કરી શકો છો—આપ રેડિયો ઉપર ભાષણ કરો એટલી જ વાર.'

નેતાઓને પોતાના ભવિષ્યની ચિંતા વળગી છે. જો પ્રમુખ રોકાઈ જાય તો બાકીની દોડધામ તો તેઓ પોતે કરી લે. વસ્તુસ્થિતિ એવી હતી, કે ગયા વર્ષથી પ્રમુખની રુચિ દાર્શનિક ગ્રંથો તરફ વધતી જતી હતી. તે ભારતદેશનો પ્રશંસક બની ગયો હતો, અને વધારે ભાગે તેની આવી પ્રશંસા તેના સહકર્મીઓને અરુચિકર થઈ પડતી હતી; છતાંય તેની યોગ્યતા, મૃદુતા, ઉદારતા અને સહિષ્ણુતાથી તેઓ તેને વશ બન્યા હતા. સહયોગી ઉપર ચિડાવાનું તે શીખ્યો જ નહોતો. તેની એકાંતપ્રિયતા ધીરેધીરે વધતી જ ગઈ અને જો ચૂંટણીનો સમય સામે આવીને ઊભો ન હોત તો એ પક્ષે બીજા કોઈને પ્રમુખપદની ખુરશી આપવાનો પ્રયત્ન કરી દીધો હોત; પરંતુ અત્યારે એટલો સમય નહોતો.

પ્રમુખ મહાશયે મસ્તક ઊંચું કરીને ઉત્તર આપ્યો: 'મારી અશાંતિ તમે સમજો છો તે પ્રકારની નથી. આ સભાઓ, આ માનવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેઠની, આ પ્રશંસા અને આ સન્માન જ મને અશાંતિ આપે છે. હું એવા સ્થળમાં રહેવા માગું છું, કે જ્યાં મને કોઈ ન ઓળખે અને જ્યાં મને અંતરની શાંતિ મળે.'

'તો પછી આપ થોડાં અઠવાડિયાં સુધી ક્યાંક એકાંતવાસ સેવો,' એક નેતાએ સૂચવ્યું, મારો 'ગ્રામનિવાસ' તે માટે ઉપયોગી થઈ પડશે.'

'પરંતુ એકાંતમાંથી પુનઃ આ કોલાહલમાં હું આવવા માગતો નથી તેનું શું ?' કેટલાકને સંપત્તિ અથવા સન્માનનું પણ અજીર્ણ થઈ શકે એ વાત સાધારણ મગજમાં ઊતરે પણ ક્યાંથી ? 'માત્ર ભીડથી એકાંત જોઈએ છીએ એમ નાહ-મારા શરીરથી પણ મને એકાંત જોઈએ છીએ. મને પૂર્ણ શાંતિ બોલાવી રહી છે અને ભારત સિવાય બીજું કોઈ સ્થાન હું નથી જોતો, જ્યાં તેનાં દ્વાર સુધી પહોંચાડનાર માર્ગદર્શક પ્રાપ્ત થઈ શકે !'

'ભારતમાં એક સામાન્ય અંગ્રેજનું હવે એટલું સન્માન નથી જેટલું તે પહેલાં હતું. ત્યાંના સાધુ કદાચ આપનો સ્પર્શ પણ પસંદ નહિ કરે; અને વળી પરિવાર સાથે તો એમના આશ્રમમાં તમે નહિ જ રહી શકો,' બોલનારે પોતાના બીજા સાથીઓ તરફ કટાક્ષભરી નજર ફેંકી.

'ભારત વિષે મેં ખૂબ અભ્યાસ કર્યો છે, અને ભારતના પ્રતિનિધિ સભ્યો પાસેથી કેટલીક માહિતી પણ મને મળી છે. હું એકલો જ ત્યાં જઈ રહ્યો છું. એક ભારતીય જળનૌકામાં મારા માટે જગ્યા પણ મળી ગઈ છે, એટલે માર્ગમાં પણ ઘણું જાણી લઈ શકીશ !'

'એકલા ?' નેતાઓ વિચારમાં પડ્યા- સદાને માટે ભારત જનાર પોતાની સ્ત્રી અને બાળકોને કોના આધારે છોડી જતો હશે ?

પ્રમુખના મુખમાંથી ભાવપૂર્ણ વાણી વહેવા લાગી: 'તમે એ કેમ ભૂલી જાઓ છો કે પ્રભુ ઈસાએ કહ્યું છે કે પરમાત્માના નિવાસનું દ્વાર એટલું મોટું નથી કે તેમાં ભીડ સાથે પ્રવેશ કરી શકાય. મારી પત્ની એલીસ માટે બેંકમાં પૂરતી સંપત્તિ જમા છે. ગઈ કાલે જ એ બધી મેં તેના નામ ઉપર કરી દીધી છે. બાળકો ઉપર તેનો પ્રેમ છે અને તેમના શિક્ષણ પ્રત્યે મારા કરતાં વધારે ધ્યાન તે આપે છે.'

'ત્યારે શું તમે તમારા પૌંડને ભારતીય સિક્કામાં ત્યાં મેળવવાની કંઈ વ્યવસ્થા કરી નથી ?' પૂછનારને લાગ્યું, કે આવી રીતે સ્ત્રીને બધી સંપત્તિ આપી દેનાર આ તે કેવો વિચિત્ર પુરુષ છે ?

'થોડાક સિક્કા હું ત્યાં મેળવી શકીશ,' પ્રમુખે સ્મિત કરતાં કહ્યું, 'જ્યાં જઈ રહેવું હોય એ દેશને અનુકૂળ જીવન બનાવ્યા વિના ત્યાંનો નૈતિક લાભ નથી મેળવી શકાતો.'

નેતાઓ વિચારવા લાગ્યા, 'જેને સ્ત્રી તથા બાળકોની કે ખુદ પોતાની પણ પરવા ન હોય એની પાસેથી બીજાઓ અને સંસ્થાઓ શી આશા રાખી શકે ?'

[૨]

'હું વાદવિવાદમાં નહિ ઊતરું. સંભવ છે કે, હું ભૂલ કરતો હોઈશ; પરંતુ કેવળ તર્કથી સમર્થિત ન થવાના કારણે જ મારો નિશ્ચય હું ત્યાગી શકતો નથી.'

જળનૌકામાં વધારે ભાગે ભારતીય મુસાફરો હતા. કેટલાક બંગાળી, કેટલાક મદ્રાસી અને કેટલાક બીજા પ્રાંતોના; તોપણ એમાંના બહુ જ થોડાએ ભારતીય પોશાક પહેર્યો હતો. વધારે ભાગના તો યુરોપિયન વેશમાં સજ્જ બન્યા હતા. તેમને ધોતી, કુડતું પહેરીને ઉઘાડા માથે ભારતદેશમાં આવનાર આ અંગ્રેજ બહુ જ વિચિત્ર લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ અંગ્રેજ આસપાસ બીજા મુસાફરો-ની ભીડ જામતી હતી. તે શુદ્ધ હિંદી બોલતો અને ભાંગ્યું-તૂટયું સંસ્કૃત પણ. મુસાફરો વિચારતા: ' આજ જ્યારે વિશ્વ પ્રગતિના નવા પ્રકાશમાં વિચરી રહ્યું છે, ત્યારે આ વળી કોઈ ધર્મ અને બ્રહ્મનો પુરાણો પાગલ ફૂટી નીકળ્યો છે !' એની પાસે બધાયની દલીલોનો એક જ ઉત્તર હતો અને તે મૌન ! એ કોઈની સાથે તકરારમાં ઊતરતો નથી.

એનું સાફ માથું અને એ માથા ઉપર મોટી ચોટલી ન હોત તો તો લોકો એને જરૂર ઓળખી જાત. આટલી બધી પ્રસિદ્ધ વ્યક્તિને પોતાની વચમાં જોઈને સૌને આશ્ચર્ય પણ થાત. પરંતુ પૂછવા જતાં પણ એ પોતાનો પરિચય ક્યાં આપે છે ? એણે પોતાનું ભારતીય નામ ' સત્યશરણ ' રાખ્યું છે અને વહાણનો કપ્તાન પણ કોઈને એનો પરિચય આપતો નથી. એ અંગ્રેજે પોતાનો પાસપોર્ટ પણ ' સત્યશરણ 'ના નામથી તૈયાર કરાવી લીધો છે.

'આપને ભારતના કોઈ આશ્રમમાં આટલી છૂટથી શુદ્ધ માખણ અને પૂરતાં ફળ હમેશાં મળવાં મુશ્કેલ થશે. ' મુસાફરો અંદર-અંદર ટીકા કરે છે, કે પોતે ગયા વર્ષમાં સાદા ખોરાક ઉપર નિભાવ કર્યો છે તો પછી હમણાં આ માખણ ને ફળ ઉપર રહેવાનો આડંબર શા માટે ? કેટલાયને બીજાના સંયમમાં સદા ય દંભ જ દેખાય છે. સંયમની મશ્કરી એ આજે ગૌરવની વસ્તુ થઈ પડી છે. એ યુરોપિયનને ચીડવવામાં એના ઉપર આક્ષેપ કરવામાં લોકોને એક પ્રકારનો આનંદ થાય છે.

' ત્યાં તો રોટી, ચાવલ, શાક અને દૂધ-આ વસ્તુઓ મારા આહાર માટે અનુકૂળ થશે. ' ક્ષુબ્ધ બનવાનું એ શીખ્યો જ ન હોય તેમ તેણે ઉત્તર વાળ્યો: ' અહીં તો પરવશતાને લીધે ડબ્બામાં જમાવેલું દૂધ લેવું પડે છે.' એ એવો જવાબ આપતો હતો, કે જાણે એ કાયમ ભારતીય આહાર કરતો આવ્યો હોય અને એના સ્મરણથી એના લક્ષમાં અનુકૂળતા જ આવતી હોય !

' આવી નાની ઓરડીમાં ગોંધાઈ રહેતાં આપને કંટાળો આવતો નથી ?' મુસાફરો એમને પૂછે છે. એમને તો પોતાની ઓરડી-માંથી બહાર નીકળવાની ઇચ્છા ક્વચિત જ થાય છે; પરંતુ બીજાઓને તેની પાસે આવ્યા વગર ચાલતું નથી તેનું શું ?

'આજના નૃત્યમાં આપે મને સાથ આપવો પડશે.' એક યુવતી આમંત્રણ આપે છે. યુરોપથી પાછા ફરતાં પણ ત્યાંનાં સ્ત્રી-પુરુષોનું સમૂહનૃત્ય ત્યાંના જ આચાર સાથે ભારતીય તરુણોએ અપનાવી લીધું છે.

' દિલગીર છું કે હું આપને સાથ નહિ આપી શકું,' તેણે નમ્રતાપૂર્વક એ દરખાસ્ત નામંજૂર કરી. ' મારી પાસે વાંચવા-લખવાનું એટલું બધું કામ છે કે મને ફુરસદ મળતી નથી. ભારત પહોંચ્યા પહેલાં જ આ પુસ્તકો મારે પૂરાં કરવાં છે.'

' આ પુસ્તકો !' ભારતીય દર્શન તથા યોગગ્રંથોના એ અનુવાદો છે, એ તો સૌના જાણવામાં આવી ચૂક્યું હતું. ' આપ સદીઓ પહેલાંના પુરાણા વિચારો પાછળ કાં દોરવાઈ જાઓ છો ?' પેલી યુવતીએ કટાક્ષ કર્યો.

' એટલા માટે કે હું પોતે વૃદ્ધ બનતો જઉં છું અને પુરાતન 'સત્યની શોધ એ જ મારો પ્રિય વિષય છે.' કંઈપણ ડોળ કર્યા વગર તેણે ઉત્તર આપ્યો.

' અમે તો આજે આવી ભાવનાઓથી મુક્ત બન્યાં છીએ.' યુવતી હાલની ભારતીય પ્રવૃત્તિ તરફ નિર્દેશ કરી રહી હતી.

' વિશ્વનું-માનવનું એ દુર્ભાગ્ય !' એ અંગ્રેજ દીર્ઘ નિશ્વાસ નાખીને મસ્તક નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાળ્યું. 'જ્યાંથી પ્રકાશ મેળવવાની આશા છે ત્યાં જ અંધકારનું આગમન થવા માંડ્યું છે!' એ ધીરેધીરે ગણગણ્યો. એ સ્ત્રીએ આ શબ્દો સાંભળી લીધા જ હશે; નહિ તો એ અપમાનિતની પેઠે રોષપૂર્વક ત્યાંથી ચાલી ન જાત. પોતાના સાથીએ તેને રોકવા માંડી ત્યારે તો એણે જરૂર રોકાઈ જવું જોઈતું હતું.

ઓરડીમાંથી બહાર નીકળતાં તેના સાથી-તરુણે તેને સમજાવવા માંડી, 'એ તો પાગલ છે!'

'અરે પથ્થર છે નર્યો પથ્થર!' યુવતી ક્રોધથી ધમધમી ઊઠી. 'જડસુની માફક એના ઉપર કોઈ પ્રભાવ પડતો જ નથી. આપણા બધાઓ વચ્ચે રહેવા છતાં જાણે જંગલમાં રહેતો હોય નહિ? આવા રાભાને તો કોઈ પશુનો અવતાર મળવો જોઈ તો'તો!'

'અરે પથ્થરથી પણ નપાવટ!' એક તરુણ ચીબાવલો બન્યો. 'પથ્થરને તો ઘડીને કંઈ ઘાટ કે રૂપ પણ આપી શકાય, પરંતુ આ મૂર્તિ તો પોતાની ધૂનમાં, પુસ્તકોમાં જ માથું ઘાલી રહ્યો છે–જાણે પુસ્તકનો કીડો!' તરુણે ઘૃણા દર્શાવી.

ત્યારે બંધ કરેલી ઓરડીમાંથી ચડતો-ઊતરતો સ્વર સંભળાતો હતો, 'રામ! રામ! રામ!'

'એ શું બબડ્યા કરે છે?' યુવતીએ કંઈક રોષપૂર્વક પૂછ્યું.

'કદાચ એ ઘૂરકી રહ્યો હશે!' તરુણે મોં મચકોડ્યું. 'અરે એ તો જ્યારે ને ત્યારે આમ જ બબડ્યા કરે છે. પછી ભલેને એ પોતાનાં સડેલાં પુસ્તકોમાં ગરકાવ બન્યો હોય કે માથું ઢાળી દઈને કોઈ સ્વપ્નસૃષ્ટિમાં વિહરતો હોય! તમે એને હોઠ ફફડાવતાં જોયો નહોતો? એ વખતે પણ એ બબડાટ કરી રહ્યો હતો!

વાત તો સાચી હતી. આજકાલ એ નિરંતર 'રામ'નામના જપ અને તેના અર્થચિંતનમાં જ નિમગ્ન રહ્યા કરે છે એ જ એના અધ્યયનનો વિષય છે.

[૩]

'હું નથી યોગી કે નથી સિદ્ધ!' શ્રી-સરયૂજીના કિનારે જેઠ મહિનાના બળતા બપોરે જ્યારે સળગતી લૂ લોકોને ઘર બહાર નીકળવા દેતી નથી, ત્યારે એક વૃક્ષની સાધારણ છાયામાં કૌપીન પહેરી પડી રહેવું એ તો કોઈ તપસ્વીને જ સાધ્ય હોય. હોઠ ધીરે-ધીરે હલી રહ્યા છે, કેવળ કૌપીન પહેરીને એ બેઠા છે, પાસે પડેલી તુંબડીમાંનું જળ અડધું થઈ ગયું છે; અને વાયુએ તેમાં અયોધ્યાની પવિત્ર રજ મેળવી દીધી છે. જે વ્યક્તિ આવા એકાન્તમાં અને સૂર્યનારાયણની પ્રચંડ અગ્નિવર્ષામાં પોતાની સામે ઉઘાડા પગે ચાલી આવી છે તેની શ્રદ્ધા માટે શંકા પણ કેમ કરી શકાય? 'આ યુરોપિયન લોકો કષ્ટસહિષ્ણુ અને પોતાની ધૂનમાં દૃઢનિશ્ચયી હોય છે.' બાબાજીએ પ્રાતઃકાળમાં આવેલા સંતસાધુઓ દ્વારા આ યુરોપિયનની ચર્ચા સાંભળી છે. તેમણે અગાઉ પણ સાંભળેલું, કે યુરોપના લોકો યોગ અથવા ચમત્કાર પ્રત્યે બહુ ઉત્સુકતા સેવે છે.

'મને શાંતિ જોઈએ છે,' આગન્તુકે મહાત્માના ચરણો સમીપ ધરતી ઉપર મસ્તક નમાવ્યું. ભારતમાં આવીને તે એટલું તો સમજી ગયો છે કે તેણે સ્પૃશ્યાસ્પૃશ્ય ભાવનો આદર કરવો જોઈએ. એનો શ્વેત વર્ણ ઉગ્ર તાપને લીધે લાલ થઈ ગયો છે અને સર્વ વસ્ત્રો પરસેવાથી ભીનાં થઈ ગયાં છે. 'આપની કૃપા યાચવા હું આપના ચરણે આવ્યો છું.' શબ્દને બદલે નેત્રોએ હૃદયને વધુ સ્પષ્ટ કરી દીધું.

'તમારી ચામડી સફેદ છે, તેથી લોકો તમારા તરફ આકર્ષાય છે,' સાધુએ વિના-સંકોચ સ્પષ્ટતા કરી, 'તમે કોઈ આશ્રમમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાઓ, ત્યાં તમને બધી અનુકૂળતા મળશે.'

'મારો રંગ એ જ મારું પાપ છે!' આ વ્યક્તિ નાના બાળકની માફક ચમકી ઊઠી.

મુસાફરીમાં એડન પહોંચતાં જ નૌકાના મુસાફરોમાં કોલાહલ મચ્યો હતો. તેનો પરિચય વર્તમાનપત્રોએ પ્રગટ કરી દીધો હતો. મુંબઈની ભૂમિ ઉપર પગ મૂકતાં પહેલાં જ ભારતીય અધિકારીઓએ તેનું સ્વાગત કર્યું. એના અણમૂલા સમયમાંથી કેટલાય મહિના સ્વાગત-સત્કાર અને શિષ્ટાચારમાં નષ્ટ થયા. રાજનીતિએ એને પોતાનું હથિયાર બનાવવા ઇચ્છયું. કેટલી મુસીબતથી તે પોતાને સાધારણ નાગરિકની સ્થિતિમાં લાવી શકયો; અને એમ કરવા જતાં એના સંસર્ગમાં આવનારાઓએ એને નકામો અને અર્ધઘેલો માની લીધો. જ્યારે રાજનીતિએ એને મુક્ત કર્યો ત્યારે આશ્રમોએ એને ઝડપી લેવા ધાર્યું. વિદ્વત્તા, ચમત્કાર તથા બીજાં પ્રલોભનો એને આપવામાં આવ્યાં, ને એને પોતાની મહત્તાની શ્રેષ્ઠ જાહેરાત રૂપ માની લીધો. બીજી બાજુ જે સમર્થ હતા, સાચા સાધુ હતા તેઓ એને રંગને લીધે બાધક માનતા હતા-કંઈક બહાનાં બતાવીને એને ટાળવા ઇચ્છતા હતા. પેલા સાધુ બાબાજીના શબ્દોએ એને માર્મિક વ્યથા અર્પી.

સાધુ દ્રવિત બન્યા. 'તમને દુઃખી કરવા એ મને ઠીક લાગતું નથી, પરંતુ આરાધનાનો માર્ગ કેવળ ત્યાગ, વિશ્વાસ અને પ્રેમનો માર્ગ છે. એમાં તો માત્ર આપવાનું જ છે-લેવાનું નહિ. તમે કોઈ યોગી પાસે ગયા હોત તો એ તમને દિવ્ય સિદ્ધિઓના માર્ગે મૂકી શકત. મારી પાસે તો શ્રીઅવધકિશોર શ્રીરામનું સીધું-સાદું નામ છે.'

કોઈ વિદેશી કેવળ નામજપ ઉપર આસ્થા રાખે અને તે પણ કોઈ પ્રકારનો ચમત્કાર જોયા વિના, એ માન્યામાં પણ ક્યાંથી આવે?

'મેં પરલોક તેમ જ તેની સિદ્ધિઓની વાતો સાંભળી છે.' સાચા સાધક બધા ય દેશ અને જાતિઓમાં પેદા થાય છે. તુચ્છ પ્રલોભનો તેમને આકર્ષવા અશક્ત બને છે. 'મને તો એવો માર્ગ આપો કે જે હૃદયનાં દ્વાર ખોલી દે અને હું અંદર-અંતર-જોઈ શકું.'

'તો તો તમે ભગવાન શ્રીરામના પરમપાવન નામનું રટણ કરો.' એ વ્યક્તિ માને તો આને એક પ્રકારની દીક્ષા જ માની શકે. મહાપુરુષોની સાધના એની વાણીમાં જે શક્તિનું નિર્માણ કરે છે તે સાધક માટે પ્રેરણારૂપ બની જાય છે.

'હું કૃતાર્થ થયો.' તેણે પૃથ્વી પર મસ્તક મૂકીને પોતાના ભાલપ્રદેશને ત્યાંની રજથી વિભૂષિત કરી દીધો.

'તમારે માટે ઉત્તરાખંડ જ કામનો છે,' સાધુએ આદેશ આપ્યો. 'સરયૂનદીના મૂળ નીચે-સરિતાતટે જ્યાં એકાંત અને અનુકૂળતા હોય ત્યાં-પરંતુ લોકોની અવરજવરથી દૂર. હજી પણ તમારો વર્ણ લોકોને આકર્ષિત કરશે. તમારે ખૂબ સાવધાન રહેવું પડશે.' મહાત્માએ ચેતવણી સાથે પોતાના હાથમાં ફરતો માળાનો બેરખો પ્રસાદીરૂપે તેને આપ્યો.

તે ઊઠ્યો, સાધુની પરિક્રમા કરી, પ્રણામ કર્યા અને એક પણ હરફ ઉચ્ચાર્યા વિના એ જ બળતા બપોરની આગઝરતી લૂમાં ચાલતો થયો. એના મુખમાંથી કૃતજ્ઞતા કે સ્તુતિનો એકે શબ્દ ન નીકળ્યો. તેનો કંઠ રુંધાયો હતો અને વાયુ પણ તેની આંખોમાંનાં આંસુને સૂકવી શકતો નહોતો.

[૪]

'અહીં કોઈ મહાત્મા રહે છે?' વૈદ્ય ઔષધિઓ શોધે છે, નિરીક્ષકો ખનીજપદાર્થો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા જળની પરીક્ષા કરે છે, ઇતિહાસરસિકો ફોટો પાડે છે, કવિઓ કાવ્યપંક્તિઓ ગણુ-ગણે છે અને ચિત્રકારો અહીંતહીંનાં દશ્યો જોઈ મુગ્ધ બની રહ્યા છે. સાધુ યાત્રાળુઓ દિવ્ય સાધુઓની શોધમાં લીન બન્યા છે. પર્વતરાજના આ વિપુલ વિસ્તારમાં જેને જેવી રુચિ હોય તેને તેવું આવી મળે છે.

'સાધુ તો ઉત્તર કાશીમાં રહે છે! ઉપર ગંગોત્રીમાં મળશે; અને તમે બધા યમુનોત્રી જાઓ તો ત્યાં પણ મળે. અહીં રસ્તામાં કોઈ સાધુ રહેતા નથી.' પહાડી મજૂરે પોતે જાણતો હતો તે બતાવ્યું.

'અહીંથી સરયૂજીનાં પાણી કેટલાં દૂર છે?' ઉત્તર કાશીથી ગંગાજીનો માર્ગ ત્યજીને આ પહાડી ગામડાંના માર્ગથી બાબાજી કેમ જઈ રહ્યા છે તે આ કુલી સમજી નહોતો શક્યો.

'બે દિવસ લાગશે, પૂરા બે દિવસ!' તેણે આંગળી ચીંધીને બતાવ્યું. હજી બે દિવસનો માર્ગ બાકી હોવાનું સાંભળતાં જ આ લોકો આટલે દૂર આવ્યા છતાં પાછા ચાલ્યા જશે એવી તેને આશા હતી. એને પોતાને આ માર્ગ પસંદ નહોતો. પગદંડીનો રસ્તો અને તેમાં વળી માર્ગમાં એકે ચટ્ટી-પડાવ પણ ન મળે! ગામડિયાઓની દયા ઉપર જ આધાર રાખવો પડે. પોતે આ માણસો સાથે ક્યાંથી આવી ચઢ્યો? આવી યાત્રા હશે એમ જાણતો હોત તો રોજની મજૂરીના લોભમાં એ કદી આ માર્ગે ન આવત.

'શ્રીસરયૂજીના કિનારા ઉપર એક મહાત્મા રહે છે ને?'

ઉત્તર કાશીમાં કોઈએ એનાં દર્શન કર્યાં નહોતાં, પરંતુ લોકોએ એ વાત તો સાંભળી હતી.

'મહાત્મા? ના ભાઈ!' મજૂરે કંઈક યાદ કરવા માંડ્યું, 'હા, હા, એક દેવતા ત્યાં કોઈ કોઈ વખત નજરે પડે છે. એ કંઈ બધાયની નજરે થોડા જ પડે! એમનાં દર્શન જેને થાય છે એ તો નિહાલ થઈ જાય છે. મારા એક સાથીએ તેમને જોયા હતા. એને ગયા ઉનાળામાં તેમની પાસેથી છસો રૂપિયા મળ્યા હતા. એ કંઈકંઈ વાતો કરે છે, જે મારી સમજમાં તો આવતી નથી....એ લોકો દેવતાનાં દર્શન કરવા જઈ રહ્યા છે. એમનાં ભાગ્ય હોય તો દર્શન થાય પણ ખરાં. મારા એ સાથીને ભેંસ લેવી છે, એક મકાન બાંધવું છે, દીકરીનાં આ વરસે લગ્ન કરવાં છે. એનામાં યાત્રા કરવાનો અજબ ઉત્સાહ આવી ગયો છે!'

'એ દેવતા કેવા દેખાય છે?' એક સાધુએ વચમાં જ પ્રશ્ન કર્યો.

'આ બરફ જેવા સફેદ!' મજૂરે મસ્તક નમાવ્યું, 'કોઈ કોઈ વખત તે બરફની વચમાં ઊભેલા અથવા બેઠેલા દેખાય છે. કોણ જાણે એણે એમના વિષે કેટકેટલી વાતો સાંભળી હશે! દેવતાના શરીરમાંથી કેટલો બધો પ્રકાશ નીકળે છે, એનો દેહ કેટલો વિશાળ છે, કેવી રીતે એ પોતાનો આકાર બદલી નાખે છે, કેવી રીતે એ અદશ્ય થઈ જાય છે, કયા પ્રાચીન રાજા ઉપર કૃપા કરીને તે ત્યાં પ્રગટ થવા માંડ્યા છે: આવીઆવી અનેક પ્રકારની કર્ણોપકર્ણ સાંભળેલી અને કલ્પનાથી ઊભી કરેલી વાતો એણે સંભળાવી.

'આ કોઈ મનુષ્યનાં પગલાં લાગે છે!' એક સાધુએ છેવટની યાત્રાના એ કઠણ દિવસો વ્યતીત થતાં શ્રી સરયૂજીના તટથી થોડે દૂર બરફ ઉપર એક ચિહ્ન જોયું.

'પરમ દિવસે રાતમાં વરસાદ પડ્યો હતો, એટલે ત્યારબાદ એ અહીં આવ્યા હશે.' મજૂરે વિચાર કરી જણાવ્યું.

એક જણાએ હાંસી કરી: 'કદાચ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા દેવતાનાં પગલાં ન હોય!'

'દેવતાનાં પગલાં!' મજૂર સ્થંભી ગયો. તેણે લક્ષપૂર્વક જોયું. 'નહિ, છે તો મનુષ્યનાં પગલાં; પરંતુ અહીં એ શા માટે આવ્યા? બે દિવસમાં વચમાં કોઈ ગામડું પણ નથી આવ્યું. આ વૃક્ષ–તૃણહીન ભૂમિમાં કોઈ શું કરવા આવે?' મજૂરે આડુંઅવળું જોયું. સમાધાન થાય એવી કોઈ ચીજ એની નજરે ન પડી.

'શું દેવતા મનુષ્યરૂપ નથી બની શકતા?'

'દેવતા જ હશે,' મજૂરે એ ચિહ્ન ઉપર પોતાનું મસ્તક મૂક્યું. 'એ તો ચાલ્યા ગયા! આપણાં ભાગ્ય એટલાં નબળાં.' મજૂરની નિરાશાનો બીજાને ખ્યાલ આવે એમ નહોતો.

'આપણે આ ચરણારવિંદ પાછળપાછળ જઈએ.' સાધુએ સૂચના રજૂ કરી.

'દેવતાનો પત્તો કંઈ એમ તે લાગતો હશે?' આશા બહુ બળવાન હોય છે. મજૂર પોતાના તર્કની ચિંતા કર્યા વગર પોતે એ ચિહ્નોને જોતોજોતો આગળ વધી રહ્યો હતો. એક નાનો શો ટેકરો હતો જેની પાછળ સુધી એ ચિહ્ન ગયું હતું.

'પ્રભુ!' દૂરથી જ કંઈક જોતાં તે ભૂમિ ઉપર સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યો.

મોટામોટા કેટલાક પાષાણખંડ, અને એના ઉપર પણ પથ્થર ગોઠવવામાં આવ્યા હતા. એમાં બેસી શકાય એવું સ્થાન બની ગયું હતું. બારણાં સિવાયનો બધો ય ભાગ આજુબાજુના બરફથી આચ્છાદિત થઈ ગયો હતો. એ નાની કૃત્રિમ ગુફામાં કોક આસન લગાવીને બેઠું હતું. આના અંગમાંથી તેજની આભા ઝળકી રહી હતી. એ આભાથી ગુફા પ્રકાશિત બની હતી.

'રામ! રામ! રામ!' મુખ બંધ હતું, નેત્રોની પાંપણો ઉપર ચડી ગઈ હતી; હોઠ હાલતા નહોતા, છતાં ય સૌ કોઈ સ્પષ્ટ સાંભળી રહ્યા હતા કે જપ ચાલુ છે. ધ્વનિ ક્યાંથી આવે છે એ કહેવું મુશ્કેલ હતું.

'રામનામદાસ!' યાત્રાળુઓમાંથી વૃદ્ધ સાધુ આગળ નીકળી આવ્યા. જાણે પોતે પોતાને જ ઉદ્દેશીને કંઈ કહી રહ્યા છે. એના અવાજમાં ભાવના, સ્નેહ, શ્રદ્ધા–કોણ જાણે શું શું ભર્યું હતું!

'રામ!' એકવાર પાંપણો ખૂલી, મસ્તક નમ્યું અને પછી જ્યોતિ, કાંતિ અને ધ્વનિ-બધું ય અદૃશ્ય બન્યું.

'એ ચાલ્યા ગયા!' વૃદ્ધ મહાત્મા ધીરેથી પાછા હઠ્યા. 'સંભવ છે કે મારી વાટ જોઈ રહ્યા હતા.'

'ક્યાં ચાલ્યા ગયા?' ગુફા નાની હતી. વૃદ્ધ દ્વાર આગળ હતો. પાછળના લોકોએ કંઈ જોયું નહોતું. તેમણે તો એમ જ માની લીધું, કે ખરેખર દેવતા જ એ ગુફામાં હતા. એમના અદૃશ્ય થયાની વાત ચાલી.

'શ્રી રાઘવેન્દ્રના અવિનાશી આનંદમય ધામમાં!' વૃદ્ધે થોડા શબ્દોમાં સમજાવી દીધું.

વૈષ્ણવ સાધુઓના હાથે એ જ દિવસે ગુફાદ્વાર બંધ કરવામાં આવ્યું. હિમની પારાવાર રાશિમાં એ મહાતાપસનું શરીર સુરક્ષિત છે કે નહિ એ કોણ કહી શકે એમ છે?*

* 'કલ્યાણ' ઉપરથી.

★

૧૯૩૦માં સ્વ. મહારાજ જામ રણજિતે બીજી વારકો બોલાવ્યો. કે 'આવ, તો યોગ્ય નોકરી આપું.' મેં ઉત્તર વાળ્યો:

'રાજીનામું આપ્યા પછી સવા કરોડ ગુજરાતીઓ મારા શેઠ. સૌને પૂછવાનો અધિકાર, કે તારો વખત તું કેમ ગાળે છે? જામનગરના પાંચેક લાખ એ સવાકરોડની બહાર નથી. બે–ચાર માસનું કામ હોય ને બોલાવશો ત્યારે આવીશ. મૃત્યુથી બીએ એ ક્ષત્રિય નહીં; ગરીબીથી બીએ એ બ્રાહ્મણ નથી.'

મહાકવિ નાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખની શોધ

લેખક :
શ્રી 'અનામી'

માનવીને એક જ શબ્દમાં વર્ણવવો હોય તો એને 'સુખવાંચ્છુ' કહી શકાય, ભલે પછી એ વાંછના ભૌતિક સુખની હોય કે આધ્યાત્મિક સુખની હોય, વ્યક્તિગત સુખની હોય કે સમષ્ટિના સુખની હોય. તથાપિ વિધિની બલિહારી એવી છે, કે એ સુખ કોઈ ને પૂરું મળતું નથી. પુત્ર, ધન, કીર્તિ, પત્ની, હોદ્દો, સત્તા, સ્વાસ્થ્ય–કંઈ ને કંઈ ઊણપ સઘળે રહેવાની જ. બીજી બાજુ આકાશ, ઓઢણું ને પૃથ્વી જેની પથારી હોય તેવાઓ પૂરા સુખચેનથી દિવસો વિતાવતા પણ દેખાય છે. સુભાષિતકારે સાચું જ કહ્યું છે: मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः। મન એ જ બંધન કે મોક્ષનું કારણ છે. માનવીની સુખ શોધવાની આ વૃત્તિનું પૃથક્કરણ અને સાચા સુખની પ્રાપ્તિ વિશે લેખકે અહીં ચર્ચા કરી છે.

સંસ્કૃતિના ઊગમકાળથી વિશ્વના અનેકવિધ તત્ત્વચિંતકોએ મનુષ્યની ભિન્નભિન્ન પ્રકારે વ્યાખ્યા આપવા પ્રયાસ કર્યો છે. એ બધી વ્યાખ્યાઓ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ કે અતિશયોક્તિ જેવા તર્કશાસ્ત્રના કંઈ ને કંઈ દોષોથી સાવ મુક્ત તો નથી જ, છતાં યે અત્યાર સુધીમાં મનુષ્ય સંબંધી જે વ્યાખ્યાઓ બંધાઈ છે તે ભલે સંપૂર્ણ ન હોય; તોપણ સૂચક, દ્યોતક અને અર્થ સારે તેવી કામચલાઉ તો છે જ.

કોઈ કે માણસને બે પગવાળું પશુ કહ્યું, તો કોઈ કે તેને હસતું પ્રાણી કહ્યું. કોઈ કે વળી તેને સામાજિક પ્રાણી કહ્યું. માણસ કરતાં પણ વધુ વિકસિત ને સંસ્કારી સામાજિક વૃત્તિ કેટલાંક વૃંદચારી પશુપક્ષીઓમાં જેવા મળે છે ને નાઝીઓ કરતાં પણ વ્યવસ્થિત પ્રકારની સમાજ ને રાજવ્યવસ્થા કીડીઓ ચલાવી શકે છે. પણ એ વાત સાચી, કે પશુપક્ષીઓના મોટા ભાગના વ્યવહાર બુદ્ધિ કરતાં પ્રેરણાવૃત્તિ દ્વારા ચાલતા હોય છે. આથી એક તત્ત્વચિંતકે વળી માણસને બૌદ્ધિક સામાજિક પ્રાણી કહ્યું. સામાજિક સહકારની વૃત્તિ ને બુદ્ધિજનિત વિવેકે આ પશુની પશુતાની માત્રા ઘટાડી અને માણસ વિકાસ ને દૈવત્વ તરફ અભિમુખ થયો.

પ્રખ્યાત અંગ્રેજ તત્ત્વચિંતક સી. ઈ. એમ. જોડ પશુઓની તુલનામાં મનુષ્યને આ ત્રણ બાબતોમાં ચડિયાતો ગણે છે તે પણ આ જ દૃષ્ટિએ. (૧) તર્કશક્તિ, દલીલશક્તિ (અં. રીઝન), (૨) સારાસારનો વિવેક (અં. પરસેપ્શન ઑફ ધી ડીફરન્સ બીટવીન રાઈટ એન્ડ રોંગ), (૩) સૌન્દર્યદૃષ્ટિ (અં. સેન્સ ઑફ બ્યુટી).

અત્યારના કેટલાક વિચારકો વળી કહે છે, કે માણસમાં દિક્કાલનું ભાન ને જ્ઞાન છે તે એનું મુખ્ય લક્ષણ છે. જો કે કાળનું નહિ તો દિશાનું ભાન ને જ્ઞાન, કેટલેક અંશે અમુક પ્રાણીઓમાં પણ હોય છે.

તીવ્ર જીવનસંગ્રામ ખેલતા મનુષ્યની વ્યાખ્યા અર્થશાસ્ત્રીઓ વળી પોતાના શાસ્ત્રને અનુરૂપ આપવાના, પણ મનુષ્યસ્વભાવ, મન ને વૃત્તિઓના બંધારણનું સૂક્ષ્મ પૃથક્કરણ કરતા માનસશાસ્ત્રીઓ ને તેમાં યે ખાસ તો ડૉ. સીગમંડ ફ્રોઈડ મનુષ્યને સુખદુઃખના સિદ્ધાંત અનુસાર જીવવા માટે તરફડતા પ્રાણી તરીકે ઓળખાવે છે.

એ વાત સાચી કે મ. ફ્રોઈડની બધી માન્યતાઓ આંતરમનના હેતુઓના પાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર રચાયેલી છે. આપણે એવા ભ્રમમાં રહીએ છીએ, કે આપણાં વિચાર, વર્તન ને આવેશો આપણે સમજપૂર્વક, વિચારપૂર્વક અને વિવેક વાપરીને સેવીએ છીએ. પણ મ. ફ્રોઈડના મત પ્રમાણે તે બધાનો આધાર આપણા જાગૃત વિચાર, સમજણ કે વિવેક-શક્તિ ઉપર નથી; પરંતુ આપણા આંતર-મનમાં એકઠી થયેલી ઇચ્છાઓ અને તેનાં બળો ઉપર છે. બુદ્ધિ, વિવેક, સમજણ એ તો અંધગાડી છે, જે આંતરમનમાં પુરાયેલાં બળો પોતાની ઇચ્છા મુજબ ચલાવે છે. સુખની આખરી શોધ કરતા પહેલાં ફ્રોઈડનો સુખદુઃખનો સિદ્ધાંત ખરેખર સમજવા જેવો છે.

ફ્રોઈડનું કહેવું, છે કે દરેક માનસિક ક્રિયા માત્ર જડ વિચાર નથી; પરંતુ તેની પાછળ આવેશનું વધતું-ઓછું બળ રહેલું હોય છે; એટલે દરેક માનસિક ક્રિયા ચૈતન્યભરી છે. આ ચૈતન્ય પ્રગટી નીકળવા હમેશાં મથે છે, છતાં તેને પ્રગટવા ન દેતાં એકઠું કરવામાં આવે તો મૂંઝવણ પેદા થાય છે અને તે પ્રગટ થયા વિના રહેતું નથી. સીધી રીતે નહિ તો આડી રીતે–હરકોઈ રીતે તે પ્રગટ તો થવાનું ને થવાનું જ.

આ પ્રગટ થવાના પ્રયત્ન તે આપણી ઇચ્છાઓ. જ્યારે આપણામાં ઉદ્‌ભવતી ઇચ્છા-ઓ, આપણે સ્વીકારેલા આદર્શથી કોઈ પણ રીતે વિરુદ્ધ જતી હોય તો આપણે તેને દબાવીએ એ સંભવિત છે. તેવી ઇચ્છાઓ આપણામાં ઉદ્‌ભવે જ નહિ, આપણને યાદ જ ન આવે એમ આપણે ઇચ્છીએ છીએ. એવી ઈચ્છાઓ ભૂલી જવા માગીએ છીએ; કારણકે એવી ઇચ્છા આપણને યાદ આવે તેથી આપણું મન દુખાય છે અને મન દુખાય એવું તે કોને ગમે? એટલે મનને દુઃખ થતું અટકાવવા ખાતર આપણે આપણી ઇચ્છાઓને ભૂલી જવાનું કરીએ છીએ, અને કુદરતી રીતે તે ભૂલી પણ જઈએ છીએ. આવી ભૂલી ગયેલી ઇચ્છાઓનો સંગ્રહ તેનું નામ આપણું આંતરમન (અં. અન્કોન્શ્યસ). આપણી ઇચ્છાઓને આંતરમનમાં ધકેલી દેનાર શક્તિને 'અહંતા' (અં. સેન્સોર, ઈગો આઈ-ડિયલ) કહે છે. આપણને મનગમતી એટલે કે સુખ પમાડતી ઇચ્છાઓ મનમાં આવવા દેવી અને અણગમતી એટલે કે દુઃખ પમાડતી ઇચ્છાઓ ન આવવા દેવી–આંતરમનમાં ધકેલી દેવી એ પછી આપણું જીવનકાર્ય થઈ પડે છે–નહિ કે જે કોઈ ઇચ્છા આવે–કુદરતી રીતે ઉદ્‌ભવે તેને આવવા દેવી એ. ફ્રોઈડના શબ્દોમાં કહીએ તો આપણે પછી સુખદુઃખના સિદ્ધાંતે જીવવા માંડીએ છીએ; વાસ્તવિક-તાના સિદ્ધાંતે નહિ.

માણસ સુખદુઃખના સિદ્ધાંતે જીવે કે વાસ્તવિકતાના સિદ્ધાંતે જીવે, પણ એક વાત તો દીવા જેવી સ્પષ્ટ જ છે, કે આ જગતના જીવનમાં સ્વ૦ ન. ભો. દીવેટિયા કહે છે તેમ:

છે માનવી-જીવનની ઘટમાળ એવી,
દુઃખપ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી.

અને બીજી બાજુ માનવીની બધી જ પ્રવૃત્તિઓ સુખ માટે હોય છે, દુઃખ માટે નહિ. આમ માણસ પકડવા જાય રૂપ પણ હાથમાં આવે શરીર, તેવી જ રીતે માણસ મૃગયા કરે છે સુખની, પણ દુઃખ એને પદે-પદે દમે છે. અને આમે ય અવળચંડી સ્ત્રી જેવો 'ન માગ્યું દોડતું આવે' જેવો સુખનો સ્વભાવ છે ને માનવી એની સાથે એકતરફી પરાણે પ્રીત કરવા જાય છે; એટલે આ કરણ વિસંવાદ દ્વિગુણ દુઃખનું મૂળ કારણ બને છે.

આથી જ ગીતાના ગાનારે સ્થિતપ્રજ્ઞનાં, સ્થિરબુદ્ધિ મુનિનાં લક્ષણો ગણાવતાં કહ્યું છે:

'दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥

–દુઃખથી જે દુઃખી ન થાય, સુખની ઇચ્છા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન રાખે અને જે રાગ, ભય અને ક્રોધથી રહિત હોય તે સ્થિરબુદ્ધિ મુનિ કહેવાય છે.

આમ દુઃખથી દુઃખી ન થવું અને સુખની ઇચ્છા ન રાખવી એ સુખનાં કારણો. ગીતાકારે વાત તો મઝાની કરી, પણ દુઃખથી દુઃખી થવું એ શરીરનો સ્વાભાવિક ગુણ છે ને સુખની સ્પૃહા–એષણા–ઇચ્છા રાખવી એ મનનો કુદરતી ગુણ છે. આવી સ્થિતિમાં ગીતાના ગાનારને અનુસરવું એટલે ઊલટી ગંગા વહાવવી કે મોભે નીર ચઢાવવા જેવું થાય.

ઉપનિષદે ભાખેલી કેટલીક માનવસહજ એષણાઓ પણ (દાખલા તરીકે લોકેષણા, વિત્તેષણા, પુત્રેષણા, રસેષણા) શરીર ને મનની સ્વાભાવિક સુખાળવી વૃત્તિઓને છતી કરતી નથી? લોક આપણાં વખાણ કરે એટલે આપણને સુખ થાય છે, વખોડે એટલે દુઃખ થાય છે. દાન, ઉપભોગ અને નાશ–એ વિત્તની ત્રણ સ્થિતિ. એમાં દાન દેવાથી આત્માને સુખ થાય અને તેનો ઉપભોગ કરવાથી શરીર-મનને સુખ થાય. આ ભવમાં તો પાળે પણ પરભવમાં યે 'પું'–નરકમાંથી તારે એટલે આપણે પુત્રની એષણા કરીએ છીએ; આ અનંતકાળમાં પુત્ર દ્વારા અમુક સમય માટે આપણે અમર રહેવા ઇચ્છીએ છીએ; એટલે સુખદ એવી અમરતાની ભાવનામાંથી પુત્રેષણા જાગી. રસેષણા એટલે આત્માની કલા, ને એ પણ સાત્ત્વિક સુખ સંપડાવનારી. આમ આપણી બધી એષણાઓની સરિતાઓ સુખસમુદ્રમાં સમાસ પામે છે. આપણી પેલી લૌકિક કહેવત:

'પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘેર દીકરા, ત્રીજું સુખ તે સુકુળની નાર, ચોથું સુખ તે કોઠીએ જાર.'

વગેરેમાં પણ આ સુખાળવી એષણાઓને અચ્છી રીતે વણી લેવામાં આવી છે.

જ્યારેજ્યારે મન સુખ સંબંધી વિચાર કરે છે ત્યારેત્યારે યયાતિરાજા યાદ આવે છે અને યયાતિરાજાના જીવનનો અનુભવ-અર્ક એટલે આશારૂપી નદીનો નાશ કે તૃષ્ણારૂપી સ્રોતનો ભંગ. નિરાશા એટલે પરમ સુખ, આશા એટલે પરમ દુઃખ.

ધન, સત્તા, મોભો, યૌવન, પુત્ર–પત્ની પર નિર્ભર સુખ વાદળછાયા શું કેવુંક ક્ષણિક ને ચંચળ છે! અને માનવજાતે મોટા ભાગનાં દુઃખ તો નોતરેલાં હોય છે વા કલ્પનાના હાઉથી ઊભાં કરેલાં હોય છે. કેટલાંક પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી જન્મેલાં હોય છે તો કેટલાંક સ્વભાવની મર્યાદામાંથી ટપકી પડેલાં હોય છે. વૃત્તિ, કૃતિ ને સ્થિતિનું અનંત વર્તુલ આમ સુખદુઃખની ઘટમાળ રચ્યા કરે છે.

મારી પડોશે એક મદ્રાસી સન્નારી રહે છે, એમનું દુઃખ જાણવા જેવું છે. રન્નાદેની કૃપાથી એમનું પેટ પાંગર્યું છે ને તેઓ અગિયાર પુત્રોની માતા છે, પણ એ પતિ–પત્ની એક કન્યારત્ન માટે વ્રતતીર્થ ને દોરાધાગા કર્યા કરે છે! આટલી ઊણપને કારણે એમનું દુઃખનું પલ્લું, સુખના પલ્લા કરતાં નમતું જ રહે છે!

બીજા એક લક્ષાધિપતિ કાઠિયાવાડી સદ્-ગૃહસ્થનું દુઃખ વળી વિચિત્ર છે. પ્રથમ પત્નીથી તેમને અર્ધો ડઝન કન્યારત્ન સાંપડ્યાં. 'પગલીના પાડનાર' માટે તેઓ બીજી પરણ્યા. નસીબ આડે પાંદડું ફરી વળેલું એટલે બીજી પત્નીએ ડઝન કન્યારત્નનો સરવાળો પૂરો કર્યો. ડૂબતો માણસ તણખલાને વળગે એમ આધેડ અવસ્થામાં 'ચાનકીનો માગનાર' મેળવવા તેઓ ત્રીજી સ્ત્રી પરણ્યા. વિધિની અવળચંડાઈ તો જુઓ કે ત્રીજી પત્નીથી પણ તેમને બીજી અર્ધો ડઝન પુત્રીઓ જન્મી. 'હદ થઈ, હાય,' કહી વૃદ્ધ વચ્ચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યા, કેમકે તેઓ પણ હવે વૃદ્ધ થઈ ગયેલા એટલે ચોથીને પરણવાનો વિચાર માંડી વાળી, બધી દીકરીઓને ઠેકાણે પાડવામાં મોટાભાગની મિલકત ખર્ચી નાખીને સુખી થયા!

અમદાવાદના શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયમાંથી બહાર નીકળતાં જ મારું ધ્યાન ખેંચતાં મારા એક મિત્રે કહ્યું: 'જોયો, કેવો આલેશાન બંગલો છે!'

'પૂર્વજન્મનાં જેવાં પુણ્ય' હાથનો લહેકો કરતાં ધીમા અવાજે મેં કહ્યું. ત્યાં તો અમારો ત્રીજો વાચાળ મિત્ર બોલી ઊઠયો: 'શું કપાળ-નું પુણ્ય! આ બીજી લડાઈ પહેલાં બરાબર રૂપિયા સાતહજારનાં ઈન્જેકશન મંગાવી રાખ્યાં છે. દરરોજ ઈન્જેકશન લે છે ત્યારે તો એની ધમણ ચાલે છે. છેલ્લાં કેટલાંક વર્ષથી એ પથારીને તોડે છે ને પથારી એમને તોડે છે.'

આ ઘટસ્ફોટથી સુખદુઃખ સંબંધેનો મારો ભ્રમ ભાંગી ગયો ને ઘડીના છઠ્ઠા ભાગમાં ધન ને સત્તા છોડતા નિઝામ–ગાયકવાડની સુખની વિભાવના સંબંધી વિચાર આવ્યો. મારી ખીલવાળી ચૂંચી આંખોના ખ્યાલે દુઃખી થતો હતો ત્યાં પાસેથી ભજન ગાતો એક સૂરદાસ નીકળ્યો ને એના દુઃખના ખ્યાલે મારું દુઃખ ગૌણ બની ગયું ને ઈશ્વરનો ઉપકાર માન્યો.

તપ્તમને બુદ્ધિને પ્રશ્ન કર્યો: 'ત્યારે સાચું સુખ શેમાં? સ્મૃતિમાંથી ગીતાનો શ્લોક ગુંજી ઊઠયો:

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥

જેમાં સમત્વ નહિ, તેમાં વિવેક નહિ. જ્યાં ભક્તિ નહિ ત્યાં શાંતિ નહિ. જ્યાં શાંતિ નહિ ત્યાં સુખ ક્યાંથી?

જીવનમાં સમત્વ, વિવેક, ભક્તિ, શાંતિ હોય તો સુખ ઉદય પામે. સાચી વાત. માણસ વિવેક વાપરી જીવનનો કાર્યપ્રદેશ નક્કી કરે છે. જે યોગ્ય ઉંમરે યથાયોગ્ય કાર્યક્ષેત્ર, પ્રવૃત્તિ માટે નક્કી કરે તે ભાગ્યશાળી–સુખી. અમુક કાર્યક્ષેત્ર માટે શક્તિ, વૃત્તિ ને રસ પારખવા બુદ્ધિસમતા–વિવેક આવશ્યક. બીજું ભાગ્ય, શક્તિ ને રસવૃત્તિને અનુકૂળ વ્યવસાય સાંપડે તે ને ત્રીજું ભાગ્ય કાર્યમાં રસ પડે, આનંદ આવે તે. કોઈ પણ વ્યવસાય માટે અવ્યભિચારી ભક્તિ જેવો ભાવ ન જાગે ત્યાંસુધી એ કાર્યમાં પ્રાણ ન પુરાય; કાર્યમાં રસ પડે એટલે મન, હૃદય ને આત્માને શાંતિ થાય અને એ કાર્યરસ ને શાંતિનું સીધું પરિણામ તેનું નામ જ સાચું સુખ.

સ્વીકૃત ધ્યેયની સિદ્ધિ અર્થે કાર્ય કરતાં જેને આનંદ આવે છે તેના સુખ આગળ જગતનું કોઈ પણ સુખ કાંઈ વિસાતમાં નથી. પૂ. ગાંધીજીનો જીવનઇતિહાસ આ સૂત્રના ભાષ્યરૂપ છે. આ ધોરણે કાર્ય કરનારને પછી દુઃખથી દુઃખી થવાનું નહિ રહે ને સુખની સ્પૃહા પણ કરવી નહિ પડે; કેમકે કાર્યના આનંદ આગળ સુખદુઃખની વૃત્તિ ગૌણ–અત્યંત ગૌણ બની જાય છે. આવી પરિસ્થિતિમાં સ્વ૦ દીવેટિયાની પેલી પ્રસિદ્ધ પંક્તિને સહેજ ફેરફાર સાથે આમ ગાઈ શકીએ:

છે માનવી–જીવનની ઘટમાળ એવી;
સુખપ્રધાન, દુઃખ અલ્પ થકી ભરેલી!

★

જીવન એક પ્રકારનું સંગીત છે, એના સર્વ પ્રકારના તાર દુરસ્ત રાખો. નહીં તો એનું સાજ બગડી જશે.

પંડિત મદનમોહન માલવિયજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નના આદર્શો

અનુવાદક :
શ્રી તનમનીશંકર લા. શિવ

હિંદુ ધર્મશાસ્ત્ર ને પુરાણોમાં લગ્નને દાંપત્યભાવના ઉન્નત આદર્શો વિશે આપણે જાણીએ છીએ. એને જ મળતા એવા જ ઉચ્ચ આદર્શો ખ્રિસ્તી અને જ્યુ લોકોના ધર્મગ્રંથો-'બાઈબલ' અને 'ટાલ્મુડ'-માં પણ જણાય છે એ વાત એમાંનાં કેટલાંક વાક્યોના લેખકે કરેલા નીચેના ભાષાંતર ઉપરથી જણાય છે. આદર્શો ને નીતિના મૂળ સિદ્ધાંતો બહારથી વિરોધ લાગતા ધર્મોમાં કેવા સમાન છે તે આ ઉપરથી પુરવાર થાય છે.

પછી ઈશ્વરે કહ્યું: 'પુરુષ એકલો અને અટૂલો હોય, એ ઇચ્છવા જેવું નથી. હું એને એક મદદગાર આપીશ.'

તેણે નારી સર્જી, ને નર પાસે આણી.

અને આદમે કહ્યું: 'આમાં મારાં જ હાડ ને મારો જ મેદ છે. એને આજથી નારી કહેવામાં આવશે; કેમકે તે નરમાંથી સર્જાઈ છે.'

'અને એટલા જ માટે પુરુષ પોતાનાં માતાપિતાને છોડી, પોતાની પત્નીને વળગશે; અને એ બન્ને એકસ્વરૂપ બનશે.'

અને ઈશ્વરે તેમને આશીર્વાદ આપ્યા, અને કહ્યું: 'પુષ્પિત-ફલિત થઈ, પૃથ્વી માનવોથી ભરી; તે ઉપર રાજ્ય કરો.'

જેને પત્ની મળે છે તેને એક સર્વશ્રેષ્ઠ વસ્તુ અને ઈશ્વરનો પ્રસાદ મળ્યાં સમજવાં.

ઘર, જમીન ને ધન એ બાપદાદાનો વારસો છે. ડાહી, સુશીલ, પ્રેમાળ પત્ની એ ઈશ્વરે બક્ષેલો વારસો છે.

નીતિમાન પત્ની એ પતિનો શિરતાજ છે.

જેને નીતિમાન પ્રેમાળ પત્ની મળી હોય તેણે તે પત્નીની કિંમત ઝવેરાતથી પણ વિશેષ માનવી.

પત્ની પોતાની આખી યે જિંદગી પતિનું શ્રેય જ કરે છે-તે કદી પણ અશ્રેય કે અહિત કરતી નથી.

તું તારા જ કૂવાનું પાણી, તારા જ પ્યાલામાં ભરી, તેનું હમેશાં પાન કર.

તારા પ્રેમનો ઝરો સદાય પુણ્યશાળી હો; અને તારા યૌવનની રાણી-પત્ની સહિત આનંદ કર.

તું તારી જ પત્નીના પ્રેમથી સદા તરબોળ રહે.

તું તારી પત્ની પર અનહદ પ્રેમ કર, ને તેની સાથે આનંદમાં જીવન ગાળ.

અને જો તે પ્રમાણે તું તારી પત્નીને ચાહશે, તો હું તને મારી (ઈશ્વર) સાથે સાંકળી દઈશ. તું મને પ્રિય થશે.

તેમ જ પુણ્યમાં, ન્યાય, પ્રેમ અને દયામાં તને મારો (ઈશ્વરનો) ભાગીદાર બનાવીશ.

પત્નીવિનાનો પુરુષ સંપૂર્ણ નથી.

પત્નીહીન હોવું એટલે ધંધો, પુણ્ય, દયા, ધર્મ, રક્ષણ અને ચિત્તશાંતિ વગરનું જીવન ગાળવા બરોબર છે.

લગ્ન થતાં જ મનુષ્યનાં પાપ ઓછાં થવા માંડે છે.

પહેલાં ઘર બાંધો, પછી આજુબાજુ વાડી બનાવો (એટલે પોષણનું સાધન ઊભું કરો), અને પછી લગ્ન કરો.

પત્ની વગર પતિ નથી, પતિ વગર પત્ની નથી; અને ઈશ્વર વિના બંને નથી.

જયાં પત્નીપરાયણ પતિ, અને પતિપરાયણ પત્ની હોય છે ત્યાં ઈશ્વર વસે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો સંસારમાં પવિત્રતા અને શાંતિ જાળવવી હોય તો વૃદ્ધ સાથે યુવાનને લગ્નગાંઠથી ન જોડો.

જે પૈસા માટે પરણે છે, તેનાં છોકરાં શાપરૂપ નીવડે છે.

મનુષ્યનું ઘર એટલે તેની પત્ની.

પત્ની પર સદ્‌ભાવ રાખો, કારણ ઘરનું સર્વ સુખ તેના ઉપર જ અવલંબેલું હોય છે.

જો કદાચ ગુસ્સામાં પત્નીને એક હાથે તરછોડો, તો બીજે હાથે તેને મનાવી લઈ છાતી સરસી ચાંપો.

પત્નીને લેશ પણ દુઃખી ન કરવાની કાળજી રાખો, કારણ ઈશ્વર પાસે તેનાં આંસુની નોંધ રખાય છે.

પત્નીને માન આપો અને સુખી થાઓ.

તમારી પત્ની પર તમારા પ્રાણ જેટલો, અરે તેથી પણ વધારે પ્રેમ રાખો. આમ કરવાથી જ તે તમારું વચન પાળશે અને તમારી ઝૂંપડીમાં સુખ અને સ્વર્ગ ઉતારશે.

જો તમારી પત્ની બુદ્ધિમાં અથવા કદમાં તમારાથી નાની હોય, ને તેની સલાહ લેવા માટે, અથવા તેના પર પ્રેમ કરવા માટે નીચા નમવું પડે તો તેમ પણ કરો.

પોતાના યૌવનની, સુખદુઃખની ભાગિયણને ત્યજી દેનારની વિરુદ્ધ ધર્મરાજાના ચોપડામાં તે ત્યજાયેલા પ્રેમપાત્રનાં આંસુઓથી ત્યજનારના નિષ્ઠુર કૃત્યની નોંધ લેવાય છે.

જે પત્ની સાથે છૂટાછેડા કરે છે તેને ઈશ્વર ધિક્કારે છે.

પત્નીને મૃત્યુ પામતી જોવી એ પતિ માટે કોઈ ભવ્ય મંદિરનો વિનાશ જોવા બરાબર છે.

પત્નીના મૃત્યુ સાથે પતિ માટે જીવનભર આખી સૃષ્ટિમાં ઘોર અંધારું વેરાઈ જાય છે.

પતિના મૃત્યુ માટે પત્ની જેટલું કોઈને લાગતું નથી અને તે જ પ્રમાણે પત્નીના મૃત્યુ માટે પતિ જેટલું કોઈને લાગતું નથી.

★

રીચાર્ડ બ્રીન્સલે શેરીડનના પુત્ર ટોમે પિતાને પગલેપગલે ચાલવાનો નિશ્ચય કર્યો અને પાર્લામેંટમાં દાખલ થવાનું નક્કી કર્યું. એક દિવસ પિતા સાથે રાજકારણની જુદાજુદા પક્ષો વિષે ચર્ચા કરતાંકરતાં એણે કહ્યું :

'હું જો ચૂંટણીમાં આવું તો મારે કપાળે 'ભાડે આપવાનું છે' એવું પાટિયું લગાવું અને જે પક્ષ મને સારામાં સારી રકમ આપે તેના પક્ષમાં દાખલ થાઉં.'

'શાબાશ ટોમ,' પિતાએ કહ્યું. ' પણ પાટિયું લગાવતી વખતે આગળ 'પહેલી જ વાર' એટલું લખવાનું ભૂલતો નહીં'!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ધી મા

લેખક :
શ્રી પ્રશાંત

'માફ કરજો, શાલિનીબહેન, માઠું ન લાગે તો એક વાત કહું.'

'અરે, બોલો, બોલો.'

'કિરીટને આજે તમે બેહદ માર્યો નથી? બાળક ગમે તેટલું રડે, આડું થાય, હઠ પકડે, કે તોફાન કરે–તો ય એને આંગળી સરખી ય ન અરાડવી ઘટે; અને તમારા જેવાં કેળવાયેલાં આજે આમ કરે છે!' ચંદુલાલે આશ્ચર્ય વ્યક્ત કરતાં ઘણા દિવસનો ઊભરો કાઢવાની તક આજે ઝડપી લીધી.

'માસ્તર, ત્યારે હું વળી બોલીશ તો તમારું મોઢું ચઢશે,' કંઈક ચીડમાં, કંઈક કટાક્ષમાં ને કંઇક તિરસ્કારથી શાલિનીએ સામો પડઘો પાડ્યો.

ચંદુલાલ પ્રથમ તો આ અણધાર્યા આક્રમણથી મૂંઝાયો, પણ દાક્ષિણ્ય દર્શાવતાં બહારથી હાસ્યનું અસ્તર ચડાવી કહ્યું:

'મને તો કશું ખોટું લાગતું જ નથી. શિક્ષકો એ બધાથી પર હોય છે.'

'તો સાંભળો, અત્યારે આ બધી ફિલસૂફી લગાવો છો, તે હમણાંસ્તો! લગ્ન થવા દો, ઘેર બચ્ચાંકચ્ચાં ઊભરાવા દો, પછી એમને તમે કેમ મારતા નથી, કેમ ગુસ્સે થતા નથી તે જોઈશું!'

'અરે, હા, હા, જોજો.'

'ભગવાન કરે ને તમારા કોડ પૂરા પડે!' મુખનો ને નયનોનો અનોખો વ્યંગાભિનય કરીને શાલિનીએ બી. એ. બી. ટી. થયેલા ચંદુલાલ માસ્તરને આશીર્વાદ આપ્યા.

કંચન ને શાલિની ઝઘડતાં હોય, ત્યારે કુસુમને રખડવા–ફરવા જવામાં કંચન શાલિનીનું કે કિરીટનું બહાનું કાઢતો, ત્યારે અને રવિવારની રજામાં ય બન્ને ઘરમાં ગોંધાઈ રહે, ત્યારે ચંદુલાલ હસતાંહસતાં બન્નેની ઠેકડી ઉડાવતો. પેલા લોકો માસ્તરને લગ્નના લાકડાના લાડુનો સ્વાદ કરવાનું ત્યારે આહ્વાન આપતા.

'તારી મરજી છે એટલે હું આડે આવતો નથી ચંદુ, પણ સાંભળ્યા પ્રમાણે ઇંદુમાં ઉચ્ચ સંસ્કાર નથી, ઉચ્ચ કેળવણી નથી, એકલી સુંદરતા શું કામની? આટલું શિક્ષણ પામેલ તને કોઈ રીતે અનુકૂળ આવે તેમ નથી. જાણીબૂઝીને માનસિક કજોડાંની જાળમાં ન ફસાતો,' કંચને ચંદુલાલના લગ્નની વાત આવતાં ચેતવ્યો.

'હું શિક્ષક છું કંચન, ઇંદુને કણકની માફક કેળવીશ.'

'તને પરણ–વા લાગ્યો છે એટલે હમણાં તારી આંખ નહિ ઊઘડે!'

ચંદુલાલનાં લગ્ન લેવાયાં, લગ્નમાં ભેટ આપતી વેળા પણ શાલિનીએ ચંદુલાલ પર કટાક્ષ કર્યો:

'જોજો માસ્તર, સાવધાન, ફસાતા નહિ. ગોર મહારાજ 'સાવધાન' શબ્દ ઉચ્ચારે ત્યારે તમે પોતે સાવધાન થઈ ગયા છો કે નહિ તેની જાત તપાસ કરી લેજો.'

પણ આખરે ચંદુલાલ પરણ્યો.

બે વર્ષ બાદ આ બંને મિત્રદંપતી ચોપાટી પર ફરવા ગયાં. ભેળ ખાધી ને ભૂતકાળની, સ્ત્રીપુરુષના વિચિત્ર સ્વભાવની, કૉલેજના અનેક મિત્રોની, રાજકારણ, સમાજશાસ્ત્ર ને સાહિત્યની, વિજ્ઞાન ને માનસશાસ્ત્રની કંઈકંઈ વાતોએ ચડ્યાં. ત્યાં જરા પવન વધુ જોરથી ફુંકાવા લાગ્યો, એ સાથે જ ચંદુલાલે ઇંદુને પૂછ્યું:

'બેબી માટે ગરમ રૂમાલ લાવી છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ ?'

'ભૂલી ગઈ હું તો !'

'હમેશ ફરવા નીકળતી વખતે તને કહી તો રાખ્યું છે, કે બેબીની વધારાની બે ચડ્ડી, થોડાંક બિસ્કિટ અને લાલ રૂમાલ સદા ય સાથે રાખવાં, છતાં ભૂલી ગઈ ?'

'ઉતાવળને લીધે આ...મ...'

'ઉતાવળ ? અહીં કોને જવાબ આપવાનો હતો ?'

'ચંદુભાઈ' શાલિનીએ વચ્ચે મમરો મૂકયો, 'તમે તો બહુ સંભાળ રાખો છો ને બેબીની !'

'શું કરું ? એની મા ન રાખે ત્યારે મારે તો રાખવી જોઈએ ને ?'

ઇંદુએ કહ્યું : 'અરે, શાલિનીબહેન, ઘરમાં બેઠાંબેઠાં રોજ ઑર્ડર છૂટ્યા કરે. બેબી માટે આમ કર ને તેમ કર. આજે બેબીને ખાંસી જેવું જણાય છે તો લવંગ ને અજમો ઘીના દીવે શેકીને એની છાતીએ ચોપડ. એલચી ને મધ ચટાડ. તાવ જેવું જણાય છે, પેલામાં બાએ મોકલેલ એળિયો, દિકામાળી, બકરાંની લીંડી ને અજમો ગરમ કરીને પેટે ચોપડ ને સંચર ને મોટી હરડે તથા અતિરસની કળી ઘસીને જલદી પાઈ દે...બસ હુકમો છોડ્યા જ કરે. ઘેર હોય ત્યારે ઘડીએ વાર મને નવરી બેસવા દેતા નથી !'

'તમે સાચે જ બેબી પાછળ ગાંડા થઈ ગયા છો, ચંદુભાઈ !' કંચને કહ્યું.

'ગાંડો તો નહિ, પણ બેબીની હું અડધી મા છું. એની આખી મા દરકાર ન લે ત્યારે મારાથી કેમ રહેવાય ? અને બાળક પર પ્રયોગો ઓછા કરાય છે ? એથી જ સ્તો, વારંવાર મારે ઇંદુને સલાહસૂચનો આપ્યા કરવાં પડે છે !'

કંચન તથા શાલિનીએ ટ્રેનમાં ઘેર અંધેરી જતાં ચંદુલાલ માસ્તરની 'અડધી મા'ની વ્યંગમાં ખૂબખૂબ ઠેકડી કરી. બંનેના સમાન મિત્રોમાં ને ચાલીમાં એની પુષ્કળ જાહેરાત કરી, પણ શિક્ષક ચંદુલાલનો એક જ જવાબ હતો:

'નિશાળના વિદ્યાર્થીઓની હું આખી મા છું. એમને વિદ્યાનું દૂધ પાઈ ઉછેરું છું. આ દૂધ સુકાતું નથી. બાળક વૃદ્ધ થઈ મરે ત્યાં લગી આ માનસિક દૂધની અસર રહે છે. એ જ રીતે મારી બેબીની હું અડધી મા છું. એની માનસિક દુનિયાનું ચણતર મારે એ રીતે કરવું છે.'

પણ ચંદુલાલની આ આશા–મહત્ત્વાકાંક્ષાઓને ઇંદુ સમજી શકતી નહિ. ચંદુલાલે કેળવવા ધારેલી કણકનો લોટ વાસી, ગંધાતો ને નકામો નીકળ્યો. એણે જોયું કે બંને વચ્ચે ઉત્તર ને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર હતું. ચંદુલાલ હતો આદર્શવાદી. સાદા ને ઉચ્ચ જીવનનો એનો આદર્શ ક્યાં ને ક્યાં ઘરેણાં અને કપડાંમાં જ સમાપ્ત થતું ઇંદુનું જીવન! પોતે ખાદી પહેરતો ત્યારે ઇંદુ મિલનાં કપડાંમાંથી ઊંચી જ આવતી નહોતી. ન એ અંગ્રેજી શીખી, ન હિંદી કે ન ગુજરાતી પૂરું. બેબીને કેળવવાની લગીરે દૃષ્ટિ નહોતી; અને તેમાં ઇંદુ પોતાનું ઝીકયે જ રાખતી, ત્યારે ચંદુલાલનો આત્મા બળીને ખાખ થઈ જતો. સમજવાનો પ્રયત્ન સરખો ન કરનાર ઇંદુ ઘરનાં સર્વ કાર્યમાં પોતાનું જ કૂટ્યે જતી. હા, ઇંદુ પાસે કુદરતે આપેલી એક અદ્ભુત બક્ષિસ હતી સૌન્દર્યની: જાણે આરસની પૂતળી, જાણે ચંપાનું ફૂલ. મેઘશ્યામ ચંદુલાલને એણે અંગેઅંગ વ્યાપેલા અનંગના આ શસ્ત્રથી મહાત કર્યો હતો; એટલે સુધી કે પતિ પાસે એ ઘરનું બધું જ કામ કરાવતી. પાણી ભરાવે, ક્યારેક કપડાંય ધોવડાવે, અને એને, ઈસ્ત્રીયે કરાવડાવે. શાકભાજી તો ચંદુલાલ નિશાળેથી આવતી વખતે લેતો આવતો. ઘેર આવ્યા બાદ બેબીને રાખવામાં તો એ ગૌરવ માનતો. કજિયાળી ઇંદુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યારેક બેબીની વાતમાં જ છણકો કરી અણછાજતું અપમાન કરી બેસતી તો યે મૂંગે મોઢે સહન કરી લેવું પડતું. ચંદુલાલ ઘરમાં પગ મૂકે કે તુરત જ ઇંદુની રામાયણ શરૂ થઈ જતી. લગ્ન પહેલાં કંચન ને શાલિની આગળ પત્ની ને સંતાનને કેળવવાના ચણેલા હવાઈ કિલ્લા જમીનદોસ્ત થતા હતા. ત્યારનો ઉત્સાહ, આનંદ, વેગ, જુસ્સો—ચંદુલાલનું સર્વ સત્વ ઓગળી ગયું હતું. નિશાળમાં છોકરાઓ ઉપર તાપ વરસાવતો ચંદુલાલ ઘરમાં પીગળી જતો હતો. એનું જીવન નીરસ, ઘાણીના બેલ જેવું એકધારું, ઉમંગવિહીન ને નિઃસત્વ બની ગયું. મનમાં ઉદ્વેગ ને દિલમાં આગ ભરીને જિંદગીનો બોજ ચંદુલાલ વહે જતો હતો. કેટલાક મશ્કરા શિક્ષકમિત્રો એને 'હેનપેકેડ હસબંડ' (પત્નીનો ગુલામ) પણ કહેતા.

'તમારા જેવો જ એક દાખલો મને યાદ આવે છે,' એક દિવસ ચંદુલાલના એક શિક્ષકમિત્રે વાત પરથી વાત નીકળતાં જણાવ્યું.

પડોશી શું કહેવા ઇચ્છતો હતો તે જાણવાની ઉત્સુકતા ચંદુલાલના મુખ પર છવાઈ રહી, એટલે પેલાએ કહ્યું:

'કાઠિયાવાડમાં બે મિત્રો રહે. બંને એક જ નાતના. એક મિત્ર પરણ્યો. પત્નીને તે એટલો બધો વશ થઈ ગયો કે એની વહુ બહેનપણીઓમાં એને માટે ખૂબ ગૌરવ લેતી, અને પોતાની માફક પ્રારંભથી જ ત્રાસવાદી વાતાવરણ ફેલાવીને પતિને વશ કરવાની કળા બહેનપણીઓને શીખવતી. બીજા મિત્રનાં લગ્ન લેવાયાં, ત્યારે એની પત્નીને—પોતાની સહચરીને એણે આ બોધપાઠ આપ્યો. મિત્રને આ વાતની ગંધ આવી ગઈ; એટલે પેલાએ પોતાની બહેનની સાથે યોજના એવી કરી કે પરણીને ભાઈ-ભાભી ઘરમાં દાખલ થવા આવે ત્યારે જ એક બિલાડી આડી ઉતારવી. અને એમ થયું, કે તુરત જ પતિને વશ કરવાનાં સ્વપ્નો સેવીને આવેલી નવી વહુને મિત્રે ફટકારવા માંડી. 'કુભારજા, ઘરમાં હજી તો દાખલ થઈ નથી, ત્યાં જ અપશુકનિયાળ નીવડી! છપ્પરપગી, કુલટા લેતી જા' કહીને નવોઢાને એવો તો ચમત્કાર બતાવ્યો કે પતિને વશ કરવાનું જ એ ભૂલી ગઈ!'

'પત્ની સામે હાથ કેમ ઉપાડાય? અસંસ્કારિતા એ તો!' માસ્તરનું મન વિચારે ચઢ્યું.

'પણ પત્નીના આ ત્રાસમાંથી ઊગરવું શી રીતે? એને સામો પડકાર આપવો શી રીતે? પણ રે, હું નિર્બળ છું; એટલે એને ચડી વાગે છે. સામનો કેમ નથી કરતો? નમ્રતા ભલે હોય, નિર્બળતા નહિ જોઈએ; હું એનો પ્રતિકાર કરીશ જ.'

અને પોતે પેપર તપાસવા બેઠો હતો ત્યાં પત્નીએ બેબીને હીંચકો નાખવાનું કહેતાં જ માસ્તર બોલી ઊઠ્યો:

'હું એમ કરીશ ત્યારે તું શું કરવાની છે? નવરી બેઠી તારાથી કેમ નહિ થાય?' બેબી મારી એકલા...?'

પણ વાક્ય પૂરું થતાં પહેલાં જ જવાબ મળ્યો:

'શું કહ્યું? મૂકી દો સઘળું બાજુ યે' અને એમ કહી ગુસ્સામાં એણે પેપરો આંચકીને તિરસ્કારથી આખા ખંડમાં વેરણછેરણ કરી મૂક્યાં. ચંદુલાલે ખેતરમાંથી મોલ લેતો હોય તેમ બધાં પેપરો એકઠાં કર્યાં. ઇંદુ બેબી પ્રત્યે સાવ બેફિકરી બની ગઈ હતી તે ચંદુલાલને મુદ્દલે ગમતું નહીં, બેબીના કોઈ પણ વિકાસમાં ઇંદુનો સાથ નહોતો. ક્યારેક એ પતિની હાજરીમાં યે બેબી પર હાથ ઉગામી બેસતી, ત્યારે ચંદુલાલનો આત્મા કકળી ઊઠતો. બાળઉછેર માટે જ ઘરમાં એને ઇંદુ સાથે તકરારો થતી. તે દિવસથી ચંદુલાલ એકદમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછું બોલતો થઈ ગયો. ખપજોગી જ વાત. નિરાશાનું સામ્રાજ્ય પ્રવર્તેલું રહેતું. આ પત્ની સાથે જીવન કેમ વ્યતીત થશે ? છતાં અંતે તો એની પ્રકૃતિ હતી શિક્ષકની. કોઈ પણ મોટું પગલું ભરતા પહેલાં પૂર્ણ વિચાર કરવાને એ ટેવાયેલો હતો. અતિપરિચયને લીધે તો આમ બન્યું નહિ હોય માની એણે ઇંદુને થોડા મહિના પિયેર જવા દીધી. ત્યાંથી ઇંદુ પત્રો લખતી એમાં થોડુંક પરિવર્તન થયેલું ચંદુલાલને જણાયું, પણ આવ્યા પછી બેબીની સાવકીમા જેવી એ જ ઇંદુ ! બહેનપણીઓ સાથે હસતી પણ ઘરમાં આવ્યે એ જ ચઢેલ મોઢું, એ જ અસહકારની વૃત્તિ, કજિયાળો એ જ સ્વભાવ, ' હું તે તમારાં કાગળિયાં ને નોટો સાચવ્યા કરું કે તોફાની બેબીને રાખું ? પોસાતું નહોતું ત્યારે શીદને લગ્ન કર્યાં ? કરવું પડશે ઘરનું કામ. ' એ જ તીક્ષ્ણ વચનબાણો !

ચંદુલાલને રોજ સવારે ચોપાટી પર ફરવા જવાની ટેવ હતી. ખુલ્લા આકાશ ને તારા પાસે, ઉત્સાહપ્રેરક પવન પાસે, સમુદ્રના નર્તન પાસે, પ્રભાતના નયનમધુર, સુરખીભર્યા વાતાવરણ પાસે એ આ પ્રશ્નનો ઉકેલ માગતો. ઇંદુના સ્વભાવપરિવર્તનનો, ઘરમાં સુખ ને સંતોષનું પુષ્પ ખીલે એવો કોઈ ઉપાય ? જવાબમાં તારાની ટીલડીઓ ઝબૂક્યા કરતી, બાળ પ્રભાત ખિલખિલાટ હસતું, સાગરની લહેરો હિલોળી રહેતી–કુદરત જાણે કહેતી ન હોય કે ' દિલમાં દાવાનળ ભરેલ માનવી ! અમારી માફક જ ઋજુ ને રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં શીખ. ચંદ્રતેજે આહ્લાદક લાગતો સાગર કયારેક ભલભલાં તોતિંગ વહાણો ને રાક્ષસી સ્ટીમરોને ઉથલાવી નથી પાડતો ? સંધ્યા–ઉષાસમયે મધુર લાગતો પવન આંધીરૂપે ઉન્નતને પણ નમાવતો નથી ? રાત્રિરાણીના સાડલામાં હીરા જેમ ઓપતા તારાઓનું ખરતીવેળાનું સામર્થ્ય જેવું તેવું છે ? '

દિવસો વીતતાં કુદરતનો આ સંદેશ ચંદુલાલમાં ઓતપ્રોત વણાઈ ગયો...

અને... એક દિવસ...

' બહેન શું કરું ? મેં ઘણી ય ના કહી કે દરિયામાં આગળ ન જાઓ, તો યે ચંદુલાલ ગયા. આ એમનાં કપડાં. બહુ શોધ કરી પણ ન મળ્યા; એટલે તાબડતોબ તમને કહેવા માટે દોડી આવ્યો છું.' ચોપાટીને દરિયે ચંદુલાલ સાથે નાહવા જનાર પડોશીએ નવ વાગે ઇંદુને ખબર આપી.

ઇંદુ લગભગ બેભાન થઈ ગઈ. આ શું થઈ ગયું ? હવે શું થશે ? મારી કોણ દરકાર રાખશે ? બેબીને લીધે જ એમણે આ પગલું ભર્યું !

ઇંદુએ ચંદુલાલનાં સગાંઓને તત્કાળ ખબર આપી. ચંદુલાલના મોટાભાઈ–ભાભી દોડી આવ્યાં. જેનેજેને ખબર મળી તે સર્વ હાજર થઈ ગયાં.

દરિયામાં લાંબેલાંબે સુધી માછીમારોએ શોધ કરી. આખો દિવસ એ શોધ ચાલી, પણ ન મળી લાશ કે ન મળ્યું બીજું કોઈ ચિહ્ન. આસપાસના કિનારાઓ ઉપર તપાસ કરાવી, પણ શૂન્ય !

ન છૂટકે અંતે નિરાશ થઈ એક દિવસ છાપાંમાં ખબર પ્રસિદ્ધ કરવી પડી:

' ચંદુલાલ નગીનદાસ માસ્તર તે સાકરલાલ ને કમળાબહેનના પુત્રનું દરિયામાં અકસ્માત્ મરણ નીપજ્યું છે. એમના ઉઠમણાની ક્રિયા તા. ૨૫–૧૦–૪૯ ને દિવસે સાંજે પાંચ વાગે એમના નિવાસસ્થાન ખેતવાડી દસમી ગલી મુંબઈ–૪ એ સ્થળે થશે.'

પરિચિતોએ ઇંદુને શક્ય તેટલું આશ્વાસન દીધું. ચંદુલાલની સરવણી પણ પતી જવા આવી. ઇંદુને પતિ સાથેની ગેરવર્તણૂકથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંડો પશ્ચાત્તાપ થતો. અરેરે, દેવ જેવા એ પતિને મેં હડેહડે કરી નાખ્યો. એની સાર-સંભાળ ન લીધી. એમની કામનાઓ પૂરી કરવામાં સાથ ન આપ્યો. બેબીનું એ કેવું જતન કરતા! પૈસા હોય કે ન હોય, પણ મારે જોઈતાં કપડાં–ઘરેણાં માટે એકે વખત ના કહી મને દૂભવી નથી. મને તે કેવી દુર્બુદ્ધિ સૂઝી કે એમને રોજ બેબીના સંબંધમાં જ રંજાડતી રહી! આજે તેરતેર દિવસો થઈ ગયા!

ઊંડી વેદનાની ભઠ્ઠીમાં શેકાતી ઇંદુ બેઠી હતી, ત્યાં તારવાળો બારણાં ઠોકે છે:

'ચંદુલાલ નગીનદાસ!'

અત્યારે તાર? એમના નામનો? પડોશી પાસે વંચાવ્યો, એમાં હતું:

'ચંદુલાલ પૂનામાં છે, મને ૩૪ સદાશીવ પેઠમાં તત્કાળ મળો.'

—કાંતિલાલ દેસાઈ

તત્કાળ બીજી જ સેકંડે બેચાર સગાં લઈ ઇંદુ હાંફળીફાંફળી પહોંચે છે કાંતિલાલ દેસાઈ-ને ઘેર. વિગત જણાવતાં એમણે જણાવ્યું:

'અરે ભાઈ, હું તો વેપારધંધાર્થે અહીં આવું છું તેમ આ વખતે પણ આવેલો. ફરવા જતાં જોયું તો ઓટલા ઉપર બેસીને, ભાઈ પેપર વાંચ્યા કરે. નસીબનું કરવું તે અમારી બંનેની આંખો એક થઈ ગઈ; અને તેમ થતાં જ ભાઇસા'બે તો નજર ઢાળી દીધી. પછી તો પાસે ગયો, ઓળખ્યો, ત્યારે મને શું કહે છે, ખબર છે?

'કહે, કાંતિભાઈ, તમે માગો તેટલા રૂપિયા આપું, પણ ઘેર વાત ન કરશો, મેં 'ના' કહી, ને ઘણુંઘણું સમજાવીને મારી સાથે લાવ્યો છું.

'અત્યારે એ ક્યાં છે, ક્યાં છે?' ઇંદુ ભૂખ્યા માનવી આગળ દેખાડાતી ભોજનની થાળી વખતના અદમ્ય આનંદોત્સાહથી બોલી ઊઠી.

'તમારો કેટલો આભાર માનીએ!' ચંદુલાલના ભાઈએ આભાર માન્યો, 'પણ આજની ઘડી યે ચંદુ છે ક્યાં?'

'આ રહ્યા!' કહીને બાજુનો ઓરડો ખોલતાં કાંતિલાલે કહ્યું અને ચંદુલાલ દેખાયો, ભક્તને ભગવાન દેખાય તેમ. પતિના ચરણો પાસે બેબીને મૂકી દેતી વખતે ઇંદુની આંખમાંથી પશ્ચાત્તાપનાં આંસુનો પ્રવાહ પૂર-જોશથી વહી રહ્યો હતો!

★

માણસની આજીવિકા ચલાવવાના ત્રણ પ્રકાર હોઈ શકે છે:
(૧) ભિક્ષા, (૨) ધંધો યા વ્યવસાય અને (૩) ચોરી.

ભિક્ષા એટલે સમાજની વધારેમાં વધારે સેવા કરી સમાજ પાસેથી કેવળ શરીરયાત્રા ચલાવવા પૂરતું ઓછામાં ઓછું લેવું તે; અને તે પણ ન છૂટકે અને ઉપકાર માનીને.

ધંધો એટલે સમાજની કોઈ વિશેષ પ્રકારની સેવા કરવી અને તે માટે યોગ્ય બદલો માગી લેવો તે.

ચોરી એટલે સમાજની ઓછામાં ઓછી સેવા કરીને, અથવા સેવા કર્યાનો ડોળ કરીને અથવા બિલકુલ સેવા કર્યા વિના અને ક્યારેક તો સમાજનું પ્રત્યક્ષ નુકસાન કરીને પણ સમાજ પાસેથી વધારેમાં વધારે ભોગવિલાસનાં સાધનો મેળવવાં તે.

પ્રત્યક્ષ ચોર, લુટારુ, ખૂની તેમ જ તેમનો 'બંદોબસ્ત' કરનાર પોલીસ, લશ્કરી સિપાહીઓ, ન્યાયાધીશો વગેરે સરકારી સાથીદારો, બંદોબસ્તના કામની બહારના વકીલો, વૈદ્યો, શિક્ષકો, ધર્મોપદેશકો ઇત્યાદિ ઉચ્ચ ઉદ્યોગી લેખાતા લોકો; અને અવ્યાપારેષુ વ્યાપાર કરનારાઓ, આ બધા ઉપર જણાવેલા ત્રીજા વર્ગમાં આવી જાય છે.

—વિનોબા ભાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગી ઔષધિ

લેખક : વૈદ્ય તુળજાશંકર પોપટલાલ જોષી
ગૃહીતાયુર્વેદશાસ્ત્રી

લસણ

स्निग्धोष्ण तीक्ष्णः कटु पिच्छिलश्च ।
गुरुः सरः स्वादु रसश्च बल्यः ॥
वृष्यश्च मेधा स्वरवर्णचक्षु–
र्भग्नास्थिसन्धानकरो रसोनः ।
हृद्रोगजीर्णज्वरकुक्षिशूल–
विबन्धगुल्मारुचिकासशोफान् ।
दुर्नामकुष्ठानलसादजन्तु–
समीरणश्वासकफांश्च हन्ति ॥

ભાવાર્થ: લસણ ચીકણું અને ગરમ, ઉત્તેજક, કડવું, શક્તિવર્ધક, ભારે, જલદી અસર કરનારું, સ્વાદિષ્ટ, બળપ્રદ, મેધા વધારનારું; અવાજ, વર્ણ તથા આંખ સુધારનારું, હાડકાંને બાંધનારું, હૃદયરોગ, જીર્ણજ્વર, શૂળ, મળદોષ, ગોળો, અરુચિ, ખાંસી, અરશ, કોઢ, સોજો અને તેના જંતુઓ તથા શ્વાસ અને કફને દૂર કરનારું છે.

ડુંગળી

नात्युष्णवीर्योऽनिलहा कटुश्च ।
तीक्ष्णो गुरुर्नाति कफावहश्च ।
बलावहः पित्तकरोऽथ किंचित् ।
पलाण्डुरग्निं च विवर्धयेत्तु ॥
स्निग्धो रुचिष्यः स्थिरधातुकर्ता ।
बल्योऽथ मेधाकफपुष्टिदश्च ।
स्वादुर्गुरुः शोणितपित्तशस्तः ।
सपिच्छिलः क्षीरपलाण्डुरुक्तः ॥

(સુશ્રુત સંહિતા સૂત્રસ્થાન અ. ૪૬)

ભાવાર્થ: ડુંગળી ખૂબ જ ગરમ, વીર્યવર્ધક, વાયુ દૂર કરનાર, તીખી, ભારે, બળપ્રદ, અગ્નિ વધારનાર, સ્નિગ્ધ, રુચિ ઉત્પન્ન કરનાર, ધાતુ સ્થિર કરનારી, મેધા વધારનાર, પોષણ આપનાર, સ્વાદિષ્ટ, પચવામાં ભારે તથા લોહીમાં પિત્તની વૃદ્ધિ કરનાર છે.

ભારતવર્ષના ધન્વન્તરિ અને વિશ્વ સમસ્તની સરળ ચિકિત્સા(અં. સર્જરી)ના પિતા સુશ્રુતે યોજેલી સંહિતામાં ૨૫૦૦ વર્ષ પૂર્વે ઉપરોક્ત શ્લોકોમાં લસણ અને ડુંગળીના ગુણધર્મો કહ્યા છે, છતાં કેટલાક લોકો ધાર્મિક કારણોથી, દુર્ગંધથી કે તે વસ્તુઓ પ્રત્યેના અણગમાથી વ્યવસ્થિત ઉપયોગ કરતા નથી. લસણ કે ડુંગળી વાપરવાથી તામસી બુદ્ધિ થાય છે તેવી માન્યતા સાચી હોવા છતાં તેવી વસ્તુઓને આજીવન અસ્પૃશ્ય માનનારાઓ વ્યવહારમાં દરેક કાર્ય આત્મશુદ્ધિ અર્થે જ કરતા હોય તો તો બરોબર છે. પરંતુ તે જ લોકો ચા, કોફી, તમાકુ, ભાંગ, ગાંજો વગેરે વ્યસની ચીજો કે જે બુદ્ધિને ભ્રષ્ટ, અસ્થિર ને તામસી જ બનાવે છે તેનો પુષ્કળ ઉપયોગ કરે છે. આગળના જમાનામાં આ દેશમાં ચા, કોફી, તમાકુ વગેરે હતાં નહિ ને તેથી જ ધર્મશાસ્ત્રોમાં તેનો નિષેધ જણાવ્યો નથી: તે વખતે જો તે આપણા જ દેશની પેદાશ હોત તો જરૂર શાસ્ત્રકારો તેમાં પણ પાપ જ મનાવત. અહિંસક જૈનો, વેદાંતીઓ, ચુસ્ત વૈષ્ણવો તથા ચંડી-રુદ્રા કરનારા કર્મકાંડી ભૂદેવોમાંના કેટલાક આજે પણ તેવી ચીજો નથી વાપરતા; પરંતુ મોટાં શહેરોમાં સુધરેલા ગણાતા કેટલાક લોકો માંસ, મચ્છી, ઇંડાં ને તેવા બીજા અપવિત્ર પદાર્થોનો શારીરિક સમૃદ્ધિ અર્થે છૂપી રીતે અથવા ઔષધ રૂપે પેટન્ટ વિલાયતી દવાઓમાં ડોકટરોની સૂચનાથી વાપરી રહ્યા છે ને તેમાં દોષ માનતા નથી! મદ્ય ન પીનારા માંસ ને દારૂવાળી દવાઓ પીએ છે, કંદમૂળ ન ખાનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીવરના બાટલા કે ઈન્જેકશનો લે છે; લસણુ-ડુંગળી ન ખાનારા ઈંડાં ફોડીને દૂધમાં ગટગટાવી જાય છે! વૈદકીય દૃષ્ટિએ અમારું માનવું એવું છે, કે તેવા હિંસક પદાર્થો વાપરવા કરતાં માંદા પડ્યા પહેલાં કે પડ્યા હોઈએ ત્યારે આહારમાં ને ઔષધમાં લસણુ કે ડુંગળીને સ્થાન આપવામાં આવે તો આજે વધી પડેલા ક્ષય, કેન્સર, પાચનક્રિયાના રોગો, પાંડુ, લીવર ને બરોળના સોજા, હૃદયરોગ, લોહીનું દબાણ, અકસ્માત-હાર્ટફેલ વગેરે થતાં અટકે ને પરદેશથી આયાત થતા હિંસક પદાર્થો અટકી જાય! અને એથી રાષ્ટ્રધર્મ પણ સચવાશે ને વનસ્પતિજન્ય આહાર કે ઔષધથી શક્ય તેટલો સાંપ્રદાયિક ધર્મ પાળ્યાનો પણ સંતોષ થશે.

પ્રજાનું આરોગ્ય કથળતું જાય છે: જન્મથી જ પ્રજા રોગી જણાય છે. આહારવિહારમાં સાત્વિક પૌષ્ટિક તત્ત્વો મળતાં નથી; ઉપરાંત વ્યસનો તથા રસનાના સ્વાદ પણ વધ્યા છે. ચોખ્ખાં દૂધ, ઘી કે તેલ પણ મળતાં નથી. સરકારની યોજનાઓમાં મોટીમોટી મિલો, કારખાનાંઓ અને પશ્ચિમને ધોરણે જીવનપ્રણાલીનું ઘડતર થઈ રહ્યું છે. મહાત્માજીએ સર્વોદય શિક્ષણની રીતે જે વિકાસ કલ્પ્યો હતો તે હવે ભુલાતો જાય છે. ગામડાંઓ તૂટીને શહેરો વસ્યાં છે અને યુવાનો-યુવતીઓ મિલની ભઠ્ઠીમાં શરીર ઓગાળી નાખે છે. પ્રજાની જીવનશક્તિ ઘટતી જાય છે, પરિણામે રોગોનો રાફડો ફાટ્યો છે ને દવાખાનાંઓ વધ્યે જાય છે. પ્રજાનું આરોગ્ય વેડફાઈ રહ્યું છે. દર મિનિટે ક્ષયરોગ, પાંડુ, હાર્ટફેઈલ વગેરે રોગો ઝડપથી ફેલાઈ રહ્યા છે. બાળલકવાના બનાવો જે પહેલાં ભાગ્યે જ આ દેશમાં બન્યા હશે તે અકસ્માત વધી પડ્યા છે તેનાં સ્થૂળ કારણો ખોરાકનો ફેરફાર વગેરે ગમે તે હશે; પરંતુ અદૃશ્ય કારણોમાં માતા-પિતાનાં રજ તથા વીર્યનાં બંધારણ નબળાં પડી જવાથી જે પ્રજા જન્મે તેના પર જ ગમે તે રોગનો સત્વર હુમલો થાય છે. આજે લોકોને સ્વચ્છ દૂધ મળતું તો નથી જ, પણ મળતું હોય તો પણ સુધરેલાઓને દૂધ પ્રત્યે નફરત થઈ છે-ભાવે જ નહિ ને! ચરકમુનિએ सद्यः शुक्रकरः पयः-દૂધ જલદીથી વીર્ય બનાવે છે એમ કહ્યું છે. એક બાજુથી પ્રજા વીર્યનો ક્ષય કરી રહી છે ને બીજી બાજુ દૂધ-ઘી ખાવા ય મળતાં નથી. ઉત્પન્ન થનાર આવી પોકળ પ્રજાની જીવનશક્તિ કેવીક હોય? લડાઈ પછી જ જીવનશક્તિ ઘટવાનાં કારણો ઊભાં થયાં છે એવું કંઈ નથી; તે પહેલાંથી જ માણસનું મન વ્યસનો, કુટેવો ને ધનતૃષ્ણામાં પરાધીન બનેલું: આગળથી જીવનમાં જડાઈ ગયેલી આ કુટેવોમાંથી મુક્ત થવું મુશ્કેલ બન્યું છે. આજે ખાંડને બદલે ગોળ ખાવાની આપણી ઇચ્છા પણ થતી નથી!

આ જગતમાં જેટલી ઔષધિઓ ને આહારનાં દ્રવ્યો છે તેમાં આયુર્વેદે કહેલા છ રસો મધુર, આમ્લ, લવણ, કટુ, તિક્ત, કષાય-માંથી એક, બે, ત્રણ કે બધા રહેલા છે. સાતમો રસ હજુસુધી કોઈ વૈજ્ઞાનિકે શોધ્યો નથી. ઉપરના છ રસો એકબીજાના વિરોધી છે. અમુક રસો ખાવાથી વાયુની વૃદ્ધિ થઈ હોય તો મધુર ને અમ્લ રસો ખાવાથી વાયુ શાંત થાય છે. તેવી જ રીતે પિત્ત અને કફનું પણ સમજવું. લસણમાં છ રસમાંથી પાંચ રસ રહેલા છે, ફક્ત એક જ રસ-અમ્લ-ખાટો રસ રહ્યો નથી, તેમાં એક રસ ઓછો (રસ ઉન=રસોન) છે તેથી રસોન નામ પડ્યું છે. મૂળમાં કટુ, પાનમાં કડવો, નાલ-દંડમાં કષાય, નાલના અગ્રભાગમાં લવણ અને બીજમાં મધુર રસ રહેલો છે. છમાંથી પાંચ રસ રહેલા હોવાથી શરીરમાં વાયુ, પિત્ત ને કફથી ઉત્પન્ન થતા મોટા ભાગના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગો મટાડે છે તે વાત નિર્વિવાદ છે-ખાસ કરીને વાયુ તથા કફથી ઉત્પન્ન થનારા મોટા ભાગના રોગો મટાડે છે. ઉષ્ણ હોવાથી પિત્ત પ્રકૃતિવાળાને ઓછું માફક આવે છે. જો કે પિત્તની પ્રકૃતિનું મૂળ કારણ જ્યાં વાયુ હોય ત્યાં લસણ આપવાથી ફાયદો થાય છે.

લસણ પૌષ્ટિક, કામોદ્દીપક, સ્નિગ્ધ, ઉષ્ણ, પાચક, સારક, રસ અને વિપાકમાં મધુર, તૂટેલાં હાડને સાંધનાર, કંઠસુધારક, પચવામાં ભારે (અતિ માત્રામાં), રક્તપિત્ત વધારનાર, બળકારક, કાંતિવર્ધક, મગજને શાંતિ આપનાર, નેત્રોને હિતકારી ને રસાયન છે. હૃદયરોગ, જીર્ણજ્વર, કુક્ષીશૂળ, કબજિયાત, વાયુનો ગોળો, અરુચિ, ખાંસી, સોજો, અર્શ, કોઢ, મંદાગ્નિ, કૃમિ, વાયુ, શ્વાસ અને કફને દૂર કરનાર છે. વાયુને હિતકારી તથા વૃદ્ધાવસ્થાના વ્યાધિઓને દૂર કરનાર છે.

વ્યાયામ, તડકો કે અગ્નિનું સેવન, બહુ પાણી પીવું, દૂધ અને ગોળ એ વસ્તુઓનો લસણ ખાનારે ત્યાગ કરવો એમ ભાવપ્રકાશમાં કહ્યું છે.

લસણનો કલ્પ : શીત, વર્ષા ને હિમદગ્ધ શરીરવાળા અને સ્તબ્ધ થયેલાં ભાંગેલાં હાડકાંઓવાળા ને વાયુના રોગીઓએ લસણનું સેવન કરવું.

રાહુનું માથું ભગવાન વિષ્ણુએ કાપવાથી અમૃતનાં જે બિંદુઓ ભૂમિપર પડ્યાં તેમાંથી લસણ ઉત્પન્ન થયું, તેથી દ્વિજો તેનું સેવન કરતા નથી. લોકોને તે અમૃત તુલ્ય છે. શીતકાળમાં, કફપ્રધાન વસંતઋતુમાં અને વાદળાં હોય તેવા દિવસોમાં લસણનું સેવન કરવું.

જેમનું ઓજસ મૃદુ છે તેઓ જો વધારે માત્રામાં લસણનું સેવન કરે તો દાહ, અતિસાર, ચિત્તની વિહ્વળતા વગેરે કરે છે. દરેક લસણ ખાનારે ઔષધોપયોગી અલ્પમાત્રામાં સેવન કરવું.

કૃશ-દુર્બળ માણસે અશ્વગંધાનાં ચૂર્ણ સાથે, સ્વરભેદવાળાએ જેઠીમધ સાથે લેવું, ગુલ્મ-ગોળાનાં દરદવાળાએ તલના તેલ સાથે, કુષ્ઠરોગીએ ખદીર-ખેરની છાલ સાથે, પેટમાં કૃમિ હોય તેઓએ વાવડિંગના ચૂર્ણ સાથે સેવન કરવું.

ક્ષયરોગવાળાએ ઘી અને દૂધની સાથે, અર્શવાળાએ કડાછાલ સાથે અને પેસાબના રોગીએ ઉધરસ તથા શ્વાસવાળાએ ત્રિફળા-ચૂર્ણ જોડે સેવન કરવું.

લસણનું સેવન કરનારે કાચું-ભારે પાણી, શેરડીના પદાર્થો, માછલાં, વધુ મુસાફરી, વાયુ ને તડકાનું સેવન, વધુ બોલવું, ચિન્તા, દિવસની નિદ્રા, રાતનો ઉજાગરો, મૈથુન અને દહીં-એ વસ્તુઓનો ત્યાગ કરવો.

પિત્તપાંડુ, પિત્તોદર અને ઉરઃક્ષત (છાતીમાંથી લોહી પડવું), સોજો, તૃષા અતિમદ્યપાન, ઊલટીનો રોગ, કોઈ ઝેર ખાવામાં આવ્યું હોય, વ્રણ-ઘા પડીને બળતરા થતી હોય, આંખમાં પિત્તદોષ થયો હોય અને શરીર થાકી ગયું હોય તેવાઓએ લસણનું સેવન ન કરવું.

અમૃતના કણોમાંથી ઉત્પન્ન થનાર તે લસણનું વિધિપૂર્વક શીતકાળમાં સેવન કરવામાં આવ્યું હોય તો સો વર્ષનું વૃદ્ધાવસ્થા વગરનું આયુષ્ય ભોગવે છે. શક લોકોની સાથે લસણ ને ડુંગળી આ દેશમાં આવ્યાં હોવાની માન્યતા છે ને પરદેશીઓ પાસેથી જ (ચા, કોફી, તમાકુની માફક જ) આપણા દેશના લોકો તે વાપરતાં શીખ્યા છે. શક લોકોની સ્ત્રીઓ દેહલાલિત્ય વધારવા માટે લસણનો ઉપયોગ કરતી હતી. લસણ-ડુંગળી વાપરનારાઓની ચામડીનો વર્ણ સુધરે છે એ અનુભવની વાત છે.

યુનાની મત :-લસણ તીક્ષ્ણ, મૂત્રલ, પેટનો આફરો દૂર કરનાર ને કામોદ્દીપક છે. સોજો, પક્ષાઘાત, ખરોળ, લીવર અને ફેફસાંનાં રોગોમાં લાભ આપે છે. સ્વરશોધક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. જીર્ણજ્વર, કટિવાત, પ્યાસ, દાંતોનો સડો વગેરે મટાડે છે. ગરમ, લઘુ, દીપન, વાયુ ને કૃમિનાશક, ઉત્તેજક, કફનાશક, મૂત્રલ ને વાતનાશક છે. તેમાં રહેલું ઉડ્ડયનશીલ (અં. વોલેટાઈલ) તેલ ત્વચા, મૂત્રપિંડ અને ફેફસાં દ્વારા બહાર નીકળે છે. શ્વાસનળીમાં રહેલો કફ ઢીલો પડે છે. મજ્જાતંતુઓ ઉપર લસણની ઉત્તેજક અસર થાય છે. મોટી માત્રામાં આપવાથી વમન અને વિરેચન થાય છે.

ક્ષયરોગ અને લસણ :–આધુનિક વિજ્ઞાનની શોધખોળોમાં લસણ મહાભયંકર ને અસાધ્ય ક્ષયરોગમાં ઉપયોગી જણાયું છે. ઇગ્લાંડના સુપ્રસિદ્ધ ડૉક્ટર એમ. ડબલ્યુ. મેડકાફનું કથન છે, કે ક્ષયરોગ સંબંધી શોધખોળમાં ૧૦૮૨ ક્ષયરોગના દરદીઓમાં જુદીજુદી જાતના ૫૯ પ્રકારના ક્ષયરોગમાં અજમાવીને તેનાં પરિણામોનું નિરીક્ષણ કર્યું છે, અને તેનું રેકર્ડ રાખવામાં આવ્યું છે. તે રેકર્ડથી માલૂમ પડે છે કે ક્ષયરોગનાં જંતુઓ અને તેના પરિણામે થનારા જુદાજુદા ઉપદ્રવોમાં ફક્ત બે વિશ્વાસપાત્ર ઔષધિઓ માલૂમ પડી છે. વનસ્પતિ વર્ગમાં લસણ અને ખનીજ વર્ગમાં પારદ–પારો છે. (તેથી જ સેંકડો વર્ષથી આયુર્વેદાચાર્યો ચંદ્રોદય, મકરધ્વજ વગેરે ક્ષયરોગમાં વાપરે છે.)

લસણમાં એલિલ સલ્ફાઈડ નામનું એક ઉડ્ડયનશીલ તેલ રહે છે, જે ક્ષયરોગના જંતુઓનો નાશ કરીને જંતુઓની વૃદ્ધિને રોકે છે. લસણ ખાવાથી આ તેલ ઑક્સિજન વાયુ સાથે મળીને સલ્ફ્યુરિક ઍસિડ નામનું અમ્લતત્ત્વ પેદા કરે છે અને ફેફસાં, ચામડી, મૂત્રપિંડ અને યકૃત–લીવર મારફત પસાર થઈને વિનિમય ક્રિયાને સુધારે છે ને શરીરની બહાર નીકળી જાય છે. શરીર બહાર માલીસ કરવાથી જલદીથી અંદર પ્રવેશ કરે છે, જેનું પરિણામ અમારી દૃષ્ટિએ ઘણું જ સારું આવ્યું છે. ક્ષયરોગના જંતુઓ શરીરના કોઈ પણ ભાગમાં ચામડી, હાડકાં, ફેફસાં, ગાંઠો વગેરેમાં જમા થયેલા હોય તો તે લસણના પ્રયોગથી નષ્ટ થાય છે.

ડૉક્ટર મિંચીન લખે છે:

'એક જુવાન માણસ હતો. તેના પગના પંજા ને પગના હાડકામાં ક્ષયરોગ થયેલો ને મેં તેને પગ કપાવવાની સલાહ આપી. પણ તેણે ઇન્કાર કર્યો હતો. છ માસ પછી તાજુબી સાથે મેં તેને નીરોગી જોયો. તેણે કહ્યું, કે લસણ, મીઠું ને મેશ એ ત્રણ ચીજો સમાન ભાગે લઈને તેને પીસીને લેપ કરવાથી તે સાજો થયો. ત્યારપછી મેં મારા ક્ષયના જુદાજુદા રોગીઓ પર લસણના પ્રયોગો કર્યા ને સારો ફાયદો જણાયો.'

લસણના રસમાં સેંકડે ત્રણ ટકા એલિલ સલ્ફાઈડ તેલ મળે છે, જે ક્ષયના જંતુઓનો નાશ કરે છે. તે તેલ આખા શરીરમાં ફેલાઈ જાય છે. પગને તળિયે તેની લૂગદી કરીને મૂકવાથી ૧૫–૨૦ મિનિટમાં મનુષ્યના શ્વાસમાં તેની ગંધ આવે છે; તેથી માલૂમ પડે છે કે બહાર લગાવવા છતાં રક્તવાહિનીઓ દ્વારા શરીરમાં જઈને છેવટે ફેફસાંમાં રહેલા શ્વાસપથ મારફત તે બહાર નીકળે છે; તેવી જ રીતે બીજા અવયવો પર પણ તેની અસર છે. તેથી એવું નિશ્ચિત કરવામાં આવ્યું છે, કે લસણનો થોડા પ્રમાણમાં પ્રયોગ નિયમિત રીતે ચાલુ રાખવામાં આવે તો શરીરના કોઈ પણ ભાગમાં રહેલા 'ટ્યૂબરકલ બેસિલસ' ક્ષય–નામનાં જંતુઓને નષ્ટ કરે છે. તે ડૉક્ટર ફરીથી લખે છે: 'દશ વર્ષના એક બાળકને હાથના હાડકામાં ક્ષયરોગની અસર થઈ હતી ને એક આંગળી પણ કાપી નાખી હતી તેમ છતાં તેની હથેળીમાં ત્રણ નાસૂર પડ્યાં હતાં, ને તેમાંથી રસી આવ્યા કરતી હતી. જ્યારે બધી ચિકિત્સા નિષ્ફળ નીવડી ત્યારે લસણની ત્રણ ચાર કળીઓને ચરખીની અંદર (દાહશમન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા માટે) મેળવીને ચોવીસ કલાકમાં એક વખત બાંધવામાં આવતી: શરૂમાં દાહ તો થતો જ; પરંતુ દોઢ માસમાં તેનો હાથ બિલકુલ સ્વચ્છ થઈ ગયો.'

યૂરોપમાં સને ૧૯૧૪માં જે વિશ્વયુદ્ધ થયું તેમાં લશ્કરના એક સર્જન ડૉકટરને લસણનો અનુભવ થયો. તેનું કહેવું એમ છે, કે લસણના રસમાં ગરમ કરીને ઠંડું કરેલું થોડું પાણી મેળવીને ચેપી વ્રણો પર લગાવવાથી અથવા તેથી વ્રણ ધોવાથી કે તે પાણીવાળું કપડું લપેટવાથી ઘા જલદી ભરાઈ જાય છે અને સડો ગમે તેટલો ભયંકર હોય તોપણ જંતુઓ નષ્ટ થાય છે: તે લખે છે, કે લસણનો રસ મંત્રશક્તિ જેવું કાર્ય કરે છે. આ પ્રયોગ યૂરોપના આખા ય રણક્ષેત્રમાં મોટી સફળતાપૂર્વક અજમાવ્યો ને આ પ્રયોગ કરનાર ડૉકટર પોતે નહિ પણ એક ફ્રેંચ કિસાન સ્ત્રીનો અજમાવેલ હતો. દુનિયાના લાભને માટે તેણે બહાર પાડ્યો છે.

લસણમાં ખાંડ અને સિંધવ સમાનભાગે મેળવીને ચાટણ જેવું તૈયાર કરવું. આ અવલેહમાંથી ૦। તોલો લઈને ૦॥ રૂપિયાભાર થીજેલું ઘી મેળવીને દિવસમાં ત્રણ વખત સેવન કરવાથી પ્રથમ તબક્કાનો ક્ષયરોગ, મંદાગ્નિ, અજીર્ણ, આફરો, ઉદરશૂળ, ખાંસી, ઈન્ફ્લુઆન્ઝા, નાસૂર, સંધિવાત વગેરે રોગો નષ્ટ થાય છે. તેનું ટીંકચર પણ સારું કામ આપે છે. 'ઇન્ડિયન એન્ડ ઈસ્ટર્ન ડ્રગિસ્ટ' નામના પત્રમાં ૧૯૨૨ના મે માસના અંકમાં લસણ ઉપર નીચે પ્રમાણે લખ્યું છે:

લસણ ઉત્તેજક અને ચર્મદાહક છે. એક શાંતિદાયક અને પાકસ્થલીને ઉત્તેજિત કરવાવાળા દ્રવ્યની માફક લસણ પાચનક્રિયામાં સહાયતા કરે છે અને અન્નનો રસ બનાવવામાં મદદ કરે છે. જેથી પેટનો વાયુ શાન્ત થાય છે. કફઘ્ન ઔષધોની જેમ વાયુ નળીઓ પર અને ફેફસાંની નળીઓને ગ્રંથિઓ પર પોતાનો પ્રભાવ બતાવે છે, તેથી જેમાં દુર્ગંધયુક્ત કફ બહાર નીકળે છે તેવા ફેફસાંના ક્ષય કે વિદ્રધિમાં સારું કામ આપે છે. જમા થયેલો કફ બહાર પડે છે, જંતુઓ નષ્ટ થાય છે. ક્ષયરોગમાં રાત્રે વળતો પસીનો બંધ થાય છે, ભૂખ વધે છે ને રાત્રિની ઉધરસ શાંત થવાથી સુખપૂર્વક નિદ્રા આવે છે.

સ્ત્રીઓમાં ઋતુસ્રાવનિયામક તરીકે માસિકધર્મ પ્રવર્તાવે છે. શક્તિ આપે છે. ચામડી અને મૂત્રપિંડોને ઉત્તેજન આપી મૂત્રનું પ્રમાણ વધારે છે, જેથી જળોદરમાં પણ ઉપયોગી છે. હિસ્ટીરિયા રોગમાં મૂર્છિત સ્ત્રીઓમાં સુંઘાડાય છે. લવણ સાથે ઉદરશૂળમાં અને જ્ઞાનતંતુની નિર્બળતાથી થનારા માથાના દુખાવામાં સારી અસર કરે છે......પેટના કૃમિ નષ્ટ થાય છે ને વારંવાર થતું સળેખમ, શ્વાસ અને ઉધરસ શાંત થાય છે. જ્વરનું શમન કરે છે, પીડાને દૂર કરે છે, સોજો વિખેરે છે, ચામડીને બાળે છે ને ભીનાશનું શોષણ કરે છે.

ભારતવર્ષના આયુર્વેદાચાર્યોને શરીર પર લસણથી થતી સૂક્ષ્મ ક્રિયાઓનું જ્ઞાન સેંકડો વર્ષથી છે. પાશ્ચાત્ય વિજ્ઞાન પણ તેનું સમર્થન કરે છે, તેની જંતુઘ્ન અસર માટે તે પ્રખ્યાત છે. નિયમપૂર્વક તેનું સેવન કરવાથી ઇન્ફ્લુઆન્ઝા અને બેરીબેરી નામના ભયંકર રોગો થતા નથી, જો કે ઉપયોગ કર્યા છતાં વ્યક્તિગત ગંદી ટેવો, આસપાસની ગંદકી ને શારીરિક નિર્બળતાને અંગે તેવા રોગો થાય છે ખરા. પ્રસૂતિકાળમાં તે સ્ત્રીઓને આપવામાં આવે છે ને ડિપ્થેરીઆ જેવા ચેપી રોગમાંથી બચી જવા માટે લસણનો ઉપયોગ ફાયદાકારક છે.

વાયુના રોગો અને લસણઃ—બધા પ્રકારના વાયુના રોગોમાં લસણનો બાહ્યાભ્યંતર પ્રયોગ કરવાથી સારું ફળ મળે છે. ગૃધ્રસી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાયટીકા, અર્દિત, પક્ષાઘાત, ઉરુસ્તંભ વગેરે રોગોમાં લસણ ને વાવડિંગને સમાનભાગે લઈ અર્ધું દૂધ, અર્ધું પાણી મેળવી પાણી બળતાં સુધી ઉકાળવું. ગાળીને પી જવું. આ ક્વાથથી મજ્જાતંતુઓની શક્તિ સુરક્ષિત રહે છે અને સ્નાયુઓની શક્તિ વધે છે. વમન, અજીર્ણ, સફેદ દસ્ત, કૃમિરોગ, પેટનો ગોળો વગેરેમાં ફાયદો કરે છે. જીર્ણ સંધિવામાં સોજા ઉપર ખાવાથી ને બહાર લેપ કરવાથી લાભ થાય છે. લેપ લાંબો વખત રાખવાથી ફોલ્લા ઊઠવાનો ભય છે તેથી લાંબો વખત રાખવો નહિ.

પ્રાચીનકાળમાં ક્ષયરોગમાં ને ક્ષત (અં. કેવીટી) પડ્યું હોય તેમાં લસણ ને વાવડિંગનો દૂધમાં ઉકાળો આપવામાં આવતો. બાળકોની કુકડિયા–મોટી ખાંસીમાં તે ઉકાળો પાવાથી સારો લાભ લખ્યો છે.

હૃદયરોગમાં લસણ આપવાથી પેટનો વાયુ શાન્ત થતાં હૃદય પરનું દબાણ કમી થાય છે; લોહીનું દબાણ (અં. બ્લડપ્રેશર) ઓછું થાય છે. હૃદયને બળ મળે છે અને છૂટથી પેસાબ થાય છે. બ્લડપ્રેશરના દરદીઓ દૂધ અને ઘી સાથે લસણનું સેવન કરે તો દબાણ ઓછું થાય છે. રક્તવાહિની નળીઓમાં જામેલો કચરો સાફ થાય છે. વાયુનું અનુલોમન થાય છે. મગજ શાંત થઈ સુખપૂર્વક નિદ્રા આવે છે.

ગળાની કે પેટની રસગ્રંથિઓ (અં. લીમ્ફેટિક ગ્લેન્ડસ) ફૂલીને જે ક્ષયરોગ થાય છે, જેમાં ગાંઠો પાકે છે, રસી આવે છે ને જીર્ણ-જ્વરથી શરીર સુકાય છે તેમાં લસણને ઘી કે દૂધમાં ઉકાળીને પાવાથી ઉત્તમ ફાયદો જણાય છે. ઓપરેશન કરાવવાની સલાહ મળી હોય તેવા કેસો મટી ગયા છે.

વૃદ્ધાવસ્થા અને લસણ: લસણને રસાયણ માન્યું છે. વૃદ્ધાવસ્થા અને વ્યાધિને જે દૂર રાખે તેનું નામ રસાયન છે. અશક્તિ, વીર્યની નિર્બળતા, મગજશક્તિની નિર્બળતા, બધા અવયવોમાં થકાવટ ને નિર્બળતા, શ્વાસ, અનિદ્રા, મંદાગ્નિ વગેરેમાં લસણ શક્તિ આપે છે ને વાયુ તથા કફના રોગોમાં સારો ફાયદો કરે છે. દમના રોગીઓ શિયાળામાં લસણ વાપરે તો કફ સહેલાઈથી નીકળી જઈને શ્વાસ કે ગભરામણનો હુમલો થતો નથી.

રસાયન અને વાજીકરણ: આજકાલ જાહેરખબરિયા દવાઓથી અવળે રસ્તે દોરવાઈ ધાતુવર્ધક દવાઓ માટે લોકો ચોરી-છૂપીથી અનેક પૈસા બગાડે છે તે કરતાં શિયાળાની ઋતુમાં દૂધમાં દરરોજ ચારપાંચ કળી લસણ ઉકાળીને કે ઘીમાં તળીને લેવાનું રાખે તો દરેક પ્રકારની નિર્બળતા દૂર થાય છે. હાથપગમાં પસીનો વળતો હોય, શરીર શુષ્ક થઈ ગયું હોય, સાંજનો જીર્ણ હાડિયો-તાવ રહેતો હોય, જઠરાગ્નિ મંદ હોય, દસ્ત સાફ ન આવતો હોય, સ્વપ્નદોષ થતો હોય તેવા લોકોએ બ્રહ્મચર્ય પાળીને લસણનો પ્રયોગ કરવો. જરૂર ફાયદો થશે. લસણ ગરમ જણાય અથવા ચેળ કે ફોલ્લા થાય તો એક ઠંડો–જુલાબ–સોનામુખી, ગુલાબનાં પાન, દ્રાક્ષ વગેરેનો લઈ લેવો ને ફરીથી લસણનો પ્રયોગ ધીરજથી ચાલુ રાખવો. એક કળીનું લસણ અમદાવાદ, પાટણ વગેરે સ્થળોએ થાય છે તેનો ઉપયોગ શિયાળામાં ઘણા લોકો કરે છે.

ડુંગળી–હજારો ને લાખો નહિ, પણ કરોડો મનુષ્યો જે સોંઘી (હવે તો તે પણ મોંઘી) શાકભાજીમાંથી જીવનસત્ત્વ મેળવે છે, તેમાંની એક ડુંગળી પણ છે. ડુંગળીનું શાક, કઢી, કચુંબર ને અથાણું પણ કરવામાં આવે છે. ડુંગળીનાં સ્વાદિષ્ટ ભજિયાંના વિચારથી પણ મોમાં પાણી છૂટે છે ને સિસકારા બોલતા હોય, આંખમાં પાણી આવી ગયાં હોય છતાં ડુંગળીનાં ભજિયાં ધરાઈએ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંસુધી છોડવાનું મન થતું નથી. તેના ઉપયોગથી મોં તથા હોજરી ને આંતરડાંમાં પુષ્કળ રસો છૂટે છે ને વાયુનું શમન થાય છે. ડુંગળીથી સામાન્ય કફ થાય છે: વધારે ઉપયોગથી પેટમાં ચુંથારો ને દુખાવો થાય છે. ડુંગળી વાયુ અને પિત્તના રોગો મટાડે છે–કફ પિત્તના રોગો મટાડે છે. વૃષ્ય–ટૉનિક છે; ખોરાક ઉપર રુચિ ઉત્પન્ન કરનાર છે; શરીરનો વર્ણ સુધારનાર છે; ધાતુવર્ધક અને દેહને મજબૂત કરનાર છે. લસણની જેમ ડુંગળીનો ઉપયોગ શક લોકોની સ્ત્રીઓ દેહલાલિત્ય વધારવા કરતી. તેનાથી બળ, વર્ણ અને ઓજસ વધે છે, સ્વર સુધરે છે ને મનની પ્રસન્નતા રહે છે. ક્ષીણ-વીર્ય પુરુષો, અશક્તો ને જેમને વ્યવહારમાં આજીવિકા નિમિત્તે પરિશ્રમ કરવાના જરૂર છે તે લોકો ડુંગળીનો ઉપયોગ કરે તો જીવન-શક્તિ વધે છે.

જુદીજુદી જાતના સોજા, શરદી, સળેખમ, સંધિવા, બાળકોના વરાધના રોગો શૂળ અને સ્કર્વી (દાંતમાંથી લોહી નીકળવું) વગેરેમાં ખૂબ જ ઉપયોગી છે. કાચી ખાવાથી સ્ત્રીઓને આર્તવ આવે છે ને દુખાવો થતો નથી.

ડુંગળી ઉષ્ણ, કફઘ્ન ને મૂત્રલ છે. હૃદયની અશક્તિથી થતા થડકા ઓછા થાય છે ને પેસાબ છૂટથી થાય છે. મોટી માત્રામાં વામક અને રેચક છે. મોટી માત્રામાં ખાધે રાખવાથી પેટમાં ચુંથારો, અતિસાર, સોજો વગેરે થાય છે. ફેફસાંના સોજામાં તેનો રસ ઘણો જ ઉપયોગી છે. ડુંગળીને રોગાનુસાર અનુપાનો સાથે આપવાથી તે સારું કાર્ય કરે છે. તેનો સીરપ બનાવી તે સહેલાઈથી લઈ શકાય છે. ડુંગળીથી બુદ્ધિ સતેજ થાય છે ને શરીરમાં સાચી શક્તિ ને સ્ફૂર્તિ રહે છે. અનેક રોગોના જંતુઓથી બચી જવા માટે થોડી માત્રામાં ડુંગળીનું સેવન કરવું લાભદાયક છે.

અર્શમાં લોહી પડતું હોય તો ડુંગળી ઘીમાં તળીને લેવાથી ફાયદો થાય છે. આંતરડાંમાં ખોરાકનો સડો થવા દેતી નથી–કબજિયાતનો નાશ કરે છે ને પેસાબ પણ સાફ લાવે છે, વાયુનું અનુલોમન કરે છે તેથી પેટના ગોળાના દર્દમાં, જીર્ણ એપેન્ડીસાઈટીસ અને સારણગાંઠના કેસોમાં આંતરડાં સ્વચ્છ રાખવા માટે ડુંગળીનું સેવન હિતાવહ છે. વીંછીના દંશ ઉપર ચોપડવાથી વેદના શાંત થાય છે. હિસ્ટીરિયાના રોગમાં નાકે સુંઘાડવામાં આવે છે. ક્ષયરોગમાં ખાંસીનું જોર નરમ કરવા માટે વપરાય છે.

ડુંગળીનો રસ રાઈના તેલ સાથે મેળવીને સંધિવાના દુખાવા પર ચોપડવામાં આવે છે. આ બધા ઉપરાંત ક્ષયરોગીને ડુંગળીનું શાક, કચુંબર કે ઘીમાં તળીને આપવાથી તે ક્ષયના જંતુઓ નષ્ટ થવામાં મદદ કરે છે અને સાચી ગરમી પેદા થવાથી શરીર સ્ફૂર્તિમાં રહે છે; ઉધરસ ઓછી થાય છે ને સુખપૂર્વક નિદ્રા આવે છે. લસણ અને ડુંગળીમાં રહેલા ગુણધર્મો જોતાં આજના આહારનાં પૌષ્ટિક તત્ત્વોની જે ખામીઓ રહેલી છે તેમાંથી ઉપજતા રોગોથી બચવા માટે ઔષધ ને આહારમાં લસણ ને ડુંગળીનો ઉપયોગ રામબાણ જેવો છે, મોંમાં દુર્ગંધ ન મારે તે માટે ગોળ, વરિયાળી કે પાન ખાવું.

દરરોજના ઉપયોગ માટે:

લસણ, કોથમીર, આદું, ધોળી દ્રાક્ષ, ખાંડ અને સિંધવની ચટણી કરીને ખાવી.

સવારમાં ૦ll શેર દૂધમાં, ૦ll શેર પાણી ભેગું કરી તેમાં પાંચ કળી લસણની નાખી પાણી બળે ત્યાંસુધી ઉકાળીને દૂધ પી જવું. લસણની પાંચ કળી ૧ તોલો ઘીમાં ગરમ કરી લસણ લાલચોળ થાય ત્યાંસુધી કકડાવીને તે ઘી રોટલી, દાળ, શાક સાથે લેવું.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યાય!

લેખક :
શ્રી પ્રહ્‌લાદ બ્રહ્મભટ્ટ

સત્યવતીદેવી ન્યાય માગી રહી હતી. ઘટાટોપ આંબાવાડિયામાં, મીઠી છાંયડી નીચે થોડાક માનવીઓ સત્યવતીદેવીનો ન્યાય કરવા બેઠા હતા. મેલથી લચી રહેલાં એમનાં વસ્ત્રો, અડધી બાંયના કબજાવાળાં પહેરણો અને માથે મેલથી અસલ જાત પણ જેની ન જાણી શકાય એવા ફેંટા બાંધેલા નાતના આગેવાનો ગંભીર વિચારણામાં પડી ગયા હતા.

એમની સમક્ષ સત્યવતીદેવી ઊભી હતી.

અને સત્યવતીદેવીનો ન્યાય કેવોક થાય છે એ જોવાને આખા ગામના લોકો પણ જમા થયા હતા. પોતાનાં નાનકડાં સંતાનોને કાખમાં ઘાલીને ઘૂમટામાં મોં છુપાવ્યા છતાં ચોરી–ચૂપકીથી ન્યાયાધીશોનાં મોં સામે જોઈ લેતી ગામની વહુવારુઓ પણ હાજર હતી. ઘડીમાં બજરની ચપટી લેતી અને ઘડીમાં પડોશમાં ઊભેલી સ્ત્રી સાથે વાત કરતી વૃદ્ધાઓ પણ આ તમાશો જોવા હાજર હતી.

અને માતાની આંગળીએ આવેલા છોકરાઓ પણ શાંતિથી ઊભા હતા.

બીજી બાજુ વિવિધરંગી પોષાકમાં સજ્જ થયેલા જુવાનો અને એની સામે જ નીચે બેઠેલા વૃદ્ધો સત્યવતીદેવીના ન્યાયનું મૂલ્યાંકન કરવાને મોજૂદ હતા.

સત્યવતીદેવી કહેતી હતી :

'મહાજનો! તમે જો ન્યાયદેવતાને હાજર રાખીને મારી વાતનો ફેંસલો કરતા હો તો હું આપને એ માટે પ્રાર્થના કરું છું. મારે કોઈ ફરિયાદ નથી, મારે કોઈ બદલો જોઈતો નથી, હું તો માત્ર શુદ્ધ ન્યાય જ માગું છું.' એ ન્યાય માગતી હતી. જે નાતમાં એનો જન્મ થયો, જે નાતમાં એનાં લગ્ન થયાં, એ નાતમાં રહેવાનો એને અધિકાર હોય કે ન હોય, પણ એ નાતનાં પુત્ર–પુત્રીઓ માટે દેવીમંદિરો ઊભાં કરવાનો એને અધિકાર છે કે નહિ?

ન્યાય ચૂકવવા બેઠેલાઓ નીચી મૂંડીએ કાંઈક વિચારતા હતા. સૌનાં મુખ પર ગંભીરતા છવાઈ ગઈ હતી અને વાતાવરણ પણ એવી જ ગંભીરતાથી ઘેરું બન્યું હતું.

'ના! ના! ગમે તે થાય પણ એ ભ્રષ્ટાનાં જ્ઞાનમંદિરો શરૂ થાય તો એ જ્ઞાન પણ કેવું હોય? ભ્રષ્ટ જ ને! આપણાં સંતાનોને આપણે ભ્રષ્ટ બનાવવા માગીએ છીએ?'

'પણ એટલું તો વિચારો કે આ નાનકડા ગામમાં કદાપિ જોવા ન મળે એવી મોટી ઇમારતો અને તેમાં છોકરાંઓને આપવામાં આવતું જ્ઞાન! ક્યારેય તમે એવી જોગવાઈ કરી શકવાના છો?'

'મેલ્ય પૂરો એ ભણતરમાં!' કહેતાકને એક વયોવૃદ્ધ પોતાના ભેરુની વાત સામે ગુસ્સે થયા: 'અલ્યા ભણતર પહેલું કે ધર્મ? આ ધર્મ હશે તો બધું જ છે; અને બાઈ ભ્રષ્ટ તો બની જ હતી ને?' એમણે કહ્યું.

'એમાં બાઈનો જ વાંક?' પેલાએ પૂછ્યું 'અને એનાં માબાપનો, એના સસરાનો કોઈનો વાંક જ નહિ? તમે તે શું ન્યાય દેવા બેઠા છો?'

'તું કહે છે એ સાચું છે, પણ બાઈએ એનું ઘર માંડ્યું, એ કાંઈ જેવી તેવી વાત છે? કોણ જાણે કોણ નાતનો હશે એ!' વૃદ્ધે પોતાની વાણીમાં બાઈ સામે તિરસ્કાર વ્યક્ત કર્યો.

આ ચર્ચા સત્યવતીદેવી શાંતિથી શ્રવણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતી હતી. ચર્ચામાં ક્યારેક દેખાતો રોષ અને ક્યારેક દેખાતી સહાનુભૂતિથી જાણે એના પર કોઈ અસર થતી ન હતી.

શ્વેત સાડીમાં સજ્જ થયેલી અને પોતાની નાતના વડીલો સમક્ષ ન્યાય માગવા ઊભેલી સત્યવતીદેવી એ પ્રતિભાવંત નારીરત્ન હતી. સમાજસેવિકા તરીકે એની ખ્યાતિ દૂરદૂર સુધી પથરાયેલી હતી. એ સમાજના પછાત વર્ગની સેવામાં જ પોતાનો સમય પસાર કરતી હતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી શહેરમાંનો પોતાનો સુવ્યવસ્થિત અને સ્વચ્છ રહેણાક છોડીને, પછાતવર્ગોમાં જ ધરાવતા એવા એક મલિન અસ્વચ્છ લત્તામાં તે વસવાટ કરતી હતી.

એણે જ્યારે આ ગંદા લત્તામાં બે ઓરડીઓ પોતાના માટે રાખી ત્યારે સૌને આશ્ચર્ય થયું.

'બહેન તમે અહીં રહેશો? આવી ગંદકીમાં? આવી જગ્યાએ તમારા જેવા ઊજળા વરણના લોકથી તે શે રહેવાશે?'

'તમારી જેમ હું પણ માણસ છું ને!' હસીને સત્યવતીએ કહ્યું, 'આપણે બધા ભેગા થઈને આ ગંદકી દૂર કરીશું. કેમ તમે આવશો ને?'

'વાહ! તમારા જેવાં ગંદકી સાફ કરવા આવે, તો અમે કેમ નહિ આવીએ?'

ત્યારથી સૌથી વધુમાં વધુ ગંદો ગણાતો એ મહોલ્લો સુઘડ અને સ્વચ્છ રહેવા લાગ્યો. લોકોની ઘર કરી ગયેલી આદતોને બદલતાં સત્યવતીને ભારે મહેનત પડી. મહોલ્લાની સ્વચ્છતાની પહેલી અસર તો મહોલ્લામાં રહેતા માનવીઓ ઉપર થઈ. સત્યવતીદેવી મહોલ્લાની સ્ત્રીઓને સ્વચ્છતાના પાઠ ભણાવવા લાગી. એમનાં મલિન વસ્ત્રો સાફ કરાવીને એમના પતિ અને બાળકોનાં વસ્ત્રોમાં પણ સ્વચ્છતા આવતી ગઈ. એ જન્મજૂની ગંદકીની કુટેવોનો અંત આવ્યો.

સત્યવતીદેવી પાયાની ઈંટ બની રહી હતી. સૌમ્ય અને પ્રશાંત શી ધીર-ગંભીર સત્યવતીને જોતાં જ પ્રથમ દૃષ્ટિએ માનની લાગણી ઉદ્‌ભવતી હતી. વર્ષો સુધી એણે સમાજના નીચલા થરના માનવીઓની સેવા બજાવી. વર્ષો સુધી એણે અધ્યાપન મંદિરના વડા તરીકે સેવા આપી અને બદલામાં તેની પાસે ઠીકઠીક પૂંજી જમા થઈ હતી.

એને પોતાને તો અપરિગ્રહવ્રત જેવું હતું. પોતાની રહેણીકરણી પાછળ તેનો ખર્ચ સાવ સામાન્ય હતો. એના ઘરમાં સંપૂર્ણ સાદાઈ હતી. વસ્ત્રોના મોહથી તો તે દૂર જ રહી હતી. મિતાહારી ખોરાક અને સંયમપૂર્ણ સાદું જીવન એ એનો જીવનમંત્ર હતો. આખો દિવસ એ કાર્યરત રહેતી; એટલે સાંજના છેડે એ શ્રમિત બનતી. એ પરિશ્રમ ઉતારવાને અને માનસને પ્રફુલ્લિત બનાવવાને તે થોડીક કન્યાઓ સાથે દૂરદૂર સુધી ઘૂમવા જતી અને પ્રફુલ્લિત ચિત્તે તે પાછી ફરતી.

દિવસો થયા એને પોતાની પાસે અનાયાસે જમા થયેલી પૂંજી વિષે ચિંતા થયા કરતી હતી. આટલી મોટી રકમનો ઉપયોગ શો કરવો? સેવાને જ જીવન સમર્પિત કરી ચૂકેલી સત્યવતીની નજર સમક્ષ સહસા એનું વતન આવીને ઊભું. એના દિલમાં થયું, વતનના છોકરાઓને શિક્ષણ આપવાના કાર્યમાં જ જીવનની અંતિમ ઘડીઓ પણ વીતી જાય તો?

ને એના દિલમાં ઉત્સાહનો ધોધ વહેતો થયો.

થોડાક દિવસ માટે વતનમાં જઈ આવવાની વૃત્તિ થોભાવી શકી નહિ; અને એક દિવસ તે પોતાના વતનની પાદરે આવી ઊભી. પાદરે ઊભાઊભી જે ધરતીની મીઠી ગોદમાં તેણે જીવનનાં કેટલાં ય વર્ષો વિતાવ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં, જે ધરતીની માયા તેના જીવનમાં હજી પણ જાગતી રહી હતી, તે ધરતીને તેણે નયનો ભરી જોઈ લીધી. ગામના વડીલ શો એ જ વડલો, અને તેના પરનાં પંખીઓનો કલશોર, એ જ નિત્ય વહેતી નદી અને એ જ પનિહારીઓને કેટલી ય ઘડી સુધી અનિમેષ નેત્રે એ ભૂતકાળને જોતી જ રહી. એની આંખના ખૂણામાં અશ્રુબિંદુ બાઝયાં.

એના દિલમાં થડકાર હતો. એને કેવો જવાબ મળશે એને વિષે એના દિલમાં શંકા હતી.

સત્યવતીદેવીના આગમને આખા ગામમાં તાજુબી ફેલાઈ ગઈ. ગામના જુવાનો તો સત્યવતીદેવીના નામથી પરિચિત હતા. એનું જ્ઞાન, એની બુદ્ધિ અને એની સેવાભાવનાની સુવાસ, એક ખૂણામાં પડેલા આ ગામ સુધી પણ પહોંચી ગઈ હતી. એને જોવાને સૌ લોક જમા થયા હતા.

જુવાનો કહેતા: 'દેવી ! તમે હવે તમારા વતનને જ પ્રકાશ આપવાનો પ્રયત્ન ન કરો ? અહીં જુઓને, અજ્ઞાનતાની ગંદકી કેવી બદબો મારી રહી છે !'

'મારી પણ એ જ ઇચ્છા છે,' સત્યવતીના આ જવાબથી જુવાનો હર્ષથી નાચી રહ્યા.

'પણ લોકોની મરજી હોય તો !' સત્યવતીએ પોતાની ઇચ્છાનો આધાર રજૂ કર્યો.

સત્યવતીએ જ્યારે પોતાની ઇચ્છા નાતના પટેલો સમક્ષ વ્યક્ત કરી, ત્યારે તેઓ ચોંકી ઊઠ્યા. એના ભૂતકાળના ઈતિહાસ પર એનો ન્યાય કરવાને તેઓ એકઠા થયા હતા.

લોકો જ્યારે એને સત્યવતીદેવી તરીકે પિછાનતા હતા, ત્યારે ગામના લોકો એને જોતાં જ બોલી ઊઠ્યા: 'આ તો સવિતા ! પેલી સવિતા !!'

વૃદ્ધાઓ અને વહુવારુઓ બધાં જ જાણે સવિતા તરફ વક્રદૃષ્ટિથી જોતાં હતાં. બીજી બાજુ બેઠેલા વૃદ્ધોની આંખમાં પણ ધર્મ રસાતળ ગયો હોય એવી વિષાદની ઘેરી છાયા જણાતી હતી.

સવિતાનાં લગ્ન થયાં, ત્યારે એની ઉંમર સાત–આઠ વર્ષની હતી. એનો પતિ મંગળ ત્યારે પંદરેક વર્ષનો હતો. એનો પિતા જાતમહેનત કરીને જીવનનિર્વાહ ચલાવતો હતો, પણ સ્વભાવ સાથે જડાઈ ગયેલ કંજૂસાઈને કારણે ગામના પ્રમાણમાં સારી ગણાય એવી સંપત્તિ હોવા છતાં એના દેહ પરથી દારિદ્રય વ્યક્ત થતું હતું.

મંગળ તોફાની હોવાથી પિતાનો દાબ પણ ક્યારેક નિષ્ફળ જતો હતો. આખું વર્ષ રખડપટ્ટીમાં વિતાવ્યું હોવાથી પરીક્ષામાં એ નાસીપાસ થયો. એ રાત્રે એના પિતાએ તેને ઠપકો આપ્યો, 'જો ભણવું ન હોય તો ઘર છોડી જા !' પિતાએ પુત્રનાં તોફાનોથી કંટાળીને આખરી વેણ ઉચ્ચાર્યાં.

અને વહેલી સવારે જ મંગળ અદૃશ્ય થયો. કયાં ગયો એનો પંદર વર્ષ સુધી તો પત્તો જ ન લાગ્યો. મંગળના પિતાએ પહેલાં તો એની ખૂબ તપાસ કરાવી. આખરે ગમે તેમ તો ય મંગળ એમનો એક નો એક દીકરો હતો ને ! પણ એ શોધનું કોઈ પરિણામ ન આવ્યું ત્યારે દિલમાં વેદના ભરીને તેઓ શાંત થયા.

સવિતાને ત્યારે તેનો પતિ નાસી ગયો છે, એનું ભાન પણ ન હતું. એની માતાએ જ્યારે ક્રોધભર્યા વચને કહ્યું: 'તારો ધણી નાસી ગયો.' ત્યારે એણે નિર્દોષભાવે જવાબ દીધો હતો ! 'નાસી ગયો તો ભલે ગયો ! મારે તો કંઈ એને ઘેર જવું નથી.'

બિચારી નિર્દોષ સવિતા ! એને મન પતિ શું ? પતિનું ઘર શું ?

સમય વહેતો ગયો અને સવિતા જેમજેમ ઉંમરલાયક થતી ગઈ, તેમતેમ એને પતિની કલ્પના સતાવતી ગઈ; પરંતુ એણે સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વારા કલ્પનાઓની પાંખો કાપી નાખી. સાદું જીવન એણે સ્વીકાર્યું અને મિતભાષી, મિતાહારી બની રહી. એનો સૌભાગ્યચાંદલો એના કપોલપ્રદેશ પર ચમકતો હતો. ક્યારેક એ ચાંદલાને જોતાંજોતાં સવિતા વિચારના ઊંડાણમાં ઊતરી જતી.

મંગળનો કોઈ પત્તો ન હતો. વર્ષો વીતી ગયાં. હવે મંગળ પાછો ફરે તેવો કોઈ સંભવ પણ ન હતો. મંગળના પિતાએ વ્યથિત દિલે સવિતાને કહ્યું: 'બેટા! તારું સૌભાગ્ય છિનવાઈ ગયું છે. હવે તને ઘરબાર સોંપીને તીર્થક્ષેત્રે જવાની મારી ઇચ્છા છે.'

'મારે ઘર શાં અને વ્યવહાર શા? હું જ જીવતાં મરેલી છું ને?' સવિતાએ જવાબ આપ્યો.

વૃદ્ધાવસ્થાએ પહોંચેલા મંગળના પિતા કથાવાર્તા અને પ્રભુસ્મરણના દિવસો પૂરા કરતા હતા. લોકો હવે તેમને ભગતના નામે ઓળખતા હતા.

*

પ્રભાતનાં સોનેરી કિરણો આંગણામાં રમતાં હતાં ત્યાં ટાંગાવાળાએ અવાજ દીધો:

'ભગત ઘરમાં છો કે?'

'કોણ એ?'

'એ તો તમારા મહેમાન!' એમ કહી ગાડીમાંથી તેણે સામાન ઉતારી ભગતના ઓટલે મૂકવા માંડ્યો.

સુંદર પોષાકમાં સજ્જ થયેલા જુવાને નીચા નમી, ભગતનો ચરણસ્પર્શ કર્યો.

'કોણ ભાઈ?' ભગતે ચરણસ્પર્શ કરતા જુવાનને માથે હાથ મૂકતાં પૂછ્યું.

'પિતાજી! ઓળખાણ ન પડી? હું મંગળ!' ઊભા થતા જુવાને ભરાયેલા કંઠે જવાબ દીધો.

'માતાજી ક્યાં?'

'બેટા, મંગળ!' ભગતે હર્ષાવેશમાં પુત્રને છાતી સરસો દાબ્યો અને આંસુ ઢાળતાં કહ્યું, 'તારી મા તારા ગયા પછી છ મહિને મને મૂકીને ચાલતી થઈ!'

જોતજોતામાં આખા ગામમાં વાત ફેલાઈ ગઈ, કે ભગતનો દીકરો મંગળ આવ્યો છે; અને લોકો ભગતના બારણે જમા થયા.

'ભગત! પરમાત્માએ તમારી ભક્તિની કદર તો કરી!'

'હા! ભાઈ! પ્રભુએ આ ઉંમરે સામું જોયું ખરું!'

આનંદનો ઉદધિ ઉછાળા મારી રહ્યો હતો, ત્યાં સવિતાને લઈ તેનાં માબાપ પણ આવી પહોંચ્યાં. ભગતે હર્ષાવેશમાં કહ્યું: 'બેટા, સવિતા! તારો સૌભાગ્યચાંદલો આવ્યો! મારો મંગળ!'

સ્નાનાદિથી પરવારીને મંગળે ઘર છોડ્યું ત્યારપછીનાં પોતાનાં પરાક્રમોની એક રોમાંચક ઘટના સૌને કહી. કેટલી મુશ્કેલીએ તે મુંબઈ પહોંચ્યો અને કઈ રીતે આફ્રિકા ગયો, ત્યાં જંગલીઓ વચ્ચે રહીને તેણે કેવી રીતે ધન પ્રાપ્ત કર્યું અને માતાપિતાની યાદ આવતાં કેવી રીતે તે ચાલ્યો આવ્યો તેને લગતી ઝીણામાં ઝીણી વાત પણ એટલી અસરકારક રીતે કહી કે સૌની આંખમાં આંસુ આવ્યાં.

'કંઈ નહિ ભાઈ! ભગતનું બિચારાનું મોત સુધર્યું,' એક વૃદ્ધે અભિપ્રાય ઉચ્ચાર્યો.

રુક્ષ અને શુષ્ક બની ગયેલી સવિતા પ્રફુલ્લિત બની. એના જીવનમાં રસિકતા આવી. સ્વપ્નમાં પણ જે જીવનની કલ્પના ન હતી એ જીવન આજે એ ભોગવી રહી હતી. સૌએ એની તપશ્ચર્યાની પ્રશંસા કરી. યુવાનીનાં કપરાં વર્ષોમાં પણ તેણે પોતાના જીવનમાં ડાઘ પડવા દીધો ન હતો.

પણ સવિતાનું આ જીવન ઝંઝવાના જળ સમું નીવડ્યું. મંગળને વિષે તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાના દિલમાં એક શંકા ઊભી થઈ હતી. બે દિવસ પહેલાં આફ્રિકાથી આવેલા એક આપ્તજને મંગળના પિતાના હાથમાં એક પત્ર મૂકયો હતો. એ પત્ર મંગળનો હતો. આ પત્રમાં મંગળે પોતાની છેલ્લી ઘડીની માફી માગી હતી.

'ત્યારે મંગળ અહીં આવ્યો એ શું ?' પત્ર વાંચી એમણે પ્રશ્ન કર્યો.

'મંગળના દેહને અંતિમ સંસ્કાર તો અમે કર્યો છે. અહીં કયાંથી આવે ? કદાચ ભૂત હોય તો ?'

'ઊભા રહો ! મારાં ભાગ્ય તો ફૂટેલાં જ છે, પણ એક અબળાના જીવનનો પ્રશ્ન તો રહેલો છે ને ?' એમ કહીને મંગળના પિતાએ બૂમ મારી 'બેટા ! મંગળ !'

'આવ્યો !' એમ બોલતાં મંગળ હાજર થયો. એણે પિતા પાસે બેઠેલી વ્યક્તિ તરફ જોયું અને સહેજ કંપ્યો.

'આ ભાઈને તું ઓળખે છે બેટા ?' પિતાએ પૂછયું.

'ના રે, કોણ છે આ ભાઈ અને કયાંથી આવે છે?' મંગળે અજાણપણું બતાવ્યું.

ત્યાં સવિતાનો અવાજ આવ્યો, 'જમવા ચાલો !'

મંગળ સીધો રસોડામાં ગયો અને જમવા બેઠો. રોજની જેમ આજે જમવામાં સ્વસ્થતા ન હતી. અતિ પ્રયત્ને જાણે ભોજન પેટમાં નાખતો હોય એમ એણે ઉતાવળથી જમવા માંડ્યું.

'ધીરા રહીને જમો ને ! શી ઉતાવળ છે ?' સવિતાએ કહ્યું.

'આજે મારે કામ માટે મુંબઈ જવાનું છે. ચારપાંચ દિવસમાં પાછો આવીશ, બોલ તારા માટે શું લાવું ?' સવિતાને બીજી વાત તરફ વાળતાં મંગળે પૂછયું.

'એકાએક કેમ મુંબઈ જવાનું થયું ?'

'અગત્યનું કામ છે.'

'તમારી મરજીમાં પડે તે લાવજો !' સવિતાએ જવાબ દીધો.

મંગળના પિતાએ સ્વસ્થતા ગુમાવી હતી. હાથમાં પડેલા પત્રને તેઓ વારંવાર જોતા હતા અને ઘરમાંના મંગળને જોતા હતા. સાચું શું ? પણ એમના દિલમાં અનેક તરંગો ઊઠતા હતા, પણ એને દિલમાં જ શાંત થવા દીધા વિના છૂટકો જ ન હતો.

એ રાત્રે મંગળ પિતાની રજા લઈને મુંબઈ ગયો. આઠ દિવસ તો જોતજોતામાં પસાર થયા, પણ ન તો મંગળનો એકે પત્ર કે ન તો કોઈ સંદેશો ! આજ આવશે, કાલ આવશે, એમ કરતાં મહિનો થયો; બે મહિના થયા અને લોકોએ જાણ્યું કે મંગળ નાસી ગયો.

ધીમેધીમે એવી વાત પણ વહેતી થઈ કે મંગળ તો આફ્રિકામાં જ મરણ પામ્યો હતો, આવનાર તો કોઈ ઠગ હતો.

આવી સ્થિતિમાં થોડા દિવસની માંદગી ભોગવીને મંગળના પિતા પણ વેદનાનો ભાર માથે લઈને ચાલતા થયા.

હવે રહી સવિતા એકલી. નાતજાતે એનો બહિષ્કાર કર્યો. કોણ જાણે ગમે તે નાતજાતનાનું ઘર માંડ્યાનો એના પર આરોપ આવ્યો. એને નાતમાં રખાય ? એના હાથનું પાણી તે પિવાય ?

બન્ને હોઠ સીવીને સવિતાએ થોડાક દિવસ તો વિતાવ્યા. સસરાની અંતિમ ક્રિયા કરીને એક દિવસ ઘર છોડીને એ ચાલી નીકળી. લોકોએ પાછળ પેટ ભરી નિંદા પણ કરી.

*

સવિતાનો પુનર્જન્મ થયો. એણે જીવનને નવેસરથી ઘડ્યું. ભાંગેલા સંસારની ભંગાર પર રડવાનું છોડી દઈને એણે જ્ઞાનની સપાટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પર પગલાં પાડ્યાં. અભ્યાસ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરીને નવી દૃષ્ટિ મેળવી અને એ સત્યવતી-દેવી બની. સ્ત્રીઓની સેવાને અપનાવી એનાં જ્ઞાન અને અભ્યાસે તેને મહિલા વિદ્યાલયમાં અધ્યાપકની જગ્યા પ્રાપ્ત થઈ. એ કમાણી-માંથી એણે સારી જેવી રકમ એકત્ર કરી.

નોકરી છોડીને એણે સમાજના નીચલા થરનાં માનવીઓની સેવામાં ઓતપ્રોત થઈ ને ભૂતકાળ ભુલાવી દીધો. સત્યવતીદેવીનું નામ મશહૂર બન્યું હતું.

એ સત્યવતીદેવી—ગઈકાલની સવિતા પોતાના વતનની સેવા કરવા આવી હતી. એની સેવાનો એના ધન દ્વારા જ્ઞાનમંદિરો ઊભાં કરવાનો જૂનવાણી પટેલોએ ઇન્કાર કર્યો: એમણે ન્યાય તોળ્યો.!

શાંત અને ગંભીર વાતાવરણ વચ્ચે સત્યવતીદેવી ઊભી થઈ અને કહ્યું: 'મારો ન્યાય તમે ચૂકવી શક્યા નથી. મારાં માતા-પિતાએ જે પુરુષને મારા પતિ તરીકે મને દીધો, મારા સસરાએ જે પુરુષનો પોતાના પુત્ર તરીકે સ્વીકાર કર્યો, એની પત્ની બની તેમાં મારો શો વાંક? જ્યારે લગ્ન થયાં ત્યારે તો હું મારા પતિને પિછાનતી પણ ન હતી. આમ છતાં તમે જે જવાબદાર છે તેને અપનાવો છો અને જે બીજાઓના ભરોસે રહે તેને ત્યજો છો. મને એનો શોક નથી. મારી સેવા તમને ન ખપતી હોય તો જ્યાં મારી સેવાનો ખપ છે ત્યાં હું જઈશ પ્રણામ!'

ને ઘરઆંગણે આવેલી લક્ષ્મીને ઠોકર મારતાં જે રોષમાં લક્ષ્મી ચાલી જાય એમ સત્યવતીદેવી જતી રહી.

સૌ કોઈ એને જતી જોઈ રહ્યા!

★

એકવાર હિમાલયની કોઈ ગુફામાં એક દીવાસળી સળગાવી કે પ્રકાશ થવાનો જ; પછી ભલેને એ ગુફાના અંધકાર એમ કહે કે મારો તો અહીં લાખ વર્ષનો ભોગવટો છે ને હું તને પ્રકાશ નહિ ફેંકવા દઉં, પણ દીવાસળી તેનો કશો જવાબ નહિ આપે ને અંધકાર આપોઆપ ઊઠી જાય પ્રકાશનું એક નાનું શું કિરણ પણ લાખ વર્ષના ભોગવટાને નાબૂદ કરે છે, તેમ જ એક વિચાર લાખ વર્ષના જૂના વિચારને નાબૂદ કરવા શક્તિમાન છે.

—નાનાભાઈ ભટ્ટ

×

સર વૉલ્ટર સ્કૉટ વિશે એવી એક વાત પ્રચલિત છે કે એના વર્ગમાં એ હમેશ બીજે નંબરે રહેતો, પણ પહેલો આવી શકતો નહિ; સ્કૉટના પ્રયત્નો છતા પોતે ફાવી શકતો નહિ. અંતે વૉલ્ટરે એક શોધ કરી. પહેલા નંબરના વિદ્યાર્થીને પ્રશ્નનો ઉત્તર આપતી વેળા કોટનાં બટન સાથે રમવાની ટેવ હતી. એક દિવસ બપોરની રજામાં રમતાંરમતાં સ્કૉટે એ બટન તોડી નાખ્યું અને શિક્ષકના પ્રશ્ન વખતે ઉત્તર આપતા પેલાનો હાથ સ્વાભાવિક રીતે જ કોટ ઉપર ગયો, ત્યાં બટન ન જોવાથી મૂંઝાયો, પ્રશ્નના ઉત્તર કરતાં એ બટનના વિચારે ચડી ગયો.

સર વૉલ્ટર સ્કૉટે તરત જ જવાબ આપી દીધો, તે પછીથી એણે ક્યારેય પહેલો નંબર ગુમાવ્યો નહિ!

×

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂળ

લેખક :
શ્રી હરરાય અમુલખરાય દેસાઈ
બી એ; એસ. ટી. સી.

જહાંગીર પાદશાહ અમદાવાદ આવ્યો ત્યારે ત્યાંની ગજબ ધૂળથી ત્રાસી ગયો અને તેણે અમદાવાદને ગિર્દાબાદ કહ્યું! હાલ પણ ઉત્તર ગુજરાતમાં મુસાફરી કરનારને ધૂળનો ઘણો ત્રાસ વેઠવો પડે છે. ત્યાંનાં મોટાં શહેરોમાં અને ખાસ કરીને જ્યાં ઘણાં કારખાનાં હોય ત્યાં શિયાળામાં સાંજ પડવા આવે ત્યારે કોલસાની રજોટીથી ભરેલી ધૂળ નીચે ઊતરતી જણાય. ત્યારે આકાશમાં આછી આંધી જેવું દેખાય છે. આ ધૂળથી ત્યાંના લોકો ખૂબ હેરાન થાય છે; એટલે ધૂળ એ ખરાબ ચીજ છે એમ બધા માને છે આ વાત સત્ય છે, કે કેમ તે તપાસવા જેવી છે. ધૂળ નિર્ભેળ ત્રાસદાયક ચીજ છે કે તેથી પણ જનતાને લાભ છે તે જોવું જોઈએ. ઈશ્વરે જે ચીજો બનાવી છે તે ચીજો માણસજાતને કે પશુ-પંખી વગેરેને એક નહિ તો બીજે રસ્તે ઉપયોગી છે.

ધૂળના બે મુખ્ય પ્રકાર છે: એક તો જાડી ધૂળ અને બીજી રજોટી અથવા ખૂબ બારીક ધૂળ. આ રજોટી અથવા બારીક ધૂળ આખી દુનિયા ઉપર બધે હવામાં ઊડતી રહે છે. ઘરનાં રાચરચીલાં ઉપર; ખાટલ, ખુરશીઓ, ટેબલો વગેરે સરસામાન પર; દૂધ, પાણી, ખાવાનું વગેરે ભરવાનાં વાસણો પર; ઘરની ભીંતો અને છત પર; બારણાં અને બારીના પડદા વગેરે પર આ રજોટી ઠરે છે અને તે ગંદાં થાય છે. તેમને સાફ રાખવાની સ્ત્રીવર્ગને ઘણી તકલીફ પડે છે; તેથી તેને ઘણો ત્રાસ થવાથી આ ધૂળ તેમના શાપને પાત્ર થાય છે. એવી રજોટી કાચની દીવાબત્તીઓ ઉપર ચોટે તો તેમાંથી નીકળતો પ્રકાશ ઝાંખો થાય તેથી તેવા દીવાઓને રોજ લૂછવા પડે છે. એવી રજોટી ઉઘાડી રહેલી ખાવા-પીવાની ચીજો ઉપર પડે તો તે માણસોના પેટમાં જાય. આવી ત્રાસદાયક રજોટીમાં શું હશે? તેમાં વળી બારીક રેતી, કોયલા અને કોલસાની રજકણો, વાળ, ઊન, સૂતર, રેશમ વગેરે તાર જેવી ચીજોના ઘણા બારીક ટુકડા વગેરે હોય છે. રસ્તા ઉપર થતાં માણસો અને ઢોરોનાં મળમૂત્ર સુકાઈ જાય. તેમના ગળફા-ઊલટી વગેરે રસ્તા ઉપર સુકાઈ જાય. આવો આવો અનેક ગંદવાડ ત્યાં સુકાય અને તેનો બારીક ભૂકો થાય તે પૈકી થોડો એ રજોટીમાં હોય. તેવી ચીજોને વળગી તે ગંદવાડમાં રહેલા અતિ બારીક રોગજંતુઓ પણ તે રજોટીમાં ઊડતા રહે છે. આવી રજોટી થોડાક પ્રમાણમાં હવામાં હોય તો તે નરી આંખે એમ ને એમ દેખાતી નથી, પણ જો કોઈ અંધારા ઓરડામાં બારીની તડ કે છાપરાનાં નાનાં કાણાંમાંથી સૂર્યતેજનો લીટો આવવા દઈએ તો તેવી રજોટી તે તેજના લીટામાં ઊડતી દેખાશે.

તેવી રજોટી ઉત્તર ગુજરાતની હવામાં કોઈક વખત બહુ ઊડે છે, ત્યારે ત્યાં આછી કે ગાઢી આંધી પેદા થાય છે, જેમાં થઈને સૂર્યતેજ પણ બરાબર આવી નથી શકતું અને બધે ઝાંખું ઝાંખું લાગે છે. તે રજોટીની પાર સૂર્યતેજનાં 'અલ્ટ્રા વાયોલેટ' કિરણો જઈ શકતાં નથી. આ કિરણોની અસરથી રોગજંતુઓ નાશ પામે, પણ જ્યારે તે કિરણો એ ગાઢા રજોટી પાર કરીને પૃથ્વી ઉપર આવે નહિ ત્યારે તેની સારી અસરનો લાભ ત્યાંના લોકોને મળે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવી રજોટીમાં ઊડતા રોગજંતુઓ નાક, મોં અને શ્વાસનળી મારફત ફેફસાંમાં જાય તો તે માર્ગમાં અનેક જાતની ખરાબ અસર કરે છે. નાકની રચના એવી છે, કે થોડી રજોટી તેથી અટકી જાય; પણ હવામાં ખૂબ રજોટી હોય તો થોડી તો તેમાં થઈને અંદર જવાની જ. આથી સળેખમ, શરદી, ક્ષય, દમ વગેરે રોગો થાય. તેવી રજોટી ખાવા-પીવાની ચીજો ઉપર પડે અને તે તેમની સાથે પેટમાં જાય, તો કોગળિયું, ટાઈફોઈડ અથવા વિષમજ્વર જેવા રોગો થાય.

જે ભાગોમાં કાપડની મિલો, ધાતુ વગેરેનાં કારખાનાં અને ઈંટો અને ચૂનાની ભઠ્ઠીઓ હોય, ત્યાં કોલસા, ગંધક વગેરે ચીજોની બારીક ભૂકી એ રજોટીમાં હોય. આવી રજોટીથી નાકમાં, ગળામાં ખૂબ બળતરા બળે; એથી કરીને સરકારે ધુમાડાના ત્રાસ સંબંધી કાયદા કર્યા છે, જેને લીધે ઓછામાં ઓછી આવી ચીજો તે કારખાનામાંથી ઊડીને હવામાં જાય એવો પ્રયાસ તેમના માલિકોને કરવો પડે છે.

આટલી બધી વાતો તો આ ધૂળના ત્રાસની કરી. તેવો ત્રાસ બધા વેઠે છે, તેથી તે ધૂળ કેવી ખરાબ છે તેમ તેઓ ગણે છે, પણ તે ધૂળથી જગતને લાભ છે તેની વાત કરવાની રહી. જગત-નિયંતાએ જે ચીજો બનાવી છે તે બધી ચહાય તો માણસોને, પશુઓને કે પંખીઓને કે જળચરોને ઉપયોગી છે એમ કહે છે, તો પછી આ ધૂળ કેવી રીતે ઉપયોગી છે તે જાણી લઈએ.

પૃથ્વી ઉપરનું પાણી સુકાઈને તેની વરાળ આકાશમાં ઊંચે જાય. તે વરાળની રજકણો આ રજોટીને અડકે અને ત્યાં તે ઠરે તો જ પાણીનાં ઝીણાં ટીપાં હવામાં બંધાય અને આકાશમાં વાદળાં પણ થાય. સેવો ચળાતી હોય એવો વરસાદ કોઈક વખતે પડે છે. તે સુંદર દેખાવ આવી રજોટીને લીધે જોવા મળે. એ રજોટીની આસપાસ બંધાયેલા પાણીના ટીપામાં થઈને સૂર્યનાં શ્વેતરંગનાં કિરણો પસાર થાય ત્યારે તેમનું પૃથક્કરણ થઈને સાત રંગનાં બનેલાં સુંદર મેઘધનુષ્યો આકાશમાં દેખાય તે રજોટીને લીધે. સૂર્યાસ્ત સમયે આકાશમાં દેખાતા રંગબેરંગી સાથિયા લહેરાય છે, તેને લીધે જ સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી ક્ષિતિજની નીચે રહેલાં સૂર્યનાં કિરણોનું વક્રીભવન થઈને તેનું ઝાંખું તેજ પૃથ્વી ઉપર પડે છે, જેથી પ્રકાશ આપનાર સૂર્યની ગેરહાજરીમાં પણ ઝળઝળ્યું અજવાળું બધે પથરાયેલું જણાય છે. જો હવામાંથી રજોટી બધી સાફ થઈ જાય તો આ સૃષ્ટિ-સૌંદર્યનો લાભ માનવીને મળતો બંધ થાય.

માનવી પ્રયત્ન કરે તો ધૂળ સાથે ગંદવાડ અને રોગજંતુઓ ભળતા બંધ થઈ શકે, તેમ જ વધુપડતી કોલસા વગેરેની રજોટી પણ હવામાં ઘણી ઓછી ભળી શકે અને તેથી થતી હેરાનગતિમાંથી તે મુક્ત થઈ શકે. આ બે ચીજો માણસો કરે તેમાં તેને લાભ થાય, પણ તદ્દન ધૂળવગરની હવા બનાવીને ઉપર જણાવેલાં સુંદર દૃશ્યોથી કદી વિમુખ બનવાનું તે ઇચ્છશે નહિ!

★

ફૂડકપટ, ચાલબાજી, હિંસા અને વાંક દેખવાની બદીથી ઋષિમુનિઓનું આપણું રાષ્ટ્ર મુક્ત રહી શકશે કે નહિ? આજ સુધી ભારત શોષિત રાષ્ટ્ર હતું. શું એ અમેરિકાનો ચેલો બનીને શોષકોની જમાતમાં પહોંચી જશે? કે રશિયાનું અનુયાયી બનીને હિંસાવાદનું તાંડવ દેખાડશે? દરેક ભારતવાસીએ આનો જવાબ દેવો પડશે.

—કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાકી

રૂપાંતરકાર :
માધવ મો. ચૌધરી

એ દિવસે વહેલી સવારમાં જ્યારે શ્યામુની ઊંઘ ઊડી, ત્યારે તેણે જોયું તો આખા ઘરમાં રોકકળ થઈ રહી હતી. તેની કાકી ઉમા આખા શરીર ઉપર લૂગડું ઓઢાડેલી જમીન ઉપર સૂઈ રહી હતી; અને ઘરનાં બધાં માણસો એને વીંટળાઈ વળીને અત્યંત કરુણ સ્વરમાં રોકકળ કરી રહ્યાં હતાં.

લોકો જ્યારે ઉમાને સ્મશાનમાં લઈ જવા માટે ઉઠાવવા લાગ્યા, ત્યારે શ્યામુએ ખૂબ તોફાન મચાવ્યું. પકડેલા માણસોના હાથમાંથી છૂટીને તે ઉમાના શરીર ઉપર ઝૂકીને બોલ્યો: 'કાકી તો ઊંઘી રહી છે, એને આવી રીતે ઉઠાવીને ક્યાં લઈ જાઓ છો? હું નહિ લઈ જવા દઉં.'

લોકોએ ખૂબ મુશ્કેલીથી તેને દૂર હઠાવ્યો. કાકીના અગ્નિસંસ્કારમાં પણ તે ન જઈ શક્યો. એક દાસી રામરામ કરતી તેને ઘરમાં જ સંભાળી રહી.

બુદ્ધિશાળી મોટા માણસોએ તેને વિશ્વાસ આપ્યો, કે તેની કાકી એના મામાને ત્યાં ગઈ છે; પરંતુ અસત્યના આવરણથી ઢંકાયેલું સત્ય લાંબો સમય છૂપું રહેતું નથી તેમ આસપાસનાં બીજાં નાનાં બાળકોના મોઢેથી સત્ય પ્રગટ થયું. શ્યામુથી એ છાનું ન રહી શક્યું કે કાકી બીજે ક્યાં ય ગઈ નથી. એ તો ઉપર રામને ત્યાં ગઈ છે. કાકીને માટે કેટલાક દિવસો સુધી સતત રોતાંરોતાં તેનું રુદન તો ક્રમશઃ શાંત થયું; પરંતુ તેના દિલમાંનો શોક શાંત ન થઈ શક્યો. જેમ વરસાદ પછી એક-બે દિવસમાં પૃથ્વી ઉપરનું જળ અદૃશ્ય થઈ જાય છે, પણ તેની ભીનાશ ખૂબ ઊંડાણ સુધી ઘણા દિવસ જારી રહે છે તેમ એ શોક તેના અંતઃકરણમાં જડાઈ ગયો. શ્યામુ ઘણું કરી એકલો, બેઠાબેઠો શૂન્યચિત્તથી આકાશ તરફ જોયા કરતો.

એક દિવસ શ્યામુએ ઉપર-આકાશમાં એક પતંગ ઊડતો જોયો. કોણ જાણે શા વિચારથી તેનું હૃદય એકદમ ખીલી ઊઠ્યું. તે દોડતો વિશ્વેશ્વર પાસે જઈ બોલ્યો: 'કાકા મને એક પતંગ લાવી આપો—હમણાં જ લાવી આપો.'

પત્નીના મૃત્યુ પછી વિશ્વેશ્વર બહુ જ ઉદાસીન રહેતા. 'સારુ, લાવી આપીશ.' કહી તેઓ ઉદાસ ભાવથી બહાર ચાલ્યા ગયા.

શ્યામુ પતંગ લાવવા માટે ખૂબ જ ઉત્કંઠિત થયો. પતંગ લાવવાની ઇચ્છા તે કોઈ પણ રીતે ન રોકી શક્યો. એક જગ્યાએ ખૂંટી ઉપર વિશ્વેશ્વરનો કોટ ભરાયેલો હતો. કોઈ જોઈ ન જાય માટે આજુબાજુ નજર કરી શ્યામુ તેની પાસે એક સ્ટૂલ ખસેડી લાવ્યો. તેના ઉપર ચઢી કોટનાં ખિસ્સાં તપાસી તેમાંથી એક પાવલી લઈ તે ત્યાંથી ખસી ગયો.

દાસીનો છોકરો ભોળો શ્યામુનો સરખી ઉંમરનો ભાઈબંધ હતો. શ્યામુએ તેને પાવલી આપી કહ્યું: 'તારી જીજીને કહીને છાનોમાનો એક પતંગ અને દોરી મંગાવી લાવ. જો, ખૂબ ધ્યાનથી લાવજે કોઈ જાણી ન જાય.'

પતંગ આવ્યો. એક અંધારા ઘરમાં બેસી પતંગને દોરી બાંધવામાં આવી. શ્યામુએ ધીમેથી કહ્યું: 'ભોળા! કોઈને ન કહે તો એક વાત કહું.'

'હું કોઈને નહિ કહું.' ભોળાએ માથું હલાવી કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યામુએ રહસ્ય ખોલ્યું. કહ્યું: 'હું આ પતંગ ઉપર રામને ત્યાં મોકલીશ. એટલે એને પકડીને કાકી નીચે ઊતરશે. મને લખતાં નથી આવડતું, નહિ તો પતંગ ઉપર કાકી લખી દેત.'

ભોળો શ્યામુથી વધારે સમજદાર હતો. એણે કહ્યું: 'વાત તો ઘણી સરસ કહી; પરંતુ એક મુશ્કેલી છે. આ દોરી પાતળી છે એને પકડીને કાકી ઊતરી નહિ શકે. દોરી તૂટી જવાનો ભય છે. પતંગને જાડી રસી બાંધી હોય તો બધું બરાબર થાય.'

શ્યામુ ગંભીર થઈ ગયો. વાત લાખ રૂપિયાની સૂઝી આવી હતી, પણ એક કઠણાઈ એ હતી, કે જાડી રસી ક્યાંથી મંગાવાય? પાસે પૈસા હતા જ નહિ. અને ઘરના જે માણસો તેની કાકીને વગર દયાએ સળગાવી આવ્યા હતા તેઓ તેને આ કામ માટે કંઈ જ આપે તેમ હતું જ નહિ. શ્યામુને ચિંતાને લીધે મોડી રાત સુધી ઊંઘ ન આવી.

પહેલા દિવસની જ યુક્તિ પ્રમાણે બીજે દિવસે ફરી એણે વિશ્વેશ્વરના કોટમાંથી એક રૂપિયો લીધો. રૂપિયો લઈને ભોળાને આપ્યો અને કહ્યું: 'જો ભોળા! કોઈને ખબર ન પડે તેમ સારી બે રસીઓ મંગાવી લાવ. એક રસી ઓછી પડશે. હું જવાહર પાસે એક કાગળ ઉપર 'કાકી' લખાવી રાખીશ. એટલે નામની ચિઠ્ઠી ચોડેલી હશે, તો પતંગ બરાબર એમની પાસે પહોંચી જશે.'

બે કલાક પછી પ્રફુલ્લિત મનથી શ્યામુ અને ભોળો અંધારી ઓરડીમાં બેઠા બેઠા પતંગને રસી બાંધી રહ્યા હતા. અકસ્માત્ શુભ કાર્યમાં વિઘ્નની માફક ઉગ્રરૂપ ધારણ કરેલ વિશ્વેશ્વર ત્યાં આવી પહોંચ્યા. શ્યામુ અને ભોળાને ધમકાવી બોલ્યા: 'તમે મારા કોટમાંથી રૂપિયો લીધો છે?'

ભોળો ગભરાઈને એક જ ધમકીમાં સત્ય વાત બોલી ગયો. 'પતંગ મંગાવવા માટે શ્યામુએ લીધો હતો.'

વિશ્વેશ્વરે શ્યામુને બે તમાચા ચોડી કહ્યું: 'ચોરી શીખીને જેલમાં જઈશ! સારુ, તને આજ હું સારી રીતે સમજાવું છું.' એમ કહી બેચાર થપ્પડ બીજી લગાવી દીધી અને પતંગ ફાડી નાખ્યો. પછી રસીઓની સામે જોઈ એમણે પૂછયું: 'આ કોણે મંગાવી?'

ભોળાએ કહ્યું: 'એ પણ શ્યામુએ મંગાવી હતી. કહેતા હતા કે એ વડે પતંગ ખેંચીને કાકીને રામને ત્યાંથી નીચે ઉતારીશ.'

વિશ્વેશ્વર એક ક્ષણ માટે હતબુદ્ધિ થઈ ઊભા રહ્યા. એમણે ફાટેલો પતંગ ઉઠાવી જોયો. એને એક કાગળ ચોટાડ્યો હતો, જેના ઉપર લખેલું હતું: 'કાકી.'

★

ઈંગ્લૅંડ ઉપર જ્યારે હિટલરનાં નિત્યનાં ૧૦૦૦-૧૨૦૦ વિમાનો ઊડી રહ્યાં હતાં, ત્યારે એક વખત જગવિખ્યાત પત્રકાર લૂઈ ફિશર ત્યાં જઈ ચડેલો. એકવાર કોઈક ઓળખીતાને ઘેર એ બેસવા ગયો ત્યારે ઘરની છોકરીઓને પૂછ્યું:

'ગઈ કાલે જર્મન વિમાનો બૉંબમારો કરતાં હતાં, ત્યારે તમે શું કરતાં'તાં?'

છોકરીઓએ ઉત્તર આપ્યો:

'અગાસીમાં અમે બેઠાં હતાં તેવામાં વિમાનો આવે છે એવી ભયસૂચક વીસલો થવા માંડી એટલે અમે ત્રણે ય બહેનોએ શરત મારી કે એક રેતીની કોથળીમાંથી વધારેમાં વધારે બૉંબ કોણ ઠારી શકે છે! આ મારી નાની બહેન એમાં ફાવી ગઈ. એણે સાત બૉંબ એટલી રેતીથી ઓલવી નાખ્યા!'

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકલ્પ

લેખક :
શ્રી રતિલાલ મફાભાઈ શાહ

ધર્મશાસ્ત્ર, પરંપરાગત ઇતિહાસ તેમ જ આજસુધીની થયેલી વૈજ્ઞાનિક શોધો ઉપરથી જણાય છે, કે અતિ પ્રાચીન-કાળમાં માનવેતર પ્રાણીજગતનું જે જાતનું જીવન ચાલતું, આજ પણ બહુધા એ જ ઢબે એમનું જીવન ચાલે છે. પક્ષીઓનાં ઉડ્ડયન, ઉછેર, સંવનન, આહાર, સ્વભાવ આદિનું અવલોકન કરતાં જણાય છે, કે તેમને દિશા અને કાળનું ભાન હોય છે. પશુઓ તેમના માલિકને ઓળખે છે. સ્થાન પણ શોધી કાઢે છે, છતાં એમનું જીવન પ્રાયઃ આંતરપ્રેરણા અનુસાર જ ચાલે છે. જો કે માનવસહવાસ, કુદરતી સંયોગો, હવામાન અને રહેઠાણ ઉપરાંત પરિસ્થિતિથી તેમના જીવન પર થોડીઘણી અસર પડી છે. જંગલી દશામાંથી એમાંની કેટલીક જાતો માણસ જાત સાથે હળીને કંઈક કેળવાઈ પણ છે અને તેથી તેના શરીર, સ્વભાવ તેમ જ ખોરાક પર અસર પણ પડી છે; છતાં પણ એથી એની બુદ્ધિ-સ્મૃતિમાં કંઈ ફેર પડ્યો નથી. વિચાર-નો તો એમાં ઉદ્‌ભવ પણ નથી થયો. વૃક્ષ, વેલા, વનસ્પતિ, ધાતુ, કીટ, પતંગાદિ અવિકસિત પ્રાણીજગતનું જીવન તો હજારો વર્ષ પહેલાં હતું તેવું ને તેવું જ આજે પણ ચાલે છે. એથી આપણે એ નિર્ણય પર આવીએ છીએ કે માનવેતર જગતનું જીવન આંતરપ્રેરણાને આધીન છે.

આદિ માનવ જ્યારે પ્રાથમિક દશામાં હતો, ત્યારે તે પણ પશુજીવન જ જીવતો. એ નગ્નો રહેતો, જ્યાં ત્યાં ભટકતો અને શિકાર દ્વારા કાચા માંસ પર જ નભતો. નહોતું એને ભાન અગ્નિ કે અનાજનું, ને વણાટ કે ખેતીનું. એનું જીવન ત્યારે આંતર-પ્રેરણાને જ વશ હતું. એ કારણે કે વંટોળ કે વાવાઝોડું; અંધકાર કે આંધી; સૂર્યોદય કે સૂર્યાસ્ત; તેમ જ ગ્રહણ કે ગાજવીજ જેવા કુદરતના ગેબી ચમત્કારોથી એ ભય-ભીત બનતો. એનું સ્વતંત્ર શક્તિબીજ ત્યારે અચેતન દશામાં હતું. પણ હજારો વર્ષના આઘાત-પ્રત્યાઘાતથી ઘડાઈ એક દિવસ એની આંતરપ્રેરણાને ધક્કો મારી 'આ શું હશે?' એવો ભાવ એને સ્ફુરી આવ્યો. એ એની વિચારશક્તિનું ફૂટી આવેલું પ્રથમ વિચાર-કિરણ હતું.

પછીથી જેમ જેમ એની વિચારશક્તિ કેળવાતી ગઈ તેમ તેમ એ વિશ્વનાં રહસ્યો પર વિચાર કરતો થયો. રોજિંદા બનાવોથી ટેવાવાના કારણે ભય એને જો કે હવે ઓછો થયો હતો, તોપણ એનું રહસ્ય ન સમજાયા-થી કોઈ મહાન સત્તા એની ચાલક છે એવું એ માનવા લાગ્યો હતો. દેવ-દેવી કે કોઈ અગમ્ય સત્તાની કલ્પનાનું આમ આદિ માનવે બીજ રોપ્યું હતું, જેમાંથી આજે ઈશ્વર-વાદ ઊભો થયો છે અને એ આપણા સંસ્કારો-માં વણાઈ જવાથી ભાવુક મને એનો આલં-બનરૂપે સ્વીકાર કરી લીધો છે.

આમ વિચારશક્તિના પ્રાદુર્ભાવ સાથે માણસમાં એક બીજી પણ વૃત્તિ ઊઠી હતી. તે હતી 'અહંતા'ની વૃત્તિ. 'અહંતા'ને કારણે એણે વિચાર્યું કે 'આ વિશ્વ અગાધ છે ને હું ક્ષુદ્ર છું. એ અનન્ત છે ને હું એકલો છું. તડકો મને બાળે છે, ઠંડી મને કંપાવે છે, પાણી મને ખેંચી જાય છે ને ડુબાડી પણ દે છે, છતાં હું જીવવા ઇચ્છું છું ને મારે એમાંથી બચવું જોઈએ.' આત્મરક્ષણની આ વૃત્તિમાંથી 'કંઈક કરવું જોઈએ' એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે લાગણી એને સ્ફુરી આવી તે એની ઇચ્છાશક્તિ બની; અને તેથી એણે એ શક્તિના બળે તડકા સામે વૃક્ષનો, ઠંડી સામે ગુફાનો અને દુશ્મન સામે હથિયારનો આશ્રય લીધો. આમ એણે પોતાનું રક્ષણ મેળવવા જે પ્રગતિ સાધી એમાંથી એને વણાટ, ખેતી તથા ઝૂંપડાં બાંધવાની કળા હાથ લાગી, પણ એથી એને સંતોષ થયો નહિ.

એને તો અહંકારને કારણે વિરાટ વિશ્વ સાથે અભેદ વૃત્તિ કેળવવાની ઝંખના લાગી હતી. એથી જેમ જેમ વિશ્વનાં ભેદી રહસ્યોનો પ્રાથમિક ઉકેલ એને હાથ લાગતો ગયો, તેમ તેમ એનાં આંતરરહસ્યો ઉકેલવાનો અને તેના પર વિજય મેળવવાનો એને મનોરથ થઈ આવ્યો. 'મરી ફીટું' પણ કરી છૂટું' એવો જે મનોરથ એને ઊપજી આવ્યો એ એની સંકલ્પશક્તિ હતી અને આવી સંકલ્પશક્તિના જોરે એણે પછી વિશ્વનાં ભેદી રહસ્યોનો ઉકેલ પ્રાપ્ત કરવા તથા એના પર કાબૂ જમાવી એનો ઉપભોગ કરવા વિરાટ વિશ્વ સામે જે હોડ ભીડી ભગીરથ પુરુષાર્થ કર્યો એમાંથી સાહિત્ય, કળા, ધર્મ અને વિજ્ઞાન નિર્માણ થયાં અને માનવ-પ્રગતિનો ઇતિહાસ વહેતો થયો.

વિચારશક્તિ એ માનવમાં રહેલી અદ્ભુત વિદ્યુતશક્તિ છે, જેના પ્રતાપે માનવ અદ્ભુત સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. એ ધારે તો જીવનના વહેણને પણ એ પલટાવી શકે છે. વિચારોને ઘણા શેખચલ્લીના વિચારો કહી હસી કાઢે છે, પણ એનું કારણ એ છે કે વિચારતરંગો એ શક્તિ નથી એ તો કેવળ હવાઈ કલ્પનાઓ છે, પણ જ્યારે એમાં ઇચ્છા અને સંકલ્પનું બળ પુરાય છે ત્યારે તે અદ્ભુત શક્તિ બને છે. જગપ્રવાહ સાથે દોડતી આંતરપ્રેરણા તો બિચારી જગતની દાસી હતી, પણ સંકલ્પશક્તિએ તો જગતને જ પલટી નાખી અધિષ્ઠાત્રી પદ પ્રાપ્ત કર્યું છે. આજના દુનિયાના ઘડતરમાં એનો જ ફાળો મોટો છે.

સંકલ્પશક્તિના વિરલ સામર્થ્યથી અને કુદરતી બળો પર જમાવેલા કાબૂથી મનુષ્યનો પુરુષાર્થ પર એટલો વિશ્વાસ જામી ગયો છે, કે એ નિરીશ્વરવાદ તરફ ઢળ્યો છે. જ્યારે ભાવુક સાધક કુદરતી બળોનો પણ કોઈ શાસક છે એમ માની ઈશ્વરવાદી રહ્યો છે. આ બંન્ને વિચારસરણીઓ સાથે દોડતી આવી છે અને બન્ને સાથે જ વિકસી છે, છતાં એક કે બીજીનો પરાભવ થઈ શક્યો નથી; કારણકે બન્નેને સમર્થમાં સમર્થ પુરુષોનો ટેકો મળતો રહ્યો છે.

બહુ ઊંડો વિચાર કરતાં સમજાય છે, કે આ વિશ્વ ઈશ્વરી નિયમ મુજબ ચાલે છે. ઈશ્વર જેવી કોઈ વ્યક્તિ હોય તો તે પણ આ નિયમને જ આધીન રહી વર્તે છે. એ નિયમને પછી ફેરવી શકાતો નથી. ફેરવવા સમર્થ પણ નથી; જેમ વેગે ચડાવેલો ચાક પછી રોકી શકાતો નથી તેમ.

બીજી બાજુ માનવે કુદરતી બળો પર વિજય મેળવ્યો છે, પણ જે નિયમને આધીન રહી એ બળો કામ કરે છે એ નિયમ વશ કરી શકાયો નથી. અગ્નિ, જળ, વાયુ, વિદ્યુત પર માણસે પ્રભુત્વ મેળવ્યું છે, પણ એના આંતરસ્વભાવને એ બદલી શક્યો નથી. એણે વિજય મેળવ્યો છે કેવળ તત્ત્વ પર, નહિ કે તત્ત્વના સ્વભાવ પર. આમ સ્વભાવ સ્વતંત્ર છે અને તે જ ઈશ્વર છે.

તત્ત્વ પરાધીન છે એ દૃષ્ટિએ માનવનો વિજય છે, પણ તત્ત્વસ્વભાવ પાસે એ પરાજિત છે. ઈશ્વર પણ આ જ દૃષ્ટિએ વિજયી પણ છે અને પરાજિત પણ છે.

આમાંની એકપક્ષી વિચારસરણીમાંથી જ ઈશ્વરવાદ–નિરીશ્વરવાદ ફૂલ્યાંફાલ્યાં હશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ સમજી શકાય છે. આના અનુસંધાનમાં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર એ છે, કે માનવીનો સંકલ્પ ગમે તેટલો ભવ્ય અને પ્રચંડ હોવા છતાં એ સ્વભાવ પર કાબૂ જમાવી શકતો નથી, એની મર્યાદા તત્ત્વ ઉપર જ કાબૂ જમાવવા પૂરતી છે. એથી આગળ નહિ અને એ દૃષ્ટિએ જ આપણે અહીં સંકલ્પનો વિચાર કરવાનો છે એ ન ભૂલીએ.

જેમ વેગથી દોડતો દડો સામેથી પ્રત્યાઘાત થતાં ઊલટી દિશામાં તેટલા જ વેગથી પાછો ફરે છે તેમ એકધારા વહેતા જીવનને ધક્કો લાગતાં એને પલટાવવાની જ્યારે માનવની ઇચ્છા ભભૂકી ઊઠે છે, ત્યારે સંકલ્પશક્તિના વિદ્યુતબળે એ ક્ષણવારમાં જીવનને પલટી નાખે છે. વાલ્મીકિ, તુલસીદાસ, દયાનંદ તથા ગાંધીજી જેવી સેંકડો વ્યક્તિઓ એનાં ઉદાહરણો છે. એમના વિચારો કેવળ તરંગો નહોતા, પણ એની પાછળ ઇચ્છાશક્તિનું સામર્થ્ય હતું, અમર્યાદ સંકલ્પનું બળ હતું અને વિવેકની ભરપૂર માત્રા હતી; એટલે જ એ ઊંડી ગર્તામાંથી આગળ વધી સર્વોચ્ચ શિખર સુધી ચડી શક્યા હતા.

જેમ વ્યક્તિ પોતાને પલટી શકે છે તેમ એ સમષ્ટિને પણ ઘડી શકે છે. જેટલું એનામાં ઇચ્છા અને સંકલ્પનું બળ હોય છે તેટલા પ્રમાણમાં જ એ સફળ થઈ શકે છે. આખા દેશમાં વ્યાપેલી ઘોર હિંસા અને સામાજિક બંધનો સામે માથું ઊંચકનાર બુદ્ધ અને મહાવીર બે ક્ષત્રિયકુમારો કેવળ એકલા જ હતા, પણ એની જડ ઉખેડવામાં એ સફળ થયા હતા અને ભગવાન બની અવતારપદ પામ્યા હતા. કુસંગે ચડી જીવનની નીચી પાયરીએ ગોથાં ખાતા વિદ્યાર્થી મોહનદાસે પણ પાછળથી જે ચમત્કારો સર્જ્યા છે એ કારણે જ એ આપણા પ્યારા બાપુ અને રાષ્ટ્રપિતા બની અમરપદ પામ્યા છે. આવાં-આવાં તો અનેક ઉત્કૃષ્ટ ઉદાહરણો હરેક પંથ, કોમ કે દેશમાંથી વીણી શકાય તેમ છે. એ બધાં સંકલ્પશક્તિનાં જ મહાકાવ્યો હતાં. आत्मा सत्यकामः सत्यसंकल्पः કહી વેદના ઋષિઓએ પણ એની મહત્તા પ્રમાણી છે.

જેમ વ્યક્તિ પોતાને કે સમાજને સંકલ્પના જોરે ઘડી શકે છે તેમ સમાજ પણ એ જ શક્તિના જોરે એવી વ્યક્તિઓ જ જન્માવી શકે છે. ભિન્નભિન્ન વ્યક્તિઓના કે સમાજના સંકલ્પોની અથડામણ એકબીજા પ્રત્યે કેવી-કેવી અસરો ઉત્પન્ન કરે છે અને કેવા આઘાત-પ્રત્યાઘાતો જન્માવે છે એનો કોઈ સર્વસામાન્ય નિયમ આપણે જાણતા નથી; પણ એટલું તો કહી શકીએ કે જેમના સંકલ્પો વિશુદ્ધ અને પરિબળ ધરાવતા હોય છે એ જ છેવટે વિજયી બને છે. બીજાના કાં તો ઊગીને તરત જ આથમી જાય છે યા તો બીજા સાથે વણાઈ નવી ભાત પાડતા જાય છે. ભિન્નભિન્ન વ્યક્તિઓ કે સમાજના જુદી-જુદી દિશામાંથી ઉદ્ભવેલા સંકલ્પ-પ્રવાહો આમ અવિરત વહ્યા જ કરે છે અને એ રીતે ભૂતકાલીન જગત નિત્ય નવ-નવ સ્વરૂપે પ્રગટ થતું રહે છે. આમ વિશ્વનું આ અખંડ નૃત્ય વણથોભ્યું સતત ચાલ્યા જ કરે છે અને ચાલશે.

જેમ લોકોત્તર વ્યક્તિ સમાજને ઘડી શકે છે તેમ તેવી લોકોત્તર વ્યક્તિ ઘડનાર કોણ હશે? એવો સહેજે પ્રશ્ન ઉદ્ભવે છે. એનું વિભૂતિત્વ કયા તત્ત્વને આભારી હશે? માનવવંશ, શાસ્ત્ર કે વંશપરંપરાગત સંસ્કારમાંથી પણ આવું વિલક્ષણ સર્જન પુરવાર થઈ શકે તેમ નથી તો પછી એ કઈ માટીમાંથી ઘડાયા હશે? આવાઆવા અનેક પ્રશ્નો ઊઠે તેમ છે, પણ એનું સમાધાન હરેક પંથે પોતાની રીતે-ઈશ્વરી અવતાર-પયગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મ્બર-તીર્થંકર કે બુદ્ધ યુગેયુગે જગકલ્યાણ માટે અવતરે છે એમ કહી ઉકેલ્યું છે.

પણ મૂળ વાત એ છે, કે એવી લોકોત્તર વ્યક્તિઓ એ જનતાના સંકલ્પનું જ ફળ છે. એ પાછલા સમાજના આંતર મનઃપ્રદેશ-નો જીવનોજાગતો ઇતિહાસ છે તેમ જ એ પોતાનો મૂર્તિમંત ભાવિ ઇતિહાસ પણ રચતા હોય છે. વિશિષ્ટ વ્યક્તિઓ જનતાના સંકલ્પ-નો પરિપાક હોઈ કોઈ પણ એવી વ્યક્તિ-ઓની તુલના કરવી એ તત્કાલીન સમાજના જ ગુણદોષની તુલના કરવા બરાબર છે; અને તેમાં ય એટલું ખરું, કે જે સમાજ વધુ કચડાયેલો હોય છે એ સમાજની સંકલ્પ-શક્તિ તીવ્ર હોઈ એમાં ઉત્તમ ફાલ ઊતરે છે.

આમ હોવા છતાં ય જે પ્રજાએ પોતાની અસ્મિતા, અહંતા કે સ્વમાનવૃત્તિ ગુમાવી દીધી હોય છે એ સમાજ કદાચ ગુણી હશે તો-પણ એ નિસ્તેજ હોઈ એનો સંકલ્પ નિર્બળ જ રહેવાનો અને તેથી એ નવસર્જન કરી શકતો નથી. દુનિયાના પડ ઉપરથી એવી પ્રજાઓ-નાં નામનિશાન ભૂંસાઈ ગયાં છે. પ્રાચીન ભારતની અનાર્ય, નાગ, કોલ તથા બીજી અનેક જાતિઓ આ કારણે જ નામશેષ થઈ ગઈ છે.

જે પ્રજામાં તીવ્ર સ્વમાનવૃત્તિ હોય છે તેને સહજ પણ ધક્કો લાગતાં એને આઘાત થાય છે. એ આઘાત જ ઇષ્ટ પરિસ્થિતિ નિર્માણ કરવા એના સંકલ્પમાં બળ પૂરે છે. એથી જે પ્રજામાં સ્વમાનશીલતા-તેજસ્વિતા હોય છે એ જ પ્રજા ઉત્તમ ફાલ આપી શકે છે. મહાત્મા ગાંધીજીએ આ કારણે જ પ્રજા-માં સ્વમાન જાગૃત કરેલું; અને એથી જ આપણે આજે આ કક્ષાએ પહોંચ્યા છીએ.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ્युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

'જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મનું પ્રાબલ્ય વધી જાય છે, ત્યારે ધર્મના ઉદ્ધાર માટે હું શરીર ધારણ કરું છું' એ ગીતા-વાક્યનો અર્થ પ્રજાસંકલ્પના અવતાર રૂપે જ ઘટાવી શકાય. જો અન્યાય-અધર્મના પ્રતિકાર માટે જ અવતારો આવતા હોત તો જે જે પ્રજાઓનું નિકંદન નીકળી ગયું છે એના રક્ષણ અર્થે કોઈને અવતરવું જોઈતું હતું, પણ તેમ બન્યું નથી. અવતારો પ્રજા-સંકલ્પના જ અવતારો હોય છે અને તેથી જે જે પ્રજાઓના જેવા જેવા સંકલ્પો હોય છે તેવા જ એને પુરુષો સાંપડ્યા છે, અથવા એમ કહી શકાય કે એ તેવા જ પુરુષો પકવે છે.

આ વિચારસરણી જો બરાબર હોય તો ભાવિ હિંદ કેવી વ્યક્તિઓ જન્માવશે એનું ભવિષ્યદર્શન આજના આપણાં વિચાર અને કૃત્યોથી થઈ શકે એમ છે. પ્રથમ આપણે ભૂતકાળની વ્યક્તિઓ કેવા સમયમાં આવી હતી તે થોડા દાખલાઓ લઈ વિચારીએ.

અનાર્યો અને રાક્ષસોથી વસેલા દક્ષિણ-પથમાંથી જ્યારે એમનાં ધાડાંનાં ધાડાં ઉત્ત-રના આર્ય પ્રદેશ પર ઘૂમી વળતાં, યજ્ઞાદિ ક્રિયાઓમાં વિઘ્નો નાખતાં અને ઋષિઓ પાસેથી પણ કર વસૂલ કરતાં ત્યારે ભીંસા-યેલી પ્રજાનો એક જ મૌન સંકલ્પ પોષાતો હતો કે 'રાવણનો નાશ થાઓ.' એ સમાજ-સંકલ્પના પરિપાકરૂપે જ 'રામ' પ્રગટ્યા હતા. એમનું આવવું સમાજસંકલ્પની સિદ્ધિ અર્થે જ હતું. તેવી જ રીતે બ્રાહ્મણોની વધુપડતી પકડ, ઘોર યજ્ઞહિંસા, તીવ્ર ભેદભાવ અને વિલાસી વાતાવરણથી જનતા ગૂંગળાઈ ગઈ હતી, ત્યારે મહાવીર અને બુદ્ધનો પ્રાદુર્ભાવ થયો હતો. એમણે ત્યાગ અને તપ, સાદાઈ અને સંયમ તથા અહિંસા અને સમાન-તાની પ્રતિષ્ઠા સ્થાપીને પડેલા ભારતનો ઉદ્ધાર કર્યો હતો; અને નવી સંસ્કૃતિનું નિર્માણ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયાને અજવાળી હતી. પણ એકધારાં ૫૦૦ વર્ષ સુધી ત્યાગ અને તપનું કઠોર તપજીવન જીવી જ્યારે જનતા કંટાળી ગઈ હતી ત્યારે ફરી શૃંગાર અને વિલાસિતાને પોષણ આપનારા નીકળ્યા હતા.

તેવી જ રીતે કર્મકાંડમાં મૂંઝાયેલી જનતાને-જ્ઞાનમાર્ગને બોધ દેનાર શંકરાચાર્ય અને શુદ્ધ જ્ઞાનથી કંટાળેલી જનતાને રામાનુજાદિ સંતો પ્રાપ્ત થયા હતા; તેમ મોગલ યુગના વિલાસી વાતાવરણમાં ધર્મને રંગીલું રૂપ આપનાર ભક્તિમાર્ગી સંતોની પેદાશ એ પણ વાતાવરણની જ અસર હતી એમ કહી શકાય. કબીર-નાનક તથા દાદુએ હિંદુ-મુસ્લિમ સંઘર્ષો વચ્ચે ઐક્યની પતાકા ફરકાવી છે તો ગોવિંદસિંહે વળી તલવાર પકડાવી છે. ખ્રિસ્તી ધર્મની અસર તળે બ્રહ્મોસમાજ-પ્રાર્થનાસમાજ જ્યારે પાશ્ચાત્ય સભ્યતા તરફ વળ્યા હતા, ત્યારે આર્યસમાજે આર્યસંસ્કૃતિ પર જનતાને દૃઢ કરી છે. આમ જનતા પર થયેલા આઘાત-પ્રત્યાઘાતોમાંથી ઊઠેલા સંકલ્પો જ વિભૂતિરૂપે આપણને મળ્યા છે. મહાત્મા ગાંધીજી પણ એજ રીતે મૂલવી શકાય એમ છે.

અંગ્રેજોના સહવાસે કેળવાયેલી સ્વદેશપ્રીતિ અને જાગેલા સ્વમાને ઊઠેલા બળવા પછી જે આપણો તેજોભંગ થયો અને તેથી સર્વત્ર નિરાશા, ખેદ અને દમનની ભીંસ વધી પડી હતી એ વાતાવરણમાં પોષાયેલા સંકલ્પનો ફાલ આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી હતા. આપણી ધાર્મિક મનોવૃત્તિએ કર્મના સિદ્ધાંતનો આશ્રય લઈ એ નિરાશાને ધાર્મિક રંગ આપ્યો હતો, એમાંથી જ મહાત્માજીનું માનસ ઘડાયું હતું. વર્ષોથી દબાયેલા હોવાને કારણે લડાઈનો શોખ તો હતો જ નહિ, એથી આપણે માણસાઈનો સંબંધ ઇચ્છતા હતા. બીજી બાજુ ઉગ્ર મુસ્લિમ-માનસ એ આગ બૂઝવી શકે એમ નહોતું; એથી એમનો રોષ નમાલા ગણાતા હિંદુઓ તરફ વળ્યો. એમનું સ્વાભિમાન ઉગ્ર હતું એથી એમનામાં વિકૃતિ આવી અને એ દુરાગ્રહ અને તુંડમિજાજ રૂપે નવરૂપ પામ્યું.

એવી રીતે બીજી પણ નાનીમોટી હરેક શક્તિ સમગ્ર યા ભિન્ન-ભિન્ન વર્ગ, પંથ કે સમાજના જ સંકલ્પોની પ્રતિકૃતિ હોય છે.. ધાર્મિક કે રાજદ્વારી જ નહિ પણ જીવનના એકેએક ક્ષેત્રમાં આ જ નિયમાનુસાર વ્યક્તિઓ ઘડાય છે; અને એવી વ્યક્તિઓ સક્રિય કામ દ્વારા જનતા પર છાપ પાડી દુનિયાને ઉત્ક્રાંતિના માર્ગે આગે ધપાવે છે. જેટલું આ સાચું છે તેટલું એ પણ સાચું છે, કે મલિન સંકલ્પો દુષ્ટોને ય પેદા કરે છે અને એ દુનિયાને અધોગતિમાં પણ લઈ જાય છે.

આ જ નિયમાનુસાર કોઈ પણ દુષ્ટાત્મા કે દૈવી અવતારના પ્રાગટ્ય દ્વારા વિશ્વની ઉન્નતિ-અવનતિ થવાના મૂળમાં આપણા જ સંકલ્પોનો ફાળો હોઈ, આપણે પોતે જ આપણા ભાગ્યના ઘડવૈયા બનીએ છીએ; કારણકે આપણા શુભાશુભ વિચારોનું જ ફળ આપણે આમ વિભૂતિ કે શક્તિરૂપે મેળવીએ છીએ.

એથી ધાર્મિક, સામાજિક, આર્થિક, વૈજ્ઞાનિક, સાહિત્યિક કે રાજદ્વારી-એમ જીવનનાં ભિન્નભિન્ન ક્ષેત્રોમાં દેશને વિકાસમાર્ગે લઈ જવાથી કેવી શક્તિઓ મેળવવી એ આપણા જ હાથની વાત છે. ભાવિ યુગના સ્રષ્ટા ખરી રીતે તો આપણે પોતે જ છીએ.

જેમ પ્રજાનો સંકલ્પ કામ કરે છે તેમ એકાદ વ્યક્તિનો પણ સંકલ્પ જો એ અતિ બળવાન અને વિશુદ્ધ હોય છે. તો એ વધારે સફળતાની નજીક પહોંચી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનની સ્થિતિ

અનુવાદક :
શ્રી મૂળજીભાઈ હરિવલ્લભદાસ

વચન, કર્મ ને હાવભાવમાં દેખા દેતા મનના ભાવો તો મનના મહાસાગરની સપાટી સમા છે. પોતાની અંદરના અગાધ સાગરના અજ્ઞાત મનનાં દર્શન ઉપરની સપાટી કરાવી શકતી નથી. માનવીનાં સારાંનરસાં કર્મોની નોંધ ઈશ્વરના દરબારમાં બેઠેલા ચિત્રગુપ્ત રાખે છે એવી પ્રાકૃતજનોની માન્યતા છે; પરંતુ આ ચિત્રગુપ્ત તે બીજું કાંઈ નહિ પણ માનવીનું અજ્ઞાત મન છે, એ પ્રમાણે આપણને જો કોઈ કહે, ચિત્રગુપ્તનાં એ પ્રમાણેનાં નવાં મૂલ્યો અંકાય, તો આપણને નવાઈ જ લાગે. તદ્દન આધુનિક વિચારસરણી પર યોજાયેલા આ લેખનું વાચન રસપ્રદ છે.

હિંદુ પુરાણોની કથાનુસાર મનુષ્યના પ્રત્યેક કાર્યનું લેખું લખાય છે. ચિત્રગુપ્ત આ લેખ આપણા બંને ખભા પર બેસીને લખ્યા કરે છે. આપણે કોઈ ખરાબ કામને બીજાની આંખોથી બચાવી શકીએ છીએ, પરંતુ ચિત્રગુપ્તની આંખોથી કોઈ કાર્ય બચી શકતું નથી. જેવું કામ કર્યું હોય છે તેનું આબેહૂબ ચિત્ર તે ઉતારી લે છે. આ ચિત્ર અનુસાર કરેલાં કૃત્યોનો બદલો, પ્રત્યેક વ્યક્તિને મળે છે—જેણે ભલાં કર્મ કર્યાં હોય છે તેને સુંદર જન્મ મળે છે અને બૂરાં કર્મ કરનારને બૂરા સ્થાનમાં જન્મ લેવો પડે છે. તેને નાના પ્રકારની વ્યાધિઓ આવી પડે છે અને અનેક શારીરિક કષ્ટો સહન કરવાં પડે છે. સંસારની કોઈ પણ ઘટના કારણરહિત હોતી નથી. કોઈ મનુષ્ય જન્મથી જ સુખી જોવામાં આવે છે, જ્યારે કોઈ જન્મથી દુઃખી દેખવામાં આવે છે. અહીં (ભાગ્ય) કિસ્મત અને સ્વેચ્છાચારી ઈશ્વરને કારણ માનવું એ યુક્ત-સંગત વિચારને અલગ પાડવા બરાબર છે; કારણકે જે પરંપરા જડ પદાર્થોના વ્યવહારમાં જોવામાં આવે છે, તે જ મનુષ્યના સુખ અને દુઃખના ઉપભોગમાં પણ મળે છે. આ વિચારની આવશ્યકતા જ પુનર્જન્મનું હોવું મનાવે છે; અર્થાત્ પુનર્જન્મ માનવાને પ્રેરણા કરે છે.

દેશના ભાગલા પડતાં બન્ને બાજુ કતલ, આગ, અપહરણ, ખૂન ને લોહીની જે વિનાશ-ઝડી વરસી એમાંથી પોતાના અમર બલિદાન સુધી પહોંચી જઈ દેશને ઉગારી લેવા જે પુરુષે સફળ સંકલ્પ સેવ્યો હતો તેના પગલે ચાલી જો આપણે દેશના મહાયજ્ઞમાં આપણા શુભ સંકલ્પનો થોડો પણ ફાળો પુરાવીશું તો ય તે રાષ્ટ્રની એક મોટી સેવા ગણાશે, જેમાં અદનામાં અદનો દેશવાસી પોતાનો ફાળો આપી શકે છે. બાકી ઈર્ષ્યા, દ્વેષ, સ્વાર્થ અને સંકુચિતતામાંથી તો એવાં જ ફળો ઊતરશે, જે આપણો પોતાનો જ વિનાશ કરશે.

બાકી આપત્તિ વખતે જ સંકલ્પને વેગ મળતો હોઈ, વર્તમાનકાલીન દુઃખ, વ્યથા કે વિરોધ હોવા છતાં ય જો આપણે સંકલ્પની દિશા બદલીશું તો એમાંથી જે રૂડું નવસર્જન થશે એથી ભારતી મૈયાનો ગૌરવ-મુકુટમણિ કોઈ અનેરી પ્રભાથી ઝળહળી જગતને નવપ્રકાશ આપશે અને વિશ્વમાં અખંડ સુખશાંતિ અને આનંદનો મંગળકારી દિવ્ય સ્રોત વહેતો થશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરાણોના ચિત્રગુપ્તની કથા એક પ્રકારનું રૂપક છે, જે દ્વારા બાહ્ય ક્રિયાઓ અને તેના સંસ્કારોનો સંબંધ દર્શાવવામાં આવે છે. બાહ્ય ઘટના ઘટિત થઈને નષ્ટ થાય છે, પરંતુ તેના સંસ્કાર જે આપણા મન પર પડ્યા હોય છે તે નષ્ટ થતા નથી. આપણે આપણાં કરેલાં અનેક કાર્યો ભૂલી જઈએ છીએ; પરંતુ એનો અર્થ એ નથી કે તેના સંસ્કાર પણ ભુલાઈ જાય છે. મનના કોઈ અદૃષ્ટ પટ પર તેના સંસ્કાર બન્યા રહે છે. એ સંસ્કાર આપણી માનસિક પ્રવૃત્તિઓને બનાવે છે. આ પ્રવૃત્તિ અનુસાર આપણે સારા યા ખોટા વાતાવરણમાં પડીએ છીએ અને પછી અનેક પ્રકારનાં સુખદુઃખનો ઉપભોગ કરીએ છીએ. પ્રત્યેક મનુષ્ય પોતાના મનને અનુકૂળ વાતાવરણ શોધી લે છે. જે મનુષ્યનું મન આ વાતાવરણની શોધ કરે છે તે મનુષ્યનું જ્ઞાત મન નથી, પરંતુ તેનું અજ્ઞાતમન છે. આ અજ્ઞાતમનની વાસનાઓ જ્ઞાત મનની પહોંચ બહાર રહે છે; અર્થાત્ આપણે પોતે પોતાની શુદ્ધ વાસનાઓને જાણતા નથી; પરંતુ એ વાસનાઓ જ આપણા વિશેષ પ્રકારના સંસારનું નિર્માણ કરે છે.

જ્ઞાત મનની ઇચ્છા એક જ પ્રકારની હોય છે. તે સર્વ ઇચ્છાઓ ભોગઇચ્છાઓ જ હોય છે. સર્વ ઇચ્છાઓનું લક્ષ્ય સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ હોય છે, પણ અજ્ઞાત મનના વિષયમાં આ વાત સાચી નથી. અજ્ઞાત મનની વાસનાઓ બે પ્રકારની હોય છે. અજ્ઞાત મનમાં સુખ તરફ આકર્ષણ અને અનાકર્ષણ બંને રહે છે. ભોગોની આસક્તિ અને તેનાથી વિરક્તિ એમ બે પ્રકારની વાસનાઓ અજ્ઞાત મનમાં રહે છે. આ પ્રકારે દુઃખોનું નિવારણ અને દુઃખોનો ઉપભોગ બંને અજ્ઞાત મન ચાહે છે અને આ બન્ને પ્રકારની ઇચ્છાનુસાર આપણું વાતાવરણ નિર્મિત થાય છે. વિખ્યાત માનસશાસ્ત્રી ફ્રોઈડે એક પ્રકારની ઇચ્છાઓના ભોગને ઇચ્છા કહી છે અને બીજા પ્રકારની ઇચ્છાઓને નિર્માણની ઇચ્છા કહી છે. આપણા અદૃશ્ય મનમાં નિર્માણની ઇચ્છાઓ એટલી જ પ્રબળ હોય છે, જેટલી ભોગની હોય છે.

આપણાં સ્વપ્નો પર વિચાર કરતાં ઉપરોક્ત સિદ્ધાંતની સત્યતા પ્રતીત થાય છે. પ્રત્યેક સ્વપ્ન સકારણ હોય છે. સ્વપ્નજગતનું વાતાવરણ આપણી વાસનાઓ દ્વારા જ નિર્માણ થાય છે. તે વાસનાઓ મનના સંસ્કાર અનુસાર હોય છે. કેટલીક વાસનાઓ ભોગ સંબંધી, જ્યારે કેટલીક નિર્માણ સંબંધી. એક પ્રકારની વાસનાઓ આપણી સમક્ષ ભોગપદાર્થોને રજૂ કરે છે અને તેમને આપણે ભોગવીને સુખનો અનુભવ કરીએ છીએ, બીજા પ્રકારની વાસનાઓ આપણી પાસે દુઃખોનો ઉપભોગ કરાવે છે. કોઈ વખત આપણે સુંદર ભોજન કરતાં, સુંદર દૃશ્ય જોતાં, મિત્રોને મળતાં, પોતે પોતાનો અનુભવ કરીએ છીએ અને કોઈ વખતે ભયંકર સ્થાનોમાં શત્રુઓથી ઘેરાયેલા તથા તેમનાથી ભયભીત થયેલા પોતે પોતાને જોઈએ છીએ. કોઈ કોઈ વખત તો પોતે પોતાના મૃત્યુને પણ જોઈએ છીએ. જે વાતોને આપણે ચાહીએ છીએ અને જેમનાથી આપણે ડરીએ છીએ તે બન્ને સ્વપ્નમાં જ બને છે. ઇચ્છા અને ભયની ઉત્પત્તિ અજ્ઞાત મનથી થાય છે. ભય ઇચ્છાનો પૂરક છે. જ્યારે આપણા જ્ઞાત મનમાં કોઈ વસ્તુ પ્રતિ ઇચ્છા ઉત્પન્ન થાય છે, ત્યારે સાથેસાથે આપણા અજ્ઞાત મનમાં તેનો નાશ અથવા ખોવાઈ જવાનો ભય આપોઆપ ઉત્પન્ન થાય છે. આ ભયને આપણો સ્વભાવ જ ઉત્પન્ન કરે છે. ઇચ્છા અને ભય આ બન્ને પોતાની પૂર્તિ માટે બાહ્ય જગત નિર્માણ કરે છે. અતૃપ્ત ઇચ્છાઓ ભોગનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસાર નિર્માણ કરે છે અને અપ્રકાશિત ભય જનક વસ્તુઓનો વિનાશ કરે છે.

જે સ્થિતિ સ્વપ્નજગતની છે તે જ સ્થિતિ જાગ્રત અવસ્થાના અનુભૂત જગતની છે. આપણી વાસનાઓ જ ફલિત થાય છે–બાહ્ય જગતના સંસ્કાર વાસનાઓ ઉત્પન્ન કરે છે. વાસનાઓ નવા સંસારને રચે છે. આ સંસાર અને સંસ્કારની પરંપરા અનાદિ કાળથી પ્રત્યેક જીવની સાથે ચાલી આવે છે. પ્રત્યેક મનુષ્યનું મન એક ચલચિત્ર જેવું છે. આ ચિત્રપટ જગતમાં બનવાની ઘટનાઓનું ચિત્ર લેતું રહે છે. આ પ્રમાણે આપણું મન અનેક ચલચિત્રો તૈયાર કરતું રહે છે. કેટલાંક ચલચિત્રો પછી સંસારના પડદા પર બતાવવામાં આવે છે; પરંતુ અનેક ચલચિત્રો અદૃશ્ય મનના 'સ્ટોર-રૂમ'માં જમા રહે છે. સમય-સમય પર આનો પણ ખેલ દેખાડવામાં આવે છે. ચેતના એ પ્રકાશ છે કે જેમાંથી અદૃશ્ય ચિત્ર પ્રકાશિત થાય છે. ચિત્રપટ તૈયાર થવા માટે જે પ્રકાશની જરૂરત હોય છે તે આત્માનો પ્રકાશ છે. જ્યાંસુધી કોઈ પણ પ્રકારની સ્થિતિમાં આત્મીયતાનો ભાવ રહે છે, ત્યાંસુધી તે પોતાના સંસ્કાર મન પર પાડે છે. આત્મીયતાના અભાવમાં કોઈ પણ ઘટનાના સંસ્કાર મન પર હોતા નથી અર્થાત્ પડતા નથી.

મન પર બાહ્ય ઘટનાઓના સંસ્કારની પ્રબળતા આપણે બાહ્ય પદાર્થો પરત્વે કેટલી આત્મીયતાને જોડીએ છીએ તેના ઉપર આધાર રાખે છે. આપણી રાગદ્વેષાત્મક વૃત્તિઓ જ બાહ્ય ઘટનાઓના સંસ્કારોને આપણા મન પર પ્રબળ બનાવે છે. તે રાગદ્વેષાત્મક વૃત્તિઓ આત્મીયતાથી ઉત્પન્ન થાય છે. જો કોઈ ઘટનાથી આત્મીયતા અર્થાત્ સ્વાર્થભાવ દૂર કરવામાં આવે તો તેના સંસ્કાર સુખદુઃખનું કારણ બનતા નથી. પરિણામે જે કામ આત્મસ્થ થઈને કરવામાં આવે છે તેના સંસ્કાર જ મન પર રહેતા નથી. આ પ્રકારનું કાર્ય ભવિષ્યમાં (દુઃખ યા સુખ પણ) સૃષ્ટિના નિર્માણનું કારણ બનતું નથી. આત્મભાવ જ તે પ્રકાશ છે કે જેનાથી કોઈ પ્રકારની ઘટનાનું ચલચિત્ર તૈયાર થાય છે. અનાત્મામાં આત્મભાવ હોવાને કારણે સંસારની સૃષ્ટિ થાય છે. આત્મોન્મુખ થતાં ચલચિત્ર બનાવનાર પ્રકાશ બહાર જતો નથી, એટલે કે કોઈ પણ પ્રકારની બાહ્ય ઘટનાઓના સંસ્કાર મન પર પડતા નથી અને તેથી તે ચલચિત્ર જગતનું કારણ બનતું નથી, તેટલા માટે અનાત્મા ઉપરથી પ્રીતિ હઠાવીને આત્મામાં પ્રીતિ જોડવી જોઈએ, જેથી સંસારનાં સુખ-દુઃખથી મુક્ત થવાય છે.

સંસારી જીવનથી કોઈ મનુષ્ય એકાએક મુક્ત થતો નથી. પુરાણાં કર્મોનાં ફળ તેને ભોગવવાં જ પડે છે અર્થાત્ જે સંસ્કાર મનના ચિત્રપટ પર પહેલાં પડી ચૂક્યા છે તેને દૂર કરવાનું કાર્ય અસંભવિત છે. નવા સંસ્કારોનું પડવું રોકી શકાય છે, જ્યારે મનુષ્ય સંસારમાં સુખની ખોજ કરતાંકરતાં થાકી જાય છે, ત્યારપછી આ પ્રકારનો પ્રયત્ન છોડવાની ઇચ્છા કરે છે-સંસારી જીવન જ વ્યર્થ સમજે છે. હવે જો તે એકાએક સાંસારિક જીવનની જુમ્મેદારી છોડવાનો પ્રયત્ન કરે છે, તો તેનો તે પ્રયત્ન નિષ્ફળ જાય છે. કોઇકોઈ વખતે કોઈ વિશેષ અપ્રિય ઘટનાને લીધે મનુષ્યને ક્ષણિક વૈરાગ્ય આવી જાય છે, ત્યારે તે સંસારથી ભાગવાનું ચાહે છે. આ વખતે તેણે ધૈર્યથી કામ લેવું ઉચિત છે. એકાએક સંસારને છોડવાથી તે છૂટતો નથી. સંસારી જીવન પ્રતિ હવે તેણે પોતાનું દૃષ્ટિબિંદુ બદલવું જોઇએ. વૈરાગ્ય પહેલાં જે કાર્યોને મનુષ્ય પ્રીતિથી કરતો હતો, તે કાર્યોને તેણે અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તવ્યબુદ્ધિથી કરવાં જોઈએ-જેમ બૅન્કનો ખજાનચી બૅન્કના રૂપિયા પ્રતિ તેટલી જ આત્મીયતા રાખે છે, જેટલીનો તે હિસાબ રાખી શકે: તે તેના બૅન્કના માલિકની માફક આપણા રૂપિયા સમજતો નથી, તેવી જ રીતે સંસારમાં સર્વ વસ્તુઓની રક્ષા અને બીજાની સેવા વૈરાગી પુરુષ અનાસક્ત ભાવે કરે છે.

ખજાનચીનું કામ છે કે તેણે રૂપિયાનો હિસાબ બરાબર રાખવો, તેના હાથથી એક પણ રૂપિયો ભૂલથી ન જાય,—પણ ખજાનચી, ખજાનો રાતમાં લૂંટાઈ જવાથી કોઈ પ્રકારે દુઃખી થતો નથી, જેટલો બૅન્કનો માલિક દુઃખી થાય છે. આ પ્રકારે અનાસક્ત ભાવથી કામ કરનાર વ્યક્તિ દુનિયામાં થતી લાભ-હાનિથી ઉદ્વિગ્ન થતી નથી. જ્યાંસુધી મનુષ્યની દૃષ્ટિ બહિર્મુખ રહે છે, ત્યાંસુધી તેમાં તેને પોતાના અને પારકાનો ભાવ રહે છે, જ્યારે તેની દૃષ્ટિ અંતર્મુખ થાય છે ત્યારે તે કોઈ પણ વસ્તુને પોતાની સમજતો નથી તેથી પછી તે કોઈ નવું કામ કરવાની ઇચ્છા કરતો નથી અને પોતાના ઉપર આવી પડેલી જવાબદારીથી ડરતો નથી-જે કામ હાથમાં આવે છે તેને તે ભલા પ્રકારે કરે છે. પ્રત્યેક કાર્ય અનાસક્ત થઈને કરવાથી આત્મજ્ઞાન વધે છે અર્થાત્ પરમાત્મા તરફ જવાય છે.

કર્તવ્યબુદ્ધિથી કામ કરવાથી તે કાર્ય શાંતિ અર્પે છે, હાનિ-લાભની દૃષ્ટિથી કરતાં તે કામ દુઃખનું કારણ બને છે.

★

પહેલું મહાયુદ્ધ પૂરજોશમાં ચાલતું હતું, ત્યારે કૉલૉનના એક વર્તમાનપત્રે એક સામાન્ય સમાચાર છાપ્યા.

‘એન્ટવર્પનો કિલ્લો પડ્યો ત્યારે (જર્મનીનાં) દેવમંદિરોમાં વિજયસૂચક ઘંટનાદો કરવામાં આવ્યા હતા.’

પેરિસના એક અખબારે આ સમાચાર જોયા; એટલે જરા પલટો આપી એની એ જ હકીકત જાહેર કરતા જણાવ્યું:

‘જ્યારે એન્ટવર્પનો કિલ્લો સર કરવામાં આવ્યો, ત્યારે (બેલ્જિયમનાં) દેવમંદિરોના પૂજારીઓને ઘંટનાદ કરવાની ફરજ પાડવામાં આવી હતી!’

લંડનના વિખ્યાત પત્ર ‘ટાઈમ્સે’ એ ખબર નીચે પ્રમાણે પ્રગટ કરી:

‘લસૉઁદી’ને કૉલૉનથી મળેલી ખબર મુજબ જે બેલ્જિયમવાસી પૂજારીઓએ ઘંટનાદ વગાડવાની ના પાડી હતી તેમને મંદિરોમાંથી બહાર હાંકી કાઢવામા આવ્યા હતા!’

‘કુરિયૅર ડેલ સૅરા’એ એ જ વાત નીચે પ્રમાણે વાળી:

‘પૅરિસ મારફત ‘ટાઇમ્સ’ને ખબર મળી છે કે એન્ટવર્પનો કિલ્લો સર કરવામાં આવ્યો ત્યારે બેલ્જિયમના જે કમનસીબ પૂજારીઓએ ઘંટનાદ કરવાની ના પાડી હતી તેમને સખત મજૂરી સાથે જેલમાં પૂરવામા આવ્યા છે.’

‘લસૉદી’એ આ હકીકત નવી માની આ પ્રમાણે પુનઃ પ્રસિદ્ધ કરી:

‘લંડન મારફત કુરિયૅર ડેલાસૅરા’ને મળેલી કૉલૉનની હકીકત મુજબ હવે ખાતરીથી કહી શકાય કે એન્ટવર્પના જંગલી વિજેતાઓએ, જે કમનસીબ પૂજારીઓએ વીરતાથી ઘંટનાદ કરવા ના પાડી તેમને એ ઘંટ સાથે જ ઊંધે માથે લટકાવ્યા હતા!’

—હરખચંદ શાહ નગરિયા

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપરાજિતા

લેખક :
શ્રી 'આનંદેશ'

યુગયુગ પહેલાં ભાર્ગવોના કુલપતિ મહાન તપસ્વી ચ્યવન પર્ણકુટીમાં આસનારૂઢ થઈ વેદપાઠ કરી રહ્યા છે. એમની યુવાવસ્થા પર પ્રૌઢતા પાંગરવા માંડી છે, છતાં યે એમનું સ્વરૂપ, એમની પ્રતિભા એવાં ને એવાં સૌષ્ઠવભર્યાં રહ્યાં છે. આખા યે સિંધુપ્રદેશમાં એમના જેવા વિદ્વાન, રૂપવાન, તેજસ્વી પુરુષની જોડ નહોતી. આજસુધી ચ્યવન અવિવાહિત રહ્યા છે. એમને વરવા માટે કેટલી યે કુમારિકાઓ અભિલાષા સેવી રહી હતી. શિષ્યોએ અનેકવાર અભ્યર્થના કરી પુર–નગરના નિવાસીઓએ પણ આશ્રમને કુલદેવીના કંકુપગલે પાવન કરવાની પ્રાર્થના કરી હતી, પરંતુ ચ્યવનઋષિ માત્ર મોં મલકાવી કહેતા :

'કુલદેવતા અગ્નિનું વરદાન છે, કે મારા પુત્રો અને પૌત્ર–પ્રપૌત્ર જ તમારા કુલપતિ થવાના છે, એટલે મારે લગ્ન તો અવશ્ય કરવાં જ પડશે, પરંતુ હજી એ સમયને વાર છે, અત્યારે તો આપણે દેવરાજ ઇંદ્રના અત્યાચારથી સમસ્ત આર્યોનું રક્ષણ કરવાનું છે.'

ને વળી પાછા ચ્યવનઋષિ વેદપાઠમાં નિમગ્ન બની જતા.

આજ પણ પર્ણકુટીમાં બેઠા છે–અધ્યયન કરી રહ્યા છે–એમના તપાવેલા હેમ જેવા મુખ પર પરસેવાની મોતીમાળ ઝૂલી રહી છે. જમણા હાથની આંગળીઓ પુસ્તકનાં પાનાં-પર રમી રહી છે, ડાબા હાથથી તાડપત્રના પંખે વાયુનો આનંદ અનુભવી રહ્યા છે. ચ્યવનઋષિના મુખ્ય શિષ્ય વયોવૃદ્ધ વિકર્ણ કક્ષમાં પ્રવેશ કરે છે અને નમન કરી કહે છે:

'દેવ, સિંધુતટના માનવરાજ આપનાં દર્શનની વાટ જોઈ રહ્યા છે–આજ્ઞા...'

'ક્યાં છે ?'

'આજ્ઞા......'

ને મનુવંશી માનવરાજ શર્યાતિ ચ્યવન-ઋષિની સન્મુખ આવી ચર્ણસ્પર્શ કરે છે. એને વારતાં મહર્ષિ બોલ્યા:

'બંધુ, વય અને સર્વસ્વ દૃષ્ટિએ આપ વડીલ છો. આપ મને પ્રણામ કરો એ તો બહુ અનુચિત ગણાય.'

ઋષિની નમ્રતા પાસે શર્યાતિ ગદ્દગદ બની ગયા. એમના લંબાયેલા હાથ ચરણ-સ્પર્શ ન કરી શક્યા, પરંતુ અંતરની શ્રદ્ધા-ઊર્મિઓ હૃદય ને આંખોમાં ઊછળવા માંડી.

શર્યાતિને આસન આપી ઋષિએ પૂછ્યું: 'ભદ્ર, નગર છોડી આટલી બધી દૂરની વાટે કેમ આવવું થયું ?'

'દેવ, સુરલોકના કુલપતિ, દેવરાજ પુરન્દરના અત્યાચારોની હવે સીમા નથી રહી. હવે ઉત્તરાપથના માનવવંશનાં જીવન આકરાં થઈ પડ્યાં છે.'

'જો ભાર્ગવ કંઈક કરી શકે તો હું મારું જીવન કૃતાર્થ થયું સમજીશ.'

'દેવ, હવે તો માનવકુળનું સમસ્ત જન-પદ આર્યચરણે લેટી રહ્યું છે.'

'તથાસ્તુ ! આપ આપની પ્રજા–પરિવાર
સહિત સપ્તસિંધુમાં નિવાસ કરો. હવે પુર-
ન્દરનો અત્યાચાર વધારે વાર નહિ સહેવો પડે.'

'પરંતુ દેવ, પુરન્દરનું બળ અસીમ છે. એના યોદ્ધાઓ તો વિગ્રહમાં માનવો સામે ટક્કર ઝીલી શકે તેમ નથી; પરંતુ એનાં ભૈષજય અને અપ્સરાઓ છલ-કળ દ્વારા ન્યાયમાર્ગે ચાલતા ઋષિમુનિઓને છેતરે છે.'

ચ્યવનઋષિએ સ્મિત કર્યું:

'મારે માટે મૃત્યુ તો અસંભવિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલપતિ અગ્નિના વચનાનુસાર હું નિર્વંશ નથી મરવાનો. જયાંસુધી પુત્રહીન છું ત્યાં-સુધી મૃત્યુના ભયથી મુક્ત છું, ને જ્યાં અપ્સ-રાનાં રૂપ-સૌંદર્યની વાત આવી ત્યાં તો ચ્યવન નેત્ર-વિહોણો છે. કોઈ અપ્સરાનું રૂપ-યૌવન મને મુગ્ધ કરે કે મોહાવે તેમ નથી.'

*

ચ્યવનઋષિની આજ્ઞા મુજબ અનેક કુલપતિઓએ પુરન્દરને પોતાને ત્યાંના યજ્ઞમાં આવવાનાં આમંત્રણ બંધ કર્યાં. પહેલાંની જેમ ઇન્દ્રને બીજા દેવોની માફક સોમરસ પાનનું અપાતું નિમંત્રણ બંધ થયું. એને ખૂબ જ ક્રોધ ચઢ્યો. એનો કોપ વિશેષ કરીને બે જણાં પર હતો. એક ભાર્ગવ-ભૃગુ-વંશીના જનપદ, જેના કુલપતિ મહર્ષિ ચ્યવન હતા, બીજા માનવ-શર્યાતિના-જનપદ-બન્નેયને વીરતા વરી હતી; પરંતુ ઋષિના પક્ષમાં ન્યાય હતો. બન્નેની મહેચ્છા અત્યાચારનો અંત આણવાના હતી; પરંતુ પુરન્દર તો છળ-કપટથી સત્ય અને ન્યાયને હણવા ચાહતો હતો.

રાત્રિની નીરવતામાં ઇન્દ્ર ઇન્દ્રાસન પર આરૂઢ થયેલા છે. અનેક કુલપતિ, દેવગણ એના આસનની બન્ને પાંખો પર બેઠા છે. સભાના ચોકમાં નૃત્ય થઈ રહ્યું છે. નૂપુરોના રૂમઝૂમ સરોદથી વાતાવરણ સંગીતમય બની રહ્યું છે. સર્વે રસમુગ્ધ છે, આત્મવિસ્મૃત છે, પરંતુ પુરન્દરના મનની અશાંતિ સંગીત-ની પ્રસન્નતા કે આનંદ એને ભોગવવા નથી દેતી. એની આંખો આકાશ તરફ પ્રત્યક્ષ પણે ચોટી રહે છે. યજ્ઞના ધુમાડાથી ઘેરાયેલું વાદળ અને વેદમંત્રોના ગુંજારવથી છલકતું વાયુમંડળ જોઈ એના અંતરમાં વ્યથા થાય છે. એને કોઈ આમંત્રણ નથી આપતું-કોઈ સોમરસનાપાન માટે નોતરું નથી દેતું. ગઈ કાલ સુધી સમસ્ત જનપદના કુલપતિઓનો

પોતે સમ્રાટ હતો. આજ એને લાગે છે, કે પોતે સાધારણમાં યે સાધારણ માનવી બની ગયેલો છે. આજ બધા એને અપમાનિત કરી રહ્યા છે. તરછોડી રહ્યા-ગયા છે; અને તે પણ માત્ર એક બ્રાહ્મણને કારણે.

બ્રાહ્મણે તો કહી દીધું :

'પુરન્દર વિલાસી છે. મદ્યપાન કરે છે-એને કોઈ જાતનો અધિકાર નથી રહ્યો કે જે આપણા સર્વે પર શાસન કરે.'

અને બધાએ એના બોલ ઝીલી લીધા. સ્વભાવથી જ દ્વેષી, ઈર્ષાળુ ઇન્દ્રની છાતીમાં વેરની જ્વાલા ધૂંધવાઈ રહી છે. આખું યે ઇન્દ્રભુવન કલા અને સૌંદર્યની ઉપાસનામાં મુગ્ધ બન્યું છે, ત્યારે ઇન્દ્ર એકલો જ મનમાં ને મનમાં ષડયંત્રનું રેખાચિત્ર દોરી રહ્યો છે.

એકાએક પુરન્દરના મનમાં એક યુક્તિ સૂઝી આવી. પડખે જ બેઠેલા અશ્વિનીકુમારોને પોતાની પાસે બોલાવ્યા ને એકાંતમાં લઈ જઈ કહ્યું :

'તમે બન્ને કહો છો કે તમારા આયુર્વેદમાં માનવીને શાશ્વત યૌવન પ્રાપ્ત કરાવવાની શક્તિ છે. કયાંય એવો કોઈ પ્રયોગ નથી કે જેથી....ચ્યવન ભાર્ગવ અકાળે વૃદ્ધ અને શક્તિહીન બની જાય ?'

'અવશ્ય છે. પરંતુ દેવ, આજ સુધી આપે અમને કોઈ જાતની એવી આજ્ઞા આપી નથી; ને બીજું, કોઈનો વધ અમારાથી નહિ થઈ શકે. શાસ્ત્રથી વિરુદ્ધ કર્મ ન થઈ શકે.'

'વધ કરાવી કોઇની હત્યાનો ભાગીદાર બનવા હું યે નથી ઇચ્છતો. રાજનીતિની દૃષ્ટિએ હત્યા ક્ષમ્ય છે; પરંતુ ચ્યવન બ્રાહ્મણ છે. બ્રહ્મહત્યા મારે નથી કરવી કે કરાવવી.'

'ભલે દેવ, આપની આજ્ઞા હોય તો ચ્યવનને એક એવા રસનું પાન કરાવી દઈએ કે જેના પરિણામે એ જીવતાં મૂઆ જેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવસ્થામાં સડ્યા કરે. એ રસના પાનથી એની સમસ્ત ઇન્દ્રિયો શિથિલ અને શૂન્ય બની જશે, જ્યાંસુધી વર્ષો સુધી એકનિષ્ઠ સાધનાથી એની સેવા નહિ થાય ત્યાંસુધી એને સંજ્ઞા પણ પ્રાપ્ત નહિ થાય.'

'હા, એ ઠીક ! થોડોક સમય ચ્યવન જો એ અવસ્થામાં રહેવા પામે, તો આપણે આપણું બળ એકઠું કરી શકીએ.'

અને પુરન્દરની આજ્ઞા લઈ એ જ વેળા અશ્વિનીકુમારે અનાર્ત પ્રદેશ તરફ પ્રસ્થાન કર્યું.

*

શર્યાતિ માનવ અને વિકર્ણ ભાર્ગવોના કુલપતિના પ્રધાન શિષ્ય ચ્યવનની પર્ણકુટીમાં જમીન પર બેઠા છે. એની સામે ઋષિનું અસ્વસ્થ, નિશ્ચેતન શરીર ઘાસના આસન પર પડ્યું છે. કુટીની આજુબાજુ નરનારીઓ, આર્તજનો અને સહાયકો, ઋષિની અવસ્થા જોઈ કલ્પાંત કરી રહ્યા છે. કોણ જાણે કયા કારણે પણ ચ્યવનઋષિ મૂર્છા પામી ગયા છે. એમના ઉજ્જવળ શરીરનો રંગ કાળો શ્યામ બની ગયો છે. શરીર સુકાઈને ઠૂંઠા જેવું વાંકું બની ગયું છે.

એમનું દિવ્ય સૌંદર્ય કુરૂપ બની ગયું છે. આંખો બંધ થઈ ગઈ છે—શરીરમાં ચેતન રહ્યું નથી. પાંદડાંના પડિયામાં દૂધ લઈ વિકર્ણ ઋષિની સન્મુખ ઊભા છે. કોઈવાર હોઠ ઊઘડે છે, માટીના ઢગલામાં એકાદ નાના છિદ્ર જેવું—અનેક ઉપચારો કર્યા છતાં યે મુનિની સાન-ભાન પાછી વળતી નથી.

'વિકર્ણ ! હવે શું થશે ? જે વ્યક્તિથી દેવોનો કુલપતિ પુરન્દર પાંદડાંની જેમ ભયથી થરથરતો હતો, એ આજ અસાધ્ય રોગ-શય્યા પર જરાકે હલીચલી યે નથી શકતા !' શર્યાતિએ વિલાપ કરવા માંડ્યો.

'મારા ધારવા પ્રમાણે તો આ બધું પુરન્દરનું છળકપટ છે. એના મિત્રો અશ્વિનીકુમારોનું આપણા જનપદમાં આવવું જવું શરૂ થયું ને દેવની આ દશા થઈ—એ એના છળકપટનું પ્રમાણ છે.'

'પુરન્દરનું છળકપટ ?'

'હા એનું જ. અશ્વિનીકુમારોએ ઋષિના દૂધમાં કોઈ ઔષધિ મેળવી એને પાઈ દીધી છે ને એનું આ પરિણામ છે.'

'તો પછી ઋષિની આ અવસ્થામાં એણે ઉપચારો પણ કર્યા છે...એ કેમ ?'

એ બધા ઢોંગ એના છળકપટને છુપાવવા માટે જ, આવરણ ટળી ગયા પછી ભૈષજ્ય કુળના કપાળ પર સદાને માટે કલંકની કાળી ટીલી લાગી જવાની.'

'તો શું મહર્ષિ પુનઃ સ્વસ્થ નથી થવાના ?'

'અશ્વિનીકુમારોનું કહેવું તો એમ છે કે કોઈ વર્ષો સુધી એકધારી એમની સેવા કરે તો પાછું સ્વાસ્થ્ય મેળવી શકે, નહિતર નહિ જ.'

'આપણે બધા તન-મનથી સેવા કરવા ઊભે પગે તૈયાર રહીશું.'

'ના, આપણાથી એ નહિ બની શકે. એ પ્રકારની સેવા માત્ર સ્ત્રીઓ જ કરી શકે છે—અને તેમાં યે જનની કે પત્ની જ.'

'ત્યારે ?'

વિકર્ણ વિચારમાં પડી ગયો, થોડીવાર પછી એણે કહ્યું :

'શર્યાતિ, મહર્ષિના તમારા પર અનેક ઉપકાર છે—એક દિવસ ક્યાંય પણ ધરતી પર પગલું મૂકવાનું તમારે માટે સ્થાન નહોતું. આજ તમે એક સંપૂર્ણ નગરના સ્વામી છો. આજે તમારી પશુશાળામાં દશ હજાર ગાયો, અનેક હાથી અને ઘોડા છે. આજ તમને દેવરાજ ઇન્દ્રનો પણ જરા યે ભય નથી—આ બધા ઋષિના પ્રતાપ છે.'

'ભૃગુવર ! હું એ બધું જાણું છું. હું મહર્ષિ માટે મારા પ્રાણ પણ આપવા તૈયાર છું.'

'પરંતુ તમારા પ્રાણ આપ્યેથી કશું યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી તેમ નથી.'

'તો આજ્ઞા કરો વિકર્ણ—હું તો મહર્ષિનો ભવોભવનો ઋણી છું—આપની આજ્ઞા મુજબ વર્તવા હું તૈયાર છું.'

'શપથ લઈ કહો છો ?'

'હું પ્રતિજ્ઞા કરું છું. મને ધર્મના શપથ છે, વિકર્ણ હું મારી પ્રતિજ્ઞા પર અચળ રહીશ.'

'શર્યાતિ, તમે તમારી સુંદર કન્યા સુકન્યાનાં મહર્ષિ સાથે લગ્ન કરી દો. એમને પ્રાણદાન આપવાનું સામ્યર્થ એનામાં જ છે.'

'સુકન્યાના વિવાહ મહર્ષિ સાથે ?'

કહેતાં શર્યાતિનો સાદ ફાટી ગયો—એના પર વજ્રપાત થયો હોય એમ લાગ્યું. ક્યાં ચંપકકળી જેવી સુકુમાર સુકન્યા ને ક્યાં જીવતા-મૂઆ જેવા મહર્ષિ ચ્યવન ! એને થયું કે એણે કેવું ભીષણ પણ લઈ લીધું. આ વાત સાંભળી ગૌરી—એની પત્ની તો સુકન્યાને સાથે લઈ આપઘાત કરશે, ને સુકન્યા શું કહેશે, શું કરશે ?

શર્યાતિના મસ્તકમાં અનેક વિચારોનું ઘમસાણ શરૂ થયું.

'ચિંતા કરવાની જરૂર નથી, શર્યાતિ ! આમ થવાથી તમારી કન્યાનું અકલ્યાણ નથી થવાનું. કુલગુરુ અગ્નિનું વરદાન ફળશે જ. તમારો દૌહિત્ર, મહર્ષિનો પુત્ર, અમારો કુળપતિ થવાનો. સુકન્યા અમારી કુળદેવી બની રહેશે—ભાર્ગવોના શ્રેષ્ઠ વંશની વંશાવળીની માતા બનશે; ને અમારા બધાની એ પૂજનીય જનની બનશે—અને એ મહર્ષિની સેવા પામશે-કરશે—પોતે તરશે ને આખા કુળ ને ગોત્રને તારશે.'

'પરંતુ દેવકન્યા પર એની જનેતાનો અધિકાર છે...ગૌરી...'

'પણ તમે ગૃહસ્વામી છો. તમારો અધિકાર અનંત છે. શર્યાતિ, ભૂલતા નહિ કે તમારે કારણે જ ઇન્દ્ર મહર્ષિ પર રૂઠ્યા છે. તમે જ એની આ દશાના મૂળ કારણ છો. મહર્ષિના અગણિત ઉપકારનું તમને લેખું ન હોય તો યાદ રાખજો, ઋષિની આ દશાનો લાભ લઈ ઇન્દ્ર તમને કચરી—છૂંદી નાખશે. સતીના શાપથી ઇન્દ્ર પણ થરથરે છે, સુકન્યા અપરાજિતા જ રહેવાની, પુરન્દરને પરાજય આપી સુકન્યા આપણા સર્વનો ઉદ્ધાર કરશે.'

*

રૂપ, યૌવન અને આંસુઓની અવગણના કરી, સુકન્યાને ચ્યવનઋષિની સાથે પરણાવવામાં આવી.

આજ ઋષિનો શિષ્યગણ રૂપાળા ઘોડા પર આરૂઢ થઈ, સુસજ્જિત રથ લઈ એમની કુળદેવી સુકન્યાનું આણું વાળવા આવ્યા છે. માનવોના નગરમાં એક વિશાળ વૃક્ષની છાયામાં આર્યા ગૌરી સુકન્યાનું માથું ખોળામાં લઈ બેઠી છે.

સુકન્યા ચોધાર આંસુએ રોતી, કકળતી, હીબકાં ભરતી કહે છે :

'બા, મને ત્યાં ન મોકલો, હું ત્યાં નહિ રહી શકું—નહિ જીવી શકું—એ ચ્યવન ગણ્યા-ગાંઠ્યા દિવસનો મહેમાન છે—પછી મારે ત્યાં જવું નકામું છે.'

'બેટા ! એ તો તારું સાસરિયું છે—તારા પતિનું—તારું ઘર છે. દીકરી માત્ર સાસરે જ શોભે.'

'પણ બા ! મારા તો શબ સાથે વિવાહ થયા છે. એ ઘર તો મસાણ જેવું છે—હું ત્યાં જઈને, રહીને શું કરું ? બા, ઓ બા ! મારા બાપુને આ સૂઝ્યું ? મારું આવું કારમું બલિદાન એમણે શા માટે આપ્યું—શા અધિકારે ? મારી તરફ એક નજર તો કર માડી ! તને મારી દયા નથી આવતી ?'

માએ તો પિતાને સમજાવવામાં મણા નહોતી રાખી—દીકરીનું રૂપ—એનું દુઃખ, એના અંતરની વ્યથા એ સમજી શકતા હતી—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકવાર પોતે ય મુગ્ધા–કુમારિકા–નવોઢા–કિશોરી હતી–દીકરીની આ દશા જોઈ એનું કાળજું ચુંથાઇ જતું હતું, પણ એના હાથ હેઠે પડ્યા હતા. એ પરવશ હતી. પતિની આજ્ઞા સામે એનાથી ઊંહકારો યે કરી શકાય તેમ નથી.

એટલામાં શર્યાતિની સાથે વિકર્ણ વગેરે આવ્યા. વિકર્ણે સુકન્યાને વંદન કરી કહ્યું :

'માતા ! પધારો દેવી–આપના કંકુ પગલે અમારા કુળ ને ગૃહને પાવન કરો, તમે તો ભાર્ગવોનાં કુળવધૂ બન્યાં છો–તમારું સ્થાન ભાર્ગવોમાં છે.'

સુકન્યાના હૈયામાં હાહાકાર મચી ગયો. વિકર્ણને જોઈ એનાં રોમરોમમાં ધ્રુજારી વછૂટી ગઈ. એને લાગ્યું કે કોઈ પણ ભોગે ગયા વગર છૂટકો જ નથી. એ ગર્વથી ઊઠી–અંગેઅંગનાં આભૂષણો એક પછી એક ઉતારી નાખ્યાં. એના હૃદયમાં થયું કે જ્યારે માતા-પિતાના અંતરમાં એના પ્રત્યે સ્નેહની–મમતાની–વાત્સલ્યની છાંટ પણ નથી રહી–સહાનુભૂતિ પણ નથી રહી, તો પછી એણે મહિયરથી કંઈ પણ શા માટે લઈ જવું જોઈએ ? માત્ર પહેરેલાં વસ્ત્રો સહિત ઊઠીને છટાભરી રથ પર ચઢી–મહારાણીની જેમ બેસી ગઈ. વળાવવા આવેલાં સ્ત્રી–પુરુષોએ એને આશિષ આપી–અને જનેતાએ–જનકે અખંડ સૌભાગ્યવતી રહેવાના આંસુભરી આંખે આશીર્વાદ આપ્યા.

રથ ચાલ્યો.

જ્યારે સુકન્યાએ પતિગૃહમાં પગલું મૂક્યું ત્યારે એના પગ ધરતી પર ખૂંચી ગયા. એક ખૂણામાં, કુશાસન પર મહર્ષિનું અચેતન શરીર પડ્યું હતું–આજુબાજુ, ચારેગમ ગંદવાડ અને ગોબરાપણું ભાસ્યું. પર્ણકુટી આખી યે અસ્તવ્યસ્ત હતી. વૃદ્ધ શર્મિત્રા, નીરવ ભાવથી રસોઈની સામગ્રી તૈયાર કરી રહી હતી. એણે આદરથી ગૃહ–સ્વામિની સુકન્યાનું સન્માન કર્યું, પ્રણામ કર્યા. સુકન્યાના સુંદર વદન પર વિષાદની છાયા જોઈ શર્મિત્રાનું હૈયું ભરાઈ આવ્યું, એણે આશિષ આપતાં કહ્યું:

'પતિવ્રતા સતી પાર્વતી સમું અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થજો.'

ક્ષણવાર મૌન રહી શર્મિત્રાએ કહ્યું:

'દેવિ, મહર્ષિને પાવા માટેનું દૂધ તૈયાર છે. દેવ વિકર્ણ એમને પાતા, હવે એ કાર્ય તમારે કરવાનું રહ્યું.'

સુકન્યાના રૂવાડાં ઊભાં થઈ ગયાં. એને થયું કે એ સેવા માટે અહીં આવી છે અને કરવી જ પડશે–એણે દૂધનું પાત્ર હાથમાં લીધું અને હળવેહળવે ઋષિની પાસે ગઈ. મહર્ષિના હોઠ સહજ ઊઘડ્યા ને ચ્યવન-વ્યાધિગ્રસ્ત ચ્યવનનું કુરૂપ મોં જોઈ એનાથી કાળી ચીસ પડાઈ ગઈ. સુકન્યાને થયું, કે ચ્યવન પ્રત્યે કોઈ પણ જાતની ઘૃણા જાગે એમાં એનો દોષ ખરો ? એને લાગ્યું કે એના મનમાં જાગતા ભાવ એના હાથની વાત નથી. શબ સમાન ચ્યવનના દેહને જોઈ એનું કાળજું ચુંથાઈ જતું હતું.

એનાથી બોલી જવાયું :

'શર્મિત્રા, આમને જોઇને તો ભયથી મારું કાળજું બહાર ઊથલી પડે છે.'

'એ શું બોલ્યા દેવિ ? સ્વામીનો અનાદર નારીને ન શોભે !'

'સ્વામી ?! જેને સ્વામી કહી શકાય એનો અંશમાત્ર ય આમાં ક્યાં યે દૃષ્ટિગોચર થાય છે ? અરેરે ! મેં એવાં ક્યાં પાપ કર્યાં હશે કે મારે આ વિડંબના ભોગવવી પડી ?'

'દેવિ ! તું તો બડભાગી છો, ભાગ્યશાળી છો. એક દિવસ મહર્ષિનું સૌંદર્ય નીરખી, પુરંદરના રાજ્યની દેવીઓ મુગ્ધ થઈ જતી–મરી ફીટતી હતી. આજ ઇંદ્રના છળકપટથી ઋષિની આ દશા થઈ છે. સતીની ભક્તિ–સેવા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળ સામે ઇદ્રની માયાજાળ વીંખાઈ જશે ને સતી સુકન્યાનો વિજય થશે, ત્યારે એ દેવી! તમારા સમી સુખી પરમ ને શાશ્વત સુખી નારી અવનિ પર કોઈ નહિ હોય. પુરંદરનો પરાજય કરી સુકન્યા અપરાજિતા રહેવાની.'

*

વસંતની સંધ્યા ખીલી રહી હતી. તપોવનનાં પંખીઓના કલરવે વાતાવરણ શબ્દમય-સંગીતમય બની રહ્યું હતું. આકાશમાંથી ચંદ્ર ડોકિયું કરી રહ્યો હતો. એ જોઈ સંધ્યાએ રજનીપટના ઘૂંઘટમાં મોં છુપાવી દીધું. ચંદ્ર અને સંધ્યા એકબીજાને પામવા તલસી રહ્યાં હતાં પરંતુ...

કુમુદ અને કમલથી ભર્યા સરોવરકિનારે, રૂપાળા, ઘાટીલા પગ જળમાં ઝબોળી સુકન્યા બેઠી છે. આજે એનાં અંગેઅંગ પુષ્પ-શૃંગારે શોભી રહ્યાં છે. સૂર્ય-કમલનાં કંકણ અને કુંડળ એણે ધારણ કર્યાં છે. શ્વેત કમળથી એનો અંબોડો મહેકી રહ્યો છે-છતાં યે એના વદન પર પ્રસન્નતા નથી. આજ એનું હૈયું આશ્રમના બંધનથી શૂન્ય બની ગયું છે. સમાન વયની કોઈ સખી નથી-અંતરનું કોઈ સ્વજન નથી. વિકર્ણનો પોતાપરનો જાગતો પહેરો એને ભાલા જેવો ખૂંચે છે. એના મનમાં આશ્રમથી દૂરદૂર ચાલ્યા જવાની ઇચ્છા જાગ્રત થાય છે. એને કુલમર્યાદાનું સંપૂર્ણ ભાન છે-શાપની ધાક પણ એટલી જ તીવ્ર છે. બંને બેડીઓનાં બંધનમાં એ જકડાયેલી છે.

જલાશયમાં કંઈક સંચાર થતાં સુકન્યા વિચારભગ્ન બની. એની દૃષ્ટિ સામે ઊભેલા એક સ્વરૂપવાન યુવક પર પડી. એને લાગ્યું કે પોતા તરફ મીટ માંડી એ સ્મિત કરી રહ્યો છે. સ્વસ્થ બની સુકન્યાએ વસ્ત્રો સંકોર્યાં ને યુવકને પ્રશ્ન કર્યો:

'તમે કોણ છો? હું અહીં એકલી છું એ જાણવા છતાં યે મારી સામે આવવાની ધૃષ્ટતા...'

'દેવી! ક્ષમા કરો. હું તો એક પથિક છું-તમારું અલૌકિક સૌંદર્ય જોઈ પથ ભૂલી ગયો છું.'

પર પુરુષના મુખથી પહેલી જ વાર પોતાના સ્વરૂપની પ્રશંસા સાંભળી સુકન્યાનું અંતર આનંદપુલકે નાચી ઊઠ્યું, એનાં નેત્રો અજાણતાં જ ઢળી ગયાં-પગને અંગૂઠે પૃથ્વી ખોતરવા માંડી, માત્ર એક જ ક્ષણ અને એનું સ્વાભિમાન-ગૌરવ એના લક્ષમાં આવ્યાં. 'હું ભાર્ગવોની કુલવધૂ, મારું જ બાળક આ કુળનું આચાર્યપદ શોભાવશે-પર પુરુષના મોઢે રૂપ-પ્રશસ્તિ સાંભળી હું શું જોઇને આનંદવિભોર બની રહી છું?'

સુકન્યાનું માનભંગ કરવા યુવકે કહ્યું: 'હું અશ્વિનીકુમાર છું. દેવેન્દ્ર ઇન્દ્રની આજ્ઞાથી હું તમારી પાસે આવ્યો છું...'

'શા માટે?'

'તમારું, આ દિવ્ય પુષ્પ સમું સૌંદર્ય-શબની સેવામાં એળે જવા નથી સરજાયું-તમે મારી સાથે ચાલો. તમને સ્વર્ગનું સુખ સાંપડશે.' બોલતાં અશ્વિનીકુમારના અવાજમાં પુષ્પધન્વાનો ટંકાર ગુંજતો હતો.

એક ક્ષણ તો સુકન્યાના હૈયાએ આંચકો અનુભવ્યો. બીજી જ પળે એના મનમાં આળપંપાળ જાગી. 'મારે ભાર્ગવોની માનવકુલની મર્યાદા શું કામ સાચવવી જોઈએ? મારા સુખની તલમાત્ર પણ એણે ખેવના કરી છે? હું ચ્યવનની પત્ની? માત્ર લગ્નબંધન સિવાય પતિ-પત્નીના જીવનની ઝાંખી સરખી યે અમારા જીવનમાં ક્યાં છે?' સુકન્યાના મનમાં તરંગમાળા ઉછાળા મારવા લાગી. એનું મન વિચલિત થવા માંડ્યું.

'દેવી! મને સાથ આપશો? હું આશા રાખું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારી બુદ્ધિનાં બારણાં ભિડાઈ ગયાં છે. વગર વિચાર્યે હું-સુકન્યા એક ડગલું યે ન ભરું.'

'દેવી ! તમારો ભાર્ગવકુલનો મોહ હજી નથી ઊતર્યો ? તમારી આશા-અભિલાષા, મનોકામના, તમારું ઊર્મિભર્યું, હોંશભર્યું હૈયું, તમારું સર્વસ્વ એણે કચરી-ખૂંદી નથી નાખ્યું ? તમારું અસ્તિત્વ અમારે ત્યાં હોત તો તો તમારો ત્યાગ, તમારું ગૌરવ, તમારી ભાવના અણમૂલાં લેખાત; પરંતુ અહીં...

'સુકન્યાને એ બધું સમજવાની, સમજાવવાની આવશ્યકતા નથી......'

'ભલે. કાલે સંધ્યાકાળે હું તમારી વાટ જોઈશ,' કહેતો યુવક અંતરધ્યાન થઈ ગયો.

*

અદીઠ આનંદ-ઊર્મિથી કોણ જાણે પણ સુકન્યાના ઉરમાં આનંદતરંગો જાગતા હતા. એને વિચાર થયો, કે અહીંથી કેમ જવું ? કેમ નીકળવું ? શી રીતે ? એની દૃષ્ટિ સંજ્ઞા-શૂન્ય પતિ પર પડી. એને લાગ્યું, કે એની સેવા-શુશ્રૂષાને લઈને ચ્યવનના મોં પર કંઈક કાંતિ આવી છે. હાડકાંનું માળખું બની ગયેલા શરીરમાં કંઈક પુષ્ટતા આવી છે. અર્ધ-ચેતન અવસ્થામાં પણ કોઈકવાર એને લાગે છે, કે એ એની સેવા કરી રહી છે. એમનાં અર્ધઊઘડ્યાં નેત્રો કેટલીકવાર એની જ વાટ જોઈ રહ્યાં હોય છે. પર્ણકુટિમાં પગલું મૂકતાં જ એનો પદરવ સાંભળી, તૃપ્તિથી, સંતોષથી, શાંતિથી ચ્યવનમુનિને આંખો બંધ કરતાં એણે ભાળ્યા છે. કેઈક વાર અસ્ફુટ શબ્દોથી એમના હોઠ હલમલી ઊઠે છે......ને હવે હું એમને તરછોડી ચાલી જઈશ તો પછી એમની સેવા કોણ કરશે ? ક્યારેક ક્યારેક સુકન્યાએ મનમાં ચ્યવનનું અમંગળે ય વાંચ્છ્યું હતું...પરંતુ અત્યારે એને આ અવસ્થામાં-એના દેહની આ દશામાં છોડીને ચાલ્યાં જવું વસમું લાગે છે. સુકન્યાનું હૃદય ભરાઈ આવે છે, એનો કંઠ રુંધાવા માંડે છે, એને ગળે કાંકચી બાઝે છે, ચ્યવનમુનિનું મોં જોઈ એના અંતરમાં દયા, કરુણા અને કંઈક અન્ય ભાવો જાગ્રત થાય છે.

'મારા અજ્ઞાન ચ્યવન તો મારી વાટ જોતા રહેશે-ને હું જ્યારે પાછી નહિ વળું ત્યારે સૌને કેવું ને કેટલું કારમું દુઃખ થશે ? નહિ, મારાથી જઈ જ ન શકાય. હું આર્ય સ્ત્રી છું. શારીરિક સુખની લાલસા સિવાય પણ મારા હૃદયમાં પ્રેમ, દયા, મમતાની અખંડ ધારા ન વહેતી હોય તો મારામાં અને અનાર્ય યુવતીમાં ફેર શો ? આર્ય કુલકન્યા કુલવધૂના અંતરમાં વહેતી એ અખંડ અમૃત-ધારાઓને, ત્રિલોકની ઈર્ષા, ઘૃણા, વાસના કે અગ્નિ સૂકવી શકશે નહિ. આર્ય નારી એ અમૃતવીરડીને કારણે તો અપરાજિત રહી શકી છે ને રહેશે...'

ને બીજે દિવસે જ્યારે અશ્વિનીકુમાર સન્મુખ આવી ઊભા રહ્યા, ત્યારે સુકન્યાએ ધીર, ગંભીર, વિનય અને વિવેકભર્યા સાદે કહ્યું :-

'મેં અગ્નિની સાખે, સ્વામીના ઋષિત્વનો સ્વીકાર કર્યો એટલે હું પૂર્ણરૂપે ચ્યવનમુનિની અર્ધાંગના બની ચૂકી છું. મને એ અગ્નિકુલની કુલવધૂ હોવાનું મોઘું ગૌરવ છે. એનાં સુખ-દુઃખ, એનાં યશ-અપયશ બધાંમાં મારો સરખો ભાગ છે-એના પર મારો અધિકાર છે. એનાથી હું લેશમાત્રે ય અળગી નથી. હું એનામાં સમાઈ ગઈ છું-એ મારામાં વસી ગયા છે. તમે પધારો ને તમારા દેવરાજ ઈન્દ્રદેવને કહેજો કે એમનું છળપ્રપંચ અહીં સુકન્યા પાસે નહિ ચાલે. આર્યલલના એટલી સોંઘી નથી, એમ સહેજે સાંપડતી નથી.' કહેતી સુકન્યાનાં નેત્રો અદ્‌ભુત જ્યોતિથી ઝળહળી રહ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુકન્યાની આંખોનો જ્યોતપ્રકાશ જોઈ અશ્વિનીકુમારનું હૃદય વેરભાવનાને વીસરી ગયું. સુકન્યાના રૂપ-રાશિમાં એને મમતાભરી જનેતાનું દર્શન થયું. ઇન્દ્રની આજ્ઞા ભૂલી જવાઈ અને એના અંતરમાં સુકન્યા પ્રત્યે પુનિત ભાવના જાગ્રત થઈ. એને લાગ્યું, કે દેવલોકમાં વસનારાનું કર્તવ્ય તો કલ્યાણ-મય હોવું જોઈએ, લોકકલ્યાણની દૃષ્ટિએ એણે ચ્યવનઋષિને વ્યાધિમુક્ત કરવા જ જોઈએ.

હજી તો બન્નેનાં હૃદયમાં મંથન ચાલી રહ્યું હતું, ત્યાં તો વિકર્ણ સામે આવી ઊભો રહ્યો. એના નાકનાં નસકોરાં ક્રોધથી ફફડી ફૂલી રહ્યાં હતાં–ક્રોધથી કંપતા સાદે એણે કહ્યું:

'અમે નહોતું જાણ્યું કે ભાર્ગવમર્યાદાનો આમ લોપ થશે! અમે આશ્રમની ચારેકોર કુલપતિ અગ્નિદેવની આણ વરતાવી–આશ્રમ-ને પુરુષવિહીન બનાવી મૂક્યો પરંતુ...'

સાંભળતાં સુકન્યાનાં નેત્રો રક્તવર્ણાં બની ગયાં: 'વિકર્ણ! જ્યારે નારીની પ્રબળ ઇચ્છા એના વિવેક પર વિજય મેળવે છે, ત્યારે અસ્ત્ર-શસ્ત્રધારી પ્રહરી નારીની મર્યાદા કે રક્ષા નથી કરી શકતો.' કહેતી સુકન્યાએ વ્યંગથી હાસ્ય કર્યું. વિકર્ણને જોઈને, એના બોલ સાંભળીને, એના હૃદયમાં વસતી નારીએ અહંભાવે મસ્તક ઊંચું કર્યું હતું.

ત્યાં અશ્વિનીકુમારથી પણ વચ્ચે વાત કર્યા વગર રહી શકાયું નહિ.

'ભાર્ગવ! પરંતુ જ્યાં નારી સ્વયં પોતાના શિયળનું રક્ષણ કરવા સમર્થ હોય છે, ત્યાં ત્રૈલોકની કોઈ પણ શું સર્વસ્વ શક્તિને પણ એની સામે માથું નમાવવું પડે છે. આજે મારો અને પુરન્દરનો પરાજય થયો છે. ઋષિશ્રેષ્ઠ, સિધાવો. માતા સુકન્યાનું સૌભાગ્ય, એમને હું સુપ્રત કરું છું......'

ને અશ્વિનીકુમાર અદૃશ્ય થયા.

ચ્યવનઋષિના આશ્રમમાં યજ્ઞ થઈ રહ્યો છે. અગ્નિ પ્રજળી રહ્યો છે. ચારે બાજુથી નરનારીઓનાં જૂથ આવી રહ્યાં છે. આજે મહર્ષિ ચ્યવનને પુનર્જીવન મળ્યાના આનંદ-થી સર્વ દિશાઓ ઉલ્લસી રહી છે. આજે કુલ-નારીઓ સતી સુકન્યાને પગે લાગવા આવી રહી છે. સુકન્યાના પ્રતાપે ઋષિને નવજીવન સાંપડ્યું છે.

એકાએક શંખનાદથી દિશાઓ ગુંજી ઊઠે છે. દેવરાજ પુરંદર વિમાનમાંથી પૃથ્વી-પર ઊતરે છે–ચ્યવનમુનિ દોડતા જઈ એમનું સ્વાગત કરે છે.

મહર્ષિને આલિંગન કરતાં ઇંદ્રદેવ બોલ્યા: 'મહર્ષિ! આપે તો મને પ્રત્યેક રીતે પરાજિત કર્યો, યુદ્ધમાં આપનો વિજયો થયો. છળથી છેતરવા જતાં આપની પત્નીથી પરાજય ખમવો પડ્યો–અને આપનો મહાન વિજય તો આજના યજ્ઞમાં હું તમારો સદાનો શત્રુ છતાં યે મારો ભાગ રાખી નિમંત્રણ આપ્યું, આપની આ હૃદયની ઉદારતાથી પણ આપે વિજય મેળવ્યો–મુનિરાજ! આર્યોની આ મહત્તા છે.'

પ્રત્યુત્તરમાં ચ્યવનઋષિના સૌમ્ય વદન પર સ્મિતહાસ્ય ફરક્યું; અને એની ઉજ્જ્વલ દંતાવળીએ એમના વિશાળ હૃદયની પ્રતીતિ આપી.

ઇન્દ્રરાજ બોલ્યા:

'ચાલો. હવે ભાર્ગવકુળની જનેતાને પ્રણામ કરીએ. આજે દેવલોકની દેવીઓને પણ આર્ય કુલવધૂના–નારીના ત્યાગની, ગૌરવની મીઠી ઈર્ષ્યા આવતી હશે.'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધશિક્ષણ

લેખક :
શ્રી ચંદ્રકાંત મ. ગજ્જર

ભારત આઝાદ થતાં તેની સમક્ષ જે અનેક સમસ્યાઓ આવીને ખડી થઈ છે તેમાં શિક્ષણનો સવાલ પણ અગત્યનો છે. પોણાબસો વર્ષ સુધી અમલ ચલાવનાર પરદેશી શાસકોએ જેટલું ધ્યાન લશ્કર અને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા પાછળ આપ્યું હતું, તેના ચોથા ભાગનું ય ધ્યાન હિંદી પ્રજાની ઉન્નતિ કરવા પાછળ નહોતું આપ્યું, ત્યાં તેણે શિક્ષણ પાછળ તો પૂરું ધ્યાન ક્યાંથી જ આપ્યું હોય ?

ભારત જેમ અનેક બાબતોમાં આજે પછાત છે તેમ શિક્ષણમાં પણ પછાત છે. દેશનો ૯૦ ટકા ભાગ હજી અશિક્ષિત છે, ત્યાં આંધળાઓ માટેના શિક્ષણની પૂરી જોગવાઈ શી રીતે હોઈ શકે ?

આપણે ત્યાં અંધાવસ્થાને લાચારી, પરાવલંબનવાળું અને હડધૂતાઈભર્યું જીવન ગણવામાં આવે છે. આંધળાઓ પ્રત્યે માત્ર દયાભાવ–બિચારાપણું જ દર્શાવવામાં આવે છે, પણ એમની ઉન્નતિ કરવા પાછળ કોઈ સક્રિય કાર્ય કરવામાં આવતું નથી. પરિણામે આવા અનેક અંધોને રસ્તામાં ગાઈને, ભીખ માગીને પેટગુજારો કરવો પડે છે. કુદરતે જો કે તેમનાં ચક્ષુ હરી લીધાં હોય છે; પરંતુ તેમની બીજી ઇંદ્રિયોને સતેજ અને ચપળ બનાવી દીધી હોય છે. વળી સામાન્યત: અંધલોકોને કુદરતી રીતે જ સંગીતની કલા હસ્તગત હોય છે. જો તેમની આ કલાને જરા સારી રીતે કેળવવામાં આવે તો તેમાંના કેટલા ય લોકો સારા સંગીતકાર બની શકે તેમ છે. પરંતુ હજુ સુધી આપણા દેશમાં આ અંધ મનુષ્યોનો ઉદ્ધાર થઈ શકે તેવું એકે ય પગલું ભરાયું નથી, કે એકે ય એવી સંસ્થા નથી થઈ કે જ્યાં તેમને માટે યોજનાબદ્ધ કાર્ય થતું હોય.

હા, પશ્ચિમના સુધરેલા ગણાતા દેશોમાં છેલ્લાં દોઢસો–પોણાબસો વર્ષથી આ અંધલોકોને તેમને ઉપયોગી થઈ પડે તેવું શિક્ષણ આપનારી નાની–મોટી અસંખ્ય સંસ્થાઓ રાજ્ય અને પ્રજાના સહકારથી ઊભી થવા પામી છે. આમાં આ દિશામાં એકનિષ્ઠાથી કાર્ય કરી રહેલી બે સંસ્થાઓ અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સમાં છે, તેમને અગ્રસ્થાન આપી શકાય. આ સંસ્થાઓનાં નામ 'હાર્વર્ડ યુનિવર્સિટી' અને 'પરકીન્સ ઇન્સ્ટીટ્યુશન ફૉર બ્લાઇન્ડ્ઝ' છે. આ સંસ્થાઓ આંધળાઓને માત્ર પારકાઓ તરફથી મળતાં દાન ઉપર જિવાડી તેમને નિષ્ક્રિય, સમાજને બોજારૂપ કે સમાજની દયા ખાતા નથી બનાવતી; પરંતુ તેમને કલા, કારીગરી, હસ્તઉદ્યોગ, સંગીત વગેરેનું શિક્ષણ આપવામાં આવે છે કે જેથી તેઓ અંધ હોવા છતાં પણ પુરુષાર્થી બની પોતાની આજીવિકા સહેલાઈથી પ્રાપ્ત કરવાને સમર્થ બની શકે.

આપણા દેશમાં જો કે થોડા વખતથી અંધશિક્ષણનો વિકાસ થતો જાય છે; પરંતુ તે બહુ ધીમી ગતિએ થાય છે. આપણે ત્યાં બહુ જ ઓછાં–આંગળીના વેઢે ગણી શકાય એટલાં અંધવિદ્યાલયો છે; અને તેમાં જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ કેળવણી લઈ રહ્યા છે તેનાથી અનેકગણાં તો એ શિક્ષણવિહીન છે. આપણા દેશમાં લગભગ ૩૦ લાખ માણસો એવા છે, કે જેમની આંખો તદ્દન ખરાબ થઈ ગઈ છે. તેમાં પાંચ લાખ માનવીઓ બિલકુલ અંધ છે, આમાં પાંચથી વીસ વર્ષની વયના લગભગ ૬૦,૦૦૦ છે. આખા ભારતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર ૩૮ અંધવિદ્યાલયો છે; જેમાં માત્ર ૨૦૦૦ને જ કેળવણી આપી શકાય તેવો પ્રબંધ છે. પરંતુ આજે તેનો માત્ર ૧૨૦૦ વિદ્યાર્થીઓ જ લાભ ઉઠાવે છે!

ઉત્તર પ્રદેશમાં આજે લગભગ બે લાખ અંધો છે, ત્યાંનાં વિદ્યાલયોમાં ૩૧૦ની જગ્યાએ માત્ર ૧૭૦ લાભ ઉઠાવે છે. મદ્રાસમાં લગભગ અડધો લાખ ઉપર અંધો છે, જ્યારે ત્યાં માત્ર પાંચ જ શાળાઓ છે અને માત્ર ૪૫૦ વિદ્યાર્થીઓ જ તેનો લાભ ઉઠાવી શકે છે. આ ઉપરાંત રાજસ્થાનમાં લગભગ અર્ધો લાખ અંધો છે, જ્યાં તેમને માટે એકે ય સંસ્થા નથી.

અંધશિક્ષણનું કાર્ય આપણે ધારીએ છીએ તેટલું સહેલું નથી. વળી તે એકના જ પ્રયત્નથી ચાલી શકે તેમ નથી. આ કાર્યમાં તો પ્રજા અને સરકાર બંનેની જરૂર છે; કારણકે એકલી સરકાર અંધશિક્ષણ વિષયક સંસ્થા ખોલે પણ પ્રજા જ તેનો પૂરો લાભ ન ઉઠાવે તો એ સંસ્થા ચાલે પણ શી રીતે ?

વળી આ ઉપરાંત બીજું દુઃખ અંધશિક્ષણને લગતાં પુસ્તકોનું છે. અંધો માટે આજે દુનિયામાં 'બ્રેઇલ લિપિ' સ્વીકારવામાં આવી છે. આ લિપિમાં અક્ષરોને ઉઠાવવામાં આવે છે, અને આ કાર્ય માટે બ્રેલ પ્રેસની જરૂર પડે છે. પરંતુ અફસોસની વાત છે, કે આજે હિંદમાં એકે ય બ્રેલ પ્રેસ નથી; આથી અંધ વિદ્યાર્થીઓને પરદેશથી પોતાનાં પુસ્તકો મંગાવવાં પડે છે. પરંતુ તેમની કિંમત તેઓ ખર્ચી શકે તેમ હોતું નથી, એટલે તેમને પોતાની જાતે જ એવાં પુસ્તકોની નકલ કરી લેવી પડે છે.

શિક્ષણની સાથેસાથે અંધોને પોતાને માટે પેટનો સવાલ પણ ખડો થાય છે. આ કારણે જ ઘણાંખરાં અંધો ભણવાની હોંશ હોવા છતાં ભણી શકતાં નથી. આથી અંધોને શિક્ષણની સાથેસાથે તેમના જીવનનિર્વાહનો પણ પ્રશ્ન ઉકલી શકે તેવા હસ્તઉદ્યોગોની તાલીમ આપવી પણ જરૂરી છે, જેથી અંધ-વિદ્યાર્થી પોતાનું શિક્ષણખર્ચ જ નહિ, પણ ભવિષ્યમાં પોતાને જરૂરજોગું કમાઈ શકવાને પણ સમર્થ બને. વળી આનાથી વિદ્યાલયને અને સરકાર તેમ જ કર ભરનાર પ્રજાને પણ રાહત મળી શકે.

ભારતમાં પહેલવહેલી અંધશાળા સ્વ. લાલા બિહારીએ ઈ. ૧૮૯૪માં કલકત્તામાં ખોલી હતી. આજે પણ તે ચાલુ છે. આ શાળા તરફથી અંધ વિદ્યાર્થીઓને સંગીતનું ઉત્તમ જ્ઞાન અપાય છે; પરંતુ એકલા સંગીતથી જ ચાલી શકે નહિ. આપણે સારી રીતે જાણીએ છીએ, કે જ્યારે માણસની એકાદ ઇંદ્રિય કામ કરતી બંધ થઈ જાય છે, ત્યારે તેની બીજી ઇંદ્રિયો બહુ જ સતેજ બની જાય છે. આથી અંધ વિદ્યાર્થીઓ આવી ઈશ્વરી બક્ષિસને લીધે કેટલીકવાર દેખતાં કરતાં પણ સરસ કલાકારીગરીપૂર્ણ કાર્ય કરી દે છે. અર્થાત્ અંધ વિદ્યાર્થીઓને શિલ્પકળા, નેતરકામ, ચટાઈકામ, ઊનનું કામ, કાર્ડબોર્ડ-બોક્સ બનાવવાનું કામ વગેરે શીખવવાં જોઈએ કે જેથી તેવા હસ્તઉદ્યોગો મારફત પણ તેઓ આગળ જતાં સહેલાઈથી પોતાની રોજી પ્રાપ્ત કરી શકે.

આગળ કહ્યું તેમ આ અંધશિક્ષણની પ્રવૃત્તિ એકલી સરકાર ચલાવી શકે નહિ. આ કાર્ય માટે પ્રજાની પણ પૂરેપૂરી સહાનુભૂતિ આવશ્યક છે. આ કાર્ય માટે યુવાનોએ આગળ આવવું જોઈએ. ધનિકવર્ગે આ નેત્રવિહીનોના ઉદ્ધાર માટે નાણાંની છૂટે હાથે મદદ કરવી જોઈએ. ઉપરાંત વ્યક્તિગત રીતે પણ અંધોને દરેકે મદદ કરવી જોઈએ. અંધોને સફાઇ કરી આપવી જોઈએ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને રસ્તા પાર કરાવી આપવા જોઈએ, તેમ જ તેમને જરૂર પડે તેટલી શક્ય મદદ કરવી જોઈએ. ઇંગ્લંડ અમેરિકામાં તો દરેક અંધની પાસે ફરજિયાત એક સફેદ રંગે રંગેલી લાકડી રખાવવામાં આવે છે અને ત્યાં દરેક માણસની એવા અંધોને જરૂરી મદદ આપવાની ફરજ છે. આપણે ત્યાં તો આમાંનું કશું જ નથી. વળી આ કાર્યમાં વૈદો અને ડોકટરો યે પણ યથાયોગ્ય મદદ કરવી જોઈએ. આજે આપણે ત્યાં કેટલા ય માનવીઓ પૂરતી તબીબી દાક્તરી મદદ ન મેળવી શકવાને કારણે અંધ બની જાય છે. વૈદો અને ડોકટરોએ પોતાનો અંગત સ્વાર્થ મૂકી દઈ સેવાભાવથી પણ એવા માણસોને યોગ્ય મદદ આપવી જોઈએ. જો તેઓ આમ કરશે તો આપણા દેશમાં જે મોટી સંખ્યામાં લોકો આંખો ગુમાવે છે તે સંખ્યા કદાચ ઘટી પણ જાય તો નવાઈ નહિ.

'બ્રેઈલ લિપિ' અને 'બ્રેલે પ્રેસ'નું નામ વાંચી ઘણાંને તે શું હશે તેનો પૂરો ખ્યાલ નહિ જ આવ્યો હોય. 'બ્રેઇલ લિપિ' એ આપણી ગુજરાતી લિપિ જેવી લિપિ નથી કે નથી બીજી કોઈ લિપિ જેવી. એ લિપિમાંનું લખાણ જે માત્ર ઉપસાવેલાં કાણાં દ્વારા જ લખવામાં આવે છે તે સામાન્ય માનવીને તો કાણાંથી ભરેલો કાગળ જ લાગે!

બ્રેઈલ લિપિ આખી ય કાણાંથી ઉપસાવેલા અક્ષરોમાં જ લખાય છે. આ લિપિ આખીય માત્ર છ ઉપસાવેલાં કાણાં ઉપર જ છે. એ કાણાં દ્વારા જ અક્ષરો લખાવી શકાય છે. જો કે આ આખી ય લિપિના અક્ષરો અંગ્રેજી મૂળાક્ષર પ્રમાણે જ રચાયેલા છે; પરંતુ હવે તે લિપિને સ્થાનિક ભાષાઓમાં પણ રચવામાં આવી છે. અહીં એ લિપિનું ગુજરાતીકરણ પણ થયું છે. તેના મૂળાક્ષરો કેવી રીતે લખવામાં આવે છે તે જોઈએ.

આગળ જણાવ્યું તેમ આ આખી ય લિપિ માત્ર છ ઉપસાવેલાં કાણાંમાં જ રચાયેલી છે. આ ઉપસાવેલાં કાણાંઓમાં અમુક કાણાં ન ઉપસાવતાં અક્ષર ફરી જાય છે. જો કે તેનો કોઈને આમ પૂરો ખ્યાલ આવે કે ન આવે, પણ એ લિપિમાં ગુજરાતી મૂળાક્ષરો કેવી રીતે લખાય છે તે જોઈએ.

આવી રીતે લીટી દોરવામાં આવે છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિહ્નો:

બિંદુ	ચિહ્ન
· ·	અલ્પવિરામ (,)
× · ·	અર્ધવિરામ (;)
× × · · × ×	વિસર્ગ (:)
× × · · · ·	પૂર્ણવિરામ (.)
· · × × × ·	આશ્ચર્યવિરામ (!)
· · × × × ×	કૌંસ (( ))
· · × · × ×	પ્રશ્નાર્થ (?)
· · × · × ×	અવતરણ ચિહ્ન શરૂ (‘)
· · · × × ×	અવતરણ ચિહ્ન પૂરું (’)
· × · × × ×	સંખ્યાદર્શક ચિહ્ન
· × · × × ·	કવિતાનું ચિહ્ન

ઉપર મુજબ બ્રેઈલ લિપિના ગુજરાતીકરણમાં અક્ષરો લખવામાં આવે છે. આમાં જ્યાં જ્યાં (×) આવી ચોકડી કરી છે, ત્યાં ત્યાં કાણાં ઉપસાવવામાં આવતાં નથી.

અંધલિપિમાં લખાણો પણ લખાય છે. અહીં નીચે તેના બેત્રણ દાખલા આપ્યા છે.

દાખલા તરીકે આપણે ‘બાબુભાઈ’ એમ લખવું છે તો તે નીચે મુજબ લખી શકાશે.

(બા)	(બુ)	(ભા)	(ઈ)	(પ્ર)	(ગ+અ)	(તિ)
× · × ×	× · × ·	× × × ×	· ×	× × × ·	× × × ·	· × · ×
× · × ·	× · · ·	× × × ·	× ·	× · × ×	× × · ·	× × × ·
· · × ×	· · · ×	× × × ×	· ·	× · × ·	· · · ·	× · · ·

નોંધ: અંધલિપિમાં જોડાક્ષરો જોડી શકાતા નથી, તેથી તેમને છૂટા જ લખવામાં આવે છે. વળી દરેક અક્ષર અકારાંત વગરનો (સંસ્કૃતમાં હોય છે તેમ) હોય છે તેથી તેમાં અકારાંતનો અ ઉમેરીને તે અક્ષરને પૂરો બતાવવામાં આવે છે.

આ ઉપરાંત અંધલિપિમાં અંક માટે જુદી નિશાનીઓ નથી. અંક લખવો હોય તો મૂળાક્ષર લખી તેની આગળ સંખ્યા-ચિહ્ન મૂકવામાં આવે છે. ધારો કે આપણે એકડેએક (૧) લખવો છે તો એ લખવા માટે આપણે ‘અ’નો ઉપયોગ કરવો પડશે, કેમકે તે મૂળાક્ષરનો પહેલો અક્ષર છે; તેથી તે આમ લખી શકાશે:–

```
· × × ·
· × · ·  = ૧
× × · ·
```

(સંખ્યાચિહ્ન + અ)

આ લિપિને જાડા કાગળ ઉપર ઉઠાવી લખવામાં આવે છે. આની મદદથી જ અંધો પત્તા–ગંજીફો રમે છે. તેઓ ગંજીફા ઉપર તે ગંજીફાનું કયું પાનું છે તે દર્શાવતો અંક પોતાની લિપિની મદદથી કાણાં દ્વારા ઉપસાવે છે અને એથી તે જાણી શકે છે કે તે કયું પાનું છે.×

× ‘બ્રેઈલ લિપિ’ વિષેની માહિતી આપવા બદલ હું મારા મિત્ર શ્રી ચિનુભાઈ પટેલનો આભારી છું.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘવાયેલું હૈયું

લેખક:
શ્રી જશવંત શેખડીવાળા

પાત્રો:

રામચંદ્રજી: અયોધ્યાના સમ્રાટ

લક્ષ્મણ, ભરત-શત્રુઘ્ન: રામચંદ્રજીના નાના ભાઈઓ

લવ-કુશ: વનમાં જન્મેલા રામચંદ્રજીના કુમારો

સીતા: જીવનની સંધ્યાએ અયોધ્યાના સમ્રાટ રામચંદ્રજીની ત્યક્તા બનેલી રાણી

વાલ્મીકિ: લવ-કુશના ગુરુદેવ-જેઓએ સીતાજીને અરણ્યમાં આશ્રય આપ્યો હતો.

પ્રથમ દૃશ્ય

[દૂરદૂરની ટેકરીઓ પાછળ વહી રહેલી નદીના કિનારા ઉપરથી આવતા વીણાના કરુણ અસ્પષ્ટ સૂરો સાથે કોઈ વિલાપ કરતી અનાથ નારીના હૃદયભેદક નિશ્વાસો સંભળાય છે સુ...ઊ...ઊ, સુ...ઊ...ઊ અવાજ કરતા પવનના ધીમા સૂસવાટા રાત્રિના ગંભીર વાતાવરણમાં કોઈ અનુપમ માદકતા ભરી રહ્યા હોય છે. અંધકારના આવરણથી ઢંકાયેલો અયોધ્યાનો રાજમહેલ અત્યારે સૂનો લાગે છે.]

રામ: (રાજમહાલયની અટારીમાં આંટા મારતાં) ઓહ! કેટલો કરુણ આ અવાજ છે! મધ્યરાત્રિના કાજળકાળા અંધકારમાં આવું કારમું રુદન કેવું બિહામણું લાગે છે! (ફિક્કું હસીને) ક...દા...ચ દુનિયાની કઠોરતાનો ભોગ બનેલું, મારા જેવું, કોઈ દુઃખિયું પ્રાણી અત્યારે એનું કોમળ હૈયું હળવું કરી રહ્યું હશે. પરંતુ...(કંઈક યાદ આવતું હોય એવો ભાવ મુખ ઉપર લાવી) સામાન્ય માનવી તો વગડે જઈ રડી લેશે; પણ હું-અયોધ્યાનો મહારાજા દુનિયાના કયા ખૂણે સંતાઈને મારી રુદન-સિતારના સૂર છેડી શકીશ? હૃદયસમ્રાજ્ઞી સીતાના વિરહથી સળગી રહેલું મારું હૈયું અવનિના કયા અંધાર-પ્રદેશોમાં જઈ મુક્તકંઠે કલ્પાંત કરી શાતા પામવાનું હતું? (સહેજ વાર અટકી) અરે...પણ....આ કરુણ વિલાપો સીતાના જ કાં ન હોય? અયોધ્યાના ગગનચુંબી રાજમહાલયોમાંથી અચાનક અરણ્યમાં ફેંકાઈ ગયેલી સીતા જ અત્યારે રુદન કાં ન કરી રહી હોય? (કપાળે હાથ મૂકી આરસની ફરસબંધી ઉપર આમતેમ આંટા મારે છે.) સીતે, તું અત્યારે ક્યાં હશે? કયા ભવના પાપે આજ તું અરણ્યોમાં ભટકી રહી છે? (નિશ્વાસ નાખી) હા...ય! પ્રારબ્ધના પાટા પણ કેવા રંગબેરંગી હોય છે!

[અંદરના ખંડમાંથી ધીમા પગલે બહાર અટારીમાં આવતો લક્ષ્મણ દેખાય છે.]

લક્ષ્મણ: (પ્રવેશ કરીને-ગંભીર પણ સહેજ કઠોર અવાજે) મહારાજ, સીતાનો વનવાસ એ શું પ્રારબ્ધનો એક ખેલ માત્ર હતો? એને માટે શું દુનિયાથી ભોળવાયેલો એક અસાધારણ માનવી જવાબદાર નથી? એને માટે......

રામ: (આશ્ચર્ય વ્યક્ત કરતાં) અરે! ભાઈ લક્ષ્મણ, તું હજુ જાગે છે? મધ્યરાત્રિનો સમય થયો છે; તને નિદ્રા નથી આવતી?

લક્ષ્મણ: મહારાજ, નિદ્રા તો ગઈ-મહારાણી સીતાદેવીની સાથે અરણ્યમાં હવે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ પાછી નહિ આવે. (તૂટતા અવાજે) હુ...શે, જેવું આપણું પ્રારબ્ધ! દેવીનાં દર્શન હવે ક્યાંથી થાય?

રામ: (દૂર આવેલી નદીના કિનારા તરફ જોઈ) પણ...વીરા, આજે તો હું સીતાનું રુદન સ્પષ્ટ રીતે સાંભળી શકું છું. એની હૈયાવરાળો છેક મારા હૃદય સુધી આવી પહોંચે છે. અને મારી સૂતેલી લાગણીઓને ઢંઢોળી જાય છે. જો, પેલી ખડકાળ કિનારાવાળી નદીના રેતાળ પટ ઉપરથી સીતાનું કરુણ ગાન અહીં સુધી આવી રહ્યું છે...

લક્ષ્મણ: (ગંભીરતાથી) રાજન, આપના મનની એ બધી ભ્રમણાઓ છે. હું તો કંઈજ સાંભળી શકતો નથી. (કઠોરતાથી) મહારાણી સીતાદેવી અહીં ક્યાંથી હોય? એમને તો હું છેક ગંગાજીને સામે કિનારે—અરણ્યમાં મૂકી આવ્યો છું.

રામ: (કપાળે હાથ મૂકી) સાચેજ હું ઘણો પાપી માણસ છું, લક્ષ્મણ! મારું હૃદય પથ્થરનું છે. જે દિવસથી હું રાજા બન્યો છું તે દિવસથી મારા અંતરમાંથી લાગણીઓનું ઝરણ સુકાઈ ગયું છે. ઓહ! સીતાનો ત્યાગ એ મારું કેવું ભયંકર કૃત્ય હતું?

લક્ષ્મણ: દેવ, એ ક્રૂર કાર્યમાં તો હું પણ એક ભાગીદાર હતો. આપના કરતાં વધુ પાપી હું છું. ભગવતી સીતાદેવીને અરણ્યમાં છોડી જ્યારે હું અયોધ્યા તરફ પાછો ભાગ્યો, ત્યારે તેમની સ્થિતિ કેવી દારુણ હતી, એ હું આપને કેવી રીતે સમજાવી શકું? મારા હાથે જ થયેલા એ ઘોર અન્યાય-ને હું કેવી રીતે......

રામ: (લક્ષ્મણને બોલતો અટકાવી) ભાઈ, એવું ન બોલ! તારે હાથે આજ સુધી એક પણ ભૂલ થઈ નથી—ભવિષ્યમાં કદાચ થશે પણ નહિ. સાચો અપરાધી તો હું છું—ભારતવર્ષનો ચક્રવર્તી સમ્રાટ! મારી ભૂલો પ્રત્યે આંગળી ચીંધવાની હિંમત તારા સિવાય બીજું કોણ કરી શકે તેમ છે? મારા ઉપર એ વિષે આક્ષેપો કરવાનો તને સંપૂર્ણ હક્ક છે.

લક્ષ્મણ: (ધીરો પડતાં) હશે, જવા દો એ વાત! ભૂતકાળનાં રંગીન સોણલાં ઘણી-વાર સુખી વર્તમાનને પણ કુરૂપ બનાવી દે છે, દેવ!

રામ: તારી માન્યતા કદાચ એવી હશે. પણ...તું જાણે છે? ભૂતકાળને સંભારીને જ હું અત્યારે જીવી રહ્યો છું, એ વાત તારા માનવામાં આવશે ખરી? (સહેજ હસીને) સૌમ્ય, વર્ષોના સહવાસ પછી પણ તું મને બરાબર ઓળખી શકયો નથી. તું રાજા રામને જાણે છે, તારા મોટાભાઈ રામને જાણતો નથી.

લક્ષ્મણ: (નીચું જોઈ) મહારાજ, પહેલાં, સીતાદેવીના ત્યાગ પહેલાં હું મારા મોટાભાઈ રામને સારી રીતે ઓળખતો હતો. પણ... એક દિવસ સમ્રાટ રામનો મારા ઉપર આદેશ આવ્યો, કે 'તારા મોટાભાઈ રામને તારે ભૂલી જવો; અને રાજા રામના હુકમને માથે ચઢાવવો!' ખરી વાત...તે દિવસથી મોટાભાઈ રામ વિષેનું મારું જ્ઞાન ઘણું જ અલ્પ થઈ ગયું છે!

રામ: (ગળગળા થઈ જતાં) સમજયો! ભાઈ! તારા આવા સાદા કથનનો અર્થ ન સમજે એવો રામ મૂર્ખ નથી. (ક્ષિતિજમાં દેખાતા ઝાંખા ડુંગરાઓ તરફ મીટ માંડતાં) તે દિવસની વાત આજે ફરીથી તાજી થાય છે. સીતાને વનમાં ત્યજી દેવા મેં તને ભાઈ તરીકે એકવાર વિનતિ કરી હતી. માનવ-તાના નાજુક પ્રશ્નને આગળ કરી મારી એ વિનતિનો તેં અસ્વીકાર કરેલો; પણ સીતા વિષેની કટુ લોકવાયકાથી હું ક્રોધિત હતો. લોકરંજનનું નાટક સફળતાપૂર્વક ભજવાઈ જાય એટલા માટે જ મેં તને રાજા રામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે એવા કારમો આદેશ આપ્યો હતો.

લક્ષ્મણ : (અધીરાઈથી) અને... એ આદેશાનુસાર મહારાણી સીતાને મેં વનમાં રઝળતાં છોડ્યાં. મહાલયોમાં વસનારને મેં રાનમાં રખડતાં કર્યાં. માનવવસ્તીના સહવાસે કલ્લોલ કરનારને મેં હિંસક પ્રાણીઓના...

રામ : (એકદમ) બસ...બસ...એ બધી કથની મારે નથી સાંભળવી. (એક દીર્ઘ શ્વાસ લઈ) એ નમાલી વાતોએ તો મારી સુખી જિંદગીમાં ઝેર ભરી દીધું છે. જૂની યાદગીરીઓના રુઝાયેલા જખમો ઉપર તું તારી સત્ય પણ કઠોર વાણીના ચાબખા ન માર, ભાઈ! મારી હૈયા-સગડીની પીડા કેવી કારમી છે તે તું શી રીતે સમજી શકે? સીતા સાથેના મારા અઘટિત આચરણને યાદ કરી હું એવો અસ્વસ્થ થઈ જાઉં છું કે...પણ હશે. એ બધી વાતો તારી આગળ રજૂ કરવાનો શો અર્થ? અંધાર-રજનીઓના મારા વલોપાત હું તને ક્યાં કહેવા બેસું! (નિશ્વાસ નાખી) મારાં આ અસહ્ય દુઃખોની દોડી જતી વણઝાર પણ કોણ જાણે ક્યારે અટકશે?

[અચાનક પ્રતિહારી દોડતો પ્રવેશે છે.]

પ્રતિહારી : (રામને નમન કરી) દેવ, મહારાજ શત્રુઘ્ન આપને મળવા ઇચ્છે છે, આપની રજા છે?

રામ : (શંકિત બની) આટલી મોડી રાતે? (લક્ષ્મણ તરફ જોઈ) કોઈ અગત્યનું કામ હોય એમ લાગે છે. પ્રતિહારી, એમને એકદમ અંદર મોકલો!

[વંદન કરી પ્રતિહારી જાય છે, થોડીવારે શત્રુઘ્ન પ્રવેશ કરે છે. એનો ભવ્ય પ્રતાપી ચહેરો નિસ્તેજ લાગે છે. એની ચાલ લથડતી દેખાય છે. એનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત છે. માથાના કેશ મુખ ઉપર આવી ગયા છે. કપાળે પ્રસ્વેદનાં ટીપાં બાઝી રહેલાં છે]

શત્રુઘ્ન : (રામ તરફ જોઈ) દેવ, વંદન કરું છું.

રામ : (શત્રુઘ્નના હાલ જોઈ આશ્ચર્યથી) અરે... સેનાપતિ, તમારા હાલ-બેહાલ બનેલા કેમ લાગે છે? કંઈ અફત-વિપત્તિ? અશ્વમેધયજ્ઞના ઘોડા માટે થયેલા વિગ્રહમાં કંઈ...

શત્રુઘ્ન : (એકીશ્વાસે) હા... એ જ મોટી મુશ્કેલી છે ને? એ વિગ્રહનું પરિણામ ખરાબ આવ્યું છે. આપણા સૈન્યનો બે બાળકોને હાથે ભારે પરાજય થયો છે; અને આ અવદશાના સમાચાર કહેવા હું એકલો જ પાછો આવી શક્યો છું. બીજું સૈન્ય રણમેદાનમાં પડ્યું છે, મહારાજ!

[શરમનો માર્યો શત્રુઘ્ન નીચું જોઈ રહે છે]

રામ : (લક્ષ્મણને) જો, થોડીવાર ઉપર જ હું કહેતો હતો ને કે મારા દુઃખનો અંત નથી! (મંદ સ્મિત કરી) આ વળી એક નવી મુશ્કેલી! રામનું અજેય સૈન્ય આજ પરાજિત બને એ હકીકત જ કેટલી દુઃખદાયક લાગે છે! જે યોદ્ધાઓએ રાવણના મહાબળવાન અસુરદળને પણ રોળી નાખ્યું હતું તે જ યોદ્ધાઓ આજે (થાક, નિરાશા અને કંટાળો દર્શાવી) બે અબૂધ બાળકોના હાથે પરાજય પામે છે! વિધિની લીલા પણ કેવી ગહન છે!

લક્ષ્મણ : (મર્મમાં) વિધિની લીલા ગહન નથી; પણ કોઈવાર માનવીની લીલા ગહન બની જતી હોય છે, મહારાજ!

રામ : (દુઃખભર્યું હાસ્ય કરી) લક્ષ્મણ, તું કટાક્ષ તો ઠીક કરી જાણે છે, હોં! તને યાદ હશે......મહારાજા દશરથ ગાદી ઉપર હતા ત્યારે આ રામ એક નિર્દોષ કુમાર માત્ર હતો, ત્યારે એનામાં મદ કે અહંકાર નહોતો આવ્યો, ત્યારે એ માન અને પ્રતિષ્ઠાના મૃગજળ પાછળ આંધળો બની દોટો નહોતો મૂકતો, ત્યારે એ પોતાના એકના અહંભાવને પોષવા માટે માનવનાશના પ્રલયો નહોતો જગવતો. પણ...... આજે? રાવણને રોળ્યા પછીનો રામ બદલાઈ ગયો છે. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતના રાજા રામને હવે સમ્રાટ રામ બનવાના કોડ જાગ્યા છે! અશ્વમેધયજ્ઞની તૈયારી એ એની કાળી મહત્ત્વાકાંક્ષાનો પ્રથમ પુરાવો છે. માનવીની લીલા ગહન છે એ વાત સાવ સાચી છે, ભાઈ!

શત્રુઘ્ન : (શરમાતો) મહારાજ, એ બધી વાતો પછી; જે વસ્તુનો આરંભ થઈ ચૂકયો છે એને તો પ્રથમ પાર ઉતારવી જ પડશે! આપણો આ પરાજય......

લક્ષ્મણ : (હસી પડતાં) પણ...આપણા આ બાલવિજેતાઓ છે કોણ? તેઓ કોઈ દેવાંશી માનવીઓ હોય એવું તમને નથી લાગતું?

શત્રુઘ્ન : (ગંભીરતાથી) એમ જ હોવું જોઈએ. ભરત જેવા અજોડ ધનુર્ધારી યોદ્ધાને પણ એક જ બાણથી ઘાયલ કરી દેનારા આ બાળકો સાધારણ કેમ હોઈ શકે? (સહેજ-વાર અટકી) સાચું કહું, તો એમના મુખ ઉપરનું તેજ જોઈ મને પણ તેમનો ડર લાગતો હતો.

રામ : (સ્વગત) આવા તેજસ્વી કુમારો કોણ હશે? મારા ભરત–શત્રુઘ્નને પણ પરાજિત કરનારા તેઓ કેવા મહાબળવાન વીર હશે! (એક દીર્ઘ નિશ્વાસ નાખતાં) મારે પણ આવા પુત્રો હોત ખરા; પરંતુ...મારું પ્રારબ્ધ ફૂટેલું હશે. અરેરે, સીતાનો ત્યાગ કરવામાં હું કેવી અક્ષમ્ય ભૂલ કરી બેઠો હતો!

લક્ષ્મણ : ભરત ઘાયલ ? આપણા સૈન્યનો પરાજય ? મને જરા નવાઈ જેવું લાગે છે. (દઢતાથી) જગતનો કોઈ માનવી મહારાજા રામના સૈન્યને પરાજિત કરી શકે તેમ નથી.

રામ : (બેધ્યાનપણે) ભારતવર્ષનો હું આજે સમ્રાટ છું. જંબુદ્વીપના આવતી કાલના ભાવિનો હું ઘડવૈયો છું, પણ પ્રભાતે ઊગેલો સૂર્ય સાયંકાળે અસ્ત નહિ પામે? ગગનમાં વિહરતાં વાદળો ઘડી પછી અવનિમાં નહિ રગદોળાય? તેમ......મારા ઉજ્જવળ શાસનના અંત પછી રઘુવંશની કીર્તિ ધૂળમાં નહિ ભંડારાય? મારું સિંહાસન? મારો વંશ? (નિરાશ બની) મારા ખોળાનો ખૂંદનાર કયાં છે? સીતાનો ત્યાગ કર્યો ન હોત તો એનાં તેજસ્વી સંતાનોથી કદાચ મારાં મહાલયો ગાજી રહ્યાં હોત!

[પહાડો તરફથી આવતો વીણારવ વળી પાછો મધુર ઝંકાર કરી ઊઠે છે. રામ આંખો ચોળતા એ અવાજની દિશા તરફ જોઈ રહે છે.]

ઓહ! સીતાનું અરણ્યરુદન કેવું કારમું છે! એના આક્રંદના પડઘા કેવા બિહામણા લાગે છે!

[આરસના ઝરૂખા ઉપર હાથ મૂકી સ્તબ્ધ બની જાય છે. રામની વિચિત્ર અવસ્થા જોઈ લક્ષ્મણ–શત્રુઘ્નને અત્યંત નવાઈ લાગે છે.]

શત્રુઘ્ન : (નવાઈ પામી) અરે......મહારાજ, શું થયું? કંઈ અમંગળ તો નથી ને? (રામનો હાથ પકડી) ચાલો દેવ, રાત્રિના ત્રણ પ્રહર વીતી ગયા છે. પ્રાતઃકાળ થવાને માટે થોડો જ સમય બાકી છે. હવે આપ શયનખંડમાં પધારો.

રામ : (શત્રુઘ્નને તરછોડતાં) ના......ના... મને કંઈ જ થયું નથી. મને કંઈ જ થવાનું નથી. મારી કાળજી રાખવાની સહેજ પણ જરૂર નથી.

લક્ષ્મણ : દેવ, કેટલા યે વખતથી આપનું શરીર ઠીક રહેતું નથી. આપની......

રામ : તમે કોઈ મારી ચિંતા ન કરશો. (આત્મધિક્કારથી) ઓહ...આખા ભારતવર્ષમાં જેની આણ ફરે છે તે સમ્રાટ રામનો આજે પરાજય થયો! લક્ષ્મણ, મને એને માટે ખૂબ લાગી આવે છે.

લક્ષ્મણ : (ગંભીરતાથી) વિગ્રહ માટે ચિંતા થાય તે સ્વાભાવિક છે, પણ મહારાણી માટેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંડી ઘેલછામાં તો આપ ઘણા જ આગળ વધી ગયા છો, દેવ! આ પ્રકારના સતત ઉદ્વેગનું પરિણામ કેવું ખરાબ આવે છે તેની આપને ખબર છે?

રામ : (લક્ષ્મણના કથન પ્રત્યે ધ્યાન આપ્યા સિવાય) મેં અત્યારસુધી વિગ્રહ તરફ ધ્યાન આપ્યું ન હતું. હવે સૈન્યનું સુકાન હું મારા પોતાના જ હાથમાં લઈશ. શત્રુઘ્ન તમે જાઓ, યુદ્ધની તૈયારીઓ કરો. બાળકોનો વેશ ધારણ કરી ખુદ દેવો આવ્યા હશે, તોપણ હું તેઓનો પરાજય કરીશ. (અભિમાનથી) અને...પછી... મારી મહત્ત્વાકાંક્ષા, પ્રજાહિતરતકાર્યદક્ષતા... અને શૂરવીરતા આખા જંબુદ્વીપમાં ગાજી રહેશે......

[લક્ષ્મણ અને શત્રુઘ્ન ખંડની બહાર જાય છે. રામ એકલા પડે છે. અટારીમાંથી બહાર જોતા તેઓ એક દીર્ઘ નિશ્વાસ નાખે છે અને પછી લમણે હાથ દઈ આરસની ફરસબંધી ઉપર બેસી જાય છે.]

દ્વિતીય દશ્ય

[અરુણોદયની લાલિમાને દૂર કરતો સૂર્ય ક્ષિતિજ-માં દેખાય છે, ભગવાન ભાસ્કરનાં કૂણાં કિરણોમાં સ્નાન કરી સ્વચ્છ બનેલા દૂરદૂરના ડુંગરો રળિયામણા બની ગયા છે. ઉપવનનાં વૃક્ષોએ અને ફૂલઝાડોએ નવું સૌંદર્ય-ધારણ કરી લીધું છે. લાલપીળી કરેણનાં વૃક્ષો વચ્ચે થોડાથોડા અંતરે કરેલા તુલસીક્યારાઓ મોહક લાગે છે. તુલસીક્યારાઓથી સહેજ દૂર આવેલા એક ચંપાના થડ સાથે એક શુભ્ર અશ્વ બાંધેલો જણાય છે. થડની ચારેબાજુના લાલ માટીના રૂપાળા ચોતરા ઉપર લવ અને કુશ હાથમાં ધનુષ્યબાણ લઈ આમતેમ આંટા મારી રહ્યા છે. વાંસ, સાગ અને સીસમની લીલી વનરાજીથી ઘેરાયેલી એક સાંકડી કેડી ઉપરથી રામ, લક્ષ્મણ અને શત્રુઘ્ન ધીરેધીરે ચોતરા તરફ આવી રહ્યા છે. સમ્રાટપદની પ્રાપ્તિ માટે છૂટા મૂકેલા અશ્વમેધયજ્ઞના ઘોડાને બંધાયેલો જોઈ રામનો ગુસ્સો ભભૂકી ઊઠે છે.]

રામ : (ઉગ્રતાથી) ક્યાં છે એ આપણા સૈન્યને પરાજિત કરનારા બાલવિજેતાઓ? આપણા અશ્વને બાંધનારા એ બાળકો છે ક્યાં?

શત્રુઘ્ન : (હોઠ પીસી) મહારાજ, ધનુષ્ય-બાણ લઈ ચંપાના થડ નજીક ઊભેલા પેલા બે કુમારોએ જ આપણા અશ્વની ચોરી કરી છે.

લક્ષ્મણ : હા...જુઓ, (લવ-કુશ તરફ જોઈ) કેવા તેજસ્વી આ કુમારો છે!

રામ : (આશ્ચર્ય સાથે) પણ..., આ તો કોઈ બ્રાહ્મણપુત્રો, ઋષિપુત્રો હોય એમ લાગે છે. એમનાં માથા ઉપરની જટા તો જુઓ! એમનાં શરીર ઉપરનાં વલ્કલ અને હાથમાંનાં ધનુષ્યબાણ કેવું આશ્ચર્યજનક વિરોધાભાસી દશ્ય ખડું કરે છે!

શત્રુઘ્ન : અને તેમ છતાં દેવ, આ કુમારો-ની શૂરવીરતા તો ક્ષત્રિયોને શરમાવે તેવી છે! એમના ધનુષ્યનો ટંકાર આપે સાંભળ્યો નથી; નહિ તો આપ પણ...

રામ : (કંટાળાથી) બસ કરો, એમનાં વધારેપડતાં ગુણગાન મારે નથી સાંભળવાં.

લક્ષ્મણ : (હસીને) ચાલો...આપણે એ ઋષિપુત્રો પાસે જઈએ. આપણી અંદરો-અંદરની ચર્ચા હવે પરાકાષ્ઠાએ પહોંચી છે.

રામ : હા......ચાલો!

[રામ, લક્ષ્મણ અને શત્રુઘ્ન આગળ વધે છે. ચંપાની છાયામાં આવી તેઓ અટકી જાય છે. તેમને જોઈ લવ-કુશ એક મંદ ઉપહાસ્યભર્યું સ્મિત કરી લે છે. લક્ષ્મણ તેમની છેક નજીકમાં જઈ ઊભા રહે છે.]

લક્ષ્મણ : (સૌમ્યભાવે) કુમારો, તમે આ શી રમત માંડી છે? બ્રાહ્મણપુત્રોના હાથમાં શસ્ત્રો શોભે ખરાં કે?

કુશ : (ખડખડાટ હસી પડતાં) પૂજ્ય, યુદ્ધ માટે જ આવેલા ક્ષત્રિય મહારથીઓ અસ્ત્ર-શસ્ત્ર છોડી દઈ વાગ્યુદ્ધમાં કૂદી પડે એ શું તેમને માટે યોગ્ય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શત્રુઘ્ન : (રામને) જુઓ મહારાજ, એમની વાણી જ કેવી કઠોર છે? પોતાની નીડરતાનો તેઓ શું ખોટો ઘમંડ કરી રહ્યા નથી?

રામ : (સ્વગત) કેવા રૂપાળા આ બટુકો છે! રૂપ, ગુણ અને શૌર્યનું સંગમસ્થાન કેવું આલ્હાદજનક દૃશ્ય ખડું કરે છે! આવાં કુમળાં ફૂલ પ્રત્યે કઠોરતાથી જોવામાં પણ શું પાપ નથી? આ બાળકોની હત્યા કરવાની નાલાયકી કયો પાપી કરી શકે? (સહેજવાર વિચાર કરી) અયોધ્યાનો ઘમંડી સમ્રાટ બે ખીલતાં પુષ્પોને અકાળે જ કચરી નાખશે તો જગત એના નામ ઉપર ધિક્કાર નહિ વરસાવે? (કોઈ અજાણ ભયની આશંકાથી ધ્રૂજી ઊઠે છે, મોટેથી) વત્સ, તમે મને ઓળખો છો? હું કોણ છું તે તમે જાણો છો?

લક્ષ્મણ : (લવ-કુશને) ભાઈઓ, તમે ભાગ્યશાળી છો; કારણકે તમારી સાથે અયોધ્યાના મહારાજા રામચંદ્રજી વાર્તાલાપ કરી રહ્યા છે!

લવ : (આશ્ચર્યથી) હેં...રામાયણના નાયક રામ પોતે? મહારાણી સીતાદેવી નિર્દોષ હતાં એવું જાણ્યા પછી પણ જેમણે તેમને વનમાં મોકલી દીધાં હતાં એ જ આ સમ્રાટ રામચંદ્રજી?

રામ : (ચમકીને) બાળકો, તમે મને ઓળખો છો ખરા! મારા આ બધા ઇતિહાસની વાતો તમે ક્યાંથી સાંભળી? (સીતાની યાદ પુનઃ તાજી થતાં રામ ખિન્ન બની જાય છે.)

લવ : અમારા ગુરુજીએ અમને રામકથાનું શ્રવણ અને અધ્યયન કરાવ્યું હતું. અયોધ્યાના આખા રાજકુળનો ઇતિહાસ અમે જાણીએ છીએ, પણ......

રામ : (આતુરતાથી) પણ–શું?

કુશ : (ગંભીરતાથી) આપને ખોટું નહિ લાગે?

રામ : (વાત્સલ્યભાવથી) મને કદી ખોટું લાગતું જ નથી, વત્સ!

કુશ : (સહેજ કઠોરતાથી) આખા રઘુવંશમાં એક પણ રાજા એવો નથી થયો, જેણે આપના જેવાં ખરાબ કૃત્યો કર્યાં હોય! ભગવતી સીતાનો ત્યાગ એ આપનું કેવું અવિચારી કાર્ય હતું! ઘણીવાર તો અમે રામકથાના શ્રવણ વખતે રામ ઉપર ચિડાઈ પણ જતા હતા!

લક્ષ્મણ : (ગુસ્સાથી) ચૂપ રહે નાદાન! તું કોની સમક્ષ બોલે છે તેનું તને કંઈ ભાન છે?

શત્રુઘ્ન : (ક્રોધથી) કેવા કઠોર બોલ આ બાળક બોલી રહ્યો છે!

રામ : લક્ષ્મણ વીરા, તું ક્રોધ ન કર! શત્રુઘ્ન, તું વિનય ન છોડ! સત્યકથન કહેનાર વક્તા ઉપર ક્રોધ કરનાર માણસ સજ્જન નથી.

લવ : મહોદય, આપ ક્રોધ ન કરો. ગુસ્સો એ બહુ જ ખરાબ વસ્તુ છે. જુઓ, હું આપની સાથે વાદવિવાદ કરવા નથી માગતો. આપનું અહીં આવવાનું પ્રયોજન જણાવશો?

શત્રુઘ્ન : અશ્વમેધયજ્ઞનો ઘોડો લેવા આવ્યા છીએ. અમારે તમારી બીજી કોઈ વસ્તુની જરૂર નથી.

કુશ : (હસીને) તો અમારી સાથે લઢાઈ કરી, અમને પરાજિત કરી, તમે અશ્વ જરૂર લઈ જઈ શકો છો.

લક્ષ્મણ : (ક્રોધથી) યુદ્ધ–યુદ્ધ શું કરો છો? (ધનુષ્ય ઉપર બાણ ચઢાવી) તમે વધને માટે જ લાયક છો. તમારી બુદ્ધિને ઠેકાણે લાવવા દંડ એ એક જ ઉપાય હવે બાકી રહ્યો છે.

[લવ અને કુશ બન્ને ધનુષ્ય ઉપર બાણ ચઢાવી યુદ્ધ માટે તૈયાર બની જાય છે. શત્રુઘ્ન પણ શરસંધાન કરે છે. રામ એ જોઈ કંપી ઊઠે છે. બાળકોના બચાવ માટે તેઓ આકુળવ્યાકુળ બની જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ : (સ્વગત) ઓહ, આ બાળકો માટે મને આટલી બધી મમતા કેમ જાગે છે! એમના ભલા માટે મારું અંતર રડે છે શા માટે? એમનું અયોગ્ય વર્તન જોયા પછી પણ તેઓ પ્રત્યે હું લાગણી કેમ રાખું છું?

શત્રુઘ્ન : (હોઠ પીસી) ખરેખર ઉદ્ધત અને અવિવેકી માણસને મારવામાં પાપ નથી.

રામ : (મુગ્ધભાવે લવ-કુશ તરફ જોતાં સ્વગત) વા...હ, આ નાજુક શરીરોની ઉગ્રતા કેવી આકર્ષક લાગે છે! તેમના સુકોમળ દેહમાં વસતા આત્માઓ પણ ભારે નીડર હોવા જોઈએ! (આંખો મીચી) ગુલાબને કાંટા જોઈ તેને અગ્નિમાં ફેંકવાનો વિચાર તો એક અધમ જ કરી શકે.

[અચાનક ઉપવનની દિશામાંથી કોઈ દુખિયારી સ્ત્રીના કરુણ રુદનસૂરો આવતા સંભળાય છે. રામ તે સાંભળી ચમકે છે.]

રામ : (નવાઈ પામી) અરે...આ શું? આ ચીસો ક્યાંથી આવે છે? (લક્ષ્મણ, શત્રુઘ્ન તથા લવ-કુશને) થોભો ભાઈઓ, થોભો! કુમાર, પળવાર માટે અટકી જાઓ! મને કોઈની બૂમો સંભળાય છે. કોઈના રુદનનાં હ્રદય-ભેદી ડૂસકાં આકાશને તોડી પાડતાં ગાજી રહ્યાં હોય એવું મને લાગે છે. કોઈ ત્રાહિત માનવીનાં પગલાંના પડછંદા જુઓ, અહીં સુધી સંભળાઈ રહ્યા છે. કોઈ અબળા પડતી આખડતી અહીં દોડી આવતી જણાય છે.

[સર્વ કોઈ મૂંગા બની રામ તરફ જોઈ રહે છે. કોઈને કંઈ સમજણ પડતી નથી. થોડીવારે નેપથ્ય-માંથી કોઈ સ્ત્રીનો બીજીવારનો આર્જવભર્યો અવાજ સંભળાય છે.]

અવાજ : અટકી જાઓ! બાળકો, થોભી જાઓ! સ્વામિન્-દેવર થંભી જાઓ!

લવ : (આશ્ચર્યથી) અરે...આ તો માતાજી પોતે લાગે છે!

કુશ : હા. અને એમની સાથે આપણા ગુરુદેવ પણ દોડી રહ્યા છે. તેઓ અહીં જ આવતા જણાય છે.

[વાલ્મીકિ અને સીતા પ્રવેશ કરે છે. સીતા સર્વથી સહેજ દૂર ઊભી રહે છે.]

વાલ્મીકિ : (લવકુશને) બેટા, ધનુષ્યબાણને જમીન ઉપર ફેંકો અને સામે ઊભેલા મહારાજા રામચંદ્રજીના પગમાં પડો! એમની ચરણરજ લઈ માથે ચઢાવો.

કુશ : ગુરુદેવ આપ શું કહો છો? નિર્દોષ એવી ગર્ભવતી પત્નીને અરણ્યનાં હિંસક પ્રાણીઓના આશ્રયે છોડી જનારને હું વંદન કરું? (નિશ્વાસ નાખી) બિચારાં સીતાદેવી અત્યારે ક્યાં હશે? ન કરે નારાયણ, અને...

વાલ્મીકિ : (કુશને અર્ધેથી અટકાવી) વત્સ! એવું અમંગળ ન બોલ! ઈશ્વર સૌનો રક્ષક છે. (રામ તરફ જોઈ) મહારાજ, આપ મૂંગા કેમ ઊભા છો? આગળ આવો!

રામ : (કપાળે હાથ મૂકી સીતા તરફ જોતાં) મહર્ષિ, અત્યારે મારા મનનું ઠેકાણું નથી. ક...દા...ચ, થોડા વખતમાં જ હું ગાંડો બની જઈશ! હું જે જોઈ રહ્યો છું તે અત્યંત આશ્ચર્યજનક છે. હું જે સાંભળી રહ્યો છું તે અત્યંત દુઃખદાયક છે. (ભૂતકાળની અસંખ્ય ઘટનાઓ સંભારી રોઈ પડે છે.) ગુ. .રુ. .દે. .વ, હું મારું ચેતન ગુમાવી રહ્યો છું. મારું હ્રદય બંધ પડતું જાય છે. મારી જીવનલીલા સમાપ્ત. (હાથવડે આંખો દાબી જમીન ઉપર ઢળી પડે છે. બેભાન અવસ્થામાં) સીતે, આ...ખ...રે તું મળી ખરી! મારી જીવન...સહચરી-મારું જી...વ...ન...ધ...ન!

લક્ષ્મણ : (નવાઈ સાથે) મહારાજ...મહા-રાજ, આપને શું થયું?

[એક બાજુએ શાંતભાવથી ઊભેલી સીતા એકદમ આગળ આવે છે. બેભાન થઈ પડેલા રામનું માથું પોતાના ખોળામાં લે છે. સીતાને જોઈ લક્ષ્મણ-શત્રુઘ્નને ગજબની નવાઈ લાગે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શત્રુઘ્ન : મહારાણી, આપ અહીં ?

લક્ષ્મણ : દેવી, આપ આ સ્થળમાં ?

લવ–કુશ : માતાજી, તમે અહીં કેમ આવ્યાં છો ?

[સીતા સૌના તરફ જોઈ મંદમંદ મુસ્કરાય છે.]

વાલ્મીકિ : (રામ તરફ આગળી ચીંધી લવકુશને) બેટા, આ તમારા પિતા છે.

કુશ : શું કહ્યું, ભગવાન !

વાલ્મીકિ : (ગંભીરતાથી) અયોધ્યાના રાજા રામચંદ્રજી તમારા પિતા છે. સંજોગો પ્રતિકૂળ હતા એટલે એ વાતને મેં દબાવી રાખેલી. વર્ષોજૂના ગ્રંથોનાં પૃષ્ઠો તમારી સમક્ષ આજ પહેલી જ વાર ઊઘડે છે. તમારી માતા સીતા એ તો અયોધ્યાની રાજરાણી સીતાદેવી છે !

લવ–કુશ : હેં...... ?

[બેભાન થઈ પડેલા રામ તરફ કરુણભાવે જોઈ રહે છે. રામ પ્રત્યેની લાગણીથી તેઓની આંખોમાં આંસુ ભરાઈ આવે છે.]

સીતા : (રામને માથે હાથ ફેરવતાં) ભગવન્ ! મારે માટે આટલો શોક, આટલો વિલાપ ? એક સ્ત્રીના મોહ માટે આટલી બધી લાગણી ? (રામના હાથને પોતાના હાથમાં લઈ) પ...ણ દેવ, હવે હું તમારે લાયક નથી. મેં રાજરાણીનો હક્ક તો વર્ષો થયાં ગુમાવી દીધો છે. આજે મને એ પદનો મોહ નથી રહ્યો.

[રામ આંખો ઉઘાડે છે. સીતાને જોઈ અધીરાઈથી બેઠા થઈ જાય છે.]

રામ : સીતા...સીતા ! મારી રા...જ... રા...ણી ?

[સીતા રામ તરફ અનિમેષ નયને જોઈ રહે છે. કંઈ યાદ આવતું હોય એવો ભાવ મુખ ઉપર લાવી તે ચમકે છે. રામથી સહેજ દૂર જઈ તે ઊભી રહે છે.]

સીતા : રામ, મહારાજા રામ, સમ્રાટ રામ, મારો સ્પર્શ ન કરતા. હું અધમ છું. અસ્પૃશ્ય છું અને...હવે મારે પણ જવું જ જોઈએ !

રામ : (અધીરાઈથી) સીતા, તું શું બોલે છે ? મને છોડી તું ક્યાં જવા માગે છે ? (રુદન કરતાં) રાણી, તારા વિના ઝૂરતા આ રામની તને સહેજ પણ દયા નથી આવતી ?

સીતા : (ગળગળા ભાવથી) મારા રાજા, સીતા વગર આજસુધી ન ચાલ્યું તે હવે વેલાં કાઢો છો ? રાજમહાલયના રામ વનવગડે ભટકનારી સીતાને કોઈ દિવસ સંભારતા હતા ખરા ?

લક્ષ્મણ : (એકદમ) દેવી, આવી કઠોર વાણી આપના મુખમાં ? આપના વિરહે મહારાજાને કેવા ગાંડા બનાવ્યા છે તેનો સાક્ષી હું છું. રાત્રિદિવસનાં તેઓનાં કલ્પાંત, રુદન, વલોપાત સાંભળીસાંભળી હું યે દીવાનો બની ગયો છું ! અને આપ...

રામ : (સૌમ્યભાવથી) કહેવા દે, ભાઈ ! એને જે કહેવું હોય તે એ ભલે કહે. મેં એના ઉપર દુઃખના ડુંગરો તોડી પાડ્યા હતા. એના વિષે અણછાજતા આક્ષેપો મેં કર્યા હતા. કટુ વચનો અને કડવા બોલના ભીષણ ઘોધવા મેં એના પ્રતિ સદાને માટે વહેતા રાખ્યા હતા, એનો બદલો ભલે એ અત્યારે વાળે !

વાલ્મીકિ : (સીતાને) પણ...એ તો લોકલાજે ને ? લોકનિંદાના વમળથી બચવું એ કોઈ પણ માનવી માટે સહેલું નથી. (રામ શરમથી નીચું જોઈ રહે છે.)

સીતા : હા...એ લોકલાજે જ મને જીવતી સળગાવી છે. મને નિરપરાધીને, આ લોકોએ વિના મોતે મારી નાખી છે ! (એક દીર્ઘ શ્વાસ લેતા) જનસમુદાયની નજરમાં હું પાપી ઠરી, મેં કઠોર અગ્નિપરીક્ષા ઓળંગી પણ...મારા કપાળે લાગેલો અપવિત્રતાનો કાળો ડાઘ ન ધોવાયો. લોકો તોપણ બોલતા જ રહ્યા, કે 'સીતા અપવિત્ર છે. દુષ્ટા છે, અમારી મહારાણી થવા માટે તે લાયક નથી!' મહારાજા યે બોલ્યા, 'તમારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત સાચી છે !' અને પછી તો મને અરણ્યમાં ધકેલી દેવામાં આવી. હશે...મારા પ્રારબ્ધમાં એવું લખેલું હશે ! પણ મને દુઃખ એ વાતનું છે, કે મારા રામને પણ મારા કરતાં લોકો જ વધારે વહાલા લાગ્યા !

રામ : (આંખમાં આંસુ લાવી) સીતા, એ વીતેલાં વા'ણાં ન સંભાર ! ત્યારે હું નાદાન હતો, લોકોને હું ઓળખતો ન હતો. સંસારની સાચી સમજ તો મને હજુ હમણાં જ મળી છે. લોકો...લોકો...! હા...એ જ લોકોએ તારામારા લગ્નપ્રસંગે ઉત્સવો મનાવ્યા હતા. આપણા રાજ્યાભિષેક વખતે પણ આજ લોકો ગજબનો આનંદ–ઉલ્લાસ માણી રહ્યા હતા. અને...જયારે આપણે વનવાસ સ્વીકાર્યો ત્યારે આ જ લોકો ભયંકર શાંતિ પકડી ચૂપ બેઠા હતા ! એક વખતે આજ લોકોએ તારી અગ્નિપરીક્ષા જોઈ તને પવિત્રતાની સાક્ષાત્ મૂર્તિ માની લીધી હતી. બીજી પળે એ જ લોકો બોલતા સંભળાયા હતા, કે 'સીતા અપવિત્ર છે; એનો એકદમ ત્યાગ કરો !'

[લક્ષ્મણ, શત્રુઘ્ન, લવ અને કુશ રામના ઉશ્કેરાયેલા રાતા મુખ તરફ આશ્ચર્ય સાથે જોઈ રહે છે. વાતાવરણમાં કરુણતા પથરાતી જાય છે.]

વાલ્મીકિ : (શાંતિથી) એમ જ હોય રાજન ! લોકો તો એવું જ બોલે...એમના ઉપર રાજ કરનારે એમના જેવા જ થવું જોઈએ; પણ આપ રહ્યા આદર્શવાદી. આદર્શની ધૂનમાં આપે...

રામ : (અધીરાઈથી) સીતાનો ભવ સળગાવી દીધો !

વાલ્મીકિ : કોઈ કોઈના ભવને સળગાવી દેતું નથી...વિધિની લીલાનાં એ તો વિધવિધ પાસાં છે, રાજેન્દ્ર !

સીતા : (શાંત બની) આવેશમાં આવી જઈ મેં મહારાજને ઘણું અનુચિત કહી દીધું. (સૌમ્ય સ્વરે) દેવ, એમાં આપનો પણ શો વાંક ? પ્રજાના સુખ અર્થે કયો શાણો રાજવી પ્રયત્ન નથી કરતો ? પણ હા...એ તો લોકો...!

રામ : (બેપરવાઈથી) રાણી, લોકોની મને હવે પરવા નથી. ભલે તેઓ મારી ટીકા કરે. અયોધ્યાના વિરાટ રાજમહાલયો તારી પ્રતીક્ષા કરી રહ્યાં છે. રાજરાણીનું સ્થાન વર્ષો થયાં તારી રાહ જોઈ રહ્યું છે.

લક્ષ્મણ : (ચિંતા કરતાં) પણ......

સીતા : (આતુરતાથી) 'પણ' શું ? લોકો મારી પવિત્રતાની પરીક્ષા માગશે એટલું જ ને ? (સહેજ વાર વિચાર કરી) હા...એ વાત સાચી. મારી શુદ્ધાવસ્થાની ખાતરી મારે આપવી જ જોઈએ !

રામ : (કરુણભાવથી) અગ્નિપરીક્ષા તો થઈ ચૂકી છે; હવે કઈ પરીક્ષા બાકી રહી છે ?

સીતા : (દૃઢતાથી) છે, એક મોટી પરીક્ષા હજુ બાકી છે અને તે મો...ત !

રામ : શું...? (લક્ષ્મણ, લવ, કુશ, શત્રુઘ્ન, વાલ્મીકિ સૌનાં મુખ આશ્ચર્યથી પહોળાં થઈ જાય છે.)

સીતા : (શાંતિથી) એમાં કંઈ મોટી મુશ્કેલી નથી. વળી આ પરીક્ષા પછી લોકો પણ બીજી પરીક્ષાઓ લેવાનું ભૂલી જશે ! લોકો...લોકો... લોકોને કેમ ભૂલી શકાય ?

રામ : (બાવરા બની) રાણી, પછી...અવનિમાં મારું કોણ રહેશે ?

સીતા : (શાંતિથી) રાજન, શોક ન કરો! આપ સમ્રાટ છો; નિરાધાર નથી. વર્ષો પહેલાં-ના પ્રભાતને સંભારો. તે દિવસે હું અવ-નિમાંથી આવી હતી, આજે અવનિમાં જ હું પાછી જાઉં છું. મારા સતીત્વપણાની, પવિત્ર-તાની પરીક્ષા તો મારે આપવી જ જોઈએ ને ? લોકો...પવિત્ર લોકો...હા...હા...હા. (તિરસ્કારભર્યું હસે છે. લીલોતરીથી છવાયેલી પૃથ્વી તરફ જોઈ) જો હું નિષ્કલંક હોઉં, શુદ્ધ હોઉં, પવિત્ર હોઉં તો હે ધરતી મા, મને તારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચવી લેજે!(રામ તરફ જોતાં) ઈશ્વર આપને સુખી રાખે. દેવ, મારાં છેલ્લાં વંદન!

[ચોમેર અંધકાર ફેલાય છે. વીજળી ચમકારા મારે છે. વાદળોનો પ્રચંડ ગડગડાટ સંભળાય છે. વૃક્ષો, સરોવરો અને ડુંગરાઓ ધ્રૂજી ઊઠે છે. સીતા પૃથ્વીમાં ગરક થઈ જાય છે.]

રામ: (કઠોરતાથી) અગ્નિપરીક્ષાની છેલ્લી અવસ્થા આજે પૂરી થઈ, સીતે! તું તો આજ પણ નિષ્કલંક જ રહી!

વાલ્મીકિ: (તૂટતા અવાજે) હા...ય, દીકરી, તું મને હંમેશને માટે છોડી ગઈ!

લવ-કુશ: (આક્રંદ કરતાં) માતાજી, તમે અમને કોના આશ્રયે રઝળતા મૂકયા?

લક્ષ્મણ-શત્રુઘ્ન: મહારાણી, અમને ક્યાં... (આગળ બોલી શકાતું નથી.)

રામ: (શૂન્યમનસ્કપણે) રડો...રડો...! તમારાં આંસુ લૂછનાર જગતમાં હાજર છે. હું એકલો જ મોટો દુર્ભાગી છું. મારું એકલાનું જ પ્રારબ્ધ ફૂટેલું છે. મારી પાછળ અશ્રુ સારનાર આ જગતમાં આજે કોઈ જ નથી!

[કરુણતાના સામ્રાજ્યમાંથી છૂટવા માટે મહર્ષિ વાલ્મીકિ અરણ્યની દુર્ગમ વાટ પકડે છે, એમને દૂરદૂરનાં ઝાડવાં પાછળ અદૃશ્ય થતા જોઈ લવ-કુશ રડી ઊઠે છે.]

લવ-કુશ: ગુરુદેવ, આજથી આપણા પંથ બદલાઈ ચૂકયા છે!

તૃતીય દૃશ્ય

[ભગવાન સૂર્યનારાયણનો અસ્ત થઈ ચૂકયો છે. ચોમેર અંધકાર પ્રસરી રહ્યો છે. બરાબર તે જ વખતે અયોધ્યાનગરીના છેડે આવેલા રાજમહાલયના વિશાળ સભાખંડમાં અગણિત દીપકો ઝબકી રહ્યા હોય છે. રાતાં, પીળાં અને વાદળી ઝુંમરોમાંથી પસાર થતો ઝાંખો પ્રકાશ સ્ફટિકની દીવાલો ઉપર સપ્તરંગી ઇંદ્રધનુષો ચીતરી રહ્યો છે. ખંડમાંના એક ખૂણામાં પડેલા રત્નજડિત સિંહાસન ઉપર લમણે હાથ દઈ સમ્રાટ રામચંદ્રજી બેઠા છે, એમની આંખોમાંથી ટપકતાં આંસુઓથી આરસની ફરસબંધી ચમકી રહી છે.]

રામ: (ઘેલછાભરી અવસ્થામાં) લોકચાહના મેળવવા માટે, લોકપ્રિય બનવા માટે મેં ઘણા-ઘણા ભોગ આપ્યા, પ્રજાને આબાદ બનાવવા માટે મેં જાતે બરબાદી વહોરી લીધી, મારી જિંદગીને ભોગે મેં જનતાના મનનું રંજન કર્યું! હવે...મારા મનનું રંજન કોણ કરશે? મારા ભલા માટે ભોગ કોણ આપશે? હા...ય અત્યારે હું નિરાધાર છું-અસહાય છું. મારાં આંસુ કોણ લૂછશે? (ભૂતકાળને સંભારી નિશ્વાસ મૂકતાં) મારાં આંસુ લૂછનારી તો ગઈ, હમેશ માટે ગઈ! મારી ઠંડી ક્રૂરતાએ એનો ભોગ લીધો, મારી કઠોર ન્યાયબુદ્ધિએ એને આ દુનિયામાંથી વિદાય કરી દીધી. (નિશ્વાસ નાખી) આજે આ નઠોર દુનિયામાં મારું કોણ છે? આ રાજગાદી? (સિંહાસન તરફ જોઈ) મહામૂલા માનવરક્તથી છંટાયેલા આ રાજસિંહાસનને હું શું કરું? (સ્ફટિકની દીવાલો તરફ જોતાં) આ લખલૂટ વૈભવનું પણ મારે હવે શું કામ છે? (ચિત્કાર કરી) ઓ પ્રભુ, તું મને મૃત્યુ કેમ નથી આપતો?

[દ્વાર પાછળ સંતાયેલો ભરત બહાર આવે છે. મોટાભાઈની સળગતી હૈયાહોળી જોઈ એ રડી પડે છે. રામ એને જોઈ ચમકે છે. આંખમાંનાં આંસુ લૂછી નાખી] કોણ......ભરત? કેમ ભાઈ અત્યારે? તારી નિદ્રા પણ મારી માફક વેરણ થઈ છે કે શું?

ભરત: (ધીમે અવાજે) હા...કંઈક એવું જ છે, પણ...મારા રાજાની દુનિયા હજુ રસાતલ નથી ગઈ તે એમને મોતને નોતરાં દેવાં પડે! સમગ્ર આર્યાવર્ત ઉપર આજે આપની આણ ફરકતી થઈ છે. આપ જંબુદ્વીપના સમ્રાટ છો, આપને આવાં રુદન-કલ્પાંત શોભે ખરાં? રાજગાદી ઉપર બેસનારાએ તો પથ્થરનું હૃદય રાખવું જોઈએ, મહારાજ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ : (ફીકું હસી) સાચી વાત, ભરત! રાજગાદી ઉપર જ્યારે હું પડેલવડેલો બેઠો હતો, ત્યારે તો મેં મારા હૃદયને પથ્થરનું શું, વજ્રનું બનાવ્યું હતું; પરંતુ એ વજ્ર હૃદયે જ મારી મહારાણીના જીવનદીપને અકાળે બુઝાવી દીધો છે, જીવતી સીતા ગઈ......હવે મારે મારી માનસિક હૃદયેશ્વરીની પણ હત્યા કરવી? રાજા એ શું માનવી નથી? તું મને માનવ મટી દાનવ બનવાનો આદેશ આપે છે?

ભરત : (ગંભીરતાથી) મહારાજ, સીતાદેવી તો ગયાં; એમની પાછળ વિલાપ કરવાનો હવે કશો જ અર્થ નથી.

રામ : (કંટાળો દર્શાવી) ભરત, તું મને 'મહારાજ'ના નામે ન સંબોધીશ. રાજા-મહારાજા અને સમ્રાટની નામલાલસાએ મને ઘણું જ સહન કરાવડાવ્યું છે. સીતા ગઈ તો ભલે ગઈ...હું પણ હવે જઈશ. એના ગયા પછી આજ મારી અવનિ અંધારી બની ગઈ છે! (પાસેના ખંડમાંથી કોઈનાં પગલાંનો અવાજ સંભળાય છે. એટલે આતુરતાથી) ભરત, તપાસ કર! બહાર કોણ ઊભું છે? (ભરત બહાર જઈ થોડીવારે પાછો આવે છે.)

ભરત : (શાંતિથી) કોઈ નથી, મહારાજ! લવ અને કુશ આપની પાસે આવવા માગતા હતા; લક્ષ્મણ એમને સમજાવી પાછા લઈ જાય છે.

રામ : (આંખો મીંચી—દુઃખપૂર્ણ અવાજે) ભાઈ, તું જા! લક્ષ્મણ—લવ—કુશ—સૌને અહીં બોલાવી લાવ. (નિશ્વાસ મૂકી) સીતાને વર્ષો સુધી મેં મારી નજર આગળથી અળગી રાખી હતી; તેનાં સંતાનોને હવે હું મારી દૃષ્ટિથી સહેજ પણ દૂર નહિ જવા દઉં.

[લથડતી ચાલે ભરત બહાર જાય છે. થોડીવારે લક્ષ્મણ, ભરત, લવ અને કુશ સભાખંડમાં દાખલ થાય છે.]

લક્ષ્મણ : (મલકતા મુખે—રામને) દેવ, મારી જરૂર હતી? (રામની આંખમાં આંસુ જોઈ ચમકે છે) મહારાજ, આપ તો હવે હદ જ કરો છો. મારું માનો તો આપે એ બધું ભૂલી જ જવું જોઈએ. આપની શોકભરી સ્થિતિ જોઈ લવ-કુશ પણ દુઃખી થઈ રહ્યા છે!

રામ : (ખડખડાટ હસી પડતાં લવ-કુશને પોતાના તરફ ખેંચી) અરે,...દીકરા, તમારે શોક કરવાને તો હજુ વાર છે. તમારે શા માટે દુઃખી થવું જોઈએ? ભારતવર્ષના ચક્રવર્તી સમ્રાટના તમે રાજકુમારો છો; તમારે રડવાનું હોય ખરું?

લવ : (ગંભીર બની) પિતાશ્રી, ગઈકાલે અમે વનવાસી હતા. પ્રારબ્ધસંજોગે આજે અમે રાજકુમાર બન્યા છીએ, પણ...કાળચક્રના આંટાફેરા શું અટકી ગયા છે? આવતી કાલની ખબર કોને છે? રાજકુમાર બન્યા એટલે શું અમે માનવી મટી ગયા?

રામ : (સ્વગત) ઓહ, કેટલાં વર્ષો બાદ હું આવું સંબોધન સાંભળી શક્યો છું! 'દેવ—મહારાજ—ભગવન'નાં વિશેષણોથી કંટાળેલા મનને 'પિતાશ્રી' શબ્દે કેટલી બધી શાતા અર્પી છે! (મોટેથી) દીકરા, તમે બંને અત્યંત પ્રજ્ઞ છો. મહર્ષિ વાલ્મીકિના શિષ્યોને કંઈ શીખવવાનું હોય ખરું?

કુશ : (નમ્રતાથી) આપની કૃપા છે, દેવ!

રામ : (કુશ તરફ જોઈ—હસતાં) રામાયણના નાયક પ્રત્યેનો તારો ગુસ્સો હવે કંઈક હળવો બન્યો હશે; કેમ ખરું ને?

[ભરત અને લક્ષ્મણ અશ્વમેધયજ્ઞના અશ્વ માટે થયેલા યુદ્ધનું સ્મરણ કરી, ખડખડાટ હસી પડે છે. લવ-કુશ શરમથી નીચું જોઈ રહે છે.]

લક્ષ્મણ : (રામને) બંને કુમારો મોટા વીર યોદ્ધાઓ થશે, હોં!

ભરત : (ઠાવકાઈથી) ભડના દીકરા ભડ કેમ ન બને?

રામ : (ભરતને) એ દીકરા એમના પિતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા ન બને એ જ સારું છે, ભરત! એમના પિતાએ તેઓને ક્યાં ઓછું દુઃખ દીધું હતું? (જૂની વાતો સંભારી વળી તેઓ ખિન્ન બની જાય છે.)

લક્ષ્મણ : (શાંતિથી) મહારાજ, ભૂતકાળની વાતોને ભૂતકાળમાં જ દટાયેલી રહેવા દો. રુઝાયેલા ઘાને ઉખેળવાથી તો માત્ર દુઃખમાં જ વધારો થાય છે.

ભરત : ખરી વાત છે, ગઈ ગુજરી ભૂલી જવામાં જ સૌનું કલ્યાણ છે.

રામ : (ગંભીરતાથી) ભાઈ, પડેલો ઘાવ રુઝાઈ જાય છે; પણ એની નિશાની તો જરૂર રહે છે જ! ભૂતકાળની મારી અક્ષમ્ય ભૂલો પ્રત્યે હું આંખ આડા કાન શી રીતે કરી શકું? (લવકુશ તરફ જોઈ) હજુ તો મારે લવ-કુશની માફી માગવાની છે. તેમની માતા સાથેનું મારું વર્તન માનવનું નહિ, પણ દાનવનું હતું, એ વાતની સમજણ તેઓને કોણ પાડે? વત્સ, મને ક્ષમા આપો. મારી પુરાણી ભૂલોને...

લવ–કુશ : (ઓશિયાળા બની વચમાં જ) પિતાજી, અમને પાપમાં ક્યાં નાખો છો? ક્ષમા તો અમારે માગવાની છે, દેવ તુલ્ય વડીલો પ્રત્યે અવિવેક અને ઉદ્ધતાઈ તો અમે દર્શાવ્યાં હતાં, ભગવન!

લક્ષ્મણ : (બનાવટી ક્રોધ કરી ભરતને) ભાઈ, જાઓ! કુમારોને અહીંથી લઈ જાઓ! મહારાજની અવદશા જોઈ બિચારા બાળકો પણ નાહક શોક કરી રહ્યા છે.

ભરત : હા..., એ ઠીક કહ્યું! કુમાર, ચાલો મારી સાથે! (ભરત લવ–કુશને લઈ ખંડની બહાર જાય છે. રામ અને લક્ષ્મણ એકલા પડે છે.)

રામ : (રડતા સાદે લક્ષ્મણને) સૌમ્ય, મારાં બાળકોને બોલાવવાનો પણ મને અધિકાર નથી? તેમની સાથે વાત કરવામાં પણ હું કંઈ અપરાધ કરું છું? (નિશ્વાસ મૂકી) હા ...ભાઈ...હા, તમને મારો વિશ્વાસ ક્યાંથી પડે? પત્નીને રિબાવીરિબાવીને મારી નાખનાર પતિ એના બાળકોને પણ...

લક્ષ્મણ : (એકદમ-વચમાં જ) મહારાજ, આપ શું બોલો છો? (સહેજ વાર અટકી પછી) આપની સમજણ જરા જુદી છે, દેવી સીતાનું પ્રારબ્ધ કદાચ એવું જ હશે!

રામ (રુદન કરતાં) એ જ તારી ભૂલ છે, વીરા! દેવી સીતાનું પ્રારબ્ધ ખોટું ન હતું. એનું ભાવિ બગાડનારો હું છું.

લક્ષ્મણ : (શાંતથી) ભગવન્, આપ શોક ન કરો! વિધાતાએ નિર્માણ કરેલા ભાવિમાં સ્વયં બ્રહ્મા પણ ફેરફાર કરી શકતા નથી. સીતાજીના ત્યાગમાં આપ તો માત્ર નિમિત્ત જ બન્યા હતા!

રામ : (હિબકાં નાખતા) મન મનાવવાનાં એ બધાં ફાંફાં છે, ભાઈ! સીતા આજે આ અવનિમાં નથી એ તો ચોક્કસ જ છે ને? લક્ષ્મણ, મને રાણીના મૃત્યુએ ઘેલો બનાવ્યો છે એ પણ એટલું જ ચોક્કસ છે!......તને કદાચ આમાં મારી ઘેલછા દેખાશે! ભલે, તારી માન્યતાઓની આડે આવવાની મારી સહેજ પણ ઇચ્છા નથી.

[લથડિયાં ખાતા રામ ઊભા થાય છે. ધીમાં પગલાં ભરતા તેઓ સભાખંડમાંથી નીકળી બહાર અટારીમાં જાય છે. દૂરદૂર ક્ષિતિજમાં દેખાતા ઝાંખા ડુંગરાઓ તરફ દૃષ્ટિ દોડાવતા તે શૂન્યમનસ્ક જેવા બની રહે છે! લક્ષ્મણ ગુપચુપ પાછળ ઊભો હોય છે.]

લક્ષ્મણ : (કરુણભાવથી) દેવ, આપ બાવરા કેમ બની ગયા છો?

રામ : (બેધ્યાનપણે દૂરદૂર આંગળી ચીંધતાં) ભાઈ, તને કંઈ સંભળાય છે ખરું? જો, સીતા મને ઠપકો દઈ રહી છે. એની આહ હું સાંભળું છું. ઓહ... કેવી દુઃખભરી આ અવસ્થા છે! લ...ક્ષ્મ...ણ, મહારાણી મને એની પાસે બોલાવે છે; હું જાઉં?

લક્ષ્મણ : (આવેશપૂર્વક) મહારાજ....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિયોગ

લેખક :
શ્રી જગજીવન એમ. શાહ

માનવીને જ્યારથી પોતાની અલ્પતાનું ભાન થયું ત્યારથી એણે ભક્તિમાર્ગનો આશ્રય લીધો; પછી તે ભક્તિ નિરંજન નિરાકારની હોય કે સાકારની હોય અર્થાત્ સગુણ હોય કે નિર્ગુણ હોય. ગીતાજીના બારમા અધ્યાયમાં ભક્તિમાર્ગની ઊંડી તલસ્પર્શી વિચારણા થઈ છે. વધુ સ્પષ્ટીકરણથી દાખલાઓ સાથે અહીં એ માર્ગ સમજાવવામાં આવ્યો છે.

'અનન્ય ભક્તિથી જ માણસ ઈશ્વરને જાણી શકે છે.'

ગીતાજી એ મહાભારતનો એક નાનો વિભાગ ગણાય છે. મહાભારતમાં લગભગ એકાદ લાખ જેટલા શ્લોકોનો સમાવેશ થાય છે. તેમાંથી હિંદુધર્મના આ મહાન પુસ્તક 'ગીતાજી'માં ૭૦૦ શ્લોકો લેવામાં આવ્યા છે. એ ૭૦૦ શ્લોકોને ૧૮ અધ્યાયની અંદર વહેંચી દીધા છે અને તેમાંનો બારમો અધ્યાય આપણને 'ભક્તિયોગ'નું ખરું રહસ્ય સમજાવે છે.

પહેલાં આપણે ભક્તિમય બનીને જ આ અધ્યાયનું મનન આદરવું જોઈએ; અને એટલા માટે આપણે વિવાહપ્રસંગે નવદંપતીને જે પાંચ યજ્ઞો કંઠે કરવાના કહીએ છીએ, તેમાંનો આ અધ્યાય એ પણ એક યજ્ઞરૂપે છે.

બારમા અધ્યાયની શરૂઆતમાં અર્જુન ભગવાનને પૂછે છે: 'સગુણ ભક્ત અને નિર્ગુણ ભક્ત–એ બેમાંથી તમને વધારે કયો ગમે?' અથવા 'સાકારને પૂજવામાં અને નિરાકારને પૂજવામાં તફાવત શો?' ભગવાન શો જવાબ આપે? ભગવાન જવાબ આપે તે પહેલાં આપણે વિચારી જોઈએ:

એક માતાને બે બાળકો છે: જેમાંનો એક માતાથી દૂર રહે છે અને સારો કમાઉ છે. બીજો ક્ષણભર માને વિખૂટી પડવા દેતો નથી. હવે આપણે માતાને પૂછીએ કે આ બંનેમાં વધારે પ્રિય કોણ? તો માતા એ જ જવાબ આપે કે 'મને બંને બાળકો સરખા પ્રિય છે.' કદાચ માતા એક બાળક ઉપર ગુસ્સે થાય એટલે એનો પ્રેમ બાળક ઉપરથી ઓછો થયો છે એમ ન કહી શકાય.

જીવનમાં સગુણ અને નિર્ગુણ એમ બંનેનો

મોટાભાઈ, આપ ભાન ગુમાવી રહ્યા છો. આપ શયનગૃહમાં પધારો!

રામ: (ઘેલછા વ્યક્ત કરતાં) મારી સીતા, તું વનમાં રહે...ને...હું ભવનમાં રહું...આ એક મોટો અન્યાય છે–તારી સાથેનો એ ધોકો છે...ત...ત તારી સાથેનો એ....

લક્ષ્મણ: મોટા ભાઈ...મોટા ભાઈ!

રામ: (અટારીના કઠેરાના આરસ સાથે માથું પછાડતાં) દેવી, કેટલાં વર્ષોનો આ વિયોગ છે! હવે હું મૂર્ખ બની તને નહિ સંતાપું! મા...રી...સીતા, મા...રી હૃ...દ...યે...શ્વ...રી, હું...પણ....તારી...પાસે જ...આવું...છું!!!

[મૂર્છિત બની રામ નીચે ફરસબંધી ઉપર ઢળી પડે છે. બાવરો બની ગયેલો લક્ષ્મણ એમને ઢંઢોળવા લાગે છે. નદીના કિનારા ઉપરથી આવતો વીણારવ વધુ ઘેરો બને છે. સિંહાસનવાળા ખંડમાંના દીપકો એક પછી એક બુઝાતા જાય છે અને થોડીવારે ચોમેર ઘોર અંધકાર પ્રસરી રહે છે.]

પડદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવ હોવો જોઈએ, તો જ જીવનમાં પૂર્ણતા આવી શકે. આપણે પ્રથમ સગુણ-પૂજક હોઈએ છીએ. બુદ્ધધર્મમાં ત્રણ વસ્તુ કહેલી છે:

'बुद्धं सरणं गच्छामि । હું બુદ્ધને શરણે જાઉં છું.
संघं सरणं गच्छामि । હું સંઘને શરણે જાઉં છું.
धम्मं सरणं गच्छामि । હું ધર્મને શરણે જાઉં છું.'

આ પ્રમાણે આપણે કોઈ એક મહાત્માની આસપાસ ભેગા થઈએ છીએ. ભગવાન બુદ્ધ જેવી કોઈ મહાન વિભૂતિ પેદા થાય કે તે મૂર્તિની આસપાસ આપણે નાચવા માંડીએ છીએ. ભગવાન બુદ્ધની મૂર્તિ લો, કે ગાંધીજીન છબી લો, ટિળકની છબી લો, કે જેને માનતા હો તેની છબી લો. એની પાસે આપણે ઊભીએ છીએ, ત્યારે પ્રેરણા મેળવીએ છીએ. પણ આખરે દેહ તો પડવાનો જ છે. બધીયે મૂર્તિઓ, છબીઓ, બધાય આકારો તો ભાંગવાના જ છે, માટીમાં પડવાના છે.

માનવીનો દેહ નાશ પામે એટલે શું રડતા રહેવાનું? સમર્થ રામદાસ સ્વામીજીનું મૃત્યુ નજીક આવ્યું, ત્યારે તેમના શિષ્યો રડવા લાગ્યા. તેના જવાબમાં સમર્થે કહ્યું: 'શું આ જ શીખ્યા કે? મારી પાર્થિવ મૂર્તિનો લોપ થવાનો છે; પરંતુ હું જે ધ્યેયની ઉપાસના કરી ગયો છું તે કદી પણ મરનાર નથી.' મહાત્માજીનું મૃત્યુ નીપજ્યું પરંતુ એમણે જે અહિંસા અને શાંતિના સિદ્ધાંતોને જીવન-સિદ્ધાંત તરીકે અપનાવ્યા હતા, તેને શું આજે જવાહરલાલ અને વલ્લભભાઈ પોતાના જીવનમાં અપનાવવા પ્રયત્ન નથી કરતા? શું આજે એ સિદ્ધાંત હિંદની પ્રજા પોતાના જીવન સામે નથી રાખતી? કરાંચીમાં ગાંધીજીએ જ કહેલું, કે 'ગાંધી જશે, આ મૂઠીભર હાડકાં સહેજે કચડી શકાશે; પરંતુ હું જે તત્ત્વની નમ્રપણે ઉપાસના કરું છું, તે તત્ત્વ કદી પણ મરનાર નથી.' એટલે આ રીતે આપણે સગુણમાંથી નિર્ગુણ તરફ જવાનું હોય છે.

બુદ્ધ નિર્વાણ પામ્યા પછી, મહાત્માજી નિર્વાણ પામ્યા પછી તેમના અનુયાયીઓ તેમના ધ્યેયની જ ઉપાસના કરે છે. દેહ નાશ પામે છે; પરંતુ ધ્યેય અમર છે. આપણે તે ધ્યેયને વળગી રહેવાનું હોય છે.

આપણે લક્ષ્મણજીને સગુણ ભક્તની ઉપાસના આપી શકીએ. જ્યારે રામચંદ્રજી વનમાં જવા તૈયાર થયા ત્યારે તેમણે કહેલું, 'હે રામ! હું તમારા વિના એક ક્ષણ પણ નહિ જીવી શકું.' પરંતુ આખરે નારદજીના પ્રયત્નથી તેમને પણ રામનો વિયોગ સહન કરવો પડે છે; એટલે તેમને સગુણમાંથી નિર્ગુણ તરફ જવું પડે છે.

ભરત નિર્ગુણ ભકત ગણાય. રામચંદ્રજીની પ્રત્યક્ષ મૂર્તિ તેની પાસે નહોતી, છતાં તેણે બાર વર્ષ નંદીગ્રામમાં રામચંદ્રજીની પાદુકા પૂજી તેના વતી રાજ્યકારભાર કર્યો.

ઘણીવાર એમ માનવામાં આવે છે, કે સગુણની પરાકાષ્ઠા એટલે જ નિર્ગુણ. સર્વત્ર જ પ્રભુરૂપ દેખાવા લાગે; એટલે છેવટે આપણે આંખો મીંચીને શાંત બેસીએ છીએ, જાણે કે નિર્ગુણોપાસક બનીએ છીએ, જાણે પાસક આમ શાંત બેસતો નથી. તે સમાજમાં બધે ય ફરે છે, તે કર્મયોગી હોય છે, સગુણ રૂપની સેવા કરવાને તે દોડે છે, વિશ્વરૂપની ઝંખનાને કોરે મૂકીને તે બે હાથવાળા પરમેશ્વરની પાસે દોડી જાય છે; અને એવી સેવા કરતાંકરતાં તે ઉત્તરોત્તર અધિક નિર્મળ બને છે, કેવળ જ્ઞાનરૂપ બને છે. બારમા અધ્યાયમાં ભકતન લક્ષણ બતાવવામાં આવ્યાં છે. સગુણ બ્રહ્મન ઉપાસના કરતાંકરતાં આજુબાજુન પરમેશ્વરની કર્મમય પૂજા કરતાંકરતાં તે લક્ષણો ભક્તના શરીરમાં જણાય છે. ભકત પ્રેમમય બને છે, કેવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરહંકારી બને છે. કોઈને પણ દુઃખ દેનારો નહિ, કોઈને પણ કંટાળો આપનારો નહિ–સદા ય સેવાવ્રતી.

ભગવાને અર્જુનને ચાર રીતો બતાવી છે: સહુ દેહધારી જાણ્યેઅજાણ્યે સાકારના જ ભક્ત છે; એટલે તો તું મારા સાકાર વિશ્વરૂપમાં જ તારું મન પરોવી દે, બધું મારી પાસે ધરી દે; પરંતુ તે ન કરી શકાય તો ચિત્તના વિકારોને રોકવાનો પ્રયત્ન કર. એટલે યમનિયમાદિનું પાલન કરી પ્રાણાયામ-આસનાદિની મદદ લઈ મન ઉપર કાબૂ મેળવ. આમ પણ ન કરી શકતો હોય તો જે કાંઈ કરે તે મારે માટે જ કર. એવી ધારણાથી તારાં બધાં કામ કર; એટલે તારો મોહ, તારી મમતા મોળાં પડશે ને તેમતેમ તું નિર્મળ થતો જઈશ ને તારામાં ભક્તિરસ આવશે. આ પણ ન થઈ શકે તો કર્મમાત્રના ફળનો ત્યાગ કરી દે; એટલે કે ફળની ઇચ્છા છોડી દે. તારે ભાગે જે કામ આવી પડે તે કર. ફળનો સ્વામી માણસ થઈ જ શકતો નથી. ફળ ઉપજાવવામાં ઘણાં અંગો ભેગાં થાય છે ત્યારે તે ઊપજે છે; એટલે તું નિમિત્ત માત્ર જ થઈ જા. આમાંથી તને પસંદ પડે તે પ્રમાણે તું આચરણ કર.

ભગવાનને કેવા ભક્ત પ્રિય હોય છે?

'મારો ભક્ત હર્ષ, શોક, ભય વગેરેથી મુક્ત હોય, તેને કશા પ્રકારની ઇચ્છા ન હોય, તે પવિત્ર હોય, તે કુશળ હોય, તેણે મોટા આરંભો છોડ્યા હોય, નિશ્ચયમાં દૃઢ રહેતો છતાં અશુભ અને શુભ પરિણામ બન્નેનો તે ત્યાગ કરે, એટલે કે તે વિશે નિશ્ચિંત રહે, તેને શત્રુ કોણ ને મિત્ર કોણ? તેને માન શું ને અપમાન શું? એ તો મૌન ધારણ કરી જે મળ્યું એથી જ સંતોષ પામી પોતે એકલો નથી એમ રહી વિચરે; અને બધી સ્થિતિમાં સ્થિર થઈ રહે.' આ પ્રમાણે જે શ્રદ્ધાવાન થઈ રહે તે ભક્ત ભગવાનને પ્રિય હોય છે.

જે સાચો ભક્ત છે તે કોઈનો દ્વેષ કરતો નથી. તે બધા પ્રત્યે અનુકૂળ અને દુર્દૈવીઓ પ્રત્યે દયાવાન હોય છે. 'હું' અને 'મારું'ના બે દોષોમાંથી હમેશાં તે મુક્ત હોય છે. સુખદુઃખ પ્રત્યે સમાન બની એ બધા પ્રત્યે ક્ષમાવાન હોય છે. એ પોતાની વાસનાઓને કાબૂમાં રાખી, નિશ્ચયમાં દૃઢ રહી, પોતાનાં મન અને બુદ્ધિ ઈશ્વરને અર્પણ કરી દે છે. એનાથી લોકો ત્રાસતા નથી, લોકોના દોષોથી એ ત્રાસતો નથી. ક્રોધ, ભય અને ઉદ્વેગ વગેરેના દોષોથી તે વેગળો રહે છે, એને કશાયની ઉપેક્ષા નથી હોતી, એ બધી રીતે સ્વચ્છ રહે છે. તે પોતાના કર્તવ્યમાં દક્ષ હોય છે. પોતાને થતી વ્યથા પ્રત્યે તે તદ્દન ઉદાસીન હોય છે, આવી પડેલું કર્તવ્ય પાર પાડવાની એના ટેક હોવાથી એ પોતાની મેળે કોઈ પણ પ્રવૃત્તિ હાથે કરીને વહોરી લેવા ચાહતો નથી. શુભ પ્રાપ્ત થાઓ કે અશુભ, બન્ને વિષે તે ઉદાસીન જ હોય છે. એ ન તો હર્ષ-ઘેલો રહે છે, ન તો દ્વેષથી આંધળો રહે છે. ન કશાની અપેક્ષા રાખે છે, ન કશાનો શોક કરે છે. શત્રુ અને મિત્ર, માન અને અપમાન, શીત અને ઉષ્ણ, સુખ અને દુઃખ, એ બધાં દ્વંદ્વો જાણતો છતાં બંને પ્રત્યે સંગરહિત હોય છે. નિંદા એવો એનો સમાન ભાવ જ હોય છે. જે કે સ્તુતિ એને માટે સમાન હોય છે. કાંઈ મળે એટલાથી તે સંતુષ્ટ રહે છે. પોતાને રહેવા સ્થાયી ઘર હોતું નથી એટલે જ્યાં જાય ત્યાં એ પોતાનું ઘર જ સમજે છે. જેવી રીતે સરોજિની નાયડુએ 'પ્રવાસી ગવૈયા (અં. વૉંડરિંગ સિંગર્સ)' નામના કાવ્યમાં ભટકતા ગવૈયાઓ રખડતા હોય છે અને તે આખી દુનિયાને પોતાનું ઘર સમજે છે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું છે તેવી જ રીતે ભકતનું સમજવું; એટલે એની મતિ હમેશાં સ્થિર હોય છે. ચંચળતા એને વળગતી નથી. આવા આદર્શવાળો જે માણસ હોય તે ભગવાનને પ્રિય થાય તેમાં આશ્ચર્ય નથી. ઈશ્વરનું કાર્ય એને હાથે જ પાર પડવાનું એમાં આશ્ચર્ય શું? શંકાને સ્થાન શું? ચર્ચાની આવશ્યકતા શી?

એક વખત મહાત્માજીને કોઈએ પ્રશ્ન પૂછેલો, કે 'ભક્ત આરંભ નહિ કરે એટલે શું, તે એકાદ દૃષ્ટાંતથી સમજાવશો?'

'ભક્ત આરંભ નહિ કરે એટલે તેણે કોઈ પણ વ્યવસાયના ઘાટ નહિ ઘડ્યા હોય. વેપારી હોય અને કાપડનો વેપાર કરે છે તો આવતી કાલે લાકડાંને ઉમેરવાનો ઉદ્યમ કરે અથવા કાપડના વેપારમાં આજે એક જ દુકાન છે તો આવતી કાલે બીજી પાંચ ઉમેરી બેસે એનું નામ આરંભ. ભક્ત તેમાં ન પડે. આ નિયમ સેવાકાર્યમાં પણ લાગુ પડે છે. ભક્તના સર્વ આરંભ ભગવાન રચે છે. તેનાં બધાં કર્મ પ્રવાહપ્રાપ્ત હોય છે, તેથી તે 'संतुष्टो येन केनचित्' રહે.'

ભકતો ભગવાનને ભજવામાં અને તેનું મનનપૂર્વક સ્મરણ કરવામાં કેટલા તલ્લીન હોય છે તેનું દૃષ્ટાંત શ્રીમદ્ શંકરાચાર્યજીના જીવનમાંથી મળી આવે છે.

શ્રીમદ્ શંકરાચાર્યજીની ઉંમર પાંચ વર્ષની હતી, ત્યારે તે પોતાના ગામમાં આવેલા શંકરના મંદિરે પૂજા કરવા જતા. તેઓ ત્યાં પૂજા કરવા, સાંજના ભાગમાં પોતે ગમે ત્યાં રમતા હોય છતાં અવશ્ય પહોંચી જતા. એક વખત તેમની આવી અડગ ભક્તિ જોઈને કેટલાક વડીલ ભક્તજનોએ તેમને થોડાક પ્રશ્નો પૂછ્યા. તેમનો જવાબ એમણે એટલી સચોટ રીતે આપ્યો, કે જેથી તે તેમના ઉપર ખુશ થયા અને ભગવાનશ્રી શંકરાચાર્યજીની કીર્તિ ઉત્તરોત્તર વધતી ચાલી.

આખા પ્રાંતમાં તેમની કીર્તિ ફેલાઈ ગઈ. એક રાજાએ તેમને મળવા બોલાવ્યા, ત્યારે શંકરાચાર્યજીએ ઉત્તર આપ્યો: 'મને રાજ-દરબારનો મોહ નથી.' કેટલી ભવ્ય ત્યાગ-ભાવના! કોની પાછળ? ઈશ્વરની ભક્તિ પાછળ. ભગવાનની ભક્તિનું આવું ચમત્કારિક વલણ છે તે શંકરાચાર્યજીના જીવન ઉપરથી આપણે ગ્રહણ કરી શકીએ છીએ.

જ્યારે રાજાએ તેમને થોડાઘણા સવાલ પૂછ્યા, ત્યારે શંકરાચાર્યજીએ કહ્યું: 'રાજન્! ઈશ્વર સર્વત્ર છે, આપણે તેને આપણી વૃત્તિ અનુસાર પૂજીએ છીએ, બાલ્યાવસ્થાથી જ મને પથ્થરની મૂર્તિને પૂજવાની ટેવ છે; તેથી મને પથ્થર પ્રત્યે પણ આદર રાખવાની ટેવ પડી ગઈ છે. જો હું આજે પથ્થર પ્રત્યે આદર રાખતાં શીખું તો જીવમાત્ર પ્રત્યે આદર ને સમભાવ રાખતાં શીખી શકું. આ કારણે દેવોને પણ પથ્થર માનીને તેની ભકિત કરું છું.' સંસ્કૃતમાં એક શ્લોક છે, કે

'न द्विषन्ति न याचन्ते, परनिन्दां न कुर्वते।
अनाहूता न आयान्ति, तेनाश्मानोऽपि देवताः॥'

અર્થાત્ જે કોઈનો દ્વેષ કરતો નથી, જે કોઈ પાસે માગતો નથી, જે પારકાની નિંદા કરતો નથી, જેઓ વગર બોલાવ્યે આવતા નથી તેવા પથ્થરો પણ દેવ તરીકે પૂજાય છે.

ભક્તો જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે ભગવાનને ભજતા હોય છે. આવા ભકતોને 'તકસાધુઓ' તરીકે ઓળખાવી શકાય. માણસે શાંતિ મેળવવી હોય તો ઈશ્વરની ભકિત હમેશાં કરવી જ જોઈએ.

ઈશ્વર ઉપર હમેશાં શ્રદ્ધા રાખ્યા સિવાય ઈશ્વરની અસંકુચિત કૃપાનો વિશ્વાસ અને આનંદનો સાચો અંગીકાર કર્યા સિવાય, ભક્તિયુકત જીવન નિભાવવું અશકય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શામળની અક્ષોત્તરી

(વરત અને ઉખાણાં)

સંપાદક :
શ્રી માનશંકર ન. ભટ્ટ

૧

જીભ એક મુખ હોય, નેત્ર તો ત્રણુ ભણીજે,
ખટ ચરણે દો હાથ, ગુણ તેહના ગણીજે;
વસે એક પાતાળ, એક આકાશ લહીજે,
એક ઊંચ એક નીચ, કૃત્ય તેહનાં કહીજે.
એક તો જાણે છે જલતરણુ, એક ભારતી અદકી ભણે;
અક્કલવંત લ્યો ઓળખી, ગુણ તો શામળ કવિ ગણે.

૨

રૂડો રત્ન સમાન, ફલ ફળ સફૂલે ફળિયો,
કરે કથીરનું કનક, તેહથી ખહુ ગુણ ખળિયો;
સાગ શીશમ વૃક્ષવેલ, ભાર અષ્ટાદશ ભારી,
અમૃતફળ સહકાર, તેથી શુભ શોભા સારી.
લજ્જા રાખણુ સૌ લોકની, ચહે દેવ ને દાનવી;
શામળ કહે શોધી જુઓ, મહાસુખ દેવણુ માનવી.

૩

નારી એક અનુપ, સદા શોભંતી સહેલી,
બે અક્ષરમાં નામ, મૂઠ હ્રદયામાં મેલી;
ઉદર વચ્ચે એક શિંગ, એક આંખે દલ દેખે,
પવિત્ર સંગ પોસાય, ડાહી દુનિયામાં પુર પેખે.
જળપાન કરે એ મુખ થકી, શિંગ સહિત આંખે ઝરે;
શામળ કહે છે શોભે તહાં, જ્યાં વર ને કન્યા વરે.

૪

પૂજ્ય સુપાત્ર પવિત્ર, કુળ તેવાની કન્યા,
પિતા પરાજય કર્યો, એ પણ મોટો અન્યા;
વરી વડાઉ સાથ, જાત રૂડો અતિજાણી,
ચડ્યું ન કાંઈ કલંક, વડલોકોએ વખાણી.
તે પિતા કવણ, નારી કવણ, કવણ વડાઉએ તે વરી?
કુળ કવણ વિષે પેદા થઈ, શામળ કહે શોભી તે સુંદરી?

૫

પંખણી એક પાંગળી, કોડ ગ્નઝેથી કહાવે,
મોકલીએ ત્યાં જાય, આપ તેડાવી આવે;
ઊડે તે આકાશ, નહિ સમળી નહિ ગરજાણું,
સૂત્ર સાથ સોહંત, નહિ તે ડાહી દરજાણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાજે તે ઘોર ગંભીરતા, ધજા ફરકે બારણે-
શામળ કહે શાણા સમજજો, કવણ નાર તે કારણે ?

૬

પ્રૌઢ દીસે છે પેટ, શિંગ એક શીશ સહે છે,
સાત ચાંચે ચરંત, કોટિધા નૃત્ય કરે છે;
બાલક તેડયું બાંહે, ઠામનો ઠામ ઠરે છે.
ફરી જાણે છે તે કૂદડી, ઘોર સ્વરે ગુણ ગાય છે;
શામળ કહે તેના સંગથી, અમૂલ મૂલે વેચાય છે.

૭

અચરત એક અપાર, વપુ જેનું વાંકડિયું,
નહિ હાથ નહિ પાય, દીસે નાજુક નાનડિયું;
ઘણાં રૂપ બહુ નામ, ઘણી બાબત મુખ બોલે,
છત્રીસ રાગની લત્ય, દેશ-વિદેશે ડોલે.
બોલાવ્યું બોલે નીચ ઘેર, અમીર ઊંચને વશ કરે;
શામળ સમશા છે શોભતી, ધારક રૂડાં મન ધરે.

૮

ચરણ બારે બે શીશ, નથી તેને કર એકે,
નથી પૂછ કે મૂછ, પેટ વિણ વાંસો નીકે;
પુણ્યવંતને પાસ, જરૂર પણે તે જાય છે,
એકને દુઃખ દીસંત, એક મહામંગળ ગાયે.
આકારે લેજો ઓળખી, વેદના સઘળી વામશો;
શામળ કહે શિવપૂજન થકી, એહ પદારથ પામશો.

૯

અતિશે મોટું મુખ, બંને પાસાંથી સરખું,
શિંગ એક છે શિર, પાણી વિના તે પરખ્યું;
લાખ હજારો લોક, રહે સહુ તેને શરણે,
નિર્મળ સાથે નેહ, ચતુર ચાલે વણ ચરણે.
સમશા છે સાગર જેવડી, અકલવંત કહે આવડ્યું;
શામળ કહે કહો તો શીખવું, જો મુખથી કહો નાવડ્યું.

૧૦

ગોળાકાર ગુણવંત, દીઠા મેં ગામેગામે,
દશાશર તેનું નામ, નહિ રાવણને ઠામે;
એક થાયે અસવાર, ચરણ ત્રણ વાહન જેનું,
ચતુર ચૂકવે ન્યાય, પૂછે સાચું કહે તેનું.
તે કોઈનું મોં રાખે નહિ, લાંચ કોઈની નવ લિયે;
શામળ કહે શા કારણે, દેખે તેવું કહી દયે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

ખટ્ચરણો કહેવાય, ભમર તે તો નહિ ભાઈ,
એક વાંસો છે શીશ, કહું શી તેની કમાઈ?
વીંધ્યું બે પાસે નાકે, નાથ ઘાલી ઘણી મોટી,
જુઓ કર્મના જોગ, પકડ વાંસા વીચ ચોટી.
તાજું કરે છે સઉ તેહને, જૂનું તે છે જોખમાં;
શામળ કહે તે શાહુકાર છે, રહે રૂડા ના રોખમાં.

૧૨

મસ્તક મોટું હોય, મુખ તેનું નવ દીઠું,
ન ખાય ન પીએ નીર, અમૃતથી બોલે મીઠું;
પ્રાઢ દંત પગ પેટ, પાંચ પંચે પરમાણે,
રાજદ્વારે રહે, ઘેર મોટમથી માણે.
સારંગ નામતો સર છે, સરસ વદે છે વાણીએ;
સમશા છે ભટ્ટ શામળ તણી, જાણો તો જશ જાણીએ.

૧૩

સિંહભક્ષ કહેવાય, અર્થ અંતરમાં ખેંચો,
તેને નામે નામ, ભાગ દશ વીશે વહેંચો;
દો કડકા દેખાય, ઠીક ઠરાવો ઠારે,
અકેક વહેંચી લિયો, ચતુર જન ભાગે ચારે.
પૂછી સમશા એ પંડિતે, તોલ કરી કહું છું તને;
તેહનો ભાગ જે ત્રીસમો, શામળ કહે ચાખો મને.

૧૪

પુરુષ પ્રતાપી એક, જગતને ચિત્ત ગમે છે,
રાય રંક સુર અસુર, તેહને સર્વ નમે છે;
સપુત તણું તે નામ, કુળમાં જે કહેવાય,
તેજવંત તરતીવ, પ્રભુ પહેલો પૂજાયે.
તે નરને શિરથી નીપજે, કરૂપ કુલક્ષણ કામની;
શામળ કહે છે તે શણગારથી, ભલ ભજે છે ભામની.

૧૫

વૃક્ષ ઉપરે વાસ, માન પદવી છે મોટી,
જટા વિરાજે શીશ, ચાસ તે ઉપર ચોટી;
ત્રણ નેત્રો તન માંહી, નહિ શિવજીનો સંગ,
અમૃત સરખું નીર, નહિ ગુણવંતી ગંગ.
તે જગતમાં જશ લિયે, ઓછવ મંગળમાં અતિ;
છે નરમ હાડ, કાયા કઠણ, શામળ કહે શોધો રતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

સરોવર સુંદર એક, પૂર્ણ તેમાં છે પાણી,
રીઝી રોખ ચળંત, રૂડાજન રાજારાણી;
તરશ ન છીપે તોય, પી ન શકે કોઈ પીસે,
બૂડે બાંધું જગત, એહ સમીપે જે બેસે.
બૂડતાં કોઈ બીએ નહિ, અંગે જળ તો જીવ અડે;
શામળ કહે શોધી અર્થ તે, જશવંતા જણને જડે.

૧૭

અતિશે ઉજ્જ્વળ અંગ, થયો કાળો તે કરમે,
ખટ્દર્શન ખટ્શાસ્ત્ર, ધરે અંતરમાં ધરમે;
પોતે જાત પવિત્ર, નાવા-ધોવાથી નાસે,
જળ પીધે જીવે નહિ, પલક ન રહે જળ પાસે.
પરમાર્થી પરાક્રમી ઘણો, પર મુલકમાં પરવરે;
શામળ કહે શાહ સુલતાન સહુ, અધિક આશ એની કરે.

૧૮

ચોદ વરણ પ્રત્યક્ષ, આપ ચાલે છે આઠે,
બાર હાથ બળવંત, પાંચ મસ્તક શિર ઠાઠે;
આભૂષણ ઓપંત, રાજદ્વારે તે રહે છે,
નારી જાતિ નવરંગ, વપુ પર ભાર વહે છે;
તે પુણ્ય વિના ન પમાય, દશ પંદર હજાર નામ છે;
શામળ કહે શોધી જુઓ, સૌને હૃદયે રામ છે.

૧૯

અચરજ મોટું એક, સાંભળ્યું છે સૌ કરણે,
જતાં હતાં જસવંત; તોલવાળા જણ ત્રણે;
ખટ પગ ને ખટ હાથ, નેત્ર બે દેવત દેખે,
બે ચરણે ચાલંત, લાખ લક્ષણથી લેખે.
તે કાનને નામે નામ છે. સત્યવાદી શોભિત સદા;
શામળ કહે છે શોધી જુઓ, કૂર બોલ નવ કહું કદા.

૨૦

નહિ વૃક્ષ, નહિ, વેલ નહિ પાને નહિ ફૂલે,
નહિ નેત્ર નહિ બીજ, કરે કણ અતિ અમૂલ્યે;
ગુણ જશ અપરંપાર, દેશ બધામાં દીઠું,
ભોજનમાં તે ભળે, મનુષ્યને લાગે તે મીઠું.
મોંઘું ગુણ તો મોતી થકી, સોંઘામાં સોંઘું સદા;
શામળ ભટ્ટ કહે શોધી જુઓ, કોઈએ નવ તજિયું કદા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

રથ છે એક સમર્થ, અંતરિક્ષે એ ચાલે,
બ્રહ્મા નામે નામ, મંદિરે તેને મહાલે;
અપરંપાર અપાર, પ્રજા પેદા જે થાયે.
વેઠે અગ્નિ આંચ, માર ઝાઝેરા ખાયે,
આવે અમૂલ્ય એ અર્થમાં, અલ્પ મૂલ્ય માંહે મળે;
શામળ કહે છે શોધી જુઓ; કવિ રૂડા તે તો કળે.

૨૨

ચતુર નર તું ચેત, એક અચરજ મેં દીઠું,
સુંદર રૂપ સ્વરૂપ, અધિક અમૃત પે મીઠું;
કાયા ઉપર હાડ, હાડ પર વાળ ભણી જે,
વાળ ઉપર રુધિર, રુધિર પર માંસ ગણી જે.
તે માંસ ઉપર ખાલ છે, વાળ ખાલ ઉપર નથી;
મસ્તક વિણ અમૃત ઝરે, કવિ શામળ કહે કથી.

૨૩

મંદિર એકમાં માન્ય, બેઠાં નરનારી નેહે,
લંપાઈ ગયા લીપટ, થયાં બે જણ એક દેહે;
ખવડાવ્યું તે ખાય, નીરમાં ચાંચ ન ઘાલે,
શરીર માંહે સાલ, ચલાવે ચાલ તેમ ચાલે.
જે ભક્ષ કરે તે ખાય ને, તેનું હગ્યું સઉ ખાય છે;
શામળ કહે રાગ સોહામણો, તે બોલતાં ગુણ ગાય છે.

ઉત્તર :

૧. દેડકા ઉપર સવારી કરનાર શુક્રાચાર્ય.
૨. કપાસ.
૩. ઝારી.
૪. 'છાશ' દહીંમાંથી થઈ અને દૂધમાં મેળવાઈ.
૫. પતંગ.
૬. હીરનો મોટો રેંટિયો.
૭. શરણાઇ–કરણાર વગેરે વાજાં.
૮. ઘોડિયું.
૯. નાવડું (વહાણ).
૧૦. દશશેરો.
૧૧. ત્રાજવાં (તોલવાનો કાંટો).
૧૨. તંબૂરો.
૧૩. માસને ત્રીસ ભાગે એક દહાડો, તેનો ચોથો ભાગ પહોર, પહોરનો ત્રીસમો ભાગ ૦। ઘડી.
૧૪. દીવાની મશ.
૧૫. નારિયેળ.
૧૬. દર્પણ.
૧૭. કાગળ.
૧૮. પાલખી.
૧૯. માબાપની કાવડવાળો શ્રવણ.
૨૦. મીઠું.
૨૧. કુંભારનો ચાકડો.
૨૨. કેરી.
૨૩. ઘંટી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦૨૧૫૩૬

અમાસની પૂનમ

લેખક :
અધ્યા. મધુકર રાંદેરિયા
એમ. એ.

'દિલમાં દીવો કરો રે દીવો કરો!' દૂરદૂરની કોઈ દિશામાંથી મધ્યકાલીન કવિ રણછોડની એ સરલાર્થ કાવ્યપંક્તિનો ધ્વનિ મારે કાને અથડાય છે; અને આત્મા જાણે જાગ્રત બની જાય છે. દીપોત્સવીના સ્થૂળ દીવાઓ ગોખમાં ઝળહળી રહે છે ને આજુબાજુ પ્રકાશનાં પાથરણાં કરે છે, ત્યારે તો એ પંક્તિનો અર્થ વધુ ને વધુ રહસ્યમય બનતો જાય છે. દીવડાઓનો ઓચ્છવ! તમસ ફેડીને તેજની આરાધના! એ આરાધના શું મારા ઘરનો ઉંબર જ ઉજાળવા પૂરતી મર્યાદિત હોઈ શકે? એક દિવસ ઝળાંઝળાં અને વળી પાછી એ જ અંધકારની ફેરી? ના, ના, દીપકોનો ઉત્સવ એટલે આનંદ, ઉલ્લાસ, પ્રકાશ અને નવચેતનનો ઉત્સવ. આ સુંદર સ્વચ્છ સુશોભિત વસ્ત્રો, આ મિષ્ટાન્ન, આ બારીબારણે આસોપાલવનાં તોરણ, આ ગોખે દીવડા, સગાંસંબંધીઓનું આ આનંદભર મિલન—બસ દીપોત્સવી ચરિતાર્થ થઈ ગઈ? તો પછી 'દિલમાં દીવો કરો, દીવો કરો,' એ કવિબોલનો કોઈ ગૂઢાર્થ નથી? ના છે, અવશ્ય છે. એક પક્ષે પ્રકાશ ને બીજે પક્ષે અંધકાર! અંધકાર એટલે અધર્મ, અજ્ઞાન, જડતા, વિલાસિતામાંથી ઉદ્ભવતી નીતિશિથિલતા. એમાં ય કોઈ હૈયાફૂટાને ઝબકારો લાધી જતો દેખાય છે, પણ એ છે આગિયાનો ઝબકારો; એમાં સ્થિરજ્યોત દીવડીનાં દર્શન નથી.

અને આ વિચારધારાનું અનુસંધાન થતું મને જણાય છે, ત્યાં કવિકુલગુરુ કાલિદાસની સ્મૃતિ ઊભરી આવે છે. ભોગની, વિલાસની લાલસા સાથે એ મહાકવિએ હમેશ શાપને જોડ્યો છે. એ આર્ષદ્રષ્ટાનો મહામંત્ર એક જ હતો કે ઉલ્લાસ સાથે તપને સાંકળો, સંયમને સાંકળો. સુવર્ણ એટલે અગ્નિ અને સૌન્દર્ય; જીવન એટલે તપોવન અને ઉપવન બંને.

દીપોત્સવીનો દિન આવે છે ને કવિવરનો એ સંદેશ નવો પ્રાણ ફૂંકી જાય છે. ઉત્સવોની ધૂળ વચ્ચે એના સંયમનો આદેશ ગર્ભિત છે. સંયમ ખરો પણ નિષ્ક્રિય, સ્થૂળ નહિ, પરંતુ સૂક્ષ્મ ગતિ–આત્મક, રચનાત્મક સંયમ. જે સંયમથી માનવીનું જીવન ઉન્નત બને, અંધકારમાંથી એ પ્રકાશમાં જાય, જેમાં તમસો મા જ્યોતિર્ગમયના ઉપનિષદબોલમાંથી નીકળતો ધ્વનિ સાર્થક બને. ચૌદશને દિને નરકાસુરનો નાશ થયો; અને દેશ અનાવિલ થયો એનું રહસ્ય શું? અમાસની બીજી રાત્રે સ્થૂળ અંધારાં આભમાં ઊભરાતાં છતાં પૃથ્વીને પટે તેજનો ઓચ્છવ ઉજવાય એનો મર્મ શો? અને તેને બીજે દિને બેસતા વર્ષે આપણા નવા ચોપડા પર કંકુ–અક્ષત છંટાય ને નવા વ્યવહાર મંડાય એનો અર્થ શો? એક જ: તમસમાંથી જ્યોતિ ભણી પ્રયાણ. આત્માને રુંધતા રિપુઓનો નાશ કરીને ઊર્ધ્વગમનનો આરંભ.

આસો સુદ એકમથી ચાલી આવે છે ઓચ્છવની પરંપરા......નવરાત્રિને નામે ઓળખીએ છીએ એને. એ નવ રાત ને નવ દિવસ, મહિષાસુર અને જગદંબા દૈવી શક્તિમૂર્તિ વચ્ચે ભીષણ દ્વંદ્વ થાય છે. અસુરમૂર્તિ હણાય છે, દૈવી મૂર્તિનો જય થાય છે. મારા અંતરમાં એક નજર દોડાવું છું ને ત્યાં બેઠેલો જોઉં છું એ જ મહિષાસુર. અંતરમાં બીજી એક દૃષ્ટિનો દોર પરોવું છું ને ત્યાં કાંઈક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથામણ અનુભવતી નિહાળું છું એ જ દૈવી શક્તિને. ઘડીભર આશ્ચર્યો મને આવરી લે છે. આ મારું નાનકડું અંતર, એમાં જ બેઠા છે રઘુપતિ રાઘવ રાજા રામ અને એમાં જ બેઠો છે રાક્ષસરાજ રાવણ; એમાં જ બિરાજે છે પાંચ પાંડુપુત્રો અને એમાં જ આંખ લાલ કરતા ઊભા છે સો કુરુપુત્રો અને એમની વચ્ચે સનાતન યુદ્ધ ચાલ્યા જ કરે છે. મારું એ જ નાનકડું અંતર લંકાની રણભૂમિ અને કુરુક્ષેત્રનું મેદાન બની રહે છે. દૈવી અને આસુરી શક્તિનો ગજગ્રાહ ચાલ્યા જ કરે છે—ચાલ્યા જ કરે છે; પણ એ ક્યાં સુધી ચાલશે?

નવરાત્રિના દિવસોમાં પાવાગઢથી ઊતરતી મા મહાકાળીના ગરબાઓ બુલંદ સૂરે ગજવ્યા કરીશ એટલે એ યુદ્ધ થંભી જશે? હરગિજ નાહ. નવરાત્રિના દિવસોમાં મારા એ અંતરમાં હું અખંડ દીવડો જલાવું ને એ દૈવી શક્તિની આરાધના માંડું, એ અંધકાર ફેડવાને પ્રયત્નશીલ બનું. એ શક્તિ રીઝશે ને મને મોક્ષ આપશે. મોક્ષ એટલે પુનર્જન્મની ફેરીમાંથી ઊગરી જઈશ એમ નહિ; મોક્ષ એટલે એક એવી દૈવી ભાવના મારામાં જાગૃત થશે, જે શત્રુનું શુભ કરશે; અહિતકર્તાનું ભલું વિચારશે, શત્રુ પ્રત્યે કરુણા છલકાવશે; અને આસો સુદ દશમ—વિજયાદશમી—સીમા-ઉલ્લંઘનનું મહાપર્વ. નવરાત્રિ દરમિયાન પ્રકાશથી છવાયેલું મારું અંતઃકરણ, આ દશમીને દિને બાકી રહેલા શત્રુને નિર્મૂળ કરવાને પુરુષાર્થભર્યું એક પગલું આગળ માંડે છે. તે દિને, પોતાની વિશુદ્ધિને લાંછન લગાડવા તત્પર બનતા જતા શત્રુનો દુષ્ટ હેતુ પામી જઈ મારું અંતઃકરણ સીમાનું ઉલ્લંઘન કરી, શત્રુના દેશમાં લડાઈ લઈ જઈ એનો પરાભવ કરે છે એમાં મહત્ત્વાકાંક્ષા રહેલી છે, આત્મશુદ્ધિની. વધુ ને વધુ પ્રકાશનો ઉદય થતો રહે એવી ઝંખના એમાં સમાયેલી મને જણાય છે.

અને આ બધી જીવન-ફિલસૂફી ઉપર જાણે છોગું ચડતું હોય એમ મારી નજર સમક્ષ હું જોઉં છું: વિજયાદશમીને દિને, પૃથ્વીનો પ્રકાશ પ્રથમ વાર જોતા મારજેતા ભગવાન બુદ્ધની મૂર્તિ. માર-અવિદ્યા-નો પરાજય એટલે આત્માની સંપૂર્ણ શુદ્ધિ; અને એ જ બીજા અર્થમાં બુદ્ધત્વ વા નિર્વાણ દશા. આશ્વિન માસની શુક્લ પ્રતિપદાથી માંડીને વિજયાદશમીએ પૂરા થતા દસ દિવસમાં જાણે હૃદયસ્થ જગદંબા પ્રકાશયાત્રા જ આદરતી રહી છે!

દશેરા શૌર્યનો ઉત્સવ છે, તો એની પૂંઠે ચાલી આવતી શરદપૂર્ણિમા 'કુદરતનું કાવ્ય અનુભવવાનો' દિન છે. નિસર્ગશ્રી તે દિને ઉદાર દિલે હૈયાનાં અમૃત રેલે છે. એ ચાંદરણાંની મીઠાશ જેણે માણી હોય તે જાણે. અને આ પણ કેવી અપૂર્વ સાંકળ રચાઈ જાય છે—યુદ્ધના આકરા તાપ પછી આવતી કલામય ચાંદની, જાણે રક્તલિપ્ત ભૂમિ ચાંદીના રસથી વા શુભ્રોજ્જ્વલ દૂધે ધોવાઈ રહે છે! સર્વત્ર શાંતિ, આનંદ, ટાઢક ને શુભ્રતાનું જ સામ્રાજ્ય વ્યાપ્યું છે.

મહિષાસુર મરાયો, હૃદયનું તંત્ર સ્વતંત્ર, સ્વાયત્ત થયું એટલે પછીનાં પગલાં હોય સમૃદ્ધિનાં, શાંતિનાં, નિર્મળ પ્રસન્નતાનાં. આકાશમાંનો ઘેરો વાદળ-ઘટાટોપ દૂર થાય છે ને નભ સ્વચ્છ બને છે. ત્યાં પર્વણી ઊજવવાની પાત્રતા થાય છે અને એટલે જ આ આવી રુમઝૂમ કરતી, પ્રકાશની જાણે પગલેપગલે પરબ માંડતી દીપોત્સવી. દીપોત્સવી એટલે હૃદયને લાધેલી અજર જ્યોતિનો ઉત્સવ. એ પર્વનું ગૌરવ જેટલું કરીએ તેટલું ઓછું છે.

આપણી દિવાળી—આ અનુપમ જીવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તહેવાર પાછળનું કયું રહસ્ય છે?

રોગ, દરિદ્રતા, મલિનતા અને આળસ–સૌ અંધકારનાં સૂચક છે. કાકાસાહેબે જેને બિરદાવ્યું છે તે બળિરાજ્યમાં એવા અંધકારમાંથી લોકો મુક્ત હોય, ત્યાં વિલસે સર્વત્ર પ્રેમ: એના પ્રત્યેક ભિન્નભિન્ન સ્વરૂપે. સાચેસાચ જેનું અંતર પરિશુદ્ધ થયેલું છે તે જ સાચી રીતે આ બળિરાજ્યમાં પ્રવેશી શકે; અને એવો પ્રવેશ પામવાની પૂર્વ ભૂમિકા રચાય છે નવરાત્રિના પ્રથમ દિવસથી. કથા કહે છે, કે સત્યભામાએ શ્રીકૃષ્ણની સહાયથી પ્રાગ્જ્યોતિષમાં રાજ્ય કરતા વિક્રમવંત રાજા નરકાસુર સામે યુદ્ધ કરી, તેનો ધ્વંસ કર્યો હતો–ચતુર્દશીને દિને. એ નરકાસુરનું સ્વરૂપ તો સ્થૂળ હતું, પણ પ્રતિ વર્ષે એનો ધ્વંસ કરવો જરૂરી છે, કારણ સૂક્ષ્મરૂપે એ નરકાસુર માનવીના અંતરેઅંતરે જડ ઘાલીને બેઠો છે. સત્યભામાએ ચૌદસે નરકાસુરને હણ્યો ને પછીના દિવસે એટલે અમાવાસ્યાએ લોકોએ મહોત્સવ ઊજવ્યો ઘરઆંગણામાં પ્રકાશનાં પૂર વહાવ્યાં. અમાસને ઊજળી કરી દીધી, જાણે પૂનમનાં પાથરણાં થયાં! આંગણાં ધોવાઈને વાળી–ઝુડાઈને સ્વચ્છ થાય, અંતઃકરણનાં જાળાંઝાંખરાં ખખેરાઈ જાય, રાત્રિનો અંધકાર ઊજળો થઈ જાય અને માનવી ઋણમુક્ત બને એ દિવસનું માહાત્મ્ય ઓછું કેમ હોઈ શકે?

અને દિવાળીનો બીજો દિન એટલે બેસતું વર્ષ. નવું વર્ષ બેસે છે; અને સંવત બદલાય છે. સંવત શબ્દ સાથે વિક્રમરાજાનું નામ સ્મૃતિમાં આવે છે. અને વિક્રમરાજા ઓળખાતા પરદુઃખભંજન તરીકે. પારકાંનાં દુઃખો દૂર કરવાનું એ મહારાજવીનું જીવનધ્યેય હતું. આજે બે હજાર વર્ષથી એ ભાવના સૂક્ષ્મ રીતે જીવંત રહેલી છે. બેસતા વર્ષનું કાંઈ પણ રહસ્ય હોય તો તે મને આજ જણાય છે–પારકાંનાં દુઃખો દૂર કરવાનો હું પ્રયત્ન કરું. 'આત્મવત્ સર્વભૂતાનિ'નો મંત્ર જપું. પારકાંની પીડ જાણી, નરસૈયાએ ગાયો છે તેવો સાચો વૈષ્ણવજન બનું. જે જીવનભાવના માટે વિક્રમ જીવ્યા, જેને કારણે એનું પવિત્ર નામ સંવત્સર સાથે સંકળાયું એ ભાવના હું આચારમાં મૂકું. હૃદયમાંથી વેરઝેર દૂર કરું, નવેસરથી પ્રીતિસંબંધો બાંધું; અને મારા તથા માનવમાત્રના જીવનને કોઈ ઉચ્ચતમ કક્ષાએ લઈ જાઉં.

અને એક નવો જ વિચારસ્ફુલિંગ આ સાથે ઝબકી જાય છે. નવરાત્રિથી શરૂ થતા અને ભાઈબીજે પૂરા થતા આ પ્રેરણાદાયક દિવસોનો કડીબદ્ધ સંદેશ એક જ છે: સ્વ-હૃદયપરીક્ષા અને ઊર્ધ્વગમન. પંડને સુધારી, મઠારી, સંવર્ધી, તેની કણકણને સમષ્ટિમાં વહેંચી દઉં. મારી વ્યક્તિતામાંથી હું સમાજમાં સર્વોદયની સ્થાપના કરું. હા, એ જ પર-દુઃખભંજન વિક્રમની ભાવનાનો ગાંધીમાં એ જ રીતે આવિષ્કાર થયેલો દેખું છું. વિક્રમનું લક્ષ્ય હતું 'સર્વે ભદ્રાણિ પશ્યન્તુ;' ગાંધીનું લક્ષ્ય હતું, 'સર્વને સમાન હક ને સમાન તક; સૌને ઓટલો રોટલો ને ઢાંકણ મળી રહે.'

આ નવે વર્ષે હું મારા જીવનમાં આરાધના કરું–પ્રકાશની, આરોહણની, સર્વ કલ્યાણની; દીપાવલિના ઉલ્લાસ વચ્ચે યમ-રાજના સ્મરણથી સંયમની, જેથી રાસકતા સાથે સાત્ત્વિકતા પોષાય. એ આ બધી વિચારોની પરંપરા ચાલી રહી છે, ત્યાં ફરી મારે કાને અથડાય છે, પેલી ગીતપંક્તિ:

'દિલમાં દીવો કરો રે દીવો કરો!'

દીવાસળી લઈને ગોખમાં મૂકેલા કોડિયાની દિવેટ સળગાવવા જાઉં છું ને તે વખતે જ હૃદયના કોડિયાની વાટ સંકોરી લઉં છું!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા-સમાચાર

‘અખંડ આનંદ’

‘અખંડ આનંદ’ માસિક આ દીપોત્સવી અંકથી ચોથા વર્ષમાં પ્રવેશે છે; એટલે જે ભાઈઓ તરફથી લવાજમ નહિ મળ્યું હોય તેમને આ અંક લવાજમના રૂા. ૭-૮-૦ તથા વી. પી. ખર્ચના ૦-૪-૦ મળી રૂા. ૭-૧૨-૦ના વી. પી.થી મોકલી અપાશે.

‘વિવિધ ગ્રંથમાળા’

ગયા વર્ષે આ માળાના એકંદરે ૮. ખ. સાથે રૂા. ૧૩-૫-૦ની કિંમતનાં ૯ પુસ્તકો ગ્રાહકોને વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૬-૮-૦માં ઘેરબેઠાં મોકલાયાં છે. ઉપયોગી ને સસ્તાં પુસ્તકો મેળવવા આજે જ વાર્ષિક લવાજમના રૂા. ૬-૮ મોકલી ગ્રાહક થઈ જવા ભલામણ છે.

૧૯૫૦ જુલાઈથી આ માળાનું નવું વર્ષ શરૂ થયું છે અને પહેલા હપ્તામાં (૧) **આરોગ્યની કૂંચી**, (૨) **બાળક** અને (૩) **પ્રભુમય જીવનનું રહસ્ય** અપાયાં છે. હવે પછીથી **સંત-ગુરુનો પરિચય, વિક્રમની વાર્તાઓ, ભીમનાં પરાક્રમો** અને **પ્રશ્નોત્તરમાળા** ને **જીવન્મુક્ત આનંદલહરી** વગેરેમાંથી તેમ જ બીજાં પ્રસિદ્ધ થનારાં પુસ્તકોમાંથી પસંદ કરીને મોકલાશે. તમો ગ્રાહક ન હો તો આજે જ લખો: ‘સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય,’ ભદ્ર, અમદાવાદ.

નવાં પ્રકાશનો

કાકાનો સંજય : (શ્રેયસ્ પ્રકાશન નં. ૪) લે૦ છોટુભાઈ જોઈતારામ ભટ્ટ : પ્રાચીન મિસરની સંસ્કૃતિનો પરિચય ૫૧ સાદાં ચિત્રો સહિત મોટા અક્ષરોમાં.
પાન ૩૨૦ : ૧-૧૨

પ્રબોધ-બાવની : (આમશ્રેણી) સં૦ માધવ મો. ચૌધરી : ભક્તકવિ દયારામે મનને બોધ દેવાના ઉદ્દેશથી રચેલા બાવન કુંડળિયા.
પાન ૮૦ : ૦-૬

કવિ ગંગ કહે... : (આમશ્રેણી) સં. કાન્તિલાલ શ્રીધરાણી : કંઠે કરવા જેવા નીતિ, બોધ ને વૈરાગ્યના દુહા ને કવિતનો સૌથી પ્રથમ સંગ્રહ. પાન ૫૬ : ૦-૩

સોનાનો સૂરજ : (સર્વોપયોગી શ્રેણી) લે૦ પીતાંબર પટેલ : આજના સંયોગોમાં ગામડાંની પ્રજાનાં શાં દુઃખો છે અને તેનો ઉકેલ શી રીતે આવે, તેનું માર્ગદર્શન કરાવતું પુસ્તક. પાન ૨૨૪ : ૧-૪

હિતોપદેશ : (સર્વોપયોગી શ્રેણી) સં૦ સીતારામ જે. શર્મા : કથારસ સાથે બાળકોને નીતિજ્ઞાન આપતી કથાઓ :
પાન ૨૩૨ : ૧-૪

ગુજરાતનાં તીર્થસ્થાનો : (સર્વોપયોગી શ્રેણી) લે. દુર્ગાશંકર કે. શાસ્ત્રી : ગુજરાતનાં શ્રેષ્ઠ તીર્થસ્થાનોની વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપતું પુસ્તક.
પાન ૨૪૮ : ૧-૪

મીરાં દાસી જનમજનમકી : (સર્વોપયોગી શ્રેણી) લે. રેવાશંકર ઓઘડભાઈ સોમપુરા: ભક્તિમયી મીરાંનું ભક્તિભાવપૂર્ણ ચરિત્ર.
પાન ૧૧૨ : ૦-૧૦

કબીર સાહેબ : (આમશ્રેણી) લે૦ મણિલાલ તુલસીદાસ મહેતા : સદ્‌ગુરુ કબીર સાહેબની જ વાણીનો આધાર લઈ તૈયાર કરેલું સત્ય ઘટનાઓ સાથેનું કબીર સાહેબનું સંક્ષિપ્ત ચરિત્ર. પાન ૧૧૨ : ૦-૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી ડન એલ્યુમિનિયમ ફેક્ટરી

ટે. નં. ૪૧૬૧૮ ∴ ૨૨૫, તાડદેવ રોડ, મુંબઈ.૭

LALLUBHAI AMICHAND GUARANTEED PURE TRADE MARK BOMBAY No 2

LALLUBHAI AMICHAND QUEEN BRAND TRADE MARK BOMBAY No 2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા, પીત્તળ તેમજ
સ્ટેઈનલેસ સ્ટીલ નાં વાસણો ની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લલ્લુભાઇ અમીચંદ લી.

ટે.નં.૨૨૨૨૦ • ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી, મુંબઈ • પો.બો.૨૧૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar